श्री सीमंधरदेवाय नमः।
श्री निज शुद्धात्मने नमः।

# સમયસાર સિદ્ધિ

## ભાગ-૧

અધ્યાત્મયુગપુરુષ
**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
સમયસારજી શાસ્ત્ર ઉપરના ૧૯ મી વખતના ગાથા ૧ થી ૧૨ ઉપર થયેલા બાવન મંગલમયી પ્રવચનો.

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ “સ્વરુચિ” સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ
રાજકોટ – ૩૬૦ ૦૦૫.
ટેલી નં. (૦૨૮૧) ૩૧૦૦૫૦૮

| કહાન સંવત | વીરસંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૨૪ | ૨૫૩૦ | ૨૦૬૦ | ૨૦૦૪ |

**પ્રકાશન**

શાસન નાયક શ્રી મહાવીર ભગવાનની ૨૬૦૨ મી જન્મ જયંતિ પ્રસંગે તથા પ. પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ૬૯ મા પરિવર્તન દિન નિમિત્તે. ચૈત્ર સુદ ૧૩ તા. ૩–૪–૨૦૦૪

**પ્રથમ આવૃત્તિ - ૧૦૦૦** **પડતર કિંમત - રૂા.૧૪૦/-** **મૂલ્ય - રૂા. ૪૦/-**

**પ્રાપ્તિ સ્થાન**

**રાજકોટ: શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦ ૦૦૧. ટેલી નં. ૨૨૩૧૦૭૩
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ “ સ્વરુચિ ” સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫. ટેલી નં. ( ૦૨૮૧ ) ૩૧૦૦૫૦૮

**મુંબઈ : શ્રી શાંતિભાઈ ઝવેરી**
૮૧, નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ–૪૦૦૦૨૬. ટેલી નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨
**શ્રી મહેન્દ્રભાઈ મહેતા**
“ સાકેત ” સાગર કોમ્પલેક્ષ, સાંઈબાબા નગર, જે.બી.ખોટ સ્કૂલ પાસે, બોરીવલી( વે )
મુંબઈ – ૪૦૦ ૦૯૨ ટેલી નં. ૨૮૦૫૪૦૬૬

**કલકતા : શ્રી પ્રકાશભાઈ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર, કલકતા –૨૦.
ટેલી નં. ૨૪૮૫૩૭૨૩

**સુરેન્દ્રનગર : ડો. દેવેન્દ્રભાઈ એમ. દોશી**
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડીકલ સ્ટોર સામે, સુરેન્દ્રનગર.
ટેલી નં. ૨૩૧૫૬૦

**અમદાવાદ : વિનોદભાઈ આર. દોશી**
૨૦૫, કહાન કુટીર ફલેટ, દિગંબર જૈન મંદિર સામે, નવરંગપુરા, અમદાવાદ.
ટેલી નં. ૨૬૪૨૨૬૭૮

| લેસર ટાઈપ સેટિંગ | મુદ્રક | જેકેટ અને મલ્ટીકલર ફોટા |
|---|---|---|
| **ઈન્ફોસોફ્ટ** | **શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ** | **ડોટ એડ** |
| ૭૦૮, સ્ટાર ચેમ્બર્સ<br>હરિહર ચોક–રાજકોટ–૩૬૦૦૦૧<br>E-Mail: abcinfy@hotmail.com<br>ફોન નં– ૨૫૭૧૨૮૬ | ૩૧૨, હિરાપન્ના કોમ્પલેક્ષ,<br>ડો. યાજ્ઞિક રોડ,<br>રાજકોટ–૩૬૦ ૦૦૧.<br>ફોન નં – ૨૪૬૮૪૬૧ | ૨૩૪, રાજ ચેમ્બર્સ<br>માલવિયા પેટ્રોલ પંપ સામે<br>ગોંડલ રોડ રાજકોટ<br>ફોન નં – ૨૨૨૬૦૭૩ |

# <u>ACKNOWLEDGEMENT</u>

We sincerely express our gratitude to **"Shree Simandhar Kundkund Kahan Adhyatmik Trust, Rajkot"** from where we have sourced **"Samaysar Siddhi" Part 1 to 9.** (Pravachans on Shree Samaysar by Pujya Shree Kanji Swami)

**"Shree Simandhar Kundkund Kahan Adhyatmik Trust, Rajkot"** have taken due care, However, if you notice any inconsistency or error, you may please address your suggestions to "victoryjack1@rediffmail.com".

## : અનુક્રમણિકા :


| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઇજ નં. |
|---|---|---|---|
| શ્લોક-૧ | - | - | ૧ |
| | ૧ | ૦૭/૬/ '૭૮ | ૩ |
| | ૨ | ૦૮/૬/ '૭૮ | ૧૨ |
| શ્લોક-૨ | - | - | ૧૮ |
| | - | ૦૮/૬/ '૭૮ | ૧૯ |
| | ૩ | ૦૯/૬/ '૭૮ | ૨૨ |
| શ્લોક-૩ | - | - | ૩૨ |
| | ૪ | ૧૦/૬/ '૭૮ | ૩૩ |
| ગાથા-૧ | - | - | ૪૨ |
| | ૫ | ૧૧/૬/ '૭૮ | ૪૪ |
| | ૬ | ૧૨/૬/ '૭૮ | ૫૬ |
| | ૭ | ૧૩/૬/ '૭૮ | ૬૫ |
| | ૮ | ૧૫/૬/ '૭૮ | ૭૪ |
| ગાથા-૨ | - | - | ૮૦ |
| | ૮ | ૧૫/૬/ '૭૮ | ૮૨ |
| | ૯ | ૧૬/૬/ '૭૮ | ૮૬ |
| | ૧૦ | ૧૭/૬/ '૭૮ | ૯૫ |
| | ૧૧ | ૧૮/૬/ '૭૮ | ૧૦૫ |
| | ૧૨ | ૧૯/૬/ '૭૮ | ૧૧૬ |
| ગાથા-૩ | - | - | ૧૨૫ |
| | ૧૩ | ૨૧/૬/ '૭૮ | ૧૨૬ |
| | ૧૪ | ૨૨/૬/ '૭૮ | ૧૩૬ |
| | ૧૫ | ૨૩/૬/ '૭૮ | ૧૪૫ |
| ગાથા-૪ | - | - | ૧૪૭ |
| | ૧૫ | ૨૩/૬/ '૭૮ | ૧૪૮ |
| | ૧૬ | ૨૪/૬/ '૭૮ | ૧૫૬ |
| | ૧૭ | ૨૫/૬/ '૭૮ | ૧૬૬ |
| | ૧૮ | ૨૬/૬/ '૭૮ | ૧૭૫ |
| ગાથા-૫ | - | - | ૧૭૬ |
| | ૧૮ | ૨૬/૬/ '૭૮ | ૧૭૭ |
| | ૧૯ | ૨૭/૬/ '૭૮ | ૧૮૫ |
| | ૨૦ | ૨૯/૬/ '૭૮ | ૧૯૩ |
| ગાથા-૬ | - | - | ૧૯૮ |
| | ૨૦ | ૨૯/૬/ '૭૮ | ૨૦૦ |
| | ૨૧ | ૩૦/૬/ '૭૮ | ૨૦૫ |
| | ૨૨ | ૧/૭/ '૭૮ | ૨૧૫ |
| | ૨૩ | ૨/૭/ '૭૮ | ૨૨૫ |
| | ૨૪ | ૩/૭/ '૭૮ | ૨૩૪ |

| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ગાથા-૬ | ૨૫ | ૪/૭/ '૭૮ | ૨૪૪ |
| ગાથા-૭ | - | - | ૨૫૫ |
| | ૨૬ | ૬/૭/ '૭૮ | ૨૫૬ |
| | ૨૭ | ૭/૭/ '૭૮ | ૨૬૫ |
| | ૨૮ | ૮/૭/ '૭૮ | ૨૭૫ |
| | ૨૯ | ૯/૭/ '૭૮ | ૨૮૫ |
| ગાથા-૮ | - | - | ૨૯૭ |
| | ૩૦ | ૧૦/૭/ '૭૮ | ૨૯૮ |
| | ૩૧ | ૧૧/૭/ '૭૮ | ૩૦૯ |
| | ૩૨ | ૧૨/૭/ '૭૮ | ૩૧૯ |
| ગાથા-૯/૧૦ | - | - | ૩૨૬ |
| | ૩૨ | ૧૨/૭/ '૭૮ | ૩૨૭ |
| | ૩૩ | ૧૪/૭/ '૭૮ | ૩૩૦ |
| | ૩૪ | ૧૫/૭/ '૭૮ | ૩૪૦ |
| | ૩૫ | ૧૬/૭/ '૭૮ | ૩૫૦ |
| | ૩૬ | ૧૭/૭/ '૭૮ | ૩૬૦ |
| ગાથા-૧૧ | - | - | ૩૬૩ |
| | ૩૬ | ૧૭/૭/ '૭૮ | ૩૬૫ |
| | ૩૭ | ૧૮/૭/ '૭૮ | ૩૭૩ |
| | ૩૮ | ૧૯/૭/ '૭૮ | ૩૮૪ |
| | ૩૯ | ૨૧/૭/ '૭૮ | ૩૯૪ |
| | ૪૦ | ૨૨/૭/ '૭૮ | ૪૦૪ |
| | ૪૧ | ૨૩/૭/ '૭૮ | ૪૧૪ |
| | ૪૨ | ૨૪/૭/ '૭૮ | ૪૨૫ |
| | ૪૩ | ૨૫/૭/ '૭૮ | ૪૩૬ |
| | ૪૪ | ૨૬/૭/ '૭૮ | ૪૪૬ |
| | ૪૫ | ૨૮/૭/ '૭૮ | ૪૫૮ |
| ગાથા-૧૨ | - | - | ૪૬૪ |
| | ૪૫ | ૨૮/૭/ '૭૮ | ૪૬૬ |
| | ૪૬ | ૨૯/૭/ '૭૮ | ૪૭૨ |
| | ૪૭ | ૩૦/૭/ '૭૮ | ૪૮૩ |
| | ૪૮ | ૩૧/૭/ '૭૮ | ૪૯૪ |
| | ૪૯ | ૦૧/૮/ '૭૮ | ૫૦૪ |
| શ્લોક-૪ | - | - | ૫૧૦ |
| | ૪૯ | ૦૧/૮/ '૭૮ | ૫૧૧ |
| | ૫૦ | ૦૨/૮/ '૭૮ | ૫૧૪ |
| | ૫૧ | ૦૪/૮/ '૭૮ | ૫૨૫ |
| | ૫૨ | ૦૫/૮/ '૭૮ | ૫૩૪ |
| | | | |

# શ્રી સમયસારજી-સ્તુતિ

( હરિગીત )

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

( અનુષ્ટુપ )

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

( શિખરિણી )

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

( શાર્દૂલવિક્રિડિત )

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.



# શ્રી સદ્‍ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસાર સાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુકહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઇ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‍ઘન વિષે કાંઇ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત્ સત્ જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંત તિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું,
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું-મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯ માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રીસમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ શાસ્ત્ર છે. જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગત કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર સમયસારજી છે તેની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે " આત્મખ્યાતિ " નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયે લોપ થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

જેમણે આ આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. જેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રીએ જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ પ્રદાયક પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. વિરોધીઓના વિરોધનો પણ જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી વિરોધીઓ પણ 'ભગવાન આત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂ. ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં જ સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠયું. અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂ. કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં "સોનગઢ" મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂ. ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢયો અને ફરમાવ્યું કેઃ-

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત શિરોમણિ-અદ્વિતીય અજોડ ચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘ શાસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું શાસ્ત્ર બની ગયું. જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ. ધન્યકાળ !
- સમયસારની એક એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી.
- સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે.

- સમયસાર જેના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રનો પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો જગતના ભાગ્ય, સમયસારરૂપી ભેટણું જગતને આપ્યું. સ્વીકાર નાથ ! હવે સ્વીકાર ! ભેટ પણ દે, એ પણ સ્વીકારે નહીં ?
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડયા છે અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર એકવાર સાંભળીને એમ ન માની લેવું કે આપણે સાંભળ્યું છે. એમ નથી બાપુ ! આ તો પ્ર... વચનસાર છે એટલે આત્મસાર છે વારંવાર સાંભળવું.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સતને પ્રસિદ્ધ કરનારી ચીજ છે.
- સમયસારની મૂળભૂત એક એક ગાથામાં ગજબ ગંભીરતા પાર ન પડે એવી ચીજ છે. એક એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂ. ગુરુદેવશ્રીએ પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે. જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે. ધર્મનો ધોધ એવો ધર્મી છે. ધ્રુવ પ્રવાહ છે. જ્ઞાનની ધારા છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે. વાસ્તવિક વસ્તુ છે. સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ-શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય વાડો ગચ્છ નથી વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂ. ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને કયાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂ. ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં

પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક એક ગાથાના અર્થ કરતાં પૂ. ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂ. બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂ. ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂ. ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય ? પૂ. ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂ. ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂ. બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂ. ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

" શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ "ની રચના સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણઅર્થે શ્રીમતી સરોજબેન ચંદુલાલ મહેતા પરિવાર રાજકોટ દ્વારા કરવામાં આવી છે. આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય કરવામાં આવશે.

આ પરિવારને પૂ. શ્રી લાલચંદભાઈ મોદી-રાજકોટ દ્વારા જ આધ્યાત્મિક માર્ગની પ્રેરણા મળી હોય તેમનો આ પરિવાર અત્યંત ઋણી છે. પૂ. લાલચંદભાઈ હંમેશાં આ પરિવારને કહેતા કે તમો બધા પૂ. ગુરુદેવશ્રીના આધ્યાત્મિક તત્ત્વને સમજો. તેઓશ્રી ફરમાવે છે કે તને ' જાણનારો જણાય છે ' તેમ અમે જાણીએ છીએ હવે તો સ્વીકાર કરી લે ! તેમાં બાર અંગનો સાર ભરેલો છે. તેમની પ્રેરણાથી જ આ પરિવાર અધ્યાત્મમાં ઓતપ્રોત થયો હોય આ પ્રસંગે તેઓશ્રીનો અત્યંત આભારી છે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની ૧ થી ૧૨ ગાથા તથા તેના ૧ થી ૪ કળશો પીઠિકારૂપે છે. તેના ઉપર થયેલા પૂ. ગુરુદેવશ્રીના ૧૯ મી વખતના સળંગ પ્રવચનો નં. ૧ થી ૫૨ આ " સમયસાર સિદ્ધિ " ભાગ-૧ માં અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂ. ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે. અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ કોઈવાર બે વર્ષ કોઈવાર અઢી વર્ષ તેમ ૧૯ વખત ૪૫ વર્ષમાં જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂ. ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ જેમ જ્ઞાનીનું જ્ઞાન વૃદ્ધિગત થતું જાય છે તેમ તેમ એકને એક ગાથાના પણ પ્રવચન ફરી લેવામાં આવે તો નવા નવા ભાવો આવે છે. તેથી જ ૧૮ મી વારના પ્રવચનો પ્રકાશિત થયા હોવા છતાં આ અંતિમ પ્રવચનો

પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે. ટોટલ ૪૮૭ પ્રવચનો ૧ થી ૧૧ ભાગમાં ક્રમબદ્ધ શૃંખલારૂપે પ્રકાશિત થશે.

આ પ્રથમભાગના પ્રવચનમાં પૂ. ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય. મૂળ સામાન્ય વાત પૂરી અખંડ ૧ થી ૧૨ ગાથામાં આવી જાય છે પહેલી બાર ગાથા ઝીણી છે. ૧૩ મી ગાથાથી નવતત્ત્વોનો વિસ્તાર આવશે.

આ સમગ્ર પ્રવચનો પૂ. ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે ત્યારબાદ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઊતરાવવાનું કાર્ય તથા તેને ચેક કરવાનું કાર્ય આત્માર્થી ભાઈશ્રી ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી-સુરેન્દ્રનગર દ્વારા થયેલ છે. વ્યાકરણ શુદ્ધિ શ્રી દેવશીભાઈ ચાવડા-રાજકોટ દ્વારા થયેલ છે ત્યારબાદ સમગ્ર પ્રવચનો ફરીથી સી. ડી. ઉપરથી ચેક કરી સંપૂર્ણ પ્રૂફરીડિંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા-રાજકોટ દ્વારા પૂર્ણ થયેલ છે. તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

" સમયસાર સિદ્ધિ " ભાગ-૧ના પ્રવચનોનું સમગ્ર કૉમ્પ્યુટરાઈઝડ ટાઈપસેટિંગનું કાર્ય શ્રી નિલેશભાઈ તથા શ્રી દેવાંગભાઈ વારીયા-રાજકોટ દ્વારા તથા પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું સંપૂર્ણ કાર્ય શાર્પ ઓફસેટવાળા શ્રી ધર્મેશભાઈ શાહ-રાજકોટ દ્વારા તથા કલર પેઈજનું કામ ડોટ એડવાળા શ્રી કમલેશભાઈ દ્વારા થયું હોય સંસ્થા તેમનો આભાર માને છે.

પૂ. ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિ અપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના ખૂબ જ સરળ ભાષામાં આચાર્યોના ગૂઢભાવોને રજૂ કરી મુમુક્ષુ જગત ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. " ભગવાન આત્મા " કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂ. ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

ટ્રસ્ટી
શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
રાજકોટ

❖❖❖❖❖❖❖❖❖

परमात्मने नमः।

## શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

## શ્રી

# સમયસાર

પૂર્વરંગ

## श्रीमदमृतचन्द्रसूरिकृता आत्मख्यातिः।

( अनुष्टुभ् )

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।। १।।

## મૂળ ગાથાઓનો અને આત્મખ્યાતિ નામની ટીકાનો

### ગુજરાતી અનુવાદ

શ્રી પરમાતમ પ્રણમીને, શારદ સુગુરુ નમીય;
સમયસાર શાસન કરું દેશવચનમય, ભાઈ! ૧
શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચકવાચ્ય નિયોગ;
મંગળરૂપ પ્રસિદ્ધ એ, નમું ધર્મધન-ભોગ. ૨
નય નય સાર લહે શુભ વાર, પદ પદ માર દહે દુઃખકાર;
લય લય પાર ગ્રહે ભવધાર,-જય જય સમયસાર અવિકાર. ૩
શબ્દ, અર્થ ને જ્ઞાન-સમયત્રય આગમ ગાયા,
કાળ, મત, સિદ્ધાંત-ભેદત્રય નામ બતાવ્યા;
તે મહીં આદિ શુભ અર્થસમયકથની સુણીએ બહુ,
અર્થસમયમાં જીવ નામ છે સાર, સુણજો સહુ;
તે મહીં સાર વિણકર્મમળ શુદ્ધ જીવ શુદ્ધનય કહે,
આ ગ્રંથમાં કથની સહુ, સમયસાર બુધજન ગ્રહે. ૪

નામાદિક ષટ્ ગ્રંથમુખ, તેમાં મંગળ સાર;
વિઘ્નહરણ, નાસ્તિકહરણ, શિષ્ટાચાર ઉચ્ચાર. ૫
સમયસાર જિનરાજ છે, સ્યાદ્વાદ જિનવેણ;
મુદ્રા જિન નિર્ગ્રંથતા, નમું કરે સહુ ચેન. ૬

આ પ્રમાણે મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરીને શ્રી કુંદકુંદ આચાર્યકૃત ગાથાબદ્ધ સમયપ્રાભૃત ગ્રંથની શ્રી અમૃતચંદ્ર આચાર્યકૃત આત્મખ્યાતિ નામની જે સંસ્કૃત ટીકા છે તેની દેશભાષામાં વચનિકા લખીએ છીએ.

પ્રથમ, સંસ્કૃત ટીકાકાર શ્રી અમૃતચંદ્ર આચાર્ય ગ્રંથના આદિમાં ( પહેલા શ્લોક દ્વારા ) મંગળ અર્થે ઇષ્ટદેવને નમસ્કાર કરે છેઃ-

શ્લોકાર્થઃ- [ नमः समयसाराय ] ' સમય ' અર્થાત્ જીવ નામનો પદાર્થ, તેમાં સાર- જે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત શુદ્ધ આત્મા, તેને મારો નમસ્કાર હો. તે કેવો છે ? [ भावाय ] શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે. આ વિશેષણપદથી સર્વથા અભાવવાદી નાસ્તિકોનો મત ખંડિત થયો. વળી તે કેવો છે ? [ चित्स्वभावाय ] જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે. આ વિશેષણથી ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર નૈયાયિકોનો નિષેધ થયો. વળી તે કેવો છે ? [ स्वानुभूत्या चकासते ] પોતાની જ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે, અર્થાત્ પોતાને પોતાથી જ જાણે છે-પ્રગટ કરે છે. આ વિશેષણથી, આત્માને તથા જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર જૈમિનીય-ભટ્ટ-પ્રભાકર ભેદવાળા મીમાંસકોના મતનો વ્યવચ્છેદ થયો; તેમ જ જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે, પોતે પોતાને નથી જાણતું-એવું માનનાર નૈયાયિકોનો પણ પ્રતિષેધ થયો. વળી તે કેવો છે ? [ सर्वभावान्तरच्छिदे ] પોતાથી અન્ય સર્વ જીવાજીવ, ચરાચર પદાર્થોને સર્વ ક્ષેત્રકાળસંબંધી, સર્વ વિશેષણો સહિત, એક જ સમયે જાણનારો છે. આ વિશેષણથી, સર્વજ્ઞનો અભાવ માનનાર મીમાંસક આદિનું નિરાકરણ થયું. આ પ્રકારનાં વિશેષણો ( ગુણો )થી શુદ્ધ આત્માને જ ઇષ્ટદેવ સિદ્ધ કરી તેને નમસ્કાર કર્યો છે.

ભાવાર્થઃ- અહીં મંગળ અર્થે શુદ્ધ આત્માને નમસ્કાર કર્યો છે. કોઈ એમ પ્રશ્ન કરે કે કોઈ ઇષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો ? તેનું સમાધાનઃ- વાસ્તવિકપણે ઇષ્ટદેવનું સામાન્ય સ્વરૂપ સર્વકર્મરહિત, સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા જ છે તેથી આ અધ્યાત્મગ્રંથમાં સમયસાર કહેવાથી ઇષ્ટદેવ આવી ગયા. તથા એક જ નામ લેવામાં અન્યમતવાદીઓ મતપક્ષનો વિવાદ કરે છે તે સર્વનું નિરાકરણ, સમયસારનાં વિશેષણો વર્ણવીને, કર્યું. વળી અન્યવાદીઓ પોતાના ઇષ્ટદેવનું નામ લે છે તેમાં ઇષ્ટ શબ્દનો અર્થ ઘટતો નથી, બાધાઓ આવે છે; અને સ્યાદ્વાદી જૈનોને તો સર્વજ્ઞ વીતરાગ શુદ્ધ આત્મા જ ઇષ્ટ છે. પછી ભલે તે ઇષ્ટદેવને પરમાત્મા કહો, પરમજ્યોતિ કહો, પરમેશ્વર, પરબ્રહ્મ, શિવ, નિરંજન, નિષ્કલંક, અક્ષય, અવ્યય, શુદ્ધ, બુદ્ધ, અવિનાશી, અનુપમ, અચ્છેદ્ય, અભેદ્ય, પરમપુરુષ, નિરાબાધ, સિદ્ધ, સત્યાત્મા, ચિદાનંદ, સર્વજ્ઞ, વીતરાગ, અર્હત્, જિન, આપ્ત, ભગવાન, સમયસાર ઇત્યાદિ હજારો નામોથી કહો; તે સર્વ નામો કથંચિત્ સત્યાર્થ છે.

**સર્વથા એકાંતવાદીઓને ભિન્ન નામોમાં વિરોધ છે, સ્યાદ્‌વાદીને કાંઈ વિરોધ નથી. માટે અર્થ યથાર્થ સમજવો જોઈએ.**

**પ્રગટે નિજ અનુભવ કરે, સત્તા ચેતનરૂપ;**
**સૌ-જ્ઞાતા લખીને નમું, સમયસાર સહુ-ભૂપ. -૧.**

## પ્રવચન નં. ૧ શ્લોક-૧ તા. ૭-૬-૭૮ બુધવાર જેઠ સુદ-૨ સં. ૨૫૦૪

હિંદી શ્લોક ૧ તથા તેના ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન

સમયસાર ઓગણીસમી વાર હાલે છે અઢાર વાર પૂરું થઈ ગયું. થોડું બાકી હતું પહેલું ઓમ શ્રીમદ્‌ભગવત કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર. જીવ-અજીવ અધિકાર શ્રીમદ્ અમૃતચંદ્રસૂરી કૃત આત્મખ્યાતિ.

(अनुष्टुभ्)

**नमः समयसाराय स्वानुभूत्या चकासते।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।**

મૂળ ગાથાઓનો આત્મખ્યાતિ ટીકાનો ગુજરાતી અનુવાદ. અર્થ કર્તા મંગલિક કરે છે.

શ્રી પરમાતમ પ્રણમીને, શારદ સુગુરુ નમીય;
સમયસાર શાસન કરું દેશવચનમય, ભાઈ! -૧

દેવ, શાસ્ત્ર ને ગુરુ ત્રણને પહેલા નમસ્કાર કર્યા છે. આવે છે ને ત્રણ નામ દેવશાસ્ત્રગુરુ, દેવગુરુશાસ્ત્ર એમ નહીં દેવશાસ્ત્રગુરુ. પરમાત્મ પ્રણમી. પૂરણ પરમાત્મ સ્વરૂપને નમસ્કાર કરી. શારદ નામ શાસ્ત્ર એને નમસ્કાર કરી. સુગુરુને સદ્‌ગુરુને નમસ્કાર કરી. ત્રણને નમીને આવ્યુંને ? સમયસાર શાસન કરું. સમયસારનું કથન અથવા શિક્ષા અથવા શાસન- શિખામણ

ચાલતી ભાષામાં ભાઈ,

શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચકવાચ્ય નિયોગ
મંગળરૂપ પ્રસિધ્ધ એ, નમું ધર્મધન-ભોગ.

શબ્દબ્રહ્મ જે વાણી ભગવાનની એ પરમ બ્રહ્મને કહેનારી, એ પરમ બ્રહ્મસ્વરૂપ ભગવાન વાચકવાચ્ય નિયોગ, શબ્દ છે એ વાચક છે. જેમ સાકર છે એ વાચક છે એમાં સાકર નથી, સાકર છે એ વાચ્ય છે. એમ શબ્દ છે એ વાચક છે અને આત્મા છે એ વાચ્ય છે. એ આત્મા વાચ્ય છે ત્યાં શબ્દો નથી, અને શબ્દ છે ત્યાં વાચ્ય નથી. પણ વાચકવાચ્યનો નિયોગ, નિયમ સંબંધ છે. નિમિત્તનિમિત્ત સંબંધ. શબ્દબ્રહ્મ પરમબ્રહ્મનો વાચક, શબ્દવાચક ને પરમબ્રહ્મ એ વાચ્ય એનો નિયોગ સંબંધ છે નિમિત્તનિમિત્ત.

મંગળરૂપ પ્રસિધ્ધિ એ. એ મંગળરૂપ છે. ભગવાનની વાણી અને ભગવાન સ્વરૂપ આત્મા, મંગળરૂપ પ્રસિધ્ધિ એ નમું નમસ્કાર કરું છું. ધર્મરૂપી ધનના અનુભવ માટે. મારો ધર્મરૂપી ધર્મ આનંદ, એવો મારો ધર્મ એ મારી લક્ષ્મી આનંદરૂપી ધર્મની લક્ષ્મીના ભોગ માટે

આ મંગળ કરું છું. આહાહા ! આનંદ સ્વરૂપ આત્મા છે, એ એની લક્ષ્મી છે એનું ધન એને ભોગવવું છે. પોતાની સંપદા છે, આનંદ અતીન્દ્રિય જ્ઞાન એ નિજ સંપદા નિજ ધન, નિજ લક્ષ્મી એને ભોગવવા માટે અનુભવવા માટે, આ વાણી મેં કરી છે, આહા ! બીજો કોઈ હેતુ છે નહીં. આહા ! જેમાંથી અતીન્દ્રિય આનંદનો, અતીન્દ્રિય આનંદરૂપી ધનનો પર્યાયમાં ભોગ થાય, અનુભવ થાય એ હેતુ, શાસ્ત્ર અર્થ કરવાનો હેતુ એ છે. આહા ! આહા !

શ્રોતાઃ- અર્થ કરવો એ તો પરલક્ષીભાવ છે.

ગુરુદેવઃ- પરલક્ષી એ તો ભાષા છે, પણ મારું લક્ષ તો અહીંયાં છે. મારી ધનરૂપી સંપદા એના અનુભવ માટે મારી વાત છે. એમ અમૃતચંદ્રાચાર્યે કહ્યું ને ( કે ) ટીકા કરતાં મારી અશુદ્ધતા ટળી જજો, અને શુદ્ધતા પ્રગટ થજો. એ અહીં શુદ્ધતા એટલે મંગળિક અનુભવ થજો એમ કહે છે. આહાહા !

આત્માનું ધન, ધર્મરૂપી ધન, આત્માનો સ્વભાવ અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય ચૈતન્યના રત્નોથી ભરેલો ભગવાન એવું જે મારું ધર્મરૂપી ધન, એ મારું ધર્મરૂપી ધન, તેનો અનુભવ તેનો ભોગ- અનુભવ માટે આ હું અર્થ કરીશ કહે છે.

“ નય નય સાર લહે શુભવાર, ” પણ એ શબ્દે શબ્દે નયે નયે, સાર નીકળશે, ચાહે તો નિશ્ચયનયનું કથન હો કે ચાહે તો વ્યવહાર( નય )નું કથન હો. પણ નય નય સાર લહે શુભવાર અને સારા કાળમાં, શુભવારમાં, આજ તો આપણે બીજ ને બુધવારે શરૂઆત છે. જેઠ સુદ બીજ ને બુધવાર છે ને આજે ? બીજને બુધવાર છે. “ નય નય સાર ” નયે નયે શબ્દે શબ્દે, નયના વાક્યે સાર શું છે તે તેનો કાળ તેનો સમય નીકળશે સાર. ‘ પદ પદ માર ’ અને પદે પદે માર લહે- સંસારના મળને નાશ કરી નાખે એવા પદો છે આ બધા. આહાહા ! પદ પદ દહે માર-પદે પદે, ડગલે ડગલે, પગલે પગલે, પર્યાયે પર્યાયે એમ કહે છે આત્મા આનંદ અનુભવો માટે આ છે. એ અનુભવની પર્યાયે પર્યાયે, માર દહે. જનમ મરણને નાશ કરે. પદે પદે પર્યાયે પર્યાયે જનમ મરણનો નાશ. દુઃખના કરનારા ( એવા ) જનમ મરણ એનો નાશ કરે છે. આહાહા !

“ લય લય પાર ગ્રહે ભવધાર ” અને એ આનંદસ્વરૂપમાં જેટલી લયતા થાય લીનતા, કરવાનું તો એ દ્રવ્યનો આશ્રય, લાખ વાતની વાત હોય તે. શાસ્ત્ર કે બાર અંગ, બાર અંગમાં પણ અનુભૂતિનું કથન છે, આવે છે ને કળશમાં. ભલે બાર અંગ છે એ વિકલ્પ છે પણ એમાં અનુભૂતિ, આત્મા શાંત અને આનંદ સ્વરૂપ એની અનુભૂતિ કરવાનું વિધાન છે. એમાં એમ નથી કહ્યું કે પુણ્ય કરવાનું ને વ્યવહાર કરવાનું વિધાન છે. એ રીતે ‘ લય લય પાર ગ્રહે ભવધાર ’ ભવનું ધારણ ( એ ) સ્વરૂપના લય લયમાં પાર કરી નાખે ( છે ). ભવના ધારણનું પાર કરી નાખે, લય કરતાં. આહાહા ! અંતર્મુખ દૃષ્ટિ કરતાં લય લય પાર, લય લય પાર ગ્રહે- શેનો ? ભવધાર. ભવનું ધરવું તેનો નાશ કરે ( છે. ) આહાહા ! જય જય-બબ્બે શબ્દ છે ઈ. નય નય, પદ પદ, લય લય, જય જય. જય જય સમયસાર અવિકાર જય હો જય હો શુદ્ધાત્મા, અવિકાર છે ને ? સમયસાર અવિકારી, શુદ્ધાત્મા તેનો જય હો, જય હો. આહા ! અસ્તિથી મંગળિક કર્યું.

શબ્દ અર્થ ને જ્ઞાન-સમયત્રય આગમ ગાયા,

શબ્દને પણ સમય કહીએ, અર્થને પદાર્થને સમય કહીએ જ્ઞાનનેય સમય કહીએ સમયત્રય

આગમ ગાયા. આગમ એને સમય કહે, કાળનેય સમય કહીએ, મતનેય સમય કહીએ ને સિધ્ધાંતને પણ સમય કહીએ. ભેદ-ત્રય નામ બતાયા. તે મહીં આદિ શુભ, એ બધામાં મૂળ સાર, કોણ ? કે શુભ અર્થસમયકથની શુભ પદાર્થ એવો ભગવાન શુધ્ધ આત્મા- શુભ એટલે શુદ્ધ-શુદ્ધ પદાર્થ એવો સમય આત્મા તેની કથની સૂણી એ બહુ. આહાહા ! તેની કથની સૂણીએ બહુ-ઘણીવાર કહેશું, પણ આ કહેશું. તે મહીં આદિ મુખ્ય તો શુભ નામ. સારો એવો જે અર્થ એટલે પદાર્થ સમયકથની સિદ્ધાંતની કથની સુણી એ બહુ શુદ્ધ. શુદ્ધાત્મા, પવિત્ર પ્રભુ ! એની ઘણી કથની કરશું કહે છે, છે ? કથની સુણીએ બહુ. ઘણું કહેશું ને ઘણું સાંભળ- આહાહા ! “ તે મહીં સાર વિણકર્મમળ ” કર્મ રહિત એમાં પણ પદાર્થ જીવ નામના સારમાં ‘ નિર્મળ શુદ્ધ જીવ શુદ્ધ નય કહે ’ એ જીવને અમે ( એટલે ) અર્થ સમયને વારંવાર કહેશું પણ એ અર્થ સમય કેવો ? કે તે મહીં સાર વિણ કર્મ મળ કર્મ નામ ભાવ, દ્રવ્ય કર્મથી રહિત એવો જે શુદ્ધ પ્રભુ આત્મા. તેને શુદ્ધનય કહેશું ’ એને શુદ્ધનય કહીએ, એને શુદ્ધનય કહેશું. આહાહા !

‘ શુદ્ધ જીવ શુદ્ધનય કહે “ આ ગ્રંથમાં કથની સહુ, ” જોયું ? આ ગ્રંથમાં કથની બધી “ સમયસાર બુધજન ગ્રહે. ” જ્ઞાની જનો ડાહ્યા પુરૂષો સમયસારને શુદ્ધને ગ્રહે. શુદ્ધ સમયસાર તેમાંથી નીકાળે ( કાઢે ). આહાહા ! ગમે તેટલા કથનો આવે ઘણાં, પણ એમાંથી સાર પ્રભુ શુદ્ધ ચૈતન્ય એ નીકાળે છે. એનો આશ્રય કરવો એ નીકાળે છે. આહાહા ! લાખ વાતની વાત, આવે છે ને ? નિશ્ચય ઉર આણો છોડી જગત દ્વંદ્વ ફંદ. નિજ આતમ ઉર ધ્યાવો. આહાહા ! એ આત્માની મૂળ ચીજ જે છે તેને વારંવાર હે બુધજનો, તેને ગ્રહો.

“ નામાદિક ષટ્ ગ્રંથમુખ, ” હવે, તો એ પોતે વાત કરે છે, શાસ્ત્ર કર્તા નામાદિક છ બોલ છે નામ છે, મંગળિક છે, શાસ્ત્ર કર્તા કોણ છે, સંખ્યા કેટલી છે, પ્રયોજન શું છે, એવા નામ છ છે “ નામાદિક ષટ્ ગ્રંથમુખ તેમાં મંગળ સાર. ” છમાં પણ મંગળિક સાર છે. આહાહા ! નામ શાસ્ત્ર મંગળિક કર્તા પ્રયોજન વિગેરે. એમાં પણ મંગળ સાર, ‘ વિઘ્ન હરણ, ’ વિઘ્નનો નાશ કરનાર છે આ મંગળિક સાર વિઘ્નનો નાશ કરનાર છે. આહાહા ! ‘ નાસ્તિક હરણ ’ અને નાસ્તિકનો તો નાશ કરનાર છે ( અને ) અસ્તિપણાની પ્રતીતિ કરાવનાર છે. આહાહા ! ‘ શિષ્ટાચાર ’ પરંપરા શિષ્ટ જે આચાર છે સંતોનો એ બતાવનાર છે. એવો ઉચ્ચાર કરનાર છે.

‘ સમયસાર જિનરાજ છે, ’ હવે છેલ્લો શબ્દ હવે આ, આ સમયસાર એ જિનરાજ છે. શુદ્ધ આત્મા એ જિનરાજ છે. ‘ ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન ’ આહા ! જૈન કોઈ પંથ નથી, જૈન કોઈ વાડો નથી. જૈન, સમયસાર આત્માનું સ્વરૂપ તે જૈન છે. આહાહા !

સમયસાર જિનરાજ છે. જિનરાજ એ સમયસાર આત્મા- શુદ્ધાત્મા એ જિનરાજ છે- ‘ સ્યાદ્‌વાદ જિનવેણ ’ આહાહા ! ત્રણ મૂકે છે. દેવ શાસ્ત્ર ને ગુરુ ત્રણ પહેલા લીધા હતા ને ? એ ત્રણ ફરીને યાદ કરે છે, કે સમયસાર જિનરાજ હૈ દેવ. દેવ, પોતાનો આત્મા સમયસાર એ જિનરાજ છે અથવા જિનરાજ તે દેવ છે ‘ સ્યાદ્‌વાદ એ જિનવેણ. ’ અપેક્ષાએ કથન એ વીતરાગની વાણી શારદા છે. પહેલું કહ્યું ’ તું ઈ, દેવ, શાસ્ત્ર અને ગુરુ ‘ મુદ્રા જિન નિર્ગ્રંથતા ’ એ ગુરુની વ્યાખ્યા છે, આહાહા ! મુદ્રા જિન નિર્ગ્રંથ દશા, બાહ્યને અભ્યંતર નિર્ગ્રંથ દશા એ મુદ્રા, એ ગુરુ “ નમું કરે સહુ ચેન ” એ ત્રણેને હું દેવને, શાસ્ત્રને અને ગુરુને “ નમું કરે સહુ ચેન ”

નમસ્કાર કરતાં બધું ચેન નામ આનંદને આપે ચેન કરે. ચેન પડે આનંદમય, દેવગુરુશાસ્ત્રને વંદન કરતાં, છે વિકલ્પ પણ અંદર લક્ષ છે ધ્યેય આનંદની પ્રાપ્તિ અને ચેન મળે એ માટે હું નમસ્કાર કરું છું.

આ પ્રમાણે મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરીને શ્રી કુંદકુંદ આચાર્યકૃત ગાથાબદ્ધ સમયપ્રાભૃત ગ્રંથની શ્રી અમૃતચંદ્ર આચાર્યકૃત આત્મખ્યાતિ નામની જે સંસ્કૃત ટીકા છે, તેની દેશભાષામાં આત્મખ્યાતિની વચનિકા કરશું એમ કહે છે. ટીકા તો બે છે. જયસેન આચાર્યની પણ આમાં આત્મખ્યાતિની ટીકા કરીશું અમૃતચંદ્રાચાર્યની એમ લખીએ છીએ.

દેશભાષામય લખીએ છીએ, સંસ્કૃત ટીકામાંથી–પ્રથમ સંસ્કૃત ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્ય ગ્રંથની આદિમાં પહેલા શ્લોક દ્વારા મંગળ અર્થે ઇષ્ટદેવને નમસ્કાર કરે છે. ઇષ્ટદેવને નમસ્કાર કરે છે. ઇષ્ટદેવ પરમાત્મા છે અને ખરેખર ઇષ્ટદેવ પોતે પ્રભુ ( નિજાત્મા ) છે. પુણ્ય ને પાપના ભાવ તે અનિષ્ટ છે, પ્રવચનસારમાં છે અને ભગવાન આત્મા તે જ ઇષ્ટ છે. નિશ્ચય તો શુદ્ધ આત્મા તે ઇષ્ટ છે, વ્યવહારે પરમાત્મા ઇષ્ટ છે.

એ આવ્યુંને શુદ્ધાત્મા, સમય નામ જીવ નામનો પદાર્થ–ઇષ્ટદેવને નમસ્કાર કરે છે, ગાથા, ગાથા બોલાઈ ગઈ છે. “ નમઃસમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે, ચિત્ સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે. ” ઓહો ! ખૂબી જુઓ, અસ્તિથી જ વાત કરી છે પહેલી, નાસ્તિથી વાત જ નહીં. બંધનો નાશ ને અજીવનો નાશ ને એ વાત નહીં. અસ્તિ એક જ વાત. આહાહા !

નમઃ સમયસારાય ! સમય નામ જીવ નામનો પદાર્થ, તેમાં જે સાર દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત, નોકર્મ રહિત, શરીર વાણી આદિ નોકર્મ, જડ કર્મ અને ભાવકર્મ પુણ્ય–પાપ એનાથી રહિત શુદ્ધાત્મા તે સમય છે. આહાહા ! તેને મારો નમસ્કાર હો, આમાં વાંધા કાઢે છે. કે આમાં તો ઈષ્ટને પરમાત્માને નમસ્કાર કર્યો છે, વ્યવહારને કર્યો છે પણ વ્યવહારને કર્યો છે એમાં નિશ્ચયને કર્યો ઈ ભેગો છે. આહાહા ! એમાંથી આ અર્થ કાઢે છે. તેને મારો નમસ્કાર હો. કેવો છે ભાવાય ? એટલે સમયસાર જે ભાવ, સમયસાર જે વસ્તુ. ભાવ એટલે વસ્તુ સમયસાર જે પદાર્થ એટલે કે ભાવ, શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે. એ શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે, આહાહા ! સત્તા, ભાવ છે ને એ શુદ્ધ સત્તાસ્વરૂપ છે. ભગવાન પવિત્ર હોવાપણે વસ્તુ છે એ વસ્તુ પવિત્રપણે, હોવાપણે, સત્તાપણે આહાહા ! હોવાપણે એ ચીજ છે. પણ પવિત્ર હોવાપણે એ ચીજ છે, સત્તા નામ હોવાપણું અને શુદ્ધ નામ પવિત્રપણે હોવાપણું વસ્તુ છે, આહાહા ! શુદ્ધ હોવાપણાના સ્વરૂપે વસ્તુ છે. આહાહા !

એની સત્તા જ શુદ્ધ છે કહે છે. એનું હોવાપણું જ શુદ્ધ છે, દ્રવ્ય તરીકે હોં. વિશેષ, સમકિત સ્વભાવાય પછી આવશે. પણ અહીં તો ‘ ભાવાય ’, વસ્તુ છે, પદાર્થ છે, તત્ત્વ છે, એ શુદ્ધ જ છે. આહાહા ! એ શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે. વસ્તુને સિદ્ધ કરવી છે ને ? ‘ ભાવાય ’માં તો વસ્તુને સિદ્ધ કરવી છે. ‘ ભાવાય ’માં ગુણને નહીં. ગુણને પછી કહેશે. ‘ ભાવાય ’ વસ્તુ, ભગવાન આત્મા શુદ્ધ વસ્તુ સત્તા છે. એકલો જ્ઞાયક આનંદ શાંતિ સ્વરૂપ વસ્તુ, વસ્તુ છે, સત્તા છે, ‘ ભાવાય ’ છે, ‘ ભાવાય ’ છે, પરથી અભાવ છે એ વાત અહીંયાં નથી લેવી. ‘ ભાવાય ’ અસ્તિથી લેવી છે. નાસ્તિથી વાત લીધી નથી. ‘ ભાવાય ’ એનો અર્થ આવી ગયો કે પરથી અભાવ છે; પણ પોતાથી ‘ ભાવાય ’ છે, વસ્તુ છે, સત્તા છે આહા !

" આ વિશેષણપદથી સર્વથા અભાવવાદી નાસ્તિકોનો મત ખંડિત થયો. " અભાવનો ( અર્થ ) નાશ. એમ કહે છે ને વસ્તુ અભાવ છે. વસ્તુ છે નહીં એમ કહેનારને ' ભાવાય ' કહીને એનો નાસ્તિકનો નાશ કર્યો. વસ્તુ ભાવ સ્વરૂપ છે. અનંત અનંત સ્વરૂપે વસ્તુ છે. વસ્તુ છે, પદાર્થ છે, દ્રવ્ય છે, તત્ત્વ છે, અસ્તિ, મોજૂદગી ચીજ છે, એમ કહે છે. આહાહા ! હૈયાતિ ધરનારી વસ્તુ છે. અભાવરૂપ નથી. હૈયાતિ, મોજૂદગી ધરાવનારી સત્તા, ભાવ વસ્તુ છે, એવી સત્તારૂપ ભાવ એક વસ્તુ છે. આહાહા ! આવું છે હવે આ તો ૧૯ મી વાર વંચાય છે. ઝીણું પડે ! પણ અંદર ધ્યાન દેવું પડે ને થોડું. આહાહા ! એ તો વસ્તુ કીધી. દ્રવ્ય કીધું. શુદ્ધ સત્તારૂપ પદાર્થ છે એનું વાચ્ય એની દૃષ્ટિમાં આમ આવવું જોઈએ, એ માટે અહીં કહેવાય છે એમ કહે છે.

આ શબ્દો તો વાચક છે, પણ વાચક-વાચ્ય નિયોગ એમ કહ્યું ' તું ને. વાચક શબ્દો અને વાચ્યનો સંબંધ છે. એટલે શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે એવા જે વાચક શબ્દો એનું વાચ્ય શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે એ વાતની દૃષ્ટિ એમાં થવી જોઈએ. આહાહા !

' આથી સર્વથા અભાવવાદીઓનાં ' કથંચિત્ અભાવ છે, ( અહીંયા ) સર્વથા કેમ કહ્યું ? કથંચિત્ અભાવ છે, અભાવ છે, સર્વથા અભાવ નથી. પાછું સર્વથા, કથંચિત્ અભાવ ન હોય તો તો સ્વથી છે ને પરથી નથી, એ ન આવે. સર્વથા અભાવ નથી એમ કીધું છે. કથંચિત્ અભાવ છે. પરની અપેક્ષાએ અભાવ છે અને સ્વની અપેક્ષાએ ભાવ છે. પરની અપેક્ષાએ અભાવ છે પણ સર્વથા અભાવ છે, એનો નિષેધ કર્યો છે. કથંચિત્ અભાવને તો સિદ્ધ કર્યું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

સર્વથા અભાવવાદી નાસ્તિકોનો મત ખંડિત કર્યો. સ્વભાવ તો વસ્તુ સ્વપણે- સત્તાપણે વસ્તુ તો છે, એટલે જ તથા એથી અનંતી બીજી ચીજોપણે એનો અભાવ છે-અભાવ છે. અભાવ પણ એનો સ્વભાવ છે. જેવો ભાવ સ્વભાવ છે, એવો અભાવ પણ એનો એક સ્વભાવ છે. પણ સર્વથા અભાવ, એનો નિષેધ કરવા ' ભાવાય ' કહીને કથંચિત્ પરથી અભાવ છે પણ સર્વથા પરથી અભાવ છે, પરથી નથી જ એટલે પોતે જ નથી એમ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? સર્વથા અભાવ કથંચિત્ અભાવવાદીની તો હા પાડી, કારણ સ્વ-પણે વસ્તુ છે, પર રાગાદિપણે નથી-જેમ સ્વપણે પણ છે અને પરપણે પણ હોય તો વસ્તુ સિદ્ધ નહીં થાય. આહાહા ! તેમ પરપણે નથી એમ સર્વથા અભાવ કહો, તો સત્તા વસ્તુનો નાશ થાય છે. આહાહા ! આવી વસ્તુ છે હવે આમાં નવરાશ કયાં, આવી વસ્તુ છે બાપુ ! એના નિર્ણય માટે એણે વખત લેવો પડશે. આહા !

શુદ્ધ સત્તા વસ્તુ છે હજી ગુણની વ્યાખ્યા નથી આવી, હજી તો દ્રવ્યની વ્યાખ્યા છે. શુદ્ધ સત્તા દ્રવ્ય છે, સર્વથા અભાવ દ્રવ્યનો કહે છે એમ નહીં. ( એમ નથી. ) કથંચિત્ અભાવ પરનો એમાં અભાવ છે એ અપેક્ષાએ અભાવ છે પણ સ્વનો પણ અભાવ છે એમ નથી. સ્વપણે છે પરપણે નથી. સર્વથા પરપણે નથી માટે પોતે જ નથી, એમ નથી. આહાહા ! આવી વાતું હવે ક્યાં એને પકડાય ( સમજાય ) છે. આહાહા ! મારગ એવો છે.

હવે કહે છે એ તો વસ્તુ છે. વસ્તુ તો પરમાણુ એ પણ છે, છ દ્રવ્યો છે, પણ આ કેવી ચીજ છે ? વસ્તુ છે આત્મા શુદ્ધ સત્તાભાવરૂપ દ્રવ્ય છે. તો દ્રવ્ય તો પરમાણુ આદિ બીજા પણ છે. પણ આનો સ્વભાવ શું છે હવે ? ભાવાય તત્ત્વ દ્રવ્ય છે તેનો સ્વભાવ-ગુણ શું છે ?

કે " ચિત્સ્વભાવાય " જેનો સ્વભાવ ચેતના ગુણરૂપ છે. આહાહા ! શું વાણી ! વસ્તુ

ભગવાન અંદર શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે, એ ચેતના સ્વભાવ ગુણવાળી છે. એ ગુણ છે એમાં. ચિત્ જેનો સ્વભાવ ચેતના, જાણવું- દેખવું ભેગું છે એમાં. ચેતનાગુણરૂપ છે. આહાહા ! પોતે સત્તા, દ્રવ્ય તરીકે ભાવાય છે પણ ગુણ તરીકે ચિત્ સ્વભાવ છે. આહાહા ! હવે આવો ઉપદેશ ! એમાં એકેન્દ્રિયા બેઈન્દ્રિયામાં હાલતો હોય આ કરો આ કરો એ બધી વાતું બાપુ ક્રિયા( કાંડ ) છે. આહાહા ! અને તે પણ વાચકનો વાચ્ય છે તે તેણે લક્ષમાં લેવું એને કહે છે. વાચ્યને લક્ષમાં લેવું. વાચક શબ્દ તો આવે છે એ ભગવાન આત્મા, ભાવાય નામ સત્તા તરીકે, દ્રવ્ય તરીકે, તત્ત્વ તરીકે, વસ્તુ તરીકે ભાવ છે. અને તેનો ગુણ હવે વસ્તુ છે તો તેની શક્તિ જોઈએ ને ? તો “ ચિત્સ્વભાવાય ” એનો જ્ઞાનાદિ એમાં જ્ઞાનની પ્રધાનતાથી વાત છે. જ્ઞાન ને દર્શન ( ગુણ ) એ એનો વિશેષ.. વિશેષ સ્વભાવ છે. આહાહા ! છે ?

જેનો સ્વભાવ ચેતના ગુણરૂપ છે. આ વિશેષણથી ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર, જુઓ ગુણી આત્મા અને જ્ઞાન સર્વથા જુદા છે એમ માનનારનો નિષેધ કર્યો. કથંચિત્ નામ ભેદ છે. પણ ભાવ ભેદ કથંચિત્ છે પણ વસ્તુ તરીકે ભેદ નથી. આહાહા ! આમ તો ગુણ ગુણીની વચ્ચે પણ અતદ્ભાવ છે. પણ અભાવ નથી. પ્રવચનસારમાં છે. ગુણી અને ગુણ વચ્ચે અતદ્ભાવ છે, પણ અભાવ નથી. કે ગુણી જુદો ને ગુણ જુદો કે ગુણીમાં ગુણ નહીં અને ગુણ ગુણીમાં નહીં, એમ નથી. આવી વાતું લ્યો. વિશેષણથી ગુણગુણીનો સર્વથા ભેદ, ( માનનાર ) કથંચિત્ ભેદ માનનાર તો બરાબર છે, એમ કહે છે. કેમ કે ગુણી ને ગુણ એવા બે નામ પડયા, તો નામ ભેદ છે, ભાવ પણ ભેદ એક ન્યાયે છે, નામ ભેદ થયા, કથન ભેદ થયા, ફળ ભેદ પણ છે. આહાહા ! પણ સર્વથા ભેદ માનનારનો નિષેધ કર્યો, કથંચિત્ ભેદ છે. વસ્તુ ભગવાન આત્મા સત્તા અને ચેતન ગુણ, કથંચિત્ ભેદ છે ગુણગુણીનો, બે વચ્ચે નિશ્ચયથી ખરેખર અતદ્ભાવ છે. પણ પ્રદેશ તરીકે પ્રદેશો બેયના એક છે. આહાહા ! દ્રવ્યના પ્રદેશ ને ગુણના પ્રદેશ જુદા છે એમ નથી. લ્યો ઠીક ! પ્રદેશ ભેદ હોય તો પૃથક થઈ જાય છે અને આ પ્રદેશભેદ નથી છતાં ગુણગુણી ભેદ છે વસ્તુ છે અને એનો ગુણ છે. એવા નામ ભેદે, પ્રયોજન ભેદે, ફળ ભેદે, ભેદ હો પણ કથંચિત્ ભેદ, સર્વથા ભેદ નથી. આહાહા ! !

જેટલા ગુણોના પ્રદેશ છે તેટલા જ દ્રવ્યના છે. જેટલા દ્રવ્યના છે તેટલા જ ગુણોના છે. આહાહા ! પર્યાયની જુદી વાત છે અત્યારે, કહો સમજાણું કાંઈ ? ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર ( નો નિષેધ છે ), ગુણ-ગુણીનો કથંચિત્ ભેદ માનનાર બરાબર છે. કથંચિત્ ભેદ અને કથંચિત્ ભેદ નહીં, હવે આ કેવી વાત ! કથંચિત્ ભાવ અને કથંચિત્ અભાવ. સર્વથા અભાવેય નહીં ને સર્વથા એકલો ભાવેય નહીં. આહાહા ! ભાવ સ્વરૂપ છે છતાં પરની અપેક્ષાએ અભાવ સ્વરૂપ પણ એનો ગુણ છે. પરરૂપે ન થવું એવો અભાવ સ્વભાવ છે. સ્વરૂપે રહેવું એવો ભાવસ્વભાવ છે. આવું છે. હેં ! આહાહા !

બે બોલ થયા, દ્રવ્ય અને ગુણ. જૈન દર્શન- વિશ્વ દર્શનનું મૂળ સ્વરૂપ દ્રવ્ય ગુણ ને પર્યાય એ ત્રણનું અહીંયાં વર્ણન પહેલા શ્લોકમાં અસ્તિથી કહ્યું છે. ‘ ભાવાય ’ એમાં દ્રવ્ય લીધું ‘ ચિત્ સ્વભાવાય ’ ગુણ લીધો. હવે પર્યાય બાકી રહી ગઈ.

‘ સ્વાનુભૂત્યા ચકાસતે ’ એ પર્યાય છે. આહાહા ! પોતાની સ્વ-અનુભૂતિ પોતાની જ

અનુભવનરૂપ ક્રિયા. દેખો ! રાગની ને પુણ્યની ક્રિયા નહીં. પોતાની જે ગુણ ને ગુણી જે નિર્મળ અને શુદ્ધ છે, એની શુદ્ધની પોતાની જે ક્રિયા. આહાહા ! વ્યવહારની જે દયા-દાન-વ્રત-ભક્તિની ક્રિયાથી પ્રકાશે છે એવો એ નથી. એવો નથી એમ ન કહેતા. ‘ સ્વાનુભૂત્યા ચકાસતે ’, અસ્તિથી વાત કરી છે, સમજાણું કાંઈ ? પોતાની જ ‘ સ્વાનુભૂત્યા ચકાસતે ’, છે ને ? પોતાની જ અનુભવનરૂપ ક્રિયા, છે તો ક્રિયા પર્યાય. શુદ્ધ આનંદ ને જ્ઞાનની પર્યાયથી તે જણાય છે. શુદ્ધ જ્ઞાન ને શુદ્ધ આનંદની પર્યાયથી તે જણાય છે. આહાહા ! તે પર્યાય છે, પર્યાય નથી એમ નહીં, ન હોય તો કાર્ય તો પર્યાયમાં થાય છે અને દ્રવ્ય ને ગુણ આ છે, એવો નિર્ણય તો અનિત્ય એવી પર્યાયમાં થાય છે, ( પર્યાયનું ) અનિત્યપણું છે. આહાહા ! નિત્ય પણ છે અને અનિત્ય પણ છે, આવું છે.

‘ સ્વાનુભૂત્યા ’ સ્વ-અનુભૂતિ પોતાની શુદ્ધ સમ્યગ્દર્શન- જ્ઞાન- ચારિત્ર જે પવિત્ર, એવી શુદ્ધ ક્રિયાથી જાણી શકાય એવો છે. ( નિજાત્મા ) વ્યવહારની ક્રિયાથી જણાય એવી એ વસ્તુ નથી. આહાહા ! છે કે નહીં સામે ? ‘ સ્વાનુભૂત્યા ’ ‘ સ્વ ’ સ્વ નામ પોતે ‘ સ્વાનુભૂત્યા ચકાસતે ’ “ પોતાની અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે ” અર્થાત્ પોતાને પોતાથી જાણે છે. ભગવાન આત્મા જેને વ્યવહારના રાગની અપેક્ષા નથી એવી જે ચીજ છે એમ કહે છે. પોતાના અનુભવની પર્યાયથી પ્રકાશે છે. આહાહા ! એને રાગથી પ્રકાશે છે એવી નાસ્તિની વાત કરી નથી. અસ્તિથી કહેતાં નાસ્તિ એમાં આવી જાય છે. ‘ ભાવાય ’ નામ અસ્તિ ‘ ચિત્ સ્વભાવાય ’માં અસ્તિ અને ‘ સ્વાનુભૂતિ ’માં અસ્તિ-એકમાં દ્રવ્યની અસ્તિ, બીજામાં ગુણની અસ્તિ, ત્રીજામાં પર્યાયની અસ્તિ. અસ્તિથી સિદ્ધ કર્યું છે. આસ્રવ, પુણ્ય-પાપ, બંધ અને અજીવ એ આમાં લીધા જ નથી.

ફક્ત ભાવાય દ્રવ્ય લીધું, ચિત્ સ્વભાવ ગુણ લીધો ને અનુભૂતિમાં સંવર-નિર્જરા લીધા, દ્રવ્ય લીધું, ગુણ લીધું અને સ્વાનુભૂત્યામાં સંવર-નિર્જરા શુદ્ધ પર્યાય લીધી, શુદ્ધ પર્યાયથી તે જણાય એવો છે. વ્યવહાર ને નિમિત્તથી તે જણાય એવો નથી. આહાહા ! ત્યાં કથંચિત્ નથી. ઓલામાં ભાવમાં કથંચિત્ હતું, કારણ કે કથંચિત્ અભાવ પણ છે. ગુણમાં પણ કથંચિત્ ભેદ છે, ગુણગુણીનો ભેદ છે. એમ અહીંયા સ્વાનુભૂત્યા ચકાસતેમાં કથંચિત્ અનુભૂતિથી પ્રકાશે છે અને કથંચિત્ રાગથી પ્રકાશે છે એમ નથી. પોતાથી પ્રકાશે છે ને રાગથી પ્રકાશતો નથી એ વાત આમાં આવી જાય છે. નાસ્તિની વાત અસ્તિ કહેતાં આવી જાય છે. આહાહા ! આવો તો શ્લોક છે પહેલો ! આ તો મંગળિક કરે છે આ તો.

પોતાને પોતાથી જ જાણે છે, પ્રગટ કરે છે. ભગવાન આત્મા, વસ્તુ પણ કથંચિત્ ભાવ અભાવ સ્વરૂપ, ગુણ પણ કથંચિત્ ભેદ અભેદ સ્વરૂપ, પર્યાય અનુભૂતિથી જણાય, બીજાથી ન જણાય એમ એનું સ્વરૂપ છે. આહાહા !

‘ આ વિશેષણથી આત્માને અને જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર ’ એમ કે જ્ઞાન તો પરોક્ષ છે, પ્રત્યક્ષ થઈ શકતું નથી જૂઠું છે. આહા ! સર્વથા પરોક્ષ છે એમ નથી. કથંચિત્ પરોક્ષ છે, પૂરણ કેવળજ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી પરોક્ષ છે. પણ શ્રુતજ્ઞાન દ્વારા તે પ્રત્યક્ષ છે, એમ બેય છે. આહાહા ! સમજાણું કાંઈ ? શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ છે અને શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ છે ઓલા વેદનની અપેક્ષાએ હોં, આમ શ્રુતથી પરોક્ષ છે, કેવળથી પ્રત્યક્ષ છે. શ્રુતથી અસંખ્ય પ્રદેશી પરોક્ષ છે પણ એનો અનુભવ છે એ પરોક્ષ નથી. આહાહા !

આટલા બધા પડખા પડે !

“ આત્માને ને જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર જૈમિનીય-ભટ્ટ પ્રભાકર ભેદવાળા મિમાંસકોના મતનો વ્યવચ્છેદ થયો ” આહા ! એટલે જ્ઞાનને આત્મા સર્વથા જુદા એટલે પરોક્ષ જ છે એમ માનનારનો નિષેધ કર્યો, પ્રત્યક્ષ છે. કથંચિત્ પ્રત્યક્ષ છે કથંચિત્ પરોક્ષ છે. વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ છે અને તદ્દન આમ જોવું અસંખ્ય પ્રદેશની અપેક્ષાએ પરોક્ષ છે. કેવળજ્ઞાનની અપેક્ષાએ પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ ? પુસ્તક તો છે સામે ?

“ તેમ જ જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય, જોયું ? પોતે પોતાને નથી જાણતો- એવું માનનારનો પ્રતિષેધ કર્યો. ” જ્ઞાન છે એ બીજા જ્ઞાન દ્વારા જણાય. પોતે પોતાથી ન જણાય. એ જ્ઞાન જે ઉત્પન્ન થાય એ પોતે જાણતું જ ઉત્પન્ન થાય. આહા ! પોતે પોતાને જાણતું જ જ્ઞાન ઉત્પન્ન થાય છે, સ્વતઃ એને બીજા જ્ઞાનથી જાણવાની અપેક્ષા નથી. હવે આ એક શ્લોકમાં આટલા પ્રકાર-કેટલા યાદ રાખવા એને ? અસ્તિથી યાદ રાખવું, સત્તા વસ્તુ છે. ગુણ-ગુણીનો વાચક છે, તે ભેદ છે, વાચ્ય પણ ભેદ છે; સ્વાનુભૂત્યા ચકાસતે એમાં કોઈ રીતે પરથી અનુભવ થઈ શકે એમ નથી. અને તે જ્ઞાન જ્ઞાનથી જ જણાય છે, એ જ્ઞાનને જાણવા માટે બીજા જ્ઞાનની જરૂર પડે એવું નથી. નિરપેક્ષ જ્ઞાન પરની અપેક્ષા રાખ્યા વિના, આહાહા ! અહીં તો એમ કહે છે કે કદાચિત્ શાસ્ત્રનું જ્ઞાન કર્યું હોય, ભગવાનની વાણી સાંભળી હોય તો એ અપેક્ષા રાખીને જ્ઞાનનું પ્રત્યક્ષપણું વેદનનું થાય એવું નથી. આહાહા !

એ જ્ઞાન સીધું પોતાને વેદી શકે છે. આનંદનું વેદન સીધું કરી શકે છે. અને કથંચિત્ અપેક્ષાએ શ્રુતજ્ઞાનથી પણ પ્રત્યક્ષ કહેવામાં આવે, કેમ કે જેમાં પરની અપેક્ષા નથી માટે પ્રત્યક્ષ, શ્રુતજ્ઞાનથી પણ સર્વથા પરોક્ષ જ છે એમેય નથી. આહાહા ! કથંચિત્ પ્રત્યક્ષ છે કથંચિત્ પરોક્ષ છે કેમ કે જે જ્ઞાન બીજાની અપેક્ષા રાખતું નથી, સમજાણું કાંઈ ? એથી એ પ્રત્યક્ષ છે. પોતાથી જ છે. પણ અસંખ્ય પ્રદેશ આમ પૂરણ પોતે જાણી શકતા નથી. એ અપેક્ષાએ કેવળજ્ઞાનને પ્રત્યક્ષ કહ્યું અને શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યું પરોક્ષેય કહ્યું અને પ્રત્યક્ષેય કહ્યું. આહાહા ! પોતે પોતાથી જાણી શકે માટે પ્રત્યક્ષ, જેને રાગ ને નિમિત્તની અપેક્ષા નથી માટે પ્રત્યક્ષ. અને પૂરણ અસંખ્ય પ્રદેશને આમ સીધું જાણી શકતું નથી, માટે પરોક્ષ. આહાહાહા ! સમજાણું કાંઈ ? આવું છે.

જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય, પોતે પોતાને નથી જાણતું. એવું માનનારનો પ્રતિષેધ થયો. આહા ! અસ્તિથી વાત કરીએ તો દ્રવ્યની, ગુણની અને પર્યાયની સાધકની સંવર-નિર્જરાની, શુદ્ધથી પ્રગટ સમજાય છે, એટલી.

હવે એની પૂરણતાની વ્યાખ્યા કરે છે. આહાહા ! એ પણ અસ્તિથી કરે છે. “ સર્વભાવાંતરચ્છિદે ” સર્વભાવ અંતર પોતાથી અન્ય, અંતર છે ને ? સર્વભાવ અંતર પોતાના ભાવથી અનેરા. પોતે ભાવાય છે, વસ્તુ છે, એનાથી અનેરા. સર્વભાવમાં પોતે આવ્યો, અંતર ચ્છિદે એનાથી અનેરા ભાવો, એનો છિદે, એનો જાણનાર છે. સર્વ ભાવાંતર સર્વ ભાવને જાણનાર એમ નહીં, સર્વ ભાવ જે પોતાના એનાથી અનેરા ભાવો, તેને જાણનારો છે. સમજાણું કાંઈ ? ‘ સર્વભાવાંતરચ્છિદે ’ નો અર્થ એવો નથી કે સર્વભાવને કોઈ રીતે જાણી શકે છે. એવો અહીંયાં અર્થ નથી અહીં તો સર્વભાવ જે પોતાના છે એનાથી સર્વ જે અનેરા ભાવ છે તેને પૂરણ

રીતે જાણી શકે છે. સર્વભાવાંતર ( એટલે કે ) સર્વભાવથી અનેરા ભાવો, પોતાનો જે ભાવ સત્તા ને ગુણ ગુણીની વાત કરી, એવો જે ભાવ અને ભાવવાન, સ્વભાવવાન અને સ્વભાવ, એનાથી અનેરા ભાવો. જેટલા અનંતા દ્રવ્યગુણ ને પર્યાયો, આહાહા ! પોતાથી –છે ને ? અન્ય સર્વ જીવઅજીવ અંતર છે ને ? પોતાથીમાં સર્વ ભાવ નામ પોતાથી લીધું એનાથી અંતર નામ અન્ય સર્વ જીવાજીવ. આહાહા !

જીવ અને અજીવ બીજા અનંતા ‘ ચરાચર ’ ગતિ કરનારા અને સ્થિર રહેનારા ચર નામ ગતિ કરનારા અને અચર નામ સ્થિર રહેનારા. પદાર્થોને સર્વ ક્ષેત્ર કાળ સંબંધી સર્વ પદાર્થને સર્વ ક્ષેત્ર, સર્વ કાળ સંબંધી સર્વ વિશેષણો સહિત ભાવ. આહાહાહાહા ! સર્વ ભાવાંતર, સર્વભાવ પોતે અને અંતર એટલે એ સિવાયના અનેરા સર્વ ભાવો. એને પોતાથી અન્ય સર્વ જીવાજીવ, ચાલતા અને સ્થિર પદાર્થોને સર્વ ક્ષેત્ર કાળ સંબંધી. ત્રણકાળ ને લોકાલોક ક્ષેત્રો. આહાહા ! અને સર્વ વિશેષણો સહિત એના સર્વભાવો સહિત, પર્યાય સહિત એક જ સમયે જાણનારો છે. આહાહાહા ! પ્રભુ પર્યાયમાં પૂરણ સર્વજ્ઞની પર્યાય, એક જ સમયમાં પોતાથી અનેરા અનંત પદાર્થોના દ્રવ્યના, ક્ષેત્રના, કાળના અને એના ભાવના, ગુણ ને પર્યાય બધાને એક સમયમાં જાણનારો છે. આહાહા ! છે ? એક જ સમયે જાણનારો છે.

આ વિશેષણથી સર્વજ્ઞનો અભાવ માનનાર, સર્વજ્ઞ હોઈ શકે નહીં એમ જે કહે છે એવા મત છે ને ઘણાંના, સર્વજ્ઞ હોઈ શકે નહીં. વર્તમાનમાં જે પૂરણ જ્ઞાન છે વર્તમાનનું એ સર્વજ્ઞ, ત્રણ કાળ અને ત્રણ લોકનું જ્ઞાન હોઈ શકે નહીં એનો નિષેધ કર્યો. આહાહા ! સર્વ વિશેષણોથી સર્વજ્ઞનો અભાવ માનનાર, મીમાંસક આદિ. , જૈનમાં રહેલા દિગંબરમાંય નહીં માનનારા છે. એક મહેન્દ્ર હતો પંડિત, સર્વજ્ઞને નહોતો માનતો. ગુજરી ગયો. “ નિરાકરણ થયું. ” આ પ્રકારના ગુણોથી, “ આ પ્રકારના વિશેષણોથી શુદ્ધ આત્માને જ “ શુદ્ધ આત્માને ” જ ઇષ્ટદેવ તરીકે સિદ્ધ કરીને, ” ઇષ્ટદેવ કરીને, ઇષ્ટ, ઇષ્ટદેવ છે ખરા. પરમાત્મા પોતે ઇષ્ટદેવ છે. વ્યવહારે સર્વજ્ઞ આ રીતે પરમાત્મા ઇષ્ટદેવ છે. આહાહા ! તેને નમસ્કાર કર્યો છે. શુદ્ધાત્માને જ, છે ? આ વિશેષણથી શુદ્ધાત્માને જ ઇષ્ટદેવ સિદ્ધ કરીને તેને નમસ્કાર કર્યો છે. આહાહા !

દ્રવ્ય, ગુણ, પર્યાય ને પૂર્ણતા ચાર બોલ લીધા. પોતાનું દ્રવ્ય સત્તા છે ‘ ભાવાય, ચિત્ત સ્વભાવાય ગુણ, સ્વાનુભૂતિ પર્યાય સંવર નિર્જરા એ દ્રવ્ય ગુણ સંવર નિર્જરા–સર્વભાવાંતરચ્છિદે એ મોક્ષ, પર્યાયની પૂર્ણતા બસ, એમ આ ચાર બોલમાં અસ્તિપણે સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ ?

એમાં આ પહેલો શ્લોક મંગળિકનો મહા ઉત્તમ.

અસ્તિ જીવ છે, ગુણ–ગુણી ભેદ કથંચિત્ છે, કથંચિત્ નથી, પોતાના અનુભવથી સિદ્ધ થઈ શકે છે. પરોક્ષ અને પ્રત્યક્ષ બેય રીતે પણ છે. કથંચિત્ પ્રત્યક્ષ અને કથંચિત્ પરોક્ષ છે એ રીતે ઇષ્ટદેવને પોતાનો જ આત્મા, પરમાત્માનો ઇષ્ટદેવ કહીને એને નમસ્કાર કર્યો છે. એ ગાથાનો અર્થ પૂર્ણ થયો લ્યો. વિશેષ આવશે.

પ્રમાણવચન ગુરુદેવ !

સમયસારના અપૂર્વ સ્વાગત કરી અંતરમાં મંગળ પધરામણી કરાવનાર. શ્રી સદ્‌ગુરુદેવનો જય હો !

**પ્રવચન નં. ૨ શ્લોક ૧/૨ તા. ૮-૬-૭૮ ગુરુવાર જેઠ સુદ ૩ સં. ૨૫૦૪**

પહેલા કળશનો ભાવાર્થ. કળશ છે એમાં ઇષ્ટદેવને નમસ્કાર કર્યો છે, પણ પોતે પોતાના આત્માને અનુભવ્યો છે, એ ઇષ્ટદેવને નમસ્કાર કરે છે એમ શરૂઆત કરી છે, શું કીધું સમજાણું ? પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત, અંતરથી અનુભવ્યો છે, જાણ્યો છે. એ જીવ, પૂરણ ઇષ્ટદેવને નમસ્કાર કરે છે સર્વભાવાંતરચ્છિદે છે ને ? સર્વજ્ઞ પરમાત્મા, કોઈ નામ ન લીધું, ઇષ્ટદેવ ( અર્થાત્ ) પૂરણ જેની દશા પ્રગટ થઈ છે, સ્વાનુભૂતિથી જેણે સર્વજ્ઞપણું પ્રગટ કર્યું છે, જેનો ભાવાય અને ચિત્સ્વભાવાય દ્રવ્ય અને ગુણ છે, એવા જીવને પૂરણ દશા પ્રાપ્તને ઇષ્ટદેવ ગણીને, પોતાના ઇષ્ટદેવનો અનુભવ કરીને, ઇષ્ટદેવને નમસ્કાર કરે છે

એનો ભાવાર્થઃ- ' અહીં મંગળ અર્થે શુદ્ધાત્માને નમસ્કાર કર્યો ' કોઈ એમ પ્રશ્ન કરે કે કોઈ ઇષ્ટદેવનું નામ લઈને ( નમસ્કાર ) કેમ ન કર્યો ? ' કોઈ મહાવીર કે રૂષભદેવ ભગવાન કે કોઈ એમ તેનું સમાધાનઃ- વાસ્તવિક રીતે ઇષ્ટદેવનું સામાન્ય સ્વરૂપ, " જે દિવ્યશક્તિ જેને પૂરણ પ્રગટી છે, એવા ઇષ્ટદેવનું સામાન્ય રીતે એ વસ્તુનું સ્વરૂપ " સર્વજ્ઞ છે, સર્વકર્મ રહિત છે. ઇષ્ટદેવનું સ્વરૂપ સર્વકર્મ રહિત, પહેલા સહિત હતા, પછી રહિત થયા, એટલે એ રીતે અને સર્વજ્ઞ, વર્તમાન દશા જેને સર્વજ્ઞ પ્રગટ થઈ છે. સર્વજ્ઞ સ્વભાવ તો હતો, વસ્તુ પોતે સર્વજ્ઞ સ્વભાવી જ છે, આત્મા સર્વજ્ઞ સ્વરૂપી, સર્વજ્ઞ સ્વભાવી ત્રિકાળ છે. પણ જેમાંથી જેણે પ્રગટ સર્વજ્ઞ દશા પ્રગટ કરી, તેને અનુભવી આત્માનું, એને નમસ્કાર કરે છે. સમજાણું કાંઈ ?

વીતરાગ, ' વીતરાગ થયા છે, ' વીતરાગ સ્વરૂપે તો હતા. બધા આત્માઓ વીતરાગ સ્વરૂપ જ છે, જિન સ્વરૂપ જ છે. પણ જેને વીતરાગતા પર્યાયમાં પ્રગટ થઈ તે, જેને પર્યાયમાં આત્મદ્રવ્યનો અનુભવ થયો તે, પૂરણ પર્યાય જેને પ્રગટ થઈ વીતરાગતા તેને નમસ્કાર કરે છે. વીતરાગ શુદ્ધ આત્મા જ છે. સર્વકર્મ રહિત વીતરાગ, સર્વજ્ઞ અને " શુદ્ધ આત્મા જ છે. " એટલે ' જ્ઞ ' અને ચારિત્ર બે લઈ લીધા. સર્વજ્ઞપણું અને વીતરાગ એટલે ચારિત્ર પૂરણપણું, બે વસ્તુ.

તેથી આ અધ્યાત્મ ગ્રંથમાં સમયસાર કહેવાથી ઇષ્ટદેવ આવી ગયા. સમયસારને નમસ્કાર કર્યો એમાં ઇષ્ટદેવ આવી ગયા. ' નમઃ સમયસારાય ' એમ આવ્યું ને ? તો એ સમયસારમાં ઇષ્ટદેવ આવી ગયા. પ્રગટરૂપ પર્યાય જેની છે, એ ઇષ્ટદેવ આવી ગયા. અને જેણે નમૂનો જાણ્યો છે, સર્વજ્ઞની પર્યાયમાં એની પ્રતીતિ થઈ છે, સર્વજ્ઞનો અંશ મતિશ્રુતજ્ઞાન પ્રગટયો છે વીતરાગી અંશ જેને પ્રગટયો છે, એ સર્વજ્ઞ પૂરણ વીતરાગ ઇસ્ષ્ટદેવને નમસ્કાર કરે છે. કોઈનું નામ લઈને નહીં ગુણ વાચક.

" આ અધ્યાત્મ ગ્રંથમાં સમયસાર કહેવાથી ઇષ્ટદેવ આવી ગયા. તથા એક જ નામ લેવામાં અન્યમતવાદીઓ મત પક્ષનો વિવાદ કરે છે, તે સર્વનું નિરાકરણ થઈ ગયું. " એક જ નામ હોય એવું કાંઈ નથી એના જેટલા વિશેષણો છે. હજારો લાખો અનંતો. એક નિર્મળ વીતરાગ સર્વજ્ઞ દશાને, અનંતગુણના નામે ઓળખાવી શકાય છે. આહાહા ! ' એક જ નામનો વિવાદ કરે તે સર્વનું નિરાકરણ સમયસારના વિશેષણો વર્ણવીને કર્યું. " સમયસારનું વિશેષણ

કહ્યું ને કે સ્વાનુભૂત્યા ચકાસતે, ભાવાય, ચિત્સ્વભાવાય એટલે દ્રવ્ય છે, ગુણ છે, અનુભૂતિથી જેણે આત્મા જાણ્યો છે અને અનુભૂતિ દ્વારા જેણે સર્વજ્ઞપણું પ્રગટ કર્યું છે. એવા વિશેષણો દ્વારા વર્ણવીને કર્યું.

'વળી અન્યવાદીઓ પોતાના ઇષ્ટદેવનું નામ લે છે તેમાં ઇષ્ટદેવ શબ્દનો અર્થ ઘટતો નથી,' બાધાઓ વિરોધ આવે છે. સ્યાદ્વાદી અપેક્ષાએ સ્વરૂપને જે રીતે છે-ચૈતન્યનું વાસ્તવિક શક્તિ સ્વરૂપ અને પ્રગટ સ્વરૂપ જે રીતે છે તેને સ્યાદ્વાદી કહેનારા, આહાહા! જૈનોને તો સર્વથા વીતરાગ શુદ્ધ આત્મા જ ઇષ્ટ છે. સર્વથા, પ્રગટ દશા લીધી છે ને! સર્વથા વીતરાગ શુદ્ધ આત્મા જ ઇષ્ટ છે. પછી ભલે તે ઇષ્ટદેવને 'પરમાત્મા કહો' ત્યાંથી ઉપાડયું છે. પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ જેને પ્રગટ થઈ ગયું છે, એવા પરમાત્મા કહો. વસ્તુએ તો પરમાત્મા છે, વસ્તુએ પરમાત્મા છે પણ વ્યક્તતા પ્રગટદશાએ જેની પરમાત્મ દશા થઈ છે એને પરમાત્મા કહો, છે? આહાહા! 'પરમ જ્યોતિ' કહો, પરમ ચૈતન્ય જ્યોતિ, ચૈતન્યના પ્રકાશની ઝળહળ જ્યોતિ જેને પૂરણ પ્રગટ થઈ ગઈ છે, 'પરમેશ્વર' કહો પરમ ઈશ્વર, જો પરમેશ્વર તો સ્વરૂપ પરમેશ્વર જ છે. પોતાનો પરમેશ્વર, એમ આવ્યું 'તુંને આડત્રીસ ગાથા (અપ્રતિબુદ્ધ) ભૂલી ગયો હતો. એ પરમેશ્વર ભૂલી ગયો હતો એ પરમેશ્વરને યાદ કરીને વ્યક્તમાં, પ્રગટ દશામાં પરમેશ્વરપણું કર્યું-એને પરમેશ્વર કહેવાય. "પરમબ્રહ્મ" કહેવાય, પરમબ્રહ્મ, પરમ આનંદ જેને પરમ આનંદ પ્રગટ થયો એ બ્રહ્મસ્વરૂપ છે. આહાહા! જેની દશામાં પૂરણ અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો એ પરમ બ્રહ્મ કહેવાય છે. "શિવ" કહેવાય છે. એને ઉપદ્રવ રહિત પૂરણ કલ્યાણ પ્રગટ થઈ ગયું માટે "શિવ" પણ કહેવાય આને શિવ. ઓલા લોકો શિવ કહે છે એ નહીં. સમજાણું કાંઈ?

'શિવ' નમોત્થુણુંમાં આવે છે. શિવ મલય, મરૂ, મણંત, "શિવ" નામ કલ્યાણ મૂર્તિ, કોઈ ઉપદ્રવ છે નહિ જેને પૂરણઆનંદ પર્યાય પ્રગટ થઈ ગઈ. એને શિવ પણ કહેવાય એને, આહાહા! "નિરંજન" કહેવાય. જેને અંજન નથી મેલ જ નથી. નિર્મળાનંદ જેની દશા પ્રગટ થઈ છે નિરંજન કહેવાય 'નિષ્કલંક' કહેવાય. ભવ અને ભવના ભાવનો કલંક જેને નથી એવો નિષ્કલંક પરમાત્માને કહેવાય. આહાહા! 'અક્ષય' કહેવાય. થયા એ થયા ક્ષય પામશે નહીં હવે પૂર્ણ દશા પ્રાપ્ત થઈ, એ ક્ષય નહીં થાય, હવે નાશ નહીં થાય. પર્યાયની પૂર્ણતા થઈ એ પણ નાશ નહીં થાય. દ્રવ્યગુણ તો નાશ નહીં. જેની પર્યાય પૂરણ પ્રગટ થઈ ગઈ એનો નાશ નહીં થાય. આહાહા! અક્ષય, અમેય ચારિત્ર પાહુડમાં તો પર્યાયને અક્ષય અમેય કીધી છે, સાધક જીવને હોં, કેમ કે પ્રભુ પોતે અક્ષય ને અમેય છે, વસ્તુ. અમેય નામ જેની મર્યાદા નથી એવો જેનો સ્વભાવ છે અને ક્ષય કોઈ દિ' થાય નહીં, એવા અક્ષય અમેયને જેણે જાણ્યો અને જેણે સ્થિરતા પ્રગટ કરી એ સ્થિરતાને પણ અક્ષય અને અમેય કહેવામાં આવે છે. પૂરણદશા વિના, આહાહા! શક્તિ અક્ષય, અમેય છે, પર્યાય સાધકપણે પ્રગટી એ અક્ષય અમેય છે અને પૂરણ પ્રગટે છે એ તો અક્ષય, અમેય છે જ. આહાહા!

તેથી એને કહે છે અક્ષય, "અવ્યય" નાશ ન થાય કોઈ દિ' ક્ષય ન થાય અને વ્યય એનો નાશ ન થાય. થઈ એ દશા થઈ એ થઈ. આહાહા! એક બાજુ એમ કહે કે કેવળજ્ઞાન, સંવર, નિર્જરા આદિની પર્યાય નાશવાન છે. એ પર્યાય છે તે (ન્યાયે) ૩૮ ગાથા નિયમસાર એક

ભગવાન પોતે જ અક્ષય, અવિનાશી છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ જે પર્યાય પ્રગટી છે એની એક સમયની મુદત છે માટે તેને ત્યાં નાશવાન કીધી છે. પણ અહીંયા તો તેની તે રહેવાની છે માટે તેને અવ્યય અને અનાશવાન કીધી છે. આહાહા ! ( વૈસી કી વૈસી રહેનેવાલી હૈ ) હા, એમ ને એમ કાયમ રહેનેવાલી એ અપેક્ષાએ, બાકી એક સમયની પર્યાય છે, પર્યાયનું સ્વરૂપ જ એક સમયની મુદતનું છે, એ અપેક્ષાએ તો નાશવાન છે. પણ બીજે સમયે તેવી થશે અને કાયમ એવી ને એવી રહેશે. એ અપેક્ષાએ અવ્યય કહેવામાં આવી છે. આહાહા ! કેટલી અપેક્ષાઓ લાગુ પડે, અલૌકિક ચીજ છે.

" શુદ્ધ છે, " એ પર્યાયે શુદ્ધ છે, વસ્તુ, દ્રવ્ય ગુણે તો શુદ્ધ છે જ એ બધા, પણ આ ઇષ્ટદેવ જે છે પ્રિય કરવા લાયક વ્યવહારે જે છે એ શુદ્ધ છે. દરેક પર્યાય જેની પવિત્ર પ્રગટ થઈ ગઈ છે. ' બુધ્ધ ' છે એકલો જ્ઞાનનો પર્યાય પૂરણ થઈ ગયો છે. બુધ્ધતિ ઈતિ બુધ; જાણે, પૂરણ જાણવું જેને પ્રગટ થઈ ગયું છે, બુદ્ધ છે. " અવિનાશી છે " નાશ જેનો નથી " અનુપમ છે " જેને કોઈ ઉપમા નથી. કોની ઉપમા ? એની ઉપમા એને. આહાહા ! ' અરૂપી ' છે, પણ વસ્તુ છે અને તેથી તેમાં અનંત અનંત સ્વભાવ, અપરિમીત અમેય ભર્યા છે, એવી પર્યાયમાં જ્યાં પ્રગટ થયા એનું શું કહેવું કહે છે. આહાહા ! એ તો અનુપમ છે. એને કોઈ ઉપમા આપી શકાતી નથી.

' અછેદ્ય છે, ' ' અભેદ્ય છે ' છેદી શકાય નહીં. ઈ એની પર્યાય પણ છેદી શકાય નહીં પરથી. કેમ કે એનામાં પ્રભુત્વ નામનો ગુણ છે તે ગુણની પર્યાય પર્યાયમાં પ્રભુત્વપણું આવી ગયું છે, તેથી તેને સ્વતંત્રપણે અને બીજાથી ખંડિત ન થાય એવો સ્વભાવ જેનો પ્રગટ થઈ ગયો છે માટે તેને અછેદ્ય કહે છે. અભેદ્ય છે. ભેદ ભૂકો ન થાય, છેદ નામ ટૂકડા ન થાય, છેદ નામ ટૂકડા ન થાય અને ભેદ નામ ભૂકો ન થાય. એવી અખંડ ધ્રુવ પર્યાય પ્રગટ થઈ છે અંદર. એવું જ પર્યાયનું સ્વરૂપ પ્રગટ છે, એવું જ સ્વરૂપ દ્રવ્યનું છે, કેમ કે હતું એમાંથી આવ્યું છે. કંઈ બહારથી આવતું નથી. આહાહા ! અછેદ્ય અભેદ.

" પરમ પુરુષ એને કહીએ " આહાહા ! એક તો પરમ પુરુષ તું પોતે જ પરમ પુરુષ છો, આહા ! પરમપુરુષ નિકટ હોવા છતાં તું પરમપુરુષને જોવા નવરો થતો નથી પરમપુરુષ, પ્રભુ પરમપુરુષ છે, તારી નિકટ છે. તારી એક સમયની પર્યાયની સમીપ છે. આહાહા ! એને જોવા, એના અસ્તિત્વને જાણવા પ્રયત્ન કરતો નથી. ને બહારના પ્રયત્ન પુણ્ય ને પાપમાં રોકાઈ ( ને ) પરમપુરુષને ભૂલી જાય છે. આ તો પરમપુરુષ પર્યાયમાં પ્રગટ થઈ ગયો. આહાહા ! પરમપુરુષ છે એ.

" નિરાબાધ છે " કોઈ એને બાધા કરે એવું છે નહીં. આહાહા ! હવે એને ભવભ્રમણ થાય કે વળી કોઈ કર્મનો ઉદય આવે ને એવું છે નહીં,

' સિદ્ધ ' છે એ. પૂરણ સિદ્ધ પરમાત્મા ' સત્યાત્મા ' સાચો આત્મા છે એ. આહાહાહા ! અભૂતાર્થ રાગાદિવાળો આત્મા તો અનાત્મા છે. વસ્તુએ આત્મા છે, પણ પર્યાય રાગદ્વેષને લઈને અનાત્મા છે. આ તો પર્યાયે સત્યાત્મા છે. આહાહાહા ! વસ્તુ તો ભૂતાર્થ છે, સત્યાર્થ પણ પર્યાયમાં એ સત્યાર્થ થઈ ગયો. પૂરણ સત્ય સ્વરૂપ છે, એવું પ્રગટ થઈ ગયું છે. આહા !

' ચિદાનંદ છે ' ચિદ્ નામ જ્ઞાન અને આનંદ. એ જ્ઞાન ને આનંદ જેની દશા છે. એ ચિદાનંદ સ્વરૂપ જ પોતે છે પ્રભુ, ઇષ્ટદેવ, એક જ નામ એવું કાંઈ નહીં, આવા બધા ગમે તેટલા હજારો

નામ આપો પણ એનામાં છે તે. “ સર્વજ્ઞ ” છે એ, સર્વજ્ઞ છે એ. એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક જાણે એવું સર્વજ્ઞપણું જગતમાં છે, એવી પ્રતીતિ કરનારને કેવળજ્ઞાન શ્રદ્ધાએ પ્રગટ થાય છે. શું કીધું ઈ ? જે સર્વજ્ઞપણું અંદર છે એ કેવળજ્ઞાન છે એવું માન્યતામાં નહોતું, શ્રદ્ધામાં ભરોસે નહોતું, એ સર્વજ્ઞ સ્વરૂપી છું, પૂરણ સ્વરૂપી છું એવી પ્રતીત થઈ અનુભવમાં, તો સમ્યગ્દર્શનમાં કેવળજ્ઞાન છે એમ પ્રગટયું, શ્રદ્ધાએ પ્રગટયું પર્યાયે પ્રગટશે એ કેવળજ્ઞાન થશે ત્યારે, પહેલું સમકિતમાં શ્રદ્ધાએ કેવળજ્ઞાન પ્રગટે છે. આહાહા ! એટલે કે પૂરણ સ્વરૂપ જ આત્મા છે. સર્વજ્ઞ સ્વરૂપી જ છે ઈ એવી પ્રતીત થઈ ત્યારે સર્વજ્ઞ ને કેવળજ્ઞાન નહોતું એમ જે માન્યું હતું એને કેવળજ્ઞાન છે, સર્વજ્ઞ છે એમ પ્રતીતમાં એને કેવળજ્ઞાન મનાણું, પ્રતીત તરીકે કેવળજ્ઞાન થયું, કેવળજ્ઞાન થયું-આહાહાહા !

“ વીતરાગ ” છે. પૂરણ વીતરાગ સ્વરૂપ જ છે-પણ આ તો પર્યાયમાં વીતરાગ છે. આહાહા ! જેને એક સમયની દશા અકષાય વીતરાગપણે છે, એવું જેને પ્રતીત થાય એને વીતરાગપણાની દશા શ્રદ્ધાએ પ્રગટી છે કે હું વીતરાગ છું. પણ અહીંયા તો પર્યાયે પ્રગટ થઈ ગઈ છે વીતરાગ દશા. આહાહા ! અરૂપી હોવા છતાં, એમાં રૂપ વર્ણ ગંધ રસ સ્પર્શનો અભાવ હોવા છતાં, એના ગુણના સ્વભાવમાં અરૂપીપણાના સ્વભાવની કોઈ મર્યાદા નથી, એવો એ વીતરાગ છે. આહાહા ! જેની વીતરાગ શક્તિની પણ મર્યાદા નથી. આ વીતરાગ પર્યાયે છે પર્યાયમાં જેને વીતરાગતા આવી એ અંદર વીતરાગ શક્તિરૂપે અનંત સ્વભાવ છે એમાંથી આવી છે, વીતરાગ પર્યાય આવી છતાં શક્તિમાં તો અનંતી વીતરાગતા, એક શક્તિમાં અનંતી વીતરાગતા પડી છે. આહાહાહાહા ! એની જેને પ્રતીતિ અને જ્ઞાન થયું છે. તેને આ વીતરાગ છે એમ પ્રતીતિ, એટલે વીતરાગપણું છે એમ પ્રગટયું શ્રદ્ધામાં. હું જે રાગી હતો, પુણ્યવાળો હતો, અલ્પજ્ઞ અને કષાયવાળો એમ માન્યું ’તું એણે અંદર હું વીતરાગ સ્વરૂપ, અકષાયસ્વરૂપ એમ જેણે અંતર્મુખ થઈને માન્યું, જાણ્યું એ વીતરાગપણાની શ્રદ્ધા પ્રગટ થઈ. હું તો વીતરાગ જ છું. એ દશાએ એને વીતરાગપણાની પર્યાયમાં પ્રગટ થાય છે. આહાહા !

‘ અર્હંત છે ’ કાંઈ એને જાણવું બાકી નથી. અર્હંત છે ને ? અરિહંત નથી લીધા, અર્હંત, કંઈ પણ એને જાણવાનું બાકી નથી. જેનો સ્વભાવ જાણવું એને ન જાણવું એ કઈ રીતે હોય ? જાણવું એને જાણવું, જાણવું જાણવું, જાણવું જાણવું, જાણવું જાણવું, જાણવું જાણવું, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, જાણવું, જાણવું જ હોય એને, ન જાણવું એ વાત એને હોઈ શકે નહીં. આહાહાહા ! આવા જેને કંઈ બાકી નથી જાણવું, રહસ્ય પુરણ ખીલી ગયું છે, એવો આત્મા જગતમાં છે ઇષ્ટદેવ એને આત્મા ઇષ્ટ થયા વિના રહે નહીં. આહાહા ! પૂરણ અર્હંત, પૂરણ દશા જેને પ્રાપ્ત છે. એવી જેની હૈયાતી જગતમાં છે, એનો સ્વીકાર જેને મારો સ્વભાવ જ કાંઈ પણ ન જાણે એવો નથી પૂરણ જાણે એવો અર્હંત સ્વભાવ છે. એવી જેને પ્રતીતિ થઈ છે એ જીવ આવા અર્હંતને નમસ્કાર કરે છે, આહાહાહા ! બીજી રીતે કહીએ કે નિશ્ચયપૂર્વકનો વ્યવહાર છે.

ઇષ્ટદેવ આ છે એવું પ્રગટ થયું છે, એને આ ઇષ્ટદેવ વંદનિક છે. ભલે એના નામ ન આપે કે ભાઈ ૠષભદેવ કે મહાવીર કે પણ આ ગુણવાચક નામો હજારો આપો તો એને લાગુ પડે છે. “ જિન ” છે એ. આહાહાહા ! ઘટ ઘટ અંતર જિન વસે, એ શક્તિરૂપે જિન છે. જેને જિનની

શ્રદ્ધા થઈ. હું જિનસ્વરૂપ છું એવી શ્રદ્ધા થઈ. એને જિનપણું પ્રગટયું. કષાયપણું પ્રગટ હતું એને ઠેકાણે જિનપણું પ્રગટયું, એને જિનની પર્યાય પ્રગટ થશે અને છે એને અહીંયા નમસ્કાર કરે છે. આહાહા ! ખરેખર તો આને ( આત્માને ) નમસ્કાર કરે છે એટલે બધા ત્રણેય કાળના જીવો આવા છે એને નમસ્કાર. પણ પોતાનો જીવ પણ જિન થવાનો છે કેમકે જિનસ્વરૂપનો અનુભવ ને પ્રતીતિ તો થઈ છે હું વીતરાગ છું. ઓલો વીતરાગ નહોતો ને કષાય છું, ત્યારે એને વીતરાગપણાની હૈયાતીનો સ્વીકાર નહોતો. વીતરાગપણાની હૈયાતીનો સ્વીકાર થયો ત્યારે વીતરાગ છું એવું પ્રગટયું. આહાહા ! એને વર્તમાનમાં જેને પર્યાય પ્રગટ થઈ છે એને નમસ્કાર કરે છે અને ખરેખર તો ભવિષ્યમાં પ્રગટ જેને થશે, એનેય પણ નમસ્કાર કરે છે. આહાહા ! એ પોતાને નમસ્કાર થયો, કેમ કે એને જિનપણું પ્રગટ થવાનું છે. આહાહાહાહા ! બીજ ઉગી એને પૂનમ થવાની જ છે. પૂનમ એટલે પૂરણતા. પૂનમ પૂરણતા. એમ જેને આપ્ત સ્વરૂપ પ્રભુ એનું જ્યાં ભાન થયું છે અને પ્રગટયો છે આત્મા, આપ્ત પ્રગટયો છે શ્રદ્ધામાં, એ પર્યાયમાં પ્રગટશે તેને નમસ્કાર વર્તમાન કરે છે અને હું પણ આપ્તપણે થઈશ ભવિષ્યમાં, એટલે હું પણ મને નમસ્કાર કરું છું. આહાહાહા ! આપ્ત, માનવા લાયક, હિતને માટે માનવા લાયક આપ્ત, આપ્ત પોતે પ્રભુ આપ્ત જ છે. પણ પર્યાયમાં જ્યારે ભાન થયું ત્યારે તે પૂરણ આપ્ત છે તેને નમસ્કાર કરે છે. પૂરણ હિતના હિતોપદેષીના આવે છે ને ત્રણ બોલ. હિતોપદેષી શ્રાવકરત્નકરંડ આચાર-

'ભગવાન ' છે ઠીક ! આ ભગવાન છે. આમ ભગવાન છે. ભગ નામ અનંત આનંદ-જ્ઞાનની લક્ષ્મી એનું વાન જેનું રૂપ છે. ભગ... વાન... સંસ્કૃત ટીકામાં છે ભગ એટલે અનંત જ્ઞાન અને અનંત દર્શન જેની લક્ષ્મી એવું ભગ, એનો વાન એવું જેનું રૂપ છે. ભગવાન એનું રૂપ છે માટે પોતે ભગવાન જ છે પણ ભગવાન છે એમ જેને બેઠું સમ્યગ્દર્શનમાં એ ભગવાન પર્યાય જેને પ્રગટ થઈ છે તેને નમસ્કાર કરે છે. સ્વભાવે છે અને પર્યાયે તેનો ભરોસો, પ્રતીત અને અનુભવ છે. પૂરણ જેને થયું તેને નમસ્કાર કરે છે-આહાહા !

'સમયસાર ' છે એનું નામ જ સમયસાર છે. નમઃ સમયસાર આવ્યું ' ને ? ઇત્યાદિ હજારો નામોથી કહો. હજારો નામથી કહો, ગુણથી. આહાહા ! એ પુણ્યશાળી છે એમ કહેવાય, પુણ્ય નામ પવિત્ર હોં, આહાહા ! એ પાપી ગમે તે ( કહેવાય ) પ્રભુને, પોતે અનુભવ કરે છે પીએ છે અને બીજાને પાય છે અપેક્ષાથી એને કહેવાય. નિર્વિકલ્પ અનુભવ પીવે છે અને બીજાને નિર્વિકલ્પ અનુભવ પાવાની વાત કરે છે. પા... પી.. ઓલા છોકરા હાલતા નથી કહેતા કાંઈ શું કહે છે ( પા. પા. પગલી ) પા. પા. પગલી. નવા છોકરા હોય ને અને લાકડી લઈને હાલેને આમ નાનુ બાળક પા. પા. આહાહા ! એમ આ પૂર્ણાનંદ પ્રભુ ! પૂરણ પર્યાયને પીવે છે અનુભવે છે અને તે પૂરણ પર્યાયને અનુભવવાનું ઉપદેશ દ્વારા આવે છે. એને એ રીતે ગમે, તે શબ્દથી પણ એમાં લાગુ પડે તે રીતે હોવું જોઈએ.. આહાહા !

એ સર્વ નામો કથંચિત્ સત્યાર્થ છે. તે તે અપેક્ષાએ સત્યાર્થ છે, કથંચિત્ એટલે એમ ચિદાનંદ, સિદ્ધ, જિન આદિ. સર્વથા એકાંતવાદીઓને ભિન્ન નામોમાં વિરોધ છે. જુદા જુદા નામમાં વિરોધ આવે છે બીજાને, એમ નથી અહીંયાં કાંઈ, એ પ્રભુ છે એને કર્તા કહેવાય, ભોક્તા કહેવાય એમ બધું પણ કર્તા કોનો ? પોતાના સ્વભાવનો, ભોક્તા કોણ પોતાના

સ્વભાવનો. ષટ્કારક છેને શક્તિ-કર્તા-કર્મ-કરણ બધું છે. પરમાત્મામાં ષટ્કારકનું પરિણમન પર્યાયમાં સમય સમયમાં, અનંત ગુણનું એકેક પર્યાયમાં ષટ્કારકનું પરિણમન પરમાત્માને પણ છે. નવું નવું છે ને ! પર્યાય નવી નવી થાય છે ને ! એકેક પર્યાયમાં અનંત ગુણની અનંતી પર્યાય એમાં એક એક પર્યાયમાં ષટ્ગુણ હાનિવૃદ્ધિ. ષટ્કારકની પ્રવૃત્તિ છે. ષટ્ગુણ હાનિવૃદ્ધિ વળી અગુરુલઘુમાં પણ એકેક પર્યાયમાં ષટ્કારકની પ્રવૃત્તિ છે. કર્તા કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ ( શક્તિમાં હૈ ) શક્તિ છે, પણ પર્યાયમાં એની પ્રગટતા છે. પર્યાયમાં પણ એકેક સમયમાં, સિદ્ધની પર્યાયમાં પણ પર્યાય કર્તા કર્મ કરણ સંપ્રદાન અપાદાન અધિકરણ એ રીતે પરિણમી રહે છે. આહાહા ! ગંભીર છે પરમાત્મ સ્વરૂપ અરૂપી છે પણ પદાર્થ છેને ! અસ્તિ છે ને ! એ જ સર્વોત્કૃષ્ટ છે.

રૂપી છે મોટા સ્કંધો ને રજકણો ને આખો અચેતન સ્કંધને એના કરતા આ પદાર્થ અરૂપી છે એ મહાન છે. મહાન સર્વોત્કૃષ્ટ એ પદાર્થ છે. કે જે પોતે જાણે પોતાને અને બીજાને પણ તેને અડયા વિના પોતાના સ્વભાવના સામર્થ્યથી જાણે તેવો સર્વોત્કૃષ્ટ પદાર્થ તે પ્રભુ પોતે આત્મા છે. જેને પ્રગટ દશા થઈ ગઈ એ તો પરમાત્મા છે એને અહીંયા નમસ્કાર કરે છે. માટે અર્થ યથાર્થ સમજવો જોઈએ.

હવે એનું હિંદી કર્યું ટૂંકું.

" પ્રગટે નિજ અનુભવ કરે સત્તા ચેતનરૂપ;
સૌ-જ્ઞાતા લખીને નમું, સમયસાર સહુ ભૂપ. " -૧

" પ્રગટે નિજ અનુભવ " અહીં પર્યાયની પ્રગટ દશાની વાત લીધી છે. જેને પ્રગટ દશા પ્રગટ થઈ છે, સર્વજ્ઞ વીતરાગ આદિની. નિજ અનુભવ કરે. એ પોતાનો અનુભવ કરે છે. , સ્વાનુભૂત્યા ચકાસતે આવ્યું છે ને ? સત્તા ભાવરૂપ છે અને ચૈતન્ય સ્વભાવ એટલે ચેતનરૂપ છે. ' ભાવાય ' ચિત્સ્વભાવાય, સ્વાનુભૂત્યા ચકાસતે એ સમાડી દીધું એમાં. ' પ્રગટે નિજ અનુભવ કરે ' પોતાના આનંદના અનુભવને પ્રગટ કરીને અનુભવે. સત્તા છે, હોવાવાળી ચીજ છે. ચેતનરૂપ એનો સ્વભાવ ચેતન છે ભાવ. આ ભાવવાનનો ભાવ અને ચેતનરૂપ એનો સ્વભાવ. આહાહાહા ! " પ્રગટે નિજ અનુભવે કરે સત્તા ચેતનરૂપ " આહાહાહાહા ! માળા પંડિતો પણ પુરાણા જૂના, પાઠને લગતા જ શબ્દો કર્યા છે. ચિત્ સ્વભાવાય. ભાવાય, ભાવાયનો અર્થ સત્તા કરી, ચિત સ્વભાવાયનો અર્થ ચેતનરૂપ કર્યો અને સ્વાનુભૂત્યાનો અર્થ નિજ અનુભવ કર્યો. ' સો જ્ઞાતા લખીને નમું ' એ જ્ઞાતા થઈ ગયા, પૂરણ થઈ ગઈ દશા, સર્વ ભાવાંતરચ્છિદે-આહાહાહાહા ! એ બધા બોલો સમાડી દીધા આમાં. ' સો જ્ઞાતા તે ભગવાનને જાણીને લખીને એટલે જાણીને. આવા ભગવાનને જાણીને જોયું ? જાણીને, અનુભવીને, હું જાણનારો આત્મા એમ અનુભવીને નમું છું. આહાહા ! એને હું નમસ્કાર કરું છું. સમયસાર સહુ ભૂપ. એ સમયસાર મોટો બાદશાહ છે, ભૂપ છે. આત્મા ભૂપ છે. સમયસાર મોટો બાદશાહ રાજા, મહારાજા. સમયસાર મહારાજા છે. પૂરણ દશા જેની પ્રગટ થઈ ગઈ. રાજતે શોભતે ઈતિ રાજા ૧૭-૧૮ ગાથામાં આવે છે. જીવરાયા ૧૭-૧૮ એમ રાજતે શોભતે. પોતાની અનંતી શાંતિ, આનંદથી શોભે તે રાજા. તે મહારાજા બાદશાહ ભૂપ પોતે છે. પોતે પોતાનો બાદશાહ અને પોતે ભૂપ. આહાહા !

## શ્લોક - ૨

(अनुष्टुभ्)

अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।
अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।२।।

હવે (બીજા શ્લોકમાં) સરસ્વતીને નમસ્કાર કરે છેઃ-

શ્લોકાર્થઃ- [ अनेकान्तमयी मूर्तिः ] જેમાં અનેક અંત (ધર્મ) છે એવું જે જ્ઞાન તથા વચન તે-મય મૂર્તિ [ नित्यम् एव ] સદાય [ प्रकाशताम् ] પ્રકાશરૂપ હો. કેવી છે તે મૂર્તિ ? [ अनन्तधर्मणः प्रत्यगात्मनः तत्त्वं ] જે અનંત ધર્મવાળો છે અને જે પરદ્રવ્યોથી ને પરદ્રવ્યના ગુણપર્યાયોથી ભિન્ન તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન એકાકાર છે એવા આત્માના તત્ત્વને, અર્થાત્ અસાધારણ-સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ-નિજસ્વરૂપને, [ पश्यन्ती ] તે મૂર્તિ અવલોકન કરે છે-દેખે છે.

ભાવાર્થઃ- અહીં સરસ્વતીની મૂર્તિને આશીર્વચનરૂપ નમસ્કાર કર્યો છે. લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી તેથી અહીં તેનું યથાર્થ વર્ણન કર્યું છે. જે સમ્યગ્જ્ઞાન છે તે જ સરસ્વતીની સત્યાર્થ મૂર્તિ છે. તેમાં પણ સંપૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન છે કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે. તે અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે તેથી તે સરસ્વતીની મૂર્તિ છે. તદનુસાર જે શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે. વળી દ્રવ્યશ્રુત વચનરૂપ છે તે પણ તેની મૂર્તિ છે, કારણ કે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે. આ રીતે સર્વ પદાર્થોનાં તત્ત્વને જણાવનારી જ્ઞાનરૂપ તથા વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે; તેથી સરસ્વતીનાં નામ 'વાણી, ભારતી, શારદા, વાગ્દેવી' ઇત્યાદિ ઘણાં કહેવામાં આવે છે. આ સરસ્વતીની મૂર્તિ અનંત ધર્મોને 'સ્યાત્' - પદથી એક ધર્મી માં અવિરોધપણે સાધે છે તેથી તે સત્યાર્થ છે. કેટલાક અન્યવાદીઓ સરસ્વતીની મૂર્તિને બીજી રીતે સ્થાપે છે પણ તે પદાર્થને સત્યાર્થ કહેનારી નથી.

કોઈ પ્રશ્ન કરે કે આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે તો તેમાં અનંત ધર્મો કયા કયા છે ? તેનો ઉત્તરઃ- વસ્તુમાં સત્પણું, વસ્તુપણું, પ્રમેયપણું, પ્રદેશપણું, ચેતનપણું, અચેતનપણું, મૂર્તિકપણું, અમૂર્તિકપણું ઇત્યાદિ (ધર્મ) તો ગુણ છે; અને તે ગુણોનું ત્રણે કાળે સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે-જે અનંત છે. વળી વસ્તુમાં એકપણું, અનેકપણું, નિત્યપણું, અનિત્યપણું, ભેદપણું, અભેદપણું, શુદ્ધપણું, અશુદ્ધપણું આદિ અનેક ધર્મ છે. તે સામાન્યરૂપ ધર્મો તો વચનગોચર છે પણ બીજા વિશેષરૂપ ધર્મો જેઓ વચનનો વિષય નથી એવા પણ અનંત ધર્મો છે-જે જ્ઞાનગમ્ય છે. આત્મા પણ વસ્તુ છે તેથી તેમાં પણ પોતાના અનંત ધર્મો છે.

આત્માના અનંત ધર્મોમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે, બીજાં અચેતન દ્રવ્યોમાં

**નથી. સજાતીય જીવદ્રવ્યો અનંત છે તેમનામાંય જોકે ચેતનપણું છે તોપણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું જુદું કહ્યું છે કારણ કે દરેક દ્રવ્યને પ્રદેશભેદ હોવાથી કોઈનું કોઈમાં ભળતું નથી. આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે. તેને આ સરસ્વતીની મૂર્તિ દેખે છે અને દેખાડે છે. એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે માટે ' સદા પ્રકાશરૂપ રહો ' એવું આશીર્વાદરૂપ વચન તેને કહ્યું છે. ૨.**

## શ્લોક - ૨ ઉપર પ્રવચન

હવે બીજા શ્લોકમાં સરસ્વતીને, શું કહે છે પહેલા શ્લોકમાં દેવને નમસ્કાર કર્યો. રીત એવી છે ને ? દેવ શાસ્ત્ર ગુરુ તીન. એમ આવે છે ને ? તો પહેલાં દેવને નમસ્કાર કર્યા–હવે બીજું શાસ્ત્રને કરે છે– પછી ત્રીજું ગુરુને નહિ કરતાં ગુરુ પોતે જ છે, અમૃતચંદ્રાચાર્ય–એટલે ટીકા કરનાર હું છું એમ કરીને–આહાહા !

अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।
अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।२।।

અનેકાંતમય મૂર્તિ, જેમાં અનેક ધર્મ છે એવું જ્ઞાન અને વચન બેય, વાચક અને વાચ્ય, વાચક એવી વાણી એ પણ સરસ્વતી કહેવાય છે અને એનું વાચ્ય એવું જે જ્ઞાન એ પણ સરસ્વતી કહેવાય છે. આહાહા ! જેમાં અનેક ધર્મ છે એવું જે જ્ઞાન અને વાણી, જ્ઞાનમાં પણ અનેક ધર્મનો સ્વભાવ છે, અને વાણીમાં પણ અનેક સ્વભાવ છે. આહાહાહા ! સર્વજ્ઞને અનુસારિણી વાણી માટે અનુભવશીલ કહેશે આગળ. આહાહા ! સમજાણું ? પશ્યન્તીનો અર્થ કરશે ને આગળ એ, તે મૂર્તિ અવલોકન કરે છે, દેખે છે. એ આમાં નહીં, ઓલામાં આવ્યું છે. કળશ ટીકામાં, કળશટીકામાં આવે છે અનુભવશીલ, અનુભવશીલ એનો એવો અર્થ કર્યો ત્યાં કળશટીકામાં, સર્વજ્ઞને અનુસારિણી છે એ. આમાં આ કળશટીકા છે ને ? જુઓ પશ્યન્તીનો અર્થ કર્યો, અહીં પશ્યન્તીનો અર્થ મૂર્તિમાન અવલોકન કરે છે–કળશટીકામાં પશ્યન્તીનો અર્થઃ આહાહા ! અનુભવનશીલ, અનુભવનશીલ. એટલે ? આહાહા ! એ વાણી સર્વજ્ઞ સ્વરૂપ અનુસારિણી છે. અનુભવનશીલનો અર્થ કર્યો. સર્વજ્ઞને અનુસારિણી છે સર્વજ્ઞને અનુસરીને, નિમિત્ત છે સર્વજ્ઞ, અનુસરીને છે એમાં અનુભવનશીલ, સર્વજ્ઞને અનુસારિણી વાણી છે માટે અનુભવનશીલ કહ્યું–પશ્યન્તિનો અર્થ આ કર્યો. આહાહા !

આવી ટીકા ! પશ્યન્તીનો અર્થ હવે આણે શું કર્યો હશે જગમોહનલાલજીએ. એણે એમ તો લખ્યું છે. પહેલાં અહીંયા જ્યારે વિદ્વત્ પરિષદ ભેગી થઈ અને અમે સાંભળવા આવ્યા ત્યારે એમ કહે. કાનજીસ્વામી પાસેથી મને અધ્યાત્મની રુચિ પલટી, એમ લખ્યું છે. પણ તે વખતે ક્રમબદ્ધ ( ની ) ના પાડતા હતા ને ક્રમબદ્ધ( ની ) ના પાડતા 'તા. એમ લખ્યું છે એમાં, પુસ્તક આવ્યું છે ને કાલે, એમાં ક્રમબદ્ધને ન માને તો વસ્તુની વ્યવસ્થા જ રહી નહીં. કેવળજ્ઞાન તો એકકોર રહ્યું. કેવળજ્ઞાન છે એ પ્રમાણે થાય છે. પણ વસ્તુ છે એની પર્યાય આમ આમ એક પછી એક પછી એક થાય એ વસ્તુની વ્યવસ્થા છે. જેમ વસ્તુમાં ગુણો એક પછી એક ક્રમ નથી, એક

હારે છે આમ હારે તીરછા હારે, આમ લંબાઈમાં હારે. આયત એમાં આઘી પાછી એ પ્રશ્ન જ હોય નહીં. એક પછી એક, એક પછી એક, છએ દ્રવ્યની પર્યાય ક્રમસર, ક્રમબદ્ધ ચાલે છે, એવી તો વસ્તુની વ્યવસ્થા છે. તે દિ ' ના પાડતાં 'તા પણ હવે કંઈ કબૂલ લાગે છે. આટલું વાંચ્યું ઓલું પુસ્તક આવ્યું છે ને ? એમાં ઈ. ( લખાણ છે. )

અહીં કહે છે અનેકાંતમય વાણી આહાહા ! પણ જેમાં અનેક સ્વભાવો છે. સ્વપરને કહેવાની શક્તિ વાણીમાં સ્વતઃ છે અને જ્ઞાનમાં સ્વપરને જાણવાની શક્તિ સ્વતઃ છે. એટલે જ્ઞાન અને વાણીમાં અનેક ધર્મો કહેવામાં આવ્યા છે. તેથી એણે અનેકાંત ધર્મ છે એમ કહ્યું. જ્ઞાનમાં અનેક ધર્મો છે, સ્વભાવ. અને વાણીમાં અનેક સ્વભાવ, સ્વપર કહેવાની શક્તિ, સર્વજ્ઞ ને સર્વદર્શી ને અનંત આનંદને કહેવાની શક્તિ તો વાણીમાં વાણીને કારણે છે ને ! એ કાંઈ સર્વજ્ઞ છે માટે અહીં વાણીમાં તાકાત આવી છે કહેવાની એમ નથી. સર્વજ્ઞ છે એ તો નિમિત્ત છે. નિમિત્તથી કાંઈ થાતું નથી પરમાં, એ વાણીમાં જ સર્વજ્ઞ, સર્વદર્શી, અનંત આનંદ આદિ, વાણીમાં કહેવાની શક્તિ વાણીને કારણે સ્વયંસિદ્ધ પોતાથી છે. અહીં સર્વજ્ઞ છે માટે વાણીમાં સર્વજ્ઞપણાની કહેવાની શક્તિ આવી વાણીમાં એમ નથી. પંડિતજી ! એક હારે ભલે હો. પણ એનાથી અહીં છે એમ છે નહીં. તેથી અનેકાંતમયી મૂર્તિ બેયને કહીને ! બેય સ્વતંત્ર છે ને ! જ્ઞાન અને વાણી બેય સ્વતંત્ર છે. આહાહા ! અનંત ગુણો ને અનંતી પર્યાયો પોતે સ્વતંત્ર અનંત ધર્મ સ્વભાવવાળી અને એને કહેનારી વાણી, છે તો ચૈતન્યના સ્વરૂપથી વિરુદ્ધ વાણી, કારણ કે આત્મા ચૈતન્ય છે ને વાણી અચેતન છે. આહાહા !

પણ એ વાણીમાં પણ અનંત સ્વભાવ- ધર્મ સ્વથી પોતાથી રહેલા છે. આહાહાહાહા ! એ વાણી જ પોતે જ સર્વજ્ઞ ને સર્વદર્શી ને અનંત આનંદ એમ આત્માના પદાર્થને વાણી પોતાના સ્વભાવથી કથન કરે છે, અહીં છે ( સર્વજ્ઞ ) માટે કથન કરે છે એમ નહીં. સમજાણું કાંઈ ? અંદર સ્વતંત્ર છે ને ? આહાહાહા ! અપૂર્વ વાત છે. આહાહા ! વીતરાગ સિવાય આવી વાત ક્યાં છે ? એકેક પરમાણુમાં ષટ્કારક શક્તિ પડી છે. એકેક પરમાણુમાં કર્તા-કર્મ-કરણ-સંપ્રદાન-અપાદાન અધિકરણ છ ગુણો છે તેથી તેની પર્યાયમાં ષટ્ ગુણોનું પરિણમન પોતાથી સ્વતઃ થાય છે. એ વાણી એમ કહે કે સર્વજ્ઞ છે જગતમાં. તો એ સર્વજ્ઞ છે એને અનુસરીને વાણી ભલે કીધી પણ સર્વજ્ઞનું નિમિત્ત છે. માટે વાણીમાં ' સર્વજ્ઞ છે ' એવું આવ્યું, એમ નથી. એ વાણીમાં જ અનંત ધર્મ, જાત છે, પડી છે. આહાહા ! એકેક પરમાણુમાં અનંત ગુણો આકાશના પ્રદેશની સંખ્યા કરતાં અનંત ગુણા ગુણ છે. આકાશના પ્રદેશ છે જેનો અંત નથી, એના જે પ્રદેશની સંખ્યા, એથી અનંતગુણા એક જીવમાં ગુણ છે, અને એટલા જ ચૈતન્ય નહીં પણ પરમાણુનાં રૂપીના અચેતન એટલા જ અનંતા ગુણો છે. આહાહા ! બેય સ્વતઃ છે. કોઈને લઈને કોઈ નથી. આહાહાહા ! એવું જે જ્ઞાન અને વચન તે-મય મૂર્તિ, મૂર્તિ એટલે સ્વરૂપ. આત્માનું જ્ઞાન સ્વરૂપ, વાણીનું વાણી સ્વરૂપ, મૂર્તિ એટલે સ્વરૂપ.

" સદાય પ્રકાશરૂપ હો " આહાહા ! અનેકાંત ધર્મસ્વભાવ એવો આત્મા જ્ઞાનમય, સદા પ્રકાશમાન રહો. અને એની વાણી કહેનારી. આહાહા ! ત્રણ કાળમાં ત્રણકાળને જાણનારનો વિરહ ન હોય. ત્રણકાળમાં ત્રણકાળને જાણનારનો કોઈ કાળમાં વિરહ ન હોય ! તો ત્રણકાળને

ત્રણકાળના જાણનારની વાણી જે છે એ પણ પૂરી, એનો વિરહ ન હોય જગતમાં. આહાહાહાહા ! એ પણ વાણી સ્વતંત્ર છે. એ વાણીમાં પોતાના અનંત ધર્મો છે. વાણીએ પોતે પોતાના ધર્મોને ધારી રાખ્યા છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યના ધર્મને ચૂંબતું નથી. એ ત્રીજી ગાથા સમયસાર. દરેક દ્રવ્ય ચાહે તો પરમાણુ હો કે ચેતન હો પોતાના ગુણપર્યાયને ચૂંબે છે પણ અન્ય દ્રવ્યના ગુણ પર્યાયને કોઈ દ્રવ્ય પર્યાય ચૂંબતી- અડતી નથી. આહાહાહાહા ! વાણી નીકળે એ સર્વજ્ઞ પર્યાયને અડતી નથી ને સર્વજ્ઞની પર્યાય વાણીને અડતી નથી ચૂંબતી નથી, છૂતી નથી. આહાહા ! છતાં દરેકનો ( સ્વભાવ ) સ્વયંસિદ્ધ અનંત ધર્મ સ્વરૂપ છે. અનેકાંતમયી મૂર્તિ. આહાહાહા ! વીતરાગ.... વાણીનું આવું સ્વરૂપ જોયું !

સદાય પ્રકાશરૂપ રહો. સર્વજ્ઞપણું અને અનંતગુણો સદાય પ્રગટરૂપ રહો, અને એને કહેનારી વાણી પણ સદાય પ્રગટરૂપ રહો. આહાહા ! મુનિ પોતે છે, અમૃતચંદ્રાચાર્ય, સંત છે. છઠ્ઠે સાતમે ( ગુણસ્થાને ) ઝૂલે છે. ત્રણ કષાયનો અભાવ છે. અને આત્મામાં લીન છે, રાગ આવે છે એમાં લીન નથી. આ ટીકા કરે છે એમાં વિકલ્પ આવે છે, એમાં લીન નથી. તેનાથી ભિન્ન રહીને જ્ઞાનમાં રાગને અડયા વિના, જ્ઞાનમાં સ્વપર પ્રકાશક જ્ઞાન સ્વતઃ થાય છે. રાગ છે માટે રાગનું જ્ઞાન થાય છે એમ નથી. એવો તો એનો સ્વભાવ છે. આહાહા ! અને વાણીનો એવો સ્વભાવ છે. આહાહા ! ભલે એને સર્વજ્ઞ અનુસારિણી કહો પણ એ તો નિમિત્તથી કથન છે. સર્વજ્ઞ છે એને અનુસારે વાણી આવે એમ, અલ્પજ્ઞ પ્રાણીને આવે એવી વાણી આને ( સર્વજ્ઞને ) ન હોય એમ, એટલું જ પણ વાણી આવે છે તો સ્વતઃ સિદ્ધ પોતાથી છે. આહાહા ! આવી સ્વતંત્રતા ! !

કેવી છે તે મૂર્તિ ? કેવું છે સ્વરૂપ તેનું ? ' અનંતધર્મણઃ પ્રત્યગાત્મનઃ તત્ત્વં ' " જે અનંત ધર્મવાળો છે અને જે પરદ્રવ્યોથી અને પરદ્રવ્યના ગુણપર્યાયોથી ભિન્ન તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન " આત્માની વાત કરી કેવો છે પ્રભુ ? કે અનંત ધર્મવાળો, અનંત જેણે ધર્મ એટલે ગુણો ને પર્યાય ધાર્યા છે. ધર્મ એટલે ગુણ ને પર્યાય ધાર્યા છે.

અને જે પરદ્રવ્યોથી-પરદ્રવ્યથી તદ્દન જુદો છે પ્રભુ ( આત્મા ) તેમ પરદ્રવ્યના ગુણપર્યાયથી તદ્દન જુદો છે. એ વાણીના ગુણપર્યાયથી પણ પ્રભુ જુદો છે. આહાહાહાહા ! " અને પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન " એટલે કે છે એની પર્યાયમાં, છતાં તેનો જાણનાર રહે છે. અસ્તિત્વ પર્યાયમાં છે છતાં તેનો જાણનાર એટલે કથંચિત્ ભિન્ન ને કથંચિત્ અભિન્ન.. પર્યાયમાં છે એ અપેક્ષાએ અભિન્ન કહેવાય અને એના સ્વરૂપમાં, જ્ઞાનમાં એ નથી, જાણનારો જાણે છે, રાગ થાય એને, માટે એનામાં નથી એમ કથંચિત્ ભિન્ન " એકાકાર છે. " આહાહાહા !

ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ એક સ્વરૂપે છે. ' એકાકાર ' એટલે એક સ્વરૂપે છે. પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયથી એક સ્વરૂપે છે. પર દ્રવ્યના ગુણ પર્યાયથી ભિન્ન છે. આહાહાહા ! અને પરદ્રવ્યના નિમિત્તથી થતાં પોતાના પર્યાયથી કથંચિત્ ભિન્ન, અભિન્ન છે. છે એ અપેક્ષાએ અભિન્ન છે બાકી સ્વરૂપમાં ગુણમાં નથી માટે ભિન્ન છે.

' એવા આ આત્માના તત્ત્વને, આહાહાહા ! એવા આત્માના તત્ત્વને, અસાધારણ-

સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ, શું કીધું ? એવું આત્મતત્ત્વ છે અસાધારણ કે પોતાની સજાતીયવાળા અનંત આત્માઓ છે, છે ? એનાથી પણ વિલક્ષણ છે આ. જે આ આત્માના ગુણો છે તે બીજામાં નથી-એ બીજાના ગુણો આત્માના છે એ આમાં નથી. માટે બીજાના ગુણોના આત્માથી પણ આ આત્માના ગુણો વિલક્ષણ છે. આહાહાહાહાહા ! માણસ મધ્યસ્થથી, શાંતિથી વાંચે વિચારે તો એને વસ્તુ હાથ આવે, પણ પોતાની માનેલી વાતથી.. વસ્તુ ( હાથ ન આવે. ) આ તો સર્વજ્ઞ ત્રણલોકના નાથ ! પ્રભુના વિરહ પડયા પણ એમની વાણી રહી ગઈ એમાં આ વસ્તુ સ્થિતિ ! એમાંથી એનાં અર્થો સમજવા, એ ઘણી જ મધ્યસ્થતા જોઈએ. હેં ! કોઈ પક્ષમાં રહીને એની વાણીનો અર્થ કરે, એમ ન હાલે. આહાહા !

અસાધારણ સજાતીય એટલે આત્મા, એનાથી વિલક્ષણ છે. ( અર્થાત્ ) એ સર્વજ્ઞ આદિ આત્માઓ છે બીજાઓ, એક આત્મા અને બીજા સર્વજ્ઞ એનાથી પણ આનું વિલક્ષણ છે કારણ કે એ જ્ઞાન છે એ અહીંયા નથી ને આ જ્ઞાન છે તે ત્યાં નથી. વિલક્ષણ કીધું. સજાતીય આત્મા( ઓ )થી પણ એક આત્માનું લક્ષણ વિલક્ષણ છે. આહાહાહા !

‘ વિજાતીય ’ આત્મા સિવાયના પાંચ દ્રવ્ય- ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ ને ( પુદ્ગલ ). એવા દ્રવ્યોથી વિલક્ષણ, નિજ સ્વરૂપને તે મૂર્તિ એટલે વાણી અવલોકન કરે દેખે છે.

જ્ઞાન ને આનંદની આ દશા દેખે છે અને વાણી તેને કહે છે એમ લેવું, ત્યાં પશ્યન્તીનો અર્થઃ ત્યાં સર્વજ્ઞ અનુસારિણી વાણી જ કરી છે કળશટીકામાં. અહીં પોતે પણ પોતાના જ્ઞાન આનંદ આદિ બધાને જાણે છે અને વાણી પણ પૂરણ સ્વરૂપને કહે છે, દેખાડે છે. વાણી પણ પૂરણ સ્વરૂપને દેખાડે છે. એવો એનો અર્થ છે.

વિશેષ કહેવાશે..... પ્રમાણ વચન ગુરુદેવ.

## પ્રવચન નં. ૩ શ્લોક-૨ તા. ૯-૬-૭૮ શુક્રવાર જેઠ સુદ ૪ સં. ૨૫૦૪

સમયસાર, બીજો કળશ એનો અર્થ છે. ભાવાર્થઃ- બીજા કળશનો ભાવાર્થ છે ને ? પહેલી દેવની સ્તુતિ કરી. દેવમાં ઇષ્ટદેવ પોતે આત્મા એની પણ કરી અને ઇષ્ટદેવ પરમાત્મા એની પણ એમાં આવી ગઈ. હવે બીજી શાસ્ત્રની; દેવ, શાસ્ત્ર, ગુરુ તીન, શાસ્ત્રની વિનય ભક્તિ કરે છે. પ્રકાશરૂપ રહો, એમ કહેશે.

“ અહીં સરસ્વતીની મૂર્તિને આશીર્વચન. ” આશીર્વાદ ( રૂપ ) વચન એટલે આશીર્વાદ - આશીર્વાદ નમસ્કાર કર્યો છે. આશીર્વાદરૂપ નમસ્કાર કર્યો છે. “ લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી, તેથી અહીં તેનું યથાર્થ સ્વરૂપ વર્ણન કર્યું છે. ”

“ જે સમ્યગ્જ્ઞાન છે, તે જ સરસ્વતીની સત્યાર્થ મૂર્તિ છે ” સાચી મૂર્તિ તો સમ્યગ્જ્ઞાન છે, ‘ તેમાં પણ સમ્યગ્જ્ઞાનમાં પણ ’ સંપૂર્ણજ્ઞાન તો કેવળજ્ઞાન છે, કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે. “ તે અનંતધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે. ” કેવળજ્ઞાનની મૂર્તિ, કેવળજ્ઞાન સ્વરૂપ અનંત ધર્મો સહિત આત્મતત્ત્વ, પોતાના તત્ત્વને દેખે છે. પ્રત્યક્ષ દેખે છે કેવળજ્ઞાનમાં તેથી “ તે સરસ્વતીની મૂર્તિ છે, ” તેથી તેને સરસ્વતીની મૂર્તિ કહેવામાં આવે છે.

“ તદ્‌નુસાર કેવળજ્ઞાનને અનુસારે જે શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને પરોક્ષ દેખાડે છે. ” પણ અહીંયા એ ખૂબી છે, ઓલા કહે છે ને કે કેવળજ્ઞાનની અપેક્ષાએ તો ક્રમબદ્ધ બરાબર છે. રતનચંદજીને ઈ કહે છે, કેવળજ્ઞાનની અપેક્ષાએ ક્રમબદ્ધ બરાબર છે. પણ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ નહીં. શ્રુતજ્ઞાન તો ક્રમ ને અક્રમ બેયને જાણે છે.

આંહી તેથી આ અનુસરીને શબ્દ પડયો છે. એની ચર્ચા મોટી આવી છે. ( પં. ) ફુલચંદજીએ ચર્ચા કરી છે. એમ કે કેવળજ્ઞાનના હિસાબે જોઈએ તો તો વ્યવસ્થિત છે-દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ છે. જે સમયે જ્યાં હોય ત્યાં થાય. પણ શ્રુતજ્ઞાનને હિસાબે એમ નહિં, કારણકે શ્રુતજ્ઞાન પરોક્ષ છે, માટે એને તો ક્રમ ને અક્રમ બેય હોય એમ કહે છે એ લોકો. તો કેવળજ્ઞાન અનુસાર ન થયું. એ તો કલ્પનાને અનુસારે થયું. સમજાય છે ? રતનચંદજી એમ કહે છે, બધાય એ લોકો પંડિત સામે, કેવળજ્ઞાનને હિસાબે ક્રમબદ્ધ બરાબર છે. વાંધો આખો ક્રમબદ્ધનો હતો પહેલેથી, તે ઠેઠ તેરની સાલથી વર્ણીજીની હારે. ક્રમબદ્ધ નહીં, એક પછી એક આવે પણ આ પછી આ જ હોય ને આ જ હોય એમ નહીં. અહીં તો કેવળજ્ઞાનને હિસાબે તો એક પછી એક જે થવાની હોય તે જ થાય તે ક્રમબદ્ધ છે. પણ શ્રુતજ્ઞાનમાં એ લોકો ( એ ) ખાણીયા ચર્ચામાં ફેર પાડયો છે. એમ કે શ્રુતજ્ઞાન કેવળજ્ઞાન અનુસારે નહીં, એને તો છદ્મસ્થ છે માટે એને ક્રમસર પણ હોય અને અક્રમે પણ હોય. નાખ્યું છે ને ?

તો અહીં તો કહે છે; તદ્‌અનુસાર છે ને ? તદ્‌અનુસાર જે શ્રુતજ્ઞાન, એનું નામ શ્રુતજ્ઞાન કહેવાય. કેવળજ્ઞાનને અનુસારે કહે, જાણે તે શ્રુતજ્ઞાન કહેવાય. કેવળજ્ઞાનને અનુસારે નહીં અને પોતાની કલ્પનાથી જાણવાનું કરે તે શ્રુતજ્ઞાન ન કહેવાય, એ તો કુજ્ઞાન કહેવાય. મોટો ફેર ! મોટો ફેરફાર છે. પહેલામાં જ મોટો ફેર છે, મોટો ફેર ! વસ્તુ છે એ વ્યવસ્થિત છે પણ એનો હેતુ વ્યવસ્થિત છે. જે સમયે થવાની તે પર્યાય થાય આડી અવળી નહીં એનો હેતુ, ‘ અકર્તાપણું ’ છે. પર્યાયનું કર્તાપણું નહીં, પર્યાય થાય છે એને કરું શું ? અને અકર્તાપણાનો હેતુ જ્ઞાતાપણું છે. અકર્તા નાસ્તિથી છે, જ્ઞાતા અસ્તિથી છે. જાણનાર દેખનાર છે બસ ! ! જે સમયે જે જ્યાં થાય, પોતાની પર્યાય પણ જે સમયે થાય, તેને તે જાણનાર દેખનાર છે, ફેરવનાર કે રચનાર- નવું રચે છે એમ નહીં, નવું રચાય છે જ ત્યાં, એને રચવું પડતું નથી. આહાહા ! ઝીણું બહુ ! મોટી ચર્ચા હાલી પંડિતોની વચ્ચે... ( શ્રોતા: ભગવાને કહ્યું છે કે નિયત ને અનિયત છે )

કીધું નહીં ? ક્રમ ને અક્રમ છે એમ કીધું, એણે શ્રુતને હિસાબે નિયત અનિયત, ક્રમ ને અક્રમ છે. કેવળજ્ઞાનની અપેક્ષાએ નિયત છે. એનો અર્થ શું ? શ્રુતજ્ઞાની કેવળજ્ઞાનને અનુસારે માને છે કે પોતાને અનુસારે માને છે ? મોટો ફેર, મોટો વાંધો ત્યાં હતો ને ?

અહીંયાં એ કહે છે. કેવળજ્ઞાનીએ અનંત ધર્મવાળો આત્મા, જે રીતે છે તે રીતે જોયો, જાણ્યો એટલે કે કેવળજ્ઞાન પણ સરસ્વતીની મૂર્તિ છે. ત્રણ લેશે ત્રણ, કેવળજ્ઞાન, શ્રુતજ્ઞાન અને વાણી, સરસ્વતીની મૂર્તિના ત્રણ પ્રકાર.. એક તો આ લીધું. ‘ તદ્ અનુસાર ’ કેવળજ્ઞાનને અનુસારે વજન આંહી છે, ( ગ્રંથમાં ) ચિહ્નનેય કર્યું છે ત્યાં. જે શ્રુતજ્ઞાન છે, તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે. કેવળજ્ઞાન આત્મતત્ત્વને અનંત ધર્મ સહિત, ક્રમસર થતા દેખે છે, એમ શ્રુતજ્ઞાન પણ કેવળજ્ઞાનને અનુસારે અનંત ધર્મ સહિત તત્ત્વને ક્રમસર થતી પર્યાયને શ્રુતજ્ઞાન જાણે છે, આવું છે.

પરોક્ષ દેખે છે. પહેલું આપણે આવ્યું 'તું કથંચિત્ પ્રત્યક્ષ અને કથંચિત્ પરોક્ષ ! શ્રુતજ્ઞાન. ( કળશ ) પહેલામાં આવ્યું 'તું, નમઃ સમયસારાયમાં કેમકે શ્રુતજ્ઞાન પોતાને જાણે છે ભાવશ્રુતજ્ઞાન, એમાં પરની અપેક્ષા રાગની નથી એ અપેક્ષાએ પ્રત્યક્ષ છે, અને એ પૂરણ જોઈ શકતા નથી, અસંખ્ય પ્રદેશ અને અનંત ગુણ આમ પૂરણ એ અપેક્ષાએ આમ કેવળજ્ઞાનની અપેક્ષાએ એને પરોક્ષ છે. કથંચિત્ પરોક્ષ અને કથંચિત્ પ્રત્યક્ષ આ રીતે છે. કેવળજ્ઞાન સર્વ પ્રત્યક્ષ જ છે, ત્યાં કથંચિત્ પ્રત્યક્ષ અને કથંચિત્ પરોક્ષ ત્યાં નથી. આહાહા ! આવી વાતું યાદ રહે ? આવું છે, સ્વરૂપ જ એવું છે.

સર્વજ્ઞ ભગવાન, જે છ દ્રવ્ય છે તેની જે સમયે જે પર્યાય નિયમથી થાય તેને તે, તે રીતે દેખે છે. શ્રુતજ્ઞાની, વળી નિયમથી દેખે અને અનિયમથી દેખે, નિયત પણ દેખે અને અનિયત પણ દેખે, તો કેવળજ્ઞાન અનુસાર શ્રુતજ્ઞાન રહ્યું નહીં, તે શ્રુતજ્ઞાન જ નહીં. આહાહા ! થોડો ફેર હોય પણ અંદર ફેર ઘણો લાભ થઈ જાય છે, કેમકે આત્મા પોતે સર્વજ્ઞસ્વરૂપી જ છે. સર્વને જાણનાર સ્વરૂપી જ છે. ખરેખર તો એ પોતાની પર્યાયને રચું એવું ય ક્યાં છે ત્યાં ? થાય છે તેને જાણે છે. આહાહા ! એમ અનંત દ્રવ્યોની પર્યાયને થાય છે, તેને જાણે છે પરને, એમ પણ કહેવાય વ્યવહારથી, નિશ્ચયથી તો પોતાની પર્યાયને જાણે છે. આહાહા ! આવી વાત છે.

' આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે, તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે. ' કેવળજ્ઞાન એક સમયમાં પૂરણ પ્રત્યક્ષ દેખે માટે તે સરસ્વતીની મૂર્તિ કહેવાય, તદ્અનુસાર શ્રુતજ્ઞાની પણ પરોક્ષ દેખે તેથી તેને પણ સરસ્વતીની મૂર્તિ કહેવાય. ઓલા અન્યમતિઓ, મૂર્તિ કહે છે એ નહીં. મોર ઉપર સરસ્વતી બેઠી છે ને સરસ્વતી વીણા વગાડે છે ને એ તો બધી કલ્પનાઓ છે, આ તો સમ્યગ્જ્ઞાનરૂપી સરસ્વતી ! જે પૂર્ણ સ્વરૂપને દેખે પ્રત્યક્ષ અને શ્રુતજ્ઞાનરૂપી પરોક્ષ બધું દેખે, પરોક્ષ પણ દેખે બધું, એટલે એને પણ અહીંયા સરસ્વતીની મૂર્તિ શ્રુતજ્ઞાન અરૂપી ભાવને પરોક્ષ સરસ્વતી કહી, કેવળજ્ઞાનને પ્રત્યક્ષ સરસ્વતી મૂર્તિ કહી.

વળી, ત્રીજું:- " દ્રવ્યશ્રુત વાણી, વાણીને પણ સરસ્વતી કહેવામાં આવે છે. " દ્રવ્યશ્રુત એટલે વાણી છે એ વચનરૂપ છે તે પણ તેની મૂર્તિ છે. વાણી, વીતરાગની વાણી છે, એ પણ જ્ઞાનીની વાણી છે એ પણ એક મૂર્તિ છે " કારણ કે વચનો દ્વારા અનેક ધર્મોવાળા " ઓલા અનેક ધર્મને પ્રત્યક્ષ સર્વજ્ઞ દેખતા, શ્રુતજ્ઞાની અનેક ધર્મને પરોક્ષ દેખતા, " દ્રવ્યશ્રુતમાં વાણી દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે " આટલો ફેર. ઓલો તો દેખે છે આ વાણી દેખે નહીં, વાણી બતાવે છે. વીતરાગની વાણી દ્રવ્યશ્રુત જે છે એ વચનરૂપ છે. તે પણ તેની મૂર્તિ છે, કારણ કે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને બતાવે છે, દેખે છે એ અહીં ન લેવું. વાણી દ્વારા દેખે છે એ નહીં, બતાવે છે. પછી દેખનારો દેખે છે વાણીનું નિમિત્ત છે ને એ જુદી વાત છે.

" આ રીતે સર્વ પદાર્થોના તત્ત્વને જણાવનારી, " સર્વ પદાર્થોના તત્ત્વને જણાવનારી, પહેલું આત્માને કહ્યું 'તું, કહ્યું 'તું ને ? પહેલું કહ્યું સર્વ પદાર્થ " પ્રત્યક્ષ ભાસે છે " અનંત ધર્મ સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે કેવળજ્ઞાનમાં એમ આવ્યું 'તું. સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે તે અનંત ધર્મોવાળા સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે, એમ. અને અહીંયા સર્વ પદાર્થના તત્ત્વને જણાવનારી. " જ્ઞાનરૂપ, " કેવળ અને શ્રુત અને વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે, " અનેકાંતમય, અનેક સ્વરૂપ છે અનંત ધર્મ છે ને ! માટે અનેકાંત કીધું, અનેકાંત, અનેક

અંત– અનેક ધર્મ. આત્મામાં અનંત ધર્મ છે અને પ્રત્યેક પદાર્થમાં અનંત ધર્મ છે. તે અનંત ધર્મને જાણનારી અને કહેનારી એને અહીંયા સરસ્વતીની મૂર્તિ કહેવામાં આવે છે. આહા !

" તેથી સરસ્વતીના નામ વાણી, ભારતી, શારદા, વાગ્દેવી આવે છે ને ! ઇત્યાદિ ઘણાં કહેવામાં આવે છે. " આ સરસ્વતીની મૂર્તિ અનંત ધર્મોને ' સ્યાત્ ' પદથી એક ધર્મીમાં, અપેક્ષાએ એક વસ્તુમાં, અવિરોધપણે સાધે છે, નિત્ય છે તેને અનિત્ય સાધે છે, અનિત્ય છે તેને નિત્ય સાધે છે, કાયમ રહે માટે નિત્ય છે, પલટે માટે અનિત્ય છે, એમ અનેક ધર્મોને તે સરસ્વતી સાધે છે. આહાહા ! તેથી તે સત્યાર્થ છે, તેથી કેવળજ્ઞાન, શ્રુતજ્ઞાન અને વાણી ત્રણેય સત્યાર્થ છે. કેમકે તે અનંત ધર્મોના ધરનાર દ્રવ્યને અનંત ધર્મરૂપે છે તેમ અનેકાંત, અનેક ધર્મરૂપે બતાવે છે, જાણે છે અને બતાવે છે, માટે તે સરસ્વતી સત્યાર્થ છે.

" કેટલાંક અન્યવાદીઓ સરસ્વતીની મૂર્તિને બીજી રીતે સ્થાપે છે, પણ તે પદાર્થને સત્યાર્થ કહેનારી નથી. "વસ્તુ જેણે જાણી નથી. જેનો સર્વજ્ઞ સ્વભાવ, આત્માનો સર્વજ્ઞ સ્વભાવ જ છે બસ ! સર્વને જાણવું, અભવી હો કે ભવી બધાનો સ્વભાવ, સર્વજ્ઞ શક્તિ અને સર્વજ્ઞ સ્વરૂપ જ આત્મા છે. જાણવું એટલુ એનું સ્વરૂપ છે. કોઈનું કરવું કે કોઈથી પોતામાં કરવું, એવું એનું સ્વરૂપ છે જ નહીં. જાણવું– સર્વ જાણવું. આહાહા ! બીજી રીતે કહે તે સત્યાર્થ નથી.

" કોઈ પ્રશ્ન કરે કે આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે તો તેમાં અનંત ધર્મો ક્યા ક્યા છે ? " અનંત ધર્મ કહ્યા–ધર્મ શબ્દે આત્માએ ધારી રાખેલા ગુણ અને પર્યાય એને ધર્મ કહેવામાં આવે છે. અહીં ' સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રનો ધર્મ એ નહીં, આત્માએ અને પદાર્થે પોતે પોતાનાં ગુણ અને પર્યાયને ધારી રાખ્યા માટે તેને ધર્મ કહેવાય છે. ધર્મીએ અનંત ધર્મને ધારી રાખ્યા છે. એટલે કે અનંત ગુણ અને અનંત પર્યાયને ધારી રાખ્યા છે. આહાહા !

તેનો ઉત્તરઃ– ક્યા ક્યા ધર્મો ? વસ્તુમાં સત્પણું–દરેક વસ્તુ છે એ પોતાપણે છે. સત્ છે. અસ્તિપણે મોજૂદ ચીજ છે, વસ્તુપણું છે એમાં પોતાનું પ્રયોજન સિદ્ધ કરે એવું વસ્તુપણું છે. પોતાની પર્યાયને સિદ્ધ કરે પોતે, એવું દરેક વસ્તુનું વસ્તુપણું છે, ' પ્રમેયપણું ' ( છે ). દરેક પદાર્થ જ્ઞાનના જ્ઞેયરૂપે થાય, પ્રમાણમાં પ્રમેયરૂપે થાય એવો એનો સ્વભાવ છે. પ્રમાણ જ્ઞાનમાં પ્રમેયરૂપે, જ્ઞેયરૂપે થાય એવો એનો સ્વભાવ છે. આવા બધા શબ્દો અજાણ્યા ને ' પ્રદેશપણું ' દરેક પદાર્થમાં પ્રદેશ છે, અંશ, અંશ છે. ભલે પરમાણુ છે પણ એમાં એક અંશ છે ને એ ?

જીવમાં અસંખ્ય પ્રદેશ છે, આકાશમાં અનંત પ્રદેશ છે, ધર્માસ્તિ, અધર્માસ્તિમાં અસંખ્ય ( પ્રદેશ ) છે, પણ પ્રદેશપણું એ એનો ધર્મ, ધારી રાખેલો છે પ્રદેશપણું એવું ધારી રાખેલું તત્ત્વ છે, એવું અન્યમતમાં ક્યાંય નથી. અસંખ્ય પ્રદેશી અને અનંત પ્રદેશી, જીવ અસંખ્ય પ્રદેશી ( છે ) એવું ક્યાંય નથી. આ અસંખ્ય પ્રદેશી ધારી રાખ્યો છે આત્માએ એવો એક એનો ધર્મ છે. ' ચેતનપણું ' જીવમાં ચેતનપણું એ એનો સ્વભાવ છે. અજીવમાં અચેતનપણું એ એનો સ્વભાવ છે. ' મૂર્તિકપણું ' જડમાં મૂર્તિકપણું એ એનો સ્વભાવ છે. ' અમૂર્તિકપણું ' આત્મા અને ધર્માસ્તિ આદિમાં અમૂર્તિકપણું એ તો એના ગુણ છે. આહાહા ! છે ?

" અને તે ગુણોનું, તે અનંત ગુણોનું, ત્રણેય કાળે સમય–સમયવર્તી પરિણમન થવું, આહાહા ! તે પર્યાય છે " એ પણ એનો ધર્મ છે. દરેક દ્રવ્યનો અનંત ગુણ પણ એનો ધર્મ એટલે

ધારી રાખેલો છે અને દરેક દ્રવ્ય ત્રણે કાળે સમય સમયમાં પરિણમન કરે તેથી તેનો પર્યાય પણ તેનો ધર્મ છે, એ પર્યાય પરને લઈને થાય છે એમ નથી. ચાહે તો વિકારી હોય કે અવિકારી પણ એનો પરિણમનનો પર્યાય એનો પોતાનો ધર્મ છે. સમજાણું કાંઈ ? પછી કર્મને લઈને વિકાર થાય ને આત્માને લઈને કર્મ બંધાય ને એ વાત રહેતી નથી. સર્વજ્ઞને લઈને શું થાય ? પોત પોતાના આત્માને લઈને પોતાનું જ્ઞાન થાય છે.

અહીં વાણીને નિમિત્ત કહેશે, નિમિત્ત કહેશે પણ નિમિત્તનો અર્થ: એ કાંઈ એનાથી થાય છે એમ નથી. વાણી નિમિત્ત છે તેથી તેને સદા પ્રકાશરૂપ રહો એવું આશીર્વચન, આશીર્વચન એટલે આશીર્વાદ કહેવામાં આવ્યો છે. આહાહાહા ! છેલ્લો બોલ લઈ લેશે. સદા પ્રકાશરૂપ રહો. છેલ્લો બોલ લેશે. મૂળ તો આ કહીને એ કહેવુ છે ને ! કેવળજ્ઞાન પણ સદા પ્રકાશરૂપ રહો ! શ્રુતજ્ઞાન પણ સદા પ્રકાશરૂપ રહો અને વાણી પણ વસ્તુને બતાવવામાં સદા પ્રકાશરૂપ રહો ! આહાહા ! એ આશીર્વચન છે. છે ?

" જે અનંત પર્યાય છે, " વળી વસ્તુમાં એકપણું દરેક ચીજ વસ્તુ તરીકે એક છે અને ગુણ પર્યાય તરીકે અનેક છે. એ પણ એનાં ધર્મ છે. ધારી રાખેલો ( એટલે ) એક અને અનેક ધારી રાખેલો ભાવ છે. ભાવ કહો કે ધર્મ કહો. સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્ર એ ધર્મ એ અત્યારે વાત નથી. અહીં તો ધારી રાખે એ ધર્મ બસ ! આવી વાતું છે.

" એકપણું, અનેકપણું, નિત્યપણું, અનિત્યપણું, " દરેક વસ્તુ કાયમ રહેવાની અપેક્ષાએ નિત્ય છે અને પલટવાની અપેક્ષાએ અનિત્ય છે, એ પણ એનો સ્વભાવ અને ધર્મ છે, એ પલટવું ને કાયમ રહેવું એ પરને લઈને નથી, એનો પોતાનો ધર્મ છે. આહાહાહા ! અહીંયા તો એનો પોતાનો તે તે સમયે અનંત ગુણ અને તે તે ગુણની પર્યાય પછી વિકૃત કે અવિકૃત ગમે તે, તે સમયે થાય તે તેનો ધારેલો ધર્મ એનો છે. પરને લઈને નહીં. એનું પોતાનું સ્વરૂપ જ એવું છે. આહાહાહા !

( એ લોકો ) એકાંત છે, એમ કહે છે. કર્મથી વિકાર થાય, કર્મને લઈને રખડે છે. આપણને કેમ કેવળજ્ઞાન નથી થતું ? કે કર્મને લઈને. આ તો દ્રવ્યકર્મને લઈને, અહીં તો કહે છે. ઓલી જ્ઞાનમતી છે ને એક, ચાર અનુયોગનું એક પુસ્તક છાપે છે ને ? સમ્યગ્જ્ઞાન-એમાં એમ લખે છે, કેમ ( આપણને કેવળજ્ઞાન ) નથી થતું ? કર્મને લઈને આપણને કેવળજ્ઞાન થતું નથી. તદ્દન ખોટી વાત છે. પોતાની પર્યાય તે તે કાળે તે સમયે પોતાની યોગ્યતાથી ધારેલી થાય છે, પરને લઈને નહીં અને પરનો અભાવ થાય તો અહીં થાય એ પણ નહીં. આહાહા ! એવો જ દરેક પદાર્થનો અનંત ગુણ અને અનંતી પર્યાયને રાખે- ધારે- કરે એવો એનો સ્વભાવ છે. આહાહા ! છે ?

' ભેદપણું ' દરેક વસ્તુમાં ગુણપર્યાય તે ભેદ છે, અને વસ્તુ તરીકે અભેદ છે, એ પણ એનો ધર્મ છે. " ભેદપણું અભેદપણું " " શુદ્ધપણું અશુદ્ધપણું " આત્મા ( દ્રવ્યે ) શુદ્ધ હોય છે અને પર્યાયે અશુદ્ધ પરમાણુઓમાં પણ એમ હોય છે. પરમાણુ એકલો હોય તો શુદ્ધ છે અને વિભાવરૂપે બે-ત્રણ ચાર ( પરમાણુ ભેગાં ) થાય તો એની પર્યાય વિભાવરૂપે પોતાથી થાય છે એ પણ અશુદ્ધ થાય છે, પોતાથી છે. એવો અશુદ્ધપણાનો એનો પોતાનો ધર્મ છે. શુદ્ધ અશુદ્ધ આદિ અનેક ધર્મો છે " તે સામાન્યરૂપ ધર્મો તો વચનગોચર છે " કેટલાક ખાસ કહેવા લાયક જેવા તો વચન ગમ્ય

છે–પણ કેટલાંક તો કહી શકાય નહીં એવાય ગુણો છે. દરેક દ્રવ્યમાં અનંત સામાન્ય ગુણો છે, અસ્તિત્વ આદિ અને અનંત વિશેષ ગુણો છે, ચેતન અચેતન આદિ એવા અનંતાધર્મો છે એક દ્રવ્યમાં, અનંત સામાન્ય છે, અને અનંત વિશેષ છે.

" અહીં સામાન્યરૂપધર્મો તો વચનગમ્ય છે પણ બીજા વિશેષરૂપ ધર્મો તો વચનનો વિષય નથી એવા પણ અનંત ધર્મો છે. " વચનથી ન કહી શકાય ! વાણી જડ છે, પ્રભુ ચૈતન્ય છે. ધર્માસ્તિ આદિ એ પણ બધા અરૂપી છે, પરમાણુ આદિ રૂપી છે. એવા પણ અનંત ધર્મો છે " જે જ્ઞાનગમ્ય છે. " જ્ઞાન જાણી શકે છે, પણ વાણી દ્વારા એની વિશેષતાઓ ભેદ પાડીને પૃથક પૃથક કહી શકે એવી તાકાત વાણીમાં નથી. સામાન્ય કહી શકે, વિશેષના પ્રકારો કહી શકે નહીં, છતાં જ્ઞાન ગમ્ય છે. વાણી દ્વારા વિશેષ કહેવાય નહીં, છતાં જ્ઞાનગમ્ય જ્ઞાનમાં જણાય એવા છે. આહાહા !

" આત્મા પણ વસ્તુ છે તેથી તેમાં પણ પોતાના અનંત ધર્મો છે " કેટલાંક સામાન્ય કહી શકાય છે, કેટલાંક કહી શકાતા નથી, છતાં જ્ઞાનગમ્ય વસ્તુ છે એવા અનંત ધર્મો આત્મામાં પણ છે. વસ્તુ એક, ધર્મ અનંત, અનંત ગુણ અને અનંતી પર્યાય. આહાહા ! ' એક ' પણ ધર્મ છે, ' અનેક ' પણ ધર્મ છે. ' નિત્ય ' પણ છે, ' અનિત્ય ' પણ છે, ' ભેદ ' પણ છે ' અભેદ ' પણ છે. ' સામાન્ય ' પણ છે. ' વિશેષ ' પણ છે. આહાહા ! બહુ ટૂંકામાં સંકેલ્યું છે. " આત્માના અનંત ધર્મોમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે, " બીજાં અનંતા ગુણો છે ધર્મ. પણ ચેતનપણું અસાધારણ છે, એટલે કે બીજાં ગુણો ચેતનપણે નથી. પોતામાં પણ અનંત ગુણો છે. પણ ચેતન ( માં ) તો જાણવું દેખવું એ જ બે ધર્મ છે એવાં બીજાં અનંતા ગુણોમાં એ નથી તેથી ચેતનપણું એ અસાધારણ નામ બીજામાં નથી, બીજો એવો નથી. બીજામાં નથી, બીજો એવો નથી. માટે ચેતનને, છે ને ? અસાધારણ ધર્મ ( કહ્યો ) છે.

આત્માની અંદરમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે, અસાધારણ એટલે કે એક જ એ વસ્તુ છે, એમાં અનંત ધર્મ છે એ માંયલો બીજો કોઈ આ ચેતન નથી. તેમ એ ચેતન બીજા ચેતનમાં છે એ ચેતન આ ચેતન નથી. એનું ચેતન એનામાં અને આનું ચેતન આનામાં છે. આહાહા !

આવી સ્વતંત્રતા છે ! દરેક દ્રવ્યેય સ્વતંત્ર, ગુણેય સ્વતંત્ર, પર્યાય તે તે ક્ષણે થતી પર્યાય એ પણ એનો પોતાનો ધર્મ છે માટે સ્વતંત્ર છે, એને પરની કોઈ અપેક્ષા નથી. આહાહાહા ! આ પાનું ઊંચું થવું આમ એને આ આંગળીની અપેક્ષા નથી. એનો પર્યાય ધર્મ જ તે વખતે તે પ્રકારે થવાનો છે. આહાહા ! પર્યાય સ્વતંત્ર છે ' પરેણ જાય તે પર્યાય ' એક જણે વળી એવું નાખ્યું 'તું ' તત્ત્વ ' માં આવ્યું 'તું–પરેણ જાય તે પર્યાય, ઓલા બંસીધરજીએ ઘણું કરીને નાખ્યુ 'તું, પરેણ જાય તે એ પર્યાય નહીં. પર્યાય, પોતાનો તે સમયની અવસ્થા ઉત્પન્ન થવાની યોગ્યતા છે, પોતાને કારણે ચાહે તો વિકારરૂપ હો કે ચાહે તો અવિકારરૂપ હો. પણ તે તે સમયની થવાની તે પર્યાયની યોગ્યતાનો ધર્મ પોતાનો પોતાથી પોતામાં છે. ખરેખર તો છ એ દ્રવ્યની પર્યાય ષટ્કારકરૂપે પરિણમે તેને પરની અપેક્ષા તો નથી પણ તેને પોતાના દ્રવ્ય ગુણની અપેક્ષા નથી. આહાહા ! સમજાણું કાંઈ ? સમજાય છે કાંઈ ?

છ એ દ્રવ્ય, ભગવાને છ દ્રવ્ય ( જોયાં છે ) સંખ્યાએ અનંત, જાતિએ છ, પણ અનંત દ્રવ્યો

પોત પોતાની પર્યાયના ષટ્કારકપણે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એનાથી તે પર્યાય સ્વયં સિદ્ધ પરની અપેક્ષા વિના અને દ્રવ્ય ને ગુણના આશ્રય અને આધાર વિના, ષટ્કારકરૂપે પરિણમવું એવો એનો પર્યાયનો ધર્મ છે. ( જિજ્ઞાસાઃ આધાર છે કે નહીં મહારાજ ) આધાર એ પર્યાયનો આધાર પર્યાય, ગુણનો આધાર નથી એવું છે. આહાહા ! એવું છે એ ( પંચાસ્તિકાય ) બાસઠ ગાથામાં આવ્યું છે ને ? ત્યાં ચર્ચા થઈ 'તીને વર્ણીજીની હારે બાસઠ ગાથા, વિકાર છે એ ષટ્કારકનું પરિણમન સ્વતઃ છે જેને પર કારકની અપેક્ષા નથી. વિકારને પોતામાં થવામાં ષટ્કારકોઃ કર્તા કર્મ, પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય સાધન કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ, એને પર સાધનની તો અપેક્ષા નથી પણ દ્રવ્ય ગુણની અપેક્ષા નથી, આકરું પડયું 'તું એમ કહ્યું ત્યારે, એક ( પં. ) ફુલચંદજીએ કબૂલ કર્યું હતું, ( પં. ) ફૂલચંદજી કહે કે સ્વામીજી આમ કહે છે. નિશ્ચયથી વિકારના ષટ્કારકો પર્યાયના પર્યાયમાં પોતાના કારણે થાય છે, પરના કારકની તેને અપેક્ષા નથી. પરના કારણો કર્તા કર્મની તેને અપેક્ષા નથી-આહાહા ! આ તો તેરની સાલની તકરાર-એકવીસ વર્ષ થયા.

બાકી અહીં ત્રીજી સાલમાંય ચર્ચા થઈ હતી, પંડિતો બધા ભેગા થયા 'તાને બત્રીસ-તેત્રીસ. વિદ્વત પરિષદ ભરી 'તીને ત્રીજી સાલ એને એકત્રીસ વર્ષ થયા. એ વખતે એક પંડિત હતો મહેન્દ્ર. મહેન્દ્ર ને ? ગુજરી ગયો, કોણ ? નામ ? મહેન્દ્ર. મહેન્દ્ર પંડિત હતો એ સર્વજ્ઞપણું નહોતા માનતા એમ કે પર્યાય થાય, એ પરની અપેક્ષા હોય તો થાય. કીધું અહીં તો પરની અપેક્ષા તો નહીં પણ પોતાના દ્રવ્ય-ગુણની અપેક્ષા નહીં. પંડિતજી આવું છે. એ નહોતા માનતા. એ લલીતપુરમાં બહુ ચર્ચા થઈ હતી, લલીતપુરમાં એણે સાંભળેલું નહીં અને બહારની વાતો સાંભળી. ને એમાં જરી...

આવું પરમ સત્ય પરમાત્મા, ત્રિલોકનાથ તીર્થંકરનું કહેલું, સર્વજ્ઞથી જાણેલું, જોયેલું, પ્રત્યક્ષ થયેલું અને વાણી વાણીને કારણે પ્રત્યક્ષ નીકળી. વાણીને કારણે નીકળી કાંઈ ભગવાન સર્વજ્ઞ છે માટે વાણી નીકળી એમેય નહીં-આહાહા ! કારણ કે વાણીના શબ્દો છે પરમાણું એની વાણીરૂપે પર્યાય, ષટ્કારકરૂપે પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ સાધન, ભાષાની પર્યાય, પર્યાયથી થાય છે ! આવી વાત. હોઠથી નહીં, આત્માથી નહીં, ઈચ્છાથી નહીં, એ ભાષાની પર્યાય ભાષાના પરમાણુથી યે નહીં, આમ છે. પર્યાયના ષટ્કારક સત્ છે ને ! દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્, સત્ છે તેને હેતુની જરૂર ન હોય. સ્વયંસિદ્ધ સત્ પોતાની અપેક્ષાથી સત્ છે. પરને લઈને પર્યાય છે નહીં, બહું આકરું પડયું. એકાંત લાગે ને આમ લાગે-આહાહા !

" આત્મામાં અનંત ધર્મોમાં ચેતનપણું ખાસ ધર્મ છે. એક અસાધારણ- ખાસ એક જ એ ધર્મ એનો છે. " ચારિત્ર, શ્રદ્ધા, અસ્તિત્વ, વસ્તુત્વ, સમકિત આદિ બધી પર્યાયો છે ગુણો છે પણ એ ગુણો પોતાને જાણતા નથી. જ્ઞાન ગુણ જ પોતે પોતાને જાણે છે ને પરને જાણે છે. આહાહાહા ! આવું વસ્તુનું સ્વરૂપ છે લ્યો ! આત્માના અનંત ધર્મોમાં, અનંત ગુણ ને પર્યાયમાં ચેતનપણું ખાસ ધર્મ છે " બીજા અચેતન દ્રવ્યોમાં નથી. સજાતીય જીવ દ્રવ્યો અનંત છે, " બીજા આત્માઓ પણ અનંત છે. " છતાં તેમનામાંય જોકે ચેતનપણું છે, તો પણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું જુદું છે. " આનું ચેતનપણું અને બીજા આત્માનું ચેતનપણું ભિન્ન ભિન્ન છે. આના

ચેતનપણાને લઈને એનું ચેતનપણું છે એમ નથી અને એના ચેતનપણાને લઈને અહીંયાનું ચેતનપણું છે એમ નથી. આહાહાહા ! આવું સ્વતંત્ર દ્રવ્યનું સ્વરૂપ છે. એને જાણે નહિ અને ધર્મ થઈ જાય એને ! આહાહા ! પરની દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, એ તો બધો રાગ છે અને કર્તાપણું માને છે એ તો મિથ્યાત્વ છે. રાગનું કર્તાપણું જ્ઞાનને સોંપે, જ્ઞાન સ્વરૂપ તો જાણે છે, એનું સ્વરૂપ ચેતન- જાણવું છે. જાણનારને સોંપે કરવાનું એ તો મિથ્યાત્વ છે. આહાહા !

'સજાતીય' પોતાની જાતના- 'જીવ દ્રવ્યો અનંત છે.' તે તેમનામાં જો કે ચેતનપણું છે બધામાં, તો પણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું જુદું કહ્યું છે. આહાહા ! કારણ કે દરેક દ્રવ્યને પ્રદેશભેદ હોવાથી "દરેકના અંશો, પ્રદેશ ભિન્ન છે." આહાહા ! કોઈનું કોઈમાં ભળતું નથી, અનંત આત્માઓમાં દરેકમાં ચેતનપણું હોવા છતાં, પોતાના પ્રદેશમાં રહે છે. કોઈના પ્રદેશોમાં તે ચેતનપણું જાતું નથી. પોતાના પ્રદેશમાં રહેલું ચેતનપણું પર પ્રદેશમાં જાતું નથી પરના પ્રદેશમાં રહેલું ચેતનપણું અહીંયા આવતું નથી. કહો આવું તો સમજાય એવી વાત છે. એક કલાકમાં કેટલું યાદ રાખવું ? આ તો સાદી ભાષા છે, આ કોઈ બહુ કડક-કડક ભાષા નથી.

"આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે, છે ? ચેતનપણું પોતાના અનંત ગુણો છે ને આત્માના એમાં વ્યાપક છે, પ્રસરેલ છે. વ્યાપ્ય છે ઈ તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે. આત્માનું તત્ત્વ એ કેમકે ચેતન અનંત ધર્મમાં વ્યાપ્યું છે માટે ચેતનને આત્માનું તત્ત્વ કહ્યું છે એમ. ચેતનપણું પોતાનો એક અસાધારણ તત્ત્વ છે અને તે ચેતન અનંત ધર્મોમાં રહેલું છે, વ્યાપેલું છે માટે ચેતનને આત્માનું તત્ત્વ કહેવામાં આવ્યું છે. (હવે એ અલગ અલગ કૈસે આવ્યું. વ્યાપ્ય કૈસે થયા !) વ્યાપેલ છે ને (વ્યાપ્ય તો હૈ) એ અસંખ્ય પ્રદેશમાં વ્યાપેલું છે ને એટલું. (પણ આ અસંખ્ય પ્રદેશ) એ નહીં. એનો પ્રદેશનો સ્વભાવ એક પ્રદેશમાં અનંત ગુણો એક સાથે રહેલા છે એ અપેક્ષાએ વ્યાપેલ છે.

જ્યાં જ્ઞાન છે ત્યાં દર્શન છે, ત્યાં આનંદ છે, તે તે પ્રદેશમાં અનંતા આમ વ્યાપેલ છે. એ ચેતન અનંત ગુણોમાં વ્યાપક છે, માટે ચેતનને આત્માનું તત્ત્વ કહ્યું છે. આહાહા ! ભિન્ન ભિન્ન ગુણો હોવા છતાં ચેતન તત્ત્વ અનંત ગુણમાં વ્યાપ્યું છે ને આમ ! જ્યાં શ્રદ્ધા છે ત્યાંય ચેતન છે, ચારિત્ર છે ત્યાંય ચેતન છે, અસ્તિત્વ છે ત્યાંય ચેતન છે, ચેતનપણું. ભલે એ ચેતનપણું અસ્તિત્વપણે ભલે થતું નથી પણ એનાં અનંતા ધર્મોમાં ચેતનપણું પ્રસરી રહેલું છે ને ! આમ છે.

આ તો તત્ત્વજ્ઞાનનો વિષય છે. શરૂઆત જ છે બીજા શ્લોકની હજી તો ચાલે છે. આહા !

ફરીને, "આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે," વ્યાપક છે, પરરૂપે થયું છે એમ અહીં નથી, આમ પ્રસરેલ છે. જ્યાં આનંદ છે ત્યાં ચેતન છે. અસ્તિત્વ છે ત્યાંય ચેતન છે એટલું. એ ચેતન છે એ અસ્તિત્વરૂપે થયું છે કે અસ્તિત્વ છે એ ચેતનરૂપે થયું છે એમ નહીં, પણ એ બધા અનંત ગુણોમાં ચેતન આમ પ્રસરેલું છે, એ અપેક્ષાએ તેને આત્માનું તત્ત્વ કહેવામાં આવે છે. આહાહાહા ! સાધારણ માણસને અભ્યાસ ન મળે અને એકેન્દ્રિયા- બેઈન્દ્રિયા- ત્રિઈન્દ્રિયા કરી ઈચ્છામિ પડિકમણુ મોઢે કરી નાખે, સામાયિક કરી નાખે, થઈ રહ્યું જાવ ! બાપુ વસ્તુ, અહીં તો "અનંત ધર્મણસ્તત્વં"એમ શબ્દ છે ને ? મૂળ શ્લોકમાં, છે ને ? અનંત ધર્મણસ્તત્વં એ શબ્દ છે ને પહેલુંપદ-'પશ્યન્તી પ્રત્યગ્આત્મનમ્' એની વ્યાખ્યા કરી છે-

' અનંત ધર્મણસ્તત્વં પશ્યન્તી. ' એ અનંત ધર્મોમાં વ્યાપેલું ચૈતન્ય તત્ત્વ એમ, ' પશ્યન્તી ' એ બધાને દેખે છે.

સર્વજ્ઞ બધાને, ( જાણે ) ને શ્રુત જ્ઞાન બધાને ( જાણે ) ને વાણી બધાને કહે છે, એમ. એ અનંત ધર્મણસ્તત્વંની વ્યાખ્યા કરી. આહાહા ! પહેલું પદ છે એનું કે આત્મામાં અનંત ધર્મો એટલે ગુણ અને પર્યાય છે, તેમાં ચૈતન્ય તત્ત્વ છે એ બધાય ગુણો, પર્યાયમાં પ્રસરેલાં છે, આમ રહેલું છે. બીજા ગુણ પર્યાય રૂપે થયાં છે એમ નહીં. બીજા ગુણોની પર્યાયરૂપે ચેતનનો ગુણ ને પર્યાય થયો છે એમ નહીં. પણ બધા ગુણો ને પર્યાયમાં આમ ચેતનપણું વ્યાપીને પ્રસરી રહેલું છે એ અપેક્ષાએ તેને આત્માનું ચેતન તત્ત્વ કહ્યું છે. આહાહા ! અનંત ધર્મણસ્તત્વં. સમજાણું કાંઈ ?

આમાં તો અંદર લખ્યા છે એના અર્થ છે. સામે પુસ્તક તો પડયું છે. આહાહા ! કેટલી સાદી ભાષાએ જયચંદ પંડિતે લખ્યું છે આ. પહેલાના પંડિત જયચંદ્ર પંડિત, રાજમલ્લજી પંડિત, ટોડરમલજી, બનારસીદાસ બહુ ઘણું કામ કરી ગયા. બહુ કામ કરી ગયા. મધ્યસ્થ, સત્ય હતું એ આપ્યું બહાર. કોઈનો પક્ષ નહિ. અત્યારે એક પંડિત કહે કે નિમિત્તથી થાય. બીજો કહે કે નિમિત્તથી ન થાય, નિમિત્ત હોય પણ એનાથી થાય નહીં, હવે વાંધા ! એક પંડિત કહે વ્યવહારથી નિશ્ચય થાય, બીજો કહે કે ભાઈ વ્યવહાર હોય ખરો, વિષય છે માટે વ્યવહાર હોય પણ એનાથી નિશ્ચય થાય એમ નહીં. કારણ વ્યવહાર રાગ ને દુઃખ છે અને ધર્મ છે એ સુખ છે, દુઃખથી સુખ થાય નહીં. આ વાંધા મોટા લ્યો, શું થાય ? ( એ જોરદાર હોય એની સામા વાંધા હોય ) આવે, આવે, વાંધા હોય ! કરે કરે હવે સમાતું જાય છે થોડું થોડું થોડું બહાર વાંચે છે ને લોકો વાંચે છે. વીસ લાખ પુસ્તક બહાર પડી ગયા, લાખ્ખો હજી ભિન્ન ભિન્ન જાતથી છપાય છે. બહાર પડે છે. અહીં ક્યાં ખાનગી રાખ્યું છે વાત. એક જ પુસ્તક ક્યાં છે-અહીં તો વીસ લાખ પુસ્તક છે. કરોડો રૂપિયાના તો પુસ્તક થઈ ગયા છે. કરોડોના મંદિરો થઈ ગયા છે. કરોડોના અહીં મકાન આદિ થઈ ગયા. આ કાંઈ ગુપત નથી. આહાહા !

અહીં તો અનંત ધર્મણંસ્તત્ત્વં પહેલો શબ્દ છે એનો ખુલાસો કર્યો કે ચેતનને અનંત ધર્મનું તત્ત્વ કેમ કહ્યું ? કે ચેતન છે એ અસાધારણ છે, બીજો ગુણ એમાં નથી તેમ આ ચેતન બીજામાં નથી, એક વાત અને એ ચેતન પોતાના અનંત ધર્મોમાં પ્રસરેલું છે, વ્યાપેલું છે. અનંત ધર્મરૂપે થયું છે એમ નહીં પણ અનંત ધર્મમાં વ્યાપેલું છે, એ અપેક્ષાએ ચેતનને આત્મતત્ત્વ કહેવામાં આવે છે. આહા !

" તેને આ સરસ્વતીની મૂર્તિ દેખે છે, " જોયું ? કોને ? આત્મતત્ત્વને-કયા તત્ત્વને ? કે ચેતન તત્ત્વને-કેવું ચેતન તત્ત્વ ? કે અંદરમાં વ્યાપક છે અનંત ધર્મમાં તેને. એવા ચૈતન્ય તત્ત્વને સર્વજ્ઞની પર્યાય દેખે છે, શ્રુતજ્ઞાનની પર્યાય દેખે છે, વાણી એને દેખાડે છે. આહાહા ! તેને " આ સરસ્વતી દેખે છે અને દેખાડે છે " એ વાણી, કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન દેખે છે અને વાણી એને દેખાડે છે.

" એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે, " જોયું ? આહાહા ! અનંત ધર્મણસ્તત્વં પશ્યન્તી પ્રત્યગ્ આત્મનમ્. આહાહા ! એ કહ્યું ને ? અનેકાંતમયી મૂર્તિ નિત્યમેવ પ્રકાશતામ્ નિત્ય પ્રકાશો. કેવળજ્ઞાન કાયમ પ્રગટ રહો, શ્રુતજ્ઞાન સાધકપણે કાયમ રહો અને વાણી તેને

બતાવનારી પણ જગતમાં કાયમ રહો-આહાહા !

‘ એ રીતે એનાથી સર્વ પ્રાણીનું કલ્યાણ થાય છે. ’ જોયું ? કેવળજ્ઞાનથી કલ્યાણ થાય છે, શ્રુતજ્ઞાનથી થાય છે, અને વાણીનું નિમિત્ત છે. નિમિત્ત છે, નિમિત્તથી કલ્યાણ થાય છે. થાય છે પોતાથી પણ એમાં વાણીનું નિમિત્ત છે તેથી એને પણ કલ્યાણનું કારણ કહેવામાં આવ્યું છે. નિમિત્તનો અર્થ એટલો છે કે છે એ ચીજ. પણ એ પરમાં કરતી હૈ ને પરને કાંઈ કરે છે, તો એ નિમિત્ત જ રહેતું નથી તો એ ઉપાદાન થઈ જાય છે. આહાહા ! ન્યાયથી વસ્તુ સ્થિતિ છે એમ એણે જાણવી જોઈશે ને ?

એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે-ઠીક ! અહીં તો સર્વ પ્રાણીઓનું એનાથી કલ્યાણ થાય છે. કલ્યાણ થનારાનું કલ્યાણ થાય છે તો સર્વ પ્રાણીઓનું એનાથી જ કલ્યાણ થાય છે. કરનારા કરે છે, સર્વજ્ઞ બધાનું કલ્યાણ કેવળજ્ઞાન, શ્રુતજ્ઞાન અને વાણી. આહાહા ! માટે સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે, “ માટે સદા પ્રકાશરૂપ રહો, ” એમ છે ને છેલ્લો શબ્દ જુઓ પ્રકાશતામ છે ને ? “ નિત્યમેવ પ્રકાશતામ્ ” ચોથું પદ છે નિત્યમ એવ સદા જ પ્રકાશમાન, સદા જ નિત્યમ્ ‘ એવ ’ એવ એટલે નિશ્ચય, નિત્ય જ, પ્રકાશમાન, કેવળજ્ઞાન નિત્ય પ્રકાશમાન રહો, શ્રુતજ્ઞાન નિત્ય પ્રકાશમાન રહો, અને જે ચૈતન્ય તત્ત્વને પોતાના અનંત ધર્મમાં વ્યાપેલું છે, માટે તેને ચૈતન્યને આત્મતત્ત્વ કહ્યું. તેને દેખાડનારી વાણી પણ સદા પ્રકાશમાન રહો, એ નિમિત્તથી છે. સમજાણું કાંઈ ?

નો પકડાણું હોય તો રાત્રે પ્રશ્ન છે ( પ્રશ્ન પૂછશું તો અમારી પોલ ખૂલી થશે ) પોલ ખૂલી થશે તો સ્પષ્ટ થાય એમાં શું છે ? પોલમાં પાકું થઈ જાય, પોલમાં પાકું થઈ જાય-પોલ ખૂલી થઈ જાય તો પોલ પાકી થઈ જાય ( આપ જાણી જાવ ) એમ કે ધ્યાન રાખીને સાંભળતા નથી એમ પોલ ખૂલી જાય. અજાણી ચીજ છે એટલે જરી ન ’ય પકડાય એને. આ તો અલૌકિક વાતું છે બાપુ. આહાહાહા !

“ સદા પ્રકાશરૂપ રહો એવું આશીર્વાદરૂપ વચન તેને કહ્યું છે ” આહાહા ! જગમોહનલાલ એમ કહે છે, મોટા પુરુષો નાના પુરુષોને આશીર્વાદ કેમ આપે ? એમ કહે છે-વાણી છે એ નાની છે અને મોટા પુરુષો એને, કેમ આશીર્વાદ આપે ? પણ એનો અર્થ એ, રહો. આ પ્રકાશ રહો એમ, એમાં એવો અર્થ લખ્યો છે જુઓ ! આનો અર્થ કર્યો છે ને ?

હવે એ બે શ્લોક થયા-નમઃસમયસારાય એ શ્લોક થયો અને ‘ અનંતધર્મણસ્તત્વં ’ એ શ્લોક થયો. બે શ્લોક થયા. એટલે એક દેવનો શ્લોક થયો, એક વાણીનો થયો, શાસ્ત્રનો. દેવ અને શાસ્ત્ર બેનો થયો. હવે દેવશાસ્ત્રગુરુ તીન. હવે રહ્યા ગુરુ. એ પોતે ગુરુ છે એટલે પોતાની વાત ન કરતા, પોતે ટીકા કરનાર છે. આહાહા ! તો ટીકા કરતા અમારું ગુરુપણું, જે મુનિપણું છે શુદ્ધ એની વૃદ્ધિ થજો, એમ કહેશે. ભાષા એમ લેશે ટીકા કરતાં, સમજ્યાને ? સમયસાર વ્યાખ્યા એવ, ‘ એવ ’ શબ્દ છે, ‘ એવ ’ પણ એનો અર્થ ઈ સમયસાર વ્યાખ્યાના કાળમાં નહીં તો આમ તો છે કે ટીકા સમયસાર વ્યાખ્યા એવ- સમયસારની ટીકા કરવાના કાળમાં ટીકા વખતે અમારી શુદ્ધિ થજો, અને અશુદ્ધિ જજો એનો અર્થ ઈ કે હું સમયસારની ટીકા કરીશ ત્યારે મારું વલણ દ્રવ્યના ધ્યેય ધ્રુવ ઉપર રહેશે કાયમ, એથી અશુદ્ધિ ટળશે અને શુદ્ધિ વધશે.

સમજાણું ? આહાહાહાહા ! કારણ કે ટીકા વખતે લક્ષ મારું જોર તો ધ્રુવ ઉપર રહે છે. ત્રિકાળી મારી દૃષ્ટિનો વિષય ધ્રુવ છે, એ કદી ખસતો નથી. ગમે તે વખતનું જ્ઞાન અને ગમે તે વાણી હો, પણ જે ધ્રુવ નિત્યાનંદ પ્રભુ તેના ઉપર અમારી દૃષ્ટિનું પરિણમન થયું છે. આહાહા !

ધ્યાનમાં જેને અમે ધ્યેય બનાવ્યું છે, એ ધ્યેય કદી ખસશે નહીં ! આહાહા ! તેથી ટીકાથી ભાષા એમ આવશે. સમયસાર વ્યાખ્યા એવ, સમયસારની ટીકાથી જ, ટીકાથી જ એમ આવશે. પણ એનો અર્થ એવો છે કે સમયસારની ટીકાના કાળમાં. આહાહા ! પંડિતજી ! કે અમારું લક્ષ ત્યાં ધ્રુવ ઉપર ધારા લાગી છે. આહાહા ! એથી અમને ટીકા કરવાના કાળમાં અશુદ્ધિ છે તેનો નાશ થશો અને શુદ્ધિ પ્રગટ થશો. વિશેષ વ્યાખ્યા કરશે.

પ્રમાણ વચન ગુરુદેવ....

## શ્લોક - ૩

**હવે ( ત્રીજા શ્લોકમાં ) ટીકાકાર આ ગ્રંથનું વ્યાખ્યાન કરવાના ફળને ચાહતાં પ્રતિજ્ઞા કરે છેઃ-**

( मालिनी )

परपरिणतिहेतो र्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्य व्याप्तिकल्माषितायाः।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः।।३।।

**શ્લોકાર્થઃ- શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય કહે છે કેઃ-[ समयसारव्याख्यया एव ] આ સમયસાર ( શુદ્ધાત્મા તથા ગ્રંથ ) ની વ્યાખ્યા ( કથની તથા ટીકા ) થી જ [ मम अनुभूतेः ] મારી અનુભૂતિની અર્થાત્ અનુભવનરૂપ પરિણતિની [ परमविशुद्धिः ] પરમ વિશુદ્ધિ ( સમસ્ત રાગાદિ વિભાવપરિણતિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા ) [ भवतु ] થાઓ. કેવી છે તે પરિણતિ ? [ परपरिणतिहेतोः मोहनाम्नः अनुभावात् ] પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ તેના અનુભાવ ( -ઉદયરૂપ વિપાક ) ને લીધે [ अविरतम् अनुभाव्य-व्याप्ति-कल्माषितायाः ] જે અનુભાવ્ય ( રાગાદિ પરિણામો ) ની વ્યાપ્તિ છે તેનાથી નિરંતર કલ્માષિત ( મેલી ) છે. અને હું કેવો છું ? [ शुद्धचिन्मात्रमूर्तेः ] દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.**

**ભાવાર્થઃ- આચાર્ય કહે છે કે શુદ્ધદ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ તો હું શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું. પરંતુ મારી પરિણતિ મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને મેલી છે-રાગાદિસ્વરૂપ થઈ રહી છે. તેથી શુદ્ધ આત્માની કથનીરૂપ જે આ સમયસાર ગ્રંથ છે તેની ટીકા કરવાનું ફળ એ ચાહું છું કે મારી પરિણતિ રાગાદિ રહિત થઈ શુદ્ધ થાઓ, મારા શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાઓ. બીજું કાંઈ પણ-ખ્યાતિ, લાભ, પૂજાદિક-ચાહતો નથી. આ પ્રકારે આચાર્યે ટીકા કરવાની પ્રતિજ્ઞાગર્ભિત એના ફળની પ્રાર્થના કરી. ૩.**

## પ્રવચન નં. ૪ શ્લોક-૩ તા. ૧૦-૬-૭૮ શનિવાર જેઠ સુદ પાંચમ સં.૨૫૦૪

સમયસાર ત્રીજો કળશ છે. બે થઈ ગયાને ? ત્રીજો કળશ, નમઃ સમયસારાય એ શ્લોક થઈ ગયો એમાં પણ સર્વજ્ઞપણું સિદ્ધ કર્યું. સર્વભાવાંતરચ્છિદે આવ્યું ને ? ખરેખર તો જીવનો સર્વજ્ઞ સ્વભાવ છે એમાંથી બધી વાતો પ્રસિદ્ધ થાય છે. સર્વજ્ઞ સ્વભાવ છે, ‘ જ્ઞ ’ સ્વભાવ કહો, સર્વજ્ઞ કહો એ સ્વભાવ ને એનું સ્વરૂપ છે. તો સ્વરૂપ છે તો એ પ્રગટ થાય છે. સ્વાનુભૂત્યા ચકાસતે– પોતાની અનુભૂતિની ક્રિયાથી તે સર્વજ્ઞપણું છે, એ પ્રગટ થાય છે. ત્યાંય સર્વજ્ઞપણું સિદ્ધ કર્યું, અનંત ધર્મણસ્તત્ત્વં, માંય સર્વજ્ઞ ( પણું ) સિદ્ધ કર્યું, કેમકે ચૈતન્ય તત્ત્વ જે જ્ઞાયકભાવ, એ બધા ધર્મોમાં પોતામાં વ્યાપક છે. એમ કહીને એને જૈન આત્મતત્ત્વ કહ્યું ’તું ચૈતન્યને.

એ પણ ચૈતન્ય એટલે સ્વભાવ જ્ઞાયક, ‘ જ્ઞ ’ સ્વભાવ એ ‘ જ્ઞ ’ સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ, પોતાના સર્વ ધર્મોમાં વ્યાપક છે, એ પણ ત્યાં જ એ સિદ્ધ કર્યું, સ્વરૂપ સર્વજ્ઞ અને પ્રગટ સર્વજ્ઞ.

અહીંયા તો વિચાર શું આવ્યો વિશેષ કે સર્વજ્ઞ સ્વભાવ છે, એ ફકત જાણનાર દેખનાર એનો સ્વભાવ છે. એટલે આ ક્રમબદ્ધ જે કહેવાય છે ક્રમબદ્ધ એ ક્રમબદ્ધનો નિર્ણય છે એ અકર્તાપણામાં થાય છે, કરવું નથી એને, જાણવું છે, ક્રમસર પર્યાય થાય છે દ્રવ્યની પોતાની પણ એમાં એનું કર્તૃત્વ નથી, ક્રમસર થાય એને કર્તૃત્વ શું કરવું ( શું ) ? એમાં પણ અકર્તાપણું સિદ્ધ કરી અને અસ્તિથી એ પણ જ્ઞાતાપણું જ સિદ્ધ કર્યું છે. ત્યાં પણ સર્વજ્ઞ સ્વભાવી, પ્રગટ પર્યાયમાં સર્વજ્ઞ અને શક્તિરૂપ સર્વજ્ઞ એ સિદ્ધ કર્યું છે. કેમકે જ્યાં પર વસ્તુ કે પોતાની પર્યાયનું કે રાગાદિનું કરવું નથી જ્યાં, ત્યાં અકર્તાપણું છે, એટલે કે જ્ઞાતાપણું છે. એ જ્ઞાતાપણાનો સ્વભાવ એનો અનુભવ થવો એ સમ્યગ્દર્શન અને એનું પ્રગટપણું પર્યાયમાં થવું સર્વજ્ઞ સ્વભાવનું, એ સર્વજ્ઞ દેવ સ્વરૂપ છે, અને એ સર્વજ્ઞને, સ્વરૂપ સર્વજ્ઞ છે એને પ્રગટ કરવાને સાધે છે, સ્વાનુભૂત્યા એ ગુરુ છે. એમાં દેવ આવ્યા, ગુરુ આવ્યા અને એમની જે વાણી છે એ શાસ્ત્ર છે, પણ અહીં વાણી ને ટીકાની વ્યાખ્યા છે. આહાહાહા ! સમજાય છે ? એ વાણી જે છે સર્વજ્ઞની એ વાણીમાં પણ સર્વજ્ઞપણું જ સિદ્ધ કરવું છે પરનું અકર્તાપણું અને સ્વનું જ્ઞાતાપણું, એ સિદ્ધ કરવું છે.

હવે એ વાણી કેવી છે અને એ વાણીથી હું ટીકા કરું છું, તો એ ફળને ચાહે છે, તો ક્રમબદ્ધ છે ને ફળને ચાહે છે ? એનો અર્થ જ એ છે કે મારું સ્વરૂપજ.. કહેશે

( मालिनी )

परपरिणतिहेतो र्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्य व्याप्तिकल्माषितायाः।
मम परम विशुद्धिः र्भवतु
शुद्ध चिन्मात्रमूर्ते समयसारव्याख्ययैवानुभूतेः।।३।।

આહા ! ન્યાંય શુદ્ધ ચિન્‌માત્ર મૂર્તિ કહીને સર્વજ્ઞ સ્વરૂપી જ આત્મા છે એમ સિદ્ધ કર્યું છે. આહાહા ! એ કહે છે જુઓ ત્રીજા શ્લોકમાં ટીકાકાર આ ગ્રંથનું વ્યાખ્યાન કરવાના ફળને ચાહતાં પ્રતિજ્ઞા કરે છે સમયસાર વ્યાખ્યા એવ. આ સમયસાર નામ શુદ્ધ આત્મા વાચ્યરૂપે, અને વાચકરૂપે ગ્રંથનું કથન સમયસાર વ્યાખ્યા એવ ‘ એવ ’ શબ્દ પડયો છે, સમયસાર એટલે શુદ્ધાત્મા, સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ શુદ્ધાત્મા, આહાહા ! અથવા ગ્રંથ, શબ્દો, સમયસાર આત્મા અથવા સમયસારના શબ્દો, એની કથની અને ટીકાથી જ, ભાષા એવી છે, એવ શબ્દ છે ને ? વ્યાખ્યા ‘ એવ ’ કથની ને ટીકાથી જ મારી અનુભૂતિ, અનુભવનરૂપ પરિણતિની પરમ વિશુદ્ધિ થાઓ. આહાહા !

હવે એક કોર એમ કહેવું કે ટીકા કરવામાં તો વિકલ્પ છે. પંડિતજી ! ટીકા કરવામાં કારણ કે ટીકા છે એ તો શબ્દો છે અને પરદ્રવ્યછે. એ ટીકા કરવાથી જ મારી પરમ વિશુદ્ધિ થાઓ, એમ કહીને પર્યાયમાં અશુદ્ધતા છે. હું મુનિ છું છતાં હજી ત્રણ કષાયનો અભાવ હોવા છતાં વિકલ્પ છે એમ સિદ્ધ કરે છે. ટીકા કરવાનો વિકલ્પ આવ્યો છે એ વિકલ્પ છે. આહાહા ! એ ટીકાથી જ એનો અર્થ એ કે ટીકામાં મારું વલણ તો સર્વજ્ઞને સિદ્ધ કરવાનું છે. અને મારી એ વખતની ( દૃષ્ટિ ) ધ્રુવમાં મારું ધ્યેય છે એ સર્વજ્ઞ સ્વરૂપી છે એમાં મારું ધ્યેય છે, અને પ્રગટ કરવાની પર્યાય છે એ સર્વજ્ઞ છે, તો મારું ટીકાના કાળમાં, ભલે ટીકા થઈ ત્યારે કેવળ થયું નથી એને, વાત તો એવી છે ટીકા એવ પરમ વિશુદ્ધિ ભવતુ ટીકા થઈ ગઈ છતાં પરમ વિશુદ્ધિ કેવળ થયું નથી. છતાં નિર્મળતા થઈ છે અને નિર્મળતા થશે, મારું ધ્યેય દ્રવ્ય ઉપર છે, ચૈતન્ય વસ્તુ છે. એ સર્વજ્ઞ સ્વરૂપી એ બોલશે કહેશે. ‘ શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ ’ શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ ત્રીજું પદ છે ને ? ત્રીજાનું છેલ્લું પદ હું તો શુદ્ધ જ્ઞાયક માત્ર મૂર્તિ છું. આહાહાહાહા !

સર્વજ્ઞ ‘ જ્ઞ ’ સ્વભાવ, ચિન્‌ જ્ઞાન સ્વભાવ મૂર્તિસ્વરૂપ જ મારું છે. શુદ્ધ ચિન્માત્ર, સર્વજ્ઞચિન્માત્ર, સર્વજ્ઞ સ્વભાવ માત્ર મારું સ્વરૂપ છે, દ્રવ્યદૃષ્ટિએ તો હું આવો જ છું. આહાહા ! ચિન્માત્ર મૂર્તિ જ્ઞાન. ભાષા તો જુઓ. ઓહોહો ! ગાથા દીઠ જ્ઞાનની પૂર્ણતાને અંદર વર્ણવી છે. જેમ ઓલી શક્તિનું વર્ણન કર્યું છે ને ! જીવતર –ચિત્તિ તો દરેકમાં જ્ઞાન છે. જીવતર, ચિતિ, દૃશિ, જ્ઞાન, સુખ, વીર્ય વિ. ઓહોહો ! કારણકે જ્ઞાન વિના બીજી ચીજને પણ જાણશે કોણ ? પોતાના અનંતા ગુણો છે ભલે, પણ એ ગુણને જાણશે કોણ ? જાણનાર તો જ્ઞાન છે. બીજા ગુણો કાંઈ જાણતા નથી. આહાહા ! હું તો એક ચિન્માત્ર મૂર્તિ પ્રભુ છું. આહાહા ! બધા ગુણોનો અને મારા ગુણનો જ્ઞાનનો એ અને જગતના દ્રવ્ય ગુણ પર્યાય બધાનો હું તો જાણનાર માત્ર દ્રવ્ય છું. આહાહા ! પણ આ ટીકાથી જ “ મમ અનુભૂતિ ” “ મારી અનુભૂતિ, શુદ્ધ પરિણતિની પરમ વિશુદ્ધિ, ” એટલે એમ કેમ કહ્યું ? કે અનુભૂતિ છે તો ખરી ‘ પરમ વિશુદ્ધિ ’ શબ્દ વાપર્યો છે ને ? આહાહા !

પરમ વિશુદ્ધિ. ઓહો ! શુદ્ધિ છે. વસ્તુ છું એ દ્રવ્યદૃષ્ટિએ કહેશે આગળ. ચિન્માત્ર મૂર્તિ છું એ તો દ્રવ્યે છું. અને પર્યાયમાં પણ અનુભૂતિ તો છે. આહાહાહા ! એ સ્વભાવને અનુસરીને અનુભવ અને અનુભૂતિ– પરિણતિ નિર્મળ છે, એટલું સિદ્ધ કર્યું.

પણ પછી, મારી અનુભૂતિની પરિણતિની પરમ વિશુદ્ધિ, વિશેષ શુદ્ધિ, ‘ સમસ્ત રાગાદિ

રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા ' પરમ છે ને ? એટલે ઉત્કૃષ્ટ નિર્મળતા થાઓ. ભલે ટીકા વખતે પૂરણ નિર્મળતા થઈ નથી પણ એ ટીકાના કાળમાં મારું ધ્યેય તો સર્વજ્ઞ શક્તિ સ્વભાવ ઉપર જ છે. એથી મારી શુદ્ધિ મારા ધ્યેયને કારણે, શુદ્ધિ વધતી જાય છે. ધ્યેયમાંથી મારી દૃષ્ટિ ખસતી નથી. આહાહા ! તેથી તેને ટીકા કરતાં મારી વિશુદ્ધિ થાઓ એમ હું કહું છું. પણ એનો અર્થ એ કે ટીકાના કાળમાં મારી પરમ વિશુદ્ધિ થાઓ. પંડિતજી, આવી વાતો. આહાહા ! દિગંબર સંતોના કળશો શ્લોકો ગજબ વાત છે. આહાહા ! એક એક વાતમાં કેટલી વાત સમાડી દે છે. આહાહા ! અને પાછી મારી કીધી, મારી અનુભૂતિ પર્યાય પરિણતિ, શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છું– એ પછી કહેશે. મારી અનુભૂતિમાં અશુદ્ધિ છે એ પછી કહેશે. અહીં તો પહેલું અનુભૂતિ, પરમ વિશુદ્ધિ પરમ શુદ્ધિ, રાગ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા થાઓ. આહાહા !

સંતો ( ને ) અંતરના ત્રણ કષાયના અભાવની અનુભૂતિ તો વર્તે છે, અને તેના ધ્યેયમાં પૂર્ણ સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ એ તો દૃષ્ટિમાં વર્તે જ છે. આહાહા ! મારું ધ્યેય તો એ છે. પણ આ ટીકા કરવાની વૃત્તિ થઈ છે કે આ શાસ્ત્રના ભાવો છે, એ વિશેષ સ્પષ્ટ થાય એવો ભાવ– વિકલ્પ આવ્યા કરે છે, એથી ટીકાના કાળમાં, અહીં પાઠ તો એવો છે. ટીકા એવ, વ્યાખ્યા એવ, ટીકાથી જ, તો ટીકાથી જ, તો ટીકા તો શબ્દ છે. પણ શૈલીનો આશય એમ છે, એ વખતે મારું આ સ્પષ્ટ કરવાની જે ટીકા થશે એમાં મારું જોર તો અંદરના શુદ્ધ દ્રવ્ય ઉપર જોર વર્તે છે, એથી મને વિશુદ્ધિ તો છે મને, વિશુદ્ધિ નથી એમ નહીં પણ પરમ વિશુદ્ધિ થાઓ. આહાહા ! એમ કહીને પોતાનો સાધક સ્વભાવ, ટીકાના કાળમાં વધશે, નિશ્ચયથી વધશે એમ કહે છે. આહાહાહા !

ભગવાનને પૂછ્યું નથી કે ટીકા કરતી વખતે મને પરમ વિશુદ્ધિ વધશે કે નહીં ? આહાહા ! ( પોતે પોતાના ભગવાનને પૂછ્યું ) એ આત્માનો જે સ્વભાવ ' જ્ઞ ' સ્વભાવ અને જેણે બીજા બધા ગુણોને પ્રસિદ્ધ કર્યા છે, એવો જે જ્ઞાન સ્વભાવ, બીજા ગુણોને પ્રસિદ્ધ કર્યા છે, પ્રગટ કર્યા છે એમ નહીં. છે તેમ જણાવ્યા છે. આહાહા ! એવો જે મારો જ્ઞાન ભાવ, એ પછી કહેશે. એ શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ તે હું છું. વસ્તુ તો આ હું છું. પણ મારી વિશુદ્ધિ નિર્મળ છે પર્યાય, એમાં પરમ વિશુદ્ધિ પર્યાયમાં થાવ–એવો મારો નિશ્ચય ભાવ છે. અને એમ થાય જ છે એમ. આહાહાહા !

બીજી રીતે કહીએ તો પરમ વિશુદ્ધિ થાઓ ! મારી શુદ્ધિ અપ્રતિહત છે. આહાહા ! મારી અનુભૂતિ છે એથી વધશે જ. આહાહા ! શું ચૈતન્યની અનુભવની બલિહારી ! અને ચૈતન્યના પૂરણતાના સ્વભાવના સામર્થ્યની ચમત્કૃતિ !! આહાહા ! આરે પ્રભુ ! આમાં ક્યાં તકરાર, ઓલા કહે કે નહીં ક્રમબદ્ધ નથી. ક્રમબદ્ધ માનનારા એકાંત ઝેર છે, અરે પ્રભુ ! સાંભળ ભાઈ ! પ્રભુ ! તું સર્વજ્ઞ સ્વરૂપી છો કે નહીં નાથ ! આહાહા ! તું કોણ છો ? તું કેટલો છો ? કેવડો છો ? તું જો, જેવડો છો એવડો તને ખ્યાલમાં આવે, તો ક્રમબદ્ધ, અકર્તાપણું અને જ્ઞાતાપણું સિદ્ધ થઈ જાય છે એમાં. આહાહા !

નિયતવાદ થઈ જાય છે આમાં. પણ નિયતવાદ છે એની સાથે પાંચેય વાદ છે, પાંચેય સમવાય છે. સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્યતા ને કાળલબ્ધિ ને ( નિમિત્તનો અભાવ ) બધું છે. અહીંયાં તો જે વસ્તુ હું શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ છું, એવું જે મને ધ્યેયમાં ભાસ્યું છે વસ્તુ, ( દ્રવ્ય ) એ તો એમ જ રહેવાનું, પણ શુદ્ધિ જે છે એ શુદ્ધિ પણ મારા ટીકાના કાળ વખતે શુદ્ધિની વૃદ્ધિ

થશે. આહાહાહા ! ભવતુ કહે છે ભાઈ ! ગજબ છે પ્રભુ ! આહા ! મુનિઓની ગાથા અને કડી !! આહાહા ! અરે દિગંબર સંતો ક્યાં છે જગતમાં ભાઈ ! આહાહા ! ( સ્વભાવકાભી જ્ઞાન, અશુદ્ધતાકા ભી જ્ઞાન, શુદ્ધતાકા ભી જ્ઞાન ) એવું છે. આહાહા ! મારા દ્રવ્યનું પણ ભાન, મારી શુદ્ધિ થઈ છે એની પણ ખબર છે, અને શુદ્ધિ વધશે એમ જ મને ખબર છે. એમાં ખરેખર તો શુદ્ધિ વધશે એમ કહેતા હું આ ભાવે જ, સમ્યગ્દર્શન ને જ્ઞાનના ભાવે જ, હું પૂરણ કેવળજ્ઞાન લેવાનો છું. આહાહા ! એવો મારા પ્રભુનો પોકાર છે, એમ કહે છે. ચૈતન્ય પ્રભુ ! પૂરણ સ્વભાવથી ભરેલો અનંતા ગુણોને પણ એક ગુણ એક સમયમાં જાણનારો, એવો સર્વ ગુણને જાણનારો અને સર્વને જાણનારો, એવો મારો પ્રભુ સર્વજ્ઞ સ્વભાવ, એ મને બેઠો છે. વિશ્વાસમાં સમ્યગ્દર્શનમાં એ વાત બેસી ગઈ છે. વર્તમાનમાં પણ શુદ્ધ પરિણતિ એ ઉપરાંત સ્વના આશ્રયથી સમ્યક્ત્વ છે અને એથી સ્વના વિશેષ આશ્રયથી મારી શુદ્ધિ પણ છે. આહાહા ! અને હજી પણ એથી વિશેષ આશ્રય થશે અને શુદ્ધિ થશે જ. આહાહાહા ! શું મંગળિક ( શુદ્ધિ પ્રગટે. એને જ મંગળિક કહેવાયને ) આહાહાહા !

'પરમવિશુદ્ધિ' વિશુદ્ધિ શબ્દ ઘણો વપરાય છે. વિશુદ્ધિ તો શુભનેય વપરાય છે, શુદ્ધનેય વપરાય છે, દ્રવ્યનેય વપરાય છે. વિશુદ્ધિ શબ્દ દ્રવ્યમાંય વપરાય છે, ગુણમાં વપરાય છે, નિર્મળ પર્યાયમાં પણ વપરાય છે, અને મલિન પર્યાયમાં પણ શુભમાં-વિશુદ્ધિ ( શબ્દ ) વપરાય છે. પંડિતજી ! આહાહાહા ! પણ મારી આ પરમવિશુદ્ધિ તો તદ્દન નિર્મળ છે જ, એ નિર્મળતા વધી જશે. આહાહા ! પરમ વિશુદ્ધિ સમસ્તનો અર્થઃ સમસ્ત રાગાદિ વિભાવ પરિણતિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા થાઓ. હવે કહે છે એ પરિણતિ છે, કઈ રીતે છે ? અશુદ્ધતા હોં, કેમકે વિશુદ્ધિ થાઓ એમ કહ્યું, ત્યારે હજી અશુદ્ધિ છે, વિશુદ્ધિ પણ છે અને અશુદ્ધિ પણ છે, વિશુદ્ધિ પ્રગટ, પ્રગટ વિશુદ્ધિ પણ છે અને પ્રગટ અવિશુદ્ધિ પણ છે, નહીં તો વિશુદ્ધિ પૂરણ પ્રગટ થાઓ એમ ક્યાંથી આવ્યું ? એટલે અશુદ્ધિ પણ છે. આહાહાહાહા ! ત્રણ કષાયનો અભાવ( છે ) એ મુનિરાજ પોતે- આહાહા ! અરે મને પણ હજી અશુદ્ધિ છે, એ અનાદિની છે ઈ છે. અશુદ્ધિ ગઈ 'તી ને થઈ છે નવી એમ નથી-એ અશુદ્ધિનો અંશ એ અનાદિનો છે મારે. આહાહા !

કેવી છે તે પરિણતિ ? અશુદ્ધ, " પરપરિણતિહેતોર્મોહનામ્નોઽનુભવાત્ " પરપરિણતિનું કારણ, છે તો પરિણતિ વિકારી-એથી પરપરિણતિ કહેવામાં આવે છે. સ્વરૂપની પરિણતિ નથી શુદ્ધ. આહાહા ! પર પરિણતિનો હેતુ, હેતુ શબ્દ છે ને ? આહાહા ! હેતુ શબ્દ છે. પરપરિણતિ હેતુ. એનું કારણ એમ, હેતુ એટલે કારણ, મારામાં જે વિકારનો અંશ છે. આહાહા ! એક કોર નિયમસારમાં એમ કહે કે જરી રાગ છે મુનિને, વળી એમ કહે કે મુનિની દશા અને કેવળમાં ફેર માને એ જડ છે એમ કહે છે એક કળશમાં નિયમસારમાં, જરી રાગનો અંશ છે એને ગૌણ કરી નાખીને, આહાહા ! કારણ કે એને નીકળી જવાનો છે. એથી મુનિ અને કેવળમાં કાંઈ ફેર નથી, ફેર માને એ જડ છે, આહાહા ! એમ કહ્યું છે હોં ! એ કળશ છે. આહાહા ! અરે સંતોની તો બલિહારી છે ને !! જેણે કેવળજ્ઞાન રાખ્યા છે ઉભા. આહાહા ! પંચમકાળમાં કેવળજ્ઞાનના કેડાયતોએ કેવળજ્ઞાન ઉભું રાખ્યું છે. આહાહાહા ! અને ત્યાં સુધી કીધું છે ને પ્રવચનસારમાં જેમણે મોક્ષમાર્ગ સાધ્યો છે એને અમે મોક્ષ કહીએ છીએ કહે છે. પ્રવચનસારની છેલ્લી પાંચ

ગાથા છે. છેલ્લી પાંચ ગાથા છે પાંચ રતન છે. પાંચ ગાથા, પાંચ રતન. આહાહા ! પણ અહીંયા જરી અશુદ્ધતા છે એટલું ખ્યાલમાં રાખ્યું છે. બિલકુલ પર્યાય શુદ્ધ જ થઈ ગઈ છે, એમ નથી. વસ્તુ છું એ તો પૂરણ શુદ્ધ છે. આહાહા ! પણ મારી પર્યાયમાં હજી અશુદ્ધતા થોડી છે, શુદ્ધતા છે અને અશુદ્ધતાનો અંશ છે–આહાહા !

એ પરપરિણતિનો હેતુ મોહ નામનું કર્મ છે. નિમિત્ત, તેના અનુભાવ ઉદયરૂપ વિપાકને લીધે એના વિપાકને લઈને. આહાહા ! એને લઈને નહીં હોં. પણ એના વિપાકમાં મારું જોડાણ થયું એને લઈને, એ તો નિમિત્ત કીધુંને ? તો નિમિત્ત અહીંયા કાંઈ કરતું નથી; નહીંતર નિમિત્ત કહેવાતું નથી પણ એનો પાક ત્યાં નિમિત્તમાં આવ્યો, મારી પોતાની પરિણતિ જરી નબળી કમજોરી એટલે અંદર જોડાઈ જાય છે. આહાહા !

ઓહો ! કેવળી સર્વજ્ઞ પરમાત્મા એની ધર્મ કથા એની વાણી ગણધરો ને ઇન્દ્રો વચ્ચે કહી હશે ! આહાહાહા ! સાક્ષાત્ જાણે સિદ્ધ પદ ઉપરથી ઉતર્યું હોય એવી વાણી નીકળતી હશે ત્યાં. આહાહા ! અહીંયા કહે છે મુનિ, એકકોર એમ કહે છે કે સમકિતીને બંધ અને આસ્રવ હોય નહીં, આવે છે ? સમ્યગ્દૃષ્ટિને આસ્રવ અને બંધ હોય નહીં, એ મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અપેક્ષાએ વાત છે. ( ભોગ નિર્જરાનું કારણ છે ) એકકોર એમ કહે છે. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે, ત્યાં તો એની દૃષ્ટિના જોરની અપેક્ષાએ વાત કરી છે અને સમકિતીને આસ્રવ ને બંધ નથી એ તીવ્ર મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નથી. અહીંયા મુનિ કહે છે કે મારે પણ હજી અશુદ્ધતાનો અંશ છે આહાહા ! કેમ ? કે એ મોહ કર્મનું નિમિત્ત છે એને લઈને ‘ અનુભાવ્ય–વ્યાપ્તિ કલ્માષિતાયાઃ ’ અનુભાવ્ય– રાગાદિ પરિણામોની વ્યાપ્તિ મારામાં મારાથી છે, આહાહા ! મોહકર્મ તો નિમિત્ત છે. પણ પર્યાયમાં વિકારની વ્યાપ્તિ મારી કમજોરીને લઈને અનાદિની છે, ઈ છે. ભલે મુનિપણું પ્રગટયું છે, સમકિત પ્રગટયું છે, એ સમકિત હવે કેવળજ્ઞાન લીધે જ છૂટકો છે, પણ આ પરિણતિ છે અનાદિની હજી અશુદ્ધ ઊભી છે થોડી, આહાહાહા ! એ અમારા ખ્યાલ બહાર નથી. આહાહા !

પંચમઆરાના સંતો, આહાહા ! કહે છે કે એ અવિરતમ્ અનુભાવ્ય વ્યાપ્તિ આહાહા ! રાગાદિ પરિણામોની વ્યાપ્તિ અવિરતમ્ નિરંતર છે ને ? આહાહા ! એકકોર પ્રભુ શુદ્ધ પૂરણ દ્રવ્ય છે, પરિણતિ– પર્યાયમાં આનંદ અને પરિણતિ શુદ્ધ વર્તે છે, છતાં ત્યાં હજુ એક અશુદ્ધ પરિણતિ નિરંતર વર્તે છે. આહાહા ! કારણકે અશુદ્ધ પરિણતિ ગઈ હોય અને ફરીથી થાય એમ તો હોતું નથી, અશુદ્ધની પરિણતિ અનાદિની છે એ જો નાશ થઈ ગઈ હોય તો તો ફરીને થાય નહીં. અનાદિની પરિણતિ વસ્તુના સ્વભાવનો અનુભવ હોવા છતાં, નિર્મળ પરિણતિ કેટલીક હોવા છતાં, પૂરણ નથી માટે નિરંતર કલ્માષિતાયાં– કલુષિત પરિણતિ છે મારે. આહાહા ! ( નિરંતર વર્તે છે ) આહાહા ! છે ને ?

અવિરતમ્ નિરંતર કલ્માષિત, આહાહા ! મેલી છે. અનુભાવ્ય વ્યાપ્તિ કીધીને, એનાથી વ્યાપ્ત છું. આહાહા ! કર્મ તો નિમિત્ત માત્ર છે, પણ મારી પરિણતિમાં અશુદ્ધતાનો અંશ છે હજી. અનાદિનો એ અંશ છે. અનાદિનો અંશ છે એટલે મિથ્યાત્વ અને અનંતાનુબંધી આદિ ટળી ગયા નથી એમ નહિ એ ટળી ગયા છે. ત્રણ કષાય અને મિથ્યાત્વ ( ટળી ગયા ) છે. પણ આ છે એ

અનાદિની પરિણતિ છે આ તો. ગઈ 'તી ને થઈ છે એમ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આવો માર્ગ વીતરાગનો બહુ બાપુ. આહા !

અનુભાવ્ય, એ મારી જ વાત છે એમ કહે છે, અનુભાવ્યમાં. અનુભાવ કર્મનો, અનુભાવ કર્મનો નિમિત્ત, અનુભાવ્ય મારી પરિણતિ, મારી પરિણતિમાં અનુભાવ્ય મારા લઈને વ્યાપ્ત છે એમ કહે છે. આહાહા ! અનુભાવ એ નિમિત્ત છે અનુભાવ્ય એ પોતાની અશુદ્ધ પરિણતિ છે સાથે, આહાહા ! નિરંતર મેલી છે, આહાહા ! એક કોર એમ કહે જ્યાં ત્યાં આધાર આપે છે સમકિતીને આસ્રવબંધ નથી. સમકિતીને આસ્રવ બંધ નથી. કઈ અપેક્ષાએ ભાઈ ! એને મિથ્યાત્વ ને અનંતાનુબંધીનું મૂળ સંસાર છે તે આસ્રવ બંધ નથી. બીજો આસ્રવ હજી છે ચોથે ત્રણ કષાય, પાંચમે બે, છઠ્ઠે એક-આહાહા ! અરે દસમા ( ગુણસ્થાન ) સુધી હજી રાગનો અંશ અને આસ્રવ છે.

એક કોર દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ છે, એને આશ્રયે શુદ્ધ પરિણતિ પણ થઈ છે. પણ પૂરણ મારો આશ્રય એ નથી. તેથી કર્મનું નિમિત્ત જે અનુભાવ એમાં મારું લક્ષ જાય છે, આશ્રય થાય છે. આહાહા ! અહીં ( સ્વમાં ) આશ્રય પૂરો નથી એટલે અહીં ( પરમાં ) આશ્રય જાય છે. પણ એ મારા પુરુષાર્થની નબળાઈને લઈને એ રાગનું વ્યાપ્તપણું છે. આહાહા ! એ કર્મને લઈને નહીં. એમ મલિનતાનો અંશ જરીયે નથી એમ નહીં. આરે ! હવે આવી વાતું છે. સ્વામી કાર્તિકૈયમાં તો ત્યાં સુધી કહ્યું છે એક ઠેકાણે કે સમકિતી વસ્તુ તરીકે, પ્રભુ તરીકે સ્વીકારે છે પોતાને, પણ સમકિતી પર્યાયમાં તૃણ તુલ્ય પામર માને છે, ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં ચારિત્ર દશા, આહાહા ! અને ક્યાં આ મારી એક અને અનંતાનુબંધીના મિથ્યાત્વ અભાવની પરિણતિ, હું પામર છું. આહાહા ! તૃણ તુલ્ય છું એવો પાઠ છે સ્વામી કાર્તિકેય ( ગ્રંથમાં ) તરણ તૃણ તૃણ તનીક તરણા તુલ્ય ! ક્યાં પ્રભુ કેવળજ્ઞાન અને ક્યાં હું ? એક કોર પૂરણ છું દ્રવ્યે, એક કોર તૃણ તુલ્ય પર્યાયમાં છું. આહાહા ! એ મારું લક્ષ છે અને તેને ટાળવા માટે મારો પ્રયત્ન ટીકા કરવામાં છે. આહાહા ! જો કે ટીકાને કરવાનો કાળ આવ્યો છે પણ નહીંતર એને ટાળવાના પ્રયત્નમાં જ હું છું. અંતરના સ્વભાવ સન્મુખ થવામાં જ મારી પ્રયત્ન દશા છે પણ હવે આ ટીકાનો કાળ આવ્યો છે તેથી કહું છું કે ટીકાથી મારી પરમ વિશુદ્ધિ થજો. આહાહાહા !

નિરંતર, કોનાથી ? અનુભાવ મોહકર્મને લીધે. વ્યાપ્તિ કલ્માષિતાયાઃ મેલી છે. આહાહા ! મુનિરાજ કહે છે કે મારી પર્યાયમાં મલિનતા છે. આહાહાહા ! એક સંજવલનનો રાગ, સંજ્વલનનો ચોથા કષાયનો પણ મેલ છે. આહાહા ! પાઈએ પાઈનો હિસાબ છે અહીં તો. લોકો નથી કહેતા પાઈ-પાઈનો હિસાબ, આહાહા ! એમ જેટલું ત્રિકાળ શુદ્ધ છે એ પણ છે, પરિણતિ શુદ્ધ છે એ પણ છે, અને અનુભાવ્ય કર્મના નિમિત્તમાં જોડાણ જે કાંઈ છે એ નિરંતર કલ્માષિત પણ છે. આહા ! વસ્તુ તો જેમ છે એમ એણે યથાર્થ જોવી જોઈ ( એ ) ને ? આઘી પાછી, ઓછી અધિક, વિપરીત એમ ન હોય. આહાહા ! ( સમ્યગ્જ્ઞાન તભી કહેલાયેગા ) ઓછી, અધિક, વિપરીત ( વિના ) બરાબર તુલના કરના.

" અને હું કેવો છું ? " જોયું, ઓલી મારી પરિણતિ એમ કીધી 'તી. આહાહા ! મારી પરિણતિ પહેલી એમાં મમ્ અનુભૂતિ એમ હતું નિર્મળમાં અને એની હારે જરીક પર પરિણતિ

હેતુ મોહ નામ્નો અનુભાવાત છે- થોડી પરિણતિ અશુદ્ધ છે. આહાહા ! પણ હું કેવો છું ? આહાહા ! વસ્તુ તરીકે હું કેવો છું ? પરિણતિમાં કેટલીક શુદ્ધતા છે ઘણી, અને થોડી અશુદ્ધ છે. હું કેવો છું ? આહાહા ! મારું મોજૂદગીપણું કેવું. કેવડું છે ? " શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ " શુદ્ધ જ્ઞાન માત્ર સ્વરૂપ, શુદ્ધ જ્ઞાનમાત્ર સ્વરૂપ " દ્રવ્ય દૃષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ સ્વરૂપ " એમ. શુદ્ધ ચૈતન્ય માત્ર મૂર્તિ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ મૂર્તિ એટલે સ્વરૂપ શુદ્ધચૈતન્ય સ્વરૂપ વસ્તુ દૃષ્ટિએ તો ત્રિકાળ. આહાહાહા ! શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ, એકલો સર્વજ્ઞ સ્વભાવ સ્વરૂપ મારું છે. આહાહા ! સર્વજ્ઞ શક્તિ છે ને એમાં એટલે હું તો શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ સ્વરૂપ જ છું ચિન્માત્ર- પૂરણ ચિન્ જ્ઞાનમાત્ર મારું સ્વરૂપ છે. હું તો એ છું. આહાહા ! મારી પરિણતિ પર્યાય દૃષ્ટિ મેં કીધી પર્યાયદૃષ્ટિ પણ વસ્તુ દૃષ્ટિએ તો હું શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ છું. આહા ! બેય નયને સમાડી છે. આહાહા !

શુદ્ધ ચિન્માત્ર ! ખુલાસો કર્યો. દ્રવ્ય દૃષ્ટિથી એમ ખુલાસો કર્યો, શું કે ઓલું પર્યાય દૃષ્ટિએ અનુભાવ્ય હતો ને એટલે જરી ખુલાસો કર્યો. વસ્તુ છું. એ તો એને દ્રવ્ય દૃષ્ટિથી કહો કે વસ્તુ છું કહો, વસ્તુથી તો હું શુદ્ધ ચિનમાત્ર મૂર્તિ સ્વરૂપ છું. વસ્તુ તો ચિન્ જ્ઞાન માત્ર ચેતના સ્વભાવ પૂરણ સ્વરૂપ માત્ર મારી ચીજ છે. અપૂર્ણતા નથી, અશુદ્ધતા નથી. આહાહા ! સંયોગ નથી સંયોગી ભાવ વિકાર નથી, પણ અલ્પજ્ઞની પર્યાય પણ હું નથી. આહાહા ! પર્યાયથી અશુદ્ધતા મારામાં છે એમ કહ્યું. આહાહા ! વસ્તુ તરીકે, શુદ્ધ જ્ઞાન માત્ર સ્વરૂપ, શુદ્ધ જ્ઞાન માત્ર સ્વરૂપ ( છું ) આહાહા ! અહીંયા સર્વજ્ઞ સિદ્ધ કર્યું પાછું. એ વસ્તુ જ્ઞાન સ્વરૂપ જ છે. જ્ઞાનને પછી વિશેષણ લગાડો તો સર્વજ્ઞ જ્ઞાન સ્વરૂપ છે. જ્ઞાન સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ એ વિશેષણ લગાડો તો શુદ્ધ ચિન્માત્ર સ્વરૂપ, સર્વજ્ઞ સ્વભાવ માત્ર સ્વરૂપ, આહાહા ! એવી ચીજ હું ત્રિકાળ છું. શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ, મૂર્તિ એટલે સ્વરૂપ, મૂર્તિ એટલે અહીં વર્ણ ગંધ રસ સ્પર્શવાળી મૂર્તિનું અહીં કામ નથી. શુદ્ધ ચૈતન્યમાત્ર સ્વરૂપ, ત્રિકાળ જ્ઞાયકભાવ, શુદ્ધ જ્ઞાન ભાવ, પૂરણ સ્વભાવ ભાવ એ મારું સ્વરૂપ છે. આહાહાહા ! એક શ્લોકે કેટલું કહ્યું છે. આહાહાહા ! જુઓને, સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે. સંતોએ સહેલો કરી નાખ્યો છે. ( શ્રોતાઃ- આપ ભી સહેલા કરતે હો વર્તમાનમેં ) એ શબ્દાર્થ થયો.

ભાવાર્થઃ- આચાર્ય કહે છે, આચાર્ય છે ને ! અમૃતચંદ્ર આચાર્ય છે મુનિ છે ને, આચાર્ય છે. આહાહા ! એ પણ કહે છે કે મારી પરિણતિમાં અશુદ્ધતા થોડી છે હોં. આહાહાહા ! મારા લક્ષ બહાર નથી કે હું શુદ્ધ જ થઈ ગયો. બસ મારે બધી અશુદ્ધતા જે આવે એ નિર્જરી જાય છે એમ નથી. અશુદ્ધતા આવે એટલી મલિન દશા થાય છે, અને એટલો બંધ પણ થાય છે. જેમાં મોહ નિમિત્ત છે અનુભાવ અને અહીં અનુભાવ્ય વ્યાપ્ત મારાથી છે. એમ અશુદ્ધતા મારાથી છે અને કર્મનો થોડો બંધ થાય છે, એમાં અશુદ્ધતા નિમિત્ત છે. આહાહા ! વિશેષ જાણવાની આમાં ઓલી ( જરૂર ) નથી, પણ વિશેષ રુચી અને પરિણતિનું જ્ઞાન એ ઉપર જોર છે અહીંયા તો, દૃષ્ટિનું જોર ધ્રુવ ઉપર અને પરિણતિની પર્યાયના બે ભાગ, શુદ્ધ અને અશુદ્ધ એનું જ્ઞાન યથાર્થ વર્તે છે. આહાહાહા !

આચાર્ય કહે છે કે શુદ્ધ ચિન્માત્ર મૂર્તિની વ્યાખ્યા કરી, " શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ, "

તો હું, શુદ્ધ દ્રવ્યનું જેને પ્રયોજન છે જે જ્ઞાનમાં, શુદ્ધ પૂરણ દ્રવ્ય સ્વભાવ, જ્ઞાયક વીતરાગ સ્વભાવ શુદ્ધ ધ્રુવ ત્રિકાળ એકરૂપ એવું જે નયનું પ્રયોજન છે, શુદ્ધ દ્રવ્યનું આર્થિક, આર્થિક એટલે પ્રયોજન, શુદ્ધ દ્રવ્યનું જેને પ્રયોજન છે એવું જે જ્ઞાન એટલે નય, એની દૃષ્ટિએ તો હું શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું. આહાહાહા ! સમ્યગ્દૃષ્ટિ માત્ર એ બધા, હું શુદ્ધ ચિન્ માત્ર છું એમ દ્રવ્યને માને છે. પર્યાયમાં ફેર છે ચોથે, પાંચમે, છઠ્ઠે એ જુદી વાત છે. આહાહા ! " જેવું સમકિત તિર્યંચનું એવું સમકિત સિદ્ધનું " સમકિતમાં ફેર નથી, ચારિત્રમાં અસ્થિરતામાં ફેર છે. આવે છે ને ' રહસ્યપૂર્ણ ચિઠ્ઠિ ' ટોડરમલમાં આવે છે. જેવું સમકિત તિર્યંચનું એવું સમકિત સિદ્ધનું ચિઠ્ઠિ ( માં ) આવે છે ને ? રહસ્યપૂર્ણ ચિઠ્ઠિ એમાં આવે છે

અહીં કહે છે હું શુદ્ધ દ્રવ્યના પ્રયોજનની દૃષ્ટિથી તો શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું, પરંતુ આવી ચીજ હોવા છતાં અને દૃષ્ટિમાં એ ( ચીજ ) આવી છે છતાં, મારી પરિણતિ મોહ કર્મના ઉદયનું નિમિત્ત પામીને, મેલી છે નિમિત્ત છે એ તો, આહાહાહા ! આચાર્ય એમ કહે છે કે હજી મને મેલી દશા છે, એમ કહે છે એવો વિકલ્પ ઊઠે છે જરી એટલી મેલી છે, એમ ગર્વમાં ચડી ન જઈશ કે સમકિત થઈ ગયું માટે હવે બસ કાંઈ નથી, બંધેય નથી ને રાગેય નથી, એમ કરીશમાં બાપા. આહાહા !

મોહ કર્મના ઉદયનું નિમિત્ત પામીને ( પરિણતિ ) મેલી છે, રાગાદિ સ્વરૂપ થઈ રહી છે. આહાહા ! એક કોર એમ કહ્યું મોક્ષમાર્ગ પ્રકાશકમાં કે મુનિને અશુભભાવ તો છે જ નહિ. આવે છે ને ? પહેલા, અશુભભાવ છે જ નહિ, ફક્ત ધર્મના લોભીને દેખીને શુભભાવ આવે, આવે છે ને એમાં ? પણ એ શુભભાવ આવે એ પોતાના પુરૂષાર્થની કમજોરી છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે શરૂઆતમાં. આહાહા ! કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ ને ? શુભભાવ હોય ત્યારે ઉપદેશ ચાલે એમ કે. અશુભ તો છે જ નહિ. અને એક બાજું એમેય કહે કે છઠ્ઠે ગુણસ્થાને હજી આર્તધ્યાન છે લેશ્યા ત્રણ કહે. તેજો, પદ્મ ને શુક્લ છઠ્ઠે ગુણસ્થાને લેશ્યા કૃષ્ણ, નીલ, કાપોત નહીં, એ નહીં, ત્રણ શુદ્ધ કહે અને એક કોર ધ્યાનના ચાર ભાગ પાડતાં આર્તધ્યાનનો ભાગ હજી છઠ્ઠે છે. આહાહાહા ! કષાયનો અંશ છે ને, એટલું આર્ત છે. એટલો ચૈતન્ય શુદ્ધ પ્રાણ પીડાય છે.

" રાગાદિસ્વરૂપ થઈ રહી છે " તેથી શુદ્ધ આત્માની કથનીરૂપ " શુદ્ધ આત્માનું કહેવાનું રૂપ આમાંથી કોઈ એમ પકડે કે જુઓ આપણે ગમે તેવો ઉપદેશ દઈએ તો આપણને કોઈ બંધ છે જ નહિ, એમ નહીં. છદ્મસ્થને ઉપદેશમાં રાગ આવે છે, વિકલ્પ છે, કેવળીને નથી. તે તો વિકલ્પ વિના વાણી નીકળે છે, નિયમસારમાં પાછળ ( લખ્યું છે ).

અહીંયા કહે છે," શુદ્ધ આત્માની કથની જે આ સમયસાર ગ્રંથ છે તેની ટીકા કરવાનું ફળ, તેની ટીકા કરવાનું ફળ એ ચાહું છું કે મારી પરિણતિ રાગાદિ રહિત થઈ શુદ્ધ થાઓ. " ટીકા કરવામાં પરદ્રવ્ય ઉપર લક્ષ છે. અને એક કોર એમ કહે કે પરદ્રવ્ય ઉપર લક્ષ હોય તો રાગ થયા વગર રહે જ નહીં. પરદવ્વાઓ દુગ્ગઈ એમ કહ્યું છે, મોક્ષ પાહુડમાં ૧૬મી ગાથા. તો અહીં તો ટીકા, ટીકા તો શબ્દો છે, પરદ્રવ્ય છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે તો રાગ તો છે પણ એના ઉપર જોર ન દેતાં સ્વભાવના ધ્યેય ઉપર જોર કરીને, આ ટીકાથી, છે ને ? તેનું ફળ ચાહું છું કે " મારી પરિણતિ રાગાદિ રહિત શુદ્ધ થાઓ, " આ અપેક્ષા છે. આહાહા ! એક કોર ઉપદેશનો વિકલ્પ ઊઠે

છે એ રાગ છે, એટલું બંધન છે, પરદ્રવ્ય તરફનો આશ્રય છે રાગની દિશા પર તરફ છે, રાગની દશા મેલી છે. આહાહાહા !

મારી પરિણતિ રાગાદિ રહિત થઈ જાઓ, ‘ મારા શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાઓ. ’ એનો અર્થ જ એ કે શુદ્ધ પ્રાપ્તિ થશે જ. આહાહાહા ! શું વાણી ! આહાહા ! શુદ્ધ પ્રાપ્તિ થાઓ, “ બીજું કાંઈ પણ ખ્યાતિ, કે હું ટીકા કરું છું તો મારી આબરુ વધે. ઓહોહો ! કે જો ટીકા કરી આમણે, એ કાંઈ લક્ષ નથી મને ખ્યાતિ, લાભ, કાંઈક માનનો પ્રશંસાનો લાભ મળે. ઓહોહો ! અભિનંદન આપે, ભારે ટીકા કરી તમે એ કાંઈ અમે ચાહતા નથી બાપુ અમારું એ કામ નથી અહીંયા. આહાહા ! આવી ટીકા આત્મખ્યાતિ જેવી, અત્યારે હિન્દુસ્તાનમાં બીજે તો નથી દિગંબરમાં પણ આ ટીકા શાસ્ત્રમાં છે એવી ટીકા બીજે ઠેકાણે નથી. એવી ટીકા, એવી ટીકા. ઓહોહો ! અને જેનું નામ આત્મખ્યાતિ- આત્મ પ્રસિદ્ધિ- આત્માને પ્રસિદ્ધ કરીએ છીએ. આહાહા ! આહાહા ! લાભ, પૂજાદિ ચાહતો નથી. પૂજાએ ચાહતો નથી. આચાર્ય છું માટે એમ કહે, ઓહો ! બહુ તમે બહુ જબરા હોં આવડત છે અમે કાંઈ ચાહતા નથી બાપુ ! અમને તો ટીકાના કાળમાં અશુદ્ધતા થોડી છે એ જાઓ, બીજી કોઈ ચાહના નથી. આહાહા !

‘ આ પ્રકારે આચાર્યે ટીકા કરવાની પ્રતિજ્ઞા ગર્ભિત ’ ટીકા કરવાની આ શાસ્ત્રની ટીકા કરવાની પ્રતિજ્ઞા લીધી. એના ગર્ભિત “ એના ફળની પ્રાર્થના કરી લ્યો ”- એ શ્લોક થયો લ્યો.

હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે. તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તો પણ તે જીવને સમ્યક્ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું. જ્ઞાયક છું. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દૃઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છુટકો. ૩૫૯. ( પરમાગમસારમાંથી )

## ગાથા - ૧

હવે મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છેઃ-

अथ सूत्रावतारः-

वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।
वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।

वन्दित्वा सर्वसिद्धान् ध्रुवामचलामनौपम्यां गति प्राप्तान्।
वक्ष्यामि समयप्राभृतमिदं अहो श्रुतकेवलिभणितम्।।१।।

अथ प्रथमत एव स्वभावभावभूततया ध्रुवत्वमवलम्बमानामनादिभावान्तरपरपरिवृत्तिविश्रान्तिवशेनाचलत्वमुपगतामखिलोपमानविलक्षणाद्भुतमाहात्म्यत्वेनाविद्यमानौपम्यामपवर्गसंज्ञिकां गतिमापन्नान् भगवतः सर्वसिद्धान् सिद्धत्वेन साध्यस्यात्मनः प्रतिच्छन्दस्थानीयान् भावद्रव्यस्तवाभ्यां स्वात्मनि परात्मनि च निधायानादिनिधनश्रुतप्रकाशितत्वेन निखिलार्थसार्थसाक्षात्कारिकेवलिप्रणीतत्वेन श्रुतकेवलिभिः स्वयमनुभवद्भिरभिहितत्वेन च प्रमाणतामुपगतस्यास्य समयप्रकाशकस्य प्राभृताह्वयस्यार्हत्प्रवचनावयवस्य स्वपरयोरनादिमोहप्रहाणाय भाववाचा द्रव्यवाचा च परिभाषणमुपक्रम्यते।

---

(હરિગીત)

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળી ભાષિત આ સમયપ્રાભૃત અહો! ૧.**

**ગાથાર્થઃ-** આચાર્ય કહે છેઃ હું [ ध्रुवाम् ] ધ્રુવ, [ अचलाम् ] અચળ અને [ अनौपम्यां ] અનુપમ-એ ત્રણ વિશેષણોથી યુક્ત [ गति ] ગતિને [ प्राप्तान् ] પ્રાપ્ત થયેલ એવા [ सर्वसिद्धान् ] સર્વ સિદ્ધોને [ वंदित्वा ] નમસ્કાર કરી, [ अहो ] અહો! [ श्रुतकेवलिभणितम् ] શ્રુતકેવળીઓએ કહેલા [ इदं ] આ [ समयप्राभृतम् ] સમયસાર નામના પ્રાભૃતને [ वक्ष्यामि ] કહીશ.

**ટીકાઃ-** અહીં (સંસ્કૃત ટીકામાં) 'अथ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે. ગ્રંથના આદિમાં સર્વ સિદ્ધોને ભાવ-દ્રવ્ય સ્તુતિથી પોતાના આત્મામાં તથા પરના આત્મામાં સ્થાપીને આ સમય નામના પ્રાભૃતનું ભાવવચન અને દ્રવ્યવચનથી પરિભાષણ શરૂ કરીએ છીએ-એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે. એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે, -જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને, તેમના જેવા થઈ જાય છે અને ચારે ગતિઓથી વિલક્ષણ જે પંચમગતિ મોક્ષ તેને પામે છે. કેવી છે તે પંચમગતિ? સ્વભાવભાવરૂપ છે તેથી ધ્રુવપણાને અવલંબે છે. ચારે ગતિઓ પર નિમિતથી થતી હોવાથી ધ્રુવ નથી,

વિનાશિક છે; ‘ ધ્રુવ ’ વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિક્તાનો વ્યવચ્છેદ થયો. વળી તે ગતિ કેવી છે ? અનાદિ કાળથી અન્ય ( પર ) ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ ( અભાવ ) વશ અચલપણાને પામી છે. આ વિશેષણથી, ચારે ગતિઓને પરનિમિત્તથી જે ભ્રમણ થાય છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો. વળી તે કેવી છે ? જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્‌ભુત માહાત્મ્ય હોવાથી તેને કોઈની ઉપમા મળી શકતી નથી. આ વિશેષણથી, ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો. વળી તે કેવી છે ? અપવર્ગ તેનું નામ છે. ધર્મ, અર્થ અને કામ-એ ત્રિવર્ગ કહેવાય છે; મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી તેને અપવર્ગ કહી. -આવી પંચમગતિને સિદ્ધભગવંતો પામ્યા છે. તેમને પોતાના તથા પરના આત્મામાં સ્થાપીને, સમયનો ( સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો ) પ્રકાશક એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ ( અંશ ) તેનું, અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે, હું પરિભાષણ કરું છું. કેવો છે તે અર્હત્પ્રવચનનો અવયવ ? અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી, સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળીભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી અને કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર તેમ જ પોતે અનુભવ કરનાર એવા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી પ્રમાણતાને પામ્યો છે. અન્યવાદીઓનાં આગમની જેમ છદ્મસ્થ ( અલ્પજ્ઞાની ) ની કલ્પના માત્ર નથી કે જેથી અપ્રમાણ હોય.

ભાવાર્થઃ- ગાથાસૂત્રમાં આચાર્યે ‘ वक्ष्यामि ’ કહ્યું છે તેનો અર્થ ટીકાકારે ‘ वच् परिभाषणे ’ ધાતુથી ‘ પરિભાષણ ’ કર્યો છે. તેનો આશય આ પ્રમાણે સૂચિત થાય છેઃ ચૌદ પૂર્વમાં જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વમાં બાર ‘ વસ્તુ ’ અધિકાર છે; તેમાં પણ એક એકના વીશ વીશ ‘ પ્રાભૃત ’ અધિકાર છે. તેમાં દશમા વસ્તુમાં સમય નામનું જે પ્રાભૃત છે તેનાં મૂળ સૂત્રોના શબ્દોનું જ્ઞાન તો પહેલાં મોટા આચાર્યોને હતું અને તેના અર્થનું જ્ઞાન આચાર્યોની પરિપાટી અનુસાર શ્રી કુંદકુંદાચાર્યને પણ હતું. તેમણે સમયપ્રાભૃતનું પરિભાષણ કર્યું -પરિભાષાસૂત્ર બાંધ્યું. સૂત્રની દશ જાતિઓ કહેવામાં આવી છે તેમાં એક ‘ પરિભાષા ’ જાતિ પણ છે. અધિકારને જે યથાસ્થાનમાં અર્થદ્વારા સૂચવે તે પરિભાષા કહેવાય છે. શ્રી કુંદકુંદાચાર્ય સમયપ્રાભૃતનું પરિભાષણ કરે છે એટલે કે સમયપ્રાભૃતના અર્થને જ યથાસ્થાનમાં જણાવનારું પરિભાષાસૂત્ર રચે છે.

આચાર્યે મંગળ અર્થે સિદ્ધોને નમસ્કાર કર્યો છે. સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે અને સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે તેથી તેમને નમસ્કાર કરવો ઉચિત છે. કોઈ ઇષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો તેની ચર્ચા ટીકાકારના મંગળ પર કરેલી છે તે અહીં પણ જાણવી. સિદ્ધોને ‘ સર્વ ’ એવું વિશેષણ આપ્યું છે; તેથી તે સિદ્ધો અનંત છે એવો અભિપ્રાય બતાવ્યો અને ‘ શુદ્ધ આત્મા એક જ છે ’ એવું કહેનાર અન્યમતિઓનો વ્યવચ્છેદ કર્યો. શ્રુતકેવળી શબ્દના અર્થમાં, ( ૧ ) શ્રુત અર્થાત્ અનાદિનિધન પ્રવાહરૂપ આગમ અને કેવળી અર્થાત્ સર્વજ્ઞદેવ કહ્યા, તેમજ ( ૨ ) શ્રુત-અપેક્ષાએ કેવળી સમાન

**એવા ગણધરદેવાદિ વિશિષ્ટ શ્રુતજ્ઞાનધરો કહ્યા; તેમનાથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ કહી છે. એ રીતે ગ્રંથની પ્રમાણતા બતાવી અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો; અન્યવાદી છદ્મસ્થ ( અલ્પજ્ઞાની ) પોતાની બુદ્ધિથી પદાર્થનું સ્વરૂપ ગમે તે પ્રકારે કહી વિવાદ કરે છે તેનું અસત્યાર્થપણું બતાવ્યું.**

**આ ગ્રંથનાં અભિધેય, સંબંધ, પ્રયોજન તો પ્રગટ જ છે. શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય છે. તેના વાચક આ ગ્રંથમાં શબ્દો છે તેમનો અને શુદ્ધ આત્માનો વાચ્ય-વાચકરૂપ સંબંધ તે સંબંધ છે. શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવી તે પ્રયોજન છે.**

## પ્રવચન નં-૫ ગાથા - ૧ તા.૧૧-૬-૭૮ રવિવાર જેઠ સુદ-૫ સં. ૨૫૦૪ શ્રુતપંચમી

આ એક સમયસાર સિદ્ધાંત છે. સમયસાર એટલે શુદ્ધાત્માનું કથન. અંદર ભગવાન આત્મા દેહથી ભિન્ન, દેહ તો જડ છે, અંદર પુણ્ય પાપના ભાવ થાય, શુભ-અશુભ વિકલ્પો રાગ એ પણ વિકાર છે, એનાથી રહિત અંદર પૂરણ શુદ્ધ ચૈતન્યઘન, અનાદિ અનંત, ઉત્પત્તિ અને નાશ વિનાની ચીજ જે છે આનંદઘન એને અહીંયા સમયસાર અથવા આત્મા કહે છે. એ આત્માની આમાં વ્યાખ્યા છે.

પ્રથમ અહીં છે, મૂળ ગાથા સૂત્રકાર, એક, એક ગાથા છે ને ! એક ઉપર કુંદકુંદાચાર્ય ગ્રંથની આદિમાં મંગળિક પૂર્વક પ્રતિજ્ઞા કરે છે. આજે શ્રુત-પંચમીનો દિવસ છે ને શરૂઆત આજ ઓગણીસમી વાર શરૂઆત થાય છે સમયસાર. ઓગણીસમી વાર અઢાર વાર તો દરેક શબ્દનો અર્થ કરીને અઢાર વાર તો વંચાઈ ગયું. તેંતાલીસમું વર્ષ હાલે છે અહીં ( સોનગઢમાં ) અઢાર વાર તો થઈ ગયું આ ઓગણીસમી વાર છે. શું કહે છે સૂત્ર અવતાર

वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।
वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।। १।।

( હરિગીત )

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળી-કથિત આ સમયપ્રાભૃત અહો ! ૧.**

ગાથાર્થ લઈએ, " આચાર્ય કહે છે " સંત છે મુનિ છે. અતીન્દ્રિય આનંદના અનુભવી છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો સચ્ચિદાનંદ પ્રભુ છે. અનાદિથી એની એને ( અજ્ઞાનીને ) ખબર નથી. છે ? ' સત્ ' ' ચિદ્ ' ' આનંદ ' છે. જ્ઞાન, આનંદ એવું એનું સ્વરૂપ છે, એનું કાયમી એવા સ્વરૂપને અહીં આચાર્ય કહે છે, હું અનુભવું છું અને અનુભવીને જગતના પ્રાણી માટે અને મારા હિતને માટે અને પૂર્વ પરમાત્મા જે થયા એને હું વંદન કરીને શરૂઆત કરું છું. પૂરણ પરમાત્મા આત્મદશાને પામ્યા, આનંદ પ્રભુ પૂર્ણ આનંદ સ્વરૂપ છે, એનો સ્વભાવ જ આનંદ છે. આહાહા ! એ અતીન્દ્રિય આનંદના સ્વભાવનું જેને વર્તમાન દશામાં પ્રાપ્ત થયું, એને પરમાત્મા કહેવામાં આવે છે, એને સિદ્ધ કહેવામાં આવે છે. એ સિદ્ધને નમસ્કાર કરીને હું

આ કહીશ એમ કહે છે.

કહે છે ને જુઓ ! હું ધ્રુવ, ધ્રુવ પરમાત્મ પદ છે એ તો ધ્રુવ છે પામેલની વાત છે, સિદ્ધ, સિદ્ધ. જેમ સકરકંદ છે ને સકરકંદ, એ સકરકંદની ઉપરની લાલ છાલ છે એ ન જુઓ તો એ સકરકંદ છે, સકરકંદ એટલે સાકરની મીઠાશનો પિંડ, પછી ભાષા શકરીયા ને શકરની એવી ભાષા થઈ ગઈ છે. મૂળ તો લાલ જે છાલ છે લાલ, એ ન જુઓ તો એ સાકરકંદ છે. સાકરની મીઠાશનું દળ છે. સાદી ભાષા છે. આ તો દૃષ્ટાંત છે. એમ આ આત્મા, કઠણ આ વાત છે. આ આત્મા અંદર જે ચીજ છે, એના પુણ્ય ને પાપના વિકલ્પો જે રાગ ઊઠે છે, એ તો છાલ છે, આ તો જડ છે, શરીર, આ તો કાંઈ આત્મા નથી. આ તો માટી જડ ધૂળ છે, પણ અંદર કોઈ દયા–દાન – વ્રત– ભક્તિના ભાવ એ પુણ્ય રાગ છે. હિંસા, જૂઠું, વિષય, ભોગ, વાસના, કામ–ક્રોધ એ પાપ રાગ છે. એ પુણ્ય ને પાપના ભાવ એ લાલ છાલ જેવા સકરકંદની ઉપર છે. એ ભાવની પાછળ જુઓ તો આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે. આહાહાહા !

પ્રભુ ! પણ બેસવું ( કઠણ પડે ) કોઈ દિ ' અભ્યાસ ન મળે આ, દુનિયાના અભ્યાસ આગળ બહારના અભ્યાસ વધાર્યા આ દાકતરના એલ.એલ.બી.ના ને એમ. એ.ને પૂંછડા મોટા લાંબા કર્યા એનાં, પણ આ હું છું એની ખબરેય ન મળે ! આહાહા !

અહીં ઈ કહે છે. જે કોઈ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પ્રભુ છે. ઉપરની લાલ છાલની જેમ પુણ્ય ને પાપના ભાવો વિકાર અને વિકૃત છે. એને જેણે દૂર કરીને, જેણે પૂરણ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે, જેમ સકરકંદ સાકરની મીઠાશનો પિંડ છે, એને ખૂલ્લો કર્યો જેમ છાલ કાઢીને, તેમ જેણે પૂરણ અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ પૂરણ સત્તા હોવાવાળી ચીજ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ, એનું ભાન કરીને જેણે વિકારનો નાશ કર્યો, અને પૂર્ણાનંદની જેને પ્રાપ્તિ થઈ તેને અહીંયા સિદ્ધ પરમાત્મા પરમેશ્વર કહેવામાં આવે છે. એ પરમેશ્વરને નમસ્કાર કરે છે. આહાહા ! તો એમાં આસ્થાપણું તો એટલું આવ્યું. એક તો પૂરણ આનંદને પ્રાપ્ત અનંત પરમાત્મા થઈ ગયા. કેમકે એકેક જીવ પણ પુરૂષાર્થ કરે તો થોડા કાળમાં પૂર્ણાનંદ પ્રાપ્ત થાય, તો અનંતકાળ થયો એમાં અનંતા થઈ ગયા છે. સિદ્ધપદને, પરમાત્મપદને પામેલા અનંત આત્માઓ થયા છે.

તેથી અહીં કહે છે બધા સિદ્ધને, અનંત અનંત સિદ્ધો જે થયા. આહાહા ! પ્રતીતમાં કેટલી વાત છે એને ? કે અનંત આત્માઓ અને તે અનંત આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ હતા. એ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ દશામાં પ્રાપ્ત થયા અને મુક્ત થયા એટલે દુઃખ અને વિકારથી મુક્ત થયા. અને એના સ્થાનમાં અતીન્દ્રિય આનંદની પૂરણતાની પ્રાપ્તિ કરી એને અહીંયા સિદ્ધ અને પરમાત્મા કહેવામાં આવે છે. આહાહા ! એ એને નમસ્કાર કરે છે. એ ધ્રુવ થયા છે, છે ? પરમાત્મ દશા થઈ એ ધ્રુવ છે હવે. હવે એને ગતિમાં રખડવાનું નથી. જેમ ચણો કાચો હોય ત્યારે તૂરો લાગે અને વાવ્યો ઉગે પણ શેકવાથી તુરાશ જાય, મીઠાશ આવે અને વાવ્યો ઉગે નહીં ચણો. એમ ભગવાન આત્મા પુણ્ય ને પાપ અને શરીર મારા એમ માને ત્યાં સુધી અજ્ઞાનથી એને તુરાશ નામ દુઃખનું વેદન છે. ઓલા દૃષ્ટાંતથી સિદ્ધ થાય, પણ જ્યારે એને શેકે છે જેમ ચણાને ત્યારે એ મીઠાશ અંદર હતી, એ હતી એ આવે છે, એ કાંઈ બહારથી આવતી નથી, એમ આત્મામાં રાગ ને દ્વેષ ને અજ્ઞાન ને, સ્વરૂપના ભાન દ્વારા નાશ કરે છે ત્યારે અજ્ઞાન બળી જાય છે અને એના

સ્થાનમાં અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન પ્રાપ્તિ થાય છે. એ પ્રાપ્તિ થઈ એ એમ ને એમ રહે છે હવે, તેથી તેને ધ્રુવ કહે છે. આ સંસારમાં તો એક ભવમાંથી બીજો ભવ એમ કતાર લાગી જ છે કતાર ! અહીં જન્મે ને મરે, જન્મે ને મરે, જન્મે ને મરે, આહાહા ! કતાર લાગી છે અનંત ભવની.

પણ જેણે આત્માના અતીન્દ્રિય આનંદના સ્વરૂપનું ભાન કરીને, જેણે રાગ ને દ્વેષ ને અજ્ઞાનનો નાશ કર્યો, એની દશા હવે ધ્રુવ થઈ ગઈ ! હવે ફરે નહીં એને હવે ગતિ નહીં, ભવ નહીં ! અને તે સિદ્ધ થયા એને હવે ફરીને સંસારમાં આવવું છે નહીં, માટે એને ધ્રુવ કીધા, પર્યાયે ધ્રુવ હોં, વસ્તુ તો ધ્રુવ છે ત્રિકાળી પણ ( પર્યાય એટલે ? ) પર્યાય એટલે અવસ્થા, પર્યાય એટલે હાલત, પર્યાય એટલે દશા, પર્યાય એટલે વર્તમાન સ્થિતિ. જેમ સોનું છે એ સોનું કાયમ છે એ અપેક્ષાએ સોનાને દ્રવ્ય કહીએ અને સોનામાં પીળાશ ને ચીકાશ છે એ કાયમ રહે માટે ગુણ કહીએ, પણ સોનામાં કુંડળ, કડા અને વીંટી દશાઓ થાય એને અવસ્થા કહીએ, દાકતર ? આહાહા ! કુંડળ, કડા, વીંટી અવસ્થાઓ એમ ભગવાન આત્મા, વસ્તુ તરીકે જેમ સોનું છે એમ આત્મા અનાદિ છે. એમ સોનામાં પીળાશ-ચીકાશ આદિ છે એ પણ અનાદિ છે એમ આત્મામાં આનંદ અને જ્ઞાન આદિ સ્વભાવ એ અનાદિ છે પણ એની દશામાં જેમ સોનામાંથી વીંટી, કડાં આદિ થાય એમ એની અવસ્થામાં પુણ્ય ને પાપ ને રાગ ને દ્વેષ કરી અને અજ્ઞાનની દશાથી ચાર ગતિમાં રખડી રહ્યો અને પરિભ્રમણ કરી રહ્યો છે. આહા ! એ દશાને ટાળે અને ટાળીને એ દશામાં નિર્મળ જે આનંદ સ્વરૂપ છે તે દશા પ્રગટ કરે, તે દશાને અહીંયા ધ્રુવ કહે છે. એ ફરે નહીં પછી, આ ગતિ તો ફરે એકમાંથી બીજી, માણસ મરીને કીડો થાય, કીડો મરીને કાગડો થાય. આહાહા !

કેમકે વસ્તુ તો અનાદિ છે અને પરિભ્રમણના દુઃખ ને ( એનું ) કારણ વિકાર તો સેવી રહ્યો છે. રાગને દ્વેષ, પુણ્ય ને પાપ કરી રહ્યો છે, એટલે પરિભ્રમણમાં તો પડયો જ છે એ, એક અવતારમાંથી બીજો અવતાર કતાર લાગી જ છે જન્મની. એ જન્મ મરણ જેના છૂટી ગયા. આહાહા ! અને જેનું સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદથી ભરેલુ હતું એ જેણે વર્તમાન દશામાં પ્રાપ્ત કર્યું તેને પરમાત્માને તે અહીં ધ્રુવ કહે છે. એ દશા હવે એને રહેવાની ફરવાની નહીં માટે ધ્રુવ કહે છે. ન્યાય સમજાય છે ને ? વાત તો લોજીકથી છે પણ હવે જરી વિષય જ બીજો છે આખો, જગતના ધંધાથી વિષય જ બીજો છે. આહાહા !

ધ્રુવ, ‘ અચલ ’ એ પૂરણ પદને પામ્યા એ ત્યાંથી હવે ફરે એવું નથી માટે અચળ છે. ‘ અનુપમ ’ પૂરણ પદને પામ્યા એને ઉપમા ન હોય. અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પ્રભુ સ્વભાવ જેનો હોય તે દુઃખરૂપ ન હોય, વિકૃત ન હોય, વિપરીત ન હોય, એનો અંતર સ્વભાવ ભગવાન આત્માનો અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ એનો સ્વભાવ છે. એ ઉણપેય નથી, વિપરીતેય નથી એ વસ્તુના મૂળ સ્વભાવને આવરણ પણ નથી. આરે ! આવી વાતું છે !

એ શક્તિ જ્યાં પ્રગટી, સોનાને જેમ સોળ વલુ પ્રગટ કર્યું અને કથીર અને ધાતુ નીકળી ગઈ, એમ ભગવાન આત્મામાંથી પુણ્ય ને પાપનો કથીર નામ મેલ નીકળી ગયો, અને પૂર્ણાનંદનો નાથ પ્રગટ થયો દશામાં એને અહીંયા અચલ ને અનુપમ ગતિ પામેલ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ‘ કાંઈ ’ એટલે કઈ પદ્ધતિથી કહેવાય છે એનું નામ કાંઈ, સમજાય છે ?

એ તો સમજી જાય તો સમજાય જાય. પણ ‘ કાંઈ ’ એટલે કઈ પદ્ધતિથી કહેવાય છે આમ. ‘ સમજાય છે કાંઈ ’ એનો અર્થ એ છે. આહાહાહા !

કહે છે આ ધ્રુવ, અચલ અને અનુપમ ત્રણ વિશેષણથી યુક્ત ગતિને પ્રાપ્ત થયા પરમાત્મા, સિદ્ધ ગતિને પ્રાપ્ત થયા. પરમાનંદ દશાને પ્રાપ્ત થયા, સંસાર દશાનો જેને નાશ થઈ ગયો. આ પરિભ્રમણના અવતાર જેનો અભાવ થઈ ગયો, કાંતિભાઈ ! નમો સિદ્ધાણં, એની વાત ચાલે છે. નમો સિદ્ધાણં કોઈ પક્ષ નથી વસ્તુનું સ્વરૂપ છે. આહાહા !

એવી “ ગતિને પ્રાપ્ત થયેલ એવા સર્વ સિદ્ધોને ” અનંત પરમાત્મા થયા, કારણકે અનંત અનંત કાળ થયો, એમાં અનંત કાળમાં, અનંત સંતો આદિ થયા, તો એણે આત્માનું સાધન કરી, આત્માના આનંદનું, અલ્પકાળમાં એ મુક્તિને પામે, એને અનંત કાળ મુક્તિ કરવા જોઈએ નહીં. આત્માના સ્વરૂપની પ્રાપ્તિ, જેમ બીજમાંથી પૂનમ થવામાં તેર દિ ’નો આંતરો રહે, અનંત કાળનો આંતરો ન રહે. બીજ–પૂનમ એમ આત્માનો અનુભવ, રાગથી ભિન્ન ચૈતન્યના આનંદના અનુભવનું બીજડું પાકયું જ્યાં બીજ થઈ બીજ, એની પૂરણ પ્રાપ્તિને માટે વધારે કાળ ન હોય હવે ! બીજ ઉગી એ તેરમે દી ’એ પૂનમ થઈ, પૂનમ એટલે પૂરણ, અમાસ એટલે અર્ધમાસ– અર્ધોમાસ. એમ પૂરણ દશાને પ્રાપ્ત થવામાં એને વાર ન હોય, એથી અહીં કહે છે, એવા અનંતા સિદ્ધો થયા, આહાહા ! આત્માની દશાને પ્રાપ્ત કરતાં કરતાં અનંતા થયા છે.

જેને આત્માનું ભાન થયું સમ્યગ્દર્શન, સત્યદર્શન, પૂર્ણાનંદનો નાથ સત્ય છે તેનું દર્શન થઈ ગયું, અનુભવ થયો, હું તો શુદ્ધ છું, આ પુણ્ય પાપના ભાવ એ તો મેલ ને અશુદ્ધ ને દુઃખરૂપ છે, એવું જ્યાં ભાન થયું, હવે એને પૂરણ પ્રાપ્તિના કાળ અનંત ન જોઈએ, અલ્પકાળમાં એ પૂરણની પ્રાપ્તિ કરશે, તો એવા અનંતા સિદ્ધો થઈ ગયા. અનંત કાળના પ્રવાહમાં અનંત પરમાત્મ દશાને પામેલા થયા, માટે ‘ સર્વ સિદ્ધ ’ શબ્દ વાપર્યો છે, સર્વ પરમાત્માને હું નમસ્કાર કરું છું. આહાહા ! છે ? નમસ્કાર કરીને અહો ! અહો ! ભવ્ય જીવો. એમ કહે છે આચાર્ય સંત શ્રુતકેવળી ભણિતં, શ્રુત કેવળીઓએ કહેલું, સર્વજ્ઞ પરમાત્માએ કહેલું અને શ્રુતકેવળી એટલે ભાવશ્રુતનું જ્ઞાન જેને થઈ ગયું એમણે કહેલું, આ સમયસાર નામના પ્રાભૃતને કહીશ. આ શાસ્ત્રને હું કહીશ. જગતના હિતને માટે અને મને એ જાતનો વિકલ્પ ઉઠયો માટે હું કહીશ એમ કહે છે. આહાહા ! આકરું કામ છે, એકેક શબ્દ આકરા છે. ( સમજવામાં ! )

અભ્યાસ નહીં, આ ચીજ જ ( આત્મદ્રવ્ય ) અંતરની કોઈ, સચ્ચિદાનંદ પ્રભુ, વસ્તુ છે, વસ્તુ છે, તત્ત્વ છે તો વસ્તુમાં વસેલા ગુણો છે. એને વસ્તુ કહીએ. વસ્તુ એમાં અંદર અનંત શક્તિ વસેલી છે, માટે વસ્તુ કહીએ. એમ ભગવાન આત્મા વસ્તુ છે એમાં અનંતી અનંતી પવિત્ર શક્તિઓ વસેલી છે. એ શક્તિઓની જેણે પ્રગટ દશા કરી અને અજ્ઞાનનો નાશ કરી પરિભ્રમણ બંધ કર્યું એને અહીંયા પરમાત્મા કહેવામાં આવે છે. એવા અનંત પરમાત્માને નમસ્કાર કરે છે. આહાહા ! છે ? એમ કહીને હવે હું આ શાસ્ત્રને કહીશ. હવે ટીકા.

ટીકાઃ– સંસ્કૃતમાં પહેલો શબ્દ ‘ અથ ’ છે સંસ્કૃત છે. પહેલો ‘ અથ ’, અથ કેમ કહ્યું છે ? આ શાસ્ત્રની શરૂઆત છે આજ. આ શ્રુતપંચમીનો દિવસ છે આ શ્રુતની રચના થઈ હતી એ શ્રુત પાંચમ, ષટ્ખંડાગમની અંકલેશ્વરમાં બે હજાર વર્ષ થયા અને આજ આ સમયસારની

શરૂઆત થાય છે ઓગણીસમી વાર સભાની અંદર, અહીં કહે છે ' અથ ' એ મંગળના અર્થે છે, એટલે શું ? ' અથ ' હવે કહું છું. એટલે કે અનાદિનો જે સંસાર છે એનો નાશ થાય છે અને ' અથ ' હવે નવી શરૂઆત આનંદની થાય છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા એ અનાદિથી દુઃખને વેદે છે. રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપના ભાવને વેદે છે એ તો દુઃખ છે એને અતીન્દ્રિય આનંદનો અંશ નથી.

ત્યારે અહીં કહે છે કે મંગળિક અર્થે ' અથ ' શબ્દ કરી દે છે ' અથ ' નો અર્થ મંગળિક કર્યો, શરૂઆત થઈ ગઈ, આત્માના અનુભવની શરૂઆતને માટે અથ શબ્દ મંગળને અર્થે વાપર્યો છે. આહાહાહા ! ઘણી શરતું સહિત શબ્દો છે બાપુ ! માર્ગ કોઈ અલૌકિક છે. આહાહાહા ! છે ? શરૂઆત થઈ ગઈ છે માર્ગની હવે એમ કહે છે. પ્રભુ ! આનંદનો નાથ અંદર સચ્ચિદાનંદ પ્રભુ ! ચૈતન્ય ઝળહળ જ્યોતિ, જેના પ્રકાશની સત્તામાં જગત જણાય છે. જેના પ્રકાશની સત્તામાં જગત જણાય છે. એ જાણનારો જાગ્યો છે તેથી એને ' અથ ' નામ મંગળિક કહેવામાં આવે છે. આહાહા ! છે ? એક ' અથ ' શબ્દનો આટલો અર્થ છે.

' અથ ' મંગળના અર્થે મંગળનો અર્થ એ છે મમ-ગળ, મંગ ને લ. એવા બે અક્ષર છે. મંગ એટલે પવિત્રતા અને ' લ ' એટલે લાતિ પ્રાપ્તિ, ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ સ્વભાવ એ પવિત્ર છે, એને ' મંગ ' કહીએ અને ' લ ' નામ એની દશામાં પ્રાપ્તિ કરીએ, તેને મંગલ કહે છે. આરે ! દુનિયા તો આ પાંચ પચાસ લાખ મળે ને મંગળિક કહે, વાસ્તુ કરે અને પાંચ પચાસ હજાર ખર્ચે ને મંગળિક કહે. કુટુંબીઓને ભેગાં કરીને જમાડે લાપશી વિગેરે. છોકરાના લગન કરે અને પાંચ દશ હજાર ખર્ચે અને મંગલિક કહે, એ બધા અમંગળિક છે, નાશવાન છે. એ મંગળિક નહીં, મંગળ તો એને કહીએ જેમાંથી પવિત્રતા પ્રગટ થાય આત્મામાં, એને મંગળિક કહીએ. પ્રભુ પોતે આનંદ સ્વરૂપ છે, સચ્ચિદાનંદ એનો સ્વભાવ છે. એનામાંથી સત્ આનંદમાંથી અતીન્દ્રિય આનંદની પવિત્ર ' મંગ ' નામ પવિત્રતા અને ' લ ' નામ પ્રાપ્તિ. એવી પવિત્રતાની પ્રાપ્તિ કરે એ ભાવને મંગળિક કહે છે. દાકતર ? દરેકના શબ્દ ફેર છે. આહાહા ! અથવા મમ્ ને ગલ પહેલા ' મંગ ' ને ' લ ' લીધો. એમાં મંગ પવિત્ર પ્રભુ, શુદ્ધ સ્વરૂપ ચૈતન્યઘન એની પવિત્રતા જેણે અંતર્મુખ થઈને બહિર્મુખની દૃષ્ટિ છોડીને, અંતર્મુખ થઈને જેણે આનંદને પ્રગટ કર્યો, એણે પવિત્રતા પ્રગટ કરી માટે એને મંગળિક કહીએ. મં...ગ...લ એ તો પ્રત્યય છે સંસ્કૃત. બીજો અર્થ મમ્ ને ગલ. ઓલું ' મંગ ' ને ' લ ' હતું, આ મમ્ ને ગલ, આત્મા આનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ઘન છે, એને આ પુણ્ય-પાપ ને આ શરીર મારા, એવો જે મમ્ નામ અહંકાર છે, એવો જે મિથ્યાત્વ ભાવ છે એને ' ગલ ' નામ ગાળે એને મંગળિક કહેવામાં આવે છે.

આ ચોપડીમાં ક્યાંય આવ્યું નો હોય દાકતરી અભ્યાસમાં ક્યાંય. આહાહાહા ! માર્ગ આખો જુદી જાતનો છે, પ્રભુ શું કહીએ ? આહાહા ! અંતરની ચીજ, જનમ મરણ રહિત થવાની રીત કોઈ આખી જુદી ચીજ છે. અત્યારે તો લોકો કંઈક કંઈક ધર્મને નામે પણ પાંચ પચીસ લાખ ખર્ચે થઈ ગયો ધર્મ ! ધૂળેય ધર્મ નથી તારા લાખ શું કરોડ આપને. આહાહા ! કાંપમાં- ( વઢવાણ કેમ્પમાં ) ગયા 'તા નૈ ! તમારા જમાઈ પાસે, ઓલા રૂપિયા આપ્યા 'તા ને ઓલા ચીમનભાઈએ દામનગરવાળા ચીમનભાઈ ખબર છે ને ? આવ્યા 'તાને, હમણાં આવ્યા 'તા.

ત્યાં ગયા 'તા, આવ્યા 'તા ને બહેન હતા ઘરેથી દીકરી મોઢા આગળ નાળીયેર મૂકયું ગયા 'તા, અને એવા જ્યાં બે પાંચ લાખ ખર્ચે એટલે જાણે કે ધર્મ થઈ ગયો! ધૂળેય નથી બાપુ. આહાહા! એક, હમણાં મદ્રાસ ગયા 'તા આ લોહી લેવાય છે ને લોહી ઓલી શંકા છે ને? લોહી એમાં મદ્રાસમાં મોટું એક હોસ્પિટલ છે, એમાં એક નાનાલાલ ભટ્ટ કરીને છે મોટો ગૃહસ્થ, નરમ માણસ એને એમ ખબર પડી કે મહારાજ હોસ્પિટલમાં લોહી આપવા જવાના છે, આ જરી પંદર દી 'એ લે છે. એટલે એ પોતે સાથે આવ્યા બિચારા નરમ માણસ છે, છ લાખ રૂપિયા એણે પોતે આપ્યા છે. મદ્રાસની હોસ્પિટલમાં છ લાખ રૂપિયા આપ્યા છે. એકલા પોતે નાનાલાલ ભટ્ટ કરીને છે, એને એમ ખબર પડી કે મહારાજ લોહી દેવા મારી હોસ્પિટલમાં આવે છે, એટલે મારી સાથે આવ્યા, પંદર દિવસે લોહી લે છે તપાસ કાંઈક કરે છે, શંકા છે દાકતરોને લોહીમાં અહીંયા કાંઈ દેખાતું નથી. ઘણાં ઘણાં દાકતરો. ( તેમાં છે ) એક મોટો દાકતર છે નહીં ઓલો પારસી એક મોટો નામ શું? ભરૂચા દાકતર. ભરૂચા દાકતર મોટો દાકતર છે એ આવ્યો 'તો, આવે ત્યાં આવે જોવા માટે. બાપુ! અહીં હશે શરીરમાં ધૂળમાં કાંઈક, અમારા આત્મામાં કાંઈ નથી. આહાહા! શરીરમાં તમને લાગતું હોય તો લાગે ભલે. એ લોકોને એમ જાણે કે પાંચ દસ લાખ રૂપિયા આપે એટલે, ભટ્ટે છ લાખ આપ્યા, લોકો જાણે, ( મોટાં માને ) બાપુ પૈસા તમારી ચીજ નથી પૈસા તો જડ છે, અજીવ છે અને તમે જીવ છો. જીવની ચીજ અજીવ હોઈ શકે નહિ. માટે અજીવ મેં આપ્યા એ અહંકાર છે. આહાહા!

એવો પર પ્રત્યેનો અહંકાર અને અંદર રાગ થાય એનો પણ અહંકાર, દયા દાનનો રાગ એ પણ વિકલ્પ રાગ છે. એનો અહંકાર એ મારા છે એને અહીંયા મમ્ કહીએ. મમ્ નામ અહંકારનું પાપ કહીએ. એ જે ગળે નામ ગાળે મં...ગ...ળ... એ આત્માના આનંદનો આશ્રય કરીને એ અહંકારને ગાળે એને મંગળ કહીએ, એ મંગળિકની અહીં વાત છે. પંડિતજી! છે?

' અથ ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે. " ગ્રંથના આદિમાં શરૂઆત કરતાં સર્વ સિદ્ધોને, " પરમાત્મા થયા જે અનંત સિદ્ધો! સંસારની દશા વિકૃતનો નાશ કરી અને અવિકૃત દશા પૂર્ણાનંદની દશા પ્રગટ કરી એવા અનંત સર્વ સિદ્ધોને " ભાવ–દ્રવ્ય સ્તુતિથી. " ઝીણી વાત છે થોડી હવે, શું કહે છે? પૂરણ પરમાત્મા થયા સિદ્ધો અને મારે પણ થાવું છે. પણ આ થયા એને હું નમસ્કાર કરું છું, કઈ રીતે? નમસ્કારના બે પ્રકાર.

( ૧ ) ભાવ ( ૨ ) દ્રવ્ય.

બેમાં શબ્દમાં ઝીણી વાત છે. ભાવ–દ્રવ્ય સ્તુતિ એટલે? ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પોતે આરાધક છે, સેવવા લાયક છે, અને સેવનારો પણ હું, એવી નિર્વિકલ્પ દૃષ્ટિની સેવના નિર્વિકલ્પ શાંતિથી, આત્માનું મંગળિક કરે એને ભાવ સ્તુતિ કહેવામાં આવે છે. ફરીને. આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પ્રભુ, એને પુણ્ય પાપના વિકલ્પથી રહિત, નિર્વિકલ્પ વીતરાગી દશાથી સ્વરૂપની સેવા કરે, ત્રિકાળ સ્વરૂપમાં એકાગ્ર થાય, તેને ભાવસ્તુતિ–ભાવસ્તુતિ કહેવામાં આવે છે. શબ્દો જુદી જાતના છે? ' ભાવ ' શબ્દ છે ને? સર્વ સિદ્ધોને અનંત પરમાત્માઓને ભાવ અને દ્રવ્ય સ્તુતિથી ભાવ એટલે એ, કે હું પોતે પરમાત્મ સ્વરૂપ જ છું અને મારી નિર્મળ પર્યાય દ્વારા હું પરમાત્મ સ્વરૂપનો આદર કરું છું, એનું નામ ભાવ સ્તુતિ કહેવામાં આવે છે જેમાં રાગ નથી.

આહાહા ! આવું ક્યાં નવરાશ મળે નવરાશેય ક્યાં છે ! નિવૃત્તિની, સંસારના પાપ આડે, બે પાંચ દસ હજારનો પગાર થાય ત્યાં તો જાણે કે, ઓહોહો ! વધી ગયા, ધૂળમાંય વધ્યા નથી, ધૂળમાં નથી એટલે ? પુણ્યેય નથી ત્યાં, ધર્મ તો નથી પણ પુણ્યેય નથી. આહાહા !

અહીં કહે છે. અનંત પરમાત્મા થયા એને હું શાસ્ત્રની શરૂઆત કરતાં, હું પણ પરમાત્મા થવાની અભિલાષાવાળો જીવ છું, સાધક છું આત્માના આનંદના અનુભવમાં આવેલો છું, પણ મારી હજી પૂર્ણ દશા નથી, એથી પૂર્ણ દશા પ્રાપ્ત જીવોને, અનંત જીવોને ભાવથી નમસ્કાર કરું છું. ભાવથી નમસ્કારની વ્યાખ્યા આ કે પોતે શુદ્ધ આનંદ છે, પોતે સેવવા લાયક છે, પોતે જ આરાધક છે અને પોતે આરાધ્ય છે. આરાધ્ય નામ સેવવા લાયક અને આરાધક સેવા કરનાર.. આરાધક સેવા કરનાર, આરાધ્ય સેવવા લાયક. આહાહા ! હું પોતે જ આરાધ્ય ને આરાધક છું. હું આરાધક ને આરાધ્ય મને પરમાત્મા, એ તો દ્રવ્ય નમસ્કારમાં જાય છે, વિકલ્પમાં જાય છે. ઝીણી વાત છે ભાઈ. આહાહા ! આ તો અગમ્ય ગમ્યની વાતું છે ! ભાવ નમસ્કાર પંડિતજી ? આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ તેને હું ધ્યેયમાં લઈ અને વર્તમાન મારી ધ્યાનની દશામાં તેને ધ્યેય બનાવી અને તેની સેવા કરું એનું નામ ભાવ સ્તુતિ કહેવામાં આવે છે. જેમાં પરમાત્માય ન આવે, જેમાં વિકલ્પેય ન આવે, વિકલ્પ નામ રાગ. આહાહા !

હું શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણાનંદ વસ્તુ છું ને ! વસ્તુ છે ને ! અસ્તિ છે ને ! મોજૂદગી છે ને ! મોજૂદગી ચીજ છે ને ! અને જે ચીજમાં અનંતુ અનંતુ જણાય છે. એ જાણનારો અનંત છે. કેમ કે જેમાં અનંતુ જણાય છે, એ જણાય છે નિશ્ચયથી તો ખરેખર એ નહીં, પણ એ જાણનારની દશામાં અનંતુ જણાય છે, એ જાણનારની દશા જ જણાય છે. આહાહા ! આ પ્લાસ્ટિક નહીં, પણ આ પ્લાસ્ટિક સંબંધીનું જે અહીં જ્ઞાન છે, સ્વનું જ્ઞાન અને પરનું જ્ઞાન, એ જ્ઞાન અહીં જણાય છે. એમાં એ જણાય છે એમ કહેવું એ વ્યવહાર છે. બાકી ખરેખર તો પોતાની જ્ઞાનની સ્વપર પ્રકાશક પર્યાય જણાય છે. ઝીણી વાત છે પ્રભુ. આહાહા ! આ લોજીક જ જુદી જાતના છે પ્રભુ, આ તત્ત્વ જ જુદી જાતનું છે.

અહીં એ કહે છે, હું ભાવથી જ સ્તુતિ કરું છું. પછી દ્રવ્ય, દ્રવ્ય આવ્યું, હવે દ્રવ્યથી એટલે ? અનંત પરમાત્માને મારો શુભ રાગ ઊઠે છે, વિકલ્પ ઉઠયો છે, એથી નમસ્કાર કરું છું એ દ્રવ્ય નમસ્કાર છે, પંડિતજી. સમજાય છે કાંઈ ?

અંતરનો આત્મા પૂર્ણ ઈદમ્ પૂર્ણ સ્વરૂપે પ્રભુ બિરાજે છે એની વર્તમાન દશા નિર્મળ નિર્વિકારી દશા દ્વારા તેમાં એકાકાર થવું જેમાં રાગનો સંબંધ નહીં અને જેમાં નિર્વિકલ્પ રાગ વિનાની શાંતિ અને સમાધિ એને અહીંયા ‘ ભાવ નમસ્કાર ’ કહેવામાં આવે છે. આહાહા ! અને હવે જે પરમાત્મા અનંત થયા, તેના ઉપર મારું લક્ષ જાય છે, ઓલું અંદરમાં લક્ષમાં હતું તેથી તે હું મારા આત્માને સેવતો, આરાધ્યેય હું અને આરાધકેય હું, હવે વિકલ્પ ઉઠયો છે, શુભ રાગ– તો આરાધક હું અને આરાધ્ય પરમાત્મા સિદ્ધ ભગવાન સેવવા લાયક છે એ શુભરાગ છે. આવી કઈ જાતની વાત, બાપુ મારગ એવો છે એ ધર્મની દશા અને ધર્મનો કોઈ પ્રકાર એવો અપૂર્વ છે બાપુ, અરેરે ! એને હાથ તો આવ્યો નથી પણ એને સાંભળવા મળતો નથી. આવું મનુષ્યપણું મળ્યું એમાં ભવના અભાવની વાત સાંભળવા ન મળે એ ભવ શું કામનો ?

ભલે દસ હજારનો પગાર અને પચાસ હજારના પગાર ને ધૂળના પગાર આપણે રામજીભાઈના દીકરાને આઠ હજારનો પગાર છે ને ? સુમનભાઈ, પહેલા એસોમાં હતા. ઉડતો ઘોડો, પહેલા એસો કંપનીમાં હતા ત્યાંથી નીકળી ગયા. હવે આ જગમોહનલાલ છે જામનગરના શ્વેતાંબર દેરાવાસી સાડાત્રણ કરોડની પેદાશ છે વર્ષની, અહીંયા આવી ગયા છે. ત્યાંય આવ્યા 'તા હમણાં લોહી દેવા ગયો 'તો ત્યાં મદ્રાસ દાકતરે બચારા બહુ આદર કર્યો 'તો દાકતરે.

મદ્રાસના ગર્વનર છે આપણે અહીં પ્રભુદાસભાઈ પટવારી હું પ્લેનમાંથી ઉતર્યો એટલે એમને ખબર પડી મહારાજ આવ્યા છે. એટલે મારી મોટર પાસે આવ્યા, મહારાજ ! મારા ગવર્નર હોલમાં આવવું પડશે, મારે આપનું સ્વાગત કરવું છે. પટવારી પોતે, પછી તો વ્યાખ્યાનમાં પોતે આવ્યા. આ દાકતર છે ને પટવારી ભાવનગર એના ભાઈ. એના ભાઈ છે, ખબર છે ને ! વ્યાખ્યાનમાં આવ્યા. બાવીસ મિનિટ સાંભળ્યું એને કામ ઘણાંને વ્યાખ્યાન ૨૨ મિનિટ સાંભળ્યું પણ મહારાજ મારા ગવર્નર હોલમાં પધારવું પડશે આપે, પછી ગયા ' તા અર્ધો કલાક રહ્યા હતા. બહાર છે રાજમહેલ મોટો એને ગવર્નર કહેવાય, આપણે હિંદી ભાષામાં રાજ્યપાલ કહેવાય, પણ બહુ નરમ માણસ. નરમ છે નરમ બહુ અંદર વિનંતી કરી. અમારા હોલમાં પધારવું પડશે, લોકોને જરી ખ્યાલ આવે મહારાજ આવ્યા ' તા અહીં ગવર્નર હોલમાં. એમાં મોટું વન છે આસપાસ તેરસો તો હરણીયા છે, જગ્યા આસપાસ મોટી. સસલા છે, શિયાળીયા છે, રાજમહેલ છે મોટો બધો–બધું છે પણ કીધું આ તત્ત્વને સમજો બાપા ! આ વિના બધું ધૂળધાણી ને વા પાણી છે.

નરમ છે પણ વખત મળે નહીં વખત લાંબો. આહા ! અહીંયા એ કહે છે, ગમે તેટલી મોટી પદવી હોય અને ગમે તેટલા કરોડો અબજો રૂપીયા હોય, એ કાંઈ સુખી નથી, એ તો દુઃખી છે બિચારા ! કેમ કે પરપદાર્થ ઉપર એનું લક્ષ જાય છે, એટલે રાગ થાય છે અને રાગ થાય છે એટલે દુઃખ છે. સ્વ આત્મા ઉપર આશ્રય જાય ત્યારે ત્યાં એને આનંદ છે ને ત્યાં સુખ છે. આહાહા !

અહીં કહે છે, હું મારા આત્માને નમસ્કાર કરું છું ભાવ ( સ્તુતિ ) આહાહાહા ! એમ કરીને પોતાની સ્થિતિ પણ વર્ણવી છે. હું કઈ ભૂમિકામાં છું. હું આત્માના આરાધનની ભૂમિકામાં છું. આચાર્ય એમ કહે છે, મને આત્મા શું છે એ અનુભવ થઈ ગયો છે. હવે અલ્પકાળે મારે પરમાત્મા થવાનો કાળ છે. માટે એક તો હું મારા આત્માને સેવું છું, આનંદના નાથમાં મારી એકાગ્રતા છે એ મારો ભાવ નમસ્કાર છે, ભાવસ્તુતિ છે અને એમાં હું જયારે રહી શકતો નથી ત્યારે જે પરમાત્મા થઈ ગયા એને હું નમસ્કાર કરું છું ત્યારે એ શુભરાગ છે, પુણ્ય છે ધર્મ નહીં, આહાહા ! મારો આત્મા મારો આરાધક અને આરાધ્ય, એવી જે નિર્વિકલ્પ સમાધિ અંદર થવી એ ભાવ સ્તુતિ એ ધર્મ અને પરમાત્મ ( પદને ) પામેલાને નમસ્કાર કરવો, એ શુભ વિકલ્પને રાગ, એ પુણ્ય, ધર્મ નહીં, ( ધર્મનું કારણ તો ખરું ને ) બિલકુલ નહીં. સ્પષ્ટીકરણ કરાવે છે, વકીલ છે ને એટલે ? કારણ રાગ એ કારણ હોઈ શકે જ નહીં બિલકુલ.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ, નિર્મળાનંદનો નાથ, પૂરણ પૂરણ પૂરણ પૂરણ પૂર્ણ ઈદમ્ પૂરણ શક્તિનો સાગર એ તો સુખનો દરિયો છે, ભાઈ ! તને ખબર નથી. આહાહા ! એ

અતીન્દ્રિય આનંદનો સિંધુ છે કેમે બેસે ? બે બીડી પીવે ત્યારે સવારમાં દિશા ઉતરે પાયખાને ભાઈ સા 'બને આવા તો અપલખણ હવે એને આવો આત્મા. બાપુ બધી ખબર છે. દુનિયાની તો બધી ખબર છે ને ! આ તો ૮૯ મું વર્ષ બેઠું ઘાટકોપર. ૮૯ વૈશાખ સુદ બીજ ૮૮ પૂરા થઈ ગયા શરીરને હોં આત્માને વર્ષ નથી આત્મા તો અનાદિ અનંત છે, એમાં તો બધું ઘણું જોયું. ઘણું જોયું ને ઘણું જાણ્યું ૮૯ વર્ષ શરીરને નેવુંમાં એક કમ એ પણ જનમની અપેક્ષાએ, બાકી માતાના પેટમાં સવા નવ મહિના રહ્યા એ પણ અહીંના છે. એ ગણો તો હવે એક મહિનો દોઢ મહિનો રહ્યો નેવાશી પૂરા થવાને સવા નવ મહિનાનું અહીંનું છે ને ? આયુષ્ય અહીંનું છેને ? માતાના પેટમાં આવ્યો એ-પણ લોકો જનમથી ગણે ક્યારે આવ્યો એ ન ગણે. આહાહાહા ! અરેરે ! એવા અવતાર અનંત કર્યા છે. પ્રભુ !

અહીં તો કહે છે કે મારે હવે અવતાર કરવો નથી એવો જે મારો આત્મા એને મેં ઓળખ્યો, મેં આરાધ્યો, મેં સેવા કરી છે-મેં ભાવ સ્તુતિ કરી છે, મારા સ્વરૂપની. આહાહા ! પણ હજી હું અલ્પજ્ઞ છું, પૂર્ણ વીતરાગ થયો નથી તેથી મને પરમાત્મા થયા તેના પ્રત્યે મને બહુમાનનો વિકલ્પ-રાગ આવે છે. એ રાગ શુભ રાગ છે તેને દ્રવ્ય સ્તુતિ કહેવામાં આવે છે અને નિર્વિકલ્પ સમાધિ અંદર શાંતિ તેને ભાવસ્તુતિ કહેવામાં આવે છે. પંડિતજી ! આવી વાતું છે. સંસ્કૃતમાં છે બધું હોં સંસ્કૃત છે ને ? જયસેનાઆચાર્યની ટીકા એમાં બધું છે. સહરાનપુરના પંડિત છે. સહરાનપુર છે ને ? ( હાજી સહરાનપુર )

ભાવ-દ્રવ્ય સ્તુતિથી, શું કહે છે હવે " પોતાના આત્મામાં અને પરના આત્મામાં સ્થાપીને, " બાપુ ! આ વાર્તા નથી આ કથા કાંઈ નથી આ તો આત્મકથા છે. કહે છે કે હું એક આત્મા પૂર્ણાનંદનો નાથ એ મને અનુભવમાં આવ્યો, તેથી મારા અનુભવથી તેને સેવું છું. નિર્વિકલ્પ શાંતિ છે તે મારી ભાવ સ્તુતિ છે. પણ જ્યારે હું એમાં રહી શકતો નથી કેમકે અલ્પજ્ઞ છું પૂર્ણ સર્વજ્ઞ થયો નથી, તેથી પૂર્ણ પરમાત્મા થયા તેને હું શુભ વિકલ્પ નામ રાગથી તેને નમસ્કાર કરું છું એ શુભ રાગ છે એ વ્યવહાર નમસ્કાર છે, એ દ્રવ્ય નમસ્કાર અને અંદર નિર્વિકલ્પ શાંતિ છે એ ભાવ સ્તુતિ છે. અરે ! આવું વાંચવા કયાં નવરા હોય. ૪૧૫ તો ગાથા છે અને સાડા ત્રણ હજાર જેટલી તો સંસ્કૃત ટીકા છે-સાડા ત્રણ હજાર શ્લોકની આત્મખ્યાતિ નામ છે. એનું ટીકાનું નામ આત્મખ્યાતિ. આત્મ પ્રસિદ્ધિ આત્મા કેવો છે એની પ્રસિદ્ધિ. ખ્યાતિ એટલે પ્રસિદ્ધિ ! !

અહીં કહે છે પોતાના આત્મામાં, આહાહા ! મારા આત્મામાં પણ હું ભાવ સ્તુતિથી નમસ્કાર કરું છું અને વિકલ્પ આવ્યો છે તો વ્યવહારથી પણ નમસ્કાર પરમાત્માને કરું છું. એવા સિદ્ધ ભગવાનને પૂર્ણ પરમાત્મ દશાને પ્રાપ્ત થયા તેને મારા આત્મામાં સ્થાપું છું. મારી વર્તમાન દશા છે તેમાં અનંતા પરમાત્માનો સત્કાર કરું છું એટલે કે સ્થાપું છું. આહાહા ! પ્રભુ અનંત પરમાત્માઓ જે સિદ્ધ થઈ ગયા એ મારી પર્યાયમાં આવો એટલે કે વસો. એટલે કે એટલા અનંત પરમાત્મા, અનંત સર્વજ્ઞ થયા એ બધાને મારી પર્યાયમાં આદર આપું, એનો અર્થ એ થઈ ગયો કે મારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર ઢળી ગઈ છે, ત્રિકાળ ઉપર ઢળી ગઈ છે. આહાહાહા !

જરી ઝીણી વાત છે બાપુ બહુ આ તો. આ કથા નથી કંઈ ! આ વાર્તા નથી. આ તો અનંત કાળના જનમ મરણને નાશ કરવાની ભાવ દશા છે, બાકી તો બધું મળ્યું ધૂળને અનંત વાર.

કહે છે મારા આત્મામાં ભાવ સ્તુતિ અને દ્રવ્ય સ્તુતિથી અને પરના આત્મામાં, શું કહે છે ? એ શ્રોતાના આત્મામાં, એમ કહે છે, એવા શ્રોતાઓને હું સંભળાવીશ એમ કહે છે. છે પરના ! પોતાના અને પરના આત્મામાં સ્થાપીને અનંત સિદ્ધોને જે અનંત સિદ્ધ છે ધ્રુવ અચલ અને અનુપમ અર્થ કરી ગયા એ આવશે હજી તો મારા આત્મામાં સ્થાપું છું. વાર કવાર હોય છે ને જ્યારે આપણે જયારે બહાર જવું હોય ને કોઈ ગામમાં પર ગામમાં ત્યારે શું કરે છે? ( પ્રસ્થાનું ) પ્રસ્થાનું મૂકે છે. બે ચાર ઘર છેટે ક્યાંક પ્રસ્થાનું મૂકે ઓલો–વાર કવાર હોય છે ને પછી એનો વાર આવે ત્યારે પ્રસ્થાનું લઈને ચાલ્યો જાય. એમ અહીં કહે છે હું મારા આત્મામાં ભાવ નમસ્કારનું પ્રસ્થાનું મૂકું છું. મારે પૂરણ થાવું છે હવે, એ પૂર્ણ થશે એ મારી પૂર્ણ દશા અને એની સાથે વિકલ્પ છે એ રાગ છે, એ પૂર્ણ ઉપરનો મારો આદર છે. આહાહા ! સમજાણું કાંઈ ?

પ્રસ્થાનું નથી મૂકતા વાર કવારે અને પછી લઈને ચાલતા થાય, પછી તે દિ ' વારની જરૂર ન પડે એને. આહાહા ! એમ મારા આત્મામાં પ્રભુ આનંદનો નાથ છે એમાં, મારા આત્મામાં હું સિદ્ધને સ્થાપું છું, અનંતા પરમાત્માઓ થઈ ગયા, એનો હું મારી દશામાં સ્વીકાર કરું છું. મારી દશામાં સત્કાર કરું છું. આહાહાહાહા ! અને એ રીતે અનંત પરમાત્માઓની આસ્થા જેને હોય, અને જેને પરમાત્મા થવાની જિજ્ઞાસા છે એવા શ્રોતાઓના આત્મામાં પણ હું સર્વ સિદ્ધોને સ્થાપું છું. એમ કહે છે, પછી હું તને સંભળાવીશ એમ કહે છે. આહાહા !

શું કહ્યું એ ? ( તું ભવિષ્યનો સિદ્ધ છો એમ માનીને સાંભળજે ) તું સિદ્ધ સ્વરૂપી જ તારો સ્વભાવ છે, અને અલ્પ કાળમાં તારે સિદ્ધ થવું હોય તો સાંભળ, અને સાંભળનારને પણ કહે છે કે અનંત સિદ્ધોને હું સ્થાપું છું તારી દશામાં પ્રસ્થાનું મૂકું છું. આહાહાહા ! અનંત અનંત સિદ્ધો થઈ ગયા અત્યાર સુધીમાં, અનંતકાળમાં. અનંતકાળમાં ક્યે કાળે પરમાત્મા ન હોય ! એવા અનંત થઈ ગયા છે. એવા અનંત પરમાત્માઓને મારા આત્મામાં તો સ્થાપું છું પણ શ્રોતાઓને કહે છે પરના, છે ને ? પરના આત્મામાં સ્થાપીને. આહાહા ! ઈ શ્રોતામાં અનંત સિદ્ધોને જ્યાં પર્યાયમાં સ્થાપે છે અને એ જ્યાં હા પડે છે. ત્યારે એ સાંભળવાને લાયક થઈ જાય છે. આહાહા ! ઝીણી વાતું છે બાપુ ! આ લોજીક જ જુદી જાતના છે.

' નિ ' ધાતુ છે ને ન્યાયમાં, ન્યાયમાં ' નિ ' ધાતુ છે. આ લોકો સરકાર ન્યાય કરે ને આપે એ જુદી વાત છે પણ આ તો સર્વજ્ઞથી ' નિ ' ધાતુ એટલે ' નિ ' લઈ જવું, જેવું સ્વરૂપ છે તે તરફ જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય. ' નિ ' ધાતુ છે ન્યાયમાંથી ' નિ ' ધાતુ છે. જેવું સ્વરૂપ છે એમાં જ્ઞાનને લઈ જવું, દોરી જવું એનું નામ ન્યાય. એ ન્યાયે અહીંયા મારા આત્મામાં પણ અનંત સિદ્ધોને સ્થાપું છું. આહાહાહા ! તું પામર તરીકે તને માનતો હો, શ્રોતાને કહે છે, પણ તારી પર્યાયમાં અનંતા સિદ્ધને- મહેમાન( ને ) સ્થાપુ છું કહે છે. આહાહાહા !

એવી રીતે અનંતા સિદ્ધોને દશામાં રાખીને, હું કહીશ તે વાત સાંભળ. હું આત્માની વાત કહીશ તે સાંભળ. વાતું બીજી જાતની જગત્તથી જુદી છે ચાલતી. આહાહા ! છે ? પરના આત્મામાં સ્થાપીને " આ સમય નામનું પ્રાભૃત, આ સમય નામનું શાસ્ત્ર, સમયસાર એનું શાસ્ત્ર, ભાવ વચન અને દ્રવ્યવચન, " શું કહે છે ઈ ? અંદરમાં ભાવવચન એટલે જ્ઞાનની દશાનો વિકાસ થયો એનાથી હું કહીશ અને દ્રવ્યવચન એટલે વિકલ્પ ઉઠયો છે

વાણી આદિનો એનાથી કહીશ. આહાહા ! ભાવવચન એટલે આ વાણી નહીં પણ અંદરમાં જે આ જ્ઞાનની વિકાસ શક્તિ જે છે-જ્ઞાનની વિકાસ પ્રગટ પર્યાયમાં શક્તિ પ્રગટ છે, તેનાથી હું કહીશ એને ભાવવચન કહેવામાં આવે છે. એ જ્ઞાનની વિકાસની દશા જે છે તેનાથી હું કહીશ એ ભાવ-વચન કહેવામાં આવે છે. આ રે આ ! અને વાણી દ્વારા અને વિકલ્પ દ્વારા કહીશ એ દ્રવ્યવચન છે. ઓલું ભાવ સ્તુતિ અને દ્રવ્ય સ્તુતિ હતી, હવે અહીંયા ભાવવચન ને દ્રવ્યવચન બે આવ્યા. બેમાં આ છે. આહાહા ! મારી જ્ઞાનની દશામાં મને જે વિકાસ વર્તે છે તેનાથી હું કહીશ. કહેવાની વાણી જડ પણ એમાં જે જ્ઞાનનો વિકાસ છે એ તો નિમિત્ત એટલું, અને જે વાણી નીકળશે એ દ્રવ્યવાણી છે, આ વાણી જડ છે એ તો. આહાહા ! આ વાણી તો જડ છે. આ કંઈ આત્મા નથી. એ દ્રવ્યવાણીથી કહીશ અને ભાવવાણીથી કહીશ. આહાહા !

આ તો હજી પહેલાં માંગળિક માંડે છે. ઉપોદ્‌ઘાત કરે છે. પહેલી ગાથા છે આ. શ્રુત પંચમી છે ને આજે જેઠ સુદ પાંચમ. ષટ્‌ખંડાગમની રચના આજે થઈ હતી અંકલેશ્વર. આહાહા ! આપણે આ ૧૯મી વારની શરૂઆત છે. એકેક શબ્દના અર્થ અઢાર વાર તો થઈ ગયા છે, આ ઓગણીસમી વાર હાલે છે. ભાઈ, તત્ત્વ ઝીણી ચીજ છે. આત્મા એનું જે જ્ઞાન, આત્મજ્ઞાન એ ચીજ બહુ ઝીણી છે. આહાહા !

દાકતર ! જૂનાગઢ નરસિંહ મહેતા " જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્હો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી " એ આત્મા આવો, પરમાત્માએ કહેલું એવું જે એનું સ્વરૂપ-જ્યાં સુધી ચિન્હો નહિં એટલે જાણ્યો નહિં, ત્યાં સુધી તારા વ્રત ને ભક્તિ, તપ ને દાન બધા એકડા વિનાના મીંડા છે, આહાહાહા ! પાપની તો વાત જ શું કરવી ? આ રળવું ને ભોગ ને વિષય ને નોકરી ને એમાં લેવા દેવા એ તો બધું આખું પાપ ૨૨-૨૩ કલાક પણ એકાદ કલાક મળે સાંભળવા કદાચ એમાં એમાંય કોઈ શુભ રાગ હોય, આહાહા ! એ પણ બંધનનું કારણ છે. સમજાણું કાંઈ ?

એ દ્રવ્ય અને ભાવ વચનથી પરિભાષણ શરૂ કરીએ છીએ. ભાષા તો જુઓ ! મારો વિકાસ જ્ઞાનનો એનાથી હું આત્માની વાત કરીશ અને વિકલ્પથી અથવા વાણીથી કરીશ, શરૂ કરું છું. શરૂ કરતા કરતા ક્યાં પૂરું થાશે, એ થાય ત્યારે એ જાણી લેજે. આહાહા ! શરૂ કરું છું એમ લખ્યું છે ને ? પરિભાષણ, આહાહા ! છે ? પરિભાષણ એટલે સમસ્ત રીતે પૂરણ ભાવજ્ઞાન અને વાણીમાં પૂરણપણું જે છે આવ્યું. એનું પરિભાષણ ' પરિ ' ઉત્સર્ગ છે. સમસ્ત પ્રકારે એનું કથન શરૂ કરું છું. આ શરૂ કરીએ છીએ, આહાહાહા ! એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે, મુનિ છે નગ્ન દિગંબર સંત જંગલમાં વસે છે, બે હજાર વર્ષ થયા સંવત ૪૯ જંગલમાં રહેતા હતા એમાંથી આ ( ટીકાના ) મૂળ શ્લોક સંસ્કૃતમાં બનાવ્યા છે. આહાહા ! અને આ ટીકા છે એ એમના એક હજાર વર્ષ પછી અમૃતચંદ્રાચાર્ય મુનિ એ થયા તેમણે બનાવી.

આ નવા કળશમાં એ નામ આપ્યું છે ભાઈ, " અધ્યાત્મ અમૃત કળશ " જગમોહનલાલજીએ નવું છાપ્યું છે ને ? રાજમલની ટીકા જગમોહનલાલજીએ. એનું નામ " અધ્યાત્મ અમૃત કળશ " ઓલા અમૃતચંદ્રાચાર્યના કળશ છે ને ? તેથી પુસ્તકનું નામ " અધ્યાત્મ અમૃત કળશ " એમ

નામ રાખ્યું છે. અહીં નથી, ત્યાં આવ્યું છે. હમણાં ભેટ આવ્યું છે ને ?

અહીં કહે છે કુંદકુંદાચાર્ય, એ સિદ્ધ ભગવંતો કેવા છે, આહાહા ! પરમાત્મ થયેલી દશા અસ્તિપણે, શ્રધ્ધાનાય ઠેકાણાં ક્યાં હજી એને ? આહાહા ! કે જેમ અનંત જીવો પરિભ્રમણ કરનાર છે એમ અનંત જીવો પૂરણ સિદ્ધને પ્રાપ્ત થયેલા પણ છે. કારણ કે હું જ્યારે શરૂઆત કરું છું પૂરણ થવાની, તો અલ્પકાળમાં મારી પૂર્ણતા થશે તો જેણે શરૂઆત કરી છે એને અલ્પ કાળમાં થઈ ગઈ છે, એવા અનંતા જીવો થઈ ગયા છે. લોજીક– ન્યાયથી છે. આહાહા ! સમજાણું કાંઈ ? એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સિદ્ધ પરમાત્મદશા, અશરીરી જેને શરીર નહિં, વાણી નહિં, વિકલ્પ નહિ રાગ નહિં, પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! એવા અનંતા પરમાત્મા બિરાજે છે જેને ‘ નમો સિદ્ધાણં ’માં કહે છે. પાંચ નવકાર છે ને નમો અરિહંતાણં ‘ અરિ ’ નામ દુશ્મન. રાગ અને અજ્ઞાન એ દુશ્મન છે. એને ‘ હંત ’ નામ હણ્યા અને જેણે પૂરણ આનંદ પ્રગટ કર્યો તેને અરિહંત કહીએ પણ શરીર હોય, એને વાણી હોય એને, શરીર વાણી રહિતને સિદ્ધ ભગવાન કહીએ, નમો સિદ્ધાણં બીજા પદમાં એ પાંચે પદના શબ્દના અર્થ છે ! કોઈ એમને એમ નથી. ઓઘે ઓઘે નથી. એના ભાવ શબ્દોના અર્થ ઊંડા છે. કાંતિભાઈ ! નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં નમો આયરિયાણં લ્યો શું પણ ? વાડામાં પડયા હોય એને ભાન ન મળે. આહાહા !

એવા અનંતા સિદ્ધોને, આહાહા ! સિદ્ધપણાને લીધે સાધ્ય જે આત્મા, શું કીધું ? આત્મા સાધ્ય છે ને આત્મા સાધવો છે ને ? એના સાધ્યમાં સિદ્ધ પ્રતિચ્છંદ, પ્રતિચ્છંદ એટલે હે ભગવાન, ત્યારે સામો અવાજ આવે, હે ભગવાન–એ પ્રતિચ્છંદ એટલે સામો ઘડાકો– પ્રતિઘાત આવે ને સામે ? હે ભગવાન તમે સિદ્ધ છો, તો સામો પ્રતિઘાત આવ્યો આમ ગુલાંટ ખાઈને “ હે આત્મા તું સિદ્ધ છો ” સમજાણું કાંઈ ? આહાહા ! છે ? એ પ્રતિચ્છંદના સ્થાને છે સામો ધ્વનિ ઊઠે છે. જેવો પરમાત્માને તું કહે કે તમે પૂરણ છો, પૂર્ણાનંદ છો તો એવો જ પ્રતિધ્વનિ ( પડઘો ) તારામાં આમ પાછો આવે છે. તું પણ પૂરણ છો. પૂર્ણાનંદ છો. આહાહા ! આવું છે. આમાં નવરાશ ક્યાં માણસને છે ? આત્મા સાધ્ય છે અને એ આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે, સિદ્ધો, સિદ્ધ પ્રતિચ્છંદના સ્થાને છે. ‘ જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરી, ’ પૂરણ પરમાત્મ પદને પ્રાપ્ત થયા એના સ્વરૂપનું સંસારી જીવો ચિંતવન કરી, આહાહા ! એવું થવા માગે છે, જેને હવે સંસાર દશામાં રહેવું નથી. આહાહાહા ! એવા પ્રાણીને સિદ્ધ ભગવાન આત્માના સાધ્યમાં પ્રતિચ્છંદ છે. એનું ધ્યાન કરે, વિચાર કરે કે આવા સિદ્ધ, આવા પરમાત્મા, આવા એવો હું છું. આહાહા ! સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો બેય વાત સિદ્ધ કરી, અનંતા સિદ્ધો સિદ્ધ કર્યા, પરમાત્મ દશા પ્રાપ્ત અનંત કાળમાં, અને સંસારી ભવ્ય જીવો પણ અનંત છે, ભવ્ય નામ લાયક મોક્ષ જવાને લાયક એવા જીવો, સિદ્ધ ભગવાનનું ચિંતવન કરી આહા ! તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવી સિદ્ધના– પરમાત્મા જેવું મારું સ્વરૂપ છે. એમ ધ્યાન કરી, આહાહા ! છે ? તેમના જેવા થઈ જાય છે.

સિદ્ધનું ધ્યાન કરી સિદ્ધ જેવા થઈ જાય છે. માટે સિદ્ધનું ધ્યાન કરીને સિદ્ધને સ્થાપે છે.

વિશેષ કહેશે–

**પ્રવચન નં ૬ ગાથા - ૧ તા. ૧૨-૬-૭૮ સોમવાર જેઠ સુદ-૬ સં.૨૫૦૪**

સમયસાર, પહેલી ગાથા ચાલે છે. ફરીને લઈએ છીએ. ટીકા, ટીકા. અહીં સંસ્કૃત ટીકામાં “ અથ ” શબ્દ મંગળના અર્થને સૂચવે છે, પહેલો અથ શબ્દ પડયો છે ‘ અથ ’ પ્રથમત એમ શબ્દ પડયો છે સંસ્કૃત. ‘ અથ ’ મંગળના અર્થને એટલે ? સાધક ધર્મની શરૂઆત થાય છે. આહાહા ! ‘ અથ ’ નામ હવે અનંત કાળથી જે સાધક સ્વરૂપ જેનું ભાન નહોતું એવો ચૈતન્ય સ્વભાવ એનો, હવે સાધકપણે શરૂઆત થાય છે. એ જ ‘ અથ ’ નામ નવી શરૂઆત છે. એનું નામ ‘ અથ ’, એ જ મંગળિક છે. આહાહા ! એ તો ‘ અથ ’ સંસ્કૃત ટીકાના શબ્દનો અર્થ થયો.

“ હવે ગ્રંથના આદિમાં ” પાઠમાં એમ આવ્યું ’તું ગાથામાં, ધ્રુવ અચલ ને અનુપમ પણ અહીંયા અર્થમાં મુખ્ય વંદિતુ સવ્વ સિદ્ધે. એમ જે શબ્દ પડયો છે, એમાંથી વંદિતુનો અર્થ કાઢી અને સર્વ સિદ્ધો, એને મારી પર્યાયમાં સ્થાપું છું અને શ્રોતાની પર્યાયમાં અનંતા સિદ્ધને સ્થાપું છું. આહાહા ! અનંત અનંત સિદ્ધોનું એક તો અસ્તિત્વ સિદ્ધ કર્યુ–ભલે સંસારી પ્રાણી અનંતગુણા હો પણ સિદ્ધ પણ અનંત છે અને તે પણ આદિ વિના છે અનાદિના છે. એમ નથી કે પહેલો સંસાર હતો ને પછી સિદ્ધ થયા. આહાહા ! આવી વસ્તુ સ્થિતિ છે સિદ્ધ થાય એ તો સંસારમાંથી થાય. પહેલો સંસાર અને પછી સિદ્ધ, એમ નહિં. એક વ્યક્તિની અપેક્ષાએ પહેલું પણ સામાન્યની અપેક્ષાએ તો સિદ્ધ અનંત અનાદિથી છે. આહાહા !

જેમ આકાશના અંતનું શું છે માપ ? આહા ! શું ઈ કહેવાય ક્ષેત્ર, ક્ષેત્ર ક્ષેત્રની બેહદ એ શું કહેવાય–એ જેમ ક્ષેત્ર ને સ્વભાવની વાત છે એમ આ સંસારી ને સિદ્ધ બેય સ્વભાવ અનાદિના છે. આહાહા ! કેટલાક પંડિત એમ કહે છે સિદ્ધ કરતાં સંસાર આઠ વર્ષે મોટો, આઠ વર્ષ પછી સિદ્ધ થાય છે ને ! એ તો એક વ્યક્તિની અપેક્ષાએ, સમુચ્ચય અનાદિ અનંત સિદ્ધો પણ છે અને અનાદિ અનંત સંસારી છે. જેમ ક્ષેત્રના અમાપનું માપ જ મગજમાં ન આવે, ક્યાં અલોક અલોક અલોક અલોક અલોક અલોક અલોક અલોક આ ચાલ્યું જ જાય અલોક પછી શું ? પછી, પછી ઈ જ. ( આકાશ ) આહાહા ! જેમ ક્ષેત્રના અમાપની અસ્તિની સિદ્ધિ છે તેમ સિદ્ધ પણ અનાદિના સિદ્ધ છે. આહાહા ! એ કેવા છે સિદ્ધ ?

એ સર્વ સિદ્ધો, એક સિદ્ધ નથી અનંત સિદ્ધો છે, અનંત શબ્દ વાપર્યો નથી, સર્વ સિદ્ધ શબ્દ વાપર્યો છે. આહા ! જે અનંતકાળ, છ મહીના અને આઠ સમયમાં છસેં ને આઠ મુક્તિ પામે તો એ અનંતકાળમાં કેટલો આંકડો થયો ? આહાહા ! એ સર્વ, આહાહા ! અહીં તો બીજું કહેવું છે, એટલા બધા સર્વ સિદ્ધોને હું વંદિતુ શબ્દ છે. એમ કહ્યો છે વંદિતુમાંથી સર્વ સિદ્ધોને મેં મારી પર્યાયમાં સ્થાપ્યા છે એમ કાઢયું, આદર કર્યો. રાગ પર્યાય ભિન્ન રહી ગઈ. મારી જ્ઞાનની પર્યાય ભલે અલ્પજ્ઞ છે, અને શ્રોતાની પણ જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે, એ બેયનો ખ્યાલ છે. છતાં એ અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સિદ્ધોને જાણવાની એની તાકાત છે. આહાહા ! ભલે મતિ, શ્રુતજ્ઞાનની પર્યાય હોય તો પણ અનંત સિદ્ધોને જાણવાની તાકાત છે તો અનંત સિદ્ધો છે એનો જ્ઞાનની પર્યાય આદર કરે છે, એટલે કે વંદન કરે છે, એટલે કે પોતાની પર્યાયમાં તેને સ્થાપે છે. એનું નામ વંદન કરે છે એમ કહ્યું. આહાહા !

સર્વ સિદ્ધોને મારી પર્યાયમાં ભાવ સ્તુતિથી અને દ્રવ્ય સ્તુતિથી સ્થાપું છું એમ આવ્યું ને ? છે ને ? ભાવ–દ્રવ્ય સ્તુતિથી એટલે કે મારી પર્યાયમાં, હું મારો આત્મા પૂરણ શુદ્ધ એ આરાધક ને હું આરાધ્ય, હું આરાધ્ય એટલે વસ્તુ, ને આરાધક મારી પર્યાય. નિર્વિકલ્પ સમાધિ, નિર્વિકલ્પ શાંતિ એ આરાધક અને ત્રિકાળી વસ્તુ આરાધવાને યોગ્ય; એવી નિર્વિકલ્પ સમાધિ એનું નામ અહીંયા ભાવસ્તુતિ કહેવામાં આવે છે. આહાહા ! પર્યાયમાં અનંતા સર્વ સિદ્ધો, ભાઈ ! આ સંસાર ભૂલી જાય છે અહીંયા, આહાહા ! રાગેય ભૂલી જાય છે–મારી જ્ઞાન પર્યાયમાં હું, કુંદકુંદઆચાર્યે વંદિતુ કહ્યું એમાંથી અમૃતચંદ્રાચાર્યે એક હજાર વર્ષ પછી આ ભાવ આમાં છે એમ કાઢયું. આહાહા ! “ વંદિતુ સવ્વસિદ્ધે ” માં ભગવાન કુંદકુંદાચાર્ય એમ કહેવા માગે છે તે હું અર્થ કરું છું. હજાર વર્ષ પહેલા થઈ ગયા.

કેમકે જ્યાં સમ્યગ્દર્શન અને જ્ઞાન ખીલ્યા છે, એ કળા બધાને કળી લ્યે છે. આહા ! એ અહીંયા સીધું, એક તો સર્વ–સિદ્ધ, સિદ્ધ કર્યા એટલે કે કોઈ એક જ આત્મા માનનારા, પવિત્ર થાય એટલે બધા એક જ થઈ જાય છે, એનો નિષેધ કર્યો. ( શ્રોતાઃ જ્યોતમાં જ્યોત ભળી ગઈ ! ) પવિત્ર થઈ ગયા, પરમાત્મા થઈ ગયા પછી જુદા શું રહે ? એમ કહેનારનો નિષેધ કર્યો છે. બાપુ ! દરેક પરમાત્મા અનંતા છે એની સત્તા ભિન્ન ( ભિન્ન ) છે, સર્વ છે, એક છે એમ નહીં. આહાહા ! સર્વ સિદ્ધોને જે સંખ્યાતીત અનંત એ બધા સિદ્ધોને, આહાહા ! મારી અલ્પજ્ઞ પર્યાયમાં એને રાખું છું. આહાહાહા ! મારી પર્યાયની પેટીમાં અનંતા સિદ્ધોને પધરાવું છું. આહાહાહા ! મારી અલ્પજ્ઞ પર્યાયમાં અનંત સર્વ સિદ્ધોને બેસાડું છું. આમંત્રણ કરીને પ્રભુ અહીંયા પધારો. આહાહા ! મારી પર્યાય આપને અહીંયા રાખવા જેવી લાયકાત ( ધરાવે ) છે. આહાહાહા ! ગજબ કામ કર્યું છે. ( અમૃતચંદ્રાચાર્યે અમૃત ભર્યું છે સાક્ષાત ).

વંદિતુ સવ્વ સિદ્ધે ગજબ કામ પ્રભુ. એક તો અનંત સિદ્ધોની સિદ્ધિ કરી. મારા પહેલાં અનંતા સિદ્ધો થઈ ગયા છે, એવા સિદ્ધોને સિદ્ધ કરી અને મારી પર્યાય અલ્પજ્ઞ હોવા છતાં, એમાં અનંતા સિદ્ધોને સ્થાપું એટલી તાકાત છે. મારી પર્યાયની એટલી તાકાત છે કે અનંત સિદ્ધોને રાખી શકે, અનંત સિદ્ધો છે એમ પર્યાય રાખી શકે છે. આહાહા ! સર્વ સિદ્ધોને ભાવસ્તુતિથી પર દ્રવ્ય છે સિદ્ધ માટે તેને એકલો દ્રવ્ય નમસ્કાર થાય છે, એમ નહિં એમ કહે છે. આહાહાહા ! મારો ભાવ નમસ્કાર ભેગો છે. હું શુદ્ધ પૂર્ણાનંદ પ્રભુ એ આરાધવાને લાયક તે હું અને નિર્વિકલ્પ પર્યાયથી આરાધક પણ હું એવી ભાવ સ્તુતિથી મારી પર્યાયમાં સિદ્ધને સ્થાપું છું. આહાહા ! વંદન કરું છું. ગજબ ટીકા છે. આહાહા ! અત્યારે તો આવી ક્યાંય ( જોવા મળતી નથી ) ટીકા, આત્મખ્યાતિ ટીકા ગજબ છે. ભાઈ ! ( એનું સ્પષ્ટીકરણ ગજબ કર્યું છે આપે ) હા, એમાં છે કેટલુંક છેને એમાં. આહાહા ! એવા અનંત સિદ્ધોને મારી અલ્પજ્ઞ પર્યાયમાં એમ હું કહું એમ નહિં, પણ મારી પર્યાય અનંત સિદ્ધને સંઘરી શકે છે, અનંતા સિદ્ધો એટલે અનંતા કેવળજ્ઞાનીઓ, અનંતા સર્વજ્ઞો એક સર્વજ્ઞને કબૂલે તો આંયા તો અનંત સર્વજ્ઞને કબૂલે એવી મારી અલ્પજ્ઞ પર્યાયની તાકાત છે. આહાહા ! ગજબ કામ કર્યું છે ને ! આહા ! હું ભાવ સ્તુતિ ( થી ) તો સ્થાપું છું, પણ વિકલ્પ દ્વારા પણ સ્થાપું છું સિદ્ધને, વ્યવહાર. મારી પર્યાયમાં સ્થાપું છું. આહાહા ! આમ કુંદકુંદાચાર્ય જે પાઠમાં કહે છે તેને અમૃતચંદ્રાચાર્ય, એમાં આ ભાવ ભરેલા

છે તેમ ખોલે છે. આહાહા ! જેમ ભેંસના આઉમાં દૂધ ભર્યું હોય અને બળુકી બાઈ કાઢે, એમ આ પાઠમાં ભાવ ભર્યા છે એ અમૃતચંદ્રાચાર્ય તર્કથી, સ્પષ્ટ તર્કથી તે ભાવને બહાર ખોલે છે. આહાહા ! ( વર્તમાનમેં આપ ખોલતે હૈ ) આહાહા ! એની બલિહારી બાપા !

ભાવ સ્તુતિથી આદર કરું છું, એટલે કે ભાવ સ્તુતિથી પણ મારી પર્યાયમાં નિર્વિકલ્પ દશામાં તેને સ્થાપું છું. આહાહાહાહા ! અને વિકલ્પની દશામાં પણ એ અનંતા સિદ્ધોને હું વંદન, પર તરીકે છે એટલે વંદન કરું છું અને વિકલ્પ છે પણ એ વિકલ્પમાં પણ અનંતા સિદ્ધોને હું સ્થાપું છું. આહાહા ! આવી વાત. આહા ! એક વાત.

ભાવ-દ્રવ્ય સ્તુતિથી પોતાના આત્મામાં, મારા આત્મામાં, આહાહા ! જુઓ તો ખરા મંગળિક કર્યું. અમે સિદ્ધ થવાના છીએ અલ્પકાળમાં હોં એમ કહે છે. અમે અનંતા સિદ્ધોનું પ્રસ્થાનું પર્યાયમાં મૂક્યું. અમે પણ સિદ્ધ ભવિષ્યમાં થવાના છીએ, આહાહા ! તો અનંતા અનંતા અનંતા અનંતા સિદ્ધો, એને નિર્વિકલ્પ દશા દ્વારા અને વિકલ્પ દ્વારા મારી અલ્પજ્ઞ પર્યાયમાં અને રાગમાં એને સ્થાપું છું. આહાહા ! જ્ઞાનમાં તો જાણીને સ્થાપું છું અને રાગમાં, વિકલ્પમાં બહુમાન, બહુમાન આવ્યું તેથી સ્થાપું છું . કારણ રાગ કાંઈ જાણતો નથી. આહાહા ! એવા અનંતા સિદ્ધ ભગવાનને ભાવ દ્રવ્ય સ્તુતિ દ્વારા પોતાના આત્મામાં એક વાત, તથા પરના આત્મામાં, આહાહા ! ગજબ કર્યો પ્રભુ સમયસારે તો. આહાહા !

શ્રોતાની પર્યાયમાં, શ્રોતા ભલે અપ્રતિબુદ્ધ હો હજી અજ્ઞાની છે, છતાં પ્રભુ તું શ્રોતા તરીકે આવ્યો છે ! અમે ક્યાંય સંભળાવવા જતા નથી, પણ શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છો. આહા ! આ સ્થિતિને સાંભળવા આવ્યો છો તો તમારી પર્યાયની પણ એટલી લાયકાત અમને લાગે છે કે તે પર્યાયમાં અનંતા સિદ્ધોને અમે સ્થાપીએ છીએ. આહાહાહા ! અને તમારા વિકલ્પ દ્વારા પણ અનંતા સિદ્ધોને તમારી પર્યાયમાં સ્થાપીએ છીએ. આહાહા ! ભાવદ્રવ્ય બેયથી છે ને ! સ્વમાં ને પરમાં બેયમાં ! આહાહાહા ! ઓહોહો ! સિદ્ધને હેઠે ઊતાર્યા છે. સિદ્ધ તો ત્યાં છે. પ્રભુ તમે અમારાથી દૂર ન રહી શકો હવે. આહાહાહા ! અમારી પર્યાયમાં અમે પ્રસ્થાનું મૂકીએ છીએ ને, એનો કાળ આવશે એટલે અમે પૂરણ સિદ્ધ થઈ જશું. એમ અહીંયા તો એટલું જોર આપે છે શ્રોતા માટે પણ, એવા જ શ્રોતાઓને, શ્રોતા તરીકે ગણવામાં આવ્યા છે. આહાહા ! કે જેની અલ્પજ્ઞ પર્યાયમાં પણ સાંભળવા માટે આવ્યા છે સિદ્ધનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ સાંભળવા આવ્યા છે, તો એની પર્યાયમાં પણ અમે તો અનંતા સિદ્ધને સ્થાપીએ અને એ સ્થાપી શકે છે એવી એની યોગ્યતા જોઈએ છીએ. આહાહાહા !

પરના આત્મામાં સ્થાપીને પ્રભુ પણ પર આત્મા છે એને ને તમારે શું ? બાપુ ! વિકલ્પ ઊઠયો છે ને ! વોચ્છામિ એમ છે ને ! કહીશ એમ થયું ને ! ' વોચ્છામિ ' શબ્દ પડયો છે ને ? કહીશ એમ છે, તો કહીશ કોને ? શ્રોતાને, આહાહા ! હું એને કહીશ. ' વોચ્છામિ ' એનો અર્થ કરશે ભાવાર્થમાં યથા સ્થાને જે શબ્દો આવવા જોઈએ તે સ્થાને શબ્દો આવ્યા છે, એનું નામ પરિભાષણ સૂત્ર કહેવામાં આવે છે, ભાવાર્થમાં આવશે. આહાહા ! આત્મામાં સ્થાપીને. પરના આત્માની પર્યાયમાં સ્થાપીને. એવા જ શ્રોતાઓને લીધા છે. આહાહાહાહા ! કે જેની પર્યાયમાં અનંતા સિદ્ધો સંઘરી શકશે. આહાહા ! એની પર્યાય અનંતા સિદ્ધોને કબૂલશે અને આદર કરશે,

એનો એને આદર કરશે. એવા શ્રોતાઓને શ્રોતા તરીકે ગણ્યા છે. આહાહા ! અને તે શ્રોતાઓ પણ, આહાહાહા ! જ્યારે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ ને પ્રભુ અમે જેમ સિદ્ધપણાને પામશું એમ એ ટોળી પણ સિદ્ધપણાને પામશે જ. આહાહા ! આહાહાહા !

નહીં પામે એ અહીં કહે ખ્યાલ અમારી પાસે છે જ નહિં. આહાહા ! કહે છે એ શ્લોકમાં આવ્યું છે ને ? અમે દેહ અને આત્માને ભિન્ન બતાવ્યો તો કોણ નહીં માને ? માનશે જ. આહાહા ! આવા અસ્તિત્વનું પૂરણ સર્વજ્ઞ પર્યાયનું અસ્તિત્વ જ્યાં અમે સિદ્ધ કરીને તને સ્થાપીએ છીએ શક્તિમાં તો એ પૂરણ છે અને તું એ શક્તિમાં પૂરણ છો, પણ પ્રગટ થયેલી પર્યાયને તારી –શક્તિમાં નથી, શક્તિમાં છે પણ પર્યાયમાં નથી, એથી પર્યાયમાં અમે સ્થાપીને; તને પર્યાયમાં લક્ષ સિદ્ધનું લઈને અમને સાંભળજે હવે. આહાહા ! તું સિદ્ધનું લક્ષ લઈને સાંભળજે આ. આહાહા ! જરૂર સિદ્ધ થઈશ. આહાહાહા ! ( વર્તમાનકી પર્યાય અલ્પજ્ઞ હૈ ) અલ્પજ્ઞ છે પણ એટલી તાકાત છે કે શ્રોતા તરીકે તું આવ્યો છો, અને અમને સાંભળવા માટે તું આવ્યો છો. તો તારી પર્યાયની અનંતા સિદ્ધોને રાખવાની તાકાત છે તારી પર્યાયમાં. આહાહા ! હું સ્થાપું છું પરની પર્યાયમાં તો એનો અર્થ શું ? તારી પર્યાયની એટલી તાકાત હું જોઉ છું. મારા જ્ઞાનમાં એમ આવ્યું છે કે તારી પર્યાયમાં એટલી તાકાત છે. અને તુશ પણ માનીશ એ પ્રમાણે. આહાહા ! ગજબ કામ કર્યું છે ને ! આ “ વંદિત્તુ સવ્વ સિદ્ધે ” આહાહાહાહા ! વિકલ્પ છે દ્રવ્યથી તો વાત કરી, પણ નિર્વિકલ્પ સહિતનો વિકલ્પ છે. આહાહા ! એમ તને સાંભળનારની પર્યાયમાં પણ અનંતા સિદ્ધોને અમે સ્થાપીએ છીએ તો પ્રભુ તું નહીં રાખી શકે એ પ્રશ્ન જ નથી. આહાહા ! અનંતા સિદ્ધોને પર્યાયમાં સ્થાપીએ છીએ, એટલે તારું લક્ષ અલ્પજ્ઞપણે નહિ રહી શકે. આહાહા ! અનંતા સર્વજ્ઞોને પર્યાયમાં સ્થાપ્યા તો તારું લક્ષ સર્વજ્ઞ ઉપર જશે. અને લક્ષ રાખીને હવે અમારું સાંભળજે. આહાહાહા ! પ્રવીણભાઈ ! આવી વાતો છે. આહાહા ! ભાગ્ય.

અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પહેલાં ‘ વંદિત્તું સવ્વસિદ્ધે ’નો અર્થ કરે છે. ક્યાં હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય થયા, એ પણ પોતે છદ્મસ્થ છે અમૃતચંદ્રાચાર્ય, બાપુ ! છદ્મસ્થપણું ન જુઓ. આહાહા ! અમારો પ્રભુ સર્વજ્ઞ સ્વભાવી અને અમારી પર્યાયમાં અનંતા સર્વજ્ઞોને અમે સ્થાપીને રાખ્યા છે. એ હવે બહાર નહિ જઈ શકે. આહાહા ! અમારો આત્મા સિદ્ધથી બહાર નહિ રહી શકે હવે, આહાહા ! કોણ જાણે શું ભર્યું છે આમાં ! ! એટલી ભરી છે અંદર શક્તિ અને એનો સંગ્ર હ ઓહોહો ! એવા પરના આત્મામાં સ્થાપીને. અહીં સુધી તો હજી આત્મા કહેનાર અને સાંભળનાર બેયના આત્મામાં સ્થાપીને અહીં સુધી વાત કરી.

હવે કહેવું છે શું ? સમય નામનો પ્રાભૃત. કહેવું છે સમય નામનો પ્રાભૃત, પછી સમયનો અર્થ પદાર્થ પણ થાય છે ને મૂળ અર્થ આત્મા થાય છે. આત્મામાં પછી બધા પદાર્થ આવી જાય છે આત્માનું જ્ઞાન થતાં. સ્વનું જ્ઞાન થતાં એમાં પરનું જ્ઞાન એમાં આવી જાય છે. કેમકે એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જાણવું, એવી પર્યાયની તાકાત છે. જીવની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને, છ દ્રવ્યમાં અનંતા સિદ્ધો, એક સમયની પર્યાયમાં અનંતા સિદ્ધો, અનંતા નિગોદો ને અનંતા પરમાણુઓ, અનંતા સ્કંધો એક સમયમાં પર્યાયમાં જાણવાની શક્તિ છે આહા ! તો એવી એક સમયની પર્યાયની આવી તાકાત છે. આહા ! તો

એવી અનંતી પર્યાયનો ધરનાર ગુણનો ધરનાર પ્રભુ, આહાહા ! એના લક્ષમાં હવે રહીને અમારી વાત સાંભળ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

સમય નામના પ્રાભૃતનું ભાવવચન મારા ક્ષયોપશમના જે જ્ઞાનની દશા ઊઘડી છે. એ ઊઘડી દ્વારા હું કહીશ. જ્ઞાન નિમિત્ત છે ને વાણીને વિકલ્પને, પણ જ્ઞાનનું એ ભાવ વચન દ્વારા, ભાવવચન એટલે વિકલ્પ નહીં. અહીંયા ભાવવચન એટલે જ્ઞાનનો વિકાસ જે પર્યાયમાં છે. જે હું સમયસારને કહેવા માગું છું, એનું મને જ્ઞાન છે વિકાસમાં, એ વિકાસથી એને અમે ભાવવચન કહીએ છીએ. આહાહા !

જે કહેવાશે સમયસાર એનું મને અહીં જ્ઞાન છે તો હું કહીશ. તો એ ઉઘડેલા જ્ઞાનને ભાવવચન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? કાલ તો ઓલા દાકતરને એ હતા ને એ સમજે નહીં ને એટલે સ્પષ્ટીકરણ વિશેષ ન આવ્યું એક તો માંડ ગુંચાઈ ગયેલા હોય બહારમાં. આહાહા ! આ વાતું બાપા, આ તો નિવૃત્તિની વાત છે તદ્દન. આહાહા. ! એની સાથે એમ કહ્યું કે દ્રવ્યવચન એટલે કે વિકલ્પ આદિ. તો એમાંથી જે પુણ્ય બંધાશે તેમાં અમને ભવિષ્યના ભવમાં સંયોગ બધો ધર્મનો જ મળશે. દ્રવ્ય સ્તુતિ થઈને ? આહાહા ! અમે ભગવાન પાસે, ગણધરો, સંતો પાસે કે વાણી તે સ્થાને જ અમે ભવિષ્યમાં જવાના અમારું પૂરું કરવા, આહાહાહા ! ભાવથી તો વર્તમાન અમે નિર્વિકલ્પ સમાધિથી સ્તુતિ કરીએ છીએ, પણ વિકલ્પથી પણ કરીએ છીએ, કારણકે અમને ખબર છે કે આ ભવમાં સર્વજ્ઞ નથી. આહાહા ! સર્વજ્ઞને સ્થાપીએ છીએ પણ પર્યાયમાં આ ભવે સર્વજ્ઞપણું નહિ થાય, એમ અમને ખબર છે, તેથી વિકલ્પમાંથી એવું પુણ્ય બંધાશે કે જ્યાં સર્વજ્ઞ પરમાત્મા હશે, સમોસરણ હશે, ગણધર હશે, એ વિકલ્પના ફળમાં એવું પુણ્ય બંધાશે ને એવો સંયોગ મળશે. આહાહા !

સ્વભાવની ધારાથી સ્વભાવ પૂર્ણ થશે અને વિકલ્પની ધારાથી પૂર્ણને સમજાવનારના સંયોગ પ્રાપ્ત થશે. આહાહા ! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે બાપુ ! અરે ! પરમાત્માના સંતોના પેટ મોટા બહુ. આહાહા ! એની જ્ઞાનકળા, સમકિત કળા, ચારિત્ર કળા એની શું વાતું કરવી ? આહાહા ! એ મુનિરાજ પોતે કહે છે આમ હોં ! અમૃતચંદ્રાચાર્ય કહે છે, હજાર વર્ષ પછી થયેલા, પ્રભુ પણ તમે તો પ્રભુ પાસે ગયા નહતા ને ? કુંદકુંદાચાર્ય તો ગયા હતા, અને જેથી સમકિતની દશા ભલે ક્ષાયિક ન હો, પણ ત્યાં ગયા હતા માટે અપ્રતિહત દશા તો હો, પણ તમે ગયા નહોતા ને ? અમે ભાવ ભગવાન પાસે ગયા છીએ. આહાહા ! અને એમાંથી એ જ્ઞાનની ધારા આવે છે, એ દ્વારા કહેશું. આહાહાહાહા ! મારા વૈભવથી કહીશું એમ કહે છે, પછી કહેશે કે મને કેવળી અને શ્રુતકેવળીએ સંભળાવ્યું છે. નિમિત્તથી કહેશે, ભગવાને અમને સંભળાવ્યું છે, શ્રુતકેવળીઓ હારે ચર્ચા થઈને સાંભળ્યું છે, પ્રભુ ! આહાહા ! અમે એવા એકલા પ્રાણી પંચમઆરાના નથી. પણ અમે ભગવાન પાસે સાંભળ્યું છે. આહાહાહા ! અને સંતો પાસે ને શ્રુતકેવળીઓ પાસે મેં ચર્ચાઓ કરી છે. પ્રભુ મારો આત્મા પંચમકાળમાં ભલે હો પણ આવી સ્થિતિમાં હતો ત્યાંથી આવેલો છે. ( આપનું પણ એમ જ છે સાહેબ ) ગજબ ટીકા છે. આહાહા ! ભાવ અને દ્રવ્યને સ્થાપીને. સમય નામ ભાવવચન ને દ્રવ્યવચનથી પરિભાષણ. પરિભાષણનો અર્થ કરશે, જ્યાં જ્યાં જોઈએ ત્યાં ત્યાં તે સ્થાપન કરવું. શાસ્ત્રનું

રચવું એનું નામ પરિભાષણ, પરિ એટલે સમસ્ત પ્રકારે કહેવું, એટલે જે શૈલીએ, જે પ્રકારે, જે કાળે, જે ક્ષેત્રે કે એને યોગ્ય જે શબ્દો હોય એને રચવા એનું નામ પરિભાષણ. પંચમ આરાના પ્રાણીઓ માટે આંહી કહીએ છીએ અને અમે પંચમઆરામાં છીએ તો એને યોગ્ય પણ પરિભાષણ થશે. આહાહા ! સમજાણું કાંઈ ?

'શરૂ કરીએ છીએ.' પરિભાષણ કરીએ છીએ એમ નથી કહ્યું, શરૂ કરીએ છીએ જ્ઞાનના વિકાસમાંથી શરૂ કરીએ છીએ કહેવા માટે. આહાહાહા ! અને છદ્મસ્થ છીએ અમે શરૂ કરીએ છીએ. આહાહા ! પણ શરૂ કર્યું એવું એનું પૂરૂં થઈ ગયું, પૂરણ સમયસાર થઈ ગયું. આહાહા ! સમજાણું કાંઈ ? કહેવા વખતે અમે કે અમે શરૂ કરીએ છીએ, શરૂ કરીએ છીએ. આહાહા ! પૂરણ થવું એને માટે કાળ પણ અહીંયા પૂરણ તો થઈ ગયું એને. ૪૧૫ ગાથા ને ટીકા પૂરી થઈ ગઈ. પૂરણ થઈ ગયું. પરિભાષણ શરૂ કરીએ છીએ. જ્ઞાનની ધારામાં અમારે જે કહેવું છે એ અમે ભગવાન પાસે સાંભળ્યું છે, શ્રુતકેવળી પાસે ચર્ચ્યું છે અને અમને પણ અંદરમાંથી પોતાથી પણ ભાસી ગયું છે, એમાંથી શરૂ કરીએ છીએ. આહાહા ! ગજબ કહે છે !! કહેશું એમ ન કીધું. પરિભાષણ કરશું, ભાઈ ! પંડિતજી ! (આચાર્યદેવ કહે છે) શરૂ કરીએ છીએ, ગજબ વાત કરે છે ને ! શું કરે છે. આહાહા ! પ્રભુ. "એયત્ત વિહત્તં દાએહં" એટલું તો કીધું પણ પાછું કીધું જો 'જદિ દાએજ્જ' દેખાડવામાં આવે, હું છદ્મસ્થ છું. આહાહા ! મારો નાથ અને તારો નાથ એવા આત્માને કહેવા માટે હું શરૂ કરું છું. પણ જો દેખાડીશને, એયત્ત વિહત્તં દાએહ દેખાડું છું દેખાડું છું. પણ દેખાડીશ તો..... આહાહાહા !

પ્રભુ તું શ્રોતા તરીકે આવ્યો છે, સિદ્ધને સ્થાપ્યા છે, આહાહા ! અનુભવથી પ્રમાણ કરજે. આહાહા ! શરૂ કરીએ છીએ પણ શરૂ કર્યું એ તો પૂરણ થઈ ગયું એમને તો. શ્રી ટોડરમલે શરૂ કર્યું પણ પૂરણ ન થયું. 'મોક્ષમાર્ગ પ્રકાશક' શરૂ કર્યું પણ પૂરું ન થયું. આ સંત કહે છે કે હું શરૂ કરું છું હજી પણ પુરું થઈ જશે. આહાહા ! શરૂ કરીએ છીએ એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે, આહાહા ! સંત– આચાર્ય એમ વાણી દ્વારા આમ કહે છે. છે તો બધી વસ્તુ નિર્વિકલ્પ અને નિર્વિકલ્પ દશામાં સિદ્ધો રહ્યા છે, પણ આ રીતે હું વાણી દ્વારા એ રીતે વસ્તુની સ્થિતિનું વર્ણન શરૂ કરું છું. શરૂ કરું છું. આહાહા !

'વોચ્છામિ' એમ કહ્યું ને ! ભાઈ, એમાંથી આ કાઢયું (કહ્યું) શરૂ કરું છું. 'વંદિતુ સવ્વ સિદ્ધે' સર્વ સિદ્ધોને સ્થાપીને, મારા અને તારા આત્મામાં, ભાવ અને દ્રવ્ય સ્તુતિથી ભાવ અને દ્રવ્ય વચનથી, આહાહાહા ! શરૂ કરીએ છીએ. આહા ! હું કહું છું એમ ન લેતાં શરૂ કરીએ છીએ એમ, 'વોચ્છામિ' શબ્દ પડયો છે પાઠમાં, હેં ? (હું કહું છું) કહું છું. એનો અર્થ અમૃતચંદ્ર આચાર્યે આ કાઢયો. આહાહા ! જે ભાવ છે એ જ કાઢેલો છે હોં કે એ 'વોચ્છામિ' કહ્યું ભલે પણ એનો અર્થ આ છે. આહાહા ! શરૂ કરું છું. કહેવાનું શરૂ કરું છું. આહાહાહા ! (ગાથામાં તો ભાવ–દ્રવ્ય વચન નથી) વિકલ્પ ઉઠયો છે એ દ્રવ્યવચન છે. વિકલ્પ છે ને એ જ દ્રવ્યવચન છે. વાણી તો અસદ્ભૂત વ્યવહારનયે દ્રવ્યવચન છે. વિકલ્પ ઊઠે છે એ અંતર્જલ્પ છે. નિર્વિકલ્પતા છે એ તો અંતર શાંતિ સમાધિ છે, ભાવ નમસ્કાર અને ભાવસ્તુતિ છે. આહાહાહા !

એમ શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે અમૃતચંદ્રાચાર્ય કહે છે કે આમ કુંદકુંદાચાર્યદેવ કહે છે.

આહાહા ! અમૃતચંદ્રાચાર્ય છે ને આ ટીકાકાર, થોડું પણ સત્ય, અંદર હોય એવું હોવું જોઈએ ને ? આહાહા ! આમ શરૂ કરીએ છીએ એમ કુંદકુંદાચાર્ય કહે છે. હેં ! કુંદકુંદાચાર્ય કહે છે કે હું સમયસાર કહીશ એમ કુંદકુંદાચાર્ય કહે છે એમ ન લેતાં શરૂ કરું છું એમ કુંદકુંદાચાર્ય કહે છે. આહાહા ! શબ્દે શબ્દની કિંમત છે અહીં તો, આ તો સંતોની વાણી છે, કેવળીના પેટ ખોલ્યા છે જેણે. આહાહાહા ! પ્રભુ તું પણ મોટો છો તારી વાતેય મોટપ ( મોટી ) છે બાપુ. આહાહા ! તારી પર્યાયમાં સિદ્ધો અનંતને સ્થાપ્યા હવે તારી પર્યાયની મોટપ, દ્રવ્યની તો શું વાત કરવી ! આહાહા ! પણ તારી પર્યાયમાં શ્રોતા ( ની ) આહાહા ! અનંતા સિદ્ધોને જ્યાં સ્થાપ્યા, હવે એને રાગનો આદર રહેશે નહિં.

અલ્પજ્ઞમાં સિદ્ધને સ્થાપ્યા એ અલ્પજ્ઞપણે રહી શકશે નહીં. આહાહા ! એ સર્વજ્ઞ સ્વભાવી ભગવાનની વાત કરશે પ્રભુ ! તો સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ અને સર્વજ્ઞ થઈશ. આહાહા ! નિઃશંક, નિઃસંદેહ એમ જાણ તું. આહાહા ! અમે ભવી હશું કે અભવી ? રહેવા દે એવી વાત, કોણે કીધી તને એ વાત. આહાહા ! ભવી-અભવીનો માર્ગણામાં નિષેધ કર્યો છે. માર્ગણામાં ભવી-અભવી નહીં. આત્મા ભવીયે નથી ને અભવીયે નથી. ભવી હોય તો સિદ્ધમાંય ભવીપણું રહેવું જોઈએ. સિદ્ધમાં ભવીપણું રહેતું નથી. ભવીનો અભાવ છે સિદ્ધપણામાં કારણ કે ભવીની યોગ્યતા હતી તે પ્રગટ થઈ ગઈ હવે ભવીપણું સિદ્ધમાં નથી, અભવી તો છે જ નહિં. પણ સિદ્ધ તો ભવી ને અભવી બેય નથી. આહાહા !

અહીં કહે છે કે જ્યાં અમે વાત કરીએ છીએ ત્યાં તું ભવી અભવીનો પ્રશ્ન જ રાખીશ નહિ, પણ અનંતકાળ થશે મને સિદ્ધ થવામાં એ પણ રાખીશ નહિ. આહાહા ! જેમ સિદ્ધ થવાને સમકિત થયા પછી અસંખ્ય સમય જ જોઈએ, અનંત સમય ન જોઈએ. આહાહા ! તેમ અહીંયા અમે સ્થાપીએ છીએ તો પ્રભુ વિશ્વાસ કરજે, વિશ્વાસ કરજે અંદર કે આ આત્માને આવી વાત સાંભળવા મળી અને અમે જ્યારે સાંભળવાને લાયક છીએ, અને એમાં અનંતા સિદ્ધોને પ્રભુએ અમારામાં સ્થાપ્યા અને અમારી યોગ્યતા દેખીને તેણે સ્થાપ્યા છે. આહાહા ! શ્રોતાઓને સાગમટે નોતરું આપ્યું છે. સાગમટે નોતરું એટલે સમજ્યા ને ? બધા આવજો એમ.

અમારે કાઠીયાવાડમાં સાગમટે નોતરું એટલે આખું ઘર આવજો જમવા, એને સાગમટે નોતરું કહેવાય. કંદોરાબંધ જમવાનું કહે તો તો જુવાનીયા આવે, ને કન્યાનું કહે તો કન્યા આવે. એવા ત્રણ પ્રકાર છે. જમણની વિધિના ત્રણ પ્રકાર છે, છે ને ? ત્રણ છે ને ? ટોળીયા.

અહીંયા સાગમટે નોતરું છે. આહાહા ! પ્રભુ બધા શ્રોતાઓ સિદ્ધ પદને થવાને લાયક છો, હોં તમે બધા. તેથી અમે સિદ્ધને સ્થાપીએ છીએ તમારામાં પ્રભુ. આહાહા ! અને એ વાત અમે શરૂ કરીએ છીએ એટલે કે તારે પણ તે વાત સાંભળવા તૈયારી રાખવી પડશે, શરૂ કરીએ છીએ એટલે પછી થાય ત્યાં સુધી તારે ધ્યાન રાખવું પડશે. આહાહા ! આહાહા !

' એ સિદ્ધ ભગવંતો, ' હવે જે સિદ્ધ સ્થાપ્યા, પોતાની પર્યાયમાં અને શ્રોતાના- સામાના આત્માની પર્યાયમાં, જે સિદ્ધને સ્થાપ્યા, " એ સિદ્ધ ભગવંતો સિદ્ધપણાને લીધે સાધ્ય જે આત્મા, " પોતાનો આત્મા સાધ્ય છે એના સ્થાનમાં સિદ્ધ છે. સિદ્ધ પણ સાધ્ય છે જેમ આત્મા સાધ્ય છે તેમ, સિદ્ધપણું સાધવું છે, એમ અહીંયા આત્મા સાધવો છે, એ આત્મા સિદ્ધને સાધવો છે. સિદ્ધપણાને

લીધે સાધ્ય જે આત્મા તેના પ્રતિસ્થાને છે. સિદ્ધપણાને લીધે સાધ્ય આત્માના પ્રતિચ્છંદ પ્રભુ પૂરણ તમે છો, તો સામે પ્રભુ તું પૂરણ છો. પ્રતિચ્છંદ ( પડઘો ) સામો અવાજ ધ્વનિ સામે ઘડાકા મારે છે. આહાહા ! પૂરણ તમે આનંદના નાથ છો. તો અવાજ સામો આવે છે પ્રતિચ્છંદ, પૂરણ અનંત આનંદના નાથ તમે છો; આહાહા ! જેટલા સિદ્ધને માટે વિશેષણો કહેવામાં આવે એનો સામો અવાજ ધ્વનિ ઊઠે છે, પ્રતિધ્વનિ કે તું તેવો જ છો. આહાહા ! સમજાણું કાંઈ ?

" સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સિદ્ધપણાને લીધે, પૂરણ સિદ્ધ થઈ ગયા છે ને એને લીધે સાધ્ય જે આત્મા તેના પ્રતિસ્થાને છે. આત્મા સાધ્ય છે તેના પ્રતિસ્થાને સિદ્ધ છે. જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો, જેમના સ્વરૂપનું, જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો, અભવ્ય કાઢી નાખ્યા, આહાહા ! ચિંતવન કરીને– અંદરનું ધ્યાન કરીને. આહાહાહા ! સંસારી ભવ્ય જીવો જેમના સ્વરૂપનું ચિંતવન કરીને, જેવા સિદ્ધ છે એવો જ હું છું. આહાહા ! મારી જાતમાં અને પ્રભુની જાતમાં ફેર નથી, આહાહા ! એમ ચિંતવન કરીને સિદ્ધને પોતાના આત્મામાં ચિંતવન કરીને તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, સિદ્ધ સમાન. પોતાના સ્વરૂપનું ધ્યાન કરીને, જોયું ? મૂળ તો અહીં પાછું લઈ જવું છે. ચિંતવન ભલે એના સ્વરૂપનું પણ મૂળ તો પાછું અહીંયાં લઈ જવું છે, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, આહાહા ! જેમ બાળક પોતાની માતાને ધાવે છે એમ આનંદનું ધ્યાન કરીને ધ્યાવીને. આહાહા ! છે ? પોતાના સ્વરૂપને ધ્યાવીને પોતાના સ્વરૂપને ધ્યાવીને. આહાહા ! સ્વરૂપને ધ્યેય બનાવીને, ધ્યાનમાં ધ્યાવીને. આહાહા ! સ્વરૂપને ધ્યાનમાં ધ્યેય બનાવીને, ધ્યાનમાં ધ્યાવીને, એનો રસ લઈને, આહાહાહાહા ! તેમના જેવા થઈ જાય છે. તેમના જેવા થઈ જાય છે. અહીં ન થાય એનો પ્રશ્ન અહીં છે જ નહિ. આહાહા !

સિદ્ધનું ધ્યાન, આત્મા સાધ્ય તેના પ્રતિચ્છંદના સ્થાને છે જેવા તમે સિદ્ધને કહેશો એવો જ તમારો આત્મા છે. એવા આત્માને સિદ્ધના સ્વરૂપનું ચિંતવન કરી પહેલું, પહેલું ચિંતવન પછી અંદર ધ્યાન કરીને આમ. અંતરના પૂરણ સ્વભાવને ધ્યાવીને, આહાહા ! ધ્યાવીને એટલે ધ્યાનમાં તેના આનંદને લઈને. માતાના આંચળમાંથી જેમ બાળક દૂધ પીવે એમ આત્માના અંદર આનંદમાંથી તે ધ્યાવીને, આનંદને પીને. આહાહા !

એક જણો કહે કે આ સમયસાર હું ૧૫ દિવસમાં વાંચી ગયો 'તો તમે બહુ વખાણ કરો છો બાપુ ! પણ હું ૧૫ દિવસમાં વાંચી ગયો. એ ભાઈ ! એની એકેક કડી ભાઈ બાપા ! ( વાંચી ગયો 'તો, સમજ્યો નહતો ) સમજે શું ધૂળ ? પણ એમ કહે, તમે સમયસારના બહુ વખાણ કરો છો, હું વાંચી ગયો. બાપા અંગ્રેજીના શબ્દો એ–બી. એ–બી એમ કરીને વાંચી ગયો. પણ બાપુ, એની એકેક કડી, એકેક ગાથા બાપુ, આ તો સંતોની અમર વાણી છે. અમૃતવાણી– અમર થવાની વાણી છે. એ વાણી અફર છે–એમ તમને અફરપણું, સિદ્ધપણું થાય એવી આ અફર વાત છે, શ્રોતાઓને એમ કહે છે. આહાહાહા !

તે સમાન પોતાના સ્વરૂપને, જોયું ? સિદ્ધ સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, આહાહાહા ! તેમના જેવા થઈ જાય છે. સિદ્ધ જેવા થઈ જાય છે. ( શ્રોતાઃ પર્યાયમાં ) આહાહા ! જે સિદ્ધનું ચિંતવન કરે એને વંદન અમે કેમ કર્યું, એનો આદર કેમ કર્યો કે એનું ધ્યાન, ચિંતવન કરીને એના

આત્માનું ધ્યાન કરીને એના જેવા થઈ જાય છે માટે " વંદિત્તુ સવ્વસિદ્ધે " સિદ્ધોને આત્મામાં સ્થાપ્યા એને વંદન કર્યું એમ કહેવામાં આવે છે. આહાહાહા ! ગજબ વ્યાખ્યા છે ને ! !

' ચારેય ગતિઓથી વિલક્ષણ, ' આહાહા ! ચારેય ગતિ દુઃખરૂપ છે ભાઈ ! મનુષ્ય ગતિ, સ્વર્ગ ગતિ પણ દુઃખરૂપ છે, પરાધીન છે. જે સિદ્ધના સ્વરૂપને, તારી પર્યાયમાં સ્થાપ્યા અમારી પર્યાયમાં સ્થાપ્યા, એનું સિદ્ધનું ચિંતવન કરીને સ્વરૂપ મારું એવું છે, એવું અંતર આત્માનું ધ્યાન કરીને, સિદ્ધ ગતિને પામશે જ. આહાહા ! ચારે ગતિઓથી વિલક્ષણ- ચાર ગતિમાં એનું કાંઈ લક્ષણ મળે એવી ચાર ગતિ નથી, એનાથી વિ-લક્ષણ છે. સિદ્ધની ગતિ એ તો કોઈ વિ-લક્ષણ છે. આહાહા ! વિપરીત લક્ષણ એમ નહિં, પણ કોઈ જુદી જાતનું વિલક્ષણ છે. આહાહા ! અરે ! આ વાત કેવળી પરમાત્મા, જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ, કહેશે અમે એની પાસે સાંભળીને અહીં આવ્યા છીએ. આહાહા !

પ્રભુ બિરાજે છે ( સીમંધરનાથ ! ) આહાહા ! એમની પાસે અમે સાંભળ્યું છે, કંઈક શંકા આદિ હોય તો શ્રુતકેવળીઓ પાસે ચર્ચા કરીને અમે સમાધાન કર્યાં છે. આહાહા ! એ અમે આ ત્રિલોકનાથનો સંદેશો તને સંભળાવીએ છીએ, આહાહા ! સાંભળનારાઓને કહે છે, સિદ્ધને કેમ અમે સ્થાપ્યા અને વંદન કેમ કર્યું ? ભાવ દ્રવ્ય સ્તુતિ કેમ કરી ? કે એનું ચિંતવન કરી અને એના સ્વરૂપ જેવું, મારું સ્વરૂપ છે. એમ અંતરમાં ધ્યાન કરીને, ધ્યાવીને સિદ્ધ જેવા થઈ જાય છે. આહાહા ! અને એ સિદ્ધ, ચાર ગતિથી વિલક્ષણ છે. છે ? " પંચમગતિ મોક્ષ તેને પામે છે. " ચારેય ગતિઓથી વિલક્ષણ. આહાહા ! એવી જે પંચમગતિ, એ પણ એક છે તો ગતિ, સિદ્ધ પણ એક ગતિ છે, પર્યાય છે, દ્રવ્ય ગુણ નહિં. દ્રવ્ય ગુણ તો ત્રિકાળ છે, આ તો પંચમ ગતિને પામે છે. એમ છે ને ? પર્યાયને પામે છે. પૂર્ણ મોક્ષ દશાને પામે છે. આહાહા ! પંચમ ગતિ એવો જે મોક્ષ એને પામે છે. એટલે કે એ સિદ્ધ પર્યાયને પામે છે. જેવું તારું સ્વરૂપ સિદ્ધ જેવું છે એ પર્યાયમાં તને સ્થાપ્યું, એનું ચિંતવન કરી, સ્વરૂપનું ધ્યાન કરી, પંચમગતિ, મોક્ષને એ પણ એક ગતિ પર્યાય છે, પામે છે, મોક્ષ ગતિની પર્યાયને તેઓ પામે છે. મોક્ષ કોઈ ગુણ નથી, ગુણ ને દ્રવ્ય તો ત્રિકાળ છે, પામે છે એ પર્યાય હોય. આહાહા ! પંચમ ગતિ એવી મોક્ષ તેને પામે છે-

હવે પહેલાં જે વિશેષણ આપ્યા હતા અંદર ધ્રુવ, અચલ ને અનુપમ ગાથાના અર્થમાં, ગાથાના અર્થમાં પહેલાં આપ્યા 'તા વિશેષણ, એ વિશેષણ હવે આપે છે ટીકામાં-કે એ મોક્ષ ગતિ છે કેવી ? જે મોક્ષ પર્યાય પામે છે, નવી પામે છે, હતી નહિં, નહોતી, શક્તિરૂપે સિદ્ધ હતું. પણ મોક્ષની પર્યાયરૂપે નહોતી કોઈ દિ ' અભૂતપૂર્વ, ( અર્થાત્ ) પૂર્વે નહિ થયેલી, એવી મોક્ષ પર્યાયને પામશે જ-પામશે. આહાહા ! તે મોક્ષ ગતિ કેવી છે. આહાહા ! એની વિશેષ વાત કરશે.

( પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૭ ગાથા - ૧ તા. ૧૩-૬-૧૯૭૮ મંગળવાર જેઠ સુદ-૭ સં.૨૫૦૪

સમયસાર ! પહેલી ગાથા ચાલે છે, અહીં સુધી આવ્યું છે. ' પંચમગતિ મોક્ષ તેને પામે છે ' ત્યાં સુધી આવ્યું છે. હવે એ ગતિ કેવી છે, એ વાત ચાલે છે, વિશેષણો પહેલાં આપ્યા છે, ધ્રુવ, અચલ અને અનુપમ એનાં વિશેષણો હવે સ્પષ્ટ કરે છે. અંદરમાં સ્થાપીને પોતાની પર્યાયમાં, અનંત અનંત સિધ્ધોને સ્થાપીને અને વોચ્છામિ કીધું છે ને ? કહીશ, તો કો 'કને કહે છે ને ? વોચ્છામિ કીધું છે ને ? કહીશ તો એને પણ કહે છે હું કહીશ, એને પણ હું સિદ્ધોને સ્થાપું છું.

એવા સિદ્ધનું ધ્યાન કરીને, પોતાના સ્વરૂપને ધ્યાવે, અને તેથી તે સિદ્ધપદને પામે, તેને અહીંયા સિદ્ધગતિ કહે છે, એ સિદ્ધગતિ કેવી છે ? એ કહે છે, કેવી છે પંચમગતિ ? સ્વભાવભાવરૂપ છે. સ્વભાવરૂપ છે એમ નથી કીધું કેમકે પર્યાય છે ને ! સિદ્ધની પર્યાય છે એટલે સ્વભાવભાવરૂપ છે," સ્વભાવભાવભૂતતયા " એમ શબ્દ છે ને ! મૂળ સંસ્કૃત શબ્દ એમ છે–સ્વભાવભાવભૂતતયા, સ્વભાવભાવરૂપ– ભૂતનો અર્થ રૂપ. આહાહા ! સિદ્ધ ગતિને પામ્યા એ અનંતા સિદ્ધોને મારા અને તમારા આત્મામાં સ્થાપું છું. આહાહા ! તે સિદ્ધ કેવા છે ? કે પંચમ ગતિને પામેલા છે. આહાહાહા ! સ્વભાવભાવરૂપ થઈ ગયેલા છે. સ્વભાવ તો ત્રિકાળ છે પણ અહીંયા તો સ્વભાવભાવની પર્યાયરૂપ થયા છે દશામાં, સિદ્ધ ભગવાન એની પર્યાયમાં સ્વભાવભાવરૂપ થયા છે. સ્વભાવભાવરૂપ છે. વસ્તુ તો સ્વભાવ છે, ભગવાન આત્મા સિદ્ધ સ્વરૂપ જ છે, તેથી તો પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપીને કહીશ, તો કહેનારને અને સાંભળનારને– બેયને સ્થાપીને એમ કહ્યું. આહાહા ! અને તે ગતિ કેવી પામે છે ? કે સ્વભાવભાવરૂપ– જેવો એનો સ્વભાવ છે એવો જ એની દશામાં સ્વભાવભાવરૂપ દશા પામે છે. સ્વભાવ ભાવ એટલે એની પર્યાય બતાવે છે. સ્વભાવ ત્રિકાળ, વર્તમાન એનો સ્વભાવભાવરૂપ થઈ ગયા છે. આહાહા ! પંડિતજી ! આહાહા !

જેવો એનો સ્વભાવ હતો એવી જ દશા પર્યાયમાં– એના ભવનરૂપી ભાવમાં, સ્વભાવભાવરૂપ દશા થઈ છે. આહાહા ! તેથી એને ધ્રુવ કહે છે. પર્યાયને ધ્રુવ કહે છે. ધ્રુવ સ્વભાવ જે હતો, સ્વભાવ ધ્રુવ હતો એમાંથી પર્યાયને સ્વભાવભાવરૂપ પરિણમાવી, એને ધ્રુવ કહીએ છીએ. આહાહા ! ( બે ધ્રુવ થયા ત્રિકાળ ધ્રુવ અને એક વર્તમાન ધ્રુવ ) હા, ધ્રુવ એ પર્યાય છે અહીંયા. કારણ તો એમ કહેવું છે ને કે સ્વભાવરૂપ દશા થઈ ગઈ, હવે એને ત્યાંથી ફરવાનું નથી, ધ્રુવ થઈ ગયું. આહાહા ! ચાર ગતિમાં તો બદલી જાય છે ગતિ, એક ગતિમાંથી બીજી ગતિ આ તો ધ્રુવ ( પર્યાય ! ) આહાહા ! એ કહે છે. જુઓ.

સ્વભાવભાવરૂપ છે તેથી, સ્વભાવભાવરૂપ છે તેથી, ' સ્વભાવભાવભૂતતયા ધ્રુવત્તં ' એમ તેથી ધ્રુવપણાને અવલંબે છે સંસ્કૃત છે ને ? ' સ્વભાવભાવભૂતતયા ધ્રુવત્તં ' આહાહા ! એમ કરીને સ્વભાવ પણ જેનો હતો ઈ. એ કાંઈ નહતો એમ નહિ. એમ એ આવ્યું તો એ કાંઈ બહારમાંથી કોઈ ચીજ નથી આવી. આહાહા ! એનો એ સ્વભાવભાવ હતો, તે સ્વભાવભાવરૂપ પર્યાયમાં ભાવ થઈ ગયો. આહાહા ! સ્વભાવભાવ તો ત્રિકાળ હતો. એમાંથી વર્તમાન પર્યાયમાં

તે ભાવની સ્થિતિરૂપ, ભાવનારૂપ રૂપે પરિણતિ થઈ ગઈ. આહાહા ! એને અહીંયા સિદ્ધગતિ કહેવામાં આવે છે. ' ઈણમો ' શબ્દ છે ને ' ઈણમો ', ' ઈણમો ' શબ્દ વસ્તુને નહિ, કહેશું એને લાગુ પડે છે. ' વોચ્છામિ સમય પાહુડં ઈણમો ' ' આ ', ઓહો એમ છે ને ? ઈણમ્ ઓ ઈણમ્ ઓ. ઈદમ ' ઓ ' ' મ ' આની કોર આવી ગયો ' ઈદમ્માં ' ' ઓ ' જુદો પડી ગયો. આ અહો એમ કરીને કહે છે, આહાહા ! આવું શાસ્ત્ર, આ અહો; શ્રુતકેવળી ભણિયં આહાહા ! તે કહીશ. આહાહા ! શું શબ્દો ? ઈણમો શબ્દ છે ને ઈણમ નો અર્થ ઈદમ્ અને ' ઓ ' એમાંથી પણ જૂદો પાડયો " ઓહો " આ ! ઓહો ! શ્રુતકેવળી કેવળી ભણીયં, એવા સમયસારને હું કહીશ. હું તો છું પણ જેને સાંભળવું છે એને કહીશ એટલે એ જીવોને પણ સિદ્ધ દશાની પર્યાયમાં સ્થાપ્યા છે. ( એ બધા સિદ્ધ ( દશા ) પામશે. ) એ પામશે જ અહીંયા તો એક જ વાત છે ને ! અહીં બીજી વાત છે નહીં. આહાહા ! કોઈને થોડો વખત લાગે કોઈને ઘણો લાગે. આહાહા ! કેમ કે ' આ અહો ! આશ્ચર્યકારી વાત બતાવે છે એ ભવ્ય એમ કીધું ને ? આહાહા ! ત્યાંથી એમ ઉપાડયું અહો ! ભવ્ય જીવો એમ કહ્યું. ગાથાર્થમાં કહ્યું, ગાથાર્થમાં એમ કહ્યું છે, અહો. છે ? અહો ! શબ્દ છે, અહો ! શબ્દ મૂક્યો છે, આહા ! અહો શબ્દ છે ને ? મૂળ પાઠમાં, શબ્દાર્થમાં છે. એ ' અહો ' કહીને તો હું શ્રુતકેવળીએ કહેલું, કેવળીએ કહેલું અને શ્રુતકેવળીએ કહેલું, ભાઈ અહો ! આ કહેવાનો અવસર આવ્યો ને ? સાંભળનારને પણ આવ્યો સાંભળવામાં, આહાહા ! એમ કહીને અહો ! આશ્ચર્ય બતાવે છે. ત્રણલોકના નાથ કેવળીએ કહ્યું ( તે જ ) કહીશ અને શ્રુતકેવળીએ કહેલું કહીશ. આહાહા ! આવો વખત ક્યારે હોય એમ કહે છે, સાક્ષાત્ ભગવાને ( સીમંધર પ્રભુએ ) કહ્યું. એ મેં સાંભળ્યું અને શ્રુતકેવળી પાસે ચર્ચ્યું, એ હું કહીશ, આહાહા ! એમાંથી કેટલો ઈતિહાસ નીકળે છે ? કે એ ભગવાન પાસે ગયા 'તા કે નહિ ? એ પોતે એમ ક્યાં કહે ? પણ આમાં એ આવી જાય છે. ભગવાન કહે છે એ કહીશ, એનો અર્થ જ એ થઈ ગયો કે ભગવાન પાસે સાંભળ્યું છે, આહાહા ! અને શ્રુતકેવળીઓ પાસે ચર્ચ્યું છે. એવી સમયસારની સ્થિતિ જે આત્માની એને હું કહીશ. તો એમાં કોઈ ટીકા કરે છે ( કે ) હું કહીશ એ તો આવે છે. એમાં હું કહીશ પણ ભાષામાં શું આવે ? એમ કે વાણી છે એ તો પર છે તો કહીશ, એમ કેમ આવ્યું પાછું ત્યાં, પણ ભાષામાં બીજું આવે શું ? કહીશ. નીકળશે વાણીને યોગે વાણી, પણ મારો જ્ઞાનભાવ જે છે એને અનુસારે ( વાણી ) થાશે, અનુસારે ભાષા થાશે, ભાષા ભાષાને કારણે છે. પણ જેમ વાણી સર્વજ્ઞ અનુસારિણી છે, બીજા શ્લોકમાં આવી ગયું ને ! વાણી જેમ પરમાત્માની સર્વજ્ઞ અનુસારિણી, અનુભવશીલી એનો અર્થ કર્યો છે. કેવળજ્ઞાનને અનુસરીને એમ, આ મેં ભગવાન પાસે સાંભળ્યું છે, શ્રુતકેવળી પાસે જાણ્યું છે એને અનુસારે વાણી નીકળશે. આહાહાહા ! સમજાણું કાંઈ ? એકેક શબ્દમાં બહુ જ ઘણી ઊંડપ ભરી છે, ઘણી ઊંડપ ભરી છે. ઓહોહો ! કેટલીક તો કાલે કહેવાણી છે. પહેલા શબ્દમાંથી. આહાહા ! અહીં તો ધ્રુવમાંથી આટલુ લેવું. ( સમજવું )

એ ગતિ સ્વભાવભાવથી જ ધ્રુવપણાને અવલંબે છે એટલે ધ્રુવપણે હોય છે " ચારેય ગતિઓ પર નિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી " એકરૂપ રહેતી નથી. ગતિ પલટાય છે સર્વાર્થ સિદ્ધની ગતિ હોય તોય પલટી જાય, મનુષ્યમાં આવી જાય ફડાક. આહાહા ! એ પાંડવો, પાંચ પાંડવમાં સહદેવ ને સાધર્મી અને મુનિ છે, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા ઉપસર્ગ આવ્યો એમાં

ત્રણ તો કંઈ વિકલ્પ વિનાના કેવળ પામીને મોક્ષ પધાર્યા, પણ બે જણને જરી વિકલ્પ આવ્યો અરેરે ! કેમ હશે મુનિઓને ? આહાહા ! ત્યાં ગતિ, સર્વાર્થ સિદ્ધની થઈ ગઈ, કેવળજ્ઞાન અટક્યું, આ શુભ ભાવ, શુભ ભાવમાં, ભવ બે વધી ગયા. આહાહા ! આ તો ગતિ સિદ્ધ– જેમાં ગતિ જ નહિ બીજી. પર નિમિત્તથી થયેલી ગતિ તો પલટી જાય છે. આ તો સ્વ સ્વભાવથી થયેલી ગતિ ધ્રુવ, એ હવે પલટે નહિં. આહાહા ! સિદ્ધપણામાંથી હવે અવતાર ધારણ કરે, ( એ નહિ ) ઓલા એમ કહે છે ને ભક્તોને ભીડ પડે, રાક્ષસોથી ( પણ ભગવાનના ભક્તોને ભીડ જ પડે ! ) પણ ભીડ છે જ કેવી અંદર ? કહેવાય, ઉપસર્ગ આવે એટલે કહેવાય, ઉપસર્ગ હોય છે તે શું છે ? જાણે છે એને, છે એવું જાણે છે, અને આનંદથી સહન કરે છે, હઠથી દુ:ખથી સહન નથી કરતા. આહાહા ! પરિષહ–ઉપસર્ગમાં તો ઉગ્ર જોર છે, અંતર પુરુષાર્થનો અતીન્દ્રિય આનંદમાં જોરથી પુરુષાર્થ ( ઉપડે ) આનંદ આનંદ આનંદ આનંદ દુનિયા એને દુ:ખના સંયોગથી દેખે, અંદરમાં આનંદની લહેરથી અનુભવતા હોય છે. આહાહા !

અહીંયા એવી પંચમ ગતિ ! ચારેય ગતિઓ તો બીજી ( બદલે છે ) છે, ધ્રુવ નથી, ચાર ગતિ તો વિનાશિક છે. “ ધ્રુવ વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો. ” હવે એ ગતિ પલટે જ નહિં. આહાહા ! મોક્ષ થયા પછી પણ અવતાર ધારણ કરે એ વાતને જુઠ્ઠી ઠરાવી. જેનો સંસાર બળી ગયો, જે ચણો બળી ગયો એ ચણો ઉગે શી રીતે ? હવે. ચણા જેવી જાત પણ બળ્યા પછી ઉગે નહિં, અને આ તો અજ્ઞાન ને રાગ દ્વેષને બાળી નાખીને આત્માની દશા ધ્રુવ પ્રગટ કરી છે. આહાહા ! એ ત્યાંથી વિનાશ પામે નહિં, ત્યાંથી વિનાશ પામે નહિં, માટે તેને ધ્રુવ કહેવામાં આવે છે.

વળી તે ગતિ કેવી છે ? અનાદિ કાળથી પરભાવના નિમિત્તથી થતું પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ– અચળ છે ને ? અચળ, અગાઢ, અચળપણાને પામી છે, અચળપણું હવે પામી. મળી એ મળી એ હવે ચળે નહિ. આહાહા ! ધ્રુવ કહ્યું, હવે, અચળ કહ્યું પાછું. આહાહા ! ચળે નહિ હવે એવી દશાને પામ્યા એવા અનંતા સિદ્ધોને મેં પર્યાયમાં સ્થાપ્યા, એ આવા સિદ્ધો છે ( એમ ) કહે છે. સિદ્ધની ઓળખાણ આપે છે પાછી. આહાહા ! તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો. “ ચાર ગતિઓમાં પર નિમિત્તથી જે ભ્રમણ થાય છે તેનો અહીંયા પંચમગતિમાં ” અચળ કહીને, ચળે નહિં એમ કહીને “ વ્યવચ્છેદ કહ્યો. ” ધ્રુવમાં તો અસ્તિ સ્થાપ્યું હતું આ અચળ આ હવે ચળે નહિં એમ ત્યાંથી ફરે નહિં, એમ સ્થાપ્યું. અચળપણાને પામી છે. બે શબ્દ થયા.

ત્રીજું, વળી તે કેવી છે ? ધ્રુવમ્ અચલમ અનુપમ હવે અનુપમની વ્યાખ્યા કરે છે; “ જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્ભુત માહાત્મ્ય હોવાથી ” આહાહા ! “ તેને કોઈની ઉપમા મળી શકતી નથી. ” સિદ્ધ કેવા ? કે સિદ્ધ જેવા. એના જેવા એ. એના સિદ્ધ જેવા સિદ્ધ. એને બીજી કોઈ ઉપમા આપી શકાતી નથી. આહાહા ! ઉપમા આપવા યોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્ભુત માહાત્મ્ય હોવાથી તેને કોઈની ઉપમા મળી શકતી નથી. “ આ વિશેષણથી ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે ” ચક્રવર્તીનું સુખ, ઈંદ્ર જેવું, ઈંદ્રનું સુખ ચક્રવર્તી જેવું અંશે પણ સમાન મળી આવે, પણ અહીંયા કાંઈ મળે એવું છે નહીં. સિદ્ધની ગતિમાં કોઈ ઉપમા મળી શકે તેમ નથી. આહાહા ! પરસ્પર

કથંચિત્ સમાનપણું ચાર ગતિમાં મળી આવે છે " તેનો અહીંયા પંચમગતિમાં વ્યવચ્છેદ થયો. "

" વળી તે કેવી છે ? " એ વિશેષ કહ્યું-ત્રણ તો પાઠ ( માં ) છે, ધ્રુવ, અચલમ્ અનુપમ, હવે ગતિ છે ને ગતિ એ ગતિ છે એ અપવર્ગ છે એમ સિદ્ધ કરવું છે. આહાહા ! ત્રણ વર્ગથી જુદી અપવર્ગ છે, છે ? જુઓ, આહાહા ! અપવર્ગ તેનું નામ છે " અપવર્ગ કેમ કહેવો " કે, ધર્મ નામ પુણ્ય, અર્થ નામ લક્ષ્મી, કામ નામ વિષય એ ત્રિવર્ગ કહેવાય છે, ત્રિવર્ગ કહેવાય છે. આહાહા ! મોક્ષગતિ તે આ વર્ગમાં નહિં હોવાથી મોક્ષગતિ પુણ્યમાં નથી, પૈસા લક્ષ્મીમાં નથી, અને વિષયમાં નથી, ત્રણ વર્ગથી જુદી અપવર્ગ છે, વર્ગ વિનાની છે, વર્ગ ત્રણ છે પુણ્ય, પાપ એટલે લક્ષ્મી મળવી અને આ વિષય, અપવર્ગ કીધું ને ? અર્થ અને કામ એટલે વાસના એનાથી રહિત છે. " આવી પંચમ ગતિને સિદ્ધ ભગવંતો પામ્યા છે. " આહાહા ! એના ભાવમાં એનું ભાસન આવવું જોઈએ કે સિદ્ધ ગતિ આવી છે તે રીતે તેને ધર્મ, અર્થ ને કામથી જુદી- ત્યાં પુણ્યેય નથી, જ્યાં વિષય વાસના નથી ( અને ) જ્યાં લક્ષ્મી નથી. આહાહા ! તેમને આવા સિદ્ધ ભગવંતોને ઓળખીને કહું છું એમ કહે છે. આવા સિદ્ધ ભગવંત ધ્રુવ, અચલં ને અનુપમ, ત્રિવર્ગથી જુદા અપવર્ગ. આહાહા ! એવી દશાને " સ્વભાવભાવભૂતતયાં " પામેલાને હું, ફરીને કહે છે. " તેમને પોતાના અને પરના આત્મામાં સ્થાપીને. " આહાહાહા ! કહું છું એમ કીધું છે એટલે સાંભળનારા તો છે અને કહેનાર અને સાંભળનારા બેય વોચ્છામિમાંથી નીકળ્યા. અને બેય જણામાં સિદ્ધપણું સ્થાપું છું. અનંતા અનંતા અનંતા અનંતા સિદ્ધો, અનંતા અનંતા સર્વજ્ઞો, અનંતા અનંતા અનંત કેવળીઓ ! એક કેવળી બેસવું કઠણ એક કેવળીના દ્રવ્ય ગુણ પર્યાયને જાણે, તો પોતાના આત્માને જાણે અને એનો મોહ નાશ થાય, આહાહા ! તો આવા અનંતા સિદ્ધોને આહાહા ! શ્રોતાના જ્ઞાનની પર્યાયમાં, રાગમાં નહીં, રાગ નહીં, આહા ! આહાહા ! એને પર્યાયમાં અનંતા સિદ્ધોને આવા સિદ્ધો, ધ્રુવ અચલં અનુપમ અને અપવર્ગને પામેલા, એવા અનંતા સિદ્ધોને, એ ઓળખાણ કરીને કહું છું કે, આવી પર્યાયમાં મને ( હું ) સ્થાપું છું, અને સાંભળનારની પર્યાયમાં સ્થાપું છું. આહાહા ! આખું લશ્કર ઉપાડયું છે, પોતે અને સાંભળનારને આમ ભેગાં લઈને હારે જાણે. આહાહા ! આવ્યું ' છે ને છેલ્લું, છેલ્લું છેલ્લું.

અહીં છેલ્લું કીધું છે ને ' મજજન્તુ '-આખો લોક આવીને-નથી આવતું ? છેલ્લો કળશ જીવ અધિકારનો-આખો લોક આવી જાય, કોઈ બાકી નહિં. આહાહા ! એમ અહીં સાંભળનારાઓ પણ આવા હોય, એ જીવો પણ, આહાહા ! સિદ્ધ પદને તેમની પર્યાયમાં સ્થાપું છું. એટલે એનું લક્ષ પણ દ્રવ્ય ઉપર રહેશે અને અમારી વાત સાંભળશે તો એની શુદ્ધિ થઈ જશે, આહાહાહા ! એમ કહે છે. આહાહા !

તેમને પોતાના અને પરના આત્મામાં સ્થાપીને, આહાહા ! " સમયનો- સર્વ પદાર્થોનો અથવા જીવ પદાર્થનો પ્રકાશક એવો. " વોચ્છામિ ' સમય શબ્દ આવ્યો 'તો ને ? વોચ્છામિ સમય પાહુડમ્ એની વ્યાખ્યા કરે છે હવે, પછી શ્રુતકેવળીની કરશે; ' સમય નામ સર્વ પદાર્થોનો અથવા જીવ પદાર્થનો પ્રકાશક એવો પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અંશ છે ' આ તો. આહાહા ! ભગવાનની વાણી અર્હંતની વાણી, ત્રિલોકનાથ, જિનેશ્વર, પરમેશ્વર એની જે વાણી એનો આ અંશ છે, પુરું તો મારી પાસે ક્યાં છે, કહે છે. આહાહા ! અર્હત પ્રવચન, અર્હત, અરિહંત એમ

નથી લીધું, જેને કંઈ બાકી નથી એવા પૂરણ જાણનારના પ્રવચનનો, પૂરણ જાણનારના પ્રવચનનો, આહાહા ! એક અંશ છે આ, અવયવ છે આ તો. આહાહાહા !

"અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે," આહાહાહા ! અહો... "ભવ્ય જીવો" એમ કરીને. હું મોહના નાશ માટે કહું છું. આહાહા ! મારામાં પણ જરી અસ્થિરતાનો અંશ છે, એનો પણ નાશ થશે અને શ્રોતાઓને પણ મિથ્યાત્વ અને અવ્રતનો નાશ થવા માટે હું આ કહું છું. આહાહાહા ! અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારો અને પરનો મોહ, ભાઈ મુનિને મોહ હોય નહિ ને ! ( અસ્થિરતાનો ) એ અસ્થિરતાનો એ કીધું ને ! પોતે કીધું ને ! અમૃતચંદ્રાચાર્યે ( કહ્યું કે ) કલ્માષિતાયા અનાદિનો અશુદ્ધતાનો અંશ છે એ બાધક છે એના નાશને માટે મારી આ ટીકા છે. આહાહા ! એ અશુદ્ધતાથી મને નિર્મળ થશે એમ નહીં, ( પરંતુ ) અશુદ્ધતાના કાળમાં એનું વલણ કરતાં કરતાં મારું લક્ષ ધ્રુવ ઉપર જાય છે વિશેષ એનાથી તે અશુદ્ધતાનો નાશ થશે. આહાહાહા !

અહીંયા પણ કહે છે મારા અને પરના મોહના નાશ માટે શું કહે છે કુંદકુંદાચાર્ય "હું પરિભાષણ કરું છું." મારો મોહ અને પરના મોહના નાશ માટે આ પરિભાષણ કરું છું. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! વોચ્છામિ છે ને ? વક્ષ્યામિ, વોચ્છામિમાંથી, વક્ષ્યામિમાંથી આ બધું કાઢયું– ( કહ્યું ) પરિભાષણ કાઢયું એમાંથી.

વક્ષ્યામિ એમ છે ને ? કહીશ હું ? શું પરિભાષણ એટલે જે જે સ્થાને જરૂર છે ત્યાં ત્યાં તે તે ભાવ આવશે, ગાથા રચના અક્ષરોની થશે, આહાહા ! એવા પરિભાષણને હું કહીશ. આહાહા ! મારા અને પરના મોહના નાશ માટે પણ આ સિદ્ધાંત, આ છે. હું કહીશ, પણ મારી પણ અશુદ્ધતા છે જરી થોડી, એના નાશ માટે અને શ્રોતાઓના પણ મોહના નાશ માટે હું આ કહીશ. આહાહાહાહા ! જોર તો કેટલું છે જુઓને ! ! સિદ્ધને ઊતાર્યા હેઠે, પ્રભુ તમે ઉપર અને અમે અહીંયા હેઠે, તમે જરી અહીં આવો પછી હું પણ તમારી પાસે આવીશ ત્યાં ઉપર. આહાહા ! મારી પર્યાયમાં તમે પધારો હું પછી તમે જ્યાં છો ત્યાં આવીશ. આહાહા ! મારી પર્યાયમાંથી મોહના નાશ માટે મેં આ સ્થાપ્યું છે કહે છે. આહાહા ! મારા આત્મામાં અને શ્રોતાના આત્મામાં, મોહના નાશ માટે મેં વક્ષ્યામિ ( એટલે કે ) એને માટે આ પરિભાષણ શરૂ કર્યું છે, શરૂ કર્યું છે, એમ આવ્યું 'તું ને ? આહાહાહા ! શું કુંદકુંદાચાર્ય અને શું એની વાણીમાં એકેક અક્ષરમાં કેટલો મર્મ ભર્યો છે. આહાહાહાહા ! આ શ્વેતાંબરમાં તો એમ કહે– "સંયમે આવશં તં ભગવતયા" ભગવાને એમ કહ્યું છે એ હું કહીશ." આ તો કહે છે હું કહીશ. ભગવાન પાસેથી સાંભળેલું છે, પણ કહેનારો હું છું અત્યારે. આહાહા ! અને હું મારા વૈભવથી કહીશ. આહાહા ! મને પ્રગટેલી દશાથી સમય પ્રાભૃતને હું કહીશ, આહાહા ! એ પ્રવચનનો અવયવ છે. આહાહા !

હું પરિભાષણ કરું છું. આહાહા ! ત્યાંય લોકો તર્ક કરે છે જુઓ પરિભાષણ કરું છું. કથન કરું છું, ( કહ્યું છે ) પણ બીજું આવે શું ? વ્યવહારમાં આવે શી રીતે ? બાકી તો વાણી વાણીને કારણે નીકળે છે. પણ વાણીમાં જે કહેવાનો આશય છે જ્ઞાનમાં, એ નિમિત્ત છે એથી એમ કહેવામાં આવે, કે હું કહીશ. કારણ કે જ્ઞાનને પહેલું આમાં આવ્યું 'તું ને કે જ્ઞાનનો જે સ્વભાવ છે મારો એનાથી હું કહીશ. છે ને ? આહાહા ! ભાવશ્રુત કરીને કહીશ. આહાહા ! મારા સ્વભાવમાં

પણ સિદ્ધપદને સ્થાપ્યું અને પરને પણ સ્થાપ્યું, અને હવે હું મોહના નાશ માટે મોહ ( શબ્દ ) સમુચ્ચય વાપર્યો છે. એટલે પોતાને મોહ કાંઈ દર્શનમોહ નથી. અને શ્રોતાને દર્શનમોહ અને ચારિત્રમોહ બેય હોય. પણ મારા અને તારા આ બધા( ના ) મોહના નાશ માટે આ છે કહે છે. રાગને રાખવા માટે નથી. ભલે અમે કહીએ અને તને પ્રેમ આવે ને શુભરાગ આવે, પણ રાગ રાખવા માટે આ કથન નથી. આહાહા !

કારણ કે અહીંયા તો વીતરાગતાનું વર્ણન કરવું છે અને ચારેય શાસ્ત્રના કથનનો સાર, વીતરાગતા છે. પંચાસ્તિકાયની ૧૭૨ ગાથામાં આવે છે, ચારે અનુયોગોનો સાર વીતરાગતા છે. આ અનુયોગમાં આમ છે ને આ અનુયોગમાં આમ છે, એમ નથી. ચારેય અનુયોગોનો સાર પંચાસ્તિકાયની ૧૭૨ ગાથામાં કહ્યું વીતરાગતા છે. એનો અર્થ એ થયો કે ચારે અનુયોગમાં કહેવાનો આશય સ્વ-દ્રવ્યનો આશ્રય કરવાનો છે કે જેથી વીતરાગતા પ્રગટે. આહાહા ! ચારે અનુયોગ, ચાહે તો ચરણાનુયોગ હોય, કરણાનુયોગ હોય, કથાનુયોગ હોય. પ્રભુ તો એમ કહે અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય ચારેય અનુયોગનો સાર શાસ્ત્રના શબ્દથી તો કહેતા આવ્યા છીએ, સૂત્ર તાત્પર્ય પણ આખું શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. અને એ વીતરાગતા. આહાહા ! પ્રગટ કરવા માટે અને આ રાગનો નાશ કરવા માટે આ વાણી નીકળશે. આહાહા ! ગજબ વાત છે ને !!

સહેજે વાણી નીકળી ગઈ છે ને ! આહાહા ! ( અમારા ભી અહોભાગ્ય ઐસા ) એવી વાત છે. વાત તો સાચી છે. ઓહો ! સિદ્ધના સમીપમાં જવાનો માર્ગ તો આ છે. એ માટે તો કહીશ હું કહે છે. આહાહા ! સંસારમાં ક્યાંય રોકાવા માટે નહિં, નાશને માટે કહીશું. ગજબ વાત છે ને ! અમારું કથન જેટલું આવશે એ બધામાં મિથ્યાત્વ અને રાગ દ્વેષના નાશને માટે કથન છે- ક્યાંય મિથ્યાત્વ અને રાગદ્વેષને રાખું એવું કથન હોય જ નહિં કેમ કે આ તો વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથથી સાંભળેલું છે અને એ રીતે પરિણમી ગયું છે, આહાહાહા ! અને શ્રુતકેવળી પાસેથી પણ ચર્ચા કરીને પરિણમી ગયું છે અમને, અમે પંચમ આરાના સાધુ, માટે અમારી આ વાણી સાધારણ છે, અને એનું ફળ સાધારણ એમ ન સમજો. આહાહા ! પંડિતજી ?

આ તો અંદર ભાવ, આહાહા ! માખણ ભર્યું છે ને માખણ. આહાહા ! " કેવો છે તે અર્હંત્પ્રવચનનો અવયવ " આહાહા ! આ સમયસાર ( ગ્રંથ ) કેવો છે ? કે " અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી " આહાહા ! પહેલો તો ઉત્પન્ન થયેલા મોહના નાશ માટે ( કહ્યું ) હવે હું પરિભાષણ કરું છું. કેવો છે તે પ્રવચન ? કે અનાદિ અનંત એવો પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી. આહાહાહા ! અનાદિ અનંત એવો પરમાગમ એવા શબ્દબ્રહ્મ એનાથી પ્રકાશિત થયેલો હોવાથી. આહાહા ! વાણી છે તે અનાદિની નીકળે જ છે એમ કહે છે, દિવ્ય ધ્વનિ અનાદિ સંતોની વાણી, કેવળીઓની નીકળે જ છે. અનાદિનિધન- અનાદિ, આદિ નહિ અને અનિધન, નિધન એટલે અંત નહિ. જેનો અંત નહિં અને જેની શરૂઆત નહિં, એવું પરમાગમ શબ્દબ્રહ્મ, શબ્દબ્રહ્મ છે એ, જેમ ભગવાન પરમબ્રહ્મ છે આત્મા. આહાહા ! એમ આ વાણી પણ શબ્દબ્રહ્મ છે. સર્વ વ્યાપક શબ્દ પૂરણ- બધી વાતને કહેનાર છે. આહાહા ! જેમ ભગવાન આત્મા પરમબ્રહ્મ સર્વજ્ઞ સ્વરૂપે છે એમ વાણી પણ સર્વનું વાસ્તવિક સ્વરૂપ કહેનારી ( પણ ) તે શબ્દબ્રહ્મ છે. આહાહા ! એ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી. આહાહા ! એટલે તો

પ્રકાશિત કીધું વાણી, સમયપ્રાભૃત કહ્યું છે ને ! સમયપ્રાભૃત કહીશ–

હવે " શ્રુતકેવળી ભણીયં " એ ચોથું પદ છે એનો અર્થ ચાલે છે. આહાહાહા ! " સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર, " સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર, સમજાવવું છે તો શી રીતે સમજાવે ? એક કોર કહે બીજા પદાર્થને જાણવું એ અસદ્ભૂત છે, પણ અહીંયા તો સર્વ પદાર્થને સાક્ષાત્ કરનાર એવો જ્ઞાનનો સ્વભાવ છે એમ સિદ્ધ કરવું છે; કેવળજ્ઞાનીનો. આહાહાહા !

સર્વ પદાર્થોના સમૂહ. આહાહાહા ! અનંતા દ્રવ્યો, અનંતા દ્રવ્યોના અનંતા ગુણો, અનંતી પર્યાય એના ઢગલા પડયા છે આખા લોકમાં, આહાહા ! સમૂહ છે. આહાહા ! અનંત આત્માઓ છે એ કેવળજ્ઞાનના કંદ પડયા છે, પ્રગટરૂપે સિદ્ધ છે એ પર્યાયની શોભાથી પ્રગટ છે. એ બધા પદાર્થોમાં આવી જાય છે, સર્વ પદાર્થના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળી ભગવાન. કોઈ આમાં એમ કહે કે શ્રુતકેવળી ભણિયં કહ્યું છે. એણે બેય ક્યાંથી કાઢયા ? કે બેય એમાંથી નીકળે છે. નિયમસારમાં ચોખ્ખા બે શબ્દ જૂદા પાડયા છે " કેવળી " ' શ્રુત કેવળી ભણિયં '. પહેલું પદ છે નિયમસારમાં, એ કહેવાનો આશય આમાં પણ એ જ છે. આહાહા !

કેવળી ભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી આહાહાહા ! કોલ કરાર ! ! મહાવ્રતધારી છું હું મુનિ, સત્યવ્રતધારિ છું એ હું કહું છું, આહાહા ! કે આ અર્હંતનો આ પ્રવચન, એ સાક્ષાત્ કેવળી ભગવાનના શ્રવણથી કહેલું છે, એનાથી કહેલું છે. આહાહા ! દુઃખ લાગે બીજા સાધારણ માણસને દુઃખ લાગે, શ્વેતાંબરને કે પણ આ વાણી છે જ નહિ ત્યાં, આ સ્થિતિ જ ત્યાં નથી. બધી કલ્પિત વાતો કરીને ઊભું કર્યું છે ત્યાં. બાપા શું થાય ? આહાહા ! અહીંયા તો સર્વજ્ઞ ભગવાન, કેવા ? કે સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્, પ્રત્યક્ષ કરનાર, એવા સર્વજ્ઞથી પ્રણીત, સર્વજ્ઞથી પ્રણીત, નિમિત્તથી કથન છે ને ? એનાથી કહેવાયેલું હોવાથી, એનાથી કહેલું હોવાથી એક વાત. બીજું ' કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર ' આહાહાહા ! પ્રભુના સમોસરણમાં નજીકમાં બિરાજમાન શ્રુત કેવળીઓ. ઓહોહો ! ભગવાનની વાણી નીકળતી, એના સમોસરણમાં નિકટવર્તી નજીક સાંભળનારા બેઠા છે. આહાહાહા ! નિકટવર્તી કેવળીઓના– નજીકમાં રહેનારા– સાક્ષાત્ સાંભળનારા, બીજે કીધું ને એણે સાંભળ્યું, એમ નહિ. આહાહા ! ભગવાનની સીધી વાણી, સમોસરણમાં સીધી સાંભળનારા. આહાહાહા ! તેમજ પોતે અનુભવ કરનારા–ભગવાનની નિકટમાં ભગવાનની વાણી તો સાંભળી તો ખરી સીધી. સીધી સાંભળી ત્યાં અને અનુભવ કરનારા, એકલું સાંભળ્યું એમ નહીં. આહાહાહા !

આ તો શ્રુતકેવળીની વ્યાખ્યા ચાલે છે. પોતે અનુભવ કરનારા જાતે અનુભવ કરનારા બીજાએ કહ્યું એટલે હું કહું છું માનું છું, એમ નહીં. આહાહાહા ! પોતાના સ્વરૂપથી પ્રત્યક્ષ અનુભવ કરીને જાણનારા, જુઓ આ શ્રુતકેવળીઓ ! ! આહાહા ! આ શાસ્ત્રની પ્રમાણતા સ્થાપે છે, કે આ શાસ્ત્ર કેવળીના શ્રીમુખે નીકળેલું છે અને નિકટવર્તી શ્રુતકેવળીઓએ કહેલું છે, એણે સાંભળ્યું છે અને અનુભવ્યું છે, એમનાથી કહેલું આ સમયસાર છે. આહાહાહાહા ! સાક્ષાત્ સાંભળનાર તેમજ પોતે અનુભવ કરનાર, આહાહા ! વીતરાગી સ્વભાવનો પોતે અનુભવ કરનાર, ભગવાને વીતરાગભાવ તો કહ્યો પણ સાંભળીને પોતે વીતરાગભાવનો અનુભવ કરનાર, વીતરાગ સ્વરૂપ પ્રભુ આત્મા તો વીતરાગ સ્વરૂપ છે દ્રવ્ય, જિન સ્વરૂપ છે પણ

પર્યાયમાં જિન સ્વરૂપનો અનુભવ કરનાર. આહાહા ! પર્યાયમાં વીતરાગભાવનો અનુભવ કરનાર, જુઓ આ સંતો. આહાહા !

એવા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી. આહાહા ! આવા શ્રુતકેવળી ગણધરોથી કહેલું છે, કેવળી પરમાત્માએ તો કહેલું છે, પણ આવા શ્રુતકેવળી ગણધરોથી કહેલું છે. કારણકે અમે ભગવાનનું સાંભળ્યું છે, પણ કેટલુંક તો અમે ગણધરો પાસેથી ચર્ચા કરી છે. આહાહા ! ભગવાન પાસે તો ચર્ચા હોય નહિં. એ તો દિવ્ય ધ્વનિ નીકળે. આહાહા ! એમાંથી નાની મોટી સંદેહ ( આ ) શંકાઓ વિશેષ જાણવા માટે, આશંકા– શંકા નહિ પણ આશંકા, એ તો ગણધરો અને સંતો પાસેથી અમે સાંભળ્યું છે. આહાહા !

“ એવા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી પ્રમાણતાને પામ્યો છે. ” શું ? એ અર્હંત પ્રવચનનો અંશ, આ સમયસાર અર્હંત પ્રવચનનો એક ભાગ. તે પ્રમાણતાને, પ્રમાણપણાને પામ્યો છે. કેમ ? કે સર્વજ્ઞ ભગવાનથી સીધું સર્વ પદાર્થના જાણનાર પાસેથી સાંભળ્યું છે, અને શ્રુતકેવળી નિકટવર્તી જેણે સાંભળ્યું છે. આહાહા ! કાયમ રહેનારા એમની પાસે, અમે તો કોઈ વાર ગયેલા એમ કહે છે. કુંદકુંદાચાર્ય તો એમ કહે છે. આહાહા ! અમે તો કોઈ વાર ગયેલા છીએ. ગણધરો નિકટવર્તી સદાય હોય છે. આહાહા ! એવા શ્રુતકેવળીઓ અને કેવળી ભગવાનથી કહેવાયેલ હોવાથી આ સમયસાર પ્રમાણતાને પામ્યો છે. આહાહાહાહા ! સિદ્ધાંતને હું કહીશ પણ એ પ્રમાણરૂપે કેમ છે ? કે આ રીતે છે, સર્વજ્ઞ ભગવાને કહેલું છે, આહા ! એનાથી કહેલું હોવાથી, આહાહાહા ! અને નિકટવર્તી કાયમ સાંભળનારા સંતોએ કહેલું હોવાથી કાયમ સાંભળનારા નિકટવર્તીઓએ કહેલું હોવાથી. આહાહા ! ભગવાને કહ્યું એ બીજાએ સાંભળ્યું ને બીજાએ ત્રીજાને કહ્યું એમેય નહિ અહીં તો. આહાહા ! સાક્ષાત્ ગણધરો, તીર્થંકર પાસે નજીકમાં રહેનારા, આહાહાહા ! કેટલું અસ્તિત્વ સિદ્ધ કરે છે અને પ્રમાણતાને કઈ રીતે સિદ્ધ કરે છે, આહાહા ! પ્રમાણતાને પામ્યો છે. આહાહા !

આ સિદ્ધાંત સમયસાર આ રીતે સત્યતાના પ્રમાણતાને પામ્યો છે. આહાહા ! ઓલામાં કોઈએ લખ્યું છે ભગવાનની તો અનંત વાણી એમાંથી આ જ વાણી ભગવાનની છે એ શી રીતે ખબર પડે ?એમ લખ્યું છે ઓલા શ્રમણસૂત્રમાં, જૈનેન્દ્રે ( ૮૩૩ મો શ્લોક છે અંદર ) અહીં છે ને શ્લોક મૂક્યો અંદર કીધુંને ? પ્રમાણતાને પામ્યો છે, અનુભવ કરીને, સર્વજ્ઞથી કહેલું ને કેવળીથી કહેલું, અને અમે અનુભવ કરીને કહીએ છીએ, પ્રમાણતાને પામ્યા છે. ( જૈનેન્દ્ર કહે ) આ જ સાચું છે ને બીજુ સાચું નથી એમ કેમ ? આ જ સાચુ છે એમ નહિં, કે ભગવાને તો અનંત જાણ્યું છે ને ? વાણી અનંતમાં ભાગે નીકળી, તેથી આ જ સાચુ છે એમ કેમ કહેવું ? એમ નહિં, એમ નહિં પ્રભુ ! તું રહેવા દે બાપુ ! એમ રહેવા દે ભાઈ ! આહાહા ! આ એનું વિદ્યાસાગરે હિંદી બનાવ્યું છે, પ્રભુ ! પોણી સોળ આની એક તત્ત્વ ફરે તો આખું તત્ત્વ ફરી જાય છે ભાઈ. આહાહા ! ભગવાનની વાણી અનંતમે ભાગે નીકળી માટે કોઈએ કંઈક માન્યું કોઈએ કંઈ જાણ્યું માટે આની જ વાણી સાચી એમ કેમ કહેવું ? અરે પ્રભુ તું રહેવા દે એમ રહેવા દે બાપુ. આહાહા ! આહાહા !

સર્વજ્ઞથી સીધું સાંભળ્યું છે અને નિકટવર્તી ગણધરોથી પણ અમે સીધું સાંભળ્યું છે. આહાહા ! અને અમે અનુભવ કરીને કહીએ છીએ ( તું ય અનુભવ કર ) આહાહા ! હજી તો એક

ગાથામાં સમયસારને સિદ્ધ કરવા કેટલી વાત કરે છે. ( સત્ય વાત ! ) આહાહા ! ધન્ય ભાગ્ય. આહાહા ! એટલે કે આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે એવું જેણે સર્વજ્ઞ સ્વભાવ પ્રગટ કર્યો છે એમણે કહેલું છે અને સર્વજ્ઞ સ્વભાવી માનનારાઓ પણ છદ્મસ્થ શ્રુતકેવળીઓ, એમણે ભગવાન પાસેથી નિકટવર્તીએ સાંભળ્યું છે એકે કહ્યું ને બીજાએ એને કહ્યું એમ નહિં. સાક્ષાત્ ભગવાનની વાણી આમ સીધી કાને પડી છે. આહાહાહાહા ! આહાહા !

આ તો હજી સમયસાર કહીશ–પહેલી ગાથા અને નિર્માનતા તો જુઓ એમની પાછી. આહાહા ! ભગવાને કહેલું છે બાપુ. શ્રુતકેવળીએ કહેલું છે એ કહીશ. આહાહા ! પછી કહેશે કે મારા વૈભવથી કહીશ. પણ આંહી અત્યારે જરી વિનય એટલો સ્થાપે છે વિનય કેટલો સ્થાપે છે. આહાહા ! હું કહીશ માટે પ્રમાણતાને પામશે એમ ન પહેલુ કહ્યું અહીંયા. આહાહાહાહા ! એ સર્વજ્ઞ પ્રભુની અસ્તિ સ્થાપી, અને તે સર્વજ્ઞને વાણીવાળા સ્થાપ્યા, શરીરવાળા સ્થાપ્યા, સિદ્ધ નહિ, સિદ્ધ નહિં. વાણીવાળા એટલે અરિહંતને સ્થાપ્યા કે જેને વાણી છે, આહાહા ! પ્રણીત એમ કહ્યું તું ને ? પ્રણીત ( પ્રણીત ) આહાહા ! ' પ્રણીત ' છે જુઓને. સર્વજ્ઞથી પ્રણીત વાણી છે. સર્વજ્ઞ તો સિદ્ધેય છે, પણ એને વાણી નથી. આ તો અરિહંત સર્વજ્ઞથી પ્રણીત વાણી. આહાહાહાહા ! અને એમેય સિદ્ધ કર્યું, જેમ સિદ્ધો અનંત થયા એમ સર્વજ્ઞ ( અરિહંત ) પણ છે, પછી શરીર રહિત થશે, પણ એ સર્વજ્ઞ છે તો ક્યાંક છે કે નહિ ? જેમ શરીર રહિત સિદ્ધ થયા એ પણ કોઈ ક્ષેત્રમાં છે કે નહિ કે એ ઉપર છે. તો જેને હજી વાણી છે અને સિદ્ધ થયા નથી અને સર્વજ્ઞ થયા છે, તો એની કોઈ સ્થિતિ, કોઈ ક્ષેત્ર છે કે નહિં ? આહાહા ! ઘણું સમાડયું છે. ક્ષેત્ર સિદ્ધ કરે છે ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. આહાહા !

જ્યાં વાણી નીકળે છે એની પાસેની આ વાત આવી. આહાહા ! અહીં તો જ્યાં થોડા બોલ આવડે ત્યાં એને થઈ જાય ( ગર્વ ) આ તો કહે છે. ( મુનિરાજ ) આવું જે હું સમયસાર કહીશ જે. છતાં એ તો ભગવાન પાસેથી સાંભળેલું છે અને ગણધરો પાસેથી નિકટવર્તી સાથે ચર્ચાઓ કરીને નક્કી કર્યું છે. આહાહા !

અને પાંચમી ગાથામાં એમ આવ્યું ને કે અમારા ગુરુએ અમને અનુગ્રહ કરીને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. આહાહા ! ત્યાં ગુરુને લીધા. આહાહા ! અમને અમારા ગુરુએ અનુગ્રહ મહેરબાની કરી અમે પાત્ર હતા માટે આપ્યું એમ ન લીધું. એમની કૃપાથી અમને શુદ્ધાત્માનો ઉપદેશ મળ્યો. આહાહા ! એ વૈભવથી હું કહીશ, ત્યાં એમ કહેશે; અહીં તો હજી શરૂઆત કરે છે ને ? ( ઘણો માલ કાઢયો સાહેબ આપે ) છે કે નહીં; આમાં પંડિતજી ? પંડિતો બે બેઠા છે સામે, જિજ્ઞાસા લઈને બેઠા છે ને જિજ્ઞાસા લઈને, ત્યાંથી છેલ્લે લઈને આવ્યા છે ને ? આહાહા !

અન્યવાદીઓના આગમની જેમ અલ્પજ્ઞાનીની કલ્પના માત્ર નથી. આહા ! આ સિવાય બીજા જે કાંઈ કહેલા છે. આહાહાહાહા ! આકરું લાગે બીજાને દુ:ખ લાગે બાપા ! તુંય પણ ભગવાન છો ભાઈ !

અન્યવાદીઓના આગમની જેમ અલ્પજ્ઞ કલ્પના એણે તો કલ્પનાથી આગમ રચ્યા છે; જોયું નથી, જાણ્યું નથી જગતનું સ્વરૂપ–સર્વ પદાર્થનો સમૂહ જાણ્યો નથી, જાણ્યા વિના કલ્પનાથી શાસ્ત્રો બનાવ્યા એ પ્રમાણભૂત નહીં. આહાહા ! આવી વાત છે.

દિગંબર સંતો ! મરી ગયેલા રાગથી છે. આહાહા ! અરે ! એકલી નિર્માન દશાથી ( કહે છે ) અમે ભગવાન પાસેથી સાંભળેલું કહીશું અને નિકટવર્તી ગણધરો, ગણધરોના નિકટવર્તી વર્તનારાએ એનાથી કહેલું કહેશું. પણ પ્રભુ–તમે અહીં છો ત્યાં તો ગણધર અને ભગવાન અહીં નહોતા ને ? સાંભળ. સાંભળ. કુંદકુંદાચાર્ય તો હતા પણ અમૃતચંદ્રાચાર્ય કળશ–ટીકાકાર કહે છે હું એમ કહીશ પંડિતજી ? ( કાનજી સ્વામી તો કહે કે હું પણ કહું છું ) આહાહા !

અમૃતચંદ્રાચાર્ય તો નહોતા ગયા. ગયા 'તા, ગયા 'તા પ્રભુ સાંભળ તું. આહાહા ! ભગવાન કુંદકુંદાચાર્ય તો ત્યાં ગયા હતા બધી વાત એની સાચી, હવે એની ય શંકા કરે છે લોકો– વિદ્યાનંદજી ( કહે ) કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા એનો આધાર શું ? એવી શંકા, અરે પ્રભુ આમ ન હોય ભાઈ, હિતના પંથમાં આવી શંકાઓ ન હોય પ્રભુ. આહાહા ! બહારની મોટપ જગતને મારી નાખશે બાપા. આહાહા ! આ કુંદકુંદાચાર્ય કહે છે કે કલ્પનાથી આગમ બનાવ્યા એમ કરીને, બધા નાખ્યા છે. દિગંબર સિદ્ધાંત સિવાય બધાએ કલ્પનાથી બાંધેલા છે. એ અપ્રમાણ હોય એમ નથી એમ કહે છે જેથી અપ્રમાણ હોય એવું આમાં નથી. આહાહા ! ( એમ એ લોકો કહે છે )

વિશેષ કહેશે– પ્રમાણ વચનગુરુદેવ

## પ્રવચન નં. ૮ ગાથા - ૧ તા. ૧૫-૬-૧૯૭૮ ગુરુવાર જેઠ સુદ-૯ સં. ૨૫૦૪

સમયસાર ભાવાર્થ છે પહેલી ગાથાનો ભાવાર્થ–ગાથાનો અર્થ થઈ ગયો છે. ' ગાથા સૂત્રમાં આચાર્યે વક્ષ્યામિ કહ્યું છે ' વોચ્છામિ કહ્યું છે ને વોચ્છામિ એનો અર્થ વક્ષ્યામિ કર્યો છે. તેનો અર્થ ટીકાકારે વચ્ પરિભાષણે ધાતુથી પરિભાષણ કર્યો છે. તેનો આશય આ પ્રમાણે સૂચિત થાય છે કે ચૌદ પૂર્વમાં જ્ઞાન પ્રવાદ નામનો પાંચમા પૂર્વમાં બાર વસ્તુ અધિકાર છે. તેમાં એકેકના વીસ વીસ પ્રાભૃત અધિકાર છે. તેમાં દસમાં વસ્તુમાં સમય નામનો પ્રાભૃત છે. તેના મૂળ સૂત્રોના શબ્દોનું જ્ઞાન તો પહેલાં મોટા આચાર્યોને હતું અને તેના અર્થનું જ્ઞાન, શબ્દોનું નહીં. અર્થોનું જ્ઞાન, અર્થોનું જ્ઞાન, આચાર્યોની પરિપાટી અનુસાર શ્રી કુંદકુંદાચાર્યને પણ હતું. અર્થ હોં ? સૂત્ર શબ્દો નહિ, મૂળ શબ્દો નહિ, અર્થોનું જ્ઞાન હતું. શબ્દો જે હતા એ નહોતા એ વખતે. આહાહા ! તેના અર્થનું જ્ઞાન આચાર્યોની પરિપાટી અનુસાર શ્રી કુંદકુંદાચાર્યને પણ હતું. પણ હતું એટલે શું કે આચાર્યોને તો હતું પણ કુંદકુંદાચાર્યને પણ હતું.

તેમણે સમયપ્રાભૃતનું પરિભાષણ કર્યું. પરિભાષાસૂત્ર બાંધ્યું. એટલે ? સૂત્રની દસ જાતિઓ કહેવામાં આવે છે તેમાં એક પરિભાષા જાતિ પણ છે. એટલે ? પરિભાષા એટલે ? અધિકારને જે યથાસ્થાનમાં અર્થદ્વારા સૂચવે, શબ્દની વાત અત્યારે અહીં નથી .શબ્દો તો હતા જ નહિં, અર્થ દ્વારા જ્ઞાન થતું. અર્થને સૂચવે, એમ કહેવું છે. યથાસ્થાનમાં અધિકારને જ્યાં જોઈએ ત્યાં, તેના અર્થ દ્વારા સૂચવે તે પરિભાષા કહેવાય છે. સમજાય છે ? મૂળ સૂત્રોના શબ્દોનું જ્ઞાન તો નહોતું.. કુંદકુંદાચાર્યને એના અર્થનું જ્ઞાન હતું. અને એ અર્થને યથાસ્થાને રચવા એટલે પરિભાષા એને કીધા.. ' વોચ્છામિ ' યથાસ્થાને અર્થોને કહીશ. જે ઠેકાણે જેની જરૂર છે, તે સ્થાનમાં તે સૂત્રોના અર્થો આવશે એમ. આહાહા !

કુંદકુંદઆચાર્ય સમયપ્રાભૃતનું પરિભાષણ કરે છે. એટલે સમયપ્રાભૃતના અર્થને જ એના અર્થને યથાસ્થાનમાં જણાવનારું પરિભાષાસૂત્ર રચે છે. લ્યો છે પરિભાષા સૂત્ર અહીં આ, પણ એ અર્થને રચે છે. મૂળ ભાષા તો છે નહિં એટલે એના અર્થને અહીંયા સૂચવે છે.

'આચાર્યે મંગળ અર્થે સિદ્ધોને નમસ્કાર કર્યો છે'. સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે. અહીં તો સંસારીને શુદ્ધાત્મા સાધ્ય છે એ વાત લીધી છે. એવા જીવો લીધા છે અહીં. જેને આત્મા શુદ્ધ સાધ્ય છે. એવા સંસારી જીવોને અહીં લીધા છે. જેને શુદ્ધાત્મા સાધ્ય નથી એની અહીં વાત નથી. આહાહા ! સંસારીને શુદ્ધાત્મા સાધ્ય છે. 'અને સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે', સિદ્ધ પરમાત્મા સાક્ષાત્ શુદ્ધાત્મા છે, જુઓ અહીં તો આમ લીધું, નહીંતર સિદ્ધ આત્મા એ ક્ષાયિક ભાવ છે, પણ શુદ્ધાત્મા છે એ ( સાક્ષાત્ એટલે પર્યાય છે ) પર્યાય, શુદ્ધાત્મા છે પર્યાય પણ શુદ્ધ છે. જેવો કારણ સયમસાર ત્રિકાળ પરમ સ્વભાવભાવ અમર્યાદિત સ્વરૂપ વસ્તુ, જેને કર્મના નિમિત્તની હૈયાતિની અપેક્ષા નથી, અને નિમિત્તના અભાવની અપેક્ષા નથી, એવો જે પરમ સ્વભાવ જ્ઞાયકભાવ, અને તેને કારણ સમયસાર કહીને, તેમાંથી ઉત્પન્ન થયેલું કેવળજ્ઞાન સિદ્ધ આત્મા એને કાર્ય સમયસાર કહ્યું છે. અને કારણ સમયસાર અને કાર્ય સમયસાર બેમાં ફેર નથી એમ કહ્યું છે, નિયમસાર; અહીં તો ભાઈ ! યથાસ્થાને જે હોય એમ આવે. એક અક્ષર ફરે તો આખું ફરી જાય, અને સંસારીને પણ સિદ્ધ જેવા કહ્યા છે નિયમસારમાં, અશુદ્ધ પર્યાય કાઢી નાખીને, એનો સ્વભાવ છે એ સિદ્ધ સ્વરૂપ જ છે ! પર્યાયમાં સિદ્ધ જેવા છે એમ નહિ. પણ વસ્તુ છે એ સિદ્ધ સ્વરૂપી જ છે દરેક ( ની ) તેથી તેની પર્યાયમાં સિદ્ધ પર્યાય સ્વરૂપે, સિદ્ધ સ્વરૂપે છે તેથી પર્યાયમાં સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. આહાહા ! થોડા શબ્દોમાં પણ કેટલું ભર્યું છે.

સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા જોયું ? તેથી તેમને નમસ્કાર કરવો. એક બાજુ સિદ્ધને પણ ક્ષાયિકભાવ કહીને એ જીવમાં નથી એમ કહ્યું છે. નિયમસાર ! ક્ષાયિકભાવ, ક્ષયોપશમભાવ, ઉપશમભાવ, ઉદયભાવ ( ચારે ભાવ ) વસ્તુમાં નથી, ત્રિકાળમાં ક્યાં છે ? એ તો પર્યાય છે. આહાહા ! એક બાજુ અહીં કહે કે સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે. એ ક્ષાયિકભાવ, પર્યાયની અપેક્ષાએ. આહાહા ! વીતરાગ માર્ગ ઘણો ગહન. આહાહા ! આ સિદ્ધ આત્મા સાક્ષાત્ શુદ્ધાત્મા છે. જેને ક્ષાયિકભાવ કહી અને નિયમસારમાં જીવમાં નથી એમ કહ્યું છે, એ પર્યાય નથી એમ, પણ પર્યાય જે છે એ તો સાક્ષાત્ શુદ્ધ સ્વરૂપ, ક્ષાયિકભાવ, સ્વભાવભાવ, કેવળજ્ઞાન, કેવળદર્શનને સ્વભાવભાવ કહ્યો. ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શનને વિભાવભાવ કહ્યો, બીજા ઠેકાણે એ ચારેય જ્ઞાનને ( ભાવને ) વિભાવભાવ કહ્યો, કઈ અપેક્ષાએ ? કે ત્રિકાળી સ્વભાવ નથી, અને કર્મના અભાવની અપેક્ષા કેવળજ્ઞાનમાં આવે છે. ક્ષાયિક એવી દશા, તેથી અપેક્ષાએ વિભાવ તેને કહ્યો છે. પંડિતજી ! કેવળજ્ઞાનને વિભાવ, અહીં ( કહ્યું ) શુદ્ધાત્મા સાક્ષાત્ કેટલી અપેક્ષાઓ છે. આહાહા !

" તેથી તેમને નમસ્કાર કરવો ઉચિત છે. " " કોઈ ઇષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો ? " તેની ચર્ચા ટીકાકારના મંગળ પર કરેલી છે ઉપર આવી ગયેલ છે. તે અહીં પણ સમ જાણવી. બધા ગુણથી એને ઓળખાવ્યા છે. અન્યમતિઓ એક નામે કરીને વિવાદ કરે છે એનો વ્યવચ્છેદ કરે છે. એ સિદ્ધને પરમાત્મા કહેવાય, અરિહંત કહેવાય, સિદ્ધ આત્મા કહેવાય, પુણ્ય આત્મા કહેવાય, અનેક પ્રકારે જે એમાં લાગુ પડે છે તે પ્રમાણે કહેવાય. આહાહા !

“ સિદ્ધોને ‘ સર્વ ’ એવું વિશેષણ આપ્યું છે. ” આવ્યું ’તું ને વંદિતું સવ્વસિદ્ધે પહેલી ગાથામાં, સર્વ સિદ્ધ સર્વ સિદ્ધોને નમસ્કાર. ” તેથી તે સિદ્ધો અનંત છે એવો અભિપ્રાય બતાવ્યો. સિદ્ધ એક છે નહિ, સિદ્ધ અનંત છે, જ્યારે પૂછો ત્યારે અનંત સિદ્ધ જ છે. જો કે, વર્તમાન તો ભગવાન કુંદકુંદાચાર્ય વખતે તો અનંત સિદ્ધ તો છે જ, પણ ત્રણ કાળમાં કોઈ કાળે અનંત સિદ્ધ ન હોય અને બે ચાર કે સંખ્યાત અસંખ્યાત સિદ્ધ હતા, એમ છે જ નહિ, અનંત સિદ્ધ છે. આહાહા ! બસ ! એ અનંતમાં ભળતી જાય સંખ્યા તો પણ અનંત ને અનંત, તે પણ એક શરીર નિગોદના અનંતમાં ભાગે. એક રાઈ જેટલો કટકો લઈએ, લસણ કે ડુંગળી– પ્યાજ એમાં અસંખ્ય તો શરીર છે. અને એક શરીરને અનંતમે ભાગે સિદ્ધ થયા અને અનંતમે ભાગે સિદ્ધ થશે. કોઈ દિ ’ અસંખ્યમેં ભાગે સિદ્ધ થશે એમ બનશે નહિ. આહાહા ! અનંતકાળ વીતી ગયો, અને અનંતકાળ વીતશે, ભવિષ્ય ભવિષ્ય ભવિષ્ય ભવિષ્ય અનંત અનંત અનંત તો પણ એક શરીરના અનંતમા ભાગે સિદ્ધ થાશે ( ભવિષ્ય પૂરૂં કે દિ ’ થાય ) ભવિષ્ય પૂરૂં કે દિ ’ થાય ? આહાહા ! વસ્તુની કોઈ સ્થિતિ જ એવી છે, ક્ષેત્ર પૂરૂં ક્યાં થાય ? કાળ પૂરો ક્યાં થાય ? કાળની શરૂઆત ક્યાંથી થાય ? દ્રવ્યની પર્યાય પહેલી કઈ ? દ્રવ્યની પર્યાય છેલ્લી કઈ ? આહાહાહાહા ! ગજબ સ્વભાવ છે ! પહેલી કે દિ ’ હતી ? દ્રવ્ય અનાદિનું છે ને પર્યાય અનાદિની છે. એમ છેલ્લી પર્યાય કે દિ ’ ? દ્રવ્ય પણ અનંત કાળ છે અને પર્યાય પણ એમ ને એમ અનંતકાળ છે. આહાહા !

ગહન વિષય જિનેશ્વરદેવનું તત્ત્વ ગહન ઘણું અને એ સિવાય બીજે ક્યાંય છે ય નહિ. બીજે બધી કલ્પનાઓથી વાત કરી, પણ આને ઊંડો ઉતરવાનો વખત ન મળે, જૈનના વાડામાં પડયા એને આ વ્રત કરવા ને ઉપવાસ કરવા, દયા પાળવી અને દાન કરવા, બસ ! એમાં રોકાઈ ગયા બિચારા. આહાહા ! રાગની ક્રિયાઓ છે એ તો. આહાહા ! અહીં કહે છે, સિદ્ધ અનંત થઈ ગયા, આત્મામાં શુદ્ધ સાધક પર્યાય પ્રગટ કરી. આહાહા ! સિદ્ધ સ્વરૂપે તો હતા જ પણ પર્યાયમાં સાધકપણે શુદ્ધને પ્રગટ કરી અનંતા પર્યાયમાં સિદ્ધ થયા. આહાહા ! અનંત સિદ્ધની કબૂલાત કરી. અનંત સિદ્ધો શુદ્ધના સાધનદ્વારા, સિદ્ધ થયા અને અનંત સિદ્ધ થયા એની શુદ્ધતા પૂરી થઈ, એવા અનંત સિદ્ધો છે. આહાહા !

“ અને શુદ્ધાત્મા એક જ છે એવું કહેનાર અન્યમતિઓનો વ્યવચ્છેદ કર્યો. ” સર્વ વ્યાપક એક જ આત્મા છે. આહાહા ! અમારે આવ્યો ’તો એક નવાણુમાં કાંપમાં હતો ને ધ્રાંગધ્રાનો હતો વ્યાખ્યાન સાંભળે વેદાંતી, એક ! એક ! એક ! કર્યા કરે, એક ! એક ! એક ! એમ કર્યા કરે, ધ્રાંગધ્રાનો હતો ૯૯ ની સાલની વાત છે. અરે ભાઈ ! પણ એક છે અને એક નથી એવો નિર્ણય કોણે કર્યો ? ( પર્યાયે ) ત્યાં બે થઈ ગયા. નિર્ણય કરનારી પર્યાય અને નિર્ણય કર્યો દ્રવ્યનો, તો બે થઈ ગયા. દ્રવ્ય ને પર્યાય બે થઈ ગયા, તો દ્વૈત થઈ ગયું, પણ એ વસ્તુ વીતરાગ સિવાય કોઈએ જાણી જોઈ નથી એટલે ( બધાએ ) કલ્પનાથી વાતું કરી. આ તો સર્વજ્ઞ. આહાહાહા ! જેના ક્ષેત્રનો અંત નથી એ શું ? શું કહે છે ? એવા પ્રદેશો જેટલા છે એના, એથી અનંત ગુણા ગુણ છે ( એક જીવમાં ) એ શું કહે છે ! ! એક દ્રવ્યમાં અનંત ગુણા ગુણ એમાં છે, જેનો અંત નથી, છેલ્લે ક્યો આકાશનો પ્રદેશ દશા પર્યાય અથવા પ્રદેશ એવું છે નહિં એથી અનંત ગુણા આત્માના ગુણો, સંખ્યાએ અનંત તે અનંતનો અંત નહિ એટલા બધા ગુણો, એવા અનંતા ગુણોના સ્વરૂપને

સાધી, અનંતા સિદ્ધ થયા. શુદ્ધાત્મા એક જ એવું કહેનારનો નિષેધ કર્યો.

પછી, " શ્રુતકેવળી શબ્દનાં અર્થમાં, " શ્રુતકેવળી હતો ને ? ' વોચ્છામિ સમયપાહુડંમિણમો શ્રુતકેવળી ભણીયં ' પાઠમાં તો શ્રુતકેવળી ભણીયં ' એટલું છે. છતાં આમાંથી બે કાઢવું છે ( બે પ્રકાર કહેવા છે ) અમારે એમ કહે છે. " શ્રુત તો અનાદિનિધન પ્રવાહરૂપ આગમ શ્રુતકેવળી અને કેવળી " શ્રુતના બે અર્થ જુદા કર્યા શ્રુતકેવળી એમ નહિ શ્રુત અને કેવળી. આહાહા ! શ્રુત તો અનાદિ અનંત અનિધન એટલે અનંત–પ્રવાહરૂપ એમ ને એમ અનાદિથી પ્રવાહરૂપ. આહાહા ! કે દિ ' આગમ નહોતું ? સંસારમાં જગતમાં કે દિ ' આગમ નહોતું ? આહાહા ! કે દિ ' સિદ્ધ નહોતા ? કે દિ ' કેવળજ્ઞાની મનુષ્યપણે નહોતા ? હેં ? આહાહાહા ! એમ આગમ કે દિ ' નહોતું અનંત કાળમાં ? આહાહા ! પ્રવાહરૂપે આગમ અનાદિથી છે. આહાહા ! શ્રુત અનાદિ અનંત, અનાદિ એટલે ' અન ', આદિ નહિ અને અનિધન એટલે અંત નહિ. જેની આદિ નથી, અંત નથી. એવા પ્રવાહરૂપ આગમ આહાહા ! ભૂતકાળમાં આગમ આમણે કહ્યું પહેલું એવું નથી અને ભવિષ્યમાં આગમ હવે થઈ રહ્યું એમ નથી. આહાહા ! અનાદિ અનંત પ્રવાહરૂપ શ્રુતજ્ઞાન–શ્રુત ચાલ્યું જ જાય છે. આહાહા ! અનાદિ અનંત પ્રવાહરૂપ આગમ.

' કેવળી ' શબ્દથી સર્વજ્ઞ અને પરમાગમના જાણનાર શ્રુતકેવળી કહ્યા. કેવળી શબ્દથી બે કાઢયા ( કહ્યા ) ઓલામાં શ્રુત એકલા શ્રુત પરમાગમ બસ; કેવળી શબ્દથી સર્વજ્ઞ ભગવાન, આહાહાહા ! કે દિ ' નહોતા ? ત્રણ કાળમાં ત્રણ કાળને જાણનારની હૈયાતિ કે દિ ' નહોતી ? આહાહા ! અગમ અગમની વાતું છે બધી. વસ્તુ જ એવી છે તારી કહે છે બાપા. આહાહા ! તારામાં અનંતા ગુણો છે તે કે દિ ' નહતા ? અને કે દિ ' એનો અંત આવશે, એટલે ગુણ પૂરા થઈ જશે ભવિષ્યમાં ? આહાહા ! એની પર્યાય પૂરી થઈ જશે કે દિ ' ?

એકલા આત્મા– સ્વભાવની વાતું છે. આહાહા ! કેવળી શબ્દથી સર્વજ્ઞ અને પરમાગમના જાણનારા શ્રુતકેવળી બેયને લીધા. નિયમસારમાં તો બેય શબ્દ જુદા જ છે. કેવળી, શ્રુતકેવળી ભણીદં એવો પાઠ ચોખ્ખો છે. એ ભાવને અહીંયા લીધો છે. કહેવાનો આશય પણ આ જ છે. એમ કે શ્રુત પણ છે અને કેવળીમાં બેય છે, સર્વજ્ઞ અને શ્રુતકેવળી, શ્રુત ને દ્રવ્ય, અનાદિ અનંત આગમની વાણી એની પણ શરૂઆત નથી, એનો પણ અંત નથી. અને કેવળીની પણ શરૂઆત નથી અને કેવળીનો અંત નથી. એમ પરમાગમના જાણનારા ગણધરો, શ્રુતકેવળીઓ આહાહા ! એની પણ આદિ નથી એનો અંત નથી. આહાહા !

" તેમનાથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ કહી. " સર્વજ્ઞ અને શ્રુતકેવળી, આગમ અનાદિ–અનંત, કેવળી શ્રુતકેવળી અનાદિ અનંત એ અનાદિ–અનંત કેવળી અને શ્રુતકેવળીથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ થઈ. પહેલી ( આદિ થઈ ) એમ કંઈ નથી. આહાહા ! એ સમયપ્રાભૃતની ઉત્પત્તિ કહી છે, એ રીતે ગ્રંથની પ્રમાણતા બતાવી. ગ્રંથની યથાર્થતા પ્રમાણતા. આ ગ્રંથ પ્રમાણ કેમ છે ? કે આ કારણે પ્રમાણ છે. ઓલો કહે કે આ પ્રમાણ છે ? કે આ પ્રમાણ છે ? કે આ સાચું છે ? અરે પ્રભુ એ વાત છે નહિ. આહાહા ! " એ ગ્રંથ પ્રમાણતાને પામ્યો છે. " કેમકે શ્રુત–દ્રવ્યશ્રુત એ પણ અનાદિ અનંત છે. કહેનારા ભાવશ્રુતી કેવળીઓ પણ અનાદિ અનંત છે અને સર્વજ્ઞ પણ અનાદિ અનંત છે અને એમણે કહેલું પણ અનાદિ અનંત છે. પહેલા સર્વજ્ઞે આ

કહ્યું 'તું ને શ્રુતકેવળીએ પહેલા આ કહ્યું 'તું એમ નથી. આહાહા ! કેટલી ગંભીરતા.

આ તો વસ્તુની સ્થિતિ છે એનું વર્ણન છે. આમાં આમ હશે કે આમ હશે એમ છે નહીં, આમ ( જ ) છે. આહાહા ! એ રીતે ગ્રંથની પ્રમાણતા એટલે સત્યતા બતાવી; આ ગ્રંથ સત્ય છે એમ તેમાં સિદ્ધ કરી દીધું અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો. આહાહા ! અમે અત્યારે બુદ્ધિની કલ્પનાથી કહીએ છીએ એમ નહિ. એ તો શ્રુતકેવળીએ કહેલું શ્રુત અને શ્રુત અનાદિ છે એ રીતે કહેવાય છે. આહાહા ! ' સિદ્ધો વર્ણ સમામ્નાય ' નથી આવતું ? મોક્ષમાર્ગમાં, વ્યાકરણમાં આવે છે અને મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે, કે ' સિદ્ધો વર્ણ ' ભાષા છે એ સિદ્ધ અનાદિની છે એ કોઈએ કરી છે એમ નથી.

એ ભાષા નાની ઉંમરમાં આપતા, પહેલી અમને આપી, ધૂળી નિશાળે જતાં ધૂળી, લખવાનું ધૂળમાં લખાવે, ત્યારે પહેલો શબ્દ આ આપ્યો 'તો. " સિદ્ધો વર્ણ સમામ્નાય " ન્યાં ક્યાં શબ્દના અર્થની ખબર હતી ? નથ્થુ માસ્તર હતા એક વૃદ્ધ બચારા, છોકરો હતો એક સાધારણ ધૂળી નિશાળ એને પગાર થોડો થોડો આપતા છોકરાઓ, લગન હોય કે દાહડો હોય ત્યારે આપે. શું કહે ? પીરસણું કંઈ થોડું થોડું આપતા ચાર-ચાર પૈસા કે એવું એને આજીવિકા થઈ રહેતી. એમાં એણે પહેલું આ લખાવ્યું હતું " સિદ્ધોવર્ણ સમામ્નાય "

આપણે મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે, છે અહીંયા મોક્ષમાર્ગ પ્રકાશક ? નથી. ગ્રંથની પ્રમાણતા- એવો શબ્દ છે, એમાં આ લખ્યું છે. ' અકાર ' આદિ ઉચ્ચાર તો અનાદિનિધન છે. એ કાંઈ નવું નથી કોઈએ નવા કર્યા નથી. એનો આકાર લખવો પોતાની ઈચ્છા અનુસાર પણ એ પણ આકાર એની મેળાએ થાય છે. પરંતુ બોલવામાં આવે છે તે અક્ષર તો સર્વત્ર સર્વદા એ જ પ્રમાણે પ્રવર્તે છે, કહ્યું છે કે ' સિદ્ધોવર્ણ સમામ્નાય ' આ શબ્દ છે વર્ણ ઉચ્ચારનો સંપ્રદાય અક્ષરના ઉચ્ચારની પદ્ધતિ સ્વયંસિદ્ધ છે, આહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં લખ્યું છે. આહા !

અને અક્ષરોથી નીપજેલા સત્ય અર્થના પ્રકાશક પદોના સમૂહ એનું નામ તો શ્રુત છે-તે પણ અનાદિ અનંત છે. આહા ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં નાખ્યું છે, અક્ષરો અનાદિ છે, સર્વજ્ઞ અનાદિ છે, શ્રુતકેવળીઓ અનાદિ છે. આહાહા ! આ રીતે પ્રમાણતા, છતાં પાછું આનું સાચું કે આનું સાચું એવી શંકા નાખવી ! આહાહા ! મહા પ્રમાણતાને પામ્યો છે. ગ્રંથની પ્રમાણતા બતાવી અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો. એ તો અનાદિથી શ્રુતકેવળી કેવળીઓ અને અક્ષરોથી ચાલ્યા જ આવે છે. આહાહા ! નિયમસારમાં પણ એમ કહ્યું છે ને ટીકાકારે ટીકા કરનાર અમે તે કોણ ? પદ્મપ્રભમલધારિદેવ એમ કહે છે. એ ટીકા તો અનાદિ સંતોથી ચાલી જ આવે છે. એ ટીકાનો ભાવ સંતોથી ચાલ્યો જ આવે છે, નિયમસારમાં છે. છે અહીંયા નિયમસાર ? હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે. વિકલ્પ ઉઠયા જ કરે છે કે આનું આમ થાય, આનું આમ થાય એ રુચિથી પ્રેરિત થવાને લીધે તાત્પર્યવૃત્તિ નામની આ ટીકા રચાય છે, અને ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા, આ પરમાગમના અર્થસમૂહોનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ ? આ તો ભાવ ચાલ્યો જ આવે છે. ટીકાનો ભાવ નિયમસાર એ પણ પરંપરાએ મુનિઓમાં ચાલ્યો જ આવે છે. હું કરું છું નવો એમ છે નહિં. પાઠ

છે એવો હોં. આહા!

गुणधर गणधररचितं श्रुतधरसन्तानस्तु सुग्रक्तम्
परमागमार्थसार्थं वकतुममुं के वयं मन्दाः

આહાહા! એ ભાવ- શ્રુતજ્ઞાન; એ ભાવ- કેવળજ્ઞાન, એ વાણી અકાર આદિના અક્ષરો અનાદિ છે. આહાહાહા!

એક ભાવને પણ બરાબર જાણે ને તો એ બધા ભાવને યથાર્થ જાણે. એક ભાવનું જયસેનાચાર્યની ટીકામાં છે. એક ભાવ પણ જે રીતે છે તે રીતે એ બરાબર જાણેને તેને બધા ભાવોનું જ્ઞાન યથાર્થ થઈ જાય. આહાહા! કારણ કે એક ભાવ જ પણ ગંભીર-ગંભીર કથન કરનારા અને વાણી એ બધી અનાદિની. આહાહા! એના એક ભાવને પણ બરાબર સમજે, તો બધા ભાવોનું જ્ઞાન એને યથાર્થ આવી જાય. આહાહા!

અહીં એ કહે છે. પોતાની બુદ્ધિથી કર્યું નથી. અન્યવાદી અલ્પજ્ઞાની પોતાની બુદ્ધિથી પદાર્થનું સ્વરૂપ ગમે તે પ્રકારે કહી વિવાદ કરે છે તેનું અસત્યાર્થપણું બતાવ્યું, એ બધું જૂઠું છે. આહાહા! આ વાણી પરમાત્માની કહેલી. શ્રુતકેવળીની કહેલી અને વાણી વાણીરૂપે ચાલી આવતી. આહાહા!

અજ્ઞાનીઓ પોતાની કલ્પનાથી વાતો કરે એ માન્ય નથી. શાસ્ત્ર કલ્પનાથી રચે અને ભાવ પોતાને ઠીક લાગે એમ ગોઠવે એમાં, એ માન્ય વસ્તુ નથી. ઝીણી વાત છે.

આ ગ્રંથના અભિધેય એટલે કે શું કહેવું છે તે ચીજ, સંબંધ અને પ્રયોજન. વાણીને સંબંધ વાચક સાથે અને 'પ્રયોજન' આત્માનું પ્રગટ કરવું આત્માનું. એ શુદ્ધાત્માનું સ્વરૂપ તે અભિધેય છે, જોયું ? ધ્યેય એ છે. શુદ્ધાત્મા તે ધ્યેય છે કહેવા માટે શુદ્ધાત્મા તે ધ્યેય છે. આહાહા! ષટ્દ્રવ્ય (છ દ્રવ્યો) ધ્યેય છે એમ ન કહ્યું અહીંયા. ષટ્દ્રવ્યનું જ્ઞાન તો એક સમયની પર્યાયમાં આવી જાય છે જીવની. અને અહીં તો શુદ્ધાત્મા તે અભિધેય છે. આહાહા! શુદ્ધાત્માનું સ્વરૂપ તે અભિધેય, ધ્યેય. શુદ્ધ વસ્તુ તે ધ્યેય, ધ્રુવ તે ધ્યેય છે. ધ્રુવને ધ્યેય કહેવાનો અહીંયા આશય છે આખો. આહાહા!

તેના વાચક આ શબ્દો, આ ગ્રંથના શબ્દો છે એ વાચક છે, તેમનો અને શુદ્ધાત્માનો વાચ્ય-વાચક સંબંધ છે, તે સંબંધ છે. આહાહા! વાચક શબ્દો અને વાચ્ય આત્મા શુદ્ધ ધ્યેય એ વાચ્ય- વાચકનો સંબંધ છે. આહાહા! અને પ્રયોજન, ધ્યેય જે શુદ્ધાત્મા હતો એ કહેવાનું પ્રયોજન છે. કહેવાનું કથન છે-પ્રયોજન તો શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવી તે પ્રયોજન છે લ્યો! શુદ્ધ ભગવાન આત્માના પર્યાયની સ્વરૂપની પ્રાપ્તિ થવી પ્રયોજન છે.

કહો એક ગાથામાં કેટલું નાખ્યું ?

અભિધેય એટલે શું કહેવાનું છે કે શુદ્ધાત્મા.

વાચક શબ્દો, વાચક અને વાચ્યને નિમિત્ત નિમિત્ત સંબંધ છે, જેમ સાકર શબ્દ અને સાકર પદાર્થ સાકર પદાર્થ છે તે અભિધેય છે, સાકર શબ્દ છે, તે વાચક છે બેનો નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. વાચક વાચ્યને બતાવે છે. આહાહા! આવો સંબંધ છે. નિમિત્ત-નિમિત્ત સંબંધ એ પહેલી ગાથા થઈ.

## ગાથા - ૨

तत्र तावत्समय एवाभिधीयते-

जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।
पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।

जीवः चरित्रदर्शनज्ञानस्थितः तं हि स्वसमयं जानीहि।
पुद्गलकर्मप्रदेशस्थितं च तं जानीहि परसमयम्।।२।।

योऽयं नित्यमेव परिणामात्मनि स्वभावेऽवतिष्ठमानत्वादुत्पादव्ययध्रौव्यैक्यानुभूतिलक्षणया सत्तयानुस्यूतश्चैतन्यस्वरूपत्वान्नित्योदितविशददृशिज्ञप्तिज्योतिरनन्तधर्माधिरूढैकधर्मित्वादुद्योतमानद्रव्यत्वः क्रमाक्रमप्रवृत्तविचित्रभावस्वभावत्वादुत्सङ्गित गुणपर्यायः स्वपराकारावभासनसमर्थत्वादुपात्तवैश्वरूप्यैकरूपः प्रतिविशिष्टावगाहगति स्थितिवर्तनानिमित्तत्वरूपित्वाभावादसाधारणचिद्रूपतास्वभावसद्भावाच्चाकाशधर्माधर्मकालपुद्गलेभ्यो भिन्नोऽत्यन्तमनन्तद्रव्यसङ्करेऽपि स्वरूपादप्रच्यवनाट्टङ्कोत्कीर्णचित्स्वभावो जीवो नाम पदार्थः स समयः, समयत एकत्वेन युगपज्जानाति गच्छति चेति निरुक्तेः।

अयं खलु यदा सकलभावस्वभावभासनसमर्थविद्यासमुत्पादकविवेकज्योतिरुद्गमनात्समस्तपरद्रव्यात्प्रच्युत्य दृशिज्ञप्तिस्वभावनियतवृत्तिरूपात्मतत्त्वैकत्वगतत्वेन वर्तते तदा दर्शनज्ञानचारित्रस्थितत्वात्स्वमेकत्वेन युगपज्जानन् गच्छंश्च स्वसमय इति, यदा त्वनाद्यविद्याकन्दलीमूलकन्दायमानमोहानुवृत्तितन्त्रतया दशिज्ञप्तिस्वभावनियतवृत्तिरूपा- दात्मतत्त्वात्प्रच्युत्य परद्रव्यप्रत्यय-मोहरागद्वेषादिभावैकत्वगतत्वेन वर्तते तदा पुद्गलकर्म-प्रदेशस्थितत्वात्परमेकत्वेन युगपज्जानन् गच्छंश्च परसमय इति प्रतीयते। एवं किल समयस्य द्वैविध्यमुद्धावति।

---

પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી. ત્યાં એ આકાંક્ષા થાય કે સમય એટલે શું ? તેથી હવે પહેલાં સમયને જ કહે છેઃ-

**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્‌ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.**

ગાથાર્થઃ- હે ભવ્ય! [ जीवः ] જે જીવ [ चरित्रदर्शनज्ञानस्थितः ] દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે [ तं ] તેને [ हि ] નિશ્ચયથી [ स्वसमयं ] સ્વસમય [ जानीहि ] જાણ; [ च ] અને જે જીવ [ पुद्गलकर्मप्रदेशस्थितं ] પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે [ तं ] તેને [ परसमयं ] પરસમય [ जानीहि ] જાણ.

ટીકાઃ- ‘ સમય ’ શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ ‘ सम् ’ તો ઉપસર્ગ છે, તેનો અર્થ ‘ એકપણું ’ એવો છે; અને ‘ अय् गतौ ’ ધાતુ છે એનો ગમન અર્થ પણ છે અને જ્ઞાન અર્થ

પણ છે; તેથી એકસાથે જ ( યુગપદ્ ) જાણવું તથા પરિણમન કરવું એ બે ક્રિયાઓ જે એકત્વપૂર્વક કરે તે સમય છે. આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક એક જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે તેથી તે સમય છે. આ જીવ-પદાર્થ કેવો છે ? સદાય પરિણામ-સ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે. આ વિશેષણથી, જીવની સત્તા નહિ માનનાર નાસ્તિકવાદીઓનો મત ખંડિત થયો તથા પુરુષને ( જીવને ) અપરિણામી માનનાર સાંખ્યવાદીઓનો વ્યવચ્છેદ, પરિણમનસ્વભાવ કહેવાથી, થયો. નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે અને બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે; તેમનું નિરાકરણ, સત્તાને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ કહેવાથી થયું. વળી જીવ કેવો છે ? ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન જ્યોતિસ્વરૂપ છે ( કારણ કે ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનસ્વરૂપ છે ). આ વિશેષણથી, ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ નહિ માનનાર સાંખ્ય-મતીઓનું નિરાકરણ થયું. વળી તે કેવો છે ? અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે ( કારણ કે અનંત ધર્મોની એક્તા તે દ્રવ્યપણું છે ). આ વિશેષણથી, વસ્તુને ધર્મોથી રહિત માનનાર બૌદ્ધમતીનો નિષેધ થયો. વળી તે કેવો છે ? ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે. ( પર્યાય ક્રમવર્તી હોય છે અને ગુણ સહવર્તી હોય છે; સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે. ) આ વિશેષણથી, પુરુષને નિર્ગુણ માનનાર સાંખ્યમતીઓનો નિરાસ થયો. વળી તે કેવો છે ? પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે ( અર્થાત્ જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે ). આ વિશેષણથી, જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર જ માનનારનો, તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો, વ્યવચ્છેદ થયો. વળી તે કેવો છે ? અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો-અવગાહન-ગતિ-સ્થિતિ-વર્તનાહેતુપણું અને રૂપીપણું-તેમના અભાવને લીધે અને અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્ભાવને લીધે આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્ગલ-એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે. આ વિશેષણથી, એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો. વળી તે કેવો છે ? અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં પણ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી જે ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ છે. આ વિશેષણથી વસ્તુસ્વભાવનો નિયમ બતાવ્યો. -આવો જીવ નામનો પદાર્થ સમય છે.

જ્યારે આ ( જીવ ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી, સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ ( અસ્તિત્વરૂપ ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે ' સ્વસમય ' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે; પણ જ્યારે તે, અનાદિ અવિદ્યારૂપી જે કેળ તેના મૂળની ગાંઠ જેવો જે ( પુષ્ટ થયેલો )

**મોહ તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી, દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે ( એકપણું માનીને ) વર્તે છે ત્યારે પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો તથા પરરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે. આ રીતે જીવ નામના પદાર્થને સ્વસમય અને પરસમય-એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે.**

**ભાવાર્થઃ- જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે. 'જીવ' એવો અક્ષરોનો સમૂહ તે 'પદ' છે અને તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે. એ જીવપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે, દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે, અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય છે, દ્રવ્ય હોવાથી વસ્તુ છે, ગુણપર્યાયવાળો છે, તેનું સ્વપરપ્રકાશકજ્ઞાન અનેકાકારરૂપ એક છે, વળી તે ( જીવપદાર્થ ) આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ છે અને અન્ય દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતો નથી. આવો જીવ નામનો પદાર્થ સમય છે. જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય ત્યારે તો સ્વસમય છે અને પરસ્વભાવ-રાગદ્વેષમોહરૂપ થઈને રહે ત્યારે પરસમય છે. એ પ્રમાણે જીવને દ્વિવિધપણું આવે છે.**

## પ્રવચન નં. ૮ ગાથા - ૨ તા. ૧૫-૬-૧૯૭૮ ગુરુવાર

'પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી', સિદ્ધાંત-પદાર્થને કહેવાની પ્રતિજ્ઞા કરી, ત્યાં એ આકાંક્ષા થાય-ઈચ્છા થાય કે 'સમય' એટલે શું ?' સમય કહેવો કોને ? તમે સમયપ્રાભૃત કહેવા માગો છો... તો સમય કહેવો કોને ? શું તમે કહેવા માગો છો ? સમય એટલે શું ? આહા... ! કે 'તેથી હવે પહેલાં સમયને જ કહે છે' -કોને સમય કહેવો એની વ્યાખ્યા બીજી ગાથાથી શરૂ કરે છે. આહાહા !

'जीवो' ઉપાડયું આંહીથી પહેલું "જીવો" ન્યાંથી ઉપાડયું ! 'जीवो' તે જીવઃ છે ને વ્યુત્સર્ગ... ? જીવને કહેવું છે આંહી ! અને તેથી ૪૭ શક્તિમાં પહેલી શક્તિ 'જીવત્વશક્તિ' લીધી છે. એ આંહીથી ઉપાડી છે. જીવ જીવત્વ શક્તિથી બિરાજે છે ત્રિકાળ. ભગવાન આત્મા ત્રિકાળ પોતાના જીવત્વશક્તિ એટલે ગુણ એટલે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ને અનંત બળ એનાથી તે જીવનું જીવન અનાદિથી છે. એવો 'जीवो' એમ ઉપાડયું. આમ સંસ્કૃતનો વ્યુત્સર્ગ થઈ ગ્યો 'जीवो' આમ કહીએ તો જીવો જે જીવ છે તે રીતે જીવો, એ જીવતર શક્તિ કીધી જે રીતે જીવ છે વસ્તુ. આહાહા ! તે રીતે જીવો એને જીવ કહીએ. આહાહાહા ! આ શરીરથી ને.. ઈંદ્રિયોથી ને દશ પ્રાણથી જીવે એ જીવ નહીં. આહાહા !

जीवो चरितदंसणणाणठिदो- जीवों दंसणणाण दंसण ठिदो - ન્યાં 'जीवो' આવ્યું ને આંહી 'ठिदो' આવ્યું ! तं हि ससमयं जाण। તેને સ્વસમય જાણ. આહાહાહા ! આદેશ કર્યો છે. ભગવાન કુંદકુંદાચાર્ય 'જાણ' એમ કહે છે. 'જાણ' તો એનો અર્થ ઈ છે કે અજાણને જાણ

બતાવે છે. જે જાણતો નથી એને કહે છે કે ‘ જાણ ’.

આહાહા ! ‘ पोग्गलकम्मदेसट्ठिदं ’ च तं जाण परसमयं।। આહાહા !

જીવ ચરિત–દર્શન–જ્ઞાન સ્થિત સ્વસમય નિશ્ચય જાણવો.. એમ જીવો– જીવ એમ નહીં કહે છે. પણ દર્શનજ્ઞાનચારિત્રથી જીવે તે જીવ છે. ત્યારે એણે જીવ જાણ્યો કહેવાય. આહાહાહા ! શું કહ્યું ? જીવ છે એ અનંત દર્શન જ્ઞાન આનંદ ને વીર્યથી તો જીવે છે, ત્રિકાળ, પણ એ જીવને એ રીતે જેણે જાણ્યો, માન્યો ને અનુભવ્યો એને સ્વસમય કહેવામાં આવે છે. આહાહા ! એણે આત્માને જાણ્યો એમ કહેવામાં આવે છે. આહાહા !

ગાથાર્થ લઈએ પહેલો ‘ હે ભવ્ય ! ’ તેમ એ લીધું છે ‘ જાણ ’ છે ખરું ને.. ? ‘ જાણ ’ ત્યારે કો ’કને કહે છે ને.. ? ’ હે ભવ્ય ! આહાહા ! જીવ દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત રહ્યો છે, સ્થિત થઈ રહ્યો છે, પર્યાયમાં હોં ! આહાહા ! જીવ ત્રિકાળ શક્તિથી તો જીવી રહ્યો છે. પણ એને જીવી રહ્યો છે એનું જ્ઞાન જેને થાય, એની શ્રદ્ધા થાય, ઠરે એ સાચો જીવ છે. આહાહા ! ‘ ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે ’છે ને.. ? ‘ તેને નિશ્ચયથી સ્વસમય જાણ ’ એને ખરો આત્મા જાણ. જેને સમ્યગ્દર્શન, હેં ? ( શ્રોતાઃ સાધુપદ થાય એ ખરો આત્મા થાય એમ કીધું ? ) એ આંહીં સાધુ, કહેનાર છે ને... ! સાધુ કહેનાર છે તે ત્રણ બોલથી ઉપાડયું છે ! કહેનાર પોતે સાધુ છે ને ! તેથી છઠ્ઠી ગાથામાં, પ્રમત્ત અપ્રમતનો નિષેધ કર્યો છે ને.. ! પોતે, પ્રમત અપ્રમત ગુણસ્થાનમાં છે. એનો નિષેધ કરીને, જ્ઞાયકભાવ છું એમ કીધું છે. કહેનાર પોતાની સ્થિતિને... વર્ણવતી સાથે વર્ણવી રહ્યા છે. આહાહા !

એને જીવ એટલે સ્વસમય પોતામાં આવ્યો છે એને એ કહીએ, કે જે જીવસ્વરૂપ ભગવાન એની સન્મુખ થઈને જે સમ્યગ્દર્શન, એનું જ્ઞાન, એમાં સ્થિરતા, એવા જીવને સ્વસમયમાં આવ્યો અને સ્વસમયને જાણ્યો અને સ્વસમયરૂપ થયો એમ કહેવામાં આવે છે. આહાહાહાહા !

ગજબ શૈલી છે ને !! સમયસાર એટલે... ( શ્રોતાઃ દિવ્યધ્વનિ... ) આહાહા ! થોડું. પણ ધીમેથી અંદર ઓગાળીને.. ઓલા ઢોર ખાયને ઢોર, પછી અંદર ઓગાળે નિરાંતે બેસીને.. પેટમાં નાખે એક હારે એમ આ ઓગાળવું જોઈએ, એટલે વારંવાર એનું મંથન થવું ( વાગોળવું ) જોઈએ. આહાહા !

જીવ, સ્વસમય એને કહીએ કે જેની પર્યાયમાં, જેની દશામાં દશાવાનની પ્રતીતિ થઈ છે, જેની દશામાં દશાવાનનું જ્ઞાન થયું છે, જેની દશામાં દશાવાન ઠર્યો છે. આહાહા ! ‘ એને સ્વસમય જાણ ’ કુંદકુંદાચાર્ય આદેશ કરે છે. ( શ્રોતાઃ પર્યાયથી તો જાણે ) જાણ.. જાણીશ જ. આહાહા ! બાપુ ! એમ રહેવા દે, સંદેહ રહેવા દે, ન જાણી શકું રહેવા દે. મને અઘરું પડે ઈ રહેવા દે !! ‘ છે ’ તેને પ્રાપ્ત કરવો એમાં તને અઘરું કેમ લાગે છે એમ કહે છે. આહાહા !

ભગવાનને ( આત્માને ) પરમાણુ પોતાનો કરવો હોય, તો નહીં થઈ શકે, અરે રાગને કાયમ રાખવો હોય તો નહીં કરી શકીશ પણ આ તો કરી શકીશ. આહાહા ! ‘ जीवो चरितदंसणणाणठिदो ’ ભાષા કેવી લીધી છે ! જીવમાં દર્શન જ્ઞાનથી ઠર્યો એમ ન લેતાં ‘ જીવ દર્શનજ્ઞાનચારિત્રમાં ઠર્યો ’ શું કીધું ? ( શ્રોતાઃ જીવ ઠર્યો ) એમ કે ધ્યેય તો આત્મા છે. એને ધ્યેય બનાવીને જે દર્શન જ્ઞાન ચારિત્ર થયું, તો ઈ તો દ્રવ્યને આશ્રયે થયું છે, અને આંહી તો કહે છે કે જે

જીવ, દર્શન જ્ઞાન ચારિત્રપર્યાયમાં ઠરે તેને સ્વસમય કહે છે. આંહી ઠર આમ. સમજાય છે ? આહાહા !!

જીવ જે અનાદિથી કર્મના પ્રદેશે એટલે ( વિ )ભાવ એવો વિકાર એમાં ઠરે છે, એ તો અનાદિ છે. એ તો અજીવ છે. આહાહા ! પણ જે જીવ પોતાની સંપદાને, પૂરણ સંપદાને જ્ઞાનમાં જાણી.. પ્રતીત કરી અને એમાં ઠરે છે, જીવ એમાં ઠરે છે. આહાહા ! દર્શન જ્ઞાન ચારિત્રમાં જીવ ઠરે છે. દર્શન જ્ઞાન ચારિત્ર જીવને આશ્રયે થાય છે, એમ ન લેતાં.. આહાહાહા ! એ આમ રાગમાં ઠરતો, એ હવે સ્વભાવમાં ઠરે છે એમ બતાવવું છે. આહાહા ! બહુ થોડા શબ્દો, આ તો નિવૃત્તિના મારગ છે બાપુ. આહાહા !

'સ્વસમય જાણ' જે ભગવાન પ્રભુ ( નિજાત્મા ) પૂરણ સંપદાથી ભરેલ છે, એ જીવ પોતે પોતાના સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રમાં ઠરે છે આંહી, જે અનાદિથી રાગમાં વિકારમાં ઠરતો, એની વાત પહેલી ન લેતાં, એની પછી લેશે. પહેલી તો આંહી શરૂઆત કરવી છે, અને શરૂઆત કરનારાઓને કરવી છે, એથી એણે આ જ વાત લીધી પહેલી. પહેલા પદમાં આ લીધું 'जीवो चरितदंसणणाण ठिदो' પછી ઓલી વાત કરશે અનાદિની. આહાહા ! તેને નિશ્ચયથી એટલે हि –ખરેખર. જે જીવ પોતાની નિર્મળ પર્યાયમાં ઠરે છે જીવ જીવમાં રહે છે, દ્રવ્યમાં એમ નહીં, જીવ જીવના દ્રવ્યમાં રહે છે એમ નહીં, દ્રવ્ય તો રહેલું જ છે, પણ એ દ્રવ્ય જીવ પોતાના સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રમાં જીવ દ્રવ્ય ઠરે છે, તેને સ્વસમય નામ આત્મા જાણ, તે આત્મા છે. હૈ શબ્દ એમાં ? આહાહા !

જીવ, જીવમાં રહે છે ત્રિકાળી એમ નહીં, ત્રિકાળી તો રહેલો ( જ ) છે. અને રહેલાને જાણ્યું કોણે ? રહ્યો છે ઈ અંદર છે એવું જાણ્યા વિના રહ્યો છે એવું જાણ્યું કોણે ? ( શ્રોતાઃ પર્યાયે ). આહાહા ! પરમ સ્વભાવભાવ ભગવાન આત્મા પોતામાં રહ્યો છે, પણ રહ્યો છે એવું જાણ્યું કોણે ? રહ્યો છે એ રહ્યો છે ( શું ) એના ધ્રુવે જાણ્યું ? આહાહા ! જીવ, ત્રિકાળ પરમ સ્વભાવભાવપણે રહેલો છે. એવું જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, એનું જેણે પ્રતીત કર્યું, એમ જેણે ઓળખીને પ્રતીત કરી આ છે એમ જાણીને પ્રતીત કર્યું. એ આત્મા પ્રતીતમાં આવ્યો ! એ આત્મા, આત્માના દ્રવ્યમાં તો હતો. પણ એની પ્રતીતમાં આવ્યો એ. આહાહા ! 'दंसण'માં આવ્યો. એ એના જ્ઞાનમાં આવ્યો ઈ. આહાહા ! ભગવાન આત્મા પૂરણ જ્ઞાનથી તો ( ધ્રુવ ) છે પણ 'છે' એવું જાણ્યું કોણે ? જાણ્યા વિના એ 'છે' એમ માન્યું કોણે ? આહાહા ! રમણિકભાઈ ? આવું ઝીણું છે, 'આ' ઝીણું. આહાહા ! ગજબ વાત છે ! એક એક ગાથા ને એક એક પદ.. શિવપદના ભણકારા વાગે છે. આહાહા !

એ જીવ છે. અનંત અપરિમિત ગુણોનો ભંડાર પણ જેણે જાણ્યું ને, માન્યું નથી એને ક્યાં છે ? આહાહા ! કહ્યું 'તું ને.. પ્રશ્ન થયો હતો ને આંહી હમણાં વારીયા છે, એક ત્રિભોવનભાઈ એણે પ્રશ્ન કર્યો હતો, કે પ્રભુ આપ કારણપરમાત્મા કહો છો જીવને.. 'કારણપરમાત્મા' કારણ જીવ, કારણ પ્રભુ તો કારણ હોય તો એનું કાર્ય આવવું જોઈએ પણ કાર્ય તો આવતું નથી, કારણ પરમાત્મા તો છે તમે કહો છો. પ્રશ્ન થયો 'તો રાજકોટમાં. આ કાઠિયાવાડમાં એમના પિતાશ્રી વિરજીભાઈને દિગમ્બરના શાસ્ત્રોનો અભ્યાસ પહેલો એમનો જ હતો. આ કાઠિયાવાડમાં વીરજીભાઈ વકીલ હતા ૯૦/૯૧/૯૨ વરસે ગુજરી ગયા. એમના દિકરાનો પ્રશ્ન હતો, કારણપરમાત્મા

તમે કહો છો પ્રભુ ! તો કારણ છે તો કાર્ય આવવું જોઈએ ને ? અને કાર્ય તો આવતું નથી.

કીધું, કોને પણ ? કારણપરમાત્મા છે.. એવો જેણે સ્વીકાર કર્યો છે.. તેને કાર્ય થયા વિના રહેતું નથી, પણ સ્વીકાર નથી ત્યાં કાર્ય ક્યાંથી આવે એને ? એની દૃષ્ટિમાં કારણપરમાત્મા છે ? એ તો છે જ નહિં. દૃષ્ટિમાં તો પર્યાય ને રાગ છે. એને કાર્ય, કારણનું આવે ક્યાંથી ? સમજાય છે આમાં ? આહાહા

કારણપરમાત્મા.. છે, પણ કોને ? જેણે છે એવું માન્યું જાણ્યું તેને ઈ જાણ્યું–માન્યું તેને છે એટલે એ પરિણમન થયું એ પર્યાય થઈ. એની પર્યાયમાં એની કબૂલાત થઈ છે, ત્યારે આંહી પર્યાય થઈ છે. એની કબૂલાત વિના, એનું કાર્ય આવે જ નહીં. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રનો મારગ, મોક્ષનો ઈ ત્રિકાળી ચીજની માન્યતામાં, જ્ઞાનના જ્ઞેય વિના એ વાત આવે જ નહીં. એ જ્ઞાનમાં ઈ જ્ઞેય આવડું છે એવું જાણ્યું ત્યારે જ્ઞાન આવ્યું. ‘ આવડું છે ’ એમ પ્રતિત કરી ત્યારે સમ્યગ્દર્શનમાં આત્મા આવડો છે એમ માન્યો. આહાહા ! આંહી આ ત્રણ બોલથી વાત કરી છે ને પોતે મુનિ છે ખરાને !

‘ चरितदंसणणाण..... ठिदो ’ એમ લીધું છે એમાં પણ પહેલો चरित શબ્દ છે એ તો પદની રચના માટે છે. પદ્ય છે ને આ... અને કવિતાની રચના–પદ્યની માટે ‘ चरित ’ લીધું પહેલું. આમ તો ‘ दंसणणाणचरित ’ છે. પણ પાઠમાં આમ આવ્યું છે. ‘ चरितदंसणणाण ठिदो ’ એ ગદ્યમાંથી પદ્યની રચનામાં એ રીતે આવ્યું છે. નહિંતર, વસ્તુની સ્થિતિમાં તો દર્શન જ્ઞાન ને ચારિત્રમાં છે ને ! આહાહા ! જુઓ. અર્થ કેમ મૂકી દીધો જોયું ? પાઠ... તો ‘ चरितदंसणणाण ’ સ્થિત છે.. છે ? ગાથાર્થ ( માં ) અર્થ કેવો કર્યો, દર્શન જ્ઞાન ચારિત્રમાં સ્થિત રહ્યો છે. ત્યાં એમ કહ્યું છે ગાથાર્થ જુઓ. મૂળ ગાથાનો પહેલો શબ્દ છે, ટીકા નહીં–ટીકા નહીં. આહાહા ! આહાહાહા ! માળા પંડિતોય પણ ! આ પંડિતો કહેવાય જે આશય કહેવાનો છે તે આશય કાઢે ને સમજે, આ... કોરા વ્યાકરણવાળા નહીં કાઢી શકે. આહાહા ! આહાહા !

અરે ! ભગવાન એક વાર સાંભળ તો ખરો પ્રભુ તું વિરોધ કરે છે ( અને બોલે છે ) એય એકાંત છે, એકાંત છે પણ બાપા ભાઈ નિશ્ચયનયનો અર્થ જ સમ્યક્ એકાંત છે, નય સમ્યક્ એકાંત છે. પ્રમાણમાં અનેકાન્ત છે. આહાહા ! સમ્યક્ એકાંતમાં જેવો જીવ છે તેવો જેણે ‘ दंसण ’ પ્રતીત કર્યો. એ દર્શનમાં સ્થિર થયો; દર્શન આત્માને આશ્રયે થયું એમ ન કહેતાં... દર્શનમાં આત્મા સ્થિર થયો. પર્યાયમાં આત્મા આ નિર્મળ પર્યાયમાં આત્મા આવ્યો, ધ્રુવ તો હતું. આહાહા ! સમજાણું કાંઈ ?

આવો મારગ છે પ્રભુ બહુ જુદી વાત ભાઈ, એની એક એક ગાથા એક–એક શબ્દે ગજબ કામ કર્યાં છે આહાહા ! ( શ્રોતાઃ કહતે હૈં કિ પર્યાય છૂતી નહીં, ઇધર આ ગયા ! ) પર્યાયમાં જણાણો ત્યારે તેને આત્મા કહેવામાં આવ્યો, ન જણાણો એને આત્મા છે ક્યાં ? આહાહા ! ઘરમાં હીરો પડયો છે પણ ખબર નથી, કે કોલસો છે કે હીરો ?

આહાહા ! એમ ચીજ જે છે, એ છે જેટલી ને જેવડી, એટલી પ્રતીત કર્યા વિના, ઈ છે એમ આવ્યું કોને ? આહાહા !

વિશેષ કહેશે...

**પ્રવચન નં. ૯ ગાથા - ૨ તા. ૧૬-૬-૧૯૭૮ શુક્રવાર જેઠ સુદ-૧૦ સં. ૨૫૦૪**

સમયસાર ગાથા બીજી, ગાથાર્થ પહેલો ચાલે છે.

હે ભવ્ય જીવ ! જે ' જીવ, ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત ' એ તો પદ્યની રચના માટે ચારિત્ર પહેલું આવ્યું છે. ખરેખર તો દર્શન જ્ઞાન ચારિત્રમાં સ્થિત રહ્યો છે તેને નિશ્ચયથી સ્વસમય જાણ. અહીંયાં તો ત્રણ બોલ લીધાં છે. દર્શન, જ્ઞાન ને ચારિત્ર, છે તો અનંત ગુણની પર્યાય દર્શન જ્ઞાન ચારિત્રની સાથે નિર્મળપણે થઈ છે પણ મુખ્ય અહીં દર્શન જ્ઞાન ચારિત્ર મોક્ષનો મારગ જે દુઃખથી મુક્ત થવાનો, એને મુખ્યપણે કહ્યું છે.

એટલે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ આત્મા અનંત ગુણ સ્વરૂપ, એ અનંત અનંત ગુણની વર્તમાન પર્યાયપણે વ્યક્તપણે સ્થિત થાય, તેને અહીંયાં સ્વસમય નામ આત્મા કહ્યો છે. આત્મા તો આત્મા છે, પણ જેને એની શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્રમાં એ આવ્યો પરિણમન થયું આત્મા ધ્રુવ, તેના ખ્યાલમાં આવ્યો એને આત્મા સ્વસમય કહેવામાં આવે છે. આત્મા તો આત્મા જ છે. પણ અહીયાં દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ( જે સ્થિત થયો તે આત્મા છે ) ઝીણી વાત છે ભાઈ ! આહાહા !

એમાં આત્મામાં ગુણ તો અનંત છે. રાત્રે કહ્યું 'તું. જેમ આ આકાશ છે એના આંહીના પ્રદેશથી શરૂ કરીએ, આંહી આકાશના પ્રદેશથી શરૂઆત કરીએ તો અંત આમ નથી, શરૂઆત આંહીથી લેવાય પણ આમ પ્રદેશનો અંત નથી. ક્યાંય અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત એમ આંહીથી શરૂઆત કરીને આમ લઈ જાય તોય અનંત અનંત અને બેયનું ભેગું કરીએ તોય અનંત અનંત. અહીં અનંત, અહીં ( પણ ) અનંત.

એક સમયના એક શ્રેણીના પ્રદેશ, એવી તો અનંતી શ્રેણી છે. એવો એક પ્રદેશ, એક પ્રદેશની શ્રેણી, જેનો આદિ અને અંત નથી. એવી શ્રેણી એક એક એવી અનંતી શ્રેણીઓ છે. હવે આંહી તો એમ કહેવું છે, કે જે અનંત-અનંત આકાશના પ્રદેશ જેનો અંત નથી, જેનો છેડો શું ? છેડો શું ? પછી શું ? એમ કાળની પણ આદિ નથી. વર્તમાન એનો અંત આવે ? અનાદિ અનંત આદિ નહીં ને અંત આવે ? ભવિષ્યનો અંત નહીં. પણ શરૂઆત આંહીથી કહેવાય તો સાદિ-અનંત કહેવાય અને સમુચ્ચય કહેવાય તો અનાદિ-અનંત કહેવાય. આહાહા !

એમ આત્મામાં અને પરમાણુઓમાં એટલા ગુણો છે, કે એ આકાશના પ્રદેશથી પણ અનંતગુણા, એનો અર્થ શું થયો ? આહા ! ગંભીર ગજબ વાત છે ! ! આત્મામાં સંખ્યાએ અનંત ગુણ છે. એમ આંહી ત્રણમાં સ્થિત કહ્યું, પણ છે તો અનંત ગુણમાં સ્થિત. એ અનંત ગુણ છે એમાં પહેલો પછી નથી. પણ ઈ અનંતગુણ છે એમાં ગણત્રી કરવા જાય કે આ એક, બે, ત્રણ, ચાર, પાંચ તો એનો છેલ્લો ક્યો ગુણ ? એ આવે નહીં એમાં. આહાહા ! ક્ષેત્ર ભલે શરીર પ્રમાણે અને ક્ષેત્ર એટલે પોતાનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ પ્રમાણે, પણ એના જે ગુણોની સંખ્યા અનંત, એમાં પહેલો પછી એવું નહીં. કે પહેલું જ્ઞાન ને પછી દર્શન ને એવું નહીં, એક સાથે પણ એક સાથે હોવા છતાં એને ગણતરીથી ગણવા માંડે... કે આ એક, બે, ત્રણ, ચાર આ તો એનો છેલ્લો ગુણ ક્યો ? આહાહા ! છેલ્લો છે જ નહીં. આહાહા ! આ તે કાંઈ વાત કહે છે એ શું કહે છે ? પંડિતજી !

અનંત જે સંખ્યાએ આત્મામાં ગુણ છે. એ ગુણ પહેલો પછી નથી. છે એક હારે પણ એક હારેમાં આ એક બે ત્રણ ચાર એમ છેલ્લો ક્યો ? આહાહા ! ગણતરીમાં છેલ્લો આવતો જ નથી. શું કહે છે આ ?

અરે ! એણે નિજ તત્ત્વ, કેવડું અને કેટલું છે એવું એણે અંતરથી સાંભળ્યું નથી. આહાહા ! એના ગુણોરૂપી ભાવ. એની સંખ્યા અપાર તો ગુણ. ગુણ. ગુણ. ગુણ. જ્ઞાન જ્ઞાન દર્શન ચારિત્ર આનંદ શાંતિ અસ્તિત્વ વસ્તુત્વ એમ કરતાં ક્યાંય છેલ્લો ગુણ આવે એવો અંત નથી. આહાહા ! જેમાં અંત વિનાના, છેલ્લો નહીં એવા અનંતગુણ આ તે શું કહે છે. આહાહા ! અરે એણે નિજતત્ત્વને જાણવાનો પ્રયત્ન એણે કર્યો જ નથી. બાકી બધું આ સંસારના.. હોળી પાપ આખો દિ'. ( એણે કર્યાં ).

અહીંયાં તો કહે છે –चरितदंसणणाण ठिदो ' तं हि स समयं जाण। એમાં તો જેટલા ગુણો છે. જે ગુણોની સંખ્યાનો છેડો, કોઈ અંત નથી. એટલી સંખ્યા–એટલી–સંખ્યા એટલી સંખ્યા અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત, અનંત એને અનંતને અનંતગુણા વર્ગ કરો તો પણ આ છેલ્લો આ ગુણ જેમાં નથી. આહાહાહા ! એવડું આ ( અસીમ ) તત્ત્વ, અસ્તિત્વ એના જેટલા ગુણો છે તેટલી જ એની પર્યાય છે. એક સમયમાં અનંતી પર્યાય છે એમાં પહેલી પછી ઈ શબ્દ નથી. કારણ કે એકસમયમાં જ અનંતી ( પર્યાય ) સાથે છે. છતાં એ પર્યાયની ગણતરીથી ગણવા માંડો એક, બે, ત્રણ, ચાર, સંખ્ય, અસંખ્ય, અનંત અનંત અનંત અનંત અનંત ઈ અનંતી પર્યાયમાં છેલ્લી કઈ પર્યાય ? ઈ નહીં આવે એમાં. આહાહાહા ! ઝીણું તત્ત્વ બહુ બાપુ ! આહાહા ! આ ગંભીર ( તત્ત્વ ) સર્વજ્ઞ સિવાય કોઈએ જોયું નથી, જાણ્યું નથી ને કહ્યું નથી. આહાહા !

એના અનંતા ગુણોની સંખ્યા, આકાશ તો ક્ષેત્રથી અંત નહીં. આકાશ આકાશ આકાશ આકાશ આકાશ દશેય દિશામાં પછી શું ? પછી શું ? ક્યાંય આકાશનો અંત નથી. એટલા બધા આકાશના પ્રદેશોથી અનંત ગુણા આંહી ( આત્મામાં ) ગુણ છે. જેનો આકાશના પ્રદેશનો અંત નથી. આહાહાહા ! એથી અનંત ગુણા ગુણો, સંખ્યાએ અનંત ગુણા ગુણ, એ રહ્યા અસંખ્ય પ્રદેશમાં, રહ્યા એક સમયમાં, ( અહા !! ) રહ્યા અસંખ્ય પ્રદેશમાં, રહ્યા એક સમયમાં રહ્યા અનંત.. પણ અનંતનો આ છેલ્લો ગુણ આ આ તે કાંઈ વાત છે શું છે. આહાહા ! એ છેલ્લો ઈ શબ્દ જ નથી ત્યાં અને ઈ ભાવમાં ઈ નથી. આહાહા ! એવા અનંત અનંત ભાવરૂપ ગુણ એ આંહી કહેશે નીચે ' એ અનંતધર્મોમાં રહેલું એક ધર્મીપણું તે દ્રવ્ય છે. ' એમ આવશે નીચે. આહાહાહા !

ભાષા સાધારણ છે એમ જાણીને એની ગંભીરતા ન બેસે તો, ભાષા તો જડ છે. એ અનંતગુણ જે છે, એનો કોઈ છેડો નહીં. છેડો નહીં એટલે ? આ છેલ્લો ગુણ છેલ્લો ગુણ છેલ્લો ગુણ અનંત અનંત અનંત ગણતાં કે આ છેલ્લો, ઈ એમાં છે જ નહીં. આ શું કહે છે આ ? આ વાત પહેલી વહેલી છે કોઈ દિ' કહેવામાં આવી નથી. સમજાણું કાંઈ ? અનંત છે ને એમ બધું ઘણીવાર કહ્યું પણ અનંત છે, ઈ અનંતનો અનંતનો છેલ્લો, છેલ્લો છેલ્લો ક્યો ? આહાહાહાહા ! અસંખ્ય પ્રદેશમાં એક સમયમાં અનંતની સંખ્યામાં આ છેલ્લો, ઈ કોઈ છેલ્લો આવતો જ નથી.

છેલ્લાનો છેડો જ નથી. આહાહાહાહા ! આ તે વાત છે !

( શ્રોતા: વ્યાખ્યાનમાં આપને કહેવાની વિનંતિ કરી હતી રાતે વાત તો થઈ હતી. ) હા, બહેનોને કાને પડે ને હા રાત્રે વાત થઈ હતી. પહેલાં વહેલી કરી છે. આટલા વર્ષમાં પહેલી જ વાર આ કરી છે કે અનંત ભાવમાં, એ અનંતની સંખ્યાનો છેલ્લો ગુણ ક્યો ? એવું છે જ નહીં એમાં ( છેડો હોય તો છેલ્લો હોય ને ) આહાહાહા ! એમ અનંત ગુણની એક સમય, કાળમાં એક સમય અને અસંખ્ય પ્રદેશનો છેલ્લો અંશ ક્ષેત્રનો એમાં થતી અનંતી પર્યાય/ગુણમાં તો અસંખ્ય પ્રદેશ છે, આખા આમ એક પર્યાય છે એનો છેલ્લો/અસંખ્ય પ્રદેશનો છેલ્લો અંશ એમાં ઉત્પન્ન થતી અનંતી પર્યાય, ક્ષેત્ર એટલું અંશ, કાળ એક સમય, એ પર્યાયની સંખ્યા એટલી અનંતી.. આહાહા ! કે આ પર્યાય છેલ્લી એમ ગણતરીની ગણતરમાં છેલ્લી પર્યાય હોય જ નહીં. આહાહાહાહા !

આમ.. અનંત-અનંત તો કહે છે પણ અનંત એટલે કઈ રીતે ? આહાહા ! ક્ષેત્રનો અંત તો તો હજી એમ કંઈક હશે. કંઈક હશે હશે અંદર પણ આ એટલામાં ભાવનો અંત નહીં, ભાવની સંખ્યા જેટલી છે એટલી સંખ્યાનો ક્યાંય અંત નહીં, સમય એક, ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ અને ભાવની સંખ્યાનો છેડો નહીં, છેલ્લો ' આ ' એવો છેડો નહીં. આહાહાહાહા ! એવી જ અનંતી પર્યાય, પ્રદેશનો એક અંશ, સમયનો એક સમય અને સંખ્યામાં અનંત પર્યાય. એમાંય પહેલી-પછી તો નથી એમાં કાંઈ, એક સાથે છે અનંત, છતાં અનંતમાં આ, આ, આ, આ, આ, આ, આ અનંત અનંત છેલ્લી આ. આહાહા ! આવું તત્ત્વ ભગવાન સર્વજ્ઞ સિવાય ક્યાંય કોઈએ જોયું નથી અને કોઈએ કહ્યું નથી.

એક સમયની અનંતી પર્યાય, એમાં એક પર્યાય હવે લ્યો. જ્ઞાનની એક પર્યાય. અનંતી પર્યાયની સંખ્યામાં છેલ્લી પર્યાય નહીં, છેડો નહીં એટલી પર્યાય, આહાહા ! કેમ ? પ્રદેશની સંખ્યાનો અંત નથી આંહી પર્યાયની સંખ્યાનો અંત નથી. આહાહા ! હવે એક-એક પર્યાયમાં, જ્ઞાનની એક પર્યાય એ જ્ઞેય પ્રમાણે. જ્ઞાનની એક પર્યાય ઈ જ્ઞેય પ્રમાણે. જ્ઞેય કેટલાં ? કે અનંત આત્મા, અનંતા પરમાણુઓ એ જ્ઞેય ને જ્ઞાન જ્ઞેય પ્રમાણે. જ્ઞેય કેટલાં ? કે લોકાલોક પ્રમાણે. આહાહા ! એક સમયની પર્યાયમાં પ્રમેય લોકાલોક જેના ભાવનો અંત નથી તે તે પરમાણુના ગુણનો ને તેની પર્યાયોનો એ બધું અહીંયાં એક સમયની પર્યાયમાં જણાય જાય શ્રુતજ્ઞાનની પર્યાયમાં ય હોં કેવળજ્ઞાનની તો વાત શું કરવી ? આહાહાહા !

એવી એક સમયની પર્યાયમાં પણ અનંતા અવિભાગપ્રતિચ્છેદ. જ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંતા દ્રવ્યો ને એક એક દ્રવ્યના અનંતા ગુણો, જેનો પાર નહીં અને એક-એક ગુણની પર્યાય, જેનો પાર નહીં-એનો પાર આ શ્રુતજ્ઞાનની પર્યાયે જાણી લીધો. આહાહાહા !

એ જ્ઞાનની એક સમયની પર્યાયમાં આવા અનંતા લોકાલોક જાણ્યા દ્રવ્યો, અનંત ગુણો તો એટલા ભાગ પડી ગયા એક પર્યાયમાં, અંશો, કેટલા અંશો ? કે ઈ અંશોનો છેડો નહીં. આહાહા ! અનંત ને એમ નહીં. ( શ્રોતા: છેડો નહીં ) છેડો નહીં એમ ભાષા કરો એમ કામ ન આવે ! અનંત... અનંત... અનંત તો દ્રવ્યેય છે અનંત પણ એનો અંત આવી જાય છે. ક્ષેત્ર અનંત, કાળ અનંત, ભાવ અનંત, પર્યાય અનંત એનો કોઈ પાર નથી. આહાહા ! એની સંખ્યા કેટલી

છે ? અને એનો છેડો છેલ્લો ક્યો ? એટલી સંખ્યાએ એની પર્યાય અને એક એક પર્યાયમાં, અનંત દ્રવ્યો અને અનંત એના ગુણો, જેના ગુણનો અંત નહીં, પર્યાયનો અંત નહીં એટલી સંખ્યાએ, કાળે અનંત એમ નહીં, કાળે ભલે એકસમય હો પણ એક સમયનું તેનું ગુણ ને પર્યાય, એકસમયની પર્યાયમાં જણાય જાય ( તો ) એક સમયની પર્યાયના ભાગ કેટલા ? એના ભાગ.. કટકાં કરતાં, કરતાં, કરતાં, કરતાં છેલ્લો અવિભાગ, જેનો બીજો વિભાગ ન થઈ શકે. ઓહોહો ! એવા એક સમયની પર્યાયમાં અનંતા અવિભાગપ્રતિચ્છેદ એના–અવિભાગ પ્રતિચ્છેદમાં છેલ્લો ક્યો ? અંત નથી.

હવે, આંહી તો એમ કહેવું છે કે જેટલા ગુણો છે એટલા જ્યાં દર્શન જ્ઞાન ચારિત્રમાં સ્થિત થાય છે, ત્યારે વાત ત્રણની લીધી છે આંહી ભાઈ ! પણ અનંતા ગુણોની પર્યાય ત્યાં વ્યક્ત થઈને સ્થિર થાય છે ત્યાં, શુદ્ધિમાં કેટલીક શુદ્ધિ થાય ને કેટલીક શુદ્ધિ ન થાય એમ નહીં.

પણ અહીંયાં દર્શન જ્ઞાન ચારિત્રની મુખ્યતા ગણીને, તેમાં જીવ જે આખો ( પૂર્ણ ) અનંત ગુણનો પિંડ છે તે સ્થિર થાય છે આમ. આમ, રાગમાં સ્થિર થાય છે, એ પછી કહેશે. આહાહા ! અંદર પોતાના અનંતા જે ગુણો છે, એનું એકરૂપ દ્રવ્ય છે. અનંત ધર્મ જે ગુણો એનો ધરનાર એક તત્ત્વ, એ તત્ત્વ જ્યારે પોતાની નિર્મળપર્યાયમાં સ્થિત થાય છે ત્યારે તેના જેટલા ગુણો છે, તેટલા ગુણોનું વ્યક્તતામાં અંશો બધા ગુણોના પ્રગટ થાય છે. છતાં આંહી ત્રણ કહ્યા છે ઈ મુખ્યપણે મોક્ષમાર્ગની પર્યાયની અપેક્ષાએ. સમજાણું કાંઈ ?

ગંભીર છે ભાઈ ! આહાહાહા ! ( શ્રોતા– અગાધ ગંભીર અગાધ–ગંભીર દરિયો છે ! બીજાં ઘણાં વિચારો આવ્યા છે પાર પમાય એવું નથી આહાહા ! ' અને જે જીવ કર્મપુદ્‌ગલના પ્રદેશોમાં સ્થિત થયેલ છે. હવે આંહી કર્મના પ્રદેશોમાં સ્થિત શબ્દ એમ વાપર્યો છે. વાત ઈ છે કે પુદ્‌ગલના નિમિત્તે થતી વિકારી અવસ્થા, તેમાં સ્થિત છે. એ સ્થિતમાં, અનંતા ગુણો વિકારપણે નથી. નિર્મળપણે ( છે ) એમાં અનંતા ગુણો નિર્મળપણે હતાં. સમજાણું કાંઈ ?

પહેલામાં જે દર્શન જ્ઞાન ( ચારિત્ર ) સ્થિતમાં ત્રણ મુખ્ય લીધાં, પણ તેમાં જેટલી સંખ્યામાં ગુણ છે, જેનો છેડો નહીં એ બધા ગુણોની અંશે વ્યક્તતા પ્રગટમાં સ્થિત છે. આહાહા ! તેને અહીંયા સ્વસમય આત્મા કહે છે.

આ તો ઓગણીસ ( મી ) વાર વંચાય છે આ, કે ઈ નું ઈ આવે કાંઇ ? હેં ! આહાહા !

હવે આમાં બીજું કહેવું છે. કે ' જે જીવ પુદ્‌ગલ કર્મોના પ્રદેશોમાં ' એ પુદ્‌ગલકર્મ તો જડ–અજીવ છે. પણ તેના અનુભાગમાં સ્થિતિ એક સમયની છે ત્યાં વર્તમાન, આમ ભલે કાયમ રહેવાનું એમ નહીં, પણ તેના અનુભાગમાં જે એકાગ્ર થાય છે. એમાં જેટલા ગુણો છે ઈ બધા ગુણો, કર્મના પ્રદેશમાં સ્થિત થતા નથી. કેટલાક ગુણોની પર્યાય તો નિર્મળ સદાય રહે છે. સમજાણું કાંઈ ? એ એક વાત. બીજું કર્મપણે પરિણમેલા જે પરમાણુ છે, એમાંય કર્મ–પરમાણુમાં જેટલા ગુણો છે, એ બધા ગુણો કર્મપણે પરિણમે છે એમ નથી. આહા ! ક્યાં નવરાશ જગતના પાપ આડે, એકલું પાપ પોટલા બાંધી, હાલ્યા જવાના ચાર ગતિમાં રખડવા. આહાહા ! હજી પહેલી શું ચીજ છે, ઈ સમજવાને પણ વખત લ્યે નહીં. આહાહાહા ! આહાહા !

આવો જે અપાર સ્વભાવ ને પર્યાય, એનો પત્તો અંદર લાગે, જે જ્ઞાન ને શ્રદ્ધા એનો

પત્તો લ્યે, એને રાગમાં( થી ) રસ ઊડી જાય. રાગ ઊડી જાય એમ નહીં, રાગ રહે. સમજાણું કાંઈ ? આવા જે અનંતા ગુણો અને અનંતી પર્યાયો, છેડા વિનાની, છેલ્લા વિનાની, એવી દ્રવ્યની દૃષ્ટિ જેને થાય, એના અસ્તિત્વનો સ્વીકાર થાય, એના રસ આડે એને રાગમાં રસ રહે નહીં. રાગ તો એ અમુક ગુણોની પર્યાય, અને આંહી તો અનંતા અનંતા અનંતા છેડો નહીં આવે એટલા ગુણો. આહાહા ! ઝીણું બહુ બાપુ ! વીતરાગ મારગની પ્રથમ સમ્યગ્દર્શન જ શું ચીજ છે ઈ.. ગજબ વાત છે. આહાહા !

એના વિના રખડી મર્યો છે ચોરાશીના અવતારમાં. આહાહા ! એ અબજોપતિ શેઠિયા કહેવાય એ મરીને ગધેડાં થાય, કૂતરાં થાય, કેમકે ધર્મ શું ચીજ છે એની અંતરમાં ખબર નથી. અને માંસ આદિ ખાતા ન હોય દારૂ આદિ એટલે નર્કમાં તો ન જાય. સિદ્ધાંતમાં લેખ છે શાસ્ત્રમાં અંદર કે એ બધાં જવાના ઢોર-તિર્યંચમાં આડા. આહા ! જેવું સ્વરૂપ છે, એવું જેણે જાણ્યું નથી, માન્યું નથી, ઓળખ્યું નથી, એના વિરુદ્ધ ભાવો જે આડાં, વિકારીભાવો ને આડોડાઈ કરીને કર્યાં છે, એ આડોડાઈ એટલે ટેડાઈ થઈ ગઈ છે. એ મરીને આડોડાઈ, એટલે તીર્યંચના શરીરમાં જવાના કારણ કે તીર્યંચના શરીર આમ આડાં છે, મનુષ્યનાં આમ ઊભાં છે. ગાય, ભેંસ ખીસકોલી આદિના આમ આડા છે ને ? ટેડા. આહા ! ઈ મોટી સંખ્યા ઈ છે, ઘણી સંખ્યા ત્યાં પૂરવાના છે. આહાહા !

આંહી બીજું કહેવું છે, કે કર્મના પ્રદેશમાં સ્થિત છે તે બધા ગુણો તે વિકારી પર્યાયમાં સ્થિત નથી એકવાત અને કર્મ જે છે પરમાણુઓ, ઈ તો વિભાવરૂપે પરિણમેલ છે. એક ( છુટ્ટો ) પરમાણુ સ્વભાવરૂપે છે. અને આ તો વિભાવરૂપે પરિણમેલ છે. પણ વિભાવરૂપે પરિણમનમાં કર્મની પર્યાયપણે બધા ગુણો પરિણમ્યા છે એમ નથી. સમજાણું કાંઈ ?

જેમ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના પરિણમનમાં સર્વ ગુણો શુદ્ધપણે-વ્યક્તપણે પરિણમ્યા છે. એમ વિકારપણે બધા ગુણો પરિણમ્યા છે પરમાણુમાં એમ નથી, આત્મામાં પણ એમ છે. આત્મામાં પણ અશુદ્ધપણું- પરિણમન જે છે, ઈ બધા ગુણો અશુદ્ધપણે થાય છે એમ નથી. કેટલાક ગુણો અશુદ્ધ થાય બાકી તો, કેટલાક ગુણો અભવીને પણ શુદ્ધ રહે છે પર્યાયમાં. જેમ અસ્તિત્વ ગુણ અસ્તિત્વનું અશુદ્ધ શું થવું ? અસ્તિત્વનું અશુદ્ધ શું થવું ? ' હોવું ' ઓછું થઈ જવું ? વાત સમજાય છે ? આહાહા ! પંડિતજી !

ઈ તો આમાં ( પરમાણુમાં ) એક પ્રદેશત્વ નામનો ગુણ છે સામાન્યમાં એ વિકારરૂપે પરિણમે ઈ એ તે બે પરમાણુ, ચાર પરમાણુરૂપે થાય ત્યારે એકલો નહીં. આહાહા ! તે કર્મપણે પરિણમેલા પર્યાયો, એમાં પણ પરમાણુમાં જેટલા ગુણો છે, એ બધા કર્મપણે પરિણમ્યા નથી. અમુક જ ગુણની પર્યાયો કર્મપણે થઈ છે. આહાહા ! એમાં જે રોકાયેલો છે જીવ, આમ અનંતગુણોમાં ન આવતાં, અનંતા પર્યાયો કર્મના રસની છે, ત્યાં અટકયો છે તે પરસમય એટલે અણાત્મા છે. ( હજારો લોગ યાદ કરકે ભી ઇસ તત્ત્વકા વિરોધ કરતા હૈ ઓ આડા હૈ ) આડાઈ કરે, વિરોધ અર્થ કરે, વિરુદ્ધ શ્રદ્ધા કરે આત્માથી વિરોધ વિકારના ભાવ કરે.. આહાહાહા ! ' ગોમટ્ટસાર ' માં પાઠ છે. તિર્યંચ કેમ થાય ? ' તિર્યંચ ' છે ને શબ્દ, તિર્યંચ એટલે તીરછું, તીરછું એટલે આડું, ઘણી સંખ્યા તો ઈ જ છે. આહાહા ! પણ કોને પડી. આહાહા ! આ બહારમાં

અનુકૂળતા થોડી રહે, મરી જઈને પછી ક્યાં જઈએ, કોણ જાણે એ કાંઈ ( ખબર ) નહીં, એ ગોલણ ગાડાં ભરે !

અહીંયાં કહે છે : એક શ્લોકમાં કેટલું સમાડી દીધું છે અને તે કર્મના પ્રદેશ કીધાં છે. તે.. કર્મના પ્રદેશ તો પરમાણુ જડ છે. પણ એનો અનુભાગ જે છે એનો પ્રદેશનો ( અંશ ) ભાગ કહેવાય એના તરફના લક્ષમાં જઈને, જે વિકારપણે પરિણમ્યો છે તે અણાત્મા પરસમય કહેવામાં આવે છે. આહાહા ! આવી વાત છે કર્મપણે પણ પરમાણુના અનંત ગુણો પરિણમ્યા નથી. આહાહા ! એમ ભગવાન આત્માના અનંતા ગુણો, મિથ્યાત્વ, અવ્રત, કષાય આદિ પરિણમવામાં અનંત ગુણો નથી પરિણમ્યા, કેટલાક જ ગુણો... બહુ વિચાર કરીને કાઢયાં 'તા ઘણાં વરસ પહેલાં બહુ વધારે ન નીકળ્યા એકવીસ ગુણ કાઢયા 'તા વિપરીતપણાના. કાઢયાં 'તા ઘણાં વરસ પહેલાં, ગામડામાં હોય ને એકાંત ! વિપરીત ( ગુણ ) આત્મામાં મિથ્યાત્વ, ચારિત્ર, આનંદ, પ્રદેશત્વ એવા એવા કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન એવાં એવાં ગુણો વિકારપણે થયા છે. બધાં ગુણો નથી થયાં, સમજાણું ?

વિચાર તો બધા આવ્યા હોય ને એક્કે એક ઘણાં. આહાહા !

આંહી કહે છે કે ' જે જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં ' એટલે કે એ કર્મનો જ ભાગ છે વિકાર, આત્માનો સ્વભાવ નથી. વિભાવ– પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ, રળવું–કમાવું, એનું ધ્યાન એ બધું પાપ. આહાહા ! એમાં જે સ્થિત છે, છે ? ' તેને પરસમય જાણ ' તેને અણાત્મા જાણ. આહાહા ! કેમકે એની પર્યાયમાં વિકારપણે થવું, એ વિકાર આત્મા નથી. વિકાર એ આત્માનો કોઈ સ્વભાવ નથી. વિકારપણે પરિણમ્યો છે–થયો છે તે અણાત્મા છે. આહાહાહા !

એ તો શબ્દાર્થ થયો હવે એની ટીકા.

' સમય ' પહેલો સમય ઉપાડયો ( કહ્યો ) ટીકાઃ– ' સમય ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે ' ' **सम्** ' તો ઉપસર્ગ છે વ્યાકરણના નિયમ પ્રમાણે ' સમ્ ' ઉપસર્ગ છે. તેનો એક અર્થ ' એકપણું ' એવો છે ' તેનો અર્થ ' એકપણું ' એવો છે. ' ' **सम्** ' એકપણું ' **अय गतौ** ' સમય છે ને ? સમય **सम्** ને **अय** બે શબ્દ ભેગાં છે. સમ્‌નો અર્થ એકપણું ' **अय गतौ** ' ધાતુ છે, ' **अय गतौ** ' ધાતુ છે, એ ધાતુ. પરિણમન કરવું એ. આહાહા ! એ **अय** ધાતુનો ગમન અર્થ પણ છે. ' **अय** ' એટલે ગમન કરવું, પરિણમવું– ગમન કરવું ' અને જ્ઞાન અર્થ પણ છે. ' ગમન કરવું અને પરિણમવું, જ્ઞાનરૂપે હોં ' ગમનપણે પરિણમવું અને જ્ઞાન અર્થ. તેથી એક સાથે જ યુગપદ્ જાણવું અને પરિણમન કરવું બે ક્રિયાઓ જે એકત્વપૂર્વક કરે, બે ક્રિયાઓ એક સમયમાં એકત્વપૂર્વક કરે– પરિણમે અને જાણે પરિણમે અને જાણે. એવી એક સમયમાં બે ક્રિયાને એકપણે કરે. આહાહાહા ! છે ? ' તે સમય છે ' એક ' સમયની ' વ્યાખ્યા કરી.

ફરીને, **सम** ને **अय** આત્મા લેવો છે ને અહીં અત્યારે તો એટલે **सम्** એકપણે ' **अय** ' ગમન કરવું, પરિણમવું અને જાણવું, એવી બે ક્રિયા એક સમયમાં જે કરે તેને ' સમય ' કહેવામાં આવે છે.

' સમય ' કેમ ઓળખ્યો ? ઓલા પૂછતા 'તા તે દિ ' દિલ્હી આ વિદ્યાનંદજી ' સમય ' કેમ

કહ્યો ? અરે.. કીધું, વસ્તુનું સ્વરૂપ છે ‘ સમય ’ = सम् + अय, માટે સમય કીધું છે. આહાહા ! આત્માને ‘ સમય ’ કેમ કહ્યો ? કે એકપણે પરિણમે અને જાણે એક સમયમાં એકપણે બે ક્રિયા કરે તેને સમય કહેવામાં આવે છે. એ સમય તે આત્મા છે. એ આત્મા જ પરિણમે અને જાણે, બીજા પદાર્થોમાં પરિણમન ગમન છે, પણ ‘ જાણવું ’ નથી. ગમનની અપેક્ષાએ બીજાને ‘ સમય ’ કહેવાય. પણ આંહી તો ‘ જાણવું ને ગમન કરવું ’ બે અર્થમાં જે હોય તેને ‘ સમય ’ કહીએ. આહાહા.

પછી સ્વસમય લેશે. હજી તો ‘ સમય ’ કોને કહીએ. આહા.. ! ‘ આ જીવ નામનો પદાર્થ એ સમયનો અર્થ કર્યો, હવે જીવની હારે મેળવે છે. ‘ આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક, એકત્વપૂર્વક સુધાર્યું છે. ‘ એક જ વખતે ’ એકત્વપૂર્વક એક જ કાળે પરિણમે પણ છે અને જાણે પણ છે, તેથી તે સમય છે તેથી તેને સમય આત્માને કહેવામાં આવે છે. જાણવાનું કાર્ય પણ કરે અને પરિણમે, એકી સાથે બે કરે. આહાહા ! સમય એક, બે ક્રિયા, પરિણમવાની ને જાણવાની. ‘ એકસાથે ’ કેમ કહ્યું ? કે પરિણમે પહેલો ને જાણે પછી, એમ નહીં. પરિણમવું ને જાણવું એક જ સમયે છે. આહાહા ! એકત્વપૂર્વક કરે બેને એકપણે કરીને કરે ! આહાહા ! આવી ઝીણી વાત છે.

સમયસાર સમજવું સાંભળવું બાપુ આકરું કામ છે. બાકી તો બધું દુનિયા કરે છે આખી. ઢોરની જેમ મેહનતું કરે છે ઢોર જેવા આ બધાં આખો દિ ’ રાગ ને આ ને આ ને ઢોર થવાના ને ઢોર જેવી મહેનતું કરે છે. આહા !

( શ્રોતાઃ પૈસાવાળા એમાં આવી જાય ? ) પૈસાના બાપ હોય, મોટા અબજોપતિ હોય બધાં ઢોર થવાનાં પશુ કાગડામાં કાગડી થવાનાં, બકરાના બચ્ચાં થવાનાં, ઢેઢગરોળીની કૂંખે ઢેઢગરોળી થાશે, આવડી થાય છે ને બાપુ ! વસ્તુ સ્વરૂપ એવું છે. આહાહા ! અરે ! એણે જોયું ને જાણ્યું છે ક્યાં ને જોયું છે ક્યાં ? એને દરકાર ક્યાં છે ? આહાહા ! અનંતકાળ વીતી ગયો પ્રભુ ! તેં આ રીતે ઊંધાઈ કરી છે. આહાહા ! ભગવાન આત્મા અનંતગુણનું પરિણમન એક સમયે અને જ્ઞાનનું જાણવું એ સમયે, બીજાં અનંતા ગુણો પરિણમે છે પણ જાણતાં નથી. આહાહા !

એક સમયમાં એટલે કે સૂક્ષ્મકાળમાં. આહા ! ભગવાન આત્માના જે અનંતાગુણો જે છેડા ને છેલ્લા વિનાના કીધાં, એ બધા ગુણોનું એક સમયમાં પરિણમન, બદલવું, હલચલ થવી, ધ્રુવ છે એમાં હલચલ નથી. ઉત્પાદ વ્યયમાં હલચલ છે. એટલે ઈ ધ્રુવ, ધ્રુવપણે રહી અને અનંતા ગુણોનું હલચલ નામ પરિણમન થાય અને તે જ વખતે જ્ઞાન જાણવાનું કામ કરે એને આત્મા કહીએ.

આ બધું તમારે ઝવેરાત-બવેરાતનું ( જાણપણું ) ને બધા મીંડા વાળે છે અહીં. આહાહા !

અરે પ્રભુ ! આવું ક્યાં છે ભાઈ ? આહાહા ! અનંત કાળના અસંખ્ય ક્ષેત્રમાં અનંત વાર ઊપજ્યો. આહાહા ! એવો આત્મા કેટલો કેવડો છે અને ઈ કેવડો આત્મા ? એક સમયમાં અનંતા ગુણોનો છેડો નહીં છેલ્લો નહીં એનું પરિણમન કરે, આહાહા ! અને તે જ સમયે જ્ઞાન કરે એકત્વપૂર્વક બેની ક્રિયા કરે. આહાહા ! કાળભેદ નહીં. આહાહા ! ભઈ ! જે વખતે પરિણમે છે એ વખતે જાણે એને ! અને જ્ઞાન પણ જે વખતે પરિણમે છે તે વખતે એને જાણે ! કે હા. જ્ઞાન પોતે પરિણમે પણ છે, પરિણમનમાં તો જ્ઞાનનું આવી ગયું ને ! બધાં ગુણો પરિણમે છે તો એમાં

આ જ્ઞાન પણ પરિણમે એમ આવી ગયું. અને સાથે જાણે પણ છે. પરિણમે છે ને જાણે છે જે સમયે પરિણમે છે તે સમયે જાણે છે, તેથી એકત્વપૂર્વક કરે છે એમ કીધું ને ? આહાહા ! આવી વાત છે બાપા ઝીણી !!

સર્વજ્ઞ ત્રિલોકનાથની પ્રમાણથી વાત નીકળી છે. આહા ! ગણધરો સંતો કેવળીના નિકટવાસીઓ – નજીકમાં રહીને સાંભળેલા અને અનુભવેલા, આહાહા ! એનું કહેલું આ શાસ્ત્ર છે. તેથી એ ' પ્રમાણભૂત ' છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહા !

એક જ વખતે પરિણમે પણ છે પરિણમે એમાં જ્ઞાન પણ ભેગું પરિણમે છે ઈ આવી ગ્યું ને ? આહાહા ! એક જ સમયે જ્ઞાન પરિણમે છે ને અનંત ગુણો પરિણમે છે. પણ એક જ સમયે જ્ઞાન પરિણમતું જ્ઞાનને જાણે છે અને બધાંને જાણે છે !! છે ? આહાહા ! એક જ સમયે પરિણમે પણ છે અને એકત્વપૂર્વક જાણે છે બધાને પાછું હોં ? જે સમયે પરિણમન થાય છે પોતાનું ને બધાં ગુણોનું, તે જ સમયે તેને જાણે છે. આહાહા !

હજી તો આત્મા કહેવો કોને ખબરું ન મળે ને, આહાહા ! એને ધરમ થઈ જાય ને, આહા ! રખડપટ્ટી કરી કરીને મરી ગયો ચોરાશીના અવતારમાં, એવાં તો અનંતવાર અવતાર કર્યા, શાસ્ત્રો પણ જાણ્યાં ને વાંચ્યાં પણ આ ભાવ આ રીતે છે એ અંદર પરિણમ્યો નહીં. એમ કીધું આંહી. આંહી ' પરિણમનનું કીધું ને ? આહાહા ! ' એકત્વપૂર્વક એક જ સમયમાં પોતાનું જ્ઞાનનું અને અનંતગુણનું પરિણમન એક સમયમાં, તે જ સમયે તે બધાનું જ્ઞાન પણ તે સમયે કરે ! આહાહા ! પરિણમવું ને જ્ઞાન કરવું એક જ સમયમાં છે. પરિણમે છે ને પછી જાણે છે એમ નથી. આહાહા સમજાણું કાંઈ ? આવી વાત છે જૈન ધર્મ( માં ) આ જૈન ધરમ. આહાહા !

( ' એકત્વપૂર્વક એક જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે ) ' તેથી તે સમય છે ' આહાહા !

' આ જીવ–પદાર્થ કેવો છે ? સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી ' આહાહા ! સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી. એ તો એનો સ્વભાવ છે અને તે સ્વભાવમાં રહેલો છે. એટલે ' ઉત્પાદ વ્યય ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે. ' ત્રણ લીધાં.

' સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો ' પરિણમે છે ઈ ઉત્પાદ વ્યય. સ્વભાવમાં છે એ ધ્રુવ. આહાહા ! છે ? ' સદાય પરિણમન સ્વરૂપ ' બાપુ ! આ તો મંત્રો છે. આ કાંઈ વાર્તા નથી. આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ ! જેની પાસે એકભવના મોક્ષ જનારાં ઈંદ્રો સાંભળે છે. એ ગલૂડિયાંની જેમ સભામાં બેઠાં હોય છે. આહાહાહા ! એ કોઈ વાર્તા નથી. કોઈ કથા નથી. આહાહા ! એ ચૈતન્ય હીરલાની વાતું ચૈતન્યમણીની વાતું છે એ તો. આહાહા ! એ ચૈતન્ય હીરો કેવો છે ? આહાહા ! કહે છે.. ' સદાય પરિણમન ', એની પર્યાયનું બદલવું સદાય ધારા છે. આહાહા ! એક ધારાવાહી સદાય પરિણમન છે. પરિણમે પર્યાય પર્યાય પર્યાય ઉત્પાદ વ્યય ઉત્પાદ વ્યય, ઉપાદવ્યય થયા જ કરે. નવી ઉત્પાદ થાય જૂની વ્યય થાય. બીજે સમયે નવી ઉત્પન્ન થાય જૂની વ્યય થાય એમ પરિણમન સદાય.. ક્રમસર. આહાહા ! જુઓ ! આમાં ક્રમસર પણ નીકળે છે. આહાહા !

'સદાય પરિણમનસ્વરૂપ, સ્વભાવમાં રહેલો ઈ ધ્રુવ. આહાહા ! એ પરિણમનસ્વરૂપ ઉત્પાદ-વ્યય અને સ્વભાવમાં રહેલો એ ધ્રુવ. આહાહા ! એ ઉત્પાદ્ વ્યય ને ધ્રુવ સ્વરૂપમાં રહેલો છે, એટલે કે પરિણમનમાં રહ્યો છે, એ ઉત્પાદ વ્યય અને ધ્રુવમાં રહ્યો છે ઈ કાયમનું નિત્ય સ્વરૂપ. આહાહા ! ( શ્રોતાઃ કાયમ રહેવું અને બદલવું એ તો પરસ્પર વિરોધ છે. ) ટકતું ને બદલતું બે સ્વરૂપ છે. નિત્ય પરિણામી, ધ્રુવઉત્પાદ્વ્યય. આહાહા !

અરે ! એણે પોતાની ચીજને અને તે સર્વજ્ઞ પરમેશ્વરે, કેવળી પરમેશ્વરે કહી છે એ વાત એણે સાંભળવા દરકાર કરી નથી. આહા ! અને આવું સ્વરૂપ, દિગંબર સંત સિવાય ક્યાંય છે નહીં. બધે ઊંધું જ માર્યું છે લોકોએ એકકેએકે. આહાહા ! પણ પરીક્ષા નથી ત્યાં ગોળ ને ખોળ સરખું. હેં ? આહાહા ! જેની એક એક કડી ને એક-એક લીટી, પાર પામે નહીં એટલી વસ્તુ છે એમાં. આહાહા !

ઓલો કહે કે સમયસાર અમે વાંચી ગ્યા, વાંચ્યા બાપા. ( શ્રોતાઃ શબ્દો વાંચ્યા, ભાવ સમજ્યા વિના ) શબ્દો વાંચ્યા એમાં શું થયું ભાઈ ? અંદર ભાવ શું છે એ ખ્યાલમાં ન આવે, એ વાંચ્યા ઈ વાંચ્યું શું ? ગડિયો ગોખી ગ્યો. ગડિયો સમજતે ને ક્યા કહેતે હૈ ? એને કાંઈક કહે છે એ ગડિયાની ભાષા બીજી કરે છે. ( શ્રોતાઃ પાડા. ) પાડા-પાડા. ચંદુભાઈ તો અત્યારે નથી આવ્યા રાત્રે નહોતાને અત્યારેય નથી બેયમાં નહોતા, આવી વાત જિંદગીમાં પહેલી કહેવાણી છે. ભાવ અને છેડા વિનાના ભાવ, છેડા વિનાની પર્યાય/કાળ એક હારે ભલે હો છેડા વિનાના અવિભાગપ્રતિચ્છેદ છતાં તે જ્ઞાનની પર્યાય એનો અંત લઈ લ્યે છે, અંત લઈ લ્યે છે માટે ત્યાં અંત થઈ ગયો છે એમ નથી. જ્ઞાનની પર્યાય એનો અંત લઈ લ્યે છે. 'જાણે છે' કીધું ને !

અનંતા દ્રવ્યોનું ધ્રુવપણું અને અનંતા દ્રવ્યોનું ઉત્પાદ્-વ્યયપણું, આંહી આત્માની વાત કરે છે, પણ આત્માની પર્યાયમાં, અનંતા દ્રવ્યોના ગુણપર્યાયો, પરિણમનમાં જણાઈ જાય છે. એ જ્ઞાનના પરિણમનમાં જણાઈ જાય છે. આહાહા !! એના પોતાના અસ્તિત્વમાં જ અનંતા દ્રવ્યગુણપર્યાયો, એ જ્ઞાનની પર્યાયે પરિણમન થતાં તેમાં જણાઈ જાય છે. આહાહા ! 'સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ્ વ્યય ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ', શું કીધું જોયું ? પરિણમન છે ઉત્પાદ વ્યયનું ઉપજે વ્યય- ઉપજે વ્યય, એકસમયમાં, ધ્રુવ પણ એક સમયમાં. એ ત્રણની એકતારૂપ અનુભૂતિ એટલે ત્રણનું એકપણે થવું, ત્રણનું એકપણે થવું જેનું લક્ષણ છે એમ અનુસરીને થવું. ઉત્પાદ્-વ્યય ને ધ્રુવને અનુસરીને થવું. આહાહા ! સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી ઉત્પાદ્ વ્યય ધ્રુવની એકતારૂપ, ત્રણની એકતા એક સમયમાં, સમયમાં ભેદ નથી. જે સમયે ધ્રુવ છે, તે સમયે ઉત્પાદ્ વ્યય છે. જે સમયે ઉત્પાદ્ વ્યય પરિણમે છે, તે સમયે ધ્રુવ અપરિણમન સ્વરૂપ પડયું જ છે. આહાહા !

ઉત્પાદ્ વ્યય ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે 'એવી સત્તાથી જીવ સહિત છે'. આ જીવપદાર્થ કેવો છે ? ન્યાંથી શરૂ કર્યું ને પછી શરૂ કરીને આંહી લઈ લીધું સદાય પરિણમન સ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી ઉત્પાદ વ્યય ધ્રુવની એકતા એકસમયની અનુભૂતિ એરૂપે થવું જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે.

ઉત્પાદ્ વ્યય ને ધ્રુવ ત્રણેય સત્ છે. ઈ સત્તા છે, ત્રણેય સત્તા તે ત્રણ સત્તાથી તે જીવ

સહિત છે. તે જીવની પહેલી, કેવો જીવ છે એમ કરીને વ્યાખ્યા કરી. આહા ! સમજાણું ?

'આ વિશેષણથી જીવની સત્તા નહિં માનનાર નાસ્તિકવાદીઓનો મત ખંડિત થયો' કોણ જાણે જીવ ક્યાં છે અહીં. એમ માનનારા નાસ્તિક, પુરુષને (જીવને) અપરિણામી માનનાર સાંખ્યવાદીઓનો વ્યવચ્છેદ (થયો) આત્મા છે તે બદલતો નથી કાયમ એકરૂપ રહે છે. એવાનો અહીં વ્યવચ્છેદ કર્યો, છે ને ? (જીવનો) પરિણમન સ્વભાવ કહેવાથી થયો. 'નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે' સત્ છે એને એક જ રૂપે માને. 'બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે' એક સમયની સત્તાવાળું જ બોદ્ધ માને. 'તેમનું નિરાકરણ સત્તાને ઉત્પાદ–વ્યય–ધ્રુવ કહેવાથી થયું.' આહાહા !

અર્થકાર પંડિતે પણ, ઉત્પાદ્ વ્યય સાંખ્ય માનતા નથી, બૌદ્ધ ધ્રુવ માનતા નથી. એટલે બેયનો નિષેધ થયો, ઉત્પાદ વ્યય ધ્રુવ સ્વરૂપ જ એ વસ્તુ છે. એક જ સમયમાં એકતારૂપે વસ્તુ છે. એવો જ ઈ જીવ નામનો પદાર્થ છે.

વિશેષ કહેશે... પ્રમાણ વચન ગુરુદેવ !

## પ્રવચન નં. ૧૦ ગાથા-૨ તા. ૧૭-૬-૧૯૭૮ શનિવાર જેઠ સુદ-૧૧ સં. ૨૫૦૪

સમયસાર ગાથા બે. પહેલો એક બોલ ચાલ્યો છે. જીવ કેવો છે ? 'જીવ–પદાર્થ છે ને ? 'આ જીવ–પદાર્થ કેવો છે ?' એ એક બોલ ચાલ્યો.

બીજો બોલ. 'વળી જીવ કેવો છે ?' છે ? વચમાં.

'નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે અને બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે; તેમનું નિરાકરણ સત્તાને ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ કહેવાથી થયું' ત્યાં સુધી આવ્યું છે.

'વળી જીવ કેવો છે ? ચૈતન્યસ્વરૂપપણાથી' એનું સ્વરૂપ તો ચૈતન્ય છે. જાણવું દેખવું એનું કાયમ એનું સ્વરૂપ છે. 'ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય ઉદ્યોતરૂપ છે' ચૈતન્યના સ્વરૂપથી જીવ નિત્ય પ્રકાશમાન છે. કેવો છે જીવ ? કે ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય પ્રકાશમાન, નિર્મળ ઉદ્યોતરૂપ સ્પષ્ટ–ઉદ્યોતરૂપ નિર્મળ અને સ્પષ્ટ 'દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ છે' એ ત્રિકાળીની વાત કરી. ત્રિકાળી તત્ત્વ આવું છે. એ હવે ઠરે છે ક્યારે શેમાં એ પછી લેશે. આવી ચીજ છે ! એ દર્શનજ્ઞાનમાં સ્થિત થાય, તો એને સ્વસમય કહેવાય એમ સિદ્ધ કરવું છે. આહાહા ! નિત્ય ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ–પ્રત્યક્ષ દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ છે. ઈ તો પ્રત્યક્ષ દર્શનજ્ઞાન જ્યોતિ ત્રિકાળ સ્વરૂપ એનું છે. નિત્ય ઉદ્યોત નિર્મળ છે. એવું ઈ જીવદ્રવ્ય છે એમ સિદ્ધ કરવું છે. જીવ પદાર્થ આવો છે. પછી શેમાં સ્થિત થાય એ પછી કહેશે એ પર્યાયમાં.

'આ વિશેષણથી ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ નહિં માનનાર સાંખ્યમતીઓનો નિષેધ થયો. કૌંસમાં કહ્યું કે કારણકે ચૈતન્યનું પરિણમન દર્શન જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્ય લેવો છે ને ! 'જાણનાર–દેખનાર' એનું પરિણમન દર્શનજ્ઞાનરૂપ છે. ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનરૂપ છે. (શ્રોતાઃ ત્રણે કાળે જીવ કેવો છે તે બતાવવું છે ?) ત્રણે કાળે જીવદ્રવ્ય જે છે એ ચૈતન્યસ્વરૂપપણાને લઈને નિત્ય ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ છે. એટલે કે ચૈતન્યનું પરિણમન

દર્શનજ્ઞાનસ્વરૂપ છે. પરિણમન નાખ્યું જરી એમાં. આમ તો ત્રિકાળી બતાવવું છે. ત્રિકાળી દર્શનજ્ઞાનસ્વરૂપ છે, એનું પરિણમન દર્શનજ્ઞાનમય છે. આહાહા ! અહીંયાં તો ત્રિકાળી ચૈતન્ય દ્રવ્યની દૃષ્ટિ કરાવીને, ચૈતન્યને અંતર્ દર્શનજ્ઞાનમાં સ્થિત થયેલો એ આત્મા છે એમ જણાવવું છે. આહાહાહા !

ત્રીજો બોલ, વળી તે કેવો છે પ્રભુ જીવ દ્રવ્ય ? ‘ અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું ’ આહાહા ! અનંત ગુણોરૂપી ધર્મ આહા.. અનંત ગુણોરૂપી ધર્મ, એમાં જે રહેલું એક ધર્મીપણું દ્રવ્ય એક. આહાહા ! અનંત ગુણોમાં કેમકે અનંત ધર્મ એવો એક એનો ગુણ છે. અનંત ધર્મ એવો એક એનો ગુણ છે. એથી અનંત ધર્મોમાં રહેલું. આહાહા ! એક ધર્મીપણું-એક દ્રવ્યપણું. એક દ્રવ્યમાં અનંતા ગુણો રહ્યાં છે, એથી એકરૂપ તે દ્રવ્ય અનંત ધર્મોમાં એકરૂપી ધર્મી તે દ્રવ્ય. છે ને ? ‘ અનંત ધર્મોમાં રહેલું ’ ધર્મ શબ્દે ગુણ ને પર્યાય અથવા ત્રિકાળી ગુણ એક ધર્મીપણું જેને લીધે જે દ્રવ્યપણું પ્રગટ છે. કારણ કે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે. કોઈ જુદી ચીજ નથી. જ્ઞાન, દર્શન જે ગુણ અપાર છે, અનંત છે અને તે ગુણો, એક ગુણ જ્યાં વ્યાપક છે ત્યાં અનંત ગુણો વ્યાપક છે. એમ કહ્યું ને ? એ અનંત ધર્મોમાં રહેલું એક ધર્મીપણું. એ વસ્તુ જે છે આત્મા, એના ગુણો અનંત, પણ તે અનંત ધર્મોનું રૂપ એક ધર્મી તે દ્રવ્ય છે. આહાહા ! એટલે ? એ ધર્મો અનંત એનો કોઈ અંત નહીં. અને એ ધર્મોમાં દરેક ધર્મ વ્યાપક છે. એટલે ? કે અનંત ગુણ છે આત્મામાં, તો જ્ઞાન છે ઉપર છે ને દર્શન હેઠે, ચારિત્ર હેઠે શાંતિ હેઠે વીર્ય હેઠે એમ એમાં ક્ષેત્રભેદ નથી. સમજાણું કાંઈ... ? જ્યાં જ્ઞાન છે ત્યાં દર્શન છે આમ વ્યાપક છે. એકેક ગુણો અનંત ધર્મોમાં વ્યાપક છે. એકેક ગુણો અનંત ધર્મોમાં રહેલ છે.

જેમ આ રજકણો છે. ઉપરનું રજકણ તે નીચલા રજકણની હારે નથી, નીચલું ઉપરની હારે નથી એમ આત્મામાં નથી. આત્મામાં અનંત ગુણો એમાં એક ગુણ ઉપર છે ને પછી છે ને પછી છે ને એમ અનંત ગુણનો આમ પિંડ છે એમ નથી. એક-એક ગુણ સર્વ ગુણમાં વ્યાપક છે. આહાહા ! જેમ કેરીમાં રંગથી દેખો તો સારી ( આખી ) કેરી વ્યાપક છે. ગંધથી દેખો તો આખી કેરી ( ગંધમય ) વ્યાપક છે. કેરી રસથી દેખો તો આખી કેરી ( રસથી ) વ્યાપક છે ને સ્પર્શથી દેખો તો આખી કેરી સ્પર્શમય વ્યાપક છે. એમ નથી કે કેરીનો રસ છે એ ઉપર રહે છે ને ગંધ છે તે હેઠે છે, સ્પર્શ હેઠે છે એમ ભાગ નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

ગહન વિષય છે ! એ અનંત જેટલા ધર્મો એક તો એની અનંતતાની ગંભીરતા એક અને એ અનંત છે ત્યાં એક છે ત્યાં જ અનંત છે. ત્યાં એક છે ( તે ) બીજારૂપે થયો નથી. એક ગુણ છે ( તે ) બીજા ગુણરૂપે થતો નથી. પણ જ્યાં એક ગુણ છે ત્યાં અનંત ગુણ સાથે વ્યાપ્યા છે. આવી વાત છે, તેથી તેને અનંત ધર્મોમાં રહેલું એક ધર્મી ( પણું ), દ્રવ્ય અનંત ધર્મોમાં વ્યાપનારું એમ. આહાહા ! જેમ ધર્મ એક અનંતમાં વ્યાપક છે એમ ધર્મી દ્રવ્ય અનંત ગુણમાં વ્યાપક છે. આહાહા ! ‘ અનંત ધર્મોમાં રહેલું એક ધર્મીપણું, આહાહા ! તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે. ’ વસ્તુ તે પ્રગટ છે. આહાહા ! કારણકે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે. એ ખુલાસો કર્યો.

કૌંસમાં ઓલું જરી ચૈતન્યનું પરિણમન નાખ્યું છે ને ? ખરેખર તો નિત્ય દર્શનજ્ઞાનસ્વરૂપ સિદ્ધ કરવું છે આંહી, આંહી પરિણમન સિદ્ધ નથી કરવું. પરિણમનનું ય અહીં સિદ્ધ નથી કરવું,

આંહી તો વસ્તુ આવી છે બસ એટલું. ઈ પછી સ્થિત કેમ થાય ઈ પછી પરિણમનની દશા, એ પછી કહેશે. જે આ કૌંસમાં છે ને ? ‘ કારણકે ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનસ્વરૂપ છે ’ ઈ ત્યાં મેળ નથી ખાતો. શું કહ્યું સમજાણું ?

આ નિત્ય લેવું છે ને આંહી ? વસ્તુ જીવ પદાર્થ, ત્રિકાળ જીવપદાર્થ કેવો છે ? એ લઈ અને પછી એ સ્થિત થાય છે દર્શનજ્ઞાનચારિત્રમાં એ પરિણમન છે. સમજાણું કાંઈ ? પાઠ એ છે ને, જુઓ ને ? ‘ ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય–ઉદ્યોતરૂપ, નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન જ્યોતિસ્વરૂપ છે. ’

અને આમાં અનંત ધર્મોમાં રહેલું, ઓહોહો ! જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે. કેમકે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે, આ વિશેષણથી વસ્તુને ધર્મો રહિત–ગુણ રહિત માનનાર બૌદ્ધમતીનો નિષેધ થયો. આ જીવ–પદાર્થ, ‘ જીવો ’ એ શબ્દ છે ને ? એની વ્યાખ્યા કરે છે આ. ‘ जीवो ’ પછી जीवो चरितदंसणणाण ठिदो એ પછી પર્યાયની વ્યાખ્યા ચાલશે. સમજાણું કાંઈ ?

( શ્રોતાઃ આપ ઝીણી વાત કરો છો ને પાછું કહો સમજાણું કાંઈ ? )

આ બધા જુવાનિયા સાંભળે છે જુઓને બધા, આ તો આત્માની વાત છે. આહાહા ! એક કોર ‘ તત્ત્વાર્થસૂત્ર ’ માં એમ કહે કે ઉદયભાવ તે જીવ છે. છે ને ? તત્ત્વાર્થસૂત્ર પહેલો અધ્યાય. પુણ્ય પાપ, રાગ દ્વેષ એ જીવતત્ત્વ, જીવ છે કેમ કે જીવની પર્યાય છે ને જીવ છે ? એક બાજુ એમ કહે કે ક્ષયોપશમભાવ આદિ ( ચાર ) ભાવ પણ જીવમાં નથી. એ દ્રવ્યની અપેક્ષાએ વાત છે. એકબાજુ એમ કહે, કે જીવમાં જે પર્યાયો રાગ, દ્વેષ, પુણ્ય, પાપ થાય છે એ બધાં પુદ્‌ગલ છે, પુદ્‌ગલ છે, એ કેમ કે એનામાંથી નીકળી જાય છે ને એની ચીજ નથી માટે. અને એને જીવતત્ત્વ કહ્યું કેમ કે એની પર્યાયમાં એના અસ્તિત્વમાં છે. કર્મના અસ્તિત્વમાં રાગદ્વેષ, પુણ્યપાપ નથી. સમજાણું કાંઈ ? આહાહા ! આવી વાત છે.

એક કોર કહે કે જીવમાં ક્ષાયિકભાવ નથી નિયમસાર. એ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ, ક્ષાયિકભાવ વસ્તુમાં ક્યાં છે ? વસ્તુ તો પરમપારિણામિકભાવ એકરૂપ છે. ક્ષાયિકભાવ તો પર્યાય છે. ક્ષાયિકભાવ જીવ દ્રવ્યમાં નથી. અને એકકોર કહે કે પર્યાયમાં રાગ દ્વેષ એ જીવતત્ત્વ છે. કઈ અપેક્ષાએ.. ( અપેક્ષા ) જાણવી જોઈએ ને ? પર્યાય એની છે એનામાં થાય છે પણ વસ્તુનો સ્વભાવ નથી, એથી એને કાઢી નાખીને પુદ્‌ગલના પરિણામ કહ્યાં.

અહીંયાં હવે જે છે એ તો એનાં અનંત એનાં ગુણોની વાત છે. પર્યાયની નથી. અરે ! આવું બધું સમજવું.

‘ અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે ’ આહાહા ! વસ્તુ તે અનેક ગુણો જે છે, પર્યાયની અહીં વાત નહીં અત્યારે. તેમ પુણ્ય–પાપના વિકલ્પો એનામાં છે જ નહીં. વસ્તુના ગુણોમાંય નથી ને વસ્તુમાંય નથી. આહાહા ! આવો જે જીવ–પદાર્થ અનંત ગુણોનું એકરૂપ તે દ્રવ્ય છે. એમ કહીને ધર્મોથી રહિત માનનારનો નિષેધ કર્યો.

હવે વળી કેવો છે ? હવે સિદ્ધ કરે છે એની પર્યાય સહિત. ‘ ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયોને અંગીકાર કર્યા છે ’ આહાહા ! ક્રમરૂપ એ પર્યાય છે. ક્રમે ક્રમે થતી પર્યાય, ક્રમે થતીમાં એક પછી એક થતી, એક પછી એક પછી જે થતી,

થવાની, તે થતી તે થતી એકપછી એક, એક પછી એક ગમે તે એક પછી એક એમ નહીં, એક પછી એક ગમે તે એક પછી એક એમ નહીં, જે થવાની છે તે એક પછી એક, તે રીતે ક્રમવર્તી છે ઈ... આહા ! લંબાઈમાં આમ એક ધારા જીવમાં.. પર્યાય લંબાઈ એટલે આયત-એક પછી એક જે પર્યાય થવાની છે તે. ક્રમબદ્ધ એક પછી એક, ક્રમવર્તી કહો, ક્રમબદ્ધ કહો પણ.. ક્રમબદ્ધમાં વધારે સંબંધ એક પછી એકની, જે થવાની એમ આંહી ક્રમવર્તીમાં ક્રમે વર્તે છે એટલું. પણ એમાંય ન્યાય તો આવી જાય છે એમાં ઈ.. ક્રમે વર્તે છે. પર્યાય એક સમયે એક વર્તે એ જ વર્તશે, બીજે સમયે વર્તશે, તે જ વર્તશે, એમ ક્રમે ઈ વર્તશે. એવો જેનો ક્રમવર્તી, પર્યાયનો ધર્મ છે. અને તે ક્રમવર્તી પર્યાયમાં તેને પરની કોઈ અપેક્ષા નથી, કે પર હોય તો આ ક્રમવર્તી પર્યાય થાય... એનો પોતાનો જ ક્રમવર્તી અને અક્રમવર્તી ધર્મસ્વભાવ છે. સમજાણું કાંઈ ? આવું ઝીણું ! હવે સમજવા ક્યાં નવરા થાય !

એક તો આખો દિ ' સંસારના પાપ આડે નવરાશ ન મળે. આહા ! સાંભળવા મળે તો પાછું કહે કે જીવતત્ત્વ, રાગ દ્વેષ જીવતત્ત્વ એકકોર કહે કે રાગદ્વેષ પુદ્ગલ તત્ત્વ કઈ અપેક્ષાથી કહે છે ( યથાર્થ ) જ્ઞાન ન કરે ને એકાંત માની લ્યે કે રાગદ્વેષ જડના જ છે, જડ જ છે એમેય ખોટું અને એ રાગદ્વેષ વસ્તુનો સ્વભાવ છે તેથી એ તે સ્વભાવમાં છે એય ખોટું. આહાહા !

' ક્રમરૂપ અને અક્રમરૂપ ' જુઓ આવ્યું, ગુણો છે ઈ તીરછાઅક્રમે છે આમ તીરછા અને પર્યાય આમ ક્રમવર્તી છે આમ... એક પછી એક પર્યાય કાળક્રમે આયત અને આ અક્રમે છે. જેટલા ગુણો છે તેટલા એ અક્રમે એક સાથે અને એક સાથે પણ ઉપરા ઉપર રહેલા એમ નહીં. બધા એકરૂપે રહેલા છે આમ. તીરછા.. તીરછા નામ વિસ્તાર... તીરછો આત્માનો વિસ્તાર તીરછો, પર્યાય આયત આમ લાંબી એક પછી એક અને આ વસ્તુના ગુણો છે એ અક્રમે છે. એક સાથે અનંત આમ તીરછા, છતાંય એ તીરછા એક પછી એક, એક પછી એક એમ ઉપર પાથરેલા એમ નહીં. પાથરેલા સમજાય છે ? એમ વિસ્તાર નહીં. એ એક જ ગુણ જ્યાં છે ત્યાં બધા ગુણો વ્યાપેલા હારે છે. છતાં એક ગુણ બીજા ગુણરૂપે થયો નથી. સર્વે ગુણ અસહાય. જેટલા ગુણો અનંત છે ઈ બધા અસહાય છે એને બીજા ગુણની સહાય નથી કેમકે ઈ સત્ છે, અસહાય છે, તીરછા રહેલા છે માટે અક્રમે છે અને એક સાથ વ્યાપેલા છે. એટલે અનંત ગુણોમાં અનંત સંખ્યામાં તીરછામાં આ પહેલો ને આ બીજો ને આ ત્રીજો એમ નથી. આહાહાહા ! જેમ અનંત ગુણોની સંખ્યામાં આ પહેલો, બીજો ને આ છેલ્લો, એમ ગુણમાં નથી. એમ તીરછામાં ગુણમાં પણ પહેલો ગુણ આ ને બીજો આ ને ત્રીજો આ એમ આમ તીરછા, એમ પણ નથી. સમજાણું ?

ફરીને, વસ્તુ છે એમાં અનંત ગુણ છે. એ અનંત ગુણ એને કાળ ભેદ નથી એક હારે છે એક વાત. અને અનંત ગુણ છે, એનો છેલ્લો ગુણ અનંતમો ક્યો ? એ નથી. એટલા અનંત સંખ્યાએ છે, અને તે અનંત સંખ્યાએ છે તે.. એક બે ત્રણ આમ જેમ રહે એમ નથી રહેલા. એક સમયમાં તીરછા વ્યાપક એક સાથે રહેલા છે. પંડિતજી ! આહાહા !

આ તો હજી ' જીવો ' એની વ્યાખ્યા કરે છે. પહેલો શબ્દ પડયો છે ને ? ' જીવો ' આ તો વાણી વીતરાગની બાપુ ! સર્વજ્ઞ, આહાહા ! ત્રણલોકના નાથની વાણી એ સંતો જગતમાં

આડતિયા થઈને જાહેર કરે છે. આડતિયા છે ભગવાનના માલના. કારણકે પૂરું તો પ્રભુએ જોયું છે પ્રત્યક્ષ, મુનિઓએ પૂરું પ્રત્યક્ષ જોયું નથી પણ પૂરા પ્રત્યક્ષનો એને પ્રતીત ને વિશ્વાસ છે. આહાહા !

એ વિશ્વાસ, અનુભૂતિ સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં– સ્થિર વસ્તુમાં રહેલા પાછા ચારિત્રે, એ ભૂમિકાથી આ વાત કરી રહ્યા છે. આહાહા ! ' ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા ' પ્રર્વતતા નામ ? ક્રમે પ્રવર્તે ઈ તો પર્યાય ભલે પણ અક્રમે પ્રવર્તતા એટલે એકહારે રહેલા, પ્રવર્તતા એટલે, અનંત ગુણો છે અક્રમે પ્રવર્તતા. પ્રવર્તતા નામ અનેક અક્રમે પરિણમે છે ઈ નહીં, એ અત્યારે નથી વાત. ઈ તો પર્યાયમાં ગ્યું પરિણમન. અને આ ગુણો છે તે અક્રમરૂપે પ્રવર્તતા, પ્રવર્તતા ( એટલે રહેલા ) આહાહાહા ! અરે કોને ? નિજઘરમાં શું છે એની ખબરું ન મળે બાકી બધી વાતું બહારની. આહાહા ! આવો પ્રભુ !

કેવો છે જીવ પદાર્થ ? કે ક્રમે, અક્રમે પ્રવર્તતા... આહાહા ' અનેક ભાવો ' છે ? બેય અનેક ભાવ છે. ક્રમે પ્રવર્તતી પર્યાયો અનેક ભાવરૂપ છે, અને ગુણો અક્રમે રહેલા તિરછા એક સાથે વ્યાપેલા, આમ જ્ઞાન ને દર્શન ને આનંદ ને એમ નહીં. આમ જ્ઞાન છે ત્યાં દર્શન છે ત્યાં ચારિત્ર છે. એમ અનેકપણે પ્રવર્તતા– રહેલા. આહાહાહા ' અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી ' જોયું ? પર્યાય ને ગુણ બેય જેનો સ્વભાવ હોવાથી, ક્રમે પ્રવર્તવું એવો પણ અનેક ભાવરૂપ એનો એક સ્વભાવ હોવાથી, અને અક્રમે પ્રવર્તવુ–રહેવું એ પણ એનો એક સ્વભાવ હોવાથી. આહાહાહા !

આ તો સમયસાર છે ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી, ઊંચામાં ઊંચી ચીજ, આહા.. સત્‌ને પ્રસિદ્ધ કરનારી એ ચીજ છે આ.

વાણિયાને તો એનો એક ધંધો ઈ નું ઈ બોલ્યા કરે આખો દિ ' એક જાતનો ધંધો તો આનું આ ને આનું આ, એમાં કાંઈ નવું તર્ક કે કાંઈ છે ? આ લોઢાનો વેપાર કે આ લોઢું આવું હોય આનું આવું છે આનું આ છે. એય હિંમતભાઈ ! જેને જે ધંધો હોય અમારે માસ્તર કહેતા, નહીં ? હીરાચંદ માસ્તર ( કહે ) અમે માસ્તર બધા પંતુ કહેવાઈએ કે કેમ ? કે અમારે આખો દિ ' શીખવવાનું એ જ હોય કાંઈ આડુ અવળું તર્ક કે કાંઈ વિશેષ હોય નહીં. અમારે હિરાચંદ માસ્તર રતિલાલના બાપ, અમારે એની એ ભાષા આનું આમ ત્રણ ને બે પાંચ– સાત ને પાંચ બાર ને ફલાણું એનું એ શીખવવાનું એમાં કાંઈ કોઈ નવો તર્ક કે કોઈ નવી વાત નહીં. પંતુ જેવા છીએ અમે તો એઈ એમ આ વાણીયાય સમજ્યા વિનાના બધાય પંતુ જેવા છે એનું એ આખો દિ ' એના એ શબ્દો– એની એ વાતો નવું શું ચીજ છે ?

( શ્રોતાઃ વાણિયા તો ડાહી જાત છે. ) ડાહી જાત છે બધી સમજવા જેવી ! કીધું 'તું ને આવ્યો 'તો છોકરો એક વીસ–પચીસ લાખનો આસામી. દુકાન નવી કરવી હશે તો સૌને મનમાં એમ ને કે મહારાજના દર્શન કરીએ. મેં તો એટલું પૂછયું એને કે એલા આ જે પચાસ, સાંઈઠ, સીત્તેર વરસ કહેવાય છે, એ શરીરના કે આત્માના ? ( શ્રોતાઃ એ તો મહારાજને ખબર હોય ને ? ) કિરણભાઈ ? એક જુવાન માણસ આવ્યો 'તો જામનગરમાં દુકાન કરવી હતી. વીસ–પચીસ લાખનો હતો. સૌને પ્રેમ તો આંહી ઘણો ને... ઊંડે ઊંડે તો મારાજ 'ના પગલા થાય,

માંગલિક સાંભળશું તો દુકાન-દુકાન સરખી ચાલશે. એવી એવી માન્યતાઓ બાકી તો થવાનું હોય તે થાય ત્યાં ક્યાં અમારે લઈને શું થાય છે ? ( શ્રોતાઃ ગાંડા માણસ સાજા થઈ જાય છે )

આંહી કહે છે. આહાહાહા ! જીવ પદાર્થ એવો છે, કે જેની પર્યાયો ક્રમવર્તી પ્રવર્તે છે એની, આહાહાહાહા ! અને જેના ગુણો અક્રમે એક સાથે તીરછા વિસ્તાર આમ, પર્યાય આમ, ગુણ આમ. એ પણ એક પછી એક ગુણ એમ નહીં. એક ગુણ આખો છે ત્યાં અનંત ગુણો વ્યાપેલાં છે બધાં. આહાહા ! એ ' વિભુ ' નામનો ગુણ છે ને એમાં ૪૭ શક્તિ વિભુ. જ્યાં જ્ઞાન વ્યાપક છે ત્યાં બધું વ્યાપક છે. આ... આ... એમ અનંતગુણ છે તે જ્ઞાન આંહી, દર્શન આંહી, આનંદ આંહી, આમ થોકડો પડયો છે એક પછી એક એમ નથી. વ્યાપેલો થોકડો છે, જ્યાં એક ગુણ છે ત્યાં અનંત ગુણ રહેલાં છે. ક્ષેત્રથી તો રહેલાં છે ભાવથી પણ વ્યાપીને રહેલાં છે. આહા ! રૂપિયા તો ગણવા ધૂળમાં ન્યા ક્યાં ? આ પાનું પણ એક પછી એક લ્યો ને આમ ! એમ આમાં નથી.

એમ આ ગુણો જે છે. એક તો એક શબ્દ વાપર્યો કે ' ક્રમ અને અક્રમ અનેક ભાવો ' એમ કીધું ને ? અનેક શબ્દે અનંત, બેથી માંડીને અનંતને અનેક કહેવાય છે. એટલે વસ્તુ જે છે પ્રભુ આત્મા, એની પર્યાયો અનેક લાંબી આમ ક્રમે પ્રવર્તે. તે પણ એક પછી એક, એક પછી એક, આડી આવળી નહીં અને વચ્ચમા પાંચમે સમયે થવાની હોય બીજે સમયે થાય, બીજે સમયે થવાની પાંચમે ( થાય ) એમેય નહીં. આહાહા ! એવી ક્રમે પ્રવર્તતી પર્યાય અનંત છે. અનેક શબ્દ વાપરીને અનેક કહ્યું છે. એમ અક્રમે પ્રવર્તતા ગુણો પણ અનંત છે. આહાહા !

જરી ઊંડો વિચાર કરે તો એને પત્તો લાગે કે, ઓહોહોહો ! ( હું કેવો છું ! )

બીજા દ્રવ્યો તો એની પાસે રહ્યાં, જુદાં ! આ એક પોતે છે, જે અનંત, અનંત, અનંત ગુણોથી ભરેલો, અને એક ગુણ છે ત્યાં બીજો ગુણ વ્યાપી રહેલો અને અનંત છે ત્યાં સંખ્યાનો ક્યાંય છેડો નથી, ક્ષેત્રથી તો આત્મા આ શરીર પ્રમાણ એટલામાં આવી ગયો આત્મા. પણ એની શક્તિઓ જે ગુણો છે. એ તો એટલા અનંત છે કે જેને એક પછી એક તો કાળ લાગુ પડતો નથી, પણ જેને આ છેલ્લામાં છેલ્લો આ ગુણ છે એવું ત્યાં લાગુ પડતું નથી. આહાહા ! એમ ' અનેક ' પ્રવર્તતા કહ્યું. અનંત ગુણો એક સાથે પ્રવર્તે છે. વિસ્તારરૂપે તીરછારૂપે આમ. આહાહાહા !

આ તો હવે ઓગણીસમી વાર વંચાય છે એ બધું પછી અઢારવાર તો વંચાઈ ગયું છે આ સમયસાર, આ તો ઓગણીસમી વાર શરૂ થયું છે.

( શ્રોતાઃ દરેક વખતે જુદી જુદી રીતે આવે ? ) આવે બીજુ જુદી રીતે કાંઈ એક ધારી વાત છે ? આહાહા ! ( ત્રણ વર્ષે પુરૂં થશે ) હા, એ તો કયારે પુરૂં થાય ? એ તો. આહાહા !

' ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા ' એટલે હૈયાતિ ધરાવતા એમ, સમજાણું ? ' અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી ' અનેક એટલે અનંત, હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે ' પદાર્થ... એવી ચીજ છે કે અનંતા ગુણો અક્રમે અને અનંતી પર્યાયો ક્રમે એ અંગીકાર કર્યા છે. એવો ઈ જીવ પદાર્થ છે. આહાહા ! ' ગુણ ને પર્યાયો જેણે અંગીકાર કર્યા છે એવો છે ' આહા ! અને ૪૯મી ગાથામાં ' અવ્યક્ત 'માં એમ કહે કે જીવદ્રવ્ય છે તેમાં પર્યાય આવતી નથી. દ્રવ્ય

પર્યાયને સ્પર્શતું નથી. પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. આહાહા ! બેનું સ્વતંત્ર અસ્તિત્વ સિદ્ધ કરવા ( કહ્યું છે ) અને આંહી તો એક જીવ પોતે છે આખો એ પોતે ગુણપર્યાયો ને અંગીકાર કરેલા છે. પ્રવીણભાઈ ! આવું ઝીણું છે. એક વાર સમયસાર સાંભળ્યું એટલે આપણે સાંભળ્યું છે બસ. અરે બાપુ ! એ સમયસાર શું ચીજ છે. આહાહા ! ત્રણલોકના નાથ સર્વજ્ઞપરમાત્મા એનું પ્રવચનસાર છે આ, આ ' સમયસાર ' છે. આત્મસાર, ઓલું પ્રવચનસાર એની વાણીનો સાર. આહાહા !

આવા અગાધ ગુણ ને અગાધ ક્રમ પર્યાયો અનંતી એને જેણે અંગીકાર કર્યો છે, એટલે કે ગુણપર્યાયવાળું દ્રવ્ય છે એમ. ગુણપર્યાયવાળું દ્રવ્ય છે, એમ ' તત્ત્વાર્થસૂત્ર 'માં આવે છે. આહા !

' પર્યાય ક્રમવર્તી હોય છે અને ગુણ સહવર્તી હોય છે; સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે ' સાથે રહેનારા અનંત ગુણોને અક્રમવર્તી પણ કહે છે. સહવર્તી એટલે દ્રવ્યની સાથે રહેલા એમ નહીં. દ્રવ્યની સાથે રહેલા માટે સહવર્તી એમ નહીં. ગુણો ગુણો પોતે એકસાથે રહેલા માટે સહવર્તી, સહવર્તી દ્રવ્યની સાથે ( રહેલા ) જો સહવર્તી કહીએ તો પર્યાય પણ દ્રવ્યમાં સાથે વર્તે જ છે, એટલે આંહી તો ગુણો એકસાથે વર્તે છે, તીરછા અનંત ગુણો ભલે સંખ્યાનો પાર ન મળે, છતાં એક સમયમાં સાથે વર્તે છે. ગુણ, ગુણમાં સાથે વર્તે તે સહવર્તી છે. ગુણ, દ્રવ્યમાં સાથે વર્તે માટે સહવર્તી છે એમ નહીં. આહાહા ' પંચાધ્યાયી ' માં છે ઈ. ' પંચાધ્યાયી 'માં ખુલાસો કર્યો છે. આહાહા ! આ વાતનો.

' સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે. આ વિશેષણથી... જીવના વિશેષણ છે ને ! આ... વિશેષણથી પુરુષને નિર્ગુણ માનનાર સાંખ્યમતીઓનો નિરાસ થયો. ' સાંખ્યમતી કહે છે પુરુષ તો નિર્ગુણ છે. એ તો એના પ્રકૃતિના જે ગુણો છે રજો, તમો ગુણ એ એમાં નથી. પણ એના જે સ્વભાવરૂપ ગુણ છે એ એમાં ત્રિકાળ પડયા છે. ઈ તો એને ખબર નથી. આવે છે ને ? રજ, તમો ને સત્ત્વ ઇ તો પ્રકૃતિના ગુણો, ઈ પ્રકૃતિના ગુણો સ્વભાવમાં નથી. આત્મામાં નથી પણ આત્મામાં જે ત્રિકાળ અનંતા વર્તતા ( ગુણો ) એક સમયમાં એ છે અને અનંતી પર્યાયો છે ક્રમે. એ ગુણ ને પર્યાયો જેણે અંગીકાર કર્યા છે એવું તે–જીવદ્રવ્ય છે. આહાહા !

આમાં કેટલું યાદ રાખવું ? દુકાનના ધંધામાં તો ઈ ને ( ઈ ) દાખલા ને ઈ ને ઈ પલાખા. નવું કાંઈ શીખવાનું કાંઈ ન મળે ! મજુર બેઠો હોય તો ઈ એય બોલ્યા કરે ઈ ને ઈ. આનું આટલું ને આનું આટલું ને આનું આટલું એનો શેઠ બેઠો હોય તો ઈ એ જ કર્યા કરે, બોલ્યા કરે. આહાહા !

આ ચીજ તો બીજી છે બાપુ. આહાહા ! દેહમાં ભિન્ન જીવ પદાર્થ કઈ રીતે છે ને કઈ રીતે એમાં ગુણો ને પર્યાયો પ્રવર્તી રહ્યા છે ? પર્યાયો ક્રમે પ્રવર્તી રહી છે, ગુણો એકસાથે–અક્રમે પ્રવર્તી રહ્યા છે. માટે તે દ્રવ્ય ને ગુણ ને પર્યાયોને અંગીકાર કરનારું કહેવામાં આવે છે. આહાહા ! ભાષા તો સાદી છે, પણ હવે ભાવ તો ભઈ જે હોય તે હોય ને ! ! ( શ્રોતાઃ બહુત ગંભીર હૈ ) ગંભીર હૈ. આહાહા ! ( શ્રોતાઃ નિમિત્ત તો પર્યાયનો ક્રમ તોડી નાખે છે એમ દેખાય છે. ) બિલકુલ જૂઠી વાત છે. એ જ અજ્ઞાનીના, મોટા વાંધા.

ઉપાદાનમાં અનેક જાતની યોગ્યતા છે નિમિત્ત આવે એવું થાય એમ કહે છે, એ તદ્દન જૂઠી વાત છે. ઉપાદાનમાં એક જ જાતની તે સમયે જે નિજ ક્ષણે ઉત્પન્ન થવાનો સમય છે તે ક્ષણે તે થશે, એક જ યોગ્યતા છે, બીજી યોગ્યતા છે જ નહીં. એ રતનચંદજીને ઈ કહે છે બધા... ઉપાદાનમાં ઘણી જાતની યોગ્યતા છે, પાણીમાં ઘણી જાતની યોગ્યતા છે, પણ એમાં રંગ નાખો એવું દેખાશે. લીલો નાખો તો લીલું, પીળો નાંખો તો પીળું એ વાત તદ્દન ખોટી છે. આહાહા !

તત્ત્વની વાતું સમજવી, સાંભળવી એ બાપુ બહુ કઠણ બાપુ ! બાકી તો ધૂળધાણી ને બધું આખું... સંસાર, હેરાન થઈને મરી ગ્યા છે એમને એમ અનંત કાળ કાઢયો, રખડતાં ! પણ રખડનારની દશા ને રખડનારના ગુણો અને રખડનારો પોતે કોણ ? કેટલો ? કેવડો છે ? જાણ્યો નહીં. કાં તો ભૂલ થઈ છે ( એ ) કર્મે કરાવી છે, આહા ! અને કાં ભૂલ છે એ મારો ત્રિકાળીસ્વભાવ, ગુણ મારો છે, એ દરેક ભૂલ. આહાહા !

પર્યાયમાં ભૂલ જે સમયે થવાની છે ક્રમે તેનો કાળ છે, કાળલબ્ધિ છે ઈ. જે સમયે જે પર્યાય થાય એ તેની કાળલબ્ધિ છે. અને તે તેની નિજ ક્ષણ છે. આહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો ત્યાં સુધી ( કહ્યું છે ) કહ્યું 'તું તે દિ ' ત્યાંય, કે અરે જિનાજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહીં, " કર્મને લઈને વિકાર થાય એમ માનવું. " જૈનની આજ્ઞા જો માને તો આવી અનીતિ સંભવે નહીં. એ વાત થઈ 'તી તે દિ ' ત્રીજી સાલમાં, પણ અંદર... ઘણા વરસથી બેઠેલી ઊંઘી ( માન્યતા ), ખસેડવું કઠણ પડે માણસને અને પંડિત થઈ ગયેલા હોય મોટા, ભણી ભણીને વ્યાકરણ ને સંસ્કૃતના. ઓહો ! ( શ્રોતાઃ કાશી જઈ આવ્યા હોય ) કાશી જઈ આવ્યા હોય કે બનારસ જઈ આવ્યા હોય, કાશી કરવત મૂકી આવ્યા હોય. આ તો કાશી ભગવાન આંહી છે. આહાહા ! ત્યાં જાય તો એની ખબર પડે કે એની શી સ્થિતિ છે. આહાહા !

' વળી તે કેવો છે પ્રભુ ? ' જીવો ' એની વ્યાખ્યા હાલે છે ફક્ત. આહા ! અને તેથી એમાંથી શક્તિ જે ૪૭ છે એમાંથી પહેલી જીવત્વ શક્તિ આમાંથી કાઢી છે અમૃતચંદ્રઆચાર્યે. ટીકા પોતે કરનાર છે ને ! અમૃતચંદ્રાચાર્યે ગજબ કામ કર્યું છે. કુંદકુંદાચાર્યે, પંચમઆરાના તીર્થંકર જેવું કામ કર્યું છે, આણે ગણધર જેવું કામ કર્યું છે અમૃતચંદ્રાચાર્યે. એક હજાર વર્ષ પછી થયા. કુંદકુંદાચાર્યને મળ્યાય ન હતા. આહા !

વાતને જેવું પેટમાં છે, જેવું અંદરમાં છે એવું ખોલીને મૂક્યું છે આંહી. આહા ! સમાજની જેને તુલના રાખવાની દરકાર નથી, કે સમાજ આમાં સરખી રીતે બધાં માનશે કે નહીં માને એની જેને દરકાર નથી, સત્ય આ છે. સમાજ સમતુલ રહો, બધાં ભેગાં થઈને માનો કે ભેગાં થઈને ન માનો એની સાથે કોઈ સંબંધ નથી. આહાહા !

( શ્રોતાઃ નિર્દયપણે કહ્યું છે, એણે નિર્દયતાથી કહેવાય ? ) એ એણે નિર્દયપણે જ કાપી નાખે એવો પાઠ છે શાસ્ત્રમાં કળશ છે. રાગ-દ્વેષને ભેદજ્ઞાન, નિર્દયપણે કાપી નાખે છે એને. એવો પાઠ છે, મૂળ પાઠ છે. કરવતની પેઠે, કરવત હોય ને ક્રોંચ ? નિર્દય રીતે ભેદ કાપી નાખે છે. એટલે કે અનાદિનો રાગનો સંબંધ તેને નિર્દય રીતે ભિન્ન કરી નાખે છે આમ. અનાદિનો ' બંધુ ' તરીકે ' પરમાત્મપ્રકાશ 'માં તો એમ નાખ્યું છે. એ પુણ્ય-પાપ એ ' બંધુ ' હતા અનાદિના સાથે રહેલા અનાદિના બંધુ એ બંધુનો ઘાત કરનારો આત્મા છે, આહાહા ! અનાદિકાળથી પુણ્ય

ને પાપ ને મિથ્યાત્વભાવ હારે રાખ્યા, એને એક ક્ષણમાં ભેદજ્ઞાને નિર્દયપણે કાપી નાખ્યાં ધડાક દઈને. અહા ! આવી વસ્તુ છે.

‘ વળી તે કેવો છે ? પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી ’ જીવદ્રવ્યમાં એટલું સામર્થ્ય–તાકાત છે, કે પોતાના અને પરદ્રવ્યોના આકાર એટલે વિશેષપ્રકારો ‘ એને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે ’ આહાહાહા !

‘ બધાને જાણવા છતાં એકરૂપે રહેલો છે અનેકને જાણવા છતાં અનેકપણે થયો નથી, અનેક જ્ઞેયોને જાણવા છતાં અનેક જ્ઞેયરૂપે થયો નથી ’ ‘ અનેક જ્ઞેયોને જાણવા છતાં, એ જ્ઞાનરૂપ રહીને અનેક જ્ઞેયોને જાણ્યા છે જેણે ’ આહાહા ! ઓહોહો ! કુંદકુંદાચાર્યે સમયસાર બનાવ્યું હશે. આહાહાહા ! એ હું શરૂ કરું છું. આહાહા ! મારા જ્ઞાનમાં, ક્ષયોપશમમાં જે ભાવ છે, એ રીતે હું જણાવવા શરૂ કરું છું. વાણીનો વિકલ્પ ને વાણી તો એને કારણે આવશે. આહાહા !

આ તો ભઈ નિવૃત્તિનું કામ છે, નિવૃત્તિ લઈને પછી આ વસ્તુ તદ્દન નિવૃત્તસ્વરૂપ છે અંદર... એને જાણવા માટે ભાઈ બહુ વખત જોઈએ નહિંતર એના જનમ મરણ નહિં મટે બાપા ! એ ચોરાશીના અવતાર ભાઈ ! આ દેહ છૂટયો ને ક્યાં જશે ? ભાઈ ! આહા ! આ દેહ છૂટશે પણ આત્માનો કાંઈ નાશ થશે ? આત્મા તો રહેવાનો છે. આહાહા ! તો આ બધું છૂટી જશે તો રહેશે એકલો ક્યાં ? આ બધા મારાં, મારાં મારાં કરીને મમતામાં મિથ્યાત્વમાં ગાળ્યો વખત, એ મિથ્યા ભ્રમમાં રહેશે ભવિષ્યમાં. આહાહા ! હેં ! અને એના ભ્રમના ફળ રખડવાના અવતાર આહાહા ! કોઈ જાણેલાં સગાં વહાલાં જ્યાં નથી, કોઈ બાયડી છોકરાં એનાં નથી, કોઈ ફઈ, ફૂવા, માસી, માસા ક્યાંય નથી. આહાહા ! એકલડો જઈને, એકલો મથશે ઊંધે રસ્તે. આહાહા !

એટલે એકવાર બાપુ તું સમજ, તું કોણ છો, કેવડો છો અને એ આત્મા એવો, એને સ્વસમય ક્યારે કહી શકાય અને એને પરસમય કેમ કહેવાય છે, તે વાત સમજ કહે છે. આહા ! આહાહા ! ‘ પોતાના અને પરદ્રવ્યોના આકારો ’ ગુણ ને પર્યાયો બધાને ‘ પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને–બધા રૂપને સ્વ દ્રવ્ય ગુણ પર્યાય, પરના દ્રવ્ય–ગુણ પર્યાય બધાને જાણવારૂપે પ્રકાશનારું પણ ‘ એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે ’ એટલા, અનંત જ્ઞેયોને જાણતાં જ્ઞાનની પર્યાય અનેકરૂપે–પરરૂપે થતી નથી. ‘ પોતાના જ્ઞાનની પર્યાયરૂપે એકપણે રહે છે. ’ આહાહા ! સમજાણું કાંઈ ? અનેકને જાણવા કાળે પણ જીવની પર્યાય એકરૂપે પોતાના જ્ઞાનરૂપે રહે છે. પરજ્ઞેયરૂપે અનેકને જાણતાં પરજ્ઞેયરૂપે તે જ્ઞાન થતું નથી. આહાહા ! અગ્નિને જાણતું જ્ઞાન, અગ્નિરૂપે થતું નથી. ‘ જ્ઞાન તો જ્ઞાનરૂપે રહીને અગ્નિને જાણે છે ’ આહા... હા ! એમ જ્ઞાન પોતારૂપે રહીને અનંત જ્ઞેયોને જાણે છે એ અનંત જ્ઞેયને જાણતાં અનેકપણાના ખંડ–ખંડ થઈ ગ્યા છે જ્ઞાનમાં, એમ નથી. આહાહા !

સમયસાર ધર્મકથા છે બાપુ ! આ તો ભાગવત–કથા ! હેં ? આહાહા !

‘ એકપણું પ્રાપ્ત કર્યું છે ’ શું કીધું ? ‘ જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે ’ આકાર પ્રતિભાસે કહેવું ઈ પણ નિમિત્તની વાત છે. એ તો પોતાનું પર્યાયમાં એટલું સામર્થ્ય છે કે સ્વ

ને પરને જાણવાના સામર્થ્યરૂપે પોતે પરિણમે છે. એવું પોતાના પરિણમનની પર્યાયનું અસ્તિત્વનું એટલું સામર્થ્ય છે. પર છે માટે એને પરને જાણે છે એમેય નહીં. એ પર છે એના તે સંબંધીનું અસ્તિત્વનું જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે, તેટલા અસ્તિત્વનું પોતે પોતામાં રહીને સ્વને અને પરને જાણતાં અનેકરૂપે પરિણમ્યું જ્ઞાન, એથી અનેક થઈ ગ્યું છે એમ નથી. જ્ઞાનની પર્યાય તો એકરૂપ પોતે રહી છે. આહાહા ! આમાં કાંઈ લોઢા બોઢામાં મળે એવું નથી. આહાહા ! આમાં ક્યાંય આહાહા ! સોના ઝવેરાતવાળા હોય લ્યોને મોટા- ધૂળેય નથી ત્યાં. આહાહા !

'જેમાં અનેક વસ્તુઓના ભાવો પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે' આહાહા ! આ વિશેષણથી, આ બધા જીવના વિશેષણ કહ્યા ને ? જીવવસ્તુ, એને વિશેષણથી ઓળખાવી, કે આવો જીવ છે. આવો જીવ છે, આવો જીવ છે એનાં આ વિશેષણો છે. વિશેષ વસ્તુ પોતે, એનાં આ બધાં વિશેષણોથી એને ઓળખાવ્યો. આહાહા !

એક 'जीवो' એની વ્યાખ્યા હાલે છે આ. 'जीवो चरितदंसणणाण ठिदो' એ પછી ચાલશે. આહાહા ! અમૃતચંદ્રાચાર્ય જે કુંદકુંદાચાર્યને મળ્યા નહોતાં. ભગવાન પાસે ગયાં નહોતાં. પણ કુંદકુંદાચાર્યના પેટમાં જે ભાવ કહેવાના હતા ભાષામાં એ ભાવ ખોલ્યા છે. આહાહા ! આવી ટીકા ભરતક્ષેત્રમાં અત્યારે બીજે તો નથી પણ દિગમ્બરમાં આ સમયસારની આવી ટીકા એવી બીજે ઠેકાણે નથી. આહાહા ! આખો એને હલાવી નાખે એકવાર તો. આહાહા !

પરથી જુદો પ્રભુ તું પરથી જુદો લાગે. આહા ! પરને જાણવા છતાં પરરૂપે થઈને જાણે છો એમ નહીં. પરને જાણવા કાળે પણ તારારૂપે રહીને થઈને તું જાણે છો. કિરણભાઈ ! ભાષા તો સહેલી છે ! આવી વાતું છે બાપુ શું થાય ? આહાહા !

પરનું કાંઈ કરી શકતો તો નથી, કેમકે પરના આકારો એમ કીધા ને ! એ તો પરરૂપે છે. આ એમ આવ્યું ને ? 'પોતાના અને પરદ્રવ્યોના આકારોને' પરદ્રવ્ય, પરદ્રવ્યરૂપે છે, એના દ્રવ્યગુણપર્યાય. પોતાના પોતાના દ્રવ્યગુણપર્યાય છે. એને સામર્થ્ય હોવાથી એને, 'પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી' પરરૂપે થઈને નહીં, પોતાના જ્ઞાનમાંથી ખસીને પરને જાણે છે એમ નહીં, આહા ! પોતાના જ્ઞાનના અસ્તિત્વમાં રહીને, સ્વ ને પરના આકારોને જાણવા છતાં 'એકરૂપે રહે છે' એકનો બે થાતો નથી. આહાહાહા !

આ જ્ઞાન પોતાને જાણે ને પરને નથી જાણતું એમ કહેનારાઓનો નિષેધ કર્યો. જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું 'પરને જાણતું નથી' કઈ અપેક્ષાએ ? પરમાં તન્મય થઈને પરને જાણતું નથી. પણ પરને પરમાં તન્મય થયા વિના, પોતામાં રહી ને પરને પર તરીકે બરાબર જાણે છે. આહાહા !

'આ વિશેષણથી જ્ઞાન પોતાને જ જાણે છે પરને નથી જાણતું' એમ એકાકાર જ માનનારનો, તથા પોતાને નથી જાણતું પણ પરને જ જાણે છે. 'એમ અનેકાકાર માનનારનો વ્યવચ્છેદ થયો' પોતે પોતાને નથી જાણતો પરને જ જાણે છે એમ માનનારા છે. આહાહા ! આ શરીર છે, આ વાણી છે, આ ધંધો છે એને જ્ઞાન જાણે ઈ પરને જાણે છે એમ. પોતાને નથી જાણતો અરે પણ, પરને જાણવાકાળે જાણનાર પર્યાય પોતાની છે કે પરની છે ? એ પોતામાં રહીને પરને

જાણે છે કે પરરૂપ થઈને પરને જાણે છે ? એ પોતામાં રહીને પરને જાણે છે તો પોતે પોતાથી સ્વયં સિદ્ધ છે એને જાણે, એને કેમ ન જાણે ? આહાહા !

'તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો વ્યવચ્છેદ થયો.' લ્યો ! આહાહા !

વિશેષ કહેશે હવે.....

***

## પ્રવચન નં. ૧૧ ગાથા-૨ તા. ૧૮-૬-૧૯૭૮ રવિવાર જેઠ સુદ-૧૩ સં. ૨૫૦૪

સમયસાર ગાથા–૨. અધિકાર એ ચાલે છે કે જીવ–જીવ, જીવ કેને કહેવો ? એનાં ઘણાં વિશેષણ આવી ગયાં છે પહેલાં.

એને ઉત્પાદ્–વ્યય–ધ્રુવવાળો પણ કહ્યો છે ને ભાઈ ? ઈ શું કહ્યું ઈ ? કે વસ્તુ છે એમાં પર્યાય બદલે છે. નવી નવી અવસ્થા થાય જૂની અવસ્થા જાય, બદલે છે ને, વિચારો બદલે છે, ઈ બદલે છે ઈ એને નવી દશા ઉત્પન્ન થાય ને જૂનીનો નાશ થાય, અને વસ્તુ છે અંદર જે ધ્રુવ એ કાયમ રહે, ઉત્પાદ્વ્યયધ્રુવ સહિત તે તત્ત્વ જીવ છે. અને આમેય કહ્યું ને ગુણપર્યાયવાળું ( દ્રવ્ય ) એ વસ્તુ જે છે ગુણ એટલે ત્રિકાળ રહેનાર, આ વસ્તુ જે છે આત્મા અંદર એ ત્રિકાળ રહેનાર છે એ અપેક્ષાએ ધ્રુવ, અને નવી નવી અવસ્થા પલટે છે માટે પર્યાય, પર્યાય એટલે હાલત– દશા. તો ગુણપર્યાયવાળું ( દ્રવ્ય )એ દ્રવ્ય છે. એ સમુચ્ચય અત્યારે જીવને સિદ્ધ કરે છે. દર્શનજ્ઞાનમય છે એમ કહ્યું. જયસેનઆચાર્યની ટીકામાં તો એવી રીતે લીધું છે, જીવ છે એ નિશ્ચયથી પોતાના આનંદ ને જ્ઞાનપ્રાણથી જીવે માટે નિશ્ચય જીવ. વસ્તુ છે ને ! અસ્તિ છે ને ! છે તો તેના અસ્તિ–છે એવા શક્તિ ગુણ છે ને ! તો આનંદ ને જ્ઞાન આદિ એના ગુણ છે, એ પ્રાણથી કાયમ જીવે, ટકે માટે એને અમે જીવ કહીએ.

અને બીજી રીતે પણ લીધું કે, અશુદ્ધ ભાવપ્રાણ ( થી ) જીવે છે ને આ. ભાવપ્રાણ આ આયુષ્ય, મન, વચન ને કાયાના યોગે જે પ્રાણ છે અશુદ્ધ દશા વિકારી એના પ્રાણથી જીવે છે, ટકે છે એ પણ એક અશુદ્ધ નિશ્ચયથી કહ્યું છે. અને અસદ્ભૂત વ્યવહારથી દશ પ્રાણથી જીવે છે આ જડ, નિમિત્ત છે ને આ, પાંચ ઇન્દ્રિય આદિ એ તો જડ પર છે. એનાથી જીવે એમ અસદ્ભૂત વ્યવહારથી પણ કહેવાય.

હવે આંહી આપણે આવ્યું છે આંહી 'વળી તે કેવો છે ?' આંહી સુધી આવ્યું છે. છે ? ભાઈને બતાવો કેવો છે ? આ જીવવસ્તુ છે ને તત્ત્વ છે ને પદાર્થ છે. આ જેમ જડ છે, એ જેમ અસ્તિ છે તત્ત્વ એમ ચૈતન્ય એનો જાણનારો જાણનાર. જણાય છે, એ ચીજથી જાણનારો જુદી ચીજ છે. એ જુદી ચીજ છે એનાં બધા વિશેષણો વાપર્યા છે. એ જીવ કેવો છે ? એ શક્તિ અને અવસ્થાવાળો છે, ઉત્પાદ્વ્યયધ્રુવવાળો છે, દર્શનજ્ઞાનસ્વરૂપે છે, આંહી વળી તે કેવો છે ? વિશેષ વાત કરે છે.

'અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો'–વળી જીવમાં અન્ય બીજાં દ્રવ્યો નથી. આ શરીર, વાણી

કાંઈ જીવમાં નથી. ‘ અન્ય દ્રવ્યોના ’ છે ને ? વિશિષ્ટ જે ખાસ ગુણો, એમ કરીને બીજી ચીજો પણ સિદ્ધ કરી. આકાશ નામનો પદાર્થ છે કે જે બધા પદાર્થને રહેવાને અવગાહન આપે. એવી એક અરૂપી ચીજ છે. બધી લાંબી વસ્તુ સિદ્ધ કરવા જાય તો વખત જાય, આકાશ નામનો એક પદાર્થ છે. એનો ગુણ અવગાહન છે, અવગાહન એટલે ? એમાં બીજા પદાર્થો રહે એવા ગુણને અવગાહન કહે છે. તો ઈ અવગાહન ગુણ આકાશનો છે. એ આત્મામાં નથી એમ સિદ્ધ કરવું છે. છે ? ઝીણી વાત છે ! શરૂઆતના શ્લોકો જ ઝીણાં છે !

‘ દ્રવ્યોના જે વિશિષ્ટ ( ખાસ ) ગુણો ’- અવગાહન-આકાશનો અવગાહન ગુણ. એક ધર્માસ્તિ નામનું તત્ત્વ છે એનો ગતિ સ્વભાવ છે એટલે કે જડ-ચેતન ગતિ કરે તેમાં એ ધર્માસ્તિ તત્ત્વ નિમિત્ત છે. એનો ગતિ ગુણ છે. એક અધર્માસ્તિ છે. જીવ ને જડ સ્થિર રહે પોતાની શક્તિથી, ત્યારે એમાં નિમિત્તરૂપે જે દ્રવ્ય છે એને અધર્મ દ્રવ્ય કહે છે સ્થિતિ. “ વર્તના ” એ કાળદ્રવ્ય છે એક. અસંખ્ય કાળાણુ છે જે દરેક પદાર્થ બદલે છે- પરિણમે છે એમાં નિમિત્તરૂપ જે છે, એને કાળદ્રવ્ય કહે છે. લાંબી વ્યાખ્યા બહુ મોટી. આહા ! છે ? ‘ અને રૂપીપણું ’ વર્તનાહેતુપણું તે કાળ અને રૂપી આ જડ આ શરીર, વાણી, પૈસા રૂપી છે જડ. જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. રૂપીપણું તે જડનો ગુણ છે. એ ગુણ આત્મામાં નથી.

‘ તેમના અભાવને લીધે ’ બીજાં દ્રવ્યના જે ગુણો ખાસ છે તે ગુણોનો આત્મામાં અભાવને લીધે. આરે ! આવી વાતું છે. તત્ત્વની વસ્તુ બહુ મોંઘી પડી ગઈ ! લોકોને અભ્યાસ ન મળે અને બહારમાં રોકાઈ ગ્યા, મૂળ ચીજ શું છે ? ચૈતન્યવસ્તુ, એનાંથી બીજાં પાંચ પદાર્થ ભિન્ન છે. એ પાંચ પદાર્થના જે ખાસ ગુણ છે, એ ગુણોનો આમાં અભાવ છે. છે ?

‘ રૂપીપણું- તેમના અભાવને લીધે અને અસાધારણ ચૈતન્યરૂપતા-જ્ઞાનસ્વભાવના સદ્‌ભાવને લીધે ’ એનો તો ચૈતન્ય- જાણવું દેખવું એ સ્વભાવ છે. કાયમી ત્રિકાળી જાણવું અને દેખવું એવો ચૈતન્યસ્વભાવ- એ ચેતનનો આત્માનો ચૈતન્યસ્વભાવ કાયમી હોવાથી બીજા પદાર્થના ગુણનો એનામાં અભાવ છે. પોતાના ગુણનો એનામાં સદ્‌ભાવ છે. આહાહા ! ‘ ચૈતન્યરૂપતા સ્વભાવના સદ્‌ભાવને લીધે ’ આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્‌ગલ- એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે ’ ચૈતન્યવસ્તુ, એ જગતના પાંચ પદાર્થ ( થી ) ભિન્ન છે એનાથી એ ભિન્ન જુદો છે. આહાહા ! આ છે નહીં-શરીરરૂપે છે નહીં, વાણી રૂપે નથી, કર્મરૂપે નથી, આકાશ ને ધર્મ-અધર્મરૂપે પણ આત્મા નથી. આહાહા ! ઘણું શીખવું પડે, અનાદિ કાળની વાસ્તવિક ચીજ શું છે અને એ કઈ રીતે રખડે છે, અને રખડવાનું પરિભ્રમણ બંધ કેમ થાય, એ ચીજો ( જ્ઞાન ) કોઈ અલૌકિક છે. આહાહા !

આંહી કહે છે. બીજાં દ્રવ્યોના જે ગુણો છે એનો આત્મામાં અભાવ છે. ‘ એ પાંચ દ્રવ્યોથી તે ભિન્ન છે ’ કેમકે ( એનાં ) ગુણો આમાં નથી તેથી એ દ્રવ્યોથી ભિન્ન છે. ‘ આ વિશેષણથી એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો. ’ એક જ આત્મા વ્યાપક છે એમ કેટલાક માને છે, વેદાંત, સર્વવ્યાપક એક આત્મા ( માને છે ) એનું નિરાકરણ થયું કર્યું કે એ વાત તારી ખોટી છે, એક નથી. ( શ્રોતાઃ આપણે કહીએ બીજા ખોટાં છે. ) એ માને ન માને વસ્તુ સિદ્ધ કરીને તો કહે છે કે બીજા પદાર્થોમાં ગુણ છે, તો ઈ ગુણવાળા દ્રવ્યો છે. તે ગુણ આમાં

(આત્મામાં) નથી, માટે તે દ્રવ્યરૂપે આત્મા નથી, ન્યાયથી લોજિકથી તો કહે છે પણ હવે અભ્યાસ નહીં ને, શું થાય? આહા! બહારમાં ધરમને નામે પણ બીજા રસ્તે ચડાવી દીધાં લોકોને બિચારાને! તત્ત્વ અંદર શું ચીજ છે અસ્તિપણે મોજૂદગી ચીજ અંદર અનાદિ અનંત છે અને તે પોતાના ગુણવાળી– શક્તિવાળી છે. તે બીજાના ગુણવાળી નથી તેથી તે બીજાં દ્રવ્યોનો જેમાં અભાવ છે. આહા!

'વળી તે કેવો છે?' છેલ્લો બોલ એનો. 'અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ રહેવા છતાં' શું કહે છે! ભગવાન આ ચેતનવસ્તુ જાણન–દેખન, બીજાં અન્ય–અનેરાં દ્રવ્યો એક જગ્યોએ રહેલાં છે. જુઓને! આ શરીર આંહી છે, વાણી આંહી છે, આત્મા આંહી છે, બીજાં તત્ત્વો પણ આંહી છે. એવા એક જગ્યોએ આત્મા અને બીજાં પદાર્થો રહેવા છતાં, છે? 'એકક્ષેત્રાવગાહ (એટલે) એક ક્ષેત્રમાં રહેલાં છતાં પણ 'પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી' પોતે પોતાના સ્વરૂપથી છૂટતો નથી કદિ. એ ચૈતન્યસ્વરૂપ છે જાણન–દેખન જેનું સ્વરૂપ છે. એ બીજાં અન્ય દ્રવ્યોની સાથે એક જગ્યોએ ભેગા રહેવા છતાં પોતાના ચૈતન્યસ્વરૂપથી તે નાશ થતો નથી. આહાહા! ઝીણી વાતું ઘણી ભાઈ! હજી તો (ઘણું) કહેવું છે પછી એનું સ્વસમય ને પરસમય. આંહી તો હજી 'જીવ' આવો છે એટલી વાત સિદ્ધ કરે છે. આહા!

'છતાં પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી જે ટંકોત્કીર્ણ ચૈતન્ય–સ્વભાવરૂપ છે' જાણક્સ્વરૂપ અસ્તિરૂપે, સત્‌રૂપે, શાશ્વત (જેની) શરૂઆત નહીં, આદિ નહીં, અંત નહીં એવું ચૈતન્યસ્વરૂપ જેનો ગુણ છે. એવો આત્મા અનાદિથી છે. આહાહા!

'છે' એને આદિ ન હોય, 'છે' એનો નાશ ન હોય. 'છે' ઈ પોતાના ગુણથી ખાલી ન હોય, શું થાય? આ તો મહાસિદ્ધાંતો છે બધા. આહાહા! ટંકોત્કીર્ણ એટલે જેવો છે તેવો અનાદિથી ચૈતન્યસ્વભાવરૂપ છે. 'આ વિશેષણથી વસ્તુસ્વભાવનો નિયમ બતાવ્યો', વસ્તુસ્વભાવની સ્થિતિ આમ હોય તેમ બતાવ્યું 'આવો જીવ નામનો પદાર્થ સમય છે' સમુચ્ચય વાત કરી. અંદર વસ્તુ ચૈતન્યસ્વરૂપ અને ચૈતન્યગુણવાળું તત્ત્વ, એનાથી બીજાં તત્ત્વો બીજાં ગુણવાળા એ ગુણોનો આમાં અભાવ છે માટે તે દ્રવ્યનો પણ આમાં અભાવ છે. એક જગ્યોએ રહેવા છતાં પોતાના સ્વ ચૈતન્યગુણથી કોઈ દિ' છૂટતો નથી. પરરૂપે થતો નથી ને સ્વપણું છૂટતું નથી. આહાહા!

શરીર, શરીરપણે રહ્યું છે, એ શરીર આત્માપણે થતું નથી, અને શરીરનો શરીરપણાથી અભાવ થતો નથી એનો. એમ આત્મા, આત્માપણે રહે છે, એ શરીરપણે થતો નથી, અને પોતાના સ્વભાવથી રહિત થતો નથી. આહાહા! છે તો લોજિક, પણ ઝીણું બહુ બાપુ! અત્યારે તો... સ્થૂળ ચાલે એટલે મારગ ઝીણો બહુ બાપુ! જનમ–મરણ રહિત થવાનો મારગ પંથ, બહુ અલૌકિક છે. આહાહા!

હવે આવો જે જીવ 'સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાન' શું હવે કહે છે? આત્મામાં કેવળજ્ઞાન જ્યારે ઉત્પન્ન થાય છે, પૂરણ જ્ઞાન કેમકે પૂરણજ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. જ્ઞાનસ્વરૂપ કીધું ને? ચૈતન્યસ્વરૂપ છે. તો ચૈતન્યસ્વરૂપ છે એટલે પૂરણ ચૈતન્યસ્વરૂપ છે, એટલે પૂરણ ચૈતન્યસ્વરૂપ છે એટલે સર્વજ્ઞસ્વભાવી ચૈતન્યસ્વરૂપ છે. એનું જેણે ધ્યાન કરીને

જેની દશામાં કેવળજ્ઞાન ( પ્રગટયું ) એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાય. એવું જે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. ' એ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી ' આહાહા !

એટલે શું કહે છે ? કે ચૈતન્યસ્વરૂપ જે અંદર છે એ આ શરીર, વાણીથી જુદો ભેદજ્ઞાન અને પુણ્ય ને પાપના વિકલ્પની વૃત્તિઓ રાગ એનાથી જુદો એવું રાગ ને પરથી ભેદજ્ઞાન પ્રગટ થવાથી, પરથી જુદું પાડવાની ભેદજ્ઞાનની કળા પ્રગટ કરવાથી, એક તો જીવદ્રવ્ય સિદ્ધ કર્યું, બીજાં દ્રવ્યો સિદ્ધ કર્યા, બીજાં દ્રવ્યોના ગુણો નથી એમાં ( આત્મામાં ) માટે બીજાં દ્રવ્યો પણ એનામાં નથી. અને પોતાનો ચૈતન્યસ્વભાવ છે. એ એક જગ્યોએ બીજાં તત્ત્વો રહ્યાં હોવા છતાં પોતાના સ્વભાવને તે છોડતો નથી.

હવે એ સ્વભાવની પૂરણ પ્રાપ્તિ જયારે થાય છે તેને કેવળજ્ઞાન- સર્વજ્ઞજ્ઞાન કહે છે. જેમ લીંડીપીપરમાં ચોસઠ પ્હોરી તીખાશ ભરેલી છે. છોટી પીપર-લીંડીપીપર, કદે નાની, રંગે કાળી, પણ એનો તીખો સ્વભાવ ચોસઠપ્હોરો છે. તેથી ચોસઠ પ્હોરો ઘૂંટવાથી ચોસઠ પ્હોરી તીખાશ બહાર આવે છે. લીંડીપીપરની તીખાશ થાય છે ને ? પણ ઈ અંદર હતી, ઈ ચોસઠ પ્હોરી શક્તિ, ચોસઠ પ્હોરી એટલે રૂપિયો સોળ આના, ૬૪ પૈસા, એ લીંડીપીપરમાં પણ ચોસઠ પ્હોરી એટલે પૂરે પૂરી તીખાશ હતી, એટલે ઘૂંટવાથી હતી તે બહાર આવી છે. લાકડાને અને કોલસાને ચોસઠ પ્હોર ઘૂંટે તો, ચોસઠ પ્હોરી તીખાશ નહિ બહાર આવે કારણકે એમાં તે નથી. પણ આ પીપરમાં તો ( તીખાશ ) છે. છે ચોસઠપ્હોરી રૂપિયે, રૂપિયો પૂરણ. લીલો રંગ અને તીખાશની પૂર્ણતા એ એક-એક પીપર( ના ) દાણામાં પડી છે. તો છે ઈ બહાર આવે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે.

એમ ભગવાન આત્મા, એનામાં એ સર્વજ્ઞ સ્વભાવ-શક્તિ-ગુણ છે. સર્વજ્ઞ કહો કે પૂરણ જ્ઞાન કહો ચોસઠ પ્હોરું એટલે પૂરણ જ્ઞાન કહો. આહાહા ! પીપરની વાત બેસે પણ આ વાત ! આહાહા ! પૂરણ જ્ઞાન અંદર છે ( આત્મામાં ) ચોસઠ પ્હોર એટલે રૂપિયે રૂપિયો સોળ આના. એવા પૂરણજ્ઞાન ને પૂરણ આનંદસ્વરૂપ પ્રભુને જયારે એક વર્તમાનમાં કેવળજ્ઞાન થાય છે. ત્રણકાળ-ત્રણલોકને જાણનારું જ્ઞાન, ' એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી ' આહાહા ! ભાષા જુઓને, કેટલું સ્પષ્ટ કર્યું છે કોઈ આત્માને કેવળજ્ઞાન પૂરણ જ્ઞાન પ્રગટ કરવાને માટે કોઈ દયા દાન ભક્તિ પૂજાના પુણ્ય ભાવ એ કામ કરતા નથી. એનું તો ભેદજ્ઞાન, એ રાગ ને પરદ્રવ્યથી ભેદ- જુદું પાડવાનું ભેદજ્ઞાન, અને પોતે ભેદ છે જુદો, તેથી પરથી ભેદજ્ઞાન જ્યોતિ પ્રગટ કરવાથી તે ભેદજ્ઞાન જ્યોતિથી એની પર્યાયમાં એ જેમ લીંડીપીપરને ચોસઠપહોરી ઘૂંટવાથી જે અંદર શક્તિ હતી, પ્રાપ્તની પ્રાપ્તિ ચોસઠ પહોરી તીખાશ આવે છે, એમ આત્મા ભગવાનને રાગને પરથી ભિન્ન પાડીને અંતરમાં એકાગ્રતા કરવાથી જે શક્તિમાં સર્વજ્ઞસ્વરૂપે છે તે પર્યાયમાં સર્વજ્ઞપણું તેને પ્રગટ થાય છે. આહાહા !

આવા બધા સિદ્ધાંતો... ભારે ! આ તો કોલેજ છે. ( સ્વરૂપ ) કેટલું 'ક તો પહેલું જાણવું હોય, તો આ એનું ( સ્વરૂપ ) સમજાય. આહાહા ! શું કહ્યું ઈ ? કે જેમ એ પીપરમાં ચોસઠ પ્હોરી તીખાશ ભરી છે, તો એ ઘૂંટવાથી છે તે બહાર આવે છે, એમ આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ, ' જ્ઞ ' સ્વભાવ પૂરણ ભર્યો છે એને દયા-દાનના વિકલ્પ ને શરીર, વાણીથી ભિન્ન જુદો કરતાં, જુદો પાડતાં, ભેદ જ્ઞાન કરતાં એમાં પૂરણ જે ભર્યું છે તે તરફની એકાગ્રતાથી, પરથી જુદો પાડી, અને

સ્વમાં એકાગ્ર થતાં, એ લીંડીપીપરમાં જેમ વર્તમાનમાં કાળપ અને અલ્પ તીખાશ છે એને ઘૂંટવાથી, અલ્પ તીખાશને જૂદી પાડતાં અને અંદર તીખાશ પૂરી ભરી છે તે પ્રગટ થતાં, ભરી છે ઈ પ્રગટ થતાં, એમ આત્મામાં રાગ ને દયા દાન ને વિકલ્પ જે આદિ પુણ્ય પાપના કે શરીરના, એનાથી જુદો પાડતાં, એમાં પૂરણસ્વરૂપ ભર્યું છે એમાં એકાગ્ર થતાં, તે કેવળજ્ઞાન એટલે પરમાત્મ દશા– મોક્ષ દશા તેને ઉત્પન્ન થાય છે. આહાહા.

મોક્ષની દશાનો ઉત્પન્ન થવાનો ઉપાય ( એ છે. ) કે રાગ આદિ વિકલ્પ છે તે દુઃખરૂપ છે એનાથી મુક્ત થવું, અને સ્વભાવની પૂરણતામાં એકાગ્ર થવું, એ દુઃખથી મુક્ત થવું તે મુક્તિ અને તેના સ્થાનમાં અતીન્દ્રિયઆનંદ ને અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થવું તે અસ્તિ. આહાહા ! શબ્દો પણ એકે એક ઝીણાં છે ! ખબર છે દુનિયાની બધાંની ખબર છે. આ માર્ગ જુદી જાતનો છે ભાઈ. આહાહા !

‘ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી, ભાષા છે ને ? ‘ સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવું કેવળજ્ઞાન. ’ પૂરણ જ્ઞાન જ્યારે પ્રગટ થાય છે આત્મામાં, ત્યારે ઈ સર્વ પદાર્થના સ્વભાવને પ્રકાશવા સમર્થ છે. પહેલો તો ઈ સિદ્ધાંત સિદ્ધ કર્યો. બીજો એ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનું પ્રગટ થવાથી, આહાહા ! વ્યવહાર કરતાં કરતાં કેવળજ્ઞાન થશે એમ ન આવ્યું એમાં ભઈ. એ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા એવા વ્યવહાર સદ્આચરણ કરો એ કરતા સર્વજ્ઞપણું મોક્ષ થશે એમ નથી. આહાહા !

એનાથી ભિન્ન પાડતાં અને સ્વભાવ જે પરિપૂર્ણ છે તેમાં એકાગ્ર થતાં, આમાંથી ખસતાં અને આમાં વસતાં. આહાહા ! ‘ પરથી ખસ, સ્વભાવમાં વસ એ ટૂંકું ટચ, એ તારે માટે બસ ’ આહાહા ! આકરાં સિદ્ધાંતો છે બાપુ ! આહાહા ! એ આંહી કહે છે પરથી ખસ, ભેદ કર, રાગ ચાહે તો દયા દાનનો હો પણ એનાથી ભિન્ન ભેદ કર અને સ્વરૂપ જે છે તેમાં વસ એકાગ્ર થા. તો તે ભેદજ્ઞાન દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ, કે જે કેવળજ્ઞાન સર્વ પદાર્થને જાણનારું છે તે કેવળજ્ઞાન ઉત્પન્ન થશે. આહાહા !

જેમ ચોસઠ પ્હોરી તીખાશમાંથી, ચોસઠપ્હોરી તીખાશ બહાર આવે છે, એમ અંદર સર્વજ્ઞ સ્વભાવમાં એકાગ્ર થતાં, અને રાગથી ભિન્ન પડતાં, સર્વજ્ઞ સ્વભાવ શક્તિરૂપે છે એ પર્યાયમાં અવસ્થામાં પ્રગટરૂપે થાય છે. આહાહા ! સમજાણું કાંઈ ?

આવી વાત છે ભાઈ ! લોકો તો ક્યાંય બહારમાં મથ્યા છે ઘણાં. ભગવાનની ભક્તિ કરીએ ઈશ્વરની ભક્તિ કરીએ ને ! હવે ઈશ્વરની ભક્તિ કરે ઈ તો રાગ છે. અને તારો માલ ત્યાં ક્યાં છે કે ત્યાંથી આવે ? તારો તો આંહી પડયો છે અંદર. જે કંઈ પ્રગટ કરવાની તને ધર્મદશા– શાંતદશા પ્રગટ કરવાની તને ભાવના હોય, તો ઈ ક્યાં છે ઈ શાંતદશા ? તારી શાંતદશા ક્યાં ભગવાન પાસે છે ? તારી શાંતદશા પ્રગટ કરવાનું શાંતથી ભરેલું તારું તત્ત્વ છે. છે પ્રાપ્તની પ્રાપ્તિ છે. ‘ છે ’ એમાંથી આવશે. ભગવાન પાસે છે એમાંથી તારું આવશે ? સમજાણું કાંઈ ? આહાહા ! ઈ બે લીટીમાં તો ઘણું છે. આહાહા !

આવો જે જીવ વર્ણવ્યો, જીવ કહો કે આત્મા કહો. ‘ સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ ’ આહાહાહા ! પ્રભુ, આત્માને જયારે કેવળજ્ઞાન થાય છે–એકલું જ્ઞાન પ્રગટ રહે છે. વિકાર નહીં ને અલ્પજ્ઞતા નહીં. પૂરણ જ્ઞાન થાય છે આત્માને જયારે એ કેવળજ્ઞાન છે. એ

કેવળજ્ઞાન સર્વ પદાર્થના સ્વભાવને જાણવા સમર્થ છે. એ કેવળજ્ઞાન, રાગ ને પરદ્રવ્યથી ભિન્ન આત્માને કરતાં, જેમાં ઈ જ્ઞાનપણું પૂર્ણ ભર્યું છે તેમાં એકાગ્ર થતાં, પરથી એકાગ્રતા છૂટતાં, સ્વમાં એકાગ્રતા કરતાં, એ ભેદજ્ઞાનની જ્યોતિથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહાહા !

ભેદજ્ઞાન કહો કે મોક્ષમાર્ગ કહો, કેવળજ્ઞાન કહો કે મોક્ષ કહો. ( એકાર્થ છે. ) આહાહા ! કેટલું યાદ રહે આમાં ? બધું અજાણ્યા જેવું લાગે, બધી ખબર છે ને જગતની. બાપુ ! મારગ કોઈ જુદો છે ભાઈ ધરમ, એ ધરમ પ્રગટ થવો, ધરમ એટલે આત્માની શાંતિ, વીતરાગતા, નિર્દોષતા, સ્વચ્છતા, એ પ્રગટ થવું એ ક્યાંથી પ્રગટ થાય ? કહે છે કે પરથી હઠી, પરથી જુદું પાડી અને જેમાં એ શક્તિઓ પડી છે તેમાં એકાગ્રતા થતાં, એ સ્વચ્છતાથી ભરેલો ભગવાન છે, એ અતીન્દ્રિય જ્ઞાનથી પૂરો ભર્યો છે પ્રભુ, ( નિજાત્મા ) અતીન્દ્રિય આનંદના સ્વભાવથી પણ પરિપૂર્ણ પ્રભુ છે. આહાહા !

જે વસ્તુ હોય એનો સ્વભાવ અપૂર્ણ ન હોય. પૂરણ સ્વભાવથી ભરેલો ભગવાન ( આત્મા ) એમાં એકાગ્ર થવાથી અને પરથી ભિન્ન પડવાથી/અસ્તિ નાસ્તિ કરી, પરથી નાસ્તિ ને સ્વથી અસ્તિ એમાં એકાગ્રતા, એવું જે ભેદજ્ઞાન એ મોક્ષ નામ પૂરણજ્ઞાન ઉત્પન્ન કરવાનું કારણ છે. આહાહા ! આમાં હવે નવરાશ કે દિ ' મળે ? આખો દિ ' ધંધા પાણી બાયડી-છોકરાં સાચવવાં, ધંધા કરવા, એમાં હજી ધરમ તો નહીં પણ પુણ્યનાં ય ઠેકાણાં ન મળે કે બે-ચાર કલાક સત્ય આવી ચીજ છે એને વાંચવી, વિચારવી, સાંભળવી, એવો ય વખત ન મળે. હિંમતભાઈ ! આહાહા !

આંહી તો એકદમ ભગવાન આત્માને સિદ્ધ કરી ' जीवो ' આહાહા ! આવો, આવો છે ગુણપર્યાયવાળો, ઉત્પાદ્ વ્યય ધ્રુવવાળો, દર્શનજ્ઞાન સ્વરૂપી વિગેરે એ જીવ, બીજાં તત્ત્વો છે, બીજાં તત્ત્વો ન હોય તો બીજાં તત્ત્વોને લક્ષે વિકાર થાય એ વિકાર ન હોય. પોતાના સ્વભાવના આશ્રયે વિકાર ન થાય. કેમકે સ્વભાવમાં વિકાર છે નહીં. એથી જે વિકાર થાય છે પુણ્ય ને પાપનો, એ પરદ્રવ્યના લક્ષે થાય છે. તેથી પરદ્રવ્ય અને પરદ્રવ્યના ગુણોનો જેમાં અભાવ છે એટલે એને લક્ષ પર ઉપર કરવાનું છે નહીં. આહાહા !

તારામાં જ ભરેલા, ઈ પીપરમાં જેમ લીલો રંગ ભરેલો છે, કાળા રંગનો નાશ થઈને એ લીલો પ્રગટ ( થાય ) છે, અંદર ભર્યો છે. લીલો બહારથી કાંઈ આવતો નથી. લીલી થાય છે ને આ પીપર પીસે ત્યારે, લીલો રંગ, હરા રંગ એમાં રંગ પડ્યો છે ઈ બહાર આવે છે.

એમ પ્રભુ આત્મામાં લીલો નામ અનંત જ્ઞાન, આહાહા ! અને તીખો નામ અનંત આનંદ, અનંત વીર્ય, અનંત દર્શન, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, એવી શક્તિથી ભરેલું જીવતત્ત્વ છે, એને કેવળજ્ઞાન ને મુક્તિ પ્રાપ્ત કરનારને પરદ્રવ્યથી ભિન્ન પાડીને, પોતાના પૂરણ સ્વભાવમાં, પૂર્ણ પર્યાય પ્રગટ કરવા માટે, પોતાના પૂરણ સ્વભાવમાં એકાગ્ર થતાં તે ભેદ જ્ઞાનથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહાહા ! ઈશ્વરની ભક્તિ ને કરોડો રૂપિયાના દાન ને માળા જપે-માળા નમો અરિહંતાણં, નમો અરિહંતાણં એ બધું વિકલ્પ ને રાગ છે, એનાથી તો ભેદ પાડે- જુદો પાડે, કેમકે સ્વરૂપમાં એ રાગ નથી, સ્વરૂપમાં તો જ્ઞાન દર્શન ને આનંદથી ભરેલું સ્વરૂપ છે. રાગથી ખાલી છે ઈ અને સ્વભાવ શુદ્ધથી ભરેલો છે ઈ. આહાહા ! વસ્તુ જે હોય તે પોતાના સ્વભાવથી અપૂર્ણ ન હોય, અને વસ્તુ જે હોય એમાં વિકાર ન હોય. વિકાર તો એની વર્તમાન દશામાં હોય

છે, ત્રિકાળમાં ન હોય, ત્રિકાળમાં જો વિકાર હોય તો વિકાર કોઈ દિ ’ ટળે નહીં ને સુખી કોઈ દિ ’ થાય નહીં. આહાહા !

‘ સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવું કેવળજ્ઞાન ’ એક તો કેવળજ્ઞાનની સિદ્ધિ કરી. કોઈ એમ કહે કે ત્રણકાળનું જ્ઞાન થાય જ નહીં આત્માને... સર્વ પદાર્થોના સ્વભાવને જાણવાની શક્તિ આત્મામાં છે જ નહીં, એને આંહી જૂઠો ઠરાવ્યો છે. આહાહા !

ભાઈ, ખરેખર તો તારો ‘ જ્ઞ ’ સ્વભાવ છે ને ‘ જ્ઞ ’, ‘ જાણવું ’ એ સ્વભાવ છે ને ! ઈ કોનો સ્વભાવ છે ? શરીરનો ? રાગનો ? કર્મનો ? ઈ ‘ જાણવું ’ તો ચૈતન્યનો સ્વભાવ છે, આત્માનો, અને જેનો જે સ્વભાવ છે એ ‘ જ્ઞ ’ સ્વભાવ એ અપૂર્ણ ન હોય. જેનો સ્વ.. ભાવ છે પોતાનો ભાવ, એ અપૂર્ણ ન હોય, વિપરીત ન હોય. આહાહા ! એ પૂરણ સ્વરૂપ છે એ પૂરણ શક્તિરૂપે પૂરણ સ્વરૂપ છે. એને રાગ દયા–દાનના વિકલ્પથી પણ જુદો પાડી, કેમકે એમાં પૂરણ થવાની શક્તિ એનામાં નથી રાગમાં–વ્યવહારમાં, પૂરણ થવાની શક્તિ તો સ્વભાવમાં છે. એથી સ્વભાવમાં એકાગ્ર થતાં, ત્રિકાળી ચૈતન્ય સ્વભાવમાં એકાગ્ર થતાં, અને રાગની– પુણ્યપાપની ક્રિયાથી ભિન્ન પડતાં, જે સર્વજ્ઞસ્વભાવ સર્વપદાર્થના સ્વભાવને પ્રકાશવા સમર્થ છે, તે ભેદજ્ઞાનજ્યોતિથી કેવળજ્ઞાન થાય છે. આહાહાહા !

આમાં કેટલું આમાં યાદ રાખવું ? બધા નવા સિદ્ધાંત લાગે, નવા નથી બાપુ ! તારું સ્વરૂપ જ એ છે. તેં જાણ્યો નથી તને, એ ચીજ અત્યારે બધી ગૂમ થઈ જાય છે. આહાહા ! ઈ હવે બહાર આવે છે. આહાહા !

ભાઈ, તું કોણ છો ? જેમ ઈ પીપર ચોસઠપ્હોરી, એટલે સોળઆના સોળઆના કહો, ચોસઠ પૈસા કહો, કે રૂપિયો કહો ( પૂરણ ) સ્વભાવથી ભરેલી તીખાશથી તે વસ્તુ છે એમ આ ભગવાન આત્મા વસ્તુ છે એ સોળ આના નામ પૂરણ જ્ઞાન ને આનંદથી ભરેલી શક્તિવાળું એ તત્ત્વ છે. આહાહા ! એ શક્તિમાં એકાગ્ર થતાં, જ્યારે એ શક્તિમાં એકાગ્ર થવું છે ત્યારે પર તરફથી ખસી જવું છે, પર તરફથી ભિન્ન પડયા વિના, સ્વમાં એકાગ્ર થવાય નહીં. આહાહા ! અને સ્વમાં એકાગ્ર થયા વિના, સ્વમાં શક્તિ જે છે એમાં એકાગ્ર થયા વિના એની દશામાં પરિપૂર્ણ જ્ઞાન ને પરિપૂર્ણ આનંદ કોઈ દિ ’ પ્રગટ ન થાય. સમજાણું કાંઈ ?

પ્રવીણભાઈ ? આવી વાતું છે, છે દુનિયાને એવું લાગે એવું છે પાગલ જેવું લાગે એવું છે ! આખી લાઈન ફેર છે, હેં ? આખો મારગ ફેર છે બાપુ, તને ખબર નથી ભાઈ ! અનંતકાળનો અજાણ્યો મારગ એને આંહી જાણવાનું કહીને, પૂરણની પ્રાપ્તિ એનાથી થશે. પૂરણ પરમાત્મ દશા જનમ મરણ રહિત દશા, એ રાગથી ભિન્ન અને પૂરણ સ્વભાવમાં એકાગ્રતા એનાથી થશે. આહાહા !

આમાં તો કોઈ કંઈક માને ને કોઈ કંઈક માને એમ અજ્ઞાની અનાદિથી ભ્રમણામાં પડયા, પરિભ્રમણ કરી, ચોરાશીના અવતાર, કાગડા ને કૂતરાંના અવતાર કરી–કરીને, માંડ માંડ માણસપણું મળ્યું હોય, એમાં જો આ રીતે નહીં સમજે, પાછા ઈ ના ઈ દોષે અવતાર છે. આહાહા !

આંહી તો ઈ અવતારનો અભાવ કરવાની રીત જ બતાવે છે. આહાહા ! કે જેમાં ઈ ભવ ને ભવનો ભાવ, જેના સ્વરૂપમાં નથી, જેના સ્વભાવમાં તો પરિપૂર્ણ જ્ઞાન આનંદ છે. આહાહાહા ! ભાઈ, તું વસ્તુ છો, વસ્તુ છે તેમાં શક્તિ અને ગુણો વસેલાં– રહેલાં છે. એ શક્તિ–

ગુણ વિનાની ચીજ હોઈ શકે નહીં, અને એ શક્તિ ને ગુણ પરિપૂર્ણ આનંદ જ્ઞાનાદિ પરિપૂર્ણ ગુણ ને શક્તિ છે. તો જે તારી ચીજમાં નથી, એવા આ શરીર વાણી મન, પુણ્ય પાપના ભાવ, એનાથી જુદો પડી અને તારામાં જે પૂરણ પડયું છે તેમાં એનો આદર કરી, તેમાં એકાગ્ર થઈ, તને તારી દશામાં કેવળજ્ઞાન મુક્ત દશા, દુઃખથી મુક્ત અને આનંદ ને જ્ઞાનથી સહિત થશે તારી દશા. આહાહાહા !

બે લીટીમાં તો બહુ ભર્યું છે, એકલા સિદ્ધાંતો છે. આહાહા !

‘ જ્યારે આ જીવ ’ એમ કીધું ને ? જીવની વ્યાખ્યા તો કરી. જ્યારે આ જીવ હવે પોતે કરે ત્યારે, કો ’ક કરી દે ને કો ’ક કરાવી દે ને, એમ છે નહીં. આહાહા ! ‘ જ્યારે આ આત્મા, સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાન સર્વજ્ઞ જ્ઞાન ’ એ પૂરણ જ્ઞાન પ્રગટ કરે તો એનો અર્થ છે કે અંદર પૂરણ જ્ઞાન છે. આહાહા ! અંદર કેવળ... એક... કેવળ એક જ્ઞાનસ્વરૂપ જ પ્રભુ છે. આહાહા ! અસ્તિ ચૈતન્યસ્વરૂપ પૂરણ, જ્ઞાન ને આનંદથી પૂરણ છે. તે ચીજમાં જેને એનો આદર કરવો હોય, એણે રાગાદિનો આદર છોડી દેવો, એટલે કે એનાથી ભિન્ન પડવું. આહાહા ! ચાહે તો દયા દાન વ્રત ને ભક્તિ પૂજા હો, એ પણ એક રાગ છે, વિકલ્પ છે, વૃત્તિ છે. ( શ્રોતાઃ આ સાંભળવું ય રાગ ? ) સાંભળવું ઈ એ રાગ છે ને કહેવું ઈ એ રાગ છે. આહાહા !

આ તો જનમ મરણ રહિત થવાની વાતું છે પ્રભુ ! જનમ-મરણને ચોરાશીના અવતાર કરી કરીને અનંતા અવતાર કર્યા. વસ્તુ છે ને પોતે, છે તો રહી ક્યાં અત્યાર સુધી ? છે તો છે આત્મા. એ રહી ચાર ગતિ રખડવામાં રહી આ કાગડા ને કૂતરાના ભવ કરી કરી નરકના ને નિગોદના ને મનુષ્યના. આહાહા ! અને એક ગતિમાં ગમે ત્યાં જાય ત્યાં દુઃખ જ છે, પરાધીનતા છે, સ્વર્ગ હોય તો ય દુઃખ છે પરાધીનતા. અબજોપતિ આ શેઠિયાવ ધૂળના ધણી કહેવાય એ બધા દુઃખી બચારા છે. આહાહા ! દુઃખી છે બિચારાં. આહાહા ! ( શ્રોતાઃ પૈસા હોય અને બિચારા ? ) પૈસા જોઈએ છે ને એને ? આત્મા જોતો નથી, એને આ ધૂળ જોઈએ છે. આ લાવો. આ લાવો. આ લાવો એ માગણ ભિખારી છે. અંદરમાં અનંત આનંદ ને અનંત જ્ઞાન ભર્યું છે. એવી લક્ષ્મીવાળો પ્રભુ ( પોતે ) છે અંદર એની પાસે જાતો નથી. જ્યાં મળે એવું છે ત્યાં જાતો નથી. જેમાં( થી ) આવે એવું નથી ત્યાં જઈને માગ્યા કરે છે. અને તે પણ પૈસો આવે તો કાંઈ એની પાસે આવતા નથી. એની પાસે તો મમતા આવે છે કે મને પૈસા આવ્યા, કે મને પૈસા આવ્યા, એવી મમતા ( મારાપણું ) પૈસો, પૈસામાં રહે છે, જડમાં. આહાહા !

અને આ તો એવી ચીજ છે વસ્તુ છે ને ! તો આંહી પુરણ જ્ઞાન પ્રગટ કરવાનો ઉપાય કહે છે ને ? તો ઈ પૂરણ જ્ઞાન પ્રગટ કરવાની સમયની દશા એવી તો અનંતી શક્તિ જેનામાં હોય, એમાં એકાગ્ર થાય તો કેવળજ્ઞાન થાય. આહાહા ! એકલું કેવળજ્ઞાન એક જ પર્યાય હોય તો એમાંથી પર્યાય એક જ આવે તો બીજે સમયે શું થાય ? આહાહા ! એક સેકન્ડના અસંખ્યભાગમાં નાનામાં નાના સૂક્ષ્મ કાળમાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવી આત્મામાં શક્તિ, પર્યાયમાં પ્રગટ થાય, એને કેવળજ્ઞાન કહે છે. દશામાં પ્રગટે એને કેવળજ્ઞાન કહે છે. એવી તો અનંતી-અનંતી શક્તિઓ અંદરમાં પડી છે. નહિતર એક જ પર્યાય બહાર આવી ને એવડો જ હોય ને ( તો તો ) ખાલી થઈ જાય તો પછી ખલાસ થઈ ગયું. એમ કોઈ દિ ’ બને નહીં. આહાહા !

સત્યના સિદ્ધાંતો બહુ કઠણ છે બાપુ. આહાહા ! અત્યારે તો લોકો, ગુરુએ ને ઘરમના ગુરુઓએ કંઈકનું કંઈક ચલાવીને ચડાવી માર્યું છે બધી ખબર છે દુનિયાની. આહાહા !

સત્ પ્રભુ છે અને જે છે ઈ શક્તિ વિનાનો ન હોય, એટલે એના ગુણ વિનાનો સ્વભાવ વિનાનું એ તત્ત્વ ન હોય. જેમ ‘ છે ’ એમ એના ગુણો પણ, શક્તિ પણ ત્રિકાળ છે. જેમ દ્રવ્ય પૂરણ છે એમ એનાં ગુણો પણ પૂરણ છે. એવો ભગવાન આત્મા. આહાહા ! અરે ! એને કેમ વિશ્વાસ બેસે ? આંહી પાંચ–પચાસ હજાર જ્યાં પૈસા મળે ત્યાં રાજી–રાજી થઈ જાય ધૂળ એમાં ! ( શ્રોતાઃ સાધારણ માણસ શેઠ થાય તો ખુશી થાય )

મૂંઢ છે તેથી ખુશી થાય. મૂંઢ છે ને મૂંઢ સાધારણ કોને કહેવું ? પ્રભુ તો અંદર આનંદથી ભરેલો છે. એની લક્ષ્મીનો પાર નથી, અમાપ ને અમાપ ને અમાપ અપરિમિત, અપરિમિત નામ મર્યાદા જેમાં નથી એવો સ્વભાવ છે બાપુ ! જેનો સ્વભાવ હોય એને મર્યાદા હોય નહીં. એ શું ? આહાહા !

એવું જે આત્મતત્ત્વ જેમાં અપરિમિત, મર્યાદા વિનાના સ્વભાવ ને શક્તિઓ પડી છે. એનો વિશ્વાસ લાવી અને પુણ્ય ને પાપના ભાવ અને એનાં ફળ બહારનાં એનો વિશ્વાસ ઊઠાડી દઈ, આહાહાહા ! એમાં હું નથી, એમાં મને કંઈ લાભ નથી. આહાહા ! અને જેમાં હું છું તેનાથી મને લાભ છે, એવો પોતાનો સ્વભાવ સ્વભાવવાન જેમ છે અનાદિ. એમ એનો સ્વભાવ, સ્વભાવવાન હોય ને સ્વભાવ ન હોય ? સાકર હોય ને ગળપણ ન હોય એમ બને ? ( કદી ન બને ) એમ આત્મા સ્વભાવવાન છે અને એનો સ્વભાવ આનંદ ને જ્ઞાન ન હોય એમ બને નહીં ત્રણકાળમાં. આહાહા ! અને જેનો સ્વભાવ છે એ પરિપૂર્ણ છે. સ્વ....ભાવ પોતાનો ભાવ, પોતાનું સત્ત્વ, પોતાની શક્તિ, પોતાનો ગુણ, પોતાનો સ્વભાવ. આહાહા ! એવા આત્મામાં એકાગ્ર થવાથી અને રાગ ને શરીરની ક્રિયાથી ભિન્ન પડવાથી એને કેવળજ્ઞાનજ્યોતિ સર્વ પદાર્થને પ્રકાશવામાં સમર્થ એવી પ્રગટ થાય છે.

કાલ ઓલા ભાઈ નહોતા રાડ નાખી ગયા સરદાર ? શુભરાગ દયા દાન ને વ્રત ને શુભરાગ ? બધાએ ધરમ મનાવી દીધો સૌ માળાએ ! વૃત્તિ ઊઠે છે, વૃત્તિ વિકલ્પ છે રાગ છે. આહાહા ! એનાથી ભિન્ન પડતાં, સ્વરૂપમાં અભિન્નતા થતાં ‘ પરથી વિભક્ત ને સ્વથી એકત્વ ’ ત્રીજી ગાથામાં કહેશે. આહાહા ! સમજાણું કાંઈ ?

હવે આમાં દેવ ગુરુ શાસ્ત્રથી ય પણ મળે એવું નથી એમ આંહી આવ્યું આંહી તો કેમકે જે આ ગુણો છે ઈ એમાં નથી. અને એના ગુણો જે છે ઈ આમાં નથી. તો જ્યાં ગુણ છે ત્યાં જાય તો મળે, આ ગુણો ત્યાં નથી એની પાસે. ( શ્રોતાઃ એ ભલે પણ ઈ જાણતો નથી તો એને બતાવનાર તો જોઈએ ને ? ) બતાવનાર જોઈએ પણ ‘ જાણનારો જાણે ’ ત્યારે બતાવનારે જોયું, બતાવનારે બતાવ્યું એમ કહેવાય ને ? એ આ નળિયાં સોનાના થયા લ્યો એમ સવારમાં નથી કહેતાં ? સૂરજ ઊગી ગ્યોને ઓલો ઊઠે નહીં. ઓલા નળિયાં ધોળાં થઈ ગ્યા હોય ને સૂરજ ઊગ્યો ’તો... ( શ્રોતાઃ એ તડકો થયો હોય ! ) એ તડકો થયો ’તો જો નળિયાં સોનાના થયાં, પણ કોને ? તે જુએ એને કે ન જુએ એને ? ઓલાએ તો કહ્યુંઃ કે એ ભાઈ સોનાના નળિયાં થયાં હવે તો ઊઠ, ક્યાં સુધી સૂઈ રહીશ ? એટલે શું ? નળિયાં ઊજળાં થયાં, સૂર્યના પ્રકાશથી પણ

જોનારને ખબર પડે કે આંખ્યું ( વીંચીને સૂતેલાને ખબર પડે ? ) ઓરડો એક હોય, બારણું એક હોય આંહી ત્રણ ગોદડાં ઓઢયાં હોય, આંખ્યુંમાં ચીપડાં વળ્યાં હોય હવે એને શી રીતે જોવું ઈ ? આહાહા ! સમજાણું કાંઈ... ?

આ બધા દાખલા, શાસ્ત્રમાં છે હોં ? એકે એક દાખલા.

એમ અનાદિથી મિથ્યાદર્શનજ્ઞાન અજ્ઞાનને ( ભ્રમના ) એના ચીપડાં તો પડયાં છે અંદર, આંખ્યું તો બંધ છે. અને ઓરડો એક જ છે. બારણું ખુલ્લુ કરવાને-જવાને એની સામું તો જોતો નથી, તો નળિયાં ધોળા ક્યાંથી દેખાય એને ? આહાહા ! એમ આ ભગવાન આત્મા અજ્ઞાન ને રાગ દ્વેષમાં ઊંઘે છે. એને એમ કહે કે આ ચૈતન્યપ્રકાશનું પૂર અંદર પડયું છે ને ? આહાહા ! પણ બતાવનારે બતાવ્યું પણ જોનારે જોયા વિના એને આસ્થા ક્યાંથી બેસે ?

એ ગુણનો તેજ છે, ચૈતન્યના પૂરનું તેજ છે ચૈતન્ય તેજ છે પ્રભુ તો. આ સૂર્યના પ્રકાશના તેજને પોતાના તેજની ખબર નથી ( સૂર્યના ) પ્રકાશની ખબર તો આ ( આત્માના ) પ્રકાશને ખબર છે ચૈતન્ય પ્રકાશ જાણે છે કે આ જડ પ્રકાશ છે. હું ચૈતન્ય પ્રકાશ છું. આહાહા !

પણ એ એનું માહાત્મ્ય આવ્યું નથી ને ? આત્મા એટલે શું ને કેવડો ને કેમ અને એની દશા પૂરણ પ્રગટ થાય તે કેવડી, કેવડી હોય કોઈ દિ ' સાંભળ્યું નથી, બેઠું નથી. નવરો નથી, બાવીસ કલાક ત્રેવીસ કલાક તો બાયડી, છોકરાં ધંધો ને પાપમાં પડયો. કલાક-બે કલાક મળે તો તેને કુગુરુ મળી જાય એવા, રસ્તે ચડાવી દૈ બીજે, છે ત્યાં જાય નહીં, નથી ત્યાં ગોઠવી દૈ એને, એ પુણ્ય કરો, દાન કરો, વ્રત કરો, ભક્તિ કરો, જેમાં નથી આત્મા, અને એમાંથી પ્રગટે એવો નથી, એમાં ચડાવી દીધાં એને. આહાહા ! ઝીણું તો પડે ભાઈ. આહાહા !

' ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી ' ભાષા દેખો ! આ ઉદય શ્રીમદ્ વાપરે છે ને ? ' ઉદય થાય ચારિત્રનો ' ઉદય નામ પ્રગટ. આહાહા ! અસ્તિ છે વસ્તુ છે આત્મા તો એની શક્તિ પણ કાંઈક સ્વભાવ છે કે નહીં ? તો જેમ ઈ વસ્તુ પોતે એકરૂપે છે, પરના અભાવસ્વભાવસ્વરૂપ છે. એમ એની શક્તિઓ એકરૂપે પૂરણ છે. અને તે પણ પરના ભાવના અભાવસ્વભાવસ્વરૂપ છે. આહાહા !

એવો ભગવાન આત્મા, સર્વોત્કૃષ્ટ પોતે પરમાત્મ સ્વરૂપ જ શક્તિએ-સ્વભાવે છે, એમાં એકાગ્ર થવાથી અને રાગની ક્રિયા ને શરીરની ક્રિયા ને બહારની ક્રિયાથી ભેદ પાડીને જુદો પાડીને, કેવળજ્ઞાન ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થાય છે. આહાહાહા !

આવું છે આ, બહારમાં શું કરવું પણ આમાં ? આહાહા !

બહારનું કાંઈ કરીશ ( તો પણ ) અંદરનું મળે એવું નથી લે સાંભળ. ( શ્રોતાઃ પણ બહારનું ક્યાં કરી શકે છે ? ) બહારમાં છે પણ ક્યાં બહારમાં, તું છો ક્યાં ? શરીરમાં છે ? વાણીમાં, જડમાં પૈસામાં ? અરે, પુણ્યપાપના ભાવ થાય શુભઅશુભ, એમાં આત્મા છે ? એ તો રાગ છે. આહાહાહા ! ન્યાયથી જરી, લોજિકથી... પકડશે કે નહીં ? હેં ? એમને એમ આંધળે-આંધળું. અરેરે ! આંખ્યું વીંચીને, ક્યાંય ચાલ્યો જશે. દેહની સ્થિતિ પૂરી થઈ જશે, થઈ રહ્યું આત્મા તો અવિનાશી છે, તે આત્મા ભેગો નાશ થાય એવો નથી. શરીર તો નાશ થઈ જશે આંહી. ભગવાન તો એમને એમ. ( અનાદિ-અનંત ! )

અને ( અજ્ઞાની ) આ મારા, આ મારા માનીને અજ્ઞાનપણું સેવીને એ ચાલ્યો જશે,

રખડવા ચોરાશીમાં. આહાહા ! ત્યાં કાંઈ ધર્મશાળા નથી, પાંજરાપોળ ત્યાં ક્યાંય નથી ત્યાં માશીબા બેઠાં નથી કે આવો ભાઈ. આહાહા !

જેમાં તું છો... તારો સ્વભાવ છે અને તે સ્વભાવથી સ્વભાવવાન ખાલી હોય નહીં પ્રભુ. એ સ્વભાવ પૂરણ છે. એક એક ગુણ અનંત ગુણોની શું વાતો કરવી. આહાહા ! જેની સંખ્યાએ ગુણનો પાર ન મળે. આહાહા ! એ દરેક ગુણ પરિપૂર્ણ છે અને એવા પરિપૂર્ણ ગુણનો પુંજ પ્રભુ તે આત્મા છે. એ આત્મામાં રાગથી ભેદજ્ઞાન કરીને, માર્ગ આ છે બાપુ ! બીજા ગમે તે રીતે ચડાવે ( બીજે ) રસ્તે જીવન ચાલ્યા જશે પ્રભુ, પાછું મનુષ્યપણું અનંત કાળે મળવું મુશ્કેલ થશે. આહાહા !

બે લીટીમાં તો, ઓહોહોહો ! પછી કહે છે ‘ સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવું કેવળજ્ઞાન ’ એકલી પર્યાય જ્ઞાનની પૂરણ પ્રગટ થાય એને ‘ ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ’ એને પરથી ભિન્ન પાડવાની ભેદજ્ઞાન દશા તે પૂરણ પ્રાપ્તિનો ઉપાય છે. એ સર્વ પરદ્રવ્યથી છૂટી, ભેદ કહ્યું ને ? ભેદજ્ઞાન કીધું ને ? તો સર્વ પરદ્રવ્યથી છૂટી, પુણ્ય ને પાપ આદિના ભાવો થાય, દયા–દાન આદિના ભાવ એ પણ પરદ્રવ્ય રાગ છે, એનાથી છૂટી ‘ દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ ’ આહાહા !

‘ જે દર્શનજ્ઞાનસ્વભાવ છે એમાં નિયત–નિશ્ચય પરિણતિરૂપ, અસ્તિત્વરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે ’ આહાહાહાહા ! જ્યારે એ ભગવાન આત્મા પરદ્રવ્યથી છૂટી, પોતાના જ્ઞાનદર્શન સ્વભાવમાં સ્થિર રહે નિયતવૃત્તિ નિશ્ચયવૃત્તિ પરિણતિ એવું અસ્તિત્વરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે ત્યારે દર્શનજ્ઞાનચારિત્ર ત્રણેય લેવું છે ને પાછું ? પાઠમાં ‘ ચારિત્રદર્શનજ્ઞાન ’ હતું ( અહીંયાં ) પાછું લઈ લીધું હતું ઈ. ( ઓલું તો ) પદ્યમાં ગોઠવવા સાટુ. આહાહા !

‘ સર્વ પરદ્રવ્યોથી છૂટી ’ એમાં કયું બાકી રહ્યું ? પરમાત્મા, દેવ ગુરુ શાસ્ત્ર, એનાથી છૂટી, કહો શિવલાલભાઈ ! કેવળી, ગુરુ એ પરદ્રવ્ય ? એના બાપે પ્રશ્ન કર્યો ’તો દસની સાલમાં ચોવીસ વર્ષ થયા, બોટાદમાં મ્યુનિસિપાલીટીનાં મકાનમાં વ્યાખ્યાન ચાલતું હતું, દશની સાલ, આ પ્રશ્ન, દેવગુરુશાસ્ત્ર ઈ પર ? શુદ્ધ છે ઈ પર ? લાખવાર પર. આંહી સર્વ દ્રવ્ય પર કીધાં ને ? એમાં દેવગુરુ બાકી રાખ્યાં ? આહાહા ! ‘ સર્વ પરદ્રવ્યોથી છૂટી ’ આહાહા ! દર્શનજ્ઞાનસ્વભાવ પોતાનો... એમાં જ્ઞાનદર્શન ચારિત્ર છે ને ? ‘ નિયત વૃત્તિરૂપ એવું અસ્તિત્વરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે ત્યારે તેને દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત હોવાથી ’ આહાહાહા ! અંતર્ સ્વરૂપમાં શ્રદ્ધામાં વર્તે, જ્ઞાનમાં વર્તે ને સ્થિરતામાં વર્તે ત્યારે તે આત્મા દર્શન જ્ઞાન ચારિત્રમાં આવ્યો, તેથી તેને સ્વસમય નામ આત્મા સાચો કહેવામાં આવે છે. આહાહા ! સ્વસમય એને કહીએ, એને આત્મા કહીએ. આહાહાહા !

છે તો છે પણ પરિણતિમાં શ્રદ્ધા જ્ઞાનચારિત્રમાં આવે ત્યારે એને ‘ છે ’ એવો આત્મા સ્વસમય કહીએ એમ કહે છે. શું કહ્યું ઈ ? છે તો છે. આહાહા ! વસ્તુ તો છે અનંત આત્માઓ પડયા છે અંદર પણ એનું–એની તરફની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા, પૂર્ણાનંદના નાથમાં શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્રની પરિણતિ કરતાં તેને આત્મા સાચો કહેવામાં આવે છે. અને તે સ્વ સમય નામ આત્મા, આત્મારૂપે થયો એમ એને કહેવામાં આવે છે. અને તેને ધર્મી કહેવામાં આવે છે.

વિશેષ કહેવાશે... ( પ્રમાણવચનગુરુદેવ ! )

## પ્રવચન નં. ૧૨ ગાથા-૨ તા. ૧૯-૬-૧૯૭૮ શનિવાર જેઠ સુદ-૧૪ સં. ૨૫૦૪

ફરીને, આંહીથી જ્યારે આ જીવ, જીવની વ્યાખ્યા તો કરી પહેલી–

'જ્યારે આ જીવ સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી' આત્મામાં રાગથી ને વિકલ્પથી 'ભેદજ્ઞાનજ્યોતિ' એમ શબ્દ વાપર્યો છે. એ રાગ ને શરીર ને કર્મથી જુદો પણ અસ્તિત્વ એનું ચૈતન્યજ્યોતિ–ભેદજ્ઞાનજ્યોતિ, એવા ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થાય છે, પ્રગટ થાય છે, એ ભેદજ્ઞાનજ્યોતિથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહાહા! આત્માની પૂરણ મોક્ષ દશા એટલે પૂરણ દુઃખથી રહિત દશા અને પૂરણ અતીન્દ્રિય આનંદના લાભની દશા, એ ભેદજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. વ્યવહારના રાગના સંબંધથી સહચરથી કેવળજ્ઞાન ઉત્પન્ન થતું નથી. આહાહા!

ધીરાની વાતું છે ભઈ આ તો! એ 'ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી' જુઓ! આંહી ભેદજ્ઞાનજ્યોતિ શબ્દ વાપર્યો, 'સર્વ પરદ્રવ્યોથી છૂટી' રાગાદિ બધાં પરદ્રવ્યો એનાથી છૂટી 'દર્શનજ્ઞાનસ્વભાવમાં' દર્શન–જ્ઞાન એવો જે એનો સ્વભાવ, એવું જે એનું નિશ્ચય અસ્તિત્વ, દર્શન ને જ્ઞાન એવું જેનું અસ્તિત્વ, હૈયાતિ. ભગવાન આત્મા દૃષ્ટા ને જ્ઞાતા, એવી જેની હૈયાતિ છે– મોજૂદગી દર્શન ને જ્ઞાનની હૈયાતિ છે. આ એવું આત્મતત્ત્વ. આહાહા! એની સાથે 'એકત્વગતપણે વર્તે' એકત્વ પરિણમનપણે અંદર વર્તે. આહાહા! રાગથી ને વિકલ્પથી ભેદજ્ઞાનજ્યોતિ વડે જુદું પાડી, અને કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી તો એ ચીજ છે, એક જ. આહાહા! વ્યવહાર રત્નત્રય કેવળજ્ઞાન ઉત્પન્ન કરવાનું કારણ નથી. ક્યાંય કહ્યું હોય તો એ ઉપચારથી કથન, નિશ્ચય સાથે વ્યવહારનો સહચર દેખીને, સાથે દેખીને, એનો એનામાં ઉપચાર કર્યો હોય છે. વસ્તુસ્થિતિ 'આ' છે. આહાહા!

ત્યારે એને દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત હોવાથી આત્મતત્ત્વ જે દર્શન ને જ્ઞાનના અસ્તિત્વવાળું તત્ત્વ છે, જ્ઞાતા ને દૃષ્ટા એ સ્વભાવવાળું જે અસ્તિત્વ મોજૂદગી ચીજ તત્ત્વ છે. એમાં જે, છે ને? 'એકત્વગતપણે વર્તે' એવા ભગવાન આત્મામાં એકપણે, રાગથી ભિન્ન ને સ્વભાવમાં એકત્વપણે વર્તે ત્યારે દર્શન જ્ઞાન ચારિત્રમાં સ્થિત હોવાથી, સ્વરૂપ ચૈતન્ય જ્ઞાન ને આનંદ એની હૈયાતિવાળું તત્ત્વ મોજૂદગી ચીજ, એમાં એકપણે જ્યારે વર્તે ત્યારે તે દર્શન જ્ઞાન ચારિત્રમાં સ્થિત હોવાથી, ત્યારે તે સમ્યગ્દર્શનજ્ઞાન ને ચારિત્રમાં સ્થિત છે. સમજાય છે કાંઈ? વાતું આવી ઝીણી છે.

જેને કેવળજ્ઞાન એટલે મુક્તિ, મોક્ષ જેને ઉત્પન્ન કરવો છે એને ભેદજ્ઞાનજ્યોતિથી તે ઉત્પન્ન થાય છે. એ રાગના– વ્યવહારના, શ્રદ્ધાજ્ઞાનચારિત્રના વ્યવહાર, એનાથી ભિન્ન પાડે, ત્યારે તે ભેદજ્ઞાનજ્યોતિ વડે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય, તેથી તે આત્મામાં દર્શન–જ્ઞાન અને ચારિત્રમાં સ્થિત થયો હોવાથી. આહાહા! ઝીણી વાતું બહુ, ધરમ બહુ સૂક્ષ્મ. આહાહા!

'દર્શન જ્ઞાન ચારિત્રમાં સ્થિત હોવાથી' જુઓ પાઠમાં 'चरितदंसणणाण' હતું. પણ મૂળ તો એ પદ્યમાં રચના કરવા માટે. એ મૂળ હતું એ અર્થમાં એમ આવ્યું, અર્થ કરનારે દર્શનજ્ઞાનચારિત્ર

લીધું અને ટીકામાં અમૃતચંદ્ર આચાર્યે પણ એમ લીધું; ત્યાં એમ ન લીધું ચારિત્ર દર્શન જ્ઞાન.

શું કીધું ઈ ? ‘ जीवो चरितदंसणणाण ठिदो ’ એમ આવ્યું ને ( મૂળ ) પાઠમાં ? એનો અર્થ એવો કર્યો. ‘ જીવ જ્યારે પોતામાં એકત્વપણે દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત થઈને વર્તે ત્યારે તેને આત્મા, સ્વસમય આત્મા કહેવામાં આવે છે. તે જેવું એનું રૂપ હતું તેમાં ઈ આવ્યો. આહાહા !

ભગવાન આત્મા દર્શન–જ્ઞાન સ્વરૂપ એનું રૂપ, એની હૈયાતિ એ છે. એ બહારના રાગાદિના વિકલ્પથી ભેદ પાડી અને પોતાના આત્મતત્ત્વમાં એકત્વપણે આવ્યો, રાગ આદિમાં જતો ત્યાં એને બગડતું, એકડે એક ને બગડે બે, ઈ આત્મતત્ત્વ વસ્તુ છે એમાં એકત્વગતપણે, દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત ઈ એકત્વ. પુણ્ય ને દયા–દાન–વ્રતના રાગમાં સ્થિત, એ તો બેપણું બગડવાપણું છે, ઈ કર્મમાં સ્થિત છે. કર્મના રસના ભાગમાં એ સ્થિત છે. એ આત્માના દર્શન જ્ઞાન જેનો રસ છે, જેનો સ્વભાવ છે તેમાં તે સ્થિત નથી. આવી વાત છે.

‘ ત્યારે દર્શન જ્ઞાન ચારિત્રમાં સ્થિત હોવાથી ‘ યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો ’ થકો એકસાથે આત્માને એકત્વપણે જાણતો અને ‘ સ્વ–સ્વરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે ’ જોયું ? જ્યારે એકત્વગતપણે વર્તે પ્રભુ આત્મામાં, ત્યારે તે ‘ દર્શન–જ્ઞાન, ચારિત્રમાં સ્થિત હોવાથી ’ જીવ દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત હોવાથી, યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો ’ એક સાથે પોતાને જાણતો અને સ્વસ્વરૂપે એકત્વપૂર્વક પરિણમતો, ‘ જાણતો ને પરિણમતો ’ સમયનો અર્થ કરવો છે ને ? એક સમયે જાણે ને એક સમયે પરિણમે, એવી ચીજ હોય તે આત્મા છે. બીજી ચીજ પરિણમે છે પણ જાણતી નથી. એટલે ખરેખર સમય એને કહીએ કે પોતે પોતાના સ્વરૂપને જાણતો પરિણમે અને પરિણમતો જાણે એ બેય એક હારે હોય તેને આત્મા કહેવામાં આવે છે. આહાહા !

હવે આ લોકોને વધારે તો ઈ નિશ્ચયચારિત્ર છે એ વ્યવહારચારિત્રથી પ્રાપ્ત થાય છે. ( શ્રોતાઃ એ પહોંચાડે છે ! ) પહોંચાડે, એ કાલ આવ્યું ’તું ને ? ( શ્રોતાઃ વ્યવહાર ચારિત્રથી નિશ્ચય ચારિત્ર છે ) એમ છે નહીં. ( વ્યવહાર ) આવે છે. સ્વરૂપની–એકત્વગતની, દર્શનજ્ઞાનચારિત્રની સ્થિતિમાં અપૂર્ણ દશામાં વ્યવહારના એવા પંચમહાવ્રતના આદિ વિકલ્પો હોય છે પણ એનાથી નિશ્ચયની પ્રાપ્તિ થાય છે એમ નહીં અને એમ ક્યાંક કહ્યું હોય તો એ નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે. એનાથી થાય છે એમ કહેવા માટે નહીં. આહાહા ! આંહી ક્યાં કેટલે પહોંચવું એને ! !

‘ સ્વ–રૂપે એકત્વપૂર્વક પરિણમતો ’ છે ને... ? અહીં સમયનો અર્થ કર્યો, જાણવું ને પરિણમવું. પહેલો કર્યો ’તો ને... ? ! સમ ઉપસર્ગ ને ગમન અર્થ પણ છે અને જ્ઞાન અર્થ પણ છે પહેલુંય આવ્યું ’તું તેનો સરવાળો લીધો આંહી. આહાહા !

જાણતો જે સમયે પરિણમે છે તે જ સમયે તેને જાણતો. આહાહા ! અથવા જે સમયે જ્ઞાન થાય છે, તે જ સમયે તેને જાણતો. આહાહા ! ગાથાઓ તો પહેલી બાર મુદ્દાની છે ને ! બહુ ટૂંકામાં એકદમ ભરી દીધું છે, પછી વિસ્તાર ૧૩ થી તો કરશે. આહાહા !

આત્મા દર્શનજ્ઞાનમાં હોવાપણે તત્ત્વ છે, તેમાં જે એકત્વપણે, પરથી ભિન્ન થઈને એકત્વપણે દર્શન જ્ઞાન ને ચારિત્રમાં સ્થિત થાય, એ જીવ એ જ સમયે દર્શનજ્ઞાનચારિત્રપણે પરિણમતો અને તે જ સમયે તેને જાણતો. સમજાણું કાંઈ ? છે ને સામે ? આ તો ઓગણસમી વાર વંચાય છે સમયસાર. ( શ્રોતાઃ બધાને માટે ઓગણસમી વાર નથી આપના માટે છે )

ઘણાં તો આંહી હશે કે નહીં કેટલા 'ક ? કેટલા 'ક ન હોય, વાર કવારે આવે ઈ ન હોય. આંહી રહેનારા કાયમ હોય તે હોય. આહાહા !

' એવો તે ' સ્વસમય ' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે ' આહાહા ! ભગવાન આત્મા દર્શન ને જ્ઞાનની હૈયાતિવાળું તત્ત્વ, જેમાં વિકારની હૈયાતિ ત્રણ કાળમાં છે નહીં. એવો જે ભગવાન સ્વભાવ ઈ દર્શન જ્ઞાનમાં એવું તત્ત્વ છે તેમાં એકત્વપણે એટલે ? રાગનો સાથ લઈને નહીં, રાગથી ભિન્ન પડીને એકત્વપણે, આહાહા ! ત્યાં રાગનું બેકલાપણું લઈને અહીંયાં રાગ મંદ છે માટે તેને લઈને આત્મામાં એકત્વ થાય છે, એમ નથી. તો તો બેકલાપણું થઈ ગયું. આહાહા !

આંહી તો રાગના વિકલ્પની ગમે તેવી વૃત્તિ હોય, દેવ ગુરુ શાસ્ત્રની શ્રદ્ધાની રાગ વૃત્તિ હો, કે શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ હો, એ બધાંથી ભિન્નપણે, એમ છે ને ? આહાહા ! એકત્વપૂર્વક જાણતો યુગપદ્ પરિણમતો દર્શનજ્ઞાનચારિત્રરૂપે અને તે સમયે જ તેને જાણતો સ્વરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે ' સ્વસમય ' એમ પ્રતીત કરવામાં આવે છે. એમ શ્રદ્ધામાં લેવામાં આવે છે, એ વસ્તુ પોતે દર્શન જ્ઞાન વસ્તુ એમાં એકત્વ થઈને શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્રમાં સ્થિત થાય એને ' સ્વસમય ' એમ પ્રતીત કરવામાં આવે છે. એવો આત્મા ઈ સ્વસમય થયો, જેવો હતો તેવો થયો, દર્શન જ્ઞાનપણે હતો, એવી જ પર્યાયમાં દર્શન જ્ઞાનની પ્રતીતિ, દર્શન જ્ઞાનનું જ્ઞાન, દર્શન જ્ઞાનમાં સ્થિરતા. આહાહાહા ! ' યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો અને એકત્વપૂર્વક પરિણમતો એવો તે સ્વસમય એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે ' પાઠમાં ઈ છે ને ' **ससमयं जाण** ' પાઠ એમ છે ને ? ' **स्वसमय जाण** ' એમ કીધું ને ? કુંદકુંદાચાર્યે શબ્દ એમ લીધો છે, તેને સ્વસમય જાણ.

આવો સ્વરૂપ જે ભગવાન, એમાં જે એકત્વપણે દર્શનજ્ઞાનચારિત્રમાં, પરના સાથ અને મદદ વિના, સ્વરૂપમાં દર્શનજ્ઞાનચારિત્રમાં, પોતાના અસ્તિત્વમાં શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રમાં વર્તે તેને તું સ્વસમય જાણ, એનો આંહી અર્થ કર્યો કે પ્રતીત એમ કરવામાં આવે છે ( કે ) એ આત્મા આવો છે એ સ્વસમય એમ જાણવામાં-પ્રતીત કરવામાં આવે છે. આહાહા !

હવે આવું ક્યાં પહોંચવું એને વ્યવહારની વાતું આખો દિ ' કરે. વ્યવહાર... વ્યવહાર વ્યવહાર વચ્ચે આવે, પણ ઈ વ્યવહાર પણ જેને નિશ્ચયની ભાવના છે, એ વ્યવહાર નિશ્ચયને પહોંચાડે એમ. પણ ભાવના શું એનો અર્થ ? આહાહા ! ઝીણી વાતું બહુ ભાઈ. ( શ્રોતાઃ ભૂમિકાને યોગ્ય આવે ) ભૂમિકાને યોગ્ય આવે છે, હોય તો ખરું ને ! ન હોય એમ નહીં. પણ એથી નિશ્ચયને પહોંચાડે છે ઈ ? એકત્વપણે હોય ઈ પહોંચાડે છે. બેકલાપણું હારે લઈને ઈ પહોંચાડે છે ? ( ના. ) આહાહા ! વ્યવહાર આવે છે વચ્ચે ઈ બંધનું કારણ છે. દેવ ગુરુ શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રત વ્રત આદિનો રાગ, શાસ્ત્રનું-શાસ્ત્ર તરફનો ભણવાનો વિકલ્પ એ બધો આવે, પણ છે ઈ બંધનું કારણ. બંધના કારણને હારે લઈને નિશ્ચય પમાય એમ નથી. એનાથી ભેદ પાડીને, જુદો પાડીને નિશ્ચય પમાય. એનાથી ન પમાય. છતાં એ વ્યવહાર આવ્યા વિના રહે નહીં. પૂરણ વસ્તુ ન હોય ત્યાં વ્યવહાર આવે, હોય પણ સ્વસમય તો આને કહીએ. આહાહા ! પોતાનું પરિણમન દર્શન જ્ઞાન સ્વરૂપના અસ્તિત્વમાં, શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્રરૂપે થયું તેને ' સ્વસમય ' જાણીએ. ' તેને સ્વસમય પ્રતીત કરવામાં આવે છે. ' એવા જીવને મોક્ષમાર્ગ છે એમ શ્રદ્ધવામાં આવે છે. આહાહા ! ઈ એક વાત થઈ.

‘ જીવો ચરિત ’ જીવો કહી ચરિત દંસણણાણ ઠિદો ’ એટલે દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત તે ‘ સ્વસમય ’ જાણ, એટલાનો અર્થ થયો બે પદનો, હવે ત્રીજા પદની ( વ્યાખ્યા ).

‘ પણ જ્યારે તે અનાદિ અવિદ્યારૂપી જે કેળ ’ આહાહા ! પોતાના પૂરણ દર્શનજ્ઞાનસ્વરૂપી પ્રભુ, ( આત્મા ) જ્ઞાતાદૃષ્ટાની હૈયાતિવાળો ભગવાન, એના અજ્ઞાનને લઈને, આહાહા ! એ સ્વરૂપના ભાન વિના, ‘ અનાદિ અવિદ્યારૂપી કેળ ’ કેળ આ જેમાં કેળાં થાય છે ને ? ‘ તેના મૂળની ગાંઠ જેવો ’ કેળની મૂળની ગાંઠ એમાંથી કેળ બહુ પાકે, ફાલ્યા જ કરે ! ગાંઠ હોય ને કેળની એમાંથી કેળના ઝાડ થયા જ કરે. આહાહા !

અજ્ઞાનરૂપી કેળ તેના મૂળની ગાંઠ જેવો આહાહા ! મોહ, જેમ કેળની ગાંઠમાં અનેક કેળ્યું થવાની તાકાત છે, કેળની ગાંઠ હોય છે ને મોટી કેળ, એમાં અનેક કેળ્યું પાકે. કેળ્યુંની ( ફણગાં–પીલાં ) વાત છે કેળાંની વાત નથી. કેળ્યું ( પાકે ) એમ મોહરૂપી ગાંઠ એમાં અનંત ભવ પાકે એવો ઈ મોહ છે. આહાહા !

‘ અનાદિ અજ્ઞાનરૂપી જે કેળ, એ કેળની મૂળની ગાંઠ જેવો પુષ્ટ થયેલો આહાહા ! મોહ, તેના ઉદય અનુસાર, એને કર્મનો જે ઉદય છે એને અનુસારે પોતે પ્રવર્તે આધીનપણાથી, એ ઉદય તેને પ્રવર્તાવે છે એમ નહીં, પણ ઉદયના અનુસારે પોતે પ્રવર્તિના આધીનપણાથી ( પ્રવર્તે છે ). આહાહા !

જે અહીંયા સ્વભાવના આધીનપણે દર્શનજ્ઞાન ને ચારિત્રમાં સ્થિત થવું જોઈએ એમ ન કરતાં, નિમિત્ત જે કર્મનો ઉદય એને અનુસારે પ્રવૃત્તિના આધીનપણાથી, આહાહા ! કર્મના અનુભાગના નિમિત્તના અનુસારે પ્રવૃત્તિ આધીન પોતે કરે છે, કર્મ કરાવતું નથી કાંઈ એને. આહાહા ! તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી, દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ ત્યાં કીધું ’તું ને ‘ નિયતવૃત્તિરૂપ અસ્તિત્વ ’ ઓલામાં પ્રવૃત્તિ કીધી. ‘ નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી ’ દર્શનજ્ઞાન સ્વભાવમાં નિશ્ચય અસ્તિત્વરૂપ આત્મતત્ત્વ, આત્મતત્ત્વ એને કહીએ કે જે જ્ઞાનદર્શનમાં અસ્તિપણે રહે છે, દર્શનજ્ઞાન એવું જે નિશ્ચય–એનું જે ટકવું, એવું જે આત્મતત્ત્વ. એ દર્શનજ્ઞાનમાં ટકેલું આત્મતત્ત્વ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત–નિશ્ચય–હોવાપણારૂપ આત્મતત્ત્વ દર્શનજ્ઞાનસ્વભાવમાં નિશ્ચયપણે રહેલું, હોવારૂપે રહેલું આત્મતત્ત્વ, એનાથી છૂટી મોહ પ્રવૃત્તિના તેના ઉદય અનુસાર આધીનપણાથી નિમિત્તના ઉદયના આધીનપણાથી. આહાહા ! છે ? આત્મતત્ત્વથી છૂટી, ઈ કરમના ઉદયના આધીનપણાથી પ્રવર્તતો એ આત્મતત્ત્વથી છૂટયો. આહાહા ! સ્વરૂપ જે દર્શનજ્ઞાનસ્વરૂપ છે. દ્રષ્ટા ને જ્ઞાતા જે આત્મતત્ત્વ છે. એનાથી છૂટયો અને મોહની ગાંઠ, જેવું કેળ ( ની ગાંઠ ) મોહ એને અનુસારે પ્રવર્તતો, મિથ્યાદર્શન જ્ઞાન ને ચારિત્રમાં વર્ત્યો ( વરતતો ) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યા–રાગ. આહાહા !

આ તો અંતરની વાતું છે બાપુ, ક્યાંય અત્યારે બહારમાં તો મળે એવું નથી. આહ ! અને બહારમાં ( વ્યવહારમાં ) એ છે એમ કીધું ને ? ઈ તો દર્શનજ્ઞાનસ્વભાવના અસ્તિત્વમાં આત્મતત્ત્વ છે. ભગવાન આત્મા દર્શનજ્ઞાનની હૈયાતિવાળું તત્ત્વ આત્મા છે. એવી હૈયાતિવાળાને છોડી દઈને મોહને અનુસારે જેની પ્રવૃત્તિ આધીન છે, તે સ્વદ્રવ્યથી ચ્યૂત થઈ જાય છે. આહાહા ! સમજાણું કાંઈ ?

'પરદ્રવ્યના નિમિત્તથી આત્મતત્ત્વથી છૂટી, પરદ્રવ્યના નિમિત્તથી, નિમિત્તથી હોં ? 'ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો સાથે, નિમિત્તથીનો અર્થ નિમિત્ત એને ( મોહરાગ દ્વેષ ) ઉત્પન્ન કરાવતું નથી, પણ આંહી આ બાજુમાં ( સ્વમાં ) એકાગ્ર નથી, તેથી નિમિત્ત તરફમાં એકાગ્ર છે. આહાહા ! પરદ્રવ્યના નિમિત્તથી, આંહી જોર મારે બધાં, પરદ્રવ્યના નિમિત્તથી થાય છે, જુઓ નિમિત્તથી ( કહ્યું છે ) નિમિત્તનો અર્થ શું ? પરદ્રવ્ય છે એના તરફના ઝૂકાવથી, સ્વદ્રવ્યથી ચ્યૂત થવાથી, અને પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહ રાગ દ્વેષાદિ ભાવ. આહાહા ! આંહી લીધાં તો ત્રણ પાછા આદિમાં ઓલામાં દર્શન જ્ઞાન ચારિત્ર અને આંહી મોહ રાગ ને દ્વેષ, એ આદિમાં ત્રણ આવે. આત્મતત્ત્વથી છૂટી દર્શન જ્ઞાનનું હૈયાતિવાળાં પ્રભુ ( નિજાત્મા ) એના આસ્થા, શ્રદ્ધાજ્ઞાનથી છૂટી અને મોહ જે છે તેને અનુસારે આધીનપણે પ્રવર્તતો.

'નિમિત્તથી ઉત્પન્ન થતાં મોહરાગદ્વેષાદિ ભાવો સાથે મિથ્યાત્વ, રાગ અને દ્વેષ, રતિ, વાસના 'વગેરે સાથે એકત્વગતપણે '– એની સાથે એકપણું માનીને આંહી એકત્વગત કહ્યું ને, એકપણું માનીને એનો અર્થ કર્યો–ઓલામાં સમુચ્ચય રાખ્યું એકપણું માનીને વર્તે છે. એ મિથ્યાત્વમાં રાગ તે મારી ચીજ છે એમ મિથ્યાત્વમાં એકપણે વર્તે છે. અને રાગમાં એકપણે વર્તે છે. દ્વેષમાં એકપણે વર્તે છે. જે આત્મતત્ત્વ દર્શનજ્ઞાનમય, એનાથી ભિન્ન હોવા છતાં એકપણે વર્તે છે, એનું નામ મિથ્યાત્વ ને મોહ ને રાગ દ્વેષ છે. આહાહા ! ત્યારે એકપણે વર્તે છે " ત્યારે પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી " જોયું ? ઓલા મોહરાગ દ્વેષમાં વર્તે છે એ પુદ્‌ગલપ્રદેશોમાં સ્થિત કહેવામાં આવે છે. આંહી ભગવાન આત્મામાં સ્થિત જે હતો દર્શનજ્ઞાન ચારિત્રની એકત્વમાં તે છૂટીને આંહી નિમિત્તને આધીન થઈને, મોહ રાગ દ્વેષના પ્રદેશોમાં એ પુદ્‌ગલકર્મના પ્રદેશ કહેવાય. છે તો મોહ ને રાગ–દ્વેષ પણ એ કર્મનો જ ભાગ છે, કર્મ તરફના વલણવાળી ઉપાધિ છે. ( તેથી ) આહાહા ! એ મિથ્યાત્વ અને રાગદ્વેષ, ભગવાન તો નિરુપાધિ તત્ત્વ છે, એ તો દર્શનજ્ઞાનમય નિરુપાધિ તત્ત્વ છે એ નિમિત્તને આધિન ઉપાધિ તત્ત્વ સાથે એકત્વપણે વર્તે છે, એને અણાત્મા કહેવામાં આવે છે. પરસમય કહેવામાં આવે છે. આહાહા !

'ત્યારે પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો ' આહાહાહા ! આંહી જાણતો તો લીધો, પણ મોહ ને રાગદ્વેષને એકત્વપણે જાણતો અને પરિણમતો. ઓલો ( જ્ઞાની ) ભિન્નપણે જાણતો ને પરિણમતો. આહાહા !

એક એક શ્લોકની વાત છે ક્યાં ? આહાહા ! મધ્યસ્થી થઈ જુએ, ધીરજથી.. સત્યનો શોધક બનીને હેં ? તો આ ચીજ છે એવી બીજે ક્યાંય છે નહિ. યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો આહાહા ! 'સમય 'નો અર્થ રાખ્યો 'ને ? કે 'એકસાથે જાણે ને પરિણમે. તો જ્યારે સ્વસમયમાં એકાગ્ર છે, ત્યારે તે જ સમયે જાણે ને પરિણમે. અને આંહી રાગની સાથે–મિથ્યાત્વ આદિ સાથે એકાગ્ર છે તે તે સમયે એકત્વપૂર્વક જાણતો, મોહ ને રાગ મારાં છે એમ જાણતો અને તેરૂપે એકત્વપૂર્વક પરિણમતો. આહાહા ! જાણતો તો રાખ્યું, પણ એ જાણવામાં વિશેષણ આ આવ્યું આ, 'એકત્વપણે જાણતો ' મોહ ને રાગદ્વેષના પરિણામને સ્વભાવમાં આત્મામાં એકત્વપણે જાણતો. આહાહા ! સમજાણું ? ઓલું યુગપદ્ સ્વને 'એકત્વપૂર્વક જાણતો ' એમ હતું, પહેલામાં દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને 'એકત્વપૂર્વક જાણતો ', આ પરને 'એકત્વપૂર્વક

જાણતો.' બસ આમ અસ્તિ, નાસ્તિ કરી છે.

"યુગપદ્ પરને 'એકત્વપૂર્વક જાણતો' તથા પરરૂપે 'એકત્વપૂર્વક પરિણમતો' એવો તે પરસમય એમ પ્રતીતરૂપ થાય છે," એને નહીં, બીજાને... એ આત્મા અજ્ઞાની છે, પરસમય છે, અણાત્મા છે, અણાત્મામાં એકત્વપણે વર્તે છે માટે તે પરસમય છે, એમ જાણવામાં આવે છે. છે ને? ત્યાંય जानीहि 'पोग्गलकम्मपदेस ट्ठिदं च तं जानीहि' છે ને? બેયમાં જાણવું–જાણવું આહાહા! બેયમાં પ્રતીત કરી એનો અર્થ પ્રતીત એટલે કે જાણવામાં એમ આવે છે. આહાહા! 'એકત્વપૂર્વક પરિણમતો એવો તે પરસમય એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.' એટલે કે જાણવામાં આ આત્મા, અણાત્મા થયો એમ જાણવામાં આવે છે. આહાહા! રાગના વિકલ્પ સાથે એકત્વપણે પરિણમતો અને એકત્વપણે જાણતો, જાણતો તો રહ્યું, પણ એકપણે જાણતો તેને પરસમય એમ જાણવામાં આવે છે. એ પરસમય છે. એ અણાત્મા છે. એ સ્વરૂપથી ચ્યૂત થઈને જે એનામાં નથી તેમાં એ રહેલો છે માટે પરસમય કહેવામાં આવે છે. આહાહા!

આ વાત વાદ વિવાદે કાંઈ પાર પડે એવું નથી, વસ્તુની સ્થિતિ જ આવી છે, જયાં પછી ગમે તેટલાં લખાણ શાસ્ત્રમાં આવે કોઈ વ્યવહારનયે આવે એ તો જ્ઞાન કરાવે છે. આહાહા! વસ્તુસ્થિતિ તો આંહીથી ઉપાડી છે, એનો બધો વિસ્તાર પછી છે. આહાહા!

'આ રીતે જીવ નામના પદાર્થને' જીવ નામનો પદાર્થ તો કહ્યો પહેલો ગુણ પર્યાયવાળો, ઉત્પાદ્વ્યયધ્રુવવાળો, દર્શનજ્ઞાનવાળો, એવા 'જીવ પદાર્થને સ્વસમય અને પરસમય એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે.' આહાહા! સ્વસમયપણું, એકત્વમાં હોય તો સ્વસમય પ્રગટ થાય છે, રાગમાં એકત્વ હોય તો પરસમયપણું પ્રગટ થાય છે. એકમાં બે–પણું આમ ઊભું થાય છે. આહાહા! વસ્તુ એક દર્શનજ્ઞાનમય પ્રભુમાં (આત્મામાં) આવું પરમાં રાગમાં એકત્વ થવાથી પરસમયપણું દ્વિવિધપણું, સ્વસમયપણું ને પરસમયપણું દ્વિવિધપણું ઉત્પન્ન થાય છે. એકમાં બેપણું ઉત્પન્ન થવું એ જ નુકસાનકારક છે. આહાહા! સ્વમાં એકત્વપણે પ્રગટ થવું તે આત્માને લાભદાયક છે. આહાહા! એ ભગવાન આત્મા, દર્શનજ્ઞાનના હૈયાતિવાળો પ્રભુ એ રાગ ને પુણ્ય પાપની હૈયાતિમાં એકત્વપણે સ્વીકારતો, એ એકમાં દ્વિવિધપણું, બીજાપણું ઉભું થયું. સ્વસમયપણું ને પરસમયપણું એકમાં બેપણું (દ્વૈત) ઊભું થયું. આહાહા! આમાં ક્યાંય એમ કહ્યું નથી કે કર્મના ઉદયનું જોર છે તે પ્રમાણે આંહીયા પરમાં પ્રવર્તે છે રાગમાં–દ્વેષમાં એવું તો કાંઈ છે નહીં. પરને તો નિમિત્ત કીધું છે. નિમિત્તને આધીન થઈને પ્રવર્તે છે એ મોહ ને રાગદ્વેષમાં પ્રવર્તતાં પરસમયમાં ગયો છે ઈ સ્વસમયમાં રહ્યો નથી, એમ જાણવામાં આવે છે. આહાહા! આવું સ્વરૂપ છે!

આવું છે ઈ સોનગઢનું આવું છે એમ કેટલા'ક કહે છે. કોનું છે આ? (અમૃતચંદ્રાચાર્યનું) વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્યાં શું તું કહીશ પ્રભુ કહે. આહાહા! જેના સ્વરૂપમાં પુણ્ય ને પાપ નથી પણ જેના સ્વરૂપમાં દર્શન ને જ્ઞાન છે. આહાહા! જેથી દર્શનજ્ઞાનના સ્વરૂપનું હૈયાતિવાળું તત્ત્વ એમાં જો એકત્વ થાય તો તો તે સમયે સ્વને એકત્વપણે જાણતો અને સ્વને એકત્વપણે પરિણમતો, એ જે સમયે જાણે તે સમયે પરિણમે, જે સમયે પરિણમે તે સમયે જાણે. આહાહા!

અને બીજો આત્મા, અવિદ્યારૂપી કેળ એનો જે મૂળ એવો, મોહકર્મ–જડ એના અનુભાગને અનુસારે પ્રવર્તતો, એ જેટલું કર્મ ઉદય આવ્યું તો (તે) પ્રમાણે પ્રવર્તતો એમ નથી કહ્યું. તેને

અનુસારે પોતે પ્રવર્તતો. આહાહા ! પોતાનો જે ચૈતન્યસ્વભાવ છે, દર્શનજ્ઞાનસ્વભાવ છે એનાપણે ન પ્રવર્તતો. પ્રવર્તતો ( કહ્યું તે ) તો એ ય પ્રવર્તે ને ઓલો ય પ્રવર્તે છે. ઓલો નિમિત્તને અનુસરીને થતાં પોતાના પરિણામ તેમાં સ્થિત થયો થકો. આહાહા ! સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો, એને 'પરસમય' જાણ. એમ કહ્યું છે ને ? આ એમ કહ્યું, પરસમય પ્રતીત કરવામાં આવે એટલે જાણવામાં ( છે ) એને પરસમય કહીએ એમ જાણવામાં આવે છે. આહાહા ! 'આ રીતે જીવ નામના પદાર્થને સ્વસમય અને પરસમય એવું દ્વિવિધપણું-દ્વિ-વિધ બે પ્રકારપણું પ્રગટ થાય છે.'

એ ટીકાનો અર્થ કર્યો, સંસ્કૃત ભાષા હતી, બહુ ગંભીર અમૃતચંદ્રાચાર્યની ટીકા ઘણી ગંભીર !! જેમ મૂળ શ્લોક ( ગાથા ) ગંભીર છે, એવી ટીકા ગંભીર છે ! એને સમજવા માટે ઘણો જ પક્ષપાત છોડીને મધ્યસ્થથી, તેને જે કહેવું છે એ રીતે સમજવું. જે રીતે કહેવું છે તે રીતે સમજવું, એનું નામ યથાર્થ સમજણ કહેવામાં આવે છે. આહાહા ! પોતાની કલ્પનાથી એમાં અર્થ કાઢવા... એ તો વિપરીતતા બધી છે. કેટલું લીધું છે આમાં !! એ ભાવાર્થમાં કહેવાય છે.

**ભાવાર્થ:** 'જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે.' વસ્તુ, વસ્તુ છે એ. જીવ એવો અક્ષરોનો સમૂહ તે 'પદ' છે પદાર્થ છે ને ? પદાર્થની વ્યાખ્યા કરી, પદાર્થ 'જીવ' એ અક્ષર છે ઈ પદ છે, અને એની વસ્તુ છે એ જીવ છે પદાર્થ એ અર્થ છે પદા+અર્થ 'જીવ' બે અક્ષરનું પદ છે, જીવ એ પદ છે. અને જીવવસ્તુ છે ઈ એનો અર્થ પદાર્થ છે. વસ્તુ છે. પદનો અર્થ એ વસ્તુ છે પદ એને બતાવે છે. આહાહા ! જીવ એવો અક્ષરોનો, ( સમૂહ ) એમ કેમકે બે અક્ષર થયાને... 'જીવ' એટલે બે અક્ષર છે એટલે બહુવચન છે. જીવ એવો અક્ષરોનો સમૂહ, બે અક્ષરનો સમૂહ માટે તે પદ છે. 'અને તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું' જોયું ? આવ્યું 'તું ને અંદર ( ટીકામાં ) ઉત્પાદ્‌વ્યયને ધ્રુવ, ગુણપર્યાય જેણે અંગીકાર કર્યા છે.

તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ-વસ્તુ અને અવસ્થાસ્વરૂપ 'અનેકાંતસ્વરૂપપણું' અનેકાંત છે. દ્રવ્યે ય છે ને પર્યાયે ય છે. પર્યાય નથી એમ નહિં. એ ૧૧મી ગાથામાં પર્યાયને અસત્ કીધી છે તે ગૌણ કરીને, તેનું લક્ષ છોડાવવા એમ કીધું છે. જો પર્યાય નથી તો કાર્ય શું ? પર્યાય, સિદ્ધ એ ય પર્યાય છે, મોક્ષમાર્ગ પર્યાય, મોક્ષ એ પર્યાય સંસાર પર્યાય-બંધમાર્ગ એ પર્યાય છે અને વેદન પર્યાયનું છે. સંસારીને દુઃખનું વેદન પર્યાયમાં છે, મોક્ષમાર્ગનું આનંદનું વેદન પર્યાયમાં છે. સિદ્ધને પૂર્ણ આનંદનું વેદન પર્યાયમાં છે. આહાહા !

પર્યાય નથી એમ જે કીધું છે એનો અર્થ ? ગૌણ કરીને, એ ઉપરથી લક્ષ છોડાવવા ત્રિકાળીને મુખ્ય કરીને નિશ્ચય કહીને, નિશ્ચય મુખ્ય કરીને એમ નહીં, ગૌણ કરીને વ્યવહાર, વ્યવહાર કરીને ગૌણ કર્યું એમ નહીં.. એમ નિશ્ચય તે મુખ્ય એમ નહીં, મુખ્ય તે નિશ્ચય. કેમકે નિશ્ચય તો ત્રણેય નિશ્ચય છે દ્રવ્ય, ગુણ, ને પર્યાય-ત્રણેય પોતાના માટે નિશ્ચય છે. 'સ્વઆશ્રય તે નિશ્ચય ને પરાશ્રય તે વ્યવહાર' પણ આંહીયાં હવે ત્રણ પોતાના હોવા છતાં મુખ્ય મુખ્ય દ્રવ્યને કરવું છે તેથી મુખ્ય નિશ્ચય કહ્યો અને પર્યાયને ગૌણ કરવું છે માટે તેને વ્યવહાર કહ્યો. આહાહા !

એવું દ્રવ્ય ને પર્યાય જોડલું છે. વસ્તુ સ્વતંત્ર વસ્તુ એને પરના સંબંધની હારે કાંઈ સંબંધ નહીં. આહા ! એ દ્રવ્ય, પર્યાયરૂપ અનેકાંત, અનેક ધર્મસ્વરૂપપણું છે. દ્રવ્યધર્મ પણ એનો, પર્યાયધર્મ પણ એનો, બેય એને ટકાવી રાખ્યું છે. ધર્મ એટલે... ? ભાવ. દ્રવ્યપણું અને પર્યાયપણું એવું અનેકાંત અનેક ધર્મ એટલે ગુણો અથવા અનેકપણું તે 'નિશ્ચિત કરવામાં આવે છે તે પદાર્થ

છે ' દ્રવ્ય ને પર્યાય બેપણે નિશ્ચિત કરવામાં આવે છે તે પદાર્થ છે. એકલા દ્રવ્યને નિશ્ચિત કરવામાં આવે છે ને એકલી પર્યાયને એમ નહીં. આહાહા !

' એ જીવપદાર્થ ઉત્પાદ્ વ્યય ધ્રુવમયી સત્તાસ્વરૂપ છે ' પહેલું એ ન્યાંથી ઉપાડયું. જીવપદાર્થ ઉત્પાદ્વ્યય ને ધ્રુવસ્વરૂપ છે. એકલું ધ્રુવસ્વરૂપ છે એમ નથી અને એકલું ઉત્પાદ્વ્યય પર્યાયસ્વરૂપ છે એમ નથી. આહાહા ! ઉત્પાદ્વ્યય/ઉત્પાદ્ પહેલો લીધો, વ્યય પછી, ધ્રુવ પછી. પણ એવી એક સત્તાસ્વરૂપ હોવાવાળી વસ્તુ છે. ઉત્પાદ્વ્યયધ્રુવનું હોવાવાળું એ પદાર્થ છે. ' દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે ' – દર્શનજ્ઞાનમય પોતે ચેતનાસ્વરૂપ એ વસ્તુ. જ્ઞાતાદ્રષ્ટામય તે વસ્તુ સ્વરૂપ છે, ચેતન પદાર્થ.

' અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય છે. ' આવી ગ્યું છે ને ભાઈ પહેલું. અનંતધર્મસ્વરૂપ વસ્તુ એક છે. અનંત ધર્મ ગુણ પર્યાય અનંતા હોવા છતાં, વસ્તુ તરીકે દ્રવ્ય એક છે. આહાહા ! આવું ભણતર. ' અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય છે ' અનંત શક્તિસ્વરૂપ પદાર્થ છે. એક જ શક્તિ છે સંખ્યાત–અસંખ્યાત શક્તિ છે એમ નહીં, અનંત શક્તિસ્વરૂપ તે દ્રવ્ય છે.

' દ્રવ્ય હોવાથી વસ્તુ છે. ' દ્રવ્ય હોવાથી વસ્તુ, વસ્તુ છે. આ એ વસ્તુની ચર્ચા મોટી એક ફેરે હાલી હતી. રાજકોટ નેવાસીની સાલમાં એક વિશાશ્રીમાળી શ્વેતાંબર રાણપરનો આવ્યો હતો, અધ્યાત્મનું થોડું વાંચ્યું હશે, પછી આત્મા, વસ્તુ ન કહેવાય આત્માને એ કહે. નેવાસીની સાલ રાજકોટ ચોમાસું હતું ને. બહાર એ આવ્યો 'તો, કાંઈ ઠેકાણાં વિનાનાં. આત્માને વસ્તુ ન કહેવાય કહે, મોટી ચર્ચા ચાલી હતી. કીધું વસ્તુ કહેવાય. વસ્તુ છે. આવતો વ્યાખ્યાનમાં બેસતો તો રાણપરનો ઘણું કરીને હતો દેરાવાસી હતો શ્વેતાંબર જુવાન એને જાણે કે કંઈક જાણું છું આત્માને એવો એને ડોળ હતો.

' દ્રવ્ય હોવાથી વસ્તુ ' વસ્તુ કેમ ? અંતર શક્તિઓ અંદર વસેલી છે માટે વસ્તુ કહેવામાં આવે છે. એક જ ચીજ છે ને એક જ ગુણ છે ને એક જ પર્યાય છે એમ નથી. અનંતગુણ ને અનંતી પર્યાય જેમાં વસેલી છે. માટે તેને દ્રવ્ય અને વસ્તુ કહેવામાં આવે છે. આહાહા !

' ગુણપર્યાયવાળો છે ' અંગીકાર કર્યા છે એ આવ્યું ' તું ને ? ગુણપર્યાય જેણે અંગીકાર કર્યા છે. છે આત્મામાં ત્રિકાળી ગુણ પણ છે અને વર્તમાન પર્યાય પણ છે. ગુણપર્યાયવાળું એ તત્ત્વ છે.. એના પર્યાય માટે હૈયાતિને માટે બીજાં તત્ત્વોને લઈને આ પર્યાય છે એમ નથી.. ચાહે તો અવિકારી કે વિકારી હો પણ એ ગુણપર્યાયવાળું પદાર્થ પોતે પોતાને લઈને છે, પરને લઈને નથી. આહાહાહા ! ' ગુણપર્યાયવાળો છે '

' તેનું સ્વપરપ્રકાશક જ્ઞાન ' આત્માનું સ્વપરપ્રકાશક જ્ઞાન, છે ? ' અનેકાકારરૂપ એક છે ' એ જ્ઞાન... અનેક જ્ઞેયોને જાણે, છતાં અનેકપણે કટકા–ખંડ થતા નથી તેના. અનેકને જાણે છતાં એકરૂપજ્ઞાનરૂપે રહે છે. આહાહા ! આવી ગ્યું છે એમાં આકારોનું, આ આત્મા જે છે, એ જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. પ્રજ્ઞાસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ પ્રકાશ ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ, એ ચૈતન્ય પરને અનેક અનંતપદાર્થને જાણે, છતાં તે પરપદાર્થરૂપે થતું નથી. એ પરપદાર્થ અનંતને જાણે તેથી તે જ્ઞાનમાં અનંત ખંડ પડી જાય છે, અનંત જ્ઞેયોને જાણતાં એ જ્ઞેયાકારરૂપે અનંતખંડ થાય છે એમ નથી, જ્ઞાન તો એકરૂપે જ રહે છે, એ અનંત જાણવામાં એકરૂપે રહે છે. આહાહા !

'સ્વપરપ્રકાશકજ્ઞાન અનેકાકારરૂપ એક છે' પર આવ્યું ને એમાં ? પરને, અનેક જાણવા છતાં સ્વરૂપ તો એકજ છે. પર્યાયનો ધર્મ જ સ્વપરપ્રકાશક, અનંત પરને... અનંત પોતાના અનંતગુણો આદિ, બેયને પ્રકાશે છતાં તે એકરૂપ રહેનાર છે. જ્ઞાનના ખંડ ને ભેદ થતાં નથી ત્યાં આહાહા ! આ 'જીવ' નામના પદાર્થની વ્યાખ્યા કરે છે.

'વળી તે જીવપદાર્થ આકાશાદિથી ભિન્ન' આકાશ, પરમાણુ જેમ આ ભિન્ન ચીજ છે જુદી એવો જ પ્રભુ 'અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ છે' જેનામાં ચૈતન્યગુણ અસાધારણ એટલે કે બીજાં દ્રવ્યોમાં તો નથી. પણ બીજો એવો ગુણ નથી. એવો અસાધારણ ચૈતન્યગુણ સ્વરૂપ છે. એની સાથે અનંતા ગુણો ભેગાં છે. પણ ચૈતન્યની મુખ્યતામાં કારણકે ચૈતન્ય પોતાને જાણે, ચૈતન્ય બીજાં ગુણોની હૈયાતિને જાણે, બીજાં ગુણોની હૈયાતિ બીજાં ગુણો ન જાણે, જડની હૈયાતિ જડ ન જાણે, તે જ્ઞાન પરની હૈયાતિને જાણે અને પરના-પોતાના જ્ઞાન સિવાય અનંતા ગુણને જાણે, તેથી તેને મુખ્ય ચૈતન્યગુણ સ્વરૂપ કહેવામાં અસાધારણ, બીજો એના જેવો કોઈ છે નહીં ગુણ. આહાહા ! આ તો જીવ કેવો ? કે ત્રસની દયા પાળે ને પરને સુખ આપે ને દુઃખ આપે ને મારે ને... જીવાડે ને... એ જીવ. આ ધંધો કરે ધ્યાન રાખીને એ જીવ, મારી નાખ્યા અજ્ઞાનીએ. આહાહા ! ધંધાના પ્રવીણ થઈને હુશિયારી કરીને ધંધા કરે, દુકાનમાં થડો સાચવે, વ્યવસ્થા પાંચ પચાસ નોકરો હોય તો બધાને કબજામાં રાખે, એ જીવ ?

અહીં કહે છે એ તારી બધી વાત ખોટી છે. આહાહા ! જીવ તો સ્વને પરને જાણનારો જીવ છે. પરનું કાંઈ કરે ને પરની વ્યવસ્થા કરે એ જીવ છે જ નહીં. આહાહા ! આ હુશિયાર બાઈયું હોય ચોખા કરે વડીયું વડી બનાવે પાપડ બનાવે સેવ બનાવે સેવ સેવ હુશિયાર હોય તો પુડલા ઊંચા બનાવે તેલ પાઈને સરખા. આંહી કહે છે કે પરદ્રવ્ય છે એને પ્રકાશે, એને કરી શકે નહીં એનું. આહાહા ! આત્મા સિવાય અનંત પદાર્થ છે એનું કાંઈ કરી શકે નહીં, પણ એને પોતામાં રહીને પોતાની સત્તાથી અનેકને જાણતાં છતાં જ્ઞાન એકરૂપ રહે અનેક ખંડ ખંડ ન થાય એવો એનો સ્વભાવ છે. આહાહા ! આવી વાત છે.

'અને અન્ય દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતો નથી' ક્ષેત્ર ભલે એક છે. શરીર અહીં રહે, આત્મા અહીં ભેગો પણ આ શરીર શરીરમાં ને આત્મા આત્મામાં જુદો. આ (શરીર) તો માટી જડ ધૂળ છે. આહાહા ! અરે એને ક્યાં ખબર છે, હું કોણ છું ને ક્યાં છું એમાં ઓઘે-ઓઘે, આંધળે-આંધળા... જન્મ્યા ને પછી બાળક ને યુવાન ને વૃદ્ધ પછી મરી જાય ને વળી બીજો ભવ, થઈ રહ્યું પછી ત્યાં જનમની કતાર હાલી. એક પછી એક, એક પછી એક જનમ મરણ- જનમ મરણ જનમ-મરણ કતાર લાગી ગઈ છે અનાદિથી. આહાહા !

વસ્તુની ખબર નથી. એક ક્ષેત્રે રહ્યાં છતાં પોતામાં સ્થિત છે. આહા ! છે ને ? 'આવો જીવ નામનો પદાર્થ સમય છે જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય ત્યારે તો સ્વસમય છે' કહેલાનું ટૂંકું કરી નાખ્યું છે. 'અને પરસ્વભાવ-રાગદ્વેષમોહરૂપ થઈને રહે ત્યારે' પુદગલ કર્મના પ્રદેશ કીધાં 'તા એનો અર્થ જ રાગદ્વેષ ને મોહ કર્યો. ટીકામાં જ આવી ગયું છે. આહા ! 'પરસ્વભાવ-રાગદ્વેષમોહરૂપ થઈને રહે ત્યારે પરસમય છે.

એ પ્રમાણે જીવને દ્વિવિધપણું આવે છે. એકવસ્તુને બે-પણું આવું આવે છે. તે બેપણું છે એ શોભાયમાન છે નહીં.

એ વિશેષ કહેશે... (પ્રમાણવચન ગુરુદેવ)

## ગાથા - ૩

अथैतद्बाध्यते--

एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।
बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।

एकत्वनिश्चयगत: समय: सर्वत्र सुन्दरो लोके।
बन्धकथैकत्वे तेन विसंवादिनी भवति।।३।।

समयशब्देनात्र सामान्येन सर्व एवार्थोऽभिधीयते, समयत एकीभावेन स्वगुणपर्यायान् गच्छतीति निरुक्ते:। तत: सर्वत्रापि धर्माधर्माकाशकालपुद्गलजीवद्रव्यात्मनि लोके ये यावन्त: केचनाप्यर्थास्ते सर्व एव स्वकीयद्रव्यान्तर्मग्नानन्तस्वधर्मचक्रचुम्बिनोऽपि परस्परमचुम्बन्तोऽत्यन्तप्रत्यासत्तावपि नित्यमेव स्वरूपादपतन्त: पररूपेणापरिणमनादविनष्टानन्तव्यक्तित्वाट्टङ्कोत्कीर्णा इव तिष्ठन्त: समस्तविरुद्धाविरुद्धकार्यहेतुतया शश्वदेव विश्वमनुगृह्णन्तो नियतमेकत्वनिश्चयगतत्वेनैव सौन्दर्यमापद्यन्ते ,प्रकारान्तरेण सर्वसङ्करादिदोषापत्ते:। एवमेकत्वे सर्वार्थानां प्रतिष्ठिते सति जीवाह्वयस्य समयस्य बन्धकथाया एव विसंवादापत्ति:। कुतस्तन्मूलपुद्गलकर्मप्रदेशस्थितत्वमूलपरसमय-त्वोत्पादितमेतस्य द्वैविध्यम्। अत: समयस्यैकत्वमेवावतिष्ठते।

---

હવે, સમયના દ્વિવિધપણામાં આચાર્ય બાધા બતાવે છેઃ-

**એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.**

ગાથાર્થઃ- [ एकत्वनिश्चयगत: ] એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે [ समय: ] સમય છે તે [ लोके ] લોકમાં [ सर्वत्र ] બધેય [ सुन्दर: ] સુંદર છે [ तेन ] તેથી [ एकत्वे ] એકત્વમાં [ बन्धकथा ] બીજાના સાથે બંધની કથા [ विसंवादिनी ] વિસંવાદ-વિરોધ કરનારી [ भवति ] છે.

ટીકાઃ- અહીં ‘ સમય ’ શબ્દથી સામાન્યપણે સર્વ પદાર્થ કહેવામાં આવે છે કારણ કે વ્યુત્પત્તિ પ્રમાણે ‘ समयते ’ એટલે એકીભાવે ( એકત્વપૂર્વક ) પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે સમય છે. તેથી ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પુદ્‌ગલ-જીવદ્રવ્યસ્વરૂપ લોકમાં સર્વત્ર જે કોઈ જેટલા જેટલા પદાર્થો છે તે બધાય નિશ્ચયથી ( નક્કી ) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે કારણ કે અન્ય પ્રકારે તેમાં સર્વસંકર આદિ દોષો આવી પડે. કેવા છે તે સર્વ પદાર્થો ? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને ( સમૂહને ) ચુંબે છે-સ્પર્શે છે તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી, અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે તોપણ જેઓ

**સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી, પરરૂપે નહિ પરિણમવાને લીધે અનંત વ્યક્તિતા નાશ પામતી નથી માટે જેઓ ટંકોત્કીર્ણ જેવા ( શાશ્વત ) સ્થિત રહે છે અને સમસ્ત વિરુદ્ધ કાર્ય તથા અવિરુદ્ધ કાર્યના હેતુપણાથી જેઓ હંમેશાં વિશ્વને ઉપકાર કરે છે-ટકાવી રાખે છે. આ પ્રમાણે સર્વ પદાર્થોનું ભિન્ન ભિન્ન એકપણું સિદ્ધ થવાથી જીવ નામના સમયને બંધકથાથી જ વિસંવાદની આપત્તિ આવે છે; તો પછી બંધ જેનું મૂળ છે એવું જે પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું, તે જેનું મૂળ છે એવું પરસમયપણું, તેનાથી ઉત્પન્ન થતું ( પરસમય-સ્વસમયરૂપ ) દ્વિવિધપણું તેને ( જીવ નામના સમયને ) ક્યાંથી હોય ? માટે સમયનું એકપણું હોવુ જ સિદ્ધ થાય છે.**

**ભાવાર્થ:- નિશ્ચયથી સર્વ પદાર્થ પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહ્યે જ શોભા પામે છે. પરંતુ જીવ નામના પદાર્થની અનાદિ કાળથી પુદ્‌ગલકર્મ સાથે નિમિત્તરૂપ બંધ-અવસ્થા છે; તે બંધાવસ્થાથી આ જીવમાં વિસંવાદ ખડો થાય છે તેથી તે શોભા પામતો નથી. માટે વાસ્તવિક રીતે વિચારવામાં આવે તો એકપણું જ સુંદર છે; તેનાથી આ જીવ શોભા પામે છે.**

## પ્રવચન નં. ૧૩ ગાથા - ૩ તા. ૨૧-૬-૧૯૭૮ બુધવાર જેઠ વદ-૧ સં. ૨૫૦૪

બીજી ગાથામાં એમ કહ્યું દરેક પદાર્થ પોતાના સ્વ-સમયમાં પરિણમે તો એ આત્મારૂપે કહેવાય યથાર્થ. પરપણે પરિણમે તો એ અનાત્મારૂપ દશા થઈ. આત્મામાં એ અપેક્ષાએ દ્વિવિધપણું આવ્યું. એના વડે હવે સમયના દ્વિવિધપણામાં આચાર્ય બાધા બતાવે છે.

एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।
बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।

**એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.**

એનો ગાથાર્થ:- એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય નામ પદાર્થ પોતામાં એકત્વપણાને પ્રાપ્ત, પરના સંબંધ વિના, આમ તો એમ કહે છે વિરૂદ્ધ કાર્ય અને અવિરૂદ્ધ કાર્યથી જગત ટકી રહ્યું છે. એ તો સ્વતંત્ર સ્વભાવથી વિરૂદ્ધ પરિણમન હો કે સ્વભાવથી અવિરૂદ્ધ પરિણમન હો પણ વસ્તુ તો એમ ને એમ ટકી રહી છે. પરના સંબંધવાળી વાત આવે એ દુઃખરૂપ છે. એ વાત છે. નહીંતર તો પાછળથી એ આવશે. ઝીણી વાત છે પ્રભુ... !

એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય તે લોકમાં બધેય સુંદર છે. સુંદરનો અર્થ બે વાત છે. એક લોકમાં દરેક આત્મા એકેન્દ્રિય આદિ પર્યાયમાં, દ્રવ્ય તો શુદ્ધ જ છે. સુંદર છે દ્રવ્યપણે પણ એની સુંદરતાની પ્રાપ્તિ થાય ત્યારે તેને સુંદરપણે છે એમ કહેવામાં આવે છે. એથી એકત્વનિશ્ચયગત કીધું પરિણમન, શું કહ્યું ? કે આત્મા જે છે એ એકેન્દ્રિયથી માંડીને, ગમે ત્યાં હોય પણ દ્રવ્ય તરીકે તો એ શુદ્ધ જ છે. દ્રવ્યમાં કાંઈ ઓછપ, ખંડ, વિરૂદ્ધ, અશુદ્ધ કાંઈ થયું જ નથી. આહાહા ! બીજી રીતે એકત્વનિશ્ચયગત, જેવું સ્વરૂપ છે પ્રભુ આત્માનું એવું અભેદરત્નત્રયપણે પરિણમે તે સુંદર

છે. વસ્તુ સુંદર છે એ તો સામાન્ય વાત કરી, દ્રવ્યની વાત કરી, દ્રવ્ય, પણ એ દ્રવ્યની સુંદરતા, એના પરિણમનમાં ભાન આવ્યા વિના એ સુંદરતા છે, એવો નિર્ણય અનુભવ ન થાય ત્યાં સુધી એને સુંદર છે એની ખબર નથી.

એકત્વનિશ્ચયગત, ભગવાન આત્મા, પોતાનું જે અભેદ રત્નત્રય એકત્વ, શુદ્ધ જે દ્રવ્ય સ્વભાવ જે ધ્રુવ તેને ધ્યેય, ( બનાવીને ) જે સમ્યગ્દર્શન-જ્ઞાન, ચારિત્ર અભેદપણે થાય તે સુંદર છે. વસ્તુ તરીકે સુંદર સર્વત્ર છે. એ તો એક સાધારણ વાત કરી પણ એ સુંદરતા છે, એનું પરિણમનમાં ભાન થાય એને માટે એ સુંદરતા બરાબર છે. સમજાણું કાંઈ ? એવી વાતું છે આ !

એકત્વનિશ્ચયને પ્રાપ્ત, પ્રાપ્ત છે ને ? અભેદ રત્નત્રયને પ્રાપ્ત થાય, પ્રભુ આત્મા શુદ્ધ ચિદાનંદઘન પ્રભુ, એ પોતાના સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર એવી દશાને પ્રાપ્ત થાય, ત્યારે જ તેની શોભા છે. ત્યારે તેનું વાસ્તવિક અસ્તિત્વ દૃષ્ટિમાં આવ્યું, અનુભવમાં આવ્યું. સમજાણું કાંઈ ? આહાહા !

“ તેથી એકત્વમાં બીજાના સાથે બંધની કથા ” ભગવાન આત્માને કર્મના નિમિત્તના બંધની સાથે સંબંધ, એ નિંદ્ય છે, વિકાર ઉત્પન્ન કરનાર છે, એ નિંદ્ય છે, બંધ કથા એટલે બંધ ભાવ, ભાવ શબ્દે બંધ કથા છે. છે ને ? બંધ કથા. બીજાના સાથે બંધની કથા શબ્દ છે પણ એનો અર્થ એ કે બીજાની સાથે બંધનો જે ભાવ એ નિંદનીય છે. આ તો સમયસાર છે ! એના એકેક શબ્દમાં સર્વજ્ઞ ભગવાનની કહેલી વાણી છે આ. ઘણી ગૂઢતા છે. આહાહા ! ભગવાન આત્મા એકપણું પામે તે શોભા છે. દ્રવ્યે તો એકપણું છે. પણ દ્રવ્ય આવું છે એવી અભેદ રત્નત્રયની પરિણતિ પામે ત્યારે તે શોભાને પ્રાપ્ત થાય. એમાં કર્મના સંબંધના બંધની કથા, એટલે ભાવ. એ સંબંધીનો જે ભાવ એ વિરોધ છે. એ નિંદનીય છે. આહાહા ! એ આત્માને અણાત્મ દશા બનાવે એવી એ દશા છે, માટે તે વિરોધ છે, ઝીણી વાત છે ! આ વાર્તા નથી આ તો ભગવાનની સર્વજ્ઞ વીતરાગ. આહાહા ! ત્રિલોકનાથ તીર્થંકરદેવ એનું આ કથન છે ભાઈ. આહાહા ! વિસંવાદ, વિરોધ કરનારી છે, એ શબ્દાર્થ થયો.

ટીકાઃ– અહીં ‘ સમય ’ શબ્દથી સામાન્યપણે એટલે બધા પદાર્થોની કોટિ એને અહીં સમય કહેવામાં આવે છે. ધર્માસ્તિકાય, છે ને ? સર્વ પદાર્થોમાં આવે છે. “ કારણ કે... વ્યુત્પત્તિ પ્રમાણે ‘ समयते ’ એટલે એકીભાવે એકત્વપૂર્વક પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે સમય છે ”. એ બધા પદાર્થો આવી ગયા. તેથી, શું કીધું ઈ ? સામાન્યપણે ‘ સમય ’ એટલે એકલો આત્મા એમ નહિં, બધા પદાર્થો, સમ્ + અય પોતે પોતાપણે પરિણમે એવો સમય, એટલે છએ દ્રવ્ય. જે એકીભાવે પોતાના ગુણની પર્યાયપણે પ્રાપ્ત થઈને પરિણમન કરે તે સમય છે.

“ તેથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ, પુદ્ગલ ને જીવદ્રવ્ય, ( છ દ્રવ્યો ) જીવદ્રવ્યસ્વરૂપ લોક, આહાહા ! સર્વત્ર જે કોઈ જેટલા જેટલા પદાર્થો છે ” જેટલા જેટલા સંખ્યાએ, અનાદિથી અને અનંતકાળ એમને એમ જેટલા પદાર્થ છે તેટલા જ રહેવાના છે. આહાહા ! તેથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ અને પુદ્ગલ ને જીવદ્રવ્યસ્વરૂપ લોક સર્વત્ર. “ જે કોઈ જેટલા જેટલા પદાર્થો, તે બધા ખરેખર એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી – સુંદરતા પામે છે. ” એકલા રહે પોતાના ભાવમાં, પરના સંબંધ વિના, એ સુંદરતાને પ્રાપ્ત

કહેવાય છે. આહાહા.!

" કારણ કે અન્ય પ્રકારે તેમાં સર્વસંકર આદિ દોષો આવી પડે ", અથવા બીજી રીતે કહીએ તો બે દ્રવ્ય એક થઈ જાય, કાં એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થઈ જાય. જો આ રીતે ન હોય તો એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થઈ જાય, સમજાણું કાંઈ ? અને એક દ્રવ્ય અને બીજા દ્રવ્ય વચ્ચે ખીચડો થઈ જાય બે એક થઈ જાય. બે એક થઈ જાય એ જુદું અને એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થઈ જાય, એ બીજું. એવા એવા દોષો આવે, જો આ રીતે ન હોય તો. આહાહા ! આવું છે. આમાં એકેન્દ્રિયા... બેઇન્દ્રિયા ત્રિઇન્દ્રિયામાં વખત ગાળ્યો હોય તો એને આ સમજવું કઠણ પડે. આહા ! સામાયિક કરી, પોષા કર્યા ને પડિકમણાં કર્યા ને ધૂળેય નથી ક્યાંય સામાયિક. આહાહા !!

આતમ પદાર્થ જેમ છે એમ છએ દ્રવ્યો, ભગવાને- જિનેશ્વરદેવે કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયાં, તે છ દ્રવ્ય પોતાના ગુણ પર્યાયને પ્રાપ્ત થાય. તે તેની શોભા છે. પરના સંબંધમાં કાંઈ પણ થાય એ એની શોભા નથી. આહાહા !

અન્ય પ્રકારે સંકર આદિ દોષો આવી પડે. કેવા છે તે સર્વ પદાર્થો ? આહાહા !! " પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ " દરેક દ્રવ્ય જે છે વસ્તુ, અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય અને એક આકાશ એ બધા પદાર્થો દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ જે પોતામાં ગુણ અને પર્યાયપણે છે. " પોતામાં અંતર્મગ્ન રહેલા અનંત ધર્મો. " ધર્મ એટલે ગુણ અને પર્યાય, જે દ્રવ્યે પોતાના ગુણ પર્યાયને ધારી રાખેલ છે. આહાહા !! છે ? " પોતાના અનંત ધર્મોના ચક્રને એટલે સમૂહને સ્પર્શે છે. " દરેક દ્રવ્ય અનંતની સંખ્યાએ જે છે, તે તે દ્રવ્ય પોતામાં રહેલા ગુણ એટલે કાયમ રહેલી શક્તિઓ અને વર્તમાન પર્યાય, એને તે દ્રવ્ય, પોતાના ધર્મને ચૂંબે છે તેને અડે છે, તેને સ્પર્શે છે. આહાહા ! ' તોપણ ' તોપણ કેમ કહ્યું ? કે પોતાના ગુણ પર્યાયને તો સ્પર્શે છે ને ! તો બીજા હારે પણ સ્પર્શે અને અડે તો શું વાંધો ? આહાહા !

" જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી " આ એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. આહાહા ! એક આત્મા એ કર્મના ઉદયને જડની દશાને એ આત્મા અડતોય નથી, સ્પર્શતો નથી. એક પરમાણુને આત્મા અડતો નથી, સ્પર્શતો નથી. આહાહા ! પગ અહીંયા ચાલે છે જમીન ઉપર, તો એ પગ જમીનને અડયા વિના ચાલે છે, આરે ! આવી વાત હવે !! વીતરાગ સર્વજ્ઞએ કહેલા તત્ત્વો, સ્વતંત્ર અને પરના આલંબન વિના જેનું રહેવું ટકવું પોતાના ધર્મ એટલે ગુણ પર્યાયમાં ચૂંબીને રહે છે. આહાહા ! આ હાથ છે એ અહીં અડતો નથી કહે છે નાકને, છરી છે એ શાકને આમ કાપતા શાકને છરી અડતી જ નથી. કહો, એ શાક તો એના પરમાણુની એની પર્યાય, એકેક પરમાણુની પર્યાય તે કાળે થવાની તે પોતાથી થાય છે. છરી એને અડતીય નથી અને છરીથી કટકા થયા જ નથી. આરે ! આવી વાત છે.

( શ્રોતાઃ શાક પાટીયા ઉપર લાવીને મૂકે છે ને ? ) પાટીયાને અડતુંય નથી શાક. એ રોટલી જે છે એને વેલણું અડતુંય નથી. ( આપની વાત સાંભળવી બહુ કઠણ ! ) આમાં ઈ કહે છે, કોઈપણ દ્રવ્ય, દ્રવ્ય છે એટલે પોતામાં કાયમ રહેનારા ગુણો પણ હોય અને પલટતી અવસ્થા પણ હોય, એવું હોવા છતાં પણ પોતાના ગુણ પર્યાયને ચૂંબે, અડે પણ બીજાના દ્રવ્ય ગુણ

પર્યાયને અડતું નથી, ત્રણ કાળ ત્રણ લોકમાં. આહાહાહા ! વીંછી આ શરીરને ડંખ મારતો નથી ( અડતો નથી તો ડંખ ક્યાંથી મારે ) અડતો નથી. આહા ! આ તે શું કહે છે ? વસ્તુ સ્થિતિ જ એવી છે. સ્વપણે છે, પરપણે નથી. નથી એને એ કેમ અડે ? આહાહા !

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એના કહેલાં તત્ત્વો ઝીણાં છે બહુ બાપુ ! વાડામાં ( સંપ્રદાયમાં ) જન્મ્યા એનેય એની ખબર ન મળે. આ તો પરની દયા પાળો અને આ કરો. અહીં તો કહે છે કે પરને અડતો નથી ને દયા શી રીતે પાળે ? દયા પાળવી એટલે શું ? બીજા જીવની રક્ષા કરવી. રક્ષા એટલે કે છે એને એમ રાખવા, તો આત્મા એને અડી શકતો નથી તો રક્ષા શી રીતે કરે ? રક્ષા કરવાનો ભાવ હો, એ તો એની પર્યાયમાં ભાવ હોય, પણ એ પર્યાય પરની રક્ષા કરી શકે છે ? પરને અડતી નથી એ પર્યાય. આહાહા ! અહીં તો સારા ( સર્વ ) મનુષ્યોને, આગળ મજ્જંતુ ( આવશે સારા લોક ) આખી દુનિયા આવો અને આમાં ભાવો ! સાગમટે નોતરૂં છે. આહાહા !

કહે છે કે જે તાવડીમાં જે રોટલી થાય એ રોટલી તાવડીને અડતી નથી અને તાવડી રોટલીને અડતી નથી, તાવડી અગ્નિને અડતી નથી, અગ્નિ તાવડીને અડતી નથી, આવી વાત છે. આહાહા ! વસ્તુનું સ્વરૂપ જ આ સ્થિતિએ છે, આ રીતે ન હોય તો ખીચડો થઈ જાય, ન આવ્યું પહેલું ? એક બીજામાં સંક્રમણ થઈ જાય અને કાં એક બીજા, એક થઈ જાય વિગેરે ગોઠવણ કરતા. આહાહા !

જુઓ ! આને ( હાથને ) અડયા વિના આ ઊંચું થાય છે. આહાહા ! આ કાગળને અડીને આમ આ ઊંચું થાય છે એમ નથી. આંગળી આને અડતી જ નથી, આવું છે. હવે એને દયા પાળવી અને બીજાની હિંસા કરવી, આહાહા ! સત્ય બોલવું અને જૂઠું બોલવું નહિં ને અને જૂઠું બોલવું ને એ બધી જડની પર્યાયને આત્મા અડતો નથી ને કરે ક્યાંથી ? આહાહાહા ! આકરું કામ બહુ. આ જીભ, આ હોઠ છે એ આ હોઠને અડતો નથી. કેમકે પ્રત્યેક રજકણ પોતાના ગુણ પર્યાયને અડે છે, પણ બીજાના દ્રવ્યગુણ પર્યાયને તે ચૂંબતો, અડતો, સ્પર્શતો નથી. આહાહા ! આવું વસ્તુનું સ્વરૂપ છે. ( ભેદજ્ઞાન પહેલું છે ) વસ્તુ સ્થિતિ આવી છે. એ આંગળાને હાથ અડતો નથી ને અવાજ થાય છે એને આ હાથ અડતો નથી. ને અવાજ અંદરથી આવ્યો, ભાષાની પર્યાયની સ્વતંત્રતા, ભાષા પોતાના ગુણ પર્યાયને અડે છે. એમાં આ હાથ પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે, પણ એ ભાષાની પર્યાયને સ્પર્શે આત્મા ( એમ નથી. ) આહાહાહા ! ઊનું ધગધગતું પાણી ચામડીને અડતું જ નથી અને અહીંયા ફોલ્લાં પડે છે. આ કઈ જાતનું ? આ તો વીતરાગની કોલેજ છે.

જિનેશ્વરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા એમણે જોયેલા પદાર્થો જે રીતે સ્વતંત્રપણે છે એ રીતે તેમનું પ્રભુનું કથન છે. આહાહા ! અહીં થપ્પડ મારે આમ તો કહે છે આંગળી આને ( ગાલને ) અહીં અડતી નથી. કોણ કરે ? અડતી નથી આ, અડતું નથી આ. આ જુદા રજકણ આ જુદા રજકણ આહાહા ! માટે કોઈ મારે અને એમ કહે કે હું તો તને અડતો નથી, પણ મારવાનો ભાવ તેં કર્યો. એમાં તને એમ થયું કે હું આને આમ કરું, એ જ મિથ્યાત્વભાવ છે. આહાહાહા ! એક દ્રવ્યની પર્યાય વર્તમાન દશા, બીજા દ્રવ્યની પર્યાયને ત્રણ કાળમાં અડતી નથી,

સ્પર્શતી નથી. ચૂંબતી નથી. આહાહા ! અડે તો બે પર્યાય એક થઈ જાય, કાં બે પર્યાય છે એ એક પર્યાય બીજા પર્યાયરૂપે થઈ જાય. આહાહા ! આવું તત્ત્વ છે. છે ? છે અંદર જુઓ ! આ એક લીટીમાં બધું સમાણું છે " સર્વ પદાર્થો " એમ આવ્યું ને ? આહાહા !

સર્વ પદાર્થ, આહાહા ! જ્યાં જીવ ગતિ કરે એ પોતાના ગુણ પર્યાયને સ્પર્શીને ગતિ કરે, પણ ધર્માસ્તિકાયને એ અડે છે એમ નથી. તેમ ધર્માસ્તિકાય છે, માટે આંહી આને અડે છે ગતિ કરનારને ( એમ નથી ) આહાહા ! આવી વાત. છીણી આમ લોઢા ઉપર પડે, પણ એ લોઢાને છીણી અડતી નથી, કેમ કે છીણીના પરમાણુઓ પોત પોતાના ગુણ પર્યાયમાં રહેલા છે અને લોઢાના ગુણ પર્યાયો એમાં રહેલા છે, છીણીની પર્યાય એને અડતી નથી, છીણીનો પર્યાય ધર્મ પરના પર્યાય ધર્મને છૂતો ( અડતો ) નથી. આહાહાહા ! કેટલો એણે અહંકાર કાઢવો પડશે ? જ્યાં હોય ત્યાં મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું. અહીંયા તો આગળ લઈને ઈ કહેશે કે વસ્તુ જે છે આત્મા, એ વ્યવહારને સ્પર્શતો નથી, તેમ નિશ્ચય વ્યવહારને સ્પર્શતો નથી. ત્યારે તે સુંદરતાને પામે છે. અભેદ રત્નત્રય કહ્યું ને !

એકત્વ નિશ્ચયગત, પોતામાં જે જ્ઞાન દર્શન આદિ આનંદ ગુણ છે, અને એનું પરિણમન છે. પરિણમન છે, વિરૂદ્ધેય પરિણમન છે, એ છે એની અવસ્થામાં એ રીતે વિશ્વ ટકી રહ્યું છે. પણ એ સુંદરતાને એમ ન પામે એમ કહે છે. સુંદરતાને તો વિકૃત્ત રહિત આત્મા પોતાની નિર્મળ અભેદ રત્નત્રયને પામે, એ એની સુંદરતા છે. અને એ વ્યવહાર રત્નત્રયને, એ અભેદ રત્નત્રયની પર્યાય, વ્યવહાર રત્નત્રયનો જે રાગ એને અડતો નથી. અને વ્યવહાર રત્નત્રયનો રાગ અભેદ રત્નત્રયને છૂતો નથી, કે જેથી વ્યવહાર રત્નત્રયથી નિશ્ચય રત્નત્રય થાય એમ નથી. આહાહા ! આવું છે લોકમાં, જૈનમાં વાડામાં જન્મ્યા એને ખબર ન મળે જૈનની, અમે જૈન છીએ, જૈન છીએ, અરે બાપુ ! જૈન કોને કહેવા ભાઈ ? આહાહા !

સમસ્ત પદાર્થો એમાં કોઈ પદાર્થ બાકી ન રહ્યો. અનંત અનંત પરમાણુઓ, આહાહા ! પાણી અગ્નિને અડતું નથી અને પાણી ઊનું થાય છે એ એનો પોતાનો પર્યાય ધર્મ છે માટે. આહાહા ! એ તો પોતાના ગુણ અને પર્યાયના ધર્મને એ પાણીના રજકણો અડે છે, અગ્નિને અડતું નથી અને ઊનું થાય છે. આહાહા ! એ ઊની એની પાણીના રજકણની સ્પર્શ ગુણની પર્યાય છે. એ પર્યાય અગ્નિથી થઈ નથી. આહાહાહા ! નહીં તો અગ્નિથી પાણી ઉનું થયું, એ તો પ્રત્યક્ષ છે– પહેલું પાણી ઠંડુ હતું. એ અગ્નિને અડયું ત્યારે ઊનું થયું બાપુ ! તું શું જુઓ છો ? એ પાણી પોતે જ બદલ્યું છે એમ તું જો કે અગ્નિ સંયોગ આવી માટે બદલ્યુ જો તો, તારી દૃષ્ટિમાં ફેર છે. આહાહા ! પાણી પોતે બદલીને ઊનું થયું છે. એ સંયોગી ચીજથી ઊનું થયું છે એમ ત્રણ કાળમાં નથી. આહાહાહા !

હજી તત્ત્વની વ્યવસ્થા આવી છે એમ એને બતાવીને નિમિત્ત ઉપરથી તો લક્ષ છોડાવવું છે, પણ નિશ્ચયમાં જે વ્યવહાર સાથે હોય છે, એનુંય લક્ષ છોડાવવું છે અને અભેદ રત્નત્રયને કરાવવાની વાત છે. આહાહાહા ! સુડતાલીસ શક્તિ આવી છે ને, તું ! એમાં કોઈ શક્તિ ત્યાં એવી સીધી રીતે પોતાપણે છે ને પરપણે નથી, એવું નહીં પણ તત્ ને અતત્માં નીકળે છે એ. આત્મા જ્ઞાનરૂપ છે તે જ્ઞાનરૂપ રહે છે, અને જ્ઞેય એ રાગાદિ જ્ઞેયરૂપે થતો નથી. એમાં અસ્તિ

નાસ્તિની વાત આવી જાય છે. નયમાં તો સાત ( ભંગમાં ) અસ્તિના તો ભંગ જુદા પાડયા છે. દ્રવ્ય પર્યાય અસ્તિ–નાસ્તિ, અસ્તિ–નાસ્તિ ને સ્યાત્ અવક્તવ્ય.

પણ, આમાં તો વસ્તુ વસ્તુપણે છે. આત્મા, એ જ્ઞેયપણે ખરેખર તો રાગ અને પરવસ્તુ એ પણ જ્ઞેય છે. એ જ્ઞેયપણે તે વસ્તુ ( આત્મા ) થતી નથી. આહાહાહા ! જ્ઞાન પોતાને જાણતાં, જાણવાના કાળે રાગને, વ્યવહારને જાણે છતાં, તે રાગને રાગરૂપે જ્ઞાન થયું નથી. આહાહા ! એ રાગની પર્યાય છે માટે અહીં સ્વપરપ્રકાશક પર્યાય થઈ એમ નથી. એ પોતાના જ ગુણ પર્યાયનો ધર્મ તે વખતે, સ્વપરને જાણવાનો સ્વથી ઉત્પન્ન થયો છે, એને એ સ્પર્શે છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? પણ ખરેખર તો રાગને એ સ્પર્શતો જ નથી. બહારનાં કોઈ ગુણને તો સ્પર્શતો નથી, એ તો એક કોર રાખો, કારણ કે આત્મામાં બંધ કથા વિસંવાદી બતાવવી છે ને ?

ભગવાન એક સ્વરૂપે છે એને રાગનો સંબંધ બંધ કથા એટલે બંધ ભાવ. આહાહાહાહા ! આમાં એમ કહેવું છે કે દરેક પદાર્થ વિરૂદ્ધ સ્વભાવ કે અવિરૂદ્ધ સ્વભાવ એ પણે રહીને ભિન્ન ટકી રહ્યા છે. કોઈ કોઈને કારણે કાંઈ છે નહીં, એ રીતે જગત ટકી રહ્યું છે. પણ આંહિ પાછું એ બતાવીને એમાંથી જુદું પાડવું છે, પરથી તો જૂદો પાડયો. ( આત્માને ) પણ એના પર્યાયમાં જે ધર્મ છે, એને પણ જૂદો પાડવો છે. આહાહા ! આમ એક કોર એમ કહ્યું કે પોતાના ગુણપર્યાયને ચૂંબે છે. વિકારને પણ એ ચૂંબે છે પરને નહીં. પણ હવે અહીંયા તો એકત્વ નિશ્ચયગત સિદ્ધ કરવું છે.

ભગવાન આત્મા એકલો ચિદાનંદ ધ્રુવ, અનાકુળ શાંત રસનો કંદ, શાંત રસપણે પરિણમે, એ વ્યવહારના રાગને અડતોય નથી, વ્યવહારના રાગને સ્પર્શતો નથી– વ્યવહારનો રાગ, ભગવાન શાંતપણે પરિણમે છે, ધર્મપણે, અભેદ રત્નત્રયપણે, એમાંય આ વ્યવહારનો રાગ આંહી અડતો નથી. આહાહા ! આ તો વીતરાગ સર્વજ્ઞદેવ એમણે કહેલાં તત્ત્વોની ગંભીરતા છે પ્રભુ ! એ વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય, વીતરાગ જિનેશ્વર સિવાય ક્યાંય છે નહીં. બધે ઓછું, અધિક ને વિપરીત કરીને, વિપરીત કરી નાખ્યું છે. વાડાવાળાનેય ખબર નથી, હજી પડયા છે ક્યાં છે શું છે ને કોણ છે. આહાહા !

આંહિ તો કહે નિમિત્ત આવે તો કાર્ય થાય, જ્યારે અહીંયા તો એમ કહે છે, નિમિત્ત અડતું નથી ને કાર્ય થાય એ શી રીતે તું કહે છે ? આહાહા ! ને અંદરમાં જ્યારે ભેદજ્ઞાનથી લઈએ ત્યારે તો ‘ એકત્વગત ’ એટલે અભેદ રત્નત્રયપણે પરિણમે એને ભેદ રત્નત્રય અડતું નથી કે ભેદ રત્નત્રય છે માટે અભેદ રત્નત્રય થયું એમ નથી. આહાહા ! ઝીણું છે ભાઈ આ. આવો માર્ગ હવે. આહાહા ! ઓલો તો સવારે ઊઠે નમો અરિહંતાણં કરીને એક સામાયિક કરે, થઈ ગયો ધર્મ જાવ, હવે ત્રેવીસ કલાક પાપ કરો. સામાયિકેય કોની હતી ? મિથ્યાત્વની હતી. આહાહા ! રાગ મંદ કરે કદાચિત્ ત્યાં તો એ પુણ્ય હતું એમાં એણે ધર્મ માન્યો હતો, એ તો એણે મિથ્યાત્વને સેવ્યું છે. આહાહાહાહા ! આવી વાત છે.

અહીં કહે છે સર્વ પદાર્થો. ભગવાને સર્વજ્ઞદેવે, જિનેશ્વરદેવે, જે અનંત આત્મા કહ્યા, અનંત પરમાણુ આ રજકણો છે. આ ( આંગળી ) એક ચીજ નથી કાંઈ એના કટકા કરતા કરતા છેલ્લો પોઈન્ટ રહે તે પરમાણુ, એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. આહાહા ! છતાં શાસ્ત્રમાં એમ આવે કે એક પરમાણુમાં બે ગુણ ચીકાશ છે, બીજા પરમાણુની ચાર ગુણની

ચીકાશ છે, એ ભેગી થાય તો ચાર ગુણ થાય. એ તો એ સમયે ચાર ગુણ થવાની પર્યાયમાં યોગ્યતાનો ધર્મ પોતાનો છે. એ ચાર ગુણવાળું નિમિત્ત હતું માટે ચાર ગુણ થઈ, એમ નથી. અરે ! બહુ ફેર, ઘણી વાતનો ફેર, આહાહા ! અને આ શરીરના રજકણો છે આ જડ માટી ધૂળ એ આત્માને અડચાય નથી અંદર, અને આત્મા પણ શરીરનેય અડચો નથી ત્રણ કાળમાં. એક વાત.

આત્મા, કર્મનો ઉદય જડ છે અંદર, પરમાણુની સત્તા છે એમાંથી ઉદય આવે છે એ જડ છે, એને આત્મા અડતો નથી. તેમ એ કર્મનો જે ઉદય જડ છે પર્યાય, એ પોતાના પર્યાયને સ્પર્શે છે, પણ એ જડની પર્યાય અહીં રાગને અડે છે, માટે અહીંયા રાગ થાય છે, એમ છે નહીં. આહાહાહા ! આકરું કામ છે બાપુ વીતરાગ માર્ગ બહુ ઝીણો ! આહાહા ! આ ચશ્મા છે એ અહીં અડચા વિના અહીં રહેલા છે, કોણ માને ? પાગલ કહે, પાગલ. હેં ? ( શ્રોતાઃ પાણી ઉતરી જાય ) અને આ પગ જે જમીન ઉપર ચાલે છે, એ પગ જમીનને અડચા વિના ચાલે છે એમ અહીં કહે છે. પગ જે ચાલે છે એને આત્મા અડચો નથી, પગને જમીન અડી નથી, પગ જમીનને અડચો નથી, પગના રજકણને આત્મા અડચો નથી. આત્મા રજકણને અડચો નથી અને પગની ગતિ આમ થાય છે, એ રજકણની પોતાની પર્યાયને લઈને થાય છે. આહાહાહાહા ! ક્યાં આ માણસને, સમજવું ? ચોવીસ કલાકમાં આ કર્યું ને તે કર્યું, આ કર્યુ ને તે કર્યું. આહાહા !

પર પદાર્થની જાણે વ્યવસ્થા મેં કરી દુકાનના ધંધાની વ્યવસ્થા મેં કરી, ઉઘરાણી પણ હું ગયો ને બરોબર હું લાવ્યો, અરે પ્રભુ શું કરે છે તું આ ? એ બધો મિથ્યાદૃષ્ટિનો મિથ્યા પાપનો પાખંડ ભાવ છે. આહાહા ! જુઓ, આ ત્રીજી ગાથા. એક બે ને ત્રણ એમ નથી કરતા ( હરિફાઈમાં ), ઓલાની હારે, હેં ? ત્રણે પૂરું કરી દે છે.

ત્રીજી ગાથામાં, ‘ એયત્તણિચ્છગદો ’ પ્રભુ, ભગવાન આત્મા, પોતાના શુદ્ધ સ્વરૂપને પવિત્રને, પુણ્ય-પાપના વિકલ્પ છે એ રાગ છે, એને પ્રાપ્ત થાય એ તો બંધ કથા, બંધ ભાવ છે. આહાહા ! આહાહા ! હા, સ્વભાવથી વિરૂદ્ધ કાર્ય અને અવિરૂદ્ધ કાર્યથી જગત ટકી રહ્યું છે એમ બતાવ્યું, એમ કે એ કોઈને લઈને કોઈ છે એમ નહિ. પણ હવે અહીં તો આત્માની વાત કરતાં તો વિકારથી પણ જુદો આત્મા બતાવવો છે. આહાહા ! એમ કે આ દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને કરીએ તો સમ્યગ્દર્શન થાય, તો ધર્મ દશા વ્યવહાર કરતાં કરતાં થાય અને વ્યવહાર નિશ્ચયને પહોંચાડે એ તદ્દન મિથ્યાશલ્ય છે. આહાહાહા !

મિથ્યાદર્શન શલ્ય મહાપાપ છે, હવે એ પાપની કાંઈ ખબર ન મળે, જીવ મરે તો પાપ લાગે એમ કહે છે. આહાહા ! અહીં તો કહે છે કે જીવ મરે છે એ એની આયુષ્યની પૂરી સ્થિતિ થાય માટે, તું એને મારી શકે છો એ ત્રણ કાળમાં બની શકતું નથી. આહાહા ! કેમ કે જીવ એને અડી શકતો નથી. અડતો નથી અને મારે શી રીતે ? બહુ ફેર આ તો, હેં ? આવું સ્વરૂપ છે બાપુ. આહાહા ! જિનેશ્વરદેવ એનો ઉંડો કૂવો- અનંત ગુણનો ધણી પ્રભુ છે ત્યાં એને લઈ જવા માગે છે. આહાહા ! સંયોગથી તો જુદો પણ સંયોગી ( ભાવ ) રાગ, વ્યવહારરત્નત્રય, સંયોગી ભાવ, આહાહાહા ! એપણે પરિણમતું, પરથી જુદાપણું ત્યાં રાખ્યું, પણ એપણે પરિણમતું, સ્વભાવથી જુદો છો એ ન કર્યું તેં. આહાહા ! આહાહાહા ! આ બે લીટીમાં આટલું બધુ ભર્યું છે. આ તો બધા દાખલા છે. આહાહા ! ચાર પૈસે શેર તો મણના અઢી રૂપિયા પછી સાડી સાડત્રીસ શેરના સાડી

સાડત્રીસ આના, દસ શેરના દસ આના, પચીસ શેરના પચીસ આના, એ તો બધી એની કૂંચીનો એ દાખલો.

એમ આ ' સર્વ પદાર્થો, કેવાં છે સર્વ પદાર્થો ? એમ કહ્યું છે ને ? કેવાં છે સર્વ પદાર્થો ? સર્વ એટલે અનંત પદાર્થો, અનંત એટલે અનંત આત્માઓ અને અનંત રજકણો અને અસંખ્ય કાળાણુઓ કેવા છે ? " પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ. " પોતાના દ્રવ્યમાં રહેલા છે અંતર્મગ્ન એવા આહા ! " પોતાના અનંત ધર્મોના ચક્ર " ચક્ર એટલે સમૂહ. આહાહા ! આત્મા પોતાના અનંતા ગુણ અને અનંતી પર્યાય નિર્મળ તેને અડે છે ને ચૂંબે છે. આહાહાહા ! " એમાં રહેલાને ચૂંબે ને અડે " છે. આહાહાહા ! નિશ્ચયથી તો ભગવાન આત્મા વ્યવહાર દયા દાનનો વિકલ્પ ઊઠે છે એને એ આત્મા ચૂંબતો નથી, અડતો નથી. આહાહા ! એ ભિન્ન રહે છે. આહાહાહા ! આવો જૈન ધર્મ હશે ! જૈન ધર્મ તો ભાઈ આ સામાયિક કરો, પોહા કરવા ને પડિકમણા કરવા આ જાત્રા કરવી ગીરનાર અને પાલીતાણા બાપા એ બધી વાતો છે.

એ શરીરની ક્રિયાઓ શરીરમાં, એ શરીરનો ધર્મ છે એ તો એનો, એથી એની ક્રિયા થાય છે. તારામાં રાગ થાય એ તો પુણ્ય છે, જૈન ધર્મ નથી. રાત્રે કહ્યું ' તું ૮૩ ગાથા ( ભાવપાહુડ–અષ્ટપાહુડ ) પૂજા, ભક્તિ, વંદન, વૈયાવચ્ચ, વ્રત એ બધા ભાવ પુણ્ય છે, ધર્મ નથી. એ રાગ છે એ આત્માનો વીતરાગ ધર્મ નથી. આહાહાહાહા !

અહીંયા તો બંધ કથા બતાવીને, રાગનો સંબંધ પણ ખોટો છે એમ બતાવવું છે. આમ બધું જગત ટકી રહ્યું છે એ પોત પોતાના ગુણ પર્યાયમાં, ભલે વિરૂદ્ધરૂપે કે અવિરૂદ્ધરૂપે, જગત એમ ટકી રહ્યું છે કોઈના સંબંધથી ટકી રહ્યું છે એમ નથી. એમાંથી પાછું કાઢીને, અભેદ રત્નત્રયપણે પરિણમે આત્મા, શુદ્ધ ચૈતન્ય વસ્તુ, પરને તો અડે નહીં પણ રાગને અડે નહીં. અને પોતાના ગુણપર્યાયને અડે ને સ્પર્શે દ્રવ્યને, પોતાની પર્યાય દ્રવ્યને સ્પર્શીને. આહાહા ! જે દ્રવ્ય પર્યાયને અડયું છે, ચૂંબ્યું છે, એ પર્યાયને દ્રવ્ય સાથે ચૂંબાવીને, સ્પર્શીને, આહાહા ! જે નિર્મળ સમ્યગ્દર્શન જ્ઞાન થાય, એનું નામ પરમાત્મા જૈન ધર્મ કહે છે. આહાહાહાહા ! બાકી તો મજૂરી કરી કરીને મરી ગયો અનંત કાળથી. એક તો વેપાર ધંધાની મજૂરીઓ, મોટા મજૂર એ ફુલચંદભાઈ. હેં ? આહાહા ! પતરા ફેરવ્યા ને આ ફેરવ્યા ( આપ કહો ને ના પડાય ) આહા !

જિનેશ્વરદેવ, ઇન્દ્રો ને ગણધરોની સમક્ષમાં આમ કહેતા હતા. એ વાત આ આવી છે અહીં. ઇન્દ્રો ને ગણધરો ભગવાન પાસે બિરાજે છે અત્યારે મહાવિદેહમાં, સીમંધર પ્રભુ બિરાજે છે, ત્યાં આ કહેતા હતા એ વાણી અહીં આવી છે. કુંદકુંદાચાર્ય ત્યાંથી આવ્યા, આહાહા ! અહીંથી ગયા હતા, ત્યાંથી પાછા આવ્યા ત્યારે આ બનાવ્યું " સમયસાર ", આહાહાહા ! ત્યારે એમ કહ્યું કે ભગવાન ત્રણ લોકના નાથ સીમંધર પ્રભુ, તું જેની સામાયિકમાં આજ્ઞા માગે છે, હે ભગવાન ! એ ભગવાન એમ કહે છે. આહાહા ! કે પરની દયા તું પાળી શકતો નથી, કેમકે પરને તું અડી શકતો નથી. આહા ! પરને મારી શકતો નથી કેમકે પરને અડી શકતો નથી. આહાહા ! જૂઠા બોલવાની ભાષા તું કરી શકતો નથી કેમકે એને અડતો નથી. આહાહાહા ! આગળ જઈને જૂઠા બોલવાનો જે ભાવ છે વિકલ્પ એ ( અશુદ્ધ ) નિશ્ચય રત્નત્રય છે એ એને અડતો નથી. આહાહા ! આ તો વીતરાગ માર્ગ બાપુ ઝીણો છે ! એક ( ની ) કથા ઝીણી હોય તોય પણ

સાધારણ માણસો, ( એ ) આ તો જિનેશ્વરદેવ, ત્રિલોકનાથ ( ની વાણી ) એને સાંભળી નથી, આહાહા ! કરે તો ક્યાંથી.

પાછા પોતાના અનંત ધર્મો લીધા છે, અસંખ્ય કે સંખ્ય નહિં. દરેક પરમાણુ એક પરમાણુ હો, પોઈન્ટ છેલ્લો ટુકડો તો પણ એમાં અનંત ધર્મ છે. ગુણ ને પર્યાય અનંત છે. આહાહા !

અનંત ધર્મોના સમૂહને ચૂંબે છે. આહાહા ! છોકરું નાનું હોય ને એને ચૂંબે ને આમ, ગાલને અડે ને ચૂંબે ? ના, ના હોઠને તૂં અડયો નથી, હોઠ એના શરીરને અડયો નથી, એ શરીર તારા હોઠને અડયું નથી. અને ચૂંબન મેં લીધું એમ માન ( ભ્રમ છે. ) આહાહાહા ! આ નવો ધર્મ હશે આવો ? પણ અત્યાર સુધી તો સાંભળતા નહોતા તો નવો કાઢયો હશે આવો ? સોનગઢવાળાએ નવો કાઢયો એમ કહે છે. ( શ્રોતાઃ આંય સાંભળતા નહોતા માટે બીજે નહોતો ) બધે હતો, ઘણે ઠેકાણે, મહાવિદેહમાં તો પ્રભુ બિરાજે છે ત્યાં તો ધોધમાર ધર્મ ચાલે છે, વીસ તીર્થંકરો બિરાજે છે. વીસ વિહરમાન પ્રભુ, ત્યાં તો ધોધમાર ધર્મ ચાલે છે, આ. આહાહા !

નવો કાઢયો ને એકાંતવાદી છે આ એમ ( કેટલા 'ક ) કહે છે. પ્રભુ તું શું કહે છે ભાઈ. તને તારા સ્વભાવની અને વિભાવની સ્વતંત્રતાની તને ખબર નથી. આહાહા ! એટલે એમ કહે કે નિમિત્તથી પણ થાય ( ને ) ઉપાદાનથી પણ થાય એ અનેકાંત છે. અહીં કહે છે પોતાથી થાય પરથી ન થાય એ અનેકાંત છે. ઓલા કહે છે કે નિશ્ચયથી પણ થાય, વ્યવહારથી પણ નિશ્ચય થાય, એ અનેકાંત છે. અહીં કહે છે કે વ્યવહારથી નિશ્ચય ન થાય અને નિશ્ચય ( સ્વ ) દ્રવ્યને આશ્રયે થાય એ અનેકાંત છે. આહાહા ! એટલે ? પોતાનો પ્રભુ જે પૂરણ ગુણ શક્તિવાળો છે એને આશ્રયે જ્યારે ધર્મ થાય છે, એ નિશ્ચયનય સમ્યક્ એકાંતમાં જાય છે, નય છે ખરીને ? એ સમ્યક્ એકાંતમાં નિશ્ચય સ્વભાવને આશ્રયે ધર્મ થાય છે. એ સમ્યક્ એકાંત છે. અને સમ્યક્ એકાંત થયેલું જ્ઞાન, રાગ અને વ્યવહાર છે, એમ ભેગું ભેળવીને જાણે ત્યારે એને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા !

અને ત્યાં સુધી તો લીધું, નયચક્રમાં ( કહ્યું ) કે પ્રમાણ પૂજ્ય નથી, કેમ કે પ્રમાણમાં બીજું પર્યાય ને રાગ ભળે છે જાણવામાં, અને આ નિશ્ચયનયમાં પર્યાયનો નિષેધ વર્તે છે, માટે નિશ્ચયનય પૂજ્ય છે, પ્રમાણ પૂજ્ય નથી. બીજી પર્યાયને ભેળવીને જ્ઞાન કરે છે, પણ ઓલું પહેલાનું રાખીને, આહાહા ! સ્વભાવ જે ત્રિકાળ છે, એનો આશ્રય લઈને જે થાય એ નિશ્ચયને રાખીને, પર્યાયને ભેગી ભેળવે એને પ્રમાણ જ્ઞાન કહે છે. એકલાને નિશ્ચય જ્ઞાન કહે છે, પર્યાયને ભેળવે એને પ્રમાણજ્ઞાન કહે છે. પણ એ પ્રમાણ જ્ઞાન પર્યાયને જાણે એ જુદી વાત છે, પર્યાયનો આશ્રય કરવા જાય છે ત્યાં તો વિકલ્પ ઊઠે છે, માટે પ્રમાણજ્ઞાનમાં પર્યાયનો નિષેધ નથી આવતો. પ્રમાણમાં એનું જ્ઞાન આવે છે, નિશ્ચયમાં તો ઈ પર્યાયનો નિષેધ વર્તે છે. આરે ! આવી વાતું છે.

એથી અહીં તો એને અભેદ રત્નત્રય નિશ્ચયગત સિદ્ધ કરવું છે, ' નિશ્ચયગત ' છે ને ? એકાગ્ર નિશ્ચયગત, એકાગ્ર નિશ્ચયને પ્રાપ્ત એ વસ્તુ છે ભલે એને પ્રાપ્ત કહો. કે વસ્તુ છે એમાં અભેદ રત્નત્રયને પ્રાપ્ત કહો. એ સુંદર છે. ( શ્રોતાઃ એ તો છએ દ્રવ્યની વાત કરવી જોઈએ ને

અહીં તો આત્મામાં ઊતારવાનું છે ને અહીંયા આપણે તો, છએ ( દ્રવ્ય ) માંથી કાઢવું છે તો આમાં, છેલ્લો સરવાળો તો એ લેવો છે ને ?

કહે છે ભિન્ન ભિન્ન સિદ્ધ થવાથી, જીવ નામના સમયને, એમ લેવું છે ને અંતે તો ? ભલે બતાવે બધાની વાત પહેલી કરી. એમ જીવ નામના પદાર્થને બંધ કથાથી તે વિરૂદ્ધ પામે છે એમ કહેવું છે. લઈ તો ત્યાં જાવું છે ને ? આહાહા ! આવો કઈ જાતનો ધર્મ હશે ! આહા ! સંપ્રદાયમાં તો જ્યાં જાય ત્યાં એ જ વાત હાલે વ્રત કરો, સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો, છ પરબીની દયા પાળો, છ પરબી લીલોતરી ન ખાઓ, છ પરબી બ્રહ્મચર્ય પાળવું, આ વાત તે કઈ જાતની આ તે ? આહાહા !

બાપુ ! એ બધી વાતું બહારની, ક્રિયા જડની અને અંદરમાં ભાવ આવે તો એ રાગનો, એ કોઈ ધર્મ ક્રિયા નથી. આહાહા ! અહીંયા તો સ્વરૂપ જે છે તેને છએ દ્રવ્યની સ્થિતિ કરીને, પછી આત્મામાં બંધપણું છે, એ નિર્દોષ નથી, સદોષ છે, એમ બતાવીને વસ્તુ ( જ્ઞાયકભાવ ) તરફ લઈ જવો છે એને. આહાહાહા ! હવે એક કલાકમાં યાદ કેટલું રહે ? બધી વાત જુદી જાતની આવે. દાન આપો, પૈસા ખરચો, એકલા ન ખાઓ, જુઓ, એમ નથી આવતું ? ( નાણાં મળશે પણ ટાણાં નહીં મળે ) હા, એ વળી કહે છે પણ આપણે ' પદ્મનંદી પંચવિંશતિ ' એમ કહે મળ્યું છે, એ એકલો ખાઈશ તો કાગડામાંથી જઈશ. એ આવે છે તે એ રાગની મંદતાની વ્યાખ્યા બતાવે. બતાવે, છતાં એ કાંઈ ધર્મ નથી, નિશ્ચય આત્માને આશ્રયે ધર્મ છે, ત્યાં આવો રાગ હોય એને વ્યવહાર ધર્મનો આરોપ કહેવામાં આવે છે. વ્યવહાર એટલે કે એ એમ નથી, નિમિત્તને આધીન કથન કરવામાં આવે છે. આહાહાહાહા !

સર્વ પદાર્થો કેવા છે ? પદાર્થો કેવા છે, અમે કહીએ છીએ માટે એવા છે એમ નહીં. ભગવાન એમ કહે છે કે અમે કાંઈ પદાર્થને કર્યા છે ? ભગવાને કાંઈ કર્યા નથી. સર્વ પદાર્થો સ્વયં સિદ્ધ છે એનો કોઈ કર્તા ઈશ્વર–ઈશ્વર છે નહીં. ભગવાને જોયું છે, કાંઈ ભગવાને કર્યું છે પદાર્થનું સ્વરૂપ પરનું ? એમ નથી. તેથી અહીં કહે છે " કેવા છે તે સર્વ પદાર્થો ' એ પદાર્થો કેવા છે ? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ, પોતાના અનંત ધર્મોના ચક્રને ચૂંબે છે, સ્પર્શે છે. એવા ઈ પદાર્થો છે. એવા એ પદાર્થો છે. " પોતાના ધર્મને ચૂંબે છે તો પણ, જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી. " અરેરે ! આ વાત કેમ બેસે ? આહાહા !

પગ હાલે ઈ કહે છે કે જમીનને અડતો નથી. અને પગનો એક રજકણ બીજા રજકણને ઠેબું મારી શકતો નથી અને અડી શકતો નથી. કહો ! આમ હાલતા હાલતા વચ્ચે લાકડું આવે તો ઠેબું મારેને આમ ? ના, એને અડતો નથીને પછી ઠેબું મારે શી રીતે ? આરે ! આવી વાતું ત્યાં આમ પથરો પડયો હોય ત્યાં આમ મારે તો પથરો આમ ખસી જાય છે. બાપુ ! એ વખતે એનો પોતાનો પર્યાય ધર્મ છે એમાં એ રહે છે. એ કાંઈ તારા ઠેબાને લઈને આઘો ખસી ગયો છે, એમ નથી. આહાહાહાહા !

આવો વીતરાગી જૈન ધર્મ, વાણીયાને હાથ રહી ગયો, વાણીયા વેપારમાં ગૂંચાઈ ગયા ! નિર્ણય કરવાના ટાઈમ લીધા નહીં. આહાહા !

એ કેવા છે પદાર્થો ? કે જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી એવા એ પદાર્થો છે,

એમ કીધું ને ? કેવા છે એ બધા પદાર્થો ? અનંત આત્માઓ, અનંત રજકણો એ કર્મના ઉદયને રાગ સ્પર્શતો નથી ( અને ) રાગ છે એ કર્મના ઉદયને સ્પર્શતો નથી. આહાહાહા ! હવે અહીં કહે કર્મનો ઉદય આવે એટલે વિકાર કરવો પડે ! કર્મનો ઉદય આવે નિમિત્ત થઈને આવે તેને એણે વિકાર કરવો જ પડે ? આહાહા ! એમ છે જ નહીં. આહાહા ! દરેક વસ્તુ પોતાની શક્તિઓ અને દશાને સ્પર્શે છે. આહાહા ! છોકરાને પડતો 'તો ને હાથ ઝાલી ને ઊંચો રાખ્યો ? કહે છે હાથ એને અડયો નથી. આ તે કોણ માને ? તળાવમાં પડતો 'તો ને હાથે એને ઝાલી રાખ્યો ? ના, એ હાથની ક્રિયા તારી નથી. અને હાથ એને અડયો નથી. અને હાથને તું અડયો નથી. આવી વાત બેસવી ( સમજવી ) આહા ! પ્રભુ, સ્પર્શ કરતા નથી. કેવા છે એ ?

વિશેષ કહેશે...

## પ્રવચન નં. ૧૪ ગાથા-૩ તા. ૨૨-૬-૧૯૭૮ ગુરુવાર જેઠ વદ-૨ સં. ૨૫૦૪

સમયસાર ગાથા-૩. સર્વ પદાર્થો, જેટલા જગતમાં પદાર્થ અનંત છે. અનંતા આત્માઓ અનંતા રજકણો એ બધા પદાર્થો પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ, પોતાના પદાર્થમાં અંતર્મગ્ન, ગુણ ને પર્યાય એ અંતર્મગ્ન દ્રવ્યમાં છે. આહા ! સર્વે પોતાના અનંત ધર્મમાં ટકેલ ! દ્રવ્ય એટલે વસ્તુ એમાં અંતર્મગ્ન એના ગુણ અને પર્યાય, એના અસ્તિત્વમાં છે, તેને તે ચૂંબે છે. પોતાના ગુણપર્યાયને તે અડે છે, સ્પર્શે છે, ચૂંબે છે, તો પણ જેઓ પરસ્પર એક બીજાને સ્પર્શ કરતાં નથી. આહાહાહા ! પદાર્થનું સ્વરૂપ, એ પોતામાં અનંત ગુણની પર્યાયને ભલે અડે કેમકે પોતાનું અસ્તિત્વ છે, પણ બીજા પદાર્થના અસ્તિત્વના દ્રવ્યગુણ પર્યાયને, દ્રવ્યગુણને તો અડે નહિં, એ તો ધ્રુવ છે. પણ બીજા પદાર્થની પર્યાય છે એને એ પદાર્થની પર્યાય ( અડતી નથી. ) પોતાના દ્રવ્ય ગુણ ( ને ) તો ભલે ન અડે પણ પોતાની પર્યાય પણ બીજાની પર્યાયને અડતી નથી. આહાહાહા !

દરેક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયની સાથે અડતી નથી. આ શરીરની પર્યાય, અવસ્થા હો, દ્રવ્ય ગુણ તો ધ્રુવ છે, જીવની પર્યાયને, જીવની પર્યાય જ્ઞાનની હો કે રાગ હો એને એ શરીરની પર્યાય અડતી નથી. આહા ! તેમ પોતાની રાગ કે જ્ઞાનની પર્યાય શરીરની પર્યાયને અડતી નથી. આહાહા ! કહો, આ ટોપી છે તે માથાને અડતી નથી એમ કહે છે. ટોપીની જે પર્યાય છે એના દ્રવ્ય ગુણ તો ધ્રુવ છે, હવે એની જે અવસ્થા છે તે આ શરીરની અવસ્થા છે. આ, એને એ અડતી નથી, ને અધ્ધર ટોપી પોતાના ગુણ પર્યાયને સ્પર્શીને રહી છે, ત્યાં સુધી તો આવ્યું હતું.

" અત્યંત નિકટ " દરેક વસ્તુ કેટલીક અનેક અત્યંત નજીકમાં છે. એક ક્ષેત્રમાં છે. આકાશનું ક્ષેત્ર છે. તેના એક ક્ષેત્રે અત્યંત નિકટ રજકણો છે અનંતા એક પ્રદેશમાં અને એ પ્રદેશમાં અનંતા જીવનાં અનંતા આત્મ પ્રદેશ પણ છે. એક આકાશના પ્રદેશમાં અનંતા જીવના અસંખ્યાતા એક જીવના, એવા અનંતા જીવનાં અનંત પ્રદેશ છે. અને તેમાં અનંત પરમાણુઓ છે. એ એક જગ્યોએ રહેવા છતાં, આહાહા ! એક જગ્યોએ વ્યાપવા " છતાં તેઓ સદાકાળ

પોતાના સ્વરૂપથી પડતાં નથી ” આહાહા ! એક આકાશના પ્રદેશમાં, અનંતા આત્માના પ્રદેશો અને તે જ પ્રદેશમાં અનંતા પરમાણુ, દરેક પોતપોતાના સ્વરૂપમાં રહે છે. છે ને ?

સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી ખસતાં નથી ભલે ! એક જગ્યોએ છે, છતાં પોતાની પર્યાયથી એ ખસતાં નથી. ખસીને પરને અડતાં નથી એક ક્ષેત્રે હોવા છતાં એક ક્ષેત્રે અને તે અત્યંત નિકટ. આહાહા ! પહેલી ( શરૂઆતની ) ગાથાઓમાં ઘણું ગંભીર ભરી દીધું છે. આહાહા ! જેઓ આહા ! પોતાના સ્વરૂપથી પડતા નથી. “ પરરૂપે નહિ પરિણમવાને લીધે ” એક પ્રદેશમાં અનંતા પરમાણુઓ અને અનંતા જીવના પ્રદેશો એમ રહેવા છતાં, પોતાના સ્વરૂપથી પડતાં નથી અને “ પરરૂપે નહિ પરિણમવાને લીધે અનંત વ્યક્તિતા નાશ પામતી નથી ” પરરૂપે નહિ પરિણમે, પરમાણુ પરમાણુપણે પરિણમે ( અને ) આત્મા આત્માની પર્યાયપણે પરિણમે એક જ પ્રદેશમાં ભેગાં રહ્યા છતાં એકબીજાને કારણે પરિણમતા નથી, તેથી અનંત વ્યક્તિતા નાશ પામતી નથી. તેથી જેટલી અનંત ચીજો છે તે એકબીજાને સ્પર્શતી નથી પરિણમાવતી નથી પરિણમતી નથી તેથી અનંત વ્યક્તિપણે ટકી રહી છે. આહાહા !

અનંત વ્યક્તિતા નામ પ્રગટતા, જેટલા તત્ત્વો ને દ્રવ્યો છે તેટલા તે, આહાહા ! નાશ પામતી નથી, વ્યક્તિઓ નાશ પામતી નથી જેટલી વ્યક્તિઓ અનંત પોતાના દ્રવ્યગુણ પર્યાયમાં છે એટલા અનંતા દ્રવ્યો, દ્રવ્યગુણ પર્યાયમાં છે, એક જગ્યોએ રહેવા છતાં પણ પોતાની પર્યાયથી ખસીને પડતા નથી, નજીક છે માટે પડી જતાં નથી. આહાહાહા ! એક ક્ષેત્રે શરીર, કર્મ, આત્મા રહેવા છતાં એકબીજા પદાર્થો ખસી જતા નથી, ખસીને એક જગ્યોમાં છે માટે પરમાં ( પરપણે ) પરિણમતા નથી. આહાહાહા !. આવું જ્ઞાન ઝીણું છે. ત્રીજી ગાથા.

“ માટે જેઓ ટંકોત્કીર્ણ જેવા ( શાશ્વત ) સ્થિત રહે છે ” શાશ્વત રહે છે. ભલે, એક પ્રદેશમાં એક સાથે અત્યંત નિકટ હોય છતાં પોતે પોતાની પર્યાયથી પડતા નથી. એક જગ્યોએ છે માટે તેમાં પ્રવેશ કરતા નથી એક જગ્યોએ છે માટે તેરૂપે પરિણમતા નથી, માટે અનંત વસ્તુઓ જેટલી છે તેટલી ટકી રહી છે. આહા ! તેથી, છે ને ? જેવા સ્થિત છે ત્યાંને ત્યાં પડયા રહ્યાં છે. આહાહા ! ત્રીજી ગાથામાં બહુ તદ્દન ( સિદ્ધાંત ) દરેક દ્રવ્યની પર્યાય એક પ્રદેશમાં ભેગી રહેવા છતાં એ પર્યાય બીજાને ચૂંબે નહિં અને એ પર્યાય એક જગ્યોએ રહેવા છતાં પરપણે પરિણમે નહિં. આહાહા !

આવું વસ્તુનું સ્વરૂપ જ છે. ભગવાને કંઈ કર્યું નથી, ભગવાને તો જાણ્યું છે. આહાહા ! પદાર્થો પોતપોતાના સ્વભાવે રહે છે. એક જગ્યોએ રહેવા છતાં પડતા નથી અને એકબીજાને અડતાં નથી. આહાહાહા ! અફીણ અને સાકર આમ જીભને અડે છે કે નહિં ? ત્યારે કડવી, ગળી લાગે છે ને ? ( અહીં કહે છે ) અફીણ અને સાકર જીભને અડતી નથી. આહાહા ! દરેક દ્રવ્ય પોતાની પર્યાયમાં રહેલા છે, ગુણ તો ત્રિકાળ ધ્રુવ છે જ. એ એકબીજાને અડતાં નથી, સ્પર્શતા નથી. ઓહોહોહો ! શરીરની આ ઈન્દ્રિયો, બીજાના શરીરને ઈન્દ્રિયોને અડતી નથી. અને બીજાના શરીરની પર્યાય આ શરીરની પર્યાયને અડતી નથી. આહાહા ! છતાં ભ્રમ શું આ ? મને વિષયમાં સુખ થાય, શરીરને હું સ્પર્શું છું. આહાહા ! હું ઠંડા પાણીને, ઠંડાને અડું છું, જીભ અડે છે, તેથી ઠંડી લાગતાં તૃષા તૂટી જાય છે, એ એમ છે નહીં. ઠંડુ પાણી ગળાને અડતું નથી, ગળાની

પર્યાય ઠંડા પાણીને અડતી નથી. આહાહાહા ! એક જગ્યોએ રહેવા છતાં પોતાના સ્વરૂપથી ડગતાં નથી, એક જગ્યોએ રહેવા છતાં કોઈ કોઈને અડતાં નથી. આહાહા !

"અને સમસ્ત વિરૂધ્ધ કાર્ય તથા અવિરૂદ્ધ કાર્યના હેતુપણાથી જેઓ હંમેશા વિશ્વને ઉપકાર કરે છે-ટકાવી રાખે છે", શું કહે છે ? દરેક પદાર્થ ચાહે તો સ્વભાવરૂપે પરિણમો ( કે વિભાવરૂપે ) એ તો વિભાવરૂપે તો પુદ્‌ગલ અને જીવ બે, છતાં વિભાવરૂપે પરિણમો, સમસ્ત વિરૂધ્ધ કાર્ય તથા અવિરૂધ્ધ કાર્યના હેતુપણાથી જેઓ હંમેશા વિશ્વને એટલે વિશ્વ જે અનંત પદાર્થરૂપે છે, એ રીતે અનંત પદાર્થરૂપે ટકી રહ્યા છે. આહા ! એકબીજાના કાર્યને કરતું નથી અને પોતાનું વિરૂદ્ધ અવિરૂદ્ધ કાર્ય પોતાનું પોતામાં છે. તેથી તે વિશ્વના અનંત પદાર્થો જે રીતે છે ભિન્ન, તે રીતે ટકી રહ્યા છે. આહાહા ! બહુ ગાથા સારી છે આ ત્રીજી. ઓહોહો !

કાર્ય છે શબ્દ ને એટલે જરી, નહિ તો ધવલમાં પાઠ છે, ધવલમાં, ગુણ અને પર્યાયથી ગુણ કથંચિત્ ભિન્ન છે. માટે પર્યાયથી ગુણ વિરૂધ્ધ છે. સમજાણું કાંઈ ? ધવલમાં છે પાઠ, જે વિરૂધ્ધ છે, વિરૂધ્ધના બે પ્રકાર એક અપેક્ષાએ, એક તો ઉત્પાદ્‌વ્યય છે એ વિરૂધ્ધ છે અને ગુણ છે તે અવિરૂધ્ધ છે. કેમકે ઉત્પાદ્‌વ્યય, ઉત્પાદ્‌વ્યય એમ બે પ્રકાર થયાને ? ઉપજે ને વ્યય ઉપજે વ્યય એટલે વિરૂધ્ધ છે. અને વસ્તુ છે એના ગુણ છે એ અવિરૂધ્ધ છે એમાં ઉત્પાદ્‌વ્યય નથી એકરૂપ છે. બીજી રીતે, ઉપજે ને વ્યય જે છે પર્યાય એનાથી ગુણ કથંચિત્ ભિન્ન છે, તેથી પર્યાયથી ગુણ વિરૂધ્ધ છે. સમજાણું કાંઈ ?

પર્યાય, દરેક દ્રવ્યની જે છે તે ઉત્પાદ્‌વ્યયવાળી એક સમયમાં બે ( પ્રકારે ) છે. ભાવ અભાવ, ઉત્પાદ્ તે ભાવ છે, અને વ્યય તે અભાવ છે. અને ગુણ તે ભાવ સ્વરૂપ, તે એકરૂપ, એથી પર્યાયથી ગુણ કથંચિત્ ભિન્ન છે કારણ કે ( પર્યાય ) ભાવ અભાવ સ્વરૂપ છે, આ ( ગુણ ) ભાવ સ્વરૂપ છે. કથંચિત્ ભિન્ન છે માટે પર્યાયથી ગુણ વિરૂધ્ધ છે. સમજાણું કાંઈ ? અંદરમાં ને અંદરમાં હવે, અને ગુણ છે તે ધ્રુવથી અભિન્ન છે, માટે તે અવિરુધ્ધ છે. 'ઉત્પાદ્ વ્યય ધ્રુવ યુક્તં સત્', ઉત્પાદ્-વ્યયની પર્યાય એ ગુણ ( થી ) ભિન્ન છે કથંચિત્ કેમકે આ ઉપજે વિણશે છે ને ગુણ એકરૂપ રહે છે. કથંચિત્ ભિન્ન માટે વિરૂધ્ધ છે. પર્યાયથી ગુણ વિરૂધ્ધ છે, અહીંતો કાર્ય છે વિરૂધ્ધ અવિરૂધ્ધ અને ગુણ એ કાંઈ કાર્ય નથી. પણ પર્યાયના કાર્યથી તે તે દ્રવ્યના પર્યાયના કાર્યથી તે તે ગુણ, ઉત્પાદ્ વ્યય સ્વરૂપે નથી સામે, માટે વિરૂધ્ધ છે અને પોતે પોતાના ગુણથી ધ્રુવથી, ઉત્પાદ્-વ્યયથી ગુણ કથંચિત્ વિરૂધ્ધ છે. અને ગુણ ધ્રુવથી અવિરૂધ્ધ છે, ઉત્પાદ્ વ્યય અને ધ્રુવ ત્રણ શબ્દ છે ને ત્રણ ! ઉત્પાદ્ વ્યયથી ગુણ કથંચિત્ વિરૂધ્ધ છે અને ગુણ ધ્રુવથી અવિરૂધ્ધ છે, આવું સ્વરૂપ !

ઓહોહો ! ત્રીજી ગાથામાં કેટલું સમાડયું છે જુઓ ! અમૃતચંદ્રાચાર્ય ! જંગલમાં વસનારા ! આનંદમાં ( લીન ). આહાહા ! વિકલ્પ જરી આવ્યો, બહાર આવી ગયા, પણ જેની રચનામાં નિમિત્તપણું છે તો રચના ટીકાની પરમાણુની છે, કારણ કે પરમાણુની પર્યાય એને એનો વિકલ્પ તો જ્ઞાન પર્યાયને અડતો નથી. ટીકાના જે રજકણો છે આ અક્ષરો, એ અક્ષરોને અમૃતચંદ્રાચાર્યનો વિકલ્પ કે ગુણની પર્યાય ( સ્પર્શતા નથી ). આહાહા !

હું શરૂઆત કરીશ એમ કહ્યું ને અમૃતચંદ્રાચાર્યે, સમજાવવું ( છે ને ). આહાહા ! ભાવગુણથી

શરૂઆત કરીશ, છતાં તે ગુણની શરૂઆતમાં જે જ્ઞાન ભરેલું છે પર્યાયમાં, તે આ ટીકાના અક્ષરને અડતું નથી. અને ટીકાના અક્ષરની પર્યાય ( ને ) અમને વિકલ્પ આવ્યો એ પણ અડતો નથી. તો અડયા વિના કેમ રચે ? આહાહા ! છતાં એમ કહે કે એવા ટીકાના કાળમાં– ટીકાથી મને વિશુદ્ધિ થજો. અનાદિનો કલુષિત ભાવ મને છે હજી, હું મુનિ છું. છઠ્ઠે ગુણસ્થાને લખવા કાળે છું, છતાં તે પ્રમત્ત અપ્રમત્ત દશા તે હું નથી, એવી મારી દૃષ્ટિમાં, દ્રવ્ય ( આત્મદ્રવ્ય ) તરવરે છે. આહાહા !

છતાંયે એ ટીકાના કાળમાં મારો જ્ઞાનનો ક્ષયોપશમ કે વિકલ્પ તેને અડતો નથી. અને ટીકાની પર્યાય પરમાણુથી થાય છે. આહાહા ! મોટો ફેરફાર, આહા ! વિરૂધ્ધ કાર્ય, પર્યાય, સ્વાભાવિક કે વિભાવિક, અવિરૂધ્ધ કાર્ય સ્વાભાવિક, એવા હેતુપણાથી સ્વાભાવિક અને વિભાવિક કાર્યના કારણે દરેક દ્રવ્ય પોત પોતાના વિભાવિક અને સ્વાભાવિક કાર્યના કારણે જેઓ હંમેશા વિશ્વનો ઉપકાર કરે છે, ' વિશ્વ ' એટલે અનંતપણે જે ચીજ છે એ અનંતપણે જ ટકી રહે છે એમાં અનંતમાં કોઈ ઓછું વત્તું થતું નથી. કેમકે અનંત જે છે એ, કોઈ દ્રવ્યની પર્યાય કોઈ દ્રવ્યને, ભલે વિભાવરૂપી કાર્ય થાય, આહાહા ! છતાં પર પદાર્થને કારણે એ નથી, પરપદાર્થને તે પર્યાય અડતી નથી અને પર પદાર્થનો પર્યાય એ, વિકલ્પને અડતો નથી, વિરૂધ્ધ કાર્ય જે વિભાવ. વિકલ્પ જે આવ્યો છે, એ વિભાવ છે. આહાહા ! એ વિભાવને કર્મનો ઉદયનો પર્યાય અડતો નથી, તેમ ટીકાની પર્યાય એને અડતી નથી. આહાહાહા ! આવું સ્વરૂપ છે.

તેમ એ વિરૂધ્ધ કાર્ય ( હોવા છતાં ) પણ, છતાં જેટલું અસ્તિત્વ છે તે રીતે જ તે દ્રવ્ય છે, અને તેથી અનંતા દ્રવ્યો, જે રીતે અનંત વ્યક્તિપણે ભિન્ન છે. તે આખું વિશ્વપણું જે રીતે છે, તે રીતે ટકી રહ્યું છે. આહાહા ! વિશ્વ નામ અનંત પદાર્થોનું જે સ્વરૂપ, ( છે ) એમાં એક પદાર્થની પર્યાય બીજા પદાર્થને જો અડે ને કરે તો અનંતપણું જેટલું વિશ્વમાં દ્રવ્યોનું છે તેટલું અનંતપણું રહેતું નથી. આહાહાહા ! આવો ઉપદેશ દીધો.

એ અનંતપણું ! વિશ્વ એટલે અનંત, અનંત તત્ત્વો ને દ્રવ્યો જેટલાં અને જે પ્રમાણે છે, ભલે તે વિરૂધ્ધ ને અવિરૂધ્ધપણે પરિણમે, સ્વભાવ કે વિભાવપણે. પણ તે તે પોતાની પર્યાયમાં છે. આહાહા ! એક ક્ષેત્રે રહેલો કર્મોદય છે તેને પણ વિકાર અડતો નથી, અને કર્મનો જે ઉદય છે એ વિકલ્પને અડતો નથી. એથી અનંત વ્યક્તિપણું વિશ્વનું, અનંતી વ્યક્તિઓ જેટલા તત્ત્વો છે, તે રીતે રહ્યાં છે. એમાં એક ( પણ ) તત્ત્વનું કાંઈ ઓછાપણું કે અધિકપણું કાંઈ થાતું નથી. આહાહા ! આ તો સર્વજ્ઞ ભગવાનનું જ્ઞાન છે, આ તો ઝીણી વાત છે ભાઈ ! !

( દિવ્યજ્ઞાન ) દિવ્ય જ્ઞાન પ્રવચન છે. પ્ર–વચનો, દિવ્ય વચનો. ઓહોહો ! સંતોએ પણ કામ કર્યું છે ને ! નિમિત્તપણાથી કહેવાય છે, પણ એમનો ક્ષયોપશમ એ વખતનો, આહાહા ! હું પરિભાષણ શરૂ કરું છું કહે છે. એ પોતે એ પણામાં આવી ગયા છે ને ! પૂરૂં એને કારણે થાશે. ટીકા, પૂરણ થવાના રજકણોની પર્યાયથી એને કારણે થાશે. આહાહા ! મારા ક્ષયોપશમના જ્ઞાનથી એ ટીકાની પર્યાય થશે, ઉઘાડ બહુ છે આવો, માટે ટીકામાં આવી પરમાણુઓની પર્યાય થશે એમ નથી. કારણ કે એક બીજાના દ્રવ્યના કાર્ય કારણને ભેળસેળ થતું નથી. આહાહા ! તેથી વિશ્વ નામ અનંત પદાર્થો જેટલા જેટલી સંખ્યામાં છે એમ ને એમ વિશ્વ છે અનાદિ. આહાહાહા !

બીજું દ્રવ્ય એને હીણું કરી દ્યે, આહાહા ! તો દરેક તત્ત્વની પૂરણતા રહેતી નથી. આહાહા !

એક સમયની પર્યાય પણ વિકારી, પરને લઈને થાય તો તેનો ગુણ જે ત્રિકાળી પર્યાયનો પિંડ તે ગુણ સિદ્ધ થતો નથી, તો ગુણ રહેશે નહીં અને એવા અનંતા ગુણોનું એકરૂપ દ્રવ્ય, તે દ્રવ્ય પણ રહેશે નહીં. ( જો ) પરને લઈને થાય. આહાહા ! ગજબ વાત છે ને ! ટીકા મારાથી થાય અને કર્મનું બંધન મારાથી થાય અને કર્મનો ઉદય મને રાગ કરાવે, એક સમયે એક ક્ષેત્રાવગાહે હોવા છતાં, એમ બને તો અનંત અનંત વિશ્વ છે, વિશ્વ એટલે અનંત પદાર્થનો સમૂહ છે, એ રીતે અનંત નહિં રહે. આહાહાહા ! ન્યાય સમજાય છે ? આહાહા ! ત્રીજી ગાથામાં.....

હંમેશા– ત્રણે કાળે વિરૂધ્ધ અવિરૂધ્ધ કાર્યના હેતુપણાથી વિશ્વને વિશ્વપણું અનંતપણું છે તેમ અનંતપણું રહેશે; એને ટકાવી રાખે છે એમ જેવું અનંતપણું છે, જેટલી સંખ્યાએ અનંતપણું છે, એ અનંતા નિગોદના જીવ વિભાવપણે ભલે પરિણમે, પણ એના વિભાવ પરિણમન આ એક, આહાહા ! એક રાઈ જેટલો કટકો લસણનો કે ડુંગળીનો એમાં તો અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવ, એક જીવ બીજા જીવને અડતો નથી. એ વખતે અનંતા કાર્મણ શરીર, અનંતા જીવની સાથે છે છતાં એ કાર્મણ શરીર જીવને અડતું નથી–આહાહાહા ! એક ક્ષેત્રાવગાહ આવી ગયું ને ! આહાહા !

લસણ ડુંગળી, મૂળાનો કંદ ધોળો એની એક કટકીમાં અસંખ્ય શરીર, એક શરીર બીજા શરીરને અડે નહિં. એક શરીરમાં અનંતા જીવ એક જીવ બીજાને અડે નહિં એ જ વખતે અનંતા જીવની સાથે, દરેકને કાર્મણ અને તૈજસ શરીર અનંત રજકણનો પિંડ ( છે ) આહાહા ! તે પણ આત્માનું વિરૂધ્ધ કાર્ય જે વિભાવ કાર્ય, એ પોતાથી થયેલું છે. એ કર્મને કારણે વિરૂધ્ધ કાર્ય થયું નથી. આહાહા ! તેથી જેટલી અનંતની મર્યાદાએ સંખ્યા છે, તેટલી એમ ને એમ અનાદિ ટકી રહી છે. આહાહા !

સિદ્ધપણે ભલે થાય પણ એ તો પોતાની પર્યાયથી જ થઈ છે, એને પરને લઈને થઈ છે ( સિદ્ધ પર્યાય ) આહાહા ! કર્મના અભાવને લઈને કેવળજ્ઞાન થયું છે, એમ નથી. આહાહાહા ! અને અનંતા સિદ્ધ થયા માટે અનંત દ્રવ્યની જેટલી સંખ્યા છે, એમાં ઓછપ આવી ગઈ, એમ નથી. આહાહા ! ગજબ છે ને આવી વાત ક્યાં છે ! ? આહા ! એક રાઈના કટકામાં અનંતા આત્માઓ એટલામાં, દરેક જીવનો શ્વાસ એક, છતાં તે જીવ બીજા( ના ) શ્વાસને અડતું નથી, અને એ જીવ અનંત જીવનો એક શ્વાસ છતાં એક જીવ બીજા જીવને અડતું નથી. આહાહાહા !

આ રીતે જેટલી સંખ્યામાં જેટલા દ્રવ્યો ( છે. ) વિશ્વ એટલે અનંતપણે છે, એ પણે ટકાવી રાખ્યું છે, ઉપકાર કર્યો એટલે વિશ્વમાં ઓછાવત્તાપણું થતું નથી. નહિંતર વિશ્વનો ઉપકાર કર્યો ન કહેવાય. ઉપકાર એટલે જેટલા અનંતા છે એટલામાં ફેરફાર થઈ જાય, તો ઉપકાર એટલે જેટલું છે તેટલું ન રહે. આહાહા ! એટલે અનંતનો ઉપકાર ન કર્યો–જેટલા છે એટલા પ્રમાણે રહ્યા નહિં–આહાહા ! ગજબ વાત કરે છે ને ! આવું જૈન ધર્મમાં, આવી વાત છે, એ સાંભળવા મળે નહિં, હેં ? અને દયા પાળો ને વ્રત કરો ને સામાયિક, પોષા ને પડિકમણા કરો થઈ રહ્યું જાવ. આહાહા ! અરે પ્રભુ ! પણ તને હજી અનંતની, સમય સમયની, વિશ્વ જેટલું છે એટલી સંખ્યાએ છે, તેટલી સંખ્યાએ પોતાથી તે ટકીને વિશ્વને એટલે અનંત છે તેને ટકાવી રાખ્યું એટલે એટલો

ઉપકાર કર્યો એમ, એમાં કાંઈ ફેરફાર થયો નથી. આહાહાહા ! ( પરસ્પર જીવો ને જીવવા દો ) એ બધી નિમિત્તની વાતો. એ બધા નાખે છે ને ? લોકમાં હેઠે નાખે છે. કોણ કોનો ઉપગ્રહ કરે ભાઈ ! આહાહા ! અહીં તો કહ્યું ને વિરૂધ્ધ ભાવ હો કે અવિરૂધ્ધભાવ હો, એ પોતાનું પોતાના અસ્તિત્વમાં પોતાથી થયેલું છે, એને બીજાનું અડયોય નથી અને બીજાને લઈને થાય તો આ પર્યાય ઓછી કહેવાય, એની ન થઈ પૂરી અને એ પૂરી ન થઈ એટલે એ દ્રવ્ય પૂરું ન થયું. આહાહા !

એક સમયમાં વિકારની પર્યાય પણ જો પરથી થાય એમ કહો તો એ પર્યાયમાં ઊણપ થઈ ગઈ. એ દ્રવ્યની પર્યાય ન રહી, અને ન રહી તો એ પર્યાયનો પિંડ છે તે ગુણ તે ગુણેય પૂરો ન રહ્યો અને અનંત ગુણનો પિંડ દ્રવ્ય તે દ્રવ્યેય પૂરું ન રહ્યું. દેવીલાલજી ? આહાહા ! આવી વાત છે. આહાહા ! આવું બહાર ન ચાલે, એકદમ સમજે નહિ ને ? આહાહા ! ઓહોહો !

ભલે ( જીવ ) ગૃહિત મિથ્યાત્વપણે પરિણમે, અનંત જીવ એક પ્રદેશમાં ભેગાં રહ્યાં હોય અને મિથ્યાત્વપણે પરિણમે, નિગોદનું ગ્રહિત મિથ્યાત્વ તો અહીંનો કોઈ ગયો હોય ને એની અપેક્ષાએ છે. બાકી તો અગ્રહિત મિથ્યાત્વ છે. અહીંના ગયા હોય ને નવા એને આવું હોય છે એમ છે શાસ્ત્રમાં. ગ્રહિત મિથ્યાત્વ, છતાં એ પર્યાયનું કાર્ય જે છે, તે તે દ્રવ્યની પોતાની અસ્તિત્વતા બતાવે છે, ને એ રીતે અસ્તિત્વ જેટલાં તત્ત્વો છે એ ભિન્ન ભિન્ન વિશ્વને એટલે અનંત છે તેને તે રીતે ઉપકાર કરે છે. એટલે અનંતમાં ઓછાપણું થાતું નથી, અનંતમાં અધિકપણું થતું નથી, એ જ વિશ્વનો ઉપકાર એટલે એ રીતે વિશ્વ ટકી રહ્યું છે. આહાહાહા ! આવો ઉપદેશ હવે આમાં પાળવું શું, કરવું શું પણ આમાં ? આહાહા !

એ સાટુ તો વાત કરે છે. વિરૂધ્ધ ભાવ છે એ જીવમાં બંધભાવ, એ નિંદ્ય છે, એ વિરૂધ્ધ છે, એકપણામાં છે એનો ભાવ વિરૂધ્ધ, છે એના અસ્તિત્વમાં અને તેથી તેનું અનંતપણું, જેટલા છે અનંત વિરૂધ્ધ ભાવવાળા તેથી તે રીતે અનંતપણે ટકી રહ્યા છે, પણ એનું વાસ્તવિક સ્વરૂપ છે ત્રિકાળી, એમાં વિરૂધ્ધભાવ જે બંધ ભાવ રાગ, એ બંધભાવ વિસંવાદ ખડો કરે છે, દુઃખ ઉત્પન્ન કરે છે, એમ કહે છે. આહાહા ! જો કે દુઃખ ઉત્પન્ન છે એ તો એની પર્યાયનું કાર્ય છે, પણ હવે અહીં તો દ્રવ્ય સ્વભાવ બતાવવા. આહાહા ! આહાહાહા !

એનો પર્યાયભાવ એ તો સિદ્ધ કરીને બતાવ્યું છે અનંત-અનંત એ રીતે, પણ આ આત્માને અંદર બંધ ભાવ એ નિમિત્તના સંબંધે ઊભો થયેલો છે, એ એનો વિભાવભાવ છે, એ બંધ ભાવ છે, વસ્તુ અબંધસ્વરૂપે છે. આહાહા ! એ બંધ ભાવથી ભલે વિશ્વને વિશ્વપણું જેટલું છે અનંતુ, એવા અનંતાપણે ભલે રહે, પણ આ એકપણાને બંધપણું એ વિપરીત છે, વિસંવાદ ખડો કરે છે. દુઃખ ઉત્પન્ન કરે છે. આહાહાહા ! જો કે પહેલું તો સિદ્ધ કર્યું કે ભલે દુઃખ કાર્ય હોય પણ એ છે પોતાથી એને પરને લઈને કાંઈ છે ( એમ નથી ) એ રીતે જ અનંત ટકી રહ્યા છે. પણ હવે અહીંયા એકને જે બંધનો સંબંધ કહેવો, આહાહા ! ત્રિકાળી આનંદના નાથને એક ક્ષણના રાગનો, આહાહા ! પ્રભુ અબંધ સ્વભાવી પરમાત્મા એને એક ક્ષણનો રાગનો સંબંધ, બંધનો ભાવ એને છે એમ કહેવું, જાણવું એ વિસંવાદ છે, વિસંવાદ છે, વિપરીત ભાવ છે, વિપરીત કથન છે વિપરીત ભાવ નામ દુઃખરૂપ ભાવ છે. આહાહા !

કારણ કે જીવ અને પુદ્‌ગલ બેમાં જ એવા વિભાવભાવ છે. છતાં વિભાવભાવ થયો છે

એનાથી, એ પોતાનો તે કાળે થવાનો છે, અને તેથી તે દ્રવ્યની પૂર્ણતા ત્યારે સિદ્ધ થાય છે, એ વિભાવ પરને લઈને થયો હોય તો દ્રવ્યની પૂર્ણતા અસ્તિત્વની સિદ્ધ થતી નથી.

પણ અહીંયા હવે એ ઉપરાંત આગળ લઈ જવી છે વાત. આહાહા ! " આ પ્રમાણે સર્વ પદાર્થોનું ભિન્ન ભિન્ન એકપણું સિદ્ધ થવાથી " " સર્વ પદાર્થોનું જુદા જુદાપણું એકપણું સિદ્ધ થવાથી, ઓહોહોહો ! જીવ નામના સમયને બંધ ભાવથી જ વિસંવાદની આપત્તિ આવે છે " આહાહા !

ન્યાં લઈ ગયા હવે ! કેમ કે વસ્તુ પોતે અબંધ સ્વરૂપ છે. આહાહાહા ! એમાં રાગનો બંધ ભાવનો સંબંધ, વિસંવાદની આપત્તિ આવે છે. આહાહાહા ! વિપરીત સંવાદ, વિપરીત કથન, વિપરીત ભાવ, આનંદથી વિપરીત દુઃખની આપત્તિ એને આવે છે. આહાહા ! અબંધ પ્રભુને બંધ એવો સંબંધ એમ, ભાવ બીજો, આહાહા ! એનાથી એને દુઃખની ઉત્પત્તિ થાય છે. એ પ્રભુ પોતે ત્રિકાળી આનંદરૂપ છે, ( આત્મા ) ત્રિકાળી પ્રભુ અનાકુળ આનંદરૂપ છે. એમાં વિસંવાદ નામ દુઃખ ઉત્પન્ન થાય છે. દ્રવ્યને બંધ ભાવનો સંબંધ કહેવાથી દ્વૈતપણું ઉભું થયું. એકપણે એક અને બગડે બે થયું. બગડયું. આહાહા ! એકલો જે રહેવો જોઈએ સુખરૂપ આનંદ, અભેદ રત્નત્રયનું એનું પરિણમન જોઈએ. આહાહાહા !

ભગવાન આત્મા આનંદનો સાગર પ્રભુ એની પ્રતીતિ જ્ઞાન અને રમણતા નિર્વિકલ્પ આનંદ સહિત હોવી જોઈએ, તો તે આત્માનું વાસ્તવિક સ્વરૂપ કહેવાય. સમજાણું કાંઈ ? આહા ! પહેલું તત્ત્વનું સ્વરૂપ દ્રવ્યનું તો કીધું સમુચ્ચયે, વિભાવ સહિતનું દ્રવ્યનું સ્વરૂપ, એ છે એનાથી એનામાં, એ બીજાથી નહિં માટે એક બીજાનું ભેળસેળપણું નથી અને અનંતમાં જેટલા તત્ત્વો છે એમાં ક્યાંય એક ઊણપ, ઊણપ જરીયે આવતી નથી.

એમ કરીને વિભાવ કાર્ય પણ તેના દ્રવ્યને અને તેના ગુણને પરિપૂર્ણ સિદ્ધ કરવા, એનું છે એમ સિદ્ધ કર્યું. આહાહાહા ! આવી વાતું હવે ! પણ અહીં પ્રભુ હવે એકરૂપ વસ્તુ અબંધ સ્વરૂપી પ્રભુ, મુક્ત સ્વરૂપ પ્રભુ ( આત્મા ), એને બંધ ભાવનો સંબંધ કહેવો, આહાહા ! એ દુઃખરૂપ છે. વિસંવાદ વિપરીતભાવ ઊભો થાય છે. આહાહા ! અરે, જરી શાંતિથી સાંભળે, બાપુ આ કાંઈ, આ તો ઘરના તત્ત્વનું સ્વરૂપ છે એની વાત છે. આ કોઈ વ્યવહારનયે આ અને નિશ્ચયનયે આ ને, વ્યવહારનયનો વિષય તો સિદ્ધ કર્યો. એ વિષય છે, વિરૂધ્ધ કાર્ય છે એ તો સિદ્ધ તો કર્યું. આહાહાહા ! પણ હવે વસ્તુ સ્વરૂપ જે છે, એનાથી વ્યવહારનયનો– રાગનો વિષય તે વિરૂધ્ધ છે. બે નયને વિરૂધ્ધ કીધું છે ને ? આહાહા ! ગજબ વાત છે. ઓહોહો ! દિગંબર સંતોની વાણી અને એમનો ભાવ અલૌકિક છે ! !

પ્રભુ શું કહે છે આ. મૂળ જૈનપણું ત્યાં રહ્યું ઊભું છે. કેમકે અહીંયા રાગને જીત્યો નથી અને રાગના સંબંધવાળો પ્રભુને ( આત્માને ) કહેવો, આહાહા ! એ દુઃખરૂપ છે. આહાહા ! " ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, " એ રાગની એકતા તોડીને સ્વભાવની એક્તા કરે તો એને જૈન કહેવાય છે. આહાહાહા ! જૈનપણું જિન સ્વરૂપપણું જીવનું સ્વરૂપ છે. ઘટ ઘટ અંતર જિન વસે. વીતરાગ સ્વરૂપે, જે એનું સ્વરૂપ છે, સ્વભાવ છે, ત્રિકાળ છે. ( જીવ ) એ તો વીતરાગ સ્વરૂપ છે–એ તો એવા વીતરાગ સ્વરૂપને કાયમી અસલી સ્વભાવ સાથે નકલી રાગના સંબંધને જોડવો કે એને બંધ ભાવ છે, આહાહા ! એ વિસંવાદ છે, દુઃખ

છે, આકુળતા છે ખેદ છે. આહાહા ! આવું છે.

ભિન્ન ભિન્નપણું એકપણું સિદ્ધ થવાથી, જીવ નામના સમયને, બંધ કથાથી, કથા શબ્દ તો ભાષા વાપરી, બંધ કથા વાચક છે પણ બંધભાવ ત્યાં લેવો. ( સમજવો ) આહાહા ! બંધ કથાથી કાંઈ દુઃખ થતું નથી, એ તો ભાષા છે, ભાવબંધ થાય છે. આહાહાહા ! પ્રભુ જિન સ્વરૂપી આત્મા, અરે, એને નાનામાં નાના રાગના રજકણનો, રાગના રજકણનો, સંબંધ જણાવવો, આહાહા ! એ વિસંવાદ છે.

" તો પછી બંધ જેનું મૂળ છે, " બંધ જેનું મૂળ કારણ છે એવું પુદ્‌ગલકર્મના પ્રદેશમાં સ્થિત થવું એટલે ભાવ, બંધ જેનું મૂળ છે એવા પુદ્‌ગલ કર્મના પ્રદેશ એટલે મોહ ને રાગદ્વેષ, પુદ્‌ગલ કર્મના પ્રદેશ એટલે મોહ ને રાગદ્વેષ. આહાહા ! બંધ જેનું મૂળ છે એટલે કે મોહ મિથ્યાત્વ ને રાગદ્વેષ જેનું મૂળ છે તે જેનું મૂળ પુદ્‌ગલ કર્મમાં સ્થિત થવું તે જેનું મૂળ એવું પરસમયપણું છે. " સ્વ–સમયપણું ન રહ્યું એ. આહાહા !

મોહ ને રાગ દ્વેષના સંબંધથી–તેને ( જીવને ) બંધભાવ થાય છે એ અબંધને બંધ ભાવના સંબંધે, આહાહા ! પરસમયપણું ઊભું થાય છે, અનાત્મપણું ઊભું થાય છે. આહાહાહા ! પહેલું તત્ત્વ સિદ્ધ કરતાં વિરૂધ્ધ ને અવિરૂધ્ધથી કહ્યું, પણ વાસ્તવિક આત્મા હવે, આહાહા ! આત્મા જેને કહીએ, એ પુણ્યપાપના ભાવ એ અણાત્મા, આહાહાહાહા ! જેમ વિરૂધ્ધ અને અવિરૂધ્ધ કાર્યમાં, કર્મના કોઈ સંબંધને કારણે નથી, એ તો એનું પોતાનું સ્વયં સિદ્ધ સ્વરૂપ છે. એ તો સાધારણ વાત કરી, હવે એમાં આત્મ તત્ત્વ જે છે. ઓલું તો પુણ્ય પાપના ભાવ સહિત વિરૂધ્ધ કાર્યથી પણ ટકી રહ્યું છે તત્ત્વ, એને બીજાની કોઈ; બીજા કારણે ઊણપ કે અધિકાઈ થઈ એમ નથી એટલું સિદ્ધ કરીને; હવે અહીંયા ( અસલી ) આત્મા સિદ્ધ કરવો છે. આહાહાહા ! એ આત્મામાં જે કાંઈ પુણ્ય ને પાપ, વિકલ્પો જે રાગ ઊઠે એ બંધ ભાવ અબંધભાવની સાથે દુઃખરૂપ છે, વિસંવાદ ખડો થાય છે, વિપરીત ભાવ ખડો થાય છે, એથી વિપરીત ઉપદેશ ખડો થાય છે કે જીવના રાગદ્વેષ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

ગાથા ત્રીજી છે ને બહુ ઊંચી છે, આ તો આખી ભૂમિકા બાર ગાથામાં બાંધે છે. પછી તેરથી એનો વિસ્તાર કરશે. આહાહા ! પહેલું દરેક દ્રવ્યને વિભાવ સ્વભાવથી પરિણમતા છતાં, અનંત દ્રવ્યો છે એમાં કાંઈ ખામી આવતી નથી. બીજાને લઈને થતું નથી માટે ત્યાં ખામી આવતી નથી. અનંત દ્રવ્યોમાં ઓછા વત્તાપણું થતું નથી, પણ હવે અહીંયા આત્મદ્રવ્યને, પુણ્ય પાપના ભાવ સાથે, આહાહા ! તત્ત્વ–આત્મતત્ત્વને પુણ્ય, પાપના ભાવ સાથે સંબંધથી બંધભાવ ઊભો થાય છે, એની પર્યાય બુદ્ધિએ. આહાહાહાહા !

વસ્તુ જે ભગવાન આત્મા તો અનાકુળ જ્ઞાન ને અનાકુળ આનંદથી ભરેલો પ્રભુ ! એને રાગના સંબંધવાળો બંધભાવવાળો, બીજાપણાવાળો, દ્વૈતપણાવાળો, અદ્વૈત ને દ્વૈતપણાવાળો, આહાહાહા ! ભગવાન અંતરમાં અનંત ગુણસ્વરૂપ શુદ્ધ સ્વરૂપ અદ્વૈત છે, એને આ રાગનો સંબંધ છે, તે દ્વૈતપણું ઊભું થાય છે. આહાહા ! તેથી એ વિસંવાદ છે. વિપરીત સંવાદ નામ કથન પણ વિપરીત છે, અને એનો ભાવ પણ વિપરીત છે. એને રાગવાળો કહેવો જીવને, આહાહાહા ! એ સિદ્ધાંત જ વિપરીત છે. આહાહાહા ! અને રાગવાળો જાણવો એ દૃષ્ટિ જ વિપરીત છે, આવું

તત્ત્વ છે. આહાહા ! નવા માણસને તો એવું લાગે, જૂના જૈનના ક્રિયાકાંડવાળાઓ હોય, એને એવું થાય શું છે આ તે આવું ! આ તે કાંઈ જૈનની વાત છે આ ? જૈનમાં તો છ કાયની દયા પાળવી. મા હણઓ મા હણઓ સ્તુતિમાં આવે પહેલું, વ્યાખ્યાન પહેલાં મા હણો, મા હણો એમ ભગવાનનો ઉપદેશ છે. આહાહા !

પરને હણી શકતો નથી, પરને અડતો નથી, પરની દયા પાળી શકતો નથી, એ તો પરથી જુદું બતાવ્યું. હવે એના વિભાવ ( ભાવ ) ક્ષણિક જે ક્ષણિક છે અને ત્રિકાળી સ્વભાવ જે પવિત્ર આનંદનો નાથ પ્રભુ છે. એને એક સમયની ક્ષણિક દશા, વિકૃત દશા છે ભલે એના કાર્યમાં એની પર્યાય, પણ એ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવને, એ રાગનો નાનામાં નાનો કણ, દયાનો દાનનો ભક્તિનો વ્રત્તનો એવા રાગના સંબંધવાળો અસંબંધી પ્રભુને સંબંધવાળો ઠરાવવો એ દુઃખરૂપ દૃષ્ટિ છે. આહાહાહા ! આ સમયસાર !! આહાહાહા !

તો પછી જે બંધનું મૂળ તો ભાવ થયો, મોહ ને રાગદ્વેષ ક્ષણિક, ત્રિકાળી સ્વભાવની સાથે એક સમયનો મોહ રાગ દ્વેષનો સંબંધ થયો, એ પરસમયપણું થયું, આહા ! એ અનાત્મપણું થયું, રાગ પોતે આત્મા નથી. આહાહાહા ! અને રાગના સંબંધવાળો એને જાણવો, એ અનાત્માપણું છે. આહાહાહા ! પરની અપેક્ષાથી થયું એમ અહીં નથી લીધું. એ થયું ત્યારે પણ પોતાથી થયું એમ કરીને ( સ્વતંત્ર ) સિદ્ધ કર્યું; હવે અહીંયા તો થઈ છે ક્ષણિક વિકૃત અવસ્થા, ત્રિકાળી સ્વભાવની વસ્તુ જે છે એ આત્મા, અને એ આત્માના સ્વભાવની એક સમયની ક્ષણિક વિકૃત દશા, આહાહા ! પર્યાયબુદ્ધિ છોડાવે છે. એને રાગનો, દ્વેષનો, મિથ્યાત્વનો, બંધનો, મૂળ તો એ છે. આહાહા ! તેથી ભગવાન આત્મા એકરૂપ અદ્વૈત ચૈતન્ય સ્વભાવે હોવા છતાં, બંધનું દ્વૈતપણું એને લાગૂ પડી જાય છે, એ શોભતું નથી. સમજાણું કાંઈ ? આહાહા ! આવી વાત છે.

ઓલા તો આમ એવી વાત કરે કે દેશ સેવા કરો, એક બીજાને મદદ કરો, અહિંસા, બીજા જીવોની દયા પાળવી, બીજાને એકબીજાનો ઉપકાર કરવો, ‘ જીવાનામ્ પરસ્પર ઉપગ્રહો ’ એનો અર્થ કર્યો છે સર્વાર્થસિદ્ધિ વચનિકામાં, ભઈ ! ઉપકાર શબ્દ કહ્યો છે ને ? કે એ ઉપકાર છે એ નિમિત્ત છે એ અર્થ કર્યો છે, નિમિત્ત કાંઈ કરતું નથી. સર્વાર્થસિદ્ધિ વચનિકામાં.. અર્થ કર્યો છે જયચંદ પંડિતે. આહાહાહાહા !

એક બીજાને કોઈ ઉપકાર કરે છે એવા અર્થમાં નથી એ ઉપકાર ( શબ્દ ) જેમ ગતિ કરતા ધર્માસ્તિકાયનો ઉપકાર છે એટલે શું ? સહાયક છે એટલે શું ? કે અહીંયા કાર્યકાળે તે ચીજ સામે છે એટલું. એ કાર્ય એનાથી થાય છે, અને એ વિકાર પરમાં થાય છે એમેય નહીં, પરથી થાય છે એમેય નહીં, એની પર્યાયમાં ત્રિકાળી સ્વભાવનો વાસ્તવિક તત્ત્વ જે ત્રિકાળી છે એમાં એક ક્ષણિક પર્યાયના રાગનો સંબંધ કહેવો, આહાહાહાહા ! એ વિસંવાદ છે, દુઃખરૂપ છે. આહાહાહા ! ધન્ય ભાગ્ય. આહાહા !

તેનાથી ઉત્પન્ન થતું પરસમય સ્વસમયરૂપ બેપણું થઈ ગયું. સ્વસમય એમાં રાગનો સંબંધ એ પરસમય. આહાહા ! સ્વરૂપ પોતે છે, એ રીતે તેમાં ઠરે, એ તો સ્વસમયપણું છે. એ તો એકપણું થયું, પોતે એક છે તેમાં સ્વસમયપણે ઠરે છે, તે એકપણે ઠરે છે. એમાં બીજાનો સંબંધ છે નહીં. આહાહાહા ! ઓહોહો ! અરેરે ક્યાં જશું ભાઈ, તારે કરવું છે, તારે તારું કરવું છે

કે શું કરવું છે ભાઈ ? આહા ! અહીં કહે છે એકપણું તે સ્વસમય છે, એટલે દ્રવ્ય છે એ સ્વસમય છે. પણ દ્રવ્યની કબૂલાત કરે તેને સ્વસમય કહેવામાં આવે છે. આહાહા ! વસ્તુ તો વસ્તુ છે. એ તો ત્રિકાળી સમય સ્વરૂપ જ છે. પણ એને સ્વસમયપણું અને આત્મા આવો પવિત્ર શુધ્ધ ધ્રુવ છે એમ ક્યારે એને કહેવાય કે એની દૃષ્ટિમાં પરિણમન અભેદનું થાય, ત્યારે એને સ્વસમય થયો એમ કહેવામાં આવે છે. આહાહા ! ( એની વિશેષ વ્યાખ્યા આવશે હવે..... )

***

## પ્રવચન નં. ૧૫ ગાથા - ૩ તા. ૨૩-૬-૭૮ શુક્રવાર તા. જેઠ વદ-૩ સં. ૨૫૦૪

છેલ્લું એમ કહ્યું કે આ આત્મા છે એનો મૂળ કાયમી અસલી સ્વભાવ-શુદ્ધ અતીન્દ્રિય આનંદ ને જ્ઞાન. એ પોતાના સ્વભાવને છોડીને રાગ દ્વેષ પુણ્ય-પાપ ને મોહ એમાં જાય, એમાં ઠરે, એમાં રહે તો એ અણાત્મા છે. આત્માપણું ન રહ્યું, ત્યાં આવ્યું ને ?

એવું પરસમયપણું, એ તો પરસમય છે. આહાહા ! શુદ્ધ ચૈતન્ય વસ્તુ અનાકુળ આનંદસ્વરૂપ એ રાગમાં રહે, ચાહે તો દયા-દાન-વ્રત-ભક્તિનો રાગ હોય, પણ રાગમાં રહે, પરિણમે તો તે અણાત્મા છે. એ પરસમયપણું છે.

" તેનાથી ઉત્પન્ન થતું પરસમય, સ્વસમયપણું દ્વિવિધપણું એ જીવ નામના સમયને ક્યાંથી હોય ? " આ બેપણું કેમ હોય ! પોતે ચૈતન્ય સ્વરૂપ એની પોતાની અંદર શ્રદ્ધા, ચૈતન્યની નિર્વિકલ્પ શ્રદ્ધા, એનું જ્ઞાન ને એની રમણતા એનું નામ અહીંયા સ્વસમય, આત્મા અને ધર્માત્મા એને કહેવામાં આવે છે. આહા !

" માટે સમયનું એકપણું હોવું જ સિદ્ધ થાય છે. " સ્વરૂપ જે છે એ પોતાના સ્વરૂપને છોડી અને પુણ્ય ને પાપનાં ભાવ એ મારા એમ માનીને ત્યાં રહે તો મિથ્યાદૃષ્ટિ પરસમય છે. એકપણામાં એ દ્વિવિધપણું ઊભું થયું, એ અશોભા છે, અશોભનીય છે એ ચૈતન્યની શોભા નથી. આવું છે. અહીંયા તો અત્યારે દયા-દાન-વ્રત-ભક્તિ પૂજા આદિ કરે એને એ ધર્મી માને ને ધર્મ માને ! અહીં કહે છે કે એ ભાવમાં આત્મા રહે એને અમે અણાત્મા કહીએ છીએ. પરસમય કહીએ છીએ. હવે આ બધો મેળ શી રીતે કરવો. આહાહા !

ભાવાર્થ:- " નિશ્ચયથી " ખરેખર " સર્વ પદાર્થ પોત પોતાના સ્વભાવમાં સ્થિત રહયે જ શોભા પામે છે. પરંતુ જીવ નામના પદાર્થની અનાદિ કાળથી પુદ્‌ગલ કર્મ સાથે નિમિત્તરૂપ બંધ-અવસ્થા છે. " સંયોગરૂપી બંધ અવસ્થા છે. તે બંધ અવસ્થાથી આ જીવમાં વિસંવાદ ખડો થાય છે. વાસ્તવિક તત્ત્વ એ રહેતું નથી. આહાહા ! પુણ્ય ને પાપના ભાવ, એ મારા એમ કરીને પરિણમે છે એ વિસંવાદ મિથ્યાદૃષ્ટિ છે. આહા ! આવી વાત ઝીણી બહુ ! !

સમ્યગ્દર્શન માટે તો એ પુણ્ય પાપના વિકલ્પો ને રાગ, એનાથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ તેની સન્મુખમાં તેનો આશ્રય લઈને જે દર્શન જ્ઞાન થાય. એને અહીંયા સ્વસમય આત્મા-ધર્માત્મા કહે છે, આમ છે.

' બંધ અવસ્થાથી આ જીવમાં વિસંવાદ ખડો થાય છે. ' અબંધ સ્વરૂપ પ્રભુ, મુક્ત સ્વરૂપ

છે તેમાં એને રાગના વિકલ્પ સાથે સંબંધ, એવો જે બંધ, સંબંધ એવો જે બંધ, આહાહા ! એનાથી વિસંવાદ ખડો થાય છે. વિખવાદ ઊભો થાય છે, દુઃખ ઊભું થાય છે. આહાહા !

" તેથી તે શોભા પામતો નથી " કોણ ? જીવ. ભગવાન આત્મા તો પવિત્રતાનો પિંડ છે ઈ, એમાં પુણ્ય-પાપના ભાવ ને મિથ્યાત્વભાવ એ અપવિત્ર છે. પવિત્ર વસ્તુ અપવિત્રપણે પરિણમે એ અશોભા છે. એ એની શોભા નથી. આહાહા ! પવિત્ર જે વસ્તુ અંદર જિન સ્વરૂપી એ પવિત્રપણે, વીતરાગપણે, અકષાયભાવપણે વસ્તુ છે. એ રીતે અકષાયભાવપણે થાય, તો એની શોભા છે. આવું ઝીણું છે. લોકોને ક્યાંય બિચારા અથડાઈને જિંદગી વઈ જાય છે. આહાહા !

તેથી તે શોભા પામતો નથી આત્મા, એકપણે જે પવિત્ર શુદ્ધ ચૈતન્ય છે એ દ્વિવિધ નામ બીજી રીતે જે રાગાદિ છે એમાં પરિણમે અને એમાં રહે એ અશોભા છે, એ મિથ્યાત્વભાવ છે. એ દુઃખરૂપ દશાને, ચોરાશીના ભાવને ઉત્પન્ન કરનારો એ ભાવ છે. આહાહા ! ઝીણું બહુ ભઈ !

" માટે વાસ્તવિક રીતે વિચારવામાં આવે, " ખરેખર સત્યના સ્વરૂપને, ચૈતન્યનું વાસ્તવિક સ્વરૂપ છે, ત્રિકાળી છે તેને જો વિચારવામાં આવે " તો એકપણું જ સુંદર છે " એ શુદ્ધપણામાં દૃષ્ટિ જ્ઞાન ને રમે એ જ શોભા છે. આહાહા ! સુંદર વસ્તુ છે એ સુંદરપણે પરિણમે તો એ શોભા છે. એ સુંદર વસ્તુ છે ( રાગરૂપે પરિણમે ) એ તો વિરૂદ્ધ છે. આહાહા ! એકપણું સુંદર છે, એટલે કે રાગના વિકલ્પ વિના એનું સ્વરૂપ નિર્વિકલ્પ રાગ વિનાનું છે. એવા સ્વરૂપની શ્રદ્ધા જ્ઞાન ને રમણતા અંતરની એ એકપણું શોભે છે. ' દ્વિવિધપણું ' એને ઉપાધિભાવ નિમિત્તથી એ એને શોભાપણું પામતું નથી. ત્રીજી ગાથામાં ઘણું કહ્યું છે ! ત્રીજી ગાથામાં તો ઘણું કહ્યું છે. એક રજકણ બીજા રજકણને અડે નહીં. આ શું કહે છે !!

અહીં તો કહે કર્મના ઉદયને લઈને જીવને વિકાર થાય. તો અહીં કહે છે કર્મનો ઉદય તો જડની અવસ્થા છે અને રાગ-વિકાર થાય એ તો ચૈતન્યની વિકૃત અવસ્થા, પરસમયપણું છે. આહાહા ! અને એ પણ જીવ પોતે કરે છે ત્યારે થાય છે, કર્મને લઈને નહીં. કેમકે એક દ્રવ્ય બીજા દ્રવ્યને જ્યાં અડતું નથી તો એના દ્રવ્યથી એમાં થયું એ વાત બિલકુલ જુઠ્ઠી છે. આહાહા ! આકરું કામ બહુ. ( ગળે ઊતારવું ) એ ત્રીજી ગાથા થઈ હવે ચોથી.

* * *

ચલો સખી વહાં જઈએ,જહાં અપના નહિ કોઈ,શરીર ભખે જનાવરા,મુવા રોવે ન કોઈ, આહાહા ! સંગથી ચાલ્યો જા ! સંગમાં રોકાવા જેવું નથી. ગિરિગુફામાં એકલો ચાલ્યો જા ! આ મારગ એકલાનો છે. સ્વભાવના સંગમાં પડયો એને શાસ્ત્રસંગ પણ ગોઠતો નથી. આહાહા ! અંદરની વાતો બહુ ઝીણી છે ભાઈ ! શું કહીએ. ૪૩૩.

( પરમાગમસારમાંથી )

## ગાથા - ૪

अथैतदसुलभत्वेन विभाव्यते-

सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।
एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।४।।

श्रुतपरिचितानुभूता सर्वस्यापि कामभोगबन्धकथा।
एकत्वस्योपलम्भः केवलं न सुलभो विभक्तस्य।।४।।

इह किल सकलस्यापि जीवलोकस्य संसारचक्रक्रोडाधिरोपितस्याश्रान्तमनन्तद्रव्यक्षेत्रकालभवभावपरावर्तैः समुपक्रान्तभ्रान्तेरेकच्छत्रीकृतविश्वतया महता मोहग्रहेण गोरिव वाह्यमानस्य प्रसभोज्जृम्भिततृष्णातङ्कत्वेन व्यक्तान्तराधेरुत्तम्योत्तम्य मृगतृष्णायमानं विषयग्राममुपरुन्धानस्य परस्परमाचार्यत्वमाचरतोऽनन्तशः श्रुतपूर्वानन्तशः परिचितपूर्वानन्तशोऽनुभूतपूर्वा चैकत्वविरुद्धत्वेनात्यन्तविसंवादिन्यपि कामभोगानुबद्धा कथा। इदं तु नित्यव्यक्ततयान्तः प्रकाशमानमपि कषायचक्रेण सहैकीक्रियमाणत्वादत्यन्ततिरोभूतं सत् स्वस्यानात्मज्ञतया परेषामात्मज्ञानामनुपासनाच्च न कदाचिदपि श्रुतपूर्वं, न कदाचिदपि परिचितपूर्वं, न कदाचिदप्यनुभूतपूर्वं च निर्मलविवेकालोकविविक्तं केवलमेकत्वम्। अत एकत्वस्य न सुलभत्वम्।

---

હવે તે એકત્વની અસુલભતા બતાવે છે.

**શ્રુત-પરિચિત,-અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.**

ગાથાર્થ :- [ सर्वस्य अपि ] સર્વ લોકને [ कामभोगबन्धकथा ] કામભોગ-સંબંધી બંધની કથા તો [ श्रुतपरिचितानुभूता ] સાંભળવામાં આવી ગઈ છે, પરિચયમાં આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ છે તેથી સુલભ છે; પણ [ विभक्तस्य ] ભિન્ન આત્માનું [ एकत्वस्य उपलम्भः ] એકપણું હોવું કદી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી અને અનુભવમાં આવ્યું નથી તેથી [ केवलं ] એક તે [ न सुलभः ] સુલભ નથી.

ટીકા:- આ સમસ્ત જીવલોકને, કામભોગસંબંધી કથા એકપણાથી વિરુદ્ધ હોવાથી અત્યંત વિસંવાદી છે ( આત્માનું અત્યંત બૂરું કરનારી છે ) તોપણ, પૂર્વે અનંત વાર સાંભળવામાં આવી છે, અનંત વાર પરિચયમાં આવી છે અને અનંત વાર અનુભવમાં પણ આવી ચૂકી છે. કેવો છે જીવલોક ? જે સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે, નિરંતરપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ અનંત પરાવર્તોને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે, સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર મોટું મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે, જોરથી ફાટી નીકળેલા તૃષ્ણારૂપી રોગના દાહથી જેને અંતરંગમાં

**પીડા પ્રગટ થઈ છે, આકળો બની બનીને મૃગજળ જેવા વિષયગ્રામને ( ઇન્દ્રિયવિષયોના સમૂહને ) જે ઘેરો ઘાલે છે અને જે પરસ્પર આચાર્યપણું પણ કરે છે ( અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે ). તેથી કામભોગની કથા તો સૌને સુલભ ( સુખે પ્રાપ્ત ) છે. પણ નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ-જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે તોપણ કષાયચક્ર ( -કષાયસમૂહ ) સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી અત્યંત તિરોભાવ પામ્યું છે ( -ઢંકાઈ રહ્યું છે ) તે-પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી ( -પોતે આત્માને નહિ જાણતો હોવાથી ) અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી, નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું, નથી પૂર્વે કદી પરિચયમાં આવ્યું અને નથી પૂર્વે કદી અનુભવમાં આવ્યું. તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી.**

**ભાવાર્થઃ- આ લોકમાં સર્વ જીવો સંસારરૂપી ચક્ર પર ચડી પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ કરે છે. ત્યાં તેમને મોહકર્મના ઉદયરૂપ પિશાચ ધોંસરે જોડે છે, તેથી તેઓ વિષયોની તૃષ્ણારૂપ દાહથી પીડિત થાય છે અને તે દાહનો ઈલાજ ઇન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને તે પર દોડે છે; તથા પરસ્પર પણ વિષયોનો જ ઉપદેશ કરે છે. એ રીતે કામ ( વિષયોની ઈચ્છા ) તથા ભોગ ( તેમને ભોગવવું ) -એ બેની કથા તો અનંત વાર સાંભળી, પરિચયમાં લીધી અને અનુભવી તેથી સુલભ છે. પણ સર્વ પરદ્રવ્યોથી ભિન્ન એક ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાના આત્માની કથાનુ જ્ઞાન પોતાને તો પોતાથી કદી થયું નહિ, અને જેમને તે જ્ઞાન થયું હતું તેમની સેવા કદી કરી નહિ; તેથી તેની કથા ( વાત ) ન કદી સાંભળી, ન તેનો પરિચય કર્યો કે ન તેનો અનુભવ થયો. માટે તેની પ્રાપ્તિ સુલભ નથી, દુર્લભ છે.**

***

**પ્રવચન નં. ૧૫ ગાથા - ૪ તા. ૨૩-૬-૭૮ શુક્રવાર**

હવે તે એકત્વની અસુલભતા બતાવે છે.

રાગથી વિભક્ત ( એટલે ) ભિન્ન અને સ્વભાવથી એકત્વ એ સુલભ નથી દુર્લભ છે. અનંતકાળથી કર્યું નથી એટલે દુર્લભ છે. અસુલભતા નથી એટલે સુલભ નથી. આહાહા !

सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।
एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।४।।

**શ્રુત-પરિચિત,-અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.**

“ આ સમસ્ત જીવલોકને ” એમાં બધા આવી ગયા નિગોદના જીવ, જે હજી ત્રસપણું પામ્યા નથી, એટલા અનંતા જીવ પડયા છે નિગોદમાં, સૂક્ષ્મ નિગોદ, બાદર નિગોદ એવા જીવો

છે કે જે કોઈ દિ ' હજી ત્રસપણું પામ્યા નથી. તો પણ અહીં તો આચાર્ય કહે છે, સમસ્ત જીવલોકને રાગ, કામ એટલે રાગ અને ભોગ એટલે એને ભોગવવું. એવી કથા, ઇચ્છા કરવી અને ઇચ્છાને ભોગવવી, એવી વાર્તા તો અનંતવાર તેં સાંભળી છે. આહાહા ! રાગ કરવો અને રાગને ભોગવવો એવો ઉપદેશ પણ તેં સાંભળ્યો છે અને એવા ભાવપણ તેં સાંભળ્યાં છે. આહાહા ! એકેંદ્રિય જીવે પણ આ સાંભળ્યું છે સાંભળ્યાનો અર્થ એ કે રાગને એ વેદે છે એટલે એનો અનુભવ છે એટલે સાંભળ્યું હતું એ એનું પરિણામ આવી ગયું. આહાહા !

નિગોદના જીવ, બટાટા, સકરકંદ( માં રહેલ ), આહાહા ! એ જીવ પણ કેટલાંક હજી નીકળ્યા નથી બહાર, તો પણ એ કામભોગની કથાનો અનુભવ એને છે. રાગનો એને અનુભવ છે એથી સાંભળ્યું અને પરિચય તો એમાં આવી ગયો. સાંભળીને પરિચય કરીને અનુભવ હતો એનું પરિણામ તો એ હતું. આહાહા !

એ સમસ્ત જીવલોક, એકેંદ્રિયથી માંડીને નવમી ગૈવેયક ગયા જે મિથ્યાદૃષ્ટિ સાધુ, જૈનનો સાધુ થઈ પંચમહાવ્રત પાળી, સ્ત્રી કુટુંબ રાજ છોડી અનંતવાર એવું મુનિપણું લીધુ, કારણ કે એ રાગ છે, એ રાગની વાર્તા સાંભળીને રાગ એણે કર્યો અને ભોગવ્યો છે. આહાહા ! જેમ એકેંદ્રિયના જીવને રાગનો અનુભવ છે, એમ નવમી ગ્રૈવેયકે જનારો દ્રવ્યલિંગી જૈન સાધુ એ પણ દ્રવ્યલિંગી એટલે નગ્ન, વસ્ત્રવાળાને તો દ્રવ્યલિંગેય કહ્યાં નથી. આકરું કામ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો ચોખ્ખું કહ્યું છે વસ્ત્ર સહિત સાધુપણું માને એ બધા ગૃહિત મિથ્યાદૃષ્ટિઓ છે. આહાહા ! આકરું કામ બહુ ભાઈ, સ્ત્રીને સાધુપણું માને, સ્ત્રીને કેવળજ્ઞાન માને, સ્ત્રીને તીર્થંકર માને ' મલ્લિનાથ ', એ બધું ગૃહિત મિથ્યાત્વ છે. આકરું કામ છે બાપુ, શું થાય ?

એવા રાગની વાત સમસ્ત જીવલોક, કામભોગ સંબંધી કથા, કામ એટલે રાગ અને ભોગ એટલે રાગનું કરવું ને રાગનું ભોગવવું, રાગનું કર્તાપણું અને રાગનું ભોગવવાપણું, આહાહા ! શુભભાવ તો નિગોદમાંય થાય છે, જે જીવો બહાર આવ્યા નથી, એ જીવોને શુભભાવ તો છે ત્યાં, ભગવાન પરમાત્મા તો એમ કહે છે, લસણ ડુંગળીના જીવને શુભભાવ તો છે. ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ, ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ ( ભાવ થાય છે. ) બહાર સાધન નથી પણ આત્મા છે, તેથી કર્મધારામાં શુભ-અશુભ ધારા તો એનેય છે. એ કોઈ નવી ચીજ નથી. આહાહા ! એમ બહાર માણસ થઈને સાધુ થાય અને મહાવ્રત આદિ પાળે તો એ શુભભાવ અને રાગની ક્રિયા છે. આહાહાહાહા !

એવી રાગની ક્રિયા કરવી એવું સાંભળ્યું છે, અગીયારમી ગાથામાં તો આવ્યું ને ભાઈ, કે એ ભેદરૂપ ભાવનો તો અનાદિનો પક્ષ છે અને ભેદની વાર્તા કહેનારા પણ પરસ્પર મળે છે ઘણાં ! હા, બરાબર છે એકદમ કાંઈ જણાતું હશે કાંઈ સમકિત, ભક્તિ ભગવાનની દયા દાન પૂજા એ કરે, તપસ્યાઓ કરે, કંઈક કર્મ ઓછા થાય ( તેથી સમકિત પમાય ), ધૂળમાંય કંઈ તપસ્યા હતી કે દિ ' તારી, એ અપવાસ છે, એ ઉપવાસ નથી, એ તો માઠો વાસ છે. સ્વરૂપમાં જ્યાંસુધી દૃષ્ટિ નથી અને ઠરે નહિં ત્યાં સુધી, ઉપવાસ એને હોઈ શકે જ નહિં. ઊપ નામ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની સમીપમાં વસવું એનું નામ ઉપવાસ, આત્મજ્ઞાન વિના, સમ્યગ્દર્શન વિના આ રાગની ક્રિયા અપવાસ આદિની, એ તો બંધનું કારણ ( છે ). આહાહા ! એ રાગની ક્રિયા કરી

છે અને એને ભોગવી છે.

" એકપણાથી વિરૂદ્ધ હોવાથી, " આહાહા ! જો કે રાગનું કરવું અને રાગનું ભોગવવું એ એકપણું જે વસ્તુ છે જિન સ્વરૂપી પ્રભુ ( આત્મદ્રવ્ય ) એમાં આ ભાવ ' વિરૂદ્ધ હોવાથી અત્યંત વિસંવાદી છે. ' આહાહા ! વીતરાગ માર્ગ છે ભાઈ, વીતરાગતા અંદર જ્યાં સુધી ન પ્રગટે, વીતરાગ સ્વરૂપ જ પ્રભુ છે, જિન સ્વરૂપી જ આત્મા, એના સ્વરૂપની વીતરાગતા, પર્યાયમાં ન પ્રગટે અને એની પર્યાયમાં રાગની એકતાપણે ભાવ વર્તે, આહાહા ! એ અત્યંત વિસંવાદ છે, દુઃખરૂપ છે, આહાહા ! આકુળતાને ઉત્પન્ન કરનારી એ દશા છે.

શુદ્ધ સ્વરૂપ ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ તે આત્મા, એમાં પુણ્ય પાપ છે એ કાંઈ આત્મા નથી. એથી એ પુણ્ય પાપની ક્રિયા કરવી અને એકપણામાં બેપણાને કરવું એ વિરૂદ્ધ હોવાથી અત્યંત દુઃખરૂપ છે અથવા અત્યંત બૂરું કરનારી છે. આહાહાહા ! ભગવાન આત્મા વીતરાગ જિન મૂર્તિ પ્રભુ એમાં એ દયા, દાન, વ્રત ભક્તિનો રાગ, આહાહા ! કહે છે કે એ બૂરું કરનારી છે એ વાત, આત્માનું ભૂંડું કરનારી છે. આ વાત સાંભળવી ? આહાહા !

ઘણો ફેરફાર થઈ ગયો છે એટલે આકરું પડે ! પણ વસ્તુ તો આ છે. ત્રણે કાળ અનંત તીર્થંકરો, વર્તમાનમાં પ્રભુ ( તીર્થંકરો ) બીરાજે છે એ આ જ વાત કરી રહ્યા છે. આહાહા !

આ સમસ્ત જીવલોકને રાગ કરવો અને રાગનું ભોગવવું, એકપણાથી વિરૂદ્ધ હોવાથી અત્યંત બૂરું કરનારી છે. આહાહા ! " વર્તમાન રાગ બૂરું કરે છે અને એના ફળ તરીકે બૂરું કરનારી છે. " આહાહા ! અહીં તો એમ કહે કે પહેલા શુભ રાગ કરો કરતાં કરતાં સ્વર્ગમાં જશો અને ત્યાંથી ભગવાન પાસે જઈને સમકિત પામશો. અહીં તો કહે છે કે રાગ તો બૂરું કરનારો છે. હવે એનું શું થાય ? અત્યંત બૂરું કરનારો છે, ભૂંડું કરનારો છે. આહા ! ' અત્યંત ' છે ને શબ્દ ? અત્યંત વિસંવાદ છે. આહાહા ! ભગવાન જિન સ્વરૂપ છે ને પ્રભુ ! " ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, " એ રાગની એકતા તોડીને સ્વરૂપની એકતા કરે તે જૈન છે. વાડાના જૈન, જૈન કહેવાય એ કાંઈ જૈન નથી. આહાહા !

રાગ જે વિકલ્પ છે દયા, દાન, વ્રત આદિનો એનાથી પણ ભિન્ન પડી અને શુદ્ધ ચૈતન્યની અંતર દૃષ્ટિનો અનુભવ એ જૈનપણું છે. એને સર્વજ્ઞ પરમાત્મા જૈન કહે છે. બાકી વાડામાં જૈન પડયા એને જૈન કહેતા નથી. આહાહા ! ( જેમ ) કાળીજીરીની કોથળી હોય ને ઉપર સાકર નામ આપે એટલે કાંઈ કડવાશ મટી જાય ? આહાહા ! ( એમ ) અંદરમાં જ્યાં વિકલ્પ રાગ છે ઝેર, એને પોતાનો લાભ દાયક માને, આહાહા ! એથી ત્યાં આગળ મિથ્યાત્વપણું ચાલ્યું જાય ? આહાહા ! એથી ત્યાં આગળ અજૈનપણું છે એ ટળી જાય ? આહાહા ! રાગની એકતા તોડીને સ્વરૂપની એકતા કરે તેનું નામ અહીંયા જૈન કહેવામાં આવે છે. જૈન કોઈ સંપ્રદાય નથી, જૈન કોઈ વાડો નથી, જૈન કોઈ ગચ્છ વાડો નથી, વસ્તુનું સ્વરૂપ આવું છે તેને જૈન કહે છે. આહાહા ! આકરું કામ ઘણું !!

તોપણ, એવું અત્યંત બૂરું કરનારી છે તોપણ, રાગ કરવો અને રાગ ભોગવવો એકપણાથી વિરૂદ્ધ હોવાથી, " તો પણ પૂર્વે અનંતવાર સાંભળવામાં આવી છે. " કહેનારા બધા એ જ મળ્યા છે એને, રાગ કરો, આ કરો, વ્રત પાળો ભક્તિ કરો, પૂજા કરો, કરતાં કરતાં તમારું આગળ

કલ્યાણ થઈ જશે. એવા કહેનારા મળ્યા અને સાંભળ્યું તેં અનંત વાર. આહાહા ! કીધું ને ? સાંભળવામાં આવી છે એનો અર્થ શું થયો કે કહેનારા એવા મળ્યા છે એને ત્યારે સાંભળ્યું ને ? આહાહા !

જ્યાં જુઓ ત્યાં એ જ વાત મળશે અને એ તેં અનંતવાર સાંભળી છે એ વાત. આહાહા ! પુણ્યનો ભાવ દયા દાનનો વ્રતનો રાગ એ કરવો અને ભોગવવો એવી વાત તેં અનંતવાર ગુરુ પાસે, તારા કુગુરુથી તો આવી વાત અનંતવાર સાંભળી છે. એનાથી લાભ મનાવનારા એ ગુરુ નથી કુગુરુ છે. આહાહા ! આવી વાતો આકરી બહુ !

આ તો સત્યનું ઉદ્‌ઘાટન છે હોં. કોઈની નિંદાની વાત નથી, એ તો વસ્તુ તો વસ્તુ છે બાપુ. આહાહા ! એનો આત્માય પણ ભગવાન છે, પણ વસ્તુની ખબર વિના દુઃખી છે. એ સત્યની ઉદ્‌ઘાટન પ્રસિદ્ધિ થાય છે. કોઈ વ્યક્તિનો અનાદર કે નિંદા નથી અરે ! એ પણ પ્રભુ છે આત્મા છે ભાઈ ! આહાહા !

પૂર્વે અનંતવાર સાંભળવામાં આવી છે. તો સમસ્ત જીવલોકમાં તો એકેન્દ્રિય એમાં આવી ગયાને ? હેં ? એકેન્દ્રિય ( કદી ) બહાર નીકળ્યા નથી, પણ અનુભવમાં છે તો સાંભળવામાં આવી ગયું છે. આહાહા ! ઓહોહો ! એટલા જીવનો થોકડો પડયો છે. આહાહા ! એક લસણની રાઈ જેટલી કટકી, એમાં અસંખ્ય તો શરીર અને એક શરીરમાં અનંતા જીવ. આહાહા ! એવો આખો લોક સૂક્ષ્મ નિગોદથી ભર્યો છે. ચૌદ બ્રહ્માંડ અહીંયાય અનંત છે, અનંત અનંત અનંત સૂક્ષ્મ નિગોદ ! આહાહા ! એક શરીરને અનંતમેં ભાગે સિદ્ધ થયા છે, બાકી બધા રખડતા પડયા છે, એ બધા જીવે આવી વાત સાંભળી છે કહે છે. ભલે માણસ ન થયા હોય, પણ એ અંદર રાગનો અનુભવ કરે છે, ( ને ) સ્વરૂપની ખબર નથી તો એ બધાએ રાગનું વેદન કર્યું એ સાંભળ્યું ને પરિચયમાં આવી ગયું. અનુભવમાં આવી ગયું. આહાહાહા !

પૂર્વે અનંતવાર સાંભળ્યું છે, અનંતવાર કીધી, અનંતવાર, અનંત કાળ ગયો ને ? મુનિપણું દ્રવ્યલિંગીપણું પણ અનંતવાર લીધું છે, એકવાર નહિ અનંતવાર ભાવપાહુડમાં તો પાઠ છે કે દ્રવ્યલિંગ ધારણ કરીને પણ જૈન નગ્નપણું, પંચમહાવ્રત ધારણ કરીને, કોઈ ક્ષેત્ર બાકી નથી કે જ્યાં અનંતવાર પાછો ઊપજ્યો ન હોય. ભાવપાહુડમાં આવ્યુ છે. આહાહા ! વસ્ત્ર સહિત તો મુનિપણું તો છે જ નહીં. પણ નગ્નપણું છે અને પંચમહાવ્રત પાળ્યાં છે એવાં દ્રવ્યલિંગી પણ આત્મજ્ઞાન ન મળે, એ રાગથી ભિન્ન ચૈતન્ય છે એની ખબરું ન મળે એવા જીવો, આહાહા ! અનંતવાર એવા દ્રવ્યલિંગ ધારણ કર્યા, અને પછી પણ કોઈ જીવ ખાલી નથી કે દ્રવ્યલિંગ ધારણ કર્યા પછી અનંતવાર જન્મ્યો અને મર્યો ન હોય. એ ભાવપાહુડમાં લિંગપાહુડમાં પાઠ છે. આહાહા ! એટલીવાર નગ્નપણું અને પંચ મહાવ્રતના પરિણામ ( જે ) રાગ છે એ તો રાગ છે, આહાહા ! એટલી વાર તેં સાંભળ્યું અને અનુભવમાં આવ્યું છે, કે અનંતવાર તેં કર્યું, અને પછી પણ એવા દ્રવ્યલિંગ ધારણ કર્યાં અને સ્વર્ગમાં ગયો અને એના પછી પણ કોઈ ક્ષેત્ર બાકી નથી રહ્યું કે જ્યાં તું અનંતવાર જન્મ્યો ને મર્યો ન હોય. આહાહાહાહા ! કેટલા અવતાર થયા ઈ ? શું કીધું સમજાણું ? દ્રવ્યલિંગ ધારણ કરીને પણ, પછી પણ અનંત જન્મ મરણ કોઈ સ્થાનમાં નથી કર્યાં એમ નહિં. આહાહાહા ! આવું છે.

એવા અનંતવાર અનંત અનંત ભવ પહેલા, અનંતવાર નગ્ન મુનિ દિગંબર થયો, પંચ મહાવ્રત પાળ્યા હજારો રાણી છોડી, પણ સમ્યગ્દર્શન નહિં, એ રાગની ક્રિયાથી ધર્મ ( માન્યો ) પણ રાગથી ભિન્ન મારી ચીજ પ્રભુ છે. નવ તત્ત્વમાં રાગ છે એ તો પુણ્ય તત્ત્વ છે દયા, દાનનો, આત્મ તત્ત્વ તો જ્ઞાયક ભિન્ન છે. એનો અનુભવ સમ્યગ્દર્શન કર્યું નહિં. આહાહા ! એના વિના એણે દ્રવ્યલિંગ ધારણ કરીને પણ, કેટલીવાર દ્રવ્યલિંગ ધારણ કર્યા ? કે અનંતવાર. અને પછી પણ કેટલીવાર જન્મ મરણ કર્યા દરેક ક્ષેત્રે ? કે અનંતવાર. આહાહા ! સમજાય છે કાંઈ ? બધી વાત ફેરફારવાળી લાગે બાપુ શું થાય ? આહાહા !

અનંતવાર સાંભળવામાં આવી છે. અનંતવાર પરિચયમાં આવી છે. પાછો પરિચય કર્યો છે એવો સાંભળવાનો ને રાગનો, આહાહા ! અનંતવાર પરિચય એટલે સંભળાવનારા મળ્યા, એની પાસે અનંતવાર તેં આ પરિચય કર્યો છે. સત્ સમાગમ કરીએ, સત્ સમાગમ કરીએ( છીએ એમ માનીને ), એ અસત્ સમાગમ પણ અનંતવાર પરિચય કર્યો છે, તેં સત્ સમાગમને નામે. આહાહા ! એ રાગ અને પુણ્યના ભાવથી ધર્મ મનાવનારા, એનો તેં અનંતવાર પરિચય કર્યો છે. એણે તો અનંતવાર કર્યો છે. પણ એનો પરિચય તેં અનંતવાર કર્યો છે. આહાહા ! સત્ સમાગમ કરવો, સત્ સમાગમ કરવો એ સત્ સમાગમ એને અમે માનીએ, આહાહા ! દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય, નગ્ન મુનિ હોય, હજારો રાણી છોડી હોય, પણ અંદરમાં રાગની એકતાથી ધર્મ માનતો હોય, અને એની પાસે અનંતવાર સાંભળ્યું એનો પરિચય કર્યો, સત્ સમાગમ કર્યો એટલે આવાને સત્ સમાગમ માન્યો. બહારથી ત્યાગ થયો અને પંચમહાવ્રત એ સત્સમાગમ એ સાધુ છે. બાપુ એ સત્ સમાગમ છે ? આહાહા !

એય ? એમાં છે, આમાં છે હોં ( ગાથામાં ). અનંતવાર પરિચયમાં આવી છે એ વાત. આહાહા ! તે એ સત્ સમાગમ માનીને અસત્ સમાગમ અનંતવાર કર્યો છે, કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? શાસ્ત્રમાં તો એ આવે કે સત્ સમાગમ કરવો, સત્ પરિચય કરવો, ત્યારે સાધુ થયો હોય ત્યાગી થયો હોય અને મુનિ થયો હોય બહાર, એ સત્ સમાગમ ? આહાહાહા ! એ તો અસત્ છે, સત્સંગ છે જ નહીં, અસત્ સંગ છે. ચાહે તો એ નગ્ન મુનિ થઈને દયા, દાન, વ્રત, ભક્તિથી ધર્મ મનાવતા હોય, એ બધા અસત્ સમાગમ છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! એનો પણ તેં અનંતવાર પરિચય કર્યો છે, સત્ માનીને, આહાહા ! એમ કે આવા પરિષહ સહન કરે છે. એક આવ્યો હતો ને હમણાં ત્યાં કુરાવડ-કુરાવડ, કયાં ગયા ઝમનલાલજી ? કુરાવડ આવ્યા 'તા નહીં ઓલો ક્ષુલ્લક ક્ષુલ્લક અહીં આવ્યો હતો. એકલો વિદ્યાર્થી હતો ત્યારે અહીં આવ્યો 'તો, ક્ષુલ્લક થઈ ગયો પછી પ્યાલો ફાટી ગયો હતો વાત સાંભળે નહિં. પછી ચંદુભાઈ સાથે વાત કરે. મેં કીધું ભાઈ હું તો વાત કરવાને લાયક હું નથી હોં ? આટલા આટલા પરિષહ સહન કરે શું એ બધા સમકિતી નથી ? કહો આટલા પરિષહ, આટલા ઉપસર્ગ, નગ્નપણું, વસ્ત્ર નહિં. શિયાળાના પાણી, ઠંડીના કપડા નહિં આવું આટલું સહન કરે ને એ બધા સમકિતી નથી ? અરે પ્રભુ ! અહીં તો એ કહ્યું, જાુઓને ? અનંતવાર પરિચયમાં એવા અસત્ સમાગમનો અનંતવાર તેં પરિચય કર્યો, અને તેનાથી તને સાંભળવા મળ્યું આવું રાગથી ધર્મ થશે અને પરંપરા પણ રાગથી કલ્યાણ થશે, આહાહા !

“અને અનંતવાર અનુભવમાં પણ આવી ચૂકી છે.” તારા વેદનમાં, રાગનું વેદન અનંતવાર થઈ ગયું છે. શુભ રાગનું દયા–દાન–વ્રત ભક્તિનું વેદન એ રાગ છે એનો અનંતવાર તને અનુભવ થઈ ગયો છે, એ કોઈ નવી વાત નથી. આહાહા !

પહેલી ( શરૂની ) ગાથાઓમાં માલ માલ મૂક્યો છે. બારમાં સમાડી દેવું છે બધું. ( કહેછે ) અને અનંતવાર અનુભવમાં પણ આવી છે. શું કીધું ઈ ? કામ ભોગની કથા. રાગ કરવો અને રાગ ભોગવવો એનો અનુભવ પણ તને અનંતવાર થઈ ગયો છે રાગ કરવો અને રાગ ભોગવવો એ વાત સાંભળી છે તેં અનંતવાર. એનો તેં પરિચય પણ તેં અનંતવાર કર્યો. અને તારા અનુભવમાં પણ એ વાત અનંતવાર આવી ગઈ છે. આહાહાહા ! આવું છે.

મધ્યસ્થ રીતે એ શાસ્ત્રનું વાંચનેય કરે ને તો ખ્યાલમાંય આવે. તેમ શાસ્ત્રને કહેવી છે વીતરાગતા, ચારેય અનુયોગમાં કહેવાનો આશય તો વીતરાગતા છે. તો એ જ્યારે વીતરાગતા એમાં ન આવે અને રાગથી લાભ થાય એ આવે, એ કથા, વિકથા છે ધર્મ કથા નથી, પાપ કથા છે એ. આહાહા ! ભલે દસ દસ વીસ વીસ હજાર માણસ સાંભળતા હોય. જેમાં એમ મનાય કે આ વ્રત ને તપ ને ઉપવાસ–ભક્તિ ને મંદિરો કરવા ને એમાંથી તમારું કલ્યાણ થશે, એ વાત રાગની છે. ( અણુવ્રતના આંદોલન થાય ) હેં ? ( અણુવ્રતના આંદોલન થાય ) થયા ધૂળમાંય નથી, રાગના આંદોલન છે. આહાહા ! અનંતવાર અનુભવમાં આવી ચૂકી છે. આહાહા ! બહુ આકરી, પહેલી બીજી ત્રીજી ચોથી ગાથા જુઓ તો ખરા, આહાહા ! અમૃતનો સાગર ભગવાન, એને સાંભળ ને એનો પરિચય કર ને એનું વેદન કરને. આહાહા ! એ કહેવા માટે આ વાત છે. આ એટલું ( માત્ર ) કહેવા ખાતર શાસ્ત્ર નથી, હેં ?

આ છે એને છોડીને આત્મા ચૈતન્ય મૂર્તિ પ્રભુ છે, એનો સમ્યગ્દર્શન અને અનુભવ કર એનું જ્ઞાન કર અને એમાં ઠર. એ કહેવાનો આશય આ છે. અહીં આવો આવો કહીને પછી ઠરવાનું અંદરમાં લઈ જવો છે. જ્યાં ત્યાં રોકાવા માટે વાત કરતા નથી. રોકાયેલો તો અનંતકાળથી છે જ. આહાહા ! પણ હવે આ કહીને પ્રભુ તું આમ આવને અંદર, તારા ઘરમાં જાને, ઈ ઘરમાં જવા માટે આ વાત છે. આહાહાહા !

“ કેવો છે જીવ લોક ” આ જગતમાં જીવ કેવો છે ? અનંત જીવ છે ને ? એક જ જીવ નથી કાંઈ, એટલે જીવલોક ( કહ્યું છે ) આહા ! બધા જીવ. અનંતા જીવો કેવા છે ? “ કે જે સંસારરૂપી ચક્રની મધ્યમાં સ્થિત છે ” આહાહા ! જેમ ઘંટી હોય ને ઘંટી એનું મોઢું ( ખીલડો ) હોય ને ઘઉં નાખવાનું, ન્યાં ને ન્યાં પડયા હોય એ દળાય નહિ, આમ આઘા જઈને અંદર જાય તો દળાય. આહાહા ! એમ સંસારરૂપી ચક્રનાં મધ્યમાં પડયો છે. આહાહા ! છે ? ચક્રના મધ્યમાં સ્થિત છે. થોડા આઘે જઈને છેડે લાવવો એમ નહિં, બરાબર સંસાર ચક્રના રાગ અને પુણ્યના ભાવમાં બરોબર સ્થિત થયેલ છે ઈ જીવ. આહાહા ! સંસારરૂપી ચક્ર એટલે ? કે શુભ અને અશુભ ભાવ બેય સંસારરૂપી ચક્ર એકલો શુભેય નહિં અને એકલો અશુભેય નહીં.

શુભ અને અશુભ એવો સંસારરૂપી ચક્ર છે. કર્મ–કર્મ, આહાહા ! કર્મધારા, એકલી કર્મ ધારા, શુભ અને અશુભધારા એના મધ્યમાં સ્થિત છે. આહાહાહા ! આ જીવલોક, જગતનો પ્રાણી, અનાદિથી, આહાહા ! સંસારરૂપી ચક્ર, સંસરવું–ફરવું, ફરવું, પુણ્ય ને પાપ, પુણ્ય ને પાપ,

પુણ્ય ને પાપમાં ફર્યા જ કરે છે. આહાહા ! એના મધ્યમાં સ્થિત હોવાથી ‘ નિરંતરપણે ’ જેને દ્રવ્ય એટલે જગતના પદાર્થો અનંતવાર સંબંધમાં આવ્યા, દ્રવ્યના પણ અનંત પરાવર્તનો લીધા, આ જગતના જે પરમાણુઓ છે આ શરીરાદિ અનંતા, એ એના સંયોગમાં અનંતવાર આવી ગયા, દ્રવ્યના પરાવર્તન અનંતવાર કર્યા. આહાહા ! સમુચ્ચય વાત છે. કેટલાંક એવા પડયાં છે, પણ આ જે કર્યા છે એ વાત કરવાની, બાકી કેટલાક તો પરમાણુ એવા છે, પરિભ્રમણમાં આવ્યાય નથી અડયાય નથી. એ વાત અહીં નથી લેવી, જેમ ઓલા નિગોદના જીવ કોઈ એ હજી તો સાંભળ્યું નથી ઈ વેદે છે એ સાંભળ્યું છે. એમ અહીંયાં કેટલાંક જીવો ઘણાં પરમાણુને અડયાય નથી એ નથી લેવું, પણ એ અડયા જ છે દ્રવ્યના પરાવર્તનમાં કારણકે એની શક્તિ મિથ્યાત્વની છે, તેથી અનંતા દ્રવ્ય પરાવર્તન કરે છે, કર્યા છે એમ કહેવું છે. આહાહાહા !

જીવલોક અનંત જીવલોક કેવો છે ? અજ્ઞાનીનો જીવલોક, આહાહા ! કે જેણે આ પરમાણુઓ અનંત અનંત પડયા છે લોક ઠાંસીને ભર્યો, આખો લોક પરમાણુથી ઠાંસીને ભર્યો છે. અહીંયા અનંતા અનંતા પરમાણુ ઠાંસીને ભર્યાં છે. આહાહા ! એ બધા પરમાણુનો પરાવર્તન તારા સંયોગના સંબંધમાં અનંતવાર દ્રવ્ય પરાવર્તન થઈ ગયું છે. આહાહા ! એવા પુદ્‌ગલો તારી પાસે અનંતવાર આવીને ગયા છે, આવીને ગયા છે, અનંત પરાવર્તન કર્યા છે. આહાહા ! પુણ્ય ને પાપના રાગમાં મધ્યમાં સ્થિર હોવાથી, આહાહા ! સંસારના જેટલા પરમાણુઓની સંખ્યા એ બધા તારા સંબંધમાં પલટો મારીને બધા પરાવર્તનથી આવી ગયા છે. આહાહાહા !

‘ દ્રવ્ય પરાવર્તન ’ અનંત પરાવર્તન થયા છે. દ્રવ્યનાય અનંત પરાવર્તન, પરાવર્તન ( એટલે ) પલટો મારીને અનંતવાર રજકણો પાછા આવ્યા છે. આહાહા ! આ શરીરના રજકણો છે એ પહેલા આત્માના સંબંધમાં જ છે એમ નહિં. આવા રજકણો જે અનંતા છે એ બધા આત્માના સંબંધમાં દ્રવ્યપણે પરાવર્તનમાં આવી ગયા છે. આહાહા !

“ ક્ષેત્ર પરાવર્તન ” છે ? આ ચૌદ રાજલોક છે એનો કોઈ એક અંગુલનો અસંખ્યમો ભાગ પણ અનંતવાર ત્યાં જન્મ્યો મર્યો નહિં એમ નથી. ક્ષેત્રમાં અનંતવાર પરાવર્તન કર્યું છે. દરેક ક્ષેત્રે, જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે, એ ક્ષેત્રે પણ અનંતવાર જન્મ્યો અને મર્યો છે. નિગોદના જીવ થઈને, આહાહા ! સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં નિગોદના જીવ છે. સૂક્ષ્મ નિગોદ. આહાહા ! તો ક્ષેત્રના અનંત પરાવર્તન, આહાહા ! કેમકે ચૌદ બ્રહ્માંડ તો અસંખ્ય પ્રદેશી જ છે લોક, અને અનંત કાળથી દેરક ક્ષેત્રે અનંતવાર જન્મ્યો અને મર્યો છે. આહાહાહા ! સિદ્ધ ભગવાન રહે છે ત્યાં પણ અનંતવાર જન્મ્યો અને મર્યો છે નિગોદપણે, એવા અનંતા ક્ષેત્ર પરાવર્તન કર્યાં છે, આહાહા !

એમ “ કાળ પરાવર્તન ” અસંખ્ય ચોવીશી છે, એના એક એક સમયમાં અનંતવાર પરાવર્તન થઈ ગયું છે. આહાહા ! અસંખ્ય ચોવીશી છે, અસંખ્ય સમયની કાળની એનો પહેલો સમય, એમ એક એક સમયે અનંતવાર પરાવર્તન કરીને રખડી રહ્યો છે. એમ બીજો સમય, ત્રીજો સમય, ચોથો સમય એમ અનંત સમય. આહાહાહા ! અસંખ્ય પરિવર્તન એમાં અસંખ્ય સમય જ હોય. અનંત ન હોય. પુદ્‌ગલ પરાવર્તન અનંત હોય એમાં અનંત સમય હોય, ચોવીશી અસંખ્ય છે તો એક ચોવીશી એમાં સમય અસંખ્ય જ હોય. આહાહા ! દરેક દરેક સમયે

અનંતવાર, ક્ષેત્રના સંબંધથી પરિવર્તન કર્યું છે, પરિભ્રમણ કર્યું છે એણે. આહાહા ! કાળથી એકેક સમયમાં પણ, અનંતવાર આવ્યો છે પરિભ્રમણમાં, આહાહા ! અનંતકાળ ગયોને ? આદિ છે કાંઈ ? અહીંયા પૂરૂં થયું પણ આમ આદિ છે ? અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત આમ હાલ્યું જ જાય છે ને. આહાહા ! એવા એકેક સમયમાં અનંતવાર પરાવર્તન કરીને અનંતી ચોવીશી ને અનંતા પુદ્‌ગલ પરાવર્તન કાળના કર્યા, આહાહા ! એ આ રાગના મધ્યમાં રહ્યો છે, શુભ અને અશુભ, શુભ અને અશુભ, આહાહા !

ભગવાન આત્મા રાગથી ભિન્ન છે, એની ખબરું કરી નહિં. એને ઓળખ્યો નહિં એને જાણ્યો નહિં. પ્રભુ, સર્વોત્કૃષ્ટ પરમાત્મા તો તારી પાસે જ બિરાજે છે ને પર્યાયની પાસે, તારી એટલે તું પર્યાયને માને છો, અને રાગને માને છો, તો એ રાગ ને પર્યાયની પાસે જ પ્રભુ બિરાજે છે આખો ( પૂર્ણ ). આહાહા ! સમજાણું કાંઈ ? પાસેનો અર્થ ? કે તું એક સમયની પર્યાય અને રાગ ઉપર તારી દૃષ્ટિ છે એથી તારી પાસે જ પ્રભુ ( દ્રવ્ય ) બિરાજે છે. આહાહા ! એને તું જોતો નથી, અને આવા રાગના અને વર્તમાન પર્યાયમાં અનંત અનંત અનંત કાળ–અનંત પરાવર્તન કર્યા છે. આહાહા !

થોડો અભ્યાસ જોઈએ ભાઈ, તો થોડુંક સમજાય, બિલકુલ અભ્યાસ ન હોય એને તો એવું લાગે કે આ શું છે ? આહાહા ! અભ્યાસ નહિં ને બહારની પ્રવૃત્તિમાં રોકાઈને, આહાહા ! જે વાત મૂળ છે એને પહોંચી વળવા માટે કાંઈ સાંભળવાનો વખત લેતો નથી. આહાહા ! અને આવામાં અનંતકાળ ગાળ્યો એમ કહે છે. આહાહા ! રાગ કરવો અને રાગ ભોગવવો, એવો જે અનંતી ચોવીશીમાં એકેક સમયમાં એવા અનંતા ભવ કર્યા, કાળનું પરાવર્તન કર્યું. આહાહા !

“ ભવ ” એક નરકના ભવ અનંતવાર કર્યા, મનુષ્યના ભવ અનંત વાર કર્યા, સ્વર્ગના ભવ અનંતવાર કર્યા, પશુના ભવ અનંતવાર કર્યા ( છે ). ભવ અનંતા કર્યા છે. આહાહા ! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભવ અનંત પરાવર્તન કર્યા. હવે રહ્યો “ ભાવ ” શુભ અને અશુભ ભાવ પણ અનંત પરાવર્તન કર્યા. આહાહા ! ભલે નિગોદમાંથી નથી નીકળ્યા, એ જીવોએ પણ શુભ–અશુભ ભાવ અનંતવાર કર્યા છે. એમાં આવી ગયા કે નહિ ? આહાહાહા ! શુભ ભાવ અને અશુભ ભાવ એવા અનંતવાર પલટા મારીને ભાવ અનંતવાર કર્યા છે. આહાહા ! એ ( શુભાશુભ ભાવ ) કોઈ કાંઈ નવી ચીજ નથી. આહા ! એ કોઈ જીવનું સ્વરૂપ નથી. આહાહા !

જેમ સમસ્ત જીવલોક જે નીકળ્યા નથી એણે પણ સાંભળ્યું છે એમ કહેવામાં આવે. એમ અનંત જીવો નિગોદમાંથી બહાર નીકળ્યાં નથી, પણ છતાં શુભાશુભભાવપણે અનંતવાર પરાવર્તન કર્યું છે એણે, આહાહા ! એમાંથી નીકળ્યું ને ઈ ? આહાહા ! ફુલચંદજીએ કાઢયું 'તુંને પહેલું, તો એ આમાંથી નીકળ્યું. આ અનંત જીવો જે છે એ બધા જીવોએ શુભ અશુભ ભાવનું અનંતવાર પરાવર્તન કર્યું છે, આહાહા ! તો એમાં આ નિગોદના જીવ પણ આવી ગયા. આહાહાહાહા ! પહેલું ફુલચંદજીએ કાઢયું 'તું, ( કહ્યું હતું ) કે એકેંદ્રિયમાં પણ શુભભાવ છે. શુભઅશુભ શુભઅશુભ થાય છે. આમાંથી એ નીકળે છે. આહા ! અનંત જીવો જે હજી બહાર નીકળ્યા નથી, એણે પણ શુભાશુભ ભાવનું અનંતવાર પરિવર્તન કર્યું છે. શુભાશુભ ભાવના પરાવર્તન કરીને અનંતા પુદ્‌ગલ પરાવર્તન કર્યા છે. આહાહાહા !

શું સંતોની વાણી ગંભીર, ગંભીર ગંભીર અગાધ, થોડામાં ઘણું ઘણું ભરી દીધું છે ! આહાહા ! આ સિદ્ધાંત કહેવાય. આહા ! જેમાં અનેક ભાવો થોડા શબ્દોમાં પણ પાર ન આવે, એવા ભાવો ભર્યા છે, છે તો એ ભાવ પુદ્‌ગલની પર્યાયમાં, જીવના ભાવો ન્યાં કાંઈ વાણીમાં નથી. પણ વાણીમાં જીવના ભાવો અને પોતાના ભાવોને કહેવાની શક્તિ છે. એથી વાણી એમ કહે છે કે શુભ અશુભ ભાવનું પરાવર્તન દરેક જીવે અનંતવાર કર્યું છે. આહાહા !

આખો કેવો છે જીવલોક એમ કહ્યું ને ? આખો કેવો છે જીવલોક એમાંથી કોઈ બાકી નથી રાખ્યા ઓલા નિગોદના... ને આખો જીવલોક જે છે પરિભ્રમણના કરનારા એ બધાએ પુણ્ય અને પાપના ભાવ અનંતવાર પરાવર્તન કરીને, કરી ચૂક્યા છે. આહાહા ! જેનાથી પુણ્ય બંધાય એવા શુભ ભાવ અને જેનાથી પાપ બંધાય એવા અશુભ ભાવ એ દરેક જીવલોકે અનંતવાર કર્યા છે. એમ છે એમાં જુઓ, ગંભીર વાત છે પ્રભુ. આહાહા ! ત્રણ લોકના નાથ જિનેશ્વર દેવ પરમેશ્વર, એની વાણીનું શું કહેવું ? આહાહા ! સંતો આવી વાતને બતાવે છે, છદ્મસ્થ. આહાહા ! થોડામાં ઘણું કરીને બતાવ્યું છે. ત્રણ લોકના નાથની વાતને શું કહેવી. આહાહા ! એના અલ્પ શબ્દોમાં તો ચૌદ બ્રહ્માંડ ને ત્રણ કાળ ત્રણ લોક જણાઈ જાય. આહાહાહા !

ભાવરૂપ અનંત પરાવર્તનને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે. આહાહા ! દ્રવ્યના સંયોગનું ક્ષેત્રનું – કાળનું સમયે સમયે ઉપજવું ભવનું અને ભાવનું શુભભાવપણું એને લઈને શુભ અશુભભાવના પરાવર્તનને લઈને જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે, ભ્રમણ પ્રાપ્ત થયું છે. આહાહા ! જેમ ઓલો ગરીયો–ગરીયો નથી આવતો ? ભમરડો. ભમરડો આમ મારે એટલે છોકરો કહે ઊંઘી ગયો, ઊંઘી ગયો એટલે એટલો ચકકર ચડે, એટલો ચક્કરે ચડે કે ચકકર છે એ દેખાય નહિં. આ ભમરડો આમ ( ફરતો ) હળવો થઈ જાય ત્યારે તો આમ ફરતો દેખાય પછી એકદમ ફરતો હોય ત્યારે, આ પંખામાં શું છે ? એ ફરે ત્યારે એના પાંખડા દેખાય જ નહિં. ચાર પાંખડા, એકદમ ફરે પંખો ત્યારે દેખાય નહિં. એકદમ, એકદમ ફરે તો દેખાય જ નહિં, આહાહા !

અહીં કહે છે અનંત પરાવર્તનને લઈને એને ભ્રમણ પ્રાપ્ત થયું છે. ભ્રમણ, ભ્રમણ ચકરાવે ચઢી ગયો છે. રખડવાના રસ્તે ચઢી ગયો છે. આહા !

વિશેષ કહેશે – પ્રમાણ વચન ગુરુદેવ.

## પ્રવચન નં. ૧૬ ગાથા-૪ તા. ૨૪-૬-૭૮ શનિવાર જેઠ વદ-૪ શનિવાર સં. ૨૫૦૪

સમયસાર, ગાથા ચોથી “ સમસ્ત જીવ લોકને ” એમ લેવું ત્યાંથી જે અનાદિના રખડે છે એ સિવાય સમકિતી આદિની વાત નથી. સમસ્ત જીવલોક ( કહ્યું પણ ) રખડનાર મિથ્યાદૅષ્ટિ એ અહીં લેવા. એણે રાગની વાત, રાગ કરવો ને રાગ ને ભોગવવો, રાગ છે વ્યવહાર રત્નત્રય એ પણ રાગ છે. દ્રવ્ય સંગ્રહમાં છે એ તો, એ રાગ કરવો અને ભોગવવો, એ વાત તો અનંતવાર સાંભળી છે દરેક જીવે, અને એનો પરિચય પણ થઈ ગયો છે, અને અનુભવ પણ થઈ ગયો છે. સર્વ લોકને કીધા, ભલે નિગોદના જીવ હો, પણ એને અનુભવ છે એટલે એમાં એને બધું આવી ગયું. આહાહા !

" કેવો છે જીવલોક ઈ ? સંસારરૂપી ચક્રના મધ્યમાં પડયો છે. " આહાહા ! મિથ્યાત્વમાં પડયો છે એટલે એ કર્મ ચક્રના મધ્યમાં પડયો છે એવો સ્થિત... નિરંતરપણે દ્રવ્ય, જગતના જેટલા પરમાણુઓનો સંયોગ છે, એવો અનંતવાર દરેક જીવને સંયોગ થઈ ગયો છે. એ અપેક્ષિત વાત છે. કેટલાંક પરમાણુઓ એ દ્રવ્યના સંયોગપણે થયા નથી. પણ એની શક્તિ છે અનંતવાર થયો માટે શક્તિ અનંતવાર થઈ ગઈ, એમ કહેવામાં આવે છે.

એમ ક્ષેત્ર–સમસ્ત જીવ દરેક ક્ષેત્રે અવતર્યા છે એમ પણ નથી, પણ એનામાં શક્તિ છે મિથ્યાત્વની એને લઈને દરેક ક્ષેત્રમાં અવતર્યા એમ પણ કહી શકાય. એમ ' કાળ ' એમ ' ભવ ', સ્વર્ગના ભવો અનંતા કર્યા એમ કહેવાય, કેટલાંક જીવો હજી બહાર નીકળ્યા નથી પણ એની શ્રદ્ધા મિથ્યાત્વ છે તો મિથ્યાત્વને લઈને એ બધી ચાર ગતિમાં રખડવાનો ભાવ એની પાસે પડયો છે. તેથી ચાર ગતિમાં અનંતવાર રખડયો, ભવ કર્યા, એમ કહેવામાં આવે છે. એમ ' ભાવ ' એવા અનંત પરાવર્તન દ્રવ્ય અનંત, ક્ષેત્ર અનંત, કાળ અનંત, ભવ અનંત ને ભાવ અનંત, અનંત પરાવર્તનને લીધે એ દરેકમાં બદલતા બદલતા અનંતવાર, આહાહા ! જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે. આહાહા ! રખડવાની સ્થિતિ જ જેની પ્રાપ્ત થઈ છે. આહાહા ! ચોરાશીમાં અવતરવું ભ્રમણ એ જેને પ્રાપ્ત થયું છે. અહીં સુધી આવ્યું છે.

" સમસ્ત વિશ્વને એક છત્ર રાજ્યથી વશ કરનારું મોટું મોહરૂપી ભૂત " મિથ્યાત્વરૂપી ભૂતડું. આહાહા ! મિથ્યાત્વરૂપી મોહ સમસ્ત વિશ્વને, સમકિતી સિવાય, અજ્ઞાનીને એક છત્ર રાજ્ય, જેમ ચક્રવર્તીનું રાજ્ય હોય તો જ્યાં હોય ત્યાં રાજ્ય જ એનું હોય, એમ અનંત જીવમાં મિથ્યાત્વનું જ રાજ્ય છે. સાધુ થયો તો પણ રાગથી લાભ થાય, એ મિથ્યાત્વરૂપી ભૂતડું એનેય વળગ્યું છે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! વ્રતધારી થાય, તો પણ એને મિથ્યાત્વનું ભૂતડું એ વ્રતનો વિકલ્પ છે એ મને લાભદાયક છે અને તે કર્તવ્ય છે, વ્યવહાર વ્રતનું, એવું મિથ્યાત્વરૂપી ભૂતડું ( મિથ્યા અભિપ્રાય ) આખા ચૈતન્યના સર્વ રાજ્યમાં એકછત્ર–એકછત્ર બધે મિથ્યાત્વ જ વ્યાપી રહ્યું છે. આહાહા !

જેના રાજ્યમાં જે ચલણ હોય એ ચલણ આખા રાજ્યમાં વ્યાપે, ચલણ રાજ્યનું સિક્કો, એમ મિથ્યાત્વનો સિક્કો, આહાહા ! અનંતા અજ્ઞાની જીવમાં વ્યાપી ગયો છે. આહાહા ! એકછત્ર રાજ્ય એનું છે. જ્યાં હોય ત્યાં મિથ્યાત્વ... મિથ્યાત્વ... મિથ્યાત્વ... મિથ્યાત્વ ( એટલે ) કંઈક કરવું, કંઈ કરીએ, કંઈક વ્યવહાર કરીએ તો નિશ્ચય થાય, એવું મિથ્યાત્વરૂપી ભૂતડું એકછત્ર રાજ્યથી જેને વશ કરી લીધા છે. આહાહા ! કાંઈક કરવું તો જોઈએ ને ભાઈ, કાંઈ કર્યા વિના થાતું હશે ? શું કરવું ? રાગથી ભિન્ન કરવું એ કરવું છે. પણ રાગ કરતાં કરતાં થશે સમ્યગ્દર્શન અને એ વ્યવહાર છે એ નિશ્ચયને પમાડશે. આહાહા !

એવું મિથ્યાત્વરૂપી ભૂત એક સર્વ વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર, બધાંને વશ કરી લીધા છે. ઓહોહો ! મોટા માંધાતા નગ્નમુનિ, દિગંબર મુનિ પણ જેને પંચ મહાવ્રત છે, ૨૮ મૂળગુણ છે એને પણ મિથ્યાત્વે વશ કરી લીધા છે. કારણ કે એ પણ મને ધર્મ છે અથવા ધર્મનું કારણ છે. આ બધા સાધનો છે ને ? વ્રત તપ ભક્તિ આદિ સાધનો છે, એનાથી મને નિશ્ચય સાધ્ય પ્રગટશે એમ મિથ્યાત્વના ભાવે એને પણ વશ કરી લીધો છે. આહાહાહા ! આવું ઝીણું

છે. અત્યારે એ રાડ પાડે છે નિશ્ચય વ્યવહારની સંધી એને કહીએ કે વ્યવહારથી નિશ્ચય થાય, એ અનેકાંત છે. આહાહા ! રાગ છે એ તો પર આશ્રય છે, અને સમકિત છે તે સ્વ આશ્રય છે. ચાહે તો મહાવ્રતનો રાગ, ભક્તિનો રાગ પણ એ દશા એ દિશા એ દશા પર તરફની છે. અને સમ્યગ્દર્શનાદિ ધર્મની દશા, એની દિશા સ્વ ઉપર છે. આહાહા !

મોટા માંધાતાને પણ મિથ્યાત્વે હેઠા પાડયા છે કહે છે. છત્ર રાજ્ય એનું ચાલે છે અત્યારે, આહાહા ! ચલણી નાણું એનું છે. મિથ્યાત્વનું ચલણી નાણું. આહાહા ! સાધુ થયા, મુનિ થયા બહારના વેશ ફેરવ્યા પંચ મહાવ્રત ( પાળ્યા ) એને પણ મિથ્યાત્વે ઘેરી લીધો છે. આહાહા ! આવી વાત છે. મોટું મોહરૂપી ભૂત મિથ્યાત્વ. આહાહા ! એકછત્ર રાજ્યથી વશ કરનાર સારા વિશ્વને, આહાહા ! એ જેમ સમસ્ત જીવલોક કીધો ’તો ને ? કે બૂરું કરનારો એણે સાંભળ્યું છે. એવો જ જીવલોક પરિભ્રમણ કરે છે. એવો જીવલોક આ છે. આહાહા !

“ મોટું મોહરૂપી ભૂત કે જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે ” આહાહા ! મિથ્યાત્વનું રાજ્ય એવું છે કે બળદની જેમ એણે આ રાગ કરવો પડે આપણે વ્યવહાર કર્તવ્ય છે, દયા દાન ભક્તિ વ્રત તપ એ કર્તવ્ય છે. એવું મિથ્યાત્વરૂપી ભૂતડે, આહાહા ! બળદની જેમ ભાર વહેવડાવ્યો છે, બધો ભાર છે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ, આહાહા ! નિર્વિકલ્પ ચીજ છે અંદર વસ્તુ ( જ્ઞાયકભાવ ) એ વ્યવહારની અપેક્ષા વિના પ્રગટ થાય એવી એ ચીજ છે. એ તો સ્વની અપેક્ષા, ત્રિકાળની અપેક્ષાથી થાય છે એને ઠેકાણે મોટા માંધાતા અગિઆર અંગના ભણનારા દસ-દસ હજાર વીસ-વીસ હજારમાં ભાષણ આપનારા, એવા બધાને મિથ્યાત્વે ઘેરી લીધાં છે કહે છે, હેં ? આહાહા ! એ આપણે આ બધું પરિષહ સહન કરીએ, ઉપસર્ગ સહન કરીએ તો એ સહન કરતાં કરતાં ધર્મ થાય અંદર, નિશ્ચય સમ્યગ્દર્શન પમાય એમ મિથ્યાત્વરૂપી ભૂતડે, બળદની જેમ ભાર વહેવડાવ્યો છે. આહાહા !

પાઠમાં તો “ ગોરિવ ” છે ને ? ગોર-ઇવ; ગો-ઇવ પાઠમાં ઈ છે ગો-ઇવ, બળદની જેમ. આહાહા ! આટલા આટલા કામ, કરવા પડે આપણે. શાસ્ત્રોની રચના કરવી પડે. મંદિરો બનાવવા પડે. હેં ? ( શ્રોતાઃ છપાવવા પડે વહેંચવા પડે ) છપાવવા પડે. આહાહા ! પ્રકાશમાં ( આવવા ) અધ્યક્ષ થવું પડે, તે વિના આપણે કેમ ચાલે ? ચાલે ખરો સંસાર ચાલે, વ્યવહાર માર્ગ ચાલે શી રીતે ? આહાહા ! એ રાગને ઝાલ્યો છે, મિથ્યાત્વથી ગજબ વાત બાપુ ! આહાહા ! મિથ્યાત્વરૂપી ભૂતડે એને બળદની જેમ ભાર વહેવડાવ્યો છે. એ પંચ મહાવ્રતના પરિણામ આદિ ભાર કલેશ છે. આહાહા ! અને એણે એને ધર્મ માન્યો છે, મિથ્યાત્વને લઈને અને કાં એને ધર્મનું કારણ છે એમ માન્યું છે. આહાહા !

સારા નિમિત્ત હોય તો આત્મામાં કાર્ય થાય, એમ મિથ્યાત્વ ભૂતડે આમ બળદની જેમ પરના કાર્યમાં જોડી દીધો છે એને. આહાહાહા ! નિમિત્ત ગમે તે હોય, નિમિત્તથી થાતું નથી કાંઈ ત્રણ કાળમાં કાંઈ. નિમિત્ત નિમિત્તની પર્યાય કરે. આહાહા ! આવી વાતું બાપુ ! આકરી ભાઈ આ તો ભગવાનના વિરહે, વિદેહધામની વાતું છે. આહાહા ! શું થાય ? ત્યાંથી લાવ્યા છે ને આ ? કુંદકુંદાચાર્ય ત્યાં ગયા ’તા પ્રભુ પાસે જીવતા તીર્થ કર્યું ’તું. આહાહા ! મહાવિદેહ આઠ દિવસ રહ્યા, હતા તો જ્ઞાની ચારિત્રવંત, સમકિતી પણ વિશેષ ત્યાં જઈને, નિર્મળતા ઘણી થઈ. જો કે

થઈ તો પોતાને કારણે, સમજાણું ? પણ મહાવિદેહમાં ગયા હતા. એ પણ એની યોગ્યતાથી ગયા 'તાને, આહાહા ! એ ત્યાંથી પોતાને જે અંતર પ્રાપ્ત થયું, પોતાથી, ત્યાંથી પણ તેનાથી નહિં પણ પોતાથી પ્રાપ્ત થયું. આહાહા ! એનાથી આ વાત કરી રહ્યા છે. આહાહાહા !

કહે છે મોટું મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે. બળદને જેમ ઘોંસરા નાખી ૨૫-૨૫ મણ ૫૦ મણ વહેવડાવે, એમ આ કલેશ, રાગની મંદતાનો કલેશ, ક્રિયા, મહાવ્રતની ને સમિતિ, ગુપ્તિની ને બ્રહ્મચર્યની ને એ શુભભાવ છે એ ભાર છે, કલેશ છે. પણ અજ્ઞાની એને મિથ્યાત્વને લઈને એ ભાર કરવો પડે એમ ( માનીને ) ભારને વહે છે. આવું કામ છે. એકાંત કહે લોકો બિચારા, નયનો વિષય જ એકાંત છે. સમ્યક્ એકાંત નયનો વિષય જ એ છે. એને ઠેકાણે અનેકાંત આમ થાય, વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય. નિમિત્તથી પણ થાય અને ઉપાદાનથી ( પણ ) થાય. આહાહા ! એવું મિથ્યાત્વરૂપી ભૂતડે એવા કામ કરી કરીને બળદની જેમ મજૂરી કરે છે ઈ. આહાહા ! છે કે નહિં અંદર ? ( ઉપયોગ તો આખો ' દિ આત્મામાં રહે નહિં- પછી બહાર આવે ) અહીં એ ક્યાં પ્રશ્ન છે ? બહાર આવે પણ એનાથી લાભ નથી, એ મારા ધર્મમાં કારણ નથી, એવી જો દૃષ્ટિ હોય તો એને મિથ્યાત્વનું ભૂતડું નથી. બહાર આવીને આ કર્તવ્ય કરીએ છીએ, તેથી ધર્મની પુષ્ટિ થશે, ધર્મની વૃદ્ધિ થશે, ધર્મમાં સહાયક થશે, એમ તો કહ્યું છે ને અગિયારમી ગાથામાં કે નિમિત્ત દેખીને, સહાયક હસ્તાવલંબ દેખીને જિનાગમમાં પણ કથન ઘણું કર્યું છે, પણ એનું ફળ સંસાર છે. આહાહા ! આવી વાત છે, વાદ વિવાદે એ બેસે એવું નથી બાપુ, દુનિયા જોઈ છે ને આખી. આહાહા !

આ માર્ગ જ વીતરાગનો, આહાહા ! જેને વ્યવહારની પણ અપેક્ષા નથી એવું જે સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્ર, સ્વને આશ્રયે થાય, પરનો આશ્રય એને હોય જ નહિં. એને ઠેકાણે મિથ્યાત્વ ભૂતડે, એ વ્યવહાર કરતાં નિશ્ચય પમાશે અને નિશ્ચયને પહોંચી વળાશે. આહાહા ! મિથ્યાત્વરૂપી ભૂતડે બળદની જેમ ભાર વહેવડાવ્યો છે. ભાર છે બધો બોજો છે. આહાહા ! એ રાગની ક્રિયા વિકલ્પની ક્રિયા છે એ કરવા લાયક છે અને એનાથી લાભ છે. એ બળદની જેમ ભાર વહેવડાવે છે. આહાહા ! ' એયત્તસ્સુવલંભો ' એની વ્યાખ્યા છે આ. છે ને ( ગાથાનું ) ત્રીજુ પદ, એયત્તસ્સુવલંભો, એકત્વની પ્રાપ્તિ આ રીતે નથી. આવા કારણે એને એકત્વની પ્રાપ્તિ નથી. આહાહા ! એ બેકલાની પ્રાપ્તિ છે. આહાહા ! આહાહા !

બળદની જેમ ભાર વહેવડાવે છે. આહાહા ! પચીસ, પચીસ અપવાસ, પચાસ, પચાસ અપવાસ, ચોવિયારા, પાણી વિનાના નિર્જરા થાય. નિર્જળે અપવાસ કરીએ તો નિર્જરા વધારે થાય. આહાહા ! એમ મિથ્યાત્વરૂપી ભૂતડે એ રાગની ક્રિયાને બળદની જેમ કરી છે એણે. આહાહા ! આવી વાતો સાંભળવી મુશ્કેલ પડે. આહાહા ! એ તો કીધું, એના સાટું તો વાત ચાલે છે આ.

પછી જ્યારે આ મિથ્યાત્વરૂપી ભૂતડે, એને રાગમાં જોડી દીધો છે. રાગથી કાંઈક લાભ થાય એ માટે રાગના ક્રિયાકાંડ કલેશ છે. ચાહે તો પંચ મહાવ્રત હો, બાર વ્રત હો, પણ રાગ છે કલેશ છે. કલેશનો બોજો કરવો પડે એમ મિથ્યાત્વે બળદની જેમ એને જોડી દીધો છે. આહાહા ! આકરું પડે કામ.

" જોરથી ફાટી નીકળેલા તૃષ્ણા " અને જ્યારે એ મિથ્યાત્વનું જોર થયું, એમાંથી તૃષ્ણા ફાટી. આહાહા ! " જોરથી ફાટી નીકળેલી તૃષ્ણા એનો રોગ " કંઈક કરવું- કાંઈક કરવું- કાંઈક કરવું રાગ કરવો, કાંઈક કરવું પરનું કાંઈક ભલું કરવું તો આપણને કંઈક લાભ થાય, એવી તૃષ્ણારૂપી રોગ જેને ફાટી નીકળ્યો છે. આહાહા ! એ સાધુ બને નગ્ન દિગંબર પણ અંદરમાં મિથ્યાત્વ છે. એથી રાગથી લાભ માનીને બળદની જેમ જોડાઈ ગયા છે. આહાહા ! અને તૃષ્ણારૂપી રોગ અંદર ફાટયો છે, આ કરું, આ કરું, આ કરું તૃષ્ણા-તૃષા છે ને ? તૃષ્ણારૂપી રોગ, એનો દાહ છે અંદર. આહાહા ! એ શુભરાગ પણ દાહ છે. " રાગ આગ દાહ દહે સદા, તાતૈં સમામૃત સેઈએ " આહાહા ! ચાહે તો એ શુભરાગ હો, પણ કહે છે કે એ તૃષ્ણારૂપી રોગે દાહ ઉત્પન્ન કર્યો છે. આહાહા !

જેના દાહથી અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે. આહાહા ! એ શુભરાગ પણ દાહ ને પીડા છે, પણ મિથ્યાત્વના ભૂતડે એના તૃષ્ણા ને લોભને કારણે, આહાહા ! આ મને ઠીક છે, આ મને ઠીક છે, મેં ઠીક કર્યું એવા દાહથી બળી ગયેલા છે. આહાહા ! ઝીણી વાતું બહુ બાપુ ! વીતરાગ માર્ગની. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એ અંદર સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ ( નિજાત્મા ) એમાં સમાડવા માગે છે. આહાહા ! સર્વજ્ઞ થયેલા પ્રભુ, સર્વજ્ઞ સ્વભાવીમાં જવા તેમાં ઠરવું, પ્રતીતિથી જવું અને સ્વરૂપથી ઠરવું. આહાહા !

એવું કરાવા માગે છે એને ન સમજતાં, તૃષ્ણારૂપી રોગ જેને વળગ્યો, આ કરું, આ કરું આ કરું, આ કરું.... આહાહા ! પંડિતાઈ કરું ને વિદ્વત્તા કરું, ને હું ઘણું ભણું ને જગતને ઘણાંને સમજાવું તો મને લાભ થાય. દુનિયાને કાંઈક લાભ થાય તો મને પણ કંઈક મળે કે નહીં એનો ભાગ, નહિં દેવીલાલજી ? આહાહા ! હજારો માણસને ઉપદેશ દે એમાંથી કાંઈક લાભ થાય કે નહિં એને ? એનો ભાગ કંઈક આવે કે નહિં થોડો ? આહાહા ! પણ તૃષ્ણારૂપી દાહે એને ત્યાં સળગાવી દીધો છે અને લાભ થશે આપણને બીજાને, બીજા ઘણાં લાખો માણસ સમજે તો થોડા દસ આની બાર આની, થોડોક સોળમો ભાગ પણ કંઈક આવે કે નહિં ? આહાહા ! ધૂળેય મળે નહિં એકેય ટકો. અહીં તો. અરે બાપુ મારગ જુદા, ભાઈ !

અહીં તો અંતર સ્વરૂપમાં, આહાહા ! અંતર સ્વભાવમાં જાવું છે ત્યાં બહારના કારણોથી, કેમ મદદથી જવાય ભાઈ ? આહાહા ! બહારના કારણોનો તો આશ્રય છોડી દે, તેનું લક્ષ છોડી દે, તેની રુચિ છોડી દે, તો અંતરમાં જાય તો એને અંતરને આશ્રયે લાભ થાય, પણ આ બહારના ક્રિયાકાંડ ખૂબ કરે, અપવાસ કરે, બ્રહ્મચર્ય જાવ્વ જીવ પાળે, છ કાયની હિંસા ન કરે, કંદમૂળ ન ખાય, જાવ્વ જીવના ચોવિયાર કરે, આહાર ન ખાય, બાપુ ! એ તો બધી રાગની ક્રિયા છે ભાઈ. આહાહા ! પણ તૃષ્ણારૂપી દાહે એને બાળી મૂક્યો છે ત્યાં. છે ? તૃષ્ણારૂપી રોગના દાહથી અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે. આહાહા ! ભલે બીજાને ઉપદેશ દઉં અને એનાથી લાભ થાય એવો શુભભાવ એ પણ દાહ છે, અગ્નિ છે. આહાહાહા !

રોગના દાહથી જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ એમ કીધું, શરીરમાં ભલે રોગ ન હોય એમ કે, શરીર નિરોગી હોય, આહા ! પંચમહાવ્રત બરોબર પાળતો હોય, આહાહાહા ! પણ અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે. એ શુભરાગને જ ધર્મ માનનારા અને શુભ રાગ કરતાં કરતાં

સમ્યગ્દર્શન નિશ્ચય થશે, એ અંતરંગમાં દુઃખી છે, એ અંતરંગમાં પીડા વેદે છે. આહાહા ! આવું આકરું પડે માણસને પણ અહીં તો ચોખ્ખી વાત છે સત્યનું ઉદ્‌ઘાટન છે. સત્ય આ છે એ સિવાય બધું અસત્ય છે. અરે ! પ્રભુનો માર્ગ તો વીતરાગથી શરૂ થાય કે રાગથી શરૂ થાય ? એ વીતરાગ માર્ગ જ નહિં. આહાહા ! અહીં તો રાગથી શરૂ કરાવીને વીતરાગતામાં લઈ જવો છે. આહાહા ! ! (જે અશકય છે.)

તૃષ્ણારૂપી રોગ એનો દાહ– જોયું ? એ શુભરાગની તૃષ્ણા છે એ પણ દાહ છે, અગ્નિ છે, કષાય છે. આહાહાહા ! અરે, લોકો જેને ધર્મ માનીને બેઠા એને અહીં કહે છે કે એ તો તૃષ્ણા રોગનો દાહ છે, પીડા છે. આહાહા ! અને આ વાત હવે ક્યાં ગુપ્ત રાખી છે ? બહાર પડી ગઈ છે બધેય ઘણી. અહીંથી ૨૦ લાખ પુસ્તક બહાર પડી ગયા છે, બધામાં આ વાત છે. હેં ! આહાહા ! ભાઈ ! તું તારા ઘરમાંથી નીકળીને બહારમાં ભમે છે ! શુભાશુભ ભાવમાં એ દાહ છે પ્રભુ. આહાહા ! આવો મારગ આકરો લાગે લોકોને હોં, હેં ? એટલે એમ જ કહે એકાંત છે એકાંતીઓ છે, કહો પ્રભુ, આહાહા !

(એમ લાગે છે વ્યવહારનો લોપ થઈ ગયો) વ્યવહારનો લોપ ! એની રુચિ છોડયા વિના સ્વભાવની રુચિ થઈ શકે નહિં. ઘણાને એમ થાય નાના નાના છોકરાંઓ પણ આવા ભગવાનના દર્શન કરે, આવું કરે આવું કરે એને તમે કહો આનાથી લાભ નથી તો, નહિં કરે એ, ભાઈ ! કરે ન કરે એનો પ્રશ્ન ક્યાં છે. આહાહા ! બધાય કરે છે, એ કરવા ટાણે રાગ હો. આહાહા ! પણ જાય ન જાય એની સાથે સંબંધ શું છે ? શુભ ભાવ છે એ પોતે જ દાહ છે. એને કરતાં કરતાં સમકિતની શાંતિ મળશે ? આહાહા ! રોગથી નિરોગતા થવાશે ? દાહથી શાંતિ મળશે ? આહાહા ! બહુ ટૂંકામાં ટીકા, આવી ટીકા તો, આહાહા ! ભરતક્ષેત્રમાં સમયસારની આ ટીકા દિગંબરમાં આવી ટીકા, બીજા શાસ્ત્રોમાં આવી ટીકા નથી. એવી આ કોઈ ટીકા અદ્‌ભૂત, આહાહા ! જેનાં થોડા શબ્દોમાં ભાવની ગંભીરતા અગાધ ગંભીર અગાધ ગંભીર. આહાહા !

પ્રભુ તારી પ્રભુતા પ્રાપ્ત કરવા માટે પામર એવા રાગની જરૂર નથી નાથ, આહાહા ! પ્રભુ તને એ કલંક છે. આહાહા ! હોય એ જુદી વાત છે. હોય છે એ પૃથક તરીકે જ્ઞાન એને જાણે, ભલે એમેય જાણે મારી પર્યાયમાં થાય છે, પણ છે દુઃખ ને રાગ, ભલે હું એનો કર્તા છું પરિણમનની અપેક્ષાએ, છતાં છે તો રાગ ને રોગ ને દાહ. આહાહા ! કેટલું સમાડયું છે જુઓ ને. ઓહોહોહો !

એકછત્ર ચાલે છે મિથ્યાત્વનું છત્ર અત્યારે, જ્યાં પૂછો ત્યાં મિથ્યાત્વનું જોર જ છે બધેય, આહાહાહા ! બાળકથી માંડીને ત્યાગી મોટો મહાત્મા લાખ્ખો, કરોડો વર્ષ સુધી પાંચમહાવ્રત પાળતો હોય, એની પાસે પણ મિથ્યાત્વનું રાજ પડયું છે. (બાદશાહી શાસન) હેં ? (બાદશાહી શાસન) હેં ? બાદશાહી શાસન. આહાહા ! આવી વાત ક્યાં છે ભાઈ ? આહા ! અહીં તો તારા અનંતા જનમ મરણના ફેરા જે અનંતા કર્યા, એ આ ભાવે કર્યા મિથ્યાત્વભાવે. આહાહા ! હવે એને છોડાવવા માટે આ કહે છે. રાખ્યું છે તેં અને માનીને રખડયો છો ! હવે એને છોડાવે છે. બાપુ ! હવે પરિભ્રમણથી છૂટ નાથ. આહાહા ! ઢોરને પણ ખીલે બાંધે તો રાજી થાય છે. (અહીં છોડે તો રાજી થાય) છોડે તો રાજી થાય. અમથા આમ બાંધે, સાંજના બાંધે ને સવારે છોડે ત્યારે ખુશ થાય. આહાહા ! અહીં તો કહે છે રાગના ભૂતડાથી તને પીડા છે પ્રભુ, તું એનાથી

સમકિત થશે ? સ્વનો આશ્રય મળશે, પરના આશ્રયથી સ્વનો આશ્રય મળશે ? એ રાગના દાહથી અંતરંગમાં પીડા છે પ્રભુ. આહાહા !

એ દાહ વિનાની ચીજ પ્રભુ અંદર છે, ત્યાં તારી નજર જાતી નથી ને અહીંયા નજરમાંથી ખસતો નથી. આહાહા ! ત્યાં નિધાન પડયું છે અંદર, એકલો શાંત રસનો કંદ છે, જેમાં દયા દાનના વિકલ્પની ઉત્પત્તિનું પણ જ્યાં સ્થાન નથી, આહાહા ! એવું ધ્રુવ ધામ, ધ્રુવનું સ્થાન વિશ્રામ સ્થાન પડયું છે ને નાથ, આહાહા ! ત્યાં જવા માટે આ વાતું કરે છે. આ વાત તિરસ્કાર કરવા માટે નથી. આહાહા ! ભાઈ, તું આ રીતે અનંત કાળથી દુઃખી છો, કેમ ? તને મિથ્યાત્વરૂપી ભૂતડું વળગ્યું છે. એ તને તૃષ્ણાનો દાહ ફાટી, અને આ કરું, આ કરું, આ કરું ( કર્તાભાવ ) એમાં તને જોડી દે છે. આહાહાહા !

કનુભાઈ ! આવું છે આ, જજમાં આવ્યું છે આવું કાંઈ ? આ તો વીતરાગી જજ છે. સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ વીતરાગ સ્વરૂપે પ્રભુ ! એની આજ્ઞા બહાર રાગથી લાભ માને એ જૈન નથી. આહા ! તું જૈનનો દાસ નથી, તું રાગનો દાસ છો. આહાહા ! ( શ્રોતાઃ અંતરમાં જવા માટે સૂક્ષ્મ વિકલ્પ રોકી દે છે જાવા નથી દેતો ) વિકલ્પનીયે જરૂર નથી ત્યાં વિકલ્પેય કામ કરતું નથી. વિકલ્પ એ આકૂળતા છે. મિથ્યાત્વે તેને વિકલ્પમાં રોકી રાખ્યો છે. ત્યાંથી ખસતો નથી. આહાહા !

જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે. આહાહા ! આ તો એમ માને છે કે અમે સુખી છીએ, અને અમને મજા છે. એ તો હજી અશુભ ભાવ, વેપાર, ધંધા, ભોગ વિષય, ખાવા પીવાની સગવડતામાં, રાજીપા માને છે, એ તો તીવ્ર પાપના પરિણામ- દાહ એમાં બળી ગયો છે ને એમાં પોતે ઠીક માને છે. આહાહા ! શરીરનો અંગ બળે છે એને ઠીક માને છે. આહાહા ! એમ ભગવાન આત્માનો શાંતિ સંતોષ વીતરાગ સ્વભાવ અશુભ રાગનાં પ્રેમમાં બળી જાય છે તારું અંગ બળે છે પ્રભુ, પર્યાયહોં, દ્રવ્ય તો છે ઈ છે. આહાહા !

આ સમકિતના આઠ અંગ કહ્યાં છે ને ? નિઃશંક ને આદિ એ કાંઈ ભેદરૂપ નથી. એ આઠેય થઈને એકરૂપ સમકિત છે, ભેદ છે એ ત્યાં લાભ કરતો નથી, એ એમ નથી એમ કહે છે. આહાહા ! નિઃશંક, નિઃકાંક્ષ આદિ એ આઠ અંગો કહ્યાં સમકિતના, એટલે કે સમકિતનો એક ભાગ પડયો ઈ ? એ બધા ભાગો થઈને એકલું સમકિત છે, એકલી વસ્તુ છે ઈ તો. ભાગ જુદા જુદા છે એમ નથી. આહાહાહા ! આહાહા ! એના આઠ ભાગ પણ જેમાં નથી, એ આખી વસ્તુ જે છે સમ્યગ્દર્શન એ શાંતિનું કારણ અને સ્વઆશ્રયનું કારણ છે. આહાહા ! બાકી જેટલું બહારમાં, આહાહા ! બહારની ચીજોનાં ભપકા અને આમ દેખાવમાંથી દેખાતા એમાં જેટલો જા છો પ્રભુ એટલી પીડા છે તને. આહાહા ! એ તો ઠીક, પણ શુભભાવમાં જા છો એ પણ પીડા છે કહે છે. આહાહા ! ભાઈ, રાગ છે એ દુઃખ છે, એ અંતરંગ રોગની પીડા છે. આહાહા ! શરીરમાં રોગ હોય ન હોય એનું ભલે કાંઈનથી. પણ અંતરમાં આ રોગ છે મોટો. આહાહા ! એ રોગને નાશ કરવાનો ઉપાય સ્વનો આશ્રય લેવો. આવી વાત છે.

બાર અંગનું કહ્યું નથી કળશ ટીકામાં ? બાર અંગમાં અનુભૂતિનું કહ્યું છે. આહાહાહા ! ગમે તેટલી વાતો કરી, બાર અંગમાં ચરણાનુયોગ અને કરણાનુયોગ ને કથાનુયોગ ને પણ વાત

ઈ છે કે, સ્વના આશ્રયમાં જા, પરનો આશ્રય છોડી દે. આહાહા ! છોડી દે એ પણ નાસ્તિથી છે. સ્વના આશ્રયમાં જા ત્યાં પરનો આશ્રય છૂટી જાય છે. આહાહા ! આમાં સમજવું શું પણ. આહાહા ! આવી ઝીણી ઝીણી વાતું હવે અહીંયા આખો દિ ' સંસારના કામમાં પડયા હોઈએ એને બીજો કોઈ રસ્તો હળવો હળવો છે કે નહિં ? આહાહા ! બાપુ, હળવો તું છો અને શુભાશુભભાવ એ તો ભાર બોજો કલેશ છે, પીડા છે. આહાહાહા ! આહાહા !

" આકળો બની બનીને મૃગજળ જેવા " આહાહા ! મિથ્યાત્વના જોરે ફાટી ગયેલી તૃષ્ણા એનાથી ફાટી તૃષ્ણા એમાં અંતરંગ પીડા થઈ. આહાહા ! આકળો બની બનીને મૃગજળ જેવા વિષય, એટલે અતીન્દ્રિય વિષય પોતાનો છે એને છોડી દઈ, આહાહાહા ! શું આચાર્યની શૈલી ! અમને સાંભળવા અને વીતરાગની વાણી સાંભળવી, આહાહા ! એ મૃગજળ જેવો વિષયનો ગ્રામ છે, સમૂહ છે. આહાહા ! છ ઘડી ભગવાનની વાણી આમ નીકળે સવારમાં સાંભળે છે, ત્યાં તો બંધ થઈ જાય છ ઘડીએ. આહાહા ! સાંભળવાની તૃષ્ણા જે છે એ તો એમને એમ ઊભી રહી. આહાહા ! આકરું કામ છે. આકળો બની બનીને મૃગજળ જેવા વિષય ( એટલે ) એ નિમિત્તોનો સંયોગ તો મૃગજળ જેવો છે. આહાહા ! એ પાંચ ઇન્દ્રિયોના વિષયો સાંભળવું, જોવું, રસ લેવો, ગંધ સ્પર્શ આહાહા ! આહાહાહા !

જુઓને કાલે વાત નહોતી થઈ. લગનમાં છોકરાને હાર્ટફેઈલ, હાર્ટ બેસી ગયું. આહાહા ! લગ્ન, પતિ પત્નિ બે બેઠા, મંત્રો જપે બ્રાહ્મણ કે જે હોય તે, વાણિયા– જૈન જપતા જપતા જપે છે હજી તો, ત્યાં ઊડી ગયો, હાર્ટ બેસી ગયું. વરરાજાનું હાર્ટ બેસી ગયું એવું લખ્યું છે. " લગ્નના મંડપ નીચે વરરાજાનું હાર્ટ બેસી ગયું " આહાહા ! એમ લખ્યું છે અંદર હોં મોટા અક્ષરે. આહાહા ! કેટલી હોંશ હશે ? આહાહા ! ભોગની તૃષ્ણા, સ્ત્રી મેળવવાની ભાવના, લોભ અને ઘણી સામગ્રીમાં હવે આપણે લ્હાવા લઈશું. આહાહા !

એવા મૃગજળ જેવા વિષયગ્રામ એ તો સ્થૂળ વિષય કીધો. પણ પાંચેય ઇન્દ્રિયોનો જે વિષય છે, સાંભળવું, ભગવાનને જોવા એ બધો વિષય છે. ( ભગવાન પોતે ઇન્દ્રિયનો વિષય છે ) ઇન્દ્રિય છે ને ઇન્દ્રિય. તે વિષય છે. તે ઇન્દ્રિયનો વિષય છે. આહાહા ! મૃગજળ જેવા, આહાહા ! એ મંદિર આમ કરોડો રૂપીયાનું મંદિર આમ જળહળ જળહળ જ્યોતિ હોય એમાં વીજળી લાગે, ક્ષણભંગૂર નાશ થઈ જાય, ' પરમાત્મ પ્રકાશમાં ' કહ્યું છે, એ બધા તીર્થસ્થળો મંદિરો એ બધા કાળ અગ્નિના ઇંધણા છે. કાળરૂપી અગ્નિના લાકડા છે ઈ. આહાહા ! બાપુ, એ ચીજ કેમ રહેશે ને ક્યાં રહેશે જુઓ. આહાહા !

એક ક્ષણમાં બળી ગયું નહિં ? ઘાટકોપર. લાખ સવા લાખનો પંડાલ, વ્યાખ્યાન ચાલતું 'તું પાંચ પાંચ છ છ હજાર માણસો, જુઓ બરાબર આવ્યું, અર્ધો કલાક વાર લાગી. ( વ્યાખ્યાન ) ત્રણ વાગે શરૂ કરવાનું અઢી વાગ્યે આગ લાગી ખલાસ આખો પંડાલ ઘાટકોપર હડ હડ હડ હડ અગ્નિ લાગી આહાહા ! ત્રણ દિ ' બંધ રાખવું પડયું, ત્રણ દિ ' પછી બીજે સર્વોદયમાં. આહાહા ! નાશવાન ચીજમાં ટકવું તું દેખીશ તો શી રીતે ટકશે ? ક્યારે એ પલટીને રાખ થશે. આહાહા ! શરીરનો પલટો થઈને ક્યારે એ રાખ થાશે શરીરની, મડદું ક્યારે. આહાહા ! ( મૃતક કલેવર ) મૃતક કલેવરમાં અમૃત સાગર મૂર્છાણો. આહાહા ! એવી બહારની તૃષ્ણાના મૃગજળ

જેવા, આહાહા ! વિષયગ્રામ, ગ્રામ સમજે ને ? ગ્રામ એટલે વિષયનો સમૂહ, પાંચેયનો સમૂહ–રૂપ રસ ગંધ સ્પર્શ ( શબ્દ ).

બીજે એક વાર એમ સાંભળ્યું 'તું પતિ–પત્નિ લગ્ન કરવા બેઠા 'તા ત્યાં નીચેથી સર્પ આવ્યો, કરડયો ને મરી ગયો ન્યાં ને ન્યાં, વર મરી ગયો ત્યાં, નાશવાન આ તો ક્યાં વસ્તુ છે બાપુ તે ટકે. એ તો ઠીક પણ અહીં તો શુભભાવને પણ નાશવાન ગણીને, આહાહા ! છે ? વિષયગ્રામમાં ઘેરો ઘાલ્યો છે. શું કહે છે ઇ ? ઘડીકમાં શબ્દ ને ઘડીકમાં રૂપ ને ઘડીકમાં રંગ ને ઘડીકમાં સ્પર્શ ને ઘેરો ઘાલ્યો છે એમાં. આહાહા ! સ્વરૂપને અંતરમાં જોવાનું છોડી દઈને પાંચેય ઇન્દ્રિયના વિષયમાં ઘેરો ઘાલ્યો છે, એક પછી એક, એક પછી એક, જોડીને ઘેરો જ ઘાલ્યો છે. આહાહા !

શું સમજાવે છે પ્રભુ, આહાહા ! થોડી ભાષામાં કેટલું ભર્યું છે. આહાહા ! મૃગજળ જેવા વિષયગ્રામ, ગ્રામ એટલે સમૂહ, છે નેઅંદર ? ઇન્દ્રિય વિષયનો સમૂહ, શાસ્ત્રમાં પણ જોવું એ પણ વિષય છે કહે છે. આહાહા ! એ વિષયમાં ઘેરો ઘાલે છે. પ્રભુ આત્મા મિથ્યાત્વના કારણે જોરે તૃષ્ણા ફાટી છે તેથી વિષયગ્રામમાં, બહારના વિષયગ્રામમાં ઘેરો ઘાલે છે. આહાહા ! એક પછી એક, એક પછી એક, પકડે જ છે. જેમ રૂની પૂણી એક પૂરી થાય ત્યાં બીજી, બીજી પૂરી થાય ત્યાં ત્રીજી એમ એક લક્ષમાંથી છૂટે ત્યાં બીજે ને ત્રીજે. આહાહા ! પાંચેય ઇન્દ્રિયના વિષયમાં ઘેરો ઘાલ્યો છે એણે. ભગવાન ઉપર જાતો નથી જ્યાં પ્રભુ ( જ્ઞાયકદેવ ) બિરાજે છે. આહાહા !

અને પરસ્પર આચાર્યપણું પણ કરે છે. આહાહા ! જોયું ? એક બીજા જે સમજાવે છે એને અને ઓલો હા 'ય પાડે છે. આહાહા ! શુભ ભાવ કરીએ, ભગવાનની ભક્તિ કરીએ, ભગવાનનું સ્મરણ કરીએ, તો શરીરના પાંચ ઇન્દ્રિયના વિષયો છોડીએ, તો આત્માને લાભ થાય. ઓલા કહે હા. એમ પરસ્પર આચાર્યપણું પણ મિથ્યાત્વનું કરે છે. આહાહા ! અને એ વાત લાગેય સારી સામા સાંભળનારને, આ તો શું કહે છે. આહાહા !! પરસ્પર આચાર્યપણું, છે ? એ શુભ ભાવ પાંચ ઇન્દ્રિય તરફ ઢળવું એ જ બરાબર છે. પછી એકદમ આત્મામાં જવાતું હશે ? આત્માનો નિર્વિકલ્પનો અનુભવ એમ થતો હશે ? પહેલા બહારથી જરી વ્યવહારમાં આવે, પછી એને વિશ્રામ મળે, તો અંદર ઠરે.

રજનીશ છે ને રજનીશ એ એમ કહે છે ને, ખૂબ પહેલાં દાંત કાઢો, ખૂબ દાંત કાઢો, દાંત કાઢો પછી નિર્વિકલ્પ થઈ જશે. આહાહા ! મારી નાખ્યા જગતને, રજનીશ છે ને રજનીશ, ( શીખવે ) બહુ રોઓ ખૂબ રોવું પહેલા એકવાર ખૂબ રોવું, રોઈને પછી બંધ થઈ જાઓ નિર્વિકલ્પ થઈ જવાશે. કાળા કેર કરી નાંખ્યા છે. અને એને સાંભળનારાય સો સો રૂપીઆ દઈને સાંભળે, એવાય માણસો છે અત્યારે, આહાહા ! પ્રોફેસર હતો ને પહેલા જૈનનો, જૈનમાં હતો, તારણસ્વામીમાં આહાહા ! ફોટામાં આવ્યું છે આમ એક જણને કાંઈક આમ દાબતો 'તો. કંઈક દાબે એટલે અંદરમાં કાંઈક થઈ જાય, આહાહા ! થઈ જતું હશે ? ધૂળેય નથી ભ્રમણા છે. કારણ કે ઓલી વિશેષતા કરીને કાંઈક દાબીને દાબીને, આહાહા ! મોઢું ફાટી ગયું 'તું ઓલાનું, એમ છાપામાં આવ્યું છે. એને પછી અંદર નિર્વિકલ્પતા થઈ જાય એમ કે. આહાહા ! ( શ્રોતાઃ માનસિક સ્થિરતા થઈ જાય એટલે નિર્વિકલ્પતા માને ) અરે ! એનાથી થાય ? એ તો દુઃખરૂપ છે. ખૂબ રોઈ લો પછી વિકલ્પ તૂટી જશે અને નિર્વિકલ્પ થઈ જશે ! ખૂબ વિકલ્પ કરો પછી

નિર્વિકલ્પ થઈ જવાશે !! આહાહા ! આ તો ઝાઝા વિકલ્પ કરો જે જાતનો વિકલ્પ આવ્યો એને તોડી નાખે, જોડી દો એ કામમાં. આહાહા ! ભોગાનંદમાં પણ બ્રહ્માનંદ છે. ભોગમાં પણ સુખ લાગે છે ને ? ઈ આનંદ આત્માનો છે. અરે ! પ્રભુ તું શું કહે છે આ ? અરે ! એને સાંભળનારાય મળે એને માનનારાય મળે. હેં ? આહાહા !

અહીં તો સંપ્રદાયમાં રહીને પણ પરસ્પર આચાર્યપણું પણ કરે છે. અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે કરો આમ, મંદિર બંધાવો. ઝગમગાટ કરો, તમારું એમાંથી કલ્યાણ થશે. અરે પ્રભુ, આહાહા ! એ તો એક બીજાનું મિથ્યાત્વનું પોષણ કરે છે. આહાહા ! પરસ્પર એકબીજા માંહોમાંહે ઓલો પ્રરૂપે, ઓલો હા પાડે છે. ઓલો હા કરે, ઓલો કહે બરોબર આ વાત તમને બેઠી બહુ સારી, પ્રમાણ વચન કહે. આહાહા ! પરસ્પર આચાર્યપણું પણ કરે છે. આચાર્યપણું એટલે મોટપ બતાવે છે એમ અમે બરાબર કહીએ છીએ, અમે બરોબર કહીએ છીએ, શાસ્ત્રમાં એમ આવે છે. આહાહા ! ઓલું હમણાં આવ્યું છે ને ? વિદ્વદ્‌જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે. તો એ વખતે પણ મોટા પંડિતો નિશ્ચય છોડીને વ્યવહારમાં વર્તતા હતા. કુંદકુંદાચાર્યના વખતમાં. આહાહા !

વિદ્વદ્‌જનો ભૂતાર્થ તજી, અરે વિદ્વાનો તમે ભણી ભણીને શું ભણ્યા ? અંતર જે વસ્તુ છે ત્યાં જવું જોઈએ એ આશ્રય છોડીને વ્યવહારમાં વર્તન કરે પણ એ તો સંસારમાં રખડવાનું છે. આહાહાહા ! ભણેલાઓ પણ આવું કાઢે વ્યવહાર, એમ કહે છે, ને વ્યવહારનું વર્તન કરવું. આહાહા ! “ પરસ્પર આચાર્યપણું પણ કરે છે, એક બીજા અંગીકાર કરાવે છે, ” આ કારણે એમ.

કામ ભોગની કથા તો સૌને સુલભ છે એમ. આહાહા ! છે ને પહેલા પદની **सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा** એનો અર્થ કર્યો. આહાહા !

આ રીતે જગતને એવી વાતો તો સુલભ છે બાપુ ! જ્યાં હોય ત્યાં સાધુ નામ ધરાવે, આચાર્ય નામ ધરાવે, ત્યાગી નામ ધરાવે, બ્રહ્મચારી નામ ધરાવે બધે ઉપદેશ આવો ચાલે અને ઓલા હા પાડે કે હા... હા બરોબર છે આ. ઓલ્યા વાતું કરે અંદરમાં કાંઈક જા... અંદર શું છે અને ક્યાં જાવું, એના કરતાં આ કરીએ એની સૂઝ પડે છે ને. આવે છે ને પરમાર્થ વચનિકામાં આગમનો વહેવાર સૂઝ પડે છે. અધ્યાત્મનો વહેવાર સમજાતો નથી, અધ્યાત્મનો વહેવાર ઈ કે અંદર આત્માનો આશ્રય લઈને સમ્યગ્દર્શન–જ્ઞાન–પ્રગટ કરવું એ ( અધ્યાત્મનો ) વ્યવહાર છે. આહાહા ! આ કારણે રાગનું કરવું ને રાગનું ભોગવવું એ કથા એટલે ભાવ તો સૌને સુલભ છે, એ તો સુલભ થઈ પડયો છે. આહાહા !

પણ બીજી વાત કરશે પછી હવે.

***

**પ્રવચન નં. ૧૭ ગાથા-૪ તા. ૨૫-૬-૭૮ રવિવાર જેઠ વદ-૫ સં.૨૫૦૪**

સમયસાર, ચોથી ગાથા. પહેલું તો એમ કહ્યું કે અનંતવાર આ જીવે રાગ કરવો, ( અર્થાત્ ) ઈચ્છા કરવી અને ઈચ્છાને ભોગવવી એ વાર્તા તો અનંતવાર સાંભળી છે, આત્માના સ્વભાવ સિવાય જેનું સ્વરૂપ સહજાત્મસ્વરૂપ ચૈતન્ય ચમત્કાર જેનો સ્વભાવ છે આત્માનો, એને ભૂલીને પરની ઈચ્છા કરી અને તેને ભોગવવું-રાગનું કરવું ને રાગનું ભોગવવું એવું તો અનંતવાર કર્યું છે, અનંતવાર સાંભળ્યું છે, અનંતવાર પરિચયમાં આવી ગઈ છે વાત અને અનુભવમાં પણ એ આવી ગયું છે. રાગનો અનુભવ, પણ આત્મા, રાગ રહિત છે એની વાત તો એણે સાંભળી નથી એ વાત કહે છે.

આવું પ્રાપ્ત થયા છતાં " નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી " ત્યાં સુધી આવ્યું છે. કેવો છે આ પ્રભુ આત્મા, કઈ રીતે જણાય ? કેવો છે એ પછી કહેશે, પણ કઈ રીતે જણાય એ પહેલું કહેશે. આહાહા ! નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશ, એ વિકલ્પ જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગ, વિકલ્પ હોય છે દયા, દાન, ભક્તિ, વ્રત, તપ આદિ અથવા ગુણ-ગુણીના ભેદનો રાગ ઊઠે વિકલ્પ એનાથી ભિન્ન નિર્મળ ભેદજ્ઞાન એટલે કે રાગથી ભિન્ન છે, એવી ધારણામાં તો એણે અનંતવાર કર્યું છે. શાસ્ત્ર ભણ્યો છે તો એમાં એ વાત આવી છે એ. આહાહા ! પણ નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશ, એ રાગ જે પર તરફની દશા, વિકલ્પ જે વૃત્તિ ઊઠે છે એનાથી ભિન્ન પાડવું એ રાગથી ભિન્ન ભગવાન સ્વરૂપ ચૈતન્ય ચમત્કારી સહજાત્મ સ્વરૂપ એને નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશ. આહાહા ! એને પરનો કોઈ પ્રકાશ કે પરનું જાણપણું કામ કરતું નથી ત્યાં એમ કહે છે. આહાહા !

નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશ, રાગથી ભિન્ન અને સ્વરૂપ ચૈતન્ય અંતરંગમાં, ચૈતન્યના પ્રકાશથી ભરેલો પ્રભુ સહજાત્મસ્વરૂપ અનંત આનંદ સ્વરૂપ ( નિજાત્મા ) એને નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એ, આહાહા ! જેમ એ જાણનાર, રાગને, શરીરને, વાણીને જાણે છે આમ, પણ એ જાણનારો રાગથી ભિન્ન નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે. પ્રત્યક્ષ જુદો દેખવામાં આવે છે. ઓહોહો ! ચૈતન્યના જેના પ્રકાશમાં આ જણાય છે કે આ છે, છે, છે; એવો જે ચૈતન્ય પ્રકાશની મૂર્તિ પ્રભુ ( જ્ઞાયક ) એ નિર્મળ ભેદજ્ઞાન, પરથી લક્ષ છોડી, પરને જાણનારો હું છું એ પણ છોડી, આહાહા ! નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશ, જે વિકલ્પ ને પરથી જાણવું છે એને ય છોડી દઈ, એનાથી પણ નિર્મળ ભેદજ્ઞાનના પ્રકાશથી, સ્પષ્ટ પ્રત્યક્ષ ભિન્ન દેખવામાં આવે, એ આનંદ સ્વરૂપ પ્રભુ ( જ્ઞાયક ) અતીન્દ્રિય આનંદના વેદનમાં ભિન્ન દેખવામાં આવે. આહાહાહાહા !

પરથી ભિન્ન જુદો, અંદરના વિકલ્પ ઊઠે દયા દાનના એનાથી જુદો, એવું જે નિર્મળ ભેદજ્ઞાન, ધારણામાં કર્યું છે જે એ ભેદજ્ઞાન નિર્મળ નથી. આહાહા ! શાસ્ત્રથી ધાર્યું છે, સાંભળ્યું છે કે એ જુદો છે એ ધાર્યું છે એ ભેદજ્ઞાન નિર્મળ નથી. આહાહા ! એ તો રાગ મિશ્રિત ભેદજ્ઞાન એણે જાણ્યું છે, એને વાસ્તવિક ભેદજ્ઞાન કહેતા નથી. આહાહાહા ! નિર્મળ ભેદજ્ઞાનરૂપ, નિર્મળ ભેદજ્ઞાનરૂપ, પ્રકાશથી એના પ્રકાશથી, આહાહા ! પરના જાણવા તરફથી પણ જુદું પાડવું, ઘણું

ટૂંકામાં સમાડી દીધું છે. કેમ જણાય આત્મા ? અનંત કાળથી જાણ્યો નથી, એ વસ્તુ પ્રભુ અંદર ચૈતન્ય ચમત્કારથી ભરેલો પદાર્થ, પરમ આનંદની ગાંઠડી, પરમ આનંદનો સ્વભાવ જેનો પૂરો ભર્યો છે. આહાહા ! વસ્તુ છે એ પોતે દુઃખરૂપ ન હોઈ શકે. દુઃખ તો વિકાર છે. તેથી તો અતીન્દ્રિય આનંદના સ્વરૂપે બિરાજમાન અંદર આત્મા છે, દરેક. આહાહા !

એને ભેદજ્ઞાનરૂપી નિર્મળ પ્રકાશથી, જુદા પાડવાના ભેદજ્ઞાનરૂપી નિર્મળ પ્રકાશથી સ્પષ્ટ, પ્રગટ ભિન્ન દેખવામાં આવે છે. આહાહાહા ! એવું માત્ર ભિન્ન આત્માનું એકપણું જ, આવું માત્ર બસ. આહાહા ! આ ભિન્ન આત્માનું એકપણું, રાગથી ભિન્ન પરના જાણવાપણાના લક્ષથી પણ ભિન્ન, આહાહાહા ! એવું ભિન્ન આત્માનું માત્ર આ એક જ બાકી રહી ગયું છે કહે છે. આહાહાહા ! બાકી તો કર્યું ઘણું, સાંભળ્યું, ધાર્યું. આહાહા ! માત્ર આ ભિન્ન આત્માનું. આહાહા ! એકલો નિર્મળાનંદ પ્રભુ અંદર છે, ચૈતન્ય સૂર્ય, ચૈતન્યના પ્રકાશનો પૂંજ પ્રભુ અંદર છે, ભાઈ તને ખબર નથી. એવા માત્ર, આ ભિન્ન આત્માનું એકપણું, આ ભગવાન આત્મા એને પરથી જુદાપણું, જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે. આ એની વ્યાખ્યા કરી હવે, પહેલો ઉપાયથી મળે પ્રગટ એમ કહ્યું, તો હવે છે કેવો અંતરંગ પ્રભુ ? આહાહા ! જે સદા પ્રગટપણે, વ્યક્તપણે આ અંતરંગમાં, ચૈતન્યસ્વરૂપ અંતરંગમાં પ્રગટપણે પ્રકાશમાન જ્યોતિ છે. આહાહા !

ચૈતન્યના પ્રકાશની જ્યોતિ છે એ, અંતરંગમાં એ ચીજ ભરી છે એની. આહાહા ! સદા પ્રગટપણે અંતરંગમાં, સદાય પ્રગટપણે અંતરંગમાં, ત્રિકાળ ભગવાન આત્માનું સ્વરૂપ સદાય અંતરંગમાં પ્રકાશમાન છે, પ્રકાશમાન ચૈતન્ય પ્રકાશ જ્યોતિ છે, ચંદ્ર જેમ જિન ચંદ્ર પ્રકાશ શિતળનો પિંડ જેમ છે, એમ આ આત્મા શીતળ, પ્રકાશ, શીતળ નામ અકષાય; અકષાય સ્વભાવના પ્રકાશનો પિંડ છે, આવી વાતું હવે. અંતરંગમાં પ્રકાશ છે. છે અંદરમાં પ્રકાશમાન કહે છે. અને ભેદજ્ઞાનથી પ્રત્યક્ષ જણાય એવો છે, એમ બે વાત કરી, છે અંદર અંતરંગમાં ચકચકાટ ચૈતન્ય વસ્તુ તત્ત્વ છે, તત્ત્વ છે, અસ્તિ છે, તો ઈ ચૈતન્યના આનંદના ચમત્કારથી પ્રકાશમાન પ્રભુ અંદરમાં બિરાજે છે. આહાહા ! એને ભેદજ્ઞાનની નિર્મળ જ્યોતિથી સ્પષ્ટ જાણવામાં આવે, એવો એ છે. પણ તેને એણે જાણ્યો નહિં કોઈ દિ ' આહાહા ! છે ?

" તોપણ કષાયચક્રના સાથે " શુભ ને અશુભ રાગ એની સાથે, " એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી " આહાહા ! એક થતો નથી, ચૈતન્ય પ્રકાશનો પૂંજ પ્રભુ, એ પુણ્ય ને પાપ શુભ અશુભનો રાગ કષાય, એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ રાગ, એ રાગ કષાય છે. આહાહા ! એની સાથે એકરૂપ જેવું કરવામાં આવતું, એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી, કષાયચક્ર, ચક્ર કેમ કીધું ? પુણ્ય ને પાપ શુભ અને અશુભ ભાવ એ કષાય ચક્ર–વૃત્તિ ઊઠે રાગ એક પછી એક. શુભ અશુભ; શુભ અશુભ, આહાહા ! એવા કષાયચક્રની સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી, માનવામાં આવતું હોવાથી એમ કહે છે અહીં, છે તો પ્રકાશમાન જ્યોતિ પ્રગટ ભિન્ન, પણ રાગના કષાયના કણ સાથે એકરૂપ જેવું, એકરૂપ થયું નથી. એકરૂપ થાતું નથી પણ એકરૂપ જેવું કરવામાં આવ્યું ઊંધા પુરુષાર્થથી. આહાહાહા ! અલૌકિક વાતું છે બાપુ આ.

અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, સદાય અંતરંગમાં પ્રગટ પ્રકાશમાન છે અને તે ચીજ

નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશથી સ્પષ્ટ દેખવામાં આવે એવો છે એમ કહે છે. આહાહા ! ભારે કામ આકરું, માણસને અભ્યાસ નહિં. આખું મૂળ ચીજ અંદર શું છે ? આવો હોવા છતાં અંતરંગમાં પ્રકાશમાન જ્યોતિ અને ભેદજ્ઞાનથી સ્પષ્ટ પ્રકાશમાન, સ્પષ્ટ દેખવામાં આવે એવો હોવા છતાં, આહાહા ! કષાય નામ રાગ શુભ અશુભ ભાવ, એના ઉપર દૃષ્ટિ હોવાથી જાણે કે હું કષાય રાગવાળો છું. એવો કષાયચક્રના ભાવની સાથે, એકરૂપ જેવું કરવામાં આવ્યું, ( શું કહ્યું ? ) એકરૂપ જેવું, એકરૂપ થયું નથી પણ એણે માન્યતામાં, વસ્તુ સ્થિતિ આ છે અંતરંગમાં પ્રકાશમાન એની ખબર ન મળે. તેમ ભેદજ્ઞાનથી સ્પષ્ટ દેખવામાં આવે છે એવો ઉપાય ન મળે. આહાહા !

તેથી રાગના ચક્રની સાથે પુણ્ય ને પાપના શુભ અશુભ ભાવ એવા કષાયચક્રના સમૂહ સાથે, આહાહા ! એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી, કેમ નથી જાણતો ? ભેદજ્ઞાનથી જણાય એવું છે, અંદરમાં પ્રકાશમાન છે, છતાં કેમ જાણતો નથી ? કે કષાય સાથે એકરૂપ જેવું માન્યું છે એણે. આહાહા ! શુભ ને અશુભ રાગ એ કષાય છે. કષાય એટલે કષ નામ સંસાર ને આય નામ લાભ, જેમાંથી પરિભ્રમણનો લાભ મળે. આહાહા ! એની સાથે એક જેવું, એકપણે કર્યું છે એમ નહિં, એને એક જેવું માન્યું છે. આહાહાહા !

ભગવાન ચૈતન્ય જ્યોત અંદર બિરાજમાન એને નિર્મળ ભેદજ્ઞાનથી પૃથક દેખવામાં આવે એવી એ ચીજ છે. છતાં કષાયના રાગનો વિકલ્પ છે, એની સાથે એક જેવું કરવામાં આવ્યું, આ જાણે એક છું હું અને રાગ એક છું, એમ કરવામાં- માનવામાં આવ્યું. આહાહાહા ! પ્રવિણભાઈ ! આવી વાતું છે. અરે ક્યાંય આવું સાંભળવા મળે એવું નથી. આહાહા ! એની તો ગાથા ચાલે છે એ સાંભળ્યું નથી આ વાત આ રીતે, સાંભળી હોય તો તેં અંદર પ્રયોગમાં મૂકી હોય. આહાહાહા !

એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી, આહાહા ! ગજબ ભાષા છે ને ! ચૈતન્ય જ્યોત દ્રવ્ય સ્વરૂપ છે જે વસ્તુ એ તો ચૈતન્યના સહજાત્મસ્વરૂપના પ્રકાશ ને આનંદની મૂર્તિ છે. એને રાગ સાથે એકપણું કદી ન થાય અને રાગનો વિકલ્પ છે ભલે શુભ હો, એની સાથે અંતરંગમાં સદા પ્રકાશમાન જ્યોતિ છે. એ રાગની સાથે ને એની સાથે વચ્ચે સાંધ છે, સંધિ છે, સાંધ છે, વચ્ચે ત્રડ છે વચ્ચે, એક થયા નથી. આહાહા ! દેવીલાલજી ! આવી વાતું છે.

આવો કઈ જાતનો ધર્મ અરે બાપુ. આહાહા ! વર મૂકીને જાન જોડી દીધી. વર ન મળે મૂળ મુખ્ય, એમ આત્મા મુખ્ય ચીજ કેવડી ને કેવી છે. એનાં જ્ઞાન ને ભાન વિના આ ક્રિયાકાંડમાં જોડી દીધા. આહાહા ! દયા પાળો ને, વ્રત પાળો, ભક્તિ કરો ને પૂજા કરો, આ ભજન કરો, આહાહા ! એ વર વિનાની જાન છે. આહાહા ! ( શ્રોતાઃ જાન કહેવાય ઈ ) એમ લોકો કહે બાકી તો માણસના ઢગલા ટોળાં કહેવાય, જાન તો ક્યારે કહેવાય કે વર હારે હોય તો. દુલ્હો દુલ્હો કહે છે ને તમારે હિંદીમાં, દુલ્હો હારે હોય વર તો એને જાન કહેવાય-એમ ચૈતન્યનું ભાન રાગથી ભિન્ન હોય તો પછી રાગ આવે ખરો તો એને વ્યવહાર કહેવામાં આવે. આહાહા ! આવો ઝીણો ઉપદેશ હવે-આહાહા !

આવું હોવાથી " અત્યંત તિરોભાવ પામ્યું છે. " વસ્તુ તો વસ્તુ છે પણ રાગ ને કષાય ને પુણ્યની સાથે એક જેવું કરવામાં આવ્યું હોવાથી, આહાહા ! અત્યંત તિરોભાવ એ જીવને ઢંકાઈ

ગયું છે. જેણે રાગ અને કષાય સાથે એકપણું કર્યું છે, એને એ ઢંકાઈ ગયું છે. વસ્તુ તો વસ્તુ છે અંદર, જ્ઞાયક ચૈતન્ય જ્યોત, પણ રાગ અને કષાય સાથે એકપણું કરવાથી એને એ જ્ઞાયકપણું લક્ષમાં આવતું નથી, એને ઢંકાઈ ગયું છે. સમજાણું કાંઈ ? જ્ઞાયકપણું જે છે વસ્તુ એ ઢંકાતી નથી તેમ પ્રગટ થતી નથી, એ તો છે એ છે. પણ અજ્ઞાનીને એ સ્વરૂપ કોણ છે એની ખબર નથી, અને તેથી દયા દાનના વિકલ્પની વૃત્તિ સાથે એકપણું માનીને રોકાઈ ગયો છે, એને તે જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. એને તે જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવતો નથી. આહાહાહા ! આવી વાત છે.

અત્યંત તિરોભાવ પામ્યો એમ પાછું. આહાહાહા ! એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી, એ કષાયનો ભાવ છે શુભ–અશુભ એની સાથે, મૂળ તો કહેવું છે કે પર્યાય બુદ્ધિ હોવાથી આહાહા ! અત્યંત દ્રવ્ય સ્વભાવ તેને તિરોભૂત ઢંકાઈ ગયો છે. આહાહા ! સમજાણું કાંઈ ? છે ને સામે પુસ્તક, શેનો અર્થ ચાલે છે આ ? આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! આહાહા ! હજી તો સંપ્રદાયના નામ બીજા સાંભળે ત્યાં ભડકે, આહાહા ! આ તો દિગંબર સંપ્રદાય છે, આ તો સનાતન દિગંબર છે બીજાું આ બધું... અરે ભાઈ સાંભળને બાપા ! એવું દેખીને ભડકે છે, ભાગે છે, અરેરે એને આવું શું ?

અંદર રાગના વિકલ્પની સાથે એક જેવું કરવામાં આવ્યું હોવાથી, એટલે કે સ્વભાવની સાથે વિભાવ એકરૂપ છે એમ માનવામાં આવ્યું હોવાથી–આહાહા ! એવો જ્ઞાયકભાવ ભગવાન સહજાત્મ સ્વરૂપ, ચૈતન્યના પ્રકાશના આનંદનો પૂર એ એની દૃષ્ટિમાં ઢંકાઈ ગયું છે. પ્રગટ પ્રકાશમાન છે, એ તો કીધું ને ? આહાહાહા ! મારગ ઝીણો પ્રભુ, તું મોટો ને માર્ગ ઝીણો. આહાહા ! તારી મોટપની શું વાત કરવી કહે છે, તું રાગથી ભિન્ન પડ તો ભેદજ્ઞાનથી જણાય એવી તારી મોટપ છે. કોઈ રાગથી ને ગુરુથી ને કેવળીથી જણાય જાય, શાસ્ત્રના જાણપણાથી જણાય જાય, એવો નથી પ્રભુ. આહાહાહા ! તારી મોટપ મોટી છે પ્રભુ ! આહાહા ! કે જે તને તારા ઉપર લક્ષ કરીને, રાગથી ભિન્ન પડે તો તું જણાય એવો છો. તારી મોટપને દૃષ્ટિમાં લઈ અને રાગથી ભિન્ન પડે તો તું જણાય એવો છો. આહાહા ! આવી વસ્તુ છે.

" તિરોભાવ પામ્યું છે, ઢંકાઈ રહ્યું છે, આહા ! તે પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી, " પોતે રાગની એકતા માની છે, તેથી તે અનાત્મજ્ઞપણું છે. આહાહા ! અનાત્મજ્ઞ, અનાત્મજ્ઞ, જે આત્મા નથી એને પોતાનો માનીને પડયો છે. આહાહાહા ! પોતામાં અનાત્મજ્ઞ, રાગ છે એ અનાત્મજ્ઞ છે, આહાહા ! એની સાથે એકપણું માનીને પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી, " પોતે આત્માને નહિં જાણનારો હોવાથી, " આહાહા ! પર્યાયમાં જે રાગનો અંશ આવ્યો ભલો શુભ આચરણનો, એને જાણે આત્મા સાથે એક કરી માન્યું તેથી તેને, આહાહા ! છે ? આહાહા ! અનાત્મજ્ઞપણું હોવાથી જાણી શકયો નથી એમ કહે છે. રાગની એકતામાં અનાત્મજ્ઞપણું હોવાથી– અંદર આત્મા પ્રકાશમાન જ્યોતિ વિદ્યમાન હોવા છતાં તેને તેણે જાણ્યો નથી. આહાહા ! પોતે આત્માને નહિં જાણતો હોવાથી એક વાત, બીજા આત્માને જાણનારાઓની સંગતિ; સેવા નહિ કરી હોવાથી એ શું વળી પાછું ? આમ તો અનંતવાર તીર્થંકરોના સમોસરણમાં ગયો, અનંતવાર સાચા સંતનો શિષ્ય થયો, એના પરિચયમાં રહયો છે પણ અહીં કહે છે આત્માને જાણનારાઓની સેવા નહીં કરી. આત્માના જાણનારની સેવા ન કરી એમ કીધું ને ? તો એનો આત્મા જે જાણનાર છે, આત્મા કોને કહેવો ?

કે રાગ રહિત જે આત્મા છે, એવું જેણે જાણ્યું છે, ને એને આત્મા કહેવો, એવા આત્માની તેં સેવા કરી નથી. એ આત્માઓએ તો આત્મા બતાવ્યો છે. આહાહાહા !

આમ કહેવું છે કે અનંતવાર ગુરુ મળ્યા, અનંતવાર તીર્થંકરને મળ્યો, સમોસરણમાં ગયો તોપણ અજ્ઞાની રહ્યો. એનો અર્થ ? કે જાણનારની આજ્ઞા શું છે ? જાણનાર આત્માની આજ્ઞાની સેવા શું છે ? કે એ જાણનાર આત્માને, એમ કહ્યું કે તારો આત્મા રાગથી ભિન્ન છે એમ જો, ભેદજ્ઞાનથી તને મળશે. એવી આજ્ઞા એની હતી એ આજ્ઞા એણે માની નહીં. તેથી એણે ગુરુની સેવા કરી નહિં એમ કહેવામાં આવે. ગુરુ કાંઈ શરીર નથી કે એની સેવા કરવી, ગુરુ વાણી નથી કે જે વાણીની સેવા કરવી. આહાહા ! ગુરુ તો વીતરાગી સ્વરૂપ મૂર્તિ પ્રભુ છે. એની સેવા ન કરી એટલે કે એણે જે કહ્યું કે તારું સ્વરૂપ વીતરાગ છે અને અમારા કહેવાનો તાત્પર્ય પણ વીતરાગભાવ પ્રગટ કરવાનો છે. એ વીતરાગભાવ પ્રગટ તારા વીતરાગ સ્વભાવને આશ્રયે થાય એમ એમણે કહ્યું એ માન્યું નહીં, સમજાણું કાંઈ ?

પહેલી ગાથાઓ બધી ઝીણી છે. બાર ગાથાઓ મૂળ ભૂમિકા છે. પછી તેરથી એનો વિસ્તાર થાય છે. આહાહા ! હજી તો એને સમજવું કે શું વાત કહે છે એ પકડવી કઠણ પડે એનો અર્થ એમ થયો કે આત્માને જાણનારની સેવા કરીએ તો કલ્યાણ થાય. પણ સેવાની વ્યાખ્યા શું ? ગુરુની સેવા એટલે શું ? ગુરુ એટલે શું ? વીતરાગ સ્વરૂપી પ્રભુ, વીતરાગ સ્વરૂપી ગુરુ, એ વીતરાગ સ્વરૂપને બતાવનાર એવા વીતરાગ સ્વરૂપને જાણ્યું નહીં એટલે વીતરાગની સેવા કરી નહીં. આહાહાહા ! આવી વાત છે.

જાણનારાઓની સેવા ન કરી એટલે ? જાણનાર કોણ ? જાણનાર શરીર છે ? જાણનાર રાગ છે ? આહાહા ! એનું જે જ્ઞાન અને જ્ઞાતાપણું એ ગુરુ, એની સેવા ન કરી એટલે કે જ્ઞાન સ્વરૂપી આત્માને બતાવ્યો એણે, એમ માન્યું નહિ એણે. કોઈ પણ રીતે રાગ અને પરથી લાભ થાય, એવી માન્યતામાં એણે ગુરુની સેવા એટલે ગુરુએ કહ્યું તે માન્યું નહીં. આહાહા ! કેટલું સમાડયું છે ? એક તો પોતે અનાત્મજ્ઞ છે એટલે કે રાગને પોતાનો કરીને, જે નથી એમ માનીને બેઠો છે, એથી અનાત્મજ્ઞ છે, અને જેણે આત્માને રાગથી ભિન્ન જાણ્યો છે એને એ રાગથી ભિન્ન કરવાનું એ કહે છે. એ એની આજ્ઞા છે. આહાહા ! ગુરુ અને દેવની આજ્ઞાનો સાર વીતરાગતા છે વીતરાગતા એમણે બતાવી, એણે વીતરાગતા પ્રગટ ન કરી, રાગને આશ્રયે પડીને, વીતરાગ સ્વરૂપ આત્મા એનું જ્ઞાન ન કર્યું, એટલે એની સેવા કરી નહીં એમ કહેવામાં આવે છે. આહાહાહા !

બીજા આત્માને જાણનારાઓની સંગતિ એટલે સેવા નહીં કરી હોવાથી, આહાહાહા ! છે ને ? " પરેષામાત્મજ્ઞાનામનુપાસનાચ્ચ " આહાહા ! સેવા કરી નહિ એમ છે ને ? અન્ ઉપાસનાચ્ચ- પરની અન્-ઉપાસના એટલે સેવા કરી નથી, સેવાનો અર્થ સ-એવ એણે જે કીધું કે તારું સ્વરૂપ વીતરાગ છે અને તે રાગથી ભિન્ન પડીને જણાય એવું છે. એવું કહ્યું એ આજ્ઞા માની નહિં. એ એણે સેવા કરી નહિં એમ કહેવામાં આવે છે. કાંઈ સેવા એટલે એને પકવાન ખવરાવવા અને એના પગ દાબવા એ ગુરુ છે તે એની સેવા કરી ? આ તો જડ છે માટી છે. પણ આ શરીર તો જડ છે. એને ગુરુ કહેવાય ? વાણી છે એને ગુરુ કહેવાય ? આહાહા.

આ કારણે એમ, એક તો પોતે રાગના સૂક્ષ્મ વિકલ્પને જાણે એ આત્માનો હોય એમ માનીને અનાત્મજ્ઞપણે રહ્યો અને આત્મજ્ઞાનીએ કહેલી વાતના ભાવને જાણ્યો નહિં–આહાહાહા ! શાસ્ત્ર બાર અંગ છે પણ કહે છે શું બાર અંગ, ગુરુ ને કેવળી, બાર અંગમાં કહે છે શું ? કે વીતરાગતા. વીતરાગતા થાય કેમ ? કે સ્વને આશ્રયે. એ ગુરુની આજ્ઞા હતી એ રીતે એણે ન કર્યું. સમજાણું કાંઈ ? પૂર્વે નથી કદી સાંભળવામાં આવ્યું. આહાહાહા ! આ કારણે રાગને એકપણાપણે માનીને અનાત્મજ્ઞ–જ્ઞાનપણે રહ્યો, આત્મજ્ઞાનીની આત્મજ્ઞાન કરવાની જે આજ્ઞા એની તો સેવા કરી નહિં. તેથી, છે ?

" નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું " કદી સાંભળવામાં આવ્યું નથી કે રાગથી ભિન્ન ચીજ છે, એ વીતરાગ સ્વરૂપ છે અને ભિન્ન પાડ તો વીતરાગતા પ્રગટ થાય. એ વાત એણે કદી સાંભળી નથી. સાંભળી, કાને પડી હોય, પણ અંદરમાં ભાવ પ્રગટ કર્યો નથી, માટે તે સાંભળી નથી. આહાહાહા ! સાંભળ્યાનું પરિણામ આવ્યું નહિ, આહાહા ! એટલે સાંભળ્યું નથી. સમજાણું કાંઈ ? આ પ્રભુ અંદર રાગના અંશથી પણ ભિન્ન પ્રભુ, વસ્તુ હોય એ વિકારી કેમ હોય ? વસ્તુ અટકે તો અલ્પજ્ઞપણું થઈ જાય વસ્તુમાં, એ વસ્તુ કેમ હોય ? આહાહા ! એ તો પર્યાય અટકે અને પર્યાયમાં અલ્પજ્ઞપણું હોય, વસ્તુ તો પૂરણ છે. આહાહા !

ચૈતન્ય ચમત્કારથી સમાધિથી ભરેલો ભગવાન, શાંત રસથી ભરેલો પ્રભુ એનું જ્ઞાન કર્યું નહિં, રાગની એકતા બુદ્ધિને લઈને, છે તો રાગથી ભિન્ન, તું માન તો ય ભિન્ન અને ન માન તો ય ભિન્ન. આહાહા ! અને ગુરુની આજ્ઞા એટલે આ, ગુરુ પોતે રાગની આજ્ઞા કરે નહિં, કારણકે રાગની આજ્ઞા એ તો વિકારની છે. આહાહા ! એ તો વીતરાગ તારું સ્વરૂપ છે અંદર પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ છો તું. આહાહા ! ચૈતન્યની ચમત્કારી જ્યોતિથી ભરેલો વીતરાગ મૂર્તિ તારું સ્વરૂપ અને તેને આશ્રયે જ વીતરાગતા નામ ધર્મ થાય એ વાત એણે લીધી નહિં. એ માટે પૂર્વે કદી સાંભળ્યું નથી. આહાહાહા !

" નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું " કહો એક બાજુ કહે કે સમોસરણમાં અનંતવાર ગયો, કેવળી આગળ રહી ગયો કોરો ! સર્વજ્ઞ પરમાત્મા બિરાજે છે, સદાય હોય છે મહા વિદેહમાં તો હોં, મનુષ્ય ક્ષેત્ર છે હોં, મનુષ્ય ક્ષેત્રમાં છે. ત્યાંય અનંતવાર જન્મ્યો છે, અનંતા પુદ્‌ગલ પરાવર્તન ભવ કર્યા, સાંભળવા અનંતવાર ગયો છે. કે એ તેં સાંભળ્યું નથી સાંભળવાનું પરિણામ રાગથી ભિન્ન પડવું, તે જોઈએ, તે થયું નહિં, તેથી તેં સાંભળ્યું નથી. આહાહાહા !

" નથી પૂર્વે કદી પરિચયમાં આવ્યું " સાંભળવામાં આવ્યું નથી, પણ પરિચય પછી ક્યાંથી આવે ? રાગ વિનાનો મારો પ્રભુ એમ પરિચય કે દિ ' કરે ઈ. આહાહાહા ! નિર્વિકલ્પ ચીજ છે પ્રભુ રાગ વિનાની ( આત્મવસ્તુ ), એનો એણે પરિચય કર્યો નથી, કેમ કે સાંભળવામાં આવ્યું એવું એણે સાંભળ્યું નહિં, એવું એણે કર્યું નથી તો પછી પરિચયમાં આવ્યું નહિં. આહાહા ! નથી પૂર્વે કદી અનુભવમાં આવ્યું; રાગથી ભિન્ન પ્રભુ ( જ્ઞાયક ), કેમ કે રાગ છે એ તો પુણ્ય તત્ત્વ છે, એ કાંઈ આત્મતત્ત્વ નથી. આહાહા ! નવ તત્ત્વ છે. એમ અજીવ, શરીર વાણી માટી એ તો અજીવ છે, પાપના–હિંસા, ચોરી જુઠુંના ભાવ એ પાપ તત્ત્વ છે, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુણ્ય તત્ત્વ છે, પ્રભુ તો એનાથી ભિન્ન જ્ઞાયક તત્ત્વ છે. આહાહાહા ! નવ તત્ત્વને

જાણે તો એમાંય આત્મા જ્ઞાયક તત્ત્વ છે એમ આવે છે. એ આત્મા રાગ તત્ત્વ છે એમ નથી આવતું ત્યાં. આહાહા !

" આ કારણે એને અનુભવમાં આવ્યું નથી તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી " આહાહા ! રાગથી, વિકલ્પથી કષાયનો શુભ ભાવના અંશથી પણ જુદો, એવી વાત એને સાંભળવામાં આવી નથી, તેથી સુલભ નથી. એ વાત કાંઈ સુલભ નથી. એ સાંભળવી સુલભ નથી, પરિચયમાં આવવી સુલભ નથી અને અનુભવમાં આવવી સુલભ નથી, એમ કહે છે આહાહાહા ! સાંભળવી સુલભ નથી ( શ્રોતાઃ- ઉપદેશ જ ક્યાંક ક્યાંક છે ૧૧મી ગાથામાં આવે છે ) બહારના આશ્રયે અને પર અપેક્ષાથી આત્માને લાભ થાય તો એ ચીજ જેનાથી લાભ માન્યો એ ચીજ પોતાની માની-આહાહાહા ! જેનાથી લાભ થાય એ ચીજ જ પોતાની માની. રાગથી લાભ થાય, ને નિમિત્તથી લાભ થાય, આહાહા ! તો નિમિત્તો ને પરચીજને ને રાગને પોતાની માની, પણ પોતે જે સ્વભાવ છે અને તેનાથી લાભ થાય-સ્વભાવથી સ્વભાવનો લાભ થાય. આહાહા !

શુદ્ધ ઉપયોગથી આત્માનો લાભ થાય. આહાહા ! આવી વાત એણે ( સાંભળી નહિં ), ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી શુદ્ધ ઉપયોગથી એ પ્રાપ્ત થાય એ રાગથી નહીં. એવું એનું સ્વરૂપ છે, એવું ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી. એ કાંઈ સુલભ નથી વાત બાપુ ! સાંભળવી સુલભ નથી. પરિચય સુલભ નથી, અનુભવ સુલભ નથી. આહાહા ! આવા આવા કારણે કહ્યું ને ? રાગને એકત્વ કરીને બેઠો, પોતે અનાત્મજ્ઞ છે, આત્મજ્ઞાનીની આજ્ઞા માની નથી, ભેદજ્ઞાન કરીને જણાય, એવો પ્રકાશમાન જ્યોતિ છે, એવું લક્ષમાં લીધું નથી, તેથી તે વાત સુલભ નથી. આહાહાહા ! કહો જયંતિભાઈ ? તમારે રવિવારે કહો વાત તો આવી સારી. આહા !

ઓહોહો ! શું ગજબ વાત કરી છે ને !! કહે છે પ્રભુ અમને સાંભળ્યું તેં, એ પણ વિકલ્પ છે અને એનાથી લાભ માને તો તેં આત્માને કષાય જેવો કર્યો તેં એને. આહાહાહા ! આહાહાહા ! ત્રણ લોકના નાથ એમ કહે અને કુંદકુંદાચાર્ય આદિ દિગંબર સંતો એમ કહે, અમે કહ્યું તે, તેં સાંભળ્યું નથી. આહાહા ! અમારી સેવા તેં કરી નથી, એટલે કે અમારું કહેવાનું તો રાગથી ભિન્ન પડીને આત્માને જાણવાનું કહેવાનું છે, ભેદજ્ઞાનથી જણાય એવો આત્મા છે, તે જણાવાનું અમારે કહેવું છે. આહાહા ! એને ઠેકાણે તેં કોઈ પણ રીતે, પરની અપેક્ષાથી, રાગથી, નિમિત્તથી ભેદનું જ્ઞાન કરવાથી અભેદ થાય, વ્યવહારથી પરમાર્થ જાણવામાં આવે છે કે નહીં ? એવો પાઠ છે કે નહીં ? એ તો એમ કહે છે કે એ દ્વારા એને જણાવે છે. પણ એ જાણનારો ભેદને અનુસરતો નથી. કહેનારો અને જાણનારો ભેદને અનુસરતો નથી. બીજો કોઈ ઉપાય નથી એને જણાવવાનો, ' જ્ઞાન તે આત્મા ', લ્યો ! એટલો ભેદ પાડયા વિના સમજાવવું શી રીતે ? આહાહા !

અંદર ચૈતન્યનો પ્રકાશ છે તે આત્મા એ પણ એટલો ભેદ પાડીને સમજાવ્યું લો ! પણ સમજાવ્યું શું ? આત્મા ત્યાં જો દૃષ્ટિ આપે તો ભેદથી સમજાવ્યું એમ નિમિત્તથી કહેવામાં આવે. છતાં એ નિમિત્તને ને ભેદને અનુસરવા લાયક નથી. આહાહાહા ! આવી વાતું છે. અરે ! ૮૪ લાખના અવતાર કરી કરીને અનંતકાળથી, અનાદિનો છે એ કાંઈ નવો છે ? તો ક્યાં રહ્યો ? આ ભવમાં રહ્યો કીડી, કાગડા, કૂતરા, કંથવા ને નારકી ને પશુ ને ઢોર ને, આહા ! માણસ થયો ને દેવ

થયો પણ એ થોડા ભવ, આ ઘણાં ભવ. આહાહા ! દેવથી પણ નિગોદના ભવ ઘણાં કર્યાને ? આહાહા !

એક પણ વાત એને યથાર્થપણાથી જો ખ્યાલમાં આવી જાય, તો બીજા બધા ભાવોની સુલભતા થઈ જાય.. કે અનાદિથી આ છું, જે છે એને આદિ ન હોય, છે એને આદિ શું ? અને છે એની ઉત્પત્તિ શું ? છે એ રહ્યો ક્યાં ? પરિભ્રમણમાં, પ્રત્યક્ષ દેખાય છે કે માણસપણું તને મળ્યું છે તો ભવ મળ્યો તને. આહાહા ! અને તે ભવના કારણ તેં સેવ્યા, હેં ? તો આ ભવ, પહેલાં ભવના કારણ, આ ભવ પહેલાં ભવના કારણ એમ બધા સેવીને ભવ કર્યાં. આહાહા ! આહાહા ! બહુ વાત અંતરની છે ને ! એમ કહ્યું છે ને ! અંતરંગમાં કહ્યું 'તું ને, પ્રકાશમાન જ્યોતિ છે, સદા અંતરંગમાં પ્રગટપણે પ્રકાશમાન જ્યોતિ છે, જુઓ આટલા શબ્દ વાપર્યા છે. છે ને ?

સદા ત્રિકાળ, પ્રગટપણે– પ્રત્યક્ષ થઈ શકે, અંતરંગમાં– અંતરમાં આમ બાહ્યમાં નહિં, પ્રકાશમાન જ્યોતિ પૂર્ણ છે. આહાહા ! આવો તો પ્રભુ છે. એને ભેદજ્ઞાનની જ્યોતિ વડે જોયો ને જાણ્યો નહીં. આહાહા ! આ બહારનો જાણવાવાળો હું, રાગનો કરવાવાળો હું, પણ બહારનો જાણવાવાળો નહિં પણ જાણનારો, જાણનારાનો હું. આહા ! જેની ભૂમિકામાં જાણવું થાય છે, એને જાણ્યું તે હું, પરને જાણ્યું તે એ ( હું ) નહિં. આહાહા ! એવી રીતે પરથી ભિન્ન આત્માનું પામવું સુલભ નથી. આહાહા ! દુર્લભ છે ભાઈ. આવ્યું ને ? " એયતસ્સુવલંભો નવરિ ન સુલહો વિહત્તસ્સ " વિભક્ત પરથી જુદો સ્વથી એકત્વ એ સુલભ નથી. આહાહા ! અરે ! એ દુર્લભ છે વાત ભાઈ. તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી. આહાહા ! પછી સુલભ નથી એનો અર્થ કર્યો કે દુર્લભ છે એ તો. ભાવાર્થ કે સુલભ નથી એટલે કે દુર્લભ છે એમ. આહાહા !

ભાવાર્થઃ– ' આ લોકમાં ' એક તો આ લોક સિદ્ધ કર્યો, લોક– જગત છે. આહાહા ! " એમાં સર્વ જીવો સંસારરૂપી ચક્ર ઉપર ચઢી " પુણ્ય પાપના રાગના ચક્ર ઉપર ચઢી એમ અહીં સંસારરૂપી ચક્ર ઈ, કષાયભાવ તે સંસાર છે. અને પુણ્ય ને પાપ, પુણ્ય ને પાપ, શુભ અને અશુભ, શુભ અને અશુભ, એવા ચક્રે ચઢી " પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ કર્યા " જગતના જેટલા સંયોગી પદાર્થો છે તેના સંયોગમાં આવી ગયો, જગતનું જેટલું ક્ષેત્ર છે દરેક ક્ષેત્રમાં જન્મી ને મરી ચૂક્યો, કાળ જેટલો છે તે દરેક કાળમાં જન્મ મરણ પરાવર્તન કરી ચૂક્યો, ભવ જેટલા છે, એટલા ભવ પણ કરી ચૂક્યો અને ભાવ જેટલા છે પુણ્ય પાપના ભાવ અનંતવાર કરી ચૂક્યો. આહાહાહા !

" ત્યાં તેમને મોહકર્મના ઉદયરૂપ પિશાચ ઘોંસરે જોડે છે " મોહકર્મનો ઉદય એટલે મિથ્યાત્વભાવ, વિપરીત માન્યતા, આહાહા ! એ રાગનો કણ મારો એવી માન્યતા ( તે ) મિથ્યાત્વ, આહાહા ! એ મિથ્યાત્વરૂપી પિશાચ, મિથ્યાત્વરૂપીપિશાચ ભૂતડું ઘોંસરે જોડે છે. આહાહા ! ઢોરને ઘોંસરે નાખે છે ને ? આહાહા ! માથા ઉપર ઘોંસરું નથી મૂકતા ક્યાં મૂકે છે ? ગળા ઉપર કે આંહી ( કાંધે ) ઘોસરું મૂકે છે. ઘોસરું ઉંચું કરે ત્યાં ગરી જાય ને આમ આંહી. મિથ્યાત્વરૂપી પિશાચ, વિપરીત શ્રદ્ધા એવું ભૂતડું ઘોંસરે જોડે છે. આહાહાહા ! સંસારના– મજૂરના કામમાં જોડાઈ ગયો છે ઈ મિથ્યાત્વરૂપી ભૂતડે આ કરવું ને આ કરવું ને આ કરવું ને આ કરવું. આહાહા ! એને મિથ્યાત્વરૂપી પિશાચે જેમ ઘોંસરું ઊંચુ કરે અને ગરી જાય બળદ એમાં, એમ આ ગરી ગયો છે અનાદિથી. આહાહા ! પહેલા તો બળદને નાનો હોય અને ઘોંસરામાં નાખવું હોય તો ઘણું શીખવવું પડે, પરાણે ખેંચવું પડે, ઘોંસરું હોય ને બળદનું ગાડાનું,

પહેલું બચ્ચું હોય ને તો એને ખેંચવું પડે, માંડ માંડ હેઠે આવે, અને પછી ટેવ પડી જાય, પછી ઓલો લાકડું ઊંચુ કરે આમ ઘોંસરું ત્યાં હેઠે માથું નાખી દે. એમ નાના બાળકને વેપાર ધંધામાં પરાણે ખેંચવા પડે નહીંતર ભાગી જાય પણ ( થડે ) બેઠો પછી તૈયાર થઈ ગયો એટલે જોડાઈ ગયો અંદર, સલવાઈ ગયો. આહાહા !

લોકને સુધારી દઈએ ને લોકને સુધારું એવા કામમાં પછી ઘોંસરે જોડાઈ ગયો મિથ્યાત્વથી આહાહા ! જે કરી શકતો નથી, કોને સુધારે ? કોને બગાડે ? આહાહા ! પણ મિથ્યાત્વ- વિપરીત શ્રદ્ધારૂપી ભૂતડું એવા ઊંધા કામમાં જોડી દીધો એને; અરે, શુભમાં જોડી દીધો એને મિથ્યાત્વને ( લઈને ) આ કરવું પડે આ કરવું જોઈએ. આહાહા !

" તેથી તેઓ વિષયોની તૃષ્ણારૂપી દાહથી પીડિત થાય છે. " એટલે શું કહે છે ? કે વિપરીત શ્રદ્ધા જે રાગને પોતાનો માન્યો એવું ભૂતડું એણે ઘોંસરે જોડી દીધા કામમાં. કેમ ? કે મિથ્યાત્વમાંથી તૃષ્ણા ઉત્પન્ન થઈ પરની, સમ્યગ્દર્શનમાં ભાવના અંતરની આવે અને મિથ્યાત્વમાં ભાવના પરની આવે. પર- આનું કરું, આનું કરું, છોકરાનું કરું, બાયડીનું કરું. આહાહા ! તૃષ્ણારૂપી દાહ, એ કષાયના રાગરૂપી તૃષ્ણા ફાટી મિથ્યાત્વમાંથી અનંતાનુબંધી, આહાહાહા ! દાહથી પીડિત થાય છે બળતરા થાય અંદર, તો પણ એમાં કામ કર્યા કરે એને ખબર નથી કે આ શું છે ? વિષય તૃષ્ણારૂપી દાહથી પીડિત છે. આહાહા ! અને તે દાહનો ઈલાજ ઈન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને. આહાહા ! ઈચ્છા થાય એનો ઉપાય શું ? કે આને ભોગવી લઉં, આને ખાય લઉં, આને પી લઉ, આને જોઈ લઉં, એ એનો ઉપાય માને છે. આહાહાહા ! દાહનો ઈલાજ ઈન્દ્રિયોના રૂપાદિ, રૂપને જોઈ લઉં તો મારી ઈચ્છા પૂરી થઈ જાય એમ, ખાય લઉં ખૂબ, ભોગ લઈ લઉં ખૂબ, તો પછી શાંતિ થાય, આહાહા ! એમ ભોગમાં જોડાઈ ગયો કહે છે. આહા ! તૃષ્ણામાં જોડાઈ ગયો ! પોતાનો સંતોષ આનંદ સ્વભાવ એમાં ન આવતાં રાગના કણમાં એકતા માનતાં મિથ્યાત્વમાંથી તૃષ્ણા ઉત્પન્ન થઈ, એ તૃષ્ણાએ પાંચ ઈન્દ્રિયોના વિષયમાં જોડી દીધો. અણીંદ્રિ ભગવાન રહી ગયો. આહાહા !

છે ને ? " ઈન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને તે પર દોડે છે, " તે પર દોડે છે. આહાહાહા ! સારા ( બધી ) ઈન્દ્રિયોના વિષયો દેખે, સ્ત્રીઓના શરીરો, પોતાનું શરીર, લાડવા ને દાળ ભાત ને આમ ઊંચી ઊંચી ચીજો મેસૂબને જોવે ત્યાં ખેંચાઈ જાય છે, જોડાઈ જાય છે, પણ એ બધી ધૂળ છે. ભગવાન આનંદનો નાથ અંદર છે ત્યાં ન જતાં આ બહારની તૃષ્ણામાં દોડે છે. દોડે છે એક પછી એક-આ લઉં, આ લઉં, આ લઉં. એક રાજાની વાતેય આવે છે કથામાં-ખાવા ટાણે ઊંચું ઊંચું ખાવાનું હોય, એ વખતે દાસીને નચાવે, એ વખતે ફૂલ ઝાડમાં વચ્ચે બેસે એમ પાંચેય ઈન્દ્રિયોના વિષયોને જાણે ભોગવું એક સાથે, એક હતો. આપણે હીરાભાઈ કહેતા, હીરાચંદ માસ્તર. આવે છે ને એ કથામાં આવે છે ખાવા- પીવામાં મેસૂબ ને ઈ ખાય, ફૂલના ઝાડ હોય એમાં બેસે, એ સૂંઘે, ખાય, દાસી આદિ રૂપાળી બાઈયું હોય એને નચાવે એટલે બધું એક હારે પાંચેય ઈન્દ્રિયના વિષય. આહાહા ! એ દોડા દોડ કરે છે પર તરફ. અંતરમાં વલણની વાતને સાંભળતો નથી. આહાહા ! જાણીને પર ( તરફ ) દોડે છે. પછી વિશેષ છે.

* * *

## પ્રવચન નં. ૧૮ ગાથા - ૪ તા. ૨૬-૬-૧૯૭૮ સોમવાર જેઠ વદ-૬ સં. ૨૫૦૪

" સર્વ પરદ્રવ્યોથી ભિન્ન એક ચૈતન્ય ચમત્કાર માત્ર " ભાવાર્થની છેલ્લી ચાર લીટી. કરી કરીને સાર બધો વાંચે, સાંભળે પણ, કરવાનું શું ? એનો સરવાળો શું ? પરદ્રવ્યોથી ભિન્ન એક ચૈતન્ય ચમત્કારસ્વરૂપ તે પણ પોતાનો આત્મા, એને ( પોતાનો ) કરવાનો એ " પોતાના આત્માની કથાનું જ્ઞાન પોતાને તો પોતાથી કદી થયું નથી. " કરવાનું હતું જે આ, એ તો જ્ઞાન કદી થયું નથી. " અને જેમને એ જ્ઞાન થયું હતું તેની સેવા તો કદી કરી નહિં. " એટલે એમની આજ્ઞા જે છે વીતરાગભાવની સ્વઆશ્રય લેવાની એ કર્યું નથી. એથી સેવા કરી નથી એમ કહેવામાં આવે છે. આહાહા ! કારણકે અનંત જ્ઞાનીઓનો કહેવાનો સાર તો આ છે. ચૈતન્યસ્વરૂપ ચમત્કારી પદાર્થ પ્રભુ ! એનો અનુભવ કરવો, એની દૃષ્ટિ કરીને એનો અનુભવ કરવો. એ એમનો કહેવાનો સાર અને આજ્ઞા છે. તે આજ્ઞા પ્રમાણે કર્યું નહિં ને સેવા કરી નહિં એમ, સેવા બીજી શું સેવા હતી. આહાહા !

" તેથી તેની કથા ન કદી સાંભળી. આહાહા ! ન તેનો પરિચય કર્યો, કે ન તેનો અનુભવ થયો, માટે તેની પ્રાપ્તિ સુલભ નથી. " ( દુર્લભ છે. ) પાઠ તો આ છે. પછી અર્થ કર્યો સુલભ નથી એટલે દુર્લભ છે એમ, બાકી બધું સુલભ છે, આહાહા ! પણ આ એક સુલભ નથી, દુર્લભ છે. બહારના બધા ( વિષયો ) સુલભ છે અનંતવાર મળ્યાં, વાણી યે અનંતવાર મળી, પૈસા ય અનંતવાર મળ્યા, દેવ દર્શન અનંતવાર થયા, સમોસરણમાં અનંતવાર ગયો, એ કાંઈ દુર્લભ નથી. આહાહા ! સુલભ નથી તો એક આ, ચૈતન્ય ચમત્કારી વસ્તુ જે અંદર છું, ભલે શરીર પ્રમાણે એનું કદ હો, અને બાહ્યમાં ભલે પુણ્ય ને પાપના વિકલ્પવાળી દશા દેખાય, પણ વસ્તુ તો એનાથી ભિન્ન છે. આહાહા ! એ પુણ્યને પાપના વિકલ્પો રાગ એનાથી પણ ભિન્ન એ સારા ( સર્વ ) શાસ્ત્રોને અને જ્ઞાનીઓને કહેવાનું તો એ છે, એનો અનુભવ કર. એનાથી તારા જનમ મરણનો અંત આવશે. આહાહા !

હવે આચાર્ય કહે છે, છે ને માથે " અત અવૈતદુપદર્શ્યતે " અત એવ એતદ્ એવ ઉપદર્શ્યતે તેથી જ જીવોને તે ભિન્ન આત્માનું એકત્વ અમે દર્શાવીએ છીએ. " ભગવાન આત્મા રાગથી ભિન્ન અને સ્વરૂપથી અભિન્ન એવી ચીજ દર્શાવીએ છીએ કારણકે સાંભળીને કરવાનું તો એ છે. તો એ અમે દેખાડીશું. ( હવે ) પાંચમી ગાથા.

આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરવા જનાર જીવ પહેલા શુદ્ધનયથી હું એક છું, શુદ્ધ છું, પરદ્રવ્ય પ્રત્યેની મમતા રહિત છું, જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ વસ્તુ છું– એવો નિશ્ચય કરે છે. આ નિશ્ચયમાં પાંચ ઇન્દ્રિયના વિકલ્પોથી ખસ્યો છે ને મનના વિકલ્પમાં આવ્યો છે પણ એ મનના વિકલ્પોને પણ છોડવા આવ્યો છે. તે આગળ વધતા મન સંબંધી વિકલ્પોને જલદી વમી નાખીને નિર્વિકલ્પ થાય છે. ૪૮૫. ( પરમાગમસારમાંથી )

## ગાથા - ૫

अत एवैतदुपदर्श्यते-

तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।
जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।

तमेकत्वविभक्तं दर्शयेऽहमात्मनः स्वविभवेन।
यदि दर्शयेयं प्रमाणं स्खलेयं छलं न गृहीतव्यम्।।५।।

इह किल सकलोद्भासिस्यात्पदमुद्रितशब्दब्रह्मोपासनजन्मा, समस्तविपक्षक्षोदक्षमातिनिस्तुषयुक्त्यवलम्बनजन्मा, निर्मलविज्ञानघनान्तर्निमग्नपरापरगुरुप्रसादीकृतशुद्धात्मतत्त्वानुशासनजन्मा, अनवरतस्यन्दिसुन्दरानन्दमुद्रितामन्दसंविदात्मकस्वसंवेदनजन्मा च यः कश्चनापि ममात्मनः स्वो विभवस्तेन समस्तेनाप्ययं तमेकत्वविभक्तमात्मानं दर्शयेऽहमिति बद्धव्यवसायोऽस्मि। किन्तु यदि दर्शयेयं तदा स्वयमेव स्वानुभवप्रत्यक्षेण परीक्ष्य प्रमाणीकर्तव्यम्। यदि तु स्खलेयं तदा तु न छलग्रहणजागरूकैर्भवितव्यम्।

---

હવે આચાર્ય કહે છે કે, તેથી જ જીવોને તે ભિન્ન આત્માનું એકત્વ અમે દર્શાવીએ છીએઃ-

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

ગાથાર્થઃ- [ तम् ] તે [ एकत्वविभक्त ] એકત્વવિભક્ત આત્માને [ अहं ] હું [ आत्मनः ] આત્માના [ स्वविभवेन ] નિજ વૈભવ વડે [ दर्शये ] દેખાડું છું; [ यदि ] જો હું [ दर्शयेयं ] દેખાડું તો [ प्रमाणं ] પ્રમાણ ( સ્વીકાર ) કરવું અને [ स्खलेयं ] જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં તો [ छलं ] છળ [ न ] ન [ गृहीतव्यम् ] ગ્રહણ કરવું.

ટીકાઃ- આચાર્ય કહે છે કે જે કાંઈ મારા આત્માનો નિજવૈભવ છે તે સર્વથી હું આ એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ એવો મેં વ્યવસાય ( ઉદ્યમ, નિર્ણય ) કર્યો છે. કેવો છે મારા આત્માનો નિજવિભવ ? આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર અને ' स्यात् ' પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ-અર્હંતનાં પરમાગમ-તેની ઉપાસનાથી જેનો જન્મ છે. ( ' स्यात् ' નો અર્થ ' કથંચિત્ ' છે એટલે કે ' કોઈ પ્રકારથી કહેવું ' . પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યાં તેનું કારણઃ અર્હંતનાં પરમાગમમાં સામાન્ય ધર્મો-વચનગોચર સર્વ ધર્મો-નાં નામ આવે છે; અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે; એ રીતે તે સર્વ વસ્તુઓનાં પ્રકાશક છે માટે સર્વવ્યાપી કહેવામાં આવે છે, અને તેથી તેમને શબ્દબ્રહ્મ કહે છે. ) વળી તે નિજવિભવ કેવો છે ? સમસ્ત જે વિપક્ષ-અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ-તેમના

**નિરાકરણમાં સમર્થ જે અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી જેનો જન્મ છે. વળી તે કેવો છે ? નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન પરમગુરુ-સર્વજ્ઞદેવ અને અપરગુરુ-ગણધરાદિકથી માંડીને અમારા ગુરુ પર્યંત, તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ જે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ, તેનાથી જેનો જન્મ છે. વળી તે કેવો છે ? નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે. એમ જે જે પ્રકારે મારા જ્ઞાનનો વિભવ છે તે સમસ્ત વિભવથી દર્શાવું છું. જો દર્શાવું તો સ્વયમેવ ( પોતે જ ) પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું; જો ક્યાંય અક્ષર, માત્રા, અલંકાર, યુક્તિ આદિ પ્રકરણોમાં ચૂકી જાઉં તો છલ ( દોષ ) ગ્રહણ કરવામાં સાવધાન ન થવું, શાસ્ત્રસમુદ્રનાં પ્રકરણ બહુ છે માટે અહીં સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે; તેથી અર્થની પરીક્ષા કરવી.**

**ભાવાર્થઃ- આચાર્ય આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરાપર ગુરુનો ઉપદેશ અને સ્વસંવેદન-એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના વિભવથી એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે. તેને સાંભળનારા હે શ્રોતાઓ ! પોતાના સ્વસંવેદન-પ્રત્યક્ષથી પ્રમાણ કરો; ક્યાંય કોઈ પ્રકરણમાં ભૂલું તો એટલો દોષ ગ્રહણ ન કરવો એમ કહ્યું છે. અહીં પોતાનો અનુભવ પ્રધાન છે; તેનાથી શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો-એમ કહેવાનો આશય છે.**

**પ્રવચન નં. ૧૮ ગાથા - ૫ તા. ૨૬-૬-૧૯૭૮**

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।**

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

ગાથાર્થઃ– ' तम् ' શબ્દ છે ને પહેલો તમ્, તે એકત્વવિભક્ત આત્માને, રાગથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન, એવું જે એનું સ્વરૂપ છે એને હું, અહમ્. આહાહા ! ભગવાને કહ્યું છે માટે હું તને દેખાડું છું એમેય નહિ. આહાહા ! હું પોતે કહીશ. આહાહા ! હું આત્માના નિજ વૈભવ વડે દેખાડું. આહાહાહા ! મારો નિજ વૈભવ, જગતનો વૈભવ આ ધૂળને બહારની સામગ્રી બધો વૈભવ, મારો નિજ વૈભવ અતીન્દ્રિય આનંદનો અનુભવ, અતીન્દ્રિય જ્ઞાનની દશાનું ભાન, અતીન્દ્રિય વીર્યની પ્રગટ દશા. અનંત અનંત દર્શનની અંશે પ્રગટ દશા, એવો જે મારો નિજ વૈભવ એમાં એમ ન કહ્યું કે પુણ્ય મારો નિજ વૈભવ, શુભભાવ મારો નિજ વૈભવ.

કહીશ એમાં વિકલ્પ ઉઠશે, એ વિકલ્પ મારો વૈભવ નહીં. આહાહા ! આત્માના નિજ વૈભવ વડે, " સ્વવિભવેન " દેખાડું, દેખાડું છું. આહાહાહા ! શું આચાર્યની શૈલી, દેખાડું છું. પણ હું તો છદ્મસ્થ છું એટલે દેખાડું છું. અને એમાં જો દેખાડયું, આહાહાહા ! દેખાડું છું, જો હું દેખાડું,

આહાહા ! દેખાડવાની વાણી આવી ગઈ અને દેખાડું એમાં તો. આહાહાહા ! પ્રમાણ કરવું હોં. આહાહાહા ! સ્વીકાર કરવો હોં. એકલો હા પાડીને નહિ, એકલી વાતને ધારીને નહિ, આહાહાહા ! પણ અનુભવથી પ્રમાણ કરજે. આહાહાહા !

દેખાડું છું અને દેખાડું તો, આહાહાહા ! દેખાડવાનો ભાવ આવ્યો છે, પણ દેખાડવાનું શરૂ થાય કે કેમ, આહાહા ! હું જો દેખાડું તો આવું નિમિત્ત છે તો તારું ઉપાદાન પણ પ્રમાણ કરે એવું હોવું જોઈએ. આહાહા ! આવી ક્યાં છે વાત તો જુઓ ! વીતરાગી સંતો. વીતરાગી અરિહંતો ગુરુ ને વીતરાગી શાસ્ત્રોને જેણે કબૂલ્યા છે માન્યા છે. આહાહા ! એ ઉપરાંત જેણે આત્માનો વીતરાગી અનુભવ કર્યો છે. કહેશે હજી, સ્વીકાર કરવું. જે રીતે હું કહીશ એ રીતે વસ્તુ છે કે નહીં એમ તું તારા, અનુભવથી, આ પ્રમાણે કરજે હોં. આહાહાહા ! જેમ હું કહેવા માગું છું કે રાગથી પ્રભુ ભિન્ન છે અને પોતાની પૂર્ણ સંપદાથી તે અભિન્ન છે, એમ દેખાડું તો એ અમારું દેખાડવું નિષ્ફળ ન જાય. આહાહાહા ! તો પ્રમાણ કરજે એવા જીવને માટે કહું છું એમ કહે છે. આહાહા ! પ્રભુ આમ નજર નાખજે ત્યાં હોં. જે હું બતાવું છું કે રાગથી ભિન્ન અને સ્વરૂપ સંપદાથી એકત્વ તો એ દેખાડું તો એની હા પાડજે, કઈ રીતે ? જે રીતે છે એમ કહું છું એ તને ભાસે છે કે નહિં ? તારા ભાવમાં ભાસે છે કે નહિં, ભાસે ત્યારે સ્વીકાર કરજે. આહાહા ! સમયસાર ! આહાહા ! ભરત ક્ષેત્રનો સર્વોત્કૃષ્ટ બાદશાહ પ્રવચનનો છે. આહાહા ! એમ કહેવા માગે છે કે ભાગ્યશાળી તું કે જ્યાં આવી વાણી તને કાને પડશે. એથી હવે તું તારો પુરૂષાર્થ કરીને જે રીતે હું કહેવા માગું છું તે જાણીને હા પાડજે, આહાહાહા ! એ ભાવનું ભાસન થઈને પ્રમાણ કરજે. આવી વાતું છે. આહાહાહા !

પ્રભુ આત્મા આમ રાગથી ( ને ) વિકલ્પથી ભિન્ન, વીતરાગી સંતો ને વીતરાગી દેવ, એ વીતરાગ ભાવ પ્રગટ કરવાની જ વાત કરે છે. અને તે વીતરાગ ભાવ પ્રગટ કરવાની વાત કરે છે, એ વીતરાગી સ્વરૂપ છે તેમાં દૃષ્ટિ કરાવવા અનુભવ કરાવવા, એ વાત કરે છે. ( સ્વીકારીશ ) ત્યારે એ વીતરાગી પર્યાય પ્રગટ થશે. આહાહા ! હું કહું છું તે પ્રમાણે વસ્તુ છે કે નહીં, એમ તારા અનુભવથી પ્રમાણ કરજે. આહાહાહા ! એકલી હા પાડીને ધારણામાં રાખીને ઊભો ન રહીશ. આહાહાહાહા ! જુઓ તો ખરા પુરૂષાર્થની એકલી ( વાત ).

ભગવાન અંદર આનંદનો નાથ, પરમાત્મા તારા સમીપમાં બિરાજે છે ને પ્રભુ ! આહાહા ! એની તો હું વાત કરું છું, છે એની તો હું વાત કરું છું. આહાહા ! અને છે એ તને સંભળાવું છું અને તું સાંભળવા આવ્યો છો. આહાહા ! તો છે એને તું પ્રાપ્ત કરજે. આહાહાહા ! અસ્તિત્વ એનું જેટલું ને જેવડું છે, એ રીતે અનુભવથી તને એના અસ્તિત્વનું પ્રમાણ કરજે અનુભવથી, આહાહા ! ગજબ વાત છે ! ! આ સાર શાસ્ત્ર કહેવાય. આહાહા ! ઓલા તો કહે અમને તમે માનજો, અમને દેવ ગુરુ શાસ્ત્ર ને માનજો તો તમને સમકિત થાશે. આહાહા ! આ તો કહે તું અમે કહીએ છીએ, એ તું તારા અનુભવથી કબૂલ કરીને માનજે, અમને માનજે એમ નહિં. આહાહા ! જ્ઞાન સ્વરૂપી પ્રભુ, ચૈતન્યચમત્કારી, ચિંતામણિ રતન “ પ્રભુ તું છે ને, ” ચૈતન્ય ચમત્કારી ચિંતામણિ, આહાહા ! મહા રતન પ્રભુ, હું તને બતાવું છું ને ? આહાહા ! તો તું જોઈ લેજે, કે આ છે કે નહિં આવો ? આહાહા !

જુઓ આ સિદ્ધાંતના કથનો ને આ વાણી જુઓ આ ! ઓલા કહે કે અરિહંત મહા દેવો, ગુરુ હું, માનો એ સમકિત છે. એ વીતરાગની વાણી નહીં. આહાહા ! એ વીતરાગી સંતોની વાણી નહીં. આહાહાહા ! અણઅભ્યાસે ( માર્ગ ) ઝીણો લાગે ! વસ્તુ તો છે, છે એને પ્રાપ્ત કરવી છે ને ? ન હોય અને પ્રાપ્ત કરવી હોય તો તો, હેં ? છતી ચીજ ભગવાન અંદર બિરાજે છે ને ! આહાહા ! કલ્પવૃક્ષ, ચિંતામણિ, કામધેનુ એવો એ ભગવાન પોતે જ છે. આહા ! એનો અંદરમાં તને જઈને અનુભવ કરીને એને અનુસરીને થઈને ‘ હા ’ પાડજે. આહાહાહાહા !

ઓલું વાણી માટે નથી આવતું ! અનુભવશીલી એનો અર્થ કર્યો છે ને કળશટીકાકારે બહુ સરસ, સર્વજ્ઞને અનુસરીને નીકળેલી વાણી, અનુભવશીલીની વ્યાખ્યા આ. આહાહા ! કળશની પહેલી ટીકાનો, રાજમલ્લ ટીકામાં છે. પ્રભુ સર્વજ્ઞ સ્વરૂપી છે. આહાહાહા ! અને જેને સર્વજ્ઞપણું પ્રગટયું છે, એને અનુસરીને વાણી નીકળી છે ઉપાદાનમાં પોતાથી, પણ એના નિમિત્તપણામાં સર્વજ્ઞપણું છે. આહાહા ! એથી અનુભવશીલી એ વાણીને કહીએ છીએ. એટલે ? સર્વજ્ઞપણું પ્રગટયું છે એને અનુસારે વાણી નીકળશે, આહાહા ! વાણી તો ઉપાદાનથી નીકળશે, પણ એ વાણીની ઉપાદાનતા જ એવી છે, જેવું સર્વજ્ઞપણું છે તેને અનુસારે વાણીનો પર્યાય પણ પરિણમશે. આહાહાહાહા ! અહીં કહે છે કે હું દેખાડું ભાષાથી. આહાહા ! છે તો દેખાડવાની ભાષા મારા સ્વભાવના વૈભવને અનુસરીને થતી. આહાહાહા ! અહીં તો દેખાડીશ એમ કીધું, હેં ? વાણીથી દેખાડીશ, દેખાડાય, વાણી દ્વારા દેખાડાય બીજો તો કોઈ ઉપાય નથી પણ એ વાણી નિજ વૈભવને અનુસરીને, નિમિત્તરૂપે વાણી આવશે. આહાહા ! તો તું પણ તારો સ્વભાવ છે તેને અનુસરીને, અનુભવ કરીને પ્રમાણ કરજે, આહાહા ! સમજાણું કાંઈ ? આવી વાતું છે.

સ્વીકાર કરવો અને “ જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં. ” અનુભવમાં ચૂકી જાઉં એમ નહિં. પણ વાણીમાં જો કોઈ સંસ્કૃત વ્યાકરણ વિભક્તિ કોઈ ફેર પડી જાય વાણીમાં, વસ્તુમાં ફેર નહિં પડે. આહાહાહા ! વસ્તુમાં તો જેવું છે તેવું જ આવશે. આહા ! પણ વાણીની અંદરમાં કોઈ વિભક્તિ, કાળ, ભૂતકાળનો વર્તમાન બોલાઈ જાય ને એવો કોઈ શબ્દ તને ( જણાય ) એવું જ્ઞાન હોય, તને એ જાતનો ખ્યાલ હોય, તેથી તને ખ્યાલમાં આવે કે આ ઠેકાણે, પણ તું ત્યાં ન રોકાઈશ. એ વાણીમાં કોઈ ફેર હોય અને તને જ્ઞાન હોય તો તું ત્યાં ન રોકાઈશ. આહાહાહા !

અમે અંતરમાં ચૈતન્ય ભગવાન, અનંત ગુણનો હિરલો પ્રભુ એમાં જવાને માટે હું દેખાડીશ તો ત્યાં જજે હોં પ્રભુ. આહાહાહા ! પંચમ આરાના મુનિ અને પંચમ આરાના શ્રોતાને આવી વાત કરે છે. આહાહા ! જેમાં સર્વજ્ઞના વિરહ છે, છતાં આટલા જોરથી એ વાત કરે છે કે અમારા શ્રોતા આવા હોય હોં. આહાહા ! પ્રવીણભાઈ ! આહાહા ! જેવા નિજ વૈભવથી વાણી આવશે, એવો જ તું નિજ વૈભવનો અનુભવ ( કરજે ! ) આહાહાહા ! તારો વૈભવ તો અંતર છે અમારો વૈભવ તો પર્યાય પ્રગટ થઈ એને કહીએ છીએ. પણ તારો વૈભવ જે અંદર પૂરણ છે પૂરણ સંપદા અતીંદ્રિય આનંદ આનંદ આનંદ આનંદ આનંદ અતીંદ્રિય આનંદનું ઢીમ જામ્યું છે ને ત્યાં. આહાહા ! જેમાં શુભ વિકલ્પનો પણ ( ધ્રુવમાં ) પ્રવેશનો અવકાશ નથી, અરે એના અનુભવની પર્યાય થાય એનો પણ ધ્રુવ ઘનમાં પેસવાનો અવકાશ નથી. આહાહા !

આ તો સિદ્ધાંત છે ભાઈ, વીતરાગની વાણી એ વીતરાગની વાણીનો પાર નથી પ્રભુ ! એની ગંભીરતા, એની ઊંડપ, આહાહા ! સાધારણ માણસ ( તો ) પાર પામી શકે નહીં એવી તો એકેક ગાથાનો એવો ભાવ છે.

ઓહોહોહો ! એક ગાથાએ ન્યાલ કરી નાખે, આહાહા ! પ્રભુ સબ અવસર આ ગયા હૈ, આહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશકને એમ કહેવું પડયું ' સબ અવસર આ ગયા, ' અહીં તો સબ અવસર આ ગયા એમેય નહિં, તું થા જ આ. પંડિતજી ? આહાહાહા ! પ્રભુ તું બધું ભૂલી જા. અને ભગવાનને ભૂલી ગયો છો તું એને યાદ કર હવે. આહાહા ! સુરેન્દ્રજી ? આવી વાતું છે. આહાહા ! તેં ભૂલવા જેવી ચીજને બહુ યાદ કરી છે પ્રભુ. આહાહા ! ભૂલવા જેવી ચીજને ઘણી યાદ કરી છે, બહુ યાદ કરી છે બાપા, અને ભૂલવા જેવો નહિ ભગવાન છે એને ભૂલીને ભૂલી ગયો આખો. એને કોઈ દિ ' યાદ જ કર્યો નહિં તેં તો આ ટાણું આવ્યું છે ને તને વાત કરું છું ને પ્રભુ તને. તને વાણી દ્વારા ઇશારા કરીને, આહા ! એ તારો નાથ અંદર રાગનો અમારા તરફની ભક્તિનો વિકલ્પ છે, સાંભળવાનો તારો વિકલ્પ છે, આહાહા ! એનાથી પ્રભુ અંદર ભિન્ન છે. આહાહા ! આવો ઉપદેશ છે. કે જે ઉપદેશને પામીને અનુભવથી પ્રમાણ જ કરે એવો ઉપદેશ છે. આહાહા !

ભગવાન અત્યારે ન હોય કેવળી પર્યાયવાળા એને તું યાદ ન કર હવે, આહાહા ! આહાહા ! તારા ભગવાનમાં તો અનંતી કેવળજ્ઞાનની પર્યાય પડી છે. આહાહા ! ભગવાનનો વિરહ છે એને પણ ભૂલી જા. આહાહા ! વર્તમાન કેવળજ્ઞાનની પર્યાયનો વિરહ છે એ પણ ભૂલી જા. ભગવાન આખો અંદર છે. આહાહા ! અને અમારે દેખાડવો છે ઈ, આહાહા ! એને અનુભવજે. બાકી શાસ્ત્રના તો કથનમાં અનેક અપેક્ષાઓ હોય વાણીમાં, એમાં કોઈ સંસ્કૃત ધાતુ વ્યાકરણ આદિમાં કાંઈ ફેર પડે તો એનું કાંઈ અમારે વજન નથી અહીં અમારે, અહીં તો વજન અંતરનો અનુભવ કરવો અને કરાવવો એ છે.

ચૂકી જાઉં તો શું ? અનુભવમાં ચૂકી જાઉં એ નહિં, વસ્તુની સ્થિતિ છે તેમાં ચૂકી જાઉં તો ધ્યાન રાખજે એમ નહિં. આહાહા ! વસ્તુ તો જે રીતે છે તે રીતે જ કહેવાશે. એમાં કોઈ ઊણું અધિક વિપરીત કાંઈ છે જ નહીં. આહાહા ! પણ વાણીમાં કોઈ ફેરફાર, વાણી પર ચીજ છે. આહાહા ! એમાં કોઈ શબ્દોની શૈલીની કથનીમાં વ્યાકરણ આદિના નિયમોમાં ફેર હોય, વસ્તુમાં ફેર નહિં, વાણી પણ વસ્તુને બતાવશે એમાં ફેર નહિં, આહાહા ! વાણી જ એવી છે કહે છે. પણ એમાં વ્યાકરણના નિયમ ઘણાં હોય છે એવા નિયમમાં કયાંય ફેર પડી જાય તો તું તેનો જાણનાર હો ત્યાં તને કોઈ ખ્યાલમાં આવે કે અહીં ( કાંઈ ફેર છે ) તો ત્યાં ઊભો નો રહીશ ત્યાં ખ્યાલ ન કરીશ. અમે જે કહેવા માગીએ છીએ ત્યાં જાને પ્રભુ. આહાહા ! ગજબ ગાથાઓ છે. પહેલી બાર તો પીઠિકા છે ને ? આ ઓટલો, ઓટલો મોટો, પછી ઝાડ ફાલે ફૂલે ! મૂળ સામાન્ય વાત પૂરી પૂરી અખંડ આમાં બાર ગાથામાં આવી જાય છે. આહાહા !

હવે ટીકા:- આચાર્ય કહે છે, આચાર્ય કહે છે. લ્યો, એક કોર એમ કહે કે આત્મા વાણી કરી શકે નહિં, પણ નિમિત્ત-નિમિત્ત સંબંધે આચાર્ય કહે છે એમ આવે ને ? આહાહા ! આચાર્ય કહે છે, કે જે કાંઈ મારા, જે કાંઈ મારા જે કાંઈ એટલે જેટલો છે એટલો, પૂરણ છે એ એમ કાંઈ હું

કહેતો નથી. પૂરણ વૈભવ તો પરમાત્માને છે. આહાહા. જે કાંઈ, આહાહા ! ‘ ઇહ કિલ ’ છે ને ? મારા આત્માનો નિજ વૈભવ છે. મારા આત્માનો નિજ વૈભવ પર્યાયમાં છે. આહાહા ! શુદ્ધ ચૈતન્ય પરમાત્મા તેનું સમ્યગ્દર્શન, તેનું જ્ઞાન ને તેની રમણતા અને તેના આનંદના સ્વાદની દશાનો જે મારો વૈભવ છે. આહાહા ! જુઓ આ વૈભવ આત્માનો. રાગ ને દયા–દાનનો વિકલ્પ પણ આત્માનો વૈભવ નહિં, તો વળી આ ધૂળ પાંચ–પચીસ લાખ બહારથી આવે ને એ મોટા ઘર વખરા કરે ને, આહાહા ! આ મારો વૈભવ, આ અમારું ફરનીચર ને મારો વૈભવ જુઓ. મોઢા આગળ બે હાથી બેસાડયા છે ને ? આ દેરાસરમાં નથી કરતા ? અહીં પાલીતાણે રાખ્યા છે ને મોટા હાથી ને આમ, આહાહા ! આ ભગવાનનો વૈભવ આ. આહાહા !

અહીંયા તો પ્રભુ ભગવાનનો ( નિજાત્માનો ) વૈભવ તો જે કાંઈ મને પ્રગટયો છે એટલાથી હું કહીશ. પૂરણ પરમાત્માને થયો છે. ( અરિહંતોને ) વૈભવ પૂરણ પ્રગટયો છે. એ અમને પ્રતીતમાં છે. એમની વાણીમાં જે આવ્યું છે એ પણ અમને પ્રતીતમાં છે. પણ એ વ્યવહાર પ્રતીતમાં છે, આહાહા ! નિજ વૈભવની પ્રતીતિ તો જેટલો ઊઘડેલો છે, એટલો નિજ વૈભવ છે, છે એમ કહ્યું છે ને ? આહાહા ! જે કાંઈ મારા આત્માનો નિજ વૈભવ છે, આ પર્યાયની વાત છે હોં, દ્રવ્યગુણની વાત નથી આ, પ્રગટેલી વૈભવ દશાની વાત છે. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર, અને અતીન્દ્રિય આનંદનો અનુભવ એ જીવની પર્યાયનો– અવસ્થાનો નિજ વૈભવ છે. આહાહાહાહા !

તે વૈભવ છે, મારા આત્માનો નિજ વૈભવ છે. પ્રભુના ( સીમંધર પ્રભુના ) આત્માનો વૈભવ છે એ વાતનું મારે અત્યારે કામ નથી. આહાહા ! એ મારા વ્યવહાર પ્રતીતમાં છે, પણ આ મારો નાથ અંદર પ્રભુ, ( નિજાત્મા ) આહાહા ! ચૈતન્ય રત્નાકરથી ભરેલો એનો જે પર્યાયમાં વૈભવ છે, સંપદા, અમારી સંપદા આ છે. આહાહા ! મારી લક્ષ્મી આ છે. એ પૂરણ સ્વરૂપની પ્રતીતિ, નિર્વિકલ્પ, પૂરણ સ્વરૂપનું જ્ઞાન ને પૂરણ સ્વરૂપમાં રમણતા વિગેરે. અનંતગુણની વ્યક્ત અવસ્થા વર્તમાન એ મારો નિજ વૈભવ પર્યાયનો છે. આહાહા ! આ વાત તો ગંભીર છે બાપુ ! સમયસાર એ શું છે ! ! આહાહા ! ગજબ કામ કર્યું છે, એકેક શબ્દમાં પાછળ એનું વાચ્ય, કેટલું જોરદારપણું છે. આહાહા !

તે, વૈભવ છે તે, છે ને ? ‘ તમ્ ’ છે ને પહેલું ? તે એકત્વવિભક્ત આત્માને અને છેલ્લે કહેશે પાછળથી કહ્યું. આહાહા ! તે જ સર્વથા, તે સર્વથી, તે સર્વથી. આહાહા ! મારો નિજ વૈભવ જેટલો પ્રગટયો છે ને ! એના સર્વથી, આહાહા ! જેટલો વૈભવ આનંદ ને આદિ દર્શન જ્ઞાન ચારિત્ર આદિ જેટલો વૈભવ છે એ સર્વથી હું કહીશ. આહાહા ! શું શબ્દો, અમૃત ઝર્યા છે. આહાહા ! જગતના ભાગ્ય આ સમયસાર રહી ગયું. ભેટણું આપ્યું છે. તું તને ભેટ તો તને આ ભેટણું અમે તને આપીએ છીએ. છેલ્લે શબ્દ છે, જયસેનાચાર્યમાં ( એમની ટીકામાં ) આહાહા ! વસ્તુ– વસ્તુ આ.

તે વૈભવથી, તે સર્વથી. આહાહા ! જેટલું મને જ્ઞાન પ્રગટયું, સમકિત પ્રગટયું, આનંદ આવ્યો, શાંતિ વીતરાગતાની ચારિત્રની એ સર્વથી, આહાહા ! એનો અર્થ એ કે વાણીમાં ક્યાંય ઓછપ અને ખામી નહિં આવે. મારા વૈભવના સર્વથી હું કહીશ. આહાહા ! પણ પ્રભુ, વૈભવથી કહેશો એમાં આવે છે તો વિકલ્પ, કેવું છે એમ બતાવવું છે, એ છે તો વિકલ્પ પણ એ વિકલ્પનું લક્ષ નથી અહીં અમારું, વિકલ્પથી સર્વથી આ કહીશ એમ નથી અહીંયા. આહાહા ! મારો વૈભવ જે

આનંદ ને જ્ઞાન જે આ શાંતિ, અનંત ગુણની વ્યક્તતા જેટલી પ્રગટી છે, તે સર્વથી હું કહીશ. આહાહા ! તે સર્વથી હું, આહાહા ! ' આ ' એકત્વ-વિભક્ત ' આ ' પ્રત્યક્ષ આત્મા એકત્વ પોતાના સ્વરૂપમાં એકત્વ છે અને રાગથી વિભક્ત નામ પૃથક છે, અસ્તિ નાસ્તિ કરી. આહાહા !

મારું અસ્તિત્વ પૂરણ એકત્વ છે, અને પૂરણ પરનું જેમાં વિભક્ત નામ અભાવ છે. આહાહા ! " એવો જે એકત્વ-વિભક્ત આત્મા " આહાહા ! આ એકત્વ વિભક્ત આત્માને ( બતાવીશ ), છ દ્રવ્યને દર્શાવીશ ને ભગવાન આવા છે એમ દર્શાવીશને તમને, એમ કાંઈ ન લીધું. આહાહા ! પ્રયોજનભૂત મૂળ ચીજ છે તે હું દર્શાવીશ. આહાહા ! અને એમાં બધું આવી જશે. " એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ " બસ, છ દ્રવ્ય ને છ દ્રવ્યના અનંત ગુણો અને બીજા પર્યાયો ને બીજા સિદ્ધો ને બીજા અરિહંતો ને એનું અહીં કામ નથી. હું તો મારા નિજ વૈભવથી સર્વથી આત્માને બતાવીશ. આહાહા !

આ... આ... અસ્તિપણું બતાવે છે. કેવું ? એકત્વ-વિભક્ત, એવો જે આત્મા એને દર્શાવીશ, આત્માને દર્શાવીશ, અરિહંત કેવા છે ને ગુરુ કેવા છે, એ નહિં. આહાહા ! શાસ્ત્રના લક્ષણ કેવા છે ને શું એ બધુંય આ છે. આહાહા ! એકત્વ વિભક્ત આ... એને હું દર્શાવીશ. " એવો મેં વ્યવસાય ઉદ્યમ નિર્ણય કર્યો છે. " આહાહા ! એવો નિર્ણય કર્યો છે. આહા ! આ આત્માને એકત્વ વિભક્તને નિજ વૈભવથી દેખાડીશ એવો મેં નિર્ણય કર્યો છે. હવે દેખાડવાનું ચાલે તો ધ્યાન રાખજે હવે. આહાહા ! આ તો સહેજે વાણી નીકળી છે ટીકાની, કુંદકુંદાચાર્યના શ્લોકમાં તો ગંભીરતા છે, એ અમૃતચંદ્રાચાર્યે ખોલી, એના પેટ ખોલીને વાત કરી. આહાહા !

એવો મેં વ્યવસાય ઉદ્યમ નિર્ણય કર્યો છે. આહાહા ! મારા જ્ઞાનમાં મેં નિર્ણય આવો કર્યો છે. કે હું મારા નિજ વૈભવથી આ આત્મા જે એકત્વ-વિભક્ત છે તેને દેખાડીશ એવો વ્યવસાય, નિશ્ચય કર્યો છે. એવો વ્યવસાય નિશ્ચય કર્યો છે. આહાહા !

હવે નિજ વૈભવ કેવો છે, એ વાત કરે છે. નિજ વૈભવથી કહીશ પણ એ નિજ વૈભવ કેવો છે હવે પર્યાયનો હોં. ? આહાહા ! " કેવો છે મારા આત્માનો નિજ વૈભવ " " કેવો છે મારા આત્માનો નિજ વૈભવ " ? આહાહા !

" આ લોકમાં ", લોક સિદ્ધ કર્યો. લોકંતિ ઈતિ લોક જેમાં છ દ્રવ્ય જણાય એવો જે લોક છે " એમાં પ્રગટ, સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર " આહાહા ! વાણી, વાણી, ભગવાનની વાણી આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો, પ્રગટ સમસ્ત વસ્તુઓનો, જેટલી ચીજો છે તેટલી બધીને પ્રકાશ કરનાર, આહાહા ! અને " સ્યાત્ " પદની મુદ્રાવાળો ", અપેક્ષિત, કહેવું હોય તેવા છાપવાળો, ' કથંચિત્ ' કહેવાની અપેક્ષા છે, નિત્ય અનિત્ય વિગેરે શુદ્ધ અશુદ્ધ એવી સ્યાત્ પદની મુદ્રાવાળો કથંચિત્ કહેવાના છાપવાળો જે શબ્દ બ્રહ્મ, આહાહાહા ! એવો જે શબ્દ બ્રહ્મ, ભગવાનની વાણી શબ્દ બ્રહ્મ, આહાહા ! અર્હંતના પરમાગમ એવો શબ્દબ્રહ્મ એટલે શું ? કે અર્હંતના પરમાગમ, ભગવાનના કહેલા પરમાગમ. આહાહાહા ! અરિહંતના શ્રીમુખે ઓમ્ ધ્વનિ નીકળી ને જે પરમાગમ રચાણા, આહાહા ! " એવો જે શબ્દ બ્રહ્મ અર્હંતનો પરમાગમ તેની ઉપાસનાથી જેનો જન્મ. " આહાહાહા !

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા, આહાહા ! અર્હંતનું પરમાગમ, એનું જે પરમાગમ, શબ્દ

બ્રહ્મ પણ સર્વજ્ઞથી કહેલા શબ્દબ્રહ્મ, અરિહંતના સાક્ષાત્ પરમાત્માનો કહેલો શબ્દબ્રહ્મ. આહાહાહાહા ! એમ કહીને કલ્પિત કોઈ શાસ્ત્ર ભગવાનના નામે ચડાવી દીધા છે, એની ઉપાસનાથી આત્મા નહિં પ્રગટે. આહાહા ! નિમિત્તપણે પણ એ નહિં હોય એમ કહે છે. આહાહા ! ત્રણ લોકના નાથ અર્હંત પરમાત્માની જે વાણી શબ્દબ્રહ્મ, આહાહા ! તેની ઉપાસના. એ પરમાગમની મેં સેવા કરી એટલે એમણે જે કહ્યું તે મેં જાણ્યું. પરમાગમે કહ્યું તે મેં જાણ્યું. આહાહા ! એમ કહીને સર્વજ્ઞની વાણી સિવાય, બીજી કલ્પનાથી કરેલા શાસ્ત્રોનો નિષેધ કરી દીધો. આહાહા ! સમજાણું કાંઈ ?

મારો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો વૈભવ, એ વીતરાગના સર્વજ્ઞ પરમેશ્વરની દિવ્યધ્વનિ એવા જે પરમાગમ, એના લક્ષથી એટલે એની સેવાથી, એ કહ્યું તે મેં માન્યું જાણ્યું. આહાહા ! એવી વાણી અર્હંતના મુખેથી નીકળી. એ સિવાયની કોઈ વાણી એના નિમિત્તમાં પણ સમકિતમાં આવે નહીં. સમજાણું કાંઈ ? ચેતનજી ? ઘણું ભર્યું છે આમાં. આહાહા ! હવે આનાથી થાય ને આનાથી થાય, ને આનાથી થાય, નિમિત્ત જ જ્યાં ખોટાં છે. આહાહા ! એક તો અરિહંત સર્વજ્ઞને ઓળખવા અને એની વાણી કેવી હોય એને ઓળખવી. આહાહાહા ! અને એ વાણીની સેવાથી, એમણે જે કહ્યું તેની ઉપાસનાથી, આહાહા ! એ નિમિત્તથી કથન છે. નિમિત્ત આવું હોય એમ બતાવે છે, નિમિત્તથી થતું નથી, આહાહા ! પણ હોય નિમિત્ત આવું, બીજું નિમિત્ત હોય અને અંદર નિજ વૈભવ પ્રગટે, એમ નહિં. આહાહા ! આહા ! ગંભીર વાણી અમૃત રેડયા છે એકલા, અમૃતચંદ્ર આચાર્યે અમૃતના દરિયા વહેવરાવ્યા છે. આહાહા !

એની ઉપાસનાથી મારી ઉત્પત્તિ છે “ જન્મ છે ” આ તો પર્યાયની વાત છે ને ! મારી પર્યાયની ઉત્પત્તિ અર્હંતના શબ્દબ્રહ્મની સેવાથી ઉત્પત્તિ છે, નિમિત્ત એ જ છે. આહાહા ! અજ્ઞાનીના વચનો, સર્વજ્ઞને નામે ચઢાવી દીધેલા એ વચનો, એનું નિમિત્ત પણ સમ્યગ્ નિજ વૈભવમાં હોય નહિં. સમજાણું કાંઈ ? આકરું કામ જગતથી. આનું નામ અર્હંતના પરમાગમ, આ ય પરમાગમ છે ને આ ? આ મકાનનું નામ પરમાગમ છે, અરિહંતની વાણીમાંથી આવેલી આ બધી વાતું છે. આહાહા ! એમ કે જુઓ વાણીની સેવાથી વૈભવ પ્રગટયો જુઓ આવ્યું કે નહિં આમાં ? બાપુ ! એ નિમિત્તના કથન છે. નિમિત્ત કેવું હોય, આહાહા ! સર્વજ્ઞ અરિહંત ત્રિલોકનાથની ઓમ્ ધ્વનિમાંથી રચાયેલા આગમો, એ વખતે કારણકે પોતે તો ભગવાન નહોતા એ તો ગયા ત્યાં પછી, પણ અરિંહતના પરમાગમ જે, વર્તતા હતા કહેલાં, એ મારા અંતર અનુભવમાં એ વાણી નિમિત્ત થઈ છે. બીજું કોઈ નિમિત્ત હોઈ શકે નહિં એમ સિદ્ધ કરે છે. આહાહા !

અહીં તો એ કહે છે અરિહંત સર્વજ્ઞની વાણી સિવાય કલ્પિત શાસ્ત્રો બનાવ્યા અને અરિહંતનું નામ આપ્યું હોય અરિહંતનાં, એ નિજ વૈભવમાં નિમિત્ત ન થાય. અતડા થાય એવું છે બાપુ આ તો. વસ્તુની સ્થિતિ જ એવી છે ત્યાં શું ? આહાહા ! ભલે ! પાંચમો આરો હોય, અને તે પણ હજી તો બે હજાર વર્ષ ગયા છે, હજી તો ઘણો મોટો કાળ ( બાકી ) છે. આ તો શરૂઆત છે પાંચમા આરાની, આહાહા ! છતાં ભાવ તો એ જ છે છેક સુધી એ જ જાતનો રહેશે. પાંચમા આરાના છેડા સુધી જે સમ્યગ્દર્શન આદિ પામશે, તે આ વીતરાગની વાણી તેને નિમિત્ત થશે. એ સર્વજ્ઞ વીતરાગ સિવાયની વાણી, એ નિમિત્તથી સમકિત નહિં થાય એને. આહાહા ! આકરી

વાતું છે બાપુ. આહાહા !

શ્રીમદ્‌માં એક શ્રાવક રત્નકરંડાચારનો એક લેખ આવે છે છેલ્લો શ્રીમદ્‌માં છેલ્લો કે દેવ કેવા હોય અરિહંત ? અષ્ટાદોષ રહિત. અઢાર દોષ રહિત, એવો ચોખ્ખો પાઠ આવે છે. છેલ્લો, છે ને પાઠ છે ! ક્ષુધા તૃષા રહિત હોય, ક્ષુધા તૃષા રહિત હોય એ દેવ, " અહીં તો હજી અરિહંતને ભૂખ લાગે, ને આહાર લે, ને એને રોગ થાય અને દવા લે. ( એવી ખોટી પ્રરૂપણા )

અહીં તો એની ઉપાસના એનું વજન છે, ત્રિલોકનાથ, બનારસીદાસમાં આવે છે ને ! નમો કેવળ, નમો કેવળરૂપ ભગવાન, મુખ ઓમકાર ધ્વનિ સૂની, અર્થ ગણધર વિચારે, રચી પરમાગમ ભવિક જીવ સંશય નિવારે. આહાહા ! કહો, ધીરુભાઈ ? આ બધું ઊડી જાય એવું છે બધું તમારું બધું. આહાહા ! આવો માર્ગ છે બાપુ. પક્ષપાત છોડીને વાત કરે તો સમજાય એવું છે બાપુ ! આ તો સત્ય જેવું છે એનું ઉદ્‌ઘાટન છે, એની પ્રસિદ્ધિ છે. કોઈ વ્યકિત માટે નથી, કોઈ જીવ માટે નથી, અરે, એ પણ ભગવાન છે, એ પણ સુખી થવાનો કામી છે પણ.. આહાહા ! પર્યાયમાં ભૂલને લઈને દુઃખી થાય છે. ભગવાન છે એ પણ પૂર્ણાનંદ ભગવાન છે. આહાહા ! ગમે તેવી વિપરીત પ્રરૂપણા કે શ્રદ્ધાવાળો હોય, પણ એના આત્મા પ્રત્યેનો પ્રેમ જાય નહિં, વિરોધ ન હોય. આહાહા ! ' સત્ત્વેષુ મૈત્રિ ' બધા જીવો છે, વસ્તુ છે, જેવો પોતાનો ભગવાન છે એવા બધા ભગવાન આત્મા એના છે. આહાહા ! કોનો વિરોધ કરવો ? વસ્તુનો વિરોધ નથી, પર્યાયમાં ફેર હોય એનું સ્પષ્ટીકરણ કરે, ૩૬૩ પાખંડનું સ્પષ્ટીકરણ નથી કરતા, હેં ? ૩૬૩ પાખંડનું બાર અંગમાં વર્ણન કરે છે ૩૬૩ ભેદોનું વર્ણન ! કેટલાક મતોને તો અંદર દુઃખ લાગે એવું છે કે આ તો અમારું ખંડન કરે છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા !

' સ્યાત્ ' એટલે શું ? એમ કહે છે, ' કથંચિત્ ' કોઈ પ્રકારથી કહેવું, આત્માને કોઈ પ્રકારે નિત્ય કહેવો, કોઈ પ્રકારે અનિત્ય કહેવો, કાયમ રહેવાની અપેક્ષાએ નિત્ય છે, પલટવાની અપેક્ષા અનિત્ય છે, એમ સ્યાત્ અપેક્ષાથી કહેવું. એમાં ધર્મ હોય એ ( અપેક્ષાથી ).

" પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યા "- પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યો વ્યાપક. " તેનું કારણ અર્હંતના પરમાગમમાં સામાન્ય ધર્મો વચન ગોચર છે. " સામાન્ય ધર્મો વચનથી કહેવાય છે કેટલાંક, ' સર્વ ધર્મોનાં નામ આવે છે ' વચનગોચર અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે. તેમનું અનુમાન કરાવવામાં આવે છે. અનુમાન કરાવવામાં આવે છે એટલું કહીને. જેમ કે ભાઈ એક દ્રવ્યથી બીજું દ્રવ્ય નથી તો એવા અનંતા દ્રવ્યો છે, એને ભલે નજરે ન પડે. આ રીતે અનુમાન કરાવવામાં આવે છે. એ રીતે તે સર્વ વસ્તુના પ્રકાશક છે. વીતરાગની વાણી સર્વ વસ્તુની પ્રકાશક છે. આહાહા ! માટે સર્વવ્યાપી કહેવામાં આવે છે. એ વાણીને સર્વવ્યાપી કહેવામાં આવે છે. પૂરણ કહેનાર છે. સર્વવ્યાપી એટલે પૂરણ કહેનાર છે. આહાહા ! શ્રીમદ્‌માં આવે છે ને ' જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું ( જ્ઞાનમાં ) પણ કહી શક્યા નહિં તે પણ શ્રી ભગવાન જો ' એ તો અપેક્ષિત વાત છે પણ અહીં તો સર્વવ્યાપી પૂરણ કહી શકે છે એમ કહે છે. છે ને ? સર્વવ્યાપી શબ્દ કહ્યો છે ને ? શબ્દબ્રહ્મ-બ્રહ્મ એટલે વ્યાપવું સર્વ-પૂરણને કહેનાર છે તેથી તેને શબ્દબ્રહ્મ કહેવાય છે લ્યો આ તો શબ્દબ્રહ્મની વ્યાખ્યા કરી.

વિશેષ કહેવાશે.

**પ્રવચન નં. ૧૯ ગાથા-૫** તા. ૨૭-૬-૭૮ મંગળવાર જેઠ વદ-૭ સં. ૨૫૦૪

અહીં તો એમ કહ્યું કે હું મારા નિજ વૈભવથી હું વાત કરીશ–હવે નિજ વૈભવમાં નિમિત્ત કોણ હતું ? કે વીતરાગની વાણી–શબ્દબ્રહ્મ એમ કહ્યું. છે ? સમસ્ત પદાર્થને પ્રકાશનારી એમ કહ્યું છે આમાં તો, એમ છે ને ? સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર, ત્યાં એમ કે સર્વજ્ઞ કાંઈ કહી શક્યા નથી એમ આમાં ન આવ્યું એ તો અપેક્ષિત વાત થઈ, ગોમ્મટસારમાં આવે ( છે ) ને ? કે અનંતમા ભાગે જાણે છે. અહીં તો કહે છે કે વસ્તુ સ્વરૂપનો પ્રકાશક છે. શાસ્ત્ર છે એ શબ્દબ્રહ્મ છે, સમસ્ત વસ્તુને પ્રકાશનાર. અને છેલ્લી ગાથામાં એમ આવ્યું ને ૪૧૫ ( ગાથામાં ) કે આત્મા છે એ વિશ્વ સમય છે, એટલે કે વિશ્વને પ્રકાશનારો છે. ૪૧૫ છેલ્લું–પૂરણ પ્રકાશનારો આત્મા છે. તેને પ્રકાશનારી વાણી એ પણ શબ્દબ્રહ્મ પૂરણ પ્રકાશનારી છે, છેલ્લું આવ્યું છે.. ૪૧૫ શ્લોકમાં ( ગાથામાં ) સમજાણું ?

સર્વ–સમસ્ત વસ્તુ, પાઠમાં છે ને સકલઉદભાસિ, સકલોદ્‌ભાસિ– ત્રણ કાળ ત્રણ લોક્નાં જે પદાર્થો છે, તે બધાને કહેનારી વાણી છે. એવી વાત લીધી છે. ભલે અનંતમા ભાગે આવ્યું એમ કહ્યું, પણ એમાં આવ્યું, બધા ઈશારા બધાં આવ્યાં છે. સમજાણું કાંઈ ? બધું આવ્યું છે એમાં બાર અંગમાં આમ સ્થૂળ કથન છે એમ આવ્યું. પંચાધ્યાયીમાં, પણ એ કથનમાં પણ બધું જેટલું સૂક્ષ્મ છે અને બધું છે એ બધુ કથન કરવામાં આવ્યું છે. અહીં તો એ લીધું. સમસ્ત પદાર્થ, સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર એક વાત. તેથી ૪૧૫ ( ગાથા )માં એમ કહ્યું કે આત્મા વિશ્વ સમય છે. આ શબ્દબ્રહ્મ છે, શબ્દ વ્યાપક છે શાસ્ત્ર, એ બધાંને કહે છે, એમ આ વિશ્વ સમય બધાને જાણે છે. ભગવાન આત્મા વિશ્વ સમય છે એમ કહ્યું છે. બધાને ત્રણ કાળ ત્રણ લોકને જાણે એ આત્મા. અને એને કહેનારી વાણી પણ શબ્દબ્રહ્મ છે. આત્મા જે વિશ્વ સમય છે, સર્વનો પ્રકાશક છે એમ વાણી પણ સર્વની પ્રકાશક છે. આહાહા ! એવી વાણીમાં પણ ( કહેવાની ) એવી તાકાત છે. આત્મામાં તાકાત સર્વને પ્રકાશવાની છે. આહાહા !

વિશ્વ સમય, સમસ્તને જાણનારો આત્મા, એમ સમસ્તને કહેનારી વાણી, જયારે આને વિશ્વ સમય કહીએ ત્યારે વાણીને શબ્દબ્રહ્મ કહીએ, કારણ એ પૂરણને પ્રકાશે છે. આહાહા ! અને એની મુદ્રા ‘ સ્યાત્ ’ પદ છે ‘ સ્યાત્ ’ પદની મુદ્રાવાળો એમ આવ્યું ને ? છાપ છે ‘ સ્યાત્ ’ છાપ એની છાપ છે. આહાહા ! જેમ આત્માના અનુભવની અતીન્દ્રિય છાપ– મહોર છાપ છે. આહાહા ! આત્માના અતીન્દ્રિય આનંદમાં અનુભવમાં અતીન્દ્રિય આનંદની મહોર છાપ છે. એમ વીતરાગની વાણીમાં ‘ સ્યાત્ ’ પદની મહોર છાપ છે. સમજાણું કાંઈ ? કથંચિત્ કઈ અપેક્ષાએ કહેવું છે એ બધુંય એમાં આવી જાય છે. ‘ સ્યાત્ ’ પદની મુદ્રાવાળો શબ્દબ્રહ્મ એટલે ? અર્હંતના પરમાગમ, અર્હંતનું પરમાગમ શબ્દબ્રહ્મ છે. કેમકે બધા તત્ત્વને કહેનારું છે. આહાહાહા ! ત્રણ કાળ ત્રણ લોક અનંત ગુણો, અનંત દ્રવ્યો, અનંતી પર્યાયો સિદ્ધની અને કેવળીઓની પણ બધાંને પ્રકાશનારી વાણી છે. વાણીમાં કાંઈ ઓછું કહી શકે એમ નથી અહીં તો કહે છે, આહાહા ! તેમ ભગવાન આત્મા ઓછું જાણી શકે એમ નથી. વિશ્વ સમય છે. સમસ્તને જાણનારો પ્રભુ છે.

આહાહા ! શ્રુતજ્ઞાનમાં પણ સમસ્તને જાણનારો એ છે. આહાહા !

'સ્યાત્'થી એટલે કોઈ પ્રકારથી કહેવું. પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યાં, તેનું કારણ અર્હંતના પરમાગમમાં સામાન્ય ધર્મો જે કહી શકાય તે, વચન ગોચર સર્વ ધર્મોના નામ આવે છે. અને વચનથી અગમ્ય છે, વિશેષ ધર્મો એનું અનુમાન કરવામાં આવે છે. પણ આવે છે બધું કહેવામાં એમ કહે છે. આહાહા ! જે કાંઈ સામાન્ય છે, સામાન્યનો અર્થ જે કહી શકાય એવા સીધા એને સામાન્ય ધર્મો કહેવાય છે. અને અનુમાન, પછી અનુમાન કરાવીને કે આ વસ્તુ છે તે અનંત ધર્મ સ્વરૂપ જ છે. આહા ! અનંત ધર્મશક્તિ છે ને ? એનામાં ? અનંત ધર્મ એટલે અનંત ગુણ છે એનામાં. એ અનંત ધર્મસ્વરૂપ જ છે. આહાહા ! અને તેથી તેના પ્રાપ્ત માટે અહીં તો નિમિત્ત કહ્યું. પણ ત્યાં તો એમ કહ્યું કે ઈ પ્રાપ્ત માટે કોઈ કારણ જ નથી.

એનું દ્રવ્યનું જ્યાં વર્ણન કર્યું ત્યાં એ વસ્તુ છે એવી કે એના કાર્યને માટે કોઈ કારણની જરૂર નથી. અને કોઈ કાર્યનું તે કારણ નથી. રાગાદિ કે પરદ્રવ્યની પર્યાયનું એ કારણ નથી. એવો એનામાં ગુણ છે, એને પણ શબ્દબ્રહ્મ પ્રકાશનાર છે. વાણી દ્વારા એ આવ્યું છે કહે છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? વીતરાગની શબ્દબ્રહ્મ એટલે વ્યાપક વાણી એમાં આ આવ્યું છે, કે તારો પ્રભુ આનંદનો નાથ છે. આહાહા ! એના કાર્યને માટે કોઈ પરના કારણની અપેક્ષા નથી, અને પરના કાર્યને માટે એના કારણની અપેક્ષા નથી. આહાહા ! આવું વસ્તુનું સ્વરૂપ જ છે. એમ શબ્દબ્રહ્મે કહ્યું અને વિશ્વ સમય એવા ભગવાને એ પ્રમાણે જાણ્યું, આત્માએ પણ એ જ પ્રમાણે જાણ્યું. આહાહા ! હું કોઈનું કારણ નથી, હું કોઈનું કાર્ય નથી. આહાહા ! જુઓને ! એની શૈલી તો જુઓ. ઓહોહોહો ! ગજબ શૈલી છે ને !! ઊંડો ઉતરે તો એને વાણીમાંય પૂરણ કહેવાની તાકાત સિદ્ધ કરી અને પ્રભુ પોતે પૂરણ જાણવાની તાકાતવાળો છે એમ સિદ્ધ કર્યું. તેથી પૂરણ જાણવાવાળો છે માટે એને વિશ્વસમય, વિશ્વબ્રહ્મ. આહાહા ! અને વાણી સર્વને કહેનારી માટે શબ્દબ્રહ્મ આ આત્મબ્રહ્મ ઓલું શબ્દબ્રહ્મ, બેય પૂરાં છે. આહાહા !

ભગવાન પૂરું જાણનાર છે, વાણી પૂરું કહેનાર છે. શ્રીમદ્‌માં એમ આવે 'જે સ્વરૂપ શ્રી સર્વજ્ઞે દીઠું પણ કહી શક્યા નહિં તે પણ શ્રીભગવાન જો.' એ તો એની મહિમા બતાવવા કે વાણી દ્વારા કેટલું આવે, એમ ? બાકી (ભગવાનની) વાણીમાં બધું આવ્યું છે એમ કહે છે. આહાહા ! માટે ભગવાનને આત્મબ્રહ્મ કહ્યો, વાણીને શબ્દબ્રહ્મ કહ્યો. આત્મા સર્વને જાણે માટે સર્વ બ્રહ્મ કહ્યો અને વાણી સર્વને કહે માટે શબ્દબ્રહ્મ કહ્યો. આહાહા !

એ રીતે તે સર્વ આ રીતે સામાન્ય વચનથી કહેવામાં આવે એવું બાકી બીજા બધા વચન અગોચરને અનુમાન કરાવીને કહે એ રીતે, તે સર્વ વસ્તુઓના પ્રકાશક છે, શબ્દબ્રહ્મ, સર્વ વસ્તુનો કહેનાર છે. આહાહા ! છે ? અમૃતચંદ્રાચાર્યની તો ટીકા છે. 'કિલ સકલોદ્‌ભાસિસ્યાત્ય: મુદ્રિતશબ્દબ્રહ્મ પદ મુદ્રિત શબ્દબ્રહ્મ.' આહાહા ! માટે સર્વવ્યાપી કહેવામાં આવે છે અને તેથી તેને શબ્દબ્રહ્મ કહે છે વાણીને. આહાહા ! એની ઉપાસનાથી જ મારો નિજ વૈભવ પ્રગટયો છે. મારા આનંદનો નિજ વૈભવ, સર્વજ્ઞની શબ્દબ્રહ્મ વાણી એ એમાં નિમિત્ત હતી, એમ કહે છે. આહાહા ! સર્વજ્ઞ સિવાય બીજાની કોઈની વાણી આત્માના ધર્મને પ્રગટ કરવામાં નિમિત્ત પણ ન હોઈ શકે, નિમિત્તથી થાય તો નહિં. પણ નિમિત્ત પણ વીતરાગની વાણી સિવાય બીજું

નિમિત્ત પણ હોય નહિં એમ કહે છે. એ વીતરાગની વાણીનું નિમિત્ત કીધું એટલે એનાથી થાય નહિં, પણ નિમિત્ત હોય તો આ જ હોય. સમજાણું કાંઈ ? આહા !

એ એક વાત કરી. કેવો છે મારો નિજવૈભવ, છે ને ? કેવો છે મારા આત્માનો નિજ વૈભવ એ એક વાત કરી–આ વૈભવ પ્રગટવામાં, વિશ્વબ્રહ્મને પ્રગટવામાં નિમિત્ત શબ્દબ્રહ્મ છે, એ શબ્દબ્રહ્મ ભગવાનની વાણી. આહાહા ! એનો અર્થ એ થયો કે ભગવાનની વાણી સિવાય કોઈએ કલ્પેલી વાણી કહે, એ આત્માના ધર્મ પ્રગટવામાં નિમિત્ત પણ હોઈ શકે નહીં. આહાહા ! ઘણું સમાડયું છે. થોડી ભાષામાં ઘણું સમાડયું છે. આહાહા ! અને પૂરણ કહેનાર સર્વજ્ઞની વાણી નિમિત્ત, એવો જ પૂરણ જાણનારો ભગવાન, શબ્દબ્રહ્મ આત્મબ્રહ્મ એ ઉપાદાન, આહાહાહા ! પ્રગટયો છે પોતાના શબ્દબ્રહ્મમાંથી દશા, પણ એને શબ્દબ્રહ્મ નિમિત્ત છે, આત્મબ્રહ્મમાંથી પ્રગટયું છે પણ છે નિમિત્ત આ. આહાહા !

ગુરુની વાણી પણ કેવળીને અનુસરનારી છે. માટે એ નિમિત્ત હોય પણ અજ્ઞાનીની વાણી નિમિત્ત ન હોય. સમજાણું કાંઈ ? ( બેનશ્રીએ પણ આપની ગુરુની વાણીનો ઘણો મહિમા કર્યો છે ) આહાહા ! એમાં તો ઘણું આવી ગયું. સમજાણું કાંઈ ? બે, બે એટલે એક વિશ્વબ્રહ્મ એક શબ્દબ્રહ્મ ઉપાદાન અને નિમિત્ત એના નિજ વૈભવમાં નિમિત્ત આ એટલી વાત કરી–આહાહા !

“ વળી, તે નિજ વૈભવ કેવો છે ? ” આહાહાહા ! “ સમસ્ત જે વિપક્ષ, ” સમસ્ત વિપક્ષ, સત્યથી વિરૂધ્ધ કહેનારા બધા, જેટલા વિપક્ષ છે. આહાહા ! “ અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલા સર્વથા એકાંતરૂપ નયપક્ષ “ સર્વથા એકાંતરૂપ નયપક્ષ ” તેમના નિરાકરણમાં સમર્થ ” આહાહા ! એ જૂઠાં છે, એકાંત છે, એમ નિરાકરણમાં સમર્થ શું ? “ જે અતિ નિસ્તુષ, નિર્બાધ યુક્તિ, ” સમસ્ત જે અન્યવાદીઓ સર્વજ્ઞની વાણી સિવાય, જેટલી અન્યવાદીઓની વાણી છે એને સર્વથા એકાંત નયપક્ષ, તેનો નિરાકરણ કરવાને એ જૂઠા છે એવો, નિરાકરણ કરવાને, નિર્ણય કરવામાં, શું નિર્ણય કરવામાં સમર્થ, અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ. આહાહા ! અતિ છે ને ? નિસ્તુષ, ફોતરા વિનાની અખંડ બતાવે એવી. આહાહા ! અતિ નિસ્તુષ, નિર્બાધ યુક્તિ, યુક્તિ એવી સિદ્ધ અંદરથી આવે કે અતિનિસ્તુષ જેમાં બિલકુલ ફોતરું નહિં, ખંડ નહિં, અખંડ જે રીતે છે એ રીતે, આહાહા ! “ તેના અવલંબનથી જેનો જન્મ છે, ” અતિનિસ્તુષ, નિર્બાધ. યુક્તિ, નિરાકરણમાં સમર્થ, પર ( બીજું ) જૂઠું છે એવું નિરાકરણમાં સમર્થ, એવી અતિ નિસ્તુષ યુક્તિ. આહાહાહા ! ઘણું સમાડયું છે.

આ અમૃતચંદ્રાચાર્ય ટીકા કરતી વખતે શ્વેતાંબર પંથ તો હતો. કુંદકુંદાચાર્ય વખતે પણ હતો. અહીં તો ચોખ્ખું કહે છે. અરિહંતના મુખથી વાણી નીકળી, એ શબ્દબ્રહ્મ, એ નિમિત્ત છે. અને એનાથી વિપક્ષ જેટલાંઓ છે, એ બધાંને જૂઠા છે એવો નિર્ણય કરવામાં, અતિ નિસ્તુષ, યુક્તિ ન્યાય, એનાથી મારો જન્મ છે, આહાહા ! છે ને ? તેના અવલંબનથી જેનો જન્મ છે. આહાહા ! એમને એમ માન્યું નથી, અતિ નિસ્તુષ– અખંડ યુક્તિના ન્યાયથી, બીજાં– સમસ્ત પદાર્થ કહેનારા એકાંત છે. આહાહાહાહા ! શું વાણી !! એમ નિરાકરણ કરીને આ મારો નિજ વૈભવ ઉત્પન્ન થયો છે. આહાહા ! એક સર્વજ્ઞ પરમેશ્વર એની જે વાણી શબ્દબ્રહ્મ એમાં નિમિત્ત હતું અમારા સ્વરૂપના ઉપાદાનમાં અને એ નિમિત્તમાં, વિપરીત જે છે અન્યમતિઓ જેટલા

મારગ, એ બધાંનો નિરાકરણ અતિ અખંડ યુક્તિથી કરીને, અમને અમારા નિજ વૈભવમાં એ-એના નિરાકરણ કરવું એ અમારું નિમિત્ત છે. ખોટાં છે એ બધાં. આહાહા ! ભારે સમાડયું છે. કઠણ પડે અત્યારે તો જગતને.

અહીં તો અમૃતચંદ્રાચાર્યદેવ એક હજાર વર્ષ પહેલા થયા, બે હજાર વર્ષ પહેલા( ની ) ગાથા છે અને એવો આશય તો અનંતકાળથી ચાલ્યો જ આવે છે. એમાં અમૃતચંદ્રાચાર્ય આમ કહે છે. આહા ! અને એ પોતે કહેશે ને ( કુંદકુંદાચાર્યદેવ વતી કહેશે ) એમની વાત જ છે. એની ભાષામાં જે ભાવ છે, અને એ ભાવનું જ સ્પષ્ટીકરણ છે, એ ભાવનું જ ઉદ્‌ઘાટન છે. આહાહા ! અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ, એના અવલંબનથી, એ લોકો અજ્ઞાની એકાંત કહેનારા છે એમ અતિ અખંડ યુક્તિથી, ન્યાયથી, નિર્બાધ રીતે નિરાકરણ કરી અને અમારો એમાં જન્મ છે. અમારા નિજવૈભવનો એમાં જન્મ છે. એને ખોટા સિદ્ધ કરીને અતિનિસ્તુષ યુક્તિથી એમાં અમારો ( જન્મ છે ) નિજ વૈભવ છે. આહાહા ! બહુ સમાડયું છે ઘણું.

મુનિઓ એમ કહે કે વસ્ત્રનો એક ખંડ રાખે ને મુનિ મનાવે નિગોદ જાય. એ શબ્દબ્રહ્મની વાણી છે, વાણીમાં એમ આવ્યું હતું, એવું ભાવમાં આવીને વાણી નીકળી છે. આહાહા ! અમારા મુનિપણાના અનુભવની દશામાં એકાંત કહેનારા સર્વજ્ઞની વાણી સિવાય, એનો અખંડ યુક્તિના ન્યાયથી સિદ્ધ કરીને, અમારો વૈભવ પ્રગટ થયો છે. આહાહાહા ! આકરું કામ છે આમાં હીરાભાઈ ? આમાં તો શ્વેતાંબર અને દિગંબર બે ભેગાં કરવા જાય તો મેળ ખાય એવું નથી એમ પોકાર કરે છે. એમના કહેલા દેવગુરુશાસ્ત્ર, આહાહા ! અખંડ ન્યાય ને યુક્તિથી સિદ્ધ કરીને કે એ વાત જાુઠ્ઠી છે એ રીતે અમારા નિજવૈભવનો જન્મ છે. આહાહા ! આકરું કામ છે બહુ વેદાંતાદિના તો નિરાકરણ છે બધા, સમસ્ત શબ્દ છે ને ? સમસ્ત શબ્દ છે ને ? સમસ્ત વિપક્ષ જેટલા વિપક્ષ છે. આહાહા ! વીતરાગના શબ્દબ્રહ્મથી અનેકાંતથી જે કહેવાયેલું પૂરું સ્વરૂપ એનાથી વિપક્ષ છે. આહાહા ! એનું એકાંત છે એમ નિરાકરણ કરવામાં સમર્થ છે. અતિ અખંડ ન્યાય અમારો નિર્બાધ યુક્તિ એ યુક્તિને કોઈ વિઘ્ન કરી શકે નહિં, એ યુક્તિને કોઈ ખંડન કરી શકે નહિં.

નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી તેનો જન્મ છે. આહાહાહાહા ! ટીકા, ટીકા ભારે ગજબ છે ને ! ! આ સનાતન જૈન ધર્મની આ વ્યાખ્યા છે. આહાહા ! બે. સર્વજ્ઞની વાણી એ નિમિત્ત અને એના વિરોધનો ખંડન કરીને નિર્બાધ યુક્તિથી નિરાકરણ કર્યું એ એનું નિમિત્ત, અભાવ. આહાહા !

“ વળી તે કેવો વૈભવ છે ? ” નિજ વૈભવ કેવો છે ? “ નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા ” આત્માની વ્યાખ્યા કરી. આત્મા કેવો છે ? કે નિર્મળ વિજ્ઞાનઘન. આહાહા ! એ આત્માની વ્યાખ્યા કરી. નિર્મળ વિજ્ઞાનઘન, એકલો જ્ઞાનનો પિંડ, જ્ઞાનનો સમુદ્ર; અપરિમીત જ્ઞાનનું સ્વરૂપ જેનું. આહાહા ! એવો વિજ્ઞાનઘન પ્રભુ, વિજ્ઞાનઘન કીધું ને પાછું જોયું ? તે પણ નિર્મળ વિજ્ઞાનઘન નિર્મળ જ્ઞાનઘન ન કહ્યું, એકલું વિજ્ઞાનઘન ન કહ્યું, નિર્મળ વિજ્ઞાનઘન ત્રિકાળ, એવો જે આત્મા, આહાહા ! તેમાં અંતર્નિમગ્ન તેમાં અંતર્નિમગ્ન, વિજ્ઞાનઘન ભગવાન એમાં અંતર્નિમગ્ન અંતરમગ્ન નહિં અંતર્નિમગ્ન મુનિની વાત છે ને ! આહાહા ! તેમાં અંત્તર્નિમગ્ન-મુનિને અરિહંત

બધા લેવા છે ને આમાં. આહાહા ! નિર્મળ વિજ્ઞાનઘન પ્રભુ આત્મા, એકલો વિજ્ઞાનનો સમૂહ પિંડ પ્રભુ આત્મા, આહાહા ! જેમાં વિકલ્પનો અભાવ એમ ન લેતાં અસ્તિથી વાત લીધી. નિર્મળ વિજ્ઞાનઘન ભગવાન, એમાં અંતર્નિમગ્ન એ પર્યાય લીધી. આહાહા !

નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા, એમાં અંતર્નિમગ્ન તેમાં દ્રવ્યમાં નિમગ્ન, નિમગ્ન, અંતર્નિમગ્ન, અંતરમાં નિ... મગ્ન વિશેષે મગ્ન. આહાહા ! પરમગુરુ સર્વજ્ઞદેવ છે ! આહા ! શ્રીમદ્‌માંય આવે છે સર્વજ્ઞદેવ પરમગુરુ, સર્વજ્ઞદેવ પરમગુરુ, સર્વજ્ઞદેવ પરમગુરુ, એ વિજ્ઞાનઘન એવો આત્મા એમાં અંતર્નિમગ્ન હતા. આહાહા ! અને ભલે ભગવાનને મળ્યાં નથી અત્યારે સાક્ષાત્ પણ અમે કહીએ છીએ ચોક્કસ આહાહા ! કે એ આહાહા ! નિર્મળ વિજ્ઞાનઘન “ આત્મા, એક શબ્દે બસ છે નિર્મળ વિજ્ઞાનઘન આહાહા ! ” તેમાં અંતર્નિમગ્ન પરમગુરુ સર્વજ્ઞદેવ અને અપરગુરુ ગણધર, ગણધર પણ નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા એમાં અંતર્નિમગ્ન, અંતર્નિમગ્ન એ પણ સર્વજ્ઞની હારે એને મૂક્યા. આહાહા !

અંતર્નિમગ્ન પરમગુરુ સર્વજ્ઞદેવ, “ અને અપરગુરુ ગણધર ” એ પણ વિજ્ઞાનઘન આત્મા તેમાં અંતર્નિમગ્ન હતા, ત્યાંથી માંડીને અમારા ગુરુ સુધી. આહાહા ! એ મહાવ્રત પાળતા હતા ને નગ્ન હતા ને એ વાત નહીં. આહાહાહાહા ! ગણધરઆદિથી માંડીને, ઓહોહો ! બેહજાર વર્ષ થયા પ્રભુ, કુંદકુંદાચાર્યને આટલા વર્ષ થયા, આ તો અમૃતચંદ્રાચાર્ય આમ કહે છે. આ કુંદકુંદાચાર્ય તો પ્રભુ પછી પાંચસો વર્ષે લગભગ એય એમ કહે છે, આહાહા ! કે ગણધરથી માંડીને અમારા ગુરુ પર્યંત બધા વિજ્ઞાનઘન એવો પ્રભુ એમાં અંતર્નિમગ્ન હતા. આહાહા ! પ્રભુ તમે તો છદ્મસ્થ છો ને ? સર્વજ્ઞથી માંડીને તમારા ગુરુ પર્યંતનું તમે બધું નક્કી કરી નાખ્યું ? આહાહા !

આ સિદ્ધાંત, આ સત્‌ના ઉદ્‌ઘાટન છે આ. આહાહા ! ગુરુ કેવા હોય ? કે સર્વજ્ઞ ગુરુ આવા, કે વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન, એવા જ ગણધર વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન એવા મારા ગુરુ, અરેરે ! પાંચમા આરાને ભગવાન પછી પાંચસો વર્ષ થઈ ગયા અને ત્યાર પછી ( ભગવાન ) પછી પંદરસો વર્ષ થઈ ગયા અમૃતચંદ્રાચાર્યને–હેં ? આ તો કુંદકુંદાચાર્યની વતી કહે છે, પણ અમારા ગુરુની પરંપરાની ધારા આ, એ પંચમહાવ્રત પાળતા ને પાંચ સમિતિ વ્યવહાર હતા ને નિર્દોષ આહાર લેતા ને એ કાંઈ મુનિપણું નથી. આહાહા ! જે વંદનિક છે, એ ચીજ નથી. વ્યવહારે વંદનિક, નિશ્ચયે વંદનિક તો પોતે પોતાનું સ્વરૂપ છે. આહાહા !

“ અપરગુરુ ગણધર આદિથી માંડીને ” અમારા–ગુરુ કુંદકુંદાચાર્ય કહે છે કે અમારા ગુરુ ખરેખર તો અમૃતચંદ્રાચાર્ય પણ કહે છે કે અમારા ગુરુ પર્યંત ભલે કુંદકુંદાચાર્ય આમ કહે છે પણ અમે સત્ય ગુરુની પરંપરામાં અમે આવ્યા છીએ. આહાહા ! અમે પણ વિજ્ઞાનઘન એવો પ્રભુ એમાં અંતર્નિમગ્ન છીએ. આહાહા ! ભલે આ ટીકાનો વિકલ્પ ઊઠયો છે ( પણ ) એમાં અમે નથી. આહાહા ! વાણી નીકળશે. એમાં અમે નથી, ટીકા થાય એમાં અમે નથી. આહાહા ! અમે તો વિજ્ઞાનઘન ભગવાન આત્મા, એમાં અંતર્નિમગ્ન, અંતરમાં “ નિઃ.. વિશેષ મગ્ન, ” આહાહાહા ! કારણ કે સમ્યગ્દૃષ્ટિ પણ અંતરમાં મગ્ન છે, પણ નિમગ્ન વિશેષ નથી. આહાહા ! અમારા ગુરુ પર્યંત, પ્રભુ તમે બધું જાણી લીધું ? સર્વજ્ઞ કેવળી સિવાય એમ લોકો કહે છે ને કે કેવળી સિવાય આ સમકિતી છે કે કેમ એ કોણ જાણે ? એમ કહે છે અત્યારે તો. આહાહા ! નિશ્ચય સમકિતી છે

કે વ્યવહાર એ કેવળી સિવાય કોણ જાણે એમ કહે છે. આહા ! આ તો કહે છે કે અમે જાણીએ છીએ. આહાહાહા ! અમારા ગુરુ હતા અમારાથી પર એ પણ વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન હતા. એમ અમે જાણીએ છીએ. આહાહા ! અને પંચમહાવ્રતનો વિકલ્પ છે એમાં સત્યતા આ આવે છે અમારી. આહાહા ! સત્ય વાણીમાં આ આવ્યું છે કે એ અંતર્નિમગ્ન છે એ અમે બરાબર જાણીએ છીએ. આહાહાહા !

ક્યાં છે, આવી વાત છે ? દાસ ! આહાહાહા ! લોકોને એમ થઈ જાય છે કે માળા વળી એમ કહે છે વિરોધ કરનારા વિદેહનું નામ આપીને વિદેહથી આવ્યા છીએ–એમ કરીને મહિમા બહારથી અને જાતિસ્મરણ બહેનને છે, કાલે જ આવ્યું છે, એમ બે કરીને માળા બહાર પાડવા માગે છે, અમારા ગુરુ છે એ બસ શાંત મુનિપણામાં પ્રસિદ્ધ છે, મુનિપણું છે એમ કહે છે, ભાઈ ભલે હો પણ બાપુ આ વિના એનો ઉદ્ધાર નથી. આહાહા ! મુનિ તો એને કહીએ, આચાર્ય એને કહીએ, ઉપાધ્યાય એને કહીએ કે જે અરિહંત વિજ્ઞાનઘનમાં ' નિમગ્ન ' છે એ રીતે જ નિમગ્ન છે. આહાહા ! બેયને એક સરખા ઉતાર્યા છે. તેથી નિયમસારમાં કહ્યું છે ને ? શ્લોકમાં એક ઠેકાણે કે સહેજ ફેર છે પણ પછી બીજા શ્લોકમાં ફેર માને એ ખોટો છે. આહાહા !

ભાવલિંગી સંતો, ભલે દ્રવ્યલિંગ હોય એવું જ એને, વિકલ્પ હો ને નગ્નપણું હો પણ એ કાંઈ મુનિપણું નથી. એ કાંઈ મોક્ષનો માર્ગ નથી. આહાહા ! ( એને વ્યવહાર મોક્ષમાર્ગ તો કહે છે ) એ તો રાગને વ્યવહાર એને આરોપિત, નથી તેને કહેવું એનું નામ વ્યવહાર. આહાહા ! આ તો ગજબ કામ કર્યું છે ને ! હજાર વર્ષ પહેલા અમૃતચંદ્રાચાર્ય ટીકા કરે છે. આહાહા ! એકત્વ વિભક્તને દર્શાવીશ મારા વૈભવથી એ વૈભવની વ્યાખ્યા પોતે કરે છે, આહાહા ! ભગવાન પછી તો કેટલા ? પાંચસો વર્ષ પછી તો કુંદકુંદાચાર્ય થયા પાંચમાં આરામાં, તો એના પાંચમા આરાના ગુરુ પણ કહે છે કે જેમ અરિહંત અંતર્નિમગ્ન હતાં એમ મારા ગુરુ અંતર્નિમગ્ન હતાં. એક ધારાથી હાલી આવે છે. અરિહંતથી ગણધર અને અમારા ગુરુ પર્યંત એ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન છે, એમ પરંપરા હાલી આવે છે. એમણે અમને કહ્યું છે એમ કહેવું છે. અહીં કહેવું છે પછી એ ને ? આમણે અમારા ઉપર કૃપા કરીને ( અનુભવ ) અનુગ્રહ કરીને, થોડું પણ સત્ય એને હોવું જોઈએ બાપુ, કે જે સત્ય ત્રણ કાળમાં ફરે નહિં, એવું હોવું જોઈએને ?

અમારા ગુરુ પર્યંત, ઠેઠ અરિહંત ને વર્તમાન ગુરુ એક ધારા લીધી. અંતર્નિમગ્ન એક સરખા બધા લીધા ફેરવાળા કયાંય નહિં, કે ભાઈ અંર્તમગ્ન અહીં થોડા છે ને કેવળી વધારે છે. ( અનુભવમાં પૂરા ) એની દશામાં પડયા છે અંતર ભલે પૂર્ણ ( ન હોય ) પણ આ પણ આત્માના સ્વભાવમાં પૂરણના લક્ષે પડયો છે અંદર, આહાહા ! બેય બધાં ઠેઠ અરિહંતથી ગણધર, આચાર્ય પરંપરા, જેટલા આચાર્યોએ શાસ્ત્ર રચ્યાં, એ બધા આચાર્યો આવા હતા. આહાહાહા ! પ્રભુ તમે પંચમહાવ્રતધારિ છો ને ? છદ્મસ્થ છો ને એમાં અસત્ય ના આવી જાય ? તો મહાવ્રત સત્ય ન રહે ! અરે સાંભળ કહે છે, આહાહા ! અમે, જે કહેવામાં આવે છે એ પૂરણ સત્ય જ છે. અમારા ગુરુ આવા અંતર્નિમગ્ન હતા એ કહ્યું એ અમારું પૂરણ સત્ય જ છે. આહાહા !

" તેમનાથી પ્રસાદરૂપે અપાયેલા " આહાહા ! આવા જે વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા

એમનાથી પ્રસાદરૂપે પ્રસાદી અમને આપી એણે. આહાહા ! “ શુદ્ધાત્મતત્ત્વનો અનૂગ્રહપૂર્વક ઉપદેશ ” આહાહાહા ! અમે પાત્ર હતા માટે અમને આપ્યું એમ ન કહેતાં, આહાહા ! તેમના પ્રસાદ, તેમની મહેરબાની થઈ, આહા ! એમની મહેરબાનીથી અપાયેલા, શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ, આહાહા ! કૃપાપૂર્વક ઉપદેશ, મહેરબાનીથી કૃપા કરીને અમારા ગુરુએ અમને આ ઉપદેશ આપ્યો છે. આહાહા ! જુઓ, સંતોની સંત પ્રત્યેની વિનય ભક્તિ. આહાહા ! તેમનાથી પ્રસાદરૂપે અપાયેલા, આહાહા ! મહેરબાનીથી દીધેલું, શું ? શુદ્ધાત્મતત્ત્વનો બસ એક જ આત્માનો ઉપદેશ આપ્યો તમને ? છ દ્રવ્ય એના ગુણપર્યાયો એ બધુ કાંઈ નહિં ? એ ઉપદેશ આને ( અનુભૂતિ ) માટે જ છે. બીજો બધો ઉપદેશ પણ શુદ્ધાત્માને માટે જ છે આહાહા ! બીજાના જાણવામાં રોકાવું એ માટે નથી. આહાહાહાહા ! બે ભાષા, તેમની મહેરબાનીથી દીધેલું. આહાહાહા ! ગુરુએ મહેરબાની કરી અને શુદ્ધાત્મતત્ત્વનો કૃપાપૂર્વક ઉપદેશ અનુગ્રહ. આહાહાહા ! “ તેમનાથી જેનો જન્મ છે ” આ નિમિત્તથી પણ વાત છે આ.

અમારા આત્માના આનંદનો વૈભવ એમાં અમારા આવા જે ગુરુ ઠેઠથી, એ અમને વાણીમાં નિમિત્ત હતા, એની વાણી અહીં નિમિત્ત ( હતી ). એમણે મહેરબાની કરી, કૃપા કરીને ઉપદેશ આપ્યો, આહાહા ! તે શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો, કારણ કે બધું કહી કહીને લાખ કરોડ વાત હોય, તો સ્વનો આશ્રય કરવો છે એ એક વાત છે. હેં ! ગમે તેવી કથા હો ગમે તે અનુયોગ હો, સ્વનો આશ્રય કરવો, તો સ્વના આશ્રયની જ વાત અમને કહી. આહાહા ! જુઓ, આ વીતરાગ કથા, વીતરાગ જિનેશ્વરદેવ એની આ વાણી ( ને ) સંતો એ વાણી કહે છે. આહા ! અમારા આનંદનો અનુભવ એવો અમારો વૈભવ પર્યાયનો, વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન, વીતરાગી આનંદ, આહાહા ! અને જેટલા ગુણો છે એ બધા વ્યક્તપણે અમારી જે ભૂમિકા છે તે પ્રમાણે વ્યક્તનો અંશ તો ચોથેય પણ છે, પણ અમારી ભૂમિકામાં જેટલું વ્યક્તપણું વિશેષ છે, આહાહા ! એમાં અમારા ગુરુનો શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ નિમિત્ત હતું. આહાહા !

હવે એ પોતાની ઉપર લે છે.

વળી, તે કેવો છે વૈભવ ? “ નિરંતર ઝરતો, ” આહાહા ! શું ? આનંદ ! અંતરમાંથી નિરંતર ઝરતો, ડુંગરમાંથી જેમ પાણી ઝરે, એમ ભગવાન આત્મામાંથી નિરંતર ઝરતો, “ આસ્વાદમાં આવતો, ” વેદનમાં આવતો, આહાહા ! “ સુંદર જે આનંદ, ” સુંદર આનંદ, અતીન્દ્રિય આનંદ, આહાહા ! નિરંતર ઝરતો, કાયમ આવતો, એક તો વાત ઈ, કાયમ અતીન્દ્રિય આનંદ આવતો કોઈ વખતે આવ્યો ને કોઈ વખતે ( નહિં, ) એમ નહિં. આહાહા ! જેટલો આનંદ ને જેટલું સુખ, જે અતીન્દ્રિય જ્ઞાન અને અંતર પ્રતીતિ એટલે સમ્યગ્દર્શનની નિર્મળ દશા જે પ્રગટી છે એ નિરંતર, નિરંતર વર્તે છે. આહાહાહા ! પ્રભુ તમે છદ્મસ્થ છો ને ? પંચમ આરાના સાધુ ને આવી વાત જાણી ગયા ? આહાહા ! નિરંતર, અંતર વિના આનંદ અતીન્દ્રિય આનંદ ઝરતો, આસ્વાદમાં આવતો, તે અમારા વેદનમાં આવતો, આહાહાહા ! સુંદર જે આનંદ, આનંદને પણ ઉપમા આપી સુંદર. જગતના વિષયાનંદમાં આનંદ આવે એ તો દુઃખરૂપ આહાહાહા ! ‘ સુંદર ’, લાલચંદભાઈ ઘણી વાર બોલે છે. આ સુંદર શબ્દ, સુંદર વાત છે, આ સુંદર આવી, એમ કહેતા.

“ સુંદર જે આનંદ તેની મહોર છાપ છે ” આહાહા ! ભગવાનની વાણીમાં જેમ “ સ્યાત્ ”

મહોર છાપ છે એમ અમારા અનુભવમાં અતીન્દ્રિય આનંદની મહોર છાપ છે. આહાહા ! એકલું ચારિત્ર જ પ્રગટયું છે ને એકલું જ્ઞાન જ પ્રગટયું છે, વીર્યથી જ્ઞાનની રચના એકલી થઈ છે, એટલું જ નથી, એની સાથે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એ એની મહોર છાપ છે, કહે છે. આહાહા ! એમાં જ્ઞાનનો આટલો ઉઘાડ હોય તો એ મહોર છાપ છે, એમ નહિં. તેમ ક્ષાયિક સમકિત હોય તો જ આ મહોર છાપ છે ને ક્ષયોપશમ હોય તો મહોર છાપ આ નથી એમ નહિં, આહાહા ! ક્ષયોપશમ સમકિત ને ક્ષાયિક સમકિત. આહાહા !

સુંદર આનંદની છાપ મહોર છાપ છે. આહાહા ! જેમ ટપાલમાં છાપે છે ને મહોર છાપ પછી હાલે છે ને આમ કાગળ લઈ જાય છે, એમ આ અમારા આનંદનો અનુભવમાં મહોર છાપ છે. મુદ્રા એ છે. આહાહા ! અમારા મુનિપણાની આનંદમાં મહોર છાપ આનંદની છે. પંચમહાવ્રતના વિકલ્પ છે, એ એની છાપ છે, નગ્નપણું એ એની છાપ છે, એમ નથી. અઠયાવીસ મૂળ ગુણ પાળીએ એ એની મહોર છાપ છે, ( એમ નથી. ) આહાહા ! હવે આવી વાત થાય ત્યારે કહે એય એકાંત કરે છે, એકાંત કરે છે. પંચ મહાવ્રતને પાળતા પાળતા શુભથી થશે એમ કહેતા નથી, કહે છે, આ તો પાંચમા આરાના મુનિ એમ કહે છે. આહાહા ! કાળ લાગૂ પડતો જ નથી એને, અનુભવને એમ કહે છે. અરિહંતનો કાળ હતો અને જે એની દશા હતી, અંતર્મગ્ન એવી જ અમારી અંતર્મગ્નતા છે, આહાહાહા ! પંચમ આરો હોય છતાં. આહાહા ! કાળ છે માટે કંઈ ઓછપ દશા થઈ ગઈ છે એમ નથી, એમ કહે છે. આહાહા !

સુંદર જે આનંદ, તેની મુદ્રા, છે ને ? અનવરત સુંદર આનંદ મુદ્રિત, આહાહા ! તે પણ પ્રચુર સ્વ સંવેદનરૂપ. આહાહા ! " પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન " આહાહાહા ! મુનિ છે ને ! પ્રચુર નામ ઘણો જ સંવેદનસ્વરૂપ પોતાના સ્વને વેદન મળે એવું પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, એનાથી એનો જન્મ છે. આ ઉપાદાન લીધું, ઓલી નિમિત્તથી વાત કરી હતી. આહાહા ! નિમિત્ત હો ( પણ ) એનાથી થાય એમ નહિ, પણ આવું નિમિત્ત હોય, ગતિ કરતા ( પદાર્થને ) ધર્માસ્તિકાય જ નિમિત્ત હોય બીજું નિમિત્ત ન હોય છતાં નિમિત્ત, એને ગતિ કરાવતું નથી. આહાહા ! એમ આ અનુભવમાં નિજવૈભવમાં નિમિત્ત હોય તો વીતરાગની વાણી જ, અમારા ગુરુપર્યંત કહેનારા સાધુઓની, ઉપદેશ કીધોને ? શુદ્ધાત્માનો ઉપદેશ, અનુગ્રહપૂર્વક ઉપદેશ કીધોને ? અમને ઉપદેશ મળ્યો છે એ. આહાહા ! એનાથી અમારો જન્મ, એ નિમિત્ત આવું જ હોય એમ કહે છે. આહાહા ! છતાં નિમિત્તથી ત્યાં થતું નથી, ભાષા તો એમ છે, તેનાથી જેનો જન્મ છે. હૈં ? તેનાથી જેનો જન્મ છે, આવા નિમિત્તથી જેની ઉત્પત્તિ છે, એનો અર્થ કે ઉત્પત્તિ કાળમાં આવું નિમિત્ત હોય એમ. આહાહા !

વાણીથી, નિમિત્તથી થાય તો તો બધા વાણી સાંભળે છે. તો નિમિત્ત ક્યાં છે ? આહાહા ! અહીં તો છાપવાળુ પ્રચુરસંવેદનસ્વરૂપ ઘણો જ આત્માના આનંદ સ્વરૂપ પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, આહાહા ! એક પાંચમી ગાથા, એક ( આ ) બરોબર સાંભળે અને વિચારેને ઝઘડા નીકળી જાય બધા, એવા ભાગ્ય ક્યાંથી બાપા ! આહાહા ! અરે એ આત્માય સુખી થવા તો માગે છે ને ? આહાહા ! પણ સુખી કેમ થવાય એની ખબરું નથી, એટલે કેમ થાય ? અરેરે ! કોઈ દુઃખી થવા માગે છે ? પણ ખબરું નથી. આહાહા ! પાંચમા આરાના મુનિ આવા હોય ? કે ચોથો આરો

કે પાંચમો આરો મુનિ આવા જ હોય. આહાહા !

પુલાકનો દાખલો આપે છે, જો એ આવા દોષવાળા હોય તો પણ મુનિ છે. પણ એ દોષ છે એ મુનિપણું નથી, મુનિપણું તો આ છે. આહાહા ! પુલાક–બકુશ છે એને પણ મુનિપણું તો આ છે. સમજાણું કાંઈ ? આહાહા !

સ્વસંવેદન તેનાથી જેનો જન્મ છે. અમારા આનંદના પ્રચુરવેદનથી અમારા વૈભવનો જન્મ છે, એ ઉપાદાન લીધું. આહાહા ! તેનાથી, તેનાથી આવ્યું–ને બધામાં નિમિત્તમાંય તેનાથી આવ્યું 'તું. ઉપાદાનમાંય તેનાથી આવ્યું છે. વ્યવહાર નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવ્યું આ જ ચીજ નિમિત્ત હોય, ગતિ કરે ત્યારે ધર્માસ્તિકાય જ નિમિત્ત હોય, લાખ કરોડ અન્ય દ્રવ્ય બીજા ભલે હોય અનંત પરમાણુ હો, પણ એ કાંઈ ગતિમાં નિમિત્ત નથી, એટલું સિદ્ધ કરવા નિમિત્ત, પણ નિમિત્તથી ગતિ કરે છે એમ સિદ્ધ નથી કરવું કાંઈ. આહાહા ! પણ અમારા નિજ વૈભવમાં આવા જ નિમિત્ત હોય. એ નિમિત્તથી અહીંયા થાય છે એમ નહિ. આહાહા ! થાય છે તો અમારા અનુભવની સુંદર છાપના વેદનથી જેનો જન્મ થયો છે. છે ને ? આહાહાહા !

એમ, જે જે પ્રકારે મારા જ્ઞાનનો વૈભવ છે. આ જ્ઞાનનો વૈભવ કહેવાય. આહાહા ! એની શ્રદ્ધા, એનો આનંદ, એની વીર્યની સ્ફુરણા, સ્વરૂપની રચના એ બધો જ્ઞાનનો વૈભવ છે, આત્માનો વૈભવ છે. આહાહા ! તે સમસ્ત વૈભવથી જોયું ? જે જે પ્રકારે મારા જ્ઞાનનો વૈભવ તે, તે સમસ્ત વૈભવથી આહાહા ! ન્યાંય સમસ્ત મૂક્યું " દર્શાવું છું. " સમસ્ત વૈભવથી હું દર્શાવું છું. આહાહા ! ત્યાં સુધી તો હજી સામાન્ય વાત કરી–દેખાડું છું, હવે કહે છે " દેખાડીશ તો. "

એ કહેવાશે વિશેષ વાત. પ્રમાણ વચન ગુરુદેવ.

## પ્રવચન નં. ૨૦ ગાથા - ૫ તા. ૨૯-૬-૭૮ ગુરુવાર જેઠ વદ-૯ સં.૨૫૦૪

સમયસાર ગાથા પાંચ. બદ્ધ વ્યવસાય એટલે કર્યો, બદ્ધ એટલે કર્યો છે સંસ્કૃતમાં બદ્ધ છે. બદ્ધ વ્યવસાય–આચાર્ય શું કહે છે કુંદકુંદાચાર્ય કે હું આ સમયસારને મારા નિજ વૈભવથી કહીશ. નિજ વૈભવ એટલે આત્માના અતીન્દ્રિય આનંદનો પ્રચુર સ્વભાવનું વેદન, એ નિજ વૈભવ. આત્માનું પ્રચુર સ્વ–સંવેદન અતીન્દ્રિય આનંદનું એ નિજ વૈભવ. એ નિજ વૈભવથી હું કહીશ સમયસાર એમ કહે છે. એ નિજ વૈભવ ઉત્પન્ન કેમ થયો ? ત્રણ નિમિત્ત અને ચોથું ઉપાદાન મારું– એક તો સર્વજ્ઞની વાણી પરમાગમ એની ઉપાસનાથી મારાં નિજ વૈભવનો ઉદ્ભવ, પ્રગટ થયો છે, નિમિત્ત અરિહંત– સર્વજ્ઞની વાણી એ સિવાય બીજું કોઈ નિમિત્ત હોઈ શકે નહિ, એ નિમિત્ત છે ને એમાં મારો નિજ વૈભવ આનંદ પ્રગટયો છે. અન્યમતનું એકાંતનું નિરાકરણ કરવા અતિ નિસ્તુષ યુક્તિથી નિર્ણય કરીને મારો નિજ વૈભવ પ્રગટયો છે. સમજાણું કાંઈ ? ત્રીજું–અરિહંત સર્વજ્ઞ પરમાત્મા એ નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન અંતર્નિમગ્ન હતા. ત્યારથી તે અમારા ગુરુ પર્યંત નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા. આહાહા ! એ સંતોએ અમને મહેરબાની કરી, કૃપા કરી પ્રસાદીરૂપ શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો. આ તો આવી ગયું છે પરમ દિ '. આહાહા !

એનાથી મારો જન્મ, નિજ વૈભવનો. એ ત્રણ નિમિત્ત થયા; ચોથું- અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વ-સંવેદન એ મારા અનુભવની મ્હોર છાપ, મ્હોર છાપ, મુદ્રા. આહાહા ! પ્રચુર અતીન્દ્રિય આનંદનું વેદન, છે હજી રાગ, વીતરાગ નથી. પણ એ રાગને ભિન્ન કરી અને પોતાના સ્વરૂપનું સ્વ સંવેદન, સ્વ નામ પોતાનું પોતાથી પ્રત્યક્ષ અતીન્દ્રિય આનંદની મ્હોર છાપવાળો અનુભવ છે. એમ અમારો વૈભવ આમ પ્રગટયો છે. એનાથી હું આ મારા વૈભવને અનુભવીને આ સમયસાર કહીશ એમ કહ્યું. અહીં સુધી આવ્યું છે, સમસ્ત વૈભવથી દર્શાવું છું, ત્યાં સુધી આવ્યું છે. આહાહાહા !

" જો દર્શાવું ( તો ) " શું કહે છે. મને એવો વ્યવસાય, ઉદ્યમ નિર્ણય થયો છે કે હું હવે આ મારા નિજ વૈભવથી આ સમયસારને કહું. પણ જો દર્શાવું, દેખાડું એ શરત કહે છે, આહાહા ! છે ? " દર્શાવું તો, છે ભાઈ ? સ્વયમેવ પોતે જ, આહાહાહા ! પોતાના અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું " ઓહોહો ! કેટલા શબ્દ વાપર્યા ? હું આ આત્માને રાગથી ભિન્ન અને સ્વભાવથી એકત્વ, એકત્વ વિભક્ત, દેખાડીશ પણ દેખાડીશ તો તમને શરત એટલી છે આહાહા ! તમે પોતે, દર્શાવું તો, એક તો દેખાડીશ એ તો પહેલું આવી ગયું છે, દેખાડીશ. પણ દેખાડું તો, આહાહા ! આહાહા ! સ્વયમેવ, સ્વયમ્ એવ તારા પોતાથી જ, પોતે શબ્દ છે ને ? સ્વયં એટલે પોતે ને એવ એટલે ' જ '. સ્વયમેવ તારા પોતાથી જ, આત્માથી જ, આહાહા ! પોતાના અનુભવ પ્રત્યક્ષથી. આહાહા ! તારો આત્મા અમે કહીએ છીએ કે રાગથી ભિન્ન છે, અને સ્વરૂપથી એકત્વ છે, એનું તારા પોતાના અનુભવમાં અંતર્મુખ કરીને, અનુભવની પરીક્ષાના, આહાહા ! પ્રત્યક્ષ અનુભવ આવી વાત છે, જાતે તું અનુભવ પોતે આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. એનો જાતે જ, પોતે જ અનુભવ કરી પ્રત્યક્ષથી પરીક્ષા કરી આટલી શરત છે. તારા આનંદનું પ્રત્યક્ષપણે તને વેદન થાય, એ રીતે અનુભવ પ્રત્યક્ષથી, પરીક્ષા આ, પરીક્ષાથી અનુભવ કરીને આહાહા ! આવી વાત છે ભલે કહે છે રાગ હો, પણ રાગથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન એકત્વ-વિભક્ત, એ શબ્દ આવ્યો છે ને ? એયતં વિયતં દર્શયેઽહમિલિ પહેલું પદ જ ઈ છે, એકત્વં-વિભક્તં એ દેખાડીશ. આહાહા ! એ રાગાદિ ભલે શુભ હો, પણ એ શુભરાગથી વિભક્ત ભિન્ન અને અંતર સ્વરૂપ ચૈતન્યમૂર્તિ એનો જે ચૈતન્ય ચમત્કાર અતીન્દ્રિય આનંદ સ્વભાવ એનાથી તે એકત્વ છે. આહાહા ! તેને હું દેખાડું અને દેખાડીશ તો તારા પોતાના અનુભવ-પ્રત્યક્ષથી કેટલા શબ્દ વાપર્યા છે ? એક તો સ્વયમેવ પોતાના અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરીને. આહાહા !

આ આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે, અને રાગથી ભિન્ન છે એમ અમે જે કહ્યું એનું તું અનુભવની પરીક્ષાથી પ્રત્યક્ષ પ્રગટ કરીને પ્રમાણ કરજે. આહાહા ! અનુભવ કરીને પ્રમાણ કરજે. આહાહા ! કહો, પાંચમા આરાના શ્રોતાને આમ કહે છે. પોતે પંચમ આરાના સાધુ છે. આહાહા ! અંદર વસ્તુ છે એ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ એનાથી એકત્વ છે વસ્તુ- અને રાગ ચાહે તો તીર્થંકર ગોત્રનો વિકલ્પ હો કે કોઈપણ રાગથી તે વિભક્ત નામ ભિન્ન છે. એ તને દેખાડું અને જો દેખાડું તો, આહાહાહા ! પોતે જાતે સ્વયમેવ અનુભવથી, અનુભવમાં પ્રત્યક્ષ પરીક્ષા કરીને પ્રમાણ કરજે. આહાહાહા ! તને એમ ખાત્રી થવી જોઈએ કે અમે કહીએ

છીએ એવો જ આત્મા છે. આહાહા ! અમે કહીએ છીએ અને કીધું એવું તને અનુભવમાં આવે કે જેવું એમણે કહ્યું 'તું એવું જ આ સ્વરૂપ છે, એમ અનુભવમાંથી પ્રમાણ કરજે. એનો અર્થ એટલો કે અમે કહ્યું, તેં સાંભળ્યું, હવે સાંભળવાનું લક્ષ છોડી દઈને. આહાહાહા !

પોતે જાતે સ્વયમેવ અને પોતાના અનુભવ પ્રત્યક્ષથી, પરીક્ષા કરીને પ્રમાણ કરજે. આહાહા ! આટલી શરતું મૂકી છે. આહાહા ! ( અંતર અનુભવ કરવામાં કોઈ ભૂલ થઈ જાય તો એનો નિકાલ કેવી રીતે હોય ) ભૂલ ન થાય એમ અહીંયા કહે છે, આ અમે કહ્યું છે એ પ્રમાણે જાતે, જાતે પોતાથી અનુભવ પ્રત્યક્ષથી પ્રમાણ કર તો તને અમે કહ્યું છે એવો જ અનુભવ થશે. અને તે અનુભવથી પરીક્ષા કરીને પ્રમાણ કરજે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! અહીંથી શરૂ થાય છે. હવે કહેવાનું પછી છઠ્ઠી ગાથામાં સરવાળો કરશે. આહાહાહા !

આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય સાંભળવા મળે એવી નથી. આહાહા ! વાડામાં પડયા એને ખબર નથી, હેં ! કે કઈ રીતે અનુભવ થાય અને અનુભવ થાય તો શું થાય ? એ કહે છે કે સાક્ષાત્ પોતે–પોતાથી પોતામાં બે વાત, સ્વયમેવ પોતે જ પોતાના અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું. આહાહા ! ગૃહસ્થાશ્રમમાં રહેલો હોય એને પણ કહે છે કે તું અમે કહીએ છીએ તેને આ રીતે અનુભવથી પ્રમાણ કરજે, ભલે એને રાગ હોય આહાહા ! ગૃહસ્થ, મુનિ ન હોય એને તો અશુભ રાગેય આવે, અને એ રાગથી પૃથક છે એમ અનુભવ કરજે. આહાહાહા !

" જો ક્યાંય છેલ્લો શબ્દ છે ને ? અક્ષર, માત્રા, હ્સ્વઈ, દીર્ઘઈ આદિ અલંકાર યુક્તિ આદિ પ્રકરણોમાં ચૂકી જાઉં તો દોષ ગ્રહણ કરવામાં સાવધાન ન થવું " દોષ તને કદાચ ખ્યાલમાં આવી જાય પણ એમાં સાવધાન ન થવું. આહાહા ! તને જાણવામાં ખ્યાલ આવી જાય કે આમાં ઠેકાણે ભૂલ છે આ અક્ષરની માત્રાની યુક્તિની અલંકારની, આહા ! તો સાવધાન ન થવું. ખ્યાલમાં તને આવે, પણ અમારે તને કહેવું છે એ વસ્તુ અનુભવ છે, એ રાગથી ભિન્ન ( સ્વભાવનો ) અનુભવ કરાવવો છે, એમાં ફેર નથી. આહાહા !

કેમકે શાસ્ત્ર સમુદ્રના પ્રકરણ બહુ છે. ઘણી જાતિ યુક્તિ, ધાતુ, અલંકાર, માત્રા, અક્ષરો ઘણાં પ્રકાર છે, માટે અહીં સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે. અહીંતો સ્વ નામ પોતામાં આનંદનું વેદન એવો જે પદાર્થ, વસ્તુ તે મુખ્ય છે. આહાહા ! એ કોઈ વ્યાકરણ અને સંસ્કૃત એના કોઈ ફેરફાર હોય તો એને તું પકડીશ નહિ. આહાહા ! " તેથી અર્થની પરીક્ષા કરવી " અર્થ એટલે વસ્તુ, આત્મા આનંદસ્વરૂપનો અનુભવ કરવો એ અર્થની પરીક્ષા. આહાહા ! અર્થની પરીક્ષા ઈ, આહા ! કે જે વસ્તુ છે એનો અનુભવ કરવો એ અર્થ–છેલ્લે તો આવે છે ને ? તત્ત્વાર્થ– તત્ત્વને, અર્થને જાણીને, આહાહા ! તત્ત્વનો અર્થ જે છે એને જાણીને અર્થમાં સ્થિર થશે. આહાહા !

ભાવાર્થ:– " આચાર્ય આગમનું સેવન " એ પણ આગમ એને કહીએ કે જે અરિહંતના સર્વજ્ઞના મુખે( થી ) નીકળેલી વાત, કલ્પિત આગમો જે છે લોકોએ કરેલા એ નહિ. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એના મુખે નીકળેલી વાણી. " મુખ ઓમકાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે; " એ વાણીને અહીંયા આગમ કહેવામાં આવે છે. છે ? આહાહા ! એ આગમનું સેવન.. આકરી વાત છે. ખરેખર તો શ્વેતાંબરના આગમ પણ એ આગમ નથી, એમ નિષેધ છે અહીં

તો, એનું સેવન અને અનુભવમાં નિમિત્ત એ થાય એમ છે નહીં. આહાહા ! એ આ આગમ, સર્વજ્ઞે કહેલી વાણી એને ગણધરે ગૂંથી હોય, એ વાણી આગમ. આહાહા !

એ આગમનું સેવન, એક વાત. યુક્તિનું અવલંબન, અન્ય મતિઓ જેટલાં એકાંતવાદીઓ છે એનું નિસ્તુષ યુક્તિથી એનું અમે ખંડન કર્યું છે, નિરાકરણ કરીને અમને અનુભવ થયો છે. આહાહાહા ! જેટલાં ઉદ્દઉ પાખંડ છે એ બધાનું યુક્તિથી અમે નિરાકરણ કર્યું છે કે એ વસ્તુ ખોટી છે. આહાહાહા ! ઝીણી વાત બહુ, એવો વખત. આહાહા ! બે વાત.

‘ પરાપર ગુરુનો ઉપદેશ ’ આહાહા ! અરિહંતથી માંડીને અમારા ગુરુ એની પરંપરાથી મળેલો ઉપદેશ. આહાહા ! અને ચોથું સ્વ સંવેદન આ ત્રણ નિમિત્ત અને ચોથું આ સ્વ-સંવેદન ઉપાદાન. આહાહા !

“ એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના વિભવથી, ” મારા જ્ઞાનના નિજના વૈભવથી એકત્વ વિભક્ત; એકત્વ-વિભક્ત કહેવું છે ને ? અંતર પૂરણ અતીન્દ્રિય આનંદ જ્ઞાનથી એકત્વ છે અને રાગાદિ વિકલ્પથી પૃથક છે, છે ખરો રાગાદિ, પણ છે પૃથક. આહાહા ! વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ ઊઠે, એ રાગથી પણ પૃથક આત્મા છે. આહાહા ! સમજાણું કાંઈ ? “ સ્વ-સંવેદન... એ ચાર પ્રકારે ( ઉત્પન્ન થયેલ પોતાના ) જ્ઞાનના વિભવથી એકત્વ-વિભક્ત એવો શુદ્ધ આત્મા એનું સ્વરૂપ દેખાડે છે. ” આહાહાહા ! ગમે તે પ્રકારનો શુભ રાગ હો પણ એનાથી તો પ્રભુ આત્મ તત્ત્વ ભિન્ન છે, કેમ કે એ રાગ છે એ તો આસ્રવ-તત્ત્વમાં જાય છે, અને આત્મા છે એ તો જ્ઞાયક તત્ત્વ છે, બે તત્ત્વ તદ્દન, નવ તત્ત્વમાં જુદા છે. આહાહાહા !

એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે. આહાહા ! અને “ સાંભળનારા ” હે શ્રોતાઓ ! આહાહા ! “ પોતાના સ્વ સંવેદન પ્રત્યક્ષથી પ્રમાણ કરો. ” આહાહા ! એમાં એકલાં મુનિને કાંઈ નથી કહ્યું, જે શ્રોતાઓ છે. આહાહા ! બાપુ ! કરવા જેવું તો આ છે. જે કાંઈ કર્તવ્ય છે મોક્ષના માર્ગનું એ તો રાગથી ભિન્ન ને સ્વભાવથી અભિન્ન તે કર્તવ્ય છે. આહાહાહા ! સાંભળનારા હે શ્રોતાઓ પોતાના સ્વ-સંવેદન પ્રત્યક્ષથી પ્રમાણ કરો ! પોતાની જાતના અનુભવમાં પ્રત્યક્ષ. સ્વનો ને સં ( એટલે ) પ્રત્યક્ષ એનું વેદનથી પ્રમાણ કરો. આહાહા ! એટલે કે અનુભવ કરો. આહાહા ! પ્રથમ તો આ કરવાનું છે, પછી આગળ શાંતિ વધે સ્વના આશ્રયે, વિકલ્પો આવે વ્રતના, પંચમ ગુણસ્થાને, છઠ્ઠે ગુણસ્થાને પણ એ વિકલ્પો બધા આસ્રવ છે. આહાહા !

કરવાનું તો આ છે. એ વખતે પણ વિભક્તપણું છે એ તારે કરવાનું છે, વ્રતો આવે છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રત આદિ, પાંચમે બાર વ્રત પણ એ વખતે પણ એનાથી વિભક્ત કરવાનું છે. આહાહા ! એના એકત્વથી, એનાથી વિભક્ત થવાય એમ નહીં. શુભરાગના એકત્વથી એનાથી ભિન્ન પડાય એમ નહિં. એનાથી ભિન્ન પાડ તો ભિન્ન પડે. આહાહા ! સમજાણું કાંઈ ?

પોતાના સ્વસંવેદન ( થી ) ‘ સ્વ ’ નામ પોતાનું વેદન ‘ સં ’ નામ પ્રત્યક્ષથી પ્રમાણ કરો ‘ ક્યાંય કોઈ પ્રકરણ ’ એટલે અધિકારોમાં અનુભવ સિવાયના અધિકારોમાં, ભૂલું તો એટલો દોષ ગ્રહણ ન કરવો એમ કહ્યું, એ દોષ ઉપર ખ્યાલ ન રાખવો “ અહીં પોતાનો અનુભવ પ્રધાન છે ” અનુભવની મુખ્યતા છે, અહીં તો. આહાહાહા ! તેનાથી શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો, એમ કહેવાનો આશય છે. એ જયચંદ પંડિતે ભાવાર્થમાં લખ્યું. પહેલાના પંડિત એવા હતા દિગંબર

પંડિતો જયચંદ પંડિત, ટોડરમલ, બનારસીદાસ, ભાગચંદજી આદિ. ઓહોહો ! જયચંદ પંડિતે આ ભાવાર્થ ભર્યો છે કે આચાર્યને આમ કહેવું છે, આહાહા ! ચાલતી ભાષામાં.

ત્યારે હવે શિષ્યને પ્રશ્ન ઊપજે છે એ પ્રશ્ન ઊપજે છે કે એવો શુદ્ધાત્મા કોણ છે ? છે માથે (મથાળામાં) "કોડસૌ શુદ્ધ આત્મેતિ ચેત" જે એકત્વ છે અને પરથી વિભક્ત છે એવો શુદ્ધાત્મા છે કેવો ? કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? શિષ્યનો આ પ્રશ્ન અંતરથી આવ્યો છે કે આવો તે શુદ્ધ આત્મા સ્વભાવથી અભેદ અને રાગથી ભેદ એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ એમ છે ને ? ચેતનો અર્થ થયોને ? આવી જેને અંતર જિજ્ઞાસાથી પ્રશ્ન ઊઠયો છે એવા શ્રોતાને ઉત્તર દેવામાં આવે છે, સાંભળવા સાધારણ આવ્યા એટલે આપણે સાંભળવું જોઈએ, એવાઓ માટે નહિ કહે છે જેને અંતરથી પ્રશ્ન ઊઠયો છે, તે શુદ્ધ આત્મા તે કોણ છે આ ? શું છે ઈ તે ચીજ અને કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ, બીજા દ્રવ્યનું જાણવું જોઈએ એ પ્રશ્ન એને ઊઠયો જ નથી. છ દ્રવ્ય ને છ દ્રવ્યના ગુણ ને એ વાત તો અંદર સાધારણ આવી ગૌણ. આવો જે ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ સ્વભાવથી એકત્વ ને રાગથી વિભક્ત એવો જે શુદ્ધ, એ તે આત્મા કોણ છે ? કેવો છે ? કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ. એવો શુદ્ધ કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? આહાહાહા ! છે ? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા છે. આવો જેને પ્રશ્ન અંતરમાંથી ઊઠયો છે, એવા શ્રોતાઓને માટે આ ઉત્તર છે. આહાહાહા ! અમૃતચંદ્રાચાર્ય શૈલી કરે છે, જેને અંતરથી ઊઠયું છે કે આ શુદ્ધ છે વસ્તુ અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ એ વિકલ્પના વિકારથી તદ્દન જુદો અને પોતાના પરિપૂર્ણ સ્વભાવથી એકત્વ અભેદ એવો તે શુદ્ધ આત્મા છે કોણ કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? આહાહાહાહા ! આવો જેનો પ્રશ્ન અંતરમાંથી જેને ઊઠયો છે એવા શ્રોતાઓને આ ઉત્તર દેવામાં આવે છે આહાહા ! શું શૈલી !

મોક્ષાર્થીકો... ! ગજબ બાત કહી હૈ ના ! આ.. હા.. હા.. ! મોક્ષકે અર્થીકો મોક્ષકો જાનના, ઐસે નહીં કહા. ક્યોંકિ મોક્ષ હૈ વહ પર્યાય હૈ, પર્યાય હૈ વહ ભેખ હૈ, પર્યાય હૈ યહ આત્માકા એક ભેખ હૈ – 'સમયસાર' મેં આયા હૈ. સંવર, નિર્જરા ભી એક ભેખ હૈ (ઔર) મોક્ષ ભી એક ભેખ હૈ, વસ્તુ નહિ. યે તો પર્યાયકા એક ભેખ હૈ, આહા.. હા... ! લેકિન જો એક (માત્ર) મોક્ષકી પર્યાય ચાહતા હૈ ઉસકો સીધા... (આત્માકો જાનના). આહા.. હા... ! પરકી અપેક્ષા છોડકર, ઐસા કરું તો ઐસા મિલેગા, ઐસી અપેક્ષા છોડકર (સીધા આત્માકો જાનના).

(સમયસાર દોહન પાના નં. ૨૦૧ પૂ. ગુરુદેવશ્રીના નાઈરોબીના પ્રવચનમાંથી)

## ગાથા - ૬

कोऽसौ शुद्ध आत्मेति चेत्।

ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।
एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।।६।।

नापि भवत्यप्रमत्तो न प्रमत्तो ज्ञायकस्तु यो भावः।
एवं भणन्ति शुद्धं ज्ञातो यः स तु स चैव।।६।।

यो हि नाम स्वतःसिद्धत्वेनानादिरनन्तो नित्योद्योतो विशदज्योतिर्ज्ञायक एको भावः स संसारावस्थायामनादिबन्धपर्यायनिरूपणया क्षीरोदकवत्कर्मपुद्गलैः सममेकत्वेऽपि द्रव्यस्वभावनिरूपणया दुरन्तकषायचक्रोदयवैचित्र्यवशेन प्रवर्तमानानां पुण्यपापनिर्वर्तकानामुपात्तवैश्वरूप्याणां शुभाशुभभावानां स्वभावेनापरिणमनात्प्रमत्तोऽप्रमत्तश्च न भवति। एष एवाशेषद्रव्यान्तरभावेभ्यो भिन्नत्वेनोपास्यमानः शुद्ध इत्यभिलप्यते।

न चास्य ज्ञेयनिष्ठत्वेन ज्ञायकत्वप्रसिद्धेः दाह्यनिष्ठदहनस्येवाशुद्धत्वं, यतो हि तस्यामवस्थायां ज्ञायकत्वेन यो ज्ञातः स स्वरूपप्रकाशनदशायां प्रदीपस्येव कर्तृकर्मणोरनन्यत्वात् ज्ञायक एव।

---

હવે પ્રશ્ન ઊપજે છે કે, એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત ‘શુદ્ધ’ કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬**

ગાથાર્થઃ- [ यः तु ] જે [ ज्ञायकः भावः ] જ્ઞાયક ભાવ છે તે [ अप्रमत्तः अपि ] અપ્રમત્ત પણ [ न भवति ] નથી અને [ न प्रमतः ] પ્રમત્ત પણ નથી, - [ एवं ] એ રીતે [ शुद्ध ] એને શુદ્ધ [ भर्णान्त ] કહે છે; [ च यः ] વળી જે [ ज्ञातः ] જ્ઞાયકપણે જણાયો [ सः तु ] તે તો [ सः एव ] તે જ છે, બીજો કોઈ નથી.

ટીકાઃ- જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી ( કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી ) અનાદિ સત્તારૂપ છે, કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે, નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક એક ‘ભાવ’ છે, તે સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી ( અપેક્ષાથી ) ક્ષીરનીરની જેમ કર્મપુદ્ગલો સાથે એકરૂપ હોવા છતાં, દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની ( -કષાયસમૂહના અપાર ઉદયોની ) વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી ( જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો

નથી ) તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી; તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો ' શુદ્ધ ' કહેવાય છે.

વળી દાહ્યના ( -બળવાયોગ્ય પદાર્થના ) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી, તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે ' ભાવ ' ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી; કારણકે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ-પ્રકાશનની ( સ્વરૂપને જાણવાની ) અવસ્થામાં પણ, દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે- પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ. ( જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને- પોતાની જ્યોતિરૂપ શિખાને-પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી; તેમ જ્ઞાયકનું સમજવું. )

ભાવાર્થઃ- અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે. ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી, માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે. દ્રવ્ય-દૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે અને પર્યાય ( અવસ્થા ) -દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે, અને તેની અવસ્થા પુદ્‌ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે. પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે અને દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે, કાંઈ જડપણું થયું નથી. અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરી કહ્યું છે. જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, ઉપચાર છે. દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે, અભેદ છે, નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે. માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. ' જ્ઞાયક ' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે. ' આ હું જાણનારો છું તે હું જ છું, અન્ય કોઈ નથી ' - એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે. આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે. - આ શુદ્ધનયનો વિષય છે. અન્ય પરસંયોગજનિત ભેદો છે તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે તેથી વ્યવહારનય જ છે એમ આશય જાણવો.

અહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્‌વાદરૂપ છે તેથી અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો; કારણ કે સ્યાદ્‌વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા-બન્ને વસ્તુના ધર્મ છે અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે; અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે, એ જ ફેર છે. અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા કલેશ ભોગવે છે; જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર

**મટે અને ત્યારે કલેશ મટે. એ રીતે દુઃખ મટાડવાને શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે. અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી. એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે; માટે સ્યાદ્વાદનું શરણ લઈ શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ. સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી શુદ્ધનયનું પણ આલંબન નથી રહેતું. જે વસ્તુસ્વરૂપ છે તે છે- એ પ્રમાણદૃષ્ટિ છે. એનું ફળ વીતરાગતા છે. આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે.**

**અહીં, ( જ્ઞાયકભાવ ) પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું છે ત્યાં ‘ પ્રમત્ત-અપ્રમત્ત ’ એટલે શું ? ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે અને સાતમાથી માંડીને અપ્રમત્ત કહેવાય છે. પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે; શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે.**

---

**પ્રવચન નં. ૨૦ ગાથા - ૬ તા. ૨૯-૬-૭૮**

---

ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।
एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।।६।।

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત ‘ શુદ્ધ ’ કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે.૬**

**એનો ગાથાર્થઃ-** ‘ જે જ્ઞાયક ભાવ છે તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી ’ – એ રીતે એને શુદ્ધ કહે છે ’ આહા ! કહેશે ટીકામાં. એ વસ્તુ પોતે જે શુદ્ધ ( છે ), પરથી ભિન્ન ને સ્વથી અભિન્ન એ શુભ અશુભભાવરૂપે થઈ જ નથી. જ્ઞાયક ભાવ જે છે, જે વસ્તુસ્વરૂપ છે, એ શુભાશુભ ભાવપણે થઈ નથી. કેમ ? કે શુભાશુભભાવ તો જડ છે, એમાં ચૈતનનો અભાવ છે. આહાહાહા ! એ જ્ઞાયક સ્વરૂપ શુભાશુભ ભાવપણે થાય તો જડ થઈ જાય. જુઓ ! આ વિભક્ત અને એકત્વનું સિદ્ધ કરે છે. એ શુભાશુભથી ભિન્ન છે, એટલે ? શુભાશુભ ભાવપણે પર્યાય થઈ જ નથી પર્યાય એની, જ્ઞાયકનો શુભાશુભ ભાવપણે જ્ઞાયક થયો જ નથી. આહાહા ! જો એ શુભાશુભ ભાવપણે થાય તો પ્રમત્ત–અપ્રમત્ત એવી દશા ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ ? આહાહાહાહા ! બહુ ઝીણું બાપુ !

એ જ્ઞાયક ભાવ છે. બહેનની ભાષામાં આવ્યું છે ને... “ જાગતો જીવ ઊભો છે ને તે ક્યાં જાય ? ” તે આ. વચનામૃત વાંચ્યા છે ને પંડિતજી એમાં પહેલો બોલ છે જાગતો જીવ, પહેલો એમાં ન ગમે તો આત્મામાં ગમે તેવું છે. પછી બોલ છે નાની ચોપડીમાં પહેલો ઉપર છે બોલ. જાગતો એટલે જ્ઞાયક, જ્ઞાયક એટલે કે ધ્રુવ, એ શુભાશુભભાવપણે થયો નથી. કેમ કે જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! ( ચેતન ) છે, એ શુભ–અશુભ ( ભાવ ) અચેતન છે, એમાં જ્ઞાનનો ( ચૈતન્ય ) અંશ નથી– એ રૂપે એ કેમ થાય ? આહાહા ! શુભાશુભ ભાવ ( પણે ) જ્ઞાયકભાવ પોતે થયો નથી એટલે એનાથી પૃથક જ રહ્યો છે. આહાહાહા !

‘ એ રીતે એને શુદ્ધ કહે છે ’ શુભાશુભભાવરૂપે જ્ઞાયકભાવ થયો નથી તેથી તે અપ્રમત્ત–

પ્રમત્ત નથી. એમ ( ગાથા ) માં પહેલાં અપ્રમત્ત લીધું છે ને ? આહાહા ! અપ્રમત્ત પણ નથી. સાતમા ( ગુણસ્થાનથી ) ચૌદ સુધી અપ્રમત્ત, એકથી છ ( ગુણસ્થાન ) પ્રમત્ત, ચૌદ ગુણસ્થાન. પહેલાં અપ્રમત્તથી ઉપાડયું છે. કેમ કે જ્ઞાયકભાવ એકરૂપ વસ્તુ છે. એ શુભ અશુભ ભાવરૂપે થઈ નથી. તેથી તે અપ્રમત્ત પ્રમત્ત એવાં ગુણસ્થાન ભેદો, જ્ઞાયકભાવમાં નથી. આહાહાહા ! એટલે ? ચૈતન્યનો એકરૂપ રસ જાણક્ સ્વભાવનો એકરૂપ રસ, એમાં બીજારૂપે ( અર્થાત્ ) શુભાશુભભાવપણે એ થયો જ નથી. આહાહા ! એ તો જ્ઞાયકરૂપ–એકરૂપ રસે રહ્યો છે.

( શ્રોતાઃ આમાં કાંઈ સમજાતું નથી. ) કાંઈ સમજાતું નથી ? એ તો ચૈતન્યસ્વભાવના રસે જ રહેલો છે. એમાં અચેતનનો અંશ અડયો નથી. અચેતનના શુભાશુભ ભાવપણે, ચૈતન્યરસ, જ્ઞાયકરસ, જ્ઞાયક અસ્તિત્વ રસ જેની હૈયાતિ જ્ઞાયક સ્વભાવરૂપ છે. તે... શુભાશુભ ભાવપણે થયો નથી, એનાથી પૃથક છે, તે જ્ઞાયકભાવે રહ્યો છે. માટે તેને પ્રમત્ત–અપ્રમત્ત એવા ભેદ લાગૂ પડતા નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ?

( શ્રોતાઃ અપ્રમત્ત એટલે શુદ્ધ પરિણામ ? ) હા, શુદ્ધ નહીં માત્ર, અશુદ્ધ ( પણ ) ભેદ છે ને ? ચૌદમું ગુણસ્થાનેય નથી આત્મામાં. તેરમું કેવળજ્ઞાન પણ નથી, ભેદ છે ને ! દરેકમાં ઉદયભાવ છે ને ! એવા ભેદો છે. એ શુભાશુભભાવપણે થયેલ નથી, તેથી તે અપ્રમત્ત–પ્રમત્ત નથી, તેથી તે ગુણસ્થાનના ભેદરૂપ થયેલ નથી. આહાહાહા !

( શ્રોતાઃ ગુણસ્થાન પુદ્ગલની પર્યાય છે. ) એને તો અચેતન પર્યાય કીધી છે. છેલ્લે ગાથા–૬૮ ગાથાને ૩૮ ગાથામાં. આહાહા !

અલૌકિક છે ભઈ આ તો વાત !! અનંતકાળમાં એણે, અંત ભવનો આવે એવી વાત જાણી નથી. આહાહા ! ભવના અંતવાળી ચીજ છે કહે છે. ભવ ને ભવનો ભાવ જેમાં નથી, આહાહાહા ! કેમકે શુભ–અશુભપણે જ્ઞાનરસ ચૈતન્યધામ ચૈતન્યરસકંદપ્રભુ અનાદિ અનંત એકરૂપ. આહાહા ! એ કોઈ દિ ' શુભાશુભપણે થયેલ નથી. તેથી પ્રમત્ત–અપ્રમત્ત ગુણસ્થાન ભેદ એમાં નથી. આહાહા ! ' જ્ઞાયકભાવ એકરૂપ છે, એમાં ભેદ નથી ' ગુણસ્થાનના ભેદો એમાં છે નહીં. આહાહાહા ! એ દૃષ્ટિનો વિષય છે. એ જ્ઞાયકને અહીંયાં ભૂતાર્થ કીધો છે. છતો પદાર્થ વસ્તુ એકરૂપ નિત્ય આનંદ જ્ઞાયકભાવ– જ્ઞાયકભાવ– જ્ઞાયકભાવ, ધ્રુવપ્રવાહ, ચૈતન્યના પૂરનો ધ્રુવપ્રવાહ. પાણીમાં પૂર આમ હાલે, આ પૂર ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ. આહાહાહા ! એ જ્ઞાયકપણે જણાયો પછી તેને શુદ્ધ કહે છે.

' વળી જે જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે ' એટલે ? જાણનારો જણાણો... એ જાણવાની પર્યાય પોતાની છે. જાણવાની જે વસ્તુ છે એ જણાણી, પણ એ જણાણી–પર્યાય એ તો પોતાની છે. એ પર્યાય પોતાનું કાર્ય છે અને આત્મા એનો કર્તા છે. આહાહા ! જાણનારો. એવો ધ્વનિ છે ને ? એટલે જાણનારો એટલે જાણે પરને જાણે છે ? જાણનાર કીધો ને ? જાણનાર છે, તો તે પરને જાણે છે ? તો કહે... ' ના ' એ તો પરસંબંધીનું જ્ઞાન પોતાથી, પોતામાં સ્વપર–પ્રકાશક થાય છે, તે પર્યાય જ્ઞાયકની છે. એ જ્ઞાયકપણે રહેલો છે. એ જ્ઞાયકનો જાણનાર પર્યાય તે તેનું કાર્ય છે. જણાવા યોગ્ય વસ્તુ છે એનું ઈ જાણવાનું કાર્ય નથી અને જણાવા યોગ્ય વસ્તુ છે ઈ જાણનારનું કાર્ય નથી. આહાહા ! આવું છે.

'જ્ઞાયકપણે જણાયો' કીધું ને ? જ્ઞાતઃ 'જણાયો તે તો તે જ છે' 'જાણનારો' છે માટે બીજું જણાણું એમાં એમ નથી. 'જાણનાર' છે ને ? ત્યારે 'જાણનાર' તો બીજો જણાણો છે એમાં ? (કહે છે કે) ના, (એમ નથી.) એ જણાય છે ઈ પોતે (પોતાને પોતાની) પર્યાય જણાય છે. 'જાણનારની પર્યાય જણાણી છે' આહાહા ! રાગાદિ હોય, પણ રાગ સંબંધીનું જે જ્ઞાન છે ને ? એ જ્ઞાન તો પોતાથી પ્રગટેલું છે, એ રાગ છે માટે આંહી સ્વપર પ્રકાશક જ્ઞાનની પર્યાય પ્રગટી છે, એમ નથી. આહાહાહાહા !

'જણાયો તે પોતે જ છે' એમ કહે છે.

'જણાયો' જે જ્ઞાનની પર્યાયમાં, એ 'જાણનારો'નો અવાજ આવે એટલે જાણે કે 'બીજાને જાણ્યું' ? ઈ એનું કાર્ય છે ? ના. એને બીજાને જાણવાને કાળે, પોતાનો પર્યાય પોતાથી જણાણો છે– પોતાથી થયો છે, તેને તે જાણે છે. આહાહાહા ! શું કીધું ?

(શ્રોતાઃ બીજો નથી એમ કેમ કહ્યું ?) બીજો એટલે રાગ નથી, રાગનું જ્ઞાન નથી એ રાગનું જ્ઞાન નથી, એ જ્ઞાનનું જ્ઞાન છે. 'વ્યવહાર જાણેલો પ્રયોજનવાન' એમાં આવશે, પણ કહે છે કે એ રાગ છે તો રાગનું આહીં જ્ઞાન થયું છે, એમ નથી. અને એ રાગને જાણે છે એમ નથી. એ તો રાગસંબંધીનું પોતાનું જ્ઞાન, પોતાને થયું છે, તેને ઈ જાણે છે. આહાહા ! આવી વાત છે.

(શ્રોતાઃ જ્ઞાયક ભી આત્મા ને જ્ઞેય ભી આત્મા.) પર્યાય આંહી તો એની, પર્યાય લેવી છે અહીં તો, ઈ જણાણો જેમાં ઈ પર્યાય પોતાની છે એને જાણે છે. પરને જાણે છે, એમ નહીં. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! અભ્યાસ નહીં ને 'આ', અનંતકાળની મૂળ ચીજનો. આહા !

'તે જ છે' એમ છે ને આહા ! 'બીજો નથી' એટલે ? એ રાગનું જ્ઞાન નથી. એ પરનું જાણનારે જાણ્યું, માટે એ જાણનારે પરને જાણ્યું, એ માટે પરને જાણવાનું જ્ઞાન છે એમ નથી. આહાહા !

શબ્દે– શબ્દે ગૂઢતા છે. આ તો સમયસાર છે. આહાહા ! એમાં કુંદકુંદાચાર્ય ! (માંગલિક) માં ત્રીજે નંબરે આવ્યું ને ! मंगलम् भगवान वीरो, मंगलम् गौतमो गणी, मंगलम् कुंदकुंदार्यो ! આહાહા ! પહેલા ભગવાન, બીજા ગણધર, ત્રીજા કુંદકુંદાચાર્ય ! जैन धर्मोऽस्तु मंगलम्। આહાહા આકરી વાતો બહુ, પુરુષાર્થ ઘણો જોઈએ ભાઈ 'વળી જે જ્ઞાયકપણે જણાયો' એમ આવ્યું ને ? પર્યાય છે ઈ.

**ટીકાઃ-** 'જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી", પોતે પોતાથી સત્તારૂપે વસ્તુ હોવાથી, "કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી અનાદિ છે અનાદિ સત્તારૂપ છે" એની સત્તા, પોતે પોતાથી જ હૈયાતિ હોવાથી, કોઈથી ઉત્પન્ન થયો નથી, માટે ભગવાન આત્મા, જેને અમે શુદ્ધ કહેવા માગીએ છીએ, તે અનાદિ સત્તારૂપ છે; અનાદિ હોવારૂપ છે. આહાહા ! પર્યાય તો થાય ને જાય. વસ્તુ જે છે એ તો રાગથી પૃથક એ તો અનાદિ સત્તા છે. અનાદિથી 'હોવાવાળી' ચીજ છે, કેમ કે કોઈથી ઉત્પન્ન થયો નથી. ઈશ્વરે એને ઉત્પન્ન કર્યો છે, (કે) ઈશ્વર કોઈ કર્તા છે આત્માનો, એમ નથી. આહાહા ! જે પોતે પોતાથી જ. કથંચિત્ પોતાથી ને કથંચિત્ પરથી તો અનેકાંત થાય ને ? પોતે પોતાથી છે, પરથી નથી એનું નામ અનેકાંત છે. આહાહા ! પોતાની સત્તા પોતાથી છે ને પોતાની સત્તા પરથી નથી. આહાહાહા ! એવી અનાદિ સત્તારૂપ છે.

'કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે'. કદી વિનાશ પામતો નથી. 'છે' ...

અનાદિ સત્તા વસ્તુ છે, છે, છે, છે, ભૂતકાળમાં છે, વર્તમાન કાળે છે, ભવિષ્યમાં છે. છે ઈ છે જ બસ. આહાહા ! ‘ છે ’ અનાદિ સત્તા હોવાવાળી ચીજ, કદી વિનાશ પામતી નથી કોઈ કાળે વિનાશ પામતી નથી. ‘ કદી ’ શબ્દ છે ને ? આહાહા ! માટે તે અનંત છે. ભવિષ્યમાં કાયમ રહેનાર છે, માટે અનંત છે એમ. આહાહા ! જેનો અંત નથી કદી, જેની શરૂઆત નથી, જેનો અંત નથી, એવી અનાદિ અનંત એ વસ્તુ છે. આહાહાહાહા ! ભાષા તો સાદી છે પણ ભાવ તો જે ભાઈ આકરા છે, આહાહા !

‘ નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ’ પાછો વર્તમાન કાયમ રહેનારો હોવાથી. ‘ ક્ષણિક નથી ’ છે ને ? ક્ષણિક હોય કોઈ ચીજ એમ નથી. નિત્ય ઉદ્યોતરૂપ છે કાયમ એમ ને એમ વર્તમાનમાં પણ કાયમ, એવો ને એવો ધ્રુવ અનાદિ–અનંત સત્તાસ્વરૂપ વસ્તુ કાયમ ઉદ્યોતરૂપ છે. વર્તમાનમાં પણ ઉદ્યોતરૂપ કાયમ છે. આહાહા ! ભૂતકાળમાં ઉત્પન્ન થયેલ નથી, ભવિષ્યમાં અંત છે નહીં, વર્તમાનમાં ઉદ્યોતરૂપ પ્રગટ છે. આહાહા ! શુદ્ધ વસ્તુ, રાગથી ભિન્ન–સ્વભાવથી અભિન્ન, એવી ચીજ ( આત્મા ) વર્તમાનમાં પ્રગટરૂપ હોવાથી ક્ષણિક નથી, એ ક્ષણિક વસ્તુ નથી, એ તો ધ્રુવ છે. આહાહા ! એક એક શબ્દ ને એક એક પદ બરાબર સમજે તો, બધા ન્યાય આવી જાય ઘણાં.. આહાહા !

‘ અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક ’ આહાહા ! કેવો છે ? એ તો સ્પષ્ટ, પ્રગટ, પ્રત્યક્ષ પ્રકાશમાન પ્રત્યક્ષ–પ્રકાશમાન ( છે ) આહાહા ! વર્તમાન પ્રત્યક્ષ જણાય એવી એ જ્યોતિ છે. આહાહા ! સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ ચૈતન્ય જ્યોતિ ચેતન્ય જ્યોતિ, ચેતન ચેતન ચેતન ચેતન ચેતન ચેતન–પ્રત્યક્ષ સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. આહાહા ! એવો જે જ્ઞાયક ‘ એક ભાવ છે. ’ જોયું ? જ્ઞાયક એવો એક ભાવ છે. આહાહા !

‘ તે સંસારની અવસ્થામાં ’ હવે, અવસ્થાની વાત કરે છે. વસ્તુ તો આવી જ છે, અનાદિ સત્તા શુદ્ધરૂપે અનાદિ જ્ઞાયકભાવ જે અનાદિ અનંત, નિત્ય, સ્પષ્ટ, વર્તમાન ઉદ્યોતરૂપ, સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ ચીજ છે. આહાહા ! હવે એની અવસ્થામાં અનાદિની જે ભૂલ છે પર્યાયની, એની વાત કરે છે.

જે સંસારની દશામાં અનાદિ બંધપર્યાયની કથનથી અપેક્ષાથી ( નિરૂપણાથી ) બંધની અવસ્થાની અપેક્ષાથી જોઈએ તો ? ‘ ક્ષીરનીરની જેમ કર્મપુદ્ગલો સાથે એકરૂપ હોવા છતાં ’ દૂધ ને પાણી એકરૂપ દેખાય છતાં, દૂધ દૂધરૂપે છે પાણી પાણીરૂપે છે. ‘ એમ ક્ષીર નીરની જેમ ’ ક્ષીર એટલે દૂધ અને નીર નામ પાણી. જેમ કર્મપુદ્ગલો સાથે એકરૂપ હોવા છતાં આત્મા દૂધ સમાન છે ને કર્મપુદ્ગલો પાણી સમાન છે, પાણી પાણીરૂપે છે ને દૂધ દૂધરૂપે છે. પાણીના પાણી ને દૂધના દૂધ. નથી કહેતા ? આહાહા ! આ દૂધમાં પાણી નાખીને આપે છે ને ? દગો કરીને પછી બોલે ય ખરા કે ‘ દૂધના દૂધ ને પાણીના પાણી ’ રહેશે. દૂધમાં પાણી નાખીને આપે છે, તો પૈસા અનર્થના નહીં રહે. આહાહા !

એમ પાણી ને દૂધ ભિન્ન છે, એમ ભગવાન આત્મા ને કર્મપુદ્ગલો ભિન્ન છે, સાથે એકરૂપ હોવા છતાં, છે એકરૂપ સાથે. પણ ‘ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો ’ ઓલી પર્યાયના સંબંધથી જોવામાં આવે તો આમ એક દેખાય છે, પણ વસ્તુના સ્વભાવથી

જોવામાં આવે તો, ઓલું સમજાણું ?

સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની અપેક્ષાથી ક્ષીરનીરની જેમ એકરૂપ હોવા છતાં, પર્યાયમાં, પર્યાયની સાથે કર્મપુદ્‌ગલો સાથે દેખાય છે. પણ ‘ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે, આહાહા ! વસ્તુનો સ્વભાવ જે છે કાયમી, અસલી અનાદિ અનંત, નિત્ય ઉદ્યોતરૂપ, સ્પષ્ટ પ્રકાશમાન-જ્યોતિ એવો જે દ્રવ્યસ્વભાવ, એની અપેક્ષાથી જોવામાં આવે તો ? ત્યાં સુધી વાત...

હવે કહે છે ‘ તો દુરંત કષાયચક્રના ઉદયની વિચિત્રતાના વશે ’ કષાયના ચક્રનો અંત લાવવો, મહાપુરુષાર્થ છે અનંતો “ દૂર... અંત., ”, જેનો મહાપુરુષાર્થથી અંત પમાય એવો કષાયચક્ર પુણ્ય ને પાપ. કષાયચક્રના ઉદયની કષાયસમૂહના અપાર ઉદયની એમ. કષાય ચક્ર છે ને ? ‘ કષાયચક્રના ઉદયની વિચિત્રતાના વશે પ્રવર્તતાં જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર ’ કર્મનાં નિમિત્તનાં સંબંધે જોડાતાં, જે કંઈ વિચિત્રતાના વશે પ્રવર્તતાં પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભાશુભ ભાવો, પુણ્ય પાપ એ પરમાણુ બંધન એની વાત, એને ઉત્પન્ન કરનારા શુભ અશુભ ભાવ વર્તમાન, ઓલા પુણ્ય-પાપ એ કર્મ, એને ઉત્પન્ન કરનારાં શુભાશુભ ભાવ ‘ તેમના સ્વભાવે પરિણમતો નથી ’ . આહાહા !

શું કીધું ? ‘ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો ? ’ ત્યાં રાખવું. તો ? દુરંત કષાયચક્રના ઉદયની વિચિત્રતાના વશે પ્રવર્તતા ( જે ) પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ જોયું ? શુભ અશુભભાવો એકરૂપ નથી અનેકરૂપ છે, સમસ્ત અનેકરૂપ શુભેય અનેકરૂપ અસંખ્ય પ્રકાર, અશુભેય અનેકરૂપ અસંખ્ય પ્રકાર, એ રૂપે દ્રવ્યના સ્વભાવથી જોવામાં આવે તો, આહાહા ! પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારાં એવાં શુભાશુભ ભાવો ‘ તેમના સ્વભાવે પરિણમતો નથી ’ આહાહા ! ભગવાન જે ( જ્ઞાયક ) શુદ્ધ ચૈતન્ય, વસ્તુ સ્વભાવથી જોઈએ તો, વસ્તુથી જોઈએ તો પુણ્યપાપને ઉત્પન્ન કરનારાં તો શુભાશુભ ભાવ, એ ભાવરૂપે તે દ્રવ્યસ્વભાવથી જોઈએ તો તે રૂપે થયો જ નથી. શુભ અશુભ ભાવરૂપે દ્રવ્ય સ્વભાવ કોઈ દી ’ થયો જ નથી. આહાહા ! કેમ કે એ તો જ્ઞાયકસ્વરૂપ છે. અને ઉત્પન્ન કરનારાં પુણ્ય-પાપનાં ભાવો છે જે શુભાશુભ, એ તો અચેતન છે. એમાં ચૈતન્યના સ્વભાવનો અંશ નથી. આહાહા !

‘ તેમના સ્વભાવે થતો નથી ’ આહાહા ! જયચંદ પંડિત ખુલાસો કરે છે. ‘ જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી ’. ભાષા દેખો ! શુભ અશુભ ભાવરૂપે થાય તો જડ થઈ જાય, કેમ કે શુભ-અશુભભાવ તો અચેતન અજીવ છે. આહાહા !

એ જીવ જ્ઞાયક એ શુભાશુભ અજીવ જડરૂપે કેમ થાય ? આહાહાહા ! દ્રવ્ય સ્વભાવથી જોઈએ, તો જે કષાયનો અંત લાવવો મુશ્કેલ, એવી વિચિત્રતાને વશે ઉત્પન્ન થયેલા શુભાશુભભાવો જે પુણ્ય પાપના કારણો, એરૂપે તે આત્મા થયો નથી. આહાહા ! આવું છે.

‘ વોચ્છામિ સમયપાહૂડં ’ એમ કહ્યું છે ને ? કહીશ હું, ત્યારે કહીશ તો એનો અર્થ કે એના સાંભળનારા કોઈ છે એને કહે છે ને ? વોચ્છામિ, કહીશ તો એનો અર્થ કે એના સાંભળનારા છે એને કહે છે ને ? આહાહા ! એને કહે છે કે તારો નાથ અંદર જે ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાયકભાવ પડયો છે ‘ એ કર્મના ચક્રના અંત લાવવા શુભાશુભનો મુશ્કેલ છે. ’ છતાં તે પુણ્ય-પાપને

ઉત્પન્ન કરનારાં શુભને અશુભ ભાવરૂપે તે દ્રવ્ય સ્વભાવ, કદી થયો જ નથી. છે ને ?

'જ્ઞાયકભાવથી જડભાવ ( રૂપે ) થયો નથી ' એમ કીધું. જોયું ? એ શુભાશુભને જડ કીધાં. જ્ઞાયક.. તે ચૈતન્યસ્વરૂપ ચૈતન્ય–પ્રકાશનો પુંજ અને શુભ–અશુભભાવ તો અંધારા છે, આહાહા ! ચૈતન્યના પ્રકાશનો શુભાશુભ ભાવમાં અભાવ છે. આહાહા ! એ પ્રકાશ, અંધારારૂપે કેમ થાય ? એમ જ્ઞાયક, શુભાશુભપણે કેમ થાય ? આહાહા ! તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. આ કારણે ભગવાન આત્મા જ્ઞાયકભાવ, શુભાશુભ પણે થયો નથી એથી એને ગુણસ્થાનના ભેદ પણ થતા નથી. આહાહા ! હવે એક છેલ્લી લીટી છે.

પ્રમાણ વચન ગુરુદેવ.

## પ્રવચન નં. ૨૧ ગાથા - ૬ તા. ૩૦-૬-૭૮ શુક્રવાર જેઠ વદ-૧૦ સં. ૨૫૦૪

શિષ્યનો પ્રશ્ન એમ હતો કે ' શુદ્ધ આત્મા ' જે તમે કહો છો, તે છે કોણ ? કેવો છે ? કે જેનું ' સ્વરૂપ ' જાણવું જોઈએ, અને જેને જાણવાથી હિત થાય અને અહિત ટળે. ઈ શું ચીજ છે ?

ત્યારે કહ્યું કે એ આત્મા અનાદિ–અનંત, નિત્ય ઉદ્યોતરૂપ, સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. એ સંસાર અવસ્થામાં પુણ્ય પાપને ઉત્પન્ન કરનાર, દુરંત કષાયચક્ર ( અર્થાત્ ) એનો જે ભાવ શુભાશુભ થાય છે, પણ એ શુભાશુભપણે જ્ઞાયક થતો તો નથી. એની અવસ્થામાં થાય છે.

જ્ઞાયકભાવ જે વસ્તુ છે, એ શુભાશુભપણે થતી નથી. જો એ પણે થાય તો... વસ્તુ છે જે જ્ઞાનરસ, જ્ઞાનપ્રકાશસ્વરૂપ અને શુભાશુભ છે અચેતન અંધારા સ્વરૂપ, એ રૂપે આત્મા થાય તો આત્મા જડ થઈ જાય, આહાહા ! તેથી એ શુભને અશુભભાવરૂપે જ્ઞાયક વસ્તુ જે છે પદાર્થ એ રૂપે નહિ થવાથી– શુભાશુભપણે નહિ પરિણમવાથી, એમાં પ્રમત્ત–અપ્રમત્તના પર્યાયના ભેદો એનામાં નથી. આહાહા !

મૂળ ગાથા છે છઠ્ઠીના લેખ કહે છે ને ! આહાહા ! જ્ઞાયકવસ્તુ–ચૈતન્ય. આહા ! જે એકલો જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ, વીતરાગરસ, સ્વરૂપે બિરાજમાન એ રાગરૂપે કેમ થાય ? આત્મા જિનસ્વરૂપી, વીતરાગ સ્વરૂપે બિરાજમાન જ્ઞાયકભાવ એ રાગરૂપે કેમ થાય ? આહાહાહા !

( શ્રોતાઃ ત્યારે રાગરૂપે કોણ થાય ? ) પર્યાયમાં રાગ થાય, વસ્તુમાં રાગ નથી ! આહા ! ચૈતન્યપ્રકાશનો ચંદ્ર શીતળ, શીતળ, શીતળ એવો ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ ( જ્ઞાયક ) એ અશીતળ એવા જે વિકાર ને આકુળતા એ રૂપે કેમ થાય ? આહાહા ! ભગવાન જિનચંદ્રસ્વરૂપ પ્રભુ ! આહા ! વસ્તુ શું છે ? ચૈતન્યના રસથી ભરેલો પ્રભુ એ અચેતન એવા શુભાશુભ પરિણામના ભાવપણે એ જ્ઞાયકભાવ વસ્તુસ્વભાવ કેમ થાય ? તેથી તે પ્રમત્ત–અપ્રમત્ત નથી. ત્યાં સુધી તો આવ્યું છે, છેલ્લી એક લીટી રહી છે, મુદ્દાની.

એને શુદ્ધ કેમ કીધો ? જ્ઞાયકભાવ એ શુભાશુભભાવે પરિણમતો નથી એ ચીજને શુદ્ધ તમે કેમ કીધી ? તો કહે છે, તે શુદ્ધ તો છે જ. પણ ભિન્ન ઉપાસવામાં કરવામાં આવતા એને શુદ્ધ જણાય છે. શું કહ્યું ? વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ છે. એ તો છે, પણ છે કોને ? આહાહાહા ! તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવો, અન્ય દ્રવ્યના ભાવ એટલે કર્મ–કર્મનો રસ આદિ, આહાહા !

વિકાર આમાં ન લેવો. આંહી તો અન્યદ્રવ્યોના ભાવ લેવા. એ અન્યદ્રવ્યના ભાવથી ભિન્ન પડતાં, વિકારથી ભિન્ન પડી જાય છે. ' ભાવ ' એમ કહેવું છે ને ! અન્ય દ્રવ્યોના ' ભાવો ' એટલે અત્યારે પુણ્ય-પાપના ભાવ ઈ આંહી નહીં. અન્ય દ્રવ્યોનો જે ' ભાવ ' અનુભાગ, એની શક્તિ, ' ભાવ ' એનાથી ભિન્ન, એનું લક્ષ છોડીને, એનાથી ભિન્ન, જ્યારે એનું લક્ષ છોડે ત્યારે વિકારનું લક્ષ પણ છૂટી જાય છે હારે. આહાહાહા ! આવો મારગ !

' તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ' અન્ય દ્રવ્યના ભાવથી, એ અર્થ કર્યો છે. ઓલામાં ' મોક્ષમાર્ગ-પ્રકાશક ' માં, ભિન્નપણે ઉપાસવામાં આવતાં, પોતે કર્યો છે આ અર્થ. શું કહ્યું ? અહીંયા આત્મા જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્ય સ્વભાવભાવ ત્રિકાળ એ પોતે શુભાશુભપણે થયો નથી, એવા શુદ્ધ સ્વભાવને ' શુદ્ધ ' કહ્યો કેમ ? છે તો એ શુદ્ધ ત્રિકાળ પણ જેણે અન્ય દ્રવ્યના ભાવનું લક્ષ છોડી અને સ્વદ્રવ્યની પર્યાયમાં એનું સેવન કરે, આહાહા ! એનો અર્થ એ થયો કે અન્ય દ્રવ્યના ભાવથી લક્ષ છૂટયું, એટલે સ્વદ્રવ્યના ભાવ તરફની ઉપાસના થઈ એટલે વિકારનું લક્ષ પણ એમાં ભેગું છૂટી ગ્યું. આહાહા !

માર્ગ એવો છે ભાઈ મૂળ ' દર્શનશુદ્ધિ ' ની વ્યાખ્યા છે આ તો. આહાહા ! મૂળ રકમ, મૂળ રકમ છે ઈ પવિત્ર ને શુદ્ધ જ્ઞાયક છે. પણ ' છે ' ઈ કોને ખ્યાલ આવે ? ' છે ' એ કોને પ્રતીતમાં આવે ? ' છે ' એનું જ્ઞાન કોને થાય ? ' છે તો છે. ' આહાહાહા !

અન્ય દ્રવ્યો ને દ્રવ્યના ભાવનું લક્ષ છોડી, જે અન્યદ્રવ્યના ભાવમાં અસ્તિત્વપણાનું જોર છે એ છોડી દઈ અને એનાથી છોડયું એટલે અંતર ચૈતન્ય જ્ઞાયકભાવ, એ તરફ એની પર્યાય ગઈ, આહાહા ! એ પર્યાયે એનું સેવન કર્યું. આહાહા ! એ પર્યાય જે વર્તમાન જ્ઞાન ને શ્રદ્ધાની પર્યાય છે, એ પરના લક્ષને છોડીને, સ્વના ચૈતન્યના- જ્ઞાયકભાવના લક્ષમાં જ્યાં આવ્યો ત્યારે એની પર્યાયમાં શુદ્ધતાનું સેવન થયું, એટલે કે શુદ્ધતામાં એકાગ્રતા થઈ, એકાગ્રતા થઈ એમાં જણાણું કે ' આ ' શુદ્ધ છે. ઝીણી વાત છે બહુ બાપુ ! આહાહાહા !

ચૈતન્યધામ પ્રભુ સ્વયં જ્યોતિ સુખધામ એનું સેવન એટલે પરના આશ્રયનું લક્ષ છોડી દઈ, અને સ્વ ચૈતન્ય જ્ઞાયકભાવ તેનું લક્ષ કરતાં, એ લક્ષ કયારે થાય ? કે એની પર્યાયમાં તેના તરફનું વલણ થાય ત્યારે, તો એ પર્યાયમાં દ્રવ્યનું સેવન થયું. છે ? ' તે સમસ્ત દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતાં ' વસ્તુ તો શુદ્ધ છે, પણ ભિન્નપણે ઉપાસવામાં આવતાં ' શુદ્ધ ' કહેવાય છે એને. એને શુદ્ધપણું જણાણું. પર્યાયમાં શુદ્ધ દશામાં ' આ શુદ્ધ છે ' એમ જણાણું, એને ' શુદ્ધ ' કહેવાય છે. આહાહા ! સમજાય છે ? છે સામે ?

એક કોર ભગવાન જ્ઞાયકભાવ અને એકકોર અનંતા દ્રવ્યો બીજાં બધાં. અહીં કર્મનું મુખ્યપણું કર્મ છે, એનાં તરફનું જે લક્ષ છે, આહાહા ! આંહીથી ( ત્રિકાળીથી ) લક્ષ તો અનાદિથી છૂટી ગયેલું છે. એથી એની પર્યાયમાં, ' આ શુદ્ધ છે ' એવી તો દૃષ્ટિ થઈ નહીં. તેથી, ' ભિન્નપણે સેવતાં ' અન્ય દ્રવ્યોનાં ભાવ ને દ્રવ્યથી જુદું પડતાં, જુદું પાડતાનો અર્થ એ કે દ્રવ્ય ઉપર લક્ષ જતાં, ઈ લક્ષ ગયું ઈ વર્તમાનમાં પર્યાયમાં શુદ્ધતા થઈ, એ શુદ્ધતા દ્વારા ' આ શુદ્ધ છે ' એમ જણાણું. આહાહા ! એને શુદ્ધ છે.

જેને શુદ્ધ છે, ઈ પર્યાયમાં અશુદ્ધતા જણાય છે અને અશુદ્ધતા ઉપર જ જેનો અનુભવ

અને પર્યાયબુદ્ધિ ઉપર જેની રુચિ–દૃષ્ટિ છે, એને તો શુદ્ધ છે નહીં. વસ્તુ ભલે શુદ્ધ છે, પણ એને શુદ્ધ છે નહીં, આહાહા ! ગજબ વાત છે સમયસાર !! એની એક એક ગાથા, એક એક પદ સર્વજ્ઞ અનુસારિણી ભાષા છે. ત્રિલોકનાથ, સર્વજ્ઞ પરમેશ્વર એમણે કહેલી ચીજ જ આ પ્રભુ કહે છે સંત. આહાહા ! અને તે ન્યાયથી તેના ખ્યાલમાં આવી શકે છે. ન્યાયથી ખ્યાલમાં આવે ને પછી અંદરમાં જાય તો અનુભવ થાય. આહાહાહા ! એક પદ રાખ્યું 'તું ને કાલ બાકી કારણ કે એ કાંઈ ઉકલે એવું નહોતું ઝટ. આહાહા !

એ જ જ્ઞાયક છે તેજ. તે...જ... એટલે તે...જ... તે...જ... એટલે જ્ઞાયક છે તે જ. તેજ ( અજવાળું ) નહીં. તે જ. એ ત્રિકાળજ્ઞાયક સ્વરૂપ, જેમાં પર્યાય નથી. જેમાં શુભાશુભ ભાવ નથી. જેમાં પ્રમત્ત અપ્રમત્ત ભેદ નથી. આહાહાહા ! એવી ચીજને, આહાહા ! ‘ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ’– અનેરા અનેક, આહાહા ! તીર્થંકર ને આંહી તો એ નોકર્મમાં છે, ખરું તો કર્મ જે છે અંદર, એના તરફનો ઉદયભાવ જે છે એના તરફનું લક્ષ છોડી દઈને, આહાહા ! પોતે જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. આહાહાહાહા ! ચૈતન્યચંદ્ર છે પ્રભુ તો. આહાહાહાહા ! વસ્તુ જિન ‘ ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન, આહાહા ! પણ મત મદિરાકે પાનસૌ મતવાલા સમજૈ ન ’ જેનો અભિપ્રાય રાગનો ને રુચિ પરની ને એવા રુચિવાળાને આ વસ્તુ છે તો જિન સ્વરૂપ. છે તો શુદ્ધ, શુદ્ધ કહો, જિનસ્વરૂપ કહો, જ્ઞાયક કહો, ધ્રુવ કહો, અભેદ કહો, સામાન્ય કહો ( એકાર્થ છે ) આહાહાહા ! એવી ચીજ હોવા છતાં અજ્ઞાનીને પર ઉપર લક્ષ છે તેથી તેની સમીપમાં ઈ દ્રવ્ય પડયું એની એને ખબર નથી. આહાહાહાહાહા ! પર્યાય એક સમયની સમીપમાં પ્રભુ પડયો છે, ભગવાન અનાકુળ આનંદનો નાથ, એક સમયની પર્યાય જે છે જ્ઞાનની– જાણવાની, એ પર્યાયની સમીપ જ પ્રભુ છે. આખું ધ્રુવ ચિદાનંદ પ્રભુ સમીપ જ પડયો છે, પણ ત્યાં તેની નજર ન હોવાથી, આહાહા ! ‘ સમયસાર ’ ૧૭–૧૮ ગાથામાં તો એમ કહ્યું કે એની વર્તમાન જ્ઞાનપર્યાય, ઝીણી વાત બાપા છે. આહાહા ! પ્રભુ ! તારી પ્રભુતાનો પાર ન મળે ! આહાહા ! જેની પ્રભુતાની પૂરણતા કથન કરવું કઠણ પડે. આહાહા ! એવો તું સર્વોત્કૃષ્ટ નાથ અંદર બિરાજે છે. આહા ! એને એક સમયની પર્યાયમાં પડેલો એને ઈ સમીપમાં છે ઈ નજરમાં ( આવતો નથી. ) પર્યાયનો સ્વભાવ તો એવો છે, શું કહ્યું ? જ્ઞાનની એક સમયની પર્યાયનો સ્વભાવ તો એવો છે, કે આખું દ્રવ્ય જ એ જાણે છે. આવો આવો સંઘવી. સમજાણું કાંઈ.. ? આહાહાહા ! એક સમયની પર્યાય જે છે જ્ઞાનની ઊઘડેલી, વર્તમાન, એમાં એ દ્રવ્ય જ જણાય છે. પણ, અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં નથી, આહાહાહા ! અનાદિની અજ્ઞાનીની દૃષ્ટિ દયા, દાન, વ્રત, કામ, ક્રોધનાં પરિણામ ને કાં એને જાણનારી એક સમયની પર્યાય, ત્યાં આગળ એ ઊભો છે બસ. આહાહા ! મિથ્યાદૃષ્ટિ છે, સત્યદૃષ્ટિથી વિરુદ્ધ દૃષ્ટિ છે.

સત્ય જે પ્રભુ જ્ઞાયક ભાવ કહો, સત્યાર્થ કહો, ભૂતાર્થ કહો, સત્ સાહેબ પૂર્ણાનંદનો પ્રભુ, આહાહા ! એની ઉપર એની નજર નથી, છે તો પર્યાયમાં જણાય એવો એ ચીજ, જણાય જ છે. શું કહ્યું ? જ્ઞાનની પર્યાયમાં જણાય છે તો એ જ પરમાત્મા કહે છે, પ્રભુ એમ કહે છે. ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, એના કેડાયતો સંતો, ઈ એમ કહે છે કે પ્રભુ એમ કહે છે. પ્રભુ એક વાર સાંભળ ! તારી વર્તમાન જે જ્ઞાનની એક સમયની દશા, એનો સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી, ભલે તું

તારી નજર ત્યાં ન હોય, પણ પર્યાયમાં દ્રવ્ય જ જણાય છે. આહાહાહા ! અરેરે ! એ ક્યાં વાત છે ? ક્યાં જાવું છે ને કોણ છે, એની ખબરું ન મળે ! આહાહા !

ભગવાન આત્મા ત્રિલોકનાથ એમ કહે, પ્રભુ તું જેવડો મોટો પ્રભુ છો, એવડો તારી એક સમયની પર્યાયમાં, અજ્ઞાનમાં પણ પર્યાયમાં જણાય છે. કેમ કે, પર્યાયનો સ્વભાવ છે જ્ઞાનની ( પર્યાય ) સ્વપરપ્રકાશક તો ઈ પર્યાયમાં સ્વ પ્રકાશે તો છે પણ તારી નજર, ત્યાં નથી. આહાહાહા ! તારી નજર, કાં દયા કરી ને.. ભક્તિ કરી ને.. વ્રત પાળ્યાં ને.. પૂજાઓ કરી એવો જે રાગ, એના ઉપર તારી નજર છે. એ નજરને લઈને, રાગની આગળ જે જ્ઞાનપર્યાય છે રાગને જાણનારી, એ જ પર્યાય સ્વને જાણનારી છે, પણ તેમાં તારી નજર નહીં હોવાથી, તને રાગ ને પર્યાય જણાય છે, તે મિથ્યાબુદ્ધિ છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ?

પણ, જેની દૃષ્ટિ પરદ્રવ્ય ને ભાવ ઉપરથી છૂટી જઈ, આહાહાહા ! અને ભેદ પર્યાયના, પર્યાય એમાં નથી, એથી પર્યાયમાંથી લક્ષ છૂટી જઈ. આહાહા ! અન્યદ્રવ્યના ભાવથી લક્ષ છૂટી, એનો અર્થ અન્ય દ્રવ્યના ભાવના/ભાવથી લક્ષ છૂટયું, તો રાગથી પણ છૂટયું અને રાગથી છૂટયું ને પર્યાયથી પણ લક્ષ છૂટી ગયું. આહાહાહાહા ! આવી વાત બાપુ. સમ્યગ્દર્શનની પહેલી ધર્મની ચીજ ! એવી ચીજ છે બહુ ( ઘણાં ) લોકો એમ ને એમ જિંદગી ગાળીને ચાલ્યા જશે તત્ત્વની દૃષ્ટિ કર્યા વિના. ઈ તો ચોરાશીના અવતાર કર્યા બાપા ! ચોરાશીના અવતાર ! એ કોઈ ત્યાં નથી તારું, ને તું ત્યાં નથી. ત્યાં જઈને અવતરશે. આહાહા !

તો, એકવાર જ્યાં પ્રભુ છે ત્યાં નજર કરને ! જ્યાં ભગવાન ચૈતન્યસ્વરૂપ છે પ્રભુ એકલો અખંડ આનંદનો કંદ પૂર્ણાનંદ ચૈતન્યરસથી ભરેલો જિનસ્વરૂપ આત્મા છે. એ ત્રિકાળ જિન સ્વરૂપી પ્રભુ વીતરાગ છે. એને પરનું લક્ષ છોડી, રાગનું લક્ષ છોડી, રાગને જાણનારની પર્યાયે આમ લક્ષ છોડયું તો એનાથી પણ લક્ષ છૂટી ગ્યું. આહાહાહા ! અને એનું લક્ષ જ્યાં આત્મા ઉપર ગયું ત્યારે પર્યાયમાં શુદ્ધતા પ્રગટી. બહુ છઠ્ઠી ગાથા મુદ્દાની રકમ છે. આહાહા !

' અન્ય દ્રવ્યોના સમસ્ત ' સમસ્ત લીધું ને ? તેમાં તીર્થંકરેય આવ્યા ને તીર્થંકરની વાણી આવી-એના ઉપરથી પણ લક્ષ છોડી દે. આહા ! ' સમસ્ત અન્ય દ્રવ્ય ' અને એના ' ભાવ ' આહાહાહા ! ભગવાનનો ભાવ તો કેવળજ્ઞાન, કર્મનો ભાવ પુણ્ય પાપનો રસ, એ બધાથી લક્ષ છોડી દે. આહાહા ! અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે સેવવામાં આવતાં, એને જુદો, રાગથી નિમિત્તથી જુદો, આત્મા જ્ઞાયક ભગવાન પૂર્ણ સ્વભાવથી ભરેલો જિનચંદ્ર વીતરાગી શીતળ સ્વભાવથી પૂરણ ભરેલો ભગવાન એના ઉપર લક્ષ જતાં, એટલે કે એની પર્યાયમાં તેનું લક્ષ થતાં, એટલે કે એની પર્યાયમાં દ્રવ્યનું લક્ષ થવું એ એની સેવા છે. આહાહા ! એ દ્રવ્યની સેવા. આહાહા ! કેટલું ભર્યું છે એમાં, હેં ? આહાહા ! અરેરે ! જગત ક્યાં પડયું છે અને ક્યાં ચાલ્યું જાય છે અનાદિથી રખડતું, ચોરાશીના અવતાર કરી કરીને કાગડાનાં કૂતરાનાં નિગોદનાં ભવ કરી મિથ્યાત્વથી રખડી મર્યો છે, સાધુયે થ્યો અનંતવાર દિગંબર સાધુ અનંતવાર થ્યો, પણ દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર છે, આહાહા ! જ્યાં ભગવાન પૂરણ સ્વરૂપ છે, તેની ઉપાસના, એનો અર્થ કે એનો સ્વીકાર-એનો સત્કાર એટલે કે એનો આશ્રય.

' એ ભિન્નપણે ઉપાસવામાં આવતો ' શુદ્ધ કહેવાય છે '. એ રાગ ને પર્યાયનું લક્ષ છોડી,

સ્વરૂપની સેવા કરનાર એટલે સ્વરૂપનું લક્ષ થતાં તેની પર્યાયમાં શુદ્ધતા જે થાય, એ શુદ્ધતાએ દ્રવ્યને સેવી એટલે શુદ્ધતાએ દ્રવ્યનો સ્વીકાર કર્યો. એ શુદ્ધતાની પર્યાયે, શુદ્ધ દ્રવ્યનો સ્વીકાર કર્યો. એથી શુદ્ધની પર્યાયમાં શુદ્ધ જણાણું, એને શુદ્ધ કહેવામાં આવે છે. આહાહાહા ! ગંભીર ભાષા છે ભાઈ આ તો !!

આ તો ઓગણીસમી વાર વંચાય છે. સમયસાર પહેલેથી તે ઠેઠ ( છેલ્લે સુધી ) કોઈ વાર દોઢ વરસ, કોઈ વાર બે વરસ, કોઈ વાર અઢી વરસ, એમ અઢાર અઢાર વાર ચાલી ગયું છે. આ ઓગણીસમી વાર શરૂ થાય છે. આહાહાહા ! ગજબ વાત છે !

વીતરાગ ત્રણલોકના નાથ એની વાણી, એ સંતો આડતીયા થઈને જાહેરાત કરે છે. પ્રભુ તું કોણ છો ? એ તને ક્યારે ખબર પડે ? તું છો જ્ઞાયક જેમાં શુભાશુભ ભાવ છે જ નહીં, તેથી એમાં પર્યાયભેદ છે જ નહીં. પણ, એ ક્યારે તને ખબર પડે ? ‘ છે તો છે શુદ્ધ ’ .

તું જ્યારે પરનાં લક્ષને છોડી દઈ અને દ્રવ્યને ધ્યેય બનાવ, દ્રવ્યને ધ્યેય બનાવીને જે પર્યાયમાં એનો સત્કાર થયો, ઉપાસના થઈ, શુદ્ધતા પ્રગટી એ સમ્યગ્દર્શન જ્ઞાનની પર્યાયમાં આ શુદ્ધ છે એમ જણાય છે. સમજાણું કાંઈ ? આહાહા ! આવી વાત છે કઠણ વાત છે બાપુ ! વીતરાગ મારગ મળ્યો નથી લોકોને બહારની પ્રવૃત્તિને એ રાગમાર્ગ સંસાર માર્ગ છે, એમાં પડયો છે, પચ્યો છે. અત્યારે તો પૂજા, ને ભક્તિ, વ્રત ને તપ, અપવાસ એ બધો રાગમાર્ગ છે, અન્ય માર્ગ છે, જૈનમાર્ગ એ નથી. આહાહાહાહા !

આંહી પ્રભુ એમ કહે છે, તારી પ્રભુતા કોણ છે એમ તેં પૂછયું ’તું અને એનું ‘ સ્વરૂપ ’ જાણવું જોઈએ એમ તેં પૂછયું ’તું તો એનો ઉત્તર આ છે કે એ ચીજને પર( દ્રવ્ય ) ઉપરનું બિલકુલ લક્ષ, સંપૂર્ણ પરદ્રવ્ય અને ભાવનું લક્ષ છોડી દઈ, પૂરણ જ્ઞાયકભાવ શુદ્ધભાવ ઉપર ( લક્ષ ) જતાં જે પર્યાયમાં શુદ્ધતા થાય, સમ્યગ્દર્શન થાય, તે જીવને એ શુદ્ધ કહેવામાં આવે છે. પર્યાયની શુદ્ધતાનું ભાન થયું, સમ્યગ્દર્શન થયું, એ અંતરના લક્ષને લઈને અંતરના આશ્રયને લઈને– અંતરનાં સત્કાર ને સ્વભાવના સન્માનને લઈને, ત્યારે તે જીવને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. આકરી વાત છે બાપા ! આહાહા !! શું થાય ?

આ અનંતકાળ વયો ગયો એમને એમ, જૈનમાં અનંતવાર જન્મ્યો, અનંતવાર ભગવાનના સમવસરણમાં પણ અનંતવાર ગયો. આહાહા ! પણ આંહી જે જાવું છે ત્યાં ન ગયો, અને એની રીત શું છે એની પણ ખબર ન પડી. આહાહા ! આ એક લીટીમાં આવો ભાવ ભર્યો છે ઈ તો પાર પડે એવું નથી બાપા. આહાહા !! એ ભગવાનની વાણી ને એનાં ભાવ, જે અંતરમાં ભાસે એટલું તો ભાષણમાં આવે નહીં, ભાસે એટલું ભાષણમાં નો આવે. આહાહાહા ! સાક્ષાત્ આવી વાણી પડી છે જુઓને. આહાહા ! તે જ્ઞાયકભાવ, પુણ્ય–પાપપણે થયો નથી. એટલે પુણ્ય પાપનાં થનારાં, એનું કારણ એવો જે શુભાશુભભાવ એ પણે પ્રભુ જ્ઞાયકભાવ તો થયો જ નથી. તેથી તે પ્રમત્ત–અપ્રમત્ત એને લઈને પર્યાય તેમાં નથી. આહાહા !! ચૌદ ગુણસ્થાનના ભેદો પણ એમાં નથી.

એવો જે અભેદ ભગવાન જ્ઞાયક શુદ્ધ, એકરૂપ પ્રભુ એ, કોને શુદ્ધ કહેવાય ? કોણ એને શુદ્ધ કહે કે જે શુદ્ધ તરફનો સત્કાર શુદ્ધનો કરી અને પરદ્રવ્યનો જેને આશ્રય અને સત્કાર છૂટી

ગયો છે. આહાહા ! ભગવાન પૂર્ણાનંદ સિવાય, પર ચીજની કોઈપણ અધિકતા, વિશેષતા, અચિંત્યતા, ચમત્કાર છૂટી ગ્યો છે બધો, આહા ! અધિક હોય તો ય હું, શુદ્ધ હોય તો ય હું, ચમત્કારીક ચીજ હોય તો ય હું, પ્રભુ હોય તો ય હું. સમજાણું કાંઈ ? આહાહા ! !

આવું છે, અરેરે ! જિંદગિયું જગતમાં મજૂરી કરીને હાલી જાય જગત. મજુરી બધી આ.. બાયડી, છોકરા ને ધંધા, મજુર મોટા રાગના છે. આહાહા ! અને કદાચિત્ શુભભાવમાં આવ્યો ને શુભ કરે, તો ય એ રાગની મજૂરી છે. મજૂર આહાહા ! શુભરાગ એ મજૂરી છે, એ તારી ચીજ નહીં પ્રભુ તારી ચીજમાં તો પર્યાયે ય નથી. એવી ચીજને પકડતાં જે પર્યાય થાય એ પર્યાય( ની ) શુદ્ધતામાં આ શુદ્ધ છે એમ જણાય. આહાહા !

એ દયા, દાનના વિકલ્પ ને વ્રતના ભાવથી એ જણાય એવો નથી. કારણ કે એ તો રાગ છે. એ તો દુઃખ છે, રાગ છે. વ્રત તપ ભક્તિ પૂજા રાગ, દુઃખ છે એ તો. આહાહા ! અને ભગવાન તો આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદનો ગાંઠડો છે. આહાહા ! એની સેવા એટલે એનો સત્કાર, એનો આદર, એનું અધિકપણું બીજી બધી વસ્તુથી, એ અધિકપણું ભાસતાં જે પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય, એને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. આહાહાહા ! ગજબ વાત છે ને ! આ પ્રભુનાં વચનો છે બાપુ બાકી બધાં થોથાં છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? કાંઈ એટલે ? સમજાય તો તો પ્રભુ અલૌકિક વાત છે. પણ સમજાણું કાંઈ ? એટલે કઈ પદ્ધતિથી કહેવાય છે ? કઈ રીતથી કહેવાય છે એની ગંધ આવે છે ? એમ. આહાહા ! !

અરેરે, એણે મૂળ વાત મૂકીને બીજે પકડીને બેઠો અનાદિથી. આહાહા ! મૂળ ભગવાન પડયો છે ત્યાં જાતો નથી, હેં ? રાંકા પામર પુણ્યને પાપનાં ભાવ ભિખારા રાંકા છે, પામર છે, પામરને પકડીને બેઠો એક સમયની પર્યાય પણ પામર છે. આહા..હાહા ! સમ્યગ્દૃષ્ટિ જીવને પૂર્ણતાની પ્રાપ્તિ પર્યાયમાં જણાય છતાં એ પર્યાય, કેવળજ્ઞાનની પાસે પણ પામર છે. તો જ્યાં હજી પર્યાયમાં શું વસ્તુ છે એ જણાણી નથી ને પરને જાણીને ( પર્યાયમાં ) બેઠો છે ઈ તો ભિખારામાં ભિખારી પર્યાય છે રાંકા પર્યાય છે, રાંક પર્યાય છે. જેમાં ભગવાન આવ્યો નથી, જે પર્યાયમાં પામર પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, રાગ-પામર જેમાં આવે છે, એ પર્યાય તો ભિખારા, આહાહા ! પામર છે.

આંહી તો આવી પર્યાયમાં, જેણે શુદ્ધ અન્ય દ્રવ્યની સેવાથી ભિન્ન પડી અને શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ એનો આદર થયો ને પર્યાયમાં એનો સત્કાર થયો, ત્યારે પર્યાયમાં સમ્યગ્દર્શન થયું, એ સમ્યગ્દર્શને આ શુદ્ધ છે એમ જાણ્યું. આહાહા ! એ સમ્યગ્દર્શન પણ કેવળજ્ઞાનની આગળ પામર છે અને ત્રિકાળી વસ્તુની પાસે પણ એ પામર છે. આહાહાહા !

નિત્ય પ્રભુ શુદ્ધ ચૈતન્ય ધાતુ, ચૈતન્ય ધાતુ ચૈતન્યપણું જ જેણે ધારી રાખ્યું છે, જેમાં પુણ્ય ને પાપ, દયા દાન, વ્રત વિકલ્પની ગંધ નથી. પર્યાય ચૌદગુણસ્થાનની જેમાં ગંધ નથી. આહાહા ! અરે તેરમું ગુણસ્થાન ' સયોગી કેવળી ' એ પણ જેનાં-વસ્તુમાં નથી, કારણ કે ઈ પર્યાય છે. આહાહા ! એવા ભગવાનને જેણે શોધ્યો, સાધ્યો અને શુદ્ધ છે તેમ પર્યાયમાં અનુભવ થયો, તેને એ, આત્મા જ્ઞાયક ને શુદ્ધ છે, ભૂતાર્થ છે એમ કહેવામાં આવે છે. આહાહાહા ! આવી વાત છે બાપુ, અત્યારે તો મુશ્કેલી પડે એવું છે. અત્યારે તો શ્રદ્ધાના નામના

ગોટા મોટા છે. ભલે મોટા વ્રત પાળેને ભક્તિ કરે ને વ્રત કરે ને કરોડો રૂપિયા ખર્ચે મંદિરોમાં ને એ બધા ગોટા છે. ( શ્રોતાઃ ફોફાં ખાંડે છે ! ) ફોફાં ખાંડે છે. રાગની કદાચ મંદતા હોય તો એ પુણ્ય ને થોથાં છે. આહાહા ! એમાં જનમ મરણનો અંત નથી પ્રભુ ! એ તો જનમ મરણનાં બીજડાં છે, બધાં આહાહા !

એ શુભભાવ પણ મારો છે ને હું કરું છું એવો મિથ્યાત્વભાવ, આહાહા ! એ અનંતા ચોરાશીના અવતારનો એ ગરભ છે, એમાંથી અનંતા અવતાર નિગોદ ને નરક ને પશુના ને ઢોરના અવતારો થશે. આહાહાહા ! ન્યાં કોઈની સફારશ કામ નહીં આવે કે અમે ઘણાંને સમજાવ્યાં ’તા ને.. ઘણાં વાડામાં જૈનમાં ભેગાં કર્યા ’તા ને.. આહાહા ! બાપુ, એ વસ્તુ જુદી છે. આહાહા ! આંહી તો બોલવાનો વિકલ્પ પણ જ્યાં મારો નથી. આહાહા ! ભગવાન ત્રણલોકના નાથ આત્મા ને એની વાણી પણ મારી નથી. આહા ! એના લક્ષમાં જાઉં તો મને રાગ થાય, એ લક્ષ છોડીને ચૈતન્ય ભગવાન જ્ઞાયકભાવ પરમપિંડ પ્રભુ પડયો છે, એક સમયની પર્યાયની પાસે જ પડયો છે, ત્યાં નજર કરતાં, જે નજરમાં સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય, એને આ આત્મા શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

છઠ્ઠી ને અગિયારમી ગાથા તો અલૌકિક છે. આ તો છેલ્લા એક પદની વ્યાખ્યા ચાલે છે. આહાહા ! પાર નથી એનો, આહાહા ! સમ્યગ્દૃષ્ટિ–જ્ઞાની સંતો, આત્માના આનંદના અનુભવીઓ આહાહાહા ! એવા સંતની વાણીનું શું કહેવું ! ?

‘ તે જ ’ એટલે જ્ઞાયક, તે પુણ્ય પાપપણે થયો નથી પ્રમત્ત–અપ્રમત્તપણે થયો નથી. પ્રભુ દ્રવ્ય તે જ, તે જ વસ્તુને. ‘ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતા ’ એની સેવા કરે તો એની સેવા એટલે, સત્કાર ને આદર કરે દૃષ્ટિમાં તો એને એ દ્રવ્ય શુદ્ધ છે. આહાહા ! ! લ્યો, એટલું હાલ્યું.

હવે ચોથા પદની વ્યાખ્યા. ઝીણું છે પ્રભુ શું થાય ?

‘ પ્રભુનો મારગ છે શૂરાનો, કાયરનાં કામ નથી ત્યાં ’ આહાહા ! એ પુણ્ય પાપમાં, પુણ્યમાં ધરમ ને પાપમાં અધર્મ માનનારાં પામરો મિથ્યાદૃષ્ટિ, એવા જીવોનું અહીં કામ નથી કહે છે. આહાહા ! ! અહીંયાં તો પુરુષાર્થી અંતરમાં, આહાહા ! ! અંતર સ્વરૂપનો સ્વીકાર કરનારો પુરુષાર્થ છે તેવા પુરુષાર્થવાળાની વાતું છે આ તો. આહાહા ! ! હવે, ત્રીજા પદની ચોથા પદની વ્યાખ્યા ચાલે છે.

‘ દાહ્યના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે ’ શું કહે છે ? અગ્નિને ‘ બાળનારી ’ કહેવાય છે. એ બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી, એ લાકડાને, છાણાંને બાળે ત્યારે, આકાર તો એવો થાય ને.. ? જેવા છાણાં ને લાકડાં છે એવો આકાર થાય ને એનો ? પણ એ આકાર કાંઈ એને લઈને થયો નથી, ઈ તો અગ્નિનો આકાર છે. અડાયું છાણું હોય ‘ અડાયું ’ સમજ્યા ? જે અમથું છાણ પડયું હોય, ને સૂકાઈ ગયું હોય. અને આમ છાણ ભેગું કરીને છાણાં કરે–થાપે તે છાણું, તે છાણ પડયું હોય ને સૂકાઈ ગયું હોય અને લઈ લે એને આપણે કાઠિયાવાડમાં ‘ અડાયું ’ કહે છે. તમારી કાંઈક ભાષા હશે. તો એ છાણું જેવું સૂકું હોય એને અગ્નિ બાળે તો આકાર તો એવો થાય એનો પણ એ આકાર અગ્નિનો છે. એનો નથી.

બળવાયોગ્ય વસ્તુને આકારે થઈ માટે જ્ઞેયને આકારે પરાધીન અગ્નિ થઈ –ઈ બળવા યોગ્યને આકારે થઈ પરાધીન એમ નથી. આહાહા ! હજી તો આ દૃષ્ટાંત છે હોં ? આત્મામાં તો પછી ઊતરશે. આહાહાહા ! અરે !

'દાહ્યના બળવાયોગ્ય પદાર્થના આકારે' એટલે ? છાણું લાકડું કોલસા તેના આકારે અગ્નિ થવાથી દહન– બાળનાર કહેવાય છે. છે ને દહન એટલે બાળનાર. 'તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી' બળવા યોગ્ય પદાર્થનો જેવો આકાર અહીં થયો, માટે તેની અપેક્ષાથી ત્યાં આકાર થયો છે, એવી અશુદ્ધતા પરાધીનતા એને નથી. એ અગ્નિનો આકાર થયો છે એ પોતાથી થયો છે. એવે આકારે અગ્નિ પોતાથી થઈ છે. એ છાણું ને લાકડું ને કોલસો એ આકારે અગ્નિ થઈ માટે એ બળવાયોગ્યને આકારે થઈ, તો બળવાયોગ્ય અગ્નિને પરની પરાધીનતા છે એમ નથી. આહાહાહાહા ! છે ?

'બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી' અગ્નિને 'બાળનાર' કહેવાય છે' તો.. 'બાળનાર' તો અવાજ એવો આવ્યો કે બળવાયોગ્ય છે તેને બાળે છે એટલે કે એને આકારે થઈ છે, એમ નથી. એ વખતે પણ અગ્નિ પોતાને આકારે થયેલી છે. આહાહા ! બળવા યોગ્ય પદાર્થને આકારે અગ્નિ થઈ, એ અગ્નિ પોતાને આકારે સ્વયં પોતાથી થઈ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

હજી તો આ દૃષ્ટાંત છે. પછી, સિદ્ધાંત તો અંદર ઊતરશે.

તો આ દાહ્યકૃત બળવાયોગ્ય પદાર્થને આકારે થયેલી હોવાથી, અશુદ્ધતા અગ્નિને નથી. એ અશુદ્ધતા અગ્નિને, એને લઈને નથી. ઈ તો અગ્નિ પોતાને આકારે થયેલી છે, જે આકાર છે એ અગ્નિનો આકાર છે, બળવાયોગ્ય પદાર્થનો આકાર એ નથી. આહાહાહા ! 'તેવી રીતે જ્ઞેયાકાર થવાથી' જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જ્ઞેય જણાવા યોગ્ય, પદાર્થનો આકાર અહીં આવવાથી, એ જાણે કે જ્ઞેયકૃત આકાર છે, એમ નથી ! એ તો જ્ઞાનનો પોતાનો જ આકાર એ રીતે પરિણમ્યો છે. આહાહા !

ફરીને.. એકદમ સમજાય એવું નથી આ, આહાહા ! જેમ બળવાયોગ્યને આકારે અગ્નિ– થવાથી, અગ્નિને બળવાયોગ્ય પદાર્થની અશુદ્ધતા એટલે પરાધીનતા એને નથી. અગ્નિ પોતે જ એ આકારે થઈ છે. તેવી રીતે જ્ઞેયાકાર જ્ઞાનમાં, શરીર વાણી, મન, મકાન, પૈસા આમ દેખાય.. આકાર, એને આકારે આંહી જ્ઞાન થયું માટે તે જ્ઞેયાકારની અપેક્ષાથી થયું એવું જ્ઞાનના આકારને પરાધીનતા નથી. જ્ઞાન સ્વયં, પોતે તે રૂપે તે આકારે થયું છે. પરને જાણવા કાળે, પરચીજ જેવી છે તે આકારે જ્ઞાન થયું, પણ તે જ્ઞાન, જાણવાલાયક છે એને કારણે થયું છે, એમ નથી. એ જ્ઞાન જ પોતે તે આકારે (સ્વયં) પરિણમ્યું છે પોતાથી સ્વતંત્ર. આહાહા !

'જ્ઞેયાકાર થવાથી' એટલે હવે શું એ જરી સૂક્ષ્મ લઈએ. જે રાગ થાય છે ને સમકિતીને જ્ઞાનીને પણ, રાગ થાય, તો રાગ જેવું જ્ઞેયાકાર થાય રાગના જેવી આંહી જ્ઞાનની પર્યાય થાય, પણ એથી જ્ઞાનની પર્યાય રાગને લઈને થઈ છે, એમ નથી. આહાહા ! એ જ્ઞાનની પર્યાય તે આકારે પરિણમે એવી સ્વતંત્ર પોતાથી થઈ છે. આહાહા ! ધર્મી જીવને– આત્મજ્ઞાન થયું છે એને હજી રાગ આવે, તો રાગ આકારે આંહી જ્ઞાન થાય, પર્યાયમાં જેવો રાગ છે, તેવું અહીં જ્ઞાન થાય પણ તેથી તે જ્ઞાન આકાર, રાગના આકારે થયું માટે પરાધીન છે, એમ નથી. એ જ્ઞાનાકાર

રાગનું જ્ઞાન થઈને જ્ઞાનાકાર જ્ઞાન પોતે પોતાથી જ પરિણમ્યું છે. એ જ્ઞેય– રાગને લઈને નહીં.

કોને આ પડી છે ? આખી દુનિયા, આહાહાહા ! બાવીસ કલાક, ત્રેવીસ કલાક બાયડી છોકરાં ધંધા પાપ એકલાં પાપ કલાક વખત મળે, સાંભળવા જાય, ત્યાં બધું ઊંધું મારે બધું એનો કલાક લૂંટી લ્યે તમને આમ ધરમ થાશે ને... તમને આમ થાશે.. તમને આનાથી થાશે ને આહાહા ! અરે.. જિંદગીયું ચાલી જાય છે. પરમાત્માનો પોકાર છે પ્રભુ ! તને તેં તારા સ્વભાવનો, સ્વીકાર કરીને શુદ્ધતા જાણી, હવે એ શુદ્ધતા જે પર્યાયમાં આવી, થઈ, એ જ્ઞાન તેનામાં રાગાદિ હજી થાય છે એ રાગનું જ્ઞાન આહીં થાય છે. તેથી તે રાગ જેવો છે તેવું જ જ્ઞાન આંહી થાય, માટે જ્ઞેયકૃત અશુદ્ધતા આંહી થઈ–જ્ઞાન એ આકારે થયું માટે જ્ઞેયકૃત અશુદ્ધતા થઈ તેમ નથી.

એ જ્ઞાનનો સ્વભાવ જ; તે પ્રકારે રાગસંબંધીનું જ્ઞાન, પોતાનું, પોતાથી થયેલું છે એવી એની સ્વાધીનતા છે. આહાહા ! મારગ વીતરાગનો ઝીણો બાપુ ! અરે, અત્યારે તો ક્યાંય મળતો નથી ભાઈ ! શું કહીએ ? સાંભળવા મળતો નથી, કરે તો ક્યાં છે ? આહાહાહા !

શું કહે છે ? કે સમ્યગ્દૃષ્ટિને, પોતાની પર્યાયમાં શુદ્ધ ત્રિકાળ છે એવું જણાણું, એથી એને શુદ્ધ કહ્યું. હવે, આ બાજુમાં આ બાજુમાં જતાં શુદ્ધની પર્યાય પ્રગટી એમાં શુદ્ધ જણાણો, માટે એને શુદ્ધ કહ્યું. હવે, આ બાજુમાં રાગ આદિ જણાય છે હજી બાકી રાગ છે, એ રાગ જણાય છે માટે તે ‘ રાગનો જાણનારો છે તેમ જ્ઞાન છે ? ’ તો કહે ‘ ના. ’

એ રાગસંબંધીનું જ્ઞાન, રાગઆકારે થયું એ જ્ઞાન, પોતાને આકારે થયું છે. એ રાગને કારણે થયું નથી, એનો સ્વપરપ્રકાશક સ્વભાવને કારણે એ પરપ્રકાશકપણે જ્ઞાન થયું છે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ? ભાષા સમજાય છે ને ? આવો મારગ છે ભાઈ શું કરીએ ? આહાહા ! !

આંહી તો સમકિતીને જ્ઞાનીને આત્માનું જ્ઞાન થયું કે ત્રિકાળ શુદ્ધ છે. એવી પર્યાયમાં જ્ઞાન થયું, એથી એને શુદ્ધ કહેવામાં આવે છે. હવે, એની પર્યાયમાં રાગ થાય છે અને એની પર્યાયમાં આ શરીર, મકાન આદિ જણાય છે. તો જ્ઞાન, તે જેવું જ્ઞેય છે તે આકારે આંહી જ્ઞાન થાય છે, માટે તે જ્ઞાનની પર્યાય જ્ઞેયને કારણે ( થઈ ) એટલી પરાધીનતા છે ? તો કહે, ના. એ જ્ઞેયકૃત જ્ઞાન થયું નથી, એ જ્ઞાનનો પોતાનો સ્વભાવ જ પરપ્રકાશનો–તે પ્રકારનો છે તે રૂપે થયું છે. આહાહાહા ! ગહન વિષય છે બાપુ ! !

અરેરે ! સત્યરૂપે હાથ ન આવે ત્યાં સુધી મરી જવાના છે બિચારાં ચોરાશીના અવતારમાં રખડી–રખડીને, સોથા નીકળી ગ્યા છે બાપુ ! પ્રભુ તો કહે છે, કે તારા દુઃખનાં એક ક્ષણ–તારા એક ક્ષણનાં દુઃખ નર્કનાં પ્રભુ કરોડો ભવથી ને કરોડો જીભથી ન કહી શકાય. એવા દુઃખો તેં એક ક્ષણમાં વેઠયાં છે. એવાં–એવાં તેત્રીસ સાગર ને એવાં અનંતકાળ, આહાહા ! ભાઈ એ મિથ્યાત્વને લઈને એ બધું છે બાપુ. આહાહા ! તો સમ્યગ્દર્શન વિના, એ ચોરાશીના અવતારમાં મરી જઈશ બાપા, રખડીને ક્યાંય અંત નહિ આવે ભાઈ. આહાહા ! !

એવું જે સમ્યગ્દર્શન, આહાહા ! જેણે ત્રિકાળી શુદ્ધને પકડયો અને જ્ઞાનની પર્યાયમાં શુદ્ધતા ને આનંદનો સ્વાદ આવ્યો અને ‘ સ્વપ્રકાશક ’ પર્યાય જ્ઞાનની થઈ, હવે એને પણ હજી

થોડું –પૂરણ કેવળજ્ઞાન નથી એથી એને રાગ આવે છે, તો એ રાગનું આંહી જ્ઞાન થાય છે. રાગ જેવો હોય મંદ રાગ તો મંદનું, તીવ્ર હોય તો તીવ્રનું–તો એ રાગ છે, તો રાગકૃત–રાગઆકારે જ્ઞાન થયું છે ? કે જ્ઞાનની પોતાની જ્ઞાનકૃત, પોતાનો આકાર તે પ્રકારે થવાને કારણે થયું છે ? આહાહા !

અરે, આવું બધું વાણિયાને ધંધા આડે સૂઝે ક્યાં. આહાહા ! વાણિયાને જૈન ધરમ મળ્યો. આહાહા ! મારગ ઝીણો ભાઈ. ઓહોહો ! ગજબ વાત કરે છે ને ! !

પ્રભુ તને કહે છે કે આત્માનું જ્ઞાન થયું, પણ હવે એ શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન થયું પર્યાયમાં, શુદ્ધ છે એમ ભાસ્યું, પણ હવે એ પર્યાયમાં જે હજી રાગ થાય છે. અને તે પર્યાયનું જ્ઞાન હજી છે એમાં પરનું જ્ઞાન શરીરનું, સ્ત્રીનું, કુટુંબનું જેવા ભાવે ( થાય ) એ રીતે આંહી જ્ઞાન થાય છે. તો ઈ જ્ઞેય છે એની અપેક્ષાથી તેવું જ્ઞાન થયું છે ? કે એ જ્ઞાનનો પરપ્રકાશનો સ્વતઃસ્વભાવ હોવાથી, પરની અપેક્ષા વિના, પોતે જ્ઞાનકૃત, પરનું જાણવાનો ભાવ થયો એ જ્ઞાતાનું કાર્ય છે. આહાહા ! સમજાણું કાંઈ.. ?

ફરીને.. અહિંયા તો ( જ્ઞાયક ) જણાણો એને હવે પર જણાય છે એ શું એ વાત હાલે છે. ( સાધકની ) આહાહા ! જેને આત્માનું જ્ઞાન નથી, એની તો વાત છે જ નહીં. એ તો પરાધીન થઈને, મિથ્યાત્વમાં પડયા રખડી મરવાના છે. આહાહાહા ! જેને, એ આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ જિન સ્વરૂપી વસ્તુ એ જિનના પરિણામમાં જિનસ્વરૂપી જણાણો, શુદ્ધ પરિણામમાં શુદ્ધ વસ્તુ જણાણી એને શુદ્ધ કીધું.

હવે, આ બાજુમાં ? આહાહા ! કે આ બાજુમાં જ્ઞાનની પર્યાય, હજી જેવો રાગ થાય, દ્વેષ થાય તે પ્રકારે તે જ્ઞાન તેવું ( જ ) જાણે તેથી તે જ્ઞાન, તે જ્ઞેયકૃતને કારણે અશુદ્ધ છે ? એટલે પરાધીન છે ? કે ‘ ના ’. એ જ્ઞાનનો તે વખતનો સ્વભાવ જ, સ્વને પ્રકાશવાના કાળમાં પરને પ્રકાશવાનો સ્વભાવ સ્વતઃ છે, એ સ્વતઃપણે જ્ઞાન, રાગને જાણતું પરિણમે છે. આહાહા ! “ તે જ્ઞાયકનું જ્ઞાન છે, તે રાગનું જ્ઞાન નહીં ” એમ કહે છે. આહાહા ! અરેરે ! આ ચીજ મળે નહીં જ્યાં હજી શું કરે ? આહા ! અરે, અનંતભવ થયાં, આહાહા ! જૈનસાધુ થયો, દિગંબર સાધુ અનંતવાર થયો પણ આ રાગની એકતા તોડીને સ્વભાવનું જ્ઞાન કર્યું નહીં, અને સ્વભાવનું જ્ઞાન થવામાં પરની કોઈ અપેક્ષા છે નહીં.

હવે, આંહી તો પરનું જ્ઞાન કરવામાં પણ પરની અપેક્ષા નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ?

સમજાય એટલું સમજવું પ્રભુ આ તો.. ત્રણલોકના નાથની વાતું છે બાપા, જેને ઈંદ્રો ને ગણધરો સાંભળે, આહાહા ! એ વાત બાપુ કાંઈ સાધારણ વાત હશે ? આહાહા !

‘ જ્ઞેયાકાર થવાથી તે ભાવને ’ તે ભાવને એટલે જ્ઞેયાકાર થયેલું જે જ્ઞાન, તે ભાવને ‘ જ્ઞાયકપણું ’ પ્રસિદ્ધ છે–ઈ ‘ જાણનારો ’ છે એમ પ્રસિદ્ધ છે, પણ એ ‘ જાણનારો ’ છે એ શું ? ‘ તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી ’ રાગ જણાય છે ને તેવું આંહી જ્ઞાન થાય છે માટે રાગની અપેક્ષા રાખીને જ્ઞાન થયું છે અહીંયાં, એમ નથી. આહાહાહા !

વિશેષ કહેવાશે... વખત થઈ ગયો.

## પ્રવચન નં. ૨૨ ગાથા - ૬ તા. ૧-૭-૭૮ શનિવાર જેઠ વદ–૧૧ સં.૨૫૦૪

બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને દહન નામ બાળનાર કહેવામાં આવે છે. અગ્નિ, બળવાલાયક પદાર્થને આકારે થવાથી, તે અગ્નિને ‘ બાળનાર ’ એમ કહેવામાં આવે છે, જાણે કે પરને બાળતો હોય એમ કહેવામાં આવે, ( શું કહ્યું ? ) કહેવામાં આવે છે, તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી એ અગ્નિ જે બળવાલાયકરૂપે થઈ, પણ એ કંઈ બળવાલાયક પદાર્થને કારણે, અગ્નિ એ આકારે થઈ એમ નથી. આહાહા ! આવું છે.

એ અગ્નિ પોતે જ પોતાના સ્વભાવથી, પોતાને પ્રકાશતી અને પરને પ્રકાશતી રૂપે પોતે જ પરિણમે છે, અગ્નિરૂપે, અગ્નિરૂપે. એ બાળે છે એને આકારે થઈ અગ્નિ માટે એટલી પરાધીનતા થઈ, એમ નથી. અગ્નિ, પોતે જ પોતે પોતાના આકારે પરિણમેલી છે.

‘ જ્ઞેયાકાર થયો, એ જ્ઞાનાકાર પોતાનો છે. ’ આવું છે, છે ને ? ‘ તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી ’ તેવી રીતે, જ્ઞેયાકાર થવાથી, જ્ઞાયક, જાણક સ્વભાવ પોતાને જાણ્યો. અને બીજી ચીજના આકારે જ્ઞાન પરિણમ્યું–જ્ઞેયાકાર થવાથી તે ભાવને, તે જાણકભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે, ‘ જાણનાર ’ છે એવું એ પ્રસિદ્ધ છે. ‘ તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. ’ ‘ જાણનાર ’ જણાવાયોગ્યને આકારે થયું જ્ઞાન, છતાં તેને જણાવાયોગ્યને કારણે, એ જ્ઞાનની પર્યાય થઈ, એમ નથી. આહાહા ! એ તો જ્ઞાનાકારરૂપે પરિણમન જ પોતાનું એ જાતનું છે. સ્વને જાણવું છે અને પરને જાણવાનો પર્યાય થયો. એ પોતાથી થયો છે, પરવસ્તુ છે રાગાદિ તેથી અહીંયાં રાગનું જ્ઞાન તેપણે થયું એમ નથી. આહાહા ! !

ત્યાં સુધી તો આવ્યું ’તું !

‘ કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં ’ જે જ્ઞાન છે એ જે જ્ઞેય જણાવાલાયક પદાર્થને આકારે અવસ્થામાં એ જ્ઞેયાકાર અવસ્થામાં, જ્ઞાયકપણે જે જણાયો, એ તો જ્ઞાયકપણે જણાયો છે, પરપણે જણાયો છે, એમ છે નહીં. આહાહા ! જાણવાના પ્રકાશ કાળે, જ્ઞેયને રાગને જાણતાં છતાં એ રાગને આકારે જ્ઞાન થયું એમ નથી, એને કારણે નથી. એ તો પોતાનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે, સ્વને પ્રકાશ્યો છે અને રાગને પ્રકાશે છે, એ સ્વની પ્રકાશશક્તિને કારણે પ્રકાશે છે એ રાગને કારણે પરને પ્રકાશે છે ? એવું જ્ઞેયાકાર, જ્ઞેયને કારણે અશુદ્ધતા પરાધીનતા થઈ એમ નથી. આહાહા ! આવું છે. ન્યાયનું તત્ત્વ ઝીણું બહુ. આહાહા ! છે ?

‘ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો ’ જોયું ? એ રાગનું જ્ઞાન થયું એમ કહેવું એ વ્યવહાર છે. એ રાગસંબંધીનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન પોતાનું થયું છે. આહાહા !

( શ્રોતાઃ પોતાનું જ્ઞાન કહેવું એ ભેદ થયો ને ? ) ભેદ છે, એટલો કર્તા–કર્મ સિદ્ધ કરવું છે ને ? કેમ કે આંહી તો કર્તા પર્યાયને સિદ્ધ કરવી છે. સ્વને જાણનારું જ્ઞાન અને પરને જાણનારું જ્ઞાન, એવું સ્વ–પરપ્રકાશક જ્ઞાન, તે આ જ્ઞાયકનું કાર્ય છે, કર્મ છે, આત્મા તેનો કર્તા છે. રાગ છે.. એનું આંહી જ્ઞાન થયું માટે રાગ કર્તા છે ને જ્ઞાનાકાર–રાગને આકારે જ્ઞાન થયું તે રાગનું કાર્ય છે, એમ નથી. ઝીણી વાત છે બાપુ બહુ. આહાહા ! શુકનલાલજી ! આ શુકનની વાતું ચાલે

છે આ. પ્રથમ, પ્રથમ. આહાહા !

આચાર્યે એમ કહ્યું હતું ને ? કે મારો અને પરનો મોહ હણાવા માટે હું કહીશ. આહાહાહા ! એવું અમૃતચંદ્રાચાર્યે એમાંથી કાઢયું ( કહ્યું ) જેમ પોતે કાઢયું ત્રીજા શ્લોકમાં, કે હું આ ટીકા કરું છું, તેમાં મારી શુદ્ધતા થજો કેમકે અનાદિની મને અશુદ્ધતા છે, મુનિ છું આચાર્ય છું, પણ હજી અશુદ્ધતાનો અંશ અનાદિનો છે, આહાહા ! તો આ ટીકાના કાળમાં પાઠ એવો છે કે ટીકાથી.. પણ એનો અર્થ એ છે કે ટીકાના કાળમાં મારું લક્ષજોર દ્રવ્ય ઉપર છે, એનાં જોરે અશુદ્ધતા ટળજો, એમ આચાર્ય પોતે કહે છે કે હું જે આ સમયસાર કહીશ, એ મારા ભાવ અને દ્રવ્યસ્તુતિથી કહીશ અને ભાવવચન ને દ્રવ્યવચનથી કહીશ. આહાહા ! સામાના દ્રવ્યવચન અને દ્રવ્યસ્તુતિ નથી કીધી, સામામાં તો અનંત સિદ્ધને સ્થાપ્યા છે. એ સ્થાપ્યા છે ( એટલે કે ) જે સ્થાપે છે, તેને આ સ્થાપ્યા છે એમ કહેવામાં આવે છે. આહાહા !

અહીંયાં તો કહે છે હું આ ‘ વંદિતુ સવ્વસિદ્ધે ’ સર્વ સિદ્ધોને સ્થાપ્યા છે, મેં મારી પર્યાયમાં, એનું નામ ‘ વંદિતું સવ્વસિદ્ધે ’ કેમકે ધ્યેય જે સાધ્ય જે આત્મા એના ધ્યેયના સ્થાને સિદ્ધ છે, માટે સિદ્ધને હું નમસ્કાર કરું છું, એટલે કે સિદ્ધને જે મારી પર્યાયમાં સ્થાપુ છું એ મારી પર્યાય, પોતે સિદ્ધપણાને પામશે અને સિદ્ધ એવું મારું સ્વરૂપ, પર્યાય તે તરફ જશે જ, માટે મેં એને વંદન કર્યું છું, માટે મેં મારી પર્યાયમાં એને સ્થાપ્યા છે. આહાહા !

અને શ્રોતાઓ પણ.. બધા શ્રોતાઓએ નહીં ( પરંતુ ) જે શ્રોતાઓ, જેણે પોતાની જ્ઞાનની પર્યાયમાં અનંતા સિદ્ધને મેં સ્થાપ્યા એમ કહ્યું પણ એ ( શ્રોતાપોતે ) સ્થાપે જ્યારે, આહાહા ! એની એક સમયની અલ્પજ્ઞ અવસ્થા, એમાં મેં કહ્યું એ સાંભળ્યું એણે, સાંભળીને એની પર્યાયમાં અનંતા સિદ્ધને સ્થાપે, એટલે કે રાગથી પૃથક થઈને, જ્ઞાનની પર્યાયમાં સ્થાપે એનું લક્ષ જેમ અરિહંતના દ્રવ્યગુણપર્યાયને જાણનારો પોતાને જાણે એમ કહ્યું, એમ અનંતા સિદ્ધોને જેણે પર્યાયમાં સ્થાપ્યા, એણે અનંતા સિદ્ધોને પર્યાયમાં જાણ્યા. આહાહા !

એક સમયની જ્ઞાનની પર્યાયે અનંતા સિદ્ધોને જાણ્યા એ તો એક અરિહંતને જાણ્યા કહો કે અનંત અરિહંતને જાણ્યા કહો, અનંત સિદ્ધને જાણ્યા કહો કે એક સિદ્ધને જાણ્યા કહો બધું એક જ છે. આહાહા ! એ અનંતા સિદ્ધ જે ( મારી ) અલ્પજ્ઞ દશામાં, અનંત જે સર્વજ્ઞો છે, એ સ્થાપ્યા મે મારામાં, એ તો મારી વાત રહી, મેં સ્થાપ્યા પરમાં પણ એ સ્થાપે ત્યારે પરમાં સ્થાપ્યા એમ વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા !

એની અલ્પજ્ઞ દશામાં અનંતા સર્વજ્ઞોને વંદે છે એટલે કે સ્થાપે છે. આહાહા ! આહાહા ! એ અનંતા સિદ્ધોને જે પર્યાય જાણે ને સ્થાપે એ પર્યાય વિવેક કરીને દ્રવ્ય તરફ ઢળ્યા વિના રહે નહીં. આહાહાહા ! આવી વાતું છે ઘણી ગંભીર, ગાથાઓ જેમ જેમ ઊંડું જાશે ને એમ એનાં તળિયાં બહુ ઝીણાં બહુ !

એવા શ્રોતાઓ જે છે કે જેણે પર્યાયમાં અનંતા સિદ્ધોને પોતે પોતાથી સ્થાપ્યા છે. ‘ મેં સ્થાપ્યા છે ’ એ તો નિમિત્તથી છે. આહાહાહાહા ! એવા શ્રોતાઓને સિદ્ધપણું પોતાનું સ્વરૂપ છે તેની દૃષ્ટિ થાય છે, અને તે શ્રુતકેવળી અને કેવળીએ કહેલું છે, તો એ પણ જીવ શ્રુતકેવળી થશે જ, શ્રુતકેવળી એટલે સમકિતી. જેણે અનંતા સિદ્ધોને પોતાની અલ્પજ્ઞ પર્યાયમાં સ્થાપ્યા છે.

અરે, બાપુ એ કંઈ વાત છે ? આહાહા !

જેની પર્યાય અલ્પજ્ઞ એક સમયની, ( છદ્મસ્થને ) ભલે અસંખ્ય સમયે ઉપયોગ થાય એમાં અનંતા સિદ્ધોનું જ્ઞાન કરે અને પર્યાયમાં સ્થાપે એટલે કે રાખે. આહાહાહા ! જેની પર્યાયમાં અનંતા સિદ્ધો રહે. આહાહાહાહા ! એવું જેણે પોતે કર્યું એવા શ્રોતાને અહીંયા લીધા છે. આહાહાહા ! બાકી તો આમ અનંતવાર ભગવાન ( અરિહંત ) પાસે સાંભળ્યું, એ વાત છે નહીં. ભગવાન પાસે તો અનંતવાર સાંભળ્યું છે. આહાહા ! પણ જે શ્રોતા, પોતાની એક સમયની અલ્પજ્ઞ અવસ્થા હોવા છતાં અનંતા સર્વજ્ઞો સિદ્ધોને અલ્પજ્ઞમાં સ્થાપું, રાખું છું, આહાહાહા ! એનું લક્ષ અને દૃષ્ટિ દ્રવ્ય ઉપર જશે અને તેના લક્ષે સાંભળશે, એ સાંભળતાં, તેની અશુદ્ધતા ટળી જશે એ લક્ષને કારણે, સાંભળવાના કારણે નહીં. સમજાણું કાંઈ ?

અને મારો મોહ પણ એમ લખ્યું છે ભાઈ અનાદિનો મારો મોહ એમ લખ્યું છે પહેલી ગાથામાં તેમ લખ્યું છે, જેમ ત્રીજા શ્લોકમાં એમ લખ્યું છે કે અનાદિનાં કલુષિત પરિણામ મારામાં છે. આહાહા ! આચાર્ય છું પણ છે. આહાહા ! એક બાજુ એમ કહેવું કે સમ્યગ્દૃષ્ટિને રાગ છે જ નહીં, દુઃખ છે જ નહીં–ઈ તો કઈ અપેક્ષાએ ? અનંતાનુબંધી અને મિથ્યાત્વની અપેક્ષાએ ( સમ્યગ્દૃષ્ટિને ) દુઃખ અને રાગ નથી. આહાહા !

અહીંયાં તો આચાર્ય પોતે કહે છે, અરે ! કુંદકુંદાચાર્ય આ ગાથાના અર્થની ટીકા કરતાં ( અમૃતચંદ્રાચાર્ય ) પોતે કહે છે કે મારામાં મોહ છે. એ મોહ ક્યારનો છે ? અનાદિનો છે. છે ભાઈ ? પહેલી ગાથામાં કહ્યું છે કે મારો મોહ અનાદિનો છે. આહાહાહાહા ! એ જ વાત ત્રીજા કળશમાં અમૃતચંદ્રાચાર્યે લીધી છે. આહાહા ! એ મોહ મારામાં, અસ્થિરતાનો હોં ! સમ્યગ્દર્શન–જ્ઞાનચારિત્ર તો છે, મુનિ છે ને ? આનંદનો અનુભવ છે, પણ એની સાથે થોડો રાગ, અનાદિનો છે. એ અનાદિનો છે ગયો તો ને થયો છે, એમ નથી. આહાહા ! શ્રી કુંદકુંદાચાર્યની ગાથાની ટીકા કરનાર શ્રીઅમૃતચંદ્રાચાર્ય એમ કહે છે, કે શ્રી કુંદકુંદાચાર્ય આમ કહેવા માગે છે. આહાહા ! પ્રભુ તમે ક્યાં એમના જ્ઞાનમાં–હૃદયમાં વયા ગ્યા તમે ? કે એવી વસ્તુની સ્થિતિ છે એમ અમે કહીએ છીએ. આહાહાહા ! પોતાનો ( આત્મા ) ભગવાન અરિહંતના એકના દ્રવ્ય ગુણને પર્યાયને જાણે, તો એ જાણનારો આત્માને જાણે એમ કહ્યું. તો, આ તો અનંતા સિદ્ધને જે પર્યાયમાં જાણે એટલે કે સ્થાપે. એ એને સમ્યગ્દર્શન સ્વના લક્ષે થયા વિના રહે નહીં. આહાહાહા ! અને તે શ્રુતકેવળી એટલે સમકિતી. શ્રુતકેવળી એટલે ઓલું એ નહીં વિશેષ જ્ઞાન કે એનું કાંઈ નહીં પણ એ શ્રુતકેવળી થાય અને પછી કેવળી થશે. આહાહાહાહા ! ગજબ વાત છે ને !!

આ સિદ્ધાંત કહેવાય, એક એક શ્લોકનો પાર આવે નહીં, એની ગંભીરતા સંતોની દિગંબર મુનિઓ, આહાહાહા ! એની વાણી એ વાણીમાં ગંભીરતા ને ઊંડપનો.. પાર ન મળે !

એ અહીંયાં કહે છે, જ્યારે આપના આત્માને અમે ‘ જ્ઞાયક ’ કહ્યો અને જ્ઞાયકપણે ‘ જ્ઞાયક ’ જણાયો, તો ‘ જાણનારને તો જાણ્યો ’ પણ ‘ જાણનાર ’ છે એમ કહેવાય છે તો પરને પણ જાણે છે એવું થયું એમાં, કે પરને જાણે છે ભલે એમ કહીએ પણ ખરેખર તો પર છે તેને જાણે છે, એમ નથી. પર રાગાદિ થયા તેને જાણે છે, એ રાગને લઈને જાણે છે એમ નથી પણ ઈ જ્ઞાનની પર્યાયનું સ્વ–પરપ્રકાશક સામર્થ્ય જ એનું છે કે પોતે પોતાને જાણે છે જ્ઞાયક જ્ઞાયકને,

પર્યાયની વાત છે અહીં હોં દ્રવ્યને તો જાણે છે. આહાહાહા! ગજબ વાત છે! વસ્તુ સ્વરૂપ ચિદાનંદ પ્રભુ ' જ્ઞાયકપણે તો જણાયો ' લક્ષમાં આવ્યો, દૃષ્ટિમાં આવ્યો. પણ એને ' જાણનારો ' કહીએ છીએ તો સ્વ-પરપ્રકાશક ( હોવાથી ) પરને ' જાણનારો ' એમાં આવ્યું, તમે તો સ્વને જાણ્યો અને પરનું જાણવું પણ એ એમાં આવ્યું ? ત્યારે કહે છે ' પરને જાણવું એ એમાં નથી આવ્યું ( પરંતુ ) પરસંબંધીનું જ્ઞાન પોતાને પોતાથી થયું છે, તેવા ' જ્ઞાયકને ' જ્ઞાન પર્યાયે, જ્ઞાનને જાણ્યું, એ જાણનારની પર્યાયને એણે જાણી. સમજાણું કાંઈ ? આકરું કામ બહુ બાપુ, મારગ એવો મારગ છે વીતરાગ સર્વજ્ઞનો. ' સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી; અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે. ' આહાહા !

અહીંયા કહે છે કે મારા અને તારા મોહના નાશ માટે, આહાહાહાહા ! કોલકરાર ! એટલો બધો પ્રભુ, પોતાના મોહના નાશ માટે તો ભલે અસ્થિરતા છે ( માટે કહો ) પણ.. શ્રોતાને ? પણ શ્રોતાને મેં સિદ્ધ કહ્યા ને ? અનંતા સિદ્ધોને એણે પર્યાયમાં સ્થાપ્યા છે ને પોતે. આહાહા ! ( શ્રોતાઃ પોતે સ્થાપ્યા છે ) મેં સ્થાપ્યા છે એ તો મેં વાત કરી. આહાહા ! એક સમયની અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપ્યા. એ પર્યાય અંદર ઝૂકીને દ્રવ્ય તરફ જ જાય. એટલી પર્યાયમાં અનંત સર્વજ્ઞોને રાખ્યા, એ પર્યાય સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ એના ઉપર જ એનું લક્ષ જાય. જેણે એક સમયમાં પર્યાયમાં અનંતા સર્વજ્ઞોને સ્થાપ્યા.., રાખ્યા.., આદર્યા, સત્કાર કર્યો.., સ્વીકાર કર્યો અને તે એક સમયમાં, અનંતા સર્વજ્ઞને જાણ્યા. તે સમયની પર્યાય જાણીને એને જાણે છે ને ? આહાહા !

તેનો આત્મા જ્ઞાયકપણે તો જણાણો એને, પણ એ ' જ્ઞાયક ' છે એટલે કે ' જાણનારો ' છે એમ કહીને પરને જાણે છે, એવું જે આવે, તો પરને આકારે જ્ઞાન થયું તે પરને લઈને થયું એમ નથી. ધર્મીને પણ હજી રાગ આવે ને રાગનું જ્ઞાન થાય, બારમી ગાથામાં કહેશે, ' જાણેલો પ્રયોજનવાન ' ભાષા તો ચારે કોર એક અવિરોધ વાતને સિદ્ધ કરે છે. આહાહા !

એ જ્ઞાયકપણામાં જે રાગ- વ્યવહાર આવ્યો ને જણાયો તે રાગ છે તેને એ જાણે છે, અને રાગ છે માટે અહીંયાં રાગનું જ્ઞાન, જ્ઞેયાકારે જ્ઞાન થયું એમ નથી. આહાહાહા ! આવો મારગ એટલે સાધારણ માણસને બિચારા શું કરે ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ અનંત જૈન પરમેશ્વરનું આ બધું કથન છે. એકમુનિનું કહો કે અનંતા તીર્થંકરનું કહો કે અનંતા સંતોનું કહો. આહાહા ! અને મુનિ તો જિન, પર્યાયમાં ત્રણ કષાયનો અભાવ થઈ જિન દશા જેને પ્રગટી છે, આહાહા ! એને મુનિ કહીએ. તે મુનિ કહે છે કે ' હું આ સમયસારને કહીશ '. આ ' કહીશ ' એમાં તો વિકલ્પ છે ને ? વિકલ્પ છે પણ મારું જોર ત્યાં નથી હું તો ત્યાં સ્વભાવ તરફના જોરને લક્ષે વાત ત્યાં કરીશ, મારું જોર ત્યાં સ્વભાવ ઉપર વધશે અને અશુદ્ધતા ટળી જશે એમ સાંભળનારને પણ અનંતા સિદ્ધોને જેણે સ્થાપ્યાં, તેને સાંભળતાં... સ્વલક્ષે સાંભળે છે અને પૂરણ વાત આવશે એમાં, એથી એનો પણ સ્વલક્ષ થઈને મોહ ટળશે. અને અસ્થિરતા પણ એની ટળી અને પહેલું શ્રુતકેવળી થશે એટલે સમકિતી થશે. શ્રુત કેવળીએ કહેલું છે, અને એ શ્રુતકેવળી પોતે થશે એટલે સમકિતી થશે અને પછી કેવળી થશે. આહાહા ! કહો શુકનલાલજી ! આ ગાથાનો આવો અર્થ છે. પાર પડે નહીં એવું છે. આહાહા ! દિગંબર સંતો એટલે કેવળીના કેડાયતો, બાકી બધી

કલ્પનાએ વાતું કરી સૌએ. આહા ! આનાં તો એક–એક શબ્દની પાછળ કેટલી ગંભીરતા છે ભાવમાં.

એ કહે છે કે ભલે અમે ‘ જ્ઞાયક ’ કહીએ છીએ અને જ્ઞાયકને જાણ્યો અમે અને ‘ જાણનારે ’ પણ જાણ્યો હવે એને જાણનારો છે તો પરનો ય જાણનારો છે, એમ ભેગું આવ્યું, સ્વપરપ્રકાશક છે ને ? તો, પરનો જાણનારો છે માટે પરને જાણે છે, એ પર છે તેને એ આકારે જ્ઞાન થયું ( તો ) જેવું પર છે તે સ્વરૂપે જ્ઞાન થયું તો એટલી તો જ્ઞેયકૃત અશુદ્ધતા આવી કે નહીં ? એટલી જ્ઞેયકૃત પ્રમેયકૃત પરાધીનતા આવી કે નહીં ? કે ‘ ના. ’ આહાહાહા ! એ તો રાગના જ્ઞાનકાળે, શરીરના જ્ઞાનકાળે તે જ્ઞાન–જ્ઞાયકપણાની પર્યાયપણે જ જણાયો છે, એ રાગની પર્યાય તરીકે ને રાગથી જ્ઞાન થયું છે, એમ જાણ્યું નથી. આહાહા ! કો, સુરેન્દ્રજી ! છે આવી વાતું ? આહાહા ! અરે, પ્રભુ તને ખબર નથી ભાઈ, આહાહા ! તારું દ્રવ્ય અને તેની પર્યાય એનું સામર્થ્ય કેવું છે, આહાહા ! દેવીલાલજી ! ક્યાં બેઠા ત્યાં, આવો અહીં આવો. સમજાણું કાંઈ ? આહાહા !

અમે તો કહે છે કે રાગ ને શરીરને જે કંઈ દેખાય તે કાળે તેને આકારે જ્ઞાન થયું, માટે એને કારણે થયું એમ નથી. અમારો જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે સ્વને જાણતાં પરને જાણવાનો પર્યાય મારો પોતાથી પોતામાં થયો છે એને અમે જાણીએ છીએ. આહાહાહા ! અરે, પ્રભુ એની વાણી તો જુઓ ! આહાહા ! એ સંતોની વાણી સાક્ષાત્ મળે અને એ આહા.. હા ! ગજબ વાતું છે ને ! ! એ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો જોયું ? જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે એ જ્ઞાનની પર્યાયપણે એ જણાણો છે, જ્ઞાનની પર્યાય તરીકે એ જણાણો છે, પરની પર્યાય તરીકે જણાણો છે એમ નથી. આહાહા !

ભાઈ ! મારગ બહુ ઝીણો બાપુ અને જેના ફળ પણ અનંત સંસારનો અંત. આહાહા ! અનંત સંસારનો અંત અને અંત વિનાની પર્યાય સાદિ અનંત પ્રગટે. આહાહા ! બાપુ ! એ મારગડા કોઈ અલૌકિક હોય છે. આહાહા ! એ જ્ઞેયાકાર અવસ્થામાં, છે ? એ જ્ઞેય– રાગને જાણવાની અવસ્થામાં પણ જ્ઞાયકપણે જે જણાયો છે, એ જ્ઞાયકની પર્યાયપણે એ જણાયો છે, રાગની પર્યાય તરીકે જણાયો છે એમ છે નહીં. આહાહાહા !

છે ને સામે પુસ્તક છે ? આહાહા ! ‘ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી ’ એટલે ? રાગને ને એ વખતે શરીરની ક્રિયા થાય, તે રીતે જ્ઞાન પોતે પરિણમે ને જાણે, છતાં એ જ્ઞેયકૃતની અશુદ્ધતા પરાધીનતા જ્ઞાનના પરિણમનને નથી. આહાહા ! એ જ્ઞાનનું પરિણમન જે થયું તે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો, ‘ એ જાણનારો જણાયો છે ’ એમાં જણાય એવી ચીજ જણાઈ નથી. જે જણાય છે એ ચીજ જણાઈ નથી. એ ‘ જાણનારો જણાયો છે ’ ત્યાં, આહાહાહા ! ગૂઢ વાતું છે ભાઈ. આહાહા ! અલૌકિક ચેતનસ્વરૂપ જ અલૌકિક છે બાપુ. આહાહા !

એની એક સમયની પર્યાયમાં સર્વજ્ઞને સ્થાપીને, આહાહા ! ગજબ કામ કર્યું છે ને ? ( સંસારથી ) ઉપાડી લીધા છે, જેણે એને સ્થાપ્યા અનંતા સિદ્ધોને, એને સંસારથી ઉપાડી લીધા છે, આહાહા ! એને હોં ? એકલા શ્રોતા તરીકે એમ નહીં. આહાહા !

જેણે અનંતા સિદ્ધોને પોતાની પર્યાયમાં સ્થાપ્યાં અને એને જ્ઞાનનું, જ્ઞાયકનું જ્ઞાન થયું તે જ્ઞાન રાગને જે શરીરને જાણે તેથી તેને જ્ઞેયકૃત–પ્રમેયકૃત અશુદ્ધતા ન થઈ, એ તો જ્ઞાયકની જ પર્યાય, તેને એ જાણે છે એ રાગને જાણવા કાળે રાગ આકારે જ્ઞાન થયું, એ રાગને કારણે

જ્ઞાન તે આકારે થયું એમ નથી. તે કાળે જ્ઞાન જ પોતાના જ્ઞાનાકારે થવાનો પર્યાયનો સ્વભાવ છે તે રીતે થયું. તો તે વખતે રાગ જણાયો નથી, જાણનારાની પર્યાય, તેને એણે જાણી છે. સમજાણું કાંઈ ? આહાહાહા !

તે ‘ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો ’ ‘ તે ’ ‘ સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ પોતે જણાણો છે ’ શું કીધું ઈ ? ( ફરમાવો ) કે, આ જ્ઞાયકપ્રભુ પોતાને જ્ઞાયક તરીકે જ્યાં જાણ્યો, સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જણાયો, તે વખતે જે જ્ઞાનમાં, રાગાદિ પર જ્ઞેય જણાય, તે કાળે પણ તે રાગને જાણ્યું છે એમ નહીં, રાગસંબંધીનું પોતાનું જ્ઞાન, પોતાથી થયું છે તેને તે જાણે છે. જ્ઞેયાકારના કાળમાં, પણ પોતાની અવસ્થાને જાણે છે. અને સ્વરૂપ-પ્રકાશનની અવસ્થામાં પણ, બે વાત લીધીને ? શું કીધું ? ‘ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો, તે ‘ સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ દીવાની જેમ, પોતે જણાણો છે ’ આહાહા ! સ્વરૂપ-પ્રકાશનની અવસ્થામાં પણ જેમ જ્ઞેયાકારના જ્ઞાન કાળે પણ જ્ઞાનની પર્યાય( પણે ) જણાયો છે એ પર્યાય એની ‘ જાણનારો જે છે ’ તેની પર્યાય જણાણી છે એમ સ્વરૂપ પ્રકાશનની અપેક્ષાએ પણ, આહાહા ! દૃષ્ટાંત આપ્યું છે. ‘ દીવાની જેમ ’; કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી... જ્ઞાયક જ છે.

એટલે ? પોતે જાણનારો માટે પોતે ‘ કર્તા ’ અને પોતાને જાણ્યો માટે પોતે ‘ કર્મ ’ આહાહા ! આ પર્યાયની વાત છે હો, જાણનારને જાણ્યો અને પ્રમેયને જાણ્યું એ જાણવાનું પર્યાયનું કાર્ય કર્તા જ્ઞાયક, એનું એ કાર્ય છે. એ રાગ-વ્યવહાર જાણ્યો માટે વ્યવહાર કર્તા અને જાણવાની પર્યાય કર્મ- કાર્ય એમ નથી. આહાહાહા ! કેટલું સમાડયું છે ?

ઓલો કહે કે મેં પંદર દિવસમાં સમયસાર વાંચી નાખ્યું બાપા ભાઈ, તારો પ્રભુ કોણ છે ? અરે, એને જાણવા માટે ભાઈ, આહાહા ! અરે ! અનંતકાળના પરિભ્રમણમાં કોઈ દિ ’ આ સાચો પ્રયત્ન એણે કર્યો જ નથી. ઊંધે પ્રયત્ને એણે માન્યું કે અમે કંઈક કરીએ છીએ, ધર્મ કરીએ છીએ, હેરાન થઈને ચારગતિમાં રખડે છે. આહાહા !

આંહી કહે છે, ભગવાન આત્મા જ્યારે સર્વજ્ઞપણે સ્થાપ્યો ને જ્યારે એને સર્વજ્ઞ સ્વભાવીનું ભાન થયું, આહાહા ! ત્યારે તેણે સ્વ-જાણનારને તો જાણ્યો, પણ તે વખતે પરને જાણ્યું છે એ વખતે પણ, જાણનારની પર્યાયને જ એ જણાયો છે. ‘ જાણનારની પર્યાય તરીકે એ જણાયો છે ’ રાગની પર્યાય તરીકે છે માટે જાણે છે એમ નથી. આહાહા ! !

આ તો પુસ્તક સામે છે, ક્યા શબ્દનો ( શું ) અર્થ થાય છે ? આહાહા !

ભગવાન પરમાત્મા, એની વાણી અને મુનિઓની વાણી બે( માં ) ફેર નથી. આહાહા ! મુનિઓ આડતિયા થઈને સર્વજ્ઞની વાણી કહે છે. ભાઈ ! તમે સાંભળી નથી. આહાહા ! તું કોણ છો ? અને તું કોણ જાણનારો છો ? કે હું જ્ઞાયક છું અને હું મારી પર્યાયને જાણનારો છું. આહાહા ! એ જ્ઞાનની પર્યાય એ મારું કાર્ય છે ‘ કર્મ ’, કર્મ એટલે કાર્ય અને ‘ કર્તા ’ હું ( છું. ) ખરેખર તો, પર્યાય ‘ કર્તા ’ ને પર્યાય જ ‘ કર્મ ’ છે. પણ, અહીં જ્ઞાયકભાવ કર્તા તરીકે સિદ્ધ કરીને, જ્ઞાનપર્યાય તેનું કાર્ય છે-એમ સિદ્ધ કર્યું છે. આહાહા ! ખરેખર તો તે જ્ઞાનની પર્યાય તેનું ‘ કાર્ય ’ છે અને તે વખતનો પર્યાય જે છે તે જ એ પર્યાયનો ‘ કર્તા ’ છે. આહાહા !

આખું દ્રવ્ય છે એ તો ધ્રુવ છે એ તો કર્તા કહેવું એ તો ઉપચારથી છે. આહાહા ! સમજાણું ?

ધ્રુવ છે એ તો પરિણમતું નથી બદલતું નથી. બદલનારી પર્યાય જે જ્ઞાયકને જાણનારી થઈ, એણે પરને જાણવાકાળે પણ, પોતાના જ્ઞાનરૂપ પરિણમ્યો તે પોતે જ ‘ કર્તા ’ ને પોતે જ પોતાનું ‘ કર્મ ’ છે. રાગ ‘ કર્તા ’ ને આ જ્ઞાનની પર્યાય તેનું ‘ કાર્ય ’ થયું એમ છે નહીં. આહાહાહા ! જેના એક પદમાંથી બહાર નીકળવું કઠણ પડે એટલી તો ગંભીરતા છે એમાં. આહાહા ! બાપુ પ્રભુ તું મહાપ્રભુ છો ભાઈ તું મહાપ્રભુ છો.. ને તારી પર્યાય પણ મહાપ્રભુની છે જે જણાયો છે, એની એ પર્યાય છે આહાહા ! એ પ્રભુની પર્યાય છે. એ રાગની નહીં. આહાહાહા !

આ જ્ઞાનમાં સ્વ જ્યાં જણાયો અને જ્યાં જાણ્યો, તે વખતે આ પરને જાણવું ત્યાં થાય છે ને ? કહે છે કે એ પરનું જાણવું થયું ઈ પરને લઈને જાણવું થયું એમ નથી. એ જાણવાનો પર્યાય જ પોતે, પોતાના સ્વપર પ્રકાશકપણે પરિણમવાની તાકાતથી તે પરિણમ્યો છે. તેથી તે પર્યાય કર્મ છે ને તે જ પર્યાય ‘ કર્તા ’ અથવા જીવ કર્તા ભલે કહેવામાં આવે છે. આહાહા ! ખરેખર ષટ્કારકનું પરિણમન પર્યાયમાં છે, દ્રવ્યમાં ષટ્કારકની શક્તિ છે પણ પરિણમન નથી. સમજાણું કાંઈ ? આહાહા !

તેથી જે જ્ઞાનની પર્યાયે પોતાને જાણ્યો તે જ પર્યાયે રાગ સંબંધીના પોતાની જ્ઞાનની પર્યાયને તેણે જાણી. વ્યવહારનો વિકલ્પ ઊઠયો છે તેનું જે જ્ઞાન થાય છે તે જ્ઞાનની પર્યાયને પોતે પોતાથી જાણી છે અને તે પોતે પોતાથી થઈ છે. વ્યવહારથી થઈ નથી પર્યાય એને જાણનારી પર્યાય, વ્યવહાર આવ્યો રાગાદિ એનું જ્ઞાન માટે એનાથી થયું છે જ્ઞાન, એમાં જ્ઞાન કયાં હતું ? રાગમાં ક્યાં જ્ઞાન હતું કે રાગ ( જાણે ) ! આહાહા ! જેમાં જ્ઞાયકમાં જ્ઞાન ભરેલું છે પ્રભુમાં, આહાહા ! એનો જ્યાં અંદરમાં જાણનારો જાગે છે, તો જાગનારો પોતે ને પોતાને જાણે છે અને જાગનારો પોતાની પર્યાયને જાણે છે. ‘ રાગને જાણે છે ’ એ પણ વાત વ્યવહારથી કથન છે. આહાહાહા ! કહો, સમજાણું કાંઈ ?

લ્યો ‘ દીવાની જેમ ’ ‘ કર્તા કર્મનું અનન્યપણું છે ’ અનેરાપણું નથી. કર્તા છે તે જ કર્મ છે, ને કર્મ છે તે જ તેનો કર્તા છે. સમજાણું ? ‘ થનારો ’ અને ‘ થયું ’ બે અનન્ય છે. જુદા જુદા નથી. આહાહા ! કર્તા થનારો અને કર્મ થયું, તે અનન્ય છે, તે બેય એક જ વસ્તુ છે. આહાહાહા ! ‘ અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. ’ પોતે જાણનારો, એ ‘ કર્તા ’ માટે પોતે કર્તા, આહાહા ! રાગસંબંધીનું જ્ઞાન થયું એ જ્ઞાનની પર્યાયનો કર્તા પોતે છે અને તેનું ‘ કર્મ ’ પણ અનન્ય એનામાં છે. આહાહા ! એ જ્ઞાન, રાગને જાણે છે એમ નથી અને રાગને લઈને જ્ઞાન થયું છે એમ નથી. આહાહા !

હવે આવી વ્યાખ્યા હવે, સાધારણ બિચારા સંપ્રદાયમાં પડયા હોય, ને વખત મળે નહીં કયાંય આખો દિ ’ બે ઘડી મળે કાંઈક બાકી બાવીસ કલાક તો બાયડી છોકરાને ધંધાને પાપમાં જિંદગી જાય આખી, આહાહા ! અરેરે ! એમાં બે ઘડી સાંભળવા જાય ત્યાં મળે એવું કે ઠેકાણા વિનાનું સત્યથી વિરુદ્ધની વાતું મળે. આહાહા !

‘ એ જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયકપણે જે જણાયો, તે સ્વરૂપ–પ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયકપણે જણાયો, જ્ઞાયક જ છે. છે ને છેલ્લો શબ્દ ? વચમાં આટલું મૂકી દો થોડું દીવાની જેમ કર્તા કર્મનું અનન્યપણું હોવાથી, પણ સ્વરૂપ–પ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે. એમ.

છે ને ? ઓલું તો દૃષ્ટાંત છે. આહાહાહા !

કોઈએ એમ જાણ્યું હોય કે આપણે સમયસાર સાંભળ્યું છે, માટે કાંઈ એમાં નવીનતા ન હોય એમ નથી પ્રભુ. આહાહા ! એ નવી વસ્તુ છે બાપુ, ભગવાન. આહાહા !

શું કીધું ? ‘ પોતે જાણનારો માટે પોતે કર્તા ’ રાગની, શરીરની ક્રિયા થઈ, એનું આંહી જ્ઞાન થયું, એ જ્ઞાનનું કાર્ય પોતાનું છે. એ કાર્ય રાગ ને શરીરનું નથી. તેથી તે કાર્ય પોતે જ્ઞાનની પર્યાયનું જ્ઞાનનું છે તે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે કર્મ. આહાહા ! પર્યાયની વાત છે હો અહીંયાં. જણાયો છે પર્યાય એ પર્યાય એનું ‘ કાર્ય ’, જણાયો છે રાગ એમ નથી, તેમ રાગથી અહીં જ્ઞાનનું કાર્ય થયું એમ નથી, એ રાગનું કાર્ય નથી, એ જ્ઞાયકનું કાર્ય છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

એક સરકારના કાયદા ગહન હોય સાધારણ, આ તો ત્રણ લોકના નાથ, આહાહા ! સર્વજ્ઞસ્વરૂપ. એના નિયમો તો કેવા હોય બાપા. આહાહા ! એક–એક ગાથામાં કેટલી ગંભીરતા છે ! !

‘ પોતે જાણનારો માટે પોતે કર્તા ’ કોનો જાણનારો ? પોતાની પર્યાયનો. કેવળી, લોકાલોકને જાણે છે, એ પણ એમ નહીં. કેવળી પોતાની પર્યાયને જાણે છે. આહાહા ! પર્યાય તેનું કાર્ય છે ને કર્તા તેનું જ્ઞાનસ્વરૂપ છે અથવા પર્યાય છે ભલે. આહાહાહા ! એ લોકાલોક છે માટે આંહી જ્ઞાન થયું છે કેવળજ્ઞાન એમ નથી. સમજાણું કાંઈ ?

આ પ્રશ્ન તો ત્ર્યાંસીની સાલમાં ઊઠેલો ત્ર્યાંસી સંવત ૧૯૮૩, કેટલાં વરસ થયાં ? એકાવન. એકાવન વરસ પહેલાં પ્રશ્ન ઊઠયો ’તો પચાસને એક, કે આ લોકાલોક છે માટે કેવળજ્ઞાન છે કે કેવળજ્ઞાન પોતાથી છે, લોકાલોકને લઈને નહીં. આ એક પ્રશ્ન હતો. શેઠે એમ કહ્યું કે લોકાલોક છે તો તેનું આહીં જ્ઞાન થયું છે. ત્યાં એને વીરજીભાઈએ ના પાડી કે એમ નથી. પછી બન્ને હેઠે આવ્યા, અને મને પૂછયું. કીધું બાપુ એમ નથી. કેવળજ્ઞાન તો જ્ઞાન પોતાથી થાય છે. કેવળજ્ઞાનના કાર્યનો કર્તા આત્મા કર્મ કેવળજ્ઞાન લોકાલોક કર્તા ને કેવળજ્ઞાન ‘ કર્મ ’ એટલા બધા શબ્દો ત્યાં ત્યારે નહોતા એ વખતે, પણ લોકાલોક છે માટે જ્ઞાનની પર્યાય થઈ છે એમ નથી. સમજાણું કાંઈ ? આહાહા !

અરેરે ! એક પણ વાતને સર્વજ્ઞની ન્યાયથી બરાબર જાણેને ? તો એક ‘ ભાવ ’ જાણે એ બધા ‘ ભાવ ’ યથાર્થ જણાય જાય એને પણ એકકેય ભાવના ઠેકાણાં ન મળે. આહાહા ! અરેરે જિંદગીયું પૂરી થવા આવી તો એમાં શું કરવું તે રહી ગ્યું એને, હેં ! કર્યા.. ધુમાડા એકલા પાપના, પુણ્યનાં ઠેકાણાં ન મળે કે ભાઈ ચાર–ચાર કલાક સુધી સાચો સત્‌સમાગમ કરવો. સત્‌સમાગમ પણ કહેવો કોને તેની પણ હજી સમજણ નથી કરી. આહાહા ! અને સત્‌શાસ્ત્રનું ચાર ચાર કલાક વાંચન કરવું હંમેશા, તો પુણ્ય તો બંધાય, એનાં ય ઠેકાણાં ન મળે, ધરમ તો ન મળે ! આહાહાહા ! સત્‌શાસ્ત્ર ને, સત્ સમાગમ, બેનો પરિચય રહે, ચોવીસ કલાકમાં ચાર કલાક તો પણ પુણ્ય બાંધે, એ ધરમ નહીં. ધરમ તો રાગથી પૃથક કરીને સર્વજ્ઞપણાનું સ્વરૂપ મારું છે, એવો અંતરમાં અનુભવ કરે દૃષ્ટિ કરીને ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આહાહા ! સમજાણું કાંઈ ?

‘ જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં દીપક છે ’ દીવો જે છે ને ? એ ઘટ ને પટ એટલે વસ્ત્ર એને પ્રકાશવાકાળે પણ દીવો તો દીવો જ છે. એ દીવો જેને પ્રકાશે છે એ

રૂપે થયો છે ? આહાહાહા ! ‘ દીપક ઘટ પટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં ય દીપક જ છે ’ શું કહ્યું ઈ ? દીવો ઘટ પટાદિની અવસ્થાને પ્રકાશવાકાળે દીવો તો દીવારૂપે છે. એ ઘટ પટને પ્રકાશવા કાળે પણ ઘટપટની અવસ્થાપણે કાંઈ દીવો થયો નથી. આહાહા ! અને ઘટપટને લઈને પ્રકાશે છે એમ નથી. દીવાના પ્રકાશને લઈને પ્રકાશે છે. આહાહાહા ! દીપક ઘટ પટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય એ દીપક જ છે. અને પોતાને, પોતાની જ્યોતિરૂપ શિખાને, પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે. એમ ‘ જ્ઞાયક ’ રાગને પરને જાણવા કાળે પણ, જ્ઞાયકની પર્યાય તો જ્ઞાનની જ છે, અને પોતાને પ્રકાશવા કાળે પણ એ જ્ઞાનની જ પર્યાય છે. આહા !

પરને જાણવા કાળે એ પર્યાય પરને લઈને થઈ છે, એમ નથી. ઘટપટને પ્રકાશે છે પ્રકાશ માટે પ્રકાશ ઘટપટને લઈને પ્રકાશ્યો છે એમ નથી. દીવાનો પોતાનો પ્રકાશક સ્વભાવ છે ઘટપટને પ્રકાશવાનો. ઘટપટને પ્રકાશવા કાળે પણ દીવો તો દીવો જ છે, અને પોતાની જ્યોતિને પ્રકાશવા કાળે પણ દીવો તો દીવો જ છે.

ભારે ઝીણું બાપુ ! એક કલાકમાં કેટલું આવ્યું, નવરાશ ન મળે, ફુરસદ ન મળે, આખો દિ ’ પાપ આડે અને શરીરના રક્ષણ માટે કરવું હોય તો આખો દિ ’ સલવાય જાય ! આનું આમ કરવું ને.. આનું આમ કરવું ને.. આનું આમ કરવું ને.. છતાંય થાવું હોય ઈ થાય એના કર્યાથી કાંઈ ન થાય. આહાહા ! અને આ તો ( સમક્તિ તો ) પુરુષાર્થથી થાય જ. આહાહા !

દીવો, ઘટ એટલે ઘડો ને પટ–વસ્ત્રાદિ, કોયલા કે નાગ એને પ્રકાશવા કાળે પણ દીવો તો દીવારૂપે રહીને પ્રકાશે છે. પરરૂપે થઈને તે પ્રકાશે છે ? અને પરને પ્રકાશે છે ? એ તો દીવો, દીવાને પ્રકાશે છે. અને પોતાના પ્રકાશને પણ પ્રકાશકાળે પોતે દીવો દીવાને પ્રકાશે છે.

એમ, ભગવાન આત્મા જાણનારો જણાય છે તે અવસ્થામાં પણ જ્ઞાયકપણે જ પોતે રહ્યો છે. પરપણે થયો નથી ને પરને લઈને થઈ નથી દશા. આહાહા ! અને પોતાને જાણવાકાળે પણ પોતે જ પોતાની પર્યાય થઈ એ તો. આહાહા ! હવે આવું બધું યાદ રાખવું ? આવો મારગ પ્રભુનો બાપુ અને એ મારગ જિનવરદેવ સિવાય ક્યાંય છે નહીં. ત્રણલોકના નાથ તીર્થંકરદેવ. આહાહા !

પણ વાતું પ્રભુ બહુ સૂક્ષ્મ છે પ્રભુ, એ કોઈ પૈસા ખર્ચી નાખે કરોડ–બે કરોડ પાંચ કરોડ માટે ધરમ થઈ જાય, ( એમ નથી. ) આહાહા ! શરીરની ક્રિયા કરી નાખે છ–છ મહિનાના અપવાસ, શરીરના બળુકા અપવાસાદિ કરે, અને જાણવાના એકલી બુદ્ધિના–પરના પ્રકાશ કરવાવાળા બુદ્ધિની વાતો કેળવે, પણ અંતર શું ચીજ છે ? આહાહા ! એને કેળવવા એ જતો નથી.

‘ અન્ય કાંઈ નથી ’ તેમ ‘ જ્ઞાયકનું સમજવું ’ એટલે ? ‘ જાણનારો ’ ભગવાન, સ્વને જાણતાં પર્યાયમાં સ્વને જાણ્યો, તેવી જ પર્યાયમાં પરને પણ જાણ્યું. એ પરને જાણવાની પર્યાય થઈ એ પોતાથી જ થઈ છે એટલે ખરેખર તો પોતાની પર્યાયને એણે જાણી છે. આહાહા ! કારણ કે પર્યાયમાં કાંઈ જ્ઞેય આવ્યા નથી, ઘટપટ ને દીવો પ્રકાશે છે એટલે કાંઈ દીવાના પ્રકાશમાં ઘટપટ કાંઈ આવી ગયા નથી કે દીવાના પ્રકાશમાં તેઓ કાંઈ પેઠા નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ? એમ ભગવાન ચૈતન્ય દીવો ચૈતન્ય ચંદ્ર પ્રભુ એવું જેને અંતરમાં જ્ઞાન થયું, રાગથી

ભિન્ન થઈને, સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે એમ જ્યાં ભાન થયું, ત્યાં અલ્પજ્ઞ પર્યાયમાં સર્વજ્ઞ સ્વભાવનું ભાન થયું, એ અલ્પજ્ઞ પર્યાય થઈ તે સર્વજ્ઞ સ્વભાવની છે, એ જ્ઞાયકની પર્યાય છે. એને જાણે ઈ અને એ પર્યાય પરને જાણે, એ પર્યાય પણ જ્ઞાયકની પર્યાય છે. એ પરની પર્યાય છે ને પરને લઈને થઈ છે એમ છે નહીં. આહાહા ! એક વાર મધ્યસ્થ થઈને સાંભળે હેં.. ! બધાં આગ્રહ રાખીને પડયા હોય કે ‘ આનાથી આમ થાય ને આનાથી આમ થાય ’ આહાહા ! વ્રત કરવાથી સંવર થાય ને તપસ્યા કરવાથી નિર્જરા થાય નેં. આહાહા ! પણ એ વ્રત કોને કહેવું નિશ્ચય વ્રત કોને કહેવું એની ખબર ન મળે. વ્રત કરીએ તો સંવર થાય ને અપવાસ કરીએ તો નિર્જરા થાય અરે ભગવાન, એ વ્રતના વિકલ્પો વ્યવહારના છે એ તો પુણ્યબંધનાં કારણ છે. અને અપવાસ આદિ જે વિકલ્પો છે વ્યવહારના એ પણ પુણ્યબંધનું કારણ છે, જો રાગ મંદ કર્યો હોય તો ? ત્યાં સંવર, નિર્જરા નથી. આહાહા !

ત્યાં તો એમે ય કહ્યું છે ને ? ૩૨૦ ગાથા, કે ઉદયને જાણવાકાળે પણ જ્ઞાનની પર્યાયને જાણે, નિર્જરા કાળે પણ નિર્જરાની પર્યાયને જાણે છે એ નિર્જરા કરતો નથી. ઉદયને જાણે છે એમ કહેવું પણ છતાં એ રાગને જાણે છે તે જ્ઞાનની પર્યાય થઈ છે એ તો એને એ જાણે છે. નિર્જરાને કાળે જાણે છે એ પણ નિર્જરાની પર્યાય જે જ્ઞાનરૂપે થઈ છે એને એ જાણે છે. બંધને જાણે બંધનું જે જ્ઞાન થયું છે એ જ્ઞાનની પર્યાયને જાણે, મોક્ષની પર્યાયને જાણે, મોક્ષને જાણે, બંધને જાણે, ઉદયને જાણે, નિર્જરાને જાણે, વિપાક-સવિપાક ને અવિપાકને જાણે. આહાહા ! ચાર બોલ લીધા છે ને ? સવિપાક, અવિપાક, સકામ, અકામ. આહાહાહા !

દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યાં છે તેને સમજનારા વિરલ પાકે ! બાકી એવી વાત બીજે ક્યાંય છે નહીં ભાઈ. આહાહા ! એની ઊંડપની વાતું, આહાહા ! એમ આંહી કહયું જોને. આહાહા !

અને કર્તા-કર્મનું અનન્યપણું છે, એમ કહ્યું એટલે શું ? કે ‘ કર્તા ’ અન્ય ને ‘ કાર્ય ’ અન્ય, એમ હોઈ શકે નહીં. ‘ કર્તા ’ જ્ઞાનની પર્યાયનો આત્મા અને એ પર્યાયનું કામ રાગાદિ જાણ્યું એનું એ કામ એમ નથી. કર્તા-કર્મ અનન્ય હોય છે. અનેરા અનેરા નહીં, તે જ કર્તા ને તે જ કર્મ હોય છે. આહાહા ! તે જ કર્તા ને તે જ કાર્ય હોય છે એનું. આહાહા ! રાગને જાણવાકાળે જ્ઞાન, જ્ઞાનરૂપે થયું તેનો ‘ કર્તા ’ પણ જ્ઞાન અને ‘ કર્મ ’ પણ જ્ઞાન એ રાગનું જ્ઞાન, એ રાગ કર્તા ને રાગનું જ્ઞાન કાર્ય એમ નથી. આહાહા ! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઊઠયો, તો એનું અહીં જે જ્ઞાન થયું, તે એને લઈને ( જ્ઞાન ) થયું, એમાં ક્યાં જ્ઞાન હતું તો થાય. જ્ઞાન તો આહીં છે. ( આત્મામાં ) આહાહા !

સ્વપરપ્રકાશક જ્ઞાન, આવે છે ને ? ‘ સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તા તૈં વચન ભેદ ભ્રમ ભારી ’ સ્વપ્રકાશક જ્ઞેય અને પરપ્રકાશક જ્ઞેય બેય વસ્તુ જ્ઞેય, જ્ઞેય સ્વને પર બેય, છતાં પણ પરને જાણવાકાળે તો પર્યાય પોતે પોતાથી જાણે છે. ( પોતાને ) આહાહા ! એ અહીંયાં સિદ્ધ કરવું છે. વિશેષ કહેશે.

પ્રમાણ વચન ગુરુદેવ.

## પ્રવચન નં. ૨૩ ગાથા - ૬ તા. ૨-૭-૧૯૭૮ રવિવાર, જેઠ વદ-૧૨ સં. ૨૫૦૪

'સમયસાર' છઠ્ઠી ગાથાનો ભાવાર્થ. છઠ્ઠી ગાથા થઈ ગઈ. એનો ભાવાર્થ. શું કહેવા માગે છે ? કે આ વસ્તુ જે છે આત્મા તે દ્રવ્ય તરીકે શુદ્ધ છે. વસ્તુના સ્વભાવ તરીકે વસ્તુ પોતે શુદ્ધ છે. પવિત્ર છે, નિર્મળ છે. અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે, એની દૃષ્ટિ કરતાં... એની દૃષ્ટિ કરતાં એટલે એનો આદર કરતાં, એને એ શુદ્ધ છે એવું જ્ઞાનમાં ખ્યાલમાં આવે.

વસ્તુ તો શુદ્ધ છે, એ ત્રિકાળ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છે. મલિનતા તો એક સમયની પર્યાયમાં દેખાય છે, વસ્તુ મલિન નથી. વસ્તુ નિર્મળ, શુદ્ધ, પૂર્ણ, અખંડ, અભેદ, એકરૂપ વસ્તુ ત્રિકાળ છે એ તો શુદ્ધ છે, પવિત્ર છે અખંડ છે. પણ કોને ? એને જાણે એને, જેના જ્ઞાનમાં એ વસ્તુ આવી નથી એ ચૈતન્યપ્રભુ છે પૂર્ણાનંદ, પણ જેના ખ્યાલમાં આવી નથી, એને તો છે જ નહીં. એને છે નહીં, ભલે વસ્તુ છે, પણ એને એ શુદ્ધ છે એવું તો એને છે નહીં, કેમકે દૃષ્ટિમાં જેને રાગ ને પુણ્ય ને દયા–દાન એવો વિકલ્પ જેની દૃષ્ટિમાં વર્તે છે એને વસ્તુ શુદ્ધ છે એ તો શ્રદ્ધા જ્ઞાનમાં આવી નથી. એના શ્રદ્ધા જ્ઞાનમાં તો અશુદ્ધતા આવી છે પર્યાય આવી છે. અને એ અશુદ્ધતા આવી છે પર્યાયમાં તે યથાર્થ છે, યથાર્થ એટલે અશુદ્ધપણું છે, પર્યાયદૃષ્ટિએ અશુદ્ધપણું છે. પણ એ વાસ્તવિક ચીજ નથી. વાસ્તવિક ચીજ તો, ત્રિકાળી જ્ઞાયક શુદ્ધ ચૈતન્યમૂર્તિ એ સત્ય છે.

એની અપેક્ષાએ પર્યાય હતી ખરી છે ખરી, પણ ત્રિકાળીની અપેક્ષાએ તે વસ્તુને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે પણ પર્યાય છે, રાગ છે, અસ્તિ છે એ, નથી જ એમ નહીં. પણ, તે પર્યાય ઉપર દૃષ્ટિ કરવાથી મિથ્યાત્વ થાય છે અને ભ્રમણ ઊભું રહે છે. માટે એ પર્યાય ઉપરની દૃષ્ટિ પર્યાય હોવા છતાં રાગાદિ હોવા છતાં, તેની દૃષ્ટિનો નિષેધ કરી તે ચીજ નથી મારામાં, એમ નિષેધ કરી, આહાહા ! વસ્તુ જ્ઞાયક, ચૈતન્યપ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ એનું છે, આહાહા ! તેની દૃષ્ટિ કરતાં, એને દૃષ્ટિમાં એ આવ્યું, દૃષ્ટિ કરી ત્યારે એ આવ્યું ખ્યાલમાં, એને માટે એ શુદ્ધ ને પવિત્ર છે. આહાહા ! જેને ખ્યાલમાં જ એ ચીજ આવી નથી એને છે એ ક્યાંથી આવ્યું ? સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, મુખ્ય વાત છે આ... આહા ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથથી કહેલી અને જોયેલી અને જગતને દેખાડવા માટે આ વાત છે. આહાહા ! પ્રભુ તેં તને તેં દેખ્યો નથી તું જે નથી તેને દેખી. આહાહા !

પર્યાયમાં રાગ અને પુણ્ય ને પાપના ભાવ, જે વસ્તુમાં નથી, એને તેં દેખી ને માન્યું એ તો પરિભ્રમણનું કારણ છે. આહાહા ! એ પરિભ્રમણનો અંત એટલે કે જેમાં પરિભ્રમણ ને પરિભ્રમણનો ભાવ જેમાં નથી એવી જે ચીજ છે પ્રભુ, તું પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ સત્ છે. ચિદ્.. આનંદ, જ્ઞાનાનંદ પ્રભુ આત્મા. પણ એની દૃષ્ટિ કરે એને એ જ્ઞાનાનંદ છે. એની દૃષ્ટિ ન કરે એને દૃષ્ટિમાં વસ્તુ આવી નથી, એને તો એ સચ્ચિદાનંદ ધ્રુવ છે જ નહીં. આહાહા ! આકરું કામ બાપુ.

તેથી અહીં ભાવાર્થમાં કહે છે કે અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે વસ્તુમાં નથી.

સમજાણું કાંઈ ?

વસ્તુ જે ત્રિકાળી ચૈતન્ય ધ્રુવ, સચ્ચિદાનંદ સ્વરૂપ જે શુદ્ધ છે અખંડ એમાં એને મલિનતા નથી, પણ જે પર્યાયમાં મલિનતા થાય છે, એ અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે. સંયોગી ચીજના લક્ષે તે સંયોગીભાવ ઉત્પન્ન થાય છે. સ્વભાવભાવની દૃષ્ટિએ, સ્વભાવ તેને દૃષ્ટિમાં આવે છે, અને સંયોગીભાવના લક્ષે તેને સંયોગીભાવ લક્ષમાં આવે છે. અશુદ્ધતા તેને દૃષ્ટિમાં આવે છે, એ પરદ્રવ્યના સંયોગથી આવે છે, છે ? આહાહા ! ઝીણી વાતું બહુ બાપુ મારગ આ તો. વીતરાગસ્વરૂપ છે પ્રભુ. જો તે વીતરાગસ્વરૂપ ન હોય તો વીતરાગતા અને સર્વજ્ઞતા ક્યાંથી આવશે ? તે કાંઈ બહારથી આવે તેવું છે ? આહાહા ! વીતરાગસ્વરૂપે પ્રભુ આત્મા છે. પણ એને આ રાગ જે દેખાય છે તે સંયોગજનિત પર્યાય અશુદ્ધ-મલિન છે. આહાહા ! ત્યાં જોયું ? ' અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે ' છે. પર્યાયમાં અવસ્થામાં બિલકુલ રાગ છે જ નહીં એમ નથી રાગ પણ છે એ અપેક્ષાએ સત્ય છે સત્ય છે એટલે કે છે એમ. નથી જ એમ નહીં અસત્ છે એમ નહીં. આહાહા !

( શ્રોતાઃ રાગ ભ્રમણાથી ઉત્પન્ન કર્યો છે ? ) હેં ? ભ્રમણા, એ રાગ પોતે ઉત્પન્ન કર્યો એ જ ભ્રમણા છે, સ્વરૂપમાં રાગ નથી, અને સંયોગને લક્ષે ઉત્પન્ન કર્યો એ જ મિથ્યાત્વ ને ભ્રમ છે. આહાહા ! પણ ભ્રમ પણ છે, ભ્રમ નથી એમ નહીં. આહાહા ! પર્યાયમાં એ અશુદ્ધતાની અવસ્થા છે તેથી ભ્રમ પણ છે કે આ હું છું, એ ભ્રમ પણ છે અને છે એ અપેક્ષાએ ભ્રમ સત્ય છે. છે એ અપેક્ષાએ, ભલે ત્રિકાળ નથી માટે અસત્ છે, પણ વર્તમાનમાં છે. બિલકુલ નથી જ એમ કોઈ કહે તો એ તો વસ્તુની પર્યાયને જ જાણતો નથી, દ્રવ્યને તો જાણતો નથી, આહાહા ! પણ તેની પર્યાયને ય તે જાણતો નથી.

અશુદ્ધપણું પરદ્રવ્યના સંબંધથી આવે છે સંયોગ એટલે સંબંધ, સંયોગ કરાવતું નથી. પરદ્રવ્યનો સંયોગ અશુદ્ધપણું કરતું નથી, પણ પરદ્રવ્યના સંયોગે અશુદ્ધપણું પોતે ઊભું કરે છે. સમજાણું કાંઈ ? આવી વાત છે બાપુ ! ઝીણી વાતું બહુ. અનંતકાળમાં એણે આત્મા શું ચીજ છે એને વાસ્તવિક જાણવાનો પ્રયત્ન જ કર્યો નથી, બાકી બધા પ્રયત્નો કરી કરીને મરી ગ્યો બહારથી. આહાહા !

' ત્યાં મૂળદ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી ' એટલે શું કહે છે ? અશુદ્ધતા પરદ્રવ્યના સંબંધે આવે છે, સંબંધ કરે છે માટે, હોં ? પરને લઈને વિકાર થાય છે એમ નહીં.

હવે, ' મૂળદ્રવ્ય તો અન્યદ્રવ્યરૂપે એટલે વિકારરૂપે થતું જ નથી ' એટલે અન્ય દ્રવ્ય રાગ એ ખરેખર વસ્તુ નથી. આહાહા ! અંદર ! ભગવાન આત્મામાં, જે કંઈ પુણ્ય ને પાપનો ભાવ થાય, તે અન્ય દ્રવ્ય છે નિશ્ચયથી. તો સ્વદ્રવ્ય અન્ય દ્રવ્યરૂપે થતું નથી. આહાહા ! વસ્તુ છે તે વિકારપણે થતી જ નથી ત્રણકાળમાં. આહાહા !

' ત્યાં મૂળ દ્રવ્ય તો ' મૂળદ્રવ્ય લીધું છે ને ? આ તો ઉત્પન્ન થયેલી દશા કીધી, સંયોગના સંબંધે ઉત્પન્ન થયેલો અશુદ્ધ ભાવ એ છે, પણ મૂળદ્રવ્ય જે છે, એ તો અન્ય દ્રવ્યરૂપ મલિનતારૂપે થયું જ નથી. અન્ય દ્રવ્યના સંયોગે થતો ( ભાવ ), પણ એ ખરેખર તો અન્ય દ્રવ્ય છે. વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા ! આવું સમજવું હવે.

'મૂળ દ્રવ્ય ' જે મૂળચીજ છે સત્, અનાદિ અનંત, વસ્તુ તરીકે, દ્રવ્ય તરીકે, પદાર્થ તરીકે, તત્ત્વ તરીકે, જે છે એ અનેરા તત્ત્વપણે એ થતું નથી. અનેરા તત્ત્વ નામ રાગપણે એ અન્ય દ્રવ્ય છે, એ અનેરું તત્ત્વ છે. દયા, દાન, વ્રતનો વિકલ્પ છે, એ રાગ છે એ અનેરું તત્ત્વ છે, એ જીવ તત્ત્વ નથી. આહાહા! ત્યાં મૂળદ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ એટલે અન્ય તત્ત્વરૂપ થતું જ નથી. આહાહા!

'માત્ર પરદ્રવ્યના નિમિત્તથી, નિમિત્તથી એટલે ? નિમિત્તથી થતું નથી. પણ નિમિત્ત છે તેના લક્ષે થયેલી છે માટે નિમિત્તથી એમ કીધું છે, પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે. અવસ્થામાં મલિનતા છે પર્યાયમાં મલિનતા છે વસ્તુ છે તો નિર્મળાનંદ પ્રભુ છે. આહાહાહાહા! વીતરાગમૂર્તિ પ્રભુ ચૈતન્ય તો અનાદિ અનંત એ વસ્તુ જ છે. એની પર્યાયમાં, પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા, એની હાલત વર્તમાન દશા મલિન થઈ જાય છે. વસ્તુ નહીં. આહાહા! એની વર્તમાનદશા મલિન થઈ જાય છે.

'દ્રવ્યદૃષ્ટિથી તો દ્રવ્ય ' જે છે તે જ છે ' દ્રવ્યદૃષ્ટિથી હોં! દ્રવ્યને જે દૃષ્ટિ દેખે, તે દૃષ્ટિથી જોઈએ તો, દ્રવ્ય ' જે છે તે જ છે, ' એ તો ' જે છે તે જ છે. ' આહાહાહા! ભાવ ઝીણાં છે પણ ભાષા સાદી છે, કંઈ બહુ એવી નથી. આહાહા!

એને અનંત, અનંત કાળ થયા તત્ત્વ શું છે મૂળ–કાયમી અસલી ચીજ શું છે ? આહાહા!

તે દૃષ્ટિથી તો દ્રવ્ય ' જે છે તે જ ' છે, ' જે છે તે જ ' છે એમાં મલિનતા ય નથી, સંસારે ય નથી ' જે છે તે જ ' છે અનાદિથી. આહાહા! દ્રવ્યદૃષ્ટિથી તો દ્રવ્ય એટલે વસ્તુ, દ્રવ્ય એટલે આ પૈસો નહીં હોં ? આહાહા! ભગવાન આત્મા વસ્તુ છે ને ? છે ને ? એ ભૂતકાળમાં નહોતું એમ છે ? એ તો પહેલેથી જ છે એ તો અનાદિ છે, અને વર્તમાન છે અને અનાદિ છે અને ભવિષ્યમાં છે, છે તે એ તો ત્રિકાળ છે. આહા! આવો જે ' દ્રવ્યદૃષ્ટિથી તો દ્રવ્ય, ' જે છે જે છે, તે જ છે. '

' પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે ' જોવામાં આવે જોયું ? પર્યાયદૃષ્ટિથી આમ જોવામાં આવે ' તો મલિન જ દેખાય છે ' છે મલિન એ દેખાય છે. પર્યાયથી જોવો તો મલિન છે તેમ દેખાય છે. આહાહા! આંહી પરની દયા પાળવી કે પરની હિંસા, એ વાત તો આંહીં છે જ નહીં આમાં, કારણ કે એ વાત નથી જે કરી શકતો એની વાત શું કરવી ? એનામાં ઈ કરી શકે છે પર્યાયદૃષ્ટિ અને દ્રવ્યદૃષ્ટિ, એ વાત કરે છે. સમજાણું કાંઈ ?

મલિનપર્યાય કરી શકે છે અજ્ઞાનભાવે પર્યાયદૃષ્ટિએ પણ એથી પરનું કાંઈ કરી શકે છે, એ તો વાતની આંહી વાત લીધી જ નથી, કારણ કે પર તો પરપણે છે એને કરે શું ?

તારામાં હવે બે વાત છે. જો પર્યાયદૃષ્ટિથી જોઈએ તો તે મલિન છે એ પણ બરાબર છે, દ્રવ્યદૃષ્ટિથી જોઈએ તો તે શુદ્ધ જે છે તે છે એ પણ બરાબર છે. પણ હવે બરાબર જે ત્રિકાળી ચીજ છે તે દૃષ્ટિમાં લેવા.. એ મલિનતા પર્યાયમાં જે છે તે છે છતાં તેને ગૌણ કરીને તે નથી એમ કહીને અને ત્રિકાળી જે છે એને મુખ્ય કરીને નિશ્ચય કહીને, સત્ય કહીને એનો આશ્રય લેવરાવ્યો છે. આહાહાહા! કહો આવો ઉપદેશ હવે. આહાહા! પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે તો મલિન દેખાય છે.

‘ એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે ’ જોયું ? દ્રવ્ય જે છે તે જ છે, તો ‘ દ્રવ્ય ’ શું છે હવે ? આત્મામાં હવે લેવું છે ને દ્રવ્ય ? નહિ તો બીજાં દ્રવ્ય તો છે, પણ આંહી ‘ દ્રવ્ય ’ જે છે તે શું ? ‘ એનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે દ્રવ્ય. આહાહાહા ! જાણક્સ્વભાવ ધ્રુવ માત્ર એ આત્મા પ્રભુ છે. અનાદિ અનંત એ વસ્તુ છે. દ્રવ્યથી કહો કે જ્ઞાયકપણાથી કહો, બધી એક ચીજ છે. આહાહા ! પણ ‘ દ્રવ્ય ’ છે એ સામાન્ય થઈ ગયું એટલે એમાં ‘ આત્મા ’ કહેવો છે. જ્યારે, ત્યારે તેને કહ્યું કે એ તો આત્માનો સ્વભાવ ‘ જ્ઞાયકપણું માત્ર ’ છે. દ્રવ્ય તો છે એ છે, પર્યાય સંયોગ એ તો સામાન્ય વાત કરી. પણ હવે દ્રવ્ય છે એ વસ્તુ શું છે ? તો કહે છે કે દ્રવ્ય તો પરમાણુ પણ છે, આકાશ પણ છે. હેં ? પણ આ જ્ઞાયકમાત્ર છે. જ્ઞાયકપ્રભુ છે એ. આહા ! જાણક્ સ્વભાવસ્વરૂપ તે દ્રવ્ય છે. દ્રવ્ય તો પરમાણુ છે, આકાશ છે, પણ એ કાંઈ જ્ઞાયક સ્વભાવ સ્વરૂપ નથી, એ તો જડસ્વરૂપ છે. આહાહા !

‘ આ રીતે આત્માનો સ્વભાવ ’ જ્યારે દ્રવ્ય જે છે તે જ છે, તો, એ તો જ્ઞાયકપણું માત્ર છે. આહાહાહા ! જાણક સ્વભાવની મૂર્તિ... પ્રભુ છે. જાણક્ સ્વભાવની પૂતળી પોતે છે. એકલો જ્ઞાયકભાવ એ દ્રવ્ય. સમજાણું કાંઈ ? મારગ બહુ અલૌકિક છે બાપુ ! આહાહા ! એક તો આવું સત્ય છે તેવું સાંભળવા મળે નહીં એ કે દિ ’ વિચારે અને વાસ્તવિક છે કરવા જેવું તે કે દિ ’ કરે ? હેં ! આહાહા ! એ દ્રવ્ય આત્માનો સ્વભાવ, કાયમી દ્રવ્ય લેવું છે ને ? એ દ્રવ્યનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર, બિલકુલ રાગ ને પુણ્ય ને સંસાર ને ઉદયભાવ એમાં બિલકુલ છે નહીં. આહાહા ! એ તો જ્ઞાયક માત્ર પ્રભુ ધ્રુવ, જાણક સ્વભાવનો કંદ પ્રભુ, જાણક સ્વભાવનું વજ્રબિંબ. આહાહાહા ! તે તો ‘ જ્ઞાયકમાત્ર ’ જ પ્રભુ છે.

‘ જેની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય ’ એ જ્ઞાયકની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય. આહાહા ! કારણ કે સમ્યક્ નામ સત્યદર્શન, એ જ્ઞાયક ત્રિકાળી સત્ છે એનું દર્શન કરતાં સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ ?

‘ અને તેની અવસ્થા પુદ્ગલ કર્મના નિમિત્તથી, આહાહા ! રાગાદિરૂપ મલિન છે ’ તે પર્યાય છે. પહેલી સાધારણ વાત કરી ’તી, પછી દ્રવ્ય જ્ઞાયક ભાવ તરીકે બતાવીને, એ વસ્તુ જ્ઞાયકભાવ દ્રવ્ય છે. અને એની પર્યાયમાં, આહાહા ! ‘ તેની અવસ્થા પુદ્ગલકર્મના નિમિત્તથી ’ નિમિત્તથી એટલે એનાથી એમ નહીં. નિમિત્ત છે પણ એનાથી થયું નથી. આહાહા ! ફકત સ્વભાવથી નથી થયું તેથી તે નિમિત્તથી થયું છે એમ કહેવામાં આવે છે. આહાહા !

‘ પુદ્ગલ કર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન... ’ રાગ-દ્વેષ, વિષય કષાયના ભાવ એ બધાં મલિન છે. એ તો પર્યાય છે એ વસ્તુ નથી કાંઈ. આહાહા ! મલિન જે કાંઈ પુણ્ય ને પાપના ભાવ દેખાય છે, એ તો પર્યાય છે. દ્રવ્ય-જ્ઞાયક છે તે, આ કાંઈ મલિન પર્યાયમાં આવ્યું નથી. આહાહા ! તેમ મલિન પર્યાય, પર્યાય છે તે જ્ઞાયકભાવમાં ગઈ નથી. આહાહા ! એનું ‘ હોવાપણું ’ પર્યાયમાં પર્યાયનું પર્યાયમાં રહેલું છે અને જ્ઞાયકપણાનું ‘ હોવાપણું ’ જ્ઞાયકપણાને પોતાને લઈને જ્ઞાયકપણું રહેલું છે. આહાહાહાહા ! બેય હોવાપણે તો છે. કંઈ આકાશના ફૂલ નથી એમ અશુદ્ધતા નથી જ ( એમ નથી ) પણ ઈ પર્યાયમાં છે, વસ્તુમાં નથી. આહાહા ! આવું હવે વાણિયાને ધંધા આડે, નવરાશ ન મળે ફુરસદ. પ્રવીણભાઈ ! મોટાભાઈને બધા લોઢાના

ધંધામાં ગરી ગ્યા ઊંડા– ધંધા.

આ વસ્તુ તો જુઓ આ એકની વાત નથી બધાની છે. આહાહા ! શું કહે છે આ ? પ્રભુ જે ચૈતન્ય દ્રવ્ય છે, એ જ્ઞાયકરૂપે દ્રવ્ય છે, એમ કહે છે. દ્રવ્ય તો બીજાય છે પરમાણુ આદિ, આ તો ચૈતન્યજ્યોત જ્ઞાયકભાવ, જ્ઞાયકભાવ ધ્રુવ જ્ઞાયકભાવ એ રૂપે પ્રભુ છે અને એની અવસ્થામાં સંયોગજનિત મલિનતા પણ છે. પણ એ મલિનતા જ્ઞાયકભાવમાં ગઈ નથી, જ્ઞાયકભાવ મલિનપણે થયો નથી. આહાહા !

' પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો ' જોયું ? પર્યાય છે એમ સિદ્ધ કર્યું. ' પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન દેખાય છે ' આહાહા ! વર્તમાન જ રાગ ને પુણ્ય ને પાપના ભાવ સંયોગજનિત છે એ છે. અને પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે તો એ છે. આહાહા ! મલિન જ દેખાય છે. આહાહા !

હવે, આવ્યું જુઓ.

' દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો ' જોવામાં આવે હોં એમ કીધું. આહાહા ! ઓલામાં ય પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે તો.. વર્તમાન પર્યાયથી જોવે તો મલિનતા તો જ્ઞાનીનેય દેખાય છે મલિનતા પર્યાયમાં, તેથી કહ્યું ને કે ' મારો મોહ ને પરના મોહના નાશ માટે ' પર્યાયમાં મોહ છે, મોહ ભલે આંહી રાગનો અંશ છે પણ છે, અસ્તિ છે. પર્યાયથી જોઈએ તો મલિનતાનું અસ્તિત્વ છે. વસ્તુથી જોઈએ તો વસ્તુમાં એ છે નહીં. આહાહા ! ભાષા તો સાદી છે, ભાવ તો જે છે તે છે. આહાહા ! મૂળ વિના અત્યારે આ વર વિના જાન જોડી દીધી, દુલ્હો નહીં ને જોડી દીધી. આત્મા, કોણ દ્રવ્યે છે વસ્તુ એનાં જ્ઞાન ને ભાન વિના... બધું કરો વ્રત ને તપ ને ભક્તિ ને મંદિરો.. ને.. આહાહા !

અહીંયાં કહે છે, દ્રવ્ય જે છે એ તો જ્ઞાયક ભાવે છે. પર્યાયથી જોઈએ તો મલિનતા છે. દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે, આહાહા ! એને.. દ્રવ્ય જે જ્ઞાયકભાવ છે, તેની દૃષ્ટિથી જોવામાં આવે એની દૃષ્ટિ જ્ઞાયકની દૃષ્ટિથી જોવામાં આવે, આહાહાહા ! તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે. એ મલિન થયું જ નથી, વસ્તુ મલિન થઈ જ નથી. આહાહાહા !

કેમ બેસે ? આ મલિન પર્યાય છે તો પર્યાય તો એની દ્રવ્યની છે દ્રવ્યની છે તો દ્રવ્ય મલિન નથી થયું ? એમ કહે છે. ઓલા રતનલાલજી ને પંડિતજી ? ઓ રતનલાલજી હૈ ને એ કહે છે પર્યાયમાં અશુદ્ધ થયું તો દ્રવ્યેય અશુદ્ધ થઈ ગયું છે. પર્યાય અશુદ્ધ થઈ છે તો દ્રવ્ય પણ અશુદ્ધ થયું છે. એમ કહે છે છાપામાં આવે છે. નથી રતનલાલ મુખત્યાર, મુખત્યાર, અરે ! ભગવાન નવમી ગાથામાં આવે છે ને પ્રવચનસાર – શુભ વખતે શુભ છે તન્મય, અશુભ વખતે અશુભ છે તન્મય, શુદ્ધ વખતે શુદ્ધ છે તન્મય. પર્યાય, બીજાની છે ને એની કહેવાની છે એમ નથી. આહાહા ! એટલું બતાવવું છે. એથી દ્રવ્ય તન્મય થઈ ગયું છે અશુદ્ધ પરિણામ વખતે ને અશુદ્ધના કાળમાં ? ત્રણ કાળમાં નથી. આહાહા ! ભગવાન તો જ્ઞાયકરૂપે ત્રિકાળ રહ્યો છે, તેથી તને અવકાશ છે, એ છે એને માનવો અને દૃષ્ટિ કરવી તને અવકાશ છે. આહાહા ! એવો જે જ્ઞાયકભાવ ત્રિકાળી પ્રભુ છે તો તને અવકાશ છે એને માનવાનો. હેં– પણ શુદ્ધ પોતે ત્રિકાળી શુદ્ધ છે – દ્રવ્ય કોઈ દિ ' અશુદ્ધ થાય જ નહીં ત્રણ કાળમાં. શુદ્ધપણે સિદ્ધપણે પરિણમે એ પર્યાય–

અશુદ્ધપણે પરિણમે એ પણ પર્યાય શુદ્ધની પર્યાય કાંઈ દ્રવ્યમાં ગરી ગઈ નથી. આહાહાહા ! સમજાય છે કાંઈ ? આવું સ્વરૂપ છે ભાઈ, તારું સ્વરૂપ જ એવું છે પ્રભુ તને ખબર નથી. આહાહા !

" અને તને દૃષ્ટિ કરવા માટે અવકાશ છે " કેમ ? એ તો જ્ઞાયકપણે રહ્યો છે, એને માનવો એમાં તને અવકાશ છે. આહાહાહાહા ! એ તો જ્ઞાયકપણે પ્રભુ તો ત્રિકાળ રહેલો છે. આહાહાહા ! માટે દૃષ્ટિનો વિષય છે એ તો એવો ને એવો રહેલો છે, રહ્યો છે માટે દૃષ્ટિ કરી શકીશ તું. આહાહાહાહા ! મલિન થઈ ગ્યો હોય ને... શુદ્ધતા માનવું હોય તો તો મુશ્કેલી. ઈ તો પર્યાયમાં મલિન છે. આહાહાહાહા ! પહેલી વાતમાં પહેલાં સમ્યગ્દર્શનનાં જ ઠેકાણાં નથી જ્યાં. આહાહા ! જેની ભૂમિકા સમ્યગ્દર્શનથી ધરમની ભૂમિકા ઉત્પન્ન થાય છે, એ વસ્તુ જ જ્યાં નથી એને આ બધાં વ્રત ને તપ કરે ઉપસર્ગ સહન કરે ને પરિષહ સહન કરે ને.. એ બધું થોથાં છે, સંસાર ખાતે છે પ્રભુ. આહાહા !

' દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે ' એ તો દ્રવ્ય તો, જ્ઞાયકભાવે છે, એ દૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ તને નજરે પડશે. આહાહાહા ! લ્યો આજ આવ્યા ? ( દાકતર છે હોમીયોપથી ) દાક્તર હોમીયોપથી સમજાણું ? શું કહ્યું ? કે જે આત્મા છે એ જ્ઞાયકભાવ- જાણક્સ્વભાવ ભાવ એ તો ત્રિકાળ છે. એની વર્તમાન દશામાં મલિનતા છે ઈ તો દશાની પર્યાયમાં મલિનતા છે વસ્તુ છે એ તો જ્ઞાયક ભાવે ત્રિકાળ રહેલી છે. એ જ્ઞાયકભાવ કોઈ દિ ' મલિન થયો નથી, જ્ઞાયકભાવ કોઈ દિ ' અપૂર્ણ રહ્યો નથી. જ્ઞાયકભાવ કોઈ દિ ' પરપણે થઈને અશુદ્ધતા એને લાગૂ પડે એમ થયું જ નથી. આહાહા ! એ જ્ઞાયકભાવ ત્રિકાળ છે એને આવરણ નથી. આહાહાહા ! એ તો, જ્ઞાયક પ્રભુ છે, વસ્તુ છે ને ? ચૈતન્ય વસ્તુ છે ને ? જાણક્ સ્વભાવ... જાણક્ સ્વભાવ.. જાણક્ સ્વભાવ, એવી નિત્યાનંદ પ્રભુ ધ્રુવ અણઉત્પન્ન ને અવિનાશી એવી ચીજ છોને ? આહાહા ! તો તને અવકાશ છે. કેમકે જ્ઞાયકભાવ, જ્ઞાયકપણે રહેલો છે. તો તેની દૃષ્ટિ કરવાને અવકાશ છે તને, એ જ્ઞાયકની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા ! એ મલિન થઈ ગ્યો હોય ને જ્ઞાયકપણે માનવો હોય, તો તો એને અવકાશ સમ્યગ્દર્શનનો ન રહે. આહાહા !

પણ પ્રભુ તો અંદર ચૈતન્ય સ્વરૂપ જે નિત્યાનંદ પ્રભુ એ તો જ્ઞાયકપણે- તત્ત્વપણે જાણક્પણે ત્રિકાળ છે. એની વર્તમાન દશા, હાલત, પર્યાય એમાં મલિનપણું આ પુણ્ય પાપનું દેખાય છે. એ પુણ્ય પાપની મલિનતાપણે જ્ઞાયક ત્રિકાળ છે એ થયો નથી કોઈ દિ '. આહાહા ! કેમકે એમાં પર્યાય- મલિનતાનો પ્રવેશ નથી, તેમ તે મલિનપર્યાયને જ્ઞાયકભાવ તે અડતો ય નથી. આહાહા ! આ તે કંઈ વાત, આકરી વાત છે બાપુ !

એ જ્ઞાયકપણું દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો, ' જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે ' ' જ્ઞાયકપણું ' જોયું ? આહાહા ! એનો સ્વભાવ જાણવું, સ્વભાવપણું છે ઈ, સત્ પ્રભુ જે આત્મા સચ્ચિદાનંદ, ચિદ્ નામ જ્ઞાન ને આનંદનું સત્ એ તો ત્રિકાળી જ્ઞાન ને આનંદ સ્વરૂપે જ બિરાજમાન છે. આહાહા !

દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો, એ કાયમ રહેલું તત્ત્વ છે. વર્તમાન દશામાં મલિનતા છે એને ન જોવામાં આવે અને કાયમ રહેલી ચીજ જે છે વસ્તુ જ્ઞાયક ધ્રુવ એને જોવામાં આવે તો

તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે. ભાવ લેવો છે ને ? સત્‌નું સત્‌પણું, સત્ પ્રભુ, તેનું સત્‌પણું જ્ઞાયકપણું છે એનું. આહાહાહા ! સત્ છે એવો જે ભગવાન આત્મા એનું જ્ઞાયકપણું તે તેનું સત્ત્વ છે ભાવ છે. આહા ! એનું સત્વ ને એનો ભાવ આ, પુણ્ય– પાપના ભાવ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ એનું સત્ત્વ નથી, એ સત્‌નું સત્ત્વ નથી, સત્‌નો એ કસ નથી. આહાહા !

સત્ પ્રભુ છે એનો કસ તો જ્ઞાયકપણું તેનું છે. આરે.. આરે આવી વાતું હવે, નવરાશ ન મળે, ફૂરસદ મળે નહીં. બાપુ ! કરવું પડશે ભાઈ ! એ નિવૃત્તિ સ્વરૂપ પડયું છે. આહાહા ! આહા !

ઓલામાં આવે છે ને ? નયનની આળસે રે મેં નીરખ્યા ન નયને હરિ, મારી નયનને આળસે રે મેં નીરખ્યા ન નયને હરિ. હરિ ( નામ ) આત્મા જે રાગ ને દ્વેષને હરનારો એવો હરિ પ્રભુ એ નયનની આળસે જોયો નહીં એણે. આહાહાહા ! એ પર્યાય ને મલિનતાની સમીપમાં પડયો છે પ્રભુ પૂરણ જ્ઞાયક. આહાહા ! પણ એને જોવાને ફુરસદ ન લીધી. આહાહા ! જોનારને જોવાનું મળ્યું ત્યાં રોકાઈ ગયો એ બહારનું, આહાહા ! પણ જેની સત્તામાં જોવાય છે, તેની સત્તા જોવા નવરો ન થયો. સમજાણું કાંઈ ? આહાહાહા ! હવે આવો મારગ હવે.

આમાં કરવું શું ? કાંઈ સૂઝ પડતી નથી. આગમ પ્રમાણે કહે કે વ્રત કરવું ને દયા પાળો ને પૈસા દાનમાં આપો.. મંદિર બનાવો, એવું કહો તો સમજાય તો ખરું ? શું સમજવું. એ તો રાગ છે. એમાં સમજવું‘ તું શું ? અને રાગપણે પ્રભુ કોઈ દિ ’ થયો નથી, જ્ઞાયક. એ તો પર્યાયપણે થયેલો છે. આહાહાહા ! જો દ્રવ્ય પોતે રાગપણે થાય તો તો થઈ રહ્યું દ્રવ્ય અશુદ્ધ થઈ ગયું એટલે કે દ્રવ્ય જ પોતે રહ્યું નહીં. આહાહા ! એ તો ચીજ છે એ છે.

જ્ઞાયકપણે પ્રભુ આત્મા બિરાજમાન બધા આત્માની અંદરમાં, જ્ઞાયકપણું છે તે છે અંદર. આહાહાહા ! ‘ છે ’ તેની દૃષ્ટિ કરવી છે ને પ્રભુ, આહાહાહા ! પર્યાયની દૃષ્ટિ પણ જ્યારે આ દ્રવ્યદૃષ્ટિ થાય યથાર્થ પછી પર્યાયને જોવે તો મલિનતા દેખાય, તે જ્ઞાનનું જ્ઞેય છે ઈ. આહાહા ! સમજાણું કાંઈ ? અને એમે ય જાણે કે આ પરિણમન મારી પર્યાયમાં છે, મારાં દ્રવ્યમાં નથી. પણ પુણ્ય, પાપના ભાવ છે, મારે થાય છે એનું પરિણમન કરનારો હું કર્તા છું નય જ્ઞાનથી. આહાહા ! પણ વસ્તુદૃષ્ટિએ જોતાં તો જ્ઞાયકપણું તે જ્ઞાયકપણું રહ્યું એને જુએ એને જાણે ( ને ) માને પછી એની પર્યાયમાં મલિનતા છે તેનું જ્ઞાન તેને સાચું થાય. આહા ! મારગ. આવું આકરું કામ. અપવાસ કરી નાખે, ચાર છ આઠ દસ કરી નાખે. શરીરના બળિયા હોય ઈ અપવાસ કરે ‘ ઉપવાસ ’ નહીં હોં ? ‘ ઉપવાસ ’ તો ભગવાન જ્ઞાયક ભાવ છે તેનાં સમીપમાં જઈને વસવું પર્યાયમાં તેને આદરવો, આહાહા ! અને અતીન્દ્રિય આનંદની દશા પ્રગટ થાય એને ‘ ઉપવાસ ’ કહે છે. બાકી બધા ‘ અપવાસ ’ છે.

રાગમાં વસીને, ધર્મ અપવાસ કર્યો એમ માને એ તો માઠોવાસ છે, ભગવાન જ્ઞાયકભાવ છે એને તો જોયો નથી, જેનું મહા અસ્તિત્વ છે, જેનું મહા હોવાપણું છે, મહાન માહાત્મ્ય સ્વરૂપ જેનું છે, એને તો જોયો નથી, માન્યો નથી. આહાહા ! આહાહા !

‘ દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું ‘ જ ’ છે ’ એકાંત છે ? હા, નિશ્ચય નય છે તે સમ્યક્ એકાંત છે. સમજાણું કાંઈ ? આહાહાહા ! પ્રભુ અંદર બિરાજમાન જેને કેવળજ્ઞાન થાય, એ પર્યાય ક્યાંથી આવશે પ્રભુ ? ક્યાંય બહારથી આવશે ? એ અંદરમાં શક્તિ

ને સ્વભાવ ભર્યો છે જ્ઞાયક ભાવનો. આહાહાહા !

‘ તે જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે ’ કાંઈ જડપણું થયું નથી. એટલે ? એ શુભ અશુભ ભાવ, જે પર્યાય મલિન છે, અચેતન છે, એ રૂપે જ્ઞાયકભાવ થયો નથી, ઈ તો આવી ગયું છે ને ટીકામાં જ્ઞાયકભાવ શુભાશુભ ભાવપણે થયો નથી એટલે જડ થયો નથી એ અંદરમાં આવી ગયું છે. આહાહા ! આ કાંઈ કથા નથી વાર્તા નથી. આ તો પ્રભુની ‘ ભાગવત કથા ’ છે આ. આહાહા ! ભગવત્‌સ્વરૂપ પ્રભુ અંદર છે. આહાહા ! એને પહોંચી વળવા ભેટો કરવાની વાતું છે પ્રભુ.

પામરને ભેટીને પડયો છો પ્રભુ, પ્રભુતાની ભેટ કર એકવાર. આહાહા ! તો તારી પામરતા નાશ થઈ જશે. આહાહા ! સમાજ આખાને આવો ઉપદેશ ? બાપુ, સમાજ તે આત્મા છે ને અંદર, પ્રભુ છે ને ! આ શરીર તો જડ માટી આ તો છે. “ જાણનારને જણાવે છે ”, જાણનારને જણાવે છે કે તું તો જાણકપણે જ કાયમ રહ્યો છો ને ! આહાહા !

અમારી સામે જોઈને તું સાંભળે છે ને જે રાગ થાય છે એ તો પર્યાયમાં થાય છે તારો જ્ઞાયકભાવ છે, તે કોઈ દિ ’ પર્યાયપણે રાગપણે થયો જ નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ?

‘ કાંઈ જડપણું થયું નથી ’ એટલે ? શુભ-અશુભ ભાવ છે એ તો જડ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ જે ઊઠે, એમાં ચૈતન્યના જ્ઞાયકપણાના અંશનો પણ અભાવ છે. આખા જ્ઞાયકપણાનો તો અભાવ છે એમાં, શું કીધું ? એ દયા, દાન, વ્રત, આદિના પરિણામમાં જ્ઞાયકનો તો અભાવ છે પણ તેનો એક અંશ પણ તેનાંમાં અભાવ છે. જે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પર્યાય એમાં જે ભગવાન જણાણો એવી પર્યાયનો પણ રાગમાં અભાવ છે, જ્ઞાયકનો તો રાગમાં અભાવ છે. આહાહા ! અરે, આવી વાત ક્યાં મળે ભાઈ ? આહાહા !

‘ જડપણું થયું નથી ’ આહાહા ! એટલે ? જે કંઈ શુભભાવ કે અશુભભાવ થાય, એ તો એમાં ચૈતન્યનો જ્ઞાયકભાવનો તો અભાવ છે, પણ જ્ઞાયકભાવની જે પર્યાય, શ્રદ્ધા જ્ઞાનને આદિ થાય નિર્મળ એનો ય એમાં અભાવ છે, આહાહાહા ! તેથી એ જડપણું છે. આહાહા ! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ, એ બધો રાગ તે જડ છે. આહાહાહા ! ભગવાન ચૈતન્ય જ્ઞાયકપણે છે વસ્તુ જે જ્ઞાયકપણે છે તે તો રાગરૂપે થઈ નથી, એ રાગમાં આવી નથી, પણ જ્ઞાયકની શ્રદ્ધા જ્ઞાનનાં કિરણ જે સાચા ફૂટયાં, એ કિરણનો પણ રાગમાં અભાવ છે. આહાહાહા !

માટે કહે છે કે જે ભાવે પંચમહાવ્રતના ભાવ કહેવાય, ભગવાનનું સ્મરણ કહેવાય એ ભાવને અહીં તો જડ કીધો છે. આહાહા ! એ જડથી ચૈતન્યના જ્ઞાયકનું જ્ઞાયકપણું પ્રગટે ? તે જ્ઞાયકપણું નહોતું, તે પ્રગટે ? જ્ઞાયકપણું તો છે જ. જ્ઞાયકપણાના સ્વભાવના સત્કાર ને પ્રતીત ને અનુભવથી એનું ચૈતન્યપણું પ્રગટે. એ રાગના ક્રિયાકાંડના પરિણામથી પ્રભુ ન પ્રગટે. આહાહા ! આવું ભારે આકરું કામ.

ચૈતન્ય જ્ઞાયકપણે તો કાયમ રહેલો પ્રભુ દ્રવ્ય છે. પણ એને માનનારી જે દૃષ્ટિ છે કે જાણનારું જે જ્ઞાન છે એને જાણનારું હોં ! એવા જ્ઞાનનો અંશ પણ એ શુભ રાગમાં નથી. આહાહા ! તેથી તે રાગને શુભાશુભને જડ કહેવામાં આવ્યો છે. આહાહા !

'અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરી કહ્યું છે' પર્યાય નથી એમ નહીં પર્યાય છે પણ અહીંયા દ્રવ્યદૃષ્ટિને દ્રવ્યની દૃષ્ટિ કરાવવા જ્ઞાયકપણાની દૃષ્ટિ જે સત્ય છે સત્યનો સ્વભાવ છે તેની દૃષ્ટિ સત્ય કરાવવા. આહાહા! દ્રવ્યદૃષ્ટિને મુખ્ય કરીને કહ્યું છે, મુખ્ય પ્રધાન કરીને મુખ્ય કરીને.

'જે પ્રમત્ત અપ્રમત્તના ભેદ છે' જે ગુણસ્થાનના, ચૌદ ગુણસ્થાન છે. એ તો અશુદ્ધનયનો વ્યવહારનયનો વિષય છે. એ વસ્તુમાં નથી. આહાહાહા! ચૌદ ગુણસ્થાન... હોં! પહેલું ગુણસ્થાન, બીજું, ત્રીજું, ચોથું ચૌદમું એ તો અશુદ્ધનયનો વિષય છે. પર્યાયનો વિષય કહો કે અશુદ્ધનો કહો કે વ્યવહારનો કહો, ત્રણેય એક છે. 'જે પ્રમત્ત ને અપ્રમત્તના ભેદ છે' પાઠમાં અપ્રમત-પ્રમત હતું પાઠમાં 'णवि होदि अपमत्तो ण पमत्तो' એમ.

(શ્રોતાઃ આચાર્યે, પોતાથી કહ્યું છે) પછી આ સામાન્ય સમજાવ્યું. ઓલું પ્રમત્ત પહેલું હોય છે ખરુંને? પ્રમત્ત પહેલું હોય છે ને પહેલેથી છઠ્ઠ અને અપ્રમત્ત સાતમાથી ચૌદ, ગુણસ્થાનની ધારા (છે ને) એટલે ત્યાં એને એમ લીધું ત્યાં. અહીં સમજાવવા પહેલું છે એને પ્રમતમાં નાખ્યું. અપ્રમત્તના ભેદ નથી પ્રભુ, જ્ઞાયકભાવે બિરાજમાન એમાં શુભાશુભભાવપણે થયો નથી. જડપણે થયો નથી માટે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહાહા!

આવો નિર્ણય (કરવો) વાર્તા હોય તો કાંઈ સમજાયે ય ખરું. એક રાજા હતો ને એક હતી રાણી. રાણી રીંસાણી ને રાજા મનાવવા ગ્યો ને? હેં? ઘરે થાતું હોય એવી વાતું કરે તો એને સમજાય. ઘરે થાતું હોય એને. અરે બાપુ આ તો તારા ઘરમાં થાતું નથી કોઈ દિ' પર્યાયમાં એવી વાત છે આ તો. આહાહાહા!

ભગવાન આત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ પોકાર કરે છે કે અમે જે સર્વજ્ઞ થયાં, એ સર્વજ્ઞપણામાંથી સર્વજ્ઞસ્વભાવમાંથી સર્વજ્ઞ થયા છીએ... કાંઈ સર્વજ્ઞપણું ક્યાંય બહારથી આવ્યું નથી. આહાહા! એમ તારો ગુણ જ સર્વજ્ઞસ્વભાવ છે. એ સર્વજ્ઞસ્વભાવ પોતે છે. એ કોઈ દિ' રાગપણે કે અલ્પજ્ઞપણે એ થયો જ નથી. આહાહાહાહાહા! તારું જે સત્ત્વ છે જ્ઞાયકપણું, 'જ્ઞ'પણું, સર્વજ્ઞપણું એ કોઈ દિ' અલ્પજ્ઞપણે થયું નથી. તો પછી રાગપણે તો થાય ક્યાંથી? આહાહા! 'તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે' શુભ-અશુભ ભાવ નથી અને પ્રમત્ત-અપ્રમત્ત નથી એ બેય પર્યાય નથી, માટે ભેદ નથી. તેથી તે ભેદ પરદ્રવ્યના સંયોગજનિત છે. પરદ્રવ્યના સંયોગને લક્ષે થયેલાં છે. પરદ્રવ્યના સંયોગજનિત, સંયોગે ઉત્પન્ન કરાવ્યાં છે એમ નહીં. પણ સંયોગજનિત (એટલે કે) સંયોગના લક્ષે ઉત્પન્ન થયેલાં છે. આહાહા!

હવે આવો ઉપદેશ યાદ શી રીતે રહે? કલાક આવું સાંભળે ને બાપુ, તું અનંત કેવળજ્ઞાનનો ધણી છોને નાથ! ત્રણકાળ, ત્રણલોકને જાણ નાથ! એવી તારામાં શક્તિ પડી છે. આહાહા! એમાં આવી સાધારણ વાતને ન જાણી શકે? એમ ન હોય ભાઈ એમ ન હોય ન સમજાય એમ કહેતાં કલંક બેસે છે પ્રભુ. આહાહા! એ તો જ્ઞાયકપણાનો પિંડ છે ને! એ કહે કે મને ન સમજાય, પર્યાયમાં ન સમજાય અરે. આહાહા!

પ્રમત્ત અપ્રમત્તના ભેદ છે એ તો પરદ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થયેલા પર્યાય છે. એ અશુદ્ધતા, પર્યાયમાં અવસ્થામાં હાલતમાં બદલતી હલચલ દશામાં અશુદ્ધતા છે. નહીં બદલતી સ્થિર ધ્રુવ વસ્તુમાં તે નથી. જ્ઞાયકભાવ નહીં હલતો નહીં ચલતો સ્થિર ધ્રુવ. આહાહા!

" उत्पादव्ययध्रुवयुक्तं सत् " છે ને ? ધ્રુવ છે તે હલતો નથી ચલતો નથી, પરિણમતો નથી. આહાહા !

એ ત્રિકાળી વસ્તુ છે એની દૃષ્ટિની અપેક્ષાએ એની દૃષ્ટિની અપેક્ષાએ અશુદ્ધપણું એ સંયોગજનિત વિકાર છે, તે દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, મુખ્ય નહીં. પેટામાં રાખ, છે ખરું. તળેટીમાં રાખ, ચડવું છે આમ ઉપરમાં એ તળેટી હારે નહીં આવે. આહાહા !

એ દ્રવ્યદૃષ્ટિમાં મલિનતા તે ગૌણ છે. અભાવ છે એમ નહીં હોં ! મલિનતા નથી જ તો તો સંસારેય નથી, દુઃખેય નથી, વિકારેય નથી. આહાહા ! એમ નથી. છે, પણ દ્રવ્યદૃષ્ટિ, વસ્તુ-જ્ઞાયકભાવ એની દૃષ્ટિની મુખ્યતાએ, તે અશુદ્ધતાને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. ગૌણ કરીને પેટામાં રાખીને, ઉપર જાવું છે ને તળેટી હેઠે રહી ગઈ, પણ એ છે ખરી.

એમ રાગથી ભિન્ન પડીને, સ્વરૂપની દૃષ્ટિ કરવામાં અને તેમાં સ્થિર થવામાં પર્યાયને ગૌણ કરે ત્યારે તેમાં દૃષ્ટિ એની સ્થિર થાય. આહાહા ! છે ? ગૌણ છે એ વ્યવહાર છે. બીજી ભાષા કરી એને, દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ વસ્તુ જે ત્રિકાળ જ્ઞાયક પ્રભુ છે. એની દૃષ્ટિએ એ અશુદ્ધતા છે તે વ્યવહાર છે. ત્રિકાળી જ્ઞાયકભાવ તે નિશ્ચય છે. આ ગૌણ છે ને ઓલું મુખ્ય છે. આ વ્યવહાર છે, ઓલો ત્રિકાળી નિશ્ચય છે. આહાહા !

અભૂતાર્થ છે, ' નથી ' એમ કીધું. અ-ભૂત, પર્યાય નથી. ગૌણ કરીને ભગવાન ત્રિકાળી જ્ઞાયક ભાવને મુખ્ય કરીને ' છે ' નિશ્ચય એમ કહ્યું અને ગૌણ કરીને -વ્યવહાર કહીને નથી એમ કહ્યું, નથી બિલકુલ પર્યાય-અશુદ્ધતા એમ નહીં અને અસત્યાર્થ છે, જૂઠું છે. અશુદ્ધતા અસત્યાર્થ છે, ઉપચાર છે, પર્યાયમાં... ( છે ) આહાહા !

વિશેષ વ્યાખ્યા આવશે......

પ્રમાણ વચન ગુરુદેવ.

---

## પ્રવચન નં. ૨૪ ગાથા - ૬ તા. ૩-૭-૭૮ સોમવાર, જેઠ વદ-૧૩ સં.૨૫૦૪

અશુદ્ધતા પરદ્રવ્યકે સંયોગસે આતી હૈ. છે ભાવાર્થ ? કયા કહેતે હૈ કે જો આ આત્મા હૈ ને આત્મા. વસ્તુ વો તો શુદ્ધ ચૈતન્ય આનંદઘન હૈ અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનકી મૂર્તિ હૈ. ઉસકી પર્યાયમેં અવસ્થામેં હાલત વર્તમાન દશામેં અશુદ્ધતા પરદ્રવ્યકે સંયોગસે આતી હૈ. યે અશુદ્ધતા નામ પર્યાયનો ભેદ પરદ્રવ્યના સંયોગથી પોતાની અપની યોગ્યતાસે હોતી હૈ. આહાહા ! અશુદ્ધતા ભેદ અથવા પુણ્ય પાપકા ભાવ અપની ચીજ જો દ્રવ્ય હૈ ઉસમેં તો હૈ નહીં પણ ઉસકી પર્યાયમેં મલિનતા પરદ્રવ્યકે સંયોગસે આતી હૈ. " ઉસમેં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ નહીં હોતા " કયા કહેતે હૈ. વસ્તુ જો સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ ધ્રુવ વસ્તુ, આત્મા ધ્રુવ નિત્ય વસ્તુ, એ કદી પુણ્ય પાપના મેલ એ અન્ય દ્રવ્યરૂપે એ સ્વદ્રવ્ય હોતા નહીં. સમજમેં આયા ? ઝીણી વાત બાપુ ! ધર્મ, ધર્મ એ કયા ચીજ હૈ સૂક્ષ્મ બહોત હૈ. આહાહા !

એ મૂળ દ્રવ્ય જે વસ્તુ હૈ વસ્તુ આત્મા, જ્ઞાનસ્વરૂપ જ્ઞાયકભાવ વો અન્ય દ્રવ્ય નામ પુણ્ય પાપ ને ભેદરૂપ તો કભી હોતા નહીં. સમજમેં આયા ? માત્ર પરદ્રવ્યકે નિમિત્તસે અવસ્થા મલિન

હો જાતી હૈ. પરકર્મનું નિમિત્ત એના સંબંધે આત્માની અવસ્થામાં–પર્યાયમાં–હાલતમાં મલિનતા હો જાતી હૈ, વસ્તુમાં મલિન નહીં, વસ્તુ તો ત્રિકાળ નિર્મળાનંદ હૈ. આહાહા !

" દ્રવ્યદૃષ્ટિસે દ્રવ્ય તો જો હૈ વો હી હૈ " વસ્તુ જો હૈ વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ, શુદ્ધ અખંડ આત્મદ્રવ્ય એ તો જો હૈ વો હી હૈ, ઉસમેં કુછ ફેરફાર હોતા નહીં પર્યાયમેં ફેરફાર એ સંયોગજનિત અવસ્થા મલિન એ વસ્તુમેં હૈ નહીં. આહાહા ! દશામેં પર્યાયમેં ભેદ હૈ વસ્તુમેં નહીં, વસ્તુ ને પર્યાય ( વસ્તુમેં મલિનતા નહી તો મલિનતા કિધરસે આઈ ) મલિનતા પર્યાયમેં હૈ. વસ્તુમેં મલિનતા કૈસી ? વસ્તુ તો હૈ વહી હૈ. આહાહા ! પર્યાયમેં અવસ્થામાં મલિનતા હૈ તો મલિનતા ચલી જાતી હૈ... વસ્તુમાં મલિનતા હો તો વસ્તુ ચલી જાયેગી, તો તે અશુદ્ધ હો જાયે ને અશુદ્ધનો નાશ કરનેમેં જાવે તો એ વસ્તુ નાશ હો જાય, ઝીણી વાત છે ભાઈ ધર્મ ! આહાહા !

દ્રવ્યદૃષ્ટિસે, દ્રવ્ય નામ વસ્તુ ત્રિકાળકી દૃષ્ટિસે દેખો તો દ્રવ્ય જો હૈ વો હી હૈ. વો તત્ત્વ હૈ વો હિ ઐસા ને ઐસા અનાદિ અનંત ઐસા હૈ. આહાહા ! ઔર પર્યાયદૃષ્ટિસે દેખો તો મલિન હી દિખાઈ દેતા હૈ, વર્તમાન ઉસકી દશા, ઉસકી હાલત, પર્યાય, ઉસસે દેખો તો મલિન હૈ, પર્યાયદૃષ્ટિસે દેખો તો મલિન હૈ, દ્રવ્યદૃષ્ટિસે દેખો તો નિર્મળ હૈ. આહાહા ! હવે આવું સમજવું એને. માર્ગ અનાદિ ખ્યાલમાં નહિ ને જનમ મરણ કરી રહ્યો છે, ૮૪ ના અવતાર. આહાહા !!

એ પર્યાયદૃષ્ટિસે દેખો તો મલિન દીખતે હૈ, ઇસી પ્રકાર આત્માકા સ્વભાવ જ્ઞાયકભાવ માત્ર હૈ, જ્ઞાયક તો જાનના, જાનના, જાનના, જાનના, એવો જ્ઞાયક સ્વભાવ જ ત્રિકાળી ઉસકા ભાવ હૈ. ઓ ઉસકી અવસ્થા પુદ્‌ગલ કર્મકે નિમિત્તસે રાગાદિરૂપ મલિન હૈ. વર્તમાન ઉસકી દશા, ત્રિકાળ દ્રવ્યકો છોડકર, વર્તમાન અવસ્થામેં પુદ્‌ગલકર્મકા નિમિત્તસે રાગદ્વેષ આદિ મલિન હૈ વહ પર્યાય હૈ, એ તો અવસ્થા હૈ. આહાહા ! મનુષ્યપણું મનુષ્યપણુંપણે કાયમ હૈ. બાલ, યુવાન, વૃદ્ધાવસ્થા એ તો પર્યાયકા ભેદ હૈ. મનુષ્યપણુ, તો મનુષ્યપણુંપણે કાયમ હૈ. એમ સોનું તો સોનાપણે કાયમ હૈ પણ સોનાની અવસ્થા જે કુંડલ કડા આદિ હોતા હૈ યે અવસ્થા હૈ એ અવસ્થા ભેદ હૈ એ વસ્તુમેં નહિ. આહાહાહા ! આવું સમજવું હવે.

" દ્રવ્યદૃષ્ટિસે દેખા જાય તો જ્ઞાયકત્વ તો જ્ઞાયકત્વ હિ હૈ, " વસ્તુ વસ્તુ વસ્તુ ત્રિકાળી વસ્તુ દ્રવ્ય તત્ત્વ એ દૃષ્ટિસે દેખા જાય તો જ્ઞાયક તો જ્ઞાયક હી હૈ વહ કહીં જડત્વ નહિ હુઆ. જ્ઞાયકભાવ જો જાણન સ્વભાવ વો તો જ્ઞાયક સ્વભાવરૂપ તો ત્રિકાળ હૈ. એ પુણ્ય પાપ ભાવ જો જડ હૈ, વોરૂપે વો હુઆ નહિ. પુણ્ય ને પાપ, દયા–દાન–વ્રત–ભક્તિ, કામ ક્રોધકા ભાવ ઉસમેં જ્ઞાયક ભાવકા અંશ નહીં, વો જ્ઞાયકભાવ તો નહિ પણ જ્ઞાયકભાવકા કિરણ અંશ પર્યાય ઉસકી નિર્મળ પર્યાય ભી ઉસમેં હૈ નહિ પુણ્ય પાપકા ભાવમેં. શુભ અશુભભાવ જો હૈ ( વહ ) મલિન હૈ એ જડ હૈ, આહાહા ! શરીર જડ હૈ એ તો રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા જડ હૈ. આહાહા ! ઔર પુણ્ય–પાપકા ભાવ જડ હૈ ઉસમેં ચૈતન્યકા પ્રકાશકા અભાવ હૈ એ અપેક્ષાએ જડ હૈ. આહાહા !

" યહાં દ્રવ્ય દૃષ્ટિકો પ્રધાન કરકે કહા હૈ. " આ ગાથામેં તો વસ્તુકી દૃષ્ટિ બતાના, વસ્તુકી દૃષ્ટિ કરાના, તો યે સમ્યગ્દર્શન હોતા હૈ. સત્ય દર્શન હોતા હૈ. જૈસી ચીજ હૈ, ઐસી દૃષ્ટિ કરાનેકો દ્રવ્ય દૃષ્ટિસે પ્રધાન મુખ્ય કરકે કહા હૈ. હૈ ?

" જો પ્રમત્ત અપ્રમત્તકે ભેદ હૈ, ગુણસ્થાન ચૌદ હૈ એ ભેદ હૈ, એ ભેદ હૈ વે પરદ્રવ્યકી

સંયોગજનિત પર્યાય હૈ.” શુભ અશુભ ભાવ પર્યાયમેં કર્મકા સંયોગકા નિમિત્તસે, અપની ઉપાદાનકી યોગ્યતાસે ઉત્પન્ન હોતા હૈ પણ હૈ તો એ જડ. ઓ કારણ પ્રમત્ત અપ્રમત્તકા ભેદ હૈ વહ પરદ્રવ્યકી સંયોગ જનિત પર્યાય હૈ. એ જેમ શુભ અશુભભાવ જેમ પરદ્રવ્યકા સંયોગ જનિત વિકારી જડ પર્યાય, ઐસે પ્રમત્ત-અપ્રમત્તકા ભેદ બી પહેલે ગુણસ્થાનસે છઠ્ઠે પ્રમાદ, સાતમેસે ચૌદમે અપ્રમાદ એ ભૈદ હૈ, એ સંયોગજનિતકી અપેક્ષાએ ભેદ હૈ, વસ્તુમાં ભેદ નહીં, આવી ચીજ છે.

હિન્દી કરે તો પણ ભાવ તો જે છે તે રહે, અત્યારે તો ચાલતું નથી, અત્યારે તો બધું ગરબડ-ગરબડ, દયા કરો ને વ્રત કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ધર્મ હોગા, હો જાએગા ધૂળમાંય ધર્મ નહીં ભાઈ તને ખબર નથી. એ વિકારી ભાવ, પર્યાય દૃષ્ટિમેં સંયોગજનિત ભેદ હૈ, એ વસ્તુમેં હૈ નહી અને વસ્તુકી દૃષ્ટિ હુએ બિના સમ્યગ્દર્શન હોતા નહીં. આહાહા ! સમજમેં આયા ?

યહાં દ્રવ્યદૃષ્ટિકો પ્રધાન કરકે કહા હૈ, જો પ્રમતઅપ્રમત કે ભેદ હૈ યે તો પરદ્રવ્યકી સંયોગજનિત પર્યાય હૈ, યહ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમેં ગૌણ હૈ. યહ અશુદ્ધતા વસ્તુદૃષ્ટિ કરાનેકો યહ અશુદ્ધતા પેટામેં ગૌણ રખકર ઉસમેં હૈ નહીં, ઉસકી પર્યાયમેં ભી હૈ નહીં ઐસા, ગૌણ કરકે, પર્યાય હૈ નહીં ઐસા નહીં, પણ વો પર્યાયકો ગૌણ કરકે અર્થાત્ ઉસકી મુખ્યતા લક્ષમેં ન લેનેકો, ત્રિકાળી દ્રવ્યકો મુખ્યતા લક્ષમેં લેનેકો, વો કારણસે સમ્યગ્દર્શન હોતા હૈ ધર્મકી પહેલી સીઢી યે કારણે અશુદ્ધતા ગૌણ કરકે, હૈ ? દ્રવ્યદૃષ્ટિમેં એ ગૌણ હૈ, આહાહા ! વસ્તુ જે ચૈતન્ય પ્રભુ નિત્યાનંદ ધ્રુવ જો વસ્તુ હૈ, ઉસકી દૃષ્ટિમેં યે પર્યાયના ભેદો ગુણસ્થાન આદિ ને પુણ્ય પાપ એ સબ ગૌણ હૈ વ્યવહાર હૈ. ત્રિકાળી જ્ઞાયક ભાવ એ મુખ્ય હૈ ઔર પ્રમત્ત આદિકા ભેદ હૈ યે ગૌણ હૈ ત્રિકાળી જ્ઞાયકભાવ હૈ યે નિશ્ચય હૈ ઔર પર્યાયકા ભેદ હૈ યે વ્યવહાર હૈ. નેમચંદભાઈ ! આવું ઝીણું છે. આહાહા !

દરકાર કરી નથી કોઈ દિ ’ એણે સંસારના પાપ આખો દિ ’ કરે અને તેમાં ક્યાંક ધર્મ સાંભળવા જાય કલાક તો મળે એવું દયા કરો ને વ્રત કરોને ભક્તિ કરોને પૂજા કરો, તમને ધર્મ થઈ જશે એ તો એનું એ મિથ્યાત્વ હૈ.

યહાં તો અશુદ્ધતા, વસ્તુ જો હૈ ત્રિકાળી જે કાયમકી અસલી ચીજ હૈ ઉસકી દૃષ્ટિ કરાનેકો દ્રવ્યદૃષ્ટિકી મુખ્યતાસે, યે પર્યાય હૈ યે ગૌણ હૈ, ત્રિકાળ હૈ યે નિશ્ચય હૈ ઔર પર્યાય એ વ્યવહાર હૈ, ત્રિકાળ યે સત્યાર્થ હૈ ઔર પર્યાય એ અપેક્ષાએ અભૂતાર્થ હૈ. આહાહા ! ત્રિકાળ સત્યાર્થ હૈ, તો એ અપેક્ષાએ પર્યાય અસત્યાર્થ હૈ, ત્રિકાળ વાસ્તવિક હૈ તો આ ભેદ ઉપચાર હૈ. વસ્તુ એવી ઝીણી છે બાપુ ! આહાહા ! અહીં સુધી આવ્યું ’તું કાલ, આવ્યું ’તું અહીં સુધી ? આ તો ફરીને ભાઈને લઈને. આહાહા ! આહાહા ! દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ હૈ વસ્તુ જે ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ, ધ્રુવ જિસમેં પલટો અવસ્થા ભી નહી ઐસી ચીજ હૈ યે શુદ્ધ હૈ, પર્યાય મલિન ને ભેદ એ અશુદ્ધ કરકર, ગૌણ કરકરકે, વ્યવહાર કરકરકે, ઉપચાર કરકરકે હૈ નહીં ઐસા કહેનેમેં આયા હૈ. સમજમેં આયા ? અને ત્રિકાળી ભગવાન આત્મા એક સમયમેં ધ્રુવ, ધ્રુવ ચિદાનંદ પ્રભુ, વસ્તુ હૈ, ઉસકી દૃષ્ટિ એ શુદ્ધ હૈ, દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ હૈ, કયોંકિ ત્રિકાળી ચીજ હૈ યે સત્યાર્થ હૈ, ભૂતાર્થ હૈ, છતી ચીજ

હૈ ત્રિકાળી ઉસકી દૃષ્ટિ એ શુદ્ધ હૈ. સંયોગજનિત અશુદ્ધ પર્યાયકી દૃષ્ટિ એ તો અશુદ્ધ હૈ, પર્યાય હૈ ને વ્યવહાર હૈ. આહાહા ! સમજમેં આયા ? આજ હિન્દી હાલ્યા, આ હિન્દી ચલા આજ, નહીં સમજતે ? આ તો હિન્દી ચલતે હૈ આજ તો, એને કાંઈ ફરક નથી. સમજમેં આયા ?

દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ હૈ, વસ્તુ હૈ યે દૃષ્ટિ કરાના યે દ્રવ્યદૃષ્ટિ એ શુદ્ધ હૈ, પર્યાય દૃષ્ટિએ પર્યાય તો અશુદ્ધ હૈ સંયોગજનિત ઉસકો ગૌણ કરકે વ્યવહાર કરકે ઔર વસ્તુકો મુખ્ય કરકે નિશ્ચય કરકે ઉસકી દૃષ્ટિ કરાયા હૈ. પંડિતજી ! આહાહા ! દિગંબર સંતોની વાણી ગંભીર બહુ ઘણી ગંભીર બાપુ, વસ્તુ એવી છે અને એવી ચીજ બીજે ક્યાંય હૈ નહીં શ્વેતાંબરમેં, સ્થાનકવાસીમેં ને અન્ય મતમેં ક્યાંય હૈ નહીં. આવી ચીજ હૈ. આહાહા !

તો કહેતે હૈ કે દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ હૈ, ત્રિકાળી વસ્તુકી દૃષ્ટિ યે શુદ્ધ હૈ ઔર ત્રિકાળી દૃષ્ટિ એ નિશ્ચય હૈ. યે ત્રિકાળી દ્રવ્ય જો હૈ, વો નિશ્ચય હૈ, ઔર ઉસકી દૃષ્ટિ વો નિશ્ચય હૈ. આહાહા ! ભૂતાર્થ હૈ, ત્રિકાળી ચીજ હૈ યે ભૂત એટલે છતો પદાર્થ હૈ, પર્યાય તો પલટતી ક્ષણિક અવસ્થા સંયોગજનિત ભેદ મલિનતા હૈ, આ તો સ્વાભાવિક વસ્તુ હૈ ત્રિકાળી, જેમાં સંયોગની અપેક્ષાય નહીં, સંયોગના અભાવની અપેક્ષા નહીં. આહાહા ! સમજાય એટલું સમજો બાપુ, આ તો પરમાત્મા જિનેશ્વર દેવ, તીર્થંકર ત્રિલોકના નાથ એની આ વાણી છે. અત્યારે તો બધી ગરબડ થઈ ગઈ છે બધે, જ્યાં જુઓ ત્યાં આ કરો ને અપવાસ કરો, વ્રત કરો, પણ કહે છે કે એ બધા વિકલ્પ છે એ તો અશુદ્ધ છે, આહાહા ! એ અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગે ઉત્પન્ન થાય છે તે સ્વાભાવિક ચીજ નથી. આહાહાહા !

સ્વાભાવિક ચીજ તો ત્રિકાળી જે ચીજ હૈ એ સ્વાભાવિક હૈ, સહજ હૈ, ઉસકી દૃષ્ટિ દ્રવ્ય શુદ્ધ હૈ તો દૃષ્ટિ ભી શુદ્ધ હૈ. ઔર દ્રવ્ય ભી, આહાહા ! અભેદ હૈ ઔર પર્યાય અભેદ હો ગઈ, દ્રવ્ય નિશ્ચય હૈ તો પર્યાયકો હી નિશ્ચય કહેનેમેં આતા હૈ. વસ્તુ ભૂતાર્થ હૈ, ભૂત નામ છતો છતી હૈયાતી ત્રિકાળ મોજૂદ ચીજ હૈ, પર્યાય હૈ યે તો ક્ષણિક વિકાર કર્મકા સંયોગસે ઉત્પન્ન હૈ. આ વસ્તુ હૈ સત્ય હૈ ભૂતાર્થ, આહાહા ! સત્યાર્થ હૈ, સત્ય, સત્ય કાયમકી સત્ય પદાર્થ હૈ. આહાહા ! વો સમ્યગ્દર્શનકા વિષય હૈ. સમજમેં આયા ?

અભ્યાસ ન મળે, કાંઈ ખબર ન પડે, જગતના પાપના અભ્યાસ બધા આખો દિ ' ધંધા, આ દુકાને બેસીને ઘરાકને સાચવવા ને માલ વેચવો આ નોકરી હોય તો બે પાંચ હજારનો પગાર મળે પાપ એકલું છે. આખો દિ ', ધર્મ તો નથી પણ પુણ્યે ય નથી. આહાહાહા !

અહીંયા તો ધર્મ હોનેકે કારણ, પર્યાયદૃષ્ટિકો મલિનતા અને ભેદકી દૃષ્ટિકો ગૌણ કરકે ત્રિકાળી દૃષ્ટિ કરાનેકો કે જે સત્ય દૃષ્ટિ હૈ, કયુંકી વસ્તુ સત્ય હૈ, ત્રિકાળી મોજૂદ ચીજ હૈ, મોજૂદ ચીજ ભગવાન ત્રિકાળી ધ્રુવ, ઉસકી દૃષ્ટિ કરના વો નિશ્ચય સમ્યગ્દર્શન હૈ. આહાહા ! ઉસકા નામ ધર્મની પહેલી સીઢી હૈ, હજી ચારિત્ર તો ક્યાંય રહી ગયા એ તો બહુ આઘી વાત છે. સમજમેં આયા ?

અભેદ હૈ, ભૂતાર્થ હૈ, સત્યાર્થ હૈ, પરમાર્થ હૈ. આહાહા ! પરમપદાર્થ પરમાર્થ એ વસ્તુ પરમાર્થ આ દુનિયાનો પરમાર્થ અમે કરીએ છીએ પરોપકાર કરીએ એ સબ જૂઠ બાત હૈ. કોઈકા કોઈ કર સકતે નહીં, પરમ પદાર્થ પરમાર્થ તો પ્રભુ પોતે હૈ. ત્રિકાળી પરમ પદાર્થ પરમાર્થ

જિસકી દૃષ્ટિ કરનેંસે જનમ મરણકા અંત લાનેકા સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહા ! સમજમેં આયા ? ઇસલિયે આત્મા જ્ઞાયક હી હૈ. વસ્તુ છે એ તો ત્રિકાળી જ્ઞાયક જ્ઞાયક જ્ઞાયક જ્ઞાન રસ, જ્ઞાન સ્વભાવ, જ્ઞાયક ‘ જ્ઞ ’ સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ, જ્ઞાયક ભાવ, એ તો ત્રિકાળી જ્ઞાયક ભાવ સ્વરૂપ હૈ. આહાહા ! આવી ભાષા ને આવું બધું. બાપુ મારગ ઝીણો, બહુ ભાઈ ! આહાહા ! છે ? એ કારણે આત્મા જ્ઞાયક હી હૈ. એક જ્ઞાયક સ્વરૂપ જાણક સ્વભાવ માત્ર યે તો હૈ જાણક સ્વભાવ કાયમી ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ, જાણક સ્વભાવ માત્ર આત્મા હૈ, ઉસમેં કોઈ મલિનતા ને ભેદ હૈ નહીં. આહાહા ! ઉસમેં ભેદ નહીં. એ પ્રમત અપ્રમત ઔર પુણ્ય પાપકા ભાવ વો વસ્તુકા સ્વરૂપમેં નહીં, ભેદ નહીં. આહાહા ! ઇસલિયે યહ પ્રમત અપ્રમત નહીં, એ કારણે વો પ્રમત-અપ્રમત જે ગુણસ્થાનના ભેદ, જેમ સીઢી ચડનેમેં પગથિયા હોતા હૈ ને ? પૈરી, એમ ભેદ હૈ ગુણસ્થાન ચૌદ પર્યાયમેં, વો ઉસમેં હૈ નહીં. આહાહા !

“ જ્ઞાયકભાવ નામ ભી ઉસે જ્ઞેયકો જાનનેસે દીયા જાતા હૈ, ” આહા ! જાનનેવાલા જાનનેવાલા ઐસા કહેનેમેં આતા હૈ, તો જાનનેવાલા પરકો જાનતે હૈ માટે જાનનેવાલા હૈ ? કે ‘ ના ’... આહાહા ! એ તો પરકો જાનનેકે કાલમેં, વો અપની જ્ઞાનકી વિકાસ શક્તિ પ્રગટ હુઈ એ અપનેસે હુઈ હૈ, પરકા જાનના ને સ્વકા જાનના વો પર્યાયમેં, પર્યાયકી વિકાસ નામ, વ્યક્ત પ્રગટ હુઈ યે અપનેસે હુઈ હૈ, પરસે નહીં. આહાહાહા ! સમજમેં આયા ?

જ્ઞાયક નામ ભી ઉસે જ્ઞેયકો જાનનેસે દિયા જાતા હૈ, “ ક્યોંકિ જ્ઞેયકા પ્રતિબિંબ ભી જબ ઝળકતા હૈ જ્ઞાનકી પર્યાયમેં, ” પર્યાયની બાત અબ ચલતી હૈ, ઇસકી પર્યાયમેં રાગ જાનનેમેં આતા હૈ, શરીર હૈ ઐસા જાનનેમેં આતા હૈ, જ્ઞાનકી પર્યાયમેં ઉસકી ઝળક નામ જાનનેમેં આતા હૈ. આહાહા ! જ્ઞેયકા પ્રતિબિંબ જબ ઝળકતા હૈ જ્ઞાનકી પર્યાયમેં સ્વપરપ્રકાશક પર્યાયકા સામર્થ્યસે જો વિકસિત હુઆ, ઉસમેં રાગ ને શરીર આદિ દેખનેમેં જાનનેમેં આતા હૈ, “ તબ જ્ઞાનમેં વૈસા અનુભવ હોતા હૈ, ” તો જ્ઞાનમેં ઐસા અનુભવ હોતા હૈ કે મૈં તો જ્ઞાનકી પર્યાય હૂં ! તથાપિ ઉસે જ્ઞેયકૃત અશુદ્ધતા નહીં. કયા કહેતે હૈ ?

ત્રિકાળી જ્ઞાયકભાવ તો શુદ્ધ હૈ પણ ઉસકા જ્ઞાન હુઆ હવે પર્યાયમેં, તો જ્ઞાન ઉસકા હુઆ વો જ્ઞાનકી પર્યાયમેં સ્વ તો જાનનેમેં આયા પણ વો જ્ઞાનકી પર્યાય અવસ્થામેં પર જાનનેમેં આયા, તો પર જાનનેમેં આયા તો ઇતની પરજ્ઞેયકૃત પરાધીનતા ઉસમેં આઈ ઐસા હૈ નહીં. યે પરજ્ઞેયકૃત જો ભાવ ગિનનેમેં આયા યે તો સ્વ-જ્ઞેય અપની પર્યાયકા ભાવ હૈ, યે જ્ઞાન પર્યાય અપના પર્યાયકા ભાવ હૈ યે જ્ઞેયકૃતસે હુઆ હૈ ઐસા હૈ નહીં. અરે આવી વાતુ. ભાષા તો સાદી છે પણ હવે ભાવ તો જે હોય એ પ્રમાણે હોયને ? આહાહા ! કયા કિયા ? કે જો જાનનેવાલા એમ કહેનેમેં આયા, તો જાનનેવાલા અપનેકો તો જાન્યા, પણ વો પરકો જાનનેકે કાલમેં, પર જૈસી ચીજ હૈ તૈસા યહાં જ્ઞાન હોતા હૈ. તો, ઐસા તો પરકે કારણસે યે પર્યાય હુઈ હૈ ઐસા હૈ નહી, યે પરકો જાનનેકી પર્યાય ભી અપની શક્તિકા વિકાસ હુઆ હૈ, સ્વપરપ્રકાશકા વિકાસ હુઆ હૈ પ્રગટ હુઆ હૈ યે અપની પર્યાય હૈ, અપનેસે પ્રગટ હુઈ હૈ, પરસે નહીં. સમજમેં આયા ? આહાહાહા !

આવો ઉપદેશ કીધો, કાંઈ સાંભળ્યું ન હોય, દ્રવ્ય શું ને પર્યાય શું, અભેદ શું ને ભેદ શું, એ કયા હૈ આહા ! આ અનાદિ કાળ અજ્ઞાનમેં રૂલતે રૂલતે પરિભ્રમણ, આહાહા ! કૌવા, કીડા,

કાગડા, કંથવા ઉસમેં ભવ અનંત કિયા ને અહીંયા ભી નહીં સમજે ( તો ) મરીને ત્યાં જાએગા યે આહાહા ! ભલે અહીંયા કરોડોપતિ હો, માંસ અને દારૂ આદિ ખાતે ન હો, દારૂ આદિ, પણ ભાન નહીં વસ્તુના ને માયા કપટ ને લોભ આદિ ભાવ કીયા હો, આહાહા ! તો પશુમેં જાએગા, ફિર અવતાર મનુષ્યકા મિલના કઠણ પડેગા ધર્મ તો કઠણ પણ મનુષ્યપણું મિલના કઠણ ( હો જાએગા ). આહાહા !

આ ચીજ જૈસી હૈ ઐસી જ્ઞાનમેં સમજમેં ન આવે તબ લગ તો પરિભ્રમણકા ભાવ હૈ. આહાહા ! જ્ઞાનમેં ઐસા અનુભવ આતા હૈ, જેવું રાગ ને શરીરકો જાના તો યે જ્ઞાનકી પર્યાય જાનનેમેં આઈ હૈ, એ રાગકા જ્ઞાન હુઆ માટે રાગકો જાના અથવા રાગસે જ્ઞાન હુઆ ઐસા હૈ નહીં. યે જ્ઞાન પર્યાય અપનેંકો જાના વો પર્યાયમેં પરકો જાના, તો પરકે કારણસે પરકો જાનના હુઆ ઐસા હૈ નહીં, અપનેમેં યે સ્વપરપ્રકાશકકા ભાન હુઆ, વિકાસ હુઆ, પ્રગટ હુઆ, એ રાગસે પ્રગટ હુઆ નહીં, શરીરકો જાના તો શરીરસે જાનનેકી પર્યાય ઉત્પન્ન હુઈ નહીં. આહાહાહા ! સમજમેં આયા ?

તથાપિ ઉસે જ્ઞેયકૃત અશુદ્ધતા નહીં, કયોંકિ જૈસા જ્ઞેય જ્ઞાનમેં પ્રતિભાસિત હુઆ, જૈસા શરીર ને રાગ, જૈસી અપની પર્યાયમેં સ્વજ્ઞેય જાનનેમેં આયા વો હી પર્યાયમેં પરકા જાનનેમેં આયા યે પ્રતિભાસિત હુઆ વૈસા જ્ઞાયકકા હી અનુભવ કરને પર જ્ઞાયક હી હૈ, એ તો જાનનેકી પર્યાય જ્ઞાયકકી હી હૈ, એ રાગકી પર્યાય નહીં, આરે ! આવી વાતું હવે. શ્લોક બહોત અચ્છા હૈ નેમચંદભાઈ, છઠ્ઠી ગાથા, આ તો ભાવાર્થ હૈ, ટીકા તો ચલી ગઈ. આ તો ઓગણીસમી વાર ચલતે હૈ. અઢારવાર તો સમયસાર સારા સભામેં ચલ ગયા, પહેલેસે તે ઠેઠ અઢાર વાર, આ ઓગણીસમી વાર ચલતે હૈ. આહાહા ! વસ્તુ ગહન કભી સુના નહીં, વિચારમેં આયા નહીં કયા ચીજ હૈ ઔર ઉસકી દશામેં કયા હોતા હૈ, પહલે તો યે કહા કે વસ્તુ હૈ એ તો ત્રિકાળી શુદ્ધ હૈ ને ઉસકી દૃષ્ટિ કરના યે શુદ્ધ હૈ, ઔર પર્યાયમેં અશુદ્ધતા આતી હૈ વહ સંયોગજનિત હૈ માટે મલિનતા ને ભેદ પડતે હૈ.

હવે આંહી જે પર્યાય હુઈ એ દૂસરી બાત હૈ છતાં વો પર્યાય દ્રવ્યમેં નહીં સ્વજ્ઞેયકો જાના અને પરજ્ઞેયકો જાના યે પર્યાય સ્વપરપ્રકાશક અપનેસે અપનેમેં હુઈ હૈ, છતે વો પર્યાય દ્રવ્યમેં હૈ નહીં, પર્યાય એ ભેદ હૈ. આહાહા !

આમાં મુંબઈવાળાને ક્યાં નવરાશ મળે આમાં, આવું સમજવાની ? ધંધા, આખો દિ ’ પાપ. સવારથી ઊઠે ત્યારથી આ કરો ને આ કરો, ધંધા, ધંધા, ધંધા પાપના, આહાહા ! ધર્મ તો નહીં પણ પુણ્યે ય ન મળે. આહાહા ! એને બે ચાર કલાક સત્ સુનનેમેં આતે હો તો પુણ્ય ભી બંધાય પણ ધર્મ નહીં. ધર્મ તો એ પુણ્યબંધકા રાગસે ભિન્ન ભગવાન હૈ. પૂર્ણાનંદકા નાથ, જ્ઞાયકભાવ હૈ ઉસકી દૃષ્ટિ લેના એટલે કે એ દૃષ્ટિમેં જ્ઞાયક લેના. આહાહા ! જે દૃષ્ટિમેં રાગ આદિ પર્યાય આદિ લીયા હૈ એ દૃષ્ટિમેં સારા ત્રિકાળી જ્ઞાયક લેના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા !

“ કયોંકિ જૈસા જ્ઞેય જ્ઞાનમેં પ્રતિભાસિત હુઆ, ” પર્યાયકી બાત હૈ હોં, “ વૈસા જ્ઞાયકકા અનુભવ કરને પર જ્ઞાયક હી હૈ, ” એ જાનનેકી પર્યાય જ્ઞાયકકી હી હૈ યૂં, સ્વના જાનના ને પરના

જાનના એ પર્યાય જ્ઞાયકકી હૈ. અથવા જ્ઞાયક હી જાનનેમેં આયા હૈ પર્યાયમેં. આહાહા ! પર જાનનેમેં આયા હૈ ઐસા હૈ નહીં. આહાહાહા ! અપના જ્ઞાયક ચૈતન્ય પ્રભુ, નિત્યાનંદ ધ્રુવ ઉસકા જો જ્ઞાન સમ્યક્ સ્વસન્મુખ હોકર આશ્રય લેકર હુઆ, યે જ્ઞાનકી પર્યાયમેં રાગાદિ શરીરાદિ આ બાહ્ય ચીજ જાનનેમેં આતી હૈ તો કહેતે હૈ કિ પરકે કારણસે પર્યાય જાનનેમેં આતી હૈ ઐસા નહી, એ પર્યાયકા સ્વભાવ ઇતના સ્વપરપ્રકાશક પ્રગટ હોકર અપનેમેં અપની પર્યાય હૈ, ઐસા જાનતે હૈ, એવું છે. નેમચંદભાઈ ! માર્ગ બહુ સૂક્ષ્મ ભાઈ. અત્યારે સંપ્રદાયમાં તો ગોટા ઉઠયા છે બધા પણ હવે શું કરીએ ? એને બિચારાને ખબર નથી ત્યાં. અરેરે, આહા ! આ ચીજ જે અંદર રહી જાય છે આખી સચ્ચિદાનંદ પ્રભુ, નિત્યાનંદ, સહજાત્મ સ્વરૂપ, સહજ સ્વભાવી જેમાં પલટન એ પર્યાય, પર્યાયેય નથી. ઐસા સ્વભાવ જો વસ્તુ હૈ વો પરસે દૃષ્ટિ ઉઠાકર, અંદર ત્રિકાળીમેં દૃષ્ટિ લગાના, વો દૃષ્ટિ શુદ્ધ હૈ ને વસ્તુ શુદ્ધ હૈ. ઔર વો દૃષ્ટિ શુદ્ધ હુઈ અને સ્વકા જ્ઞાન હુઆ યે જ્ઞાનકી પર્યાયમેં પર્યાયકા સ્વપરપ્રકાશક સ્વભાવ હોનેસે પર જાનનેમેં આયા, એ પરકે કારણસે જ્ઞાન પરકા હુઆ અહીંયા, ઐસા નહીં. એ તો અપના સ્વપરપ્રકાશક સામર્થ્યસે પરકા જાનનેકા વિકાસ હુઆ હૈ આવી વાત છે. અરેરે ! જનમ મરણના અંત લાવી નાખ્યા.

અત્યારે તો સાંભળીએ છીએ. આમ જુવાન જુવાન માણસને હાર્ટફેઈલ, આમ બેઠા બેઠા વાત કરતા ને હાર્ટ ફેઈલ, દીકરીયુંને હાર્ટફેઈલ. આહાહા ! ક્યાં બિચારા મરીને જાય. આહા ! ક્યાંય રખડવા ઢોરમાં પશુમાં અવતાર, એના બંગલા ને પૈસા બધા પડયા રહે અહીં. આહા ! પ્રભુ ! તને ઉગરવાના આરા હોય તો એ ઉગરવાનો આરો ઉતરવાનો એ ચૈતન્ય દ્રવ્ય છે. આહાહા ! જે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવભાવ, સ્વભાવભાવ, કાયમીભાવ, અસલીભાવ, નિત્યભાવ, આહાહા ! એની દૃષ્ટિ કરનેસે એટલે કે એમાં પ્રવેશ કરનેસે તેરે સમ્યગ્દર્શન હુઆ એ સમ્યગ્દર્શન અનંત ભવકા અંત કરનેવાલા હૈ, બાકી કોઈ ચીજ દયા દાન, વ્રત ભક્તિ આદિ તો ભવ સંસાર હૈ. આહાહાહા !

ક્યોંકિ જૈસા જ્ઞેય પર, જ્ઞાનમેં પ્રતિભાસિત, પ્રતિ ભાસિત એટલે જૈસા હૈ ઐસા યહાં જ્ઞાન હુઆ વૈસા જ્ઞાયકકા અનુભવ કરના, યે તો જ્ઞાયકકી પર્યાય હૈ અને જ્ઞાયકસે ઉત્પન્ન હુઈ હૈ, પરસે ( નહીં ), પરકી નહિ પરસે નહિ. આહાહા ! યહ જો મૈં જાનનેવાલા હૂઁ સો મૈ હી હૂઁ. એ જ્ઞાનકી પર્યાયમેં રાગ શરીર જાનનેમેં આયા, પણ જાનનેકી પર્યાય હૈ યહ તો મૈં હૂઁ. હૈ ? મૈં જાનનેવાલા હૂઁ સો મૈં હી હૂઁ. એ જાનનેવાલેકી પર્યાય હૈ યહ મૈં હૂઁ, એ રાગસે જાનનેવાલાકી પર્યાય હુઈ હૈ રાગકા જ્ઞાન ઐસા હૈ નહીં. આહાહા ! ક્યાં લઈ જવો એને ? આવો માર્ગ છે, એની ખબરું વિના ૮૪ માં રખડી મરે છે. કાગડા ને કૂતરા, સિંહ ને વાઘ વરૂના અવતાર, એ વાણીયાએ મરીને ન્યાં જવાના બધા ઘણાં. ધર્મની ખબર ન મળે. સાચો સત્ સમાગમ બે ચાર કલાક જોઈએ એ વખત ન મળે અને પાપનો અસત્સમાગમ આ ધંધો એ અસત્ સમાગમ છે. અને કુગુરુ મળે તો એનો સંગ એ અસત્ સમાગમ છે. આહાહા !

આંહી કહે છે કે પર જો જાનનેમેં આયા વો તો મૈં હી હૂઁ, ઓ તો મેરી પર્યાય હૈ, મેરેસે ઉત્પન્ન હુઈ હૈ, રાગકા જ્ઞાન શરીરકા જ્ઞાન ઓ જ્ઞાન રાગકે ને શરીરકે કારણસે જ્ઞાન નહિ હુઆ હૈ, મેરી પર્યાયકા સામર્થ્યસે યે જ્ઞાન ઐસા હુઆ હૈ, મૈં ત્રિકાળી તો જ્ઞાયક હું પણ ઉસકી પર્યાય

જો જ્ઞાયકકો જાની ઔર પરકો જાની એ તો મેરી પર્યાય હૈ. મૈં જાનનેવાલા ઓ રૂપે પરિણમ્યા હૂઁ. રાગ એ પરિણમ્યા હૈ. રાગકા જ્ઞાન હુઆ શરીરકા જ્ઞાન. એ રાગ યહાં આયા હૈ ઔર રાગકે કારણસે જ્ઞાનકી પર્યાય પરકો જાનનેમેં હુઈ હૈ ઐસા હૈ નહિ, આવો માર્ગ છે.

ભાઈએ હિંદીનું કહ્યું 'તું, તમારા ભાઈએ કે થોડું હિંદી લ્યો કહે. પછી આખું હિંદી લ્યો કીધું. સવારમાં વહેલા આવ્યા 'તા. પછી કીધું થોડું હિંદી નહિ ચાલે. થોડું ગુજરાતી અને થોડું હિંદી ગરબડ ( નહીં ) ચાલે આખું હિંદી લ્યો કીધું, ભાઈને લઈને. આહાહા ! બાપુ મારગડા જુદા ભાઈ, આહાહા !

અરેરે સત્ય સુનનેમેં ભી આવે નહિ. તો એ સત્યકા કયા ચીજ હૈ ઉસકી પ્રાપ્તિ તો મહા દુર્લભ હૈ. આહાહા ! આહાહા !

“ યહ જો મૈં જાનનેવાલા હું સો તો મૈં હી હું. ” રાગ ને શરીરાદિકી ક્રિયા જો હોતી હૈ. જડકી, ઉસકા યહાં જ્ઞાન હોતા હૈ વો તો મૈં હી હું, યે જ્ઞાનકી પર્યાય મેરી હૈં, મેરેસે ઉત્પન્ન હુઈ હૈ, પરસે ઉત્પન્ન હુઈ નહીં. આહાહા ! ‘ અન્ય કોઈ નહી ’, ‘ ઐસા અપનેકો અપના અભેદરૂપ અનુભવ હુઆ ’, ઐસા અપનેકો ભગવાન સ્વરૂપ ચૈતન્ય પ્રભુ અપના જ્ઞાન હુઆ ને પરકા જ્ઞાનમેં ભી અપના જ્ઞાન હુઆ, ઐસા અપનેકો અપના અભેદરૂપ અનુભવ હુઆ, તબ ઇસ જાનનેરૂપ ક્રિયાકા કર્તા સ્વયં હી હૈ, કયા કિયા ? જાણકસ્વરૂપ જે ભગવાન આત્મા ત્રિકાળ ઉસકા જાનનેકી પર્યાય ઔર યે સમય હજી રાગ અને શરીરકો જાનતે હૈ યે પર્યાય, એ પર્યાયકા કર્તા તો આત્મા હૈ, આહા ! હૈ ? યે જાનનેરૂપ ક્રિયાકા કર્તા અહીં લીયા હૈ. આહાહા ! પર્યાય હુઈ ને ? ક્રિયા હૈ ને ? પર્યાય; ત્રિકાળી ચૈતન્ય જ્ઞાયક પણ મૈં હું ઐસા જ્ઞાન હુઆ ઔર જ્ઞાનમેં હજી શરીરાદિ લક્ષ પર ઉપર જાતા હૈ તો ઉસકા ભી જ્ઞાન હોતા હૈ તો ઉસકા જ્ઞાન હુઆ વો જ્ઞાનકી પર્યાય મેરા જ્ઞાનકૃત હૈ, હૈ ? યે જાનનેરૂપ ક્રિયાકા કર્તા સ્વયં હી હૈ, એ રાગસે જ્ઞાન હુઆ તો રાગ કર્તા ને જાનનેકા કાર્ય ઉસકા કર્મ, કાર્ય ઐસા હૈ નહીં. આહાહા ! આવો વીતરાગનો માર્ગ.

“ યે જાનનેરૂપ ક્રિયાકા કર્તા સ્વયં હી હૈ ’ સ્વને જાનના ને પરને જાનના યે જાનનેકી ક્રિયાકા કર્તા તો સ્વયં આત્મા હૈ. યે જાનનેકી ક્રિયા પરકા જાનના હુઆ તો પર કર્તા હૈ અને આ જ્ઞાનકી પર્યાય કાર્ય હૈ ઐસા હૈ નહીં. ઔર જિસને જાના વો કર્મ ભી સ્વયં હી હૈ. આહાહાહા ! યે કર્તા ભી સ્વયં હૈ અપની જ્ઞાનકી પર્યાયકા, અને કર્મ ભી સ્વયં હી હૈ, કાર્ય હુઆ વો ભી સ્વયં હી હૈ અપના. આહાહા ! ઐસા એક જ્ઞાયક સ્વભાવ સ્વયં શુદ્ધ હૈ, ઐસા એક જ્ઞાયક સ્વભાવ સ્વયં શુદ્ધ હૈ, હૈ ? હિન્દી દીયા હૈ હિન્દી પુસ્તક દીયા, હિન્દી હૈ ? આહાહા ! આ તો ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવની વાણી છે. આહા ! પ્રભુ તું કોણ, કયા હૈ ? ઔર કિતના કાળકા હૈ ? મૈં તો જ્ઞાયક હું  કિતના કાળકા હૈ ? મૈં તો ત્રિકાળ હું તો ઉસમેં પર્યાયકા કોઈ ભેદ ઉસમેં હૈ કે નહીં ? ઉસકો જો જાનનેવાલી પર્યાય હૈ અથવા અશુદ્ધ રાગ હૈ યે કોઈ ઉસમેં હૈ કિ નહીં ? કે ના. ત્યારે ઉસમેં હૈ નહીં ઐસા જ્ઞાન હુઆ તો યે જ્ઞાનકી પર્યાય હુઈ, યે પર્યાય તો સ્વકો જાનતે હૈ ને પરકો જાનતે હૈ, યે પર્યાય ઉસમેં હૈ કી નહી અંદરમેં ? કે એ અંદરમેં નહીં પણ પર્યાયમેં દોકા જાનના, યે મેરામેં હૈ, પર્યાયમેં સ્વકા જાનના ને પરકા જાનના યે પર્યાયમેં હૈ, સમજમેં આયા ? ક્યાં, ભાઈ આવ્યા નથી ? પ્રવિણભાઈ ! ન્યાં બેઠા છે, ઠીક.

મનીષ ગયો, મનીષ ગયો ? હૈં ? આહાહા !

ચૈતન્ય જ્ઞાનકા પુંજ હૈ અંદર, જેમ ધોકળા હોતા હૈ ને ધોકળા કયા કહેતે હૈ, રૂકા બોરા, રૂકા બોરા બડા હોતા હૈ ને ૨૫-૨૫ મણકા, આ અનંત અનંત ગુણકા જ્ઞાનકા બોરા હૈ, ઉસમેંસે થોડા નમુના બહાર નીકાલતે હૈ, કે જો ભાઈ આ રૂ ઐસા હૈ ઐસે આ જ્ઞાયકકા પુંજ પ્રભુ ઉસકા જ્ઞાન કરનેસે ઉસકા નમુનારૂપ જ્ઞાનકી પર્યાય બહાર આતી હૈ, કે આ જ્ઞાનકી પર્યાય જો આઈ ઐસા હી સારા સ્વરૂપ જ્ઞાનમય હૈ. આહાહા ! ઔર વો જ્ઞાનકી પર્યાય જો અવસ્થા હુઈ યે હૈ તો ભેદ, ત્રિકાળની અપેક્ષાએ પણ રાગ તરફકા ઝુકાવ નહીં, રાગકા જ્ઞાન હુઆ યે તો સ્વકા ઝુકાવમેં હુઆ હૈ વો કારણે વો પર્યાયકો ભી અભેદ નામ સ્વસન્મુખ હુઈ, સ્વકે આશ્રયસે હુઈ, તો અભેદ હુઈ એમ કહેનેમેં આતા હૈ. પર્યાય કાંઈ દ્રવ્યમેં ઘુસ જાતી નહીં, પર્યાય તો પર્યાયમેં રહેતી હૈ, ભલે જ્ઞાયકકા જ્ઞાન હુઆ ને રાગકા જ્ઞાન હુઆ એ તો અપની પર્યાય હુઈ હૈ, પણ વો પર્યાય કોઈ ત્રિકાળમેં ઘુસ જાતી હૈ ઐસા નહીં, પર્યાય પર્યાયમેં રહેતી હૈ દ્રવ્ય દ્રવ્યમેં રહેતા હૈ.

છતાં દ્રવ્યકા જ્ઞાન પર્યાયમેં જ્ઞાન આતા હૈ આ પૂર્ણાનંદ પ્રભુ હૈ, ઐસા જ્ઞાન પર્યાયમેં આતા હૈ, પણ એ વસ્તુ પર્યાયમેં આ જાતી નહીં. આહાહાહા ! સમજમેં આયા ? હળવે હળવે તો કહેવાય છે, આ તો પ્રભુનો માર્ગ છે, આહાહા ! જિનેશ્વરદેવ, અનંત સર્વજ્ઞો, અનંત તીર્થંકરો આ વાત કહેતા આવ્યા છે. એણે અનંતવાર સાંભળી છે પણ એને રુચી નથી. એને અંતરનો આશ્રય કરીને શરણ લીધું નથી એણે. આહાહા ! શરણ લીયા નહીં.

તો કહેતે હૈ ! ઐસા યે જ્ઞાયક માત્ર સ્વયં શુદ્ધ હૈ, ત્રિકાળી, યહ શુદ્ધ નયકા વિષય હૈ, યહાં કયું કિયા ? કે એ શુદ્ધ જો હૈ ત્રિકાળી પણ ઉસકા યહાં જ્ઞાન હુઆ ઉસકો શુદ્ધ હૈ, તો યે પર્યાય જે જ્ઞાન હુઈ, એને ભી શુદ્ધ કહનેમેં આયા, અભેદ હો ગઈ ને, જે શુદ્ધ ચૈતન્યમૂર્તિ પૂર્ણ હૈ ઉસકા જ્ઞાન હોકર યે સ્વકે સન્મુખ હો ગયા, સ્વકે આશ્રયે હો ગયા, તો ઉસકો ભી અભેદ કહનેમેં આતા હૈ, ને ઉસકો ભી શુદ્ધ કહનેમેં આતા હૈ, અભેદની અપેક્ષાએ બાકી પર્યાય હૈ યે તો વ્યવહારનયકા વિષય હૈ, ચાહે તો કેવળજ્ઞાન હો એ ભી વ્યવહારનયકા વિષય હૈ. આહાહાહા ! આવી ફૂરસદ ક્યાં ? નવરાશ ક્યાં ? ધંધા આડે, એક ધંધો હોય ત્યાં બીજો ધંધો ચલાવે કારખાનું બીજું કારખાનાં, ત્રીજા કારખાનાં, આમાં નવરાશ ક્યાં મળે ? આહાહા !

પ્રભુ ! ( શ્રોતાઃ- આમાં રૂપિયા મળે, આમાં શું મળે ) ધૂળમાંય નથી મળતા રૂપિયા ત્યાં એને, રૂપિયા તો રૂપિયામાં રહેતે હૈ, મેરેકો મિલા ઐસી મમતા મિલતી હૈ ઉસકો, પૈસા મિલતે હૈ ? પૈસા તો પૈસામાં રહેતે હૈ. આત્મામેં આતા હૈ મેરે મિલા ઐસી મમતા ઉસકે પાસ આઈ, પૈસા તો પૈસામેં રહા હૈ. આહાહા ! ધૂળમેંય હૈ નહીં.

આ પર્યાય જ્ઞાનકી હુઈ યે ઉસમેં રહી એમ કહેનેમેં આયા. આહાહા ! પ્રભુ જો ચૈતન્યમૂર્તિ, ચૈતન્યકા પ્રકાશકા પૂર પુંજ પિંડ ત્રિકાળી ઉસકા જ્ઞાન હુઆ વો જ્ઞાનકી પર્યાય ઉસમેં રહી કેમકે ઉસકે આશ્રયસે ઉસકા અવલંબનસે અથવા ઉસસે પર્યાય હુઈ હૈ. આહાહા ! આવું આકરું કામ છે.

અરેરે આ ક્યાં નવરાશ ફૂરસદ, બાળક હોય ત્યાં રમતુંમાં જાય, યુવાન થાય તો બાઈડીના મોહમાં જાય, વૃદ્ધાવસ્થા થાય તો જીર્ણ શરીર ને થઈ રહ્યું, જીવન પરાધીન થઈ ગયું. આહાહા ! આમાં પહેલેસે કામ ન લિયા હો તો પછી નહીં લઈ શકે. શાસ્ત્રમેં ઐસા હૈ જરા જાળ

ન પિલ્લઈ, જીર્ણતા, શરીરમેં ન આવે, શરીરની ઇન્દ્રિયા હીણી ન હો ઔર શરીરમેં રોગ ન આ જાય એ પહેલે ( કામ ) કરી લે, પીછે નહીં હોગા. આહાહા ! આપણે અષ્ટપાહુડમેં હૈ, આ શ્વેતાંબર મેં ભી હૈ, શ્વેતાંબરકી આ ગાથા હૈ જરા જાળ ન પીલ્લઈ, આપણે દિગંબરમેં હૈ, વૃદ્ધાવસ્થા ન આ જાય, રોગ શરીરમેં દેખાવ ન આપે, ઔર ઇન્દ્રિયા હીણી ન હો જાએ તબલગ કામ કરી લે આત્માકા, પીછે નહીં કર શકે, ચલા જાએગા જિંદગી તેરી નિષ્ફળ, આહાહા ! નિષ્ફળ નહીં, ધર્મને માટે નિષ્ફળ, આહાહા ! રખડવા માટે સફળ, દુઃખ ભોગવવા માટે સફળ. આહાહાહા. આવું સત્ય સ્વરૂપ છે.

“ જ્ઞાયકભાવ સ્વયં શુદ્ધ હૈ એ શુદ્ધનયકા વિષય હૈ ” શુદ્ધ નયનો વિષય તો ત્રિકાળ છે, પણ એ વિષયને જાણ્યુંને ત્યારે તેને શુદ્ધ કહેવામાં આવ્યું ને એ અપેક્ષાએ પર્યાયને પણ શુદ્ધ નયનો વિષય કહેવામાં આવે, છે તો વિષય ત્રિકાળી શુદ્ધ, પણ એનો વિષય કરતા જે પર્યાય નિર્મળ પ્રગટ થઈ, એ પણ એ બાજુ ઢળી ગયેલી છે ને ? એટલે એને પણ એક ન્યાયે ૧૪ મી ગાથામાં આત્મા કહો કે શુદ્ધનય કહો, અનુભૂતિ કહો. એમ કહેવામાં આવ્યું છે એક અપેક્ષાએ, આહાહા ! અહીં તો ત્રિકાળી શુદ્ધને વિષય કીધો.

“ અન્ય જો પરસંયોગજનિત ભેદ હૈ મલિન આદિ, વે સબ ભેદરૂપ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયકા વિષય હૈ ” આહાહાહા ! પરસંયોગજનિત મલિન આદિ પર્યાય હૈ અથવા ભેદ હૈ પ્રમત અપ્રમત. યે સબ ભેદરૂપ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય, યું કયું કહા ? કે દ્રવ્યકી પર્યાય હૈ, વો અપેક્ષાસે અશુદ્ધદ્રવ્યાર્થિક કહા, એ મલિન પર્યાય પ્રમત–અપ્રમત પણ દ્રવ્યકી હૈ ને ? એ અપેક્ષાએ દ્રવ્યકી પર્યાયમેં ઉત્પન્ન હુઆ હૈ ને ? તો અશુદ્ધદ્રવ્યાર્થિક કહા. યે અશુદ્ધદ્રવ્યાર્થિકનય ભી શુદ્ધ દ્રવ્યકી દૃષ્ટિમેં પર્યાયાર્થિક હી હૈ, અશુદ્ધ કયું કહા ? કી દ્રવ્ય પોતે પોતાની પર્યાયમેં અશુદ્ધરૂપે હોતા હૈ વો કારણે એને અશુદ્ધદ્રવ્યાર્થિક કહેનેમેં આયા. આહાહા !

“ અશુદ્ધદ્રવ્યાર્થિક શુદ્ધ દ્રવ્યકી દૃષ્ટિમેં પર્યાયાર્થિક હી હૈ ” એ તો. પર્યાય હી હૈ, ભેદ પ્રમત–અપ્રમત સબ. આહાહા ! “ ઔર ઇસ લીયે વ્યવહારનય હી હૈ, ” કયા કિયા ? ત્રિકાળી વસ્તુ જો ભગવાન શુદ્ધ ચૈતન્ય વો શુદ્ધ નયકા વિષય, અને પર્યાય હુઈ યે ભેદ, પણ જો મલિન પર્યાય સંયોગજનિતકા ભેદ હૈ ચૌદ ગુણસ્થાન, શુભાશુભ ભાવ. એ તો અશુદ્ધ દ્રવ્યાર્થિક, એ દ્રવ્ય પોતે પર્યાયમાં ભેદરૂપે પર્યાય હુઈ હૈ એ અપેક્ષાસે અશુદ્ધદ્રવ્યાર્થિક કહા, પણ એ અશુદ્ધદ્રવ્યાર્થિક યે પર્યાયાથિક હી હૈ અને પર્યાયાર્થિક હૈ વો હી વ્યવહાર હૈ. આહાહા !

કેટલું યાદ રાખે આમાં એક કલાકમાં ? આ તો બાપુ જગતથી જુદી જાત છે બાપુ, ધર્મની જાત જિનેશ્વર ત્રણ લોકનો નાથ, પરમેશ્વર કહે છે એ વાતો આખી જગતથી જુદી છે, આહાહા ! દુનિયામાં ક્યાંય મેળ ખાય એવો નથી. આહાહા ! શું કહ્યું ? કયા કિયા ? કે દો ભેદ, એક ત્રિકાળી દ્રવ્ય વસ્તુ જ્ઞાયકભાવ એ શુદ્ધનયકા ધ્યેય વિષય ઔર પર્યાયમેં જો ભેદ હૈ ચૌદ ગુણસ્થાન શુભાશુભ આદિ એ અશુદ્ધ દ્રવ્ય, એ દ્રવ્ય પોતે અશુદ્ધપણે પરિણમ્યા હૈ, પર્યાય તરીકે હોં, એથી એને અશુદ્ધદ્રવ્યાર્થિક કહ્યું એની પર્યાય છે ને, એમ ગણીને, એ અશુદ્ધદ્રવ્યાર્થિક છે, અશુદ્ધદ્રવ્ય જેનું પ્રયોજન એ અશુદ્ધદ્રવ્યાર્થિક હૈ, ઉસકો પર્યાયાર્થિક કહેતે હૈં, આ ઉસકો વ્યવહાર કહેતે હૈ, આહાહા !

બધા પલાંખા આકરા, આહાહા ! અનંત કાળનો અજાણ્યો મારગ બાપુ, એ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એની ભાષામાં દિવ્યધ્વનીમાં પ્રભુની વાણીમાં આ આવ્યું છે, એ આચાર્યોએ આ રીતે ગાથામાં રચના કરી છે. આહાહા ! તેનો ભાવાર્થ, પંડિતોએ જયચંદ પંડિત થઈ ગયા છે. એને આ ભર્યો છે આ તો ભાવાર્થ છે. આહા ! શું કહેવા માગે છે ? કયા કહેનેમેં આતા હૈ ? એની સ્પષ્ટતા ભાવાર્થમેં લે લીયા હૈ. સમજમેં આયા ?

પર્યાયાર્થિક હૈ, ઇસલિયે વ્યવહારનય હી હૈ. આહાહા ! એ જ્ઞાયક ભાવમેં પર્યાયમેં ચૌદ ભેદ જે ગુણસ્થાનકા, ભેદ દિખતે હૈ યે વ્યવહારનય હી હૈ, પર્યાય એ જ વ્યવહારનય હૈ દ્રવ્ય એ નિશ્ચયનયકા વિષય. પણ જિસકો નિશ્ચય વસ્તુકા જ્ઞાન હોતે હૈ, ઉસકો ભેદકા ને રાગકા જ્ઞાન અપનેસેં અપને કારણસે હોતા હૈ. આહાહાહા ! “ ઐસા આશય સમજના ચાહીએ ”, લ્યો, ઇસલિયે વ્યવહારનય હી હૈ, “ જ ” વ્યવહારનય હી હૈ, આહાહા ! એ ‘ જ ’ છે.

ઐસા આશય સમજના ચાહિયે, વિશેષ કહેગા લ્યો.

પ્રમાણ વચન ગુરુદેવ.

**પ્રવચન નં. ૨૫ ગાથા - ૬** તા. ૪-૭-૭૮ મંગળવાર, જેઠ વદ-૧૪ સં.૨૫૦૪

શ્રી સમયસાર ગાથા નં. ૬ એના ભાવાર્થનો બીજો પેરેગ્રાફ.

યહાં યહ ભી જાનના ચાહિએ, ત્યાંથી છે. શું કરવા કહ્યું છે ? એ કહે છે આ આત્મા હૈ વો જ્ઞાયકભાવ ત્રિકાળ ઉસમેં જો આ ગુણસ્થાનકા ભેદ હૈ, એ શુભઅશુભ પુણ્ય પાપકા ભેદ યે ઉસમેં નહિ પર્યાયમેં હૈ. વસ્તુ જો હૈ જ્ઞાયકરસ ચૈતન્યરસ અસ્તિ મોજૂદગી ચીજ, વસ્તુ મોજૂદગી ચીજ આત્મા, ધ્રુવ, વો સમ્યગ્દર્શનકા વિષય. ધર્મની પહેલી સીઢી પ્રાપ્ત કરનેમેં, વો જ્ઞાયક ચૈતન્ય રસ હલચલ કે પરિણમન પર્યાયકી બિનાકી ચીજ, હલચલ નહીં એમાં. આહાહા ! ઝીણી વાત છે ભાઈ, પર્યાય છે તે હલચલ કરે છે, બદલતે હૈ, વસ્તુ જો ધ્રુવ એ તો હલચલ વિનાકી એકરૂપ ત્રિકાળ શુદ્ધ સત્તાસ્વરૂપ ઉસમેં તો પર્યાયકા ભેદ ભી નહીં, વો સમ્યગ્દર્શનકા વિષય હૈ. આહાહા !

ધર્મકી પહેલી સીઢી સમ્યગ્દર્શન, પહેલી શ્રેણી, ઉસકા વિષય ત્રિકાળી જ્ઞાયકભાવ જો હૈ એકરૂપ હૈ વહ ઉસકા વિષય એ અપેક્ષાસે અશુદ્ધદ્રવ્યાર્થિક કહો પર્યાય કહો કે વ્યવહાર કહો, તીનોં ઉસ ચીજમેં નહિ. આહાહા ! પર્યાયમેં હૈ, ઓ માટે તો લેના હૈ, વસ્તુમેં ચૈતન્ય જ્યોત ત્રિકાળી એક સદૃશ ચૈતન્યઘન ચૈતન્યકા પ્રકાશકા પૂરકા નૂર ઐસા તેજકા પિંડ. આ તમારે ત્યાં ડાકટર બાકતરમાં આવું ક્યાંય આવે એવું નથી ક્યાંય. આહાહાહા ! અસ્તિ હૈ ને ? અસ્તિ હૈ ને, અસ્તિ, હૈ ને ? તો હૈ તો અસ્તિ ઉસકી મોજુદગી કયા હૈ, કાયમી મોજુદગી કયા હૈ ? કાયમી મોજુદગી તો જ્ઞાન આનંદ આદિકા રસ ધ્રુવ, એકરૂપ ત્રિકાળ અનાદિ અંત બિનાકી ચીજ, શરૂઆત નહીં, અંત નહી બિચમેં પણ કાયમ ધ્રુવપણે બિરાજમાન પ્રભુ. આહાહા ! એ ચીજકો સત્ય કહેકર પર્યાયકો અસત્ય કહા અથવા ઓ પર્યાય પણ, રાગપણે ધ્રુવ પરિણમતે નહી, ક્યોં કહા કિ જ્ઞાયક ભાવ જો ધ્રુવ હૈ યે પુણ્ય ને પાપ તો અચેતન ભાવ હૈ. આહાહા !

દયા દાન વ્રત ભક્તિ આદિકા વિકલ્પ જો હૈ યે તો અચેતન હૈ, અચેતનકા અર્થ ? ઉસમેં જ્ઞાયકરસ જો ચિદાનંદ હૈ વો ઉસમેં આતા નહીં, ઔર જ્ઞાયકકી કિરણ જો હૈ, વો ભી પુણ્યપાપકા ભાવમેં આતા નહીં, વો કારણસે પુણ્ય પાપકો અચેતન ને જડ કહેનેમેં આયા હૈ. આહાહાહા ! આ શરીર જડ હૈ ઉસમેં તો રંગ, ગંધ, રસ, સ્પર્શ હૈ અને પુણ્ય પાપકા ભાવ હૈ. દયા દાન વ્રત ભક્તિ, કામ, ક્રોધ ઈસમેં રંગ ગંધ નહીં, પણ ઉસમેં ચૈતન્યકા પ્રકાશકા કિરણ નહીં, વો અપેક્ષાસે પુણ્ય પાપ ભાવકો જડ ને અચેતન કહનેમેં આયા હૈ. આહાહા ! સમજમેં આયા ? તો કહેતે હૈ કિ, અચેતન ને જડ કહેકર, ઉસકો નિષેધ કિયા કે વસ્તુમેં હૈ નહી, તો યે પર્યાયમેં હૈ કે નહી ? પર્યાયમેં ન હૈ તો તો નિર્ણય કરનારી તો પર્યાય હૈ, કયા કહતે હૈ ? જો ત્રિકાળી ચીજ હૈ વો ધ્રુવ, જ્ઞાયક ધ્રુવ, વજ્રનો બિંબ, વજ્ર, વજ્ર જેમ હૈ એમ જ્ઞાન આનંદકા બિંબ ધ્રુવ હલચલ બિનાકી વો ચીજ હૈ. પર્યાય વિનાકી.

પણ ઉસકા આ હૈ ઐસા નિર્ણય કોણ કરતે હૈ ? યે પર્યાય નિર્ણય કરતી હૈ. અનિત્ય નિત્યકા નિર્ણય કરતી હૈ. આંય વાત જ બીજી આખી દુનિયાથી જાુદી હૈ. એ નિત્યાનંદ પ્રભુ, ધ્રુવ આદિ નહીં, અંત નહીં વસ્તુ સહજ સહજાત્મ સ્વરૂપ ધ્રુવ, વો તો મૈં યહ હું, ઉસકા નિર્ણય ઉસમેં તો હૈ નહીં, નિર્ણય કરનેવાલી તો પર્યાય હૈ, જો અનિત્ય હૈ, પલટતી હૈ, હલચલ હૈ. આહાહા ! તો વો પર્યાય ઉસમેં નહિં, પણ પર્યાય નિર્ણય કરતી હૈ, તો પર્યાય પર્યાયમેં હૈ, લોજીક કઠણ બહુ ભાઈ, વીતરાગનો માર્ગ, જિનેશ્વરનો મૂળ માર્ગ બહુ કઠણ છે.

જગતને તો અત્યારે તો સાંભળવા મળતો નથી. બહારનું આ કરો ને સેવા કરો ને ફલાણું કરો ને આ દેશ સેવા કરો ને માણસની સેવા કરો ને કોણ કરે પ્રભુ ? પરની સેવા એટલે કયા ? એનો અર્થ કયા ? પરદ્રવ્ય હૈ કે નહીં ? હૈ તો ઉસકી પર્યાય વર્તમાનમેં પર્યાય વિનાકા દ્રવ્ય હૈ ? ઉસકી પર્યાયકા કાર્ય તો વો દ્રવ્ય કરતી હૈ. તુમ દૂસરાકા કરે ? તુમ દૂસરેકી સેવા કરતે હૈ માનતે હૈ યે તો મિથ્યાભ્રમ અજ્ઞાન હૈ. આહાહા ! આ ડાકટર ગયા 'તા કે નહીં હમણાં જેલમાં ગયા 'તા ને ? આહાહા !

અહીંયા તો પ્રભુ કહેતે હૈ ત્રિલોકનાથ સર્વજ્ઞ જિનેશ્વરદેવ વીતરાગ પરમાત્મા અનંત તીર્થંકરો વર્તમાન બિરાજતે હૈ ૨૦ તીર્થંકર મહાવિદેહ ક્ષેત્રમેં, પ્રભુ તો બિરાજતે હૈ, વો વાણી હૈ. કુંદકુંદાચાર્ય ત્યાં ગયે થે, આઠ દિન રહે થે વો ત્યાંસે આકર ભગવાનકા આ સંદેશ હૈ, ઐસા જગતકો જાહેર કરતે હૈં, આડતિયા હોકર માલ પ્રભુકા. આહાહા ! સમજમેં આયા ?

તો કહેતે હૈ કિ ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકરસ અસ્તિ મોજાુદગી ચીજ, વો તો પર્યાય બિનાકી ચીજ હૈ, ઉસમેં તો અશુદ્ધતા જો દ્રવ્યનયની અશુદ્ધતા કહેનેમેં આતા હૈ, અશુદ્ધદ્રવ્યાર્થિક, દ્રવ્ય અશુદ્ધ નહીં હોતા હૈ પણ દ્રવ્યકી પર્યાય અશુદ્ધ હોતી હૈ વો કારણે અશુદ્ધદ્રવ્યાર્થિક કહેતે હૈ, ઔર વો અશુદ્ધ દ્રવ્યકા નયકા વિષયકો પર્યાય કહેતા હૈ. ઔર વો પર્યાય વો વ્યવહાર હૈ, ઔર ત્રિકાળી ચીજ હૈ વો નિશ્ચય હૈ. આહાહા ! આમાં વાત ક્યાં સમજવી, એ કારણે કહ્યું ને, પર્યાયનો નિષેધ કર્યો છે ને ભાઈ ? કે જ્ઞાયકમાં પર્યાય હૈ હીં નહીં, ઔર જ્ઞાયક હૈ વહ શુભાશુભ ભાવપણે હુઆ હી નહીં, કયોંકિ જ્ઞાનરસ ચૈતન્ય ચૈતન્ય પ્રકાશકા પુંજ, વો પુણ્ય પાપકા ભાવ જો અચેતન હૈ ઉસમેં અંધારા હૈ, વો પ્રકાશકા અંશ નહીં વો અંધારા હૈ, તો ચૈતન્ય પ્રકાશકા પૂર

જો ચૈતન્ય તત્ત્વ વો અંધારાપણે કભી હુઆ નહીં. સમજમેં આયા ? આહાહા !

અને જો જ્ઞાયકભાવ, શુભઅશુભભાવપણે હો જાય તો જ્ઞાયકરસ અચેતન હો જાય જડ હો જાય. આહાહાહા ! આ દયા દાન વ્રત ભક્તિકા ભાવ ભી અચેતન જડ હૈ, ક્યોંકિ ઉસમેં વિકલ્પ હૈ, રાગ હૈ, એરૂપે ચૈતન્ય જો હો જાય, તો ચૈતન્ય જડ હો જાયે, જ્ઞાયક ચૈતન્ય પ્રકાશમેં અંધારા રાગરૂપે હો જાય તો આત્મા અંધારારૂપ હો જાય. અચેતન હો જાય. આહાહાહા ! આવી વાત છે.

અર્થાત્ પર્યાયમેં જો અશુદ્ધતા હૈ એ દ્રવ્યાર્થિકનયકા વિષય નહીં, વો તો અશુદ્ધ દ્રવ્યાર્થિકકા, અશુદ્ધદ્રવ્યાર્થિક નામ વો દ્રવ્યકી પર્યાયમેં હૈ વો અપેક્ષાએ અશુદ્ધ દ્રવ્યાર્થિક કહા, ઉસકો પર્યાયાર્થિક કહા ને ઉસકો વ્યવહાર કહા, વો વ્યવહાર જૂઠા હૈ ઐસા બતાએગા. આહાહા ! તો યહાં કહતે હૈ હવે, “ યહાં યહ ભી જાનના ચાહિયે કે જિનમતકા કથન સ્યાદ્વાદરૂપ હૈ, ” વીતરાગ ત્રિલોકનાથકા અભિપ્રાયમેં સ્યાદ્વાદરૂપ હૈ, સ્યાદ્ નામ અપેક્ષાએ કથન કરના હૈ. ‘ સ્યાદ્વાદ ’ સ્યાત્ નામ અપેક્ષાસે કથન કરના એ જિનમતકા કથન હૈ, ઇસલિયે અશુદ્ધનયકો પર્યાયમેં શુભાશુભ ભાવ હૈ, એ ચૈતન્ય શુભાશુભપણે નહીં હુઆ, ઐસા જો કહા, પણ અશુદ્ધનયકા વિષય નહીં હૈ ઐસા નહીં. આહાહાહા !

જૈસે ત્રિકાળી શુદ્ધ સ્વભાવ જ્ઞાયકભાવ ધ્રુવ એ શુભાશુભપણે હુઆ નહીં, પણ શુભાશુભભાવ પર્યાયમેં હૈ ઇસકા નિષેધ કરે તો તો વસ્તુકા નિષેધ હો જાતા હૈ. આહાહા ! સમજમે આયા ? ‘ અશુદ્ધનયકો સર્વથા અસત્યાર્થ ન માના જાયે ’, યહાં તો એ કહા કે અશુદ્ધ હૈ વો જાુઠા હૈ અસત્યાર્થ હૈ, કઈ અપેક્ષાસે વો ત્રિકાળી ચૈતન્ય જ્યોત જે ધ્રુવધાતુ, ચૈતન્યધાતુ, ચૈતન્યપણા જિસને ધાર રખા હૈ, ઉસકી અપેક્ષાસે રાગ ને પુણ્ય-પાપકો અશુદ્ધ કહેકર, અચેતન કહેકર, નહીં હૈ દ્રવ્યમેં ઐસા કહા, પણ પર્યાયમેં નહીં હૈ, “ સર્વથા ઉસકો અસત્યાર્થ ન માના જાયે ”. આહાહા ! સમજમેં આયા ?

“ ક્યોંકિ સ્યાદ્વાદ પ્રમાણસે શુદ્ધતા અશુદ્ધતા દોનોં વસ્તુકે ધર્મ હૈ, ” ક્યા કિયા ? કથંચિત્નયસે જો પરમાર્થકા કથન હૈ પ્રભુકા યે શુદ્ધ જો ત્રિકાળ હૈ વો ભી વસ્તુકા સત્વ હૈ, વસ્તુકા સત્વ હૈ, કસ હૈ, ઐસે પુણ્ય પાપકા પર્યાયમેં ભી વસ્તુકા કસ હૈ, પર્યાયકા તત્ત્વ હૈ. આહાહાહા ! દરેક શબ્દ અજાણ્યા બધા, એના ભણતરમાં ન આવે, વેપારમાં ના આવે અત્યારે તો સંપ્રદાયમાંય નથી આ. આહાહા !

ક્યા કિયા ? સ્યાદ્વાદ પ્રમાણસે, અપેક્ષાસે વસ્તુકો સિદ્ધ કરનેમેં શુદ્ધતા ત્રિકાળી અને અશુદ્ધતા વર્તમાન દોનોં વસ્તુકે ધર્મ હૈ. ધર્મ નામ દો વસ્તુએ ધારી રાખેલ ચીજ હૈ, ધર્મ નામ આ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર એ ધર્મકી વાત યહાં નહીં. વસ્તુએ ધારી રાખેલ ભાવ હૈ, જેમ વસ્તુ ભગવાન ત્રિકાળી ધારી રાખેલી ચીજ હૈ, ઐસે પુણ્ય-પાપ પણ પર્યાયમેં ધારી રાખેલી ચીજ હૈ, પુણ્ય-પાપ અસ્તી હૈ, પુણ્ય-પાપ નહીં હૈ એસા નહીં. આહાહાહા ! સમજમેં આયા ? ઝીણી વાત છે આ બધી. કોઈ દિ ’ ક્યાંય સાંભળ્યું નથી, સત્ય ક્યા હૈ, સંપ્રદાયમાં તો અત્યારે ગોટા ઉઠયા છે બધા, આ કરો ને આ કરો વ્રત કરો ને તપ કરો. એ કરવું-કરવું એ તો વિકલ્પ ને રાગ હૈ, રાગના કર્તૃત્વ જ્ઞાનકો ચૈતન્યકો સોંપના મિથ્યાત્વ હૈ. પણ વસ્તુ હૈ ખરી અશુદ્ધતા

હૈ ખરી, પર્યાયમેં અશુદ્ધતા ન હો તો તો પર્યાય શુદ્ધ હૈ, તો તો ધર્મ હૈ, તો ધર્મ કરના તો રહેતે નહીં. હૈં ! મેરે ધર્મ કરના હૈ એસા પ્રશ્ન ઊઠે તો ઉસમેં કયા આયા ? કે ઉસકી પર્યાયમેં ધર્મ હૈ નહીં, પર્યાયમેં અધર્મ હૈ, તો અધર્મ નાશ કરકે ધર્મ કરના હૈ. તો અધર્મ પણ પર્યાયમેં હૈ. આહાહા ! આ તો લોજીકથી પ્રભુનો માર્ગ કેવો છે, અત્યારે અજાણ્યો થઈ ગયો છે. આહા ! આહાહા !

દો હી વસ્તુકા ધર્મ હૈ; ધર્મકા અર્થ ? વસ્તુએ ટકાવી રાખેલી ચીજ હૈ. વસ્તુ જો ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવ ટકાવી રાખ્યા હૈ ઐસે પર્યાયમેં અશુદ્ધતા ભી ટકાવી રાખી હૈ. આહાહા ! સમજમેં આયા ?

ઔર વસ્તુ ધર્મ વસ્તુકા સત્વ હૈ, કયા કિયા સમજમેં આયા ? વસ્તુ જો પ્રભુ જ્ઞાયકભાવ જો ત્રિકાળ, વો ભી વસ્તુકા ધર્મ હૈ, વસ્તુએ ધારી રાખેલી ચીજ હૈ, ટકાવી રાખેલી. ઉસકી પર્યાયમેં મલિનતા હૈ, વો ભી વસ્તુકા સત્વ હૈ. અસત્વ નહીં. પર્યાયમેં મલિનતા એ પર્યાયમેં સત્વ હૈ સત્વ નામ કસ હૈ, ઉસકા એક અંશ પણ કસ હૈ. આહાહાહા ! હૈ ? ધર્મ વસ્તુકા સત્વ હૈ, વસ્તુ ધર્મકા સત્વ એટલે કયા ? શુદ્ધ જે જ્ઞાયક ત્રિકાળી એ ભી વસ્તુ એ વસ્તુકા સત્વ હૈ યે ત્રિકાળી અને પુણ્ય પાપ દયા દાન કામ ક્રોધકા ભાવ વર્તમાન પર્યાયમેં ઉસકા અસ્તિત્વમેં ઉસકા સત્વકા સત્વમેં, પર્યાયકા સત્વમેં, એ અપનમેં હૈ. આહાહા !

“ અંતર માત્ર ઈતના હૈ કે અશુદ્ધતા પરદ્રવ્યકે સંયોગસે હોતી હૈ ” એટલો ફેર, શુભ અને અશુભ ભાવ અશુદ્ધ એ વસ્તુકા પર્યાયમેં સત્વ નામ ઉસકી ચીજ હૈ. પર્યાય એ ભી ઉસકી ચીજ હૈ, પણ ફેર ઈતના કિ અશુદ્ધતા પુણ્ય પાપકા ભાવ સંયોગકા લક્ષસે સંયોગજનિત કહેનેમેં આતા હૈ. આહાહાહા ! હૈ ? પર અશુદ્ધતા પર દ્રવ્યકે સંયોગસે હોતી હૈ, ? “ અશુદ્ધનયકો યહાં હેય કહા હૈ, ” યે પુણ્યપાપકા ભાવકો છોડને લાયક કહા હૈ, જિસકો ધર્મ પ્રગટ કરના હો, સમ્યગ્દર્શન ધર્મકી પહેલી સીઢી, ઉસકો જ્ઞાયકભાવ ત્રિકાળ વો આદરણીય હૈ, ઔર શુભઅશુભ ભાવ ઉસકો હેય હૈ, છોડને લાયક હૈ, ઐસા કહા હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

ભાઈ એની એક પંકિત સમજના કઠણ હૈ. આ તો સિદ્ધાંત હૈ, આ કાંઈ કથા વાર્તા નહીં હૈ, ભાગવત–ભગવત્ કથા હૈ. ભાગવત કથા કહેતે હૈં ને ? નિયમસારમાં આવે છે ને છેલ્લે, આ ભાગવતકથા ભગવતસ્વરૂપ ભગવાન આત્મા, ભગવાન ત્રિલોકનાથે કહા, પ્રભુ તેરી સ્વરૂપ ચીજ તો ભગવતસ્વરૂપ ત્રિકાળ તો યે હૈ, પણ તેરી પર્યાયમેં ભૂલ હૈ, પુણ્ય–પાપકા ભાવ હૈ, યે હૈ, શુદ્ધતા ત્રિકાળ હૈ, પર્યાયમેં અશુદ્ધતા હૈ. એ અશુદ્ધતા દ્રવ્યે કિયા હૈ, ઔર હૈ ભલે પર્યાયે કિયા હૈ અને પર્યાયમેં રખી હૈ. અશુદ્ધતા પર્યાયમેં હૈ, ફકત ફેર ત્રિકાળી ચીજ સ્વત: સ્વાભાવિક વસ્તુ હૈ ઔર પુણ્ય પાપકા ભાવ સંયોગી કર્મકા લક્ષસે હોતી હૈ. આહાહાહા ! હૈ ? “ અશુદ્ધનયકો યહાં હેય કહા, કયોં કિ અશુદ્ધનયકા વિષય સંસાર હૈ. ” યે પુણ્યપાપકા ભાવ સંસાર હૈ, દુ:ખ હૈ.

આ દુકાનના ધંધામાં રહેના આખો દિ ’એકલા પાપ ભાવ હૈ ( શ્રોતા: પેટ ભરવું કેવી રીતે, ધંધો ન કરે તો ) હૈં ? કોણ પેટ ભરે છે ? પેટ તો જડ હૈ, જડ મેં જડ આના હો તો ચીજ આયેગી હી, ઐસા નહી બોલતે આપણે ગુજરાતીમેં ખાનેવાલેકા પરમાણુમેં નામ હૈ, દાને દાને ( પે ) નામ હૈ, નેમચંદભાઈ ! આતા હૈ તુમ્હારે ? ખાનેવાલેકા દાને દાને ( પે ) મહોર છાપ,

મહોર છાપકા અર્થ ? ન્યાં ક્યાં હૈ, પણ જો પરમાણુ આનેવાલા હૈ ( વો ) આયેગા, હી અને નહીં આનેવાલા હૈ તો નહીં આયેગા, તેરા લાખ પુરૂષાર્થ કરે તો ભી નહીં આયેગા અને આનેવાલા હૈ રોકનેમેં નહી રુક શકે, ઉસકે કારણસે આતા હૈ ને ઉસકે કારણસે જાતે હૈ તેરે કારણસે પરમાણુ આતે હૈ આહારકા ઐસા હૈ નહીં.

( શ્રોતાઃ- પરમાણુ ન આવે પણ રૂપિયા આવેને ? ) ધૂળેય રૂપિયો નથી આવતો, રૂપિયો એ જડ પરમાણુ હૈ, વો ભી પરમાણુ જહાં જાનેવાલા હૈ ત્યાં જાએગા, જહાં રહનેવાલા હૈ વહાં રહેગા. તેરેસે રહેગા ને તેરેસે પરમેં દે સકતા હું એ વાત તીન કાલમેં સચ્ચી નહીં હૈ. વાત બહુ ફેર બાપુ.

અરે ૮૪ના અવતાર બાપુ ભાઈ, એણે રખડીને કર્યા છે. આહાહા ! પ્રભુ તો એમ કહતે હૈ કે તેરા ઇતના દુઃખ તેં સહન કિયા એ દુઃખકો દેખનેવાલેકો રૂદન આયા. તેં તો સહન કિયા પણ દેખનેવાલેકો, તે ઈતના દુઃખ સહન કિયા હૈ, ૮૪ના અવતાર નર્કમેં કીડા, કાગડા કૂતરા આહાહા ! કૌઆ, ઇયળ, ઇયળ હોતી હૈ ને લંબી હાથ દો હાથની લંબી પતળી, ચલતી હોય એમાં પાંચ મણનો પથ્થર પડે ઉપર એક વેંત દબાઈ જાય ને એક વેંત બહાર ખુલ્લી રહે, કરવું શું હવે ? આહા ! એ ત્યાં ને ત્યાં મરી જવાની, દેહ છૂટી જશે. કારણકે અંદરથી નીકળી શકે નહીં, ખેંચવા જાય તો અર્ધી તુટી જાય, ઇયળ થાય છે આ ઈતની લાંબી સુતરની દોરી જેવી લાંબી લાંબી ઇયળ સમજતે હૈ ઇયળ જીવાંત. આહાહા !

અરે મૈં તો એક ઉંટકો દેખા થા ઉંટકો જંગલમેં આમ સારા જુવાન ઉંટ, રાણપરસે નાગનેસ જાતે થે બે ગાઉ, રસ્તામાં પડયો 'તો ઉંટ, મેં પુછ્યું આ કેમ ? કે એનો પગ ભાંગી ગયો છે, ઉંટના પગ આમ હોય છે ને આડા હોય છે ને જરી આમ, આપણે જેમ સીધા હોય છે એમ નહીં, એમાંય જરી પડી જાય, હાલી શકે નહીં, હાલી શકે નહીં તો, મરે જ છૂટકો. દેહ છૂટ જાયે. મેં કીધું, આ અહીંયા કયું ? એનો પગ લપસી ગયો છે, હવે ખલાસ. અહીંથી ચાલ શકે નહીં, ઉસકો અનાજ થોડુંક નાખ્યું 'તું ખડ ઈ ખડ ખાય ને ત્યાં ને ત્યાં દેહ છૂટી જશે. આહાહાહા ! એવા પણ પ્રભુ અનંત ભવ કિયા હૈ તેં, અનંત કાળનો હૈ ને તું અનાદિકા હૈ કે નવા હૈ કોઈ ? આહાહા !

એ પરિભ્રમણકા દુઃખ એને નાશ કરના હો તો પ્રભુ તેરી ચીજ એક અંતર આનંદકા નાથ હૈ, તેરા શરણ ત્યાં હૈ, તેરા રક્ષક ત્યાં હૈ, તેરા ઉત્તમ ચીજ અંદર જ્ઞાયકમેં હૈ. આહાહાહા ! ત્યાં શરણ લેનેકો જા તો ત્યાં ઉસકો અસ્તિ હૈ એમ કહનેમેં આયા હૈ, ઉપાદેય હૈ ઔર પુણ્ય ને પાપ એ હેય ને છોડને લાયક કહેનેમેં આયા. પણ છોડને લાયક કહેનેમેં આયા, પણ હૈ ઉસકો છોડને લાયક કહા, કે હૈ હી નહીં ? એ કહેતે હૈ, હૈ ને ?

શુભઅશુભકા વિષય સંસાર હૈ. આહાહાહાહા ! ત્રણ લોકનો નાથ ચૈતન્ય પ્રભુ જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય પ્રકાશનો પુંજ એ સિવાય અલાવા પુણ્ય ને પાપ દો ભાવ હોતા હૈ વો સંસાર હૈ, સંસરણમ્ ઈતિ સંસાર : જિસમેં સંસરણમ્ પરિભ્રમણ જિસસે ઉત્પન્ન હો ઉસકા નામ સંસાર કહેતે હૈ એ પુણ્ય ને પાપકા દો હી ભાવ સંસરણમ્ સંસાર હૈ, એ વર્તમાન સંસાર હૈ ઔર ભવિષ્યમેં પરિભ્રમણકા બિજડાં હૈ, આહાહાહા ! આવી વાત સાંભળતા.

ઓલા દવાખાનામાં રસ કેટલો ચઢી જાય, એય આ ડાકટર છે, ખંડવા ખંડવા જાવું છે ને ? એના છોકરાય બધા ડોકટર છે, મદદ કરે થોડી ત્યાં જઈને, દુકાને ન જાય પણ ધ્યાન રાખવું કે શું કર્યું 'તું કેમ ચાલે છે ? દોરી તો હાથમાં રાખવી જોઈએ ને પડણ ઉડે ભલે પણ. આહાહા !

આંહી તો કહેતે હૈ પ્રભુ, તુમ જાણક શક્તિકા તત્ત્વ હૈ, એ રાગકા ને પરકા કૈસે કર સક્તે હૈ ? આહાહા ! એ રાગ ને પુણ્ય પાપકા કર્તા તુમ જાનતે હો, તો યે તેરા સંસાર હૈ રૂલનેકા ચીજ. આહાહા ! હૈં ? અશુદ્ધ નયકા વિષય સંસાર હૈ, યે પુણ્યપાપ ભાવ એ સંસાર હૈ, ઔર સંસારમેં આત્મા કલેશ ભોગતા હૈ. આહાહા ! ( શ્રોતાઃ– ઘણાય સુખ ભોગવે છે ) ધૂળેય સુખ નથી, સુખ તો આત્મામેં હૈ, બહારમેં માનતે હૈ પાંચ પચાસ લાખ પૈસા હુઆ, લડકા હુઆ સાત આઠ દસ બબ્બે લાખની પેદાશવાળા અમે સુખી હૈ, દુઃખના પોટલા ભર્યા હૈ, દુઃખ હૈ, કલેશ હૈ દેખો, એ શુભ અશુભ ભાવસે તો વર્તમાન કલેશ હૈ, ઔર ભવિષ્યમેં કલેશકા કારણ હૈ. આહાહાહા !

“ જબ સ્વયં પરદ્રવ્યસે ભિન્ન હોતા હૈ ”, હવે અહીંયા ધર્મકી બાત કરતે હૈ, એ પુણ્ય ને પાપકા શુભ અશુભ ભાવ એ સંસાર હૈ, કલેશ હૈ, દુઃખ હૈ ઔર ભવિષ્યમેં સંસાર પરિભ્રમણકા વો કારણ હૈ. આહાહાહા ! જબ યહ સ્વયં પરદ્રવ્યસે ભિન્ન હોતા હૈ, યે પુણ્ય પાપકા ભાવસે મૈં ભિન્ન હું, મેરી ચીજ તો ઉસસે દૂર ભિન્ન હૈ, મૈં તો જ્ઞાયક ચૈતન્યરસસે ભરા અતીન્દ્રિય આનંદસે ભરા પડા તત્ત્વ હું, ઔર રાગ જો પરદ્રવ્ય હૈ ઉસસે ભિન્ન કરતે હૈં, વો સંસારસે છૂટતે હૈ. આહાહા ! સ્વદ્રવ્યસે તો ભિન્ન હો ગયા હૈ અનાદિસે, હવે પરદ્રવ્યસે ભિન્ન કરના હૈ. આહાહા ! સ્વદ્રવ્યસે તો ભિન્ન હોકર રાગદ્વેષકો અપના માનતે હૈ. વોહી તો સંસાર હૈ, કલેશ હૈ, દુઃખ હૈ, નરક, નિગોદકા કારણ હૈ. આહાહાહા ! “ સ્વયં જબ પરદ્રવ્યસે ભિન્ન હોતા હૈ તબ સંસાર છૂટતા હૈ ”. આહાહા !

એ શુભ કે અશુભ ભાવ આ કમાના, રળના, ધ્યાન કરના સંસારકા સ્ત્રી કુટુંબ પરિવારકો સંભાળ કરના વો તો પાપ હૈ, સંસાર હૈ, કલેશ હૈ, દુઃખ હૈ, ઔર વો ભવિષ્યમેં ભી કલેશ ઔર દુઃખકા કારણ હૈ, ઔર શુભભાવ ભી વર્તમાન દુઃખ હૈ. આહાહા ! દયા દાન વ્રત ભક્તિ આદિકા વિકલ્પ એ ભી રાગ હૈ, દુઃખ હૈ, વર્તમાન કલેશ હૈ, ભવિષ્યમેં કલેશકા કારણ હૈ. આહાહાહા ! ઉસસે ભિન્ન પડકર, એ શુભ–અશુભ ભાવ ઓ તો કલેશ હૈ, સંસાર હૈ, દુઃખ હૈ, મેરી ચીજમેં વો નહીં, ઐસે પરદ્રવ્યસે ભિન્ન કરતે હૈ. આહાહાહા ! વો પુણ્ય પાપકા રાગ એ એકત્વબુદ્ધિ, ચૈતન્ય ભગવાનકી સાથ રાગકી એકત્વબુદ્ધિ એ પરિભ્રમણકા બિજડા હૈ, એ એકત્વકો તોડના ઔર પૃથક્ કરના, આહાહા ! ભેદજ્ઞાન કરના.

પુણ્ય ને પાપકા ભાવ મલિન હૈ, દુઃખ હૈ, ઉસસે અપની ચીજ ભિન્ન હૈ, ઐસી ભિન્ન કરકે અપના અનુભવ કરના વોહી સંસારકા નાશ કરનેકા ઉપાય હૈ. દૂસરા કોઈ ઉપાય હૈ નહીં. આહાહાહા ! અત્યારે તો અમુક દેશ સેવા કરો, ભૂખ્યાને અનાજ આપો, તરસ્યાને પાણી આપો, રોગીને દવા આપો મકાન ન હોય એને મકાન બકાન ઝુંપડા અપાવી દો, અરે ભગવાન કોણ કરે પ્રભુ ? પરદ્રવ્યની ક્રિયા કોણ કરે ભાઈ, તને ખબર નથી. એક અંગુલી ચલે વો તેરેસે નહીં, એ પરમાણુકી વો ક્ષણકી પર્યાય ઉત્પન્ન હોનેસે હોતી હૈ, તેરેસે અંગુલી હલતી નહીં. તેરી સત્તામેં તુમ ગરબડ કરો, કે મૈં કર સકતા હું ને રાગ ઐસા કર દુ, પણ પરકી સત્તામેં તેરી ગરબડી

બિલકુલ ચલે નહીં. આહાહાહા ! અરે આવું એક તો સાંભળવું મુશ્કેલ પડે એવું છે, એક તો સાંભળવું મિલે નહીં, સાંભળવું કઠણ પડે, રસ્તો આવે નહીં હાથ, આહાહાહા ! અનંત કાળથી પરિભ્રમણ કરી કરીને એ દુઃખી છે. આહાહા !

અત્યારે તો સાંભળીએ છીએ ને એક હમણાં છાપામાં આવ્યું ’તું. બિહાર શરીફ હૈ ગામ લગ્ન કરતા પતિપત્નીના લગ્નને ટાણે છોકરાનું હાર્ટફેઈલ થઈ ગયું. લગ્નનો જ્યાં હજી મંત્ર ભણતા ’તા, ત્યાં એ છોકરાનું હાર્ટફેઈલ થઈ ગયું. દેહની સ્થિતિ નાશવાન હૈ. આહાહા !

અબી નયા ગામ કયા નામ કહા કોડીનાર, એ સાંભળ્યું ને ભાઈ એ આઠ માણસ મરી ગયા. કુવામાંથી એવો ગેસ નીકળ્યો ગેસ, જેમ ઓલા પેટ્રોલ નીકળે છે, એમ પાણી નીકળે છે. તેલ નીકળે છે એમ નીકળે છે ને અંદરથી, એમ કોઈ ગેસ નીકળ્યો અંદરથી, છોકરો તપાસ કરવા ગયો એમાં મરી ગયો, એનો બાપ ગયો કે શું ? એય મરી ગયો, એનો કાકો ગયો, એય મરી ગયો, એના કાકાનો દિકરો ગયો એય મરી ગયો પછી બીજા ચાર વારા ફરતી જોવા ગયા એય મરી ગયા. ગેસ કુવામાંથી નીકળતો તો મરી ગયા આઠ મરી ગયા. ડોકટરે પાછળથી બહુ તપાસ કરી કે આ ગેસ છે કુવામાં. ( શ્રોતાઃ- ડોકટર બચી ગયા. ) ડોકટરે તો બહાર રહીને એનો નિર્ણય કર્યો, કે છે શું આ ? કે જે અંદર જાય છે એ તરત મરી જ જાય છે. આહાહા !

આવા મૃત્યુના ક્ષણો અનંતવાર જીવને આવી ગયા છે, એ બધા પુણ્યપાપના ભાવના કર્તાબુદ્ધિને લઈને, આહાહાહા ! આકરી વાત પ્રભુ ! આ તો નિવૃત્ત સ્વરૂપ પ્રભુ છે. પરદ્રવ્યસે તો નિવૃત્ત સ્વરૂપ હૈ હી, પરદ્રવ્યતો ઉસમેં હૈ નહી, ઈસસે એ તો નિવૃત્ત હૈ હિ, પણ પુણ્ય પાપકા ભાવસે ભી નિવૃત્ત હૈ. આહાહાહા ! હવે એ નિવૃત્તિ લેને આવે નહીં તો સંસાર ઉસકા મિટે નહીં. આહાહા ! સમજમેં આયા ? આહાહા ! જિનેશ્વર ત્રણ લોકનો નાથ પરમેશ્વર આમ ફરમાવે છે, એની આ વાણી છે. આહા ! “ સ્વયં પરદ્રવ્યસે ભિન્ન હોતા હૈ તબ સંસાર છૂટતા હૈં ઔર કલેશ દૂર હોતા હૈ ” શુભઅશુભ ભાવ એ કલેશ હૈ, સંસાર હૈ, દુઃખ હૈ, ઉસસે ભિન્ન હોકર અપના ચૈતન્ય આનંદ સ્વરૂપ ભગવાન ત્રિકાળ મોજુદગી ચીજ હૈ, કાયમકી ચીજ હૈ ઉસકા શરણ લેનેસે સંસાર છૂટ જાતા હૈ, દુઃખ છૂટ જાતા હૈ. આહાહા !

“ ઈસ પ્રકાર દુઃખ મિટાનેકે લીયે શુદ્ધનયકા ઉપદેશ પ્રધાન હૈ, ” શું કહતે હૈ ? કે શુદ્ધનયનો વિષય જો ત્રિકાળી આનંદ હૈ વોહી કહા ને પુણ્ય પાપ અસત્ય કહા, વો શુદ્ધનયકા વિષયકા આદર કરનેકો મુખ્યપણે શુદ્ધનયકા વિષય ધ્રુવ હૈ ઉસકા આદર કરનેકો એ હી વસ્તુ સત્ય હૈ ઐસા કહા અને પુણ્ય પાપકા અશુદ્ધ હૈ એ સ્વભાવકી અપેક્ષાએ અસત્ય હૈ સ્વભાવમેં નહીં હૈ, યે અપેક્ષાએ ઉસકો નહીં હૈ ઐસા કહા. સમજમેં આયા ? આહાહા ! શુદ્ધનયકા ઉપદેશ મુખ્ય હૈ, પ્રધાન નામ મુખ્ય, શું ? ત્રિકાળ જ્ઞાયક ભાવ હૈ ઉસકા શરણ લે, ઉસકા સમીપમેં જા, ઉસસે તુમ દૂર રખડતે હૈ, ચૈતન્ય ભગવાન આનંદકા નાથ મોજુદ ચીજ ધ્રુવ. આહાહા ! ઓલા તેર બોલ છે ને અહીં ગુજરાતીમાં આવ્યા છે, ધ્રુવ ધામના ધ્યાનનું ધ્યેય હમણાં કાગળ આપ્યો ’તો, કોને આપ્યો ’તો ને કોકને હમણાં. કાલે કોણ હતા તેને આપ્યો ’તો, હિંમતને આપ્યો ’તો ? હિંમત નથી ? હેં ! કાલે કાગળ કોને આપ્યો ’તો, હા ઓલાને આપ્યો ’તો. હા, ઓલાને આપ્યો ’તો ઠીક યોગેશ હતો તેને આપ્યો ’તો, તેર બોલ નથી ? આપણે ગુજરાતીમાં નાખ્યા છે. અહીં પો ’ર

બનાવ્યાં 'તા તાવ આવ્યો 'તો ને ત્યાં ભાવનગર ત્યારે તેર બોલ બનાવ્યા 'તા.

ધ્રુવ ધામના ધ્યેયની ધ્યાનમાં ધીરજથી ધખસની ધૂણી ધખસ બનાવ, તેર બોલ છે એવા કંઈક આપણે ગુજરાતીમાં આવી ગયું છે, આત્મધર્મમાં. આહાહાહા ! એના ધરનારને એકાદ બે શબ્દ ઓછા રહી ગયા છે. છે ? આહાહા !! આ મિલા થા તુમકો ? નહીં મિલા ? પછી આપશું ધ્રુવ ધામના ધ્યેયના ધ્યાનની ધગતી ધૂણી ધખસ ને ધીરજથી ધખાવવી તે ધરમનો ધારક ધર્મી ધન્ય છે. બધા ધધા હૈ. કોની પાસેથી આવ્યું ? તમારી પાસેથી ? એ ધ્રુવ ધામ અપના ધ્રુવ સ્થાન નિત્યાનંદ પ્રભુ, પુણ્ય પાપકી પર્યાયસે ભિન્ન, એ ધ્રુવ ધામના ધ્યેય એને ધ્યેય બનાવી, ધ્યાન એની એકાગ્રતા કરી, ધગતી ધૂણી પર્યાયમેં એકાગ્રતાની ધગતી ધૂણી, ગુજરાતી હૈ, ધખશ અને ધીરજથી ધખશ નામ ઉગ્ર પુરૂષાર્થ અને ધીરજથી ધખાવવી અંદર એકાકાર કરવી સ્વરૂપમાં એકાકાર, તે ધર્મનો ધારક ધર્મી ધન્ય છે. તેર છે તેર. પછી આપશું દાકતરને, આહાહા ! ચાર છે ઈ આપ્યા 'તાને તમને ? આવા ચાર બોલ છે, જુદી જુદી જાતના હો ! આ એક પાનું એવા ચાર પાના છે, જુદી જુદી જાતના પછી આપશું દાકતરને. આહાહા ! પછી આપશું દાકતરને, આહા ! અહીં તો અમારી પાસે હોય તે આવે. આહાહા !

આંહી કહે છે, કે શુદ્ધનયનો વિષય પ્રધાન કરીને મુખ્ય કરીને કહ્યો છે, ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ છો ને, આહાહા ! તેનું શરણ લે, તેરા શરણ તહાં હૈ, તેરા ધામ તહાં હૈ, તેરા સ્થાન તહાં હૈ, તેરા શક્તિ તહાં હૈ, તેરા ગુણ તહાં હૈ, અરેરે ! આવું ક્યાં સાંભળવું. આહાહા ! અરેરે મનુષ્યપણું મળ્યું, પણ એમ ને એમ પચાસ સાંઈઠ વરસ ગાળે પાપમાં ને પાપમાં જગતમાં રહે, એને ક્યાં જાવું ભાઈ ? આહાહાહા ! આંય તો પુણ્યમાં થોડો કાળ ગાળે કદાચિત્ તો એ પણ બંધનનું કારણ કલેશ હૈ. આહાહા ! ઉસકો દૃષ્ટિ છોડાના ઔર ત્રિકાળકી દૃષ્ટિ કરાનેકો ઉસકો, શુદ્ધનયકો પ્રધાન કહેકર મુખ્ય કરકે એ હૈ ઐસા કહા હૈ, ત્રિકાળી ચીજ ચિદાનંદ પ્રભુ ભગવાન એમ કહેતે હૈ પ્રભુ તેરા સ્વરૂપ પૂર્ણ હૈ ત્યાં જા, આ મલિન પર્યાય હૈ ઉસમેંસે હટ જા, તેરે જો મુક્તિ હોના હો અને આનંદ લેના હો તો, નહીં તો દુઃખી તો હોતા હૈ અનાદિસે. આહાહા ! હૈ ?

" અશુદ્ધનયકો અસત્યાર્થ કહનેસે " અશુદ્ધનય નામ પુણ્ય પાપકા નયકો નહીં હૈ ઐસા કહા. અસત્યાર્થ કહા, અભૂતાર્થ કહા, જૂઠા કહા. તો " યહ ન સમજના ચાહિએ કે આકાશકે ફૂલકી ભાંતિ વસ્તુ ધર્મ સર્વથા નહીં, " આકાશમેં ફુલ નહીં, આકાશમેં ફૂલ હોતા હૈ ? ઐસે પુણ્ય પાપકા અને અશુભ પરિણામ હૈ હી નહીં, ઐસા નહીં હૈ, તેરી પર્યાયમેં હૈ, આહાહા ! હૈ તો સ્વરૂપકી દૃષ્ટિ કરનેસે યે છૂટ જાતા હૈ, દુઃખ હૈ, દુઃખ હૈ. આહાહા ! આંખ મિંચાય તો ખલાસ હો ગયા. એ પૈસા ને શરીર ને રજકણ જહાં જહાં જે રહેતે હૈ ત્યાં રહેગા, તેરે કારણસે કોઈ પરમાં ફેરફાર હોગા, હૈં ? આહાહા ! જહાં જહાં પરમાણુ પુદ્ગલ જૈસી પર્યાયમેં હૈ તહાં તે રહેગા, ઉસકો કરનેમેં તેરે આત્માકી શક્તિ કોઈ ફેરફાર કરના હૈ, તેરી શક્તિ હૈ હી નહીં. આહાહા ! કલ્પના ગમે તે તું કર, પણ જો ચીજ જહાં જે પર્યાયસે જહાં જૈસી હૈ ત્યાં રહેગી. આહાહાહા ! આવું આકરું છે. જે પર્યાય જ્યાં જે ક્ષેત્રે, જે કાળે, ભાવે, જ્યાં જ્યાં હૈ ત્યાં ત્યાં હોગી, તેરી કલ્પનાસે ઉસમેં ફેરફાર હો, કાળ બદલી જાય ને પરિસ્થિતિ બધી બદલી જાય એમ કોઈ હૈ નહીં ત્યાં, તું બદલી જા. તેરી દૃષ્ટિ જો પુણ્ય પાપ ને અશુદ્ધ ઉપર હૈ ઉસકો છોડ દે તું, બસ યે તેરા અધિકારકી

બાત હૈ. આવી વાત ભાઈ બહુ... આહાહા !

" આકાશકા ફૂલકી ભાંતિ યે વસ્તુ ધર્મ સર્વથા હી નહિ ", આત્માકી પર્યાયમેં મલિનતા હૈ હિ નહિ તો તો આકાશકા ફુલ નહીં હૈ ઐસા નહીં હૈ ઐસા માને તો મિથ્યાત્વ હોગા. આહાહા ! હૈ ? ઐસા સર્વથા એકાંત સમજનેસે મિથ્યાત્વ હોતા હૈ. પર્યાયમેં મલિનતા અશુદ્ધતા નહીં હૈ, ઐસે માનના મિથ્યાત્વ હૈ. ઔર અશુદ્ધસે ધર્મ હોગા, ઐસી માન્યતા ભી મિથ્યાત્વ હૈ. ઔર મેરા શુદ્ધ સ્વભાવમેં અશુદ્ધતા ધુસ ગઈ હૈ, ઐસા માનના ભી મિથ્યાત્વ હૈ. આહાહા ! આવો ઉપદેશ હવે માણસ સાંભળનારા...

પણ હવે તો જિજ્ઞાસુ લોકો સાંભળે છે. ઘાટકોપર જન્મ જયંતિ થઈ, પંદર હજાર, વીસ હજાર માણસો, વાત તો આ છે હમારી. આહા ! બાપુ પ્રભુ તું કોણ હૈ ? કહાં હૈ ? અને હૈ તો તેરી પર્યાયમેં ભી તુમ હૈ, પણ પર્યાયમેં મલિનતા હૈ યે છોડનેકો અસત્યાર્થ કહેકર ત્રિકાળકા સત્યાર્થકા શરણ લેના હૈ. આહાહાહા ! ' ઈસલિયે સ્યાદ્વાદકા શરણ લેકર, ' અપેક્ષાસે કહા થા ત્રિકાળી શુદ્ધમેં, ત્રિકાળી દ્રવ્યમેં, મલિનતા હૈ હી નહીં, તો પર્યાયમેં નહીં હૈ ઐસા નહિ કહેના થા. અપેક્ષાસે કહેના વસ્તુમેં નહિ હૈ. આહાહા ! સ્યાદ્વાદ નામ અપેક્ષા સ્યાદ્ એટલે અપેક્ષા, વાદ એટલે કહેના અથવા જાનના. " અપેક્ષાસે જાનને કે શરણ લેકર શુદ્ધનયકા આલંબન લેના ચાહીએ " પુણ્ય પાપ મલિનતા પર્યાયમેં હૈ ઐસે જાનકર, ઉસકી દૃષ્ટિ છોડકર ત્રિકાળકા શરણ લેના. આહાહા !

આમાં કાંઈ દયા પાળવી વ્રત પાળવા પૈસા દેવા ત્યાં મંદિર કરાવવું કે પાંચ કરોડ રૂપિયા છે તે એક કરોડ ધર્મના નામે અરે પાંચેય કરોડ દે તો ઈ તો જડ હૈ તેરે ધર્મ કયા હૈ ઉસમેં. આહાહા ! ( શ્રોતાઃ- હવે મંદિર થઈ ગયું ) હવે મંદિર થઈ ગયું એટલે વાંધો નહીં એમ કહે છે, મંદિર ન થયુ તો પણ અમે તો પહેલેથી તો કહેતા આવ્યા છીએ અહીં તો, હૈ ? આહાહા ! બેંગલોરમેં બાર લાખકા મંદિર. અભી ગયે થે બેંગલોર એવું મંદિર થયું છે ત્યાં તો અમે હતા ને પંચકલ્યાણક કર્યું 'તું ને ? આઠ લાખ તો એક ભભૂતમલે આપ્યા શ્વેતાંબર ભભૂતમલ બે કરોડનો આસામી છે, શ્વેતાંબર એણે આઠ લાખ આપ્યા. અને એક કરોડપતિ આપણે છે જુગરાજજી મુંબઈમેં મહાવીર માર્કેટ, સ્થાનકવાસી કરોડપતિ એણે ચાર લાખ આપ્યા, બાર લાખના મંદિર બન્યા પણ દેખાવ અને ઉસમેં અભી હમ પહેલે પંચકલ્યાણક વખતે બાર લાખ અને અભી દેખે તો પંદર લાખ પણ મંદિર, મંદિર ઓહો !

ઐસા દિગંબર મંદિર ઐસે દિખા કે કલકતાવાળા આયેગા અભી આનેવાલા હૈ ને ગાંગુલી આઠમી તારીખે આવવાના છે. શું કહેવાય તમારે ? હોમીયોપેથીનો મોટો દાકતર, હોમીયોપેથીમાં આપણે ત્યાં આવે છે વેદાંતી ત્રણવાર અહીં આવ્યા. બેંગ્લોર રહી ગયા, ત્યાં આવી ગયા, ઘાટકોપર આવી ગયા પછી એને રસ પડયો સાંભળવાનો, ઓ ય માળી આ ચીજ તો રાગકા વિકલ્પ કરના, કારણકે બ્રહ્મચારી છે. ૪૯ વર્ષની ઉંમર છે બ્રહ્મચારી છે રૂપાળું રાજકુમાર જેવું શરીર છે, અને ઘણાં પૈસા પેદા થાય બાર મહિને બહોત પૈસા આતે હૈ, અને ભગવાનના નામે બહાર આપે છે. દુઃખી કોઈ હોય એને પૈસા આપે અને હવે જાવ્વ જીવ બ્રહ્મચર્ય રહેવું છે, મહારાજ ! આ આઠમી તારીખે આવવાના છે.

એણે જોયું મંદિર ભાઈ ચંદુભાઈ, નહિ તો આવ્યા 'તા તો સાંભળવા અને ( તબિયત )

જોવા, મંદિર જોયું. ઓહોહો ! બેંગલોરનું એક હજાર રૂપિયા હું દઉં છું, વૈદ્ય પોતે ( શ્રોતાઃ- મંદિરનો એટલો પ્રભાવ પડયો ) એને એમ લાગ્યું કે, ઓહો આ ચીજ આવી ? ભલે ધર્મ બીજો પણ આ એક મંદિર ઐસે બનાયા નીચે ભોંયરૂ નીચે, મંદિર, ઉપર સમોશરણ ઐસા પંદર લાખનું મંદિર બેંગલોર બહુ ખુશી થઈ ગયો.

અભી આ ૧૭મી તારીખે આફ્રિકામાં નૈરોબીમાં પંદર લાખના મંદિરનું ખાત મુર્હૂત થઈ ગયું, ભાઈ લાલચંદભાઈ ને બાબુભાઈ, લાલચંદભાઈ આપણા ત્યાં ગયા 'તા ને ૧૭મી તારીખે, ત્યાં લોકો કરોડોપતિ છે શ્વેતાંબર ચાર, બીજા પંદર વીસ વીસ લાખવાળા ઘણાં છે દિગંબર થઈ ગયા બધા, ૪૦ ઘર ઉસને પંદર લાખકા મંદિર બનાયા ખાતમુહુર્ત કીયા અભી એ તો ગૃહસ્થ લોકો છે. એ તો ગમે તે કરે પણ વો તો પારકી ચીજ હૈ બાપુ ! એ તો બનનેકે કાળમેં બનેગી દૂસરા જીવ કહે મેરેસે બનતી હૈ... આહાહા ! ( શ્રોતાઃ- કડીયાથી થાય ) કડીયાસે બનતી નહીં, કડીયો બીજી ચીજ હૈ યે ચીજ દૂસરી હૈ જન્મક્ષણ હૈ. ૧૦૨ ગાથા પ્રવચનસાર.

દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય ઉત્પન્ન હોનેકા જન્મ નામ ઉત્પતિકા કાળ હૈ, તો યે ઉત્પન્ન હોતી હૈ, પરસે બિલકુલ તીન કાલ તીન લોકમેં નહીં. આહાહાહા ! આ હાથ હલતે હૈ ઓ સમયકી જન્મક્ષણ હૈ – પર્યાયકી ઐસી ઉત્પતિકા કાળ હૈ તો ઉત્પન્ન હોતા હૈ, આત્માસે બિલકુલ નહીં. આરે આવી વાત સાંભળવા મળે નહીં, કઠણ વાત છે બાપુ પણ એનું ફળેય કૈસા હૈ ? શુદ્ધનયનો આશ્રય, ચિદાનંદનો આશ્રય કરતાં જેના ફળમાં અતીન્દ્રિય આનંદ ઔર પૂર્ણમાં અતીન્દ્રિય આનંદ ઉસકા ફળ. આહાહાહા !

" ઇસલિયે સ્યાદ્વાદકી શરણ લેકર " અપેક્ષાસે ત્રિકાળી શુદ્ધમેં અશુદ્ધતા નહીં, પર્યાયમેં અશુદ્ધતા હૈ ઐસે દોહી પ્રકારકા જ્ઞાન કરકે અશુદ્ધતાકા શરણ છોડ દે ઔર ત્રિકાળી શુદ્ધકા શરણ લે, પણ અશુદ્ધતાકા જ્ઞાન રખકર. આહાહા ! એ ચૌદમી ગાથામાં આવ્યું છે ને ટીકામાં ભાવાર્થમાં કે ભાઈ અહીં ના પાડીને પણ અશુદ્ધતા હૈ, પર્યાય હૈ, એ લક્ષ રાખીને પછી આ વાત હૈ. પર્યાય નહિ હૈ, તો વેદાંત હો જાતા હૈ એકાંત. પર્યાય માની જ નહિ વેદાંતે. પર્યાય ન માને તો અનુભવ કિસકા ? ત્રિકાળકા અનુભવ કિસને કિયા ? દ્રવ્યે કિયા કે પર્યાયે કિયા ? આ ત્રિકાળ આત્મા હૈ વો નિર્ણય કિસને કિયા ? જો પર્યાય ન હોય તો પર્યાય વિના નિર્ણય કરે કોણ ? નિત્યકા અનિત્ય નિર્ણય કરતા હૈ. દ્રવ્ય નિત્ય હૈ, ઉસકી પર્યાય અનિત્ય હૈ યે નિર્ણય ઉસકી કર્તા હૈ. આહાહાહાહા !

પણ વો પર્યાયકી દૃષ્ટિ છોડાનેકો ત્રિકાળી વસ્તુ એ સત્ય હૈ ઔર અશુદ્ધતા યે અસત્ય હૈ ઐસે મુખ્ય ગૌણ કરકે કહેનેમેં આયા હૈ. આહાહા ! બિલકુલ અશુદ્ધતા હૈ હી નહીં તો પછી અશુદ્ધતા ટાળનેકા ઉપદેશ ભી નિરર્થક જાતે હૈ અને ધર્મ કરના હૈ તો અધર્મ ન હો, પર્યાયમેં અધર્મ ન હો તો ધર્મ કરના વો ભી રહેતે નહીં. આહાહાહાહા ! અધર્મકી પર્યાયકે સ્થાનમેં ધર્મ લાના હૈ, તો ત્રિકાળી સ્વભાવ શુદ્ધ ન હો તો આશ્રય બિના ધર્મ હોતા નહીં અને અશુદ્ધતા ન હો તો વ્યય હોકર શુદ્ધતા પ્રગટ હોતી નહીં, આવી વાતું છે, ઈસલિયે સ્યાદ્વાદકી શરણ લેકર શુદ્ધનયકા આલંબન લેના ચાહિએ, શુદ્ધનય નામ ત્રિકાળી વસ્તુ.

" સ્વરૂપકી પ્રાપ્તિ હોને કે બાદ " ચૈતન્યમૂર્તિ પૂર્ણ શુદ્ધ જ્યાં દૃષ્ટિમાં અનુભવમાં આયા ઔર આકર પૂર્ણ પ્રાપ્તિ જેમ સર્વજ્ઞ હુઆ કેવળજ્ઞાની હુઆ " શુદ્ધનયકા ભી આલંબન નહીં

રહેતા ” પીછે સ્વતરફ ઝુકના યે રહેતે નહીં, આલંબન નામ, પૂર્ણ હો ગયા. આહાહાહા !

જો વસ્તુ સ્વરૂપ હૈ વો હૈ. યે તો જૈસા દ્રવ્ય હૈ ને જૈસી પર્યાય હૈ એસા હૈ, ઐસા જ્ઞાન હો ગયા. ઈસકા ફળ વીતરાગતા હૈ, પ્રમાણકા ફળ. ઈસ પ્રકાર નિશ્ચય કરના યોગ્ય હૈ લ્યો. ઓહોહો ! કેટલું ભર્યું સામાન્ય ભાષામાં હૈ, ચાલતી ભાષા ટીકા વિના, “ યહાં જ્ઞાયકભાવ પ્રમત અપ્રમત નહીં ઐસા કહા, ” કયા કહતે હૈ ? કે વસ્તુ જો ધ્રુવ ચૈતન્ય પ્રભુ જે સમ્યગ્દર્શનકા વિષય હૈ વો તો પ્રમત અપ્રમત ૧૪ ગુણસ્થાન ઉસમેં નહીં, પર્યાયકા ભેદ ઉસમેં હૈ નહીં, ઐસા કહા, “ યે ગુણસ્થાનોકી પરિપાટીમેં છે ગુણસ્થાન તક પ્રમત્ત અને સાતમેંસે લેકર અપ્રમત્ત કહેલાતા હૈ. કિન્તુ યહ સબ ગુણસ્થાન અશુદ્ધનયકી કથનીમેં હૈ. ” આહાહા ! પહેલું ગુણસ્થાન બીજુ, ત્રીજુ, ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમુ, આઠમુ, તેરમું યે વ્યવહારનયની કથનીમાં હૈ, આહાહા ! હૈ ? અશુદ્ધનયકી કથનીમેં હૈ.

“ શુદ્ધનયસે તો આત્મા જ્ઞાયક ” એકલો ચૈતન્ય બિંબ પ્રકાશનો પુર જાનનેવાલા જાણક સ્વરૂપ હૈ, જાનનેવાલા જાણક સ્વરૂપ હૈ ઉસમેં વો ભેદ-બેદ ગુણસ્થાનકા હૈ નહીં. આહાહાહાહા !

“ અબ પ્રશ્ન યે હોતા હૈ, ” હવે સાતમાની ભૂમિકા બાંધતે હૈ “ અબ પ્રશ્ન યે હોતા હૈ કિ દર્શન જ્ઞાન ચારિત્રકો આત્માકા ધર્મ કહા ગયા હૈ ” ભલે તેરે રાગાદિ નહીં પુણ્ય આદિ નહીં, આત્મા જો વસ્તુ હૈ ઉસકા ભાન હુઆ અનુભવ તો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર તો આત્માકા ધર્મ હૈ, કિન્તુ યે તો તીન ભેદ હુએ, સૂક્ષ્મ બાત હૈ. જ્ઞાયકભાવ જો ત્રિકાળ વસ્તુ હૈ, ઉસમેં જો દર્શનજ્ઞાનચારિત્ર જો સમ્યગ્દર્શનજ્ઞાન પ્રગટ હોતા હૈ, સમ્યગ્દર્શન અંતરકે આશ્રયસે, જ્ઞાન ને ચારિત્ર તો તીન ભેદ હો ગયા. હૈ ને ? યે ભેદ હુઆ ઔર ભેદ ભાવસે આત્મામેં અશુદ્ધતા આતી હૈ અને ભેદભાવકા લક્ષ કરનેસે તો વિકલ્પ ઉઠતે હૈ. આહાહા ! સમજમેં આયા ?

પુણ્યપાપ તો વિકલ્પ હૈ દુઃખ હૈ હી, પણ આત્મા ત્રિકાળી જો જ્ઞાયકભાવ હૈ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ, ઉસકી દૃષ્ટિ જ્ઞાન ને રમણતા તીન બોલ પ્રગટ હુઆ, મોક્ષકા માર્ગ વો તો તીન હુઆ, તીન હુઆ તો ભેદ હુઆ ભેદ હુઆ તો ભેદસે તો વિકલ્પ ઉત્પન્ન હોતે હૈ અશુદ્ધતા આતી હૈ, શિષ્યકા પ્રશ્ન હૈ, આહાહા ! હૈ ? ભેદરૂપ ભાવોંસે તો આત્માકો અશુદ્ધતા આતી હૈ, ઈસ કે ઉત્તર સ્વરૂપ ગાથા સૂત્ર કહતે હૈ. કયા કહતે હૈ ? યે કે જિસકા હૃદયમેં ઐસા પ્રશ્ન ઉઠયા કે આપે પુણ્ય પાપકી અશુદ્ધતા તો દૂર કરા દિયા, વસ્તુમેં હૈ નહી, વો તો ઠીક, પણ વસ્તુમેં જો સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર હુઆ વો તીન ભેદ હૈ, તો તીન ભેદસે તો અશુદ્ધતા આતી હૈ, એમાં એકરૂપતા જ્ઞાયકતા રહેતી નહીં, ઐસા જિસકા અંતરમેં હૃદયમેં ધખશ પ્રશ્નકા હૈ, ઉસકો ઉત્તર દેનેમેં આતા હૈ, સાધારણ સાંભળનેવાલેકો નહીં. ઠીક આપણે સાંભળવા આવ્યા છીએ ને આપણે સાંભળવું એમ નહીં જેને અંતરમાં, આહાહા ! શુભઅશુભ ભાવ તો મલિન હૈ અશુદ્ધ હૈ વો તો ઠીક પણ એક વસ્તુમેં ઉસકી દૃષ્ટિ જ્ઞાન ને રમણતા પ્રગટ હુઆ તીન, તો તીન હુઆ, તો વો ભી અશુદ્ધતા આઈ, એકકો આશ્રય લેકર જો શુદ્ધતા હો વો શુદ્ધતાકા તીન ભેદમેં લક્ષ કરનેસે તો અશુદ્ધતા આતી હૈ, આહાહા ! તો યે અશુદ્ધતા ભાવોંસે અશુદ્ધતા આતી હૈ, તો ઇસકા કયા અર્થ હૈ ? ઉસકી ધખશ જિસકો હૈ ઉસકો ઉત્તર દેનેમેં આતા હૈ યે અશુદ્ધ ભી મલિન હૈ તીન ભેદ ઉપર લક્ષ કરના નહીં, અનંત જ્ઞાયક સ્વરૂપ હૈ વો ઉપર દૃષ્ટિ કરના, યે તીન ભેદ ઉપર લક્ષ કરનેસે તેરે વિકલ્પ અને રાગ ઉત્પન્ન હોગા ઐસા ઉત્તર આપેગા...

પ્રમાણ વચન ગુરુદેવ..

## ગાથા - ૭

दर्शनज्ञानचारित्रवत्त्वेनास्याशुद्धत्वमिति चेत्-

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।**
**ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।**

**व्यवहारेणोपदिश्यते ज्ञानिनश्चरित्रं दर्शनं ज्ञानम्।**
**नापि ज्ञानं न चरित्रं न दर्शनं ज्ञायकः शुद्धः।।७।।**

आस्तां तावद्बन्धप्रत्ययात् ज्ञायकस्याशुद्धत्वं, दर्शनज्ञानचारित्राण्येव न विद्यन्ते; यतो ह्यनन्तधर्मण्येकस्मिन् धर्मिण्यनिष्णातस्यान्तेवासिजनस्य तदवबोधविधायिभिः कैश्चिद्धर्मैस्तमनुशासतां सूरीणां धर्मधर्मिळोः स्वभावतोऽभेदेऽपि व्यपदेशतो भेदमुत्पाद्य व्यवहारमात्रेणैव ज्ञानिनो दर्शनं ज्ञानं चारित्रमित्युपदेशः। परमार्थतस्त्वेकद्रव्य-निष्पीतानन्तपर्यायतयैकं किञ्चिन्मिलितास्वादमभेदमेकस्वभावमनुभवतो न दर्शनं न ज्ञानं न चारित्रं, ज्ञायक एवैकः शुद्धः।

---

**હવે પ્રશ્ન થાય છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર- એ આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે, તો એ તો ત્રણ ભેદ થયા, એ ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે! આ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-**

**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.**

ગાથાર્થઃ- **[ ज्ञानिनः ] જ્ઞાનીને [ चरित्रं दर्शनं ज्ञानम् ] ચારિત્ર, દર્શન, જ્ઞાન-એ ત્રણ ભાવ [ व्यवहारेण ] વ્યવહારથી [ उपदिश्यते ] કહેવામાં આવે છે; નિશ્ચયથી [ ज्ञानं अपि न ] જ્ઞાન પણ નથી, [ चरित्रं न ] ચારિત્ર પણ નથી અને [ दर्शनं न ] દર્શન પણ નથી; જ્ઞાની તો એક [ ज्ञायकः शुद्धः ] શુદ્ધ જ્ઞાયક જ છે.**

ટીકાઃ- **આ જ્ઞાયક આત્માને બંધપર્યાયના નિમિત્તથી અશુદ્ધપણું તો દૂર રહો, પણ એને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી; કારણ કે અનંત ધર્મોવાળા એક ધર્મીમાં જે નિષ્ણાત નથી એવા નિકટવર્તી શિષ્યજનને, ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે, ઉપદેશ કરતા આચાર્યોનો-જોકે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે તોપણ નામથી ભેદ ઉપજાવી-વ્યવહાર માત્રથી જ એવો ઉપદેશ છે કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. પરંતુ પરમાર્થથી જોવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું હોવાથી જે એક છે એવું કાંઈક-મળી ગયેલા આસ્વાદવાળું, અભેદ, એકસ્વભાવી ( તત્ત્વ ) -અનુભવનારને દર્શન પણ નથી, જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી, એક શુદ્ધ જ્ઞાયક જ છે.**

**ભાવાર્થઃ- આ શુદ્ધ આત્માને કર્મબંધના નિમિત્તથી અશુદ્ધપણું આવે છે એ વાત તો દૂર જ રહો, પણ તેને દર્શન, જ્ઞાન, ચારિત્રના પણ ભેદ નથી; કારણ કે વસ્તુ અનંતધર્મરૂપ એક ધર્મી છે. પરંતુ વ્યવહારી જન ધર્મોને જ સમજે છે, ધર્મીને નથી જાણતા, તેથી વસ્તુના કોઈ અસાધારણ ધર્મોને ઉપદેશમાં લઈ અભેદરૂપ વસ્તુમાં પણ ધર્મોના નામરૂપ ભેદને ઉત્પન્ન કરી એવો ઉપદેશ કરવામાં આવે છે કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. આમ અભેદમાં ભેદ કરવામાં આવે છે તેથી તે વ્યવહાર છે. પરમાર્થથી વિચારવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય અભેદરૂપે પીને બેઠું છે તેથી તેમાં ભેદ નથી.**

**અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે, અવસ્તુ તો નથી; તો તેને વ્યવહાર કેમ કહી શકાય ? તેનું સમાધાનઃ- એ તો ખરું છે પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે. અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે; માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે ત્યાં નયનું આલંબન જ રહેતું નથી.**

## પ્રવચન નં. ૨૬ ગાથા - ૭ તા. ૬-૭-૭૮ ગુરુવાર, અષાઢ સુદ-૧ સં. ૨૫૦૪

સમયસાર, ગાથા સાત.

અબ પ્રશ્ન યહ હોતા હૈ કિ દર્શન જ્ઞાન ચારિત્રકો આત્માકા ધર્મ કહા ગયા. કિંતુ યહ તો તીન ભેદ હુએ ઔર ભેદરૂપભાવોસે આત્માકો અશુદ્ધતા આતી હૈ, કયા કહેતે હૈ ? છઠ્ઠી ગાથામાં ઐસા કહા કે આત્મા જ્ઞાયક સ્વરૂપ, ધ્રુવ અભેદ એ ઉપર દૃષ્ટિ દેનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. કર્મકા નિમિત્તસે જો અશુદ્ધતા હોતી હૈ, ઉસસે હોતા નહિં, ઉસકા લક્ષસે હોતા નહિ, પ્રથમ ધર્મકી સીઢી સમ્યગ્દર્શન વો ત્રિકાળ જ્ઞાયકભાવ ચૈતન્યસ્વભાવ નિત્ય એકરૂપ ઉસકે આશ્રયસે હોતા હૈ, એમાં કર્મના નિમિત્તસે અશુદ્ધતા આતી હૈ એ ઉસમેં હૈ નહિ. એ ચૌદ ગુણસ્થાનકે ભેદ ઉસમેં હૈ નહિ ઐસી ચીજકો અંતર દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. આ વાત હૈ.

ત્યારે શિષ્યકા પ્રશ્ન હૈ કે યે તો ઠીક પણ એક સ્વરૂપ ભગવાન જ્ઞાયકસ્વરૂપમેં દર્શન જ્ઞાન ચારિત્ર ઐસા તીન ભેદ પડતે હૈ ને ? કર્મના નિમિત્તસે અશુદ્ધતા ઔર ચૌદ ગુણસ્થાનકા ભેદ વો તો હૈ નહિ ઉસમેં, વો તો ઠીક, પણ વો ચીજ જો હૈ, ચૈતન્ય સ્વરૂપ તો ઉસમેં દર્શન, જ્ઞાન, ચારિત્રકા તીન કા ભેદ પડતે હૈ, તો ભેદ ભી અશુદ્ધતાકા કારણ હૈ, સમજમેં આયા ? આહાહાહાહા !

સૂક્ષ્મ બાત હૈ ભાઈ ઈસકા ઉત્તર ક્યા હૈ ? ભેદ પાડનેસે ભી અશુદ્ધતા હોતી હૈ, ભેદ તો હૈ સમ્યગ્દષ્ટિકો જ્ઞાન, દર્શન ચારિત્ર તીનોં હૈ, ઔર તીનકા ભેદ પાડનેસે ભેદકે લક્ષસે કે ભેદકે કારણસે તો અશુદ્ધતા આતી હૈ. આહાહા ! સૂક્ષ્મ હૈ ગાથા. ઈસકી જીજ્ઞાસા જીસમેં હૈ કે આત્મા જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ ધ્રુવ સ્વરૂપ ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ, તો આ ત્રણ ભેદોમેં તો

અશુદ્ધતા આતી હૈ, ઐસા શિષ્યકા પ્રશ્ન હૈ, અંતરકા ( પ્રશ્ન હૈ ) સમજનેકો ઉસકા ઉત્તર દેનેમેં આતા હૈ

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।**
**ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।**

**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે.૭.**

ગાથાર્થઃ– જ્ઞાનીને એટલે ધર્મીને આહાહા ! ધર્મી એને કહીએ કે જીસકી દૃષ્ટિ જ્ઞાયક ચૈતન્ય અભેદ ઉપર પડી હૈ ઔર ઉસસે ઉસકો સમ્યગ્દર્શન, જ્ઞાન હુઆ તો એ ધર્મીકો, જ્ઞાનીકો કે ધર્મીકો, પંડિત લખ્યું છે ઓલામાં, પંડિત પુરુષને એમ લખ્યું 'ને હિંદીમાં મૂળ તો જ્ઞાનીને કહેવું છે. પંડિત પુરુષને એટલે જ્ઞાનીને ધર્મીને એટલે કે પંડિત પુરુષને, પંડિત પુરુષ અર્થાત્ જીસકી દૃષ્ટિ જ્ઞાયક ઉપર હૈ એ સમકિતી હૈ, જ્ઞાની હૈ. ઉસકો ચારિત્ર દર્શન, જ્ઞાન એ તીન ભાવ વ્યવહારસે કહે જાતે હૈં. આહાહા ! દયા દાન, વ્રત ભક્તિ, પૂજા એ તો અશુદ્ધ એ તો નિકાલ દિયા છઠ્ઠીમેં, કે ઉસકા લક્ષસે સમ્યગ્ હોતા નહિ ઔર ઉસકે આશ્રયસે હોતા નહિ, ઔર ઉસસે હોતા નહિ. અહિંયા હવે એમ કહે છે કે, આહાહા ! આવી વાત લઈ જવી.

ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ અભેદ ઉસકો ચારિત્રકા તીન ભાવ કહેના વ્યવહાર હૈ, અસત્યાર્થ હૈ, અભૂતાર્થ હૈ, ખરેખર એકમેં તીન ભેદ હૈ નહીં સમજમેં આતે હૈ ? સૂક્ષ્મ વિષય હૈ. આહા ! સમ્યગ્દૃષ્ટિકો ધર્મકી પહેલી સીઢીવાલેકો, જ્ઞાયકસ્વરૂપ જે અભેદ ચૈતન્ય હૈ ઉસકી દૃષ્ટિ ત્યાં જ્ઞાયક ઉપર હૈ, ઔર અશુદ્ધતાકી દૃષ્ટિ નહિ ઔર અશુદ્ધકા લક્ષ નહિ ઔર અશુદ્ધતાસે સમ્યગ્ હોતા હૈ ઐસી માન્યતા નહિ.

હવે અહિંયા આવ્યા, એકરૂપ ચૈતન્ય સ્વરૂપ જે હૈ જ્ઞાયક એમાં અનંત ગુણો અંદર હૈ, પણ એ તો પી ગયે નામ અંદર અભેદમેં હૈ, અભેદકી દૃષ્ટિ કરનેસે દર્શન જ્ઞાન, –ચારિત્રકા ભેદ દિખતે નહિ, આહા ! આવી વાત. વો કારણસે ધર્મીકો દર્શન, જ્ઞાન, ચારિત્ર કહેના વો વ્યવહાર હૈ.

અર્થાત્ દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદસે જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાતી હૈ, ઐસા નહિ. ઔર દર્શન જ્ઞાન ચારિત્રકા ભેદકે લક્ષસે ઔર ભેદકે કારણસે જ્ઞાયક ( કી ) દૃષ્ટિ હોતી હૈ, ઐસા હૈ નહિ. આહાહાહાહા ! ચારિત્ર દર્શન જ્ઞાન એ ત્રણ ભાવ વ્યવહારસે કહે જાતે હૈ, એ તો કથનકી શૈલીસે, ધર્મી જો સમજતે નહિ ધર્મકો, ઐસી જીજ્ઞાસા ( વાલે ) જીવકો તીન બોલસે આત્મા ઐસા કહેનેમેં આયા, સમજમેં આયા ? પણ જો આત્મા હૈ એ તો દર્શન જ્ઞાન ચારિત્ર તીનોંસે અંદર અભેદ હૈ, એ જ્ઞાયકમેં તીન ભેદ ભિન્ન હૈ, ઐસા નહિં આહાહાહા ! સમજમેં આયા ?

સાતમી ગાથા સૂક્ષ્મ હૈ. ઉસમેં હૈ જ્ઞાન, દર્શન, ચારિત્ર શક્તિરૂપ હૈ વો તો પણ ભેદ પાડના એ વ્યવહાર હૈ. આહાહા ! વ્યવહાર નામ ઉસકે આશ્રયસે વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ, સમ્યગ્દર્શન ઉત્પન્ન નહિ હોતા. આહાહા ! એ નિશ્ચયસે જ્ઞાન ભી નહિ. ધર્મીને જ્ઞાનેય નહિ, ચારિત્ર ભી નહિ, દર્શન ભી નહિ, એક સ્થાનકવાસીએ આ વાંચ્યું, કહે લો ધર્મીકો દર્શન જ્ઞાન ચારિત્ર હૈ હી નહિ ? ઉસકો તો એ ખબર નહિ, ઉસકે શાસ્ત્રમેં આ વાત હૈ નહિ. કઈ અપેક્ષાસે

કહેતે હૈં ? દર્શન જ્ઞાન ચારિત્ર દ્રવ્યમેં અભેદ પડા હૈ ઐસા તો અનંત ગુણ પડા હૈ, પણ ઉસકો ભેદ કરકે ભિન્ન લક્ષમાં લેના એ વ્યવહાર હૈ, તો ધર્મીકો જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ હોનેસે અભેદમેં ભેદ દિખતે નહિ. ઔર ભેદ હૈ, તો દિખનેવાલા અભેદ હૈ, અભેદ દિખતે હૈ ઉસમેં ભેદ દિખતે નહિ, અને ભેદ દિખતે હૈ, ઉસકો અભેદ દિખતે નહિ. સમજમેં આયા ? આહાહા !

જ્ઞાનીકો જ્ઞાન નહીં, ચારિત્ર નહીં, દર્શન નહીં ઠીક ત્યારે અજ્ઞાનીકો હોગા ? ઉસકા અર્થ હૈ ધર્મી જીવ સમ્યગ્દ્દષ્ટિકી દૃષ્ટિ જ્ઞાયકભાવ ઉપર હૈ, અભેદ ઉપર હૈ, વો કારણસે ઉસકો ભેદ હૈ નહિ. સમજમેં આયા ? આહાહા ! જ્ઞાનીને જ્ઞાને ય નથી. , દર્શને ય નથી. ચારિત્ર હી નહીં હૈ, તીનોં નહિ હૈ, કયું ? કે એ તો ભેદ હૈ, ઔર જ્ઞાનીકી દૃષ્ટિ તો જ્ઞાયક ઉપર અભેદ ઉપર હૈ આહાહાહા ! સમજમેં આયા ? સૂક્ષ્મ વિષય બહુ ભાઈ.

હવે અહીં તો અત્યારે તો વ્રત કરો ને તપ કરો ને ભક્તિ કરો ને એનાથી કલ્યાણ થશે અહીં તો કહેતે હૈ કે એ તો અશુદ્ધ પરિણામ હૈ, અશુદ્ધ તો લક્ષ લેને કે લાયક હૈ નહિ, ઔર અશુદ્ધસે સમ્યગ્દર્શન હોતા નહિ, પણ અભેદ ચીજમેં અનંતગુણ હૈ, પણ ઉસકો ભેદ કરકે લક્ષ કરના ઉસસે સમ્યગ્દર્શન હોતા નહિ, આવી વાત હૈ. આહાહા ! સમજમેં આયા ?

જ્ઞાનીકો જ્ઞાન નહિ, દર્શન નહિ, ચારિત્ર નહિ, અર્થાત્ ત્યારે જ્ઞાયક શુદ્ધ, શુદ્ધ જ્ઞાયક હી હૈ, સમ્યગ્દૃષ્ટિકા વિષયમેં તો એકલો શુદ્ધ જ્ઞાયક હૈ. ભેદ હૈ, રાગ હૈ, વહ જાનને લાયક હૈ, આદરણીય નહિ. આહાહા ! આદરણીય તો જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ વસ્તુ અભેદ એ જ્ઞાની તો જ્ઞાયક શુદ્ધ એક હી હૈ. આહાહા !

ટીકાઃ- એ ગાથાનો અર્થ કર્યો. સમજમેં આતે હૈ ? " ઇસ જ્ઞાયક આત્માકો " આ ભગવાન જ્ઞાયકસ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન અનાકુળ આનંદનો કંદ પ્રભુ, એ ઉસકો " બંધ પર્યાય કે નિમિત્તસે, " કર્મના નિમિત્તના બંધની પર્યાયકે નિમિત્તસે " અશુદ્ધતાસે તો દૂર રહો, " અશુદ્ધતાકી તો બાત યહાં હૈ હી નહિ. આહાહા ! અશુદ્ધતા ઉસમેં હૈં એ બાત હૈ હી નહિ. ઔર અશુદ્ધતાકે લક્ષસે સમ્યગ્દર્શન હોતા હૈ, એ બાત તો હૈ હી નહિ, ઔર અશુદ્ધકા કારણસે શુદ્ધ દર્શન હોતા હૈ યે તો ઉસમેં હૈ હી નહિ. આહાહા !

કિન્તુ ઉસકો દર્શન જ્ઞાનને ચારિત્ર ભી વિદ્યમાન નહીં હૈ. આહાહા ! ધર્મી જીવ જ્ઞાયકભાવ એકલો શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ ઉસકી દૃષ્ટિમેં તીન ભેદ હૈ નહિ, સમજમેં આયા ? જ્ઞાયક એક શુદ્ધ હૈ દૃષ્ટિમેં તો, આહાહાહાહા ! અભેદ જ્ઞાયક ચૈતન્ય વસ્તુ એ સમ્યગ્દ્શનકા વિષય, દર્શન, જ્ઞાન ને ચારિત્ર ભેદ ભી જ્ઞાનીકો નહિ, અર્થાત્ જ્ઞાનીકા એ વિષય નહિ, અથવા સમ્યગ્દર્શન ઉસકે આશ્રયે હોતા નહિ. માટે સમ્યગ્દર્શનકા વિષય નહિ. આહાહા ! નેમચંદભાઈ ! આવી વાતો છે. હેં ? આહાહા !

એકરૂપ સ્વરૂપ જ્ઞાયક, ભલે અંતર ધર્મો અનંત હૈ પણ વસ્તુ એક હૈ. એક ઉપર દૃષ્ટિ દેનેસે અશુદ્ધતા તો લક્ષમેં આતી નહિ, પણ દર્શન, જ્ઞાન, ચારિત્રકા ભેદ ભી લક્ષમેં આતા નહિં. આહાહા ! આવી વાત છે. ઉસકે, ઉસકે નામ જ્ઞાનીકે અથવા જ્ઞાયકકો, જ્ઞાયક વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય એકરૂપ જે ધ્રુવ દ્રવ્ય સ્વભાવ ઉસકે દર્શન જ્ઞાન ને ચારિત્ર ભી અભેદમેં ભેદ હૈ નહિ. આહાહા ! દર્શન જ્ઞાન ચારિત્ર વિદ્યમાન નહિ.

મોક્ષનો માર્ગ જે હૈ, એ ભી જ્ઞાયકમેં વિદ્યમાન હૈ હી નહીં. આહાહા ! સમજમેં આયા ? “ ઉસકે દર્શન જ્ઞાન ચારિત્ર ભી ” એટલે ? અશુદ્ધતા તો હૈ હી નહિ, પુણ્ય ને પાપના ભાવ દયા દાન વ્રત ભક્તિ એ તો જ્ઞાયકમેં હૈ હી નહિ, પણ આ ભી નહિ એટલે ‘ ભી ’ લગાયા, આ પણ નહીં. આહાહા ! “ દર્શન જ્ઞાન ચારિત્ર પણ વિદ્યમાન નહીં હૈ, ” આહાહા ! કયું ? કયું નહિ વિદ્યમાન ? એક જ્ઞાયકભાવ વિદ્યમાન હૈ, ઔર તીન, વિદ્યમાન એકમેં નહિ, કયોં ? આહાહા !

કારણ કયા ? “ કે અનંત ધર્મોવાલે એક ધર્મીમેં, ” ધર્મી નામ આત્મા એક જ્ઞાયક અનંત ધર્મોવાલે એક ધર્મી, ધર્મો અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ. વસ્તુ ધર્મી એક, વસ્તુ એક, જ્ઞાયક ધર્મી, ઉસમેં ધર્મ અનંત. સમજમેં આયા ? અનંત ધર્મોવાલે એક ધર્મી એમ લીધું ને ? આહાહા ! હૈ તો એ પ્રભુ જ્ઞાયકમેં સામાન્ય ગુણ અનંત, વિશેષ ગુણ અનંત ઐસા અનંત ધર્મોવાલે ધર્મીમેં ઐસા અનંત ધર્મો જે ગુણ હૈ, ધારી રાખ્યા હૈ ઐસા એક ધર્મી, ધર્મ અનંત ધર્મી એક. આહાહા ! સમજાણું કાંઈ ? આ તો બીજી વાત છે ભાઈ અભ્યાસ ન મળે. આહાહા !. પ્રભુ ચૈતન્ય મૂર્તિ ભગવાન, શરીરસે તો ભિન્ન, વાણીસે ભિન્ન, અશુદ્ધતાના પરિણામસે ભિન્ન પણ અભેદમેં ધર્મીકા ભેદસે ભી ભિન્ન, ભેદ ભી ઉસમેં નહીં. આહાહા ! આમ કહા કે અનંત ધર્મોવાલે, કયા કહા ? એક ધર્મીદ્રવ્ય જ્ઞાયક એ અનંત ધર્મોવાલે. આહાહા ! એક ધર્મી અનંત ગુણવાલે એક ગુણી, અનંત શક્તિવાલે એક શક્તિમાન. આહાહા ! એ ધર્મીમેં, એક ધર્મીમેં અનંત ધર્મો, અનંત ધર્મો હૈ ને અંદર ? અનંત ગુણ હૈ, નહિ હૈ ઐસા નહિ, પણ “ ઐસા એક ધર્મીમેં જો નિષ્ણાત નહિ ” એક ધર્મીકા જીસકો જ્ઞાન નહીં, અનંત ધર્મ સ્વભાવ ગુણવાલે એક ગુણી વસ્તુ ધર્મી ઉસકા જીસકો જ્ઞાન નહિ, નિષ્ણાત નહિ. નિષ્ણાત કહેતે હૈ ને તમારામાં નહિ ? આમાં નિષ્ણાત હૈ, આમાં નિપૂણ હૈ, આ વાતમાં નિષ્ણાત હૈ, એક વસ્તુ અનંત ધર્મોવાલે એક વસ્તુ જો સમ્યગ્દર્શનકા વિષય ઐસા એક ધર્મીમેં નિષ્ણાત નહિ, જીસકો ખબર નહિ, જીસકો એક ધર્મીકા એક વસ્તુ જ્ઞાયકકા જ્ઞાન નહિ. આહાહાહા !

“ ઐસે નિકટવર્તી શિષ્યો કો ” કયા કહેતે હૈં ? આહાહા ! એક તો જે શિષ્ય ગુરુ પાસે આયા હૈ ઇસકો વો કહેતે હૈ, સમજમેં આયા ? આહાહા !, ઉસકે ઘરે( ઘર પર ) ઉસકો સમજાનેકો જાતે નહિ. ( શ્રોતાઃ– આપણે તો મુંબઈ જઈએ છીએ. ) એ તો સાંભળનારા આવે છે. સાંભળનારા આવે છે, એને સંભળાવે છે.

નિકટવર્તીનાં બે અર્થ છે. એક તો ગુરુ પાસે સમજવા આવ્યો છે, એની સમીપ છે, બીજી રીતે કહીએ તો નિકટવર્તી, ભવના અંતનો છેડો આવ્યો એવો એ નિકટવર્તી જીવ છે. આહાહા ! પંડિતજી ! સમજમેં આતે હૈ ભૈયા ? આવી વાત છે. દિગંબર સંતો ! આહાહા ! બીજે ( આવી વાત ) મિલતી નહીં, બહુ ફેરફાર હો ગયા, ફેરફાર હો ગયા ભાઈ આ તો. આહાહા ! એક ધર્મી એટલે દ્રવ્ય એ અનંત ધર્મવાલા ઉસકો એક ધર્મીકા એકરૂપ વસ્તુ હૈ, ઉસકા જીસકો જ્ઞાન નહિ. નિષ્ણાત નહીં, ખ્યાલ નહિ, તે તરફકા ઝુકાવ નહીં ઐસા નિકટવર્તી શિષ્ય સુનનેકો આયા હૈ, સુનનેકો આયા હૈ, ઐસે નિકટ ઉસકો ઘરે ( ઘર પર ) સમજાને જાતે નહીં, એક વાત.

બીજી વાત એ શિષ્ય નિકટવર્તી હૈ, અલ્પકાળમેં સંસારકા અંત લાના હૈ, ઐસા શિષ્ય સુનનેકો આયા હૈ. આહાહા ! આહાહા ! ગજબ વાત છે ! દિગંબર સંતોની વાણી ! કેવળજ્ઞાનીના

કેડાયતો, ક્યાંય છે નહિ આવી વાત. આહાહા ! લોકોને દુઃખ લાગે, બીજા સંપ્રદાયને બાપુ એકેક અક્ષર તો જુઓ ને એકેક ભાવ તો કયા. સુનનેમેં મિલતા નહિ. આહાહા ! ભાઈએ કહાને, આહાહા ! વાત તો ઐસી હૈ ભાઈ.

અનંત અનંત ગુણકા ગોદામ પ્રભુ એક, અનંત શક્તિનો સંગ્રહાલય એક, અનંત ધર્મનો ધરનાર ધર્મી એક. આહાહા ! એકકા જીસકો જ્ઞાન નહિ એમ કહેતે હૈં, ઐસી એક ચીજ જ્ઞાયકસ્વરૂપ પ્રભુ ઉસકા જીસકો જ્ઞાન નહિ, ઐસા નહિ કહા કે ભેદકા જ્ઞાન નહિ ને નિમિત્તકા જ્ઞાન નહિ કે છ દ્રવ્યકા જ્ઞાન નહીં, આહાહા ! અહિંયા તો એક વસ્તુ પ્રભુ નિત્યાનંદ આત્મા જીસમેં અનંતધર્મ હૈં, ઐસા અનંતગુણ હૈં, એ અનંત ગુણકે ધરનેવાલા એક, ઐસા જો દ્રવ્ય ઐસા જો ધર્મી ઉસમેં નિષ્ણાત નહિ, બાકી બીજામેં પંડિત હોય ભલે. આહાહાહા ! આવી વાતું છે બાપુ.

દિગંબર સંતની તો કેવળીના કેડાયતોની વાતું છે. કેવળજ્ઞાનને કેડે ચાલનારા એ કેવળજ્ઞાનમાં લઈ જવા માટે આ વાત છે. આહાહા ! ભગવંત ! એક વાર સુન તેરી ચીજ પરસે તો ભિન્ન, રાગના વ્યવહારસે તો ભિન્ન, પણ અનંત ગુણકા( ભેદ ) એકરૂપમેં ગુણસે ભી ભિન્ન, અભિન્ન હૈ એ તો. આહાહા ! આ ગુણી ને ઉસકા ગુણ ઐસા ભેદ ભી જીસમેં નહિ. આહાહાહા ! ગાથા બહુ ઊંચી છે. જૈનદર્શનનું માખણ જૈનદર્શન એટલે વસ્તુ વિશ્વ દર્શન. જૈનદર્શન કોઈ સંપ્રદાય નહિ વસ્તુકા સ્વરૂપ હૈ ઐસા કહા, ઐસા અનુભવ્યા, આહાહા ! તે દિગંબર જૈન દર્શન હોં, દૂસરેમેં ઐસી બાત હૈ નહિ. આહાહા ! લોકોને દુઃખ લાગે બીજાને શું થાય ? માર્ગ તો પ્રભુ આ છે. હેં ? આહાહાહા !

જેની પાસે જતાં આનંદ ઉત્પન્ન થાય ઐસા ભગવાન આત્મા એકરૂપ વસ્તુ ઉસમેં જો નિષ્ણાત નહિ, ઉસકા જ્ઞાન નહિ, એકરૂપ વસ્તુકા જ્ઞાન નહીં., હૈ એકરૂપ વસ્તુમેં અનંતધર્મ, અનંત ગુણ છતાં એકરૂપકા જીસકો જ્ઞાન નહિ એમ કહા. આહાહાહા !

છોટાભાઈને આ સમજાશે હોં ધ્યાન રાખવું, બડાભાઈકો બેસતે હૈ, આહા ! માર્ગ પ્રભુ આ છે. આહાહા !

પહેલા ઉસકા યથાર્થ જ્ઞાન તો કરે, આહાહા ! પીછે પ્રયોગ કરે. આહાહા !

ઓહોહો ! અમૃતચંદ્રાચાર્ય ! ! કુંદકુંદઆચાર્ય બે હજાર વર્ષ પહેલા ભગવાન પાસે ગયે થે, આઠ દિન રહે થે ઔર શ્રુતકેવળી કેવળીએ કહા ઔર સુના ઔર અનુભવમેં તો આયા થા. વિશેષ અનુભવ હુઆ સ્પષ્ટ, આકર આ શાસ્ત્ર બનાયા. ત્રણ લોકનો નાથ સીમંધર ભગવાન આમ કહેતે હૈ. આહાહાહા ! ગજબ વાત છે. ( અપૂર્વ ) અનંત ધર્મ સિદ્ધ કિયા, અનંત ગુણ, એક વસ્તુમાં અનંત ગુણ તો હૈ, આત્મા એક જ ગુણવાળા હૈ ઐસા નહિ. હૈ તો અનંત ગુણ, અનંત ધર્મ કહો કે અનંત ગુણ કહો. પણ એ અનંત ગુણકા ધરનેવાલા એક, એક ઉપર જિસકા જ્ઞાન નહીં. આહાહાહા ! એ ગુણી અને ગુણના અનંતના ગુણોનું જેને જ્ઞાન, એ કાંઈ વસ્તુ નથી એમ કહે છે. આહાહા ! હેં ?

ભાઈ, મોહનલાલજી નહિ આવે ભાઈ એની વહુને કહે છે ઓલું થઈ ગયું છે કોઈક કહેતું હતું કાલે લાડનુંવાલા ભાઈ, મોહનલાલજી આનેવાલા થા ને ઉસકી સ્ત્રીકો, શું કહેવાય આ ? પક્ષઘાત હો ગયા. કહો ! આ માંડ સાંભળવાના જોગમાં આવા વિઘન, સંસાર, સંસાર, એવો.

આહાહા ! મોહનલાલ પાટણી હૈ, બહુત પ્રેમી હૈ, આહાહા !

યહાં કહેતે હૈ, એકેક શબ્દોમાં ઘણી ગંભીરતા, ઘણી ગંભીરતા ! અનંત ધર્મ સિદ્ધ કરના હૈ, આત્મા એક હૈ તો ધર્મ–ગુણ અનંત હૈ પણ અનંત ધર્મનો ધરનાર એક, એ એકકા જિસકો જ્ઞાન નહિ એમ કહેતે હૈ. આહાહા ! હૈં ? આહાહાહા ! અનંત ગુણવાળો જીવ ને એનું જેને જ્ઞાન છે એ નહિ, એ ભેદનું જ્ઞાન છે એ તો વ્યવહાર છે. એ અનંત ગુણનો ધરનાર એક વસ્તુ છે પ્રભુ એનું જેને નિષ્ણાત જ્ઞાન નથી, ઐસે નિકટવર્તી શિષ્ય, આહાહા ! તે પણ નજીક અપના આત્મા માટે સુનનેકો આયા હૈ, દૂસરી કોઈ ચીજ નહિ. આહાહા ! આહાહા ! અપના આત્માકા હિત કયું( કૈસે ) હો ઐસે( ઈસલિએ ) સુનનેમેં આયા હૈ, નિષ્ણાત નહિ એક દ્રવ્ય કૈસા હૈ ઇસકા જ્ઞાન નહિ પણ ભાવ ઐસા ઉસકો હૈ કે મૈં તો મેરા કલ્યાણ કૈસે હો, ઐસા નિકટવર્તી–નજીકમેં આયા ઔર સંસાર જિસકા નિકટ હૈ અંત. આહાહા ! ભવના અંતની સ્થિતિ જેને નજીક છે હવે. આહાહા !

“ ઐસે નિકટવર્તી શિષ્યકો, ધર્મીકો બતલાનેવાલા ” ધર્મી, ધર્મી, દ્રવ્ય સ્વભાવ જે જ્ઞાયક એકરૂપ ઇસકો બતલાનેવાલે “ ધર્મીકો બતલાનેવાલે, ” દ્રવ્યકો બતલાનેવાલા, જ્ઞાયકકો દિખાનેવાલે, અભેદ સ્વરૂપ વસ્તુ જો હૈ ઉસકો બતાનેવાલા “ કિતને હી ધર્મોંકે દ્વારા ” કોઈ કોઈ ધર્મ દ્વારા. બધાં ધર્મ તો એક સાથે( બતા સકતે ) નહિ પણ મુખ્ય કેટલાક ધર્મો. વ્યવહાર માત્રસે હી ભેદ કથનસે માત્રસે ભેદના કથનમાત્રસે ઉસમેં ભેદ હૈ નહિ અંદર. આહાહા ! આહાહાહા !

વ્યવહારમાત્રસે હી, અહિં હી શબ્દ પડા હૈ, વ્યવહારમાત્રસે હી, ભેદ પાડકે સમજાના હૈ કે વ્યવહાર માત્રસે હી. આહાહાહા ! સમજમેં આયા ? ભેદ સમજાના હૈ ? સમજાના હૈ અભેદ. પણ ભેદ કરકે સમજાના તો વ્યવહારમાત્રસે હી ભેદ કરકે સમજાના હૈ. આહાહા ! વ્યવહારમાત્રસે હી, ઐસા ઉપદેશ હૈ, ઐસા ઉપદેશ હૈ કથન હૈ ને અહિંયા તો. આહાહા ! ભાવ તો ભાવ ભલે ઉપદેશ ઐસા હૈ વ્યવહારમાત્રસે હી ઐસા ઉપદેશ આયા એક વસ્તુકા નિષ્ણાત નહિ અને એક વસ્તુમેં અનંત ધર્મ હૈ ઉસકા જિસકો જ્ઞાન નહિ. આહાહા ! ઘણું જ ગંભીર, ઐસા ઉપદેશ હૈ કે જ્ઞાનીકે, પાઠમાં હૈ ને ? પાઠમાં હૈ, જ્ઞાનીકો–ધર્મીકો સમ્યગ્દૃષ્ટિકા વિષયમેં, સમ્યગ્દૃષ્ટિકા ધ્યેયમેં ધર્મીકો, આહાહા ! “ જ્ઞાનીકે દર્શન હૈ, જ્ઞાન હૈ, ચારિત્ર હૈ ” એસા ભેદ કરકે બતાયા હૈ. સમજમેં આયા ? આહાહા ! હજી સમ્યગ્દ્ર્શન પાયા નહિ ભલે. પણ સમ્યગ્દર્શન પાનેવાલાકો ભેદ કરકે દિખાયા કે જો ભગવાન આ આત્મા હૈ. આત્મા–આત્મા કરકે નહિ સમજ સકે, આ ધર્મી હૈ, દ્રવ્ય હૈ, ઐસે કહેકે ન સમજ સકે. તો એકરૂપકો તો સમજતે નહિ, એક દ્રવ્યકા તો જ્ઞાન નહિ. આહાહાહાહા ! ઐસા સમ્યગ્દ્ર્શન પાનેકે લાયક હૈ ને નિકટવર્તી શિષ્ય હૈ. આહાહાહા ! ભૈયાજી ! ઐસા ઉપદેશ હૈ. આહાહા ! પરમ સત્ય હૈ, આહાહા ! પંડિતજીકા પરિચય હૈ ને ? આહા ! આ વાત ક્યા પ્રભુ એકવાર ઉસકા જ્ઞાન તો કરે સચ્ચા. આહાહા !

ધર્મીકો બતલાનેવાલે વ્યવહારસે, વ્યવહાર સમજાના નહીં, વ્યવહારસે ધર્મી( અભેદ ) દ્રવ્યકો સમજાના હૈ. ( પણ ) લક્ષ તો ત્યાં લે જાના હૈ પણ એકીલા દ્રવ્યકા જ્ઞાન નહિ ઔર ચૈતન્ય સ્વરૂપ અખંડ અભેદ હૈ ઇસકા જ્ઞાન નહિ. તો ઉસકો, આહાહાહા ! “ ઉપદેશ કરતે હુએ ધર્મીકો બતલાનેવાલા ” પણ હોં. બતલાનેવાલા તો ધર્મી દ્રવ્ય, દ્રવ્યકો દેખાડનેવાલી ઉપદેશમેં.

આહાહા ! અહિંથી કાઢે( કહે ) જુઓ વ્યવહારસે નિશ્ચય જાનતે હૈ કે નહિ ? અરે પણ વ્યવહારસે સમજાતે હૈ એ સમજતે હૈ ત્યારે એ દ્રવ્યકા આશ્રય લેતે હૈ તો સમજતે હૈ, ભેદ ઉપરકા આશ્રય ભી ઉસકો છૂટ જાતા હૈ. સમજમેં આયા ? પણ સમજાનેમેં બીજી ચીજ કહાંસે લાના ?

એકરૂપ અનંત આનંદકંદ પ્રભુ ! સહજાનંદ ચૈતન્ય આનંદકા કંદ પ્રભુ પૂર્ણાનંદ પરમાત્મસ્વરૂપ પોતે સ્વયમ્ ઐસી જિસકી દ્રષ્ટિમેં હૈ નહિ ઇસકા જિસકો અંતર મહાત્મ્ય આયા નહિ. ઇસકો ઉસકા ધર્મીમેં ધર્મીકો બતાનેવાલા ધર્મકી કેટલાંક ધર્મસે બાત કરતે હૈ બધાં ધર્મસે તો નહિ સમજા સકતે, ખાસ-ખાસ મુખ્ય મુદ્દા કહે છે. આહાહા ! હૈ ? “ કિતને હી ધર્મોકે દ્વારા ” જો એમાંય ‘ હી ’ હૈ “ ઉપદેશ કરતે હુએ આચાર્યો ” આહાહા ! આચાર્યોએ ઉપદેશ કિયા. આહાહાહાહા ! “ યદ્યપિ ધર્મ ઔર ધર્મીકા સ્વભાવસે અભેદ હૈ, ” ઉષ્ણતા ને અગ્નિ કોઈ ભિન્ન નહિં. ઉષ્ણતા ને અગ્નિ અભિન્ન હૈ. ઐસે ગુણ-ગુણ અને ગુણી કોઈ ભિન્ન નહિ ગુણ ને ગુણી અભેદ હૈ. સમજમેં આયા ? આહાહા !

જેમ આ લકડી હૈ, આ સફેદાઈ આદિ સુવાંળપ ઉસમેં અભેદ હૈ. પણ સમજાનેકો કે આ કયા હૈ પ્લાસ્ટિક હૈ પ્લાસ્ટીકને શું કહેવાય આ ? એ ધોળા હૈ એ ધોળા હૈ વો કાંઈ જુદા પડતે હૈ ઉસમેંસે, સુંવાળા હૈ વો તો અભેદ હૈ સબ, પણ ઇસકા ભેદ કરકે બતાના હૈ. આહાહા ! એકલો એ પ્લાસ્ટિકકો કૈસે કહેના, તો કહે સુંવાળા હૈ વજનદાર હૈ, સફેદ હૈ, ચમકદાર હૈ ચમક-ચમક હૈ એ ઉસમેં હૈ તો( સમજાના હૈ ) અભેદ પણ ભેદ પાડ કરકે બતાના હૈ.

એમ ભગવાન આત્મામેં અનંત ગુણ તો હૈ તો અભેદ પણ અભેદરૂપી એક દ્રવ્યકો નહિ જાનનેવાલા ઉસકો ભેદ કરકે બતલાના હૈ વો. ભેદ કરકે ભેદ બતલાના હૈ એ( ઐસા ) નહીં. આહા ! એથી એમ કોઈ લઈ જાય કે જુઓ વ્યવહારસે નિશ્ચય સમજાતા હૈ ને ? પણ ઓ તો દૂસરા કોઈ ઉપાય નહિ. આહાહા ! અને તે પણ ઓલો સમજાવાને ધર્મીને સમજાવે છે. વ્યવહારથી સમજાવે છે પણ લક્ષ કરાવે છે ધર્મી( અભેદ ) ઉપર. આહાહા ! ધર્મી ઉપર દૃષ્ટિ જાય ત્યારે વ્યવહારે એ આચાર્યોએ સમજાવ્યું એનાથી સમજ્યો એમ કહેવામાં આવે છે. આહાહા !

ઓહોહો ! કેવી ગાથા છે ? ક્યાંય છે નહિ. આહાહા ! જેના એકેક શબ્દોમાં કેટલી ગંભીરતા, છે તો દિગંબર સંત છદ્મસ્થ, છદ્મસ્થ છે ને ? આ તો કેવળી નહિ હૈ. આહાહા ! પણ વીતરાગી સંત હૈ, તીન કષાયકા તો અભાવ હૈ કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, આહાહા ! ક્ષણમેં સપ્તમાં ક્ષણમેં છઠ્ઠા, ક્ષણમેં સપ્તમ, ક્ષણમેં છઠ્ઠું એ અંતર્મુહુર્તમાં હજારોવાર છઠ્ઠું સાતમું( ગુણસ્થાન ) આતે હૈ, છતાં કહેતે હૈ કે એ નહિ, એ છઠ્ઠા સાતમા ભેદ મૈં નહિ. મૈં તો જ્ઞાયક હું. એ તો છઠ્ઠી ગાથામાં આ ગયા. આહાહાહા !

યહાં તો કહેતે હૈં કે ધર્મનો ધરનાર ધર્મી અનંત ધર્મકો ધરનાર હૈ, પણ ધર્મીકો બતાના હૈ ત્યાં ધર્મસે બતાના, દૂસરા ઉપાય કયા ? કે જુઓ દર્શન કિસકો હોતા હૈ ? કે આત્માકો, વિશ્વાસ આતા હૈ કે મૈં શુદ્ધ ચૈતન્ય હું, કિસકો ? જડકો ? રાગકો ? આહાહાહા ! વિશ્વાસ અંદર પરમાત્મા મૈં હું ઐસા વિશ્વાસ આતા હૈ ? કે કિસકો ? કે આત્માકો, માટે વિશ્વાસ દ્વારા આત્માકો સમજાયા. પણ વિશ્વાસ દ્વારા સમજાયા તો વિશ્વાસ ભેદ કરકે સમજાયા. આહાહાહા !

જ્ઞાન દ્વારા સમજાયા કે સમજ પહેલા પ્રભુ જિસકી સત્તામેં જ્ઞાન હોતા હૈ સ્વ-પરકા,

જિસકી સત્તામેં સ્વપરકા જ્ઞાન હોતા હૈ, એ જ્ઞાન તે આત્મા એમ વ્યવહારકા ભેદ પાડકે બતાના. આહાહાહા ! આમાં વાદ વિવાદ કામ કરી શકે નહિ, આ તો ચીજ ઐસી હૈ, આમાં પંડિતાઈકા કામ નહિ.

( શ્રોતાઃ વાદ–વિવાદની નિયમસારમાં ના પાડી છે ) સ્વસમય પરસમય સાથે પ્રભુ વાદ કરીશ નહિ, નિયમસારમાં કહ્યું. ઐસી ચીજ હૈ કૈસે બેસે ભાઈ, એ તો જિસકી આત્માકી રુચિ હો ઔર આત્માકો સમજનેકી ગરજ હો દૂસરી સબ પિપાસા જિસકો ઘટ ગઈ હો. આહાહા !

ઐસે આચાર્યોકા ઐસા ઉપદેશ હૈ કે ધર્મીકો એટલે જ્ઞાયક, જ્ઞાયકમેં દર્શન હૈ જ્ઞાન હૈ, ચારિત્ર હૈ ઐસા ભેદ પાડયા, એ વ્યવહારસે હૈ, આયાને એ ? વ્યવહારમાત્રસે ઐસા ઉપદેશ કે ધર્મીકો દર્શન જ્ઞાન ચારિત્ર, આહાહા ! ત્યારે કહે કે જો વ્યવહાર સમજાનેમેં તો આયા હૈ કે નહિ, નિશ્ચયકો ? ત્યારે વ્યવહાર કારણ હુઆ કે નહિ ? ના, ના ભાઈ એમ નથી. વ્યવહાર સમજાતે હૈ નિશ્ચયકો ત્યાં નિશ્ચય લક્ષ, અને આચાર્ય તો કહેતે હૈ કે હમ સમજાતે હૈ ને, દર્શન જ્ઞાન ચારિત્ર, તે આત્મા પણ એ વ્યવહારકા હમ ભી આશ્રય નહિ કરતે ને તેરે આશ્રય નહિ કરના. આઠમી ગાથા. આઠમી ગાથામેં આયેગા. આહાહા ! સમજમેં આયા ? એ વ્યવહારસે હમ સમજાતે હૈ, પણ આશ્રય વ્યવહારકા હમેં ભી અનુસરણ નહિ કરના, ઔર તેરે ભી વ્યવહાર સમજાતે હૈ તો અનુસરણ નહિ કરના, અનુસરણ તો દ્રવ્યકા કરના. આહાહા ! આવી વાત છે.

" વ્યવહારમાત્રસે હી ઐસા ઉપદેશ હૈ કે ધર્મીકો દર્શન જ્ઞાન, જ્ઞાયકમેં દર્શન હૈ જ્ઞાન હૈ, " ચારિત્રકા ભેદ બતાયા એ વ્યવહારસે બતાયા હૈ, જ્ઞાયકકો આ ત્રણ હૈ. એ વ્યવહારસે કહા હૈ આહાહાહાહા ! " કિંતુ પરમાર્થસે દેખા જાયે " ખરેખર જ્ઞાયક ભાવ ઐસી ચીજકો દેખા જાયે " તો અનંત પર્યાયકો એકદ્રવ્ય પી ગયા હૈ " આહાહા ! અનંતગુણકો એકદ્રવ્ય અભેદમેં ઘુસ ગયા હૈ ! પી ગયા હૈ અંદર, આહાહા ! એક દ્રવ્યમેં અનંત ધર્મ તો પી ગયા હૈ અંદર, અનંત પર્યાયકો એક દ્રવ્ય હી પી જાતે હૈ, અંદર પડયા હી હૈ અંદર એમ કહેતે હૈ. ઇસલિયે એકરૂપ હૈ. વસ્તુ તો એકરૂપ હૈ અનંત ધર્મ અંદર ગુણ હો, છતાં પી ગયું છે એટલે એકરૂપ થઈ ગયું છે દ્રવ્ય. ગુણ ને ગુણી એવા ભેદ રહેતે નહિ ત્યાં. આહાહાહા !

આ સમ્યગ્દર્શન, ધર્મની પહેલી સીઢી પાનેકી આ કળા હૈ. આહા ! બાકી બધાં થોથે થોથાં છે. આહાહા ! જન્મ મરણ કરી કરીને ક્યાંય વિશ્રામ મિલા નહિ. વિશ્રામ સ્થાન પ્રભુ હૈ ત્યાં ગયો નહિ... આનંદધામ ત્યાં તો ગયે નહિ અને ભેદ ને રાગમેં અટકકર પરિભ્રમણ કિયા. આહાહા ! આહા ! અગીઆર અંગ પઢયા નવપૂર્વ પઢયા તો પણ અંતરદૃષ્ટિ નહીં કિયા. અભેદ ઉપર દૃષ્ટિ ન કિયા. કંઈક કંઈક શલ્ય અંદર રહી ગયા. રૂકનેકા અનંત પ્રકાર, છૂટનેકા એક પ્રકાર. એક વસ્તુ ત્રિકાળી એ આશ્રય વો છૂટનેકા ઉપાય, રૂકનેકા તો અનેક ઉપાય, દયાસે હોતા હૈ, ભક્તિસે હોતા હૈ ને વ્યવહારસે હોતા ને, નિમિત્તસે હોતા હૈ ને, દેવ–ગુરુની કોઈ કૃપા મળી જાય ને હોતા હૈ, ઐસા અટકનેકા. ( અનંતપ્રકાર ) આહાહાહા ! સમજમેં આયા ?

ઇસલિયે, ઇસલિયે કયા ? અનંત પર્યાયકો એક દ્રવ્યમેં ઘુસકર પડયા હૈ અંદર અભેદ ઈસલિયે એકરૂપ આસ્વાદ, આસ્વાદ, યું કયું કહા ? અનંત ગુણમેં દરેક ગુણનો સ્વાદ ભિન્ન હૈ, કિંચિત્ એક–મેક મિલે હુએ કોઈ પ્રકારે એકમેક છે, સર્વથા પ્રકારે અનંત ગુણ એકરૂપ નથી. એ

દરેક ગુણ ભિન્ન-ભિન્ન સ્વાદવાળા હૈ. આહાહાહા ! ઓલામાં સુધાર્યું ને ? ગુજરાતીમાં ? આમાં તો બરાબર આવ્યું છે. આ બરાબર આવ્યું છે. બાકી છે ત્યાંય આવ્યું 'તું ગુજરાતીમાં કિંચિત્ એકમેક મિલે હુએ, કોઈ પ્રકારે ગુણ એકમેક હૈ બાકી સ્વાદ ભિન્ન( ભિન્ન ) હૈ, દ્રવ્યની અપેક્ષાએ એકમેક હૈ પણ સ્વાદ ભિન્ન. સ્વાદ ભિન્નકી અપેક્ષા. આહાહા ! આસ્વાદરૂપ હૈ ને ? અભેદ હૈ. આહાહા ! એકત્વભાવ વસ્તુકા અનુભવ કરનેવાલે જ્ઞાનીકો, એક સ્વભાવ વસ્તુ, ભેદ અનેક પ્રકાર હો ભલે એમ કહેતે હૈ અને ભિન્ન-ભિન્ન ગુણના સ્વાદ ભી ભલે હો, વસ્તુ તરીકે એક હૈ. આહાહાહા !

હવે આવો ઉપદેશ કોઈ દાખલા દલીલ ને કોઈ કથા વાર્તા ન મળે. આહાહા ! દાખલા દલીલ તો કહ્યા. આહાહા ! એવા એક સ્વભાવ વસ્તુનો અનુભવ કરવાવાળા જ્ઞાની પુરુષને એમ લેવું, માથે લીધું હતું ને ? જ્ઞાનીને દર્શન, જ્ઞાન, ચારિત્ર વ્યવહારથી કહ્યા. લ્યો માથે કહ્યાને ? અને પાઠમાંય છે ને જ્ઞાનીને ? પછી જ્ઞાની અર્થ અહીં પંડિત પુરુષ, હા, ઈ. અહિં જ્ઞાનીને દર્શન-જ્ઞાન ચારિત્ર વ્યવહારસે( કહા, ) નિશ્ચયસે ? આહાહાહા ! જ્ઞાની પુરુષકે ન તો દર્શન હૈ. આહાહાહા ! ધર્મી જીવની દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે. આહાહા ! અખંડ જ્ઞાયક સ્વભાવ અભેદ, જિસમેં અનંત ગુણ પી ગયા હૈ, અંદર પડયા છે અંદર, છતાં દૃષ્ટિ તો ઉસકી એકરૂપ જ દ્રવ્ય ઉપર હૈ. આહાહા ! ધ્રુવની ને ધ્યેયની દૃષ્ટિ કભી છૂટતી નહીં. ધ્રુવનાં ધ્યાનની દૃષ્ટિ. આહાહા !

જ્ઞાની પુરુષને, એમ ત્યાં લેવું જ્ઞાની છે ને મૂળ પાઠમાં છે ને ? એથી લેવું. જ્ઞાનીને એટલે અનુભવી જીવને, દ્રવ્ય સ્વભાવમાં દર્શન જ્ઞાન ચારિત્ર એવા ભેદ દિખતે નહિ. અભેદ અનુભવમેં ભેદ દિખતે નહિ. ભેદ દિખે તો અભેદ રહતે નહિ. અને અભેદ દિખે એમાં ભેદ હોતા નહિ. આહાહા ! સમજમેં આયા ? કલાકનો વિષય બહુ ઝીણો ! નવા માણસને તો એમ લાગે કે આ શું આ ક્યાંથી આ, શું છે ? આ તે કાંઈ ધર્મ હશે ? ( શ્રોતાઃ- ઈ વાત સાચી છે બીજાઓમાં ક્યાંય આવો ઉપદેશ આવતો જ નથી ) પૂજા કરો, વ્રત કરો, ભક્તિ કરો, સ્તુતિ કરો પરમાત્માની, મંદિર બનાવો, ગજરથ ચલાવો, રથ કાઢો રથ, બે પાંચ લાખ ખર્ચો. આ તો વિદ્યારથ( ઉપર ) આરૂઢ હૈ. આહા ! આ જ્ઞાનમાં આરૂઢ હોના એ રથયાત્રા હૈ, વો તો શુભભાવ હો તો બહારની ક્રિયા હોતી હો તો હો, વો કોઈ ધર્મ નહિ. શુભભાવ આતા હૈ, પણ વો ધર્મ નહીં. પુણ્ય બંધકા કારણ હૈ. આહાહા !

" એક સ્વભાવ વસ્તુકા અનુભવ કરનેવાલા જ્ઞાનીકો ન તો દર્શન હૈ, " ભેદરૂપ દર્શન હૈ, ને જ્ઞાન હૈ ઐસા નહીં, અંતરમેં( અભેદમેં ) ભલે સબ પડયા હો, ઔર પરિણતિમેં ભી તીન ભલે આઓ પણ દૃષ્ટિકા વિષયમેં તીન નહિ. આહાહાહાહા ! આવી વાત. ભગવાન કુંદકુંદાચાર્ય, આહાહા ! અમૃતચંદ્રાચાર્ય. હવે ઓલા તુલસી છે ને ? તે " લોએ " કાઢી નાખવા માગે છે. કહો નમો લોએસવ્વસાહૂણંમ્ તેરાપંથી હે ને ? તુલસી કહે " લોએ " કાઢી નાખો અરરર ! નમો સવ્વસાહુણમ્, લોએ નહિ. એને જાણે લોકમાં, સાંભળને બાપા તમને ખબર નથી. અનાદિનો દ્રવ્યસંગ્રહમાં તો પાંત્રીસ અક્ષરનો મંત્ર કહ્યો છે. પાંત્રીસ અક્ષરકા મંત્ર કહ્યા હૈ, દ્રવ્ય સંગ્રહમેં પેંત્રીસ અક્ષર. નમો લોએસવ્વસાહૂણમ્ ત્યારે પેંતીસ અક્ષર હોતા હૈ, નેમિચંદ સિદ્ધાંત ચક્રવર્તી

( કા બનાયા હુઆ હૈ ) લોકો સ્વચ્છંદે પોતાની અપની કલ્પનાસે. આહાહા !

સનાતન ચૈતન્યકા તત્ત્વ ચલા આયા હૈ, સનાતન દિગંબર મુનિઓએ તો પરમાત્માની જે વાણીનો ધોધ હતો એ ચલાવ્યો છે. આહાહા ! એક સ્વભાવ વસ્તુકે અનુભવ કરનેવાલા. ધર્મીકો, ધર્મીકો કહો, જ્ઞાનીકો કહો, પંડિત પુરુષકો કહો, અને એ જ પંડિત હૈ. આહાહા ! જિસને એક દ્રવ્યસ્વરૂપકા શ્રદ્ધા જ્ઞાન કિયા વો હી પંડિત હૈ. આહાહાહા ! આહાહા ! શાસ્ત્રકા બહોત જ્ઞાન હો ને બહોત સમજાને આતે હૈ તો પંડિત હૈ ઐસી કોઈ ચીજ નહિ. આહાહાહા ! ધર્મીકો ન તો દર્શન હૈ ભેદ નહિ એ તો અખંડ જ્ઞાયક ઉપર દૃષ્ટિ હૈ, ન દર્શન હૈ ન જ્ઞાન હૈ ન ચારિત્ર હી હૈ, જોયું ? આહાહા ! એવ એકઃ એમ છે ને ? હૈ ને ? જ્ઞાયક એવ એકઃ, કિંતુ વો તો જ્ઞાયક એક માત્ર શુદ્ધ જ્ઞાયક હી હૈ. સમ્યગ્દૃષ્ટિકી દૃષ્ટિ તો એક જ્ઞાયક ઉપર હી હૈ, તો વો જ્ઞાયક માત્ર હી હૈ ! ભેદરૂપ યે હૈ નહિ. આહાહાહાહા !

દર્શનકા વિષય ધ્યેય, એ એમાં જ્ઞાન દર્શન ચારિત્ર ભેદ નહિ. એ તો એકરૂપ ચીજ હૈ એ ઉસકા ધ્યેય હૈ. આહાહાહા ! પીછે જો ઉસમેંસે જ્ઞાન હુઆ અપના દર્શનકે આશ્રયસે એ જ્ઞાનમેં સ્વપરપ્રકાશક જાનનેકા સ્વભાવ હૈ, તો દ્રવ્યકો ભી જાને ઔર પર્યાય ને ભેદ ભી જાને. પણ એ તો જ્ઞાન સ્વપરપ્રકાશક એ જાને, આદરણીય ને ધ્યેય તો દૃષ્ટિકા( વિષય ) એક જ જ્ઞાયક હૈ. આહાહા !

બીજી રીતે, એક જ્ઞાયકકા ધ્યેય ને દ્રવ્ય દૃષ્ટિ હુઈ તો ઉસકા જ્ઞાન ઐસા હુઆ, જ્ઞાન કે ઉસકા જ્ઞાન ઐસા હુઆ, કે સ્વકા ભી જ્ઞાન હૈ ઔર રાગ આદિ મંદ આદિ કે શુદ્ધતા હો ઉસકા ભી ઉસકો યથાર્થ જ્ઞાન વ્યવહારકા હૈ, સમજમેં આયા ? એકલા શાસ્ત્રકા જ્ઞાન એ જ્ઞાન નહિ. આહાહા ! વસ્તુકા જિસકો જ્ઞાન હુઆ, અભેદ ધર્મી એક દ્રવ્ય સ્વભાવ ઉસકી જિસકો દૃષ્ટિ હુઈ, તો ઉસકો ભેદ નહિ ઉસમેં, પણ ઉસકી સાથ જો જ્ઞાન હુઆ વો જ્ઞાન અભેદકો ભી જાનતે હૈં ઔર પર્યાયમેં ભેદ હૈ દર્શન જ્ઞાન ચારિત્ર, રાગ આદિ હૈ, યે જાનતે હૈ જાનને લાયક હૈ, કિંતુ વો તો એકમાત્ર શુદ્ધ, શુદ્ધ જ્ઞાયક હી હૈ શુદ્ધ. ત્રણમેં તો અશુદ્ધતા આતી હૈ એમ અહીં કહેતે હૈ. દર્શન જ્ઞાન ને ચારિત્ર એ તો તીન ભેદ હુઆ. ભેદ હુઆ ત્યાં સોળમી ગાથામેં તો મલિન કહ્યા ને મેચક, ૧૬મી ગાથાના કળશમાં, મેચક ત્રણ હુઆ તો ભેદ હુઆ, મલિન હુઆ. મલિન કહનેકા વ્યવહાર હૈ, કયોંકિ ઉસકે આશ્રયસે રાગ ઉત્પન્ન હોતા હૈ. આહાહા ! અને ત્રિકાળને આશ્રયસે વીતરાગભાવ ઉત્પન્ન હોતા હૈ અને ભેદને આશ્રયસે રાગ હોતા હૈ તો ભેદ હૈ યે મેચક મલિન હૈ, અભેદ હૈ યહ નિર્મળ હૈ. આહાહા ! વિશેષ કહેગા. ( પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૨૭ ગાથા - ૭ તા. ૭-૭-૭૮ શુક્રવાર અષાઢ સુદ-૨ સં. ૨૫૦૪

ઈસ શુદ્ધ આત્માકે, શુદ્ધ આત્માકે, પવિત્ર દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ આનંદકંદ પ્રભુ એ શુદ્ધઆત્મા, જો સમ્યગ્દર્શનકા વિષય હૈ. શુદ્ધ આત્મા ત્રિકાળી સમ્યગ્દર્શનકા વિષય, ધ્યાનમેં ધ્યેય, ધ્યાન હૈ પર્યાય, ઉસકા ધ્યેય શુદ્ધ આત્મા. પૂરણ પવિત્રતાકા પિંડ વો શુદ્ધ. એ આત્માકો “ કર્મબંધકે નિમિત્તસે અશુદ્ધતા હોતી હૈ, ” કર્મબંધના નિમિત્તથી, ઉપાદાન પોતાનું જ છે નિમિત્ત

કર્મ, અશુદ્ધતા મલિનતા હોતી હૈ, “ યહ બાત તો દૂર હી રહો ” મલિનતાકા તો લક્ષ છોડ દો, વો તો લક્ષમાં લેનેકે લાયક ચીજ નહિ. સમ્યગ્દર્શન જિસકો પાના હૈ ધર્મકી પહેલી સીઢી અથવા ધર્મકી શરૂઆત, ધર્મકી શરૂઆત કરના હૈ, ઉસકો શુદ્ધ આત્મામેં જો મલિનતા દિખતી હૈ ઉસકા તો લક્ષ છોડ દો. કયોંકિ વો કોઈ દૃષ્ટિકા ધ્યેય હૈ નહિ.

કિંતુ ઉસકે દર્શન જ્ઞાન ચારિત્રકે ભી ભેદ નહિ. આહાહા ! એકરૂપ વસ્તુ ચિદ્‌ઘન એકરૂપ, ઉસમેં દર્શન જ્ઞાન ચારિત્ર તીન ભેદ કરના વો ભી વિકલ્પકા કારણ હૈ, ભેદ હૈ, ( વો ) વ્યવહાર( કા ) વિષય હૈ, વો સમ્યગ્દર્શનકા વિષય નહિ. આહાહા ! આવી વાત છે. ધર્મની શરૂઆત કરનેવાલેકો અશુદ્ધતા તો લક્ષમેંસે છોડ દેના પણ દર્શન જ્ઞાન ચારિત્રકા ભેદ અભેદમેં ભેદ કરના યે છોડ દેના. આહાહા ! આવી વાત છે. ‘ ભી ’ ચારિત્રકે ભી એમ છે ને ? અશુદ્ધતા તો દૂર રહો પણ ભેદકા ભી ( લક્ષ ) દૂર રહો. દર્શન જ્ઞાનને ચારિત્ર વો ભી લક્ષમેં લેને લાયક ( નહિ ). ભેદ હૈ તો દૃષ્ટિકા વિષયમેં લક્ષ લેનેકે લાયક નહિ. આહાહા ! સૂક્ષ્મ વિષય હૈ.

કયોંકિ, કેમકે ભગવાન આત્મા વસ્તુ હૈ “ એ અનંત ધર્મરૂપ એક ધર્મી ” અનંત ધર્મ હૈ, ગુણ હૈ ઉસમેં, પણ વસ્તુ તરીકે એક હૈ, ગુણ તરીકે અનંત હૈ, પણ ગુણી તરીકે એક ધર્મી એક દ્રવ્ય હૈ, આહાહા ! આવો મારગ ! વસ્તુ અનંત ધર્મરૂપ અનંત ગુણરૂપ એક ધર્મી હૈ એક દ્રવ્ય હૈ આહાહા ! પરંતુ વ્યવહારીજન અજ્ઞાની વ્યવહારમેં રહેનેવાલા પરમાર્થકા નહિ જાનનેવાલા “ એક ધર્મકો સમજતે હૈ ” એ ધર્મને સમજે, કે આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ઐસા ધર્મકો સમજે પણ ધર્મીકો( અભેદકો ) સમજતે નહિ. સમજમેં આયા ? વ્યવહારીજન ધર્મોકો હી સમજતે હૈ. ધર્મો કો હી ફકત જ્ઞાન દર્શન ને અસ્તિત્વ ને વસ્તુત્ત્વ ઐસા ધર્મને જાણે. ધર્મીકો નહિ જાનતે. પણ ધર્મી જે દ્રવ્ય એકરૂપ હૈ ઉસકો જાનતે નહિ. આહાહા ! આમ આત્મા હૈ, અસ્તિ હૈ, ઐસા ગુણસે તો જાને કદાચિત્ પણ વો એકરૂપ ધર્મી હૈ જિસમેં ગુણ ભેદ ભી નહિ ઐસા એકરૂપ ધર્મી દ્રવ્યકો જાનતે નહિ. આહાહા ! ક્યાં લે જાના ? ધર્મીકો નહીં જાનતે.

“ ઈસલિયે વસ્તુકે કિન્હી અસાધારણ ધર્મોકો ” અસાધારણ નામ ઉસમેં યે હે ને દૂસરેમેં નહિ, ઐસા અસાધારણ ધર્મો નામ ગુણ અવસ્થા ગુણકો “ ઉપદેશમેં લેકર અભેદરૂપ વસ્તુમેં ” ભી વસ્તુ તો અભેદ હૈ અનંત ગુણનો એકરૂપ ધર્મી હૈ પણ નહિ સમજનેવાલા, ધર્મી નામ દ્રવ્યકી દૃષ્ટિ નહીં, વો ગુણકો હી જાનતે હૈ ઉસકો અભેદરૂપ વસ્તુમેં ભી વસ્તુ તો અભેદ હૈ, તો જ્ઞાન દર્શન ભિન્ન હૈ ને વસ્તુ ભિન્ન હૈ ઐસા નહિ. અનંત ગુણકા એકરૂપ ચિદાનંદ દ્રવ્ય એક હૈ.

“ વસ્તુમેં ભી ધર્મોકે નામરૂપ ભેદકો ઉત્પન્ન કરકે ” આહાહા ! વસ્તુ જો ચિદાનંદ પ્રભુ આત્મા જ્ઞાયકકા ધ્રુવ પ્રવાહ( સદૃશ ) જાનન જાનન જાનન ધ્રુવ દ્રવ્યસ્વરૂપ પ્રવાહ નામ ધ્રુવ રહેનેવાલા કાયમ ઉસકો નહીં જાનતે, ઉસકો ધર્મોકેં નામરૂપ ભેદકો ઉત્પન્ન કરકે ધર્મોકે નામ, કથનરૂપ કરકે, કે આ આત્મા જ્ઞાન હૈ, દર્શન હૈ, ઐસા ભેદ ધર્મોકા નામરૂપી કથન, વસ્તુમેં ભેદ નહિ. આહાહા ! ધર્મોકે, ધર્મી જ્યાં આમ દ્રવ્ય ઉસકી દ્રષ્ટિ કરાનેકો અભેદમેં ભેદ હૈ નહિ, તો પણ ભેદ ધર્મોકા નામરૂપ ભેદ, કથનરૂપ ભેદ, જ્ઞાન-દર્શન ઐસા કોઈ અંદર ભેદ નહિ અંદર અભેદમેં પણ નામ કથન કરકે નામરૂપ ભેદકો ઉત્પન્ન કરકે, “ ઐસા ઉપદેશ દિયા જાતા હૈ, કે જ્ઞાની કે ” ધર્મીકે ધર્મી નામ દ્રવ્યકો “ દર્શન હૈ, જ્ઞાન હૈ, ચારિત્ર હૈ ” ઐસા ભેદ કરકે સમજાતે હૈ, સમજમેં આયા ?

ગાથા તો બહુ ઊંચી છે તદ્દન, વસ્તુ જો  હૈ અખંડ અભેદ ઉસમેં કોઈ ગુણ ભેદ હૈ નહિ, વો તો અભેદ ચીજ હૈ. પણ ધર્મોને જાનનેવાલા, ધર્મીકો નહિ જાનનેવાલાકો ધર્મના નામના કથન કરકે ભિન્ન કથન કરકે વસ્તુમેં ભિન્ન નહિ, પણ આ આત્મા જ્ઞાન હૈ, દર્શન હૈ, ચારિત્ર હૈ ઐસા ધર્મીમેં ધર્મકા ભેદ ન હોને પર ભી નહિ સમજનેવાલેકો ભેદ નામ કથનસે કહકર કે આ જ્ઞાન–દર્શન–ચારિત્ર આત્માકો હૈ. દેવીલાલજી ! ( શ્રોતાઃ વસ્તુ ભેદાભેદ સ્વરૂપ હૈ. ) નહિ નહિ નહિ એ વસ્તુ ભેદાભેદ સ્વરૂપ તો વીતરાગતા થાય ત્યારે, ભેદાભેદ ( સ્વરૂપ ) હોને પર ભી અભેદકી દૃષ્ટિ કરાનેકો જબલગ ભેદ ઉપર લક્ષ રહેગા તબલગ રાગ હૈ. અને જબલગ રાગી હૈ તબલગ રાગકા વિષય ભેદ હૈ, તો એ ભેદ છોડાનેકો દ્રવ્યમેં ભેદ હૈ નહિ, હૈ તો વસ્તુ ભેદાભેદ, છેલ્લે કહેગા પણ એ તો વીતરાગ હો જાયેગા પીછે ભેદાભેદ જાનનેવાલા હૈ. પહેલે જબલગ રાગી હૈ તબ ભેદ ને અભેદ જાનને, બે જાનને જાયેગા તો વિકલ્પ ઉત્પન્ન હોગા. વસ્તુ જે અખંડ હૈ એ અનંત ગુણકા પિંડ હૈ ઉસમેં ગુણભેદકા લક્ષ કરેગા તો રાગી હૈ વો કારણસે રાગ ઉત્પન્ન હોગા ભેદ હૈ તો ભેદકો જાનનેકે કારણ રાગ ઉત્પન્ન હોતા ઐસા નહિ, કયુંકિ ભેદકો તો કેવળી ભી જાનતે હૈ, પણ આ રાગી હૈ તો ભેદ ઉપર લક્ષ જાએગા તો રાગ હી ઉત્પન્ન હોગા. આહાહાહા ! આવી વાત છે.

આવો કેવો ઉપદેશ આવો કહે છે. બાપુ ! આ તો મારગ અંતરનાં વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા કહેતે હૈ વસ્તુ તો વસ્તુ હૈ અંદર એકરૂપ. અનંત ધર્મકો પી ગયા અંદરમેં ધુસ ગયા હૈ. ઐસા ધર્મીકો અર્થાત્ દ્રવ્યકો નહિ જાનનેવાલેકો ઉસકા ધર્મ નામ ગુણ જાનનેવાલેકો, ગુણસે સમજાતે હૈ. કે અભેદમેં ભેદ નહિ. પણ નામ ભેદ કથન કરકે આત્મામેં દર્શન જ્ઞાન ચારિત્ર હૈ ઐસા વ્યવહારસે ભેદ કરકે, ઉપદેશ કરતે હૈ, આવી વાતું ઝીણી.

જ્ઞાની એટલે આત્માકો દર્શન હૈ, જ્ઞાન હૈ, ચારિત્ર હૈ, જ્ઞાની શબ્દે આત્મા. આત્માકો દર્શન જ્ઞાન ચારિત્ર નામ ભેદ કથન કરકે ઉસકે દ્વારા વો અભેદ જાનેં એ અપેક્ષાસે નામ ભેદ કથન કિયા, વસ્તુમેં ભેદ નહિ. આહાહાહા ! “ ઈસ પ્રકાર અભેદમેં ભેદ કિયા જાતા હૈ ” આ અપેક્ષાસે વસ્તુ અભેદ હૈ એકરૂપ હૈ, દ્રવ્ય તરીકે, ધર્મી તરીકે, તો એકરૂપ હૈ, ઉસમેં ધર્મકા ભેદ કરકે, વ્યવહાર કરકે, ધર્મકો સમજનેવાલેકો ધર્મ દ્વારા ધર્મી સમજાતે હૈ. સમજાના તો ઓ ધર્મી હૈ. આહાહા !

જેને ધર્મની શરૂઆત કરના હો, પ્રથમ ધર્મની શરૂઆત નામ પહેલે નંબરે પીછે બીજા જ્ઞાન ચારિત્ર આદિ નંબર પીછે. પહેલે સમ્યગ્દર્શનકી–સત્ય દર્શનકી શરૂઆત કરના હો તો ઉસકો ધર્મીકી દૃષ્ટિ કરના. દ્રવ્ય દૃષ્ટિ, પણ ઓ અજ્ઞાની દ્રવ્ય દૃષ્ટિકો એકદમ સમજે નહિ, એ માટે અભેદમેં ભેદ હૈ નહિ અને એ ભેદસે સમજતે હૈ કે જો આ જ્ઞાન આ જાનેં વો આત્મા, શ્રદ્ધે ઓ આત્મા, ઠરે એ આત્મા ઐસા ગુણ ભેદ નામ કથન કરકે બતાતે હૈ વસ્તુમેં ભેદ નહિ. આહાહાહા ! હવે આટલી તો તકરાર હજી બહારની. વ્રત કરો ને તપ કરો ને ભક્તિ કરો ને એ અશુદ્ધતા તો દૂર રહો એ તો પહેલે કહા, એ અશુદ્ધતા તો દૂર રહો, પણ અહિંયા તો ગુણીમેં ભેદ ધર્મકા હૈં નહિં, છતાં ધર્મીમેં ધર્મકા ભેદ કરકે, ધર્મી નહિં સમજનેવાલેકો ધર્મસે ધર્મીકો સમજાતે હૈ. આહાહા ! આવી વાતું છે.

ઇસ પ્રકાર અભેદમેં ભેદ કિયા જાતા હૈ, હૈ તો અભેદ વસ્તુ અભેદ હૈ, એકરૂપ હૈ ઉસમેં વ્યવહારસે ભેદ કરકે સમજાનેમેં આતા હૈ, હૈ ? " ઇસલિયે વ્યવહાર હૈ. " આહાહાહા ! દયા દાન વ્રત તપના ભાવ તો અસદ્‌ભૂત વ્યવહાર હૈ, આહાહાહા ! ઉસકા તો દૂર રહો, ઉસકા તો લક્ષ છોડો પણ ઉસમેં હૈ ઐસા દર્શન જ્ઞાન ચારિત્ર જો સદ્‌ભૂત વ્યવહાર હૈ ઉસમેં હૈ, પણ ભેદ નહિ અભેદમેં અંદર વસ્તુ હૈ, આહાહા ! તો ઉસકા ભેદ પાડ કરકે સમજાના એ વ્યવહાર હૈ. આહાહા ! એ આત્મા દર્શનરૂપ હૈ, વિશ્વાસ કોણ કરતે હૈ ? વિશ્વાસ કરતે હૈ કોણ ? જડ કરે ? રાગ કરે ? મૈં આત્મા હું, ઐસા વિશ્વાસ કોણ કરતે હૈ ? એ વિશ્વાસ ઓ સમ્યગ્દર્શન એ સમ્યગ્દર્શનસે દ્રવ્યકા લક્ષ કરાના હૈ, દૃષ્ટિ દ્રવ્ય ઉપર લેના હૈ.

પણ એકલા દ્રવ્યકો સમજાના, ન સમજી શકે, ધર્મી આ દ્રવ્ય હૈ, વસ્તુ હૈ, વસ્તુ હૈ, પણ ઉસકો વિશ્વાસ કરનેવાલી ચીજ વો દ્રવ્ય હૈ જાનનેવાલા જાનતે હૈ કૌન ? એ જાનનેવાલી ચીજ એ આત્મા હૈ. ઠરતે હૈ કોણ ? રમતે-રમતે, ઠરતે કે અંદર એ આત્મા, ઐસા ત્રણ ગુણકો ભેદ કરકે વ્યવહાર કરકે સમજાયા હૈ. નેમચંદભાઈ ! આવી વાત છે. અત્યારે તો હજી તકરારું બહારમાં પડશે હજી. ધર્મી કોણ છે ઈસકી દૃષ્ટિ બિના વ્રત ને તપ ને ભક્તિ પૂજા કરો કરતે કરતે શુભ સે શુદ્ધ હો જાએગા. અહિંયા તો કહેતે હૈ કે અશુદ્ધ પરિણામસે તો સમ્યગ્દર્શન હોતા નહીં, દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોગી નહિ, પણ ઉસમેં દર્શન જ્ઞાન ચારિત્રકા ભેદ કરકે ભી દૃષ્ટિ અભેદમેં આતી નહિ. આહાહા ! ભેદ ઉપર ભી જબલગ લક્ષ રહેગા તબલગ વિકલ્પ ઉત્પન્ન હોગા. આહાહા ! આવો મારગ !

" યદિ પરમાર્થસે વિચાર કિયા જાવે " ખરેખર પરમપદાર્થ વસ્તુ અભેદ ઐસે વિચાર કિયા જાવે, " તો એક દ્રવ્ય અનંત પર્યાયકો અભેદરૂપસે પીકર બેઠા હૈ, " વસ્તુમેં અનંત ગુણો જે ભેદ એ અંદર પર્યાય એટલે ભેદ, અંદરમેં હૈ, એ તો પી ગયા હૈ. આહાહા ! પાણી જેમ પી જાતે હૈ ને ? એમ અનંત ધર્મ, દ્રવ્ય પી ગયા હૈ, અંદરમેં પી ગયા હૈ. આહાહા !

યદિ પરમાર્થસે વિચાર કિયા જાય તો એક દ્રવ્ય અનંત ભેદોંકો, પર્યાય એટલે ભેદો, પર્યાયકો એટલે ભેદોંકો, અભેદરૂપસે પીકર બેઠા હૈ( એટલેકે ) દ્રવ્યમેં અનંત ગુણ અભેદરૂપ અંદર પડા હૈ, કોઈ ભિન્ન હૈ નહિ. સમજમેં આયા ? આરે ! આવી વાત હવે, નવરાશ ફુરસદ ક્યારે લે, એક તો બહારની પ્રવૃત્તિ ધર્મને નામે ચલાવી દીધી છે. એ પ્રવૃત્તિથી પણ ધર્મ નહિ પણ અંદર વસ્તુ જે એકરૂપ હૈ, ઉસમેં ભેદ કરકે સમજાના પણ ભેદસે ભી ધર્મ નહિ. આહાહા ! અંદર વસ્તુ અભેદ ચૈતન્ય ધ્રુવ પ્રવાહ ધ્રુવ ધ્રુવ ધ્રુવ ધ્રુવ ધ્રુવ ધ્રુવ ધ્રુવ ઉર્ધ્વ સદા ધ્રુવ. ઉસમેં તો અનંત ગુણ તો પી ગયે હૈ. અનંત ગુણ કોઈ ભિન્ન રહ્યા નહિ, પી ગયા ને એકરૂપ રહા હૈ. આહાહાહા ! આવો ઉપદેશ હવે !

આ તો હજી ધર્મની પહેલી શરૂઆતની વાત છે. ચારિત્ર ને એ તો કાંઈ પછી વાતું, બાપુ એ ચારિત્ર કોને કહેવા ને એ લોકોને તો બહારથી નગ્નપણું ધારણ કરે ને કંઈ પંચમહાવ્રતના નામ ધારે નામ મહાવ્રત તો હૈ ક્યાં ? બહુ આકરી વાત પ્રભુ હૈ. હિતની વાત આ તો હૈ હોં, કોઈ વ્યકિતની નહિ. વ્યકિતની વાત હૈ નહિ, વસ્તુ, હિત ઐસા હોતા હૈ, એ વ્રત તપની અશુદ્ધતા એ તો વિકલ્પ હૈ, ઉસકો તો દૂર રહો, વો તો દ્રષ્ટિકા વિષયમેં હૈ હી નહિ, પણ વસ્તુમેં દર્શન જ્ઞાન

ચારિત્ર આદિ શક્તિયાં તો પડી હૈ( દ્રવ્ય ) પી ગયા હૈ, અભેદ હૈ ઉસમેં ભેદ કરકે બતાના, દર્શન જ્ઞાન ચારિત્ર વો ભી વ્યવહાર હૈ, વો ભી વ્યવહારકે આશ્રયસે તો વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ. વ્યવહારકે આશ્રયસે સમ્યગ્દર્શન નહિ ઉત્પન્ન હોતા, આ દર્શન જ્ઞાન ચારિત્રના ભેદકા વ્યવહારસે સમ્યગ્દર્શન નહિ હોતા. આહાહા ! આવી વાત છે.

ભાષા તો સાદી છે. પકડાય એવું છે, નેમચંદભાઈ ! આહાહા ! કયા કહેતે હૈ કે આમ સીધી બાત હૈ, વસ્તુ અંદર હૈ ને આત્મા ? આ તો પર ચીજ હૈ. વસ્તુ જે અંદર હૈ એ તો શરીરસે તો ભિન્ન હૈ, પણ વો પુણ્ય ને દયા દાનના વિકલ્પસે ભી યે તો ભિન્ન હૈ, આહાહા ! વો તો ભિન્ન હૈ, પણ ઉસમેં દર્શન જ્ઞાન ચારિત્રકા ભેદ કરના, ઉસસે ભી અભેદ ભિન્ન હૈ. આહાહાહા ! બહુ આકરું કામ. તમારે નવા ભાઈ તો પહેલ વહેલા સાંભળતા હશે ? આ તો આત્માકી વાત હૈ ને પ્રભુ ? તારા ઘરકી બાત હૈ, નિજ સ્વરૂપકી બાત હૈ. પ્રભુ તું કૈસા હૈ ?

આંહી પરમાત્મા કહેતે હૈ કે તેરે જો ધર્મકી શરૂઆત કરના હૈ, તો પુણ્ય ને દયા દાનના વ્રતના વિકલ્પને તો છોડી દે લક્ષમેંસે, વો તો તેરી ચીજમેં હૈ હી નહિ પણ તેરી ચીજમેં હૈ દર્શન જ્ઞાન ચારિત્ર તો સ્વરૂપમેં હૈ. અંદરમેં અભેદમેં હૈ. અભેદમેં ભેદ પી ગયા હૈ, પણ ભેદ કરકે બતાના દર્શન જ્ઞાન ચારિત્ર તે આત્મા વો ભી વ્યવહાર હૈ, ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન નહિ હોગા. ભેદકે આશ્રયસે તો રાગહી ઉત્પન્ન હોગા. ક્યોં ? કે રાગી હૈ વો કારણે, ભેદકે લક્ષસે રાગ ઉત્પન્ન હોતા હો તો તો કેવળી ભેદકો સબકો જાનતે હૈ, કેવળી તો ત્રણ કાળ ત્રણ લોક સબ ભેદકો સબકો પર્યાયકો સબકો જાનતે હૈ, પણ તુમ છદ્મસ્થ હૈ, રાગી હૈ તો રાગીકો ભેદ ઉપર લક્ષ જાયેગા તો રાગ હી ઉત્પન્ન હોગા. આહાહા ! ભેદકા લક્ષ કરનેસે રાગ ઉત્પન્ન નહિ હોગા, પણ તુમ રાગી હૈ માટે ભેદ ઉપર લક્ષ કરનેસે રાગ હોગા. આહાહાહા ! સમજમેં આયા ? આહાહા ! આવી વાત કઈ જાતની હશે આ ? આ તે વીતરાગનો માર્ગ આવો હશે ? જિનેશ્વરનો ? આ લોકોમાં તો દયા પાળવી ને વ્રત કરવા ને અપવાસ કરવા, આયંબિલ કરવી ને ઓળી કરવી, બાપુ વીતરાગ–વીતરાગ જૈન દર્શન કોઈ અલૌકિક ચીજ હૈ !

અહીંયા તો કહેતે હૈ. આહાહા ! પરમાર્થસે વિચાર કિયા જાય તો એક દ્રવ્ય અનંત ભેદોંકો, અભેદરૂપસે પીકર બેઠા હૈ, પર્યાય શબ્દે ભેદ, અનંત ગુણો જે ભેદરૂપ હૈ, એને તો અભેદમેં પી ગયા હૈ અંદરમાં પડયા હૈ સારા, એકરૂપ દ્રવ્ય હૈ ઈસલિયે ઉસમેં ભેદ નહીં. આ કારણે અનંત ભેદોંકો અભેદ રૂપમેં પડા હૈ, આ કારણે ઉસમેં ભેદ નહીં. આ કારણે ઉસમેં ભેદ નહીં. કયા કારણે ? અભેદમેં સબ ગુણો અંદર પડયા હૈ અભેદરૂપે, એ કારણે ઉસમેં ભેદ નહીં. ઈસલિયે ઉસમેં ભેદ નહીં. અને ભેદ કરને જાયેગા કે આ દર્શન હૈ ને જ્ઞાન હૈ ને આ ચારિત્ર હૈ, તો વ્યવહાર વિકલ્પ ઉત્પન્ન હોગા, ઔર સમ્યગ્દર્શન નિર્વિકલ્પ ઉત્પન્ન નહિ હોગા. આહાહા ! સમજમેં આયા ? આહાહાહા !

દૂસરા પેરેગ્રાફ ભાવાર્થકા દૂસરા.

“ યહાં કોઈ કહ સકતા હૈ ” – ભાષા જોયું ? યહાં કોઈ કહ સકતા હૈ, કહે સકતે હૈ. કે “ પર્યાય ભી દ્રવ્યકે હી ભેદ હૈ ” એ બધાં ગુણો એ દ્રવ્યનો જ સ્વભાવ છે. દ્રવ્યનો જ ભેદ છે. “ અવસ્તુ તો નથી ” એ ગુણો તો કાંઈ અવસ્તુ નથી. ગુણ ને ભેદ જે છે એ કોઈ અવસ્તુ નામ

પર વસ્તુ નથી. અવસ્તુ નામ પરવસ્તુને અવસ્તુ કહિએ, શું કહ્યું ? કયા કિયા ? કે આત્માની અપેક્ષાસે ભેદ હૈ એ અંદરમેં કાંઈ અવસ્તુ નહીં. અવસ્તુ કિસકો કહિએ, કે આત્મા સિવાય દૂસરા આત્મા, દૂસરા જડ ઉસકો આ વસ્તુકી અપેક્ષાસે ઉસકો અવસ્તુ કહિએ પણ ઉસમેં હૈ નહિ માટે અવસ્તુ કહિએ અને આ ગુણ તો ઉસમેં હૈ, ઉસકો તુમ વ્યવહાર કયું કહેતે હૈ ? અવસ્તુ કરકે, સમજમેં આયા ?

ફેર, ભાઈ તો નયા હૈ ને નયા તુમ બે તો આતે હો વારંવાર, આ તો સમજનેકી ચીજ આ હૈ, બાકી ધૂળ ધાણી હૈ સારા, આહાહા ! કયા કિયા ? અહિંયા ભાવાર્થ સમજાનેવાલા પંડિતજી ઐસે કહેતે હૈ, કિ યહાં કોઈ કહ સકતે હૈ, કયું ? કે દ્રવ્ય દર્શન જ્ઞાન ચારિત્ર એ આત્મામાં હૈ, આત્માકી ચીજ હૈ એ કોઈ અવસ્તુ નહિ. અવસ્તુ નામ પર નહિ. પરઆત્મા ને પરદ્રવ્યને આ દ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય કહીએ. આ વસ્તુની અપેક્ષાએ દૂસરી ચીજકો અવસ્તુ કહિએ. પણ આ વસ્તુમેં ગુણ હૈ, યે અંદરમેં હૈ ઉસકા ભેદ કરના હૈ, હૈ ઉસકા ભેદ બતાના હૈ, યે કાંઈ અવસ્તુ નહિ. વસ્તુ અંદર હૈ, લોજીકસે વાત કરતે હૈ. આહાહા !

ક્યા કિયા ? યહાં કોઈ કહ સકતા હૈ, કેમ ? કે ઉસમેં ગુણ હૈ. પર વસ્તુ તો ઉસમેં હૈ નહિ, ભગવાન પંચ પરમેષ્ટિ ભી આત્માકી અપેક્ષાસે અવસ્તુ કહેનેમેં આતા હૈ. ઉસકો વ્યવહાર કહેનેમેં આતા હૈ. અવસ્તુકો વ્યવહાર ઔર વસ્તુકો નિશ્ચય. તો ભગવાન પંચપરમેષ્ટિ એ દેવ ગુરુ શાસ્ત્ર આદિ કો પરદ્રવ્ય એ તો અવસ્તુ કહો તો વ્યવહાર કહો તો એ કાંઈ હરકત નહિ. પણ અંદરમેં હૈ, વસ્તુમેં ગુણ હૈ એ અવસ્તુ નહીં, ઉસમેં હૈ એમાં અવસ્તુ ક્યાંથી આવી ? ઐસા તુમ પ્રશ્ન કર સકતે હો. એમ પંડિતજી કહેતે હૈ. આહાહા !

યહાં કોઈ યહ કહ સકતા હૈ, કયું ? કે ગુણ તો અંદરમેં દ્રવ્યમેં ભેદ હૈ, વસ્તુ, જ્ઞાન દર્શન ચારિત્ર આદિ હૈ, વસ્તુમેં હૈ, વસ્તુમેં નહિ હૈ, એ તો પર ચીજ વસ્તુમેં નહિ હૈ. પણ આ તો વસ્તુમેં હૈ, હૈ ઉસકો તુમ વ્યવહાર કયું કહેતે હો ? ઔર અવસ્તુ ક્યોં કહેતે હો ? આહાહાહાહા ! લોજીક સે વાત કરતે હૈ. યહાં કોઈ કહે સકતા હૈ, કહ સકતા હૈ, કે ગુણ ભી દ્રવ્યકે ભેદ હૈ, અવસ્તુ નહિ યે કોઈ પર ચીજ નહિ ઉસકા દ્રવ્યકા ભેદ હૈ, એ કોઈ પર વસ્તુ નહીં, દ્રવ્યકા હી ભેદ હૈ તો એ વસ્તુ હૈ, અને વસ્તુ હૈ ઉસકો વ્યવહાર કયોં કહો ? અપની ચીજ હૈ એ અપેક્ષાએ પર ચીજ અવસ્તુ હૈ, તો ઉસકો વ્યવહાર કહો. પણ અપની સ્વચીજમેં ગુણ હૈ, યે અપની વસ્તુ હૈ ઉસકો અવસ્તુ કહકર તુમ ભેદ, વ્યવહાર કયોં કહેતે હો ? સમજમેં આયા ? આહાહાહા !

તબ ફીર ઉન્હેં વ્યવહાર કૈસે કહા જા સકતા હૈ, પ્રશ્ન સમજમેં આયા, પ્રશ્નકારકા પ્રશ્ન, તુમ કર સકતે હો એમ કહેતે હૈ. તુમ પ્રશ્નકાર પ્રશ્ન કર સકતે હો. પહેલા તો ઐસા કહા. કયું કે તેરા દ્રવ્ય જો હૈ ઉસમેં ગુણ હૈ, ગુણ ભેદ હૈ, ઉસમેં ન હો અને પરમેં હો તો ઉસકો તો અવસ્તુ કહકર વ્યવહાર કહો પણ તેરેમેં ભેદ હૈ ઉસકો તુમ વ્યવહાર કહેતે હૈ તો વો તો અવસ્તુ હો ગઈ, આહાહાહા ! સમજમેં આયા ? ભાષા તો સાદી છે, પણ હવે ભાવ તો પણ આ તો શેઠીયા આવ્યા છે એટલે આ હિન્દી કરી હોં તમારા સાટુ આ, બાઈયુની તો વિનંતી હતી બાઈયુની કે હમણાં હિન્દી રહેવા દો વો અબી આયેગા ને શિક્ષણ શિબિર તબ હિંદી હોગા કે હવે આ શેઠીયા આવ્યા છે ને, સાંભળે તો ખરા એક ભાઈ તો અજાણ્યા છે. આહાહા ! માર્ગ તો પ્રભુ.

શિષ્યકો એમ કહેતે હૈ અથવા પ્રશ્નકારકો ટીકાકાર એટલે આ વચનિકાકાર એમ કહેતે હૈ કે તુમ ઐસા કહે સકતે હો. કયું કે આત્મા હૈ. ઉસમેં ગુણ હૈ, અને ગુણ હૈ ઉસકો વ્યવહાર કહેના, કહેતા હો તો વો અવસ્તુ હો જાતી હૈ, ઐસા તુમ પ્રશ્ન કર સકતે હો. આહાહા ! દેવીલાલજી ! આહાહા ! આ વસ્તુ અંદર હૈ ચૈતન્ય પ્રકાશનો પૂંજ, ચૈતન્યચંદ્ર, એકરૂપ ધ્રુવ ઉસમેં ગુણ હૈ અને હૈ ઉસકો તુમ અવસ્તુ કહેકર વ્યવહાર કહો, હૈ ઉસકો વ્યવહાર કહો ? હૈ ઉસકો તો નિશ્ચય કહેના ચાહિયે. ઉસમેં નહિ હો, પરચીજ નહિ હો, ઉસકો તુમ વ્યવહાર કહે સકતે હૈ, કયુંકિ યે અવસ્તુ હૈ. આ વસ્તુની અપેક્ષાએ અવસ્તુ હૈ પર એની અપેક્ષાસે ભલે વસ્તુ હૈ. પણ આ અપેક્ષાએ અવસ્તુ હૈ તો અવસ્તુ કો તો વ્યવહાર તુમ કહે સકતે હૈ. પણ તેરી ચીજમેં ધર્મ હૈ, ગુણ હૈ, ઉસકો વ્યવહાર કયોં કહેતે( હો ) ઓ તો નહિ હૈ ઐસા હો ગયા. સમજમેં આયા ?

ભૈયાજી ! ભૈયાજીને પ્રેમ લાગતે હૈ, વાત તો એસી હૈ પ્રભુ આ તો, દિગંબર સંતોની વાત લોકો મેં અત્યારે સુનનેમેં આતી નહિ. આહાહા ! ગજબ વાત હૈ. સમજમેં આયા ? કયા કિયા ભૈયા સમજમેં આયા ? કયા કહેતે હૈ ? કે એક ધ્રુવ વસ્તુ હૈ આત્મા પદાર્થ ઉસમેં જો ચીજ ન હો શરીર વાણી મન દેવ ગુરુ શાસ્ત્ર નહિ હૈ, તો આ અપેક્ષાસે ઉસકો અવસ્તુ કહેનેમેં આતા હૈ. અવસ્તુ કહેકર વ્યવહાર કહેનેમેં આતા હૈ, પણ અપનેમેં ગુણ હૈ, અંદર હૈ, ઉસકો તુમ વ્યવહાર કહેકર અવસ્તુ કહેતે હૈ. સમજમેં આયા ? એ તો પ્રશ્નકારે, પ્રશ્નકારને ચલાયા હૈ, કહે સકતે હો તુમ ઐસા, હૈ ? તુમ ઐસે કહે સકતે હો, કયોંકિ ભગવાન આત્મા અનંત ગુણસ્વરૂપ હૈ. દર્શન જ્ઞાન ચારિત્ર આદિ ગુણ સ્વરૂપ હૈ. ઔર ઉસકો તુમ વ્યવહાર કહો તો તો અવસ્તુ હો જાયેગી, અવસ્તુકો વ્યવહાર કહેના હૈ. સ્વવસ્તુકો તો નિશ્ચય કહેના હૈ. દેવીલાલજી ! આહાહાહા ! બરાબર આવ્યા છો તાકડે( અવસરે ) ગાથા અચ્છીમેં કલકત્તેથી આવ્યા ને બહોત દૂર દિલ્લીસે. આહાહા !

અમારે ભાઈ આવ્યા છે ને લાડનુવાળા નહીં ? ભગવાન, તેરી ચીજ ઐસી હૈ ભાઈ આહાહા ! અને એ દિગંબર સંતો સિવાય, આહાહાહાહા ! ઐસી કથની, આહાહા ! શું ? કયા કહેતે હૈ ? આહાહા ! અર્થકાર પ્રશ્નકારકે મુખમેં બુલાતે હૈ, કહો ક્યોંકિ ગુણ તો અંદરમેં હૈ, હૈ ઉસકો હમ વ્યવહાર કહેતે હૈ તો તુમ કહે સકતે હો કે હૈ ઉસકો વ્યવહાર કયું કહે ? નહિ ઉસમેં હૈ, ઉસકો વ્યવહાર કહ સકતે હૈ. આત્મામેં પરદ્રવ્ય નહિ શરીર કર્મ દેવ ગુરુ શાસ્ત્ર આત્મા સિવાય કર્મ આદિ સબ અવસ્તુ કહેનેમેં આતા હૈ. તો અવસ્તુકો તો વ્યવહાર તુમ કહો પણ અંદરમેં ગુણ હૈ, વસ્તુ હૈ, વસ્તુમેં વસ્તુત્વપણાકી શક્તિયાં હૈ, યે હૈ( ઉસ ) કો તુમ વ્યવહાર કહેતે હો તો ઉસકા અર્થ એ હો ગયા કે યે શક્તિયાં હૈ હી નહીં ? અવસ્તુ હૈ, સમજમેં આયા ? આહાહા !

સાતમી ગાથા તો આમ સર્વોત્કૃષ્ટ હૈ, એમાં આ શેઠ આવ્યા છે બરોબર, નેમીચંદભાઈ ! આહાહા ! કયા કહેતે હૈ ? પ્રશ્નકારકા મુખમેં તુમ પ્રશ્ન કર સકતે હો. ઐસે કહ્યા, કયું ? કે ઉસમેં હૈ વો તો નિશ્ચય હૈ, ગુણ હૈ તો સ્વમેં નિશ્ચય હૈ ઔર ગુણકો ભેદ કરકે તુમ અવસ્તુ વ્યવહાર કહેતે હો, તો વ્યવહાર તો અવસ્તુ હોતી હૈ. અપનેમેં જો ચીજ ન હો ઉસકો વ્યવહાર કહેનેમેં આતા હૈ, અપનેમેં હૈ ઉસકો તો નિશ્ચય કહેનેમેં આતા હૈ. તો તુમારા પ્રશ્ન કરો. દેવીલાલજી !

આહાહાહા ! ( શ્રોતાઃ- સમાધાન ભી બહુત સુંદર કિયા ) હા, પ્રભુ તુમ પ્રશ્ન કર સકતે હો, ક્યોંકિ અપની ચીજ જો હૈ, ઉસમેં ગુણ અપનેમેં હૈ, હૈ તો હમ વ્યવહાર કહેતે હૈં તો તુમ પ્રશ્ન કર સકતે હો, હૈ ઉસકો તુમ વ્યવહાર કયૂં કિયા ? ઉસમેં ન હો વો ચીજકો તુમ વ્યવહાર કહો, પણ અહિંયા હૈ ઉસકો તો નિશ્ચય કહેના ચાહિયે, ઉસકો વ્યવહાર કયું કહા ? આહાહા !

યહાં કોઈ કહ સકતા હૈ એમ લીધુંને ? તમે પ્રશ્ન કરી સકતે હો, ક્યોંકિ પ્રશ્ન કરનેકા અવકાશ હૈ, ક્યોંકિ અપનેમેં ગુણ હૈ એ તો નિશ્ચય હૈ, અપનેમેં કહેના યે તો નિશ્ચય હૈ, અને તુમ ગુણકો વ્યવહાર કહેતે હો તો અવસ્તુ હો ગઈ, એમ તુમ પ્રશ્નકાર પ્રશ્ન કર સકતે હો. આહાહા ! દેવીલાલજી, આહાહા ! અરે એ વાત પ્રભુના ઘરની, ત્રણલોકના નાથ, જિનેશ્વરદેવ સિવાય ક્યાં આ વાત છે. આહાહા ! આવી વાત. આહાહા ! પ્રશ્નકારનાં મુખમાં કહેતે હૈ, તુમ પ્રશ્ન કર સકતે હો, કયું કર સકતે હો ? કે આત્મામેં તો ગુણ હૈ, હૈ, અનંતગુણ ભેદરૂપ હૈ તો ઉસકો તો તુમ વ્યવહાર કયું કહા ? ન હોય ઉસકો વ્યવહાર કહો, અપનેમેં કોઈ ચીજ ન હો તો પરકી અપેક્ષા અપનેમેં આત્મા એ પર હૈ નહિ અપની અપેક્ષાસે પર હૈ નહિ. પરમેં અપના હૈ નહિ, તો પરકો વ્યવહાર કહો, સ્વકો નિશ્ચય કહો, આહાહાહા ! ઐસે પ્રશ્ન કર સકતે હો તુમ, એમ કહે છે. કારણ કે હમ હૈ, ઉસકો વ્યવહાર કહેતે હૈ, તો તુમ પ્રશ્ન કર સકતે હો, હૈ ઉસકો તો નિશ્ચય કહો. અપનેમેં ન હો ઉસકો વ્યવહાર કહો ઐસા પ્રશ્ન કર સકતે હો તુમ. આહાહાહા ! ( શ્રોતાઃ- પ્રશ્ન સમજાય તો ઉત્તર સમજાય ) અમારે શેઠ આવ્યા છે ને પછી એને કાંઈ આ સમજાયને આ નવા આ વખતે દોઢ વર્ષે આયા. આહાહા ! પ્રભુ તું કોણ હૈ ? તું એકરૂપ ચીજ હૈ અંદર. આહાહા ! ગુણ ભી પી ગયા હૈ દ્રવ્યમેં, અભેદ હુએ હૈ. આહાહા ! ઉસમેં ગુણ હૈ, એ ગુણ હૈ ને ગુણી હૈ, ઐસા ભેદ કરના વો હૈ ( ઉસ )કા ભેદ કરકે તુમ વ્યવહાર કહેતે હો તો અવસ્તુ હો જાતી હૈ એમ પ્રશ્નકાર કહેતે હૈ. યહાં કોઈ કહ સકતા હૈ પર્યાય ભી દ્રવ્યકે ભેદ હૈ, એ દ્રવ્ય નામ ગુણ આદિ બધાં, અવસ્તુ નહીં તબ ફિર ઉન્હે વ્યવહાર કૈસે કહા જા સકતા હૈ ? અપનેમેં હૈ ઉસકો વ્યવહાર કૈસે કહનૈમેં આ જાતા હૈ ? પર્યાય, દર્શન જ્ઞાન ચારિત્ર અથવા દર્શન જ્ઞાન ચારિત્ર ગુણ ભેદ અંદરમેં હૈ, ઉસકો તો તુમ અવસ્તુ કહેકર વ્યવહાર કહેતે હો ? તુમ વ્યવહાર કહેતે હો તો તો અવસ્તુ હો જાતી હૈ, ઉસમેં હૈ નહિં ઐસા હો જાતા હૈ, બરાબર હૈ ? આહાહા ! આહાહા ! આવી વાત ક્યાંય ( હૈ નહીં ). આહાહા ! ગજબ વાત કરતે હૈ. અને કેટલા લોજીકસે ન્યાયસે લોજીકસે. ઓહોહોહો !

પ્રભુ, પ્રશ્નકારને કહેતે હૈ કે તુમ પ્રશ્ન કર સકતે હો ને પ્રભુ, કયું કે ગુણ તો અપનેમેં હૈ ને ! અપનેમેં હૈ પર્યાય ભી અપનેમેં હૈ ને ! તો અપનેમેં હૈ ઉસકો તો વ્યવહાર કૈસે કહો વો તો નિશ્ચય કહો ને તુમ તો પર્યાય હૈં ઉસકો તો વ્યવહાર કહેતે હો, વ્યવહાર તો અપનેમેં જો ચીજ ન હો ઉસકો વ્યવહાર કહેનેમેં આતા હૈ. અને ગુણ ને પર્યાય તો અપનેમેં હૈ. ઉસકો આપ વ્યવહાર કૈસે કહે સકતે હો ? ઉસકા સમાધાન. આ પ્રશ્ન, ભૈયાજી ! સુનનેમેં આતા હૈ સમજનેમેં ? ભાષા તો સાદી હૈ પ્રભુ. આહાહા ! ભગવાન હૈ ને આત્મા અંદર. આહાહાહા ! ત્રણ લોકનો નાથ આહાહા ! એને સમજાવવાની કથની સંતો, દિગંબર સંતો કૈસી કરતે હૈ. આહાહાહા ! યે ઠીક હૈ. તમારા પ્રશ્ન ઠીક હૈ. ઠીક તો કહા, ક્યોં ? કે અંદરમેં ગુણ હૈ, પર્યાય હૈ, ઉસકો વ્યવહાર હમ કહા

તો તેરા પ્રશ્ન ઠીક હૈ. કે અવસ્તુકો વ્યવહાર કહેનેમેં આતા હૈ, ને હૈ ઉસકો વ્યવહાર કયું કહા ? યે તુમ્હારા પ્રશ્ન ઠીક હૈ હવે ઉસકા સમાધાન કરતે હૈ, આહાહા !

ઠીક, યહ ઠીક હૈ, " કિંતુ યહાં દ્રવ્યદૃષ્ટિસે અભેદકો પ્રધાન કરકે ઉપદેશ દિયા હૈ " તેરી વાત વ્યાજબી હૈ. અપનેમેં હૈં ઉસકો વ્યવહાર ક્યોં કહા, એ તેરા વાત વ્યાજબી હૈ, ઠીક હૈ, એમ તો કબૂલ કિયા. પણ અહિંયા ભિન્ન ચીજ, દૂસરી રીત કહેના હૈ. ( કયાંય છે નહીં ) આહાહા ! યહાં દ્રવ્યદૃષ્ટિસે અભેદકો મુખ્ય કરકે ઉપદેશ દિયા હૈ. અભેદ વસ્તુ જો દ્રવ્યસ્વભાવ ઉસકી દૃષ્ટિસે, ઇસકી દૃષ્ટિકા વિષયકી પ્રધાનતાસે, આહાહા ! અભેદકો મુખ્ય કરકે ઉપદેશ દિયા હૈ. " અભેદ દૃષ્ટિમેં ભેદકો ગૌણ કહેનેસે હિ, " શું, ક્યા કિયા ? અભેદ દૃષ્ટિમેં ભેદ હૈ, ગુણ અંદર હૈ. " પણ ભેદકો ગૌણ કરનેસે અભેદ ભલીભાંતિ માલૂમ હો સકતા હૈ "

તેરા કહેના ઠીક હૈ કે અંદર પર્યાય અપની હૈ ગુણ અપના હૈ તો અપનેકો નિશ્ચય કહો. ઇસકો વ્યવહાર કહો તો અવસ્તુ હો જાતી હૈ એ ઠીક હૈ ભૈયા તેરા કથન. આહાહા ! પણ અમારી કથનીમેં અભી દ્રવ્યદૃષ્ટિકી અભેદ પ્રધાન કરકે કહેના હૈ, તો ત્યાં ભેદ આતા નહિ. આહાહાહા ! આહાહાહા ! આવી ચારે બાજુની વાત સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ( કયાંય છે નહીં ) આહાહા ! કેટલી વાત લોજીક ન્યાયસે સિદ્ધ કરતે હૈ. પ્રભુ તેરા પ્રશ્ન બરાબર હૈ હોં, પણ અમારે યહાં અભેદ દૃષ્ટિકા પ્રધાનસે કહેના હૈ, ભેદકો ગૌણ કરના હૈ, છે ખરો, અભાવ નહીં કરના હૈ. પણ ભેદકો ગૌણ કરકે અભેદ ત્રિકાળી એક વસ્તુકી દૃષ્ટિ કરાનેકો, દૃષ્ટિકા વિષય તો તદ્‌ન અભેદ હૈ. અભેદ ઉપર દૃષ્ટિ દીયે બિના સમ્યગ્દર્શન હોતા નહિ. આહાહાહા !

" અભેદદૃષ્ટિમેં ભેદકો ગૌણ કહેનેસે હી અભેદ ભલીભાંતિ માલૂમ હો સકતા હૈ, " અભેદ દૃષ્ટિમેં ભેદ હૈ છતેં ( તો ભી ) ભેદકો ગૌણ કરકે, અભાવ કરકે નહીં, ઉસકા લક્ષ છોડાનેકો, તે તરફકા આશ્રય છોડાનેકો ઉસકો ગૌણ કરકે વ્યવહાર હૈ ઐસા કહેનેમેં આયા હૈ ઔર નિશ્ચય અભેદ દૃષ્ટિકો મુખ્ય કરકે ઉસકો નિશ્ચય કહેનેમેં આયા હૈ. આહાહાહાહા ! હજી તો પહેલે ધર્મની શરૂઆત સમ્યગ્દર્શન એનું બિજડું કૈસા હૈ યહ બાત ચલતી હૈ. આહાહા !

હવે એ કાંઈ ખબર નહિ ને પડિમા લે લો, વ્રત લે લો, બ્રહ્મચારી ( બ્રહ્મચર્ય ) લે લો. ઢીકણું લે લો ધૂળમેં હૈ નહિ. આહાહા ! તેરી બાત ઠીક હૈ, કયોંકિ અપનેમેં હૈ ઉસકો વ્યવહાર કહેના, એ તો અવસ્તુ હો જાતી હૈ તો બાત તેરી તો ઠીક હૈ. એ તો કબૂલ કિયા. પણ યહાં, દ્રવ્યદૃષ્ટિસે વસ્તુકી દૃષ્ટિ ત્રિકાળ અભેદ એવી અભેદકો મુખ્ય કરકે, મુખ્ય કરકે ઉપદેશ દિયા, ઔર ભેદકો ગૌણ કરકે અભાવ કરકે એમ નહીં. અભેદ દૃષ્ટિમેં ભેદકો ગૌણ કરનેસે ઓલામાં પ્રધાન કિયાને ? દ્રવ્યદૃષ્ટિસે અભેદકો મુખ્ય કહા પ્રધાન નામ મુખ્ય, અને અભેદ દૃષ્ટિમેં ભેદકો ગૌણ કહેનેસે અભેદ ભલીભાંતિ માલૂમ હો સકતા હૈ. ભેદકો લક્ષમાં નહિ લેનેકે કારણ અભેદકી દૃષ્ટિ કરાનેકો, ભેદકો હૈ ઉસકો ગૌણ કરકે અભેદકી દૃષ્ટિ કરાનેકો ભેદ વ્યવહાર હૈ ઐસા કહેનેમેં આયા હૈ. આહાહાહા ! ખંડવા-બંડવામાં ક્યાં આ મળે એવું છે ન્યાં ? અમારે ભૈયાજી તો કહેતે હૈ કિ ક્યાંય મળતે નહિ. ( કયાંય મળતી નથી ) આ ચીજ વીતરાગની. આહાહાહા ! અલૌકિક ચીજ હૈ, ભાગ્યવાનકો તો કાને પડે ઐસી બાત હૈ.

વસ્તુ ભગવાનઆત્મા ધર્મી તરીકે, દ્રવ્ય તરીકે એક હૈ. ઉસમેં અનંત ગુણ પી ગયા અભેદ

હો ગયા હૈ ગુણ કોઈ ભિન્ન નહિ તો ગુણકો જે સમજતે હૈ, અભેદકો દૃષ્ટિકા વિષયકો નહિ સમજતે, ઉસકો ભેદસે સમજાયા. પણ ભેદસે સમજાયા પણ ઈ ભેદે સમજાયા અભેદ, ભેદે ભેદકો સમજાયા હૈ ઐસા નહિં. દૃષ્ટિ ત્યાં કરાનેકો ભેદકો સમજાયા. આહાહા! ભેદકો ગૌણ કરકે, ભેદકો ગૌણ કરકે, ભેદકો વ્યવહાર કહેકર અવસ્તુ કહા એ આ અપેક્ષાસે કે ત્રિકાળી દૃષ્ટિમેં અભેદમેં ભેદ હૈ નહિ, એ અભેદ દૃષ્ટિ કરાનેકો ભેદકો ગૌણ કરકે વ્યવહાર કહા હૈ, હવે આમાં આ આટલું બધું યાદ ક્યારે રહે? આહાહા! (શ્રોતાઃ યાદ ક્યાં રાખવાનું છે, સમજવાનું જ છે) હૈં? આહાહા!

ઈસલિયે ભેદકો ગૌણ કરકે ઉસે વ્યવહાર કહા. અભાવ કરકે નહિ. હૈ તો ઉસમેં પણ અભેદ દૃષ્ટિ કરાનેકો અભેદમેં ભેદ માલૂમ હોતા નહિ અને ભેદકા લક્ષ જો આ જાય તો રાગ ઉત્પન્ન હોતા હૈ. અને અભેદ દૃષ્ટિ કરાનેકો, અભેદ દૃષ્ટિકો મુખ્ય કરકે, ગુણ હૈ ઉસમેં, ભેદ હૈ, પણ ભેદકો ગૌણ કરકે, વ્યવહાર કહેનેમેં આયા હૈ. અભેદકો મુખ્ય કરકે નિશ્ચય કહેનેમેં આયા હૈ. આહાહાહા! આવું છે શું કરવું પણ? દયા પાળવી કે વ્રત કરવા ઉપવાસ તારી દયા તો પાળ પહેલી. ભેદકા ભી લક્ષ છોડકર અભેદ દૃષ્ટિ કરના એ સ્વ દયા હૈ. એટલે? જૈસા અભેદ હૈ ઐસા જાન્યા ઉસકા નામ સ્વ દયા હૈ! હૈ અભેદકો ભેદ જાનના હૈ, રાગવાળા જાનના તો હિંસા કિયા અપની ચીજકો અનાદર કર દિયા. આહાહાહા! આહાહા!

અભેદદૃષ્ટિમેં ભેદકો ગૌણ કરનેસે હી, કહેનેસે હિ અભેદ ભલીભાંતિ માલૂમ હો સકતા હૈ. ઈસલિયે, આ કારણે ભેદ ઉસમેં હોને પર ભી, ઉસકી વસ્તુમેં હૈ, છતાં ભેદકો ગૌણ કરકે ઉસે વ્યવહાર કહા હૈ. ઉસમેં અભાવ કરકે વ્યવહાર કહા નહીં, કે એમાં ગુણભેદ હૈ હી નહિ, ધર્મ અંદર હૈ હી નહિ. પર્યાય હૈ હી નહિ, એમ નહીં. પણ અભેદ ત્રિકાળી ચીજ જો અભેદ એકરૂપ હૈ, ઉસકી દૃષ્ટિમેં ભેદ અભેદમેં માલૂમ હોતા નહિં, તો ભેદકો ગૌણ કરકે વ્યવહાર નામ અવસ્તુ કહા અને ત્રિકાળી અભેદકો મુખ્ય કરકે વસ્તુ કહા. ઉસકા નામ વસ્તુ કહા. આહાહાહા! વિષય આજ ઝીણો છે. આજ, અષાડ સુદ બીજ છે આજ તો, સૌરાષ્ટ્રનું વર્ષ બેસે છે આજ. સૌરાષ્ટ્રમાં જામનગરવાળા અષાડ સુદ બીજનું બેસે છે ને? એય ચીમનભાઈ એને ખબરેય નહિ હોય મુંબઈ રહે છે ને? સૌરાષ્ટ્રમાં અષાડ સુદ બીજે વર્ષ બેસે, જામનગર ને એ બાજુ, વર્ષ બેસતું ત્યાં છે. મુંબઈ બહુ રહેતા હોય એને ખબર ન હોય. અષાડ સુદ બીજ જામનગર ને એ બાજુમાં વર્ષ બેસતું આ, ૩૫ની સાલ બેસશે. ૩૪ સાલ (પૂરી થઈ). આહાહા!

ક્યા કિયા? પ્રશ્નકારકો કહેતે હૈ કે તુમ પ્રશ્ન કર સકતે હો, ક્યોં કર સકતે હો? કે આત્મામેં ભેદ ગુણ હૈ, હૈ તો ઉસકો હમ વ્યવહાર કહા, તો તુમ પ્રશ્ન કર સકતે હો. ગુણ હૈ ઓ તો નિશ્ચય હૈ. સ્વ હૈ ઉસમેં તો નિશ્ચય હૈ ને વ્યવહારકો તુમ અવસ્તુ કહા, અવસ્તુકો વ્યવહાર તુમ કહેતે હૈ, તો એ આત્મામેં ગુણ-પર્યાય નહીં હૈ? ગુણ પર્યાય નહિ હૈ, તો વ્યવહાર હૈ? ઐસા પ્રશ્ન તુમ કર સકતે હો, પણ ઉસકા હમારા ઉત્તર યે હૈ, કે વસ્તુ જો અભેદ દૃષ્ટિ કરાનેકો એકરૂપ ત્રિકાળ ચીજ ઈસકા આશ્રય કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. તો ત્રિકાળીના અભેદની દૃષ્ટિ કરાનેકો અભેદકો મુખ્ય કરકે ઉસકો નિશ્ચય કહેનેમેં આયા હૈ. સમજમેં આયા? ઉપદેશ દિયા ગયા હૈ. ઔર વ્યવહાર ગુણભેદ હૈ ઉસમેં તો હૈ તો એ અપેક્ષાએ નિશ્ચય હૈ પણ અભેદ દૃષ્ટિ કરાનેકો

ભેદકો ગૌણ કરકે વ્યવહાર કહેનેમેં આયા હૈં. આહાહા ! આવું છે.

વીતરાગ માર્ગ પરમેશ્વર ત્રિલોકનાથ એમાં દ્રવ્ય ગુણ ને પર્યાય તીનોં હૈ. આત્મામેં દ્રવ્ય ગુણ ને પર્યાય તીનો હૈં. અપનેમેં હૈ તો એ નિશ્ચય કહેનેમેં આયા અપનેમેં પરવસ્તુ નહીં. ઉસકો વ્યવહાર કહેનેમેં આયા. અને તુમ તો પર્યાયકો ને ગુણભેદકો વ્યવહાર કહેતે હો જાણે એ વસ્તુ જ નહીં, ભૈયા ! મૈ ( ને ) કયા કારણસે કહા હૈ પ્રભુ તું સૂન તેરી પૂરણ પ્રભુતા જો દ્રવ્ય અભેદ હૈ, ઉસકી દૃષ્ટિ કરાનેકો ભેદ ઉસમેં કહા હૈ, પ્રભુ તુ સૂન તેરી પૂરણ પ્રભુતા જો દ્રવ્ય અભેદ હૈ ઉસકી દૃષ્ટિ કરાનેકો ભેદ ઉસમેં હૈ ( તો ભી ) ગૌણ કરકે અવસ્તુ કરકે વ્યવહાર કહા. વસ્તુ નિશ્ચયકો વસ્તુ કહા. આહાહા ! ( ત્રિકાળીને ) અભેદકો નિશ્ચય કહા. અહીં તો યહ કહા. ત્રિકાળીમેં તો ત્રણ કાળ આવે ને વળી – અહીં તો અભેદ વસ્તુકો વર્તમાનમેં, આહાહા ! એકરૂપ વસ્તુ હૈ પ્રભુ ઉસકી દૃષ્ટિકી પ્રધાનતાસે આ ઉપદેશ દેનેમેં આયા હૈ, કયોંકિ દ્રવ્યદૃષ્ટિ કરાનેકો સમક્તિ હોતા હૈ, ઔર ભેદકી દૃષ્ટિ કરનેસે વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ ! હૈ ઉસમેં ભેદ પણ છદ્મસ્થ પ્રાણી હૈ, રાગી હૈ આગળ કહેગા, કહેશે – રાગી પ્રાણી હૈ તો ભેદકા લક્ષ કરેંગે તો રાગ હોગા – ભેદકા જ્ઞાન કરનેસે રાગ હોગા એમ નહીં પણ તુમ રાગી પ્રાણી હૈ અલ્પજ્ઞ હૈ છદ્મસ્થ હૈ એ તેરેમેં ભેદ હૈ ગુણ પર્યાય પણ ગુણ પર્યાયકા લક્ષ લેગા તો રાગી પ્રાણી હૈ તો રાગ હી ઉત્પન્ન હોગા.

લ્યો વિશેષ આવશે.

પ્રમાણ વચન ગુરુદેવ–

## પ્રવચન નં. ૨૮ ગાથા – ૭ તા. ૮-૭-૭૮ શનિવાર, અષાઢ સુદ-૩ સં. ૨૫૦૪

સમયસાર, સાતમી ગાથા ભાવાર્થ. એનો બીજો પેરેગ્રાફ ફરીને, ભાવાર્થનો બીજો પેરેગ્રાફ.

પહેલે ઐસા કહા કે, આત્મા જો ચીજ હૈ, એ તો અનંતગુણ પી ગયે ઐસી એકરૂપ એકવસ્તુ હૈ, અભેદ ચીજ હૈ. ઉસમેં પુણ્ય ને પાપના ભાવ વો તો દૂર રહા, કયોંકિ એ તો અશુદ્ધ હૈ વો તો દૃષ્ટિકા વિષયમેં નહિ. અને દૃષ્ટિકા વિષય એ વસ્તુમેં નહિ. ક્યા કિયા ? કે આત્મા જો હૈ વસ્તુ એ તો અનંત ધર્મ નામ ગુણકા એકરૂપ દ્રવ્ય હૈ, તો ઉસમેં વિકાર તો હૈ નહીં, શુભ અશુભ ભાવ કર્મના નિમિત્તના સંગે, આશ્રયે જે ઉત્પન્ન હોતા હૈ એ તો ચીજમેં હૈ નહિ, તો દૃષ્ટિકા વિષયમેં ભી એ આતા નહિ, હવે એક ચીજ, એક સમયમાં અનંત ગુણરૂપ અભેદ ચીજ, પણ એ અભેદકો ધર્મીકો નહિ જાનનેવાલા, ધર્મ નામ ગુણકો જાનતે હૈ. ઉસકો ધર્મ દ્વારા અભેદકો બતાયા કે આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ઐસે ભેદ કર બતાના, યે અભેદમેં ભેદ કરના વો વ્યવહાર હૈ. સમજમેં આયા ? અને ઓ ભેદ એ દૃષ્ટિકા વિષય નહીં. દૃષ્ટિ, સમ્યગ્દર્શનકા વિષય તો અભેદ અનંત ગુણનો એકરૂપ દ્રવ્ય એ ઉસકા વિષય દ્રવ્ય હૈ. દૃષ્ટિ, તો અહિંયા પ્રશ્ન કિયા.

યહાં કોઈ કહ સકતા હૈ, કલ આયા હૈ, આ વાત કિયા ઉસમેં કોઈ પ્રાણી પ્રશ્ન કર સકતે

હૈ ક્યોં ? કે જો ભેદ હૈ આત્મા વસ્તુ હૈ ઉસમેં ગુણભેદ હૈ, એ આત્મામેં હૈ તો હૈ ઉસકો વ્યવહાર ક્યોં કહા ? ઉસમેં ન હોય એ ચીજકો વ્યવહાર કહો તો તો બરાબર હૈ, પણ ઉસમેં હૈ એ આત્મા જ્ઞાન હૈ દર્શન હૈ આનંદ હૈ ઉસમેં પર્યાય ભી નિર્મળ હૈ ઔર તુમ ભેદકો વ્યવહાર કહતે હો. તો વ્યવહાર તો ઉસકો કહેનેમેં આતે હૈ કે ઉસમેં ન હો ઔર પર વસ્તુકો વ્યવહાર કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? સૂક્ષ્મ વિષય હૈ અપૂર્વ. યહાં કોઈ યે કહ સકતા હૈ. યહાં ઐસા પ્રશ્ન કર સકતે હૈ કે પર્યાય ભી દ્રવ્યકે હી ભેદ હૈ, યે ગુણ ને ગુણકી પર્યાય નિર્મળ, વો તો વસ્તુકા હી ભેદ હૈ, વસ્તુકી યહ ચીજ હૈ, વસ્તુમેં હૈ, હૈ ના ? ભેદ દ્રવ્યકે હી ભેદ હૈ વસ્તુકા ભેદ હૈ અવસ્તુ નહિ. એ કોઈ પર ચીજ, જેમ સ્વની અપેક્ષાએ અવસ્તુ કહેનેમેં આતા હૈ.

સ્વવસ્તુ અસ્તિ એ અપેક્ષાએ શરીર વાણી, મન, કર્મ, સ્ત્રી, કુટુંબ, દેવ, ગુરુ શાસ્ત્ર એ તો અન્ય હૈ. તો અન્યકો તો આત્મામેં હૈ નહિ. વો કારણ વ્યવહાર કહો તો એ તો વાત બરાબર હૈ. પણ આત્મામેં જે ગુણ ને પર્યાય હૈ ઉસમેં હૈ તો નિશ્ચયસે હૈ. ઉસકો તુમ વ્યવહાર કહતે હો તો વો ક્યા કારણ હૈ ? અમારા પ્રશ્ન તો, પ્રશ્નકારકા ઐસા પ્રશ્ન હો સકતા હૈ. ઐસા ભી કહા. સમજમેં આયા ? આવી વાત છે, હૈં ?

એ કોઈ યહ કહ સકતા હૈ કે પર્યાય ભી દ્રવ્યકે ભેદ હૈ અવસ્તુ નહિ, એ કાંઈ પરવસ્તુ નહિ, તબ ફિર ઉન્હેં વ્યવહાર કૈસે કહા જાતા હૈ ? અપનેમેં અપની પર્યાય હૈ, અપનેમેં અપના ગુણ હૈ, તો સ્વમેં હૈ તો નિશ્ચય હૈ, તો જો સ્વમેં હૈ ઉસકો ભેદ બતાકર વ્યવહાર કહેતે હો વો કેસે હૈ ? સમજમેં આતા હૈ ? આહાહા ! ધર્મ ( કિ ) વાત અપૂર્વ વાત હૈ ભાઈ સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન જ કોઈ અપૂર્વ ચીજ હૈ. પૂર્વે કદી કિયા નહિ, પૂર્વે કદી યથાર્થ રુચિસે સૂના હી નહિ. આહાહા ! તો શિષ્યકા યે પ્રશ્ન કે તબ ફિર ઉન્હેં વ્યવહાર કૈસે કહા જા સકતા હૈ ? જબ ઉસમેં હૈ, ઉસમેં ન હો, ઉસકો તો વ્યવહાર કહો, ઉસમેં હૈ એ તો નિશ્ચય હૈ, સ્વ નિશ્ચય પર વ્યવહાર પ્રશ્નકાર કહેતે હૈ ઉસકા સમાધાન. આ પ્રશ્નનું રૂપ, પ્રશ્નકારનું આ રૂપ, કે જે ચીજ હૈ આત્મા ભગવાન ઉસમેં અનંત ગુણ હૈં ઔર ઉસકી પર્યાય ભી હૈ અથવા એ ગુણરૂપી ભેદ એ પર્યાય હૈ, વસ્તુ હૈ ઉસમેં એ ગુણ હો વો હી ભેદ હૈ એ તો ઉસમેં હૈ, હૈં ઉસકો આપ વ્યવહાર ક્યોં કહો ? ઉસમેં ન હોય ઉસકો વ્યવહાર કહો તો તો વ્યાજબી હૈ, સમજમેં આયા ? આહાહાહા !

સમાધાનઃ યે ઠીક હૈ, તેરી બાત યે અપેક્ષાએ તો ઠીક હૈ કે પરકો વ્યવહાર કહેના, અવસ્તુકો વ્યવહાર કહેના, અપનેમેં હૈ ( ઉસકો ) વ્યવહાર ક્યોં કહેતે હૈ વો તો અપનેમેં હૈ, કે ઠીક હૈ તેરા પ્રશ્ન. પણ ઉસમેં સમજનેકી ચીજ હૈ, તેરી બાત ઠીક હૈ પણ ઉસમેં ભી સમજનેકી ચીજ હૈ. આહાહા !

“ કિંતુ યહાં દ્રવ્યદૃષ્ટિસે અભેદકો પ્રધાન કરકે ઉપદેશ દિયા હૈ, ” યહાં તો દ્રવ્યદૃષ્ટિ દ્રવ્ય વસ્તુ ઉસકી દૃષ્ટિ કરાનેકો ઔર દૃષ્ટિકા વિષય જો અભેદ હૈ, યે મુખ્યતાસે કથન કરનેમેં આયા હૈ. ત્રિકાળી ચીજ જો જ્ઞાયકભાવ ઉસમેં ગુણભેદ હૈ વો ભી દૃષ્ટિકા વિષય નહિ, અને ગુણ ભેદ હૈ યે ગુણીમાં ભિન્ન ગુણ હૈ અને ભિન્ન ગુણી હૈ ઐસા નહિ. ગુણીમાં ગુણ અભેદ હૈ પણ, દ્રવ્યદૃષ્ટિસે અભેદકો પ્રધાન કરકે ઉપદેશ દિયા હૈ, આહાહા ! અભેદ દૃષ્ટિમેં ભેદકો ગૌણ, હૈ તો ખરા. પણ વો ભેદકો ગૌણ કરકે અભાવ કરકે નહિ. આહાહા ! આત્મામેં જ્ઞાન દર્શન આનંદ હૈ,

તો એ અપેક્ષાસે તો ઉસકો નિશ્ચય હૈ, પણ અહિંયા દૃષ્ટિ પ્રધાન કથન કરાનેકો અભેદકી દૃષ્ટિ કરાનેકો ઔર દૃષ્ટિકા વિષય અભેદ હૈ ઉસકી પ્રધાનતાસે કથન કરનેકો ભેદકો ગૌણ કહનેસે, છે ને ? દ્રવ્યદૃષ્ટિસે અભેદકો મુખ્ય કરકે ઉપદેશ દિયા. અભેદ દૃષ્ટિમેં ભેદકો ગૌણ કહેનેસે આહા.. હા ! વસ્તુ હૈ આત્મા, ઉસમેં અનંતગુણ હોને પર ભી, અભેદમેં ભેદ કો ગૌણ કહેનેસે, ઉસકો સાથમેં મુખ્યત્વ લેનેસે અભેદ સિદ્ધ નહિ હોતા. સમજમેં આયા ? આહાહા ! “ અભેદમેં ભેદકો ગૌણ કરનેસે હી અભેદ ભલીભાંતિ માલૂમ હો સકતા હૈ, ” અંદરમેં ગુણ હૈ, પણ અભેદકી દૃષ્ટિ કરાનેકો ભેદ હૈ, ઉસકો ગૌણ કરકે ઉસમેં હૈ નહિ, ભેદ હૈ નહિ, અભેદ દૃષ્ટિ કરાનેકો. આહાહા ! આવી વાત છે. અહીં અભેદ વિના નિર્વિકલ્પતા હોગા નહિ. ભેદમેં લક્ષ જાયેગા તો વિકલ્પ રાગ ઉત્પન્ન હોગા સમ્યગ્દર્શન ઉત્પન્ન નહિ હોગા, આહાહા ! સમજમેં આયા ? માર્ગ બહુ ઝીણો ભાઈ, માર્ગ સૂક્ષ્મ અને અપૂર્વ. આહાહા !

અભેદમેં ભેદકો ગૌણ કહેનેસે અભેદ ભલીભાંતિ માલૂમ હો સકતા હૈ. અભેદમેં ભેદ ભી કહેનેમેં આવે તો અભેદ દૃષ્ટિમેં આતા નહિ, ભેદ દૃષ્ટિમેં આતા હૈ તો ભેદ દૃષ્ટિમેં આવે તો અભેદ દૃષ્ટિમેં આવે નહિ તો ભેદકી દૃષ્ટિ કરનેસે તો રાગકી ઉત્પત્તિ હોતી હૈ. ઈ કહેગા આગળ. ભલીભાંતિ માલૂમ હો સકતા હૈ.

“ ઈસલિયે ભેદકો ગૌણ કરકે ઉસે વ્યવહાર કહા હૈ ” હૈ તો ઉસમેં ગુણ ને પર્યાય ઉસકી. જેમ પર ચીજ ઉસમેં નહીં ત્રિકાળ, કર્મ દેવ ગુરુ શાસ્ત્ર સ્ત્રી કુટુંબ પરિવાર લક્ષ્મી મકાન વો ચીજ તો સ્વદ્રવ્યમેં ત્રિકાળ હૈ હી નહિ, ને આ ગુણ ને પર્યાય તો ઉસમેં હૈ પણ અભેદ દૃષ્ટિ કરાનેકો, ભેદકો ગૌણ કરકે વ્યવહાર કહેનેમેં આયા હૈ. ( શ્રોતાઃ ગુણ તો દ્રવ્યમેં હૈ પણ પર્યાય કહાં હૈ ? ) ઉત્તરઃ– ઈ ગુણ ને પર્યાય બેય ભેગી. પર્યાય કહો કે ગુણ કહો. પર્યાય નામ ગુણનો ભેદ, પર્યાય એટલે ગુણમાં ભેદ. ( શ્રોતાઃ વો તો પ્રમાણ મેં હોતા હૈ ) અહિંયા એ કામ નહિં ઐસા. અહિંયા તો પર્યાય કહો કે ગુણ કહો, દ્રવ્યમેં ભેદ હોતા હૈ. વહિ પર્યાય હૈ. વહિ ગુણ હૈ. ભેદ એ હી ગુણ હૈ. એ ગુણ કહો કે પર્યાય કહો કે ભેદ કહો જો કે એ તો દરિયામાં પી તો ગયા હૈ ને. અનંતી પર્યાય ને ગુણ, દ્રવ્ય તો પી ગયા હૈ અંદરમેં અભેદ હૈ. સમજમેં આયા ? ( શ્રોતાઃ સમ્યગ્દર્શનકે વિષયમેં તો પર્યાય નહિ હૈ ) વિષય પર્યાય હૈ પણ ગૌણ કરકે કહા, ભેદ હૈ તો ગૌણ કરકે કહા, તો પર્યાય ભી તો હૈ તો ગૌણ કરકે, આત્મામેં હૈ હી નહિ. હૈ ? એ ઝીણી વાત હૈ ભાઈ. આહાહા ! સાતમી ગાથા અમારા શેઠીયા બરોબર આવ્યા છે બરાબર બધાં. ગાથામેં ઠીક આવ્યા હૈ. સાત ગાથા, સર્વોત્કૃષ્ટ હૈ. આહાહા !

ગુણકો પર્યાય ભી કહેતે હૈ. સહચર પર્યાય સર્વવિશુદ્ધમાં આતે હૈ ને ? ભાઈ સહવર્તી ને ક્રમવર્તી પર્યાય બેય આવે છે સર્વ વિશુદ્ધ અધિકારમાં. આ તો શાંતિ ને ધીરજથી સમજનેકી ચીજ હૈ. આ કોઈ વાર્તા, કથા હૈ નહિ. આ તો ત્રણલોકનો નાથ ચૈતન્યવૃક્ષ, આયા થા ને કલ. અમૃતફળ ફળે, અમૃતફળ ઐસા ચૈતન્ય વૃક્ષ હૈ, તો એ ચૈતન્ય વૃક્ષકો દૃષ્ટિમેં લેનેકો, અભેદકો બતાના હૈ. અભેદમેં ભેદ બતાનેસે અભેદ બરાબર માલૂમ હોતા નહીં. ઉસમેં હૈ ખરા પણ અભેદ બતાનેમેં ભેદ માલૂમ કરે તો અભેદ બરાબર માલૂમ હોતા નહિ. આહાહા !

“ યહાં યહ અભિપ્રાય હૈ, કે ભેદદૃષ્ટિમેં ભી નિર્વિકલ્પ દશા નહીં હોતી ” આ કલ આયા

નહીં થા. અહીંયા લગ તો આયા થા કલ. કયા કહેતે હૈ ? ભેદદૃષ્ટિમેં અભિપ્રાય આશય યે હૈ કે વસ્તુ જો હૈ અભેદ અનંત ગુણ પી ગયા હૈ, ઐસી જો વસ્તુ ઉસમેં જો ભેદ કરકે દિખાના તો ભેદમેં નિર્વિકલ્પ દશા નહિ હોતી. ગુણ ઉપર દૃષ્ટિ, ભેદ ઉપર જાતે હૈ. તો વિકલ્પ હી ઉત્પન્ન હોતા હૈ રાગ, અને અભેદ ઉપર દૃષ્ટિ હોનેસે નિર્વિકલ્પ નામ અરાગી દૃષ્ટિ હોતી હૈ. સમકિત અરાગી હૈ. આહાહા ! ઝીણું બહુ ભાઈ. માર્ગ અપૂર્વ હૈ, અનંત કાળ અનંત કાળ અનંત કાળમેં કભી એક સેકન્ડ માત્ર ભી કિયા નહિ. અને ઊંધે રસ્તે ચઢ ગયે. યહાં કહેતે હૈ કે પ્રભુ ! એક વાર સુનને. આહાહા !

ભગવાન તરીકે બોલાતે હૈ, આત્માકો તો પ્રભુ આચાર્ય, ૭૨ ગાથામેં ભગવાન કરકે બુલાતે હૈ. ભગવાન એક વાર સુન તો સહિ. આહાહા ! આહા ! તેરી ચીજ હૈ. એ તો શક્તિગુણ ને પર્યાયમેં અભેદ એટલે પી ગયા હૈ, દ્રવ્યમેં એકરૂપ એ ચીજ હૈ. એમાં એકમેં અનેકપણા નહિ દિખતે હૈ, અનેકપણા દિખને જાએ તો એકપણા દિખતે નહિ, એકપણું કહો કે અભેદ કહો. આહાહા ! સમજાય એવું છે હોં, નથી સમજાય એવું નથી. ભાષા તો સાદી છે.

યહાં યહ આશય હૈ અભિપ્રાય હૈ, ભેદદૃષ્ટિમેં આ ગુણી હૈ ને ઉસમેં જ્ઞાનાદિ ગુણ હૈ, ઐસી દૃષ્ટિમેં વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ, રાગ ઉત્પન્ન હોતા હૈ. નિર્વિકલ્પ અરાગી દૃષ્ટિ ઉસમેં ઉત્પન્ન નહીં હોતી. આહાહા ! નિર્વિકલ્પ સમ્યગ્દર્શન જો નિર્વિકલ્પ અરાગી દૃષ્ટિ હૈ એ ભેદકે લક્ષસે એ ઉત્પન્ન હોતા નહિં. બરાબર હૈ ભૈયા ? આહાહાહા ! આવો માર્ગ છે. અગમ્ય ગમ્ય, પણ બહારથી પ્રવૃત્તિ આ કરો ને આ કરો ને આ કરો ગુંચ ગયા. અહિંયા તો વસ્તુ જો એકરૂપ હૈ એ ભેદદૃષ્ટિ કરનેસે રાગ ઉત્પન્ન હોતા હૈ, ભેદદૃષ્ટિમેં અભેદમેં જો નિર્વિકલ્પ દૃષ્ટિ અરાગી હોતી હૈ એ ભેદદૃષ્ટિમેં નહિ હોતી. સમજમેં આયા ? અભેદ દૃષ્ટિમેં ગુણ અને ગુણીકા ભેદ ન કરકે દ્રવ્ય અખંડ અભેદ હૈ, અચિંત્ય અનંત અનંત ગુણકા એકરૂપ ધર્મી, ઐસી અભેદ દૃષ્ટિ કરનેસે નિર્વિકલ્પ નામ રાગ રહિત સમ્યગ્દર્શન ઉત્પન્ન હોતા હૈ ઔર ભેદદૃષ્ટિસે નિર્વિકલ્પ અરાગી દૃષ્ટિ ઉત્પન્ન નહીં હોતી. ભેદદૃષ્ટિસે તો વિકલ્પ નામ રાગ ઉત્પન્ન હોતા હૈ. આહાહા ! ભાષા તો સાદી છે ને ?

આ શેઠીયાઓને લઈને હિન્દી ભાષા હોતી હૈ. હિંદી પણ સરળ હૈ, કોઈ ઐસી કઠિન તમારી ભાષા જૈસી નથી. આહાહાહા ! વસ્તુ વિશ્વ દર્શન ઐસી જો ચીજ હૈ. એ તો વિશ્વકો જાનનેવાલી ચીજ હૈ. વિશ્વકો અપનેમેં રખનેવાલી ચીજ નહિ. આહાહા ! ઔર ભેદકો રખનેવાલી ચીજ હૈ, પણ ભેદસે અભેદકી દૃષ્ટિ છોડકર, ભેદકી દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન અરાગી નિર્વિકલ્પ અનંતકાળમેં કભી હુઆ નહિ, એ ભેદ દૃષ્ટિમેં હોતા નહીં. ચીમનભાઈ આમાં તમારે ત્યાં, લોઢા બોઢામાં કાંઈ નથી. ન્યાં કયાંય છે નહીં. કાંઈ છે નહિ, ભાઈ મોટાભાઈ કહે છે લોઢા છે ન્યાં. આહાહા ! પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવની વાણી આ હૈ. સંતો જિનેશ્વરે કહા વો આડતિયા હોકર જગતકો બતાતે હૈ. માલ તો આ હૈ. આહાહા ! પ્રભુ એકવાર સૂન તો સહી, તેરી ચીજમેં સૂનના વો ભી એક વિકલ્પ હૈ, આહાહા ! વો ભી દૃષ્ટિકા વિષયમેં આતા નહીં. ઔર વિકલ્પ આયા સૂનનેકા વો ભી દૃષ્ટિકા વિષયમેં આતા નહીં. દૃષ્ટિકા વિષયમેં સૂનના તો આતા નહિ, તીર્થંકર ત્રણ લોકના નાથની દિવ્ય ધ્વનિ સૂનના વો દૃષ્ટિકા વિષયમેં આતા નહિ. ઔર સૂનનેમેં જો વિકલ્પ આતા હૈ. વો ભી દૃષ્ટિકા વિષયમેં આતા નહીં. પણ ગુણ ગુણીકા ભેદ હૈ, વો ભી

દૃષ્ટિકા વિષયમેં આતા નહિ. આહાહા !

‘ ભેદદૃષ્ટિમેં ભી ’ ક્યા કહેતે હૈ ? નિર્વિકલ્પ દશા નહિ હોતી “ ભી ” ક્યું લીખા ? કે જૈસે અપને સિવાય અલાવા અન્ય ચીજકા લક્ષ કરનેસે નિર્વિકલ્પ નહીં હોતા. જેમ ભગવાન આત્મા ઉસસે અન્ય દ્રવ્ય જો હૈ તીર્થંકર ઔર તીર્થંકરકી વાણી ઉસકા લક્ષસે નિર્વિકલ્પ દૃષ્ટિ નહીં હોતી. વો તો પર વસ્તુ હૈ. જેમ પરવસ્તુકે લક્ષસે નિર્વિકલ્પ દૃષ્ટિ હોતી નહીં. અર્થાત્ સમ્યગ્દર્શન અભેદકી દૃષ્ટિ હોતી નહિ. આહાહા ! ભેદદૃષ્ટિ મેં ભી એમ કિયાને “ ભી ” કહ્યાને ? “ ભી ” ક્યું કહ્યા ? કે અન્ય આત્મા સિવાય દેવ ગુરુ શાસ્ત્રકી દૃષ્ટિસે ભી સમ્યગ્દર્શન નહીં હોતા. નિર્વિકલ્પતા નહીં હોતી. દેવ ગુરુ શાસ્ત્રકા લક્ષસે ભી નિર્વિકલ્પતા હોતી નહીં. પણ વો તો ઠીક, પણ ભેદદૃષ્ટિસે ભી નિર્વિકલ્પતા નહિ હોતી. આહાહા ! આવો માર્ગ છે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિસને એક સમયમેં તીનકાળ, તીનલોક, પર્યાય દેખનેમેં દેખ લિયા હૈ, પરલોક કે પર દેખના એ તો અસદ્ભુત વ્યવહાર હૈ, પણ પર્યાયમેં ઈતની તાકાત હૈ. પર્યાયકો દેખે તો સબ દેખ લિયા. આહાહા !

એ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરકી દિવ્ય ધ્વનિમેં આયા અને ઉસકી રચના આગમકી હુઈ. એ આગમકી રચના માયલુ ( ભીતર કા ) એ સમયસાર આગમ રચના હૈ. આહા ! તો આ વીતરાગકી જ વાણી હૈ. તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જગતકો જાહેર કરતે હૈ, કે જૈસે તેરી ચીજ અલાવા અનંતી દૂસરી ચીજ હૈ, વો લક્ષસે વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ, નિર્વિકલ્પ નહિ હોગા. આહાહાહાહા ! ઐસે ભેદદૃષ્ટિસે ભી, આહાહા ! અંતરમેં ગુણીમેં ગુણ હૈ ઐસા ભેદદૃષ્ટિ કરનેસે પણ નિર્વિકલ્પ નહિ હોતા અને નિર્વિકલ્પ હુએ બિના સમ્યગ્દર્શન નહિ હોતા. આહાહા ! ભાઈ !

ભાઈએ પ્રશ્ન કર્યો ’તો રામજીભાઈને કે ઓલામાં નિર્વિકલ્પતા આવે છે કાંઈ આ, જગમોહનલાલની ટીકામાં. આહાહા ! અહીં તો નિર્વિકલ્પતા ઉપર જોર છે. ( શ્રોતાઃ એને તો વિચાર જ કરવાનો આવે. ) એમ કહ્યું હતું એ વાંચે છે ને વાંચશે પણ આ લક્ષમાં નથી. નિર્વિકલ્પતાનું.

અહિંયા શું ? ક્યા કહેના હૈ ? પ્રભુ તેરેમેં જબ નિર્વિકલ્પ દૃષ્ટિ હો, તો સમ્યગ્દર્શન હોતા હૈ, તો નિર્વિકલ્પ દૃષ્ટિ સમ્યગ્દર્શન તો અભેદકી દૃષ્ટિ કરનેસે હોતા હૈ, ભેદકી દૃષ્ટિ કરનેસે ભી જેમ અન્યકી દૃષ્ટિ કરનેસે ભી રાગ ઉત્પન્ન હોતા હૈ, ઐસે ભેદદૃષ્ટિ કરનેસે ભી રાગ ઉત્પન્ન હોતા હૈ, આહાહા ! આવી વાત. ( શ્રોતાઃ ઘણી સુંદર આવી વાત વીતરાગની જ હોય ) આહાહા ! ગજબ વાત છે અને યથાર્થ લોજીક ન્યાયસે યુક્તિસે સમજનેમેં કઠણ પડે પણ સમજના તો આ હૈ બાકી તો સબ કિયા થોથા–થોથા, સાધુ હોકર પંચમહાવ્રત અને નગ્નપણા ને એ અનંત બેર હુઆ. થોથા હૈ ઉસમેં. આહાહા !

યહાં તો એ પંચમહાવ્રતાદિકા પરિણામ તો અશુદ્ધ હૈ, વો તો દૃષ્ટિકા વિષય નહીં. પણ ગુણ ગુણીકા ભેદ કરના વો ભેદ ભી દૃષ્ટિકા વિષય નહીં. ક્યોંકે ભેદકે લક્ષસે પણ, નિર્વિકલ્પતા નહીં હોતી. ભૈયા ! સમજમેં આતે હૈ ? છોટા હૈ, છોટા હૈ ? બડા હૈ તમારાથી અચ્છા, સમજમેં આયા ? ભગવાન હૈં ના આત્મા અહિંયા તો. આહાહા ! અંદર ભગવાન સ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય આનંદકા કંદ એકરૂપ વસ્તુ હૈ. આહાહા ! ઈસમેં કેટલી શૈલીસે કહેતે હૈ. આહાહા ! પંડિત અર્થ

કરતે હૈં, એ વખતનાં પંડિત પણ કૈસા ? હૈં ? આહાહાહા ! જયચંદ પંડિત. બસેં વર્ષ પહેલાના તો પંડિત લોકો પણ અત્યારે તો ફેરફાર બહોત હો ગયા હૈ.

અને અહિંયા અભેદમેં સમકિત હોતા હૈ વ્યવહાર રાગસે તો નહિ પણ ભેદસે ( ભી ) નહીં. તો એ....ય નિશ્ચયાભાસ હૈ એમ કહેતે હૈ, અરે ! પ્રભુ સૂન તો સહી. આહાહા !

જિસકી ઉપર દૃષ્ટિ દેના હૈ એ એકરૂપ ન હો તો દૃષ્ટિ નિર્વિકલ્પ હોતી નહિ. જિસકે ઉપર દૃષ્ટિ દેના હૈ એ એકરૂપ ન હો તો દૃષ્ટિ ત્યાં થંભ સકતી હી નહિ, અનેક હો તો દૃષ્ટિ અનેકમેં રહે સકતી નહીં. આહાહા ! સ્થિર બિંબ પ્રભુ અંદર, ચૈતન્ય બિંબ પ્રભુ ધ્રુવ અભેદ તો દૃષ્ટિ કરનેસે અભેદ હૈ, એકરૂપ હૈ તો દૃષ્ટિ સ્થિર હો જાયેગી. તો દૃષ્ટિ ત્યાં એકાકાર હો જાયેગી. ભેદમેં, દૃષ્ટિ કરનેસે ભેદ ને અભેદ દો હો ગયા તો દૃષ્ટિ અનેકમેં રહેતી હૈ, એમ અહિંયા એકમાં આવ્યા વિના વીતરાગતા હોતી નહિ. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન હોતા નહિ. બરાબર હૈં ? આહાહાહા !

ભગવાન ત્રણલોકના નાથ પરમાત્માનો વિરહ પડયો ભરતમેં, પણ ભગવાનની વાણી રહી ગઈ. આહાહા ! કુંદકુંદાચાર્ય આદિ સંતોએ ત્યાં જઈ આઠ દિન રહ્યા સંગ્રહ કિયા, વો અહિંયા બતાયા. આહાહા ! કહેતે હૈ ભેદદૃષ્ટિમેં ભી, ક્યા કિયા ? આહાહા ! અપની ચીજ જો હૈ અંદર એકરૂપ ચીજ એ સિવાય અનેક દૂસરી ચીજ અનેક અનંત હૈ અનંત સિદ્ધ હૈ, કેવળી સંખ્યાત હૈ તીર્થંકર વીસ હૈ. આચાર્ય ઉપાધ્યાય ભી સંખ્યાત હૈ, ગણધર હૈ, સાધુ હૈ, પણ એ તેરી ચીજસે વો ચીજ ભિન્ન હૈ. તો ભિન્ન ચીજમેં તો તેરી અપેક્ષાસે તો ઉસકો વ્યવહાર કહે દીયા. પણ વ્યવહાર કહા તો ઉસકે આશ્રયસે તો વિકલ્પ હી ઉત્પન્ન હોતા હૈ, ઉસકે આશ્રયસે નિર્વિકલ્પ( તા ) ઉત્પન્ન હોતી નહિ. આહાહા ! પંચપરમેષ્ટીને આશ્રયે પણ નિર્વિકલ્પ નહીં ક્યું કિ એ તો પરદ્રવ્ય હૈ. તો પરદ્રવ્યકે આશ્રયસે જેમ નિર્વિકલ્પતા નહિ હોતી એમ ભેદકી દૃષ્ટિસે પણ, નિર્વિકલ્પતા નહિ હોતી. સમજમેં આવે ઐસી ચીજ હૈ, ભાષા સાદી હૈ ભગવાન. આહાહા !

બહુ ચીજ અલૌકિક હૈ, બરાબર આયા હૈ. ટાઈમસર આયા હૈ ભૈયા. આહાહા ! એ ચાલતો વિષય હોય ત્યારે સ્પષ્ટીકરણ થાય ને, આહાહા ! શબ્દ પણ કૈસા હૈ પંડિતકા, અભેદ-ભેદકો ગૌણ કરનેસે અભેદ ભલીભાંતિ માલૂમ હો સકતા હૈ, ઈસલિયે ભેદકો ગૌણ કરકે ઉસે વ્યવહાર કહા હૈ. હૈ તો ઉસકી ચીજ પણ ઉસકો ગૌણ કરકે વ્યવહાર કહા, પર તો અપનેમેં નહિ હૈ માટે વ્યવહાર કહા અને આ ભેદ તો હૈ, પણ ગૌણ કરકે વ્યવહાર કહા. આહાહાહા ! સમજમેં આયા ? ક્યુંકિ મુખ્ય ત્રિકાળી અભેદ દૃષ્ટિમેં કરાનેકો, અભેદકી પ્રધાનતા બતાનેકો, ભેદકો ગૌણ કરકે વ્યવહાર કહા. આહાહાહાહા ! એ વાત સાંભળવી. ( શ્રોતાઃ- એ ભાગ્યની વાત છે. ) ભાગ્યની વાત છે બાપુ.

અરે ! પરમાત્માના વિરહ પડયા, અને કેવળજ્ઞાન રહ્યા નહિ. આહાહા ! અને ઐસી ચીજ સંતોના હૃદયમાંથી તે રહી ગઈ. દિગંબર મુનિઓ. આહાહા ! મધ્યસ્થથી જરી વિચાર કરે, આગ્રહ છોડીને તો ઉસકા ખ્યાલમેં આવે કે માર્ગ આ હૈ ઐસા દૂસરે ક્યાંય હૈ નહિ. આહાહા ! સમજમેં આયા ? ઓલામાં તો શ્વેતામ્બરમાં અરિહંતો મહાદેવો. બસ અરિહંત મહાદેવ, ગુરુ આવા ને આ શાસ્ત્ર આવા ને આ ધર્મ એ સમકિત, મોક્ષમાર્ગમાં આતે હૈ, આવે છે ને ? મોક્ષમાર્ગમાં

પાંચમા અધ્યાયમાં. અહિંયા તો કહે છે પ્રભુ એકવાર સૂન તો સહી અરિહંતકા તો લક્ષ કરનેસે તો તેરે વિકલ્પ ( હોગા ) કયુંકિ એ તો પરવસ્તુ હૈ. આહાહાહા !

પંચપરમેષ્ટિકી શ્રદ્ધા કરને જાએગા, પ્રભુ એ તો પરદ્રવ્ય હૈ ને નાથ. તો પરદ્રવ્યમેં તો અવસ્તુ હૈ તેરી અપેક્ષાસે તો, અવસ્તુમેં દૃષ્ટિ કરનેસે તો રાગહી હોગા. આહાહા ! તો વો તો ઠીક પણ અભેદમેં ભેદ કરનેસે ભી રાગ ઉત્પન્ન હોગા, નિર્વિકલ્પતા નહિ હોગી. આહાહા ! અને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન બિના, ધર્મકી શરૂઆત હોતી નહીં. આહાહા ! જગતના ભાગ્ય કે સમયસાર ઐસી રહી ગઈ ચીજ. આહાહા ! ( શ્રોતાઃ– પરમ કલ્યાણની વાતો છે. )

“ ભેદદૃષ્ટિમેં નિર્વિકલ્પતા, દશા નહિ હોતી. ” ઔર સરાગીકે વિકલ્પ હોતે રહેતે હૈ, ” ભાષા હવે સમજો. ભેદકો જાનનેસે જો રાગ ઉત્પન્ન હો તો તો કેવળીકો, કેવળી ભી ભેદકો જાનતે હૈ, કેવળી તો લોકાલોકકો જાનતે હૈ ઔર અપના દ્રવ્ય ગુણ પર્યાયકો જાનતે હૈ તો ઉસકો ભી રાગ હોના ચાહિએ. સમજમેં આયા ? કહેતે હૈ કે સરાગીકે વિકલ્પ હોતે હૈ. પણ તુમ તો રાગી હૈ, તુમ તો હજી રાગી હૈ, એ રાગી હૈ વો કારણસે ભેદકે લક્ષ કરને જાએગા, તો રાગીકે કારણ રાગ ઉત્પન્ન હોગા. ભેદકા જાનના વો રાગકા કારણ નહિ. પણ તુમ રાગી પ્રાણી હૈ, ભેદ ઉપર તેરી દૃષ્ટિ જાએગી તો તેરે રાગ હૈ માટે રાગ ઉત્પન્ન હોગા. આહાહા !

ભગવાન તો ભેદ દ્રવ્ય ગુણ પર્યાય ત્રિકાળ જાનતે હૈ. ઉસકે ક્યોં રાગ નહિ હોતા ? ભેદકો જાનના એ રાગકા કારણ હો તો કેવળી તો સબકો જાનતે હૈ. પણ તું રાગી પ્રાણી હૈ, અલ્પજ્ઞ હૈ, ઔર તેરે એક વિષય અભેદકો છોડકર ભેદકા લક્ષ કરેગા તો તેરા રાગકે કારણ રાગ ઉત્પન્ન હોગા. આહાહા ! સમજમેં આયા ? ભૈયા, આહાહા ! જુઓ, આ દિગંબર સંતોના ભાવ. આહાહાહાહા ! અને નિર્વિકલ્પતા, પર્યાય હોગી ઐસા તો અહીં સિદ્ધ કરતે હૈ. એકલા દ્રવ્ય હી હૈ ઐસા નહીં. દ્રવ્યકા લક્ષ કરનેસે, દ્રવ્યકી દૃષ્ટિ કરનેસે પર્યાયમેં અરાગી નિર્વિકલ્પતા હોગી, જે પર્યાયમેં પરકા લક્ષસે રાગ હોતા હૈ ઐસે પર્યાયમેં ભેદકા લક્ષસે ભી રાગ, રાગી હૈ વો કારણે. આહાહા ! સમજમેં આયા ? આહાહા !

ભેદદૃષ્ટિમેં ભી નિર્વિકલ્પ દશા નહીં હોતી ઔર સરાગીકો વિકલ્પ હોતે રહેતે હૈ. રાગી પ્રાણી હૈ અલ્પજ્ઞ હૈ, તો ભેદકા લક્ષ કરને જાએગા તો અભેદકી દૃષ્ટિ છૂટ જાયેગી ઔર ભેદકા લક્ષસે તો તેરે રાગ હી ઉત્પન્ન હોગા કયૂંકિ રાગી હૈ માટે. ભેદકા જ્ઞાન કરના વો રાગકા કારણ હો તો તો કેવળી સબ ત્રણ લોક ત્રણ કાળ બધું જાનતે હૈ, કિંતુ રાગ નહીં, તેરેમેં તો રાગ હૈ હજી તુમ રાગી પ્રાણી હૈ તો એકકો લક્ષ છોડકર દૂસરા ઉપર લક્ષ જાયેગા તો રાગીકે કારણ તેરે ભેદ દૃષ્ટિમેં રાગ ઉત્પન્ન હોગા. સમજમેં આયા ? આહાહાહા ! આવી વાત છે, કેવી જાતનો ઉપદેશ આ હશે ! બાપુ, મારગ આ છે ભાઈ. આહાહા ! દુનિયા કહો, દુનિયા એમ કહે કે એકાંતવાદ હૈ, કાનજી સ્વામીકા એકાંતવાદ હૈ. ઐસા કર કરકે, પુસ્તક નિકાલ દો, પ્રભુ તેરે ક્યા પડી હૈ. આહાહાહા ! આ કયા કહેતે હૈ ? આ શૈલીકા તો આ પુસ્તક હૈ. યહાંકા બના ( હુઆ ) નહીં. ભાઈ તને ખબર નથી પ્રભુ. આહાહા !

તેરી દયા કબ હોગી ? કે પરકા લક્ષસે જેમ રાગ ને હિંસા હોતી હૈ તેરી, ઐસા ભેદકા લક્ષસે ભી રાગ ને હિંસા તેરી હોતી હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ? જેમ પરકી દયાકા ભાવ

રાગ હૈ, રાગ એ અપની હિંસા હૈ. ઐસે ભેદકી દૃષ્ટિ કરને જાયેગા ને રાગી તુમ હૈ તો રાગ હોગા. સ્વરૂપકી હિંસા હોગી. આહાહા ! સ્વરૂપ નિર્વિકલ્પ ને અભેદ હૈ. એ તેરી દૃષ્ટિમેં નહિ રહેગા, અને ભેદ ઉપર જાએગા તો રાગ હોગા. રાગ હોનેસે અભેદ ચીજકી દૃષ્ટિકા અભાવ હોગા, એ તેરી ચીજકી હિંસા હૈ. આહાહા ! આવી ચીજ હૈ. ગમે તે કરે, એને આ સમજે છૂટકા હૈ, નહીં તો ભવભ્રમણ નહિ મિટેગા મરી જાય તો. આહાહા ! આહાહા ! પંડિતે પણ કેવા અર્થ ભર્યા છે જુઓને.. ? જુના પંડિત. અત્યારે તો કોઈ ઐસા ( હૈ ) નહિ. આહાહા !

ભેદદૃષ્ટિમેં પણ વીતરાગતા નહિ હોતી. નિર્વિકલ્પ નામ વીતરાગ. વીતરાગતા હૈ ઓ હી સમ્યગ્દર્શન ને ધર્મ હૈ સમ્યગ્દર્શન એ વીતરાગી દર્શન હૈ એ સરાગ સમકિત અને વીતરાગ સમકિત એ તો ચારિત્રના રાગની અપેક્ષાએ કહ્યા. સમકિત સરાગ હોતા હી નહિ. સમકિત તો વીતરાગ દશા એ જ સમકિત હોતા હૈ. આહાહા ! ભેદદૃષ્ટિમેં પણ નિર્વિકલ્પ દશા નહીં હોતી. આહાહા ! યે ક્યું કહા ? કે પ્રશ્નકારે એમ કહા થા કે અંદરમેં ગુણ ને પર્યાય હૈ, યે અવસ્તુ નહિ. અવસ્તુ નહિ તો, તો વસ્તુ હૈ ઔર વસ્તુ હૈ ઇસમેં તુમ રાગ કહેતે હો તો એ ન્યાય નહીં. અવસ્તુકો તુમ રાગકા ઉત્પન્ન કરનેવાલા કહો, જે ચીજ તેરે ઉસમેં હૈ નહિ ઉસકા લક્ષ કરનેસે રાગ ઉત્પન્ન કરના કહો, તો એ તો તમારી વાત બરાબર હૈ. પણ અંદરમેં હૈ ઉસકા લક્ષ કરનેસે રાગ કહો તો એ અવસ્તુ હો જાતી હૈ, ઉસમેં હૈ ઉસકો અવસ્તુ, નહિ હૈ ઐસા હો જાએગા. આહાહા !

સાંભળ પ્રભુ ! ઉસમેં હૈ તો ખરા પણ ભેદદૃષ્ટિ કરનેસે વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ એ અપેક્ષાસે ભેદ ને પર્યાયકો, અભેદની અપેક્ષાસે અવસ્તુ કહેકર, વ્યવહાર કહેકર અવસ્તુ કહા. આહાહાહાહા ! સમજમેં આતે હૈ ? આવો ઉપદેશ પણ કોઈ વાર સાંભળવા મળે ભાઈ. આહાહા ! ( શ્રોતાઃ અહીં તો રોજ ) હેં ? આહાહા ! શું શૈલી ! પ્રભુ કહેતે હૈ. આહાહા ! સરાગીકે વિકલ્પ હોતે રહેતે હૈ. “ ક્યા કારણે ? ભેદકા લક્ષસે રાગ હોતે હૈ ઐસા નહિ, પણ રાગી હૈ તો એક ઉપર લક્ષ ન કરકે દૂસરી ઉપર લક્ષ કરેગા તો રાગ હોગા. ભેદ ઉપર લક્ષ કરેગા તો રાગ હી હોગા. અને તેરે અભેદ દૃષ્ટિ કરનેસે નિર્વિકલ્પ અરાગી સમ્યગ્દર્શન ને આનંદ, આનંદકી દશા પ્રગટ હોગી. આહાહાહા !

ભેદકા લક્ષ કરનેસે પ્રભુ તેરે રાગ હોગા ને તેરે દુઃખ હોગા. ક્યુંકિ તુમ રાગી હૈ, રાગી હૈ, તો ભેદ ઉપર લક્ષ કરેગા, તો દુઃખી તો હૈ, વળી દુઃખ ઉત્પન્ન હોગા. આહાહા ! દેવીલાલજી ! આવું ક્યાં છે ? છે તમારે સ્થાનકવાસીમાં ? ( આખા હિંદુસ્તાનમાં નથી ) એના ભાઈ છે ને સ્થાનકવાસી હજી. ( શ્રોતાઃ- વાત તો આ નથી પણ આ વાતની ગંધેય નથી. ) આ ચીજ તો શું છે બાપુ. આહાહા ! જેના મતમાં સર્વજ્ઞ ત્રિલોકનાથ સર્વજ્ઞ, એક આત્મા સર્વજ્ઞ હો સકતે હૈ અને સર્વજ્ઞવત્ છે એ ભી જિસકા મતમેં નહિ. એના મતમેં એ બાત ઐસી આતી નહીં. આહાહા ! સમજમેં આયા ?

ઈસલિયે સરાગી કે વિકલ્પ હોતે રહેતે હૈ. ઈસલિયે ક્યા કહેતે હૈ ? તુમ રાગી પ્રાણી હો તો એક ઉપર લક્ષ કરનેસે તો વીતરાગતા હોગી અભેદ ઉપર, પણ ભેદ ઉપર લક્ષ કરેગા તો રાગી પ્રાણી હૈ તો તેરે રાગ હી ઉત્પન્ન હોગા. આહાહા ! ગજબ વાત હૈ ! ! વ્રત ને તપ ને ભક્તિ

ને એ તો રાગ હૈ ઈસકી બાત તો ક્યાંય દૂર રહી ગઈ કહે છે. ઉસસે તો સમ્યગ્દર્શન હોતા નહીં. પણ ભેદકે લક્ષસે સમ્યગ્દર્શન હોતા નહિ. આહાહા ! અરે ! આવી વાત સાંભળવાય મળે નહિ ને. એ કે દિ ' ક્યારે નિર્ણય કરે ને ક્યારે જનમકા મરણકા અંત આવે ? આહાહા ! અને આ જનમ મરણ કરી કરીને ભાઈ, એક અરહેંટમાં જેમ ઉપરથી પાણી ખાલી થાય ને નીચે ભરાય. અરહેંટ હોતા હૈ ને ? રહેંટ નીચે ભરાય, ઉપરસે ખાલી. એક જન્મ જાય ત્યાં દૂસરા જન્મ તૈયાર. આહાહા ! અને તે પણ કૈસા જન્મ, આહાહા ! મનુષ્યપણાકા જન્મ અહીંયા કરોડોપતિ હોય બંગલામાં અબજોપતિ અરે માંસને દારૂ ને કદાચિત ન હોય, આહાહા ! મરીને પશુમાં જાય એવા ભવ અનંત કર્યા છે. પ્રભુ, આહાહા !

અહીં તો પંચપરમેષ્ટિની શ્રદ્ધાસે ભી રાગ ઉત્પન્ન હોતા હૈં, ક્યુંકિ વો પરદ્રવ્ય હૈ, અને મોક્ષ અધિકારમેં ઐસા કહા હૈ, મોક્ષપાહુડ, ' પર દવ્વાઓ દુગ્ગઈ, ' ઓહોહો ! વીતરાગી સંતો કહે, જેને કાંઈ પડી નથી. અમને માનવામાં પણ તને રાગ થાશે, ક્યોંકિ હમ પરદ્રવ્ય હૈ, આહાહા ! તેરા સ્વદ્રવ્યમેં અભેદમેં દૅષ્ટિ કરનેસે તેરી અરાગી દશા ઉત્પન્ન હોગી. આહાહા ! વાત તો ઘણી સાદી અને ટૂંકી છે.. હેં ? આહાહા ! ન્યાલ થવાની વાત છે ભૈયા પ્રભુ ! ખોટના ધંધા કરકે કરકે મરી ગયો ચોરાશીમાં, અહિંયા તો કહેતે હૈ કે પંચપરમેષ્ટિના શરણ લેને જાએગા તો એ તો પરદ્રવ્ય હૈ, પરદ્રવ્યસે તો દુર્ગતિ હોગી, દુર્ગતિ નામ તેરા ચૈતન્યકા ફળ ઉસમેં નહિ આયેગા. ગતિકા ફળ આયેગા કોઈ સ્વર્ગ આદિ, તો એ તો દુર્ગતિ હૈ એ કાંઈ ચૈતન્યગતિ સિદ્ધની નહિ. આહાહા ! આકરું કામ પડે !

લોકો રાડે રાડ પાડે છે, સોનગઢ તો એકાંતવાદ હૈ. એકાંતવાદ હૈ. પ્રભુ તેં સૂન્યું નથી ભાઈ ! પ્રભુ તુમ ક્યા કહેતે હૈ. હેં ( શ્રોતાઃ– એકાંતને, એકાંતની ને અનેકાંતની વ્યાખ્યાય ખબર નથી. ) એનેય ખબર નથી. મધ્યસ્થ પ્રાણી હોય તો કહે કે આ દેખો. કાલ કાગળ આવ્યો નહિ હિંમતલાલ, બનારસ શાસ્ત્રી એકવાર આ પુસ્તક વાંચ્યુ બેનનું ત્યાં, આહાહા ! ( શ્રોતાઃ– પ્રમોદ કેવો કેટલો પ્રમોદ ) હેં ? આહાહા ! લોકો આ વાંચશે ને પઢશે તો એને લાભ થાશે. એમ બચારો શાસ્ત્રી બનારસનો. બાપુ ! આમાં ક્યાં કોઈ પક્ષની વાત હૈં ભાઈ.. આહાહા ! આહાહા !

' સરાગીકે વિકલ્પ હોતે હૈ ઈસલિયે એ કારણે રાગીકો રાગ હૈ વો કારણે, ભેદ ઉપર લક્ષ કરનેસે રાગ ( ઉત્પન્ન ) હોતા. " ઈસલિયે જહાં તક રાગાદિ દૂર નહીં હો– રાગ આદિ વિકલ્પ દૂર ન હો, ન હો જાતે હૈં; વહાં તક ભેદકો ગૌણ કરકે, વહાં તક ભેદકો ગૌણ કરકે, અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાયા ગયા હૈ. આહાહા ! જબ લગ રાગ જ્યાં લગ ( સુધી ) હૈ, ત્યાં લગ ભેદકો ગૌણ કરકે અભેદકી દૅષ્ટિ કરાયા હૈ. આહાહા ! રાગ છૂટ જાયેગા પીછે તો અભેદ ને ભેદ દો કો જાનેં. આહાહા ! જાનનેમેં કોઈ વસ્તુ ભેદાભેદ હૈ તો જાનોં પછી, પણ જબલગ રાગ હૈ તબલગ તેરા લક્ષ જો પર ઉપર જાએગા, ભેદ ઉપર તો રાગ હી હોગા, તો જહાંતક રાગાદિ દૂર નહીં હો જાતે, આહાહા ! વહાં તક પરકા તો લક્ષ છોડના પણ ભેદકો ગૌણ કરના, ઉસમેં ( આત્મામેં ) હૈ પર્યાય, ગુણ હૈ, ઉસકો પેટામેં રખના ને મુખ્ય અભેદકો કરના. આહાહાહા ! સમજમેં આયા ? ભેદકો ગૌણ કરકે અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાયા ગયા હૈ. આહાહાહા ! અભેદ વસ્તુ ભગવાન આત્મા. નિર્વિકલ્પ અનુભવ કરાયા ગયા હૈ એ પર્યાય હુઈ, અભેદરૂપકો

દૃષ્ટિ કરનેસે નિર્વિકલ્પ અનુભવ કરાયા ગયા હૈ, રાગ રહિત અનુભવ કરાયા હૈ, વો વીતરાગ માર્ગ હૈ ને એ વીતરાગી સમકિત હૈ ને એ જૈન શાસન હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

વીતરાગ હોનેકે બાદ, " રાગ ગયે હોનેકે બાદ પીછે ભેદાભેદ જાનોં, " જાનના કોઈ રાગકા કારણ નહીં. પણ તુમ રાગી હૈ, તો એક ઉપર ( સે ) લક્ષ છોડકર આ ( પર ) લક્ષ જાએગા તો તેરે રાગીકા કારણે રાગ ઉત્પન્ન હોગા. આહાહા ! " વીતરાગ હોનેકે બાદ ભેદભાવ ભેદા-ભેદ વસ્તુકા જ્ઞાતા હો જાતા હૈ. " વીતરાગ હુઆ તો અભેદ વસ્તુ ભી જાનતે હૈ ઔર ગુણ ને પર્યાય ભેદ ભી વીતરાગ તો જાનતે હૈ. રાગ ગયે પીછે તો ભેદાભેદકો જાનના, પણ જબલગ રાગ હૈ, તબ લગ અભેદકી દૃષ્ટિ કરાકર ભેદ કો ગૌણ કરકે વીતરાગી અનુભવ કરાયા હૈ. આહાહાહા ! પંડિતે કિતના અર્થ ભર્યા હૈ દેખો, બસો વર્ષ પહેલે જયચંદ્ર પંડિત ( હુએ ) હૈં. ( શ્રોતાઃ ખોલનેવાલા ભી તો કોઈ નહિ થા. ખોલા ભી તો આપને હી હૈ ) હૈ કે નહીં ?

આ વસ્તુ સ્થિતિ છે અને તે બેસી જાય એવી છે. પહેલું એને દૃષ્ટિમાં તો બેસી જાય, વાત તો આ સચ્ચી હૈ. ( શ્રોતાઃ એમ જ ને બહિર્લક્ષી જ્ઞાનમાં એકદમ બેસી જાય એવું છે. ) પહેલાં બહિર્લક્ષી ભલે હો, પણ એનાં ખ્યાલમાં આ જાય કે દૃષ્ટિ, અભેદ ઉપર દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન નિર્વિકલ્પ હોતા હૈ.. ભેદ ઉપર લક્ષ કરનેસે, બધી રીતે ત્યાં રૂક ગયા. હવે અંદરમેં જાના એ પ્રયત્ન કરના. સમજમેં આયા ? આહાહાહા ! જ્ઞાનમેં ઐસા પહેલે નક્કી હો જાએ કે પરકે આશ્રયસે તો લક્ષસે તો રાગ હોગા હી, પણ મૈં રાગી પ્રાણી હૂઁ તો ભેદ ઉપર લક્ષ કરનેસે રાગ હોગા., માટે લક્ષ કરને લાયક નહિ હૈં, ઐસા જ્ઞાનમેં નિર્ણય કરે તો જ્ઞાન ત્યાં રૂક જાય. એ જ્ઞાન પીછે અંતરમેં જાય. આહાહા !

" વીતરાગ હોનેકે બાદ ભેદાભેદરૂપ વસ્તુકા જ્ઞાતા હો જાતા હૈ, અહિંયા નયકા આલંબન હી નહીં રહેતા " વીતરાગ હુઆ પીછે સ્વરૂપ તરફકા આશ્રય કરના, અભેદ ઉપર એ તો રહેતે નહિ. આહાહા ! નય એટલે સ્વરૂપકા આશ્રય કરના એ રહા નહીં અંદર કે પૂરણ હો ગયા. આશ્રય કરના ક્યા રહા ? સમજમેં આયા ? વીતરાગ હુએ પીછે, હજી જ્યાં સુધી વીતરાગ નહિ, ત્યાં સુધી સ્વકા આશ્રયસે, અભેદકા આશ્રય કરના રહેતે હૈ, અને ભેદકો ગૌણ કરકે, પણ જબ વીતરાગ હુઆ, પીછે સ્વકા આશ્રય કરનેકા રહા નહિ, તો પૂરણ હો ગયા. આહાહાહાહા !

" ભેદાભેદ વસ્તુકા જ્ઞાતા હો જાતા હૈ. યહાં નયકા આલંબન હી નહી રહેતા " સ્વકા અભેદકા આશ્રય કરના એ ત્યાં રહેતે નહિ. પૂરણ હો ગઈ દશા. અભેદકા આશ્રય કરના એ તો નય હૈ નિશ્ચય અને રાગી થા, ભેદકા લક્ષ કરનેસે રાગ હોતા હૈ એ વ્યવહાર થા. ઈ ત્યાં તો રહા નહિ પીછે. વીતરાગતા જબ હુઈ ત્યાં તો પછી કોઈ નયકા આશ્રય કરના રહા નહિ. આહાહા ! વ્યવહારકા છોડના અને નિશ્ચયકા આશ્રય લેના, વીતરાગ હુઆ પીછે તો ( ઐસા ) રહા નહિ કુછ. આહાહાહા ! કહો શુકનલાલજી સૂના કે નહિ આ ? ઐસી બાત હૈ બરાબર સાતમી ગાથામેં આ ગયા. આહાહા !

આહા ! ભગવાન, આ તો તેરા હિતકી બાત હૈ પ્રભુ. આ કોઈ પક્ષ નહિ. આ કોઈ સંપ્રદાય નહિ. હૈં ? ( શ્રોતાઃ- પોતાના હિતની વાત છે. ) હૈં ? તેરા હિતકી બાત હે પ્રભુ, તું અભેદ હૈ ઉસકી દૃષ્ટિ રખના ઓ તેરા હિત હૈ, ભેદ ઉપર લક્ષ કરનેસે તો તું રાગી હૈ તો રાગ હોગા તો

અહિત હોગા. આમાં પક્ષની બાત ક્યાં રહી ? એ સોનગઢવાલા એકાંત કહેતે હૈ કે અમારા માર્ગ અનેકાંત પ્રભુ.. કરો ( કહો ) પ્રભુ, તમે ભગવાન હૈં ને નાથ. આહાહા ! તારા શક્તિ ને ગુણમેં તો કોઈ ખામી હૈ નહિ. આહાહા ! પર્યાયમાં અંશમેં ખામી હૈ, તે એક સમયકી ભૂલ હૈ. આહાહા ! એ સ્વભાવકા આશ્રય લેકર ભૂલ ટાલેગા. ઐસે ભગવાન હૈ. આહાહા ! કોઈ ઉપર દ્વેષ ને વિરોધ નહિ કરના. સમજમેં આયા ? આહાહા ! ચાહે જિતના એકાંતી કહો, નિશ્ચયાભાસી કહો, તુમકા ( તુમ્હારા ) જે લક્ષમાં હૈ તો તુમ ઐસે કહે સકતે હો. પણ વો ઉસમેં,

જામેં જિતની બુદ્ધિ હૈ ઈતનો દિએ બતાય
વાંકો બૂરો ન માનીએ ઔર કહાંસે લાય.

ભૈયા આહા.. હા.. એ ગાથા પૂરી હો ગઈ.

પ્રમાણવચન ગુરુદેવ.

## પ્રવચન નં. ૨૯ ગાથા – ૭ તા. ૯-૭-૭૮ રવિવાર, અષાઢ સુદ-૪ સં. ૨૫૦૪

સમયસાર સાત ગાથા હુઈ. જરીક કેટલાક ( શ્રોતા ) નવાં છે. સાતમીનો ભાવાર્થ ફરીને લઈએ. સૂક્ષ્મ અધિકાર હૈ, ભાવાર્થ હૈ ને ?

" ઇસ શુદ્ધ આત્માકે કર્મબંધકે નિમિત્તસે અશુદ્ધપણા હોતા હૈ યહ બાત તો દૂર હી રહો " કયા કહેતે હૈ ? ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન પવિત્રતાકા પિંડ હૈ ઉસમેં ઉસકી દશામેં પર્યાયમેં વર્તમાન હાલતમેં નિમિત્ત કર્મ ને ઉસકી અપેક્ષાસે પુણ્ય ને પાપ ને ભ્રાંતિ આદિ અશુદ્ધતા હો, વો લક્ષમેં લેને લાયક નહીં. આત્મા વસ્તુ હૈ એ તો પવિત્ર ને શુદ્ધ ચૈતન્ય ઘન હૈ ! પણ ઉસકી દશામેં હાલતમેં, પર્યાયમેં, વર્તમાન–વર્તમાન અંશમેં અશુદ્ધતા હૈ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ, એ બધી અશુદ્ધતા હૈ એ અશુદ્ધતા તો અહિંયા દૂર રહો કહેતે હૈ. ઉસકા તો લક્ષ કરના નહિ. આહાહા !

જિસકો આત્માકા સમ્યગ્દર્શન કરના હો, આત્મા જૈસા હૈ પરિપૂર્ણ શુદ્ધ ઐસા જિસકો અંતરમેં સમ્યગ્ સત્ય દર્શન જૈસા સત્ય હૈ ઉસકા દર્શન કરના હો અથવા ઉસકા અનુભવ કરના હો, ઉસકો કયા કરના ? યે બાત ચલતી હૈ, કે અશુદ્ધતા તો લક્ષમેં લેના હી નહિ, અશુદ્ધતા આતી હૈ અંદર એ લક્ષમાં ન લેના. આહાહા ! કયોંકિ અશુદ્ધતાકા લક્ષસે તો મલિનતાકા રાગહી ઉત્પન્ન હોગા ઉસસે સમ્યગ્દર્શન ને ધર્મ દશા ઉત્પન્ન નહિ હોગી. ડાકટર ? સૂક્ષ્મ વિષય થોડા હૈ, ફરીને લીધું ત્રીજી વાર લીધું છે હોં. " કિંતુ ઉસકે, દર્શન જ્ઞાન ચારિત્ર કે ભી ભેદ નહિ " કયા કહેતે હૈ ? વસ્તુ જો હૈ વસ્તુ જે અંતર એ તો અંતર અનંત અનંત ગુણનો એકરૂપ તત્ત્વ હૈ. ઉસમેં શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર ઐસી જો નિર્મળ પર્યાય પ્રગટ હોતી હૈ ઉસકા ભી લક્ષ કરનેસે સમ્યગ્દર્શન નહિ હોતા. આહાહા ! આત્માકા સાક્ષાત્કાર અશુદ્ધતાકે લક્ષસે નહીં હોતા ઔર ઉસમેં ગુણ હૈ અથવા પર્યાય હૈ, સમ્યગ્દ્ર્શન જ્ઞાન ચારિત્ર વસ્તુ શક્તિ તો ત્રિકાળમેં હૈ, પણ ઉસકે દર્શન જ્ઞાન ચારિત્ર ભેદસે સમજાના, એ ભેદ હૈ ઉસકે લક્ષસે ભી આત્માકા સાક્ષાત્કાર નહિ હોતા. આત્માકા અનુભવ સમ્યગ્દર્શન નહિ હોતા. આહાહાહા !

" ક્યોંકિ વસ્તુ અનંતધર્મરૂપ એકધર્મી હૈ, " વસ્તુ, જો હૈ વસ્તુ, એ અનંત જ્ઞાન દર્શન આનંદ ઐસા અનંતગુણ હૈ. ગુણ નામ ધર્મ, ધર્મ નામ ઉસકે ધારી રાખેલી ચીજ, ઐસા અનંત ગુણ હૈ, પણ ધર્મી અનંત ગુણકા એકરૂપ હૈ. આહાહાહા ! હૈ ? અનંતધર્મરૂપ એકધર્મી, એકધર્મી એટલે એકવસ્તુ. દ્રવ્ય એટલે તત્ત્વ એક હૈ, અનંત ગુણ અંદર હોને પર ભી અનંતગુણકા એકરૂપ દ્રવ્ય હૈ. " પરંતુ વ્યવહારીજન ધર્મોકો હી સમજતે હૈ " અનાદિકા અજ્ઞાની પ્રાણી ઉસકો અંદર ધર્મી ત્રિકાળી ચીજ ક્યા હૈ ઉસકા ખ્યાલ નહિ, જ્ઞાન નહિ. તો ઉસમેં જો જ્ઞાન-દર્શન આદિ જો ગુણ હૈ એ ગુણ દ્વારા સમજાનેમેં આતે હૈ. ઉદાણી ? જુદી જાતની વાત છે. બડા ડાકટર હૈ ત્યાં મુંબઈમેં, ડાકટર હોં દાંતકા, આ ડાકટર ? જુદી જાતની ચીજ છે. આહાહા !

કહેતે હૈ વસ્તુ તો વસ્તુ અખંડ અભેદ ચીજ આત્મા અંદર પડા હૈ ઉસમેં અનંત ગુણ હૈ શક્તિ હૈ યે ધર્મ નામ ધારી રાખેલા ગુણ હૈ પણ ઉસકે અનંતગુણકા રૂપ તો દ્રવ્ય એક હૈ ધર્મી, દ્રવ્ય. પણ અજ્ઞાનીજન દ્રવ્યકો તો જાનતે નહીં વો જ્ઞાન દર્શન ચારિત્ર એ આત્મા હૈ ઐસા ભેદ કરકે દિખાયે તો વો જાન સકતે હૈ ! તો વો કારણસે જ્ઞાન દર્શન ચારિત્ર ઉસકા જાનના, ઉસકા વિશ્વાસ, ઉસમેં રમણતા એ આત્મા. ઐસા ( કહેનેસે ) અજ્ઞાની ઉસકા ગુણ દ્વારા ગુણી જાનતે હૈ તો ગુણ દ્વારા સમજાનેમેં આતા હૈ. સમજમેં આયા ? આહાહા ! આવી વાત છે. ધર્મીકો નહીં જાનતે. એ દ્રવ્યકો તો અનાદિ અજ્ઞાની જાનતે હી નહીં કે ક્યા ચીજ હૈ અંદર.

" ઇસલિયે વસ્તુકે કિન્હી અસાધારણ ધર્મોકો ઉપદેશમેં લેકર " ઉપદેશમેં ઉસકો અસાધારણ જે ઉસમેં ગુણ હૈ ને દૂસરેમેં નહિ ઐસા જ્ઞાન આનંદ આદિ ગુણસે, ઉસકો સમજાનેમેં આતા હૈ, કે જો દેખ ભૈયા ! આ અંદર જ્ઞાન હૈ ને, વો વિશ્વાસ કરતે હૈ યે આત્મા. જ્ઞાન કરતે હૈ એ આત્મા, સ્વરૂપમેં રમણતા કરતે હૈ એ આત્મા, ઐસા ગુણકા ભેદ કરકે ગુણી નામ ધર્મી દ્રવ્યકો દિખાનેવાલા ઉપદેશક, ધર્મસે ધર્મદ્વારા ધર્મીકો સમજાતે હૈ. ધર્મીકો નામ દ્રવ્યકો, સમજનેવાલેકો, સમજનેવાલેકો ધર્મી નામ દ્રવ્ય ઉસકા ધર્મ નામ ગુણ. ગુણકા ભેદ દ્વારા ધર્મી નામ દ્રવ્યકો, સમજનેવાલેકો સમજાતે હૈ. આહાહા ! આવી વાત છે. ઉપદેશમેં લેકર, અભેદરૂપ વસ્તુ ભગવાન પ્રભુ તો અભેદ વસ્તુ અનંતગુણકા એકરૂપ હૈ. આહાહા !

" ઉસમેં ધર્મોકે નામરૂપ ભેદકો ઉત્પન્ન કરકે, " ક્યા કહેતે હૈ ? ગુણ ને ગુણી ચીજ તો અભેદ હૈ જેમ સાકરકી મીઠાશ ઔર સક્કર તો એકરૂપ હૈ પણ સક્કરકો ન જાનેં ઉસકો મીઠાશ તે સક્કર ઐસા ગુણકા ભેદ કરકે સક્કર જો દ્રવ્ય હૈ, ધર્મી એટલે દ્રવ્ય ઉસકો બતાતે હૈ. ઐસે આત્મા અનંતગુણકા પિંડ હૈ અંદર પણ ધર્મી દ્રવ્ય હૈ ઉસકો અનાદિસે અજ્ઞાની જાનતે નહિ તો ગુણકા ભેદ કરકે બતાતે હૈ, કે દેખો ! જ્ઞાન તે આત્મા ઇતના ભેદ કિયા. આહાહા ! સમજમેં આયા ? વસ્તુકે કિન્હી અસાધારણ ધર્મોકો ઉપદેશમેં લેકર અભેદરૂપ વસ્તુમેં ભી ધર્મોકે નામરૂપ ભેદ, કથનરૂપ ભેદ હૈ વસ્તુમેં ભેદ નહિ. આહાહાહા !

દેખો આ પ્લાસ્ટિક હૈ. હવે ઉસકો સફેદ કહેના, સુવાંળપ કહેના, વો કંઈ અંદરમેં ભિન્ન નહિ, એ તો એકરૂપ હૈ. પણ ઉસકો સુંવાળા હૈ, સફેદ હૈ, ઐસા નામરૂપી ઉસકા ગુણકા કથન કરકે પ્લાસ્ટિક બતાના હો ! ઐસે ભગવાન આત્મા અંદર જ્ઞાન દર્શન ચારિત્રસે તો અભિન્ન એકાકાર હૈ પણ જે ધર્મી જીવકો નહિ જાનનેવાલા, ધર્મી નામ દ્રવ્ય વસ્તુકો નહિ જાનનેવાલા

ઐસા અજ્ઞાનીકો ધર્મી બતાનેકો ઉસકા ગુણ દ્વારા, ધર્મ દ્વારા, ધર્મી બતાનેવાલા હૈ. આહાહા ! શ્વાસ ઊંડો ઉતરી જાય એવું છે આ તો ! બધાં અભ્યાસ કિયા પણ આ કદિ કિયા હી નહીં. જનમ-મરણ રહિત કૈસે હોતા હૈ ? કે જ્ઞાનીકે, જ્ઞાની શબ્દે આત્મા, આત્માકો દર્શન હૈ, જ્ઞાન હૈ, ચારિત્ર હૈ, " ઇસ પ્રકાર અભેદમેં ભેદ કિયા જાતા હૈ. " વસ્તુ તો અભેદ હૈ. જેમ આ ચીજ ( પ્લાસ્ટીક ) તો અભેદ હૈ પણ સુંવાળપને સફેદાઈ આદિ ( સે ) બતાના હવે નામ કથન કરકે ઓ ચીજકો સમજાતે હૈ, એમ ભગવાન આત્મા જ્ઞાન દર્શન ચારિત્રસે ભેદ નહિ, અંદર અભેદ વસ્તુ હૈ, એકરૂપ હૈ, પણ એકરૂપ ચીજકો નહીં જાનનેવાલેકો ગુણ દ્વારા, ધર્મ દ્વારા એ અભેદકો દિખાતે હૈ. આહાહા ! કયોંકિ અભેદ દિખનેસે સમ્યગ્દર્શન હોતા હૈ ઔર આત્મ અનુભવ હોતા હૈ ઔર આત્માકા સ્વાદ આતા હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ?

" ઇસલિયે યહ વ્યવહાર હૈ " અભેદમેં ભેદ કિયા જાતા હૈ ઇસલિયે વ્યવહાર હૈ. " યદિ, પરમાર્થસે વિચાર કિયા જાયે તો એક દ્રવ્ય વસ્તુ હૈ. યે અનંત ગુણોકો પર્યાયોંકો અભેદરૂપસે પીકર બેઠા હૈ " યે તો વસ્તુ અખંડ હૈ. સક્કરમેં મીઠાશ સફેદાઈ તો અખંડ પડી હૈ અંદર. ભિન્ન નહિ હૈ કોઈ ચીજ. આહાહા ! એમ સક્કર જૈસા પ્રભુ આત્મા અનંત ગુણકા એકરૂપ હોકર પીકર બૈઠા હૈ. આહાહા ! આવી વાત હવે. એક દ્રવ્ય અનંત પર્યાયોંકો અભેદરૂપસે પીકર બેઠા હૈ ! " ઇસલિયે ઉસમેં ભેદ નહીં, " એ તો સાધારણ બાત કિયા.

હવે અહિંયા " કોઈ કહ સકતે હૈ " કયા કહેતે હૈ ? શિષ્યકો કહેતે હૈ કે તુમ ઐસી બાત ' કહ સકતે હો. ' કયોં ? કે હમ વસ્તુ જો હૈ ઉસમેં ગુણ ભિન્ન નહિ, ગુણસે તો અભિન્ન એકાકાર વસ્તુ હૈ, તો હમ ગુણકો ભેદ કરકે વ્યવહાર કરકર, વ્યવહાર કહેકર એ ઉસમેં નહિ હૈ અભેદમેં ભેદ નહિ હૈ ઐસા હમ ( ને ) કહા, તો તુમ પ્રશ્ન કર સકતે હો. આહાહા ! મોટાણી ? ઇ પાઉડર બાઉડરમાં નથી ન્યાં મળે એવું ન્યાં ક્યાંય. આહાહાહા !

યહાં કોઈ યહ કહતા હૈ કે કહે સકતે હો, તુમ કહો, પૂછો કે વસ્તુ ભગવાન અંદર તો દેહસે ભિન્ન, પુણ્ય પાપકા રાગસે ભિન્ન ઔર ગુણ ગુણીકા ભેદ ભી જિસમેં નહીં, ઐસી અભેદ ચીજમેં ભેદ કરકે વ્યવહાર કહા અને વ્યવહાર કરકે ઉસકો લક્ષ છોડાયા અને અખંડાનંદ પ્રભુ અભેદ હૈ ઉસમેં દૃષ્ટિ લગાયા, ઐસી બાત હમ( ને ) કહી વો તો એ તો પરમાર્થ હૈ અને ગુણ ભેદ કરકે બતાયા વો તો વ્યવહાર હૈ, તો તુમ્હારા પ્રશ્ન હોગા, ઉસમેં હો સકતે હૈ. કે ઉસમેં હૈ ઉસકો વ્યવહાર કયોં કહા ? ઉસમેં ન હો, ઉસકો વ્યવહાર કહો એ બરાબર હૈ. સમજમેં આયા ? આહાહાહાહા !

આત્માની અપેક્ષાસે શરીર કર્મ વાણી, દેવ ગુરુ શાસ્ત્ર એ અવસ્તુ હૈ. આ વસ્તુ હૈ તો એ અવસ્તુ હૈ. આ અંગુલી હૈ તો એ અંગુલી અંગુલીપણે વસ્તુ હૈ પણ આ અંગુલીકી અપેક્ષાસે આ અંગુલી અવસ્તુ હૈ કયૂંકિ આ અંગુલી આ અંગુલીમેં હૈ નહીં. તો અવસ્તુ હૈ. ઐસે આત્મામેં દ્રવ્ય શરીર કર્મ દેવ ગુરુ શાસ્ત્ર એ પરદ્રવ્ય હૈ, તો પર દ્રવ્ય તો હૈ અપની દ્રવ્યકી અપેક્ષાસે અવસ્તુ, અદ્રવ્ય એ તો ઠીક હૈ, પણ તુમ તો ગુણભેદકો વ્યવહાર કહેતે હો તો એ તો અવસ્તુ હો જાતી હૈ. ઝીણી વાત હૈ ભાઈ ! કભી સુની નહિ, કભી મિલી નહિ, ને ગરબડ-ગરબડ બધી ધર્મને નામે. આહાહા ! કયા કિયા ?

" યહાં કોઈ કહ સકતા હૈ " ઐસા લિયા હૈ તુમ ઐસા પ્રશ્ન કર સકતે હો. સમજમેં આયા ?

કયું ? કે હમ( ને ) તો ગુણ ભેદકો વ્યવહાર કહા અને વ્યવહાર કહા તો ઉસકા અર્થ હો ગયા કે એ અવસ્તુ હો ગઈ ! જૈસે અપની ચીજ હૈ આત્મા એ અપેક્ષાસે આ શરીર આદિકો અવસ્તુ કહેનેમેં આતા હૈ, એ તો ઉસકે કારણસે તો વસ્તુ હૈ પણ આ કારણસે તો અવસ્તુ હૈ. ઐસે ભગવાન આત્માકો હમ ગુણભેદ કરકે વ્યવહાર કહા તો વ્યવહાર તો ઉસકો કહેતે હૈ કે ઉસમેં ન હો, ઉસમેં ન હો. ડાકટર ? ગાથા ઊંચી આવી છે બાર અંગનો સાર છે આ. આહાહાહા ! ઝીણી પડે બાપુ શું કરે ?

પ્રભુ તેરા મારગ, રસ્તા કોઈ અલૌકિક હૈ ! કભી મિલા નહીં, અભી તો કંઈ સુનનેમેં ભી મિલતે નહિ. અમારે શેઠ કહેતે હૈ ને નહી મિલતે. નહિ નેમચંદભાઈ ? આહાહા ! ( શ્રોતાઃ- શરીરમેં જિતના દુઃખ આતા હૈ તો રાગ ખીંચતે હૈ ? ) નહિ, નહિ, નહિ, જૂઠી વાત. યે જૂઠ હૈ. શરીર હો તો, ( શ્રોતાઃ રાગ રહેગા ) રાગ નહીં રહેગા. વો રાગ કરે તો રહેગા. રાગસે લક્ષ છોડકર અપના અભેદ ઉપર દૃષ્ટિ કરેગા તો રાગ નહીં હોગા. શરીર ( સે ) નહી હોગા, ઐસા રાગ હી નહિ હોગા. ઝીણી વાત હૈ ! અપની ચીજ જો અભેદ ચીજ હૈ, ઉસમેં ભેદ કરકે બતાના તો ભેદ તો વ્યવહાર હુઆ, તો શિષ્યકો કહેતે હૈ કે તુમ પ્રશ્ન કર સકતે હો, કયોંકિ ગુણકો હમ( ને ) વ્યવહાર કહા તો વ્યવહાર તો અવસ્તુકો કહેનેમેં આતા હૈ, ઉસમેં ન હોય વો ચીજકો વ્યવહાર કહેનેમેં આતા હૈ, અને આ તો અંદરમેં હૈ. આહાહાહા !. આ તો અલૌકિક વાતો હૈ બાપુ અત્યારે, અત્યારે તો કરોડોમાં, અબજોમાં મિલના મુશ્કેલ હૈ ઐસી બાત હૈ. હમ તો સારી દુનિયા જાનતે હૈ. આહાહા ! કઈ પદ્ધતિએ અને કઈ રીતે છે વાત એ કોઈ અલૌકિક હૈ. આહાહા ! કહેતે હૈ કે યહાં કોઈ યે કહ સકતા હૈ, યહાં કોઈ યે કહ સકતા હૈ, કયું ? કે પર્યાય ભી દ્રવ્યકે હી ભેદ હૈ, એ જ્ઞાન દર્શન આનંદ એ જો દશા એ આત્મા કિ હૈ અને આત્મામેં હૈ અને હમ કહેતે હૈ કે એ તો વ્યવહાર હૈ, તો તુમ પ્રશ્ન કર સકતે હો કે અપનેમેં હૈ ઉસકો વ્યવહાર કયું કહો ? અપનેમેં ન હોય ઉસકો તુમ વ્યવહાર કહો. આહાહા ! સમજમેં આયા ? ઝીણી વાત છે બાપુ આ તો મંત્રો છે. અંતરના મંત્ર હૈ. આહાહા ! હિરાલાલજી નથી આવ્યા, માણેકચંદજી ? ભાવનગર ! બહાર ગ્યા છે ? ઠીક.

ક્યા કિયા ? યહાં કોઈ, " કોઈ " સબ નહીં, યહ કહ સકતે હૈ કે આત્માકી જો પર્યાય હૈ દર્શન જ્ઞાન ચારિત્ર વસ્તુકી દશા હૈ યે દશા હૈ યે વસ્તુમેં હૈ તો તુમ કહ સકતે હો કે વસ્તુમેં હૈ ઉસકો વ્યવહાર કયોં કહા ? વસ્તુમેં ન હોય ઉસકો વ્યવહાર કહો તો એ તો બરાબર હૈ અપનેમેં જો નહિ હૈ યે પર ચીજકો તુમ અવસ્તુ કહો અને વ્યવહાર કહો તો એ વ્યાજબી હૈ પણ અપનેમેં દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાય તો હૈ, અપનેમેં હૈ ઉસકો તુમ વ્યવહાર કહેનેમેં, અવસ્તુ કહેનેમેં આતા હૈ અપને ( મેં ) હૈ નહિ ઐસા કહેનેમેં આતા હૈ ઐસા તુમ પ્રશ્ન કર સકતે હો. આહા ! સમજમેં આયા ? અરે આવી વાતું છે.

અવસ્તુ નહીં, કયા કિયા ? પર્યાય ભી દ્રવ્યકે હી ભેદ હૈ એમ પ્રશ્નકારકા પ્રશ્ન હૈ તુમ ઐસા પ્રશ્ન કર સકતે હો, કે ભગવાન આત્મા ઉસકી શ્રદ્ધા, જ્ઞાન ને આનંદ એ દશા-પર્યાય એટલે ગુણભેદ એ ઉસમેં હૈ, એ અવસ્તુ તો નહિ, એટલે એ પરવસ્તુ તો નહીં. સમજમેં આયા ? આહાહા ! સ્પષ્ટીકરણ કરનાર પંડિતે બહોત સરસ સ્પષ્ટ કિયા હૈ. હૈ તો પંડિત, દોસો વર્ષ પહેલે,

પણ બહોત સ્પષ્ટ કિયા હૈ, કે આપ કહે સકતે હો, કે દ્રવ્ય જો વસ્તુ હૈ ઉસકી દશા જો હૈ અવસ્થા હૈ એ તો ઉસકી હૈ એ દશા કોઈ પરકી નહિ. અને એ પરકી હો તો તો અવસ્તુ કહેનેમેં આતા હૈ, પણ અપની પર્યાયકો અવસ્તુ ક્યોં કહા ? ક્યોંકિ ઉસકો તો તુમ( ને ) વ્યવહાર કહા. તો વ્યવહાર તો અવસ્તુકો કહેતે હૈ. આહાહાહા ! આ તો અલૌકિક વાતો હૈ ભગવાન શું કહિએ ? આહાહા ! " તબ ફિર ઉન્હે વ્યવહાર કૈસે કહા જા સકતા હૈ ? " એ અવસ્તુ નહીં, આત્મામેં રાગ નહિ. પુણ્ય નહિ તો એ તો હૈ નહીં દયા દાન જો વિકલ્પ હૈ એ તો આત્મામેં હૈ હી નહી અને એ આત્માકા હૈ નહીં, એ તો વિકાર હૈ દુઃખ, પણ આત્મામેં આત્માકા જ્ઞાન કરના, શ્રદ્ધા કરના, સ્થિરતા કરના એ તો આત્માકા હૈ યે તો દશા આત્માકી હૈ અને આત્મામેં હૈ, ઔર આત્માકી હૈ ઉસકો તુમ વ્યવહાર કહેકર અવસ્તુ કહેતે હૈ, કયુંકિ વ્યવહાર જ અવસ્તુ હૈ, અપનેમેં ન હો એ ચીજકો અવસ્તુ કહેનેમેં આતા હૈ ને ઉસકો વ્યવહાર કહેનેમેં આતા હૈ, પણ અપનેમેં હૈ યે અવસ્તુ નહિ ઉસકો તુમ વ્યવહાર કહેતે હો, તો અવસ્તુ હો જાતી હૈ. આરે ! આવી વાત છે. કહો ચીમનભાઈ ? આ તો ત્રીજીવાર આવે છે.

કયા કહા ? પહેલા તો પ્રશ્નકારકારૂપ કયા હૈ ? પ્રશ્નકારકી મર્યાદા ઉસકા રૂપ કયા હૈ ? યે પ્રશ્ન કિસ પ્રકારસે કરતે હૈ એ સમજવું. પીછે ઉસકા ઉત્તર હૈ. તો સમજાય. પ્રશ્નકારને ઐસા પ્રશ્ન કિયા કે તુમ ઐસા પ્રશ્ન કર સકતે હો. પંડિત એમ કહેતે હૈ કે તુમ ઐસા પ્રશ્ન કર સકતે હો તો કે કૈસા ? કે અપનેમેં દર્શન જ્ઞાન ચારિત્ર આનંદ આદિ દશા તો હૈ તો અપનેમેં હૈ ઉસકો તુમ વ્યવહાર કહો, તો તો એ અવસ્તુ હો ગઈ, અપનેમેં નહિ હૈ ઐસા હુઆ. ઉદાણી ? જુદી જાતની તમારે દવાખાનામાં કાંઈ ન મળે ન્યાં ક્યાંય. ચોકઠાકા બડા હૈ, મુંબઈમેં બડા ( દાકતર ) દાકતર, ચોકઠા અહિં ( મુંહમેં ) આ ચોકઠા બેસાડના હૈ ! આહાહા !

ભગવાન આત્મા અંતર્મુખ અંતરચીજ એકરૂપ અભેદ ચીજ અંતર ગુણકા પિંડરૂપ અભેદ હૈ, તો વો તો દૃષ્ટિ કરાનેકો તુમ ભેદસે દૃષ્ટિ કરાતે હો તો ભેદ તો વ્યવહાર હૈ, ભેદ તો અવસ્તુ હૈ, પર જેમ અવસ્તુ હૈ તો ભેદકો ભી અવસ્તુ આપ ( ને ) કહા, તો અવસ્તુસે આત્મા જાનનેમેં આતા હૈ અવસ્તુસે વસ્તુ જાનનેમેં આતા હૈ અને ઉસકો અવસ્તુ કહેકર ઉસમેં આત્મામેં પર્યાય નહિ હૈ, ઐસા આપ કહેતે હો, તો કયા મેળ ખાતે હૈ ઉસમેં ? ( શ્રોતાઃ કાંઈ આમાં સમજાતું નથી ) ધ્યાન રાખે તો પકડાય. ફિર, આ તો ત્રીજીવાર ચાલતે હૈ.આ તો કેટલાક ( લોકો ) નવા આવ્યા છે ને અમારે અહિં. રમણિકભાઈને તમારે આવ્યા છે ને રાજકોટથી ને સાંભળે તો ખરા કે આ ક્યા હૈ ? આહાહા !

કહેતે હૈ કિ સૂનો કે આત્મા એક ચીજ હૈ અંદર તો વો ચીજ, શરીર વાણી કર્મ પરસે તો તદ્દન ભિન્ન હૈ, ને વો કારણે પર ચીજકો વ્યવહાર કહા. કયુંકિ પર ચીજ અવસ્તુ સ્વની અપેક્ષાસે અવસ્તુ હૈ ઉસકો તો વ્યવહાર કહા ઓ તો તમારી વાત બરાબર હૈ. પણ અપનેમેં જ્ઞાન દર્શન ચારિત્ર આનંદ તો અપનેમેં હૈ આ ઉસકો તુમ વ્યવહાર કહેકર, નહિ હૈ અને અવસ્તુ હૈ ઐસા તુમ કહેતે હો, આ ક્યા તુમારા કહેના હૈ ? શશીભાઈ ? કાલ નહોતા, નહિં ? સવારમાં આ સવારની વાત હતી ને ? આહાહા !

' વ્યવહાર ' ઉસકા સમાધાનઃ આ પ્રશ્ન જે ઐસા કહા ઉસકા સમાધાન, પણ પ્રશ્નકા રૂપ

ઐસા હૈ ? પ્રશ્નકારકા રૂપ ઐસા હૈ. કે જો મેરી ચીજમેં જે વસ્તુ હૈ એ ચીજમેં હૈ ઉસકો વ્યવહાર ક્યોં કહા ? અપનેમેં ન હોય ઉસકો તો વ્યવહાર કહો ક્યુંકિ અવસ્તુકો તો વ્યવહાર કહેનેમેં આતા હૈ પણ અપની વસ્તુમેં તો દર્શન જ્ઞાન ચારિત્ર તો હૈ વિકાર નહિ હૈ એ તો દૂસરી બાત હૈ પણ અવિકારી ગુણ ને પર્યાય તો હૈ, તો હૈં ઉસકો આપ વ્યવહાર કહેતે હો તો તો અવસ્તુ હો જાતી હૈ, હૈ તો વસ્તુ અપનેમેં. દેવીલાલજી ! આહાહા ! ઐસા પ્રશ્નકારકા આ રૂપ હૈ, હવે ઉસકા ઉત્તર હૈ... સમજમેં આયા ?

પ્રશ્નકારકા રૂપ કયા હૈ કે તુમ કહ સકતે હો એમ, ક્યુંકિ હમ વસ્તુ અખંડ આનંદ પ્રભુ હૈ અંદર, ઉસમેં જ્ઞાન દર્શન આનંદ હૈ ઐસા હમ( ને ) ભેદ કરકે બતાયા અને વો વ્યવહાર કહા. તો તુમ પ્રશ્ન કર સકતે હો, કે ઉસમેં હૈ ઉસકો વ્યવહાર ક્યોં કહેતે હૈ ? ઉસમેં ન હોય ઉસકો વ્યવહાર કહ સકતે હો. આહાહા ! ઉદાણી ? આ અભ્યાસ દૂસરી જાતનો છે આ. ( શ્રોતાઃ એ શું, કરવા જેવો છે કે ન કરવા જેવો. ) અરે ! આ કરવા જેવું છે બાપુ ! બાકી તો બધું ધૂળ ધાણી, મરીને જશે, ચાલ્યો જશે. આહાહા ! કોઈ શરણ નથી ક્યાંય. આહાહા ! શરણ તો અંદર આત્મા આનંદસ્વરૂપ એ રાગસે તો ભિન્ન હૈ પણ આ ભેદ પણ ઉસમેં નહિ. ત્યારે પ્રશ્નકારકા પ્રશ્ન આયા કે ગુણ-ગુણ તો ઉસમેં હૈ ઉસમેં હૈ ઉસકો આપ વ્યવહાર ક્યોં કહેતે હૈ ? અવસ્તુકો- નહિ હૈ ઉસકો તો વ્યવહાર કહેનેમેં આતા હૈ ઉસમેં હૈ ઉસકો વ્યવહાર ક્યોં કહેતે હૈ ? વો તો અવસ્તુ હો જાતી હૈ, એ નિશ્ચય હૈ ! પ્રશ્નકારકા રૂપ, તુમ આમ પ્રશ્ન કર સકતે હો. ઐસે કહા. સમજમેં આયા ?

ઉસકા સમાધાનઃ કે ઠીક હૈ તેરી બાત ઠીક હૈ. આહાહા ! તેરી વાત તો ઠીક હૈ. કયા ઠીક હૈ ? કે આત્મા વસ્તુ હૈ ઉસમેં આનંદ જ્ઞાન આદિ દશા હૈ એ અપેક્ષાએ તેરી બાત તો ઠીક હૈ પણ અમે કઈ અપેક્ષાસે ઉસકો વ્યવહાર કહેતે હૈ એ સૂનો હવે, સમજમેં આયા ? આહાહાહાહા !

આ તો મંત્રો છે પ્રભુના. હૈં ? અરેરે ! કભી સૂના નહીં, પરિચયમેં આયા નહિ. અનુભવમેં તો કહાંસે આતે ? આહાહાહા ! ઐસા પ્રશ્નકારકા રૂપ પંડિત અપનેસે કહેકર ઉસકા ઉત્તર દેતે હૈ સમાધાનઃ- યહ ઠીક હૈ તેરી બાત અચ્છી હૈ ક્યુંકિ અપનેમેં જ્ઞાન દર્શન આનંદ આત્મામેં સચ્ચિદાનંદ પ્રભુ તો અંદર જ્ઞાન હૈ, આનંદ હૈ, શાંતિ હૈ યે દશા હૈ અને અપનેમેં હૈ ઉસકો હમ વ્યવહાર કહા તો તુમ કહેતે હો કે એ તો અવસ્તુ હો જાતી હૈ તો તારી બાત ઠીક હૈ ભાઈ, બાત તો ઠીક હૈ, પણ અમારા કહેનેકા આશય ક્યા હૈ ? યે તુમ સમજ. સમજમેં આયા ?

હમારે કયા કહેના હૈ, હમારા કયા આશય હૈ, એ સમજ. તેરી બાત તો ઠીક હૈ કે અપની પર્યાય અપનેમેં હૈ, ઉસકો તુમ વ્યવહાર કહો તો અવસ્તુ હો જાતી હૈ, યે તેરા પ્રશ્ન ઠીક હૈ. ઉદાણી ? આ સમયસાર વાંચો તોય સમજાય એવું નથી, ત્યાં ઘેર બેસી બેસીને. નહિ ? ભાઈ ના પાડે છે. આવી વાત છે બાપુ શું થાય ? હૈં ?

આ તો અલૌકિક વાતો બાપુ. આહાહા ! અનંતકાળમાં અનંત અનંત ભવ ગયે, સાધુ અનંતવાર હુઆ. સંન્યાસી હુઆ, સ્ત્રી કુટુમ્બ છોડકર એકીલા જંગલમેં રહા પણ વો ચીજ કયા હૈ ઉસકા જ્ઞાન બિના નિષ્ફળ ગયે સારા. આહાહા ! અને વો ચીજકા જ્ઞાન કૈસે હોતા હૈ, ઔર કિસકે આશ્રયસે હોતા હૈ ? યે ક્યા ચીજ હૈ ? યે ઉસકા ખ્યાલ ન કિયા, જ્ઞાન ન કિયા. તો આંહી

કહેતે હૈ કે યે ઠીક હૈ.

કિંતુ “ યહાં દ્રવ્ય દ્રષ્ટિસે અભેદકો પ્રધાન કરકે ઉપદેશ દિયા હૈ, ” દેખો ! ઉસકા ઉત્તર દિયા. ચીમનભાઈ, સમજાય છે કે નહિ ? આહાહા ! વસ્તુ અંદર હૈ, તો વો ચીજ હૈ ઉસમેં આનંદ આદિ શ્રદ્ધા આદિ જ્ઞાન આદિ દશા હૈ ગુણ ભી હૈ, છતાં તુમ કહેતે હો કે ઉસમેં હૈ ઉસકો વ્યવહાર કયોં કહા ? એ તેરી બાત ઠીક હૈ. આહાહાહાહા ! પરંતુ હમારા આશય ક્યા હે ઉસમેં, યે તુમ સમજ. હમારા આશય યહ હૈ કે દ્રવ્યદૃષ્ટિસે અભેદકો, વસ્તુ જો અખંડ અભેદ હૈ એ દૃષ્ટિકા વિષય બતાનેકો અને યે પ્રધાન નામ મુખ્ય વો હૈ, પર્યાયમેં પર્યાય હૈ યે કંઈ મુખ્ય નહિ. ઉસકો તો ગૌણ કરકે, ઉસમેં હૈ નહિ ઐસા હમ વ્યવહાર કહેકર દ્રવ્ય અભેદમેં ભેદ હૈ નહિ. ભેદ હૈ એ અવસ્તુ હુઈ. તો અવસ્તુ ઉસકા વ્યવહાર હુઆ. તો અભેદમેં વ્યવહાર હૈ નહિ. યે અભેદ દૃષ્ટિ કરાનેકો હમ ભેદકો વ્યવહાર કહેનેમેં આયા હૈ. આહા !

અરેરે ! આવી હોય આ, બાપુ મારગડા કોઈ જુદા ભાઈ. એને એ સમજ્યા વિના જન્મ મરણ મિટેગા નહિ. મરી જશે. અહીં મોટા અબજોપતિ કાગડા ને કૂતરામાં જવાના, કાગડા સમજે ? કૌવા, કૂત્તા. આહાહા ! બાપુ ! એવા અનંત ભવ કર્યા પ્રભુ, શું કહીએ ?

અંદર ચીજ આનંદનો નાથ પ્રભુ એકરૂપ છે, જિસમેં ભેદ કરના, સમજાને માટે ભેદ કરના કે આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા. એ ભેદ કરના એ બી વ્યવહાર હો ગયા, વ્યવહાર નામ અવસ્તુ હો ગઈ, અવસ્તુ નામ અભેદમેં ભેદ હૈ નહિ. આહાહાહાહા ! સમજમેં આયા ? દ્રવ્ય દૃષ્ટિસે અભેદકો, એકરૂપ ચીજકો, એકરૂપ ચીજકો ગુણી વસ્તુ ને ઉસકે ગુણ, ઐસા ભેદ ન દિખાકર અભેદ દિખાના હૈ અને અભેદ ઉપર દૃષ્ટિ પડેગા તો સમ્યગ્દર્શન હોગા, તો ધર્મ પ્રગટ હોગા, ભેદ દૃષ્ટિ છોડકર અભેદ અખંડાનંદ પ્રભુ વો ઉપર દૃષ્ટિ કરનેસે ઉસકી દૃષ્ટિકો પ્રધાન કરકે હમ ઉસમેં પર્યાય હૈ, ભેદ હૈ, ઉસકો હમ ગૌણ કરકે, વ્યવહાર કહેકર અવસ્તુ કહા. કયોંકિ દ્રવ્ય દૃષ્ટિ કરાનેકો અભેદ દૃષ્ટિ કરાનેકો અભેદ દૃષ્ટિકી મુખ્યતા બતાનેકો. હૈ ? દ્રવ્ય દૃષ્ટિકો અભેદકો મુખ્ય કરકે ઉપદેશ દિયા હૈ.

“ અભેદદૃષ્ટિમેં ભેદકો ગૌણ કહેનેસે ” આહાહા ! ( ભેદકા ) અભાવ નહિ. પર વસ્તુકા જૈસા આત્મામેં અભાવ હૈ ઐસા અંદર જ્ઞાન દર્શન ચારિત્રકી દશા હૈ એ આત્મામેં અભાવ હૈ ઐસા નહિ. જૈસે પર વસ્તુકા અપનેમેં અભાવ હૈ ઐસી અપની પર્યાયકા અભાવ હૈ ઐસા હૈ નહિ. સમજમેં આયા ? “ પણ ભેદકો અભેદમેં ગૌણ કહેનેસે અભેદ ભલીભાંતિ માલૂમ હો સકતા હૈ ! ” આહાહાહા ! સમજમેં આયા ?

અભેદ ચીજકી દૃષ્ટિ કરાનેકો, ઓ વિના સમ્યગ્દર્શન હોતા નહિ. તો અભેદકી દૃષ્ટિ કરાનેકો ભેદકો ગૌણ કરકે વ્યવહાર કરકે તેરી અપેક્ષાસે અવસ્તુ કહેનેમેં આયા હૈ. હૈ તો વસ્તુ પર્યાય પણ અભેદકી દૃષ્ટિકો મુખ્ય બનાનેકો કયોંકિ ત્રિકાળીકી દૃષ્ટિ બિના, ત્રિકાળી દ્રવ્યકી દૃષ્ટિ બિના સમ્યગ્દર્શન હોતા નહિ યે પ્રયોજન હૈ. આહાહા ! સમજમેં આયા ? સૂક્ષ્મ હૈ !

ભાઈ આવ્યા નથી ઓલા જયંતિભાઈ, ભાવનગર. ઓલે ફેરેય નહોતા આવ્યા, રવિવારે ? જયંતિલાલ, નહિ ? ( શ્રોતાઃ તબિયત નથી બરાબર ) તબિયત ઠીક નથી. આહાહા ! કહો ગુણવંતભાઈ ! સમજાય છે આ ? આહાહાહા !

ક્યા કહેતે હૈ ? સૂનો પ્રભુ, તેરા પ્રશ્ન ઐસા હો સકતે હૈ કયું કે વસ્તુ જો હૈ ભગવાન આત્મા એ તો શરીરસે તો ભિન્ન, કર્મસે ભિન્ન, પરદ્રવ્યસે ભિન્ન આ અશુદ્ધતાસે ભી ભિન્ન, પુણ્ય પાપકા ભાવ ઉસસે તો ભિન્ન પણ અહિંયા હમકો ભેદ કરકે બતાના હૈ સમજાનેકો પણ વો ભેદ કરકે બતાયા વો ભેદ હૈ તો વ્યવહાર, પછી પ્રશ્ન હોગા કે જો વ્યવહાર, ભેદ કરકે બતાના તો વ્યવહાર કયોં ઉપદેશ નહિ દેતે ? આહાહા ! કયોંકે અભેદ ચીજ જો વસ્તુ હૈ એને સમજાના શી રીતે ? કે વો તો જ્ઞાન તે આત્મા, જાનન એ આત્મા, વિશ્વાસ કઈ સત્તામેં હોતા હૈ ? જિસકી સત્તામેં વિશ્વાસ હોતા હૈ તે આત્મા. જિસકી સત્તામેં સ્થિર હોતા હૈ તે આત્મા, ઐસા ભેદ કરકે બતાના, એ વ્યવહાર હૈ, કયોંકે એ વ્યવહારકો ગૌણ કરકે દ્રવ્ય દૃષ્ટિ બતાનેકો પ્રધાન કરકે ઉસકો વ્યવહાર કહેનેમેં આયા હૈ, અવસ્તુ કહેનેમેં આયા હૈ. આહાહાહાહા !

શશીભાઈ ? કાલે નહોતા, સવારમાં નહીં ? નહોતા. ઠીક આહાહા ! હસુભાઈ ! સમજાય છે આ ? આવી ઝીણી વાત છે આ. કયું કે “ અભેદ દૃષ્ટિમેં ભેદકો ગૌણ કહેનેસે હિ અભેદ ભલીભાંતિ માલૂમ હો સકતા હૈ ” આહાહાહા ! અખંડ અભેદ દૃષ્ટિ કરાનેકો અંતરમેં ગુણ ભેદ- પર્યાય ભેદ હોને પર ભી અભેદ દૃષ્ટિ કરાનેકો ભેદકો ગૌણ કરકે અભેદ ભલીભાંતિ માલૂમ હો સકતા હૈ, વો કારણે ભેદ, પર્યાય ઉસમેં નહીં અભેદકી દૃષ્ટિ કરાનેકો. આહાહા ! સમજમેં આયા ? આ ઓલું તો સહેલું સટ હતું. તસ્સ ઉત્તરી કરણેણં પાયછિત્ત કરણેણં, ઇચ્છામિ પડિક્કમીયું ઈરિયા, વહિયાએ, વિરાહણાએ એ. સામાયિક થઈ ગઈ લ્યો ! ઇચ્છામિ પડિકમીયું. લ્યો ! ધૂળેય નથી સામાયિકે ય ક્યાં ? મિથ્યાદર્શન હૈ. આહાહા ! આંહીં તો ભેદકા લક્ષ કરકે વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ ઔર ઉસમેં લાભ માને તો મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા ! તો ભેદસે બતાયા કયોં ? કે જુઓ ભાઈ ! ભેદ કિયે બિના અભેદ સમજાનેમેં આતે નહિ. પણ ભેદ જો હૈ એ ઉસકી પર્યાયમેં હૈ, પણ અભેદ ત્રિકાળી દૃષ્ટિ કરાનેકો દ્રવ્ય દૃષ્ટિકી મુખ્યતા કરાનેકો ભેદ હૈ ઉસકો ગૌણ કરકે, ઉસકો વ્યવહાર કહેનેમેં આયા હૈ, વ્યવહાર કહો કે અવસ્તુ કહો. આહાહાહા !

લ્યો ! આ લાવ્યા ચોકઠા સાટુ લાવ્યા સાંભળ્યું તો ખરુંને આવું આ. આહાહા ! બાપાને તો પ્રેમ હતો હોં, મગનભાઈને તો, બહુ સ્પષ્ટ ન હતું બહુ, પણ પ્રેમ હતો એને બહુ પ્રેમ. આહાહા !

બાપુ ! આ માર્ગ જુદી જાતનો, કઈ જાતની ભાષા છે એ સમજના કઠણ. આહાહા ! પ્રભુ એક વાર સૂન, તું અંદર ચીજ હૈં ને ચીજ, અસ્તિ મોજૂદગી ચીજ હૈ ને ? જૈસી આ મોજૂદગી ચીજ હૈ શરીર આદિ ઐસી તુમ ચૈતન્યમૂર્તિ મૌજૂદગી હૈયાતિકી ચીજ હૈ, વો ચીજ અનંત ધર્મ ને અનંત ગુણકા પિંડ હૈ ઔર ઉસમેં અનંત ગુણ હોને પર ભી ઔર એ ગુણકી શ્રદ્ધા આદિકી પર્યાય ઉસમેં હોને પર ભી દ્રવ્યકી દૃષ્ટિકી પ્રધાનતા કરાનેકો, અભેદકી દૃષ્ટિ કરાનેકો, ભેદકો વ્યવહાર કહા તો ભેદસે અભેદ માલૂમ પડતે નહિ, વો કારણસે ભેદકો વ્યવહાર કરકે અભેદ દૃષ્ટિ કરાયા. આહાહાહા ! કેટલું આ કાંઈ કથા હૈ, કાંઈ વાર્તા નથી પ્રભુ, આ તો ભાગવત કથા હૈ. આહાહા ! વસ્તુ. કહો પ્રેમચંદભાઈ ? નવા આવ્યા પણ સાંભળવાનું સારું મળ્યું, આવો માર્ગ પ્રભુ શું કરીએ ? આહાહા ! અરેરે ! દુનિયા કંઈ કંઈ બેઠી ક્યાં. વસ્તુ ક્યાંય રહી ગઈ. આહાહા ! અને એ વસ્તુકી દૃષ્ટિ ને અનુભવ કિયે બિના જનમ મરણકા ફેરા તેરા નાશ નહિ હોગા. ચોરાશીના

અવતાર આહાહા ! એ ચોરાશીકા અવતારકા નાશ કરાનેકો અભેદ ચીજ અનંત ગુણકા એકરૂપ વસ્તુ હૈ ઉસકી દૃષ્ટિ કરાનેકો મુખ્યપણે વો હૈ અને ઉસમેં પર્યાય હૈ, ( છતાં ) પણ ઉસકો ગૌણ કરકે, વ્યવહાર કરકે, અભેદમેં ભેદ હૈ નહિ. આહાહાહાહા !

કહો, સમજમેં આતે હે ? આ જુવાનિયાને સમજાય છે કે નહિ ? એ સુબોધ, સાંભળે છે, પ્રેમથી સાંભળે છે. આહાહા ! અરે ! પ્રભુ આત્મા હૈ ને નાથ દરેક ભગવાન હૈ અંદર. ભાઈ તુમ શરીરકો ન દેખ, કર્મકો ન દેખ, રાગકો ન દેખ, ભેદકો ન દેખ, આહાહા ! જૈસે પરકા નિમિત્તકે આશ્રયસે સમ્યગ્ હોતા નહિં. ઐસે રાગકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા નહિ. ઐસે ભેદકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા નહીં. આહાહાહા ! એ કારણે, ભેદ ઉસમેં હોને પર ભી ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન નહીં હોતા, વો કારણસે અભેદકી દૃષ્ટિ કરાનેકો ભેદ ઉસમેં હોને પર ભી વ્યવહાર કહેકર અવસ્તુ કહા હૈ, ગૌણ કરકે અવસ્તુ કહા હૈ અભાવ કરકે નહીં. આહાહા ! સમજાય છે કાંઈ ? આવી વસ્તુ છે.

નવા કેટલાક આવ્યા છે ને એટલે કીધું વળી આ ( લઈએ ) નહીં તો કાલે ય ચાલ્યું હતું હોં, પરમ દિ ' ચાલ્યું 'તું આ ત્રીજી વાર હાલે છે. આહાહા ! પણ તોય નવું નવું આવે. કાંઈ એનું એ આવે છે કાંઈ, હેં ? આહાહા ! અહીં ભલીભાંતિ માલૂમ હોતા હૈ, એ કારણે ઇસ કારણે ભેદકો ગૌણ કરકે – આ કારણે ભેદકો ગૌણ કરકે વ્યવહાર કહા હૈ તો તેરે હિસાબે તો એ અવસ્તુ હુઈ. પણ ગૌણ કરકે અવસ્તુ કહા હૈ મુખ્ય કરકે ત્રિકાળી અભેદકી દૃષ્ટિ કરાનેકો વોહિ ચીજ હૈ ત્યાં દૃષ્ટિ હોગી તો સમ્યગ્દર્શન હોગા, આહાહા ! ભેદકો ગૌણ કરકે ઉસે વ્યવહાર કહા હૈ.

“ યહાં યહ અભિપ્રાય હૈ– અભિપ્રાય આ હૈ ઉસમેં ભેદ દૃષ્ટિમેં ભી નિર્વિકલ્પ દશા નહીં હોતી ” આહાહા ! આ હેતૂ હૈ, જૈસે પરદ્રવ્યકા લક્ષસે અપની નિર્વિકલ્પ અનુભવ દશા નહિ હોતી, ઐસે રાગકા લક્ષસે અપની અનુભવદૃષ્ટિ સમ્યગ્ નહિ હોતી. ઐસે ભેદકે દૃષ્ટિસે અનુભવ દૃષ્ટિ નિર્વિકલ્પ નહિ હોતી. આહાહા ! આ એક બે દિવસમાં પતે એવું નથી આ, તે દિ ' કહ્યું હતું ને આ ચોકઠા કરતા બે–પાંચ દિ સાંભળે તો ખરા તે દિ ' કહ્યું 'તું ખબર છે ને ? ખબર છે. સમજનેમેં બહોત મગજકી કેળવણી હોની ચાહિયે. આહાહા ! મગજકો કેળવના કેળવણી હોની ચાહિયે. રોટી બનાતે હૈ, રોટી તો આટાકો કેળવતે હૈ કે નહીં ? ઐસે ને ઐસે લોટ બનાકર રોટી બનાતે હૈ ? આટામેં પાણી નાખકર કેળવતે હૈ કેળવે પીછે રોટી હોતી હૈ. ઐસે જ્ઞાનમેં આ કેળવણી હોની ચાહિએ. કયા ભેદ ? કયા અભેદ ? ક્યા પર કયા સ્વ ? કયા ? સ્વવસ્તુ ક્યા, અવસ્તુ કયા, ક્યા કહેતે હૈ આ સમજમેં આયા ? આહાહા !

ભેદ દૃષ્ટિમેં ભી ક્યા કહેતે હૈ કે, યહાં યહ અભિપ્રાય હૈ કિ ભેદદૃષ્ટિમેં ભી, “ ભી ” કયું કહા, ભેદદૃષ્ટિમેં ભી કયું કહા ? કે નિમિત્તકે આશ્રયસે જેમ સમ્યગ્દર્શન નહિ હોતા, રાગકે આશ્રયસે નહિ હોતા. ઐસે ભેદદૃષ્ટિસે ભી, એમ “ ભી ” ઉપર વજન હો સબ, હેં ! નથી પણ બરાબર ભેદ જોઈએ. જોઈએ આ, શું કયા કિયા ? કે ભગવાન આત્માકા સમ્યગ્દર્શન, સત્યદર્શન કબ હોતે હૈ ? કે કોઈ પરકે લક્ષસે દેવ ગુરુ શાસ્ત્રકે લક્ષસે હોતા નહિ, તેમ રાગકે લક્ષસે હોતા નહિ. કયું ? ભેદ દૃષ્ટિસે ભી હોતા નહિ, “ ભી ” એટલે ઉસસે હોતા નહિ ઉસસે ભી હોતા નહિ. આહાહા ! આ તો શબ્દ હૈ મંત્ર હૈ આ કોઈ કથા નહીં. આહાહા ! પાઠમાં હૈ ઉસકા સ્પષ્ટીકરણ કિયા હૈ !

વ્યવહારેણી ઉપદિશ્યતે ' એ ગાથા છે ને વ્યવહારેણોપદિશ્યતે જ્ઞાની દર્શન જ્ઞાન ચારિત્ર. આહાહા ! ધર્મીકો તો દર્શન જ્ઞાન ચારિત્ર વ્યવહારસે હૈ નિશ્ચયસે હૈ નહિ, આહાહા ! ઉસકા અર્થ ? કે અભેદ ચિદાનંદ ભગવાનકી દૃષ્ટિ મુખ્ય કરાનેકો ઉસમેં જ્ઞાન દર્શન હોને પર ભી પર વસ્તુકા જૈસા અભાવ હૈ ઐસા ઉસમેં અભાવ નહી. પણ અભેદમેં ભેદ કરકે દિખાનેસે ભેદ ઉપર લક્ષ જો રહે તો સમ્યગ્દ્ર્શન નહિ હોગા, ધર્મ નહિ હોગા. ધર્મની શરૂઆત નહિ હોગી, ત્રિકાળી જ્ઞાયકભાવ અભેદકી દૃષ્ટિ કરનેસે ધર્મકી શરૂઆત હોગી. આહાહાહાહા !

રાગસે તો નહિ પણ ભેદસે ભી નહિ. ઐસે આગે ચલી બાત આખરી. અખંડ જો હૈ ઉસમેં ભેદ કરનેકા કે આ જ્ઞાન હૈ ને આ દર્શન હૈ ને ઉસસે ભી સમ્યગ્દ્ર્શન નહીં હોતા, જૈસે રાગસે તો ભિન્ન કરના હૈ, પણ ભેદસે ભી ભિન્ન કરકે અભેદ દૃષ્ટિ કરાના હૈ. આહાહા !. રાગ સે તો કહેતે હૈ ને પંડિત. અલૌકિક વાત ! ( શ્રોતાઃ આ બીજો પાઠ હૈ. ) આ બીજો પાઠ આવ્યો. આહાહા !

ભગવાન આત્મા શરીર વાણી મનસે તો ભિન્ન હૈ, વો દયા દાનકા વિકલ્પ ઉઠતે હૈ વો પૈસા આપતે નહિ તો વો બ્રહ્મચારી હૈ તો પૈસા ખર્ચતે હૈ ? આવી જીવદયામાં ને એમાં તો ધર્મ હોતા હૈ ? કે ના, તીન કાળમેં નહિ. ( શ્રોતાઃ- રાગ છોડ દેતા હૈ ) રાગ છોડના વો કામ, દૂસરા છોડના એ બાત અહીંયા ચલતી હૈ અંદર જે વસ્તુ હૈ અનંત આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ ઉસમેં જ્ઞાનાદિકી પર્યાયકા ભેદ કરના ઉસસે ભી અભેદ કી દૃષ્ટિ સમ્યગ્દર્શન નહિ હોતા. રાગસે તો, ( નહિ હોતા ) તેથી " ભી " કહાને, " ભેદ દૃષ્ટિમેં ભી નિર્વિકલ્પ દશા નહિ હોતી " આહાહાહા ! ભેદ જ્યાં દેખો તો રાગ હોગા. જેમ પરદ્રવ્યકો દેખનેસે ભગવાનકો દેખનેસે રાગ ( હોતા ) હૈ. આહાહા ! ઐસે રાગકા લક્ષ કરકે ભી આત્મા પ્રાપ્ત નહીં હોગા, ઐસે ભેદકી દૃષ્ટિ કરનેસે નિર્વિકલ્પ દૃષ્ટિ નહિ હોગી, નિર્વિકલ્પ દૃષ્ટિ નામ રાગસે ભિન્ન અપના ચિદાનંદ, પૂર્ણાનંદ પ્રભુ જિસમેં અભેદ દૃષ્ટિ હોનેસે નિર્વિકલ્પ દૃષ્ટિ હોગા. તબ સમ્યગ્દર્શન હોગા. ત્યારે આત્માકા સાક્ષાત્કાર હોગા, ત્યારે ભવકા અંત આએગા. ( શ્રોતાઃ- એ તો એક દિનમેં નહિ હૈનાં ? ) એક દિનમેં ( કયા ) એક ઘડીમેં હોગા. પણ અભ્યાસ કરનેસે ભાઈ ! એમ કે એક દિનમેં હૈ તમારે દાકતરનો અભ્યાસ કરનેમેં કેટલાક વર્ષ તો ગયા હશેને ? હેં ! એ તો પાપકા અભ્યાસ બધા એય દાકતર અમારા ઉદાણી બડા દાકતર હૈ ત્યાં ચોકઠાના, વર્ષ ગયા હશેને કાંઈ અભ્યાસમાં ત્યાં કાંઈ બડાભાઈ હૈ ને અભ્યાસ કિયા હૈ ને કે કુછ નહિ હુઆ વો તો બાળકકો કરતે નહીં એ. તો પાપના અભ્યાસ માટે પાંચ-દશ વર્ષ નિકાલના તો આ અભ્યાસ માટે કોઈ મુરત ( મુહૂર્ત ) કરના કે ઇતના કાલ નિકાલે ? ત્યાં મુદ્દત કરતે હૈ કે કિતના વર્ષ પછી કે નહિ. જ્યાં સુધી એ એમ. એ. એલ. એલ. બી. પૂર્ણ ન હોય ત્યાં સુધી અભ્યાસ કરે એલ. એલ. બી. પૂર્ણ હુએ બિના વકિલ નહિ હોગા એમ. એ પૂર્ણ ( કિયે ) બિના દાકતર નહિ હોગા.

ઐસે અભેદ દૃષ્ટિ કરાનેમેં અભ્યાસ થોડા કાળ તો ઉસકો હોના ચાહિએ. છ માસ તો હોના હી ચાહિએ. એમ કહેતે હૈ કળશમાં આતે હૈ ને ? જઘન્ય થોડો કાળ તો અંતઃમુહૂર્તમેં હૈ. બહુ તો છ માસ. પણ ઉસમેં લગની લગની ચાહિએ. આહાહા ! સમજમેં આયા ? આ તો ઉસમેં કયા લિખા હૈ ઉસકા કૈસા અર્થ હોતા હૈ એની મેળે વાંચી જાય તો કાંઈ સમજાય જ નહિ. આહાહા !

ભેદદૃષ્ટિમેં ભી, કયા કહેતે હૈ ? કે અપના દ્રવ્ય વસ્તુ હૈ ઉસકો છોડકર, દેવ ગુરુ શાસ્ત્રકા લક્ષ કરનેસે ભી નિર્વિકલ્પતા નહિ હોગી ઔર રાગકા લક્ષ કરનેસે ભી નિર્વિકલ્પતા નહિ હોગી, ઐસે ભેદકી દૃષ્ટિસે ભી નિર્વિકલ્પતા નહીં હોગી. આહા ! નિર્વિકલ્પ નામ રાગસે ભિન્ન હોકર, અપની વીતરાગી પર્યાયસે આત્માકા અનુભવ કરના ઉસકા નામ નિર્વિકલ્પતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ? ઐસી ચીજ હૈ. ( શ્રોતાઃ– આપનો મંત્ર કઠણ બહુ લાગે છે )

ત્યારે દાકતર ( બનનેમેં ) કિતના અભ્યાસ કેટલો કાળ ચાલ્યો હશે ? એમ કાંઈ એક દિ 'નો છે થવાનો. આ તો અજાણી ચીજ હૈ ને ! અને અત્યારે તો ચલતી નહિ. સંપ્રદાયમેં તો એ બાત હૈ હિ નહિ, સંપ્રદાયમાં તો જ્યાં–ત્યાં મૂર્તિ પૂજા કરો, ભક્તિ કરો, દયા કરો ને વ્રત પાળો ને અપવાસ કરો, બેચાર અપવાસ કરી નાખો. નકોડા, પાણી બીના, ઉસમેં કયા હૈ ? વો કોઈ ધર્મ નહિ. એ તો રાગકી ક્રિયા હૈ, તો ઉસસે તો દૂર રહો, પણ અપનેમેં ગુણ ને પર્યાય હૈ, એ અભેદમેં ભેદ કરકે દિખાના પણ વો ભેદ વ્યવહાર હૈ અને અભેદમેં ભેદ નહિ. વો બતાને બિના અભેદ યથાર્થ માલૂમ હો સકતે નહીં. આહાહા ! આ અક્ષરેય ( શબ્દો ય ) કઈ જાતના ? આવી વાત છે. એટલે લોકો બિચારા કહે, એકાંત છે..... એકાંત છે. સોનગઢનું એકાંત કહો બાપા ! તમે પણ પ્રભુ હૈના તુમ. તેરી ખબર નહિ તેરે. આહાહા ! ( શ્રોતાઃ આનો જ અર્થ થાય છે ? ) આમાં લખ્યું હોય એનો અર્થ થાય છે. આમાં હૈ, ઉસકા અર્થ હોતા હૈ ઘરકા હૈ આ ? પણ વો અભ્યાસ હી નહિ અત્યારે તો બસ પ્રવૃત્તિ બસ ! તપ ને અપવાસ ને ઐસા કરો ને સ્થાનકવાસીમાં સામાયિક કરોને પોષા કરોને પડિક્કમણાં કરો ને શ્વેતાંમ્બરમાં ભક્તિ, કર્મ દહન, સિદ્ધ ચક્રને બસ, બધાં પૂજા ભણાવો ને દિગંબરમાં લૂગડાં છોડી દો, ને પડિમા લે લો. અને સાધુ હો જાઓ, પણ કાંઈ વસ્તુ ( સમ્યગ્દર્શન ) વિના ? ( શ્રોતાઃ સારા વાના થાશે ) શું સારા વાના થાશે. દેહ છૂટી જાશે ને મરી જાશે ને ચાર ગતિમાં જાશે. આહાહા !

અહીં કહેતે હૈ કે ભેદદૃષ્ટિમેં નિર્વિકલ્પ, ભેદદૃષ્ટિમેં ભી નિર્વિકલ્પ નહિ હોતા, સરાગીકે વિકલ્પ હોતે રહેતે હૈ, યે કયા કહેતે હૈ ? એ ભેદકો દેખનેસે રાગ હોતા હૈ ઐસા નહીં, કયોંકિ ભેદકો તો કેવળી ભી દેખતે હૈ, પણ તુમ રાગી હૈ, સરાગી કો કહેતે હૈ, સરાગીકે વિકલ્પ હોતે રહેતે હૈ તુમ રાગી હૈ તો ભેદ દેખનેસે રાગી હૈ વો કારણસે રાગ હોતા હૈ, ભેદકો જાનનેસે રાગ હોતા હૈ ઐસા નહીં તો તો ભેદકો તો કેવળી સર્વ ત્રણકાળ ત્રણલોકકો દેખતે હૈ પણ તુમ અલ્પજ્ઞ હૈ ઔર રાગી હૈ, તો રાગકે કારણ તુમ ભેદ ઉપર લક્ષ કરેગા તો તેરે વિકલ્પ હી હોગા. રાગ હી હોગા અને અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ ભેદ દૃષ્ટિકા લક્ષસે નહીં હોગી, જૈસે પરકા લક્ષસે નિર્વિકલ્પ દૃષ્ટિ નહીં હોગી, ઐસે ભેદ દૃષ્ટિ સે ભી નિર્વિકલ્પ દૃષ્ટિ નહિ હોગી. આહાહા ! અને નિર્વિકલ્પ દૃષ્ટિ હુએ બિના આત્માકા અનુભવ નહિ હોગા. આહાહા ! સમજમેં આયા ?

'સરાગીકો ' વજન ત્યાં છે. ભેદકો દેખનેસે રાગ હોતા હૈ ઐસા નહિ, ભેદકો દેખતે તો કેવળી તો ત્રણકાળ ત્રણલોક દેખતે હૈ પણ પ્રાણી, તુમ રાગી હૈ તેરી ભૂમિકામેં રાગ હૈ તો તુમ રાગ હૈ ને જો ભેદ ઉપર દૃષ્ટિ કરેગા તો રાગ ઉત્પન્ન હોગા. આહાહાહાહા ! અભેદ દૃષ્ટિ કરનેસે તેરે વીતરાગતા હોગી. એ ધર્મ હોગા. આહાહાહા ! આટલી શરતું. નરેશજી ! આવી શરતું છે. આહાહા ! સરાગીકે વિકલ્પ હોતે રહેતે હૈ !

"ઇસલિયે જહાં તક રાગાદિ દૂર ન હો, દૂર નહિ હો જાતે વહાં તક ભેદકો ગૌણ કરકે અભેદ નિર્વિકલ્પ અનુભવ કરાયા ગયા હૈ". દેખો સરવાળો. આહાહા ! તુમ રાગી હો અને ભેદ ઉપર લક્ષ કરેગા તો રાગ હોગા. તો જબ લગ રાગકા અભાવ ન હો તબ લગ અભેદકા અનુભવ કરાયા હૈ. આહાહા ! અને અભેદકી દૃષ્ટિ અને પૂર્ણ અભેદ હો ગયા, પીછે તો અભેદકો ભી જાનોં ને ભેદકો જાનોં. ભેદાભેદકો જાનોં, જાનનેમેં તો કોઈ એ બાત નહિ. પણ રાગ ગયે પીછે. રાગ ગયે પીછે. રાગકા અભાવ હોવે પીછે, જબ લગ રાગ હૈ તબલગ ભેદકા લક્ષ કરેગા તો રાગકે કારણ તેરે રાગ હોગા ભેદકે કારણસે નહિ.

"વીતરાગ હોનેકે બાદ ભેદાભેદરૂપ વસ્તુકા જ્ઞાતા હો જાતા હૈ" પીછે તો વીતરાગદશા હુઈ પીછે તો દ્રવ્યકો જાનતે હૈ ગુણકો જાનતે હૈ પર્યાયકો જાનતે હૈ પરકો ભી જાનતે હૈ. ઉસસે કયા ? જાનના તો ઉસકા સ્વભાવ હૈ. ઉસે તો રાગ હોતા નહિ. યહાં નયકા અવલંબન હિ નહિ રહેતા ક્યા ? પૂર્ણ સર્વજ્ઞ હુઆ રાગકા અભાવ ત્યાં તો સ્વકા આશ્રય પૂર્ણ હો ગયા. હવે આશ્રય લેના રહા નહિ. આશ્રય લેના રહા નહિ તો આશ્રય બિના સ્વ ને પરકો જાનતે હૈ. આહાહા ! તો જ્ઞાતા દૃષ્ટા હોકર જાનતે હૈ. પીછે કોઈ અભેદકા આશ્રય લેના હૈ ને ભેદકો ગૌણ કરના હૈ એ તો રાગ ગયે પીછે વીતરાગ હુએ પીછે ઐસા હૈ નહિ. વીતરાગ ન હોય તબલગ ઉસકો રાગકો ગૌણ કરકે ભેદકો ગૌણ કરકે અભેદકી દૃષ્ટિ કરકે રાગ પૂર્ણ જબ નાશ ન હો તબલગ અભેદકા અનુભવ કરના. એ સરવાળા હૈ લ્યો !

પ્રમાણ વચન ગુરુદેવ.

... જ્ઞાન વડે આત્મા જાણનાર ( –જ્ઞાયક ) છે. જો એમ હોય તો બન્નેને અચેતનપણું આવે,... શું કહે છે ? આત્મા જ્ઞાન વડે ( જાણે છે ) – એમ ભેદ પાડો તો જ્ઞાન આત્માથી ભિન્ન થઈ ગયું અને આત્મા જ્ઞાનથી ભિન્ન રહી ગયો. ( તો ) બન્ને અચેતન થયા. ઝીણી વાત છે, બાપુ ! આ તો ન્યાયમાર્ગ છે ને ! Logicથી સિદ્ધ કરે છે. એમને એમ માનવું, એ વસ્તુ નથી. એમને એમ માનશે તો પછી બીજો કો ' ક કાંઈક કહેશે તો ફરી જશે. ( તે ) વાસ્તવિક તત્ત્વને Logic – ન્યાયથી સમજશે તો નહિ ફરે. આહા.. હા... !

( પ્રવચનસુધા ભાગ-૨, પાના નં. ૧૯૭ પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો ).

## ગાથા - ૮

तर्हि परमार्थ एवैको वक्तव्य इति चेत्-

जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं।
तह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं।।८।।

यथा नापि शक्योऽनार्योऽनार्यभाषां विना तु ग्राहयितुम्।
तथा व्यवहारेण विना परमार्थोपदेशनमशक्यम्।।८।।

यथा खलु म्लेच्छः स्वस्तीत्यभिहिते सति तथाविधवाच्यवाचकसम्बन्धावबोधबहिष्कृतत्वान्न किञ्चिदपि प्रतिपद्यमानो मेष इवानिमेषोन्मेषितचक्षुः प्रेक्षत एव, यदा तु स एव तदेतद्भाषासम्बन्धैकार्थज्ञेनान्येन तेनैव वा म्लेच्छभाषां समुदाय स्वस्तिपदस्याविनाशो भवतो भवत्वित्यभिधेयं प्रतिपाद्यते तदा सद्य एवोद्यदमन्दानन्दमयाश्रुझलज्झलज्झोचनपात्रस्तत्प्रतिपद्यत एव; तथा किल लोकोऽप्यात्मेत्यभिहिते सति यथावस्थितात्मस्वरूपपरिज्ञानबहिष्कृतत्वान्न किञ्चिदपि प्रतिपद्यमानो मेष इवानिमेषोन्मेषितचक्षुः प्रेक्षत एव, यदा तु स एव व्यवहारपरमार्थपथप्रस्थापितसम्यग्बोधमहारथरथिनान्येन तेनैव वा व्यवहारपथमास्थाय दर्शनज्ञानचारित्राण्यततीत्यात्मेत्यात्मपदस्याभिधेयं प्रतिपाद्यते तदा सद्य एवोद्यदमन्दानन्दान्तःसुन्दरबन्धुरबोधतरङ्गस्तत्प्रतिपद्यत एव। एवं म्लेच्छस्थानीयत्वाज्जगतो व्यवहारनयोऽपि म्लेच्छभाषास्थानीयत्वेन परमार्थप्रतिपादकत्वादुपन्यसनीयः। अथ च ब्राह्मणो न म्लेच्छितव्य इति वचनाद्व्यवहारनयो नानुसर्तव्यः।

---

હવે ફરી એ પ્રશ્ન ઊઠે છે કે જો એમ છે તો એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ; વ્યવહાર શા માટે કહો છો ? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ-

ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,
વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે.૮.

ગાથાર્થઃ- [ यथा ] જેમ [ अनार्यः ] અનાર્ય ( મ્લેચ્છ ) જનને [ अनार्यभाषां विना तु ] અનાર્યભાષા વિના [ ग्राहयितुम् ] કાંઈ પણ વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરાવવા [ न अपि शक्यः ] કોઈ સમર્થ નથી [ तथा ] તેમ [ व्यवहारेण विना ] વ્યવહાર વિના [ परमार्थोपदेशनम् ] પરમાર્થનો ઉપદેશ કરવા [ अशक्यम् ] કોઈ સમર્થ નથી.

ટીકાઃ- જેમ કોઈ મ્લેચ્છને કોઈ બ્રાહ્મણ ‘ સ્વસ્તિ ’ એવો શબ્દ કહે છે ત્યારે તે મ્લેચ્છ એ શબ્દના વાચ્યવાચક સંબંધના જ્ઞાનથી રહિત હોવાથી કાંઈ પણ ન સમજતાં બ્રાહ્મણ સામે મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે, પણ જ્યારે બ્રાહ્મણની ભાષા અને મ્લેચ્છની ભાષા-એ બન્નેનો અર્થ જાણનાર અન્ય કોઈ પુરુષ અથવા તે જ બ્રાહ્મણ મ્લેચ્છભાષા બોલીને તેને સમજાવે છે કે ‘ સ્વસ્તિ ’ શબ્દનો અર્થ “ તારું અવિનાશી

**કલ્યાણ થાઓ ” એવો છે ત્યારે તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદમય આંસુઓથી જેનાં નેત્રો ભરાઈ જાય છે એવો તે મ્લેચ્છ એ ‘ સ્વસ્તિ ’ શબ્દનો અર્થ સમજી જાય છે; એવી રીતે વ્યવહારીજન પણ ‘ આત્મા ’ એવો શબ્દ કહેવામાં આવતાં જેવો ‘ આત્મા ’ શબ્દનો અર્થ છે તે અર્થના જ્ઞાનથી રહિત હોવાથી કાંઈ પણ ન સમજતાં મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે, પણ જ્યારે વ્યવહાર-પરમાર્થ માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનાર સારથી સમાન અન્ય કોઈ આચાર્ય અથવા તો ‘ આત્મા ’ શબ્દ કહેનાર પોતે જ વ્યવહારમાર્ગમાં રહીને “ દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હમેશાં પ્રાપ્ત હોય તે આત્મા છે ” એવો ‘ આત્મા ’ શબ્દનો અર્થ સમજાવે છે ત્યારે તુરત જ ઉત્પન્ન થતાં અત્યંત આનંદથી જેના હૃદયમાં સુંદર બોધતરંગો ( જ્ઞાનતરંગો ) ઊછળે છે એવો તે વ્યવહારીજન તે ‘ આત્મા ’ શબ્દનો અર્થ સુંદર રીતે સમજી જાય છે. એ રીતે જગત મ્લેચ્છના સ્થાને હોવાથી, અને વ્યવહારનય પણ મ્લેચ્છભાષાના સ્થાને હોવાને લીધે પરમાર્થનો પ્રતિપાદક ( કહેનાર ) હોવાથી વ્યવહારનય સ્થાપન કરવાયોગ્ય છે; તેમ જ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું- એ વચનથી તે ( વ્યવહારનય ) અનુસરવા યોગ્ય નથી.**

**ભાવાર્થઃ- લોકો શુદ્ધનયને જાણતા નથી કારણ કે શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ છે; તેઓ અશુદ્ધનયને જ જાણે છે કેમ કે તેનો વિષય ભેદરૂપ અનેક પ્રકાર છે; તેથી તેઓ વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે. આ કારણે વ્યવહારનયને પરમાર્થનો કહેનાર જાણી તેનો ઉપદેશ કરવામાં આવે છે. અહીં એમ ન સમજવું કે વ્યવહારનું આલંબન કરાવે છે પણ અહીં તો વ્યવહારનું આલંબન છોડાવી પરમાર્થે પહોંચાડે છે એમ સમજવું.**

## પ્રવચન નં. ૩૦ ગાથા - ૮ તા. ૧૦-૭-૭૮ સોમવાર અષાઢ સુદ-૫ સં. ૨૫૦૪

સમયસાર ગાથા-૮. અબ યહાં પુનઃ એ પ્રશ્ન ઉઠા હૈ સાતમી ગાથા સૂની તો પ્રશ્ન ઉઠયા, કયા ? યદિ ઐસા હૈ જો કે એક પરમાર્થકા હી ઉપદેશ દેના ચાહિએ, કયોંકિ તુમ તો વ્યવહારકો તો હેય કહતે હે ઔર વ્યવહાર હૈ યે ઔર આદરણીય નહીં કહેતે હૈ, તો એક પરમાર્થકા હી ઉપદેશ દેના ચાહિએ, વ્યવહારકા ઉપદેશકી કયા જરૂર ? ઐસા શિષ્યકા પ્રશ્ન હૈ. સમજમેં આયા ? જબ ઐસે તુમ કહેતે હો કે વ્યવહાર-દર્શન જ્ઞાન ચારિત્ર એ ભી ભેદ વ્યવહાર, એ બી હેય હૈ, એ વ્યવહાર પર્યાય માત્ર હેય હૈ ઔર એકિલા ત્રિકાળી જ્ઞાયકભાવ પરમાર્થ વસ્તુ વોહી ઉપાદેય હૈ, તો પરમાર્થકા ( હિ ) ઉપદેશ દેના ( ચાહિયે ) વ્યવહારકા ઉપદેશ કયું દેતે હો ? શિષ્યકા યે પ્રશ્ન હૈ. સમજમેં આયા ? ( પરમાર્થકા ) ઉપદેશ દેના ચાહિએ, વ્યવહાર કિસ લિયે કહા જાતા હૈ ? ઇસકે ઉત્તર સ્વરૂપ ગાથા સૂત્ર કહતે હૈ.

ઐસી જિસકો જિજ્ઞાસા હુઈ, કે પરમાર્થ વસ્તુ યે હી ચીજ હૈ જ્ઞાયક ચૈતન્ય અભેદ વો હી આદરણીય હૈ અને ભેદ જો દર્શન જ્ઞાન ચારિત્ર કા ભી ભેદ, એ બી વ્યવહાર આદરણીય નહીં, હેય હૈ, તો વ્યવહારકા ઉપદેશ કયું કહેતે હો ? પરમાર્થકા કહો ને, ઐસા શિષ્યકા અંતરમેં જિજ્ઞાસાકા પ્રશ્ન હૈ, ઉસકા ઉત્તર દેનેમેં આતા હૈ.-

સંસ્કૃત હૈ ઉપર, દેખતે હૈને, “ તર્હિ પરમાર્થ એવૈકો વક્તવ્ય ઈતિ ચેત ” એની એણે વ્યાખ્યા કરી સંસ્કૃતમાં.

**जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं।**
**तह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं।।८।।**

**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે.૮.**

ગાથાર્થઃ–જૈસે અનાર્ય, કુંદકુંદાચાર્યના વખતમાં અનાર્ય ભાષા વપરાતી, હવે નીચલો કાળ આવ્યો જરી હજાર વર્ષ પછી તો અમૃતચંદ્રાચાર્યના કાળમાં મ્લેચ્છ ભાષા વપરાતી, ભાષાય એટલી ફરી ગઈ. સમજમેં આયા ? કુંદકુંદાચાર્ય તો ( કહે ) જહ ન વિ સક્કમણજો અનાર્ય ભાષા વિના, એમ ભાષા છે. ત્યારે અમૃતચંદ્રાચાર્યના વખતમાં ભાષા પણ જરી અનાર્ય શબ્દના ઠેકાણે મ્લેચ્છ ભાષા વપરાણી. એ કહેવાઈ ગયું ’તું પહેલાં, શરૂઆતમાં એ ભાષા ફરી કયું ? અનાર્ય ભાષા વિના તો અમૃતચંદ્રાચાર્યને પણ અનાર્ય ભાષા વિના કહેના થા, સમજમેં આયા ? તો અમૃતચંદ્રાચાર્ય તો મ્લેચ્છ ભાષા વાપરતે હૈ, યે મ્લેચ્છ ભાષા અમૃતચંદ્રાચાર્યના વખતની છે. આહાહા ! કાળ બદલાયો તો ભાષાય બદલી ગઈ, અનાર્ય ને ઠેકાણે મ્લેચ્છ આ ગયા. આહા ! મ્લેચ્છ જનકો અનાર્ય ભાષા કે વિના એટલે કે મ્લેચ્છ ભાષા વિના વર્તમાનકાળની અપેક્ષાએ એને અમૃતચંદ્રાચાર્ય ( કહે છે ). કિસી ભી વસ્તુકા સ્વરૂપ ગ્રહણ કરનેકે લિયે કોઈ સમર્થ નહીં. કોઈ પણ ચીજને ભેદ પાડયા વિના, અનાર્ય ભાષાને કર્યા વિના એને સમજાવી શકાય નહીં. અનાર્ય માણસને એની ભાષા અનાર્યથી સમજાવી શકાય. બીજી ભાષાથી સમજાવી સકતે નહીં.

કિસી ભી વસ્તુકા ગ્રહણ નહીં હો સકતા ઉસી પ્રકાર એ દૃષ્ટાંત, વ્યવહારકે બિના ભગવાન આત્માકો ભેદસે વ્યવહારકે બિના ઉપદેશ ઉસકો કયા કહે ? વ્યવહારસે ઉસકો ઉપદેશ દેના પડતા હૈ. આત્મા આત્મા એકિલા કરે પણ આત્મા કયા હૈ ઐસા ભેદ કરકે બતાના એ વ્યવહાર બિના પરમાર્થકા ઉપદેશ હોઈ શકે નહીં, વ્યવહારસે પરમાર્થ પ્રાપ્ત હો સકે એ બાત યહાં નહિ. સમજમેં આયા ?

વ્યવહારસે પરમાર્થ પ્રાપ્ત કર સકતે ઐસે નહીં પણ વ્યવહારકા ઉપદેશ બિના નિશ્ચયકા ઉપદેશ સમજાનેમેં આતા નહિ, છતાં આગળ કહેગા. વ્યવહારકે વિના અહીંયા તકરાર નિકાલે, અહીંયાસે, દેખો વ્યવહાર વિના પરમાર્થ પ્રગટ હોતા હી નહિ, વ્યવહાર પહેલે હો એ બાત યહાં હૈ હી નહિ, યહાં તો ભગવાન આત્મા અનાર્ય ભાષા બિના અનાર્યકો સમજાનેમેં અશક્ય હૈ. સમજમેં આયા ? આહાહા !

એ પાલીતાણે જ્યારે દરબાર નહીં થા ને તો ત્યાં શું કહેવાય, એ ગોરો ( અંગ્રેજ ) આવે કામ કરવા શું કહેવાય ભાઈ, રાજ્યની વ્યવસ્થા માટે દરબાર ગુજરી ગયેલા ને એટલે ગોરો આવ્યો ’તો એડમીનીસ્ટ્રેટર. હા, એ. પછી એક વાર એ ગારિયાધાર આવેલો ગારિયાધાર હૈ ને ? તો હમ ગારિયાધાર થે હમારી બહેન ત્યાં થી, તે એ ઘોડા ઉપર ઊભો ’તો વચમાં ચોકમાં આવ્યો

મૂળ તો માણસ મ્લેચ્છ જૈસા, અહીંની ભાષા ( ન આવડે ), એવું બોલતો 'તો બા...જ...રો... હૈ, છે ? બાજરો એમ. બાજરો બાજરો એમ કાંઈ નહિ. બરાબર સાંભળેલું આ. ૫૯ ની વાત છે. આ... ૫૯, બા...જ...રો... છે ? હવે એને એની ભાષા પ્રમાણે, ભાઈ તમે કંઈ બા...જ...રો... જુદુ પાડીને કહેતે હો ઐસે નહીં બાજરો આખો શબ્દ... એને ગોરો ( અંગ્રેજ ) ગોરો હતો દરબાર ગુજરી ગયેલા અને કામ કરવા આવેલો. આહાહા !

આંહી કહે છે, જેમ એ અનાર્યને એટલે કે મ્લેચ્છ ભાષા, મ્લેચ્છ દેશને, મ્લેચ્છના માણસોને એની મ્લેચ્છ ભાષા વિના ઉસકો સમજા સકતે નહીં, ઐસે આત્માકા અજાણ પુરૂષકો આત્માકા ભેદ વ્યવહાર કિયે બિના એ સમજ સકતે નહીં. વ્યવહારસે સમજ સકતે હૈ. વ્યવહારસે હોતા હૈ યહ પ્રશ્ન આહિયાં નહિ. સમજાનેમેં વ્યવહાર આતા હૈ પણ વ્યવહાર સમજાતે કયા ? કે તુમ અખંડ અભેદ હો આ ભેદ પાડકર તુમકો અભેદકો બતાતે હૈ. સમજમેં આયા ? આહાહાહા !

હૈ ? વ્યવહારકે બિના પરમાર્થકા ઉપદેશ દેના અશક્ય હૈ. આ લોકો જ્યાં હોય ત્યાં એક બારમી ગાથાનો અર્થ અને એક આ. એ બે બધા નિકાલે જ્યાં હોય ત્યાં લોકો કે જુઓ ! વ્યવહારસે, અહીં આવ્યો હતો તે દિ ' લીંબડીવાળો ચીમન ચકુ. ચીમન ચકુ અહીં આવ્યો 'તો ને ૯૭ ની સાલમાં કહે જુઓ ! આ વ્યવહારથી આવે છે. વ્યવહાર વિના પરમાર્થ... ૯૭ની સાલમાં મંદિર થતું 'તુંને ( સંવત ) ૯૭ માં ત્યારે અહીંયા મહીનો રહ્યો હતો. બારમી ગાથાની તકરાર તો અત્યાર સુધી હજી ચાલે છે. હમણાં છાપામાં આવ્યું 'તું બારમામાં જુઓ ! વ્યવહારથી જ નિશ્ચય પમાય છે. વ્યવહારથી જ આ થાય છે. એવું લખાણ જુઓ શાસ્ત્રમાં છે. ' વ્યવહાર દેસિદા ' એવો પાઠ છે ને ? વ્યવહાર દેખાડયો હોવા છતાં, દેખાડયો છતાં પરમાર્થ સમજી શકાય છે વ્યવહારથી.

વ્યવહાર દેખાડયાની વ્યાખ્યા જ દૂસરી હૈ, એ તો આત્મા અંદર જ્ઞાયક સ્વરૂપ ( અભેદ હૈ ઉસકો ) ભેદ પાડકે બતાયા ઔર વો અભેદ સમજ ગયે, ભેદકો બતાયા, દૂસરા કોઈ ઉપાય નહીં. કારણ આત્મા કયા ચીજ હૈ ઉસકો તો વો સમજતે નહીં, તો ઉસકો ગુણભેદ કરકે બતાના પડે કે દેખો ! ( આ ) જાણે છે ને ને, જાણે હે ને, જ્ઞાનરૂપે પરિણમતેં હૈ ને, એ આત્મા, વિશ્વાસ કરને લાયક જો હૈ ને વો આત્મા, ઔર જો સ્થિરતા હોતી હૈ ને અંદરમેં યે આત્મા. ઐસા ગુણ ભેદ કરકે બતાયા બિના એ ( અજ્ઞાની ) સમજ સકતે નહીં, પણ સમજના તો યે અભેદકો હૈ, ભેદસે સમજાતે હૈ તો ભેદકો સમજના ઐસા નહીં, સમજમેં આયા ? આહાહા ! અર્થમાં ફેર, ભાવમાં ફેર, અને આવી બધી ગરબડો. ( શ્રોતાઃ ભેદસે અભેદ સમજમેં આતા હૈ કે ભેદકા લક્ષ છોડે તો અભેદ સમજાય ) ભેદસેને એ તો કહેશે હમણાં, ભેદસે સમજના પણ ભેદકા અનુસરણ નહીં કરના. સમજાનેવાલેકો અને સમજનેવાલેકો દોહીકો, સમજાનેવાલે ભી વ્યવહારમેં તો આતે હૈ, વિકલ્પમેં આયા તબ ભેદકો સમજાતે હૈ ને ? અને ઉસકો ભી ભેદસે સમજાતે હૈ, પણ દોહીકો વ્યવહારકા અનુસરણ નહીં કરના.

ભેદકો તો સમજાનેમેં દૂસરા કોઈ ઉપાય નહીં ( હૈ ) વો કારણ ભેદકો સમજાતે હૈ પણ સમજનેવાલેકો અને આંહી તો સમજાનેવાલા છદ્મસ્થ લેના હૈ, કેવળી લેના નહીં યહાં. સમજમેં

આયા ? યહાં તો એ વખતે કેવળી તો થા નહીં, મુનિ થા અને મુનિ ( તો ) છદ્મસ્થ હૈ તો અપના અપના દૃષ્ટાંત દેતે હૈ કે ભાઈ, કેવળી ઐસે કહતે હૈ કિ યે આત્મા ( તૂ હૈ ) પછી એ આત્મા ન સમજ્યો તો કેવળીએ ભેદ પાડકે સમજાયા યે બાત યહાં હૈ નહીં. યહાં તો વર્તમાન તે કાળે ભગવાનકા વિરહમેં સંતો ને આચાર્યો થા એ જગતકો વ્યવહારસે સમજાતે થે, યે બાત લેગા. એ પોતે પણ વ્યવહારમેં આતે હૈ, કેમકે અનુભવમેં નિર્વિકલ્પમેં હૈ તબ તો ઉપદેશ હોતા હી નહીં. આહાહા ! ઔર દૂસરાકો સમજાના હૈ તબ ઓ વિકલ્પ તો આયા બિના રહે નહીં, તો વિકલ્પ આયા વોહી વ્યવહાર હૈ, તો વો સમજાનેવાલા ભી વ્યવહારમેં તો આયા હૈ ઔર સમજનેવાલેકો વ્યવહારસે સમજાતે હૈ. આહાહા ! સમજમેં આયા ?

પણ દોહીકો વ્યવહાર અનુસરણ કરને લાયક નહીં. પંડિતજી ! આહાહા ! ન અનુસર્ત્તવ્યંઃ આહાહા ! ઐસી વસ્તુ પરમ સત્ય આ તો બાપુ ઐસી ચીજ હૈ આ તો અત્યારે તો... આહાહા !

ટીકા :– " જૈસે કિસી મ્લેચ્છ, " પાઠમાં અનાર્ય હૈ ને ? ટીકામેં મ્લેચ્છ આ ગયા, હજાર વર્ષ હો ગયા ને ? કુંદકુંદાચાર્યની ગાથા પીછે ટીકા મ્લેચ્છ કે બિનાં કિસી મ્લેચ્છસે યદિ કોઈ બ્રાહ્મણ, જોયાં ? બ્રાહ્મણ લિયા હૈ, ' સ્વસ્તિ ' ઐસા શબ્દ કહા, ' સ્વસ્તિ ' મ્લેચ્છકો બ્રાહ્મણે " સ્વસ્તિ " " ઐસા કહા. તો યે મ્લેચ્છ ઉસ શબ્દકે વાચ્ય વાચક સંબંધકો ન જાનનેસે કુછ ભી ન સમજકર ઉસ બ્રાહ્મણકી ઓર પણ સમજનેવાલા ભાષા સમજનેવાલા ભી યહાં ઐસે લિયા હૈ કે ઉસકો " સ્વસ્તિ " કહા તો ઉસકો સુનનેવાલેકો કંટાળા આ ગયા. આ કયા કહતે હૈ, હમ કુછ સમજતે નહીંને ઐસા કયા કહતે હૈ ઐસા નહીં.

યહાં ઐસા જીવ લિયા હૈ. આહાહા ! કે ભાષા સમજનેમેં એ ટગટગટગ જોતે હૈ કે યે કયા કહતે હૈ ? આ " સ્વસ્તિ ", કંટાળા નહીં, શંકા નહીં, ફકત સમજમેં આતા નહીં, એ આ કયા કહતે હૈ " સ્વસ્તિ " ' સ્વસ્તિ ' કયા ? સ્વસ્તિ કયા કોઈ સાથીયા હોગા ? સ્વસ્તિ કયા ? કયા કહેતે હૈ આ ? ' સ્વસ્તિ ' ઐસા, હૈ ને ? શબ્દ કહે એ મ્લેચ્છ ઉસ શબ્દકે વાચ્ય વાચક, વાચ્યવાચકકા અર્થ સ્વસ્તિ શબ્દ વાચક હૈ અને ઉસકા અર્થ સ્વસ્તિ ઉસકા કલ્યાણ હો. સ્વ આત્માકી અસ્તિ હૈ ઐસા કલ્યાણ હો એ ઉસકા વાચ્ય હૈ. જેમ સાકર શબ્દ હૈ એ વાચક હૈ અને સાકર પદાર્થ હૈ એ વાચ્ય હૈ. સાકર શબ્દ હૈ ઉસમેં સાકર પદાર્થ નહીં, સાકર પદાર્થ હૈ ઉસમેં સાકર શબ્દ નહીં, પણ શબ્દ વાચક હૈ એ સાકર વાચ્યકો બતાતે હૈ, ભાષા તો સાદી હૈ ભૈયા ! હજી તો દૃષ્ટાંત છે આ. આહાહા !

' વાચ્ય વાચક સંબંધ ' આ ઉસકા અર્થ કિયા વાચ્ય કયા હૈ ? કે સ્વસ્તિકા જો ભાવ હૈ યહ વાચ્ય હૈ અને સ્વસ્તિ શબ્દ હૈ વો વાચક હૈ. તો વાચક બતાતે હૈ યે સ્વસ્તિ ( શબ્દ )કા અર્થ તો સ્વસ્તિકા અર્થ વો સમજતે નહીં, અને સ્વસ્તિ શબ્દ સૂના તો યે ( અર્થ ) ન જાનનેસે કુછ ભી ન સમજ સકતે, કયા કહતે હૈ સ્વસ્તિ શું છે આ તે.

" ઉસ બ્રાહ્મણકી ઔર મેંઢેકી ભાંતિ, " ઘેટાં ઘેટાં હોતા હૈ ને મેંઢા, મેંઢા એક ચલે નીચે દેખકર દૂસરા ચલે અનુકરણ કરકે ચલે જાયે મેંઢા નીચે નીચે દેખકર, " એમ મેંઢાની ભાંતિ સૂનનેમેં ઉસકી ઉપર બરાબર લક્ષ લગાકર " કયા કહતે હૈ આ ? કંટાળા નહીં હૈ, અનાદર નહીં હૈ, નહીં સમજતે હૈ તો સમજના નહીં ઐસા ભી નહીં હૈ. સમજમેં આયા ? આહાહા ! " મેઢેંકી

ભ્રાંતિ, આંખે ફાડકર " આખું મીંચીને એમ ને એમ, એમ નહીં, કયા કહતે હૈ આ ? સૂનના તો હૈ કાનસે પણ આંખે ફાડકર એટલે એનું લક્ષ ત્યાં છે ભાઈ, એ આ કયા કહતે હૈ આ સ્વસ્તિ સ્વસ્તિ સ્વસ્તિ " આંખો ફાડકર ટગટગી લગાકર " આંખો ફાડકર પણ પાછી ટગટગી લગાકર આંખો તો આમ ફાડી એટલું નહી પણ આમ ટગટગી લગાકર કયા કહતે હૈ આ ? આહાહાહા ! આ તો સંસ્કૃત ટીકા આચાર્યોની હૈ, એક એક શબ્દમેં ઘણી ગંભીરતા હૈ, આ કાંઈ કથા વાર્તા નહીં, આહાહા ! દિગંબર સંતોની ધર્મ કથા. આહાહાહા !

" આંખો ફાડકર ટગટગી લગાકર " આંખો તો ફાડી પણ ટગટગી તેના ઉપર, તેના ઉપર લક્ષ કરાકર, આંખો તો ફાડી પણ એના ઉપર લક્ષ કરાકર સકતે " દેખતે હી રહેતા હૈ " બ્રાહ્મણ સ્વસ્તિ કહતે હૈ ઉસકો સમજને કે કારણ દેખતા હી રહતે હૈ બ્રાહ્મણકો, આ કયા કહતે હૈ, ' સ્વસ્તિ ' આહાહા ! " કિન્તુ જબ બ્રાહ્મણકી ઔર મ્લેચ્છકી ભાષા " કા જબ બ્રાહ્મણકી ઔર મ્લેચ્છકી " ભાષાકા દોનોંકા અર્થ જાનનેવાલા, " કયા કહતે હૈ ? બ્રાહ્મણે જે સ્વસ્તિ કહા ઔર સ્વસ્તિકો મ્લેચ્છ ભાષાસે કહના કયા ? એ દોહીકા જો જાનનેવાલા હૈ, સ્વસ્તિકો ભી જાને ઔર મ્લેચ્છ ભાષાસે સ્વસ્તિકા અર્થ કયા કરના, વો ભી જાનેં, દોનોંકો જાનનેવાલા હૈ, હૈ ? બ્રાહ્મણકી ઔર મ્લેચ્છકી ભાષાકા, દોનોકા અર્થ જાનનેવાલા " કોઈ દૂસરા પુરુષ યા બ્રાહ્મણ પોતે " બ્રાહ્મણ ભી ઔર સ્વસ્તિકો ભી જાનતે હૈ અને સ્વસ્તિકા અર્થ ભી જાનતે હૈ, અથવા કોઈ દૂસરા સ્વસ્તિકા અર્થ ભી જાનતે હૈ અને સ્વસ્તિકા ભાવકો ભી જાનતે હૈ સ્વસ્તિ શબ્દકો ભી જાનતે હૈ અને સ્વસ્તિ શબ્દકા ભાવકો ભી જાનતે હૈ. એ બ્રાહ્મણે કહા અને દૂસરા ભી હો, એ બ્રાહ્મણ ભી દોકા અર્થ જાનનેવાલે કહે અથવા દૂસરા કોઈ આકર દોકા જાનનેવાલા ઉસકો કહે. આહાહા !

છે ? દોનોંકા અર્થ, " દોનોંકા અર્થ હોં, જાનનેવાલા કોઈ દૂસરા પુરુષ અથવા વહી બ્રાહ્મણ મ્લેચ્છ ભાષા બોલકર " આહાહા ! જુઓ, હવે ઈ સ્વસ્તિનો અર્થ બતાવવો છે તો મ્લેચ્છ ભાષા આવી. ઉસે સમજાયા જાતા હૈ કે ' સ્વસ્તિ ' શબ્દકા અર્થ યે હૈ કે " તેરા અવિનાશી કલ્યાણ હો " સ્વ-અસ્તિ, સ્વ નામ તેરી જો ચીજ હૈ, અસ્તિરૂપ ઐસા તેરા અસ્તિમેં તેરા ભાન હો જાઓ. ' સ્વસ્તિ ' સમજમેં આયા ? તેરા જે સ્વરૂપ હૈ ઉસકા કલ્યાણ હો, ઉસકો બહાર કિ બાત હો, ગમે તે હો-પણ સ્વ જો તેરા હૈ ઉસકા અસ્તિ હો. ઉસકી સાબિતિ હો, હૈ ઇસકો તેરેકો મિલા દેના યે સ્વસ્તિકા અર્થ હૈ. તેરા કલ્યાણ હો. તુમ હૈ, આહાહા ! તો તુમ્હારા કલ્યાણ હો. ઐસા સ્વસ્તિકા મ્લેચ્છ ભાષાસે કલ્યાણ હો ઐસા અર્થ કિયા. આહાહા ! હૈ ?

' તબ ' આંહી તો એવા જ પ્રાણી લીધા, ભાષા સમજનેવાલા ભી ઐસી ભાષા લિયા, પછી ધર્મ સમજનેવાલે લિયા એ તો ભાષા લિયા કે કયા કહતે હૈ આ, અને ઉસને કિયા કિ તેરા કલ્યાણ હો યે અર્થ હૈ. " તો તત્કાલ " તત્કાલ-વાર નહીં કહે છે થોડા વિચાર કર્યા પીછે ભી નહીં, આહાહા ! તેરા કલ્યાણ હો, સ્વસ્તિકા અર્થ ઐસા હૈ પ્રભુ. હૈં ? આહાહા ! તો એ સમજાતા હૈ તો " તત્કાલ હી એકદમ ઉત્પન્ન હોનેવાલા, " અત્યંત આનંદરૂપ અશ્રુઓંસે " આહાહા ! આંહી તો હજી અંતરના આનંદની વાત હૈ નહીં, હજી તો, આંસુ આમ આતે હૈ બહુ માણસ હરખ હરખ હરખ હરખકા આંસુ આ જાતા હૈ ને ? એમ હરખકા આંસુ બહોત આતે-એમ

હરખકા આંસુ આયા. સ્વસ્તિકા અર્થ આ ? તેરા કલ્યાણ હો, આહાહા ! શબ્દ તો થોડા ને ભાવાર્થ તો ઉસકા બહોત લંબા, ઐસે સૂનકર આંખમેંસે અશ્રુધારા, આનંદકી હરખકા હરખ ! આહાહા !

અત્યંત આનંદમય પાછા હોં, " અત્યંત આનંદમય અશ્રુઓંસે જિસકે નેત્ર ભર જાતે હૈ " આંખમેં ભર જાતે હૈ હરખ આંસુ આતો, ઓહોહો ! સ્વસ્તિકા ઐસા અર્થ ? મૈં તો નહીં સમજતે થે કુછ, ને આ કયા કહતે હૈ યે સમજનેકી મેરી જિજ્ઞાસા થી, ઔર ઉસકા અર્થ કયા ? કે તેરા કલ્યાણ હો તો અત્યંત આનંદકા અશ્રુઓસે, આંખમેં હરખ આનંદ આયા. આહા ! હરખકા આનંદ આયા, હરખકા આંસુ આયા, હરખકા આંસુ આયા ને વો રોતે હૈ ને તો શોકસે આંસુ આતે હૈ, રોતે હૈ ને લડકા મરી જાય... આ તો હરખકા આંસુ આયા. આહાહા !

હજી તો દૃષ્ટાંત હૈ હોં ! આનંદસે જિસકે નેત્ર ભર જાતે હૈ પાછું. જોયું ? જિસકા આંસુ ભર જાતે હૈ, ધારા... આહાહાહાહા ! " ઐસા એ મ્લેચ્છ ઈસ સ્વસ્તિ શબ્દકા અર્થકો સમજ જાતા હૈ " એ સ્વસ્તિનો અર્થ સમજી જાય છે, બરાબર સમજી જાય છે. આહાહા ! તદ્દન અજાણ્યો માણસ હોય, કહીં પણ સ્વસ્તિકા અર્થ નહીં જાનનેવાલા છતાં વો સ્વસ્તિકા શબ્દ ઉપર અને સ્વસ્તિ કહેનાર ઉપર બહુ માનસે ટગટગ દેખકર દેખા અને અર્થ જ્યાં કિયા ખુશી હો ગયા, હરખકા આંસુ આ ગયા. આહા !

" શબ્દકા અર્થકો સમજ જાતા હૈ. " યે દૃષ્ટાંત હુઆ, આ તો હજી દૃષ્ટાંત હુઆ. આત્મામાં તો હવે ( ઊતરશે ) આહાહા ! " ઉસી પ્રકાર " દૃષ્ટાંતની પેઠે વ્યવહારીજન ભી એટલે અનાદિ અજ્ઞાની પ્રાણી, વ્યવહારીજન હૈ, નિશ્ચય કયા ચીજ હૈ ઉસકી ખબર નહીં, આત્મા આનંદ સ્વરૂપ હૈ શુદ્ધ અભેદ અખંડ હૈ ઉસકી ખબર નહીં, નહીં ખબરવાલા વ્યવહારીજન, આહાહાહા ! જન ભી વો દૃષ્ટાંત દિયાને ? તો આ વ્યવહારીજન પણ એમ, જેમ ઓલો મ્લેચ્છ ભી નહીં સમજનેવાલા થા, વ્યવહારીજન ભી નહીં સમજનેવાલા હૈ. સમજમેં આયા ? આહાહા !

" ' આત્મા ' શબ્દકે કહને પર, " આત્મા કહા જેમ ઓલા સ્વસ્તિ કહા, ' આત્મા ' શબ્દકા અર્થકા જ્ઞાન ન હોનેસે, આત્માના શબ્દનું અર્થ એટલે એનું વાચ્ય વસ્તુ કયા હૈ ઉસકા જ્ઞાન ન હોનેસે, જોયું ? આત્માકા શબ્દકા જ્ઞાન બિલકુલ નહીં, ઐસા પ્રાણી લિયા હૈ યહાં. આહાહા ! " કુછ ભી ન સમજકર " કાંઈ સમજતે નહીં કે કયા કહતે હૈ આ ? તેમ નહીં સમજતે એટલે આત્મા કહેનેવાલા પ્રત્યે અનાદર નહીં, કલેશ નહીં, ખેદ નહીં, આ કયા કહતે હૈ ? ઐસે નહીં. આત્મા કહનેવાલા પ્રત્યે પ્રેમસે, ઉસકી સામું દેખ રહે હૈ, આહાહા ! કુછ ભી ન સમજકર " મેંઢેકી ભાંતિ " મેંઢા–ઘેટાં એની પેઠે ઘેટાંની મેંઢા જૈસે અનુકરણ કરનેકી ચીજ મેંઢા હૈ – મેંઢા એકને દેખીને અનુકરણ કરે મેંઢા એક નીચે દેખકર કૂવામાં પડે દૂસરા પડે, વાડ હોય એમાં મેંઢુ, એક ગરી જાય તો બીજો એમાં ગરી જાય એમ એ અનુકરણ કરનેવાલા હૈ. આહાહા ! ઊંચું ન જુએ એ નીચે જુએ અને પેલા મોઢા આગળ ચાલે એનું અનુકરણ કરે મેંઢા. આહાહા !

એમ યહાં મેંઢાની પેઠે અનુકરણ કરનેવાલા, આહાહા ! હૈ ? " આંખે ફાડકર " આહાહા ! ટકટકી લગાકર દેખતે રહતે હૈં, અંદર ક્ષયોપશમકા જ્ઞાનમેં, આ કયા કહતે હૈ ઐસા બરાબર ટગટગી લગાકર દેખતે રહતે હૈ. આત્માકો જાનનેકા અર્થ માટે જ્ઞાનકી પર્યાયમેં ખીલ ગયા

જ્ઞાન અંદર, ઓલા ને આંખ્યુ હતી, અહીંયાં જ્ઞાન ખીલ્યા, ખીલ ગઈ ને ટગટગી લગાકર આ કયા કહતે હૈ, ‘ આત્મા ’ કહતે હૈ, હૈ કયા ? આહાહા ! તેમ આત્માકા અર્થ ન સમજે માટે એ નથી સમજવું છોડી દે, ચાલો, ઐસે ભી નહીં. કયા કહતે હૈ એ સમજનેકી જિજ્ઞાસામેં જ્ઞાનકા જો ક્ષયોપશમ થા ઉસમેં લગાકર ટગટગ દેખતે રહે કયા અર્થ હૈ, કયા અર્થ હૈ, કયા કહેતે હૈ સમજમેં આયા ? આહાહા ! ટગટગી લગાકર દેખતે રહતે હૈ, જ્ઞાનકી પર્યાયમેં આત્માકા કયા અર્થ હૈ ( યે ) સમજનેંકી જિજ્ઞાસા ટગટગ લગાકર ખડા હૈ, આહાહા ! માળે ! આચાર્ય મહારાજ તો...

“ કિન્તુ જબ વ્યવહાર-પરમાર્થ માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથકો ચલાનેવાલા ” આંહી કેવળી નહીં લિયા હૈ. પોતે મુનિ થા ને મુનિ અપની વાત કરતે હૈ. મુનિકે કાળમેં સર્વજ્ઞ નહીં થા, અને મુનિ પોતે ‘ આત્મા ’ કહનેવાલા થા. તો એ મુનિ, આહાહાહા ! વ્યવહાર ને પરમાર્થ માર્ગ દોહીકા જાનનેવાલા થા. ભેદસે સમજાના એ ઉસકા ભી જ્ઞાન થા અને અભેદ ચીજ કયા હૈ ઉસકા ભી જ્ઞાન થા. તો વ્યવહાર ને પરમાર્થ માર્ગ પર “ સમ્યગ્જ્ઞાનરૂપી ”, સમ્યગ્જ્ઞાન દોહીકા, વ્યવહારસે ઐસા કહનેમેં આતા હૈ અને નિશ્ચય આ હૈ. દોહીકા જિસકો જ્ઞાન હૈ... આહાહા ! સમ્યગ્જ્ઞાનરૂપી મહારથકો ચલાનેવાલે, અહીં મુનિ લીધા નહીં, આચાર્ય લિયા હૈ. કેવળી નહીં કયોંકિ કેવળી એ વખતે થા નહીં, અહીં તો આચાર્ય પોતે જે સ્થિતિમાં હૈ એ સ્થિતિમેં વાત કરતે હૈ. આહાહા !

સમ્યગ્જ્ઞાનરૂપી મહારથ, દેખો રથકો બે પૈડાં રહતે હૈ ને આ વ્યવહાર અને નિશ્ચય બે પૈડાં. વ્યવહારસે કૈસે સમજાના અને સમજાના એ કઈ ચીજકો સમજાના, દોહીકા જ્ઞાન યથાર્થ હૈ. આહાહા ! સમજમેં આયા ? દોકા જ્ઞાન હોં અને એ વ્યવહારમેં આયા હૈ, “ આત્મા ” કહા ને ઓલો સમજે નહીં, તો સમજાનેકા વિકલ્પ તો આયા હૈ, તો વ્યવહારમેં આયા તો હૈ, ભલે આદર નહીં પણ આયા હૈ વિકલ્પમેં સમજાનેકો, આહાહા ! સમજમેં આયા ?

સારથીકી ભાંતિ, “ સમ્યકજ્ઞાનરૂપી મહારથકો ચલાનેવાલે, સારથીકી ભાંતિ ” આહાહાહા ! રથમાં બેઠનેવાલેકી પેઠે નહીં, સારથીની ભાંતિ કીધું ને, સારથી જેમ ચલાતે હૈ બે પૈડાંવાળા રથને, એમ જે મુનિ વ્યવહાર કૈસે કહનેમેં આતા હૈ વ્યવહારસે, અને નિશ્ચય કયા હૈ દોહીકા સારથી હૈ યે. આહાહા ! આવી ટીકા, ભરતખંડમાં અત્યારે આ ટીકા આત્મખ્યાતિ, આહાહા ! આત્માને ડોલાવી નાખ્યો છે અંદરથી, હલાવી નાખ્યો છે, પ્રભુ તુમ કેમ કૈસે હો નાથ, આ કયા પડયા હૈ તુમ, આહાહા ! તુમકો હમ વ્યવહાર( સે ) આત્મા કહકર કહા તો તુમ સમજે નહીં, તો હમારે ભી સમજાનેકા વિકલ્પ આયા હૈ, તો નિશ્ચય અને વ્યવહાર દોહી રથમેં હમ હૈ અભી તો, દોનોં ભાવ, આહાહા ! સમજમેં આયા ? હૈ ને સામે પુસ્તક ? હમ નિશ્ચયમેં ભી હૈ ઔર સમજાનેકા વિકલ્પ આયા તો ઉસમેં જ્ઞાન હમારા હૈ, દોહીકા જ્ઞાન હૈ, હમ દોહીકા જ્ઞાન કરતે હૈ. આહાહાહા !

તો યહાં કેવળી આત્માકો સમજાતે હૈ, ઐસી બાત અહીં લિયા હી નહીં, કારણકે અપની બાત કરતે હૈ. છઠ્ઠી ગાથામેં ભી અપની બાત કરતે હૈ, કે પ્રમત અપ્રમત અવસ્થા મેરેમેં હૈ, યે મેં નહીં, મૈં તો જ્ઞાયક હૂં, હૈ ઉસકી ભૂમિકાસે બાત કરતે હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

મુનિરાજ આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય હો કે અમૃતચંદ્રાચાર્ય હો, કોઈ પણ સંત દિગંબર સંત સચ્ચા હો, તો એ દિગંબર સંતોએ આત્મા કહા અને વો સમજમેં ન આયા અને સમજનેકે કારણ બરાબર ટગટગ લગાકર ભાવ હૈ, તો આત્મા કહા વો ભી વ્યવહાર પરમાર્થકા જાનનેવાલા કદાચિત્ હો ઉસકા અર્થ કરનેવાલા, કદાચિત્ દૂસરા ભી હો. હૈં ? આહાહા ! વ્યવહાર વિકલ્પ આયા હૈ ને ? સમજાનેકા ભેદ તો આયા હૈ. તો ' હમ ' ભી વિકલ્પમેં આયા હૈ, હો પણ એ કાંઈ આદરણીય નહીં. આહાહા ! ઔર વ્યવહારકી ભાષા હોગી, ઉસકા ભી હમ કર્તા નહીં હૈ, આહાહા ! ઔર વ્યવહારસે તુમકો સમજાતે હૈં તો વ્યવહારસે તુમ સમજેગા માટે વ્યવહાર આદરણીય હૈ, ઐસા નહીં હૈ. આહાહાહા !

એક એક ગાથા ને એક એક ટીકા, ભાગ્ય જગતના આ સમયસાર ઐસી ચીજ રહ ગઈ !! આહાહા ! ને અહીંયા તો ઐસા હી આત્મા લિયા હૈ, ત્યાં ભી લિયાને પાંચમી ગાથામેં પ્રમાણ કરના, મેં કહું છું પણ, ગજબ વાત હૈ તેરી પ્રભુ, મૈં નિમિત્ત આયા ઔર તેરે ઉપાદાનમેં ઐસી તૈયારી ન હો, ઐસા નહીં. આહાહા ! તેરેકો નિમિત્ત મિલા આત્માકા સમજાનેવાલા આચાર્ય ને સંત, આહાહાહા ! ઔર તુમ પ્રમાણ કરો અનુભવ કરેગા. અનુભવ કરકે હા પાડના. આહા ! ગજબ વાત છે પ્રભુ. ઓહોહો ! એ ભાષા, એ વ્યવહાર, એ નિશ્ચય, એ સમજનેવાલા, વ્યવહારકો કહેતે હૈ, સમજાનેવાલા પણ વ્યવહારસે નિશ્ચય સમજાતે હૈ. આહાહા ! ઐસી અહીં ચીજ લિયા હૈ. વ્યવહાર કહા હમને અને નહીં સમજતે હૈ ઐસી બાત યહાં હૈ હી નહીં. આહાહાહાહા ! સમજમેં આયા ?

બધે ઠેકાણે છે ને આ ? ઓલામાં આવ્યું 'છું ને ? કાયા ને આત્મા ને જુદા બતાયા હૈ તો કોણ નહીં સમજે ? કોણ ઐસા આત્મા હૈ કે નહીં સમજે ? આહાહા !

યહાં કહતે હૈ, કે આત્મા શબ્દ કહેનેવાલા અને સુનનેવાલા એ સમજે નહીં તો " કહનેવાલા વ્યવહાર નિશ્ચયકા જાનનેવાલા હૈ અથવા દૂસરા કોઈ વ્યવહાર નિશ્ચયકા જાનનેવાલા આત્માકા અર્થ દૂસરાકો સમજાતે " હૈ, આહાહા ! સમજમેં આયા ? કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય કહેતે હૈ હમારી હાજરીમેં હમેં ઉસકો કહા, આહાહા ! કદાચિત્ હમ કહતે હૈ વ્યવહાર નિશ્ચય તો યે સમયે દોહી કહનેવાલા હમ તો યે સમજાયા જાતા હૈ. પણ હમેં કહા તો હમારા ઉસકા અર્થ કહેનેકા અવસર ન હો, તો ઓ દૂસરા ઉસકી પાસ અર્થ કહનેવાલા મિલેગા હી, આહાહા ! ઔર યે સમજેગા હી. આહાહાહાહા ! આવી વાત છે.

વ્યવહાર પરમાર્થ માર્ગ પર, જો કહે છે કે વ્યવહાર પર આવ્યા કે નહીં ? પરમાર્થકા ભી ભાન હૈ ને વ્યવહાર વિકલ્પ આયા હૈ. છદ્મસ્થ લેના હૈ ને ? અહીં કેવળી લેના હૈ નહીં, કારણ કે અહીં કેવળી કહેતે હૈ ને ઓલા લોકો સમજતે હૈ યહ ટાઈમ તો યહાં હૈ નહીં. અહીંયા તો અપના ટાઈમકે કાળકી બાત કરતે હૈ. આહાહા ! જે સમયે સંતો હાજર થા કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આદિ મુનિઓ, એ મુનિએ દૂસરાકો આત્મા કહા અને એ આત્માકા અર્થ નહીં સમજ્યા, તો વો સમયમેં વોહી મુનિ પોતે વિકલ્પમેં આયા ને પરમાર્થકા ભાન હૈ, દો ( કા ) જ્ઞાન રથોમેં ચલાનેવાલા આયા. આહાહા ! તો યે કહનેવાલા ભી આયા અને કહનેવાલેકો વખત ન મિલા અને એ વખતે વો સમજે નહીં, સમજમેં આયા ? ઔર પીછે કોઈ કહનેવાલા

મિલા નિશ્ચય વ્યવહારમેં આનેવાલા. સમજમેં આતે હૈ? આહાહાહા!

એક એક શબ્દ ને એક એક અર્થમાં કેટલી ગંભીરતા, ઉસકા ક્ષયોપશમ જ્ઞાનમેં કિતની દશા. આહાહા! ઐસી વાત સંતો, એકએક શબ્દમેં ભાવ ભર્યા હૈ. ઐસી ચીજ ક્યાંય દૂસરે હૈ નહીં. જિસમેં અંદર યથાર્થ ભાન ઔર ભાનકે સાથ સુનનેવાલા તરત ભાન કરેગા હી, આંહી તો યે કહતે હૈ. આહાહાહા! લો પ્રવચનસારમેં એમ કહા ને પીછે, હમ બાત કરતે હૈ તો આજ સમજ લે, આજે જ સમજ, વાયદા છોડ દે... પીછે સમજેગા, પીછે સમજેગા એમ છોડ દે. નેમચંદભાઈ! આહાહા! દિગંબર સંતોની બાગબગીચાની વાતો તો દેખો, આહાહા! એના ફૂલની સુંગધ તો જુઓ, આહાહા! જ્યાં હમ વ્યવહારમેં આયે સમજાનેકો હમ છદ્મસ્થ હૈ ને! છદ્મસ્થ હૈ તો વ્યવહાર વિકલ્પમેં તો આયા હૈ. આહાહાહા!

ઔર પરમાર્થકા તો હમકો ખબર હૈ, વિકલ્પસે રહિત હમારી ચીજ હૈ, અને ઉસકી ભી ચીજ વિકલ્પસે રહિત હૈ, યે દોહીકા હમકો જ્ઞાન તો હૈ. આહાહા!

વ્યવહાર પરમાર્થ માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનાર, મહારથકો ચલાનેવાલા, આહાહા! જિસકો અંતર અનુભવ ભી હૈ ઔર સમજાનેકા વિકલ્પ આયા હૈ ઐસા દોહી ચક્કો, રથ ચલાનેવાલા. જિસકો સમજાનેકા વિકલ્પ હૈ નહીં, ઉસકી બાત તો યહાં હૈ નહી, આહાહા! વો તો અંદરમેં પડયા હૈ આનંદમેં. આહાહાહા! સમજમેં આયા?

પણ જિસકો વ્યવહારકા વિકલ્પ આયા વો આત્મા શબ્દકો ન સમજે, કહેનેકા વિકલ્પ આયા, આ સમજતો નથી તો મેરે ઉસકા અર્થ કરના પડેગા. આહાહા! દેવીલાલજી! આહાહાહા! અરે પ્રભુ, આ કયા હૈ ભાઈ? આહાહા! એ શું કયા ચીજ હૈ યે? આહાહા! એકેક ગાથા ઉસકા એક એક શબ્દમેં, કિતની ગંભીરતા હૈ. આહાહા! કહેતે હૈ કે આત્મા કહનેવાલા વો ભી સમ્યગ્જ્ઞાનરૂપી ( મહા )રથમેં નિશ્ચય વ્યવહારમેં આયા, ઔર ઉસસે દૂસરા કોઈ, ઉસકો બોલનેકા ટાઈમ ન રહા ને નિર્વિકલ્પમેં ઊતર ગયે. આહાહા! આત્મા કહા તો ખરા પણ પીછે અર્થ કરનેકા વખત ન મિલા ને અંદરમેં ઊતર ગયે. આહાહાહા! તો દૂસરા આચાર્ય મુનિ લેના કે જે વિકલ્પ ને નિર્વિકલ્પ દો કા ભાન હૈ અને વિકલ્પમેં આયા મહારથ ચલાનેવાલા. આહાહાહાહા!

સારથીકી ભાંતિ છે ને? મહારથનો ચલાવવાવાળો સારથી, મહારથમાં બેઠા છે તો ભગવાન, એ ભગવાનને... આહાહા! ભગવાનને કયા કહેના હૈ, એ સારથી ચલાતે હૈ રથકો. આહાહા! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ જિનેશ્વરદેવ એ રથમેં બેઠે હૈ ને સારથી તરીકે આ હૈ. ઉસકા માલ તો પરમાત્મા ત્રણ લોકકા નાથ સર્વજ્ઞદેવકા માલ હૈ, પણ હમ સારથી તરીકે યે રથકો ચલાતે હૈ માર્ગકો. આહાહા! નિશ્ચય ઐસા હૈ ને વ્યવહાર ઐસા હૈ. આહાહાહા! ગજબ વાત હૈ!

મહારથકો ચલાનેવાલા લિયા ને? નિશ્ચય ને વ્યવહારકો જિસકો ચલાના હૈ, જિસકો અંદર ઠર ગયા હૈ ઐસા ભી હૈ અને વિકલ્પ આયા હૈ ઐસા વ્યવહારકા રથકો પરમાર્થકો ચલાનેવાલા. આહાહા! સારથી કે સમાન, અહીં તો સારથીકી ભાંતિ, આહાહા! સમ્યક્વસ્તુ હૈ, એ ભી ઈસકો ભાન હૈ, ઔર યે ભાનમેં એ આત્મા હી પડા હૈ. આહાહા! તો યે નિશ્ચયસે વ્યવહારકી જો બાત કિયા થા ઉસમેં વિકલ્પ ભી આયા ઔર સમજનેકી ચીજ ભી સમજ્યા હૈ,

એ દોકા અર્થમેં ચલાનેવાલા સારથી, જિસકો વ્યવહારમેં પડા હી નહીં ને અંદરમેં પડયા હૈ, ઉસકો યહાં લેના નહીં, કેવળીકો યહાં લેના નહીં. આહાહા ! સમજમેં આયા ?

વો આત્મા સમજે નહીં તો પીછે દૂસરા પણ આયા, વો ભી અપના આત્માકા ભાન હૈ ઔર વિકલ્પ આયા હૈ આ સમજે નહીં તો સમજાવું. આહાહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશકમેં આયા હૈ ને પહલે કે મુનિકો અશુભ રાગ તો હૈ હી નહીં, પણ ધર્મકા લોભી દેખકર કોઈ શુભ રાગ ધર્મકા આતા હૈ. આહાહા ! ધર્મકા લોભી, ધર્મકો સમજનેવાલા ઐસા દેખકર શુભભાવ આતા હૈ, તો શુભભાવસે સમજાતે હૈ. આહાહા ! છે ને ભાઈ ? મોક્ષમાર્ગ પ્રકાશક, આહાહા ! એ તો ટોડરમલ, બનારસીદાસ, રાજમલ્લ, ભાગચંદજી, ઓહોહોહો ! સંતોકી બાત તો કયા કહના પણ એના પંડિતો પણ, આહાહા ! જૈન ધર્મ કયા ચીજ હૈ યે ટકાવી રાખી હૈ.

પંડિતોએ ગૃહસ્થાશ્રમમેં રહેલ, તો એ ચીજમેં કયા ફેર હૈ ? સમ્યગ્દર્શનમેં સિદ્ધકા ઔર તિર્યંચકા સમ્યગ્દર્શનમેં ફેર હૈ ? આહાહાહાહા ! યહાં કહેતે હૈ, સારથીકી સમાન અન્ય કોઈ આચાર્ય અથવા તો આત્મા શબ્દકો કહેનેવાલા સ્વયં હી વ્યવહારમાર્ગમેં રહેતા હુઆ દેખો, સમજાનેકા વિકલ્પ આયા એમ કહેતે હૈ, આત્મા કહા ને વિકલ્પ છૂટ ગયા અને નિર્વિકલ્પમેં આ ગયા તો ઉસકી બાત જુદી હૈ, તો દૂસરા આત્માએ મુનિ સંત કોઈ મિલે ઉસકો, યહ વ્યવહારમાર્ગ ( મેં ) રહેતા હુઆ આત્મા શબ્દકા યહ અર્થ બતલાયા કયા ? આહાહાહા !

પુણ્ય પાપકા ભાવકો પ્રાપ્ત હો યહ આત્મા ઐસા નહીં કહા, હૈં ? પરકા કુછ કર શકે ભલા જગતકો તાર દે આત્મા, વ્યવહાર ભી ઐસા લિયા હૈ ઐસા પરકો તાર દે ઐસા, યે ભી નહી લિયા અહીં તો. આહાહા ! સમજમેં આયા ?

યે આત્મા કયા ? કે " દર્શન જ્ઞાન ચારિત્રકો જો સદા પ્રાપ્ત હો વો આત્મા " આહાહા ! દેખો, ભેદ પાડકર ઈતના બતાયા. મુનિરાજ વિકલ્પમેં આયા અને વો આત્મા કહતે હૈ ને, ન સમજ્યા તો આ વ્યવહારમેં ઐસા લિયા, પ્રભુ ! કે આત્મા ઉસકો હમ કહતે હૈ કે દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો, પરકા કાર્યકો પ્રાપ્ત કરે ને ઉસકી સ્થિતિમેં પરકા કાર્ય બરાબર હો, યે આત્મા ઐસા નહીં કહા. તેમ દયા દાન વ્રત ભક્તિકા પરિણામકો પ્રાપ્ત હો, કે જે ભાવે તીર્થંકર ગોત્ર બાંધે એ ભાવકો પ્રાપ્ત હો યે આત્મા, ઐસા નહીં કહા. આહાહા !

ગજબ બાત હૈ ભાઈ દિગંબર સંતોની એટલી ગંભીરતા ! ! આહાહા ! ગજબ વાત છે બાપુ ! બીજાને દુઃખ લાગે બસ આ એક જ સત્ય છે બીજે ક્યાંય નથી ? બાપુ ! સત્ય તો આ એક જ હૈ. આહાહા ! સર્વજ્ઞ પરમાત્મા, આહાહા ! એ રથના ચલાવવાવાળા સંતો, આહાહા ! એનો માર્ગ નિશ્ચય અને વ્યવહાર, આહાહાહા ! એ સંતો દિગંબર પોતે પોકાર કરતે હૈ, અપની સ્થિતિકા હી પોકાર કરતે હૈ, હમ નિશ્ચય ને વ્યવહાર દોમેં હૈ. અભી તો સમજાનેમેં આયા તો નિશ્ચય ને વ્યવહાર. હમ કેવળી નહીં હૈ, હમ નિર્વિકલ્પમેં નહીં પડા હૈ ને વ્યવહારકો સમજાતે હૈ. આહાહા !

દર્શન જ્ઞાન ચારિત્રકો જો સદા પ્રાપ્ત હો, ભાષા દેખો ! આહાહાહા ! પ્રભુ આત્મા ઈસકો હમ કહતે હૈ, વ્યવહારમેં હમ આયે હૈ ને નિશ્ચયમેં તો હૈ હી, તો વિકલ્પ દ્વારા ભી તુમકો ઐસે કહેતે હૈ ઓર તુમ સુનનેવાલા ભી વિકલ્પસે ઐસા સૂનતે હૈ, ઔર કયા સુના ? કે જે અંદર

આત્મા હૈ, યે દર્શન જ્ઞાન ચારિત્રને સદા પ્રાપ્ત હો, આહાહા ! રાગકો પ્રાપ્ત હો, કે વ્યવહાર રત્નત્રયકો પ્રાપ્ત હો, કે ઉપદેશ દેનેવાલા વિકલ્પવાલા આત્મા હો, ઐસા યહાં નહીં લિયા. કહેનેવાલા વિકલ્પમેં હૈ, પણ વો બતાયા આત્માકા, કે જેને એ આત્મા દુનિયાકો સમજાતે હૈ, વિકલ્પ દ્વારા એ આત્મા ઐસા નહીં લિયા. સમજમેં આયા ? આહાહાહાહા !

યે દર્શન જ્ઞાન ચારિત્રકો જો સદા પ્રાપ્ત હો. ગજબ બાત હૈ નાથ ! ! તેરા પરમાર્થકો, અર્થકો બતાના, વ્યવહારસે બતાના, આહાહા ! ભેદ પાડકર ભી બતાના, એ વ્યવહાર. એ પણ ભેદ કરકે બતાના, પણ બતાયા કયા ? પ્રભુ તેરે આત્મા મૈં કહા તો આત્મા. તો ઐસા અર્થ હૈ કે જો દર્શન જ્ઞાન ને શાંતિ એ ભેદમેં પરિણમે, પ્રાપ્ત હો, વો આત્મા, આહાહાહા ! કોઈ કી દયા પાલનેવાલા હો યે આત્મા. વ્યવહારે ય એ નહીં લિયા. વ્યવહાર તો આ લિયા હૈ ? આહાહા ! ગજબ વાત હૈ !

સમયસાર કોઈ ઐસા બન ગયા, કુંદકુંદાચાર્યને ( બનાયા ) આહાહા ! ધન્યકાળ સમજમેં આયા ? કે જે હમ આત્મા ઈસકો કહતે હૈ પ્રભુ હમ વ્યવહારમેં વિકલ્પમેં આયા હૈ અને તુમકો સમજાતે હૈ ને પરદ્રવ્યકો, વ્યવહાર તો આયા હૈ, ઔર તુમકો વ્યવહારસે સમજાતે હૈ યે ભી આયા પણ વ્યવહાર કયા ? કે યે આત્મા ચલે ગતિ કરે તે આત્મા ! સ્થિર રહે તે સ્થાવર, ગતિ કરે તે ત્રસ દયા પાળવાના ભાવવાળા એ આત્મા ! આહાહા ! અમારી ભક્તિ તીર્થંકરકી ભક્તિ કરે યે આત્મા ! આહાહાહા ! એ આત્મા વ્યવહારકો બરાબર જાળવી રાખે એ આત્મા, ઐસા નહીં કહા. આહાહા ! નરેશજી ! ભાગ્ય !

દર્શન જ્ઞાન ચારિત્રકો પણ પાછું પ્રાપ્ત હો ઈતના નહીં લિયા, સદા પ્રાપ્ત હો, આહાહા ! ભેદ કરકે કહા પણ ભેદ ઈતના લિયા, પ્રભુ યે તેરી ચીજ જો હૈ ને ? એ આત્મા હમ તો ઈસકો કહતે હૈ કિ જે દર્શન જ્ઞાન ચારિત્રકો સદા પ્રાપ્ત હો, તો વો ભી વ્યવહાર આયા, ભેદસે બતાયાને ? આહાહા ! ઈસમેં કોઈ વ્યવહાર રત્નત્રયકા રાગ આયા એ તો બાત લિયા હી નહીં પ્રભુ. આહાહા ! ઈતના ભેદ પાડયા વિના સમજી શકે નહીં. એ આવે છે ને ઓલા કળશ ટીકામાં આવે છે, બહુ બુદ્ધિવાળો હોય તો પણ કળશ ટીકામાં આવે છે ને ? આટલું તો કહેવું જ પડે, કહે છે જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા ઈતના તો કહેના હી પડે હી. આહાહા ! યહ ભી જ્ઞાન તે આત્મા એ પણ સદ્ભૂત વ્યવહાર હુઆ. આહાહા ! અહીં મોક્ષમાર્ગ એક હારે બતાયા હૈ, પ્રભુ આત્મા ઈસકો કહીએ, આહાહા ! કે દર્શન જ્ઞાન ચારિત્રકો, નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકો હોં, વ્યવહારકી યહાં બાત નહીં, વ્યવહારસે કહતે હૈ પણ ઓલો ભેદ આવ્યો ને માટે વ્યવહાર. પણ ભેદ આયા કયા ? કે દર્શન જ્ઞાન ચારિત્ર જે નિર્વિકારી દશા, વીતરાગી પર્યાયકો આત્મા પ્રાપ્ત હો ઉસસે તું જાન લે કે આત્મા હૈ, આહાહા ! સમજમેં આયા ? જો સદાય પ્રાપ્ત હો. આહાહાહા ! કોઈ સમયે વ્યવહારકો પ્રાપ્ત હો ને કોઈ સમયે દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો, ઐસા નહીં લિયા. આહાહા ! ગજબ વાત કરતે હૈ એક એક શ્લોકમેં તો સારા બાર અંગકા ( સાર ભર દિયા ) વિશેષ કહેગા.

* * *

## પ્રવચન નં. ૩૧ ગાથા – ૮ તા. ૧૧-૭-૭૮ મંગળવાર, અષાઢ સુદ-૬ સં.૨૫૦૪

આઠમી ગાથાની ટીકા ચલતે હૈ ને ? યહાં આયા હૈ, શિષ્યકો ગુરુએ આત્મા શબ્દ કહા, તો આત્માકા અર્થ નહિ સમજનેસે ગુરુકી સન્મુખ આંખ ફાડકર ટગટગ લગાકર ( આત્માકા ) ક્યા અર્થ હૈ, સમજનેકી જિજ્ઞાસામેં ખડા હૈ. આહાહા !

ઉસમેં ગુરુએ કહા કે આત્મા ઈસકો કહિએ, સ્વયમ્ વ્યવહારમાર્ગમાં રહેતા હુઆ, ઐસા આયા હૈ ના ? ઉપદેશ દેનેમેં વો વિકલ્પ આયા હૈ ને ? અહીં તો છદ્મસ્થ મુનિ લેના હૈ ને ? આહાહાહા ! ધર્મ સમજનેકો આયા હૈ ઔર ઉસકા પ્રશ્ન હૈ કે તુમ આત્મા કહેતે હો તો ક્યા કહેતે હૈ આત્માકા ? પ્રશ્ન ભલે ન હોય પણ ઉસકી દૃષ્ટિ ત્યાં લગાઈ હૈ કે આત્મા ક્યા ( કિસકો ) કહેતે હૈ આપ ? ઉસકા અર્થ કરકે શબ્દકા અર્થ બતલાયા. દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો, આહાહાહા ! જે આત્મા અંદર હૈ એ દર્શન જ્ઞાન ચારિત્ર, સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન સમ્યગ્ચારિત્રકો પ્રાપ્ત હો, સદા પ્રાપ્ત હો, પછી હિન્દીમેં વિશેષ લખ્યા હૈ. ઉસકા અર્થ યે બહુ જ ટૂંકી ભાષામેં આત્માકા છ દ્રવ્યકી યહાં બાત હૈ નહિ, આત્મા અર્થાત દર્શન જ્ઞાન ને ચારિત્ર જો નિર્મળ પર્યાયરૂપ પરિણમે, પ્રાપ્ત હો એ આત્મા, બહુ સૂક્ષ્મ બાત કિયા હૈ ઈસમેં. આહાહા ! ગુરુએ કહા ને ઉસને ધ્યાનસે સૂના.

આવી વાત ક્યાંય છે નહિ બીજે, દિગંબર સંતો સિવાય આ ગજબ વાત છે કોઈ, એ વાત સંપ્રદાયવાળાને ખબર નથી, જિસકા ઘરમેં હૈ, હેં ? તમારા તો ઘરમેં હૈં. આહાહા !

ક્યા કહેતે હૈ દેખો. ઓહોહો ! કોઈ છ દ્રવ્યકી બાત ન કિયા, ગુરુએ તો આત્મા શબ્દ લિયા હૈ બસ, કારણ કે આત્મા જાણેગા તો છ દ્રવ્ય, ' એગં જાણહિ સો સવ્વં જાણહિ, ' એ સર્વ જાનનેમેં આયેગા. તો એક આત્મા કહા અને સૂનનેવાલા ભી આત્મા ક્યોં એકલા કહેતે હૈ ? છ દ્રવ્ય ક્યું નહિ કહેતે ઐસા નહિ. સૂનનેવાલાકો ભી જંખના, ધગશ એ ક્યા કહેતે હૈ બસ વો બાત, આત્મા ક્યા ( કિસકો ) કહેતે હૈ ? આહાહા ! કહેનેવાલા ભી એક આત્માકો હી કહેતે હૈ અને સૂનનેવાલા ભી આત્મા ક્યા હૈ યે સમજનેકી જિજ્ઞાસા એક હૈ. આહાહા !

છ દ્રવ્યેય ન કહા ગુરુએ તેમ શિષ્યે પ્રશ્ન ઐસા નહીં કિયા કે આપ આત્મા કહેતે હો પણ છ દ્રવ્ય તો કહો, નમ્ર વિનયવંત હૈ, આપ આત્મા ક્યા ( કિસકો ) કહેતે હૈ આપ ? કયુંકિ આત્માકી પર્યાયમેં છ દ્રવ્ય તો જાનનેમેં આ જાતા હૈ ઐસી પર્યાયકી તાકાત હૈ, એટલે યહાં છ દ્રવ્યકો જાનનેકા પ્રશ્ન કિયા નહિ, યહાં તો આત્મા કહા. આહાહા ! તો ઈતના લિયા હૈ ઉસને ભેદસે કથન કરકે દર્શન જ્ઞાન ચારિત્ર જે આત્મા, અંતરમેં ઉસકી પ્રતીતિરૂપ દર્શન ઉસકા જ્ઞાન ને ઉસકા રમણતા ઉસકો પ્રાપ્ત હો. આહાહાહા ! ઉસકો આત્મા કહેતે હૈ.

ઐસા જ્યાં અર્થ સૂના શિષ્યે, અહીંયા તો ઐસા હી તૈયારીવાલા શિષ્ય લિયા હૈ, આહાહા ! દિગંબર સંતોની કથની, અપનેમેં તો તૈયારી બહોત હૈ, પણ સૂનનેવાલા હી ઐસા લિયા કે તૈયારીવાલા હૈ. આહાહા ! નેમચંદભાઈ ! આવી વાત છે બાપુ. આ કથા વાર્તા નહિ આ તો અંતરના વીતરાગના પેટ હૈ. જિનેશ્વરદેવ ત્રિલોકનાથ એ આત્મા કિસકો કહેતે હૈ એ આચાર્ય અપના શબ્દોસે કહેતે હૈ, પ્રભુ એક વાર સૂન, એ આત્મા ઈસકો કહેતે હૈ કે જે સમ્યગ્દર્શન,

વિશ્વાસ જો કરતે હૈ આત્માકા, જ્ઞાન કરતે હૈ ને ચારિત્રકો પ્રાપ્ત હો એ આત્મા, તો ઉસકા અર્થ વો પ્રાપ્ત હો ઓ ઉપર લક્ષ તેરા નહિ, સૂનનેવાલેકા લક્ષ એ પ્રાપ્ત હો કોણ ? આત્મા ? કિસકો ? કે દર્શન જ્ઞાન ચારિત્રકો, તો ઉસકા લક્ષ દ્રવ્ય ઉપર જાતા હૈ. સમજમેં આયા ?

ક્યા કિયા ? આ તો અધ્યાત્મવાણી હૈ બાપા. આહાહાહા ! ભાગ્ય હોય ને તો કાને પડે ઐસી વાત છે. ઓહોહો ! ઐસા કહા પ્રભુ, આત્મા ઈસકો હમ કહેતે હૈ, કે જે શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્રકો પ્રાપ્ત હો, ઐસા કહા નહિ કે આત્મા પરકા કર્તા હો વો આત્મા, રાગરૂપે પરિણમે દેવ ગુરુ શાસ્ત્રની શ્રદ્ધા આદિ એ આત્મા ઐસા કહા નહીં. આહાહાહા ! ઔર તીન બોલરૂપે પરિણમે, હૈ તો પર્યાય ભેદ, પણ એ અભેદ ચીજ હૈ આત્મા તીનપણે પરિણમે એ આત્મા, તો શ્રોતાકા લક્ષ તીનપણે પરિણમનેવાલા દ્રવ્ય હૈ, આત્મા હૈ, એ ઉપર દૃષ્ટિ જાતી હૈ, ભેદ ઉપર ભેદસે કહા, તો કહેનેવાલે ( કો ) ભી ભેદકા અનુસરણ નહીં. ઔર સુનનેવાલેકો ભી ભેદકા અનુસરણ નહીં. મોટાણી ? ઊંચી વાત હૈ આ. આહાહા ! શીવલાલભાઈ ? આમ કહેતે હૈં.

આત્મા અર્થાત્ એ દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાયરૂપ ભાવરૂપ પરિણમે, પ્રાપ્ત હો એ આત્મા, તો આચાર્યે કહા તો આત્મા, ભેદ પાડકે બતાયા તો આત્મા, ભેદસે તો બતાયા, ભેદકો બતાના નહિ, ભેદસે અભેદકો બતાના હૈ. આહાહાહા ! સમજમેં આયા ? બહોત ( ગંભીર ) આવી વાત તો ક્યાં ? આહાહા ! ક્યા કહેતે હૈ ? કહેતે હૈ કે પ્રભુ, આત્મા ઈસકો હમ કહેતે હૈ, કે જે દર્શન જ્ઞાન ચારિત્ર ( પણે ), રાગપણે પરિણમે એ આત્મા એ તો બાત નિકાલ દિયા, વ્યવહારપણે પરિણમે એ આત્મા એ તો બાત હૈ હી નહિ, ફક્ત દર્શન જ્ઞાન ચારિત્રપણે પ્રાપ્ત હો એ આત્મા. એ દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો એ આત્મા. એ દર્શન જ્ઞાન ચારિત્રકો બતાના નહિ દર્શન જ્ઞાન ચારિત્રપણે પ્રાપ્ત હો એ આત્મા, બતાના ( હૈ ) આત્મા. આહાહાહાહા !

સમજાય એટલું સમજવું બાપુ આ તો અલૌકિક વાતું હૈ, જિનેશ્વરદેવ ત્રિલોકનાથ એની વાણી અને એ ક્યાંય જગતમેં હૈ નહિ. આહાહા ! પણ સમજનેવાલા ભી બહોત, પ્રાણી કમ.

અહિંયા કહતે હૈ, આહાહા ! કે દર્શન જ્ઞાન ને ચારિત્રને પ્રાપ્ત થાય તે દર્શન જ્ઞાન ચારિત્ર એમ નહીં કહા. દર્શન જ્ઞાન ને ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા, એટલે ત્યાં દૃષ્ટિ આત્મા ઉપર લગાના હૈ, ભેદ ઉપર નહીં. ભેદકો સમજાયા પણ કહેગા અભી, ભેદકો હમ સમજાયા પણ હમારે ભી ભેદકા અનુકરણ અનુસરણ કરના નહિ, ઔર તેરે ભી હમ ભેદસે સમજાયા, પણ તેરે સમજાયા મૈં અભેદ ચીજ હૈ વો અંદર ઓ આત્મા ભગવાન બિરાજતે હૈ ઉસકો તો તેરે ભેદ ઉપર અનુસરણ કરના નહિ પણ વો ભેદરૂપે પરિણમતે એ કોણ ? કે આત્મા. આહાહાહા !

એ શ્રોતાકો ને વકતાકો દોહિકો ભેદસે કહેતે હૈ ઔર વો ભેદસે વો સૂનતે હૈ પણ સૂનનેમેં ભેદસે પરિણમતે હૈ એ આત્મા, બતાના હૈ આત્મા, ભેદસે પરિણમે એ બતાના નહિ. આહાહાહાહા ! એટલા શબ્દમાં કેટલા ભાવ ભર્યા હૈ, દિગંબર સંતોની વાણી, આહાહા ! જગત એની પાસે ભરે પાણી એની પાસે કાંઈ. નરેશજી ! આહાહા ! પ્રભુ આ તો શાંતિકી બાત હૈ નાથ, આ કોઈ પક્ષકી બાત હૈ નહિ, જૈન દર્શન કોઈ પક્ષ નહિ એ તો વસ્તુકા સ્વરૂપ હૈ. આહાહા ! એ સ્વરૂપ હૈ. એ આત્મા. આહાહા ! ક્યુંકિ વસ્તુ આત્મા એ જિનસ્વરૂપ હૈ " ઘટ ઘટ અંતર જિન બસે ઘટ ઘટ અંતર જૈન, મત મદિરાકે પાનસો મતવાલા સમજે ન " અપના અભિપ્રાયમેં પાગલ હો ગયા હૈ તો વસ્તુ

ક્યા ચીજ હૈ યે સમજતે નહિ. કોઈ કહેતે હૈ કે રાગ કરના હૈ ને રાગ કરતે કરતે હોગા ને, ઐસા કરતે હોગા ને, નિમિત્તસે હોગા ને. આહાહા !

એ જિનસ્વરૂપી ભગવાન આત્મા એ સમયસાર નાટકકા શબ્દ હૈ. ઘટ ઘટ અંતર જિન વસે એ જિન આત્મા એમ કહીને આત્મા જિન સ્વરૂપી કૈસા હૈ ? આહાહાહા ! કે જૈન એટલે એ જિન પોતે જૈનપણેના સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રપણે પરિણમે એ વીતરાગીપણે પરિણમે. એ આત્મા, સમજમેં આયા ? આહાહાહા ! ( શ્રોતાઃ અંગુલીસે ચંદ્રમા બતાયા તો અંગૂલી દેખના નહિ, ચંદ્રમાં કો દેખના ) નહિ, એ અંગૂલી તો દૂસરી ચીજ હુઈ. આ તો અંદરસે ભેદસે બતાયા તો ભેદકો બતાના નહીં. ભેદ અભેદકો બતાતે હૈ. કહેનેવાલેકા આશય ભી ઐસા હૈ કે હમ ભેદસે કહેતે હૈ પણ ભેદકા અનુસરણ કરના હમારે ભી નહિ, ઔર તેરેકો હમ કહેતે હૈ કે પ્રભુ અંદર દ્રવ્ય જો વસ્તુ હૈ અંદર જિનસ્વરૂપી અનાદિ અનંત આનંદકંદ પ્રભુ ધ્રુવ જો આત્મા પરમ સામાન્ય ઈસકો હમારે તો બતાના હૈ, તો ઉસકો બતાનેમેં વો દર્શન જ્ઞાન ચારિત્રકા ભેદરૂપે પરિણમે એ બતાકર બતાના હૈ અભેદ. વો દર્શન જ્ઞાન ચારિત્રકો પરિણમે તો દર્શન-જ્ઞાન-ચારિત્રકો બતાના હૈ ઐસા નહિ. આહાહા ! દર્શન જ્ઞાન ચારિત્રકો જો પ્રાપ્ત હો. આહાહા ! ગજબ વાત હૈ, અમૃતચંદ્રાચાર્ય એક હજાર વર્ષ પહેલે ( હુએ ), કુંદકુંદાચાર્ય દો હજાર વર્ષ પહેલે ( હુએ ) અને આ ટીકાકાર એક હજાર વર્ષ પહેલે ( હુએ ) ઓહોહો ! એ વખતે શ્વેતામ્બર પંથ તો નિકલ ચુકા થા. કુંદકુંદાચાર્ય વખતે નિકલ ચુકા થા. આહાહાહા ! આવી વાણી પણ કહેનેવાલા થા ઉસકી ભી દરકાર ન કિયા સંપ્રદાયવાળાએ.

યહાં ભગવાનકી ભક્તિ કરે ને ભગવાનકા સ્મરણ કરે તે આત્મા ઐસા નહિ કહા. આહાહા ! જિનેશ્વર દેવકા ભક્ત હો, એ આત્મા ઐસા હી નહિ કહા. આહાહા ! યહાં તો પ્રભુ વો તરફકા લક્ષ કરનેસે, લક્ષ તો ત્યાં કરના હૈ કે દર્શન જ્ઞાન ચારિત્રકા લક્ષ કરના નહિ, વો દ્રવ્ય જ્ઞાયક સ્વરૂપ એક હૈ ઈસકા લક્ષ કરનેમેં દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ, તો એ પર્યાય ભેદસે પણ પ્રાપ્ત હોતા હૈ એ આત્મા કહેના હૈ. સમજમેં આયા ? આહાહાહા ! આ આઠમી ગાથા. અરે એકેક ગાથા બાપુ, આ તો વ્યાખ્યાનમેં તો ઓગણીસમી વાર ચલતે હૈ અને ખાનગીમેં તો સેંકડો વાર વાંચ્યા હૈ, અંદરમેં તો......આહાહા !

ભગવાન આત્મા અનંત અનંત ગુણનો એકરૂપ ધર્મી ઉસકો અમુક દર્શન જ્ઞાન ચારિત્રકા ધર્મસે, ધર્મકો ધર્મી પ્રાપ્ત હોતા હૈ, ઐસા લિયા મુખ્ય અસાધારણ ધર્મકો લિયા. અસાધારણ શબ્દ લિયાને ભાઈ ? અસાધારણ ધર્મકો બતાના હૈ. આહાહાહા ! તો અસાધારણ ધર્મ આ, પીછે દર્શન જ્ઞાન ચારિત્ર કોઈ દૂસરી ચીજમેં હૈ નહિ, કોઈ બીજા જીવમેં હૈ નહિ. ઓહો !

ઐસા જો સમ્યગ્દર્શન જ્ઞાન ઔર ચારિત્ર, હૈ પર્યાય, હૈ ભેદ પણ વો વસ્તુ ઈસકો પ્રાપ્ત કરે ઉસકો આત્મા કહેતે હૈ. તો શ્રોતાકા લક્ષ દર્શન જ્ઞાન ચારિત્રકા પરિણમન ઉપર નહિ, એ દર્શન જ્ઞાન ચારિત્રરૂપ પરિણમનેવાલા આત્મા ત્યાં લક્ષ હૈ ઉસકા. આહાહાહા ! સમજમેં આયા ? સમજાય એટલું સમજવું બાપુ આ તો, ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ સીમંધર પ્રભુ ઉસકી પાસે ગયે થે સંવત ઓગણપચાસ, આઠ દિન રહે થે, વો વાણી હૈ વહાંકી. આહાહા ! ઐસી ( વાણી ) કોઈ ભરતક્ષેત્રમેં હૈ નહિ કહીં, આહા ! ઓહોહોહોહો !

શું કહેતે હૈ ? કિતના ખુલાસા કર દિયા હૈ. વ્યવહારપણે પરિણમે એ નહિ આત્મા, તો વ્યવહારસે નિશ્ચય પરિણમે એ તો હૈ હી નહિ, પણ જો નિશ્ચય વસ્તુ હૈ જ્ઞાયક એ દર્શન જ્ઞાન ચારિત્રપણે પરિણમે તો પરિણમે એ આત્મા, એ પરિણમે એ પર્યાય એ આત્મા એમ નહીં. સમજમેં આયા ? આહાહાહા ! અરે આવો મનુષ્ય ભવ, એમાં આ વીતરાગ ત્રણલોકના નાથની વાણી, આહાહા ! સનાતન સત્ય દર્શન. આહાહા !

ગુરુએ શિષ્યકો આત્મા કહા તો શિષ્ય તો આત્મા ક્યા ( કિસકો ) કહેતે હૈ ઇસકી સમજનેકી જિજ્ઞાસામેં ખડા હૈ, દૂસરી કોઈ ચીજ નહિ. એ ક્યા કહેતે હૈ, હમ સમજતે નહિ પ્રભુ. તુમ આત્મા કહા પણ ક્યા આત્મા, કિસકો આત્મા કહેના, તો ગુરુ કહેતે ( કે ) ભાઈ ! જે ચીજ હૈ આનંદનો નાથ પ્રભુ શુદ્ધ સ્વરૂપ સ્વભાવ વસ્તુ એ પરિણમનમેં આતે હૈ તો દર્શન જ્ઞાનમેં આતે હૈ તો દર્શન જ્ઞાન ચારિત્રસે, પર્યાયસે તુમકો બતાતે હૈ કે આ પર્યાય પરિણમે. પણ પરિણમનેવાલા વો આત્મા. દેવીલાલજી ! સમજાય એટલું સમજવું ભાઈ ! એ તો ઉસકી પૂરી વાત શ્રુતકેવલી કહે શકે. આહાહા !

એ વાત મુદ્દાની રકમકી બાત હૈ, દર્શન જ્ઞાન ચારિત્રકો ( પ્રાપ્ત હો ) પછી ટીકાકારે જરી અર્થમાં હિન્દી સદા લિયા, પણ એનો અર્થ જ એ, કે ત્રિકાળ રહેનેવાલી ચીજ એ વર્તમાનમાં અંદર જ્ઞાન દર્શન ચારિત્રપણે પરિણમે એ આત્મા. વસ્તુ ત્રિકાળ હૈ પણ અહીં તો ઉસકો પરિણમનેવાલા મેં સદા લે લિયા હૈ અર્થકારે, કે સદા વો દર્શન જ્ઞાનપણે પરિણમે, એ પરિણમે વો આત્મા. એ પરિણમે એ ઉપર તેરી દૃષ્ટિ નહીં હોની ચાહિએ, પરિણમે એ આત્મા ત્યાં તેરી દૃષ્ટિ હોની ચાહિએ. આવું, પ્રેમચંદજી ! આ સૂની સાંભળી હતી ત્યાં ? રાત્રે કહે અમે ગુજરાતી સમજકે આયેગા. અચ્છા કિયા કીધું બાત. આહાહા !

ઐસા જબ સૂના, ક્યા શબ્દ ? ક્યા હૈ પ્રાપ્ત હો વો આત્મા હૈ ત્યાં વજન હૈ, વજન ક્યાં હૈ ? કે ‘ દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો વો આત્મા ’. તબ ઐસા સૂના. આહાહા ! શિષ્યે આત્માકા અર્થ ઔર લક્ષ કરાનેકો આ આત્મા એ દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત થાય એ આ આત્મા, ઐસા કહા તો શિષ્ય તબ એકદમ તત્કાળ દર્શન જ્ઞાન ચારિત્રપણે પ્રાપ્ત હોનેવાલા આત્મા એ ઉપર ઉસકી દૃષ્ટિ ગઈ. આહાહાહા ! સમજમેં આયા ? આહા !

તો શ્રોતા ઐસા લિયા હૈ કે ઉસને કહા ને ઉસકી દૃષ્ટિ એકદમ આત્મા ઉપર ગઈ. સમજમેં આયા ? કોઈ વિશેષ માંગ નહિ, વિશેષ સ્પષ્ટીકરણ કરો એ બી નહિ. બસ આ ( ઈતના ) કહા. પ્રભુ આપ આત્મા કિસકો કહેતે હૈ, હમ સમજ સકતે નહિ, તો પ્રભુ સૂન. આહાહા ! અંદર ભગવાન જિનસ્વરૂપી પ્રભુ જિસકો આત્મા કહો, જિન કહો, ધ્રુવ કહો, સામાન્ય કહો, એકરૂપ કહો, નિત્ય કહો એ હી આત્મા, અનિત્ય એવા ભેદરૂપે દર્શન જ્ઞાન ચારિત્રપણે પ્રાપ્ત હો. આહાહા ! ક્યા કિયા ( કહા ) ? ચારિત્રકો જો પ્રાપ્ત, ઉસસે આત્મા પ્રાપ્ત હો ઐસા અહીં નહીં કહા હૈ. એ તો અહિંયા દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો, ઉસસે આત્મા પ્રાપ્ત હો ઐસા અહીં કહા નહિ. આત્મા દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો એ આત્મા ( ઐસા કહા હૈ ) આહાહા ! ગજબ વાત હૈ.

ભરતક્ષેત્રમાં સમયસાર, સિદ્ધાંત શાસ્ત્રમાં શિરોમણી હૈ. આહાહા ! અરે ! ઐસા ભેટ દે ગયા પ્રભુ, કુંદકુંદાચાર્ય બનાકર ભેટ દે દિયા, લ્યો લ્યો પ્રભુ આગળ હૈ. પાઠ જયસેન આચાર્યની

ટીકામાં. સમયસાર બનાકર ભેટ દિયા. આહાહા ! સ્વીકાર નાથ હવે સ્વીકાર, કહેતે હૈ. આહાહા ! ભેટ દે એ સ્વીકારે નહિ ? આહાહા !

એમ તેરે આત્મામેં, આહાહા ! ઐસી પર્યાયમેં પ્રાપ્ત હો, આહાહા ! દર્શન જ્ઞાન ચારિત્રસે આત્મા પ્રાપ્ત હો ઐસે નહિ કહા. અહીં તો દર્શન જ્ઞાન ચારિત્રકો જો પ્રાપ્ત હો, જો પ્રાપ્ત હો આત્મા દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો, તો સૂનનેવાલેકો ત્યાં આત્મા ઉપર લક્ષ કરાના હૈ, કે જે દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો એ આત્મા. આહાહાહા ! આ સિદ્ધાંત, આ સિધ્ધાંત, આ વીતરાગની વાણી જુઓને સત્‌નો પોકાર કરતી હૈ. આહાહા ! પ્રથમ સમ્યગ્દર્શન ! શ્રોતાઃ ભલે તીન બોલ લિયા પણ સાથે તીન આતા હિ હૈ. ) વસ્તુ જો હૈ, એ ઉપર દૃષ્ટિ જાનેસે દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાય પ્રાપ્ત હોતી હૈ. ચોથે ગુણસ્થાને પણ સ્વરૂપ આચરણ ચારિત્ર તો હૈ હી. સમજમેં આયા ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ઔર સ્વરૂપ આચરણ તીનોં એક સાથ હૈ તો એ તીનોંકો પ્રાપ્ત હો એ આત્મા. તો વો શ્રોતાકા લક્ષ દ્રવ્ય ઉપર જાતા હૈ. આહાહા ! પ્રાપ્ત જો પર્યાય હૈ, વો ઉપર ન જાતા લક્ષ, કારણ કે પ્રાપ્ત કોણ ? કે આત્મા. કે દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો એ આત્મા, દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો. આહાહા ! સમજમેં આયા ? આહાહા ! એટલે કે ત્યાં લક્ષ તો ધ્યેય આત્મા ઉપર કરાના હૈ ઐસા ધ્યેય કહા. આહા ! જે ભગવાન આત્મા દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાયકો પ્રાપ્ત હો. આહાહા ! ઐસે ભેદસે ઉસકો સમજાયા, ( લેકિન ) સમજાયા તો આત્મા, પણ ભેદસે સમજાયા, તો ભેદ ઉપરકા લક્ષ સૂનનેવાલેકો ભી કરાના નહિ અને કહેનેવાલેકા ભી ભેદ ઉપર લક્ષ રાખના એ ભી નહિ. આહાહા ! સમજમેં આયા ? આહાહા !

'તબ' શ્રોતા જબ સૂનતે હૈ 'તબ' આહાહા ! તત્કાળ હી તે જ સમયે, આહાહા ! ઉત્પન્ન હોનેવાલા પર્યાયમેં આનંદ ઉત્પન્ન હોનેવાલા આ સૂનનેસે તરત હી સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર પ્રાપ્ત હોતા હૈ. આહાહા ! ક્યોંકિ દૃષ્ટિ ઉસકો ત્યાં કરાઈ ઔર દૃષ્ટિ જબ ત્યાં દ્રવ્ય ઉપર લિયા તો પરિણમનમેં દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાય વોહિ સમય ( તત્ક્ષણ ) ઉત્પન્ન હોતી હૈ. આહાહાહા ! સમજમેં આયા ? તબ, ત્યારે ઐસા સૂનનેકે કાળે, તત્કાળ હી, તત્કાળ હી હૈ તરત જ, એકદમ. આહાહા ! આ એની મેળે વાંચે તો કાંઈ સમજાય એવું નથી, એ ચીજ ઐસી હૈ બહુ જ ગંભીર ઘણી ગંભીર. ઓહોહોહો ! પર્યાયકો પ્રાપ્ત હો એ આત્મા, એમ કરીને આત્મા ઉપર દૃષ્ટિ કરાયા હૈ, પર્યાય ઉપર નહિ, પણ આત્મા ઉપર દૃષ્ટિ કરાયા ત્યાં તરત જ ઉસકો દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાયકો આત્મા પ્રાપ્ત હો ગયા. આહાહા ! સમજમેં આયા ? ( શ્રોતાઃ કિસી કિસીકો હોતા હૈ કે સબકો ? ) અહીં કાંઈ એ વાત જ નહીં કોઈ કોઈકો બાત નહિ. અહીં તો હોતા હૈ ઐસી બાત, ન હોતા હો એ શ્રોતાકો યહાં લિયા હી નહિ. આહાહા ! અહીં તો હોતા હિ હૈ એ શ્રોતા લેના હૈ. આહાહા !

સંતો એમ કહેતે હૈ કે અમે અમારા આત્માકા જો આગમ કુશળ અને અનુભવસે સમ્યગ્દર્શન જો પ્રગટ કિયા, હમ હૈ પંચમઆરામેં છદ્મસ્થ હૈ. ભગવાનસે તો દૂર એક હજાર-પંદરસે વર્ષ ચલે ગયે પણ હમ કહેતે હૈ કોલકરારસે કહેતે હૈ, કે હમેં જો આત્માકા ( પ્રત્યક્ષ ) દર્શન હુઆ ઔર સમ્યગ્દર્શન હુઆ, હમ પડેગા નહિ. એ સમ્યગ્દર્શનસે હમ કેવળજ્ઞાન લેગા. આહાહાહાહા ! એ વાણી ( ગાથા ) ૩૮ મેં હૈ ૯૨ મે હૈ. ( શ્રોતાઃ અપ્રતિહત ભાવે ) આહાહાહા !

પ્રભુ તુમ તો પંચમ આરાના સાધુ ભગવાન પાસે ગયે નહિ ને અમૃતચંદ્રાચાર્યને, કુંદકુંદાચાર્ય તો ગયે થે. હમ ભગવાન પાસે ગયે થે. આહાહા ! ત્રણલોકનો નાથ ભગવાનનો ભગવાન, આહાહા ! ભગવાન છે એ તો પર્યાય હૈ આ તો મહા ત્રિકાળી સ્વરૂપ ભગવાન હૈ. આહાહા ! ઉસકી પાસ હમ ગયે ને દર્શન જો હમકો હુઆ દર્શન જ્ઞાન આદિ ચારિત્રની પર્યાય સ્વરૂપ આચરણરૂપ હૈ ( ઔર ) હૈ યે પીછે પડેગા એ હમારે નહિ. આહાહા ! હમ કોલકરાર પંચમવ્રતધારી વિકલ્પસે સત્ય કહેતે હૈ. હમ અલ્પજ્ઞ હોને પર ભી પૂર્ણજ્ઞાન, પૂર્ણ હુએ બિના ભી, પૂર્ણજ્ઞાનકી પાસ ગયે બિના હી પૂર્ણજ્ઞાનસ્વરૂપ ભગવાન પાસે હમ ગયે હૈ, તો દ્રવ્ય જેમ પડે નહિ, દ્રવ્યનો જેમ અભાવ ન થાય, ઐસે હમારા સમ્યગ્દર્શનકા અભાવ કભી નહિ હોગા. આહાહાહાહા ! સમજમેં આયા ?

વસ્તુ જો ભગવાન જિનસ્વરૂપી અનાદિ અનંત નિત્યાનંદ પ્રભુ હૈ અંદર એ કભી અદ્રવ્ય પરદ્રવ્યરૂપ હોતા નહિ. તો એ દ્રવ્યકી હમકો જે દૃષ્ટિ હુઈ હૈ. આહાહાહા ! હમ કહેતે હૈ પંચમહાવ્રતધારી સત્ય કહેતે હૈ કે હમારા એ સમ્યગ્દર્શન અપ્રતિહત હૈ, પડે નહિ ઐસા હૈ. આહાહા ! ભલે ક્ષયોપશમ હો, પણ ક્ષાયિક લેગા ઔર કેવળજ્ઞાન લેગા, ઐસા હમારા સમ્યગ્દર્શન હૈ, પ્રભુ પણ તુમ દેહ છોડકર સ્વર્ગમેં જાએગા ને ! વો જાએગા પણ હમારા દર્શન નહિ પડેગા, એ તો ચારિત્રસે અસ્થિરતા હોગી. આહાહા ! સમજમેં આયા ? ઓહોહો !

એ વાણી પ્રભુની બાપુ ક્યાં છે આ. અરેરે ! જે સૂનને લાયક ચીજ હૈ ને કરને લાયક ચીજ હૈ, ઓ ન મિલે તો ક્યા કિયા ઉસને ? આહાહા !

કહો, રતીભાઈ ! આહા ! આ એક લીટીમાં ( વ્યાખ્યાન ) હાલે છે. આહાહા ! અમારે ભાઈ તો કહે કે આઠમી ગાથા પહેલી સાંભળી ( છે ). દેવીલાલજી ! ( શ્રોતાઃ એવું છે, જયારે સાંભળે ત્યારે નવું નવું અલૌકિક વાતો છે ) હેં ? અલૌકિક વાતો છે, બાપુ ! પ્રભુ તારી વાત હાજરા હજુર ભગવાન બિરાજતે હૈ ને ? આહાહા ! હાજરા હજુર ભગવાન હૈ ને જેની હાજરી લેની પડતી નહિ કે તુમ ફલાણા આયા હૈ ઐસા નહિ, એ તો હૈ હી અહીં. એ હૈ એ દર્શન જ્ઞાન ચારિત્રકો પર્યાયમેં પ્રાપ્ત હો ઈતના ભેદસે પ્રભુ તુમકો સમજાતે હૈ. પણ તેરા ભેદ ઉપર લક્ષ ન રખના. હમ તો સમજાતે હૈ આત્મા. આહાહા ! તેરી દૃષ્ટિકા જોર આત્મા ઉપર લે લેના, પરિણમન ઉપર લક્ષ નહીં કરના, પરિણમનસે તો તુમકો સમજાયા હૈ. આહા ! સમજમેં આયા ? આહાહાહા !

તબ તત્કાળ હી ઉત્પન્ન હોનેવાલા અત્યંત આનંદસે દો બાત લેગા, જ્ઞાન અને આનંદ ઉત્પન્ન હો ગયા. બસ, દોહિ બાત, હૈં ? તત્કાળ ઉત્પન્ન હોનેવાલા અત્યંત આનંદ, અત્યંત આનંદ જે આયા આનંદ એ ન જાનેવાલા. આહાહાહાહા ! સ્વરૂપકી દૃષ્ટિ કરાયા એ ચીજ હૈ એ તો દર્શન જ્ઞાન ચારિત્રકો પર્યાય પ્રાપ્ત હો એ આત્મા, તો ત્યાં લઈ ગયા દૃષ્ટિ. આહાહા ! અરે મધ્યસ્થથી સાંભળે ને આમ એકાંત-એકાંત પોકાર કરીને કરે છે શું બાપુ ? ભગવાન તુમ ભી ભગવાન હૈ ભાઈ ! પણ તેરી દૃષ્ટિમેં ફેર હૈ તો લગતા હૈ ( કે ) એકાંત હૈ સોનગઢકા, એકાંતવાદી હૈ ! કહો પ્રભુ. આહાહા ! બાપા માર્ગ તો આ હૈ ભાઈ ! આહાહા !

અત્યંત આનંદસે જિસકે, આહાહા ! આનંદ પણ અત્યંત આનંદ લિયા ભાઈ. આહાહા !

અતીન્દ્રિય છે ને એય. આહાહા ! સ્વરૂપ ભગવાન આત્મા દર્શન જ્ઞાન ચારિત્રકી નિર્મળ પર્યાયકો પ્રાપ્ત હો એ આત્મા, પર્યાયકો પ્રાપ્ત હો એ આત્મા હોં, તો એ સૂનનેવાલાકી દૃષ્ટિ તત્કાળ દ્રવ્ય ઉપર ગઈ, ઔર ( દૃષ્ટિ ) જાનેસે તત્કાળ અત્યંત આનંદ ઉત્પન્ન હુઆ. આહા ! પીછે કરેગા આપ કહેતે હૈ આત્માકી બાત, પીછે પ્રયત્ન કરેગા ઐસી બાત નહિ. થોડા પીછે અભ્યાસ કરેગા.... ( પીછે પીછે કી બાત નહીં )

અમારે ડોકટર પ્રશ્ન કરા ( કિયા ) થા છે વિષ્ણું હૈ ને પણ છે નરમ, રસ પડતે હૈ, કલકત્તાના છે ગાંગુલી નંઈ ? મોટો ડોકટર છે કલકત્તાનો હોમીયોપેથી. બ્રહ્મચારી છે હોં બાલબ્રહ્મચારી રૂપાળો, સૂનનેકો રસ પડયા હૈ તો આતે હૈ થોડા, કોઈ બોલાતે હૈ તો આતે હૈ વ્યાખ્યાન સૂનનેકે આતે હૈ વ્યાખ્યાન સૂનનેકા રસ અરે ! પ્રભુ દેખ તો ખરો બાપુ એ વેદાંત ને વિષ્ણુ ને એ બાત ( યે મતપંથ ) પ્રભુ આ પરમ સત્યકી હૈ નહિ ક્યાંય. આહાહા ! શ્વેતાંબર જૈનમેં નહિ હૈ તો પીછે વળી દૂસરે અન્યમતમેં તો કહાંસે લાના ? આહાહા ! આ શેઠિયાઓએ દિગંબરમેં જન્મ લિયા ઈસને કભી સૂના તો નહિ થા ઉસને. નહીં ? આહાહા !

આ તો ચીજ ભગવાન. આહાહા ! નાવ તરેરે મારી નાવ તરે, એમ આતમ અંદરમાં ખેલ કરે ! હૈં ? મેરી નાવ તરતી અંદર હો ગઈ, દૃષ્ટિ પડી દ્રવ્ય ઉપર, ગુરુએ કહા કે આ આત્મા હોં. આહાહાહા ! ઉસકા તત્કાળ દર્શન ઉત્પન્ન હુઆ. આહાહા ! પણ કાળલબ્ધિ પાકે તબ હોતા હૈને.. ઐસા કહેતે હૈ ને ? એય, કાળલબ્ધિ પાક ગઈ. આહાહા ! એ કાળલબ્ધિ હોગા તબ હોગા, પણ ઉસકા જ્ઞાન કરે કૌન ? આ સમયે પ્રાપ્ત લબ્ધિ હૈ યહ તો ઐસે હી હૈ એ સમયે ઉત્પન્ન, પણ ઉસકા જ્ઞાન કૌન કરેગા ? એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો ઉસકા જ્ઞાન હોગા. આહાહાહા ! " અત્યંત આનંદસે જિસકે હૃદયમેં, " ઓલાને આંખુમાંથી આંસુ આવ્યા હતા, ઓલા ' સ્વસ્તિ ', ' સ્વસ્તિ ', ' સ્વસ્તિ 'નો અર્થ કિયાને તેરા કલ્યાણ હો અવિનાશી, ત્યાં એને આંખમાંથી આંસુ આવી ગયા, આ તો હૃદયમેં– આત્મામાંથી આનંદ આયા. આહાહા !

એમ કે એકાંત તમે આત્માને જ બસ પરની અપેક્ષા રાખ્યા વિના સમજે, તો આ અપેક્ષા તો કહેતે હૈ વ્યવહાર કી, પણ વ્યવહારકી અપેક્ષા કહેતે હૈ, પણ વ્યવહારસે તો બતાના તો વો હૈ. વ્યવહારસે વ્યવહાર બતાના નહિ. અને વ્યવહારસે લક્ષ હોકર નિશ્ચય ( પર ) આતા હૈ ઐસા નહીં. એ દર્શન જ્ઞાન ચારિત્ર હૈ વ્યવહાર, પણ ઉસકા લક્ષસે દ્રવ્ય ( અનુભવમેં ) આતા નહીં. વો તો જિસમેં પ્રાપ્ત હોનેવાલા આત્મા હૈ ઉસકી દૃષ્ટિસે દર્શન જ્ઞાન પ્રાપ્ત હોતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આહાહા !

અમૃતચંદ્રાચાર્ય જ્યારે ટીકા કરતા હશે ! એનું હૃદય, આહાહા ! આનંદમાં ઉલસી ગયા છે અંદર, એક વિકલ્પ આયા હૈ પણ મૈં કર્તા નહિ હોં, એ વિકલ્પકા કર્તા મૈં નહીં – એ ટીકાકા મૈં કર્તા નહીં. મૈં તો સ્વરૂપ ગુપ્ત હૂં ને ! આહાહા ! મેરા સ્વરૂપ રાગમેં આતા નહિ ને વાણીમેં આતા નહિ ! આહાહા ! મેરા સ્વરૂપ તો રાગ ને વાણીસે અંતરમેં ગુપ્ત હૈ ને ! આહા ! તો ટીકા મેરેસે હુઈ બિલકુલ નહિ અકિંચિત્કર હૈં. હવે ઓલા નિમિત્તકો અકિંચિત્કર કહેતે હૈ તો ( વિરોધ કરતે હૈં ) એ નિમિત્તસે અકિંચિત્કર કહેતે હૈ પણ આચાર્ય પોતે કહેતે હૈ કે મૈં અકિંચિત્કર હૂં ટીકા કરનેમેં મેરા કાંઈ પણ કાર્ય નહિ. આહાહાહા ! સમજમેં આયા ?

અત્યંત આનંદસે જિસકે હૃદયમેં, જિસકા હૃદયમેં એટલે જ્ઞાન ( મેં ) આત્મામેં, સુંદર બોધ તરંગ, આનંદ ને જ્ઞાન દો લિયા, હૈ ને ? અત્યંત આનંદસે જિસકે હૃદયમેં સુંદર બોધ તરંગ એટલે આનંદ સહિત જ્ઞાન હુઆ, એકલા જ્ઞાન નહિ હુઆ એમ કહેતે હૈ. આહાહા ! એકલા જ્ઞાન, જ્ઞાન વો જ્ઞાને ય નહિ. આહાહા ! જિસ જ્ઞાનમેં અતીન્દ્રિય આનંદ સાથમેં ન હો એ જ્ઞાન નહિ. આહાહાહા ! ક્યા કિયા દેખો ? અત્યંત આનંદસે જિસકે હૃદયમેં, પ્રગટ ક્યા હુઆ ? " સુંદર બોધ તરંગ, " અત્યંત આનંદકી સાથ, આહાહા ! સુંદર બોધ તરંગ, બોધ નામ જ્ઞાનના તરંગો, આહાહા ! જ્ઞાનની ધારા સમ્યક્ ઉત્પન્ન હુઈ અંદર, આહાહા ! ભેદજ્ઞાનની ધારા ઉત્પન્ન હુઈ. રાગસે ભિન્ન ને અપના સ્વરૂપસે અભિન્ન ઐસી અનુભવની ધારા ઉત્પન્ન હુઈ. આહાહા !

પણ વો પ્રશ્ન ક્યા લિયા ? પહેલે જ્ઞાનસે ઉત્પન્ન હોકર આનંદ ઐસા ન લિયા અત્યંત આનંદકી સાથ બોધતરંગ ઊઠા. આહાહાહા ! અનંત કાળમાં કદિ અપના આનંદકા સ્વાદ આયા નહીં થા, ક્યા એ અતીન્દ્રિય સ્વરૂપ આનંદ હૈ ! ઈસકા બોધ નહિ થા. યહાં જ્યાં દ્રવ્ય ઉપર લક્ષ ગુરુએ કરાયા, પરિણતિ ઉપર લક્ષ નહિ, પરિણતિ પ્રાપ્તવાળા ઐસા આ આત્મા. આહાહા !

પહેલી ચીજ તો આ કરનેકી હૈ, એ છોડકર ઉપરસે બધા ઐસા પડિમા લિયા ને બ્રહ્મચર્ય પ્રભુ ઉસમેં આ કયા લાભ હોગા ? આહા ! ઉસમેં અભિમાન હો જાએગા. હમ ત્યાગી હૈ. હમ બ્રહ્મચારી હૈ. હમ પડિમાધારી હૈ ઐસા, તો કોઈ આદર ન કરે તો આદર નહીં કરતે આ તો હમ તો ત્યાગી હૈ. ભાઈ ! એ સમ્યગ્દર્શન બિનાકા અભિમાન હો જાએગા તેરે. આહાહા ! કયું કિ તેરી મહિમાવાળી ચીજ ઐસા તો તેરે જાના નહિ તેં અને એ ચીજ જાનનેસે તો આનંદ સહિત જ્ઞાનકા તરંગ ઊઠેગા, આનંદ ને અત્યંત શબ્દ લિયા હૈ, ઉસસે સુંદર બોધ તરંગ ઐસા લિયા, સુંદર બોધતરંગ. આહાહા !

સુંદર જ્ઞાનકા તરંગ એ ઉત્પન્ન હોતા હૈ, એકલા જ્ઞાનતરંગ જ્ઞાનની ઉત્પત્તિ, જેમ પાણીમાં તરંગ ઊઠતે હૈ ને, પાણીમેં તરંગ, એમ અહીંયા સુંદર બોધતરંગ. આહાહા ! ( શ્રોતાઃ આનંદસે ઉલ્લસીત જ્ઞાન ) અત્યંત આનંદ સહિતકા જ્ઞાન, પહેલે આનંદ લિયા. આહાહાહા ! અત્યંત આનંદસે જિસકે હૃદયમેં સુંદર બોધ તરંગ, આહા ! ઉછળને લગતી હૈ. એ સમ્યગ્જ્ઞાનના તરંગો આનંદ સહિત ઉત્પન્ન હોતા હૈ કહેતે હૈ. આહાહા ! એ પણ તત્કાળ ઉત્પન્ન હોતે હૈ. આહાહાહા ! પ્રભુ તુમ તો ઐસી ચીજ લેતે હૈ તુમ ભી અપ્રતિહત અને શ્રોતાકો ભી ઐસે લિયા તુમ. આહાહાહા ! ( શ્રોતાઃ– અંતેવાસી શિષ્ય ) અંતેવાસી, નિકટવર્તી. નજીક સૂનતે હૈ ને સંસાર જિસકા નિકટ અલ્પ હૈ. આહાહા ! ( શ્રોતાઃ– ધારણામેં રૂકનેવાલા નહીં ) એ બાત હૈ નહીં અહીંયા.

અતીંન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એ આત્મા, દર્શન જ્ઞાન ચારિત્રની પર્યાયને પ્રાપ્ત થાય આત્મા. તો ન્યાં આત્મા ઉપર દૃષ્ટિ કરાયા. આહાહા ! તો અત્યંત આનંદ, ઉત્પન્ન હોકર સુંદર બોધતરંગ ઊછળને લગતી હૈ, ઉછાળા મારતે હૈ જેમ પાતાળમાંથી પાણી ફૂટે, પાતાળમેં પાણી બહોત હૈ ઉપરસે પથ્થર તૂટ જાયે, ધારા નીકળતે. અહિંયા હૈ ગામ કયું ગામ કીધું ( જનડા જનડા ) ? ત્યાં હૈ ત્યાં હમ કૂવા પાસે નીકળે થે વિહાર કરતે થે ને કૂવા પાસે, કૂવા હૈ અઢાર તો કોષ હૈ, કોષ પાણી નિકાલનેકા અઢાર અઢાર કોષ હૈ, અઢાર પણ, પાણી ખૂટતે નહિ ઇતના નીકળતે હૈ જનડા અહીંયા બોટાદ પાસે હમ નીકળે કૂવા પાસે. આ પાતાળકૂવા ફાટયા કહેતે હૈ.

આહાહા ! જિસને અપની દૃષ્ટિ દ્રવ્ય ઉપર દિયા, આહાહા ! એ દૃષ્ટિ જ્ઞાન ને ચારિત્રમાં અત્યંત આનંદ સહિત બોધતરંગ ઊઠયા. આહાહા ! સમજમેં આયા ?

જિસકે હૃદયમેં, હૃદય શબ્દે જ્ઞાનમેં. આહાહા ! સુંદર બોધતરંગે ઊછળને લગતી હૈ, ઊછળને લગતી હૈ. આહાહાહા ! અતીન્દ્રિય આનંદ સહિત જ્ઞાનકી ધારા, જ્ઞાન સ્વભાવ વસ્તુમેં સે ઊછળતી હૈ અંદર. આહાહા ! પાતાળમેંસે આતી હૈ પર્યાય અંદર, તળ તળમેંસે આતી હૈ. તળ, ધ્રુવ, વો ઉપર દૃષ્ટિ હોનેસે ઉસમેંસે જ્ઞાન તરંગ ઊઠતે હૈ. આહાહા ! ‘ ઐસા યહ વ્યવહારીજન ’ દેખો, સમજમેં આતા હૈ ને નેમચંદભાઈ, ભાષા તો સાદી હૈ ભાવ તો કોઈ અલૌકિક હૈ, કબી તમારે વ્યાપારમેં આયા નહીં. છ ભાઈઓ ભેગાં થઈને વાત કરતા ’તાં આ વાત આવે ત્યાં ? ધંધાની હાલે આ કારખાના નાખ્યા. આહાહા ! છ ભાઈઓ હૈ ને ? એ તો દરેકને હોય આઠ આઠ, બાર બાર, ભાઈ હોય. પણ એ ક્યાં વાત બાપુ છે. અરેરે ?

અત્યારે તો ધર્મના નામે પણ ફેરફાર થઈ ગયો, હેં ? અને વ્યવહારથી કરે ને વ્યવહારથી થાય એમ ન માનો તો એકાંત થઈ જાય છે. પ્રભુ કરો બાપુ ! વ્રત કરો, તપ કરો, ઇન્દ્રિય દમન કરો, એમ કરતા કરતા ઉસસે તેરે નિશ્ચય સમ્યગ્ હોગા. એ પુણ્ય આસ્રવ એ સમ્યગ્દર્શનકા કારણ હૈ ? આહાહા ! કલ આયા હૈ એ, વો એક અર્જીકા હૈ ને જ્ઞાનમતી દિલ્લીમેં કરાવે છે ને ૨૫ લાખનો જંબુદ્વિપ, હસ્તિનાપુરમેં કરાવે છે, એક મેરૂ પર્વત. આહાહા ! ( વો કહતી હૈ ) પુણ્ય આસ્રવ, પુણ્ય આસ્રવસે નિશ્ચય હોતા હૈ. આહાહા ! ( ઐસા નહીં ભાઈ. )

અહીં તો આત્મા રાગરૂપે પરિણમતે હૈ, ઉસે આત્મા હિ કહેતે નહિ. આહાહા ! એ તો અણાત્મા હૈ. આ તો આત્માકી જો ચીજ હૈ અંદરમેં એરૂપે જો પરિણમે છે સમ્યગ્દર્શન જ્ઞાન તો ઉસકો આત્મા પ્રાપ્ત હુઆ એમ કહા, આત્મા વો પર્યાયકો પ્રાપ્ત હુઆ કહા, રાગ તો અણાત્મા હૈ, ચાહે તો વ્યવહારરત્ન ( ત્રયકા ) દયા દાન વ્રત ભક્તિકા ( રાગ ) આતા હૈ ( યે ) દૂસરી બાત હૈ. હોતા હૈ અશુભસે બચનેકો, શુભ આતા હૈ પણ હૈ તો અણાત્મા. પુણ્ય હૈ, પુણ્ય એ કાંઈ આત્મા નહિ. નવતત્ત્વમેં તો પુણ્ય તત્ત્વ ભિન્ન હૈ, આત્મા ભિન્ન હૈ, પુણ્ય તત્ત્વ ભિન્ન હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

વ્યવહારીજન, ઉસ આત્મા શબ્દકે અર્થકો, આત્માકા શબ્દકે ભાવકો– વાચ્યકો અચ્છી તરહ સમજ લેતા હૈ. હૈ ? આહાહાહા ! આત્મા શબ્દ હૈ, તો એ શબ્દમેં કાંઈ આત્મા હૈ નહિ. આત્મા તો આત્મા હૈ. પણ એ આત્માકા શબ્દ કહેનેસે આત્માકા અર્થ જો આત્મા હૈ ઉસકો સમજ લેતે હૈ. આહાહા ! ભાઈ આ તો અભ્યાસ જોઈએ જરી પરિચય સત્યનો જોઈએ આ તો ભાઈ ઐસી બાત હૈ આ. આહાહા ! વ્યવહારીજન તો ઈસ આત્મા શબ્દકે અર્થકો, પદાર્થકો, આત્મા શબ્દકે અર્થકો એટલે આત્મા શબ્દકા અર્થ નામ આત્મા પદાર્થ, અચ્છી તરહ સમજ લેતા હૈ. આહાહા ! અચ્છી તરહ સમજ લેતા હૈ એમ, ફેરફાર બિલકૂલ નહિ એમ. આહાહા ! ભગવાન આત્મા પૂર્ણાનંદકે ઉપર જ્યાં લક્ષ જાતે હૈ તો જો પર્યાયમેં જો દર્શન જ્ઞાન હુઆ એ અહીં અચ્છી તરહ પરિણમન હોગા ઔર એ અચ્છી તરહ આત્માકો જાના ઉસને. સંદેહ રહિત ! દૂસરાકા પક્ષપાત બિના કે દૂસરામેં ભી કુછ હોગા, એ આ માર્ગ નહિ, એક હી હૈ ( માર્ગ ) બસ. આહાહા ! ચૈતન્યકા અંદર લક્ષ કરકે જે જ્ઞાન ઉત્પન્ન હોતા હૈ એ એક હી સત્ય હૈ. સમજમેં આયા ? સમજ લેતા હૈ.

ઇસ પ્રકાર, જગત તો મ્લેચ્છકે સ્થાન પર હોને સે, જગત મ્લેચ્છને સ્થાન. આહાહા ! વ્યવહારનય ભી મ્લેચ્છકી ભાષાકે સ્થાન પર. આહાહા ! દર્શન જ્ઞાન ચારિત્રને પ્રાપ્ત હો એ આત્મા, એ પણ વ્યવહારી ભાષા મ્લેચ્છકે સ્થાને હૈ. આહાહા ! કોઈ દૂસરા ઉપાય નહિ, ( અભેદ ) કૈસે કહેના તો ઐસા વ્યવહારકા ભેદ પાડના ઔર સમજાના એ મ્લેચ્છ ભાષા હૈ, કહેતે હૈ. આહાહા !

વ્યવહારીજન ભી મ્લેચ્છ ભાષાકે સ્થાન પર હોનેસે છે ને ? વ્યવહારનય ભી, મ્લેચ્છ કે સ્થાન પર જગત સૂનનેવાલા ઔર વ્યવહારનય ભી મ્લેચ્છકે સ્થાન પર હોનેસે બેય, વ્યવહારીજન હૈ યે ભી મ્લેચ્છકે સ્થાનમેં હૈ, ઔર ( ભેદકી ) ભાષા ભી કહેના હૈ વો ભી મ્લેચ્છકી ભાષા હૈ વ્યવહાર. આહાહાહા ! જગત તો મ્લેચ્છકે સ્થાન પર હોનેસે ઔર વ્યવહારનય ભી મ્લેચ્છ ભાષાકે સ્થાન પર હોનેસે વ્યવહારીજનકો કયા સમજાવે ? આત્મા આત્મા કહે તો સમજે નહીં તો ભેદ પાડકર, તો એ ભેદ પાડના એ ભાષા મ્લેચ્છ ભાષા હૈ, આહાહા ! દર્શન જ્ઞાન ચારિત્રસે ભેદ પાડકર સમજાના એ ભાષા મ્લેચ્છ ભાષા હૈ. ગજબ હૈ ! તો વ્યવહાર કરતા તેરે કલ્યાણ હોગા એ વસ્તુ ક્યાં હૈ ? આહાહા ! એ ભાષા તો મ્લેચ્છ ( કે ) સ્થાનમેં ભી નહીં. આહાહા !

“ વ્યવહાર, જગતકે જીવ મ્લેચ્છ કે સ્થાનપર હોનેસે ઔર વ્યવહારનય ભી મ્લેચ્છ ભાષાકે સ્થાન પર હોનેસે પરમાર્થકા પ્રતિપાદન ( કરનેવાલા ) હૈ ” વસ્તુકા કથન કરનેવાલા હૈ. આ આત્મા, ‘ આ આત્મા ’ દર્શન જ્ઞાન ચારિત્ર ને પ્રાપ્ત એ “ આ આત્મા ”, એમ વ્યવહારકા, આહાહા ! “ પરમાર્થકા પ્રતિપાદક કહેનેવાલા હૈ, ઇસલિયે વ્યવહારનય સ્થાપિત કરને યોગ્ય હૈ, ” વ્યવહારનય હૈ, વ્યવહારનય નહીં હૈ ( ઐસા ) નહિ, ઔર વ્યવહારનયકા વિષય ભેદ હૈ, વ્યવહારનયકો અસત્યાર્થ કહા માટે નહિ હૈ વિષય ઉસકા એમ નહિ, એ તો ત્રિકાળની દૃષ્ટિ કરાનેકો પર્યાયકો ભેદકો અસત્યાર્થ કહા અભૂતાર્થ પણ હૈ એ તો ગૌણ કરકે જૂઠા કહા. વ્યવહારનય હૈ ઐસા સ્થાપિત કરને લાયક હૈ, પણ આદરણીય નહિ. આહાહાહાહા !

સ્થાપિત કરને યોગ્ય હૈ વ્યવહારનય હૈ સમજાનેમેં વ્યવહારનયસે સમજાના ઐસી મ્લેચ્છ ભાષારૂપ વ્યવહાર હૈ. આહાહાહાહા ! કિન્તુ બ્રાહ્મણકો મ્લેચ્છ નહીં હો જાના. બ્રાહ્મણને મ્લેચ્છ નહીં હો. સ્વસ્તિ કહેનેવાલાએ મ્લેચ્છ ભાષાસે સમજાવે ઓલાને પણ પોતે મ્લેચ્છ નહીં હોના. આહાહા ! ઇસ વચનસે વ્યવહારનય અનુસરણ કરને યોગ્ય નહીં, સ્થાપન કરને યોગ્ય હૈ, કે હૈ વ્યવહાર ઉસસે સમજાતે હૈ પણ આદરણીય નહિ. આહાહા ! ગજબ કામ કરે છે ને, આમાંય તે દી ’ હતો ઓલો ચીમન ચકુ હતો આઠમી ગાથામેં, ચીમન ચકુ છે ને ? જુઓ, આમાં વ્યવહારે કીધું, પણ શું કીધું છે ? વ્યવહાર સમજાના એ મ્લેચ્છ ભાષાએ મ્લેચ્છને જેમ સમજાયા એમ વ્યવહારીજનકો વ્યવહાર ભાષાસે સમજાયા, પણ સમજતે હૈ તો નિશ્ચય, વ્યવહારસે સમજતે હૈ ઔર વ્યવહારકા આશ્રય લેના ઐસા અહિંયા હૈ નહિ. આહાહા ! સમજમેં આયા ? ઇસ વચનસે વ્યવહારનય અનુસરણ કરને યોગ્ય નહીં. લ્યો પાઠમેં હૈ ને, ? હૈં. વચન વ્યવહારનયો નાનુસર્તવ્યોભ્યો સંસ્કૃતમાં હૈ કહેનેવાલે અહીં વ્યવહારમેં આયા હૈ, વિકલ્પ આદરણીય અનુસરણ લાયક નહીં. આહાહા ! વિશેષ કહેશે.

– પ્રમાણ વચન ગુરુદેવ.

## પ્રવચન નં. ૩૨ ગાથા – ૮ તા. ૧૨-૭-૭૮ બુધવાર, અષાઢ સુદ-૭ સં. ૨૫૦૪

આઠમી ગાથાનો ભાવાર્થ છે ને ? ભાવાર્થ હૈ. પંડિત નથી આવ્યા ? ( શ્રોતાઃ– પંડિતજી ભાવનગર ગયા છે ) ભાવનગર ગયા છે.

કયા કહેતે હૈ ? “ લોગ શુદ્ધનયકો નહીં જાનતે ” અર્થાત્ લોક સામાન્ય જન વ્યવહારી હૈ, વો ધર્મી પૂર્ણ શુદ્ધ ચૈતન્ય ધર્મી જો શુદ્ધનયકા વિષય વો જાનતે નહિ. વસ્તુ જો અખંડ હૈ, અભેદ હૈ, ચૈતન્યસ્વરૂપ જિસમેં પર્યાયકા ભેદ ભી નહિ, એ ચીજકો લોક જાનતે નહીં, “ કયોંકિ શુદ્ધનયકા વિષય તો અભેદ એકરૂપ વસ્તુ હૈ, ” શુદ્ધનયકા વિષયકો નહીં જાનતે ( એ ) શુદ્ધનયકો નહીં જાનતે. કયોંકિ શુદ્ધનયકા વિષય અભેદ એકરૂપ વસ્તુ છે. એકરૂપ, અભેદ એકરૂપ, ઉસમેં પર્યાયકા ભેદ નહિ, રાગકા સંબંધ નહિ, સંયોગકા સંબંધ નહિ. આહા ! ( શ્રોતાઃ– એ તો ત્રિકાળસ્વરૂપ છે. ) એ વર્તમાન, એ ત્રિકાળી વસ્તુ, ત્રિકાળ કહેનેમેં આતા હૈ પણ વર્તમાનમેં અભેદ અખંડ વસ્તુ. આહાહા ! એકરૂપ વસ્તુ વર્તમાનમાં એમ. વર્તમાનમેં એકરૂપ અભેદ એકરૂપ વસ્તુ, ઉસકો તો વ્યવહારીજન અનંતકાળમેં અભ્યાસ નહિ તો જાનતે નહિ. હૈ ? એ અભેદ એકરૂપ વસ્તુ ત્રિકાળ, ત્રિકાળ એ બી એક લાગુ, પણ વસ્તુ હૈ બસ, એકરૂપ સામાન્ય, ધ્રુવ. આહાહા !

“ કિંતુ વે અશુદ્ધનયકો હી જાનતે હૈ ! ” વ્યવહારનયકો જાનતે હૈ ઐસા, નહિ કહેકર અશુદ્ધનયકો જાનતે હૈ, અશુદ્ધનય કહો કે વ્યવહાર એટલે કયા કિયા ? કે વસ્તુ જો હૈ એકરૂપ અભેદ અખંડ, ઉસકો અજ્ઞાની અનાદિસે પરિચય નહિ અભ્યાસ નહિ, વ્યવહારીજન ઉસકો જાન સકતે નહિ. વો તો અશુદ્ધનયકો જાનતે હૈ, રાગકો ને ભેદકો એ જાનતે હૈ. ભેદકો જાનતે હૈ કે ભાઈ આ જ્ઞાન એ આત્મા, જ્ઞાન એ આત્મા, જાને તે આત્મા ઐસા ભેદ, ભેદ કરકે જાનતે હૈ. સમજમેં આયા ? કિન્તુ અશુદ્ધનયકો હી જાનતે હૈ ઐસા લિયા, એ તો ભેદકો હી જાનતે હૈ ભેદસે અભેદ કયા ચીજ હૈ ઉસકો જાનતે નહીં. આહાહા !

“ કયોંકિ ઉસકા વિષય ભેદરૂપ અનેકરૂપ પ્રકાર હૈ ” અશુદ્ધનયકા વિષય ભેદરૂપ અનેક પ્રકાર હૈ. જોયું ? શુદ્ધનયકા વિષય અભેદ એકરૂપ હૈ તો અશુદ્ધનયકા વિષય ભેદ અનેકરૂપ હૈ. સમજમેં આતે હૈ ? આ તો વિષય સૂક્ષ્મ હૈ.

‘ ઇસલિયે વ્યવહારકે દ્વારા હી પરમાર્થકો સમજ સકતે હૈ ’ એ કારણે એ અશુદ્ધનયકો નામ ભેદકો જાનતે હૈ અનેક પ્રકાર હૈ ઉસકો જાનતે હૈ, અભેદ ને એકરૂપ વસ્તુકો જાનતે નહીં. ઉસકો વ્યવહારસે, વ્યવહારકે દ્વારા હી પરમાર્થકો સમજ સકતે હૈ, ભેદદ્વારા પરમાર્થકો સમજ સકતે હૈ. આ જ્ઞાન તે આત્મા, દર્શનકો પ્રાપ્ત થાય એ આત્મા, ઐસા ભેદ કરકે સમજ સકતે હૈ... કયા કહેતે હૈ ? કે આત્મા તો અભેદ હૈ, એક અખંડ અભેદ હૈ વસ્તુ પણ વો અભેદકો જાનતે નહિ તો ઉસકો સમજાયા કે દર્શન જ્ઞાન ચારિત્રકો જે પ્રાપ્ત હો ભેદસે સમજાયા. દર્શન જ્ઞાન ચારિત્રકો જે પ્રાપ્ત હો, એ આત્મા, સમજમેં આયા ? આહાહા ! આવી છે વાત. વ્યવહારકે દ્વારા હી, વ્યવહારસે નિશ્ચય હોતા હૈ એ પ્રશ્ન અહિંયા નહિ. ફક્ત વ્યવહારસે ભેદસે અનેક પ્રકાર બતાનેસે

અભેદ એકરૂપકો જાનતે હૈ, ભેદસે અનેક પ્રકારસે એક ચીજકો ઉસમેં ભેદ નહિ છતાં ભેદ બતાકર કે ભાઈ જો જ્ઞાન તે આત્મા, જ્ઞાનકો પ્રાપ્ત હો એ આત્મા. ઐસે જ્ઞાનકા ભેદ કરકે બતાયા. તો વો જાણે કે હા, વો જાનનેવાલા જ્ઞાન, જ્ઞાન એ આત્મા, તો વ્યવહારકે દ્વારા, ભેદકે દ્વારા અભેદકો સમજ સકતે હૈં. એ કારણ વ્યવહારસે સમજાનેમેં આતા હૈ. આહાહા ! આવી વાત છે. એ વ્યવહાર કયા ? કોઈકો તો દયા પાળ સકતે હૈ ને વ્રત કર સકતે હૈ ને ભક્તિ કર સકતે હૈ એ વ્યવહાર દ્વારા, એ બાત અહિંયા હૈ નહીં. અહિંયા તો એક વસ્તુ અભેદ અખંડ તત્ત્વ હૈ આત્મા, ઉસમેં ભેદ હૈ નહિ. ગુણ અનંત હૈ, છતાં અનંત ગુણનું રૂપ અભેદ એક ચીજ હૈ, તો અભેદકો અનાદિ કાળકા અભ્યાસકે અભાવમેં જાણ સકતે નહિ તો ભેદકો સમજાના પડે કે ભેદ આયા એ વ્યવહાર આયા, ભેદકે દ્વારા વ્યવહારકે દ્વારા કે જો ભાઈ અંદર આત્મા જો હૈ ને ? આ જાને હૈ ને ? જાને હૈ ને ? જ્ઞાન એ આત્મા. ઐસા ભેદ કરકે વ્યવહાર કરકે અભેદકો બતાયા. વ્યવહાર કરતે-કરતે અભેદ હોગા એ અહીંયા પ્રશ્ન હૈ નહીં. વ્યવહાર આચરણ કરતે નિશ્ચય હોગા એ અહિંયા પ્રશ્ન હૈ નહિ.

અહિંયા તો ઉસકો અભેદ ચીજકો નહીં સમજતે તો ભેદ દ્વારા, ઉસમેં હૈ ગુણીમેં ભેદ હૈ પણ અભેદ તરીકે હૈ, ઉસકો ભેદ બતાકર, ભિન્ન બતાકર કે જાનનેવાલા, પહેલેમેં તીન ( ભેદ ) લિયા થા. સાતમી ગાથામાં અહિંયા એક જ્ઞાન જ લિયા, હવે. આહાહા ! સમજમેં આયા ? એ તો એનો એ જ વિષય છે એને વિષય તો એને એ, પણ એને એ ટૂંકામાં બતાયા. યહાં વ્યવહારકે દ્વારા કહેનેમેં આયા કે પરમાર્થકો, પરમાર્થકો એટલે વસ્તુ જે અખંડ અભેદ ચૈતન્ય તત્ત્વ, જિનતત્ત્વ જે વસ્તુ અનાદિ એકરૂપ વસ્તુ હૈ, ઉસકો એકરૂપકો નહિ જાનનેવાલેકો અનેક નામ ગુણાદિ ભેદકે દ્વારા ઉસકો અભેદકો બતાતે હૈ ઐસા વ્યવહાર આયા બિના રહેતે નહીં, સમજમેં આયા ? છતાં વ્યવહારકા અનુસરણ કરને લાયક નહીં. ભારે ભાઈ આ. આહાહા !

મોટી તકરાર આ ગાથામાં ચીમન ચકુ હતો એણે આ કાઢયું 'તું જુઓ આમાં વ્યવહાર છે. પણ કયા કીધું, વ્યવહારસે કીધું ? વ્યવહારસે તો ભેદસે સમજાના પણ એથી ભેદસે સમજેગા, માટે રાગની ક્રિયા કરે તો સમજેગા ઐસે અહિંયા બાત હૈ નહીં, અહિંયા તો અખંડ એક રૂપકો જે નહિ જાનતે હૈ, તો જ્ઞાન, આ જાનતે હૈ ને, જાનનેવાલા ગુણ હૈ એ જ્ઞાન એક આત્માકા એ આત્મા હૈ, રાગ એ અણાત્મા હૈ, શરીર એ અણાત્મા હૈ, ને જ્ઞાન એ આત્મા હૈ, ઐસા ભેદ કરકે બતાયા, પણ બતાના હૈ અભેદ. ભેદસે બતાના ( હૈ ) અભેદ, તો ભેદ સૂનકર ભેદકા આશ્રય લેના નહિ હૈ, સુનનેવાલેકો ભી ભેદસે અભેદકો જાનના, જાનના હૈ. આહાહા ! આવો ઝીણો માર્ગ. આ સામાયિક કરો ને પડિક્કમણા કરો ને ફલાણુ કરો ને ભક્તિ કરો ને થઈ રહ્યું. લ્યો આહાહા ! એ તો અનંતબૈર કિયા ભાઈ એ કોઈ ચીજ નહીં.

અહિંયા વ્યવહાર દ્વારા આમ, ગુણી જો એકરૂપ અભેદ હૈ ઉસકો ભેદકે દ્વારા જનાના ઇતના વ્યવહાર બિચમેં આયા બિના રહેતે નહિ. પણ વ્યવહારસે જાનનેમેં આનેવાલી તો ચીજ અભેદ હૈ. આહાહા ! વ્યવહાર વ્યવહારકો જણાતે હૈ ઐસા નહિ. વ્યવહાર જણાતે હૈ ઉસકો ( અભેદકો ) સમજમેં આયા ? આવો માર્ગ હજી તો આ સમ્યગ્દર્શનકી વાત ચલતી હૈ.

સમ્યગ્દર્શન જિસકો પાના હૈ, ઇસકો ભેદસે પહેલે સમજાના પડે, કે જુઓ ભાઈ વસ્તુ જો

ત્રિકાળી હૈ એ જ્ઞાન તે ' આત્મા ' હૈ, દૃષ્ટિ ત્યાં લગાવો, જ્ઞાન એ આત્મા હૈ, તો જ્ઞાન ઉપર દૃષ્ટિ લગાવો ઐસા નહિ. સમજમેં આયા ? આહાહા ! આ જાનન, જાનન, જાનન જે ભાવ હૈ એ આત્મા એમ કરીને તેરા લક્ષ દ્રવ્ય ઉપર જાના પડેગા. જ્ઞાનસે બતાયા પણ જ્ઞાન ઉપર લક્ષ રખના ઉસકો એ માટે બતાયા હૈ નહિ. સમજમેં આયા ? જ્ઞાનસે આત્મા બતાયા પણ જાનનેવાલેકો, જ્ઞાનમેં રૂકને ( કે લિએ ) બતાયા ઐસા નહીં. એ જ્ઞાન તે આત્મા. આહાહા ! ત્યાં જા. ઐસા ભેદ દ્વારા અભેદકો સમજાયા, આહાહા ! આ વિષય. ( શ્રોતાઃ– બતાનેવાલેકા તો ઉપકાર માના ચાહિએ ને ) એ વળી દૂસરી બાત હૈ, એ તો ઉસકા વિકલ્પ આતા હૈ, એ વળી દૂસરી બાત હૈ. પણ ચીજ ક્યા હૈ ? ચીજ જો હૈ યે તો એકરૂપ અભેદ હૈ તો અભેદકો તો સમજે શી રીતે ? આત્મા અભેદ હૈ, આત્મા એક હૈ, પૂર્ણ હૈ, પણ એ સમજે શી રીતે ? તો ઉસકો ઐસા બહોત બહોત ટૂંકામે કહેનેમેં આતા હૈ, તો કે જ્ઞાન તે આત્મા. સમજમેં આયા ? મૂળ તો પાઠમેં તીન લિયા હૈ, આહાહા ! વ્યવહારકે દ્વારા હી પરમાર્થકો સમજ સકતે હૈ, ભેદસે એટલે દર્શન જ્ઞાન ચારિત્રકો જો પ્રાપ્ત હોતા હૈ એ આત્મા, હૈ તો ભેદ દર્શન જ્ઞાન, રાગકો પ્રાપ્ત હોતા હૈ કે નિમિત્તકો પ્રાપ્ત હોતા હૈ એ બાત તો અહિંયા હૈ નહિ. દર્શન જ્ઞાન–જિસમેં રુચિ, જ્ઞાન ઔર સ્થિરતા ઉસકો જો પ્રાપ્ત કરે એ આત્મા. તો ભેદસે બતાયા અભેદ, ભેદ ઉપર લક્ષ કરાનેકો નહીં, ભેદ ઉપરસે લક્ષ છોડકર અભેદકી દૃષ્ટિ કરાનેકો. દેવીલાલજી ! આવી વસ્તુ છે.

( શ્રોતાઃ– ભેદ પહેચાને તબ અભેદ પહેચાનેને ) એ બાત અહિંયા હૈ નહિ. ભેદ પીછાનના એ પ્રશ્ન અહિંયા હૈ નહિ. ભેદસે અભેદ બતાના હૈ. જ્ઞાન તે આત્મા માટે જ્ઞાન પહેલાં જાનના એ તો વ્યવહાર હૈ એ તો આયેગા પીછે, પણ વો તો વ્યવહાર કિસકો ? જે જ્ઞાન તે ' આત્મા ' ઐસા આત્માકા અનુભવ હુવા વો તો પરમાર્થ શ્રુત કેવળી એ ( ગાથા ) નવ દસમાં આયેગા, અને જ્ઞાન તે આત્મા, એ જ્ઞાનકો જાનેં એ વ્યવહાર હૈ એ વ્યવહાર શ્રુતકેવળી હૈ, પણ વો દૃષ્ટિ હુઈ ઉસકો. આહાહા ! ઝીણી વાત બહુ છે.

અહિંયા તો હજી આઠમી ગાથા ચાલે છે ને ? આઠમીમાં તો ત્રણ બોલ લિયા હૈને ? દર્શન જ્ઞાન ચારિત્રસે જો પ્રાપ્ત હોતા હૈ એ આત્મા ઐસા નહીં કહા, કયા કહા ? દર્શન જ્ઞાન ચારિત્રસે પ્રાપ્ત હો એ આત્મા ઐસા નહીં કહા પણ જે આત્મા દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હોતા હૈ, એ આત્મા. આહાહા ! " ને " અને " એનાથી ", ઇતના ફેર દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હોતા હૈ એ " જે ", દર્શન જ્ઞાન ચારિત્ર, રાગકો પ્રાપ્ત હોતા હૈ એ બાત તો હૈ નહીં. દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હોતા હૈ ' જે ' ' તે ' આત્મા, દર્શન જ્ઞાન ચારિત્રસે પ્રાપ્ત હોતા હૈ એ આત્મા ઐસા નહીં. સમજમેં આયા ? બહોત ફેર ઊગમણા આથમણા ફેર હૈ બેયમેં, કલ કહા થા રાત્રિકો નહીં ?

વસ્તુ, રાગ હો, ધર્મી જ્ઞાનીકો ભી રાગ તો હોતા હૈ રાગ હોતા હૈ વિષયકા રાગકા આદિ હો પણ વો ચીજ તો દુઃખરૂપ હૈ, હેય હૈ, પણ ( સાધકકો ભી ) આતે હૈ, પણ એ તો હેય હૈ, વો તો દૂસરી બાત. પણ અહિંયા આત્મા દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હોતા હૈ જે, ' જે ' એટલે આત્મા. દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હોતા હૈ તો એ ભેદસે બતાયા. આત્મા દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હોતા હૈ એ ' આત્મા '. ' આત્મા ' દર્શન જ્ઞાન ચારિત્રસે પ્રાપ્ત હોતા હૈ એ ' આત્મા ' ઐસા નહીં. સમજમેં આયા ? ( શ્રોતાઃ– દર્શન જ્ઞાન ચારિત્ર કો આત્મા પ્રાપ્ત કરતા હૈ ) ઈ આત્મા

દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત કરતા હૈ, પર્યાયમેં વો આતા હૈ, એ પર્યાયમેં એ બતાતા હૈ દ્રવ્યનેને ! પર્યાય ઉપર લક્ષ કરાના નહિ, કે દર્શન જ્ઞાન ચારિત્રસે પ્રાપ્ત હો યે આત્મા, તો તો દર્શન જ્ઞાન ચારિત્રકા લક્ષ કરે તો એ તો પર્યાયકા લક્ષ હુઆ. સમજમેં આયા ? ઝીણી વાત હૈ ભાઈ.

આ તો પહેલી ૧૨ ગાથાઓ તો પીઠિકા હૈ સારા ( આખા ) સમયસારકી ! એ આત્મા પૂર્ણાનંદ એકરૂપ વસ્તુ હૈ ને વસ્તુ ! એ તો અભેદ ને એકરૂપ હૈ. ઉસકો નહિ જાનનેવાલેકો ઇતના ભેદ બતાયા કે " જે " એટલે આત્મા, દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો એ આત્મા. તો ઉસકા લક્ષ તો આત્મા ઉપર હૈ, દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હુઆ વો આત્મા. ચંદુભાઈ ! આહાહા ! ( શ્રોતાઃ- ' જે ' પર સારા વજન છે ) " જે " દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હોતા હૈ. ' જે ' ત્યાં દૃષ્ટિ. આહાહા ! અને ' જે ' દર્શન જ્ઞાન ચારિત્રસે પ્રાપ્ત હોતા હૈ, ઐસા નહીં. આહાહા ! તો ઉસકી દૃષ્ટિ પર્યાય ઉપર રહી. ઉસસે પ્રાપ્ત હોતા હૈ, ઉસસે પ્રાપ્ત હોતા હૈ, અને આ તો ' જે ' દર્શન જ્ઞાન ચારિત્રને પ્રાપ્ત હુઆ તે આત્મા. સમજમેં આયા ? સમયસાર ગૂઢ વસ્તુ હૈ. આહાહા !

ભેદ કરકે બતાયા તો ઇતના કે એ અભેદ ચીજ દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હોતી હૈ. આહાહા ! એ ચીજ આત્મા. બહુમાંય બહુ ટૂંકામેં કહેતે હૈ તો ઇતના તો કહેના પડે કે આગળ લેગા તો એ ત્રણમેંસે એક લેગા વળી. આ તો તીન લિયા હૈ પીછે એક લેગા. જ્ઞાન તે આત્મા, નવ-દશ ( ગાથામાં ) આહાહા ! રાગ હોતા હૈ, સમકિતીકો-જ્ઞાનીકો ભી રાગ આતા હૈ, પણ હૈ રાગ દુઃખરૂપ, હેયરૂપ, આકૂળતારૂપ. ઉસસે આત્મા જાનનેમેં આતા હૈ, એ તો પ્રશ્ન હૈ હી નહીં ઔર વો દુઃખકો પ્રાપ્ત હોતા હૈ એ આત્મા, એ ભી નહિ. દુઃખ શબ્દે રાગસે આત્મા પ્રાપ્ત હો એ તો નહીં. પણ આત્મા રાગકો પ્રાપ્ત હોતા હૈ એ આત્મા નહિ. સમજમેં આયા ? રાગકો પ્રાપ્ત જે હો તે આત્મા એ નહિ ઔર રાગસે પ્રાપ્ત હો આત્મા એ નહીં હવે દર્શન જ્ઞાન ચારિત્રસે પ્રાપ્ત હો આત્મા એ નહીં. આહાહાહા ! ગજબ વાત.

જુઓ તો વાણી આ સિદ્ધાંત કહેવાય. વીતરાગની વાણી આ કહેવાય. આહાહા ! દિગંબર સંતો એ તો કેવળજ્ઞાનના કેડાયતો, કેવળજ્ઞાન રેડયા હૈ એકલા. આહા ! કિતના સ્પષ્ટ હૈ, કે જે આત્મા રાગકો પ્રાપ્ત હો એ આત્મા ઐસા કહા નહીં. નવરંગભાઈ ! ઔર રાગસે આત્મા પ્રાપ્ત હો ઐસા કહા નહિ. હવે દર્શન જ્ઞાન ચારિત્રસે પ્રાપ્ત હો ઐસા કહા નહિ, પ્રેમચંદજી ! બહુ ધ્યાન રાખનેકા આ સમજનેકી ચીજ હૈ. આહાહા ! પીછે જ્ઞાનીકો રાગ હો પણ જ્ઞાનીકી દૃષ્ટિ દ્રવ્ય ઉપર હૈ એ સિદ્ધ કરના હૈ. સમજમેં આયા ? અને અજ્ઞાનીકો ભી દૃષ્ટિ દ્રવ્ય ઉપર લગાના હૈ, એ અહિંયા સિદ્ધ કરના હૈ.

ભેદ પાડ કરકે કે આત્મા દર્શન જ્ઞાન ચારિત્રકો, ' જે ' દ્રવ્ય, ' ' જે ' વસ્તુ દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો એ આત્મા. તો ત્યાં દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર લગાના હૈ અને દર્શન જ્ઞાન ચારિત્રસે પ્રાપ્ત આત્મા તો ત્યાં દૃષ્ટિ દર્શન જ્ઞાન ચારિત્ર ( પર્યાય ) ઉપર જાતી હૈ. આહાહા ! સમજમેં આયા ? એ નવરંગભાઈ ! શું કઠણ લાગ્યું હવે આમાં ? પાણી ગળવાનો ભાવ છે રાગ એ આત્મા પ્રાપ્ત કરે એ ના પાડતે હૈ એમ કહેતે હૈ. આહાહા ! રતિભાઈ ! ભાઈનો પ્રશ્ન હતો પહેલે ? ક્યાંની કયાં ચાલી ગઈ વસ્તુ. આહાહા ! ભગવંત તું ક્યા હૈ ? કે મૈં તો હૂઁ અભેદ પણ એ જિસકો અભેદકા ખ્યાલ નહિ, અભેદકા અનુભવ નહિ, અભેદ કો પહોંચ સકતે નહિ. ઇસકો કયા કરના ?

કયા, કઈ રીતે સમજાના ? એ આ રીતે સમજાના. જે વસ્તુ જે અભેદ હૈ ભેદકો પ્રાપ્ત હોતી હૈ, આહાહા ! પ્રાપ્ત હોતી હૈ ભેદકો, દર્શન જ્ઞાન ચારિત્રકો, ભેદસે અભેદ પ્રાપ્ત હોતા હૈ ઐસી બાત નહિ. દર્શન જ્ઞાન ચારિત્રસે આત્મા પ્રાપ્ત હો ઐસા નહીં લિયા. ફક્ત, દર્શન જ્ઞાન ચારિત્રકો જે પ્રાપ્ત હોતા હૈ, અભેદ ચીજ હૈ એ ભેદમેં પરિણમન જે હોતી હૈ. આહાહા ! તો એ પરિણમન દ્વારા અભેદકો બતાયા. જોર તો ત્યાં દીયા હૈ પરિણમન દ્વારા એ પરિણમન કરનેવાલા ‘ જે ’ હૈ ‘ એ ’ આત્મા. તો એ આત્મા ઉપર દૃષ્ટિ લગાયા હૈ પરિણમન કરનેવાલી ચીજ હૈ વો આત્મા કહે તો તો પર્યાય ઉપર દૃષ્ટિ હુઈ, એ આત્મા તો ત્યાં હૈ નહિ. આહાહા !

અતઃ વ્યવહારનયકો પરમાર્થકા કહેનેવાલા જાનકર, પરમાર્થકા કહેનેવાલા જાનકર, પરમાર્થકા પ્રાપ્ત કરાનેવાલા જાનકર ઐસા અહીં નહિ. આહાહા ! પરમાર્થકા કહેનેવાલા જાનકર ઉસકા ઉપદેશ દિયા જાતા હૈ. આહાહા ! કોઈ ઉપાય નહીં દૂસરા, અખંડ આનંદ પ્રભુ અભેદ એકરૂપ ચીજ અને જિસકી દૃષ્ટિમેં અભેદ આયા હૈ તો ઉસમેં ગુણ તો હૈ પણ અભેદકી દૃષ્ટિમેં ભેદ દિખતે નહિ, એ અંદર ગુણ હૈ એ દિખતે નહિ એમ કહેતે હૈ, આ ભેદ હૈ એ તો વર્તમાન પર્યાયકા કહા. આહાહા ! પર્યાયકો પ્રાપ્ત હો વો આત્મા, તો ત્યાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર લગાયી હૈ, આહાહા ! ગજબ વાત ! ! એકેક ગાથા એકેક પદ કિતની ગંભીરતાસે ભરા હૈ. ( શ્રોતાઃ– દર્શન જ્ઞાનકો પ્રાપ્ત હો વો આત્મા ) જ્ઞાનકો પ્રાપ્ત હો એ તો પીછે લેગા, અહિંયા તો દર્શન–જ્ઞાન–ચારિત્રકો પ્રાપ્ત હો તે આત્મા, પીછે લેગા કે જ્ઞાન તે આત્મા એ પીછે લેગા એ બી વ્યવહાર હૈ. ઇતના થોડા તો વ્યવહાર આયા બિના રહેતે નહિ. છતાં વ્યવહાર અનુસરણ કરને લાયક હૈ નહિ. અનુકરણ કરને લાયક આદરણીય હૈ નહિ. આહાહા !

અરે ! ચોરાશીના અવતારમાં અનંતકાળથી ડૂબી ગયો છે, ડૂબી રહ્યો છે, દુઃખમાં ડૂબી ગયો છે ઈ, એને દુઃખથી મુક્ત કરવા માટે, કરનેકો અભેદકો સમજાનેમેં, ભેદસે સમજાના એ સિવાય દૂસરી કોઈ ચીજ આતી નહિ. એ ભેદ તે ક્યા ? ઉસકા દર્શન જ્ઞાન ચારિત્રકા પરિણમન વો ભેદ, એ પરિણમનકો પ્રાપ્ત હો એ આત્મા. આહાહા ! થોડામાં પણ પરમ સત્ય હોના ચાહિએ ને ? આહાહા !

“ ઇસકા અર્થ યહ નહીં સમજના ચાહિએ, કયા કિયા ? ” કે વ્યવહારનયકો પરમાર્થકા કહેનેવાલા જાનકર, ઉસકા ઉપદેશ દિયા જાતા હૈ પણ ઉસકા અર્થ એ સમજના નહીં કે “ અહિંયા વ્યવહારકા આલંબન કરાતે હૈ ” આહાહા ! દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો એ આત્મા તો દર્શન જ્ઞાન ચારિત્રકા આલંબન કરાતા હૈ ઐસા નહીં. આહાહા ! ( શ્રોતાઃ– ભેદ ઔર અભેદકી જાતિ તો એક હૈ ) ભેદ હો ગયા, એ વસ્તુ વ્યવહાર હો ગઈ. પર્યાય માત્ર વ્યવહાર હૈ, દ્રવ્ય હૈ વો નિશ્ચય હૈ ને પર્યાય હૈ વો વ્યવહાર, ભલે નિર્મળ પર્યાય હો. આ નિર્મળ પર્યાયકી બાત કિયા ને ? દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો એ નિર્મળ પર્યાય હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ– પર્યાય ભી નિર્મળ અને દ્રવ્ય ભી નિર્મળ જાત એક હો ગઈ ) એ અત્યારે બાત નહિ. અહીં તો જનાના કિ બાત કરના, જે ચીજ હૈ અંદર વસ્તુ મહા પ્રભુ અનંત ગુણકી સંપદાકા મહા મહેલ, મહેલ એટલે મહેલ, મેલ નહીં મહેલ, જે મહેલમેં અનંતી ચીજ સંપદા પડી હૈ, જેમ આ મહેલ હોતા હૈ ને જેમ ઘર વખરા ઘર વખરા હોતા હૈ ને ? કયા કહેતે હૈ ? ફર્નિચર. તો આ આત્મા ઐસા મહેલ હૈ કે ઉસમેં

અનંતા ફર્નિચર પડા હૈ. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન ઐસા અનંતાનંત પણ વો સબ એકરૂપમેં હૈ, દ્રવ્યસે ભિન્ન હૈ નહીં. હવે ઉસકો ભિન્ન કરકે બતાના, તો નામરૂપી કથન કરકે કથન માત્રસે વ્યવહારસે કહેનેમેં આતા હૈ. આહાહા ! સમજમેં આયા ?

આવો ઉપદેશ એટલે લોકોને એવું લાગે, કંઈ કરના ધરના કુછ નહીં ને આનંદ બહોત હૈ. આગ્રામેં એક પંડિત હતાં બાબુ એક કલાક સૂના, સભા મોટી બડી થી, પાટણીના મકાનની પાછળ જગ્યા હતી આ બાજુમાં એક વ્યાખ્યાન હુઆ ( પંડિત ) ઉભા હો ગયા. બડા આનંદકી બાત, કરના ધરના કૂછ નહિ ? અરે ! પ્રભુ, એમ કોઈ વ્રત કરના, ભક્તિ કરના, તપ કરના કુછ નહિ. અરે ! ભગવાન એની તો બાતેય ક્યાં છે અહિંયા ? વો ચીજ આત્માકે પ્રાપ્ત હો ઉસસે, એ આત્મામેં હૈ હી નહિ અને ઉસમેં હૈ નહિ ઉસસે પ્રાપ્ત કૈસે હો ? અહિંયા તો ઉસમેં હૈ દર્શન જ્ઞાન ચારિત્ર સ્વભાવ તો ઉસસે ભી પ્રાપ્ત હો ઐસા નહિ કહા. પરિણતિસે એ પ્રાપ્ત હો એસા નહિ. ‘ જે ’ પરિણતિકો પ્રાપ્ત હોતા હૈ, એ દ્રવ્ય હૈ. આહાહા !

આ તો સિદ્ધાંત હૈ ત્રણ લોકના નાથ. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ. એક સમય, સેકન્ડનો અસંખ્યમો ભાગ ઉસમેં તીન કાલ એક સમયમેં તીન કાલ, આહાહા ! ઔર તીન લોક ઔર અલોક જાનતે હૈ, એ ભગવાનકી વાણી આ હૈ. આહાહા ! બાપુ, એ શું ચીજ છે ભાઈ, વો સંતો ! વાણી ભગવાનકી હૈ વો કહેતે હૈ કે માર્ગ તો ઐસા હૈ હમ ( ને ) ભી ઐસે જાના હૈ, ભગવાન ઐસા કહેતે હૈ, વસ્તુ ઐસી હૈ. આહાહા ! ક્યા ફૂરસદ નહીં, ધંધા આડે ફૂરસદ નહીં, ધર્મને નામે જાય તો ગજરથ ચલાવો ને મંદિર ને, આહા ! પચ્ચીસ પચ્ચીસ હજાર માણસ, હજાર હજાર માણસ વચ્ચે એકેક બેંડવાજા રથ નીકળેને ? અમારે રથ નીકળ્યો ’તો ને ત્યાં જયપુર ચાલીસ હજાર માણસ હારે, હમ થે ને તબ એકવીસ તો હાથી મોઢા આગળ, એકવીસ હાથી, હજાર હજાર આદમી બિચમેં એક એક બેન્ડ કેમકે લોકોને સંભળાય એવા હજાર આદમી હો પણ એ તો, બાપુ ! એ તો બહારની પ્રવૃત્તિ હૈ એ કાંઈ આત્માસે હોતી હૈ, ને આત્મા કરતે હૈ, તો હોતા હૈ ઐસા હૈ નહીં. આહાહા ! ઉસમેં લક્ષ હૈ કોઈકા તો એ શુભભાવ હૈ એ શુભભાવસે આત્મા પ્રાપ્ત હો ઐસા ( ભી ) નહીં. આહાહા !

અહીં તો દર્શન જ્ઞાન ચારિત્રસે ભી આત્મા પ્રાપ્ત હો ઐસા અહીં કહા નહિ, કયુંકિ ઐસે તો જોર પર્યાય ઉપર જાયેગા ઉસકા, જો ચીજ દર્શન જ્ઞાન ચારિત્રરૂપે પરિણમતી હૈ એ દ્રવ્ય આત્મા. આહાહા ! બહોત માર્ગ ( મેં ) ફેરફાર હો ગયા વીતરાગ માર્ગ જે જૈનદર્શન સનાતન. જૈનદર્શન તો આ હૈ. વ્યવહારકા આલંબન કરાતે હૈ ઐસા નહીં સમજના. અહિંયા ઐસા કહાને વ્યવહારકે દ્વારા હી પરમાર્થકો સમજ સકતે હૈ એ માટે વ્યવહારનયકો પરમાર્થકા કહેનેવાલા જાનકર ઉસકા ઉપદેશ કિયા જાતા હૈ.

ઇસકા અર્થ યહ નહીં સમજના ચાહિએ કે અહિંયા વ્યવહારકા આલંબન કરાયા, પ્રચ્યુત વ્યવહારકા આલંબન છૂડાકર પરમાર્થમેં પહોંચાતે હૈ. દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો એ આત્મા, તે દર્શન જ્ઞાન ચારિત્રમેં આલંબન લેના હૈ ઐસા નહિ, એ જે ચીજ ઉસકો પ્રાપ્ત હોતી હૈ એ ચીજકા આલંબન હૈ. આહાહા ! અનંત અનંત કાળ ગયા, અનંત અનંત કાળ, શાસ્ત્ર તો કહેતે હૈ કે કોઈ રાગકા દોષ હો જ્ઞાનીકો ભી તો એ ઉસકે ખ્યાલમેં હૈ, તો એ રાગ છોડેગા ને

સ્થિર હોગા, પણ જિસકો હજી રાગ કયા, આત્મા કયા, પર્યાય કયા, ઇસકી તો હજી ખબરેય નહિ, આહાહા ! એ તો દર્શનભ્રષ્ટ હૈ, દર્શનભ્રષ્ટ, જ્ઞાનભ્રષ્ટ, ચારિત્રભ્રષ્ટ, ચારિત્રભ્રષ્ટ હૈ એ સીજેગા, દર્શનભ્રષ્ટ નહીં સીજેગા. આહાહા !

દર્શન પાહુડની ગાથા હૈ અષ્ટપાહુડમેં " દંસણભટ્ટા ન સિજ્ઝંતિ ચરિયભટ્ટા સિજ્ઝંતિ " ચારિત્રકા દોષ હોગા રાગકા તો ઉસકો ખ્યાલ હૈ કે મેરી કમજોરી, તો વો ભી છોડ કર સિદ્ધ હોગા પણ દર્શનભ્રષ્ટ હૈ જિસકે હજી પ્રતિતકા ઠેકાણાં નહિ, આહાહા ! વો તો જ્ઞાનસે ભ્રષ્ટ ને ચારિત્રસે ભ્રષ્ટ તીનોંસે ભ્રષ્ટ હૈ. સમજમેં આયા ? તો એ દર્શન કયા ચીજ હૈ, ઉસકી હજી ખબરેય નહિ. આહાહાહા ! ઔર વો દર્શન કૈસે પ્રાપ્ત હો, ઇસકી ભી ખબર નહીં. આહાહા ! સમજમેં આયા ? તો અહિંયા વ્યવહારકા ઉપદેશ દેના, ઐસા કહા, કિયા જાતા હૈ પણ ઇસકા અર્થ એ નહિ કે આલંબન કરાતે હૈ વ્યવહારકા, પર્યાયકા આલંબન કરાતે હૈ એમ નહીં. આહાહા ! ' પ્રચ્યુત ', પણ ખાસ વ્યવહારકા આલંબન છોડાકર પરમાર્થમેં પહોંચાતે હૈ. આહાહા !

દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો એ આત્મા એમ બતાકર પર્યાયસે બતાયા ભેદસે, પણ ભેદ બતાતે હૈ અભેદકો. અભેદકી દૃષ્ટિ કરાના હૈ. આહાહા ! એ વિના ઉસકો સમ્યગ્દર્શન હોગા નહિ. એ બિના જનમ મરણકા અંત આયેગા નહીં. આહાહા ! સમજમેં આયા ? " વ્યવહારકા આલંબન છૂડાકર પરમાર્થમેં પહોંચાતે હૈ ", યહ સમજના ચાહિએ. ભેદસે, બતાયા તો ભેદકા આલંબન કરના ઐસે નહીં બતાયા. ( શ્રોતાઃ છોડાવ્યો છે એ તો ) છોડાવ્યો છે એ તો. આહાહા ! આઠમી ગાથા હુઈ.

***

વળી કોઈ એમ પણ કહેતા હોય છે– ' પર્યાય છે, તેનું જ્ઞાન કરવું જોઈએ ને ? પર્યાય જાણવી જોઈએ, પર્યાયને વિષય બનાવવો જોઈએ, અન્યથા એકાંત થઈ જાય. પર્યાય પણ વસ્તુ છે, અવસ્તુ નથી એમ શાસ્ત્રમાં પણ કહ્યું છે. કાર્ય તો પર્યાયમાં થાય છે ને ? પર્યાય વિના કાંઈ કાર્ય થાય ? આમ પર્યાયનો પક્ષ કરી પરસ્પર વ્યવહારના પક્ષ રૂપ ઉપદેશ કરીને મિથ્યાત્વ પુષ્ટ કરી રહ્યા હોય છે.

( પ્રવચન રત્નાકર ભાગ–૧ પાના નં. ૧૪૬ ૫૨ )

## ગાથાઃ ૯ - ૧૦

कथं व्यवहारस्य प्रतिपादकत्वमिति चेत्-

जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं।
तं सुदकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा।।९।।
जो सुदणाणं सव्वं जाणदि सुदकेवलिं तमाहु जिणा।
णाणं अप्पा सव्वं जम्हा सुदकेवली तम्हा।।१०।।जुम्मं।।

यो हि श्रुतेनाभिगच्छति आत्मानमिमं तु केवलं शुद्धम्।
तं श्रुतकेवलिनमृषयो भणन्ति लोकप्रदीपकाराः।।९।।
यः श्रुतज्ञानं सर्व जानाति श्रुतकेवलिनं तमाहुर्जिनाः।
ज्ञानमात्मा सर्व यस्माच्छ्रुतकेवली तस्मात्।।१०।।युग्मम्।

यः श्रुतेन केवलं शुद्धमात्मानं जानाति स श्रुतकेवलीति तावत्परमार्थो; यः श्रुतज्ञानं सर्व जानाति स श्रुतकेवलीति तु व्यवहारः। तदत्र सर्वमेव तावत् ज्ञानं निरूप्यमाणं किमात्मा किमनात्मा ? न तावदनात्मा, समस्तस्याप्यनात्मनश्चेतनेतरपदार्थपञ्चतयस्य ज्ञानतादात्म्यानुपपत्तेः। ततो गत्यन्तराभावात् ज्ञानमात्मेत्यायाति। अतः श्रुतज्ञानमप्यात्मैव स्यात्। एवं सति यः आत्मानं जानाति स श्रुतकेवलीत्यायाति, स तु परमार्थ एव। एवं ज्ञानज्ञानिनोर्भेदेन व्यपदिशता व्यवहारेणापि परमार्थमात्रमेव प्रतिपाद्यते, न किञ्चिदप्यतिरिक्तम्। अथ च यः श्रुतेन केवलं शुद्धमात्मानं जानाति स श्रुतकेवलीति परमार्थस्य प्रतिपादयितुमशक्यत्वाद्यः श्रुतज्ञानं सर्वं जानाति स श्रुतकेवलीति व्यवहारः परमार्थप्रतिपादकत्वेनात्मानं प्रतिष्ठापयति।

---

હવે, એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથા સૂત્ર કહે છેઃ-

શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,
લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે.૯.
શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;
સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે.૧૦.

ગાથાર્થઃ- [ यः ] જે જીવ [ हि ] નિશ્ચયથી [ श्रुतेन तु ] શ્રુતજ્ઞાનવડે [ इमं ] આ અનુભવગોચર [ केवलं शुद्धम् ] કેવળ એક શુદ્ધ [ आत्मानम् ] આત્માને [ अभिगच्छति ] સન્મુખ થઈ જાણે છે [ तं ] તેને [ लोकप्रदीपकराः ] લોકને પ્રગટ જાણનારા [ ऋषयः ] ઋષીશ્વરો [ श्रुतकेवलिनम् ] શ્રુતકેવળી [ भणन्ति ] કહે છે; [ यः ] જે જીવ [ सर्वं ] સર્વ

[ श्रुतज्ञानं ] શ્રુતજ્ઞાનને [ जानाति ] જાણે છે [ तम् ] તેને [ जिनाः ] જિનદેવો [ श्रुतकेवलिनं ] શ્રુતકેવળી [ आहुः ] કહે છે, [ यस्मात् ] કારણ કે [ ज्ञानम् सर्वं ] જ્ઞાન બધું [ आत्मा ] આત્મા જ છે [ तस्मात् ] તેથી [ श्रुतकेवली ] ( તે જીવ ) શ્રુતકેવળી છે.

ટીકાઃ- પ્રથમ, " જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે " તે તો પરમાર્થ છે; અને " જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે " તે વ્યવહાર છે. અહીં બે પક્ષ લઈ પરીક્ષા કરીએ છીએઃ- ઉપર કહેલું સર્વ જ્ઞાન આત્મા છે કે અનાત્મા ? જો અનાત્માનો પક્ષ લેવામાં આવે તો તે બરાબર નથી કારણ કે સમસ્ત જે જડરૂપ અનાત્મા આકાશાદિ પાંચ દ્રવ્યો છે તેમનું જ્ઞાન સાથે તાદાત્મ્ય બનતું જ નથી ( કેમ કે તેમનામાં જ્ઞાન સિદ્ધ જ નથી ). તેથી અન્ય પક્ષનો અભાવ હોવાથી જ્ઞાન આત્મા જ છે એ પક્ષ સિદ્ધ થાય છે. માટે શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે. આમ થવાથી ' જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે ' એમ જ આવે છે; અને તે તો પરમાર્થ જ છે. આ રીતે જ્ઞાન અને જ્ઞાનીના ભેદથી કહેનારો જે વ્યવહાર તેનાથી પણ પરમાર્થમાત્ર જ કહેવામાં આવે છે. તેનાથી ભિન્ન અધિક કાંઈ કહેવામાં આવતું નથી. વળી " જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે " એવા પરમાર્થનું પ્રતિપાદન કરવું અશક્ય હોવાથી, " જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે " એવો વ્યવહાર પરમાર્થના પ્રતિપાદકપણાથી પોતાને દૃઢપણે સ્થાપિત કરે છે.

ભાવાર્થઃ- જે શાસ્ત્રજ્ઞાનથી અભેદરૂપ જ્ઞાયકમાત્ર શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે એ તો પરમાર્થ ( નિશ્ચય કથન ) છે. વળી જે સર્વ શાસ્ત્રજ્ઞાનને જાણે છે તેણે પણ જ્ઞાનને જાણવાથી આત્માને જ જાણ્યો કારણ કે જ્ઞાન છે તે આત્મા જ છે; તેથી જ્ઞાન-જ્ઞાનીનો ભેદ કહેનારો જે વ્યવહાર તેણે પણ પરમાર્થ જ કહ્યો. અન્ય કાંઈ ન કહ્યું. વળી પરમાર્થનો વિષય તો કથંચિત્ વચનગોચર પણ નથી તેથી વ્યવહારનય જ આત્માને પ્રગટપણે કહે છે એમ જાણવું.

## પ્રવચન નં. ૩૨ ગાથા ૯ - ૧૦ તા. ૧૨-૭-૭૮

આગે પ્રશ્ન હોતા હૈ કે વ્યવહારનય પરમાર્થકા પ્રતિપાદક કૈસે હૈ, વ્યવહાર પરમાર્થકા કહેનેવાલા કૈસે હૈ ? કહેતે હો વ્યવહાર અને પરમાર્થકા કહેનેવાલા કહેતે હો, છોડને લાયક કહેતે હો અને છોડને લાયક ચીજ પરમાર્થકો બતાતી હૈ એમ કહેતે હો ! આહાહા ! હૈ ? પ્રશ્ન હૈ વો અંદર. " કથં વ્યવહારસ્ય પ્રતિપાદકત્વમિતિ ચેત્ " સંસ્કૃત હૈ સંસ્કૃત હૈ.

પ્રશ્ન એ હોતા હૈ કે વ્યવહારનય, પર્યાયસે ભેદસે દ્રવ્યકો બતાયા ઐસા વ્યવહારનય પરમાર્થકો બતાતે હૈ તો પરમાર્થકા પ્રતિપાદક કૈસે હૈ ? પરમાર્થકા કહેનેવાલા કઈ રીતે હૈ વો ? ઉસકે ઉત્તર સ્વરૂપ કયા કહેતે હૈ ? જિસકે હૃદયમેં ઐસા પ્રશ્ન ઉઠયા ખ્યાલમેં આકર કે તુમ વ્યવહારસે પરમાર્થકો કહેનેવાલા કહા, તો એ ક્યા હૈ ? કઈ રીતે ? પરમાર્થકો કહેનેવાલા વ્યવહાર, જો વ્યવહાર છોડને લાયક હૈ, અનુકરણ લાયક નહીં, વો પરમાર્થકો કહેનેવાલા હૈ એ કૈસે હૈ ? ઐસે જિસકો

અંતરમેં પ્રશ્ન ઉઠયા હૈ જિજ્ઞાસાકા ઉસકો આ ઉત્તર કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? જિસકો એ સમજકર અંદર પ્રશ્ન ઉઠયા કે વ્યવહાર પરમાર્થકા પ્રતિપાદક કહેનેવાલા કૈસે ? વ્યવહારસે પરમાર્થ હોતા હૈ એ તો બાત નહીં. વ્યવહારસે પરમાર્થ આત્મા હોતા હૈ એ તો બાત નહીં. પણ વ્યવહારસે પરમાર્થ કહેનેવાલા વ્યવહાર હૈ, એ કૈસે ? આહાહા !

આમાં ગોટા વાળે બધાં જુઓ વ્યવહારસે પરમાર્થ પ્રાપ્ત હોતા હૈ. એણે કયા કહા ? વ્યવહાર તો બતાતે હૈ પરમાર્થકો, વ્યવહાર વ્યવહારકો બતાતે હૈ એ બાત નહીં. આહાહા ! વ્યવહારનય વ્યવહારકો લક્ષ કરાતે હૈ ઐસા નહીં, પરમાર્થકો કહેનેવાલા હૈ એ કૈસે હૈ ? ઉસકા ઉત્તર

जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं।
तं सुदकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा।।९।।
जो सुदणाणं सव्वं जाणदि सुदकेवलिं तमाहु जिणा।
णाणं अप्पा सव्वं जम्हा सुदकेवली तम्हा।।१०।।जुम्मं।।

**શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,**
**લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે.૯.**
**શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;**
**સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે.૧૦.**

ગાથાર્થ લઈએ, જો જીવ હી નામ નિશ્ચયસે ખરેખર વાસ્તવ નામ ખરેખર શ્રુતજ્ઞાનકે દ્વારા, ભાવાર્થમાં તો એમ લેશે સાધારણ ભાઈ ભાવાર્થમાં, શાસ્ત્ર જ્ઞાનસે એમ પાઠ લીધો, ભાઈ ભાવાર્થમાં, પણ એમ નથી. અહિંયા તો ભાવશ્રુતજ્ઞાનથી સીધા આત્માકો જાનતે હૈ. પછી શાસ્ત્રજ્ઞાન એટલે આમ લેના.

જે જીવ વાસ્તવમેં ખરેખર શ્રુતજ્ઞાનકે દ્વારા ભાવ, દ્રવ્યશ્રુત તો નિમિત્ત હૈ, પણ ભાવશ્રુત જ્ઞાન જો હુઆ અપના આત્માકો પકડનેકે લાયકવાળા( કો ) ભાવશ્રુતજ્ઞાન હુઆ. આહાહા ! ઇસ શ્રુતકે દ્વારા અનુભવગોચર, અનુભવગમ્ય, કેવળ શુદ્ધમ્, કેવળ એક શુદ્ધ, એક શુદ્ધ આત્મા ભાવશ્રુતજ્ઞાન દ્વારા, દ્રવ્યશ્રુત તો નિમિત્ત હૈ પણ અંદર ભાવશ્રુતજ્ઞાન દ્વારા " શુયેણ અભિગચ્છઈ " ! જે અપના આત્માકે સન્મુખ હોકર ' અભિ ' નામ સમસ્ત પ્રકારે અનુભવ કરતે હૈ, ભાવશ્રુતજ્ઞાન દ્વારા વસ્તુકે સન્મુખ હોકર સમસ્ત પ્રકારે અનુભવ કરતે હૈ. આહાહા ! ક્યા કહેતે હૈ ? વસ્તુ જો હૈ વસ્તુ, અનંત ગુણકા અભેદ વસ્તુ( આત્મદ્રવ્ય ) વો જો ભાવશ્રુતજ્ઞાન દ્વારા સીધા અનુભવ કરતે હૈ એ તો નિશ્ચય શ્રુતકેવળી હૈ. હૈ ?

કેવળ એક, કેવળ શુદ્ધમ્ છે ને ? કેવળનો અર્થ એક શુદ્ધ, આહા ! શ્રુત જ્ઞાનકે દ્વારા આ અનુભવગોચર-અનુભવગોચર, અનુભવગમ્ય કેવળ એક શુદ્ધ આત્માકો અભિગચ્છન્તિ-સન્મુખ હોકર જાનતા હૈ. અંતર્મુખ હોકર( અહા ) અંતર્મુખ હોકર, ભાવશ્રુતજ્ઞાન દ્વારા અંર્તમુખ હોકર જે કોઈ આત્માકો કેવળ શુદ્ધમ્ એક શુદ્ધરૂપ વસ્તુ. આહાહા ! એકરૂપ શુદ્ધ ઉસકો ભાવશ્રુત જ્ઞાન દ્વારા જાનતા હૈ ઉસે લોક પ્રદીપકરા લોકકો પ્રગટ કરનેવાલા સંતો મુનિઓ, શ્રુતકેવળી કહેતે હૈ. આ

શ્રુતકેવળીકા અર્થ, કોઈ વિશેષ જ્ઞાન હો ગયા હૈ ઉસકી યહાં બાત નહીં. આહાહા ! જિસને આત્મા ભાવશ્રુતજ્ઞાન દ્વારા દ્રવ્યશ્રુતમેં વો કહા હૈ, દ્રવ્યશ્રુતમેં વો કહા હૈ, ઐસા ભાવશ્રુત( જ્ઞાન ) હુઆ હૈ, અને ભાવશ્રુત દ્વારા ભગવાન પૂર્ણાનંદ આત્માકો સન્મુખ હોકર સમસ્ત પ્રકારે–સમસ્ત પ્રકારે, ચારે બાજુસે આત્માકો અનુભવતેં હૈ. આહાહા ! ઐસે અનુભવી જીવકો ‘ ઋષીશ્વર ’ લોકના જાનનેવાલા ત્રણ કાળ ત્રણ લોકને જાનનેવાલા કેવળીઓ અથવા ઋષીશ્વરો સંતો એને નિશ્ચય શ્રુતકેવળી કહેતે હૈ. સમજમેં આયા ? આહાહાહા !

ભાવશ્રુતજ્ઞાન દ્વારા જાનનેમેં આયા ને ઇતના ? ઈ દ્વારાનો અર્થ ઈ કે સીધા આમ જાનતે હૈ ભાવશ્રુતસે જાનતે હૈ ને ? ભાવશ્રુતસે જાનતે હૈ ને ? એને અંદરમાં ભેદ નહિ પણ અહીં સમજાનેમેં કયા કરે ? ભાવશ્રુત આ હૈ ને મૈં ઉસકો જાનતા હૂઁ ઐસા ઉસમેં ભેદ નહિ. પણ સમજાનેમેં કયા કરે ? આહાહાહા ! અહીંયા ભાવાર્થમેં શાસ્ત્ર જ્ઞાન દ્વારા કહેતે હૈ, કહેગા. ઉસકા અર્થ યે હૈ કે શાસ્ત્રકા જ્ઞાન યે એમ કહેતે હૈ, શાસ્ત્રકા તાત્પર્યમેં યે કહેતે હૈ કે તેરા શ્રુતજ્ઞાન જો ભાવ હૈ યે વીતરાગી પર્યાય હૈ, ઉસકા ઉસકે દ્વારા અનુભવ આત્માકા કરતે હૈ. ભાવશ્રુત દ્વારા અનુભવ કરતે હૈ આત્માકા. સમજમેં આયા ? ( શ્રોતા : દ્રવ્યશ્રુત દ્વારા નહીં કરતે હૈ ભાવશ્રુત દ્વારા કરતે હૈ ) ભાવશ્રુત, દ્રવ્યશ્રુત નહીં, દ્રવ્યશ્રુત તો બાહ્ય નિમિત્ત હૈ, એ ચીજ જરી લિયા હૈ દ્રવ્યશ્રુતમેં ઐસા કહા હૈ દ્રવ્યશ્રુતમેં ભી ઐસા કહા હૈ, અપદેશ સંત મજઝં, આયા ને ? અપદેશ સંતમજઝં.

પંદરમી ગાથા તકરાર હૈ ને ઓલા વિદ્યાનંદજી કહે છે કે ‘ અપદેશ ’ એટલે અખંડ પ્રદેશ ઐસા હૈ નહીં. વિદ્યાનંદજી હૈ ને બહોત ભાષણ કરતે હૈ લોકમાં એ અપદેશકા અર્થ અભી નયા કર્યા. શ્રુતજ્ઞાનસે, અહીંયા. અપદેશકા અર્થ અખંડ પ્રદેશ ઐસા બાત હૈ નહીં. અપદેશકા અર્થ કથન હૈ, એ જયસેન આચાર્યની ટીકામાં લિયા હૈ પંદરમી ગાથામાં અપદેશ એટલે કથન, શ્રુત, દ્રવ્યશ્રુત, દ્રવ્યશ્રુતમેં ભી એ કહા હૈ કે આત્માકો અબદ્ધસ્પૃષ્ટ દેખે તે સમકિતી હૈ ને તે જિનશાસનકા જાનનેવાલા હૈ, ઐસા દ્રવ્યશ્રુતમેં ભી ઐસા કહા હૈ અને ભાવશ્રુત દ્વારા ભી યેહિ જાનતે હૈ. ભાવશ્રુત દ્વારા ભી અબદ્ધસ્પૃષ્ટ આત્માકો જાનતે હૈ એ જૈનશાસનકો જાનતે હૈ આહાહાહા !

અજાણ્યાને તો એવું લાગે કે આ કઈ જાતની વાત હશે આ. આપણે તો ભક્તિ કરીએ, દેવ દર્શન કરવા હંમેશા, સાધુને આહાર આપવા, ભોજન કરવું કરાવવું. આહાહા ! અરે, એ ચીજ જ નથી ભાઈ, આ એ ચીજ તો અંદર ભગવાન આત્મા દ્રવ્યશ્રુતમેં ભી એ કહા કે દ્રવ્યશ્રુતકા સાર તો વીતરાગતા હૈ, ચારેય અનુયોગોંકા અને ભાવશ્રુતજ્ઞાન એ વીતરાગી પર્યાય હૈ, આહાહા ! શ્રુતજ્ઞાન પણ વીતરાગી પર્યાય હૈ, એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માકા અનુભવ કરતે હૈ, એ સમકિતી શ્રુતકેવળી હૈ, એણે સબ શાસ્ત્રકા સાર જાન લિયા. આહાહા ! સમજમેં આયા ? ( શ્રોતાઃ શ્રુતજ્ઞાન દ્વારા આત્માકો જાણે એ નિશ્ચયશ્રુત કેવળી ). નિશ્ચય શ્રુતકેવળી વસ્તુ, વસ્તુ જાણે ઈ. ઉસે લોકને પ્રગટ જાનનેવાલા કેવળી અથવા સંતો નિશ્ચય શ્રુતકેવળી કહેતે હૈ, આહાહા !

જો જીવ સર્વ શ્રુતજ્ઞાનકો જાનતા હૈ જ્ઞાનકો જાનતે હૈ જ્ઞાન ઉપર લક્ષ હૈ ભાવશ્રુત હોં. આહાહા ! ભાવશ્રુતજ્ઞાનકો જાનતે હૈ. આહાહા ! જાનતા હૈ ઉસસે જિનદેવ લ્યો અહીં જિનદેવ

કહા ત્યાં લોક પ્રદીપકરા કહા એ તો એનો એ અર્થ છે, એને જિનદેવ શ્રુતકેવળી કહેતે હૈ વ્યવહાર. ત્યાં વ્યવહાર લેના, એ જ્ઞાનકો ભાવજ્ઞાન હોં જાના વો વ્યવહાર શ્રુતકેવળી હૈ ! પણ એ શ્રુતજ્ઞાન દ્વારા આત્મા જાના એ નિશ્ચય શ્રુતકેવળી હૈ, ઇતના ભેદ બતાયા. સમજમેં આયા ?

( શ્રોતાઃ- એસા નહીં લેના કિ સારા લોકને જાણે એ વ્યવહાર શ્રુતકેવળી ) એ અહીં જ્ઞાનમાં જે જ્ઞાન હૈ એ જ્ઞાનકો હી સર્વ જ્ઞાન જ કહેનેમેં આયા હૈ, ભલે થોડા જ્ઞાન હો પણ સર્વ જ્ઞાન, સર્વકો જાને, પૂર્ણકો જાનનેવાલા જ્ઞાન તો જ્ઞાનકો હિ સર્વ જ્ઞાન કહા. એ જ્ઞાન ભી વ્યવહાર શ્રુતકેવળી હૈ જ્ઞાન ભી, સમસ્ત જાના ઉસકે, વ્યવહારમેં ભી ઉસસે કયું કે - જાનના તો આત્માકો ઉસે ત્યાં જ્ઞાનકો જાને એ વ્યવહાર હૈ, જ્ઞાન આત્માકો જાને એ નિશ્ચય હૈ ઇતના ભેદ હૈ. આહાહા !

શ્રુતકેવળી કહેતે હૈ, કયોં ? કે જો જ્ઞાન સબ આત્મા હી હૈ, દેખો જ્ઞાન સબ આત્મા હૈ. એ સારા જ્ઞાન હી હૈ ભલે થોડા હો પણ એ જ્ઞાન સબ, એ આત્મા હૈ, જ્ઞાન એ આત્મા હૈ, એમ બતાના હૈ ને ? આહાહા ! કયુંકિ જ્ઞાન સબ, ' સબ ' શબ્દ પડયા હૈ ને ? ભલે જો જ્ઞાન થોડા હો ભાવશ્રુત પણ છતાં ઉસસે સારા આત્મા જાનનેમેં આતા હૈ, એ કારણે થોડા શ્રુતજ્ઞાનકો ભી સબ શ્રુતજ્ઞાન કહા, સબજ્ઞાન કહા, સમજમેં આયા ? કયા કિયા ? કે પહેલે તો જો અપના ભાવશ્રુતજ્ઞાન દ્વારા અપના આત્માકો જાના, મૂળ તો એ જાના ઉસકો કેવળી, ઋષીશ્વરો, નિશ્ચય પરમાર્થ કેવળી હૈ, શ્રુતકેવળી પરમાર્થ એમ કહા. પણ વો ઉસકે જાનનેકી જો પર્યાય હૈ, ઓર જાનનેકી પર્યાયમેં તો સર્વ પૂર્ણ એ હી જાનનેમેં આતા હૈ ઐસા જ્ઞાનકો હી સબ જ્ઞાનકો હી દ્રવ્ય શ્રુતકેવળી એને વ્યવહાર શ્રુતકેવળી કહેનેમેં આતા હૈ. આહાહા ! સમજમેં આયા ? આહાહા !

એ ' સબ ' કીધુંને કે મોટા પૂર્ણને જાણવાનું છે ને ભલે એ જ્ઞાન થોડું, પણ એ સબ જ્ઞાન હી હૈ, જ્ઞાન સબ એ જ્ઞાનકો સબકો જાને એ વ્યવહાર શ્રુતકેવળી ઔર જ્ઞાનસે આત્માકો જાને એ નિશ્ચય શ્રુતકેવળી હૈ ઉસમેં ને ઉસમેં દો હૈ. આહાહા !

અહીંયા તો રાગ શુભ કરે તો એ વ્યવહાર હૈ ઐસા કહા હી નહીં, જે જ્ઞાન સારા પૂર્ણ આત્માકો જાનનેકી તાકાત રખતે હૈ, એ જ્ઞાનકો હી ' સબ ' જ્ઞાન કહા, સમજમેં આયા ? આહાહા ! કયોંકિ જ્ઞાન સબ આત્મા હી હૈ, ઇસલિયે એ જીવ શ્રુતકેવળી હૈ વ્યવહાર, એ જીવને શ્રુતકેવળી કહેના, જ્ઞાનકો જાનતે હૈ જ્ઞાનમેં સારા આત્મા જાનનેકી ચીજ હૈ એ જ્ઞાનકો જાનતે હૈ એ વ્યવહાર શ્રુતકેવળી ઔર જ્ઞાનસે ભગવાનકો( નિજાત્માકો ) જાને એ નિશ્ચય શ્રુતકેવળી ઉસકી ટીકા કરેગા. આહાહા !

પ્રમાણવચન ગુરુદેવ.

* * *

## પ્રવચન નં. ૩૩ ગાથા ૯-૧૦ તા. ૧૪-૭-૭૮ શુક્રવાર, અષાઢ સુદ-૯ સં. ૨૫૦૪

સમયસાર ! ૯ ને ૧૦ ગાથા ટીકા છે ને એની.

" પ્રથમ જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે. તે શ્રુતકેવળી છે, " શું કહ્યું ? જે અંદર

શ્રુતજ્ઞાન ભાવશ્રુત જ્ઞાન, જેમાં રાગ નહિ સ્વસ્વરૂપને જાણનારું ભાવશ્રુતજ્ઞાન જે ભાવ શ્રુતજ્ઞાનથી આત્માને જાણે છે તે શ્રુતકેવળી પરમાર્થે છે. કેમકે આત્મા આખો જાણ્યો જેણે. ભાવશ્રુત. દ્રવ્યશ્રુત નહિ, વિકલ્પ નહિ, રાગ આ શુભ આદિ, રાગ તો અંધકાર છે. રાગમાં જાણવાની શક્તિ નથી. જાણવાની શક્તિ જે રાગથી ભિન્ન, જે સ્વ-રૂપને પકડવાનું જે ભાવશ્રુતજ્ઞાન વર્તમાન પર્યાય વર્તમાન ભાવશ્રુતજ્ઞાન નિર્મળ પર્યાય, રાગ વિનાની એવા નિર્મળ શ્રુતજ્ઞાનથી આત્માને સીધો જાણે એ તો નિશ્ચય સમકિતી એટલે કે નિશ્ચય શ્રુતકેવળી. આહાહાહા ! નિમિત્તથી જાણવામાં આવે છે એમેય નહીં, વ્યવહાર શ્રુતના શબ્દોથી જાણવામાં આવે છે એમેય નહીં, એમ દયા દાન વ્રત ભક્તિના રાગની મંદતાના ભાવ શુભભાવથી જાણવામાં આત્મા આવે એમેય નહીં. આહાહાહા ! અંતરમાં ભાવશ્રુતજ્ઞાન દ્વારા અંતર્મુખ થઈને ( જાણે છે. ) અપૂર્વ વાત છે. અનંત કાળથી કદી કર્યું નથી એણે.

આહિં બે પ્રકારે વર્ણન કરશે. નિશ્ચય શ્રુતકેવળી અને વ્યવહાર શ્રુતકેવળી, સત્ સાચા શ્રુતકેવળી અને ઉપચારી કથનના શ્રુતકેવળી. જે સાચા શ્રુતકેવળી એને કહીએ કે જેણે અંદર ભાવશ્રુતજ્ઞાન દ્વારા, દ્રવ્યશ્રુતજ્ઞાન દ્વારા ભાવાર્થમાં ભલે એમ લીધું છે પણ દ્રવ્યશ્રુત તો નિમિત્ત છે અને ભાવશ્રુત તો પોતાથી થએલ છે. એ ભાવશ્રુતના વર્તમાન જ્ઞાનની પર્યાયથી દ્રવ્ય નામ જ્ઞાયકભાવને જાણે એ જ સાચો નિશ્ચય સત્ શ્રુતકેવળી છે. એણે જે જાણવું હતું એ જાણી લીધું. આહાહા ! બાર અંગમાં જે કહેવાની વાત હતી, અનુભૂતિ કરવાની, કે જ્ઞાન દ્વારા આત્માને વર્તમાન જ્ઞાન દ્વારા આત્માને પકડવો સીધો, એ અનુભૂતિ એમાં આત્માનું જ્ઞાન આવ્યું એ જ પરમાર્થે શ્રુતમાં પૂર્ણ થયો એ, કેમકે શ્રુતને જાણનારું જ્ઞાન એ તો ત્રિકાળી સ્વરૂપ છે. એને જેણે શ્રુતજ્ઞાન દ્વારા જાણ્યું એ તો શ્રુતકેવળી પરમાર્થે થઈ ગયો. આહાહા !

નરકનો નારકી હોય કે પશુ હો તિર્યંચ પણ એ અંતરના જ્ઞાનના ભાવ( શ્રુત )જ્ઞાન દ્વારા આત્માને જેમ અનુભવે જાણે, તો એ શ્રુતકેવળી છે. બધુંય જાણ્યું એણે. આહાહા ! એણે બધું જાણ્યું, ' જાણનારને જાણ્યો ' એણે બધુંય જાણ્યું. આહાહાહાહા ! ઝીણી વાત છે ભાઈ. એ આત્મા જે એક સમયમાં એકલો જ્ઞાયકભાવ જેમાં ગુણો હોવા છતાં, ગુણનો ભેદ નહિ એવો જે અભેદ દ્રવ્યસ્વભાવ કે જે ભાવશ્રુતથી એને જાણે એણે પરમાર્થે આત્માને જાણ્યો તો પરમાર્થે તેને શ્રુતકેવળી કહેવામાં આવે છે. આહાહા !

ભલે બીજું શાસ્ત્રનું જ્ઞાન વિશેષ ન હોય, સમજાવવામાં પણ કદાચિત્ ન આવડે. આહાહા ! જેણે અંતરજ્ઞાન રાગના વિકલ્પ વિનાનું જે જ્ઞાન એવો જે શ્રુતભાવ તેને ભાવવાન એવો ભગવાન આત્મા એને જેણે જાણ્યો એ સમ્યગ્દૃષ્ટિ અને એ ભાવશ્રુતકેવળી. આહાહા ! બાબુલાલજી ! છોટાભાઈ ! આવો માર્ગ છે બાપા. આહાહા !

જે જાણવાયોગ્ય ચીજ હતી પરમાત્મ સ્વરૂપ સર્વોત્કૃષ્ટ જ્ઞાયકભાવ ( તે જાણ્યો ) બપોરે તો આવ્યું 'તું ને ઘણું, હજી આજે બપોરે આવશે. આહાહા ! જેમાં મુનિની પર્યાયના લિંગ, કેવળીની પર્યાય અને સિદ્ધ પર્યાય પણ જેમાં નથી ત્રિકાળી જ્ઞાયકમાં નથી એવા જ્ઞાયકને જેણે વર્તમાન ભાવશ્રુતથી જાણ્યો, આહાહા ! એ સાચો નિશ્ચય પરમાર્થે શ્રુતકેવળી છે. આહાહાહા ! છે ? એ પહેલી લીટી થઈ. પ્રથમ-પ્રથમ ' તાવત્ ' શબ્દ છે ને મૂળ સંસ્કૃતમાં છે છેલ્લો ' તાવત્ '

એ પહેલી લીટી એનો તાવત્ છેલ્લો શબ્દ છે. સંસ્કૃતમાં 'તાવત્ પરમાર્થો' પહેલી પંકિત. આહાહા ! સમજાય છે કાંઈ ? તે તો પરમાર્થ છે. આહાહા ! તે તો પરમાર્થ છે. આહાહા ! પરમ પદાર્થ પરમાત્મ સ્વરૂપ અપના ધ્રુવ, પોતાનું એણે જેણે ભાવશ્રુતથી જાણ્યો એ તો પરમાર્થ છે. આ પરમાર્થ કરે કોકનું એ નહિ હોં આ. ( લોકમાં માને છે ને ) પૈસા દેવા કોકને મદદ કરવી આ પરમાર્થ કામ કરે છે ! આહાહા ! પરમાર્થ તો આ ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ, તમે તો ગુજરાતી સમજો છો ને ? તમે ગુજરાતના જ છો ને મૂળ તો, બડાભાઈ એ તો ઠીક છે. આહાહા !

બહુ જ ટૂંકામાં ને પૂર્ણ સ્વરૂપ જેણે અલ્પજ્ઞાન ( હોવા છતાં ) પણ ભાવશ્રુત છે. જેને વિશેષ દ્રવ્યશ્રુતનું જ્ઞાનેય ન હોય. આહાહાહા ! પણ જે જ્ઞાનની દશા, ભાવશ્રુત જેની એ પર્યાય છે તેને જેણે જાણ્યો. આહાહા ! એ પરમાર્થે નિશ્ચય સાચો શ્રુતકેવળી છે. બાબુલાલજી ! ઐસી ભૈયા બાત હૈ, વ્યવહાર વ્યવહાર તો તમારો ક્યાંય, ભૈયાએ પ્રશ્ન કિયા થાને ? શુભ ભાવ આતે હૈ, ધર્મીકો ભી અશુભથી બચવા માટે શુભભાવ હોય, પણ છે એ બંધનું કારણ. ધર્મીને પણ આત્મજ્ઞાન હોવા છતાં અને અંતર અનુભવની દૃષ્ટિ હોવા છતાં એને અશુભથી બચવા શુભ આવે, પણ છે એ બંધનું કારણ. મોક્ષમાર્ગ નહિ અને મોક્ષમાર્ગનું એ કારણ નહિ. આહાહાહા ! અરે ! મનુષ્યપણામાં તો કરવાનું તો આ છે. જેમાં હિત થાય, અહિત ટળે. આહાહાહા ! બાકી બધાં થોથા છે. આહા ! એ એક વાત થઈ. શેઠ ?

ભાવશ્રુતજ્ઞાન સમજેને ? ઉસસે ભાવશ્રુતજ્ઞાનથી આત્મા જાણે એ પરમાર્થે- યથાર્થસે નિશ્ચયશ્રુતકેવળી અને એ પરમાર્થ છે એ. એ જ ખરેખર ચીજ છે. આહાહાહા ! અને જે, આ તમારો પ્રશ્ન આવ્યો હવે અને જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે. સર્વ શ્રુતજ્ઞાન કેમ કહ્યું ? છે તો ભાવશ્રુતજ્ઞાન પર્યાય, એ જ્ઞાનમાં એ જ્ઞાનથી આત્મા જાણે છે એમ કહેવું છે એ જે શ્રુતજ્ઞાનથી સીધું જાણે છે એ જુદી વસ્તુ, હવે આ તો " જ્ઞાન તે આત્મા " એમ ભેદ પાડીને સમજાવવું છે, કે આ જ્ઞાન એનો સંબંધ દ્રવ્ય આત્મા સાથે છે, એ જ્ઞાન તે આત્મા એટલો ભેદ પાડીને જે જ્ઞાન તે આત્મા એમ કહ્યું તે જ્ઞાનને અહીં સર્વ જ્ઞાન કહ્યું છે. આહાહા !

કેમકે એને- સર્વને જાણવા માટે જાય છે. એ જ્ઞાનની પર્યાય સર્વને જાણવા માટે છે. છે ભેદ, શ્રુતજ્ઞાન તે આત્મા એટલો ભેદ પાડવો છે, તે છે વ્યવહાર. પણ એને સર્વશ્રુત કહ્યું કેમ ? કે એ શ્રુતજ્ઞાને આ " જ્ઞાન તે આત્મા " એમ કહીને પરમાર્થનો ઉપદેશ આ રીતે ચાલે કહીને એકલો પરમાર્થનો સીધો ઉપદેશ થઈ શકે નહિ. એથી એને જે શ્રુતજ્ઞાન છે. જ્ઞાન છે એ તો ભાવશ્રુત છે. દ્રવ્યશ્રુતની અહિંયા વાત નથી. પણ એ ભાવશ્રુતજ્ઞાન જે થયું એ જ્ઞાન આત્માને જાણે છે એ જ્ઞાન આત્માનું છે એ આત્મા હારે તાદાત્મ્ય સંબંધ છે એટલો જે જ્ઞાન ને આત્માનો ભેદ પાડીને આત્માને સમજાવ્યું તેથી તે જ્ઞાનને સર્વશ્રુત કહેવામાં આવે છે. કેમકે તે જ્ઞાન સર્વ આત્મા ભગવાન ત્રણલોકનો નાથ પૂર્ણ એને જાણનારું એ જ્ઞાન છે અને એ જ્ઞાનને આત્મા હારે તાદાત્મ્ય સંબંધ છે.

કાંતિભાઈ ! આ તમારો પ્રશ્ન હવે અહીં આવ્યો, પ્લેનમાં નોકર હતા. ૧૫૦૦ નો પગાર બ્રહ્મચારી છે, બાલ બ્રહ્મચારી. છોડ દિયા, નોકરી છોડ દિયા. દોઢ હજારનો પગાર હતો માસિક પ્લેન કહેવાયને પ્લેન શું કહેવાય, ત્યાં અમે જાતાને મદદ કરવા આવતા ટોપી પહેરીને હોં. રાત્રે

પ્રશ્ન કર્યો 'તોને શ્રુતનો. આહાહા ! અહીં કહે છે પ્રભુ એકવાર સૂન તો સહી કે તારા જે જ્ઞાનની દશા છે. સ્વરૂપનું જ્ઞાન વાસ્તવિક એ જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન ને પરનું જ્ઞાન એ અહિંયા વાત નથી. આહાહા ! શાસ્ત્રથી પણ જ્ઞાન જે થયું એ પણ પોતાથી થયું તેને અહિંયા જ્ઞાન કહેવામાં આવે છે. દ્રવ્યશ્રુતને સાંભળીને થયું એ જ્ઞાન પણ વાસ્તવિક જ્ઞાન નહીં. કેમકે સાંભળીનેય પણ એ જ્ઞાન થયું છે તો પોતાથી, પણ એ પરલક્ષી જ્ઞાન થયું, એ સ્વલક્ષ કરવા માટે તે જ્ઞાન કામ ન આવે. આહાહા !

આવો વીતરાગ માર્ગ. આહાહા ! દિગંબર જૈન ધર્મ સનાતન સત્ય ત્રણ કાળમાંય ક્યાંય છે નહિ બીજે. આહાહા ! એવી આ ચીજ તો જુઓ સૂનનેમેં ય મિલે નહિ એને. આહાહાહાહા ! દિગંબર મુનિઓ કેવળીના કેડાયતો, અલ્પ કાળમાં કેવળજ્ઞાન એકાદ ભવમાં લેનારા છે. એ સંતો જગતને સમજાવે છે. આહાહાહાહા ! વાડા બાંધીને બેઠા એ, આ વાત એમાં ભાઈ નથી બાપુ. આહાહા ! આ તો વસ્તુનું સ્વરૂપ છે. આ કાંઈ જૈન કોઈ સંપ્રદાય નથી, જૈન કોઈ વાડો નથી એ વસ્તુનું સ્વરૂપ છે.

જિન સો હિ હૈ આત્મા, અન્ય સો હિ હૈ કર્મ;
એહિ વચનસે સમજ લે, જિન પ્રવચનકા મર્મ.

ઘટ ઘટ અંતર જિન વસે, અને ઘટ ઘટ અંતર જૈન,
મત મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.–સમયસારનાટક

મતવાલા– અપના મતના અભિપ્રાય નામ ઘેલછા, ઘેલા, ભગવાન જિનસ્વરૂપી પ્રભુ આહાહા ! પરમાત્મ પ્રકાશમાં ભાઈ આવે છે ને ૮૮ ગાથા, જેમાં ભાવલિંગનું સ્વરૂપ ઉપચારથી જીવનું છે. પરમાર્થે તો મુનિપણાનું ભાવલિંગ મોક્ષમાર્ગ એ જ્ઞાયકપણામાં નથી. આહાહા ! એવો જ્ઞાયક છે એને જે જ્ઞાને જાણ્યું એ જ્ઞાન ભાવશ્રુતે જાણ્યું એ તો શ્રુતકેવળી પરમાર્થ છે, યથાર્થ છે સત્યાર્થ છે. પણ જે જ્ઞાન ભાવશ્રુતજ્ઞાન દ્વારા, આ જ્ઞાન તે આ આત્મા, આમ જે સમજાવ્યું છે કેમકે જ્ઞાન ને આત્માને તાદાત્મ્ય સંબંધ છે એકરૂપ સંબંધ છે. જેમ ઉષ્ણતાને ને અગ્નિને તદ્‌રૂપ સંબંધ છે. એમ આ જ્ઞાન ને આત્માને તદ્‌રૂપ તાદાત્મ્ય સંબંધ છે. એ કારણે કહ્યું કે જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે. સર્વ શ્રુતજ્ઞાનને આત્માને જાણે છે એ અહીં નથી અત્યારે, આત્માને શ્રુતજ્ઞાન દ્વારા જાણે છે એ તો નિશ્ચયમાં ગયું.

હવે એ આત્માને જાણનારું જ્ઞાન, એ જ્ઞાન જે છે, એ સર્વ શ્રુતને જાણનારું છે એ, છે ? જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે. આહાહાહા ! ભલે તે જ્ઞાન અલ્પ હોય અને ધ્રુવને જાણે અંદરમાં, તો તે જ્ઞાનને પણ સર્વ શ્રુતજ્ઞાન કહ્યું છે. સમજાણું કાંઈ ? આહાહાહાહા ! આવો માર્ગ પકડતા કઠણ પડે, દિગંબર જૈન ધર્મ સનાતન અનાદિ અનંત જેને ગણધરોએ સ્વીકાર્યો, ઇન્દ્રોએ સત્કાર કરીને અનુભવ્યો, ઇન્દ્રો એકાવતારી એક ભવે મોક્ષ જનારા છે શકેન્દ્ર. સુધર્મ દેવલોક બત્રીસ લાખ વિમાન, એક-એક વિમાનમાં અસંખ્ય દેવ, એનો સ્વામી ઇન્દ્ર છે. અત્યારે શકેન્દ્ર. ભગવાનના શાસ્ત્રમાં સિદ્ધાંતમાં એમ કહ્યું છે. કે તે ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાનો છે. આહાહા ! ( ઇન્દ્ર ) સમકિતી છે. બાબુલાલજી ? ઇન્દ્ર સુધર્મ, દેવલોક છે, ઉપર પહેલું મેરૂપર્વત

ઉપર તરત બત્રીસ લાખ તો વિમાન છે. એક એક વિમાનમાં અસંખ્ય તો દેવ છે. કોક વિમાન નાનું હશે, બાકી ઘણા, અસંખ્ય છે. એનો સ્વામી છે, કરોડો તો અપ્સરાઓ છે. પણ અંદરમાં આહાહા ! એ ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણી લીધો છે. આહાહા ! તો એ કોઈ ચીજ મારી નથી, ( અભિપ્રાય છે કે ) હું ઇન્દ્ર નથી, હું આ ઇન્દ્રાણીનો સ્વામી નથી. હું ૩૨ લાખ વિમાનનો ધણી નથી. આહાહાહા ! હું તો એક શ્રુતજ્ઞાન દ્વારા ત્રિકાળીને મેં જાણ્યો છે. આહાહા ! ભગવાન એને શ્રુતકેવળીઓ, શ્રુતકેવળી કહે છે. આહાહા ! અને તે એ જાણનારું જે જ્ઞાન છે. જાણનારું જ્ઞાન છે, એને સર્વશ્રુત કહી અને તે જ્ઞાન આત્માનું છે આત્મા સાથે સંબંધ એવો વ્યવહાર છે. એટલો ભેદ પાડીને સમજાવ્યું એ વ્યવહાર થયો. આહાહાહા ! દયા, દાન ને આદિ વ્યવહારના વ્રતના વિકલ્પની તો ક્યાંય વાત રહી નહીં.

ફકત જે શ્રુતજ્ઞાન જે આત્માને જાણનારું જ્ઞાન ભલે એ અલ્પજ્ઞાન હો પણ એને સર્વશ્રુત કહ્યું, કારણ કે જે જાણનારો છે તેને જાણનારા હારે આ જ્ઞાનનો સંબંધ છે એ જ્ઞાન તે આત્મા છે. આહાહાહા ! ( શ્રોતાઃ- સર્વશ્રુતનો અર્થ સ્વપર પ્રકાશક લેવાય ? ) એ સર્વ એટલે આત્માને જે જાણનારું જ્ઞાન તે સર્વ શ્રુત. આત્મા જે જ્ઞાન છે. એ આત્માને સીધો જાણે એ તો સીધી વાત છે પરમાર્થ, હવે એ જ્ઞાનને અહીં, એ જ્ઞાનને સર્વશ્રુત કહ્યું કેમકે એ સર્વ આત્માને જાણનારું જ્ઞાન છે. એ જ્ઞાન ને આત્મા બેયને સંબંધ છે. તાદાત્મ્ય તદ્‌રૂપ એ કારણે જ્ઞાનને સર્વજ્ઞાન કહ્યું અને તે જ્ઞાન તે શ્રુતકેવળી છે. એ વ્યવહાર કહ્યો. એ જ્ઞાન તે શ્રુત કેવળી છે એને જાણે એને શ્રુતકેવળી કહેવો એ વ્યવહાર છે. અને એ જ્ઞાન આત્માને જાણે તેને નિશ્ચય શ્રુતકેવળી કહે છે. આહાહા !

કહો કાન્તિભાઈ ? અધિકાર તો જ્યારે આવે ત્યારે સ્પષ્ટીકરણ થાય ને ? ( શ્રોતાઃ- સર્વ શ્રુતજ્ઞાન અતીન્દ્રિય જ્ઞાન છે ? ) હા, એ " અતીન્દ્રિયજ્ઞાન " છે. અહીં તો એટલું કહેવું છે, કે આ જ્ઞાન એનો સંબંધ તત્ત્વ આત્મા હારે છે. માટે તે તાદાત્મ્ય સંબંધ હોવાથી ' જ્ઞાન તે આત્મા ' એમ જે ભેદ પાડીને સમજાવવું તે જ્ઞાનને વ્યવહાર શ્રુતકેવળી કહેવામાં આવે છે. આહાહા ! નવરંગભાઈ આવી વાતું છે !

પહેલી ૧૨ ગાથાઓમાં તો આખું સમયસારનું આખું સ્વરૂપ પહેલું ભરી દીધું છે. પછી ૧૩ માંથી એનો વિસ્તાર. ૧૨ ગાથા પહેલી ગજબ કુંદકુંદાચાર્યની રચના અને અમૃતચંદ્રાચાર્યની ટીકા દિગંબર સંતો ! આહાહા ! અતીન્દ્રિય પ્રચુર આનંદના વેદનમાં પડયા છે. એને આ વિકલ્પ આવ્યો ને ટીકા રચાઈ ગઈ. છતાં એ પોતે એમ કહે કે પ્રભુ એ ટીકાનો હું રચનાર નથી હોં, એ તો શબ્દે રચાઈ ગઈ છે. આહાહાહા ! હું તો સ્વરૂપમાં આત્મામાં છું, હું તો સ્વરૂપગુપ્ત છું. આહાહા ! હું જ્યાં છઉં ત્યાં તો રાગેય નથી. ત્યાં પરને સમજાવવાનો વિકલ્પેય નથી. અને હું જ્યાં છઉં અને જે છું તે ટીકાના શબ્દને રચે એ આત્મા નથી. આહાહાહા ! કિંચિત્ માત્ર મારું કર્તવ્ય નથી એમ કીધું છે. એ ટીકાના શબ્દની રચના થઈ એમાં કિંચિંત્, અકિંચિંતકર જરીએ મારું કર્તવ્ય નથી. આહાહાહા !! વસ્તુનું સ્વરૂપ છે એમાં હોં. પરદ્રવ્યની રચના કોણ કરે પ્રભુ ? એ પરદ્રવ્યોનાં રજકણોની તે સમયે તે પર્યાય થવાની હોય એ પરદ્રવ્યથી થાય. આહાહા !

અહીં તો એ મોટા ધંધા ને રોજગાર ને એનાં બધા ( કામ ) હું છું તો થાય છે. હું એને કરું છું. ઘણી ભ્રમણા. આ તમારે શેઠિયા જેવાને ધંધા મોટા હોય બધાં મોટા મોઢા આગળ

દુકાનપર બેસે થડે, થડો કહેવાયને શું ? દુકાનની પેઢી ઉપર આ કરો આ કરો ને આમ કરો. આહાહા ! કોણ કરે પ્રભુ ? પરદ્રવ્યની કોણ ક્રિયા કરે નાથ ? આહાહા ! તું જ્યાં છો ત્યાં એ કરવાનું સ્વરૂપ છે જ નહિ.

અરે ! તું જ્યાં છો ત્યાં મોક્ષના માર્ગની પર્યાય પણ જ્યાં એમાં દ્રવ્યમાં નથી. આહાહા ! એ પર્યાયમાં છે. આહાહા ! આવો જે સ્વભાવ બાપુ એ સ્વભાવને જે જાણનારું જ્ઞાન એ જ્ઞાનને અહીં સર્વશ્રુત કહેવામાં આવે છે. કેમકે તે " જ્ઞાન તે આત્મા " જ્ઞાનનો સંબંધ, આત્મા હારે આમ છે. જ્ઞાનનો સંબંધ કોઈ અણાત્મા હારે છે નહિ, એ જ્ઞાનનો સંબંધ, વ્યવહાર રત્નત્રયનો રાગ છે, ઊઠે છે એની હારેય સંબંધ નથી. આહાહાહાહા ! સમજાય છે કાંઈ ?

જે ભાવશ્રુતજ્ઞાન છે એના દ્વારા સીધો આત્માને જાણે, ભેદ પડયા વિના એ તો સાચો શ્રુતકેવળી નિશ્ચય પરમાર્થ. પણ તે પદાર્થને જાણનારું ભાવ શ્રુતજ્ઞાન જે છે. જે જ્ઞાનનો સંબંધ ( નિજાત્માને ) આત્મા હારે છે, તેથી તે જ્ઞાનને આત્મા કહીને, એ જ્ઞાનને વ્યવહાર સર્વ શ્રુતકેવળી કહેવામાં આવે છે. આહાહાહા ! ગજબ વાત છે. આહાહાહા ! આવી વાત. તીર્થંકરના ઘરની વાત છે આતો. જેને ગણધરો સાંભળતા હતા. જેને એકાવતારી એકભવતારી ઇંદ્રો સાંભળતા હતા એ આ વાત છે. આહાહા ! ભગવાન ( સીમંધરનાથ ) બિરાજે છે ત્યાંથી તો આ વાત આવી છે. આહાહાહા !

હજી તો નિશ્ચય ને વ્યવહાર કોને કહેવો એ વાત અત્યારે ચાલે છે. આહાહા ! જે અંતર જ્ઞાન દ્વારા આત્માનો અનુભવ કરે સીધો એ તો યથાર્થ નિશ્ચય પરમાર્થ શ્રુતકેવળી, પણ તે પરમાર્થ સ્વરૂપનું જાણનારું જે જ્ઞાન એ જ્ઞાન એને તાદાત્મય ( આત્મા ) હારે સંબંધ છે, વસ્તુ હારે, એ તો ભેદ જાણીને એ જ્ઞાનને સર્વશ્રુત કહ્યું અને એ જ્ઞાનને વ્યવહાર કહ્યો, એ વ્યવહાર શ્રુતકેવળી કહ્યો. આહાહાહાહા ! કહો, રતિભાઈ ? આવી વાતું છે. હવે મૂળ ચીજ બહુ ફેરફાર થઈ ગયો છે. આહાહા ! અભ્યાસ નહીંને ? એટલે કઠણ પડે એવી લાગે આ વાત. વસ્તુ તો આ રીતે જ છે. અને એ જ પરમ સત્ય છે. આહાહા !

" જ્ઞાન ", શાસ્ત્રનું જ્ઞાન નહિ, આત્માનું જે થયેલું જ્ઞાન, એ " જ્ઞાન તે આત્મા " છે, એટલો ભેદ પાડીને સમજાવવું છે, એ જ્ઞાન તે આત્મા અનુભવે છે એ પરમાર્થને કહેવું એ ભેદ વિના સમજાવી શકાય નહિ, એથી વચમાં આવો એક વ્યવહાર ભેદ ( આવે છે ) એ ભેદ આ, કે જ્ઞાન જે આત્માને જાણનારું છે, તે જ્ઞાન આત્માને જાણે એમ સંબંધ છે, તેથી તે જ્ઞાનને સર્વશ્રુત કહીને તેને વ્યવહાર શ્રુતકેવળી કહેવામાં આવે છે. આહાહા ! ધીરૂભાઈ ! આવો માર્ગ છે. આહાહા !

અરેરે ! જેને સાંભળવા મળ્યું નથી. આવા મનુષ્યપણાં, પરમ દિવસ તો એ વિચાર આવ્યા હતાં કીધુંને ? અરેરે ! વહાલા કહેતા મારી બા ને મારા બાપા ! વાલા મારી બા ને મારો બાપ વહાલા કહેતા( તાં ) એ ક્યાં ગયા હશે, એ વિચાર કર્યો છે ? બાબુલાલજી ! આહાહા ! તું આમ ( તું ) કહેતો મારી બા, આમ ખોળામાં બેસાડે ને સાચવે. આહાહા ! બે પગ લાંબા કરીને દસ્ત થાય, આ બે પગ લાંબા કરીને આમ બેસાડે આમ કરે ને બાળકને જંગલ, દિશા માટે પગને, પગ કરેને નાનું બાળકને એને આહાહા ! એ જેણે મોટો કર્યો 'ને જેણે વહાલપ કરીને બા

બા બા કહેતો 'તો અરે એ મરીને ગઈ ક્યાં બાપુ, તેં જોયુ છે ? આહાહા ! પિતાજી ! આમ બાપુજી બાપુજી કરતો ભાઈ તું, ભાઈ ક્યાં ગયા બાપુ. આહાહાહાહા ! એવા તો અનંતા મા બાપ કર્યાં. આહાહા !

એક( છોકરો ) લીંબડો તોડતો 'તો તો કીધું કે ભાઈ તું રહેવા દે બાપુ, એ તારા પૂર્વના ઘણાં મા-બાપ આમાં બેઠા છે. આ લીંબડો-નીમ, બાબુલાલજી ! આ નીંમ પત્તા હૈ ને ? એક એક પત્તામાં અસંખ્ય જીવ છે હોં એક પત્તામાં અસંખ્ય જીવ છે. એક કટકીમાં અસંખ્ય. આહાહા ! ભાઈ તું આમાં આ તોડવું રહેવા દે કીધું. બાપુ, તને ખબર નથી. તારા અસંખ્ય ભવોનાં ઘણાં કોઈ મા-બાપ મરીને આમાં બેઠા પડયા હશે. તું જેને મા મા કરતો ને બા બા કરતો સાડલો ઝાલતો સાડલો ક્યા કહેતે હૈ ? સાડી ઝાલીને આમ ઊભો રહેતો બા બા કરતો 'તો. આહાહા ! અરે ! ભાઈ તેં વિચાર કર્યો નથી, આહાહાહા ! એવા અનંત જીવો ક્યાંય રખડતા રખડતા ક્યાંય પરિભ્રમણ કરતાં હશે. બાપુ તું( ભવ ) સુધારવાનાં પંથ મળ્યા છે સુધારી લે એવા વખત ફરીને મળશે નહીં. આહાહા ! આ જ કરવાનું છે.

છ ઢાળામાં આવે છે ને ? લાખ વાતની વાત એક નિશ્ચય ઉર આણો, છ ઢાળામાં આવે ને ભાઈ લાખ વાત લાખ નહિ પણ અનંત વાત અનંત વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ઊર ધ્યાવો. આહાહાહાહા ! છ ઢાળામાં આવે છે. ગાગરમાં સાગર ભરી દીધી છે. છ ઢાળામાં બહોત, સંતોને એ વખતે તો પંડિતો પણ બહુ સારા, ટોડરમલ, બનારસીદાસ, ભાગચંદજી, આ દોલતરામ પંડિતો તે પંડિતો પણ, અત્યારે તો બધી ગરબડ થઈ ગઈ. આહાહા !

ભાઈ, તારે દેખાવ કરવો છે કે દેખનારને દેખવો છે ? આહાહા ! દુનિયામાં દેખાવ કરવો છે ? કે અમને કોઈ ઓળખે ને અમને કોઈ મોટા માને અમે કાંઈક છીએ એમ ગણતરી દુનિયામાં થાય. ભાઈ ! તારે ત્યાં કરાવવું છે ? આહાહા ! કે દેખનારને દેખવો છે ? દેખનારો ત્રણલોકનો નાથ બિરાજે છે પ્રભુ ! એને જે જ્ઞાન જાણે છે તે જ્ઞાનને શ્રુતકેવળી કહેવામાં આવે છે. આહાહાહા ! બધું ભણ્યો તું. આહાહા !

તિર્યંચ સમકિતીને પણ જે જ્ઞાનથી આત્મા જણાય તે જ્ઞાનને શ્રુતકેવળી કે વ્યવહાર શ્રુતકેવળી કહીએ, બાપુ તેં જે જાણવાનું હતું તે જાણ્યું, તારા જ્ઞાનમાં એ ચીજ આવી ગઈ. આહાહા ! ત્રણ લોકનો નાથ, પૂર્ણાનંદનો નાથ પ્રભુ એને તેં જ્ઞાનમાં જાણ્યો, એ જ્ઞાનને ને આત્માને તદ્‌રૂપ સંબંધ છે, તેથી તેને જ્ઞાનને જ અમે વ્યવહાર શ્રુતકેવળી કહીએ છીએ. તે પણ સર્વશ્રુતરૂપી વ્યવહાર શ્રુતકેવળી કહીએ છીએ. આહાહા ! ગજબ વાત ! ! સમજાય છે કાંઈ ?

થોડું પણ સત્ય હોવું જોઈએ. લાંબી મોટી વાતોમાં સત્ય...... આહાહા ! જેમાંથી જનમ મરણનો અંત ન આવે પ્રભુ, એ શું ચીજ છે ? જેમાં જનમ મરણ અનંત અનંત કર્યાં. આહાહા ! અને જેને મિથ્યાભાવ પડયો છે, એ મિથ્યાત્વમાં તો અનંતા જનમ મરણ કરવાનો ગર્ભ પડયો છે. આહાહા ! અહીં તો જે કાંઈ આત્માને જાણનારું જ્ઞાન છે. આહાહા ! એ જ્ઞાનને એ જ્ઞાનને ભગવાનને( આત્માને ) જાણવા લાયકવાળું જ્ઞાન એથી એને સર્વ કહ્યું અને શ્રુતકેવળી કહ્યું. આહાહા ! ભાઈ તેં બધું જાણ્યું બાપુ, તને જે જાણવા યોગ્ય ચીજ તેનું તેં જ્ઞાન કર્યું તે જ્ઞાનને

અમે સર્વ જ્ઞાન કહીએ છીએ અને ' જ્ઞાન તે આત્મા ' એટલો ભેદ છે માટે એ જ્ઞાનને વ્યવહાર શ્રુતકેવળી કહીએ છીએ. આહાહા ! બાપુ આવી વાત મળવી મુશ્કેલ છે ભાઈ. આહાહા ! બહુ મુશ્કેલ થઈ ગયું બાપુ ! આહાહા ! પરમ સત્યનો પ્રવાહ તો આ છે. આહાહા !

જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે. ઓલામાં શું હતું ? કેવળ શુદ્ધ આત્માને જાણે છે એમ હતું. છે ને ? શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે એમ હતું અને આમાં, સર્વશ્રુતજ્ઞાનને જાણે છે. ફેર છે. આહાહા ! સમજાણું કાંઈ ? સંતોની વાણી એટલી ગંભીર છે એને માટે ઘણો અભ્યાસ જોઈએ અને ટાઈમ લેવો જોઈએ બાપુ. આહા ! અને તે પોતાના આત્માના હિતને માટે છે ને ? અહિતના રસ્તા ને ધંધા તો તું કરી રહ્યો છો પ્રભુ. આહાહા !

એ વાતની વિશેષતા શું થઈ ? કે જે આત્મા વસ્તુ છે એ જ્ઞાનાદિ અનંતગુણનું એકરૂપ છે. તો એવા જ્ઞાનને એવી વસ્તુને જાણી લ્યે એ જ્ઞાન તો અભેદ થઈ ગયું એટલે શ્રુતજ્ઞાન, નિશ્ચય શ્રુતકેવળી થઈ ગયું. પણ જે જ્ઞાન વસ્તુને જાણનારું છે, એને જાણવામાં ગયું નથી, અભેદ થયું નથી, એ જાણનારું જ્ઞાન છે એનું આત્માનું અને આત્મા હારે એ જ્ઞાનનો સંબંધ છે. એ જ્ઞાનને રાગ વ્યવહાર રત્નત્રય હારે કે દેવ ગુરુ-શાસ્ત્ર કે બીજા અજીવ તત્ત્વ હારે જ્ઞાનનો આમ સંબંધ નથી. આહાહા ! જ્ઞાનનો આમ આત્મા હારે સંબંધ છે. તાદાત્મ્ય તે માટે તે જ્ઞાનને સર્વ જ્ઞાન કહીએ, અને તે જ્ઞાનને સર્વ શ્રુતકેવળી કે વ્યવહાર કહીએ. આહાહાહા ! કાલ તો બપોરની વાત હતી કે અધિકાર સારો આવ્યો હતો. બાબુલાલજી ! દુપોહરકી( બપોરે ) ચીજમેં એ અધિકાર બહોત અચ્છા આયાથા કલ મુનિપણું, કેવળી એ પર્યાય આત્મામાં નથી. આહાહા ! આજે આવશે વિશેષ દોપહરકો. આહાહા !

જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે. ભાષા ફરી ગઈ ? પહેલામાં એમ હતું કેવળ શુદ્ધ આત્માને જાણે છે, એમ હતું એ નિશ્ચય અને આ સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે. સમજાણું કાંઈ ? સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે. સર્વ કહેવાનો આશય તો ત્રિકાળીને જાણે છે, તેવું જે જ્ઞાન, છે હજી ભિન્ન. પણ એને વ્યવહાર શ્રુતકેવળી એને જે જાણે છે એને વ્યવહાર શ્રુતકેવળી કહીએ. આહાહાહા ! તે વ્યવહાર છે. જોયું ? અંતરના ભાવશ્રુતજ્ઞાન દ્વારા અનુભવમાં ચાલ્યો ગયો દ્રવ્યમાં, દ્રવ્યનાં અનુભવમાં અભેદ જ્ઞાન થયું. એ તો પરમાર્થે સત્ય જ્ઞાન શ્રુત કેવળી છે. સાચો શ્રુતકેવળી પરમાર્થે શ્રુતકેવળી. આહાહા ! કેમ કે એમાંથી તો એને કેવળજ્ઞાન થવાનું છે.

ભગવાનનો અનુભવ થયો જે જ્ઞાન દ્વારા અનુભવ કર્યો. એ ભગવાનના જ્ઞાનમાંથી તો અત્યારે ભલે આટલું જ્ઞાન આવ્યું પણ એ તો શ્રુતકેવળી નિશ્ચય કીધો એથી એને પરમાર્થે કેવળજ્ઞાન અલ્પકાળમાં થવાનું છે, એ દ્રવ્યમાંથી થવાનું છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? જેમાંથી કેવળજ્ઞાન થવાનું છે, એને જે જ્ઞાને અનુભવ્યો માટે તે નિશ્ચય શ્રુતકેવળી પરમાર્થથી છે. આહાહા ! ગંભીર વાત-ગંભીર વાત !!

દિગંબર સંતોના સિદ્ધાંતો ગજબ છે કાંઈ, ક્યાંય મળે એવા નથી. આહાહા ! લોકોને દુઃખ થાય. અરે ત્યારે અમારો સંપ્રદાય ખોટો ? બાપુ, ભાઈ ! આ હિતની વાત છે. જેમાં અહિત થાય તે વસ્તુ શું ? આહાહા ! જેના જનમ મરણ ટળીને, આહાહા ! જેનામાં જનમ મરણ ને જનમ મરણનો ભાવ નથી, અરે ! જેનામાં મોક્ષના માર્ગની પર્યાય પણ નથી. આહાહાહા !

એવા જ્ઞાયક ભાવને જેણે જાણ્યો એ તો શ્રુતકેવળી છે નિશ્ચય. આહાહા ! અને એને કેવળજ્ઞાન તો અલ્પ કાળમાં થવાનું જ છે, પણ એને જાણનારું જે જ્ઞાન છે એમ એવું જે, એ જાણનાર જ્ઞાનને પણ અમે સર્વશ્રુત કહીએ છીએ, સંતો મહાવ્રતધારી, સાચાં મહાવ્રતધારી હોં. આહાહા ! આત્મજ્ઞાન વિનાના જેટલા મહાવ્રતધારી છે એ બધાં તો ખોટાં છે. આહાહા ! એ સત્ય મહાવ્રતધારીઓ એમ પોકાર કરે છે, કે પ્રભુ તારા આત્માને જે જાણનારું, જે જ્ઞાન છે ને ? આહાહા ! અમે સત્ય મહાવ્રતધારી કહીએ છીએ, ઋષિશ્વરો કહે છે એમ આવ્યું તું ને, ઋષીશ્વરો એમ પાઠમાં આવ્યું હતુ ’ને ઋષિ ઋષિના ઈશ્વર નામ ગણધરો પણ એમ કહે છે. આહાહા ! આ ભવિષ્યના ઈશ્વર પરમાત્મા છે જિનેશ્વરદેવ એ પણ એમ કહે છે.

જેણે આત્માને અનુભવ્યો જ્ઞાનથી સીધા ભાવથી એ તો પરમાર્થ શ્રુતકેવળી છે પણ તેને જાણનારું જ્ઞાન છે એને સર્વ કહીએ છીએ, એને વ્યવહાર શ્રુતકેવળી કહીએ છીએ. આહાહા ! કારણકે એ જ્ઞાનનો સંબંધ આત્મા હારે છે. એ જ્ઞાનનો સંબંધ કોઈ, વ્યવહાર રત્નત્રયનાં રાગ હારે પણ જેનો સંબંધ નથી. આહાહા !

કેમકે રાગ તો અજ્ઞાન છે. અજ્ઞાન એટલે ? એમાં જ્ઞાનનો અંશ નથી. વિપરીત જ્ઞાન એમ નથી કહેવું પણ જે દયા દાન વ્રત કે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે રાગ, એમાં જ્ઞાનનો અંશ નથી કેમકે રાગ જાણતું નથી, રાગ પોતાને જાણતું નથી, તેમ જોડે ચૈતન્ય છે તેને જાણતું નથી પણ તે રાગ ચૈતન્ય દ્વારા જણાય છે માટે તે અચેતન છે. આહાહાહાહા !

“ અહીં બે પક્ષ લઈ પરીક્ષા કરીએ ” હવે ઓલું જ્ઞાનને જાણે તે વ્યવહાર શ્રુતકેવળી કહ્યું અને સર્વ જાણનારું કહ્યું એને હવે એનું જરી સ્પષ્ટીકરણ કરે છે. એ જ્ઞાન જે ભાવશ્રુત છે, એ જ્ઞાનને સર્વશ્રુત કહ્યું અને એ જ્ઞાનને વ્યવહાર શ્રુતકેવળી કહ્યું. કારણ કે જ્ઞાન આમ પકડ્યું નથી અનુભવમાં ગયું નથી, ભિન્ન રહીને વાત કરવી છે અત્યારે, એ જ્ઞાનને વ્યવહાર શ્રુતકેવળી કહ્યું કેમ ? અહીં બે પક્ષ લઈને પરીક્ષા કરીએ છીએ. ઉપર કહેલું “ સર્વ જ્ઞાન આત્મા છે કે અણાત્મા ? ” જે જ્ઞાન આત્માને જાણનારું છે તે જ્ઞાન આત્મા છે કે એ અણાત્મા છે ? આહાહા ! આ કોર્ટમાં જેમ કાયદા બોલે ને તેમ આ કાયદા કરે છે. ભગવાનનાં ઘરનાં, કાયદા કાઢે છે, કલમ કાઢે છે, એ સાંભળ તો ખરો એક વાર તું પ્રભુ. અમે ભગવાન આત્મા એને જાણનારું જ્ઞાન, એ જ્ઞાનને અમે સર્વ કહ્યું, અને એને વ્યવહાર શ્રુતકેવળી કહ્યું, એનું કારણ ? કે તે જ્ઞાન છે. આહાહા ! છે ? એ આત્મા છે કે અણાત્મા ? એ જ્ઞાન આત્મા સાથે સંબંધ રાખે છે કે એ જ્ઞાન રાગાદિ અણાત્મા સાથે સંબંધ રાખે છે ? સમજાણું કાંઈ ? આહાહાહા !

જો ઉપર કહેલું સર્વ જ્ઞાન સર્વ એટલે વ્યવહાર શ્રુતજ્ઞાન, દ્રવ્યશ્રુત નહિ. એની તો વાત જ ક્યાં અહીં ? આહાહા ! ઉપર કહેલું સર્વ જ્ઞાન, માથે કહ્યું ’ને સર્વ શ્રુતજ્ઞાન એ ઉપર કહેલું સર્વ જ્ઞાન આત્મા છે કે અણાત્મા ? જો અનાત્માનો જો પક્ષ લેવામાં આવે, તો તે તો બરાબર નથી. કેમ ? કે સમસ્ત જે જડરૂપ અનાત્મા આકાશાદિ પાંચ દ્રવ્યો, આહાહા ! ધર્માસ્તિ, અધર્માસ્તિ, પુદ્‌ગલ પરમાણુ, આકાશ, કાળ એ તેમનું જ્ઞાન સાથે તાદાત્મ્ય બનતું જ નથી. પાંચ જે જડ પદાર્થ છે તે જ્ઞાનને ને જડને એકરૂપતા હોતી જ નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

વ્યવહાર શ્રુતને સર્વશ્રુતકેમ કહ્યું ? કે અમે એમ કહીએ છીએ કે જે જ્ઞાન છે, એ તે આત્મસ્વરૂપ છે આત્મા હારે સંબંધ રાખનારું છે કે અણાત્મ સ્વરૂપ, અણાત્મા સાથે સંબંધ રાખનારું છે ? આહાહા ! વાણીઆ વેપારીને કામ આવા લેવા તર્કના સૂક્ષ્મ, એને લેવું પડશે બાપુ ! આ જનમ મરણ મટાડવાનો બીજો કોઈ ઉપાય નથી. ચોરાશીના અવતાર એક એક યોનિમાં અનંત કર્યા બાપુ એનો એને થાક લાગ્યો નથી હજી. આહાહા ! અરેરે ! હું ક્યાં ગયો ને ક્યાં રખડયો છું ? અજાણ્યા ક્ષેત્રો ને અજાણ્યા આત્માઓ ને અજાણ્યા ભાવ ને કાળમાં. આહાહા ! ભાઈ એવા પરિભ્રમણ તે અનંત કાળથી કરતો આવે છે. એ મિથ્યાત્વને લઈને, એ મિથ્યાત્વને ટાળવાનો આ એક ઉપાય, કે જે જ્ઞાન આગમથી જ્ઞાન થયું એ જ્ઞાનનું લક્ષ પણ છોડી અને જેણે આત્માનાં લક્ષે જે જ્ઞાન કર્યું તે જ્ઞાને આત્માને અનુભવ્યો, તો તો તેને નિશ્ચય શ્રુતકેવળી એને ભવનો અભાવ થઈ ગયો. એકાદ ભવ બે ભવ હો ભલે પણ ભવનો અભાવ હો ગયા પરિભ્રમણ ઉસકે હૈ હી નહીં. આહાહાહાહા !

હવે જેને જ્ઞાન કહીએ અને જે જ્ઞાન એને જાણ્યું એ જ્ઞાનનું સર્વપણું અને વ્યવહાર શ્રુતકેવળી કહ્યા એનું કારણ ? એ જ્ઞાનનો સંબંધ આત્મા હારે છે કે એ જ્ઞાનનો સંબંધ રાગ ને જડ હારે છે ? આહાહાહાહા ! આ તો ભગવાનનાં કોર્ટનાં કાયદા છે કોલેજ છે, ભગવાનની કોલેજ છે. આહાહા ! લોકો પછી એવું કહેને આ તો એકલી નિશ્ચયની– સત્યની વાતો કરે છે, એમ કરીને એ નિશ્ચયાભાસ છે, એકાંત છે. કહો પ્રભુ તુમ તમારે ખબર નથી તને, આ ભગવાન તારી ચીજની, શું ચીજ છે ? પ્રભુ તને ખબર નથી. અરે એનાં જાણનાર જ્ઞાનની પણ તને ખબર નથી. આહાહા !

એ જ્ઞાન જ આત્માને જાણી શકે, એ રાગથી જણાય નહિ. કેમકે એ જ્ઞાનનો સંબંધ આત્મા સાથે છે. એ જ્ઞાનનો સંબંધ રાગ સાથે નથી, એ પણ પાંચ દ્રવ્યમાં પરદ્રવ્યમાં– જાય છે રાગ, વ્યવહાર રત્નત્રય. આહાહા ! એ જે ભાવશ્રુતજ્ઞાન જે છે એને અમે સર્વ શ્રુત કહ્યું એ તો સર્વને જાણનારાને પકડયું માટે અને તેને અમે વ્યવહારશ્રુત કહ્યું ભેદરૂપે તો એ જ્ઞાનનો સંબંધ આત્માની ( સાથે ) છે કે એ જ્ઞાનનો સંબંધ રાગ છે ? – કે રાગ ( સાથે ) સંબંધ તો છે નહિ. રાગમાં ને શરીરમાં ને વાણીમાં પુદ્ગલમાં ને ચોપડીમાં ને પુસ્તકમાં ને એ જ્ઞાન તો નથી. આહાહા ! સમજાણું કાંઈ ? કહો, છોટાભાઈ ! કલકત્તામાં મળવું મુશ્કેલ છે. હવે ધૂળ મળે ત્યાં પૈસા. આહાહાહા !

અનાત્માનો પક્ષ લેવામાં આવે તો તે બરાબર નથી. કારણ કે સમસ્ત જે જડરૂપ અનાત્મા આકાશાદિ પાંચદ્રવ્યો ખરેખર તો એમાં વ્યવહારનો રત્નત્રય રાગ છે ને ? એ પણ વ્યવહાર શ્રુતકેવળીને ને એને કાંઈ સંબંધ નથી કારણ કે એ રાગમાં જ્ઞાન નથી રાગને ને જ્ઞાનને સંબંધ નથી. આહાહાહાહા ! એ જ્ઞાનને ને આત્માને સંબંધ છે, તેથી એને વ્યવહાર શ્રુતકેવળી કહ્યો એ જ્ઞાનને ને રાગને સંબંધ છે તો રાગ તો અણાત્મા છે. તો આત્માનું જે જ્ઞાન તે અણાત્મા સાથે સંબંધ રાખે એમ કેમ હોઈ શકે ? આહાહા ! સમજાણું કાંઈ ? ઝીણી વાત તો છે બાપુ.

આ તો ત્રણ લોકના નાથ જિનેશ્વર સર્વજ્ઞ. આહાહા ! જેની પાસે એક ભવતારી ઇન્દ્રો અર્ધલોકનાં સ્વામી કૂત્તીના બચ્ચાંની જેમ બેસે સાંભળવા. આહાહા ! સમોશરણમાં પ્રભુના

સમોશરણમાં. આહાહાહા ! જેની નીચે અસંખ્ય તો દેવ, એક એક વૈમાનમાં એવા બત્રીસ લાખ વૈમાન એનો લાડો ઇન્દ્ર આવીને, આહાહા ! એ ભગવાનની વાણી સાંભળે. એ વાણી કેવી હોય ભાઈ ? ( અલૌકિક ) આહાહા ! એ ભગવાન કેવા હોય ને એની વાણી કેવી હોય ? આહાહા ! એની વિસ્મયતા અદ્ભૂતતા એને કોઈ દિ ' આવી નથી. આહાહા !

આ બહારના ઠાઠ માઠ ફોસ્ફરસ હાડકાનાં તેજ છે બધાં મહાણમાં હાડકાની ફોસ્ફરસ ચમકે ચક ચક એમ આ શરીર ને પૈસા ને આબરૂ ને મકાન મોટા. ઓહોહો ! એ મહાણનાં હાડકાંની ફોસ્ફરસ છે બાપુ ! તારી ચીજ કોઈ ભિન્ન છે અંદર. આહાહા ! તારી ચીજનું જ્ઞાન કરનારું જ્ઞાનને પણ વ્યવહાર શ્રુતકેવળી કહે. આહાહા ! હેં ? ભલે એ શાસ્ત્ર જ્ઞાન ઓછું એને હોય. આહાહાહા ! તિર્યંચનું જ્ઞાન આત્માને પકડે છે તે જ્ઞાનને પણ સર્વ શ્રુત વ્યવહાર શ્રુતકેવળી, આહાહા ! સિંહ, સિંહ હોય જંગલનો અને સમકિતી છે, બહાર અઢી દ્વિપ બહાર અસંખ્યાતા સિંહ ને અસંખ્યાતા મચ્છ, અસંખ્યાતા વાઘ સમકિતી છે બહાર અઢી દ્વિપ બહાર. આહાહાહા ! જ્યાં આત્મજ્ઞાન પામે છે આહાહાહા ! એના જ્ઞાનને પણ વ્યવહાર શ્રુતકેવળી કહીએ, કહે છે. તિર્યંચના જ્ઞાનને પણ. આહાહાહાહા !

અહિંયા તો થોડું ઘણું જ્યાં બહારનું આવડે ત્યાં અભિમાન થઈ જાય કે અમે જાણીએ છીએ ને અમે મોટા છીએ ને અમે આવા છીએ ને અરે ! બાપુ ! ભાઈ તું ક્યાં જાવું છે તારે ? આહાહા ! કોની હારે સંબંધ છે ? તેમનું જ્ઞાન સાથે સાધન બનતું નથી. કેમકે તેમનામાં જ્ઞાન સિદ્ધ જ નથી. તેથી અન્ય પક્ષનો તો અભાવ હોવાથી જ્ઞાન આત્મા છે. એ પક્ષ સિદ્ધ થાય છે એ વાત વિશેષ કહેવાશે.

પ્રમાણવચન ગુરુદેવ.

***

## પ્રવચન નં. ૩૪ ગાથા ૯-૧૦ તા. ૧૫-૭-૭૮ શનિવાર, અષાઢ સુદ-૧૦ સં. ૨૫૦૪

સમયસાર નવ/દશ ગાથા ચલતી હૈ થોડી ચાલી ગઈ, હિન્દીમેં ફરીને.

પ્રથમ મુખ્ય બાત એ હૈ કે, જો શ્રુતજ્ઞાનસે ભાવ શ્રુતજ્ઞાન દ્રવ્ય શાસ્ત્રકા સૂનનેસે જ્ઞાન હો વો જ્ઞાન નહીં. યહાં તો સ્વાભાવિક સર્વજ્ઞ સ્વભાવી સ્વરૂપ પ્રભુ ઉસકા અવલંબનસે જો જ્ઞાન હુવા એ જ્ઞાનકો અહીંયા ભાવ શ્રુતજ્ઞાન કહેતે હૈ. સર્વજ્ઞ સ્વભાવી આત્મા, આત્મા હૈ એ સર્વજ્ઞ સ્વભાવ હૈ, અંતર સર્વજ્ઞ સ્વભાવ ન હો તો સર્વજ્ઞપણા આયેગા કહાંસે ? સર્વજ્ઞ પરમાત્મા હુઆ વો આયા કહાં સે ? આહાહાહા ! અહીં વળી બીજી રીતે ચાલ્યું આજે, એ સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ ઉસકા સર્વજ્ઞકા અવલંબનસે જો જ્ઞાન અપનેમેં પર્યાયમેં હુઆ ઉસકો અહીંયા ભાવ શ્રુતજ્ઞાન કહેતે હૈ એ જે કોઈ જીવ ભાવ શ્રુતજ્ઞાનસે કેવળ શુદ્ધ આત્માકો, આહાહાહા ! એટલે ભાવશ્રુતજ્ઞાનસે કેવળ સર્વજ્ઞ સ્વભાવી શુદ્ધ આત્માકો, આહાહાહા ! પર્યાયમેં સર્વજ્ઞપણા હૈ નહિ પણ વસ્તુમેં સર્વજ્ઞસ્વરૂપ હૈ.

અહીં તો વિચાર ઐસા આયા ને વો સર્વજ્ઞની આજ્ઞા માનકર પીછે પરીક્ષા કરના. એકલા

પરીક્ષા કરને જાએગા તો તું ભ્રષ્ટ હો જાયેગા, અભી બતાયાને ? અષ્ટપાહુડ. ઉસકા એ અર્થ હૈ સૂક્ષ્મ હૈ ભગવાન, સર્વજ્ઞ સ્વભાવી ભગવાન આત્મા ઉસકા શ્રુતજ્ઞાનમેં ઉસકા જ્ઞાન હુઆ વો સર્વજ્ઞ સ્વભાવકે આશ્રયસે જો ભાવશ્રુત હુઆ એ ભાવશ્રુતમેં સર્વજ્ઞ સ્વભાવી આત્માકા જ્ઞાન હુઆ. આહાહા ! ગજબ વાત હૈ ગંભીર વાત બહોત. આહાહા ! ( શ્રોતાઃ– અહીં પ્રશ્ન હોતા હૈ અલ્પજ્ઞ હૈ વહ સર્વજ્ઞકો કૈસે જાણે ? ) સર્વજ્ઞને જાણે, એ કહેતે હૈ અહીંયા એ જ બાત લેના હૈ ને ? અલ્પજ્ઞ પર્યાયમેં સર્વજ્ઞ સ્વભાવકી શ્રદ્ધા જ્ઞાન બરાબર હોતા હૈ. છતાં સર્વજ્ઞ સ્વભાવી આત્મા અલ્પજ્ઞ શ્રુતજ્ઞાનમેં આતા નહીં. પણ ઉસકા સામર્થ્ય હૈ યે સબ જ્ઞાન આતા હૈ. બાબુલાલજી ! ઝીણી વાત બહુ બાપુ. આહાહા ! આહા !

રાત્રિકો કહા થા ને ? આહાહા ! ક્ષેત્રકા અંત કહાં ? ક્યા ચીજ હૈ આ ? આકાશ.. આકાશ.. આકાશ.. આકાશ.. આકાશ ચૌદ બ્રહ્માંડ જો અસંખ્ય જોજનમેં હૈ ઉસસે બહાર અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત... ચાલે જાવ તો ક્યાંય આકાશકા અંત હૈ ? શું ક્યા કહેતે હૈ આ ? એ આકાશકા અંત નહિ ક્યાંય, આહાહા ! ઔર કાલકી આદિ નહિ કે પહેલા આત્મા કોણ, ને પહેલી પર્યાય કોણ ? આહાહાહા ! એ બી કોઈ અચિંત્ય અનાદિ એ વસ્તુ. ઔર આત્માકા અનંત ગુણ જો હૈ, એ બી આકાશના પ્રદેશની સંખ્યા કરતે અનંતગુણા ગુણ હૈ, ભાઈ માર્ગ બહુ અલૌકિક હૈ બાપુ. આહાહા ! આકાશકા જો પ્રદેશ હૈ અનંત ઉસસે અનંત ગુણા ગુણ એ ઈતનામાં અનંતગુણા ગુણ ! ક્યા હૈ આ ? ઓહોહો ! ઔર અનંત ગુણ હૈ કિતના કે સંખ્યામેં ક્યાંય અંતે ય આવે નહિ. છતાં ત્યાં હૈ. આહાહા ! જિસકી સંખ્યામેં અંત ના આવે ઐસા ( ઈતના ) ગુણ ભી આત્મામેં હૈ. આહાહા ! આકાશકા અંત ન આવે પણ ઐસા હૈ, કાળકા અંત ન આવે પણ કાળ ઐસા હૈ. આહાહાહા !

ઐસે ભગવાન આત્મા અપના સર્વજ્ઞ સ્વભાવકો જાનકર જો શ્રુતજ્ઞાન હુઆ, વો શ્રુતજ્ઞાનકી પર્યાયમેં ભી સર્વજ્ઞ સ્વભાવીકી પ્રતીતિ આયા, ઔર એ સર્વજ્ઞ સ્વભાવકા પર્યાયમેં જ્ઞાન આયા, છતાં વો સર્વજ્ઞ સ્વભાવી ચીજ ( એ ) પર્યાયમેં નહિ આતી. આહાહા ! એક વાત. ઈતની વર્તમાન શ્રુતજ્ઞાનકી પર્યાય સારા સર્વજ્ઞ સ્વભાવકો જાનેં તોપણ જે સર્વજ્ઞ સંપૂર્ણ સ્વભાવ હૈ ઉસમેંસે શ્રુતજ્ઞાન હુઆ તો ઉસકો જાનનેકી લાયકાતવાળા ઈતના હુઆ છતાં એ સ્વભાવમેં કમી ( હુઈ ) નહિ. આહાહાહાહા ! ઔર ઉસમેં કેવળજ્ઞાન હો, માણેકચંદભાઈ ! આહાહા ! પ્રભુ માર્ગ કોઈ અલૌકિક છે. આહાહા ! એ સર્વજ્ઞપણા પ્રગટ હુઆ તો ભી સર્વજ્ઞ સ્વભાવમેં કમી હુઈ અંદર ઐસા નહીં. આહાહાહા !

ઔર સર્વજ્ઞ પર્યાય પ્રગટ હુઈ, ઉસકા જો અવિભાગ પ્રતિચ્છેદ અનંત હૈ, ક્યુંકિ સર્વજ્ઞ તો અનંતા સર્વજ્ઞોંકો ભી જાનતે હૈ અનંત સર્વજ્ઞોંકો ભી જાનતે હૈ. આહાહા ! તો એ સર્વજ્ઞકી પર્યાયમેં જિતના ભાગ અવિભાગ અંશ પડતે હૈ, અનંત.. અનંત.. આહાહા ! ઈતના હી એ અનંત દ્રવ્યમેં હૈ જ્ઞાન ગુણમેં. આહાહા ! કેવળજ્ઞાનકી પર્યાયમેં જેટલી સામર્થ્યતા અવિભાગ જેના ભાગ ન પડે ઐસા છેદ કરકે. અનંત–અનંત અવિભાગ ( અંશ ) પ્રભુ માર્ગ બહુ દુર્લભ હૈ ભાઈ. આહાહા ! છતાંય એ ચીજ તો તેરે પાસ પડી હૈ અંદર. આહાહા ! એ સર્વજ્ઞકા એ અનંતા અવિભાગ પ્રતિચ્છેદ પ્રગટ હુઆ ( તો ભી ) ઈતના ને ઈતના જ્ઞાયકમેં અનંત અવિભાગ

પ્રતિચ્છેદ હૈ. આહાહાહા !

ઐસી શક્તિ જો હૈ, ઐસા સર્વજ્ઞ પ્રભુ સ્વભાવ ઔર સર્વજ્ઞ જે પર્યાય હુઈ. આહાહા ! ઉસમેં તો અનંત અગુરુલઘુ પર્યાય ( પ્રગટ હુઈ ) ભાઈ એ શું છે, ક્યા હૈ ? સર્વજ્ઞ પર્યાયમેં અનંત ગુણી વૃદ્ધિ હો જાય ને અનંત ગુણી હાનિ હો જાયે.. પર્યાય ઐસી-ઐસી. આહાહા ! ક્યા હૈ આ ? સમજમેં આયા ? એ કેવળજ્ઞાનકી પર્યાય, અહીં તો આપણે શ્રુતજ્ઞાનસે આત્મા જાણે એમાં આ લેના હૈ.. કે એવી કેવળજ્ઞાનકી પર્યાય જે અનંત હોગી, એ બી સબ શક્તિરૂપ જ્ઞાનગુણમેં સર્વજ્ઞપણામેં પડી હૈ. એ સર્વજ્ઞ સ્વભાવી આત્મા જે જ્ઞાનસે જાનનેમેં આવે આતે હૈં, એ જ્ઞાનકો અહીંયા શ્રુતજ્ઞાન કહેતે હૈ. આહાહાહા !

ઝીણી વાત છે બાપુ. આ કોઈ વાર્તા કથા નથી. આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવકી બાત હૈ. આહાહા ! અગાધ અગાધ ગંભીર ચીજ હૈ. કભી અભ્યાસ કિયા નહીં, કભી સૂના નહીં. આહાહા !

ઐસે એક એક ગુણકી એક એક પર્યાયમેં અનંત અવિભાગ પ્રતિચ્છેદ ઈતના ને ઈતના ગુણમેં ઈતના અવિભાગ પ્રતિચ્છેદ. આહાહા ! એ અવિભાગ પ્રતિચ્છેદવાળી પર્યાય પ્રગટ હુઈ છતાં અંતરમેં તો જિતના ગુણમેં હૈ અવિભાગ પ્રતિચ્છેદ તો શક્તિ તો ઈતની ને ઈતની રહેતી હૈ, સર્વજ્ઞપણા પ્રગટ હો તો પણ જ્ઞાયકપણા સર્વજ્ઞ સ્વભાવી વસ્તુ હૈ તો ઈતની ને ઈતની હૈ, ઔર મતિજ્ઞાન પર્યાય, શ્રુતજ્ઞાન પર્યાય, કેવળજ્ઞાનકી અનંતમેં ભાગે હૈ, તો પણ જ્ઞાયકભાવમાં સર્વજ્ઞસ્વરૂપી જે આત્મા એ તો ઈતના ને ઈતના હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ? ભાઈ આ તો અલૌકિક વાતું હૈ. સર્વજ્ઞ જિનેશ્વરદેવ જેને એક સમયમેં તિનકાળ તિનલોક દેખા ભાઈ એ કોઈ માર્ગ અલૌકિક હૈ પ્રભુ. આહાહાહા ! ઐસે આત્મા સર્વજ્ઞકી પર્યાય પ્રગટ હો તો ભી કહેતે હૈ કે સર્વજ્ઞકી પર્યાયકા કર્તા સર્વજ્ઞ દ્રવ્ય નહીં. માણેકચંદભાઈ ! ક્યાં આ વાત. આહાહા ! લોકો ક્યાં અટકયા છે ક્યાં વસ્તુ પડી છે આ. સર્વજ્ઞ પર્યાય પ્રગટ હુઈ, આહાહા ! ઐસી અનંતી પર્યાય જ્ઞાન ગુણમેં હૈ. ઐસા સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ શ્રુતજ્ઞાનસે જાનનેમેં આતા હૈ. આહાહાહા ! એ ભાવશ્રુતજ્ઞાનકી તાકાત કિતની ? આહાહા ! સમજમેં આયા ?

ઔર એ સર્વજ્ઞ પર્યાય પ્રગટ હોતી હૈ, ઉસકા કર્તા દ્રવ્ય નહીં, ( આત્મ ) દ્રવ્ય નહીં એ પર્યાય-પર્યાયકા કર્તા, છતાં આઈ હૈ દ્રવ્યમેંસે. આહાહા ! એ કઈ અપેક્ષાએ બાત હૈ ? આહાહા ! એ પર્યાય તો અપની સત્ અહેતુક, આહાહાહા ! સ્વતંત્ર પર્યાય હુઈ હૈ દ્રવ્યકે કારણસે નહીં, ગુણકે કારણસે નહીં. આહાહા ! પ્રભુ તારી બલિહારી છે. આહાહા ! એ ઉસકા જે ચૈતન્ય સ્વભાવ-સર્વજ્ઞપણા હુઆ તો એ ચૈતન્ય સ્વભાવે પ્રગટ કિયા ઐસા નહિ, પર્યાય હૈ ને ? આવી વાત છે. આહાહા ! અરેરે ! એણે ભગવાન સર્વજ્ઞની જે આજ્ઞા, અહીં તો વિચાર ક્યા આયા કે સર્વજ્ઞકી આજ્ઞા માનકર પરીક્ષા કરના, એકલી આજ્ઞા વિના પરીક્ષા કરને જાયેગા તો ભ્રષ્ટ હો જાએગા, ઐસા આયાને, અભી બતાયાને ? આહાહાહા ! બાપુ વસ્તુ ઐસી ગંભીર હૈ. જે સમ્યગ્દર્શન એની સાથ હુઆ શ્રુતજ્ઞાન એમાં ઈતની તાકાત હૈ કે જે અંદર સર્વજ્ઞ અનંતી પર્યાય પ્રગટ હો ઐસા ગુણ પડયા હૈ, ઔર અનંતી સમકિતની પર્યાય પ્રગટ હોગી, એ સબ શ્રદ્ધા ગુણમેં પડી હૈ અંદર. આહાહા ! ઔર અનંત અનંત આનંદ પ્રગટ હોગા કેવળીકો, ઐસી અનંત આનંદ ( પર્યાય ) જેના

આનંદ ગુણમેં પડયા હૈ. આહાહાહા ! અનંત વીર્ય પરમાત્માકો પ્રગટ હોતા હૈ.

ભાઈ ભાષા ભલે હિન્દી પણ ભાવ તો જો હૈ યે હૈ, કભી અભ્યાસ નહિ, એ બાત અત્યારે ચલતી નહીં. અરેરે ! એને અનંત વીર્ય જો પ્રગટ હુઆ પરમાત્માકો તો બી અંદર વીર્યની પૂરણતા ઉસમેં ખામી આઈ નહિ, ઔર પૂરણ વીર્ય જો હૈ. એ અનંત વીર્ય પ્રગટ હૈ ઉસકા યે કર્તા નહીં. આહાહાહા ! ( શ્રોતાઃ- અદ્‌ભુત આશ્ચર્ય લગતા હૈ ) આશ્ચર્યકી બાત હૈ બાપા. આહાહા !

એક અંગૂળનાં અસંખ્ય ભાગમાં નિગોદના અનંત જીવ, અસંખ્ય શરીર અંગૂળનાં અસંખ્ય ભાગમાં અસંખ્ય શરીર, એક શરીરમાં અનંત જીવ. એક એક જીવ સર્વજ્ઞ સ્વભાવી. આહાહા ! બાપુ આ શું ચીજ છે ? એ જિનવરદેવ સિવાય ( ક્યાંય નથી ) આહાહાહા ! અરે પ્રભુના વિરહ પડયા, ભગવાન હૈ નહીં, વસ્તુનો વિરહ, પર્યાયમાં વસ્તુનો વિરહ નથી. પર્યાય ઉસકો જાણે તો પર્યાયમાં ભગવાનકા વિરહ હૈ નહિ. આહાહા !

ક્યા કિયા ? આમ ત્રણ લોકના નાથ મહાવિદેહમેં રહે ગયે. ભરત ક્ષેત્રમેં વિરહ પડયા, પણ અહીંયાં ઐસી સર્વજ્ઞ શક્તિકા ભંડાર ભગવાન. વો સર્વજ્ઞ શ્રુતજ્ઞાનસે જાણે, તો ઉસકો વિરહ નહીં. ( શ્રોતાઃ- ભગવાનકા વિરહ નહીં દિખતા હૈ ) બરાબર ભાઈ ? આહાહા ! ઓહોહો ! આ તો ફેર લિયા વો હિન્દી, એ તો ફરીને નીકળે તો ય એ વાત બાપા શું કહીએ. આહાહાહા ! એ વસ્તુનો સ્વભાવ એક પરમાણુમેં અનંતા ગુણો અને એક અંગુળના અસંખ્ય ભાગમાં એક આકાશના પ્રદેશમાં અનંતા પરમાણુના સ્કંધ રહે, અને એકે એક સ્કંધમાં અનંત પરમાણું રહે અને એકેક પરમાણુમેં જિતના આકાશના ગુણ હૈ, જીવના ગુણ હૈ. ઈતની સંખ્યામેં પરમાણુમાં ગુણ હૈ. આ શું ચીજ છે આ તે. છોટાભાઈ ! આમાં કાંઈ કલકત્તે- કલકત્તે મળે એવું નથી. ( શ્રોતાઃ- એ જ્ઞાન પત્તો મેળવી લ્યે છે. ) આહાહાહા !

અહિંયા તો શ્રુતજ્ઞાનસે આત્મા જાણે એનો અર્થ હાલે છે કે આત્મા કિતના- કેવડો ? જેમાં અનંત અનંત ગુણો અને અનંતી પર્યાય જે કેવળજ્ઞાન આદિની પ્રગટ થાય એનો સ્વભાવ અંદર પારિણામિકભાવે ભાવ. સર્વજ્ઞ જાણે કે આ પર્યાય આ આવી ને આ પર્યાય અહીંથી ગઈ ને અહીં જાશે. આહાહા ! એ સર્વજ્ઞ જાણે ઈ. આહાહા ! અગુરુલઘુની ષટ્‌ગુણ હાનિ વૃદ્ધિ, કેવળજ્ઞાનનો પર્યાય પણ એમાં અનંત ગુણ વૃદ્ધિ ને અનંત ગુણ હાનિ થઈ જાય એક સમયમાં, છતાં પણ એ પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણે એટલી ને એટલી રહે છે ઈ. શું છે આ ? દ્રવ્યમાંથી અનંતી પર્યાય પ્રગટ થાય છતાં દ્રવ્ય એટલા ને એટલા ( એવું ને એવું ) રહેગા. ગુણમેંસે અનંતી પર્યાય પૂર્ણ પ્રગટ હો તો ભી ગુણ ઈતના ને ઈતના રહેગા. આહાહાહા ! અને પર્યાય ભી... આહાહા ! પૂર્ણ પ્રગટ હો, વો ભી પૂર્ણ પર્યાયમેં પરકી અપેક્ષાસે ઉત્પન્ન હુઈ ઐસા નહીં. આહાહાહાહા ! એવો જે ભગવાન આત્મા ગંભીર રહે પ્રભુ ! પણ સૂનનેકો સૂનના તો પડેગા પ્રભુ. આહાહા ! અનંત-અનંત ગુણ જો અનંતી પૂર્ણ પર્યાય એ પૂર્ણ પર્યાયમેં અનંતગુણ હાનિ-વૃદ્ધિ અગુરુલઘુ ભાવ. ઓહોહોહો ! ( શ્રોતાઃ- હાનિ- વૃદ્ધિ શું ? ) એ હાનિ વૃદ્ધિ ખ્યાલમેં ન આવે એ માટે તો વાત મૂકી છે. પર્યાય કેવળજ્ઞાન ત્રણ કાળ ત્રણલોકને જાણે ઐસી પર્યાય ઈતની ને ઈતની રહે છતાં ઉસમેં અનંત ગુણ, હાનિવૃદ્ધિ થાય એ તો સર્વજ્ઞ જાણે. આહાહા ! ( કેવળી જાણે ) એવી વાત છે. બહુ લાંબી વાત કરીએ, તો ષટ્ ગુણ હાનિ વૃદ્ધિ દરેક ગુણ મોટી

વાત આમ લાંબી વાત દરેક પર્યાય મતિજ્ઞાન એક સમયની પર્યાયમાં ષટ્ગુણ હાનિવૃદ્ધિ, એક કેવળજ્ઞાનની પર્યાય થાય, ષટ્ગુણ હાનિવૃદ્ધિ, અનંત આનંદ હુઆ ઉસમેં પણ ષટ્ગુણ હાનિ વૃદ્ધિ. આહાહા !

ક્યા હૈ આ તે ? પ્રભુ તેરા સ્વભાવની કોઈ અચિંત્ય મહિમા. એ કોઈ વિકલ્પસે પાર નહીં આયેગા, આહાહા ! એમ બતાના હૈ. આહાહા ! વો શુભરાગસે એ આ પત્તા લગ જાય ? રાગની મર્યાદા ને હજી તો સીમા છે. આહાહાહા ! ભલે આત્માકી શ્રુતજ્ઞાનકી પર્યાય ભી મર્યાદિત હૈ કેવળજ્ઞાનની અપેક્ષાએ અનંતમેં ભાગે, આહાહાહા ! છતાં એ જ્ઞાન સર્વજ્ઞની અનંતી પર્યાય પ્રગટ હો જૈસે દ્રવ્યમેં, એ દ્રવ્યકો એ શ્રુતજ્ઞાન જાનતે હૈ બરાબર. આહાહાહા ! સમજમેં આયા ? ભાઈ વીતરાગ માર્ગ જિનેશ્વર દેવનો માર્ગ દૂસરા ( અપૂર્વ ) અલૌકિક હૈ. ઓહોહો ! જેમ જેમ ઊંડા જઈએ તેમ તેમ તેનો પત્તો ઊંડો ઊંડો લાગ્યા કરે. આહાહા !

આંહીં કહે છે, શ્રુતસે એ શ્રુત, ભાવશ્રુત લેના ( સમજના ) વર્તમાન ભાવશ્રુતજ્ઞાન કે જે ત્રિકાળી સર્વજ્ઞકા સ્વભાવકે અવલંબનસે હુઆ, જિસકા અવલંબનસે હુઆ, ઉસકો એ શ્રુતજ્ઞાન પૂર્ણ જાનતે હૈ. આહાહાહા ! અરે ! સમયસાર અને એની ટીકા ને એના શબ્દો ? ! જે જો શ્રુતસે ભાવ શ્રુતજ્ઞાનસે શું ? ભગવાનકી વાણી સૂની એ સર્વજ્ઞ હૈ, વાણીમેં ભી બહોત આતા હૈ બાત સ્વપર એ સૂની ને જો જ્ઞાન હુઆ, વો હુઆ અપનેસે, છતાં વો જ્ઞાનકી પર્યાય પરલક્ષી હૈ, ઈસકી બાત યહાં હૈ નહીં, એ પરલક્ષી જ્ઞાનસે આત્મા જાનનેમેં આતા હૈ ઐસા હૈ નહિ. સમજાય એટલું સમજવું પ્રભુ તેરી પ્રભુતાનો પાર નહીં નાથ. આહાહાહા !

તેરેમેં એક એક શક્તિમેં ઈશ્વરતા ભરી હૈ. એક અનંત શક્તિયોંમેં એક શક્તિમેં અનંત પ્રભુતા ભરી હૈ. આહાહાહા ! અહીંયા તો એમ કહેના હૈ કે ઐસી અનંતી પ્રભુતાકા રૂપ એકરૂપ વસ્તુ સર્વજ્ઞ સ્વભાવમેં ભી અનંતી પ્રભુતા હૈ. સર્વદર્શીમેં અનંત પ્રભુતા હૈ. પ્રભુતા ગુણમેં ભી અનંત પ્રભુતા હૈ. શ્રદ્ધાન ગુણમેં અનંતી પ્રભુતા હૈ. ચારિત્રમેં અનંતી પ્રભુતા હૈ. અસ્તિત્વ ગુણમેં અનંતી પ્રભુતા હૈ. ઐસે ( ઐસે ) અનંત અનંત ગુણ એક-એક ગુણમેં અનંતી પ્રભુતા, અનંતી ઈશ્વરતાં ઐસા અનંતી ઈશ્વર( તા )કા ગુણકા ધરનેવાલા ઈશ્વર પ્રભુ, ઓ કોઈ બીજા ઈશ્વર નહિ. આહાહા ! એ ઈશ્વરકો ( નિજકો ) શ્રુતસે કેવળ શુદ્ધઆત્માકો જાનતે હૈ. આહાહાહા ! ઐસે શ્રુતજ્ઞાનસે કેવળ એકરૂપ આત્મા ત્રિકાળ, કેવળ શુદ્ધ આત્માકો જાનતે હૈ. આહાહા ! સમજમેં આતે હૈ ? આહાહાહા ! આ બીજી રીતે આવ્યું વળી, કાલ બીજી રીતે હતું. એ કાંઈ..... આહાહા !

જે, જો કોઈ પ્રાણી આત્મા અપના ભાવ શ્રુતજ્ઞાન કે જો સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ આશ્ચર્યકારી ( ને ) અદ્ભુત શક્તિકા ભંડાર ભગવાન એક હોં, ઐસી તો અનંતી શક્તિ હૈ. આહાહા ! ઐસા વસ્તુ જે પ્રભુ અપની ચીજ પૂર્ણ વો શ્રુતસે જો જાનેં કેવળ શુદ્ધ આત્માકો જો જાનેં, એકલા શુદ્ધ આત્માકો જાનેં એમ કહેતે હૈ. જોયું ? આહાહા ! શ્રુતસે શ્રુતકો જાનેં ઐસા નહીં કહા ભાઈ, શું ? ક્યા કિયા ? આહાહાહા ! એક ભાવશ્રુતજ્ઞાન જો હુઆ બાપુ આ તો અપૂર્વ વાત હૈ ભાઈ, એ ભાવશ્રુતજ્ઞાનસે ભાવશ્રુતજ્ઞાન જાના એસા નહીં કહા- આહાહાહાહા !

એ સર્વજ્ઞની વાણી ઇન્દ્રો સૂનતા હોગા. હેં ? એની વાત છે આ. આહાહા ! એક ભવતારી

ઇન્દ્રો અને એની પત્ની– સ્ત્રી ભી એક ભવતારી હૈ, પતિ પત્ની દોનોં એક ભવે મોક્ષ જાનેવાલા હૈ. સુધર્મ દેવલોકમેં. એ ભગવાનકી વાણી સૂનનેકો જાતે હૈ, પ્રભુ એ વાણી કૈસી હોગી ? આહાહા ! એ વાણીમાં કૈસી આશ્ચર્યતા આતી હોગી ? આહાહા ! આહાહાહાહા ! એ વાણીમાં કિતની ગંભીરતા, આહાહા ! અહીં તો થોડા સાધારણ જ્યાં બોલ આદિ આવડે જ્યાં ત્યાં જાણે કે આહાહા ! અમે તો જાણે ક્યાંય વધી ગ્યા ને આગળ વધી ગયા. અરે પ્રભુ સૂન તો સહી ભાઈ !

જો શ્રુતજ્ઞાનસે શ્રુતજ્ઞાનકો જાનતે હૈ ઐસા નહીં કહા, ભાવશ્રુતજ્ઞાનસે આ આત્માકો જાનેં ત્રિકાળ, અનંતી શક્તિકા ભંડાર ને એક એક શક્તિ પણ અનંત અનંત સ્વભાવકા ભંડાર, ઐસે એકરૂપ પ્રભુ આત્મા, આહાહાહા ! ઉસકો જાને વે શ્રુતકેવળી હૈ.. ( વહી ) શ્રુતકેવળી હૈ. એણે પૂર્ણ આત્માકો જાણ્યા એ શ્રુતજ્ઞાન, માટે એ શ્રુતજ્ઞાન એ પૂર્ણ શ્રુતજ્ઞાની હૈ. આહાહાહા ! એ શ્રુતકેવળી હૈ, સમ્યગ્દર્શન હુવા, પૂર્ણાનંદકા નાથ અનંત શક્તિકા ભંડાર એક એક શક્તિમેં અચિંત્ય અચિંત્ય સામર્થ્ય જે એકદમ અજ્ઞાનીના સાધારણ તર્કસે પણ પત્તા ન લગે, એવી વીતરાગે જે ભાવ દેખા અને કહા ઐસા હૈ, ઐસા આત્માકો જે જાનતે હૈ, આહાહાહા ! એ શ્રુતકેવળી હૈ. સમજમેં આયા ? એ શ્રુતકેવળી પરમાર્થે શ્રુતકેવળી હૈ. આહાહા ! આયા ? વહ તો પરમાર્થ હૈ ! હૈં ? આ એક પંક્તિ ( મેં ) કિતની ભરી હૈ સંતો દિગંબર સંતોની વાણી. આહાહાહા !

જે કોઈ ભાવ શ્રુતજ્ઞાન દ્વારા, આહાહા ! આત્માકો જાનેં, ભાવ શ્રુતજ્ઞાનસે શ્રુતકો જાનેં કે પર્યાયકો જાનેં ઐસા ન લિયા. ભાવ શ્રુતજ્ઞાનસે કેવળ આત્માકો જાનેં પ્રભુકો જાનેં. આહાહા ! આહાહાહા ! મૈં પૂર્ણ પરમાત્મા દ્રવ્ય હૂઁ ઐસા જો ભાવશ્રુતજ્ઞાન દ્વારા જાનેં એ શ્રુતકેવળી પરમાર્થે હૈ, યથાર્થમેં વાસ્તવિકતામેં વો શ્રુતકેવળી હૈ. ( શ્રોતાઃ જાનવરકો હોતા હૈ ? )

જાનવરકો હોતે હૈ. પશુકો, નારકીકો હોતા હૈ. સમ્યગ્દર્શનનો ભાવ સાતમી નરક જેમાં જાનેવાલા મિથ્યાદૃષ્ટિ જાતે હૈ ત્યાં સમકિતી ન જાય, પણ ગયા પીછે સમકિત હોતા હૈ. વો નીકળે પીછે ભી મિથ્યાત્વ હો જાતા હૈ. પણ બિચના કાળમાં સમ્યગ્દર્શન હોતા હૈ. સાતમી નરક. આહાહા ! એ બી જે ભાવશ્રુતસે આત્માકો જાનેં, આહાહાહા ! એ શ્રુતકેવળી. ભાઈએ તો એમ કીધું તિર્યંચમેં ઐસા ? પણ નરકમેં ભી ઐસા, ઔર તિર્યંચમેં ભી પશુ અસંખ્ય પડા હૈ બહાર, અઢી દ્વીપ બહાર અસંખ્ય પશુ હૈ સિંહ, વાઘ, મચ્છ, કૌવા અસંખ્ય હૈ, ઉસમેં અસંખ્યમેં, અસંખ્યમેં ભાગમેં અસંખ્ય સમકિતી હૈ. એ સમકિતીકો અહીંયા શ્રુતકેવળી કહા. આહાહાહા ! ભગવાન આત્મા અંદર, આહાહાહાહા ! જેની પર્યાયની પૂર્ણ સામર્થ્યની શક્તિ પણ અપનેસે હુઈ હૈ. એ ત્રિકાળમેંસે નહીં. આહાહા ! ઐસા ત્રિકાળી ભગવાન જ્ઞાયક સ્વરૂપ પ્રભુ પૂરણ ભાઈ ! એ વસ્તુ કોઈ અગમ્ય હૈ. આહાહા ! અગમ્યકો ગમ્ય કરના હૈ. હૈં ? આહાહા !

એ તિર્યંચ હૈ યે ભી સમ્યગ્દૃષ્ટિ ભાવ શ્રુતસે કેવળ પ્રભુ આત્મા પૂર્ણાનંદકા નાથ સર્વજ્ઞસ્વભાવી, સર્વદર્શીસ્વભાવી, પૂર્ણ આનંદ સ્વભાવી, પૂર્ણ વીર્ય સ્વભાવી, પૂર્ણ પ્રભુ-સ્વભાવી, પૂર્ણ કર્તા સ્વભાવી, પૂર્ણ કાર્ય સ્વભાવી, પૂર્ણ કાર્ય સ્વભાવ ઉસકા અંદરમેં. આહાહા ! પૂર્ણ સાધન સ્વભાવી, આહાહા ! પૂર્ણ આધાર સ્વભાવી. આહાહાહાહા ! ઐસા આત્માકો

અવલંબન લેકર જે જ્ઞાન હુઆ, એ જ્ઞાન ઉસકો જાનતે હૈ. સમજમેં આયા ? આ ઐસી કોઈ વાત હૈ શાસ્ત્રમેં ઐસા તો લક્ષ કરના, સમજમેં આયા ? કોઈ સિદ્ધાંત સર્વજ્ઞ ત્રિલોકનાથ દિગંબર સંતો એ એની વાણીમાં કોઈ બહોત હૈ. ગંભીરતા. ભાવની ઐસી કોઇ ચીજ હૈ. તો ઐસા લક્ષ કરના. આહાહા ! સમજમેં આયા ?

'એ પરમાર્થ હૈ', એ પરમાર્થ હૈ, જે અંતરમેં રાગકા લક્ષ છોડકર સ્વરૂપ ત્રિકાળીકા લક્ષ કરકે, જો જ્ઞાન હુઆ, એ જ્ઞાન જિસકે લક્ષસે હુઆ ઉસકો વો જ્ઞાન જાણે. આહાહા ! એ તો પરમાર્થ શ્રુતકેવળી હૈ. આહાહા !

ખિસકોલી હોતી હૈ, ખીસકોલી ક્યા કહેતે હૈ. ( શ્રોતાઃ- ખિલેહરી ) ખિલેહરી. - એનેય સમકિત હોતા હૈ. હાથીકો હોતા હૈ. ભરત નહીં. આયા નહિ, ભરતના મિત્ર હાથી થા તો વો બેઠકર જાતે થે વો ભગવાનકા દર્શન કરને તો ભરતકો વૈરાગ હો ગયા, દિક્ષા લે લિયા તો હાથીકો જાતિસ્મરણ હો ગયા. વિચાર કરતે કે અરે ! આ તો મારો મિત્ર, એકદમ પંદર-પંદર દિવસને આંતરે આહાર લેતા હૈ આપણે સ્વાધ્યાય મંદિરમેં ( ચિત્ર ) હૈ અને આત્મજ્ઞાન. આહાહા ! શરીર ઓ ચાહે તો હાથીકા હો કે મનુષ્યકા હો કે ઢેઢગરોડીકા હો, ઢેઢગરોડી સમજતે ? નાની નાની નહિ હોતી હૈ છીપકલી ? જિવાત પકડતે હૈ. આહાહાહા ! એ પણ આત્મા અંદર છે ને પ્રભુ ? શરીર એ ભિન્ન ચીજ હૈ આત્મા ભિન્ન ચીજ હૈ. આહાહા ! એને પણ જ્યારે શ્રુતજ્ઞાનથી આત્માનું જ્ઞાન હોતા હૈ તો શ્રુતકેવળી કહેનેમેં આતા હૈ ઉસકો. આહાહા ! ઔર એક વાત હુઈ પરમાર્થ શ્રુતકેવળી. આહાહા ! આહાહા !

જેણે અંદરમાં ભાવશ્રુતસે આત્માકો જાના, એ અપના સ્વરૂપ સાધનેકો વિશેષ સાધનેકો કુટુંબ સ્ત્રી આદિ છોડકર વનમેં ચાલે જાતા હૈ, એ કૈસી ચીજ હોગી ? માતા પિતા હજારો રાણીઓ અને જેને નીલમણીના તો લાદી, મકાનમેં નીલમણીની લાદી, ઐસા મકાન ઔર સ્ત્રીયાં, ચક્રવર્તીકા દીકરા હો કે રાણી હો મહા પણ આ જ્યાં ( નિજકા ) ભાન હુઆ અંદરમેં, અરે ! મૈ તો આનંદના નાથ શ્રુતકેવળી આ મેરી ચીજ તો પૂર્ણ. અરેરે ! મેરે સાધનેકા મેરે સ્વરૂપમેં વિશેષ સાધનેકા ( હૈ ) મૈ તો નિવૃત્તિ લેવુંગા. આહાહા ! એ હજારો રાણીઓ માતા પિતા એ બંગલા, નીલમણીની લાદી, સ્ફટિકના મકાન, સ્ફટિકના મકાન, બાપુ ત્રણલોકનો નાથ ( નિજાત્મા ) અહીં જણાણો છે, એના સાધવાને માટે એક બળખા જેમ છોડે, છૂટે એમ ચક્રવર્તીકા રાજ છોડતે હૈ. આહાહા ! બળખા સમજતે હૈ ? થૂંક, ઐસે અંતરકા આનંદકા નાથ ( જ્ઞાયકપ્રભુ ) જ્યાં જાનનેમેં આયા, ઉસકો સાધનેકો અંતરમેં સ્વરૂપમેં સ્થિર હોનેકો એ નીલમણીના ને સ્ફટિકના મકાન તરણાની જેમ છોડકર ચલે જાતે હૈ વનમાં, વાઘ ને વરૂની બિચમેં જ્યાં પાણી આહારના બિંદુય ન મળે. આહાહા !

ક્યા હોગા મેરે ( મુઝે ) જંગલમેં ? હોગા મેરે ( મુઝે ) જંગલમેં કેવળજ્ઞાન. આહાહા ! અતીન્દ્રિય આનંદનો ખોરાક લેતે લેતે લેતે અતીન્દ્રિય આનંદકા ભોજન કરતે કરતે અતીન્દ્રિય આનંદ પ્રગટ હોગા. આહાહા ! બાબુલાલજી ! આવી ચીજ સાંભળવા મળતી નથી અત્યારે અરે પ્રભુ શું થાય ભાઈ ! આહાહા ! ત્રિલોકનાથ અનંત જિનેન્દ્રોનો આ પોકાર છે. અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ આહાહા ! એ અનંત તીર્થંકરોને કેવળીઓને પણ એક સમયમાં જાણનારી

શક્તિ એને અનંતને જાણતી હૈ, એવી અનંત પર્યાય અનંતી પર્યાય તો અંદર એક જ્ઞાનગુણમેં પડી હૈ, ઐસા જ્ઞાન ગુણ સંપન્ન પ્રભુ અને અનંત ગુણકા સ્વરૂપ એક, કેવળ આત્માકો જેણે ઐસાકો જાના. આહાહા ! પરમાર્થ શ્રુતકેવળી હૈ. સંતો કહેતે હૈ કે હમ કહેતે હૈ કે એ પરમાર્થ શ્રુતકેવળી હૈ. આહાહા ! શ્રુતમેં જાનના થા પૂર્ણ એ સબ જાન લિયા ઉસને. સમજમેં આયા ?

એ સમ્યગ્દર્શન કહો કે શ્રુતજ્ઞાન કહો, જ્ઞાનની અપેક્ષાએ શ્રુતજ્ઞાન ને પ્રતીતની અપેક્ષાએ સમ્યગ્દર્શન. આહાહા !

'ઔર જો સર્વ શ્રુતજ્ઞાનકો જાનતે હૈ' ક્યા કહેતે હૈ ? કે જે આત્મા પરિપૂર્ણ વસ્તુ હૈ, ઉસકો જે જ્ઞાન જાનતે હૈ જ્ઞાન, એ જ્ઞાનકો અહીંયા સર્વ જ્ઞાન કહેનેમેં આયા હૈ. પહેલે તો જ્ઞાન શ્રુતજ્ઞાનસે આત્મા જાના એ પરમાર્થ શ્રુતકેવળી, હવે જો શ્રુતજ્ઞાન હૈ, સર્વ શ્રુતજ્ઞાનકો જાનતે હૈ. આહાહા ! દ્રવ્ય શ્રુતકી બાત અહિંયા નહિ, અંતર જ્ઞાનકી પર્યાયમેં સારા પૂર્ણ આત્મા જાનનેમેં આયા, ઐસા જ્ઞાનકો સર્વ જ્ઞાન કહેતે હૈં. વો સર્વજ્ઞ જ્ઞાન એમ નહિ. આહાહા ! સર્વ જ્ઞાન, જ્ઞાનમેં પરિપૂર્ણ પ્રભુ, પૂર્ણ સર્વજ્ઞ સ્વભાવી જે જ્ઞાને જાણ્યા તે જ્ઞાનકો સર્વ જ્ઞાન કહેનેમેં આતા હૈ, (અહા !) સર્વ જ્ઞાન કહેનેમેં આતા હૈ. (ઓહો !) સર્વ જ્ઞાન કહેનેમેં આતા હૈ. આહાહાહા ! જે જ્ઞાનસે આત્માકો જાના વો પરમાર્થ શ્રુત એ પરમાર્થ કેવળી, અને જેણે એ જાનનેવાલી ચીજકો જાના એ જ્ઞાનકો સર્વજ્ઞાન કહેતે હૈં. આહાહાહા ! ગજબ વાત કરતે હૈ. સર્વજ્ઞ સ્વભાવી ભગવાનકો જાના, તો એ જ્ઞાનકો સર્વજ્ઞાન કહેતે હૈ, આહાહાહા !

અરેરે ! ભરતક્ષેત્ર ક્યાં પ્રભુ ને ક્યાં મહાવિદેહ ને કયાં આ સ્થિતિ ! ઓહોહો ! એ ભગવાન પાસે કૈસી વાણી ! કૈસા શ્રોતા ! આહાહા ! અહીંયા તો પરમાત્માકે પાસ ગયે થે નિશ્ચય પરમાત્મા ને વ્યવહાર પરમાત્મા, કુંદકુંદાચાર્ય આહાહા ! વો કહેતે હૈં કે જે જ્ઞાન અંતરનું ભાવ જ્ઞાન જે આત્માને જાણવાની લાયકવાળું (લાયકાતવાળું) ભાવ જ્ઞાન એને અમે સર્વ શ્રુતજ્ઞાન કહેતે હૈ. આહાહાહાહા ! કેમ કે જે સર્વજ્ઞ સ્વભાવી આત્મા ઐસાકો જાનનેવાલા જ્ઞાન એ જ્ઞાનકો સર્વ જ્ઞાન કહેતે હૈ. ભલે સર્વજ્ઞ નહીં પણ સર્વજ્ઞાન. આહાહાહા ! શ્રુતજ્ઞાન તરીકે સર્વજ્ઞાન એમ. આહાહા ! સમજમેં આયા ? બાપુ વીતરાગ માર્ગ ઝીણો અરે પ્રભુ મળ્યો નથી હજી એને હોં. આહાહાહા ! અરેરે ! મનુષ્યનો ભવ એ ભવના અભાવ માટે ભવ આ હૈ. એ કોઈ દુનિયામાં પૈસા મેળવવા ને ધંધા કરના એ માટે આ ભવ નહીં પ્રભુ, બહારની મોટપ મેળવવી ને. આહાહા ! મનુષ્યનો ભવ જ્ઞાયતે ઇતિ આત્મ જ્ઞાનમ્ તે મનુષ્ય. આહાહાહા ! જે આત્માકો જાને જ્ઞાયતે એને મનુષ્ય કહીએ, બાકી પશુ છે. આહાહા !

આ શરીરની સુંદરતા ને લક્ષ્મીની સુંદરતા ને મોટપ, મકાન મોટા આરસ પહાણના મોટા સંગેમરમરના કે આ સ્ફટિકના. આહાહા ! એ કાળના ઈંધનના કાળની અગ્નિ પાસે ઇંધણ હો જાએગા, ઇંધણ જેમ લકડી અગ્નિમેં બળ (સળગી) જાતી હૈ. આહાહાહાહા ! પરમાત્મ પ્રકાશમેં હૈ. મંદિર કરોડો રૂપિયા કા બનાયા હો પણ કાળરૂપી અગ્નિકા એ ઇંધણ હો જાએગા. આહાહાહા ! પ્રભુ એ કોઈ ચીજ કોઈ શાશ્વતી નહીં. આહાહા ! શાશ્વત ચીજકો જેને જાણ્યા એ જ્ઞાનકો 'સર્વ જ્ઞાન' કહેતે હૈ. નવરંગભાઈ ! આહાહાહા !

જો સર્વ શ્રુતજ્ઞાનકો જાનતે હૈ. આહાહાહા ! જે જ્ઞાને શ્રુતજ્ઞાનભાવ હોં, આત્મા જાણ્યા

એ જ્ઞાનકો સર્વ શ્રુતજ્ઞાન કહેતે હૈ. આહાહા ! એ સર્વ શ્રુતજ્ઞાનકો જાનતે હૈ. સર્વ શ્રુતજ્ઞાનકો જાનતે હૈ, એમાં શ્રુતજ્ઞાનસે આત્માકો જાનતે હૈ પહેલે આયા. આ સર્વ શ્રુતજ્ઞાન સર્વ શ્રુતજ્ઞાનકો જાનતે હૈ. તો પર્યાય આ ગઈ ને વ્યવહાર આયા. આહાહા ! સમજમેં આયા ? જો સર્વ શ્રુતજ્ઞાનકો જાનતે હૈ વે શ્રુતકેવળી હૈ, પણ એ વ્યવહાર. ક્યુંકિ જ્ઞાન સર્વ હૈ, સર્વકો જાના ઐસા જ્ઞાન એ જ્ઞાનકો વ્યવહાર શ્રુતકેવળી કહેતે હૈ, જ્ઞાનકો વ્યવહાર શ્રુતકેવળી કહેતે હૈ અને જ્ઞાનસે આત્માકો જાને એને પરમાર્થ શ્રુતકેવળી કહેતે હૈ. આહાહા !

બધી અજાણી વાતું, ઓલી કોઈ તીર્થ કરવું જાત્રા કરવી આ કરવું બાપુ. આહાહા ! ત્રણલોકનો નાથ અરે પર્યાયના પ્રેમમાં આડસમાં પડયો છે એકકોર આડો, ( આઘો ) રાગના પ્રેમમાં પ્રભુ મોટો ભગવાન અંદર હૈ પણ એકકોર રહી ગયા. આહાહા !

અહિંયા કહેતે હૈ, જો સર્વ શ્રુતજ્ઞાનકો જાનતે હૈ. સર્વ શ્રુતજ્ઞાનકો જાનતે હૈ. પહેલામાં ક્યા કહા થા, કેવળ શુદ્ધ આત્માકો જાનતે હૈ એમ કહા થા, પણ અહિંયા હવે જ્ઞાન-જ્ઞાનકો જાનતે હૈ. એ ગુણ-ગુણ જ્ઞાન પર્યાય હુઈ ઉસકો જાનતે હૈ. આહાહાહા ! એ શ્રુતકેવળી વ્યવહાર હૈ. એ વ્યવહાર હૈ. આહાહાહા !

રાગ, દયા દાન ભક્તિ ને રાગ એ વ્યવહાર એની બાત અહીંયા હૈ નહિ. આહાહાહા ! એ તો અસદ્ભૂત, આ તો ઉસમેં હૈ પર્યાયમેં, આહાહા ! તો એ જ્ઞાનકો વ્યવહાર કહેતે હૈ. આહાહા !

ક્યોંકિ એ " જ્ઞાન તે આત્મા " એમ જ્ઞાન તે આત્મા ઐસા જ્ઞાનકી સાથ આત્માકા તાદાત્મ્ય સંબંધ હૈ, એ બતાનેકો સદ્ભૂત વ્યવહારનયસે શ્રુતજ્ઞાનકો જાનનેવાલેકો વ્યવહાર શ્રુતકેવળી કહા. આહાહાહા ! એ ગાથાકા અર્થ હુઆ. હવે ઉસકા સ્પષ્ટીકરણ.

" યહાં દો પક્ષ લેકર પરીક્ષા કરતે હૈ. " કિસકા ? કે આ શ્રુતજ્ઞાન તે સર્વશ્રુતજ્ઞાન તે શ્રુતજ્ઞાન હૈ એ આત્મા સાથે સંબંધ રાખતે હૈ તાદાત્મ્ય તેથી એને અમે વ્યવહાર શ્રુત કહ્યા. ઉસકા કારણ ક્યા ? ઉસકા કારણ- હેતુ ક્યા ? યહાં દો પક્ષ લેકર પરીક્ષા કરતે હૈ. લ્યો પરીક્ષા તો આવી. આજ્ઞાકો પ્રધાન રાખકર પરીક્ષા કરના એ તો આયા ઉસમેં બતાયા ને અભી એકલી આજ્ઞા છોડકર એકલી પરીક્ષા કરકે હમ માનેગા તો ભ્રષ્ટ હો જાયેગા. આહાહા ! બતાયા હૈ ને ઉસમેં ?

અલ્પજ્ઞાનીઓમેં બેઠકર મહંત બુદ્ધિ રખે તબ અપના પ્રાપ્ત જ્ઞાન ભી નષ્ટ હો જાયેગા. આહાહાહાહા ! ઈસ પ્રકાર જાનકર નિશ્ચય વ્યવહારરૂપ આગમકી કથન પદ્ધતિકો નિશ્ચય વ્યવહાર આગમ કથન પદ્ધતિકો સમજકર ઉસકા શ્રદ્ધાન કરકે યથા શક્તિ આચરણ કરના. ઈસ કાળમેં, આહાહા ! ગુરુ સંપ્રદાયકે વિના મહંત નહિ બનના. આહાહાહા ! ગુરુગમ, જૈનસે ન મિલી હો, આ ભવમેં કે પર ભવમેં ગુરુગમ તો મિલા નહીં અને અપની સ્વચ્છંદે વાંચે ને સમજે કહેતે હૈ. આહાહા ! હૈ ? ગુરુ સંપ્રદાયકે બિના મહંત નહિ બનના. જિન આજ્ઞાકા લોપ નહીં કરના, હૈં ? આહાહા ! કોઈ કહેતે હૈ હમ તો પરીક્ષા કરકે જિનમતકો માનેંગે, વે વૃથા ( નકામા ) બકતે હૈ.

બાપુ એ વાત અલૌકિક વાતું ( છે ) પ્રભુ, એ ક્ષેત્ર સ્વભાવ, કાળ સ્વભાવ, ભાવ

સ્વભાવ એ પર્યાય સ્વભાવ આદિ કોઈ અલૌકિક વાતું હૈ બધી. આહાહા ! વૃથા બકતે હૈ. સ્વલ્પબુદ્ધિકા જ્ઞાન પરીક્ષા કરનેકે યોગ્ય નહીં હૈ, આહાહા ! ત્રણ લોકના નાથ જિનેશ્વરની આજ્ઞાસે જો આયા એની અલ્પબુદ્ધિ, પરીક્ષા કરને જાયેગા નહિ કર સકેગા. આહાહા ! ઐસી ચીજ ગંભીર હૈ નાથ, તુમ ગંભીર હૈ, તેરી શક્તિ ગંભીર હૈ, તેરી દશા ગંભીર હૈ. આહાહા ! દૂસરા ( બીજું ) દ્રવ્યકા ગુણ ભી ગંભીર હૈ. અનંત ગુણ બીજા પરમાણુ( કા ) આદિકા. આહાહા ! સ્વલ્પબુદ્ધિકા જ્ઞાન પરીક્ષા કરનેકે યોગ્ય નહિ. આજ્ઞાકો પ્રધાન રખકરકે બને જિતની પરીક્ષા કરનેમેં દોષ નહીં, જોયું ? આહાહા ! પહેલે તો સર્વજ્ઞકી પ્રતીત હુઈ હૈ ઔર સર્વજ્ઞકી આજ્ઞાકી પ્રતીત હુઈ. તો એ આજ્ઞા પ્રધાન રખકર, આહાહા ! આજ્ઞાકો મુખ્ય રખકર બને જિસકી પરીક્ષા કરનેમેં દોષ નહીં.

કેવળ પરીક્ષા હી કો પ્રધાન રખનેસે કેવળ પરીક્ષા હી. આહાહા ! ગંભીર સ્વભાવ પ્રભુ જિન આજ્ઞામેં તો ગંભીર સ્વભાવ એક એક ચીજકા આયા. આહાહા ! ભગવાનની આજ્ઞાકો મુખ્ય રખકર પરીક્ષા, કેવળ પરીક્ષાકી પ્રધાન રખનેમેં જિનમતસે ચ્યુત હો જાએ, તો બડા દોષ આવે, તુમ બહોત શંકા કરેગા આ કયા. આકાશ કે પ્રદેશસે અનંત ગુણા ગુણ, હૈ તો ઈતનામેં, ઔર હૈ અંગુલકા અસંખ્ય ભાગમેં અનંત નિગોદ હૈ તો ઈતના. અરે પ્રભુ સુન તો સહી પ્રભુ ! એ સ્વભાવની મહિમા જે ભગવાને દેખી હૈ એ પ્રમાણે કહા, એ આજ્ઞાની મુખ્યતા રખકર પરીક્ષા કરના. આહાહા ! દેવીલાલજી ! આહાહા ! ગુરુગમ લિખા હૈ જૈન ધર્મ ( અલૌકિક ) દશા હૈ. આહાહા ! કોઈકા પૂર્વકા સંસ્કાર હો કાં વર્તમાન ગુરુગમ હો વો લિખા સમજે ઐસી ચીજ હૈ. આહાહા !

ઈસ પ્રકાર જાનોં, જિનમતસે ચ્યુત હો જાયે, તો બડા દોષ આયેગા, ઈસલિયે તો જિનકો અપને હિત અહિત પર દૃષ્ટિ હૈ, જિનકી અપને હિતને અહિત પર દૃષ્ટિ હૈ. હૈં ? એ તો ઈસ પ્રકાર જાનોં, ઔર જિનકો અલ્પજ્ઞાનીઓમેં મહંત બનકર અપને માન, લોભ, બડાઈ, વિષય કષાય પુષ્ટ કરના હો ઉનકી તો બાત નહીં. આહાહાહા ! સૂક્ષ્મ બાત આ ગઈ હૈ. માણેકચંદજી ! બાત તો ઐસી હૈ. વે તો જૈસે અપને વિષય કષાય પુષ્ટ હોંગે વૈસે કરેંગે. અપની માન, બડાઈ પુષ્ટી હોંગી વૈસે કરેંગે. આહાહા ! ઉનકો મોક્ષમાર્ગકા ઉપદેશ નહીં લગતા, વિપરીતકો કિસ ચીજ કા ઉપદેશ ? ઈસ પ્રકાર જાનના ચાહિએ.

જુઓ, અર્થકારે પંડિતજીએ. અષ્ટપાહુડમાં ( શ્રોતાઃ– આજ્ઞાસે કામ ચલ જાએ તો પરીક્ષા કયૂં કરના ? ) આજ્ઞાસે તદ્દન આજ્ઞાસે ( કામ એમ ) નહિ. તદ્દન આજ્ઞાસે નહિ અંદર પરીક્ષક હો, વો મુખ્યતા હોની ચાહિએ, નહી તો એકલા વચનસે માનના તો દૂસરા બતાએગા તો ભ્રષ્ટ હો જાએગા. આમાં લિયા હૈ મોક્ષમાર્ગ પ્રકાશકમાં ટોડરમલજીએ એકલા વચનસે માને પણ અંદર મુખ્ય પરીક્ષા હોની ચાહીએ કે ઓહો, આત્માનો સ્વભાવ તો જ્ઞાન ઉસકા અર્થ એ સર્વજ્ઞ સ્વભાવ હૈ, ઐસે તો પરીક્ષા કરની. આહાહા ! અને સર્વજ્ઞ સ્વભાવી હૈ, તો જિસકે મતમેં સર્વજ્ઞપણા પ્રગટ હુઆ હો ઉસકા કહા પંથ યે પંથ હૈ, જિસકે મતમેં સર્વજ્ઞ નહીં યે પંથ ચલાવે યે પંથ નહીં. સમજમેં આયા ? આહાહા ! અહીંયા કહેતે હૈ શ્રુત કેવળી એ વ્યવહાર હૈ હવે બે પક્ષ લઈને વાત કરશે પછી. વિશેષ.

પ્રમાણવચન ગુરુદેવ.

***

## પ્રવચન નં. ૩૫ ગાથા ૯-૧૦ તા. ૧૬-૭-૭૮ રવિવાર, અષાઢ સુદ-૧૧ સં. ૨૫૦૪

સમયસાર ૯/૧૦ ગાથા ફરીને ટીકાઃ– " પ્રથમ તો જે શ્રુતસે કેવળ શુદ્ધ આત્માકો જાનતે હૈ, એ શ્રુતકેવળી હૈ, " કયા કહા ? ભાવશ્રુતજ્ઞાન નિર્વિકલ્પ શાંતિ સમાધિ વો દ્વારા આત્માકો જાનતે હૈ, એ આત્માકો જાનનેવાલા પરમાર્થ નિશ્ચય શ્રુતકેવળી કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? આત્મા વસ્તુ જો આત્મ પદાર્થ એને જે જ્ઞાન, નિર્વિકલ્પ જ્ઞાન હોકર રાગકા ભી પક્ષ છોડકર નિર્વિકલ્પ શાંતિ, સમાધિ એ દ્વારા જે આત્માકો ત્રિકાળીકો જાનેં, આહાહા ! સમજમેં આયા ? સૂક્ષ્મ બાત હૈ ભાઈ પરમ સત્ય બહુ સૂક્ષ્મ. આ આત્મા ચીજ જો હૈ અનંત આનંદ ને અનંત જ્ઞાન સંપન્ન પ્રભુ, જિસકા સ્વભાવ હૈ ઉસકા તો માપ કયા ? અમાપ જ્ઞાન ને અમાપ દર્શન ને આનંદ આદિ ઐસા એકરૂપ વસ્તુ, અનંત ગુણમેં એકરૂપ વસ્તુ દ્રવ્ય. ઉસકો જો જ્ઞાન વર્તમાન રાગ રહિત હોકર નિર્વિકલ્પ શાંતિ દ્વારા દ્રવ્યકો જાનતે હૈં, ઉસકો નિશ્ચય શ્રુતકેવળી કહેતે હૈ. ઝીણી વાત હૈ. બાબુલાલજી ! આહાહા !

જે આ આત્મા વસ્તુ હૈ. પરિપૂર્ણ અંતર ( પરિપૂર્ણ ) સંપદાસે ભરા પડા પ્રભુ ઉસકો જો વર્તમાન જ્ઞાન નિર્વિકલ્પ નામ રાગની અપેક્ષા છોડકર નિર્વિકલ્પ શાંતિ ને સમાધિ ઐસે એ દ્વારા વો ઉસમેં જ્ઞાન આયા. એ દ્વારા આત્માકો જાનેં એ નિશ્ચય શ્રુતકેવળી કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? આવી વાત સૂક્ષ્મ હૈ. અહીંયા તો આત્માકો જેણે જાણ્યા એ નિશ્ચય શ્રુતકેવળી હૈ. પણ એ કઈ રીતે જાના ? અંતરમેં રાગસે ભિન્ન હોકર જે જ્ઞાન શાંતિ અને વીતરાગી પર્યાય હુઈ એ દ્વારા જે આત્મા જાનનેમેં આયા, ઈસકે દ્વારા સીધા આત્મા જાનનેમેં આયા, ઉસકો નિશ્ચય શ્રુતકેવળી કહેતે હૈ.

બધી વાત જગતથી નિરાળી છે ભાઈ શબ્દો જુદા, ભાવ જુદા એવી છે ખબર છે ને આહાહા ! મૂળ ચીજ આખી અંતર વસ્તુ ભગવાન આત્મા નિત્ય વસ્તુ–ધ્રુવ વસ્તુ–શાશ્વત વસ્તુ હૈ. વો કાંઈ નઈ ઉત્પન્ન હુઈ નહિ, ઔર ઉસકા અંશે પણ નાશ હોગા ઐસી ચીજ નહિ, ઐસા શાશ્વત પ્રભુ અવિનાશી આત્મા ઉસકો વર્તમાન શાંતિ રાગસે રહિત હોકર–રાગસે ભિન્ન હોકર અપની શાંતિ અને જ્ઞાનદ્વારા જે આત્માકો અનુભવે– આત્માકો જાણે ઇસકો અહીંયા નિશ્ચય સચ્ચા શ્રુતકેવળી કહેનેમેં આતા હૈ. કહો રાજમલજી ! દેવીલાલજી ! આહાહા ! હૈ ? એ પરમાર્થ હૈ.

ઔર જો સર્વ શ્રુતજ્ઞાનકો જાનતે હૈ. એક તો એક ( યહ કહા ) જો જ્ઞાન અપનેકો જાનતે હૈ એ જ્ઞાનમેં પરિપૂર્ણ ( ચીજ ) આ ગઈ કેમકે પરિપૂર્ણકો જાનનેવાલી જ્ઞાન પર્યાય, એ જ્ઞાનમેં સર્વશ્રુત સ્વ કો ભી જાનેં અને એ જ્ઞાન પરકો ભી જાનેં. આહાહા ! ઐસા આત્માકા જ્ઞાન વો આત્માકો સીધા જાનેં એ તો નિશ્ચય શ્રુતકેવળી. પણ વો જ્ઞાન જો હૈ ને એ સ્વકો જાનેં ને પરકો જાણે એ તો સ્વકો જાનેં એ જ્ઞાનકી પર્યાયમેં પરકો જાનનેકા જ્ઞાન તો આ ગયા. આહાહા ! એ સ્વ–પરકો જાનેં ઐસા જો જ્ઞાન ઉસકો વ્યવહાર શ્રુતકેવળી કહેતે હૈ. વસ્તુકો ત્રિકાળકો જાનેં એ નિશ્ચય શ્રુતકેવળી હૈ. આહાહા ! આ તો અલૌકિક વાતું છે બાપુ.

જગતથી તદ્દન નિરાળી અત્યારે તો ગોટા ઊઠયા છે બધા. સર્વ શ્રુતજ્ઞાનકો જાનતે હૈ વે શ્રુતકેવળી હૈ એ વ્યવહાર હૈ, કયુંકિ જે જ્ઞાન હૈ જાનન જાનન એ જાનન શક્તિ સ્વકો ભી જાનેં એ જાનન પરકો જાનેં એ તો સાધારણ વાત હૈ એ સ્વપરકો જાનનેવાલા જ્ઞાન એ જ્ઞાનકો વ્યવહાર શ્રુતકેવળી કહેતે હૈં. નવરંગભાઈ ! બેય એક જેવું નથી. આહાહા ! ઝીણી વાત બાપુ ! આ તો પરમ સત્યના સાગર, પરમ સત્ય સાગર પ્રભુ જે વસ્તુ હૈ એ તો પરિપૂર્ણ સ્વભાવસે ભરી પડી હૈ. વસ્તુમેં અપૂર્ણતા વિપરીતતા કે અશુદ્ધતા હોતી નહિ. એ સબ પૂર્ણ વસ્તુ જો હૈ આત્મા વસ્તુ, ઉસકો જે નિર્વિકલ્પ શાંતિ દ્વારા જે જ્ઞાન સાથમેં શાંતિ હૈ, એ શાંતિ દ્વારા ( જ્ઞાનકો ) જ્ઞાન આત્માકો જાનેં એ તો પરમાર્થ હુઆ તો પરમ પદાર્થકો જાના તો પરમાર્થ શ્રુતકેવળી કહેતે હૈ. સમજમેં આયા ? ઔર સર્વ શ્રુતજ્ઞાનકો જાનેં એ જ્ઞાનકી પર્યાય ચાહે તો બાર અંગકો જાનેં, અને એ જ્ઞાનકી પર્યાય સ્વકો જાનેં એ જ્ઞાન બસ હવે. એ જ્ઞાનકી પર્યાય એ ત્રિકાળીકો સ્વકો જાનેં અને અહીંયા બાહ્યજ્ઞાન હૈ ઉસકો ભી જાનેં, એ જ્ઞાનકો વ્યવહાર, પર્યાય હૈ ને ? ભેદ હૈ ને ? તો વ્યવહાર શ્રુતકેવળી કહેનેમેં આયા હૈ. ઝીણી વાત બાપુ. ઓહોહો !

અત્યારે તો ધમાલ બહારમાં જાત્રા ને આ ને આ ને, આહાહા ! ભક્તિ ને પૂજા ને એમાં જાણે ધર્મ હો ગયા ? આહાહા !

અંતર ચીજ કોઈ દૂસરી હૈ. આહા ! અસ્તિ હૈ ને ! હૈ ને વસ્તુ ! હૈ એ હે કોઈ વસ્તુ અનાદિકી હૈ અને અનંત કાળ રહેગી ઐસી એ ચીજ હે. ઔર એ ચીજ હૈ ઉસમેં સ્વભાવ જો હૈ એ ભી પરિપૂર્ણ ત્રિકાળ હૈ. વસ્તુકા સ્વભાવ જૈસી વસ્તુ ત્રિકાળ હૈ ઐસા ઉસકા સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ એ સ્વભાવ ને સ્વભાવવાન એ દોઈ ( બન્ને ) અનાદિ વસ્તુ શાશ્વત હૈ. આહાહા ! એ ચીજકો જે સમ્યગ્જ્ઞાન શાંતિ દ્વારા જાનેં, તો તો એ પરમાર્થ જાના તો એ પરમાર્થ શ્રુતકેવળી કહેતે હૈ, ઔર જે જ્ઞાન સ્વકો જાનેં ને પરકો જાનેં એ જ્ઞાન, એ જ્ઞાનકો અહીંયા વ્યવહાર શ્રુતકેવળી કહેતે હૈ. સમજમેં આયા ?

અહિંયા દો પક્ષ લેકર પરીક્ષા કરતે હૈ ઉપરોક્ત સર્વ જ્ઞાન આત્મા હૈ કે અનાત્મા ? કયા કિયા ? જે જ્ઞાન હૈ ને જ્ઞાન, સ્વકો જાનેં ઔર પરકો જાનેં, ઐસી જો શક્તિ જો જ્ઞાનકી એ જ્ઞાન હૈ, એ આત્મા હૈ કે અણાત્મા ? એ આત્મસ્વરૂપ સાથે સંબંધ હૈ ? કે કોઈ અણાત્મા સાથે સંબંધ હૈ ? આહા ! જાનન-જાનન-જાનન સ્વભાવ એ આત્મા સાથે સંબંધ હૈ ? એ આત્મા હૈ ? કે રાગાદિ પર સાથે સંબંધ હૈ કે અણાત્મા હૈ ? સમજમેં આયા ?

આ તો કેળવણી જુદી જાતની છે ભાઈ. આહાહા ! આ તો સર્વજ્ઞ પરમાત્માની કોલેજ છે. એ કોલેજની ચીજ અનંત કાળમાં એણે જાણી નથી એની વાત છે, બાકી તો થોથાં આ જગતના બહારના જાણપણા ને શાસ્ત્રના જાણપણા એકીલા, ઉસકો તો અહીંયા વ્યવહારમેંય લિયા નહિ.

અપના ને પરકા જ્ઞાન દો ( કા ) એ જ્ઞાનકો વ્યવહાર શ્રુતકેવળી કહેતે હૈ. અને સર્વશ્રુત કહેતે હૈ ઉસકો. સમજમેં આયા ? અભ્યાસ જોઈએ ભાઈ આ તો, એકદમ અભ્યાસ વિના ( ન સમજાય ) હવે એ કહે છે કે જે જ્ઞાન વ્યવહાર કહા, જે જ્ઞાન હૈ, એ જ્ઞાન આત્માકો સીધા જાનેં એ તો નિશ્ચય. હવે જો જ્ઞાન હૈ, એ જ્ઞાન હૈ એ ક્યા હૈ ? કે એ જ્ઞાન આત્માકા જ્ઞાનહૈકે જડકા જ્ઞાનહૈ યે ?

બે પક્ષ લિયા. દો પક્ષ પરીક્ષા કરકે. " સર્વ જ્ઞાન આત્મા હૈ કે અણાત્મા ? " " અણાત્માકા પક્ષ લિયા જાએ એ તો ઠીક નહિ. " જે જાનન-જાનન-જાનન જે ભાવ એ કર્મકા હૈ શરીરકા હૈ રાગકા હૈ તો એ પક્ષ સત્ય નહિ, એ જ્ઞાન ઉસકા હૈ નહિ. જ્ઞાન ઉસકો જાનતે હૈ યે બાત અહીંયા નહી. પણ એ જ્ઞાન હૈ કિસકા ? જ્ઞાન સ્વકો જાને ને પરકો જાને, એ જ્ઞાન હૈ કિસકા ? એ જ્ઞાન આત્માકા હૈ કે અણાત્માકા ? દયા દાન રાગ શરીર કે વાણી ઉસકા જ્ઞાન હૈ એ ? સમજમેં આયા ? તો અણાત્માકા પક્ષ લિયા જાયે એ તો એ ઠીક નહીં કેમકે જાનન-જે જાનન હૈ સ્વકો જાનનેવાલી પર્યાય ઔર પરકો જાનેં પર્યાય જ્ઞાન એ જ્ઞાન અણાત્મા હૈ, રાગ હૈ કે શરીર હૈ કે શરીરકી સાથ ઉસકા સંબંધ હૈ ઐસા ઠીક નહિ. એ જ્ઞાનકા સંબંધ તો આત્મા સાથે સંબંધ હૈ. સમજમેં આયા ? આહા !

આવી વાતમાં નવરાશ ક્યાં મળે ? વ્રત પાળો ને અપવાસ કરો ને બાવીસ કલાક ધંધો કરે, આ એક કલાક બે કલાક મળે ત્યાં આ કરો પણ આ ચીજ ક્યા હૈ ? વસ્તુ ક્યા હૈ ને વસ્તુકી જાનનેકી શક્તિકી તાકાત કિતની હૈ ? વસ્તુકો જાનેં જે જ્ઞાનકી તાકાત વો તો નિશ્ચય હૈ, પણ વો નિશ્ચયકા જાનનેવાલા જો જ્ઞાન હૈ અને એ જ્ઞાન ભલે પરકો ભી જાનેં પણ એ જ્ઞાનકી તાકાત વો તો નિશ્ચય હૈ, પણ વો નિશ્ચયકા જાનનેવાળા જો જ્ઞાન હૈ. અને એ જ્ઞાન ભલે પરકો ભી જાનેં પણ એ જ્ઞાનકી પર્યાય સ્વપર જાનનેકી તાકાતવાળું જ્ઞાન હૈ, એ જ્ઞાન આત્મા સાથે સંબંધ રાખતે હૈ કે જડ સાથે સંબંધ રાખતે હૈ ? કે જડ સાથે સંબંધ રાખતે હૈ યે ઠીક નહીં. કે જાનન દેખન જાણવાની જે દશા હૈ ( ઉસકા ) એ રાગ ને શરીર સાથે સંબંધ હૈ નહીં. આહા ! સમજમેં આયા ? ઝીણી વાત છે ભાઈ. આહા !

કયોંકિ જો સમસ્ત જડરૂપ અણાત્મા, આકાશાદિ પદાર્થ હૈ ને ? આ પરમાણુ શરીરાદિ પાંચ દ્રવ્ય હૈ, આત્મા સિવાય જડ પાંચ દ્રવ્ય હૈ વસ્તુ. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાસ્તિ, કાળ ને પુદ્ગલ ઉનકા જ્ઞાનકે સાથ તાદાત્મ્ય બનતા હી નહીં. જડની સાથે જાનન- જ્ઞાન ભલે એ વર્તમાન દશાકા જ્ઞાન, જ્ઞાનરૂપે હૈ, વર્તમાન દશાકા જ્ઞાનરૂપે, એ વર્તમાન દશાકા જ્ઞાન એ જડની સાથે સંબંધ રાખતે હૈ કે એ જ્ઞાન આત્મા સાથે સંબંધ રખતે હૈ ? કે એ જ્ઞાન આત્મા સાથે તાદાત્મ્ય-તદ્રૂપ હૈ કે જ્ઞાન રાગ ને શરીર સાથે તદ્રૂપ હૈ ? આવી વાતું હવે. આહા તો ( આકાશાદિ પાંચ દ્રવ્યો ) ઉસકા જ્ઞાનકે સાથ તાદાત્મ્ય બનતા નહિ અન્યકે સાથ, કયોંકિ ઉનમેં જ્ઞાન સિદ્ધ નહિ. રાગ દયા દાન વ્રતાદિકા ભાવ ઔર શરીર વાણી કા ભાવ જડ ઉસકે સાથ જ્ઞાનકા સંબંધ હૈ હી નહીં, ઉસમેં જ્ઞાન હૈ નહીં, જ્ઞાન ઉસકા હૈ નહીં, જ્ઞાનકા સંબંધ ઉસકે સાથ નહીં. આહાહા ! ઉનમેં જ્ઞાન સિદ્ધ નહીં ઇસલિયે અન્ય પક્ષકા અભાવ હોનેસે જ્ઞાન આત્મા હી હૈ, જ્ઞાનઆત્મા હી હૈ. જ્ઞાન રાગ હૈ, જ્ઞાન શરીર હૈ, ઐસા નહિ. ચાહે તો જ્ઞાન રાગ ને શરીરકો જાનેં, જાનના છતાં એ જ્ઞાન પર્યાય રાગ ને શરીરકી નહીં. આહાહા ! જાનન શક્તિ જે હૈ એ સંબંધ તો આત્મા સાથે રખતે હૈ. સમજમેં આયા ? ભાઈ આવી વાત છે. આહાહા ! વસ્તુ ત્રિકાળી ઔર ઉસકો જાનનેવાલા જ્ઞાન તો જાનનેવાલા ( જ્ઞાનપર્યાય ) ઉસકો તો સર્વશ્રુત કહીને પરકો ભી જાનેં તો અપેક્ષાસે સર્વ શ્રુત કહા. છતાં વો જ્ઞાન સ્વપરપ્રકાશકકી જાનનેકી તાકાત રખતે હૈ. એ જ્ઞાનકો વ્યવહાર શ્રુતકેવળી કહા. કયોં કિ એ જ્ઞાન આત્મા સાથે સંબંધ

રખતા હૈ ભેદ હોકર કે આ જ્ઞાન તે આત્મા તો એ તો ઉસકી સાથ સંબંધ હૈ ભલે અહિંયા વ્યવહાર હો પણ એ જ્ઞાન આત્મા સાથે સંબંધ રખતા હૈ, એ જ્ઞાન રાગ ને શરીર સાથે સંબંધ રખતા નહીં. આહાહા ! સમજાય છે કાંઈ ?

" ઇસલિયે અન્ય પક્ષકા અભાવ હોનેસે જ્ઞાન આત્મા હી હૈ " જ્ઞાન આત્મા હી હૈ ઇતના વ્યવહાર હો ગયા. જ્ઞાન આત્માકો જાનેં એ તો નિશ્ચય હુઆ. હવે આ જ્ઞાન આત્મા હી હૈ ઐસા ભેદ પડયા તો એ જ્ઞાનકો વ્યવહાર કહા. આહાહા ! પણ એ જ્ઞાન આત્મા હૈ, એ જ્ઞાન રાગ ને શરીરપણાકા હૈ નહીં. આહાહાહા ! " યહ પક્ષ સિદ્ધ હુઆ " ઈસલિયે શ્રુતજ્ઞાન ભી આત્મા હી હૈ. કૌન ? જ્ઞાન હોં ! જ્ઞાન વ્યવહાર શ્રુત કહા થા ને ? વ્યવહાર શ્રુતજ્ઞાન, એ શ્રુતજ્ઞાન ભી આત્મા હી હૈ, આત્મા તો આત્મા હૈ હી પણ શ્રુતજ્ઞાન ભી આત્મા હી હૈ કયુંકિ ઉસકી સાથ તાદાત્મ્ય સંબંધ હૈ. આહાહા ! ઐસા હોનેસે " જો આત્માકો જાનતે હૈ વહ શ્રુતકેવળી હૈ ઐસા હી ઘટિત હોતા હૈ. "

જો આત્માકો જાનેં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અસ્તિરૂપે મોજૂદગી ચીજરૂપે અને મોજૂદગી અસ્તિ ચીજ હૈ. એ અપૂર્ણ ને વિપરીતરૂપે હોતી નહીં. પૂર્ણ ને અવિપરીત સ્વભાવસે ભરા પડા પ્રભુ હૈ. ( નિજાત્મા ) ઉસકો જો જાનેં વો તો નિશ્ચય શ્રુતકેવળી હૈ. સમજમેં આયા ? યહ તો ઐસા હોનેસે આત્માકો હી જાનતે વોતો શ્રુતકેવળી હી હૈ, ઐસા હી ઘટિત હોતા હૈ, આહાહા ! અને ઓલા " શ્રુતજ્ઞાન ભી આત્મા હૈ યે તો વ્યવહારમેં ગયે. " " ઐસા હોનેસે આત્માકો જાનતા હૈ વહ શ્રુતકેવળી ઐસા ઘટિત હોતા હૈ. " " ઔર યહ તો પરમાર્થ હી હૈ. " આહાહા ! જે જ્ઞાને જ્ઞેય આત્માકો બનાકર આત્માકો જાના, જે જ્ઞાન ( અનાદિસે ) એકિલા પરકો જાનતે હૈ અપની પર્યાયમેં, પરકો જાનતે હૈં યે તો એકાંતિક જ્ઞાન, એ જ્ઞાનેય નહીં. સમજમેં આયા ?

પણ જે જ્ઞાન સ્વકો જાનતે હૈં. ઔર પરકો ભી ભલે જાનેં, ઐસી તો તાકાત ઉસમેં સ્વપરપ્રકાશક હૈ. પણ વો જ્ઞાનકા સંબંધ અણાત્મા- શરીર વાણી કર્મસે હૈ નહીં, એ જ્ઞાનકા સંબંધ આત્મા સાથે હૈ. આહાહા ! ' જ્ઞાન તે આત્મા ' ઐસા ભેદ પાડકે કહાને ? " જ્ઞાન તે આત્મા " આત્મા તે આત્મા, ઐસા અનુભવ હુઆ એ તો નિશ્ચય હુઆ. પણ જ્ઞાન તે આત્મા, ઉસકો જાનનેવાલા જ્ઞાન ઔર વો જ્ઞાન પરકો ભી જાનેં. એ જ્ઞાન આત્માકી સાથ સંબંધ રખતે હૈ. સ્વ ને પરકો જાનનેકા જ્ઞાન આત્માકી સાથ સંબંધ રખતે હૈ. પરકો જાનેં માટે પરકે સાથ સંબંધ રખતે હૈ, ઐસા નહીં હૈ. આહાહાહા ! આવું ઝીણું છે.

ક્યા કરના ? ભાઈ અનંત કાળથી ચોરાશીના અવતાર આ જન્મ મરણ કરી રહ્યો છે ચોરાશીના, અનેક ભવ અનાદિનો છે, તો રહ્યો ક્યાં ? ભવ ભ્રમણમાં રહ્યો ! આહાહા ! એ ભવભ્રમણમેં તો દુઃખ હૈ એકિલા ચાહે તો સ્વર્ગકા દેવ હો ને મનુષ્યકા રાજા હો દુઃખી હૈ બિચારા રાગદ્વેષની પીડામેં આકૂળતામેં પીડાતા હૈ !! આહાહા ! ઉસકો પીડાસે છૂટના ઉસકા ઉપાય ક્યા ? કે એ જે જ્ઞાન અપને તરફકો અપનેકો જાનેં તો એ શ્રુતકેવળી નામ પરમાર્થે આત્માકો જાના તો ઉસકા ભવભ્રમણ રહા નહીં. કયુંકિ આત્મામેં ભવ ને ભવકા ભાવ હૈ નહીં પણ અપના ભાવ પરિપૂર્ણ હૈ. આહાહા ! એ પરિપૂર્ણ ભગવાનકો ( જ્ઞાયકકો ) જાના જે જ્ઞાને એ તો પરમાર્થ હો ગયા.

પણ જે જ્ઞાન ઉસકો જાનેં ને પરકો જાનેં ઐસા જ્ઞાનકો વ્યવહાર કહા. પણ વો જ્ઞાનકો

સંબંધ કિસકી સાથ હૈ ? પરકો જાનતે હૈ માટે પરકી સાથ સંબંધ હૈ ? સમજમેં આયા ? જાનતે તો પર્યાય અપની અપનેકો ને પરકો દોકો, જાનનેકી દશા તો સ્વપર દોકો જાનતી હૈં. છતાં જ્ઞાનકા સંબંધ રાગ ને શરીર કર્મ, જડ સાથે હૈ નહીં. એ સંબંધ તો આત્મા સાથે હૈ. આહાહા ! આવું ઝીણું છે.

લોકોને અંતર ઊતરવું ક્યા ચીજ હૈ અંદર, પરમાર્થ પ્રભુ ! આ શરીર તો વાણી જડ હૈ. ઉસકા જ્ઞાન હો, પણ ઉસકા જ્ઞાન એ જ્ઞાન શરીરકી સાથ સંબંધ રખતે હૈ ઐસા નહીં. શરીરકા જ્ઞાન હો, પણ એ જ્ઞાન શરીરકી સાથ સંબંધ રખતે હૈ ઐસા નહીં. એ શરીરકા જ્ઞાન હો એ સ્વપરપ્રકાશક જ્ઞાનકી પર્યાય આત્માકી સાથ સંબંધ રખતી હૈ. નવરંગભાઈ ! આહાહા ! સમજમેં આયા ? આ આવી વાત છે, ભાઈ આ રવિવારનો દિવસ છે ને બધાં માણસો છોકરા-છોકરા આવ્યા છે ને આજે ઘણાં. આહાહા !

પૂર્ણાનંદ પ્રભુ પૂર્ણ સ્વભાવવાન વસ્તુ હૈ એ પૂર્ણ જ હોતી હૈ, વસ્તુ હૈ ઉસમેં અપૂર્ણતા કે વિપરીતતા કે અશુદ્ધતા હોતી નહિ. એ પણ ખબર નહિ હજી. વસ્તુ હૈ અનાદિ ચૈતન્યઘન પ્રભુ એ તો પરિપૂર્ણ શક્તિ ને પરિપૂર્ણ સ્વભાવસે પરિપૂર્ણ વસ્તુ હૈ. એ પરિપૂર્ણ ચીજકો જે જ્ઞાન જાનેં, એ જ્ઞાનકો, જ્ઞાનકો તો વ્યવહારશ્રુત કહેતે હૈ પણ જે જ્ઞાન ઉસકો જાનેં અંદરમેં, એ આત્માકો જાનેં તો નિશ્ચય કહેતે હૈ. આહાહાહા ! આવું છે. ઐસા હોનેસે જો આત્માકો જાનતા હૈ વો શ્રુતકેવળી હૈ, યે સબ ઘટિત હોતા હૈ ઔર વો તો પરમાર્થ હૈ.

“ ઇસ પ્રકાર જ્ઞાન ઔર જ્ઞાનીકે ભેદસે કહનેવાલા વ્યવહાર ” દેખો, જોયું ? ક્યા કહેતે હૈ ? જે અહિંયા જ્ઞાન વર્તમાન જ્ઞાન હૈ, એ જ્ઞાન સ્વકો જાનેં ને પરકો જાનેં પણ વો જ્ઞાનકી પર્યાયકો વ્યવહાર કહા. કયોં ? કે આ જ્ઞાન તે આત્મા ઐસા ભેદ હો ગયા ને ? આત્મા એકિલા તો તો નિશ્ચય હો ગયા, હૈં ? આહાહા ! “ જ્ઞાન ઔર જ્ઞાનીકે ભેદસે કહનેવાલા જો વ્યવહાર ઉસસે ભી પરમાર્થ માત્ર હી કહા જાતા હૈ. ” આહાહા ! જ્ઞાન સ્વ ને પરને જાણે તે જ્ઞાન તે આત્મા, તો એટલો ભેદ કિયા તો વ્યવહાર હો ગયા. તો વ્યવહારે બતાયા હૈ નિશ્ચયકો. જે જ્ઞાન સ્વકા હુઆ ને પરકા હુઆ, એ જ્ઞાને આત્માકો જાના અને એ જ્ઞાન તે આત્મા ઐસા ભેદ કરકે વ્યવહાર કહા, તો વ્યવહારે બતાયા કયા ? ત્રિકાળી વસ્તુકો. તો ઈતના વ્યવહાર આયા ઉસમેં, તો ઉસકો વ્યવહાર કહેનેમેં આતા હૈ. પણ એ વ્યવહારકા આશ્રય લેનેસે નિશ્ચય હોતા હૈ ઐસા નહીં. એ વ્યવહારકા આશ્રય તો ત્રિકાળી હૈ. આહાહા ! ઝીણી વાત બહુ આવી. ફરીને લીધું ને અમારે બાબુભાઈ કહે, ફરીને લ્યો બાબુલાલજી કહે. વાત સાચી આ તો ગમે તેટલી વાર લ્યો, બાબુલાલજી ! અપાર વસ્તુ હૈ. આહાહા !

ચૈતન્ય ચમકતો હીરો અંદર છે ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય ચૈતન્યના પ્રકાશનો ચમકતો હીરો અંદર, પરિપૂર્ણ ચળકતો હીરો ( જ્ઞાયક ) સ્વભાવ ભગવાન હૈ. આહાહા ! ઐસા પરિપૂર્ણ શક્તિકા સ્વભાવસે ભરાપડા પરિપૂર્ણ પ્રભુ હૈ. એવા પરિપૂર્ણ પ્રભુકો જે જ્ઞાન સીધા પરિપૂર્ણકો જાનતે હૈ વો તો શ્રુત નિશ્ચય પરમાર્થ હો ગયા. પણ જે જ્ઞાન સ્વકો જાનેં ને પરકો જાનેં એ જ્ઞાનકો વ્યવહાર કહા, ક્યોં કિ જ્ઞાન તે આત્મા ઐસા ભેદ પાડકર કહા માટે વ્યવહાર હુઆ. સમજમેં આયા ?

'ઈસપ્રકાર જ્ઞાન-જ્ઞાનીકે ભેદસે' જ્ઞાની શબ્દે આત્મા, જ્ઞાન શબ્દે વર્તમાન જ્ઞાન ગુણ પર્યાય, એના ભેદસે કહેનેવાલા એ વ્યવહાર ઉસસે ભી પરમાર્થ માત્ર હી કહા જાતા હૈ. જાનનેકી (દશા) જ્ઞાન તે આત્મા અને એ આત્માકો જાનેં, એ પરમાર્થકો વ્યવહારે બતાયા હૈ. વ્યવહારે વ્યવહારકો બતાયા ઐસા નહીં. વ્યવહારે બતાયા પરમાર્થકો. આહાહા! (શ્રોતાઃ- ઈતના ઉપકાર માનના વ્યવહારકા) ઇતના વ્યવહાર સ્થાપને યોગ્ય હૈ. હૈ ઈતના, પણ વો વ્યવહારકે આશ્રયસે હોતા હૈ નિશ્ચય એ નહીં. આહાહા!

બહુ ફેર છે ભાઈ. અરે! અત્યારે તો બધું ગરબડ થઈ ગયું છે. સંપ્રદાયમાં તો, ઓલા કહે દયા પાળો, વ્રત કરો ને અપવાસ કરો. હવે એ તો રાગની ક્રિયા છે. ઓલા કહે કે ભક્તિ કરો ને જાત્રા કરો. આજ આવ્યા હતાં અહીં મોટા પાલીતાણાવાળા, મોટો સંઘ આવ્યો હતો. ઘોઘા ભાવનગર જવાનો, અહીં ઊતર્યો હતો, જોયો 'તો, એ બસ જાત્રા કરે ને આમ થઈ જાય ને આમ આપણે તરી ગયા. એ તો શુભ રાગની ક્રિયા જો મંદ રાગ કરતે હો તો એ જાત્રા ને એનું નામ શુભરાગ હૈ પુણ્ય. એ કોઈ ધર્મ નહીં. અને વો ધર્મકા કારણ ભી નહીં. આહાહા! ધર્મકા કારણ તો પ્રભુ ત્રિકાળી આત્મા જો હૈ. એ વર્તમાન આનંદ ને શાંતિ ને સમકિતકા કારણ તો એ આત્મા હૈ. આહાહા! અને એ આત્માકો જેણે જાણ્યા ઉસકી પર્યાયમેં આનંદ ને સમકિત આદિ હોતા હૈ. તો એ પર્યાય સ્વને ને પરને જાણે તે જ્ઞાનકો વ્યવહાર 'જ્ઞાન તે આત્મા' ઇતના ભેદ પાડયા. એ વ્યવહાર કહેનેમેં આયા. ઇસકો વ્યવહાર કહેનેમેં આયા. છતાં એ જ્ઞાન વ્યવહાર હૈ એ વ્યવહારકો એકિલા બતાતે હૈ ઐસે નહીં. એ જ્ઞાન તે આ આત્મા, આ જાનતે હૈ ને? જાનતે હૈ નૈ? 'એ જાનતે હૈ એ આત્મા' એમ આત્માકો બતાયા. વ્યવહારે- વ્યવહાર શ્રુત કેવળીએ વ્યવહાર જ્ઞાને પણ આત્માકો બતાયા. આહાહાહાહા! આવી વાતું છે.

આ કઈ જાતનો ધર્મ આ? બાપુ શું કહીએ? પરમ સત્ય વસ્તુ પરમ સત્ય કયોંકિ પ્રભુ તુમ હૈ એ સર્વજ્ઞ સ્વરૂપી તુમ હૈ. ભાઈ! તને ખબર નથી. તું આત્મા જો હૈ એ જ્ઞાનસ્વરૂપી હૈ, ચૈતન્ય પ્રકાશ સ્વરૂપ હૈ, ચૈતન્ય પ્રકાશ સ્વરૂપ હૈ, તો એ ચૈતન્ય પ્રકાશકા પરિપૂર્ણ પ્રકાશ હૈ. પરિપૂર્ણ નામ એ સર્વજ્ઞ પ્રકાશ સ્વરૂપ હૈ. આહાહા! ઉસકા શક્તિરૂપ સર્વજ્ઞ પ્રકાશ સ્વરૂપ આત્માકા હૈ. 'જ્ઞ' સ્વરૂપ કહો પ્રભુ, એ 'જ્ઞ'નું પરિપૂર્ણ સ્વરૂપ સર્વજ્ઞપણું કહો તો એ સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ આત્મા હૈ, પણ વો જ્ઞાનકી પર્યાય ત્રિકાળકો જો અનુભવે, નિર્વિકલ્પ સમાધિ, શાંતિદ્વારા તબતો મૂળ ચીજકો અનુભવે એ તો પરમાર્થ હુઆ. પણ વો પર્યાય જો સ્વપરકો જાનતી હૈ. એ પર્યાયકો વ્યવહાર કયું કહા? કે વો તો ભેદ હૈ. ત્રિકાળી વસ્તુમેં જ્ઞાન-ગુણ ઐસા પર્યાય ભેદ હુઆ વો કારણસે વ્યવહાર કહા, પણ વ્યવહારે બતાયા હૈ પરમાર્થકો. આહાહાહા! સમજાય છે કાંઈ?

એ વ્યવહાર હૈ ખરા, પણ વો વ્યવહાર બતાતે હૈ ત્રિકાળી પરમાર્થ સ્વરૂપ ચિદાનંદ પ્રભુ, માટે વ્યવહારનો સંબંધ જ્ઞાનનો પણ આત્મા સાથે છે. એ જ્ઞાનનો સંબંધ પર સાથે નહીં. આહાહાહા! જે જ્ઞાનને વ્યવહાર કહ્યો, એ ક્યોં કે જ્ઞાન તે આત્મા ઐસા ભેદ હુઆ માટે. પણ વો જ્ઞાન અપનેકો ને પરકો જાને માટે તે જ્ઞાન પરકા સંબંધ રખતે હૈ ઐસા હૈ નહીં એ જ્ઞાન તો આત્માકી સાથ સંબંધ રખતે હૈ. આહાહા! સમજમેં આયા?

નવા માણસને તો એવું લાગે કે આ શું કહે છે આ તે, આમાં કંઈ જૈનદર્શનમાં વીતરાગ, બાપુ ! મારગડા એવા છે ભાઈ. સર્વજ્ઞથી સિદ્ધ હુઆ ને તુમ ભી પ્રભુ સર્વજ્ઞસ્વરૂપી હો, એ સર્વજ્ઞે જો પ્રગટ કિયા જો ઉસકી આજ્ઞામેં આયા એ આ માર્ગ આયા. આહાહા !

બીજી વાત, કે રાગસે આત્મા જાનનેમેં આતા હૈ એ તો વ્યવહારેય નહીં. જ્ઞાનસે આત્મા જાનનેમેં આતા હૈ એ ઉસકો અહીંયા વ્યવહાર કહા. આહાહા ! અને તે વ્યવહારે તો રાગકો જણાયા ઐસા નહીં એ વ્યવહારે જણાયા આત્મા. આહાહા ! આ જાનન પર્યાય જે અવસ્થા સ્વપર જાનનેકી અવસ્થા એ, એ શક્તિ વસ્તુ જો ત્રિકાળ ( જ્ઞાયક ) હૈ ઉસકા વો જ્ઞાન હૈ એમ યે બતાતે હૈ. વ્યવહાર નિશ્ચયકો બતાતે હૈ. આહાહા ! વ્યવહાર-વ્યવહાર ઉપર લક્ષ કરાના એમ નથી. સમજાય એટલું સમજવું પ્રભુ, આ તો કોઈ અલૌકિક વાતું છે શું કહીએ ? આહાહા !

ઉસસે ભી પરમાર્થ માત્ર હી કહા જાતા હૈ, કયા કિયા ? જો જાનન- જાનન- જાનન આત્માકો જાનેં ને પરકો જાનેં ઐસા જ્ઞાન, એ જ્ઞાન આત્માકો બતાતા હૈ. આ આત્મા સાથે સંબંધ હૈ. એ જ્ઞાને પરમાર્થકો બતાયા. હૈ ને ? ઓર ઉસસે ભી પરમાર્થ માત્ર હી કહા જાતા હૈ, જ્ઞાન તે આત્મા. ઐસા પરમાર્થકો બતાયા. એ જ્ઞાને પરમાર્થ વસ્તુકો બતાયા. વ્યવહારે પરમાર્થ વસ્તુકો બતાયા. જ્ઞાનરૂપી વર્તમાન પર્યાય જે ભેદરૂપ વ્યવહાર ઉસને ભી અભેદ જ્ઞાયકકો બતાયા. આહાહાહા ! ઘણું સૂક્ષ્મ.

આ તો અગાધ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞ પ્રભુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી પોતાની પર્યાયનું સામર્થ્ય, એને જાણે કહેવું એ વ્યવહાર છે. એવી સર્વજ્ઞ દશા જ્યાં પ્રગટ થઈ અને ઇચ્છા વિના વાણીનો ધોધ નીકળ્યો, એ વાણીમેંસેં શાસ્ત્ર રચ્યા. એ શાસ્ત્રમાંસે આ ભાગ અવયવ હૈ ઉસકા, સમયસાર !

મુખ ઓમકાર ધ્વનિ સૂનિ અર્થ ગણધર વિચારે, ભગવાનની મુખમાંથી વાણી, ઓ...મ...ધ્વનિ, દિવ્ય ધ્વનિ, પ્રધાન અવાજ ઉસકો સૂનકર સંતો, આગમકી રચના કરે છે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે, આહાહા ! એ આગમને સૂનકર ભવ્ય લાયક પ્રાણી સંશયકો નાશ કરે. આહાહા ! સમજમેં આયા ? આરે ! આવી વાતું.

'ઉસસે ભિન્ન કુછ નહીં કહા જાતા'. વ્યવહાર જ્ઞાન હૈ. "ઇસકો ભલે હમ ( ને ) વ્યવહાર કહા, પણ વો વ્યવહારે બતાયા તો ત્રિકાળી જ્ઞાયકકો, ઉસસે કુછ ભિન્ન ચીજ તો બતાયી નહીં એને. આહાહા ! જ્ઞાન સ્વભાવ જો પર્યાયમેં સ્વ ને પરકા જાનનેકી તાકાતવાળા જ્ઞાન કીધું એ તો સ્વપરપ્રકાશક હૈ ને ? છતાં એ સ્વપર પ્રકાશકકી પર્યાય આ જ્ઞાન આત્મા સાથે સંબંધ રાખતી હૈ. એ પરમાર્થ આત્માકો બતાતે હૈ. એ સ્વપર પ્રકાશક જ્ઞાનકી પર્યાય, એ બતાતી હૈ સંબંધ રાખતી હૈ આત્માકે સાથ. એ સ્વપરપ્રકાશક જ્ઞાન પરકે સાથ સંબંધ નહીં રાખતે. આહાહાહા ! સમજમેં આયા ? કેટલું યાદ રાખવું ? એક કલાકમાં, બહુ ઝીણું બાપા. આહા ! અલૌકિક ચીજ હૈ. આહાહા !

કહે છે ઇસ પ્રકાર જ્ઞાન ઔર જ્ઞાનીકે ભેદસે, પર્યાય જ્ઞાન અને જ્ઞાની દ્રવ્ય, એનાં ભેદસે કહેનેવાલા વ્યવહાર ઉસસે ભી પરમાર્થ માત્ર હી કહા જાતા હૈ. એ જ્ઞાને બતાયા કે આ આત્મા. ઐસા પરમાર્થ ત્રિકાળી સ્વરૂપકો જ્ઞાન જાનતે હૈ, તો ઉસને વ્યવહારે નિશ્ચયકો બતાયા. વ્યવહારે

પરમાર્થકો બતાયા. વ્યવહાર શબ્દે ( સમજના ) વર્તમાન જ્ઞાનકી પર્યાય ઉસને પરમાર્થ ત્રિકાળકો બતાયા. આહાહાહા ! આવું ઝીણું પડે એટલે લોકો પછી વ્રત ને તપ ને અપવાસ ને ભક્તિમાં જોડાઈ ગયા ને એમાં ધર્મ મનાવી ગયા. આહાહા !

અહીંયા તો જ્ઞાનકી પર્યાય જો હૈ વો પર્યાય ભી સ્વકી સાથ સંબંધ રખતી હૈ, તો ભેદ પાડકર બતાયા પણ જ્ઞાન તે આત્મા, એ આત્માકો બતાયા. ભલે જ્ઞાન ભેદ કરકે કે આ જ્ઞાન તે આત્મા. ઇ જ્ઞાન એ વ્યવહાર વર્તમાન પણ ઉસકો જાનના ઓ નિશ્ચય, પણ એ જ્ઞાને નિશ્ચયકો બતાયા કે આ ત્રિકાળી વસ્તુ તે હું છું. આહાહાહા ! સમજમેં આયા ? ઐસા જબ જ્ઞાન અંદરમેં હો તબ ઉસકો અતીન્દ્રિય આનંદ આતા હૈ, એ અતીન્દ્રિય આનંદકી પર્યાય ભી વર્તમાન હૈ તો વ્યવહાર કહેનેમેં આતા હૈ, પણ વો પર્યાય બતાતી હૈ અતિન્દ્રિય આનંદ સ્વરૂપ ભગવાન આત્માકે સાથ આનંદ સંબંધ હૈ. એ આનંદકા સંબંધ કોઈ રાગ ને પરકે સાથ નહીં. આહાહા ! અહીંયા તો જ્ઞાન લિયાને ( તો જ્ઞાન ) સ્વપર પ્રકાશક હૈ. આનંદમાં તો કોઈ સ્વપર હૈ નહિ. આહાહાહા !

તો એ જ્ઞાનમેં સ્વકો જાનનેકી તાકાત ને પરકો જાનનેકી તાકાત વર્તમાન હોં આ વર્તમાન જ્ઞાન પણ છતાં એ સ્વપર જાનનેકી તાકાતવાળા જ્ઞાન વર્તમાન, એ સંબંધ તો ત્રિકાળીકો બતાતે હૈ. એ જ્ઞાન રાગકો ને શરીરકો બતાતે હૈ ઐસા નહીં. એ જ્ઞાન સ્વપરકો પ્રકાશકમાં રાગકો જાનેં, શરીરકો જાનેં, વાણીકો જાણે, એમ કહેના વો ભી અસદ્ભૂત વ્યવહાર હૈ. એ જ્ઞાનકી પર્યાય જ્ઞાનકો જાનતી હૈ એ પર્યાયમાં સ્વ-પરપ્રકાશકપણા જાનતા હૈ. એ સ્વપરપ્રકાશક જ્ઞાનકો અહીંયા વ્યવહાર કહા, કયુંકિ જ્ઞાન ને જ્ઞાનીકા ભેદ બતાયા, પણ ભેદ બતાકર ભી એ જ્ઞાન આત્માકો બતાતે હૈ. આહા ! કે આ જ્ઞાન તે આ આત્મા ત્રિકાળી પ્રભુ પૂર્ણાનંદ હૈ અંદર. આહાહા ! આવી વાતું છે.

આ ફરીને લિયા પણ ફેર ગમે તેટલી વાર લે, ફેરફાર થોડા ભાષામાં આતા હૈ, વસ્તુ તો જે હૈ એ હૈ, વસ્તુ તો ! સાધારણ પ્રાણી તો એમે ય કહે સમ્યગ્દર્શન તો કેવળીગમ્ય હૈ, કેવળી ગમ્ય હૈ એમ, અષ્ટપાહૂડમાં લીધું છે. પણ છતાં એ સમ્યગ્દર્શન- અનુભૂત્તિ દ્વારા જાનનેમેં આતા હૈ માટે વ્યવહાર કહા. સમ્યગ્દર્શન સીધી ચીજ હૈ એ નિર્વિકલ્પ પ્રતીતિ હૈ વો જાનનેમેં નહિ આતા. પણ સાથમાં અનુભૂતિ હોતી હૈ જે જ્ઞાન આત્માકા અનુભવ કરે તે જ્ઞાન અનુભૂતિ એ અનુભૂતિકી સાથ સમ્યગ્દર્શન હૈ તો અનુભૂતિસે સમ્યગ્દર્શન જાનનેમેં આયા, વો માટે તે વ્યવહાર કહનેમેં આયા. સીધા સમ્યગ્દર્શન જાનનેમેં ન આતા હૈ. કયુંકિ એ તો નિર્વિકલ્પ અવસ્થા રૂપી ચીજ હૈ. યે સમ્યગ્દર્શન અપનેકો નહીં જાનતે, સાથમેં જ્ઞાનકો નહીં જાનતે, પણ જ્ઞાન અનુભૂતિ હુઈ એ જ્ઞાનમેં જાનનેમેં આયા કે આ સમકિત હૈ અને ઉસકા વિષય આ ત્રિકાળ હૈ એ અનુભૂત્તિસે જાનનેમેં આયા. સમજમેં આયા ? સમજમેં આયા ? આહાહા ! અહીં તો અનુભૂતિકી પર્યાયકો ભેદ કરકે કહેના એ ભી વ્યવહાર હૈ. પણ વો વ્યવહાર અનુભૂતિ બતાતે હૈ દ્રવ્યકો, આ દ્રવ્યકી અનુભૂતિ, આ દ્રવ્ય ! સમજમેં આયા ? પણ અહીં તો જ્ઞાનકી બાત ચલી હૈ ને જ્ઞાન, કારણ કે જાનનેકી ચીજ તો એ હૈ, સમ્યગ્દર્શન, ચારિત્ર, આનંદ કોઈ જાનતે નહિ, હૈ ઈતના, યે હૈ પણ ઉસકો જાનેં જ્ઞાન, તો જ્ઞાનકી પ્રધાનતાસે કથન લિયા હૈ અહીંયા. આહા ! સમજમેં આયા ?

ઈસ પ્રકાર જ્ઞાન ઔર જ્ઞાનીકે ભેદસે કહેનેવાલા જો વ્યવહાર એ ઉસસે ભી પરમાર્થ માત્ર હી કહા જાતા હૈ. આત્મા હી કહેનેમેં આયા હૈ. આહા ! જ્ઞાન... તે આત્મા, જ્ઞાન... તે રાગ એમ ન કહા. જાનનેકા જ્ઞાન તે શરીર ( એમ ન કહા ) જ્ઞાન તે આત્મા. રાગકા જ્ઞાન હુઆ, પણ જ્ઞાન હુઆ તો જ્ઞાન તે રાગ, ઐસે નહીં. રાગકા જ્ઞાન હુઆ. એ તો સ્વપર પ્રકાશક શક્તિકે કારણ, છતાં અહીં જ્ઞાન તે આત્મા. સમજમેં આયા ? આહાહા ! આવી વાતું છે. બાર ગાથા પહેલી આખા સમયસારની પીઠિકા છે. મૂળ, મૂળ એટલે એક એક ગાથામાં એક-એક વાત ગજબ ગંભીરતા પાર ન પડે એવી ચીજ છે. આહાહા !

શરીર વાણી મન તો જડ હૈ. ઔર દયા દાન વ્રત ભક્તિ આદિકા, પરમાત્માકા સ્મરણ આદિકા ભાવ એ રાગ હૈ ઉસમેં તો જ્ઞાન હૈ હી નહી. તો ઉસમેં જ્ઞાન હૈ નહીં તો યે રાગ તે આત્મા, ઐસા નહીં હોતા, પણ રાગકા જ્ઞાન હુઆ અને અપનેકા જ્ઞાન હુઆ એ જ્ઞાન તે આત્મા તો વ્યવહારે પણ નિશ્ચયકો બતાયા પરમાર્થકો, વ્યવહારે વ્યવહારકો બતાયા હૈ ઐસા હૈ નહીં. આહાહા ! છોટાભાઈ ! આવું ઝીણું છે. ઔર જો શ્રુતસે કેવળ શુદ્ધાત્માકો જાનેં એ શ્રુતકેવળી હૈ. ઇસ પ્રકાર હૈં ! આવી ગયું ને ! ઈસસે ભિન્ન કુછ નહિ કહા જાતા.

ઔર જો શ્રુતસે કેવળ શુદ્ધ આત્માકો જાનતે હૈ. ભાવશ્રુતજ્ઞાનસે જો સીધા આત્માકો જાનતે હૈ એ શ્રુતકેવળી હૈ. એ પરમાર્થ હુઆ. ઈસ પ્રકાર પરમાર્થકા પ્રતિપાદન કરના અશક્ય હોનેસે એકિલા પરમાર્થકા પ્રતિપાદન આ આત્મા, આ આત્મા એમ કહેના એ સમજ શકે નહીં, અશક્ય હૈ, તો ઈતના ભેદ પાડકર કહા. આ “ જ્ઞાન તે આત્મા ” ઈતના વ્યવહાર કરકે બતાયા. આ આત્મા આત્મા કહે પણ આ આત્મા કયા ? તો પરમાર્થ આત્માકો કહેના અશક્ય હૈ, હૈં ? પરમાર્થકા પ્રતિપાદન કરના કહના અશક્ય હોનેસે. “ જો સર્વ શ્રુતજ્ઞાનકો જાનતે હૈ યહ શ્રુતકેવળી હૈ. ” આહાહા ! ઐસા વ્યવહાર, જે જ્ઞાન સ્વને પરકો જાનેં એ જ્ઞાન, શ્રુતકેવળીકો જાનતે હૈ, સર્વ શ્રુતજ્ઞાનકો જાનતે હૈ, વે શ્રુતકેવળી હૈ એ વ્યવહાર કહા. “ ઐસા વ્યવહાર પરમાર્થકે પ્રતિપાદકત્ત્વસે અપનેકો દૃઢતાપૂર્વક સ્થાપિત કરતા હૈ. ” વ્યવહાર હૈ એ વાત સ્થાપિત કરતે હૈ. પણ વ્યવહાર બતાતે હૈ નિશ્ચયકો. આહાહાહા ! સમજમેં આયા ? આવી વાતું છે વ્યવહાર હૈ- વ્યવહાર સ્થાપન કરતા હૈ, વ્યવહાર અસ્તિત્વ હૈ પણ વો વ્યવહાર બતાતે હૈ તો પરમાર્થકો, જ્ઞાન તે આત્મા ઐસા ભેદ કરકે બતાયા આત્મા. જ્ઞાન તે જ્ઞાન, જ્ઞાન તે જ્ઞાન એ તો ભેદ હો ગયા. ‘ જ્ઞાન તે આત્મા. ’ આહાહા !

ઐસા ભેદ કરકે વ્યવહારે પણ પરમાર્થકો બતાયા. પ્રવિણભાઈ ! એ વ્યવહાર, પરમાર્થકે કથનકે કારણ અપનેકો દૃઢતાપૂર્વક સ્થાપિત કરતા હૈ. દેખો ! ઉસમેં પહેલે એ આયા થા. આયા થાને ( ગાથા ) આઠમી મેં ? વ્યવહારનયકો પરમાર્થકા કહેનેવાલા જાનકર ઉસકા ઉપદેશ દિયા જાતા હૈ, પાઠમેં ઐસા આયા. જુઓ, પાઠ ઈસલિયે વ્યવહારનય સ્થાપિત કરને યોગ્ય હૈ. આઠમી ગાથામાં ટીકાનો છેલ્લો શબ્દ ટીકાનો આઠમી ગાથાનો છેલ્લો શબ્દ. ઈસલિયે વ્યવહારનય સ્થાપિત કરને યોગ્ય હૈ. હૈ ? આઠમી ગાથાની ટીકાનો છેલ્લો શબ્દ. ટીકાનો કીધો, ભાવાર્થનો નહીં. ભાવાર્થની ઉપર.

વ્યવહારનય સ્થાપિત કરને યોગ્ય હૈ. હૈ ઐસા સિદ્ધ કરના હૈ કિંતુ વ્યવહાર હૈ. બ્રાહ્મણકો

મ્લેચ્છ નહીં હો જાના ચાહિએ ઈસ વચનસે વ્યવહારનય અનુસરણ કરને યોગ્ય નહીં. વ્યવહાર હે ઐસા સ્થાપિત કરને લાયક હૈ પણ વ્યવહાર અનુસરણ કરને લાયક નહીં. અનુકરણ કરને લાયક નહીં હૈ, અનુસરણ કરને લાયક વસ્તુ ( આત્મદ્રવ્ય ) આહાહા ! આમાં બધુ અજાણ્યું લાગે. જાણે અજાણ્યા દેશમાં આવ્યા હોય, હૈ ? ( શ્રોતાઃ- આ ભગવાનના દેશમાં જાવાનું છે પોતાના ) પરમાત્મસ્વરૂપ અંદર. આહાહા ! એ જ્ઞાન તે આત્મા ઐસા ભેદ હુઆ માટે જ્ઞાનકો વ્યવહાર કહા. પણ વો વ્યવહારે બતાયા ક્યા ? આત્માકો, પરમાર્થકો બતાયા. વ્યવહારે રાગકો ને શરીરકો બતાયા નહીં. આહાહાહા !

બારમી ગાથામાં આવશે કે જિસને અપના સ્વરૂપકા અનુભવમેં દૃષ્ટિ પ્રતીત હુઆ. અનુભવ કરકે પ્રતીત હુઈ અપના આત્માકી, વો તો નિશ્ચયકા આશ્રય લિયા, હવે ઉસકી પર્યાયમેં અપૂર્ણતા, શુદ્ધતા અલ્પ હૈ અશુદ્ધતા ભી હૈ. ઇસકો ક્યા કહેના ? કે વો ‘વ્યવહારે જાણેલો પ્રયોજનવાન’ હૈ એ વ્યવહાર જાના હુઆ પ્રયોજનવાન હૈ. વ્યવહાર અપના માના હુઆ પ્રયોજનવાન હૈ ઐસા નહીં. એ આગળ આવશે બારમી ( ગાથામેં ) ચારે કોરથી વાત ત્યાંય ઈ કહા કે રાગ ને અલ્પજ્ઞ જાના હુઆ પ્રયોજનવાન હૈ એટલું, પણ અહીં એ કહા કે જે અલ્પજ્ઞ અવસ્થા, સ્વને પરકો જાનેં તે જ્ઞાન આત્માકો બતાતે હૈ માટે ઉસકો વ્યવહાર કહેનેમેં આતા હૈ... એ જ્ઞાન રાગકો જાનેં પરકો જાનેં માટે જ્ઞાન રાગકે સાથ સંબંધ રાખતે હૈ, પરકો જાનેં માટે પરકી સાથ સંબંધ રાખતે હૈ ઐસા નહીં. આહાહાહાહા ! ગજબ શૈલી છે ! !

સમયસારની એક એક ગાથા ભરતક્ષેત્રમાં તો અત્યારે આ સિવાય કોઈ બીજી ચીજ છે નહીં ઊંચી. આહાહા ! પણ એને માટે ઘણો પુરૂષાર્થ સ્વભાવને સમજવા માટે બહુ નિવૃત્તિ જોઈએ. આહાહા ! એક L. L. B. અને M. A. ભણવા માટે પણ વખત ગાળે છે ને ? પાંચ-દશ વર્ષ, ધૂળ માટે. આહાહા ! તો આ તો પ્રભુ જેનાથી જનમ મરણ રહિત થવું અને જનમ મરણ જિસમેં હૈ હી નહીં, ઐસી ચીજ સમજનેમેં કઈ વિધિ વ્યવહાર ને કઈ વિધિ નિશ્ચય એ ઉસકો સમજના ચાહિએ.

મોટી તકરાર આ. જુઓ અહીં ઉસમેં આયા થા ને કે વ્યવહાર સ્થાપન કરને યોગ્ય હૈ. આઠમીમેં અહીં પણ યહ કહા, હૈં ? એ અહીં વ્યવહાર પરમાર્થકે પ્રતિપાદન કરતે અપનેકો દૃઢતાપૂર્વક સ્થાપિત કરતે હૈ ઐસા લિયા. વ્યવહાર હૈ ઐસા વ્યવહારનય સ્થાપિત કરતી હૈ પણ વો વ્યવહાર બતાતે હૈ નિશ્ચયકો. આહાહા ! જ્ઞાનકી પર્યાય હૈ એ વ્યવહાર હૈ તો વ્યવહાર સ્થાપિત કરના યોગ્ય હૈ, કારણ કે વ્યવહાર હૈ ઉસકા વિષય ભી હૈ. પણ વ્યવહારકા વિષયકો વ્યવહાર કહા વો તો આત્માકા જ્ઞાન કરાનેકો કહા, ઉસકા જ્ઞાન કરાનેકો કહા ઈતના નહીં. આહાહાહા ! વ્યવહાર જ્ઞાનકો જાનતેં હૈં, વ્યવહાર જ્ઞાન, રાગકો આદિ પણ એ જ્ઞાન આત્માકો જાનતે હૈ એ નિશ્ચય અને એ જ્ઞાન રાગકો જાનતે હૈ એ વ્યવહાર, પણ રાગકો જાનતે હૈ છતાંય જ્ઞાન રાગકા હુઆ નહીં. રાગકા જ્ઞાન હુઆ તો રાગકા જ્ઞાન હુઆ ? રાગ હૈ તો ઉસકે કારણસે ત્યાં જ્ઞાન હુઆ ઐસે નહીં. સમજમેં આયા ?

( શ્રોતાઃ- આપ રોજ નયી-નયી બાતે કરતે હૈં. જૈસા વક્તા ઐસા હી કલાસ હોના ચાહીએ ) ઐસા હૈ ભૈયાજી. આહાહા ! ત્રણ લોકના નાથ સર્વજ્ઞની વાણી એ છે, ભાઈ શું કહીએ.

આહાહા ! પરમાત્મા ત્રણલોકનાં નાથ સર્વજ્ઞદેવ ઉસસે સૂની હુઈ વાણી સંતો શાસ્ત્ર રચકર બતાતે હૈં. આહાહા !

એ અંદરમેં જરી જાય ખ્યાલ આવે તો ઉસકો ઉસકી મહિમાકા ખ્યાલ આતે હૈ. આહાહા ! ઐસા વ્યવહાર પરમાર્થકે, વ્યવહાર પરમાર્થકે પ્રતિપાદકત્વ હોનેસે. વ્યવહાર વ્યવહારકો બતાતે હૈ એ માટે નહીં આહાહાહા ! જ્ઞાન એ વ્યવહાર, ત્રિકાળી વસ્તુ તે નિશ્ચય એ જ્ઞાન બતાતે હૈ ત્રિકાળીકો માટે વ્યવહાર સ્થાપન કરને યોગ્ય હૈ, વ્યવહાર આતા હૈ, વ્યવહાર હૈ પણ વ્યવહાર આશ્રય કરને લાયક હૈ ઐસે નહીં, આશ્રય કરને લાયક વ્યવહાર કહેતે હૈ કે ત્રિકાળકા આશ્રય કરે એ વસ્તુ અખંડાનંદ પ્રભુ, પ્રતિપાદકત્વસે અપનેકો દૃઢતાપૂર્વક સ્થાપિત કરતા હૈ લ્યો. ઉસકા ભાવાર્થ આયેગા લ્યો.

પ્રમાણ વચન ગુરુદેવ

* * *

## પ્રવચન નં. ૩૬ ગાથા ૯-૧૦ તા. ૧૭-૭-૭૮ સોમવાર, અષાઢ સુદ-૧૨ સં. ૨૫૦૪

ભાવાર્થઃ- જે શાસ્ત્રજ્ઞાનથી અર્થાત્ અંતરના જ્ઞાનથી ભાવજ્ઞાન, શ્રુતજ્ઞાન એનાથી અભેદરૂપ જ્ઞાયકમાત્ર શુદ્ધાત્માને જાણે વર્તમાન સમયમાં અભેદ ચીજ છે. જેમાં પર્યાયનોય ભેદ નથી, જેમાં વર્તમાનમાં જેનું ત્રિકાળીરૂપ ધ્રુવ છે. એને જે જ્ઞાન સીધું ભગવાન આત્માને જાણે તે નિશ્ચય શ્રુતકેવળી છે. એણે જાણ્યું ખરું જે જાણવાનું હતું એ જાણ્યું. આહાહા ! જે અંતરજ્ઞાનથી ભાવજ્ઞાનથી, શાસ્ત્રજ્ઞાન તો એક નિમિત્તથી કથન છે. પણ એ શાસ્ત્ર જ્ઞાનથી થયેલું સ્વને આશ્રયે થયેલું જે જ્ઞાન એવું જે જ્ઞાન એ તદ્દન જ્ઞાતાને જાણે, અભેદને એક સમયમાં અભેદ ચીજ છે, એને જે અનુભવે એને જાણે એ શ્રુતકેવળી છે. " એ તો ખરેખર પરમાર્થ છે. " સમજાય છે કાંઈ ? જેણે અંદર જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ વિજ્ઞાનઘન વર્તમાનમાં પૂર્ણ સ્વરૂપ એવી ચીજને જે જ્ઞાને જાણી, તે જાણનાર જે જ્ઞાન છે, એણે જે દ્રવ્યને જાણ્યું, વસ્તુને જાણી તે જ્ઞાન પરમાર્થે નિશ્ચય છે, એ સત્ય જ્ઞાન છે, અથવા સત્ય શ્રુત કેવળી છે. આહાહા !

' વળી જે સર્વ શાસ્ત્ર જ્ઞાનને જાણે ' બેય ઠેકાણે એમ લીધું, મૂળ તો જ્ઞાનને જે જાણે, જ્ઞાનને જે જાણે એણે પણ જ્ઞાનને જાણવાથી આત્માને જ જાણ્યો, કારણ કે જ્ઞાન છે તે ( નો ) આત્મા સાથે સંબંધ છે. ને જે જ્ઞાનને જાણે તે આત્માને જાણે એવો જે ભેદથી કથન એને વ્યવહાર શ્રુતકેવળી કહેવામાં આવે ( છે ) જ્ઞાનને હોં, જે જ્ઞાન વસ્તુને જાણે તે જ્ઞાનને વ્યવહારશ્રુત કહેવામાં આવે છે. કેમકે જ્ઞાન તે આત્મા, એમ જ્ઞાને ભેદથી બતાવ્યું માટે તે જ્ઞાનને વ્યવહાર શ્રુત કહેવાય છે. આરે ! આવી વાતું ! જ્ઞાન તે આત્મા છે. " વળી જ્ઞાન-જ્ઞાનીનો ભેદ કહેનારો વ્યવહાર. " ' જ્ઞાન તે આત્મા. ' આ જાણનાર, જાણનાર જણાય જ્ઞાન તે આત્મા, એમ જ્ઞાન અને જ્ઞાનીનો ભેદ કહેનારો વ્યવહાર તેણે પણ પરમાર્થ જ કહ્યો.

એ જ્ઞાન તે આત્મા એમ પરમાર્થ તો આત્માને જ તેણે કહ્યો. જે સીધો જ્ઞાનથી આત્માને જાણે એકદમ એ તો નિશ્ચય પણ જ્ઞાન તે આત્મા, એમ જ્ઞાને પણ આત્માને જણાવ્યો માટે તે

જ્ઞાનને પણ વ્યવહાર શ્રુતકેવળી કહેવામાં આવે ( છે ) ( કારણ કે ) એણે ભેદથી સમજાવ્યું, કે આ જ્ઞાન તે આત્મા. સમજાણું કાંઇ ? જ્ઞાન અને જ્ઞાનીનો ભેદ કહેનારો, જ્ઞાની એટલે આત્મા ત્રિકાળી અને જ્ઞાન એટલે વર્તમાન જાણપણું એણે પણ જ્ઞાન– જ્ઞાનીનો ભેદ કરીને, વ્યવહાર તેણે પણ પરમાર્થ જ કહ્યો. એણે કહ્યો તો પરમાર્થ, જે ત્રિકાળજ્ઞાન છે તે આ જ્ઞાન છે, ત્રિકાળી વસ્તુ છે તેને આ જ્ઞાન જણાવે છે. એ જ્ઞાન ત્રિકાળીને જણાવે છે, માટે જ્ઞાને પરમાર્થને જ જણાવ્યો. ભેદ પાડયો એટલો એમાં ( તેથી ) વ્યવહાર કહેવામાં આવ્યો. સમજાણું કાંઈ ? આવી ઝીણી વાત.

વસ્તુ છે વસ્તુ એક સમયમાં અભેદ એકરૂપ ચીજ તેને વર્તમાન જ્ઞાનથી તેને જાણીને અનુભવે એ તો પરમાર્થ જ્ઞાન છે એટલે શ્રુતકેવળી છે. પણ જે જ્ઞાને એને બતાવ્યું તે જ્ઞાન, એ જ્ઞાને પણ બતાવ્યો તેને વસ્તુને, એથી તે જ્ઞાનને પણ વ્યવહાર શ્રુતકેવળી કહેવામાં આવે છે. કારણ કે જ્ઞાન છે તે આત્મા એમ એણે કહ્યું. કહ્યું તો પરમાર્થને એણે પણ ભેદ પાડીને કહ્યું તેથી તે જ્ઞાનને વ્યવહાર કહેવામાં આવે છે.

શ્રોતાઃ– ઈ પ્રમાણનો વિષય કહેવાય ?

એ અહીં વાત નથી. આ તો જ્ઞાને ભેદ પાડીને જ્ઞાનીને બતાવ્યું એટલી વાત. પ્રમાણની અહીં વાત છે નહિ. જે જ્ઞાન, ભાવ જ્ઞાન જે થયું, તે થયું છે તો ત્રિકાળી જ્ઞાયક આત્માનાં અવલંબે, પણ તે જ્ઞાને તેને જ અનુભવ્યો ત્રિકાળી આત્માને એનું નામ ભાવશ્રુતજ્ઞાન કેવળી. ભાવશ્રુત દ્વારા વસ્તુને અનુભવી માટે તે પરમાર્થ ને નિશ્ચય છે અને એ જ્ઞાન, આ જ્ઞાન તે આત્મા એમ ભેદ પાડીને જ્ઞાને કહ્યું, કહ્યું તો જ્ઞાને પરમાત્માને પણ ‘ જ્ઞાન તે આત્મા ’ એટલો ભેદ પાડયો એથી એ જ્ઞાનને વ્યવહાર કહેવામાં આવે છે. અને તે વ્યવહારે પણ જણાવ્યો તો આત્મા કે આ ‘ જ્ઞાન તે આત્મા ’ એમ. આહાહા ! એવો માર્ગ છે બાપા. ઝીણો માર્ગ બહુ પ્રભુનો. આહાહા ! બહુ એને ધીરું થવું પડે.

અન્ય કાંઈ ન કહ્યું. વ્યવહારે– તેણે પણ પરમાર્થ કહ્યો. જ્ઞાન એ આત્મા એમ કહ્યું ને. એ એણે વ્યવહારે પણ પરમાર્થને કહ્યો અન્ય કાંઈ કહ્યું નથી. જ્ઞાન તે રાગ, જ્ઞાન તે શરીર, જ્ઞાન તે ભગવાનને જાણે છે એમ કાંઈ એ જ્ઞાને કહ્યું નથી. જ્ઞાન તે ભગવાનને જાણે છે, કેવળીને જાણે છે, એમ એણે કહ્યું નથી. એ જ્ઞાન તે આત્માને જણાવે છે, જ્ઞાન તે આત્મા છે આમ એવો ભેદ પાડીને કહ્યું તો પરમાર્થને, અન્ય કાંઈ કહ્યું નથી. અનેરી ચીજને એમાં બતાવી નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

આ તો બે દિવસથી ચાલે છે. પરમ દિવસ પણ ચાલ્યું હતું. કાલે લીધું આપણે બાબુલાલજીએ વિસ્તાર કરવાનું કહ્યું ’તું ને કાલેય લીધું આ. ફરીને આ તો ભાવાર્થ છે. આહાહા ! ઝીણી વાત છે. બાપુ ! અનંત કાળમાં પંથને જાણ્યો નથી અને વર્તમાનમાં તો ગોટા એવા ઊઠયા છે કે ક્યાંય ચીજને પહોંચી વળે કેમ એ વાતનાય ઠેકાણાં ન મળે. આ તો વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને જાત્રા કરો જે પર તરફના લક્ષવાળા ભાવ કરો એ તો વિકાર રાગ છે.

હેં ? એ વાત. આહાહા ! આ તો પ્રભુ પોતે સર્વોત્કૃષ્ટ ! બપોરે નહોતું આવ્યું કાલ એ

સર્વોત્કૃષ્ટ એ પરમાત્મા કહેવાય છે. એ તું પોતે જ સર્વોત્કૃષ્ટ પ્રભુ છો વસ્તુ અંદર હોં. એને જે જ્ઞાન સીધો અનુભવે એને, એનું નામ પરમાર્થ અને એ જ્ઞાન તે આત્મા ( ભેદ પાડીને ) એમ જે જ્ઞાન જણાવે ( છે ) વ્યવહાર કરીને, વ્યવહાર કહ્યો પણ વ્યવહારે બતાવ્યો તો આત્માને પણ એટલો ભેદ પાડયોને કે આ " જ્ઞાન ને આત્મા " જ્ઞાન એ આત્માને સીધો અનુભવે એ તો નિશ્ચય પરમાર્થ. પણ ' જ્ઞાન તે આત્મા ' એમ વ્યવહાર કહીને પણ બતાવ્યો આત્મા, એટલા વ્યવહારે ' જ્ઞાન તે આત્માને ' બતાવ્યો એ જ્ઞાને પરને બતાવ્યું છે એવું કાંઈ છે નહિ. આહાહા ! અન્ય કાંઈ ન કહ્યું જોયું ?

શું કહ્યું ઈ ? કે આ જ્ઞાન આમ જાણે છે ને, વર્તમાન જાણવાની દશા તે આત્મા, આ જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આ રાગ ને જ્ઞાન તે પરને જાણે તે આ જ્ઞાન, એમ કંઈ જ્ઞાને કહ્યું નથી. જ્ઞાન પરને જાણે તે જ્ઞાન એમ ( કંઈ કહ્યું નથી ) એ જ્ઞાન આને જાણે, જ્ઞાન તે આ આત્મા છે. આને જાણે તેનું નામ જ્ઞાન, એમ જ્ઞાને ભેદ પાડીને કહ્યું તેથી તેને વ્યવહાર કહ્યો અને તે વ્યવહારે પણ જણાવ્યો છે આત્માને. આહાહાહા ! કેટલું યાદ રાખવું આમાં ? નવી વાતો બધી એવી છે. બાપુ ! અંતરમાં માર્ગ એવો છે.

વળી પરમાર્થનો અન્ય વિષય તો કથંચિત્ત્ વચનગોચર પણ નથી, શું કહે છે ? આત્માનો અનુભવ આત્મા–આત્મા એનું કહેવું એને શી રીતે સમજાવવું પરમાર્થને, ભેદ પાડીને સમજાવે કે જ્ઞાન તે આત્મા. સીધો ( અભેદ ) આત્મા એકલો તો સમજાવી શકાય એમ નથી. આહાહા ! ' પરમાર્થનો વિષય તો કથંચિત્ વચનગોચર પણ નથી ' ત્રિકાળી વસ્તુ. તેથી વ્યવહારનય આત્માને પ્રગટપણે કહે છે એમ જાણવું. એ ' જ્ઞાન તે આત્મા ' એમ વ્યવહારનયે આત્માને જ્ઞાન સહિત જ્ઞાનનું તાદાત્મ્ય સંબંધ એની સાથે છે એમ વ્યવહાર જણાવે છે. એ ગાથા પૂરી થઈ. કહો હીરાભાઈ ! ઝીણું તો આવ્યું ઘણું. આહાહા !

રાગ ને પર ને એની અહીં વાત જ નથી. અહીં તો જ્ઞાનનો જે ભાવ છે અંદર, રાગ વિનાનું જ્ઞાન એ જ્ઞાન સીધો આત્માને અનુભવે, એ તો નિશ્ચય, સત્ય પરમાર્થ વસ્તુ છે, પણ જે જ્ઞાન એમ જણાવે કે આ ' જ્ઞાન તે આત્મા ' એમ ભેદથી બતાવે એને વ્યવહાર કહેવામાં આવે છે. એ જ્ઞાનને વ્યવહાર શ્રુતકેવળી કહેવામાં આવે છે. અને તે વ્યવહાર શ્રુતજ્ઞાને પણ કહ્યું એ શું ? કે " જ્ઞાન તે આ આત્મા " એટલો ભેદ પાડીને પણ પરમાર્થને એણે બતાવ્યો માટે તેને વ્યવહાર કહેવામાં આવે છે. કહો સમજાય છે કાંઈ ? આહાહા ! આવું છે.

હવે ગાથા ઊંચી આવી જૈનદર્શનનો પ્રાણ ! બરાબર ઠીક છે આજે અહીં આજ આવ્યા છે. ભાઈ બાબુલાલજી. આ ગાથા જૈનદર્શનનો પ્રાણ છે. ૧૧મી ગાથા. આહાહા ! ત્રિલોકનાથ જૈન પરમેશ્વર, એ જ પરમેશ્વર છે ને એણે જ ત્રણ કાળ ત્રણ લોકને જોયા. બીજા કોઈ છે જ નહિ. એ પરમેશ્વરનું જે શાસન છે જૈન શાસન જૈન ( અર્થાત્ ) શિખામણ, જૈનનો માર્ગ એનો આ પરમાર્થ આ ગાથા. જૈન દર્શનના પ્રાણ છે. કે જે પ્રાણથી જૈન દર્શન જીવે ને ટકે, ( જેમ ) આ પ્રાણ હોય તો શરીર ટકે. એમ આ પ્રાણ હોય તો આત્મા ટકે. જૈનદર્શનનો પ્રાણ, કૈલાસચંદજીએ પણ લખ્યું છે એક ફેરે હો આ ગાથા માટે એમ કે આ ગાથા તો જૈન દર્શનનો પ્રાણ છે, કૈલાસચંદજી છે ને એણે લખ્યું 'તું એકવાર આ તો અલૌકિક વાતું છે.

ꙮꙮ ꙮꙮ

## ગાથા - ૧૧

कुतो व्यवहारनयो नानुसर्तव्य इति चेत

ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।
भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।।११।।

व्यवहारोऽभूतार्थो भूतार्थो दर्शितस्तु शुद्धनयः।
भूतार्थमाश्रितः खलु सम्यगदृष्टिर्भवति जीवः।।११।।

व्यवहारनयो हि सर्व एवाभूतार्थत्वादभूतमर्थ प्रद्योतयति, शुद्धनय एक एव भूतार्थत्वात् भूतमर्थ प्रद्योतयति। तथा हि-यथा प्रबलपंकसंवलनतिरोहितसहजैकाच्छभावस्य पयसोऽनुभवितारः पुरुषाः पङ्कपयसोर्विवेकमकुर्वन्तो बहवोऽनच्छमेव तदनुभवन्ति; केचित्तु स्वकरविकीर्णकतकनिपातमात्रोपजनितपङ्कपयोविवेकतया स्वपुरुषकाराविर्भावितसहजैकाच्छभावत्वादच्छमेव तदनुभवन्ति; तथा प्रबलकर्मसंवलन तिरोहितसहजैकज्ञायकभावस्यात्मनोऽनुभवितारः पुरुषा आत्मकर्मणोर्विवेकमकुर्वन्तो व्यवहारविमोहितहृदयाः प्रद्योतमानभाववैश्वरूप्य तमनुभवन्ति; भूतार्थदर्शिनस्तु स्वमतिनिपातितशुद्धनयानुबोधमात्रोपजनितात्मकर्मविवेकतया स्वपुरुषकाराविर्भावित सहजैकज्ञायकभावत्वात् प्रद्योतमानैकज्ञायकभावं तमनुभवन्ति। तदत्र ये भूतार्थमाश्रयन्ति त एव सम्यक् पश्यन्तः सम्यग्दृष्टयो भवन्ति, न पुनरन्ये, कतकस्थानीयत्वात् शुद्धनयस्य। अतः प्रत्यगात्मदर्शिभिर्व्यवहारनयो नानुसर्तव्यः।

---

હવે વળી એવો પ્રશ્ન ઊઠે છે કે-પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો ? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ-

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.૧૧**

ગાથાર્થઃ- ( व्यवहार: ) વ્યવહારનય ( अभूतार्थ: ) અભૂતાર્થ છે ( तु ) અને ( शुद्धनय: ) શુદ્ધનય ( भूतार्थ ) ભૂતાર્થ છે એમ ( दर्शित: ) ઋષિશ્વરોએ દર્શાવ્યું છે; ( जीव: ) જે જીવ ( भूतार्थ ) ભૂતાર્થનો ( आश्रित: ) આશ્રય કરે છે તે જીવ ( खलु ) નિશ્ચયથી ( सम्यग्दृष्टि: ) સમ્યગ્દ્રષ્ટિ ( भवति ) છે.

ટીકાઃ- વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે; શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન, સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે. આ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએઃ- જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક

નિર્મળભાવ તિરોભૂત ( આચ્છાદિત ) થઈ ગયો છે એવા જળનો અનુભવ કરનારા પુરુષો- જળ અને કાદવનો વિવેક નહિ કરનારા ઘણા તો, તેને ( જળને ) મલિન જ અનુભવે છે; પણ કેટલાક પોતાના હાથથી નાખેલા કતકફળ- ( નિર્મળી ઔષધિ ) ના પડવામાત્રથી ઊપજેલા જળ-કાદવના વિવેકપણાથી પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક નિર્મળભાવપણાને લીધે, તેને ( જળને ) નિર્મળ જ અનુભવે છે; એવી રીતે પ્રબળ કર્મના મળવાની જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનાર પુરુષો-આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને ( આત્માને ) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું ( અનેકરૂપપણું ) પ્રગટ છે એવો અનુભવે છે; પણ ભૂતાર્થદર્શીઓ ( શુદ્ધનયને દેખનારાઓ ) પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે તેને ( આત્માને ) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. અહીં, શુદ્ધનય કતકફળના સ્થાને છે તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતા ( હોવાથી ) સમ્યગ્દૃષ્ટિ છે પણ બીજા ( જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ ) સમ્યગ્દૃષ્ટિ નથી. માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.

ભાવાર્થ:- અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. જેનો વિષય વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય, તેને અભૂતાર્થ કહે છે. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે-શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ. એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી. જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાન્તમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી અવસ્તુ માયાસ્વરૂપ કહે છે અને સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે એવું ઠરે અને તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિનો જ પ્રસંગ આવે. માટે અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્‌વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ ( સહાયક ) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વિરલ છે- ક્યાંક ક્યાંક છે. તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી ( મુખ્યતાથી ) દીધો છે કે- " શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી. " એમ આશય જાણવો.

* * *

**પ્રવચન નં. ૩૬ ગાથા - ૧૧ તા. ૧૭-૭-૭૮**

આહાહા ! હવે વળી એવો પ્રશ્ન ઊઠે છે કે પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારનયને અંગીકાર ન કરવો–આઠમી ગાથામાં તો એમ કહ્યું હતું, કે વ્યવહારનું અનુસરણ ન કરવું અને તમે વળી કહો છો કે વ્યવહાર એ પરમાર્થને જણાવે છે તો એ વ્યવહાર કેમ અંગીકાર ન કરવો ? છે ? વ્યવહારને અંગીકાર ન કરવો પણ તે પરમાર્થનો કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો ?

શું પ્રશ્ન છે ? પ્રશ્નનું રૂપ શું છે ? પ્રશ્નની રીતની સ્વરૂપ સ્થિતિ શું છે ? પ્રશ્નકારનો એ પ્રશ્ન છે કે તમે પહેલાં તો આઠમી ગાથામાં એમ કહ્યું કે દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા એવો વ્યવહાર કહ્યો, અને એ વ્યવહાર અનુસરણ કરવા લાયક નથી, કહેનારને અને સાંભળનારને, એમ આઠમી ગાથામાં તો તમે કહ્યું. વળી તે વ્યવહાર અનુસરવા લાયક નથી અને વળી તમે કહો છો કે વ્યવહાર પરમાર્થનો કહેનારો છે. એ વ્યવહાર અંતર પરમાર્થને જણાવનારો છે, તો એ વ્યવહાર અંગીકાર કેમ ન કરવો ? પ્રશ્ન સમજાય છે કાંઈ ? એનું પ્રશ્નનું રૂપ આ છે.

જયારે તમે એમ કહ્યું, કે ભગવાન આત્મા, એ આત્મા કહેતાં એ ન સમજ્યો ત્યારે તમારે ભેદ પાડીને સમજાવવું પડયું, કે આત્મા એટલે શું ? કે દર્શનજ્ઞાનચારિત્રને હંમેશા પ્રાપ્ત થાય, દર્શનજ્ઞાનચારિત્રથી પ્રાપ્ત આત્મા થાય એમ નહિ. પણ જે આત્મા છે તે દર્શનજ્ઞાનચારિત્રને પ્રાપ્ત થાય એમ ભેદથી એને સમજાવ્યું.... છતાં પાછું આપે એમ કહ્યું કે એવા ભેદથી અમે સમજાવ્યું છે, અમને પણ વિકલ્પમાં એ સમજાવવાનો ભાવ આવ્યો અને તને પણ કહીએ છીએ, છતાં એ ભેદનું અનુસરણ કરવા લાયક નથી. આહાહા... ! ભેદ આદરવા લાયક નથી. અંદર ( અભેદ ) ત્રિકાળ વસ્તુ છે તે આદરણીય છે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ?

ભાષા તો સાદી છે. પણ ભાઈ, ભાવ તો જે કંઈ હોય એને હેઠાં શી રીતે ઊતારવા ? આહાહા ! અંદર ચૈતન્યરત્નાકર ભગવાન અનંત અનંત ગુણમણીનો રત્નમાળાથી ભરેલો ભગવાન, આહા ! અનંત અનંત ગુણની ખાણ, બાપુ ! આત્મા એટલે શું ? આહાહા ! સર્વોત્કૃષ્ટ પ્રભુ આત્મા અંદર વસ્તુ એને આપે ભેદ કરીને સમજાવ્યો કે જે આત્મા છે એ આમ દર્શનજ્ઞાનચારિત્રને પ્રાપ્ત થાય. રાગને પ્રાપ્ત થાય અને પરને પ્રાપ્ત થાય એમ ન કહ્યું. ફક્ત આટલો તમારે ભેદ સમજાવવો પડયો.

આ આત્મા શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાને પ્રાપ્ત થાય તે આત્મા. તો આપે વ્યવહારથી તો સમજાવ્યું, ભેદ પાડીને તો સમજાવ્યું, તો વ્યવહાર તો આવ્યો. વળી તમે કહો છો કે વ્યવહાર અંગીકાર કરવો નહીં. વ્યવહાર આવ્યા વિના રહે નહીં અને વ્યવહાર અંગીકાર કરવા લાયક નહીં. આ શું તમે કહો છો ? સમજાણું કાંઈ ? આહાહાહા !

આવી વાતું– આ તો જૈનદર્શનના મંત્રો છે. આહાહા ! હવે વળી એવો પ્રશ્ન ઊઠે છે કે પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, વળી એમ તમે કહ્યું કે વ્યવહાર પરમાર્થના પ્રતિપાદકપણાંને પોતાને દઢપણે સ્થાપિત કરે છે, છેલ્લી લીટી આવીને ? ટીકાની

છેલ્લી લીટી. ટીકાની છેલ્લી લીટીમાં છે. આહા ! તે વ્યવહાર પરમાર્થનો કહેનાર છે, તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો ? એવો જેને-સમજવા માટે પ્રશ્ન ઊઠયો છે-મેળ ખાતો નથી એને સમજનારને, પણ સમજનાર એટલું પકડી શક્યો છે કે વ્યવહાર અંગીકાર ન કરવો એમ આપે કહ્યું અને વળી કહ્યું કે વ્યવહાર પરમાર્થનો કહેનારો છે, એ પરમાર્થ બતાવે છે, કે જ્ઞાન તે આત્મા આમ ત્રિકાળી એને બતાવે છે, તો એવો વ્યવહાર કેમ અંગીકાર ન કરવો ? એવો એને પ્રશ્ન અંદરમાંથી ઊઠયો એને આ ઉત્તર દેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

આવી સ્થિતિ જેને મગજમાં જ્ઞાનમાંથી ખ્યાલ ઊઠયો છે કે, ઓહો ! આ તો કહે છે કે 'જ્ઞાન તે આત્મા', અને દર્શન ( જ્ઞાન ) ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા એવો તો વ્યવહાર છે, એ વ્યવહારે નિશ્ચયને બતાવ્યો છે, અને એ વ્યવહાર આવ્યા વિના રહેતો, ( નથી ) વ્યવહાર સ્થાપવા યોગ્ય છે; વ્યવહાર છે એમ સ્થાપવા યોગ્ય છે, છતાં એ વ્યવહાર આદરણીય નથી. અંગીકાર કરવા લાયક નથી. એનો ઉત્તર શું છે ? સમજાણું કાંઈ ?

( ગાથા ) અગિયાર.

**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**
**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।।११।।**

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.૧૧**

હજી તો સમ્યગ્દર્શન કેમ થાય, એની વાત છે-ચોથું ગુણસ્થાન. આહાહાહા ! ગુણસ્થાનની પર્યાય દ્રવ્યમાં નથી. ગુણસ્થાનોના ભેદ વસ્તુમાં નથી. પણ વસ્તુને આશ્રયે થતી પર્યાય-સમ્યગ્દર્શન એ શું ચીજ છે ? વ્યવહાર અંગીકાર ન કરવો તમે કહ્યું, તો વ્યવહાર તો આવ્યા વિના રહેતો નથી વ્યવહારે તો સમજાવ્યું છે એને, તો એનો ઉત્તર શું છે-એનું સમાધાન શું છે ?

તો ગાથા ( નો ) અર્થ પહેલો લઈએઃ- 'વ્યવહારનય અભૂતાર્થ છે', સામાન્ય વાત કરી. બધોય વ્યવહાર એવી ભાષા અહીં ન લીધી, એ ટીકામાં લેશે. વ્યવહારનય અભૂતાર્થ-અસત્યાર્થ છે. અસત્યાર્થ નામ જુઠ્ઠી છે. વ્યવહારનય અસત્‌અર્થ અભૂત અર્થ છે, છતો અર્થ નથી એ તો અસત્ય છે, અને શુદ્ધનય ભૂતાર્થ છે. -શુદ્ધનય ભૂતાર્થ છે પોતે હોં, શુદ્ધનયનો વિષય ભૂતાર્થ છે એ પછી કહેશે, પણ પહેલું તો એ કહે છે કે ત્રિકાળી ભૂતાર્થ છતો પદાર્થ જ્ઞાયકભાવ-સ્વભાવભાવ અભેદભાવ એ શુદ્ધનય છે. એ શુદ્ધનય છે, શુદ્ધનયનો વિષય છે તેને આંહી શુદ્ધનય કીધી છે. ભારે આકરી ગાથા છે બાપુ !

શું કહ્યું ઈ ? કે વ્યવહારમાત્ર પછી કહેશે એ તો, હજી તો વ્યવહાર અસત્ય છે અને શુદ્ધનય તે સત્ય છે તો શુદ્ધનય છે. એ તો જ્ઞાનનો પર્યાય છે. એનો વિષય છે ઈ ત્રિકાળી ભૂતાર્થ છે, પણ આંહી તો ઈ ભૂતાર્થને જ શુદ્ધનય કીધો. નય અને નયના વિષયનો ભેદ પણ કાઢી નાખ્યો પહેલું. આહાહા ! સમજાણું કાંઈ ? માળે ! આવી વાતું.

શું કીધું ? શુદ્ધનય ભૂતાર્થ, શુદ્ધનય ભૂતાર્થ છે. નય તો જ્ઞાનનો અંશ છે. જ્ઞાનનો અંશ છે એ તો પર્યાય છે, ભલે નિશ્ચયનું, નિશ્ચય જ્ઞાન છે પણ છે તો એ પર્યાય-જ્ઞાનનો અંશ છે. એને

તમે ભૂતાર્થ કહો છો ? કે હા. ઈ એનો વિષય ભૂતાર્થ છે માટે અમે શુદ્ધનયને ભૂતાર્થ કીધી. વિષય અને વિષયી એનો ભેદ પણ આંહીથી કાઢી નાખીએ છીએ. શુદ્ધનય છે ઈ વિષય કરનાર ધ્યેય પકડનાર જ્ઞેયને જાણનાર એવો જે ભેદ છે એ આંહી કાઢી નાખ્યો છે કે નય એ તો ભૂતાર્થ પોતે જ નય, શુદ્ધનય છે. આહાહા ! આવી વાતું છે.

શુદ્ધનય ભૂતાર્થ છે. આહાહા ! એક બાજુ એમ કહેવું કે નિશ્ચયનય ને શુદ્ધનયથી જે હું આત્મા છું ભૂતાર્થ, એવો વિકલ્પ પણ છોડવા જેવો છે. ( ગાથા ) ૧૪૨ હું શુદ્ધ છું. પૂર્ણ છું. ભૂતાર્થ છું લ્યોને, એવો જે શુદ્ધનયનો વિકલ્પ ઊઠયો છે એ ખરેખર શુદ્ધનય નહીં. આહાહા !

એ વિકલ્પનો નિષેધ કરીને એકલો ચૈતન્ય ભગવાન દૃષ્ટિમાં આવે, એને અમે શુદ્ધનય કહીએ છીએ. એ શુદ્ધનયનો વિષય છે તેને જ અમે શુદ્ધનય કહીએ છીએ. આહાહાહા ! આવી વાત છે. ખરેખર તો સમ્યગ્દૃષ્ટિનો વિષય જ ધ્રુવ છે. સમજાણું કાંઈ ? પણ આંહી તો કહે છે કે જે ત્રિકાળી છે તેને જ અમે સમ્યગ્દર્શન ને શુદ્ધનય કહીએ છીએ. આહાહા ! વસ્તુ જે છે આહાહા ! એ જ શુદ્ધનય છે. ત્રિકાળ ચિદાનંદ પ્રભુ અભેદ, જેમાં રાગ તો નહીં પણ પર્યાયનો ભેદેય નહીં. અભેદ ચીજ–વસ્તુ એકરૂપ તેને અમે શુદ્ધનય કહીએ છીએ. પહેલું અભેદપણું સ્થાપ્યું. હવે એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે.

જે જીવ, હવે પાછું કહે છે જુઓ ' જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે ' ન્યાં ભેદ પાડયો. ઓલું તો ભૂતાર્થ પોતે ત્રિકાળી ચીજ તેને શુદ્ધનય કીધી 'તી તેને નિશ્ચયનય જ કીધી 'તી. હવે કહે છે કે ભૂતાર્થ જે ત્રિકાળી પ્રભુ છે, સત્યાર્થ સત્ય વસ્તુ છે, ત્રિકાળી પરમ સત્ય નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છે એનો જે આશ્રય કરે એનું જે અવલંબન લ્યે, છે ? આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે. તે ખરેખર સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યક્ નામ સત્યદૃષ્ટિવંત છે. કેમ કે એણે પૂરણ સત્યને પ્રતીતમાં લીધું, પૂરણ સત્યનો આશ્રય કર્યો, પૂરણ સત્ય પ્રભુ એક સમયમાં અભેદ ચીજનો જેણે આશ્રય કર્યો. તે આશ્રય કરનારની દૃષ્ટિને અમે આંહી સમ્યગ્દૃષ્ટિ કહીએ છીએ. આહાહાહા ! સમજાણું કાંઈ ?

એ પ્રશ્ન ઊઠયો 'તો ત્યાં વડવામાં ખંભાત પાસે ભાઈ હતા ને ત્યાં સોમચંદભાઈ કે જુઓ ! ' ભૂદત્થમસ્સિદો ' પર્યાય આવી કે નહીં આશ્રય કરવામાં ? એમ પ્રશ્ન કર્યો 'તો. એ તેર ( મી ) સાલમાં જ્યારે પહેલા નીકળ્યા ને મુંબઈ જવા તેર–તેર, એકવીસ વર્ષ થયા. એ પ્રશ્ન ન્યાં, વડવામાં કર્યો 'તો. પણ ( કહ્યું ) ભાઈ આશ્રય કરે છે એ છે તો પર્યાય, પણ પર્યાયનો વિષય પર્યાય નથી. સમજાણું કાંઈ ? એ પર્યાયનો વિષય આશ્રય ભૂતાર્થ ત્રિકાળી ચીજ છે. આહાહા ! શું કહ્યું ઈ ? એમ કે જો આશ્રય તો આવ્યો, તો પર્યાય તો આવી ભેગી, પણ પર્યાય આવી એ તો પર્યાયે આશ્રય કર્યો ત્રિકાળી ચીજનો જેણે આશ્રય કર્યો છે તો એ પર્યાય પણ આશ્રય કર્યો ઈ પર્યાય તેને સમ્યગ્દર્શન કહેવું પણ ઈ પર્યાયનો વિષય ( ધ્યેય ) પર્યાય છે એમ નથી. છોટાભાઈ ! આવી વાતું છે. આહાહા !

ભગવાન આ દિગંબરદર્શન તો જુઓ. આહાહા ! જૈનદર્શન વાસ્તવિક સ્વરૂપનું પરમાર્થ રૂપ. આહાહાહા !

સત્ય સાહેબ, ભગવાન સત્ય સાહેબ પૂરણ અભેદ એકરૂપ વસ્તુ એનો જે આશ્રય કરે–એનું

જે અવલંબન લ્યે તેને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આ તો સાદી ભાષા છે. મોહનલાલજી! આહાહા! ગુજરાતીમાં કહો કે હિન્દીમાં કહો. આ તો ભાષા તદ્દન સાદી છે.

ભૂતાર્થ ત્રિકાળ એકરૂપ રહેનાર વસ્તુ વર્તમાનમાં હો એકરૂપ ત્રિકાળ. આહાહા! આહાહા! ભલે ઈ ભવિષ્યમાં રહેશે, ભૂતમાં હતો. પણ આંહી તો એકરૂપ વર્તમાનમાં જે છે-ત્રિકાળ રહેનારું સત્વ; અભેદ-એક-એકરૂપ-સામાન્યરૂપ-નિત્યરૂપ-ધ્રુવરૂપ-અભેદરૂપ તેને પહેલો નિશ્ચય શુદ્ધનય કહ્યો હતો. હવે આંહી કહે છે કે જે દૃષ્ટિ ને નય એનો આશ્રય કરે દૃષ્ટિ (એ) દૃષ્ટિને એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. છે સમ્યગ્દર્શન પર્યાય પણ સમ્યગ્દર્શન પર્યાયનો વિષય (ધ્યેય) પર્યાય નહીં કારણ કે સમ્યગ્દર્શનાદિ ચૌદ ગુણસ્થાન તો દ્રવ્યમાં છે જ નહીં. આહાહાહા!

આવું ક્યાં સમજવું આમાં? કહો હિંમતભાઈ આ લોઢાના વેપાર આડે ક્યાં આમાં નવરાશ મળે છે આમાં? લેવો પડશે આ નવરાશ. આહાહા! લોઢાનો વેપાર એટલે રાગનો (વેપાર) રાગ જ છે ને? લોઢાનો વેપાર! આહાહા!

ભગવાન સોના સમાન, જેને કાટ નથી. આહાહા! ઝંક-ઝંક સોનાને ઝંક ન હોય, પ્રભુ ત્રણ લોકના નાથને મેલ ન હોય એવી એ ચીજ છે અંદર. આહા! એ પવિત્રતાનું ધામ છે. ભગવાન પૂર્ણ શુદ્ધ ધામ આપણે આવ્યું 'તું ને બપોરે તીર્થ શુદ્ધ ધામ-ભગવાન તે તીર્થ છે. આહાહા! એને આશ્રયે તરવાનો ઉપાય પ્રગટ થાય છે, માટે તે વસ્તુ પોતે જ તીરથ છે! આહાહા!

(શ્રોતાઃ- આત્મા તીર્થ છે કે રત્નત્રય તીર્થ છે?) વસ્તુને જ તીર્થ કીધી આંહી તો, વસ્તુને આશ્રયે પછી પ્રગટ થાય તે રત્નત્રય ઉપાય છે, પણ ઉપાય જેનાથી પ્રગટયો એ જ વસ્તુ તીર્થ છે, એમાં સ્નાન કર્યું એ દ્રવ્યમાં સ્નાન કર્યું ત્યારે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર પ્રગટ થયું. આહાહા! એ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચય નામ સાચે સાચ, પરમ સત્યનો જેણે આશ્રય લીધો, પરમ ટકાઉ ચીજ જે ત્રિકાળી એકરૂપ ટકાઉ, ટકતી ચીજનો જેણે આશ્રય લીધો, તે સમ્યગ્દૃષ્ટિ-તે સત્‌દૃષ્ટિ.

ત્રિકાળ સત્‌નો જેણે આશ્રય લીધો ત્રિકાળી સત્તનો તેથી તે દૃષ્ટિને પણ સત્યદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ કહીએ છીએ. આહાહા! સમ્યક્ નામ સત્ય દૃષ્ટિ. સત્ય્ દૃષ્ટિ તેને કહીએ જે પરમ સત્ય પ્રભુ ભૂતાર્થ-સત્યાર્થ વસ્તુ ભૂતાર્થ કહો કે સત્યાર્થ કહો સત્‌રૂપ કાયમ એનો જેણે આશ્રય લીધો તે દૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિ કહીએ. આહાહાહા! આ તો મૂળ ચીજની વાત છે.

ઝાડ મોટું હોય આંબલીનું કે તેનાં પાંદડાં ને ડાળાનાં પાંખડા તોડે પણ મૂળ સાજું હોય તો પાછું પંદર દિ 'એ પાંગરી જશે-ફાલી જશે. પણ જેનું મૂળ છેદ્યું પછી એ પાંદડાં-ફાંદડા. પંદર દિ 'એ સૂકાઈ જવાના. એમ આંહી તો જેણે મિથ્યાત્વનું મૂળ જે સંસારનું એને છેદ્યું. કઈ રીતે? કે ત્રિકાળી ભગવાનનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થયું એણે સંસારના મૂળને કાપી નાખ્યું. સમજાણું કાંઈ? હવે થોડાં રાગ-દ્વેષ અસ્થિરતાના પાંદડાં રહ્યાં, એ ક્રમે ક્રમે એને ખરી જશે. આહાહા! જેને મૂળ જ હાથ આવ્યું નથી. આહાહા! જેને ચીજ જ હાથ આવી નથી એને પર્યાય નિર્મળ ને પ્રગટ ક્યાંથી થાય? આહાહા!

કેમ કે પ્રભુ ચૈતન્ય વૃક્ષ છે–કલ્પવૃક્ષ છે આત્મા. આહાહા ! એક સમયમાં પૂર્ણાનંદનો નાથ ભૂતાર્થ સત્યાર્થ સત્ય સત્‌નો પિંડ એકલો સત સત્ સત્ એનાં આશ્રયે સત્ દૃષ્ટિ થાય છે, એ વિના કોઈના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. આહાહા ! વર્તમાન પર્યાયમાં અગિયાર અંગનું જ્ઞાન હોય, દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધા હોય એ રાગ. એને આશ્રયે એ સત્ય નથી કાંઈ. આહાહાહા ! તેથી તેને આશ્રયે સમ્યગ્દર્શન થાય એમ ઈ સત્ નથી ઈ તો અસત્ છે, પર્યાય માત્રને અહીંયાં અસત્ કીધી છે ગૌણ કરીને ખુલાસો આવશે. આહાહાહા !

( શ્રોતાઃ મિથ્યાદૃષ્ટિને દેવ–ગુરુ–શાસ્ત્રની ભક્તિ શ્રદ્ધા હોય તો ? ) એ પણ રાગ છે, એ પણ એકત્વ બુદ્ધિ છેદે છે. એ રાગથી લાભ થાય એ બુદ્ધિ ત્રિકાળને આશ્રયે સમ્યગ્દર્શન થતાં એ બુદ્ધિ છેદાઈ જાય છે, ભાવ હોય ખરો, પણ એનાથી લાભ થશે અને એ મારી ચીજ છે એનું નામ તો મિથ્યાત્વ છે. દેવગુરુધર્મની શ્રદ્ધાનો ભાવ એ પણ રાગ છે. પંચમહાવ્રતના પરિણામ એ પણ રાગ છે. એ રાગને આશ્રયે તો રાગ જ થાય. આહાહાહા ! આંહી તો ત્રિકાળને આશ્રયે સમ્યગ્દર્શન થાય, રાગને આશ્રયે સમ્યગ્દર્શન ( થાય નહીં ) આહાહા ! અને તે નિશ્ચય સમ્યગ્દર્શન, ત્રિકાળ સત્યાર્થ સત્ સત્ સત્ સત્ પરમપારિણામિક–જ્ઞાયકભાવરૂપી પરમ સત્ય તેના આશ્રયે સમ્યક્ થાય. તે પછી એને દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધા હોય એવા વિકલ્પને પણ વ્યવહાર સમકિતનો આરોપ આપ્યો છે. એ વ્યવહાર સમકિત, સમક્તિેય નથી. છે તો રાગ ચારિત્રદોષની પર્યાય, દેવગુરુધર્મની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્ર તરફના વિકલ્પવાળું જ્ઞાન ( એ ) છે તો રાગ, છે તો રાગ. સમજાણું કાંઈ ? આહાહા ! છે તો રાગ, પણ આંહી નિશ્ચય સ્વભાવની દૃષ્ટિ જયારે થઈ ત્યારે તે રાગને વ્યવહાર સમકિતનો આરોપ આપીને વ્યવહાર સમકિત કહ્યું, ઈ સમકિત છે નહીં. પણ આનો આરોપ આપીને નિરૂપણ કથન કર્યું, કથન કર્યું. વસ્તુ એમ છે નહીં, વસ્તુ તો એક જ ત્રિકાળ દ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન તે જ દર્શન છે. દેવગુરુની શ્રદ્ધા તે સમકિત દર્શન, તે તો આંહી નિશ્ચય થયું હોય એને વ્યવહારનો આરોપ આપીને કથન કર્યું છે, પણ એ કાંઈ સમ્યગ્દર્શન નથી. એ તો રાગ છે. સમજાણું કાંઈ ?

( શ્રોતાઃ ઝટ સમજાય એવું નથી, જલ્દી સમજાય એવું નથી )

આ અમારે શેઠ રહ્યા લાલચંદ ! જૂના માણસ, નથી સમજાય એવું નથી, એ તો પ્રેમથી આવ્યા છે ને સાંભળવા પ્રેમથી. કેમ શેઠ ? સમજાય એવું છે ને હળવે–હળવે. આહાહા ! ભગવાન આત્મા છે ને પ્રભુ, આહાહા ! પ્રભુ તારી તને તારા ઘરની ખબર ન પડે, એમ કેમ કહેવાય ? કલંક લાગે પ્રભુ તને. આહાહા !

અંદર ચૈતન્ય ચળકતો હીરો જેની ચમકનો પાર નથી. જેની જ્ઞાનની ચમક, દર્શનની ચમક, ત્રિકાળની હોં ! આનંદની ચમક; અસ્તિત્વની ચમક, પ્રભુત્વની ચમક પ્રકાશ–પ્રત્યક્ષ થાય તેવી શક્તિની ચમક, આહાહા ! સર્વદર્શિત્વ શક્તિની ચમક; સર્વજ્ઞત્વ શક્તિની ચમક, એવા અનંત ગુણોની ચમકવાળો ભગવાન ( નિજાત્મા ) પૂર્ણાનંદ પ્રભુ એવો જે પરમ સત્ય પ્રભુ; એ પરમ સત્યને આંહીયા નિશ્ચયનય શુદ્ધનય કહ્યો, કહીને પછી ફેરવ્યું કે ભાઈ એ પણ ત્રિકાળ છે તેનો આશ્રય કરે તેને સમ્યગ્દર્શન થાય. આહાહા ! આહાહા ! છે કે નહીં ? એ શબ્દાર્થ–ગાથાર્થ કર્યો.

હવે, ટીકાઃ– ‘ વ્યવહારનય ’ પાઠમાં વ્યવહારનય અસત્યાર્થ છે એમ કહ્યું હતું. હવે

ટીકાકાર કહે છે વ્યવહારનય ‘ બધોય ’ અસત્યાર્થ હોવાથી, વ્યવહારનય ‘ બધોય ’ અસત્યાર્થ છે. પર્યાય માત્ર અસત્યાર્થ છે. એ ગૌણ કરીને હોં ? ‘ પર્યાય નથી ’ એમ કરીને નહીં. આશ્રય કરવા લાયક નથી અને તેને ગૌણ કરીને નથી એમ કહ્યું અસત્યાર્થ. અને ભગવાન ત્રિકાળી સત્ છે તેને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો. અને પર્યાય છે એને ગૌણ કરીને ‘ નથી ’ કહ્યું, અભાવ કરીને ‘ નથી ’ કહ્યું એમ નહીં. સમજાણું કાંઈ ? આહાહા !

વ્યવહારનય બધોય-બધોય એટલે ચાર ( પ્રકાર ) અહીં ચાર લેવા અધ્યાત્મમાં. ચાર શું ? એક તો રાગ જે થાય છે. એ રાગને જાણવાનું જ્ઞાન જાણે, જાણવામાં રાગ આવે એને ‘ અસદ્ભૂત ઉપચાર વ્યવહારનય ’ કહે છે. સાંભળો, સમજવા જેવી ઝીણી વાત છે. રાગ થાય તેને જાણે છે જીવ આમ જાણે છે આ રાગ છે. એ અપેક્ષાએ તેને અસદ્ભૂત વ્યવહારનય ઉપચાર કહેવામાં આવે છે ઈ એક નય. રાગ છે તેને તે જણાય છે કે આ રાગ છે, એમ જાણવામાં આવે છે. તે અપેક્ષાએ તે રાગને જાણવાના જ્ઞાનને અસદ્ભૂત વ્યવહારનય ઉપચાર કહેવામાં આવે છે અસદ્ભૂત એટલે કે રાગ આત્મામાં નથી, વ્યવહાર એટલે કે ભેદ છે રાગનો બીજો જુદી ચીજ અસત્ છે; અસત્ય એટલે કે ( રાગ ) ત્રિકાળમાં નથી-અસદ્ભૂત છે. એ, રાગ છે તે ત્રિકાળ વસ્તુમાં નથી માટે તેને અસદ્ભૂત કહ્યો અને વ્યવહાર તો ભેદ છે, એટલે વ્યવહાર છે જ. અને રાગ આવ્યો એને જાણવાનું જ્ઞાન છે જાણવામાં આવે એવું જે જ્ઞાન, એને અસદ્ભૂત વ્યવહારનય ને ઉપચાર કહ્યો છે.

અને તે વખતે ઉપયોગ થોડો સૂક્ષ્મ નથી સ્થૂળ છે. એથી રાગને જાણવાનું જ્ઞાન થયું. એ વખતે કેટલોક રાગ જાણવામાં ન આવે એવો હારે છે. જે રાગ જાણવામાં આવે એ જ્ઞાનનો રાગને અસદ્ભૂત વ્યવહારનય કહ્યો, પણ તે વખતે હજી રાગ છે અંદર-હારે છે, જાણવામાં નથી આવતો-ઉપયોગ કામ કરતો નથી. અબુદ્ધિપૂર્વક અંદર રાગ છે, સમજાણું કાંઈ ? આહાહા ! એ રાગ છે તેને જાણનારના જ્ઞાનને ‘ અસદ્ભૂત અણઉપચાર વ્યવહાર ’ કહેવામાં આવે છે. આહાહા !

અલૌકિક ગાથા છે બાપા ! આ તો ફરી-ફરીને કહેશું હોં. આટલા શબ્દો પાછા ભાઈ એ કાલ કહ્યું ’તું ને બાબુલાલજીએ ફરીને લ્યો કહે. આહાહા !

પ્રભુ ! તું કોણ છો ? તારા સ્વરૂપમાં પ્રભુ અભેદ ને એકરૂપતા છે. હવે એમાં ભેદના પ્રકાર ચાર, એક તો રાગ થાય તે પણ અસદ્ભૂત છે તારામાં નથી, માટે તે રાગ છે ભલે પર્યાયમાં, પણ દ્રવ્યમાં-વસ્તુમાં નથી. અને તે રાગ જાણવામાં-ખ્યાલમાં આવે છે કે આ રાગ છે તેથી તે રાગને અસદ્ભૂત / વસ્તુમાં નથી માટે અસદ્ભૂત, વ્યવહાર છે માટે વ્યવહાર છે-ભેદ છે અને ઉપચાર એટલે કે જાણવામાં આવે એને છતાં એને રાગ છે એમ કહેવું એ ઉપચાર છે.

આહાહા ! અને તે વખતે હજી રાગનો ભાગ સૂક્ષ્મ છે તે જાણવામાં આવતો નથી. ઉપયોગ સ્થૂળ છે. એટલે જાણવામાં આવે રાગ અને ન જાણવામાં આવે એવો રાગ છે અંદર એ ટાણે. એ ન જાણવામાં આવે એવો રાગ એને પણ અસદ્ભૂત ( કહ્યો ) ( કારણકે ) સ્વરૂપમાં નથી ને છે વ્યવહાર ભેદ અને એને અણઉપચાર કહ્યો ( કેમ કે ) જાણવામાં આવતો નથી માટે

અણઉપચાર કહ્યો. જાણવામાં આવે તેને ઉપચાર કહ્યો. જાણવામાં ન આવે એને અણઉપચાર કહ્યો. ત્યાં બે નય થઈ. અસદ્‌ભૂત વ્યવહારનયના બે પ્રકાર થયાં. એ નિષેધ કરવાલાયક છે.

હવે, આવી બે બીજી ( નય ) સદ્‌ભૂત વ્યવહારનય. કે જે જ્ઞાન રાગને જાણે જ્ઞાનનું અસ્તિત્વ મારા પોતામાં છે, માટે સદ્‌ભૂત પણ રાગને જાણે ઓલો ( નય ) રાગને જાણે એ તો અસદ્‌ભૂત રાગને જાણે પણ આંહી તો રાગને જાણવાનું જ્ઞાન પોતે કરે પોતાથી. રાગને જાણવાનું જ્ઞાન પોતાથી. સ્વપરપ્રકાશક જ્ઞાનપર્યાયના સામર્થ્યથી રાગને જાણવાનું જ્ઞાન કરે એમ કહેવું છે, તો જાણવાનું જ્ઞાન પોતાનું–રાગને જાણવાનું જ્ઞાન છે તો પોતાનું, પણ એ રાગને જાણે છે એમ કહેવું એ ‘ સદ્‌ભૂત ઉપચાર નય ’ કહેવામાં આવે છે. આ બધામાં આ ચાર બોલ છે.

ઓલું તો રાગને જાણે છે, જાણવા એને અસદ્‌ભૂત ઉપચાર વ્યવહારનય કહ્યો, અને અહીંયાં તો રાગને જાણવાનું જ્ઞાન પોતાથી થયું છે માટે તે ‘ સદ્‌ભૂત ’ છે પણ એને રાગને જાણે છે એમ કહેવું તે ‘ ઉપચાર ’ છે. સમજાણું કાંઈ ? આહાહા !

એ સદ્‌ભૂત જ્ઞાનનો પર્યાય છે પોતામાં માટે સદ્‌ભૂત, એ રાગને જાણે છે એમ કહેવું તે ઉપચાર છે. એટલે સદ્‌ભૂત ઉપચાર નય થઈ ગયો. ‘ સદભૂત વ્યવહાર ઉપચાર ’ થયો, અને ચોથો, ‘ એ જ્ઞાન તે આત્મા છે ’ જે હમણાં આવ્યું ’તું એવો ભેદ પાડીને કથન છે, તે ‘ સદ્‌ભૂત અણઉપચાર વ્યવહારનય ’ છે. કારણ કે જ્ઞાન પોતામાં છે અને આ આત્માને બતાવે છે આમ, જ્ઞાન “ આ આત્મા છે ” એટલો ભેદ છે માટે વ્યવહાર છે. આહાહા ! સમજાણું કાંઈ ?

પોતામાં છે માટે સદ્‌ભૂત છે અને આમ ભેદને બતાવે છે માટે વ્યવહાર છે અને તેને અણઉપચાર કહ્યું કારણકે જ્ઞાન તે આત્મા છે એ તો બરાબર છે એ અપેક્ષાએ તેને સદ્‌ભૂત અણઉપચાર વ્યવહારનય કહેવામાં આવે છે.

ચાર ( નય ) થઈ. એ ‘ બધોય ’ શબ્દમાં આ ચાર ( પ્રકાર ) આવે. બે અસદ્‌ભૂતનાં ને બે સદ્‌ભૂતનાં વ્યવહારનય ( છે ). આહાહા ! આ દરકાર જ કરી નથી છોટાભાઈ ? આ રળવું ને આ કરવું. આહાહા ! ત્રણલોકના નાથનો મારગ જિનેશ્વરનો... ક્યાંય છે નહીં–એની ગંધ ક્યાંય નથી. આહા ! એ મારગ સમજવા માટે ( નિવૃત્તિ જોઈએ ). ( શ્રોતાઃ આપ કહો છો ત્યારે બહુ ખુશી થઈએ છીએ ) એમાં શું પણ હજી એ સમજે તો... ખુશી થવાનું છે ને. કે વીતરાગે કહ્યો તે જ મારગ સત્ય છે એવું પોતાને અંદર સમજાય ત્યારે ખુશી થાય ત્યારે આનંદ આવે. આહાહા !

વ્યવહારનય, એટલે ? ભેદને અને અસદ્‌ભૂતને જાણનારું નય તેને વ્યવહારનય કહીએ ભેદને અને એમાં નથી ત્રિકાળીમાં એવાને જાણનાર નયને વ્યવહારનય કહીએ. એ વ્યવહારનય બધોય. ‘ બધોય ’ એટલે ચાર.‘ અસદ્‌ભૂત ઉપચાર વ્યવહારનય ’ રાગ આવે છે પણ ત્રિકાળમાં નથી માટે અસદ્‌ભૂત અને તેને જાણવામાં આવ્યું છતાં કહેવું કે આ રાગ એ ઉપચાર થયો. એ અસદ્‌ભૂત ઉપચાર વ્યવહારનય એ નિષેધવા લાયક છે. હવે તે વખતે રાગ છે સૂક્ષ્મ એ જાણવામાં આવતો નથી, છતાં છે એમ તો જ્ઞાનમાં જણાય, જ્ઞાનમાં જણાય એટલે જ્ઞાનમાં ખ્યાલમાં આવે આમ આ રાગ છે એમ ખ્યાલમાં ન આવે ભલે, પણ હજી આંહી રાગ સૂક્ષ્મ

છે. કેમ ? ન હોય તો તો અંદર આનંદ આવવો જોઈએ. સમજાય છે કાંઈ ? એ રીતે રાગને સૂક્ષ્મ છે તેને ખ્યાલમાં સીધો આવતો નથી, પણ છે માટે તે રાગને અસદ્ભૂત અણઉપચાર વ્યવહારનય કહેવામાં આવે છે. એ અસદ્ભૂતના બે ( પ્રકાર ) થયાં.

હવે સદ્ભૂતના બે ( પ્રકાર ). એ રાગને જાણનારું જ્ઞાન, એ જ્ઞાન છે તો પોતાનું, એથી છે પોતાનું માટે સદ્ભૂત પણ એ રાગને જાણે છે એમ કહેવું તે ઉપચાર છે. આહાહાહા ! પકડાય એટલું પકડવું બાપુ આ તો મારગ... આહાહા ! એ સદ્ભૂત ઉપચાર વ્યવહાર એટલે કે પર્યાય છે તે રાગને જાણનારી છે તે પર્યાય પોતાની છે. પણ રાગને જાણે છે એમ કહેવું તે સદ્ભૂત વ્યવહાર છે. સમજાણું કાંઈ ? અને તેથી તે રાગને જાણે છે એમ કહેવું તે સદ્ભૂત વ્યવહાર ઉપચાર છે. આહાહા ! રાગને જાણે છે એમ કહેવું એ તો સદ્ભૂત ઉપચાર છે. ખરેખર તો ‘ રાગનું જ્ઞાન છે તે જ્ઞાનને જ્ઞાન જાણે છે. ’ સમજાણું કાંઈ ? આહાહા ! આવો મારગ છે.

( શ્રોતાઃ ) પરને જાણવું તે ઉપચાર અને સ્વને જાણવું તે અણઉપચાર એમ લેવું ?

( ઉત્તરઃ ) જાણવામાં–રાગનું જ્ઞાન થયું, એ જ્ઞાન તો થયું છે પોતાથી, પણ છતાં રાગને જાણે છે એમ કહેવું એ સદ્ભૂત ઉપચાર છે. આહાહા ! અને તે જ્ઞાન તે આત્મા, એ અહીં ‘ જ્ઞાન તે આત્મા ’ એવો જે ભેદ પાડયો તે સદ્ભૂત અણઉપચાર વ્યવહારનય છે.

ચારેય નયો અસત્ય છે એમ કહેવું છે આંહી. આહાહા ! અસત્ છે એટલે ? કે એ આશ્રય કરવા લાયક નથી. ગૌણ કરીને તેને અસત્યાર્થ કહેવામાં આવે છે. નહીંતર ‘ જ્ઞાન તે આત્મા ’ વસ્તુ તે બરાબર છે. પણ તેનો ભેદ ઉપર લક્ષ જશે તો એને વિકલ્પ ઊઠશે તેથી તે વ્યવહારનયમાં–અણઉપચારનયને પણ અસત્ કહી દીધી છે.

એક કોર સદ્ભૂત પર્યાય છે એનામાં અને એ જાણે છે રાગને એમ સદ્ભૂત વ્યવહારનય ઉપચાર અને “ એ જ્ઞાન આત્મા છે ” એમ સદ્ભૂત અણઉપચાર, એકકોર પર્યાય છે તેને સદ્ભૂત કીધી, પર્યાયને હોં. આહાહાહા ! છતાં તેને ગૌણ કરીને જેને સત્ કીધી ’તી તેને અસત્ કીધી છે. આહાહાહા !

ફરીને હોં ? હળવે હળવે આ તો હળવેકથી, પાંચ મિનિટ છે.

વસ્તુ છે પ્રભુ ! પૂરણ એકરૂપ અભેદ એ તો દૃષ્ટિનો વિષય ( છે ). અને એ તો ભૂતાર્થ છે તેને વિષય કરે છે દૃષ્ટિ.

હવે, દૃષ્ટિનો વિષય નથી એવી નય છે ચાર. એક તો ઈ કે રાગ છે–એને જાણવું / રાગનું આંહી જ્ઞાન થાય ઈ અત્યારે આંહી વાત નહીં. ફક્ત રાગ જાણવામાં આવે છે કે આ રાગ છે એ અપેક્ષાએ તેને અસદ્ભૂત વ્યવહારનય ઉપચાર કહે છે. જાણવામાં આવ્યો છે અને છતાં–રાગ આંહી છે એમ ઉપચારથી કહ્યું, અને તે રાગને સૂક્ષ્મપણું તે ટાણે છે થોડું, એ જાણવામાં આવતું નથી છતાં રાગ છે એમ જ્ઞાનમાં આવે–ખ્યાલમાં ન આવે સીધું, પણ જ્ઞાનમાં હોય કે હજી આ સ્થૂળ રાગ છે તેમ સૂક્ષ્મ પણ રાગ છે, તેથી તે રાગના જાણનાર જ્ઞાનને ‘ અસદ્ભૂત અણઉપચાર વ્યવહારનય ’ કહેવામાં આવે છે. આહાહા !

હવે, સદ્ભૂતના બે ભેદ. કે રાગને ઓલું જાણે છે એ બીજી થઈ ગઈ વસ્તુ. આ તો રાગને જાણનારું જ્ઞાન છે, એ જ્ઞાન છે પોતાનું એટલે પોતાનું સદ્ભૂત છે છતાં એ જ્ઞાન રાગને

જાણે છે એમ કહેવું તે ઉપચાર છે. આહાહાહા ! એ વ્યવહારનય સદ્ભૂત પણ અસત્યાર્થ છે. ગૌણ કરીને તેને જુઠ્ઠી ઠરાવી છે.

અને ચોથી ( નય ) એ " જ્ઞાન તે આત્મા " ઓલું તો જ્ઞાન રાગને જાણતું હતું એટલું કહેવું હતું. છે પોતાનું પણ ( રાગને ) જાણે છે એમ કહેવું તે ઉપચાર. હવે એ " જ્ઞાન તે આત્મા " તેનું નામ ' સદ્ભૂત અણઉપચાર વ્યવહારનય ' કહેવામાં આવે છે.

એ બધાયના અર્થમાં આ ચાર છે. આ ' બધોય ' શબ્દ જે પડયો છે એના આ ચાર અર્થ છે.

એ ચારેય નયો અસત્યાર્થ હોવાથી–અસત્યાર્થ નામ તે ત્રિકાળી ચીજ નથી, ક્ષણિક છે અને તેનો આશ્રય કરતાં રાગ થાય છે, માટે તે નયને / વસ્તુ ચાર હોવા છતાં તેને ગૌણ કરીને અસત્ય છે તેમ કહેવામાં આવ્યું છે. આકરી ગાથા છે આ. સમજાણું કાંઈ ?

ગૌણ કરીને અસત્યાર્થ હોવાથી/અવિદ્યમાન, લ્યો જોયું, નથી તેને તે કહે છે. છે તો ખરું સદ્ભૂત જ્ઞાન... ત્યાં સદ્ભૂત જ્ઞાન–ઉપચાર, સદ્ભૂત જ્ઞાન અનુપચાર એમ કહ્યું. પણ ત્રિકાળની અપેક્ષાએ, એ સદ્ભૂત જે કહ્યું 'તું એને પણ ' નથી ' અસત્ય છે, એમ ગૌણ કરીને તેને ' નથી ' એમ કહ્યું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

' અવિદ્યમાન ' જાણે નથી મારે આશ્રય કરવા લાયક ચીજ ( વ્યવહારનય ) એ નથી, માટે ' નથી '. છે ભલે, વસ્તુ વસ્તુ તરીકે હો. આહાહા ! એ અસત્ય છે.

ત્રિકાળી સત્‌ની અપેક્ષાએ એ ચારે નયનો વિષય તે ગૌણ કરીને અસત્ય કીધો છે. અભૂત અર્થને પ્રગટ કરે છે, નથી સ્વરૂપમાં તેને તે નય પ્રગટ કરે છે.

સદ્ભૂત વ્યવહારનયનું ભેદપણું અને અસદ્ભૂતનું તદ્દન રાગનું એ વસ્તુમાં નથી, માટે તે અભૂત અર્થને પ્રગટ કરે છે. એનામાં નથી વસ્તુમાં તેને એ કહે છે, માટે તેને વ્યવહાર કહીને જૂઠો કહ્યો છે.

વિશેષ કહેવાશે. ( પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં. ૩૭ ગાથા-૧૧ તા. ૧૮-૭-૭૮ મંગળવાર, અષાઢ સુદ-૧૩ સં. ૨૫૦૪

સમયસાર, અગિયાર ગાથા. આ જૈનશાસનનો સાર છે–પ્રાણ છે. આને સમજ્યા વિના બીજું ગમે તેટલું સમજે ઈ કોઈ વાસ્તવિક જ્ઞાન નથી. આ નિશ્ચય ને વ્યવહાર બેય બરાબર જાણવા જેવા છે. જાણીને નિશ્ચયનો વિષય જે જ્ઞાયક ત્રિકાળ તે આદરણીય છે અને વ્યવહારનો વિષય ભેદ એ જાણવા લાયક છે–આદરવા લાયક નથી.

હવે કહે છે ' વ્યવહારનય ' વ્યવહારનય એટલે ? કે જે ભેદને વિષય કરે અને ભેદમાં પણ ગુણ ગુણીનો ભેદ અથવા રાગને જાણવાનો એવો ભેદ અથવા રાગ છે એવું જાણવું એવો જે ભેદ એને વ્યવહારનય કહે છે. ઝીણી વાત છે ભાઈ ! વ્યવહારનય એની વ્યાખ્યા એટલી, બધોય વ્યવહારના અધ્યાત્મની અંદર ચાર ભેદ પાડયા છે. એ અભૂતાર્થ હોવાથી એમ શબ્દ છે. ' અભૂતાર્થ છે ' એમ નથી કીધું. ' અભૂતાર્થ હોવાથી ' અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે.

એટલે શું ? વ્યવહારનય બધોય અસત્ય હોવાથી અસત્યનો અર્થ ? ત્રિકાળી વસ્તુ તરીકે

તે નથી. વ્યવહારનયનો વિષય ત્રિકાળી વસ્તુ નથી. એનો વિષય વર્તમાન ભેદ કે રાગનો ભેદ પરનો કે પોતામાં ગુણ ગુણીનો ભેદ એને અહીંયા વ્યવહારનય અસત્યાર્થ કહ્યો. છે ને ? બધોય અભૂતાર્થ હોવાથી એટલે કે જૂઠો હોવાથી એમ કીધું આંહી તો. એટલે શું ? જે આત્મામાં રાગ જણાય છે–પર્યાયમાં છે. વસ્તુમાં નથી.. અને તેથી તે રાગ છે તેને અસદ્ભૂત કહીએ–અસદ્ભૂત, વસ્તુમાં નથી, પર્યાયમાં છે. એથી તેને અસદ્ભૂત કહીએ અને એના બે પ્રકાર. રાગ અસદ્ભૂત છે રાગ એના બે પ્રકાર. વસ્તુમાં નથી પણ પર્યાયમાં છે. એથી એને વ્યવહાર કહ્યો ને અસદ્ભૂત કહ્યો.

એટલે કે જે રાગ થાય છે પર્યાયમાં છે, એને અસદ્ભૂત ઉપચાર નય કહે છે. કેમ ? છે એમ કહેવું–એ ઉપચાર છે. અને એને જાણનારું જ્ઞાન એ અસદ્ભૂત વ્યવહારનય છે. આહાહા ! રાગ છે પર્યાયમાં પણ અસદ્ભૂત છે વસ્તુમાં નથી, પણ પર્યાયમાં છે એ રાગને જાણવાના બે પ્રકાર. ( રાગ ) છે એ અસદ્ભૂત છે. અને અસદ્ભૂતનયનો એ વિષય છે. પણ છે ના બે પ્રકાર. એક જાણવામાં આવે છે બુદ્ધિપૂર્વક રાગ અને એક જાણવામાં નથી આવતો છતાં છે એવું જ્ઞાન કરવું. છે એ જાણવામાં આવે એને અસદ્ભૂત ઉપચાર કહે છે અને રાગ છે પણ જાણવામાં આવતો નથી પણ છે તેથી તેને અસદ્ભૂત અણઉપચાર કહે છે.

આવું કંઈ ચોપડામાં આવ્યું ન હોય. સંપ્રદાયમાં હાલતું નો હોય; દયા પાળો ને વ્રત કરો ને ભક્તિ કરો ને બાપુ ! મૂળ ચીજ. વસ્તુ જે છે આત્મા એ ત્રિકાળી તો જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ સહજાત્મસ્વરૂપ એ તો એક જ ભૂતાર્થ છે. છતી ચીજ છે; કે જેને વિષય ( ધ્યેય ) બનાવવાથી, જેને વિષય બનાવવાથી સમ્યગ્દર્શન થાય. એટલે કે પરમ સત્ય વસ્તુ જે ધ્રુવ સામાન્ય જ્ઞાયક એકરૂપ ભાવ એને વિષય બનાવવાથી–એને ધ્યેયમાં લેવાથી સમ્યગ્દર્શન થાય. એ ભૂતાર્થ વસ્તુ ત્રિકાળ છે એટલે એનો આશ્રય કરવાથી સત્ય દર્શન થાય પર્યાયમાં, સમ્યગ્દર્શન.

પણ, જે પર્યાયમાં રાગ છે, એ ત્રિકાળમાં વસ્તુમાં નથી. માટે તેને અસદ્ભૂત કહી અને વિદ્યમાન નથી એમ કહ્યું, અસત્યાર્થ કહ્યું એ છે જ નહીં. કઈ અપેક્ષાથી ? ત્રિકાળમાં નથી, માટે તે નથી એમ ગૌણ કરીને નથી કહ્યું, છે. ન હોય તો તો રાગ છે, જ્ઞાનીને પણ રાગ તો હોય છે. આહાહા ! જ્ઞાનીને પણ આત્મા જ્ઞાયક સ્વરૂપ છે પૂરણ આનંદ અભેદ સ્વરૂપ છે. એવી દ્રવ્યદૃષ્ટિ ધ્રુવદૃષ્ટિ હોવા છતાં પણ જ્ઞાનીને રાગ તો હોય છે.

રાગ હોય છે તેને જાણવાના બે પ્રકાર.. એક જાણવાના ખ્યાલમાં આવે એવો રાગ, પણ વસ્તુમાં નથી માટે ‘ અસદ્ભૂત વ્યવહાર ઉપચાર ’ અને ખ્યાલમાં ન આવે એવો રાગ, સ્વરૂપમાં નથી માટે અસદ્ભૂત પણ ખ્યાલમાં આવતો નથી છતાં છે એમ કહેવું એ ‘ અણઉપચાર અસદ્ભૂત ’ છે. આરે ! આવી વાતું છે. સમજાણું કાંઈ ?

વ્યવહારનયના ચાર પ્રકાર ( છે ). જે નથી એમ અહીં કહ્યું છે; નથી એટલે ? કે ત્રિકાળમાં એ નથી. અને ત્રિકાળની અપેક્ષાએ, ત્રિકાળના અભેદની અપેક્ષાએ જ્યારે ત્રિકાળીને સત્ય કહેવું છે ત્યારે તે આ ભેદને અસત્ કહીને–ગૌણ કરીને અસત્ કહીને એને વ્યવહારનયનો વિષય ગણવામાં આવ્યો છે.

આ તો અલૌકિક મંત્રો છે બાપા ! આહાહા ! સમજાણું કાંઈ ? આ મુદ્દાની રકમની વાત

છે આ તો. આ ગાથા તો જૈનદર્શનનો પ્રાણ છે.... જેમ પ્રાણ વિના જીવન ન રહે એમ આ ગાથાના ભાન વિના જૈનશાસન દૃષ્ટિમાં નહીં આવે. આહાહા ! સમજાણું કાંઈ ? વ્યવહારનય એટલે કે રાગને અને ભેદને વિષય કરનાર, એવો જે વ્યવહારનય, સમજાણું કાંઈ ? વ્યવહારનય એટલે ? જે જ્ઞાનનો વ્યવહારનય અંશ છે. એ નય ભેદને વિષય કરે–જાણે અને એનામાં નથી એવા રાગને પણ જાણે એ જાણે એનાં પ્રકાર પછી બે અને ભેદ છે એનાં પ્રકાર બે.

જાણે કે રાગ છે, એ ખ્યાલમાં આવે એવો રાગ છે એને અસદ્ભૂત વ્યવહાર ઉપચાર ( કેમકે ) ખ્યાલમાં ( રાગ ) આવ્યો છતાં છે એને ઉપચાર. અને તે ટાણે ઉપયોગ સ્થૂળ છે તેથી રાગ જાણવામાં આવે એની સાથે રાગ બીજો છે થોડો એ જાણવામાં આવતો નથી. જાણવામાં આવતો નથી માટે તેને અણઉપચાર કહ્યો અને આત્મામાં નથી માટે અસદ્ભૂત કહ્યો; અસદ્ભૂત અણઉપચાર, જાણવામાં નથી આવતો ઉપયોગમાં, છે ખરો, તેથી તેને અણઉપચાર અસદ્ભૂત વ્યવહારનય કહેવામાં આવે છે. પકડાય એટલું પકડવું બાપુ આ તો.

( શ્રોતાઃ અપ્રમત્તની વાત થઈ આ તો ) નહીં, નહીં. અપ્રમત્તની વાત નથી. આ તો રાગ હોય છે ત્યારની વાત છે. છઠ્ઠે ગુણસ્થાને પણ રાગ હોય છે ને ? સાતમે અબુદ્ધિપૂર્વક છે એમ અત્યારે આંહી નથી લેવું. સાતમે અબુદ્ધિપૂર્વક અને છઠ્ઠે બુદ્ધિપૂર્વક એમ નથી લેવું. દેવકીનંદને અર્થ એવો કર્યો 'તો. દેવકીનંદન હતા ' ને પંડિત, ઈન્દોરના. એવો અર્થ કર્યો છે એણે, પંચાધ્યાયીનો પછી આંહી આવ્યાં. શેઠની હારે, કીધું કે આ અર્થ તો તમારો ખોટો છે. અબુદ્ધિપૂર્વક સાતમે અને બુદ્ધિપૂર્વક છઠે–એમ નહીં, આંહી વાત–એમ નથી, આંહી કીધું. પણ, માણસ સરળ હતા, ( કહે ) સમજાવો. મહારાજ સુધારાવો. દેવકીનંદન હતા ને ઇન્દોરવાળા બહુ શાસ્ત્રના જાણનારા હતા. નરમ માણસ હતા ને. ગુજરી ગયા બિચારા.

એમણે પંચાધ્યાયીમાં એવો અર્થ કરેલો કે અબુદ્ધિપૂર્વક સાતમે અને બુદ્ધિપૂર્વક છઠ્ઠે–એટલે સાતમે છે એ અબુદ્ધિપૂર્વક છે એ અણઉપચાર અસદ્ભૂત અને આંહી બુદ્ધિપૂર્વક છે તે ઉપચાર અસદ્ભૂત. ઓલો અણઉપચાર અસદ્ભૂત ને ઉપચાર અસદ્ભૂત, કીધું એમ નથી પણ માણસ બહુ સરળ હતા. પંચાધ્યાયી છે એમનું આંહી, એમાં આવો અર્થ કર્યો છે પણ કીધું કે આ તમારી ભૂલ છે ( ત્યારે તે કહે ) અમે તો પંડિતો છીએ, ન સમજાય તો પણ લખી નાખીએ. કીધું એમ નો હાલે આ તો વીતરાગ મારગ છે. બહુ સરળ.

સાંભળો, અહીંયાં તો છઠ્ઠે ગુણસ્થાનમાં જે રાગ છે તેના બે પ્રકાર, એક બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક. આંહીયાં છઠ્ઠે બુદ્ધિપૂર્વક અને સાતમે અબુદ્ધિપૂર્વક ઈ અહીં નથી લેવું. સાતમે એકલો અબુદ્ધિપૂર્વક છે એ આંહી નથી લેવું. અહીંયા તો / ગોમટસારમાંય છે આ.

જે રાગ છે સમકિતીને– જ્ઞાનીને– મુનિને પણ એ રાગ છે, એમ જે છે એને જાણવો, બુદ્ધિપૂર્વક છે એમ ખ્યાલમાં આવે એને, એને અહીંયાં બુદ્ધિપૂર્વક અસદ્ભૂત ઉપચારનય કહ્યો છે. અને એને ને એને જે રાગ અંદર છે ઈ ખ્યાલમાં આવતો નથી પણ છે ખરો, ઉપયોગ સ્થૂળ છે. એટલો એવો અબુદ્ધિપૂર્વક– ( રાગ ) છે અને ખ્યાલમાં નથી આવતો તે તે જ જીવને જે ખ્યાલમાં નથી આવતો તે જીવને, તે રાગને ' અણઉપચાર અસદ્ભૂત વ્યવહારનય ' કહે છે. ભૈયા... ઝીણી વાત છે આ. આહાહા ! ધીમેથી કહીએ છીએ.

રાગ છે એ સ્વરૂપમાં નથી. માટે તેને અસદ્‌ભૂત કહ્યો હવે અસદ્‌ભૂતના બે પ્રકાર કે એક જાણવામાં આવે તેને અસદ્‌ભૂત ઉપચાર કહીએ અને તે જ ક્ષણમાં, તે જ વખતમાં જે રાગનો ભાગ છે અંદર, એ જાણવામાં આવતો નથી, માટે તેને અસદ્‌ભૂત અણઉપચાર ( વ્યવહાર ) નય કહેવામાં આવે છે. બુદ્ધિપૂર્વક ( રાગ ) છઠ્ઠે છે ને વ્યવહાર ઉપચાર અસદ્‌ભૂત કહીએ અને સાતમે ( ગુણસ્થાને ) અબુદ્ધિપૂર્વક છે માટે તેને અસદ્‌ભૂત અણઉપચાર કહીએ, એ આંહી વાત નથી. બાબુલાલજી ! સમજાય એવું છે ધીમેથી હોં. ઝીણો વિષય બહુ બાપુ ! આહા ! વીતરાગ મારગ પરમેશ્વર ત્રિલોકનાથનો. આહાહા !

ફરીને, અમારે બાબુલાલભાઈ કહે છે ને ફરીને ( લ્યો કહે છે ) આ વધારે વિસ્તાર કર્યો છે ને ?

આ આત્મા જે છે એ ત્રિકાળી ભૂતાર્થ જ્ઞાયકભાવ છે. એને ભૂતાર્થ કહીએ. છતી ચીજ, સત્ ચીજ, સત્ સાહેબો, સત્ સાહેબ પ્રભુ ! આહાહા ! અને તેની પર્યાયમાં ભેદથી એનું જ્ઞાન કરવું કે રાગ છે ઈ મારી પર્યાયમાં છે બુદ્ધિપૂર્વકનો ખ્યાલવાળો રાગ, તેને અસદ્‌ભૂત ઉપચાર કહીએ. અને તેને ખ્યાલમાં નથી આવતો એવો જે રાગ તેને અસદ્‌ભૂત અણઉપચાર વ્યવહાર કહીએ. કહો સમજાય છે કાંઈ ?

અને... સદ્‌ભૂતના બે પ્રકારઃ કે જે જ્ઞાન પોતાની પર્યાયમાં છે. પણ એ જ્ઞાન રાગને જાણે છે એમ કહેવું / ઓલું છે ઈ તો ફક્ત રાગ છે એમ જાણવું અને આંહી તો જ્ઞાનનો પર્યાય રાગને આમ જાણે પણ પર્યાય છે પોતામાં. એ પોતાની પર્યાય રાગને જાણે એમ સદ્‌ભૂત પર્યાય છે માટે સદ્‌ભૂત પોતામાં છે. પણ એને જાણવું કહેવું એ ઉપચાર એટલે સદ્‌ભૂત ઉપચાર થયો વ્યવહાર.

ધીમેથી સમજવું ભાઈ ! આહા... ! આ તો જૈનદર્શનનો પ્રાણ છે અગિયારમી ગાથા તો. એ કૈલાસચંદજીએ લખેલું છે એકવાર... છાપામાં કે ૧૧ મી ગાથા વીતરાગ પરમેશ્વર ( ના ) મારગનો પ્રાણ ( છે ) આ વિના જીવન-ચૈતન્ય કેમ છે એ તેને નહીં જણાય. આહા... હા !

( કહે છે કે ) એટલે વ્યવહારનય બધોય, બધોય એટલે ચાર ( પ્રકારનો ).

જે રાગ છે, એ પર્યાયમાં છે, વસ્તુમાં નથી. પણ એ પર્યાયમાં છે ઈ તો વ્યવહાર થઈ ગયો. અને પર છે માટે અસદ્‌ભૂત થઈ ગયો. એ અસદ્‌ભૂત વ્યવહાર એનાં બે પ્રકાર-જે ખ્યાલમાં આવે એવા રાગને ' અસદ્‌ભૂત ઉપચારનય ' કહીએ. અને તે જ વખતનો રાગ, ખ્યાલમાં નથી આવતો / ઉપયોગ સ્થૂળ છે માટે, તે રાગને-અબુદ્ધિપૂર્વક પડયો છે તેને તે જ જીવને એને અણઉપચાર ( કહ્યો ) ખ્યાલમાં આવતો નથી પણ છે, માટે અણઉપચાર અસદ્‌ભૂત વ્યવહારનય તેને કહેવામાં આવે છે. એ વસ્તુ ( વ્યવહાર ) બધોય અભૂતાર્થ છે, અભૂતાર્થ નામ વસ્તુમાં નથી, માટે તેને ગૌણ કરીને ' નથી ' એમ કહ્યું અસત્ય છે. છે તો ખરું, રાગ છે-ઈ બે પ્રકાર છે એને બુદ્ધિપૂર્વકનું જ્ઞાન તે વ્યવહાર અસદ્‌ભૂત ઉપચાર અને અબુદ્ધિપૂર્વક જ્ઞાનને અસદ્‌ભૂત વ્યવહાર અણ ઉપચાર ' છે ' ( પરંતુ ) આંહી કહે છે કે ' અભૂતાર્થ હોવાથી '.

શું કીધું ? એ ' નથી ' એટલે ગૌણ કરીને ' નથી ' એમ કહ્યું છે. બિલકુલ નથી તો તો વ્યવહારનયનો વિષય જ નથી વર્તમાનમાં. સમજાણું કાંઈ ? ગુણવંતભાઈ ! છે ને પુસ્તક સામે ?

આહાહા ! આવો મારગ !

ભગવાન આત્મા, એક સમયમાં સત્યાર્થ સ્વરૂપ, પૂરણ સ્વરૂપ, અભેદ સ્વરૂપ; સામાન્ય સ્વરૂપ; સત્યાર્થ વસ્તુ ત્રિકાળ, તે તો શુદ્ધનયનો વિષય છે એથી એને ત્રિકાળને શુદ્ધનય પણ કહેવામાં આવે છે. અને આંહી ( સાધકને ) જે રાગ એનામાં ( પર્યાયમાં ) છે, હજી સાધક છે એની વાત છે ને અહીંયા. નયનું જ્ઞાન તો શ્રુતજ્ઞાનીને હોય છે ને ? કેવળીની આ વાત નથી કાંઈ, એટલે શ્રુતજ્ઞાનથી જેણે જ્ઞાયકને આમ જાણ્યો–અનુભવ્યો એ તો નિશ્ચય, પણ એ શ્રુતજ્ઞાનમાં હજી આ બાજુમાં જે રાગ છે એ ખ્યાલમાં આવે એવા રાગને ‘ અસદ્ભૂત ઉપચાર વ્યવહાર ’ કહે છે. અને ખ્યાલમાં ન આવે એને ‘ અસદ્ભૂત અણઉપચાર ’ ( વ્યવહારનય ) કહે છે.

પણ એનામાં છે તેને ‘ જાણવું ’ આંહી તો એમ કહ્યું કે ‘ બધોય ’ અભૂતાર્થ–અવિદ્યમાન ‘ નથી ’ તેને કહે છે. એનો અર્થ ? કે ત્રિકાળની સત્‌ની અપેક્ષાએ એ વસ્તુ નથી, પર્યાયની અપેક્ષાએ એમાં છે. આહાહા ! ત્રિકાળને જ્યારે મુખ્ય કરીને નિશ્ચય કહીએ, ત્યારે ભેદને ગૌણ કરીને ‘ નથી ’ એમ કહીએ, ગૌણ કરીને અભૂતાર્થ હોવાથી–અભૂતાર્થ હોવાથી, અસત્યાર્થ હોવાથી, જૂઠું હોવાથી... આહાહા ! શશીભાઈ ! આવો વિષય છે. આ લોકો એકદમ સમજ્યા વિના, બહારના આ દયા ને વ્રત ને એ તો બધા અજ્ઞાન છે મિથ્યાત્વ.

જે રાગ, સ્વરૂપમાં નથી તે રાગને કરવો ને માનવો એ તો મિથ્યાત્વ છે. કરવો ને માનવો એમ. આમ સ્વરૂપનું જ્ઞાન થયા પછી, રાગ થાય તેને ‘ અસત્યાર્થ હોવાથી ’ એમ કહ્યું. કેમ કે કાયમની ચીજની દૃષ્ટિની અપેક્ષાએ વ્યવહારનો વિષય જે નથી અવિદ્યમાન છે. વિદ્યમાન તો ત્રિકાળી ચીજ છે તે છે. આહાહા !

વસ્તુ છે સમ્યગ્દર્શનનો વિષય, એ તો શુદ્ધનયનો વિષય તે સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી, ત્રિકાળી ભગવાન, પૂર્ણાનંદનો નાથ પ્રભુ ધ્રુવ ( આત્મા ) એ સત્યાર્થ છે. અને તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. હવે જ્યારે પર્યાયમાં પણ હજી રાગ છે, તો એ રાગને શું કહેવું ? કે તેને અહીંયા ત્રિકાળીને સત્ય કહ્યું છે એ અપેક્ષાએ રાગ છે તેને અસત્ય કહ્યો છે, છે ?

તેને ત્રિકાળીને જ્યારે સત્ય કહ્યું તો આ ( રાગ પર્યાયમાં ) છે તેને અસત્‌ કહ્યું છે પણ નથી એમ નહીં. સમજાણું કાંઈ ? એ રાગના બે પ્રકાર જાણવા એ અસદ્ભૂત વ્યવહારના ઉપચાર–અણઉપચારના બે પ્રકાર થયાં. હવે બે ભેદ બીજા સદ્ભૂતના. એ પણ ‘ અભૂતાર્થ હોવાથી ’ આંહી કહ્યું છે. વ્યવહારનયનો સદ્ભૂતનો વિષય એ પણ ‘ નથી ’ –અવિદ્યમાન છે એમ કીધું. એ કઈ અપેક્ષાએ ? કે ત્રિકાળ સત્‌ને મુખ્ય કરીને જ્યારે નિશ્ચય છે એમ કહ્યું ત્યારે આ પર્યાયને ગૌણ કરીને ‘ નથી ’ એમ કહ્યું છે.

હવે એ સદ્ભૂતના પણ બે પ્રકાર, કે જે જ્ઞાનનો વર્તમાન પર્યાય રાગને જાણે છે એમ કહેવું–જાણે છે એમ કહેવું એ સદ્ભૂત ઉપચાર, એ પણ ત્રિકાળની અપેક્ષાએ ‘ અવિદ્યમાન ’ છે. આરે ! આવી વાતું. સમજાણું કાંઈ ? વર્તમાનની અપેક્ષાએ તો સત્‌ છે. ન હોય તો તો વેદાંત થઈ જાય છે. પર્યાય નથી–રાગ નથી, આ તો વીતરાગ સર્વજ્ઞનું શાસન છે. આહાહા !

એટલે કે સદ્ભૂત વ્યવહાર એટલે ? એનાં બે પ્રકાર, કે જે જ્ઞાન પોતામાં ( છે ) પર્યાયની વાત છે હવે અત્યારે. જ્ઞાનની પર્યાય પોતામાં છે એથી સદ્ભૂત, પણ એ જ્ઞાન રાગને જાણે છે

એનું નામ ઉપચાર, એ સદ્‌ભૂત ઉપચારને અવિદ્યમાન છે એ ત્રિકાળીને વિદ્યમાન ગણીને આને અવિદ્યમાન ગૌણ કરીને અવિદ્યમાન છે એમ કહ્યું છે. આહાહાહા ! કહો છોટાભાઈ ? કોઈ દિ ' આ વિચારેય કર્યા ન હોય એમાં. આહાહા ! આવો મારગ વીતરાગનો, આહા... ભાખ્યો શ્રીવીતરાગ-ત્રિલોકનાથ પરમાત્મા ( એ ) દિવ્યધ્વનિમાં એ કહ્યું છેઃ પ્રભુ તું ( કેવો છે ? ) અમે આંહી કહીએ છીએ કારણ કે પાઠ એમ છે ને ? ' અભૂતાર્થત્વાત્ અભૂતમર્થમ્ ' જૂઠો છે માટે જૂઠા અર્થને પ્રગટ કરે છે. એમ કહ્યું. પાઠ તો એવો છે સંસ્કૃત અભૂતાર્થ... અભૂતાર્થત્વાત એટલે ' નથી ' તેને કારણે અસત્ કહ્યો છે. પાઠ તો એવો છે. એનો અર્થ એટલો... કે વસ્તુની ( જે ) ત્રિકાળી સત્ય વસ્તુ પ્રભુ, એની દૃષ્ટિનો વિષય જે ત્રિકાળી સત્ છે, અને વ્યવહારનો વિષય એને ગૌણ કરીને અસત્યાર્થ હોવાથી, અસત્ય અર્થને પ્રગટ કરે છે એમ કહ્યું છે. અને શુદ્ધનય સત્યાર્થ હોવાથી, એક સત્યને જ પ્રગટ કરે છે. આહાહા ! આવું કામ.

ફરીને, વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી એમ શબ્દો છે ને ? પાધરું અભૂતાર્થ એમ નથી લીધું. અભૂતાર્થત્વાત્ અભૂતમ્અર્થમ્ પ્રગટ કરે છે જૂઠો હોવાથી જૂઠા અર્થને પ્રગટ કરે છે એમ કહ્યું. સમજાણું કાંઈ ? આહાહા !

એટલે ? કે ત્રિકાળી વસ્તુ જે જ્ઞાયક પૂરણ પ્રભુ એને જ્યારે સત્યાર્થ કહ્યો અને એ જ સમ્યગ્દર્શનનો વિષય એટલે શુદ્ધનયનો વિષય કહ્યો, તેને જ્યારે સત્ય કહ્યું, ત્યારે પર્યાયના આ ભેદ છે કે જે જ્ઞાન રાગને જાણે એ જ્ઞાનની પર્યાય છે, પણ એ રાગને જાણે એમ કહેવું, એ સદ્‌ભૂત ઉપચાર છે. એ અભૂતાર્થ હોવાથી નથી એમ કહ્યું, છે તો ખરો પણ ત્રિકાળની અપેક્ષાએ તેને અસત્ય કહીને, અસત્ય અર્થને પ્રગટ કરે છે. આહાહા ! રાગને જાણવું એવું જે જ્ઞાન, જ્ઞાન રાગને જાણે એ અસત્ અર્થને પ્રગટ કરે છે. આહાહાહા ! સમજાય એટલું સમજવું પ્રભુ આ તો ! વીતરાગ મારગનો ઊંડો ઊંડો ગંભીર ભાવ છે. ભાઈ ! આહાહા !

ધીમે... ધીમે બધું કહેવાશે હોં હળવે... હળવે... એકદમ મૂકી નહીં દઈએ. અમારે બાબુલાલ કહેતા'તાને કે ફરીને લ્યો. ભાઈ ! આ તો બે-ચારવાર લઈએ તોય કાંઈ પાર ન આવે. આહાહા ! વ્યવહારનય એટલે ? ભેદને અને એમાં નથી એવા રાગને જાણે તેને વ્યવહારનય કહે છે. આ ટૂંકી ભાષા, વ્યવહારનય એટલે અભેદમાંથી ભેદને કરવો અને એનામાં નથી એવા રાગને એ બેને જાણવું, એ નથી ત્રિકાળની અપેક્ષાએ તે નથી. ગૌણ કરીને એ નથી એમ કહીને એ અભૂતાર્થ હોવાથી છતી ચીજને તે જણાવતો નથી. છતી ચીજને તે પ્રગટ કરતું નથી. આહાહાહા ! છતી ચીજને પ્રગટ કરતું નથી જો પછી વ્યવહારનયનો વિષય છતો નથી ? નય છે તેનો વિષય જો હોય નહીં તો નય ન હોય. પણ અહીં ત્રિકાળને જ્યારે સત્યાર્થ કહીને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો ત્યારે તે વ્યવહારના ભેદોને એની પર્યાયમાં જ્ઞાન છે એ જ્ઞાન રાગને જાણે છે. એવું હોવા છતાં અને બીજી વાત, " એ જ્ઞાન તે આત્મા " હવે આમ લીધું એ પણ ' સદ્‌ભૂત અણઉપચાર ' થયો ' જ્ઞાન તે આત્મા ! ' એને પણ અભૂતાર્થ એટલે કે કાયમી ચીજ નથી તેને તે પ્રગટ કરે છે ભેદને, તેને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહાહા !

રાતે પ્રશ્ન કરવા, નો સમજાય ઈ પણ કોઈ પ્રશ્ન તો કરતું નથી. ( શ્રોતાઃ અમારી ભૂલ તમે જાણી જાવ. ) એમાં શું વાંધો છે ભૂલ તો.... સમજવા માટે તો... ગમે એવા પ્રશ્ન હોય શકે

આહાહા ! અને આ તો ખાસ ચીજ છે. આહાહા !

એટલે ? વ્યવહારના ચાર પ્રકાર થયાં એક રાગ બુદ્ધિપૂર્વક થાય તેને જાણવો એ અસદ્‌ભૂત ઉપચાર, એ વખતે રાગ જણાતો નથી તે વખતનો રાગ એનો ને એનો, તેને અસદ્‌ભૂત અણઉપચાર અને અહીંયા જ્ઞાનની પર્યાય પોતામાં છે પણ એ જ્ઞાન રાગને જાણે છે. છતાં એ તો પર્યાય છે, પર્યાય છે માટે સદ્‌ભૂત વ્યવહાર થઈ ગયો. અને એ રાગને જાણે છે એ સદ્‌ભૂત ઉપચાર થઈ ગયો. સદ્‌ભૂત વ્યવહાર ઉપચાર, પર્યાય છે માટે વ્યવહાર, પણ પોતામાં છે માટે સદ્‌ભૂત. સમજાણું કાંઈ ?

અને એ જ્ઞાન રાગને જાણે છે એમ કહેવું / ઈ જાણે છે તો જ્ઞાન જ્ઞાનને; પણ એ જ્ઞાન રાગને જાણે છે એમ કહેવું એ ‘ સદ્‌ભૂત ઉપચાર વ્યવહારનય ’ નથી તેને પ્રગટ કરે છે એમ જે કીધું એ ગૌણ કરીને નથી એમ કહ્યું છે. સમજાણું કાંઈ ?

અને જ્ઞાનની પર્યાય એનામાં હોવા છતાં એ તો વ્યવહાર છે. સદ્‌ભૂત વ્યવહાર છે. એને રાગને જાણે છે એમ કહેવું એ ઉપચાર છે. ખરેખર તો જ્ઞાનની પર્યાય જ્ઞાનને જાણે છે. જ્ઞાનની પર્યાય જ્ઞાનને જાણે છે. છતાં એ જ્ઞાનની પર્યાય રાગને જાણે છે એમ કહેવું એ પોતાની પર્યાય છે માટે સદ્‌ભૂત, એને ( રાગને ) જાણે છે એમ કહેવું એ ઉપચાર અને પર્યાય છે માટે વ્યવહાર. આહાહા ! એને અહીંયા અસદ્‌ભૂત હોવાથી અસદ્‌ભૂત અર્થને પ્રગટ કરે છે એટલે કે ત્રિકાળી ચીજમાં એ નથી અને પર્યાયમાં છે, પણ પર્યાયને ગૌણ કરીને, એનો આશ્રય છોડાવવા તે નથી તેમ ગૌણ કરીને કહ્યું છે સર્વથા નથી એમ નથી. સમજાય છે કાંઈ... ?

( શ્રોતાઃ ) દ્રવ્યમાં તો સર્વથા જ નથી ?

( ઉત્તરઃ ) દ્રવ્યમાં એમ દ્રવ્યમાં એ જ્યારે એની એ દ્રવ્ય વસ્તુ છે એ અભેદમાં નથી. ભેદમાં છે એના દ્રવ્યના ભેદમાં, પણ અભેદમાં નથી. અભેદમાં નથી માટે તેને વ્યવહાર કહ્યો. ભેદ પાડવો એ વ્યવહાર છે. જ્ઞાનની પર્યાય એ કહેવી એ ભેદ–વ્યવહાર થઈ ગયો; પર્યાય જે કહેવી એ જ વ્યવહાર થઈ ગયો; અને એ વ્યવહાર રાગને જાણે છે એમ કહેવું એ સદ્‌ભૂત વ્યવહારનો ઉપચાર થઈ ગયો. આહાહા !

હવે ચોથો, ‘ જ્ઞાન તે આત્મા ’ એટલો ભેદ પડયો ને ? એ ય વ્યવહાર છે. કારણ કે જ્ઞાન તે આત્મા એ ભેદ થઈ ગયો. ભેદને ગૌણ કરીને, અસત્ય અર્થને પ્રગટ કરે છે. –ઇ સદ્‌ભૂત અણઉપચાર નય. જ્ઞાન તે આત્મા એ સદ્‌ભૂત અને અનુપચાર એનામાં છે. સદ્‌ભૂત ને અણઉપચાર એટલે છે –આ જ્ઞાન તે આત્મા એમ જાણી શકાય, પણ એટલો ભેદ પડયો અને તેથી તેનામાં પર્યાય તો સદ્‌ભૂત છે. પણ ઓલા રાગને જાણવું એમ કહેવું એ ઉપચાર છે ને આને જાણવું કહેવું એ નિશ્ચય અણઉપચાર છે. આહાહા !

એવો જે ‘ જ્ઞાન તે આત્મા ’ એવો જે ભેદ એ સદ્‌ભૂત અણઉપચાર. એ વ્યવહારનય છતી ચીજને પ્રગટ કરતો નથી. અસત્‌ને પ્રગટ કરે એટલે કે ત્રિકાળી ચીજમાં એવો ભેદ નથી, એ ભેદને ગૌણ કરીને, ભેદ નથી અને વ્યવહારનયનો વિષય અસત્યને પ્રગટ કરે છે એમ કહેવામાં આવે છે. શુકનલાલજી ! આમાં તો પંડિતાઈ પડી રહે એવું છે બધી. આહાહાહા ! કાલ તો કહેવાણું ’ તું આ તો ફરીને... સાડત્રીસ, આડત્રીસ મિનિટ તો થઈ.

વ્યવહારનય બધોય એટલે આ ચાર ( પ્રકારનો ) અભૂતાર્થ નામ અસત્ય હોવાથી-અસત્યનો અર્થ ગૌણ કરીને અસત્ય હોવાથી અને મુખ્ય ત્રિકાળીને મુખ્ય કરીને સત્યાર્થ હોવાથી. આહાહા ! કેમકે ત્રિકાળી જે સત્ય વસ્તુ છે પૂરણ બ્રહ્મ પ્રભુ, એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. માટે તે ભૂતાર્થ વસ્તુ તે જ ત્રિકાળી છે, કે જેને આશ્રયે સમ્યક્ થાય, અને આ જે ભેદ છે એને આશ્રયે તો રાગ થાય. ભેદને આશ્રયે વિકલ્પ ઊઠે, તેથી તે ભેદને-રાગના ભેદને અને ગુણ ગુણીના ભેદને પણ, અસત્યાર્થ કહીં અસત્ય અર્થને પ્રગટ કરે છે એટલે ત્રિકાળી સત્યને પ્રગટ કરતું નથી, ભેદને પ્રગટ કરે છે એ અભેદમાં ભેદ નથી, તેથી તેને ગૌણ કરીને વ્યવહારનય અસત્યને પ્રગટ કરે છે.

( શ્રોતાઃ પ્રગટ કરે છે એટલે ? ) બતાવે છે. છે તો અસત્ય. આહા... હા ! હજી એ શબ્દ આવ્યો નથી પણ પહેલાં એ અર્થ કર્યો. હવે આવશે જુઓ. વ્યવહારનય બધોય એટલે ચાર, અભૂતાર્થ એટલે જૂઠા હોવાથી જૂઠો હોવાથી. ( શ્રોતાઃ છે એને જૂઠો કેમ કહ્યો ? ) એ તો કીધું ને ગૌણ કરીને જૂઠો કહ્યો છે. કારણ કે દૃષ્ટિનો વિષય એને બતાવવા, અને દૃષ્ટિનો વિષય તે જ સત્ય છે અને ત્યાં જ દૃષ્ટિ કાયમ રાખવા જેવી છે. એ અપેક્ષાએ ભેદની દૃષ્ટિ રાખવા જેવી નથી, છતાં એ છે એવું જ્ઞાન કરવા જેવું છે. છે એવું જ્ઞાન પણ આંહી તો ગૌણ કરીને નથી એમ કહ્યું છે. આહાહાહા ! છે કે નહીં સામે પાઠ ?

આલાપ પદ્ધતિમાં બીજું કહ્યું છે ભાઈ. એ આગમ પદ્ધતિનું છે. આગમની ભાષા છે. આ અધ્યાત્મની ભાષા છે.

અહીંયા તો પ્રભુ ! આત્મા પરમાત્મ સ્વરૂપે ત્રિકાળી એકરૂપ વસ્તુ છે, તેને જ અહીંયા જ્યાં સત્યાર્થ ને ભૂતાર્થ ને છતી ચીજ તેને કહેવામાં આવી છે, અને તેની પર્યાય અને તેમાં રહેલો રાગ તેને ગૌણ કરીને ' નથી ' કહીને-વ્યવહારનો વિષય તે અસત્ય અર્થને પ્રગટ કરે છે. આહાહા ! કેમ કે જે ત્રિકાળી નથી, વર્તમાન છે તેનો આશ્રય કરવા જેવો નથી, માટે તેને ગૌણ કરીને, વ્યવહારને અસત્યાર્થ કહ્યો છે. આવું છે બાપુ ! આહાહાહા !

( શ્રોતાઃ વ્યવહાર ને અસત્યાર્થ કહેશું તો સંસારજ નહીં રહે. ) એ વસ્તુમાં છે નહીં અને ત્રિકાળીને મુખ્ય કરવા માટે-એને સત્ય કરવા માટે-ત્રિકાળીને મુખ્ય કરીને સત્ય કરવા માટે, આને ગૌણ કરીને, અસત્ય કહીને... નથી એમ કહ્યું છે. આહાહા ! હસમુખભાઈ આવ્યા છે, ભાઈ પણ આવ્યા છે ને જયંતીભાઈ.

આવી વાતું છે આ ઝીણી, હળવે હળવે સમજાય એવું છે હોં ધીમે... ધીમે... ખ્યાલ રાખે ને. આહાહા ! આ તો ભગવાન, સમજનારને સમજાવે છે ને ? કે એ રાગને સમજાવે છે ? હેં ? શરીરને સમજાવે છે ? ઓલો સમજનાર છે એને સમજાવે છે. આહાહા !

ભાઈ ! તું આ રીતે સમજ, એ ત્રિકાળી પ્રભુ છે. આહાહા ! તેને અમે મુખ્ય કરીને, સત્ય તે જ છે એમ તેને નિશ્ચય કહ્યો છે. અને પર્યાયમાં સદ્ભૂત એની પર્યાય હોવા છતાં, જ્ઞાન અને આત્મા એમ અણઉપચાર ભેદ પાડયો એમ છે તો ખરું. પણ ભેદ પાડયો માટે એને ગૌણ કરીને ' જ્ઞાન તે આત્મા ' એને પણ ગૌણ કરીને, ' જ્ઞાન તે આત્મા ' એ અસત્ અર્થને પ્રગટ કરે છે એમ કહ્યું. આહાહાહાહા !

કહો ધીરૂભાઈ ? ન્યાં હતું કાંઈ ત્યાં ? મંદિર બનાવો ને આ કરો ને ઢીકણું કરો ને. આહાહાહા ! ત્રણ લોકનો નાથ બાદશાહ–પૂર્ણાનંદનો નાથ બાદશાહ અંદર બિરાજે છે ને ! એ બાદશાહ છે તે જ સત્ય છે એમ કહી અને એનામાં પર્યાયનો અને રાગનો ભેદ પડે તેને ( અસત્ કહ્યો ) છે તો ખરું, પણ તેને ગૌણ કરીને, વ્યવહારનય અસત્યને પ્રગટ કરે છે એમ કહેવામાં આવ્યું છે. ' નથી ' જ એને પ્રગટ કરે છે એમ નહીં. આહાહા! સમજાણું કાંઈ ?

વ્યવહારનયનો વિષય જ નથી તો નય શું ? નય તો વિષયી છે. અને સામો એનો વિષય હોય ત્યારે વ્યવહારનય હોય છે. સમજાણું કાંઈ ? નિશ્ચયનય છે આહાહા ! એ પણ વિષયી છે. એનો વિષય જો ન હોય તો વિષયી જ ક્યાં ? આહાહા ! નિશ્ચયનો વિષય તો ત્રિકાળી જ્ઞાયકભાવ છે. આહાહા ! અને વ્યવહારનો વિષય વર્તમાન પર્યાય ને રાગ ભેદ છે, વિષય એનો છે તો નય કહેવામાં આવે છે. પણ તે વિષયને ગૌણ કરીને એ અસત્યને, ત્રિકાળીને પ્રગટ કરતો નથી ભેદને અને રાગને પ્રગટ કરે ( છે ) માટે ગૌણ કરીને અસત્ય અર્થને પ્રગટ કરે છે. એમ કહ્યું છે. આહાહાહાહા ! કહો દેવીલાલજી ! આવી વાતું છે. હજી તો આ પહેલી લીટીનો અર્થ હાલે છે આ. આહા... હા !

અરે ! ભગવાન અંદર પ્રભુ એ જ્ઞાનનું બિંબ, ચૈતન્ય બિંબ પ્રભુ તું છો ને ? આહાહા ! એકલા ચૈતન્યના પ્રકાશનું નૂરનું તેજ સામાન્ય અભેદરૂપે વસ્તુ તું છો એને સત્ય કહીને એને સાચું કહીને, તે જ છતો પદાર્થ છે એમ કહીને, તેનો વિષય નયનો વિષય તેને બનાવ્યો નિશ્ચયનો, અને પર્યાયમાં પર્યાય અંશ છે તે ભેદ છે અને રાગ પણ પર છે, એનામાં નથી, એનો વિષય વ્યવહારનય છે. એ વ્યવહારનય એને જાણે છે એ તો બરાબર છે પણ આંહી એને ગૌણ કરીને વ્યવહારનયનો વિષય નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહા ! આવો મારગ ! દિગંબર જૈનદર્શન સિવાય સાંભળવા મળે એવું નથી બાપુ. આહાહા ! સનાતન જૈનદર્શન ત્રણલોકના નાથનું કહેલું, આહાહા ! પૂર્વાપર વિરોધ રહિત એવું એ જૈનશાસન છે. પણ એને સમજવા માટે ઘણો પ્રયત્ન જોઈએ. ઘણી નિવૃત્તિ લઈને પુરુષાર્થથી તેને સમજવું જોઈએ.

વ્યવહારનય બધોય એટલે ચાર ( પ્રકારનો ) અભૂતાર્થ હોવાથી જૂઠો હોવાથી, કહો વ્યવહારનય જૂઠો તો પર્યાય નથી ? ( નથી, તો ) તો વેદાંત થઈ ગયું આમાંથી કાઢે છે ઈ... ઓલો ! નાથુરામ પ્રેમી એમ કહેતા કે આ તો વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે, કુંદકુંદાચાર્યે સમયસારને.

અરે... ન્યાં આગળ તો કીધુંકે ભગવાન અહીં આવ્યું કે પર્યાય છે, દ્રવ્યની છે, પરથી જુદી છે, પોતામાં છે અને પર્યાય દ્રવ્યથી જૂદી પોતામાં છે એમ બધું સિદ્ધ કર્યું છે. ઈ વેદાંતમાં કે દિ ' હતું ? આહાહાહા ! ઈ કહેતા ઈ, આ પર્યાયને અભૂત કીધી ને ? પર્યાય તે નથી એમ કીધું અહીં તો ! દ્રવ્ય તે છે પર્યાય નથી અસત્ય છે એટલે કે નથી. એમ કહ્યું 'તું ને ? બાપુ ! કઈ અપેક્ષાએ કહ્યું ? ( શ્રોતાઃ અપેક્ષાથી કહ્યું. ) એની અપેક્ષાએ... એને ગૌણ કરી એનું લક્ષ છોડાવવા, એ નથી એમ કહ્યું અને જેનું લક્ષ દેવું છે એને મુખ્ય કરીને તે જ સત્ય છે એમ દૃષ્ટિ કરાવવી છે. સમજાય છે કાંઈ ?

( શ્રોતાઃ ગૌણ છે તેને ગૌણ કરાવેલ છે ? ) પણ હોય એને ગૌણ કરે ને ? નથી એને ગૌણ શું કરવું ? કાંઈ ચીજ જ નથી એને ગૌણ કરી ? ગૌણ કોને કરે ? તળેટીને ગૌણ કરવી ને ઉપર

ચઢવું, પણ... તળેટી છે કે નહીં ? ગૌણ કરી નાખવી, ન્યાં ઉભા રહેવું નથી – જાવું છે ઉપર. તળેટીને ગૌણ કરીને જ્યાં જવું છે તેને મુખ્ય કરીને તે છે એમ કહ્યું. એમ વ્યવહારની તળેટી છે. એને અસત્ય કહીને ન્યાંથી ખસીને જાવું છે અંદરમાં. આહા ! સમજાણું કાંઈ ? માટે તે તળેટીને જેમ અસત્ કહી, પણ તળેટી છે કે નહીં ? ( શ્રોતાઃ છે ). તળેટી છોડીને પછી જાય છે ને આમ અંદર છે એને તળેટીને છોડીને જાય છે કે નહીં ? તેમ વ્યવહારનયનો વિષય છે, એને છોડીને નિશ્ચયની દૃષ્ટિ કરે છે. આહાહાહા !

( શ્રોતાઃ ) સત્તા તો છે પણ નજરમાં ગૌણ કરે છે.

( ઉત્તરઃ ) આંહી તો ગૌણ-મુખ્યથી કથન છે તે આવશે અંદર ભાવાર્થમાં, પણ એને ગૌણ કર્યું માટે અભાવ જ માની લેવો, મિથ્યાદૃષ્ટિ છે. પર્યાય નથી ? રાગ પર્યાયમાં નથી ? તો તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વરૂપ કેવળજ્ઞાન પરમાત્મા હોવો જોઈએ. સમજાણું કાંઈ ? રાગ પર્યાયમાં નથી ? તો તો પછી કેવળજ્ઞાન થઈ ગયું ! આ તો સાધક જીવની વાત છે. આહાહાહા !

જેણે આત્મા એક સમયમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ ધ્રુવસ્વરૂપ જેને અતીન્દ્રિય સ્વાદ આવ્યા છે જેને. આહાહા! એ અતીન્દ્રિયનો સ્વાદ લેવા માટે અતીન્દ્રિય એકરૂપ પદાર્થ તે સાચો છે, માટે સાચાને મેળવ, સાચાને મેળવ અને આ વસ્તુ તને આશ્રય કરવા જેવી નથી તેથી તેને ગૌણ કરીને નથી તેમ કહ્યું છે. માટે ન્યાંથી ખસી જા. આહાહા ! સમજાણું કાંઈ ?

સમજાય એટલું સમજવું બાપુ ! ભગવાનના મારગની ગહનતાનો પાર નથી. આહાહા ! એની સૂક્ષ્મતા એની ગંભીરતા. ઓહોહોહો !

વ્યવહાર- નિશ્ચયની પણ ગંભીરતા બાપુ અપૂર્વ છે. આહાહા ! બારમીમાં તો કહેશે, વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે એમ કહેશે. નથી એને જાણેલો કહેવાય ? આમાં નિશ્ચયને મુખ્ય કરી વ્યવહારને ગૌણ કરી, નથી એમ કહ્યું. વ્યવહારમાં કહેશે બારમી ગાથામાં કે તને ભાન થયું કે આત્મા અખંડ ભૂતાર્થ છે, હવે પર્યાયમાં ? અપૂર્ણતા ને રાગ છે કે નહીં ? છે. જો ન હોય તો વીતરાગ કેવળી થઈ જાય.

‘ તો જાણેલો ’ -જાણવું તો એનો વિષય છે કે નહીં ? ‘ જાણેલો પ્રયોજનવાન છે ’ – વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. જાણવું જોઈએ, આદરણીય માટે પ્રયોજન છે એમ નહીં. આહાહાહા !

વ્યવહારનય બધોય એટલે આંહી ચાર બોલ લેવા બસ અધ્યાત્મના. અભૂતાર્થ નામ અસત્ય હોવાથી વ્યવહારનય અસત્ય હોવાથી-પર્યાય ને પર્યાયના ભેદોમાં રાગાદિ તે જૂઠા હોવાથી, અવિદ્યમાન, નથી તેને અસત્યને અભૂતને નથી તેને-એવા નથી તેને અર્થને પ્રગટ કરે છે, નથી તેના ભાવને પ્રગટ કરે છે. આહાહા !

એક લીટીમાં કેટલું ભર્યું છે. આહાહા ! ઈ સંતો અને કેવળીઓ એની વ્યાખ્યા કરતા હશે ! આહાહાહાહા ! મુનિને ત્રણ કષાયનો અભાવ થઈને પ્રચૂર આનંદની ભૂમિકા જેને પ્રગટ થઈ છે. આહાહા ! એ શાસ્ત્રોના અર્થો કેવા કરતા હોય. આહાહા ! સંતો, વીતરાગી મુનિ દિગંબરો એની શું વાત કહીએ બાપુ ! કેમકે આતો એમનું કહેલું કથન છે. આહાહા !

એ અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન્- નથી. વ્યવહારનય જ નથી એટલે વ્યવહારનો વિષય

જ નથી ગૌણ કરીને નથી, અસત્ય અને અભૂત એટલે નથી એવા અર્થને, નથી એવા ભાવને–નથી એવા ભાવને પ્રગટ કરે છે. આહાહા ! ઈ એક નયના વિષયની વ્યાખ્યા થઈ. લ્યો ! આ થવા આવ્યો કલાક તો પાંચ મિનિટ છે છ મિનિટ. આહાહા !

ગજબ વાત પ્રભુ તારી. સર્વજ્ઞ પરમેશ્વર એનાં કથનો ધર્મનાં ને ધર્મ વિરુદ્ધનાં બેયનું કથન અલૌકિક છે. એવી વાત–પરમસત્ય કાને પડવી બાપુ ! એ પણ ભાગ્યશાળી હોય એને પડે. સમજે એ તો ન્યાલ થઈ જાય. આહાહાહા !

હવે શુદ્ધનય એક જ હોવાથી, ઓલામાં બધોય હતું ને ? વ્યવહારનય બધોય હતો; ઘણાં હતા એટલે ચાર બોલ. આ તો એક જ પ્રકાર છે. આહાહાહા ! બીજા શાસ્ત્રોમાં શુદ્ધની વ્યાખ્યા આવે છે–શુદ્ધનય–અશુદ્ધનય એવા ભેદો આવે છે, પણ એ બધા ભેદની અપેક્ષાએ પરસમયની મુખ્યતા બતાવવા, આ તો સ્વસમયની મુખ્યતા બતાવવા. આહાહાહા ! મહાપ્રભુ એક સમયમાં પ્રભુ શુદ્ધનય એ એક જ ભૂતાર્થ હોવાથી. છે ? ' શુદ્ધનય એક એવ ' એમ છે સંસ્કૃત. આહાહા ! ' શુદ્ધનય એક એવ ભૂતાર્થત્વાત્ ' ' ભૂતાર્થ ' ' હોવાથી ' એ પાછું ન્યાંય તે ઓલું અભૂતાર્થ ' હોવાથી ' હતું. આહાહાહા !

પ્રભુનો મારગ ઝીણો બાપુ ભાઈ ! લોકોને હાથ આવ્યો નથી, સંપ્રદાયમાં તો આ વાત સાંભળવા મળતી નથી. આહાહા ! સ્થાનકવાસી શ્વેતાંબરમાં તો આ વાત જ નથી. દિગંબરમાં વાત છે પણ એના અર્થોને... પોતાની કલ્પનાએ અર્થ કરીને, વ્યવહારના વિષયમાં ચાલ્યા જાય છે. આહાહા !

વ્રત અને તપ અને ભક્તિ ને પૂજા ને કરતાં ( કરતાં ) કલ્યાણ થઈ જશે. જેને આંહી અસત્ય કીધો તેને એનાથી સત્ય મળશે એમ ચલાવે, બાપુ ! નુકસાન થાય છે ભાઈ. તને... વિપરીત ભાવના ફળમાં, વેદન આકરાં પડશે પ્રભુ. વિપરીતભાવ વર્તમાન છે એ પણ દુઃખરૂપ છે અને એનું ફળ પણ ભવિષ્યમાં ભાઈ તને દુઃખરૂપ છે બાપુ. આ વાત તારા તિરસ્કાર માટે નથી પ્રભુ. પણ, વિપરીત શ્રદ્ધા અને વિપરીત જ્ઞાનનું ફળ, એનું ભવિષ્યમાં પ્રભુ આકરું દુઃખછે. આહાહાહા !

જેના ફળ તરીકે નિગોદ ને નરક બાપુ સામું કોઈ જોનાર નહીં મળે, આહાહા ! એ જાણીતો ન્યાં કોઈ માણસ નહીં હોય એ અજાણ્યા ક્ષેત્રમાં–અજાણ્યા શરીરમાં જાવું બાપા. આહાહા ! એ મિથ્યાશ્રદ્ધાના ફળમાં એ સ્થિતિ અનંતવાર ઊભી થઈ છે. આહા... હા !

ભાઈ ! તારું સાંભળનાર કોઈ નહોતું ત્યાં હોં ? તું રાડ પાડ કાપે ને દુઃખી થા. આ અમેરિકામાં... સાંભળીએ છીએ ને ? આમ ગાયોને ઊભી રાખે ગમાણમાં ખાવા માટે સેંકડો ગાયો એક હારે. માથેથી હથિયાર ( પડે ! ) સંચો હોય સંચો માથું આમ પડી જાય. કસાઇખાનું છે ને અમેરીકામાં. આહાહા ! ભાઈ શું હશે બાપુ રાગની એકતા અને શરીરની એકતા બુદ્ધિમાં બાપા એને પીડન એ કાપવાનું ( કપાવાનું ) પીડન નથી એને એકતાબુદ્ધિનું પીડન છે. એકતા બુદ્ધિનું દુઃખ છે. આહાહા ! આહાહાહા !

એ ' શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી ' એની વિશેષ વ્યાખ્યા આવશે.

( પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૩૮ ગાથા - ૧૧ તા. ૧૯-૭-૭૮ બુધવાર, અષાઢ સુદ-૧૪ સં. ૨૫૦૪

અગિયાર ગાથા. વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી એની ઉપેક્ષા કરાવી છે. વ્યવહારનયનો વિષય છે ખરો, કેમકે રાગ એ છે ને ? અસદ્ભૂત ઉપચાર-રાગ છે, તોછે તેનું જ્ઞાન થતાં એને વીતરાગતા અત્યારે નથી એવું એને જ્ઞાન થાય. અને ' રાગને જાણનારું જ્ઞાન ' એ સદ્ભૂત ઉપચાર ( છે ). એ જ્ઞાનની પોતાની હૈયાતિ સિદ્ધ કરે તો પછી આ ' રાગને જાણે ' ઉપચાર એમ આવે. જ્ઞાન છે પોતાની પર્યાયમાં પોતાનું અને એ ' જ્ઞાન તે આત્મા ' એમ કહીને, છે પણ વર્તમાન પર્યાયની ઉપેક્ષા કરાવી છે. ગૌણ કરીને ઉપેક્ષા કરાવી, એ બધોય અભૂતાર્થ હોવાથી અસત્ય અર્થને પ્રગટ કરે છે. સીધી ભાષા તો એવી છે જાણે, પર્યાય બધી નથી એમ નહીં, પર્યાયની ઉપેક્ષા કરવા અને ત્રિકાળી ભગવાન શુદ્ધ ચૈતન્ય તેનું અવલંબન લેવા, તે પર્યાયને ' છે ' છતાં ઉપેક્ષા કરીને ' નથી ' એમ કહેવામાં આવ્યું છે. હવે એ તો વ્યવહાર છે એની વાતું ઘણી લાંબી છે.

હવે આંહી આવ્યું ' શુદ્ધનય ' એક જ ભૂતાર્થ હોવાથી, બીજાં સ્થાનમાં તો શુદ્ધનયના ભેદ પાડયા છે શુદ્ધ-અશુદ્ધાદિ, પણ એ ખરેખર અશુદ્ધનય પણ વ્યવહારમાં જાય છે. આંહી તો એક, શુદ્ધનય એક જ છે એનામાં બીજો ભાગ નથી, એટલે ? શુદ્ધનયનો વિષય જે ત્રિકાળી ભગવાન ધ્રુવ, તેની દૃષ્ટિ માટે શુદ્ધનય એક જ છે. અરે ! આવી વાતું હવે આ. સમજાણું કાંઈ ?

વસ્તુ જે છે ધ્રુવ એક સમયમાં, તેને એક ન્યાયે તો આંહી નય કીધી છે શુદ્ધ, છતાં... શુદ્ધનય એનો વિષય કરનાર છે, ત્રિકાળી ધ્રુવનો ઈ એક જ શુદ્ધનય છે, ઈ શુદ્ધનય એટલે જ્ઞાનનો અંશ, એ ત્રિકાળીને વિષય કરે છે. તેથી શુદ્ધનય એક જ ભૂતાર્થ ( છે ) કેમ ? પ્રયોજન તો દ્રવ્યને દૃષ્ટિમાં લેવું-એનો સ્વીકાર કરવો એ પ્રયોજન છે. સમજાણું કાંઈ ?

એ પર્યાય-જ્ઞાનનો અંશ તે આત્મા એની પણ ઉપેક્ષા કરાવી( છે ). જ્ઞાનનો અંશ જે રાગને જાણે એને રાગના ઉપચારની પણ ઉપેક્ષા કરાવી છે. આહાહા ! અને રાગ છે, એમ એનાં બે પ્રકાર છે, એક રાગ છે એ સાધન છે અને સાધ્ય છે કે જે અવ્યક્ત રાગ છે-જો બુદ્ધિપૂર્વક રાગ છે તો અબુદ્ધિપૂર્વક ( પણ ) રાગ છે, એની પણ અહીંયા ઉપેક્ષા કરાવી હવે. આહા ! એ મારી ચીજની દૃષ્ટિના વિષયમાં એ વસ્તુ નથી. ' જ્ઞાન તે આત્મા ' એ પણ મારા દૃષ્ટિના વિષયમાં નથી. આહાહા ! ઝીણો બહુ મારગ !

શુદ્ધનય એક જ શબ્દ છે. જોયું ? ' એક જ ' એ બીજે ઠેકાણે આચાર્યો શુદ્ધનયના ભેદ પાડે. આમાં ટીકામાં ને અર્થમાંય આવશે. અશુદ્ધનય પણ પછી અશુદ્ધનયને પર્યાયનય કહીને વ્યવહારનય કહેવો એમ કહ્યું છે. આહાહા ! એટલે શું ? ત્રિકાળી વસ્તુનો સ્વીકાર કરાવવામાં, પર્યાય અને પર્યાયના ભેદોની ઉપેક્ષા કર્યા વિના-તેનું લક્ષ છોડયા વિના, ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ ન થાય અને પ્રયોજન તો જ્ઞાયકભાવને અનુભવમાં લેવો એ સમ્યગ્દર્શન છે. આહાહા ! ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય સત્ મહાપ્રભુ, સર્વોત્કૃષ્ટ પરમ પારિણામિક શુદ્ધપારિણામિક પરમભાવ, શુદ્ધ સહજ સ્વભાવ પરમ ભાવ, શુદ્ધ સહજ પરમભાવ ત્રિકાળ, એનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન

થાય. ધર્મની પહેલી સીઢી ત્યાંથી શરૂ થાય છે માટે તેને શુદ્ધનય એક જ છે. સમજાણું કાંઈ ? આહાહા ! આવો મારગ.

'શુદ્ધનય એક જ ભૂતાર્થ' શુદ્ધનય એક જ સાચી એમ. ભૂતાર્થ એટલે સાચી. 'હોવાથી' પાછું એ પણ' હોવાથી' શુદ્ધનય એક જ સાચી હોવાથી, સાચાં એટલે છે 'વિદ્યમાન–સત્ય–ભૂત અર્થને પ્રગટ કરે છે.' શુદ્ધનય એટલે કે જે જ્ઞાનનો અંશ ભાગ તે શુદ્ધનય એક જ છે. કેમકે એ શુદ્ધનય ત્રિકાળી ભૂતાર્થ વસ્તુ છે સત્ય છે, એકરૂપ છે એ સત્યને વિદ્યમાન છે ધ્રુવ, ભૂત અર્થ એટલે છતો પદાર્થ છે તેને પ્રગટ કરે છે. આરેરે ! ફરીને....

( શ્રોતાઃ શુદ્ધનય પર્યાયને કીધી છે ને મહારાજ ? ) પર્યાય છે પણ પર્યાયનું લક્ષ છોડાવીને, પર્યાયની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે એ એનું નામ શુદ્ધનય. તે વિના સમ્યગ્દર્શન થાય નહીં એમ કહે છે. પૂરણ પૂરણ વસ્તુ છે એમાં એનું જ્ઞાન અને પ્રતીત થયા વિના–પૂર્ણ છે એવો સ્વીકાર આવે નહીં ત્યાં સુધી પૂર્ણ છે એવું એને ક્યાં છે ? શું કહ્યું ? પૂરણ પ્રભુ છે એકસમયની પર્યાય સિવાય, આહાહાહા ! અનંત ગુણોનું પ્રભુ એકરૂપ એવી પૂરણચીજ છે, એ ચીજનો આશ્રય લીધા વિના સમ્યગ્દર્શન થાય નહીં. એટલે કે પૂરણ છે –એ છે તો છે પણ જેની દૃષ્ટિમાં પૂરણ છે એમ ન આવે, ત્યાં સુધી એને તો પૂરણ છે નહીં. સમજાણું કાંઈ ? હેં ?

આ પ્રશ્ન થયો હતો, નહીં ? વીરજીભાઈના દિકરાએ પ્રશ્ન કર્યો 'તો. ત્રિભોવનભાઈએ. એમ કે આપ આત્માને કારણ પરમાત્મા કહો છો તો કારણ હોય તો તો કાર્ય આવવું જોઈએ. તો કારણ પરમાત્મા તો બધાની પાસે છે, તો કાર્ય કેમ આવતું નથી ? એ પ્રશ્ન કર્યો 'તો. વીરજીભાઈના ત્રિભોવનભાઈએ, શું કહ્યું ? આ આત્મા છે ને ત્રિકાળી તેને 'કારણ પરમાત્મા' કહે છે અને તેમાંથી કેવળજ્ઞાનાદિ થાય એને 'કાર્ય પરમાત્મા' કહે છે. પર્યાયની પૂર્ણતાને કાર્યપરમાત્મા કહે છે અને વસ્તુની પૂર્ણતાને કારણપરમાત્મા કહે છે. ત્યારે જો કારણપરમાત્મા છે, તો કારણ છે તો તો કાર્ય આવવું જોઈએ ? એમ પ્રશ્ન થયો ' તો.

પણ કોને કીધું ? કારણપરમાત્મા છે પણ જે માને એને છે કે ન માને એને છે ? જેની દૃષ્ટિમાં તે આવ્યો–કે આ છે તો તેને કારણ પરમાત્મા થયો. દૃષ્ટિએ... 'એ છે' એમ જેણે સ્વીકાર્યું એ દૃષ્ટિમાં... 'આ છે' એવું સ્વીકાર્યું ત્યારે કારણપરમાત્મા 'છે' એવું એની પ્રતીતમાં આવ્યું અને એ પ્રતીતમાં આવ્યું એટલે એને સમ્યગ્દર્શનરૂપી કાર્ય થયું. આવી વાત છે.

ફરીને, એમ કે કારણ પરમાત્મા તમે કહો, 'કારણપરમાત્મા' કહો 'કારણ જીવ' કહો ધ્રુવ કહો, સામાન્ય કહો, એકરૂપ કહો, તો એવો જે કારણ પ્રભુ છે તો... એનું કારણ કહો તો તો કાર્ય આવવું જોઈએ. વાત સાચી છે કીધું. પણ કોને ? જે કારણ પ્રભુ છે ત્રિકાળી ! એનો સ્વીકાર જેને થયો દૃષ્ટિમાં.... એને ઈ કારણપરમાત્મા છે. પણ એની દૃષ્ટિમાં આવ્યો નથી અને દૃષ્ટિમાં પર્યાય ને રાગનો સ્વીકાર છે. આ પૂર્ણ છે એનો તો સ્વીકાર છે નહીં તો એને તો કારણ પરમાત્મા છે નહીં. સમજાણું કાંઈ ? આ ગાથા ઝીણી છે ભાઈ ! આ તો જૈન દર્શનનો પ્રાણ છે આ ગાથા. આમાં તો જેટલું નાખે એટલું નીકળે એવું છે, પાર નથી. આહાહા !

શું કહ્યું ? કે એક સમયમાં, આત્મા ધ્રુવ પણ છે અને તે જ સમયમાં એની એક સમયની પર્યાય પણ છે. બે છે ને ! પર્યાય પણ એનામાં છે ને ? પર્યાયમાં પર્યાય હો બે છે. હવે ઈ બેમાં

જેનો સ્વીકાર પર્યાયનો છે કારણ કે એની દૃષ્ટિ એનાં ઉપર છે પર્યાય છે એનો સ્વીકાર થયો, અને કાં પર્યાયથી આઘો-લાંબો ગ્યો તો રાગ છે, શરીર છે એમ એને સ્વીકાર થયો, પણ એને ત્રિકાળી છે એનો સ્વીકાર ન થયો, છે વસ્તુ છતાં સ્વીકાર ન થયો. સમજાણું કાંઈ ?

અહીંયાં તો ત્રિકાળી છે જ્ઞાયકભાવ, ધ્રુવ સ્વભાવ એનો જેને વર્તમાન પર્યાયમાં-જ્ઞાનમાં જણાણું. ભલે ઈ વસ્તુ પર્યાયમાં આવી નહીં, પણ પર્યાયમાં ઈ છે તેમ જણાણું એને કારણપરમાત્મા છે, અને જેવો કારણપરમાત્મા છે તેવો સ્વીકાર થયો તેને સમ્યગ્દર્શનનું કાર્ય થયા વિના રહે નહીં. સમજાણું કાંઈ ? આવી વાતું, હવે ક્યાં ?

એથી શુદ્ધનય એક જ ભૂતાર્થ છે. આહાહા ! કોને ? જે વર્તમાન પર્યાય અને રાગ એની ઉપેક્ષા કરી નાખીને એટલે તેને ગૌણ કરીને એટલે કે ઈ છે છતાં તેનો આશ્રય છોડીને, આ ત્રિકાળ જે જ્ઞાયક ભાવ છે એ છે તેનો આશ્રય લઈને તેનો સ્વીકાર થયો, તો એ ભૂતાર્થ છે એવી દૃષ્ટિ થઈ જ્ઞાનમાં જણાણું એને એ ભૂતાર્થ છે. આહા ! આવી વાતુ છે. ઝીણી વાતું બાપુ ! જૈન દર્શન અત્યારે તો સ્થૂળ કરી નાખ્યું છે ! આહાહા !

બેય છે. પર્યાય છે પર્યાયમાં રાગેય છે અને દ્રવ્યેય છે. છે ? હવે રાગ છે, પર્યાય છે એટલી જેની દૃષ્ટિ ત્યાં છે એને માટે તો એટલું છે. એને માટે ત્રિકાળી છે એ તો આવ્યું નહીં. જેને વર્તમાન પર્યાય ઉપર દૃષ્ટિ છે તેને ઈ પર્યાય છે એવું શ્રદ્ધામાં આવ્યું, તો તો એ પર્યાયદૃષ્ટિ અને આગળ જાય પર્યાયની દૃષ્ટિવાળો તો રાગ છે એમ માને, આ શરીર છે એમ માને. એ એની દૃષ્ટિ તો લંબાઈને આમ ( રાગ-શરીર ) ઉપર જાય છે. તો એટલું માન્યું એ તો બરાબર એટલે કે મિથ્યાત્વ છે. એટલું માન્યું એ એને માટે બરાબર છે, પણ એ મિથ્યાત્વ છે. આહાહા !

પણ, ત્રિકાળીવસ્તુ છે. આહાહાહા ! એક સમયમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ ઈ ' છે ' છતાં પર્યાયબુદ્ધિવાળાને એ નથી. સમજાણું કાંઈ ? આહા ! એમ જેને રાગની રુચિ છે આ, આ પોકાર ઈ કરે છે ને કે વ્રત ને તપ ને ભક્તિ કરતાં-કરતાં વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય (પ્રગટે!) એટલે રાગનો સ્વીકાર છે એને ! એને હિસાબે વ્યવહારનયનો વિષય છે ભલે એને 'નય' નથી પણ બીજી અપેક્ષાએ તેને વ્યવહારનયનો વિષય છે. ' નયવાળા ' એને જાણે. સમજાણું કાંઈ ?

પણ એને ત્રિકાળીવસ્તુ છે મહાપ્રભુ. જેમાં આખું સત્ત્વ ભર્યું છે પૂરણ પરમાત્મસ્વરૂપ છે જેનાં ગુણના માપ નહીં એટલા તો ગુણો, છે એ બધા ગુણોનું એકરૂપ જે છે. આહાહા ! એ જ સત્ય છે. કેને ? કે જેણે પર્યાય અને રાગની ઉપેક્ષા કરી અને ત્રિકાળ ઉપર જેણે દૃષ્ટિ મૂકી, એને માટે તે ભૂતાર્થ સત્ છે. અને તેથી ભૂતાર્થ-સત્ છે એવી દૃષ્ટિ થઈ તેથી દૃષ્ટિ પણ એની સાચી છે. સમજાણું કાંઈ ? કહો, છોટાભાઈ !

' જે છે ' બેય છે. પર્યાયેય છે, રાગે ય છે અને ત્રિકાળી ય છે. હવે એ બે છે એ માંયલો, જેને ત્રિકાળી વસ્તુની દૃષ્ટિ નથી, એને વર્તમાન પર્યાય ને રાગ છે તેની દૃષ્ટિમાં, એને માટે તો બરાબર છે એ તો મિથ્યાત્વ છે. આહાહા ! કારણકે એની દૃષ્ટિ ભૂતાર્થ ઉપર ગઈ નથી. ત્રિકાળી વસ્તુ છે એ ઉપર એની દૃષ્ટિ નથી ગઈ. આહા... !

હવે જેણે ત્રિકાળી વસ્તુ છે-એક જ વસ્તુ, શુદ્ધનય એક જ છે. અને એનો વિષય એકરૂપ

જ પરમાર્થ છે. આહાહા ! એ શુદ્ધનય એક જ સાચી હોવાથી એક જ સાચી હોવાથી, એ સત્ય નામ વિદ્યમાન–આ છે એને અને સત્ છે અને, છતો પદાર્થ છે તેને એ પ્રગટ કરે છે. એટલે શુદ્ધનય છતી ચીજ છે તેનો વિષય કરીને તે ‘ છે ’ તેમ તેને પ્રગટ કરે છે. ‘ છે ’ એમ એની દશામાં પ્રગટ થાય છે. આહાહાહા ! માળે આવું ઝીણું છે.

અને એ અર્થ લીધો છે ‘ પંચાધ્યાયી ’ માં કે ભૈ આ શુદ્ધનય છે એક જ કહે છે. અને એનાં બે ભેદ પાડે તો સર્વજ્ઞની આજ્ઞા બહાર મિથ્યાદૃષ્ટિ છે. એવું પંચાધ્યાયીમાં છે. શું કહ્યું ? પંચાધ્યાયીમાં એમ છે કે ભગવાનની આજ્ઞા એક જ છે કે શુદ્ધનય તે એક જ નય છે એ શુદ્ધનયના એકના બે ભાગ પાડે–કે અશુદ્ધ છે ને અશુદ્ધ ઉપચારિક છે ને અશુદ્ધ અણઉપચાર છે, વ્યવહાર એવા ભેદ પાડે અશુદ્ધના, શુદ્ધમાંથી તો સર્વજ્ઞની આજ્ઞા બહાર મિથ્યાદૃષ્ટિ છે. પંચાધ્યાયીમાં એમ કીધું છે. તો પછી... આમ મકખનલાલજીએ અર્થ કર્યો છે ત્યાં તો... બીજે તો બધે ગોટો વાળ્યો છે ઘણે ઠેકાણે, ન્યાં અર્થ કર્યો છે કે ભાઈ આ અહીં કહે છે ઈ સ્વસમયમાં આશ્રય લેવા માટે ઈ સ્વસમયની અપેક્ષાએ એક નય કીધી છે. સ્વસમય એટલે આત્મા ત્રિકાળી. સમજાણું કાંઈ ? એણે લખ્યું છે નીચે મકખનલાલજીએ, પંચાધ્યાયીનો પહેલો અર્થ મકખનલાલજીએ જ કર્યો. પછી બીજો દેવકીનંદનજીએ અને ત્રીજો ફૂલચંદજીએ પંચાધ્યાયીના ત્રણ અર્થ છે. ત્રણેય પુસ્તક છે અહીંયાં. આ વાત ફૂલચંદજીના પુસ્તકમાં છે.

આંહી શું કહેવું છે ? આહા ! પ્રભુ એક સમયમાં પર્યાય પણ છે, રાગેય છે અને એ ધ્રુવ એકરૂપ વસ્તુ પણ છે. હવે જ્યારે એકરૂપ વસ્તુ છે એનો સ્વીકાર કરવો હોય તો એણે પર્યાય અને રાગને જાણવાની નય છે તેની ઉપેક્ષા કરવી પડશે. તેને હેય કરીને એક ત્રિકાળી વસ્તુ છે તે ઉપાદેય કરવી પડશે. સમજાણું કાંઈ ?

શુદ્ધનય ગંભીર છે બાપુ ! આ ગાથા તો એવી ગાથા છે. આહાહા !

અસ્તિ તો બેયની છે–પર્યાયની પણ અસ્તિ છે, રાગની પણ અસ્તિ છે ને ધ્રુવની પણ અસ્તિ છે. અસ્તિ એટલે છે, વિદ્યમાન છે બેય, પણ એક વિદ્યમાન છે તેને અવિદ્યમાન કરી એટલે લક્ષ છોડાવવા માટે, તે નથી એમ કહી અને વિદ્યમાન એક ત્રિકાળી વસ્તુ છે તેની દૃષ્ટિ કરાવવા એ સત્ય અને ભૂતાર્થ તે એક જ છે. આહાહાહા ! કહો, હીરાભાઈ ! આવું ઝીણું છે. અમારે આવ્યા છેને હસુભાઈને ઈ આવ્યા છે. ઝીણું, ગાથા છે ને. આહાહાહા !

પ્રભુ તું કેવડો ક્યાં છો આખો ? ત્યાં તેની દૃષ્ટિ લઈ જવા, ત્યાં તેની દૃષ્ટિનો વિષય બનાવવા, ઈ પર્યાય ને રાગ હોવા છતાં ઈ દૃષ્ટિનો વિષય નથી, ઈ ગુણભેદ કરવો એ પણ દૃષ્ટિનો વિષય નથી. તો પછી પર્યાય અને રાગ એ તો દૃષ્ટિનો વિષય છે જ નહીં. આહાહા ! એ જાણવા લાયક એક છે પણ આદરવાલાયક માટે તો આ એક જ ત્રિકાળી વસ્તુ એ જ શુદ્ધ ને એ જ સત્ય છે. આહાહા ! સમજાણું કાંઈ ?

આ બીજી લીટીનો અર્થ હાલે છે આ. આહાહા ! ગહન છે પ્રભુ ! આહાહા ! આત્મા, શરીર પ્રમાણે અસંખ્ય પ્રદેશી એમાં અનંત... અનંત... અનંત... અનંત... અનંતના અનંતને અનંતપણે ગુણો અને એને પાછી જે રાશિ આવે એવા એને અનંતપણે ગુણો, એની રાશિ આવે એને અનંતપણે ગુણો, એ અનંત ગુણતાં–ગુણતાં એ અનંત અનંત ચાલ્યા જાય અંદર તો પણ તે ગુણની

હદ, તે સંખ્યામાં આવતી નથી. આહાહા ! એવો પરમાત્મ સ્વભાવ એવો દ્રવ્ય સ્વભાવ. આહાહા ! એ તો સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહીં. સમજાણું કાંઈ ? આહા !

શ્વેતાંબરમાંય પાછું એમ કહે છે એક સમયે કેવળજ્ઞાન અને બીજા સમયે કેવળદર્શન, પણ ઈ વાત કેટલી વાત ફેર ! આંહી તો પરિપૂર્ણ ચીજ છે તેનું પરિપૂર્ણ જ્ઞાન ને દર્શન એક સમયમાં જ બેય હોય છે. સમજાણું કાંઈ ? ઈ તો પૂર્ણ પર્યાયની વાત કરી. પણ ઈ પૂરણ પર્યાય જેમાંથી નીકળે છે ઈ પૂરણ વસ્તુ છે. આહાહાહા ! એ પૂરણ વસ્તુ જ્ઞાનથી ને પૂરણ વસ્તુ દર્શનથી એમ અનંતગુણથી પૂરી પૂરણ વસ્તુ છે, તેને અહીં સત્ય કહી અને વિદ્યમાન કહી, હૈયાતિવાળી તે જ ચીજ છે એમ કહી અને તેને સત્ય અને ભૂતાર્થ કહેવામાં આવે છે. આહાહા !

છે ? પહેલામાં એમ હતું કે અવિદ્યમાન, અસત્ય ને અભૂત અર્થને પ્રગટ કરે છે, બીજામાં વિદ્યમાન, સત્ય ને ભૂત અર્થને પ્રગટ કરે છે–બે સિદ્ધાંત આવી ગયા, ગાથાના ન્યાય.

‘ આ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએ ’–હવે કહે છે કે એકદમ ન સમજાય તને, તો અમે દૃષ્ટાંત દઈને સમજાવીએ છીએ. ‘ જેમ પ્રબળ કાદવના મળવાથી ’ – વિશેષણ આંહી છે એકલો કાદવ મળવાથી નહીં. ( પરંતુ ) ‘ પ્રબળ ’ કાદવના મળવાથી. પાણીમાં કાદવ છે ને પંક ! પ્રબળ કાદવ મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ/પાણીનો–જળ ( નો ) સહજ–સ્વાભાવિક એક નિર્મળભાવ છે. એમાં મલિનભાવ એ એનો સ્વભાવ છે જ નહીં. આહાહા ! એ પાણીનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત થઈ ગયો છે. આહાહા ! એટલે કે મલિનતાની પર્યાયને જોતાં એ દેખાતું નથી એટલે એને ઢંકાઈ ગયો છે. નિર્મળ જળ તો છે. પણ મલિનતાને દેખનારને તે નિર્મળ જળ ઢંકાઈ ગયું છે. એટલે નિર્મળ જળ દૂર થઈ ગયું છે. આહાહાહા ! છે ? તિરોભૂત ( અર્થાત્ ) દૂર થઈ ગયું છે, એટલે કે જે મલિનને દેખે છે કાદવને એને નિર્મળ જળ છે તો ખરું પણ એ એને જોતો નથી. આહાહા ! એથી એને નિર્મળ જળનું સ્વરૂપ તિરોભાવ ઢંકાઈ ગયું, દૂર થઈ ગયું એની દૃષ્ટિમાં એ આવ્યું નહીં... મલિન જ દેખાણું પણ નિર્મળજળ છે છતાં દેખાતું નથી. આહાહાહાહા !

‘ એ એવા જળનો અનુભવ કરનારા ’ નિર્મળ જળ જ્યાં ઢંકાઈ ગયું છે. આહાહાહા ! મલિનને જોનારને કાદવથી મળેલા જળને મળેલા, કાદવથી મળેલા જોનારને નિર્મળજળ છે એ દૃષ્ટિમાં આવતું નથી એટલે ઢંકાઈ ગયું છે એને તો આચ્છાદન થઈ ગયું છે. આહાહા !

હજી તો આ દૃષ્ટાંત છે હોં ! પછી એનો સિદ્ધાંત ઊતરશે બાપુ. મારગ એવા ઝીણાં છે ભાઈ ! આહાહા ! એણે જ્ઞાનને કેળવવું પડે, જ્ઞાનને અંદર કસરત કરવી પડે, હેં ? આહાહા !

કે જે જળ દૃષ્ટાંતમાં હજી પહેલું, જળ છે તો નિર્મળ પણ કાદવના મળવાથી તે વર્તમાન પર્યાયમાં મલિન દેખાય છે એને ઓલું જળ નિર્મળ છે તે ઢંકાઈ ગયું છે. એની નજરમાં આવ્યું નહિ એટલે એણે ‘ નથી ’ એને ઢંકાઈ ગયું છે. આહાહા !

કુકડા ( ગામ ) છે ને ત્યાં મૂળી પાસે, કુકડા ગામ છે. ત્યાં અમે ગયા હતા બરોબર તે જેઠ મહિનાનો વખત હતો રાજકોટ જવું ’ તું. રતનચંદજી ત્યાં આવ્યા હતા ત્યાં, શતાવધાની ત્યાં પાણી મેલું જ તે ત્યાં કૂવો ન મળે. હમણાં એક દરબાર ગયા ’તાને ઇસ્પીતાલ, ચંદુભાઈના બાપ સાટુ, ત્યાં એ કુકડાના ગરાસિયા હતા એ આવ્યા ’ તા પગે લાગવા બિચારા– અમે

કુકડાના છીએ અને અમારે ત્યાં જૈનની વસ્તી નથી. પણ અપાસરો રાખ્યો છે સાધુ આવે તો– અમે ગયા તે દિ ’ અપાસરો નહોતો, ચોરે ઊતર્યા ’તા અમે. એ કોઈ ગરાસીયા છે તે આવ્યા ’તા. એને કોઈ હશે શહેરમાં. પાણી અમને મળ્યું, મેલું જ તે તદ્દ્ન. કારણકે આંહી એમ કે તળાવનું પાણી જ છે મેલું આંહી બીજું સાધન નથી, કૂવો નથી, જળનિર્મળ નદી ચાલતી નથી, ઈ કાંઈ છે નહીં. આને મહારાજ ઠારજો ધરે, – ઠારજો એટલે શું સમજ્યાં ? મેલ જરી નિકાળીને ઠરે, મેલ હેઠે બેસી જાય એમ. આહા... હા !

પણ, ઓલું મેલને જ જે દેખે છે, એ તો જળ અંદર ચોખ્ખું છે એ તો જોઈ શકતા નથી. હેં ? જોઈ શકે તો ઠારવા માટે ( પ્રયત્ન ) કરે. એમ... જળનો એક નિર્મળભાવ તિરોભૂત થઈ ગયો છે, એવા જળનો અનુભવ કરનારા પુરુષો–જળ અને કાદવનો વિવેક નહિ કરનારા, પાણી ને કાદવની જુદાઈને નહિ જાણનારા, જોયું ? મેલું પાણી એ કાદવ છે ને જળ નિર્મળ છે, બે ને જુદા નહીં પાડનારા, આહા... હા ! બેનો વિવેક નહિ કરનારા ઘણાં તો, બધાં છે એમ નથી લીધું, બધાં જ મેલું અનુભવે છે એમ નથી લીધું. ઘણાં તો, આહાહા ! તેને એટલે પાણીને મલિન જ અનુભવે છે. મેલું જ તે પાણી એમ મેલું જ અનુભવે છે. ઘણાં !

પણ કેટલાક પોતાના હાથથી નાખેલાં, હવે આવી વાત જુઓ ન્યાંય કેટલાક ! ન્યાંય બધાંય નહીં, હેં ? કેટલાક માણસો પાણી મેલું હોવા છતાં કેટલાક માણસો “ પોતાના હાથથી નાખેલા ” વળી ઈ શું કહ્યું ? એ નોકરને હુકમ કર્યો નથી કે આમાં આ નાખ અને આને જુદું પાડ, પોતે જાતે જુદું પાડે છે. મેલ અને પાણીને પોતે–જાતે કરીને મેલને જુદું પાડે છે. પોતાના હાથથી નાખેલા શું ? કતકફળ નિર્મળી ઔષધિ, એક ઔષધિ થાય છે નિર્મળી ( જે ) ગાંધીની દુકાને મળે તે જેવી પાણીમાં નાખે કે મેલ જુદો થઈ જાય અને પાણી જુદું થઈ જાય, ઔષધિ આવે છે નિર્મળી ઔષધિ, લખ્યું છે ને આમાં નિર્મળી ઔષધી, ઈ પોતાના હાથથી નાખી છે. નોકરને કહ્યું નથી કે આમાં નાખ એમ, એટલે કે એમાં જેટલી જોઈએ તેટલી પાણીના પ્રમાણમાં જે જોઈએ એટલી પોતે જાતે જ નાખી છે નિર્મળી ઔષધિ.

ઈ પોતાના હાથથી નાંખેલા, વળી આંહી કોઈ તકરાર લ્યે કે હાથ તો આત્માનો નથી ને તમે કહો છો કે પોતાના હાથથી નાખેલાં, અરે ભાઈ ! અહીં તો દૃષ્ટાંત છે. આ હાથ આત્માનો નથી, પોતાના હાથથી નાખેલાં એ તો દૃષ્ટાંતથી સમજાવવું છે કે–આ હાથ છે એટલે પોતાના હાથથી નાખે છે એમ. નાખી શકે છે કે હાથ તેનો છે એ અત્યારે આંહી સિદ્ધ કરવું નથી. આહાહા !

પોતાના હાથથી નાખેલા નાખ્યું, મેલા પાણીમાં કતકફળ નાંખ્યું ને પડવામાત્રથી એમ, એ આમ અંદર પડયું જ્યાં, પડવા માત્રથી ઊપજેલો, આહાહા ! જોયું ? તત્કાળ મેલ અને જળ નિર્મળ જુદું પડી ગયું. આહાહાહા ! જળ–કાદવના વિવેકપણાથી પાણી ને કાદવની જુદાઈપણાથી પોતાના પુરુષાર્થ દ્વારા. આહાહા ! છે ને ? ઈ જાતનો પુરુષાર્થ કર્યો, આવિર્ભૂત કરવામાં આવેલું નિર્મળ પાણી છે તે પ્રગટ કરવામાં આવ્યું, છે તો હતું ( નિર્મળ જ ) પણ મલિનને લઈને ઢંકાયેલું હતું, એની–મલિનની દૃષ્ટિવાળાને, એણે અહીંયા નિર્મળ પ્રગટ કર્યું. નિર્મળ ‘ છે ’ એવું પ્રગટ કર્યું; છે ? આવિર્ભૂત એટલે પ્રગટ કર્યું. ઓલામાં તિરોભાવ એટલે ઢંકાઈ ગયું. મલિનના

દેખનારને નિર્મળજળ ઢંકાઈ ગયેલું છે, પણ આંહી મલિનતા અને જળને ભિન્ન પાડનારી ઔષધિ નાખવાથી, પોતાના હાથથી-પુરુષાર્થથી આવિર્ભાવ કરવામાં આવેલા 'સહજ એક નિર્મળ ભાવપણાને લીધે'-પાણીનો સ્વભાવ, ઈ તો સ્વભાવ જ એનો છે કહે છે. સ્વભાવ સહજ એક નિર્મળભાવપણાને લીધે જળને નિર્મળ જ અનુભવે છે. પાણીને તો 'નિર્મળ જ' અનુભવે છે. ઓલા મલિન અનુભવે છે, ભેદ નહિ પાડનારા મલિનને જ દેખનારા, અંદર જળ નિર્મળ છે ઈ એને ખ્યાલ નથી. આહાહાહા !

આરે... દાખલો પણ કેવો આપ્યો છે જુઓ, એ તો દૃષ્ટાંત થયો.

'એવી રીતે-જળ અને કાદવના દૃષ્ટાંતે, હવે સિદ્ધાંત સિદ્ધ કરવો છે આત્મામાં 'એવી રીતે પ્રબળ કર્મના મળવાથી' જોયું ? રાગની તીવ્રતા હોય છે-કર્મનો ઉદય ઘણો હોય છે અને વિકાર પણ પોતે ઘણો કરતો હોય છે પર્યાયમાં 'પ્રબળ કર્મના મળવાથી' -આહાહા ! પરદ્રવ્ય લીધું છે પણ પરદ્રવ્યના નિમિત્તથી થતો વિકારી ભાવ, આહા ! એના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ ભગવાન આત્મા સ્વાભાવિક એક શુદ્ધ જ્ઞાયકભાવ કારણપરમાત્માનું સ્વરૂપ જે એક નિર્મળ જ્ઞાયકભાવ 'તિરોભૂત થઈ ગયો છે' કોને ? જે રાગ અને દ્વેષને, મલિન પર્યાયના દેખનારને એ જે જ્ઞાયકભાવ છે, છે તો છે પણ એને તિરોભૂત થઈ ગયો છે-ઢંકાંઈ ગયો છે, છે તો જ્ઞાયક જ્ઞાયક જ હોં ! આહાહા !

જ્ઞાયકભાવ છે ઈ તો કોઈ દિ' મલિન થતો નથી, ઈ તો પર્યાયમાં મલિનતા છે. પર્યાય (મેલી છે) જ્ઞાયકભાવ તો એવો ને એવો પડયો જ છે અંદર, સુંદર શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ. આહાહા ! એવા નિર્મળ, છે ? જેનો એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે. શું કીધું ? જે રાગ ને દ્વેષ ને કર્મના સંબંધવાળા મલિનને દેખે છે જીવને, એને તો જ્ઞાયકભાવ છે તો ખરો પણ એને ઢંકાંઈ ગયો છે. તે જ્ઞાયકભાવ, જ્ઞાયકભાવ ઢંકાતો નથી, જ્ઞાયકભાવ પ્રગટ થતો નથી ! જ્ઞાયકભાવ તો ત્રિકાળ છે.

પણ મલિનતા દેખનારને જ્ઞાયકભાવ છે છતો... છતાં તેને (જ્ઞાયકભાવ) ઢંકાઈ ગયો છે. શું કહ્યું ? સમજાણું કાંઈ ? આહાહા ! જેમ પાણી નિર્મળ છે અને મલિનતા તો એની પર્યાયમાં છે. એમ ભગવાન આત્મા જ્ઞાયકભાવ તો નિર્મળ જ છે ત્રિકાળ, પણ રાગ અને દ્વેષ ને પુણ્ય-પાપના મેલની પર્યાયને જોનારને, એને જ જે જુએ છે-નજરું જેમાં ત્યાં પડી છે. પર્યાય ઉપર અને રાગ ઉપર અને વિકાર ઉપર એની નજરું ત્યાં છે એને જ્ઞાયકભાવ છતો પડયો છે પણ એને માટે ઢંકાઈ ગયો છે. સમજાણું કાંઈ ? આહાહા !

આવી વાત આ તો અમૃતનાં ઝરણાં છે. અમૃતના મંત્રો છે આ તો, આહા ! જેમ સર્પને ઊતારવાના મંત્રો હોય છે ને ? વીંછીના (ઝેરને) ઊતારવાના મંત્રો હોય છે એમ આ તો મંત્રો છે. આહા... હા !

'એવા', શું કીધું ? 'એવી રીતે પ્રબળ કર્મના મળવાથી' -એટલે વિકારી પરિણામની તીવ્રતાના કારણે, પર્યાયમાં હોં 'જેનો સહજ એક જ્ઞાયકભાવ'-સ્વાભાવિક એક જ્ઞાયકભાવ, રાગ અને દ્વેષને જોનારને, એનાં અસ્તિત્વને જોનારને, જ્ઞાયકનું અસ્તિત્વ તે ઢંકાંઈ ગયું છે, છે છતાં તે જોતો નથી એટલે ઢંકાઈ ગયું છે. આહાહાહા !

આવો ઉપદેશ લ્યો ! પછી માણસ કહે કે સોનગઢવાળા તો એક નિશ્ચયની જ વાત કરે છે પણ વ્યવહારથીય થાય, ( એવું કહેતા નથી ) બાબુલાલજીને કીધું 'તું ને સુરેન્દ્ર પાસે ગયા 'તા ન્યાં બાબુલાલ, ઓલા ઈસરીમાં છે ને સુરેન્દ્ર એણે કીધું 'તું વ્યવહારથી થાય, આણે ના પાડી, બધાને એ વાંધા ઊઠે છે.

એ પાણી જેમ મેલું છે તો હવે મેલાથી નિર્મળતાનું ભાન થાય ? એમ પર્યાયમાં વિકાર છે, વિકારથી એક જ્ઞાયકભાવનું ભાન થાય ? એ તદ્દન ખોટી વાત છે. સમજાણું કાંઈ ?

એ વ્યવહારના રાગને જોનારને તો વ્યવહાર રાગ જ દેખાય છે. એની ઉપેક્ષા કરીને જે જ્ઞાયકભાવ છે એ તો એને ઢંકાઈ ગયો છે. એની ઉપેક્ષા કરી નાખી છે. જ્ઞાયકભાવ ત્રિકાળ છે તેની ઉપેક્ષા, ઉપેક્ષા મલિનભાવની કરવી જોઈએ. સમજાણું કાંઈ ? આહાહા !

જે આત્મામાં પુણ્ય-પાપના મલિન ભાવ છે તેની ઉપેક્ષા કરવી જોઈએ. કારણકે વાસ્તવિક જ્ઞાયકભાવમાં ઈ છે નહીં. પણ જેની ઉપેક્ષા કરવી છે તેનો આશ્રય-તેનો આદર કર્યો અને જેની ઉપેક્ષા નથી કરવી તેની ઉપેક્ષા કરી. ત્રિકાળી જ્ઞાયકભાવ છે સહજરૂપ તેની ઉપેક્ષા કરી એટલે એને ઢંકાઈ ગયો. આહાહા !

આવો વીતરાગ મારગ ! અત્યારે તો સાંભળવો મળવો મુશ્કેલ પડી ગયો છે બહારમાં... કડાકૂટમાં પડયા ને વ્યવહાર કરતાં-કરતાં ને વ્રત ને તપ ને ભગવાનની પૂજા ને ભક્તિ ને અપવાસને અમે ન્યાં ગયા 'તા એક વાર, બીજી વાર તાવ આવ્યો ત્યારે તંય એ પોતે સુરેન્દ્ર સ્નાન કરાવતા 'તા ભગવાનને પ્રતિમાને કરાવતાં 'તા. તાવ આવ્યો 'તો ને અમે ગ્યા 'તા ત્યાં, એ બધું કરે એટલે આમ જાણે આપણે. ઓહોહો ! કોણ કરે બાપુ ? ઈ શરીરની રાગ-બધી ક્રિયા તો જડની છે એનો ભાવ તમારો જરીક હોય તો તે પણ શુભ છે રાગ છે, તે રાગને જોનારને રાગથી રહિત જ્ઞાયકભાવ છે એને તો એ જોતો નથી. એ કાળે પણ રાગ હોવા છતાં, રાગને જ જોનારાને રાગ હોવા છતાં જ્ઞાયકભાવ છે ત્યાં, રાગ હોવા છતાં તેને જ્ઞાયકભાવ છે પણ રાગને જોનારે જ્ઞાયકભાવને તિરોભૂત કરી નાખ્યો છે. આહા... હા ! એણે તો એને ઢાંકી દીધો, અને આ ઊઘડી ગયો પુણ્યને પાપના ભાવ બહાર આવી ગયા. આહાહા ! સમજાણું કાંઈ ? સહજ એક જ્ઞાયકભાવ તિરોભાવ થઈ ગયો-આમાં જરી ગૂઢ છે, સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ જતો નથી. જ્ઞાયકભાવ તિરોભૂત થઈ જતો નથી.

પણ... કર્મના મળવાથી જેનો, એવા આત્માનો અનુભવ કરનારને માટે વાત છે. આહાહા ! સમજાણું કાંઈ ? જે કંઈ પુણ્ય ને પાપના ભાવ, એનો જે અનુભવ કરે છે એને જ્ઞાયક સહજ એક ભાવ તે ઢંકાઈ ગયો છે, એની દૃષ્ટિમાં ઈ આવતો નથી. એની દૃષ્ટિમાં તો આ દયા, દાન, વ્રત, ભક્તિ આ કરીએ એ અમારું છે. આહા... હા ! એવી રીતે પ્રબળ કર્મના મળવાથી જોયું ? આકરાં કર્મનું મળવું-તીવ્ર વિકાર ઘણોં ભલે હોં ! આહાહા ! પણ જેનો સહજ એક જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે-ઢંકાઈ ગયેલાની વ્યાખ્યા આટલી. જ્ઞાયકભાવ ઢંકાતો નથી.

દ્રવ્યભાવ, દ્રવ્યસ્વભાવ છે ઈ તો કાયમ શુદ્ધ નિર્મળાનંદ જ છે. પણ જે મલિનને જોનારને જ્ઞાયકભાવ ઢંકાતો ન હોવા છતાં એને ઢંકાઈ ગયો એમ કહેવામાં આવે છે. પર્યાયદૃષ્ટિવાળાને-રાગની દૃષ્ટિવાળાને જ્ઞાયકભાવ છતો છે પણ તેની નજરમાં તે લેતો નથી.

માટે તેને ઢંકાઈ ગયો છે. સમજાણું કાંઈ ? આહાહા !

જ્ઞાયકભાવ તિરોભૂત થતો નથી એ વસ્તુ જે જ્ઞાયક ચૈતન્યમૂર્તિ તો ત્રિકાળ નિર્મળાનંદ પ્રભુ જ છે. આહાહા ! પણ જેને વર્તમાનમાં રાગ અને દયા-દાન ને પુણ્ય-પાપનાં વિકારને જોનારાં છે અને ત્યાં એ રુચિમાં પડયા છે, અને એનાથી થશે એમ માનનારા છે, એને જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. આહાહા ! આવો મારગ છે.

એવા, સહજ એક જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે, એવા આત્માનો અનુભવ કરનાર જોયું ? એવા-રાગ દ્વેષને જ અનુભવ કરનારાં જેને જ્ઞાયકભાવ છતો છે પણ નજરમાં લેતો નથી, એવા રાગનો અનુભવ કરનાર જીવને, આહાહા ! આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા. આહાહા ! ભગવાન જ્ઞાયકભાવ અને રાગદ્વેષ એ કર્મભાવ વિકારભાવ, આહાહાહા ! બેની જુદાઈ નહીં કરનારા, બે છે; વસ્તુ તરીકે બે છે, ઈ બે ને બે તરીકે ભિન્ન નહીં કરનારાં, આહાહા ! આત્મા અને કર્મનો વિવેક નામ ભિન્ન નહીં કરનારા. આહાહાહાહા ! એટલે ? કે આત્મા સહજ જ્ઞાયકભાવ એ તો છે જ. પણ એની પર્યાયમાં પુણ્યપાપના શુભઅશુભ ભાવની મલિનતા એનો અનુભવ કરનારા-એ જ અસ્તિત્વ છે, એટલી જ અસ્તિત્વ સ્થિતિ છે ( એ જ આત્મા છે ) એમ અનુભવ કરનારા એને મહાપ્રભુનું જે અસ્તિત્વ છે જે જ્ઞાયક સહજ સ્વરૂપ છે તે તેની નજરમાં આવ્યું નહીં એટલે ઢંકાઈ ગયું છે. છોટાભાઈ ! આવું છે આવું. કલકતા ફલકતા ક્યાંય ન મળે, ધંધામાંય ન મળે. આહાહા !

વરને મૂકીને જાન જોડી દીધી, દુલ્હા કહે છે ને તમારે દુલ્હા વિના જાન જોડી દીધી. વર વિના જાન કહેવાય જ નહીં, એમ નિશ્ચય વસ્તુનું ભાન હોય એને રાગનો વ્યવહાર કહેવામાં આવે, પણ જેને ભાન જ નથી ને રાગને જ પોતાનો માને, એને વ્યવહારેય ક્યાં છે ? સમજાણું કાંઈ ? કારણકે ઈ તો રાગને જ પોતાનું માને છે, એ જ પોતે છે એમ, એમાં વળી બીજી ચીજ ક્યાં આવી ? આહા ! એને તો એ જ છે, એને જ્ઞાયકભાવ છે એ તો એને વ્યવહાર થઈ ગ્યો-પરમાં થઈ ગયો એને એ વ્યવહાર થઈ ગયો. આહા !

નિશ્ચયમાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવવાળાને જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો એને જ્ઞાયકભાવ દૂર થઈ ગયો. આહાહા ! જે ભૂતાર્થ છે તેને અભૂતાર્થ કરી નાંખ્યો અને જે અભૂતાર્થ છે તેને ભૂતાર્થ કરીને અનુભવ્યો. આહાહા !

'એવા આત્માનો અનુભવ કરનારા પુરુષો', પુરુષો શબ્દે આત્મા. પુરુષો એટલે કંઈ સ્ત્રીનો આત્મા નહીં ને પુરુષોનો જ આત્મા આમ કરી શકે છે એમ નહીં. પુરુષો એટલે આત્મા. પછી ચાહે તે સ્ત્રીનો હોય કે ચાહે પુરુષનો હોય, ચાહે તો ચંડાળ હોય કે નારકીનો આત્મા હોય. આહાહાહા ! પણ જે કોઈ-પુરુષો રાગને જેની ચીજમાં એ નથી એવા રાગને જ અનુભવનારા, તેનો જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો હોવાથી એ બેનો વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહિત. આહાહાહા !

એ પુણ્યનાં ભાવમાં જ વ્યવહારમાં જ મૂંઝાઈ ગયા ( છે ) વિમોહિત ત્યાં વિશેષે મોહિત-મૂર્છાઈ ગયા એટલે ત્યાં રોકાઈ ગયા. એ રાગ તે હું છું ને એ મારું કર્તવ્ય છે, અને એનાથી મને લાભ થશે. આહાહા ! આવી વાત છે ચોખ્ખી, " વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ " જોયું ?

આહાહા ! જેને ભગવાન જ્ઞાયક સ્વરૂપ છતી ચીજ પડી છે, નિર્મળાનંદ સહજસ્વભાવ એની સામું જોતો નથી અને રાગનો ભાવ જે દયા ને દાન ને વ્રત ને તપ અને ભક્તિને, એની સામું જોનારા એ વ્યવહારમાં વિમોહિત છે–વ્યવહારમાં મૂંઝાઈ ગયા છે, વિશેષ વ્યવહારમાં લીન છે વિમોહિત મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! ( શ્રોતાઃ અઠ્ઠાવીસ મૂળગુણમાં પણ દોષ લાગે છે ? ) એમાં રોકાય ગયો, ઈ બધા એક છે. ઈ સુરેન્દ્ર હમણાં એક છે ને ? ન્યાં બાબૂલાલજી ગયા ’ તાં તે... બધાંય એમ કહે છે તે. આહાહા ! એકાંત છે વ્યવહારથી નિશ્ચય ન થાય એમ માનવું તે એકાંત છે. રાગની ક્રિયા કરતાં–કરતાં આનંદ પ્રગટે જ્ઞાયક પ્રગટે તો તો અનેકાંત છે. આહાહા !

આંહી તો કહે છે કે સ્વને આશ્રયે પ્રગટે ને પરને આશ્રયે પ્રગટે નહીં, એનું નામ અનેકાંત છે. તો આ કહે છે કે રાગ કરતાં–કરતાં પ્રગટે એનું નામ અનેકાંત છે અને રાગથી પ્રગટે એમ ન માનો તો એકાંત છે. આહાહા !

શું થાય બાપુ ? આ પ્રભુ તારા ઉદ્ધારનો મારગ તો આ છે. આહા ! અરે ! ક્યાં રોકાઈ ગ્યો જ્યાં ચીજ છે ત્યાં ન જતાં, જે ચીજમાં નથી ચીજ એમાં રોકાઈ ગયો. આહાહા ! ચાહે તો ઈ દયા, દાન, વ્રત, ભક્તિનાં પરિણામ કે પંચમહાવ્રતના હો, પણ એ વ્યવહાર વિમોહિત છે એમાં જે મુંઝાઈ ગયા છે ને આત્મા તો એનાથી ભિન્ન છે એને એ જોતાં નથી તો એને તો ઢંકાઈ ગયો આત્મા. આહાહાહા !

સમજાય એવું છે ને ભાષા સાદી છે કાંઈ બહુ ( કઠિન નથી ! )

વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તેને જેવાં ભાવોનું વિશ્વરૂપપણું પ્રગટ છે એવો અનુભવે છે. શું કીધું ઈ ? તે આત્માને જેમાં ભાવોનું અનેક વિશ્વ એટલે અનેકપણું પોતે ભગવાન પહેલો કીધો કે સહજ એક જ્ઞાયકભાવ છે–ઈ તો સહજ એક જ્ઞાયકભાવ છે. અને આ વિકારી ભાવો તો અનેક છે, જેમાં ભાવોનું વિશ્વરૂપ એટલે અનેકરૂપપણું પ્રગટ છે. પ્રગટ છે, વિકાર જ પ્રગટ છે એને તો. આહાહા ! અને ભગવાન આત્મા જ્ઞાયકભાવ તો એને અપ્રગટ છે. આહા ! જેને પ્રગટ છે છતી ચીજ, એને પ્રગટપણે ન માનતાં, પર્યાયમાં રાગાદિનું પ્રગટપણું તેને તે પ્રગટ છે એમ માને છે. આ જ છે બધું આ જ છે. ( વસ્તુ ) જ આ છે. આહાહા !

( શ્રોતાઃ ) એક–એકમાં મન નહીં લાગે તો અનેક–અનેકમાં મન લગાવે છે ?

( ઉત્તરઃ ) હા, મન જાય છે અનેકમાં માટે મિથ્યાદૃષ્ટિ છે. અનેકપણાને અનુભવે છે–વ્યવહારમાં મુંઝાયેલા. આહાહા !

પછી... સ્વરૂપનો સ્વીકાર થયા પછી... રાગ આવે ત્યારે એ તો પૃથક તરીકે તેને જ્ઞેય તરીકે જાણે છે. પરજ્ઞેય તરીકે જાણે છે. અને આ તો પોતાનું સ્વરૂપ જ રાગ અને એનાથી મને લાભ થશે એમ માનનારા છે. આહાહા ! સમજાણું કાંઈ ?

આત્મા જ્ઞાયક છે સહજ એક જ્ઞાયક છે–સહજ એક જ્ઞાયકભાવ છે. એવી શુદ્ધનયથી એનું ભાન થયું અંતર્દૃષ્ટિમાં ત્યારે તો એણે મેલપણે હું છું એ તો ન રહ્યું, છતાં મેલ છે એને તો એ જાણે છે. જેમ સ્વ પરિપૂર્ણ સહજ સ્વભાવ છું એમ જાણે છે, એની પર્યાયમાં રાગ છે ઈ રાગને જાણે છે. એ પણ જાણે છે એમ કહેવું એય વ્યવહાર છે. ખરેખર તો એ જ્ઞાનની પર્યાયને જ જાણે છે. સમજાણું કાંઈ ? આહા !

વિશ્વરૂપપણું આ વિશ્વરૂપપણું કેમ મૂક્યું ? ઓલામાં સહજ એક જ્ઞાયકભાવ છે ને ત્રિકાળી એકરૂપ છે વસ્તુ ધ્રુવ નિત્યાનંદ ધ્રુવ. જ્યારે પુણ્ય-પાપના ભાવ અનેકરૂપ છે. અસંખ્ય પ્રકારના, -દયા, દાન, વ્રત, પૂજા, નામ સ્મરણ, જાપ માળા, ભક્તિ આદિ શુભના અનેક પ્રકાર છે અને અશુભના અનેક પ્રકાર છે. આહાહા ! એ શુભના અનેક પ્રકારના ભાવને અનુભવનારા- વ્યવહારમાં મૂંઝાઈ ગયેલા, આહા ! ઈ વ્યવહારને જ પોતાના માનનારા. આહાહા ! આવી વાતું છે. એવા હૃદયવાળાઓ જેમાં ભાવોનું અનેકપણું પ્રગટ છે. ઓલી વસ્તુ છે તે અવ્યક્ત છે પર્યાયની અપેક્ષાએ અપ્રગટ છે. પર્યાયમાં પ્રગટ નથી વસ્તુમાં પ્રગટ છે. પર્યાયની અપેક્ષાએ વસ્તુ ( જ્ઞાયક ) અવ્યક્ત નામ અપ્રગટ છે. અને એને આ પર્યાય છે તે વ્યક્ત ને પ્રગટ છે. આહાહાહા !

અજ્ઞાનીને એ પુણ્યના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ એ જ એને પ્રગટ છે. પ્રગટ દેખાય છે. જુઓને આ કેટલું બધું છોડયું, દુકાન છોડી, ધંધા છોડયા, બાયડી છોડી, છોકરાં છોડયાં ને આ બેઠો. આંહી હમણાં એક આવી ’તી ઈ કહેતી ’તી આમણે ત્યાગ કર્યો છે ને વળી સમકિત નથી ને ઈ શું ? આહાહા !

ભાઈ શ્વેતાંબરનું તો બધું સમજવા જેવું છે, દિગંબરનાં તો ક્ષુલ્લક હોય એ પણ એને સહન કરવાનું ઘણું હોય છે. નગ્નપણે રહેવું સાધુને આને તો કાંઈ ન મળે એની તો વાત શી પણ બિચારા આ નગ્ન રહે શિયાળાની ટાઢયું. આહાહા ! શાંતિસાગર આંહી આવ્યા ’તા... ૯૭ ’માં શાંતિસાગર બહુ મોટા અત્યારે આચાર્ય. આંહી ઠંડીમાં પોષ મહિનામાં હતા, એ બહાર નીકળ્યાં ઓરડીમાં સૂવાડયાં હતાં અંદર, બહાર નીકળ્યા તો આમ, ધ્રુજે ધ્રુજે ધ્રુજે ઠંડી બહુને બંધ કરો બંધ કરો બંધ કરો ! આમ બચારાં નરમ હતાં પણ વસ્તુ સ્થિતિ.

આંહી વ્યવહારના હૃદયવાળાઓ અનેકપણું પ્રગટ છે એવો આત્માને અનુભવે છે. એવો છે નહીં એને અનુભવે છે, એ મિથ્યાદૃષ્ટિ છે.

વિશેષ કહેશે... ( પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં. ૩૯ ગાથા - ૧૧ તા. ૨૧-૭-૭૮ શુક્રવાર, અષાઢ વદ-૧ સં. ૨૫૦૪

આજે શ્રાવણ વદ એકમ છે સિદ્ધાંતની. દિવ્યધ્વનિ દિન, ભગવાનની દિવ્યધ્વનિનો આજ દિવસ છે. ભગવાનને રાજગૃહીના પાસે વિપુલાચલ પર્વત ઉપર આજ દિવ્યધ્વનિ છૂટી હતી. કેવળજ્ઞાન તો વૈશાખ સુદ ૧૦ મે થયું. પણ છાસઠ દિવસ વાણી બંધ રહી. વાણીનો યોગ નહિ ને સાંભળનારનો ( પણ ) યોગ નહીં. ( ભગવાન મહાવીરની ) છાસઠ દિવસ વાણી બંધ રહી. આજ સવારમાં સૂર્ય ઊગ્યે બે ઘડી... દિવ્યધ્વનિ છૂટી. ઈન્દ્ર લાવ્યા ગણધરને ગૌતમ સ્વામીને આવ્યા એટલે અંદર, માનસ્થંભ જ્યાં દેખ્યો, એમાં એનું માન ગળી ગયું, અને એને પોતાને અંદર ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થયું.

ભગવાનની વાણી નીકળી, એ વાણીમાં ભાવશ્રુતજ્ઞાન આવ્યું કેવળજ્ઞાન નહીં. ભાવશ્રુતજ્ઞાનમાં બધું આવે. કારણકે વાણી છે ને એટલે એના ભાવના અર્થના કર્તા તીર્થંકર

કહેવાય છે અને એની રચના ગ્રંથના કર્તા ગૌતમ ગણધર ( છે ). એથી એને ભાવશ્રુતપણે પરિણમે છે ને એને, અને પછી રચના દ્રવ્યશ્રુતની કરે છે. પણ ભાવશ્રુતપણે પરિણમે છે તે વાણીને પણ ભગવાને ભાવશ્રુત કહ્યું એમ કહ્યું. ' ધવળ ' માં પાઠ છે. ભગવાનની વાણીમાં ભાવશ્રુત દ્વારા કથન એમ આવ્યું, ભાવશ્રુત દ્વારા સમજાવ્યું અર્થ–કર્તાએ. આહાહા !

ભાવશ્રુતમાં સમજાવ્યું બધું કેવળજ્ઞાન આદિ જેટલાં જગતનાં ( પદાર્થો ) છ દ્રવ્યો એનાં ગુણ પર્યાયો વગેરે એ ભાવશ્રુતમાં આવી જાય છે, પણ કેવળજ્ઞાનથી તે સમજાવ્યું એમ નથી કહ્યું. સમજાણું કાંઈ ? પાઠ છે એમાં પાંસઠ પાને ભાવશ્રુત દ્વારા અર્થથી સમજાવ્યું ભગવાને ! આહાહા ! ઈ ગણધરે ભાવશ્રુતને સાંભળ્યું અને એને પણ ભાવશ્રુત પરિણમ્યું; આહાહા ! અંતર્મુખ થઈને એને પણ ભાવશ્રુતજ્ઞાન થયું. એ આ દિવસ છે આજ, દિવ્યધ્વનિનો અને ગણધરે અંતર્મુહૂર્તમાં ક્રમે ચાર જ્ઞાન પ્રગટ કર્યા ને બાર અંગની રચના કરી. બાર અંગની રચના કરી ઈ ક્રમે કરી. એક સમયમાં થઈ એમ નહીં. આહાહા ! સમજાણું કાંઈ ? ક્રમે કરીને બાર અંગની રચના પણ અંતર્મુહૂર્તમાં ( થઈ ). આહાહાહા !

જેમ ભગવાનની ભાવશ્રુતજ્ઞાનધારા ચાલી, એવું જ ગણધરેય ભાવશ્રુતજ્ઞાનપણે પરિણમ્યા. આહાહા ! એણે એક અંતર્મુહૂર્તની અંદર, આહાહાહા ! બે ઘડીની અંદર/ચાર જ્ઞાન પ્રગટ કર્યા–મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને અંતર્મુહૂર્તમાં જે આચારાંગ આદિ ગ્રંથ છે શાસ્ત્ર એનાં અઢારહજાર પદ છે, એક એક પદનાં એકાવન ક્રોડ જાઝેરાં શ્લોક છે, એવા ડબલ ( બમણાં ), સૂયગઠાંગ છત્રીસ હજાર પદ, બોંતેર હજાર પદ, એકસોચુમાલીસહજાર પદ આમ બમણાં બમણાં થતાં આવા અગિયાર અંગ અને એથી પણ બાર ( મું ) અંગ જેમાં ચૌદપૂર્વ ને એથી ઉપરાંત બીજાં... ( એની ) જેણે અંતર્મુહૂર્તમાં રચના કરી બાપુ એ શક્તિ કેવી હશે ? આહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા !

બાર અંગ કોને કહે ? એક અંગમાં અઢારહજાર પદ અને એક એક પદમાં એકાવન ક્રોડ જાઝેરાં શ્લોક એવાં અગિયાર અંગ ને બાર અંગ તો કોઈ અપાર છે. આહાહા ! પણ આત્માની તાકાત છે ગણધરની. આહાહા ! અંતર્મુહૂર્તમાં અડતાલીસ મિનિટની અંદર ક્રમે... રચનામાં ( બાર અંગની કરવામાં ) અંતર્મુહૂર્ત લાગ્યું. આહાહા ! એક સાથે તો ( એક સમયમાં ) કરી શકે નહીં. ક્રમે રચના કરતાં, આહાહા ! બાર અંગની રચના કરતાં ક્રમે અંતર્મુહૂર્ત લાગ્યું ! આહાહા ! એ તાકાત કેટલી ? આહાહા ! ભાવશ્રુતજ્ઞાનપણે પરિણમ્યા છે. ચૈતન્ય ભગવાન આ જે ચાલે છે અગિયારમી ગાથા. જ્ઞાયકને અવલંબે જેને ભાવશ્રુત થયું છે ભગવાનની વાણી તો નિમિત્ત છે. સમજાય છે કાંઈ ?

અંદરમાં પરમાત્મ સ્વરૂપ પૂરણ પ્રભુ પૂર્ણાનંદનો નાથ પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો, અતીન્દ્રિય આનંદના ભાવથી પૂરણ ભરેલો, આહાહા ! એમ અતીન્દ્રિય જ્ઞાનના ભાવથી પૂરણ ભરેલો એવો જ્ઞાયકભાવ. આપણે અગિયારમી ( ગાથામાં ) ચાલે છે. આહાહા !

એ જ્ઞાયકભાવને અંતર્મુહૂર્તમાં અવલંબીને–એક જ સમય થાય છે એને તો, ઉપયોગમાં વાર લાગે છે ( અંતર્મુહૂર્ત ! ) એક જ સમયમાં સમયાંતર કરી નાખ્યું જ્ઞાન. આહાહા ! જે મિથ્યાજ્ઞાન હતું, વેદાંતી હતા ને એ તો ? ગૌતમ ! બ્રાહ્મણ હતા. વેદમાં પૂરણ હતાં. પણ જેણે...

જ્ઞાયક ( અનુભવ્યો ) ભગવાનની વાણી તો નિમિત્ત છે. પણ એની તાકાત એટલી હતી. આહાહા ! કે આ જ્ઞાયક પૂરણસ્વભાવભાવ એનું અવલંબન લઈને, એ જ્ઞાયકભાવ છે ઈ નિરાલંબન છે હમણાં બતાવ્યું હતું કોઈકને ગાથા શ્લોક ત્યાં ઉપર, બતાવી ’તી ? નિરાલંબન છે. આહાહા ! વસ્તુને પ્રાપ્ત થવામાં કોઈ આલંબન બહારની જરૂર નથી, એવો જે નિરાલંબી પ્રભુ એનું આલંબન લઈને, જેણે ભાવશ્રુત જ્ઞાન આનંદના સ્વાદ સહિતનું ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થયું. આહાહાહા !

જે જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદ સ્વાદમાં સાથે આવે તેને આંહીયા જ્ઞાન કહેવામાં આવે છે. આહાહાહા ! એવું જ્ઞાન, જેણે અંતર્મુહૂર્તમાં / એ તો ઉપયોગ અંતર્મુહૂર્ત છે, છે તો એક સમયમાં. આહાહા ! સમયાંતરમાં એકદમ આખી લાઈન ફરી ગઈ. જે દૃષ્ટિ રાગ અને પુણ્ય ઉપર હતી એ દૃષ્ટિ પડી જ્ઞાયકના આનંદના સાગરમાં, એક સમયમાં જ્ઞાન સમ્યક્ થઈ ગયું. જે જ્ઞાને ભવનો અંત લીધો, આહાહા ! એ જ્ઞાનને પ્રાપ્ત કરીને ( ગણધરે ) બાર અંગની રચના અને ચાર જ્ઞાનની પ્રાપ્તિ અંતર્મુહૂર્તમાં કરી નાખી. આહાહા !

જુઓ ! એ તાકાત ગણધરની, છે છદ્મસ્થ–પણ આત્મા અંદર છે ને ! આહાહા ! વેદાંતમાં પૂરા હતા વેદમાં પ્રવિણ હતા, એના મોટા અગ્રેસર હતા. આહાહા ! એવી દૃષ્ટિવંત પણ, ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ જ્યાં સૂની ( સાંભળી ) આહાહાહા ! એણે પુરુષાર્થની ગતિને અંતરમાં વાળી, જે ( ગતિ ) રાગ ઉપર હતી. આહાહા ! ( તે દૃષ્ટિને અંતર્મુખ કરી ! ) ભાવ આકરો છે બાપા. આહાહા !

અને એ શ્રુતકેવળીઓ, આહાહા ! શ્રુતને અંતર્મુહૂર્તમાં ફેરવી જાય એવી એની તાકાત છે. રચના અંતર્મુહૂર્તમાં કરી, બાર અંગ કોને કહે ભાઈ એ તો કંઈ વિચાર્યું એણે, આહાહા ! જેના ત્રીજા ભાગમાં તો ચૌદ પૂર્વ આવે છે. અને એ સિવાય બે ભાગ બીજા છે. આહાહા ! એવા આખા બાર અંગની રચના અંતર્મુહૂર્તમાં કરી પણ છદ્મસ્થ છે તે ક્રમે કરી.

કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે તે એક સમયમાં થાય છે. સમજાણું કાંઈ ? આહાહાહા !

એ બાર અંગની રચનાનો દિવસ પણ આ જ છે. આ જે શાસ્ત્ર છે આ, એનો અર્થ અર્થ, પછી બાર અંગના જાણનારાઓનો વિચ્છેદ થઈ ગયો, પછી અગિયાર અંગના જાણનાર રહ્યા, પછી તેનોય વિચ્છેદ થઈ ગયો, ( એમ સમય જતાં ) પછી એક અંગના જાણનારા રહ્યા, એનો વિચ્છેદ થઈ ગયો. પછી એક અંગના અર્થના જાણનાર રહ્યા. આહાહા ! એ અર્થના જાણનારમાંથી આ કુંદકુંદાચાર્ય/એક અંગના અમુક અર્થના જાણનાર. આહાહા ! એમાંથી એણે સમયસાર બનાવ્યું. આહાહા ! આ સમયસાર ગ્રંથની પ્રમાણિકતા છે. પોતે કહ્યું છે પાંચમી ગાથામાં.

મારા ગુરુ જે છે, કે અરિહંત જે છે. આહાહા ! એ અરિહંત વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. કેવળજ્ઞાની પરમાત્મા મહાવીર પ્રભુ આદિ, એ વિજ્ઞાનઘન ભગવાન એમાં નિમગ્ન હતા, અને પછી ગણધર થયા એ ( પણ ) વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા, ત્યાંથી અમારા ગુરુપર્યંત, આહાહા ! કુંદકુંદાચાર્ય એમ કહે છે કે અમારા ગુરુપર્યંત જેવા અરિહંત વિજ્ઞાનઘનમાં મગ્ન હતા, નિમગ્ન, મગ્ન એકલા નહીં એવા અમારા ગુરુ વિજ્ઞાનઘનમાં ( અંતર્નિમગ્ન હતા ) વિજ્ઞાનઘન ભગવાન, એકલો વિજ્ઞાનનો પૂંજ આખો મોટો પ્રભુ. એમાં અરિહંત નિમગ્ન હતા, એમ અમારા ગુરુ પણ

નિમગ્ન હતા. ઠેઠ થી ઠેઠ અરિહંતથી માંડીને અમારા ગુરુ ( પર્યંત ) આહાહાહાહા !

જુઓ ! આ શાસ્ત્રની પ્રમાણતા બતાવવામાં પ્રમાણિક આવા પુરુષો હતા. સમજાણું કાંઈ ? આહાહા ! એને છતાંય નિર્માન, નિર્માન, નિર્માન. આહાહા ! ક્યાં પ્રભુ અમારું ભાવશ્રુતજ્ઞાન અને ક્યાં પ્રભુ તમારું કેવળજ્ઞાન ? આહાહા ! જેને અંતર્મુહૂર્તમાં બાર અંગની રચનાની તાકાત અને બાર અંગનું જ્ઞાન અંતર્મુહૂર્તમાં પ્રગટ કર્યું ! આહાહા ! એ સંત કહે છે, પ્રભુ તમારી કેવળજ્ઞાનની પર્યાય ક્યાં અને અમારી આ શ્રુતજ્ઞાનની પર્યાય પામર ક્યાં ? આહાહાહાહા ! આમ છે. આંહી તો જ્યાં થોડું ઘણું ધારણામાં કાંઈ આવડયું અને આવડતમાં આવ્યો, ત્યાં એને એમ થઈ જાય કે આપણે વધી ગયા ને આપણે આગળ ગયાને બાપા એ મારગડા અંતરના અલૌકિક છે ભાઈ ! આહાહા ! આહાહા !

જે ગણધરને બાર અંગની ઉત્પત્તિ એક ક્ષણમાં કરી અને રચના એક ક્ષણમાં કરી. ચાર જ્ઞાન–મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયની ઉત્પત્તિ એક ક્ષણમાં થઈ, એ પુરુષ એમ કહે, પ્રભુ તમારું કેવળજ્ઞાન ક્યાં ? પર્યાય હોં ? દ્રવ્યની તો વાત ક્યાં કરવી ? કેવળજ્ઞાનની પર્યાય ક્યાં પ્રભુ અને અમારી શ્રુતજ્ઞાનની પર્યાય ક્યાં ? આહા ! અમે પ્રભુ પામર છીએ હોં ! આહાહા ! વસ્તુ તરીકે અમે પ્રભુ છીએ પણ પર્યાય તરીકે / આવો રચનાની અંતર્મુહૂર્તમાં બાર અંગની શક્તિ એ પણ એમ કહે કે અમે પામર છીએ. આહાહા ! એ માંહ્યલું રચાયેલું આ સમયસાર છે. એનો તો એક ભાગ છે થોડો, છતાં ઘણી વાત રહી ગઈ છે.

આપણે આંહી સુધી આવ્યું છે. છે ને ?

જેમાં ભાવોનું અનેકપણું પ્રગટ છે એવો અનુભવે છે, અજ્ઞાની ! આહાહા ! પર્યાયમાં અગિયારમી ગાથા વચમાં છે વચમાં કાલ આવ્યું 'તું. કાલ તો સજજાય હતી પરમ દિ ' છે ? વચમાં ' વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ, જેમાં ભાવોનું અનેકરૂપપણું છે, એવો અનુભવે છે ' શું કહ્યું ઈ ? કે પર્યાયમાં અનેક પ્રકારના શુભાશુભ રાગ છે, તેમાં વ્યવહારમાં મૂંઝાઈ ગયેલા વિમોહિતવાળા જીવ, આહાહા ! તેને મારું આ સ્વરૂપ છે તેમ અનુભવે છે. આહાહા ! એનું એને વેદન છે દુઃખનું. આહાહા !

જે જ્ઞાન, ભાવોનું અનેકરૂપપણું એમાં વિકલ્પોના અનેક પ્રકાર છે. અજ્ઞાનીને સ્વભાવનો આશ્રય તો થયો નથી. જેને અવલંબે એકતા થાય અને અનેકતા તૂટે એ તો થયું નથી. એથી અનેકપણાને જ એ અનુભવે છે, પુણ્ય ને પાપ, દયા ને દાન આદિ અસંખ્ય પ્રકાર શુભના અને અસંખ્ય પ્રકાર અશુભના, એને અજ્ઞાની, વ્યવહારમાં મોહાયેલા, મૂંઝાયેલા પ્રાણી, વ્યવહારમાં મૂઢ પ્રાણી એને અનુભવે છે. સમજાય છે કાંઈ ? આહાહા !

હવે, " પણ ભૂતાર્થદર્શીઓ "–છે ? છતી ચીજ છે, ભૂત છતો પદાર્થ છે આહાહા ! મહાચીજ છે વસ્તુ છે મૌજુદગી હૈયાતિવાળી ચીજ છે ધ્રુવ જ્ઞાયકભાવ. આહાહા ! એ શુદ્ધનયને દેખનારાઓ અંતરને જોનારાઓ, જે પર્યાય પરને જુએ છે તે છોડી દઈને જે પર્યાય પોતાને જુએ છે. " એવા શુદ્ધનયને દેખનારાઓ પોતાની બુદ્ધિથી નાખેલા " આહાહા ! પુરુષાર્થથી રાગથી ભિન્ન પડીને, આહાહા ! રાગ અને સ્વભાવ વચ્ચે પ્રજ્ઞાછીણી પુરુષાર્થથી કરી છે. પ્રજ્ઞાછીણી મારી છે વચમાં. આહાહા !

છે ? પોતાની બુદ્ધિથી જે પોતાની જ્ઞાનની દશા છે; પોતાનું જ્ઞાન પર્યાય, એનાથી નાખેલા (એટલે) રાગ અને સ્વભાવ વચ્ચે આ રીતે પ્રજ્ઞાછીણીને નાખીને, આહાહા ! "શુદ્ધનય અનુસાર બોધ થવા માત્રથી, થવા માત્રથી" સ્વભાવને આશ્રયે જે બોધ થયો શુદ્ધનયને આશ્રયે જે બોધ થવામાત્રથી-શું કહ્યું ? આહા ! પોતાની જ્ઞાનની નિર્મળ પર્યાય, એને સ્વભાવ તરફ વાળતાં જે શુદ્ધનય અનુસાર બોધ-જ્ઞાન થવા માત્રથી ઊપજેલું, જ્ઞાયકના જ્ઞાનમાત્ર થવાથી ઉત્પન્ન થયેલું, આત્મ- કર્મના વિવેકપણાથી, આત્મા અને રાગનો વિકલ્પ છે ઈ કર્મ. આત્મા અને કર્મના વિવેકપણાથી બેની જુદાઈથી. આહાહા ! જ્ઞાયકભાવ, એ શુદ્ધનયને અનુસારે તેનું જ્ઞાન થતાં, આત્મા અને કર્મના વિવેકપણાથી, આહાહા ! રાગ અને સ્વભાવની જુદાઈનું ભાન થવાથી, આહાહા ! આવી વાત છે.

પોતાની બુદ્ધિથી નાખેલા; એનો અર્થ શું ? આહાહા ! સાંભળેલું જ્ઞાન છે એ પણ નહીં એમ કહે છે. આહાહા ! સાંભળ્યું છે એ જ્ઞાન નથી એ પોતાની બુદ્ધિ નહીં. અહીંયા તો ચૈતન્યસ્વરૂપ ભગવાન એને અનુસારે થઈને જે જ્ઞાન થયું એ પોતાની બુદ્ધિથી, એ જ્ઞાનથી આહાહા ! "એ બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર જ્ઞાન થવામાત્રથી", "ઊપજેલા આત્મકર્મના વિવેકપણાથી પોતાના પુરુષાર્થ દ્વારા"-ભાષા નાખી જોયું ? પોતાના પુરુષાર્થ દ્વારા અંદરમાં કર્મ જરીક ખસ્યા છે માટે આ કામ ચાલે છે એમ નથી. આહાહા ! "પોતાનાં પુરુષાર્થ દ્વારા, આહાહા ! આવિર્ભૂત કરવામાં આવેલો" શું ? જે જ્ઞાયકભાવ ત્રિકાળી, રાગના અને પર્યાયબુદ્ધિના પ્રેમમાં ઢંકાયેલો હતો. ખ્યાલમાં નહોતો આવતો. આહાહા ! એક સમયની પર્યાયના પ્રેમમાં કે વિકલ્પના પ્રેમમાં એ ઢંકાઈ ગયો, વસ્તુ હતી છતી છતાં તે આચ્છાદન ઢંકાઈ ગઈ હતી. આહાહા ! અજ્ઞાનીને આચ્છાદન થઈ ગઈ છે. વસ્તુ આચ્છાદન થતી નથી પણ એને આચ્છાદન પર્યાયમાં થઈ એટલે ઢંકાઈ ગયો એમ કહેવામાં આવે છે. આહાહા !

વસ્તુ જ્ઞાયકસ્વરૂપ જે વસ્તુ છે એ તો ત્રિકાળ શુદ્ધ અને આનંદકંદ જ છે એ ઢંકાતી નથી ને પ્રગટ થતી નથી, એ તો છે જ એવી. આહાહા !

આ ગાથા તો જૈનદર્શનનો પ્રાણ છે, આખા બાર અંગ ને જૈનશાસનનું મૂળ છે આ. ઝીણી વાત છે ભાઈ ! અત્યારે તો મુશ્કેલ થઈ પડી છે. બહારની વાતમાં ને વાતું છે-આવું આ કર્યું ને આ કર્યું, વ્રત કર્યાં, ને તપ કર્યાં ને પડિમા લીધી ને, આહાહા ! એ બધા-અનેક વિકૃત ભાવ, એને અનુભવનારા, વ્યવહારમાં મૂઢ થઈ ગયા છે એ તો અને આ ભાનવાળા વ્યવહારના જાણનારા રહી ગયા છે હવે. આહાહા ! જેણે આત્મા અને કર્મ, કર્મ એટલે રાગ, ચાહે જીવનો શુભરાગ હો એ રાગ અને આત્માના વિવેકપણાથી એને ભિન્ન પાડવાથી એને જુદા કરવાથી, આહાહા ! ઊપજેલો જે બોધ, આહાહા ! એમાંથી પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા, શું ? સહજ એક જ્ઞાયકભાવ ! આહાહા !

વળી, એક બાજુ એમ કહેવું-કે જે ત્રિકાળી જ્ઞાયકભાવ છે એ ત્રિકાળી તે શુદ્ધ જ છે. એ કોઈ દિ' અવરાણો નથી, અશુદ્ધ થયો નથી, હીણો રહ્યો થયો નથી. આહાહા ! આટલા-આટલા અનંત ભવ કર્યા પણ જ્ઞાયકભાવમાં કંઈ પણ ઊણપ આવી નથી. છતાં આંહી એમ કહે છે કે જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. એ પર્યાયવાળાને (પર્યાય) દૃષ્ટિ છે તેને નજરમાં નથી, (તેથી

તેને ) ઢંકાઈ ગયો છે. આહાહા ! વીતરાગ મારગ કોઈ અલૌકિક છે બાપુ. આહાહાહા !

એ... જેમાં એક જ્ઞાયકભાવ. આહાહા ! ઓલામાં અનેક શબ્દ હતો, છે ને ? જેમાં ભાવોનું વિશ્વરૂપપણું અનેકપણું પ્રગટ છે, એને અનુભવે છે. હવે આ, આત્મા ને કર્મના જુદાપણાથી, વિવેક એટલે જુદાપણું પોતાના પુરુષાર્થ દ્વારા પ્રગટ કરવામાં આવેલો આવિર્ભાવ એટલે – ઓલામાં એમ હતું સમજાણું ? વિશ્વરૂપ પ્રગટ છે એમ હતું એમાં જોયું ? જેમાં ભાવોનું વિશ્વરૂપ પ્રગટ છે એમ હતું. માથેથી ત્રીજી લીટી એમાં. આહાહા ! ચોથી પાંચમી લીટી – જેમાં ભાવોનું અનેકરૂપપણું પ્રગટ છે એમ હતું. હવે આંહી પ્રગટ આ ( જ્ઞાયકભાવ ) કર્યું. આહાહા ! છે તો છે પણ રાગથી ભિન્ન પડી અને જેવો જ્ઞાયકભાવ છે, તેવો દૃષ્ટિમાં પ્રગટ કર્યો. આહાહાહાહા ! છે ? ઓલું છે ?

“ જેમાં ભાવોનું વિશ્વરૂપ પ્રગટ છે, ” એવો અનુભવે છે. છે ? છેલ્લે પરમ દિ ’ સવારમાં આવ્યું ’તું ઈ છેલ્લું. આહાહા ! ઈ અનેકપણું અનુભવે છે તેથી તેને જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. આહાહા ! અને આ એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે. જોયું ? આહા ! ઓલાને અનેક ભાવ પ્રગટ છે તેને અનુભવે છે, તેથી જ્ઞાયકભાવ વસ્તુ છે ઈ આચ્છાદન થઈ ગઈ; ઢંકાઈ ગઈ, છતી છે તેને ઢંકાંઈ ગઈ કહેવાય ને ? આહા ! અગ્નિ ઉપર રાખ નાખે ને તે અગ્નિ દબાઈ ગઈ– ( ઢંકાંઈ ગઈ ) પણ અગ્નિ તો અગ્નિ જ છે. આહાહા ! એમ ચૈતન્ય ચમત્કાર વસ્તુ જે તત્ત્વ છે, એ રાગની એકતાબુદ્ધિમાં દબાઈ ગઈ એમ કહો, તો પણ તે તો જ્ઞાયક ચૈતન્ય પ્રકાશના નૂરનું તેજ તો જે છે તે છે. અજ્ઞાનીને નજરમાં ન આવ્યું માટે ઢંકાઈ ગયું એમ કહેવામાં આવે છે.

આરે ! આવો ઉપદેશ હવે. જેની એક–એક વાતને પકડવામાં ઘણી સાવધાની જોઈએ. આહાહા ! લગન વખતે નથી કહેતા ? સમય વર્તે સાવધાન ! ટાઈમ આવી ગયો છે, હોય છે ને એનું મુહૂર્ત લગનનું કે આઠને પચીસ ( મિનિટે ) મેળાપ ( હસ્તમેળાપ ) કરવો ને ઢીકણું ને એવું છે કંઈક આપણે તો કોઈનું બહુ જોયું નથી, એક ખુશાલભાઈનું જોયું ’તું. એમ બોલે ઓલો મંત્ર ભણનારો બોલે, સમય વર્તે સાવધાન–ટાઈમ થઈ ગયો છે. કન્યાને લાવો એમ. એમ હશે ને તમારે હિન્દુસ્તાનમાં આમ થાતું હશે કે નૈ ? ( શ્રોતા ! એમ જ થાય ) થાય, થાય બીજી ભાષામાં ન થાય એવું ન હોય ( શ્રોતાઃ સમય બર્તે સાવધાન ) એને ખબરેય ક્યાં છે એ બોલે જ તે, એ ટાઈમ હોય ને કે આઠ ને પચ્ચીસ એ વખતે બોલે કે લાવો સમય વર્તે સાવધાન.

આંહી સમય વર્તે સાવધાન. આહાહા ! આત્મા આનંદનો નાથ પ્રભુ રાગથી જ્યાં ભિન્ન પડયો. સાવધાન થઈને અંદરમાં ગયો, જ્ઞાયક આવિર્ભાવ થઈ ગયો, જે ઢંકાણો હતો એ આવિર્ભાવ ( થઈ ગયો ). આહાહા !

અરે ! આ ક્રિયાકાંડમાં મશગૂલને આવી વાત સમજવી કઠણ પડે. નહીં ? ગુલાબજી ! આહા ! પ્રભુ મૂળ મારગ આવો ભાઈ–અને તે પણ પ્રભુ તારા હિતનો છે ને નાથ. આહા ! તું સુખના પંથે કેમ પડ એ વાત છે. દુઃખને પંથે તો દોરાઈ ગયો પ્રભુ તું. વિશ્વના અનેકરૂપ ભાવ એટલે વિકાર–વિશ્વરૂપ અનેકરૂપ ઈ તો દુઃખનો પંથ છે ત્યાં તો દોરાઈ જ ગયો છો અનાદિથી. તેથી પ્રભુ તારું જ્ઞાયકસ્વરૂપપણું ઢંકાઈ ગયું છે તને, પર્યાયની દૃષ્ટિની અપેક્ષાએ. આહાહા ! જે પ્રગટ–બાહ્ય વિકલ્પો છે તેને એ અનુભવે છે પણ અંદરમાં જે મહાપ્રભુ જ્ઞાયકભાવ છે ઈ તો

એને ઢંકાઈ ગયો છે. ત્યારે... કર્મ અને આત્માનો વિવેક કરનારા પોતાના પુરુષાર્થ દ્વારા, આહાહા ! સહજ એક જ્ઞાયકભાવને જેણે પ્રગટ કર્યો છે, આહીં એ ન જ લેતા એમ કહ્યું કે એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એમ કહ્યું, ઓલાને પ્રગટ છે આંહી પ્રકાશમાન છે. આહાહા ! સમજાણું કાંઈ ?

ઘણી ટીકા ગંભીર !! હિન્દુસ્તાનમાં અત્યારે આવી ટીકા અન્ય મતમાં તો નથી, પણ જૈન મતમાં –દિગંબરમાંય આવી ‘ આત્મખ્યાતિ ’ જેવી બીજી એકેય ટીકા નથી બીજે, એવી અલૌકિક ટીકા છે. અમૃતચંદ્રાચાર્ય ! આહાહાહાહા ! દિગંબર સંત ! આહાહા ! હજાર વર્ષ પહેલાં હતાં હજી તો ભરતક્ષેત્રમાં વિચરતા હતા. આહાહા !

છતાં એ પાછા છેલ્લાં એમ કહે પ્રભુ એ ટીકાની રચના મારાથી નથી થઈ હોં ! આહાહા ! હું તો જ્ઞાનસ્વરૂપ છું, તો હું તો મારામાં છું એ વાણીમાં હું ક્યાંથી આવ્યો, કે હું વાણીને રચું ? આહાહા ! જ્યાં હું છું ત્યાં તો વાણી નથી હું તો જ્ઞાનસ્વરૂપમાં સ્વરૂપગુપ્ત છું. આહાહા ! તો હું વાણીને બનાવું એ આવે ક્યાંથી ? આહાહાહા !

ત્યારે એક પ્રશ્ન મંદસૌરવાળાએ કર્યો છે, એમ કે બહેનશ્રીએ ( ચંપાબેને ) આમ લખ્યું કે ચેતન જણાય છે પણ પૂરણ કહી શકાતું નથી, એમ કેમ ? એમ કે ને મહારાજ પણ ( શ્રીકાનજી સ્વામી ) પણ એક કલાક ધોધમાર ( વાણીની વર્ષા ) વહાવે છે એમ લખ્યું છે એણે, પણ કરે કોણ ભાષા ? અરે પ્રભુ ભાઈ ! ભાષા ભાષાને કારણે નીકળે છે.

એમાં કહ્યું છે ને ? સર્વજ્ઞની વાણી સર્વજ્ઞને અનુસારીણિ કહેવાય, અનુભવશીલી એવો પાઠ છે ને પહેલા પં. રાજમલજીની ટીકામાં. ભગવાનની વાણી કેવી છે કે અનુભવશીલી, કે ભગવાનને અનુસારીણિ એટલે ? કે સર્વજ્ઞને અનુસારે ( પરિણમે ) વાણી નિમિત્ત છે તેને અનુસરે છે નિમિત્તથી થાય છે એમ નહીં. આહાહા ! જેવું ત્યાં સર્વજ્ઞપણું છે એવી રીતે જ વાણી નિમિત્તને અનુસરીને પોતાના ઉપાદાનની શક્તિથી સ્વપરપ્રકાશક વાણી પરિણમે છે. આહાહા !

અરે પ્રભુ તો જ્ઞાનસ્વરૂપ છે એ રાગમાં આવતો નથી તો વાણીમાં ક્યાંથી આવે ? આહાહા ! વાણીમાં સ્વપરપ્રકાશક કહેવાની સ્વતઃ શક્તિ છે. આત્મામાં સ્વપરપ્રકાશક જાણવાની સ્વતઃ શક્તિ છે. જાણવાની સ્વતઃ શક્તિ, વાણીમાં સ્વતઃ પરની અપેક્ષા વિના, આહાહા ! ભલે એને અનુસારીણિ કીધી, પણ એ તો પરની અપેક્ષા રાખીને ( છે એમ નથી નહીં તો ) ઈ તો પોતે પોતાથી જ પરિણમી છે. આહાહા !

એ ચર્ચા ચાલી છે... ઓલામાં આવી છે ખાનિયા. ‘ ખાનિયાચર્ચામાં ’ એ ચર્ચા ચાલી છે. એમ કે વાણી તો ભગવાનને અનુસારીણિ છે, અરે બાપુ ! કઈ અપેક્ષાએ છે ? એ તો નિમિત્ત છે ઈ અપેક્ષાએ કહ્યું છે. બાકી વાણી તો વાણીને કારણે, તે સમયમાં તે પરમાણુ ભાષાપણે પરિણમવાને લાયક હતાં તે પોતાથી પરિણમ્યા છે. આ વાત ! આહાહા !

એક જ્ઞાયકભાવ ! આહાહા ! ઓલામાં ભાવોનું વિશ્વરૂપપણું અનેકરૂપપણું એમ હતું. વિશ્વરૂપપણું–અનેકરૂપપણું પ્રગટ છે એવો અનુભવે છે. આહાહા ! ત્યારે ધર્મીજીવ પોતાને રાગ અને આત્માની જુદાઈપણાને લીધે, પોતાના પુરુષાર્થ દ્વારા, પ્રગટ કરવામાં આવેલો ‘ છે તો છે ’ પણ દૃષ્ટિમાં જ્યારે આવ્યો ત્યારે પ્રગટ કરવામાં આવ્યો એમ કહેવામાં આવ્યું. આહાહાહાહા !

(‘પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં) આવેલા એવા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે’ આહાહા...! “આવિર્ભૂત કરવામાં આવેલા એવા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે” આવિર્ભૂત કરવામાં આવ્યો ’નો અર્થ ? દૃષ્ટિમાં તેનો સ્વીકાર થયો છે એમ, એણે આવિર્ભાવ કર્યો એમ કહેવામાં આવ્યું. આહાહા ! આવું છે ઝીણું !

વર્તમાન દૃષ્ટિ એનાં સન્મુખ થઈને એનો સ્વીકાર થયો એથી એને, આહાહા ! એક જ્ઞાયકભાવ જ પ્રકાશમાન છે. આહાહા ! જેની દૃષ્ટિમાં અથવા જ્ઞાનની પર્યાયમાં એક જ્ઞાયકભાવ જ પ્રકાશમાન છે. જેની જ્ઞાનની પર્યાયમાં અનેક વિકલ્પના પરિણામ પ્રગટ છે તેને અનુભવે છે એ મિથ્યાદૃષ્ટિ વ્યવહારમાં મૂઢ થઈ ગયેલા છે. આહાહા ! અને આ રાગથી ભિન્ન પડીને, પોતાની જ્ઞાનની પર્યાયમાં આખા ભાવનું જ્ઞાન થતાં તે જ્ઞાયકભાવ પ્રકાશમાન છે. જ્ઞાનની પર્યાયમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે. સમ્યગ્જ્ઞાનની એક પર્યાયમાં, આહાહા ! એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. આહાહા !

સમ્યગ્જ્ઞાનની સાથે દૃષ્ટિ અંદર રહી છે સાથે. સમ્યગ્જ્ઞાન, રાગને અને આત્માને જુદા પાડી અને આત્મા તરફ જ્યાં ઢળ્યું છે જ્ઞાન, ત્યારે તે સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે તેને એક જ્ઞાયકભાવ પ્રકાશમાન તેની પર્યાયમાં આવ્યો. આહાહાહા ! અંધારામાં હતો એ પ્રકાશમાં આવ્યો. આહા ! આ ચૈતન્ય ઝળહળ–ઝળહળ જ્યોતિ, જેની જ્ઞાનની પર્યાય રાગથી ભિન્ન પડીને પુરુષાર્થ દ્વારા અંદર જાય છે એને એક જ્ઞાયકભાવ પ્રકાશમાન દેખાય છે. સમજાણું કાંઈ ? આનું નામ તો હજી સમ્યગ્દર્શન છે. આહાહાહા !

એની વિધિ અને રીતની પણ ખબર ન મળે એને આ એકાંત લાગે, આવું પણ એનું સાધન શું ? ઈ સાધન જ આ. પોતાના પુરુષાર્થ દ્વારા, રાગથી ( આત્માને ) ભિન્ન કરી ને એક સહજ જ્ઞાયકભાવ પ્રકાશમાન આવ્યો એ એનું સાધન ( છે. ). આહાહા ! બીજું સાધન નહીં એનું નામ અનેકાન્ત છે. અને આ તો એમ કહે છે કે આએ ખરું ને વ્યવહારથીય થાય એય ખરું– તો અનેકાન્ત છે.

અરે ભગવાન ! એમ ન હોય. અસ્તિ–નાસ્તિ છે એ સપ્તભંગીનો પહેલો બોલ છે. સ્વપણે છે ને પરપણે નથી. એમ સ્વપણેય છે ને પરપણેય છે ? આહાહા ! અનેકાન્તનો અર્થ સ્વપણેય પણ છે ને પરપણેય પણ છે એનું નામ અનેકાન્ત છે ? સ્વપણે છે ને પરપણે નથી– ચૌદ બોલમાં એમાં તો આવે છે. અનેકાન્તને પ્રકાશનાર અમૃતચંદ્રાચાર્ય ચૌદ બોલ તત્ત– અતત્ત, એક–અનેક. આહાહા ! જે સત્ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી છે, તે પર દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી નથી. આહાહા !

જે નિશ્ચયથી શુદ્ધ ચૈતન્ય પ્રકાશમાન છે, તે રાગથી પ્રકાશમાન ને રાગથી જણાય તેવો છે નહીં. આહાહા ! આવી વાત છે પણ શું થાય ? ભગવાનનો દિવ્યધ્વનિનો દિવસ છે એ વિપુલાચલ પર્વત ઉપર, રાજગૃહીમાં ભગવાનની વાણી નીકળી હશે એ ગણધર ને ઇન્દ્રો ને, આહાહા ! પચીસસો વર્ષ થઈ ગયાં. આહાહા !

કંઈકને ત્યાં અંદર આત્મજ્ઞાન થયાં. કોઈને મુનિપણાં આવ્યાં. આહાહા ! આને–ગૌતમને તો મુનિપણું આવ્યું એકદમ, ભગવાન બિરાજતાં હતાં. આહાહા ! ધર્મની હાટડી ખોલી ભગવાને

આહાહા ! કંઈક માલ લેવા આવ્યાં 'તા ! આહાહા ! વિપુલાચલ પર્વત ઉપર, આહાહા ! ગણધર જેવાં મુનિપણું લઈ લીધું બીજાં કોઈ શ્રાવક થયાં હોય, કોઈ મુનિ, સમકિતી થયા હોય. આહાહા !

અને આ બાર અંગની રચનાનો દિવસેય આ જ છે એટલે કે આ શાસ્ત્ર એ માંહ્યલું છે એટલે એની રચનાનો દિવસેય આ જ છે. આહાહા ! સમજાણું કાંઈ ? ઝીણું છે બાપુ પણ શું થાય ? આહાહા !

ચોરાશીના અવતારમાં જુઓને, આહાહા ! સાંભળીએ છીએ ને વળી કોઈ દિકરી બિચારી બળીને મરી ગઈ બળી ગઈ, છોકરાંને છોકરાંને હાર્ટફેઈલ થઈ ગયું. આહાહા ! કેન્સર કોઈ આમ મરી છોકરાં બિચારાં કાલ આવ્યાં હતા ને દામનગરવાળા ભાવસાર એ હતાં. ત્યાં બે ત્રણ ઘર જ ફક્ત આંહીના મુમુક્ષુ તરીકે છે. તેમાં એક ભાવસાર હતાં. શરીર લઠ્ઠ જેવું હતું બહું પણ તેને કેન્સર થયું. છોકરો કાલ આવ્યો હતો ( કહેઃ ) મારા બાપા મરી ગયા, ગુજરી ગયા કેન્સરમાં. આ રવિવારે મારી પૂજા છે ને છોકરાને આપણે ઓળખતા નહોતા. એનાં બાપને ઓળખતા, કહો એકસઠ વરસની ઉંમર ને કેન્સર પણ છેલ્લા સુધી આંહીની રટણાં; નહીં ભલામણ કહેવી ને શું કરજો તમે આનું ને બિલકુલ નહીં એ કહે મારી પાછળ આ કરજો એ આવું કરજો એ કંઈ નહીં... એ તો પોતાના વિચારમાં હતા બસ એ જ. દેહ છૂટી ગયો. આહાહા !

નહીં તો ભલામણ તો કરે કે આ તારી માને સાચવજે, ફલાણું આમ કરજે, ઢીંકણું કરજે. આહાહા ! ! કોણ સાચવે બાપુ ? આહાહા ! તારો વિકલ્પ જ મફતમાં જાશે, હેં ? એવાં છોકરાં હોય કે સામુંય નહીં જુએ એની માની સામું. એવાય હોય છે ને ? ઘણાં છે દાખલા છે ઘણાં જોયા છે ને બાપુ ? બાપુ કોનું કોણ છે ભાઈ ? બધાં સ્વાર્થના સગા છે. પોતાનું પોષણ મળે ત્યાં સુધી એ વહાલાં લાગે. આહાહા !

આંહી તો કહે છે અજ્ઞાની આત્માને જેમાં અનેક ભાવનું પ્રગટપણું છે એવો અનુભવે છે. ધર્મી જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે, એવો અનુભવે છે બસ. આહાહા ! આ બેયની વાત. અંતર્ પ્રભુ ચૈતન્ય જ્યોત ઝળહળ જ્યોત ભગવાન શુદ્ધ આનંદનો નાથ પ્રભુ પોતે પરમાત્મ સ્વરૂપ જ છે. એનાં જેવી કોઈ સર્વોત્કૃષ્ટ કોઈ ચીજ છે જ નહીં. એવો એક સહજ જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. આહાહા !

જુઓ આ સમ્યગ્દર્શન અને એની સાથે રહેલું આ સમ્યગ્જ્ઞાન. આહાહા ! આંહીથી તો શરૂઆત થાય છે, હજી ધરમની આંહીથી શરૂઆત થાય છે. એની ખબરું ન મળે ને. આહાહા !

'અહીં શુદ્ધનય કતકફળના સ્થાને છે' જેમ ઓલું પાણી અને કાદવ હતું, એમાં જે નિર્મળી ઔષધિ નાખી 'તી, તેવું મેલ અને પાણી જુદાં પડી ગયા 'તા ! એમ આ શુદ્ધનય કતકફળને સ્થાને છે. રાગ અને ભગવાન ઈ સમ્યગ્જ્ઞાનથી જુદાં પડી જાય છે; જેમ કતકફળ-નિર્મળી ઔષધિથી કાદવનો મેલ અને જળ નિર્મળ જુદાં પડી જાય છે. એમ આ શુદ્ધનય એટલે ? સ્વભાવને અનુસરનારી જે જ્ઞાનનય એ જ્ઞાન એને અનુસર્યું છે એને લઈને, આહાહા ! એ કતકફળને સ્થાને ( છે ) રાગને ભિન્ન પડવાના સ્થાને એ છે.

ઓલામાં રાગની એકતા કરવામાં હતું મિથ્યાજ્ઞાન, આ રાગ ને ભિન્ન પાડવાના સ્થાનમાં છે. જે જ્ઞાન સ્વભાવ સન્મુખ વળ્યું ત્યારે તે જ્ઞાને રાગ અને સ્વભાવને બેને ભિન્ન કર્યા આહાહા ! એ નિર્મળી ઔષધિની પેઠે છે, શુદ્ધનય એમ કહે છે. નિર્મળી ઔષધિ નાખી ને જુદાં પડે એમ શુદ્ધનય જ્યાં અંદર વળે સ્વભાવ અનુસાર જ્યાં જ્ઞાન થાય, એ જ્ઞાને રાગને અને આત્માને જુદાં પાડયા. આહાહાહા !

શુદ્ધનય કતકફળના સ્થાને છે. તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે એટલે કે ત્રિકાળનો આશ્રય કરે છે. તેઓ જ સમ્યક્ અવલોકન કરવાવાળા છે. આહાહા ! એ શુદ્ધનયનો આશ્રયનો અર્થ ઈ. શુદ્ધનયનો વિષય ત્રિકાળ છે ઈ ત્રિકાળ શુદ્ધનયનો વિષય ત્રિકાળ જ છે. એ ત્રિકાળનો–જ્ઞાયકભાવનો આશ્રય કરે છે. 'તેઓ જ' ( શું કહ્યું ? ) 'તેઓ જ'. આહાહા ! જે ત્રિકાળી જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ એક સમયમાં હોં પણ ત્રિકાળ એટલે ભવિષ્યમાં રહેશે ને( એમ નહીં ) આંહી તો વર્તમાનમાં. આહાહા ! જ્ઞાયકભાવ ધ્રુવ ટકતું ત્રિકાળી તત્ત્વ. આહાહા ! એનો જે આશ્રય કરે છે, તેઓ જ સમ્યક્ અવલોકન કરતા હોવાથી "તેઓ જ", એક જ; 'સમ્યક્ અવલોકન કરતા હોવાથી સમ્યગ્દૃષ્ટિ છે !' આહાહાહા ! છે કે નહીં એમાં ?

જેઓ શુદ્ધનયનો એટલે ભૂતાર્થનો/ગાથામાં બે ભાગ આવ્યા 'તા ને ? ભૂતાર્થ તે જ શુદ્ધનય છે. બીજાપદમાં એમ આવ્યું હતું. એ ત્રિકાળી વસ્તુ તે જ શુદ્ધનય છે અને ત્રીજા પદમાં એમ આવ્યું 'તું કે ભૂતાર્થનો આશ્રય કરે એ શુદ્ધનયનો આશ્રય કર્યો કહેવાય, અને એ પર્યાયને પણ શુદ્ધનય કહેવાય. ૧૪ મી ગાથામાં એ આવે છે, જે વસ્તુ શુદ્ધનય છે એ ત્રિકાળને પણ કહેવાય અને એને આશ્રયે આનંદ આવ્યો–નિર્મળ સમ્યગ્જ્ઞાન થયું એને પણ શુદ્ધનય કહેવામાં આવે. એનો અંશ પ્રગટયોને ? અનુભવ કહો, શુદ્ધનય કહો કે આત્મા કહો ત્રણેય એક જ છે. આવે છે ને ચૌદમી ગાથામાં ? આ તો અગિયારમી ચાલે છે. આહાહા !

જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે. 'ભૂયત્થમઅસિદો' છે ને ? એની વ્યાખ્યા થઈ, જે ત્રિકાળી જ્ઞાયકભાવ ( છે ). એ તરફ જેણે જ્ઞાનને વાળ્યું છે, અને ઈ જ્ઞાનની પર્યાયમાં જેને ત્રિકાળીનો આશ્રય છે. એ રીતે જે ત્રિકાળીને અવલોકે છે. આહાહા ! "તેઓ જ સમ્યક્ અવલોકન કરતા ( હોવાથી )" કેમ કે સાચું અવલોકન તો તે જ કરનારા છે, ત્રિકાળી ચૈતન્યનો પૂંજ પ્રભુ, આહાહા ! પરમેશ્વર સ્વરૂપ પ્રભુ એવા પરમેશ્વરનો જે આશ્રય કરે છે અને તે આશ્રય કરીને તે પરમેશ્વરને અવલોકે છે. આહાહા ! તે જ સમ્યગ્દૃષ્ટિ છે.

આવી ગાથા છે આ. હજી તો આ ચોથા ગુણસ્થાનની વાત છે, પડિમાધારી પાંચમું ને મુનિ છઠ્ઠું એ તો ક્યાં ? આ તો પડિમા, બે–ચાર લીધી ત્યાં તો થઈ ગયા આપણે જાણે પાંચમે ગુણસ્થાને આવી ગયા. મહાવ્રત લીધા તે જાણે આવી ગયા મુનિપણાં. અરે રે ! આહાહા !

( શ્રોતાઃ પાત્ર હોવે તો માલૂમ પડે યે પાત્ર તૈયાર હોવે તો માલૂમ પડે ને ) એ આ અંતર્મુખ જાય ત્યારે માલ મળે. જ્યાં માલ છે ત્યાં જાય તો માલ મળે. માલ ક્યાં છે ? અંતરમાં છે. પરમાત્મસ્વરૂપ પ્રભુ પરમેશ્વર સ્વરૂપ જ છે. આહાહા ! પોતાનો પરમેશ્વર, ભૂલી ગયો હતો આવ્યું છે ને ( સમયસાર ) આડત્રીસ ગાથામાં. આહાહા ! આડત્રીસ ગાથામાં આવે છે. પોતાના પરમેશ્વરને ભૂલી ગયો છે, પોતાનો પરમેશ્વર, ભગવાન નહીં. આહાહાહા !

એને ભૂલી ગ્યો 'તો, જેમ મુઠ્ઠીમાં સોનું હોય, પણ એ ભૂલી ગયો, ક્યાં સોનું ? ક્યાં સોનું ? દાંતણ કરતાં વખતે સોનું આમ કાઢીને મુઠ્ઠીમાં રાખ્યું હોય પછી કહે કે ક્યાં ગયું ? આંહીને આંહી રહી ગયું હોય મુઠ્ઠીમાં. મુઠ્ઠીમાં સોનું છતાં ભૂલી ગયો. આ બાઈયુંને કાંખમાં છોકરું હોય પણ ભૂલી જાય એમ છોકરું કાંખમાં હોય અને હાથ આમ રહી ગયો હોય ને ક્યાં ગયું ? ક્યાં ગયું ? અહીં લક્ષ ન રહે... આહાહા ! ( શ્રોતાઃ- બાઈયુ ભૂલે પણ ભાઈએ તેડયું હોય તો ભાઈયું ભૂલે કે નહીં ? ) ભાઈયુના બાપેય ભૂલે બધા, આ તો છોકરાની બાઈયુની વાતું છે. ઘણું તો છોકરા સાચવે છે બાઈયુને, એટલે આહા... હા ! બાઈયુને કાંખે છોકરું ને ભૂલી જાય એમ. એમ આદમીના કાંખે છોકરું ને એય ભૂલી જાય. આહાહા ! એમ ભગવાન અંદર પ્રકાશમાન જ્યોતિ છે તેને ભૂલી ગયો. આહાહા ! અને જે તેનામાં નથી તેને યાદ કર્યું. પુણ્ય ને પાપ ને તેને યાદ કરીને તેમાં રોકાઈ ગયો. બીજા દિવસે વિશેષ વાત.

## પ્રવચન નં. ૪૦ ગાથા - ૧૧ તા. ૨૨-૭-૭૮ શનિવાર, અષાઢ વદ-૨ સં. ૨૫૦૪

વસ્તુનું વિશ્વદર્શન એ જૈનદર્શન એનો આ ગાથા પ્રાણ છે. ઝીણું બહુ ઝીણું !

અહીંયાં કહે છે જુઓ અહીં આવ્યા, અહીં શુદ્ધનય કતકફળના સ્થાને છે. છે ? છેલ્લી લીટી ચાર છે. શું કહે છે ? કે આ આત્મા જે છે વસ્તુ એ પૂરણ અતીન્દ્રિય આનંદઘન છે ત્રિકાળ સત્ છે અને એમાં ચિદ્‌ઘન જ્ઞાનાનંદનો એ પિંડ છે, આનંદનો એ ગંજ છે એને અહીંયા જ્ઞાયકભાવ ત્રિકાળી જ્ઞાયકભાવ જાણક સ્વભાવભાવ એને અહીંયાં ત્રિકાળી આત્મા કહે છે, એની દૃષ્ટિ કરવી. આહાહા ! એવો ત્રિકાળી જ્ઞાયક જે પરમ સત્ય પ્રભુ પોતે જ પૂર્ણાનંદનો નાથ પરમ સર્વોત્કૃષ્ટ પ્રભુ છે. આહાહા ! એનો કોઈ કર્તા પ્રભુ બીજો કોઈ છે નહીં. સ્વયંભૂ છે. એવી જે ચીજ એને રાગના ભાવથી સંયોગના ભાવથી, પર્યાયની એક સમયની દશા, તેનાથી પણ અંતર વસ્તુ જે પૂરણ-પૂરણ છે એ ઉપર દૃષ્ટિ કરવી અને જ્ઞાયકભાવનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન ને ધરમની પહેલી સીઢી છે. આહાહા ! સમજાણું કાંઈ ?

જેમ પાણીમાં મેલ હોય છે, એમાં નિર્મળી એક ઔષધિ થાય છે. એ નિર્મળી ઔષધિ નાખવાથી મેલ અને પાણી બેય જુદાં પડી જાય છે. એમ આ આત્મા આનંદનો નાથ પ્રભુ ! સચ્ચિદાનંદ સ્વરૂપ પોતે સ્વરૂપ છે, એમાં જે આ પુણ્ય ને પાપના ભાવ-હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગવાસના અને દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિના ભાવ એ બધાં મલિન ભાવ છે. એ પાણીમાં જેમ કાદવનું મલિનપણું છે એમ આત્માના ત્રિકાળી સ્વભાવમાં આ વસ્તુ નથી. પણ એની વર્તમાન પર્યાયમાં એ મલિન ભાવ છે. આહાહા ! આ શરીર, વાણી એ તો જડ છે એ તો એમાં છે જ નહીં આ તો માટી છે. વાણી, શરીર, કર્મ, પર વસ્તુ ( એ ) એમાં આત્મામાં છે જ નહીં. પણ એની દશામાં થતા પુણ્ય ને પાપના મલિનભાવ, ચાહે તો દયાનો દાનનો ભક્તિનો પૂજાનો ભગવાનના સ્મરણનો ભાવ હો પણ ( એ ) ભાવ છે રાગ અને મલિન. આહાહા !

એ મલિનભાવ અને આત્મા જ્ઞાયકભાવ, એ જેમ પાણીમાં મેલ છે ને નિર્મળી ઔષધિ

નાખતાં જુદુ પડી જાય છે, એમ આત્મામાં/ઝીણી વાત છે બાપુ ! અનંતકાળમાં એણે કોઈ દી ’કરી નથી અનંતકાળ ચોરાશીના અવતાર ચોરાશીની લાખ યોનિના અવતાર અનંત અનંત કર્યા. આહાહા ! ચોરાશી લાખ યોનિ કહે છે ને ? એમાં એક એકમાં અનંત વાર જન્મ્યો છે. આહાહા ! ભૂલી ગયો.

અહીંયાં કહે છે કે એવા જનમ મરણના કારણરૂપ જે ભાવ. આહાહા ! પુણ્ય ને પાપનો જે ભાવ એ મલિન ભાવ છે અને ભગવાન અંદર જેમ જળ નિર્મળ છે એમ એનો સ્વભાવ શુદ્ધ જ્ઞાનાનંદ, શુદ્ધ પરમ ઈશ્વરસ્વરૂપ, પરમ શાંતસ્વરૂપ, પરમ વીતરાગસ્વરૂપ એવું એનું ત્રિકાળી સ્વરૂપ છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? એના ઉપર નજર પડતાં રાગ અને આત્મા બે ભિન્ન પડી જાય ( છે ). આહાહા ! છે ? શુદ્ધનયને કતકફળ એટલે નિર્મળી ઔષધિ એ પાણીમાં જેમ મેલ હોય ને નિર્મળી ઔષધિ નાખતાં મેલ અને પાણી જુદાં પડી જાય છે, એમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ ત્રિકાળી સ્વરૂપ છે, એમાં પુણ્ય ને પાપના ભાવ એ મેલ છે. એમાં ભેદજ્ઞાન કરતાં એનાથી ભિન્ન મારી ચીજ જ્ઞાયકભાવ છે એમ શુદ્ધનયનો વિષય–ત્રિકાળી જ્ઞાયકભાવનો અનુભવ કરતાં, આહાહા ! એ શુદ્ધનય કતકફળના સ્થાને તેથી શુદ્ધનયનો આશ્રય કરે છે. ઝીણી વાત ઘણી બાપુ ! આહા !

આ બહારનાં કામ કરીએ છીએ અમે, એ બધાં મિથ્યાદૃષ્ટિના ભાવ છે. સમજાણું કાંઈ ? આ ધંધાને પાણીને સુમનભાઈ સાચું હશે આ બધુંય તમારી નોકરી બોકરીનું બધુંય. આ કારખાનાં કરોડોના ચલાવવાને અને આ અમે કરીએ છીએ ( શ્રોતાઃ નોકરી નો અર્થ જ નો... કરી ) નો... કરી ઈ તો છે. પણ આ કામ કારખાનાં ને પૈસા ઉઘરાવવાના ને પૈસા ઉઘરાવીને કામ કરીએ છીએ કંઈક એ તદ્દન મિથ્યાદૃષ્ટિ જુઠ્ઠીદૃષ્ટિનું પાખંડ છે. આહાહા !

કેમ ? કે પ્રભુ આત્મા એ પરદ્રવ્યથી જુદી ચીજ છે. એ જુદી ચીજ, જુદાનું કાંઈપણ કરી શકે એ ત્રણકાળમાં નહીં. ( શ્રોતાઃ શેઠનું કામ નોકર ન કરી શકે ? ) નોકરે ય કરે નહીં ને શેઠે ય કરે નહીં, કોણ કરતો ’તો ધૂળ, શેઠ કહેવો કોને ? અબજો રૂપિયા ને કરોડો રૂપિયા માટે શેઠ કહેવો ? શેઠ તો હેઠ છે ઈ. આત્માના સ્વભાવથી હેઠે ઉતરી ગયો છે પરને પોતાનું માનીને. શેઠ તો એને કહીએ, શેઠ એટલે શ્રેષ્ઠ એ રાગના વિકલ્પથી જુદો પાડી આત્માની દૃષ્ટિ કરે, અનુભવે એ શેઠ છે. આહાહા ! ( શ્રોતાઃ તત્વની દૃષ્ટિએ ઈ શેઠ કહેવાય પણ લૌકિક દૃષ્ટિએ શેઠ કહેવાય છે ને ? ) લૌકિક એટલે પાખંડ દૃષ્ટિ, લૌકિક એટલે શું ? આહાહા ! સમજાણું કાંઈ ?

એ આંહી કહે છે “ તેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે ” એટલે ત્રિકાળી આનંદકંદ પ્રભુ ધ્રુવ અવિનાશી આત્મા, એનો જે આશ્રય કરે છે. છે ? ત્રીજી લીટી છે. છે ? હિંમતભાઈ ! ત્રીજી લીટી છે કે નહીં એને સૂઝયું કે નહીં એને ? જોડેવાળા બતાવોને એને કોક એને કોઈ દિ ’ ચોપડા વાંચ્યા નથી. બધા બહારમાં કડાકૂટમાં. આહાહા ! આંહીયા કહે છે કે આ પ્રભુ અંદર જે ચૈતન્ય સ્વરૂપ છે, અતીન્દ્રિય અનંત સ્વભાવના સાગરથી ભરેલું તત્ત્વ છે. પ્રભુ ! આહાહા ! એ સચ્ચિદાનંદ સત્ શાશ્વત, ચિદ્ ને આનંદ–જ્ઞાન અને આનંદનો એ ભંડાર છે. આહાહા ! એનો જેણે આશ્રય કર્યો એનું જેણે અવલંબન લીધું, એનો જેણે આધાર બનાવ્યો. દુનિયાની કોઈ ક્રિયા, જડ આદિ છે તેની સાથે કાંઈ સંબંધ નથી અને એ પુણ્ય પાપના ભાવ થાય એ પણ

વિકારી મેલ ( છે ). આહાહા ! નિર્મળાનંદ પ્રભુ, જેનો સ્વભાવ નિર્મળ ચૈતન્ય ( છે ). જેમ જળ નિર્મળ છે એમ કાદવની મલિનતાથી પર્યાયમાં મલિનતા દેખાય છે, જળ તો નિર્મળ છે એમ ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનો પૂંજ નિર્મળ છે. ચૈતન્યનો પ્રકાશ ચૈતન્યપ્રકાશ જાણન દેખન પ્રકાશ તેનો ઈ પૂંજ સ્વરૂપ નિર્મળાનંદ છે. આહાહા ! એ એનો આશ્રય કરે, સંયોગનું લક્ષ છોડી દૈ, અંદર દયા, દાનના વિકલ્પ ઊઠે એનુંય લક્ષ છોડી દે એ બંધનું કારણ-દુઃખનું કારણ છે. એક સમયની વર્તમાન દશા ચાલતી અવસ્થા હાલત એનું પણ લક્ષ છોડી દે. આહાહા ! અને સચ્ચિદાનંદ ધ્રુવ ચીજ ધ્રુવ છે અંદર ભગવાન નિત્ય નિત્યાનંદ પ્રભુ છે. આહાહા ! એનો જે આશ્રય કરે એને જે અવલંબે એનાં તરફ જે દશા ઢળી જાય. આહાહા ! તેને અવલોકન કરનાર એ શુદ્ધનયનો આશ્રય કરે ત્રિકાળી ચીજનો અને તેને જે અવલોકે. આહાહા ! પૂર્ણાનંદ પ્રભુ પૂરણ અંદર છે એને જે અવલોકે, તે સમ્યગ્દષ્ટિ છે. તે હજી ધરમની પહેલી સીઢીવાળો સમ્યગ્દષ્ટિ છે સંભળાય છે કે નહીં, હિંમતભાઈ ! સંભળાય છે ને ? બેય કાને ઊંચા છે, એના. ખબર છે ને. ધીરૂભાઈ આવ્યા છે, મળ્યા ? આ હિંમતભાઈ આવ્યા છે, ધીરૂભાઈ વઢવાણ. આહાહાહા ! આવ્યા છે.

આંહી કહે છે તેં કદી કર્યું નથી, સાંભળ્યું નથી પ્રભુ ! આહાહા ! કાં તો પરની દયાયું પાળવી ને ભગવાનની ભક્તિ કરવી ને વ્રત પાળવા ને એ બધી રાગની ક્રિયાઓ છે બાપુ એ કાંઈ તારી ધર્મક્રિયા નથી. ( શ્રોતાઃ લોકસેવા કરવામાં તો કંઈ વાંધો નથી હેં ? ) લોકસેવા કોણ કરતો 'તો મૂંઢ ? અજ્ઞાની મૂંઢ એ તો પહેલી વાત કરીને... પરની સેવા કરી શકું છું એ માન્યતા જ મિથ્યાભ્રમ પાખંડ છે. આહાહા ! ( શ્રોતાઃ આપની દૃષ્ટિએ એ છે. ) અજ્ઞાનીની દૃષ્ટિએ તો અજ્ઞાનપણે એ ગમે એમ માને, એથી કંઈ સત્ય થઈ જાય ? આહા... હા ! એક આંગળી આ હલે એને હલાવી શકે નહીં આત્મા ! આ તો જડ માટી છે, પ્રભુ તો ચૈતન્ય સ્વરૂપ છે. જાણનાર દેખનાર, જ્ઞાનચક્ષુ છે ઈ આને થતાને જાણે પણ થતાને કરે... એ આત્મામાં છે જ નહીં કોઈ દિ '. આહાહાહા ! સમજાણું કાંઈ ?

આ તો સારમાં સાર ગાથા છે. એનું તદ્ન માખણ છે. આહાહાહા !

જ્ઞાન, જ્ઞાન એટલે જાણવાનો સ્વભાવનો પિંડ પ્રભુ, એમાં તો પુણ્ય ને પાપના રાગેય નથી. પણ જે વર્તમાન દશા છે વર્તમાન પર્યાય, એ પણ જેમાં નથી. એ તો પરિપૂર્ણ આનંદ ને પરિપૂર્ણ જ્ઞાન ને પરિપૂર્ણ શાંતિ ને પરિપૂર્ણ વીતરાગતા, પરિપૂર્ણ ઈશ્વરતાના સ્વભાવથી ભરેલો પ્રભુ છે. આહાહાહા ! એ પામરને પ્રભુતા કેમ બેસે ? સમજાણું કાંઈ ? આહાહા !

એવો જે ભગવાન સર્વોત્કૃષ્ટ તત્ત્વ પ્રભુ પોતે છે. આહાહા ! જેની સત્તામાં જેના હોવામાં, આ શું છે એવું જણાય છે એ સત્તા ઈ ચૈતન્ય સ્વરૂપ છે. જેની ભૂમિકામાં, જેના હોવાપણામાં, આ શરીર છે, આ કર્મ છે, આ રાગ છે આ છે, આ છે એવું જેની સત્તામાં હોવાપણામાં જણાય છે, એ જાણનારો તે આત્મા છે. એ જણાય જે ચીજ એ તેની નથી. આહાહા ! છોટાભાઈ ! આવું છે આ વાત, અનંતકાળ થ્યો ભાઈ, અનંતકાળથી આથડયો વિના ભાન ભગવાન. ક્રિયાઓય કરી અનંતવાર વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને... કરોડોનાં મંદિરો બનાવ્યાં ને... એમાં ધૂળમાં કાંઈ નથી એમાં. આહાહાહા ! એમાં રાગની મંદતા હોય તો કદાચ પુણ્ય થાય. એ પુણ્ય તો ભવ છે. આહાહા !

આંહી તો પ્રભુ કહે છે સર્વજ્ઞે કહેલું તત્ત્વ સંતો આડતિયા થઈને જગત પાસે જાહેર કરે

છે. આહાહા !

ચૈતન્ય પ્રકાશની મૂર્તિ જે આત્મા, એમાં તો વર્તમાન પુણ્ય–પાપનો ભાવેય નથી અને વર્તમાન જે દૃષ્ટિ એની કરે, એ દૃષ્ટિ પણ એમાં નથી. આહાહાહા ! શું કહ્યું ઈ ? ભાઈ મારગ કોઈ જુદી જાત છે. અરે દુનિયાને મળ્યો નથી, એ બહારમાં ભટક્યા–ભટક એક તો ધંધા આડે નવરો નથી બાવીસ કલાક પાપમાં, બાયડી છોકરાં ધંધો રળવું કારખાનાં હલાવવા ને એમાં બાવીસ કલાક પાપ, કલાક બે કલાક મળે ત્યાં માથે કુગુરુ લૂંટી લ્યે. વ્રત કરો અમારી ભક્તિ કરો, અમને દાન આપો તમારું કલ્યાણ થશે. મારી નાખ્યા ધૂળમાં ય નથી કલ્યાણ સાંભળને. આહાહા ! સમજાણું કાંઈ... ?

આંહી તો કહે છે. જેના હોવાપણામાં પૂરણજ્ઞાન ને આનંદ આદિ અને પૂરણ શાંતિ... શાંતિ... શાંતિ એ શાંતિ... શાંતિ ત્રણવાર કહ્યું પણ શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ એ અનંત–અનંતવાર શાંતિ કહો તો ત્યાં શાંતિનો છેડો નથી, એટલી અંદર શાંતિ ભરી છે.

શું કહ્યું સમજાણું કાંઈ આમાં ? ભગવાન આત્મા ! આ ચિદાનંદ પ્રભુ એ પુણ્ય પાપના રાગથી તો ભિન્ન છે પણ એક સમયની પર્યાયથી ભિન્ન છે એવા તત્ત્વની અંતરમાં દૃષ્ટિ દેતાં, દૃષ્ટિ છે તે પર્યાય છે. એને અવલોકન કરનારી દશા પર્યાય છે, પર્યાય એટલે અવસ્થા. વર્તમાન હાલત, છતાં તે અવલોકન દશા તે તેનામાં નથી, તેને અવલોકે છે. આહાહાહા ! શું કહ્યું ઈ ? આહાહા ! ઝીણી વાતું બાપુ ધરમની ! આંહી તો સાધારણ માણસ આમ ભક્તિ કરી ને પૂજા કરી ને વ્રત પાળ્યા ને થઈ ગયો ધરમ ધૂળેય નથી ધરમ સાંભળને મરી ગ્યા અનંતવાર.

( શ્રોતાઃ જે કંઈ કરતો નથી એનાથી તો ઠીકને ? ) એના કરતાં તો એ રખડવાનું કરે છે ઈ. આહાહા ! ગામમાં ઈસ્પીતાલ બનાવી દેવી, મંદિર બનાવી દેવાં, પૈસા ઉઘરાવવા ઈ બધાં પાપનાં ભાવ છે. ( શ્રોતાઃ પુણ્યેય નહીં ? ) પુણ્યેય નહીં ઉઘરાવવા એમ કીધું ને એટલે, એને કરી દઉં; કરી દઉં, કરી દઉં, કર્તા થાય છે તે મરી જાય છે અંદર આત્માથી. જ્ઞાતા ચૈતન્યમૂર્તિ પ્રભુ જગતની આંખ્યું છે એ તો જાણનાર એને કર્તા ઠરાવવો પરનો, એ ચૈતન્યના ખૂન કરે છે. એ પોતાના ચૈતન્યની હિંસા કરે છે. આહાહાહા !

એ તો ઠીક પણ અંદર રાગ કરે ને ? દયા, દાન, વ્રતનો રાગ થાય છે એને કરે તો ય પણ આત્માનું મરણ થાય છે ત્યાં. આહાહાહા ! કેમ કે રાગ છે તે સ્વરૂપથી વિપરીત છે. અને તે રાગ મારો છે અને હું કરું, એ સ્વરૂપની હિંસા છે. આકરી વાતું છે બાપુ ! દુનિયા આખી એમને એમ રખડી. ચોરાશીના અવતારમાં મનુષ્યપણું પામ્યો, પાંચ ઈન્દ્રિયો મળી, આહાહા ! એમાં જૈનકુળમાં અવતાર મળ્યા, જૈનવાણી મળી... અનંતવાર, પણ એ ચીજ શું છે તેને સમજવાની દરકાર કરી નહીં. ઢોરની જેમ અવતાર ગાળ્યાં સમજાણું કાંઈ ? આહાહા !

આંહી કહે છે ‘ શુદ્ધનયનો આશ્રય કરે છે ’ એટલે કે ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ ! અસ્તિ અસ્તિ હૈયાતિવાળું તત્ત્વ ધ્રુવ અવિનાશી પ્રભુ છે અંદર. અવિનાશી એવું જે ત્રિકાળી ધ્રુવ એનો જે આશ્રય–અવલંબન કરે છે, “ તેઓ જ સમ્યક્ અવલોકન કરતા હોવાથી ”, “ તે જ સમ્યક્ અવલોકન કરતા હોવાથી સમ્યગ્દૃષ્ટિ છે, ” આહાહાહા ! પૂરણ ચૈતન્ય સ્વભાવ, જેનો સ્વભાવ છે તે પૂર્ણ જ હોય. પૂરણ અતીન્દ્રિય આનંદનો સ્વભાવ, સ્વભાવ છે તે પૂર્ણ જ હોય.

અતીન્દ્રિય શાંતિ શાંતિ શાંતિ શાંતિ અકષાય વીતરાગ સ્વભાવ શાંતિ! એ પણ પૂર્ણ છે. આહા...હા!

એવા પૂર્ણાનંદનો આશ્રય કરે એટલે કે તેને અવલંબે એટલે કે તેને અવલોકે. આહાહાહા! જે જ્ઞાનની વર્તમાન દશા, પૂર્ણાનંદનો નાથ તેને અવલોકે, અવલોકનારી પર્યાય અવલોકાય છે તે ચીજમાં પેસતી નથી. તેમ અવલોકનારી પર્યાયમાં અવલોકન યોગ્ય વસ્તુ આવતી નથી. આરે...! આકરો મારગ ભાઈ! આહાહા! અંતરના જનમ મરણ રહિત થવાની રીત બહુ ઝીણી છે બાપા. આહાહા! ચોરાશીના અવતાર તો અનંત કર્યાં હજી જેને મિથ્યા શ્રદ્ધા છે એને અનંતા ભવ એનાં ગર્ભમાં પડયા છે રખડવાના. આહાહા! એ ઢોરમાં જશે, કાગડા-કૂતરામાં જશે. અહીં અબજોપતિ હોય અને માંસ દારૂ આદિ ન ખાતો હોય ને આવી મમતા ધંધાની ને આની, એ મરીને બધા ઢોરમાં જવાના, પશુમાં અવતરવાના, કેમકે જેણે વિકારીભાવની આડોડાઈ બહુ કરી આડોડાઈ ટેડાઈ, એને આ શરીર જે મનુષ્ય ઊભાં છે અને ગાય, ભેંસ, ખિસકોલી આદિ આમ આડાં છે. એ આડોડાઈ કરી એ આડોડાઈ શરીરમાં અવતરશે. આહાહાહા! આડોડાઈ સમજે? ટેડાઈ. ખિસકોલી, ગાય, ભેંસ, ઘોડા હાથી આદિ આમ (આડાં) છે ને? માણસ આમ (ઊભા) છે ને ઓલાં આડાં છે. આહાહા! જેણે માંસ દારૂ એવાં ખાધાં છે તે તો મરીને નીચે નરકમાં જાય છે. એવા ભવ પણ અનંતવાર કર્યાં. પણ એ ન હોય અને એકલાં ક્રોધ ને માન માયા કષાય લોભાદિ ભાવ તીવ્ર કર્યા છે ને એમાં જ (રચ્યો) પચ્યો છે. આહાહા! એની કષાયની તીવ્રતાની આડસને લઈને, જેનો આત્મા તો ઊંધો પડયો પણ એનો જન્મ થશે ત્યાં શરીર આડું મળશે એને. તીરછું શરીર વાંકું મળશે. એ માણસ ઊભાં નહીં થઈ શકે. ઝીણી વાતું બાપુ! એણે કર્યું નથી દરકાર ભાઈ. આહાહા!

આંહીથી ભવિષ્યમાં અનંતકાળ રહેવાનો છે. આત્મા નાશ થાય એવો છે? આત્મા તો અવિનાશી છે. તો આંહીથી છૂટીને પણ રહેવાનો છે ને? ક્યાં રહેશે? જેણે એમ માન્યું છે કે હું દયા દાનના રાગ મારા, આ પરનું કરી શકું છું. એવા મિથ્યાત્વભાવના (ફળમાં) ભવિષ્યમાં રહેશે, દુઃખીમાં રહેશે, દુઃખમાં. આહાહાહાહા!

કેમ ભગવાન આત્મા તો અવિનાશી છે એ કાંઈ નાશ થાય એવો નથી, અને લોકોય એમ કહે છે ને દેહ છૂટે ત્યારે એ જીવ ગયો, જીવ મરી ગયો એમ કહે છે? (ના) મરતાં દેહ છૂટે ત્યારે (બોલે કે) એ જીવ ગયો એ જીવ ગયો! પલ્સ નથી હાથ આવતી એ જીવ ગયો ત્યારે જીવ છે એ ગયો ને? અને પાછો ગયો ત્યાં રહેશે કે નહીં? આહાહા!

ઈ ક્યાં રહેશે જીવ જઈને? આ ઊંધાઈ બધી કરી છે, આ પરના કામ મેં કર્યા ને આમ કર્યાં ને પરને પરે (બીજાંએ) અભિનંદન આપ્યાં ને ભેગાં કરીને, જલસા નોંધાવીને! તમે તો ભારે કામ કર્યું ને તમે તો પચાસ લાખ ભેગાં કર્યા ને... આ આંધ્રપ્રદેશમાં જુઓને અત્યારે થાય છે ને? આંધ્ર દેશમાં મોટું ખેદાન-મેદાન થઈ ગયું છે ને આંધ્રપ્રદેશમાં ઘણાં પાંચ-પાંચ, દશ-દશ લાખ ભેગાં કરે છે માણસો ઓલાં જ્યાં આપે ને ત્યાં તો. આહાહા! તમે તો ન્યાલ કરી નાખ્યાં એમ જગત બોલે ધૂળેય નથી હવે સાંભળને! હવે તારાં આવા કષાયના અભિનંદન દેનારને પણ મિથ્યાત્વનું પાપ લાગે છે અને આ અભિનંદન જે ઝીલે છે મને (મારા) વખાણ

કરે છે એમ માને છે એ પણ મિથ્યાત્વ અજ્ઞાનને સેવે છે. આહાહાહા !

આંહી તો પ્રભુ સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમેશ્વર–ત્રિકાળજ્ઞાની, જેને ત્રણકાળનું જ્ઞાન છે એ પરમાત્મા ફરમાવે છે એ સંતો, આડતિયા થઈને જગત પાસે જાહેર કરે છે. માલ તો પ્રભુના ઘરનો છે. આહાહાહા !

એ શુદ્ધનયનું અવલંબન લે છે આશ્રય ‘ તેઓ જ ’ બીજા નહીં એમ. વર્તમાન પર્યાયનો આશ્રય કરે, રાગનો આશ્રય કરે એ બિલકુલ મિથ્યાદૃષ્ટિ છે. આહાહાહાહા ! તેઓ જ સમ્યક્ અવલોકન કરતાં હોવાથી સમ્યગ્દૃષ્ટિ છે. આહાહા ! પણ બીજા સમ્યગ્દૃષ્ટિ નથી એમ લેવું. કૌંસમાં કહ્યું કે શુદ્ધનય, અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે, એટલે શું કીધું ? કે ત્રિકાળી જ્ઞાયકનો આશ્રય કરે છે, એને પણ પર્યાયમાં અશુદ્ધતા છે એવું લક્ષ છે. લક્ષ છે. અવસ્થામાં રાગ છે એવું લક્ષ છે પણ આશ્રય આનો ( જ્ઞાયકનો ) કરે છે, અને એનો સર્વથા લક્ષ જ નથી. જેને, અશુદ્ધતા છે જ નહીં પર્યાયમાં, એ તો ભૂલ કરે છે. અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે. એનો અર્થ થયો કે સમ્યગ્દૃષ્ટિ પણ કથંચિત્ અશુદ્ધનો આશ્રય કરે છે એટલે કે પર્યાયમાં અશુદ્ધતા અપૂર્ણતા છે એવું એને ખ્યાલમાં છે છતાં આશ્રય કરે છે ત્રિકાળનો. સમજાણું કાંઈ ?

અરે ! આવું કયાં નવરા હોય છે. આહાહા ! અરે, મોટા રાજાને મોટા કરોડપતિ મરીને એ બકરીની કૂખે બચ્ચાં થાય, એ ઢેઢ ગરોળીની કૂખે, આહાહાહા ! કેટલાંક તો કરોળિયા થાય, કાં ભમરા થાયને અરે ! પ્રભુ ! તને ખબર નથી બાપુ ! આહાહા ! જેણે આ એક જ પ્રભુનો આશ્રય લીધો જેણે, તે એક જ સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી છે. બાકી જેટલા પરનો આશ્રય લઈને પડયાં છે, એ બધા મિથ્યાદૃષ્ટિ છે.

ત્યારે આંહી અશુદ્ધનયનો સર્વથા આશ્રયનો અર્થ કે, “ જ્ઞાનીને પણ અશુદ્ધનયનો આશ્રય છે. ” એવું અંદરમાં આવે એનો અર્થ આટલો, એ ૧૪ મી ગાથામાં આવે છે, અર્થમાં. સ્વનો આશ્રય લેવાની વાત એક જ છે. છતાં પર્યાયમાં અશુદ્ધતા છે એટલું લક્ષ તો હોવું જોઈએ, પર્યાય છે, અશુદ્ધતા છે, એ લક્ષ હોવું જોઈએ. પછી આશ્રય લેવો નહિ એનો, પણ અશુદ્ધતા બિલકુલ છે જ નહીં પર્યાયમાં તો તો એ લક્ષ ચૂકી જાય છે તો અશુદ્ધતા ટાળવી એ પણ રહેતું નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

સમજાણું કાંઈ આવે છે ને ? સમજાણું હોય તો તો થઈ રહ્યું. આ તો કઈ પદ્ધતિથી ને કઈ રીતથી કહેવાય છે, કોની તરફ વલણ જાય છે એટલું સમજાય છે ? આહાહા ! જેઓ અશુદ્ધનયનો એટલે કે બીજાઓ, સમ્યગ્દૃષ્ટિ નથી. આહાહા ! જેને પર્યાયનો અને રાગનો ને નિમિત્તનો આશ્રય છે લ્યે છે એ સમ્યગ્દૃષ્ટિ નથી, એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહા ! એ ચારગતિમાં નરક નિગોદમાં જવાનાં ભાવને સેવે છે ઈ. આહાહાહા !

‘ માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ ’ છે ? છેલ્લી લીટી, પુણ્ય ને પાપના ભાવ, દયા દાન વ્રત ભક્તિ પૂજાનો ભાવ એ કર્મ છે વિકાર છે. આહાહાહા ! એનાથી ભિન્ન દેખનારાઓએ એ રાગની ક્રિયાના કાર્યથી પ્રભુ ભિન્ન છે. કેમકે એનાથી રહિત થઈ શકે છે તો સહિત હોય તો રહિત થઈ શકે નહીં. ખરેખર દ્રવ્ય–વસ્તુ રાગ સહિત છે જ નહીં, એથી રાગ રહિત થઈ શકે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

તેઓ કર્મથી ભિન્ન રાગથી ભિન્ન, એ વિકલ્પ ઊઠે છે. ગુણી ભગવાન અનંતગુણનો ધણી અને એનું જ્ઞાન આનંદ એવો ગુણ, એવો જે ભેદ ઊઠે વિકલ્પનો રાગ, આહાહા ! એનાથી પણ ભિન્ન કર્મથી ભિન્ન દેખનારા, એવા રાગથી પણ ભિન્ન જાણનારા.

આરે... આવી વાતું હવે ક્યાં ? ચોવીસ કલાકમાં-માથાકૂટમાં પડયા છે તે હવે એને આવું ત્યાં લઈ જવો અંદર. કોઈ દિ ' જોયો નથી-જાણ્યો નથી ત્યાં એને અવલોકન કરવા લઈ જવો. બાપુ ! એનો પ્રયત્ન અનંતગુણો છે. સુમનભાઈ ! આહાહા !

અત્યારે તો બહારમાં ગોટા વાળ્યા છે સંપ્રદાયમાં તો આખી વાત. બધી ખબર છે ને ! સંપ્રદાયમાં કોક વ્રતને ધર્મ મનાવે, કોઈ દયાને મનાવે કોઈ ભગવાનની ભક્તિને ધરમ મનાવે ( સાધકને ય ) હોય છે-શુભભાવ હોય છે. પૂરણ વીતરાગ ન થાય, ત્યાં સુધી આત્માનું અવલંબન હોવા છતાં શુભરાગ આવે પણ એ છે બંધનું કારણ. એ ધર્મનું કારણ ને મોક્ષનું કારણ નથી. આહાહા !

આંહીયા તો કહે છે “ કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ ” આહાહા ! કર્મ શબ્દે આંહી રાગ છે. રાગથી જુદો પ્રભુને દેખનારાઓએ, “ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી ” એ રાગને અવલંબવા યોગ્ય નથી. આહાહાહાહા ! એ દયા, દાન અને વ્રતના ભાવને અનુસરવા લાયક નથી. આહાહાહાહા ! સમજાણું કાંઈ... ?

એ અગિયાર ગાથા. હવે એનો ભાવાર્થ. ઓલી સંસ્કૃત ટીકા હતી. ટીકામાં ઘણી ગંભીરતા ભરી છે, એને ચાલતી ભાષામાં જરી ભાવાર્થ સમજાવે છે.

( ભાવાર્થઃ- ) અહીં વ્યવહારનયને અભૂતાર્થ, એટલે ? કે વર્તમાન રાગ થાય દયા-દાનનો તેને અને એ રાગને જાણનારી ( જ્ઞાનની ) વર્તમાન પર્યાયને અભૂતાર્થ કીધી. એ ‘ છે નહીં ’ -એનામાં છે ખરી, પણ વસ્તુની દૃષ્ટિ કરાવવા વસ્તુમાં નથી માટે તેને નથી એમ કહ્યું છે. એ પર્યાય જ નથી રાગ જ નથી. આહાહા ! કેમકે એનો આશ્રય કરવાલાયક નથી. આહાહાહા ! એક સમયની જે દશા છે જાણવાની દશા જાણનારો ત્રિકાળી પ્રભુ છે પણ એની વર્તમાન દશા જે પલટતી-હલચલ થતી દશા વિચારની ( જ્ઞાનની ) એ આંહી નથી એમ કહ્યું ! ‘ નથી ’ કહ્યું. એ ગૌણ કરીને ‘ નથી ’ એમ કહ્યું છે- એમ કહે છે જુઓ ! અભૂતાર્થ ( કહ્યું ! )

અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. ત્રિકાળી ચીજને સત્ય કીધી અને પર્યાય અને રાગને અસત્ય કહ્યું. જેનો વિષય વિદ્યમાન ન હોય જેનો વિષય જ હોય નહીં, અસત્યાર્થ હોય તેને અભૂતાર્થ કહે છે; આ અભૂતાર્થની વ્યાખ્યા કરી. પહેલાં ગાથાનો અર્થ છે ને એનો અર્થ કહે છે. નય એટલે જાણવાની દશા. એમાં એક વ્યવહારનય એટલે વર્તમાન પર્યાયને અવસ્થાને અને રાગને જાણે એ વ્યવહારનય; અને એ જ્ઞાનની પર્યાય શુદ્ધ ત્રિકાળને જાણે એ નિશ્ચય ( નય ! ) શુદ્ધનય.

આંહી વ્યવહારનયને જુઠ્ઠી કહી અભૂતાર્થ કહ્યો અને શુદ્ધનયને સત્ય કીધી, છે એમ કહ્યું. હવે એનો વિષય અવિદ્યમાન હોય-અસત્યાર્થ હોય, વ્યવહારનો વિષય ‘ નથી ’ એ માટે એને અભૂતાર્થ કીધી છે. કઈ અપેક્ષાએ એ કહેશે, તેને અભૂતાર્થ કહે છે. આહાહાહા ! શું કીધું ઈ ? વ્યવહારનય એટલે વર્તમાન પર્યાય અને દયા દાનનો રાગ, એને જાણનારી જે નય છે જ્ઞાનનો

અંશ વ્યવહાર, તેને આંહી જુઠ્ઠી કહી, ‘ નથી ’ એમ કહ્યું, અભૂતાર્થ છે એમ કહ્યું અને ત્રિકાળી ચીજને સત્ય છે ને ભૂતાર્થ છે એમ કીધું. હવે એનો અર્થ કે જેનો વિષય નથી, તેને અભૂતાર્થ કહેવાય, છે ને ? આહાહા ! અસત્યાર્થ કહેવાય. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે–હવે કહે છે એની વર્તમાન પર્યાય અને રાગને ( વ્યવહારનય ) જુઠ્ઠી છે; નથી ( અસત્યાર્થ ) છે એમ કહેવાનો આશય ( એવો છે કે ) –શુદ્ધનયનો વિષય તો અભેદ છે. આહાહા !

શું કહ્યું ? અંદર સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મની પહેલી સીઢીવાળો જીવ, એનો વિષય છે એ તો ત્રિકાળી અભેદ અખંડ છે. ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ, નિત્યાનંદ પ્રભુ એ શુદ્ધનયનો વિષય છે. આહાહા ! એ અભેદ છે. ત્રિકાળી ચીજ છે એમાં પર્યાય અને રાગનોય ભેદ નથી. આરે ! આવી વાતું ? સમજવું.

શુદ્ધનયનો વિષય એટલે શુદ્ધનયનું લક્ષ જે છે તે અભેદ છે એકાકારરૂપ છે. આહાહાહા ! સમ્યગ્દર્શનની પ્રતીતિ જે પર્યાય, એનો વિષય અભેદ છે. ત્રિકાળી એકરૂપ વસ્તુ છે અને તે એકાકાર એક સ્વરૂપે છે. ભેદ અને અનેકતા તેમાં નથી. આ તો મંત્રો છે પ્રભુ ! આહાહાહા ! અત્યારે તો સાંભળવું મુશ્કેલ પડી જાય તેવું છે, જ્યાં જુઓ ત્યાં ધમાલ ! ધમાલ ! ધમાલ ! વ્રત કરો ને અપવાસ કરો ને, ભક્તિ કરો ને... પૂજા કરો ને... એ ય મોટી–રથયાત્રા કાઢો ને... ગજરથ કાઢો ને... ! હાથીને કાઢે છે ને ગજરથ પાંચ–પાંચ લાખ ખર્ચીને. અરે ! બાપા એ તો બધી પરની વસ્તુ છે એમાં કદાચિત્ રાગનો ભાવ મંદ હોય તો પુણ્ય છે પુણ્ય છે તે ભવ છે ને ભવ છે તે સંસાર છે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

આંહીંયાં તો ખુલાસો પંડિતજી એવો કરે છે. ભઈ ! આંહી વ્યવહારનયને જુઠ્ઠી કીધી એટલે વર્તમાન પર્યાયને, રાગને ‘ નથી ’ એમ કહ્યું અને ત્રિકાળી વસ્તુ છે તેને સત્ય કહીને ‘ છે ’ એમ કહ્યું. એનો અર્થ શું ? કે વ્યવહારનયનો વિષય અભૂતાર્થ કહ્યો એનો અર્થ કે જેનો વિષય નથી. છે ? તેને અભૂતાર્થ કહે છે, વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે–શુદ્ધનયનો વિષય અભેદ, એકાકારરૂપ, નિત્ય દ્રવ્ય છે. નિત્ય દ્રવ્ય પ્રભુ કાયમ રહેનારો ભગવાન, કાયમ ભગવાન અનાદિ છે ને અનંતકાળ એમ ને એમ રહેનારું તત્ત્વ ધ્રુવ, એ ધ્રુવ તત્ત્વ જે છે તે ( જ્ઞાયકભાવ ) સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા ! એ શુદ્ધનયનો વિષય છે !

ભાષા તો સમજાય એવી છે પણ ભાવ બાપુ જેમ છે, એમ છે. અરે ! જે કરવું જોઈએ એ પહેલું કરે નહીં ને બાકી મૂકીને બધા થોથાં. આહાહા !

શું કીધું ? ત્રિકાળી વસ્તુનો વિષય કરનાર નય અથવા સમ્યગ્દૃષ્ટિનો વિષય અભેદ છે. જેમાં એક સમયની પર્યાયનો પણ એનો વિષય નથી. એ તો ત્રિકાળી એકાકારરૂપ અભેદ–ભેદ વિનાની ચીજ વસ્તુ છે પ્રભુ. એકાકાર–એક સ્વરૂપે, તે પણ નિત્ય દ્રવ્ય છે એ તો, કાયમ રહેનારી ચીજ છે, પલટતી જે અવસ્થા, બદલતી અવસ્થા છે એ તો વર્તમાન ક્ષણિક છે અને કાયમ રહેનારી ચીજ એ પોતે તો નિત્ય ને ધ્રુવ છે. આહાહા !

આત્મામાં બે પ્રકારઃ એક બદલતી અવસ્થા; ક્ષણે ક્ષણે વિચાર બદલાય અને એક કાયમ રહેનારી ચીજ, કાયમ રહેનારી ચીજ તે નિત્ય છે, બદલતી અવસ્થા તે અનિત્ય અને પર્યાય છે.

હિંમતભાઈ ! કોઈ દિ ’ સાંભળ્યું નથી ને કર્યું નથી ને માથાકૂટ કરીને મરી ગયાં, ન્યાં

એમને એમ જિંદગીમાં અને સરવાળા આવશે. આહાહા ! બાપુ ! એ સરવાળા આવશે જેના ખોટાં છે એના ખોટાં સરવાળા આવશે. ( શ્રોતાઃ જેવી રકમો હોય એવો સરવાળો આવે ને ) રકમ એક બે ચાર પાંચ આંકડાઓ હોય તો સરવાળો આવે પણ મીંડાં મૂક્યા હોય એનો સરવાળો શું આવે ? ( શ્રોતાઃ મીંડાંનો સરવાળો મીંડાં ! ) મીંડાંનો સરવાળો મીંડાં આવે. આહાહાહા ! આંકડા ભલે મૂકે એક-એક, એક-એક-એક તોય એનો સરવાળો આવે આ દસ આંકડા, પંદર આંકડા, વીસ આંકડા. આહાહા ! એમ જેણે પરનું કર્યું; હું પરનું કરી શકું છું. પરમાં કરવાનો ભાવ થ્યો મારો રાગ ને એ પણ મારી ચીજ છે ને એવા મીંડાં જેણે મૂક્યા છે, એના સરવાળામાં મીંડાં આવશે. આહાહા ! એટલે આત્માનો ભાવ નહીં આવે પણ સંસાર આવશે એમ. આહાહા !

શુદ્ધનયનો વિષય, એટલે સમ્યગ્દર્શન ધર્મની પહેલી દશા, એવા ધર્મીનો વિષય અભેદ છે ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય પ્રકાશ પૂંજ એકાકાર છે એક સ્વરૂપે છે અને તે નિત્ય છે. આહાહા ! તેની દૃષ્ટિમાં-સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં અભેદ, એકાકાર, નિત્ય દ્રવ્ય છે. દ્રવ્ય એટલે વસ્તુ. તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. આહાહાહા ! આ તો મંત્રો છે બાપા ! આ તે કંઈ ( એકદમ ) કથા-વાર્તા નથી કે હાલી જાય. અરે ! એણે નિજાનંદનો નાથ અંદર અભેદપણે બિરાજે છે અંદર. આહાહા !

એની દૃષ્ટિનો વિષય એ અભેદ છે, એક સ્વરૂપે છે, નિત્ય છે, એવી દૃષ્ટિએ દેખનારને-અભેદ ને એકાકાર ને નિત્ય દેખનારને, તેની દૃષ્ટિમાં ભેદ, અભેદને દેખનારને ભેદ દેખાતો નથી, છે ? આહાહા ! શું કીધું ઈ ? ધ્રુવ પ્રભુ છે નિત્ય પ્રભુ, પર્યાય અવસ્થા એ બદલે છે વિચારમાં દશા, પણ વસ્તુ તરીકે તો ધ્રુવ છે. એ ધ્રુવ છે તે અભેદ છે. તે અભેદ-એકાકાર નિત્ય દ્રવ્યને જોનાર એ તો અભેદને જુએ છે. તો અભેદ જોનારને ભેદ દેખાતો નથી. આહાહા ! અંદર આત્મામાં અનંતા ગુણો છે, વસ્તુ છે તે આત્મા અને ગુણો છે તે એની શક્તિ. આંહી એવો અંદરમાં ભેદ છે, પણ અભેદને દેખનારને એ ભેદ દેખાય નહીં. આહાહા !

અરે આવી વાતું હવે બાપુ ! એને વખત જોઈશે. એક મેટ્રિક જેવા પાપના અધ્યાય માટે, સુમનભાઈ ? પાપના અધ્યાય માટે અમેરિકા તમે કેટલું રખડયાં ? અમેરિકા કે નહીં ? ક્યાં હશે ખબર નથી પાછું, બીજાં ઘણાંય જાય છે ને ? લાખ્ખો રૂપિયા ખરચીને અમેરિકા ને આ ફલાણે-ઢીંકણે આફ્રિકા ને. આહાહા ! હેરાન, હેરાન છે. આહાહા !

આંહી તો બીજું કહેવું છે. કે સંસારમાં જ્ઞાન માટે-જાણવા માટે પણ કેટલોક કાળ એને જોઈએ છે ને ? વકીલ થાવું હોય તો એલ. એલ. બી. માટે પણ વખત જોઈએ કે નહીં ? દાક્તર ને એમ. એ. થવું હોય તો પણ કાંઈ વખત જોઈએ કે નહીં ? તમારે આ ધંધામાં ય વખત તો ગયો હશે ને પાંચ, સાત દશ વરસ. આહાહા ! તો... એના પાપના ધંધા માટે પણ કેટલોક વખત જોઈએ તો... આત્માની ઓળખાણ માટે બાપુ કાંઈ વખત ન કાઢ તું ? ( શ્રોતાઃ પણ શું કરે ? આખો દિ ' ઓફિસે જવું ને એમાં વખત મળે ક્યાંથી ? ) શું કીધું ? ( શ્રોતાઃ સવારે આઠ વાગ્યે જાય ને રાત્રે આઠ વાગ્યે આવે ) એમના દિકરાની વાત કરી. સવારે જાય ને. અરે ! આહાહા !

જેનો સ્વભાવ અભેદ ને એકાકાર છે, એ ચીજને જેણે અંતર દેખવી છે તેને દેખનારને

અહીંયા ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહે છે અને એ સમ્યગ્દૃષ્ટિને અભેદ ઉપર દૃષ્ટિ હોવાથી / અભેદમાં ગુણોરૂપી ભેદ છે છતાં અભેદ ઉપર દૃષ્ટિ હોવાથી તેને અભેદમાં ભેદ દેખાતો નથી. માળે ! આવી વાતું હવે.

વસ્તુ જે જ્ઞાયક ચૈતન્ય જ્યોત છે; ચૈતન્યના પ્રકાશનો પૂંજ પ્રભુ આત્મા, એમાં શરીર કર્મ ને આ દેશ ને એ તો છે નહીં એમાં, પણ એમાં પુણ્ય ને પાપના ભાવ જે દયા, દાન, કામ, ક્રોધના એ પણ છે નહીં, પણ એ અભેદમાં, ભેદેય નથી. આહાહા ! સમજાય છે કાંઈ ?

જેની ચૈતન્યપ્રકાશ સત્તા છે. એવો જે ભગવાન આત્મા, ચૈતન્યના પ્રકાશનું હોવાપણું જેનું ત્રિકાળી છે, એને દેખનારને સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની તેને અવલોકનારને-અભેદ દેખતાં તેને ભેદ તેમાં દેખાતો નથી. આહાહા ! છે ? તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી, માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ કહેવો જોઈએ. આહાહા ! જેણે દૃષ્ટિને સંયોગ ઉપરથી છોડી દયા દાનના વિકલ્પથી પણ છોડી, એક સમયની પર્યાયના ભેદથી છોડી, અને ગુણ ગુણીના ભેદથી પણ દૃષ્ટિ છોડી, અને જેણે સમ્યગ્દર્શનમાં અભેદને દેખ્યો. આહાહાહાહા ! હજી તો ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે.

શ્રાવક કહેવા કોને એ બધા સમજવા જેવી વાતું છે બાપા ! આ બધાં વાડાના શ્રાવક તો બધા સાવજ છે. આ મુનિ કોને કહેવા બાપુ ? એ અલૌકિક વાતું છે ભાઈ, આહાહા ! જેને અતીન્દ્રિય આનંદની દશામાં છોળ્યું ઊડતી હોય છે; જેમ દરિયામાં ભરતી આવે છે જેમ પાણીની, એમ મુનિની દશામાં અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન અતીન્દ્રિય આનંદની છોળ્યું આવે એને. આહાહાહાહા ! એને મુનિ કહીએ બાપુ ! નાગા થઈને ફરે ને લૂગડાં ફેરવ્યાં ને બાવા થઈ ગ્યાં માટે સાધુ ? આહાહાહા !

અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ જેને અનુભવમાં આવ્યો છે એણે અભેદને જોયો છે, અને જે અભેદમાં ઠર્યા છે અંદરમાં, અતીન્દ્રિય આનંદમાં જામી ગયાં છે એને અહીંયા સાધુ અને મુનિ કહેવામાં આવે છે.

બહુ ફેર પણ આ તો વાતે વાતે ફેર; હિંમતભાઈ ! મુંબઈમાં મળે એવું નથી ત્યાં ધૂળમાંય મળે એવું નથી ન્યાં બોટાદમાંય ન્યાં રખડારખડ કરીને. આહાહા ! અહીંયાં તો પ્રભુ એમ કહે છે કે જેણે આત્મા નિત્ય વસ્તુ, એને જેણે જોઈ અંદર અભેદને, તે અભેદમાં ભેદ તેને છે ખરો અંદર ગુણ ભેદ, ગુણીની દૃષ્ટિ કરતાં અંદર ગુણ છે. પણ અભેદમાં ભેદ દેખાતો નથી, માટે તે અભેદની દૃષ્ટિની અપેક્ષાએ ભેદ દેખાતો નથી. આહાહા ! માટે તેની દૃષ્ટિમાં ભેદ જૂઠો છે, એમ કહેવાય છે. આહાહા ! અભેદમાં ભેદ છે, પણ અભેદને દેખનારને ભેદ દેખાતો નથી. ભેદ દેખાતો હોય તો અભેદ દેખાતું નથી. આહાહા !

આવો ધરમ કોઈ કહે કે નવો કાઢયો હશે આવો ? બાપુ ! અનાદિનો મારગ આ છે પણ જગતમાં બહાર પડયો નહોતો અને આંહી આંધળે-આંધળું હાલતું 'તું ખાતું. આહાહા !

આંહી તો કહે છે, વર્તમાન દશા ને રાગ આદિ અથવા ગુણભેદ, એનો વિષય વ્યવહારનયનો છે ઈ. એ વ્યવહારનયનો વિષય તેને જૂઠો કીધો. ' નથી ' એમ કહ્યું ? કેમ ? કે જેણે અંદર ગુણ ગુણીના ભેદનો પણ વિકલ્પ છોડી દીધો છે, અને જેણે દૃષ્ટિને ત્રિકાળી ધ્રુવમાં

જોડી દીધી છે. એ અભેદને દેખનારને એનાં અનંતાગુણો ગુણીના ગુણ ભેદરૂપ છે, છતાં તેને- અભેદને દેખનારને ભેદ દેખાય નહીં. સમજાણું કાંઈ... ? આહાહા !

આવી વાતું છે આ. આવો ઉપદેશ ક્યાંથી કાઢયો ? આહાહા ! એ ભગવાનનો ઉપદેશ છે બાપુ ! આહા ! તીર્થંકરદેવ જૈન શાસનના શિરોમણિ પરમાત્મા એની આ વાણીમાં આવ્યું, એ જગત પાસે જાહેર થાય છે. આહાહા ! અહીં કહેવાનો આશય શું છે ? કે પર્યાયને- છે પર્યાય, ગુણ ગુણી ભેદ પણ છે, રાગ પણ છે, એ બધો વ્યવહારનયનો વિષય છે વર્તમાન અને ત્રિકાળી દેખનારને નિશ્ચયનયનો વિષય છે. તો ત્રિકાળી અભેદને દેખતાં એમાં ગુણ ગુણીનો ભેદ, અભેદને જોતાં ભેદ દેખાતો નથી. આહાહા !

એથી અભેદને જોતાં ભેદ દેખાતો નથી માટે તે ભેદને વ્યવહારનયનો વિષય ગણી અને ' નથી ' એમ કહ્યું છે, પણ બિલકુલ નથી જ એમ નહીં. વ્યવહારનયનો વિષય નથી જ / આંહી તો નથી એમ કહ્યું છે, પણ ' નથી ' એમ કહેવાનો આશય શું ? કે ત્રિકાળીમાં દૃષ્ટિ પડી છે ધર્મીની, એમાં ભેદ દેખાતો નથી, માટે તેને ભેદ નથી અને ભેદ જૂઠો છે. એમ કહ્યું ! પણ ભેદપણે ભેદ અને પર્યાયપણે પર્યાય નથી એમ નહીં.

એની વાત કરશે... ( પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં ૪૧ ગાથા - ૧૧ તા. ૨૩-૭-૭૮ રવિવાર, અષાઢ વદ-૪ સં. ૨૫૦૪

સમયસાર, અગિયારમી ગાથાનો ભાવાર્થ. કાલ કેટલાંક નહોતાં ને અહીંયાં. અમારે બાબુલાલજી નહોતા. બીજાય આજે ભાવનગરવાળાય આવ્યા છે ને ? આ તો અધિકાર જયારે ( એવો છે ) ગમે તેટલી ( વાર ) લ્યો ને, તમે તો હતા કાલ.

ભાવાર્થ:- અહીં-આ ઠેકાણે અગિયારમી ગાથામાં, અહીં એટલે આ અગિયારમી ગાથામાં ' વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. ' એટલે ? કે જે આત્મા છે અભેદ વસ્તુ અનંતગુણનો પિંડ, એમાં જે ગુણભેદને લક્ષમાં લ્યે, એને વ્યવહારનય કહે છે. જે ગુણી વસ્તુ છે અભેદ અખંડ એમાં ગુણ જે અનંત છે, એવા ગુણીમાંથી ગુણનો ભેદ લક્ષમાં લ્યે એને અહીંયા વ્યવહારનય વર્તમાન ભેદ પક્ષને લક્ષમાં લ્યે એને અહીંયા વ્યવહારનય કહેવામાં આવે છે અથવા પર્યાયને લક્ષમાં લ્યે એ પણ ભેદ છે ત્રિકાળીમાં અથવા રાગને લક્ષમાં લ્યે એ પણ વ્યવહારનય કહેવામાં આવે છે.

એને જાણનારી નયને વ્યવહારનય અને વ્યવહારનયનો વિષય, ગુણ ગુણી ભેદ, પર્યાય અને રાગાદિ એનો વિષય છે. આહાહા ! એને અહીંયા જૂઠો કહ્યો છે. અહીંયા વ્યવહારનયને જુઠ્ઠી કહી છે, ઈ કઈ અપેક્ષાએ જુઠ્ઠી કહી ઈ ખુલાસો કરે છે. અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે ત્રિકાળી જે અભેદ ચૈતન્ય સ્વરૂપ ભગવાન જે જ્ઞાનનો વિષય તદ્દન અભેદ છે. જેની અભેદદૃષ્ટિથી સમ્યગ્દર્શન થાય છે. એવી જે અખંડ અભેદ ચીજ એને આંહીયા શુદ્ધનય કીધી છે અથવા શુદ્ધનયનો એને વિષય કીધો છે અને તેને સત્ય કહ્યું છે. શું કહ્યું ? ત્રિકાળી સત્યાર્થ વસ્તુ જે એકરૂપ અભેદ એને સત્ય કહ્યું છે અને ગુણભેદ, પર્યાયભેદ, રાગભેદને વ્યવહાર કહીને તેને

' નથી ' એમ કહ્યું છે. એનું શું કારણ ? એ વાત ચાલે છે. આહાહા !

( શ્રોતાઃ પહેલાં ગોટાળો કહેવો ને પછી એનો ખુલાસો કરવો ? ) ગોટાળો કીધો જ નથી, કઈ અપેક્ષાએ કહ્યું છે એને લક્ષમાં ન લ્યે.

તેથી ' અહીં ' એમ કહ્યું ને ? બીજે ઠેકાણે તો ખુલાસા બધા કર્યા છે ભિન્ન ભિન્ન. આ ઠેકાણે– આ ગાથામાં, તેથી ' અહીં ' કહ્યું ને ? અહીં કઈ અપેક્ષા છે ! આહાહા ! ઝીણી વાતું બાપુ ! ધરમ એવો ઝીણો છે. અનંતકાળમાં એણે લક્ષમાં આ વાત લીધી નથી.

વસ્તુમાં, વસ્તુ જે આત્મા છે એ વસ્તુ તરીકે તો અભેદ છે. અભેદ નામ જેમાં ગુણ અને ગુણીનો ભેદે ય નથી એ તો ગુણી અખંડ વસ્તુ છે એમાં એક સમયની પર્યાય ચાલે છે એ પણ ભેદ છે, એ પણ એમાં નથી અને જે દયા દાન વ્રત ભક્તિના પરિણામ થાય રાગ એ પણ વ્યવહારનયનો વિષય છે, એ પણ વસ્તુમાં નથી. આહાહા ! ઝીણી વાત છે બાપુ ! બહુ ઝીણું તત્ત્વ છે.

અહીં વ્યવહારનયને જૂઠો કહ્યો છે, અભૂતાર્થ નામ જૂઠો. આ ઠેકાણે, બીજે ઠેકાણે તો કહ્યું છે વ્યવહારનય સત્ છે. સમજાણું કાંઈ ? સત્ છે એટલે પર્યાય છે. ગુણ ભેદ છે, રાગ છે, એટલું. પણ અહીંયાં જે નથી કહ્યું એનું શું કારણ છે ? આ ઠેકાણે આમ કહ્યું એનું શું કારણ છે ? એમ કહે છે કે વ્યવહારનય અસત્ય છે, અભૂતાર્થ નામ અસત્ય, અભૂત એટલે જુઠ્ઠી છે, છે નહીં. અને શુદ્ધનય તે છે ભૂતાર્થ સત્ય છે. હવે એનો ખુલાસો કરે છે.

જેનો વિષય વિદ્યમાન ન હોય, જેનું ધ્યેય વિષય હોય જ નહીં અને અસત્યાર્થ હોય, અસત્ય હોય તેને અભૂતાર્થ કહે છે. તેને અસત્યાર્થ–અભૂતાર્થ કહે છે. આહાહા ! ભાઈ આવ્યા છે કે નહીં. હસમુખભાઈ ! ઠીક આઘા બેઠા છે. કાલ બપોરે હતા, સવારે નહોતા. આ ( ગાથા ) વખતે નહોતાને ? બપોરે તો શનિવાર છે ને તે હોય જ તે, છોકરાવને રજા હોયને, હારે લઈને આવ્યા 'તા ને– છોકરાને લઈને આવ્યા 'તા. સો કેળાં લઈને આવ્યા 'તા. છોકરાને આપવા સાટુ લઈને આવે છે ને શનિવાર–રવિવારે કાયમ. આ તો કાલ નહોતા આ વિષયમાં.

શું કહ્યું ? પહેલું તો એમ કહ્યું કેઃ વ્યવહારનય તે જુઠ્ઠી છે, અને નિશ્ચયનય તે સાચી છે. ત્યારે હવે એનો આશય શું ? કે જેનો વિષય વિદ્યમાન ન હોય–જેનો વિષય છે જ નહીં, જેનું ધ્યેય જે છે એ છે જ નહીં અને અસત્યાર્થ હોય, જૂઠો હોય બિલકુલ ન જ હોય તેને અભૂતાર્થ કહે છે. આહાહાહા !

વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય હવે કહે છે. કે ભઈ ! અસત્યાર્થ કહ્યો છે આ ઠેકાણે, એનો આશય શું ? એનો વિષય નથી કંઈ ? તો આંહી તો અભૂતાર્થ છે તો જેનો વિષય નથી એમ કહેવું છે. વ્યવહારનયનો વિષય જ નથી, માટે જુઠ્ઠી કીધી છે. એમ જે અહીંયા કહેવામાં આવ્યું છે. તેનું કારણ શું ? આહાહા ! વ્યવહારનયને એટલે કે ગુણ ગુણીના ભેદને વિષય કરનાર, પર્યાયને વિષય કરનાર, અને રાગ દયા દાનના વિકલ્પને જાણનાર વિષય કરનાર, એ નયને જુઠ્ઠી કહેવાનો આશય એવો છે કે, એને અસત્યાર્થ નથી એમ કહેવાનો આશય એવો છે, કે આહાહા ! ઝીણી વાતું બહુ બાપુ !

શુદ્ધનયનો વિષય, એટલે કે જે આત્મા અખંડ અભેદ વસ્તુ છે, એ શુદ્ધનય એટલે

સમ્યગ્જ્ઞાનનો વિષય છે, એ સમ્યગ્દર્શનનો વિષય છે. આંહી ‘ નય ’ કેમ કીધી છે કે સમ્યગ્દર્શન છે ઈ જાણતું નથી. ઈ તો પ્રતીતરૂપ છે. તેથી શુદ્ધનય જાણનાર છે. શુદ્ધનય ત્રિકાળને જાણનાર છે તેથી એને શુદ્ધનય આંહી કીધો છે. આહાહા ! સમજાણું કાંઈ ? કારણકે જાણવાનો વિષય તો એ જ્ઞાન જ છે. એ સિવાય કોઈ ગુણ જાણનાર નથી. ભાઈ ! ત્યાંય એમ કહ્યું છે ને ટોડરમલ્લજીમાં પ્રશ્ન એવો કર્યો છે કે નિશ્ચય સમકિત એ પ્રત્યક્ષ ને વ્યવહાર સમકિત એ પરોક્ષ, એમ શિષ્યે પ્રશ્ન કર્યો છે એમાં. ત્યારે કહે છે કે પ્રત્યક્ષ પરોક્ષ કોઈ ભેદ સમકિતના છે જ નહીં. એ જ્ઞાનના જ ભેદ છે, પ્રત્યક્ષ-પરોક્ષ. બીજા કોઈ ગુણનો ભેદ પ્રત્યક્ષ-પરોક્ષ હોઈ શકે જ નહીં. ભાઈ ! આહાહા ! સમજાણું કાંઈ ?

શિષ્યે એમ પૂછયું ’ તું. ટોડરમલમાં છે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં કે નિશ્ચય જે સમકિત છે તે પ્રત્યક્ષ, ત્રિકાળી વસ્તુને જે પ્રતીત કરે તે નિશ્ચય પ્રત્યક્ષ અને વ્યવહાર ભેદને જે વિષય કરે તે પરોક્ષ વ્યવહાર સમકિત. તું કહે છો એમ છે જ નહીં. સમકિતના બે ભેદ; નિશ્ચય પ્રત્યક્ષ ને પરોક્ષ બે ભેદ છે જ નહીં. આત્માના જ્ઞાન સિવાય પ્રત્યક્ષ ને પરોક્ષ એવા બે ભેદ બીજા કોઈ ગુણના હોઈ શકે જ નહીં. સમજાણું કાંઈ ? તો આનંદને પ્રત્યક્ષ કહ્યો છે ને ત્યાં ? એટલે કે પોતે જાણેને વેદે છે ઈ અપેક્ષાએ પ્રત્યક્ષ, એ કાંઈ વસ્તુ જ્ઞાનનો વિષય નથી, જ્ઞાન છે ઈ તો પ્રત્યક્ષ અને પરોક્ષ છે. હવે એનાય પ્રકાર ઝીણા બાપા ! બહુ ઘણાં ભેદ, આનંદનું વેદન છે એ પોતે વેદે છે. એ કોઈ બીજો વેદે છે એમ નહીં, માટે એને પ્રત્યક્ષ કહ્યું. બાકી કાંઈ જે જ્ઞાનનો પ્રત્યક્ષનો ભાગ છે એ આનંદનો પ્રત્યક્ષનો ભાગ નથી કાંઈ. આહાહા ! સમજાણું કાંઈ ? ઝીણી, વાત છે એથી હજી આધી છે. જે જ્ઞાનને પણ પ્રત્યક્ષ કહ્યું શ્રુતજ્ઞાનને એ પણ શ્રુતજ્ઞાનને જ્ઞાનનો પ્રત્યક્ષ ભેદ કહ્યો, એ પણ આખા આત્માના આખા અસંખ્યપ્રદેશ ને આકારને કાંઈ જાણતું નથી. ( શ્રોતાઃ અનુભવ પ્રત્યક્ષ છે ! ) અનુભવનો અર્થઃ આનંદનું વેદન પ્રત્યક્ષ છે, પ્રત્યક્ષ એટલે ? પોતે વેદે છે એમ. પ્રત્યક્ષ ને પરોક્ષ ભેદ એ આનંદના ભેદ નથી. ભેદ-પ્રત્યક્ષ ને પરોક્ષ તો જ્ઞાનના ભેદ છે. ભાઈ ! આહાહા ! હજી એમાંય એક ઝીણી વાત છે પણ બહુ ઝીણી થઈ ગઈ.

એમાં ઈ શ્રુતજ્ઞાન પોતાને પ્રત્યક્ષ જાણે છે એમ કહેવું ઈ પ્રત્યક્ષવત્ છે માટે પ્રત્યક્ષ કહ્યું છે. ( શ્રોતાઃ નહીં તો એ ય પરોક્ષ છે ! ) નહીંતર એય પરોક્ષ છે. જે શ્રુતજ્ઞાન સ્વને જાણે છે એ હજી પરોક્ષ છે. કારણકે શ્રુતજ્ઞાનમાં કાંઈ અસંખ્ય પ્રદેશી આકારને એ બધું કાંઈ જણાતું નથી. કેવળજ્ઞાન જ એક પ્રત્યક્ષ છે. આહાહાહા ! ઝીણી વાતું બહુ બાપુ ! માર્ગમાં એટલી અપેક્ષાઓ છે. આહાહા !

આંહી કહે છેઃ વ્યવહારનયને જૂઠો કહ્યો એનું કારણ શું ? વ્યવહારનયનો વિષય શું છે ? કે જેનો વિષય ન હોય, જે નય છે એમ કહો અને એનો વિષય ન હોય ? ( શ્રોતાઃ નય નો વિષય ન હોય ? ) નય છે ઈ વિષયી છે અને એનો વિષય તો હોય જ.

પણ આંહી વ્યવહારનયનો વિષય નથી, એમ કહ્યું છે એનું કારણ શું ? સમજાણું કાંઈ ? ધીમેથી સમજવું ભૈ આ ગાથા તો ( શ્રોતાઃ અલૌકિક છે ) અજાણ્યા માણસને તો આ બધું આખું કારણકે આ ધર્મની વાત જ અત્યારે... ફેરફાર કરી નાખ્યો લોકોએ આખો. આહાહા ! વ્યવહારનયનો વિષય અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ

વસ્તુ જે અભેદ અખંડાનંદ પ્રભુ એવો જે વિષય છે અભેદ, એકાકાર છે. એક સ્વરૂપ જ છે ત્રિકાળી, અને નિત્ય દ્રવ્ય છે.

શુદ્ધનયનો વિષય અભેદ એકાકાર એક સ્વરૂપ, એકાકાર એટલે એક સ્વરૂપ, એકાકાર એટલે એક સ્વરૂપ અને નિત્ય દ્રવ્ય, ત્રિકાળી દ્રવ્ય તે શુદ્ધનયનો વિષય છે, શુદ્ધનય તેને ધ્યેય બનાવે છે. આહાહાહા! આવું સમજવા માગે છે શુદ્ધનયનો વિષય એટલે શુદ્ધનય છે તે જ્ઞાનનો અંશ છે અને જ્ઞાનનો અંશ છે તેનો વિષય કાંઈ હોય કે નહીં ? તો જ્ઞાનનો જે અંશ છે એનો વિષય અભેદ એકાકારરૂપ અંતર્ એકરૂપ ત્રિકાળી અભેદ નિત્ય દ્રવ્ય તે શુદ્ધનયના–જ્ઞાનના અંશનો વિષય છે. આહાહાહા !

તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. આહાહા ! ભગવાન આત્મા પોતાના અભેદની દૃષ્ટિમાં જાય છે; વસ્તુ અખંડ અનંતગુણનો પિંડ પ્રભુ એની જ્યાં વિષયમાં દૃષ્ટિમાં જાય છે ત્યારે તેને અભેદ દૃષ્ટિમાં દેખાય છે, એ અભેદમાં ભેદ દેખાતો નથી. આહાહા ! છે ? તેની દૃષ્ટિમાં, તેની દૃષ્ટિમાં એટલે ? નિત્યદૃષ્ટિ જે કરી છે સમ્યગ્દર્શને સમ્યગ્દર્શનનો વિષય નિત્યદ્રવ્ય છે, ધ્રુવ ત્રિકાળ ત્રિકાળ. એ ત્રિકાળી દ્રવ્યનો વિષય કર્યો છે એમાં ભેદ, અભેદમાં ભેદ દેખાતો નથી. આહાહાહા ! તેની દૃષ્ટિમાં હોં ? ત્રિકાળી જોનાર સમ્યગ્દર્શન એ ત્રિકાળી અભેદની દૃષ્ટિનો વિષય છે. એની હારે આંહી નય લીધી, કારણકે દૃષ્ટિ જાણતી નથી ને ? દૃષ્ટિમાં જાણવાનો સ્વભાવ નથી. સમ્યગ્દર્શનમાં પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદ નથી. પ્રત્યક્ષ અને પરોક્ષ તો જ્ઞાનના જ ભેદ છે. સમજાણું કાંઈ ? આહાહા ! આવું ઝીણું કેટલું !

એથી આંહી કહે છેઃ શુદ્ધનયનો વિષય, અખંડ સ્વરૂપ પૂરણ દ્રવ્ય જે વસ્તુ ભગવાન, ત્રિકાળી નિત્ય દ્રવ્ય વસ્તુ, નિત્ય પદાર્થ છે. એવી દૃષ્ટિમાં અભેદમાં તેને તે અભેદની દૃષ્ટિના કાળમાં, ભેદ અભેદમાં દેખાતો નથી. ભેદ નથી એમ નહીં ભેદ એમાં છે, એકરૂપ વસ્તુની દૃષ્ટિમાં ગુણો અનંત છે, ગુણીની દૃષ્ટિમાં અંદર ગુણ છે, પણ ગુણ ને ગુણીના ભેદ વિષય ન્યાં સમ્યગ્દર્શનમાં નથી. આહાહા !

એ તો ગુણ ગુણી એકરૂપ છે એવો જે અભેદ વિષયને લેનાર, તેની દૃષ્ટિમાં ભેદ અંદર હોવા છતાં; અભેદને દેખનાર ભેદને દેખતો નથી. તેની દૃષ્ટિમાં ભેદ છે નહીં. માટે તેની દૃષ્ટિમાં ભેદ નથી, અવિદ્યમાન એટલે નથી. આહાહા ! થોડું થોડું સમજવું ધીમેથી સમજવું ભઈ ! અમારે બાબુલાલજી કાલ નહોતા ને એટલે ફરીને કહ્યું. આહાહા !

વિષય બાપુ આ તો અમૃતના સાગર છે. આહાહા ! પર્યાયને–પર્યાયમાત્રને અહીંયા જુઠી કીધી. કેવળજ્ઞાનનો પર્યાય પણ જૂઠો કીધો આંહી તો, કેમકે એ વ્યવહારનયનો વિષય છે કેવળજ્ઞાન અંશ છે ને ? એ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે, રાગ છે એ અસદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. આહાહા ! અને મતિજ્ઞાન આદિના જે ભેદ છે એ સદ્ભૂત, આહાહા ! ઉપચારનો વિષય છે. આહાહા !

એ બધા અભૂતાર્થ છે એમ આંહી તો કહેવું છે. કઈ અપેક્ષાથી ? કે ત્રિકાળીની દૃષ્ટિ જ્યાં કરે છે અભેદને જ્યાં જોવે છે, એમાં ભેદ એને દેખાતો નથી, તેથી તેને ભેદ નથી એમ કહેવામાં આવે છે. આહાહા ! અભેદને જોતાં ભેદ દેખાતો નથી અભેદમાં, માટે તેને ( ભેદ ) નથી એમ

કહ્યું છે. વ્યવહારનય નથી એમ કહ્યું છે. આહાહા ! બહુ ધ્યાન રાખે તો ( સમજાય ) વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે અને ધરમને નામે બહારમાં આ વ્રત ને તપમાં પડયાં. આહાહા ! પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો વિષય ( ધ્યેય ) શું છે ? આહા ! સમજાણું કાંઈ ? આહાહા !

આંહી તો આત્માનો જે અનુભવ છે એ પણ દૃષ્ટિનો વિષય નથી. ( શ્રોતાઃ એ પર્યાય છે ) પર્યાય છે. આહાહાહા ! ભગવાન સર્વજ્ઞ પરમાત્માને જે અનંતજ્ઞાન અને અનંત આનંદાદિ પ્રગટયાં. એ તો વ્યવહારનયનો વિષય છે, એ નિશ્ચયનો વિષય નથી. પ્રગટયા ને ? છે ત્રિકાળ જે ત્રિકાળ છે, વસ્તુ સ્વરૂપે ત્રિકાળ છે એને જોનારને અને એને સત્યાર્થ કહેવામાં આવે છે. અને ઈ સત્યાર્થને દેખનારને તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે ભેદ નથી તેમ કહેવામાં આવે છે. આરે... આવી વાતું ! સમજાણું કાંઈ ? ક્યાં ગયા કપુરભાઈ ! કલકત્તામાં આવું છે નહીં કાંઈ, હેરાન થવાના રસ્તા છે બધા. આહાહાહા !

ગજબ વાત કરે છે ને આ ગાથા તો જૈનદર્શનનો પ્રાણ છે. વિશ્વદર્શન, જૈનદર્શન કોઈ પક્ષ નથી વિશ્વદર્શન. છ દ્રવ્ય, એમાં આત્મદ્રવ્ય એક અનંતગુણનો પિંડ એને જાણવો એ જૈનશાસન છે, જૈનશાસન કોઈ પક્ષ નથી. વસ્તુ જે જૈન સ્વરૂપ છે ત્રિકાળી એ અભેદને જોવું એની પર્યાયને જૈન શાસન કહે છે, પર્યાયને હોં ?

આંહી તો એ પર્યાયનો વિષય છે. એ અભેદ છે, એકરૂપ છે, નિત્ય છે. આહાહા ! ત્રણ શબ્દ વાપર્યા છે. છે ને ? અભેદ, એકાકાર, નિત્ય. આહાહા ! જે દૃષ્ટિ કે જ્ઞાનનો અંશ આંહી તો ' જાણવું ' છે ને એટલે, જે જ્ઞાનનો અંશ, ત્રિકાળી નિત્યને જોવે દેખે, તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. તેથી ભેદ નથી એમ કહેવામાં આવે છે. આહાહાહાહા ! કહો, સમજાણું કાંઈ... ? તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અવિદ્યમાન એટલે નથી, અસત્યાર્થ એટલે જૂઠો જ કહેવો જોઈએ. આહાહા ! આંહી સુધી તો કાલ આવ્યું હતું. બાબુલાલજી ! અહીં સુધી કાલ આવ્યું 'તું, આ તમારા માટે અને હસમુખભાઈને બધા આવ્યા છે ને નવા. આહાહા !

કે આ શું છે પણ આ ત્રણ-ચાર લીટીમાં. આહાહા ! અરે ! બાપુ ! આહા ! ગંભીર મારગ પ્રભુ ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે, હજી તો સર્વજ્ઞ કોણ છે એની ખબરું ન મળે, અને સર્વજ્ઞની હૈયાતિ જગતમાં છે કે નહીં, એની ય ખબરું ન મળે ! એની ખબરું ન મળે તો સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે કે નહીં, એની ય ખબરું ન મળે. આહાહાહા !

સર્વજ્ઞ પ્રગટ થયેલી પર્યાયવાળા છે કે નહીં ? અને ઈ પર્યાયવાળા પ્રગટવાળા છે તો સર્વજ્ઞ સ્વભાવવાળો આત્મા છે કે નહીં ? આહાહા ! તો સર્વજ્ઞ સ્વભાવી અભેદ સ્વભાવમાં જોનારને એને આ કેવળજ્ઞાનની પર્યાય ને મતિજ્ઞાનની પર્યાય ને ભેદ એમાં અભેદમાં દેખાતો નથી. તેની દૃષ્ટિની અપેક્ષાએ ભેદ છે, છતાં આ દૃષ્ટિની અપેક્ષાએ ભેદ નથી એમ કહેવામાં આવ્યું છે. સુમનભાઈ ! રાત્રે તો બાપુજી કહેતા 'તા કે હવે એક મહિનો રજા લેશે હવે, એમ ઠીક.

આ કરવાનું છે બાપુ, ઈ તો બધું સમજવા જેવું છે. આહાહા ! ભગવાન છે ને પ્રભુ ! તારું સ્વરૂપ જ અંદર ભગવાન છે. નિત્ય દ્રવ્ય ભગવાન સ્વરૂપ છે ત્રિકાળી. એની જે દૃષ્ટિ અથવા એનું જે જ્ઞાન, એનાં જ્ઞાનને એમાં વિષય જે અભેદ છે, તેમાં ભેદ દેખાતો નથી; માટે

ભેદ નથી ને જુઠ્ઠો છે એમ કહેવામાં આવે છે. આહાહાહાહા ! અરે રે ! ક્યાંય મગજ ન મળે, જ્ઞાનને કેળવવાની શક્તિ ન મળે હવે ઈ ક્યાં. આહાહા !

(શ્રોતાઃ ઘડિકમાં આપ અખંડ કહો, ઘડિકમાં ખંડ કહો, અમારે તો આમાં કરવું શું ?) કહ્યું ને ? બે ય અપેક્ષા તો કીધી. ખંડ છે, પણ અખંડ દૃષ્ટિના દેખનારને ખંડ દેખાતો નથી માટે ખંડને જૂઠો કહ્યો છે. (શ્રોતાઃ અખંડને જોવાવાળાને ખંડ શેનો દેખાય ?)

માટે તો કહે છે અખંડને દેખનારને– અભેદને દેખનારને, નિત્યને દેખનારને, અભેદને દેખનારને, ભેદ દેખાતો નથી. એકાકાર દેખનારને અનેકતા દેખાતી નથી. નિત્ય દેખનારને અનિત્ય દેખાતું નથી. આ વળી વધારે સ્પષ્ટ કર્યું લ્યો. આહાહા ! અરે ! પ્રભુના મારગ બાપા ! અત્યારે તો સાંભળવા ય મુશ્કેલ પડે એવી ચીજ છે પ્રભુ ! શું કહીએ ! આહા !

શું કીધું ? કે અંતર જેણે જ્ઞાનના ભાગને / પ્રમાણને નથી અહીંયાં, પ્રમાણ તો ત્રિકાળીને જાણે અને પર્યાયને જાણે–બેયને જાણે એનું નામ પ્રમાણ. માટે આંહી શુદ્ધનય (કીધી છે) એ પ્રમાણનો અવયવ, નય છે–શુદ્ધનય, પ્રમાણ છે ઈ ત્રિકાળીને જાણે ને વર્તમાનને જાણે, બેયને જાણે એનું નામ પ્રમાણ. હવે આ પ્રમાણનો અવયવ તે નય, એ માંહ્યલો અવયવ જે નિશ્ચય છે, શુદ્ધનિશ્ચય છે પ્રમાણના ભાગનો એક વિષય નિશ્ચયને જાણનાર છે, તે એક વિષય છે, તે એક નય છે એ પ્રમાણ નથી. આહા !

એ નય, એક અંશને વિષય કરે છે. નય, દ્રવ્ય અને પર્યાય બેનો વિષય નથી કરતી. નય એક અંશને વિષય કરે પણ આ નય એક અંશને વિષય કરે. પણ એ અંશ ક્યો ? કે અભેદ ને એકાકાર નિત્ય અંશ છે એને વિષય કરે છે. આહાહા ! સમજાણું કાંઈ ? વિષય કરે છે એટલે શું ? કે લક્ષમાં લ્યે છે. (શ્રોતાઃ એટલે એને જાણે છે.) આહાહા ! તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન અસત્યાર્થ જુઠ્ઠો કહેવો જોઈએ, હવે ખુલાસો કરે છે કે એની દૃષ્ટિમાં ત્રિકાળ વસ્તુ જ્ઞાયક પ્રભુ ચૈતન્ય ત્રિકાળ આનંદનો નાથ નિત્ય વસ્તુ (હોવાથી) એની દૃષ્ટિમાં ભેદ નથી, માટે તે ભેદને નથી કહીને જૂઠો કહેવામાં આવ્યો છે.

હવે એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી. અસત્યાર્થ કહ્યો જૂઠો કહ્યો. નથી કહ્યો. અવિદ્યમાન કહ્યું ને ? વ્યવહારનો વિષય નથી જ, ઈ કઈ અપેક્ષાએ ? એ ત્રિકાળ દૃષ્ટિના અનુભવની અપેક્ષાએ, શુદ્ધનયનું ધ્યેય પૂર્ણ, અભેદ છે એની અપેક્ષાએ ભેદ નથી એમ કહ્યું. પણ સર્વથા ભેદ નથી જ એમ માને, આહાહા ! છે ? એમ ન સમજવું. આહાહા !

આ ગાથામાંથી તો એક હતા ને નાથુલાલ પ્રેમી મુંબઈ, દિગંબર પંડિત હતા. ઈ આ ગાથામાંથી કાઢતા કે આ તો વેદાંતના ઢાળામાં ઢાળી છે આ ગાથા. આંહી પર્યાય નથી, પર્યાય નથી, પર્યાય જુઠ્ઠી છે તો વેદાંત પર્યાય જુઠ્ઠી છે એમ કહે છે (પણ આંહી) એમ નથી બાપુ ! એ તો પર્યાય બિલકુલ નથી એમ કહે છે (વેદાંત) પણ આંહી તો પર્યાયને, દ્રવ્યદૃષ્ટિમાં નથી દેખાતી માટે પર્યાયને જુઠ્ઠી કીધી, પર્યાય પર્યાયપણે છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? રવિવારનો દિવસ આ ભાવનગરવાળાં બધાં આવ્યા છે ને, એમાં આજે આવું આવ્યું છે આ. (શ્રોતાઃ બહુ સારી વાત છે ને !) ગમે એટલી વાર વાંચે ને આ તો... અમૃતના સાગર છે. આહાહા !

શું કહ્યું ? કે વસ્તુ છે ને આત્મા પદાર્થ, એમાં ભલે ગુણ હો, પર્યાય હો, પણ ઈ વસ્તુ છે

તેને દૃષ્ટિ જે જુએ છે એટલે જ્ઞાન/દૃષ્ટિ તો પ્રતીતરૂપ છે, જોનાર તો જ્ઞાન છે, જે નયનો અંશ જ્ઞાનનો અંશ/પ્રમાણ નહીં. પ્રમાણનો અંશ તો ત્રિકાળને જુએ ને પર્યાયને જુએ, પણ એ પ્રમાણનો એક અંશ જે શુદ્ધનય જે અભેદને જુએ ત્રિકાળ વસ્તુ, એવા અભેદમાં એકાકારમાં નિત્યમાં ભેદ, અનેકતા અને અનિત્યતા ત્યાં હોતી નથી દેખાતી નથી. માટે વ્યવહારને નથી એમ કહ્યું છે. આહાહાહા!

પણ એનો અર્થ એવો નથી કે વ્યવહારનય અને નયનો વિષય બિલકુલ છે જ નહીં. એ તો ત્રિકાળીની દૃષ્ટિ ને અભેદની અપેક્ષાએ, એની દૃષ્ટિમાં અભેદ દેખાય માટે એની દૃષ્ટિની અપેક્ષાએ ભેદ નથી એમ કીધું. સમજાણું કાંઈ ? આહાહાહા ! હવે વાણિયાને નવરાશ મળે નહીં ને... આ બધા નિર્ણય કરવા. કપુરભાઈ ! ( શ્રોતાઃ નય, કાંઈ આખો દિ ' ઘરમાં આવે નહીં ! ) ઘરમાં ન મળે ને અપાસરે જાય તોય ન મળે દેરાસર જાય તોય ન મળે આ વાત. આહા... હા ! ધીમેથી સમજાય એવું છે પ્રભુ ! આત્મા છે ને ? ઈ તો આનંદનો જ્ઞાનસાગર છે. એ જ્ઞાન કોને ન સમજે ? આહાહા ! આ તો અનંતકાળમાં ( સાંભળી ) નહિ વાત એવી અલૌકિક વાતું છે. આહાહા !

પણ... અભેદની દૃષ્ટિમાં એક નયનો શુદ્ધનયનો વિષય જે અભેદ એકાકાર નિત્ય એની દૃષ્ટિમાં ભેદ અનેકતા અને અનિત્યતા દેખાતી નથી, માટે ભેદ અનેકાકાર અનેક અને અનિત્યને નથી એમ કહેવામાં આવ્યું છે. પણ આ એની દૃષ્ટિમાં. આહાહા ! સમજાણું કાંઈ ?

માળે ! આવી વાતું કરવી ઝીણી ને... વળી સમજાણું કાંઈ ? કહેવું. બાપુ ! આ તો અલૌકિક વાતું. શું કહીએ ? અત્યારે તો... ફેરફાર-ફેરફાર ઘણો થઈ ગયો છે બાપુ દુનિયાને જાણીએ છીએ ને આખા હિન્દુસ્તાનને જાણીએ છીએ દશ-દશ હજાર માઈલ ત્રણ વાર ફર્યાં છીએ આખા હિન્દુસ્તાનમાં મોટરથી. આહાહા !

આ વસ્તુ કોઈ જુદી બાપુ ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર, એને જે જ્ઞાનમાં જણાણું-ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારી પર્યાયને જાણી એના અવાજમાં ધ્વનિ ઊઠયો ઓમ્. ઓમ્ ધ્વનિ ઊઠયો ને એની રચના કરી આગમમાં સંતોએ, એ માંહ્યલું આ એક આગમ છે. ( સમયસાર ! ) એમાં પણ અગિયારમી આ ગાથા આહા ! ' ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।' આહાહા ! આ વ્યવહાર ભેદ, અનેક, એક, પર્યાયાદિ જુઠ્ઠી છે આમ શબ્દ ઊપાડયો પાધરો.

' ववहारोऽभूदत्थो ' -ભેદ, પર્યાય, રાગ, અનેકપણું જુઠ્ઠું છે. અને ' भूदत्थो देसिदो खलु ' -શુદ્ધનય, ત્રિકાળ એક વસ્તુ છે તે જ સત્ય છે. ત્રિકાળ એક વસ્તુ સત્ય છે. ભેદ, અનેકતા અનિત્યતા તે નથી એમ આ દૃષ્ટિના વિષયમાં નથી દેખાતું માટે તેને અવિદ્યમાન વ્યવહારને કહ્યો છે. આહાહા !

' પણ એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી. જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાન્તમતવાળાઓ, ભેદરૂપ અનિત્યને દેખી. આહાહાહા ! શું કહે છે ? વેદાન્તવાળા સર્વવ્યાપક એક આત્મા જ કહે છે બસ. પર્યાય ને અનેક ગુણો ને અનેક દ્રવ્યો ને એ માનતા નથી. અનેક દ્રવ્યો તો નહીં પણ અનેક ગુણો એ માનતા નથી. અનેક ગુણો તો ઠીક પણ આત્મા અનુભવ કરે આત્મા પર્યાયનો એય માનતા નથી. કારણકે આત્મા અને અનુભવ કરે-એ બે

ભેદ થઈ ગયા. એય શશીભાઈ ! આ શશીભાઈ રહ્યા. અમારે વેદાંતી વિષ્ણુ હતા મોઢ–મોઢ ભાવનગર વાંચે છે. આહાહા !

આંહી તો કહે છે કે વેદાન્તવાળા તો એક જ ( સર્વ ) વ્યાપક કહે છે. એક આત્મા વિજ્ઞાનઘન એમાં વિજ્ઞાન અને આત્મા એમેય નહીં, ઈ તો બસ એક–એકરૂપ વસ્તુ, એમાં ગુણભેદે ય નહીં, પર્યાયભેદે ય નહીં વિકાર નહીં ને અનેકતા ય નહીં અનેક દ્રવ્ય એય નહીં. આહાહા !

તો વેદાન્તમતવાળાઓ ભેદરૂપ એટલે ગુણના ભેદને, કે બીજી ચીજને કે પર્યાયને અનિત્યને દેખી અવસ્તુ, છે ? " માયાસ્વરૂપ કહે છે. " એ તો માયા છે... મા... યા... ! યા...મા ! યા તે મા... નથી ! યા... મા, મા... યા ! મા... યા... યા... મા ! તે નથી–યા તે નથી, પર્યાય નથી, ગુણભેદ નથી, અનેક નથી, એમ વેદાન્તનો મોટો મત છે. મુસલમાનમાં પણ એક સૂફી ફકીરનો એક મત છે. સૂફી ફકીર થાય છે એ પણ એકરૂપ માને છે. ( શ્રોતાઃ એ પણ વેદાન્ત થાય ને ? ) વેદાંત નહીં, પણ ઈ વેદાંત જેવું જ માનનારા. સૂફી ફકીર થાય છે, એક ફેરે મેં જોયા 'તા બોટાદમાં બરાબર હું દરવાજા બહાર નીકળ્યો અને એ બરાબર સામે આવતા 'તા. તો બચારા ઊભા રહી ગયા. આમ તો મારું નામ મોટું પ્રસિદ્ધ તો ખરું ને, બોટાદ સંઘાડામાં ( સંપ્રદાયમાં ) હજાર પંદરસે માણસો. બધા ચીમોતેરની સાલથી ( મળવા ) આવે, કીધું એ ફકીરને ખ્યાલ હતો, હતા વૈરાગી ઉદાસ–ઉદાસ આમ હું નીકળ્યો એટલે એકેકોર ઊભાં રહ્યાં. મેં કોઇને પૂછ્યું કે આ છે કોણ ? કહે કે એ સૂફી ફકીર છે. વેદાંતની જેવું માનનારા.

એકરૂપ વસ્તુ છે એમ માનનારા હમ ખુદા હૈ, ખુદ યારો બીજો કોઈ ખુદા નહીં, હમ ખુદા હૈ. એવા ફકીર, હતા ઉદાસ જોયા 'તા બે હતાં ઘણું કરીને, દરવાજો છે બોટાદનો બહાર નીકળવાનો, ત્યાં અમે નીકળ્યા ત્યાં એય બિચારા આમ આવતા 'તા, પણ એકકોર ઊભા રહીગયા. એ સૂફી ફકીર પણ આ તત્ત્વ મળ્યું ન હોય ને બિચારા શું કરે ? વૈરાગી દેખાતા હતા, મોઢે વૈરાગ, ઉદાસ બીજા સાધારણ ( લોકો ) જેવા નહોતા દેખાતા પણ એકરૂપ વસ્તુ છે કે હમ ખુદા હૈ, સબ ખુદા હૈ. એક જ ખુદા હૈ–હમ હૈ ખુદ ખુદા યારો.

એમાં એક થઈ ગયો છે ને ? નામ શું હેં ? શૂળીએ ચડાવ્યો 'તો. મનસુર–મનસુર એક હતો એનામાં થાય છે. ( શ્રોતાઃ અનલહક્ક ! ) એ નહીં એ તો અનલહક્ક એમ બોલ્યા પણ એનું નામ શું ? મનસુર, મનસુર હતો ઈ એક જ માને, ફાંસીએ ચડાવ્યો. ફાંસીએ ચડાવ્યો તો બોલે, અનલહક્ક –એક ખુદા મૈ હું. ખુદા એક હી હૈ. આવ્યું છે કથામાં આવે છે ને ફાંસીએ ચડાવ્યો, ફાંસી ઉપર, લોકો વિરોધમાં પડયા ને ( કહે ) ખુદા તુમ ખુદ એક ખુદા સબ ખુદા હૈ. ફાંસીએ ચડાવ્યો 'તો તે બોલે અનલહક્ક –એક ખુદા હૈ. દો ખુદા નહીં, દો તત્ત્વ નહીં ચડાવી દીધો ફાંસીએ.

આંહી કહે છે કે ઈ વેદાન્તમતવાળાઓ ભેદરૂપ એટલે અનેરી ચીજને દેખીને કે પોતાના ગુણભેદ દેખીને કે અનિત્યને દેખી, અવસ્તુ એ વસ્તુ જ નથી એમ કહે છે. માયા સ્વરૂપ છે, પણ માયાસ્વરૂપ છે કે નહીં ? ( છે ) તો બે થઈ ગયા. એક આત્મા ને એક માયાસ્વરૂપ.

એ મોટી ચર્ચા થઈ 'તી પરમહંસ એક આવ્યા 'તા, મોતીલાલ. રાજકોટના હતા પરમ

હંસ અમારી દીક્ષામાં હતા. વ્યાખ્યાનમાંય ઘણી વખત આવતા ( સંવત ) નેવાસીની સાલથી, તેણે દિક્ષા લઈ લીધી પંચાણુંમાં. પછી આવ્યા 'તા આંહી આવ્યા 'તા, રાજકોટ આવ્યા 'તા. ખૂબ ચર્ચા કરી. પછી કહ્યું તમે કહો છો કે ' એક જ આત્મા છે ' એમ માનો તો એક આત્મા છે એમ કહેનાર જે છે તે એમ કહે છે, વેદાંત કે તમે આત્યાંતિક દુઃખથી મુક્ત થાવ. તો... એમ કહ્યું તો તેનો અર્થ દુઃખ છે ને એનું અસ્તિત્વ છે –દુઃખ છે એનું અસ્તિત્વ છે, ત્યારે આનંદ આત્મા અને દુઃખ બે થઈ ગઈ ચીજ, અને દુઃખથી મુક્ત થાય ત્યાં આનંદ આવ્યો, ત્યારે આત્માને પર્યાય આનંદની બે વસ્તુ થઈ ગઈ.

પછી... ઠેઠથી બહુ ચર્ચા થઈ ત્યારે કબૂલ કર્યું 'તું એને પરિચય ઘણો હતો પહેલેથી નેવાસીથી ( વ્યાખ્યાનમાં ) ત્રણ, ત્રણ હજાર માણસ, પોતે વ્યાખ્યાનમાં આવતા. પંચાણુંમાં ય આવ્યા 'તા પછી કોણ જાણે ગમે એમ થઈ ગયું, બૈરાંને કાંઈક ( વિરોધ હશે ) પરમહંસ થઈ ગયા દશા શ્રીમાળી વાણિયા હતા. જાણતા 'તા તમે ? નહીં ? પછી તો ગુજરી ગયા. આંહી આવ્યા 'તા, ખૂબ ચર્ચા થઈ.

ભાઈ ! તમે એમ કહો કે એક જ વ્યાપક છે, ત્યારે એ વ્યાપક છે, અને વ્યાપક નથી એમ માનનારો, ઈ કોણ ? નથી માનનારો પણ બીજી કોઈ ચીજ છે કે નહીં ? નથી સર્વ વ્યાપક એવું માનનારાય છે ને ? એને જ સર્વવ્યાપક કહે છે ને ? તો એનો અર્થ થઈ ગયો કે ( છે ) કહેનાર એક ને નથી એમ માનનારા છે એટલે નથી, અને છે માનનારા છે એટલે બે દ્વૈત થઈ ગયું, અદ્વૈત ન રહ્યું.

આ વેદાન્તવાળા તો ભેદ એટલે અનેક ચીજો અનિત્ય એટલે પર્યાયને દેખીને અવસ્તુ છે ને માયાસ્વરૂપ કહે છે અને સર્વવ્યાપક-સર્વવ્યાપક. આહાહા ! સર્વવ્યાપક એક એટલે વસ્તુ એક જ છે સર્વવ્યાપક, બે ( નથી ). અભેદ, એટલે ? ગુણ ભેદ નહીં ( કહે છે ). સર્વવ્યાપક એક અને અભેદ એટલે ગુણ નહીં ભેદ નહીં. નિત્ય એટલે પર્યાય નહીં. ઘણાં શબ્દો ઝીણાં છે એમાં ! એ તો સર્વવ્યાપક એક અને અભેદ, એ એકને જ માનનારા ને અભેદ એટલે ગુણભેદ પણ માનનારા નહીં, અને નિત્ય એટલે પર્યાય માનનારા નહીં, શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છેઃ

એવા સર્વવ્યાપક, એક, અભેદ, નિત્ય, શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે. આહાહાહા ! મોટો મત છે વેદાંતનો આખો, અમેરિકામાં ય ગયો છે એ વેદાંત મત, કારણકે વાતું કરનારાને આવી વાતું સારી લાગે કે શુદ્ધ છે ને આત્મા એક છે ને. આહાહા ! હવે તો આવે છે ને ઓલા મુંબઈમાં નહીં અમેરિકાના... હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, હરે કૃષ્ણ કરવા નીકળે છે મુંબઈમાં નીકળે છે બાવા... અમેરિકાના છે ને ? જોયાં છે ને, કાંઈ ભાન ન મળે હરેકૃષ્ણ. આહાહા ! ઓલાં ન્યાંથી કંટાળ્યા હોય ને બહુ પૈસા-પૈસા હોય ને ઘણાં પૈસાવાળા અબજોપતિ ત્યાં છે પણ શાંતિ-કાંઈ દેખાતી નથી. એટલે બિચારાં કયાંક હવે બીજે શોધવા નીકળ્યાં પણ સત્ શું છે એ હાથ આવવું કઠણ એને. આહાહા !

આંહી કહે છે એ અજ્ઞાની, ભેદને એટલે અનેક આત્માઓ અનેક દ્રવ્યને નહીં માનનારા, ગુણભેદને નહીં માનનારા, પર્યાયને નહીં માનનારા, એને અવસ્તુ કહેનારા અને સર્વવ્યાપક એક અભેદને વસ્તુ કહે છે, એવું ઠરે. પહેલું કહ્યું ને કે અભેદમાં ભેદ દેખાતો નથી, માટે ભેદ નથી

એમ કહ્યું, પણ ભેદ નથી જ એમ માને તો તો એ વેદાંત જેવું થઈ જશે. આહાહાહા ! સમજાણું કાંઈ ? ધીમે... થી સમજવું બાપુ ! આ તો મારગડા ( કોઈ જુદા જ છે ! ) આહાહાહા !

એવું ઠરે, અને તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ સર્વથા એકાંત અભેદ ને એકાકાર ને નિત્ય જ વસ્તુને માનવાની અપેક્ષાએ, એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિનો જ પ્રસંગ આવે. એ તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. આહાહા ! અનેક દ્રવ્ય ન માને, એક દ્રવ્યમાં ગુણભેદ ન માને, એક દ્રવ્યમાં પર્યાય ન માને, તો એ શુદ્ધનયનો એકાંતપક્ષ, મિથ્યાદૃષ્ટિ થઈ જશે, જુઠ્ઠી દૃષ્ટિ થશે.

આરે ! આવી અટપટી વાતું ! તેથી નાથુરામ પ્રેમી એક હતા ને, ગુજરી ગયા. ઈ કહેતા કે આ ગાથામાં તો પર્યાયને નથી એમ વેદાંતમતનું સ્થાપન કર્યું છે. વેદાંતમતના ઢાળામાં સમયસારને ઢાળ્યું છે. ( પણ એમ નથી. ) એ તને ખબર નથી બાપુ ! કઈ અપેક્ષાથી આંહી કહ્યું છે ? પર્યાય જુઠ્ઠી, ગુણભેદ જૂઠા, અનેકપણું જુઠ્ઠું, કઈ અપેક્ષાએ કહ્યું છે ? એ ત્રિકાળની દૃષ્ટિ દેખનારને વસ્તુની અંતઃર્દૃષ્ટિ જોનારને શુદ્ધનયથી આખા દ્રવ્યને જોનારને, ભેદ–અનિત્ય ને અનેકતા દેખાતી નથી, એની દૃષ્ટિની અપેક્ષાથી તેને જુઠ્ઠી કહ્યું છે, પણ ભેદ અને પર્યાય અને અનેકતા નથી જ એમ માનવા જશે તો એકાંત મિથ્યાત્વ થશે. આહાહા ! સમજાણું કાંઈ ?

તેથી સર્વથા એમ, કથંચિત્ અભેદ છે અને પર્યાયદૃષ્ટિએ ભેદ છે. કથંચિત્ શુદ્ધનયે એક છે, ગુણપર્યાયે અનેક છે કથંચિત્ શુદ્ધ પૂર્ણ છે, પર્યાયની અપેક્ષાએ પણ અશુદ્ધ છે. એમ બેય અપેક્ષાએ યથાર્થ જાણે અને માને તો એ યથાર્થ દૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? આહાહા !

માટે એવા એકાંત મતનો પક્ષ આવે તો મિથ્યાદૃષ્ટિ–જુઠ્ઠી દૃષ્ટિ થઈ જશે. અભેદમાંથી ભેદ નથી એમ જ્યાં કહ્યું અને અનેકપણું ને પર્યાય નથી એમ કહ્યું, એ તો એકરૂપની દૃષ્ટિ કરાવવા ને એકરૂપની દૃષ્ટિમાં પર્યાય ને ગુણભેદ દેખાતો નથી, માટે નથી એમ કહ્યું છે. પણ... ગુણ ભેદ ને પર્યાય નથી, એમ જો માનવા જઈશ, તો સર્વથા એકાંત મિથ્યાદૃષ્ટિ થઈ જશે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ?

પણ જે અભેદને જુએ છે, એ પણ એક જ્ઞાનનો અંશ છે, અને એનો વિષય છે ત્યાં એ બે ભેદ થઈ ગયા. ' ભૂયત્થમસ્સિદો ખલુ ' હવે ત્રીજું પદ છે આંહી. ભૂતાર્થનો આશ્રય કરે છે તે આશ્રય કરનારી પર્યાય છે ને આશ્રય છે ભૂતાર્થનો, ત્યાં બે ભેદ થઈ ગયાં. સમજાણું કાંઈ ? ભેદ ન જ હોય તો આ બેય જુઠ્ઠું પડે છે. પણ... જેણે નિમિત્ત ને રાગ ને પર્યાય ને ગુણ ભેદથી દૃષ્ટિ ઉઠાવી અને જેણે જ્ઞાનના અંશને / એક નય છે ને એટલે, ત્રિકાળી નિત્યનો બીજો અંશ છે તેને લક્ષમાંથી છોડી દઈ, એક ત્રિકાળી અંશ છે તેના ઉપર દૃષ્ટિ કરતાં, બીજો અંશ છે એ ત્રિકાળીમાં દેખાતો નથી માટે જૂઠો કહ્યો 'તો, પણ સર્વથા નથી એમ જો માની બેસે તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ?

માટે અહીં, અહીં આ ગાથાની અપેક્ષામાં, માળે ટીકાનો ( ભાવાર્થ ભર્યો છે ને ! ) પંડિતો( નો ) પણ અહીં કહેવાનો આશય છે, બીજે ઠેકાણે તો ચોખ્ખી વાતું કરી છે કે પર્યાય છે, ગુણભેદ છે, અનંતાગુણો છે. પણ આંહી જે કહેવામાં આવ્યુ છે, એ અપેક્ષામાં, " અહીં એમ સમજવું "–આ ગાથાનાં અર્થકાળમાં એમ એણે સમજવું, કે " જિનવાણી સ્યાદ્વાદરૂપ છે " વીતરાગ પરમાત્માની વાણી, સ્યાદ્ નામ કથંચિત્ કહેનારી છે, કથંચિત્ ત્રિકાળી અભેદ છે નિત્ય

છે, કથંચિત્ પર્યાયે અનિત્ય છે એમ કહેનાર છે. કથંચિત્ અભેદ છે કથંચિત્ ભેદ છે, કથંચિત્ એક છે કથંચિત્ અનેક છે, આહાહા ! ‘ એક ’ અને ‘ અનેક ’ તો એનો ગુણ છે. એનો આત્માનો ‘ એક ’ પણ એક ગુણ છે ને ‘ અનેક ’ પણ એનો ગુણ છે, ત્રિકાળી અભેદમાં પણ એક અનેક નામનો ગુણ છે. ૪૭ ( શક્તિઓ ) માં આવે છે એક, અનેક ! આહાહા !

ઝીણી વાતો ન્યાં જાય તો, વસ્તુ તરીકે એક છે એવો પણ એક ગુણ છે અને ગુણો તરીકે અનેક છે એવો પણ એનો એક ત્રિકાળીગુણ છે. સમજાણું ? તો અનેકને ગુણને ન માને તો એકરૂપ દ્રવ્યને એણે માન્યું નથી. આહાહા !

બહુ ઝીણું નથી લઈ જતા હોં ? થોડું-થોડું ! આહાહા ! એક, અનેકની વ્યાખ્યા તો, સુડતાલીસ શક્તિમાં લીધી છે બહુ, એક છે, અનેક છે, આહાહા ! કર્તા છે, કર્મ છે, કરણ છે, સંપ્રદાન છે, અપાદાન છે ( અધિકરણ છે ) એવા અનંતગુણો છે અંદર ( આત્મામાં ). એક વસ્તુ છે, વસ્તુ તરીકે એક ગુણ અનંત છે. ઈ અનંત છે ઈ અનેક છે. ઈ અનેકને એકાંત નહીં માનનારા / આંહી એને જે કહેવામાં આવ્યું છે કે અનેકપણું નથી એ તો જિનવાણી સ્યાદ્વાદ કહેનારી છે ત્રિકાળને અભેદ બતાવવા કાળે, ભેદ નથી એમ ભેદને અને અનેકને ગૌણ કરીને ‘ નથી ’ એમ કહ્યું છે. આરે ! આરે ! શબ્દે શબ્દે ફેર.

“ જિનવાણી સ્યાદ્વાદરૂપ છે પ્રયોજનવશ ” ઈ શું કહે છે ? કે પોતાનું ત્રિકાળી શુદ્ધ ચૈતન્યનું પ્રયોજન સિદ્ધ કરવું છે સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે, અને શુદ્ધનયનો વિષય પૂરણ એકરૂપ દેખવો છે. એવા પ્રયોજનને વશે મુખ્ય ગૌણ કરીને કહે છે. પ્રયોજનને વશે, ફળ અને હેતુને વશે, મુખ્ય-ગૌણ કરીને કહે છે.

એટલે શું કહ્યું ? કે ત્રિકાળ અભેદ છે, તે જ મુખ્ય છે એને મુખ્ય કરીને તેને સત્યાર્થ કહ્યું છે, અને પર્યાય અને ગુણ ભેદને ગૌણ કરીને ‘ નથી ’ એમ કહ્યું છે. અભાવ કરીને નથી એમ કહ્યું નથી. સમજાણું ? આહાહા ! પેટામાં રાખીને નથી એમ કહ્યું છે. જેમ તળેટી તો છે, પણ ચડવું છે આંહી ( ઉપર ) એટલે તળેટી નથી એમ કીધું. એ તો ચડવાની અપેક્ષાએ તળેટી નથી. પણ તળેટી તળેટી તરીકે છે. આહાહા ! એમ આત્માની વર્તમાન દશામાં પર્યાય છે. આત્મામાં અનંત ગુણો છે. એની પર્યાયમાં રાગાદિ છે. તેને પ્રયોજનને વશે, ત્રિકાળનો આશ્રય કરે તો સમકિત થાય, અભેદનો આશ્રય કરે તો સમકિત થાય, એવા પ્રયોજનને વશે મુખ્ય છે તેને નિશ્ચય કહ્યો ત્રિકાળીને અને પર્યાયને ભેદ છે તેને ગૌણ કરીને ‘ નથી ’ કહ્યો છે. અભાવ કરીને નથી એમ કહ્યું નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

આવો બધો વિષય ઝીણો ! સમજવો પડશે કે નહિ આ બાપુ ! આ મનુષ્યપણું હાલ્યું જાય છે. આંખ્યું વીંચાય જશે બાપુ એકવાર, દેહ છૂટી જશે, બીજે જાય, આત્મા તો કાંઈ નાશ થાય તેવો છે ? અને ક્યાંક જાશે પાછો રખડવા. આહાહાહા ! ભાન નહિ કરે અને ઓળખાણ નહિ કરે તો પાછું રખડવાનું છે. આહા... હા !

તેથી કહે છે એકવાર સમજવા માટે ત્રિકાળની દૃષ્ટિ કરાવવા, નિત્યનો આશ્રય કરાવવા, નિત્ય તે સાચું છે અને અનિત્ય તે ખોટું છે. એ નિત્યનો આશ્રય મુખ્ય કરીને નિશ્ચય કહીને કહ્યું છે. અનિત્યને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહા ! પ્રયોજનને વશ જરૂરિયાતને

કારણે, પ્રયોજનનો અર્થ ઈ જરૂરિયાતને કારણે, એટલે શું ? કે ત્રિકાળી વસ્તુનો આશ્રય કરાવવા, સમ્યગ્દર્શન થાય એવી જરૂરિયાતને કારણે, આહાહા ! “ પ્રયોજનને વશ નયને મુખ્ય ગૌણ કરીને કહે છે. ” નિશ્ચયનયને મુખ્ય કરીને સત્ય કહ્યું અને વ્યવહારનયને ગૌણ કરીને અસત્ય કહ્યું. એવું જિનવાણીનું કથન છે. આહાહા ! કેમ ? આમ કેમ કહ્યું ?

જિનવાણી સ્યાદ્વાદ, સ્યાત એટલે અપેક્ષા, અને વાદ એટલે કહેવું. અને તે અપેક્ષાથી કેમ કહ્યું ? કે પ્રયોજનને વશ સમ્યગ્દર્શન અને શુદ્ધનયને સાચી કીધી અને એનો વિષય સાચો કીધો એ કેમકે તેનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય છે. વ્યવહાર અને પર્યાયનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થતું નથી. આહાહાહા ! પ્રયોજનને વશ નયને એટલે કોઈ નયને નિશ્ચયને મુખ્ય કરી, નિશ્ચયને મુખ્યને નિશ્ચય કરી, નિશ્ચયને મુખ્ય કરી એમેય નહીં, એ બેમાં ફેર મોટો, જે મુખ્ય છે ત્રિકાળી તેને મુખ્ય કરી, તે છે એમ કહ્યું અને પર્યાય ને ગુણ ભેદને ગૌણ કરી ‘ નથી ’ એમ કહ્યું. છોટાભાઈ !

આમાં ન્યાં કાંઈ વેપાર ધંધામાં કલકત્તામાં સૂઝે એવું નથી ન્યાં. કાંઈ અમારે શેઠ કહે છે કે, “ કે શું કરવા અહીં આવીએ છીએ ન્યાં ક્યાં છે ? ” આહાહા ! આ બાપુ મારગડા પ્રભુ ! એવો મારગ છે અલૌકિક, આહા... હા ! પહેલો તો એણે સમજવો કઠણ પડે એમ છે. આહાહા ! એની શૈલી એની રચના, આહાહાહા ! અને અર્થ કરનારા પંડિતો પણ કેવા નીકળ્યા ? એનો– પંડિતનો અર્થ છે. આહાહા ! જયચંદ પંડિત છે ગૃહસ્થ છે.

પ્રયોજનને વશે નયને મુખ્ય કરીને કહે છે. કેમ એમ કહ્યું ? અભેદને સત્ય કહ્યું અને મુખ્ય કહ્યું અને ગૌણને–પર્યાયને અસત્ય કહ્યું, ગૌણ કરીને નથી કહ્યું એમ કહેવાનું કારણ શું છે ? સમજાણું કાંઈ ? એ વાત લેશે. ( પ્રમાણવચન ગુરુદેવ )

## પ્રવચન નં ૪૨ ગાથા - ૧૧ તા. ૨૪-૭-૭૮ સોમવાર, અષાઢ વદ-૫ સંવત ૨૫૦૪

સમયસાર, અગિયાર ગાથાનો ભાવાર્થ. પ્રાણીઓને ત્યાંથી છે... છે ? પ્રયોજનવશ નયને મુખ્ય ગૌણ કરીને કહે છે. ત્યાં સુધી આવી ગયું છે. શું કહ્યું ? કે ત્રિકાળી આત્મા જે નિશ્ચય છે અને નિશ્ચય તો દ્રવ્યે ય છે ને ગુણે ય છે ને પર્યાયે ય છે. સ્વની અપેક્ષાએ નિશ્ચય છે, પરની અપેક્ષાએ વ્યવહાર છે. હવે અહીંયાં ત્રિકાળીને નિશ્ચય કહ્યું, એનાં ગુણભેદ ને પર્યાયને વ્યવહારમાં નાખ્યાં. કેમ ? કે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવભાવ, એ મુખ્ય છે તેથી તે નિશ્ચય છે, અને તેને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. તેથી મુખ્યને નિશ્ચય કહી અને પર્યાયાદિના વ્યવહારને ગૌણ કરી અને નથી એમ કહેવામાં આવ્યું હતું. ગૌણ કરીને કહેવામાં આવ્યું. મુખ્ય–ગૌણ, મુખ્ય તે ત્રિકાળી વસ્તુ અને પર્યાય અને રાગાદિ વ્યવહાર તે ગૌણ કરીને ‘ નથી ’ એમ કહ્યું હતું, અને આ મુખ્ય કરીને નિશ્ચય છે, સત્યાર્થ છે એમ કહેવામાં આવ્યું હતું.

આરે ! કેમ કહેવામાં આવ્યું હતું કહે છે એમાં. આહાહા ! “ કે પ્રાણીઓને જીવોને, ભેદરૂપ વ્યવહારનો પક્ષ ”, ભેદરૂપ પર્યાયનો અને ગુણ ગુણીના ભેદનો, રાગનો, આહા ! “ એવા ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે. ” અનાદિ કાળથી છે. વસ્તુ અખંડ અભેદ છે.

એનો તો પક્ષ અને આશ્રય કદી લીધો નથી. તેથી અનાદિથી અજ્ઞાનીને ગુણ ગુણીના ભેદનો અથવા પર્યાયના ભેદનો કે રાગનો પક્ષ અનાદિથી છે. સમજાય છે કાંઈ ?

પ્રાણીઓને- ઘણાં જીવોને એમ. એકને નહીં, પ્રાણીઓને ! આહાહા ! ભેદરૂપ વ્યવહાર એક સમયની પર્યાય અને રાગ ને ગુણગુણીભેદ એ બધો પક્ષ વ્યવહારનો પક્ષ ઈ ભેદરૂપ વ્યવહાર. ઝીણી વાત છે ! ગાથા જ બહુ સૂક્ષ્મ છે અને ભાવાર્થ પણ પંડિતજીએ બહુ સરસ ભર્યો છે. આહાહા !

ભેદરૂપ વ્યવહાર એનો પક્ષ તો અનાદિથી પ્રાણીઓને એટલે ઘણાં જીવોને તો એ છે, એક વાત. "અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે"-એનો ઉપદેશ પણ વ્રત કરો, અપવાસ કરો, વ્યવહાર સમકિતના આચરણ, વ્યવહાર જ્ઞાનનાં આચરણ, તપનાં આચરણ, વ્યવહારના એનો ઉપદેશ તો અજ્ઞાનીઓ પરસ્પર માંહોમાંહે કરે છે. આહાહા ! આબેહૂબ ચિતાર આપ્યો છે. પરસ્પર આ તો પ્રરૂપણા કરે છે માને છે સૌ દુનિયા. કહેનારા કહે છે ને સાંભળનારા પણ કહે છે કે વાહ ! આ બરાબર છે, ઓલા તો નિશ્ચય, નિશ્ચયની વાતું કરે છે.

વ્રત, તપ, ભક્તિ, પૂજા, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય, સમકિતના આઠ વ્યવહાર આચાર જ્ઞાનાચાર વ્યવહારના, એ કરવા જેવા છે, એ સાધન છે, એવો અજ્ઞાનીઓનો ઉપદેશ ( છે ). છે ? એનો ઉપદેશ પણ, પણ એટલે ઓલો ભેદ વ્યવહારનો પક્ષ તો છે એમાં આ બીજી વાત. ઉપદેશ કરનારાઓને અને સાંભળનારાઓને પણ આ વાત ( ની ) રુચિ છે અનાદિથી. આહાહા ! ઉપદેશ પણ... એમ છે ને ? એટલે પહેલો બોલ રાખીને, બહુધા-મોટો વર્ગ જીવનો, સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વ્યવહાર સમકિતના આચરણો, વ્યવહાર જ્ઞાનના આચરણો, વ્યવહાર ચારિત્રના આચરણો વ્રત-તપ, વ્યવહાર વિનય આદિ આહાહા ! અને તપના વ્યવહાર આચરણો અનશન, ઉણોદરી વગેરે... અપવાસ કરો, ત્યાગ કરો, ઉણોદરી કરો, રસ છોડો. એવો બહુધા પ્રાણી માંહોમાંહે-પરસ્પર, એકબીજાને વાત બેસે ( સમજાય ) છે, એથી ઘણાં ઈ કરે છે. સમજાણું કાંઈ ? આહાહાહા ! માળે કેટલું ભર્યું છે ટૂંકામાં જુઓને.

કે અનાદિનો એને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો છે અને બહુધા પ્રાણીઓ એનો ઉપદેશ જ આપે છે. ( શ્રોતા ઉપદેશક પણ એવા છે ) હેં ? ઉપદેશક પણ એને એવા જ મળ્યા છે. આહાહા ! આકરી વાતું બહુ તે પરસ્પર કીધું-એકબીજા ઓલા ઉપદેશ કરે ને ઓલા હા પાડે. એમને એમ નિશ્ચય પાધરો પમાતો હશે ? નિશ્ચય, નિશ્ચયની વાતું કરે, પણ વ્યવહાર સાધન વિના નિશ્ચય પમાય ? ( શ્રોતાઃ વ્યવહાર સાધન છે ? ) સાધન છે એમ કહેવાય-કથનથી, પણ એ ખરેખર સાધન છે નહીં. આહાહા ! પરસ્પર એ ઉપદેશ કરે છે. આહાહા ! ઉપદેશકો પણ, વ્યવહારથી લાભ થાય, અને ભેદના પક્ષની વાતું વ્યવહાર સમકિતના આચરણો, વ્યવહાર સમકિતના, વ્યવહાર જ્ઞાનના આચરણો જ્ઞાન, વિનય, ઉપધાન વગેરે. વ્યવહાર વ્રત, તપ, વ્યવહાર અનશન, ઉણોદરી આદિ તપ, એની વાતું વ્યવહાર સાંભળે તો લાભ થાય, વ્યવહાર કંઈ કરે તો લાભ થાય, એવો પરસ્પર ઉપદેશ અજ્ઞાનીઓ ઘણો, ઘણાં પ્રાણીઓ કરે છે. વાત સમજાય છે કાંઈ ?

( શ્રોતાઃ આમાં કહ્યું એમ મોટો ભાગ એ જ વાતું કરે છે. ) મોટો ભાગ આ જ કરે છે,

કહે છે. હવે પછી ત્રીજા બોલમાં જરી ઝીણી વાત આવશે. આહાહા ! ભગવાન આત્મા, એક સમયમાં પરિપૂર્ણ ચીજ, તેનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય, સમ્યગ્ચારિત્ર થાય. એ વાત મૂકી દઈને, " બહુધા પ્રાણીઓ–માંહોમાંહે વ્યવહારનો જ ઉપદેશ કરે છે. " એક તો એને ભેદરૂપ વ્યવહાર રુચ્યો છે અનાદિનો અને એના ઉપદેશકો પણ એવા એને મળ્યા. આહાહા ! સમજાણું કાંઈ ? ઉપદેશક પણ તેહવા, આવે છે ને ? શું કરે જીવ નવીન ? શું આવે છે એની પહેલાં ? " દ્રવ્ય રુચિકર જીવડાં, ભાવ રુચિકર હીન... ઉપદેશક પણ તેહવા, શું કરે જીવ નવીન ? " આહાહા ! દ્રવ્ય રુચિકર જીવડાં, વ્યવહારની રુચિ વ્રત ને તપ ને અપવાસને, દેવગુરુનો વિનય કરો, ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો, અપવાસ કરો, વ્યવહાર સમકિતના આઠ આચાર બરાબર પાળો, વ્યવહાર જ્ઞાનના આચાર બરાબર પાળો. કેમકે ભગવાને પણ વ્યવહાર કહ્યો છે ને ? કહ્યો છે કે નહીં ? પણ કહ્યો છે ઈ શું કરવા એ તો નિશ્ચયની સાથે નિમિત્તરૂપે સહચર સાથ દેખીને ઉપચારથી વ્યવહાર કહ્યો છે. " પણ એનું ફળ... બંધન છે. " આહાહા ! ! સમજાણું કાંઈ ?

શાંતિથી આ તો વસ્તુમાં વ્યવહાર અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. નિશ્ચય સત્યાર્થ છે અને નિશ્ચય ભૂતાર્થનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન થાય, એવી જે મૂળગાથા ને મૂળવસ્તુ ( છે. ) ત્યારે કહે કે આમ કેમ કહ્યું ? કે વ્યવહાર જૂઠો ? કે ભઈ ઈ તો ગૌણ કરીને જૂઠો કહ્યો છે. વ્યવહાર, વ્યવહાર તરીકે નથી પર્યાય તરીકે નથી, એમ નહીં. તેમ રાગ તરીકે વ્યવહાર આવે છે, એ નથી એમ નહીં. પણ તેને ગૌણ કરી અને ત્રિકાળી મુખ્યની દૃષ્ટિ કરાવવા, ત્રિકાળી તે સત્ય છે અને પર્યાય આદિના વ્યવહારો તે અસત્ય છે, એ ગૌણ કરીને અસત્ય કીધાં છે. અભાવ કરીને અસત્ય કીધાં નથી. તેથી એને મુખ્ય ગૌણ કરીને કહેવામાં આવ્યું છે. આહાહા !

ત્યારે કે આમ કેમ કહ્યું કે વ્યવહારના ભેદરૂપી વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળનો પોતાને લઈને સ્વચ્છંદે છે. અને ઉપદેશકો પણ એવા મળ્યા છે. વ્યવહારનો ઉપદેશ કરી અને બીજાને લાભ થાય એવાં સાંભળનારાઓને પણ એમાં ઠીક પડે છે. બાબુલાલજી ! આહાહા ! છે ? એનો ઉપદેશ પણ, શેનો ઉપદેશ ? વ્યવહારનો. દયા–દાન–વ્રત–તપ કરો, વિનય કરો, ભક્તિ કરવી, સમકિતના આચાર પાળવાં બરાબર વ્યવહારના, એનો ઉપદેશ પણ; એક તો વ્યવહારનો પક્ષ એને છે અનાદિનો ને એમાં ઉપદેશ દેનારા પણ આવા મળ્યાં છે. આહા ! પણ બહુધા એટલે ઘણાં, સર્વ પ્રાણીઓ, ઘણાં સર્વ પ્રાણીઓ પરસ્પર ( ઉપદેશ ) કરે છે કહેનારાં કહે છે ને સાંભળનારા હા પાડીને પ્રસન્નતા આપે છે. બરાબર છે, સાધન એ જ જોઈએ, એમને એમ થાતાં હશે પાધરાં નિશ્ચયની વાતું કરે છે. સમજાણું કાંઈ ? આહાહા !

એમ અજ્ઞાનીઓ ઘણાં પ્રાણીઓ તો વ્યવહારનો માંહોમાંહે ઉપદેશ આપી અને પ્રસન્નતા પામે છે, કહે કે બહુ સારી આપણને સારી વાત કરી અને ઈ કરતાં–કરતાં થાય ને, કે પાધરું થાતું હશે ? અશુભ ટાળે, શુભ કરે પછી શુભથી શુદ્ધ થાય. ( શ્રોતાઃ ક્રમ તો છે એવો ને ? ) ઈ ક્રમ જ નથી. એ ક્રમ તો સમ્યગ્દર્શન પામ્યા પછી સ્વરૂપની દૃષ્ટિ દ્રવ્યનો આશ્રય કર્યા પછી, પહેલાં અશુભ ચારિત્રનાં અશુભના પરિણામ ટાળે અને પછી શુભનાં ટાળે ઈ તો આ અપેક્ષા છે. ( શ્રોતાઃ સમ્યગ્દર્શન પછીની વાત છે ) સમ્યગ્દર્શન થયા પછીની વાત છે. આહાહા ! સમજાણું

કાંઈ ? એ મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે સાતમાં અધ્યાયમાં.

પહેલો તો ત્રિકાળી આત્મા આનંદસ્વરૂપ અભેદ એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય એનો અનુભવ થાય, એ જીવને પહેલાં ચારિત્રનો અશુભ દોષ છે એ એને ટાળવો, પછી એને શુભ ટાળીને શુદ્ધ ઉપયોગમાં જાવું, પણ પહેલી દૃષ્ટિ તો શુદ્ધ ઉપયોગમાં આત્માની દૃષ્ટિ થઈ છે એને માટે વાત છે. આહાહા ! સમજાણું કાંઈ ?

( શ્રોતાઃ અજ્ઞાનીએ શું કરવું ? ) અજ્ઞાનીએ કરવું આ વ્યવહાર છોડીને નિશ્ચય કરવો ઈ અજ્ઞાનીએ કરવું એમ કહે છે. હજી આવશે હજી હવે હજી ત્રીજા બોલમાં આકરું છે. બે બોલ તો... સમજાણું કાંઈ ? એનો ઉપદેશ પણ... એટલે ઓલો ભેદનો પક્ષ તો છે એને ઉપરાંત એને ઉપદેશ દેનારા પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. આહાહા ! બે વાત.

હવે ત્રીજી વાત... ‘ જિનવાણીમાં, ’ હવે વીતરાગની વાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ ઘણો આવ્યો છે. સમજાણું કાંઈ ? ‘ જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ ’ એટલે શુદ્ધનયના સ્વભાવની દૃષ્ટિમાં, તે કાળે હસ્તાવલંબ એટલે સહાયક, સહચર દેખીને, હારે એવો શુભ ભાવ વ્રત-તપ, સમ્યક્ નિશ્ચય છે, એને સહચર તરીકે નિમિત્તમાં, વ્યવહાર સમકિતના આઠ આચારો હોય છે. સમજાણું કાંઈ ? એનો ઉપદેશ જિનવાણીમાં પણ આવ્યો છે. સમજાણું કાંઈ ? આહાહા !

ચરણાનુયોગમાં કહ્યું નથી પ્રવચનસારમાં ? હે દર્શનાચાર સમકિતનાં વ્યવહાર દર્શનાચાર, નિઃશંક આદિ, હું જાણું છું કે તું મારું સ્વરૂપ નથી. પ્રવચનસાર ! તું મારું સ્વરૂપ નથી હું જાણું છું, પણ તારા પ્રસાદથી ઈ બધા વ્યવહારના કથન છે. જ્યાં સુધી હું શુદ્ધ પૂર્ણને ન પામું ત્યાં સુધી તારો પ્રસાદ એટલે તને નિમિત્ત તરીકે અંગીકાર કરું છું એમ છે ત્યાં. આહાહા !

કહો ! જિનવાણીમાં પણ એમ આવ્યું છે, કહે છે, એક તો ભેદનો પક્ષ એને છે, પરસ્પર ઉપદેશ પણ ભેદનો પ્રાણીઓ ઘણાં કરે છે અને ત્રીજું જિનવાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ ઘણો આવ્યો છે. આહાહા !

( શ્રોતાઃ સબ એક હી જાતિકા હૈ તો ભેદ ક્યોં કરતે હૈ ? સભી ક્રમ એક હી જાતિ કા તો ભેદ ક્યોં કરતે હૈ ? શુભ ઔર અશુભ એકહી જાતિ કા હૈ તો ઉસમેં ભેદ કયું કરના ? ( ઉત્તરઃ ) કોણ કરે છે ભેદ ? એ હજી એને વાર છે ભેદ ક્યાં... ! એ તો સમ્યગ્દર્શન થયા પછી અનુભવ સમ્યક્નો થાય પછી, પહેલાં એકદમ શુભ ટાળી શકતો નથી. પહેલો અશુભ ટાળીને શુભમાં આવે, પછી શુભ ટાળીને શુદ્ધમાં આવે, પણ એ તો સમ્યગ્દર્શન થયા પછીની વાત છે. સમ્યગ્દર્શન પહેલાં એ બિલકુલ વાત જુઠી છે તદ્દન અશુભ ટાળે ને શુભ આવે, માટે તેને સમ્યગ્દર્શન થાય, તદ્દન મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? એ તો આંહી કહે છે.

એને શુભભાવનો ( પક્ષ છે ) તેથી ધરમ થાય, ભેદથી ધરમ થાય, ભેદના વ્યવહારથી લાભ થાય, એવી દૃષ્ટિ તો... મિથ્યાદૃષ્ટિની અનાદિની છે. ઝીણી વાત છે. અને બીજી ( વાત ) ઉપદેશકો પણ એવું જ એને કહે છે. વ્યવહાર કરો આ વ્યવહાર તપ કરો, અપવાસ કરો, ત્યાગ કરો. આહાહા ! સમકિતના આઠ આચાર વ્યવહારના પહેલાં પાળો પછી નિશ્ચય સમકિત થાય એમ અજ્ઞાનીઓ ઉપદેશકો બહુધા, પરસ્પર એવો ઉપદેશ કરે છે.

હવે એથી વાત આગળ લઈ જતાં, ( શ્રોતાઃ શાસ્ત્રોમાંય એમ છે ) શાસ્ત્રોમાં... જિનવાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો નિમિત્ત સહચર સહાયક એટલે સહચર સાથે જાણી શુદ્ધનયનો ઉપદેશ અંતર અનુભવ, દૃષ્ટિ થાય છતાં સાથે એને હજી પૂરણ વીતરાગ ન થાય ત્યારે એને સાથે, અંદર જોડે વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર જ્ઞાન આદિ આવે, સમજાણું ? એથી એને નિમિત્ત સહચર દેખી, બહુ કર્યો છે. જિનવાણીમાં પણ ઉપદેશ બહુ કર્યો છે વ્યવહારનો. આહાહા ! શાસ્ત્રમાં તો વ્યવહારનો ઉપદેશ ઘણો છે. પણ એનું ફળ સંસાર છે. રખડવાનું જ છે. આહાહા છે ? એનું ફળ સંસાર જ છે. જિનવાણીમાં જે વ્યવહાર કહ્યો... એનું ફળ પણ બંધન ને સંસાર છે. આહાહા ! ન્યાય સમજાય છે કાંઈ ?

કેમકે કહ્યું ને હમણાં ચરણાનુયોગમાં પ્રવચનસાર, સમકિતના આઠ આચાર ઈ સમકિતી થયા પછીની વાત છે. આત્મજ્ઞાન–અનુભવ થયો છે પહેલું–દ્રવ્યનો આશ્રય લઈ અભેદની દૃષ્ટિ પ્રગટી છે. આત્માના આનંદની દશાનો સ્વાદ–આનંદનો સ્વાદ આવ્યો છે એવા સમકિતીને... પ્રથમ એમ કહે છે કે હે દર્શનાચાર ! વ્યવહાર. હે જ્ઞાનાચાર ! હું જાણું છું કે તું મારું સ્વરૂપ નથી. આહાહાહા !

વ્યવહાર વ્રત, તપ, આદિના ભાવને કહે છે કે હું જાણું છું કે વ્યવહાર મહાવ્રતાદિના પરિણામ, એ મારું સ્વરૂપ નથી. પણ મારી પૂરણ વીતરાગતા ન થાય, ત્યાં સુધી મારા અનુભવની સાથે તારું ( વ્યવહાર ) હોય છે માટે તેને હું વ્યવહારથી અંગીકાર કરું છું, એમ કહેવામાં આવે છે. આહાહા !

( શ્રોતાઃ એમ પણ કીધું કે તારા પ્રસાદથી ) કીધું ને વ્યવહારથી... એમ કીધું તારા પ્રસાદથી, એટલે તારું એ નિમિત્ત છે ને ? સહચર છે ને ? જ્યાં સુધી હું વીતરાગ પૂરણ ન થાઉં ત્યાં સુધી મારા નિશ્ચયના અનુભવની સાથે, તારું સહચર દેખીને, તારા પ્રસાદથી એટલે નિમિત્તને કારણે એ વ્યવહારનું કથન છે. મારી પ્રાપ્તિ થશે. આહાહાહા ! છે તો આંહી વ્યવહારનું ફળ બંધન. જિનવાણીએ કહ્યું એનાં ફળ બંધન છે. હવે ઈ બંધનને કારણે અબંધ દશા થાય ? મોટો ગોટો અત્યારે આખો મિથ્યાશ્રદ્ધાનું પોષણ જ છે અત્યારે આખું. આહાહા ! પરિષહ સહન કરો, ઉપસર્ગ સહન કરો.

( શ્રોતાઃ પરિષહ, ઉપસર્ગ તો મિથ્યાત્વનો છે ) પરિષહ પણ હોય કોને ? જેને સમ્યગ્દર્શન–અનુભવ થયો છે આનંદનો, એને પ્રતિકૂળતા ટાણે સહન કરવાની દશાને પરિષહ કહે છે, અજ્ઞાનીને પરિષહ કેવો ? એ તો એકલું કષ્ટ છે એને તો. આહાહા !

આ ત્રીજા બોલમાં જરી બહુ આકરી વાત છે. જિનવાણીમાં પણ એમ, જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ ! આહાહા ! કેમકે નિશ્ચય સમકિત જે આત્માના અવલંબે થાય, એની સાથે વ્યવહાર સમકિતનો આઠ આચાર, નિમિત્ત તરીકે સાથે સહચર તરીકે હોવાથી, ઉપચારથી તેને વ્યવહારનો ઉપદેશ કર્યો. આહાહા ! એમ નિશ્ચય સમ્યગ્જ્ઞાન–અનુભવ થયો, આત્માના આનંદનું જ્ઞાન થયું, એ જ્ઞાનની સાથે, આઠ આચાર જે શ્રુતજ્ઞાનના છે વિનય કરવો, ઉપધાન કરવો... આદિ એ જોડે હોય છે, સહચર તરીકે નિમિત્ત તરીકે, તેથી તેનો ઉપદેશ ભગવાને આપ્યો. છતાં તે નિમિત્તનું ફળ સહચર જે છે તેનું ફળ સંસાર ( માં ) રખડવાનું છે. આહાહાહા !

હીરાભાઈ ! આહાહા !

કહ્યું નહીં ? સમયસાર નાટક ! કે ભૈ આત્માનુ અંદર સમ્યગ્દર્શન અનુભવ થયો-મુનિપણું થયું અંદર અતીન્દ્રિય આનંદની લ્હેર જાગી ઊઠી, એને પણ પંચમહાવ્રતનો વિકલ્પ-વ્યવહાર આવે, સમજાણું ? પણ ઈ... જગપંથ છે. એ સંસારપંથ છે. શુભરાગ એ પોતે સંસાર પંથ છે.

ત્યારે કહે ( છે ઈ ) ભગવાને કેમ કહ્યું એને ? કે એ વસ્તુના સ્વરૂપના ભાનવાળાને જોડે એવું એક વ્યવહાર રાગની મંદતાનો ભાવ નિમિત્ત તરીકે હોય છે. એથી કરીને એને કહ્યું કે આ વ્યવહાર છે. પણ એનું ફળ સંસાર છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? છે કે નહીં એમાં જુઓને પાઠ તો વાંચે તો ખબર પડે. આહા ! બહુ સરસ વાત છે આ તો અલૌકિક વાતું છે બાપા ! આહાહા ! હજી શાસ્ત્ર વાંચતા ય આવડે નહીં એને સમજવાનું તો....આહાહા !

કહે છે કે અમે આંહીયાં ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદના નાથને સમ્યક્ સત્યાર્થ કહ્યો, અને અમે પર્યાયને એના ગુણભેદને ‘ નથી ’ એમ કહ્યું. અસત્યાર્થ છે એમ કહ્યું, કેમ ? એ તો મુખ્ય ગૌણ કરીને કહ્યું છે. ત્રિકાળીને મુખ્ય કરી અને નિશ્ચય કહી અને એનો આશ્રય લેવરાવ્યો છે. અને પર્યાયના ભેદોને, ગૌણ કરી ‘ નથી ’ કહી-વ્યવહાર કહી ‘ નથી ’ એમ કહ્યું છે. પણ ઈ પર્યાયમાં વ્યવહાર આવે છે. સમકિતીને પણ ! આહાહાહા ! ( શ્રોતાઃ- સમકિતને જ સાચો વ્યવહાર હોય છે ) છતાંય એ વ્યવહારનું ફળ સંસાર છે એમ કહેવું છે આંહી તો. આહાહા ! સમજાણું કાંઈ... ? બહુ ધીમેથી સમજવા જેવું છે બાપુ ! અત્યારે તો સંપ્રદાયમાં મોટો ગોટો ઊઠયો છે આનો. પછી સોનગઢનું નિશ્ચયાભાસ છે ને એકાંત છે ને એમ કરીને કહે, કહે, ખબર નથી એને શું કરે.

આંહી તો ગ્રંથકાર નહીં, પણ સિદ્ધાંતકાર પોતે કહે છે. કે વ્યવહાર ને પર્યાય તે જુઠ્ઠી છે. એમ કહીને, તેને ગૌણ કરીને જુઠ્ઠી છે એમ કહ્યું. અસ્તિત્વ તો છે એનું; એમ દયા દાન વ્રત ભક્તિના પરિણામનું અસ્તિત્વ તો છે. પણ તેને ગૌણ કરી, અને એ નથી અને ત્રિકાળી સત્ય છે તેને જ સત્યાર્થ કહી મુખ્ય કરી, નિશ્ચય કહી, એનો આશ્રય લેવરાવ્યો છે. અરે રે ! આહાહા ! સમજાણું કાંઈ ?

જિનવાણીમાં, પણ પછી કહેશે જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયની સાથે, વ્યવહાર હોવાથી, સહાયક નામ સહચર, સાથે હોવાથી, નિમિત્ત ગણીને, જાણી બહુ કર્યો છે. વચ્ચે નિમિત્ત આવે છે-વ્યવહાર આવે છે એને જિનવાણીએ ઉપદેશ કર્યો છે. આહાહા ! દર્શનાચાર ! જ્ઞાનાચાર ! ચારિત્રાચાર ! તપાચાર ! વીર્યાચાર ! લ્યો. આહાહા ! એ બધું આવે પણ ઈ વ્યવહારનું ફળ તો... સંસાર છે.

સમકિતીને વ્યવહાર આવે એનું ફળ સંસાર છે. અજ્ઞાનીને તો વ્યવહાર હોતો નથી. વ્યવહારાભાસ છે. આહાહાહા ! કહો, રતીભાઈ ! આવું ઝીણું છે. માળા ટીકાકારે કેટલી સ્પષ્ટતા કરી છે. ગાથામાં આ ભાવ છે કેમકે વ્યવહારને જૂઠો કહ્યો, નિશ્ચયને સાચો કહ્યો, તો વ્યવહારનો ઉપદેશ તો કેવળીએ પણ આપ્યો છે. તો કહ્યું ભઈ એ જૂઠો કહ્યો એ ગૌણ કરીને જૂઠો કહ્યો છે અને નિશ્ચયને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો છે. ત્રિકાળીને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો છે.

પણ ! એમ કેમ કહ્યું ? નિશ્ચયને જ સત્ય કહ્યું ને વ્યવહારને અસત્ય ગૌણ કરીને કહ્યું, કેમ કહ્યું ? કે ભેદનો અને વ્યવહારનો પક્ષ તો જીવોને અનાદિનો છે. અને પરસ્પર એ ઉપદેશ કરે જ છે એથી આ ઉપદેશ કર્યો છે. અને ત્રીજું જિનવાણીમાં પણ જ્યાં ત્યાં વ્યવહારનો ઉપદેશ ઘણો છે. જ્ઞાનના આચાર અને સમકિતના વ્યવહાર આચાર પાળવા ને ! વ્યવહાર સમકિતના આઠ આચાર એ તો વિકલ્પ રાગ છે. જ્ઞાનના આઠ આચાર વિનયથી ભણવું ને આ કરવું ને એ પણ તો શુભરાગ છે. ચારિત્રનો વ્યવહાર વ્રત, તપ આદિ જે અનશન ઉણોદરી આદિ તપ, એ બધો શુભરાગ છે. આહાહા ! પણ એવો વચ્ચે ( વ્યવહાર ) આવે છે તેથી જ્ઞાનીને પણ આવું નિમિત્ત જોડે દેખીને, ભગવાને એનો ઉપદેશ છે તેનું કથન કરીને સમજાવ્યું છે. પણ તેનું ફળ તો સંસાર છે. આહાહાહા ! ગજબ વાત છે !

એક ચૈતન્ય ભગવાન પરિપૂર્ણ પ્રભુ ! એને આશ્રયે થતો મારગ જ એક સત્ય છે અને એનું ફળ મોક્ષ છે. બાકી જે નિશ્ચયના સ્વભાવના આશ્રયે ભાન થયેલાને પણ જિનવાણીએ કહેલો વ્યવહાર આવે છે, છતાં તેનું ફળ તો સંસાર છે. આહાહાહાહા ! છે ને એમાં ? ( શ્રોતાઃ છે, છે એનું ફળ સંસાર છે ) સંસાર ' જ ' છે.

ચોપડા ઘરના કેટલાં મેળવો છો દિવાળી આવે ત્યારે ? તો આ શાસ્ત્રના–ચોપડા મેળવવા પડશે કે નહીં ? દિવાળી આવે ત્યારે ચોપડા મેળવે છે કે નહિ ભઈ ? આ બે લાખ, પાંચ લાખનો ખરચ થ્યો, એમાં લાખ પેદા થ્યા, પચાસ હજાર પેદા થ્યા ! આ દશ લાખ હતા એમાં બે લાખ વધ્યા, બાર લાખ થ્યા, એ તો ધૂળના ખર્ચ બધા કરે છે ! તો આ ચોપડા ભગવાનના શું કહે છે ? એને જોને. આહાહા ! સુરેન્દ્રજી ! છે ને સામે ? ત્રણ પ્રકાર કહ્યા, ત્રણેયનું ફળ સંસાર છે. આહાહાહાહા ! આહા !

પહેલું તો હજી સમજે તો ખરો ! પહેલી ચીજ હજી વ્યવહારેય. આહાહા ! ( શ્રોતાઃ આપે હમણાં ઉપદેશ આપ્યો એય વ્યવહાર છે ) હા, એ વ્યવહાર છે. ( શ્રોતાઃ એમ સમજે તો ખરો એ વ્યવહારનો ઉપદેશ છે, એ ક્યાં નિશ્ચયનો ઉપદેશ છે. )

અહીંયા તો અગિયારમી ગાથા... જૈન દર્શન સર્વજ્ઞ જૈન શાસનનો પ્રાણ છે. કેમ કે જૈનશાસન ઊભું કેમ થાય છે ? એટલે કે જૈન ધર્મ ઉત્પન્ન કેમ થાય છે ? કે એ ત્રિકાળી દ્રવ્યને આશ્રયે જ ઉત્પન્ન થાય છે અને ચારે અનુયોગનું તાત્પર્ય કથનમાં વીતરાગતા છે. ચારે અનુયોગોમાં કથન ભલે ગમે તે પ્રકાર હો, પણ એનું તાત્પર્ય વીતરાગતા છે. એ એકસો બોંતેર ગાથા પંચાસ્તિકાય, ચારે અનુયોગોનું શાસ્ત્રનું ફળ વીતરાગતા છે.

અને વીતરાગતા ! તે કેમ પ્રગટ થાય ? કે ત્રિકાળી દ્રવ્યને આશ્રયે વીતરાગતા પ્રગટ થાય. પરને આશ્રયે રાગ થાય, પરને આશ્રયે વીતરાગતા થાય નહીં. સમજાણું કાંઈ ? ચાહે તો ભગવાનનો વિનય કરે ને ભક્તિ કરે પણ એ પર આશ્રય છે તે રાગ છે. આહાહાહાહા ! જ્ઞાનમાં એમ આવે કે ઉપધાન કરવા, અપવાસ કરવા, વિનય કરવો, શબ્દ અક્ષર બરાબર શુદ્ધ જાણવા, અક્ષર ચોખ્ખા–એનો અર્થ બરાબર જાણવો, ઉભયને–બેને બરાબર જાણવા. આહાહા ! એવી વાત તો વ્યવહારની જિનવાણીમાં ય આવે છે. છતાં ! ( એનું ફળ સંસાર ) આહાહા ! આવી વાત છે પ્રભુ !

કેમ ? કે ત્રિકાળી પ્રભુ જે અભેદ ચીજ છે, તેના આશ્રય વિના ધર્મની શરૂઆત સમ્યગ્દર્શન

થતું નથી. તેનો આશ્રય લેવા માટે તેને સત્ કીધું અને વ્યવહાર અને પર્યાયને હોવા છતાં, તેનું લક્ષ છોડાવવા એનો આશ્રય છોડાવવા એ ‘ નથી ’ એમ કહ્યું.

હવે ત્યારે કે ‘ છે ’ એમ તો જિનવાણી કહે છે. આંહી ‘ નથી ’ કીધું ગૌણપણે કે ગૌણપણે નથી કીધું ને ? પણ ભાવપણે છે કે નહીં ? તો ભાવપણે અહીંયા જિનવાણી નિશ્ચય સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને પણ વ્યવહાર વચમાં નિમિત્ત-સહચર તરીકે, સમકિતના વ્યવહાર આઠ આચાર, જ્ઞાનના વ્યવહાર આઠ આચાર, ચારિત્રના વ્યવહાર વ્રત, તપ, નિયમ, સમિતિ, ગુપ્તિનો ભાવ, તપના ભાવ અનશન ઉણોદરીનો, વીર્યાચાર શુભભાવમાં-શુભ ભાવનો વીર્યાચાર, એનું કથન જિનવાણીમાં આવે છે ને ? કેમ ? કે નિશ્ચય છે એની હારે સાથે આવું સહચર આવું હોય છે, એવું દેખીને જિનવાણીએ કહ્યું છે. પણ એ જિનવાણી પાછું એમ કહે છે, આહાહા ! એનું ફળ સંસાર છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? આકરી વાત છે બાપા ! વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ ! હેં ? ( શ્રોતાઃ આતમ ભાવના કર્યા વગર અનુભવ કેવી રીતે થાય ) આતમ ભાવના, ભાવના એટલે સ્વરૂપમાં એકાગ્રતા. આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન. શ્રીમદ્‌માં છે. આતમ ભાવનાને ? કે રાગભાવના ? આહાહા !

ઝીણી વાત છે ભાઈ ! અર્થકારે ગાથાની સ્પષ્ટતા કરી છે. ગાથામાં વ્યવહારને જૂઠો ગૌણ કરીને જૂઠો કહ્યો, એટલે જૂઠો છે એમ નહીં. એ જ્ઞાનીને પણ સહચર નિમિત્તપણે અંદર આવે છે. અસ્તિપણે આવે છે. આહાહાહા ! પણ તેને ગૌણ કરી અને નિશ્ચયના આશ્રયમાં સમકિત-જ્ઞાનાદિ થાય એને મુખ્ય કરીને તેને સત્ય કહ્યું છે. અને આ એ સત્ય તો છે પણ સહચરમાં સત્ય હોવા છતાં એને ગૌણ કરીને જૂઠો કહીને સ્વનો આશ્રય લેવરાવ્યો છે.

હવે કહે છે કે ગૌણ કરીને જૂઠો કહ્યો ! એનો અર્થ ! કારણ શું ? કે ઈ વ્યવહારનો પક્ષ તો અનાદિનો જગતના જીવોને છે અને પરસ્પર ઉપદેશ પણ એ કરી રહ્યા છે. સમકિત વિના સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો, અપવાસ કરો, એવો અજ્ઞાનીઓનો ઉપદેશ માંહોમાંહે છે. અને જિનવાણીમાં પણ નિશ્ચય સ્વદ્રવ્યના આશ્રયે ધર્મ હોવા છતાં, તેના સહચર તરીકે આવી રાગની મંદતાનો ભાવ, જ્ઞાનનો વિનય ! સમકિતનો આચાર ! જ્ઞાનનો આચાર ! વ્યવહાર ચારિત્રનો વ્રતાદિ એ સાથે હોય છે. જિનવાણીમાં એનો ઉપદેશ અસ્તિ એની છે એમ કર્યો છે એ ( ભાવ-અસ્તિપણે ) જિનવાણીમાં હોય છે એમ ઉપદેશ કર્યો છે. પણ તેનું ફળ સંસાર છે. આહાહા ! છે ? જિનવાણીમાં ! આહાહા ! ગજબ કામ કર્યું છે ને માળે. પંડિત તો આ કહેવાય કે જેને વસ્તુની સ્થિતિમાં છે તેવું સ્પષ્ટીકરણ કરે, નો હોય ને ઘરનું નાખીને કરે ! આહાહા !

મોહનલાલજી તો સાંજે આવવાના છે. સાંજે ને ? ( શ્રોતાઃ હા, જી આજે રવાના થશે; ) આહાહા ! આ જ સાંભળવા જેવી વાત હતી. બહુ સરસ વાત ઘણી વાત છે. આહાહા ! ગજબ અર્થ કર્યો છે. મૂળ ગાથાને સાચી ઠરાવવા કઈ અપેક્ષા છે એ વાત સ્પષ્ટ કરે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

વળી જિનવાણીમાં વીતરાગની વાણીમાં વ્યવહારનો ઉપદેશ આવ્યો છે તે પણ ઘણો આવ્યો છે. આહાહાહા ! છે ? વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનું નિમિત્ત દેખી, શુદ્ધનયની સાથે સહચર દેખી, શુદ્ધસ્વભાવના આશ્રયની સાથે, વ્યવહાર સહચર ઉપચાર દેખી તેને વ્યવહારથી

ઉપદેશ કર્યો છે પણ એનું ફળ સંસાર જ છે જિનવાણીએ કહેલો વ્યવહાર બહુ શાસ્ત્રોમાં વ્રત ને તપ ને ભક્તિ ને વિનયની બહુ વ્યાખ્યા કરી છે વ્યવહારની. આહાહા ! એ તો ફક્ત નિમિત્ત–સહચર દેખી, આવે છે વચ્ચમાં એટલે –સહચર દેખીને ઉપદેશ કર્યો છે. પણ... તેનું ફળ તો રખડવાનું છે ચારગતિમાં, જિનવાણીએ કહેલો વ્યવહાર એનું ફળ રખડવાનું છે. ( શ્રોતાઃ મહાવ્રતનું ફળ રખડવાનું છે ? ) મહાવ્રત ને તપ ને એ બધા રખડવાના ફળ છે. આહાહા ! છે કે નહીં પણ એમાં જુઓ ને !

પણ... એમ કહ્યું છે ને પાછું ? એમ કે જિનવાણીમાં આવું કહ્યું છે ને ? તો એનાથી કંઈક લાભ થાય કે નહીં ? જિનવાણીમાં આવો વ્યવહારનો ઉપદેશ કર્યો છે ને... બાપુ એ તો સહચર દેખી, સાથે આવો એક રાગની મંદતાનો ભાવ, અનુભવી જીવોને પણ, સ્થિરતા ન હોય ત્યારે એને આવે. આવે એથી એને વ્યવહારથી એનો ઉપદેશ જણાવ્યો પણ એ આવે વ્યવહાર એનું ફળ સંસાર છે. ધર્મીજીવને પણ જે વ્યવહાર વચ્ચે આવો આવે એનું ફળ સંસાર છે. આહાહાહાહા !

અત્યારે તો આખો ઉપદેશની શૈલી ફરી ગઈ છે. પહેલેથી માંડે કાંઈક ત્યાગ કરો, બ્રહ્મચર્ય પાળો, પડિમા લઈ લ્યો, વ્રત લઈ લ્યો, ઊંધાઈથી માંડી છે પાધરી મિથ્યાત્વના પોષકની પ્રરૂપણા છે બધી. આહાહા ! પછી એનેય અભિમાન થઈ જાય કે અમે કાંઈ વ્રત લીધાં છે, મિથ્યાત્વનું અભિમાન થઈ જાય એને. આહાહા !

( શ્રોતાઃ વેષ બદલવો પડે ને ) વેષ ફેરવે તો લોકો માને એમ ! ( શ્રોતાઃ ) વેષ તો ફર્યોને ? ( ઉત્તરઃ ) ધૂળે ય નથી વેષ. આંહી તો ગૃહસ્થાશ્રમમાં પણ હોવા છતાં કોટ–પાટલૂન આમ રેશમના પહેર્યાં હોય, છતાં અંદરમાં સમકિત દર્શન છે, આત્માનું ભાન છે કે હું શુદ્ધ ચૈતન્ય અખંડ આનંદ છું, તો એ મોક્ષમાર્ગમાં છે. રત્નકરંડ શ્રાવકાચારમાં, શ્રાવક રત્નકરંડ આચારમાં આવે છે. પંડીતજી !

गृहस्थो मोक्षमार्गस्थो निर्मोहो नैव मोहवान्।
अनगारो गृही श्रेयान् निर्मोहो मोहिनो मुनेः।।३३।।

સમકિતી આત્મજ્ઞાની–આત્માના અનુભવી જીવ ગૃહસ્થાશ્રમમાં હો, હજારો રાણી હો, અને કોટ–પાટલૂન રેશમના અને ત્રણ રેશમના ગાદલે સૂતા હોય... છતાં એ મોક્ષમાર્ગી છે. અને... નગ્ન થઈને વસ્ત્રનો ટુકડો રાખતો ન હોય, પથ્થરમાં હેઠે સૂતો હોય, લૂખ્ખો આહાર કરતો હોય, છતાં ઈ ધરમ છે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. ઈ સંસાર માર્ગે છે. રત્નકરંડ શ્રાવકાચારમાં છે. પંડિતજી શ્લોક બોલ્યાને. સમજાણું કાંઈ ?

અવ્વલદોમની વાતું છે બાપુ ! બહુ ફેરફાર ! બહુ ફેરફાર ! આહાહાહા ! ( શ્રોતાઃ એવા મુનિ નહિ એવા ગૃહસ્થ છે એ શ્રેષ્ઠ છે ) શ્રેષ્ઠ છે, મોક્ષમાર્ગી છે. હજ્જારો રાણીઓના ભોગમાં પડયો હોય અને ચક્રવર્તીના પદમાં પડયો હોય પણ સમકિતી છે તે મોક્ષમાર્ગી છે. જેણે આત્માનો આશ્રય લઈને સમ્યગ્દર્શનજ્ઞાન પ્રગટ કર્યાં છે એ મોક્ષમાર્ગી છે. અને જેણે બાઈ છોડીને કપડાં પણ છોડયાં ને નગ્ન થઈ ગયો, પણ જેણે રાગની એકતાથી લાભ થાય કે વ્યવહાર કરતાં–કરતાં લાભ થાય એ મિથ્યાદૃષ્ટિ સંસારમાર્ગી છે. આહાહાહા ! બાબુલાલજી ! આવી વાતું છે. કેટલું પંડિતજીએ કેવા અર્થ ભર્યા છે ? આહાહા ! ( શ્રોતાઃ પંડિતજી આવા જ

હોય ! ) આહા... ! વસ્તુ સ્થિતિ છે એવી આ તે વસ્તુ. આહા !

પણ... એમ કહ્યું ને પાછું કે જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ ઘણો કર્યો છે ને ! શાસ્ત્રમાં ચરણાનુયોગમાં કેટલો અધિકાર. કરણાનુયોગમાં કેટલો કર્મથી થાય કર્મથી થાય. જ્ઞાનાવરણથી જ્ઞાન રોકાય, દર્શનાવરણથી ( દર્શન અવરાય ). એવો વ્યવહારનો ઉપદેશ તો ભગવાને પણ કર્યો છે. આહાહાહા ! અને મુનિએ જોઈને ચાલવું, વિચારીને બોલવું, નિર્દોષ આહાર લેવો-એષણા સમિતિ, ઈર્યા, ભાષા, એષણા, આદાન, નિક્ષેપ એવી સમિતિ કહી છે. ભગવાને ય કહી છે વ્યવહાર.

ભલે કહ્યું હોય, સાંભળને ! એ તો ત્રિકાળીના આનંદને આશ્રયે સહચરનો એવો રાગ દેખી, એને ઉપચારથી કથન કર્યું છે. જેમ મોક્ષમાર્ગ ( પ્રકાશક ) માં કહ્યું છે ને કે નિશ્ચય સમ્યગ્દર્શનની સાથે વ્યવહાર સમકિતનો જે વિકલ્પ ઊઠે છે-દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધાનો, આહાહા ! એને આરોપથી સહચર દેખીને, નિમિત્ત દેખીને ઉપચારથી વ્યવહાર સમકિત કહ્યું છે. ઈ કાંઈ સમકિત છે નહીં, ઈ તો રાગ છે. આહાહાહા !

વ્યવહાર સમકિત ઈ સમકિતનું નિરુપણ બે પ્રકારે છે, સમકિત બે પ્રકારે નથી, સમકિત તો એક જ પ્રકારે છે. નિરુપણ આવ્યું એટલે એ લોકોને થઈ ગયું કે બે પ્રકારે છે ને ? ભગવાને વ્યવહાર સમકિત કીધું છે ને ? પણ નિરુપણનું કથન છે એ તો વ્યવહારનું કથન છે ઈ તો સહચર દેખીને એનું જ્ઞાન કરાવ્યું છે. આવ્યું છે ને ઈ મોક્ષમાર્ગ ( પ્રકાશક ) માં એમ કે વ્યવહાર-નિમિત્તાદિનું જ્ઞાન કરાવવા એ વ્યવહાર કહ્યો છે. એકસો છપ્પન પાને મોક્ષમાર્ગ પ્રકાશક. આહાહાહા ! કેમ કહ્યો આવો વ્યવહાર કે નિમિત્તાદિને-સહચર જાણીને, જ્ઞાન કરાવવા-જ્ઞાન કરાવવા, કરવા લાયક છે માટે એમ નહીં. આહાહા ! આવું છે !

એક તો નિવૃત્તિ ન મળે સમજવાની ! સમજવાની નિવૃત્તિ ન મળે અને આખો દિ ' પ્રપંચ પડયા હોય બહારમાં, અને એને આવા મળે કીધાને વ્યવહારના ઉપદેશ દેનારાં, એટલે એને ઠીક પડે, જાણે કે આપણે આ ભક્તિ કરીએ છીએ, દેવ દર્શન દરરોજ કરીએ છીએ. બસ ! અને પા કલાક અર્ધો કલાક વાંચીએ છીએ સત્સ્વાધ્યાય, દેવ ગુરુની સેવા વંદન કરીએ છીએ, આહાર - પધારો પધારો છ શ્રાવકના આચાર છે એ તો કરીએ છીએ. આહા.... હા !

એ તો બધો રાગ છે એ આચાર છે જ નહીં, શ્રાવકનો આચાર તો અંદર્ સમ્યગ્દર્શન આત્માને આશ્રયે, જેટલી લીનતા થાય તેટલો મોક્ષનો માર્ગ છે. વચ્ચે આ બધો ભાવ, જિનવાણીએ કહેલો એનું ફળ પણ... પણ... છે ને પણ એનું ફળ... કોઈ કહે કે જિનવાણીમાં કહ્યું છે માટે કાંઈક લાભ છે, સમજાણું કાંઈ ?

વીતરાગ માર્ગ ( માં ) વીતરાગે પોતે કહ્યું છે કે આવો વ્યવહાર હોય, આવો વ્યવહાર હોય. પણ... એ કહ્યું ભગવાને બહુધા એ તો સહચર ને નિમિત્તનું જ્ઞાન કરાવવા, છતાં એ સહચર ને નિમિત્તની દશા એનું ફળ સંસાર છે. સમજાણું કાંઈ ? આહાહા !

નિશ્ચય વ્યવહારનું ઘણું જ સ્પષ્ટ કથન... ચોખ્ખું કરી નાખ્યું છે. પંડિતજીએ પોતે, પંડિત છે આ જયચંદ પંડિત ગૃહસ્થાશ્રમમાં. તિર્યંચના સમકિતમાં ને સિદ્ધના સમકિતમાં ફેર શું ? સમકિત તો બે ય સરખી જાત, એક જ જાત છે. આહાહા ! સમજાણું કાંઈ ? પણ એ સમકિત

શું બાપુ ! લોકોને અત્યારે... આહાહા ! હા દેવ ગુરુ ધરમની શ્રદ્ધા કરો ! બસ ઈ સમકિત ! હવે, વ્રત લઈ લ્યો ! પણ આંહી કહે છે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો ભાવ આવ્યો, એ શાસ્ત્રમાં કહ્યો છે પણ છે એ રાગ અને એનું ફળ સંસાર ( છે ). આહાહા ! સમજાણું કાંઈ ?

શાસ્ત્રને વાંચો, ખૂબ સાંભળો. એમ શાસ્ત્રમાં આવે, પણ એનું ફળ તો વિકલ્પ છે ને વિકલ્પનું ફળ તો બંધન છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? પુસ્તક હાથમાં લઈને માથે ( મૂકીને ) એવો વિનયનો ભાવ, સમકિતીને ય આવે, પણ છતાં એ રાગ છે અને એ રાગનું ફળ તો બંધન છે. અજ્ઞાનીની તો વાત શું કરવી ? અજ્ઞાનીને તો નિશ્ચય નથી ને વ્યવહારે ય નથી. એક્કેય નથી એને તો કાંઈ. આહાહા !

( શ્રોતાઃ જ્ઞાની તો રાગ ને હેય માને છે ) હેય માને છે અને ઓલો તો ભલો માને છે. આહા ! આહાહા ! ( શ્રોતાઃ હેય માને તો ફરી સંસાર ક્યાંથી થાય ? ) છતાં સંસાર છે ને રાગ છે ને !

જ્ઞાની હેય માને છે તે માન્યતા છે. પણ ભાવ છે એનું શું ફળ ? ( શ્રોતાઃ ભાવ જ સંસાર છે ? ) હા, એ ભાવ જ સંસાર છે, જગત છે, ભવ કરશે. આહાહા ! કીધું ને ? એ જગપંથ છે. મુનિના પંચમહાવ્રતના અઠાવીસ મૂલગુણના પરિણામ એ પણ જગપંથ છે, સંસારનો પંથ છે. આવે છે ને સમયસાર નાટકમાં, મોક્ષ અધિકારનો ચાલીસમો બોલ છે. સમયસાર નાટક ! આહાહા !

ત્રણ બોલે તો નિશ્ચય વ્યવહારનું સ્પષ્ટીકરણ કરી નાખ્યું છે. વ્યવહાર હોય છે અને જિનવાણીએ પણ જણાવ્યો છે કે સમ્યગ્દષ્ટિ જ્ઞાની અંતરમાં સ્વરૂપની રમણતાવાળો ચારિત્રવંત એને પણ પંચમહાવ્રતના વિકલ્પો હોય છે, એમ જિનવાણીએ કહ્યું છે. આહાહાહા ! પણ... તે પંચમહાવ્રતના વિકલ્પોનું ફળ... બંધન ને સંસાર છે.

આવી વાત વીતરાગ સિવાય કોણ કરે ? બધા પક્ષનાં બાંધીને બેઠા ને ? છે ? જિનવાણીમાં, પણ એનું ફળ જિનવાણીમાં કહેલા વ્યવહારનું ફળ સંસાર ( છે ) અજ્ઞાનીએ કહેલા વ્યવહારની વાત તો ક્યાંય ( દૂર ) રહી ગઈ. આહાહા !

ઈશ્વર કર્તા છે ને ઈશ્વરની ભક્તિ કરો ને એની તો વાત અહીં છે જ નહીં. આંહી તો પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર સર્વજ્ઞદેવ, એની ભક્તિ કરો એ શુભભાવ છે. એ આવે માટે જિનવાણીએ જણાવ્યું છે, પણ એનું ફળ બંધન છે. સમજાણું કાંઈ ? આહાહાહા !

શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી. જોયું ? પક્ષ નામ આ શુદ્ધ ચૈતન્ય છે તેનો આશ્રય કદી આવ્યો નથી. આહા ! છે ? એનો ઉપદેશ પણ વિરલ છે. આહાહા ! પક્ષ કદી આવ્યો નથી. કદી નથી આવ્યો એનો અર્થ એ કે શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એનો આશ્રય એક ક્ષણ પણ કોઈ દી ' આવ્યો નથી. નવમી ગ્રૈવેયકે ( ગયો ) અનંત વાર મુનિ દિગંબર થયો ને હજારો રાણી છોડી અને પંચમહાવ્રત નિરતિચાર એને માટે ભોજન કરીને આપે તો પ્રાણ જાય તો પણ ન લ્યે, એવું અનંતવાર પાળ્યું પણ એણે શુદ્ધ ચૈતન્ય પ્રભુ અંદર ભિન્ન છે, આ ક્રિયાકાંડના વિકલ્પથી, એનો આશ્રય ન લીધો, એનો પક્ષ ન કર્યો. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા ! ( શ્રોતાઃ પક્ષનો અર્થ શો ? ) આશ્રય. ઓલો-વ્યવહારનો પરાશ્રય છે, આનો સ્વઆશ્રય ન લીધો. એ કહેશે.

" જુઓ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણી " એમ કહ્યું છે ને પાછું, આવશે, એમાં તરત પછી આંહી શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી. એટલે કે આત્માને ગ્રહ્યો જ નથી કોઈ દી '. આહાહા ! અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય એની તો દૃષ્ટિ કદી કરી નથી, આમ તો અગિયાર અંગ ભણ્યો છે, પંચમહાવ્રત પાળ્યા પણ આ શુદ્ધ છે ચૈતન્ય એનો આશ્રય કર્યો નથી. બધો વ્યવહારનો આશ્રય કરીને રોકાઈ ગયો છે. આહાહા !

શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી, એટલે શું ? જેનું ફળ મોક્ષ છે, એવો જે સ્વદ્રવ્યનો આશ્રય તો કદી આવ્યો નથી. એ આંહી કહે છે પાછું એનું ફળ મોક્ષ છે એમ બતાવવું છે. જેમ ઓલા-વ્યવહારને જેમ જિનવાણીએ કહ્યો, એનું ફળ સંસાર છે, અને આ શુદ્ધનયનો પક્ષ છે આશ્રય, એનું ફળ મોક્ષ છે. સમજાણું કાંઈ ? આહા ! એનો પક્ષ આવ્યો નથી, અને એનો ઉપદેશ પણ વિરલ છે, એનો ઉપદેશ જ વિરલ ક્યાંક છે. બાકી તો બધે ય બહુધા મિથ્યાત્વનો ( ઉપદેશ ) વ્યવહારની શ્રદ્ધા છે.

વિશેષ કહેવાશે. ( પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં. ૪૩ ગાથા - ૧૧ તા. ૨૫-૭-૭૮ મંગળવાર, અષાઢ વદ-૬ સં. ૨૫૦૪

સમયસાર અગિયારમી ગાથાનો ભાવાર્થ. આંહી સુધી આવ્યું છે, " શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી, " શું કહ્યું ? વ્યવહાર છે એ બધો અસત્યાર્થ છે એટલે કે આશ્રય કરવાલાયક નથી. ભલે ભગવાનની આજ્ઞાથી વ્યવહાર આવ્યો કોઈ જાણવા, પણ એ બધો જાણવા લાયક છે. આદરવા લાયક નથી.

( શ્રોતાઃ ) એકલો જાણવાલાયક છે કે હેય છે ?

( ઉત્તરઃ ) જાણવા લાયકનો અર્થ જ થઈ ગયો ને કે છે હેય. આ તો આદરવા લાયક છે આ. ચૈતન્યજ્ઞાયક સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદ મંદિર-ચૈતન્યઘન એ જ આશ્રય કરવા લાયક. આદરવા લાયક ઉપાદેયપણે એ એક જ ચીજ છે. ત્યારે એને આનંદ ને શાંતિ આવે સામ્યભાવ આખા જૈન દર્શનનું તાત્પર્ય તો સામ્ય, વીતરાગભાવ છે. પ્રવિણભાઈ આવ્યા લાગે છે. અગિયારમી ગાથા એનો ભાવાર્થ એમાં છેલ્લું છે.

( શ્રોતાઃ ) ભાવાર્થ પહેલેથી લ્યો તો શું વાંધો છે ?

( ઉત્તરઃ ) ભાવાર્થ પહેલેથી ? ભાવાર્થઃ- " અહીં વ્યવહારનયને " એટલે કે જે કાંઈ આત્મામાં ગુણ ગુણી ભેદ, પર્યાય, રાગ એને જે વિષય કરે એને વ્યવહારનય કહીએ. ઝીણી વાત છે ભાઈ ! આહાહા ! જે નય એટલે જ્ઞાનનો અંશ, નય એટલે જ્ઞાનનો અંશ એ ગુણ ગુણીના ભેદને વિષય કરે ગુણી આત્મા ને જ્ઞાનાદિ ગુણ એવા ભેદનો વિષય કરે, અને પર્યાયનો વિષય કરે અને દયા દાન આદિ વિકલ્પનો વિષય કરે એ નય એટલે જ્ઞાનના અંશને વ્યવહારનય કહેવામાં આવે છે. એકલા સિદ્ધાંતો છે. આહાહા !

એ વ્યવહારનય અભૂતાર્થ છે, જૂઠો કહ્યો છે અહીંયાં. છે તો ખરો, પર્યાય છે, ગુણભેદ છે, દયા દાનના વિકલ્પો પણ છે, પણ અભૂતાર્થ અસત્યાર્થ કહ્યો. કેમ કે એનો આશ્રય કરવા જેવો

નથી. આહાહાહા ! એનો આશ્રય કરવા જેવો નથી. ગુણભેદનો, પર્યાયનો ને રાગનો એથી એને અસત્યાર્થ કહી–ગૌણ કહીને ‘ નથી ’ એમ આશ્રય કરવા લાયક નથી માટે ‘ નથી ’ એમ કહ્યું છે. આહાહાહા !

‘ શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે ’ ત્રિકાળી વસ્તુ જે આનંદકંદ પ્રભુ એને જે જ્ઞાનનો અંશ જાણે–જુએ, એને ( ભૂતાર્થ કહ્યો ) કેમકે એ સત્યાર્થ ત્રિકાળી આત્મા છે. એ ધ્રુવને જુએ તેને નય, શુદ્ધનય કહે છે અને એ શુદ્ધનય ભૂતાર્થ છે. કેમકે એ ત્રિકાળીને વિષય કરે છે. આરે... આવું છે, ધરમનું સ્વરૂપ ભારે આકરું જગતને. છે ?

હવે કહે છે કે અભૂતાર્થ ને ભૂતાર્થ કહ્યો, એનો આશય શું હવે ? એની સ્થિતિ શું ?

“ જેનો વિષય વિદ્યમાન ન હોય ” આહાહા ! જેનું ધ્યેય જે છે તે વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય–જુઠું હોય તેને અભૂતાર્થ કહે છે. આ વ્યવહારનયને અભૂતાર્થ એની વ્યાખ્યા થઈ. આહાહાહાહા ! આકરું નવા માણસને અભ્યાસ નહીં, મૂળ ચીજનો અભ્યાસ નહીં.

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! એક સમયની પર્યાય પણ જેમાં નથી. એનો વિષય કરવો, એને ધ્યેય બનાવવું એ શુદ્ધનયનો વિષય છે. એ સમ્યગ્દર્શનનો વિષય કહો, શુદ્ધનયનો વિષય કહો, કે તેનો વિષય સામાન્ય છે તેને શુદ્ધનય કહો. આહાહા !

( જેનો ) વિષય વિદ્યમાન ન હોય એને અસત્યાર્થ કહે છે. “ વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે શુદ્ધનયનો વિષય અભેદ એકાકાર નિત્ય દ્રવ્ય છે. ” આહાહા ! સમ્યગ્જ્ઞાન જે સત્ય શુદ્ધ અંશ, નય છે તે અંશ છે, એ ત્રિકાળી ધ્રુવનો વિષય કરે છે. વ્યવહાર છે તે વર્તમાન ભેદ ને પર્યાયનો વિષય કરે છે.

અને આ શુદ્ધ સમ્યગ્જ્ઞાનનો જે એક અંશ પ્રમાણનો, પ્રમાણ તો દ્રવ્ય ને ભેદ, અભેદ ને ભેદને બેયને જાણે પણ એ પ્રમાણમાં એનો જે નય–ભાગ, એક અંશ છે અને તે અંશ પણ ત્રિકાળીને જાણે તે અંશ છે, એને અહીંયા શુદ્ધનય કહે છે. આહા ! આ બધું આવી ગયું છે આપણે પણ આ તો ફરીને જરી.

“ એનો વિષય અભેદ ” આહા ! ચૈતન્ય બ્રહ્મ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અભેદ સામાન્ય જેમાં ગુણ ગુણીનો ભેદેય નહીં અને જેમાં પર્યાય વર્તમાન વિદ્યમાન છે એનો પણ જેનો વિષય નહીં. આહાહા ! શુદ્ધનયનો વિષય અભેદ ચૈતન્ય સ્વરૂપ એકરૂપ એકાકાર, અનેક નહીં, એક સ્વરૂપે ભગવાન જે શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે, તે નિત્ય દ્રવ્ય છે. ( શ્રોતાઃ એ તો શુદ્ધનય છે ? ) હા, તે એક નય તે નિત્ય દ્રવ્ય છે. શુદ્ધનયનો વિષય, તે ત્રિકાળી દ્રવ્ય નિત્ય છે. સમ્યગ્દર્શનનો વિષય પણ એ ત્રિકાળી દ્રવ્ય છે. આહાહા ! ધરમની પહેલી શરૂઆત થતાં સમ્યગ્દર્શન જે શરૂઆત એનો વિષય નિત્ય દ્રવ્ય એકાકાર અભેદ છે. એ શુદ્ધનયનો વિષય કહો કે સમ્યગ્દર્શનનો કહો. અહીં જાણવાની અપેક્ષાએ લીધું છે તેથી નય લીધી છે. અને પ્રતીતમાં જાણવું નથી ત્યાં અભેદ એકાકાર નિત્ય દ્રવ્યને પ્રતીત કરે છે આરે... આવી વાતું પણ એ પ્રતીત છે એ જાણતી નથી. તેથી આંહી જાણવાની અપેક્ષાએ લઈને જે જ્ઞાનનો સમ્યક્–નિશ્ચય અંશ, અભેદ એકાકાર નિત્ય દ્રવ્યને જે વિષય કરે છે, તેને અહીંયા શુદ્ધનય કહેવામાં આવે છે. આહાહા !

તેની દૃષ્ટિમાં, કોની દૃષ્ટિમાં ? જે શુદ્ધનયનો વિષય અભેદ એકાકાર નિત્ય છે. તેના

વિષયમાં અભેદને એકાકારને નિત્ય દ્રવ્યને જોનારની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. આરે ! તેની દૃષ્ટિમાં એમ કહ્યું ને ? જે વસ્તુ ત્રિકાળ જ્ઞાયક ચિદાનંદ પ્રભુ ધ્રુવ છે. એ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્જ્ઞાન એટલે આ નિશ્ચય સમ્યગ્જ્ઞાન, વ્યવહારે ય સમ્યગ્જ્ઞાન છે. પણ તેનો વિષય ભેદ ને નય છે. આહાહા !

અહીંયાં ત્રિકાળી જે વસ્તુ છે-ધ્રુવ છે ભેદ અને પર્યાયના આશ્રય વિનાની છે. એક નિત્ય ત્રિકાળી પ્રભુ એ શુદ્ધનયનો ધ્યેય વિષય હોવાથી, શુદ્ધનય તે અભેદને દેખે જાણે છે, તેથી તેની દૃષ્ટિમાં-અભેદને દેખનારા શુદ્ધનયની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી.

( શ્રોતાઃ આમાં સમજાણું નહીં કાંઈ ) ફરીને કહીએ આ કયાં આપણે ? આહાહા ! વસ્તુ છે અખંડ એકરૂપ આત્મા એને દેખનારને, ભેદ દેખાતો નથી, કેમકે અભેદ ઉપર દૃષ્ટિ છે સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી અભેદ છે. ઈ અભેદ સામાન્ય નિત્ય દ્રવ્યને, જે નય અથવા દૃષ્ટિ દેખે છે તેમાં ભેદ દેખાતો નથી, અભેદ દેખનારને ભેદ ક્યાં દેખાય ? ભેદ છે નહીં એમાં. આહાહા ! ( શ્રોતાઃ ત્રિકાળીમાં ભેદ નથી ? ) ત્રિકાળીમાં એકરૂપ પણ ગુણ ભેદ છે, પણ અભેદની દૃષ્ટિમાં એ ગુણ ભેદ દેખાતો નથી. આહાહા ! આવી વાતું બાપુ ! બહુ ઝીણી ! વીતરાગ મારગ બહુ ઝીણો.

કોઈ દિ ' સાંભળ્યો નથી ભાઈ અને આ બહારના કડાકૂટમાં કાં તો આ જગતની સેવા કરવી ને ફલાણું કરવું ને મરી ગયો ન્યાં કોણ સેવા કરતો તો ? પરની સેવા કરી શકું છું, એમ માનનાર આત્માને મારી નાખે છે, આત્માનું એણે ખૂન કર્યું છે. કેમકે આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે એ તો જાણનાર-દેખનાર છે એને પરનું કરવું છે ઈ એને સોંપ્યું તો એનો સ્વભાવ નથી, તેનો અનાદર કર્યો. હેં ? આહાહા !

અહીંયાં તો કહે છે. વ્યવહાર અભૂતાર્થ અસત્યાર્થ કહ્યો અને નિશ્ચય શુદ્ધનયને સાચો ને સત્યાર્થ કહ્યો ને ભૂતાર્થ કહ્યો. એનો આશય શું ? કે એનો આશય ઈ કે જેનો વિષય નથી અસત્યાર્થ છે તેને વ્યવહારનય કહે છે. ત્યારે કહે કે વ્યવહારનયનો વિષય નથી કેમ ? કે નિશ્ચયમાં અભેદને દેખનારને એમાં ભેદ દેખાતો નથી, માટે તેમાં ભેદ નથી. આહાહા ! વીતરાગના મારગના લોજિકો ન્યાયો બહુ અલૌકિક છે. આહાહા !

અત્યારે તો-સાંભળવું મુશ્કેલ પડી ગયું છે. આહાહા ! આવો સ્વભાવ ! ભગવાન પરમાનંદરૂપ પ્રભુ ! વીતરાગ મૂર્તિ આત્મા ત્રિકાળ ! એની દૃષ્ટિ કરતાં, અભેદને ને એકાકારને તે દેખે છે, તેથી તે અભેદમાં ભેદ દેખાતો નથી માટે એ અપેક્ષાએ વ્યવહારને જૂઠો કહ્યો છે. અભેદમાં ભેદ દેખાતો નથી માટે ભેદના લક્ષ કરનારને જૂઠો કહ્યો છે.

આરે ! આરે ! આહાહા ! આવો મારગ, એ દયા પાળવી, વ્રત કરવા, અભિમાન ! દાન કરવા લાખો-કરોડોના, એમ કહે તો સમજાયે ય ખરું, કાંઈક ? કરી શકે છે-એમ માને છે એને. આહાહા.. ! ( શ્રોતાઃ કરી કે દિ ' શકે છે ? ) કરી કે દિ ' શકતો 'તો ? ( શ્રોતાઃ પરનું કોણ કરી શકે ? ) એ પ્રભુ તો જ્ઞાનસ્વરૂપ છે ને ! એમાં તો પર્યાય એક અવસ્થા વર્તમાન ચાલે છે હલચલ ગતિવાળી એનો પણ પર્યાયનોય જેમાં અભાવ છે. આહાહા ! જે પર્યાય એનો વિષય કરે છે એ પર્યાયનો પણ એમાં અભાવ છે. આહાહા ! શું કહે છે આ. જે શુદ્ધનય જ્ઞાનનો અંશ છે અથવા

સમ્યગ્દર્શન જે સાચી પ્રતીતિ અંશ છે, એનો વિષય એ ત્રિકાળી ધ્રુવ છે અભેદ. એમ વિષય હોવા છતાં, તે પર્યાય એમાં નથી. પર્યાય–પર્યાયમાં છે ને અભેદ અભેદમાં છે ! આહાહા ! સમજાય એટલું સમજવું બાપુ ! આ તો વીતરાગનો મારગ કોઈ અલૌકિક છે, દુનિયામાં ક્યાંય છે નહીં આ. આહાહા !

અને આ શરણ વિના એ જનમ મરણ નહીં મૂકાય પ્રભુ ! આહાહા ! એ ચોરાશી લાખની યોનિ, અજાણી યોનિયોમાં જઈને જન્મે, મરે, બાપુ ! આહાહા ! અરેરે ! એ દુઃખના દરિયામાં પડે, અને એ દુઃખની વાતું શું કરવી ? જેનાં નર્કના ક્ષણના દુઃખો, ભગવાન એમ વર્ણવે, નર્કનાં ક્ષણનાં દુઃખો કરોડો જીભે ને કરોડો ભવે ન કહી શકાય. એવું એ નર્કમાં ક્ષણમાં દુઃખ છે. એવાં એવાં તો તેત્રીસ સાગર સુધી ભોગવ્યું; એવું એક વાર નહીં પણ અનંતવાર તેત્રીસ સાગર ગયો. આહા ! બાપુ તારા દુઃખને દેખી, દેખનારને આંસુ આવ્યા છે ભાઈ ! તું અત્યારે બહારમાં રાજી ને ખુશી થઈને પડયો છો, બાપુ ! તારા રસ્તા ક્યાંથી આવશે નાથ ? આહા... હા !

આંહીયાં તો એક સમયની પર્યાય ને ગુણ ગુણીનો ભેદ, અને દયા–દાન–વ્રત–ભક્તિ પૂજાનો ભાવ એને જે જાણે તે વ્યવહારનય અને એ વ્યવહારનયનો વિષય તે, અને તેને આંહીયા જૂઠો કહ્યો. જૂઠો કેમ કહ્યો ? કે અભેદ દૃષ્ટિમાં ઈ દેખાતું નથી એથી તેની વિદ્યમાનતા બહારમાં હોવા છતાં, અભેદમાં વિદ્યમાન દેખાતો નથી, માટે જૂઠો કહ્યો. આહાહાહાહા ! માટે તેની દૃષ્ટિમાં, એમ છે ને ? કોની દૃષ્ટિમાં ? કે જે જ્ઞાયક સ્વરૂપ ત્રિકાળ છે એને જે જોનાર શુદ્ધનય સમ્યગ્જ્ઞાનનો અંશ છે એ અભેદને એકાકાર નિત્યને દેખે છે, તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. આહાહાહા !

આવો ઉપદેશ કઈ જાતનો આ ? હેં ? આ તે વીતરાગનો મારગ હશે આવો. અરે બાપુ ! ભાઈ ! તને ખબર નથી. આહા... હા ! આ સામ્યભાવ એ વીતરાગભાવ છે અને એ સામ્યભાવ ચારે અનુયોગોનો સાર છે અને એ સામ્યભાવ, કેમ પ્રગટ થાય ? કે સામ્યભાવના સંપૂર્ણ સ્વભાવથી ભરેલો ભગવાન છે. એનો આશ્રય લેતાં સામ્યભાવ આવે, અને એ સામ્યભાવમાં સામ્યભાવની દૃષ્ટિથી જ્યારે ત્રિકાળને જોવે છે તો તે અભેદ છે. શુદ્ધનયથી કહો કે વીતરાગભાવથી કહો. આહાહાહા !

વ્યવહારને જૂઠો ને અસત્ય કહ્યો એનું કારણ શું ? આશય શું ? કે નિશ્ચય જે સત્ય જ્ઞાન છે ને દૃષ્ટિ જે છે એ ત્રિકાળ ને અભેદ ઉપર પડી છે ને અભેદને દેખે છે એથી તેમાં ભેદ દેખાતો નથી. તેથી તે ભેદને અવિદ્યમાન, અસત્ય કહીને વ્યવહારનયનો વિષય અસત્ છે, તેથી વ્યવહારનય અસત્ છે. આહાહાહા ! તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ કહેવો જોઈએ. છે ? આહા !

આમાં તો ઘરે કાંઈ સાંભળે તો સમજાય એવું નથી એની મેળાએ, આ શું લખ્યું છે પણ આ ? બાપુ આ તો મંત્રો છે, બાપા ભાઈ ! આ તો ચૈતન્ય આનંદનો નાથ આનંદ મંદિર ચૈતન્ય રત્નાકર સ્વરૂપ ભગવાન અનંતગુણનો સાગર, અપરિમિત શક્તિઓનો સંગ્રહાલય, એવો જે ભગવાન આત્મા, એની દૃષ્ટિને દેખતાં એમાં ભેદ ન દેખાય, માટે તે ભેદનો વિષય કરનાર નય, એને જુઠ્ઠી કીધી છે. આહાહાહાહા ! શશીભાઈ ! આવું છે.

એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી. હવે એમ કહે છે કે અભેદમાં ભેદ દેખાતો

નથી માટે ભેદને જૂઠો કહ્યો, પણ ભેદ વસ્તુ કોઈ છે જ નહીં, પર્યાય છે જ નહીં, ગુણીમાં ગુણનાં અનંત પ્રકારો છે જ નહીં, રાગ દયા દાનનો વિકલ્પ જ્ઞાનીને પણ આવ્યા વિના રહેતો નથી, એ નથી, એમ નહીં. સમજાણું કાંઈ... ?

એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી. જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાંતમતવાળાઓ, વેદાંતમતવાળા સર્વવ્યાપક એક આત્માને કહે છે. ઈ ભેદરૂપ પર્યાયને અને ભેદરૂપ વર્તમાન અવસ્થાને અનિત્યને દેખી, છે ? એ અવસ્તુ માયાસ્વરૂપ કહે છે. એ વસ્તુ નથી માયા, યા... મા, તે નથી યા તે... મા નથી, એમ વેદાન્તવાળા કહે છે. આહાહા ! માયા છે એ તો એટલે કે એ નથી. યા મા એ... નથી. એમ વેદાન્તમતવાળા, પર્યાયને અને અનંતગુણોના ભેદને અને રાગાદિને અને અનેક દ્રવ્યને, નહિ કહેનારાઓ જો ભેદને વ્યવહારનય, નથી તો તો પછી આ ચીજ જ નથી, તો વેદાન્તમત થઈ ગયો. આહાહા !

આહા... ! આંહી તો ભેદને જૂઠો કહેવાનો આશય, અભેદની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે જૂઠો કહ્યો છે. પણ વ્યવહારે વ્યવહારનો વિષય છે, એનો નિષેધ નથી. આહાહાહા ! અને વ્યવહારનો વ્યવહારે વિષય છે, એની શ્રદ્ધા પણ કરવી જોઈએ. પણ છતાં એ શ્રદ્ધા છોડવા લાયક છે. શ્રદ્ધા કરવા લાયક છે, છે એ અપેક્ષાએ. પણ એ શ્રદ્ધા છોડવા લાયક છે. આહાહા ! અને ત્રિકાળી ભગવાન જે આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર એકરૂપે સામ્યભાવે પડેલો પ્રભુ એને જોનારને ભેદ દેખાતો નથી, માટે વ્યવહાર ને ભેદ ને પર્યાયને જુઠ્ઠી કહી, પણ એથી એમ ન સમજવું કે ગુણભેદ ને પર્યાય ને બીજા અનેક દ્રવ્યો આદિ નથી, એમ ન સમજવું, ભાઈ ! આહાહાહા !

અલૌકિક વાત છે બાપા ! આ કરોડો-અબજો રૂપિયા આપે તો ય મળે એવું નથી, આ ચીજ એવી છે. આહાહા ! અમૃતસાગર અંદર ઊછળ્યો છે અંદરથી. એની આ વાતું છે બધી. આહાહા !

જ્યાં અમૃતસાગરથી ભરેલો ભગવાન. અમૃત એટલે અતીન્દ્રિય આનંદનું અમૃતપણું. એનાથી પ્રભુ તું ભરચક્ક-છલોછલ ભર્યો છે એકરૂપ સ્વરૂપ. આહાહા ! એની જ્યાં દૃષ્ટિ થઈ અને એને જેણે વિષય બનાવ્યો, એ વિષયમાં તો ભેદ છે નહીં. એથી વ્યવહારને જૂઠો આ અપેક્ષાએ કહ્યો છે. પણ તદ્દન વ્યવહાર નથી જ એમ માને, તો વેદાંતમતવાળા જેવું અજ્ઞાન થઈને મિથ્યાત્વ થશે. આહાહા !

છે ? અવસ્તુ માયાસ્વરૂપ કહે છે અને સર્વવ્યાપક. વસ્તુથી એક, ગુણથી અભેદ. એ લોકો શું કહે છે ? કે વસ્તુથી એક અને અભેદ એમાં ગુણોનો ભેદ પણ નથી એ તો અભેદ છે નિત્ય. પર્યાય નથી એ તો નિત્ય જ છે. એક, અભેદ, નિત્ય ત્રણના અર્થ આ થયાં. કે વસ્તુ એક, ગુણ ભેદ નહીં, પર્યાય નહીં. સમજાણું કાંઈ... ? દરેક શબ્દમાં ગંભીરતા છે. ટીકાકારે પાઠમાં વ્યવહારને અભૂતાર્થ કહ્યો પાઠમાં. એની ટીકા કરી પ્રભુએ અમૃતચંદ્રાચાર્યે, એને સાદી ભાષામાં સમજાવવા આ પંડિતજી અર્થ કરે છે, જયચંદ્ર પંડિત ! આહાહા ! ગૃહસ્થાશ્રમમાં રહેલ ! અહીંયાં તો આત્માનું જ્ઞાન સમ્યગ્દર્શન થાય, એ ગૃહસ્થાશ્રમમાં હોય તો ય મોક્ષમાર્ગી છે. અને સાધુ થઈને પંચમહાવ્રત પાળે, હજ્જારો રાણી છોડે, નગ્નપણું ને જંગલમાં રહે, પણ જેણે રાગનો-ભાવનો

કણિયો પણ આદરણીય માન્યો છે, એ સંસાર માર્ગે છે. આહાહાહા !

કેમકે રાગ પોતે સંસાર છે, શુભરાગ છે એ સંસાર છે, શુભરાગ છે દયા દાનનો એ ભવ છે, એ સંસાર છે, એ ભવ છે, ભવનો જેને પ્રેમ છે તે ભવાબ્ધિમાં રખડનારો સંસારી પ્રાણી છે. આહાહાહા !

મુનિ ! હજારો રાણી છોડી હોય, નગ્નપણું ધારણ કર્યું હોય, જંગલમાં વસતો હોય, પણ જેને અંતરમાં મહાવ્રત આદિના પરિણામ જે ઉત્પન્ન થાય રાગ, એ રાગને પોતે આદરણીય માને છે. આહાહા !! જેનો વિષય જ વ્યવહારનયનો રાગ છે તે જ માને છે અને એ રાગનું એકત્વપણું જેને માને છે એ સંસારમાર્ગે છે. અને છન્નુ કરોડ પાયદળના અને છન્નું હજાર સ્ત્રીઓના વૃંદમાં પડયો ચક્રવર્તી પણ આત્મા અભેદ ચિદાનંદનો અનુભવ છે. આહાહા ! એ મોક્ષને માર્ગે છે, ઓલો સંસારને માર્ગે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એ લોકો તો સર્વ વ્યાપક ' એક ' આંહી વજન ' એક ' છે. વસ્તુ તરીકે સર્વ વ્યાપક એક, ગુણ તરીકે ગુણોનો ભેદ નહીં અભેદ, પર્યાય તરીકે અવસ્થા નહીં ને નિત્ય, એવી શુદ્ધ બ્રહ્મને વસ્તુ કહે છે. એક, ગુણભેદવિનાની, પર્યાય વિનાની, શુદ્ધ બ્રહ્મને વસ્તુ કહે છે, એવું ઠરે.

જો ભેદ અને પર્યાય ન હોય તો વેદાંતમતવાળા જેવી દૃષ્ટિ મિથ્યાત્વની ઠરે. આહાહા ! વ્યવહારનો વિષય ભેદ–પર્યાય–રાગ છે એમ માનવું જોઈએ, માનવું તો જોઈએ. પણ એ માન્યતા હેય છોડવાલાયક છે. આહાહાહા ! અને અખંડ, અભેદ ચૈતન્ય વસ્તુ એનું જ્ઞાન કરીને પ્રતીત કરવી, એ ઉપાદેય છે. એ જ આદરણીય છે. અને એ સામ્યભાવ સ્વરૂપ ભગવાન એમાંથી પ્રગટ થયેલો સામ્યભાવ એ આનંદમય છે. તે મોક્ષને માર્ગે છે. આહાહા ! સમજાણું કાંઈ ? આવી વાતું છે.

અને તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ સર્વથા. એટલે કે નિશ્ચય એક અભેદ જ છે અને ભેદ પર્યાય નથી તો સર્વથા એકાંત થાય છે. કથંચિત્ રીતે એમ કહેતા હોય કે ત્રિકાળની અપેક્ષાએ નિત્ય છે, પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. ગુણ ગુણીના ભેદ વિનાની અપેક્ષાએ અભેદ છે, પણ ગુણ ગુણીના ભેદનો ભિન્ન વિચાર કરે તો ભેદ પણ છે. તો તો કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય તો તો કથંચિત્ ધ્રુવ અને કથંચિત્ પર્યાય એમ સિદ્ધ થાય... પણ આ સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિનો પ્રસંગ આવે. આહાહાહા !

જો વ્યવહારનો વિષય ભેદ, પર્યાય, રાગ છે, અનેકપણું પણ છે, એકમાં અનેક ગુણ પણ છે, એવા અનેક ગુણને ન માને, પર્યાયને ન માને, ભેદને ન માને તો મિથ્યાદૃષ્ટિનો પ્રસંગ આવે છે વેદાંતમતની પેઠે. આહાહા !! આ તો વીતરાગ, સર્વજ્ઞ–કેવળી પરમાત્માએ જોયું તે મારગ છે. એનામાં કોઈ સર્વજ્ઞ નથી કે એણે જોયું શું છે ? ઈ તો કલ્પનાથી બધી વાતું નવી ઊભી કરી. આહાહા ! વેદાંત મતવાળાએ.

અત્યારે મોટો પક્ષ છે વેદાંતનો, મોટા મોટા અધિકારીઓ ને અમલદારો ને મોટા બધાય એ વેદાંત પક્ષમાં છે. મુસલમાનમાં ય એક પક્ષ છે એવો કીધું ને કાલ કહ્યું તું. એક સૂફી પક્ષ છે. સૂફી એના ફકીરો અનલહક્ક એક ખુદા છું, એમ માનનારા એ ફકીરને જોયા છે મેં એક ફેરે બોટાદ, વહોરવા બહાર નીકળ્યો 'તોને બે ફકીર ઊભા તા. આમ તો... ખસી ગયા બિચારાં એક તરફ

હતા ઉદાસ ! ઉદાસ ફકીર હતાં. પછી, મેં પૂછયું કે આ છે કોણ ? મુસલમાન એ સૂફી ફકીર કહેવાય.

કહે એ અનલહક્ક ! માનનારા-એક જ ખુદા છે એમ માનનારા, જેમ ઓલા એક આત્મા માનનારા છે એમ આ એકખુદા. અનલહક્ક ! અનલહક્ક ! એક હતો મનસુર એનામાં, એ અનલહક્ક ખુદા એક છે એમ માનતો 'તો દુનિયા વિરોધી પડીને ફાંસીએ ચડાવ્યો. ફાંસીએ ચડાવ્યો 'તો ત્યારે પણ બોલ્યો કે અનલહક્ક- ખુદા એક છે આવે છે એનામાં, બધું ઘણું સાંભળેલું છે ને પહેલેથી જ ઘણું જોયું દુકાન ઉપરેય અમે હતા ત્યાં બધા અમારે વેદાંતવાળા ઘણા ઘરાક હતા, આવતા. બ્રાહ્મણ હતો એક મોટો વેદાંતી, ઈ તો અમારો ગ્રાહક હતો. એ લોકોમાં આવે ત્યારે એને પગે લાગે ઘણાં માણસ. અમે ઉઘરાણી લેવા જાય ત્યારે બિચારો ખાટલો નાખીને ( ઢાળીને ) બેસે એ ગામ છે પાલેજ પાસે. એનું ઈ બધું તે દિ ' જાણ્યું 'તું બધું પણ બધું એક ને આને તે બધી સમજ્યા વિનાની વાતું !

આ તો સર્વજ્ઞ પરમેશ્વરે.... આહાહા ! અનંત આત્મા જોયા, એકેક આત્મામાં અનંત ગુણ જોયા, એક-એક આત્મામાં એક સમયની અનંતી પર્યાય જોઈ. આહાહાહા !

માટે, અહીં એમ સમજવું. ઈ પહેલો જ્યાં કીધો 'તો ને ભાવાર્થ ? અહીં, એમ કીધું તું 'ને અહીં, એમ કેમ કહ્યું ? કે આ ઠેકાણે જે વ્યવહારને અસત્ કહ્યો છે, એનો અર્થ શું છે ? બીજે ઠેકાણે વ્યવહારને સત્ કહ્યો છે. એટલે ‘ અહીં ’ શબ્દ અહીંયા વાપર્યો છે. આ ઠેકાણે વ્યવહારને અસત્ય કહ્યો ને નિશ્ચયને સત્ય કહ્યું, એનો આશય શું છે તે સમજાવ્યો, હવે ઈ લ્યે છે.

માટે અહીં, ફરીને લીધું જુઓ ! અહીં એમ સમજવું કે-આ સ્થાનમાં જે વ્યવહારને અસત્ય કહ્યો અને ત્રિકાળને સત્યાર્થ કહીને તે જ છે એમ કહ્યું. અહીં, આહા... હા ! આ ભાઈએ પ્રશ્ન કર્યો તો રાત્રેભાઈએ ‘ ववहारोऽभूदत्थो ’ બીજે ક્યાંય છે ? હા, કીધું ને પદ્મનંદિપંચવિંશતિમાં છે ને એમાં છે. નિશ્ચય અધિકારમાં છે વ્યવહાર અભૂતાર્થ છે. પણ ત્યાં એ લીધું છે એણે ‘ ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ.... भूदत्थमस्सिदो खलु ’ યતિ-સંત મુક્તિને પામે ! યતિ લીધા ત્યાં આંહી સમ્યગ્દષ્ટિ લીધા છે.

( શ્રોતાઃ ત્યાં વ્યવહારને વ્યવહારે પૂજ્ય કીધો છે ) એ પછી કહ્યું, વ્યવહાર પૂજ્ય છે વ્યવહારથી વ્યવહાર પૂજ્ય છે. તદ્દન વ્યવહાર વ્યવહારથી પૂજ્ય ન હોય તો તો પછી દેવ, ગુરુ-શાસ્ત્ર અને પગે લાગવું કે એ કાંઈ રહે નહીં. તેથી વ્યવહારે વ્યવહાર પૂજ્ય છે. વ્યવહારે તો જિનવાણી પૂજ્ય છે એ ન આવ્યું ? બીજા શ્લોકમાં. આહાહા ! અહીં એમ સમજવું કે-આંહી જે વ્યવહારને અસત્ય કહ્યો છે અને નિશ્ચયને સત્ય કહ્યો છે, માટે અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે. સ્યાદ્ નામ અપેક્ષાએ કહેનારી છે. અપેક્ષાથી, કઈ અપેક્ષા છે ઈ અપેક્ષાથી કહેનારી છે. આહાહા ! ત્રિકાળને નિત્ય માને કહે, પર્યાયને અનિત્ય કહે, આહાહા ! ગુણભેદ ને પર્યાયને વ્યવહારનો વિષય કહે, ત્રિકાળને નિશ્ચયનો વિષય કહે એ સ્યાદ્ કથંચિત્ આ રીતે કહેવામાં આવ્યું છે,

અને એનો અર્થ પ્રયોજનવશ એટલે ? કે આત્માના આશ્રયે જે સમ્યગ્દર્શન થાય અને આત્માને આનંદની પ્રાપ્તિ થાય, એવા પ્રયોજનને કારણે... આહા... ! પ્રયોજન તો સુખનું છે આનંદનું. તો ઈ આનંદનું પ્રયોજન સિદ્ધ કેમ થાય ? આનંદનું પ્રયોજન પ્રગટ કેમ થાય ? કે ઈ

" પ્રયોજનને વશે " આનંદને પ્રાપ્ત કરવાના હેતુએ, " નયને મુખ્ય ગૌણ કરીને કહે છે " અહીં. એ નિશ્ચયને, મુખ્યને નિશ્ચય કહીને તે સત્ય છે એમ કીધું. આહાહા ! ત્રિકાળ, ભૂતાર્થ વસ્તુ છે તે જ મુખ્ય છે, અને તેને નિશ્ચય, નિશ્ચય તો ત્રણેય દ્રવ્ય ગુણ પર્યાય નિશ્ચય છે. કેમ કે સ્વ છે માટે નિશ્ચય ને પર છે માટે વ્યવહાર.

પણ, અહીંયાં એથી બીજી વાત લેવી છે. અહીંયા તો મુખ્ય જે ચીજ ત્રિકાળી છે તેને નિશ્ચય કહીને ' તે જ છે ' એમ કહીને, એને મુખ્યપણે સિદ્ધ કર્યું છે. અને પર્યાયને–ગુણભેદને ગૌણ કરીને ' છે છતાં ' ગૌણ કરીને તે ' નથી ' તેમ કહેવામાં આવ્યું છે. અભાવ કરીને નહીં, અહીં એમ નથી. આંહી અસત્યાર્થ કહ્યું પણ એનો અર્થ આવો નથી. કે ' નથી જ ' એમ નથી. ગૌણ કરીને ' નથી ' વ્યવહારનો વિષય અને વ્યવહાર એમ કહ્યું છે.

અરે આવું એકે એકમાં કોને નવરાશ છે ? એક તો સંસારના પાપના ધંધા આખો દિ ' આ રળવું ને ભોગ ને વિષય ને પૈસા ને દુકાનને સાચવવાને આ દાક્તરપણાના ને આ વકિલાતને... એકલા પાપના ધંધા આખો દિ ' હવે એમાં ધરમ તો ક્યાં 'ય રહ્યો, પુણ્યે ' ય ક્યાં ' ય રહ્યું. આહાહા ! પુણ્ય તો હજી ચાર પાંચ કલાક સત્ સમાગમ કરે સત્ સમાગમ કોને કહેવો ? એને ઓળખે અને એનો સમાગમ કરે, વાંચન બે ચાર પાંચ કલાક કરે તો પુણ્યે ય થાય, પુણ્યે ય થાય. આહાહા ! ધરમ તો પછી.

( શ્રોતાઃ ) ધરમ તો બહુ કઠણ કરી દીધો છે.

( ઉત્તરઃ ) વસ્તુ એવી છે બાપુ.

( શ્રોતાઃ ) રૂપિયા ગરીબોને આપે એટલે પુણ્ય થાય.

( ઉત્તરઃ ) ધૂળમાં ય નહીં. કરોડો આપેને, વિશેષમાં તો એવું છે કે આ કરોડ મેં આપ્યા, મારા માનીને આપ્યા છે તે મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વ સેવે છે. કહો મહાન પાખંડ સેવે છે પૈસો છે જડ અજીવ, ભગવાન આત્મા જીવ. તે અજીવ મારા છે એમ માનીને આપે તો એ મિથ્યાત્વને સેવે છે. ભલે અંદર રાગની મંદતાનો કોઈ ભાવ હો, તો મિથ્યાત્વસહિત એને પુણ્ય બંધાય પાપાનુંબંધી. આહાહા ! આવું છે.

( શ્રોતાઃ પૈસા કોઈના નથી ને હું આપું છું ! ) આપું છું એમ કીધું ને ? આપી શકે છે ક્યાં ઈ ? પર ચીજને લઈ શકે કે છોડી શકે ઈ આત્મામાં છે જ ક્યાં ? એનામાં ગુણ તો ( છે એક ) ત્યાગ ઉપાદાન શૂન્યત્વ શક્તિ એનો ગુણ તો એવો છે, પ્રભુનો ચૈતન્યનો કે પરનો ત્યાગ કે પરનું ગ્રહણ, એનાથી તો રહિત એનો સ્વભાવ છે. પરનો ત્યાગ કરું ને ગ્રહણ કરું એ સ્વરૂપમાં છે જ નહીં. આહાહા ! આવું છે. દુનિયાથી તો વિરુદ્ધ છે ભઈ !

( શ્રોતાઃ તો ગુરુદેવ ઈ કઈ રીતે આપી શકે આ પૈસા મારા નથી, હું આપી શકતો નથી, હું લઇ શકતો નથી, તો કઈ રીતે ઈ વ્યવહાર કેમ ચાલે ? ) કોણ કહે છે ? વ્યવહાર તો ઈ વિકલ્પ આવ્યો એ વ્યવહાર છે. વિકલ્પ આવ્યો એ વ્યવહાર, એ પણ હેય છે. આ તો જુદી જાત છે બાપા વાતું ! આહાહા ! ત્રણલોકના નાથ, વીતરાગ પરમાત્મા. આહાહા ! અકષાયી કરુણાથી પરમાત્મા જગતને કહે છે. અકષાયી કરુણા હોં ! હેં ! આહાહા ! ભગવંત્ ! સાંભળ તારા ઘરની વાત પ્રભુ ! આહાહાહાહા ! તારી પ્રભુતા પૂરણ છે તેને દેખનારી નયને સાચી કહીએ છીએ. કેમકે સાચો

પૂરણ સત્ય સાહેબ પડયો છે, આહા ! અને ભેદને અને પર્યાયને, દયાદાનના વિકલ્પને જે નય જાણે છે તે નયને અમે જુઠ્ઠી કહીએ છીએ, ગૌણ કરીને જુઠ્ઠી કહીએ છીએ. આને મુખ્ય કરીને સત્ય કહીએ છીએ. આહાહાહાહા !

આપણે તો આ આવી ગયું છે. આ બધું પણ, આ લોકો માટે રામજીભાઈ કહે... ( શ્રોતાઃ અમારે માટે છે ) હેં ? તમારે માટે ! આહાહા ! આ તો વિષય અલૌકિક છે બાપા. આહા ! અતીન્દ્રિય આનંદ આદિ અનંતગુણનું એકરૂપ એવું જે દ્રવ્ય નિત્ય, તે જેનો વિષય છે દર્શનનો અથવા શુદ્ધનયનો, આહાહા ! તેને અહીંયાં સત્ય કહીને, ભૂતાર્થ તે જ છતો પદાર્થ છે. અને ભેદને-પર્યાયને અવિદ્યમાન કહીને નથી કહીને, જૂઠો છે એમ કહ્યું. આહાહા ! એનો આશય આ. કે અભેદમાં દૃષ્ટિ પડતાં, ભેદ દેખાતો નથી. માટે તે ભેદને અવિદ્યમાન કહેવામાં આવે છે. આહાહાહાહા !

પ્રયોજનવશ ! સુખ ને શાંતિની પ્રાપ્તિના હેતુએ, આહાહાહા ! અતીન્દ્રિય સુખની પ્રાપ્તિના વશ, પ્રયોજનવશ, પ્રયોજન જીવને સુખનું છે. જીવને આનંદ પ્રાપ્ત થાય, સુખ પ્રાપ્ત થાય એ એનું પ્રયોજન છે. એ પ્રયોજનને વશ, જેનાથી આનંદ પ્રાપ્ત થાય, એવા ત્રિકાળી ભૂતાર્થને સાચો કહ્યો અને જેના આશ્રયે આનંદ ન થાય પણ દુઃખ થાય એવા ભેદને પર્યાયને વ્યવહાર ગણીને અસત્ય, ગૌણ કરીને અસત્ય કહ્યો. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! આવું છે. પોણો કલાક તો થઈ ગયો ! આમાં તો યાદ કેટલું રહે આમાંથી ?

હવે કહે છે પ્રયોજનવશ નયને મુખ્ય ગૌણ કરીને કહે છે. અહીં ! અહીં હોં ! અહીંયા ! હવે એમ કેમ કહ્યું ? કે પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે. આહાહાહા ! ગુણભેદ, પર્યાયની દૃષ્ટિ પર્યાય ઉપર દૃષ્ટિ. ભલે ઈ એક સમયની પર્યાયને ઈ જોઈ શકે નહીં, કારણ એક સમયની પર્યાય ને જોવા જાય તો ઉપયોગ સૂક્ષ્મ ઘણો થઈ જાય, પણ એની દૃષ્ટિમાં દ્રવ્યસ્વભાવ નથી, તેથી તેને દૃષ્ટિમાં પર્યાય છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આહાહાહા !

નહિ તો પર્યાય છે તો એક સમયમાં અનંતી, અનંતગુણની. પણ ઈ અનંતગુણની અનંતીપર્યાયની મુદત એક સમયની. હવે એક સમયની મુદતની પર્યાયની દૃષ્ટિ કરવા જાય તો તો એક સમય પકડાય જાય તો તો ઉપયોગ થઈ ગયો શુદ્ધ. પણ... એને દૃષ્ટિનો વિષય જે ત્રિકાળ છે એ નથી, એથી તેની દૃષ્ટિ ભેદ ને પર્યાય ઉપર છે, તેથી પર્યાયદૃષ્ટિવાળો કહેવામાં આવે છે. આહાહાહાહા !

પ્રાણીઓને, આંહી પ્રાણીઓ શબ્દે બહુવચન લીધાં. ઘણાં પ્રાણીઓને તો, ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિકાળથી જ છે એ તો. આહાહાહા ! એક વાત. ભેદરૂપ વ્યવહારનો પક્ષ, આશ્રય-અવલંબન, એ જ છે એવો પક્ષ તો અનાદિનો છે. અને એનો ઉપદેશ પણ બહુધા ઉપદેશ ‘ પણ ’ એમ કેમ કહ્યું ? કે એક તો આ અને બીજું આ. એક તો અનાદિનો એને ભેદરૂપ વ્યવહારનો પક્ષ છે એક, અને એનો ઉપદેશ પણ બીજું, પણ તેથી લેવું પણ બીજું. બીજો બોલ આ પણ છે એની હારે કે બહુધા સર્વ પ્રાણીઓ-ઘણાં સર્વપ્રાણીઓ આત્માઓ પરસ્પર ઉપદેશ કરે છે, એ જ કરે છે. દાન કરવું વ્રત કરવા-વ્યવહાર કરવો તપ કરવા, પૂજા કરવી, એ કહેનારા

કહે છે ને સાંભળનારા ખુશી થાય છે. પરસ્પર વ્યવહારનો ઉપદેશ કહેનારા બધાં ઘણાં આવા છે. કહો સમજાણું કાંઈ... ?

ઓલા કહેનારા કહે કે... નિશ્ચય, નિશ્ચય વાતું કરે પણ વ્યવહાર વિના નિશ્ચય થાય ? એમ કરીને વ્યવહાર વ્રત કરો તપ કરો દાન કરો સેવા કરો, પાંજરાપોળ બનાવો, ભૂખ્યાને આહાર દો, તરસ્યાને પાણી દો, રોગીને ઔષધ દો, રહેનારને સ્થાન આપો, એવો ઉપદેશ અજ્ઞાનીઓ કરે છે અને સાંભળનારાઓ એને પ્રસન્ન ( પસંદ ) કરે છે. અહાહા !

પહેલો બોલ તો ઈ લીધો કે ભેદનો પક્ષ અનાદિનો છે અને એને ઉપદેશકો પણ એવા જ મળે છે બધા. આહાહાહાહા !

ઉપદેશ પણ બહુધા, બહુધા, સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. માંહોમાંહે એ જ વાતું અને એ જ વાતની પુષ્ટિ કરે છે બસ. આહાહા ! સેવા કરવી જોઈએ, દુઃખીને, દુઃખી પ્રાણી છે એને દેખીને અનુકંપા ન આવે અને અનુકંપા આવે તો એને આહાર પાણી દેવાનો ભાવ ન થાય ? માટે કરવું જ જોઈએ. ( શ્રોતાઃ પર સેવા તો ગહન વિષય છે ) ધૂળેય નથી, પર સેવા એટલે આત્માની સેવા. પર એટલે પ્રધાન એવો ભગવાન આત્મા એની સેવા. પર એટલે આ નહીં. આહાહા !

ઈ ઈ એનો જ અર્થ કર્યો. પૂર્ણાનંદના નાથની સેવા સ એવ, સેવા એટલે સ એવ, સે.. વા, સ એવ. ત્રિકાળી આ જ તે આત્મા પૂર્ણાનંદ એની પ્રતીત ને સેવા દુર્લભ છે. આંહી તો વિષય બધો ફેર છે.

એવું છે વસ્તુ સ્વરૂપ એવું છે ( શ્રોતાઃ આ સેવા યોગ્ય આત્મા જ ) હા... ! અરે ! આંગળીને હલાવી શક્તો નથી ને પ્રભુ. જુઓને આ તો જડ છે. આ હાલે છે ઈ એને કારણે આ તો ( આંગળીઓ ) તો જડ છે. આત્મા એને હલાવી શકે એમ માનવું એ મિથ્યાભ્રમ છે અજ્ઞાન છે અને એ બીજાને દવા આપે ને આહાર આપે ને.

( શ્રોતાઃ દાક્તરોએ દર્દીઓને ભૂંગળી મૂકવી કે નહીં ? નાડી જોવી કે નહીં ? ) કોણ જુએ છે ? એને વિકલ્પ આવે ફક્ત, એ ક્રિયા તો જડની છે. દુનિયાથી જુદી જાત છે બાપા વીતરાગનો મારગ. આહાહા ! પરમેશ્વર ત્રિલોકનાથ ! આહાહા ! સર્વજ્ઞ ! સાક્ષાત્ બિરાજે છે પ્રભુ ! મહાવિદેહ સીમંધરભગવાન તો બિરાજે છે, મહાવિદેહમાં. આહાહા ! આ એની આ વાણી છે બધી. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા ’તા ત્યાંથી લાવ્યા, આ એની વાણી છે. આહાહા ! ભગવાનનો આ સંદેશ છે પ્રભુ ! આહાહા ! તારી પૂરણ પ્રભુતાને સંભાળ ! પ્રભુ એમાં તને આનંદ આવશે... તું પર્યાય ને રાગ ને પરની સંભાળ કરવા જઈશ પ્રભુ તને દુઃખ થશે, રાગ થશે દુઃખ થશે. આહાહા !

એમ પ્રભુનું ફરમાન છે. ત્રણ લોકના નાથની આ આજ્ઞા અને હુકમ છે. પ્રભુ ! તારે સુખનું પ્રયોજન છે, તો સુખનું પ્રયોજન તો પ્રભુ, જેમાં સુખ છે તેમાં દૃષ્ટિ આપ તો સુખ થશે. આ સુખ એમાં છે ? પરની સેવામાં સુખ માને છે તે એ તો રાગ છે, રાગ છે તે દુઃખ છે. આહાહા ! આકરું કામ છે બાપુ !

બહુધા પ્રાણીઓ પરસ્પર કરે છે. જોયું ? પરસ્પર કરે છે. કહેનારાઓ પણ સંખ્યામાં ઘણાં,

સાંભળનારાઓ સંખ્યાઓમાં ઘણાં. પ્રાણભાઈ ! આ પ્રાણ છે હોં. ઓલા પ્રાણ તો બધાં ખોટાં છે આ બધા. આહાહા ! ચૈતન્યના ભાવપ્રાણ આનંદના પ્રભુ ! એને સત્ય કહીને તે જ છે એમ સિદ્ધ કર્યું અને પર્યાય, રાગાદિ ' છે ' છતાં તેને અસત્ય કહીને જુદો કરીને ગૌણ કરીને ' નથી ' એમ કહ્યું. એનો હેતુ આ કે સુખનું પ્રયોજન તને હોય, તો તારે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવી પડશે, અભેદ ઉપર દૃષ્ટિ દેતાં તને સુખ પ્રગટશે. ભેદ અને પર્યાય ઉપર દૃષ્ટિ આપતાં પ્રભુ તને રાગ થશે, તને દુઃખ થશે તું દુઃખની આકુળતામાં વેદાઈ જઈશ પ્રભુ. આહાહા !

બે થયાં. હવે " જિનવાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી ઘણો કર્યો છે. " આહાહાહા ! કેમ કે નિશ્ચય સ્વરૂપ જે ભગવાન આત્માનું દર્શન જ્ઞાન થાય, ચારિત્ર એની સાથે વ્યવહાર હોય. છે દયા ને દાન ને વ્રતનો એવો વ્યવહાર હોય છે, એનો ઉપદેશ વ્યવહારનો પણ ભગવાને ઘણો કર્યો છે. આહાહા ! સમજાણું કાંઈ ?

સમકિતના આઠ આચાર, જ્ઞાનના આઠ આચાર, ચારિત્રના આઠ આચાર વ્યવહાર એ બધાનું વર્ણન ભગવાને કર્યું છે. છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ ?

પણ... ઈ જિનવાણીમાં જે ઉપદેશ આ વ્યવહારનો આવ્યો. આહાહાહાહા ! હસ્તાવલંબનો અર્થ નિમિત્ત લેવો સહાયકનો અર્થ હારે છે એમ લેવું; નિશ્ચયની હારે એવો વિકલ્પ રાગનો હોય છે, એમ નિમિત્ત તરીકે સહચર તરીકે જાણીને એવો ઉપદેશ વીતરાગની આજ્ઞામાં વ્યવહાર આજ્ઞામાં આવ્યો છે. પણ એનું ફળ સંસાર છે.

( શ્રોતાઃ ઉપદેશમાં સાધન સાધ્ય કહ્યું. ) ઈ સાધન સાધ્ય કહ્યું. પણ નિમિત્ત સાધનનું જ્ઞાન કરાવ્યું છે. સાધન તો એક જ છે. ઈ જ કીધું આ, જે સાધન વિકલ્પ હોય છે એનું જ્ઞાન કરાવવા, એને વ્યવહારનો ઉપદેશ સ્થાપ્યો, પણ છે એનું ફળ સંસાર. આહા... હા !

વિશેષ કહેશે... ( પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૪૪ ગાથા - ૧૧ તા. ૨૬-૭-૭૮ બુધવાર, અષાઢ વદ-૭ સં. ૨૫૦૪

સમયસાર, ( ગાથા ) અગિયારમીનો ભાવાર્થ, આંહીથી ફરીને લઈએ. પ્રાણીઓને છે ? શું કહે છે, જરી બહુ... અહીંયાં વ્યવહારને જૂઠો કહ્યો એનો અર્થ ઈ થ્યો કે પર્યાય એમાં નથી. અને દ્રવ્યને વસ્તુ ત્રિકાળીને સત્ય કીધી ને પર્યાયને ગૌણ કરીને જુઠી કહી દીધી. હવે એને પ્રયોજન તો ઈ કે દ્રવ્યદૃષ્ટિ કરાવવા પર્યાય છતી છે, છતાં અભેદને દેખવામાં ભેદ દેખાતો નથી. માટે તે ભેદને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે.

હવે અહીંયા કહે છે. પ્રાણીઓને, છે ? ભેદરૂપ વ્યવહારનો પક્ષ, એટલે ? એક સમયની જે અવસ્થા છે અને તેમાં જે રાગ થાય છે, એ ભેદનો પક્ષ છે. સમજાય છે કાંઈ ? અહીંયા અભેદને મુખ્ય કરીને ભેદને ગૌણ કરીને ' નથી ' કહ્યું; એમાં પ્રયોજન દ્રવ્યને, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા, દ્રવ્યનો આશ્રય લેતાં, તે પ્રયોજન સિદ્ધ થાય છે. માટે તે દ્રવ્યને અભેદ કહીને, પર્યાય એમાં હોવા છતાં, ભેદ અવસ્થા હોવા છતાં, તેનું લક્ષ છોડાવવા, ગૌણ કરીને નથી કહેવામાં આવ્યું છે.

હવે અહીંયા, ભેદ " પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે. " એ

પર્યાયનો જે ભેદ છે ત્રિકાળમાં વર્તમાન, એની બુદ્ધિ અનાદિ કાળથી, પર્યાય બુદ્ધિ–ભેદબુદ્ધિ તો અનાદિની જ છે. સમજાણું કાંઈ ?

અને, સાતમી ગાથામાં એમ કહ્યું, કે ભેદ ઉપર લક્ષ જશે તો તેને રાગ થશે. માટે તેને અભેદ એકલો જ્ઞાયક સ્વભાવ છે તેની દૃષ્ટિ કરતાં, તેને સમ્યગ્દર્શન જ્ઞાનાદિ થશે. અને ભેદનું લક્ષ પર્યાયનું લક્ષ કરવા જશે, તો રાગી પ્રાણી છે માટે ભેદનું લક્ષ કરવા જતાં રાગ થશે. ભેદનું લક્ષ કરવા જતાં રાગ થતો હોય તો કેવળી પણ ભેદ અભેદ ચીજને બરાબર જાણે છે. ઝીણી વાત છે ! આહાહા !

કેવળજ્ઞાની પણ, ત્રિકાળી અભેદને પણ જાણે છે અને પર્યાયનો જે ભેદ છે એ પણ કેવળી તો જાણે છે. ભેદને જાણતાં રાગ થતો હોય તો તો કેવળીને રાગ થવો જોઈએ, પણ આંહી સરાગી પ્રાણી છે સાધકમાં છે એને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરાવતાં, એનું પ્રયોજન જે સુખ ને શાંતિ છે એ પ્રાપ્ત થાય છે. એ માટે ભેદ એનામાં હોવા છતાં, ભેદને ગૌણ કરીને નથી કહ્યું છે. સમજાણું કાંઈ ?

અને મોક્ષમાર્ગ ( પ્રકાશક ) માં સાતમા અધ્યાયમાં, આત્માને ભેદાભેદ કહ્યો નથી. એણે તો અભેદ કહ્યો છે. એ પરથી જુદો છે ને પોતાના ગુણપર્યાયથી અભેદ છે, એમ બતાવવું છે ત્યાં. સમજાણું કાંઈ ? પર્યાય અને દ્રવ્ય વસ્તુમાં છે. પણ એને ત્યાં મોક્ષમાર્ગ ( પ્રકાશક ) માં તો સાતમા અધ્યાયમાં ૨૫૬ પાના પછી ૨૫૭ પાને વસ્તુને અભેદ કીધી. અભેદ એટલે ? એ વસ્તુ છે આત્મા, એના ગુણ ને પર્યાય બધા એક મેક પરથી ભિન્ન છે, અને પોતાથી સ્વભાવથી અભિન્ન છે. ઈ ભાષા વાપરી છે ને ? આરે ! આવી અપેક્ષાઓ હવે.

કે વસ્તુને... મોક્ષમાર્ગ ( પ્રકાશક ) માં એમ કહે, ટોડરમલ્લજી ! કે વસ્તુ છે એ અભેદ છે. એમાં જ્ઞાન દર્શન ચારિત્રની પર્યાયના ભેદ કરવા, એ ભેદ નથી, એને સમજાવવા ભેદ કહ્યો છે. કેમકે જે જ્ઞાન દર્શન ચારિત્રથી પ્રાપ્ત આત્મા થાય, એને ( જ્ઞાનદર્શન ચારિત્રને ) પ્રાપ્ત કરે માટે તેને ભેદથી કથન ( કર્યું છે ). પણ વસ્તુ ભેદરૂપ નથી, વસ્તુ તો ઈ દર્શન જ્ઞાન ચારિત્રની પર્યાય સહિત આત્મા અભેદ છે.

જરી ઝીણી વાત છે ભઈ ! આ તો આ ભેદ ઉપરના વિચાર આવતાં, શું કહે છે ? આંહી કહે છે કે પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી છે, પર્યાય ઉપર દૃષ્ટિ એની ભેદરૂપમાં તો અનાદિની છે એમ કહે છે. સમજાણું કાંઈ ? અને મોક્ષમાર્ગ ( પ્રકાશક ) માં એમ કહ્યું કે વસ્તુ અભેદ છે પર્યાય સહિત તે જ વસ્તુ છે, પર્યાય ભેદ અને દ્રવ્ય અભેદ એમ છે નહીં. ત્યાં તો પરથી જુદું પાડીને, એના દ્રવ્ય ગુણ પર્યાયમાં અભેદને વસ્તુ કીધી છે. અને અહીંયા જે છે એને ગુણ અને પર્યાયો જે છે. એ ત્રિકાળની અપેક્ષાએ, એક સમયની પર્યાય ભેદરૂપ છે. આહા !

ત્રિકાળ ( વસ્તુ ) છે તે વસ્તુ અભેદ છે ધ્રુવ અને પર્યાય છે તે તેનો ભેદ છે અને તે ભેદનો પક્ષ તો અનાદિનો છે પ્રાણીઓને. આહાહા ! તેથી એ પક્ષ છોડાવવા, વસ્તુ ભેદરૂપ નથી, એટલે વ્યવહાર નથી, પર્યાય નથી–એમ કહીને ત્રિકાળી આત્માનો આશ્રય લઈને, સમકિત ને સુખની પ્રાપ્તિ થાય, એ પ્રયોજને વ્યવહાર ને પર્યાયો જે છે ભેદ, એ નથી એમ કહ્યું છે.

ભારે... આકરી વાતું ભાઈ ! આહા ! અને સાતમી ગાથામાં કહ્યું કે ભેદનું લક્ષ કરશે, તો રાગ થશે. આંહી પણ ભેદને ગૌણ કરીને ભેદને કાઢી નાખ્યો. સમજાણું કાંઈ ? અને સોળમી ગાથામાં પણ દર્શન, જ્ઞાન, ચારિત્રને સેવવાં એમ કહ્યું. એ ત્યારે ખુલાસો કર્યો કે લોકો પર્યાયથી સમજે છે માટે એ રીતે સમજાવ્યું છે. બાકી દર્શન જ્ઞાન ચારિત્રનો ભેદ, એ તો પર્યાયનય ને વ્યવહારનયનો વિષય છે. આરે... આરે... ! સમજાણું કાંઈ... ?

ત્યાં પર્યાયને એની અભેદ વસ્તુ છે એ પોતાના સ્વભાવથી અભિન્ન છે / ને ગુણપર્યાયથી પણ અભિન્ન છે. એમ કહેવું છે મોક્ષમાર્ગ પ્રકાશમાં.

જે પર્યાયને નથી માનતો એને નહીં, પણ માને છે તે પર્યાય ને દ્રવ્ય ગુણ અભેદ-એકાકાર છે. તેથી વસ્તુ અભેદ છે એમ કીધી. આરે ! અને સાતમી ગાથામાં, વસ્તુને અભેદ કહીને, ગુણ ને પર્યાયો ભેદ છે તેના ઉપર લક્ષ જશે તો રાગ થશે, માટે જ્યાં સુધી સરાગી પ્રાણી છે, તેને અભેદની મુખ્યતા કરાવવા, અભેદની દૃષ્ટિ ને અભેદનો આશ્રય લેવા, ભેદનું લક્ષ કરતાં રાગ થાય છે માટે ભેદનું લક્ષ છોડો ! આહાહા !

અને સોળમી ગાથામાં પણ એમ કહ્યું, કે જે દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એ વ્યવહારનયનો વિષય છે ને મલિન છે એ મેચક છે. ઝીણી વાત છે ભાઈ ! આ તો જરીક ભેદનો પક્ષ છે-વ્યવહારનો પક્ષ એ પર્યાય છે. છતાં એનો પક્ષ છે, એ ખોટો છે એમ આંહી સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? વસ્તુ છે ઈ એકરૂપ અભેદ છે. એમાં જે પર્યાય છે એ ભેદ છે. આહાહાહા ! છે પર્યાય એની, એ અવસ્તુ નથી, છે વસ્તુ પણ... ત્રિકાળમાંથી પર્યાયનો અંશ ભેદ છે અને ભેદનું લક્ષ, રાગી પ્રાણી છે માટે રાગ ઉત્પન્ન થાય, માટે ભેદનો પક્ષ છોડાવ્યો છે. સમજાણું કાંઈ... ? આહાહા ! આવા પ્રકાર છે.

એ લીધું ફરીને, પ્રાણીઓને એટલે ઘણા જીવોને ભેદ એટલે પર્યાયનો એટલે વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી છે. સમજાણું કાંઈ ? મોક્ષમાર્ગ ( પ્રકાશક ) કહે કે પર્યાય અભેદ છે, ભેદ નથી, ઈ પરથી જુદું પાડી ને પોતાના સ્વભાવ ગુણ પર્યાયથી અભિન્ન છે એટલું ત્યાં બતાવવું છે. સમજાણું કાંઈ ? અને અહીંયાં ને સાતમી ગાથામાં ને સોળમીમાં ઈ ત્રણેનું આ લક્ષ છે. કે ભેદ પર્યાય છે ખરી જીવમાં પણ એ ભેદનું લક્ષ કરવા જશે તો રાગ થશે. અને સુખનું પ્રયોજન છે, સમકિતનું પ્રયોજન છે, એ પર્યાયને લક્ષે પ્રયોજન સિદ્ધ થશે નહીં. આહાહા ! આવી વાતું છે.

પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે. એ પર્યાય છે ઈ ભેદ છે. ત્રિકાળ દ્રવ્યની મુખ્યતાની અપેક્ષાએ, પર્યાય છે તે ગૌણ કરીને નથી કહ્યું, કેમ કે એનો પક્ષ કરે છે એને રાગ થાય છે ને અનાદિનો પક્ષ છે. પર્યાયનો, વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જીવોને છે. સમજાણું કાંઈ ? એ છોડાવવા, પર્યાયને ગૌણ કરીને, નથી ભેદ કહીને નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહા !

અને એનો ઉપદેશ પણ બહુધા, છે ? એક તો એને પર્યાય ભેદનો પક્ષ તો અનાદિથી છે અને એવા ઉપદેશકો પણ એને એવા મળે છે કે વ્યવહાર કરવો, પર્યાયમાં રાગ વ્રત કરવાં, તપસ્યા કરવી, ભક્તિ કરવી. વ્યવહાર કરતાં કરતાં કલ્યાણ થશે, એવું કહેનારા અજ્ઞાનીઓ બહુધા, છે ? આહાહા ! ઉપદેશ પણ બહુધા ‘ પણ ’ કીધું ને એક તો ભેદનો પક્ષ છે અને એમાં

વળી ભેદનો ઉપદેશ દેનારાં પણ છે. આહાહા !

પર્યાયનાં લક્ષે એને વ્રત ને તપ ને આમ કરો, લક્ષ તો ત્યાં દૃષ્ટિ છે, આંહી દ્રવ્ય ઉપર તો દૃષ્ટિ છે નહીં. એવો ઉપદેશ, પરસ્પર માંહોમાંહે કરે છે. ઉપદેશ ‘ પણ ’, ‘ પણ ’ એટલે બીજો બોલ પહેલો બોલ તો અનાદિનો છે જ ઉપરાંત બીજો બોલ આ ઉપદેશ પણ બધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. આહાહાહા ! બે બોલ !

“ વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે ” – જિનવાણીમાં પણ દેવ ગુરુ શાસ્ત્રની ભક્તિ, વ્રત તપ આદિના ભાવો બતાવ્યાં છે. જિનવાણીએ પણ નિશ્ચય વસ્તુ જ્યાં છે. આત્માનો આશ્રય લઈને જ્યાં સમ્યગ્દર્શન જ્ઞાન થયું છે, એને રાગની મંદતાનો ભાવ ચોથે, પાંચમે કે છઠ્ઠે એવો મંદતાનો ભાવ આવે, આવે એને ઉપદેશ જિનવાણીમાં કહ્યો છે. કે જુઓ આવો વ્યવહાર ( સાધકોને ) હોય. એને વ્રત હોય, એને ભક્તિ હોય એને આ હોય એમ જિનવાણીમાં વ્યવહારનયનો ઉપદેશ હસ્તાવલંબ જાણી એટલે કે નિમિત્તરૂપે જાણી, નિશ્ચયના સ્વભાવના ભાનના કાળમાં એ વ્યવહાર સહચર સાથે દેખીને સહચર, સાથે દેખીને નિમિત્ત ગણીને, તેનો ઉપદેશ પણ જિનવાણીએ આપ્યો છે. ઘણો ઉપદેશ ઈ આપ્યો છે. આહાહા ! સમજાણું કાંઈ ?

દર્શન આચાર સમકિતના વ્યવહાર, જ્ઞાનના વ્યવહાર આચાર “ નિન્હવ ન કરવો ” વિનય કરવો વિગેરે. આહાહા ! જેની પાસેથી સાંભળ્યું છે તેને ન ગોપવવું એ બધો વ્યવહાર. એવો વ્યવહાર જિનવાણીમાં પણ આવ્યો છે. આહાહા ! ‘ હસ્તાવલંબ ’ નામ નિમિત્ત, ‘ સહાયક ’ નામ સાથે રહેનારો નિશ્ચયની સાથે વ્યવહાર ને રાગની મંદતાનો ભાવ હોય છે. એમ દેખીને નિમિત્તપણે દેખીને / જેને સ્વભાવના આશ્રયે અનુભવ દૃષ્ટિ થઈ તેના સાથે, સહચરપણે આવો રાગ મંદ હોય, એટલું જણાવીને જણાવ્યું છે પણ એનું ફળ સંસાર જ છે. આહાહા ! ત્રણેય, ભેદના પક્ષવાળાનુંય ફળ સંસાર છે, વ્યવહારનો ઉપદેશ કરે છે એક બીજા એનુંય ફળ સંસાર છે, અને જિનવાણીએ કહેલો વ્યવહાર એનું ફળ સંસાર છે.

ત્યારે કહે કે વ્યવહાર કહ્યો કેમ ? કે નિશ્ચય જે આત્મા આનંદ સ્વરૂપનો આશ્રય લઈને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર આદિ થયાં છે. એની પૂર્ણતા ન હોય ત્યારે રાગની મંદતા સહચર સાથે હોય છે, એમ ગણીને તેને પણ વ્યવહાર કહ્યો છે. પણ એ વ્યવહાર આદરણીય નથી. આહાહા ! સમજાણું કાંઈ ? વ્યવહાર છે ખરો એમ જિનવાણીએ કહ્યું. આહા ! પણ તે આદરણીય નથી એનું ફળ સંસાર છે. આહાહાહા !

( શ્રોતાઃ કરવા યોગ્ય તો છે ? ) કરવા યોગ્ય નથી. આંહીયા તો આવે છે સહચર દેખીને ઉપદેશ કર્યો છે. કરવા લાયક છે એવી બુદ્ધિ સમકિતીને હોતી નથી. આવી જાય છે વચમાં સહચર સાથે આવી જાય છે, એથી એનો ઉપદેશ કર્યો છે. પણ છે એનું ફળ સંસાર. આહાહાહા !

( શ્રોતાઃ અનાદિની છે ? ) અનાદિની પર્યાય બુદ્ધિ છે એમ કહે છે, અને પર્યાયબુદ્ધિનો ઉપદેશ, વ્યવહારનો માંહો માંહે કરે છે. વ્રત કરો ભક્તિ કરો તપ કરો દાન કરો તો એનાથી થાય, એવો ઉપદેશ કરે છે. એ મિથ્યાત્વ ઉપદેશ અને જિનવાણીમાં પણ નિશ્ચયના સ્વરૂપના ભાનના કાળમાં પણ, એવો રાગની મંદતાનો ભાવ આવ્યા વિના રહેતો નથી એવી રીતે જણાવ્યું છે. પણ

જણાવ્યું છે, છતાં એનું ફળ સંસાર છે. આહાહા !

હવે, આવું બધું સમજવું એણે. સમજાણું કાંઈ... ? સાતમી ગાથામાં તો આવી ગયું છે આપણે... શિષ્યે પ્રશ્ન કર્યો તો... કે પ્રભુ આ આત્મા છે. એમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એ તો એની પર્યાય છે એની વસ્તુ છે, એની પર્યાય છે એની વસ્તુ છે તેને તમે વ્યવહાર કેમ કહો છો ? કેમકે વ્યવહાર તો એને કહીએ, અવસ્તુને. અવસ્તુ એટલે ? કે એનામાં ન હોય, પર હોય તેને વ્યવહાર કહીએ અને આ તો દર્શન જ્ઞાન ચારિત્ર તો એનામાં છે. છે તો વસ્તુ છે. તો વસ્તુ છે એને વ્યવહાર કેમ કહો ? સમજાણું કાંઈ ? આહાહા ! આવો મારગ ઝીણો બહુ બાપુ ! આહા !

કે ભઈ, અમે એને વ્યવહાર કહ્યો છે. વસ્તુ તો એની પર્યાય છે. પણ રાગી પ્રાણી છે માટે, જ્યાં સુધી તે અભેદનું પૂર્ણપણું નહીં કરે, ત્યાં સુધી એને રાગને કારણે, ભેદ ઉપર લક્ષ જશે, તો રાગ થશે, બંધન થશે. આહાહાહા ! માટે તેને પર્યાયનાં ભેદને પણ નિષેધ કરીને, એકલો આત્માની દૃષ્ટિ કર એમ બતાવ્યું છે. આહાહા ! આરે ! અને સોળમી ગાથામાં પણ કહ્યું કે દર્શન જ્ઞાન ચારિત્ર સેવવાં મૂળ ગાથામાં. તો એ તો પર્યાય થઈ ભેદ થયો. કે ભઈ પર્યાયથી, ભેદ કીધો છે એનું કારણ ? કે લોકોને પર્યાયથી ને વ્યવહારથી સમજાવવું છે તેથી કહ્યું છે. બાકી પર્યાય એ આદરણીય નથી. ભેદ, એક દ્રવ્યનો એક અંશ જે વર્તમાન દશા એ આદરણીય નથી. આહાહા ! આવું વસ્તુનું ( સૂક્ષ્મ સ્વરૂપ ! ) હવે. સમજાણું કાંઈ ?

એ જ વાત અહીંયા અગિયારમી ગાથામાં લીધી છે. અગિયારમીમાં સાતમીમાં, સોળમી ગાથામાં જે કહ્યું એ શૈલી, આંહી લીધી છે. અને મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો પરદ્રવ્યથી જુદો પાડી, અને એનો જે સ્વભાવ, ગુણ ને પર્યાય એનાથી તે અભિન્ન વસ્તુ છે, પણ વસ્તુ તો અભેદ છે એમ કીધું અને સાતમી ગાથામાં વસ્તુ ભેદાભેદ છે એમ કીધું. ( શ્રોતાઃ સાચું ક્યું એમાંથી ? ) બેય. કઈ અપેક્ષાએ કીધું છે, કીધુંને ? કે ભેદાભેદ છે એમ કીધું છે એ વસ્તુનું સ્વરૂપ છે, અને ત્યાં જે અભેદ કીધું છે એ પરથી જુદું પાડીને, પોતામાં ગુણ ને પર્યાય છે, એટલું બતાવવા તેને અભિન્ન કહ્યું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

આ તો ભેદનો પક્ષ આવ્યો ને, તે ઉપરથી આ વિચારો આવ્યા બધા ઘણાં. ( શ્રોતાઃ સારા વિચારો આવ્યા છે. ) આ તો ભેદનો પક્ષ થ્યોને ? આહાહા ! પ્રભુ ! મારગડા વીતરાગના એવા કોઈ છે આ, અત્યારે તો ગોટો ઊઠયો છે મોટો. આહાહા ! સર્વજ્ઞનો પંથ વીતરાગતાનો સાર છે. તો વીતરાગતા થાય ક્યારે ? ભેદનો પક્ષ કરે, લક્ષ કરે તો વીતરાગતા ન થાય, તો રાગ થાય. સમજાણું કાંઈ ?

પંચાસ્તિકાયની એકસો બોંતેર ગાથામાં આવ્યું કે બધા શાસ્ત્રોનું તાત્પર્ય શું ? કે તાત્પર્ય વીતરાગતા. ચાહે તો ચરણાનુયોગ હોય કે કરણાનુયોગ હોય, દ્રવ્યાનુયોગ હોય કે કથાનુયોગ હોય, એ ચારેય અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. એ વીતરાગતા તો પર્યાય છે.

પણ, એ વીતરાગતા પ્રગટ કેમ થાય ? એનો અર્થ થયો કે એને દ્રવ્યનો આશ્રય લ્યે તો વીતરાગતા પ્રગટ થાય. પર્યાયનો આશ્રય લ્યે તો રાગ થાય. વીતરાગતા પ્રગટ થાય નહીં. આહાહાહા ! દેવીલાલજી ! આ તો ત્રણ, ચાર બોલ નીકળ્યા આમાંથી. આહાહા ! આહાહા !

જિનવાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો નિમિત્ત દેખીને / હસ્તાવલંબનો અર્થ

નિમિત્ત, સહચર બહુ કર્યો છે, બહુ કર્યો છે વ્યવહારનો ઉપદેશ શાસ્ત્રમાં ઘણો છે. કારણકે લોકો વ્યવહારથી સમજે છે. અને પર્યાયદૃષ્ટિને, પર્યાય છે એને સમજાવે છે. એટલે લોકો એ રીતે સમજે છે અને ઉપદેશ એવો ઘણો કર્યો છે. પણ એ બહુધા જિનવાણીએ પણ ઉપદેશ કર્યો જે વ્યવહારનો કે દર્શનના આઠ આચાર કરવા વ્યવહાર સમકિતના, જ્ઞાનના આઠ આચાર વ્યવહારે કરવા.

એ કાલ કહ્યું 'તું પ્રવચનસારમાં એમ આવ્યું છે કે હે દર્શનાચાર વ્યવહાર, તું મારું સ્વરૂપ નથી. ચરણાનુયોગની શૈલીમાં ત્યાં અધિકાર છે. ચરણાનુયોગમાં પ્રવચનસાર વ્યવહાર સમકિતના જે આઠ આચાર છે નિશંક–નિઃકાંક્ષ આદિ. વ્યવહાર જ્ઞાનના આઠ આચાર છે, ઉપધાન, ધ્યાન, વિનયથી ભણવું, અક્ષર ચોખ્ખા કરવા, એ બધો વ્યવહારનો ઉપદેશ કર્યો છે એને એમ કહે છે કે પ્રભુ, તું મારી ચીજ નથી. એમ સમકિતી કહે છે. તું મારી ચીજ નથી. પણ જ્યાં સુધી હું પૂરણ ન થાઉં, ત્યાં સુધી તારા પ્રસાદથી એટલે નિમિત્તની હાજરીમાં મારું કામ કરી લઉં મારાથી. આહા... હા ! સમજાણું કાંઈ ? આહાહાહા !

વીતરાગી શાસ્ત્રો અલૌકિક છે. એમાંય દિગંબર સંત, દિગંબર મુનિ અને દિગંબર ધર્મ એ તો સનાતન અનાદિ માર્ગ છે. વીતરાગનો અનાદિ મારગ આ છે, એવો મારગ બીજે–કોઈ સંપ્રદાયમાં, ક્યાંય છે નહીં. આહા ! શૈલી તો જુઓ શૈલી ! આહા ! જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ કર્યો છે ને આંહી વ્યવહારને અસત્ કહે છે. વ્યવહાર જૂઠો છે અને જિનવાણીમાં વ્યવહાર આવે છે એમ બતાવ્યું છે. એનું કારણ ?

કે નિશ્ચયનું–આત્માનું અવલંબન છે, નિશ્ચયથી સમ્યગ્દર્શન–જ્ઞાન થયાં છે. છતાં પૂરણ નથી એટલે રાગની મંદતા સમકિતના આઠ આચાર વ્યવહારના, જ્ઞાનના આઠ આચાર વિનય આદિ, ચારિત્રના આઠ આચાર પાંચ સમિતિ ગુપ્તિ વગેરે, એવો ભાવ ત્યાં હોય છે. હોય છે એમ જાણીને, જણાવ્યો છે એને જિનવાણીએ, પણ એનું ફળ બંધન ને સંસાર છે. આહાહાહા !

વીતરાગી મુનિ છે ને વીતરાગી સમકિતી છે, ચોથે ગુણસ્થાનથી સમકિત વીતરાગ છે. સમકિત સરાગ ફરાગ હોતું નથી. એ વીતરાગી સ્વરૂપ ભગવાન આત્મા એની દૃષ્ટિ કરતાં જે વીતરાગ સમકિતપણું થાય, એવા જીવને પણ સમકિતના વ્યવહારના આઠ આચાર આવે, જ્ઞાનના આવે. આહાહા ! એ ભક્તિ આદિનો ભાવ એને હોય એ ભગવાને જણાવ્યો. કે નિશ્ચયની સાથે આ હોય ! પણ એ હોય એનું ફળ સંસાર છે. આહાહા ! સમજાણું કાંઈ ? આવું અટપટું છે. આહાહા !

અહીંયાં વ્યવહારને જૂઠો કહ્યો અને નિશ્ચયને સાચો કીધો. નિશ્ચય એટલે ત્રિકાળી, ભૂતાર્થ, સત્, ધ્રુવ તે જ સત્ય છે અને પર્યાય તે અસત્ય છે એમ કીધી. એનો અર્થ પર્યાય કહો કે વ્યવહાર કહો કે એને ગૌણ કરીને લક્ષ છોડાવવા અને મુખ્યનું લક્ષ કરાવવા તે ત્રિકાળી સત્યાર્થ છે તે જ સત્ છે. અને વર્તમાનમાં ભેદ છે તે છે ખરો પણ તેનું લક્ષ છોડાવવા, તેને ગૌણ કરીને અભેદની દૃષ્ટિમાં તે ભેદ દેખાય નહીં, માટે તેને જૂઠો કહ્યો છે. આવી વાતું છે. આહાહા !

જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો / ઉપદેશમાં શુદ્ધનયના સ્વભાવની સાથે

હસ્તાવલંબ એટલે હાથને જેમ ટેકો મળે / આમ મેડીએ ચડે ને મેડી કહે ને ? આ લાકડાનો કઠોડો હોય છે ને ચડે છે તો આનાથી પોતાથી એ નિમિત્ત હોય લાકડું હોય ને લાંબુ હાથને અડે એમ હસ્તાવલંબ હાથમાં જેમ એ નિમિત્ત છે, એમ આ વ્યવહારને નિમિત્ત ગણીને, નિશ્ચયના સ્વરૂપના શ્રદ્ધા ને જ્ઞાન ને શાંતિ પ્રગટી છે, એને પૂર્ણતા નથી, માટે વચ્ચમાં આવો વ્યવહાર આવે. તેથી જિનવાણીએ વ્યવહારનો ઘણો ઉપદેશ કર્યો છે. એનો ( વ્યવહારનો ) ઉપદેશ તો ઘણો જ આવે ને ચરણાનુયોગમાં આવે. આહાહાહા !

પણ એ વ્યવહારનું ફળ, ભેદના પક્ષવાળા જીવો છે અનાદિના, એનુંય ફળ સંસાર અને માંહોમાંહે જે વ્યવહારનો ઉપદેશ કરે છે એનુંય ફળ સંસાર અને જિનવાણીએ વ્યવહાર કહ્યો એનુંય ફળ સંસાર. આરે ! આવી વાતું છે.

( શ્રોતાઃ જિનવાણીનું ફળ સંસાર હોય ? ) જિનવાણી ( માં ) કીધું ને કે વ્યવહાર વચ્ચમાં આવે છે એટલે જિનવાણીએ દર્શાવ્યો છે, કે આવું હોય ત્યાં આવું હોય ત્યાં આવું હોય, દર્શાવ્યો છે પણ એનું ફળ બંધન છે. આહાહા !

વસ્તુ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ પ્રભુ, આનંદ મંદિર ભગવાન. આહાહા ! ઓલા ભજનમાં કહેતા પોપટભાઈ ગાંધીજીને કાંઈ, આનંદ મંદિર ખોલો, એવું કાંઈક આવતું 'તુંને પોપટભાઈ ગાતા. બહારનું નહિ પણ આ આનંદ મંદિર અંદર. ભગવાન આત્મા ! અતીન્દ્રિય આનંદનો સાગર છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! પૂર્ણ શક્તિના સ્વભાવથી ભરેલો પ્રભુ છે. એ સર્વોત્કૃષ્ટ પ્રભુ આત્મા છે. એ આત્મા પોતે ભગવાન છે પરમેશ્વર છે, પ્રભુ છે, ઈશ્વર છે. આહા !

એ વસ્તુ કૃતકૃત્ય છે. આહા... હા ! વસ્તુને કંઈ કરવાપણું નથી એ તો વસ્તુ કૃતકૃત્ય છે. આહાહાહા ! એની દૃષ્ટિ કરાવવા એને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો અને પર્યાયને-રાગને ગૌણ કરીને નથી એમ કહ્યું છે. અભાવ કરીને નથી કહ્યું છે એમ નથી. જો પર્યાય ન જ માને તો વેદાંતની પેઠે મિથ્યાદૃષ્ટિ થઈ જશે અને પર્યાયથી ધરમ થાય એમ માને તો પણ મિથ્યાદૃષ્ટિ થાશે. આહાહા ! આવો મારગ વીતરાગનો, છે કે નહીં આંહી ? હેં ! પણ એનું ફળ સંસાર છે. આહાહાહા !

તેં પર્યાયનો ને રાગનો પક્ષ કર્યો છે અનાદિનો એ ય સંસાર છે. અને પર્યાયનો ને રાગનો ઉપદેશ કરે છે ને માંહોમાંહે આમ કરો, આમ કરો પાધરું કાંઈ થવાતું હશે ? સમ્યગ્દર્શન નિશ્ચયથી એકદમ થાય. પહેલા આ કંઈક વ્યવહાર સાધન દેવ ગુરુ શાસ્ત્રની ભક્તિ, પૂજા આદિ કરીએ અને જાત્રા પૂજા કરતાં કરતાં શાસ્ત્ર વાંચન ખૂબ કરો એવા વિકલ્પો આવે એનાથી હળવે હળવે લાભ થાય એવો જે ઉપદેશ કરે છે, એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહાહા !

અને ત્રીજો ( બોલ ) જિનવાણીમાં પણ નિમિત્ત દેખીને, આહાહા ! નિમિત્ત આદિનું જ્ઞાન કરાવવા... આહાહા ! એ ત્યાં સાતમા અધ્યાયમાં છે ને ? ( મોક્ષમાર્ગ, પ્રકાશક ) માં કે એ વ્યવહાર છે એને ગ્રહણ કરવાનું કીધું છે ને. વ્યવહારનયને ગ્રહણ કરવી, આ વ્રત ગ્રહણ કરવાને ફલાણું ને કીધું છે ને ? કે ભઈ ગ્રહણ કરવાનો અર્થ આદરવું એવો નથી. ગ્રહણ કરવાનો અર્થ જાણવાનો છે. આહાહા ! ટોડરમલ્લજીએ લખ્યું છે. સમજાણું કાંઈ... ? વ્યવહારનયે તો એમ કીધું કે વ્રત કરો ને, તપ કરો ને... ભક્તિ કરો ને.. અપવાસ કરો ને મંદિર બંધાવો ને... ! આહાહા ! પદ્મનંદિપંચવિંશતિમાં તો એવું કહ્યું છે, જે કોઈ પ્રતિમા એક આટલી પણ

સ્થાપે, આહાહા ! તો પણ એને સંઘવીની પદવી મળે કઈ અપેક્ષા ? બાપુ ! આહાહા !

સમજાણું ? આહાહા ! ત્યાં તો જણાવ્યું છે. કે સમકિતી છે આત્મજ્ઞાન છે આત્મ અનુભવ છે એને પણ પરમાત્માની મંદિર બને એ તો મંદિરને કારણે, પ્રતિમા સ્થપાય એ પણ જડની પર્યાય જડને કારણે, પણ આને એવો શુભભાવ આવ્યા વિના રહે નહીં. એટલો શુભભાવ આવ્યો છે એને વ્યવહાર તરીકે નિમિત્ત તરીકે ગણીને જણાવ્યો છે. પણ એ વ્યવહાર શુભ આવે છે વચમાં એનું ફળ સંસાર ને બંધન છે. આરે ! હેં ! ( શ્રોતાઃ આ વાત અહીંયા જ છે ) તો મોહનલાલજી આવ્યા શું કરવા કલકત્તેથી આંહી, આવે છે. આહાહા !

બાપુ મારગ બહુ જુદા ભાઈ ! આહા ! આ તો જનમ મરણ રહિત થવાની વાતું છે પ્રભુ ! આહાહા ! ( શ્રોતાઃ એનું ફળ સંસાર છે એમ કહેવાથી ભડકે છે ) લખ્યું છે ને પ્રભુ, જુઓને આંહીનું છે આ, આ તો જયચંદ પંડિતનું ( લખાણ–ભાવાર્થ છે ) ( શ્રોતાઃ આંહીનું જ છે ) આહાહા.. ! શાંતિથી સમજે તો... બરાબર બેસે એવી વાત છે. આહા... હા !

વ્યવહાર કહ્યો કેમ ત્યારે જિનવાણીમાં ? કહ્યું ને એ નિશ્ચયની સાથે આપણે આવ્યું છે ને સાતમા અધ્યાયમાં–મોક્ષમાર્ગ પ્રકાશકમાં કે નિશ્ચય સમકિત જેને આત્માને આશ્રયે થયું એને જે દેવ ગુરુ શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, સમકિતના આઠ આચાર, એ બધાને પણ સમકિત કહ્યું એ તો વ્યવહારથી સાથે દેખીને, છે તો રાગભાવ, શું કહ્યું ? આત્મા જે વસ્તુ છે ચિદાનંદ પરિપૂર્ણ પ્રભુ ! એની જેને અંતર અભેદ દૃષ્ટિ થઈ છે, અનુભવ થયો છે, એ સમ્યગ્દર્શન સત્ય છે. અને સાથે દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ વ્યવહાર સમકિત, જે રાગાદિના આચરણો, એ છે તો રાગ, પણ આ નિશ્ચય સમકિતની ( સાથે ) સહચર દેખીને, રાગને વ્યવહાર સમકિતનો આરોપ આપીને, વ્યવહાર સમકિત કહ્યું છે, એ વ્યવહાર સમકિત છે નહીં. આહાહા ! સાતમા અધ્યાયમાં આવે છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં કે નિરુપણ બે પ્રકારે છે, વસ્તુ બે પ્રકારે નથી. આહાહા !

એમ વ્યવહાર ને નિશ્ચયનું નિરુપણ બે પ્રકારે છે. આહાહા ! વસ્તુ બે પ્રકારે નથી, વસ્તુ તો જે નિશ્ચયને આશ્રયે થાય એ એક જ પ્રકારે છે. આહાહાહા ! શું શૈલી ! શું શૈલી ! દિગંબર સંતોની શું શૈલી ! ગજબ શૈલી ! ટૂંકા શબ્દોમાં પણ ગજબ વાતું છે. આવી વાત શ્વેતાંબરમાં નથી ને સ્થાનકવાસીમાં નથી. અન્યમતમાં તો છે જ ક્યાં ? આહાહા !

એને પણ... વાડામાં પડયા એને ય ખબર ક્યાં છે ? આહાહા ! સંતો કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આદિ ! એ સર્વજ્ઞના કેડાયતો ! આહાહા ! અને કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્યે તો એમ કહ્યું પાંચમી ગાથામાં, અમારા ભગવાન અરિહંત પ્રભુ એ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. પ્રભુ ! વીતરાગ ! એમના પછી ગણધર. એ પણ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. મગ્ન એકલા નહીં નિમગ્ન. મગ્ન તો સમકિતી ય હોય છે, પણ આ સંતો છે એ નિમગ્ન છે. પછી અમારા ગુરુપર્યંત. અમે છદ્મસ્થ છીએ પણ અમે ચોક્કસથી કહીએ છીએ કે અમારા ગુરુપર્યંત વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા એમ અમે કહીએ છીએ. આહાહાહા !

અને તેણે અમને ઉપદેશ આપ્યો આત્માનો, મહેરબાની કરી. આહાહા ! એમણે અમને આત્માનો ઉપદેશ આપ્યો, એનાથી અમારો નિજવૈભવ પ્રગટયો છે. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જે નિજવૈભવ આનંદ નિમિત્ત તરીકે એ હતા, કર્યું છે અમે પોતાથી, પણ એમાં

નિમિત્ત આ હતા. અને તે નિમિત્ત અમારા ગુરુ પણ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતાં. પંચમહાવ્રત ને નગ્નપણું છે એ કાંઈ મુનિપણું નથી. આહાહા ! છદ્મસ્થ મુનિ પંચમઆરાના પોતાના ગુરુ પણ વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે એવો નિશ્ચય કરી નાખ્યો ? ( શ્રોતાઃ પોતેય વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે. ) પોતે છે એ તો વાત જુદી છે, આ તો અમારા ગુરુ પર, અરિહંત પર, ગણધરથી માંડીને એની પરંપરા સુધી અમારા ગુરુપર્યંત વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા, એવા ગુરુએ અમને આ આત્માનો ઉપદેશ આપ્યો છે. આહાહાહા ! ગજબ વાત કરી છે ને ! ક્યાં આ વાત તો જુઓ.

અને એ અમારા નિજવૈભવથી અમને પ્રગટયો છે. આહાહાહા ! અમે પ્રભુ આત્મા આનંદ સ્વરૂપ છઈએ અમે પૂરણ જ્ઞાનસ્વરૂપ છઈએ. એવો અમારો દ્રવ્યનો આશ્રય લેતાં, અમને પર્યાયમાં નિજવૈભવ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને અતીન્દ્રિય પ્રચુર આનંદનું વેદન એ અમારો નિજ વૈભવ છે. આ ધૂળના વૈભવ એ નહીં. અરે રાગ અંદર થાય એ અમારો નિજવૈભવ નહીં એમ કહે છે. ટીકા કરતાં વિકલ્પ ઊઠયો છે એ અમારો નિજવૈભવ નહીં. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! વસ્તુની સત્યની સિદ્ધિ કઈ રીતે કરી. આહાહાહા !

ત્રણેય જણાનું ( બોલનું ) ફળ સંસાર ‘ જ ’ છે એમ કીધું. એકાંત કીધું, કથંચિત્ બંધન ને કથંચિત્ અબંધ. વ્રત, તપ, ભક્તિ, પૂજાના ભાવ આવે તો કથંચિત્ બંધનું કારણ ને કથંચિત્ અબંધનું કારણ એમ નથી કહ્યું.–સમકિતીને પણ જે આ ભાવ આવે, એ બંધનું કારણ છે એટલો સંસાર છે હજી. આહાહાહા ! અજ્ઞાનીને તો... શું કહેવું ? એને તો નિશ્ચયેય નથી અને વ્યવહારેય નથી.

જેને નિશ્ચય સ્વનો આશ્રય થયો છે, એને જે સહચર તરીકે વ્યવહારના રાગની મંદતા– જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર વિગેરે આવે છે. વ્રત, નિયમ, તપ, ભક્તિ ભગવાનનો વિનય આદિ એ હોય છે, સહચર દેખીને એનું જ્ઞાન કરાવ્યું છે ભગવાને, પણ એમાં જ્ઞાન કરાવ્યું માટે એનું ફળ, એ વસ્તુ છે એનું ફળ તો સંસાર છે. આહાહા !

વસ્તુ છે સ્વભાવ ! અનંત આનંદ, અનંત જ્ઞાન ને અનંત મહિમાવંત, અપરિમિત શક્તિનો સાગર પ્રભુ, મહાત્મા છે પરમાત્મા છે પ્રભુ છે ઈશ્વર છે, એવો જેનો દ્રવ્યસ્વભાવ છે. આહાહા ! એ જ સત્ય છે એમ કહીને, સમ્યક્ દૃષ્ટિ કરાવવા એને સત્ય કહ્યું છે. અને પર્યાયમાં ભાવ રાગ મંદ અને પર્યાય હોવા છતાં, અરે અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં, આહાહા ! તેને અસત્ય કહી, ગૌણ કરીને પેટામાં રાખીને / મુખ્યતા તો આની કરાવવી છે માટે એને પેટામાં રાખીને ગૌણ કરીને ‘ નથી ’ એમ કહ્યું છે. આહાહા ! સમજાણું કાંઈ ? કહો સુરેન્દ્રજી ! કલકત્તા ફલકત્તામાં મળે એવું નથી ન્યાં ક્યાંય. આહાહા !

વીતરાગ ! સર્વજ્ઞ પરમાત્માના વિરહ પડયા, પણ એમની વાણી રહી ગઈ અને સંતોએ જાહેર કરી જગતને. આહાહા ! પ્રભુ તું પ્રભુ છો ! એમ આચાર્યો પ્રભુ તરીકે બોલાવે છે. “ ભગવાન છો ” એમ બોલાવે છે, બોંતેર ગાથામાં સમયસાર. “ ભગવાન આત્મા ” ભગવાન સંતો ‘ ભગવાન ’ તરીકે બોલાવે છે. પ્રભુ ! તું ભગવાન છો ને પ્રભુ ! તારી પર્યાયમાં રાગ દ્વેષાદિ હોય એ તારી ચીજ નથી, તેમ તું એક સમયની પર્યાય જેટલો નથી.

આહાહા ! એવો જે ભગવાન આત્મા તે જ સત્ય છે, અને પર્યાય ને રાગાદિ, દેવ–ગુરુની શ્રદ્ધાનો રાગ આદિ એ બધો અસત્ય છે. એમ ગૌણ કરીને અસત્‌ કીધો છે. આંહી કીધું કે પોતે સહચર દેખીને જિનવાણીએ વાત કરી છે. આહાહા ! સમજાણું કાંઈ ? લ્યો આવી વાતું છે આ. આહાહા !

અરે ! એ વાત ક્યાં છે આવી બાપા ? ત્રણલોકના નાથ તીર્થંકરોએ કહેલું, કેવળજ્ઞાનના કેડાયતો દિગંબર સંતો એટલે કેવળજ્ઞાનના કેડે ચાલનારા કેવળ લઈને પત્તો લઈ લેવાના કેવળજ્ઞાનનો એ. આહાહા ! કેડી હોય છે ને ? પગદંડી કહે છે ને અમારે કેડો કહે છે. આહાહા ! એ એમ કહે છે, આ તો પંડિતજીએ ખુલાસો કર્યો છે.

વ્યવહાર અભૂતાર્થ કહ્યો અને ત્રિકાળને સત્ય કહ્યો, કેમ ? એનો ખુલાસો કરે છે. એમના ઘરનું કાંઈ કહેતા નથી, અંદર છે એનું સ્પષ્ટીકરણ કરે છે. આહાહા ! વ્યવહારને અસત્યાર્થ કેમ કહ્યો ? કે છે તો ખરો, પર્યાય છે. દયા, દાનના વિકલ્પો પણ છે. કે એ પક્ષ તો વ્યવહારનો તો અનાદિનો જગતને છે અને ઉપદેશ પણ ઘણાં પ્રાણીઓ બહુધા એ જ કરે છે અને જિનવાણીમાં પણ નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાનની ભૂમિકામાં સહચરરૂપે સાથે આવી વ્યવહાર દશા હોય છે, એથી ઉપદેશ જિનવાણીએ કર્યો છે. પણ ફળ તો ત્રણેયનું સંસાર છે. આહાહા !

આવું છે ( શ્રોતાઃ બહુ સરસ ) પરમ દિ ’ હાલ્યું ’તું, કાલે ય હાલ્યું ને આજેય આ હાલ્યું એ રામજીભાઈ કહે કે અમારા સારું લ્યો કાલે કહે તો આજ પાછું ફરીને આવ્યું આ.

આ તો ભેદપક્ષ આવ્યો ને. એકકોર ભેદપક્ષ છે એમ કીધું પર્યાય, એમ આંહી કહે છે કે– છે તો ખરી ! પણ ગૌણ કરીને તેને ‘ નથી ’ એમ કહ્યું, કેમ એમ કહ્યું ? કે ભેદનો પક્ષ તો જગતને અનાદિથી છે. અને ભેદની વાતું કરનારા પણ પરસ્પર ઉપદેશકો પણ એવા જગતને મળે છે અને સાંભળનારા પણ ખુશી થાય છે કે વાહ ! આ–આ–આ કરો. આહાહા !, આ ખરું ઓલા તો વ્યવહારની વાતો ય કરતા નથી માળા સોનગઢીયા તો, સોનગઢ પણ સોનગઢની ક્યાં છે આ વાત ?

પ્રભુ ! તારા ઘરની વાતું નાથ. પ્રભુ ! તારું ઘર અંદર મોટું છે. આહાહા ! અમારા મામા હતા બે સગા મામા નાના હતા. અને અમારા મામાના કાકાના દિકરા મોટી ઉંમરના ને પૈસાવાળા આ યે પૈસાવાળા તો મામાય હતા પણ ઓલા બહુ પૈસાવાળા ક્યારેક અમે કહીએ તો તે કહે તો અમારી મામી એમ કહે મોટે ઘરે પૂછો. મેં કીધું મોટું ઘર એટલે શું ? એ અમારા મોટા મામા હતા, બહુ પૈસાવાળા હતા મકાનો જમીનો બહુ, બધું ખલાસ થઈ ગયું અત્યારે મરી ગયાને દીકરીયે ન મળે પછી આમ પૈસાવાળા હતા. કહેતા અમારી મામી કહેતા સગી મામી, મોટે ઘરે ત્યાં મામા છે એને પૂછો... ત્યાં પૂછો મોટું ઘર છે એમ કહે.

એમ આ મોટું ઘર ભગવાન આત્મા છે. આહાહા ! નાનો ભાઈ આવ્યો હોય તો કહે ત્યાં મોટે ઘરે પૂછો એમ. આંહી મોટું ઘર તો ત્રણ લોકનો નાથ ચૈતન્ય બિરાજે છે નાથ ! આહાહા ! જેમાં અનંત અમૃત ભર્યા છે અનંત શાંતિ ભરી છે. આહાહા ! સ્વચ્છતા અનંતી, ઈશ્વરતા અનંતી ભરી છે. આહાહા ! એની દૃષ્ટિ કરાવવા એનો આશ્રય કરાવવા, પર્યાયને ગૌણ કરીને, એ ‘ છે ’ છતાં ‘ નથી ’ એમ કહ્યું છે. અને આ એક જ સત્યાર્થ છે એમ કહ્યું છે. આહાહા !

સમજાય છે કે નહીં ?

તમે નવા છો હજી તે પહેલા-વહેલા આવ્યા છો. તમારા દિકરાની વાત હાલે છે. ( શ્રોતાઃ બધાય આંહી તો નવા છે ) છે ને ભાઈ અમારે માણેકચંદજી એના નાના પહેલા વહેલા આવ્યા છે. આહાહા ! આવી વાતું બાપા ! આ તો તારા ઘરની વાત છે નાથ ! આહાહાહા ! તારા ઘરની છે. આહાહા !

તારા ઘર બહારનો વ્યવહાર આવે જ્યાં સુધી વીતરાગ નથી એટલે આવે એમ જણાવ્યું પણ છે વીતરાગે, પણ બાપુ ! એ વ્યવહારના ફળ તો બંધન છે. આહાહા ! સમયસાર નાટકમાં તો ત્યાં સુધી કહ્યું છે. કળશમાંથી લઈને કે મુનિઓને અંતર તો આનંદ ઊછળી ગ્યો છે સ્વસંવેદનનો આનંદ-આનંદ, પ્રચૂર ઊછળી ગ્યો છે, આહાહા ! એની ભૂમિકામાં પણ જે પંચમહાવ્રતાદિના વિકલ્પો આવે છે, એ જગપંથ છે. આહાહા ! એ જગપંથ સંસાર છે. આહાહાહાહા !

જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે ને એને જે રાગની મંદતા એની તો આંહી વાત છે જ નહીં. આહાહા ! મિથ્યાદૃષ્ટિપણે રહીને કોઈ રાગની મંદતાની ક્રિયા કરે તો ઈ વ્યવહારેય નથી ને નિશ્ચયેય નથી. બેય જૂઠા-ખોટાં છે. આહાહા !

પણ ભગવાન જાગ્યો છે અંદરથી... અતીન્દ્રિય આનંદનો નાથ સળવળીને જાગતી જ્યોત જેની દૃષ્ટિમાં-અનુભવમાં આવ્યો છે. આહાહા ! એને પણ જે રાગની મંદતા દેવ ગુરુ શાસ્ત્રની ભક્તિ, પંચમહાવ્રતના પરિણામ, શ્રાવકને બારવ્રતના પરિણામ આવે પણ એનું ફળ તો સંસાર છે ભાઈ ! આહાહાહા !

જેટલો સ્વદ્રવ્ય ત્રિકાળી ભગવાન એનો આશ્રય લઈને, દશા પ્રગટી તેટલો મોક્ષમાર્ગ છે. આહાહાહા ! આવું સત્ છે પ્રભુ !

માળે... પણ ટીકામાં વ્યવહારને અસત્ય જે કીધો એની સ્પષ્ટતા કરી છે આ. કે કેમ અસત્ય કીધો ? કે એક તો પક્ષ તો જગતને છે અને ઉપદેશકો પણ એવા જ બધાય છે ઘણાં, અને જિનવાણીમાં ય વ્યવહારનો ઉપદેશ ઘણો ય આવ્યો છે. ઈ તો આઠમી ગાથામાં કહ્યું ને ? આત્મા દર્શન જ્ઞાન ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા, એમ ભેદ પાડીને કહ્યું. પણ ભેદ છે નહીં એના સ્વરૂપમાં. ભેદ પાડીને કહ્યું પણ એ ભેદને અનુસરવાલાયક નથી એમ કહ્યું ત્યાં વળી. આહાહા ! સમજાણું કાંઈ ?

આહાહા ! એ હવે સવળાની વાત આવે છે. જે આંહી ભૂતાર્થ કહ્યો ને ત્રિકાળને, અને તે જ સત્ય કીધું અને તે જ આશ્રય કરવા લાયક છે. " એ શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી. " અનંતકાળ થયો, મુનિવ્રત ધારણ કર્યાં, " મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો. " એ પંચમહાવ્રત ને અઠાવીસ મૂલ ગુણ એ વિકલ્પ ને દુઃખ છે. આહાહા ! ગજબ વાતું ! આ કહે પંચમહાવ્રત પાળે તો ધરમ થાય છે, ને આંહી કહે કે પંચમહાવ્રત છે તે વિકલ્પ છે. રાગ છે ને ? જગપંથ છે ભાઈ ! તને ખબર નથી. આહાહા ! મુક્ત સ્વરૂપ તો ભગવાન આત્મા મુક્ત સ્વરૂપ છે અબદ્ધ છે. દ્રવ્ય સ્વભાવ એનો અબદ્ધ ને મુક્ત છે. તેને આશ્રયે પરિણામ થાય તે મોક્ષનો માર્ગ છે. આહાહાહાહા !

શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી, પક્ષની વ્યાખ્યા ? કે હું ત્રિકાળી શુદ્ધ છું એવું લક્ષ

તો કોઈ દિ ’ કર્યું નથી. આહાહા ! વ્યવહારમાં જ રચ્યો ને પચ્યો અનંતકાળથી રહ્યો મિથ્યાદૃષ્ટિપણે. આહાહા ! શુદ્ધનયનો પક્ષ, પક્ષ એટલે એકલો વિકલ્પ નહીં હોં આંહીયાં, એનો અંદર આશ્રય છે. કારણકે એનું ફળ મોક્ષ કહેશે ને ? શુદ્ધનયનો પક્ષ જે છે નિશ્ચયનયનો વિકલ્પ ને એ નહીં આ. અબદ્ધસ્પૃષ્ટમાં આવે છે ને ? એ નહીં. એ નહીં. આંહી તો નિર્વિકલ્પ પક્ષ જે છે તે આંહી છે–તે શુદ્ધનયનો પક્ષ છે એ... આહાહા !

એ તો કદી આવ્યો નથી. રાગરહિત ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! આહાહા ! આ શરીર અને પૈસા ને મકાન ને હજીરા એ બધાં હાડકાંના ફોસ્ફરસ છે. આહાહા ! ઈ તો મસાણના હાડકાંનો ફોસ્ફરસ. રૂપાળાં શરીર દેખાય ને કપડાં પહેર્યાં હોય ને મડદાંને શણગારે બાપા ! આ તો રાખું છે. આહાહા ! એનાં વિનાનો અંદર અમૃતનો સાગર ભગવાન ! આહાહા ! એનો પક્ષ તો કદી આવ્યો નથી. શરીરની ક્રિયા મેં આવી કરી ને ! શરીરથી મેં બ્રહ્મચર્ય પાળ્યું જાવ્વ જીવ અને જાવ્વ જીવનું બાળબ્રહ્મચારી અમે છીએ ને એમાં દાળિયા શું થયા ? એ તો શુભભાવ છે. આહાહા ! આવો મારગ છે.

શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી, કદીમાં એક સમય પણ, આહાહા ! અનાદિનો એક સમય ! આહાહા ! એ મુનિવ્રત ધારણ કર્યાં, અઠાવીસ મૂલગુણ પાળ્યા. પરિષહ, ઉપસર્ગ ઘણાં સહન કર્યાં, પણ એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા ! તેથી કહ્યું ને કે “ મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આત્મજ્ઞાન બિન સુખ લેશ ન પાયો ” તો એનો અર્થ શું થયો ? પંચમહાવ્રત, અઠ્ઠાવીસ મૂલગુણ બાળ બ્રહ્મચારી જાવ્વ જીવ, હજ્જારો રાણીઓનો ત્યાગ. પણ પંચ... મહાવ્રતના પરિણામ આદિ બરાબર નિરતિચાર ચોખ્ખા, છતાં એ દુઃખ, લેશ સુખ ન પાયો, સુખ અંશે ય ન મળ્યું. આહાહાહા !

એ આ શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો નથી. અને એનો ઉપદેશ પણ વિરલ છે. ક્યાંક ક્યાંક એનો ઉપદેશ છે. આહાહા ! ( શ્રોતાઃ એ તો આંહી સોનગઢમાં છે બીજે નથી. એકલા સોનગઢમાં છે ! ) અમારે મોહનલાલજી કહે છે ને હમણાં કીધું ’તું કે આંહી મળે છે ( શ્રોતાઃ પરિષહ સહન કરે ને જ્ઞાન નહીં ? ) ત્યાં ભાન નથી ને શું જ્ઞાન છે ? પરિષહ છે જ ક્યાં ? એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! અરે બાપુ ! આકરી વાતું બહુ.

એનો ઉપદેશ પણ ‘ પણ ’ કેમ કહ્યું ? એક તો શુદ્ધનો પક્ષ આવ્યો નથી એક, અને ‘ પણ ’ એનો ઉપદેશ ‘ પણ ’ એમ બીજો બોલ ( શ્રોતાઃ પોતાને આવ્યો નથી ને ) ઉપદેશ પણ મળ્યો નથી એને ઉપદેશ આવો ક્યાંય છે ? ! ક્યાંક છે. આહાહા ! બાકી તો વ્યવહાર વ્યવહાર. આહાહા ! ત્યાં ધમાલ હાલી ’તીને હાલ કુરાવડમાં હાલી ’તીને હમણાં પંચકલ્યાણક હતું ’ને અમારે જમનલાલજી ! આ જમનલાલજીનું ગામ. બ્રહ્મચારી છે ને ત્યાં બહુ ધ્યાન રાખતા દશ–પંદર હજાર માણસો થતાં, દશ દશ હજાર વ્યાખ્યાનમાં અને જોડે ભીંડર હતું ત્યાં સાધુ હતા, ત્યાંય ઘણાં માણસ. પણ લોકો આ સાંભળીને કેટલાક તો, આહાહા ! કહેતા કે આવી વાત તો અમે ક્યાંય સાંભળી નથી.

બાપુ ! આ મારગડા જુદા બાપુ ! આ પક્ષ નથી ભાઈ ! આ તો સત્યના વેણલા વાય્વા છે બાપા ! વિશેષ કહેશે... ( પ્રમાણ વચન ગુરુદેવ ! )

❀ ❀ ❀

**પ્રવચન નં. ૪૫ ગાથા - ૧૧** તા. ૨૮-૭-૭૮ શુક્રવાર, અષાઢ વદ-૯, સં. ૨૫૦૪

સમયસાર, અગિયારમી ગાથાનો ભાવાર્થનો છેલ્લો ભાગ છે. વાત એ આવી ગઈ ત્યાં પહેલી, હવે એની બીજી વાત છે. પહેલી વાત તો એમ આવી કે ઘણાં પ્રાણીઓને અનાદિથી ભેદરૂપ વ્યવહારનો પક્ષ છે. વસ્તુની પર્યાય એ એનો ભેદ છે, રાગ પણ એક એનો અસદ્ભૂત ભેદ છે. પર્યાય સદ્ભૂત ભેદ છે. ઈ ભેદનો પક્ષ તો અનાદિથી છે. ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિથી છે. ઝીણી વાત છે !

અને માંહોમાંહે ઉપદેશ પણ એ જાતનો કરી રહ્યા છે. વ્યવહાર ભેદરૂપ વ્યવહારનો કે આનાથી કલ્યાણ થશે. વ્રત કરો ને તપ કરો ને ભક્તિ પૂજા આદિ. એમ ઉપદેશ પણ માંહોમાંહે ઘણાં એ કરી રહ્યા છે. ત્રીજું જિનવાણીમાં પણ નિશ્ચયના સ્વભાવની સાથે સહચર સાથે-વ્યવહાર દેખી, એનો ઉપદેશ વ્યવહારનો ઘણો આવ્યો છે. પણ, એનું ત્રણેયનું ફળ સંસાર છે. આહાહા !

ચાર ગતિમાં રખડવાનું એનું ફળ છે. ઈ આવ્યું ને ત્યાં સુધી. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી. ચૈતન્ય શુદ્ધ દ્રવ્ય જ્ઞાયકમૂર્તિ-ધ્રુવ, એનો આશ્રય કદી લીધો નથી. તેનો પક્ષ કદી આવ્યો નથી. ( શ્રોતાઃ પક્ષનો અર્થ ? ) પક્ષનો અર્થ આશ્રય. વ્યવહારનો આશ્રય લીધો અનાદિથી, પણ અંતર આત્મા ! જ્ઞાયક સ્વભાવ ભાવ ! જે ધ્રુવભાવ છે એનો આશ્રય અવલંબન પક્ષ કદી કર્યો નથી. આહાહા !

અને એનો ઉપદેશ પણ વિરલ છે, ઉપદેશ પણ ક્યાંક છે. કે ભઈ ! શુદ્ધ ચૈતન્ય ભગવાન ! પૂર્ણ આનંદનો ધ્રુવ કંદ તેને આશ્રયે જ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર થાય. એ ઉપદેશ વિરલ છે ક્યાંક... ક્યાંક છે એમ કહે છે. ( શ્રોતાઃ- સોનગઢમાં છે ) આહાહાહા ! બહુ ફેરફાર થઈ ગયો. એ વ્યક્તિને બિચારાને ખબર નથી એટલે, પણ છે તો દુઃખનો પંથ પણ એ રીતે જાણે-ધરમ થશે એમ માને છે. આહાહા !

આત્મા અખંડ આનંદ ધ્રુવ ! એનું શરણ એનું ધ્યેય કરીને જે દશા થાય તે વાત વિરલ છે કહે છે. આહાહા ! ક્યાંક ક્યાંક છે. તેથી આ કારણે, તેથી એટલે આ કારણે એટલે કે શુદ્ધનયનો પક્ષ નથી અને એનો ઉપદેશ પણ વિરલ ક્યાંક છે, તેથી જગતને સત્ય મળતું નથી. ' તેથી ઉપકારી શ્રી ગુરુએ ' આહાહા ! કુંદકુંદાચાર્ય ! અમૃતચંદ્રાચાર્ય ! આહાહા ! મુનિઓએ દિગંબર સંતો કેવળજ્ઞાનીના કેડાયતો એ સંતોએ શુદ્ધનયના ગ્રહણનું ફળ એટલે કે દ્રવ્યસ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય ધ્રુવ એને ગ્રહવો એને પકડવો એનો આશ્રય લેવો એનું આલંબન લેવું, એનું ફળ મોક્ષ જાણી, એનું ફળ મોક્ષ છે. વ્યવહારના પક્ષનું ફળ, જિનવાણીએ કહ્યો વ્યવહાર એનું ફળ સંસાર છે. ત્યારે કહે, કહયો કેમ ? કે નિશ્ચયના સ્વને આશ્રયે થતી ધર્મદશાના કાળમાં સહચર સાથે રાગની મંદતાની દશા હોય છે, એનું જ્ઞાન કરાવવા જિનવાણીમાં ઘણો ઉપદેશ આવ્યો છે. પણ છતાં તેનું ફળ તો સંસાર છે. આહાહા ! નિશ્ચયના ભાન સહિતનો વ્યવહાર. આહાહા !

ચૈતન્ય પ્રભુ અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ આત્મા. એનો આશ્રય લઈને જે નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર આદિ થાય, એને પૂરણ વીતરાગતા નથી. તેથી સહચરમાં સાથે

રાગની મંદતાનો, વિનયનો, ભક્તિનો, પૂજાનો, વ્રતનો એવો ભાવ આવે, એવું જિનવરે જણાવ્યું પણ એ જિનવરે જણાવ્યું એનુંય ફળ સંસાર છે. આહાહા ! છે ને ?

અને શુદ્ધનયના ગ્રહણનું ફળ. જોયું ? ઓલામાં પક્ષ કહ્યો તો ને ? એટલે સ્પષ્ટ કર્યું, પક્ષ એટલે વિકલ્પરૂપ પક્ષ નહીં. આહાહા ! શુદ્ધનયના ગ્રહણનું ફળ. એટલે ? ત્રિકાળી ભગવાન જ્ઞાયકભાવ–ધ્રુવભાવ તેને ગ્રહવાનો, તેને જાણવાનો ને તેનો આશ્રય લેવાનો, " ગ્રહણ કરવાનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ મુખ્યતાથી કર્યો છે. " ગૌણપણે વ્યવહાર છે ઈ જણાવ્યું છે પણ મુખ્યપણે આનો ઉપદેશ છે, આનું ફળ મોક્ષ છે માટે. સમજાણું કાંઈ ?

વ્યવહાર વચ્ચે આવે છે એનું જ્ઞાન કરાવ્યું છે. અને એનો ઉપદેશ ઘણો વ્યવહારનો જ છે શાસ્ત્રોમાં. પણ ઈ વ્યવહારનું ફળ તો બંધન સંસાર છે. માટે શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી, મુનિઓએ મુખ્યતાથી તેનો ઉપદેશ કર્યો છે. વ્યવહારનો ગૌણ કરીને – અભાવ કરીને એમ વાત કરી ’તી, પણ ગૌણ કરીને છે ખરો વ્યવહાર. એનો ઉપદેશ પણ છે જિનવાણીમાં. એ તો સહચર રાગની મંદતાને દેખીને, વ્યવહાર જાણીને એને જણાવ્યો છે, કે આ ભૂમિકામાં આવો રાગનો વ્યવહાર હોય. પણ એ... રાગના ફળ તરીકે તો બંધન ને સંસાર છે. આહાહાહા !

ચાહે તો આત્મજ્ઞાનીને રાગ આવે, કે મુનિ જે પંચમહાવ્રતધારીને રાગ આવે, અને ત્રણ કષાયના અભાવ ( પૂર્વક ) આનંદનો ભાવ તો ઊછળી ગયો છે અંદર, પણ એની સાથે મહાવ્રતનો વિકલ્પ આવે, અઠ્ઠાવીસ મૂલગુણનો એનો ઉપદેશ વીતરાગે જણાવ્યું છે કે એ હોય ત્યાં... પણ એનું ફળ તો બંધન છે. આહાહા ! ( શ્રોતાઃ ભગવાને કીધું ને... એનું ફળે ય બંધન ? ) એમ છે. એ કહ્યું છે કેમ ? કે નિશ્ચયના સ્વભાવને આશ્રયે જે શાંતિ, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર થયા, એની અપૂર્ણતાને કારણે એની સાથે રાગની મંદતાનો આવો ભાવ હોય છે. એટલું જ્ઞાન કરાવ્યું છે. આહાહા !

અભ્યાસ જોઈએ ભઈ આ તો ! આહાહા ! સમજાણું કાંઈ... ?

પ્રભુ ! ચૈતન્યમૂર્તિ પરમ પવિત્રનો પિંડ પ્રભુ ! આહાહા ! અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય ઈશ્વરતાનો તો સાગર ભગવાન છે. તેનો આશ્રય કરે ને અવલંબન કરે તો તેને મોક્ષનું કારણ થાય. એવા મોક્ષના કારણને, પ્રગટ થયેલાને પણ– ભૂમિકાના પ્રમાણમાં વ્યવહાર, રાગની મંદતાનો દેવ ગુરુ શાસ્ત્રની ભક્તિનો, વિનયનો એવો, ભાવ આવે સાથે દેખીને એને કહ્યું છે... પણ એનું ફળ તો સંસાર છે. આહાહાહાહા ! આવી વાતું આકરી બહુ જગતને. આહા !

અનંતકાળથી રખડે છે જુઓને. આહાહા ! આ લીમડાને કોર થાય ને કોર ફૂલ ઢગલાં પડે સામું કોઈ જોતું નથી. કચરીને ઘાણ. એક એક કોર ફૂલ, ફૂલ કહેવાયને આ લીમડાના... કોર એક રાઈ જેટલી કટકીમાં તો અસંખ્ય શરીર ને અનંત જીવ છે. આહાહા ! ગંભીર છે ! ( શ્રોતાઃ જીવોની સંખ્યા ઘણી મોટી છે ? ) સંખ્યા મોટી... જીવો ઘણાં છે. વસ્તુ અનંત. આહાહા ! એથી અનંત ગુણા તો રજકણ છે. આહાહા ! જીવની સંખ્યા છે અનંત, અનંત–અનંત એનાં કરતાં રજકણોની સંખ્યા અનંતગુણી છે. આહાહા ! એનાં કરતાં ત્રણકાળના સમયની સંખ્યા અનંતગુણી

છે. એનાં કરતાં આકાશના પ્રદેશની સંખ્યા અનંતગુણી છે. એનાં કરતાં એક જીવના ગુણની સંખ્યા અનંતગુણી છે. આહાહા ! કેટલું ? આહાહા !

અને એ અનંતગુણની એક સમયની પર્યાય પણ આકાશના પ્રદેશથી અનંતગુણી છે. જેટલા ગુણ છે તેટલી જ પર્યાય છે. આહાહા !

આવો દરિયો મોટો પડયો છે ભગવાન ! એનો જેણે આશ્રય લીધો એનો સંસારનો અંત આવીને મોક્ષ થાય. પણ એને છોડીને એકલા વ્યવહારનો જ આશ્રય લ્યે, તો સંસાર ને બંધન છે. અને એનો આશ્રય લેતાં અધૂરાશ માટે વ્યવહાર આવે એનુંય ફળ સંસાર છે. આહાહા !

ભવ મળે એમ. ( શ્રોતાઃ કંઈક ભવ તો ઊંચો મળે ને ) ભવ એટલે ઊંચો કહેવો કોને ? ( શ્રોતાઃ તીર્થંકરનો ! ) તીર્થંકર પ્રકૃત્તિને પણ ઝેરનું ઝાડ કીધું છે. આકરી ( વાત ! ) આહાહા ! એકસો અડતાલીસ પ્રકૃતિ, પાછળ સમયસારમાં આવે છે એ ઝેરના ઝાડ છે, અમૃતનું ઝાડ તો ભગવાન છે અંદર.

જેમ કેરીના ઝાડમાં અંબ પાકે, કેરી પાકે, એમ ભગવાનના ઝાડમાં તો અમૃત પાકે છે. એવું એ અમૃતઝાડ છે. અને પ્રકૃતિ જે છે એકસો અડતાલીસ એ તે ઝેરનાં ઝાડ છે. એમ કહ્યું છે. આહાહા ! વિષવૃક્ષ એમ કહ્યું છે. કળશમાં છે.

આ તો શાંતિ ને ધીરજના કામ છે, બાપુ ! આહાહા ! એણે અનંતકાળમાં વસ્તુ જ આખી જે પૂર્ણ આનંદ ને પૂર્ણ શક્તિનો સંગ્રહાલય ધામ. એવા ધ્રુવ ધામને એણે સ્પર્શ્યો જ નથી, ધ્રુવધામની એણે કિંમત કરી જ નથી. આહાહા ! ત્રિકાળી ધ્રુવની એને મહિમા આવી નથી. ત્રિકાળી ધ્રુવની આશ્ચર્યતા એને લાગી નથી. આહાહા !

વ્યવહારની આશ્ચર્યતા ને મહિમા ને એમાં ગૂંચાઈ ગયો, સંસારના વ્યવહારની આંહી વાત નથી. સંસારનો જે વ્યવહાર ધંધા વેપારાદિ એ તો એકલો પાપ. આહાહા ! આ તો જિનવાણીએ કહેલો નિશ્ચય સહિતનો વ્યવહાર પણ જેને નિશ્ચય નથી એને જે વ્યવહાર છે, આહાહા ! એને તો એકલો સંસાર ને પરિભ્રમણ છે. આહાહા !

" શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી કીધો છે. " એનો અર્થ કે વ્યવહારનો ઉપદેશ ગૌણપણે છે. આ મુખ્યપણે છે. કેમ કે એના આશ્રયથી મોક્ષ થાય છે માટે. આહાહા !

શું કહ્યું ? તેથી કહે છે કે-" શુદ્ધનય ભૂતાર્થ છે "-ત્રિકાળી સત્ય તે જ સત્યવત્ છે. આહાહા ! ત્રિકાળી સત્યાનંદ પ્રભુ ! સત્... આનંદ... પૂર્ણ એ જ સત્યાર્થ એ જ ચીજ વસ્તુ છે. પર્યાય વસ્તુ છે. રાગ વસ્તુ છે. પણ ખરેખર એ વસ્તુ ત્રિકાળી નથી. અને એને આશ્રયે કદાચિત્ સમ્યગ્દર્શન થતું નથી. આહાહા ! આ તો અવ્વલદોમની વાતું છે ભાઈ !

શુદ્ધનય તો ભૂતાર્થ છે. ભૂત નામ છતો પદાર્થ ત્રિકાળ ત્રિકાળ ત્રિકાળ ત્રિકાળ જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક ! જેમ પાણીનું પૂર આમ વહે છે. એમ આ જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... આમ ધ્રુવપણે વહે છે. આહાહા ! પાણીનું પૂર જે હોય છે / પૂર આવે છે ને ઘોડાપૂર, ઘોડો ઊંચો હોય ને એટલું પાણી આવે. માથે વીસ, પચીસ ઇંચ વરસાદ આવી ગયો હોય ને ચારેકોરથી નદી ને નાળાંનું પાણી ભેગું થાય... આટલું આટલું પાણીનું દળ હાલ્યું આવે

આમ, આંહી કાંકરા હોય, માથેથી પૂર હાલ્યું આવે. અમારે તો ગામમાં જોયેલું ને ? ઉમરાળા ! મોટી નદી છે ન્યાં કાંઈ વરસાદ ન હોય કાંકરા ઊડતાં હોય નદીમાં ને આમ ઘોડાપૂર આવે ઉપરથી... વૃદ્ધો પોકાર કરે છોકરાંવને... છોકરાંવ, નીકળી જાવ બહાર પાણી આવે છે, ઘોડાપૂર આવે છે ઉપરથી. ન્યાં કાંકરોય ન હોય ને વરસાદનો છાંટોય ન હોય. પણ ઉપર વરસાદ આવ્યો હોય વરસાદ સમજે પાણી, પાણીનું દળ–આટલું આટલું ઊંચું હોં ઊંચુ દળ હાલ્યું આવે. આહાહા ! જો ઊતાવળ ન કરે છોકરાંવ તો તણાય જાય એમાં. એ આમ દળ જાય છે આ ભગવાન ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એ આમ જાય છે. આહાહા ! આરે આવી વાતું.

આ દેહમાં પ્રભુ બિરાજે છે. એક સમયની પર્યાય વિનાની જે ચીજ છે, એ ધ્રુવ છે, અભેદ છે. સામાન્ય છે, એકરૂપ છે, સદૃશ સ્વરૂપી છે, પૂરણ સ્વભાવી છે, એ એમને એમ ધ્રુવ... ભૂતકાળમાં રહ્યો ને ભવિષ્યમાં રહેશે એ બીજી વાત પણ એ તો ધ્રુવ જ વર્તમાન જ ધ્રુવ છે, આહાહાહા ! એ ધ્રુવ વસ્તુનું આલંબન લઈને મુખ્યતાથી એનો ઉપદેશ કરવાનું કારણ એ ભૂતાર્થ છે છતો પદાર્થ છે. ત્રિકાળી સત્, ધ્રુવ વસ્તુ છે. એ સત્ય છે. આહાહા ! એની અપેક્ષાએ પર્યાય જે અવસ્થા છે એને ગૌણ કરીને અસત્યાર્થ કહેવામાં આવી છે. પર્યાય છે, નથી એમ નહીં.

આને મુખ્ય કરીને સત્યાર્થ ભૂતાર્થ છે એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે. જોયું ? હજી તો પહેલું સમ્યગ્દર્શન ! ધરમની પહેલી સીઢી ! આહાહા ! ત્રિકાળી ધ્રુવ ! સાદી ભાષામાં તો બહેનની ભાષા એ જ હતી. ઓલામાં આવે છે પીયૂષમાં છે અધ્યાત્મ પીયૂષમાં ઉપર શબ્દ છે. વંચાવ્યો તો. મોહનલાલજી ! “ જાગતો જીવ ઊભો છે ” માથે છે. ઈ તો છે પણ આ તો ઓલામાં અધ્યાત્મ પીયૂષ છે ને એમાં છે. એમાં માથે વંચાવ્યું ’તું પણ ‘ જાગતો જીવ ઊભો છે ’ એટલે ?

જાગતો એટલે જ્ઞાયક જીવ જ્ઞાયક જીવ જ્ઞાયક... એ ઊભો એટલે એમને એમ ધ્રુવ છે ને ? ઈ સાદી ગુજરાતી ભાષા. આહાહા ! ધ્રુવ છે ને એમને એમ પડી એક ચીજ આખી. છે તે ધ્રુવ છે. તેથી તે ધ્રુવ છે તે ઊભો એટલે એમાં ફેરફાર થતો નથી. એમાં પર્યાય પણ થતી નથી. એવાં ધ્રુવમાં પર્યાય પણ નથી. આહાહા ! પર્યાય જે છે એ તો હલચલવાળી પરિણતિવાળી પલટવાવાળી દશા છે. અને વસ્તુ છે ઈ તો હલચલ વિનાની ધ્રુવ......

એનો આશ્રય કરવાથી... છે ને ? સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે. આહાહાહાહા ! આવું છે. એને જાણ્યાં વિના. જાગતો જ્ઞાયકભાવ–ધ્રુવભાવ–સામાન્ય સ્વભાવ ભાવ ત્રિકાળ એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે. આહાહાહા ! પર્યાયમાં... રાગની મંદતામાં આદિમાં મગ્ન છે, આહાહા ! ત્યાં સુધી આત્માના જ્ઞાન શ્રદ્ધાન નિશ્ચય સમકિત થઈ શકતું નથી. આહાહા ! દયા દાન વ્રત ભક્તિ પૂજા આદિનો વિકલ્પ જે છે મંદરાગ, એમાં જે મગ્ન છે, વ્યવહારમાં મગ્ન છે, ત્યાં સુધી તેને સત્યદર્શન પરમાત્મ સ્વરૂપનાં સાચાં દર્શન પ્રતીતિ એને થતી નથી. આહાહાહા !

કહો સમજાય છે કે નહીં કાંઈ ? દિનેશભાઈ ! સમજાય છે કે નહીં આ ? કાલ પૂછ્યું ’તું ભાઈનું નામ શું ? કે દિનેશભાઈ ! જવાહરભાઈ ! આહા ! આવી વસ્તુ બાપા મળવી મુશ્કેલ છે એવું છે ભાઈ, સાંભળવા મળવું મુશ્કેલ કીધું ને એનો ઉપદેશ જ વિરલ ક્યાંક છે.

આહાહા ! બાકી ગામોગામ આ વ્યવહારનો ઉપદેશ, વ્યવહારનો ઉપદેશ. અને " વ્યવહારમાં જ્યાં સુધી મગ્ન છે, ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન થતું નથી " આહાહા ! ત્યાં સુધી તેને ધરમની શરૂઆત થતી નથી. વધવાની, ટકવાની ને વધવાની વાત તો પછી, આહાહા !

ધરમ ટકે અને ધરમ વધે એ તો પછી, પણ પ્રથમ જે વ્યવહારમાં મગ્ન છે, તેને નિશ્ચય સમ્યગ્દર્શન-ધર્મની શરૂઆત જ થતી નથી. આહાહાહા !

( શ્રોતાઃ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય ? ) વાત જ જુદી છે તદ્‌ન ઈ તો. વ્યવહારની રુચિ છોડી અને ત્રિકાળની રુચિ કરે ને અનુભવ કરે, ત્યારે સમ્યગ્દર્શન થાય. આહાહા ! એ સાટું, તો કહ્યું. " જ્યાં સુધી એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે " આહાહા ! એની બુદ્ધિ જ વર્તમાન પર્યાય ને રાગ ઉપર જ છે. એમાં ઈ મગ્ન છે બસ. અંદર વસ્તુ ધ્રુવ ચિદાનંદ ભગવાન છે, તેના તરફ એની નજરું નથી એનો એને આશ્રય નથી, એનું એને અવલંબન નથી. એની એને મહિમા નથી. વ્યવહારની ક્રિયા કરે તો બસ એમાં, ઓહોહો ! રસ છોડયાને આણે આટલા રસ છોડયા, ને એક બાજરાનો ખાખરો જ એક ખાય છે, બીજું નહીં ને ઢીંકણું. હવે એમાં શું પણ થયું ?

( શ્રોતાઃ આપ તો કહો છો ખાઈ શકે છે ને ? ) ખાઈ શકે છે એ વાત નથી, પણ ખાવાનો એનો ભાવ... એટલું ખાવું છે મારે, વાત કરતો 'તો ઓલો જ્ઞાનસાગર, ન્યાં. કુરાવડમાં ઓછું ખાવું, ઓછું કરવું એવી ક્રિયા કરતાં કરતાં સમકિત થાશે, આહાહા ! ક્ષુલ્લક થયો એ નૈ પહેલાં આંહી આવી ગયો 'તો, છાત્ર તરીકે પાછો બોલતો 'તો એમ કે મહારાજ હું તો છાત્ર છું પણ છાત્ર છો તો બોલે છે તો તું આ, તારી સાથે અમારે વાત શી રીતે કરવી ? આવી ક્રિયા કરે. પરિષહ સહન કરે, ઉપસર્ગ આવે, સહન કરે એવી ક્રિયા કરે એને સમકિત થાય, પછી. અરે ! ધૂળમાંય ન થાય સાંભળને. આહાહા !

એ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી નિશ્ચય સત્યના દર્શન ને સમકિત એને થતું નથી. આહાહા ! વ્યવહારનાં વિકલ્પ ને પર્યાયની દૃષ્ટિમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ તેને દેખાતો નથી. આહાહા ! વ્યવહારમાં મગ્ન છે. આ વ્યવહાર, સંસારના વ્યવહારની વાત નથી. હસમુખભાઈ ! તમારે ધંધાને એ પાપ એની વાત નથી આ. વ્યવહાર એટલે આંહી દયા દાન ભક્તિ વ્રત તપ અનશન ઉણોદરી કાયકલેશ, રસપરિત્યાગ વિનય વિનય વિનય દેવગુરુ શાસ્ત્રનો વિનય.

( શ્રોતાઃ વિનય તો ધર્મનું મૂળ છે એમ કીધું છે. ) એ વિનય કયો ? એ સ્વભાવના ભાન સહિતનો, સાચા દેવ ગુરુ શાસ્ત્રનો વિનય એ વ્યવહારે ઊંચો કહેવાય છે. નિશ્ચયથી તો સ્વનો વિનય છે. પૂર્ણાનંદના નાથનો વિનય તો ત્યારે જ કહેવાય કે પૂર્ણ આનંદ સ્વરૂપ છે તેવી તેને પ્રતીતિમાં સ્વીકારમાં આવે ત્યારે તેને આત્માનો વિનય કર્યો એમ કહેવાય. અને પૂર્ણ છે તેને અપૂર્ણ ને રાગવાળો માને, આહા ! ત્યાં સુધી એણે આત્માનો અવિનય ને અનાદર ને અશાતના કરી, આવી વાત છે પ્રભુ ! માર્ગ શું થાય ભાઈ !

એને જાણ્યાં વિના ધ્રુવને ત્રિકાળી ને, જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે. આહાહા ! અત્યારે તો એ જ ઘણાં કહે છે કે વ્યવહાર કરો, કરતાં કરતાં નિશ્ચય થશે. આહાહા ! ઝેર પીઓ,

પીતાં પીતાં અમૃતનો ઓડકાર આવશે એવું છે ઈ તો, આહા ! લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે, એવું છે ઈ. આહાહા !

એને જાણ્યાં વિના જ્યાં સુધી જીવ / એમ કેમ કહ્યું ? કે એને કરમનું જોર છે માટે આમ મગ્ન છે એમ નહીં, એ પોતાના ઊંધા પુરુષાર્થથી જ વ્યવહારમાં મગ્ન છે. સમજાણું કાંઈ ? આહાહા ! એમ કે દર્શનમોહનું જોર છે એને, માટે વ્યવહારમાં મગ્ન છે દર્શનમોહ કરમ છે એની સાથે શું કામ છે તારે ! આહાહા !

તારું પૂરણસ્વરૂપ ભગવાન ચૈતન્ય ! ચૈતન્ય ભગવાન પ્રભુ ! પૂર્ણાનંદ પ્રભુ ! એનો આશ્રય ન કરતાં, એનો આદર ન કરતાં, પામર જે પર્યાય ને રાગ એનો આદર કર્યો, આહાહા ! એવા વ્યવહારમાં મગ્નને સાચું સત્ય દર્શન સમકિત થતું નથી. આહાહા ! સમજાય છે કાંઈ ?

અને એનાં દુઃખ ટળતાં નથી. આહાહા ! ત્યાં સુધી આત્માના જ્ઞાન શ્રદ્ધાન નિશ્ચય એટલે શું કહ્યું ? વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી એને સમકિત સાચું થતું નથી. એમ કહે છે. આહાહા ! ત્યાં સુધી આત્માના જ્ઞાન ને શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમકિત આત્માનું જ્ઞાન અને આત્માની શ્રદ્ધા વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી નિશ્ચયના આત્માનું જ્ઞાન અને શ્રદ્ધાન તેને થતું નથી.

અહીં એમ આશય જાણવો. લ્યો, અગિયારમી ગાથા ઘણા દિ 'હાલી કેટલા દિ ' થયા ? ( શ્રોતાઃ અગિયાર ) અગિયાર. આહાહા ! આ તો મૂળ ગાથા છે. જૈનદર્શનનો પ્રાણ છે. આ ગાથા. આહાહા ! સમજાણું કાંઈ ?

ત્યારે અહીંયા વ્યવહારનો નિષેધ કર્યો. અને વ્યવહાર નથી એમ કહ્યું–ગૌણ કરીને તો વ્યવહાર છે કે નહીં કયાંય ? કે નથી જ તો એ સાંભળ !

***

અધ્યાત્મ પદ્ધતિ અને અધ્યાત્મનો વ્યવહાર એટલે શું ?

આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ છે તેના પરિણામમાં જે પવિત્રતા પ્રગટે તેને અહીંયા અધ્યાત્મ પદ્ધતિનો વ્યવહાર કહે છે. અધ્યાત્મમાં નિશ્ચય તો દ્રવ્ય વસ્તુ છે. વસ્તુ થોડી ઝીણી છે. આખા જીવદ્રવ્યના શુદ્ધ પરિણામ તે દ્રવ્ય પરિણામ અને જ્ઞાન દર્શન ચારિત્રના ભેદવાળા પરિણામ તે ગુણ પરિણામ. આ બંને અધ્યાત્મ પદ્ધતિનો વ્યવહાર કહ્યો છે. આ વ્યવહારની તો અજ્ઞાનીને ખબરે નથી. આત્માના નિર્મળ પરિણામ મોક્ષમાર્ગના થયા તેને અધ્યાત્મનો વ્યવહાર કહ્યો અને ત્રિકાળી ચીજને નિશ્ચય કહી. અરે ! આ જન્મ મરણના અંત લાવવાની વાતો છે.

અધ્યાત્મનો વ્યવહાર એટલે શું ? અધ્યાત્મનો નિશ્ચય એટલે ?

ત્રિકાળ દ્રવ્ય વસ્તુ તે નિશ્ચય અને તેની દર્શન જ્ઞાન ચારિત્રની નિર્મળતારૂપ વીતરાગી પરિણતિ તેને અધ્યાત્મનો વ્યવહાર કહેવામાં આવે છે. અરે ? આવી વાતો ! અહીં તો વાતે-વાતે ફેર. કેટલાકે તો કોઈ દિ ' સાંભળ્યું પણ ન હોય. તત્ત્વથી અજાણ્યા માણસ બિચારા હો ! અરે ! જનમ મરણના અંત લાવવાની વ્યવહાર પદ્ધતિનીય ખબર ન મળે ! સમજાણું કાંઈ ?

( કલશામૃત ભાગ–૨ પાના નં. ૮૬, પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો )

## ગાથા - ૧૨

अथ च केषाञ्चित्कदाचित्सोऽपि प्रयोजनवान। यतः-

सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।
ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।

शुद्धः शुद्धादेशो ज्ञातव्यः परमभावदर्शिभिः।
व्यवहारदेशिताः पुनर्ये त्वपरमे स्थिता भावे।।१२।।

ये खलु पर्यन्तपाकोत्तीर्णजात्यकार्तस्वरस्थानीयं परमं भावमनुभवन्ति तेषां प्रथमद्वितीयाद्यनेकपाकपरम्परापच्यमानकार्तस्वरानुभवस्थानीयापरमभावानुभवनशून्यत्वाच्छुद्धद्रव्यादेशितया समुद्योतितास्खलितैकस्वभावैकभावः शुद्धनय एवोपरितनैकप्रतिवर्णिकास्थानीयत्वात्परिज्ञायमानः प्रयोजनवान्; ये तु प्रथमद्वितीयाद्यनेकपाकपरम्परापच्यमानकार्तस्वरस्थानीयमपरमं भावमनुभवन्ति तेषां पर्यन्तपाकोत्तीर्णजात्यकार्तस्वरस्थानीयपरमभावानुभवनशून्यत्वादशुद्धद्रव्यादेशितयोपदर्शितप्रतिविशिष्टैकभावानेकभावो व्यवहारनयो विचित्रवर्णमालिकास्थानीयत्वात्परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्; तीर्थतीर्थफलयोरित्थमेव व्यवस्थितत्वात्। उक्तं च-

" जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह।
एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं।। "

---

હવે, " એ વ્યવહારનય પણ કોઈ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે, સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી; તેથી તેનો ઉપદેશ છે " એમ કહે છે:-

દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;
અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે.૧૨

ગાથાર્થ: ( परमभावदर्शिभि: ) જે શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થયા તથા પૂર્ણ જ્ઞાન-ચારિત્રવાન થઈ ગયા તેમને તો ( शुद्धादेश: ) શુદ્ધ ( આત્મા ) નો ઉપદેશ ( આજ્ઞા ) કરનાર ( शुद्ध: ) શુદ્ધનય ( ज्ञातव्य: ) જાણવા યોગ્ય છે; ( पुन: ) વળી ( ये तु ) જે જીવો ( अपरमे भावे ) અપરમભાવે-અર્થાત્ શ્રદ્ધા તથા જ્ઞાન-ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શકયા, સાધક અવસ્થામાં જ ( स्थिता: ) સ્થિત છે તેઓ ( व्यवहारदेशिता: ) વ્યવહાર દ્વારા ઉપદેશ કરવા યોગ્ય છે.

ટીકા:- જે પુરુષો છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ( વસ્તુના ) ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે તેમને પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન

( પકાવવામાં આવતા ) અશુદ્ધ સુવર્ણ સમાન જે અનુત્કૃષ્ટ ( મધ્યમ ) ભાવ તેનો અનુભવ નથી હોતો; તેથી, શુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે અચલિત અખંડ એકસ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો છે એવો શુદ્ધનય જ, સૌથી ઉપરની એક પ્રતિવર્ણિકા ( સુવર્ણના વર્ણ ) સમાન હોવાથી, જાણેલો પ્રયોજનવાન છે. પરંતુ જે પુરુષો પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન જે ( વસ્તુનો ) અનુત્કૃષ્ટ ( મધ્યમ ) ભાવ તેને અનુભવે છે તેમને છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ નથી હોતો; તેથી, અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડયા છે એવો વ્યવહારનય, વિચિત્ર ( અનેક ) વર્ણમાળા સમાન હોવાથી, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. એ રીતે પોતપોતાના સમયમાં બન્ને નયો કાર્યકારી છે કારણ કે તીર્થ અને તીર્થનાફળની એવી જ વ્યવસ્થિતિ છે. ( જેનાથી તરાય તે તીર્થ છે; એવો વ્યવહારધર્મ છે. પાર થવું તે વ્યવહારધર્મનું ફળ છે; અથવા પોતાના સ્વરૂપને પામવું તે તીર્થફળ છે ) બીજી જગ્યાએ પણ કહ્યું છે કેઃ-

जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह।
एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं।।

( અર્થઃ- આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો ! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય-એ બન્ને નયોને ન છોડો; કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે અને નિશ્ચયનય વિના તત્ત્વ ( વસ્તુ ) નો નાશ થઈ જશે )

ભાવાર્થઃ- લોકમાં સોનાના સોળ વાલ પ્રસિદ્ધ છે. પંદર-વલા સુધી તેમાં ચૂરી આદિ પરસંયોગની કાલિમા રહે છે તેથી અશુદ્ધ કહેવાય છે; અને તાપ દેતાં દેતાં છેલ્લા તાપથી ઊતરે ત્યારે સોળ-વલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે. જે જીવોને સોળ-વલા સોનાનું જ્ઞાન, શ્રદ્ધાન તથા પ્રાપ્તિ થઈ તેમને પંદર-વલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી અને જેમને સોળ-વલા શુદ્ધ સોનાની પ્રાપ્તિ નથી થઈ તેમને ત્યાં સુધી પંદર-વલા સુધીનું પણ પ્રયોજનવાન છે. એવી રીતે આ જીવ નામનો પદાર્થ છે તે પુદ્‌ગલના સંયોગથી અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે. તેના, સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, એક જ્ઞાયકપણામાત્રનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણરૂપ પ્રાપ્તિ એ ત્રણે જેમને થઇ ગયાં તેમને તો પુદ્‌ગલસંયોગ જનિત અનેકરૂપપણાંને કહેનારો અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન ( કોઈ મતલબનો ) નથી; પણ જ્યાં સુધી શુદ્ધ ભાવની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી જેટલું અશુદ્ધનયનું કથન છે તેટલું યથાપદવી પ્રયોજનવાળું છે. જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું, ધારણ કરવું તથા જિનવચનોને કહેનારા શ્રી જિનગુરુની ભક્તિ, જિનબિંબના દર્શન ઇત્યાદિ વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું પ્રયોજનવાન છે; અને જેમને શ્રદ્ધાન-જ્ઞાન તો થયાં છે પણ સાક્ષાત્ પ્રાપ્તિ નથી થઈ તેમને પૂર્વકથિત કાર્ય, પરદ્રવ્યનું આલંબન છોડવારૂપ

**અણુવ્રત-મહાવ્રતનું ગ્રહણ, સમિતિ, ગુપ્તિ, પંચ પરમેષ્ઠીના ધ્યાનરૂપ પ્રવર્તન, એ પ્રમાણે પ્રવર્તનારાઓની સંગતિ કરવી અને વિશેષ જાણવા માટે શાસ્ત્રોનો અભ્યાસ કરવો ઇત્યાદિ વ્યવહારમાર્ગમાં પોતે પ્રવર્તવું અને બીજાને પ્રવર્તાવવું-એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે. * વ્યવહારનયને કથંચિત્ અસત્યાર્થ કહેવામાં આવ્યો છે; પણ જો કોઈ તેને સર્વ અસત્યાર્થ જાણી છોડી દે તો શુભોપયોગરૂપ વ્યવહાર છોડે અને શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી, તેથી ઊલટો અશુભોપયોગમાં જ આવી, ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે તો નરકાદિ ગતિ તથા પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે.માટે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધઆત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે એવો સ્યાદ્વાદમતમાં શ્રી ગુરુઓનો ઉપદેશ છે.**

## પ્રવચન નં. ૪૫ ગાથા-૧૨ તા. ૨૮-૭-૭૮

હવે, એ વ્યવહારનય પણ કોઈ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે, એટલે ? अथ च केषञ्चित्कदाचित्सोऽपि प्रयोजनवान। यत: છે ને સંસ્કૃતમાં અહીં, કોઈને કદાચિત્ એમ કોઈ કોઈને કદાચિત્ એમ. કોઈ કોઈને અને કોઈ કાળે–જ્યાં સુધી વ્યવહાર એને હોય છે–નિશ્ચયસહિત વ્યવહાર હોય છે. આત્માના અવલંબનથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટયું છે, અને પૂરણ નથી એટલે રાગની મંદતાનો વ્યવહાર હોય છે, તેથી કોઈને–કોઈ કોઈને એટલે આ જીવને અને કોઈ વખતે એટલે જ્યાં સુધી નિશ્ચયસહિત વ્યવહાર હોય છે ત્યાં સુધી. પ્રયોજનવાન એટલે જાણેલો પ્રયોજનવાન છે. આ અર્થમાં મોટા વાંધા ઉઠાવે છે ! કોઈ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે. તેનો અર્થ સંસ્કૃત ટીકામાં જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. આદરણીય નહીં. આહાહા !

સ્વરૂપની દૃષ્ટિ થઈ છે જ્ઞાનચારિત્રાદિ થયાં અને એની સાથે રાગની મંદતાનો દેવ ગુરુ શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, વ્રતના વિકલ્પ હોય, એ કાળે જેટલો રાગ છે અને જેટલી શુદ્ધતા થોડી છે અને અશુદ્ધતા છે તેને તે કાળે તેટલો તે પ્રકારે જાણેલો પ્રયોજનવાન છે. આહાહાહા !

જાણેલો પ્રયોજનવાન છે. આ મોટી તકરાર આમાં છે.

સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી; એટલે કે વ્યવહાર નથી જ... એમ નથી. જ્યાં સુધી વીતરાગ દશા ન થાય, ત્યાં સુધી જ્ઞાનીને, મુનિને, સમકિતીને પણ અંતરના આશ્રયે સમ્યગ્દર્શન જ્ઞાન થયા છતાં, રાગની મંદતાનો ભાવ એને હોય છે. સમજાણું ? સર્વથા નિષેધ... નથી જ વ્યવહાર, એથી કરીને વ્યવહારથી નિશ્ચય થાય એમ વાત નથી. ‘ નિષેધ કરવા જેવો નથી ’ એટલે વ્યવહારનો નિષેધ કર્યો એટલે કે વ્યવહારથી પણ લાભ થાય, એ અહીં વાત નથી. આહાહા !

---

* વ્યવહારનયના ઉપદેશથી એમ ન સમજવું કે આત્મા પરદ્રવ્યની ક્રિયા કરી શકે છે, પણ એમ સમજવું કે વ્યવહારોપદિષ્ટ શુભ ભાવોને આત્મા વ્યવહારે કરી શકે છે. વળી તે ઉપદેશથી એમ પણ ન સમજવું કે આત્મા શુભ ભાવો કરવાથી શુદ્ધતાને પામે છે, પરંતુ એમ સમજવું કે સાધક દશામાં ભૂમિકા અનુસાર શુભ ભાવો આવ્યા વિના રહેતા નથી.

સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી. કથંચિત્ નિષેધ એટલે ? કે સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ નિષેધ કરવાલાયક છે પણ વસ્તુ તરીકે નથી એમ નહીં. આહાહા ! મુનિઓને પણ, સાચા સંતને પણ, વ્યવહાર વચમાં આવે છે. દેવ ગુરુ શાસ્ત્રની ભક્તિ આદિ, એથી નથી આવતો, એમ નિષેધ કરવા જેવું નથી. તેમ આવે છે માટે લાભદાયક છે, એમ નથી. આહાહા !

આમાં કેટલું શીખવું આમાં ? આહાહા ! ( શ્રોતાઃ થોડા શબ્દો શીખવાના. ) આ તો બહુ થોડા શબ્દોમાં આવે છે. સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી, એટલે ? કથંચિત્ નિષેધ, એટલે ? નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર નિષેધ કરવા લાયક છે. પણ વ્યવહાર, વ્યવહાર તરીકે ત્યાં આવે છે તો હોય છે એટલું, પણ તે જાણેલો પ્રયોજનવાન છે, પણ ગાથાનાં અર્થમાં એવું આવશે એટલે લોકો બધાય મૂંઝાઈ ગયા, શાહુજીએ પ્રશ્ન કર્યો ’તો દિલ્હી. આ ગાથા આવશે એની.

## ગાથા–૧૨

**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।**
**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।**

**દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે.૧૨**

આ વ્યવહારનો ઉપદેશ છે ને, એનાં કેટલાંય અર્થો અત્યારે હાલે છે. હમણાં એક મોટો લેખ ઓલામાં લખ્યો છે. દક્ષિણ દેશમાંથી કો ’ક છે. જુઓ ! વ્યવહારનો ઉપદેશ કરવો, વ્યવહારનો ઉપદેશ કરવો ! ‘ अपरमे ट्ठिदा भावे ’ એટલે જ્યાં સુધી ચોથે, પાંચમે, છઠ્ઠે છે ત્યાં સુધી એને વ્યવહારનો ઉપદેશ કરવો... એમ મોટી વ્યાખ્યા કરી છે કો ’કે વળી. આહાહા ! એમ નથી. આ બીજી રીત છે એમ કહેવાની જુઓ.

**ગાથાર્થઃ-** જે શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થયા. પૂર્ણ જ્ઞાન ચારિત્રવાન થઈ ગયા એટલે નિર્વિકલ્પમાં પડયા, નિર્વિકલ્પ દશા થઈ ગઈ અથવા પૂર્ણ દશા થઈ, શુદ્ધનય સુધી પહોંચી કેવળજ્ઞાન થાય ત્યારે શુદ્ધનયથી પૂરણ થઈ જવાના, એ આસ્રવ અધિકારમાં છે. કેવળજ્ઞાન થાય ત્યારે શુદ્ધનય પૂરણ થઈ, નહિંતર તો શુદ્ધનય તો ધ્રુવનો આશ્રય તે છે. પણ આશ્રય લેવાનું બંધ થયું જ્યારે, ત્યારે શુદ્ધનય પૂરણ થઈ એમ કહેવામાં આવે છે. આહાહાહા ! બહુ ફેર છે.

‘ જે શુદ્ધનય સુધી પહોંચી, જે શુદ્ધનય સુધી પહોંચી એટલે સર્વજ્ઞ થયા અને બીજી અપેક્ષાએ નિર્વિકલ્પ ધ્યાનમાં ગયા એને શ્રદ્ધાવાન થયા ( તથા ) પૂર્ણ જ્ઞાન–ચારિત્રવંત થઈ ગયા તેમને તો શુદ્ધનો ઉપદેશ કરનાર શુદ્ધનય જાણવા યોગ્ય છે. એને હવે શુદ્ધનય જાણવા યોગ્ય છે એમ કહે છે. જાણવા યોગ્ય એટલે એને શુદ્ધનયનો વિષય રહ્યો નહીં હવે. પૂરણ અખંડ આનંદ થઈ ગયો. આહાહા !

આ મોટી તકરાર ( આ ) ગાથામાં સ્થાનકવાસીમાંથી પહેલી તકરાર આવી ’તી. ઓલો દરિયાપરી નથી ? ઓલો નટુ નટુ દરિયાપરી, ઘણાં વખત પહેલાં દરિયાપરી નહિ ? વઢવાણ નટુના બાપનું નામ શું ? હેં ? કપુરભાઈ, કપુરભાઈ ચોરાણુમાં આંહી આવ્યા ’તા પહેલાં

સ્વાધ્યાય( મંદિર )માં આવ્યા 'તા. કપુરભાઈનો દિકરો નટુ હતો, ઈ પહેલો જુઓ ! આ બારમી ગાથામાં, સ્થાનકવાસી હતો. સ્થાનકવાસીને બારમી ગાથા ને આ સમયસાર છે કયાં ? છતાં, સૌ આધાર આનો લ્યે ! શ્વેતાંબરમાં પણ આધાર લ્યે છે, દિગંબરમાં પણ એકાંત પક્ષવાળા છે એ આનો આધાર લ્યે ! જુઓ વ્યવહાર, વ્યવહારનો ઉપદેશ કરવો... વ્યવહારનો ઉપદેશ કરવો, કોને ? કે જે નીચલી દશામાં, કેવળજ્ઞાન નથી થયું એવા જીવોને વ્યવહારનો જ ઉપદેશ કરવો.

એમ નથી... જરી, અર્થ ફેર મોટો છે. ધીરેથી સમજવું જોઈશે. જેને અંતરના અનુભવમાં પૂરણ દશા થઈ ગઈ, એને તો શુદ્ધનો ઉપદેશ કરનાર શુદ્ધનય, એટલે તો પૂરણ દશા થઈ ગઈ એટલે જાણવા યોગ્ય ( પૂર્ણ ) થઈ ગયું બસ. એને હવે કાંઈ આદરવા લાયક કે શુદ્ધનય આશ્રય કરવા લાયક છે એવું રહ્યું નહીં.

વળી જે જીવો અપરમભાવે એટલે કે શ્રદ્ધા જ્ઞાન ચારિત્રના પૂર્ણ ભાવને પહોંચી શકયા નથી, અને સાધક અવસ્થામાં જ સ્થિત છે તેની પર્યાયમાં અપૂર્ણ શુદ્ધ છે, રાગાદિ છે. તેથી, વ્યવહાર દ્વારા એટલે કે તે કાળે તે જાણવા લાયક છે. વ્યવહારનો ઉપદેશ કરવા માટે તે કાળે તે જાણવા લાયક છે. એ ટીકામાં આવશે. આ તો શબ્દોની પદની રચનામાં ' વવહારદેસિદા ' શબ્દ આવી ગયો છે. પણ એનો ભાવ... તો તે જ્યાં સુધી પૂરણ કેવળ થયું નથી એને સ્વદ્રવ્યના આશ્રયે દર્શનજ્ઞાન-ચારિત્ર થયાં છે પણ પર્યાયમાં હજી અપૂર્ણ શુદ્ધ ને અશુદ્ધતા છે, તેને તે જાણવી એ પ્રયોજનવાન છે. તેને તે પ્રકારે ત્યાં જાણવું તે બરાબર છે. સમજાણું કાંઈ ?

મોટા આ ગાથામાં વાંધા અગિયારમીમાં 'ય વાંધા, દરેકમાં વાંધા છે. આ પ્રશ્ન કર્યો 'તો દિલ્હીમાં, શાહુજીએ પંડિત લોકો એને ભણાવે ને આ... જુઓ ! વ્યવહારનો ઉપદેશ કીધો છે નીચલી દશાવાળાને ચોથે, પાંચમે, છઠ્ઠાવાળાને વ્યવહાર જ કરવો. વ્યવહારનો જ ઉપદેશ કરવો. કેવળ પામી જાય એને પછી નહીં એમ કીધું છે ને ? કીધું ! પણ એમ એનો અર્થ નથી. આહાહાહા ! એનો અર્થ ટીકામાં જુઓ કીધું આવશે. ટીકામાં આવે છે જુઓ. આ ' વવહારદેસિદા ' નો અર્થ ટીકામાં આવે છે પાછળ. છેલ્લે છે. " જાણેલો તે કાળે પ્રયોજનવાન છે " ટીકામાં પહેલા પેરેગ્રાફમાં છેલ્લી ચોથી લીટી. જુઓ, પહેલા પેરેગ્રાફની છેલ્લી ચોથી લીટી. " જાણેલો તે કાળે પ્રયોજનવાન છે " સંસ્કૃત ટીકા છે.

વ્યવહારનો ઉપદેશ કરવો એમ નથી. એ તો ભાષા છે. પણ તે કાળે વ્યવહાર રાગ આદિની મંદતા હોય તેટલો તે કાળે / જે સમયે શુદ્ધનો આશ્રય લીધો છે, દર્શન જ્ઞાન ચારિત્ર થયાં છે, છતાં પૂરણ નથી. તેથી રાગની મંદતાને શુદ્ધતાની અપૂર્ણતા હોય છે.

એને તે તે સમયે, જેટલી શુદ્ધતાની અપૂર્ણતા ને અશુદ્ધતાનો ભાવ, તે સમયે તેને જાણવો પ્રયોજનવાન, બીજે સમયે શુદ્ધિ વધે અશુદ્ધતા ઘટે તે સમયે તે જાણેલો પ્રયોજનવાન, ત્રીજે સમયે શુદ્ધિ વધે, અશુદ્ધિ ઘટે તો તે સમયે તે જાણેલો પ્રયોજનવાન. ઝીણી વાત છે બાપુ ! આ તો... આહાહા !

અગિયાર ને બારમાં મોટા ગોટા ઊઠે છે, અગિયારમી ( ગાથામાં ) જે નિશ્ચય કહ્યો, એ નિશ્ચયનો આશ્રય થયો. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર થયાં, પણ પૂરણ થયું નથી. એને વર્તમાન પર્યાયમાં શુદ્ધતા થોડી અને અશુદ્ધતા બેય વર્તે છે, એને જાણવું એ પ્રયોજનવાન છે. આદરવું

તો ત્રિકાળનો આદર છે. આહાહા ! સમજાણું કાંઈ ? આવી વાતું છે.

આ ‘ વવહારદેસિદા ’ ના અર્થમાં ઉંધી પ્રરૂપણા ટીકામાં અર્થ અમૃતચંદ્રાચાર્યે ‘ વવહારદેસિદા ’ નો અર્થ શું ? તો ટીકામાં કીધું કે તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. ‘ દેખાડવું ને ઉપદેશ કરવો ’ એવો એનો અર્થ છે જ નહીં. આહાહા !

એમ તો બંધકથાનો પાઠ આવ્યો છે પહેલાં, આત્મામાં બંધકથા તે વિસંવાદ ઉત્પન્ન કરે છે તો ( શું ) બંધકથા વિસંવાદ ઉત્પન્ન કરે છે ? પાઠ તો આવો છે. ભાવ બંધ છે તે સ્વરૂપ અબંધ છે. સ્વરૂપ ભગવાન એમાં આ ભાવબંધ છે તે વિસંવાદ એટલે એકમાં બીજાનું જોડાણ બગાડ થાય છે. એ જોડાણ–બંધ ભાવ. આહાહા ! એ બંધકથા એટલે બંધભાવ, વિખવાદ ઉત્પન્ન કરે છે એમ છે. બંધકથા શું વિખવાદ ઉત્પન્ન કરે છે ? પાઠમાં બંધકથા છે. ત્રીજી ચોથી ગાથા, કથાનો અર્થ તો વાણીનું એનું જે વાચ્ય છે–બંધભાવ તે વિખવાદ, વિસંવાદ ઉત્પન્ન કરે છે.

એમ અહીંયાં ‘ વવહારદેસિદા ’ વ્યવહારનો ઉપદેશ, એ તો શબ્દ છે. એનું વાચ્ય કે જે તે કાળે શુદ્ધતા ઓછી અને અશુદ્ધતા એનું જ્ઞાન કરવું, એનું નામ વ્યવહાર દેખાડયો, એટલે વ્યવહાર જોયો, એટલે જાણ્યો એ ( જાણેલો ) પ્રયોજનવાન છે. આહાહા ! કહો સમજાય છે કે નહીં છોટાભાઈ ? આમાં ક્યાંય મળે એવું નથી કલકત્તામાં ક્યાંય બધેય. મોહનલાલજી કહે છે. નથી કયાંય આ, આવું છે જ નહીં, બધો ફેરફાર ઘણો થઈ ગયો ફેરફાર થઈ ગયો. એ લોકોને બિચારાને ખબર નથી ને આ વસ્તુસ્થિતિ આમ છે.

કે શુદ્ધનય જાણવાયોગ્ય છે, વળી જે જીવો અપરમભાવે એટલે શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્રમાં પૂર્ણ ભાવ નથી થયો–પૂરણ ભાવ થયો નથી. એને પૂર્ણ ભાવમાં પહોંચી શકયા નથી. સાધક અવસ્થામાં છે, સ્થિત છે તેને વ્યવહાર આવે છે, એને જાણવો એ પ્રયોજનવાન છે.

“ વ્યવહારદેશિદા ” નો અર્થ આ છે. આહાહા ! દિલ્હીમાં આ પ્રશ્ન કર્યો ’તો શાહુજીએ, એ લોકો બહારમાં બિચારાં બધાંએ... એ પ્રશ્ન લાવ્યો હતો. સ્થાનકવાસી નહું, દેરાવાસી તો લાવે જ તે, દિગંબરોય આ ગાથા લાવે, જુઓ વ્યવહારનો ઉપદેશ કરવો... વ્યવહારનો ઉપદેશ અહીં કરવો ( કીધું ) ઉપદેશની વ્યાખ્યા નથી પ્રભુ એ તો શબ્દો છે, એનું વાચ્ય તો ટીકામાં લીધું છે. તે કાળે જેટલો રાગ થાય તેટલો તેને જાણવો પ્રયોજનવાન છે. આહાહા ! સમજાણું કાંઈ ? હવે, આમાં ( સમજવા ) કયાં નવરા હોય છે આમાં દાકટરને ઇન્જેકશન દેવામાં બધા પણ આ ઈન્જેકશન જુદી જાતનું છે. આહાહા !

કહે છે પ્રભુ ! એકવાર સાંભળ કે આત્મા જે છે વસ્તુ પ્રભુ ! એ અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિયજ્ઞાનની પૂરણ મૂર્તિ છે પ્રભુ એનો જેણે આશ્રય લીધો, એનું અવલંબન લીધું એને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર થાય. એને આશ્રયથી દર્શન થાય, એને આશ્રયથી જ્ઞાન થાય, એને આશ્રયથી ચારિત્ર થાય, તે તો નિશ્ચય. પણ જેને હજી જ્ઞાન કે ચારિત્ર શ્રદ્ધાદિ હજી પૂરણ થયા નથી, કેવળજ્ઞાનની સ્થિતિ થઈ નથી–પરમ અવગાઢ સમકિત નથી, પરમ કેવળજ્ઞાન નથી, પરમ યથાખ્યાત સ્થિરતા ચારિત્ર નથી. એવા જીવને નીચલી દશામાં જે રાગની મંદતા અને શુદ્ધતાની અપૂર્ણતા દેખાય છે, તેને જાણવું એ પ્રયોજનવાન વ્યવહારથી કહ્યું છે. સમજાણું કાંઈ ?

આ ઘણા તો અત્યારે આનો અર્થ એવો જ કરે છે. પંડિતો, સાધુઓ ગૃહસ્થ હોય તો તે

પણ ઘણો મોટો લેખ લખે છે કો 'ક. મોતીચંદ કરીને કોક છે ન્યાંનો પલટનનો. છે કોઈ ! ( શ્રોતાઃ ઈ તો નિમિત્તને જ માને છે ) છે ને બારીસ્ટર છે. તે દિ ' એ વિરોધ કર્યો 'તો પલટન ગયા ત્યારે, વ્યાખ્યાન સાંભળ્યા પછી ( કહે ) વ્યવહારથી આમ...

અરે પ્રભુ ! ભાઈ સાંભળ બાપા ! વ્યવહાર એને કહીએ કે જેને સ્વ ચૈતન્ય પ્રભુ એનો આશ્રય લઈને જેને નિશ્ચય સત્ય દર્શન જ્ઞાન ચારિત્ર થયું છે એ જીવને પૂરણદશા નથી, માટે ત્યાં વ્યવહાર રાગની મંદતાનો આવ્યા વિના રહેતો નથી. એ રાગની મંદતાને જાણવું એ વ્યવહારદેશિતાઃ નો અર્થ છે એ એને જાણવો એ પ્રયોજનવાન છે, એ વ્યવહાર દેખાડવાનું પ્રયોજન આ છે. આહાહા !

અરે ! કયાં જગત સલવાઈ ગયું છે ને, સલવાણું. હજી તો શાસ્ત્રના અર્થ કરવામાં ઊંધાઈ. અંતર તો દૃષ્ટિ છે નહીં. આહાહા ! આ કહેઃ " વવહારદેસિદા " વ્યવહાર દેખાડવો પાછો અર્થ એવો છે ને જુઓ. દેસિદા એટલે ઉપદેશ કરવા યોગ્ય એમ, પણ એની વ્યાખ્યા ?

જે ધર્મીને અંતર સ્વભાવને આશ્રયે ધર્મ પ્રગટયો છે, સત્ય દર્શન જ્ઞાન ચારિત્ર થયા છે, પણ જેની દશા પૂરણ થઈ નથી, તેથી તેને, તે કાળે રાગની મંદતાનો સહચરરૂપી વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. એને જાણેલો... નિશ્ચય છે તે આદરણીય છે અને વ્યવહાર છે તે જાણેલો પ્રયોજનવાન છે, જાણવાલાયક છે.

નિશ્ચય આદરણીય છે ને વ્યવહારેય આદરણીય છે, તો તો બે ભાગ પડયા કેમ ? આહા... હા ! બે નય અને બે નો વિષય કેમ થયો ? જો બેય આદરણીય હોય તો બેય વિષય ભિન્ન હોવા જોઈએ. સમજાણું કાંઈ ? આહા ! એનો અર્થ ઈ થયો કે એક નિશ્ચય જે સ્વભાવનો આશ્રય છે તે સ્વભાવ છે તે આશ્રય આદરવાલાયક છે. અને જેટલો રાગની મંદતાનો ભાવ, પૂરણ વીતરાગ થયો નથી, એથી આવ્યા વિના રહેતો નથી. પણ તે કાળે તેણે તેને જાણવું કે આ છે બસ એટલું, આદરણીય છે ને એનાથી લાભ છે એ પ્રશ્ન અહીં છે જ નહીં. આહા ! સમજાણું કાંઈ ?

આહાહા ! હવે ગાથાના અર્થ કરવામાં ય મોટી ભૂલ, હવે એમાં જાવું કયાં ? આહાહા ! આવા અર્થ કરે ને... ઓલા બિચારા સાધારણ માણસ હાલો વ્રત લ્યો ને પડિમા લઈ લ્યો. પણ તારા પડિમા-ફડિમા એકડા વિનાના મીંડાં છે. સમ્યગ્દર્શન જ નથી ( પહેલું ) જ્યાં ત્યાં પડિમા કયાંથી આવી ગઈ ? મહાવ્રત લઈ લ્યો ડરશો નહીં, એમ એક જણ કહેતો ' તો વળી. શું કે આ ? બહારમાં લઈ લેવું પણ બહારમાં લેવું એ તો અનંતવાર લીધું છે, નવમી ગૈવેયકે ગયો અનંતવાર, અત્યારે તો એવા મહાવ્રત કયાં હતા ? એથી તો ઊંચા ભાવ ત્યારે હતા, અત્યારે તો કયાં ? આ તો એને માટે કરેલા ચોકાને આહાર લ્યે છે બધા. નિર્દોષ મળવું મુશ્કેલ છે. ઓલા ચોકા કરે ને આ લ્યે, વ્યવહારેય નથી અત્યારે તો.

( શ્રોતાઃ ) રાતના વખતમાં... ઊંઘ કેટલા કલાક આવતી હશે ?

( ઉત્તરઃ ) પણ એ તો એક્કોર રહ્યો. મુનિને ઊંઘ જ પોણી સેકન્ડની અંદર હોય, આ તો છ-છ સાત કલાક સૂવે, તો દ્રવ્યલિંગનું ય ઠેકાણું નથી, ભાવ તો છે જ કયાં ? નિશ્ચય સમકિતને... ઈ વ્યક્તિને માટે નથી પ્રભુ હોં ! ઈ તો બિચારાં વસ્તુની સ્થિતિ આ છે. વ્યક્તિની વાત નથી એની જવાબદારી તો એને છે ને, ( આ ઈ ) એ ભગવાન છે ભાઈ ! ભૂલ્યો છે પણ

ભગવાન છે. એ ભૂલમાં એને દુઃખ થશે, એની એને ખબર નથી .આહાહા! વ્યવહાર કરતાં નિશ્ચય થશે, એવી માન્યતા તો મિથ્યાત્વ છે. અને મિથ્યાત્વ છે એ મહાસંસાર છે.

આંહી તો મુનિને જે પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે, એને પણ જગપંથ ને સંસાર કહે. આહાહાહાહા! તો વ્યવહારની ક્રિયા કરતાં–કરતાં નિશ્ચય થાય, એ તો મોટો જગપંથ મિથ્યાત્વ છે. આહાહા! મિથ્યાત્વ એ જગપંથ છે અને મિથ્યાત્વ ગયા પછી રાગ રહે એ પણ જગપંથ છે. (શ્રોતાઃ રાગનું ફળ જ ભવ છે.) આહાહા! તો પછી હજી શુભ કરીએ, શુભ કરતાં કરતાં આગળ જવાશે શુદ્ધ થાશે. એ પહેલું પગથિયું છે, અશુભ ટાળીને શુભ(માં) આવવું પછી શુભ ટાળવો એ પગથિયું છે એમ અજ્ઞાનીઓ–મિથ્યાદૃષ્ટિઓ માને છે. આહાહા!

એ તો સમ્યગ્દર્શન થયા પછી–અનુભવ થયા પછી... એને પહેલો અશુભ ટાળે ને શુભમાં આવે ને પછી શુભ ટાળીને શુદ્ધમાં આવે એમ વાત છે. પણ હજી આંહી ઠેકાણાં ન મળે, વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણાં ન મળે ને અશુભ પહેલાં ટળે ને પછી શુભ આવે. એને તો બધું અશુભ જ છે એને તો! મિથ્યાત્વ છે એ જ મોટો અશુભ છે! આહાહા! આકરી વાતું બહુ.

એ શબ્દાર્થમાં આવો ભાવ છે. વ્યવહારદેસિદા કીધુંને ? અર્થાત્ એનો અર્થ એ થયો કે વ્યવહાર દેખાડયો છે. બસ! તે કાળે પૂરણ ચારિત્ર નથી અને અપૂર્ણ ચારિત્રમાં છે, દર્શનજ્ઞાન થયાં, પણ ચારિત્ર પૂરણ થયું નથી એવા સાધક જીવને, છે ને ? સાધક અવસ્થામાં જ. સિદ્ધ થઈ ગયા–કેવળી થઈ ગયા એને કાંઈ નહીં, મિથ્યાદૃષ્ટિને કાંઈ નહીં.

શું કીધું ? સર્વજ્ઞ થયા એનું આંહી કામ નથી, તેમ મિથ્યાદૃષ્ટિ છે એનું ય આંહી કામ નથી. આ તો સાધક અવસ્થામાં– આહાહા! જેણે આ આત્મા આનંદ સ્વરૂપનું સાધન કર્યું છે, અંતરને આશ્રયે જેને દર્શન જ્ઞાન ચારિત્ર અંશે પ્રગટયાં છે. પણ સાધક અવસ્થા છે ત્યાં બાધક અવસ્થા હજી ઊભી છે, સાધક ત્યાં સુધી કહીએ એને કે બાધક અવસ્થા છે. એ બાધક અવસ્થા છે તેને વ્યવહાર કહીને જાણેલો પ્રયોજનવાન કીધો છે. આહાહા! અરેરે! શું થાય! ભગવાનના વિરહ પડયા, ત્રિલોકનાથ આંહી રહ્યા નહીં, કેવળજ્ઞાનની ઉત્પત્તિ રહી નહીં, અવધિ–મનઃપર્યયથી કંઈક પ્રત્યક્ષ જણાય એવી ચીજેય રહી નહીં. આહાહા! અને બધા ગોટા ઊઠયા.

એટલે કહે છે. શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શકયા એમ, મૂળ તો ચારિત્રની પૂર્ણ દશાને પામ્યા નથી અને જ્ઞાનની પૂર્ણ દશાને પામ્યા નથી એમ. પણ શ્રદ્ધા તો શ્રદ્ધા થઈ છે. સમજાણું ? અને શ્રદ્ધા પણ પરમ અવગાઢ એ થઈ નથી, કેવળજ્ઞાન પૂર્ણ થયું નથી, ચારિત્ર યથાખ્યાત થયું નથી, એવા પૂર્ણભાવને નથી પહોંચી શકયા, સાધક વર્તમાન સાધક અવસ્થામાં વર્તે છે એટલે કે બાધક અવસ્થાનો તો નાશ કર્યો છે મિથ્યાત્વનો, પણ બીજી બાધક અવસ્થા રાગની હજી બાકી છે. આહાહા! સમજાણું કાંઈ ?

સાધક થયો છે સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે તેના આશ્રયે સમ્યગ્દર્શન જ્ઞાન થયું છે, સાધક છે, એને પૂર્ણ દશા નથી, એવી અવસ્થામાં, વ્યવહાર દ્વારા એટલે વ્યવહાર તેને જાણેલો પ્રયોજનવાન છે. એને વ્યવહાર આવે છે, એથી જાણેલો પ્રયોજનવાન છે. આહાહા! હવે આવા બધા અર્થ કરવા, એ લોકો એમ કહે કે માળા સોનગઢિયા એ અર્થ ફેરવે છે, બધી ખબર છે ને! (શ્રોતાઃ એ તો એમ જ કહે ને!)

એમ જ કહેને શું થાય. આહાહા ! આંહી તો પ્રભુ ! બારમી ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્યનો આશય એ છે કે તેનો ખુલાસો ટીકાકારે–અમૃતચંદ્રાચાર્યે ખુલાસો કરી નાખ્યો છે. કે ભઈ ! વવહારદેસિદાનો અર્થ શું ? કે તે કાળે રાગની મંદતા સાધકજીવને વર્તે છે, તેને જાણવો તે પ્રયોજનવાન છે, એમ વવહારદેસિદાનો અર્થ એ છે, આહાહા ! આવશે ટીકા, આ તો શબ્દાર્થમાં, ( સ્પષ્ટીકરણ થોડું થયું )

પ્રમાણ વચન ગુરુદેવ.

## પ્રવચન નં. ૪૬ ગાથા - ૧૨ તા. ૨૯-૭-૭૮ શનિવાર, અષાઢ વદ-૧૦ સં. ૨૫૦૪

સમયસાર, બારમી ગાથા.

‘ જે પુરુષો છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે. ’ જેમ સોનું સો ટકા ને સોળ વલું થાય, એમ શુદ્ધ સુવર્ણ સમાન વસ્તુના ઉત્કૃષ્ટ ભાવને આત્માના ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે. ધ્યાન રાખો એય, હિંમતભાઈ ! કયાં નજર જાય છે તમારી. આંહી શું કહેવાય છે ? આમાં ઘણું બધું ગયું, ઘણું વયું ગયું ઘણું.

ઉત્કૃષ્ટ કેમ કહ્યો ? કે સુવર્ણ જેમ સોળ વલું સોનું પૂરણ હોય, એમ જેની પૂરણ દશા પ્રગટ થઈ ગઈ કેવળીને. છે ? તેમને ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે. સર્વજ્ઞ પરમાત્મા / ઘણો આમાં ફેરફાર છે. આ ગાથાના અર્થમાં આના અર્થે ય ઊંધા કરે છે ઘણાંય, ઘણી જાતના એટલે આમાં ફેર છે જરી.

જે પુરુષો છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન, એ તો દૃષ્ટાંત છે. શુદ્ધ સુવર્ણ સમાન વસ્તુના ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે. એટલે કે છેલ્લી દશા–કેવળજ્ઞાનને પ્રાપ્ત છે, ‘ તેમને તો પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પાચ્યમાન ’ પ્રથમ, સમ્યગ્દર્શન થતાં પહેલી પર્યાયનો જે અનુભવ, ઈ એને નથી હવે. તેમ વચલી દશાનો અનુભવ પણ કેવળજ્ઞાનીને નથી. ધ્યાન રાખજો.

‘ તેમને પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પકાવવામા આવતા અશુદ્ધ સુવર્ણ સમાન જે અનુત્કૃષ્ટ મધ્યમ, ’ અનુત્કૃષ્ટ કેમ કહ્યું ? કે સમ્યગ્દર્શન થતાં પહેલે સમયે જઘન્ય અનુભવ હોય છે, બીજે સમયે એનાથી વધ્યો, મધ્યમ થઈ ગયો, તે કેવળજ્ઞાન ન થાય, તે પહેલાના આ બાજુના સમય સુધી એને મધ્યમ કહેવામાં આવે છે.

શું કીધું ઈ ? સમ્યગ્દર્શન થાય, શુદ્ધ ચૈતન્ય જ્ઞાન સ્વરૂપ, આંહીયા તો એ સર્વજ્ઞ સ્વરૂપી જ પ્રભુ ધ્રુવ છે. જ્ઞાયક કહો કે સર્વજ્ઞસ્વભાવી આમ નિત્ય ધ્રુવ એની જ્યાં દૃષ્ટિ થઈ, એનો સ્વીકાર ને સત્કાર થયો તો પહેલા સમયનો જે અનુભવ, એને જઘન્ય કહે છે. પણ તે તરત જ એને બીજે સમયે, ત્રીજે સમયે અનુભવ હોય જ છે. સમજાણું કાંઈ ? સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ, સર્વજ્ઞ સ્વભાવી વસ્તુ એવી દૃષ્ટિ થતાં પહેલા સમયનો જે અનુભવ એ અસંખ્ય સમય રહે છે તેથી તેને બીજા ત્રીજા આદિ મધ્યમ અનુભવ તેને થઈ જાય છે. જઘન્ય ઓળંગીને.

આ તો આમાં બહુ વિરોધ આવ્યો છે તેથી વધારે સ્પષ્ટ થાય. પરંપરાથી પકાવવામાં આવતા અશુદ્ધ સુવર્ણ સમાન જેમ સુવર્ણ અશુદ્ધ હોય, એમ આ હજી અનુત્કૃષ્ટ મધ્યમભાવ, જઘન્યભાવ ન લીધો, કેમકે જઘન્યભાવ તો પહેલે સમયે હોય છે. શું કીધું ઈ ? શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ છે, એવી જે દૃષ્ટિ ને અનુભવ થયો, એનાં પહેલા સમયનું વેદન તો જઘન્ય કહેવાય. પણ એ તો આગળ વધી જ જાય, તરત જ તેને બીજે સમય આદિ અસંખ્ય સમયની વૃદ્ધિ તેને હોય જ તે. સમજાણું કાંઈ ?

ઘણાં પ્રકાર આવશે, ધીમેથી સાંભળજો.

મધ્યમભાવ, તેનો અનુભવ નથી હોતો. જઘન્ય તો સમકિત થયા પછી પણ, જઘન્ય અનુભવ તો એને ય નથી. સમજાણું કાંઈ ? અને આને ઉત્કૃષ્ટ અનુભવ નથી હોતો, કેમકે સમ્યગ્દર્શન થયા પછી પણ જ્યાં સુધી કેવળજ્ઞાનની દશા ન થાય, ત્યાં સુધી મધ્યમ દશાનો અનુભવ છે. વાત સમજાય છે ?

એટલે કહ્યું કે અનુત્કૃષ્ટ એટલે ઉત્કૃષ્ટ નહીં. જે પહેલું કહ્યું, કે ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે કેવળી. એને આ ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ મધ્યમ અનુભવવાળાને નથી. સમજાય છે કાંઈ ? આહાહા ! અને અહીંથી જઘન્ય તો એ છે જ નહીં. એ જઘન્ય પહેલા સમયનો ગણ્યો છે, અને આસ્રવમાં જે જઘન્યભાવ ગણ્યો છે મૂળપાઠમાં. ભાઈ ! જહણભાવે ! એ જઘન્યભાવ, ઉત્કૃષ્ટભાવની નીચે ભાવ છે એ બધાને જઘન્યભાવ ગણ્યો છે.

શું કહ્યું ? આંહીયા જે જઘન્યભાવ છે, એ તો સમ્યગ્દર્શન અનુભવ થવાનો પહેલો સમય છે તેને જઘન્યભાવ કહે અને પછીના ભાવને મધ્યમભાવ કહે, ઉત્કૃષ્ટનો અભાવ ને જઘન્ય તો ગ્યો. સમજાણું કાંઈ ? એને મધ્યમ ભાવનો અનુભવ હોવાથી તે ભાવનો અનુભવ નથી. કોને ? કેવળીને, અશુદ્ધ સુવર્ણસમાન જે અનુત્કૃષ્ટ ભાવ તેનો અનુભવ હોતો નથી, કોને ? કેવળીને.

જે પુરુષો છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન સોળ, શું કીધું ? સોળ. ( શ્રોતાઃ સોળ વલા સમાન ) સોળ શું કીધું ? ( શ્રોતાઃ વલું ) સોળ વલું ભૂલી જાય તમારી ભાષા ! સોળ–વલું જ્યાં સુવર્ણ થઈ ગયું એને પછી મધ્યમ ને અશુદ્ધ સુવર્ણની જે મધ્યમ દશા, એ એને હોતી નથી. એને તેર વલું ને ચૌદ વલું હોતું નથી.

એમ જેને સર્વજ્ઞ પૂર્ણદશા થઈ, એને જઘન્ય તો નથી. એ સમકિતીને ય જઘન્ય નથી. જઘન્ય તો પહેલે સમયે થઈ ગયું અને સર્વજ્ઞ ન થાય ત્યાં સુધીની દશાને ઉત્કૃષ્ટ દશા નથી તેને તે અનુત્કૃષ્ટ દશાને મધ્યમદશા કહે છે. એ મધ્યમ દશાનો અનુભવ કેવળીને હોતો નથી. સમજાણું કાંઈ ?

આમાં મોટી તકરાર છે એટલે જરી હમણાં આવ્યું છે, કે શુદ્ધનયને જાણેલો પ્રયોજનવાન કેવળીને છે. એને કે દિ ’ શુદ્ધનય હતો ? કે તમે એને ( જાણેલો પ્રયોજનવાન કહો છો ? ) શુદ્ધનય તો સાતમાથી શુદ્ધનય થાય અને ચોથે, પાંચમે, છઠ્ઠે સુધી વ્યવહાર હોય છે.

કેવળીને શુદ્ધનય જાણવાનું તમે કહો તો એને નય છે ક્યાં ? એમ કહે છે એ ( લોકો ) એમ કહે છે, સાંભળો ધીરે... થી સાંભળો. બધું સમજવા જેવી ઝીણી વાત છે. જેમ જેમ વિરોધ આવે છે તેમ તેમ સ્પષ્ટીકરણ ( થાય છે. ) ઈ એમ કહે છે હમણાં લખાણ છે મોતીચંદ ! પલટનનો છે

કો ’ક વકીલ. એમ કે શુદ્ધનયને જાણવાનું કહ્યું છે. ઈ શુદ્ધનય કેવળીને કયાં છે ? કેવળીને તો નય ( નથી ) એને તો પૂરણ થઈ ગયું છે શુદ્ધનય કયાં છે ? શુદ્ધનય તો નીચલી દશામાં સાતમાથી તે ઉપલી દશામાં શુદ્ધનય હોય. ને ચોથે, પાંચમે, છઠ્ઠે તો વ્યવહારનય હોય. ( શ્રોતાઃ ચોથેથી શુદ્ધનય શરૂ થઈ જાય છે ) શુદ્ધનય ન્યાંથી ( ચોથેથી ) નહીં એને એનો નિષેધ કરવો છે ને એને ? આહાહા ! શુદ્ધનય ન્યાંથી ( ચોથેથી ) નહીં.

આહાહા ! કારણકે... એમ તમે કહો, આંહી કહેશે જુઓ.

તેનો અનુભવ હોતો નથી તેથી, શુદ્ધદ્રવ્યને કહેનાર હોવાથી એટલે કે શુદ્ધ દ્રવ્યને અનુભવનાર હોવાથી એમ, કહેનાર હોવાથી. સમજાણું કાંઈ ? ઝીણી ભાષા છે બાપુ ! આ તો... અધ્યાત્મ મારગ અંદર બહુ સૂક્ષ્મ છે. એને પકડવો, સમજવો એ બહુ પુરુષાર્થ માંગે છે.

અહીંયા શુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી એટલે કે શુદ્ધ દ્રવ્યને જાણનાર હોવાથી-પૂરણ, જેણે અચલિત અખંડ એક સ્વભાવ એક ભાવ પ્રગટ કર્યો છે. જેણે અચલિત, અખંડ, એકસ્વભાવરૂપ-મધ્યમભાવ હતો ત્યાં એક સ્વભાવ હજી નહોતો. સમજાણું ? આ તો એકસ્વભાવ ભાવ સર્વજ્ઞ થયા. એક સ્વભાવભાવ એક ભાવ પ્રગટ કર્યો છે. એકભાવ પ્રગટ કર્યો છે એવો શુદ્ધનય જ આંહી વાંધો છે. કેવળીને તમે શુદ્ધનય લગાડો તો નય કયાં છે ન્યાં એ એમ કહે છે. માટે આ શુદ્ધનય છે ઈ સાતમે, આઠમે, નવમે એમાં લાગુ પડે, ચોથે, પાંચમે, છઠ્ઠે શુદ્ધનય લગાવો એ ન કામ આવે, તેમ શુદ્ધનય કેવળીને લગાવો એ ન કામ આવે, એમ એ કહે છે. વકીલ છે એક, મોટું લખાણ આવ્યું છે.

એ તો... બધી તકરાર ચાલે જ છે એ તો બધી આ બારમી ગાથાની તો. આહાહા !

અહીંયાં તો કહે છે કે શુદ્ધ સુવર્ણ સોળ વલા સમાન, જેણે આત્માનો શુદ્ધ પૂરણ સ્વભાવ સર્વજ્ઞ પૂરણ આનંદ જ્યાં પ્રગટ થઈ ગયો, ભાવ પ્રગટ થઈ ગયો, જે એક સ્વભાવભાવ અચલિત અખંડ પ્રગટ થઈ ગયો, એને તો શુદ્ધનય જ. છે ? -શુદ્ધનયનો અર્થ એ કે હવે એને શુદ્ધનય કરવાનું રહ્યું નથી. ભાઈ ! આસ્રવમાં આવે છે ને ? કેવળજ્ઞાનીને શુદ્ધનય પૂર્ણ થઈ ગઈ એમ કીધું છે. આસ્રવ અધિકાર. સાંભળજો, આ બારમી ગાથાનો... બહુ તકરારી ભાઈ તે ટીકાના ઘણાં પ્રકાર આમાં નીકળશે.

એક તો આસ્રવમાં જઘન્ય ભાવ કીધો. એ જઘન્યભાવ કયો ? કે ઉત્કૃષ્ટ કેવળજ્ઞાનીનો ભાવ નથી, અને મધ્યમ છે તેને અહીં જઘન્ય કીધો. બીજી વાત... ભાવાર્થમાં શુદ્ધનય પૂરણ કેવળજ્ઞાનમાં થાય છે એમ લખ્યું છે. બે ઠેકાણે છે ને ? છે ને આમાં ? આસ્રવ, આસ્રવ જુઓ પાનું આંહી છે ગુજરાતી બસો ચોરાશી, એકસો વીસ કળશ છે. પાના ફેર હોય તો એકસો વીસ કળશ એમાં નીચે છે. નીચે છે તદ્દન.

સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે. છે ? છેલ્લી લીટી, આમાં છેલ્લી લીટી છે. એકસો વીસ કળશના પછી, ભાવાર્થ થયા પછી સાક્ષાત્ શુદ્ધનય તો... જોયું ? શુદ્ધનય સાક્ષાત્ તો કેવળજ્ઞાન થયે થાય છે.

ઈ કઈ અપેક્ષા કીધી ? એકકોર એમ કહ્યું કે ત્રિકાળી ભૂતાર્થ તે શુદ્ધનય. અને આંહી સાક્ષાત્ શુદ્ધનય કેવળજ્ઞાનમાં થાય છે એમ કહ્યું. એનો અર્થ ? કે શુદ્ધનયનો હવે આમાં આશ્રય

લેવા જેવો હતો એ આશ્રય ત્યાં છે નહીં, એટલે ત્યાં શુદ્ધનય પૂરણ થઈ એમ. સમજાણું કાંઈ આમાં ? આહાહા ! આવા ભંગ પડે ઘણાં, આ વાંધા ઊઠાવ્યા છે આ બારમીમાં. શુદ્ધનય એને ક્યાં છે કેવળીને એમ કહે માટે શુદ્ધનય જાણેલો, જાણેલો તમે કહો છો તે શુદ્ધનય એને જાણવું છે ?

હા ! એને શુદ્ધનય જાણવો છે. સમજાણું કાંઈ ? એકસો તેંતાલીસ ગાથામાં કહ્યું ને મૂળપાઠમાં પછી, શ્રુતકેવળી હારે મેળવ્યું છે ને ? ત્યાં ય શુદ્ધનય જાણે છે એટલું. એકસો તેંતાલીસ છે ને ? એકસો તેંતાલીસ ગાથા. કર્તા કર્મની ને ? છેલ્લી. એકસો તેંતાલીસ. હીં ! જુઓ ! એ એકસો તેંતાલીસ ગાથા. જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે, એક બોલ ! છે ? બીજો બોલ ! હવે બીજા બોલ ઉપર વજન છે આંહી. શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહાર નિશ્ચયનય પક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે ( છે ). છે ?

શું કહે છે ? કેવળી, વ્યવહારનય ને નિશ્ચયનયના પક્ષો તેમના સ્વરૂપને ' જ ' કેવળ જાણે–એટલે શુદ્ધનય જાણે છે એનો અર્થ એ કે એને શુદ્ધનયનો વિષય પૂરણ થઈ ગયો એટલે હવે જાણવાનું જ રહ્યું બસ એમ.

ધીમેથી સમજવું બાપુ ! આ ગાથા તો મોટી તકરારી છે ને ?

શું કીધું ? કેવળી ભગવાન વિશ્વના સાક્ષીપણાને લીધે, શ્રુતજ્ઞાનનો અવયવ–શ્રુતજ્ઞાન એ પ્રમાણ છે અને નિશ્ચય ને વ્યવહારનય એનો અવયવ છે, ભાગ છે. તેથી અવયવભૂત એવા જે વ્યવહાર નિશ્ચયના પક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે. કો 'હવે નય ક્યાં છે ત્યાં ? પણ... જાણે છે એનો અર્થ જ એ કે જાણવું રહી ગયું એકલું એમ. આહાહા ! સમજાણું કાંઈ ? છે ? કેવળી પણ નિશ્ચય–વ્યવહારનયને જાણે છે. કેવળી પણ વ્યવહારનય ને નિશ્ચયનય એના સ્વરૂપને જાણે છે એમ કહ્યું.

હવે, ત્યાં કાંઈ નિશ્ચય–વ્યવહાર નય છે નહીં. એથી એને જાણે છે જ્ઞાનમાં જાણે છે, જેમ હતું તેમ જાણ્યું એનું નામ વ્યવહાર ને નિશ્ચયને જાણનારો કહ્યો. આરે ! એક વાત ! અહીંયા કહ્યું કે શુદ્ધનય કેવળજ્ઞાન થયે થાય છે. આસ્રવમાં કહ્યુંને ? અને આંહી કહ્યું, આપણે આ ચાલતા અધિકારમાં, શું કીધું આંહી જુઓ અનુત્કૃષ્ટ ભાવ તેનો અનુભવ કેવળીને હોતો નથી. તેથી શુદ્ધદ્રવ્યને કહેનાર એવો શુદ્ધનય જ. છે ? એ શુદ્ધનય જ, સૌથી ઉપરની એક પ્રતિવર્ણિકા સુવર્ણપણાના સમાન હોવાથી–સોળવલા સમાન હોવાથી–જાણેલો પ્રયોજનવાન. શુદ્ધનય જ જાણેલો પ્રયોજનવાન છે.

હવે આંહી તકરાર કરે છે. એને શુદ્ધનય ક્યાં છે કે જાણેલો પ્રયોજનવાન છે ?

અરે ભાઈ ! જાણવાનું એને બધું આવ્યું એમાં જાણવાનું જાણ્યું એણે બસ એટલું. આહીં તો એ જ કહ્યું–શુદ્ધનયને જાણેલો પ્રયોજનવાન છે એમ કીધું. નય એને હોતી નથી, પણ જાણનાર છે એમ કીધું એને બસ એટલું. શુદ્ધનયને પણ જાણનાર છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

આમાં તકરાર શું છે ? કે એ બારમી ગાથામાં જે વ્યવહાર કહ્યો. એ તો ચોથે, પાંચમે, છટ્ઠે સુધીનો વ્યવહાર અને પછી શુદ્ધનય કીધી એ તો સાતમા પછી શુદ્ધનય અને કેવળીને શુદ્ધનય

હોય નહીં, એમ કહે છે. ભાઈ ! એનો આંહી ખુલાસો એમ છે કે એ શુદ્ધનયનું પૂરણ સ્વરૂપ / શુદ્ધનય તો ભૂતાર્થને કીધી છે ત્રિકાળને અને ત્રિકાળને આશ્રયે દૃષ્ટિ થાય સમ્યગ્દર્શન અને અનુભવ સ્થિરતા એને પણ શુદ્ધનય કહેવામાં આવે છે ચૌદમી ગાથામાં. અને આંહી પણ કેવળજ્ઞાનમાં પણ... શુદ્ધનય પૂરણ થઈ ગઈ-આશ્રય લેવો એને પણ શુદ્ધનય જાણે છે એમ કહેવામાં આવે છે. આહાહાહાહા ! સમજાય છે કાંઈ ? રાત્રે પ્રશ્ન કરવા.

ત્રણ વાત થઈ. એક તો ઉત્કૃષ્ટ સુવર્ણનો જેને અનુભવ છે એને મધ્યમ સુવર્ણનો અનુભવ નથી, એમ જેને ઉત્કૃષ્ટ-કેવળજ્ઞાનનો અનુભવ છે એને મધ્યમ દશાનો અનુભવ નથી. કેમકે એને એકરૂપ અખંડ દશા પ્રગટ થઈ ગઈ છે, તેથી શુદ્ધનય તેને જાણેલો પ્રયોજનવાન છે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ?

અને, આંહીયા અનુત્કૃષ્ટ શબ્દ લીધો, લીધોને ? કેમકે જઘન્ય, મધ્યમ ભાવ તો એને નથી. પણ... સમ્યગ્દૃષ્ટિ જીવને હજી બારમાં સુધી મધ્યમ ભાવ છે. પૂરણ થઈ ગયો તેરમે ત્યારે હવે મધ્યમ ભાવ રહ્યો નથી, ઉત્કૃષ્ટભાવની દશા થઈ ગઈ. એને શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન એમ કીધું. એને શુદ્ધનય ત્યાં જ હોય છે અને શુદ્ધનય નીચે નથી હોતો, એમ નથી. શુદ્ધનય તો ચોથેથી લાગુ પડે છે.

ત્રિકાળી ભૂતાર્થ જ્ઞાયક સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ ! આમ સર્વજ્ઞ સ્વરૂપી સર્વજ્ઞ સ્વભાવી જે ધ્રુવ વસ્તુ એનો આશ્રય લીધો, ત્યાં પહેલે સમયે જે દર્શન પ્રગટયું-જ્ઞાન પ્રગટયું એ જઘન્યભાવે કહેવામાં આવે અને એ એક સમય રહેતું નથી પછી તુરત જ બીજે સમયે, ત્રીજે સમયે, ચોથે સમયે એની દશા વધી જ જાય છે. સમજાણું કાંઈ ? હા, જરી ઝીણી વાત છે. આ તો ઓલા લોકો જેમ માળા વિરોધ કરતા જાય છે ને એમ આ વધારે... સ્પષ્ટીકરણ થતું જાય છે.

એક તો એમ કહે છે કે શુદ્ધનય જાણેલો ન્યાં કીધું તો એને નય નથીને જાણેલો માટે ખોટી વાત છે, એને નય નથી. નય તો શુદ્ધનય કોને હોય ? સાતમે, આઠમે, નવમે એને શુદ્ધનય હોય કેવળીને શુદ્ધનય ન હોય. ચોથે પાંચમે છઠ્ઠે શુદ્ધનય ન હોય, ચોથે પાંચમે છઠ્ઠે વ્યવહાર હોય કેવળીને શુદ્ધનય ન હોય, વચલી દશાને શુદ્ધનય હોય, એમ નથી. આહાહા !

શુદ્ધનયની શરૂઆત તો ભૂતાર્થનો આશ્રય થયો, સમ્યગ્દર્શનની દશા, જેને ધ્રુવ... જ્ઞાયકભાવ આમ એકલો જ્ઞાનભાવ બીજી ભાષાએ કહીએ તો, સર્વજ્ઞ સ્વભાવભાવ, સર્વજ્ઞ સ્વભાવભાવ, ધ્રુવભાવ, જ્ઞાયકભાવ એમ સર્વ... જ્ઞ સ્વભાવ. આહા ! એમાં જ્યાં દૃષ્ટિ પડી, ત્યારથી પહેલે સમયે એનું વેદન ઉત્પન્ન થઈ ગયું, પણ ઈ પહેલો સમય રહેતું નથી, તરત જ બીજે સમયે... ત્રીજે સમયે એનું મધ્યમ વેદન ( થઈ જાય છે ) એ મધ્યમ વેદન કયાં સુધી હોય ? કે, ઉત્કૃષ્ટ-કેવળીને ન હોય ત્યાં સુધી દશાને મધ્યમ હોય, કેવળ થાય ત્યાં સુધી તો મધ્યમવાળાને શુદ્ધનયનો આશ્રય છે. હજી પૂરણ વસ્તુનો આશ્રય છે, એ આશ્રય કેવળીને છૂટી ગયો એટલે કેવળી શુદ્ધનયને જાણે છે તેમ કહેવામાં આવ્યું છે.

આહા.... ! ધીમે... ધીમે સમજવું આ વિષય પહેલો જ શરૂઆત થાય છે. આવું સ્પષ્ટીકરણ આ પહેલું આ વિરોધ બહુ આવ્યો ને. એ કહે શુદ્ધનય ચોથે-પાંચમે-છઠ્ઠે તો ' વ્યવહાર દેશિદા ' પણ આવ્યું 'ને આમાં ! વ્યવહારનો ઉપદેશ કરવો, કોને ? ચોથા પાંચમા છઠ્ઠાને ! આહાહા ! અરે

ભગવાન ! શું કરે છે પ્રભુ તું શું કરે છે ભાઈ ? આહાહા ! ભગવાન છે ઈ યે ય તે ! આહાહા ! દશામાં ભૂલ થાય છે ભાઈ ! આહાહાહા !

શુદ્ધનય નીચે ન હોય ને એકલો વ્યવહાર જ હોય તો ઈ વ્યવહાર, નિશ્ચય વિના વ્યવહાર હોઈ શકે જ નહીં. નિશ્ચય સ્વ શુદ્ધ ત્રિકાળી ભૂતાર્થ વસ્તુ છે એનો આશ્રય થઈ ગયો છે સમ્યગ્દર્શન થતાં જ, એનો આશ્રય શુદ્ધનયનો એ વસ્તુ ત્રિકાળ છે એને પણ શુદ્ધનય કહીએ, અને એનો આશ્રય કરનારી પર્યાયને પણ શુદ્ધનય કહીએ. આહાહાહા ! અને પ્રગટેલી દશાને પણ શુદ્ધનય કહીએ અને પૂરણ થયેલી દશાવાળાને પણ શુદ્ધનય પૂરણ થઈ ગઈ એમ કહેવામાં આવે. એય હીરાભાઈ ! આ પ્રભુનો મારગ અરે પ્રભુ તારા... આહા ! સર્વજ્ઞ રહ્યા નહીં, લોકોએ કલ્પનાથી મારગને ચૂંથી નાખ્યો, બાપુ મારગ આમ નથી ભાઈ ! આહાહા !

આંહી જઘન્ય દશા કેમ ન લીધી ? અનુત્કૃષ્ટ લીધું કેમ ? તે એક સમયની દશા સમકિતમાં અસંખ્ય સમયમાં તો વધી જ ગયો છે અંદર એટલે જઘન્યદશા હવે એને રહી નથી. આહાહા ! હેં ! અને કેવળજ્ઞાનદશા થઈ નથી, એથી એને અનુત્કૃષ્ટ–મધ્યમદશા કહેવામાં આવે છે. મોહનલાલજી ! સમજાય છે કે નહીં ? આ તો મારગ બાપુ, સર્વજ્ઞ ત્રિલોકનાથ ! એ પણ દિગંબર દર્શન, આહાહાહા ! આવી વાત ક્યાં છે ક્યાં ? પરમ સત્યને પ્રસિદ્ધ કરનાર છે. ‘ આ ’ આહાહા !

એક તો આંહીયાં કહ્યું કે મધ્યમભાવ, તો એનો અર્થ એ થયો કે સમકિતી થયાને, જઘન્યભાવ હોતો નથી. / કેમકે પહેલે સમયે જઘન્ય હોય છે ને તરત જ બીજે સમયથી મધ્યમ ભાવ થઈ જાય છે. અને આહીં જઘન્ય લીધો નથી આ મધ્યમ છે એને આસ્રવ અધિકારમાં જઘન્ય કીધો છે. ભાઈ ! ‘ જહણ ’ ભાવે પરિણમન. જ્યાં સુધી ધર્મીજીવને ઉત્કૃષ્ટભાવનું પરિણમન નથી, ત્યાં સુધી જઘન્યભાવે છે એમ કહેવામાં આવ્યું છે. હજી એને ઓછું છે ને, ઓછું છે ને ! આહાહા !

ઈ જઘન્યભાવ આ એક સમયનો છે ઈ નહીં. ઉત્કૃષ્ટભાવ નથી એનાથી હેઠે છે એને જઘન્યભાવ. જે આંહી મધ્યમ કહ્યો એને ત્યાં જઘન્ય કહ્યો. આહાહા ! હવે આંહી તો એમ કહેવું છે કે શુદ્ધનય કહેનાર હોવાથી છે ને ? એટલે આ લોકોને વાંધા ઊઠે છે. શુદ્ધનય કહેનાર છે પણ ( શુદ્ધનય ) કેવળીને ક્યાં છે એ કાંઈ ? એમ કહે છે.

પણ... આંહી તો શુદ્ધનય કહેનાર હોવાથી એટલે શુદ્ધનયનું સ્વરૂપ વાસ્તવિક હોવાથી એમ, કહેનાર તો ‘ બંધકથા ’ એવો શબ્દ આવે છે, પણ અંદર ‘ બંધભાવ ’ બતાવવો છે. એમ આંહી ‘ શુદ્ધનય કહેનાર ’નો અર્થ કે શુદ્ધનય જેને હોવાથી, જેને અચલિત, પૂરણ થઈ ગયું એને એમ, અચલિત અખંડ એક સ્વભાવરૂપ એકભાવ પ્રગટ કર્યો છે. આહાહા ! સર્વજ્ઞ પરમાત્માને તો અસ્ખલિત એકસ્વભાવભાવ પ્રગટ થઈ ગયો છે. એવો શુદ્ધનય, જોયું ? પ્રગટ થયો છે એવો શુદ્ધનય. પ્રગટ તો કેવળજ્ઞાન થઈ ગયું છે. પૂર્ણદશા ! પણ એને હવે આંહી શુદ્ધનયનો આશ્રય કરવો અટકી ગયો, એટલે કે શુદ્ધનય પ્રગટ થઈ ગઈ પૂરી એમ કહેવામાં આવે છે.

( શ્રોતાઃ શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન થઈ ગયું. ) ઈ, ઈ પણ જાણેલાનું ઈ કહે છે કે છદ્મસ્થને જાણેલો હોય, કેવળીને જાણેલો નય ક્યાંથી હોય એમ કહે છે. ( શ્રોતાઃ કેવળી તો

બધુંય જાણે !) પણ કહ્યું ને એકસો તેંતાલીસમાં બતાવ્યુંને.... વિશ્વના સાક્ષીપણાને લીધે નિશ્ચય-વ્યવહારનયને જાણે છે હવે નિશ્ચય વ્યવહારનયને જાણે છે એટલે નિશ્ચય વ્યવહારનય છે ત્યાં એમ નહીં. પણ... જેમ બીજાને જાણે છે એમ નિશ્ચય-વ્યવહારને પણ જાણે છે. ભાઈ ! આહાહાહા ! આવી વાતું છે બાપા ! વીતરાગ મારગ ! આહાહા !

આંહી શુદ્ધનયને કહેનાર હોવાથી છે ને ? એટલે એ લોકો લે છે કે શુદ્ધદ્રવ્યને કહેનાર હોવાથી જે સાધે છે એને એ શુદ્ધદ્રવ્યની નય છે સાતમે, આઠમે, આદિ એને શુદ્ધનય એમ કે ધ્યાનમાં જ્યારે હોય ત્યારે...

એવો શુદ્ધનય જ જાણેલો પ્રયોજનવાન છે. આહાહાહા ! એનો અર્થ એ કે નયપણું ત્યાં છૂટી ગયું છે હવે. અને તેથી એમ પણ લઈ લીધું કે શુદ્ધનયની પૂર્ણતા કેવળજ્ઞાન થયે થાય છે. આવ્યું 'ને ઈ ? આસ્રવમાં. બે ઠેકાણે આવ્યુંને બેય બાજુએ છે. આ પાનું આ બાજુ. આહાહા ! ભાઈ ! કઈ અપેક્ષા છે ભાઈ, એવું જાણવું જોઈએ. એમ ખેંચાતાણ કરે બાપુ એમ ન હાલે. પ્રભુનો મારગ એ અનેકાંતિક જે છે એને એ રીતે જાણવો જોઈએ. આહાહા !

અહીંયાં તો કહે છે કે સોળ વલું સોનું જેને પૂર્ણ થઈ ગયું એને હવે તેર ચૌદ વલું હોતું નથી. એમ જેને પૂર્ણસ્વભાવ શુદ્ધનયનો પૂર્ણ ભાવ પ્રગટ થઈ ગયો, એને હવે કોઈ સ્વનો આશ્રય લેવો એવું રહેતું નથી. માટે શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન છે, એમ કહેવામાં આવે છે. હસમુખભાઈ ! આ તમારા વેપાર બેપારથી આ જાત જ જુદી ન્યાં કાંઈ સાંભળવા મળે એવું નથી ન્યાં એકલા કરોડો રૂપિયાને આવા રૂપિયાને ધૂળને એમ વાતું બહુ કરે છે માણસ. આહાહા !

આ મહાપ્રભુ ! અનંત અનંત લક્ષ્મીનો ભંડાર ભગવાન છે. આહાહા ! એનો આશ્રય કરવો એનો અર્થ શુદ્ધનયનો આશ્રય કર્યો, અને એના આશ્રયે એને શુદ્ધનય અંશે પ્રગટી. અને પૂરણ શુદ્ધનય કેવળજ્ઞાને પ્રગટી. આહા ! એટલે કે હવે એને આશ્રય કરવાનો રહ્યો નહીં. આહાહા !

વચલી દશાવાળાને મધ્યમદશા કીધી. અનુત્કૃષ્ટ, ઉત્કૃષ્ટ નહીં એટલે મધ્યમ. જે દશાને આસ્રવમાં જઘન્યદશા કીધી. ભાઈ ! એ દશાને આંહી મધ્યમ કીધી. એ જઘન્ય કેમ લીધું ? કે કેવળજ્ઞાન જ્યાં સુધી થયું નથી ત્યાં સુધી જઘન્યભાવે પરિણમે છે, તો એને હજી રાગાદિભાવ છે તેથી તેને બંધ છે. બિલકુલ બંધ નથી એમ જે કહ્યું હતું, જ્ઞાનીને બંધ જ નથી. એમ જે કહ્યું હતું એ અપેક્ષાથી કહ્યું હતું. પણ જ્યાં સુધી જઘન્યભાવે પરિણમે છે ત્યાં સુધી પણ અંદર હજી રાગનો ભાગ છે એટલે બંધન છે. પૂરણ કેવળજ્ઞાન થયે જઘન્યભાવ એટલે મધ્યમભાવ છૂટી ગયો અને પૂર્ણ ભાવ થઈ ગયો એને તો કાંઈ જરીયે બંધન છે નહીં. એ તો નિરાસ્રવી છે.

આરે ! આવું બધું યાદ કેટલું રાખવું ? દેવીલાલજી ! એય ગોવિંદરામજી ! પરમસત્ય છે પ્રભુ ! શું કરીએ ? ( શ્રોતાઃ એ મુદ્દાની વાત આવી ગઈ. છદ્મસ્થને આશ્રય છે. કેવળીને આશ્રય નહીં, માત્ર જાણે ! ) જાણે બસ ! બસ ! એ જાણે કેવળીપ્રભુ ! જેમ બધુંય જાણે છે એમ શ્રુતજ્ઞાનનો અવયવભૂત નિશ્ચય ને વ્યવહાર તેને તે જાણે છે, એમ આવ્યું ને, એકસો તેંતાલીસ. નિશ્ચય ને વ્યવહાર બેય જાણે છે એમ કીધું ત્યાં. આંહી શુદ્ધનયને જાણે છે એમ કહ્યું.

ભાઈ કઈ અપેક્ષા છે બાપા ! આહાહા ! ત્યાં નિશ્ચય અને વ્યવહાર નયને, જાણે છે એમ કહ્યું–એકસો તેંતાલીસ, આંહી શુદ્ધનયને જાણે છે એમ કહ્યું. ભાઈ ! ત્યાં પૂરણ જાણે છે માટે બધુંય જાણે છે એમ કહ્યું અને આંહી હજી વ્યવહાર બાકી રહ્યો છે, એને જણાવવા શુદ્ધનય પૂરણ થઈ ગઈ છે, એને શુદ્ધનય જાણે છે એમ કહેવામાં આવે છે. ધીમે ધીમે સમજવું બાપુ !

( શ્રોતાઃ જાણેલો પ્રયોજનવાન છે એટલે ? ) જાણે, એટલે છે બસ જાણે છે. નય નથી હવે. જેમ બધાને જાણે છે તેમ નયના ભાવને પણ જાણે છે. નય–બય એને નથી હવે. નય તો પ્રમાણજ્ઞાન થઈ જાય. આહાહાહા !

મોટા વાંધા અત્યારે આ... ( માને છે કે ) વ્યવહાર, વ્યવહારથી થાયને, એવું સિદ્ધ કરવું છે ને એટલે ચોથા, પાંચમા, છઠ્ઠાને એકલો વ્યવહાર આવે, વવહારદેસિદા ( કહ્યું છે ને ) એને ઉપદેશ વ્યવહારનો કરવો એને નિશ્ચયનો નહીં. આહાહાહા ! પ્રભુ તું શું કરે છે ભાઈ ! એમ ન હાલે, પરમાત્માના વિરહ પડયા, કેવળીઓ રહ્યા નહીં, એવા અર્થ ન થાય પ્રભુ ! આહાહા ! એમનો જે આશય છે ભગવાનનો, એ પ્રમાણે એનો અર્થ થવો જોઈએ. આહાહાહા !

એવો શુદ્ધનય જ, એનો સરવાળો આંહી છે. ઓલો તો દૃષ્ટાંત કીધો. સૌથી ઉપરની એક વર્ણિકા સમાન એટલે સોળ વલું. એવો શુદ્ધનય જ જાણેલો પ્રયોજનવાન છે.

સમજાય છે બાપુ ! સમજાય એવું છે ધીમેથી સમજો ! આ તો વીતરાગ મારગ છે ભાઈ ! આહાહા ! સર્વજ્ઞ ત્રિલોકનાથ ! એનાં આ કથનો છે. આહાહા ! એ સંતો જાહેર કરે છે, કે જેને સોનું મધ્યમપણું જેનું ટળી ગયું અને સોળવલું જેને થઈ ગયું, એમ જેણે શુદ્ધનયનો વિષય આશ્રય કર્યો હતો અને હવે આશ્રય કરવો બંધ થઈ ગયો, એને શુદ્ધનય એકલી જાણવા લાયક છે એમ થઈ ગઈ. આહાહાહા !

અટપટી વાત છે જરી, પણ છે બહુ સીધી. હેં ? આહાહા ! ચેતનજી ? ( શ્રોતાઃ– ઘણું કાઢયું આપે તો આમાંથી ) આમાં છે એવું. આહા ! બારમી ગાથાનો વિરોધ તો પહેલેથી હાલ્યો આવે છે અમારે. ચોરાણુમાં એ નટુ આવ્યો તો કપુરનો. કપુરભાઈનો તમારો ત્યાં અરે ન્યાંથી ઉપાડયું 'તુ માળે. અરે પ્રભુ ! તમારે સમયસાર કેવું ? અને તમે બારમી ગાથાનો આધાર આપો ભાઈ ! એનાં અર્થને તમે કેવી રીતે સમજો ? સ્થાનકવાસી, આ દેરાવાસી આમાંથી કાઢે. જુઓ, બારમી ગાથામાં કહ્યું કે આમ કરવું, આમ કરવું, આમ કરવું, કરવું કરવાનો અર્થ એ હોય છે તેને જાણવું ન્યાં એમ એનો અર્થ છે. આવશેને હમણાં નીચે અર્થ આવશે.

ઓલા લોકો કહે છે કે શુદ્ધનય ચોથે પાંચમે છઠ્ઠે હોય જ નહીં, નહીંતર આ વ્યવહારનો ઉપદેશ કોને કરવો ? હવે આવશે. જેને નિશ્ચય થઈ ગયો છે એને વ્યવહારનો ઉપદેશ કયાં કરવાનો રહ્યો ? વ્યવહાર જેને હજી નિશ્ચય થયો નથી એને વ્યવહારના ઉપદેશની જરૂર છે એમ એ કહે છે. આંહી એમ નથી પ્રભુ ! વ્યવહારદેસિદા શબ્દ તો પદ્યમાં શબ્દ ગોઠવવા આવ્યો છે. પણ તેનો અર્થ કહેશે પોતે અહીં કે આત્મજ્ઞાન થયું છે સ્વરૂપ શુદ્ધ ચૈતન્યના અવલંબનથી, હવે એ તો નિશ્ચય થયો, પણ એની પર્યાયમાં અશુદ્ધતા બાકી છે, અને શુદ્ધતા ઓછી છે, એને જાણવી એ નયને શું કહેવું ? કે એ નયને વ્યવહારનય કહેવો.

એ વ્યવહારનય તે કાળે તે તે સમયે જેટલો શુદ્ધ અંશ છોડીને, શુદ્ધનો અંશ રહ્યો આંહીયા અને અશુદ્ધનો અંશ, તે તે સમયે તે જાણેલો પ્રયોજનવાન છે. બીજે સમયે શુદ્ધતાનો અંશ વધે છે, અશુદ્ધતાનો અંશ ઘટે છે, તે સમયે તે જાણેલો પ્રયોજનવાન છે. ત્રીજે સમયે શુદ્ધતાનો અંશ વધે છે, અશુદ્ધતાનો અંશ ઘટે છે તે કાળે તે જાણેલો પ્રયોજનવાન. આહાહા ! આવું ઝીણું ! વાત બાપુ ! શું થાય ? અરે પ્રભુ તું... વિરહ... આહાહા !

હવે, પરંતુ હવે એ વાત તો લીધી, પૂરણ દશા થઈ ગઈ, એને શુદ્ધનય જાણવા લાયક છે એટલે એને શુદ્ધનયનો વિષય છે એ કાંઈ રહ્યું નથી હવે આશ્રય કરવો રહ્યો નથી. પૂર્ણ આશ્રય થઈ ગયો એટલે શુદ્ધનય જાણવાલાયક છે એમ કહેવામાં આવ્યું. આહાહાહાહા ! સમજાણું કાંઈ ?

" પરંતુ જે પુરુષો પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન જોયું ? " સોનાને પહેલી આંચ આપે, પ્રથમ ચોખ્ખું કરવા પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન પાકેલું, " અશુદ્ધ સુવર્ણ સમાન જે અનુત્કૃષ્ટ મધ્યમભાવ તેનો અનુભવ છે. " સમ્યગ્દૃષ્ટિને, જ્યાં સુધી પૂરણદશાનો અનુભવ નથી, ત્યાં સુધી એને જઘન્યનો ય નથી ને ઉત્કૃષ્ટનો ય નથી. કારણ કે જઘન્ય તો વીતી ગયો છે એને પહેલેથી, ઉત્કૃષ્ટ છે નહીં, મધ્યમભાવને અનુભવે છે. આહાહાહા !

અરે રે ! જેનાં હજી જ્ઞાનેય સાચાં ન મળે પ્રભુ ! કોને શરણે જશે એ ભાઈ. આહાહા ! સમજાણું કાંઈ ? શરણ તો ચૈતન્યસ્વરૂપ છે અંદર પૂરણ ! જે સર્વજ્ઞસ્વરૂપી છે– જ્ઞ સ્વરૂપી છે, સર્વજ્ઞસ્વરૂપી છે, ' જ્ઞ ' ધાતુ જ્ઞાનને ધારી રાખેલું તત્ત્વ છે, એકલું તત્ત્વ. આહાહાહા ! એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય છે સમ્યગ્જ્ઞાન થાય છે, ચારિત્ર એનો આશ્રય કરતાં થાય છે. એનો આશ્રય જ્યાં કર્યો ત્યારે જઘન્ય આશ્રય તો વીતી ગ્યો, હવે મધ્યમમાં વર્તે છે. સોનું જેમ હજી તેરવલા ને ચૌદવલામાં રહે છે, ત્યાં સુધી સોળવલું થયું નથી. એમ જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ, પોતાનો આશ્રય-સ્વભાવનો લઈને મધ્યમભાવમાં વર્તે છે, જઘન્યભાવ તો વીતી ગયો તરત જ તે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

અનુત્કૃષ્ટભાવ તેને અનુભવે છે. જોયું ? " તેમને છેલ્લા પાકથી ઊતરેલા, શુદ્ધ સુવર્ણસમાન ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ નથી હોતો " સોળ વલું જેમ સોનું નથી એમ આને પૂરણભાવ પ્રગટયો નથી. વચલી દશામાં છે. આહાહા ! સાધકદશામાં છે. જઘન્યભાવ વીતી ગયો છે, ઉત્કૃષ્ટભાવ છે નહીં, મધ્યમ ભાવમાં વર્તે છે. આહાહા ! ( શ્રોતાઃ આંહીં શુદ્ધોપયોગને શુભોપયોગ બન્ને સાથે છે ? ) છે. હારે છે. પૂરણ શુદ્ધ નથી તે અશુદ્ધતા છે ને હારે. સાધક છે ત્યાં બાધકપણું પડયું છે ને હારે. ત્યારે તો એને મધ્યમભાવ કીધો. રાગ હજી છે કે નહીં ? અરે ! ઠેઠ દસમાં ગુણસ્થાન સુધી રાગ છે. અને બુદ્ધિપૂર્વક રાગ છઠ્ઠા સુધી છે. બુદ્ધિપૂર્વક ને અબુદ્ધિપૂર્વક છઠ્ઠે પણ છે અને સાતમે એકલો અબુદ્ધિપૂર્વક છે, તે દસમા સુધી બહુ લાંબી વાતું બહુ બાપુ ! તત્ત્વની વાતું એવી છે. આહાહા !

" અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી, ઉત્કૃષ્ટભાવનો અનુભવ નથી હોતો તેથી અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી, જેણે જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડયા છે. " જોયું ?

એ અશુદ્ધ દ્રવ્ય એટલે કે હજી અશુદ્ધ પરિણતિ છે અને શુદ્ધ પણ છે. શુદ્ધ પણ છે મધ્યમની અને અશુદ્ધતા પણ સાથે છે. એવા અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે જુદા જુદા એક એક ભાવ સ્વરૂપ અનેક ભાવો દેખાડયા, ઓલામાં શું હતું ? એક સ્વભાવનો એક ભાવ પ્રગટ કર્યો છે એમ હતું. જેણે અચલિત અખંડ એક સ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો એ ઉત્કૃષ્ટ ( ભાવ ). અને મધ્યમમાં ? આહાહાહા ! અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી / દ્રવ્યને અશુદ્ધ કેમ કીધું ? દ્રવ્ય તો અશુદ્ધ છે નહીં. પણ એની પર્યાય છે અશુદ્ધ હજી એને, શુદ્ધતા થોડી છે અને અશુદ્ધતા પણ છે, એથી અશુદ્ધ દ્રવ્ય, બીજાને કારણે નહીં, પણ એ પોતાને કારણે દ્રવ્ય અંશે મલિન છે, નિર્મળ પણ સાથે છે. આહાહા ! આવી વાત છે.

ઓહો ! પ્રભુનો મારગ છે શૂરાનો... ત્યાં મધ્યસ્થ જીવોનું કામ છે. આગ્રહી–પકડનારનું આંહી કામ નથી, બાપુ આંહી. આહાહા ! તેવા જીવને, જુદા જુદા એક એક ભાવસ્વરૂપ, જોયું ? શુદ્ધતાનો અંશ છે એની હારે અશુદ્ધ પણ છે. આહાહાહા ! બીજે સમયે પણ શુદ્ધનો અંશ કંઈક વધ્યો, છતાં અશુદ્ધનો અંશ ઘટયો પણ અશુદ્ધતા સાથે છે, એવા જુદા જુદા અનેક ભાવને દેખાડનાર હોવાથી. આહાહા ! છે ? જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો એક એક ભાવસ્વરૂપ અનેક ભાવ. આહાહા ! જે અંદર પહેલે સમયમાં જે શુદ્ધતાનો અંશ છે ને અશુદ્ધતા છે એને ઠેકાણે બીજે સમયે શુદ્ધતાનો અંશ વધે ને અશુદ્ધતા ઘટે, એમ એક એક ભાવ ભિન્ન ભિન્ન જે છે. આહાહા ! એક એક ભાવસ્વરૂપ અનેક ભાવ દેખાડયા છે. એવો વ્યવહારનય વિચિત્ર અનેક વર્ણમાળા સમાન હોવાથી, સોનાને જેમ આંચ દેતાં, ભિન્ન ભિન્ન વર્ણ રગ દેખાય ને ! સોનાનાં રગ દેખાય, એમાંના અનેક પ્રકારની અશુદ્ધતા અને શુદ્ધતાના અંશો અનેક પ્રકારે દેખાય છે. એ શુદ્ધતાનો અંશ છે એ પણ વ્યવહારનયનો વિષય છે. આહા ! પર્યાય છે ને ! સમજાણું કાંઈ ? આહાહા ! ગજબ વાતું છે ! !

તેથી અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી એટલે, કહેનાર હોવાથી એટલે ? અશુદ્ધ દ્રવ્યની દશા હોવાથી. ઓલામાં એમ આવ્યું 'તું ને, અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી ભાઈ ! માથે એમ આવ્યું 'તું. કહેનારનો અર્થ તે કહેવું છે કયાં ? અશુદ્ધ, દ્રવ્ય પૂરણ હોવાથી એમ આંહી અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી, એટલે અશુદ્ધ દ્રવ્યની અવસ્થા હોવાથી. દ્રવ્યમાં નિર્મળતા પણ પ્રગટી છે અને કંઈક મલિનતા પણ સાથે છે. આહાહાહા ! એવો વ્યવહારનય / આ તો એમ કહે છે કે ચોથે, પાંચમે, છઠ્ઠે તો વ્યવહાર જ છે. અરે ભગવાન પણ વ્યવહાર, નિશ્ચય વિના, વ્યવહાર હોય નહીં. ( શ્રોતાઃ બે ય એક હારે જ હોય છે ! ) આહાહા ! એ લોકોને વ્યવહારથી લાભ થાય એ સિદ્ધ કરવું છે ને, એટલે આનો અર્થ એ લઈ જાય છે, બાપુ ! એમ નથી ભાઈ.

પહેલો, અગિયાર ગાથામાં ભૂતાર્થ છે તે જ શુદ્ધનય છે એમ કીધું. પછી વળી એમ કીધું કે ભૂતાર્થનો આશ્રય કરે એ જ સમ્યગ્દર્શન, એમ કરીને ભેદ પાડયો, પણ એ આશ્રય કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય, ત્યાંથી તો શરૂઆત કરી. હવે એ તો નિશ્ચયનો વિષય એને જાણ્યો, હવે એની પર્યાયમાં કાંઈ અપૂર્ણતા–અશુદ્ધતા છે કે નહીં ? જેમ દ્રવ્ય આમ શુદ્ધ જ છે એમ પર્યાય પણ શુદ્ધ થઈ ગઈ છે ? કે ના. એને પણ હજી કાંઈક શુદ્ધતા છે ને કાંઈક અશુદ્ધતા છે. એને વ્યવહારનય કહેવામાં આવે છે. આવો મારગ બાપા !

એવો વ્યવહારનય, વિચિત્ર વર્ણમાળા સમાન હોવાથી, ઓલું સોનામાં વિચિત્રતા હોય ને ? આંચ દેતાં દેતાં, પીળાશ-પીળાશ કથીરનો ભાગ થોડો હોય ઈ અનેક વર્ણમાળા સમાન હોવાથી જાણેલો. જોયું ? વ્યવહારદેસિદાનો અર્થ કર્યો, વ્યવહાર ઉપદેશ કરવા લાયક છે એવી જે ભાષા એ તો પદ્યમાં ગોઠવવા માટે છે. પદ્યમાં બીજો અર્થ આવે છે તેનો એટલે, પણ એનો અર્થ આ છે. કે વ્યવહાર જાણેલો તે કાળે પ્રયોજનવાન છે, આંહી વજન છે. કેમકે અમૃતચંદ્રાચાર્યે વવહારદેસિદાની વ્યાખ્યા આ કરી. આહાહા !

કુંદકુંદાચાર્યને વવહાર દેસિદામાં કહેવાનો આ આશય છે, એવું અમૃતચંદ્રાચાર્યે ટીકામાં ખુલ્લું કરી નાખ્યું. સમજાણું કાંઈ ? આહાહા ! ગાય, ભેંસના આઉમાં દૂધ છે, એ બળુકી બાઈ કાઢે છે, એ અંદરમાં છે એ કાઢે છે. એમ આ ભાષામાં એ ભાવ આ જ છે. વવહારદેસિદા કહ્યું એટલે વ્યવહારનો ઉપદેશ કરવો એમ નહીં, પણ તે કાળે અશુદ્ધતા છે, શુદ્ધતાનો આશ્રય લીધો છે તેટલી શુદ્ધતા અંશ પણ છે ને અશુદ્ધતા પણ છે. એને તે વ્યવહારનય એટલે પર્યાય-શુદ્ધ પર્યાય કે અશુદ્ધ એ વ્યવહાર, એ વ્યવહાર તે કાળે તે જાણેલો પ્રયોજનવાન છે. આહાહાહા ! આવો મારગ છે.

અરે રે ! અર્થો ય ઊંધા કરવા, પોતાને બેસે એમ અર્થ કરવા બાપુ એમ હાલે નહીં. આ તો ત્રણલોકનો નાથ, તીર્થંકરો, આહા ! જેનાં સાક્ષી છે, ગણધરોને જેણે સ્વીકાર્યા છે. ઇન્દ્રો જેને અનુભવે છે સમ્યગ્દૃષ્ટિ. આહાહા ! આ કાંઈ આલી દુવાલીનો મારગ નથી. આહા !

( શ્રોતાઃ ) એને એમ કે જયચંદજીને માલૂમ નહીં કે જાણવામાં ભેદજ્ઞાન ?

( ઉત્તરઃ ) ભેદજ્ઞાનીને, ભેદજ્ઞાન થયા પછી કંઈક રહી ગયો છે રાગ, એને જાણેલો પ્રયોજનવાન છે એમ છે આંહી તો. ઓલું પૂરણ થઈ ગયું એને કાંઈ છે નહીં હવે, એને તો પૂરણનું વેદન છે એટલે શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન એમ. જાણવો એટલે જેમ બધાને જાણે છે એમ નયને પણ જાણે છે એમ. એમ જુદો નયનો વિષય છે ને નય છે ને ? એમ કાંઈ નથી. આ તો એકસો તેંતાલીસ ( ગાથામાં ) આવી ગયું, શ્રુતજ્ઞાનના અવયવભૂત નિશ્ચય-વ્યવહારનયને જે ઓળંગી ગયા છે. એકસો તેંતાલીસ. આહાહાહા ! ભગવાનને પછી શ્રુતજ્ઞાનમાં.....

વ્યવહાર ને નિશ્ચય એ શ્રુતજ્ઞાનના ભેદ છે. શું કહ્યું. સમજાણું ? શ્રુતજ્ઞાન છે ઈ પ્રમાણ છે, ભાવશ્રુત હોં, તો પ્રમાણ છે, ઈ દ્રવ્યને ય જાણે ને પર્યાયને ય જાણે. હવે એનો અવયવ એટલે ભાગ નિશ્ચય ને વ્યવહાર. નિશ્ચય એ ત્રિકાળને જાણે વ્યવહાર વર્તમાન પર્યાયને જાણે, તો વ્યવહાર વર્તમાન પર્યાય ને જાણે... નિશ્ચયનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થયું હવે એની પર્યાયમાં અશુદ્ધતા છે કે નહીં, એને પર્યાયમાં શુદ્ધતા પૂરણ નથી તો અશુદ્ધ અપૂર્ણ પર્યાય છે કે નહીં ? આહાહા ! એને માટે આ બારમી ગાથા કીધી.

કે જે એ અપૂર્ણ શુદ્ધતા છે, એની સાથે અશુદ્ધતા છે, એને જાણેલો પ્રયોજનવાન, જાણવું જોઈએ. બરાબર એના જ્ઞાનમાં એ વાત આવવી જોઈએ. આહાહાહા ! સમજાણું કાંઈ ? પંડિતજી ! આહાહા ! આવું છે, ધીમે ધીમે થોડે થોડે બાપુ ! આ તો પરમાત્માનો મારગ છે. આહાહા ! જેને સો ઇન્દ્રો તળિયાં ચાટે છે. આહાહા ! અસંખ્ય દેવના લાડા ઇન્દ્રો, જેની સભામાં આમ હાથ જોડીને કૂતરીના બચ્ચાં જેમ ( બેઠાં હોય ) બાપુ ! ઈ મારગ કેવો હોય ભાઈ ?

એ કોઈ સાધારણ મારગ નથી પ્રભુ ! આહા ! અને એના સંતો એ મારગ જાહેર કરે છે. કુંદકુંદાચાર્ય ! અમૃતચંદ્રાચાર્ય ! આહાહા ! જગતને.. સમાજનો સમતોલ રહેશે કે નહીં, એની કંઈ દરકાર સંતોને નથી. સત્ય આ છે ને અસત્ય આ છે એમ જાહેર કરે છે. બેસે ન બેસે તમને, તમારી જવાબદારી. આહાહા !

એટલે કોઈ એમ કહે કે શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન છે. શુદ્ધનય તો કેવળીને નથી, માટે નીચલાવાળાને શુદ્ધ છે. અને એથી નીચલાવાળાને શુદ્ધ નથી એને વ્યવહાર છે એમ નથી. સમજાણું કાંઈ ?

આંહી તો પૂરણ શુદ્ધ અગિયારમી ગાથામાં કહ્યું વવહારોડભૂદત્થો પર્યાય માત્ર ગૌણ કરીને ' નથી ' એમ કહી, તો હવે કંઈ પર્યાયમાં છે કે નહીં ? ઈ તો ત્યાં ગૌણ કરીને અસત્ કીધી 'તી. હવે સમ્યગ્દર્શન થયું. અંતર સ્વરૂપની દૃષ્ટિ થઈ, તો હવે પર્યાયમાં કાંઈ અશુદ્ધતા, પર્યાય છે કે નહીં ? નથી એમ કીધું 'તું ઈ તો ગૌણ કરીને કીધું 'તું. હવે આંહી પર્યાય, એને સમકિતીને છે કે નહીં ? આહાહાહા ! એ સમકિતીની પર્યાય, શુદ્ધતાની અપૂર્ણતા અને અશુદ્ધતાનો સાથે અંશ હોય છે. એને આંહીયા વ્યવહાર કહીને, જાણવાલાયક છે એમ કીધું છે. આદરવાલાયક છે ને એનાથી લાભ છે, એમ વાત કહી નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

એવો વ્યવહારનય, વિચિત્ર વર્ણમાળા સમાન, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.

વિશેષ કહેવાશે. ( પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં. ૪૭ ગાથા – ૧૨ તા. ૩૦-૭-૭૮ રવિવાર, અષાઢ વદ-૧૧ સં.૨૫૦૪

બારમી ગાથા એની ટીકા સમયસાર.

પહેલું તો એમ કહ્યું કે સોનાનો છેલ્લો જે ભાગ સોળ વલું થાય, એમાં અનેક વર્ણો નથી. એક જ વર્ણ સોનાનો છે. એમ જેણે આત્માનો આશ્રય લઈ અને પૂરણ સોળવલા સોના સમાન સુવર્ણ સમાન, એકરૂપ સુવર્ણ સમાન, એકરૂપ જેણે દશા પ્રગટ કરી છે, એવા કેવળજ્ઞાનીને શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન છે. શુદ્ધનય ત્યાં છે નહીં. પૂરણ થઈ ગયું પણ એક અપેક્ષાએ એને કહ્યું કાલ કે શુદ્ધનયની પૂર્ણતા કેવળજ્ઞાનમાં થાય છે. આસ્રવ અધિકારે, કઈ અપેક્ષા ? કે જે આત્મા પરમબ્રહ્મ આનંદ પૂરણ આત્મસ્વરૂપ, એ જ વસ્તુ પોતે શુદ્ધનય છે પણ એનો આશ્રય લઈને, જે દશા થાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એને પણ શુદ્ધનય કહેવાય. અને જેનો આશ્રય લઈને, પરિપૂર્ણ દશા પ્રગટ થઈ, તેને પણ શુદ્ધનય પૂરણ થઈ, એમ કહેવામાં આવે. સમજાણું ?

આવ્યું ને અહીંયાં એ પ્રતિવર્ણિકાનો અર્થ એ થયો. સુવર્ણનું એકરૂપ સોળ વલું, એમ આત્માનું એકરૂપ, કેવળજ્ઞાન પર્યાય પૂરણ એમ એકરૂપ આંહી, અહીં દ્રવ્યનો આશ્રય તો છે જ. ધ્રુવ ઉપર દૃષ્ટિ તો છે, પણ પર્યાયમાં સુવર્ણના સોનાના વર્ણની પેઠે પૂરણ દશા જેને પ્રગટ થઈ છે તેને શુદ્ધનય જાણેલો એટલે હવે તો તેને જાણવું જ એકલુ રહ્યું બસ. એ વાંધા કાઢે છે ને એમાંથી શુદ્ધનય જાણેલો એને શુદ્ધનય કેવળીને કયાં છે ? એમ કહે છે. આ કેવળીને છે એમ કહે છે આંહી.

શું કીધું જુઓને, સૌથી ઉપરની એક સુવર્ણના વર્ણ સમાન હોવાથી, જાણેલો શુદ્ધનય પ્રયોજનવાન છે. સર્વજ્ઞ પરમેશ્વર જેમ બધું જાણે છે, એમ નયને જાણે બસ એટલું એમ. નય નથી ત્યાં હવે. આહાહા ! પણ એ શુદ્ધનયનું પૂરણ રૂપ પર્યાયમાં જે આવવું હતું તે આવી ગયું, તેથી એ શુદ્ધનયને જાણે છે એમ કહેવામાં આવે છે. આવો આ મારગ છે.

અને જેને એ ઉત્કૃષ્ટ સુવર્ણ સમાનનો અનુભવ નથી તેને સુવર્ણનું જેમ તેરવલું, ચૌદવલું, પંદરવલું હોય છે એમ જેને મધ્યમ( નો ) અનુભવ હોય છે, પૂરણ નથી, એને વચલી દશામાં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર, સ્વને આશ્રયે થયાં છે, પણ પૂરણ નથી તેથી ત્યાં રાગનો ભાગ પણ વર્તે છે. તો ઈ શુદ્ધતાનો પર્યાયનો અંશ, અને અશુદ્ધતાનો અંશ, અનેક થઈ ગયા. જે કેવળજ્ઞાનમાં પૂર્ણ એકરૂપ હતું એવું એકરૂપ આંહી નથી સાધક દશામાં ! આવો મારગ. ધીમેથી સમજે તો સમજાય એવું છે, કોઈ ભાષા કોઈ એવી આકરી નથી. ભગવાન પૂરણ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય, એનો આશ્રય લઈને જેની દશા પૂરણ થઈ ગઈ કેવળજ્ઞાનીને-પરમાત્માને, એને હવે કોઈ આશ્રય લેવો બાકી રહ્યો નથી. તેથી શુદ્ધનય પૂરણ થઈ અને શુદ્ધનયને જાણે એમ કહેવામાં આવે છે. આહાહા !

( શ્રોતાઃ શુદ્ધનય પ્રત્યક્ષ થઈ ગઈ કે પરોક્ષ ! ) શુદ્ધનય પ્રત્યક્ષ પરોક્ષ એમ નથી. શુદ્ધનય છે તો પ્રત્યક્ષ જ છે, પણ શ્રુતની અપેક્ષાએ પરોક્ષ છે. જેવું કેવળ દેખે આત્માના અસંખ્ય પ્રદેશો પ્રત્યક્ષ, એવું નથી દેખતા માટે એને પરોક્ષ કહ્યું. ઝીણી વાત છે ભાઈ ! તત્ત્વની વાત બહુ સૂક્ષ્મ અત્યારે તો પ્રચલિત ઓછી થઈ ગઈ એટલે લોકોને સમજવું કઠણ પડે પણ છે તો સત્ય સરળ.

સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! એમ જેને ધ્યેય બનાવ્યું, કાલ આવ્યું નહોતું બપોરે, જાણનાર... જાણનાર... જાણનાર... એવો ત્રિકાળ એને વર્તમાન પર્યાય જેની છે એનું લક્ષ કરતાં એને ધ્રુવ ઉપર લક્ષ જાય છે. અહીંયાં એ કહે છે કે પ્રથમ તો ધ્રુવ ઉપર દૃષ્ટિ જાય, ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. સમ્યક્ નામ સત્ય દર્શન, સત્ય નામ જેવું પૂર્ણ સત્ય સ્વરૂપ છે, પૂરણ જેવું સત્ય સ્વરૂપ છે એવું જ જ્ઞાન ને શ્રદ્ધા થાય, એને સમ્યક્ સત્ય દર્શન થયું એમ કહેવામાં આવે.

હવે જેને પૂરણ દશા થઈ નથી, એને વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ જે અહીં કહેવું છે. એટલે શું ? કે દૃષ્ટિ તો મધ્યમ જીવવાળાને પણ, દૃષ્ટિ તો૧ ઉપર જ છે. સમજાણું કાંઈ ? પણ દશામાં, શુદ્ધતાની પૂરણતાનો અભાવ છે, તેથી તે મધ્યમ દશામાં વર્તે છે. જઘન્ય દશા તો હોતી નથી. કારણ કે એ તો પ્રથમ સમ્યગ્દર્શન થતાં જ, પહેલે સમયે જઘન્ય હોય, પછી તો વીતી ગયું છે ઘણાં સમયો... આહાહા ! ધીરાના કામ છે બાપુ ! આ કાંઈ ઊતાવળે આંબો પાકે એવું નથી આમાં આંબો પાકે નથી કહેતાં, ઉતાવળે આંબો પાકે ? ગોટલું વાવ્યું ને તરત કેરી થઈ જાય ? ‘ અંબ ’ શાંતિ, ધીરજ રાખવી જોઈએ.

એમ આ સત્યને સમજવા માટે ઘણી ધીરજ જોઈએ. આહાહા !

જેણે પૂરણ દશા પ્રાપ્ત કરી છે એને શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન છે, એમાં તકરાર કરે છે કે એને શુદ્ધનય કયાં રહી હવે ? પણ, આંહી કઈ અપેક્ષાએ કહ્યું છે ?

શુદ્ધનયની પર્યાય જે, આશ્રય કરવો છે જે ચીજનો એને તો શુદ્ધનય કહીએ ત્રિકાળને પણ એની પર્યાયને પણ શુદ્ધનય કહે છે નિર્મળ. એવી નિર્મળ દશા જેને પૂરણ થઈ ગઈ એને શુદ્ધનય

પર્યાયમાં પૂરણ થઈ ગઈ એમ. આહાહા ! હવે આવું કયાં... ધંધા આડે સૂઝે આમાં. આહાહા ! આખો દિ ' પાપના ધંધા. એમાં સાંભળવાના મળે નહીં સાચાં. અરે ! એને કયારે વખત મળે ? વખત મળે ત્યારે પાછા વાંધા કાઢે.

કે આ શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન કીધો એ કેવળીને નહીં, કેમ કે એને શુદ્ધનય તો સાતમે, આઠમે, નવમે શ્રેણીવાળાને શુદ્ધનય છે, પણ ન્યાં તો પૂરણ થઈ ગયું એમ કહે છે. પણ એમ નથી. શુદ્ધનયની પૂરણતા મધ્યમદશાવાળાને છે નહીં, ચૌદમી ગાથામાં કહ્યું છે ને, અનુભવ કહો કે શુદ્ધનય કહો કે આત્મા કહો, બાપુ ! કઈ અપેક્ષા છે ભાઈ ! આહાહા !

જ્યાં ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, અતીન્દ્રિય અમૃતના સાગરથી ભરેલો ભગવાન છે. આહાહા ! એને જેણે ધ્યેય બનાવ્યું અને ધ્યાનમાં તેનો વિષય બનાવ્યો. આહાહા ! તેને સમ્યગ્દર્શન જ્ઞાન થયું, તેનો વિશેષ આશ્રય હોય તો ચારિત્ર પણ થયું, પણ પૂરણ આશ્રય નથી, એથી એને મધ્યમ દશા વર્તે છે. સમ્યગ્દર્શન ચારિત્રની મધ્યમ દશા વર્તે, પૂરણ જો હોય તો તો તેને શુદ્ધનયનું પૂરણરૂપ પર્યાયનું એ આવી ગયું. દ્રવ્યનો તો આશ્રય શુદ્ધનય છે જ. પણ પર્યાયને પણ શુદ્ધનય કીધી છે. તો ઈ શુદ્ધનયનું પૂરણરૂપ તો પ્રગટ થઈ ગયું ભગવાનને, એટલે એને કંઈ હવે... વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે ઈ વાત એને રહેતી નથી. પણ કોને રહે છે એ વાત ? જેણે આ આત્માનો આશ્રય લીધો, સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, શાંતિ પણ પ્રગટી થોડી, પૂરણ શાંતિ નથી, એથી પર્યાયમાં શાંતિની પર્યાયનો પણ ભેદ અને અશાંતિ એટલે રાગનો પણ ભેદ, એવા અનેક ભાવને બતાવનારી ( વ્યવહારનય ) છે ?

એવા અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી, કહેનાર નામ જાણેલ હોવાથી જેણે જુદા જુદા એક એક ભાવસ્વરૂપ શુદ્ધનયનો અંશ તે પર્યાય નિર્મળ શુદ્ધનો અંશ. અને અશુદ્ધ( નો અંશ ) એ ભિન્ન ભિન્ન ભાવ છે. આહીં અનેક ભાવ છે, કેવળીને એકરૂપ છે એવું આંહી નથી. શુદ્ધનો પણ અંશ છે અને અશુદ્ધનો પણ અંશ છે. એવા જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડયા છે. એવો વ્યવહારનય, વિચિત્ર વર્ણમાળા ઓલામાં પ્રતિવર્ણિકા હતું, સુવર્ણનું એકરૂપ એમ સર્વજ્ઞને જ્ઞાનની પૂરણ દશાનું એકરૂપ, આનંદની પૂરણ દશાનું એકરૂપ. સોનાનું એકરૂપ એમ એની દશાનું એકરૂપ. હસમુખભાઈ ! આવું છે.

અરે આવું ટાણું મળ્યું મનુષ્યપણું, એમાં કરવાનું તો આ છે. બાકી આ ન કર્યું તો થઈ રહ્યું થોથાં પાછાં... ઈ ચોરાશી લાખના અવતાર ! અજાણ્યા... દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં જવાનું, બાપા ! આ તો જાણીતો જ્યાં આત્માને કર્યો, આહાહા ! વસ્તુ ચૈતન્ય સ્વરૂપ છે, અને ધ્રુવ ને પર્યાય બે છે, એમાં પર્યાયે જેણે ધ્રુવને પકડયો. આહાહા ! અનિત્યે નિત્યનો નિર્ણય કર્યો. ત્યાં સમ્યગ્દર્શન જ્ઞાન પ્રગટ થયું, ચારિત્રની સ્થિરતાનો એક અંશ પણ પ્રગટ થયો તેથી તે દશાને મધ્યમ દશા કીધી. પૂરણદશા નથી, જઘન્યદશા તો ઓળંગી ગઈ છે, સમ્યકત્વ થતાં જ. આહા ! વચલી દશામાં વર્તે છે એને શુદ્ધનો અંશ છે પર્યાયમાં અને અશુદ્ધનો અંશ છે એ પણ પર્યાયમાં, એવા જુદા જુદા અનેક ભાવોને દેખાડયા છે. આહાહા ! વિકારી ભાવને પણ ને અવિકારી ભાવને પણ, જુદાં જુદાં અનેક ભાવો છે એને જેણે દેખાડયા છે ? દેખાડયા છે. એવો વ્યવહારનય વિચિત્ર વર્ણમાળા સમાન આંહી વિચિત્ર વર્ણમાળા સમાન, ઓલામાં એક વર્ણમાળા સમાન.

પૂરણ દશામાં સોનાનું એકરૂપ સોળવલું એમ જ્યાં કેવળજ્ઞાન ને કેવળ આનંદમાં એકરૂપ પૂર્ણ શુદ્ધતા, એને હવે શુદ્ધનય જાણેલો એટલે કે એને પૂરણ દશા થઈ ગઈ. આહાહાહા ! પણ... વચલા મધ્યમ દશાવાળાને ધ્યેય તો ધ્રુવ ઉપર છે, દૃષ્ટિ તો ધ્રુવ ઉપર છે તે નિશ્ચય. પણ પર્યાયમાં, શુદ્ધતા ને અશુદ્ધતાના અંશો હજી મધ્યમ દશાવાળાને વર્તે છે. આ તેને જાણવું ઈ વ્યવહારનયને જાણવો પ્રયોજનવાન કહેવામાં આવ્યું છે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

આ તો કાલ કહેવાઈ ગયું 'તું આ તો વધારે એનું : ( સ્પષ્ટીકરણ છે ).

જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. જે શબ્દના અર્થમાં આવ્યું હતું કે ' વવહારદેસિદા ' એનો અર્થ કર્યો હતો કે વ્યવહારનો ઉપદેશ કરવો, એવો શબ્દ હતો. એનો આ અર્થ છે. એનો આ અર્થ છે, કે વ્યવહાર દેખાડયો એટલે ઉપદેશ કર્યો. એટલે શું ? કે તે કાળે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન, એ વવહારદેસિદાનો અર્થ છે. પહેલાં આવી ગયું ને ! વ્યવહાર ? વ્યવહાર દ્વારા ઉપદેશ કરવા યોગ્ય છે ન્યાં આખા વાંધા ઊઠે છે ને ? એનો અર્થ જ ટીકાકારે આમ કર્યો ને એમ છે. ઉપદેશ કરવો ને એ આંહી કયાં વાત છે ? અહીંયાં તો ચૈતન્યસ્વરૂપ ભગવાન, દૃષ્ટિમાં આવ્યો અને નિર્મળ દશા પ્રગટ થઈ, જઘન્યપણું ઓળંગી ગયું, નિર્મળ દશા પૂરણ થઈ નથી, ત્યારે વચલી દશામાં મધ્યમ દશામાં, નિર્મળ દશા પણ છે થોડી અને સાથે અશુદ્ધતા પણ છે, તો એ જુદા જુદા અનેક ભાવને દેખાડનાર એટલે જાણનાર એવો વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. આહાહા ! શશીભાઈ ! આવું છે. આહાહા !

વાણિયાને આ જૈનધર્મ મળ્યો, અને વેપાર આડે નવરા થાવું નહીં. અને એણે આવું સમજવું. બાપુ ! તે કર્યા વિના છૂટકો નથી, નહિ તો ચોરાશીના અવતાર પડયા છે. આહાહા ! કયાં જન્મે, કયાં બિછડે, કયાં લડેગો લાડ. આ અમારે ગુજરી ગયાને ગુરુ સંપ્રદાયના હીરાજી મહારાજ રસ્તામાં ગુજરી ગયા ત્યારે મેં આ કડી કહી 'તી. તે દિ ' હોં ! કહાં જન્મે ? મારવાડમાં જન્મ્યા હતા. કહા જન્મે કહાં બિછડે કાઠિયાવાડમાં વધ્યા સાધુ થયા 'તા ને સ્થાનકવાસી સાધુ હીરાજી મહારાજ, કહાં લડેગો લાડ, ન જાણે કહાં રૂહ તળે જઈ પડેગા હાડ-કયા ક્ષેત્રમાં શરીર પડશે ? આહા ! રસ્તામાં એ ભાઈ વઢવાણથી કાંપથી હાલ્યા અને આ શું ખેરાળી, ગયા આઘા ત્યાં વચ્ચમાં દેહ છૂટી ગયો. હાલતાં હાલતાં દેહ છૂટી ગયો.. કયાં મારવાડમાં જનમ, કાઠિયાવાડમાં સ્થાનકવાસીના સાધુ તરીકે ઉત્કૃષ્ટ સારા એમ લડાવ્યા લોકોએ, અને મરણ થયાં જગતમાં કોઈ સાથે હતાં. એ મોઢા આગળ ચાલતાં 'તા ત્યાં એકલા પોતે પાછળથી આમ ડચૂરો આવ્યો અંદરથી હાલતાં હાલતાં ! આહાહા ! તોંતેરના ચૈતર વદ આઠમ. તોંતેર, તોંતેર. આમ લથડી પડયા બસ રસ્તામાં, દેહ છૂટી ગ્યો ત્યાં ને ત્યાં ! કયાં જન્મ્યા, કયાં વધ્યા, ક્યાં દેહ છૂટયો. આહાહા ! એમ આ ક્યાં જન્મ્યો, ક્યાં વધ્યો, બહારના સાધન આદિ અને કયાં જઈને દેહ છૂટશે ? બાપુ ! આહાહા ! કારણ કે દેહ કાંઈ એની ચીજ નથી. એ તો જુદી છે, સંયોગે આવી છે ને સંયોગની મુદત થતાં છૂટી જ જવાની એ તો ! આહાહાહા !

એ પહેલાં એણે આ આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ સ્વરૂપ છે એનું જો એણે ધ્યેય બનાવ્યું, આહાહા ! તો એની પર્યાયમાં નિર્મળતા પ્રગટ થઈ, તો નિશ્ચય દૃષ્ટિ તો ધ્રુવ ઉપર છે. પણ પર્યાયમાં શુદ્ધતા છે અને થોડી અશુદ્ધતા છે, એ બેય દશાના અનેકપણાને જાણવું, એનું

નામ વ્યવહારનયે જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

વ્યવહારનયથી નિશ્ચય થાય એ આંહી વાત નથી. તેમ વ્યવહારનયનો વિષય નથી એમેય આંહી વાત નથી. વ્યવહારનયનો વિષય છે. પણ જેમ નિશ્ચયમાં દૃષ્ટિ ધ્રુવ ઉપર છે એ તો નિશ્ચય થયો. હવે પર્યાયમાં અપૂર્ણતા શુદ્ધતાની અને અશુદ્ધતા સાથે છે એને જાણવું એ કઈ નય કહેવાય ? કે ઈ પર્યાય છે માટે એને જાણવું એ વ્યવહારનય કહેવાય. ત્રિકાળને જાણવું તે નિશ્ચયનય કહેવાય. આહાહા ! આવા બધા ભંગ, ભેદ અને તે પણ અર્થ કરવામાં વાંધા બધાના. એ આ વ્યવહાર દેખાડવો, ઉપદેશ કરવો, એમ કહીને ચોથે, પાંચમે, છઠે વ્યવહાર જ હોય એમ બતાવે છે. અને શુદ્ધનય, પૂરણ છે એ કેવળજ્ઞાનીને એમ નહીં. એને નય જ નથી. નય તો સાતમે, આઠમે, નવમે, દશમે છે. એને શુદ્ધનય છે એમ કરીને મધ્યમવાળાને જ ત્યાં નય ઠરાવે છે. નીચલાવાળાને નિશ્ચય નહીં, સૌથી ઉપરવાળા પૂર્ણતાવાળાને શુદ્ધનય નહીં, શુદ્ધનય આ વચલાવાળાને હોય એમ આમાંથી આ કાઢે છે. આહાહા ! એમ નથી ભાઈ ! વસ્તુની સ્થિતિ તમે ખ્યાલમાં જરી લ્યો તો બેસી જાય એવી વાત છે. આહા !

કે વસ્તુ છે એ ચૈતન્યઘન છે. અનંત... અનંત ગુણની રાશિ ને એક એક ગુણમાં અનંત... અનંત સામર્થ્ય એવા અનંતા ગુણોનો પૂરણ પિંડ પ્રભુ ! પ્રભુ પોતે છે ! ભગવાન છે ! પરમાત્મા છે ! આહાહા ! એવા પરમાત્માની દૃષ્ટિ કરવી. એની એ દૃષ્ટિનું નામ સમ્યગ્દર્શન નિર્વિકલ્પ દૃષ્ટિ પ્રગટ કરવી એનું નામ સમ્યગ્દર્શન. અને તે સમ્યગ્દર્શનને કાળે, પૂરણતા શુદ્ધ થઈ નથી ત્યારે અશુદ્ધતા પણ હારે થોડી છે, ભલે કે આગળ વધ્યો હોય જરી સમ્યગ્દર્શન પછી ચારિત્રાદિ તો પણ તેને પુરણ શુદ્ધતા નથી, તેથી અશુદ્ધતા સાથે છે.

શુદ્ધતાનો અંશ એ પણ પર્યાય છે માટે વ્યવહારનયનો વિષય, અને સાથે અશુદ્ધતાનો અંશ એ પણ પર્યાય છે માટે વ્યવહારનયનો વિષય. આરે ! આવું હવે કયાં ! એ બિચારા ચડી ગયા પછી, પડિમા લેવી ને.. આ વ્રત લેવા ને લૂગડાં છોડવાં ને નગ્ન થઈ ગયા.

અરે, બાપા ! એવા ભેખ તો અનંત વાર કર્યાં ભાઈ પણ એમાં કાંઈ છે નહીં. આહાહા ! અરે ! જેમાં જનમ મરણના અંત ન આવે, જેમાં ભવના અંત ન આવે, એ મારગ શો ભાઈ ! આહાહા ! મારગ તો આ, આહાહા ! કાલ આવ્યું 'તું ને બપોરે કે જાણનાર જે પર્યાય છે એ વર્તમાન છે એ ચીજ ત્રિકાળને બતાવે છે. આ વર્તમાન કોનું ? કે કોઈ ત્રિકાળ છે તેનું. આહાહા !

એમ વર્તમાન સમ્યગ્દર્શન ત્રિકાળને શ્રદ્ધે છે, એમ વર્તમાન સમ્યગ્જ્ઞાનનો અંશ ત્રિકાળને જાણે છે. તે નિશ્ચય કહેવાય અને જે જ્ઞાનનો અંશ વર્તમાન પર્યાય શુદ્ધ ને અશુદ્ધના પ્રકાર ભેદો છે, એ પર્યાયોને જે જાણે તે નયને વ્યવહારનય કહેવાય. કેમકે વર્તમાનને વ્યવહાર કહેવો અને ત્રિકાળને જાણવું એ નિશ્ચય કહેવો. આહાહા ! સમજાણું કાંઈ ?

અને ઈ વ્યવહારનયે એ પર્યાય છે, શુદ્ધ છે થોડી. પૂરણ શુદ્ધ હોય તો તો નિશ્ચય, કે શુદ્ધનયેય હવે રહી નથી અને વ્યવહાર તો છે જ નહીં ત્યાં. અહીંયાં અપૂર્ણ શુદ્ધતા છે, સમ્યગ્દર્શન સાધક ભાવ શરૂ થઈ ગયો છે, જ્ઞાન શાંતિ પ્રગટ થયેલી છે પણ પૂરણ શાંતિ નથી, પૂરણ ચારિત્ર નથી તેથી તેની દશામાં અશુદ્ધતાનો અંશ, વ્રત નિયમ આદિનો વિકલ્પ હોય છે. આહાહા ! એને... અશુદ્ધ પર્યાયને અને શુદ્ધ પર્યાયને જાણે. પર્યાયને જાણે તેને વ્યવહારનય કહીએ.

શું કીધું ? ( શ્રોતાઃ પર્યાયને જાણે તે વ્યવહારનય ) પર્યાય, પર્યાય પોતે વ્યવહારનયનો વિષય છે. દ્રવ્ય પોતે નિશ્ચયનયનો વિષય છે. આહાહા ! ત્રિકાળી ભગવાન એ નિશ્ચયનો વિષય છે. ને વર્તમાન એનો અંશ ખંડ ઈ પર્યાય, એ વ્યવહારનો વિષય છે. આહાહાહા ! એથી ધર્મની શરૂઆત જેણે કરી છે અંતર આશ્રય લઈને, અને પૂર્ણતા થઈ ગઈ નથી એને હજી પર્યાયમાં અશુદ્ધતાના ને શુદ્ધતાના અંશો છે, તે જુદા જુદા એક એક ભાવસ્વરૂપ, જોયું ? ઈ શુદ્ધનો અંશ એ પણ જુદી જાતનો છે ને અશુદ્ધનો અંશ પણ જુદી જાતનો છે, પણ એક સમયે હોં ?

એક એક ભાવ અને પછીના સમયે ભાવ જે થાય એ પછી, આહીં તો એક એક સમયમાં જાણવાનું છે ને જાણેલો તે તે કાળે એટલે જે સમયે શુદ્ધતાનો અંશ છે અને અશુદ્ધતાનો અંશ છે એને તે કાળે જાણેલો પ્રયોજનવાન. બીજે સમયે જરી શુદ્ધતાનો અંશ વધે છે અશુદ્ધતા ઘટે છે તે કાળે તે જુદા જુદાને અનેકને જાણવું એ પ્રયોજનવાન. ભાઈ ! આ જુદા જુદા કેમ એટલે એક સમયમાં જુદા જુદાની વાત છે ને ?

પછીના સમયમાં જુદા જુદા, પહેલા સમયમાં જુદા જુદા, ત્રીજા સમયમાં જુદા જુદા એટલે ? શુદ્ધનો અંશ છે ને અશુદ્ધનો અંશ છે એ જુદી જુદી જાત છે. સમજાણું કાંઈ ? આહા ! મારગ બાપા ! આ વીતરાગનો મારગ બાપા બહુ અલૌકિક છે. ( શ્રોતાઃ ઈ એક જ અલૌકિક છે ) હેં ? આહાહા ! અને તે કઈ રીતે કહ્યું છે જુઓ તો ખરા, સંતોએ કેવી ભાષા સાદીમાં એનાં સત્યને પ્રસિદ્ધ કર્યું છે... આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આત્માને પ્રસિદ્ધ કર્યો છે.

હવે આત્મા છે ઈ સમ્યગ્દર્શનમાં પ્રસિદ્ધ થયો. સમ્યગ્જ્ઞાનમાં થયો એ તો ત્રિકાળ. પણ હવે વર્તમાન પર્યાયમાં પૂર્ણતા નથી અને કંઈક અશુદ્ધતા ને શુદ્ધતા છે. એ શુદ્ધ ને અશુદ્ધ જુદી જુદી જાતના ભાવો સમય સમયમાં વર્તતા તેને તે કાળે તેને જાણવો પ્રયોજનવાન છે. બીજે સમયે જે શુદ્ધતાનો અંશ વધ્યો, અશુદ્ધનો અંશ ઘટયો / એ જુદા જુદા ભાવને તે કાળે જાણેલો પ્રયોજનવાન છે, ત્રીજે સમયે જાુદા જુદા એટલે શુદ્ધનો અંશ વધ્યો અશુદ્ધનો અંશ ઘટયો. એ બેય જુદી જુદી જાત છે. એ જુદા જુદા અનેકને જાણવું એને વ્યવહારનય કહેવામાં આવે છે. આહાહાહાહા ! અલૌકિક વાતું છે બાપુ આ.

વસ્તુ છે પૂરણ સ્વરૂપ છે ને ? ધ્રુવ નિત્ય છે ને ? જેની દશા છે તે ત્રિકાળી છે ને ? દશા છે એ ત્રિકાળી ન હોય તો એ દશા કોની ? આહાહાહા ! દશા એટલે પર્યાય, હાલત. જેની દશા છે હાલત એનું ત્રિકાળી છે, એ ત્રિકાળીને જાણવું એ નિશ્ચય છે. અને વર્તમાનમાં પર્યાયનાં ભેદોને, શુદ્ધ ને અશુદ્ધ અંશો હારે છે, એ જુદી જુદી જાતના છે, એને તે તે કાળે તેને જાણવું તે વ્યવહારનય પ્રયોજનવાન કહેવામાં આવે છે. જાણેલો પ્રયોજનવાન છે ઉપદેશ કરવો ને આદરવો એ આંહી વાત છે નહીં. આહાહા !

આવું છે બાપા શું થાય ? ( શ્રોતાઃ જાણવું છે હેય-ઉપાદેય કરવા ? ) જાણવું જ છે પછી એમાં પ્રશ્ન કયાં રહ્યો, જાણવું છે બસ એટલું. હેય તો પછી પ્રશ્ન. હેય તો હેય. પણ આંહી તો બસ છે એમ જાણવું બસ એટલી જ વાત છે. ઈ તો વળી હેય છે ને આ ઉપાદેય છે ઈ તો વળી જુદો પ્રશ્ન છે. આ તો બે છે એને જાણવું / બે છે એને જાણવું, ત્રિકાળને જાણવું, તે નિશ્ચય છે. અને વર્તમાન છે તેને જાણવું તે વ્યવહાર છે, બસ એટલી વાત છે. એક ન્યાય ફરે તો આખું ફરી જાય

તેવું છે. આ... તો મારગ બાપા! ત્રણલોકના નાથ સર્વજ્ઞ જિનેશ્વરદેવનું સ્વરૂપ છે એવું ભગવાને કહ્યું છે. આહાહા! જેને સાંભળવા બત્રીસ લાખ વૈમાનનો લાડો ઇન્દ્ર, એક એક વૈમાનમાં અસંખ્ય દેવ બબ્બે સાગરની સ્થિતિવાળા. આહાહાહા! એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વરસ, એવા બે સાગરની સ્થિતિવાળા અસંખ્ય દેવો એક વૈમાનમાં, એવા બત્રીસ લાખ વૈમાન એમાં કોઈ નાના છે થોડાં, પણ ઘણાં તો અસંખ્ય દેવોવાળા છે. એનો સ્વામી ઇન્દ્ર, તે પણ મતિ, શ્રુત ને અવધિ ત્રણ જ્ઞાનવાળો, આહાહા! તે પણ એક છેલ્લો ભવ દેવનો, મનુષ્ય થઈને મોક્ષ જનારો, એ જ્યારે ભગવાનની સભામાં હોય, અને એ વાણી હોય એ કેવી હોય બાપા! આહાહાહા!

(શ્રોતાઃ એનો કંઈક નમુનો આપો.) આ નમૂનો જ આવે છે ન્યાંનો જ તે. આહાહાહા! આ વિદેહની વાણી છે આ બધી. આહાહા! વિદેહમાં ગ્યા 'તાને ભગવાન કુંદકુંદાચાર્ય ગ્યા 'તા. ત્યાંથી આંહી આવ્યા ને આ (શાસ્ત્રો) બનાવ્યા. પછી ટીકા કરી ભલે વિદેહમાં ન જનાર ભલે પણ એના ભાવને જાણતા હતા. કે આ ગાથાનો આ ભાવ છે, પોતાને જાણતા હતા તે આને જાણતા હતા. અમૃતચંદ્રાચાર્ય! એ તો એક હજાર વરસ પહેલાં થયા. કુંદકુંદાચાર્ય તો બે હજાર વર્ષ પહેલાં થયા. આહાહાહા!

જાણેલો તે કાળે, તે કાળે કેમ? પાઠમાં છે હોં ઈ. જુઓ સંસ્કૃત (ટીકામાં) "વ્યવહારનયો વિચિત્રવર્ણમાલિકાસ્થાનીયત્વાત્પરિજ્ઞાયમાનસ્તદાત્વે પ્રયોજનવાન્" એવો સંસ્કૃત પાઠ છે. 'પરિજ્ઞાન માનત્વાત્ત' –સમસ્ત પ્રકારે જાણે પણ, તદાત્વે તે કાળે, આવો પાઠ છે આમાં. સંસ્કૃતમાં.

ઈ શું કહે છે? કે નિશ્ચય છે જે વસ્તુ એ તો ત્રિકાળ એકરૂપ જ જાણવાની અને પર્યાયમાં જે શુદ્ધતાના અને અશુદ્ધતાના ભેદો છે હજી સાધક છે, સાધક છે એટલે બાધકપણું પણ હારે છે. તે સાધકનો અંશ ને બાધકનો અંશ, એ અનેક થયા ભિન્ન ભિન્ન જાતના થયા. તે ભિન્ન ભિન્ન જાતના છે તેને જાણવું એ પ્રયોજનવાન છે. એ આદરવાયોગ્ય છે કે એનાથી નિશ્ચય થાય છે. એ વાત છે નહીં. મોહનલાલજી!

આવી વાતું છે ભગવાન! શું થાય? અરે! પ્રભુના વિરહ પડયા અને આ પાછળ રહી ગયા. આહાહા! અને આ વાદનો વિષય જ નથી. ભગવાન કુંદકુંદાચાર્ય તો એમ કહે છે કે પ્રભુ તું જો જ્ઞાનસ્વરૂપને પામ્યો હો, તો વાદ વિવાદ સ્વસમય ને પરસમય હારે વાદ–વિવાદ કરીશ નહીં. કારણ, આ વસ્તુ કોઈ એવી છે, કે વાદવિવાદે પૂરું પડે એવું નથી. આહાહા!

(શ્રોતાઃ આ સાધકને કાંઈ શુદ્ધનયનું પ્રયોજન રહ્યું નથી?) ઈ તો થઈ ગયું છે. વિષય છે ને કીધું ને ધ્રુવ તો સદાય છે. ધ્રુવ જે છે એ તો સદાય છે દૃષ્ટિમાં એ તો પહેલી જ વાત કરી. ઈ શુદ્ધનયનો વિષય જે ત્રિકાળ છે એ તો છે. હવે પર્યાયમાં શુદ્ધનય છે એ પણ અંશ છે. પર્યાયમાં જે શુદ્ધતાનો અંશ છે એ પણ એક ન્યાયે શુદ્ધનયનો જ અંશ છે. પણ એની હારે અશુદ્ધ જે છે–એ આંહી શુદ્ધનયનો અંશ જેને કહેવો છે એને આહીંયા વ્યવહારનયનો વિષય કહેવો છે. પર્યાય છે ને?

ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય પ્રભુ એનું અવલંબન લઈને ધ્યેય બનાવીને જે દશા થઈ, એને પણ શુદ્ધનયનું ફળ આવ્યું એને શુદ્ધનય એક અપેક્ષાએ કહેવાય છે. પણ એ પર્યાય છે માટે તેને

ત્રિકાળના વિષયની દૃષ્ટિવાળાની અપેક્ષાએ, વર્તમાન પર્યાયને જોનારી છે એથી શુદ્ધનય નહીં, એ વ્યવહારનય છે. આહાહાહા ! અરે ભગવાન તો મહાવિદેહમાં બિરાજે છે, બધી વાતો પ્રભુ તો કરે છે ત્યાં. આહાહા !

આહા ! એવો વ્યવહારનય, વિચિત્ર એટલે ઓલામાં પ્રતિવર્ણિકા હતું-એકરૂપ સુવર્ણનું એકરૂપ, એમ કેવળજ્ઞાનીનું એકરૂપ પૂરણ શુદ્ધતાનું પૂરણ એકરૂપ એ શુદ્ધનય પૂરણ થઈ ગઈ એમ. આશ્રય લેવો બંધ થઈ ગયો શુદ્ધનો. એથી પૂરણ થઈ ગઈ. અને તે કાલ કીધું ને આસ્રવના અધિકારમાં, કાલ બતાવ્યું 'તું. કે શુદ્ધનયની પૂરણતા કેવળજ્ઞાનમાં થાય છે. એનો અર્થ ? કે એને હવે આશ્રય લેવો રહ્યો નથી. એથી એની પૂરણ દશા પ્રગટ થઈ એને પણ શુદ્ધનય કહેવામાં આવે છે. છે તો પ્રમાણ. આરે... આ.

એમ અહીંયાં ત્રિકાળી ભગવાન પ્રભુનું અવલંબન લઈને, એ નિશ્ચય છે. આંહી શુદ્ધનય પ્રગટયો છે અંશે એને પણ-અનુભવને પણ શુદ્ધનય કહેવામાં આવે છે. પણ ઈ એ કઈ અપેક્ષાએ ? શુદ્ધપણાને આશ્રયે શુદ્ધપણું પ્રગટયું છે ઈ અપેક્ષાએ. પણ જ્યાં બીજી અપેક્ષા લઈએ કે ત્રિકાળને જોનાર તે નિશ્ચય છે, અને પર્યાયને જોનાર તે વ્યવહાર છે. એ અપેક્ષા લેતાં એ શુદ્ધતાનો અંશ અને અશુદ્ધતાનો અંશ એ બેયને જાણેલો પ્રયોજનવાન વ્યવહારનય છે. આહાહાહા ! એવું છે.

( શ્રોતાઃ જાણે કે સહજ જણાય જાય ? ) જાણવાનું હોય છે તે કાળે, બહુ લાંબી વાતું કરવા જઈએ તો પકડાય નહીં એટલે... ખરી રીતે જોઈએ તો નિશ્ચયનું જ્ઞાન જ્યાં થયું છે તે વખતે પર્યાય જ્ઞાનની સ્વપર પ્રકાશકની છે તેવી જ પર્યાય પ્રગટે; એ તો ઘણી વાતું આવી ગઈ છે આ તો બધીય એક હારે કાંઈ... એ ખરેખર તો જેટલો રાગભાગ છે અને જેટલો શુદ્ધનયનો અંશ ઊઘડેલો છે, એને પર્યાય તરીકે જાણવું એવો તે વખતનો જ્ઞાનનો પર્યાય સહજ, એ છે માટે થયું છે એમ નહીં. એ સ્વપર પ્રકાશકની પર્યાય જ એ વખતે એવી જાતની થાય છે. આહાહાહા ! શું એનો મારગ ? શું એનાં ફળ ! આહાહા ! શું એની કળા ને શું એની રીત પ્રભુ ! આહાહા !

આંહી સુધી તો આપણે આવી ગયું 'તું. આ તો વધારે સ્પષ્ટ માટે છે. બાપુ ! એ મારગડા નાથ પ્રભુ ! અપૂર્વ છે ભાઈ, એ બહારની પ્રવૃત્તિ અને ક્રિયાકાંડમાં રોકાઈને, એમાંથી ધરમ માનીને આ વસ્તુ રહી ગઈ. આહાહા ! મહિમા એને બહારની રહી ગઈ.

જે રાગ આવે સમકિતીને એ પણ વ્યવહારનયનો વિષય જાણીને, જાણેલું છે પ્રયોજનવાન હવે એને અજ્ઞાનમાં રાગની ક્રિયાને ધરમ માની અને સાધન માનીને એનાથી શુદ્ધતા થશે, બહુ વિપરીત દૃષ્ટિ છે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

છોકરાઓને સમજાય એવું છે હોં, છોકરાંઓએ ધ્યાન રાખવું. ઝીણી વાત આવે છે માટે, આ તો આત્મા આઠ વરસે તો કેવળજ્ઞાન પામે છે. આહાહા !

ચૈતન્યના સ્વભાવથી ભરેલો ભગવાન એવી કેવળની પર્યાયો તો જેના જ્ઞાનગુણમાં તો અનંતી પડી છે. આહાહા ! એ આઠ વરસની ઉંમરવાળું શરીર / શરીરની ઉંમર છે ને ? એ અંદરમાં કેવળજ્ઞાનને જોવે છે-કેવળ એટલે ઓલી પર્યાય નહીં-એક આત્મજ્ઞાન જેમાં અનંતી કેવળી પર્યાયો જેમાં પડી છે. એવા અસાધારણજ્ઞાનને જોતાં, આવે છે ને ભાઈ પ્રવચનસારમાં. પ્રવચનસારમાં

આવે છે કે અસાધારણ જ્ઞાનને કારણમાં જોતાં એને કાર્ય આવે છે એમાં. આહાહા ! કુંદકુંદાચાર્યના શાસ્ત્રોએ તો ગજબ કરી નાખી છે. કેવળીના વિરહ ભૂલાવ્યા જેણે. આહાહા !

ત્યાં એમ કહ્યું છે પ્રવચનસારમાં કે અસાધારણ એવો જે જ્ઞાનગુણ ત્રિકાળી, આહાહા ! એને કારણપણે ગ્રહીને એટલે એને ધ્યેય બનાવીને, આહાહાહા ! જેને નિર્મળ દશા પ્રગટ થાય છે. આહાહા ! મોક્ષમાર્ગ જેનાથી પ્રગટ થાય છે અસાધારણ જ્ઞાનગુણ છે, ત્રિકાળી એનો આશ્રય ધ્યેય બનાવીને પર્યાયમાં સમ્યગ્જ્ઞાનદશા પ્રગટ થાય છે. એ સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે એ કાર્ય છે. ત્રિકાળી જ્ઞાનગુણ તે ત્રિકાળી એકરૂપગુણ અનંત શક્તિવાળું તે કારણ છે અને એને પકડતાં પછી જે કાર્ય આવ્યું એ કાર્ય, પર્યાય છે. આહાહા ! કાર્ય પર્યાયમાં હોય. કાર્ય ધ્રુવમાં ન હોય.

આરે... આરે... વાતે... વાતે ફેર આવે છે. જ્યાં બીજી વાત કહેવા જઈએ ત્યાં બીજી રીતે એમાં આવે એવી શૈલી કોઈ અલૌકિક વાતું બાપા ! આહાહા ! જૈન ધર્મ સર્વજ્ઞનો કહેલો, એ દિગંબર ધરમ એ કોઈ અલૌકિક ચીજ છે ભાઈ ! એ કોઈ સંપ્રદાય નથી.

ઓલા તો એમ કહે છે જયપુરવાળો એક હતો ને ઓલો, પંડિત ઇન્દ્રજીત, ઇન્દ્રજીતને ? હા, ઈ કહેતા કે દિગંબરમેં જન્મ લિયા એ બધા સમ્યગ્જ્ઞાની તો છે જ. ઇન્દ્રલાલજીને ? ( શ્રોતાઃ હા, જી ઇન્દ્રલાલ. ) ઇન્દ્રલાલ. ગૂજરી ગયો, ઈ એમ કહેતો ’તો. દિગંબરમાં જન્મ્યા ઈ બધા સમ્યગ્જ્ઞાની તો છે જ હવે એને વ્રત લેવા ને વ્રત પાળવા. આહા !

બાપુ ! શું થાય ? અરેરે ! માથે કોઈ ધણી રહ્યું નહીં, ધણી વિનાનાં ઢોર રખડયાં કરે જ્યાં ત્યાં. આહાહા ! લાકડિયું જ ખાય, માર ખાય એમ કહેવું છે મારે તો. ધણી વિનાનાં ઢોર ધણી ને ખબર હોઇ કોઈ મારનાર છે તો ઢોરને ન્યાં ન જવા દૈ. આ તો એ ન્યાં હાલ્યા જાય ને માથે પડે પછી માર ધડાધડ. આહાહા !

એમ આ કાળે સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના વિરહ પડયા લોકોએ પોતાની કલ્પનાથી મારગ ચલાવ્યા. માર... પડયા માથે બાપા રખડવાના. આહાહા !

અહીંયા તો પરમાત્માએ કહ્યું તે સંતો જગતને જાહેર કરે છે. પ્રભુ તારું ત્રિકાળી વસ્તુ છે, વસ્તુ છે એને ધ્યેય બનાવીને સમ્યગ્દર્શન થવું એ એક મારગ છે. એ સિવાય કોઈ મારગ છે નહીં.

હવે ઈ બેને જાણવાવાળી નયને શું કહેવી ? કે ત્રિકાળીને જાણે તેને નિશ્ચય કહેવું અને વર્તમાન ગુણ પ્રગટયો છે પર્યાય અને કંઈક બાકી છે અશુદ્ધતા, એ ભિન્ન ભિન્ન જાત છે, તેને તે તે સમયે તે તે સમયને કાળે, તે પ્રકારે જાણેલો અને તે પ્રકારે તે પર્યાય તે, એને જાણવા યોગ્યવાળી જ પર્યાય ત્યાં પ્રગટ થાય છે. પણ એને સમજાવવું છે તે શી રીતે સમજાવે ? આહાહા !

આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે ચૈતન્ય ત્રિકાળ એનો આશ્રય લઈને જે જ્ઞાન થયું એ જ્ઞાન સમયે સમયે સ્વને પ્રકાશે છે અને જે કંઈ પર્યાય, શુદ્ધતા આવી અને અશુદ્ધતા એને પણ પ્રકાશે છે, તેવું જ્ઞાન જ સમયે સમયે પ્રગટ થાય છે. એ શુદ્ધતાનો અંશ ને અશુદ્ધતા છે માટે સ્વપર પ્રકાશક જ્ઞાન પ્રગટ થાય છે એમેય નહીં. દેવીલાલજી ! આવું છે બાપા ! આહાહા !

અરે, પ્રભુ તું કોણ છો પ્રભુ બાપુ અરે તને પ્રભુતાની ખબર નથી ભાઈ ! આહાહા ! અને પ્રભુતાને જ્યાં પરખ્યો, એ પરખ્યાની જે દૃષ્ટિ પ્રગટી. એને જાણવું એ તો વ્યવહાર છે કહે છે. તો પણ એને જાણવું એ તો એ સમયે... જ્ઞાનનો પર્યાય જ એવો જ પ્રગટે છે, સ્વને જાણવું અને

અશુદ્ધતા છે જેટલી એ પ્રકારે જ જાણવાનો પર્યાય, સમયે સમયે સ્વપર પ્રકાશક પર્યાય એ તે સ્વતઃ થાય છે. બહુ ઝાઝું લાંબુ લાંબુ કરવા જાય બહુ તો... આહાહા !

આહાહા ! અરે પ્રભુનો મારગ બાપા ! આહાહા ! ભાગ્યવાનને તો કાને પડે એવી વાત છે હેં ? બાકી તો બધુ સંસારનું જ્ઞાન કર્યું ને આ વકીલો થ્યા ને દાક્તર થ્યાને એલ. એલ. બી. ને એમ. એ. ના પૂંછડા વળગાડયા ને, આહાહા ! ઈ બધાં કુજ્ઞાન છે. આહાહા !

આ તો પ્રભુ જેમાં જ્ઞાનનો... ગાંઠડો છે. એ જ્ઞાનનો સાગર પ્રભુ છે. એમાંથી જે જ્ઞાન, એને ધ્યેયને લઈને પ્રગટે, તે જ્ઞાનને વર્તમાન જ્ઞાન કહેવામાં આવે છે. તે જ્ઞાનને તે જ્ઞાન જાણતું, શુદ્ધને અશુદ્ધને જાણતું તે જ્ઞાન પ્રગટ સહજ થાય છે. આહાહા ! તેથી વ્યવહારને જાણેલો પ્રયોજનવાન છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા !

આહાહા ! બારમી ગાથામાં ઘણું ભર્યું છે.

વ્યવહારનય, વિચિત્ર વર્ણમાળા સમાન, કોણ ? સોનું. સોનું છે ને એ હજી પહેલું પૂર્ણ થયું નથી, ત્યારે એને આંચ દે છે અગ્નિના, તો વર્ણ વિચિત્ર પીળાશ અને એમાં કથીરનો ભાગ, ત્રાંબાનો ભાગ એવા બધા વર્ણો દેખાય ને અનેક પ્રકાર જુદા જુદા વર્ણો જુદા જુદા પીળાશનો ભાગ અને ઓલા ત્રાંબાનો ભાગ, ભિન્ન ભિન્ન એક સમયે આમ, એમ અહીંયાં શુદ્ધતાનો અંશ અને અશુદ્ધતાનો અંશ અનેક, છે ? વિચિત્ર વર્ણમાળા સમાન હોવાથી. આહાહા ! એ જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડયા હોવાથી... આહાહાહા ! એક જ સમયે જુદા જુદા અનેક ભાવને દેખાડયા હોવાથી, એક સમયે, બીજે સમયે બીજા, ત્રીજે સમયે ત્રીજા. આહાહા ! શશીભાઈ ! આવો મારગ છે. આહાહા ! આ તો જેને આત્માનું હિત કરવું હોય બાપુ ! આહાહા ! અરેરે અનંતકાળથી... રખડે છે, જુઓને કેટલા ? આહાહા ! બાળક જન્મે ને ન્યાં ને ન્યાં કાપીને કાઢવા પડે માતાના ઉદરમાંથી સરખું ન નીકળે, હેં ? આહાહા ! થાય છે ને ? બને છે ને ? કાપીને કાઢવું પડે. આહાહા ! ઈ નવ મહિના તો સવા નવ મહિના તો ઊંધે માથે ન્યાં શ્વાસ લેવાનું કઈ રીતે ? ખોરાક કઈ રીતે ? એને કાઢતા પાછું કાપીને કાઢે કાપીને કાઢે ને વળી મરીને કયાંય જાય. આહાહા ! અરે પ્રભુ ! શું છે બાપા ! આવા ભવો તેં અનંતકર્યાં છે ભાઈ !

હવે એને દુઃખને ટાળવું હોય તો આ ઉપાય છે. આહાહા ! એ ત્રણલોકનો નાથ પ્રભુ ભગવાન પોતે, ધ્રુવ છે તેને ધ્યેય બનાવીને સમ્યગ્દર્શન પહેલું પ્રગટ કરવાનું છે અને પછી સ્વરૂપમાં ઠરતાં એમાં જે જાણ્યું છે, તેમાં ઠરવું તેનું નામ ચારિત્ર છે. ચારિત્ર કોઈ પંચમહાવ્રત ને નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. આહાહા !

એમાં કહે છે કે જાણીને ઠર્યો, પણ પૂરણ ઠર્યો નથી, તેથી અંદરમાં અસ્થિરતાનો અંશ છે– અશુદ્ધતાનો અને શુદ્ધતાનો પર્યાયનો અંશ છે તે એક સમયમાં ભિન્ન ભિન્ન જાતના એને જાણવું ને દેખવું, એ વ્યવહારનયનો વિષય છે, એ વ્યવહારનય જાણેલો, એ જ્ઞાન એવું જ તે વખતે પ્રગટે છે. એને જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવે છે. આહાહાહાહા !

હજી તો આંહી સુધી તો આવ્યું ને એનું આ પાછું માંડયું. લે.. એક કલાક તો થવા આવ્યો. આહા દુલેરામજી, રામની માંડી આ તો. આહાહા ! પ્રભુ ! તું કોણ છો ભાઈ ? આહાહા ! અને તારી જાતની ભાત પડે પર્યાયમાં જ્યારે, આહાહાહા ! જેવો તું નિર્મળાનંદ છો, એવી જ્યારે

પર્યાયમાં ભાત પડે, જાતની ભાત પડે, એ દૃષ્ટિ અને જ્ઞાનને એની કોર લઈ જતાં... આહાહાહા ! એ જ્ઞાનની પર્યાય ને શ્રદ્ધાની પર્યાય અને શાંતિની પર્યાય પણ અપૂર્ણ છે હજી, એથી ત્રિકાળનો વિષય છે એ તો નિશ્ચય છે તો હવે એને વ્યવહાર પર્યાય છે કે નહીં ? એક તો તમે ત્રિકાળી દ્રવ્ય કીધું ને એનો આશ્રય સમકિત કીધું તો હવે એને કોઈ પર્યાય, પર્યાય રહી છે કે નહીં ? કે પૂરણ થઈ ગયું છે ? પૂર્ણનો આશ્રય લીધો પણ પર્યાયમાં પૂર્ણ થઈ ગ્યો છે ? હેં ! આહાહાહા !

શું કરી છે વાત, ગજબ કરી છે ને !! શશીભાઈ ! ભાઈ ! તેં પૂરણનો આશ્રય કર્યો– ધ્રુવનો... પણ પર્યાયમાં પૂરણ થયો છો ? થયો હોય તો તો પર્યાયનો વ્યવહાર તારે હોય નહીં.

અને તે જાણવું રહે નહીં તેને એમ એને કહે છે. અને જે પૂરણ થયો તો તેને અશુદ્ધતા કે શુદ્ધતા છે નહીં. એટલે એ જાણવું એને છે જ નહીં. આહાહા ! તેથી કેવળીને શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન એમ કીધું, નહિ તો ન્યાં નય કયાં છે ? આહા ! એ કહ્યું હતું ને કાલ. એકસો તેંતાલીસ ગાથા “ કર્તા કર્મ ”, કે શ્રુતજ્ઞાનમાં વ્યવહાર ભેદરૂપ નિશ્ચય ને વ્યવહારનય, તે નયને ઓળંગી ગયેલા કેવળી. કેમકે નય છે તે શ્રુતજ્ઞાનનો ભેદ છે. ભગવાન તો શ્રુતજ્ઞાનને ઓળંગી ગયા છે. આહાહાહા ! એટલે એને નય છે નહીં. છતાં એમ કીધું કે શુદ્ધનય પૂરણ થઈ ગઈ એનો અર્થ એ કે એનો આશ્રય કરવો બાકી રહ્યો નહીં. પૂર્ણદશા પ્રગટ થઈ ગઈ હવે જાણવું કામ કરે છે બસ ! આહાહા ! ઈ એકસો તેંતાલીસમાં આવે છે કર્તા કર્મમાં. લ્યો આંહી સુધી તો કહેવાય ગયું હતું કાલ. એનું આ હાલ્યું આટલું. કો છોટાભાઈ બપોરે કાલ તો કો સારું ચાલ્યું ’તું. ( શ્રોતાઃ– બહુ સરસ ન્યાલ થઈ જાય તેવું ) હા. ન્યાલ થઈ જાય તેવું વાત સાચી. આહાહા !

છે તેને પ્રાપ્ત કરવો છે ને પ્રભુ ! ન હોય તેને પ્રાપ્ત કરવો હોય તો તો ન થાય. આહાહા ! એમ આવ્યું ’તું ને છે.. છે.. છે.. જાણનાર, જાણનાર, જાણનાર. છે ને ? ત્રિકાળ... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... બસ, છે તેને પ્રાપ્ત કરવો છે, છે એમ એને સ્વીકાર કરવો છે. આહાહા ! એથી પર્યાય સ્વીકાર કરે છે જેની છે તેને. આહાહા ! સમજાણું કાંઈ ? ઝીણું બહુ બાપુ ! આહાહા !

એથી, પછી કહે ને સોનગઢ નિશ્ચયવાદી, એકાંતવાદી, એકાંતવાદી. પ્રભુ ! તને ખબર નથી બાપુ ભાઈ. ( શ્રોતાઃ– આચાર્યોનેય નિશ્ચયવાદી કહ્યા તો તો ) નિશ્ચયવાદી એટલે આ તો એકાંત નિશ્ચયવાદી કહે છે, એમ કે વ્યવહારથી થાય એ વાત કહેતા જ નથી. નિમિત્તથી થાય એમ કહેતા જ નથી. વાત તો એમ જ છે. વ્યવહાર છે એમ જાણેલો પ્રયોજનવાન છે એમ કહીએ છીએ. પણ વ્યવહારથી નિશ્ચય થાય એવી વસ્તુ નથી.

( શ્રોતાઃ નિમિત્ત નથી તો બેય ઉપાદાન છે ? ) પણ બે નય છે તે બેયનો વિષય વિરુદ્ધ છે નહિતર બે ( નામ ) કેમ પડયાં ? બે નયનો સરખો વિષય હોય તો બે પડે કેમ ? એક નયનો વિષય ત્રિકાળ છે અને એક નયનો વિષય વર્તમાન પર્યાય છે–શુદ્ધ, અશુદ્ધ આદિ, આહાહાહા ! બેય વિરુદ્ધનો સ્યાદ્વાદ સમાધાન કરી નાખે છે. કે ત્રિકાળની અપેક્ષાએ એને નિશ્ચય કહ્યો, વર્તમાન પર્યાય છે તે વ્યવહાર છે. ભેદ પડયો ને.. ભલે શુદ્ધનો અંશ ભેદ છે તે વ્યવહાર છે ત્રિકાળી અભેદ તે નિશ્ચય છે. આહાહા ! લ્યો એટલું થ્યું લ્યો ઓલું પછી લેવાશે.

( પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં. ૪૮ ગાથા - ૧૨ તા. ૩૧-૭-૭૮ સોમવાર, અષાઢ વદ-૧૨ સં. ૨૫૦૪

સમયસાર, બારમી ગાથા છે. ' પ્રયોજનવાન છે ' ત્યાં સુધી આવી ગયું છે કાલે. એ રીતે પોત પોતાનાં સમયમાં-એટલે કે સ્વરૂપની દૃષ્ટિ છે તે નિશ્ચયનો વિષય છે, દૃષ્ટિનો વિષય જે છે એ નિશ્ચય છે. અને પર્યાયનાં ભેદ પડે છે તે વ્યવહાર છે. નિશ્ચયનો વિષય ત્રિકાળ દ્રવ્ય છે. અને વ્યવહારનો વિષય વર્તમાન પર્યાય છે. " એ રીતે પોતપોતાના સમયમાં બન્ને નયો કાર્યકારી છે. " આ રીતે. એક નય નિશ્ચય છે એ ત્રિકાળીને વિષય કરનાર એ આદરણીય છે અને વર્તમાનમાં પર્યાયનો ભેદ પડે, એ જાણવા લાયક છે વ્યવહારનય. એ રીતે પોત પોતાના સમયમાં બન્ને નયો કાર્યકારી છે. આ રીતે કાર્યકારી છે.

' કારણ કે તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે. ' એટલે ? ' જેનાથી તરાય તે તીર્થ છે. ' સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રનો માર્ગ જે છે, એનાથી તરાય છે, છે પર્યાય, છે વ્યવહાર, સદ્ભૂત વ્યવહાર ટીકાકાર જયચંદ પંડિતે અસદ્ભૂત વ્યવહારનું નિમિત્તથી કથન કર્યું છે. અસદ્ભૂત વ્યવહારનું કથન કર્યું છે વ્યવહાર પણ ખરેખર તો વ્યવહાર જે પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, પર્યાય છે એ વ્યવહાર છે એ તીર્થ છે અને એનું ફળ પણ કેવળજ્ઞાન, એ પણ વ્યવહાર ધર્મનું ફળ છે. મોક્ષમાર્ગ જે છે, પર્યાય છે માટે એને વ્યવહાર કહેવામાં આવે છે. અને એના ફળ તરીકે કેવળજ્ઞાન એ પણ વ્યવહાર છે. શ્રુતજ્ઞાનીને એ પણ કેવળજ્ઞાન સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. એટલે વ્યવહારધર્મ જે નિર્મળ, શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય ગહન ને ગંભીર ચીજ તેની દૃષ્ટિ થતાં, તે દૃષ્ટિમાં ગહન વિષયનું ભાન થવું તે નિશ્ચય છે. અને વર્તમાન પર્યાયનું પ્રગટ થવું એ પર્યાય એ વ્યવહાર છે.

' જેનાથી તરાય ' એટલે કે મોક્ષનો મારગ પર્યાય છે. પણ એનાથી તરાય છે, તરવાનો એ ઉપાય છે અને ઈ વ્યવહાર ધરમ છે. છે ને ? પર્યાય, ધરમ છે ને ઈ પર્યાય છે ને મોક્ષમાર્ગ છે જો કે આ તો અસદ્ભૂત વ્યવહારનય લેશે. પણ ઈ કાંઈ તરવાનો ઉપાય નથી. જોડે હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા !

વાસ્તવિક તો ભગવાન આત્મા ! અનંત ગુણ ગંભીર ! જેના ગુણનો પણ સંખ્યાએ અંત નહીં અને જેની પર્યાય, એક ગુણ છે, સંખ્યાએ ગુણનો અંત નહીં અને એક ગુણ છે તેના સામર્થ્યનો અંત નહીં. એવું જે દ્રવ્યસ્વરૂપ, જેમાં અનંત ગુણ છે ઈ ગુણની પણ હદ નહીં, અને એક ગુણની શક્તિની પણ જ્યાં અપરિમિત હદ નહીં. એવો જે દ્રવ્ય સ્વભાવ, એની ગહનતાના, ગંભીરતાના... વિચારની પર્યાયમાં એની ગંભીરતામાં વિચાર કરે, ત્યારે એ પર્યાય દ્રવ્ય તરફ ઢળી જાય છે. તે દ્રવ્ય છે તે નિશ્ચય છે અને જે પ્રગટ થયેલી પર્યાય એ વ્યવહાર છે, એ તીર્થ છે. ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાનની નિર્મળ દશા, એ તીર્થ છે વ્યવહાર, અને એનું ફળ પણ વ્યવહાર છે કેવળજ્ઞાન, એ પણ પર્યાય છે. આહાહા !

' જેનાથી તરાય તે તીર્થ છે. ' પર્યાય મોક્ષમાર્ગની, વસ્તુ મહા ગંભીર સાગર એની અંતરમાં પ્રતીતિ થવી અને એનું જ્ઞાન થવું અને એમાં રમણતાના અંશો થવા, એ તીર્થ તરવાનો

ઉપાય છે. દ્રવ્ય તો નિશ્ચય છે. એમાં આ પર્યાય ને ઉપાય ને ઉપાયનું ફળ એ એમાં નથી. સમજાણું કાંઈ ? અને પાર થવું તે વ્યવહારધર્મનું ફળ છે. એ મોક્ષમાર્ગ જે પર્યાય છે એ ભેદ છે, તેથી તે વ્યવહાર છે. અને તેનું ફળ મોક્ષ એ પણ પર્યાય છે એનું ફળ વ્યવહાર છે. આહાહા ! આરે આવી વાતું છે !

જયચંદ પંડિતે એમાંથી અસદ્ભૂત વ્યવહારનો, એ ટાણે જે નિમિત્ત હોય છે ને એનું જ્ઞાન કરાવ્યું છે. હવે, એમાંથી આ ગોટા ઊઠયા છે બધા. કે જુઓ આ પાઠ છે છઠ્ઠે આમ કરવું. અને વ્રત પાળવાં નિયમ કરવાં. બાપુ ! એમ નહીં હોં ! એ હોય છે એનું જ્ઞાન કરાવ્યું છે. તેથી વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ કીધું છે.

અને તે... વ્યવહાર ને અનેક જુદા જુદા ધર્મ બતાવ્યા છે, કહ્યાં છે ને ભાઈ ! બહુ ઝીણી વાત છે બાપુ !

ભગવાન આત્મા પૂરણ આનંદનો કંદ ! મહા મહા આશ્ચર્યકારી, ગંભીર ગહન સ્વભાવનો સાગર પ્રભુ ! એને ધ્યેય બનાવીને / જે ધ્યેય થયું અંદર એ નિશ્ચય અને ( ધ્યેય ) બનાવીને પર્યાય જે થઈ, એ નહોતી ને થઈ એ માટે પર્યાય એ વ્યવહાર છે. છે, છે ને છે એ ત્રિકાળ તે નિશ્ચયનો વિષય છે, પણ નહોતું ને પ્રગટયું તરવાનો ઉપાય એ તો વ્યવહાર થયો. અને એવા વ્યવહારની સાથે, અસદ્ભૂત વ્યવહાર વ્રતાદિનો વિકલ્પ કેવો હોય એનું આંહી જ્ઞાન, કરાવ્યું છે ભાવાર્થમાં. સમજાણું કાંઈ ?

“ અને એ વ્યવહારધર્મનું ફળ છે, પાર થવું પૂર્ણ થવું, ” એ સર્વજ્ઞપણું થવું એ પણ વ્યવહાર ધર્મનું ફળ, એ પણ પર્યાય છે. આ સાધકની અપેક્ષાએ કેવળજ્ઞાન પણ વ્યવહારનયનો વિષય છે. કેવળજ્ઞાનીને હવે નય નથી, પણ આંહી સાધક જીવ જ્યારે દ્રવ્ય અને પર્યાયના ભેદનો વિચાર કરે છે ત્યારે કેવળજ્ઞાન પણ વ્યવહારનયનો વિષય છે. કારણ કે પ્રગટેલી પર્યાય છે, એ કાંઈ અપ્રગટ વસ્તુ જે ત્રિકાળ ગહન સ્વભાવનો ભંડાર, એકરૂપ રહેનાર તે એ ચીજ નથી. આહાહા ! તેથી કહે છે કે વ્યવહાર તરાય તે તીર્થ તે વ્યવહારધર્મ, મોક્ષનો મારગ એનું ફળ કેવળજ્ઞાન એ વ્યવહારધર્મનું ફળ, અથવા “ પોતાના સ્વરૂપને પામવું તે તીર્થફળ એ. ” વ્યવહારધર્મનું ફળ એ. જેવું સ્વરૂપ છે તેવું પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રાપ્ત થવું એ તીર્થફળ છે.

બીજી જગ્યાએ પણ કહ્યું છેઃ जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह। આહાહા ! તે વ્યવહાર, નિશ્ચય તેને મૂકવો નહીં. एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं।। આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો, જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો. વીતરાગ માર્ગની પ્રવર્તના જે રીતે છે એ રીતે પ્રવર્તાવવા માંગતા હો, તો વ્યવહાર અને નિશ્ચય એ બન્નેને ન છોડો. પર્યાય છે એ નથી એમ ન છોડો. દ્રવ્ય છે એ નથી એમ ન છોડો. ‘ પર્યાય નથી ’ એમ કીધું ’તું. અગિયારમી ( ગાથા ) માં અસત્યાર્થ કહી હતી, આંહી હવે કહે છે કે ‘ પર્યાય નથી ’ એમ ન કરો. પર્યાય છે, અસત્યાર્થ કહી ’તી એ તો ગૌણ કરીને ‘ નથી ’ એમ કહ્યું હતું. ત્રિકાળી વસ્તુને દૃષ્ટિ વસ્તુની કરાવવા તે મુખ્ય છે તે નિશ્ચય છે અને પર્યાય છે તે ગૌણ કરીને ‘ નથી ’ એમ કહ્યું હતું. પણ એ પર્યાય નથી એમ ન માનો. આહાહાહા !

બન્ને નયોને ન છોડો કારણ કે વ્યવહારનય વિના તો તીર્થનો-વ્યવહારધર્મનો નાશ થઈ જશે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે મોક્ષમાર્ગની પર્યાય છે જે ભેદરૂપ દશા છે. ત્રિકાળી અભેદની અપેક્ષાએ, એ મોક્ષનો માર્ગ છે એ પણ ભેદરૂપ વ્યવહારધર્મ છે. આહાહા! સમજાણું કાંઈ?

(શ્રોતાઃ) કોઈ ઠેકાણે વ્યવહાર કહે ને કોઈ ઠેકાણે નિશ્ચય કહે એમાં અમારે નિર્ણય શી રીતે કરવો?

(ઉત્તરઃ) ઈ કઈ અપેક્ષાએ નિશ્ચય છે? રાગની તીવ્ર-મંદ દશા છે ત્યારે એની અપેક્ષાએ રાગને જ્યારે વ્યવહાર કહ્યો ત્યારે નિર્મળ પર્યાયને નિશ્ચય કહેવો. પણ આંહી જ્યારે ત્રિકાળને નિશ્ચય કહેવો ત્યારે ભેદને વ્યવહાર કહેવો, આમ છે. વસ્તુની સ્થિતિ તો આમ છે. આહાહા! નિર્મળ પર્યાય એ તો આંહી તો નાખી બારમી ગાથામાં ભિન્ન ભિન્ન પર્યાય નિર્મળ ને રાગ એ અનેક પ્રકાર થયા એક જાત ન થઈ, એ બેયને જાણેલો પ્રયોજનવાન છે એમ કહ્યું છે. એને બેયને જાણવું એ વ્યવહારનયનું પ્રયોજન છે. આહાહા!

જે મોક્ષનો મારગ છે એ પર્યાય છે અને એની હારે અસદ્ભૂત વિકલ્પ, વ્રતાદિનો હોય છે એ પણ વિકારી પર્યાય છે એટલે બે જે થયાં અનેક થયાં. ઈ અનેકને તે રીતે જાણવું તે વ્યવહાર છે. અને ત્રિકાળીને જાણવું તે નિશ્ચય છે. આરે આવી વાતું છે. પ્રગટે અને નાશ થાય એ ખરેખર તો વ્યવહાર છે, ઉત્પાદ્વ્યય છે. અને ધ્રુવ જે ત્રિકાળ છે તે નિશ્ચય છે, જેમાં ઊપજવું નથી બદલવું નથી, વ્યય થવું નથી, એકરૂપ જે અનંત ગુણનો રાશિ પ્રભુ! આહાહાહાહા!

એક પરમાણુનો એક સત્તા ગુણ લ્યો તોય પણ એટલો સરખો. અને એક આકાશનો સત્તા ગુણ લ્યો અનંતગુણો પહોળો તો પણ એ સરખો. આહાહા!

(શ્રોતાઃ શક્તિ અને ભાવ અપેક્ષાએ સરખાં છે) એ, એ રીતે જ સરખાં છે. ક્ષેત્રથી પહોળો માટે મોટો છે એમ નહીં. (શ્રોતાઃ ભાવ અપેક્ષાએ મોટું ને?) એક જ છે, ક્ષેત્રથી મોટું માટે મોટું છે ઈ વાત જ નહીં આંહીયા.

એમ ભગવાન આત્મા અંગુલના અસંખ્ય ભાગમાં અનંત આત્માઓ છે એક એક આત્માની સત્તા... આહાહા! 'હોવાપણે જે છે' એ પૂરણ છે; અને એ આત્માની સત્તા, કેવળ સમુદ્ઘાત કરે ત્યારે પણ સત્તા તો, સત્તા છે એ સત્તા જ છે, એ સત્તા મોટી થઈ ને આંહી સત્તા નાની થઈ એમ નથી. ગહન વાત છે ભાઈ!

વીતરાગ મારગ તો સમજવો બહુ કઠણ છે. આહાહાહાહા!

એ આંહી કહે છે કે વ્યવહાર વિના તો તીર્થ વ્યવહારધર્મ. પર્યાય જે છે એ જ વ્યવહાર છે. પંચાધ્યાયીમાં તો ચોખ્ખું પર્યાય તે વ્યવહાર ને દ્રવ્ય તે નિશ્ચય, એમ ચોખ્ખું લીધું છે. અને અહીંયાં પણ અગિયારમી ગાથામાં વ્યવહાર બધો અભૂતાર્થ છે એમ કહીને, બધો અભૂતાર્થ છે એમ કહીને એની પર્યાયનો ભાવ પણ અભૂતાર્થ છે એમ કહીને નિષેધ કર્યો છે. આહાહા!

એક ત્રિકાળ ભગવાન, અનંત અનંત ગુણ ઈ અનંતની કોઈ હદ નહીં. આહાહાહાહા! જેમ ક્ષેત્રની કોઈ હદ નહીં, કે ક્ષેત્ર ક્યાં થઈ રહ્યું પૂરું, લોકની બહાર અલોક ક્યાં પૂરું થયું? શું છે આ તે વાત! એ ક્ષેત્રની જ્યાં હદ નહીં, અંત નહીં, એવી જ રીતે કાળનો કોઈ અંત નહીં, ક્યારથી કાળ શરૂ થયો? આહાહાહા! અનાદિ! એવી રીતે ભાવની કોઈ સંખ્યાની હદ નહીં,

એક આત્માના ગુણોની સંખ્યાની હદ નહીં, આહા... હા ! ક્ષેત્રનું પણ જ્યાં માપ હદ ક્યાંય નહીં, કાળની કયાંય હદ નહીં, ભૂત ને ભવિષ્યની. આહાહા ! કે આંહીથી શરૂ થયું ને આંહી પૂરું થયું એવું છે કયાંય ? એવી એની ગહનતા.

એમ જ એ ભગવાન આત્મામાં અનંત જે ગુણો છે, એ ગુણોની સંખ્યાની પણ ગંભીરતાનો પાર ન મળે, હદ ન મળે, ભલે ક્ષેત્ર આટલું શરીર પ્રમાણે. આહાહા ! એવા અનંતગુણો અનંતનો અંત નહીં એટલા અનંત એમ. અને એવા અનંતગુણોની અનંતતાની હદ નહીં એટલા અને એક ગુણની પણ શક્તિની હદ નહીં એવી એક શક્તિ એની. આહાહાહા ! કેમ કે એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ, તો ગુણ કેટલા ? કે હદ નહીં, અંત નહીં. આહાહાહા ! એટલા ગુણોનું એક ગુણમાં રૂપ. આહાહાહા ! તો એક ગુણની પણ હદ નહીં. આહા ! બાપુ ! મારગડા કોઈ જુદા છે ભાઈ ! આહાહા !

એવો જે એક ગુણ તેની પણ જ્યાં હદ નહીં કે આંહી ગુણ પૂરો થઈ રહ્યો, એમ નથી ક્યાંય. આહાહાહા ! એવા અનંતગુણનું એકરૂપ વસ્તુ તે નિશ્ચય છે, જે કાયમ છે તે નિશ્ચય છે, અને જે જાય ને થાય તે વ્યવહાર છે. આહાહા ! સંસારનો પર્યાય થાય છે, એ જાય છે, મોક્ષનો પર્યાય થાય છે. ફરીને, મોક્ષનો પર્યાય થાય છે ને ? એ કાંઈ છે નહીં ત્રિકાળ. આહાહાહા ! આ તો ગહન વાતું છે પ્રભુ ! શું કહીએ ? આહાહાહાહા !

એ ગંભીરતાની હદ લેવા જાય, ત્યાં દૃષ્ટિ નિર્વિકલ્પ થાય. દૃષ્ટિમાં મર્યાદિત રાગ રહે, ત્યાં સુધી તેની બેહદ શક્તિનો સ્વભાવ એને પ્રતીતમાં ન આવે, એના જ્ઞાનમાં ન આવે. કારણ કે રાગ છે તે સીમાવાળો ને હદવાળો ને મર્યાદિત છે. આહાહા ! અને અરાગ જે સમ્યગ્દર્શન જ્ઞાનની પર્યાય, તે સમ્યગ્જ્ઞાનની પર્યાય પણ બેહદ છે. આહાહા ! કેમ કે એ પોતે બેહદ ગુણ દ્રવ્યને પોતે જાણે ને માને છે. આહાહાહાહા ! ઝીણી વાત છે ભાઈ આ તો......

એ સમ્યગ્જ્ઞાનની એક સમયની પર્યાય, અમાપ એવા ગુણો ને અમાપ એવાં એક ગુણનું સામર્થ્ય, એવા અનંતગુણનું એકરૂપ, જેની પર્યાયમાં જાણવામાં આવે એ પર્યાય કેવડી મોટી ? આહાહાહા ! એ પર્યાયના પણ અવિભાગપ્રતિચ્છેદ કરવા જાય તો અંત નહીં એટલા છે. આહાહાહા ! ઝીણો મારગ બહુ ભાઈ ! સત્ય છે ઈ કોઈ અલૌકિક વાતું છે. આહા !

એ ચીજ જે ત્રિકાળી વસ્તુ છે, જેમાં હલચલ નથી, જેમાં પલટવું નથી, જેમાં નાશ થવું નથી, જેમાં ઊપજવું નથી. એવો જે ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, એ સમ્યગ્દર્શનનો વિષય એ નિશ્ચય. આહાહા ! અને જે પર્યાય પ્રગટી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન મહાગંભીર, પદાર્થને જાણીને અને પ્રતીત કરીને, પણ છતાં એ પ્રગટી પર્યાય તે વ્યવહાર છે. આહાહાહાહા ! અને એની સાથે વ્રતાદિનો વિકલ્પ રહે, એ અસદ્‌ભૂત વ્યવહાર છે. આહાહા !

એ અસદ્‌ભૂત વ્યવહાર એ ધરમ નથી કાંઈ, તેમ તેનું ફળ કેવળજ્ઞાન એ એનું ફળ નથી. આહાહાહા ! પણ એ નિર્મળ પર્યાયની સાથે વ્યવહારનો વિકલ્પ કઈ મર્યાદાનો હોય છે એવું જણાવી ને એને વ્યવહારધર્મ કહ્યો ઉપચારીક. સમજાણું કાંઈ ?

વાસ્તવિક તો વ્યવહારધર્મ એ છે. ભગવાન આત્મા બેહદ અપરિમિત સ્વભાવનો સાગર. આહાહા ! એ કેવળજ્ઞાનમાં માપ આવે. પણ છે વસ્તુ અનંત શક્તિઓ અને શક્તિઓનું

સામર્થ્ય, આહાહા ! એને જેણે પ્રતીતમાં અનુભવમાં લીધું સમ્યગ્દર્શનમાં, આહાહા ! એ પર્યાયને પણ આંહીયા તો વ્યવહાર કહેવામાં આવે છે. અને એ વ્યવહારધર્મ તરવાનો ઉપાય છે. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જે રાગની અપેક્ષાએ નિશ્ચય, દ્રવ્યની અપેક્ષાએ વ્યવહાર બહુ ઝીણો બાપુ મારગ ! શું કહીએ ? આહાહા !

જિનેશ્વરદેવ અને એમનાં કહેલાં તત્ત્વો, એ બીજે ક્યાંય છે નહીં. કોઈએ જાણ્યું નથી ને એની ગંભીરતાને કોઈ પકડી શકયા નથી. બધાએ કલ્પિત વાતું કરી છે. આહાહા ! આ તો જિનેશ્વરદેવે કહેલો મારગ, જે દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય મારગ. આહાહાહા ! તેને પણ આંહી વ્યવહાર, તરવાનો ઉપાય ગણી અને વ્યવહારધર્મ કહ્યો.

તીર્થ વ્યવહારધર્મનો નાશ થઈ જશે. જોયું ? પર્યાય નહીં માનો–અસત્યાર્થ કીધી 'તી અગિયારમીમાં એ પર્યાય નથી એમ માનો તો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ને ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા, આઠમાની પર્યાય એનો નાશ થઈ જશે. આહાહા ! હેં ? કેમ કે ચૌદગુણસ્થાન જ દ્રવ્યમાં નથી અને ચૌદ ગુણસ્થાનને અસત્યાર્થ ને અભૂતાર્થ કહ્યા છે. ( શ્રોતાઃ એને તો અજીવ અધિકારમાં પુદ્‌ગલના કીધા છે ) એને અપેક્ષાએ, કઈ અપેક્ષા છે બાપુ ! આહા ! એ અસત્યાર્થ કહ્યાં છે પણ જો પર્યાય ને ગુણસ્થાન નથી જ તો તો તીર્થ જ નથી. ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું ગુણસ્થાનની દશા જ નથી. આહાહા ! છોટાભાઈ ! આવું ગંભીર છે ! આહાહાહા !

એ તો આંહી કહેશે ભાવાર્થમાં એ નાખશે. ભાવાર્થમાં વ્યવહાર નાખશે. વ્યવહારધર્મ એ છે એમ કહેશે. ખરો વ્યવહારધર્મ...તો એ પર્યાય છે એ જ વ્યવહારધર્મ છે, ત્રિકાળની અપેક્ષાએ. પરમાર્થ વચનિકામાં કહ્યું છે, પરમાર્થ વચનિકામાં છે કે જે મોક્ષમાર્ગ નિશ્ચય છે, એ જ વ્યવહાર છે. પર્યાય છે ને ઈ ? આહાહા !

એટલે કે જે પર્યાય નથી એમ કહ્યું હતું, એ ગૌણ કરીને, મુખ્ય નિશ્ચયનું લક્ષ કરાવવા એને અસત્યાર્થ કીધી 'તી ગૌણ કરીને. પણ એને નથી જ એમ માનો તો તો ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું ગુણસ્થાનની દશા જ નથી. આહાહાહા ! આ તો વીતરાગ મારગ બાપુ બહુ સ્યાદ્‌વાદ કઈ અપેક્ષાએ કહ્યું છે એ અપેક્ષાએ એને જાણવું જોઈએ. અસત્યાર્થ કહ્યું 'તું કઈ અપેક્ષાએ એને વ્યવહાર પર્યાયને કહે છે કઈ અપેક્ષાએ ? પાછા રાગ થાય જોડે એને વ્યવહાર કહે છે કઈ અપેક્ષાએ ? આહાહા ! એકલો વ્યવહાર અસત્, દયા, દાન, વ્રત, ભક્તિ એ તો બંધનું કારણ છે એ કાંઈ મોક્ષનું કારણ નથી. આહાહા ! વ્રત, નિયમ, પચ્ચખાણ બહારના વિકલ્પ જે ઊઠે છે બધા, એ તો બધા બંધના કારણ છે. એ કાંઈ મોક્ષનું કારણે ય નથી ને એનું ફળ મોક્ષેય નથી. એનું ફળ તો બંધ છે. આહાહાહા !

' તીર્થ વ્યવહારધર્મને નહિ માનો તો વ્યવહારનો નાશ થઈ જશે ' પર્યાયનો નાશ થઈ જશે. પર્યાય નથી એમ થઈ જશે, એમ નથી. અને " નિશ્ચય વિના વાસ્તવિક પૂરણ તત્ત્વ છે " એની દૃષ્ટિ વિના પણ તત્ત્વનો નાશ થઈ જશે. તત્ત્વ તો મૂળ ઈ છે ત્રિકાળી, આ પર્યાય તો પ્રગટેલી દશા છે. પણ જે પ્રગટવું નથી જેને એકરૂપ ત્રિકાળ રહેવું છે એવો જે નિશ્ચય ન માનો તો તો તત્ત્વનો નાશ થઈ જશે. આહાહાહા ! આવું છે પણ બહુ માર્ગનો ફેરફાર થઈ ગયો બહુને. આહાહા ! ત્રણલોકના નાથ કેવળી પરમાત્મા તો બીરાજે છે ને મહાવિદેહમાં ત્યાંથી તો આ વાત આવી છે. આહાહાહા !

કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા, આઠ દિ ' રહ્યા હતા ને આંહી આવીને આ શાસ્ત્ર બનાવ્યાં છે. આહાહા ! નિશ્ચયનય વિના એટલે દ્રવ્યના સ્વભાવની ત્રિકાળતા વિના તત્ત્વનો નાશ થઈ જશે, વસ્તુનો નાશ થઈ જશે. તત્ત્વ, નિશ્ચય ન માને તો વસ્તુ જ નથી ત્યાં કાંઈ. આહાહા !

નિશ્ચય પૂરણ સત્યને ન માને તો તો દ્રવ્યનો જ નાશ થઈ જાય છે, અને વર્તમાન પ્રગટેલી પર્યાયને નથી એમ માને તો મોક્ષનો માર્ગ જે તીર્થ છે તેનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ ?

**હવે, ભાવાર્થ** :– " લોકમાં સોનાના સોળ વાલ પ્રસિદ્ધ છે. " સોળવલું કહે છે ને ? તમારે શું કહે હિન્દીમાં ? સોળવલું. પૂરણ સોળવલું સોનું. " પંદર વલા સુધી તેમાં ચૂરી આદિ, ત્રાંબુ આદિ, કથીર આદિ પરસંયોગની કાલિમાં રહે છે " ચૌદવલા, પંદર વલા સુધીના સોનામાં, ત્રાંબાનો કે કથીરનો અંશ ભેગો રહે છે, સોળ વલામાં એ અંશ રહેતો નથી. સોળવલું ચોખ્ખું સોનું થઈ જાય છે. તેથી અશુદ્ધ કહેવાય છે. સોનામાં તેર વલું ને ચૌદ વલું એ અશુદ્ધ કહેવાય છે. પૂરણ સોળ વલું નથી માટે. અને તાપ દેતાં દેતાં છેલ્લા તાપથી ઊતરે, અગ્નિની આંચ દેતાં સોનાને, છેલ્લા તાપ દઈને સોળ વલું પૂરું થાય, " ત્યારે સોળ વલું શુદ્ધ સુવર્ણ કહેવાય. "

આ તો તમારા સોનાની વાતું છે ઘરની. આહાહા ! હવે એ તો દૃષ્ટાંત થયો.

જે જીવોને સોળવલા સોનાનું જ્ઞાન, શ્રદ્ધાન ને પ્રાપ્તિ થઈ તેમને પંદર વલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી. એટલે કે એને પંદર વલું છે જ નહીં, છે જ નહીં પછી એને પ્રયોજનવાન કયાં રહ્યું ? સોળવલું થયું એને ચૌદવલું પંદરવલું છે જ નહીં. એથી એનું પ્રયોજન એને કાંઈ નથી. આહાહા !

અને જેમને સોળ વલા શુદ્ધ સોનાની પ્રાપ્તિ નથી થઈ તેમને ત્યાં સુધી પંદર વલા સુધીનું પ્રયોજનવાન છે. પ્રયોજનવાન છે એટલે કે એટલું છે તે જાણવું જોઈએ. બરાબર એને જાણવું જોઈએ કે આ તેર વલું છે, કે ચૌદ વલું છે કે પંદર વલું છે એમ જાણવું જોઈએ પ્રયોજનવાન છે. એને સોળ વલું માની લ્યે, તો ભૂલ છે. અને પંદર વલું છે એને ન માને તો ય ભૂલ છે. આહાહા ! આ તો દૃષ્ટાંત થયો.

" એવી રીતે આ જીવ નામનો પદાર્થ " ભગવાન આત્મા અંદર. આહાહા ! જીવ નામનો પદાર્થ. જીવ એ પદ છે શબ્દ, જી...વ પદ બે અક્ષર થયા ને પદ. અને અર્થ એ જીવ વસ્તુ છે. જેમ સાકર શબ્દ છે એ પદ છે અને સાકર વસ્તુ છે એટલે એનો અર્થ એટલે પદાર્થ છે. એમ જીવ શબ્દ છે એ પદ છે, અને જે વસ્તુ છે અર્થ, એ અર્થ એ વસ્તુ છે એ પદાર્થ છે. જીવ નામનો પદાર્થ છે, તે... પુદ્‌ગલના સંયોગથી પુદ્‌ગલનો નિમિત્તરૂપે સંયોગ હોવાથી, અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે. છે અશુદ્ધરૂપ પોતાને કારણે પણ એને પુદ્‌ગલનો નિમિત્તરૂપે સંયોગ છે. એ નિમિત્તના સંબંધમાં, એની અશુદ્ધતા જીવની પર્યાયમાં થઈ રહી છે. છે ? પુદ્‌ગલના સંયોગથી, સંયોગથી કીધી છે, સંયોગ એટલે બીજી ચીજ છે એમ એટલું. પણ થઈ છે અશુદ્ધતા અનેકરૂપ થઈ ઈ પોતાની પર્યાયમાં. આહાહાહા ! સમજાણું કાંઈ ?

" જીવ નામનો પદાર્થ છે તે પુદ્‌ગલના સંયોગથી સંબંધથી અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે. " એ સંબંધ પોતે કર્યો છે માટે અશુદ્ધ થયો છે. આહાહા ! સમજાણું કાંઈ ? તેના સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, તેને સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, " એક જ્ઞાયકપણા માત્રનું જ્ઞાન " આહાહા ! સર્વ પરદ્રવ્યોના સંબંધથી

ભિન્ન એક જ્ઞાયકપણું જાણનાર સર્વજ્ઞ સ્વભાવી ભગવાન પૂરણ / સ્વભાવની વાત છે હોં. ત્રિકાળ ! જ્ઞાયક ! એકરૂપ ત્રિકાળ સર્વજ્ઞ સ્વભાવ ! એકરૂપ ત્રિકાળ ! એવા જ્ઞાયકપણા માત્ર, જ્ઞાયકપણું માત્ર, એકલું ધ્રુવપણું, જ્ઞાયકપણું, સર્વજ્ઞ સ્વભાવપણું, સામાન્યપણું, ધ્રુવપણું, એકરૂપપણું, સદૃશપણું માત્ર " જ્ઞાન, શ્રદ્ધાન ને આચરણ પ્રાપ્તિ " એનું જેને જ્ઞાન, શ્રદ્ધાન ને આચરણરૂપ પ્રાપ્તિ, પર્યાયમાં, " એ ત્રણે જેમને થઈ ગયાં તેમને તો પુદ્‌ગલ સંયોગજનિત અનેકરૂપપણાને કહેનારો અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન " એટલે એને અશુદ્ધનય છે નહીં. છે નહીં એટલે જાણવું પ્રયોજનવાન રહ્યું નહીં. સોળ વલું થયું એને પંદર વલું રહ્યું નહીં એટલે પ્રયોજન રહ્યું નહીં. એમ સોળ વલું કેવળજ્ઞાન થઈ ગયું એને પછી સંયોગજનિત પર્યાય છે નહીં તેથી એને પ્રયોજન એનું રહ્યું નહીં. સમજાણું કાંઈ ? ગંભીર વાતું બાપુ ! એક એક વાત ! એવી વાત છે ભાઈ ! લોકોએ ધર્મને સાધારણ કરી નાખ્યો પણ ધર્મ બાપુ કોઈ અલૌકિક ચીજ છે. આહાહા !

શું કીધું ? સર્વ પર દ્રવ્યોથી ભિન્ન, સંયોગના સંબંધથી ભિન્ન, એક જ્ઞાયકપણા માત્રનું, એકલો ભગવાન જાણનાર શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ એનું જેને જ્ઞાન થયું, આહાહાહા ! એનું જેને સમ્યગ્દર્શન થયું શ્રદ્ધા પ્રતીત થઈ અને એમાં ઠરવાનું આચરણરૂપ પ્રાપ્તિ થઈ. આહાહા ! જ્ઞાયકપણા માત્રનું જ્ઞાન, જ્ઞાયકપણા માત્રનું જ્ઞાન, શું કીધું ? જ્ઞાયકપણાનું ત્રિકાળનું જ્ઞાન, ત્રિકાળની શ્રદ્ધા અને ત્રિકાળમાં આચરણ ઠરવું. શું કીધું ? સર્વ પર દ્રવ્યોથી ભિન્ન, એ... ક જ્ઞાયકપણું ત્રિકાળ જ્ઞાયક એકરૂપ સ્વભાવ, એની શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ એવા જ્ઞાયકભાવની પૂરણતાનું જ્ઞાન, પ્રતીત ને આચરણ. આહાહા ! પ્રાપ્તિ, " એ ત્રણે જેમને થઈ ગયાં, તેમને તો પુદ્‌ગલ સંયોગજનિત અનેકરૂપપણાને કહેનારો અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન નથી. " એને અશુદ્ધનય છે જ નહીં, પ્રયોજનવાન નથી એટલે કે એને છે નહીં, અને નીચલે છે માટે જાણેલો પ્રયોજનવાન છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? આવી વાતે વાતે ઝીણવટ અને નવરાશ મળે નહીં, ફુરસદ મળે નહીં માણસને. ( શ્રોતાઃ કયારે વિચારે ? ) ચીમનભાઈ ! આ લોઢા આડે એમાં કયાં આમાં ? આહાહા ! સ્ટીલનું મોટું કારખાનું હવે ન્યાં રોકાય કે આ કારખાને રોકાય ? આહાહાહા ! પરનું થઈ શકતું જ નથી જરીએ, પુણ્ય ને પાપના ભાવ કરે-અસંખ્ય પ્રકારના શુભ ને અસંખ્ય પ્રકારના અશુભભાવ કરે અજ્ઞાન, પણ પરનું તો એ એક આંગળી ફેરવી શકે નહીં. એ પ્રશ્ન જ કયાં ? એણે અનંતકાળમાં બધુંય કર્યું, એટલે શું ? શુભ ને અશુભભાવ, પરનું તો કિંચિત્ માત્ર એક પરમાણુને ફેરવી શકે ( નહીં ) આંહી છે ને આંહી, ત્રણ કાળમાં કરી શકતો નથી. આહાહા ! ( શ્રોતાઃ રોજ અમારે કરવું ને કરી શકતો નથી, આપ કહો અમારે કરવું શું એનો ઉપાય શું ? )

ઈ કરી શકતો નથી, ઈ કોણ છે અને એનાં ભાવ શું થાય છે એ એણે પહેલું નક્કી કરવું જોઈએ. કરી શકતો નથી છતાં ભાવ થાય છે કરવાના અને એ ભાવ થાય છે એ ક્ષણિક છે કે ઉપાધિ છે કે મેલ છે એવું એણે જાણવું જોઈએ. અને એ વિનાની ત્રિકાળી ચીજ જે છે / આ તો ક્ષણિક ઉત્પન્ન થાય છે, એ કરી શકે છે અજ્ઞાનભાવે, શુભ ને અશુભભાવ, અજ્ઞાનભાવે કરી શકે છે. અજ્ઞાનભાવે પરનું તો કરી શકતો નથી. આહાહાહા !

આ વકીલો જવાબો આમ બોલે ને, આ કાયદાનું આ છે ને એ ભાષા આત્મા કરી શકતો નથી ત્રણકાળમાં જયસુખભાઈ ! ( શ્રોતાઃ તે દિ ' આવું નહોતું જાણ્યું ? તે દિ ' કયાં ખબર હતી, તે

દિ ' તો હુશિયારીમાં અંદર.. આહાહા ! પરનું તો એક રજકણને પણ એક પ્રદેશથી આમ બીજે પ્રદેશે ખેસવવાની ( ક્રિયા ) કરી શકે નહીં આત્મા. ( શ્રોતાઃ એમાં તો બેમત છે. એક પરમાણુનું ન કરી શકે ? ) એ તો અજ્ઞાનીઓ બધા કહે છે એ તો વાત થઈ ગઈ છે. ન્યાં રામવિજયના ગુરુ હતા એની સાથે ચર્ચા થઈ 'તી. સુમનભાઈને... એમના દિકરા અને જજ આપણાં કનુભાઈ અમદાવાદમાં જજ છે ને આંહીના હીરાભાઈના દિકરા. એ મકાનમાં અમે હતા સવાત્રણ વરસ. જજ છે કનુભાઈ, ઈ બે ય જણા ગયેલા, આ કહે કે આત્મા પરનું કરી શકે નહીં. એ કહે કે નહીં. પરમાણુનું ન કરી શકે, શરીરનું કરી શકે. આહાહા ! આવા ને આવા. શું થાય ભાઈ !

શું કરવું એટલે ? પરદ્રવ્યનું કરવું એટલે પરદ્રવ્ય પોતાની પર્યાય વિનાનું છે ? કે તેનું કરવું થાય ? જે સમયે તું કહે છે કે આનું કરવું તો એ દ્રવ્ય શું કાર્ય વિનાનું છે ? કે તેનું તું કર ! લોજિક–ન્યાયથી પકડવું પડશે કે નહીં એને ! ( શ્રોતાઃ એ તો પોતાનું કામ કરે ને પોતાના ભાઈનું ય કરે ) ધૂળમાંય કરે નહીં, અભિમાન કરે. આહાહા ! લોકોમાં એમ કહે છે કે એક ગાયનો ગોવાળ એમ પાંચ ગાયનો ગોવાળ એક ગાયને ચરવા લઈ જાય બહાર ( વગડામાં ), ભેગી પાંચને લઈ જાય તો વાંધો શું ? એમ એકનું ઘરનું કરે ને બીજાનું ય કરે પણ આંહી તો કહે છે કે એકેયનું કરી શકતો જ નથી. આહાહા !

આવી વાતું છે અજ્ઞાનપણે કરે તો એ પુણ્ય ને પાપના ભાવો કરે, શુભ અશુભ ભાવ કરે. આંહી કહે છે કે જેને દર્શન, જ્ઞાન, ચારિત્ર પુરણ પ્રાપ્ત થયાં એને અશુદ્ધ હોતું નથી. ઈ વિકારભાવ જ હોતો નથી, એટલે એને અશુદ્ધનય કાંઈ જરૂરનું નથી એટલે છે જ નહીં અશુદ્ધ એમ. આંહી એનો અર્થ જ એ છે કે જેને અશુદ્ધનય નથી, એને જાણવું કયાં રહ્યું. પણ જેને હજી રાગનો ભાગ છે, અને શુદ્ધતા પણ અંશે પ્રગટેલ છે, એને જાણવાનું રહેલ છે. કે હજી હું અપૂર્ણ છું, પૂરણ મારી દશા છે નહીં, એમ એને જાણેલો, જાણેલો પ્રયોજનવાન છે. આહાહાહા !

અનેકરૂપપણાને કહેનારો અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન નથી, પણ જ્યાં સુધી શુદ્ધ ભાવની પ્રાપ્તિ થઈ નથી ત્યાં સુધી જેટલું અશુદ્ધનયનું કથન છે એટલે કે પર્યાયની પૂરણતા નથી અને રાગાદિનો ભાવ છે, તેટલું યથાપદવી પ્રયોજનવાન, જાણેલું પ્રયોજનવાન છે. આહાહા ! જાણેલું પ્રયોજનવાન છે આમ છે. કીધું ને ? કે પૂરણ શુદ્ધનય થઈ તેને હવે અશુદ્ધનય નથી માટે તેને અશુદ્ધનય પ્રયોજન નથી. એટલે અશુદ્ધને જાણવું એને છે નહીં, અને આને તો હજી અશુદ્ધ છે, શુદ્ધપર્યાય છે ને અશુદ્ધ રાગ છે, બેય ભેગાં છે, એથી એને તે કાળે તેટલું તે પ્રકારે છે એમ એને જાણેલું પ્રયોજનવાન છે.

પૂરણ થયા ને અશુદ્ધ પ્રયોજન નથી એનો અર્થ શું થયો ? કે એને અશુદ્ધ નથી. નથી તેથી પ્રયોજન નથી. આને અશુદ્ધતા છે અને જાણેલો પ્રયોજનવાન છે. અશુદ્ધતા છે મારામાં અને શુદ્ધતાની પૂરણતા નથી, એમ એને જાણવું બરાબર યથાર્થપણે જોઈએ. જો એ રીતે ન જાણે તો તીર્થનો નાશ થઈ જાય. એટલે મોક્ષમાર્ગની પર્યાય ને સાથે નિમિત્ત છે તેનો ય અભાવ થઈ જાય. આહાહાહા ! સમજાણું કાંઈ ?

તેથી એમ નથી કે એ વ્યવહાર જે નિર્મળ પર્યાય આવી, એ તો યથાર્થ વ્યવહાર છે. પણ જોડે રાગ છે એથી કરીને અશુદ્ધતા થોડી છે ને શુદ્ધતા ( છે ) એથી બેયને જાણવું તે પ્રયોજનવાન

એને છે માટે જાણવું પ્રયોજનવાન. પુરણને નથી માટે એને જાણવું પ્રયોજન નથી એને અશુદ્ધતા પર્યાયમાં નથી. અહીં તો છે માટે જાણવું પ્રયોજનવાન છે એમ કીધું. આહાહા ! સમજાણું કાંઈ ?

હવે એક એક ગાથામાં આટલી ગંભીરતા ભરી છે. હવે ઘેરે વાંચીને બેસી જાય આખું સમયસાર, એક જણો કહેતો 'તો કે બહુ તમે સમયસારના વખાણ કરો છો તે, ઓહોહોહો ! ગાથામાં આમ... પંદર દિવસમાં વાંચી ગયો કહે છે... આહાહા ! ( શ્રોતાઃ વાંચી ગયો ને પણ... સમજયો કાંઈ ? ) એમાં બાપુ પંદર દિ 'માં ગોખીને, ગડિયાં ગોખી જાયને સમજ્યા વિના અક્ષર વાંચી ગ્યો એમાં શું થયું પણ ? પણ તેમાં ભાવ કઈ અપેક્ષાએ કહ્યો છે તે સમજ્યા વિના વાંચ્યું ક્યાં ? ' વાંચે પણ નહીં કરે વિચાર, એ સમજે નહીં સઘળો સાર ' એ અમારે આવતું દલપતરામમાં, તે દિ ' સીતેર વરસ પહેલાં, કવિ હતા કવિ પરીક્ષા લેનારાં. ' વાંચે પણ નહીં કરે વિચાર, તે સમજે નહીં સઘળો સાર, ' વાંચ્યા કરે પણ સમજે નહીં કે આ શું છે ? આહાહા !

જ્યાં સુધી શુદ્ધભાવની પ્રાપ્તિ થઈ નથી ત્યાં સુધી અશુદ્ધનયના વિષય છે એમ કહેવું છે. એનો વિષય છે. શુદ્ધવાળાને એનો વિષય જ નથી એટલે અશુદ્ધનય પ્રયોજનવાન નથી. પણ આંહીયા-આંહીયા એનો વિષય છે. માટે એને જાણેલો પ્રયોજવાન છે. એમ એનો અર્થ છે મૂળ તો. આહાહા !

તેટલું યથાપદવી પ્રયોજનવાન છે " જ્યાં સુધી યથાર્થ જ્ઞાન શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ " હવે તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ એની વાત કરે છે. ઓલી તો પૂરણ પ્રાપ્તિ થઈ નથી; અને અપૂર્ણપણે શુદ્ધપર્યાય પૂર્ણ નથી ને રાગ છે, એટલે છે એને જાણવું બરાબર છે. પૂરણને તો છે નહીં, છે નહીં એટલે જાણવું પ્રયોજનવાન કયાં રહ્યું ? આંહી તો છે એ જાણેલું પ્રયોજનવાન છે. કારણ કે છે તેને જાણવું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

જ્યાં સુધી યથાર્થ, હવે આંહી હેઠલું લીધું / ઈ આંહી ગાથામાં એ કાંઈ નથી પણ એણે નાખ્યું. ગાથામાં તો ફક્ત નિશ્ચયની દૃષ્ટિ જેને થઈ છે એને પર્યાયમાં પૂરણતા થઈ જાય તો એને વ્યવહાર હોતો નથી. પણ અપૂર્ણ રહે તો એને વ્યવહાર છે, એવું એને જાણવું બરાબર જોઈએ. કારણ કે અપૂર્ણ શુદ્ધ છે. અને અશુદ્ધતાનો અંશ સાથે છે તો એને જેમ છે તેમ એણે જાણવું જોઈએ. બસ એટલું સિદ્ધ કરવું છે, કહો દેવીલાલજી ! આહાહા ! આવું છે ભાઈ વાદવિવાદે પાર પડે એવું નથી પ્રભુ શું કરે ? આહા... હા !

હવે આંહી એણે પોતે જયચંદ પંડિતે જરી, સમ્યગ્દર્શન પહેલાં પણ વાત કરી થોડી. પાઠની શૈલીમાં એ નથી. પાઠની શૈલીમાં તો સમ્યગ્દર્શન પામ્યો છે ત્રિકાળનો આશ્રય લઈને, એને જે પર્યાયમાં અશુદ્ધતા ને અપૂર્ણતા છે, એને જાણવું જોઈએ એટલી વાત છે. સમજાણું ? પણ એ પામેલો છે ને પૂરણતા પર્યાયમાં નથી, અને અપૂર્ણ શુદ્ધને અશુદ્ધતા છે, તે છે માટે જાણે, તે છે એને જાણવું એમ, છે એને જાણવું, એ પ્રયોજનવાન એમ. ઓલાને નથી એને જાણવું પ્રયોજનવાન નથી એમ કીધું. એનો અર્થ. આહાહા !

હવે એક કલાકમાં કેટલી વાતું આવે. આમાં હવે ધંધા આડે ક્યાં દાક્તર ને ઇન્જેકશન ને આમાં આખો દિ '. આહાહા ! ( શ્રોતાઃ ઇન્જેકશન મારે ને આયુષ્ય ન હોય તો મરી જાય ! ) ઓલો મરી ગયો શીવલાલ આંહીનો, શીવલાલ પટેલ હતા એક. એ તો બિચારો

દુ:ખી થાતો તો હોં કાંઈ નહોતું રોગ હોં જરીએ, આ વલ્લભભાઈ પટેલ કહેવાય છે ને એનો કુટુંબી. કરમસદ, કરમસદ છે, આણંદની પાસે એ વિઠ્ઠલ પટેલ કરમસદના, આ એ કરમસદનો હતો, કરમસદ જોયું છે અમે, દુકાનનો માલ લેવા જતો તે દિ ' ઘણાં વરસની વાતું છે. અડસઠ–ઓગણોતેરની વાતું છે. કરમસદ મોટો બીડીનો વેપાર મોટો, વરિયાળી નાખીને તમાકુ એકલી નહીં હોં. એમાં વરિયાળી નાખીને બીડીયું, કરમસદ છે ઈ ત્યાંનો શીવલાલ પટેલ અમારે આંહી હતો. તે ખાઈ આવ્યા, આપણે રસોડે ખાતાં. ખાઈને આવ્યા તે રસોઈને બધી અને... કંઈ પહેલાં કેળાં ખાધાં કે નહીં ? ( શ્રોતાઃ શીંગના ઓળા ) શીંગના ઓળા. શીંગ–શીંગ ના ઓળા ખાધેલાં ને આ ખાધું. ઈ ખાઈને જ્યાં આવ્યા, અને ઓરડી હતી આંહી આપણે, ત્યાં બેઠા 'તા. હું આહાર કરીને ફરવા નીકળ્યો સાંજે આમ ફરતાં ફરતાં શીવા પટેલને, કેમ છે ? બેઠા 'તા આમ નીચે ખાઈને આવ્યા, કાંઈ ન મળે. કેમ છે પટેલ ? અંતક્રિયા ! શું પણ છે ? કે અંતક્રિયા ! કેમ છે શું થયું ? હેઠે બેઠા 'તા ખાઈને આવ્યા, શ્વાસ ડૂંટીથી ખસી ગયો છે શ્વાસ, એ નાભિથી શ્વાસ ખસી ગયો, કાંઈ કર્યું નથી મેં તો ખાઈને આવ્યો છું, હાલીને આવ્યો. કાંઈ ન મળે, રોગ ન મળે, બેઠો ને શ્વાસ આંહીથી ખસી ગયો નાભિથી. હેઠે ન બેસે. અંતક્રિયા મારી, ઓય માર્યા. પછી થોડુંક હાલ્યું સવાર સુધી કે સાંજ સુધી ? ( શ્રોતાઃ બે વાગ્યા સુધી ) હેં ? બપોર સુધી પછી ભાઈ ગયા, ધરમચંદ દાક્તર પાસે ઓલા દુ:ખી થાય ને ઇન્જેકશન આપ્યું. બસ, ઇન્જેકશન આપ્યું તે બેસી ગયો શ્વાસ. ( શ્રોતાઃ દુ:ખી થાય વધારે ) દેહ છૂટી ગયો. આંહી જ હતી ઓરડી. આહાહા ! જેને સ્થિતિએ જે પળે દેહ છૂટવાનો સમય છે એને કોણ ફેરવે ? આહાહા !

બેઠા, બેઠા શ્વાસ આમ થઈ ગયું, કીધું ને ઓલો મલકાપુરવાળો, જુવાન છોકરો શું નામ મલકાપુરવાળો ભણેલો મોક્ષમાર્ગ પ્રકાશક, એને આખું મોક્ષમાર્ગ પ્રકાશક કંઠસ્થ તે. પહેલેથી જ રસ છે ( શ્રોતાઃ સ્વરૂપચંદ ) સ્વરૂપચંદ ! મોટો વેપારી છે કાપડનો દસ, દસ હજાર રૂપિયાનું કાપડનો મોટો વેપારી છે. પણ આ તત્ત્વનો રસ બહુ મોક્ષમાર્ગ પ્રકાશકનો. કુંવારો હતો ત્યારથી પ્રશ્ન બહુ કરતો, હવે તો પરણ્યો ને મલકાપુરમાં દુકાન મોટી છે. ઈ કહેતો 'તો મહારાજ હું એક વાર બેઠો 'તો, મિત્ર હતો જોડે ૨૫/૨૬ વર્ષનો મિત્રને કાંઈ રોગ નહીં, બેય વાતું કરતા 'તા... આમ આમ કરીને ફૂફ ફૂફ... કરીને દેહ પડી ગયો. કાંઈ રોગ નહીં, કાંઈ શ્વાસે ય નહીં, વાત કરતાં કરતાં ફૂ આમ થયું કહે, દેહ છૂટી ગયો. ઈ કહેતો તો સ્વરૂપચંદ કહેતો તો, બહુ હુશિયાર માણસ, મલકાપુરમાં, છે કોઈ મલકાપુરના ? નથી– કાપડનો વેપારી છે મોટો દસ–દસ હજારનો. આહાહા !

એ તો દેહની સ્થિતિ બાપુ ! જે સમયે છૂટવાનો એમાં તેનું કાંઈ કામ નહીં આવે. ખબરેય ન પડે કે આ છૂટયું ફટ છૂટી જાય.

આંહી કહે છે કે અશુદ્ધતા જ્યાં સુધી છે, ત્યાં સુધી છે તેને જાણવું. પૂર્ણતામાં અશુદ્ધતા નથી એટલે તેને જાણવું પ્રયોજન ન કીધું. છે ત્યાં સુધી જાણવું પ્રયોજનવાન કીધું. આદરવું કે એવી વાત નથી.

વિશેષ કહેશે... ( પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં. ૪૯ ગાથા - ૧૨ તા.૧-૮-૭૮ મંગળવાર, અષાઢ વદ-૧૩ સં.૨૫૦૪

બારમી ગાથા એનો ભાવાર્થ, આંહી સુધી આવ્યું છે.

જ્યાં સુધી યથાર્થ જ્ઞાન શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી આ હોય છે. શું ? ત્યાં સુધી કે જેમનાથી યથાર્થ ઉપદેશ મળે. આહાહા ! આ પણ શરત આ, જેમનાથી યથાર્થ ઉપદેશ મળે ! એટલી તો એણે પિછાણ પહેલી કરવી પડે ને ?

સમ્યગ્દર્શન થયા પહેલાં આવું હોય. છતાં એનાથી સમ્યગ્દર્શન થાય એમ નહીં. સમ્યગ્દર્શન થવા પહેલાં એને જેમનાથી યથાર્થ ઉપદેશ મળે, જેમનાથી યથાર્થ ઉપદેશ મળે. એટલે જેમ જે યથાર્થ ઉપદેશ આપનાર કોણ છે એવું તો એને પહેલું જ્ઞાન હોવું જોઈએ, ભલે અજ્ઞાન છે ત્યાં, પણ એને એ જાતનું તો જ્ઞાન હોવું જોઈએ ને કે યથાર્થ ઉપદેશ કરનાર કોણ છે ?

એવાં જિનવચનોનું સાંભળવું-જેમનાથી યથાર્થ ગુણો એવાં જિનવચનો એટલે કે એ વીતરાગભાવને સ્થાપતા હોય એવાં જિનવચનોનું સાંભળવું. જે ઉપદેશક યથાર્થ ઉપદેશમાં વીતરાગભાવને સ્થાપતા હોય, એને જિનવચનો કહીએ ને એને જિનવચનો સાંભળવા.

ધારણ કરવું, સાંભળીને ધારી રાખવું. શું કહે છે ? વીતરાગભાવ પ્રાપ્ત કેમ થાય ? એમ શું કહે છે એને ધારી રાખવું. તથા જિનવચનોનાં કહેનારા શ્રી જિનગુરુની ભક્તિ. ઓલી જ્ઞાન, શ્રદ્ધાની પ્રાપ્તિ જેનાથી થાય, એ જિનવચનને કહેનારા શ્રી જિનગુરુની ભક્તિ, વીતરાગી ગુરુની ભક્તિ. આહાહા ! જિનબિંબના દર્શન. બધે જિન જિન શબ્દ ત્યાંથી વાપર્યો છે. વીતરાગી ઓલામાં એમ આવ્યું 'ને, જિનવચનોનું સાંભળવું યથાર્થ ઉપદેશ મળે ઈ, અને જિનવચનોને કહેનારા જિન ગુરુની ભક્તિ અને જિનબિંબના દર્શન વીતરાગી બિંબ પ્રતિમા ! આહાહા ! જેને માથે શૃંગાર કે વસ્ત્ર તે ન હોય, જેવું જિનસ્વરૂપ હતું ભગવાનનું એવું જિનબિંબ અહીંયા હોય, એનાં દર્શન ઇત્યાદિ વ્યવહારમાર્ગમાં / એ કંઈ સમકિત છે નહીં, પણ છતાં આવો ભાવ એને હોય, એને પ્રવર્તવું એમ કહેવામાં આવે છે.

પ્રયોજનવાન છે. એટલું તો એને આવે જ. અને જેમને શ્રદ્ધા-જ્ઞાન તો થયાં સમકિત થયું/ જ્ઞાન થયું. પણ સાક્ષાત્ પ્રાપ્તિ નથી થઈ, પૂરણ વીતરાગતાની દશા પ્રાપ્ત થઈ નથી. સમ્યગ્દર્શન જ્ઞાન થયું પણ પૂરણ યથાખ્યાત ચારિત્ર કેવળજ્ઞાન થયું નથી. તેમને પૂર્વકથિત કાર્ય, પૂર્વકથિત કાર્ય એટલે ઈ, યથાર્થ જિનભગવાનના વચન સાંભળવાં, ધારવાં, જિનગુરુની ભક્તિ, જિનબિંબના દર્શન ઈ પૂર્વકથિત કાર્ય હોય છે એને. સમજાણું કાંઈ ?

સમ્યગ્દર્શન જ્ઞાન થયા પછી પણ, આવો વ્યવહાર પૂરણ વીતરાગ નથી એટલે હોય છે.

પરદ્રવ્યનું આલંબન છોડવારૂપ અણુવ્રત મહાવ્રતનું ગ્રહણ પણ હોય છે. જેટલા પ્રમાણમાં ઈ પરદ્રવ્યનું આલંબન છોડે એટલા પ્રમાણમાં એને અણુવ્રત ને મહાવ્રત હોય છે. એનું ગ્રહણ, સમિતિ, ગુપ્તિ પાંચ પ્રકારની સમિતિ, ગુપ્તિ ત્રણ પંચ પરમેષ્ઠીના ધ્યાનરૂપ પ્રવર્તન, પંચપરમેષ્ઠીનું ધ્યાનરૂપ, પ્રવર્તન છે એ વ્યવહાર છે ને ઈ શુભ વિકલ્પ છે.

એ પ્રમાણે પ્રવર્તનારાઓની સંગતિ કરવી. આહાહા ! અને વિશેષ જાણવા માટે શાસ્ત્રોનો

અભ્યાસ કરવો. સમ્યગ્દર્શન જ્ઞાન થયા પછી પણ... પૂરણતા ન હોય તેને આ જાતનો અભ્યાસ શાસ્ત્રનો તેને હોય છે. ઈ શુભભાવ છે ને ? આહાહા ! ઇત્યાદિ વ્યવહારમાર્ગમાં પોતે પ્રવર્તવું, છે ને ? અને બીજાને પ્રવર્તાવવું એટલે ઉપદેશ એવો એનો હોય એમ.

એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે. નીચે ખુલાસો વ્યવહારનયના ઉપદેશથી એમ ન સમજવું કે આત્મા પરદ્રવ્યની ક્રિયા કરી શકે છે. પણ એમ સમજવું કે વ્યવહારોપદિષ્ટ શુભ ભાવોને આત્મા વ્યવહારે કરી શકે છે. આહાહા ! આમ એનો અર્થ છે. વ્યવહારે એને શુભભાવ, અશુભથી બચવા હોય છે. વળી તે ઉપદેશથી એમ પણ ન સમજવું કે આત્મા શુભભાવો કરવાથી શુદ્ધતાને પામે છે. જિનબિંબના દર્શન, ને માટે એનાથી નિશ્ચય પમાય છે, એમ નથી. આહાહા !

પરંતુ એમ સમજવું કે સાધક દશાની ભૂમિકા અનુસાર શુભ ભાવો આવ્યા વિના રહેતા નથી. બસ, આટલી વાત છે.

ખરેખર તો વાત એવી સૂક્ષ્મ છે કે સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું. આહાહાહાહા ! એનું જ્ઞાન જ. જે પ્રકારનો રાગ આવવાનો છે તે જ પ્રકારનું જ્ઞાન જ સ્વપર પ્રકાશક તે સમયે થાય જ. જ્ઞાન જ તેવું સ્વને અને જે રાગ આદિ જેટલો ભાગ આવે એને જાણવાની યોગ્યતાવાળું જ જ્ઞાન પ્રગટ થાય. સમજાણું કાંઈ ? જેટલા પ્રકારનો... રાગ જે આવે અને સમ્યગ્દર્શન છે, એટલે દૃષ્ટિ તો ધ્રુવ ઉપર છે. અને જ્ઞાન પણ સ્વને જાણે છે અને તે કાળે તેને તે પ્રકારના રાગ જે આવવાના હોય છે, તેને જાણતું જ જ્ઞાન પ્રગટ થાય છે. આવી વાત છે ભાઈ ! આહાહા !

એ વ્યવહારનયને કથંચિત્ અસત્યાર્થ કહેવામાં આવ્યો છે પણ જો કોઈ તેને સર્વ અસત્યાર્થ જાણી, જૂઠો જાણી છોડી દે તો શુભોપયોગરૂપ વ્યવહાર છોડે શુભને છોડે અને શુદ્ધ તો આવ્યો નથી–આહાહા ! શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી, વીતરાગતા જે શુદ્ધોપયોગથી થવી જોઈએ તે તો છે નહીં અને શુભઉપયોગ છોડે, તો તો અશુભમાં જ જાય. આહાહા !

તેથી ઊલટો અશુભોપયોગમાં જ એ આવી, ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે તો નરકાદિ ગતિ તથા પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ, આહાહા ! દૃષ્ટિ થઈ નથી, જ્ઞાનની ખબર નથી અને આ શુભને છોડીને બેસે, તો તો અશુભમાં જાય. આહાહા ! જો શુદ્ધની પ્રાપ્તિ થઈ હોય તો તો શુભ છૂટી જાય. આહાહા !

નરકાદિ ગતિ તથા પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ. આહાહાહા ! આજ તો વિચાર એવો આવ્યો 'તો સવારમાં, પહેલો આ ઊઠીને સવારે વાંચતા 'તા ત્યારે, કે ઓહો ! એક શ્વાસમાં નિગોદના અઢાર ભવ થાય. આહાહા ! ઊંચે નીચે મૂકે એવા શ્વાસમાં મનુષ્યનો શ્વાસ લેવો હોં, અઢાર ભવ થાય. આહાહાહા ! એને કેટલું દુઃખ હશે ? આહાહા ! દેવના ભવમાં એક સાગરનું આયુષ્ય હોય, ઈ પખવાડિએ શ્વાસ આવે એને, આ શું કહે છે આ ? સંસારની સ્થિતિ પણ એવી કોઈ છે. આહાહા ! સ્વર્ગના દેવો એક સાગરની સ્થિતિવાળા હોય, એને પંદર દિ 'એ એક શ્વાચ્છોશ્વાસ ( હોય ) આહાહા ! ઈ લઈ શકે છે કે મૂકી શકે છે ઈ પ્રશ્ન આંહી છે નહીં. સમજાણું ? અને નારકીને તો શ્વાસનું દર્દ જ પહેલેથી હોય. જન્મે ત્યારથી ધમણ હાલે. આહાહાહા !

તેથી, કેટલાક એમ કહેતા કે શ્વાસ, આપણે હળવે હળવે લઈએ, તો થોડાં શ્વાસ લેવાય

તો આયુષ્ય વધે, ઘણાં હોય છે ને. ( શ્રોતાઃ માન્યતા હોય ને, એમ માનનારા હોય ને ) છે. અમારે તો ઘણાં એક હતા ત્રિભુવન વિઠ્ઠલ શેઠ, ડોસા લાઠીમાં લાંબા, આને કાંઈ રોગ નથી ને આ આમ કેમ હાલે છે ? હતા વૃદ્ધ હળવે, હળવે આમ રોગ નહીં, નિરોગી. એ કહે કે કેટલાક લોકો એમ કહે છે કે શ્વાસ ઓછા લઈએ, તો આયુષ્ય લંબાય, ને શ્વાસ જો બહુ ઝાઝા લઈએ તો આયુષ્ય ઘટી જાય એમ નથી. શ્વાસ ઉપર આયુષ્ય નથી. આયુષ્યની સ્થિતિ તો જે છે એ છે. આહાહાહા !

નિગોદના જીવ, એક શ્વાસમાં અઢાર ભવ ભાઈ ! શું છે બાપુ ! એ વાત. નારકીના જીવને જન્મથી શ્વાસની ધમણ હાલે, આહાહા ! દેવના જીવોને સાગરોપમે, પખવાડિયે એક શ્વાસ આવે. આહાહા ! આ તો સંસારની સ્થિતિમાં આવું સ્વરૂપ છે શ્વાચ્છોશ્વાસનું. આહા !

અને આંહીયાં એક જુઓ તો, એક શ્વાચ્છોશ્વાસમાં, સ્વરૂપનું ભાન કરીને ભવનો અંત લાવે. આહાહા ! અંતર વસ્તુ શુદ્ધ ચૈતન્ય ઘન છે એનામાં અંતર જતાં, એક જ સમય લાગે છે. કહે છે. એ તો આવે છે ને ‘ રભસા ’ સમય એક લાગે, પણ ઉપયોગ અસંખ્ય સમયનો છે ને એટલે અસંખ્ય સમયે એનાં ખ્યાલમાં આવે. આનંદનો અનુભવ ને ! આહાહા ! ઈ એ નારકીને આવે ને શ્વાસો, દેવને પણ દસ હજારની સ્થિતિવાળાનો શ્વાસ કેવો હશે ? અને જેણે એક સાગરોપમે પંદર પખવાડિએ શ્વાસ, આવે. સર્વાર્થસિદ્ધિના તેત્રીસ સાગરવાળા સોળ પખવાડિયા સાડી સોળ પખવાડિયા એને શ્વાસ આવે. આહાહા ! શું છે આ તે સંસાર તે, સાડી સોળ પખવાડિયા કેટલા થયાં, સાડ સાત મહિના થયાં ને ? ( શ્રોતાઃ સવા આઠ મહિના ) સાડા આઠ મહીના થયા. સાડા આઠ મહિને, એવો શ્વાસ એકવાર આવે. આહાહા !

એ દેવમાં દસ હજારની સ્થિતિવાળાને કેટલો હશે ? જેને સાગરે... પંદર પખવાડિએ એનો પલ્યોપમ તો દસક્રોડાક્રોડી પલ્યોપમ છે એનો શ્વાસ કેટલો હશે. આહા ! અને દસહજારની સ્થિતિવાળાને શ્વાસ કેવો હશે દેવને, અને નારકીને તેત્રીસ સાગરની સ્થિતિવાળા, આહાહાહા ! એ શ્વાસની ધમણ ! આહાહા !

એવી સ્થિતિમાં પણ અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન કરે છે. ભગવાન બિરાજે છે ને પ્રભુ અંદર ભાઈ ! પૂરણ પરમાત્મસ્વરૂપ તારી પર્યાયની પાસે છે ને ! આહાહા ! કાંઈ દૂર નથી. આહાહાહા ! એ પર્યાયને અંતરમાં વાળતાં એવી સ્થિતિમાં પણ એક શ્વાસમાં જેને તો ધમણ હાલતી હોય શ્વાસની. આહાહા ! ઈ તો ઈ સંસારની ગતિની સ્થિતિ છે. ઈ શ્વાસ હું આમ લઈ શકું કે આમ છોડી શકું એવું છે જ નહીં. એ તો જડની પરમાણુની ક્રિયા છે. આહાહા ! પણ એમાં પોતે, પોતાના સ્વરૂપ તરફનો ભવભયનો ડર કરીને, આહાહા ! માથેભય, ભવ અનંત અનંત આવા તેં કર્યાં. આહાહા ! એવા અનંતા ભવનો, ભયનો ડર કરીને, ભવ-ભયથી ડરી ચિત્ત, ઈ અંતર્મુખ થાય છે. આહાહાહા ! દુઃખથી નહિ, ભવભયથી ભવ માત્ર દુઃખ છે. વળી સ્વર્ગનો ભવ એ ઠીક અને નારકીનો અઠીક, એમે ય નહીં. આહાહાહા !

ભવ માત્રના, ભવના ભયના ડરથી, અરેરે ! કયાં અનંતા ભવ અને કયાં હું ભવના ભાવ વિનાનો મારું સ્વરૂપ ! આહાહાહા ! ભવ વિનાનું તો ખરું પણ ભવનાભાવ વિનાનું મારું

સ્વરૂપ ! આહાહાહા ! એવો ચિદ્‌ઘન ભગવાન ! એમાં પાછો વળીને અંદરમાં જાય. આહાહાહાહા ! અંતરમુહૂર્તની અંદર ઉપયોગની અપેક્ષાએ, બાકી તો સમયાંતરમાં દર્શન થતાં, જ્ઞાન સમયાંતરમાં સમ્યક્ થઈ જાય છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એ શાસ્ત્રજ્ઞાનની ત્યાં જરૂર નથી. આહાહા ! એ ભગવાન આત્મા ! પૂરણ શુદ્ધસ્વરૂપ ! ગહન, ગહન જેનો સ્વભાવ ને ગહન જેની શક્તિઓ. આહાહા ! આ ગહન જેના ભવભ્રમણના ભાવ ને ભાવો. આહાહા ! એમાંથી ખસીને... ભગવાન મહાપ્રભુ ! પરમાત્મ દ્રવ્ય વસ્તુ એની દૃષ્ટિ કરે છે, ત્યારે જ્ઞાન સમ્યક્ થાય છે અને ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહાહાહા !

એ તેત્રીસ સાગરના દેવો તેત્રીસ પખવાડિયે શ્વાસ લ્યે અને તેત્રીસ હજાર વરસે કંઠમાંથી અમૃત ઝરે, એ જડનું અમૃત છે. સમજાણું કાંઈ ? એક સાગરની સ્થિતિવાળા દેવ, એને હજાર વરસે કંઠમાંથી અમૃત ઝરે. એને દાળ, ભાત, રોટલા કરવાના નહીં ને ચૂલા કરવાના એ નથી કાંઈ. આહાહાહા ! એ પુણ્યના ફળ તરીકેની સંસારની સ્થિતિ તો જુઓ. આહાહા ! જેમાં ધરમ તો છે નહીં. આહાહા ! પુણ્યના ફળે મળેલો દેવ, એને હજાર વરસે કંઠમાંથી અમૃત ઝરે એ જડ અમૃત છે. આ તો પ્રભુને એક ક્ષણમાં પકડતાં અમૃત, આનંદ અમૃત ઝરે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

ઓલાને એક હજાર વરસે સાગરોપમવાળાને, ઓછાવાળાને. આ તો કહે છે કે આ પ્રભુ તું કોણ છો, જો શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ કર. ઈ શુદ્ધ ઉપયોગમાં આત્મા જણાશે, અને શુદ્ધ ઉપયોગ પૂરણ થશે પછી એને શુભ ભાવ આવશે નહીં. શુદ્ધ ઉપયોગથી આત્માને પકડતા, આહાહા ! તને અમૃત ઝરશે. ઓલાને દેવને અમૃત ઝરે છે એ તો ધૂળનું અમૃત, પુદ્‌ગલનું. આ તો અમૃતનો નાથ. આહાહાહા !

અરે રે ! એને માટે વખત કયાં લે છે ઈ ? પારકા સાટુ કરીને જગત, જંજાળમાં જીવન ગાળીને. આહાહા ! પોતાનો એક ક્ષણ પણ મનુષ્યનો કૌસ્તુભમણિ કરતાં પણ, આહા... હા ! મહાકિંમતી એ શેને માટે ? ધરમને માટે ! આહાહા !

એક ક્ષણમાં અંદર જતાં તને અમૃત આવશે પ્રભુ ! દેવને તો, સાગરોપમે પંદર દિ ' એ અમૃત આવે, હજાર વરસે આવે, પંદર દિ 'એ એકવાર તો શ્વાસ લ્યે, નિગોદનાં જીવો પ્રભુ એક શ્વાસમાં અઢાર ભવ કરે, એનાં એક ભવમાં એના શ્વાસની મુદત કેટલી હશે ? શું કીધું ઈ ? એક શ્વાસમાં જે અઢાર ભવ, તો એક ભવમાં ઈ શ્વાસનો ભાગ કેટલો એને આવતો હશે ? આહાહા ! આવા ભવ પ્રભુ તેં કર્યાં અનંત !

હવે આંહી તો કહે છે કે સમકિત થઈને પછી જે વ્યવહાર આવે, આહાહા ! એને પણ જાણનારો રહેજે. આહાહાહાહા ! કરનારો થઈને કહે છે એ તો વ્યવહારનયનું કથન છે. ભગવાન આત્મા ! ભૂતાર્થ પરમાત્મા ! અનંત અનંત અમૃતના સ્વભાવથી છલોછલ પ્રભુ ભર્યો છે. એક ગુણ, એવા તો અનંતગુણ એને તું જ્ઞાનમાં ને દૃષ્ટિમાં લે, તો એનાથી તને અમૃત આવશે. અને તે પછી તને શુભ ભાવ આવશે. છતાં તે તારું જ્ઞાન તને અને તેને જાણતું જ પર્યાયરૂપ પ્રગટ થશે. આહાહા ! આવો મારગ ! આહાહા !

સમ્યગ્દર્શન થયા પછી, વસ્તુને જાણી જોઈ અનુભવી. ઓહોહો ! આ તો અમૃતનો સાગર. જેના અંશના નમૂનામાંથી, આખો આત્મા આ તો અમૃતનો સાગર પ્રભુ ! અરે હું ક્યાં ગયો ’તો ? આને છોડીને હું ક્યાં રહ્યો હતો ? હવે... રાગને છોડીને હું આંહી જાઉં છું હવે. આહાહાહા ! એવી જે દૃષ્ટિ થઈ અનુભવ થયો, એ તો નિશ્ચયના લક્ષે થયો માટે નિશ્ચય થયું. પણ... એને જ્યાં સુધી પર્યાયમાં, શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ ન થાય, એકધારા શુદ્ધોપયોગની પ્રાપ્તિ ન થાય, શુદ્ધઉપયોગમાં સમકિત થયું, જ્ઞાન થયું પણ એ શુદ્ધ ઉપયોગ લાંબો કાળ રહે નહીં. સમજાણું કાંઈ ? એને શુભ આવે, અશુભેય આવે. આહાહાહા ! પણ... એ શુભમાંથી આગળ જઈને એકલો શુદ્ધ ઉપયોગ ન થાય ત્યાં સુધી આવો શુભ ભાવ આવે. એને જ્ઞાનની પર્યાય તે સમયની સ્વને અને તેને જાણવાની યોગ્યતાથી જ પ્રગટ પર્યાય થાય. એને નવું બીજું જાણવું છે એમ કાંઈ છે નહીં. આહાહા !

શું કહ્યું ઈ ? એ જ્ઞાન જે સ્વભાવનું થયું, એમાં જે જ્ઞાનની પર્યાય થઈ. એ સમયે જ્યારે શુદ્ધ ઉપયોગ અંતરમાં છે, બહારમાં તો છે નહીં. ભલે અંદર અબુદ્ધિપૂર્વક અંદર રાગ છે, છતાં રાગ તરફનો ઉપયોગ નથી, પણ છતાં તેના જ્ઞાનની દશા તે કાળે પણ સ્વને જાણે છે અને એ રાગ છે તેને અવ્યક્તપણે પણ અંદર જાણવાની પર્યાય થાય છે. હવે બહાર નીકળ્યો અને જ્યારે શુભ ભાવ આવ્યો ત્યારે પણ તે કાળે તેને જાણતી જ પર્યાય સ્વ અને પરને જાણતી તે સમયની તે તે યોગ્યતાવાળી ! આહાહા ! જેટલો શુદ્ધનો પર્યાય થયો અને જેટલો અશુદ્ધ થયો તેને જાણતું જ્ઞાન જ પ્રગટ થાય છે. એને જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવે છે. આમ છે પ્રભુ ! ઓહો ! શુદ્ધ ઉપયોગ થયો ન હોય, દૃષ્ટિ જેને સમ્યક્ છે ઈ તો આવું કરે નહીં. સમજાણું કાંઈ ? આહાહા ! પણ જેને દૃષ્ટિ થઈ નથી ને માન્યું છે કે મને સમકિત થયું અને એ આ શુભ ઉપયોગ છોડી દે, તો તો અશુભમાં જાય. આહાહા !

સમ્યગ્દૃષ્ટિ જેને ધ્રુવનું જેને ભાન થયું છે, એ તો શુભમાં આવે એને જાણે ઈ શુભ છોડીને અશુભમાં ન જાય. આહાહા ! એ શુભ છોડીને તો શુદ્ધમાં જાય. પણ જેણે માન્યું છે કે અમે સમકિતી છીએ ને શ્રદ્ધા છે અને એને શુભ ભાવને છોડે તો તો અશુભમાં આવીને સ્વચ્છંદી થાય. આહાહાહાહા !

તો નરકાદિ ગતિ તથા પરંપરા નિગોદ, ઈ કેમ કહ્યું કે મૂળ તત્ત્વની વિરાધના એ નિગોદનું જ કારણ છે. આહાહા ! તત્ત્વની આરાધના એ મુક્તિનું કારણ છે, તત્ત્વની વિરાધના એ નિગોદનું કારણ છે. અને વચ્ચે જે તિર્યંચ ને મનુષ્ય આદિના ભવ થાય, નરકાદિના એ શુભાશુભ ભાવનું ફળ છે. સમજાણું કાંઈ ? આહાહા ! મારગ અલૌકિક છે બાપુ ! આહા !

સંસારમાં જ ભ્રમણ કરે. માટે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય પૂરણ એમ. શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા / એટલે દ્રવ્ય નહીં, પર્યાયમાં, પણ આંહી, શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા, તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય પર્યાયમાં, આહાહાહાહા ! શુદ્ધનયનો વિષય તો આત્મા, પણ તેની પર્યાયમાં પ્રાપ્તિ જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ જાણેલો પ્રયોજનવાન છે. એ પ્રયોજનવાન છે એટલે એવું એવું જ્ઞાન જ એને જાણતું પ્રગટ થાય. આવી વાત છે ભાઈ.

એ વાત, ચર્ચા થઈ ગઈ 'તી એક માણસ કોઈ બ્રહ્મચારી હતો ને એની હારે... આ કહે આ તો જ્ઞાન જ એવું પ્રગટે છે. જાણેલો પ્રયોજનવાન એટલે નવું જાણવું ઉપયોગ મૂકીને એવું ન્યાં નથી. આહાહા ! ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ એનું જ્યાં જ્ઞાન થયું પર્યાયમાં, તો ઈ પર્યાયમાં જ્ઞાન સ્વનું પણ આવ્યું અને તે કાળે રાગનો ભાગ પણ બાકી છે તેનું પણ જ્ઞાન ત્યાં પરપ્રકાશક એની હારે પ્રગટે છે. કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે.

જેમ અજ્ઞાનીના જ્ઞાનમાં પણ સ્વદ્રવ્ય જ પ્રકાશે છે એમ જ્ઞાનીના જ્ઞાનમાં વ્યવહાર જ પ્રકાશે છે, સ્વ તો પ્રકાશે છે જ, એ ઉપરાંત ! આહાહા ! સમજાણું કાંઈ ?

ઓહો ! આવો મારગ ! અરે ! સાંભળવા ન મળે આ મનુષ્યપણું ચાલ્યું જાય છે. આહાહા ! એની એક એક પળ ! આહાહાહાહા !

જ્યાં સુધી પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી વ્યવહાર જાણવો... એવું જ સ્વરૂપ એનું છે. વ્યવહારને જાણે એવું જ એનું સ્વરૂપ છે. એટલે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ કહેવામાં આવે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એવો સ્યાદ્‌વાદ મતમાં શ્રીગુરુઓનો ઉપદેશ છે. કુંદકુંદાચાર્ય આદિ સંતો ! દિગંબર મુનિઓ ! જે આત્મજ્ઞાની અનુભવી ચારિત્રમાં, એવા શ્રીગુરુઓનો આ ઉપદેશ છે. કે જ્યાં સુધી આત્માને શુદ્ધનયનો વિષય દ્રવ્ય છે પણ એની પર્યાયમાં પ્રાપ્તિ જ્યાં સુધી શુદ્ધની ન થાય ત્યાં સુધી તેને નીચલા દરજ્જામાં વ્યવહાર આવે, અને વ્યવહાર આવે તે જાણવા યોગ્ય છે એમ જાણે આદરવાયોગ્ય છે એમ છે નહીં. આહાહાહા !

આવું અપેક્ષાથી કહ્યું છે, વ્યવહારને અસત્યાર્થ કહ્યો ઈ અપેક્ષાથી કહ્યું છે એમ, મુખ્યને નિશ્ચય કહીને એની દૃષ્ટિ કરાવવા અસત્યાર્થ કહ્યો, સત્ય આને કહ્યું 'ને એને અસત્યાર્થ કહ્યો. અસત્યાર્થ માનીને, શુભ જ છોડી દ્યે અને શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ થઈ જ નથી તો ભ્રષ્ટ થઈ જશે. આહાહા !

વસ્તુની મર્યાદાની દશા જ આવી છે. એ કંઈ ભગવાન કહે છે માટે આવું થાય છે એમ નથી. આહાહાહા ! વસ્તુના સ્વરૂપની સ્થિતિ જ આવી જાતની છે. આહાહા ! કે પૂરણ સ્વરૂપને જાણે, ત્યારે એને સમ્યગ્દર્શનજ્ઞાન થાય, તે જ કાળે તેને તે પર્યાયમાં રાગ આદિ બાકી છે તેનું પણ જ્ઞાન થાય જ હારે. સમજાણું કાંઈ ? એ એને વ્યવહારે જાણેલો પ્રયોજનવાન કહ્યું, બાકી તો ત્રણસો વીસ ને ઓગણીસ ગાથામાં તો એમ લીધું છે, કે ધર્મી જીવને આત્મજ્ઞાન થયું અને જ્ઞાયકભાવ છે ઈ આવ્યો, એ તો એ ઉદયને પણ જાણે જાણે, આ વ્યવહારને જાણે, નિર્જરાને પણ જાણે, આહાહાહા ! બંધને પણ જાણે, મોક્ષને પણ જાણે. એ તો જાણનાર ચૈતન્યમૂર્તિ જ્ઞાયક રસ છે. એ તો બેયને જાણે જાણે જાણે !!

એ નિર્જરા કરે ને ઉદય કરે ને, આહાહાહા ! એવું ક્યાં છે ? જાણનાર ભગવાન જ્ઞાયકમાં એવું ક્યાં છે ? એ તો બંધને જાણે, મોક્ષને જાણે. એ બંધને કરે ને મોક્ષને કરે એમેય નહીં. આહાહાહા ! વસ્તુ છે ઈ પોતે પર્યાયને કરે–બંધની ને મોક્ષની પર્યાયને કરે એમ નથી. થાય છે, તેને સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક તો ધ્રુવ છે, પણ તેનું જે જ્ઞાન થયું છે સ્વપરપ્રકાશક તેમાં, એને જાણે છે. આહાહા ! એવું જ વસ્તુનું વાસ્તવિક વસ્તુ સ્વરૂપ છે. એવું ભગવાને કહ્યું છે. આહાહા !

લ્યો, બારમી ગાથા પૂરી થઈ.

## શ્લોક - ૪

( मालिनी )

उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहा:।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।४।।

શ્લોકાર્થઃ- [ उभय-नय-विरोध-ध्वंसिनि ] નિશ્ચય અને વ્યવહાર-એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે; એ વિરોધને નાશ કરનારું [ स्यात्-पद-अंके ] 'સ્યાત્' પદથી ચિહ્નિત [ जिनवचसि ] જે જિન ભગવાનનું વચન ( વાણી ) તેમાં [ ये रमन्ते ] જે પુરુષો રમે છે ( -પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે ) [ ते ] તે પુરુષો [ स्वयं ] પોતાની મેળે ( અન્ય કારણ વિના ) [ वान्तमोहा: ] મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને [ उच्चैः परं ज्योतिः समयसारं ] આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને [ सपदि ] તુરત [ ईक्षन्ते एव ] દેખે જ છે. કેવો છે સમય-સારરૂપ શુદ્ધ આત્મા ? [ अनवम् ] નવીન ઉત્પન્ન થયો નથી, પહેલાં કર્મથી આચ્છાદિત હતો તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે. વળી કેવો છે ? [ अनय-पक्ष-अक्षुण्णम् ] સર્વથા એકાંતરૂપ કુનયના પક્ષથી ખંડિત થતો નથી, નિર્બાધ છે.

ભાવાર્થઃ- જિનવચન ( વાણી ) સ્યાદ્વાદરૂપ છે. જ્યાં બે નયોને વિષયનો વિરોધ છે-જેમ કેઃ જે સત્-રૂપ હોય તે અસત્-રૂપ ન હોય, એક હોય તે અનેક ન હોય, નિત્ય હોય તે અનિત્ય ન હોય, ભેદરૂપ હોય તે અભેદરૂપ ન હોય, શુદ્ધ હોય તે અશુદ્ધ ન હોય ઇત્યાદિ નયોના વિષયોમાં વિરોધ છે-ત્યાં જિનવચન કથંચિત્ વિવક્ષાથી સત્-અસત્રૂપ, એક-અનેકરૂપ, નિત્ય-અનિત્યરૂપ, ભેદ-અભેદરૂપ, શુદ્ધ-અશુદ્ધરૂપ જે રીતે વિદ્યમાન વસ્તુ છે તે રીતે કહીને વિરોધ મટાડી દે છે, જૂઠી કલ્પના કરતું નથી. તે જિનવચન દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક-એ બે નયોમાં, પ્રયોજનવશ શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે અને અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિકનયને ગૌણ કરી તેને વ્યવહાર કહે છે. -આવા જિનવચનમાં જે પુરુષ રમણ કરે છે તે આ શુદ્ધ આત્માને યથાર્થ પામે છે; અન્ય સર્વથા-એકાન્તી સાંખ્યાદિક એ આત્માને પામતા નથી, કારણ કે વસ્તુ સર્વથા એકાંત પક્ષનો વિષય નથી તોપણ તેઓ એક જ ધર્મને ગ્રહણ કરી વસ્તુની અસત્ય કલ્પના કરે છે-જે અસત્યાર્થ છે, બાધા સહિત મિથ્યા દૃષ્ટિ છે. ૪.

## પ્રવચન નં. ૪૯ શ્લોક - ૪ તા. ૧-૮-૭૮

उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।४।।

એ અર્થનું કળશરૂપ કાવ્ય ટીકાકાર હવે કહે છે. કળશઃ૪ ‘ ઉભયનય વિરોધ ધ્વંસિનિ ”– નિશ્ચય અને વ્યવહાર બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે, શું કહે છે નિશ્ચયનય છે અને વ્યવહાર છે, એ બે પડયા માટે બેયનો વિષય વિરોધ છે, નિશ્ચયનો વિષય ત્રિકાળ છે વ્યવહારનો વિષય વર્તમાન છે, બે નય જ વિરોધ છે. વિરોધ ન હોય તો બે પડે નહિ બેય ત્રિકાળને જાણે કે બેય પર્યાયને જાણે અથવા બેય ઉપાદેયને માને બેય તો એ નયના ભેદ બે પડયા કયાંથી ?

એક નય નિશ્ચય સ્વને ત્રિકાળને ઉપાદેય જાણે, અને વ્યવહારનય રાગ આદિને પર્યાય આદિને હેય જાણે, જાણવાનું, પણ હેય તરીકે જાણે. આહાહા ! કેમ કે બે નયનો વિષય બે નયો છે, નય એટલે જ્ઞાનનો અંશ અને તેનો વિષય બે છે ભિન્ન. નિશ્ચયનયનો વિષય છે ત્રિકાળ, વ્યવહારનયનો વિષય છે વર્તમાન પર્યાય અને રાગાદિ. આહાહા ! અરે આવું શીખવું ને આવું, એ કરતાં ઈચ્છામિ પડિકમણું ઈરીયાવિરીયા ! જયસુખભાઈ ! મિચ્છામિ દુઃકકડં જાવ ! ઠાણાઉઠાણં ! એક સ્થાનથી બીજે સ્થાને–આ કૂતરા આવે છે ને પછી ઉઠાડે છે ને ? પછી ઠાણં ઉઠાણં નથી આવતું ? એ સંપ્રદાયમાં એક સ્થાને જીવ હોય ત્યાંથી બીજે ઠેકાણે ફેરવવો. એમ તો પોતામાં એણે લૂગડા ઉપર ચઢયો હોય તો પૂંજવા સિવાય બીજો કોઈ ઉપાય ન મળે. એ એનું સ્થાન છોડીને આમ જાય. છોટાભાઈ ! ઈચ્છામિ પડિક્કમણું ! કર્યું ’તું કે નહીં ? કર્યું ’તું આવે છે કે નહીં એમાં ? ઠાણાં ઉઠાણાં, જીવીયાઉ વઉશવીયા શ્વેતાંબરમાં આવે છે–પહેલું નમો અરિહંતાણં, બીજુ તિખ્ખુતો, ત્રીજો ઈચ્છામિ ચોથો તરસઉતરી, પાંચમો લોગસ્સ, છઠ્ઠો કરેમિ ભંતે અને સાતમું નમોત્થુણં. કેમ, સુજાનમલજી ! કર્યા ’તા કે નહિ સાત ? અમે તો દશ વર્ષની ઉંમરથી કર્યું હતું આવું બધુ. પાઠશાળામાં ! જૈનશાળામાં ! આહા !

નયોને વિષયના ભેદથી, બે નયોના, આહાહા ! એક નિશ્ચયનય અને એક વ્યવહાર, બેનો વિષય ભિન્ન છે, માટે બેના વિષયમાં વિરોધ છે. બે નય જ વિરોધ વિષયવાળી છે. નિશ્ચયનયનો વિષય ભગવાન પૂર્ણાનંદનો નાથ અભેદ ત્રિકાળ છે, વ્યવહારનયનો વિષય તેનો જ વર્તમાન અંશ ને રાગ, એ વ્યવહારનયનો વિષય છે. હવે વળી બે નય ને એનો વળી વિષય અને એનો વિરોધ શું આ તે વાત ? બાપુ ! વસ્તુનું સ્વરૂપ એવું છે ભાઈ ! જે જ્ઞાનનો અંશ ત્રિકાળને જાણે તેને નિશ્ચય કહીએ, જે જ્ઞાનનો અંશ વર્તમાનના પર્યાયના અંશને ને રાગને જાણે તેને વ્યવહાર કહીએ. વસ્તુ બે છે કે નહીં ? ત્રિકાળે ય છે અને પર્યાયે ય છે ને રાગે ય છે. આહાહા !

મૂળ વાતની વાત ઘટી ગઈ અને ઉપરના ક્રિયાકાંડો ને મરી ગયા ઘુસાઈને એમાં ને એમાં થઈ રહ્યું. લ્યો, ચીજ શું છે અને એના ભેદ શું નયના છે ને. એ બે નય શું છે અને એનો વિષય શું છે અને બેનો વિરોધ શું છે. આહાહા ! એ વસ્તુ છે ને ભગવાન આત્મા ! પૂરણ શુદ્ધ ચૈતન્ય ઘન ! અભેદ એકરૂપ ! એ તો નિશ્ચયનો વિષય છે, અને તેનો જ એક વર્તમાન અંશ, ત્રિકાળ નહીં પણ વર્તમાન અંશ અને રાગ આદિ, દ્વેષ આદિ એ વ્યવહારનયનો વિષય એટલે વ્યવહાર તેને જાણે છે, નિશ્ચય આને જાણે છે. આહાહા !

પરસ્પર વિરોધ છે, એ વિરોધને નાશ કરનારું સ્યાદ્પદ અંક સ્યાત્ પદથી ચિહ્નિત્ લક્ષણ છે. અપેક્ષાથી કહેવું જેનુ લક્ષણ છે, ત્રિકાળને જાણે તે નિશ્ચય છે, પર્યાયને જાણે તે વ્યવહાર છે. એવું કથંચિત્ નિશ્ચય અને કથંચિત્ વ્યવહાર બેયનું જ્ઞાન જિન વચન કરાવે છે. ‘ જિન વચનસિ રમંતે ’ જિન ભગવાનનું વચન વાણી તેમાં જે પુરૂષો રમે છે. હવે આમાંથી લોકો એવું કાઢે છે કે જિન વચનમાં રમે છે એટલે નિશ્ચયનય અને વ્યવહારનય બેયમાં રમે છે. આમ કહ્યું ને ? જિન વચન– ( બેમાં એક હારે રમી શકાય જ નહીં ) એમ હોઈ શકે જ નહીં–કળશ ટીકાકારે જિન વચનસિ રમે તેનો અર્થ જ એ કર્યો છે, કે જિન વચનમાં આત્મા ત્રિકાળી છે તે ઉપાદેય કહ્યો છે તેમાં જે રમે, જિન વચન તો જડ છે. એમાં રમવું શું ? જિન વચનતિ રમંતે–એમાં રમવું તે શું ? અને બીજી રીતે જિન વચને બેય કહ્યા છે, નિશ્ચય અને વ્યવહાર, તો બેયમાં રમવું એ શી રીતે શું ? આહાહા ! સમજાણું કાંઈ ? એટલે સ્યાત્ કથંચિત્ ત્રિકાળી છે વસ્તુ તે નિશ્ચય છે અને વર્તમાન પર્યાયનો અંશ તે વ્યવહાર છે. એમ કહીને ત્રિકાળીમાં રમવું એમ જિન વચનમાં કહ્યું છે. આહાહા !

આમાંથી એ કાઢે છે ઘણાં, પણ આ કળશ ટીકાકારે તો ચોકખુ કહ્યું જિનવચનસિ રમંતે – કળશ ટીકાકાર એની ગાથાના અર્થમાં જ એ કહ્યું છે, જિન વચંસિ ( કળશટીકા છે ને રાજમલજીની ) રમંતે એટલે વીતરાગે જે પૂર્ણ શુદ્ધ ચૈતન્યને ઉપાદેય કહ્યો, એ જિનવચન છે. એણે વાણીમાં રમવું નહીં પણ જિન વચનમાં કહેલો આવો જે આત્મા, આહાહા ! એમાં રમવું, એમ જિન વચનસિ રમન્તેનો અર્થ છે. હવે એના ત્રણ અર્થ કરે. એક તો કહે કે જિન વચનમાં રમવું, તો વાણીમાં રમવું એ તો વસ્તુ છે નહીં, પછી બીજો કહે જિન વચનમાં બે કહ્યા છે નિશ્ચય અને વ્યવહાર, બેયમાં રમવું, આ એક શબ્દમાંથી ત્રણ અર્થ ઉભા થાય છે. શું કહ્યું ? કે જિન વચનસિ રમંતે એટલે વાણીમાં રમવું. તો વાણીમાં રમવું શું ? વાણી તો જડ છે, ભાષા તો આવી છે.

બીજો એમ કહે કે જિન વચને તો બેય નય કહ્યા છે બેયમાં રમવું એમ નથી. પણ બે નય કહ્યા છે એ બેયને જાણવા, જાણવા, જાણવાની અપેક્ષાએ બેય એક છે. પણ આદરવાની અપેક્ષાએ એક ત્રિકાળી આદરણીય છે, વર્તમાન ( પર્યાય ) હેય છે. આહાહા ! આવું શું થાય ! માણસ પોતાની કલ્પનાથી અને પોતાની વાતમાં જે દૃષ્ટિ પડી હોય એ દૃષ્ટિમાં લઈ જવા માગે છે. જિન વચનમાં વર્તમાનમાં બધા આ કહે છે, નિશ્ચય અને વ્યવહાર બેય કહ્યા છે, જુઓ માથે ન આવ્યું ? નિશ્ચય વ્યવહાર બે નયોને વિષયના ભેદથી વિરોધ છે. વિરોધને નાશ કરનારું સ્યાત્ પદથી એ જિન ભગવાનનું વચન છે. તેમાં કથંચિત્ નિશ્ચય અને કથંચિત્ વ્યવહાર બેય કહ્યો છે, એમાં રમવું એમ એ કહે છે. એમ નથી. ભાઈ ! બેમાં રમાય જ નહીં. રાગમાંય રમે અને સ્વરૂપમાંય રમે બેય એ કેમ થાય ?

એટલે રમવા યોગ્ય એવી ચીજ જે ત્રિકાળ છે એમાં રમવું એને ઉપાદેય કરીને ભગવાને ઉપાદેય કહ્યું છે, ત્યાં રમવાનું કહ્યું છે એ કળશટીકામાં અર્થ છે પણ અત્યારે અહીં નથી, ત્યાં છે. સમજાણું કાંઈ ? પૂંઠા કાલ ચડાવ્યા છે કોકે બીજાએ એટલે આવું જ પૂંઠુ એનું. કાલે, કળશ ટીકા જોતી 'તી સવારમાં, નહોતી . મેં કીધું કોણ લઈ ગયું ? પછી કીધું કો 'ક પૂંઠું ચડાવવા લઈ ગયેલા, કોઈ બેનું દિકરીયું લઈ જાય છે પૂંઠું ફેરવવા સવારમાં. ઓલું પૂઠું હતુંને ઝરીનું.

શું કહ્યું આ ? ' સ્યાત્ ' અપેક્ષાએ ભગવાનનું કથન ત્રિકાળ છે તે સત્ય છે અને વર્તમાન પર્યાય તે અસત્ય છે એમ કીધી. પણ એ અપેક્ષાથી કહ્યું છે, કેમકે ત્રિકાળનો સત્યનો આશ્રય લેતા સમ્યગ્ થાય છે, માટે તેને સત્ય કહ્યું અને આને આશ્રયે થતું નથી માટે તેને અસત્ય કહ્યું. પણ એ ગૌણ કરીને નથી એમ કહ્યું હતું, પર્યાય નથી જ એમ કરીને અસત્ કહ્યું છે એમ નથી. આહાહા ! આમાં નવરા કયાં આમાં કોણ, રળવું ને ખાવું પીવું ને ભોગ, મરીને જાવું પાછું ઢોરમાં. થઈ રહ્યું જાવ. આહાહાહા ! અરરર ! ( શ્રોતાઃ– ત્યાં તો કમાવું નહીઃ ને એકલું ખાવું ) અરેરે ! શું થાય બાપુ ? ભલે પાંચ પચીસ લાખ મળ્યા હોય ને ધૂળ પણ મરીને ઢોરમાં જવાના ઈ. પશુ થવાના. ધંધા એકલા આખો દિ ' રળવું ને ભોગ, પાપ, પાપ ને પાપ. આહાહા ! ડગલે ને પગલે પાપ છે સંસારમાં તો. ધર્મ તો નથી પણ પુણ્યેય નથી ત્યાં, આહાહા ! અરેરે ! બાયડી સામું જોવું, છોકરાં સામું જોવું, દુકાન સામું જોવું, દુકાનના નોકરો શું કામ કરે છે, એ જોવું અને મારે આ શું કામ કરવાનું છે એ જોવું. એ માથાકૂટ પાપની હાલી. સવારની પરંપરાથી. અરેરે ! એને પુણ્યનો વખત મળે નહીં. જેમાં ગતિ કાંઈક મનુષ્યની કે દેવની મળે, એવો વખત મળે નહીં એને ધર્મનો વખત, બાપુ ! એ તો બહુ અલૌકિક વાતું ભાઈ !

એને તો વિકલ્પથી પણ પાર પ્રભુ ! આહાહાહા ! એ વિકલ્પ જે ગુણ ગુણીનો ભેદ વિકલ્પ પણ પ્રવૃત્તિથી પાર વસ્તુ છે. આહાહાહા ! કયાં જાવું એને કેટલી નિવૃત્તિ હોય બાપુ ! આહાહાહા ! જેને વિકલ્પ પણ બોજો લાગે. આહાહા ! એ બોજાનો ભાર કાઢી હળવી શુદ્ધ ચૈતન્ય વસ્તુમાં દૃષ્ટિ કરવી. આહાહા ! આવો માર્ગ છે પ્રભુ દુનિયાએ, વીતરાગ માર્ગને બગાડી મારી નાખ્યો, ચૂંથી નાખ્યો છે. આહાહા ! શું કરે પ્રભુ ! બાપુ ! આ જિન વચનમાં રમવું એનો આ અર્થ કરે છે કે નિશ્ચયમાં પણ રમવું અને વ્યવહાર પણ કરવો, જિનવચનમાં બેય કહ્યું છે ને ? એમકે એવો અર્થ કરે છે. અરે પ્રભુ ! આહાહા !

જિન વચનમાં તો ત્રિકાળી જ્ઞાયકને જ ઉપાદેય કહ્યો છે. અને પર્યાયને, રાગને તો હેય કહ્યો છે, અસત્યાર્થ કીધી ને ? પણ અસત્યાર્થનો અર્થ કે છે, પણ આશ્રય કરવા લાયક નથી, એ અપેક્ષાએ તેને અસત્ય કીધી પણ છે. એને અસત્ય કીધી. આહાહા ! પણ એ બેયમાં રમવું એ જિન વચનમાં બે નય કીધી છે. વીતરાગે બે નય કીધી છે, ને બેયમાં રમવું એવો એનો અર્થ નથી પ્રભુ અહીંયાં. આહાહા ! આવા અર્થ એ કરે છે. જિનવાણીમાં બેય આવ્યું છે, નિશ્ચય અને વ્યવહાર. બેયમાં રમવું એવો અર્થ કરે છે ને પંડિતો અત્યારે, ભાઈ એમ નથી બાપુ ! ( શ્રોતાઃ જિનવાણીમાં હેય ને ઉપાદેય બેય આદરવા લાયક હોય ? ) એ હેય ઉપાદેય એમ નહીં, બેય જાણવા લાયક છે કે નહીં. જાણવા લાયક બેય છે કે નહીં માટે બેય આદરવા લાયક છે. જાણવા લાયક છે પણ એક તો ઉપાદેય તરીકે જાણવા લાયક છે, અને એક હેય તરીકે જાણવા લાયક છે.

જાણવા લાયકની અપેક્ષાએ બેય બરોબર છે. આહાહાહા ! શું થાય ભાઈ ? માથે ભગવાન રહ્યા નહીં, કેવળી રહ્યા નહીં. કેવળજ્ઞાનની ઉત્પત્તિ રહી નહીં. ભલે ભગવાન ન હોય, પણ એય રહ્યું નહી, અવધિ અને મનઃપર્યય જ્ઞાન જે પ્રત્યક્ષ, સામાને એમ થઈ જાય કે ઓહો ! આ તો મારા મનની વાત જાણે છે, ભાઈ ! તો એને એય ન રહ્યું. હવે આ શ્રુતજ્ઞાન દ્વારા, ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માને પકડવો એ વાત એક રહી છે. આહાહા ! અને તે શ્રુતજ્ઞાન ખરેખર તો પરોક્ષ છે, આનંદની અપેક્ષાએ અનુભવની અપેક્ષાએ પ્રત્યક્ષ ભલે કહે–આહાહાહા !

જિન વચન, ભગવાનનું વચન, વાણી તેમાં જે પુરુષો રમે છે આ જિન વચન આવ્યું ને ? પણ જિન વચનમાં કહેલી મુખ્યતા, જે વસ્તુ જે છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! તે ઉપાદેય છે, એ આશ્રય કરવા લાયક છે, એ આદરણીય છે ને એ જ જગતમાં મૂળ પ્રભુ પોતે છે. આહાહા ! એવી વસ્તુમાં જે રમે છે. આહાહા ! તેમાં પ્રીતિ સહિત ( જે ) અભ્યાસ કરે છે, તે પુરુષો પોતાની મેળાએ અન્ય કારણ વિના મિથ્યાત્વ કર્મના ઉદયનું વમન કરીને, આહાહા ! એટલે ? જે શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે ત્યાં અંદર રમે છે એને મિથ્યાત્વનો ઉદય થતો જ નથી. તેણે મિથ્યાત્વને વમી નાખ્યું એમ કહેવામાં આવે છે.

વિશેષ કહેશે – પ્રમાણ વચન ગુરુદેવ.

## પ્રવચન નં : ૫૦ શ્લોક-૪ તા. ૨-૮-૭૮ બુધવાર, અષાઢ વદ-૧૪ સં. ૨૫૦૪

છે ને ચોથો કળશ.

" ઉભયનયવિરોધધ્વંસિની " ક્યા કહેતે હૈ ? કે નિશ્ચય વ્યવહાર દો નયોંકે વિષયકે ભેદસે પરસ્પર વિરોધ, કયા કહ્યા ? નિશ્ચયનયકા વિષય ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ હૈ. શુદ્ધ ચૈતન્ય અખંડ પરમ સ્વભાવભાવ પરમાત્મ દ્રવ્ય વો નિશ્ચયનયકા વિષય હૈ. ઉસકે લક્ષસે પરમાત્મ દ્રવ્યકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ. સમ્યગ્દર્શન જો હોતા હૈ. પ્રથમ ધર્મકી શરૂઆત ઓ ત્રિકાળી જ્ઞાયક પરમાત્મા દ્રવ્ય વસ્તુ ઉસકા આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ. વ્યવહારનય હૈ, પર્યાય હૈ, રાગ હૈ, ગુણ ભેદ હૈ, પણ વો તો વ્યવહારનયકા વિષય, નિશ્ચયકા વિષયસે વ્યવહારનયકા વિષય વિરૂધ્ધ હૈ, દોનો મેં વિરૂધ્ધ હૈ ! આહાહા ! જે નિશ્ચય યથાર્થ દૃષ્ટિ જો હૈ અથવા જ્ઞાન હૈ ! વો ત્રિકાળકો વિષય કરતી હૈ, પૂર્ણાનંદ સ્વરૂપ સહજાનંદ પ્રભુ ! ઉસકા વો વિષય હૈ, યે નિશ્ચયનયકા ધ્યેય હૈ, યે સમ્યગ્દર્શનકા આશ્રય કરનેવાલી ચીજ હૈ. આહાહા !

ઔર વ્યવહારનય વર્તમાન પર્યાય અવસ્થા ઔર રાગાદિ ભાવ ઉસકો બતાનેવાલા વ્યવહારનય હૈ, તો દોકા વિષયમેં વિરૂધ્ધ હો ગયા. હૈં ? નિશ્ચય ઔર વ્યવહાર ઈન દો નયોંકે વિષય નામ ઉસકા લક્ષકા જો આશ્રય હૈ ઉસમેં પરસ્પર વિરૂધ્ધ હૈ, ઇસ વિરૂધ્ધકા નાશ કરનેવાલા સ્યાદ્પદસે ચિહ્નિત, આહા ! અપેક્ષાસે કહેના હૈ. ત્રિકાળી સત્ય હૈ ઔર પર્યાય અસત્ય હૈ, ઐસા જો કહેના હૈ એ અપેક્ષાએ કહેના હૈ, ત્રિકાળી સત્ય જો ધ્રુવ ચૈતન્યમૂર્તિ પરમાનંદ પ્રભુ વો હિ સત્ય હૈ, ઉસકો મુખ્ય કરકે નિશ્ચય કરકે ઉસકો સમ્યગ્દર્શનકા વિષય બતાયા. આહાહા ! ઝીણી વાત છે બાપુ !

ઔર એક સમયકી પર્યાયકા ઔર રાગ શુભ દયા દાન ભક્તિકા રાગ આદિ હો યે સબ પર્યાયકા વ્યવહારનયકા વિષય ઉસકો નહિ હૈ ગૌણ કરકે નહિ હૈ, ઐસા કહેનેમેં આયા હૈ! આવી આકરી વાત ! જગતને બહારના ક્રિયાકાંડસે એેસા હોગા ને એેસા હોગા વો તો પુણ્ય બંધકા કારણ હૈ કોઈ ધર્મ નહિ ! આહાહા ! ( શ્રોતાઃ– મિથ્યાત્વ રહિતનું પૂન્ય કે મિથ્યાત્વ સહિતનું પૂન્ય ? ) મિથ્યાત્વ્ સહિતનું પુણ્ય, ભગવાનકી પ્રતિમા, પૂજા, જૈનદર્શન શ્રવણ, વાંચન, એ સબ શુભ રાગ હૈ, રાગ હૈ ને ઉસમેં ધર્મ માનતે હૈ, એ મિથ્યાત્વ સહિત પુણ્ય હૈ ! આહાહાહા ! આકરી વાત છે ભાઈ !

અહિંયા કહેતે હૈ કે મૂળ ચીજ જો ત્રિકાળી આત્મા આનંદ સ્વરૂપ ભગવાન સહજાત્મસ્વરૂપ શુધ્ધ ઉસકા વિષય કરનેવાલી નય એ નયકો વિષય કરનેવાલી નયકા વિષય ધ્રુવ ઉસકો સત્ય કહા ઔર વ્યવહારનયકા વિષય પર્યાય વર્તમાન અવસ્થા અને દયા દાન રાગ આદિકા ભાવ ઉસકો અસત્ય કહા, એ અપેક્ષાસે કહા હૈ! મુખ્યકી દૃષ્ટિ કરાનેકો વ્યવહારકો ગૌણ કરકે અપેક્ષાસે, નહિ હૈ ઐસા કહનેમેં આયા હૈ ! આહાહાહા !

જિનભગવાનકા વચન વાણી હૈ ઉસમેં જો પુરુષ રમતે હૈ, ક્યા કહેતે હૈ ? ભગવાન જિનેન્દ્રદેવકી વાણીમેં તો આ પૂર્ણાનંદકા નાથ પ્રભુ શુધ્ધ ચૈતન્ય વોહિ ઉપાદેય કહેનેમેં આયા હૈ. આહા ! વીતરાગકી વાણીમેં જિનેશ્વરકી દિવ્યધ્વનિમેં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ પર્યાયેય નહિ, રાગેય નહિ, નિમિત્તેય નહિ ને ગુણ ગુણીકા ભેદ ભી નહિ, ઐસી અભેદ ચીજ જો હૈ. ઉસકો હી જિનવાણીમેં આદર કરનેકા કહેનેમેં આયા હૈ. આહાહાહા ! આમાં હૈ ને ! કલ કહા થા ને ! આ કાલે નહોતું અહીંયા ૪ થી ગાથામેં કળશટીકા કળશમાં કહા હૈ ને લ્યો.

જિનવચનસી દિવ્યધ્વનિકે દ્વારા કહી હૈ ઉપાદેયરૂપ શુધ્ધ જીવ વસ્તુ, ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુ ! શુધ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ ! વો જિનવચનમેં આદરને લાયક કહેનેમેં આયા હૈ, પર્યાય ને રાગ આદરને લાયક હૈ ઐસા જિનવાણીમેં હૈ નહિ. આહાહાહા ! આવી વાત છે. હેં ? રાજમલે ટીકા ઐસા કીયા હૈ, જિનવચનસી એટલે દિવ્યધ્વનિ દ્વારા કહેનેમેં આયા હૈ ઐસા જો શુધ્ધ જીવ વસ્તુ વોહિ ઉપાદેય હૈ. ત્યાં નજર કરને લાયક હૈ ને વોહિ આદરણીય હૈ.

વર્તમાન પર્યાય ઔર દયા દાન વ્રત ભક્તિ આદિકા ભાવ વો આદરને લાયક નહિં. એ જાનને લાયક હૈ, કે હૈ, આદરને લાયક નહિ. આહાહા ! સમજમેં આતા હૈ ? ઔર એક જીવ વસ્તુ ઉસમેં રમંતે સાવધાનપણે રુચિ શ્રધ્ધા પ્રતીતિ કરતે હૈ. ત્રિકાળ ! પૂર્ણાનંદ પ્રભુ ! ઉસકી રુચિ પ્રતીતિ, શ્રધ્ધા કરતે હૈ, શુધ્ધ જીવકા પ્રત્યક્ષપણે અનુભવ કરતે હૈ ઉસકા અર્થ એ હૈ, શ્રધ્ધા રુચિ પ્રતીતિકા અર્થ આ કે ભગવાન આત્મા પૂર્ણ શુધ્ધ એક સમયકી પર્યાય રહિત ઐસા ત્રિકાળી ભગવાન આત્મા એ વસ્તુકો પ્રત્યક્ષપણે અનુભવ કરતે હૈ, ઈસકા નામ સમ્યગ્દર્શન કહનેમેં આતા હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ– અનુભવ તો જ્ઞાનની પર્યાય છે ) ભલે હોય, જ્ઞાનની પર્યાયમેં પ્રતીત હૈ કે નહિ, સાથે આચરણ ભી હૈ કે નહીં સ્થિરતા ? સ્વરૂપ આચરણ ! સમજમેં આયા ?

શ્રીમદ્માં તો અનુભવ, લક્ષ, પ્રતિત. લક્ષ એ જ્ઞાન, પ્રતિત એ શ્રધ્ધા ને અનુભવ એ આચરણ લીયા હૈ. પરમાત્મસ્વરૂપ અપના બહારકી ચીજકો નિમિત્ત ભલે હો, ભગવાન હો સાક્ષાત્. તો ભી પરદ્રવ્યકા લક્ષસે તો રાગ હી હોગા. ઉસસે ધર્મ હોગા યે તીનકાલમેં નહીં. આહાહાહા ! સમજમેં આયા ?

તો જિનમંદિર અને ભગવાન પ્રતિમા અને સમ્મેદશિખર એ સબ પરકે લક્ષસે તો શુભરાગ હી હોગા. આયેગા, પણ હૈ રાગ, હૈ હેય, છોડને લાયક. આહાહા ! એક પરમાત્મ સ્વરૂપ શુધ્ધ ચૈતન્ય, કાલે પ્રશ્ન હતો ને, કે ભાઈ પામવા પહેલા શું હોય ? કે એ શું હોય એનો કાંઈ વિકલ્પ કેવો હોય એ એનું કોઈ નો હોય પ્રમાણ એ આપણે આમાં બેનમાં વચનામૃતમાં નાખ્યું છે, પહેલો વિકલ્પ કેવો હોય એવો કોઈ નિયમ નથી, ( વિકલ્પ હોય ખરો ) હોય ખરો પણ આવો જ હોય, કે હું શુધ્ધ છું, અખંડ છું એક છું કઈ પ્રકારનો વિકલ્પ આવે એમ હોય નહિ, કેવો આવે એને એ વખતે એવો. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે બહુ ! આહાહા !

છતાંય વિકલ્પ આવે એ વસ્તુ નહીં. ઉસકે અવલંબનસે આત્માકા ધર્મ સમ્યગ્દર્શન હોતા હૈ, એ નહિ. આહાહાહા ! વિકલ્પ હૈ વો તો વ્યવહારનયકા વિષય હૈ, રાગ આયા એ વ્યવહારનયકા વિષય હૈ. એ વ્યવહારનય હૈ એ જાનને લાયક હૈ. પણ હેય તરીકે, છોડને લાયક તરીકે જાનને લાયક હૈ, ઔર ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉપાદેય તરીકે જાનને લાયક હૈ. આવી વાતું છે.

છે ? પ્રત્યક્ષપણે અનુભવ તેનું નામ રુચિ શ્રધ્ધા પ્રતીતિ, ઉસકા નામ રુચિ શ્રધ્ધા પ્રતીતિ એમ ને એમ શ્રધ્ધા અમારે આત્માકી હૈ, એમ નહિં. આહાહા ! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! વસ્તુ ધ્રુવ તેનો વર્તમાન પર્યાયમાં પ્રત્યક્ષ અનુભવ હોના, ઔર એ અનુભવમેં પ્રતીતિ હોના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા ! અત્યારે તો માર્ગમેં ફેરફાર, બાહરથી થાશે ઐસા કરો. વ્રત કરો ને તપસ્યા કરો ને ભક્તિ કરો ને મંદિર બનાવો ને પ્રતિમાના દર્શન કરો ને જાત્રા કરો, ધૂળમાંય નથી. મુનિને આહાર આપો. મુનિઓને આહાર આપો, એ તો બધાં રાગ હૈ. આહાહા ! મુનિને આહાર દેવાની ક્રિયાનો ભાવ એ રાગ હૈ, એ કોઈ ધર્મ નહિં. આહાહા ! ધર્મ તો અંદર આત્મા પૂર્ણાનંદ પ્રભુ, ઉસકા ઉપાદેય કરકે એકાગ્રતા હોના, ઔર નિર્વિકલ્પ દશા પ્રગટ હોના ઉસકા નામ ધર્મ હૈ. આવી વાત હૈ. આહાહા !

બીચમેં વીતરાગ પૂર્ણ જબ ન હોય તબલગ બીચમેં રાગ ઐસા આતા હૈ. વ્રતકા, ભક્તિકા, આતા હૈ પણ હૈ એ હેય, ઉસસે બંધન હોતા હૈ. સમજમેં આયા ? તો કહે-વચન પુદ્ગલ જિન વચન હૈ ને, પાઠ તો એસા હૈ, જિનવચનમેં રમંતિ, હૈ ? તો કહેતે હૈ કે જિનવચન તો પુદ્ગલ હૈ, જડ હૈ, જડમેં રમના હૈ ? પાઠ તો ઐસા હૈ ' જિનવચંસિ રમંતે ' પણ આચાર્ય કહેતે હૈ ઉસકા અર્થ કયા ? ઉસકા આશય ક્યા ? પુદ્ગલ... તેની રુચિ કરતા સ્વરૂપકી પ્રાપ્તિ નહીં હોતી, ઐસે વચન દ્વારા કહેનેમેં આનેવાલા કોઈ ઉપાદેય વસ્તુ, આદરણીય વસ્તુ, આહાહાહા ! ઉસકા અનુભવ કરના એ ફળ પ્રાપ્તિ હૈ. આહાહાહા ! કળશ ટીકા હૈ ને પહેલા આયા થા કલ નહતા. કાલે અહીંયા નહોતું ને.

' જિનવચંસિ રમંતે ' હૈ ? ઇસકા અર્થ યે, ઔર દૂસરી બાત કહીએ તો ચારેય અનુયોગકા સાર તો વીતરાગતા હૈ, અને વીતરાગતા જો હૈ એ જિનવચનમેં વીતરાગતા બતાયા કે વીતરાગતા પ્રગટ કરો. તો વીતરાગતા પ્રગટ કબ હોગી ? કે ત્રિકાળી ભગવાન જ્ઞાયક સ્વરૂપ હૈ ઉસકા આશ્રય કરનેસે વીતરાગતા ( પ્રગટ ) હોગી. આહાહાહા ! તો ' જિનવચંસિ રમંતે ' માં આ કયું કહા ? ' જિનવચંસિ રમંતે ' એમાં જીવ ઉપાદેય ઐસે કયું કહા ? કે જિનવચનમેં સારા

ચાર અનુયોગમેં વીતરાગતા બતાના હૈ, તાત્પર્ય તરીકે વીતરાગતા બતાના હૈ, તો વીતરાગતા જબ બતાના હૈ તો વીતરાગતા હોગી કબ ? તો એ તો ત્રિકાળી દ્રવ્યસે ઉસકે આશ્રયસે હોગી. ઉસકા અર્થ એ હો ગયા, ' જિનવચંસિ રમંતે ' સમજમેં આયા ? આહાહાહા ! ભગવાનકી વાણી દિવ્યધ્વનિ ત્રિલોકનાથ પરમાત્મા ઉસકી વાણીમેં ચારેય અનુયોગ આયા. પણ ઉસકા તાત્પર્ય કયા ભલે કથાનુયોગ આયા, કરણાનુયોગ આયા, દ્રવ્યાનુયોગ આયા, ચરણાનુયોગ આયા, પણ ઉસકા તાત્પર્ય કયા ? કે, વીતરાગતા. તો જિનવચનમેં તાત્પર્યતા વીતરાગતા બતાના હૈ, તો વીતરાગતા કબ હોગી ? શરૂઆતમેં ત્રિકાળી જિનસ્વરૂપી ભગવાન આત્મા ! પરમાનંદ સ્વરૂપ પ્રભુ ! વો વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા હૈ ! ઉસકે અવલંબનસે વીતરાગતા સમ્યગ્દર્શન હોગા. આહાહાહા ! સમજમેં આયા ?

કયા ક્યિા ? ' જિનવચંસિ રમંતે ' નો ઐસા અર્થ કયું કિયા ઉસને ? આહાહા ! કોઈ કહે એ તો કળશકારે કિયા હૈ, પણ કયું કિયા ? કારણ કે જિનવચન જિતના હૈ ચારે અનુયોગના કથન ભગવાનકી વાણીમેં આયા. તો પણ ભગવાનકી વાણીમેં આયા, ઉસકા તાત્પર્ય કયા ? ઉસકા ફળ કયા, કે વીતરાગતા ! ચારેય અનુયોગનું તાત્પર્યતા વીતરાગતા. કોઈ રાગ કરના ને રાગકા ફળ વો જિનવચનમેં હૈ હી નહિ. એ તો જાનનેકી ચીજ કહી. સમજમેં આયા ? અને આ તો વીતરાગતા પ્રગટ કરનેકા કહા, તો વીતરાગતા પ્રગટ કબ હો ? વો કોઈ પર્યાય વર્તમાન હૈ કે રાગહૈ કે નિમિત્ત હૈ–ઉસકે આશ્રયસે વીતરાગતા નહીં હોગી. આહાહાહા !

તો વીતરાગતા પર્યાયમેં કબ હોગી ? કે વીતરાગ સ્વરૂપ ભગવાન જિન સ્વરૂપી પ્રભુ આત્મા હૈ, પરમાત્મા ! અપ્પા સો પરમાત્મા. આત્મા સો પરમાત્મા. આહાહા ! એ ભગવાન આત્મા પરમાત્મ સ્વરૂપ ત્રિકાળ ઉસકા આશ્રય લેનેસે વીતરાગતા હોતી હૈ, તો જિન વચનકા તાત્પર્ય બતાયા હૈ ઉસમેં. ભાઈ ! એમ કે રાજમલે આમ કયું કિયા, ત્યાં તો જિનવચનસે રમંતે કહ્યું ને આવો અર્થ કૈસા કિયા ? એ વીતરાગ વચનોમાં શાસ્ત્રો જે આયા ઉસકા તાત્પર્ય વીતરાગતા હૈ અને વીતરાગતા જો હૈ એ ત્રિકાળી આત્મા આનંદ સ્વરૂપ ભગવાન ઉપાદેય હૈ ઉસકો ઉપાદેય કરે, ઉસકો વીતરાગતા હોગી. સમજમેં આયા ?

( શ્રોતાઃ બતાનેવાલા પ્રત્યે આદર હોય તો આત્મા પ્રત્યે આદર હોય ને ) બતાનેવાલેની આંહી જરૂર નથી. બતાનેવાલા બતાનેવાલેને ઘેર ગયા. એ તો રાગ હૈ. બતાનેવાલેકો સાંભળતે હૈ ઉસકો રાગ હૈ ઝીણી વાત છે ભાઈ ! આહાહા ! બતાનેવાલા આયા ને સૂના વો તો રાગ હૈ, એ રાગ પણ વો રાગકા તાત્પર્ય તો પીછે વીતરાગતા, તો ઉસકા આશય કયા હુઆ ? –કે રાગકા ભી નહિ ને સુનના હૈ ઐસા ભી નહિ. આહાહા ! ૧૭૨ ગાથા પંચાસ્તિકાય સારા શાસ્ત્ર વીતરાગ જિન શાસન સારા શાસ્ત્રકા તાત્પર્ય વીતરાગતા હૈ ઐસા લીયા ૧૭૨ ગાથા. ત્યારે જિનવચંસિ રમંતે નો અર્થ ઐસા કયું કિયા ? સાર કિયા હૈ કે, વીતરાગતા બતાના એ જૈનશાસનકા વાણીકા સાર હૈ, તો વીતરાગતા કબ હોગી ? કે જિનવચંસિ રમંતે, વીતરાગતા બતાનેવાલી વાણી. એ વીતરાગતા કબ હોગી ? કે ત્રિકાળી ઉપાદેય માનકર વીતરાગતા હોગી તો જિનવચન એમ કહેતે હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

આવો અર્થ કેમ કીયા ને આણે અર્થ સાધારણ લિયા હૈ, આણે તો મર્મ લિયા હૈ ભાઈ.

શું ? કયા કિયા ? આહાહા ! મર્મ ક્યા ? કે જિનવચનમેં રમંતે એટલી વ્યાખ્યા શબ્દ પાઠ હૈ. હવે જિનવચન હૈ વો તો જડ હૈ, ઉસમેં તો કોઈ રમના હૈ નહિ, હવે જિનવચનમેં કહેનેમેં આયા જે ચાર અનુયોગ ઉસકા સાર તાત્પર્ય ફળ કયા હૈ કે વીતરાગતા, તો વીતરાગતા જો હૈ એ કબ પ્રગટ હોગી ? એ ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસકે સન્મુખ હોતેં ઉસકા આશ્રય લેતે હૈ તો વીતરાગતા હોગી. તો ચારેય અનુયોગમેં ઉપાદેય આ આત્મા હૈ, ઉસમેં રમના હૈ એમ કહેનેમેં આયા હૈ. રાજમલજી ! દેવીલાલજી ! આહાહા !

વસ્તુ કીધી છે. એણે ' જિનવચંસિ રમંતે ' એ એમ કયું કહા ? જિનવચન આત્માકો ઉપાદેય કહેતે હૈ, ઉસકુ કયું કહા ? કે જિનવચનમેં તો વીતરાગતા તાત્પર્ય હૈ. સાર એક વીતરાગતા બતાના હૈ ફળ તરીકે, તો વીતરાગતા આત્માકા ફળ કૈસે હોગા ? ઓ ત્રિકાળી વસ્તુ ભગવાન પૂર્ણાનંદ જેમાં નિમિત્ત તો નહિં, દેવ-ગુરુ ભી નહિ આશ્રય, કેમ કે દેવ ગુરુ પર હૈ, ઉસકી શ્રધ્ધા કરના ઓ બી રાગ હૈ, અહીં તો વીતરાગતા તાત્પર્ય હૈ. જિનવચનની તાત્પર્યતા તો વીતરાગતા હૈ. આહાહા ! છોટાલાલજી ! ( શ્રોતાઃ અપૂર્વ વાત છે. ) આવી વાતું છે. ( શ્રોતાઃ ન્યાલ થઈ જાય એવી વાત છે ) શૈલી તો જુઓ પ્રભુની ! આહાહા ! જિનવચન એમ કહે, ચારેય અનુયોગ ચાહે તો કથાનુયોગ હો, ચરણાનુયોગ હો પણ ઉસકા તાત્પર્ય તો વીતરાગતા બતાના હૈ, વીતરાગતા પ્રગટ કરના, તો વીતરાગતા પ્રગટ કરના તો ઉસકા અર્થ એ હુઆ કે ચારેય અનુયોગમેં વીતરાગતા પ્રગટ કરનાકા અર્થ ? પૂર્ણાનંદ પ્રભુકા ઉપાદેય કરના, કરે તો ઉસકો વીતરાગતા હોગી. આહાહાહા ! ન્યાય હૈ કે નહિ ? આહાહા !

રાજમલે તો મર્મ નીકાલા હૈ ઐસા કોઈ અર્થ કરી શકે નહિ સાધક ! અત્યારે જગમોહનલાલે કીયા હૈ પણ આ તો ' જિનવચંસિ રમંતે ', કયું કહા ઐસા અર્થ ? વીતરાગની વાણી ચાર અનુયોગરૂપે નીકળી " દિવ્યધ્વનિ " તો પણ ઉસકા તાત્પર્ય ક્યા ? ફળ ક્યા ? કે વીતરાગતા પ્રગટ કરના, તો વીતરાગતા પ્રગટ કરના તો વીતરાગતા પ્રગટ હોગી કબ ? કે ત્રિકાળી જિનસ્વરૂપ જિન ઘટ ઘટમેં જિન વસે ભગવાન આત્મા જિનસ્વરૂપી પરમાત્મા હૈ, વોહિ આત્મા હૈ. આહાહા ! " ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, મત મદિરાકે પાનસો મતવાલા સમજેન " ભગવાન અંદર જિનસ્વરૂપી પ્રભુ છે ઉસકા વીતરાગતા તાત્પર્ય એનો અર્થ જિનસ્વરૂપકા આશ્રય કરના. મોહનલાલજી ! ૧૭૨ ગાથામેં તો ઐસા કહા. પંચાસ્તિકાય કે ભાઈ સુત્ર તાત્પર્ય તો શબ્દે-શબ્દે ગાથામેં આયા ઓ તાત્પર્ય કહા, હવે સારા શાસ્ત્રકા તાત્પર્ય ક્યા ? ચારેય અનુયોગ કહા ભગવાને, પણ ઉસકા ફળ કયા ? ઉસકો કહેનેકા ફળ ક્યા, કે વીતરાગતા પ્રગટ કરના વો બતાયા, તો વીતરાગતા પ્રગટ કરના વો બતાયા. તો એ વીતરાગતા પ્રગટ હોગી કબ ? એ ત્રિકાળી જ્ઞાયકકો ઉપાદેય કરકે જાને માને ઉસકો વીતરાગતા હોગી.

પ્રથમ સમ્યગ્દર્શન ભી વીતરાગ પર્યાય હૈ. ત્રિકાળી ભગવાન જિનસ્વરૂપી પરમાત્મા, એ અપ્પા સો પરમાત્મા. અપ્પા સો પરમ-અપ્પા. તારણ સ્વામીમાં એ શબ્દ છે અપ્પા સો પરમપ્પા. આત્મા એ પરમાત્મા હૈ, બીજો પરમાત્મા એને ઘેરે રહયા, આ આત્મા પોતે જ પરમાત્મ સ્વરૂપ છે અંદર સ્વશક્તિ. આહાહા ! એ વીતરાગ સ્વરૂપ જ પ્રભુ છે. એટલે તાત્પર્ય નામ વીતરાગતા

બનાનેમેં હેતુ સ્વકા આશ્રય કરના વો સારા અનુયોગકા સાર હૈ. ભાઈ ! આ તો ‘ જિનવચંસિ રમંતે ’, આવો અર્થ કેમ કર્યો એણે ? ભાઈ ! એ તો વસ્તુનો મર્મનો અર્થ કર્યો છે. આહાહા !

જિનવચનમાં આવી વાત લીધી બહોત, પણ ઉસકા ફળ ક્યા ? વીતરાગતા પ્રગટ કરના, તો વીતરાગતા પ્રગટ હોગી કબ ? પ્રથમ સમ્યગ્દર્શન ભી વીતરાગ પર્યાય હૈ, સમ્યગ્દર્શન કોઈ સરાગ સમકિત ઐસા ફૈસા હૈ નહીં કોઈ. આહાહા ! સરાગ સમક્તિ ને વીતરાગ સમક્તિ એ તો ચરણાનુયોગમેં દોષકો ત્યાં બતાનેકો, કે સમકિત તો વીતરાગી પર્યાય હી હૈ. પ્રથમ ચોથા ગુણસ્થાનની સમકિત દશા એ વીતરાગી પર્યાય હૈ, તો વીતરાગી પર્યાય હૈ એ જૈન શાસનકા તાત્પર્ય હૈ, તો વીતરાગતા પર્યાય હૈ એ પ્રગટ કેમ હોગી ? તો કહે દ્રવ્યકે ઉપાદેય માનનેસે. ત્રિકાળકો ઉપાદેય માને પહેલેસે તે ઠેઠ લગ. પૂર્ણ વીતરાગતા પ્રગટ હોનેમેં ભી પૂરણ આશ્રય કરના ઉપાદેયકા વો જૈનશાસનકા તાત્પર્ય હૈ. આહાહા ! ગજબ વાત હૈ ! કેવી શૈલી ! કેવી શૈલી ! આહાહા ! અને કેવી બંધ બેસતી ન્યાયસે. આહાહા ! એવો અર્થ કર્યો.

એ લોકોને રુચે નહિ અને એવો અર્થ ઉસમેંસે નીકાલતે હૈ કે ‘ જિનવચંસિ રમંતે ’, જિનવચને તો દો નય કહા હૈ, તો દો નયમેં રમના, ઐસા હૈ હી નહિ, દો નય તો વિરોધ હૈ, ઓ માટે તો કહેતે હૈ, વિરોધ હૈ, તો દોમેં રમના. નિશ્ચયમેય રમના ને વ્યવહારમેંય ? આહાહા ! સમજમેં આયા ? ભારે માર્ગ બાપા ! આહાહાહા ! આ તો સમ્મેદશિખરની જાત્રા કરો તો કલ્યાણ થઈ જાશે, ધૂળમાંય નથી કાંઈ ન્યાં લાખ વાર જાને કરોડ વાર, સમ્મેદશિખર એ તો શુભરાગ હૈ, આતે હૈ પણ એ ધર્મ નહીં. એ વીતરાગતા નહીં. આહાહાહા ! જિનવચનમાં વીતરાગતા બતાના હૈ. પંચાસ્તિકાય ! ચેતનજી ! પંચાસ્તિકાય ૧૭૨ ગાથા. ચારેય અનુયોગનો સાર, શાસ્ત્રનો વીતરાગતા લાના. વીતરાગતા કબ આયેગા ? આહાહા ! કે વીતરાગ સ્વરૂપ જે ઘટ ઘટ અંતર જિન વસે, જિન પ્રભુ પોતે ઘટ–ઘટમેં ભગવાન પરમાત્માય પોતે હૈ, સ્વયમ્ હૈ. ઉસકા આશ્રય કરનેસે વીતરાગતા હોગી, તો ચારેય અનુયોગમેં સ્વકા આશ્રય કરના વો ઉસકા કહેના હૈ. દેવીલાલજી ! હૈં ? આહાહા !

ગજબ વાત કરી છે ને ? એ બધા વિચાર આવ્યા ’તા હોં કે અત્યારે, આને આમ કેમ કહ્યું આ, ભાઈ એમ અહીં ‘ જિનવચંસિ રમંતે ’ શબ્દ હૈ, ત્યાં જિનવચનમાં ઉપાદેય જિન વસ્તુ જે કીધી તેમાં રમવું એનો અર્થ શું ? આહાહાહા ! એ અર્થ એ તો ઈ જ કરે. બીજાનો ભાવ નહીં અંદરથી, ક્યાંયનું ક્યાંય કાઢે એ ક્યાંય. આહાહાહા ! જિન વીતરાગ ત્રિલોકનાથની ગમે તે વાણી હો ચાર અનુયોગની, પણ ઉસમેંસે નીકાલના સાર વીતરાગતા હૈ. વીતરાગ ભગવાન હૈ, તો વાણીમેં વીતરાગતા કેમ પ્રગટ હો ઐસે બતાના હૈ. તો વો વીતરાગતા સારા અનુયોગકા, સારા જિનશાસનકા, સારા શાસ્ત્રકા તાત્પર્ય હૈ, તો એ વીતરાગતા કબ હોગી ?

આહાહાહા ! ત્રિકાળી જૈન સ્વરૂપ ભગવાન આત્મા, પરમાત્મ સ્વરૂપે બિરાજમાન આત્મા હૈ. આહાહાહાહા ! ઉસકા આશ્રય કરનેસે ક્યું કે વીતરાગ સ્વરૂપી જિનસ્વરૂપી આત્મા હૈ, ઉસકા આશ્રય કરનેસે વીતરાગતા હોગી. આહાહા ! ચારેય અનુયોગનો પોકાર આ એક હૈ. સમજમેં આયા ? વ્રત આના ને ભક્તિ આના, એ આતે હૈ. એ જુદી વાત છે. પણ હૈ હેય ! એ વીતરાગતા બતાના એ ઉસમેં આયા નહિ. આહાહાહા ! આમ વ્રત કરના ને આમ અપવાસ

કરના એવી ચરણાનુયોગમાં વાત આવે, પણ ઉસકા અર્થ કયા ?

સન્મુખ હોકર અસ્થિરતા રહેતી હૈ, તો ઐસા વિકલ્પ આતા હૈ, પણ વો વિકલ્પ આદરણીય નહીં. આદરણીય તો ત્રિકાળી જ્ઞાયકભાવ, વીતરાગભાવ ઉત્પન્ન હોનેમેં કારણ હૈ. માટે આદરણીય હૈ. આહાહા ! અને ઉસમેંસે વો ભી નીકલા કે વીતરાગભાવ( કા ) તાત્પર્ય, તો ત્રિકાળકે આશ્રયસે હોતા હૈ. તો વ્યવહારકે આશ્રયસે તો વીતરાગતા નહિ હોગી તો વ્યવહાર હેય હો ગયા. જાનને લાયક હો ગયા. જાનને લાયક, જાનને લાયક હૈ એ ઈતના. આહાહા ! ગજબ વાત છે, નિશ્ચય ને વ્યવહારની સંધિ.

અહીં તો બહારમાં અપવાસ કર્યા ને ભક્તિ કરી ને પૂજા કર્યા ને પાંચ પચ્ચીસ લાખ ખર્ચ કિયા ને હો ગયા ધર્મ. ધૂળમેંય ધર્મ નહિં. ધર્મ કૈસા ન્યાં. ત્યાં તો કદાચિત્ રાગકી મંદતા, કિયા હો તો વો પુણ્ય હૈ, રાગ હૈ, એ કાંઈ ધર્મ નહિ. આહાહાહા ! શેઠ ! આવો માર્ગ હૈ ! આહાહા ! આવો કેવો અર્થ કર્યો કહે છે ? આણે વળી શું કર્યું હશે ? આહાહા ! જિનવચન, વીતરાગકા વચન, વીતરાગતા પ્રગટ કરનેકા વચન, વાચ્ય. આહાહા ! રાગ તો અનંતબૈર પ્રગટ કિયા. વો કોઈ જિનવચન શાસ્ત્રકા તાત્પર્ય નહી કાંઈ. વ્યવહાર-વ્યવહાર એકીલા આતા હૈ. એ કોઈ શાસ્ત્રકા તાત્પર્ય નહિ. આહાહાહા !

સમકિતીકો ભી વ્યવહાર આતા હૈ એ કોઈ શાસ્ત્રકા તાત્પર્ય નહિ. આહાહાહા ! સમજમેં આયા ? આહા ! ભગવાન ત્રિલોકનાથ ! સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર ! ઉસકી દિવ્યધ્વનિ ઓમ કાર ધ્વનિ " મુખ ઓમ કાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે. " પણ આ, સંશય નિવારે એટલે કે મિથ્યાત્વ ટાળે એટલે રાગની એકતા ટાળે ને વીતરાગતા કરે. આહાહાહા ! તે ચારેય અનુયોગોમાં આગમની ગણધરે રચના કિયા ઉસમેં. આહાહાહા ! શું શૈલી ! શું શૈલી ! ગજબ શૈલી ! ચારેય કોરથી મેળવો તો એટલો આમ મિલાન થઈ જાય છે. આહાહા ! કે ૧૧ મી ગાથામાં કહા ૧૨ મીમાં અહિં કહા – ૧૧ મીમેં કહા કે ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એ પરમાત્મા હૈ ને ઉસકા આશ્રય કરો, ઉસકા અવલંબન કરો. આહા ! એ આલંબન વો વીતરાગતા ઉત્પન્ન હોનેકા કારણ હૈ. વીતરાગી સ્વરૂપ ત્રિકાળી હૈ ઉસકા આલંબન, એ વીતરાગકી પર્યાય ઉત્પન્ન કરનેકા કારણ હૈ. આહાહાહા ! વ્યવહાર બીચમેં આતે હૈ, યે જૈનશાસનકા વીતરાગ વાણીકા તાત્પર્ય નહિ હૈ. આહાહાહા ! એ તો બિચમેં પુરુષાર્થકી કમજોરીસે આતા હૈ. એ કોઈ શાસ્ત્રકા તાત્પર્ય નહીં. આહાહાહા ! વ્યવહાર એ કોઈ શાસ્ત્રકા તાત્પર્ય નહીં. આહાહા ! સારા શાસ્ત્ર કરોડો અબજો, આહાહા ! એક આચારાંગના અઢાર હજાર પદ, ઓર એક પદમેં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક, એક આચારાંગ સુત્ર પહેલું ૧૮ હજાર પદ, એક પદમેં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક, ઐસા-ઐસા ડબલ છત્રીસ હજાર સૂયગડાંગ, ૭૨ હજાર પણ એ સબ શાસ્ત્ર ને બાર અંગ. આહાહાહા ! એ સારા ૧૨ અંગ ને ૧૧ અંગકા કહેનેકા તાત્પર્ય ક્યા હૈ ? કે જે અનંત કાળમેં સ્વકા આશ્રય લેકર વીતરાગતા પ્રગટ કિયા નહીં. એ સ્વકા આશ્રય લેકર વીતરાગતા પ્રગટ કરના વો સારા તાત્પર્ય હૈ. આહાહા ! સમજમેં આયા ? લ્યો આ બીજી રીતે આવ્યું વાત આજે હિન્દીમેં ભાઈ આવ્યા છે ને, ભાઈ ! આ બહુ સરસ વાત છે. આહાહા !

‘જિનવચંસિ રમંતે’, “જે પુરુષ ઉસમેં રમતે હૈ, પ્રચુર સહિત અભ્યાસ કરતે હૈ,” એટલે અર્થાત્ જિનસ્વરૂપી ભગવાન અંદર બિરાજે છે.

ઉસકા આશ્રય લેકર વીતરાગતા હોતી હૈ તો એ જૈન જિનવચનમેં વીતરાગતા બતાના હૈ. તો વીતરાગતા તો સ્વકે આશ્રયસે હોતા હૈ. તો જિનવચનમેં સ્વકા ઉપાદેય કરનેકા કહેનેમેં આયા હૈ. આહાહાહાહા ! તો જિનવચનમેં ત્રિકાળી ભગવાન ઉપાદેય આનંદ કંદ પ્રભુ વોહી ઉપાદેય કહેનેમેં જિનવચનમેં આયા હૈ. વ્યવહાર ઉપાદેય હૈ. ઐસા જિનવચનમેં આયા નહિ. વ્યવહાર આતા હૈ, પણ હેય હૈ. આહાહા ! બાબુલાલજી ! આજ તો હિંદી આયા થોડા. આહાહા ! આ તો રાજમલજીએ ઐસા અર્થ ક્યું કિયા ? જિનવચન તો પુદ્ગલ હૈ, તો જિનવચનમેં કહા હુઆ જો ભાવ હૈ. ઉસકા તાત્પર્ય તો વીતરાગતા હૈ. તો વીતરાગતા જિનવચનમેં કહા તો એ વીતરાગતા ઉત્પન્ન હોગા સ્વકે આશ્રયસે, માટે જિનવચનમેં સ્વદ્રવ્યકો ઉપાદેય કહા હૈ. સ્વ ત્રિકાળી ભગવાન એ ઉપાદેય કહેકર વીતરાગતા પ્રગટ કરનેકા કહા હૈ. આહાહા ! ચાર અનુયોગ, બાર અંગ ગમે તે ચાર અનુયોગ હોય, ફલાણામાં આ કહ્યા ને ઢીકણામાં આ કહ્યાને. ચરણાનુયોગમાં આ સબ કહ્યા. આહાહા ! ઉસકા અર્થ ? કે તેરા સ્વરૂપ જ જ્ઞાતા દૃષ્ટા હૈ. જ્ઞાતાદૃષ્ટા હો જા, તબ વીતરાગતા હોગી. આહાહાહાહા ! જયસુખભાઈ ! આ તકરારો કરે. આથી એમ છે ને, આથી આમ છે ને, આ વ્યવહારથી નિશ્ચય થાય, પ્રભુ પણ એમ ન હોય. પ્રભુ તું તારા તત્ત્વની શૈલીને ભૂલી ગયો છો. અને વીતરાગને એ કહેવું નથી, વીતરાગને ઓ કહેના હૈ હી નહિ. આહાહાહા !

વીતરાગને તો પરમાત્માને તો એ હી કહેના હૈ. ત્રિલોકનાથ પરમાત્મ સ્વરૂપ તુમ હૈ ને નાથ ! વો આદર સત્કાર કર ઉસકા. આહાહાહા ! વોહિ ઉપાદેય જાન, વ્યવહાર એ ઉપાદેય નહીં. આતા હૈ પણ હેય હૈ અને જૈન અનુયોગો ને શાસ્ત્રકા તાત્પર્ય કોઈ વ્યવહાર રાગ એ તાત્પર્ય નહીં. આહાહાહા ! એથી જીસકો શાસ્ત્રકા તાત્પર્ય ઐસા વીતરાગતા જે સ્વદ્રવ્યકે આશ્રયસે હોતી હૈ. ઉસકો વ્યવહાર આતા હૈ, પણ વો વ્યવહાર હેય હૈ, ક્યું કિ શાસ્ત્રકા તાત્પર્ય નહિં એ. આહાહા ! કહાં લગ એ ઉપાદેય હૈ કે જબ લગ વીતરાગતા કેવળજ્ઞાન પૂર્ણ ન હોય. તબલગ વીતરાગ સ્વરૂપ ભગવાનકા હી આદરણીય કરના. આહાહા ! શૈલી તો જુઓ શૈલી ! આહાહા ! આ વીતરાગ વાણી ને આ વીતરાગની વાણીનો સાર. અરે પ્રભુ ! વાદ અને વિવાદ, નિમિત્તથી હોગા. અરે પ્રભુ ! એ નિમિત્તથી હોગા એ વાણીનું તાત્પર્ય હૈ ?

તો નિમિત્તસે હોગા તો તો રાગ હોગા. આહાહાહા ! ભગવાન સાક્ષાત્ બિરાજતે હો સમોસરણમેં, ઉસકા દર્શન કરના વો ભી એક શુભરાગ હૈ. ક્યુંકિ એ પરદ્રવ્ય હૈ. એ કાંઈ જૈનશાસ્ત્રકા એ તાત્પર્ય નહિ. ભગવાનકા દર્શન ! આહાહા ! તાત્પર્ય તો વીતરાગ. પહેલે દરજ્જેસે ત્રિકાળી ભગવાન પરમાનંદ પ્રભુ આત્મા પરમાત્મા સ્વરૂપ જ અંદર બિરાજમાન હૈ. સ્વભાવરૂપે, શક્તિરૂપે, સત્ત્વરૂપે, તત્ત્વરૂપે ઉસકા આશ્રય કરના વોહિ સારા અનુયોગકા કહેના હૈ. એ આશ્રય કહાંલગ, જબલગ પૂર્ણ વીતરાગતા ન હોય તબલગ. કેમકે શરૂઆતમેં ભી વીતરાગતા તાત્પર્ય હૈ, અને પૂર્ણ વીતરાગતા તાત્પર્ય હૈ પાછા, આહાહા ! હૈ ? આહાહાહાહા ! તો પૂર્ણ વીતરાગતા ભી સ્વકા પૂર્ણ આશ્રય લેનેસે હોતા હૈ. તો ત્યાં ભી એ

ભગવાન આત્મા જ એક ઉપાદેય આયા. આહાહાહા ! આ જિનવચંસિ રમંતેમાંથી આ બધું આવ્યું. આહાહા !

અપને આપ પુરુષ રમતે હૈ. ( સ્વયમ્ ) અપને આપ હી અન્ય કારણકે બિના, વાન્તમોહાઃ 'મિથ્યાત્વકા ભ્રમણાકા ' રાગકી એકતાકા મિથ્યાત્વ ભાવકા, આહાહા ! સ્વની એકતાકા તાત્પર્ય હૈ તો સ્વની એકતા કરતે હૈ તો રાગકી એકતા સ્વયં નાશ હો જાતી હૈ. 'વમન હો જાતા હૈ ?' આહાહા ! હૈ ? વાન્તમોહાઃ મિથ્યાત્વકર્મકા ઉદયકા વમન કરકે , આહા ! ભ્રમણા જો પુણ્યસે ધર્મ હોગા ને વ્યવહારસે ધર્મ હોગા ને નિમિત્તસે ધર્મ હોગા, ઐસી જો ભ્રમણા મિથ્યાત્વભાવ વો અપના સ્વભાવકા આશ્રય કરનેસે મિથ્યાત્વભાવ નાશ હો જાયેગા, વમન હો જાયેગા. વમન કા અર્થ ? કે એક વમન કિયા વો ફિર વમન લેતે હી નહિં. આહાહાહા !

જિસને ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ નિર્વિકલ્પ વીતરાગ મૂર્તિકા આશ્રય લિયા. આહાહા ! ઉસકા જો મિથ્યાત્વ વમન હો ગયા. એ ફિર મિથ્યાત્વ ઉસકો આતા હી નહિ. આહાહાહા ! સમજમેં આયા ? એની મેળે, ત્યાં વાંચે તો કાંઈ સમજાય એવું નથી ન્યાં. લાદીમાં બહુ ગરી ગયા હોયને. મુંબઈમાં લાદીનું છે ? થાણામાં લાદીનું, આ તો એક દાખલો. કોઈપણ પદાર્થ ત્યાં ને ત્યાં અંદર ઘૂસ્યા કરે. આહાહા !

" અન્ય કારણકે બિના " એટલે ક્યા કહેતે હૈ ? એને કોઈ નાશ કરવા માટે મૈ ઓ આશ્રય લિયા માટે નહિ, એ તો નાશ હોને કી લાયકાતસે નાશ હોગા હી. આહાહા ! જબ ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ વીતરાગ મૂર્તિ ધ્રુવ સચ્ચિદાનંદ અખંડ ઉસકા આશ્રય લિયા તો મિથ્યાત્વકા વગર કારણ, અન્ય કારણ વિના નાશ હો જાયેગા. અહીં વીતરાગતા પ્રગટ કિયા માટે નાશ હોગા, એ તો નાશ હોગા વમન ઉસકા સહજ હો જાએગા. એની પર્યાયમેં વો કાળકા ધર્મ ઐસા હૈ. આહાહાહા ! ગજબ વાત છે ને !

( શ્રોતાઃ )– વીતરાગતા પ્રગટ કરને કે લિયે અપને દ્રવ્યકે સહારેકી જરૂરત હૈ કી નહીં ?

( ઉત્તરઃ )–એ તો એ ને એ હુઆ વીતરાગ ભાવકા સહારા લેના. દ્રવ્યકા સહારાકા અર્થ ક્યા ? વીતરાગભાવકા સહારા વીતરાગભાવ હૈ.

( શ્રોતાઃ )– એ દ્રવ્ય કુછ પર્યાયને મદદ કરે છે ?

( ઉત્તરઃ )– બિલકુલ મદદ કરે નહીં. આહાહા ! દેવગુરુ શાસ્ત્ર કાંઈ મદદ કરે નહિ. આહાહા ! આવી વાત છે.

દેવ ગુરુ શાસ્ત્રકી માન્યતાકા વિકલ્પ જો રાગ હૈ. વો ભી અપના આશ્રય કરનેમેં બિલકુલ મદદ કરતે નહિ. નુકશાન આવે પ્રભુ ! આવી વાત છે બાપા ! જૈનદર્શન ! આહાહાહા ! આ વસ્તુનું સ્વરૂપ જ ઐસા હૈ, કે પોતે વીતરાગસ્વરૂપ પ્રભુ વીતરાગ સ્વરૂપ હી હૈ. કહ્યાને ? ઘટ-ઘટ અંતર જિન વસે સબ ઘટમાં જિન વસે ભગવાન જ જિનસ્વરૂપ હી વસતે હૈ. આહાહાહા ! અને ઘટ-ઘટ અંતર જૈન. એ જિનનો આશ્રય લિયા વો જૈન. જૈન કોઈ સંપ્રદાય નહિ. આહાહા ! કોઈ વાડા નહિ, પંથ નહિ. વો તો વસ્તુકા સ્વરૂપ. આહાહાહા ! જિનસ્વરૂપી ભગવાન ! આહાહા ! ઉસકા આશ્રય લેનેસે વીતરાગતા હુઈ વોહિ શાસ્ત્રકા કહેનેકા તાત્પર્ય હૈ.

ઉસકા અર્થ યહ ભી આયા કે શાસ્ત્રકા અર્થકા તાત્પર્ય વ્યવહાર કરના વો તાત્પર્ય હૈ

ઐસા હૈ નહિ. વ્યવહાર આતા હૈ, ઉસકો વીતરાગભાવ જો ઉત્પન્ન હુઆ એ ભાવમેં રહેકર આતા હૈ ઉસકો પરપ્રકાશક તરીકે જ્ઞાનકી પર્યાય એ સમયે પરકો જાનનેકી લાયકાતસે ઉત્પન્ન હોતી હૈ. ઐસા ઇસકા સ્વભાવ હૈ. જબ અહિંયા વીતરાગ સ્વભાવકા આશ્રય લિયા તો જે સમ્યગ્જ્ઞાન પ્રગટ હુઆ એ સમ્યગ્જ્ઞાન વીતરાગ પર્યાય હૈ, ને વો પર્યાયમેં સ્વકો જાનના અને જે રાગાદિ બાકી આતા હૈ. ઉસકો જાનના, એ રાગ હૈ તો જાનના ઐસા ભી નહિ. એ પર્યાયકા ઐસા યે સ્વભાવ હૈ કે સ્વપર પ્રકાશક તરીકે ઉત્પન્ન હોગી. આહાહા ! એ વીતરાગી સમ્યગ્જ્ઞાન હી ઐસા ઉત્પન્ન હોગા. આહાહાહા ! ગજબ વાત છે ક્યાંનુ ક્યાં લઈ જાય છે. આહાહા !

એ સ્વચૈતન્યપ્રભુ ! નિર્વિકલ્પ ચૈતન્ય ભગવાન આત્મા ! દ્રવ્યસ્વભાવકા આશ્રય લિયા તો જ્ઞાન હુઆ વો વીતરાગી જ્ઞાન હુઆ. કયુંકિ વીતરાગી સ્વરૂપકા આશ્રય લેકર જ્ઞાન હુઆ તો વીતરાગી જ્ઞાન હુઆ. તો વીતરાગી જ્ઞાન એ જ્ઞાનકા સ્વભાવ સ્વપર પ્રકાશક હૈ. આહાહા ! તબ જો વીતરાગી જ્ઞાન હુઆ, સમકિત દર્શનકે સાથમેં જ્ઞાન, તો જ્ઞાનકા સ્વભાવ સ્વપર પ્રકાશક હૈ. તો રાગ હૈ ઉસકો જાનના વો ભી કહેના એ વ્યવહાર હૈ. એ પર્યાય જે ઐસી ઉત્પન્ન હોતી હૈ સ્વપર પ્રકાશક વીતરાગી પર્યાય ઉત્પન્ન હોતી હૈ. આહાહાહા ! આવી વાતું છે બાપુ ! સમજમેં આયા ? આહા !

પ્રભુ ! તારી ચીજમેં તેરી ચીજની મોટપ ઈતની હૈ, કે જ્યાં પરમાત્માકી પર્યાય ભી ઇસકી પાસ પાણી ભરે, કયુંકિ પર્યાય તો એક સમયકી અને આ ભગવાન તો અનંત ગુણકા પિંડ સારા હૈ. આહાહાહાહા ! અને ભગવાનકી પર્યાય હૈ વો ભી વ્યવહારનયકા વિષય હૈ. આહાહાહાહા ! શું ક્યા કહેતે હૈ આ ? આ પ્રભુ અંદર બોલાતે હૈ ! આ માર્ગ આ હૈ ! આહાહા ! ક્યા કિયા ? વ્યવહાર આતા હૈ ને ? પણ વ્યવહાર આતા હૈ ને પણ પ્રભુ સુન તો સહી. એ કોઈ વીતરાગકા શાસ્ત્રકા તાત્પર્ય નહિં.

તેથી ઉસકે કારણ સ્વચૈતન્યમૂર્તિ ભગવાન ઉસકો ઉપાદેય તરીકે જ્યાં જ્ઞાન હુઆ. સમ્યગ્દર્શનકે સાથ એ જ્ઞાન ભી વીતરાગી પર્યાય હૈ. વીતરાગકે આશ્રયસે વીતરાગી પર્યાય હૈ એ સરાગી જ્ઞાન નહિ. અને એ જ્ઞાનકી પર્યાયકા સ્વભાવ સ્વપર પ્રકાશક હૈ. એથી જિસને ત્રિકાળી જ્ઞાયકકા આશ્રય લિયા, ઉસકા જ્ઞાન સ્વપર પ્રકાશક પર્યાયમેં વીતરાગી ઉત્પન્ન હોગા, તો વો રાગ આતા હૈ ઉસકો વીતરાગી જ્ઞાનસે જાનતે હૈ એસા કહેના ભી વ્યવહાર હૈ. આહાહાહાહા ! ખરેખર તો વીતરાગી પર્યાયકો જાનતે હૈ. આહાહાહા ! આ પરમાત્માની વાણી છે બાપા ! આવી ક્યાંય છે નહિં બીજે. અને ન્યાયથી એને બેસી જાય એવું છે, જરી ધ્યાન રાખે તો. આ કાંઈ પરાણે બેસાડવાની વાત છે ખેંચીને, એમ કાંઈ નથી. આહાહા ! એના સહજ સ્વરૂપની જ વાત આવી છે. ઠીક અત્યારે બરાબર અમારે મોહનલાલજી ને બધા સાંભળવામાં આવ્યા છે ને ત્યાં આ નવી વાત કાઢી છે હોં, આવી હમણાં સ્પષ્ટ આવી નથી. આહાહા !

એ કારણ કે બિના મિથ્યાત્વકર્મકે ઉદયકા વમન કરકે “ ઉચ્ચૈ; પરમ જ્યોતિ સમયસાર ” એષ અતિશયો પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્મા સમયસાર એટલે શુદ્ધ આત્મા. એમ, જ્યોતિ સમયસાર કહાને ? સમયસાર. એટલે શુદ્ધાત્મા. સમયસાર શબ્દ પડયો ને અંદર ઉચ્ચૈ

પરમ જ્યોતિ સમયસારં:, ઉચ્ચૈ અતિશયરૂપ પરમ જ્યોતિરૂપ ત્યાં સુધી તો ઉચ્ચૈ પરમ જ્યોતિનો અર્થ ક્ર્યો. હવે કોણ ? કે સમયસાર ! એટલે કોણ ? કે શુદ્ધઆત્મા ! આહાહા ! આ તો શ્લોકો સંતોના છે. એ કંઈ વાત બાપુ ! એ કાંઈ ! આહાહા ! ગજબ વાતું ભાઈ !

" એ સમયસાર, કો તત્કાળ હી દેખતે હૈ " આહાહા ! શુદ્ધાત્માકો શુદ્ધાત્માકા આશ્રય લિયા અને મિથ્યાત્વકા વમન ઉસકે કારણસે હો ગયા. તો તત્કાળ શુદ્ધાત્માકા દર્શન ઉસકો હોગા. સમજમેં આયા ? શુદ્ધાત્માકો તત્કાળ હી દેખતે હૈ, " સપદિ ઈક્ષન્તે " સપદિ એટલે તત્કાળ, ઇક્ષન્તે એટલે દેખતે હૈ. " એવ " એટલે " હી ", જ તત્કાળ છે ને હી તત્કાળ દેખતે હી અથવા તત્કાળ હી દેખતે હૈ. આહાહા ! ભગવાન આત્મા ! પૂર્ણ શુદ્ધ અખંડ અભેદ ચીજ ! ઉસકા જબ આશ્રય કરતે હૈં તો વીતરાગી પર્યાયમેં આત્મા પૂર્ણાનંદ હૈ, એ દેખનેમેં પ્રતીતમેં આતા હૈ. દેખનેમેં આતા હૈ નામ પ્રતીતમેં સારા આત્મા હૈ એસા આયા, ભલે પ્રતીતમેં આત્મા આયા નહીં. આહાહા ! પણ શુદ્ધાત્મા હૈ એસા પર્યાયમેં જ્ઞાન આ ગયા, શુદ્ધાત્મા હૈ ઐસી પ્રતીતમેં શ્રદ્ધામેં સારા આત્મા આ ગયા, આત્મા આ ગયા નામ શુદ્ધાત્મા હૈ ઐસા કીતના ઐસી પ્રતીતિ આ ગઈ, શુદ્ધ આત્મા તો શુદ્ધાત્મામેં રહા. આહાહાહા ! બહુ માર્ગ ઝીણો બાપુ ! આહાહા ! ( શ્રોતાઃ- આપ ચોખ્ખો કરીને સમજાવો છો ) આવી તો વાત નીકળે છે. નીકળે છે જોવોને અંદરથી આવે છે વાત. આહા ! ઓલા બિચારા ન આવ્યા અત્યારે, મોડા આવશે. ઓલા આવવાના છે ને ચોકઠાવાળા ? નસીબ હોય એને કાને પડે એવી વાત છે, આ તો. આહાહાહા !

" સપદિ ઇક્ષન્તે એવ " જેણે જેણે જૈનસ્વરૂપ ભગવાન ઈસકા આશ્રય લિયા તો પર્યાયમેં સારા આત્મા તત્કાળ દેખનેમેં આતા હૈ, પર્યાયમેં સારા આત્મા કિતના કેવડા પૂર્ણ હૈ, ઉસકા જ્ઞાન હો જાતા હૈ. એ પર્યાયમેં ઉસકો દેખતે હૈ. આહાહા ! પર્યાયમેં દેખતે હૈ. ઉસકા અર્થ ? વીતરાગી પર્યાયમેં વીતરાગસ્વરૂપ એસા હૈ એસા જ્ઞાનમેં આયા. એસા પ્રતીતમેં આયા. આહાહા ! વસ્તુ તો વસ્તુમેં રહી, પણ પર્યાય જો ઉસકે આશ્રયસે પ્રગટ કિયા એ પર્યાયમેં સારા ભગવાન શુદ્ધાત્મા એ વીતરાગ સ્વરૂપ હૈ. ઐસી વીતરાગી સમ્યગ્જ્ઞાનમેં, વીતરાગી આ સ્વરૂપ હૈ ઐસા ખ્યાલમેં આ ગયા. આહાહા ! ગજબ વાત હૈ.

હવે આ સમયસાર કોઈ કહે વાંચી ગયો, બાપા ! ભગવાન ! એ શું છે બાપુ ! આહાહા ! " ઉસ સમયસારરૂપ શુદ્ધાત્મા નવિન ઉત્પન્ન નહિ હુઆ " દેખનેમેં આયા એ કાંઈ નયા નહિં હૈ. દેખનેમેં આયા એ વખતે એમ લાગે કે આ તો નયા ! વસ્તુ તો હૈ યે હૈ ! એ વખતે દેખનેમેં આયા ! પણ દેખનેમેં આઈ ચીજ કોઈ નવી નહીં હૈ. પર્યાય, વીતરાગી પર્યાયમેં દેખનેમેં આયા. એ વીતરાગી પર્યાય નયી હૈ. પણ વો દેખનેમેં આયા વો ચીજ કાંઈ નયી નહિ હૈ. અનાદિકી હૈ. આહાહા ! કિન્તુ પહેલે કર્મસે અચ્છાદિત થા. રાગની એકતા બુદ્ધિસે આચ્છાદિત થા. જો સો પ્રગટ વ્યક્તિરૂપ હો ગયા. ઔર વહ સર્વથા એકાંતરૂપ કુનયના પક્ષથી ( વ્યક્તિરૂપ ) ખંડિત નહીં હોતા નિર્બાધ છે. કુનયસે ખંડિત કરે તોયે એ ખંડિત નહિ હોતા એસી વો ચીજ હૈ.

– પ્રમાણ વચન ગુરુદેવ.

* * *

## પ્રવચન નં. ૫૧ શ્લોક-૪ તા.૪-૮-૭૮ શુક્રવાર, શ્રાવણ સુદ-૧ સં. ૨૫૦૪

કળશ ફરીને લઈએ કાલે હિન્દી હતું ને, આજે ગુજરાતી ( લઈએ ). નિશ્ચય અને વ્યવહાર એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે. છે ? ( શ્રોતાઃ– આમાં લખ્યું છે પણ અમને સમજાતું નથી. ) હજી તો અર્થ ક્યાં કર્યો છે ? પણ હજી આ તો ભાઈને કીધું. ત્યાં પુસ્તકમાં પાનું છે કે નહિ એટલું. અર્થ કર્યો નથી હજી. આહાહા ! શું કહે છે ? " નિશ્ચય ને વ્યવહાર બે નયોનાં વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે. એ વિરોધને નાશ કરનારું સ્યાદ્પદથી ચિહ્નિત્ જિન ભગવાનનું વચન તેમાં જે પુરૂષો રમે છે " હવે ત્યાં સુધીનો અર્થ. કે જિનવચનમાં મૂળ તો જિનસ્વરૂપ જે વસ્તુ છે. આત્માનું જિન સ્વરૂપ જ છે. ( શ્રોતાઃ– તો કાં દેખાતું નથી. )

એ, એ વાત ચાલે છે. દેખે તે પર્યાય વીતરાગી છે. એ વીતરાગી પર્યાય છે એ વ્યવહાર છે, અને ત્રિકાળી જિનસ્વરૂપ છે તે નિશ્ચય છે. જૈનધર્મ કોઈ પક્ષ નથી જૈનધર્મ એ વસ્તુનું સ્વરૂપ છે. એટલે કે એ જિનસ્વરૂપ જ આત્મા–વીતરાગ સ્વરૂપ જ છે. બીજી ભાષાએ કહીએ તો આત્મા મુક્ત સ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? મુક્ત સ્વરૂપ છે તો એમ કહીએ તો એ નિર્વાણ સ્વરૂપ જ છે. આહાહા ! ઝીણી વાત છે ! આ કોઈ દિ ' સાંભળી નથી કાંઈ બહાર. આહાહા !

અનાદિ અનંત તીર્થંકરો અનંત કેવળીઓ અનંત સંતો થયા છે અને થશે એ આ આત્મા જિનસ્વરૂપ છે. તેનો અનુભવ કરવો એ જૈન શાસન માર્ગ છે. એ જૈનધર્મ છે, પણ અનુભવ કરવો એ પર્યાય છે. અને ત્રિકાળી સ્વરૂપ તે જિન છે. પર્યાય એટલે અવસ્થા, હાલત, વર્તમાન દશા અને વસ્તુ ત્રિકાળ–ત્રિકાળ, એ ત્રિકાળ જે વસ્તુ છે. એ વીતરાગ સ્વરૂપ જ છે. મુક્ત સ્વરૂપ જ છે. આહાહાહા ! એ વીતરાગ સ્વભાવ સ્વરૂપ જ આત્મા છે. બધા ભગવાન આત્મા હોં ! આહાહા !

એ વીતરાગ સ્વરૂપ છે આત્મા, એનો અનુભવ કરવો એ પર્યાય થઈ, તો સ્યાત્ આત્મા નિત્ય છે, સ્યાત્ આત્મા અનિત્ય છે, આ અપેક્ષાએ. કેમકે જે ત્રિકાળી ચીજ છે જિનસ્વરૂપ, વીતરાગ સ્વરૂપ, ભગવત્ સ્વરૂપ, મુક્ત સ્વરૂપ એ જિનસ્વરૂપ. એનો આશ્રય લઈને જે અનુભૂતિનો વીતરાગ પર્યાય પ્રગટ થાય, તે અનિત્ય છે, ક્ષણિક છે, અવસ્થા છે. તો સ્યાત્ પદ કરી કથંચિત્ ત્રિકાળી નિત્ય છે. અને પર્યાયની અપેક્ષાએ તે અનિત્ય છે. સમજાય છે કાંઈ ? આહાહા ! જૈનધર્મ એટલે સર્વવ્યાપક એટલે એ જિનસ્વરૂપ જ ભગવાન આત્મા, એ તો કહ્યું 'તું ને ' ઘટ ઘટ અંતર જિન વસે. ' જિનસ્વરૂપ જ પ્રભુ છે. વીતરાગ સ્વરૂપ જ છે. આહાહા ! એ નિત્ય છે. અને એનો અનુભવ કરવો એ અનિત્ય છે. તો સ્યાત્ નિત્ય ને સ્યાત્ અનિત્ય એ રીતે કહે છે. છતાં એ નાશ કરનારો સ્યાત્ છે.

' જિનવચંસિ રમંતે ' હવે જિન વચનમાં રમે એટલે શું ? જિનવચનમાં કહેલું જિનસ્વરૂપ જે આત્મા એમાં જે રમે, રમે એ પર્યાય થઈ, ત્રિકાળી સ્વરૂપ તે નિત્ય થયું, આહાહાહા ! અને જે ત્રિકાળી સ્વરૂપ છે, માર્ગ બાપા જુદી જાત છે. આ જૈનધર્મ કોઈ પક્ષ નથી કોઈ વાડો નથી. એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. ભગવાન આત્મા ! આહાહા ! મુક્ત જિનસ્વરૂપે બિરાજમાન છે,

એનો અનુભવ કરવો એને અનુભવ કરવામાં રાગ ને નિમિત્તની અપેક્ષા છે જ નહિં કોઈ, કે આવો એને વ્યવહાર હોય તો અનુભવ થાય. દેવીલાલજી ! આહાહા !

કેમકે જે વીતરાગ સ્વરૂપ છે, એમાં અકાર્યકારણ નામનો ગુણ વીતરાગ સ્વભાવે પડયો છે. શું કહ્યું ઈ ? જિનસ્વરૂપ ભગવાન આત્મા, એમાં એક અકાર્યકારણ નામનો વીતરાગી સ્વભાવ ગુણ પડયો છે. માટે તેના વીતરાગ સ્વભાવને ચૈતન્યના ત્રિકાળી સ્વભાવને, આહાહાહા ! અનુભવ કરવામાં વીતરાગપણાની પર્યાય પ્રગટ કરવામાં જિનસ્વરૂપ છે તેની અપેક્ષા ભલે હો, નિમિત્ત તરીકે લક્ષ તરીકે પણ એને કોઈ કારણ વ્યવહાર આવો હોય તો એ નિશ્ચયે અનુભવ થાય, એવું એના સ્વરૂપમાં નથી. તેથી તેની પર્યાયમાં પણ એવું નથી. શું કહ્યું ઈ ? આહાહા !

જૈન વસ્તુ છે એ સ્વરૂપ જૈન છે જિન છે. હવે એ જિન જૈન થાય ત્યારે એ જિનનો અનુભવ કરે, ત્યારે જૈન થાય. જયસુખભાઈ ! લોજીકથી તો વાત ચાલે છે પણ હવે શું થાય ? અરે માર્ગ પ્રભુનો ! આહાહા ! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ થયાં છે ને થશે એનો એક પ્રકાર આ છે. કે બે નય એટલે ? ત્રિકાળી ચીજ છે એ વીતરાગ સ્વરૂપ છે. એનો અનુભવ કરવો એ પર્યાય સ્વરૂપ છે. એ પર્યાય એ પણ વીતરાગ સ્વરૂપ છે. એ વીતરાગ સ્વરૂપની પર્યાયને પરના કારણની અપેક્ષા નથી, કે વ્યવહાર આવો હોય તો એનાથી થાય એ વાત જ તદ્દન જુઠી છે. આહાહાહા !

એનો વ્યવહાર પર્યાય કેમ પ્રગટે નિર્મળ કે ત્રિકાળી જિનસ્વરૂપ છે એનો દૃષ્ટિમાં જ્યાં સ્વીકાર થાય ત્યારે જ્ઞાનમાં એનો અનુભવ થાય, એ અનુભવ પર્યાય છે, અને એ વીતરાગી પર્યાય છે. એક વાત, અને તેનાં જિનસ્વરૂપમાં અકાર્યકારણ નામનો એક ગુણ છે, એ વીતરાગી ગુણ છે. અકાર્યકારણ નામનો એક ગુણ છે આત્મામાં એ વીતરાગી ગુણ છે. આહાહા ! એ વીતરાગી ગુણને, ગુણનો આશ્રય છે દ્રવ્ય. પણ એ દ્રવ્યનો આશ્રય કરતાં, એમાં ગુણનું અકાર્ય કારણપણું પણ પર્યાયમાં આવી જાય છે. એની જે પર્યાય વીતરાગી છે એને વ્યવહાર કારણ ને નિર્વિકારી પર્યાય કાર્ય, એવો પર્યાયનો સ્વભાવ નથી. આહાહાહા ! આ બધાં પ્રશ્નો હતાં ને, પહેલું આવું હોય ને આવું હોય આવો વિકલ્પ હોય કે એ બધી વાતું. આહાહાહા !

જેમ એ જિનસ્વરૂપ પ્રભુ છે એને કોઈ અપેક્ષા નથી કોઈ એનો કર્તા છે કે આનાથી બન્યો છે કે આ કાળે થયો છે એમ છે કોઈ ? વસ્તુ જે છે ભગવાન ! જિનસ્વરૂપી પરમેશ્વર સ્વરૂપ એને કોઈ અપેક્ષા નથી એ તો છે છે ને છે. આહાહા ! એવા પરમેશ્વર સ્વરૂપનો આશ્રય લઈને એટલે કે તેના તરફ લક્ષ કરીને જે પર્યાય પ્રગટ થાય, વીતરાગી પર્યાય, સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય છે, સમ્યગ્જ્ઞાન એ વીતરાગી જ્ઞાન છે. અને તેમાં સ્વરૂપની સ્થિરતા એ વીતરાગી આચરણ છે. આહાહાહા ! એ પર્યાયમાં પણ અકાર્યકારણ ગુણનો પર્યાય આવ્યો એ પર્યાયને રાગનું કારણ ને પર્યાય કાર્ય એવું પર્યાયનું સ્વરૂપ નથી. દ્રવ્યનું સ્વરૂપ તો નથી. આહાહાહા ! ગજબ વાત છે. લોકોને વ્યવહારથી થાય ને નિમિત્તથી બાપુ એ જૈનધર્મ જ નથી. એ જૈનધર્મને જાણતા જ નથી. આહાહા !

વ્યવહાર હો એ તો જણાવવા માટે હો, પણ એ તો જાણવાની પર્યાય જે સ્વને આશ્રયે પ્રગટ થઈ એ જાણવાની પર્યાયમાં સ્વપરપ્રકાશપણું પોતાથી પ્રગટ થાય છે, એમાં એ રાગાદિ હોય એ જાણે, પણ એ કોઈ ચીજ આદરણીય છે કે એનાથી આ પર્યાય પ્રગટી છે એવું છે નહીં. આહાહાહા ! સમજાણું કાંઈ ?

એ કહે છે, કે જે જિન ભગવાનનું વચન એટલે કે જિન ભગવાનનુ વચનમાં જિનસ્વરૂપ છે તે આદરણીય છે એમ બતાવ્યું. જિનવચનમાં જે વસ્તુ ત્રિકાળ છે, કેમ ? કે એને આદરણીય બતાવ્યું એમાં બેય આવી ગયા એક તો ત્રિકાળી વસ્તુ આવી અને આદર કરવો એ પર્યાય પણ આવી ગઈ. આહાહા ! પણ એ જેને આદર કરવો છે, એ જિનસ્વરૂપ એ વીતરાગ સ્વરૂપ છે. આહાહા ! એથી એમાં પર્યાયમાં પણ વીતરાગતા જ પ્રગટ થાય. આ જૈન ધર્મનું અનાદિ સ્વરૂપ– રૂપ છે. એમાં આડું અવળું કાંઈ કરવા જાય તો એ જૈનધર્મ નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ? એ પર્યાય જે છે ને નહોતી તે પ્રગટી, વસ્તુ તો છે ત્રિકાળ, મુક્ત સ્વરૂપ જ છે. આવે છે ને મુક્ત એવ વસ્તુ મુક્ત કહો, સિદ્ધ સ્વરૂપ કહો, નિર્વાણ સ્વરૂપ કહો, મોક્ષ સ્વરૂપ કહો; વીતરાગ સ્વરૂપ કહો, પરમાનંદની શક્તિનો સાગર એકલો કહો. આહાહા ! એવો જે ભગવાન આત્મા એ જિનસ્વરૂપે છે. આહાહાહા ! ગજબ વાત કરે છે.

એની ભાષા વીતરાગ તો જુઓ, આહા ! એની વાણીમાં જિનવચનમાં રમવું એટલે કાંઈ વાણીમાં રમવું નથી. શબ્દ તો એ આંહી છે. ' જિનવચંસિ રમંતે ' પણ જિનવચનમાં જિનસ્વરૂપ જે છે ભગવાન આત્મા તે આદરણીય છે, ઉપાદેય છે એમ જિનવચનમાં કહ્યું છે. એમાં રાગાદિ આવે એ આદરણીય છે, નિમિત્ત આદરણીય છે એમ જિનવચનમાં નથી. આહાહા ! સમજાણું કાંઈ ? તેમ એના વસ્તુના સ્વરૂપમાં નથી. જિનવચન કહે છે એ કાંઈ અમથું કહે છે ? વસ્તુ સ્વરૂપ જ એવું છે કે વીતરાગમૂર્તિ પોતે પરની કોઈ અપેક્ષા વિના એ ચીજ અનાદિ અનંત શાશ્વત છે. એની અપેક્ષા કરીને જે કાંઈ પર્યાય પ્રગટ થાય એને ભલે આની અપેક્ષા ગણો દ્રવ્યની પણ પરની કોઈ અપેક્ષા જ નથી એને. આહાહાહાહા ! વસ્તુ તો આ છે સમજાણું કાંઈ ? આહાહાહા !

જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી, વાડો નથી, કે ભાઈ અમે જૈન છીએ અને તમે અન્ય છો ને. આહાહાહા ! જૈન સ્વરૂપી ભગવાન છે, તેને ઉપાદેય તરીકે જાણીને પર્યાયમાં વીતરાગતા પ્રગટ કરવી, આહાહા ! એ જૈનધર્મ ! જિનસ્વરૂપ વસ્તુ ! આમાં ક્યાંય મળે એવું નથી ત્યાં દવાખાના ને દાકતરને. આહાહા ! વસ્તુ તો જુઓ. આહાહા ! ભગવાન ' જિન સોહિ યે આત્મા, અન્ય સોહિયે કર્મ, કર્મ કટે જિનવચનસે ' એમ શ્રીમદ્ કહ્યું. વચનસો શબ્દે નામ ભાવ, જે સ્વરૂપ છે જૈન વીતરાગ અકષાય સ્વરૂપની મુર્તિ પ્રભુ છે. એને... આશ્રયે વીતરાગતા થાય, તે વીતરાગતા કર્મનો નાશ કરે, એ પણ વ્યવહાર છે. નાશ કરે છે એ. આહાહાહા ! સમજાણું કાંઈ ? ( શ્રોતાઃ– કઠણ કહો અને પછી પૂછો કે સમજાણું કાંઈ ) પણ હળવે હળવે તો કહીએ છીએ આમાં કાંઈ પણ વસ્તુ જ આવી છે ત્યાં બીજું શું ? આહાહા ! જિનબિંબ છે આત્મા. ઓલામાં આવે છે ને ભાઈ ! જિનબિંબનાં દર્શનથી નિધ્ધત અને નિકાચીત કર્મ ટળે બાપુ ! આહાહા ! ( ધવલમાં ) ધવલમાં આહાહા ! એ તો નિમિત્તનું કથન છે. જિનબિંબ આત્મા પ્રભુ છે ! ભાઈ ! આત્મા શું છે, એ

વીતરાગી ગુણોનો પિંડ પ્રભુ ! વિતરાગી બિંબ છે ઈ ! એ વસ્તુનું સ્વરૂપ આ છે. જૈનધર્મ કોઈ આ છે ને ફલાણું આ, એ જૈનધર્મ એટલે જ આ. આહાહા !

વસ્તુ જે વીતરાગી બિંબ છે પ્રભુ દ્રવ્ય, એને આશ્રયે નિધ્ધત ને નિકાચીત કર્મનો નાશ તો એને કારણે થાય. પણ આ નિમિત્ત છે, એમ કહેવાય ત્યાં. આહાહાહા ! નિમિત્ત કાંઈ કરતું નથી નાશ કરવામાં. આહાહા ! અરે આવો માર્ગ ! સાંભળવા મળે નહિ. જૈન પરમેશ્વર ત્રિલોકનાથ અનંત-અનંત તીર્થંકરોનો આ અવાજ છે. આ દિવ્ય ધ્વનિનો અવાજ આ છે. ભાઈ ! તારે હિત કરવું હોય, દુઃખી તો થઈ જ રહ્યો છે બાપુ ! આહાહા ! પરના લક્ષવાળા પુણ્ય ને પાપના ભાવ વિકારી એ તો દુઃખી થઈ જ રહ્યો છે, પરના લક્ષવાળા. આહાહા ! સ્વના લક્ષવાળા ભાવ તો વીતરાગી થાય અને પરના લક્ષવાળા તે બધાં રાગી ભાવ, રાગ ભાવ થાય. સમજાણું કાંઈ ?

ચાહે તો ત્રણલોકનો નાથ તીર્થંકર હોય તો એમ કહે છે કે મારે લક્ષે તો તને રાગ થાય પ્રભુ, કેમકે અમે પર છીએ અને તારે લક્ષે તું " સ્વ " છો, ' જિનસ્વરૂપ ' છો. તો તારે લક્ષે તને વીતરાગતા થશે. અને એ વીતરાગતાની પર્યાયમાં દ્રવ્યનો જે અકાર્યકારણ નામનો વીતરાગી ગુણ છે એનો પર્યાય આવ્યો, અનંતગુણ વ્યક્ત થયા ને ? આહાહાહાહા ! એથી એની વીતરાગી સમ્યગ્દર્શન જ્ઞાનની જે પર્યાય તેને કોઈ કાર્ય રાગનું કાર્ય, રાગ કારણ ને નિર્મળ કાર્ય, છે નહીં, કેમકે એ પર્યાય પોતે જ બીજાના કારણ વિના થયેલી અને બીજાનું કાર્ય કરનારી એ પર્યાય નથી. આહાહાહા ! એટલે શું ? આહાહાહા !

એ જે જિનસ્વરૂપ ભગવાન આત્મા ! આ ' જિનવચંસિ રમંતે 'માં શું છે ? આહા ! ભગવાને તો એ કહ્યું છે, કે જે કાંઈ પર્યાય ને દ્રવ્ય બેય છે પણ હવે જે દ્રવ્ય જે છે ત્રિકાળી તે ઉપાદેય છે શેમાં ? કે પર્યાયમાં. એટલે બેય સિદ્ધ થઈ ગયું. આહાહા ! જૈનધર્મ એ તો અનાદિ સનાતન સત્ય છે. આહાહાહા ! સમજાય છે કાંઈ ? અને બીજામાં પણ ક્યાંક જો છાંય આવી હોય તો આ ભગવાનની આવી છે. કોઈ કોઈ વાત ઉપનિષદ્‌માં ને બૌદ્ધમાં ને ફલાણામાં ને ઢીકણામાંને આ તો. આહાહા ! પરમ સત્ય સૂર્ય પ્રભુ ! એવો જે ભગવાન આત્મા ! એના ગુણો અનંત છે, પણ એક એનો ગુણનો ગુણ શું ? એ ગુણ અકાર્યકારણ છે એનો ગુણનો ગુણ શું ? કે પર્યાયમાં વીતરાગતા થવામાં એ ગુણનો ગુણ એ છે કે પર કારણની અપેક્ષા છે જ નહીં. આહાહાહા ! મોહનલાલજી ! ન્યાં ક્યાંય સંભળાય એવું નથી ન્યાં કલકતામાં કાંઈ ન મળે. એ તો એણે કહ્યું 'તું પહેલે દિ '. આવો માર્ગ વીતરાગનો બાપા. આહાહાહા !

શ્રોતાઃ- પર તો કારણ નથી પણ ઉપાદાન કારણ ત્રણ છે.

એક જ કારણ છે, આ ત્રિકાળી દ્રવ્ય ત્રિકાળી, વર્તમાન પર્યાયેય નહિ, અહીંયા તો, ત્રિકાળી ઉપાદાન એક જ ધ્રુવ, એને આદર કરતા જે ઉપાદાન પર્યાય થાય એને ભલે ઉપાદાન કહો નિમિત્તની અપેક્ષાએ, બાકી એ પર્યાય છે, એતો. આહાહા ! શું ભગવાનની શૈલી તો જુઓ. આહાહાહા ! જે ભગવાન આત્મા, અનંત ગુણનું એકરૂપ એમાં એક અકાર્યકારણનાં ગુણનું એકરૂપ, એથી એની પર્યાયમાં પણ, જીવનો અનુભવ કરવો, એ અનુભવ કરવામાં એને અનુભૂતિ માટે કોઈ વિકલ્પ ને કોઈ નિમિત્ત ને કોઈ રાગની અપેક્ષા છે જ નહિ. આહાહા ! આવું છે.

લોકોને નિશ્ચય નિશ્ચય લાગે પણ બાપુ વસ્તુ જ નિશ્ચય છે એમ નક્કી કરનાર, પર્યાય પણ ભેગી આવી જાય છે. આ જિનસ્વરૂપ છે એ જાણ્યું કોણે ? પર્યાય જાણે છે ને ? કે દ્રવ્ય જાણે છે ? આહાહા ! ભગવાન આત્મા પૂર્ણ વીતરાગી બિંબ પ્રભુ ! જિનબિંબ છે. ઇ એનાં જિનબિંબમાં અકાર્યકારણ નામનો એક ગુણ છે. જિનબિંબનો એ ગુણ છે. એ ગુણનો ગુણ કે સ્વને આશ્રયે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પર્યાય થાય, તે એક પર્યાયને કોઈ પરનાં કારણની અપેક્ષા નથી. એવો અકાર્યકારણ ગુણનો ગુણ છે. આહાહા ! બાપુ ! માર્ગ કોઈ અલૌકિક છે અને કોઈ આ વસ્તુ સિવાય ક્યાંય નથી. વીતરાગ માર્ગ સિવાય ક્યાંય માર્ગ છે જ નહીં વીતરાગ માર્ગ તો આ છે. આહાહા !

'જિનવચંસિ રમંતે'. એ તો અર્થમાંય એમ કહ્યું છે. જુઓ આવા જિનવચનમાં અપૂર્વ રમણ કરે. નયને ગૌણ કરી વ્યવહાર કહે છે એમ, અર્થમાં છે. દ્રવ્યાર્થિક અશુદ્ધ દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક એમ કીધું. એને ગૌણ કરી તેને વ્યવહાર કહે છે. આવા જિનવચનમાં રમે છે. જોયું ? અંદર ભાવાર્થમાં. આહાહા ! શ્લોક હજી ગજબ છે. આહાહા !

આ તો સવારમાં યાદ એવું આવી ગયું છે. ઓલું આવે છે ને ? અમદાવાદનું શુક્રવાર શોભા ભલી આઠે ટાણે થાય. ચઢતે પોરે ચોકમાં ભલી બજાર ભરાય, આવે છે ને ? નિશાળમાં આવતું નિશાળમાં નિશાળમાં પહેલા આવતું હતું. આ શુક્રવાર છે આજ. લ્યો ઠીક એ વાત સાચી. શુક્રવારના ડાળીયા નથી અમથા કહેતા, ડાળીયા થયા કાંઈ ? આ વાણીયા વેપાર બેપાર કરે છે. શુક્રવાર થયો એમ કહે. શુક્રવાર કાંઈ થયો ? શુક્રવાર એટલે ડાળીયા થયાં ક્યાંય, ધૂળમાંય નથી. એ ડાળીયા, સાંભળને માળા ઝેરનાં કટકાઓ છે ત્યાં તો. આહાહા !

આત્મામાં વીર્ય છે અનંત શુક્ર, વીર્ય આત્મામાં છે શુક્ર આત્મામાં અનંતગુણ છે. એમાં એક વીર્ય નામનો ગુણ છે. તો એ વીર્યગુણ પણ બીજાગુણની અપેક્ષાથી છે એમેય નથી. એ ગુણનો આશ્રય દ્રવ્ય છે. તો જેણે દ્રવ્યનો આશ્રય લીધો એ જૈનધર્મ, એ જૈન સ્વરૂપ એનો આશ્રય લીધો, એ જૈનધર્મ. એ જૈનધર્મમાં એનું જે વીર્ય છે શુક્ર વીર્ય, એણે સ્વરૂપની રચના કરી. એ સ્વરૂપની રચનામાં પરની કોઈ અપેક્ષા નથી. સમજાણું કાંઈ ? આહાહા !

ખંડવા બંડવામાં આમાં કાંઈ નથી ન્યાં ખંડાઈ જાય એવું છે. આહાહા ! જુઓ તો ખરાં પ્રભુની વાણી તો જુઓ. આહાહા ! એ વાણીમાં દ્રવ્ય ને પર્યાય બેય આવ્યા. કઈ રીતે ? કે જિન સ્વરૂપમાં રમવું, જિનસ્વરૂપ છે તેને ઉપાદેય કરવું, એમ વીતરાગની વાણીમાં આવ્યું, ત્યાં બેય આવી ગ્યું. ત્રિકાળી ભગવાનને ઉપાદેય કર્યો એ પર્યાયે, એટલે પર્યાય પણ આવી ગઈ. આહાહા ! અને તે પર્યાયને રચનામાં વીર્ય નામનો ગુણ છે તે સ્વરૂપની રચના વીર્ય કરે છે. એ પરિણતિને રાગ રચનાર વ્યવહાર કષાયની મંદતાનો ક્રિયા અશુભ ટાળીને શુભ કર્યું, માટે એને આ પર્યાય થઈ, ત્રણકાળમાં નથી. (શ્રોતાઃ–પહેલી કાંઈ તૈયારી કરવી પડતી હશે.) એક જ તૈયારી આ છે, બીજી તૈયારી નથી. રાગ વિનાનો ભગવાન છે ત્યાં દૃષ્ટિ કરવી એ એક જ ઉપાય છે. કોઈ બીજી અપેક્ષા છે જ નહિ. કેવો વિકલ્પ પહેલો હોય છે ? આહાહા ! ભગવાનની વાણીમાં એ આવ્યું, અનંત તીર્થંકરો થઈ ગયા, બિરાજમાન છે, થશે અનંત, એની વાણીમાં એ આવ્યું, વીતરાગ સ્વરૂપી પ્રભુ તારું સ્વરૂપ છે એ ઉપાદેય છે, એમ વાણીમાં

આવ્યું. એમ આવતા બેય નય આવી ગઈ. ત્રિકાળી છે તે નિશ્ચય, આહાહા ! અને પર્યાય પ્રગટી વીતરાગી તે વ્યવહાર. એને વ્યવહારના રાગની કોઈ અપેક્ષા છે જ નહિં. આહાહાહા ! સુજાનમલજી ! આહાહા ! આવું વસ્તુનું સ્વરૂપ જ છે. એ કોઈએ કર્યું છે એમ નથી. વસ્તુની સ્થિતિ જ એવી છે. આહાહા ! તો અહીં ઝઘડા આ વ્યવહારથી નિશ્ચય થાય એમ કહો તો અનેકાંત, નહિં તો એકાંત, પણ પ્રભુ ! સુન તો સહી તને અનેકાંત ને એકાંતની વાતુંની ખબર નથી ભાઈ ! આહાહા ! પોતાના દ્રવ્યને આશ્રયે થતી નિર્મળ પર્યાય એને પરની અપેક્ષા નથી ને સ્વની અપેક્ષા છે એ અનેકાંત છે. ત્રિકાળની અપેક્ષા છે પણ પરની અપેક્ષા નથી એ અનેકાંત છે. આહાહા ! એકલો વીતરાગભાવ ઘૂંટયો છે. હેં ? આહાહા ! સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય છે. સમ્યગ્જ્ઞાન એ વીતરાગી પર્યાય છે. સ્વરૂપ આચરણ અંદર સ્થિર થવું એ પણ વીતરાગી અનંતાનુબંધીના અભાવની વીતરાગી પર્યાય છે. આહાહાહા ! એને પણ ન્યાં મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો અભાવ થયો માટે આ પર્યાય થઈ એવી અપેક્ષા છે જ નહીં એને. છે જ નહીં. આહાહાહા ! સમજાણું કાંઈ ?

એથી એના વીર્ય ગુણને લ્યો અકાર્યકારણ નામના ગુણને લ્યો, એ બેય ગુણો છે, વીતરાગી સ્વરૂપ છે. જેમ પોતે જિનસ્વરૂપ છે તેના ગુણો પણ વીતરાગી સ્વરૂપ છે. આહાહાહા ! એનો આશ્રય લેવો, એ પર્યાય આશ્રય લે. એટલે દ્રવ્ય ને પર્યાય બેય સિદ્ધ થઈ ગયું. કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે. આહાહા ! અને અનિત્ય છે એ નિત્યનો નિર્ણય કરે છે. વીતરાગી પર્યાય જે અનિત્ય છે એ ત્રિકાળી નિત્ય દ્રવ્યનો નિર્ણય કરે છે. આહાહાહા ! નિર્ણય કરવો એ કાંઈ નિત્યમાં નથી. નિત્ય તો ત્રિકાળી એકરૂપ છે. આહાહાહા ! નિત્યનો આદર કર્યો ત્યાં જ પર્યાય થઈ ગઈ. આહાહાહા !

વીતરાગ માર્ગ બાપુ ક્યાંય છે નહિં. વીતરાગ સંપ્રદાયમાં અત્યારે ગોટા ઉઠયા છે. આહા ! મૂળની પહેલેથી ખબર ન મળે. આહાહા ! કહો બાબુભાઈ ! આવો માર્ગ છે. જિન ભગવાનનું વચન એમાં જે રમે છે એટલે આ. વાણીમાં એમ આવ્યું, પ્રભુ ! તું જિનસ્વરૂપ છો ને ! આહા ! અમે જિનસ્વરૂપી પર્યાય પ્રગટ કરી, પણ તું જિનસ્વરૂપ જ છો. કેમકે જિનસ્વરૂપી પર્યાય થઈ એ ક્યાંથી આવી ? જિનસ્વરૂપમાંથી આવે કે ક્યાંય રાગમાંથી કે પરમાંથી આવે ? આહાહા ! એથી એમ કહ્યું, એ વાણીમાં એમ આવ્યું કે જે જિનસ્વરૂપ છે પ્રભુ તારું એ ઉપાદેય છે. એ ભાઈએ એમ કહ્યું છે ને આ કળશ ટીકાકારે કળશ ટીકાકારે જિનવચનનો અર્થ જ એ કર્યો કે કાલ હાલ્યુ 'તું હિન્દીમાં. આહાહા ! ' જિનવચંસિ રમંતે ' એનો અર્થ ? જિનવચનમાં જે ત્રિકાળી જિનસ્વરૂપ ભગવાન એને આદરણીય ને ઉપાદેય કર્યો. એમાં રમવું એ જિનવચનમાં રમવું કહેવાય છે. આહાહા ! લોજીકથી ન્યાયથી પણ આ વાત સિદ્ધ થાય છે, પણ માણસને પોતાનો પક્ષ મુકવો નથી. તેથી કહ્યું 'ને એમાં " ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. " એ જિનને માને તે જૈન. એ જિન સ્વરૂપી વીતરાગી એને અનુભવે ને માને તે જૈન. એ ઘટ ઘટમાં જૈન છે એ બહારમાં કોઈ નથી. આહાહા ! હવે અમે જૈન છીએ સ્થાનકવાસી જૈન છીએ, દેરાવાસી જૈન હવે મુકને વાત પડતી બધી. આહાહા !

જૈન તો એને પરમેશ્વર એમ કહે, જિન સ્વરૂપી પ્રભુ તું તેનો આદર કર તે પર્યાયમાં ત્યારે

તું જૈન છો. જિનસ્વરૂપી તો હતું જ, પણ પર્યાયમાં તેં આદર કર્યો ’તો તું જૈન થઈ ગયો. જિનનો જૈન તું થઈ ગયો હવે. આહાહા ! અરે એ વાત હતી નહીં હોં, લોકો બિચારા ક્યાં ગયા હશે ? આહાહા ! અરેરે ! ભગવાન છે એ. આહાહા ! એક કૂતરો હમણાં રોતો હતો. તો લોકો એમ કહે છે ને એ જમડાને દેખે. એમાં શું ? એને એ જાતનો શોક આવી જાય છે. આહાહા ! રોતો ’તો ખૂબ રોતો હતો. અરે ! ભગવાન ! તું ભગવાન છો ને પ્રભુ ! આ શું છે તને આ. આહાહા ! અરે ! તને ખબર નથી તને. આહાહા ! આ અવાજ ને શરીરને એ કાંઈ તું નથી. આહાહા ! અહિંયા તો રાગનો વિકલ્પ એય આત્મા નથી. દયા–દાન–વ્રત–ભક્તિ–પૂજાનો વિકલ્પ ઊઠે, બ્રહ્મચર્ય પાળવાનો વિકલ્પ ઊઠે, એ પણ આત્માનો નથી. આહાહા ! કારણ કે વિકલ્પ રાગ છે ને આત્મા તો વીતરાગ જિનસ્વરૂપ છે. આહાહા ! વાણી બાપા વીતરાગની. આહાહા !

એ અકાર્યકારણ ગુણથી લ્યો, શુક્ર ગુણથી લ્યો, આહાહા ! કોઈ પણ ગુણ છે તેની પર્યાયનું કારણ તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ ? એકલો ગુણેય નહિ. ગુણ પરિણમે છે એમ નથી લીધું. ચિદ્‌વિલાસમાં આવ્યું ’તું ભાઈ ! દ્રવ્ય પરિણમે છે. આહાહા ! ચિદ્‌વિલાસમાં ! કાંઈ ગુણ જુદો છે ? દ્રવ્ય આખું દ્રવ્ય છે જિનસ્વરૂપી પ્રભુ ! એનો આદર કરતાં આખું દ્રવ્ય વીતરાગી પર્યાયપણે પરિણમે છે, હેં ! આહાહા ! સમજાણું કાંઈ ? સમજાય એટલું સમજો પ્રભુ ! અમૃતની વાણી વીતરાગની આ છે. આમાં કાંઈ ફેરફાર કરે તો કાંઈ હાલે એવું નથી. આહાહાહા !

એ જિન ભગવાનનું વચન તેમાં પુરુષો પ્રીતી સહિત અભ્યાસ કરે. એટલે રુચિ સહિત એમાં ઠરે અંદર. આહાહા ! આનંદનો સાગર ભગવાન એ આનંદ પણ જિનસ્વરૂપે છે, વીતરાગ સ્વરૂપી, વીતરાગી આનંદ છે. જ્ઞાન અંદર છે એ. વીતરાગી જ્ઞાન છે, આનંદેય વીતરાગી આનંદ છે. વીર્ય એય વીતરાગી વીર્ય છે. આહાહાહા ! અનંતા ગુણો વીતરાગી ગુણ સ્વરૂપ છે એ. એવા ભગવાનમાં જે કાંઈ રમે છે. એટલે ધ્રુવ છે એમાં રમવું, ધ્રુવ છે તો ધ્રુવ છે. દ્રવ્ય છે તો દ્રવ્ય છે. પણ એમાં જે રમે છે એ પર્યાય છે. આહાહા ! સ્વસન્મુખ થઈને તેમાં રમે છે. તે જિનવચનમાં રમે છે એમ કહેવામાં આવે છે. આહાહા ! રાગની ક્રિયાઓ કરીને માને છે કે અમે કાંઈ ત્યાગી થયા. સમકિતના ત્યાગી થયા, ધર્મના ત્યાગી થયા. આહાહાહા ! જેમાં રાગ નથી તેમાં રાગનો ત્યાગ કરવો એય વસ્તુમાં નથી. સમજાણું કાંઈ ? આહાહા ! જ્યાં સ્વરૂપમાં રાગ નથી હવે રાગનો ત્યાગ કરવો એ ક્યાં છે ? આહાહા !

એ કેમ કહ્યું પણ એ ? કેમકે જિનસ્વરૂપ પ્રભુ છે. એના આશ્રયથી તો વીતરાગતા થાય. આહાહા ! એને રાગ કરવો છે કે છોડવો છે, એ ક્યાં રહ્યું ? આહાહા ! જિનસ્વરૂપનો આશ્રય કરતા વીતરાગી ( પર્યાય ) થઈ એ રાગનો ઉદય છૂટી ગયો. એણે છોડયો નથી, છોડવો નથી, એમાં ક્યાં છે તે છોડવો છે ? એ આવ્યું છે ને ૩૪મી ગાથામાં, કે રાગનો ત્યાગ પણ પરમાર્થે આત્મામાં નથી. આહાહા ! આ તો જરી બહારનો ત્યાગ કરીને મેં ત્યાગ કર્યોને, મિથ્યાત્વનું પોષણ છે. આહાહાહા ! મિથ્યાત્વને દૃઢ કરે છે, અનંત સંસારને ગજબ વાતું બાપા ! માર્ગની રીત એવી છે. આહાહા ! અરે ! પુરુષો રમે છે એની વ્યાખ્યા કરી. સ્વરૂપ જે જિનસ્વરૂપ છે તેની રુચિ કરીને રુચિ અનુયાયી વીર્ય. જેની રુચિ થઈ ભગવાન પૂર્ણાનંદ હું છું, વીતરાગ સ્વરૂપ છું, એવી રુચિ થઈ તો એને અનુસારે એનું વીર્ય ત્યાં કામ કરે. આહા ! રાગમાં કામ ન કરે. આહાહા !

વ્યવહારને ઉપજાવે એ આત્મા નહિ. આહાહા ! રાગ છે એમાં ક્યાં રાગ હતો તે ઉપજાવે ? આહાહા ! પણ અહીંયા એમ કહ્યું છે કે જેણે જિનસ્વરૂપનો આશ્રય કરીને વીતરાગી પર્યાય પ્રગટ કરી, એને વ્યવહાર જાણેલો પ્રયોજનવાન એટલે ? કે તેની જ્ઞાનની પર્યાય જ એવી થઈ છે કે સ્વનું જ્ઞાન થતાં એ પર્યાય જ એવી પ્રગટી છે. કે સ્વને જાણે ને રાગને જાણે વ્યવહારથી, એવી જ પર્યાય પ્રગટી છે. રાગને કરે ને રાગથી થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી. એની પર્યાયના સ્વરૂપમાં નથી. આહાહાહા ! આવો માર્ગ છે. કહો, કાંતિભાઈ ! ત્યાં કાંઈ પ્લાસ્ટિકના ભૂકામાં આ કાંઈ વાત સાંભળવા મળે એવી નથી ન્યાં આ. આહાહા ! અરે ! જૈનધર્મને નામે લોકોએ તો કાંઈકનું કાંઈક કરી નાખ્યું છે. આહાહા ! પહેલો બાહ્ય ત્યાગ કરો થોડો આ છોડો, આ છોડો. ( શ્રોતા : ભૂમિકા સાફ કરે છે. ) ભૂમિકા સાફ કરે છે કે બગાડે છે ? ઝીણી વાત છે બાપુ ! બહુ વાત ! રાગનો ત્યાગ પણ આત્મામાં નથી. એની પર્યાયમાં રાગનો ત્યાગેય નથી. રાગનો ત્યાગ કહેવો એ પરમાર્થે નથી નામ માત્ર કથન છે. આહાહા !

સ્વરૂપ જ્યાં ચિદાનંદ જિનસ્વરૂપ છે, એનો આશ્રય લઈને જે વીતરાગતા થઈ, ત્યાં રાગની ઉત્પત્તિ તેટલી ન થઈ, તેણે રાગનો નાશ કર્યો એમ નિમિત્તથી કથન છે. આહાહા ! રાગનો ત્યાગ કર્યો એ નિમિત્તથી કથન છે. વસ્તુ એમ નથી. તો પરનો ત્યાગ તો છે જ ક્યાં આત્મામાં ? પરના ત્યાગ ગ્રહણ રહિત તો એનો ગુણ છે. શું કીધું ? આહાહા ! ત્યાગ ઉપાદાન ત્યાગ, ગ્રહવું અને છોડવું એક-એક રજકણનું, શરીરનું, વાણીનું, પૈસાનું કોઈ પણનું ગ્રહવું ને છોડવું એનાથી રહિત એનો ગુણ છે. હવે એ ગુણની પર્યાય પણ પરના ત્યાગ ને ગ્રહણ રહિત જ છે. શું કીધું ? સમજાણું કાંઈ ? આહાહા ! આ તો વીતરાગનો ધર્મ શું છે, એ વાત છે બાપા ! બાકી રખડવાના પંથ તો કરી રહ્યો છે એ આખો દિ ' ! ચારગતિમાં ક્યાં જઈને જશે, પડશે. આહાહા !

... શું કીધું ? કે રાગનો ત્યાગ કરવો ત્યાગ જીવે કર્યો પર્યાયે હોં ! આહાહાહા ! કેમકે રાગ સ્વરૂપમાં નથી, પછી સ્વરૂપમાં નથી એ રાગ ત્યાગે છે એ રહ્યું ક્યાં ? એ તો વીતરાગ સ્વરૂપ છે. આહાહા ! વીતરાગ સ્વરૂપનો આશ્રય લેતા તો વીતરાગી પર્યાય થાય બસ. આહાહા ! આ એની પર્યાય, એ પર્યાયે રાગનો ત્યાગ કર્યો એ પણ વસ્તુના સ્વરૂપમાં, પર્યાયમાં નથી એમ કહે છે. કેમકે એનાં ગુણમાં પણ વીતરાગતા છે, તો એની પર્યાયમાં વીતરાગતા આવી, રાગનો ત્યાગ એવો એમાં છે જ નહિ. આહાહા ! પંડિતજી ! આવી વાત છે.આહાહાહા ! જેનો ગુણ જ વીતરાગ છે એનાં ગુણના, ગુણની વીતરાગ પર્યાય થાય. એ રાગને કરે ? ને રાગને છોડે ? પરનો ત્યાગ ગ્રહણ તો નથી જ. આહાહા !

પરનો ત્યાગ કરીને લૂગડા છોડી નાખી ને દેખાવ કરવો કે અમે કાંઈક ત્યાગી છીએ. આ બહુ આકરી વાત છે બાપુ ! આહાહા ! વીતરાગ માર્ગને ઓળખવો કોઈ અપૂર્વ પ્રયત્ન જોઈએ બાપુ ! આહાહા ! એ કાંઈ લાડવા ખાવા નથી. આહાહા !

એ જ કહે છે જુઓ " પ્રચુર સહિત અભ્યાસ કરે છે. " એટલે કે વસ્તુની રુચિ સહિત અંદર એકાગ્રતાનો અભ્યાસ કરે છે. આહાહા ! વીતરાગ જિનસ્વરૂપની રુચિ કેમકે એ વીતરાગ મૂર્તિ જ જિનબિંબ છે પ્રભુ ! આહાહા ! એની રુચિપૂર્વક જે અંદરમાં અભ્યાસ કરે છે એકાગ્રતાનો, તે

પોતાની મેળાયે અન્ય કારણ વિના એ તો એને કારણ વિના મિથ્યાત્વનો તો એને કારણે નાશ થાય છે. એ મિથ્યાત્વની પ્રકૃત્તિનો એ વખતે નહિ ઉદય થવાનો અને નાશ થવાનો એની પ્રકૃત્તિનો સ્વભાવ છે. આહાહા ! અને મિથ્યાત્વ ભાવનો એ અહીં જ્યાં સમ્યક્ આશ્રય કર્યો ત્યાં મિથ્યાત્વભાવની ઉત્પતિ થઈ નહિ એ મિથ્યાત્વ ભાવનો ત્યાગ કર્યો એમ નિમિત્તથી કથન છે વ્યવહારથી. આહાહાહાહા !

" એ સ્વયં વાન્ત મોહા " એટલે કે રાગ એની મેળાએ છૂટી જાય છે. પ્રકૃત્તિ પણે એની મેળાયે છૂટી જાય છે એમ કહે છે. આહાહા ! સ્વયં છે ને ? આત્મા છોડે છે માટે છૂટી જાય છે એમ નથી. આહાહાહા ! ભગવાન આત્મા ! પોતાના જિનબિંબનો જ્યાં આશ્રય લીધો જિનબિંબ એવું સ્વરૂપ જે ભગવાન આત્માનું એના સમીપ ગયો ને આશ્રય લીધો ને અવલંબન લીધું. આહાહા ! એવી પર્યાયે રાગને વમી છે ને રાગ નાશ કર્યો છે એમેય નથી, એ તો એની મેળાયે જ નાશ થઈ જાય છે. એમ કહે છે. આહાહા !

" સ્વયં વાન્ત મોહાઃ " મોહનો મિથ્યાત્વનો પરિણામ અને સ્વયં એની મેળાયે ઉત્પન્ન થતાં નથી. પ્રકૃત્તિ તો એની મેળાયે નાશ થાય છે, એ તો પરમાણુ છે એને કાંઈ આત્માને સંબંધ નથી. આહાહા ! શુદ્ધ ચૈતન્ય દ્રવ્યનું જ્યાં અવલંબન લીધું, એને જ્યાં આશ્રય ને ઉપાદેય માન્યો, ત્યાં તે દૃષ્ટિમાં સમ્યક્ ચૈતન્યની દશા થઈ. ત્યાં તેને રાગનું છૂટવું એ રાગ એની મેળાએ છૂટી જાય છે. અને પ્રકૃત્તિ તો તેની મેળાયે જ ત્યાં નાશ થવાને યોગ્ય હતી તે નાશ થાય છે. એનું આ વીતરાગ પર્યાયનું નિમિત્ત, અને રાગનો નાશ થવો એ ઉપાદાન એનું, નિમિત્તે કાંઈ કર્યું નથી, એને નાશ કર્યો ( નથી ) એમ કહેવું છે. આહાહા ! આ નિમિત્તના ઝઘડા છે ને ? એટલું તો કબુલ્યું છે કે નિમિત્ત તો સોનગઢવાળા માને પણ એનાથી પરમાં થાય એમ નહિ. આહાહા ! અરે ! બાપુ ! સોનગઢવાળાની વાત નથી આ, આ તો વીતરાગના ઘરની વાતું છે. કહો, છોટાભાઈ ! આવો માર્ગ.

" સ્વયં વાન્ત મોહ " શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ભગવાન એનો જ્યાં આશ્રય લીધો, ઉપાદેય માન્યું એ માન્યતાની પર્યાય જ્યાં સ્વતંત્ર પ્રગટ થઈ, તે કાળે માન્યતાની પર્યાય ફક્ત નિમિત્ત, અને મિથ્યાત્વનો નાશ થવો એ એના કારણે, ઉપાદાનને કારણે અને પ્રકૃત્તિનો નાશ થવો એને કારણે. આહાહા ! ઘણું–ઘણું કળશો, કળશ છે આ તો બાપું ! આહાહા !

આ " અતિશયરૂપ પરમ જ્યોતિ " ભગવાન ચૈતન્ય જ્યોતિ ઝળહળ જિનબિંબ હતું. એનો આ અંદરમાં આશ્રય લીધો આદરણીય ત્યાં ચૈતન્ય જ્યોતિ પર્યાયમાં પ્રગટ થઈ, આ તો ચૈતન્યના પ્રકાશનું પૂર છે આત્મા તો બાપુ ! એમાં રાગેય નથી ને શરીરેય નથી ક્રિયા ક્રિયા એનામાં છે જ નહિ. આહાહા ! એને કર્મનો નાશ કરવો એ એનાં સ્વરૂપમાં નથી. આહાહા ! ઘાતી કર્મનો નાશ કરી ભગવાન કેવળ પામ્યા એમ આવેને ભાષા. આહાહા ! ભાવ ઘાતી કર્મનો નાશ કરવો એય સ્વરૂપમાં નથી, કારણ કે આ વીતરાગ મૂર્તિ પ્રભુ જ્યાં છે અને જ્યાં પર્યાયે એનો આશ્રય લીધો, ત્યારે વીતરાગી પર્યાય થઈ, એમાં રાગની પર્યાયનો વીતરાગી પર્યાયે નાશ કર્યો એમેય નથી, સ્વયં એની મેળાયે રાગ ને કર્મ નાશ થઈ જાય છે. આહાહા ! વિશેષ કહેવાશે.

–પ્રમાણ વચન ગુરુદેવ.

## પ્રવચન નં. ૫૨ શ્લોક-૪ તા. ૫-૮-૭૮ શનિવાર, શ્રાવણ સુદ-૨ સં. ૨૫૦૪

"ઉભયનય વિરોધ ધ્વંસિનિ" કહ્યું છે ને? એનો ખુલાસો કરે છે. જિનવચન વહ સ્વાદ્‌વાદરૂપ છે. અપેક્ષાએ કથન કરે છે. ખુલાસો આવશે હમણાં. જ્યાં બે નયોને વિષયનો વિરોધ છે કેમકે એક વસ્તુ ત્રિકાળ પણ છે અને એની પર્યાય પણ છે. એ વસ્તુનું સ્વરૂપ છે. પર્યાય છે એ વ્યવહારનયનો વિષય છે દ્રવ્ય છે એ નિશ્ચયનયનો વિષય છે. બેયનાં વિષયમાં વિરોધ છે, છતાં બેય નય છે. વિષયનો વિરોધ છે, છતાં બેય નય છે. કેમકે જે વસ્તુ નિત્ય પ્રભુ છે, આત્મા જિનસ્વરૂપે નિત્ય છે. એવા નિત્યનો નિર્ણય કરનાર ને ધ્યાન કરનારી પર્યાય, એ તો પર્યાય છે. સમજાણું કાંઈ? જે વસ્તુ નિત્ય છે, આ ભગવાન આત્મા જિનસ્વરૂપે નિત્ય છે. જિનસ્વરૂપ જ છે પોતે, એ નિત્ય છે પણ એ નિત્ય છે એનો નિર્ણય કરનાર કોણ? નિત્ય નિર્ણય કરે? એ પર્યાય નિર્ણય કરે, એ પર્યાય છે તે અનિત્ય છે. વસ્તુ પોતે નિત્ય છે. એટલે જિનવાણી આ રીતે બે નયોનો વિરોધ હોવા છતાં, તેનું સમાધાન કરે છે. અહીં તો આત્મા ઉપર ઉતારે છે ને અહીં આત્મા ઉપરની વાત છે ને? જિનવચનમાં રમંતિ.

જિનવચનમાં, દ્રવ્ય જે જિનસ્વરૂપી વીતરાગ મૂર્તિ પ્રભુ છે એ ઉપાદેય છે, તો ઉપાદેય છે એ તો પર્યાય થઈ ગઈ, આ ઉપાદેય છે એવો જે નિર્ણય એ તો પર્યાય થઈ ગઈ. ઉપાદેય વસ્તુ. સમજાય છે કાંઈ? જિનવચનમાં બે નયનો વિરોધ કરીને જે નિશ્ચય છે. તેને આદરણીય બતાવે છે, અને આદરણીય કરે છે કોણ? કે– પર્યાય. ઝીણો વિષય બાપુ! બહુ અલૌકિક વાત! એ જૈનધર્મ સિવાય ક્યાંય આ વાત હોઈ શકે જ નહિ. જે જિનસ્વરૂપી પ્રભુ છે! વીતરાગ બિંબ ચૈતન્ય છે! પણ એ વીતરાગ બિંબ છે, એ તો નિત્ય ને ધ્રુવ છે. હવે એ નિશ્ચયનયનો વિષય તો ધ્રુવ છે. ત્યારે એનો નિર્ણય કરનાર એ પર્યાય છે, એ પર્યાય છે, ન હોય તો તો એનો નિર્ણય કોણ કરે? નિત્ય અનિત્ય વસ્તુનું સ્વરૂપ જ છે. ભગવાને કાંઈ ધર્મ કહ્યો એ કાંઈ પક્ષથી કહ્યો નથી. એ તો જેવું વસ્તુનું સ્વરૂપ છે, તે રીતે એમણે જણાવ્યું. સમજાણું કાંઇ? આહા!

એટલે જે નિત્ય પ્રભુ છે ને એમાંય આવ્યું ને? ૪૭ ગાથા દ્રવ્યસંગ્રહ "દુવિયંપિ મોખ હેયુ જાણે પાહુડે નિયમા" આહાહા...! ગજબ વાત કરે છે ને? શું કહે છે એ. ભગવાન આત્મા જિનસ્વરૂપી જિનબિંબ જ પોતે પરમાત્મ સ્વરૂપ જ છે એ. આહા! એનું જે ધ્યાન કરે એટલે કે તે તરફની એકાગ્રતા કરે તે મોક્ષમાર્ગ, એ તો પર્યાય થઈ, વસ્તુ છે એનું જે ધ્યાન કરે એકાગ્રતા, એ તો નવી પર્યાય થઈ, એ ત્રિકાળી ચીજ ન રહી. વિષય એનો ત્રિકાળી. સમજાણું કાંઈ? આહાહા! "દુવિયંપિ મોખ હેયુ જાણે પાહુડે નિયમા" જૈનદર્શન જૈનસ્વરૂપ આત્મા એનું જે લક્ષ કરવું, એકાગ્રતા કરવી એ એનું ધ્યાન અને એ ધ્યાન એ પર્યાય છે. આહાહા! હવે અહીંયા મોક્ષમાર્ગ બે પ્રકારે કહ્યો. એટલે એક જ વસ્તુ તો નિશ્ચય મોક્ષમાર્ગ તે જ મોક્ષમાર્ગ છે. બીજો તો રાગ આદિ એને આરોપથી એને કથન કરી અને તે નિશ્ચય જે સમ્યગ્જ્ઞાન છે. એ ત્રિકાળી જિન સ્વરૂપને આશ્રયે થયેલું, ધ્રુવને આશ્રયે થયેલી જે પર્યાય એ પર્યાયમાં સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી, એ સ્વને જાણે અને રાગ બાકી રહ્યો છે અને વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો. પણ

એને એ જાણે એ જાણે એ એને જાણે, એવું એ પણ નહિ. ખરેખર એને જાણવાનું અને સ્વને જાણવાનું સ્વપરપ્રકાશક, સ્વયં સિદ્ધ પર્યાય હોવાથી તે વ્યવહારનયનો વિષય છે. આરે ! આરે ! આવી વાતું છે. ધનાલાલજી ! વસ્તુ જ આવી છે. અને જૈનધર્મ કોઈ પક્ષ વાડો નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહાહા !

જે જિનસ્વરૂપ છે પ્રભુ ! એનું ધ્યાન એટલે તેનો આશ્રય કરવો એ તો પર્યાય છે. એટલે પર્યાય છે અને એનો વિષય છે તે ત્રિકાળ છે. બે નયનો વિષય વિરોધ થઈ ગયો. સમજાણું કાંઈ ? છે ? બે નયોને વિષયનો વિરોધ છે. જેમ કે સત્‌રૂપ હોય તે અસત્‌રૂપ ન હોય. એમ લોકોને ખ્યાલમાં આવે છે. એ પર્યાય અપેક્ષાએ અસત્ છે, અસત્ નામ ત્રિકાળમાં એ નથી. આહાહાહા ! વસ્તુ તરીકે સત્‌રૂપ છે. જે સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન છે એ પર્યાય છે. પણ એનો વિષય છે તે ત્રિકાળી ધ્રુવ છે. જિનસ્વરૂપ છે, જેથી જિનસ્વરૂપનું ધ્યાન કરતાં અથવા તેમાં એકાગ્ર થતાં, એને વીતરાગી પર્યાય પ્રગટ થાય. એ વીતરાગી પર્યાય તે મોક્ષનો માર્ગ. આહાહાહા ! સમજાણું કાંઈ ?

વસ્તુ છે એ તો વીતરાગ સ્વરૂપ જ છે. હવે એના ઉપર લક્ષ ગયું, લક્ષ ગયું કોનું ? પર્યાયનું એટલે પર્યાય અને પર્યાયનો વિષય બે નય થઈ ગયા. આહાહાહાહા ! એક સત્‌રૂપ છે. તે જ અસત્‌રૂપ છે. પર્યાય અપેક્ષાએ તે સત નથી. દ્રવ્ય અપેક્ષાએ સત્ છે. આહાહાહા ! કઈ અપેક્ષાએ ? પર્યાય પર્યાયપણે સત્ છે, પણ ત્રિકાળની અપેક્ષાએ તે અસત્ છે. પોતે જ્યારે અવિનાશી છે, ત્યારે પર્યાય નાશવાન છે. સમજાણું કાંઈ ? ઝીણું બહુ છે આ ! બધી જીંદગી આ સમજ્યા વિના જાશે તો ફોકટ જાશે. આહાહાહા ! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવે સર્વજ્ઞ સ્વભાવી વસ્તુથી સર્વજ્ઞપણું પ્રગટ કર્યું. એ સર્વજ્ઞ સ્વભાવ એ તો નિત્ય છે, પણ પ્રગટ કર્યું તે અનિત્ય છે. ( શ્રોતા : એનું એ નિત્ય અને એનું એ અનિત્ય ) એનું એ અનિત્ય કયાં કીધું છે. એને આશ્રયે પ્રગટ કર્યું તે અનિત્ય છે એમ કીધું. સર્વજ્ઞ સ્વભાવ જે ત્રિકાળ છે. તે નિત્ય છે અને એને આશ્રયે પ્રગટ થયેલી પર્યાય સર્વજ્ઞ એ અનિત્ય છે. ( શ્રોતાઃ– એક સર્વજ્ઞમાં નિત્યપણું ને એજ સર્વજ્ઞમાં અનિત્યપણું ) એ જ કહે છે ને નયનો વિષય બાપુ !

વીતરાગ માર્ગ એવો છે કોઈ અલૌકિક અને એ સિવાય કોઈ ધર્મ છે જ નહિ ક્યાંય. કારણ કે વસ્તુની સ્થિતિ આ રીતે છે. દ્રવ્ય અને પર્યાય. અને એ રીતે જેના માર્ગમાં નથી. એમાં પર્યાયનો ધર્મ ધર્મીને ત્રિકાળને આશ્રયે થાય એમાં દ્રવ્યને પર્યાય બે વસ્તુરૂપ છે, એવું જેનામાં નથી, એને કોઈ ધર્મ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? આહાહા ! શુદ્ધભાવ અધિકારમાં નિયમસારમાં નથી આવ્યું કેવળજ્ઞાન નાશવાન છે. કેવળજ્ઞાન નાશવાન ! પર્યાય છે ને ? આહાહા ! એક અપેક્ષાએ પરદ્રવ્ય કહ્યું, પણ છે પરદ્રવ્ય પર્યાય. એ તો પરદ્રવ્ય કહ્યું કેમ ? કે જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય આવતી નથી. એમ ધર્મની પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી, એ દ્રવ્યમાંથી આવે છે. માટે સ્વદ્રવ્યને દ્રવ્ય કહી અને પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી, પરદ્રવ્યમાંથી જેમ નથી આવતી એમ પર્યાયમાંથી નથી આવતી, માટે પર્યાયને પરદ્રવ્ય કહ્યું, આહાહા.. ! આવો માર્ગ છે.

( શ્રોતા : આ વાત તો સાચી પણ ધર્મ કેમ થાય ? ) લ્યો આ શું હાલે છે. આ ?

કે ધર્મી જે જિનસ્વરૂપી પ્રભુ વસ્તુ ! એનો આશ્રય લેતા એટલે કે એનું ધ્યાન કરતાં એટલે કે એને લક્ષમાં લેતાં, જે પર્યાય પ્રગટ થાય તે ધર્મ છે. ( શ્રોતા : પણ પર્યાય અમારા ઘરમાં શબ્દ જ વપરાતો નથી. ) પર્યાય નથી વપરાતો શબ્દ ભગવાનના શાસનમાં તો ઘરે વપરાય છે ને અહીં.

( શ્રોતા : પૈસાને દ્રવ્ય કહ્યો છે. ) પૈસા ધૂળમાં ન્યાં ક્યાં ? પૈસામાંય તે પરમાણું છે તે નિત્ય છે. અને એની પર્યાય તે અનિત્ય છે. વસ્તુની સ્થિતિ એવી છે. એને અનિત્યથી નિત્યનો નિર્ણય કરવો એવું એનામાં છે નહીં. એ વસ્તુ છે નિત્યાનિત્ય, પણ આ તો નિત્યાનિત્યમાં, અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે. એથી એ અનિત્ય પણ વસ્તુ છે, ને નિત્ય પણ છે. ત્રિકાળને સત્ય કહીએ તો પર્યાયની અપેક્ષાએ તેને અસત્ય પણ કહેવામાં આવે. આહાહાહાહા ! આવી ચીજ છે. શું થાય ? વસ્તુનું સ્વરૂપ જ એવું છે, ભગવાને કાંઈ કર્યું નથી. જેવું છે એવું જાણીને કહ્યું છે. આહાહા ! એ સત્ હોય તે અસત્ ન હોય એમ લાગે, પણ ત્રિકાળ છે તે સત્ છે ને એક સમયની પર્યાય કાયમ રહેનારી નથી માટે અસત્ છે. આહાહાહા ! ભાવાર્થ છે ને ? ચોથા શ્લોકનો ! પાંચ તો હવે આવશે.

" એક હોય તે અનેક ન હોય " જોયું ? એમ લાગે પણ વસ્તુ તરીકે એક છે ને પર્યાય તરીકે અનેક છે. આહાહા ! એ અનેક ન હોય તો એકનો નિર્ણય કરે કોણ ? આહાહાહા ! પર્યાય અનેક છે. જ્ઞાનની દર્શનની આદિ અનેક છે, અને એ પર્યાય પોતે પણ એક સમયની બીજા સમયની એમ અનેક છે. એ અનેકપણું છે, તે પણ છે, તે વ્યવહારનયનો વિષય છે. અને એ અનેકે એકનો નિર્ણય કર્યો, એવો એક છે તે નિશ્ચયનયનો વિષય છે. આહાહા ! આવી વાતું છે બાપુ ! સમજાણું કાંઇ ?

( શ્રોતા : જરા કઠણ તો પડે. ) કઠણ તો પડે જેને અભ્યાસ ન હોય એને કઠણ પડે, પણ વસ્તુ તો આ છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્યાં. આવું ન હોય તો કોઈ રીતે સત્ ને અસત્ની, દ્રવ્ય ને પર્યાયની સિદ્ધિ થઈ શકશે જ નહિ. સમજાણું કાંઈ ? આહાહાહા ! આ ત્રિકાળ છે એ તો છે, પણ ત્રિકાળ છે એ જાણનારી પર્યાય છે કે જાણનારો ત્રિકાળી દ્રવ્ય છે ? આહાહાહા ! ત્રિકાળી ભગવાન આત્મા ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! એ સમ્યગ્દર્શનનો વિષય, પણ સમ્યગ્દર્શન છે એ અનિત્ય છે કે નિત્ય છે. પર્યાય છે કે દ્રવ્ય છે ? કાયમ રહેનારી છે કે એક સમય રહેનારી છે ? આહાહાહા ! સમજાણું કાંઈ ? આ તો મૂળ તત્ત્વનો પત્તો લેવાની વાત છે ભાઈ ! હેં ? આહાહા ! હેં ! આ શ્લોક વસ્તુનો છે. તેથી અહીં આ વસ્તુનું સ્વરૂપ છે. માટે આ બે નય લીધી ને ? અને તે ' વિરોધધ્વંસિની ' એમ કહ્યુંને. જો મૂળ શ્લોક છે જુઓ ચોથો. " ઉભયનયવિરોધ ધ્વંસિનિ સ્યાત્પદાંકે જિનવચંસિ રમન્તે " આહાહાહા !

જિનવચનમાં દ્રવ્ય ને પર્યાય વસ્તુનું સ્વરૂપ છે એવું જિનવચનમાં બે નયનો વિષય બતાવ્યો. આમ વિરોધ છે એક ત્રિકાળ રહેનાર છે. એક, એક સમયની પર્યાય છે. એક અવિનાશી છે ત્યારે એક નાશવાન છે એ રીતે વિરોધ હોવા છતાં, વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ ? આહાહાહા ! એ પર્યાયને, અરે ! મોક્ષનો માર્ગ જે છે, એ પર્યાય છે, અને એનો વિષય છે એ દ્રવ્ય ત્રિકાળી છે એ ત્રિકાળી છે તો એકરૂપ ભગવાન જિનસ્વરૂપે એકરૂપ છે. અને જિન

સ્વરૂપનો આશ્રય લઈ, એનું ધ્યાન કરી, એને ધ્યેય બનાવી, જેણે પર્યાય પ્રગટ કરી છે, એવી પર્યાય તે વીતરાગી પર્યાય છે, એ વીતરાગી પર્યાય તે મોક્ષનો માર્ગ છે. એ મોક્ષનો માર્ગ તે પર્યાય છે અને એનો વિષય છે તે ત્રિકાળી ધ્રુવ છે. આહાહાહાહા ! શું થાય ? અત્યારે તો ગડબડ બહુ થઈ ગઈ ને ઘણી, એટલે આ વાત પકડવી એને કઠણ પડે ( છે ). હેં ? આહાહા ! અભ્યાસ ન મળે એક તો ઓલામાં લખ્યું છે. ઓલાએ અત્યારે વાણીયાને વ્યવસાયવાળાને જૈનધર્મ હાથ આવી ગયો. ભાઈ ! હેં ? આહાહા ! વાણીયા એકલા આખો દિ ’ વ્યવસાય ધૂળ આ ને આ ને આ વિકલ્પો કર્યા જ કરે. પરનું કરે નહિં. આહાહા ! વાણીયાને ( જૈનધર્મ ) હાથ આવ્યો. આ જૈનધર્મ તો અલૌકિક ચીજ છે. આહાહા ! જેને આ વ્યવસાયમાં ધૂંચી ગયા છે, એને આ વ્યવસાય હાથ નહિં આવે. આહાહાહા ! સમજાણું કાંઇ ?

જિનવચન “ વિરુદ્ધધ્વંસિની ” બે નયનો વિરોધ સમાડી દે છે. કેમ કે બેયનો વિષય વિરોધ હોવા છતાં બેય વસ્તુ છે. આહાહા ! બેય છે, એકનો વિષય પર્યાય છે, ને એકનો વિષય ધ્રુવ છે. પણ બેય છે. સમજાણું કાંઈ ? આહાહા ! અહિંયા તો સમ્યગ્દર્શનને પ્રગટ કરવું એ વીતરાગી પર્યાય છે, વીતરાગી પર્યાય છે, એ વીતરાગી મૂર્તિ પ્રભુ છે. એ વીતરાગી સ્વરૂપને લક્ષે ને તેમાં ધ્યાને ને તેમાં એકાગ્રતા થતાં સમકિત થાય છે. આહાહા ! ધનાલાલજી ! આહાહાહા ! આ તો સાદી ભાષામાં આવી વસ્તુ છે. લાંબી વાતું પણ ઘણાં પ્રકાર પણ વસ્તુ આમ છે. આહાહા !

તેથી કહ્યું ને ઘણીવાર કહીએ છીએ ને કે “ જિન સોહિ એ આત્મા, જિન સોહિએ આત્મા અન્ય સોહિ એ કર્મ, એ હિ વચનસે સમજ લે જિનપ્રવચનકા મર્મ ” જોકે શ્રીમદ્‌માં એનો શબ્દ બીજો છે “ જિન સોહિ એ આત્મા અન્ય સોહિ એ કર્મ, કર્મ કટે જિનવચનસે ” એમ આવ્યું પણ એનો અર્થ એ, કે વીતરાગ મૂર્તિ પ્રભુ આત્મા ! ત્રિકાળ વીતરાગ સ્વરૂપ જ ! સર્વજ્ઞ સ્વરૂપ જ ! પરમાત્મ સ્વરૂપ જ, છે આહાહા ! એનો આશ્રય લેતાં, એને ધ્યાનમાં ધ્યેય બનાવતાં, આહાહા ! તેને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવતાં. આહાહાહા ! જે પર્યાય પ્રગટ થાય એ અનિત્ય છે. કારણ કે નહોતી ને થઈને ? અને ઓલું તો છે, છે ને છે. આહાહા ! સમજાણું કાંઈ ?

કાંતિભાઈ ! ઓલા પ્લાસ્ટિકનાં ભૂકામાં કાંઈ હાથ આવે એવું નથી આ. આહાહાહા ! પૈસા પેદા બહુ થાય છે એમાં. ધૂળમાંય પૈસો નથી, એ તો જડ છે પેદા થાય તો શું એમાં ? આહાહા ! એની પાસે ક્યાં આવે છે એ ? એ તો મને મળ્યા એવી મમતા એને આવી એની પાસે. તે મમતા પણ એક પર્યાય છે, અને મમતા વિનાની ચીજ છે એ ત્રિકાળી દ્રવ્ય છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? આમાં આવશે. પછી આવશે જુઓ.“ નિત્ય હોય તે અનિત્ય ન હોય ” એમ લાગે પણ નિત્ય છે, એ ત્રિકાળી છે અને એનો નિર્ણય કરનારી પર્યાય, આ નિત્ય એમ નિર્ણય કરનારી પર્યાય અનિત્ય છે. એ છે વિરોધ છે પણ એ છે. સમજાણું કાંઈ ? આહાહા !

“ ભેદરૂપ હોય તે અભેદરૂપ ન હોય. ” વસ્તુ અભેદ છે એમાં પર્યાયનો ભેદ છે. પણ આમ જાણે અભેદ હોય, તે ભેદ ન હોય પણ અભેદ છે એ પર્યાયે ભેદ છે. આ, એ વસ્તુનું સ્વરૂપ એમ છે. આહાહાહા ! અને અભેદ વસ્તુ છે ત્રિકાળી પ્રભુ ! એને પર્યાયના ભેદે એનો નિર્ણય થાય છે. એટલે વીતરાગી પર્યાયથી અભેદનો નિર્ણય થાય છે, ભલે વીતરાગી હોય પણ છે પર્યાય,

સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્ર એ પર્યાય છે, અને એ પર્યાય ભેદરૂપ છે. અને ભેદરૂપ પણ છે, અને એનો વિષય અભેદ પણ છે. આમ લાગે કે અભેદ ને ભેદ વિરોધ છે, અભેદ હોય તે ભેદ ન હોય. એ અભેદ હોય તે ભેદ ન હોય. પણ હારે બીજી ચીજ છે એ ભેદરૂપ છે. આહાહાહા ! આ તો ભાઈ જાણવાની વાત છે, અંદર પહેલી તો. આહાહા ! જેવી રીતે વસ્તુ સ્વરૂપ છે એ રીતે જ્ઞાન ન થાય તો તે અંતરમાં નહીં વળી શકે. આહાહા ! જેવું વસ્તુનું સ્વરૂપ છે, એવી રીતે જ્ઞાન ન થાય, તો એ જ્ઞાન સત્ જ નથી, તો સાચું જ્ઞાન હોય, તો દ્રવ્યને ત્રિકાળ જાણે, પર્યાયને ક્ષણિક જાણે. જાણીને એ સાચું જ્ઞાન એમ જાણે કે વસ્તુ ત્રિકાળ, પર્યાય અનિત્ય છે, તો એને ત્રિકાળ ઉપર જાય, એનું લક્ષ ત્રિકાળ ઉપર જાય. આહાહા ! એ લક્ષ છે એ સમ્યગ્દર્શન ને જ્ઞાન છે. આહાહાહા !

આ તો ચોથા શ્લોકનો ભાવાર્થ ભરે છે. છે ? શુદ્ધ હોય તે અશુદ્ધ ન હોય, ત્રિકાળી ભગવાન શુદ્ધ છે તે અશુદ્ધ ન હોય, પણ પર્યાયમાં અશુદ્ધ હોય. અશુદ્ધ પર્યાય જો ન હોય તો એને વેદનમાં શુદ્ધ આનંદ આવવો જોઈએ. તો પર્યાયમાં જ્યારે આનંદનું વેદન નથી, કે જે આનંદની પર્યાય ધ્રુવને આશ્રયે થાય એવી નથી, તો એ પરના લક્ષે થાય એવી અશુદ્ધ પર્યાય છે. આહાહા ! આ તો બાપુ ! જરી નિવૃત્તિ લઈને ! હેં ? આહાહા ! અરે અનંતકાળથી જેને એક સમય માત્ર પણ, સમ્યગ્દર્શન શું ચીજ છે ! પ્રગટ કર્યું નથી બાપુ ! એ ચીજ કેવી હોય ભાઈ ! એ કોઈ સાધારણથી પ્રગટ થાય એવી ચીજ નથી. આહાહા !

એ શાસ્ત્ર જ્ઞાન છે, એ પરલક્ષી અનિત્ય છે. અને સ્વરૂપનું જ્ઞાન છે એ સ્વલક્ષી, પણ છે જ્ઞાન અનિત્ય. સમ્યગ્જ્ઞાન છે એ અનિત્ય છે, એ પર્યાય છે. આહાહા ! અને વસ્તુ છે, એ શુદ્ધ છે. વસ્તુ છે, એ વસ્તુ છે એ અપૂર્ણ ન હોય, અશુદ્ધ ન હોય, આવરણ ન હોય, વિકૃત ન હોય, વસ્તુ છે એ તો વસ્તુ પવિત્ર પિંડ પ્રભુ છે, પણ એનું જેને લક્ષ નથી. એનો જેને આશ્રય અનાદિથી નથી તેથી એને પરદ્રવ્યનો આશ્રય છે, પર્યાયમાં ! આશ્રય છે માટે ત્યાં અશુદ્ધતા થાય છે. એ અશુદ્ધતા પણ છે. પર્યાયમાં અશુદ્ધતા છે. વસ્તુ શુદ્ધ છે. આહાહા !

( શ્રોતા : ઘડિકમાં શુદ્ધ ને ઘડિકમાં અશુદ્ધ ) ઘડિકમાં ને ઘડિકમાં કોને, એને ને એને અશુદ્ધ ક્યાં કહ્યું ? જેને શુદ્ધ કહ્યું એને અશુદ્ધ ક્યાં કહ્યું ? શુદ્ધ છે તો, એ શુદ્ધ જ છે, પણ એને પર્યાય જોઈએ એ નથી. એટલે શુદ્ધ નથી. એથી એને પરને આશ્રયે અશુદ્ધ છે. એ વસ્તુનું સ્વરૂપ છે. આહાહાહા ! કહો, દેવીલાલજી ! આ તો લોજીકથી તો વાત ચાલે છે. આહાહાહા ! પ્રભુનો માર્ગ છે સુરાનો, એ કાયરનાં ત્યાં કામ નથી બાપા ! આહાહાહા ! શુદ્ધ હોય તે અશુદ્ધ ન હોય એમ વિરોધ દેખાય, ઇત્યાદિ નયોના વિષયોમાં વિરોધ છે. જિનવચન કથંચિત્ વિવિક્ષાથી કઈ અપેક્ષાએ, વિવિક્ષા એટલે કઈ અપેક્ષાએ ? કઈ અપેક્ષાએ સત્, કઈ અપેક્ષાએ અસત્. ત્રિકાળની અપેક્ષાએ નિત્ય, વર્તમાનની અપેક્ષાએ અનિત્ય. ત્રિકાળની અપેક્ષાએ શુદ્ધ, વર્તમાનની અપેક્ષાએ અશુદ્ધ. અનાદિનું છે ઈ ! એવા સત્ અસતરૂપ, એક અનેકરૂપ, નિત્ય અનિત્યરૂપ, ભેદ અભેદરૂપ, શુદ્ધ અશુદ્ધરૂપ, જે રીતે વિદ્યમાન વસ્તુ છે, પાછું એમ. વસ્તુ એ વિદ્યમાન છે, અને એની પર્યાય પણ વિદ્યમાન છે... વ્યવહારનયનો વિષય છે કે નહિં ? નય છે જ્ઞાનનો અંશ તો તેનો વિષય વિદ્યમાન છે કે નહીં. પર્યાય તરીકે વિદ્યમાન છે. દ્રવ્ય તરીકે વિદ્યમાન દ્રવ્ય છે.

આકરી વાત છે બાપુ ! માર્ગ એવો છે કોઈ, અત્યારે તો ક્રિયા કાંડ આડે કાંઈ સૂઝ પડતી

નથી, વ્રત પાળો ને ભક્તિ કરો ને, આ કરો ને તે કરો ને, એ બધો અશુદ્ધ વિકારીભાવ, જે પર લક્ષે થાય છે, એ વ્યવહારનયનો વિષય છે. એને નિશ્ચયનયનો વિષય જ્યાં પ્રગટયો નથી તો એને વ્યવહારનયનો વિષય પણ એને નથી. એ તો એકાંત અજ્ઞાન છે. આહાહા ! શું કહ્યું ઈ ? કે પરાશ્રિત જેટલા વ્રત, નિયમ, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ રાગ છે. અને એ બધાં પરલક્ષી એ દશા પર દિશા તરફનાં વલણવાળી દશા છે. ત્યારે આત્મા જે છે એ ત્રિકાળી શુદ્ધ છે, એના વલણવાળી જો દશા હોય તો તો ( એ ) શુદ્ધ હોય. ત્યારે એના વલણવાળી દશા નથી તો– ત્યારે પરના લક્ષવાળી પરની દિશા તરફ દશા ઢળે છે, એવી અશુદ્ધતાની હૈયાતી છે. ધનાલાલજી ! મોહનલાલજી ! પકડાય એવું છે હળવે હળવે હોં, વેપારીને વેપારમાં આવા ગૂંચી ગ્યાને અને આ આખો માર્ગ કોઈ ! આહાહા !

જે રીતે વિદ્યમાન વસ્તુ છે, જોયું ? ત્રિકાળ તરીકે નિત્ય વિદ્યમાન છે, પર્યાય તરીકે અનિત્ય વિદ્યમાન છે. ત્રિકાળ તરીકે શુદ્ધ વિદ્યમાન છે, પર્યાય તરીકે અશુદ્ધ વિદ્યમાન છે અશુદ્ધ છે. અશુદ્ધ ન હોય તો એને આનંદની દશાનું વેદન હોવું જોઈએ, એ નથી. ત્યારે એને દુઃખનું વેદન છે અશુદ્ધતાનું એ પણ છે. આહાહા ! ( શ્રોતા : પૈસા કમાય છે. એમાં કાંઈ દુઃખનું વેદન નથી. ) કમાવાનો ભાવ જ દુઃખ છે. આહાહા ! એ ગણવાનો ભાવ જ દુઃખ છે, કે આ પચ્ચીસ લાખ મળ્યા ને દસ લાખ મળ્યા ને ધૂળ મળી ને. એ તો પાપ જ છે. આહાહાહા ! પણ એ છે, પાપ જ છે ગણો તો એ. આહાહાહા ! પરલક્ષીનાં ભાવો જ કર્યા કરે છે ઘણાં તો, ૨૨ કલાક ૨૩ કલાક. આહાહા !

સત્સમાગમે એને સત્ શાસ્ત્રનાં વાંચન પરિચયમાં આવે બેચાર કલાક તો ત્યાં શુભભાવ થાય, ધર્મ પછી, પણ શુભેય છે અને અશુભેય છે. એમ વિદ્યમાન છે તેનો વિષય કરાવ્યો છે. જણાવ્યો છે. આહાહાહા ! એ રીતે જે રીતે વિદ્યમાન વસ્તુ છે. એ સર્વજ્ઞ સિવાય, વીતરાગ સિવાય, આ વસ્તુ ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? કેમકે વીતરાગે વીતરાગ પર્યાય પ્રગટ કરી. એ વીતરાગી દ્રવ્યને આશ્રયે, એ બે વસ્તુ તેને એનાં જ્ઞાનમાં આવી અને એવું આવ્યું એવું એને કથનમાં કહ્યું, આહા ! વાણીમાં આવ્યું. એ વાણીમાં આવ્યું એવું વિદ્યમાન વસ્તુને જે છે એ રીતે, એ જે રીતે તેણે જણાવી. આહાહા... ! સમજાય છે કાંઈ ?

કહીને વિરોધ મટાડી દે છે, જોયું. જે રીતે વિદ્યમાન ત્રિકાળી તરીકે ત્રિકાળ વિદ્યમાન છે, પર્યાય તરીકે પર્યાય પણ વિદ્યમાન છે. છે ને ? વ્યવહારનયનો વિષય છે કે વિષય નથી ? તો નય શેની ? આહાહાહા ! પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે, અને ત્રિકાળ તે નિશ્ચયનયનો વિષય છે. બે વિરોધ હોવા છતાં બેય રીતે છે. આહાહા ! એક માણસને ધર્મ કરવો છે. ત્યારે એનો અર્થ એ થયો કે એની પર્યાયમાં અધર્મ છે. દ્રવ્યમાં કયાં ? ત્યારે એને પલટવું છે ને એ પલટવાની દશામાં અધર્મ છે ને ? જો પલટવાની દશામાં અધર્મ ન હોય તો તો ધર્મ હોવો જોઈએ. તો એને ધર્મ કરવો એ તો રહેતું નથી. આહાહા !

મારે ધર્મ કરવો છે એ શબ્દમાં ધ્વનિ ત્રણ ઉઠી, એક તો વર્તમાન અધર્મ છે એને ટાળીને ધર્મ તેની દશામાં લાવવો છે બે અને ધર્મ લાવવો છે એનો આશ્રય વસ્તુ દ્રવ્ય છે. આહાહા ! ધર્મની પર્યાયનો આશ્રય પરદ્રવ્ય નથી. સમજાણું કાંઇ ? આહાહાહા ! ધર્મની પર્યાયનો આશ્રય

દ્રવ્ય છે. કેમકે ધર્મ જે વીતરાગી પર્યાય છે, ધર્મ એ વીતરાગી પર્યાય છે, મોક્ષમાર્ગ એ વીતરાગી પર્યાય છે. એ વીતરાગ સ્વરૂપ જે ત્રિકાળ છે તેને આશ્રયે થાય છે. એટલે બેય સિદ્ધ થઈ ગયું. ત્રિકાળી જિનસ્વરૂપ પણ છે. અને એને આશ્રયે થયેલી પર્યાય, આહાહાહા ! એ પણ છે બેય વિદ્યમાન છે. તેથી વર્તમાન પર્યાયના વિષયને વ્યવહારનય કહ્યો, ( અને ) ત્રિકાળનો વિષય કરનાર એને નિશ્ચય કહ્યો, બેય છે વસ્તુ.

વેદાંત દ્રવ્યને માને એકલું, પણ તે દ્રવ્ય છે અને દુઃખથી મુક્ત થાય એમ જે કહ્યું, કે ભાઈ એકરૂપ છે એમ નિર્ણય કર. પણ એકરૂપ છે નહીં એવો નિર્ણય તો છે. તો એ પર્યાયમાં દ્વૈત પણ તો આવી ગ્યું, અને એકપણું નિર્ણય કરવા જાય છે. અનેકપણે માન્યું 'તું એ ટળ્યું અને એક છું એવું ઈ તો પર્યાયમાં આવ્યું. હેં ? ટળવું ને થવું એ તો પર્યાયમાં આવે, ટળવું ને થવું એ ધ્રુવમાં ન હોય, આહાહા ! એથી એ કહે છે. ભગવાન જિનવચન જે રીતે છે તે રીતે કહીને, શું કહ્યું ? જિનવચન પહેલું છે ને ? ત્યાં જિનવચન, કથંચિત્ કઈ અપેક્ષાથી, કહીને વિરોધ મટાડી દે છે. આહાહા ! બાપુ આ તો સમયસાર છે. આહા ! હેં ? આ તો હજી શરૂઆતની વાત છે. આહાહાહા ! અને આવું દ્રવ્ય ને પર્યાય ને શુદ્ધ ને પર્યાય અશુદ્ધ અને દ્રવ્ય શુદ્ધને પાછી પર્યાય પણ શુદ્ધ એવું ક્યાં છે ? ( જિનવચનમાં છે ) સમજાણું કાંઈ ? આહાહા !

અને તે દ્રવ્ય જે શુદ્ધ છે, ત્રિકાળી ભગવાન છે, તેનું લક્ષ કરે છે. ત્યારે એને શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. એ પ્રગટ થઈ છે એ પર્યાય છે. પ્રગટ થવું ને ન થવું એ તો ધ્રુવ ત્રિકાળ છે. જયસુખભાઈ ! આવું ઝીણું છે બાપુ ! આહાહા ! વકિલાતમાંય થોથા બધાં છે ન્યાં. આ તો વીતરાગની વકીલાત છે બાપા ! એના નિયમો ને એના કાયદા ! આહાહા ! જિનવચન કથંચિત્ વિવિક્ષા, ત્રિકાળની અપેક્ષાએ નિત્ય છે, વર્તમાનની અપેક્ષાએ અનિત્ય છે, એમ કહેવાથી વિરોધ મટાડી દે છે. સમજાણું કાંઈ ?

આમાં તો ભાઈ મગજને કેળવવું જોઈએ. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જૈન પરમેશ્વરનો જૈનધર્મ એ જૈનધર્મ એટલે શું ? જે જિનસ્વરૂપ ત્રિકાળ છે ભગવાન એને આશ્રયે થયેલી દશા તે જૈનધર્મ અને પરના લક્ષે થયેલો તે અધર્મ. ચાહે તો દયા દાન ને વ્રત ભક્તિ હો, પણ છે તો એ અધર્મ. કેમકે સ્વ ચૈતન્ય ભગવાન વીતરાગ મૂર્તિ પ્રભુ એને આશ્રયે તો એ દશા થઈ નથી. એ તો વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને બ્રહ્મચર્ય અમે શરીરથી બ્રહ્મચર્ય પાળીએ છીએ. અરે ! શરીર એટલે જડ, આહા ! એનાથી બ્રહ્મચર્ય પાળવું એટલે શું ? એ તો વિકલ્પ છે, શુભરાગ છે. આહાહા ! ( શ્રોતા : બ્રહ્મચર્ય કોને કહેવું. ) બ્રહ્મ નામ આત્મા આનંદનો નાથ એમાં ચરવું નામ રમવું એનું નામ બ્રહ્મચર્ય ( છે ).

ઓલામાં આવ્યું ' તું કાલે નહીં ? અનુભૂતિ તે જૈનધર્મ છે. અને અનુશાસન, એમાં એ આવ્યું 'તું ભાઈ અનુશાસન એટલે કે એમાં રમવું. આહાહા ! આનંદસ્વરૂપને દૃષ્ટિમાં લીધો છે તેમાં રમવું, એ સંયમ છે. આહાહાહા ! એ સંયમ પણ પર્યાય છે. આહાહા ! કેમકે પ્રગટી નવી દશા પ્રગટી છે, પ્રગટે તે ગુણ ન હોય દ્રવ્ય ન હોય, દ્રવ્ય ને ગુણ તો ત્રિકાળ રહેનારા છે. આહાહા ! બદલે નાશ થાય ને ઉપજે એ તો પર્યાયમાં હોય, આહાહા ! તેથી કેવળજ્ઞાન પણ ઉપજે છે એ પર્યાય છે. આહાહા ! એ જિનવચન. આહાહા !

કોઈ અપેક્ષાએ કહેવાથી ત્રિકાળને નિત્ય કહીને પર્યાયને અનિત્ય કીધી, ત્રિકાળને શુદ્ધ કીધું પર્યાયને અશુદ્ધ કીધી. એ અપેક્ષાએ બે નયનો વિષય વિરોધ હોવા છતાં મટાડી દે છે. એ હોય છે, એ રીતે હોય છે. જુદી કલ્પના કરતું નથી. વીતરાગ વાણી કોઈ કલ્પનાથી થઈ નથી, એ તો સત્ છે તે રીતે વાણી આવી છે. આહાહા !

જિનવચન, દ્રવ્યાર્થિક ને પર્યાયાર્થિક બે નયોમાં, દ્રવ્યાર્થિક એટલે ત્રિકાળી દ્રવ્ય, એને જાણનારો નય અને પર્યાય એટલે વર્તમાન અવસ્થાને જાણનારો નય પર્યાયાર્થિક બે નયોમાં પ્રયોજનવશ, જરૂરિયાતને કારણે પોતાના લાભ થવાને કારણે, શુદ્ધ દ્રવ્યાર્થિકનયને મુખ્ય કરી. આહાહા ! પોતાનું પ્રયોજન સુખનું છે. એ સુખની પ્રાપ્તિને કારણે શુદ્ધ દ્રવ્યાર્થિકનયને મુખ્ય કરીને તે છે એમ કીધું છે. આહાહા ! સમજાણું કાંઈ ? આત્માનું પ્રયોજન તો સુખી થવાનું છે ને ? સુખી થવાના પ્રયોજનને માટે શુદ્ધ દ્રવ્યાર્થિકનયને મુખ્ય કરી તેને નિશ્ચય કહ્યો, તે છે તે સત્ છે એમ કહ્યું.. અને અશુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ. એટલે શું ? અશુદ્ધ છે તો વ્યવહારનો વિષય આ પર્યાયાર્થિક, પણ એ દ્રવ્ય પોતે પર્યાયપણે અશુદ્ધપણે પરિણમ્યું છે. પર્યાયપણે હોં, એથી અશુદ્ધદ્રવ્યાર્થિકનય કહ્યું. કર્મને લઈને નહિ, પરને લઈને નહિ. એ દ્રવ્ય પોતે પર્યાયમાં અશુદ્ધપણે પરિણમ્યું છે. એ પર્યાયમાં હોં – દ્રવ્ય પોતે અશુદ્ધ થતું નથી. આહાહા ! એ દ્રવ્ય પોતે પર્યાયમાં અશુદ્ધપણે, અશુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ એને કહ્યું. વિકારપણે પરિણમે છે જે પર્યાય એને અશુદ્ધ દ્રવ્યાર્થિક કહી એટલે જે દ્રવ્ય છે તેનો એ પર્યાય છે. પણ એ અશુદ્ધ છે એથી એને અશુદ્ધદ્રવ્યાર્થિક કીધી, એ અશુદ્ધ દ્રવ્યાર્થિક પોતે પર્યાય છે. આહાહા... !

એ પર્યાયાર્થિક નયને ગૌણ કરી, નથી એમ નહિ, પણ એને ગૌણ કરી, અને ત્રિકાળીને, નિશ્ચયને મુખ્ય કરી અને તેને વ્યવહાર કહે છે. આહાહાહા ! પર્યાય માત્ર હોવા છતાં, અશુદ્ધતા હોવા છતાં, તેને ગૌણ કરીને વ્યવહાર કહે છે. અને ત્રિકાળને મુખ્ય કરીને નિશ્ચય કહે છે, ત્રિકાળને મુખ્ય કરીને પર્યાયને નથી, એમ કહેતા નથી... ગૌણ કરીને નથી એમ કહ્યું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

હવે, આવા નવરાશ ક્યાં, આમાં લેવી ? બાયડીઓને આખો દિ ’ ધંધા રાંધવું ને, સૂપડે સોળવું ને, પાપડ કરવાને, શું કહેવાય વડી ને, છોકરાને સાચવવાને, નિશાળે જવા પહેલા એને રાંધીને ખવડાવવું પહેલું ને નહીંતર ટાઈમ થઈ જાય, આહાહા ! અરેરે ! આવા વખતમાં આ ક્યાં નિર્ણય કરવા આવો બધો, અને વખત તો હાલ્યો જાય છે પ્રભુ ! આહાહા !

આવા જિનવચનમાં જે પુરુષ રમણ કરે, આવા એટલે ? વ્યવહારને ગૌણ કરી અને દ્રવ્યને મુખ્ય કરી, દ્રવ્યમાં જે રમે છે. એમ કહેવાનો એનો અર્થ છે. આનો અર્થ એવો કરે છે કે બેય નયમાં રમણ કરવું જિનવચંસિ, જિનવચને બે નય કીધી છે. પણ બે નયમાં એક નયને ગૌણ કરી, અને એક નયને મુખ્ય કરીને તેમાં રમવું છે. સમજાણું કાંઇ ? આહાહા ! કેમકે રમવું છે એ તો પર્યાય છે, જેમાં રમવું છે એ દ્રવ્ય છે. સમજાણું કાંઈ ? તેથી તે પર્યાયને પર્યાય ઉપરનું લક્ષ છોડાવવા, પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહ્યો. અને ત્રિકાળીને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો. એવા ત્રિકાળી જે આત્મા ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એ જિનવચનમાં ઉપાદેય તરીકે વર્ણવ્યો છે. કળશ ટીકામાં એ છે, જિનવચંસિ રમંતે, એનો અર્થ એ કર્યો છે કે જિનવચનમાં ત્રિકાળી દ્રવ્યને ઉપાદેય કહ્યું છે. ધનાલાલજી !

( શ્રોતાઃ- બંને નયોને ન છોડવી જોઈએ એમ પણ કહ્યું છે ને ? ) નય છે ને ? નથી ? છે માટે છોડવી નહીં જોઈએ. ગુણસ્થાન ભેદ નથી ? સમકિત જ્ઞાનાદિ ભેદ છે કે નહિ ? છે માટે એને છોડવી ન જોઈએ. નથી એમ નહિ. પણ છે માટે તે આશ્રય કરવા લાયક છે એમ નથી. આહાહા ! આવા જિનવચનમાં જે એટલે કે, જે દ્રવ્યાર્થિકને મુખ્ય કરીને કહ્યું, એવા જિનવચનમાં જે આવ્યું એવા નિત્યાનંદ પ્રભુમાં જે રમણ કરે. આહાહાહા ! સહજાત્મ સ્વરૂપ સહજ તરીકે પલટતી અવસ્થા પણ જ્યાં નથી. એવું સહજાત્મસ્વરૂપ ! શુદ્ધ જિનબિંબ પ્રભુ ! એ જ ઉપાદેય છે એમ જિનવચનમાં કહ્યું છે. આદરણીય ને સત્કાર કરવા જેવું હોય ગ્રહણ કરવા જેવું હોય, તો એ શુદ્ધ ત્રિકાળી દ્રવ્ય છે. આહાહાહા ! સમજાણું કાંઇ ?

વાતો ઝીણી કાઢવી ને સમજાણું કાંઈ પાછું કહેવું, પણ માર્ગ તો આવો છે બાપા ભાઈ ! અત્યારે તો વિંખાઈ ગ્યું છે. આહાહા ! અત્યારે તો વ્રત, તપ, ભક્તિ, પૂજા ને અપવાસ ને પરિષહ સહન કરો એ બધું કલ્યાણ થાશે તમારું. આહાહા ! એ સહન કરે છે એ ક્યાં એ તો ક્રોધ રૂંધાયેલો છે નથી ‘ બહેને ’ લખ્યું ? આકરું કામ ભાઈ ! એ કોઈ વ્યક્તિનું કાંઈ નહિ આપણે તો સત્યની વસ્તુ શું ? વ્યક્તિની જવાબદારી તો વ્યક્તિને છે. ઊંધા પરિણામનું ફળ તો, એને વેદવાનું છે ને ? બીજાને શું છે ? આહાહા... ! કોઈ પ્રત્યે એમ વિરોધ નહીં, અનાદર નહીં. તિરસ્કાર નહીં એ પ્રભુ છે. ભગવાન ! અરેરે ! એને વિરોધતાના ભાવમાં, વિરોધ દુઃખના ફળ આવશે બાપુ ! આહાહા ! એના પ્રત્યે અનાદર ન કરવો જોઈએ, કરુણા લાવવી જોઈએ. આહાહાહા !

અહિંયા તો પ્રભુ એમ કહે છે કે જિનવચનમાં, આવું જિનવચન કેવું ? કે મુખ્યને નિશ્ચય કહે અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહે, એવા જિનવચનમાં એટલે એવી મુખ્ય વસ્તુ છે તેમાં રમે. ગૌણ કરીને વ્યવહાર કહ્યો ને વ્યવહાર છોડવા જેવો છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? કાંતિભાઈ ! આમાં ક્યાં નવરાશ મળે છે ? આ વખતની. આહાહા ! અરેરે ! એને કરવા જેવું પ્રભુ, બીજા માને ન માને સમજે એની હારે કાંઈ સંબંધ નથી.

પોતે ભગવાન ! પૂર્ણાનંદનો નાથ ! જિનસ્વરૂપી ! તેનો આશ્રય કરાવવા તેને મુખ્ય કરીને તે જ છે, એમ કહ્યું. તેને મુખ્ય કરીને તે જ છે એમ કહ્યું. એને પર્યાય છે તેને ગૌણ કરીને તે નથી તેમ કહ્યું. આહાહાહા ! સમજાણું કાંઈ ? એવા પુરુષો આ શુદ્ધાત્માને યથાર્થ પામે છે. આહાહા !

ખરેખર તો જે શુદ્ધ પર્યાય સમ્યગ્દર્શન છે, એ સ્વના લક્ષે થાય છે. છતાં તે દ્રવ્યથી થતી નથી, પર્યાયથી પર્યાય થાય છે. સમજાણું કાંઈ ? ઉત્પાદ્ જે સમકિતનો થયો એ ઉત્પાદ્‌ને ધ્રુવનો પણ આશ્રય નથી, ઉત્પાદ્‌ને વ્યયનો આશ્રય નથી, એને ધ્રુવનો આશ્રય નથી, એ તો સ્વતંત્ર ઉત્પાદ્ થયો છે. આહાહા ! સમજાણું કાંઈ ? કેમકે શાસ્ત્રમાં તો એમ કહ્યું ૧૦૧ ગાથા, પ્રવચનસાર ! ઉત્પાદ્‌ને ધ્રુવનો આશ્રય નથી, ઉત્પાદ્‌ને વ્યયનું આલંબન નથી, કે વ્યય છે માટે ઉત્પાદ્ થાય છે, ધ્રુવ છે માટે ઉત્પાદ્ થાય છે. આહાહાહાહા ! પર્યાય પણ સમ્યગ્દર્શન જ્ઞાન એ પર્યાય છે અને ઉત્પાદ્‌રૂપે છે, અને તે સત્ છે. એ સત્‌નો એટલો ફેર કે એ પર્યાયનું લક્ષ આમ જાય છે એટલું, પણ એને દ્રવ્યનો આશ્રય મળ્યો માટે પર્યાય થઈ એમ નથી.

( શ્રોતા : બહુ કઠણ પડશે આ ) હેં ? વસ્તુ સ્થિતિ તો આવી છે. આહાહા ! બીજું શું કરે ?

અનાદિ અભ્યાસ ન મળે. અને આ અભ્યાસ રાગ ને દ્વેષ ને, આહાહા ! પુણ્ય પાપનો, પરનો તો અભ્યાસ છે જ નહિ, પરનો તો કરી શકતો જ નથી. વિકારનો અભ્યાસ છે અનાદિથી શુભ ને અશુભભાવનો. અને તે પણ શુભ–અશુભ પર્યાય પણ તેને કાળે ઉત્પન્ન થવામાં જેને કર્મની અપેક્ષા નથી, ધ્રુવની અપેક્ષા નથી. આહાહાહા ! આકરું પડે છે અત્યારે તો મોટા–મોટા પંડિતો ગોથા ખાય છે. નહીં, વિકાર પર્યાય કર્મને લઈને થાય. નહીંતર સ્વભાવ થઈ જાશે, ભાઈ ! પર્યાયનો તે પ્રકારનો તે સમયનો ઉત્પત્તિનો કાળ છે તે સમયે થાય છે. આહાહાહા ! જેની વિકારી પર્યાય છે, મિથ્યાત્વની તેને દ્રવ્યનોય આશ્રય નથી, તેને પૂર્વ પર્યાયનોય આશ્રય નથી, તેમ નિમિત્તનો આશ્રય નથી. આહાહાહા ! એવું વસ્તુનું સ્વરૂપ જ એ રીતે છે, એ રીતે ન જાણે તો વિપરીત દૃષ્ટિ છે. સમજાણું કાંઈ ?

જે કોઈ જિનવચન એટલે આત્મામાં રમે છે, એટલે કે ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ ભગવાન એના તરફ જેનું લક્ષ જાય છે. બસ ! આટલો ફેર ! તે શુદ્ધાત્માને યથાર્થ પામે છે. આહાહા ! તે શુદ્ધ આત્માને જેમ છે તેમ પામે છે. વિશેષ કહેવાશે.

– પ્રમાણવચન ગુરુદેવ.

અને નિશ્ચયથી તો– પરમાર્થ દૃષ્ટિએ તો ભગવાન ધ્રુવ છે એ પરિણામનો પણ કર્તા નથી. કેમકે એ સર્વજ્ઞની જે પર્યાય છે એ કર્તા, કરણ આદિના ષટ્કારકથી એ પરિણતિ ઊભી થાય છે, દ્રવ્યને કારણે નહિ, આ.. હા.. હા... ! આવું વીતરાગસ્વરૂપ એવું ઝીણું ( છે ), બાપુ !

‘ પંચાસ્તિકાય સંગ્રહ ’ ની બાસઠ ગાથામાં કહ્યું ને ? વિકારના પરિણામ જે છે, મિથ્યાત્વના–વિપરીત શ્રદ્ધાના જે પરિણામ છે અને રાગ–દ્વેષના ( પરિણામ છે ), એ પરિણામનો કર્તા પણ પરિણામ ( છે ) પરિણામનો કર્તા દ્રવ્ય નહિ. આ.. હા.. હા... ! એ મિથ્યાત્વ, રાગ–દ્વેષના પરિણામનો કર્તા પરિણામ, પરિણામનું કાર્ય પરિણામ, પરિણામનું સાધન પરિણામ, પરિણામ માટે પરિણામ કર્યું, પરિણામથી પરિણામ થયાં, પરિણામને આધારે પરિણામ થયા, દ્રવ્યના આધારે નહિ– દ્રવ્યથી નહિ, આ.. હા.. હા... ! ભાઈ... ! ત્યારે આ સર્વજ્ઞસ્વભાવ પણ નિશ્ચયથી જુઓ ( તો ) પ્રભુ... ! આ.. હા.. હા... ! વ્યવહારથી ગમે તેટલી વાતું આવી હોય ( કે ), પૂર્વે મોક્ષમાર્ગ હતો ને એને લઈને કેવળ થયું અને દ્રવ્યને આશ્રયથી થયું... ! પૂર્વની પર્યાયથી થાય, એ કાઢી નાખીએ ! ( અર્થાત્ ) ઉત્પાદની અપેક્ષાએ કેવળજ્ઞાનનો ઉત્પાદ થયો એને પૂર્વના કોઈ વ્યયની અપેક્ષા નથી, તેને નિમિત્તની અપેક્ષા નથી, તેને ધ્રુવની અપેક્ષા નથી ! ! આ.. હા.. હા.. હા.... ! આ તે કાંઈ વીતરાગનું તત્ત્વજ્ઞાન.... ! ! બહુ ઝીણું ભાઈ ! આ.. હા.. હા... ! ( પ્રવચન સુધા ભાગ–૨ પાના નં. ૩૪૬/૪૭ પૂ.ગુરુદેવશ્રીના પ્રવચન )

ॐ

श्री सीमंधरदेवाय नमः।
श्री निज शुद्धात्मने नमः।

# સમયસાર સિદ્ધિ

## ભાગ-૨

અધ્યાત્મયુગપુરુષ

**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

સમયસારજી શાસ્ત્ર ઉપરના ૧૯ મી વખતના ગાથા ૧૩ થી ૩૮ તથા તેના શ્લોકો ઉપર થયેલા ઓગણસાંઈઠ મંગલમયી પ્રવચનો.

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**

યોગીનિકેતન પ્લોટ "સ્વરુચિ" સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ
રાજકોટ – ૩૬૦ ૦૦૫.
ટેલી નં. ( ૦૨૮૧ ) ૩૧૦૦૫૦૮

| કહાન સંવત | વીરસંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૨૪ | ૨૫૩૦ | ૨૦૬૦ | ૨૦૦૪ |

**પ્રકાશન**

પર્વાધિરાજ પર્યૂષણના અનંત ચતુર્દશીના મંગળ દિને
તા. ૨૭-૯-૦૪ ભાદરવા સુદ - ૧૪

**પ્રથમ આવૃત્તિ - ૧૦૦૦** **પડતર કિંમત - રૂા.૧૬૦/-** **મૂલ્ય - રૂા.૫૦/-**

**પ્રાપ્તિ સ્થાન**

**રાજકોટ: શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ટેલી નં. ૨૨૩૧૦૭૩
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ "સ્વરુચિ" સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૫. ટેલી નં. (૦૨૮૧) ૩૧૦૦૫૦૮

**મુંબઈ : શ્રી શાંતિભાઈ ઝવેરી**
૮૧,નિલામ્બર, ૩૭,પેડર રોડ, મુંબઈ-૪૦૦૦૨૬. ટેલી નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨
**શ્રી મહેન્દ્રભાઈ મહેતા**
"સાકેત" સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી.ખોટ સ્કૂલ પાસે, બોરીવલી( વે )
મુંબઈ - ૪૦૦ ૦૯૨ ટેલી નં. ૨૮૦૫૪૦૬૬

**કલકતા : શ્રી પ્રકાશભાઈ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર, કલકતા -૨૦.
ટેલી નં. ૨૪૮૫૩૭૨૩

**સુરેન્દ્રનગર : ડો. દેવેન્દ્રભાઈ એમ. દોશી**
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડીકલ સ્ટોર સામે, સુરેન્દ્રનગર.
ટેલી નં. ૨૩૧૫૬૦

**અમદાવાદ : વિનોદભાઈ આર. દોશી**
૨૦૫, કહાન કુટીર ફ્લેટ, દિગંબર જૈન મંદિર સામે, નવરંગપુરા, અમદાવાદ.
ટેલી નં. ૨૬૪૨૨૬૭૮

લેસર ટાઈપ સેટિંગ
**ઈન્ફોસોફ્ટ**
૭૦૮, સ્ટાર ચેમ્બર્સ,
હરિહર ચોક-રાજકોટ-૩૬૦૦૦૧.
E-Mail: abcinfy@hotmail.com
ફોન નં- ૨૫૭૧૨૮૬

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯ માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રીસમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ શાસ્ત્ર છે. જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગત કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર સમયસારજી છે તેની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે "આત્મખ્યાતિ" નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયે; લોપ થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

જેમણે આ આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ

દીપકનો સુવર્ણમય ઉદય થયો. જેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રીએ જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ પ્રદાયક પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. વિરોધીઓના વિરોધનો પણ જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી વિરોધીઓ પણ 'ભગવાન આત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂ. ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં, સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠયું. અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂ. કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં "સોનગઢ" મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂ. ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ ( ૧૩ ) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢયો અને ફરમાવ્યું કેઃ-

❀ સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
❀ સમયસાર તો સિદ્ધાંત શિરોમણિ-અદ્વિતીય અજોડ ચક્ષુ ને આંધળાની આંખ છે.
❀ સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘ શાસ્ત્ર છે.
❀ સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું શાસ્ત્ર બની ગયું. જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ. ધન્યકાળ !
❀ સમયસારની એક એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
❀ સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે.
❀ સમયસાર જેના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
❀ સમયસાર તો ભરતક્ષેત્રનો પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર શાસ્ત્ર કહેવાય.
❀ સમયસાર તો જગતના ભાગ્ય, સમયસારરૂપી ભેટણું જગતને આપ્યું. સ્વીકાર નાથ ! હવે સ્વીકાર ! ભેટ પણ દે, એ પણ સ્વીકારે નહીં ?
❀ સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.

- ❁ સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડયા છે અમૃત વહેવરાવ્યા છે.
- ❁ સમયસાર એકવાર સાંભળીને એમ ન માની લેવું કે આપણે સાંભળ્યું છે. એમ નથી બાપુ ! આ તો પ્ર... વચનસાર છે એટલે આત્મસાર છે વારંવાર સાંભળવું.
- ❁ સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સતને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- ❁ સમયસારની મૂળભૂત એક એક ગાથામાં ગજબ ગંભીરતા પાર ન પડે એવી ચીજ છે. એક એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- ❁ સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ, ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂ. ગુરુદેવશ્રીએ પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે. જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે. ધર્મનો ધોધ એવો ધર્મી છે. ધ્રુવ પ્રવાહ છે. જ્ઞાનની ધારા છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે. વાસ્તવિક વસ્તુ છે. સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ-શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય વાડો ગચ્છ નથી વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂ. ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને કયાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂ. ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક એક ગાથાના અર્થ કરતાં પૂ. ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂ. બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂ. ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂ. ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે

ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય? પૂ. ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂ. ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂ. બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂ. ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂ. નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂ. ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ. તેઓ ફરમાવે છે કે પૂ. ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂ. ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિં તો સાધક હોય તો પણ બધી તૈયારી કરવી પડે.

"શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ"ની રચના સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણઅર્થે બેન સરોજબેન ચંદુલાલ મહેતા પરિવાર રાજકોટ દ્વારા કરવામાં આવી છે. આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય કરવામાં આવશે.

આ પરિવારને આદરણીય પૂ. શ્રી લાલચંદભાઈ મોદી-રાજકોટ દ્વારા જ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશની પ્રેરણા તથા આધ્યાત્મિક મહામંત્રોનું રસપાન થયું હોય આ પરિવાર તેમનો અત્યંત ઋણી છે. પૂ. લાલચંદભાઈ હંમેશા આ પરિવારને કહેતા કે તમો બધા પૂ. ગુરુદેવશ્રીના ભવભ્રમણનો થાક ઊતારનારા મૂળતત્ત્વને સાંભળી ને સમજો. તેઓશ્રી ફરમાવતા કે તને "જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી" તેમ અમે જાણીએ છીએ, હવે તો સ્વીકાર કરી લે. આવા આવા ઘણા મહામંત્રો જેમાં બાર અંગનો સાર ભરેલો છે તેવા મહામંત્રો તથા પૂ. ભાઈશ્રીની અધ્યાત્મની સૂક્ષ્મ સિદ્ધાંતિક સચોટ શૈલીથી જ આ પરિવાર અધ્યાત્મમાં ઓતપ્રોત થયો હોય તેઓશ્રીનો અત્યંત આભારી છે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની જીવ અધિકારની પૂર્ણતારૂપે ૧૩ થી ૩૮ ગાથા તથા તે ઉપરના શ્લોકો ઉપર પૂ. ગુરુદેવશ્રીના ૧૯ મી વખતના સળંગ પ્રવચનો નં. ૫૩ થી ૧૧૧ સમયસાર સિદ્ધિ ભાગ-૨માં અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂ. ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે. અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ કોઈવાર બે વર્ષ કોઈવાર અઢી વર્ષ તેમ ૧૯ વખત ૪૫ વર્ષમાં જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂ. ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ જેમ જ્ઞાનીની જ્ઞાન સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા નવા

ભાવો આવે છે. તેથી જ ૧૮ મી વારના પ્રવચનો પ્રકાશિત થયા હોવા છતાં આ અંતિમ પ્રવચનો પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે. ટોટલ ૪૮૭ પ્રવચનો ૧ થી ૧૧ ભાગમાં ક્રમબદ્ધ શૃંખલારૂપે પ્રકાશિત થશે.

પૂ. ગુરૂદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂ. ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઊતરાવવાનું કાર્ય તથા તેને ચેક કરવાનું કાર્ય આત્માર્થી ભાઈશ્રી ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી–સુરેન્દ્રનગર દ્વારા થયેલ છે. ભાષા તથા વ્યાકરણ શુદ્ધિ શ્રી દેવશીભાઈ ચાવડા–રાજકોટ દ્વારા થયેલ છે ત્યારબાદ સમગ્ર પ્રવચનો ફરીથી સી. ડી. ઉપરથી સાંભળી ચેક કરી સંપૂર્ણ પ્રૂફરીડિંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા–રાજકોટ દ્વારા પૂર્ણ થયેલ છે. તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

"સમયસાર સિદ્ધિ" ભાગ–૨ના પ્રવચનોનું સમગ્ર કૉમ્પ્યુટરાઈઝડ ટાઈપસેટિંગનું કાર્ય શ્રી નિલેશભાઈ તથા શ્રી દેવાંગભાઈ વારીયા–રાજકોટ દ્વારા તથા પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું સંપૂર્ણ કાર્ય શાર્પ ઓફસેટવાળા શ્રી ધર્મેશભાઈ શાહ–રાજકોટ દ્વારા તથા કલર પેઈજનું કામ ડોટ એડવાળા શ્રી કમલેશભાઈ સોમપુરા–રાજકોટ દ્વારા થયું હોય સંસ્થા તેમનો આભાર માને છે.

પૂ. ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિ અપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના ખૂબ જ સરળ ભાષામાં આચાર્યોના ગૂઢભાવોને રજૂ કરી મુમુક્ષુ જગત ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. "ભગવાન આત્મા" કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂ. ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

સમયસાર સિદ્ધિ ભાગ–૨ માટે શ્રી શાંતીલાલ માધવજી મહેતા – લોઅર પરેલ મુંબઈ. હ. અમીતાબેન ભરતભાઈ શાહ. બોરીવલી – મુંબઈ તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

ટ્રસ્ટી

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ

રાજકોટ

# : અનુક્રમણિકા :


| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| શ્લોક-૫ | - | - | ૧ |
| | ૫૩ | ૦૯/૦૮/’૭૮ | ૨ |
| શ્લોક-૬ | - | - | ૧૧ |
| | ૫૪ | ૧૦/૦૮/’૭૮ | ૧૩ |
| | ૫૫ | ૧૨/૦૮/’૭૮ | ૨૨ |
| | ૫૬ | ૧૩/૦૮/’૭૮ | ૩૨ |
| | ૫૭ | ૧૪/૦૮/’૭૮ | ૪૧ |
| શ્લોક-૭ | - | - | ૫૧ |
| | ૫૮ | ૧૫/૦૮/’૭૮ | ૫૧ |
| ગાથા-૧૩ | - | - | ૫૯ |
| | ૫૮ | ૧૫/૦૮/’૭૮ | ૬૧ |
| | ૫૯ | ૧૬/૦૮/’૭૮ | ૬૩ |
| | ૬૦ | ૧૭/૦૮/’૭૮ | ૭૩ |
| | ૬૧ | ૧૮/૦૮/’૭૮ | ૮૩ |
| | ૬૨ | ૧૯/૦૮/’૭૮ | ૯૪ |
| શ્લોક-૮ | - | - | ૧૦૧ |
| | ૬૨ | ૧૯/૦૮/’૭૮ | ૧૦૩ |
| | ૬૩ | ૨૦/૦૮/’૭૮ | ૧૦૬ |
| | ૬૪ | ૨૧/૦૮/’૭૮ | ૧૧૬ |
| | ૬૫ | ૨૨/૦૮/’૭૮ | ૧૨૭ |
| શ્લોક-૯ | - | - | ૧૨૯ |
| | ૬૫ | ૨૨/૦૮/’૭૮ | ૧૨૯ |
| શ્લોક-૧૦ | - | - | ૧૩૯ |
| | ૬૬ | ૨૩/૦૮/’૭૮ | ૧૩૯ |
| ગાથા-૧૪ | - | - | ૧૪૫ |
| | ૬૬ | ૨૩/૦૮/’૭૮ | ૧૪૮ |
| | ૬૭ | ૨૪/૦૮/’૭૮ | ૧૫૪ |
| | ૬૮ | ૨૫/૦૮/’૭૮ | ૧૬૫ |
| | ૬૯ | ૨૬/૦૮/’૭૮ | ૧૭૬ |
| | ૭૦ | ૨૭/૦૮/’૭૮ | ૧૮૬ |
| શ્લોક-૧૧ | - | - | ૧૯૭ |
| | ૭૧ | ૨૮/૦૮/’૭૮ | ૧૯૮ |
| શ્લોક-૧૨ | - | - | ૨૦૮ |
| | ૭૧ | ૨૮/૦૮/’૭૮ | ૨૦૯ |
| | ૭૨ | ૨૯/૦૮/’૭૮ | ૨૧૦ |
| શ્લોક-૧૩ | - | - | ૨૧૪ |

| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| | ૭૨ | ૨૯/૦૮/'૭૮ | ૨૧૪ |
| ગાથા-૧૫ | - | - | ૨૧૮ |
| | ૭૨ | ૨૯/૦૮/'૭૮ | ૨૨૦ |
| | ૭૩ | ૩૦/૦૮/'૭૮ | ૨૨૪ |
| | ૭૪ | ૩૧/૦૮/'૭૮ | ૨૩૫ |
| | ૭૫ | ૦૧/૦૯/'૭૮ | ૨૪૬ |
| શ્લોક-૧૪ | - | - | ૨૫૪ |
| | ૭૫ | ૦૧/૦૯/'૭૮ | ૨૫૪ |
| ગાથા-૧૬<br>શ્લોક-૧૫-૧૬-૧૭ | - | - | ૨૫૭-૨૫૮ |
| | ૭૬ | ૦૨/૦૯/'૭૮ | ૨૫૯ |
| શ્લોક-૧૮-૧૯ | - | - | ૨૬૯ |
| | ૭૭ | ૦૩/૦૯/'૭૮ | ૨૭૦ |
| ગાથા-૧૭-૧૮ | - | - | ૨૮૦ |
| | ૭૮ | ૦૫/૦૯/'૭૮ | ૨૮૧ |
| | ૭૯ | ૦૬/૦૯/'૭૮ | ૨૯૧ |
| | ૮૦ | ૦૮/૦૯/'૭૮ | ૨૯૯ |
| શ્લોક-૨૦ | - | - | ૩૦૩ |
| | ૮૦ | ૦૮/૦૯/'૭૮ | ૩૦૩ |
| | ૮૧ | ૦૯/૦૯/'૭૮ | ૩૦૯ |
| ગાથા-૧૯ | - | - | ૩૧૭ |
| | ૮૧ | ૦૯/૦૯/'૭૮ | ૩૧૮ |
| | ૮૨ | ૧૦/૦૯/'૭૮ | ૩૨૦ |
| | ૮૩ | ૧૧/૦૯/'૭૮ | ૩૨૯ |
| શ્લોક-૨૧ | - | - | ૩૩૧ |
| | ૮૩ | ૧૧/૦૯/'૭૮ | ૩૩૧ |
| ગાથા ૨૦ થી ૨૨ | - | - | ૩૩૪ |
| | ૮૩ | ૧૧/૦૯/'૭૮ | ૩૩૬ |
| | ૮૪ | ૧૨/૦૯/'૭૮ | ૩૪૨ |
| શ્લોક-૨૨ | - | - | ૩૪૩ |
| | ૮૪ | ૧૨/૦૯/'૭૮ | ૩૪૩ |
| ગાથા ૨૩ થી ૨૫ | - | - | ૩૪૮ |
| | ૮૪ | ૧૨/૦૯/'૭૮ | ૩૫૦ |
| | ૮૫ | ૧૩/૦૯/'૭૮ | ૩૫૪ |
| | ૮૬ | ૧૪/૦૯/'૭૮ | ૩૬૩ |
| | ૮૭ | ૧૫/૦૯/'૭૮ | ૩૭૨ |
| શ્લોક-૨૩ | - | - | ૩૭૫ |
| | ૮૭ | ૧૫/૦૯/'૭૮ | ૩૭૬ |

| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ગાથા-૨૬ શ્લોક-૨૪ | - | - | ૩૮૧ |
| | ૮૭ | ૧૫/૦૯/'૭૮ | ૩૮૨ |
| ગાથા-૨૭ થી ૩૦ શ્લોક-૨૫-૨૬ | - | - | ૩૮૪ |
| | ૮૮ | ૨૧/૦૯/'૭૮ | ૩૮૮ |
| ગાથા-૩૧ | - | - | ૩૯૮ |
| | ૮૯ | ૨૨/૦૯/'૭૮ | ૩૯૯ |
| | ૯૦ | ૨૪/૦૯/'૭૮ | ૪૦૮ |
| | ૯૧ | ૨૫/૦૯/'૭૮ | ૪૧૫ |
| ગાથા-૩૨ | - | - | ૪૨૨ |
| | ૯૧ | ૨૫/૦૯/'૭૮ | ૪૨૩ |
| | ૯૨ | ૨૬/૦૯/'૭૮ | ૪૨૫ |
| | ૯૩ | ૨૭/૦૯/'૭૮ | ૪૩૩ |
| | ૯૪ | ૨૮/૦૯/'૭૮ | ૪૪૨ |
| ગાથા-૩૩ | - | - | ૪૪૭ |
| | ૯૪ | ૨૮/૦૯/'૭૮ | ૪૪૮ |
| | ૯૫ | ૨૯/૦૯/'૭૮ | ૪૫૨ |
| શ્લોક-૨૭ | - | - | ૪૬૦ |
| | ૯૫ | ૨૯/૦૯/'૭૮ | ૪૬૦ |
| | ૯૬ | ૩૦/૦૯/'૭૮ | ૪૬૧ |
| શ્લોક-૨૮ | - | - | ૪૬૩ |
| | ૯૬ | ૩૦/૦૯/'૭૮ | ૪૬૪ |
| | ૯૭ | ૦૧/૧૦/'૭૮ | ૪૭૧ |
| ગાથા-૩૪ | - | - | ૪૭૯ |
| | ૯૭ | ૦૧/૧૦/'૭૮ | ૪૮૦ |
| | ૯૮ | ૦૩/૧૦/'૭૮ | ૪૮૨ |
| | ૯૯ | ૦૪/૧૦/'૭૮ | ૪૯૦ |
| | ૧૦૦ | ૦૫/૧૦/'૭૮ | ૫૦૦ |
| ગાથા-૩૫ | - | - | ૫૦૨ |
| | ૧૦૦ | ૦૫/૧૦/'૭૮ | ૫૦૩ |
| | ૧૦૧ | ૦૬/૧૦/'૭૮ | ૫૧૧ |
| શ્લોક-૨૯ | - | - | ૫૧૭ |
| | ૧૦૧ | ૦૬/૧૦/'૭૮ | ૫૧૭ |
| | ૧૦૨ | ૦૭/૧૦/'૭૮ | ૫૨૧ |
| ગાથા-૩૬ | - | - | ૫૨૫ |
| | ૧૦૨ | ૦૭/૧૦/'૭૮ | ૫૨૬ |
| | ૧૦૩ | ૦૮/૧૦/'૭૮ | ૫૩૨ |
| | ૧૦૪ | ૧૦/૧૦/'૭૮ | ૫૪૨ |

| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| શ્લોક-૩૦ | - | - | ૫૪૯ |
| | ૧૦૪ | ૧૦/૧૦/'૭૮ | ૫૫૦ |
| | ૧૦૫ | ૧૧/૧૦/'૭૮ | ૫૫૩ |
| ગાથા-૩૭ | - | - | ૫૫૯ |
| | ૧૦૫ | ૧૧/૧૦/'૭૮ | ૫૬૦ |
| | ૧૦૬ | ૧૨/૧૦/'૭૮ | ૫૬૪ |
| | ૧૦૭ | ૧૩/૧૦/'૭૮ | ૫૭૨ |
| શ્લોક-૩૧ | - | - | ૫૮૦ |
| | ૧૦૭ | ૧૩/૧૦/'૭૮ | ૫૮૦ |
| ગાથા-૩૮ | - | - | ૫૮૩ |
| | ૧૦૮ | ૧૪/૧૦/'૭૮ | ૫૮૪ |
| | ૧૦૯ | ૧૫/૧૦/'૭૮ | ૫૯૫ |
| | ૧૧૦ | ૧૭/૧૦/'૭૮ | ૬૦૪ |
| શ્લોક-૩૨ | - | - | ૬૧૫ |
| | ૧૧૧ | ૧૮/૧૦/'૭૮ | ૬૧૫ |

# શ્રી સમયસારજી-સ્તુતિ

( હરિગીત )

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

( અનુષ્ટુપ )

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

( શિખરિણી )

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

( શાર્દૂલવિક્રિડિત )

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

( વસંતતિલકા )

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

( અનુષ્ટુપ )

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.




ભગવાન કુંદકુંદાચાર્યદેવ વનમાં તાડપત્ર ઉપર શાસ્ત્ર લખે છે


ॐ

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

( હરિગીત )

સંસાર સાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુકહાન તું નાવિક મળ્યો.

( અનુષ્ટુપ )

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુના.

( શિખરિણી )

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

( શાર્દૂલવિક્રીડિત )

હૈયું 'સત્ સત્ જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

( વસંતતિલકા )

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું,
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

( સ્રગ્ધરા )

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુના નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું-મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

परमात्मने नमः।

श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेवप्रणीत

# श्री समयसार

## श्लोक - ५

હવે આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે. અશુદ્ધનયની (વ્યવહારની) પ્રધાનતામાં જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે તો અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમ્યક્ત્વ થાય છે એમ કહે છે. ત્યાં ટીકાકાર એની સૂચનારૂપે ત્રણ શ્લોક કહે છે; તેમાં પહેલાં શ્લોકમાં એમ કહે છે કે વ્યવહારનયને કથંચિત્ પ્રયોજનવાન કહ્યો તોપણ તે કાંઈ વસ્તુભૂત નથી :-

(मालिनी)

व्यवहरणनय: स्याद्यद्यपि प्राक्पदव्या-<br>
मिह निहितपदानां हन्त हस्तावलम्ब:।<br>
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं<br>
परविरहितमन्त: पश्यतां नैष किञ्चित्।।५।।

શ્લોકાર્થઃ- [ व्यवहरण-नय: ] જે વ્યવહારનય છે તે [ यद्यपि ] જોકે [ इह प्राक्-पदव्यां ] આ પહેલી પદવીમાં (જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી) [ निहित-पदानां ] જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, [ हन्त ] અરેરે! [ हस्तावलम्ब: स्यात् ] હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે, [ तद्-अपि ] તોપણ [ चित्-चमत्कार-मात्रं पर-विरहितं परमं अर्थं अन्त: पश्यतां ] જે પુરુષો ચૈતન્ય-ચમત્કાર-માત્ર પરદ્રવ્યભાવોથી રહિત (શુદ્ધનયના વિષયભૂત) પરમ 'અર્થ'ને અંતરંગમાં અવલોકે છે, તેની શ્રદ્ધા કરે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે તેમને [ एष: ] એ વ્યવહારનય [ किञ्चित् न ] કાંઈ પણ પ્રયોજનવાન નથી.

ભાવાર્થઃ- શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણ થયા બાદ અશુદ્ધનય કાંઈ પણ પ્રયોજનકારી નથી. ૫.

**પ્રવચન નં. ૫૩ શ્લોક - ૫ તા. ૯-૮-૭૮ બુધવાર, શ્રાવણ સુદ-૫ સં. ૨૫૦૪**

સમયસાર ૪ થો કળશ ચાલી ગયો છે. બે લીટી હતી. હવે આચાર્ય, શુદ્ધનયને પ્રધાન કરી નિશ્ચય સમકિતનું સ્વરૂપ કહે છે. એટલે શું કહ્યું ? – કે પહેલાં એમ કહ્યું હતું કે જ્ઞાન સ્વરૂપ આત્મા અથવા જ્ઞાન દર્શન ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એવો ભેદ સમજાવ્યો હતો. પણ એ ભેદ કોઇ ચીજ નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા એને સમજાવવા ( કહ્યું ) કે આ જ્ઞાન તે આત્મા એવો ભેદ પાડીને સમજાવ્યું હતું. એ વ્યવહાર છે. વ્યવહાર આવે ખરો વચ્ચે પણ એ આદરણીય નથી એમ કહે છે. સમજાણું કાંઇ ? આ આત્મા ચૈતન્ય સ્વરૂપ, એવો જે ચૈતન્ય સ્વરૂપ એ જ્ઞાન સ્વરૂપ એવો જે ગુણી ગુણીનો ભેદ પાડીને વાત કરવી, એવું કથન જે આવે એ પહેલું વ્યવહારમાં હસ્તાવલંબ તરીકે આવે, પણ એ આદરણીય નથી. આહાહા ! આવી વાત છે. આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી, નિશ્ચય સમક્તિનું સ્વરૂપ કહે છે. એટલે ત્રિકાળી જે વસ્તુ છે, અનંતગુણનો પિંડ, તે નિશ્ચય સમકિતનો વિષય છે. ધ્રુવ સ્વરૂપ જે ચિદાનંદ ભગવત્ જ્ઞાયક સ્વભાવ એ જ સમ્યગ્દર્શનનો વિષય છે, નિશ્ચય સમ્યક્ત્વ એના દ્રવ્યને લક્ષે થાય છે. સાચું સમકિત, સત્ય દર્શન, ચોથું ગુણસ્થાન, આહાહા ! એ ત્રિકાળી જ્ઞાયક ભગવત્ સ્વરૂપ એને આશ્રયે થાય છે. એથી અહિંયા નિશ્ચયનયને મુખ્ય કરી( ને ) સમકિતની વ્યાખ્યા કરેલ છે. આહાહા !...

અશુદ્ધનયની પ્રધાનતામાં વાદિતત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું ( છે ), ભેદ પાડીને વાત કરી હતી, એ વ્યવહાર પણ એ વાસ્તવિક છે નહીં. આહાહા ! તો અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમક્તિ થાય તેમ કહે છે. ઝીણો વિષય છે. આહા ! નવના ભેદ પાડીને કથન નવનું ( કર્યું ) પણ ( છે ) એકનું કથન, આ વસ્તુ છે અભેદ, એમાં આ જ્ઞાન તે આત્મા એવો જે ભેદ પાડવો તે જ એક નિમિત્ત ને વ્યવહાર ( તેને ) હસ્તાવલંબ કહેવામાં આવે છે. પણ તે અનુસરવા લાયક નથી. આહાહાહા ! આવું સ્વરૂપ છે. એ વ્યવહારની મુખ્યતામાં કહ્યું હતું. તો અહીં જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમકિત થાય એમ કહે છે. આહાહા ! ટીકાકાર એની સૂચનારૂપે ત્રણ શ્લોક કહે છે. તેમાં પહેલા શ્લોકમાં તેમ કહે છે, વ્યવહાર કથંચિત્ કહ્યો હતો પ્રયોજનવાન, જાણવા માટે કહ્યું હતું પણ આદરવા માટે બિલકુલ પ્રયોજનવાન નથી. આહાહા ! કાંઇ વસ્તુભૂત નથી. એમ કહે છે.

ત્યાં આપણે અગીયારમી ગાથામાં આવ્યું હતું. જિનવચનમાં વ્યવહારને ભેદને હસ્તાવલંબ જાણી ઘણો કહ્યો છે. ધનાલાલજી ! શું કીધું ? વ્યવહારને હસ્તાવલંબ જાણી જિનવાણીમાં ઘણો કહ્યો છે, પણ એનું ફળ સંસાર છે. એ આ હસ્તાવલંબ. આહાહા ! જયચંદ પંડિતમાં આવી ગયું છે ૧૧મી ગાથાના ભાવાર્થમાં. કે ભેદનો પક્ષ તો અનાદિનો છે જગતને, અને ભેદના પક્ષની વાતો પરસ્પર અન્યોન્ય કર્યા કરે છે, અને જિનવાણીમાં પણ ભેદના પક્ષને, હસ્તાવલંબ જાણી ઘણો કહ્યો છે, પણ ત્રણેયનું ફળ સંસાર છે. આ ગજબ વાત છે. ( શ્રોતાઃ– ભગવાને કહ્યું છે એનું ફળ સંસાર ? ) ભગવાને કહ્યું છે, એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. એને ઠેકાણે નિમિત્તથી લાભ થાય ? નિમિત્ત તો રાગ છે, એ તો રાગ છે, ગુણ ગુણીનો ભેદ છે એ રાગ છે. આહાહા ! એ

જણાવ્યું પણ એ આદરણીય નથી. આહાહાહા !

કેમકે નિશ્ચયથી દ્રવ્ય સ્વભાવ એવો છે, ભગવાન આત્માનો ગુણ સ્વભાવ એવો છે કે, વિકારપણે પરિણમન રહિત થવું એ એનો ગુણ છે. શું કહ્યું ? વિકારપણે જે પરિણમે છે, ષટ્કારક રૂપે, વિકૃત અવસ્થા તેથી રહિતપણું થવું એ એનો ભાવ નામનો ગુણ છે. ભાવ નામનો એક ગુણ છે. વિકૃતપણા( ના ) પરિણમનથી રહિત થવું એ એનો ગુણ છે. વિકૃતપણાથી સહિત થવું એવો એનો કોઇ ગુણ નથી. આહાહાહા ! અનંતગુણ છે, પણ એમાં કોઇ એવો ગુણ નથી કે વિકારપણે ગુણ થાય એવો કોઇ ગુણ નથી. આહાહાહા ! એટલે એનામાં એક ગુણ એવો છે કે ષટ્કારકરૂપે પરિણતિ જે વિકૃત અવસ્થા વ્યવહારની રાગની થાય જેને હસ્તાવલંબ કહે છે. આહાહાહાહા ! એનાથી રહિતપણે પરિણમન ( થાય ) એવો એનો એ ગુણ છે. એ વ્યવહારથી થાય એવો તો ગુણ એનામાં નથી. કેમ કે અનંતા ગુણો નિર્મળપણે પરિણમે એવા ગુણ છે. કોઇ ગુણ વિકારપણે પરિણમે એવો કોઈ ગુણ આત્મામાં અનંતમાં છે જ નહીં. સમજાણું કાંઇ ? આ વાત ઝીણી બાપુ બહુ ! અત્યારે તો ફેરફાર એટલો થઈ ગયો, કે વ્યવહારના રાગપણે પરિણમન ( થાય ) એવો કોઇ જીવનો ગુણ નથી. જીવનો ગુણ તો ભગવાન આત્માનો ગુણ, એ ગુણનો ગુણ, વિકાર રહિત પરિણમન થવું તે ગુણનો ગુણ છે. ધનાલાલજી ! ( શ્રોતાઃ– ગુણનો ગુણ ? ) એ ગુણનું કાર્ય. ગુણનો ગુણ ( એટલે ગુણનું કાર્ય ). આહાહાહા !

આવી ચીજ છે, ભાઈ ! ભગવાન આત્મા રાગના–વ્યવહાર રત્નત્રયના રાગથી પરિણમન રહિત એવો એનો ગુણ છે. કેમકે વિકૃતરૂપે વ્યવહાર દયા દાન આદિપણે પરિણમવું એવો કોઈ ગુણ અનંતગુણમાં એકેય ગુણ નથી. પણ એ રહિત પરિણમવું એવો એક ગુણ છે. આહાહાહાહા ! ઝીણી વાત બહુ બાપુ ! સમજાણું કાંઈ ? એથી અહીં કહે છે, ટીકાકાર એની વાત કરે છે. વ્યવહારનય હવે.

( मालिनी )

व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या–<br>
मिह निहितपदानां हन्त हस्तावलम्बः।<br>
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं<br>
परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।।५।।

ન એષકિંચિત્ ન એષકિંચિત્. આહાહાહા !

હવે એનો શ્લોકાર્થ, વ્યવહારનય એ કળશ ટીકાકારે તો એનો અર્થ એવો કર્યો છે, વ્યવહારનયનો તો કથનમાત્ર ! વ્યવહારનય એટલે કથનમાત્ર ! વસ્તુ નહીં. ભાઈ ! કળશ ટીકાકારે છે ને આ પાંચમો, પાંચમો શ્લોક છે. ઘણીવાર કહેવાઈ ગયું છે, આ તો જુદા-જુદા હોયને સાંભળનારા વ્યવહારનય જેટલું કથનમાત્ર, કહેવામાત્ર ! વસ્તુ નહીં, કથન, કારણકે રાગ ચાહે તો દેવગુરુની શ્રદ્ધાનો રાગ કે પંચમહાવ્રતનો રાગ કે શાસ્ત્ર તરફના પરદ્રવ્ય તરફનાં વલણવાળા ભણવાનો ( કે ) જાણવાનો રાગ, એ પણે થવું એવો કોઈ જીવમાં ગુણ નથી. આહાહાહા ! એ પણે ન થવું એવો જીવનો ગુણ છે. સમજાણું કાંઈ આમાં ? આ તો લોકો કહે

છે ને કે વ્યવહારથી નિશ્ચય થાય પણ એ વસ્તુમાં વ્યવહાર છે જ નહીં, એને નિશ્ચય થાય ક્યાંથી આવ્યું ? વ્યવહારનું પરિણમન જ નિશ્ચયનો કોઈ ગુણ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા ! એ તો ભગવાન વિકારના વિકલ્પ જે વ્યવહાર રત્નત્રયનો શુભરાગ જેને હસ્તાવલંબ કહ્યો જિનવાણીમાં, એ પણ બંધનું કારણ છે. આહાહાહાહા ! અને બંધના કારણરૂપે થવું એવો કોઈ જીવમાં અનંત, અનંત, અનંત, અનંત, અનંત ગુણો છે. અનંત, અનંત, અનંત, અનંત, જેની સંખ્યાની હદ નથી. આકાશના ક્ષેત્રની જેમ ક્યાંય હદ નથી, કે ક્યાં થઈ રહ્યું આકાશ ? એમ અનંતગુણની હદ નથી. કે આ ગુણ, હવે આ-આ-આ છેલ્લો અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંતમાં છેલ્લો ( ગુણ ક્યો ? ) એવી કોઈ હદ નથી. આહાહાહાહા ! આકાશનો ક્યાં અંત ? શું છે આ ? અનંતગુણા અનંત જોજન, અનંત જોજન અનંતને અનંત ગુણે કે હવે આકાશ થઈ રહ્યું એમ છે ? આહાહા ! જેના ક્ષેત્રનો પણ અંત નથી. એવો જે ક્ષેત્રનો "જ્ઞ" ક્ષેત્ર જાણનાર ભગવાન ક્ષેત્ર "જ્ઞ" છે આ તો. એના ગુણની સંખ્યાની કોઈ હદ નથી, કે અનંત, અનંત, અનંત, અનંતમાં આ આ આ અનંતમાં, અનંતમાં, અનંતમાં, અનંતમાં, છેલ્લો આ આવ્યો ! આહાહાહાહા ! એવો જે અનંતગુણનો રાશિ પ્રભુ, જે સમ્યગ્દર્શનનો વિષય. આહાહાહા ! કેમ કે એ સત્ય એટલું ને એવડું છે. તેને તે રીતે પ્રતીતમાં જ્ઞાન કરીને લેવું એને સત્યદર્શન જેવું સત્ય છે, તેવું દર્શન થયું. સમજાણું કાંઈ ? આહાહા ! એ અહીં કહે છે, વ્યવહાર પહેલો કહેવામાં આવ્યો. જો કે પહેલી પદવીમાં સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી એણે ગુણનો ભેદનો વિકલ્પ એને સમજાવવો પડે ( છે ). આહાહા ! કે જો આ આત્મા, એ જ્ઞાનસ્વરૂપ છે, દર્શનસ્વરૂપ છે, એવો જે ભેદનો વિકલ્પ પહેલો એ જ્ઞાનનો અંગ ગણીને, સમ્યગ્જ્ઞાનનો અંગ નહીં. પણ વ્યવહારુ જ્ઞાનનો અંગ ગણીને, તેમાં લખ્યું છે કળશ ટીકામાં. સમજાણું કાંઈ ? એવું આવે પહેલું. આહાહા !

હસ્તાવલંબ જાણી, છે ? "જેમણે પોતાનો પગ માંડેલો છે. એવા પુરુષોને, અરેરે ! હસ્તાવલંબ કહ્યો છે." આચાર્યો ખેદથી કહે છે, અરેરે ! એને નવતત્ત્વની શ્રદ્ધા ને ગુણ ગુણીના ભેદની વાત, એવી વાત આવે, અરેરે ! પણ એ તો ખેદનું કારણ છે. એ આત્માને લાભનું કારણ નથી. આહાહાહા ! જેને વીતરાગે કહેલો વ્યવહારનો વિષય. આહાહા ! એ હસ્તાવલંબ જાણીને કર્યો છે ઘણો, આહાહા ! ચરણાનુયોગમાં આવ્યું હતું પ્રવચનસાર. હે પંચાચાર ! જ્ઞાનાચાર ! વિનયથી ભણવું, અક્ષરોને આમ કરવા યોગદાન કરવું, એ બધું જ્ઞાન વ્યવહારાચાર તું મારું સ્વરૂપ નથી. દર્શાનાચાર, નિઃશંક, નિઃકાંક્ષ એવો વ્યવહાર સમકિતના આચાર આઠ એ તું મારું સ્વરૂપ નથી. પંચમહાવ્રત ને પાંચ સમિતિ ગુપ્તિ એવા અઠ્યાવીસ મૂળ ગુણ એ વિકલ્પ તું મારું સ્વરૂપ નથી હોં, પણ મારી પૂર્ણ દશા ન થાય ત્યાં સુધી તું છે, પાંચેય આચાર છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને તપાચાર વ્યવહારના. આહાહા ! એ જે વ્યવહાર કહ્યા છે ભગવાને ત્યાં, અર્થમાં તો એવું આવ્યું છે કે, તેં તારા પ્રસાદથી પૂર્ણ જ્યાં સુધી ન પામું ( ત્યાં સુધી ) એ વ્યવહારના કથન છે. ( શ્રોતાઃ- ખરેખર મારૂં સ્વરૂપ નથી. ) આવું સ્વરૂપ છે. આહાહા !...

હું પૂર્ણાનંદને પ્રાપ્ત ન થાઉં ત્યાં સુધી તારો આવો ભાવ હોય છે એટલું બસ ! પણ છે એ બંધનું કારણ છે. અને બંધના કારણનો જે ભાવ, આહા ! એ અનંતા, અનંતા, અનંતા, ગુણોનો ડુંગર ગુણનો ગોદામ, અનંત ગુણનો ગોદામ પ્રભુ ( છે ). જેનાં અનંતની અનંતનો અંત નહીં

એવા અનંત ગુણનો ગોદામ, ( આત્મામાં ) એવો કોઈ ગુણ નથી કે વ્યવહારપણે પરિણમે, રાગપણે એવો કોઈ ગુણ નથી. આહાહાહાહા ! આવું સ્વરૂપ છે ભાઈ ! કોઈ વાદવિવાદે પાર પડે એવું નથી. આહાહા ! સમજાણુ કાંઈ ? એ અહીં કહે છે. પહેલે જ્યાં સુધી સાંભળે છે ત્યાં સુધી એનું લક્ષ ત્યાં રહે છે ભેદમાં. આહાહા !

"એવા પુરુષોને હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે" નિમિત્તપણે જણાવ્યું છે. આહાહાહા ! તોપણ આહાહા ! જે પુરુષો ચૈતન્ય–ચમત્કારમાત્ર, ભગવાન આત્મા ચૈતન્ય ચમત્કાર, ચમત્કાર એનો શું અર્થ. આહાહા ! જેને ત્રણકાળના સમયથી આકાશના પ્રદેશો અનંતગુણા, એનાથી અનંતગુણા તો આત્માના ગુણ ( છે ). આહાહા ! અને તે ચૈતન્ય ચમત્કાર છે. એવો કોઇ અનંત ગુણનો પિંડ પ્રભુ કોઈ ચમત્કારી ચીજ છે. આહાહાહા ! અરે એની વાતની ખબર ન પડે, એ વસ્તુની દૃષ્ટિ ન કરે, એનું જ્ઞાન ન કરે અને બહારની વાતમાં મરી જાય કરીને, આ વ્રત કર્યાં ને તપ કર્યાં ને, આહાહા ! આકરું કામ છે. એ વ્યવહાર વ્રત, તપપણે પરિણમવું એવો એનામાં કોઇ ગુણ નથી. એવો જે ભગવાન આત્મા ચિત્ત–ચમત્કાર વસ્તુ. આહાહા ! જેનો વિશ્વાસ કરતાં જેની દૃષ્ટિ કરતાં ચૈતન્ય ચમત્કારનાં અનંત ગુણો પર્યાયમાં વ્યક્તપણે ઊછળીને વ્યક્ત પ્રગટ થાય. આહાહાહા ! કહો દેવીલાલજી ! આવું સ્વરૂપ છે ભાઈ ! આહાહાહા ! જેની શક્તિઓના સંગ્રહની સંખ્યાનો પાર નથી, ક્ષેત્ર ભલે શરીર પ્રમાણે હો, પણ એની શક્તિઓના માપનું કોઇ માપ નથી. કોઈ માપ નથી તેનું જ્ઞાન માપ કરી લે છે. આહાહાહા ! શું કહ્યું ઈ ? ભગવાન આત્મા અનંત અનંત શક્તિ( ઓ ) ની સીમા નથી. આહાહા ! કોઈ એની હદ નથી. સીમા નથી કહેતાં કે આ મારું ખેતર આટલા સીમાવર્તી છે. આટલા ( જોજનમાં ) સીમાવર્તી છે કે ૨૫–૫૦ જોજનમાં છે. એમ આ ગુણની કોઇ સીમા નથી. આહાહાહા ! એવા ગુણની સીમા વિનાનો પ્રભુ ( અસીમ ) જેને વ્યવહારપણે પરિણમવું આવા અનંતા–અનંતા ગુણો પણ કોઈ એવો ગુણ નથી કે વ્યવહારના રાગપણે પરિણમે એવો કોઈ ગુણ નથી. આહાહાહાહા !

હા, એમાં લીધું છે ને ભાઈ ૩૯–૪૦ શક્તિ નહીં ? ૩૯ શક્તિમાં 'ભાવ' લીધો આ, કે ષટ્કારકના પરિણમનથી પરિણમતી વિકૃત અવસ્થા એનાથી રહિતપણે થવું એવો એનામાં ગુણ છે. 'ભાવ' અને 'ક્રિયા' શક્તિ, ષટ્કારકના શુદ્ધ પરિણમનપણે પરિણમવું એ એનો ગુણ છે ૪૭ શક્તિ. આહા ! ગજબ કામ ૪૭ શક્તિએ તો, આહાહાહાહા ! અરે ભાઈ શ્રોતા તું જ્ઞાનમાં લક્ષ તો લે ! આહાહા ! એ અમાપ ચીજને જ્ઞાનની પર્યાયમાં માપ લઇ લે. આહાહાહા ! ( શ્રોતાઃ– અમાપનું માપ કર ) અમાપનું માપ કર તું, તો એ સમ્યગ્જ્ઞાન કહેવાય. આહાહાહા ! સમજાણું કાંઇ ? માર્ગ બાપા વીતરાગ માર્ગ એટલે જિનવર માર્ગ એટલે દિગંબર માર્ગ એટલે આત્મ માર્ગ કોઇ અલૌકિક છે. આહાહા !

અહીં કહે છે જે પુરુષો ચૈતન્ય ચમત્કાર માત્ર એ ચૈતન્ય ચમત્કાર માત્ર જેમાં રાગનો તો અભાવ છે, નિમિત્તનો તો અભાવ છે, પણ જેમાં વર્તમાન પ્રગટ પર્યાયનો પણ જેમાં અભાવ છે. ( શ્રોતાઃ– ચૈતન્યનો શું ચમત્કાર છે ) એ પોતેજ ચમત્કારી છે ચીજ જ. ચમત્કારી છે. ( શ્રોતાઃ– શી રીતે રહે ) અલ્પક્ષેત્રમાં રહે છતાં અલોક લોકને જાણે પર્યાય. આહાહાહાહા !

અલ્પક્ષેત્રમાં ને અલ્પકાળમાં એક સમયની પર્યાય હોય, છતાં અમાપ એવા ગુણનો

દરિયો પ્રભુ એને એ જાણે, જેનું ક્ષેત્રનું માપ નથી કયાંય અંત નથી, એને પણ જાણે, જેના કાળની શરૂઆત નથી, ક્યારે ? કયાં ? આહાહાહાહા ! એને પણ જાણે. એવો જે જ્ઞાનનો પર્યાય એને ચૈતન્ય ચમત્કાર તરફ જ્યાં વાળ્યો. આહાહાહા ! આહાહાહા ! ઝીણી વાત છે. પ્રભુ શું થાય ? આ તો અનંતકાળમાં એણે એક સેકન્ડ કર્યું જ નથી. ( શ્રોતાઃ- સાંભળ્યું નથી ) એવું સાંભળ્યું નથી, આ શું છે ? આ તે આ ? મારો નાથ અંદર ચૈતન્ય ચમત્કારથી ભરેલો, એ કોઇ વિકારને કરે ને પરનું કરે ને પરથી પોતામાં કંઇ થાય એવી એ ચીજ જ નથી. આહાહા ! આહાહા !

જે પુરુષો, પુરુષો એટલે આત્મા, પુરુષો જ કરે એવું કાંઇ નથી. જે પુરુષો ચૈતન્ય-ચમત્કાર-માત્ર, આહાહા ! જેમાં વ્યવહારનું પરિણમન કરવું એવો તો ગુણ નથી, પણ જેમાં વર્તમાન પર્યાય છે તે તેમાં ( ધ્રુવમાં ) નથી. આહાહા ! જે, જે જ્ઞાનની પર્યાયે અમાપને માપમાં લઇ લીધો છે, એ પર્યાય પણ એમાં નથી. આહાહાહા ! એવો જે ચૈતન્ય ચમત્કાર, આહાહા ! "માત્ર", 'માત્ર' શબ્દ છે ને ? ચૈતન્ય માત્ર એટલે કોઇ રાગ નહીં, વિકલ્પ નહીં, પર્યાય નહીં, ભેદ નહીં, આહાહા ! "પરદ્રવ્ય ભાવોથી રહિત શુધ્ધનયના વિષયભૂત" આહાહાહા ! જેને ૧૧મી ગાથામાં ભૂતાર્થ કહ્યો, છઠ્ઠી ગાથામાં જેને જ્ઞાયક કહ્યો. આહાહાહા ! ચૈતન્ય-ચમત્કાર-માત્ર, પરદ્રવ્ય ભાવોથી ( રહિત ) પહેલો તો અસ્તિ કીધું, ચૈતન્ય-ચમત્કાર-માત્ર વસ્તુ, વસ્તુ, વસ્તુ, વસ્તુ હવે પરદ્રવ્યોથી રહિત, નાસ્તિ કીધું. રાગાદિથી રહિત. આહાહા ! "પરમ અર્થને અંતરંગમાં" આહાહા ! એવો પરમ પદાર્થ પ્રભુ, જેની શક્તિના ગુણના સંગ્રહનો માપ નથી. આહા...આ તે શું છે આ ? ઓલા ક્ષેત્રનું માપ નથી, કાળનું માપ નથી, અહીં ગુણનું માપ નથી, છતાં ક્ષેત્ર તો આટલું છે, શરીર પ્રમાણે ક્ષેત્ર છે. અરે, અંગુળના અસંખ્ય ભાગમાં નિગોદનાં અનંતા જીવો, એ એક એક જીવ અનંતા અનંતા ગુણના માપથી, અમાપથી ભરેલું છે. આહાહા ! અરે બાપુ એને દ્રવ્યની શ્રધ્ધા ક્યારે થાય ? આહા ! અંગુળના અસંખ્યાતમાં ભાગમાં અહીં, અનંતા જીવો છે અહીં. આખા લોકમાં એટલા ભર્યા છે. ડુંગળી, પ્યાજ, લસણ એની કળી એક કટકી, ( એમાં ) અસંખ્ય શરીર એક શરીરમાં અનંતા જીવ એક એક જીવના અમાપ અનંતા ગુણો આ બધાનું ક્ષેત્ર નાનું છે, પણ એ ક્ષેત્રની અહીં જરૂર નથી. એના સ્વભાવના સામર્થ્યની શું ચીજ છે ? સમજાણું કાંઇ ? આહાહાહાહા !

"એવા પરદ્રવ્ય માત્રથી ( ભાવોથી ) રહિત પરમ અર્થને" પરમપદાર્થ, આહાહા... ચૈતન્ય ચમત્કાર ત્રિકાળ અનંતગુણનો અમાપ વસ્તુ, પ્રભુ ! આહાહા ! એને અંતરંગમાં અવલોકે છે. અંતરંગમાં અંતર અવલોકે પર્યાયમાં, આહાહાહા... જ્ઞાનની પર્યાય એને અવલોકે છે. આહાહાહા ! એ પર્યાય કેવડી અને કેટલી તાકાતવાળી કે જે અમાપગુણની શક્તિનો સંગ્રહ પ્રભુ, આહાહા... ભાઈ ! સમ્યગ્દર્શન અને એનો વિષય અને એને જાણનારી જ્ઞાનની પર્યાય, કોઇ અલૌકિક ચીજ. અરેરે ! એવી એ ચીજ જે છે એને જે અવલોકે છે, અવલોકે છે એ પર્યાય છે. અમાપ એવો ભગવાન આત્મા એને જે જ્ઞાનની પર્યાય અવલોકે છે. ( અવલોકનારી ) પર્યાય, ધ્રુવ-ધ્રુવને ક્યાં અવલોકે ? એ પર્યાય સિદ્ધ કરી. અવલોકે છે, તેની શ્રદ્ધા કરે છે. આહાહાહા ! જે અમાપ શક્તિનો પ્રભુ સંગ્રહાલય અનંતગુણોનાં સંગ્રહનો આલય, સ્થાન, ધ્રુવધામ. એને જે અંતરમાં પર સન્મુખથી છુટી, સ્વસન્મુખ થાય છે, એને ત્યારે અવલોકે છે. દરિયો મોટો ગુણનો દરિયો એને

જે જ્ઞાન અંતર્મુખ થઇને અવલોકે છે. આહાહા... અને એની જે શ્રદ્ધા કરે છે. સમજાણું કાંઇ ?

अर्थ अन्त: पश्यतां છે ને અને તદ્દ્રૂપ લીન થઇ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે. શું કહે છે ? કે જે અંતર આવી ચીજ છે તેનું જ્ઞાન કરી તેની શ્રદ્ધા કરી ને તેમાં લીનતા થઇ જાય છે. એને વ્યવહાર હોતો નથી. એને વ્યવહાર કાંઇપણ જાણેલો પણ એને હોતો નથી. આહાહાહ ! એ જાણેલો પ્રયોજનવાન કહ્યો હતો એ હવે આમાં રહ્યો નથી. શું કહ્યું એ ? કે પ્રથમ જે આત્માનો અનુભવ દર્શન જ્ઞાન થયું, પણ જ્યાં હજી પૂર્ણતા નથી, ત્યાં આગળ એને અપૂર્ણ શુદ્ધતા અને અશુદ્ધતાના અંશો છે, તેને જાણેલો પ્રયોજનવાન છે એમ કહ્યું હતું. ૧૨મી ગાથા. એટલે કે તે વખતની જ્ઞાનની પર્યાય તે પ્રકારની શુદ્ધતાનો અંશ છે, પૂર્ણ નથી, અને અશુદ્ધતા બેય છે, એને જાણેલો પ્રયોજનવાન એટલે કે, તે જ સાધક જીવને તે કાળે જ્ઞાનની પર્યાય સ્વને જાણે અને પરને જે પ્રકારે રાગ ને અશુદ્ધતા થોડી છે, એનું જાણવું એ પોતાનો સ્વપરપ્રકાશક પર્યાય પરિણમે છે, એને જાણેલો પ્રયોજનવાન કહ્યો છે, સમજાણું કાંઇ ? એ હવે પૂર્ણ જ્યાં થયું ત્યાં એ રહ્યું નહીં, સમજાણું કાંઇ ? એ કહેવું છે. વ્યવહાર આવે, જ્યાં સુધી પૂર્ણ ચારિત્રવંત લીન થાય નહિં યથાખ્યાત ચારિત્ર આદિ ત્યાં સુધી એને સ્વભાવનો આશ્રય ને અવલંબનનું જ્ઞાન શ્રદ્ધા થઇ પણ છતાં ચારિત્રની લીનતા પુરી થઇ નથી, તેથી એને આવો શુદ્ધતાનો અપૂર્ણ અંશ અને અશુદ્ધતાનો અંશ એવો બે હોય છે, એને જાણનારી પર્યાય જ્ઞાનની તે કાળે, પોતાને કાળે કારણે સ્વ અને પરને પ્રકાશે તેવી સ્વપરપ્રકાશક પર્યાય થાય છે. તેથી તેને જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવ્યો છે. આહાહા ! ધનાલાલજી ! આવી વાતુ છે.. આહાહા !

પણ જ્યાં જ્ઞાન ને દર્શન ને સ્થિરતા જ્યાં પૂર્ણ થઇ ગઇ પછી અપૂર્ણ શુદ્ધતા ને રાગ એ રહ્યો નહીં, એટલે જાણેલો જે પ્રયોજનવાન હતો એ ત્યાં રહ્યો નહીં. આહાહાહ ! આહાહાહ ! અરે આ માર્ગ તો જુઓ. ચીમનભાઈ ! આવો માર્ગ અને લોકો બચારા એકાંત છે એકાંત, અરે બાપુ ભાઈ તને વસ્તુ સ્વરૂપ, બાપા ઉલટા એથી પરિણામનાં ફળ ભાઈ ! આકરા આવશે ભાઈ ! એ બીજાથી જોયા નહીં જાય એવા દુઃખ થાશે. આહાહા ! તને અત્યારે ઠીક લાગે આમ જાણે અમે ઓહોહો... અને લોકોય પાગલ બધાં ભેગા થઇને આહાહા... ભારે વાત કરે છે, સારી વાત કરે છે. વ્યવહારથી જોઇએ ને વ્યવહારથી થાયને ? ૧૧મી ( ગાથામાં ) કહ્યું ને પરસ્પર વ્યવહારનો ભેદનો ઉપદેશ કરે છે માંહો માંહે એ તો અનાદિનું છે, એમાં નવું શું છે. ( શ્રોતા :– ત્યાં વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કહ્યો – એને અહીંયા કાઢી નાખ્યો. ) હા એને અહીંયા કાઢી નાંખ્યો પૂરણ થયું–પૂરણ થયું એટલે કાઢી નાંખ્યો. અહીં અપૂર્ણ હતું. દૃષ્ટિ, જ્ઞાનનો વિષય તો પૂર્ણ જ છે પણ અહીંયા પર્યાયમાં પૂર્ણતા ને શુદ્ધતા પુરી નહોતી અને અશુદ્ધતા હતી ત્યારે તે પ્રકારનું જ્ઞાન સ્વ ને પરને તે જ પ્રકારે જાણતું પ્રગટ થતું, એ પ્રકારનું જ્ઞાન હવે પુરું થયું તો ત્યાં રહ્યું નહીં. આહાહાહ !

ભાષા તો સાદી છે બાપુ ! ભાઈ ! તારી વાતો શું કરવી. પ્રભુ ! તારી પ્રભુતાનો પાર ન મળે. આહાહા ! એકેક પર્યાયમાં એની પ્રભુતા પ્રસરી ગઇ છે. કેમકે એનામાં પ્રભુત્વ નામનો એક ગુણ છે. અને એ ગુણ છે અનંત ગુણમાં એનું રૂપ છે. આહાહાહ ! અને અનંતા ગુણોમાં પ્રભુત્વનું રૂપ છે અને એની પર્યાયમાં પણ પ્રભુત્વની પર્યાય પ્રગટ થાય છે, એ અખંડ પ્રતાપિત

સ્વતંત્ર શોભીત. જેને રાગના નિમિત્તની અવલંબનની જરૂર નથી. આહાહાહા ! એ રીતે અખંડ પ્રતાપિત સ્વતંત્ર સ્વાધીન પર્યાય એક પ્રભુત્વગુણની થાય એવી રીતે અનંતાગુણની પ્રભુત્વ ગુણને કારણે પોતાનું પણ સ્વરૂપ એવું છે માટે, આહાહાહા ! સ્વતંત્રપણે, સ્વાધીનપણે, જેનો કોઇ પ્રતાપ ખંડ કરી શકે નહીં એવી ગુણની પર્યાયનું પરિણમન સ્વતંત્ર પોતાથી થાય છે. આહાહા ! એને વ્યવહારથી આ થાય ને નિમિત્તથી આ થાય, એ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઇ ? આહાહાહા ! આવી વસ્તુ છે. સાંભળવી કઠણ પડે પહેલી તો. આહાહા ! બાપુ ! પ્રભુ ! તું છો આવો ને ? તું છે એની વાત હાલે છે એ. આહાહા ! એ ચૈતન્ય ચમત્કાર માત્ર પ્રભુ એની જ્ઞાન શ્રદ્ધા થઇ અને પછી લીનતા પૂર્ણ થઇ ગઇ, એને પછી અપૂર્ણતા જે શુદ્ધતાનો અંશ અને અશુદ્ધતા એ છે નહીં, તેથી એને વ્યવહારનય છે નહીં, એથી વ્યવહારનું પ્રયોજન પણ જાણવું રહ્યું નથી. આહાહાહા ! સમજાણું કાંઇ ? ( શ્રોતાઃ- ૧૯ મી વાર વાત થઇ ) હા ! ૧૯મી વાર સાચી વાત છે. ૧૯મી વાર છે. ૧૯ વાર એમાં છોટાભાઈ કહે છે અમારે ચુડાવાળા કે આ ફેરી પહેલી ગાથાથી બહુ સારું ચાલે છે એમ કહે છે. ૧૯મી વાર, છોટાભાઈ ! એ કહેતા 'તા અંદર આવીને કહેતા હતા. માર્ગ આવો બાપા ! આહાહા ! એ ભગવાને કહ્યો છે એમ છે કાંઈ ભગવાને કર્યો નથી આ કાંઈ. પોતાનું કર્યું પણ પરનું કાંઈ કર્યું નથી એ તો એ એની ચીજ સ્વતંત્ર છે. ભગવાન તો એમ કહે છે કે તારા સ્વરૂપની પ્રાપ્તિ માટે તારો ગુણ એવો છે કે અમારી અપેક્ષા વિના તારું પરિણમન થાય એવો તારો ગુણ છે. આહાહા !

અમે દેવ ગુરુ ને શાસ્ત્ર જે પર છીએ અને પરની અપેક્ષાથી તારામાં કાંઇ રાગ થાય એ સ્વભાવ તારો છે જ નહીં. આહાહાહા ! ત્યારે ? કે એને થાય છે ને ? કે થાય છે તેને જાણવાની પર્યાય સ્વપરપ્રકાશમાં જાણે છે. આહાહાહા ! ( શ્રોતાઃ- વ્યવહારે પ્રચાર પ્રસાર કર્યો પછી એનું ફળ આવ્યું ને ? ) પ્રચાર-પ્રસાર કાંઇ ન મળે. એ તો પહેલું એટલું આવ્યું કે આ આત્મા તે જ્ઞાન છે એવો ભેદ આવ્યો એટલી વાત. એ એને અનુસરવું નથી. અનુસરવાનું અભેદને છે. અને પછી પણ જ્યારે પર્યાયમાં પૂર્ણતા નથી. ત્યાં સુધી અપૂર્ણ શુદ્ધતા ને અશુદ્ધતાનો અંશ હારે છે, જુદા જુદા અંશ છે. આહાહા ! એને જાણેલો પ્રયોજનવાન છે, એટલે કે તે વખતે તેવું જ જ્ઞાન, એ રાગ છે ને અશુદ્ધતા છે, એની અપેક્ષા રાખ્યા વિના, જ્ઞાનનો પર્યાય પણ સ્વતંત્ર સ્વથી જેની અખંડતાના સ્વતંત્રતાથી શોભાયમાન જેની પર્યાય છે એને કોઇ રાગ છે માટે એનું જ્ઞાન થાય એવી પણ અપેક્ષા નથી. આહાહાહા ! સમજાણું કાંઇ ? એની તે સમયની જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશકપણે તે કાળે તે જ પ્રકારની ઉત્પન્ન થવાની સ્વતંત્રથી શોભે છે. એને કોઇ રાગ છે માટે સ્વપરપ્રકાશક પર્યાય થઇ એમ નથી. આહાહાહાહા ! આ વસ્તુ તત્ત્વજ્ઞાન ચીજ જ કોઇ જુદી છે. આહાહા ! આ તો મહા ઊંડો પાતાળનો કૂવો, પાતાળનાં પાણી એ આ પાર આવે એવું છે ? ( શ્રોતાઃ- એ અવાવરું થઇ ગયો તો ) અવાવરો. આહાહા ! જનડામાં કહ્યું હતું ને પાતાળમાં પાણી તરત તૈયાર હતું. બહુ ખોદયું, ઘણું ખોદયું નીકળ્યું નહીં, એક ચાર તસુની પથ્થરની ઓલી રહી ગઇ પાતાળને અને તૂટવાની. તો થાકી ગયા તો વિયા ગ્યા ઘરે, પાણી નીકળ્યું નહીં. એમાં એક આવી જાન, જાન સમજ્યાને દુલ્હા લગ્ન દસ વાગ્યાનું ટાણું દસ સાડા દસ કે હવે અહીં કૂવો છે ને આપણે અહિંયા આરામ કરીએ અહીંયા નાસ્તા કરે ને લાડવા ખાય ને જાન આ લગન

કોઇક આઘે જવું હશે કે સાડા દશ થઇ ગયા કે આ કૂવો છે તે ઉભું રાખ્યું ત્યાં આમ જોવેને ત્યાં પાણી ન મળે, એમાં એક જણો કહે માથે મોટા પથ્થરા પડયા છે મોટા પચ્ચીસ–પચ્ચીસ મણના નાખો ને એમાં એક પથ્થરો જ્યાં નાખ્યો ઓલી ચાર તસુ તુટીને પાણીની શેડ ઉડી અંદરથી, શેડ ઉડી આમ અંદરથી, ત્યાં તો નીચે પાણીનો પ્રવાહ છે ને નીચે પાતાળમાં જોરદાર, આહાહા... ( કૂવામાં ) પાણી ભર્યું છે, એમ આત્મામાં પાણી ભર્યા છે ગુણના ઊંડા–ઊંડા. આહાહા ! આ માણસ નથી કહેતા, આ માણસ પાણીવાળો છે છોકરો, પાણીવાળો એટલે તાકાતવાળો એમ ભગવાન અનંત પાણીવાળો છે. આહાહાહા ! જેના તળીયામાં પાતાળમાં પાર નથી, જેનો પાર કેવળી પામી શકે કે જ્ઞાની પામી શકે, બાકી તર્કથી મેળવી શકાય એવી એ ચીજ નથી. આહાહાહા ! એવા ચૈતન્ય ચમત્કાર માત્ર અવલોકે છે, એમ છે ને ? તેમને વ્યવહારનય કાંઇપણ પ્રયોજનવાન નથી, એટલે કે એને વ્યવહારનયનો વિષય જ રહેતો નથી. આહાહાહાહા ! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે ભાઈ !

જ્યાં સમ્યગ્દર્શન જ્ઞાન થયું પૂર્ણાનંદના નાથના એ દેદારના દર્શન થયાં. આહાહા ! અદબદનાથ પોતે પ્રભુ, એની પ્રતીત અને જ્ઞાન થયાં પણ એમાં લીનતા પૂર્ણ ન થાય, ત્યાં સુધી અને શુદ્ધતા ને અશુદ્ધતાનાં અંશો, પર્યાય છે તે, વ્યવહારનયનો વિષય છે, પર્યાય છે ને શુદ્ધનો અંશ ને એ વ્યવહારનો એટલે વ્યવહારનય જાણેલો એટલે તે કાળે તે જ્ઞાનની પર્યાયની ઉત્પત્તિ, તે જ પ્રકારે સ્વપરને પ્રકાશે તેવી ઉત્પત્તિ થાય, એને એમ કહ્યું કે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. પણ જ્યાં પૂર્ણ દશા થઇ, ત્યારે એને શુદ્ધતા, અપૂર્ણતા ને અશુદ્ધતા હતી એ રહી નહીં, પૂર્ણ શુદ્ધતા થઇ ગઇ, એટલે એ જ્ઞાન પણ સ્વપર પૂર્ણને પ્રકાશે એવું જ્ઞાન થઇ ગયું, અધુરાને પ્રકાશે એવું જ્ઞાન જે હતું એ ત્યાં રહ્યું નહીં. આહાહાહાહા ! કહો દેવીલાલજી ! આવો માર્ગ છે. આ દિગંબર ધર્મ. આહાહા !

બીજી રીતે કહીએ, તો આ આત્માની પર્યાય જ્ઞાનની એક સમયની પર્યાય એને છ દ્રવ્ય જાણવાનો એનો સ્વભાવ છે, અને એ પર્યાય ત્યારે માની કહેવાય કે છદ્રવ્ય જાણવાનો એનો સ્વભાવ છે, અને એ પર્યાય ત્યારે માની કહેવાય કે છ દ્રવ્યો એમાં અનંત તીર્થંકરો સિદ્ધો આવ્યા, નિગોદના જીવ આવ્યા સાક્ષાત્ વર્તમાન મહાવિદેહમાં બિરાજનારા એ દ્રવ્યો એમાં આવ્યા, એવા અનંતા દ્રવ્યોને એક સમયની પર્યાય ભલે શ્રુતજ્ઞાનની હોય, તે જાણવાની તાકાત રાખે છે, એટલે એક સમયની પર્યાયની જેણે પ્રતીત કરી એણે છ દ્રવ્યને માન્યા છે. પણ તે તો હજી વ્યવહાર છે. આહાહાહાહા ! એક સમયમાં અનંતા તીર્થંકરો સિદ્ધોને માન્યા, જાણ્યા, પર્યાય એનો સ્વભાવ જ એવો છે પણ એક પર્યાયને જ્યાં સુધી માને ત્યાં સુધી તો હજી વ્યવહારનય છે એનો. આહાહાહા ! એ છૂટીને દ્રવ્યનાં આ જ્યાં ત્રિકાળ જેમાં એક એવી પર્યાયો નહીં, અનંતી અનંતી એક એક ગુણનો સંગ્રહ પડયો છે. એવા અનંતા ગુણોનો પ્રભુ. આહાહાહાહા ! અનંતી, અનંતી, અનંતી, અનંતી, અનંતી, શક્તિઓ એટલે સંખ્યા, એની એક એક શક્તિ પ્રભુત્વ ગુણથી ભરેલી છે. આહાહાહા ! અને તેની પર્યાય પણ પ્રભુત્વગુણની પર્યાય છે. એની પ્રભુત્વ ગુણની પર્યાયને પર કોઇ ખંડ કરી શકે કે પરની અપેક્ષાથી તે પ્રભુત્વ ગુણની પર્યાય અથવા બીજા ગુણોમાં પણ પ્રભુત્વનું રૂપ છે. બીજા ગુણોની પર્યાયમાં પણ પ્રભુત્વનું રૂપ છે, પણ બીજા ગુણની

પર્યાયને પણ પરની અપેક્ષા હોય તો તે પર્યાય ઉત્પન્ન થાય અને પર્યાય રહે અને પર્યાય વધે એમ નથી. આહાહાહાહા ! માનો ન માનો જગત ગમે તે કહો. સમજાણું કાંઇ ?

આવું વસ્તુનું સ્વરૂપ ! ભારે વાત, ઓલા એ બચારાએ લખ્યું છે જાપાનવાળાએ કે એક તો આવો જૈન ધર્મ અનુભૂતિરૂપ જૈનધર્મ અને નિર્વાણરૂપ આત્મા, એટલે આપણે મુક્તસ્વરૂપ આત્મા કહીએ એણે નિર્વાણ કહ્યું. આત્મા પોતે મુક્તસ્વરૂપ જ છે. સ્વભાવ, શક્તિસ્વરૂપ મુક્તસ્વરૂપ જ છે. એણે નિર્વાણ લીધું બચારાએ એણે એક કહ્યું અત્યારનો આ ધર્મ વાણીયાઓને હાથ આવ્યો અને વાણીયા વેપારના વ્યવસાયમાં ગુંચી ગયા છે. એ હિંમતભાઈ ! લોઢામાં ને આહાહાહા ! અહીંયા એણે લખ્યું છે ( જાપાનવાળાએ ) વાણીયા વેપારી આમાં ગુંચવાઈ ગયા વ્યવસાયમાં એમાં આ શું ચીજ છે એનો નિર્ણય કરવાને, નિવૃત્તિ પણ લે નહીં. આહાહા ! એક તો વેપારના ધંધામાં ગુંચાઇ ગયા બીજા પાછા બાયડી, છોકરાને કુટુંબને સાચવવા, જાળવવા ને એની હારે આ આ આ રાજી રાખવા ને સારા કરવાને રમતું કરવી ને અરરર ! વેપારના વ્યવસાય ઉપરાંત આ, આ તો બધાને હોય, એ જૈન ધર્મનો મર્મ છે તેનો નિર્ણય કરવા માટે વાણિયા વેપારના વ્યવસાયવાળા નવરા નથી અને ભાઈએ તો લખ્યું છે જગમોહનલાલજીએ અરે આ લોકો આવા જાપાનના અન્ય મિથ્યાદૃષ્ટિઓ તે અનાર્ય દેશમાં રહેલા, એવા વિજ્ઞાનની શોધ કરતાં કરતાં આવું જેણે જૈન ધર્મનું રૂપ કાઢયું, આપણે જૈન લોકો પ્રમાદી છીએ એમ લખ્યું બચારાએ જગમોહનલાલજી, હૈ ? છે ને એવું વાચ્યું, બતાવ્યું તું. આપણે રાતે વાચ્યું હતું ને મોહનલાલજી ! રાતે નહીં બે ત્રણ દિવસ પહેલાં. ( શ્રોતાઃ- પ્રમાદી ) પ્રમાદી છે. અરે વાણિયા આપણે એમ કે જૈન, એ લોકો આવું શોધી ને કાઢે કે જૈનનું સ્વરૂપ આવું છે અને તમે વાણિયા વેપારી જૈનમાં જનમ્યાને કાંઇ નિર્ણયનાં ઠેકાણાં ન મળે. આહાહાહા ! ( શ્રોતાઃ- વાણિયા એવા જ હોય ) હવે એને માટે નિર્ધાર કરવો જોઇએ. નક્કી કરો એમ લખ્યું પાછું હવે, તૈયાર થાવ પ્રમાદને છોડો, બહારના વ્યવસાયમાં રોકાણ છોડી દો. આહાહા ! ભાઈ નથી આવ્યાને હસમુખ નથી આવ્યાને બપોરે આવે છે બપોરે આવે હસમુખ. અમારે ગાંધી છે ને હસમુખ બોટાદનો, માળે ૪૨ વર્ષની ઉંમર બે ત્રણ લાખની પેદાશ દુકાને લોઢાની મુંબઇ પોતે જાતે દુકાન કરેલી, એ ગાંધી તમારામાંથી આ હસમુખ, હસમુખ, હસમુખ કાંતિલાલ આહાહા ! ત્રણ ત્રણ લાખની પેદાશ પોતે કરેલી ૪૨ વર્ષની ઉંમર એક છોકરો છે ૧૦ કે ૧૧ વર્ષનો, એક છોડી છે, ભાઈઓને કહે ભાઈ હવે મારે કાંઇ ધંધો કરવો નથી. ભાઈ ! આપણે ત્રણ ભાઈઓ છીએ. મારો ત્રીજો ભાગ આવે ને, મને ચોથો ભાગ આપો. પણ હવે હું દુકાને નહીં આવું દુકાને, આવે છે ઘણી વાર બપોરે આવે આજ આવે તો આવે કાલ નથી આવ્યા નહીં. શનિવાર-રવિવારે કાયમ. ( શ્રોતાઃ- એ સબ આપકા પ્રતાપ હે ) એને એકદમ એમ થઇ ગયું કે આહા ! આપણે કરવાનું તો રહી જાય છે ને આ શું ? છોકરાઓએ પાંચ લાખ આપ્યા, ચીમનભાઈ, બે ભાઈઓએ બે ત્રણ લાખની પેદાશ વર્ષની. પૈસા ઘણાંય હશે ભાઈ પાંચ લાખ આપ્યા ભાઈ અમે પાંચ લાખ આપીએ. બસ કાંઇ બોલ્યા નહીં. બસ, મારે બસ છે. પાંચ લાખનું પાંચ હજારનું મહીને વ્યાજ આવે, બસ મારે વાપરીશ હું આ શાસ્ત્રોમાં છોકરાની દવામાં ગરીબ માણસો આવે એ જોયું છે ને ગરીબપણું પોતે એટલે ગરીબપણાને દેખીને દયા આવી જાયને કહે બે પાંચ રૂપિયા લઇ જા ભાઈ, લઇ જા,

મહીને પાંચ હજારનું વ્યાજ આવે એ આ રીતે વાપરી નાંખે. પાંચ લાખ પડયા છે. આવે છે બપોરે વારંવાર શની–રવિ આવે છે. એકાંતરે આવે છે ૪૨ વર્ષે સંતોષ કર્યો અને અહીં તો તમારે કરોડો રૂપિયાને પચાસ પચાસ લાખ હોય દસ લાખ હોય વીસ લાખ તોય સખ ( સંતોષ ) નથી ક્યાંય એવો દાખલો બેસાડયો માળે. ગાંધી કુટુંબમાં બીજા પૈસાવાળા ઘણા છે હિરાલાલ ને ચંપકલાલ ને ફલાણા ભાઈ આપણે ત્રણ ભાઈ, કરેલું પોતે દુકાનનું પછી બે ભાઈએ તો પછી આવેલા, ભલે આવ્યા બાપા ભાઈ આ બધુ તારું છે, મને ત્રીજો ભાગ આવે ને મને ચોથો આપો, વસ્તુ હોય એમાંથી મને ચોથો આપો. પણ હવે હું દુકાને બિલકુલ આવવાનો નથી. દુકાન મારે માટે બંધ છે. નિવૃત્તિ કરી અને ત્યાં ઘરે વાંચન બસ – શાસ્ત્રનું વાંચન. વાંચન સવારે શરૂ થાય ત્યાં આવે રમેશના ભજનો આ તો ઘાટકોપરવાળા ઘાતકી ખંડ યાદ આવે છે. એ ઘાટકોપર, ઘાટકોપર છે ને ? રમેશ સવારથી બેસે.

ગુરુજી મારા ચેતનને મને સમજાવો આવું કરીને શરૂ કરે. ગુરુજી મારા ચેતનને સમજાવો એ પદ શરૂ કરે આખોદિ' આ કાંઇ લેવા દેવા ધંધો વેપાર કાંઇ નહીં. અરે બાપુ ! કરવા જેવું આ છે અરે જાવું છે ક્યાં ભાઈ, આ બધાં સંયોગો છુટી જાશે બાપુ, આ ક્યાં તારા છે ? આહાહા ! રાગનો સંયોગીભાવ પણ પ્રભુ તારો નથી, તો આ ચીજ ક્યાંથી આવી, તું ક્યાં રોકાઇ ગ્યો ? કોને સાચવવા ? આહાહા ! જેને સાચવવો તો એને સાચવવો નથી ને જેને સાચવી શકતો નથી તેને સાચવવામાં રોકાઇ ગ્યો. અને આમાં સાચવી શકે છે ત્યાં આવતો નથી. આહાહા ! અહીં કહે છે, જ્યાં આગળ ભગવાન આત્મા પૂર્ણ ચૈતન્ય ચમત્કારનું જ્યાં જ્ઞાન થયું સમ્યગ્દર્શન થયું અને ચારિત્રની પૂર્ણતા જ્યાં થઇ ગઇ પછી અપૂર્ણતા છે નહીં, એથી અપૂર્ણતાને જાણતાં જ્ઞાનને વ્યવહાર કહેવામાં આવતો હતો, છે તો એ પોતાનો સ્વપરપ્રકાશક પર્યાય, પણ પરની અપેક્ષાએ એને વ્યવહાર જાણે છે એમ કહેવામાં આવતો હતો, એ પૂર્ણ દશા જ્યાં થઇ, ત્યારે એ વ્યવહાર રહ્યો નહીં. તેથી જાણેલો પ્રયોજનવાન એને છે નહીં. આહાહા ! એકલો અનુભવ આનંદનો, કેવળજ્ઞાન !! વિશેષ કહેવાશે.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ... )

---

નિશ્ચય સમકિતનું સ્વરૂપ કહે છે. સત્યદર્શન, સમ્યગ્દર્શન જે આત્માનો પૂર્ણ નિર્વિકલ્પ વસ્તુ એનો જે અનુભવ એમાં થતી પ્રતીત એવું જે નિશ્ચય સમ્યગ્દર્શન એની વ્યાખ્યા છે. આહાહા !

## શ્લોક - ૬

( शार्दूलविक्रीडित )

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।।६।।

હવે પછીના શ્લોકમાં નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છેઃ-

શ્લોકાર્થઃ- [ अस्य आत्मनः ] આ આત્માને [ यद् इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम् ] અન્ય દ્રવ્યોથી જુદો દેખવો ( શ્રદ્ધવો ) [ एतत् एव नियमात् सम्यग्दर्शनम् ] તે જ નિયમથી સમ્યગ્દર્શન છે. કેવો છે આત્મા ? [ व्याप्तुः ] પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે. વળી કેવો છે ? [ शुद्धनयतः एकत्वे नियतस्य ] શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. વળી કેવો છે ? [ पूर्ण-ज्ञान-घनस्य ] પૂર્ણજ્ઞાનઘન છે. [ च ] વળી [ तावान् अयं आत्मा ] જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે. [ तत् ] તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે [ इमाम् नव-तत्त्व-सन्तर्ति मुक्त्वा ] આ નવતત્ત્વની પરિપાટીને છોડી, [ अयम् आत्मा एकः अस्तु नः ] આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો.

ભાવાર્થઃ- સર્વ સ્વાભાવિક તથા નૈમિત્તિક પોતાની અવસ્થારૂપ ગુણપર્યાયભેદોમાં વ્યાપનારો આ આત્મા શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો-શુદ્ધનયથી જ્ઞાયકમાત્ર એક-આકાર દેખાડવામાં આવ્યો, તેને સર્વ અન્યદ્રવ્યો અને અન્યદ્રવ્યોના ભાવોથી ન્યારો દેખવો, શ્રદ્ધવો તે નિયમથી સમ્યગ્દર્શન છે. વ્યવહારનય આત્માને અનેક ભેદરૂપ કહી સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે ત્યાં વ્યભિચાર ( દોષ ) આવે છે, નિયમ રહેતો નથી. શુદ્ધનયની હદે પહોંચતાં વ્યભિચાર રહેતો નથી તેથી નિયમરૂપ છે. કેવો છે શુદ્ધનયનો વિષયભૂત આત્મા ? પૂર્ણજ્ઞાનઘન છે-સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ છે. એવા આત્માના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે. તે કાંઈ જુદો પદાર્થ નથી-આત્માના જ પરિણામ છે, તેથી આત્મા જ છે. માટે સમ્યગ્દર્શન છે તે આત્મા છે, અન્ય નથી.

અહીં એટલું વિશેષ જાણવું કે નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે તેથી શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો. શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે કારણ કે વસ્તુને સર્વજ્ઞનાં આગમનાં વચનથી જાણી છે; તેથી આ શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા, આત્માના સર્વ પર્યાયોમાં પ્રાપ્ત, પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ-સર્વ લોકાલોકને જાણનાર, અસાધારણ ચૈતન્યધર્મને પરોક્ષ દેખાડે છે. આ વ્યવહારી છદ્મસ્થ જીવ આગમને પ્રમાણ કરી, શુદ્ધનયે દર્શાવેલા પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે તે શ્રદ્ધાન નિશ્ચય સમ્યગ્દર્શન છે. જ્યાં સુધી કેવળ વ્યવહારનયના વિષયભૂત જીવાદિક ભેદરૂપ તત્ત્વોનું જ શ્રદ્ધાન રહે ત્યાં સુધી નિશ્ચય સમ્યગ્દર્શન નથી. તેથી આચાર્ય કહે છે કે એ નવ તત્ત્વોની સંતતિને ( પરિપાટીને ) છોડી શુદ્ધનયનો વિષયભૂત એક આત્મા જ અમને પ્રાપ્ત હો; બીજું કાંઈ ચાહતા નથી. આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે, કોઈ નયપક્ષ નથી. જો સર્વથા નયોનો પક્ષપાત જ થયા કરે તો મિથ્યાત્વ જ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે-આત્મા ચૈતન્ય છે એટલું જ અનુભવમાં આવે, તો એટલી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે કે નહિ ? તેનું સમાધાનઃ-ચૈતન્યમાત્ર તો નાસ્તિક સિવાય સર્વ મતવાળાઓ આત્માને માને છે; જો એટલી જ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવામાં આવે તો તો સૌને સમ્યક્ત્વ સિદ્ધ થઈ જશે. તેથી સર્વજ્ઞની વાણીમાં જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવું શ્રદ્ધાન થવાથી જ નિશ્ચય સમ્યક્ત્વ થાય છે એમ સમજવું. ૬.

## પ્રવચન નં. ૫૪ શ્લોક - ૬ તા. ૧૦-૮-૭૮ ગુરૂવાર, શ્રાવણ સુદ-૬ સં. ૨૫૦૪

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।।६।।

'નઃ' નો અર્થ અમને છે. 'નઃ' નો અર્થ નકાર નથી, 'નઃ' નો અર્થ અમને છે, અમને નવતત્ત્વની પરિપાટી છોડીને એક ભગવાન આત્મા પ્રાપ્ત હો. આહાહા ! કેમ કે નવતત્ત્વનો અનાદિ અભ્યાસ એ મિથ્યાત્વ છે. એક સ્વરૂપ જે ચૈતન્ય નિર્વિકલ્પ વસ્તુ માત્ર એને છોડીને નવ પ્રકારનાં તત્ત્વોનો અનુભવ અનાદિનો એ મિથ્યાત્વભાવ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો કહ્યું છે કે નવતત્ત્વનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન. એ તો બીજી વાત છે, ત્યાં નવતત્ત્વમાં એકવચન છે. એકરૂપ આત્માને જાણે છે એમાં નવતત્ત્વની શ્રદ્ધા એમાં ભેગી આવી જાય છે. સ્વનું પૂર્ણ સ્વરૂપ નિર્વિકલ્પ, નિર્વિકલ્પ અભેદ જ્ઞાનઘન વસ્તુ એનો અનુભવ થતાં, સમ્યગ્દર્શન થતાં એમાં બીજા તત્ત્વો નથી એવું અંદર જ્ઞાન થઈને શ્રદ્ધા આવી જાય છે એટલી વાત. ત્યાં એકવચન છે, અને આ નવ તો અનેક પ્રકાર છે. નવનાં અનેક પ્રકારનો અનુભવ તે મિથ્યાત્વ છે. અને નવનો એકપણે જે અભ્યાસ સ્વરૂપ તરફની દૃષ્ટિ થઈને આઠ એમાં નથી એવું જે શ્રદ્ધા સહિત જ્ઞાન થાય, એને નવતત્ત્વની શ્રદ્ધાનું સમ્યગ્દર્શન કહ્યું છે, આરે ! આવી વાતું ભાઈ ! મૂળ વાત એવી કઠણ અપરિચિત અભ્યાસ નહીં.

એટલે અહીં કહે છે. આ આત્મનમ્ શ્લોકાર્થ "આ આત્માને" अस्य आत्मनः આત્માની મોજૂદગી નિર્વિકલ્પ સ્વરૂપ આહાહાહા... એમ સિદ્ધ કર્યું પહેલું अस्य आत्मनः નિર્વિકલ્પ ચૈતન્ય માત્ર પ્રભુ એવો જે આત્મા આહાહા અન્ય દ્રવ્યોથી જુદો શ્રદ્ધવો, "अस्य आत्मनः" નિર્વિકલ્પ વિજ્ઞાનઘન પ્રભુ. એ અસ્તિથી વાત કરી. અને અન્ય દ્રવ્યથી પૃથક દેખવો એ પરથી નાસ્તિ. આહાહા ! છે ? "अस्य आत्मनम्" આ તો અધ્યાત્મના મંત્રો છે, પ્રભુ ! આ કોઈ સાધારણ વાત કથા વાર્તા નથી. આહા !

ભગવાન આત્મા એ વસ્તુ તરીકે જ્ઞાયકભાવ તરીકે નિર્વિકલ્પ અભેદ સ્વરૂપ તરીકે જે વસ્તુ છે એને "अस्य आत्मनम्" 'આ' આત્મા એમ કહ્યો છે. આહાહા ! એવા આત્માને 'यद् इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम्' અન્ય દ્રવ્યોથી જુદો 'યદ્ ઇહ્' એને એનાં દ્રવ્યાંતરથી અનેરા. આહાહા ! રાગ ને નવતત્ત્વનાં ભેદ પણ અન્ય દ્રવ્ય છે કહે છે. અને તીર્થંકરદેવ, દેવ–ગુરુ એ પણ અન્ય દ્રવ્ય છે, એની શ્રદ્ધાદિ છે, તે પણ અન્ય દ્રવ્ય છે – એ અન્ય द्रव्यान्तरेभ्योः પોતાના દ્રવ્યથી અનેરા દ્રવ્યથી પૃથક. છે ? આહાહાહા ! અન્ય દ્રવ્યથી જુદો એટલે पृथक् दर्शनम् દેખવો એટલે કે શ્રદ્ધવો. આહાહા !

રાગાદિના ભેદો ને નવતત્ત્વનાં જે ભેદો એ બધા પરદ્રવ્ય છે. આહાહાહા ! એનાથી પૃથક ભગવાન આત્મા, 'अस्य आत्मा' પૂર્ણ નિર્વિકલ્પ વિજ્ઞાનઘન એને અન્ય દ્રવ્યોથી જુદો શ્રદ્ધવો.

છે ? એનું નામ સમ્યગ્દર્શન છે. ઝીણી વાત છે ભાઈ. આહાહા ! ( શ્રોતાઃ- ગુરુ તો મહાન ઉપકારી છે એને પૃથક તો કેમ કહેવાય ? ) એનાથી જુદો, વાણી ને ગુરુદેવ એ અન્ય દ્રવ્ય છે, એ તો અન્ય દ્રવ્ય છે, પણ તેની માન્યતાનો ભાવ જે છે એ પણ રાગ તે અન્ય દ્રવ્ય છે. આહાહાહા !

ભાઈ ! મૂળ ચીજ, અત્યારે તો મુશ્કેલી થઈ પડી લોકોને, સત્ય વાતને ખોટી ઠરાવવી ને ખોટીને સત્ય ઠરાવવી એ. આહાહા ! 'અસ્ય આત્મા નિર્વિકલ્પ વિજ્ઞાનઘન જે તત્ત્વ વસ્તુ' એને અનેરા દ્રવ્યો, એનાથી અનેરા દ્રવ્યો, દ્રવ્યાન્તર છે ને ? દ્રવ્યાન્તર એટલે પોતાના દ્રવ્યથી અનેરા દ્રવ્યો. આહાહાહા ! 'અસ્ય આત્મા' એ સ્વદ્રવ્ય થયું અને એને દ્રવ્યાન્તરેભ્યઃ, પોતાથી જેટલા અનેરા પુણ્ય ને પાપ, રાગ ને દયા-દાન કામ ક્રોધ કે દેવ ગુરુ શાસ્ત્ર આદિ કે નવતત્ત્વના ભેદનો ભાવ એ પણ અન્ય દ્રવ્યમાં જાય છે. આહાહા ! છે કે નહીં એમાં જુવો ને ? ( શ્રોતાઃ- ઘર છોડીને દૂર દૂરથી અહીં આવીએ છીએ. ) કોણે છોડયું છે ઘર ? કોને કહેવું ઘર ? ઘર હતું કે દિ' ન્યાં ? ગ્વાલિયરમાં ઘર છે ? આહાહા ! ઘર તો અહીં "અસ્ય આત્મનમઃ" એ ઘર છે. આહાહા ! ભજનમાં નથી આવ્યું ? અબ હમ કબહુ ન નિજ ઘર આયે "અબ હમ કબહુ ન નિજઘર આયે, પર ઘર ભમત નામ અનેક ધરાયે" મૈં ક્રોધી ને મૈં રાગી ને મૈં પુણ્યવંત મૈં લક્ષ્મીવંત ને મૈં બાયડીવાળો કુટુંબવાળો એવા અનેક નામો અજ્ઞાનપણે ધરાવ્યા, પણ કભી આ નિજઘર ભગવાન અસ્ય આત્મનમઃ જ્યાં અસ્ય આત્મનમ્ઃ નિર્વિકલ્પ વિજ્ઞાનઘન નિજ ઘર. આહાહાહા ! કહો દેવીલાલજી ! આવું છે કામ, બાપુ શું થાય ?

એનાં જ્ઞાનમાં પહેલો આવો નિર્ણય તો કરે, અનુભવ પછી. આહાહાહા ! એના વિકલ્પ સહિતના નિર્ણયમાં પણ આવું પરમ સત્ય જે દ્રવ્ય કાયમ નિર્વિકલ્પ વિજ્ઞાનઘન એ અન્ય દ્રવ્યોથી પૃથક છે. એના ભેદોથી પણ એ પૃથક છે. આહાહાહા ! પર્યાયનો ભેદ છે એનાથી પણ અભેદ વસ્તુ પૃથક છે. ભાઈ આ તો વીતરાગ માર્ગ છે બાપુ ! આ કોઈ કલ્પિત આરપારથી કહ્યું એ નથી ભાઈ. આહાહાહા ! અરેરે ! જનમ-મરણ કરીને ચોરાશી લાખ યોનિમાં એક એક યોનિમાં અનંત અવતાર કર્યા, એ અવતારના દુઃખો સાંભળે, આહાહાહા ! દેખનારને રૂદન આવે એવા દુઃખો સહન કર્યાં પ્રભુ, પણ આ વર્તમાન જરી આ માણસપણું મળ્યુંને આ મળ્યુંને આ મળ્યુંને ભૂલી ગયો થઈ રહ્યું. આહાહા ! આહાહા ! ભાઈ ! જનમ-મરણનાં દુઃખો એને મટાડવા હોય તો તેનો એક ઉપાય આ છે કે જે ચીજમાં જનમ મરણ તો નથી, જનમ-મરણના કારણરૂપ ભાવ તો નથી પણ જેના દ્રવ્યમાં વર્તમાન એક સમયની પર્યાય પણ જેમાં નથી. આહાહાહા ! એવું જે સ્વદ્રવ્ય અભેદ નિર્વિકલ્પ એટલે અભેદ, નિર્વિકલ્પ જ્ઞાનઘન, એને અનેરા નવનાં ભેદોથી પણ ભિન્ન પૃથક શ્રદ્ધવો, પૃથક દેખવો એટલે કે શ્રદ્ધવો. આરે ! ભાષા તો ટૂંકી પણ ભાવ બાપા. અરે દુઃખી છે જુઓને, કાલ પરમ દિ' નો સાંભળ્યું ઓલું રીક્ષા પંદર વીસ હજારની રીક્ષા નવી લીધી અને હવે કમાવા માટે બેઠા સાત જણા, છ જણા જુવાન ને એક છોડી, કચ્ચરઘાણ બધું માથે બસ ફરી ગઈ, ચાર ને છોડી તો તરત મરી ગયા બે ને ઈસ્પીતાલમાં લઈ ગયા ત્યાં મરી ગયા. આખી પંદર-વીસ હજારની ગઈ, કમાવા માટે કરી હતી ત્યાં એ પોતે બધાય મરી ગયા એમાં. આ દશા તો જુઓ બાપુ. આહા ! એવા ભવ પ્રભુ અનંતવાર કર્યાં છે

એની વાત નથી. ( શ્રોતાઃ– આગળ મોટર હતી ક્યાં ? તે ભવ કર્યા છે ) એ મોટર નહોતી તો બીજું હતું બધુંય હતું. એ વખતેય હતાં ભગવાનનાં વખતમાં તો માથે વિમાનો ચાલતા, દેવો આવતા. હવે આવતાને પણ એ. આહાહા ! વિદ્યાધરોના વિમાન હતા, મનુષ્યોનાં હતા. આહાહા ! અરે કળાબાજ બધી ચીજો હતી, નોહતી કાંઈ, ઘણી છે. આહાહા !

અહિંયા કહે છે, એ ભગવાન આત્મા નવતત્ત્વનો જે અનાદિનો જીવની સાથે અજીવ ને પુણ્ય ને પાપને આદિનો સંબંધ એવા નવતત્ત્વનો અનુભવ એ તો મિથ્યાત્વ છે. એ સમ્યગ્દર્શન ગુણ જે ત્રિકાળ છે, એનાથી ઉલટું એ પરિણમન છે. સમ્યગ્દર્શન શ્રદ્ધા નામનો ત્રિકાળી ગુણ આત્મામાં છે, પ્રગટ થાય એ પર્યાય છે તેની. શ્રદ્ધા નામનો ત્રિકાળી ભગવાન આત્મામાં એક ગુણ છે એ ગુણનું મિથ્યાત્વપણે થવું, વિપરીતરૂપે પરિણનમ છે, તેને અહીંયા મિથ્યાત્વ કહે છે. આહાહા ! એ મિથ્યાત્વના ત્યાગ માટે, આહાહાહા ! જે ભ્રમણના ભવનો, ભવનાં ભ્રમણનું કારણ છે, તેવા મિથ્યાત્વના નાશને માટે ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે, તેને અનેરા દ્રવ્યોથી જુદો શ્રદ્ધવો. આહાહાહાહાહા ! કહો છોટાલાલજી ! આવું કલકત્તામાં ક્યાંય મળે એવું નથી કયાંય. આહાહા ! ( શ્રોતાઃ– ક્યાંય મળે એવું નથી ) આવી વસ્તુ છે. શબ્દો થોડા પણ બાપુ શું કહીએ ? આહાહા...

કહે છે કે, મિથ્યાત્વ શ્રદ્ધા નામના ગુણનું વિપરીત જે પરિણમન મિથ્યાત્વ છે, એ અનંતા નરક ને નિગોદના ભવનું બીજડું છે. આહાહા ! ભલે તે કહે છે કે રાગાદિ હો પણ આત્મા રાગથી ને પરથી ભિન્ન છે. આહાહા ! એવો અસ્ય આત્મા, વિદ્યમાન વસ્તુ ભગવાન આત્મા, “આ આત્મા” ‘ઈમામ’ કહે છે આ માણસ આવ્યો એમ કહે છે ને ? આ ભગવાન આત્મા, ( શ્રોતાઃ– ‘આ’ એ તો પ્રત્યક્ષ છે. ) પ્રત્યક્ષ છે, આ એ પ્રત્યક્ષ છે. આહાહાહા ! ‘અસ્ય આત્માનમ્’ ગજબ છે સંતોની વાણી, દિગંબર મુનિઓની વાણી તો, આહાહાહા ! એની પાસે જગતના વિદ્વાનો બધા પાણી ભરે એવી વાણી છે. આ તે વાત છે. આહાહા ! લોકોને એની કિંમત નથી. સમજાણું કાંઈ ? એક “અસ્ય આત્મા”માં તો આખું તત્ત્વ નિર્વિકલ્પ વિજ્ઞાનઘનને બતાવ્યું, અને તે પણ પ્રત્યક્ષ થાય છે એવો એ આત્મા. આહાહાહા ! કેમ કે એનામાં પ્રકાશ નામનો એક ગુણ છે, આહાહા ! એ ગુણનો ગુણ શું ? કે સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થવું તે તેનો ગુણ છે. મતિ અને શ્રુત જ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ જણાય, આહાહા ! અને પ્રત્યક્ષ જાણીને જે શ્રદ્ધા થાય, આહાહાહા ! એને અહીંયા મિથ્યાત્વના નાશનું કારણ અને મોક્ષના માર્ગરૂપ કારણ એવું સમ્યગ્દર્શન કહે છે. આહાહાહા !

અન્ય દ્રવ્યોથી જુદો શ્રદ્ધવો एतत एव नियमात् सम्यग्दर्शनम: છે ? એતત એવ નિયમાત આહાહા ! તે જ નિયમથી એ તત્ એવ એ જ એમ, એતત્ એવ એટલે એ જ એતત્ એટલે તે જ. આહાહા ! એટલે કે જ્ઞાયક સ્વરૂપ જે ભગવાન નિર્વિકલ્પ પદાર્થ છે તેને પર દ્રવ્યથી પૃથક શ્રદ્ધવો તે જ નિશ્ચયથી સમ્યગ્દર્શન છે. આહાહા ! મોંઘુ તો છે બાપુ. બાકી શું થાય ? માર્ગ આ છે એમ એનો જ્ઞાનમાં નિર્ણય તો કરવો પડશે ને વળી પછી, અનુભવ પછી, પહેલો તો વિકલ્પ સહિત એણે નિર્ણયમાં આમ લેવો પડશે કે આ વસ્તુ છે એ અંદરમાં કોઈ રાગાદિના વિકલ્પથી, નવતત્ત્વના ભેદથી પણ અભેદ નિર્વિકલ્પ ચીજ તદ્દન જુદી છે. ‘એતત્ એવ’ , ‘એતત્ એવ’

"એ" એતત્ એટલે 'એ' એવ એટલે 'જ' તે જ, તે જ, આહાહા... નિશ્ચયથી સમ્યગ્દર્શન છે. ચીમનભાઈ ! આહાહાહા ! આ ભવના નાશનો આ ઉપાય છે. આહાહાહા ! પ્રથમ એ બીજડું છે, પછી જ્ઞાનીને રાગાદિ હોય, અશુભ રાગેય હોય પણ એનાથી તેનું જ્ઞાન પૃથક કામ કરે છે. આહાહા ! સમજાયું કાંઈ ? તે જ નિયમથી એટલે નિશ્ચયથી, તે નિયમ જ છે. તે નિશ્ચય એને સમ્યગ્દર્શન કહેવું છે. દેવ-ગુરુ શાસ્ત્રની શ્રદ્ધા ને નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નહીં. આહાહા ! ધર્મનું પહેલું પગથિયું એ નહીં. આહાહાહા !

પ્રભુ તેં તને કેવી રીતે ઓળખાવ્યો જગત પાસે ? આ હું આબરૂવાળો છું ને, પૈસાવાળો છું, સાંઈઠ વર્ષવાળો, વીસ વર્ષથી આ ધંધો માંડયો એમાંથી મારા બાહુબળે પૈસા ભેગા કર્યા ને આમ તારે દેખાડવું છે બધાને ? આહાહા ! કે તારે તને દેખવો છે ? આહાહા ! મને આટલું આવડયું અને મને આટલું આવડે છે ને એમ તારે દેખાડવું છે ? કે તને, તને જ દેખવો છે ? હેં ? આહાહા ! તે જ આહાહાહા ! 'એતત્ એવ' નિયમથી સમ્યગ્દર્શન છે. આહાહાહા ! ત્યારે કોઈ કહે આ તો એક સમ્યગ્દર્શનની જ વાત થઈ. એમાં આવે છે ને એમાં, મોક્ષમાર્ગ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ છે. આ કળશના અર્થમાં આવે છે. મોક્ષમાર્ગ તો ત્રણ છે, અને અહીંયા તો તમે એક સમ્યગ્દર્શનની વાત અનુભવની કરો છો. શું કીધું ? મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર ત્રણ છે, અને તમે અહીં એક માર્ગ પૂર્ણાનંદનો નાથ એને સમ્યગ્દર્શનને જ્ઞાન કરીને તેને મોક્ષમાર્ગ કહો છો તો બાપુ ! ભગવાન ! તારી મહિમા સાંભળ નાથ ! તું પૂર્ણાનંદનો નાથ છો એની દૃષ્ટિ થઈ ત્યાં જ્ઞાન થયું એનું સ્વરૂપનું આચરણ પણ ભેગું છે. આહાહા ! હીરાભાઈ ! આવી વાતું છે. ( શ્રોતાઃ- એ તો અંદરની વાત થઈ ને ક્રિયાની વાતો તો કાંઈ આવી નહિ ) ક્રિયાની કીધી ને ? ક્રિયાનો ભૂકો ઉડાડયોને ! રાગની ક્રિયા થઈ એ પરદ્રવ્ય છે, એનાથી ભિન્ન છે. દયા-દાન-વ્રત ભક્તિનાં પરિણામ, બ્રહ્મચર્યના પરિણામ, શરીરથી બ્રહ્મચર્ય પાળવું ને આ ને તે, એ બધો રાગ તે પરદ્રવ્ય છે, એ સ્વદ્રવ્યમાં નથી, એ સ્વદ્રવ્ય સ્વપણે છે ને પર દ્રવ્યપણે નથી. આહાહાહા ! આવી વાતું કઠણ બહુ બાપુ ! બહારના બધા પીળા લીલા ધોળા આમ દેખાય બધા એમાં પચીસ પચાસ લાખ રૂપિયા ને કરોડ બે કરોડ રૂપિયા થયા હોય. આહાહા ! ( શ્રોતાઃ- રૂપિયા વગર નહીં ચાલે ) રૂપિયા વિના, સ્વદ્રવ્યે પર દ્રવ્યના અભાવથી જ ચલાવ્યું છે. શું કીધું ? એ દસની સાલમાં પ્રશ્ન થયો હતો બોટાદ, નટુભાઈ હતા નાગરભાઈના મોટાભાઈ એ સ્વામીનારાયણ( પંથના ) હતા. ને આ હતા નાગરભાઈ પણ પછી તો બધા પ્રેમમાં આવતા. દસની સાલમાં મ્યુનીસીપાલીટીમાં વ્યાખ્યાન ચાલતું હતું. એમાં એણે એ પ્રશ્ન કર્યો હતો વ્યાખ્યાનમાં મહારાજ ! પણ કાંઈ પૈસા વિના ચાલે છે આ શાક લાવવું. ભાઈ ! તમે એક વાર આ વાત સાંભળો, આમ સ્વામીનારાયણ પાળતા પણ પછી તો આની કોર પ્રેમ થઈ ગયો વાત વાતમાં કુટુંબને બધાને અત્યારે તો બધાને પ્રેમ છે, આનીકોર એના નાનાભાઈ તો અહીં જ રહેતાં.

ભાઈ ! આ આંગળી એ આ આંગળી વિના ચલાવ્યું છે. આના અભાવથી આ વસ્તુ છે. આના ભાવથી છે ને આ બધાના અભાવથી છે. એમ આત્મા પોતે પોતાનો અંદર ભાવ, સ્વથી કર્યો છે ને પરના અભાવથી કર્યો છે. ( શ્રોતાઃ- એ તો રીત બતાવી પણ એને અમલમાં કેમ

મૂકવો ) અમલમાં મૂકવો અંદરમાં શ્રદ્ધા જ્ઞાન કરવી તે. સ્વદ્રવ્યમાં પર દ્રવ્યના અભાવથી સ્વ દ્રવ્ય ટકી રહ્યું છે. અરે જેનામાં એક સમયની પર્યાય પણ નથી, એવું દ્રવ્ય સ્વથી ટકી રહ્યું છે. એને પર્યાય છે માટે એ દ્રવ્ય ટકી રહ્યું છે એમ પણ જ્યાં નથી. આહાહાહા ! આવી વાત !

( શ્રોતાઃ– ક્યાંય છે નહીં ) આહાહાહા ! એ બાપુ અહીં તો ધોળા–ધોળા પીળા ફરે આમ શરીર આમ પૈસા ને આબરૂ ને પચાસ પચાસ સાંઈઠ વર્ષની ઉંમરૂ થઈ હોયને જાણે ઘણું કર્યું હોય એમ આમ ધંધા કર્યાં ને અમે આમ કર્યા ધૂળેય કર્યા નથી, કર્યા છે બધા પાપના નર્કમાં જવાના છે. કર્યાં છે એ નરકમાં ને નિગોદ જવાના છે બધા. એય, તમારો આવ્યો છે ને ? ભત્રીજો ફકિરચંદ ! આહાહા ! પર વિના ચાલતું નથી એમ જે કહેનાર છે, એને પરમાત્માનો એવો પોકાર છે કે પરના અભાવથી જ તું નભાવી રહ્યો છો તું. પર વિના જ તેં ચલાવ્યું છે. આહાહાહાહા ! તું જે સ્વપણે છો એ પરપણે અભાવરૂપે જ તેં નભાવ્યું છે તારું. પરની હૈયાતીથી તેં તારું નભાવ્યું છે એમ નથી ધનાલાલજી !

( શ્રોતાઃ– રૂપિયા રોજ શાક લાવવા જોઈએ કે નહીં ? ) કોણ શાક લાવે ને કોણ દે. આહાહા ! શાક તો છોકરાઓનેય મળે છે નાના બાળકને કયાં એની પાસે પૈસા છે ? આહાહા ! પણ એ તો અભાવ સ્વરૂપ છે. શાક અને પૈસાના ભાવમાં આત્મા નથી અને પોતાના ભાવમાં એ નથી. આહાહા !

અરે એને કયાં ખબર છે પોતાની. તત્ત્વ સપ્ત ભંગીમાં પહેલી ભંગી એ છે સ્વપણે છે ને પરપણે નથી. આહાહાહા ! પરપણે નથી તે રીતે જ એણે નભાવ્યું છે, પર છે માટે પરપણે પોતે પણ છે એમ નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ? વાત ફેર છે બધો બાપુ ખબર છે ને અમે તો દુનિયા બધી જાણી છે આખી, અબજોપતિથી માંડી ને રાંક ગરીબ માણસને જોયા છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા ! ( શ્રોતાઃ– વકિલાત થઈ ? ) વકીલાતેય આ જાતની ધંધાની કરી હતી દુકાનમાં, પાંચ વર્ષ દુકાન ચલાવી હતી. ૧૭ વર્ષની ઉંમરથી ૨૨ વર્ષ, પણ એ તો ૬૬ વર્ષ પહેલાંની વાત છે. કાલે અમારે આવ્યા પાલેજવાળા આવ્યા'તા. શ્વેતામ્બર હતા ગયા હશે કાંઈક હશે, પાલીતાણા. પાલેજ ને મિયાંગામ, બેય ગામવાળા આવ્યા હતાં. અમને તો આળખે ને અમારી દુકાન ત્યાં હતી ને. હજી દુકાન છે ને હજી અમારે કુંવરજીભાઈની અમારા ભાગીદાર હતા ફઈના દિકરા ને એની દુકાન છે, મોટી દુકાન છે, ત્રણ છોકરા છે, પાંત્રીસ ચાલીસ લાખ રૂપિયા છે ત્રણ ચાર લાખની પેદાશ છે. ધૂળની પેદાશ છે રખડી મરવાના છે બધા. આહાહા ! એ દુકાનમાં હું હતો મારી પિતાજીની દુકાન હતી. થડામાં હું બેસતો, ભાગીદાર નો હોય ત્યારે હું બેસતો, ભાગીદાર હોય તો હું મારું અંદરમાં વાંચન કરતો. હું તો પહેલેથી ૧૮ વર્ષની ઉંમર હતી શ્વેતામ્બરનાં શાસ્ત્રો સ્થાનકવાસી હતા ને શ્વેતાંબરના શાસ્ત્રો વાંચતો. ઘરની દુકાન સ્વતંત્ર હતી. અરેરે ! એ સ્વતંત્ર નહીં બાપુ.

સ્વતંત્ર તો ભગવાન અહીં જે નિર્વિકલ્પ વસ્તુ અભેદ છે જે એ સ્વતંત્ર છે. આહાહાહા ! અને એનામાં પ્રભુત્વ નામનો એક ગુણ છે, ભગવાન આત્મામાં ધ્રુવ નિત્ય. આહાહાહા ! એને પર દ્રવ્યથી પૃથક માનતાં, એની માન્યતામાં પ્રભુત્વ ગુણની પર્યાય પણ આવે. આહાહાહાહા ! એ સમ્યગ્દર્શનમાં શ્રદ્ધા ગુણની પર્યાય, એમાં પ્રભુત્વગુણની પર્યાય પણ અંદર આવે, અનંતી

અનંતી પર્યાયોનો પિંડ તે અંદર સમ્યગ્દર્શન. આહાહાહા ! એ સમ્યગ્દર્શનમાં ઈશ્વરતા્ આવી મારી સ્વતંત્ર દશા હું સ્વતંત્રપણે માનનારો મારી પર્યાય પણ સ્વતંત્ર છે. કોઈની અપેક્ષાથી નથી, મારી પર્યાયને કોઈ હેતુ નથી માટે ઉત્પન્ન થઈ છે. આહાહા ! એ સમ્યગ્દર્શનની પર્યાય તે સમયે પરની અપેક્ષા રાખ્યા વિના, ફક્ત સ્વદ્રવ્યનાં લક્ષમાં હતું એટલું, એ સમ્યગ્દર્શનની પર્યાયને પરની કોઈ અપેક્ષા નથી કે આ વ્યવહાર હતો ને દેવ-ગુરુ માન્યા માટે સમ્યગ્દર્શન થયું, એથી અન્ય દ્રવ્યથી પૃથક કહ્યું છે. અન્ય દ્રવ્યની સહાય અને નિમિત્તથી થાય છે, એમ છે નહીં કાંઈ. આહાહાહા !

કેવો છે આત્મા ? પોતાના ગુણ પર્યાયોમાં વ્યાપનારો છે. શું કહે છે ઈ ? સમુચ્ચય વાત છે હજી પહેલી. છે આત્મા જે વસ્તુ એ પોતાના ગુણો ને પોતાની વિકારી અવિકારી પર્યાય એમાં વ્યાપનારો છે. એટલું જ, અસ્તિત્વ હજી તો સિદ્ધ કરે છે. એમાંથી શુદ્ધનયે ભિન્ન બતાવ્યો એમ કહે છે. શું કહ્યું એ ? કે વસ્તુ જે છે ભગવાન આત્મા એના જેટલા ગુણો છે અને જેટલી એની પર્યાય છે વિકારી કે અવિકારી, એ દ્રવ્ય પોતે ગુણ પર્યાયમાં વ્યાપેલું છે, પરમાં નહીં, પરમાં નહીં, પરને લઈને નહીં. પોતાના ગુણો જે ધ્રુવ ત્રિકાળ અને વર્તમાન પ્રગટ થતી પર્યાય વિકૃત કે અવિકૃત એનાથી ગુણ પર્યાયમાં જ તે રહેલો છે વસ્તુ તરીકે.

હજી વિષય તરીકે શુદ્ધનયનો એ પછી બતાવે છે, આ તો એ વસ્તુ આવી છે કે જેને પરમાં વ્યાપવું તો છે નહીં, પરથી પોતામાં વ્યાપવું એવું છે નહિ. આહાહાહા ! એટલે ? વિકારી અવસ્થાપણે આત્મા પરિણમે છે. વ્યાપક એ પોતાથી પરિણમે છે. એને કોઈ બીજી ચીજ છે માટે વિકારીપણે પરિણમે છે એમ નથી. આહાહાહા ! એ પોતે જ ગુણ પર્યાયમાં પરિણમનારો વસ્તુ ભગવાન. આહાહાહા ! ભલે વિકારપણે પરિણમે પણ પોતે, દ્રવ્ય પોતે, દ્રવ્ય પોતે ગુણને પર્યાયમાં વ્યાપેલું છે. એમાં કોઈ અન્ય દ્રવ્ય વ્યાપ્યું છે, આવ્યું છે, પ્રસર્યુ છે ( એમ નથી. ). આહાહા ! બાપુ મારગડા વીતરાગના ! આહાહાહા ! જુદી જાત છે ભાઈ. આહાહા ! એને પહેલો પર દ્રવ્યથી જુદો બતાવ્યો. અહીં તો હજી, ગુણ પર્યાયમાં વ્યાપે છે, એમાં, હજી તો વિકારમાં વ્યાપે છે ગુણમાં રહે છે, એમ બતાવ્યું. એના સિવાયના બીજા પર દ્રવ્યો છે, એમાં એ વ્યાપતો નથી એટલું અહીંયા સિદ્ધ કર્યું.

હવે અહીંયા પરમાર્થ બતાવવા આહાહા... પોતાના ગુણ પર્યાયમાં વ્યાપનારો, વળી કેવો છે ? એમાંથી જે ભગવાન આત્મા વસ્તુ છે એના ત્રિકાળી ગુણોમાં રહે છે. અને એની વર્તમાન પર્યાયમાં છે. એટલી વાત સિધ્ધ કરી. હજી સમ્યગ્દર્શન ને ઈ પછી કહેશે.

હવે તેને શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. આહાહાહા ! એ વસ્તુ પોતે ત્રિકાળી ગુણમાં ને વર્તમાન પર્યાયમાં રહેલો છે વ્યાપેલો છે, પ્રસરેલો છે ગુણ પર્યાયપણે થયેલો છે, એવા આત્માને શુદ્ધનયથી એટલે નિર્વિકલ્પ વસ્તુની દૃષ્ટિથી જોઈએ તો, આહાહા.... એકપણામાં વ્યાપનારો છે. નિશ્ચિત કરવામાં આવ્યો છે. એકરૂપ ત્રિકાળ છે. એના ગુણના પર્યાયનાં ભેદો પણ જેમાંથી નીકળી ગયા ( છે ). આહાહાહા ! આવી વાત છે.

બે વાત કરી કે એક તો અનેરા દ્રવ્યથી ભિન્ન છે એ તો વસ્તુનું સ્વરૂપ પહેલું સમ્યગ્દર્શનનો વિષય બતાવ્યો. પણ છતાં એ વસ્તુ છે, એ પોતાના ગુણ પર્યાયમાં વ્યાપેલી છે. એ વસ્તુ ભલે

કર્મનાં નિમિત્તનાં સંબંધે વિકારી પર્યાય પોતાથી થઈ ને તેમાં એ વ્યાપેલો છે. એટલું તો એનું દ્રવ્ય અને પર્યાયનું પરથી ભિન્નપણું એટલું સિદ્ધ કર્યું. હજી હવે એમાંથી જે ગુણ ને પર્યાયમાં વ્યાપેલો રહેલો ભેદમાં છે, તેને "शुद्धनयतः एकत्वे नियतस्य" શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. આહાહાહા ! પણ એને ભેદના ભાવથી ભિન્ન, એકપણું ત્રિકાળી છે તેને શુદ્ધનયથી એકપણે બતાવ્યો છે. સમજાણું કાંઈ ? આવી ચીજ છે, દેવીલાલજી !

પર દ્રવ્ય તો બીજી ચીજ છે ઉપસ્થિત છે એટલું છે. અને પોતે પોતાના અનંત ગુણોમાં અને એની પર્યાયમાં નૈમિત્તિક વિકારી દશા, એમાં એ પોતે વ્યાપેલો છે, રહેલો છે. એનું આખું સ્વરૂપ આ રીતે કહ્યું. સમજાણું કાંઈ ? હવે એમાંથી આહાહાહા.... નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ શુદ્ધનયે જે બતાવી છે, તેમાં આ ભેદો છે નહીં. ( શ્રોતાઃ– દ્રવ્ય–ગુણ–પર્યાય અને બધાં ભેદ એકમેકમાં હશે. ) ત્રણ એ કીધુંને. એટલી વસ્તુ છે એટલું. હવે એ શુદ્ધનયનો વિષય શું ? એ ત્રણ નહીં. એ તો એક ચીજ બતાવી કે આ વસ્તુ જગતથી નિરાળી, પોતાના ગુણ પર્યાયમાં વ્યાપેલી બસ એટલું. હવે એમાં શુદ્ધનય તે નિર્વિકલ્પ ચીજ શું ? આવા પ્રકારમાં રહેલો હોવા છતાં, નિર્વિકલ્પ વિજ્ઞાનઘન સ્વરૂપ જે છે તે એકરૂપ છે, તે એ વસ્તુ છે. આહાહાહા !

બાપુ ! આ તો અલૌકિક માર્ગ છે આ તો અપૂર્વ વાતો છે. પૂર્વે કોઈ દિ' સાંભળી નથી, અને સાંભળી હોય તો બેઠી નથી એને. આહાહાહા ! સાંભળી નથી એમ જ કીધું છે, ચોથી ગાથામાં રાગથી પૃથક પ્રભુ છે તે વાત તેં સાંભળી નથી. આહાહા ! એ દયા–દાન–વ્રત ને ભક્તિ ને પૂજા ને જાત્રાનો ભાવ રાગ છે એ તો, એમાં એ વ્યાપેલો છે એ પર્યાયથી, વસ્તુ તરીકે જોઈએ તો તેનાથી તે ભિન્ન છે. આહાહા ! એની વસ્તુ તરીકે જોઈએ તો તે એની પર્યાયમાં રાગ છે. પણ હવે જ્યારે વસ્તુ અખંડ જોઈએ તો, નિર્વિકલ્પ વસ્તુમાં તે ગુણના ભેદો ને પર્યાયના ભેદો નિર્વિકલ્પ અભેદમાં એ નથી. એ શુદ્ધનયનો વિષય નિર્વિકલ્પ ચીજ છે એકલી. આહાહાહા ! જે "અસ્ય આત્મનમ્" કહ્યું હતું તે. આહાહા ! કેવળીઓનાં વિરહ પડયા પણ કેવળીની વાણી સંતોએ રાખી છે. એ વાણીનો ભાવ સમજવો બહુ અલૌકિક વાત છે. વાણી તો જડ એ તો નહીં કહે કે મારું આ સ્વરૂપ છે, એમ કહેશે વાણી ? આહાહા !

અહીં કહે છે, પ્રભુ એકવાર સાંભળ. બે અસ્તિત્વ સિદ્ધ કર્યાં. એક તો તું પોતે ગુણ ને પર્યાયમાં વ્યાપેલો છે, એવો પણ તું છો. હવે એમાંથી પરથી તો જુદો, પરમાં તો વ્યાપેલો નથી ને પરથી તું તારામાં વ્યાપેલો છે એમેય નથી. સમજાણું કાંઈ ? આહાહાહા ! મિથ્યાત્વ અને રાગ–દ્વેષનાં પર્યાયમાં પરિણમેલો વ્યાપેલો. આહાહા ! તું એમાં આવ્યો છો, વ્યાપેલો તું છો. હવે એમાંથી અભેદ વસ્તુ જે સમ્યગ્દર્શનનો વિષય, શુદ્ધનયનો વિષય, ઓલો તો પ્રમાણનો વિષય કીધો પણ હવે એમાંથી જે પ્રમાણ છે તે પૂજ્ય નથી. એમાં નિશ્ચયનય તે પૂજ્ય છે. એ નિશ્ચય નયનો વિષય તો નિર્વિકલ્પ વસ્તુ માત્ર પોતે, એમાં ગુણી આ ને ગુણ આ એવો ભેદ પણ જેમાં નથી. બાપુ આ તો માર્ગ છે, આ કાંઈ વાણિયાવેડા નથી કે આ થોડા બહારમાં થઈ ગયા મોટા શેઠીયા થઈ ગયાને થઈ ગયા આ, એ શેઠ ? નાણાવટીપણું હલાવ્યું ને આમ કર્યું ને તેમ કર્યું મોઢા આગળ, આહાહા... નોકરો પચીસ પચાસ આને, આને ધૂળમાંય નથી બાપા ! ભાઈ ! બધાં ભૂતાવળ છે. ( શ્રોતાઃ– ધૂળમાં નથી પણ પૈસામાં છે. ) પૈસા ધૂળ નથી તો શું છે ઈ ?

માટીના પિંડલા છે પૃથ્વીકાય છે. આહાહા !

એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયપણું એ વ્યવહારનયે છે. પૈસાવાળાપણું તો એનામાં વ્યવહારનયેય નથી. એ તો અસદ્ભૂતનયથી માને છે, માને. આ તો એનામાં છે. એકેન્દ્રિય, બે ઇન્દ્રિયપણું, છતાં એ જીવ નથી. જીવ તો અંદર જ્ઞાનસ્વરૂપ તે જીવ છે. કારણકે એકેન્દ્રિયપણું જો જીવ સ્વરૂપ હોય તો કાયમ રહેવું જોઈએ. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા ! એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોરેન્દ્રિય, પંચેન્દ્રિય, માણસ, દેવ, ઢોર નારકી, આહાહા... એ કાંઈ જીવ નથી, પર્યાયમાં છે. પણ એ જીવ નથી. જીવ તો એકલો જ્ઞાનસ્વરૂપ છે તે જીવ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

પોતાના ગુણ પર્યાયમાં વ્યાપેલો છે, છતાં હવે શુદ્ધનયથી એકત્વ નિયતસ્ય-શુદ્ધનયથી તો એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. આહાહાહા ! ભૂતાર્થનયથી ત્રિકાળી સત્ય વસ્તુને દેખનાર જાણનારના નયથી તે તો ત્રિકાળી એકરૂપ છે તેમ પ્રસિદ્ધ કરાવ્યું છે. આહાહા ! વાત એવી છે ભાઈ ! આ કાંઈ વાદ-વિવાદ એમાં શાસ્ત્રના મોટા ભણેલા પંડિત હોય ને તો આ વાત બેસેને એવું આંહી છે નહીં. ( શ્રોતાઃ- આ તો, વાદ-વિવાદ કરવાની નિયમસારમાં ના પાડી છે ) આહાહા ! નિયમસારમાં તો ના જ પાડી છે બાપુ ! જ્ઞાનનિધિને પામીને એકલો ખાજે. સ્વસમય ને પરસમયમાં વાદ ન કરીશ બાપુ એવી કોઈ ચીજ છે. એવી એ કોઈ ચીજ છે કે એને હવે અનેક અપેક્ષાથી જોતાં વ્યવહારની વાતો વીતરાગે કરી છે, એ પણ સંસારનું કારણ છે હવે તું શી રીતે ( નક્કી કરીશ ભાઈ ). આહાહાહા !

અહીંયા તો ભગવાન આત્મા એક તો એ સિદ્ધ કરે છે, કે એ આત્મા છે એ પ્રમાણ આખું દ્રવ્ય ને પર્યાય એ શરીરમાં વ્યાપેલું નથી, કર્મમાં વ્યાપેલું નથી, પરદ્રવ્યમાં વ્યાપેલું નથી, એ વ્યાપ્યું હોય તો તેના ગુણ અને પર્યાયમાં વ્યાપેલું છે બસ આટલું, સમજાણું કાંઈ ? આહાહાહા ! હવે એને પર દ્રવ્યમાં વ્યાપેલું નથી અને પોતાના ગુણ પર્યાયમાં વ્યાપેલું છે એ તો પ્રમાણનો વિષય થયો, પણ હવે શુદ્ધનયનો વિષય એને એમાંથી બતાવવો છે. આહાહા ! એકરૂપ નિર્વિકલ્પ વસ્તુ જે શુદ્ધનયનો વિષય છે, જે સમ્યગ્દર્શનનો વિષય. આહાહા ! સમ્યગ્દર્શનનો વિષય દ્રવ્ય ને ગુણ, પર્યાયમાં વ્યાપેલું દ્રવ્ય એ વિષય એનો છે જ નહીં. ( શ્રોતાઃ- એ પ્રમાણનું દ્રવ્ય છે. ) આહાહાહા ! પોતાના ગુણમાં પર્યાયમાં વ્યાપેલો છતાં શુદ્ધનયથી એકપણામાં, 'શુદ્ધનયતઃ એકત્વે નિયતસ્ય' નિર્વિકલ્પ વિજ્ઞાનઘનને એણે બતાવ્યો શુદ્ધનયે. ગુણ ને પર્યાયમાં વ્યાપેલો એ વસ્તુનું પ્રમાણ છે, પણ સમ્યગ્દર્શનનો વિષય ને શુદ્ધનયથી એને જોતાં, એકરૂપે એ વસ્તુ છે. સમજાણું કાંઈ ? આવી વાતું. ઉપદેશ સાંભળવો કઠણ પડે અને આ તે ક્યાંનો હશે ઉપદેશ ભગવાનનો હશે ? આ તે ? અરે બાપુ એણે સાંભળ્યો નથી ભાઈ ! વીતરાગ જિનેશ્વરદેવ એનો ઉપદેશ કેવો છે ભાઈ, એ તો અલૌકિક વાત છે. આહાહા !

શુદ્ધનયથી એકપણામાં વ્યાપેલો છે. વળી કેવો છે એ તો સમુચ્ચય કીધું, હવે કેવો છે ? 'पूर्ण–ज्ञान घनस्य' પૂર્ણજ્ઞાનઘન છે. એકપણે નિશ્ચિત કરવામાં આવ્યો પણ હજી શું એ ચીજ છે ત્યારે ? કે પૂર્ણ જ્ઞાનઘન છે. પૂર્ણજ્ઞાનનો પૂંજ છે, એકલો અભેદ એની સાથે અનંતા ગુણો સાથે લેવા જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી છે. પૂર્ણ જ્ઞાન, પર્યાયેય નહીં. આહાહા ! પૂર્ણજ્ઞાન પૂર્ણજ્ઞાન

પૂર્ણજ્ઞાન જેમ પૂનમનો ચંદ્રમા, પૂનમનો પૂર્ણ ચંદ્રમાં, પૂનમ કેમ કહે છે સાંભળ્યું ? પૂનમ પૂરો ચંદ્ર, પૂરો પ્રગટયો છે, માટે પૂનમ કહે છે. પૂનમમાં માસ પૂર્ણ થાય છે, ને અમાસમાં માસ અર્ધમાસ થાય છે. અમાસ અર્ધમાસ. અહીં કાઠીયાવાડમાં બીજો રિવાજ છે. સુદ–૧ મી શરૂ કરે છે. સિદ્ધાંત તો વદ એકમથી શરૂ કરે છે. પહેલી વદ ને પછી સુદ– કેમકે પંદર દિવસે તો અમાસ આવે એ તો અર્ધમાસ થયો અને પૂર્ણમાં પૂરણ પુનમ, ચંદ્ર પણ પુરણ થઈ ગયો ત્યાં, સોળ કળાએ ખીલી નીકળ્યો છે. એક કળા તો સદાય એની ખુલ્લી જ હોય છે. સમજાણું ? આહાહા ! બીજે ત્રણ કળા હોય છે. એકમે બે, બીજે ત્રણ, પૂનમે પૂર્ણ, એમ ભગવાન આત્મા વસ્તુ તરીકે પૂર્ણ વિજ્ઞાનઘન છે. જેમાં અપૂર્ણતા નથી, વિપરીતતા નથી, અશુદ્ધતા નથી, અલ્પતા નથી. આહા ! દરેક શબ્દોમાં વાચ્ય છે, એ એને જાણવું જોશે ભાઈ ! આ કોઈ વિદ્વત્તાનો વિષય નથી. વિદ્વાનોનો કે બીજાને સમજાવી શકીએ માટે આવો બાપુ એ નથી આ ચીજ તો કોઈ અલૌકિક છે. આહાહા !

એ પૂર્ણ જ્ઞાનઘન શબ્દે એક જ જ્ઞાનને પૂર્ણ લીધું પણ એની સાથે અનંતાગુણો પૂર્ણરૂપ છે, એકરૂપ છે એવો એ ભગવાન છે. સમજાણું કાંઈ ? “तावान अयं आत्मा्” તાવાન જેટલું સમ્યગ્દર્શન તેટલો આત્મા છે. આહાહા ! પૂર્ણ વસ્તુ છે. તેની પ્રતીત થઈ અનુભવમાં તે એ તો વસ્તુ જ પૂર્ણ છે તે પ્રમાણે. આહાહા ! જે અનાદિથી કર્મચેતના, કર્મચેતના ને કર્મફળચેતનાનું જે વેદન હતું એ મિથ્યાત્વ હતું. સમજાણું કાંઈ ? રાગ ને રાગનું ફળ એનું જે વેદન એકાંતે દુઃખી ને દુઃખનું વેદન હતું. સમ્યગ્દર્શન થતાં એને જ્ઞાન ચેતના પ્રગટી. આહાહાહા ! તેથી તે આનંદનાં વેદનમાં આવ્યો હવે. આવી શરતો માળા ! સમજાણું કાંઈ ?

એતત્ સમ્યગ્દર્શન. આહાહા ! પૂર્ણાનંદના નાથનું જ્યાં દર્શન થયું અને તેની સાથે જ્ઞાન થયું, અને તેની સાથે આનંદનું વેદન. આહાહાહાહા ! એટલે ચારિત્ર આવશે હારે. આહાહાહા ! સમજાણું કાંઈ ? કર્મ ચેતના, કર્મફળ ચેતનાનું અનાદિથી અજ્ઞાનીને વેદન છે. આત્માનું જ્ઞાનચેતનાનું વેદન છે જ નહીં. આહાહા ! એથી જ્યાં પૂર્ણ જ્ઞાનઘન છે, એવું જ્યાં ભાન થયું તેની પર્યાયમાં જ્ઞાનચેતના, શાંતિના આનંદના વેદનવાળી ચેતના પ્રગટી. આહાહા ! એકલા દુઃખનું વેદન હતું મિથ્યાત્વમાં, એ પૂર્ણજ્ઞાનઘન છે એવું જ્યાં સમ્યગ્દર્શન તેને આશ્રયે થયું તેમાં જ્ઞાનચેતના, જે જ્ઞાન, જ્ઞાનમાં એકાગ્રતા થઈ, તેના સાથે તેને આનંદનું વેદન થયું, એટલે આ દર્શનમાં ત્રણેય આવી ગયા, એમ મારું કહેવું છે. સમજાણું કાંઈ ?

સમ્યગ્દર્શન પૂર્ણની પ્રતીતિ, પૂર્ણનું જ્ઞાનને, પૂર્ણના જ્ઞાનની સાથે વેદન. આહાહા ! ( શ્રોતાઃ– સર્વ ગુણાંશ તે સમક્તિ ) સર્વ ગુણાંશ તે સમકિત પણ આ તો ત્રણનું અત્યારે તો કામ છે ને સમ્યગ્દર્શનમાં એ પ્રશ્ન છે ને આનો અત્યારે એમ કે તમે સમ્યગ્દર્શનની વાત કરો છો ને મોક્ષમાર્ગ તો ત્રણ છે. વાત સાચી બાપુ અમે ત્રણની ના નથી પાડતાં. આહાહા ! પૂર્ણ જ્ઞાનઘન પ્રભુ અતીન્દ્રિય આનંદથી પૂર્ણ ઘન પ્રભુ આ તો જ્ઞાનથી પૂર્ણ કીધું, પણ એવા અતીન્દ્રિય આનંદથી પૂર્ણ ઘન પ્રભુ, અતીન્દ્રિય પ્રભુત્વ શક્તિથી પૂર્ણઘન પ્રભુ, એવી અનંત શક્તિથી પૂર્ણ વસ્તુ પ્રભુ. આહાહા ! ભાઈ એનું સમ્યગ્દર્શન ને જ્ઞાન થતાં ચેતના પણ પલટી ગઈ, જે કર્મ ચેતના ને કર્મફળ ચેતના હતી, એ જ્ઞાનચેતના થઈ ગઈ. વેદન પલટી ગયું.

સમજાણું કાંઈ ? ભલે થોડો હજી રાગ છે, એને વેદન છે પણ એ ગૌણપણે ગણવામાં આવ્યું. જ્ઞાનની પર્યાયથી જોવું હોય તો બેય હારે છે. આનંદનું વેદન પણ છે અને સાધક છે માટે રાગનું પણ હજી વેદન છે, જ્ઞાનથી જોઈએ ત્યારે એમ કહે. દર્શનની પ્રધાનતાથી કથન આવે ત્યારે એને આનંદનું વેદન મુખ્યપણે છે તેમ કહેવાય. આહાહાહા ! એટલો જ એ આત્મા છે. જોયું પાછું, સમ્યગ્દર્શનમાં આખો આત્મા આવ્યો છે. સમ્યગ્દર્શન છે તે આખો આત્મા છે. વિશેષ વાત કહેવાશે. ( શ્રોતાઃ- પ્રમાણવચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૫૫ શ્લોક - ૬ તા. ૧૨-૮-૭૮ શનિવાર, શ્રાવણ સુદ-૯ સં. ૨૫૦૪

સમયસાર શ્લોક છઠ્ઠો – હિન્દી ચલેગા, આજ છઠ્ઠો છે ને છઠ્ઠો. શ્લોક બોલીએ ફરીથી.

( शार्दूलविक्रीडित )

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।।६।।

આચાર્યનો પોકાર છે એમાં જુઓ તો ખરા. આહાહા ! ઈસ આત્માકો 'અસ્ય' એટલે આ આત્માકો એ શુદ્ધ ચૈતન્ય ઘન પૂરણ સ્વરૂપ જે અસ્ય આત્માકો એમ 'અન્ય દ્રવ્યોસે પૃથક દેખના' અન્ય પદાર્થ છ દ્રવ્યો, દેવ-ગુરુ શાસ્ત્ર ઉસકી શ્રદ્ધા આદિકા રાગ-ઉસસે ભિન્ન શ્રદ્ધાન કરના. આ આત્માને અન્ય દ્રવ્યોથી ભિન્ન, અપના સ્વભાવથી અભિન્ન, અપના સ્વભાવસે અભિન્ન, સૂક્ષ્મ બાત હૈ ભાઈ ! ( શ્રોતાઃ- ફરમાવો ) અંતર્મુખ હોકર ઉસકા શ્રદ્ધાન ઉસકો દેખના અર્થાત્ શ્રદ્ધાન કરના હી નિયમસે સમ્યગ્દર્શન હૈ. એ નિશ્ચયસે સત્ય સમ્યગ્દર્શન ધર્મકી પહેલી સીઢી કહેનેમેં આતા હૈ. આહાહાહા ! એ સમ્યગ્દર્શનમેં જીતના આત્મામેં ગુણ હૈ સંખ્યાએ અનંત-અનંતાઅનંત-અનંતાઅનંત-અનંતાઅનંત સંખ્યાએ જીસકા અંત નહીં, ઐસા અનંત અનંત જે ગુણ હૈ આહા.... ઐસા આત્માકો શ્રદ્ધાન કરના તો જિતની શ્રદ્ધા જ્યાં હુઈ, તો જીતની સંખ્યામેં અનંત ગુણ હૈ ઉસકા એક અંશ વ્યક્તપણે સમ્યગ્દર્શનમેં વેદનમેં આતા હૈ, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહાહા !

હજી તો ચોથું ગુણસ્થાન કહા પંચમ અને છઠ્ઠાની વ્યાખ્યા તો બહુ આકરી છે. આહાહા ! આ તો પ્રથમમાં પ્રથમ ભગવાન આત્મા અનંત ગુણનો અપાર સાગર ઉસકા અન્ય દ્રવ્ય અને અન્ય દ્રવ્યના ભાવસે ભિન્ન દેખના અથવા શ્રદ્ધાન કરના. એ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન એ દર્શન કહેનેમેં આતા હૈ. આહાહા ! અને જ્યાં સમ્યગ્દર્શન નથી ત્યાં ઉસકા જ્ઞાન ને વ્રત ચારિત્ર તપ એ બધા બાળ અજ્ઞાન તપ બાળ વ્રત હૈ. આહાહા ! સમજમેં આયા ? એવી વાત છે ભાઈ આ.

યહ કૈસા હૈ આત્મા ? "અપને ગુણ પર્યાયમેં વ્યાપ્ત રહેનેવાલા ( આત્મા ) હૈ" ક્યા કહેતે હૈ ? કે જે વસ્તુ આત્મા હૈ, યે અપના ગુણ સહભાવી ઔર ક્રમવર્તી તેની પર્યાય ઉસમેં વ્યાપ્ત હૈ. સમ્યગ્દર્શનકા વિષય ક્યા હૈ એ પીછે કહેગા. યહાં તો હજી આત્મા કૈસા હૈ કે અપના અનંત

ગુણમેં વ્યાપ્ત હૈ રહેલ હૈ ઔર ઉસકી વિકૃત અથવા અવિકૃત અવસ્થા ઉસમેં વો આત્મા વ્યાપ્ત હૈ, પ્રસરેલ હૈ. આરે આવી વ્યાખ્યા હવે. આહાહા ! ભગવાન આત્મા એ પરદ્રવ્યસે ભિન્ન. શરીર, કર્મ, કર્મકા અનુભાગ ભાવ ઉસસે તો ભિન્ન પણ અપના અનંત ગુણ હૈ ઔર ગુણકી વર્તમાન ( પર્યાય ) ક્રમવર્તી વિકારી કે અવિકારી. અવિકારીકા અર્થ ! અસ્તિત્વ ગુણકી પર્યાય અવિકારી હૈ સબ ગુણકી પર્યાય વિકારી હૈ ઐસા હૈ નહીં. અજ્ઞાનમેં ભી હો અહીંયા તો. સમજમેં આયા ? આવી વાત છે. અસ્તિત્વ, વસ્તુત્વ આદિ ગુણ હૈ ઉસકી પર્યાય તો નિર્મળ હી હોતી હૈ. પણ જો દૂસરા ગુણ હૈ ઉસમેં કિતના ગુણકી પર્યાય વિકૃત ભી હોતી હૈ. શ્રદ્ધા ગુણકી, ચારિત્ર ગુણકી, આનંદ ગુણકી, પ્રદેશત્વ ગુણકી એવા ગુણકી કર્તા–કર્મ કરણ સંપ્રદાન ગુણકી વિકૃત અવસ્થા હોતી હૈ. એ વિકૃત અવસ્થા અને ગુણમાં આત્મા વ્યાપેલ હૈ ઉસમેં રહેલ હૈ. પરદ્રવ્યમેં નહીં. પરદ્રવ્યકા ભાવમેં નહીં. યહાં પરદ્રવ્યના ભાવ એટલે વિકારી જીવના ( ભાવ ) એ અહીંયા નહીં લેના. અહીંયા તો પરદ્રવ્ય કર્મ શરીર વાણી આદિ વસ્તુ ઔર ઉસકા ભાવ નામ શક્તિ એની જે ગુણ પર્યાય ઉસસે ભગવાન આત્મા રહિત હૈ. એ સમ્યગ્દર્શનકા વિષય હૈ કી નહીં એ બાત અત્યારે નહીં. પહેલી તો આ બાત હૈ. વસ્તુ કૈસી હૈ, સારા પ્રમાણકા વિષય, નિશ્ચયકા વિષય અને વ્યવહારકા વિષય. વિષય શબ્દે ત્રિકાળી દ્રવ્ય નિશ્ચયકા વિષય હૈ ઔર વર્તમાન પર્યાય વિકૃત અવિકૃત અવસ્થા હૈ, યહ વ્યવહારકા વિષય હૈ. દો મિલકર પ્રમાણકા વિષય હૈ. આહાહાહાહા !

તો કહેતેં હૈ કે “અપને ગુણ પર્યાયમેં વ્યાપ્ત રહેનેવાલા હૈ” આ પર્યાયમેં વિકૃત ભી લેના. સમજમેં આયા ? એ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, હિંસા, જૂઠ આદિકા ભાવ હૈ, યહ વિકૃત અવસ્થા હૈ, ઉસમેં ભી આત્મા વ્યાપ્ત ઉસમેં રહેલ હૈ. કોઈ પરદ્રવ્યમેં રહેલ હૈ ઐસે નહીં. ઔર પરદ્રવ્ય ઉસમેં આયા હૈ ઐસા નહીં. આહાહાહા ! એ ભગવાન આત્મા વસ્તુએ ત્રિકાળ શુદ્ધ હોને પર ભી, ઉસકા ગુણ ભી શુદ્ધ પૂરણ હોને પર ભી, ઉસકી પર્યાયમેં અપૂર્ણતા અને વિકૃત અવસ્થા જો હૈ, વો ભી આત્મા ઉસમેં વ્યાપ્યા હૈ આત્મા ઉસમેં વ્યાપ્ત નામ ઉસમે પ્રસર્યા હૈ. ઉસકા વિસ્તાર વો હૈ, ધનાલાલજી ! દ્રવ્ય ગુણ ને પર્યાય. દ્રવ્ય જો હૈ વસ્તુ એ અપના ગુણ અને પર્યાયમેં રહેલ હૈ. પરદ્રવ્યના ભાવ અને પરદ્રવ્યમાં એ રહેલ નથી. પરદ્રવ્યના ભાવ એ વિકારી અહીંયા નહીં લેના. અપના વિકારી ભાવ એ નહીં. કર્મ ને કર્મનો અનુભાગ જે જડ, ઉસસે રહિત આત્મા હૈ. પણ અપની પર્યાયમેં જે વિકૃત અવસ્થા હૈ, ઉસમેં તો યહ સહિત વ્યાપ્ત હૈ. સમજમેં આયા ? કયા કહા ? ( શ્રોતાઃ– એક બાર આપ કહો પર્યાયકા ઈસમેં અભાવ હૈ ) એ ક્યા ? એ તો શુદ્ધનયકા દ્રવ્યકા વિષય જબ બતાના હો તબ, યે તો અભી કહ દિયા ને !

વસ્તુ જો હૈ અનાદિસે એ અપના ગુણ પર્યાયમેં વ્યાપ્ત હૈ, અનાદિસે હૈ. હવે ઈતના હોને પર ભી, સમજમેં આયા ? ભાષા તો સાદી બાપા. વસ્તુ તો કોઈ અલૌકિક, સમ્યગ્દર્શનકા વિષય કયા, ઔર આત્મા કિસમેં રહેલ હૈ. આહાહા ! અનાદિસે કોઈ શરીરમેં આત્મા રહા હૈ, કે કર્મમેં રહા હૈ, કે સ્ત્રી કુટુંબ પરિવારમેં રહા હૈ, કે દેવગુરુ શાસ્ત્રમેં રહા હૈ ઐસા હૈ નહીં. અનાદિસે રહા હૈ તો અપના જે અનંત ગુણ હૈ ઔર ઉસકી વર્તમાનમેં વિકૃત ઔર અવિકૃત અવસ્થા હૈ ઉસમેં વો આત્મા રહા હૈ. સમજમેં આયા ? આ પ્રમાણ કા વિષય બતાયા. હવે ઉસમેં સમ્યગ્દર્શનકા

વિષય કયા યહ પીછે કહેગા. આહાહા ! આ... રે શું થાય ? મૂળ તત્ત્વની વાત જ ફેરફાર થઈ ગયો ને એટલે લોકોને વ્રત કરો ને તપ કરો ને આ પડિમા લે લો. ધૂળ હૈ. ( શ્રોતાઃ– એ તો કામકી ચીજ હૈ. ) કામકી ચીજ હૈ ને રખડનેકી. એ શુભભાવ જો હૈ એ તો સંસાર હૈ, પરિભ્રમણકા કારણ હૈ,–પરિભ્રમણ સ્વરૂપ હૈ. યહ કહાને, આત્મા વ્યાપ્તા હૈ વિકારી ભાવમેં એ પરિભ્રમણ સ્વરૂપ હૈ. આહાહા ! એ પરિભ્રમણ કર્મકે કારણસે કરતે હૈ, ઐસા હૈ નહીં. આહાહાહા ! અહીંયા તો ભગવાન આચાર્ય, અપની વાત કરતે કરતે આ વાત કરતે હૈ, કે અમારા આત્મા જો હૈ, યે અપના ગુણ જો સહવર્તી અનંત ગુણ હૈ ઉસમેં તો હૈ દ્રવ્ય, પણ અપની પર્યાયમેં જિતના મિત્થાત્વભાવ હૈ, રાગ ભાવ હૈ, દ્વેષ ભાવ હૈ, કામ–ક્રોધ ભાવ હૈ, પુણ્ય–પાપ ભાવ હૈ, વો ઉસકી પર્યાયમેં હૈ અને દ્રવ્ય ઉસમેં વ્યાપ્યા ( ફૈલા ) હૈ કોઈ કર્મસે વિકારી અવસ્થા હુઈ હૈ ઐસા હૈ નહીં. આહાહાહાહા ! સમજમેં આયા ?

અપને ગુણ પર્યાયોમેં, અપની પર્યાયમેં, વિકારી ભી અપની પર્યાય હૈ, એમ કહેતે હૈ યહાં. યે વિકારી પર્યાય કોઈ કર્મકી નહીં હૈ. સમજમેં આયા ? આહાહાહા ! અરે મિથ્યાત્વ ભાવ હૈ એ ભી અપની પર્યાય હૈ, મિથ્યા શ્રદ્ધા હૈ યહ ભી અપની પર્યાય હૈ. ( શ્રોતાઃ– કર્મજન્ય હૈ ? ) કર્મજન્ય બિલકુલ નહીં. એ તો નિમિત્તસે કથન કરાના હો. એ તો નિમિત્તકે આશ્રયસે ઉત્પન્ન હુવા ઈતના, પણ હૈ તો યહ અપની પર્યાયમેં, અપને કારણસે. ( શ્રોતાઃ– ઔદયિક કહેતે હૈ ના ) ઉદય નામ અપની પર્યાય ઉદય ભાવ એ અપની પર્યાય હૈ જીવ તત્ત્વ હૈ. તત્ત્વાર્થ સુત્રમેં આયા નહીં, પહેલે અધ્યાયમેં. જીવ તત્ત્વ હૈ યહ મિત્થ્યાત્વ, પુણ્ય, પાપ એ જીવ તત્ત્વ હૈ. ઉદયભાવ એ જીવ તત્ત્વ હૈ. આવે છે ને પહેલા અધ્યાયમાં ? એ તો પીછે સમ્યગ્દર્શન બતાના હો, શુદ્ધનયકા વિષય બતાના હો ત્યાં પીછે કહી બાત. પહેલે તો ઈતનેમેં રાગમેં, વિકારમેં મિથ્યાત્વમેં પુણ્ય–પાપમેં આત્મા હી કર્તા હૈ ને વ્યાપ્ત હૈ, ઐસા ભી સિદ્ધ ન કરેને વિકાર પરસે હોતા હૈ તો અપની પર્યાયકા અસ્તિત્વકા ભી ઉસકો ખબર નહીં. આહાહાહાહા ! ઝીણી વાત છે ભાઈ ! આ તો સમ્યગ્દર્શન થયે પહેલે, ભગવાન આત્મા ! ચારે કોર ભલે દ્રવ્ય પડા હો, કર્મ, શરીર, વાણી પણ યહ આત્મા જો હૈ, યહ તો અપને ગુણ અને પર્યાયમેં હી વ્યાપ્ત હૈ, બસ ! આહાહા ! સમજમેં આયા ? મિથ્યાત્વમેં ભી આત્મા વ્યાપ્ત હૈ. એ દર્શનમોહ કર્મકે કારણસે મિથ્યાત્વ હૈ, ઐસા હૈ નહીં. આહાહા ! રાગ ને દ્વેષકા પરિણામ જો આત્મામેં હુવા, એ ચારિત્ર ગુણકી વિપરીત અવસ્થા અપનેમેં હૈ. સમજમેં આયા ? ઐસા આત્માકો ખ્યાલમેં પૂરણ લેકર પીછે સમ્યગ્દર્શનકા વિષય કયા હૈ યહ બતાના હૈ હવે. આહાહા ! આહાહા ! કયોંકિ સમ્યગ્દર્શનકા વિષય એક નયકા વિષય હૈ અને આ ગુણ પર્યાયમેં વ્યાપ્ત દ્રવ્ય એ પ્રમાણકા દો નયકા વિષય હૈ. પ્રમાણકા વિષય હૈ. શું કહે છે આ ?

પ્રમાણ નામ બે ભાગને લક્ષમાં લે એનું નામ પ્રમાણ અને એક ભાગને લક્ષમાં લે તેનું નામ નય. કહો આવી તો ભાષા સાદી હૈ. આહાહા ! પાટણીજી ! આવી વાતું છે આ ! આહાહા ! અહીં તો હજી આચાર્ય, આ જે તત્ત્વ વસ્તુ જે આત્મા એ પર રજકણો કર્મ શરીર વાણી મન એમાં એની અંદર મધ્યમાં ભલે દેખાય પણ વો ઉસમેં હૈ નહીં. ઔર ઉસસે વિકાર હુઆ ઐસા હૈ નહીં. આહાહાહા !

દ્રવ્ય નામ ત્રિકાળી વસ્તુ, ગુણ નામ ત્રિકાળી સ્વભાવ, અને પર્યાય નામ વર્તમાન વિકૃત અને અવિકૃત અવસ્થા એ બધામાં આત્મા વ્યાપેલ હૈ. એ વિકારમેં કોઈ કર્મ વ્યાપેલ હૈ ઐસા હૈ નહીં. સમજમેં આયા ? ( શ્રોતાઃ– હવે નયની વાત ) એની પછી વાત. આહા ! પહેલે સે એમ વિચાર કરે કે વિકાર હૈ, યે કર્મસે હુવા હૈ તો પહેલી પર્યાયની અસ્તિત્વકી ચીજકી ખબર નહીં. સમજમેં આયા ? કયા કરે હમારે કર્મકા ઐસા ઉદય આતા હૈ તો વિકાર હોતા હૈ. "કર્મ બિચારે કોન ભૂલ મેરી અધિકાઈ." જડ કર્મ એ બિચારા અજ્ઞાન જડ હૈ ઉસકી કયા, એ તો અજીવ દ્રવ્યમેં અસ્તિત્વ હૈ ઉસકા, એ અજીવ દ્રવ્યકા અસ્તિત્વ ચૈતન્યકી વિકારી પર્યાયમેં એ કર્મસે હોતા હૈ ? બિલકુલ નહીં. આહાહાહા ! ધનાલાલજી ! આ તો છે અંદર જુવોને અંદર, ઉસકા તો અર્થ હોતા હૈ. આ બધા અમારે શેઠિયા આવ્યા નથી ? મોહનલાલજી અને બાબુલાલજીને બધા અંદર છે કે નહીં પણ અંદર ? પાનામાં લખ્યા હૈ કે નહીં ? ( શ્રોતાઃ– અંદરમાં લખ્યું છે પણ અંદરમાં તો અમને સમજાતું નથી. આપ કહો ત્યારે માંડ માંડ સમજાય છે ) આહાહાહા !

કહે છે, કહેતે હૈ કે યહ આત્મા, પહેલું કહ્યું 'તું ને કે ઈસ અસ્ય આત્માકો પરદ્રવ્યસે પૃથક દેખના, એ નિશ્ચયસે સમ્યગ્દર્શન હૈ ઈતની બાત પહેલે કિયા. હવે એ આત્મા હૈ યહ કિસમેં વ્યાપ્ત હૈ ? કિતના શક્તિમેં ને પર્યાયમેં હૈ ? કે અપના ગુણ પર્યાયમેં વ્યાપ્ત રહેનેવાલા હૈ. આહાહા ! કભી આત્મા કર્મમેં ગયે નહીં, શરીરમેં ગયે નહીં, શરીરરૂપ હુવા અનંત વાર શરીરકા, પણ આત્મા શરીરકી પર્યાયરૂપ કભી નહીં હુવા. આહાહાહા ! અનંત કર્મકા રજકણકી મધ્યમેં પ્રભુ હૈ, પણ વહ આત્મા કર્મકી પર્યાયપણે કભી નહીં હુવા. ઔર એ કર્મકી પર્યાય આત્માકી સાથમેં હૈ તો કર્મકી પર્યાયસે વિકૃત અવસ્થા આત્મામેં હોતી ઐસા કભી નહીં હોતા. આહાહાહા ! બાબુલાલજી ! ન્યાં તમારે કલકતામાં ક્યાંય ન મળે પૈસામાં ધૂળમાંય ક્યાંય ન મળે. માટે કહે છે ને અમે અહીંયા આવ્યા છીએ ને કલકતેથી. આહાહાહા ! ક્યાં ગયા છોટાલાલજી ! આહા ! સમજાય એવું છે ને ભગવાન ! આહાહા ! આહાહા ! પરમાત્મા કહેતે હૈ યહ સંતો કહેતે હૈ. સંતો તો આડતીયા હૈ. કે પ્રભુ આમ કહેતે હૈ ને ઐસા હૈ, કે આ આત્મા જે વસ્તુ હૈ, દ્રવ્ય તરીકે પદાર્થ, તો ઉસમેં જે ગુણ હૈ એ ઉસમેં આત્મામેં હૈ અને પર્યાયમેં વિકૃત અવસ્થા હૈ એ ભી આત્મા ઉસમેં વ્યાપ્યા હૈ, કોઈ પરદ્રવ્ય વ્યાપ્યા હૈ ને વિકાર હૈ ઐસા હૈ નહીં. આહાહાહા ! સમજમેં આયા ?

અપને ગુણ પર્યાય, અપને ગુણ અને અપને પર્યાય મિથ્યાત્વ રાગ, દ્વેષ, અજ્ઞાન, કામ–ક્રોધ વિષય વાસના, એ અપની પર્યાયમેં હૈ, એ અપની પર્યાય હૈ, આહાહા ! કોઈ પરદ્રવ્યકી પર્યાય હૈ અને પરદ્રવ્યસે હુઈ હૈ ઐસા નહીં, ઈતના તો પહેલે સિદ્ધ કિયા. આહાહા ! ઔર, ઐસે હોને પર ભી, ઐસા રહેનેવાલા હોને પર ભી, પ્રમાણકા વિષયમેં ગુણ ને પર્યાયમેં રહેનેવાલા હોને પર ભી शुद्धनयतः एकत्वे नियतस्य "શુદ્ધનયસે એકત્વમેં નિશ્ચિત કિયા ગયા હૈ" આહાહા !

યહાં ત્રિકાળીનય વો તો દો નયકા પ્રમાણકા વિષય સિદ્ધ કિયા. હવે જો શુદ્ધનય જો હૈ, યે તો એકાકાર સ્વરૂપ ત્રિકાળ એકરૂપ હૈ, ઉસકો બતાતે હૈ. આહાહા ! ગુણકા ભેદ ને પર્યાયકા ભેદ એ બતાતે નહીં. એ ગુણકા ભેદ ને પર્યાયકા ભેદ વ્યવહારનયકા વિષય થા તો પ્રમાણકા ઉસકો વિષય બતાયા. સમજમેં આયા ? આવી વાતું હવે વાણિયાને નવરાશ ન મળે, ધંધા આડે

પાપ આડે આખો દિ' શેઠીયા શું તમારે કહેવાય ? ( શ્રોતાઃ- આમાં વાણિયા ઘણાંય આવશે. ) વાણિયા જ આવવાના ને બધા. ઓલામાં એમ લખ્યું છેને ભાઈએ જૈન ધર્મ અત્યારે વાણિયાને વ્યવસાયવાળાને આવી ગયો છે. વ્યવસાય આખો દિ' ધંધા પાપ બાયડી છોકરા કુટુંબ દવાખાના ઈન્જેકશન આ દવા લીધી ને આ કર્યું ધૂળે ધૂળ. ( શ્રોતાઃ- માંદા પડે તો શું કરવું ? ) કોણ માંદો પડે ? ( શ્રોતાઃ- શરીર માંદુ પડે. ) શરીર ? એ તો જડ છે, અને જડની અવસ્થામાં આત્મા નથી. આત્મામેં રોગ છે એ તો મિથ્યાત્વ અને રાગ દ્વેષનો રોગ છે. પણ એ રોગમાં પણ વ્યાપેલો આત્મા છે. સમજાણું કાંઈ ? આહાહાહા ! આહાહાહા !

કોઈ ઈશ્વરે એને વિકાર કરાવ્યો છે, કે કર્મનું બહુ જોર આવ્યું અંદરમાં માટે વિકાર કરવો પડે છે એમ છે નહીં. એની પર્યાયનું સ્વરૂપ જ વિકૃત થવું તે કાળે, એ રીતે એનો વ્યાપેલો આત્મા એમાં રહેલો છે.

છઠ્ઠા શ્લોક અમારા જિનેશ્વરદાસજી ( કહા ) કે ભાઈ આયે હૈ ના, એમના માટે આજ હિન્દી લ્યો કીધું. હવે મંગળવારે શરૂ હોગાને આપણે, શિક્ષણ શિબિર. આહાહા ! ભાવ તો હૈ યે હૈ. હિન્દીમાં આવે પણ વસ્તુ તો જે છે તે જ છે ને ભૈયા. આહાહા ! પહેલાં જ્ઞાનમાં આત્મા દ્રવ્ય ને ગુણ પર્યાય સ્વરૂપ છે ઐસા પહેલે ઉસકો જ્ઞાન હોના ચાહિએ, એ જ્ઞાન સમ્યક્ નથી. પણ એ જ્ઞાનનું અંગ પહેલે પ્રગટ હોના ચાહિએ. ઓલામાં આવ્યું છે ને ? એમકે ભેદ બતાવવો છે તે જ્ઞાનનો અંગ છે. એમાં એ જ્ઞાનનો અંગ એ જાતનો સાચો થાય છે. સમ્યગ્જ્ઞાન નહીં, પણ જ્ઞાન અંદર, દર્શન જ્ઞાન ચારિત્ર તે આત્મા એમ બતાવવું, પણ એમાં એક જ્ઞાનનો અંગ ત્યાં સિદ્ધ થાય છે એક વ્યવહારનો, કળશ ટીકામાં છે. સમજાણું કાંઈ ? આમાં જ છે, પાંચમાં કળશમાં કળશ ટીકા છે ને ? જુઓ લ્યો એ જ નીકળ્યું. પાંચમો કળશ છે ને ? "તેવી રીતે ગુણગુણીરૂપ ભેદ કથન જ્ઞાન ઉપજવાનું એક અંગ હૈ" એ જાતનું જ્ઞાન થાય છે પહેલું, એ સમ્યગ્જ્ઞાનની અહીં વાત નથી. આ ગુણગુણીનું ભેદ કથન, એ વ્યવહારનય, આહાહા ! ગુણગુણીરૂપ ભેદકથન એ જ્ઞાન ઉપજવાનું એક અંગ છે, જીવનું લક્ષણ ચેતના ઈતના કહેતે પુદ્‌ગલાદિ અચેતન દ્રવ્યોસે ભિન્નપણાકી પ્રતીતિ ઉપજતે હૈ, તેથી જબ અનુભવ થાય ત્યાં સુધી ગુણગુણીરૂપ ભેદ કથન જ્ઞાનનું અંગ હૈ. જાનનેમેં ઈતના આતા હૈ, પછી અનુભવ તો ઉસકો છોડકર હોતા હૈ. આહાહા ! સમજમેં આયા ? ભાઈ ! વીતરાગ માર્ગ ! જિનેશ્વર પરમેશ્વર માર્ગ.

( શ્રોતાઃ- વ્યાપ્તનો શું અર્થ કર્યો છે કળશ ટીકામાં ? ) એ વ્યાપેલો જ છે, એમાં. એ તો છઠ્ઠાની વાત થઈ. આ તો પાંચમાની વાત છે. એ તો પહેલાં આવી ગયું છે ને, અસ્તુ ? ચારિત્રની એ તો લાંબી વ્યાખ્યા છે. અહીં તો સમકિતની પહેલી વ્યાખ્યા કરી છે. એમાં આવી ગયું છે, શુદ્ધ જીવને અનુભવતા ત્રણેય છે. જોયું ? શું કીધું ? અહીં તો દર્શન જ્ઞાન ચારિત્ર ત્રણેય પર્યાયનયનો વિષય છે, એ છે એમ વિકાર પણ છે એમ લઈ લેવું.

પણ શુદ્ધનયથી જોતાં નિર્વિકલ્પ વસ્તુ માત્રને જોતાં શુદ્ધપણું તે રૂપ છે. વસ્તુ પણ એ જ છે ને ? વસ્તુ સ્થિતિ છે ને ? "એતત્ નિયમાત સમ્યગ્દર્શન" – વ્યાપ્તુઃ વ્યાપ્તુઃ શબ્દ એમાં છે ને. લાંબુ છે ને એટલે એતત્ નિયમાત્ સમ્યગ્દર્શન. ( શ્રોતાઃ- છેલ્લી ચાર લીટી લ્યો. ) હા છે, જુઓને, કીધુંને, "સંસાર અવસ્થામાં જીવ દ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે" આ ભાષા એ કરી,

એ તો પહેલું પાંચમાંમાં આવી ગયું છે એ તો કહ્યું'તું પહેલા આમાં આવી ગયું છે, એ નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે એ મિથ્યાત્વભાવ છે એનામાં. આહાહા! સંવર નિર્જરા સાચાની વાત અહીંયા નથી, પણ અનાદિથી જીવ અજીવ પુણ્ય પાપ આદિ અને આસ્રવનો અંશ નથી, એટલો એ ગુણસ્થાને પહેલે એટલો એને સંવર વ્યવહારે ગણ્યો. અહીં કર્મનો અંશ ખરે છે એને નિર્જરા વ્યવહારે ગણી અને બંધનો એક અંશ ઓછો હોય એને મોક્ષ ગણ્યો એ દ્રવ્ય. દ્રવ્ય એ નવેય તત્ત્વરૂપે મિથ્યાદૃષ્ટિમાં પરિણમેલ છે. સમજાણું કાંઈ? આરે... આ.

જુઓ અહીં આવ્યું, કારણકે આ જીવ દ્રવ્ય "દ્રવ્યાંતરેભ્યઃ પૃથક" એમ આવું હોવા છતાં, દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ લેવી છે, દૃષ્ટિ લેના હૈ. આહાહા! તો પહેલે એ બાત સિદ્ધ કિયા કે પરદ્રવ્ય તો નિમિત્ત માત્ર હૈ ઉસકી કોઈ ચીજકી બાત નહીં. તેરી ચીજ જો દ્રવ્ય ને ગુણ જો શુદ્ધ હૈ ઔર તેરી પર્યાયમાં જો અશુદ્ધતા આસ્રવની પુણ્યપાપની બંધની જે હૈ ભાવ બંધ એ તેરી પર્યાયમેં હૈ ને ઉસમેં આત્મા વ્યાપ્યા હૈ. કોઈ પરદ્રવ્ય કે કારણસે વિકાર હૈ ને મિથ્યાત્વ હૈ ઐસા ભાવ હૈ નહીં. આહાહાહાહા! સમજમેં આયા? આવો મારગ છે ભાઈ! હજી તો, આ તો આપણે ચાલી ગયું'તું થોડુંક. આ તો અમારે ભાઈને લઈને ફીર હિન્દી લિયા. ઔર શુદ્ધનય, વો તો ઉસકા અસ્તિત્વમેં દ્રવ્યમેં, ગુણમેં ને પર્યાયમેં અસ્તિત્વમેં જે હૈ વો બતાયા.

હવે શુદ્ધનયકા વિષય કયા હૈ? આહાહાહા! પ્રમાણકા વિષયમેં વિકારી પર્યાય કે પર્યાયકા નિષેધ નહીં હોતા. કયા કહા? નયચક્રમેં યે હૈ, કે પ્રમાણકા વિષયમેં પર્યાયકા ને વિકૃત અવસ્થાકા નિષેધ નહીં હોતા, માટે તે પ્રમાણ પૂજ્ય નહીં. આહાહા! ઔર નિશ્ચયનયકા વિષયમેં હૈ, એ પર્યાયકા નિષેધ હોતા હૈ ઔર ત્રિકાળી દ્રવ્યકા આશ્રય હોતા હૈ. માટે નિશ્ચયનય પૂજ્ય હૈ. આહાહાહા! ઝીણી વાત છે ભાઈ. બીજી રીતે કહીએ તો વસ્તુ જે છે એ અનાદિ અપના ગુણમાં તો હૈ હી. પણ અનાદિ ઉસકી વિકૃત અવસ્થામેં ભી વો આત્મા હી હૈ. એ અવસ્થામેં કોઈ કર્મ આયા હૈ ને કર્મસે હુવા હૈ ઐસા હૈ નહીં. તો ઐસી ચીજકા પહેલે નિર્ણય કરા કર હવે શુદ્ધનયકા વિષય એ તો દો દ્રવ્ય ને પર્યાય દો કા જ્ઞાન કરાયા. પણ વો પ્રમાણ તો સદ્ભૂત વ્યવહારનયકા વિષય હૈ. જરી ઝીણું પડશે, કયા કહા? જો ત્રિકાળી દ્રવ્ય હૈ ઔર ગુણ હૈ ને પર્યાય હૈ ઉસકા વિષય કરનેવાલા પ્રમાણ ઉસમેં હૈ યે. તો એ પ્રમાણ હૈ ઉસમેં દો આયા, તેથી એ પ્રમાણ પોતે સદ્ભૂત વ્યવહારનયકા વિષય હૈ, વ્યવહારનયકા વિષય હૈ. આહાહા! હવે શું થાય? કયા કહેતે હૈ. આહાહા! પંચાધ્યાયીમેં હૈ, પ્રમાણ એ વ્યવહારનયકા વિષય હૈ. કયોં કિ ત્યાં એક ન આયા. દો આયા. તો દો આયા. વો પ્રમાણકા વિષય હો ગયા, દો આયા તો વ્યવહારનયકા વિષય હો ગયા, પ્રમાણ વ્યવહારનયકા વિષય. આહાહાહા!!

ભાઈ માર્ગ તો વીતરાગકા કોઈ અલૌકિક હૈ, લોકોમાં અત્યારે તો એટલી બધી ગરબડ, પડીમા લઈ લ્યો ને બ્રહ્મચર્ય લો ને લૂગડા ફેરવી નાંખો. આહાહા! એકલો અજ્ઞાનભાવ હૈ. (શ્રોતાઃ- બાહ્ય ત્યાગ તો ખરો ને?) બાહ્ય ત્યાગ તો અનાદિથી છે અંદરમેં, ત્રણેય કાળમેં પરદ્રવ્યકા ગ્રહણ ત્યાગકા તો અભાવ હૈ ઉસમેં. આહાહા! આદાન ગ્રહણ કરના ઔર છોડના- પરદ્રવ્યકા ગ્રહણને છોડના ઉસસે તો ઓ રહિત ત્રિકાળ હૈ. ઐસા તો ગુણ ત્રિકાળ હૈ ઉસમેં. છોડના એટલે નહીં હૈ ઐસા તો ગુણ હૈ ઉસમેં- ઉસકો છોડના એટલે ઉસકા અર્થ એ હુવા કે

ગ્રહણ કિયા થા ઉસને એમ માન્યા ઉસને. ઝીણી વાત બાપુ ! વીતરાગ માર્ગ ! આહાહા ! હવે એમાંય દિગંબર ધર્મ એ જૈન ધર્મ. એની ચીજ અલૌકિક વાતું છે ભાઈ ! આહાહા ! દુનિયાના પાપના ધંધામાં બાર મહિનામાં ઘણો વખત એનો ત્યાં જાય એને. હેં ? ચોવીસ કલાકમાં બાવીસ કલાક પાપમાં ધંધા રળવા લખવા ને આ ને તે, હવે એમાં એક કલાક મળે કદાચિત્ સાંભળવાનો અને સાંભળે તોય એને નિર્ણય કરવાનો વખત ન મળે. આહાહાહા !

એરણની ચોરી ને સોયના દાન, એમ બાવીસ કલાક ત્રેવીસ કલાક આમાં રહે અને એક કલાક સાંભળવા જાય ત્યાં સાંભળવાનું એવું મળે કે વ્રત લઈ લો પડીમા લઈ લો તપસ્યા કરો, રસ છોડો, લૂગડાં છોડી દો. એકાદ બે લૂગડાં રાખો, રસનો પરિત્યાગ કરો. લ્યો આવી વાતું બધી. ( શ્રોતાઃ- કેટલા બધા પરિષહ સહન કરે છે ) ધૂળમાંય પરિષહ નથી. સમકિત વિના પરિષહ હોઈ શકે જ નહીં. સમજાણું કાંઈ ? પરિષહમાં તો સહન કરવું એટલે જ્ઞાતા દૃષ્ટાપણે રહેવું એ. એ તો સમકિત હુઆ પછી એને જ્ઞાતા દૃષ્ટાપણું રહે એનું નામ પરિષહ છે. ધનાલાલજી ! આવી વાતું છે ભાઈ ! શું થાય ? ભાઈ. ( શ્રોતાઃ- જ્ઞાતાદૃષ્ટા પણે રહેવું એ પરિષહ છે ) હા ! એનું નામ પરિષહ છે. એ પરિષહ જય છે. અરે પ્રભુ ! આહાહા !

યહાં કહેતે હૈ, કે ઐસા ભગવાન અપના ગુણ પર્યાયમેં વ્યાપ્ત રહેનેવાલા હૈ. “વ્યાપ્તું” આસ્રવ પુણ્ય પાપ બંધ ભાવ ઉસમેં આત્મા રહેનેવાલા હૈ, આત્માકી પર્યાય હૈ ને આત્મા ઉસમેં આયા હૈ. અનાદિસે એ નવ તત્ત્વરૂપ પરિણમન ઉસકા હૈ. આહાહા ! નવ તત્ત્વોમાં સંવર નિર્જરા મોક્ષ એ અહીંયા ન લેના. દ્રવ્ય સંવર ને દ્રવ્ય મોક્ષ... ઔર “શુદ્ધનયતઃ એકત્વે નિયતસ્ય” શુદ્ધનયસે એકત્વમેં નિશ્ચિત કહા ગયા હૈ. અંતરને જોનારી શુદ્ધનય, જો શ્રુતજ્ઞાનકા નિશ્ચય અંશ, વો ઉસકો દેખનેસે, એ તો પૂરણ સ્વરૂપકો દેખતે હૈ. સમ્યગ્દર્શનકા વિષય પૂર્ણ સ્વરૂપ હૈ, ઔર શુદ્ધનયકા વિષય હી પૂર્ણ સ્વરૂપ હૈ. નય, જ્ઞાનકી અપેક્ષાસે હૈ ઔર સમકિત, શ્રદ્ધાકી અપેક્ષાસે હૈ.

( શ્રોતાઃ- ઉસમેં અપનેકો ક્યા અપનેકો તો ધર્મ કી બાત સૂનની હૈ ) આ વાત તો એ ચલતી હૈ. ( શ્રોતાઃ- સમ્યગ્દર્શન તો હો જાયને ઉસમેં ક્યા હૈ ) ધૂળમાં... સમ્યગ્દર્શન એ જ પહેલી ધર્મની શરૂઆત છે. ધર્મ કહાંસે આયા, ધૂળમેં ? પડીમા લે લિયા બે પાંચ ને દસ ને અગિયાર ને. ( શ્રોતાઃ- પંદર હોય તો પંદર લઈ લે. ) એમાં શું ? એને ક્યાં આંકડો જ ગણવો છે ને ? વસ્તુ ક્યાં છે એના ઘરમાં ? આહાહાહા ! ( શ્રોતાઃ- હમ છોડ દેગા પડીમા કો ) પડીમા છોડ દેગા કા અર્થ કયા ? એ તો વિકલ્પ હૈ, ઉસમેં છોડ દેગા તો ? ( શ્રોતાઃ- નિર્વિકલ્પ હોગા ) નિર્વિકલ્પ હોગા તબ છોડ દેગા. આહાહા ! એ વિકલ્પ ભી આત્માકા આત્મામેં વ્યાપ્ત હૈ. હવે ઉસકો શુદ્ધનયસે દેખનેસે પ્રમાણકા વિષય બતાકર પરકી કોઈ અપેક્ષા પર્યાયમેં નહીં, ઐસા બતાકર હવે શુદ્ધનયમેં કોઈ ભેદકી અપેક્ષા નહીં. આહાહાહાહા !

ભાઈ આ તો તીર્થંકર જિનેશ્વર દેવ. આહા ! જેને ઇન્દ્રો એકાવતારી ત્રણ જ્ઞાનના ધણી, આહા... જેને વૈમાનિકમાંથી છૂટીને સાંભળવા આવે એ વાણી કેવી હોય ભાઈ ! હૈ ? ( શ્રોતાઃ- અલૌકિક અદ્‌ભુત. ) અહીં લોકો કહે દયા પાળો, વ્રત પાળો હવે એ તો ભીખારા કુંભારેય કહે છે. ( શ્રોતાઃ- ભીમ અગિયારસે નથી કહેતા. ) ભીમ અગિયારસ અમારે કહેતા હતા ને કીધુંને

અમારે ઉમરાળામાં, ઉમરાળામાં સાંઈઠ વર્ષ પહેલાં રિવાજ એવો હતો, અમારા ગામનો, બીજા ગામમાં ય હતો કે શ્રાવણ મહિનાની આ નોમ છે ને ? એકમ આવે એટલે ગામના જે શેઠિયા હોય એ અમારે રોકડ શેઠ હતા. એ બે ચાર જણાં ભેગા થઈને પાંપ પાંચ સોપારી લઈને જાય. ઘાંચી પાસે જાય, ઘાંચી મુસલમાન, ત્યારે એ સમજે કે હું હું આ વાણિયાના પર્યુષણનો મહિનો આવ્યો. બંધ કરવું પડે, ઘાંચી ઘાણી ન કરે. શ્રાવણ સુદ એકમથી ભાદરવા સુદ પાંચમ સુધી મુસલમાન ઘાંચી પણ ઘાણી ન પીલે, એટલી મહાજનની છાપ હતી. અમારા ગામમાં પાંચ હજારની વસ્તી ઉમરાળા રોકડ શેઠ હતા. પહેલાં તો ઠીક હતું માણસ ઠીક હતાં. પછી તો ઘસાઈ ગયા. માણસ ખાનદાન હતા. અત્યારે છ છોકરા છે અમારે તો સીત્તેર વર્ષ પહેલાંનું બધું એ ઘાંચી મુસલમાન એની પાસે જાય શેઠીયા ચાર, શ્રાવણ મહિનાની એકમે. એટલે એ સમજે આજથી ભાદરવા સુદ પાંચમ સુધી ઘાણી નહીં પિલાય. મુસલમાન નહીં પીલે. કુંભાર પાસે જાય, પાંચ સોપારી લઈને, નિંભાડો ન કરે એક મહિનો. શ્રાવણ સુદ એકમથી ભાદરવા સુદ પાંચમ સુધી. નિંભાડો, નિંભાડો સમજતે હૈ ? ( શ્રોતાઃ– વાસણ માટીના પકવે ઈ. ) તંત્રી પણ વાણિયાના પર્યુષણ આવ્યા છે એમ કહે એવું તો લૌકિક રીતમાં ગામડામાં હતું. અને પુરૂં થયા પછી પણ શ્રાવણ સુદ એકમથી ભાદરવા સુદ પાંચમ સુધી નિંભાડા બંધ, ઘાણી બંધ, પછી પણ પહેલું શરૂ કરશે એ વધારે પાપી છે એમ માનનારા બેચાર દિ’ આઘા હાલ્યા જાય. કોઈ છઠ્ઠે શરૂ કરે, કોઈ સાતમે કરે, કોઈ આઠમે કરે, એવું તો મુસલમાનમાં મનાતું, મહાજનની વાત, એ ક્યાં ધર્મ હતો ? આહાહા ! સમજાય છે કાંઈ ? આવું તો ગામડામાં હતું. તમારા શહેરની તો આપણને કાંઈ ખબર નથી. નાગનેશને બધે હશે આ તો અમારે ઉમરાળામાં એટલે તો અમને ખબરને પાંચ હજારની વસ્તી. હવે એ નિંભાડા બંધ કરે, ઘાંચી ઘાણી બંધ કરે માટે એ ધર્મ છે ? એ તો તીવ્ર પાપ, વાણિયાના પર્યુષણ છે, શેઠિયાઓ ગામના છે, અને એમનું અત્યારે પ્રબળ છે, માટે આપણે એવું ન કરાય. મુસલમાન ન કરે પાંત્રીસ દિવસ સુધી મુસલમાન ઘાણી ન હલાવે. એથી એવી તો લૌકિક લાઈન હતી એ તો. અહીંયા તો પરમાત્મા કહે છે, વિકારની દશા ચાહે તો એ શુભની વિકાર દશા, બીજાને નુકશાન ન કરશો, હિંસા ન કરશો. આ ન કરશો એવો જે ભાવ એ પણ એક વિકૃત અવસ્થા છે અને એમાં આત્મા વ્યાપેલ છે, એ વિકૃત અવસ્થા કોઈએ કરાવી છે એમ નથી.

હવે, એવો આત્મા દ્રવ્ય ગુણ પર્યાયમાં રહેલો હોવા છતાં શુદ્ધનય એટલે જે નયનો અંશ ત્રિકાળને વિષય કરે છે તેને શુદ્ધનય કહીએ. એક અખંડ આત્મા અભેદ જેમાં ગુણગુણીનો ભેદ પણ નહીં, જેમાં પર્યાયનો ભેદ નહીં, નિર્મળ પર્યાયનો પણ જેના વિષયમાં ભેદ નહીં. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! શુદ્ધનયસે એકત્વમેં નિશ્ચિત કિયા ગયા. એકપણે નિર્ણય કરાયા. આહાહાહા ! એક જ્ઞાયકભાવ ધ્રુવભાવ, સ્વભાવભાવ, નિત્યભાવ, સામાન્યભાવ, સદેશભાવ, એકરૂપ રહેનેવાલા ત્રિકાળી એ શુદ્ધનયકા વિષય ઉસમેં નિર્ણય કરાયા. સમજમેં આયા ? આરે ! આવી વાતું હજી તો આ કળશા...

મહા પ્રભુ એ વીતરાગનો માર્ગ એકેક શ્લોકે દિગંબરના સંતોએ ગજબના કામ કર્યા છે. આહાહા ! એવી વાત ક્યાંય છે નહીં. આહાહા ! પણ એમાં જન્મેલાને તમને ભાન કે દિ’ હતી

ત્યાં. ( શ્રોતાઃ- એમાં જન્મેલા છે એવું આપણે માનવું શું કામ ) પણ દિગંબરમાં જન્મ્યા છે ને આ બધા. ( શ્રોતાઃ- નામના છે ) નામ નિક્ષેપ છે, ચીમનભાઈ ! આહાહા ! ભગવાન સર્વજ્ઞદેવ, પરમેશ્વરે એમ કહ્યું ઐસા કહા કે તેરી દશામેં વિકૃત અવસ્થા અનાદિકી હૈ, આસ્રવ, બંધ ભાવ રાગાદિ પુણ્ય પાપ મિથ્યાત્વ, યે તેરી દશામેં હૈ, તું ઉસમેં આયા હૈ, કોઈ કર્મસે આયા હૈ ઐસા નહીં. ઈતની બાતકા જ્ઞાન કરાકર, એ સમ્યગ્જ્ઞાન નહીં. ઓલામાં કહ્યું બતાવ્યું'તું ને જ્ઞાનનો અંગ, હવે સમ્યગ્જ્ઞાન કબ હોતા હૈ ? કે ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદકા નાથ ધ્રુવ સ્વરૂપ જો શુદ્ધનયકા ને સમ્યગ્દર્શનકા વિષય હૈ, એ સમ્યગ્દર્શને ત્રિકાળીકો બતાયા. શુદ્ધનયે ત્રિકાળીકો જાના. આહાહાહાહા !

( શ્રોતાઃ- શુદ્ધતા ત્રિકાળ ) ત્રિકાળ શુદ્ધ એક વસ્તુ વર્તમાન ભલે ત્રિકાળમાં ન લો, તો વર્તમાનમાં ધ્રુવપણું એકરૂપ તે તેનો વિષય, આ તો શાસ્ત્ર ભાષા છે. આહાહા ! જેમાં સમ્યગ્દર્શનના વિષયમાં, ને શુદ્ધનયના વિષયમાં ગુણગુણીનો ભેદ પણ ન આવે, એની વિકારી પર્યાય તો ન આવે પણ અવિકારી પર્યાય સમ્યગ્દર્શનકી પર્યાય સમ્યગ્દર્શનના વિષયમાં ન આવે. આહાહા ! સમજમેં આયા ? આહાહાહા ! આ તો સંતોની વાણી છે બાપા ! દિગંબર સંતો એટલે કેવળીના કેડાયતો. આહા ! કેવળજ્ઞાનીના કેડે ચાલનારા, અને કેવળજ્ઞાન લેનારા એક-બે ભવે મોક્ષ જનારા. એ સંતોને કરુણાનો વિકલ્પ આયા તો આ શાસ્ત્ર બન ગયા. આહા !

તો કહેતે હૈ, કે આમ આત્મા દેખો તો તેરી વિકારી પર્યાયમેં ભી વ્યાપ્ત તો હૈ. સારા દ્રવ્ય પર્યાય દેખનેસે તો યે દોય ઉસકી હૈ પણ હવે ઉસકા કલ્યાણ કરનેકા ઉપાય બતાના હૈ, તો ઉસમેં તો એકરૂપ ત્રિકાળ દ્રવ્ય જો હૈ ધ્રુવ વો શુદ્ધનયે બતાયા. યે દ્રવ્ય ગુણ પર્યાયમેં વ્યાપ્ત હોને પર ભી, શુદ્ધનયે એકલા દ્રવ્યકો બતાયા. દ્રવ્ય ગુણ પર્યાયમેં વ્યાપ્ત નામ રહેલા હોને પર ભી સમ્યગ્દર્શને એકલા ત્રિકાળીકો બતાયા. ત્રિકાળી તે હું. પરમાત્મ દ્રવ્ય તે હું. એ આયાને ૩૨૦ ગાથામેં, જયસેન આચાર્યની ટીકામાં ૩૨૦, મેં તો પરમાત્મ દ્રવ્ય હું. હૈ ? ૩૨૦ નહીં ? વ્યાખ્યાન હો ગયા હૈ.

જુઓ, સંસ્કૃત ટીકા હૈ ( ગુજરાતી ) "જે સકલ નિરાવરણ, અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર, શુદ્ધ પારિણામિક પરમ ભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય તે જ હું છું". જુઓ આ સમ્યગ્દર્શનનો વિષય આ શુદ્ધનયનો આ વિષય. આહાહા ! વિષય નામ ધ્યેય. આહાહા ! સમ્યગ્દર્શનનું ધ્યેય, ધ્રુવ ધ્યેય છે. ધ્રુવ ધ્યેય હૈ. સમ્યગ્દર્શનકા વિષય ગુણગુણી ભેદ ને પર્યાય ઉસકા વિષય નહીં. આહાહાહા ! ક્ષાયિક સમ્યગ્દર્શનકા વિષય ભી ધ્રુવ હૈ, ક્ષાયિક સમકિત સમકિતકા વિષય નહીં. આ તો સંસ્કૃત ટીકા છે. આ તો ઘણું હાલ્યું આ તો તેંતાલીસ વર્ષ ઉપરાંત હાલ્યું આ તો. આહાહા ! ભાઈ ! એણે સમજવું પડશે બાપુ ! ચોર્યાસી લાખના દુઃખો એણે વેઠયા છે. એ કાલે આવ્યું'તું ઓલામાં સજ્જાયમાં, છ ઢાળામાં કે એના દુઃખની ભાષા કરોડ જીભે ન કહેવાય બાપુ ! આહાહા ! એમાં આવ્યું'તું. એણે દુઃખ વેઠયાં છે ભાઈ એની પર્યાયમાં, સંયોગના નહીં, મિથ્યાત્વ અને રાગ દ્વેષના મલિન પરિણામ મહા દુઃખરૂપ એને એણે વેઠયા છે. એ દુઃખની વાત કરોડો જીભથી કહી શકાય નહીં. ભાઈ ! આહાહા ! અરે ! તું ભૂલી ગયો પ્રભુ તને, તારી તને દયા ન મળે નાથ, તું કોણ છો ? ક્યાં છો ? આહાહા ! સમજાણું કાંઈ ? કાલે આવ્યું'તું છ ઢાળામાં.

અને એક એ આવ્યું 'તું નિગોદમાંથી ત્રસની પર્યાય પ્રાપ્ત થાય એ ચિંતામણી ( રતન ) જેવું છે. આહાહા ! ત્રસપણું હજી બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય આહાહા ભાઈ ! તને આ માંડ મળ્યું, નિગોદના ગોદમાં પડયો હતો, પ્રભુ અનંત કાળમાં દુઃખી. આહા ! ભાઈ ! તું બહાર નીકળ્યોને હવે તું. આહાહા ! એ ચિંતામણી રતન જેમ મળે તેમ ત્રસ થાય. આહાહા ! આ મનુષ્યપણું ને એમાં આ ભગવાનની વાણીનો યોગને, આહાહા... એ બધું મળ્યું છતાં, જો એ શુદ્ધનયનો વિષય દૃષ્ટિમાં ન લીધો તો બધું નિરર્થક જશે. આહાહાહા ! તારા દાન ને દયા ને મંદિરો બનાવ્યા ને કરોડો રૂપિયા ખર્ચ્યા ને, આહાહા ! આ મોટા ૨૬–૨૬ લાખના મકાન ને માટે ત્યાં ધરમ થઈ ગયો અંદર ને આહાહા !

( શ્રોતાઃ– ધર્મ તો નથી પણ કાંઈ મદદ તો કરશે ! ) જરીયે મદદ કરશે નહીં, નુકશાન કરશે. શુભભાવ તો આત્મામાં નુકશાન કરનાર છે. આકરી વાત છે બાપા ! વીતરાગનો માર્ગ, આહા.... જિનેશ્વરદેવ જેના ઇન્દ્રો તળીયા ચાટે, અને ઇન્દ્રો જેની સભામાં કૂતરીના બચ્ચા જેમ બેસે તેમ બેસે, ભાઈ ! એ માર્ગ કેવો હશે એ બાપુ. આહાહા ! એ માર્ગ સાંભળવો પણ મહાભાગ્ય હોય ત્યારે મળે અને અંતર પુરુષાર્થ કરે તો પ્રગટ કરે. આહાહા ! આ એટલામાં હાલ્યું. અહીં તો હજી. આહા !

શુદ્ધનયસે એકત્વમેં, શુદ્ધનયથી જોતાં એકપણામાં નિર્ણય કરાવ્યો. ગુણ અને પર્યાયની અનેકતા છે. તે ભલે એના સત્ત્વમાં હો પણ હવે આશ્રય લેવા યોગ્ય વસ્તુ છે એ તો ત્રિકાળી દ્રવ્ય જ્ઞાયકભાવ છે. આહાહા ! એમાં એનો નિર્ણય કરાવ્યો એકત્વમાં. આહાહા ! એકપણાનો અંદર નિર્ણય કર. અનુભવ તો તને સમ્યગ્દર્શન થાય, એ વિના થોથાં છે બધું. સમજાય એવું છે આમાં. આહાહા ! ભાષા કાંઈ એવી નથી, બાબુલાલજી ! ભાષા તો તમારી હિન્દી આવી આજ તો. હવે લોકો આવશે ને કાલને પરમ દિ' થી, હિન્દી લોકો આવશે ને હવે તો શરૂઆત થઈ ગઈ થોડી થોડી. આહાહા ! આહાહા !

શુદ્ધનયથી એકત્વમાં નિશ્ચિત કિયા ગયા હૈ, કયા હૈ ? "પૂર્ણજ્ઞાન ઘનસ્ય" શુદ્ધનયે એકત્વનો નિર્ણય કરાયા વો ચીજ કયા હૈ ? પૂર્ણજ્ઞાનઘન હૈ ભગવાન ! આહાહાહાહા ! વિકાર તો નહીં, પણ પર્યાય જિસમેં નહીં. આહાહાહા ! ( શ્રોતાઃ– અભેદ તરીકે તો પર્યાય છે ને ? ) બિલકુલ નહીં. અભેદમાં પર્યાય કેવી ? પર્યાય અભેદનો વિષય કરે છે. પર્યાય તો અભેદનો વિષય કરે છે. એના વિષયમાં પર્યાય નહીં. એ તો હમણાં કહ્યું પહેલું એ કહી ગયા છે. સમ્યગ્દર્શનના વિષયમાં સમ્યગ્દર્શનની પર્યાય નહીં. વાત થઈ ગઈ બધી, ધ્યાન રાખે તો બધી આવે છે હારે. ( શ્રોતાઃ– બે વાત થઈ ) બે વાત થઈ.

પૂર્ણજ્ઞાનઘન શુદ્ધનયનો વિષય એકત્વ બતાવ્યો એ શું ચીજ ? આહાહા ! જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. બાકી અનંત ગુણનો કંદ એવો એકરૂપ, ( નિજાત્મા ) આહાહાહાહા ! એ એના આશ્રયે સમ્યગ્દર્શન થાય, એ શુદ્ધનયનો વિષય. બાકી બધા થોથાં. આ જ્યાં સુધી ન કરે, ત્યાં સુધી બધા એકડા વિનાના મીંડા, પોક મૂકવા જેવું છે એને. સમજાણું કાંઈ ? આહાહાહા ! પીછે થોડી બાત હૈ. વખત થઈ ગયો.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૫૬ શ્લોક - ૬ તા. ૧૩-૮-૭૮ રવિવાર, શ્રાવણ સુદ-૧૦ સં. ૨૫૦૪

સમયસાર. કળશ છઠ્ઠો, શ્લોકાર્થ ફરીને થોડા. "ઈસ આત્માકો અન્ય દ્રવ્યોસે પૃથક દેખના" ભગવાન આત્માકો અન્ય દ્રવ્યોસે, કર્મ શરીર વાણી આદિ સબ દ્રવ્યોસે ભિન્ન દેખના ક્યોંકિ યે ભિન્ન દ્રવ્ય હૈ. આહાહા ! શ્રદ્ધાન કરના. અન્ય દ્રવ્યોસે ભિન્ન કરકે પૂર્ણજ્ઞાનઘન આત્મા ઉસકી શ્રદ્ધા કરના યે નિયમસે સમ્યગ્દર્શન હૈ, યે નિશ્ચયસે સમ્યગ્દર્શન હૈ. સત્ય સમ્યગ્દર્શન આ હૈ. ધર્મની પહેલી સીઢી ધર્મના પહેલાં પગથિયા- સોપાન. આહાહા !

યહ આત્માને નવ તત્ત્વોના વિકલ્પોથી અને પરદ્રવ્યોથી ભિન્ન અંદરમાં જોવો. અંદરમાં ભિન્ન કરીને એને દેખવો, ભિન્ન કરીને એને શ્રદ્ધવો, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા ! હૈ !

એ આત્મા કૈસા હૈ ? અપને ગુણ પર્યાયમેં વ્યાપ્ત રહેનેવાલા હૈ. આહાહા ! આત્મા પહેલાં પ્રમાણકા વિષય બતાતે હૈ, કે જે આત્મા હૈ યે અપના અનંતા ગુણો ઔર અપની જે વિકારી આદિ પર્યાય ઉસમેં વ્યાપનેવાલા હૈ. કયા કહા ? ( શ્રોતાઃ- ફરમાઈએ. ) જો આત્મા વસ્તુ હજી સમ્યગ્દર્શનકા વિષય કયા, એ પીછે લેગા. સમજમેં આયા ? સમ્યગ્દર્શનકા ધ્યેય કયા હૈ, શુદ્ધનયકા વિષય કયા હૈ, કે સમ્યગ્દર્શનકા વિષય યે સબ એક હી હૈ. એ પહેલાં આત્મા અપના દ્રવ્ય જો વસ્તુ હૈ એ અપની અનંતી ગુણ શક્તિમેં વ્યાપ્ત હૈ, ઔર અપની પર્યાય વિકૃત અવિકૃત જો અવસ્થા હૈ ઉસમેં વ્યાપ્ત હૈ. ધનાલાલજી !

( શ્રોતાઃ- સમ્યગ્દર્શનવાલા આત્મા દૂસરા હૈ ? ) એ નહીં એ પછી. અહીંયા નિશ્ચયનય ને વ્યવહારનય દો પ્રમાણ હૈ. પ્રમાણકા વિષય પહેલે બતાતે હૈ. પરકી સાથ કોઈ સંબંધ નહીં યે બતાના હૈ. આત્મા તો પ્રમાણરૂપ હૈ પણ પ્રમાણરૂપમેં નિશ્ચયકા વિષય આતા નહીં એકીલા. પર પર્યાયકા ભી વિષય આતા હૈ, વો કારણ અહીંયા તો પરદ્રવ્યસે ભિન્ન શરીર કર્મસે ભિન્ન, અપના ગુણ પર્યાયસે વ્યાપ્ત ઐસા આત્મા હૈ, બસ. ઉસમેં તો ઐસા સિદ્ધ કિયા કે અપના ગુણ અને અપની પર્યાય જો વિકાર હો, મિથ્યાત્વ હો, રાગ દ્વેષ હો, તો અપના અસ્તિત્વમેં આત્માકા વ્યાપકપણા હૈ. કર્મમેં ને શરીરમેં વ્યાપકપણા હૈ ઐસા નહીં, ઔર કર્મ ને શરીર દૂસરી ચીજ હૈ એ અપની પર્યાયમેં વ્યાપક હૈ ઐસા નહીં. સૂક્ષ્મ વાત બાપુ ! આ તો પરમ સત્ય બાત હૈ. અભી કભી એને જચી નહીં, રૂચી નહીં. આહાહા !

એ ભગવાન આત્મા આ શરીર કર્મ આદિ હૈ અંદર વસ્તુ ઉસકો તો છૂતે હી નહીં આત્મા. કર્મ શરીર વાણી ઉસકો તો આત્મા છૂતે હી નહીં, અડતે હી નહીં. આહાહા ! ત્યારે હૈ કૈસે ? કિસમેં ? કે અપની અનંત શક્તિ ગુણ હૈ ગુણ હૈ જો ત્રિકાળ વસ્તુ હૈ ને, વસ્તુમેં ગુણ શક્તિ રહેતે કે નહીં ? વસ્તુ હૈ ઉસકા સ્વભાવ હૈ કી નહીં ? વસ્તુ હૈ સ્વભાવવાન હૈ, તો ઉસકા કોઈ સ્વભાવ હૈ કી નહીં ? યે સ્વભાવ જો જ્ઞાન દર્શન આદિ અનંત ગુણ હૈ વહ ઉસકા ગુણ સ્વભાવ હૈ. ઉસમેં ભી વ્યાપ્ત હૈ ઔર ઉસકી જો વિકૃત અવિકૃત અવસ્થા, અવિકૃત અવસ્થા અસ્તિત્વગુણ આદિકી અવિકૃત અવસ્થા હોતી હૈ. સૂક્ષ્મ હૈ ભાઈ ! વિષય જ તદન જુદી જાત છે. અને રાગાદિ દુઃખાદિ એ વિકૃત અવસ્થા હૈ. એ સબમેં વ્યાપક આત્મા હૈ દ્રવ્યગુણ પર્યાયમેં.

એ વિકારમેં વ્યાપ્ત હૈ તો અપની પર્યાય હૈ ઉસમેં વ્યાપ્ત હૈ. એ વિકાર કર્મસે હુવા ને કર્મ વ્યાપક હોકર યહાં આયા ઐસા હૈ નહીં. આહાહાહા ! પહેલે તો ચૌદ બ્રહ્માંડમેં આત્મા એક વસ્તુ હૈ એ કિતનેમેં હૈ ને કૈસા હૈ, યહ બાત સિદ્ધ કરતા હૈ. આહાહા ! યહ અપના જો અનંત ગુણ હૈ શક્તિયાં સત્‌કા સત્ત્વ, વસ્તુકા સ્વભાવ, વસ્તુકા ગુણ ઔર ઉસકી વર્તમાન પર્યાય–અવસ્થા–હાલત એ વિકારી હો કે અવિકારી હો, અવિકારી એટલે સંવર નિર્જરાની અવિકારી પર્યાય અનાદિકી હૈ, એ અહીંયા નહીં, અનાદિકી નહીં. પણ ઉસમેં જો વિકાર હોતા હૈ તો ગુણ અને વિકારમેં આત્મા વ્યાપક હૈ, ઐસી વસ્તુકી ચીજ પરસે ભિન્ન અને અપને ગુણ પર્યાયસે સહિત બતાના, યે પ્રમાણકા વિષય હૈ ! આરે હવે આવી વાત !

હૈ ? અપને ગુણ પર્યાયોમેં વ્યાપ્ત રહેનેવાલા હૈ. કલ વો કળશ ટીકામેં દેખા થા પણ શબ્દ આ નહોતા આયા. પીછે દેખા શબ્દ આયા હૈ ઉસમેં. "વ્યાપ્તુમ્" પીછે દેખા. પછી નવ તત્ત્વનું કહ્યું'તું ને ? પણ એમાં ઐસા આયા. "વ્યાપ્તુમ્" અપના ગુણ પર્યાય સહિત હૈ. ભાઈ ! પહેલાં એણે માર્ગ યથાર્થ સમજના ચાહિએ, કયા ચીજ હૈ. આહાહા ! અનંત કાળસે અજ્ઞાનમેં ચાર ગતિ ચોર્યાસી લાખ યોનિમેં પરિભ્રમણ કરતે હૈ, યે પરિભ્રમણકી પર્યાય ભી ઉસમેં હૈ, ઉસમેં વ્યાપક હૈ, એમ કહેતે હૈ. સમજમેં આયા ? મિથ્યાત્વ અને રાગ દ્વેષકા પરિણામ યહ ભી ઉસકી પર્યાયમેં હૈ, ( ઉસમેં ) વ્યાપ્ત આત્મા હૈ. યે પર્યાય કોઈ કર્મસે હુઈ હૈ કે યે વિકારી પર્યાય કર્મમેં જાતી હૈ કર્મમેં વ્યાપક હોકર જાતી હૈ, ઐસા નહીં. સમજમેં આયા ? આહાહા !

ઐસે ગુણ પર્યાયમેં વ્યાપ્ત રહેનેવાલા, બસ, ઈતની બાત.

હવે 'શુદ્ધનય એકત્વ નિયતસ્ય' ઉસમેંસે શુદ્ધનયસે એકત્વમેં નિશ્ચિત કિયા ગયા. કયા કહા યે. આહાહાહા ! એ વસ્તુ ભગવાન આત્મા અને એના ગુણો અનંત અને એની પર્યાય એમાં વ્યાપ્ત એ આત્મા. યે પ્રમાણકા વિષય, હવે પ્રમાણકા વિષયમેંસે શુદ્ધનયકા વિષય ભિન્ન પાડના હૈ. સમજમેં આયા ? વસ્તુ તો ઈતની અપનેમેં બસ આટલી.

હવે શુદ્ધનયસે ઉસકો દેખનેસે 'શુદ્ધનય એકત્વ નિયતસ્ય' એ શુદ્ધનય તો એકત્વપણાકો દિખાતે હૈ. ગુણગુણીકા ભેદ ને પર્યાયકા ભેદ એ શુદ્ધનયકા વિષય નહીં. આહાહા ! આવી વાત ! સમજમેં આયા ? અંતર જો વસ્તુ હૈ એકલો દ્રવ્ય જ્ઞાયકભાવ ઓ શુદ્ધનય ઉસકો બતાતી હૈ. અર્થાત્ સમ્યગ્દર્શનકી પર્યાય જો હૈ, ઉસકા વિષય વો ત્રિકાળી ધ્રુવ હૈ. ઉસકા વિષય દ્રવ્યગુણ પર્યાયમેં વ્યાપ્ત જો થા, વો સમ્યગ્દર્શનકા વિષય નહીં. ધનાલાલજી ! ( શ્રોતાઃ– બરાબર ) ઝીણી વાત હૈ ભાઈ ! આહાહા ! ઐસા અપના અસ્તિત્વમેં દ્રવ્ય ગુણ પર્યાયમેં રહેનેવાલા હોને પર ભી શુદ્ધનય નામ નિશ્ચયનય ઉસકા વિષય જો હૈ યે તો એકત્વ એકરૂપ ત્રિકાળ વસ્તુ વો ઉસકા વિષય હૈ. ગુણના ને પર્યાયના ભેદો વો સમ્યગ્દર્શનકા વિષય ને શુદ્ધનયકા વિષયમેં હૈ નહીં. આરે ! આવો અર્થ છે. છે ?

શુદ્ધનયસે એકત્વમેં નિશ્ચિત કિયા ગયા, એકરૂપ ત્રિકાળ હૈ. જીસમેં ગુણગુણીકા ભેદ ભી નહીં. એ સમ્યગ્દર્શનકા વિષય ધ્યેય એ શુદ્ધનયકા વિષય. આહાહા ! અરે એણે કોઈ દિ' અંદર વિચારેય કિયા નહીં. અને એમને એમ ઓઘે ઓઘે જાણે ને માને એ કાંઈ વસ્તુ નથી, એના ભાવમાં ભાસન આવવું જોઈએ. આહાહા ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર ઉસસે સિદ્ધ હુવા ઔર

લોજીકસે ભી વો સિદ્ધ ઐસા હી હોતા હૈ. સમજમેં આયા ? પણ એ દરકાર ક્યાં ? આહાહા !

કહેતે હૈ કિ પ્રભુ આત્મા શરીર વાણી કર્મકિ મધ્યમેં રહેતે ભી હો પણ ઉસકો છૂતે હી નહીં અને એ કર્મ ને શરીર એ આત્માકો છુયા હી નહીં. સમજમેં આયા ? આહાહા ! વો તો ત્રીજી ગાથામેં કહા, કયા ? સમયસાર ત્રીજી, દરેક દ્રવ્ય વસ્તુ આ તો તદ્‌ન વાત જગતસે નિરાળી હૈ. પ્રત્યેક વસ્તુ અપના ગુણ પર્યાયકો ચૂંબતે હૈ. અપના ધર્મ નામ ધારી રાખેલ શક્તિયાં ઔર પર્યાય ઉસકો ચૂંબતે હૈ, પણ પર દ્રવ્યકો એક સ્વદ્રવ્ય કભી ચૂંબતે નહીં, છુતે નહીં, અડતે નહીં. આહાહા ! સમજમેં આયા ?

કલ રાત્રિકો કહા થા નહીં ? પૈસા હમ દેતે હૈ દાનમેં. ( શ્રોતાઃ– તો બરાબર હૈ ) કયા બરાબર હૈ ? પૈસાકો આત્મા છૂતે હી નહીં, હાથકો છૂતે નહીં, ને હાથ પૈસાકો છૂતે નહીં. ઔર પૈસા મૈં દિયા, લો આ. એ તદ્‌ન ભ્રમ હૈ અજ્ઞાનીકા. સમજમેં આયા ? કયોંકિ પરદ્રવ્યમેં તો વ્યાપ્ત હોતે નહીં. અપની પર્યાયસે પરદ્રવ્યકો છૂતે નહીં. વ્યાપ્ત હોતે નહીં. પરદ્રવ્ય મેં દિયા મૈં રખા મૈં લિયા યહ વસ્તુમેં હૈ નહીં. કોણ દે અને કોણ લે. આહાહા ! ઝીણી વાત બહુ બાપુ ! આહાહા ! શું થાય ? એક પૈસાકી નોટ હો કે પૈસા હો રૂપિયો હો ચાંદીકા ઉસકો આ હાથ હૈ ને યહ છૂતે નહીં, અડતે નહીં અને પૈસા જાતે હૈ ઉસકી ક્રિયાસે. ઔર હાથકી પર્યાયકો આત્મા છૂતે નહીં અંગુલિકો, ક્યોંકિ અપના આત્મા અપના દ્રવ્ય ગુણ પર્યાયમેં અપના ધર્મમેં વ્યાપક હૈ, પરકો ચૂંબતે નહીં. શરીરકી અંગૂલિકો છૂતે નહીં. પાટણીજી ! આવું છે ન્યાં કલકતામાં ન મળે ન્યાં ક્યાંય આવી વાત. પૈસા પેદા થાય યે તો કહેતે થે પહેલે ઐસા બાત. આહાહા ! આવો માર્ગ ! કહેતે હૈ કે એક દ્રવ્ય દૂસરા દ્રવ્યકો છૂતે નહીં તો અપના આત્મા અપના દ્રવ્ય ગુણ પર્યાયકો છૂતે હૈ, યહ તો કહા. સમજમેં આયા ?

હવે ઉસમેંસે, ઈતના નક્કી કિયા પીછે, ઉસમેં સમ્યગ્દર્શન ન હુવા, સમ્યગ્દર્શનમેં તો પર્યાયકા ભેદકા નિષેધ હોતા હૈ. પ્રમાણમેં ભેદ ને પર્યાયકા અસ્તિત્વ સાથમેં રહેતે હૈ. ( શ્રોતાઃ– ઈ કાંઈ સમજાણું નહીં ) નહીં સમજાણું ? આહાહા ! પ્રમાણ જો હૈ યહ ત્રિકાળી કો ભી સાથમેં રખતે હૈ ઔર પર્યાયકો ભી સાથમેં રખતે હૈ કે પર્યાય ઉસમેં હૈ, ઐસે પ્રમાણ અપના વિષયમેં પર્યાયકો અપનેમેં રખતે હૈ, કયા કહા ? ( શ્રોતાઃ– પ્રમાણકા વિષયમેં દ્રવ્ય પર્યાય સાથમેં રહેતે હૈ ? ) બેય છે. હૈ પણ, પર્યાય ઉસકી હૈ ને ઉસમેં હૈ કે પરકી હૈ ને પરમેં હૈ ? પોતાના ભાવમેં હૈ, અપના ક્ષેત્રમેં હૈ, અપના સ્વકાળમેં હૈ પર્યાય. આહાહાહા ! ઐસા હોને પર ભી, સમ્યગ્દર્શન પ્રગટ કરનેકો, આહાહાહા ! ધર્મકી પહેલી સીઢી, ધર્મકી પહેલી દશા પ્રગટ કરનેકો શુદ્ધનયકા વિષય બતાતે હૈ કે ઓ ત્રિકાળ એકરૂપ હૈ યે શુદ્ધનયકા વિષય હૈ, સમ્યગ્દર્શનકા વો વિષય હૈ.

કહેતે હૈ કે અપની શક્તિયાં ઔર વર્તમાન દશા ઉસમેં વો વ્યાપ્ત હૈ વો તો પ્રમાણકા વિષય હુવા. એ ચીજ પરસે ભિન્ન હૈ ઔર અપનેસે અભિન્ન યહ ગુણ પર્યાયસે ભી હૈ ઉસમેં ઐસા સિદ્ધ કિયા. પણ વો સમ્યગ્દર્શનકા વિષય નહીં. સમ્યગ્દર્શન ને સમ્યક્ નિશ્ચય શુદ્ધનય એ ભાવશ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાન, દ્રવ્યશ્રુત નહીં. ભાવશ્રુતજ્ઞાનકા એક અવયવ જો વ્યવહારનય ઉસકા એક અવયવ હૈ. વહ તો પર્યાય ગુણ ભેદકો ભી જાનતે હૈ, પણ ઉસકા જો એક અવયવ શુદ્ધનય હૈ

યહ ત્રિકાળી એકત્વકો દેખતે હૈ. સમજાય એટલું સમજો બાપુ ! આ તો માર્ગ કભી દરકાર કિયા હી નહીં. ધર્મકે નામે સાધુ હુવા દિગંબર હુવા, પંચમહાવ્રત લિયા, સબ મિથ્યાત્વભાવમેં હૈ સબ ભાવ યે. આહાહાહા !

યહાં તો સમ્યગ્દર્શનકા વિષય અથવા શુદ્ધનયકા વિષય અર્થાત્ શુદ્ધનય જો જ્ઞાન શ્રુતજ્ઞાનકા એક નિશ્ચયનયકા જ્ઞાન, ઉસકા વિષય એકત્વ હૈ. પૂરણ સ્વરૂપ એકત્વકી દૃષ્ટિ યહ શુદ્ધનયકા વિષય હૈ. આહાહા ! શશીભાઈ ! આવું ઝીણું છે.

આ તો હિન્દી હુવા હવે હજી આ તો હિન્દી આજ આયા હૈ ને, હવે અભી હિન્દી ચલેગા ને ? આહાહા !

એ પૂર્ણજ્ઞાનઘન હૈ. આહાહા ! વસ્તુ જો દ્રવ્ય હૈ યે તો પૂર્ણજ્ઞાનઘન હૈ. યહાં તો મેરે ઐસા ભી તર્ક ઉઠા અભી પૂર્ણજ્ઞાનઘન હૈ તો પૂર્ણ શ્રદ્ધા ગુણ પૂર્ણ ગુણ શ્રદ્ધા સમ્યગ્દર્શન ગુણ, પર્યાય નહીં, જો સમ્યક્ શ્રદ્ધા ગુણ હૈ વહ ઉસસે પરિપૂર્ણ હૈ. સમજમેં આયા ? ફિર.....

ભગવાન જો આત્મા દ્રવ્યગુણ પર્યાયસે વ્યાપ્ત પ્રમાણકા વિષય બતાયા, ઉસસે કોઈ આત્માકા લાભ હુવા નહીં. આત્માકા લાભ કબ હોતે હૈ, કે જો ત્રિકાળી જ્ઞાયકભાવ જો ધ્રુવ એ ભેદ અને પર્યાયકા વિષયસે ભિન્ન એકરૂપ જો ત્રિકાળ વસ્તુ હૈ પૂરણ જ્ઞાનઘન એ સમ્યગ્દર્શનકા વિષય અથવા શુદ્ધનયકા વિષય અર્થાત્ એ પૂરણ જ્ઞાનઘન જે કહા, વો હી પૂરણ શ્રદ્ધા ગુણ પૂરણ હૈ, જ્ઞાનસે લો તો પૂરણ હૈ, શ્રદ્ધા ગુણસે લો તો યે પૂરણ હૈ, પર્યાય નહીં. આહાહા ! ચારિત્ર ગુણસે લો તો વીતરાગી ચારિત્ર પર્યાયકી બાત નહીં. ચારિત્ર ગુણસે ભી પૂરણ હૈ. આનંદ ગુણસે લો તો આનંદ ગુણસે પૂરણ હૈ. આહાહાહા ! પ્રભુત્વ ગુણસે લો તો પ્રભુ પ્રભુત્વ ગુણસે પૂરણ હૈ. આહાહાહા ! આવો મારગ ! એવો પ્રભુ, પૂરણ જ્ઞાનઘન, પૂરણ જ્ઞાનઘન એ જ્ઞાનકી પ્રધાનતાસે પૂરણ જ્ઞાનઘન કહા. બાકી દૂસરી ચીજસે દેખો તો પૂરણ ચારિત્ર ગુણ એટલે શાંત ગુણ અવિકારી વીતરાગ ભાવસે પરિપૂર્ણ હૈ. શ્રદ્ધા ગુણસે લો તો ત્રિકાળી જે શ્રદ્ધા ગુણ હૈ યે શ્રદ્ધા ગુણસે પરિપૂર્ણ હૈ. આહાહા ! આવું છે.

પૂર્ણ જ્ઞાનઘનમઃ, પૂર્ણ શ્રદ્ધાઘનમઃ, પૂર્ણ ચારિત્રઘન, પૂર્ણ આનંદઘન. આહાહા ! 'એવં તાવાન્ અયં આત્મા' જીતના સમ્યગ્દર્શન હૈ ઈતના આત્મા હૈ, આહાહાહા ! એક તો યે બાત કે વસ્તુ જો હૈ ઉસકા શ્રદ્ધાગુણ જો હે એ શ્રદ્ધાગુણ માત્ર આત્મા હૈ, એક વાત આ તો ઓલ્યા... આહાહા !

તો કહેતે હૈ જીતના સમ્યગ્દર્શન ઉતના આત્મા એક વાત એ. કે ત્રિકાળી દર્શન ગુણ હૈ જેમ પૂર્ણ જ્ઞાનઘન કહા ઐસે પૂર્ણ દર્શન ગુણ. દર્શન એટલે શ્રદ્ધા. પૂર્ણ શ્રદ્ધા ગુણ સંપન્ન હૈ. ઇતના આત્મા હૈ. ( શ્રોતાઃ– પર્યાયનો આત્મા ) પછી પર્યાયનો... આત્મા આને લીધો છે. ઈ કહું છું ને. પહેલો તો આ ગુણને લીધો. પૂર્ણ જ્ઞાનઘન કહાને ? ત્યાં પૂર્ણ શ્રદ્ધાઘન, પૂર્ણ ચારિત્રઘન ઐસા લેના. હવે એ પૂર્ણ જ્ઞાનઘન સંસ્કૃત ટીકામેં ગુણ લિયા હૈ, કળશ ટીકામેં શું કહેવાય આ ? આ કળશ ટીકા, આ લ્યો એકત્વ નિયતસ્ય આવ્યું, એ જ આવ્યું. રાજમલ ટીકા, દેખો ! આત્મા ! "તાવાન્ અયં આ અયં" આ જીવ વસ્તુ તાવાન્ સમ્યકત્વ ગુણ માત્ર હૈ– અપેક્ષાથી છે. જેમ એ પૂર્ણજ્ઞાન પૂર્ણજ્ઞાન સ્વરૂપ હૈ. એમ શ્રદ્ધા સમ્યક્ત્વ ગુણ પૂર્ણ હૈ અંદર, સમજમેં આયા કે નહીં ?

વસ્તુ શ્રદ્ધા ગુણ હૈ કે નહીં ત્રિકાળ ? જ્ઞાનગુણ ત્રિકાળ હૈ કે નહીં ? આનંદ ગુણ ત્રિકાળ હૈ કે નહીં ? ચારિત્ર ગુણ વીતરાગ ગુણ ત્રિકાળ હૈ કે નહીં ? તો એકેક ગુણસે દેખો તો યહ પરિપૂર્ણ ગુણસે પરિપૂર્ણ હૈ. રાજમલજી ! આવો માર્ગ છે ભાઈ ! આહાહા ! ( શ્રોતાઃ– આ નવી વાત આવી ) પણ અહીંયા તો ઐસા કહેના હૈ કે પૂરણ સમ્યક્ શ્રદ્ધા ગુણ આત્મા પૂરણ હૈ તો ઈસકી પ્રતીતિ કિયા વો ભી આત્મા હૈ, કયું કહા યહ ? કે નવ તત્ત્વકી શ્રદ્ધા વો આત્મા નહીં, યે અનાત્મા હૈ. ભાઈ ! નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા એ રાગ હૈ, રાગ એ આત્મા નહીં, એ અનાત્મા હૈ. આહાહાહા ! ભગવાન આત્મા પૂરણ શ્રદ્ધા ગુણ સંપન્ન ત્રિકાળ વસ્તુ ભગવાન એની પ્રતીતિ શ્રદ્ધા એ પર્યાય આત્મા હૈ. નવ તત્ત્વકી શ્રદ્ધાકા રાગ એ આત્મા નહીં. એ બતાના હૈ યહાં. સમજમેં આયા ? આ રે પ્રભુનો માર્ગ તો એટલો ગંભીર લાગે છે અંદર. આહાહા ! શૈલી વીતરાગની બહુ અલૌકિક વાતો છે. આહાહા ! અને તે આ સંતો દિગંબર સંત સિવાય આવી વાત ક્યાંય છે નહીં, હૈ નહીં, પણ એને સમજનારા સંપ્રદાયમાં પડયા એને પણ એની ખબર ન મળે. આહાહા !

કહેતે હૈ કે "પૂર્ણજ્ઞાનઘન એવં" જિતના સમ્યગ્દર્શન હૈ ઉતના આત્મા હૈ. આહાહાહા ! અર્થાત્ જે પૂર્ણજ્ઞાનઘન, પૂર્ણ શ્રદ્ધાધન ઐસી જો પ્રતીતિ હુઈ ઉસકા ધ્યેયસે જો પ્રતીતિ હુઈ એ પ્રતીતિ આત્મા હૈ. નવ તત્ત્વકી પ્રતીતિ હુઈ વો આત્મા નહીં, ઓ તો રાગ હૈ, યે અનાત્મા હૈ. આહાહા ! સમજમેં આયા ? વો કારણસે ત્રિકાળી જ્ઞાયક ભાવકી પ્રતીતિ અંદર જ્ઞેય બનાકર જ્ઞાન હોકર પ્રતીતિ હુઈ એ આત્મા હૈ, યે આત્માકી પર્યાય આત્મા હૈ. રાગ એ આત્મા નહીં. નવતત્ત્વકી શ્રદ્ધા વો આત્મા નહીં એમ કહેતે હૈ. આહાહાહા ! આ ભેદવાળી નવતત્ત્વની ( શ્રદ્ધા હોં ). મોક્ષમાર્ગ પ્રકાશકમાં નવતત્ત્વની શ્રદ્ધા જે કીધી છે તે અભેદ છે એ સમ્યગ્દર્શન "તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન" જે ઉમાસ્વામીએ કહ્યા એ પણ અભેદની દૃષ્ટિ, સમ્યગ્દર્શન હૈ નિશ્ચય. એ આત્માકા પરિણામ હૈ. આહાહાહા ! યહાં તો ઓલા નવ તત્ત્વોનો ભેદ હૈ ને જીવ, અજીવ, આસ્રવ આદિ તો એ હૈ ઐસી શ્રદ્ધા કરને જાતે હૈ તો ઉસકો વિકલ્પ ઉઠતે હૈ, રાગ આતા હૈ, રાગકો ત્યાં વ્યવહાર શ્રદ્ધા કહેનેમેં આયા હૈ. આહાહા ! તો એ આત્મા નહીં. આહાહાહા !

ભગવાન આત્મા અપના પૂરણ સ્વરૂપ એકરૂપ ઉસકી પ્રતીતિ ને જ્ઞાન કરનેસે જો પરિણામ હુવા એ પરિણામ આત્મા હૈ. યહાં પરિણામ હૈ યે તો વ્યવહારનયકા વિષય હૈ, સમજમેં આયા ? પણ યહાં જો પરિણામ હૈ ઉસકા વિષય જો પરિપૂર્ણ હૈ યે ઉપર ઉસકા ધ્યેય હૈ. વો કારણસે વો પરિણામકો આત્મા કહા. કયોંકિ નવતત્ત્વોની શ્રદ્ધા ને વ્યવહારશ્રદ્ધા જિતની હૈ એ બધી વ્યભિચાર આતા હૈ, ઉસમેં રાગ આતા હૈ. આહાહાહાહા ! ભાવાર્થમેં કહેગા. સમજમેં આયા ? અને આ તો અવ્યભિચારી ભગવાન આત્મા એ પૂર્ણ જ્ઞાનઘન, પૂર્ણ આનંદઘન, સુખનો વૃંદ પ્રભુ એકલો સાગર આખો ડુંગર એકરૂપ ઉસકા જ્ઞાન કરકે પ્રતીતિ કરના એ સમ્યગ્દર્શનકી પર્યાય એ આત્મા હૈ. ( શ્રોતાઃ– પર્યાય આત્મા કેમ થઈ જાય ? ) કહા ને કી યે રાગકો આત્મા નહીં કહા માટે પર્યાયકો આત્મા કહા. વ્યવહારકી શ્રદ્ધા યે આત્મા નહીં, યે કારણે ઉસકો યહાં આત્મા કહા. નિર્વિકલ્પ પર્યાય હુઈ હૈ. આહાહાહા ! માર્ગ તો અત્યારે ક્યાંય... જગતને આકરો પડે એવો છે શું થાય ભાઈ ?

એ આત્મા કયું કહા ? દો પ્રકારે કહા. એક તો શ્રદ્ધાગુણસે પરિપૂર્ણ પ્રભુ હૈ, એ આત્મા. ઔર શ્રદ્ધાગુણકી પરિપૂર્ણ સ્વભાવકી પ્રતીત કિયા, વો ભી આત્મા. યે રાગ નહીં ને વિકલ્પ નહીં માટે ઉસકો આત્મા કહેનેમેં આયા હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

ઉતના હી આત્મા હૈ ઈસલિયે આચાર્ય પ્રાર્થના કરતે હૈ "ઈમામ નવતત્ત્વ સંતતિ મુકત્વા" દેખો આહાહાહા ! આચાર્યકો તો આત્મા પ્રાપ્ત હુઆ હૈ પણ હજી વિકલ્પ ઉઠતે હૈ ને નવ તત્ત્વકા, જ્ઞાનકા જ્ઞેય તરીકે, આહાહાહા ! તો ઈસ નવતત્ત્વકી પરિપાટીકો છોડકર સંતતિ–સંતતિ. આ જીવ ને આ અજીવ ને આ રાગ ને આ પાપ ને આ આસ્રવ ને બંધ ને એવા જે ભેદોની પરિપાટીકો છોડકર, આહાહા... એમાં એકરૂપતા ન આઈ. પરિપાટીકો છોડકર 'અયં આત્મા એક અસ્તુ નઃ', અયં નામ આ, આ, અયં આત્મા, એક વસ્તુ 'નઃ' એક વસ્તુ 'નઃ' નામ અમને 'નઃ' નો અર્થ અહીં નકાર નથી. એક વસ્તુ 'નઃ' એક વસ્તુ અમને હો બસ. આહાહા ! લોકો બહારમાં તોફાન કરે છે હજી એને પોતાનું સ્વરૂપ શું છે કે શ્રદ્ધા શું છે તેનો વિચાર કરતા નથી ને આ મફતના ઝઘડા ઉભા ( કરે છે ) હૈ એકાંત છે. અરે ભાઈ બધુંય જેમ છે તેમ છે સાંભળને હવે.

હજી પહેલી સમ્યગ્દર્શનની દશા કેમ પ્રાપ્ત થાય ને એનો વિષય કયા અને પ્રાપ્ત થાય તો એ પરિણામ કૈસા હૈ ઉસમેં આનંદ આતા હૈ ઔર એ આત્માકા પરિણામ હૈ, કયુંકિ રાગ નહીં, આસ્રવ નહીં, બંધકા પરિણામ નહીં માટે એ મોક્ષકા પરિણામ હૈ, મોક્ષકા કારણકા પરિણામ હૈ, એ આત્મા હૈ. આહાહા ! સમજમેં આયા ?

કયોંકિ ઉસમેં એક ભાવ, ભાવ નામકા ગુણ હૈ આત્મામેં. તો જબ દ્રવ્ય સ્વભાવકા એકત્વ બુદ્ધિ જ્યાં હુઈ તો ઉસમેં એક ભાવ, ભાવ નામકા ગુણ હૈ, તો વો કારણે જો ભાવ, ભાવ નામકા ગુણ જો હૈ એ દ્રવ્યમેં ભી હૈ, ગુણમેં ભી હૈ, ઔર સમ્યગ્દર્શનકી પર્યાયમેં ભી ભાવ, ભાવ નામકા ગુણકા પરિણમન આયા ! આહાહા ! એ આત્માકા ગુણકા પરિણમન હુવા, કયા કહા ઈ ? અહીં પર્યાયકો સમ્યગ્દર્શનકો આત્મા કહાને. આહાહાહા ! કે આત્મામેં એક આનંદ ને જ્ઞાન ને શ્રદ્ધા નામકા જેમ ગુણ ત્રિકાળ હૈ, ઐસે એક ભાવ, ભાવ નામકા એક ગુણ ત્રિકાળ હૈ. આહાહાહા ! અરે ઈસકો પકડનેસે દ્રવ્યકી એકત્વ બુદ્ધિ હોનેસે એ ભાવ, ભાવ નામકા ગુણ જો હૈ વો દ્રવ્યમેં ભી હૈ ગુણ મેં હૈ ઔર પર્યાયમેં ભી ભાવ, ભાવકા ગુણકા પરિણમન આયા. તો એ ગુણકા એ આત્માકા પરિણમન આયા. સમજમેં આયા ?

આ તો ભાઈ તીવ્ર પુરુષાર્થ હોય જેને માટે જાગૃત દશા જોઈએ. બાકી પ્રમાદીઓ અને આળસુના કામ નથી આ. આહાહા ! આહાહા ! આહાહા ! ઉતના હી આત્મા. ઈસ નવતત્ત્વકી પરિપાટીકો છોડકર "અયં આત્મા એક વસ્તુ નઃ" અનેક પરિપાટી જો હૈ વિકલ્પ નવ તત્ત્વકા ઓ હો પર્યાયમેં પણ અમારા આશ્રય કરને કે લાયક ચીજ તો એકરૂપ ત્રિકાળ હૈ. આહા ! સમજમેં આયા ? આ સંતો એમ કહેતે હૈ એમ કરીને જગતને બતાતે હૈ. એકરૂપ ત્રિકાળ જ્ઞાયક ભાવ, એ એકરૂપ અમને પ્રાપ્ત હો. વર્તમાન સમ્યગ્દર્શનમેં પ્રાપ્ત હુવા હૈ, પણ હજી ચારિત્રમેં નબળાઈ કમજોરી હૈ ને રાગાદિ હૈ, તો ઉસકો છોડકર હમકો એકીલા આત્મા પ્રાપ્ત હો બસ. આહાહાહા !

( શ્રોતાઃ- પરિપાટી શબ્દ શા માટે આવ્યો ? ) કહ્યા ને છે ને ક્રમ એક પછી એક જીવ અજીવ આસ્રવ ને બંધ ને મોક્ષ એમ પ્રકાર પડયાને ? એમ પરિપાટી આ એકડે એક, બગડે બે, ત્રગડે ત્રણ નથી બોલતા આમ આંક આંક પરિપાટી. એમ આ નવ આંક આવ્યા ને ? જીવ અજીવ પુણ્ય પાપ આસ્રવ સંવર નિર્જરા બંધ અને મોક્ષ એ પરિપાટી છે. આહાહા ! આ માર્ગ તે માર્ગ. આહાહા ! આચાર્ય પ્રભુ એમ કહેતે હૈ. આ તો અમૃતચંદ્રાચાર્યનો કળશ છે. એમ કુંદકુંદાચાર્ય એમ સંતો બધા સંતોની, કે નવના વિકલ્પો હજી સમ્યગ્દર્શન હુવા, ચારિત્ર હુવા, છતાં હજી વિકલ્પ જે ઉઠતે હૈ ભક્તિકા, મહાવ્રતકા આદિ વિકલ્પ ઉઠતે હૈ, સમજમેં આયા ? તો એ ભેદકો છોડકર, આહાહાહા... હમકો તો એકીલા આત્મા મોક્ષકી પર્યાયવાળા, કેવળજ્ઞાનકી પર્યાયવાળા આત્મા અમને પ્રગટ હો.

( શ્રોતાઃ- આમાં અંદર ચારિત્ર આવી ગયું. ) ચારિત્ર તો અંદર પહેલા આ ગયા હૈ, પણ આ તો ચારિત્રની પૂર્ણતા કેવળજ્ઞાનની પૂર્ણતા એ પર્યાય આત્માકી એ અમને હો. આહાહાહા ! અરેરે ! એણે અનંતકાળ થયા. જૈનના નામે આયા, અગિયાર અંગેય ભણ્યો શાસ્ત્ર, પણ એમાં શું થયું ? ભણ્યો ખરો પણ ગણ્યો નહીં. ઓલામાં આવે છે ને ? "વાંચે પણ કરે નહીં વિચાર" એ અમારે આવતું. દલપતરામ કવિ હતા મોટા. અમારી નિશાળ વખતે સીત્તેર પંચોતેર વર્ષ પહેલાંની વાત છે. દલપતરામ કવિ હતા મોટા ક. દ. ડા., ક. દ. ડા. એટલે કવિ દલપતરામ ડાયાભાઈ એના ત્રણ નામ હતા. ક. દ. ડા. કવિ દલપતરામ પોણોસો વર્ષ પહેલાંની વાત છે, અમારી પરીક્ષા જ્યારે લેતા. અહીં તો પરીક્ષામાં અમને તો એ વખતે કાંઈ લાગતું નહોતું. જે જે પરીક્ષા આપીએ એમાં પરીક્ષામાં પાસ પહેલે નંબરે. કારણકે એ તો સાધારણ ભણતર. એ તો અંદર.. આહાહા ! પણ એ દલપતરામ એમ કહેતા કે "વાંચે પણ નહીં કરે વિચાર એ સમજે નહીં સઘળો સાર." વાંચે પણ એનો વિચાર કરે નહીં કે આ શું છે, આ ભાવ શું ? આ વસ્તુ શું ? આ સ્થિતિ શું ? આહાહા ! અને એક શબ્દ આવતો તો એ વખતે "પ્રભુતા પ્રભુ તારી તો ખરી." ( શ્રોતાઃ- ક્યારે ) ક્યારે ? "પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો, મુજરો, મુજરો મુજ રોગ લે હરી" આ તો પોણોસો વર્ષ પહેલાંની વાત. તેર વર્ષની ઉંમર હતી ને. આહાહા ! કવિ હોંશિયાર હતા બહુ કવિ હોંશિયાર હતા. આપણે એને જોયેલ નહીં. એના ભાઈને જોયેલ. એના દીકરા હતા ને સાંઈઠ વર્ષનું ઉજવ્યું હતું ને અહીં ? અહીં ગુરુકુળમાં ઉજવ્યું હતું સાંઈઠ વર્ષનું, કવિ નાનાલાલ એના એક મોટા ભાઈ હતા વઢવાણમાં એ વ્યાખ્યાનમાં આવતા, દલપતરામ.( ના )

જ્યાં જ્યાં જાઈએ ત્યાં મોટા મોટા માણસો સાંભળવા આવે ખરા, ( તેને ) બેસે ન બેસે તે જુદી વાત. એક બીજા છે ત્યાં વઢવાણમાં નાનાલાલથી બીજા, નહીં ? એ આમ કહેતા' તા 'પ્રભુતા' આત્મામાં પ્રભુ નામનો એક ગુણ છે. આ ભાઈ એને ખબર નથી. આત્મામાં ઈશ્વરપણા નામની શક્તિ ગુણ છે. હૈ ને ? ૪૭ શક્તિ. જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુ, સાતમો ગુણ હૈ. ૪૭ કા વર્ણન હૈ. આ સાતમો તો પ્રભુ ઈશ્વર તેરા ગુણ હૈ. અંદર તો પ્રભુતા પ્રભુપણું તેરી તો ખરી. 'મુજરો' મુજ રોગ લે હરી. અજ્ઞાનના રોગનો નાશ કરી દે અને તેરી પ્રભુતા પ્રગટ કર તો તેરી પ્રભુતા ખરી. આહાહા ! એને તો બીજી વાત હતી ઈશ્વરની વાતુંને. ઈશ્વર કર્તા ને આમ હું તો આમ( અર્થ ) કરી નાખતો. સમજાણું છે કાંઈ ? આહાહા ! એ

નવતત્ત્વના પ્રકાર ભેદોને છોડી દઈ "યહ આત્મા એક હી" એક હી એકાંત કરતે હૈ દેખો, "એક અસ્તુ નઃ" એક જ અમને હો. એકાંત નહીં કરતે ? પર્યાય ભી હો, ભેદ ભી હો તો અનેકાંત હોતા હૈ, ઐસા નહીં. એ ઐસા એક આત્માકા ભાન હુવા તબ પર્યાયકા જ્ઞાન હોતે હી ( ઉસકો ) અનેકાન્ત કહેનેમેં આતા હૈ. સમ્યગ્જ્ઞાન હુવા એકીલા ચૈતન્ય ઉપરકા એક સમ્યગ્જ્ઞાન એકાન્ત અપનેમેં હુવા તબ વો જ્ઞાન સ્વપરપ્રકાશક હોનેસે પર્યાય ને રાગ હૈ ઉસકા જ્ઞાન કરતે હૈ. યહ અનેકાન્ત હૈ. સમજમેં આયા ? આહાહા !

ભાવાર્થઃ વો ટીકા હુઈ "સર્વ સ્વાભાવિક અને નૈમિત્તિક અપની અવસ્થારુપ" ક્યા કહેતે હૈ ? આત્મા જો અનંત ગુણ જો સ્વાભાવિક હૈ ઔર ઉસકી અવસ્થા જો સ્વાભાવિક હો, ઔર નૈમિત્તિક કર્મના નિમિત્તના સંગે જો વિકૃત અવસ્થા હો, અપનેમેં અપનેસે નૈમિતિક અપની અવસ્થારુપ "ગુણ પર્યાય ભેદોમેં વ્યાપનેવાલા" આહાહાહા ! અપની શક્તિ એટલે ગુણો ત્રિકાળ ઔર વર્તમાન પર્યાય. વિકૃત અવિકૃત. નૈમિત્તિક એટલે નિમિત્ત કર્મના સંગે ઉત્પન્ન હુવા જો અપનેમેં અપનેસેં, ઐસી વિકારી પર્યાય, અવિકારી પર્યાય અને અવિકારી ગુણો, એમાં વ્યાપનેવાલા યહ આત્મા, એમાં રહેનેવાલા આ આત્મા. આહાહાહા ! "શુદ્ધનયસે એકત્વમેં નિશ્ચિત કિયા ગયા હૈ" આહાહાહા ! "શુદ્ધનયસે જ્ઞાયક માત્ર એક–આકાર દિખલાયા ગયા હૈ". "એક–આકાર હૈ" એક–આકાર એટલે એક સ્વરૂપ.

જ્ઞાયક એકરૂપ ત્રિકાળ હૈ ઉસકી દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. ધર્મની પહેલી શરૂઆત ત્યાંસે હોતી હૈ. સમજમેં આયા ? આહાહા ! શુદ્ધનયસે એકત્વમેં નિશ્ચિત કિયા ગયા એક–આકાર દીખલાયા ગયા, ઉસસે સર્વ અન્ય દ્રવ્યો ઔર અન્ય દ્રવ્યોકે ભાવોસે ઉસે અલગ દેખના, આહાહાહા ! શ્રદ્ધાન કરના. ત્રિકાળી જ્ઞાયકભાવ એકરૂપ સ્વભાવ, ઉસકા જ્ઞાન કરના, ઉસકી શ્રદ્ધા કરના ઉસકો દેખના સો નિયમસે સમ્યગ્દર્શન હૈ. નિશ્ચયથી સત્ય દર્શન સમ્યગ્દર્શન ઉસકો કહેનેમેં આતા હૈ.

વ્યવહારનય હવે બીજો નય. આત્માકો અનેક ભેદરૂપ કહેકર આત્માકો ગુણના ભેદ ને પર્યાયના ભેદ ને વિકારની અવસ્થાના ભેદ ને, આહાહાહા ! આત્માકો અનેક ભેદરૂપ કહકર સમ્યગ્દર્શનકો અનેક ભેદરૂપ કહેતા હૈ. વ્યવહાર સમ્યગ્દર્શનના અનેક ભેદ, દેવ ગુરુની શ્રદ્ધા કરો ને શાસ્ત્રની શ્રદ્ધા કરો ને નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા કરો. આહાહા ! આસ્રવને આસ્રવ તરીકે શ્રદ્ધા કરો, એમ વ્યવહારની શ્રદ્ધા ભેદરૂપ કહેતે હૈં ન્યાં વ્યભિચાર આતા હૈ. ત્યાં સમ્યગ્દર્શન હોતા નહીં. આહાહાહાહા !

વ્યવહારનય વસ્તુકો એકરૂપ છોડકર અનેકરૂપ દિખાતા હૈ ઔર અનેકરૂપકી શ્રદ્ધા કરના વો દોષ હૈ, યહ સમ્યગ્દર્શન નહીં. સમજમેં આયા ? આહાહા ! આ તો જયચંદ પંડીતે લીખા હૈ. વો પહેલે તો આચાર્યકા થા. આ તો ગૃહસ્થાશ્રમમેં રહેનેવાલા પંડીત ઉસને લીખા હૈ. હૈ ?

વ્યવહારનય આત્માને અનેક ભેદરૂપ કહેતે હૈ. સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે. દેવને માનો. ભગવાન દેવ હોં. ગુરુને માનો, શાસ્ત્રને માનો. નવતત્ત્વને માનો આવા ભેદને અનેકને માનો વહીં વ્યભિચાર આતા હૈ. નિયમ નહીં રહેતા. નિશ્ચય સમ્યગ્દર્શન નહીં હોતા ઉસમેં, એકરૂપતા નહીં હોતી ઉસમેં. આહા ! સમજમેં આયા ?

શુદ્ધનયકી સીમા તક પહોંચને પર, આહાહાહા ! સ્વરૂપની એકતાની નય જો બતાતે હૈ એકતા. એની સીમા નામ મર્યાદા શુદ્ધનયકી સીમા એકરૂપકો બતાના હૈ. નિશ્ચયનયકી મર્યાદા એકરૂપકો બતાતી હૈ. આહાહા ! હવે આ એક જણો કહે કે આ સમયસાર હું પંદર દિવસમાં વાંચી ગયો તો. તમે સમયસાર બહુ વખાણ કરો છો. બાપુ એની એકેક પંક્તિ સમજના પ્રભુ આ તો મંત્રો હૈ. આહાહા ! આહાહા ! લ્યો આવી ગયા ડાકટરજી. ઠીક. સમજમેં આયા ? આહાહા ! શુદ્ધનયકી સીમા તક પહોંચને પર, આહાહાહા ! એક જ્ઞાયકભાવ પૂર્ણરૂપ બતાનેવાલી શુદ્ધનય ઉસકી મર્યાદા તક દેખનેસે, વ્યભિચાર નહીં રહેતા. અનેકતામેં શ્રદ્ધા કરના વો ત્યાં નહીં રહેતા. એકરૂપકી શ્રદ્ધા કરના વો સમ્યગ્દર્શન રહેતે હૈ. એ અવ્યભિચારી સમ્યગ્દર્શન હૈ. આહાહાહા ! ઈસલિયે નિયમરૂપ હૈ. યથાર્થ નિશ્ચયરૂપ હૈ. ત્રિકાળ એકરૂપ પરમાનંદ પ્રભુ ઉસકા જ્ઞાન કરકે પ્રતીતિ કરના અનુભવ કરકે, ઉસમેં દોષ નહીં રહેતા. વ્યભિચાર નહીં રહેતા, અનેકતા નહીં રહેતી. એકરૂપતા ઉસમેં દૃષ્ટિમેં આતા હૈ, વો નિયમસે હૈ.

શુદ્ધનયકા વિષયભૂત આત્મા પૂર્ણજ્ઞાનઘન હૈ. આહાહા ! એ ભગવાન તો પૂર્ણજ્ઞાનઘન હૈ, પૂર્ણ શ્રદ્ધાઘન હૈ, આનંદઘન હૈ, જ્ઞાનકી પ્રધાનતાસે કથન હૈ નૈ ? તો કૈસા હૈ જ્ઞાનઘન ? સર્વ લોકાલોકકો જાનનેવાલા જ્ઞાનસ્વરૂપ હૈ. ઉસકા અર્થ ઐસા નહીં હે કે એ લોકાલોકકો પર્યાયમેં જાનતે હૈ. ઉસકી શક્તિ લોકાલોકકો જાનનેકી શક્તિ ઉસમેં હૈ. સમજમેં આયા ? હરીભાઈ ! ખબર છે ? એના બાપા હતા એમ કહેતા કે એ તો લોકાલોકને એ જાણે પછી સમ્યગ્દર્શન થાય. ખબર છે ને ? એ માંદા હતા ને મેડી ઉપર ગયા હતા ને મોરબી ? આ તો લોકાલોકને જાણવું એ તો એની શક્તિ છે ગુણની, જ્ઞાનનો સ્વભાવ લોકાલોકને જાણવાનો એનો સ્વભાવ છે. લોકાલોકને જાણે પર્યાયમાં ત્યારે પછી સમ્યગ્દર્શન થાય એમ નથી અહીંયા. સમજાણું કાંઈ ? આવું છે, ઘણાં પરિચયમાં આવેલા હોય ને ઘણાં ઘણાં, આહાહા... આવેલા હોય ને ઘણાં ઘણાં.

( શ્રોતાઃ- પરમ અવગાઢ સમ્યગ્દર્શન તો કેવળજ્ઞાન થાય ત્યારે થાય છે. ) એ દર્શન તો દર્શન હી હૈ. એ તો જ્ઞાનની અપેક્ષાએ ત્યાં પરમઅવગાઢ કહ્યું. ક્ષાયિક સમકિત હુવા તો ક્ષાયિક સમકિત એ પૂર્ણ હી હુવા. એ તો જ્ઞાન જબ હુવા તો જ્ઞાનની અપેક્ષાએ પરમઅવગાઢ કહેનેમેં આયા. સમજમેં આયા ? આહાહા ! ક્ષાયિક સમકિત હુવા તો એક અંશ ભી અંદર કમી નહીં હવે. આહાહા ! એ ક્ષાયિક સમકિત કેવળજ્ઞાનમેં સાથમેં આ જાયેગા. શ્રેણિક રાજા ગૃહસ્થાશ્રમમેં થા હજારો રાણી થી, હજારો રાજા ચામર ઢાળતે થે, ક્ષાયિક સમકિત થા. આહાહા ! તે બહારની ચીજ ક્યાં નડતે હૈ અંદરમેં, અંદર ભાન હુવા તો ક્ષાયિક સમકિતી. આહાહા ! સમકિતમાં કાંઈ પણ ઉણપ, ઓછપ નહીં. આહાહા ! અને એ ક્ષાયિક સમકિત લેકર નરકમેં ગયે. ઔર વો સમકિત લેકર નીકલેગા ઔર તીર્થંકર હોગા. વો ભવ છેલ્લા. સમજમેં આયા ? પહેલાં તીર્થંકર હોગા પદ્મનાભ દેવ. આહાહા !

એકરૂપ ત્રિકાળજ્ઞાયકકી પ્રતીતિ જ્ઞાન કરકે હો, એ તે કાંઈ સાધારણ વાત હૈ બાપુ ! આહાહા ! લક્ષમેં આખી ચીજ એકરૂપ લેના એ કયા ચીજ હૈ. આહાહાહા ! જ્ઞાનની વર્તમાન પર્યાયના ઉપયોગમેં પૂર્ણ ચીજકો લેના ઉપયોગમેં. આહાહા ! સમજમેં આયા ? એ સમ્યગ્દર્શન હૈ. આહાહાહાહા ! પહેલાં જ વાંધા હજી શ્રદ્ધા ને સમ્યગ્દર્શન એ વિના વ્રત ને તપ લઈ લીધા.

હો ગયા સાધુ. મીંડા હૈ એકડા વિનાના. આહાહા ! શ્રેણિક રાજા ગૃહસ્થાશ્રમમેં ક્ષાયિક સમકિતી પણ મોક્ષમાર્ગમેં. આહાહા ! કેમકે પૂર્ણજ્ઞાનઘનકા જ્ઞાન ને પ્રતીતિ નિર્વિકલ્પ અપ્રતિહત એ સમ્યગ્દર્શનસે આગળ બઢકર ચારિત્ર હોગા અને આગળ બઢકર કેવળજ્ઞાન હોગા. તો સમ્યગ્દર્શન સળંગ રહેગા ઉસમેં. આહાહાહા !

યોગસારમેં વો આતે હૈ ગૃહસ્થાશ્રમમેં હેયાહેયનું જ્ઞાન. આતે હૈ ? ગૃહ કામ કરતાં છતાં હેયાહેયનું જ્ઞાન. ગૃહસ્થાશ્રમનું કામ કરતાં યે તો બતાયા હૈ. કામ હોતા હૈ ઉસકો જાનતે હૈ. ગૃહકામ કરવા છતાં હેયાહેયનું જ્ઞાન. હેય નામ ભેદ આદિ વિકલ્પ આદિ હેય હૈ. અને અભેદ અખંડાનંદ પ્રભુ તે ઉપાદેય નામ અહેય હૈ. અહેય હૈ એટલે ઉપાદેય હે. આહાહાહાહા ! ચક્રવર્તીના રાજ્યમાં રહ્યા છતાં પણ આ બન સકતે હૈ. આહાહા ! સમજમેં આયા ? યોગસારમાં આવે છે ને બે ઠેકાણે આવે છે. મુનિજન હો આત્મજ્ઞાની અનુભવી હો કે ગૃહસ્થી હો આત્માનો અનુભવ કર સકતે હૈ. આહાહા ! અને નિયમસારમાં તો ત્યાં લગ કહા હૈ, કે ગૃહસ્થાશ્રમમેં શ્રાવક હૈ વો ભી સમ્યગ્દર્શન નિશ્ચય સમ્યગ્જ્ઞાન નિશ્ચય અને ચારિત્ર નિશ્ચય ઉસકી ભક્તિ કરતે હૈ નામ સેવા કરતે હૈ તીનોં. નિયમસાર( મેં ) હૈ. આહાહાહા !

ત્યારે એક ઠેકાણે ઐસા કહા કી શ્રાવકકો ગૃહસ્થાશ્રમમેં શુદ્ધ ઉપયોગ હોતા નહીં, ઐસા કહા ટીકામેં. હૈ ? ઈસકા અર્થ કયા ? જે મુનિને શુદ્ધ ઉપયોગ હોતા હૈ ઐસા શુદ્ધ ઉપયોગ નહીં હોતા. સમજમેં આયા ? શુદ્ધ ઉપયોગ ન હો તો શુદ્ધ ઉપયોગમેં તો સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહા ! ઔર પીછે પાછળમેં પણ કોઈને પંદર દિ' મહિને કોઈને તુરત જ હોતા હૈ શુદ્ધ ઉપયોગ. આહાહા ! કોઈકો પંદર દિવસે મહિને હો જાતા હૈ શુદ્ધ ઉપયોગ સમકિતીકો. આહાહા ! સમજમેં આયા ? વિશેષ કહેગા. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૫૭ શ્લોક – ૬ તા. ૧૪-૮-૭૮ સોમવાર, શ્રાવણ સુદ-૧૧ સં. ૨૫૦૪

સમયસાર છઠ્ઠા કળશકા ભાવાર્થ ચલતા હૈ. છઠ્ઠા કળશ હૈ ને ? યહાં આયા હૈ ઈસલિયે આચાર્ય કહેતે હૈ ત્યાં આયા હૈ. તીન લીટી હૈ આખિરકી. કયા ઈસલિયે ? કહેતે હૈ વ્યવહારસે નવતત્ત્વકા ભેદકી શ્રદ્ધા વો શ્રદ્ધા યથાર્થ નહીં. ઉસમેં તો વ્યભિચાર આતા હૈ. નિયમરૂપ સમ્યગ્દર્શન નહીં હોતા. ભેદરૂપ વ્યવહાર હોં. નવતત્ત્વ, આયાને ?

જબ તક કેવળ વ્યવહારનયકે વિષયભૂત ઉસકી પહેલી લીટી. જીવાદિ ભેદરૂપ તત્ત્વો જીવ અજીવ આદિ નવકા ભેદરૂપ, ભેદકા શ્રદ્ધાન રહેતા હૈ. તબ તક નિશ્ચય સમ્યગ્દર્શન નહીં હોતા. સમજમેં આયા ? ઈસલિયે, આ કારણે સૂક્ષ્મ બાત હૈ. ભાઈ ! આહાહા ! આચાર્ય કહેતે હૈ કે ઈસ નવતત્ત્વકી સંતતિકો છોડકર નવતત્ત્વકા અનેક પ્રકારકા ભેદ ઉસકો છોડકર, શુદ્ધનયકા વિષયભૂત, આહાહા ! જે આત્મા અનંત ગુણ સ્વરૂપ, અનંત અનંત ગુણ સ્વરૂપ, જે અનંત ગુણમેં આ આખિરકા અનંતમાં ગુણ હૈ ઔર આ આખિરકા ગુણકી પર્યાય હૈ ઐસા હૈ નહીં, કયા કહા ? આહાહા !

જો ભગવાન આત્મા દ્રવ્ય જો એક હૈ, ઉસમેં અનંત ગુણ હૈ, તો અનંત ગુણમેં આ ગુણ અનંત અનંત અનંત અનંત અનંત અનંત લેકર આ આખિરકા ગુણ હૈ ઐસા ઉસમેં આતા નહીં.

આહાહાહાહા ! સમજમેં આયા ? આહા ! જૈસે ક્ષેત્રકા કોઈ અંત નહીં કે કહાં આકાશ પુરા હુવા, આહાહા ! અપાર, અપાર, અપાર, અપાર, અપાર, અનંત, અનંત, અનંત એક ક્ષેત્રકા ભી કહાં અંત હૈ ઐસા હૈ નહીં. આહાહાહાહા. વો કાળકા ભી કહાંસે શરૂઆત હુઈ, એ હૈ નહીં. આહાહા ! ઐસે ભગવાન આત્મામેં ભાવ યે લિયા એ ક્ષેત્રકા અંત નહીં, કાળકા અંત નહીં, શરૂઆત ( નહીં ) ઔર છેલ્લાકા અંત નહીં. આહાહા ! ઐસે આ ભગવાન આત્મા અનંત અનંત અનંત ગુણકા રાશિ પિંડ, એ અનંત ગુણમેં આ એક બે ત્રણ અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત ઐસે કહેકર છેલ્લા આખિરકા આયા ધર્મ ગુણ ઐસી ચીજ હૈ નહીં. આહાહાહા ! આહાહાહાહા ! ( શ્રોતાઃ- આ ભગવાન મહાવીરના આત્માની ચર્ચા છે ? ) આ તો દરેક આત્માની ચર્ચા હૈ પ્રભુ, ભાઈ ગંભીર ચીજ હૈ. આહાહાહાહા !

વસ્તુ જો ભગવાન આત્મા, આ ( નિજ ) ભગવાનકી બાત ચલતી હૈ, ઈસમેં ઈતની સંખ્યામેં ગુણ હૈ કે આકાશકા અંત નહીં ઈતના જે પ્રદેશ હૈ અંત નહીં ઈતના પ્રદેશ હૈ ઉસસે અનંત ગુણા ધર્મ હૈ ગુણ હૈ આત્મામેં. આહાહાહા ! ક્ષેત્રમેં ઉસકા અંત આ ગયા અસંખ્ય પ્રદેશમેં પણ ભાવકી જો મર્યાદા ગુણકી સંખ્યાકી હૈ પ્રભુ ! યહ કોઈ અલોકિક બાત હૈ નાથ ! એ અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંતનો આ, આ ગુણ છેલ્લા અનંતકા હૈ ઐસી ચીજ હૈ નહીં. આહાહા ! કયા કહેતે હૈ આ, સમજમેં આયા ? જૈસે ક્ષેત્રકા અંત નહીં. કહાં અંત હૈ ઉસકા ? અંત હો તો પીછે કયા ? આહાહાહા ! એક ક્ષેત્રકા ભી કોઈ સ્વભાવ અલૌકિક હૈ, ઔર કાળકા ભી સ્વભાવ કહાંસે પહેલી શરૂઆત પર્યાયકી હુઈ, આહાહા... ઔર કાળ પહેલે શરૂ કહાંસે હુવા ઔર દ્રવ્યકી પહેલી પર્યાય કહાંસે હુઈ ? આહાહાહા !

પ્રભુ ! તેરા દ્રવ્ય સ્વભાવ, ક્ષેત્ર સ્વભાવ, કાળ સ્વભાવ, દ્રવ્ય સ્વભાવ કોઈ અલૌકિક હૈ પ્રભુ ! આહાહાહાહા ! સમજમેં આયા ? ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવની ઈચ્છા વિના વાણીકે કારણે વાણી નીકળી'તી. દિવ્યધ્વનિ ઉસમેં ઐસા આયા થા. આહાહાહા ! પ્રભુ તુમ કિતને ગુણકી સંખ્યામેં હૈ. આહાહાહાહા ! જેમ વો ક્ષેત્રકા ક્યાંય અંત નહીં. આ કયા હૈ નાથ ? નાસ્તિકો ભી વિચાર કરે તો આ ક્ષેત્ર કહાં, કહાં પુરા હુવા ? એકલા વાંચન કરકે નહીં પણ ઉસકે ભાવમેં વિચાર કરકે, આહા ! કહાં પુરા હુવા ક્ષેત્ર ? આહાહાહા ! કોઈ અનંત અનંત ક્ષેત્રકા સ્વભાવ ભી ઐસા અનંત હૈ, કાળકા કહાંસે શરૂ હુવા ઉસકા ભી અંત નહીં ઐસા અનંત કાળકા ભી સ્વભાવ હૈ. આહાહા ! ઐસે એક ભગવાન આત્મામેં અનંત સંખ્યામેં જો ગુણ હૈ, યે અનંત કિતના અનંત ? આહાહા ! એક ક્ષેત્રકા જો અનંત હૈ ઉસકા જો પ્રદેશ હૈ ઉસસે ભી અનંત ગુણા ધર્મ ગુણ આત્મામેં હૈ. આહાહાહા ! ઈતના ગુણ એક પરમાણુ મેં ભી ઈતના અનંત હૈ. આહાહા ! શું કયા કહેતે હૈ આ ? પ્રભુ તેરા સ્વભાવ કોઈ અલૌકિક હૈ ભાઈ ! સમજમેં આયા ? રાગાદિ વિકલ્પ હૈ ઉસકી તો મર્યાદા હૈ, સીમા હૈ. કયોંકિ મર્યાદિત હૈ તો છૂટ જાતા હૈ. આહાહાહા ! ચાહે તો વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ હો, પણ વહ મર્યાદિત હૈ. વો રાગ મર્યાદિત હૈ. અમર્યાદિત નહીં કે ન છૂટે. આહાહાહા !

ભગવાન આત્માકા ગુણ અમર્યાદિત હૈ. આહાહાહા ! શું કયા કહેતે હૈ આ ? અમર્યાદિત, મર્યાદા નહીં કહાં આ પુરા હુવા, અનંત ને અનંત ગુણા વર્ગ કરો તોપણ જીસકા અંત નહીં

ઈતના આત્મામેં ગુણ હૈ, આહાહાહા ! ઐસા અનંત ગુણમેં ગુણ ભેદકી દૃષ્ટિ કરના વો ભી હજી મિથ્યાત્વ અને વ્યવહાર હૈ. અહીં નવ તત્ત્વકા વ્યવહાર વિષય કહાને ભેદરૂપ ઉસકો મિથ્યાત્વ કહા. આહાહા ! દૂસરી રીતે કહીએ તો નવતત્ત્વકી પરિણમન દશા અનાદિકી હૈ. વો સચ્ચા સંવર નિર્જરા ને મોક્ષ નહીં. પણ વ્યવહારે જીતના આસ્રવ નહીં હોતા ઉસકો સંવર, જીતના કર્મકા ઉદય જર જાતે હૈ ઉસકો નિર્જરા, એક અંશ બંધકા અભાવ હો ઉસકા નામ મોક્ષ વ્યવહાર. ઐસા નવ તત્ત્વરૂપે તો જીવ અનંતવાર અનંતકાળસે પરિણમન હુવા હૈ. આહાહા ! સમજમેં આયા ?

તો અહીંયા કહેતે હૈ આચાર્ય ઓહો... ઐસા નવતત્ત્વકા ભેદરૂપ કા ભાવ એ વ્યભિચાર હૈ, વ્યવહાર હૈ ઉસમેં સમ્યગ્દર્શન નહીં હોગા. સત્યદર્શન એ પૂર્ણાનંદકા નાથ અનંતગુણકા પિંડ જેના ગુણનો અંત નહીં, ઐસા સ્વભાવ સમ્યક્ સત્ય દર્શનમેં આતે હૈ તો મિથ્યા ભેદમેં એ શ્રદ્ધા આતી નહીં. આહાહા ! સમજમેં આયા ? સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન, સત્યદર્શન જો સત્ય ચીજ પૂર્ણાનંદ અનંત અનંત અનંત અનંત અનંત અનંત ગુણની રાશિનો ક્યાંય અંત નહીં. ઐસા જો દ્રવ્ય સ્વરૂપ ઉસકી પ્રતીતિ એ વિકલ્પસે આ પ્રતીતિ નહીં હોતી. આહાહા ! કયોંકિ વિકલ્પ જો રાગ હૈ વો તો મર્યાદિત હૈ, તો વિકલ્પસે રહિત, આહાહા ! આચાર્ય માગતે હૈ કિ હમકો તો એકીલા આત્મા હો ! આહાહા ! હૈ ? આહાહાહાહા !

ભાઈ આ તો સર્વજ્ઞ પરમેશ્વર ઉસકા આ ભાવ હૈ. સૂન પ્રભુ ! તેરી શક્તિ તો અપાર હૈ. સુખામૃતકા સાગર પ્રભુ તુમ હૈ, અનંત સંખ્યામેં ગુણ હૈ. અને એક એક ગુણમેં અનંત સંખ્યાવાળા ગુણકા રૂપ અનંત હૈ. કયા કહા ? આત્મામેં અનંત જીસકા અંત નહીં ઈતની સંખ્યામેં તો ગુણ હૈ ઔર એક ગુણમેં અનંતી સંખ્યાએ જો ગુણ હૈ એ એકેક ગુણમેં અનંત ગુણકા રૂપ હૈ. આહાહાહા ! જૈસે જ્ઞાન ગુણ હૈ, અસ્તિત્વ ગુણ હૈ, એ તો ભિન્ન હૈ પણ અસ્તિત્વ ગુણકા જ્ઞાન હૈ જ્ઞાન હૈ ઐસા જ્ઞાનમેં અપના અસ્તિત્વકા રૂપ હૈ, ઐસા એક ગુણમેં અનંતકા રૂપ હૈ. આહાહાહાહા ! ઐસા અમૃતકા મહાસાગર ભગવાન, આહાહા ! નિર્વિકલ્પ સામાન્ય વસ્તુ ધ્રુવ, વો હમકો પ્રાપ્ત હો આચાર્ય એમ કહેતે હૈ. હમકો યહ નવના ભેદ ને ( પ્રાપ્ત ન હો ) આહાહા ! હૈ ?

નવ તત્ત્વકી પરિપાટીકો છોડકર શુદ્ધનયકા વિષય. એકરૂપ ભગવાન અનંત ગુણમેં એકરૂપ અનંત ધર્મ સ્વભાવનું એકરૂપ. આહાહા ! ઝીણી વાત છે ભાઈ, આ તો જિનેશ્વર ત્રણ લોકના નાથ પરમાત્મા. આહાહા ! જીસકી એક પર્યાયમેં જિસકી જ્ઞાનકી એક પર્યાય હૈ વો એક પર્યાયમેં ભી અનંત ગુણ ને દ્રવ્ય જાનનેમેં આતા હૈ, ઔર એક પર્યાયમેં અનંતી પર્યાય, પર્યાય જિતની અનંતી હૈ એક સમયમેં કે એ પર્યાયકા અંત નહીં, કયા કહા ? અનંત ગુણકી એક સમયમેં અનંતી પર્યાય હૈ. એ અનંતી પર્યાયમેં ભી અંત નહીં કોઈ ( પર્યાયકા ) કે આ આખિરકી પર્યાય હૈ. આહાહાહા ! ઐસી એક સમયમેં અનંત ગુણકી જેમ ગુણકા અંત નહીં અપાર હૈ, ઐસી ઉસકી પર્યાયકા અંત નહીં. કે આ–આ–આ આખિરની પર્યાય હૈ ? અનંત અનંત અનંત અનંતમેં આ આખિરકી ઐસી બાત હૈ નહીં. પંડીતજી ! સમજમેં આતે હૈ ? આહાહાહાહા ! ( શ્રોતાઃ– પૂરી સૂક્ષ્મ બાત હૈ. ) વસ્તુ ઐસી હૈ ભગવાન દુનિયાને આ ચીજ મળી નહીં ને. આહાહા ! બહારમાં ભટકા ભટક કરતે હૈ. આહા ! નવતત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા, પંચ મહાવ્રતની ક્રિયા એ તો સબ

મનુષ્ય વ્યવહાર હૈ, યે આત્મ વ્યવહાર નહીં. પ્રવચનસાર ગાથા ૯૪ ગાથા પ્રવચનસારકી ૯૪ ગાથા.

નવતત્ત્વકી ભેદરૂપકી શ્રદ્ધા ઓ વિકલ્પ રાગ, પંચ મહાવ્રતકા ૨૮ મૂળગુણકા વિકલ્પ રાગ ઔર શાસ્ત્રકા પઢના પર તરફકા લક્ષસે યે ભી રાગ, તો કહેતે હૈ. આહાહા ! યે રાગકા વ્યવહાર હૈ, યે મુનષ્ય વ્યવહાર હૈ, ચારગતિમેં રૂલનેકા, માણસ ઉસકા વ્યવહાર હૈ. આહાહા ! ત્યારે આત્મ વ્યવહાર કયા ? આહાહા ! ઓ તો મનુષ્ય વ્યવહાર એટલે સંસાર વ્યવહાર ગતિકા વ્યવહાર હુવા. આહાહા ! તો આત્મ વ્યવહાર કયા ? કે ભગવાન આત્મા એક સમયમેં ઐસે અનંત અનંત અનંત અનંત અનંત ગુણકા અંત વિનાનું સ્વરુપ ઉસકી નિર્વિકલ્પ ( પ્રતીત કર શકે એ ) રાગકી શક્તિ નહીં કી નિર્વિકલ્પ તત્ત્વકો પ્રતીત કર શકે. આહાહા ! યે શુભ રાગકી તાકાત નહીં. સમજમેં આયા ? આહાહા ! એ પૂર્ણાનંદકા નાથ અપાર, અપાર, અપાર, અપાર, અપાર ઐસા શક્તિકા સાગર એ ઉપર દૃષ્ટિ હો એ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન એ નિશ્ચય સમ્યગ્દર્શન, ઔર વો અપાર અપાર ગુણકા પિંડ પ્રભુ ઉસકા જ્ઞાન હો યે સમ્યગ્જ્ઞાન, ઔર ઉસમેં સ્થિરતા હો અનંત અનંત ઐસા ગુણકી પ્રતીતિકી પર્યાયમેં કિતની તાકાત આઈ ? એ પ્રતીતિમેં દ્રવ્યગુણ આયા નહીં. સમજમેં આયા ? યે દ્રવ્યગુણ આયા નહીં પ્રતીતિમેં, પણ પ્રતીતિમેં દ્રવ્યગુણકા સ્વરૂપ હૈ યે પ્રતીતમેં આ ગયા. આહાહાહાહા ! આવો જ્યાં સ્વભાવ છે ને પ્રભુ, ઐસી પ્રતીતિ ઔર જ્ઞાન ને રમણતા વો ભી વ્યવહારનયસે પર્યાય પ્રધાનસે મોક્ષકા માર્ગ કહેનેમેં આતા હૈ. ૨૪૨ ગાથા પ્રવચનસાર ૨૪૨ ગાથા. કલ પ્રશ્ન હુવા થા ને ? જ્ઞેય જ્ઞાયક કી પ્રતીતિ તે સમ્યગ્દર્શન. ઐસા આયા ૨૪૨ ગાથા પ્રવચનસાર. જ્ઞેય ઔર જ્ઞાયકકી, જ્ઞેય જિતના હૈ ઔર જ્ઞાયક જિતના સ્વભાવવાળા પ્રભુ હૈ દોકા જ્ઞાન હોકર પ્રતીતિ હોના, ઉસકા નામ સમ્યગ્દર્શન લિયા હૈ. સમજમેં આયા ?

જ્ઞેય અનંત અનંત જ્ઞેય, અનંત સિદ્ધો, અનંત નિગોદ, અનંત જીવ દ્રવ્યકી સંખ્યાસે અનંત ગુણા પરમાણુ, ઉસસે અનંત ગુણા કાળકી પર્યાય. આહાહા ! ઉસસે અનંત ગુણા આકાશકા પ્રદેશ, ઉસસે અનંત ગુણા એક દ્રવ્યમેં ગુણ. ઐસા જ્ઞેયકા જ્ઞાન ઔર જ્ઞાયકકા જ્ઞાન. ઝીણી વાત છે પ્રભુ. આહા ! એવા જ્ઞેય અને જ્ઞાયકનું યથાર્થ જ્ઞાન થઈને પ્રતીતિ હોના ઓ સમ્યગ્દર્શન હૈ ઐસા લિયા હૈ, ૨૪૨ ગાથા પ્રવચનસાર ચરણાનુયોગ, ચરણાનુયોગ છે ને ? ૨૦૧ થી ૨૭૫ એ ચરણાનુયોગ હૈ. આહાહા ! ૯૨ ગાથામેં જ્ઞાન યોગ હૈ. જ્ઞાન અધિકાર હૈ ઔર ૯૩ સે ૨૦૦ ગાથા તક જ્ઞેય અધિકાર હૈ એ જ્ઞેય અધિકારમેં ૯૪ ગાથામેં આ આયા હૈ કે જ્ઞેયકા સ્વરુપ ઐસા હૈ, આહાહાહા.... કે જિતના રાગાદિકી ક્રિયા હૈ યહ સબ મનુષ્ય વ્યવહાર હૈ. સંસારકા વ્યવહાર હૈ, એ જ્ઞેયકી પર્યાયમેં આ વિકૃત અવસ્થા ઉત્પન્ન હો આહા... ક્રિયાકાંડકા આદિ, ઔર એ જ્ઞેયકા પૂરણ સ્વરુપકી પ્રતીતિ પૂરણકા જ્ઞાન ને રમણતા તીનોં-તીનોં યે પર્યાયકા વ્યવહાર હૈ યહ આત્મ વ્યવહાર હૈ. આહાહા ! ઔર નિશ્ચય એકરૂપ ભગવાનમેં એકાગ્રતા વો હી નિશ્ચય હૈ અહીંયા. આહાહા ! આ એ માગતે હૈ દિગંબર સંતોની બલિહારી છે. દિગંબર સંતોની વાણી એવી વાણી ક્યાંય નથી. ઐસી ચીજ ક્યાંય હૈ નહીં. શ્વેતાંબર કે સ્થાનકવાસી એ વાત બાપુ દુઃખ લાગે શું કરે, પણ આ ચીજ ઐસી હૈ ઐસી ક્યાંય હૈ નહીં. એના ભાવનું કાંઈક ભાન કરે તો ખબર પડે કે કયા ચીજ કહાં હૈ. આહાહાહા !

એ આચાર્ય કહેતે હૈ. આહાહાહા ! કે નવના ભેદ એ તો ઠીક એ તો નહીં. પણ દ્રવ્ય જો સ્વભાવ મેરા હૈ ઉસમેં એકાગ્રતા એકરૂપ દશા એ મેરે હો. આહાહા ! દૃષ્ટિની અપેક્ષાએ તો એકરૂપ હુવા હૈ પણ હજી વિકલ્પ હૈ. આહાહાહા ! દૃષ્ટિની અપેક્ષાએ તો એકરૂપ દૃષ્ટિ સ્વભાવની એકતા હુઈ હૈ. પણ હજી ચારિત્રની અપેક્ષાએ એમાં વિકલ્પકી અસ્થિરતા સાધક હૈ તો બાધક આતા હૈ. સાધ્ય પૂર્ણ હો ત્યાં બાધકપણા આતા નહીં. ઔર જ્યાં સાધકપણા હૈ હી નહીં મિથ્યાત્વમેં ત્યાં બાધકપણા એકીલા પડા હૈ. આહાહાહાહા ! સમજાય એટલું સમજવું પ્રભુ આ તો ગંભીર ચીજ હૈ. આહાહા ! અહીંયા કહેતે હૈ કે એ વ્યવહારકો છોડકર શુદ્ધનયકા વિષયભૂત એક આત્મા, દેખો તીન પર્યાય ભી નહીં યહાં તો, વિકલ્પ તો નહીં. આહાહાહા ! અમારે તો એક, જયચંદ પંડિત ઐસા અર્થ કરતે હૈ. આહાહા ! પાઠમેં હૈ ઉસકો ખોલતે હૈ. એ કાંઈ ઘરકી બાત કરતે નહીં. આહાહાહા !

એ શુદ્ધનયનો વિષય નામ ધ્યેય, જો ત્રિકાળી એકરૂપ વસ્તુ ભૂતાર્થ, સત્યાર્થ સાહેબ પ્રભુ, સત્ય વસ્તુ જે અનંત ગુણકા પિંડ સત્ય વસ્તુ હૈ પૂરણ. આહાહા ! એ શુદ્ધનયકા વિષય હૈ. વિષય શબ્દે ધ્યેય હૈ અથવા વો હી ત્રિકાળી વસ્તુ હૈ, વો હી શુદ્ધનય હૈ, અગિયારમી ગાથામેં કહા હૈ, "ભૂયત્થો દેસિયો શુદ્ધનયો" દૂસરા પદ હૈ, પહેલા પદ ઐસા હૈ, "વ્યવહારો અભૂયત્થો ભૂયત્થો દેસિયો" ભૂતાર્થ હૈ ત્રિકાળ એકરૂપ વસ્તુ હૈ વો હી શુદ્ધનય હૈ. નય ઔર નયકા વિષયકા ભેદ નિકાલકર, આહાહાહા.... એ ત્રિકાળી જ્ઞાયકભાવ અનંત અનંત ગુણકા અપાર સ્વભાવકા સાગર પ્રભુ પણ એકરૂપ જો ચીજ હૈ, આહાહાહા... વોહીકો યહાં શુદ્ધનય કહા. પીછે દૂસરા પદમેં લિયા. ૧૧મી ગાથામાં "ભૂદત્થમ્સ્સિદો ખલુ સમાદિટ્ઠી હવદિ જીવો" યે ભૂતાર્થ વસ્તુ હૈ ઉસકા આશ્રય કરતે હૈ, આશ્રયકા અર્થ ઈતના હૈ, કે પર્યાયકા લક્ષ જો પર ઉપર થા યે પર્યાયકા લક્ષ અહીંયા આત્મા ઉપર આયા તો આશ્રય કિયા ઐસા કહેનેમેં આતા હૈ. નહીંતર પર્યાય ને દ્રવ્ય એક હો જાતા હૈ ઐસા તો હૈ નહીં. આહાહા ! કયા કહા ? સમ્યગ્દર્શનકી પર્યાય, સમજમેં આયા ? ઉસકા વિષય ભૂતાર્થ હૈ. તો ત્રિકાળી વસ્તુકી પ્રતીત આ ગઈ, પ્રતીત હુઈ, એ પ્રતીત સમ્યગ્દર્શનકા લક્ષણ પ્રતીત હૈ. પ્રતીત હુઈ પણ વો પ્રતીતમેં દ્રવ્ય ને ગુણ કે...... જ્યાં ધ્રુવતા જે અહીંયા શક્તિ હૈ એ પ્રતીતમેં વસ્તુ આઈ નહીં. વસ્તુકી જિતની સામર્થ્ય હૈ ઈતની પ્રતીતમેં આ ગયા, પંડિતજી ! આહાહાહા ! આવો માર્ગ પ્રભુ, આવો માર્ગ છે અસ્તિ એ રીતે. આહાહાહાહા ! લાલચંદજી ! આ બહારથી માંડીને બેસે પ્રભુ એ વાત નથી. આહા ! અંતરમાં મોટો પ્રભુ સુખામૃતના સાગરથી ભરેલો દરિયો ઊછળે છે અંદર. આહાહાહા ! એવી એકરૂપ ચીજ અમને પ્રાપ્ત હો એમ આચાર્ય કહે છે. દૃષ્ટિમેં તો એકરૂપ હુવા હી હૈ. ( મગર ) શ્રોતાકો સાથમેં લેકર અમને આ પ્રાપ્ત હો અને તમને ભી આ પ્રાપ્ત હો એમ. આહાહા ! આહાહાહા !

હમ દૂસરા કુછ નહીં ચાહતે. હૈ ? હમ દૂસરા કુછ નહીં ચાહતે. પર્યાયકા ભેદ ભી હમ નહીં ચાહતે. આહાહાહાહા ! નવતત્ત્વકા ભેદકા વિકલ્પકી શ્રદ્ધા તો નહીં ચાહતે હૈ. આહાહાહાહા ! પણ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકા તીન ભેદ જો પર્યાય વ્યવહારનયસે હૈ, તત્ત્વાર્થસૂત્રમેં જો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગ કહા વો વ્યવહારનયસે પર્યાય પ્રધાનસે કહા હૈ. સમજમેં આયા ? આહા ! યહાં તો પ્રભુ આચાર્ય એમ કહેતે હૈ એ પાઠ છે ને કળશ અમૃતચંદ્રાચાર્યનો

છે ? “तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः” ‘નઃ’ એટલે નકાર નહીં. ‘નઃ’ એટલે અમને. આહાહાહા ! અમને તો એક ભગવાન આત્મા એકસ્વરૂપે છે, એ ભેદ વિના, અનેકતા વિના, વ્યવહાર વિના એકરૂપકી પ્રાપ્તિ હમકો હો. આહાહા ! સમજમેં આયા ? ધનાલાલજી ! આહાહાહા ! હજી ગંભીર હૈ બાત.

હમ દૂસરા કુછ નહીં ચાહતે, તો ઉસકા અર્થ કે પર્યાય ભી હમ નહીં ચાહતે. યે કયા કહેતે હૈ ? યહ વીતરાગ અવસ્થાકી પ્રાર્થના હૈ. પર્યાય નહીં હૈ ઐસા હૈ નહીં. પર્યાય નહીં હૈ ને એકીલા દ્રવ્ય હૈ ઐસી માન્યતા તો મિથ્યાત્વ હૈ. આહાહાહા ! જયચંદ પંડિતે પણ પાઠમાં ભાવ હૈ ઉસકો ખોલકર ખુલાસા કિયા હૈ. સમજમેં આયા ? કે આચાર્ય મહારાજ પ્રભુ તો એમ કહેતે હૈ ને અમૃતચંદ્રાચાર્ય એમ દરેક સંતો, અમને તો એકરૂપ આત્મા પ્રાપ્ત હો. તીન પર્યાય દર્શન, જ્ઞાન, ચારિત્રકી યે તો આઈ નહીં. કે એ તો હમકો એકરૂપ પ્રાપ્ત હો. યહ વીતરાગ અવસ્થાકી પ્રાર્થના હૈ. અમને વીતરાગતા હો, યહ પ્રાર્થના હૈ. સમજમેં આયા ? આહાહાહાહા ! કયોંકિ ચારેય અનુયોગનું તાત્પર્ય ૧૭૨ ગાથામેં લિયા હૈ પંચાસ્તિકાય કે ચારેય અનુયોગકા તાત્પર્ય કયા હૈ ? કે ભાઈ દ્રવ્યનુયોગમાં ઐસા હૈ ને કરણાનુયોગમેં ઐસા હૈ ને ફલાણામેં ઐસા હૈ, ચારેય અનુયોગકા તાત્પર્ય પ્રભુ વીતરાગતા હૈ, આહાહાહા ! ૧૭૨ ગાથા પંચાસ્તિકાય તો વીતરાગતા તાત્પર્ય પરમાત્માકી ચારેય અનુયોગકી વાણીમેં તાત્પર્ય વીતરાગતા હૈ.

હવે વો વીતરાગતાકા તાત્પર્ય, પર્યાયમેં કૈસે પ્રગટ હોગી ? ઉસકા અર્થ હી ઐસા આયા, કે ચારેય અનુયોગકા તાત્પર્ય તો વીતરાગતા તો યે વીતરાગતા સ્વદ્રવ્યકે આશ્રયસે હોતી હૈ, તો ત્રિકાળી દ્રવ્યકા આશ્રય કરના વો ઉસકા તાત્પર્ય હૈ. આહાહાહા ! સમજમેં આયા ? હૈ ને ? પંચાસ્તિકાય ૧૭૨ ગાથા. સૂત્ર તાત્પર્ય તો ગાથા દીઠ કહેતે આયે હૈ, પણ સર્વ શાસ્ત્રકા તાત્પર્ય કયા હૈ ? વીતરાગતા પ્રગટ કરના. તો વીતરાગતા પ્રગટ હો યે કૈસે હો ? કે વીતરાગ સ્વરૂપ ભગવાન આત્મા હૈ. સમજમેં આયા ? આહાહાહા ! ઓ પંડિતજી અભી પત્ર આયા હૈ વાંચ્યા હૈ, જાપાનકા એક પત્ર જગમોહનલાલજીએ લીખ્યા હૈ. વાંચ્યા હૈ ? નહીં વાંચ્યા એ પછી દેજો પંડિતજીકો, જાપાનમેં એક પંડિત હૈ બડા. ૬૩ વર્ષકી ઉંમર હૈ, ઔર ઉસકા લડકા ૧૭ વર્ષકી ઉંમર હૈ. ઉસને જૈન ધર્મકા શોધ કિયા. ઐતિહાસિક સબ શોધ કિયા. શોધ કરતે કરતે કરતે કરતે પૂર્ણ તો એને ક્યાં ? પણ ઉસને ઐસા નિકાલા કે, જૈન ધર્મ કયા ? કે અનૂભુતિ એ જૈન ધર્મ હૈ. ઐસા નિકાલા. આપણી પાસે વો પત્ર આયા હૈ. સબ લે લેના પીછે વાંચના સબ. વો જગમોહનલાલજીએ નાખ્યા હૈ જાપાનના પંડિત શોધક જીવ પણ ઐસા કહેતે હૈ. જોકે પૂર્ણ સ્વરૂપ તો એને ક્યાં ખ્યાલ હોય પણ અનંત ગુણ ને એવો ખ્યાલ ( ન હોય ) પણ ઉસને ઐસા તો નિકાલા કે જૈન ધર્મ કયા ? કે અનુભૂતિ. દો બોલ કહા હૈ, ઔર વસ્તુ હૈ યહ આત્મા વો કયા હૈ ? કે વસ્તુ નિર્વાણ સ્વરૂપ હૈ. આપણી ભાષામેં કળશ ટીકામેં ઐસા કહા કે વસ્તુ હૈ યહ “મુક્ત સ્વરૂપ” હૈ. મુક્ત સ્વરૂપ કહો કે નિર્વાણ સ્વરૂપ કહો. કયોંકિ મુક્ત સ્વરૂપ જો હૈ ઉસમેંસે મુક્ત પર્યાય પ્રગટ હોગી. રાગસે નહીં હોગી. પણ પૂર્વકી પર્યાય મોક્ષકા માર્ગકી હૈ ઉસસે ભી મોક્ષ પર્યાય ઉત્પન્ન નહીં હોગી, મોક્ષકા માર્ગ હૈ વો તો વ્યય હોતા હૈ. પીછે મોક્ષકી પર્યાય ઉત્પાદ હોતી હૈ, તો ઉત્પાદકા કારણ વો વ્યય નહીં. આહાહાહાહા !

મુક્ત સ્વરૂપ જે ભગવાન આત્મા, આહાહા ! એણે એવું લખ્યું છે. બે શબ્દો એમાંથી સારા લાગ્યા આપણને એ તો ઠીક બધુ હવે પણ મૂળ ચીજ તો ક્યાં કોઈને હાથ આવે અન્યમતિને ક્યાં ખબર પડે. સમજે ? આહાહા ? આ તો ઐતિહાસિક શોધીને એણે જૈન ધર્મના પત્રમાં આ સારા બોલ લખ્યા હૈ. જગમોહનલાલજીએ છાપામાં દિયા હૈ. કયુ છાપું ? 'અહિંસાવાણી' ઉસમેં લિયા હૈ. આહાહા !

આપણે તો યહાં યહ સિદ્ધ કરના હૈ કે પ્રભુ જો આત્મા હૈ યે તો મુક્ત સ્વરૂપ હૈ. જૈસે ૧૫ મી ગાથામેં કહા કે "જો પસ્સદિ અપ્પાણં અબદ્ધપુટ્ઠં" અબદ્ધ કહો નાસ્તિસે અબદ્ધ કહા. અસ્તિસે મુક્ત હૈ. સમજમેં આયા ? આહાહાહા ! જિસને અબદ્ધ સ્વરૂપ એવા મુક્ત સ્વરૂપ ભગવાન ઉસકો જિસને દેખ્યા જાણ્યા અનુભવ્યા વો જૈન શાસન હૈ. કયોંકિ જિન સો હી હૈ આત્મા "ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, મત મદિરા કે પાન સો મતવાલા સમજે ન." જિન સ્વરૂપી ભગવાન આત્મા દરેક આત્મા જિન સ્વરૂપી હૈ. મુક્ત સ્વરૂપ કહો, વીતરાગ સ્વરૂપ કહો, અબદ્ધ સ્વરૂપ કહો. આહાહાહા ! એ જિન સ્વરૂપ હૈ ત્રિકાળ જિન સ્વરૂપ હૈ. ઉસકે આશ્રયસે જિન સ્વરૂપકી દશા પ્રગટ હોતી હૈ. આહાહાહાહા ! આહાહા !

( શ્રોતાઃ– અસ્તિ નાસ્તિ નહીં હમે તો આપ ધર્મકી બાત કહો. ) આ કયા કહેતે હૈ આ ધર્મકી બાત તો ચલતી હૈ. કયા હૈ ? કભી વિચાર કિયા હી નહીં ને ? આ શેઠિયાને દુકાને પૈસા ઐસા લેના ને ઐસા દેના. બાવીસ કલાક એકલા ધંધા. બાયડી છોકરા કુટુંબ અને પૈસામાં બાવીસ કલાક પાપ–પાપ એક દો કલાક રહે તો એમાં વાંચન કરે બાકી બાવીસ કલાક પાપ. આહાહા ! એરણની ચોરી ને સોયના દાન. એરણ સમજતે હૈ લોહાકી ? સોનીકી હોતી હૈ ને ? એરણ, લોહાકી હોતી હૈ ને ઉસ પર ટીપે દાગીના વો એરણ કહેતે હૈ. તુમ્હારે કયા કહેતે હૈ ? ( શ્રોતાઃ– લીહાઈ ) એરણકી ચોરી અને સોય કા દાન, એમ બાવીસ કલાક પાપ એમાં એક કલાક દો કલાક સૂનનેકો આયે તો એ પણ શુભભાવ હૈ. આહાહાહાહા ! ધર્મ તો એ ચીજ ઐસી ચીજ હૈ. આહાહાહા ! કે એ શુભરાગકી નવતત્ત્વકી ભેદકી શ્રદ્ધા ભી આત્માકી વસ્તુ નહીં. આહાહાહા ! ભેદકી શ્રદ્ધા હોં. નવતત્ત્વકી અભેદ શ્રદ્ધા વો સમ્યગ્દર્શન હૈ. તત્ત્વાર્થ સૂત્રમેં લિયાને નવ યે એકવચન હૈ. જીવઅજીવ પુણ્ય પાપ એ નવ લિયા હૈ પણ ત્યાં એકવચન લિયા હૈ. તત્ત્વાર્થ સુત્ર વો બહુવચન નહીં, એકવચન હૈ. બહુવચન તો ભેદ હો જાતા હૈ. હૈ ? તત્ત્વાર્થ સૂત્રમેં, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગ, પછી સમ્યગ્દર્શનમેં લેતે હૈ જીવ, અજીવ આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ યહ સબ એક વચન હૈ એકરૂપ હૈ. ઐસા એક વચન લિયા હૈ. આહાહાહા ! સંતોકી વાણી ભલે વ્યવહારસે આયી પર્યાય પણ ઉસકા કયા આશય હૈ ઉમાસ્વામી હો કે કોઈપણ સંત દિગંબર સંતો, આહાહા... કેવળીના કેડાયતો, કેવળીને કેડે ચાલનારા એક દો ભવે કેવળ લેનારા હૈ. આહાહાહા ! ભાઈ ! એની વાણીના પત્તા લેના, બાપુ ! બહુ આકરી વાત હૈ. અશક્ય તો નહીં હૈ. પણ આકરી તો બાત હૈ. આહાહાહા !

યહાં કયા કહેતે હૈ કે અમારે એકરૂપ આત્મા હો તો એ એક નિશ્ચયનયકા વિષયની પ્રાર્થના હુઈ, તો પર્યાયનયકા વિષય હૈ નહીં ? કે એમ નહીં, યહાં તો ઐસા કહા કે હમકો એકરૂપતા હો એ વીતરાગ પર્યાયકી પ્રાર્થના હૈ. વીતરાગ ભાવકી પ્રાર્થના હૈ. એક નય જ આ

અમને હો અને પર્યાય આદિ હૈ હી નહીં ઐસા હૈ નહીં. આહાહા ! કેમકે જો એકરૂપ અમને પ્રાપ્ત હો, એ ભી પર્યાય હૈ ને પર્યાયમેં એકરૂપ પ્રાપ્ત હો તો યે તો પર્યાયમેં આયા હૈ. આહાહા !

શું પ્રભુનું કથન ? આહાહાહા ! તારો ચૈતન્ય હીરલો એ અનંત ગુણના શણગારથી શોભતો પ્રભુ ! આહાહા ! એ શૃંગારરસમાં નાખ્યું છે. "અધ્યાત્મ પંચસંગ્રહ" હૈ ને, દીપચંદજીકા ! દીપચંદજી હો ગયા ને સાધર્મી ! ( ૧ ) 'અનુભવ પ્રકાશ' ( ૨ ) 'ચિદ્ વિલાસ' ઉસમેં અધ્યાત્મ પંચસંગ્રહ લિયા હૈ. યહાં હૈ, યહાં હૈ ને ? નથી આવ્યું લાગતું ત્યાં હશે, અધ્યાત્મ પંચસંગ્રહ અધ્યાત્મ પંચસંગ્રહ, આહાહા ! ઉસમેં ઐસા લિયા હૈ કે અપના શણગાર કયા ? 'શૃંગાર રસ', નવ રસ હૈ ને નવ, તો શૃંગાર રસ લિયા હૈ. એક એક ગુણમેં શૃંગાર રસ લિયા હૈ. અપના અપના ગુણમેં પરકો ન આને દેના ઔર અપની શોભા અપનેમેં રખના એ શૃંગાર રસ હૈ. આહાહા ! એમ ભગવાન આત્મા અનંત ગુણની પર્યાયસે નિર્મળ પ્રગટ હોકર અપના શણગાર કિયા ઉસને. આ શરીરકો શણગાર કરતે હૈ ને આંહીયા. દાગીના લોઢાના લ્યો ને સોનાના, હીરાના હૈ તો સબ ધૂળ હૈ ને, અહીં લટકે ને અહીં લટકે. આહાહા !

આ કણબી છે ને હમણાં હીરાથી વધાવવાના છે. ઝીણાં ઝીણાં હીરાથી. બહેનનો જન્મદિવસ આવે છે ને બીજ શ્રાવણ વદ બીજ, તે દિવસે એક ભાઈ શીવલાલભાઈ સાડાતેર હજાર રૂપિયાના હીરાસે વધાવેગા. સાડાતેર હજાર રૂપિયાકા હીરા હૈ. ઉસમેંસે સાત હજાર રૂપિયા દેગા ઉસમેંસે નિકાલકે. બહેનકા જન્મદિન પર, હમ તો ઐસી હજારકા હીરા દેખા થા એકબાર. બેચરભાઈએ બતાવ્યા'તા રાજકોટ. કરોડપતિ હૈ ને બેચરભાઈ અને નાનાલાલભાઈ, આ ઝીણા ઝીણા ઝીણા આ ધોળા પરમાણુની પર્યાય, જડકી ચમકતી ચમકતી ચમકતી પર્યાય. અરે પ્રભુ ! એ હીરાસે તો તેરી ચીજ, આહાહાહા... અનંત ગુણના પાસાથી ચમકતા હીરા તેરી ચીજ તેરેમેં હૈ. યહાં આચાર્ય એમ કહેતે હૈ કે અમને એ આત્મા પ્રાપ્ત હો બસ. અભેદ દશાકી પ્રાપ્તિ માંગતે હૈ.

યે કહેતે હૈ ને ? એ વીતરાગ દશાકી પ્રાર્થના હૈ. કોઈ નય પક્ષ નથી. એ કયા કહા ? એકલા નિશ્ચય જ અમને પ્રાપ્ત હો તો પર્યાય નહીં હૈ ઐસા નહીં. આહાહા ! કારણકે મોક્ષમાર્ગ ને મોક્ષ પોતે-પોતે પર્યાય છે. સિદ્ધ પર્યાય હૈ, મોક્ષમાર્ગ પર્યાય હૈ. આહાહાહા ! એકલા દ્રવ્યકી માંગણી કરનેમેં એકલા નયપક્ષ હૈ નહીં. ઉસમેં વીતરાગતા પ્રાપ્ત હોના વીતરાગભાવકી ભાવના હૈ. આહાહાહા ! સમજમેં આયા ? યે કહેતે હૈ, કોઈ નયપક્ષ નહીં. નહીંતર તો પર્યાય જો મોક્ષમાર્ગ હૈ મગર યહાં તો હમકો દ્રવ્ય પ્રાપ્ત હો અભેદ બસ ! તો ભેદ કોઈ ચીજ હૈ નહીં ? પર્યાય ભેદ હૈ. પર્યાય વો વ્યવહારનયકા વિષય હૈ, દ્રવ્ય નિશ્ચયનયકા વિષય હૈ. પણ નિશ્ચયનયકા એકાંત પક્ષ માંગતે હૈ તો દૂસરા પક્ષ રહ જાતા હૈ, તો નયપક્ષકી બાત યહાં હૈ નહીં. યહાં તો હમકો વીતરાગતા પ્રાપ્ત હો. આહાહા ! સમજમેં આયા ? જ્ઞાનચંદજી ! માર્ગ તો પ્રભુનો એવો ભાઈ ! આહાહાહા ! આહાહા ! અલૌકિક વાતું છે. એના એક એક પદના ભાવને પ્રાપ્ત કરવો બહુ કઠણ વાત છે. આહાહા ! આ પંડિતે ઉસકા ખુલાસા કિયા ઉસકો ભી સમજના કઠણ હૈ.

પાઠ ઐસા હૈ ને અહીંયા ? છઠ્ઠા શ્લોક. છેલ્લી લીટી 'तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मा-यमेकोऽस्तु नः' અમને તો એક આત્મા હો. વો તો એક શુદ્ધનયકા પક્ષ હુવા પણ ત્યાં

વીતરાગતા હોના યે પ્રાર્થના હૈ, એકીલા આ જ પક્ષ હૈ ને પર્યાય હૈ નહીં ઐસા નહીં. એ કહેતે હૈ દેખો. સમજમેં આયા ?

“યદિ સર્વથા નયોકા પક્ષપાતિ હુવા કરે તો મિથ્યાત્વ હી હૈ.” એ કયા કહેતે હૈ. કે સર્વથા એકીલા શુદ્ધનયકા વિષય હો અને વ્યવહાર પર્યાય હૈ હી નહીં. ઐસા સર્વથા જો નયપક્ષ કરે તો મિથ્યાત્વ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? હવે અહીંયા યે શ્લોક પૂરા હુવા. છઠ્ઠા શ્લોક કળશ હૈ ને કળશ.

“અબ યહાં કોઈ ઐસા પ્રશ્ન કરતા હૈ કે આત્મા ચૈતન્ય હૈ માત્ર ઈતના હી અનુભવમેં આવે તો ઈતની શ્રદ્ધા સમ્યગ્દર્શન હૈ કે નહીં ? “ચૈતન્ય વસ્તુ, ચૈતન્ય વસ્તુ એકલી હૈ યે ઈતના માત્ર જો અનુભવમેં આવે તો એ શ્રદ્ધા હૈ કી નહીં ? ઉસકા સમાધાનઃ– નાસ્તિકોકો છોડકર સભી મતવાલે આત્માકો ચૈતન્યપણું માનતે હૈ. ચેતન હૈ ઐસા તો નાસ્તિક સિવાય સભી માનતે હૈ. કહતે હૈ ઐસા નહીં. યદિ ઈતની શ્રદ્ધાકો સમ્યગ્દર્શન કહા જાવે તો સબકો સમ્યગ્દર્શન સિદ્ધ હો જાયેગા. જુઓ કયા કહેતે હૈ જરી. ઈસલિયે સર્વજ્ઞકી વાણીમેં જૈસા સંપૂર્ણ ( સ્વરૂપ કહા ) આહાહાહા ! કયોંકિ જીવ જો આત્મા હૈ યહ સર્વજ્ઞ સ્વરૂપી હૈ, કયા કહા ? ભગવાન જો આત્મા હૈ યે સર્વજ્ઞ સ્વભાવી હૈ. સર્વજ્ઞ ઉસકી એક શક્તિ, ગુણ હૈ. તો સર્વજ્ઞ સ્વરૂપ હી આત્મા હૈ. તો એ સર્વજ્ઞ સ્વરૂપમેંસે પર્યાયમેં સર્વજ્ઞપણા આયા. એ સર્વજ્ઞે સર્વ જાના, ઉસકી વાણીમેં જો આયા વો હી યથાર્થ હૈ. આહાહા ! એ એણે કહા જો આત્મા, અજ્ઞાની તો આત્મા આત્મા તો બહોત કહેતે હૈ. સમજમેં આયા ? સર્વજ્ઞકી વાણીમેં જૈસા સંપૂર્ણ આત્માકા સ્વરૂપ કહા. આહાહા ! જિસકી એક પર્યાયમેં સારા દ્રવ્યગુણ અને સર્વદ્રવ્યોકો જાનનેકી એક પર્યાયમેં સામર્થ્ય હૈ, એક જ પર્યાય હો, તો સારા દ્રવ્ય ગુણ, સારા છ દ્રવ્ય ગુણ, સારા એક પર્યાયમેં ઐસા ભગવાનકી વાણીમેં આયા હૈ. ઐસી ચીજ દૂસરે કોઈ ઠેકાણે હૈ હી નહીં. આહા ! સમજમેં આતે હૈ ? આહાહા ! અને એ પણ કયું કહા ઐસા ? કે આ જીવ હૈ ને પ્રત્યેક યે ‘જ્ઞ’ સ્વરૂપી હૈ. ‘જ્ઞ’ સ્વરૂપીમેં જો ‘જ્ઞ’ કી સાથ સર્વ શબ્દ જોડ દો તો સર્વજ્ઞ સ્વરૂપી હી હૈ. આહા !

ભગવાન આત્મા સર્વજ્ઞ સ્વભાવી બધા અનંતા આત્માઓ સર્વજ્ઞ સ્વરૂપી હૈ. યહ સર્વજ્ઞ સ્વરૂપીમેંસે પર્યાયમેં સર્વજ્ઞપણા આતા હૈ. સર્વજ્ઞ સ્વરૂપમેંસે સર્વજ્ઞ પર્યાય આતી હૈ. ઉસમેં પર્યાયમેં જો સર્વજ્ઞપણા આયા, ઉસને જો આત્મા દેખ્યા અને છ દ્રવ્યાદિ દેખ્યા. આહાહાહા ! સમજમેં આયા ? ઉસને જો આત્મા કહા. હૈ ? ચૈતન્ય ચૈતન્ય તો બધા કહે પણ આ ચૈતન્ય ભગવાન અનંત ગુણ ને અનંત ધર્મ જેના માપ નહીં ઐસી અનંતી પર્યાય અને ઐસા આત્મા એ તો સર્વજ્ઞકી વાણીમેં આયા હૈ. આહાહા ! સમજમેં આયા ? આમ ઉપર ટપકે હાથ આવે એવું નથી પ્રભુ. આહાહાહા ! આ તો ઊંડે ઊંડે ઊંડે, આહાહા... જેના ધ્રુવ પર્યાયમેંસે ધ્રુવના તળ હૈ અંદર. પર્યાય તો ઉપર હૈ એક સમયકી, એનું તળ જે હૈ ધ્રુવ પાતાળ. પાતાળ કૂવા હોતા હૈ ને પાતાળ કૂવા, ઐસે પર્યાયકા પાતાળ ધ્રુવ હૈ. આહાહાહા ! અરે ! એ સર્વજ્ઞકી વાણીમેં ઐસા આયા હૈ, એ સિવાય ક્યાંય ઐસી વાત હોતી હૈ નહીં ક્યાંય. સમજમેં આયા ?

શ્વેતાંબરમેં ભી એક સમયમેં જ્ઞાન ને દૂસરે સમયમેં દર્શન ઐસી વ્યાખ્યા કરતે હૈ. યે વસ્તુ તો ઐસી હૈ નહીં. એક સમયમેં સર્વજ્ઞકા ઉપયોગ દૂસરે સમય દર્શન ઉપયોગ, સર્વદર્શી ઉપયોગ

ઐસા હૈ નહીં. યે ઉપયોગ એક સમયમેં દો હી હૈ. આહાહા !

દીપચંદજીએ પંચસંગ્રહમાં અદ્‌ભુત રસ વર્ણવ્યો છે. ઉસમેં ઐસા વર્ણન કિયા હૈ, પ્રભુ એક વાર સૂન તો સહી, કે જે જ્ઞાનકી પર્યાય સબકો ભેદ કરકે-ભેદ કરકે અનંત જીવ, અનંત પરમાણુ, અનંતા ગુણો અનંતા ગુણની અનંતી પર્યાયો, એકેક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ, એ જ્ઞાનકી પર્યાય સબકો ભેદ હૈ ઐસા જાનતે હૈ. એકેક ભેદ સબ, સબકો જાનતે હૈ. અને વો હી સમય દર્શનકી પર્યાય કોઈકા ભેદ કરે બિના, આહાહાહા ! આ અદ્‌ભૂતતા તો દેખો કહે. આહાહા ! સર્વજ્ઞકી પર્યાય આ જીવ હૈ, આ જડ હૈ, આ જીવકા ધર્મ હૈ, આ જડકા ધર્મ હૈ, આ જીવકી પર્યાય હૈ, આ જડકી પર્યાય હૈ, આ એક પર્યાયમેં અનંતી તાકાત હૈ ઐસી પ્રતિચ્છેદ ભેદ ભેદ ભેદ ભેદ છેલ્લા અંશનો કે જેમાં છેલ્લો અંશ છે જ નહીં, ઉસકો ભી જિસને કેવળજ્ઞાનમેં જાન લિયા, આહાહાહા ! વોહી જ્ઞાનકી પર્યાયકે સાથ દર્શનકી પર્યાય જો હૈ, એ હૈ બસ. ભેદ નહીં. અરે એક પર્યાયકી ઈતની તાકાત ત્યારે દૂસરે પર્યાયમેં હૈ ઈતના. આહાહાહા ! સમજમેં આયા ?

નાસ્તિકકો છોડકર આત્માકો ચૈતન્યમાત્ર માનતે હૈ, ઈતની શ્રદ્ધા હો તો સબકો સમ્યગ્દર્શન હો જાય. કિન્તુ સર્વજ્ઞકી વાણીમેં જૈસા સંપૂર્ણ આત્માકા, આહાહાહા... ત્રિલોકનાથ જિનેશ્વરદેવ સર્વજ્ઞ પર્યાયમેં જૈસા દેખા સારા લોકાલોક ઉસને જો આત્મા કહા, આહાહા ! યે આત્મા અનંત અનંત અનંત અનંત અનંત અનંત ગુણ સ્વરૂપ ઔર અનંતી પર્યાય સહિત ઔર યે દ્રવ્ય અપના ગુણ પર્યાયમેં વ્યાપક, એ પહેલા આ ગયા હૈ કલ, પ્રશ્ન આ ગયા, ઝીણી વાત આવી ગઈ થોડી.

એ આત્મા હૈ યે ગુણ પર્યાયમેં વ્યાપ્ત હૈ. ગુણ અને વિકારી પર્યાયમેં ભી વ્યાપ્ત હૈ. પહેલા આ ગયા હૈ. છે ? પહેલા શ્લોકમાં આમાં છે ને આમાં ? 'વ્યાપ્તુ' પહેલું પદ છે 'વ્યાપ્તુ' એ કળશનું પહેલુ પદ, 'વ્યાપ્તુ'ની વ્યાખ્યા એ છે કે આ આત્મા જો હૈ એ અપના અનંત ગુણ ઔર વિકારી અવિકારી પર્યાય એ સબમેં વ્યાપક હૈ. એ પ્રમાણકા વિષય પહેલે બતાયા. સમજમેં આયા ? 'વ્યાપ્તુ'માં અપના ગુણ પર્યાયમેં વ્યાપક હૈ, ઉસકા અર્થ હૈ કે શરીરકો છૂતે નહીં, કર્મકો છૂતે નહીં, શરીરકો વ્યાપ્ત નહીં, કર્મકો વ્યાપ્ત નહીં, ઔર કર્મસે અપનેમેં વિકારી પર્યાય વ્યાપ્ત હૈ ઐસા ભી નહીં. આહાહાહાહા ! સમજમેં આયા ? યે અપના ગુણ પર્યાયમેં 'વ્યાપ્ત'નું અસ્તિત્વ, વિકારી પર્યાયનું અસ્તિત્વ પણ અપનેમેં વ્યાપ્ત અપનેસે હૈ, ઐસા બતાકર પીછે, આત્મા પ્રમાણકા વિષય ઈતના હૈ, પણ શુદ્ધનયકા વિષય કયા એ હવે બતાયેગા. છે ને ? "પૂર્ણજ્ઞાન ઘનસ્ય દર્શનમિહ:" ઐસા આત્મા હૈ. વો તો પ્રમાણકા વિષય હુવા. અને પ્રમાણકા વિષય પૂજ્ય નહીં. પ્રમાણ પૂજ્ય નહીં. કયોંકિ પ્રમાણ દોકા વિષય કરતે હૈ, તો વ્યવહારકા વિષય હો ગયા. પ્રમાણ વ્યવહારકા વિષય, દો આયા ને ? પંચાધ્યાયીમેં હૈ, પ્રમાણકો વ્યવહારકા વિષય કહા. બે આયાને ? એક ન રહા. આહાહાહા ! નયચક્રમેં તો ઐસા આયા. પ્રમાણમેં પર્યાયકા નિષેધ નહીં હોતા માટે એ પૂજ્ય નહીં. જો નિશ્ચય વસ્તુ હૈ ઉસમેં પર્યાયકા નિષેધ હોતા હૈ માટે નિશ્ચયનય પૂજ્ય હૈ તો યહાં કહેતે હૈ કે હમને, આહાહા ! જૈસા સર્વજ્ઞકી વાણીમેં જૈસા આત્મા દ્રવ્યગુણ ને પર્યાય આયા હૈ ઐસા અંદરમેં પ્રતીતમેં અનુભવમેં આતે હો તો ઉસકા નામ સમ્યગ્દર્શન કહેતે હૈ. ઐસા ચૈતન્યમાત્ર, માત્ર કહેતે હૈ યે સારી દુનિયા કહેતી હૈ, નાસ્તિક

સિવાય પણ. સર્વજ્ઞ ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞની પર્યાયમાં જૈસા આત્મા દેખ્યા ને જૈસા આત્મા હૈ ઐસા કહા, ઐસા આત્માકી પ્રતીતિ કરે તો સમ્યગ્દર્શન નિશ્ચય હોતા હૈ બાકી હોતા નહીં. વિશેષ કહેશે. ( શ્રોતાઃ–પ્રમાણ વચન ગુરુદેવ )

## શ્લોક - ૭

**હવે, 'ત્યાર પછી શુદ્ધનયને આધીન, સર્વ દ્રવ્યોથી ભિન્ન, આત્મજ્યોતિ પ્રગટ થઈ જાય છે' એમ આ શ્લોકમાં ટીકાકાર આચાર્ય કહે છેઃ-**

( अनुष्टुभ् )

**अत: शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत् ।**
**नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति ।।७।।**

**શ્લોકાર્થઃ- [ अत: ] ત્યાર બાદ [ शुद्धनय-आयत्तं ] શુદ્ધનયને આધીન [ प्रत्यग्-ज्योति: ] જે ભિન્ન આત્મજ્યોતિ છે [ तत् ] તે [ चकास्ति ] પ્રગટ થાય છે [ यद् ] કે જે [ नव-तत्त्व-गतत्वे अपि ] નવતત્ત્વમાં પ્રાપ્ત થવા છતાં [ एकत्वं ] પોતાના એકપણાને [ न मुञ्चति ] છોડતી નથી.**

**ભાવાર્થઃ- નવતત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા અનેકરૂપ દેખાય છે; જો તેનું ભિન્ન સ્વરૂપ વિચારવામાં આવે તો તે પોતાની ચૈતન્ય-ચમત્કારમાત્ર જ્યોતિને છોડતો નથી. ૭.**

**પ્રવચન નં. ૫૮ શ્લોક-૭** તા. ૧૫-૮-૭૮ મંગળવાર, શ્રાવણ સુદ-૧૨ સં. ૨૫૦૪

સમયસાર સાતમો કળશ હૈ. કળશ સાતમો છે ને. ( શ્રોતાઃ– જી હા જી )

अत: शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।
नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति।।७।।

ટીકાકાર આચાર્ય નિમ્નલિખિત શ્લોકમેં યહ કહેતે હૈં કિ તત્પશ્ચાત્ શુદ્ધનયકે આધીન સર્વદ્રવ્યોસે ભિન્ન આત્મજ્યોતિ પ્રગટ હો જાતી હૈ.

કયા કહેતે હૈ કે તત્પશ્ચાત્ નામ યથાર્થ દૃષ્ટિસે "શુદ્ધનયાયત્તં" શુદ્ધનયને આધીન. ત્રિકાળી વસ્તુ જો જ્ઞાયકભાવ હૈ એ શુદ્ધનય સ્વરૂપ હૈ અથવા શુદ્ધનયકે આધીન જો જ્ઞાનકા અંશ ત્રિકાળકો સ્વીકાર કરતા હૈ, ઉસકો યહાં શુદ્ધનય કહેતે હૈ. શ્રુતજ્ઞાન પ્રમાણ હૈ, ઉસમેં નય પ્રમાણકા ભેદ હૈ. ઉસમેંસે શુદ્ધનય જો એક ભેદ હૈ, યે ત્રિકાળકો સ્વીકાર કરતા હૈ. સમજમેં આયા ? શુદ્ધનય આધીન હો, જ્ઞાનકી પર્યાય ત્રિકાળ દ્રવ્યકા સ્વીકાર કરતી હૈ ઉસકે આધીન પ્રગટ હોતા હૈ તો યે સમ્યગ્દર્શન, ઐસા હોને પર ભી સમ્યગ્દર્શનકી પર્યાયમેં શુદ્ધનયકા વિષય જો દ્રવ્ય હૈ, યે પર્યાયમેં આતા નહીં. ઝીણી વાત છે થોડી. અહીં કહેતે હૈ શુદ્ધનયકે આધીન પ્રત્યગ્ જ્યોતિ પ્રગટ હોતી હૈ.

નવતત્ત્વમેં પ્રાપ્ત હોને પર ભી, કયા કહેતે હૈ. આહાહા ! જીવકી એક સમયકી પર્યાય, ઉસમેં

અજીવકા જ્ઞાન હોતા હૈ, અજીવ તો આતે નહીં, અજીવરૂપ તો પરિણમન હોતા નહીં. પણ અજીવરૂપ પરિણમન હોતા હૈ ઐસા કહા, તો અજીવકા જો જ્ઞાન હોતા હૈ, યહ પર્યાય હૈ. યે પર્યાયકો યહાં અજીવ કહેતે હૈ. જ્ઞાન જાણેને અજીવકો પણ એ રૂપે દ્રવ્ય નહીં હોતા. આહાહા ! હૈં ? ( શ્રોતાઃ- કોણ થાય છે ? ) પર્યાય થાય છે. સૂક્ષ્મ બાત છે. સારા શ્લોક જ સૂક્ષ્મ હૈ. નવતત્ત્વ નામ યહાં જીવકી એક સમયકી પર્યાય ઔર એક સમયકા અજીવકા જ્ઞાન ઔર એક સમયકા ત્યાં પુણ્ય પાપકા વિકલ્પકી ઉત્પત્તિકા કાળ ઔર દો મિલકર આસ્રવકી પર્યાય ઔર સંવર, નિર્જરા ને મોક્ષરૂપ પર્યાય પરિણમતી હૈ તો યે સંવર નિર્જરા ને મોક્ષરૂપ પર્યાયમેં દ્રવ્ય નહીં આતા. આહાહા ! સૂક્ષ્મ હૈ ભગવાન.

આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. આસ્રવ એટલે પુણ્ય પાપ, અંદર એ પર્યાયપણે પર્યાય હોતી હૈ. પર્યાયપણે દ્રવ્ય નહીં હોતા. એકરૂપ જ્ઞાયક રહેનેવાલી ચીજ એ પર્યાયમેં નહીં આતી. આહાહા ! ચાહે તો યે મોક્ષકી પર્યાય હો પણ વો પર્યાયમેં દ્રવ્ય નહીં આતા. આહાહા ! ચાહે તો સંવર નિર્જરા મોક્ષકા માર્ગકી પર્યાય હો, વો સમયે ઉત્પન્ન હોનેકે કાળમેં ઉત્પન્ન હો. આહાહા ! છતેં જીવ દ્રવ્ય જો વસ્તુ હૈ વો નવ પર્યાયમેં આયા નહીં. આહાહાહાહા !

( શ્રોતાઃ- પર્યાયસે દ્રવ્ય ભિન્ન કહાં રહા ? ) દ્રવ્ય ભિન્ન રહા ધ્રુવમેં. ઝીણી વાત છે પ્રભુ, અહીં તો નવતત્વમેંસે એક ભૂતાર્થ નિકાલના યહ શુદ્ધનયકા વિષય હૈ. આહાહા ! નવતત્ત્વરૂપ પર્યાયમેં પરિણમન હુવા, એ હૈ, વ્યવહાર તરીકે હૈ, તીર્થરૂપી સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ચોથું, પાંચમું, છઠ્ઠું એ તીર્થ હૈ. યહ વ્યવહારનયકા વિષય હૈ. તીર્થને આ લેશે ટીકામાં તીર્થની પ્રવૃત્તિ માટે નવતત્ત્વ કહા હૈ. કારણકે ચોથું પાંચમું છઠ્ઠું એ ભેદ હૈ. યે ભેદ હૈ એ સબ વ્યવહારનયકા વિષય હૈ. પણ વો વ્યવહારકા વિષયરૂપે જો પર્યાય હૈ ઉસસે શુદ્ધનયકે આધીન દ્રવ્ય તો ભિન્ન હૈ. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! આહાહા !

છે ? "નવતત્ત્વ ગતત્વેઅપિ" અહીંયા તો નવમેં કિતના અશુદ્ધ હૈ ને કિતના શુદ્ધ હૈ નવમેં. આ પુણ્ય પાપ આસ્રવ બંધ એ અશુદ્ધ હૈ, ઔર સંવર નિર્જરા મોક્ષ એ શુદ્ધ હૈ. એ નવતત્ત્વમેં શુદ્ધ તત્ત્વ અને અશુદ્ધ તત્ત્વ દો, પર્યાયકા હોં. એ નવતત્ત્વ ગતત્વેઅપિ. પર્યાયમાં એટલા નવતત્ત્વકિ પ્રાપ્તિ હોને પર ભી અપને એકત્વકો નહીં છોડતી. આહાહા ! વસ્તુ જો સ્વરૂપ ધ્રુવ ચિદાનંદ પ્રભુ નિત્ય વસ્તુ દ્રવ્ય સ્વભાવ હૈ, યે કભી પર્યાયમેં આતા નહીં. અને અપના દ્રવ્યપણા કભી છોડતા નહીં. આહાહાહા ! આવો માર્ગ છે. હૈ ને ? શુદ્ધનયને આધીન આત્મજ્યોતિ પ્રગટ હોતી હૈ. પ્રગટ હૈ તો હૈ પણ અંતર દૃષ્ટિ કરનેસે શુદ્ધનયકા લક્ષ કરનેસે સ્વભાવમેં યે હૈ ઐસા પ્રતીતમેં આતા હૈ, હૈ તો હૈ, હૈ પણ હૈ યે કબ પ્રતીતમેં આતા હૈ. સમજમેં આયા ? એક પ્રશ્ન હુવા થા ના અભી થોડા વર્ષ પહેલાં એક વકીલકા લડકા હૈ. વિરજીભાઈ વકીલ હૈ. આ કાઠિયાવાડમેં દિગંબરકા અભ્યાસ પહેલાં ઉસકો જામનગર. પહેલવહેલા દિગંબરકા બહોત પુરાના ૯૦-૯૧-૯૨ વર્ષ, ઉસકા લડકા હૈ, ઉસને પ્રશ્ન કિયા અભી દો તીન વર્ષ પહેલે, કે પ્રભુ તુમ આત્માકો કારણ પરમાત્મા કહેતે હો, આત્માકો કારણ પરમાત્મા કહેતે હો ઔર કારણ જીવ કહો, કારણ પરમાત્મા કહો, દ્રવ્ય કહો, સામાન્ય કહો, ધ્રુવ કહો, સદૃશ કહો, એકરૂપ કહો, તો ઉસકો પ્રભુ તુમ કારણ પરમાત્મા કહેતે હો તો કારણ હો તો કાર્ય તો આના હી ચાહિયે. ઐસા પ્રશ્ન ( કિયા )

કાર્ય તો હમારે આતા નહીં. કારણ પરમાત્મા તુમ કાયમ કહેતે હો ને કાર્ય તો આતા નહીં પ્રભુ એકવાર સ્વીકાર કર તો સમજ. એ કારણ પરમાત્મા હૈ ઐસી દૃષ્ટિ જબ હુઈ તબ હૈ ઐસા ઉસકો આયા. હૈ, હૈ પણ કિસકો હૈ. જિસકી પર્યાયમેં અંદરમેં આશ્રય લિયા તો પર્યાયમેં કારણ પરમાત્મા હૈ ઐસી શ્રદ્ધામેં આઈ છતાં કારણપરમાત્મા આયા નહીં પર્યાયમેં, પણ કારણપરમાત્મા ઐસા હૈ ઐસી પ્રતીતમેં આયા ઉસકો કારણપરમાત્મા હૈ. આહાહાહા !

( શ્રોતાઃ– બીજા માને કે ન માને એની હારે શું નિસ્બત એ તો છે જ. ) માને ન માને એમ નહીં, પણ કારણ પરમાત્મા છે, હૈ યહ કિસકો ખ્યાલમેં આતા હૈ ? હૈ જગતમેં પણ હૈ યહ ખ્યાલમેં કિસકો આતા હૈ ? પર્યાય બુદ્ધિવાલાકો તો કારણપરમાત્મા ખ્યાલમેં આતા નહીં. તો એને માટે તો કારણ પરમાત્મા હૈ હી નહીં. આહાહા ! હૈ ? જરી સૂક્ષ્મ હૈ ભગવાન.

સર્વજ્ઞ પરમેશ્વરકા માર્ગ કોઈ અલૌકિક જિનેશ્વરકા પંથ, ઓહોહો ! અચિંત્ય કોઈ સ્વરૂપ ઉસકા. અહીંયા વો કહેતે હૈ કે કારણપરમાત્મા હૈ વસ્તુ, તો હૈ કા ભાન હુવા ઉસકો હૈ. જિસકો ભાન નહીં હુવા ઉસકો હૈ યહ કહાંસે આયા ? સમજમેં આયા ? આ વસ્તુ હૈ પણ હૈ ઈસકા ખ્યાલ આયે બિના હૈ યહ કિસકો આયા હૈ ? બહુ સૂક્ષ્મ લોજીક હૈ. આહાહા ! વસ્તુ જો હૈ ત્રિકાળ કારણપરમાત્મા આનંદકંદ પ્રભુ શુદ્ધ દ્રવ્ય સામાન્યરૂપ યહ પર્યાયમેં જબ ખ્યાલમેં આયા ઉસકો કારણપરમાત્મા હૈ તો ઉસકો પર્યાયમેં કાર્ય સમ્યગ્દર્શનકા હુયે બિના રહે નહીં. આહાહાહા ! ક્યા કહા ?

અહીં શુદ્ધનયકે આધીન કહા ને ? જિસકો ત્રિકાળી વસ્તુ હૈ ઈસકા લક્ષ હુવા તો ઉસકે માટે ત્રિકાળી શુદ્ધ હૈ. પણ જેને લક્ષ હી હુવા નહીં ખ્યાલમેં આયા નહીં ઉસકો હૈ કયા ? એને કયા હૈ ? એ તો સર્વજ્ઞ કહેતે હૈ. હૈં ? આહાહાહા ! આવી વાત છે પ્રભુ ! આ તો સમયસાર બાપા ! સમયસાર એટલે ભરતક્ષેત્રમેં, એક વાર પંડિતજીએ કહા થા ત્યાં ગૌહટી આસામ સમયસાર વાંચતે વાંચતે તુમ બોલે થે એક વાર, ઓહોહો ! સમયસાર સિવાય કોઈ ચીજ ઐસી નહીં. આસામમાં આયે થે. બાપુ આ તો કયા ચીજ હૈ પ્રભુ. તેરી પ્રભુતાકા પાર નહીં યે પ્રભુતાકા સ્વરૂપ જો અંદર હૈ ત્રિકાળ–હૈ તો હૈ ત્રિકાળ હૈ, પણ હૈ ઉસકા લક્ષ કરકે પ્રતીતમેં આયા કે ઓહો ! આ તો પૂર્ણાનંદ પ્રભુ હૈ. એ પ્રતીતમેં ને જ્ઞાનકી પર્યાયમેં હૈ ઐસા હૈ ઐસા આયા, એ ચીજ આઈ નહીં. આહાહાહા ! ધનાલાલજી ! યે પ્રતીત આઈ હૈ એની પ્રતીતિ. તો પ્રતીતિમેં સારા દ્રવ્ય હૈ, ઐસી પ્રતીતિ આઈ, સારા દ્રવ્ય પૂરણ હૈ ઐસી પર્યાયમેં પ્રતીતિ આઈ, ઉસકો તો હૈ કારણપરમાત્મા, અને દ્રવ્ય હૈ ઉસકો પ્રતીતમેં આયા. આહાહાહા ! છતેં પર્યાયમેં ત્રિકાળી દ્રવ્ય શુદ્ધનયકે આધીન હુવા છતાં વો પર્યાય જે સમ્યગ્દર્શન( કિ ) હુઈ ઉસમેં દ્રવ્ય નહીં આયા. દ્રવ્યકા સામર્થ્ય કીતના હૈ ઐસી પ્રતીતિ આ ગઈ. આહાહા ! બાપુ ! મારગડા જુદા ભાઈ ! અરે સંપ્રદાયમેં જનમ હુવા જૈનમેં, ( તો ) તેરે જૈન તત્ત્વકા ખ્યાલ આ ગયા ઐસા હૈ નહીં. આહાહાહાહા !

કયા કહેતે હૈ ? કે શુદ્ધનયને આધીન, જે વસ્તુ હૈ એ ઉપર દૃષ્ટિ ગઈ, તો એ આધીન ન્યાં દ્રવ્ય આ હૈ ઐસા ખ્યાલમેં આયા. ઐસા હોને પર ભી, ઐસી ચીજ હોને પર ભી, પર્યાયમેં નવ પ્રકારકા પર્યાય હૈ, પરિણમન હૈ, કીતનાક શુદ્ધ અને કીતનાક અશુદ્ધ. આસ્રવ બંધ અને અજીવ આદિ એ અશુદ્ધ, ઔર સંવર, નિર્જરા, મોક્ષ એ શુદ્ધ. પણ એ અશુદ્ધ અને શુદ્ધ પર્યાય હોને પર ભી, એ દ્રવ્ય સ્વભાવ શુદ્ધ અશુદ્ધ પર્યાયમેં આયા નહીં. આહાહા ! સમજમેં આયા ? અરે આવી

વાતું છે.

તો કહેતે હૈ “શુદ્ધનયકે આધીન આત્મજ્યોતિ પ્રગટ હોતી હૈ.” પ્રગટ હોતી હૈ અર્થાત્ હૈ ઐસા ભાન હુવા. વસ્તુ તો હૈ યે હૈ. વસ્તુ પ્રગટ હોતી હૈ ? પણ જિસકી દૃષ્ટિ ત્યાં ગઈ, ઉસકો યહ શુદ્ધ હૈ, ઐસા પ્રગટ હુવા. આહાહાહાહા ! સમજમેં આયા ? આ તો ૧૩ મી ગાથાનો ઉપોદ્‌ઘાત હૈ. ૧૩ મી ગાથાકા ઉપોદ્‌ઘાત હૈ આ શ્લોક. ભાઈ સમજનેમેં ઉસકો બરાબર પ્રયત્ન કરના ચાહિયે પ્રભુ ! આહાહા ! કાંઈ પણ ફેરફાર એક અંશનો રહી જાય તો વસ્તુ હાથ નહીં આવે.

( શ્રોતાઃ– ફેર મિટાનેકે લિયે તો આયે હૈ. ) પંડિતજી લિખા થા કે હમારે આના હૈ. પ્રભુ એ ચીજ જો હૈ પરમ આનંદ ને અનંત અનંત અનંત અનંત અનંત અનંત જિસકા અંત નહીં ઉતના ગુણ હૈ, ગજબ વાત હૈ પ્રભુ ! આહાહા ! કિતના ગુણ હૈ, કે જેની સંખ્યાની અનંતતા એમાં આ અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંતને અનંત અનંત કર લેના, તો ભી આ છેલ્લા અનંતકા અંશ હૈ. આ ધર્મ ગુણ ઐસા તો આતા નહીં. આહાહા !

ઐસે અનંત ગુણરૂપ બેહદ અપરિમિત શક્તિકા સાગર પ્રભુ એકરૂપ વસ્તુ એ સમ્યગ્દૃષ્ટિકો શુદ્ધનયકે આધીન પ્રગટ હોતી હૈ. આહાહાહા ! અર્થાત્ સમ્યગ્દૃષ્ટિકો પર્યાય ઉપરસે લક્ષ છુટ જાતા હૈ, નવ પ્રકારકા ભેદ હૈ ઉસકા લક્ષ છુટ જાતા હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ? અને એક ત્રિકાળ ભગવાન પૂર્ણાનંદ ધ્રુવ પ્રવાહ, પ્રવાહકા અર્થ ધ્રુવ પાણીકા પ્રવાહ આમ ચલતે હૈ. આ ધ્રુવ ધ્રુવ ધ્રુવ ધ્રુવ ધ્રુવ, ઉર્ધ્વ પ્રચય, ઐસા ને ઐસા ધ્રુવ ધ્રુવ ધ્રુવ ધ્રુવ, ઐસી શુદ્ધનયકે આધીન, જ્ઞાનકી પર્યાય એ ઉપર જાતી હૈ ત્યારે વો આધીન આ ચીજ હૈ ઉસકો ખ્યાલમેં આતા હૈ. ડાહ્યાભાઈ ! આવું છે આ બધું. તમારા જજ ફજમાં કાંઈ આવું આવતું નથી ન્યાં મોટા જજ છે જજ અમદાવાદના મોટા જજ. હવે છોડી દીધું. ( શ્રોતાઃ– સરકારે છોડાવ્યું. ) એ તો મુદત થઈ જાય ૫૫ વર્ષની એટલે પછી છોડી દે, રાખે નહીં પછી. આહાહા !

પ્રભુ તું સૂન તો સહી, તેરી જિતની મહત્તાકી, માહાત્મ્યવાળી મહાપ્રભુ તે ચીજ હૈ એ ચીજ તો શુદ્ધનયકે આધીન પ્રગટ હોતી હૈ, અર્થાત્ જે શ્રુતજ્ઞાનકા નિશ્ચય અંશ હૈ. શ્રુતજ્ઞાનકા તો દો ભેદ હૈ, નિશ્ચય અને વ્યવહારનય. સમજમેં આયા ? શ્રુતજ્ઞાનકા દો ભેદ હૈ. શ્રુત તો પ્રમાણ હૈ. ઉસકા દો ભેદ હૈ નિશ્ચય અને વ્યવહાર. ઉસમેંસે એક નિશ્ચય અંશ જો હૈ વહ સ્વભાવ તક જાતા હૈ. આહા ! સમજમેં આયા ?

આજ હૈ ને ( પંદર ) ઓગષ્ટ, સ્વતંત્ર મિલા. સ્વતંત્ર ધૂળમેંય નહીં હૈ! સ્વતંત્ર તો ભગવાન ત્રિલોકનાથ, જેની પર્યાયકી હૈયાતી હૈ તો દ્રવ્યકી હૈયાતી હૈ ઐસે ભી નહીં. આહાહાહા ! સમજમેં આયા ? આહાહાહા !

ઐસી જો ચીજ હૈ એ કહેતે હૈ કે શુદ્ધનયકે આધીન આત્મજ્યોતિ, આત્મજ્યોતિ નામ સહજાત્મ પૂર્ણાનંદ પૂર્ણ સ્વરૂપ, પર્યાયસે રહિત પર્યાયમેં, પર્યાયસે રહિત પર્યાયમેં આત્મજ્યોતિકા ભાન હોતા હૈ. સમજમેં આયા ? શ્લોક હૈ અમૃતચંદ્રાચાર્યકા ગજબ હૈ. સંતો દિગંબર સંતોની વાણી. આહાહાહા ! એ શુદ્ધનયને આધીન યહ પ્રગટ હોતી હૈ. પ્રગટ હોતી હૈ નામ હૈ તો હૈ યે ક્યાં પ્રગટ થાય એ તો વ્યક્ત હૈ. વર્તમાન પર્યાયકી અપેક્ષાએ ઉસકો અવ્યક્ત કહો, ૪૯ ગાથા સમયસાર. છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય હૈ, વ્યક્ત હૈ, ઉસસે ભગવાન ભિન્ન અવ્યક્ત હૈ. ૪૯ ગાથા

અવ્યક્તના છ બોલ હૈ ને, ઉસકા પહેલાં બોલ. છ દ્રવ્યસ્વરૂપ લોક એક પર્યાયમેં જાનનેમેં આતા હૈ. ઐસા પર્યાયકા જ્ઞેય હૈ ઔર યે વ્યક્ત હૈ, નામ પર્યાયમેં પ્રગટ હૈ. ઉસસે ભગવાન આત્મા ભિન્ન અવ્યક્ત હૈ. વો અપેક્ષાસે અવ્યક્ત હૈ, હોં. પર્યાયમેં આયા નહીં ને ? સમજમેં આયા ?

એક એક બોલકી બહોત કિંમત હૈ. આ કાંઈ વાર્તા કથા નહીં હૈ. આહાહા ! આ તો ભાગવત્ કથા હૈ. નિયમસારમેં આયા હૈ આખિર ગાથામેં, નિયમસાર ! આ તો ભાગવત્ શાસ્ત્ર હૈ. લોકો કહેતે હૈ યે ભાગવતી નહીં. આહાહા ! ભગવાન પરમાત્માકા સ્વરૂપ કહેનેવાલા શાસ્ત્ર. ભગવાન સર્વજ્ઞે ઐસા કહા. ઓહો ! પ્રભુ ! તુમ નવતત્ત્વમેં આને પર ભી પર્યાયમેં પર્યાય ઐસી હોને પર ભી ત્રિકાળી ચીજ જો ધ્રુવ હૈ, સમ્યગ્દર્શનકા જો વિષય હૈ, શુદ્ધનયકે આધીન જો પ્રગટ ખ્યાલમેં આતા હૈ, યે ચીજ નવતત્ત્વમેં આયા નહીં. આહાહા ! સમજમેં આયા ? જૈસે અગ્નિ, કાષ્ટકી અગ્નિ, છાણાકી અગ્નિ, છાણાં કહેતે હૈ ને ? છાણાકી અગ્નિ, પર્ણકી અગ્નિ પાંદડા, તૃણકી અગ્નિ એમ કહેનેમેં આતા હૈ. વો ભેદસે, બાકી તો અગ્નિ તો ઉષ્ણ સ્વરૂપ હી હૈ ત્રિકાળી, ત્રિકાળ હૈ. સમજમેં આયા ? યે દૃષ્ટાંત દિયા હૈ, કળશટીકામેં. આ શ્લોક છે ને કળશટીકા હૈ ને રાજમલ્લની, રાજમલ્લકી કળશટીકા હૈ અલૌકિક રાજમલ્લ ટીકા. ભલે જગમોહનલાલજીએ કિયા હૈ, પણ પ્રભુ શું કહીએ ? વાસ્તવિક દૃષ્ટિકા વિષય ત્યાં ફેરફાર કર દિયા હૈ. વ્યવહારસે નિશ્ચય પ્રાપ્ત હોતા હૈ ઐસા ત્યાં લે લિયા હૈ. ઐસા નહીં હૈ પ્રભુ. સમજમેં આયા ? આયા હૈ ને ? પંડિતજીને ખબર હૈ ને ? ખબર હૈ પંડિતજીએ વાંચ્યા હૈ ને લિખા હૈ ઉસમેં પહેલે. આહાહા !

પ્રભુ શું કહીએ કહે છે. એ પર્યાયને આધીન દ્રવ્ય પ્રગટ હોતા હૈ ઐસા હૈ નહીં. નવતત્ત્વનો વિકલ્પ હૈ ને ભેદ હૈ ઉસકે આધીન આત્માકા ભાન હોતા હૈ ઐસા હૈ નહીં. આહાહા ! અને જો વ્યવહાર દયા, દાન, વ્રત, આદિ દેવ ગુરુ શાસ્ત્રની શ્રદ્ધા નવતત્ત્વની વ્યવહાર રત્નત્રય એ વ્યવહાર રત્નત્રય તો એક રાગ હૈ. સમજમેં આયા ? એ રાગમેં આત્મા આયા હી નહીં અને રાગસે આત્મા જાનનેમેં આતા હી નહીં. આહાહાહા ! સમજમેં આયા ?

( શ્રોતાઃ– રાગસે પ્રાપ્ત હો જાયેગા ? ) પ્રાપ્ત બિલકુલ હો જાતા નહીં. આહાહા ! પંડિતજી સ્પષ્ટીકરણ કરાતે હૈ. તીન કાળ તીન લોકમેં વ્યવહારકા વિકલ્પ ગમે તેટલા હો ઉસસે આત્માકી પ્રાપ્તિ હો નિશ્ચયકી તીન કાલ તીન લોકમેં નહીં. ( શ્રોતાઃ– ઐસા આપ કહેતે હો. ) ઐસા શાસ્ત્રકા દૃષ્ટાંત તો દેતે હૈ ને, આધાર તો દેતે હૈ. આહાહા ! શેઠ સ્પષ્ટ કરાતે હૈ.

કહા નહીં ? કે સંવર નિર્જરાકી પર્યાય ભી જો સમયે જે સમયે ઉત્પન્ન હોનેવાલી હૈ તે સમયે હોગી. જ્ઞેયકા સ્વરૂપ ઐસા બતાયા હૈ, પ્રવચનસાર 'જ્ઞેય અધિકાર', સમ્યગ્દર્શન અધિકાર, તો જ્ઞેયકા સ્વરૂપ ઐસા બતાયા ભગવાન કહેતે હૈ કે જો સમયે જો પર્યાય ઉત્પન્ન હોનેવાલી હૈ વહ ઉસકા જન્મકાળ હૈ, યે ઉત્પત્તિકા કાળ હૈ. કોઈ નિમિત્તસે હોતા હૈ કે દ્રવ્યગુણસે હોતા હૈ ઐસા ભી નહીં. આહાહા ! એક એક સમયકી પર્યાય, અહીં જીવની લઈએ. છયે દ્રવ્યોમાં છે તો છયે દ્રવ્યોમાં, જ્ઞેય અધિકાર ત્યાં છે. છયે દ્રવ્યો જો જ્ઞેય હૈ, એ જે સમયે જે પર્યાય ઉત્પન્ન હોનેવાલી હૈ યે ક્રમબદ્ધ, ક્રમસર, યે સમયે યે પર્યાય અપનેસે ઉત્પન્ન હોતી હૈ ષટકારક સે ઉત્પન્ન હોતી હૈ ચાહે તો મલિન પર્યાય ઉત્પન્ન હો કે નિર્મળ પર્યાય ઉત્પન્ન હો, પણ એ પર્યાય અપના ષટ્કારકસે ( ઉત્પન્ન હોતી હૈ ). કર્તા કર્મ ક્રિયા ષટકારક પર્યાય હોં, દ્રવ્યગુણ એકકોર રહી ગયા.

ષટ્કારકસે પરિણમીત પર્યાય હોતી હૈ. આહાહા ! ઐસે સમ્યગ્દર્શનકી પર્યાય ભી અપને ષટ્કારકસે ઉત્પન્ન હુઈ હૈ, પણ ઉસકા લક્ષ શ્રદ્ધાકા દ્રવ્ય ઉપર ગયા હૈ, તો દ્રવ્યકી શ્રદ્ધા કિયા ઐસા કહેનેમેં આયા હૈ. આહાહાહા ! માર્ગ બાપા આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરકા પંથ હૈ. આ કોઈ પામરકા પંથ નહીં. કહેતે હૈ કે યહ આત્મા વસ્તુ હૈ, યે પૂર્ણ જિન સ્વરૂપી હૈ એ. પરમાત્મ સ્વરૂપ હી આત્મા હૈ. પર્યાયકી બાત નહીં વસ્તુ. વસ્તુ તો પરમાત્મ સ્વરૂપ હી હૈ. વસ્તુ તો જિન સ્વરૂપ હી હૈ. સમજમેં આયા ?

વો કહા થા ને કલ નહીં ? "ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન." આહાહાહા ! એ જિન સ્વરૂપ હી પ્રભુ હૈ આત્મા. ત્રિકાળ સ્વરૂપ ઉસકા જિન સ્વરૂપ હી હૈ. આહાહા ! એ જિન સ્વરૂપી વસ્તુ પર્યાયમેં સંવર નિર્જરા ને મોક્ષ આદિ શુદ્ધ પર્યાય ને આસ્રવ પુણ્ય પાપ ને બંધ એ અશુદ્ધ પર્યાય એ હોતે છતેં નવતત્ત્વગતત્ત્વેઅપિ પર્યાયમેં હોતે છતેં પર્યાયમેં આયા નહીં. આહાહા ! ઓહોહો ! કહો શેઠ ! પૈસામાં અહીં નથી શેઠાઈ કરવી અહીંયા. આહાહાહા !

એ ભિન્ન આત્મજ્યોતિ યહ, યહ એ આત્મજ્યોતિ યહ ત્રિકાળી વસ્તુ એ શુદ્ધનયકે આધીન અંતરજ્ઞાનકી પર્યાય વો તરફ કિ ગઈ તો ઉસકે આધીન યે હૈ. ઐસા પ્રગટ હુવા હૈ. આહાહા ! વો વ્યવહારકે આધીનસે નિશ્ચય પ્રગટ હોતા હૈ ઐસા યહાં હૈ નહીં. વસ્તુકા સ્વરૂપ ઐસા નહીં. આહાહાહા ! સમજમેં આયા ? કયા કરે ! પ્રભુકા વિરહ પડયા, ત્રણ લોકના નાથ રહી ગયા ત્યાં, કેવળજ્ઞાનકી ઉત્પત્તિકા અભાવ હુવા, એ સમયે આ તત્ત્વકા બોધ કરાના અને કરના બહોત અલૌકિક બાત હૈ ભાઈ ! આહાહાહા ! સમજમેં આયા ? આહાહાહા !

શુદ્ધનયકે આધીન આયત્તં છે ને આયત્તં, એટલે કે જે જ્ઞાનનો અંશ અંતર દ્રવ્ય સ્વભાવ તરફ ગયો, ઉસકો આ આત્મા હૈ, નિત્યાનંદ પ્રભુ, સહજાત્મ સ્વરૂપ, જિન સ્વરૂપ ઐસા પર્યાયમેં ભાન હુવા તો ઉસકો પ્રગટ હુવા. ૧૧મી ગાથામેં તો કહા હૈ. ૧૧મી ગાથા હૈ ને ? 'વ્યવહારો અભુયત્થો' ત્યાં ટીકામેં ઐસા લિયા હૈ કે જ્ઞાયકભાવ તિરોભૂત હો ગયા હૈ – ઓ જ્ઞાયકભાવ આવિર્ભાવ હુઆ. ઐસા પાઠ હૈ ટીકામેં– ઉસકા અર્થ કયા ? જ્ઞાયકભાવ જો વસ્તુ હૈ વો તિરોભાવ હો ગયા હૈ, ઐસા કહા. જ્ઞાયકભાવ તો કોઈ દિ' તિરોભાવ હોતા નહીં, પણ જિસકો ખબર નહીં, તો ઈસકો જ્ઞાયકભાવ હૈ નહીં તો તિરોભાવ હો ગયા, હૈ તો હૈ. પાઠ ઐસા હૈ ટીકામેં કે જ્ઞાયકભાવ તિરોભાવ હો ગયા. અરે પ્રભુ જ્ઞાયકભાવ તિરોભાવ ? જ્ઞાયકભાવ તો ત્રિકાળ એકરૂપ હી હૈ. તિરોભાવ ને આવિર્ભાવ ઉસકો લાગુ પડતે હી નહીં. આહાહાહા ! સમજમેં આયા ? ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહેતે હૈ કે ( જ્ઞાયકભાવ ) તિરોભૂત હો ગયા હૈ. ઉસકા અર્થ ? રાગ અને પુણ્ય ને પર્યાયબુદ્ધિમેં વો હૈ વો ઢંક ગયા હૈ ઉસકો. આહાહાહા ! ઔર દ્રવ્ય બુદ્ધિવાલેકો ( જ્ઞાયકભાવ ) હૈ ઐસા ભાન હુવા તો ઉસકો જ્ઞાયકભાવ આવિર્ભાવ હુવા ઐસા કહેનેમેં આતા હૈ. જ્ઞાયકભાવ તો હૈ યહ હૈ. સમજમેં આયા ? આ તો પ્રભુનો માર્ગ છે બાપા ! આહાહા ! આ કોઈ પંડિતાઈનો વિષય નથી આ. હેં ? અમારે પંડિતજી ના પાડતે હૈ. વાત સાચી, ઐસા હૈ ભગવાન. આહાહા !

હૈ વો ચીજ ત્રિકાળ અનંત આનંદનો પૂંજ અને અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ સામાન્ય ધ્રુવ એ આત્મજ્યોતિ શુદ્ધનયકે આધીન પ્રગટ હોતી હૈ. અર્થાત્ હૈ તો હૈ હી. પ્રગટ હી હૈ ત્રિકાળ,

વ્યક્ત હી હૈ. આહાહા ! પણ દૃષ્ટિ જબ શુદ્ધનયકી ત્યાં ગઈ, ત્યારે ઉસકો આ હૈ ઐસા પ્રગટ હુવા. હૈ એ તો હૈ હી. સમજમેં આયા ? ભાઈ આ તો ભગવાનની કથા હૈ. આ કોઈ વાર્તા કથા નહીં સાધારણ પ્રભુ ! તેરી પ્રભુતાનો પાર નથી નાથ. આહાહા ! તેરી શક્તિ એક એકમેં પ્રભુતા પૂર્ણ પડી હૈ. ઐસી અનંતી શક્તિ પ્રભુતાસે ભરી પડી હૈ, આહાહા ! ઐસા અનંત શક્તિનો એકરૂપ સાગર ભગવાન દ્રવ્ય. આહાહાહા ! એ અંતરનો વિષય નિશ્ચયનય છે. ત્યાં ગયે તો ઉસકે આધીન યે હૈ ઐસા ખ્યાલમેં આયા. તો પ્રગટ હુઆ એમ કહેનેમેં આયા. આહાહા !

કે જો નવતત્ત્વમેં પ્રાપ્ત હોને પર ભી જેમ એ અગ્નિ કાષ્ટની છાણાની છે, અગ્નિ તરીકે દેખો તો અગ્નિ અગ્નિરૂપે હૈ. એ કાષ્ટને આકારે અગ્નિ થઈ એ તો પર્યાય હુઈ. અગ્નિપણું જો હૈ એ તો કાયમ અગ્નિપણે હૈ. આહાહાહા ! સમજમેં આયા ? ભાઈ આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વર દેવે કહેલું તત્ત્વ, અરે એ તે કૌન હૈ ભાઈ ! આહાહા ! ભગવાન આત્મા જિસકી એક સમયકી પર્યાયમેં છ દ્રવ્ય જાનનેમેં આતા હૈ ઈતની તો પર્યાયકી તાકાત હૈ. કયા કહેતે હૈ ? એક સમયકી પર્યાય માને તબ તો છ દ્રવ્ય માન્યા તબ કહેનેમેં આતા હૈ. છ દ્રવ્ય માને નહીં ને પર્યાયકો માને નહીં તો ઉસને છ દ્રવ્યકો માન્યા નહીં ને પર્યાયકો માન્યા નહીં. આહાહાહા ! એક સમયકી પર્યાયમેં કળશટીકામેં લિયા હૈ બહોત, જિસમેં છ દ્રવ્ય હૈ, છ દ્રવ્યમેં તો અનંત સિદ્ધ હૈ, કેવળી હૈ, તીર્થંકર હૈ યહ સબ છ દ્રવ્યમેં આ ગયા. આહાહા ! જિસમેં એક પર્યાયમેં છ દ્રવ્યકો જાનનેકી તાકાત હૈ તો ઈતની પર્યાયકો માને તો છ દ્રવ્યકો માન્યા. અને છ દ્રવ્ય માન્યા, અનંતા સિદ્ધો કે પંચપરમેષ્ઠિ આદિ તો પર્યાય માની. છતાં એ પર્યાયમેં દ્રવ્ય ન આયા. આહાહા ! સ્વદ્રવ્ય ન આયા. આહાહા ! સમજમેં આયા ?

એ પર્યાય જબ સ્વ તરફ ઝૂકતી હૈ તબ શુદ્ધનયકા વિષય જો દ્રવ્ય હૈ ઉસકે આધીન હો ગઈ, એ દૃષ્ટિ હો ગઈ. ઓહોહો ! આ તો અનંત ચૈતન્ય રત્નાકર અનંત આનંદકા શાંતિકા સાગર ભગવાન આત્મા હૈ ઐસા જ્ઞાનકી પર્યાયમેં વો તરફકે ઝૂકનેસે ખ્યાલમેં આયા, તો યે પ્રગટ હુઆ ઐસા કહેનેમેં આતા હૈ. આહાહા ! અરેરે ! આવું કામ ભાઈ ! બાઈઓને બચારાને તો આખો દિ રાંધવું ને આ કરવું ને તેમાં આ વાતું, શું છે આ ? છોકરાઓ સાચવવા નાનાને મોટા કરવા આ નાના બિચારા, ભાઈ એમાંય પણ આત્મા કામ કરી શકે છે. આહાહા ! એ યોગસારમાં નહીં કહા ? ગૃહસ્થાશ્રમમાં કામ કરવા છતાં પણ હેયાહેયનું જ્ઞાન. યોગસારમાં આતે હૈ ! યોગીન્દ્ર દેવ ! ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં પણ હેયાહેયનું જ્ઞાન, રાગાદિ હેય હૈ અને સ્વરૂપ ઉપાદેય હૈ ઉસકા ભાન હૈ. આહાહા ! આહા ! સમજમેં આયા ? ગૃહ કામ કરવા છતાં ઐસા દો શ્લોક હૈ. યોગસાર, યોગીન્દ્ર દેવ ! હેયાહેયનું જ્ઞાન. આહાહા !

ભાઈ ઉસકો ભી પૂર્ણાનંદકા નાથ મોજૂદગી ચીજ, હૈયાતીવાળી ચીજ, હૈ ઐસા સ્વરૂપ જિસકો ત્રિકાળ. આહાહા ! ઉસકા દ્રવ્યકી દૃષ્ટિ હુઈ તો દૃષ્ટિમેં અને જ્ઞાનકી પર્યાયમેં ઉસકા ભાન આતા હૈ કે આ હૈ. ભલે ચાહે તો એ પર્યાયમેં દ્રવ્ય આયા નહીં, પણ પર્યાયમેં દ્રવ્યકા જિતના સામર્થ્ય હૈ ઉસકા જ્ઞાનમેં ઉસકા બોધ આ ગયા. સમજમેં આયા ? આહાહાહા ! એમ શ્રદ્ધાકી પર્યાયમેં પૂર્ણાનંદકા નાથ આયા નહીં, પણ વો પૂર્ણાનંદ સ્વરૂપ હૈ ઉસકી પ્રતીતિમેં ઈતની સામર્થ્ય આ ગઈ. આહાહાહા ! છતાં વો પર્યાય દ્રવ્યરૂપ હુઈ નહીં, અને વો દ્રવ્ય હૈ યે પર્યાયરૂપ

હુવા નહીં. દેખો તો ખરા તત્ત્વ પ્રભુકા. આ થોડુ ઘણું વાંચે તો એમ થઈ જાય કે જાણે કે આપણે સમજી ગયા. બાપુ મારગડા જુદા ભાઈ. આહાહા !

અપને એકત્વકો નહીં છોડતી. હૈ ? એકરૂપ ચીજ જો હૈ વહ નવતત્ત્વકી પર્યાય પરિણતિ ભલે હો પણ એકપણું ચિદાનંદનું નહીં છોડતી દૃષ્ટિ. આહાહાહા ! મોક્ષકી કેવળજ્ઞાનકી પર્યાય હો પ્રભુ. આહાહાહાહા ! અક્ષરને અનંતમેં ભાગે નિગોદમેં જ્ઞાનકી પર્યાય હો તો ભી ઉસકા જ્ઞાયકભાવ તો પરિપૂર્ણ હી હૈ ત્યાં. ઔર કેવળજ્ઞાનકી પર્યાય જે અનંત અનંત અનંત અનંત અનંત ગુણકી પર્યાય પ્રગટ હુઈ, અનંતા કેવળીઓ કેવળજ્ઞાનમેં જાનનેમેં આયા સિદ્ધ, એ પર્યાય પ્રગટ હુઈ ( તો ભી ) એ સમયે તો જ્ઞાયકભાવ તો પૂર્ણ હૈ ઈતના હી હૈ. આહાહા ! આ તો અગમ્યગમ્યની વાતું છે પ્રભુ. આટલી તાકાતવાળી પર્યાય બહાર આઈ તો ઉસમેં કોઈ શક્તિ ઘટી હૈ કે નહીં અંદરમેં ? ના. પૂર્ણાનંદમેં કુછ ઘટ વધ હૈ નહીં. એ એકત્વકો છોડતી નહીં. ઈતના અર્થ હુવા. સમજમેં આયા ? ભાષા તો સાદી છે. ભાવ તો પ્રભુ હૈ યહ હૈ. આહાહાહા !

**ભાવાર્થ:-** નવતત્ત્વમેં પ્રાપ્ત હુવા આત્મા પર્યાયપણે પરિણમનમેં દિખતા હૈ, અનેકરૂપ દિખાઈ દેતા હૈ. 'યદી ઉસકા ભિન્ન સ્વરૂપ વિચાર કિયા જાય' આહાહા ! તો વહ અપની ચૈતન્ય ચમત્કાર માત્ર જ્યોતિકો નહીં છોડતા. આહાહાહા ! ચૈતન્ય જ્યોતિ જ્ઞાયકભાવકા પૂર્ણરૂપ યે કભી ઉસને છોડા નહીં. આહાહા ! સમજમેં આયા ? બંધ ભાવકી પર્યાયમેં આયા તો ભી જ્ઞાયકભાવ કભી છૂટા નહીં. આહાહા ! ઔર કેવળજ્ઞાનકી પર્યાય, મુક્ત પર્યાય હૈ, તો ભી જ્ઞાયકભાવમેં કભી ઘટ નહીં હુવા, કમી નહીં હુવા, એ તો ઈતના ને ઈતના રહા હૈ. એ વસ્તુ બાપુ એ સ્વભાવ ઐસા હૈ. ક્ષેત્રકા સ્વભાવ દેખોને, ક્યાંય ક્યાંય અંત નહીં. કયા હૈ આ તે ? આહાહા ! દશેય દિશાએ ક્યાંય અંત નહીં. કયા હૈ આ ? તો ઓ જો ક્ષેત્રકા ક્યાંય અંત નહીં ઐસા ખ્યાલમેં ના આયે ઐસી ચીજ હૈ તો ભગવાન આત્મા ઐસી ચીજ હૈ કે કોઈ રાગકી પર્યાયસે કે પર્યાયબુદ્ધિસે ખ્યાલમેં આવે ઐસી ચીજ નહીં ભાઈ, આહાહા ! સમજમેં આયા ? આવું છે આમ જ સત્ય છે, ત્રિકાળ સત્ય ઐસા હૈ.

એ કહાને અહીંયા અપની ચૈતન્ય-ચમત્કાર-માત્ર જ્યોતિકો નહીં છોડતા. એ તો જિતના સ્વભાવ સામર્થ્ય હૈ, ચાહે તો કેવળજ્ઞાનમેં આવો કે ચાહે તો અક્ષર કે અનંતમેં ભાગમેં નિગોદમેં પર્યાય આવો. વસ્તુ તો હૈ વો હી હૈ પૂરણ. એ કયા હૈ બાપુ ? યે કોઈ સ્વભાવકી જેમ ક્ષેત્રકા કયાંય અંત નહીં, ઐસા ક્ષેત્રકા કોઈ સ્વભાવ, ભાવકા અંત નહીં. અનંત ગુણકી સંખ્યાકા ગુણ અનંત અનંત અનંત અનંત અનંત અનંત યહાં પુરા હો ગયા. આહાહાહા ! સમજમેં આયા ? આહાહાહા ! એમ ભગવાન આત્મા પૂરણ સ્વરૂપ જો હૈ એ કભી એકત્વપણાકો છોડતે નહીં કભી. નરક ને નિગોદમેં પર્યાયમેં રહા છતાં એકત્વપણું છુટયા નહીં ઉસકો. આહાહા ! કયા હૈ આ ? ખ્યાલમેં તો ઐસે આયે કે કેવળજ્ઞાન હો તો પર્યાય ઈતના સામર્થ્યવાળી આઈ તો કોઈ ગુણમેં કમી હુઈ કે નહીં ? ભાઈ ! જેમ એ ક્ષેત્રકા સ્વભાવ કહાં પૂરા હુવા ! કાળકા પ્રવાહ કહાંસે શરૂ હુવા ? ધ્રુવકી પર્યાય કહાંસે શરૂ હુઈ ? આહાહા ! એ કોઈ અગમ્ય સ્વભાવ જ વસ્તુ હૈ બાપુ ! સમજમેં આયા ? ઐસે ભગવાન આત્મા કેવળજ્ઞાનકી પર્યાય હો કે મિથ્યાત્વકી પર્યાય હો કે સમ્યગ્દર્શનકી પર્યાય હો, વસ્તુ તો જ્ઞાયકભાવ જો હૈ વહ પૂરણ પૂરણ પડયા હૈ અંદર. સમજમેં આયા ?

## ગાથા - ૧૩

भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च।
आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं।।१३।।

भूतार्थेनाभिगता जीवाजीवौ च पुण्यपापं च।
आस्रवसंवरनिर्जरा बन्धो मोक्षश्च सम्यक्त्वम्।।१३।।

अमूनि हि जीवादीनि नवतत्त्वानि भूतार्थेनाभिगतानि सम्यग्दर्शनं सम्पद्यन्त एव, अमीषु तीर्थप्रवृत्तिनिमित्तमभूतार्थनयेन व्यपदिश्यमानेषु जीवाजीवपुण्यपापास्रव-संवरनिर्जराबन्धमोक्षलक्षणेषु नवतत्त्वेष्वेकत्वद्योतिना भूतार्थनयेनैकत्वमुपानीय शुद्धनयत्वेन व्यवस्थापितस्यात्मनोऽनुभूतेरात्मख्यातिलक्षणायाः सम्पद्यमानत्वात्। तत्र विकार्यविकारकोभयं पुण्यं तथा पापम्, आस्राव्यास्रावकोभयमास्रवः, संवार्यसंवारकोभयं संवरः, निर्जर्यनिर्जरकोभयं निर्जरा, बन्ध्यबन्धकोभयं बन्धः, मोच्यमोचकोभयं मोक्षः, स्वयमेकस्य पुण्यपापास्रवसंवरनिर्जराबन्धमोक्षानुपपत्तेः। तदुभयं च जीवाजीवाविति। बहिर्दृष्ट्या नवतत्त्वान्यमूनि जीवपुद्गलयोरनादिबन्धपर्यायमुपेत्यैकत्वेनानुभूयमानतायां भूतार्थानि, अथ चैकजीवद्रव्यस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थानि। ततोऽमीषु नवतत्त्वेषु भूतार्थनयेनैको जीव एव प्रद्योतते। तथान्तर्दृष्ट्या ज्ञायको भावो जीवो, जीवस्य विकारहेतुरजीवः। केवलजीवविकाराश्च पुण्यपापास्रवसंवरनिर्जराबन्धमोक्षलक्षणाः, केवलाजीवविकारहेतवः पुण्यपापास्रवसंवरनिर्जराबन्धमोक्षा इति। नवतत्त्वान्यमून्यपि जीवद्रव्यस्वभावमपोह्य स्वपरप्रत्ययैकद्रव्यपर्यायत्वेनानुभूयमानतायां भूतार्थानि, अथ च सकलकालमेवास्खलन्तमेकं जीवद्रव्यस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थानि। ततोऽमीष्वपि नवतत्त्वेषु भूतार्थनयेनैको जीव एव प्रद्योतते। एवमसावेकत्वेन द्योतमानः शुद्धनयत्वेनानुभूयत एव। या त्वनुभूतिः सात्मख्यातिरेवात्मख्यातिस्तु सम्यग्दर्शनमेव। इति समस्तमेव निरवद्यम्।

---

એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું તે સમ્યક્ત્વ છે એમ સૂત્રકાર ગાથામાં કહે છેઃ-

**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને**
**આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.**

ગાથાર્થઃ-[ भूतार्थेन अभिगताः ] ભૂતાર્થ નયથી જાણેલ [ जीवाजीवौ ] જીવ, અજીવ [ च ] વળી [ पुण्यपापं ] પુણ્ય, પાપ [ च ] તથા [ आस्रवसंवरनिर्जराः ] આસ્રવ, સંવર, નિર્જરા, [ बन्धः ] બંધ [ च ] અને [ मोक्षः ] મોક્ષ [ सम्यक्त्वम् ] -એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.

ટીકાઃ- આ જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે ( -એ નિયમ

કહ્યો ); કારણ કે તીર્થની ( વ્યવહારધર્મની ) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ ( વ્યવહાર ) નયથી કહેવામાં આવે છે એવાં આ નવ તત્ત્વો-જેમનાં લક્ષણ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે-તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી, શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ -કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે- તેની પ્રાપ્તિ હોય છે. ( શુદ્ધનયથી નવતત્ત્વને જાણવાથી આત્માની અનુભૂતિ થાય છે તે હેતુથી આ નિયમ કહ્યો. ) ત્યાં, વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર-એ બન્ને પુણ્ય છે, તેમ જ એ બન્ને પાપ છે, આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર-એ બન્ને આસ્રવ છે, સંવરરૂપ થવા યોગ્ય ( સંવાર્ય ) અને સંવર કરનાર ( સંવારક ) -એ બન્ને સંવર છે, નિર્જરવા યોગ્ય અને નિર્જરા કરનાર-એ બન્ને નિર્જરા છે, બંધાવા યોગ્ય અને બંધન કરનાર-એ બન્ને બંધ છે અને મોક્ષ થવા યોગ્ય અને મોક્ષ કરનાર-એ બન્ને મોક્ષ છે; કારણ કે એકને જ પોતાની મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉપપત્તિ ( સિદ્ધિ ) બનતી નથી. તે બન્ને જીવ અને અજીવ છે ( અર્થાત્ તે બબ્બેમાં એક જીવ છે ને બીજું અજીવ છે ).

બાહ્ય ( સ્થૂલ ) દૃષ્ટિથી જોઈએ તોઃ-જીવ-પુદ્‌ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં આ નવ તત્ત્વો ભૂતાર્થ છે, સત્યાર્થ છે, અને એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે; ( જીવના એકાકાર સ્વરૂપમાં તેઓ નથી; ) તેથી આ નવ તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એવી રીતે અંતર્દૃષ્ટિથી જોઈએ તોઃ-જ્ઞાયક ભાવ જીવ છે અને જીવના વિકારનો હેતુ અજીવ છે; વળી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ જેમનાં લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો છે અને પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ વિકારહેતુઓ કેવળ અજીવ છે. આવાં આ નવ તત્ત્વો, જીવદ્રવ્યના સ્વભાવને છોડીને, પોતે અને પર જેમનાં કારણ છે એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં ભૂતાર્થ છે અને સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એમ તે, એકપણે પ્રકાશતો, શુદ્ધનયપણે અનુભવાય છે. અને જે આ અનુભૂતિ તે આત્મખ્યાતિ ( આત્માની ઓળખાણ ) જ છે, ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે. આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે-બાધા રહિત છે.

ભાવાર્થઃ- આ નવ તત્ત્વોમાં, શુદ્ધનયથી જોઈએ તો, જીવ જ એક ચૈતન્ય-ચમત્કારમાત્ર પ્રકાશરૂપ પ્રગટ થઈ રહ્યો છે, તે સિવાય જુદાં જુદાં નવ તત્ત્વો કાંઈ દેખાતાં નથી. જ્યાં સુધી આ રીતે જીવતત્ત્વનું જાણપણું જીવને નથી ત્યાં સુધી તે વ્યવહારદૃષ્ટિ છે, જુદાં જુદાં નવ તત્ત્વોને માને છે. જીવ-પુદગલના બંધપર્યાયરૂપ દૃષ્ટિથી આ પદાર્થો જુદા જુદા દેખાય છે; પણ જ્યારે શુદ્ધનયથી જીવ-પુદગલનું નિજસ્વરૂપ જુદું જુદું જોવામાં આવે ત્યારે એ પુણ્ય, પાપ આદિ સાત તત્ત્વો કાંઈ પણ વસ્તુ નથી; નિમિત્ત-નૈમિત્તિક ભાવથી થયાં હતાં

**તે નિમિત્ત-નૈમિત્તિક ભાવ જ્યારે મટી ગયો ત્યારે જીવ-પુદગલ જાુદાં જાુદાં હોવાથી બીજી કોઈ વસ્તુ ( પદાર્થ ) સિદ્ધ થઈ શકતી નથી. વસ્તુ તો દ્રવ્ય છે ને દ્રવ્યનો નિજભાવ દ્રવ્યની સાથે જ રહે છે તથા નિમિત્ત-નૈમિત્તિક ભાવનો તો અભાવ જ થાય છે, માટે શુદ્ધનયથી જીવને જાણવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે. જ્યાં સુધી જાુદા જાુદા નવ પદાર્થો જાણે, શુદ્ધનયથી આત્માને જાણે નહિ ત્યાં સુધી પર્યાયબુદ્ધિ છે.**

## પ્રવચન નં. ૫૮ ગાથા-૧૩

હવે ગાથા ૧૩.

भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च।
आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं।।१३।।

ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને
આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.

ઉસકા ગાથાર્થ લઈએ, આ તો ૧૯ મી વાર ચલતે હૈ. સમયસાર ૧૯ મી વાર સભામેં ચલતે હૈ. પંડિતજી ! સમયસાર ૧૮ વાર પહેલેસે ઠેઠ પૂરા સભામેં ચલ ગયે હૈ. આ ૧૯ મી વાર એક ઔર નવ. ( શ્રોતાઃ– એક એ દ્રવ્ય અને નવ એ તત્ત્વ. ) હૈં ? એ પર્યાય હૈ. દ્રવ્ય તો હૈ. યહ હૈ. આહાહા ! સામાન્યકો તો ઐસા લગે કે આ ક્ષેત્રકા અંત કહીં નહીં ? કહીં હોગા નહીં ? કયા પીછે કયા હૈ કયા હૈ સૂન તો સહી, ઐસે ભગવાનકી જ્ઞાન પર્યાય ઉત્પન્ન હુઈ તો ભી સ્વભાવમેં બિલકુલ અપૂર્ણતા, ઘટ હુઈ ( નહીં ) પૂર્ણાનંદકા નાથ પૂરણ સ્વરૂપસે ભરા પડા હૈ.

એ સ્વભાવની વાતું પ્રભુ બહુ સૂક્ષ્મ હૈ. આહાહા ! સાધારણ પ્રાણી બિચારા કહેતે હૈ ને આ ઈશ્વરે કિયા. કારણકે એ વાત એને બેઠી નહીં ને હૈ હૈ આ હૈ. દ્રવ્ય હૈ પર્યાય હૈ એ ભી અનાદિ હૈ. આહાહા ! અને સિદ્ધ ભી અનાદિ હૈ એમ નહીં કે સંસાર પહેલે ને પીછે સિદ્ધ હુવા, આ કયા હૈ ? આહાહા ! સંસાર ભી અનાદિ હૈ ને સિદ્ધ ભી અનાદિ હૈ. આહાહા ! સમજમેં આયા ? ઐસે ભગવાન આત્મા ચાહે જિતની બંધ પર્યાયમેં નાસ્તિકકી પર્યાય મિથ્યાત્વકી હુઈ તો જ્ઞાયકભાવ તો જૈસા હૈ વૈસા હી હૈ. આહાહા ! એ ભૂતાર્થનયસે જ્ઞાત, હૈ ?

ગાથાર્થઃ– જીવ, અજીવ, 'જીવ'નો અર્થ ઓલો ત્રિકાળી નહીં લેના અહિંયા, ઉસકી એક સમયકી પર્યાય. નવતત્ત્વમેંસે ભિન્ન બતાના હૈ ને ? તો જીવસે ભી જીવ ભિન્ન હૈ. તો જીવકી એક સમયકી પર્યાયસે ભિન્ન હુવા. આહાહાહા ! જ્ઞાનચંદજી ! આહાહા ! નવ લેના હૈ ના ? તો નવમેં જીવ દ્રવ્ય આખા આ જાયે તો તો નવપર્યાય હોતી નહીં. એક સમયકી પર્યાય જો જીવકી હૈ ઉસકો યહાં જીવ કહા નવમેં. 'અજીવ' અજીવ તો પર્યાયમેં આતા હી નહીં ને. અજીવરૂપ પર્યાય હોતી નહીં. પણ અજીવકા ખ્યાલ આયા કિ આ 'અજીવ' હૈ યે જ્ઞાનકી પર્યાયકો ત્યાં અજીવ કહા. અજીવકા જ્ઞાનકી પર્યાયકો 'અજીવ' કહા. સમજમેં આયા ? આહાહા ! આવો મારગ ! ઔર 'પુણ્ય પાપ' શુભ અશુભભાવ પર્યાયમેં હોતા હૈ ને ? ઔર આસ્રવ એ પુણ્ય પાપ દો હી મિલકર આસ્રવ હૈ, તત્ત્વાર્થ સૂત્રમેં સાત લિયા હૈ. યહાં નવ લિયા હૈ. તત્ત્વાર્થ સૂત્રમાં આસ્રવ કહેકર

પુણ્ય પાપકો ઉસમેં નાખકર આસ્રવ કહા. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, અને મોક્ષ. યહાં સ્થૂળ બાત સ્પષ્ટ કર દિયા હૈ. આસ્રવમેં દો ભાગ હૈ. પુણ્ય અને પાપ દો હી આસ્રવ હૈ. આહાહાહા ! દયા-દાન વ્રત ભક્તિ તપ આદિકા વિકલ્પ ઉઠતે હૈ, યે પુણ્ય તત્ત્વ હૈ. યે પુણ્ય તત્ત્વકે કાળમેં ભી ભગવાન તો જ્ઞાયક તત્ત્વ તદ્દન ભિન્ન હૈ. પાપ તત્ત્વકી પર્યાયકે કાળમેં ભી ભગવાન તો જ્ઞાયક તત્ત્વ તદ્દન ભિન્ન હૈ. આસ્રવ તત્ત્વકી પર્યાયકે કાળમેં ભી ભગવાન તો જિતના હૈ ઈતના હી હૈ. આહાહા ! હૈ ? આસ્રવ "સંવર" સંવર સચ્ચા લેના હોં. પહેલાં નવતત્ત્વકા જો અનાદિકા પરિણમન હૈ યે મિથ્યાત્વ હૈ. અનાદિ નવતત્ત્વ વો આયા હૈ કળશમેં કે નવતત્ત્વરૂપ પરિણમન મિથ્યાત્વ ભાવ હૈ. યે મિથ્યાત્વભાવમેં આ સંવર નિર્જરા મોક્ષ શુદ્ધ હૈ યહ નહીં લેના. સમજમેં આયા ? અહીંયા તો એ ભી લેના. કયા કહા ? સમજમેં આયા ? પહેલા આ ગયાને ? નવતત્ત્વકા આપણે કળશમેં લિયા હૈ. કળશમેં લિયા હૈ ને ? છઠ્ઠા કળશ મેં ? દેખો.

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ પુણ્ય પાપકા અનાદિ બંધ સંબંધકો છોડીને સંસાર અવસ્થામેં જીવ દ્રવ્ય નવતત્ત્વરૂપ પરિણમ્યા હૈ. તે તો વિભાવ પરિણતિ હૈ. નવતત્ત્વરૂપ વસ્તુકા અનુભવ મિથ્યાત્વ હૈ. એ નવમેં સંવર નિર્જરા શુદ્ધ એ નહીં લેના ત્યાં. દ્રવ્ય સંવર, દ્રવ્ય નિર્જરા અને દ્રવ્ય મોક્ષ એટલે બંધનો અભાવ. ઉસકો મોક્ષ ગિન કરકે નવતત્ત્વ લિયા હૈ. આહાહા ! કયોંકિ નવતત્ત્વકા અનુભવ તો મિથ્યાત્વ કહા, તો સંવર નિર્જરા હો તો મિથ્યાત્વ કહાંસે આયા ? સમજમેં આયા ? આહાહાહા !

યહાં જો નવતત્ત્વ હૈ, ઉસમેં તો સંવર શુદ્ધ હૈ, નિર્જરા શુદ્ધ હૈ, મોક્ષ તત્ત્વ ભી શુદ્ધ હૈ પર્યાય, આસ્રવ, બંધ એ અશુદ્ધ તત્ત્વ હૈ પર્યાય, પણ વો નવમેં વસ્તુ જો ત્રિકાળ ચીજ હૈ યે નવસે ભિન્ન હૈ, આહાહાહા ! આવું છે. અરે સંતોએ આવી સહેલી ભાષા લોકોને સમજાય એવી શૈલીએ ( જાહેર કરી ).

( શ્રોતાઃ- ગંભીર તો હૈ ) ગંભીર તો કોઈ પણ ચીજ ખ્યાલમેં લ્યો તો તમને એમ લાગે કે આ ક્ષેત્રનો અંત શું ? કયા ? નાસ્તિકને કહ્યું મેં એક વાર ૯૧ ની સાલમાં. વ્યાખ્યાનમેં આતા થા મહેરબાનજી દિવાન થા, જામનગરના પારસી થા, ૯૧-૯૧ કેટલા વર્ષ હુવા ? ૪૩ વર્ષ. વ્યાખ્યાન ૧૦૦ મી ગાથા ચલતી થી સમયસારની ૧૦૦ મી, સભા મોટી અહીં તો પ્રસિદ્ધિ મોટી હૈ ને પહેલે સે. આહાહા ! તો મહેરબાનજી દિવાન થા. બહોત ઐસા થા કે જિસને દરબાર હૈ ઉસકા ૧૦૦૦ કા પગાર થા. વો સમય તો ૧૨૦૦ કર દિયા. દોસો બઢા દિયા. તો ઉસકો ખબર પડી. કોણે આ ૧૨૦૦ ચઢાયા ? ડાહ્યાભાઈ !. આ દિવાન કહે છે, આ મહિનાના ૧૦૦૦ મેરા પગાર હૈ, ૧૨૦૦ કોણે લિખા ? સાહેબ દરબારે લિખા. દરબારે કયું લિખા ? કયા દરબારકા કોઈ કામ આયે તો મેરી સફારસ મેં ઉસકો ઢીલા કરી દઉં, ઐસા હૈ ? કેસ-કેસ રાજ્યકા કેસ હો. બસે મુજે પગાર મિલા વિશેષ તો ઉસકા કેસ મેં જીતાદું ઈસલિયે બસે વધાર્યા ? છોડ દી નોકરી નહીં કરની હૈ. ઐસા પારસી થા. દોસો પગાર તુમ રાજા બઢા દિયા તો તુમ્હારા રાજ્યકા કામ આયે તો મેં કાયદેસર ન કરું ફેરફાર કર દું એ માટે બસો પગાર દેતે હૈ હમકો વિશેષ ઐસા હમ નહીં લેતે. તો ઉસકા લડકા થા તો હમ વિહાર કરકે આયે તો... લડકા ભી આયા ઔર એક બડા થા

ડાકટર ઓ ભી આયા. અઢી હજારનો પગાર હતો. કીધું ભાઈ સુણો તમે કોઈ ન માનતા હો ભલે પણ મેં ઈતના કહેતા હું આ ક્ષેત્ર હૈ ને ક્ષેત્ર તો યે ક્ષેત્રકી પૂર્ણતા કહાં આઈ ? કયા હૈ ? વિચાર્યા હૈ કભી કીધું. નાસ્તિક ભી આ વિચારેગા કી નહીં ? અનંતને. પાંચને પાંચ વડે પાંચવાર ગુણે તો ઉસકો વર્ગ કહેનેમેં આતા હૈ. ઐસે અનંતમેં અનંતવાર ઐસે અનંતને અનંત એક વાર ગુણે જો આયા ઉસે પીછે અનંતવાર ઉસે પીછે ત્રીજીવાર અનંતવાર ઐસે અનંતકો અનંતવાર ગુણો તો અનંત વર્ગ હોતા હૈ. તો ઉસસે ભી પાર ક્ષેત્રકા નહીં હોતા હૈ. કયા હૈ આ ? ઐસે ખ્યાલમેં લિયા વિના માનના ઐસા નહીં.

જિસકા અંત નહીં ઐસી કોઈ ચીજ હૈ, તો ઉસકા જાનનેવાલેકા કયા કહેના પ્રભુ. ઈસકી હૈયાતીકી ઉસકો ખબર નહીં. અંત વિનાની ચીજ હૈ ઉસકો ખબર હૈ ? આહાહા ! જ્ઞાનકી પર્યાયમેં અહીંયા ઉસકી ખબર હૈ. યે અંત વિનાકી ચીજ હૈ યે જ્ઞાન જાનતા હૈ. યે જ્ઞાનકી પર્યાય ને ઉસકા ગુણ બાપુ એ શું ચીજ છે ?! આહાહાહા ! ભલે એક ગુણ હો પણ એ ગુણના અચિંત્ય અનંત અનંત અનંત અનંત સામર્થ્ય હૈ. આહા ! ઐસા ઐસા અનંત ગુણમેં એકેક ગુણકા રૂપ ને અનંત સામર્થ્ય હૈ, ઐસા જ્ઞાયકભાવ ત્રિકાળ એકરૂપ રહેતે હૈ. સમજમેં આયા ? આહાહા ! આ સંવર નિર્જરા બંધ છે ને ? મોક્ષ એ સબ નવ તત્ત્વ સમકિત હૈ. અર્થાત્ નવતત્ત્વ વ્યવહારસે કહા થા ઉસમેં એકીલા આત્મા નિકાલના, ઉસકા નામ સમકિત હૈ. વિશેષ કહેગા. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૫૯ ગાથા - ૧૩ તા. ૧૬-૮-૭૮ બુધવાર, શ્રાવણ સુદ-૧૩ સં. ૨૫૦૪

સમયસાર ! ૧૩મી ગાથા ટીકા હૈ ને ?

“યહ જીવાદિ નવતત્ત્વ” જીવાદિ નવતત્ત્વકા અર્થ યે હૈ કે જીવકી એક સમયકી પર્યાય ઔર અજીવકા જ્ઞાન ઔર પર્યાય, આસ્રવકી ઉત્પત્તિ પુણ્ય પાપકી ઓ પર્યાય, બંધ રાગમેં રૂક જાના એ બંધ પર્યાય ઔર સંવર શુદ્ધ ચૈતન્યકે અવલંબનસે જો રાગકા અભાવરૂપ સંવરરૂપ પર્યાય વો ભી પર્યાય હૈ. ઔર કર્મકી શુદ્ધતા હોકર અંતરમેં શુદ્ધતાકી ( પર્યાય ) પ્રગટ હોના સંવરમેં શુદ્ધતા જો હૈ ઉસસે શુદ્ધિકી વૃદ્ધિ હો ઐસી પર્યાયકો નિર્જરા કહેતે હૈ. ઔર રાગસે ઔર સર્વસે મુક્ત હોકર અપનેમેં પૂર્ણ આનંદકી પૂર્ણ જ્ઞાનકી પર્યાયકા હોના યે ભી નવતત્ત્વમેં એક પર્યાય હૈ. યે જીવાદિ નવતત્ત્વ સૂક્ષ્મ બાત હૈ. “ભૂતાર્થનયસે જાને હુએ” ઉસકા અર્થ એ કે નવકી પર્યાય જો હૈ ઉસકી દૃષ્ટિ છોડકર, ત્રિકાળી જ્ઞાયકભાવ જો સત્ય ધ્રુવ ચૈતન્ય પ્રભુ, ઉસકે આશ્રયસે એ ભૂતાર્થનયસે એ ત્રિકાળી જ્ઞાયકભાવ ઉસકે આશ્રયસે ઉત્પન્ન હોના એ ભૂતાર્થનયસે જાના હુઆ કહેનેમેં આતા હૈ. આહાહા !

ભૂતાર્થનયસે જાને હુએ નવતત્ત્વમેં પર્યાયકા ભેદ હૈ, ઉસકા લક્ષ છોડકર ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ હૈ, ભૂતાર્થ છતો પદાર્થ હૈ. પરિપૂર્ણ આનંદ ને પરિપૂર્ણ અતીન્દ્રિય જ્ઞાનસે ભરા પ્રભુ, જે નવતત્ત્વમેં કભી એક પર્યાયમેં આયા નહીં. આહાહા ! ઐસા જો ભૂતાર્થ નામ ત્રિકાળી જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય, ઉસકી નયસે એટલે ઉસકી દૃષ્ટિસે જાને હુએ સમ્યગ્દર્શન હૈ. આહાહાહાહા !

નવકી પર્યાયમેંસે લક્ષ છોડકર ત્રિકાળી જ્ઞાયકભાવકા લક્ષ કરકે ( જો ભાવ ) ઉત્પન્ન હોતા હૈ, ઉસકો સમ્યગ્દર્શન કહેતે હૈ, ધનાલાલજી ! આહાહા ! ધર્મકી પહેલી સીઢી, ધર્મકી પહેલી શરૂઆત વહાં સે હોતી હૈ. બાકી પુણ્ય ને દયા દાન ને વ્રત આદિ વિકલ્પ હો વો કોઈ ધર્મ નહીં. આહાહા ! વો કોઈ સમ્યગ્દર્શન નહીં, ઔર વો સમ્યગ્દર્શનકા એ કારણ ભી નહીં. આહાહા ! નવતત્ત્વકી પર્યાય જો હૈ, અહીંયા જીવકી એક સમયકી પર્યાયકો 'જીવ' તત્ત્વમેં યહાં નવમેં ગિનનેમેં આયા હૈ. સમજમેં આયા ? યે નવ પર્યાયકી યોગ્યતાસે પર્યાયમેં હોતા હૈ. પણ ઉસમેંસે નવ પ્રકારકી પર્યાયકા લક્ષ છોડકર ત્રિકાળી ચૈતન્ય ભગવાન ભૂતાર્થ, છતો પદાર્થ, ધ્રુવ ઉસકે નયસે દેખનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. ઐસા હોને પર ભી સમ્યગ્દર્શનકી પર્યાયમેં યે ત્રિકાળીભાવ આતા નહીં. કયા કહા ? જુગરાજજી છે ? જુગરાજજી ગયા. સમજમેં આયા ? નવની વ્યાખ્યા પીછે કરેગા. અભી પણ ઉસમેંસે પર્યાય ઉપરકા લક્ષ ભેદ ઉપરકા લક્ષ છોડકર, ભેદ હૈ, મોક્ષકી પર્યાય ભી હૈ, સંવર, નિર્જરાકી પર્યાય ભી હૈ, નવમેં કિતના અશુદ્ધ પર્યાય હૈ ને કિતની શુદ્ધ હૈ. પુણ્ય ને પાપ આસ્રવ બંધ વો અશુદ્ધ હૈ ઔર સંવર નિર્જરા એ શુદ્ધની અપૂર્ણતા હૈ, ઔર મોક્ષની પર્યાય શુદ્ધની પૂર્ણતા હૈ, પણ વો સબ પર્યાય હૈ. આહાહા !

ઉસમેંસે ભૂતાર્થ જ્ઞાયક પ્રભુ અતીન્દ્રિય આનંદકા કંદ ધ્રુવ ચૈતન્ય પ્રભુ જો કભી આસ્રવકી અને બંધકી પર્યાયમેં તો આયા નહીં પણ વો સંવર નિર્જરા અને મોક્ષકી પર્યાયમેં ભી કભી જ્ઞાયક આતા નહીં. આહાહાહા ! છતેં ઉસકા દૃષ્ટિ કરનેસે, પર્યાયમેં સમ્યગ્દર્શન હોતા હૈ, તો યે સમ્યગ્દર્શનકા વિષય ત્રિકાળી હૈ, ઉસકી શ્રદ્ધા હોતી હૈ. ઔર વર્તમાન જ્ઞાનમેં, ત્રિકાળી ચીજકા જ્ઞાન હોતા હૈ. છતાં જ્ઞાનકી પર્યાયમેં ઔર શ્રદ્ધાનકી પર્યાયમેં યે ત્રિકાળી દ્રવ્ય આતા નહીં. આહાહાહા ! સૂક્ષ્મ વિષય હૈ. ગાથા ઐસી આ ગઈને. આહા !

જીવાદિ નવ તત્ત્વ ભૂતાર્થનયસે જાને હુએ. આહાહા ! સારા એકરૂપ ચીજ જો ધ્રુવ સદૃશ્ય સામાન્ય એક અખંડ ત્રિકાળી નિરાવરણ, અખંડ, એક, પ્રત્યક્ષ પ્રતિભાસમય ચીજ જો હૈ, જ્ઞાનકી પર્યાયમેં પ્રત્યક્ષ પ્રતિભાસ હોતા હૈ. ઐસી જો ત્રિકાળી ચીજ અવિનશ્વર કભી નાશવાન હોતા નહીં. પર્યાયકી નાશવાનમેં અવિનાશી કભી આતા નહીં. ઐસા પરમપારિણામિકભાવ, પરમપારિણામિક ભાવલક્ષણ ઐસા સહજ પરમાત્મ તત્ત્વ, જો યહાં ભૂતાર્થ કહેનેમેં આયા હૈ, યે સહજ પરમાત્મ તત્ત્વ યે મૈં હું. આહાહા ! સમજમેં આયા ?

( શ્રોતાઃ- પર્યાય સે દ્રવ્ય ભિન્ન રહેતા હૈ યહ સમજમેં નહીં આતા બરાબર ? ) પર્યાયને દ્રવ્ય તો દો ભિન્ન હી હૈ. પર્યાયમેં દ્રવ્ય આતા નહીં. પણ પર્યાય સમ્યગ્દર્શનકી પર્યાયમેં દ્રવ્ય આતા નહીં. પણ દ્રવ્યકી જિતની તાકાત હૈ ઉતના સામર્થ્યકી પ્રતીતિ હોતી હૈ. સામાન્ય જો ત્રિકાળી વસ્તુ હૈ ઉસકી પ્રતીતિમેં ઉસકા પૂર્ણ સામર્થ્ય આતા હૈ. પણ વો ચીજ નહીં આતી. અરે ! આહાહા !

ભાઈ આ તો અપૂર્વકી બાત હૈ. અનંત કાળમેં કિયા નહીં અને વર્તમાનમેં તો ગરબડ ઐસી હો ગઈ હૈ કે આ વ્રત કરો ને અપવાસ કરો ને પડિમા ધારણ કરો ને ઉસસે ધર્મ હો જાયેગા. શેઠ ! આ શેઠિયાને બહારમાં પ્રવૃત્તિ કરે એટલે એનાથી ધર્મ હો જાયેગા જાણે. ઉસમેં તો રાગ મંદ હોતા હો, તો પુણ્ય હૈ અને પુણ્ય એ આત્મા નહીં. આહાહાહા ! પુણ્યકા પરિણામની

સમીપમેં અંતરકી સમીપમેં ધ્રુવ ચૈતન્ય પડા હૈ, અરે સંવર નિર્જરાકી પર્યાયમેં એક સમયકી પર્યાયમેં સમીપમેં જો ધ્રુવ પડા હૈ. ઉસકી દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. આમ છે પ્રભુ ! તેરી પ્રભુતાનો પાર નથી નાથ. આહાહા !

( શ્રોતાઃ– ઐસી બાત સૂનને મિલતી નહીં. ) નહીં મિલતી ભાઈ, બાપુ શું થાય. અરેરે ! પરમાત્માના વિરહ પડયા ભરતક્ષેત્રમેં, સર્વજ્ઞ પરમાત્મા રહા નહીં. ઔર સર્વજ્ઞકી પર્યાય ઉત્પન્ન હોનેકે લાયક જીવ રહા નહીં. આહાહા ! એ કાળમેં પ્રભુ સમ્યગ્દર્શન કયા ચીજ હૈ ઔર ઉસકા વિષય કયા હૈ એ અલૌકિક બાતે હૈ પ્રભુ. આહા !

યહાં તો કહેતે હૈ કે નવતત્ત્વકી પર્યાયમેં નવ ભેદ હૈ, પણ ઉસમેંસે એકીલા આત્મા ત્રિકાળી, આહાહાહા ! વર્તમાન પર્યાયકો, બહિર્લક્ષમેં જો હૈ એ પર્યાયકો અંતર્લક્ષમેં કરનેસે, ભૂતાર્થ નામ ત્રિકાળી ભગવાન આત્મા, દૃષ્ટિમેં શ્રદ્ધામેં ને જ્ઞાનમેં આતા હૈ, યે દૃષ્ટિકો સમ્યગ્દર્શન કહેનેમેં આતા હૈ. આહાહાહા !

હૈ ? જીવાદિ નવતત્ત્વ પર્યાય, ભેદ, ભૂતાર્થનયસે ઉસમેંસે એકરૂપ ત્રિકાળીકો દેખનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. યે સમ્યગ્દર્શન 'હી' હૈ એમ શબ્દ પડા હૈ સંસ્કૃત. સમ્યગ્દર્શન જ એ હૈ. દૂસરા સમ્યગ્દર્શન હૈ હી નહીં. સમજમેં આયા ? નવતત્ત્વકા ભેદકી શ્રદ્ધા, એ સમ્યગ્દર્શન હૈ હી નહીં. આહાહા ! ઔર નવતત્ત્વમેં સંવર નિર્જરા જો હૈ, આહા... યે નિશ્ચયસે તો ઉસકો પરદ્રવ્ય કહેનેમેં આયા હૈ નિયમસારમેં. પર્યાય હૈ ઉસકી નિર્મળ, એ સ્વદ્રવ્ય નહીં સ્વદ્રવ્ય તો ઉસસે ભિન્ન અખંડાનંદ પ્રભુ હૈ. આહાહા ! જ્ઞાનચંદજી ! આજ પંડિતજીકો બુખાર આયા હૈ ફુલચંદજીકો, આયા નહીં, બુખાર આયા હૈ. આહા ! પ્રભુ તુ કિતના હૈ અંદર ? આહાહા ! એ હમ તો હર વખતે વો હમારા આકાશકા દૃષ્ટાંત દેતે હૈ. આકાશકા અંત કહાં આયા પ્રભુ ? લક્ષમેં લ્યો વિચારમેં કે આકાશ આકાશ આકાશ આકાશ લોક પૂરા હો ગયા. પીછે અલોકમેં ભી આકાશ તો હૈ કિ એ આકાશ કહાં પૂરા હુઆ, હૈ અંત ? ક્યા ચીજ હૈ આ. આહાહા ! એ ક્ષેત્રકા ભી સ્વભાવ જ્યાં લક્ષમેં આનેકા મહા મુશ્કેલ, આકાશ પીછે પીછે પીછે પીછે અનંત અનંત અનંત અનંત અનંત જોજન ચલે જાવ એમને એમ લક્ષમેં તો ભી ક્યાંય અંત નહીં પ્રભુ, ઐસા જો આકાશ ઉસકા જો પ્રદેશ અનંત, આહાહા... ઉસસે ભી ભગવાન આત્મામેં અનંતગુણા ગુણ હૈ. ભાઈ ! એ શું ચીજ છે ? સમજમેં આયા ? ક્ષેત્રમેં તો અસંખ્ય પ્રદેશી શરીર પ્રમાણ હૈ ઉસકા, પણ ઉસકી સંખ્યા જો ગુણકી હૈ, પ્રભુ ગજબ બાત હૈ નાથ. આહાહા ! અહીં જ્ઞાન દર્શન ચારિત્ર આનંદ અસ્તિત્વ વસ્તુત્વ પ્રમેયત્વ કરતે કરતે કરતે અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત તો અનંતનો છેલ્લો આ ગુણ હૈ ઐસા કોઈ હૈ નહીં. કયા ચીજ હૈ આ. આહાહા ! હેં ? ઐસા જો અનંત અનંત અનંત અનંત અનંત ગુણકી સંખ્યાકા એકરૂપ, એ ભૂતાર્થ હૈ, આહાહા ! જિસમેં ગુણ ગુણીકા ભી ભેદ નહીં. સમજમેં આયા ?

નવતત્ત્વકી પર્યાયકા ભી ભેદ જિસકી દૃષ્ટિમેં નહીં, ઔર અનંત અનંત અનંત ગુણ હૈ ને આ ગુણકા ધરનેવાલા ગુણી હૈ, ઐસા ભેદ ભી જિસમેં નહીં એ સમ્યગ્દર્શનકા વિષય ભૂતાર્થ ત્રિકાળ. આહા ! ઉસકી દૃષ્ટિસે સમ્યગ્દર્શન હી હોતા હૈ. આહાહાહા ! હૈ ? યહ નિયમ કહા. એ વસ્તુકા નિયમ કહા. આહાહાહાહા ! ભાઈ ! આ શબ્દો કાંઈ કથા વાર્તા નહીં, આ તો ભગવત

સ્વરૂપકી કથા હૈ. આહાહા !

કયોંકિ તીર્થકી પ્રવૃત્તિકે લિયે તીર્થકી પ્રવૃત્તિકા અર્થ ? વ્યવહારનયસે તીર્થ ઉત્પન્ન હોતા હૈ ઐસા યહાં નહીં. પણ જો ચોથું પાંચમું છઠ્ઠું ગુણસ્થાન આદિ હોતા હૈ, યે પર્યાય હૈ ને વો તીર્થ સ્વરૂપ હૈ. યે તીર્થકી પ્રવૃત્તિકે લીયે, પર્યાયના ભેદો હૈ યે તીર્થ નામ દર્શન જ્ઞાન ચારિત્રના ઓછી અધિક પર્યાયકા ભેદ યે પ્રવૃત્તિ કે લીયે અભૂતાર્થનયસે કહા જાતા હૈ. નવ કયોંકિ પર્યાય ન હો તો ધર્મેય નહીં. પર્યાય ન હો તો સંવર નિર્જરા ને મોક્ષ ભી નહીં. યે ભેદ નામ પર્યાય તીર્થની પ્રવૃત્તિને અર્થે, ઉસસે તીર્થ ઉત્પન્ન હોતા હૈ ઐસા યહાં નહીં, પર્યાયમેંસે તીર્થ ઉત્પન્ન હોતા હૈ ઐસા નહીં. એ પર્યાય પોતે તીર્થરૂપ હૈ, ભેદ. સમજમેં આયા ? આહાહા ! ચોથું ગુણસ્થાન કયોંકિ ચૌદ ગુણસ્થાન એ દ્રવ્યમેં હૈ નહીં, ને ચૌદ ગુણસ્થાન એ તીર્થ નામ પર્યાયના ભેદમેં હૈ તો ભેદમેં હૈ યે બતાનેકો તીર્થકી પ્રવૃત્તિકે લીયે, ઉસકા નામ પર્યાયકા પરિણમનકા જ્ઞાન કરાનેકે લિયે, આહાહા ! ઉસમેંસે ઐસા અર્થ નિકાલતે હૈ વ્યવહારનયસે તીર્થ પ્રવૃત્તિમેં હોતા હૈ. વ્યવહારનયસે હોતા હૈ ઐસા યહાં હૈ નહીં. યહાં તો પર્યાયમેં પ્રવૃત્તિ જો હૈ યે ભેદકી પ્રવૃત્તિ હૈ, એ તીર્થકી નામ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી ઓછી વત્તી દશાકા પ્રવર્તન હૈ. ઉસકો યહાં તીર્થકી પ્રવર્તના કહેનેમેં આતા હૈ. સૂક્ષ્મ વિષય હૈ. ભાઈ ! એણે કદી નિજકા પત્તા લિયા નહીં. એક સમયકી પર્યાયકે પીછે સારા ધ્રુવ તળમેં તળીયા પાતાળ પડયા હૈ અંદર. આહાહાહા ! પાતાળ કૂવા હોતા હૈ ને ? ઐસે એક સમયકી નવકી પર્યાયકે પીછે, આહાહાહાહા ! પાતાળ કૂવાની પેઠે મહા ધ્રુવ ધ્રુવ ધ્રુવ આહાહાહા... ઉસકા આશ્રય લેનેસે સમ્યગ્દર્શન હોતા હૈ, તો કહે નવ કહા કયું ? કે પર્યાયમેં નવભેદ હૈ અને વ્યવહારનયકા વિષય ચોથુ ગુણસ્થાન પાંચમું, છઠ્ઠું, સાતમું અરે તેરમું એ સબ વ્યવહારનયકા વિષય હૈ. આહાહા ! સમજમેં આયા ?

પર્યાયકા ભેદ એ વ્યવહારનયકા વિષય હૈ અને એ તીર્થ ઉસમેં આતા હૈ. ચોથું પાંચમું છઠ્ઠું સાતમું ને દશમુંને સિદ્ધ એ તીર્થની પ્રવૃત્તિના પરિણમનમેં ઐસા હોતા હૈ એ બતાનેકો અભૂતાર્થનયસે વ્યવહારનયસે નવતત્ત્વ કહા, આહાહા ! અરે એની વાત તો જુઓ પ્રભુ. એમાં સમયસાર આહાહા... એમાં કુંદકુંદાચાર્યની વાણી અને અમૃતચંદ્રાચાર્ય સંત એના ટીકા કરનાર કેવળીના કેડાયતો છે. આહાહા ! એને યહાં કહે છે, પ્રભુ એક વાર સૂન તો સહી નાથ, ભગવંત્ એમ કહીને બોલાવે છે આચાર્ય. આહાહા ! પામરકો ભગવાન તરીકે બોલાતે હૈ પ્રભુ એમ કહેતે હૈ. આહાહા ! તેરી પ્રભુતામેં ભગવત સ્વરૂપ જો અંદર પડા હૈ. આહાહાહા ! ઐસી ત્રિકાળી સ્વરૂપ જો ભગવત સ્વરૂપ હૈ. આહાહાહા ! ભગ નામ અનંત આનંદ જ્ઞાન આદિ વાન સ્વરૂપ હૈ. ભગવંત્ ભગવાન સ્વરૂપ તેરા ત્રિકાળી. આહાહા ! જિન સ્વરૂપ હૈ યે, કહાને ? "ઘટ ઘટ અંતર જિન વસે ઘટ ઘટ અંતર જૈન મત મદિરા કે પાનસો મતવાલા સમજે ન." અપના અભિપ્રાયમાં પાગલ હુવા આહાહા... અપના મત મદિરા, મતરૂપી મદિરા દારૂ પીયા હૈ એ જિન સ્વરૂપ ત્રિકાળ હૈ ઉસકો યે જાનતે નહીં. બસ પર્યાયમેં હમ હૈ ઐસા મતવાલા હૈ. મતવાલા અપના મિથ્યા અભિપ્રાયસે ત્રિકાળી જિન સ્વરૂપ કયા ચીજ હૈ યે જાનતે નહીં. સમજમેં આયા ? એ ત્રિકાળી જિન સ્વરૂપ હૈ એ ભૂતાર્થ હૈ. આહાહા ! ભાઈ ! મારગ કોઈ અલૌકિક હૈ. એ ધર્મની પ્રવૃત્તિકે અર્થે અર્થાત્ પર્યાયમેં પરિણતિકે સમજાનેકે અર્થે, પર્યાયમેં પરિણતિ હોતી હૈ. યે પર્યાય

ઉસકો સમજાનેકે કારણ એ તીર્થની પ્રવૃત્તિ પર્યાય. સમજમેં આયા ? સામે હૈ ને પુસ્તક ? અભૂતાર્થનયસે કહા જાતા હૈ યે વ્યવહારનયસે કહેનેમેં આયા હૈ, નવપ્રકારકા પર્યાય, મોક્ષ ભી વ્યવહારનયસે કહેનેમેં આયા હૈ પર્યાય હૈ ને ? આહાહાહા ! મોક્ષમાર્ગ જો સંવર નિર્જરા હૈ યે ભી વ્યવહારનયસે કહનેમેં આયા હૈ. આહાહાહાહા ! હૈ કી નહીં ઉસમેં યે ?

( શ્રોતાઃ– ભેદરૂપ પરિણતિ કે લિયે ભી વ્યવહારનય ? ) કહાને આ પણ પરિણતિ પર્યાયમેં પરિણતિ હોતી હૈ. ઉસકો બતાનેકો વ્યવહારનયસે નવતત્ત્વ કહા હૈ. ( શ્રોતાઃ– તીર્થકી પ્રવૃત્તિ માને ધર્મ કરનેકી પ્રવૃત્તિ ? ) ધર્મકી પર્યાય હૈ યે તીર્થકી પ્રવૃત્તિ. ઉસસે તીર્થ હોતા નહીં. પ્રવૃત્તિ હૈ વ્યવહારનયસે તીર્થ પ્રગટ હોતા હૈ યે અહીં પ્રશ્ન હૈ નહીં. યહાં તો પર્યાયકી પ્રવૃત્તિ હોતી હૈ યે તીર્થકી પ્રવૃત્તિ. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ચોથે પાંચમે છઠ્ઠે સાતમે આઠમે નવમેં આદિ યે પર્યાય હોતી હૈ. યે પર્યાયકી પ્રવૃત્તિ યે તીર્થકી પ્રવૃત્તિ. યે ધર્મ પર્યાયસે હોતા હૈ ને પર્યાયકે આશ્રયે યે પ્રશ્ન અહીં હૈ નહીં. આહાહા ! સમજમેં આયા ?

ઝીણી વાત છે આ. પંડિતોને પણ પાણી ઊતરી જાય એવું છે આમાં તો. દેવીચંદજી ! કેવળજ્ઞાનકી પર્યાય ભી પર્યાય હૈ તો યે પર્યાયકી પ્રવૃત્તિ હોતી હૈ યે બતાનેકો નવતત્ત્વ બતાયા હૈ. આહાહાહા ! સમજમેં આયા ? ( શ્રોતાઃ– શાસ્ત્રકે સબ અર્થ ફીરા દિયા. ) વાત સાચી છે. ઉસકા જો અર્થ હૈ ઐસા કરતે હૈ, ઊંધા અર્થ કરતે થે તો ફીર દિયા. આહાહા ! પ્રભુ વીતરાગકા મારગ ભાઈ ! કયોંકિ વસ્તુ જો ત્રિકાળી વસ્તુ હૈ, જો સમ્યગ્દર્શનકા વિષય હૈ ઉસમેં તો ગુણસ્થાન ચૌદેય નહીં. જ્ઞાનચંદજી ! ઉસમેં ચૌદ ગુણસ્થાન હી નહીં. ઉસમેં તો મોક્ષ ભી નહીં. આહાહાહા ! યે તો ત્રિકાળી સ્વરૂપ હી હૈ. તો મુક્ત સ્વરૂપ હૈ. મુક્ત પર્યાય હોતી હૈ એ દૂસરી ચીજ. યે વસ્તુ હૈ યે તો મુક્ત સ્વરૂપ હી ત્રિકાળ હૈ. જિન સ્વરૂપ કહો મુક્ત સ્વરૂપ કહો. સમજમેં આયા ?

અભી આયા હૈ ને જાપાનમેંસે નહીં ? જાપાની માણસ એક ઐતિહાસિક શોધક હૈ બડા. બહોત શોધ કિયા ઉસને. ત્રેસઠ વર્ષકી ઉંમર હૈ. જાપાની માણસ ઔર ઉસકા લડકા સત્તર વર્ષકી ઉંમર હૈ તો ઉસને સારા ઇતિહાસ શોધકર જૈન ધર્મ કયા હૈ યે શોધ્યા. બહોત આયા હૈ, યે આયા હૈ દેખા ? દેખા કે નહીં ? પુસ્તક છે ભાઈ ! હેમરાજને પછી દેજો તો કહેતે હૈ પૂરા સ્વરૂપ તો કયાં ભાન નહીં ( ઊસકો ) પણ ઉસને ઐસા લિખા કે જૈન ધર્મ અનુભૂતિ સ્વરૂપ હૈ. ઉસને શોધકે લિખા યે જાપાની પરદેશી પણ શાસ્ત્ર શોધ કરતે કરતે શાસ્ત્ર શોધ્યા બહોત હજારો. કે જૈન ધર્મ કયા ? કે અનૂભુતિ સ્વરૂપ એ જૈન ધર્મ હૈ. યે રાગકી ક્રિયા ને દયાદાન ને વ્રત ભક્તિકા યે જૈન ધર્મ નહીં. શેઠ ! જાપાની માણસ બહોત ઐતિહાસિક હૈ. પણ આ તત્ત્વ આ તત્ત્વ તો આ તત્ત્વકી ખબર તો ઉસકો હૈ હી નહીં. આ તો હજી જૈનમાં અંદરમાં રહેલાને ભાન નહીંને તો ઉસકો બિચારા ( ને ક્યાંથી ભાન હોય ) પણ શોધ કર ઈતના નિકાલા દો બોલ હમ નિકાલે ઉસમેંસે કે જૈન ધર્મ કયા હૈ ? કે અનુભૂતિ જો ત્રિકાળી ચીજકા અનુભૂતિ તો યે અનુભૂતિ પર્યાય હૈ ને ત્રિકાળી તો, ઈતના બધા તો યે પહોંચ શકે નહીં જાપાની હૈ ને એક વાત ને દૂસરી બાત ઉસમેં લિખા હૈ કે આત્મા નિર્વાણ સ્વરૂપ હી હૈ, ઐસા લિખા હૈ તો આપણે ઉસકો કહેતે હૈ યે મુક્ત સ્વરૂપ હી હૈ. જો મુક્ત સ્વરૂપ ન હો તો પર્યાયમેં મુક્ત સ્વરૂપકી પર્યાય કહાંસે આયેગી ? તો

વો ભી એમ કહેતે હૈ, દેવીચંદજી ! યે દેખા હૈ ? વાંચ્યા હૈ ? નહીં વાંચ્યા હૈ, હવે વાંચજો હેમરાજજીકો દિયા હૈ, વાંચના. યે વાંચને લાયક હૈ થોડા. આહાહા ! અનુભૂતિ પીછે લિયા નિર્વાણ સ્વરૂપ. આહાહા ! નિર્વાણ સ્વરૂપ એ અનુભૂતિ સ્વરૂપ હૈ યે પર્યાય લિયા. પર્યાયકી એને તો ખબર ન હોય. પણ નિશ્ચયસે લો તો આત્મા અનુભૂતિ સ્વરૂપ હી હૈ ત્રિકાળ. કયા કહા ? ૭૩ ગાથા કર્તા કર્મ ૭૩ ગાથા મેં પર્યાયમેં જો ષટ્કારકકા પરિણમન હોતા હૈ ઉસસે અનુભૂતિ ભગવાન ભિન્ન હૈ ઐસા બતાયા હૈ. યે અનુભૂતિ યહાં ઉસમેં બતાના હૈ તો અનુભૂતિ પર્યાય બતાના હૈ પણ વસ્તુ અનુભૂતિ સ્વરૂપ એ ત્રિકાળ હૈ. આહાહા ! હવે આવી વાતું.

એ અનુભૂતિ ત્રિકાળ ૭૩ ગાથામેં કહા હૈ કર્તા કર્મમેં અનુભૂતિ ત્રિકાળ એ અનુભૂતિ હૈ. ઔર દૂસરા ત્યાં ભી લિયા હૈ પ્રવચનસાર આજ્ઞા લેતે હૈ ને સ્ત્રી પાસે ચરણાનુયોગ અધિકાર નહીં આયા ? એ સ્ત્રી પાસે આજ્ઞા લેતે હૈ કે, હે સ્ત્રી આ શરીરને રમાડનારી, મેરા આત્માકો રમાડનાર તો તું નહીં. આહા ! હે સ્ત્રી ! તું મેરેકો રજા દે. મેં મેરી અનાદિ અનુભૂતિકે પાસ જાના ચાહતા હું. આહાહાહાહા ! પ્રવચનસાર ચરણાનુયોગમેં હૈ. આહાહાહાહા ! એટલી બધી તો એ લોકોને શોધી નહીં શકે પણ આ તો ઈતના થોડા લિયા. આ તો અલૌકિક વાતું બાપા ! જૈનના પંડિતોને હજી એ ખબર પડતી નથી ત્યાં. આહાહા !

એ અનુભૂતિ સ્વરૂપ જ ભગવાન હૈ, પર્યાય નહીં એ ત્રિકાળી અનુભૂતિ સ્વરૂપ હૈ તો ઉસકે આશ્રયસે પર્યાય અનુભૂતિ હોતી હૈ. યે મુક્ત સ્વરૂપ હી હૈ. ભગવાન મુક્ત સ્વરૂપ, મોક્ષ ( મુક્ત ) પર્યાય નહીં. ત્રિકાળી દ્રવ્ય મુક્ત સ્વરૂપ હી હૈ. યે કળશમેં આતા હૈ. કળશમેં, સમયસારમેં કળશમેં આતા હૈ. 'સ એવ મુક્ત' આહાહા ! શ્લોક આવે છે ને, શ્લોક પાછળ છે. "એવ" 'મુક્ત એવ' અમૃતચંદ્રાચાર્યકા કળશ છે. બધી યાદગીરી કાંઈ થોડી યાદ રહે છે ? હમારા ક્ષયોપશમ તો ઈતના નહીં. ભાવ યાદ રહે. કહાં કયા પાઠ હૈ. આહાહાહા ! "મુક્ત એવ". આ બાજુ છે, શ્લોક હૈ, પાછળ છે સમયસારમેં. તો ઉસને કહા કે આત્મા નિર્વાણ સ્વરૂપ હૈ તો ઉસકા અર્થ, હૈં ? ( શ્રોતાઃ- ૧૯૮ કળશ-ગાથા ૩૧૮ પછી ) ૧૯૮ કળશ હૈ. ૩૧૮ મી ગાથા હૈ. આહાહા ! હા મિલા ૧૯૮. "शुद्धस्वभाव नियतः सः हि मुक्त एव" ૧૯૮ કળશ એક નવ ને આઠ, છે ? "સહિ મુક્ત એવ" આખિરકા શબ્દ હૈ. ભગવાન આત્મા "મુક્ત એવ" આહાહાહા ! મોક્ષકી ( મુક્તકી ) પર્યાયકી બાત આ નહીં. ભગવાન ! બીજી ભાષાએ કહીએ તો જે ૧૪ ને ૧૫ ગાથામાં અબદ્ધસ્પૃષ્ટ કહા હૈ ૧૪-૧૫ ગાથા અબદ્ધસ્પૃષ્ટ પસ્સદિ, જે કોઈ આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે તો યે જૈન શાસન દેખતે હૈ. તો ઉસકા અર્થ ? અબદ્ધ કહો કે મુક્ત કહો. બદ્ધસે રહિત કહો કે મુક્ત કહો. યે મુક્ત સ્વરૂપકો જે અંતરમેં દેખતે હૈ શુદ્ધ ઉપયોગસે યે શુદ્ધ ઉયપોગ જૈન શાસન હૈ. આહાહાહાહા ! યે વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ ઉઠતે હૈ, વો જૈન શાસન નહીં. આહાહાહા ! દેવીચંદજી ! આવી વાત છે ભાઈ. "સહિ મુક્ત એવ". એણે નિર્વાણ લિખા હૈ, પણ એને એટલી બધી કાંઈ ખબર ના હોય પણ આ તો. સમજમેં આયા ?

ભગવાન આત્મા જે આંહી ભૂતાર્થ કહા વો મુક્ત સ્વરૂપ હૈ, સમજમેં આયા ? યે મુક્ત સ્વરૂપકે લક્ષસે ઉસકા શુદ્ધનયકે આશ્રયસે યે ત્રિકાળ ભૂતાર્થકે મુક્ત સ્વરૂપકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહાહાહા ! હજી તો પહેલી દશા હજી તો પાંચમાં ને છઠ્ઠા ગુણ સ્થાનની વાતો બાપા

એ તો કોઈ અલૌકિક બાત હૈ. આહાહા ! અરે રે ! જનમ મરણ કરીને પ્રભુ તું થાક્યો નહીં ? ચોર્યાસીના અવતાર, આહાહા ! ચોર્યાસી લાખ યોનિમાં એકેક યોનિમાં અનંતવાર અવતાર કર્યાં. પ્રભુ તું થાક તેરે નહીં લાગ્યા ? એ થાક ઉતારનેકા સ્થાન તો પ્રભુ મુક્ત સ્વરૂપ વિશ્રામ સ્થાન યે હૈ. આહાહા ! એ ભૂતાર્થ જો કહા યે વિશ્રામ સ્થાન હૈ. આહાહા !

( શ્રોતાઃ– ઘડીકમાં મુક્ત એવ કહો ઘડીકમાં ભૂતાર્થ ? ) એ ભૂતાર્થ કહો કે ‘મુક્ત એવ’ દોનોં એક હી બાત હૈ. છતો પદાર્થ હૈ ત્રિકાળી એ મુક્ત સ્વરૂપ હી હૈ. રાગકા સંબંધ વિનાકી ચીજ એ હૈ. આહાહાહા ! ખરેખર તો પર્યાયકા સંબંધ વિનાની વો ચીજ હૈ. બાપુ મારગ વીતરાગનો ભાઈ એમાં આ જૈન દર્શનને એમાં દિગંબર દર્શન. આહાહા !

( શ્રોતાઃ– પર્યાય બિનાકી ચીજ હૈ ? ) પર્યાય બિનાકી ચીજ હૈ. ઉસકો યહાં મુક્ત સ્વરૂપ ને ભૂતાર્થ કહા. ઉસકો કબુલ કરતે હૈ પર્યાય. સમ્યગ્દર્શન એ પર્યાય હૈ. ધ્રુવકો ભૂતાર્થકો નિર્ણય કરતી હૈ પર્યાય. પણ વો પર્યાયકા સમ્યગ્દર્શનકી પર્યાય સમ્યગ્દર્શનકા વિષય નહીં. આહાહાહાહા ! સમ્યગ્દર્શનકી પર્યાય નવતત્ત્વમેં જાતા હૈ ભેદ. આહાહા ! ડાહ્યાભાઈ ! આવું સ્વરૂપ છે પ્રભુ તારું, તું કોણ છો અંદર.

આ દેહ તો માટીનો પિંડલો બાપુ જડ હૈ. અંદરમાં પુણ્ય અને પાપકા વિકલ્પ ઉઠતા હૈ યે સબ મેલ ને અચેતન ને જડ હૈ. એ જડમેં વર્ણ ગંધ રસ સ્પર્શ નહીં. આમેં, જડમેં આ વર્ણ ગંધ રસ સ્પર્શ હૈ, પુણ્ય પાપ જડ હૈ તો વર્ણ ગંધ રસ સ્પર્શ નહીં, પણ હૈ અચેતન. ચૈતન સ્વરૂપ જો હૈ ઉસકા કિરણ પુણ્ય પાપમેં આતા નહીં. ( શ્રોતાઃ– આપ ઐસી બાત કરતે હૈં તો ભી લોગ આપકા વિરોધ કયોં કરતે હૈ ? ) એ તો એને ન બેસે તો ઈ કરે શું બિચારા એણે ‘જામે જીતની બુદ્ધિ હૈ ઈતનો દિયે બતાય, વાંકો બૂરો ન માનીયે ઔર કહાંસે લાય ?’ એને બૂરો ન કહેવાય બિચારાને એના ઉપર કરૂણા કરીએ.

અરેરે ! આ તો સાંભળ્યું ’તું કાલે રાત્રે ભાઈ. મનોહરલાલજીને કોઈએ ગળે ફાંસો દઈ દીધો એમ કહે છે. કેમકે આપણે સૂના થા ઐસા કે હાર્ટ ફેઈલ હો ગયા પણ મરતાં કહે છે, જીભ બહાર પડી હતી. આહાહા ! ગળે કોઈએ ટૂંપો દઈ દીધો. કયોંકિ ઉસકા પૈસા હશે કોઈની પાસે પાંચ લાખ રૂપિયા થા. તો કોઈ એક વ્યક્તિ પાસે અઢી લાખ રૂપિયા થા. પૈસા બહોત કરતે થે ના સેટ પુસ્તકકા બનાવે ને પૈસા કમાય. અરે કામ હૈ તેરા બાપા ? અરે પૈસા માંગના ને કરના ને બેચના પ્રભુ તેરા કામ નહીં... પૈસા બહોત કમાતે થે ઐસા સૂના. લાલાનંદજીને કહા કે જીભ નીકળી ગઈ ’તી બહાર. આહાહા ! તે કોઈ ઓલા અઢી લાખ કોઈની પાસે માંગતા હશે, પૈસા હશે એના. બધા માણસો ભેગા થઈને આવ્યાને કહા ઉસકો મોટા મોટા ભેગા થઈને કે તુમ ઈસરીમેં રહો – કાનજીસ્વામી ક્યૂં એક ઠેકાણે રહેકર બધે પ્રચાર કરતે હૈ, ત્યાં બધે પ્રચાર કરતે હૈ ? તુમ એક સ્થાનમેં રહો. તો ઐસા સૂના હૈ, સચ્ચા કયા હમકો ખબર નહીં. તરત ઉસને કહા મેરે એક મહિનેમેં દસ હજાર રૂપિયા દો તુમ શાસ્ત્ર છપાનેકો ઐસા સૂના હૈ. બાત સચ્ચી ખોટી કંઈ હમકો ખબર નહીં. અરે પણ ભાઈ પૈસા કયા કામ હૈ તેરે ભાઈ પણ પુસ્તક બનાના યે શું તેરા કામ હૈ ? અને વેચના ઉસકો પ્રભુ એ કાંઈ કામ છે ? ભાઈ કોઈ પાસે એક પાઈ પણ માંગના એ આત્માકા કાર્ય નહીં પ્રભુ. આહાહા ! અરેરે પણ કાલ તો સાંભળીને એવું થઈ ગયું

બિચારાને અરેરે કોઈ મારનાર મળ્યો હશે. સાડા ચાર વાગે તો બેઠા'તા, કાંઈ ન હતું. બૈઠે થે. એમાં એકદમ અડધા કલાક પીછે જ્યાં દેખા ત્યાં, આહાહા ! કોઈએ મારી નાંખ્યો હશે, ગળે, એમ લાગે છે. આહાહા ! એમ લાગે છે.

આ દશા જુઓને બાપુ એવી તો અનંતવાર દશા હો ગઈ પ્રભુ. તેરા રાજીપા પરમે કહાં આયા ? બહારકી ચીજકી ચમત્કૃતિ દેખકર તેરે વિસ્મય હોતા હૈ યે મહાભ્રમ હૈ મિથ્યાત્વ હૈ. અંદર ચમત્કારિક વસ્તુ પડી હૈ, મહાપ્રભુ, જો ને ચૈતન્ય ચમત્કાર. આહાહાહા ! એક તો બાત ઐસી હૈ કે ચૈતન્ય ચમત્કારની ગુણકી સંખ્યાકા અંત નહીં. કયા હૈ આ ? કયા કહેતે હૈ ? ક્ષેત્રમેં તો ઈતના હી હૈ, શરીર પ્રમાણે ભિન્ન. પણ વો સંખ્યા જો ગુણકી હૈ એ અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંતને અનંતગુણા વર્ગ કરો તો ભી યે સંખ્યાકા અંત નહીં, ઐસા અંદરમેં ગુણ હૈ. કયા કહેતે હૈ આ ? આહાહાહા ! ભાઈ ! તને ખબર નથી તારી ચીજની, પ્રભુએ પણ ઐસા કહા કે જ્યાં ક્ષેત્રકા અંત નહીં, ઉસકા જ્ઞાન કરનેવાલી પર્યાય આહાહાહા... અને એ પર્યાયકે પીછે જો જ્ઞાનગુણ હૈ ઉસકી કિતની તાકાત હૈ ઐસા ઐસા અનંત ગુણ જો હૈ. જે ગુણકી આ અનંત ગણતે ગણતે ગણતે ગણતે આ આખિરકા આ ધર્મ ગુણ હૈ, ઐસા કભી હોતા નહીં. કયા કહેતે આ ? સમજમેં આયા ?

પ્રભુ તારી પાતાળ કૂવામેં પડા હૈ અનંત ગુણ. એ અનંતગુણકી કોઈ સંખ્યાકી આ અનંત અનંત હો ગયા આખિરકા અનંતને અનંત ગુણા ગુણે તો ભી આ છેલ્લા આખિરકા ગુણ હૈ ઐસા ઉસમેં હૈ નહીં, કયા કહા ? સમજમેં આયા ? આહાહા ! પંડિતજી ! ઐસા અમાપ, માપ કર લેતે હૈ જ્ઞાનકી પર્યાય ઉસકા માપ કર લેતે હૈ, પણ ઉસકા સંખ્યાકી માપ હૈ નહીં, કયા કહા વો ? જ્ઞાનકી પર્યાય, પ્રમાણ કહો કે માપ કહો પ્ર...માણ મા...પ. તો ત્રિકાળી ઈતના ગુણ હૈ ઉસકા માપ લે લેતે હૈ પર્યાય. અનંતકા અનંતપણાકા માપ લે લેતે હૈ. આહાહાહાહા ! અરેરે ! આ વાત ચાલે નહીં, મૂળ વાત ચાલે નહીં ને ઉપરથી બધી વાતું થોથે થોથાં. જનમ-મરણના અંત ના આવે પ્રભુ એમાં, એ રખડી મરવાના રસ્તા હૈ સબ. શુભભાવ પણ સંસાર હૈ પ્રભુ ! આહાહાહા ! યે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા વિકલ્પ હૈ રાગ હૈ દુઃખ હૈ-દુખ હૈ, વો પર્યાયમેં આતા હૈ, બતાયા સંવર નિર્જરા હોતી હૈ યે બતાયા પણ ઉસમેંસે એકીલા ત્રિકાળી પ્રભુ, ભૂતાર્થનયસે જાને હુએ ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહાહાહા !

હજી ઉસકા જ્ઞાન ભી સચ્ચા નહીં વ્યવહારુ જ્ઞાન. તો અંદરમેં એ કૈસે જા શકે ? મહા સત્ય પ્રભુ ઐસા જ્ઞાનમેં ભી સચ્ચા નહીં કે મૈં રાગસે રહિત મૈં હું. રાગ મેરેમેં હોતા હી નહીં, મેરી ચીજ તો અંદર ભિન્ન હૈ. મેરી ચીજ પ્રાપ્ત કરનેમેં રાગાદિકી અપેક્ષા હૈ નહીં, વ્યવહારકી અપેક્ષા હૈ નહીં, આહાહાહા ! ઐસા જ્ઞાનમેં ભી પરલક્ષી જ્ઞાનમેં ભી સચ્ચાપણા ન આવે, યે અંદરમેં સત્યમેં જા સકે ? સમજમેં આયા ? મારગ પ્રભુ તો સર્વજ્ઞના વિરહ પડયા પ્રભુ ! અરેરે ! એ ત્રિલોકનાથ તો એમ કહેતે હૈ ત્યાં સિમંધર ભગવાન મહાવિદેહમેં તો આ કહેતે થે યે સૂનકર આયા ને કહેતે હૈ સંત. આહાહાહા ! ભાઈ ! સમ્યગ્દર્શન કોઈ એ ચીજ હૈ, એ વિના સારા જ્ઞાન ને વ્રત તપ બધા નિષ્ફળ, સંસાર નામ નિષ્ફળ, ધર્મને માટે નિષ્ફળ, રખડવા માટે સફળ હૈ. આહાહાહા ! એ આંહી કહા.

તીર્થની પ્રવૃત્તિ નામ પર્યાયની પરિણતિને બતાનેકો, એ તીર્થ એ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર આદિ ચોથું પાંચમું છઠ્ઠું સાતમું આદિ પર્યાયની પ્રવૃત્તિ હૈ. આહાહા ! યે વ્યવહારનયસે કહા જાતા હૈ. પ્રવૃત્તિ જો પર્યાયકી હૈ યે વ્યવહારનયસે કહેનેમેં આતા હૈ. આહાહાહા ! કેટલી ગંભીરતા હૈ ? આહા ! ઐસે વ્યવહારનયસે કહા જાતા હૈ ઐસે, નવતત્ત્વ જિનકા લક્ષણ 'જીવ' આ જીવની વ્યાખ્યામાં ઓલી પર્યાય લેના. એક સમયકી પર્યાય, 'અજીવ' અજીવરૂપે તો પરિણમતે નહીં જીવ. પણ અજીવકા જ્ઞાન હોતા હૈ ને ઉસકો યહાં અજીવકા જ્ઞાનકો અજીવ કહેનેમેં આયા હૈ. સમજમેં આયા ? આવી વાત છે પ્રભુ ! મારગ ભાઈ. આહાહા !

( શ્રોતાઃ– અજીવકા જ્ઞાન કરનેસે જ્ઞાન અજીવ હો જાતા હૈ ? ) અજીવરૂપ નહીં હોતા હૈ પણ અજીવકા જ્ઞાન હૈ એ જ્ઞાનકો યહાં અજીવ કહેતે હૈ. નવતત્ત્વરૂપે પરિણમ્યા એમ કહેતે હૈ ને ? તો ક્યા જડરૂપે પરિણમતે હૈ ? સમજમેં આયા ? પણ અજીવકા જ્ઞાન હુવા ઉસકો હી અજીવ કહેનેમેં આયા. એ રૂપે પરિણમ્યા હૈ.

જીવ–અજીવ ( હવે ) પુણ્ય શુભરૂપે પરિણમતા હૈ. યે ભી ખુલાસો કરેગા અભી. 'પાપ' વિષય જૂઠું ચોરી વિષય–ભોગ વાસના પાપકી પર્યાયરૂપે પરિણમતા હૈ. "આસ્રવ" દો મિલકર આસ્રવ. પુણ્ય ને પાપ દો મિલકર આસ્રવ. કયોંકિ દો( નોં ) આસ્રવ હૈ, ઈસસે નયા કર્મ આતા હૈ, ધર્મ તો હોતા નહીં. આહાહાહા ! દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, માસ–માસખમણકા ઉપવાસ એ સબ વિકલ્પ હૈ, એ આસ્રવ હૈ. ઝીણી વાત છે પ્રભુ ! એ આસ્રવસે તો બંધ હોતા હૈ. પણ પર્યાય હોતી હૈ પર્યાયમેં આસ્રવ, બતાના હૈ ને નવ.

'સંવર' આ શુદ્ધ પર્યાય હૈ. પર્યાયમેં શુદ્ધ પર્યાય હૈ. પણ વો વ્યવહારનયકા વિષય હૈ. પર્યાય હૈ ને ? સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાય સ્વ–કે આશ્રયસે હુઈ એ સંવર, પણ વ્યવહારનયકા વિષય હૈ, પર્યાય હૈ ને ? આહાહાહાહાહા ! પ્રભુ તારી જો તો ખરી બલિહારી. એ પર્યાયસે પાર તેરી ચીજ અંદર હૈ. આહા !

અરે જેને સૂનનેમેં મિલે નહીં આ બાત એ બિચારા ક્યાં વિચાર કરે ને ક્યાં જાય. અરેરે ! અને એ વિપરીત માન્યતામેં ભલે એકાંત પોતે કરે પણ પ્રભુ એ મિથ્યાત્વકા ફળ બહોત આકરા હૈ. પ્રભુ નાથ ! આહાહા ! એ મિથ્યાત્વકા ફળમેં તો નરક નિગોદ હૈ. અરેરે એનો તિરસ્કાર કેમ કરાય ? સમજમેં આયા ? જો કોઈ મિથ્યાત્વ સેવતે હૈ ઔર સમ્યક્ ચીજકો એકાંત કહેતે હૈ તો એ મિત્થ્યાત્વકા ફળમેં મહા દુઃખ હોગા ભાઈ. તો યે જીવકો દુઃખ હોગા ઉસકો તિરસ્કાર કયું કરે પ્રભુ ? યે તો જાનને લાયક હૈ ઐસે હોતા હૈ જગતમેં. આહાહા ! કોઈ વિરોધ કરના ઐસા હૈ નહીં ઔર યે વ્યક્તિ પ્રત્યે વેર કરના ભગવાન હૈ, યે પણ વસ્તુએ તો ભગવાન હૈ, એક સમયકી ભૂલ હૈ તો ભગવાન ભૂલ ટાળેગા આપમેળે. સમજમેં આયા ? કોઈ વ્યક્તિકો વિરોધસે દેખના નહીં. સર્વ આત્મા ભગવાન હૈ. આહાહા !

એ યહાં કહેતે હૈ આહાહા ! સંવરકી પર્યાય ઉત્પન્ન નિર્મળ શુદ્ધ હોં, પણ હૈ પર્યાય ને ? યે વ્યવહારનયકા વિષય હુવા. આહાહાહા ! 'નિર્જરા' સંવરનો અર્થ શુદ્ધિ, પુણ્ય પાપ અશુદ્ધ–મલિન અને સંવરમાં શુદ્ધિ હૈ, પવિત્રતા. ઔર નિર્જરામેં શુદ્ધિકી વૃદ્ધિ હૈ, પણ હૈ યે પર્યાય. ઔર 'બંધ' રાગમેં રુકના વો બંધ હૈ, યે પણ એક પર્યાય હૈ. કર્મકા બંધકો તો એક કોર દૂર રખો.

'મોક્ષ' એ ભી એક પર્યાય હૈ. આહાહાહાહા ! જીવ દ્રવ્યકા દો ભેદ પાડના સંસાર ને મોક્ષ વો વ્યવહાર હો ગયા. ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન યે નિશ્ચય હુવા ને ઉસકા સંસાર ને મોક્ષ બે ભાગ પાડના એ વ્યવહારનય હો ગયા. આહાહાહા ! સમજાય એટલું સમજના પ્રભુ ! આ તો પરમાત્માના ઘરની વાત છે પ્રભુ ! આહાહા ! ત્રિલોકનાથે ઐસા કહા ઐસા સંતો આડતિયા હોકર બતાતે હૈ. આહાહાહા ! મારગ તો ઐસા હૈ પ્રભુ.

તું કંઈક કંઈક બહારમાં વિસ્મયતા માનકર રુક ગયા હૈ પ્રભુ તેરા દ્વાર-દ્વાર ખુલા નહીં કિયા તુને. રાગકા પ્રેમસે, રાગકા રસ હૈ. યે અંતરમેં મેરા અરાગી સ્વભાવમેં નહીં જા સકતે હૈ. સમજમેં આયા ? યહાં તો મોક્ષકી પર્યાયકા જિસકો લક્ષ હૈ વો ભી વ્યવહારકા લક્ષ હૈ. આહાહાહાહા ! મોક્ષ, હૈ ? ઉનમેં એકત્વ પ્રગટ કરનેવાલે. આહાહા ! એ પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ પર્યાય એ તો અનેકપણા હુવા, ઉસમેસેં એકપણું પ્રગટ કરનેવાલા ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ કરનેસે, આહાહાહા ! એકત્વ પ્રગટ કરનેસે ભૂતાર્થનયસે, ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ કરનેસે એકત્વ પ્રાપ્ત કરકે, એકત્વ પ્રાપ્ત કરકે અનેકપણાકી પર્યાયમેંસે નિકલકર એકત્વ ત્રિકાળી જ્ઞાયકભાવમેં એકત્વ પ્રાપ્ત કરકે, આહાહાહા ! આવી વાત છે હવે. સભામાં સમાજને કહે, આ મારગ બાપા ! મારગ તો આ હૈ. સમજમેં આયા ?

ચોથો આરો હોય કે પાંચમો પણ આ તો પંચમઆરાના જીવકો કહેતે હૈ, પંચમઆરાના તો સાધુ હૈ, આ પંચમઆરાના આચાર્ય હૈ સાધુ હૈ પોતે – પંચમઆરાના જીવકો તો કહેતે હૈ તો કોઈ ઐસે કહે કે આ તો ચોથા આરાકી બાત હૈ. ભગવાન એમ ન હોય નાથ તેરી ચીજકી મહિમાકો કોઈ કાળ લાગુ નહીં પડતા. સમજમેં આયા ? ઔર તેરી ચીજકી મહિમામેં કોઈ કાળ રુક સકતે નહીં. આહાહા ! યહાં કહેતે હૈ કી નવ પ્રકારની પર્યાયોમેં જો અનેકપણા હૈ વ્યવહારનયકા વિષય ઉસકો છોડકર, એકત્વ પ્રગટ કરનેવાલે ભૂતાર્થનય એકરૂપ પ્રગટ કરનેવાલા ત્રિકાળીકો દેખનેસે એકરૂપ પ્રગટ હોતા હૈ. આહાહા !

"શુદ્ધનય રૂપસે સ્થાપિત આત્માકી અનુભૂતિ" એ શુદ્ધનયસે સ્થાપિત, ત્રિકાળી કે આશ્રયસે જો એકત્વ હુવા ઐસી જો આત્માકી અનુભૂતિ. આહાહાહાહા ! યે આત્માકી અનુભૂતિકી આનંદકી પર્યાય, આ અનુભૂતિ આઈ ઉસસે. આ ટીકાકા નામ આત્મખ્યાતિ હૈ. આ ટીકાકા નામ આત્મખ્યાતિ હૈ. આત્માકી પ્રસિદ્ધિ તો એ લિયા દેખો, જિસકા લક્ષણ આહાહાહા... શુદ્ધનયસે નવતત્ત્વને, આત્માકી અનુભૂતિ શુદ્ધનયરૂપસે સ્થાપિત આહાહાહા... આત્માકી અનુભૂતિ, સ્વકા ત્રિકાળકા આશ્રય કરકે જો અનુભૂતિ હુઈ, જિસકા લક્ષણ આત્મખ્યાતિ હૈ દેખો. આત્મા પ્રસિદ્ધ હુવા. જે રાગકી એકતામેં અપ્રસિદ્ધ થા, દયા દાન વિકલ્પના પ્રેમમાં એ આત્મા અપ્રસિદ્ધ થા. આહા ! ઢંક ગયા થા, એ અંદરમેં રાગસે ને પર્યાયસે ભિન્ન કરકે અપને આત્માકો જ્યાં દેખ્યા, જાણ્યા, માન્યા તો એ જો શક્તિ થી એ પર્યાયમેં વ્યક્તપણે પ્રસિદ્ધ હુવા. કિ મૈં તો આ શુદ્ધ હું.

( શ્રોતાઃ- આત્માકી અનુભૂતિમેં આત્મા પ્રસિદ્ધ હોતા હૈ. ) હૈં ? પ્રસિદ્ધ હોતા હૈ. આહાહા ! સમજમેં આયા ? પહેલે સંવર નિર્જરા કહા એ પર્યાય હૈ પણ વો લક્ષ છોડાનેકો પણ ઉસકે આશ્રયસે સંવર નિર્જરા જો હુઈ એ તો અનુભૂતિ હૈ. સમજમેં આયા ? પહેલે જો કહા કે ઉસકો

નવ તો ભેદ હૈ ઉસકા આશ્રય છોડાયા. સમજમેં આયા ? પણ આત્માકા આશ્રય લિયા તો અનુભૂતિ જે હુઈ યે સંવર નિર્જરા સ્વરૂપ હૈ. આહાહાહાહા ! યે આત્મખ્યાતિ હૈ. યહ પ્રાપ્ત હોતી હૈ. આહાહા ! યે શુદ્ધનયસે નવતત્ત્વકો જાનનેસે આત્માકી અનુભૂતિ હોતી હૈ. ઈસ હેતુસે યે નિયમ કહા. વિશેષ નવ પ્રકાર હૈ.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૬૦ ગાથા - ૧૩ તા. ૧૭-૮-૭૮ ગુરૂવાર, શ્રાવણ સુદ-૧૪ સં. ૨૫૦૪

સમયસાર ૧૩ મી ગાથા હૈ. સમ્યગ્દર્શન કૈસે હોતા હૈ પ્રથમ, પ્રથમ ધર્મકી શરૂઆત તો કહેતે હૈ કે નવતત્ત્વકા ભેદકા લક્ષસે સમ્યગ્દર્શન નહીં હોતા. આહાહાહા ! સમજમેં આયા ? ઝીણી વાત હૈ કભી કિયા નહીં ઔર યથાર્થસે સૂનનેમેં આયા નહીં. આહાહા ! નવતત્ત્વ જો હૈ વો તો ભેદરૂપ હૈ, ભેદરૂપ હૈ તો વ્યવહારકા વિષય હુવા. ઉસમેંસે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણાનંદ પ્રભુ એકરૂપકી દૃષ્ટિ અંતરમેં કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. ધર્મની પ્રથમ સીઢી યે હૈ ભાઈ ! આહાહા ! વો નવતત્ત્વ કયા હૈ યે કહેતે હૈ પહેલે. નવતત્ત્વ કૈસે હુવા હૈ યે પ્રથમ કહેતે હૈ. અહીં આયા ને ? શુદ્ધનયસે નવતત્ત્વકો જાનનેસે આત્માકી અનુભૂતિ હોતી હૈ ઈસ હેતુસે નિયમ કહા. સૂક્ષ્મ વાત હૈ ભગવાન ! આહાહા !

“વિકારી હોને યોગ્ય” શબ્દ હૈ ? કયા કહેતે હૈ. ૧૩ મી ગાથા બીચમેં હૈ. છ પંકિત પીછે “વિકારી હોને યોગ્ય” હૈ ? એ આત્મામેં જો શુભભાવ હોતા હૈ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કા ભાવ યે શુભભાવ પુણ્ય ભાવ, જીવકી યે પર્યાય કહેનેમેં આતા હૈ. આહાહાહા ! ઉસકે લક્ષસે ધર્મ નહીં ને વો વસ્તુ ધર્મ નહીં. આહાહા ! વિકારી હોને યોગ્ય એમ કયું કહા ? કે શુભભાવ અપની પર્યાયમેં અપનેસે યોગ્યતાસે ઉત્પન્ન હોતા હૈ. કર્મ તો ઉસમેં નિમિત્ત હૈ. પણ વિકારી ભાવ, પુણ્યકા ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ આદિકા ભાવ અપની પર્યાયમેં યોગ્યતાસે અપને પુરુષાર્થસે, ઉલટા પુરુષાર્થસે એ સમયકી ઉત્પન્ન હોને યોગ્ય પર્યાયસે, જીવકી ભાવ પુણ્ય પર્યાય ઉત્પન્ન હોતી હૈ. આહાહા !

( શ્રોતાઃ– એમાં કર્મની છાયા પડે છે એમ કહે છે ). એ બિલકુલ વાત જૂઠી હૈ. આહાહા ! કર્મકો છૂતે હી નહીં આત્મા, પણ નિમિત્ત કહેનેમેં આતા હૈ. ( શ્રોતાઃ– માટે એની છાયા પડે છે ) છાયા ફાયા કુછ હૈ નહીં. દુનિયા અજ્ઞાની ગમે તે કહે. દુનિયાને ( કાંઈ ખબર નથી ) આ તો ચીજ વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા ઉસકી દિવ્ય ધ્વનિ ઉસકા આ સાર હૈ. આહાહા !

કે જીવકી પર્યાયમેં જે સમયે પર્યાય ઉત્પન્ન હોને લાયક હૈ વો સમયે પુણ્ય ભાવ ઉત્પન્ન હોતા હૈ, યે પુણ્ય તત્ત્વ કહા. એ અપની યોગ્યતાસે ઉત્પન્ન હોતા હૈ. કર્મસે નહીં, કર્મ નિમિત્ત કહેનેમેં આતા હૈ. કયા કહા યે ! આહાહા ! હજી તો વ્યવહારની ખબર ન મળે, તો નિશ્ચય તો કહાં આ સમ્યગ્દર્શન અનંતકાળમેં કભી કિયા નહીં. આહાહા !

તો કહેતે હૈ ‘વિકારી હોને યોગ્ય’ અપના શુભભાવ ઔર અશુભભાવ યે પુણ્ય ને પાપ હોને લાયક હૈ તો અપનેસે હોતા હૈ. હૈ ? “દોનોં ઔર વિકાર કરનેવાલા” જે શુભભાવ હૈ યે

અપની પર્યાયમેં અપનેસે હુવા. તો પૂર્વકા કર્મ જો હૈ ઉસકો નિમિત્ત કહેનેમેં આયા હૈ. ( શ્રોતાઃ- કરને લાયક નથી ? ) કરને લાયક કહ્યાને, ઉસકા અર્થ કયા ? કે સ્વભાવ અપના નહીં. ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ ઉસસે ઉત્પન્ન નહીં હોતા. તો યે વિકાર ઉત્પન્ન, અરે સંવર કહેતે હૈ યે ભી હજી આગળ આયેગા, આને દો. બાપુ મારગ જુદા હૈ ભાઈ ! આહાહા ! અરેરે ! એ મરીને ચોર્યાસીના અવતારમાં ચાહે તો દેવ હો કે ચાહે તો અબજોપતિ રાજા શેઠ હો, સબ દુઃખની રાગાગ્નિમેં સળગતે હૈ. “રાગ આગ દાહ દહે સદા” છ ઢાળામેં આતા હૈ. આહાહા ! એ શુભ અને અશુભ રાગ, “રાગ આગ દાહ દહે સદા” આહાહા ! એ શુભ ને અશુભ રાગ એ આગ હૈ. અગ્નિ હૈ. ભગવંત્ તારી ચીજ નહીં એ. આહાહા ! શેઠ ! આ દૂસરી બાત યહાં આયી હૈ થોડી. આહાહાહા ! એ માટે તો આયા હૈ ને અહીંયા, ઉસકે ઘરમેં હૈ તો પ્રેમ બહોત હૈ. બહેન તો આતે થે મેરેકો ખબર નહીં ત્યાં ગયે તો મહિના રહ્યા. ઉસકે ઘરમેં ઊતરે થે ના ? અહીં તો બૈરાવ સાથે સંબંધે નહીં ઓળખાણ નહીં ખબરેય ન હોય કોણ આતે હૈ ને કોણ જાતે હૈ. આહાહા ! એક મહિના રહ્યા ’તા પહેલે.

યહાં કહેતે હૈ સૂન તો સહી પ્રભુ ! આહાહા ! તેરી પર્યાયમેં જબ શુભભાવ આતા હૈ યે તેરે યોગ્યતાસે આતા હૈ. એ કાળ ક્રમમેં જ્યારે દયા, દાન, વ્રત, ભક્તિ આદિકા ભાવ આતા હૈ. યે હૈ ? “વિકારી હોને યોગ્ય” ઉસકા અર્થ હૈ. ભાઈ આ તો મંત્ર હૈ. આ કોઈ સાધારણ કથા વાર્તા નહીં હૈ. આહાહા !

અપની પર્યાયમેં વિકારી હોને યોગ્ય જે શુભભાવ અપનેસે હુવા અપની યોગ્યતાસે હુવા, ઉસમેં પૂર્વકા કર્મકા ઉદય હૈ, સૂક્ષ્મ બાત હૈ થોડી પૂર્વકા કર્મકા ઉદય ત્યાં કદાચિત્ તીવ્ર ભી હો, પણ યહાં રાગકી મંદતા જિસને કિયા, ઉસને વો કર્મકા નિમિત્ત જો હૈ ઉસકો નિમિત્ત ‘કરનેવાલા’ કહા. કયોંકિ સ્વભાવ અપના નહીં. અભી સંવરમેં ભી પરકા સંબંધ કરનેવાલા. આહાહાહા ! ભેદ હૈ ને ? યે સમ્યગ્દર્શનકા વિષય નહીં. સમજમેં આયા ? આહાહા ! હજી વાત સમજમેં ન આવે પ્રભુ, યે કહાં જાયે કેની કોર, કિસ તરફ ઝૂકે. આહાહા ! યહાં તો પહેલે ‘વિકારી હોને યોગ્ય’ જે શુભભાવ એ જીવકી પર્યાય અપનેસે હુઈ હૈ, છતાં ઉસકા લક્ષસે સમ્યગ્દર્શન નહીં હોતા, ઉસસે નહીં હોતા હૈ, ઉસકે લક્ષસે નહીં હોતા. એક વાત, “ઔર વિકાર કરનેવાલા” પૂર્વકા જો ઉદય હૈ ઉસકો યહાં શુભભાવમેં નિમિત્ત કહેકર, કરનેવાલા કહા હૈ. ઝીણી વાત.

શેઠ ન્યાં ક્યાં બેઠે ? અહીં જગ્યો આપો જગ્યો. પુસ્તક હૈ પુસ્તક ? સમજમેં આયા ? કયા કહા દેવીચંદજી ? ( શ્રોતાઃ- કર્મકા ઉદય કદાચિત કરાતા હૈ ) નહીં નહીં નહીં નહીં કર્મકા ઉદય તો કદાચિત્ તીવ્ર ભી હો રાગકા, પણ યહાં રાગકી મંદતા અપને કિયા અપની યોગ્યતાસે, તો યે પૂર્વકા કર્મકા ઉદયકો નિમિત્ત કરનેવાલા કહેનેમેં આયા.

અરેરે ! હૈ ? આ તો મહા સિદ્ધાંત હૈ પ્રભુકા ! આ તો સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ ! આહાહા ! ઉસકી વાણી હૈ, કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયે થે આઠ દિન રહે થે ત્યાં હવે એની ય યહાં શંકા કરે છે ભાઈ કે મહાવિદેહમાં ગયા ન હતા. અરે પ્રભુ તને ખબર નથી. પંચાસ્તિકાય ટીકામેં પાઠ હૈ કુંદકુંદાચાર્ય ગયે થે મહાવિદેહમેં ઔર દર્શનસારમેં પાઠ હૈ દેવસેન આચાર્યકા દર્શનસાર એક શાસ્ત્ર હૈ કે અરે ! કુંદકુંદાચાર્ય મહાવિદેહમેં જાકર ઐસી ચીજ ન લાતે તો હમ મુનિપણું કૈસે

પાતે ? આહાહા ! મુનિ કહેતે હૈ દર્શનસાર પુસ્તક તો હજારો શાસ્ત્ર હજારો પુસ્તક હૈ. પંચાસ્તિકાય કહાને ? વો તો જયસેન આચાર્યકી ટીકામેં પહેલે કહા જયસેન આચાર્યકી ટીકામેં ઐસા કહા કી મહાવિદેહમેં ગયે થે ભગવાન કુંદકુંદાચાર્ય નગ્ન મુનિ દિગંબર છદ્મસ્થ, આહા ! ઔર ત્યાં જાકર, યહાં શિવકુમાર રાજકુમારને માટે સમયસાર બનાયા હૈ, ઐસા પાઠ સંસ્કૃત હૈ, જયસેન આચાર્યકી ટીકા. જયચંદ્રજી ! જયસેન આચાર્ય, ઔર દર્શનસાર નામકા એક પુસ્તક હૈ સિદ્ધાંત હૈ.

યહાં તો હજારો શાસ્ત્ર દેખ્યા હૈ ને ! અહીં તો અઢાર વર્ષકી ઉંમરસે હમારે તો આ તો ૮૯ હુવા ૯૦ ચલતે હૈ. ખરેખર તો ગર્ભના સવા નવ મહિના ગિને તો તો ૯૦ પુરા હો ગયા. લોકો તો જનમસે ગિનતે હૈ ને ? જનમસે, પણ માતાના પેટમાં સવા નવ મહિના આયા ભગવાન ઉસકો ભી કહેતે હૈ, એ આયુષ્ય યહાંકા હૈ. સમજમેં આયા ? યહાં તો સમય સમયકી બાત હૈ ભગવાન ! યહાં તો બોંતેર વર્ષસે ચલતે હૈ. હમ તો દુકાન પર, ઘરકી દુકાન થી ત્યાં હમ તો આ જ વાંચતે થે. આ નહીં, દિગંબર નહીં થે, હમ તો શ્વેતાંબર થે ને ! સ્થાનકવાસી થે. સમજમેં આયા ? એ વાંચતે થે, દુકાન ઘરકી થી, દુકાન ભી ચલાતે થે, દુકાન ઉપર જ્યારે હમારા ભાગીદાર બેઠે હૈ તો હમ શાસ્ત્ર વાંચતે થે અંદર, યે નહીં તો હમારે દુકાન ઉપર બેસના પડે થડે, છોટી ઉંમરકી બાત હૈ ૧૭ વર્ષસે ૨૨ વર્ષ તક ૫ વર્ષ. ૫ વર્ષ દુકાન ચલાઈ થી પાપકી. પણ છતાં પણ હું તો શાસ્ત્ર વાંચતો તો. ઉસમેં ભી શાસ્ત્ર વાંચતે થે હો, દેખો. લોકો એ કોઈ નહીં યે તો મશગૂલ ધંધામાં પણ હમ તો યે શાસ્ત્રસે તો ઈતના ૭૨ વર્ષ હુવા. આહાહા. આ દિગંબર શાસ્ત્ર ૭૮ સે વાંચતે હૈ, અઠયોતેર–૫૬ વર્ષ હુવા.

અહીંયા પ્રભુ એમ કહેતે હૈ. આહાહાહા ! સૂન તો સહી એક વાર કે “વિકારી હોને યોગ્ય” જે શુભભાવ ‘હોને યોગ્ય’ કયું કહા ? કે તે સમયે તે જનમ ઉત્પત્તિકા કાળ હૈ શુભભાવકી ઉત્પત્તિકા કાળ હૈ તો શુભભાવ ઉત્પન્ન હુવા હૈ, એ એક બાત ઔર વિકારી હોને યોગ્ય પાપ, દો બાત યહાં હૈ. શુભ અશુભભાવ એ અશુભભાવ હોતા હૈ પાપ હિંસા જૂઠું ચોરી વિષય ભોગ વાસના કામ ક્રોધ, આ પૈસા કમાના, ધ્યાન રખના વ્યાજ ઉપજાના, વ્યાપાર ધંધાકા ભાવ યે સબ પાપ અશુભભાવ હૈ. યે અશુભ ભી વિકારી હોને યોગ્ય થા. એ સમયમેં યે ઉત્પત્તિકા કાળ થા. આહાહાહાહા ! સમજમેં આયા ? આંહી તો બતાના હૈ કિ નવતત્ત્વ હૈ યે સમ્યગ્દર્શનકા વિષય નહીં. આહાહા !

સમ્યગ્દર્શન જિસકો પ્રાપ્ત કરના હૈ ધર્મકી પહેલી સીઢી તો ઉસકો યે નવતત્ત્વકા ભેદકો જાનના, જાન કરકે અખંડાનંદ, આહા ! ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એકરૂપ સ્વરૂપ ઉસકી દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહાહા ! આવી વાત છે ભાઈ ! ધર્મની પહેલી હજી શરૂઆત. ચારિત્ર ને વિશેષ સ્થિરતા ને તપ ઓ તો દૂસરી કોઈ આઘી ચીજ હૈ. યહાં કહેતે હૈ કિ વિકારી હોને યોગ્ય દો, શુભ ને અશુભ. દોઈ વિકારી હોને યોગ્ય થા. ઔર વિકાર કરનેવાલા પૂર્વકા કર્મકા ઉદયકો નિમિત્ત કહો યે પુણ્યભાવકા કરનેવાલા નિમિત્તસે કહા, વો પાપ ભાવકા કરનેવાલા નિમિત્તસે કહા. આહાહા ! સમજમેં આયા ? “દોનો પુણ્ય હૈ ને દોનો પાપ હૈ” હૈ ? દોનો પુણ્ય હૈ ને દોનો પાપ હૈ. કોણ દો ? કે જીવમેં પુણ્ય યોગ્ય ભાવ જો શુભ હુવા વો જીવકી પર્યાય હૈ, ઔર નિમિત્ત જો હૈ યે અજીવકી પર્યાય હૈ, દોનોં પુણ્ય હૈ ને દોનોં પાપ હૈ. આહાહા !

સમજમેં આયા ?

શુભભાવ જો હુવા એ ભાવ પુણ્ય હૈ શુભ, ઔર નિમિત્ત જો હૈ એ દ્રવ્ય પુણ્ય હૈ કર્મ, દોનોં મિલકર દોનોં હી પુણ્ય કહા હૈ. દોનોં હી પુણ્ય હૈ, ઔર દોનોં હી પાપ હૈ. અપનેમેં અશુદ્ધકી યોગ્યતાસે જો પાપ ભાવ હુવા એ અપનેસે જનમ ઉત્પત્તિ કાળ હુવા તો હુવા. ઉસમેં પૂર્વકા કર્મકા ઉદય હૈ ઉસકો નિમિત્તસે પાપ કહેનેમેં આતા હૈ. તો દોહી પુણ્ય ને પાપ હૈ. જીવકી પર્યાય ભી પુણ્ય પાપ હૈ, ઔર અજીવકી પર્યાય ભી પુણ્ય પાપ હૈ. હજી તો આ તો વ્યવહાર હજી આ તો ધર્મેય નહીં. સમજમેં આયા ? આહાહા ! દો બાત હુઈ. દોનોં પાપ હૈ. હૈ ? આયા, 'દોનોં' સમજે ? જો ભાવ પુણ્ય હુવા ને ભાવ પાપ, ઉસમેં જો નિમિત્ત હૈ દ્રવ્ય ઉદય તો આ ને આ દોનોં હી પુણ્ય હૈ ને દોનોં હી પાપ હૈ. આહાહા !

તીસરી બાત "આસ્રવ હોને યોગ્ય" ટીકાકા તીસરા બોલ, યે પુણ્ય પાપ દો મિલકરકે આસ્રવ હૈ. નયા કર્મ આનેકા કારણ હૈ. આહાહાહા ! આસ્રવ હોને યોગ્ય, શુભ અશુભભાવ અપની પર્યાયમેં વો સમયમેં જન્મક્ષણકે કારણ ઉત્પત્તિકા કાળ હૈ તો અપની યોગ્યતાસે પુણ્યપાપકા ભાવ આસ્રવ ઉત્પન્ન હોતા હૈ. આહાહાહા ! શરતું બહુ આકરી બાપા ! ઝીણું સમજવા, વાણિયાને ઓલું વ્યાજ કાઢવું હોય ચક્રવર્તી તો કાઢે. ચક્રવર્તી વ્યાજ સમજતે હૈ ? દસ લાખ રૂપિયા દિયા હૈ કોઈકો આઠ આના. પહેલે તો આઠ આના થા ને ? હવે તો એક ટકો દોઢ ટકો હોતા હૈ. તો દસ લાખ દિયા હુઆ હો તો એક દિનકા દસ લાખ કા આઠ આના ને ? પહેલે આઠ આના થા. વ્યાજ ચઢાકર દસ લાખ ઉપર એક દિનકા વ્યાજ ચઢાકર દૂસરે દિન વ્યાજ સહિતકા વ્યાજ ચઢાકર, ઈસે ચક્રવર્તી વ્યાજ કહેતે હૈ. બારે માસકા મુદ્દ્લ વ્યાજ સહિત પહેલે દસ લાખ. પીછે દૂસરે દિન દસ લાખ ઉપર ઉસકા જો વ્યાજ આયા વો મિલાકર ઉસકે પીછે પાછા ઉસકો મિલાકર, આહાહા ! એ વાણિયા એમ ચક્રવર્તી વ્યાજ નિકાલતે હૈ. ( શ્રોતાઃ- એ આગળના વાણિયા ) હવેના વાણીયા તો અત્યારે ઠીક છે. આ તો પહેલેકી બાત હૈ. સમજમેં આયા ? આંહી કહેતે હૈ કિ એ વ્યાજ કરતા આ દૂસરી કોઈ ચીજ હૈ. આહાહા ! અપની પર્યાયમેં શુભ અશુભભાવ હોને યોગ્ય શબ્દ લિયા હૈ, યે કયું ? કયા કારણ ? કે એ સમયે વો જન્મ ઉત્પત્તિકા કાળ હૈ શુભાશુભકા ભાવ તો ઉત્પન્ન હુવા. વો જીવકી પર્યાય હુઈ. ઔર ઉસમેં પૂર્વકા કર્મ નિમિત્ત હૈ એ અજીવકી પર્યાય હુઈ. એ નિમિત્તકો યહાં કરનેવાલા કહા, અને વિકારકો યહાં યોગ્યતાવાલા અપની જીવકી પર્યાયકો કહા. આવી વાતું છે ભાઈ. હૈ ?

આસ્રવ હોને યોગ્ય, આહાહા ! એ કયું કહા ? કે કોઈ કર્મસે યહાં આસ્રવ હુવા હૈ ઐસા નહીં. યહાં અપની પર્યાયમેં અપની પુરુષાર્થકી ઊંધાઈસે, આહાહાહાહા ! એ શુભ ને અશુભભાવ હોને યોગ્ય અપનેસે હુવા હૈ. "ઔર આસ્રવ કરનેવાલા" પૂર્વકા ઉદયકો આસ્રવ કરનેવાલા કહા. "દો હી આસ્રવ હૈ" સમજમેં આયા ? શુભ અશુભભાવ એ આસ્રવ, ઔર નિમિત્ત જો કર્મ હૈ વો ભી આસ્રવ. એક જીવકી પર્યાય એક અજીવકી પર્યાય. પર્યાય હૈ. આ તો નવતત્ત્વ હજી સિદ્ધ કરતે હૈ. આ નવતત્ત્વમેં આત્મા ભિન્ન હૈ. ઐસી નવતત્ત્વકી પર્યાયસે, આહાહાહાહા ! ભગવાન અંદર ચૈતન્યમૂર્તિ પ્રભુ એક હૈ. નવતત્ત્વકી પર્યાયસે ભગવાન અંદર ભિન્ન હૈ ! હૈ ?

( શ્રોતાઃ- ભગવાન નિત્ય કયા કાર્ય કરતા હૈ ? ) કાંઈ કરતે નહીં. ઐસાને ઐસા હૈ

અનાદિસે. અનાદિસે જ્ઞાયક હૈ એ ઐસા હૈ. એ કાંઈ કરતે નહીં ને એ કાંઈ છોડતે નહીં. વો પર્યાયમેં આતા નહીં. સૂક્ષ્મ બાત હૈ પ્રભુ ! જૈન દર્શન સમજના વીતરાગ ધર્મ વો અલૌકિક બાત હૈ. ચાહે જૈસા ભી તીવ્ર મિથ્યાત્વ ભાવ હો. નિગોદમેં જાનેકી લાયકાત એ મિથ્યાત્વ સમય ભી જ્ઞાયકભાવ તો શુદ્ધ ત્રિકાળ એકરૂપ હી પડા હૈ. આહાહાહા ! અને ચાહે તો કેવળજ્ઞાન હો, એ કેવળજ્ઞાનકી પર્યાયકે કાળમેં ભી જ્ઞાયક તો પૂર્ણ શુદ્ધ હૈ હી હૈ. એમાં ઘટ વધ કુછ હુઈ નહીં. આહાહા !

( શ્રોતાઃ– જ્ઞાયક કુછ કરતે નહીં ? ) જ્ઞાયક કુછ કરતે નહીં. કર્તવ્ય તો પર્યાયમેં હૈ. જ્ઞાયક તો જ્ઞાયક હી ત્રિકાળ આનંદકંદ પ્રભુ ધ્રુવ ધ્રુવ ધ્રુવ, આહાહા ! યે સમ્યગ્દર્શન કા વિષય, યે તો કાયમ એકરૂપ રહેતે હૈ. એ માટે તો આ નવકી બાત કરતે હૈ. આહાહા ! સમજમેં આયા ? હજી તો નવ સમજમેં ન આવે ઉસકો સમ્યગ્દર્શનકા વિષય અભેદ કહાંસે આવે ? એ તો રખડી મરવાના છે. આહાહા ! સમજમેં આયા ? આહા ! બાપુ ! દેહ છૂટી ને આંખો બંધ થઈ જશે. ચાલ્યો જશે નર્ક ને નિગોદ. ત્યાં કોઈ અવતાર જ્યાં આત્માકા જ્ઞાન ન કિયા, સમ્યગ્દર્શન ન કિયા, આહાહાહા... એ ચોર્યાસીના અવતાર અજાણ્યા દ્રવ્ય ને અજાણ્યા ક્ષેત્ર, અજાણ્યા કાળ, અજાણ્યા ભવ, અજાણ્યા ભાવ ત્યાં ચલે જાયેગા, આહાહા ! ભાઈ ન્યાં કોઈ સફારસ કામ ન કરેગી.

આંહી કહેતે હૈ કિ એક વાર સૂન તો સહી નવતત્ત્વકી યોગ્યતા કૈસે હૈ. એ ભી સમ્યગ્દર્શનકા વિષય નહીં. તો પહેલે જણાતે હૈ નવ. આહાહા !

આસ્રવ કરને યોગ્ય હોને યોગ્ય, આસ્રવ કરનેવાલા દોનો આસ્રવ. વો કર્મકા ઉદય હૈ એ ભી દ્રવ્ય આસ્રવ નયા આતે હૈ એ નહીં. ઝીણી વાત હૈ, યહાં શુભ અશુભભાવ હુવા વો નયા કર્મ આતે હૈ યે યહાં નહીં. યહાં તો પુરાણા કર્મ જો હૈ જે અહીં પુણ્યપાપકા ભાવ હુવા ઉસમેં પુરાણા કર્મ નિમિત્ત કહેનેમેં આયા હૈ, ઉસકો દ્રવ્ય આસ્રવ કહેતે હૈ, અને પર્યાયકો ભાવ આસ્રવ કહેતે હૈ. આહાહા ! સમજમેં આયા ?

ભાઈ વીતરાગ મારગ ! આહાહા ! ઇન્દ્રો જેને સૂનને જાતે હૈ જેને બત્રીસ લાખ વૈમાન શકેન્દ્ર હૈ, સુધર્મ દેવલોકકા ઇન્દ્ર–બત્રીસ લાખ તો વૈમાન. એક વૈમાનમેં અસંખ્ય દેવ હૈ. ઐસા બત્રીસ લાખ વૈમાન. એનો સ્વામી શકેન્દ્ર હૈ. અભી તીન જ્ઞાનકા ધણી હૈ. મતિ, શ્રુત, અવધિ. ઔર શાસ્ત્રમેં સિદ્ધાંતમેં એ લેખ હૈ કે ઓ જીવ ઐસા હૈ કે મનુષ્ય હોકર મોક્ષ જાયેગા. એક ભવતારી હૈ. અભી ઇન્દ્ર હૈ સુધર્મ દેવલોકમેં એ સૂનનેકો આતે હૈ ભગવાન પાસે તો એ વાણી કૈસી હોગી ? આહાહા ! આ દયા પાળો ને વ્રત પાળો ને હવે એ તો કુંભારેય કહેતે હૈ. સમજમેં આયા ?

જે તીન જ્ઞાનકા ધણી એક ભવતારી ઔર ઉસકી પત્નિ ભી એક ભવતારી હજારો ઇન્દ્રાણી હૈ ને એમાં એક મુખ્ય ઇન્દ્રાણી હૈ. એક ભવમેં મોક્ષ જાનેવાલી. એ ભી ત્યાં સમકિતી હૈ, તીન જ્ઞાન હૈ. ન્યાંસે મનુષ્ય હોકર મોક્ષ જાનેવાલા હૈ દો હી. એ ભગવાન પાસે જાતે હૈ સૂનનેકો મહાવિદેહમેં, આંહી થા તો આંહી આતે થે, ભગવાન યહાં થે તો યહાં આતે થે. આહાહાહા ! આંહી તો ઐસા કહેના હૈ કે ઐસા ઇન્દ્ર જૈસા એકાવતારી એક ભવતારી યે સૂનનેકો આતે તીન

જ્ઞાનકા ધણી સમકિતી જ્ઞાની, આહાહા! યે સૂનને આતે હૈ પ્રભુ એ વાણી કૈસી હોગી? આહાહા! આંહી તો સાધારણ હજી વાણી સમજને લાયક નહીં, જાને નહીં. આહાહા! એ ઇન્દ્ર સરખા પણ એ વાત સૂનને ભગવાન પાસે જાતે થે, યહાં ભગવાન હોતા થા તો યહાં આતે થે. આહાહા! એ યહાં કહેતે હૈ કી હજી તો નવતત્ત્વકા ભેદ કો દિખાતે હૈ છતાં નવતત્ત્વકા ભેદ એ સમ્યગ્દર્શનકા વિષય નહીં. આહાહાહા! સમજમેં આયા?

પીછે "સંવરરૂપ હોને યોગ્ય" હૈ? સંવરરૂપ હોને યોગ્ય એ કયા કહા? અપની પર્યાયમેં શુદ્ધતાકી પ્રગટ હોનેકી લાયકાત અપની પર્યાયમેં હુઈ, અપની યોગ્યતાસે સંવર નામ ધર્મકી પર્યાય અપને કાળમેં ઉત્પન્ન હોનેકે લાયકસે સંવર પર્યાય ઉત્પન્ન હુઈ, ધર્મ પર્યાય. આહાહાહા! વો ભી પર્યાય હૈ. ઉસકા લક્ષસે સમ્યગ્દર્શન હોતા હૈ ઐસા નહીં. આહાહાહા! આવી વાત છે ભાઈ! સંવર હૈ યે દો પ્રકારકા હૈ. એક આત્મામેં શુદ્ધિ નિર્મળ અનંત કાળમેં પ્રગટ નહીં હુવા, ઐસી દશા પ્રગટ હુઈ એ ભાવ સંવર, ઔર પૂર્વકા કર્મકા ઉદય ઈતના ઉદય આયા નહીં ઈસકા નામ દ્રવ્ય સંવર, દોહીકો સંવર કહેનેમેં આતા હૈ. એક ભાવ સંવર એક દ્રવ્ય સંવર. દોહી ભેદ હૈ. આહાહા! એ દોહી કે લક્ષસે, એ પર્યાય હૈ તો ઉસકા લક્ષસે સમ્યગ્દર્શન નહીં હોતા. હુવા હૈ ઉસકો ભી ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન નહીં ટીકતા. કયા કહા? સંવર હોને યોગ્ય તો ધર્મ તો હુવા હૈ, પણ ઉસકે આશ્રયસે સમકિત ટીકતા નહીં. આહાહાહા! ઉત્પન્ન હોતા તો નહીં પણ ઉસકે આશ્રયસે, ઉત્પન્ન તો હુવા હૈ ધર્મ. સમ્યગ્દર્શન હુવા હૈ. જ્ઞાન સંવરરૂપ દશા તો હુઈ હૈ. પણ ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન ઉત્પન્ન તો પહેલે હુવા અપને સ્વ કે આશ્રયસે પણ આ સંવર કે આશ્રયસે હવે સમ્યગ્દર્શન ટીક સકતા હૈ, ઐસા નહીં હૈ. એ તો દ્રવ્યકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ. હોતા હૈ, ટીકતા હૈ, વૃદ્ધિ પામતા હૈ વો ત્રિકાળી દ્રવ્યકે આશ્રયસે. આહાહાહા! આવી વાત! નવરાશ ક્યાં છે?

ઓલું કહ્યું તું ને જાપાની એક માણસ હૈ ને બડા, બડા શોધક હૈ. ૬૩ વર્ષકી ઉંમર ઔર ૧૭ વર્ષકા એના લડકા. બહોત શોધ કિયા કિ જૈન ધર્મ, કયા? કે 'અનુભૂતિ' એ જૈન ધર્મ. ઠીક પણ પીછે ઉસને ઐસા કહા કે આ જૈન ધર્મ વાણિયાકો મિલા હૈ, ને વાણિયા વ્યવસાયમેં ઘૂસ ગયા હૈ. જાપાનીએ, વ્યાપાર કહો કે વ્યવસાય કહો કે અધર્મ કહો સબ એક હી હૈ. જાપાની માણસ હૈ બડા શોધક. બહોત શોધક, હજારો શાસ્ત્રો શોધકર એક સંસ્થા સ્થાપી હૈ જાપાનમેં, જાપાનમેં ઐસા શોધ કરકે ઉસને યહાં આયા હૈ છાપા હૈ. છાપા હૈ ને કલ દિયા હૈ. તો ઉસને નિકાલા કે "આત્માનુભૂતિ" એ જૈન ધર્મ હૈ, ઔર આત્મા નિર્વાણ સ્વરૂપ હૈ ઐસા નિકાલા હૈ ઉસને. કયા કહા? સમજમેં આયા?

આત્મા જો હૈ ત્રિકાળી સ્વરૂપ ઉસકા અનુભવ કરના ઉસકા આશ્રયસે અનુભવ કરના, વીતરાગી દશા પ્રગટ કરના, સમ્યગ્દર્શન પ્રગટ કરના વો અનુભૂતિ એ ધર્મ હૈ. વો કહેતે હૈ ઔર આત્મા કયા હૈ, જૈન ધર્મ કહેતે હૈ કે આત્મા નિર્વાણ સ્વરૂપ હૈ. આહાહા! આપણે અહીં કહે છે, 'મુક્ત સ્વરૂપ' હૈ. મુક્ત સ્વરૂપ હી આત્મા અંદર હૈ. આત્મા રાગકે સંબંધસે બંધા હુવા, આત્મામેં બંધ નહીં હુવા હૈ. આહાહાહાહા! એ તો પર્યાયમેં રાગકા સંબંધસે બંધ હૈ. દ્રવ્ય જો વસ્તુ હૈ યે તો મુક્ત સ્વરૂપ અંદર હૈ. આહા! આવી વાત હવે. એ એમ કહેતે હૈ, પીછે લિખા

કે અરે વાણિયાને હાથ આ જૈન ધર્મ આયા ને વાણિયાઓ વ્યવસાયમેં ઘૂસ ગયા હૈ. વ્યાપાર ને ધંધા ને આહાહા ! એમાં આ જૈન ધર્મ કયા હૈ, પ્રગટ કરનેકા અવસર નહીં મિલતા ઉસકો, આહાહા !

( શ્રોતાઃ– ત્યારે વ્યાપાર કરના કે નહીં ? ) કોણ વ્યાપાર કર સકતે હૈ ? રાગ કર સકતે હૈ, યહાં કહાને ? વ્યાપારકી ક્રિયા આત્મા કર સકતે હૈ ? પૈસા દેના, લેના ? આ ખેતીકા કામ પંડિતજીકો હૈ ને કૃષિ પંડિત, વો કર સકતે હૈ આત્મા ? ( શ્રોતાઃ– પૈસા તો લઈ શકે છે. ) હૈં ? પૈસા આતે હૈ આત્માકે પાસ ? પૈસા તો જડ હૈ. ભગવાન તો અરૂપી ચૈતન્ય હૈ તો ઉસકે પાસ પૈસા આતા હૈ ? ( શ્રોતાઃ– સર્વશક્તિમાન છે ને આત્મા ) સર્વશક્તિમાન તો જડ ઉપર શક્તિમાન છે ઐસા કહા ? જડકા શક્તિમાન હૈ ઐસા શક્તિમાન હૈ ? ઐસા હૈ નહીં. આહાહાહા ! એક અંગૂલિ ચલા સકતે તીન કાલમેં આત્મા ત્રણ કાલમેં નહીં. અંગૂલિ ચલતી હૈ એ આત્માસે ચલતી હૈ, એ તીન કાલ તીન લોકમેં નહીં. કયોંકિ એ જડકી અજીવકી પર્યાય હૈ. એ અજીવકી પર્યાય અજીવકે કાળમેં અપના જન્મક્ષણકે કારણે ઉત્પત્તિ કે કાળમેં ઐસા ઉત્પન્ન હોતા હૈ, આત્માસે નહીં. આહાહા ! એક વાત.

દૂસરી બાત. ભગવાન આત્મા સ્વ દ્રવ્ય જો હૈ એ અજીવકો કભી છૂતા નહીં, કયા કહા ? ( શ્રોતાઃ– અજીવકો છૂતા નહીં ) ભગવાન આત્મા જો અરૂપી ચૈતન્યઘન હૈ યે કભી શરીરકો છૂતા નહીં, કર્મકો છૂતા નહીં, અંગૂલિકો છૂતા નહીં. આહાહા ! આ હાર જો હોતા હૈ ઉસકો કભી આત્મા છૂતા નહીં, પાણી આતા હૈ ઉસમેં આત્મા છૂતે નહીં. આહાહા ! તુમ કયા કહેતે હૈં આ ? હૈં ? આ દુનિયા બીજી છે જૈન પરમેશ્વરની. ડાહ્યાભાઈ ! આ જજ અમારા બૈઠા હૈ. જજ હૈ ને બડા જજ હૈ અમદાવાદમાં હવે છૂટ્ટી હો ગઈ, રજા હો ગઈ નિવૃત્તિ હૈ. આહાહા ! વ્યાખ્યાનમેં સબ જજ આતે થે હમારે અમદાવાદમેં જાતે હૈ તો બધા આતે હૈ. બડા બડા વકીલ ને જજ ને, પણ આ ચીજ પહેલી સમજનેમેં મિલતા નહીં. આહાહા !

યહાં કહેતે હૈ કે સંવર હોને યોગ્ય તો આત્મા હૈ. અપની પર્યાયમેં ધર્મકી દશા સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી દશા અપની યોગ્યતાસે અપને કાળમેં ઉત્પન્ન હોનેકે લાયક અપનેસે ઉત્પન્ન હોતા હૈ, સંવર કોઈ રાગકે કારણસે ઉત્પન્ન હોતા હૈ. વ્યવહાર રાગ કિયા ને રાગકે કારણસે સંવર હુવા ઐસી ચીજ નહીં. હજી તો નવતત્ત્વકા ભેદ સમજાતે હૈ. આહાહાહા ! સમજમેં આયા ? “સંવર હોને યોગ્ય” જીવ સંવાર્ય એમ કહા સંસ્કૃતમેં હૈ “ઔર સંવર કરનેવાલા સંવારક” પૂર્વકા ઉદય ઈતના ન ઉદય આયા ઉસકો નિમિત્તરૂપે સંવર કહેનેમેં આતા હૈ. આહાહાહા !

હવે, “નિર્જરા” “નિર્જરા હોને યોગ્ય” કયા કહેતે હૈ હવે ? આત્મામેં જો સંવર–શુદ્ધિ ઉત્પન્ન હુઈ એ પર્યાય હૈ, પણ પીછે વિશેષ શુદ્ધિકા ઉત્પન્ન હોના યે નિર્જરા હૈ. આહાહા ! ભાષા દીઠ ભાવ ફેર. સંવર જો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જો આત્માકે અવલંબનસે ઉત્પન્ન હુવા, યે શુદ્ધ હૈ, ઔર નિર્જરા હૈ યે શુદ્ધિકી વિશેષ વૃદ્ધિ હૈ, તો યે શુદ્ધિકી જે વિશેષ વૃદ્ધિ અપને કારણસે ઉત્પન્ન હુઈ હૈ. આહા ! કોઈ અપવાસ કિયા ને ઐસા કિયા માટે નિર્જરા હુઈ, ઐસા હૈ નહીં. અપવાસ આદિ કરનેમેં તો શુભ રાગ હૈ, વો કોઈ નિર્જરા નહીં ને ધર્મ નહીં. આહાહાહાહા !

( શ્રોતાઃ– અપવાસસે નિર્જરા નહીં હોતી ? ) અપવાસ યે સબ, હૈ, ઉપવાસ તો ઈસકો

કહેતે હૈ ઉપ...વાસ શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ 'ઉપ' નામ સમીપમેં જાકર વસના ટીકના અંદરમેં ઉસકો ઉપવાસ કહેતે હૈ. ઐસા ભાન બિનાકા આ લંઘન કરતે હૈ. એક દો ને તીન પાંચ દશ અપવાસ ને પચાસ અપવાસ ને એ સબ અપ વાસ હૈ, ઉપ વાસ નહીં. 'અપ' નામ માઠા વાસ, ભૂંડા રાગના વાસમેં પડા હૈ વો. આહાહાહા !

( શ્રોતાઃ- બધાનો અર્થ ફરી જાય છે. ) બધાનો અર્થ ફરી જાય છે ભાઈ. ભગવાન ! આહાહાહા ! ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહમેં તો શ્રીમુખે યે કહે રહે હૈ. આહાહા ! સમજમેં આયા ? અરે મુનષ્યપણા આયા, ઉસમેં આ વાત સમજમેં ન આવે તો મનુષ્યપણા મિલા ન મિલા હૈ. આહા ! એ તો ઢોરકો પશુકો નહીં મિલા હૈ ને આને મિલા હૈ. પણ જો આ વસ્તુ સમજમેં ન આયા, તો મિલા ન મિલા હો જાયેગા, જાયેગા નરક ને નિગોદકા અનંત ભવમેં ચલે જાયેગા ભાઈ, અહીં કહે છે, નિર્જરા હોનેકે યોગ્ય, એટલે કે અશુદ્ધિકા નાશ હોને યોગ્ય ઔર શુદ્ધિકી ઉત્પત્તિ હોને યોગ્ય, એ ભાવ નિર્જરા, એ શુદ્ધ જીવકી પર્યાય હૈ. ગાથા ઐસી આ ગઈ, આ બરાબર હૈ. ( શ્રોતાઃ- આજ તો બહોત મજા આઈ ) જિજ્ઞાસુ હૈ ને ભગવાન. આહાહા !

એ આત્મા અંદર આનંદકંદ પ્રભુ ઉસકે આશ્રયસે શુદ્ધિકી વૃદ્ધિ જો હુઈ ઉસકા નામ નિર્જરા. નિર્જરાના તીન પ્રકાર. એક શુદ્ધિકી વૃદ્ધિ હો એ નિર્જરા, એક અશુદ્ધિકા નાશ હો એ નિર્જરા ઔર વો યહાં અશુદ્ધકા નાશ હુવા તો ત્યાં કર્મકા ઈતના ઉદય ભી નહીં આતા હૈ, નાશ હોતા હૈ એ દ્રવ્ય નિર્જરા. હજી તો નવતત્ત્વકી બાત ચલતી હૈ હજી તો. આહાહાહા ! સમજમેં આયા ? ભાઈ નથી આવ્યા હમારે જીવરાજજી ? શરીરને ઠીક નહીં હોય. નથી આવ્યા ? બ્લડ પ્રેશર ૨૪૫ થઈ ગયું. શું કહેવાય એ બ્લડ પ્રેશર ૨૪૫ જીવરાજજીને છે ઘણા વખતથી રહ્યા કરે છે, બ્લડ પ્રેશર. જડની પર્યાય હૈ ભાઈ. આહાહા ! બ્લડ પ્રેશર હો કે ક્ષય રોગ હો કે કેન્સર હો. એ તો જડની પર્યાય હૈ. માટી ધૂળકી ભગવાનમેં એ હૈ નહીં. આહાહાહા ! ભગવાન શબ્દે આ આત્મા રોગકો છૂતે હી નહીં કભી તીન કાલમેં. અરે ઈસકો છૂતે તો નહીં. પણ જ્ઞાયકભાવ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ દ્રવ્ય સ્વભાવ વો રાગકો છૂતે નહીં. આહાહાહા ! રાગકો છૂતે નહીં, પણ ધર્મકી પર્યાય જો ઉત્પન્ન હોતી હૈ ઉસકો દ્રવ્ય છૂતે નહીં. આવો મારગ છે બાપા ! અરેરે ! સમજમેં આયા ? દ્રવ્ય જો જ્ઞાયક સ્વરૂપ હૈ એ તો ત્રિકાળ એકરૂપ રહેનેવાલી ચીજ હૈ. એ પર્યાયમેં આતી નહીં. આ તો પર્યાયકા ભેદકી વ્યાખ્યા કરતે હૈ અભી તો. આહાહા !

નિર્જરા હોને યોગ્ય ઔર નિર્જરા કરનેવાલા એટલે જૂના કર્મ ખિર ગયા વો નિર્જરા કરનેવાલા કહેનેમેં આયા હૈ. "દોનોં નિર્જરા હૈ" એક અજીવકી પર્યાય એક જીવકી પર્યાય. દોનોં નિર્જરા હૈ.

"બંધને યોગ્ય" આત્મા વિકારકી પર્યાયમેં બંધને યોગ્ય અપને કારણસે, આહાહાહા ! રાગ પુણ્ય પાપકા ભાવસે બંધને યોગ્ય વિકારસે બંધને યોગ્ય એ અપની યોગ્યતાસે બંધને યોગ્ય હોતા હૈ કોઈ કર્મકે કારણસે બંધને યોગ્ય ભાવ હોતા હૈ ઐસા હૈ નહીં. આહાહાહાહા ! બંધને યોગ્ય એ જીવકી પર્યાય. બંધન કરનેવાલા એ જૂના કર્મ, નયાની યહાં બાત નહીં. પુરાના કર્મ નિમિત્ત હૈ એ બંધને કરનેવાલાકો, દ્રવ્યબંધ કહા. અજીવકી પર્યાય કહા. આ ભાવ બંધ હૈ એ જીવકી પર્યાય હૈ. આહાહાહા ! હજી તો નવતત્ત્વ સમજાતે હૈ. બંધ હૈ દોનોં.

"મોક્ષ હોને યોગ્ય" હવે આખિરકી છેલ્લી. આહાહાહા ! ભગવાન આત્મામેં કેવળજ્ઞાનમેં સિદ્ધપદ હોને યોગ્યકે કાળમેં મોક્ષ પર્યાય હોતી હૈ. આહાહા ! અપના સ્વકાળમેં મોક્ષ હોનેકે સમયમેં અપના નિજ ક્ષણમેં ઉત્પત્તિ મોક્ષકી પર્યાયકા કાળ થા તો ઉસમેં મોક્ષ દશા ઉત્પન્ન હુઈ. એ મોક્ષ દશા એ જીવકી પર્યાય હૈ. આહાહાહા ! પર્યાય હૈ, એ દ્રવ્ય નહીં. આહાહાહા ! મોક્ષ હોને યોગ્ય જે કેવળજ્ઞાન ઉત્પન્ન હુવા એ જીવ દ્રવ્ય નહીં પર્યાય હૈ. આહાહાહા ! ઔર એ સમયે કર્મકા છૂટ જાના એ દ્રવ્ય મોક્ષ હૈ, આ ભાવ મોક્ષ હૈ, વો કર્મ છૂટ જાના વો દ્રવ્ય મોક્ષ હૈ. એક જીવકી પર્યાય હૈ, એક અજીવકી પર્યાય હૈ. આહાહા ! બહું ઝીણું બાપુ ! આહાહા ! જ્ઞાનને કેળવવું પડે ભાઈ ! આહાહા !

વો આટા હોતા હૈ ને આટા, લોટ લોટ બનાતે હૈ ને કાંઈ રોટલી તરત કરતે હૈ ? યે આટાકો કેળવતે હૈ ઐસા. ઐસે જ્ઞાનમેં પહેલી આ બાત કેળવની પડેગી પ્રભુ ! આહા ! જાનને લાયકકો જાનના પડેગા તેરે. આહાહા ! અરે ! મોક્ષ હોને યોગ્ય, હોને યોગ્ય કયું કહા ? કે એ સમયમેં કેવળજ્ઞાનકી ઉત્પત્તિ હોને યોગ્ય અપની પર્યાયમેં લાયકાતસે ઉત્પન્ન હુઈ હૈ. કોઈ કર્મ ક્ષય હુવા તો મોક્ષકી પર્યાય ઉત્પન્ન હુઈ હૈ ઐસા નહીં. આહાહા ! કયા કહેતે હૈં ?

( શ્રોતાઃ- શુદ્ધ દ્રવ્ય કહા હૈ ? ) નહીં નહીં. આ તો પર્યાયકી બાત હૈ. પર્યાય વો હૈ એ શુદ્ધ દ્રવ્ય નહીં. યહાં તો નવ પર્યાયસે ભિન્ન દ્રવ્ય હૈ ઉસકી દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ એ બતાના હૈ. ઝીણી બાત હૈ.

એ બાત તો સૂનનેમેં કઠણ પડતી હૈ અભી, બહારમેં કહે ઐસે કે વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો, ગજરથ કાઢો, રથ નિકાલો. કોણ કરે ? એ તો જડકી પર્યાય પરકી ક્રિયા હૈ ઈસમેં તેરા ભાવ કદાચિત્ મંદ હો રાગકી મંદતા હો તો યે પુણ્ય હૈ, વો કોઈ ધર્મ નહીં.

( શ્રોતાઃ- ધર્મ આપ કિસકો કહેતે હો ? ) હૈં ! આ કહેતે હૈ ને, કે આ નવતત્ત્વકી પર્યાય જો હૈ, એક જીવકી ઔર એક અજીવકી, દોકો છોડકર દોકા નવતત્ત્વકા પર્યાયકા ભેદકો છોડકર, ત્રિકાળી અખંડાનંદ પ્રભુ જે શુદ્ધ હૈ, જો પર્યાયમેં કભી આયા નહીં, કભી મલિન હુવા નહીં, કભી કેવળજ્ઞાનકી પર્યાયમેં ભી આત્મા આતા નહીં, આવી વાત હૈ. આહાહા ! ( શ્રોતાઃ પણ આવું અમારા દેશમાં સંભળાતું નથી ) પણ એમને આવો ટાઈમ હોય આવું મનુષ્યપણું બાપુ ! અત્યારે નહીં કરે તો કે દિ' કરશે, ભાઈ ! આ મનુષ્યપણું તો વિખાઈ જશે. ભાઈ ! આંખો મીંચીને ચાલ્યો જશે, રખડતો, જીવ. યે પવન હોતા હૈ ને વંટોળિયા પવન નહીં હોતા ? વંટોળિયા કહેતે હૈ કયા કહેતે હૈ ? ઉસમેં તીનકા હોતા હૈ તીનકા, ઉડકે કહાં જાયેગા ? આહાહા ! ઐસે જિસકો અભી સમ્યગ્દર્શન નહીં મિથ્યાશ્રદ્ધામેં પડા હૈ એ ઉડકર તીનકા કહાં જાયેગા, ભાઈ ! આહાહા !

અહીંયા બડા ચક્રવર્તી બ્રહ્મદત્ત ૯૬૦૦૦ સ્ત્રી, ૯૬ ક્રોડ પાયદળ, ૧૬૦૦૦ દેવ સેવા કરતે થે. પણ મિથ્યાત્વકા પાપ સેવન કરતે થે, આમ હીરાના પલંગ ઉપર પોઢે થે, ઇસકી એક સ્ત્રીકો તો હજાર દેવ સેવા કરતે થે, દેવ સેવા કરતે થે સ્ત્રીકા. ઐસી તો ૯૬૦૦૦ સ્ત્રી આ આંખ મીંચી પ્રભુ, એ પલંગમેંસે દૂસરે સમયે સાતમી નરકમેં ગયે. આહાહાહા ! જેના એક ક્ષણની વેદના પ્રભુ, કરોડો જીભ અને કરોડો ભવસે કહી શકે નહીં ઐસી વેદનામેં ગયે. એક ક્ષણ નહીં, પણ

તેત્રીસ સાગર એક સાગરોપમમેં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યોપમમેં અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. આહાહાહા ! ભાઈ એવા દુઃખ તેં અનંતવાર સહન કર્યા હૈ, અનંતબૈર નરકમેં ગયે હૈ અનંતબૈર નિગોદમેં ગયે હૈ. પ્રભુ તેરે ખબર નહીં. ભૂલ ગયા માટે નહીં થા ઐસે કેમ કહે ? આહાહા ! સમજમેં આયા ? જનમ પીછે છ માસમેં કયા હુવા એ ખબર હૈ અભી ? ખબર નહીં માટે નહીં થા, એમ કોણ કહે ? એમ અનંત કાળમેં દુઃખ સહન કિયા એ ખબર નહીં હૈ તો નહીં થા ઐસા કોણ કહે, સમજમેં આયા ? લોજિકસે ન્યાયસે સમજના પડેગા કે નહીં ? આહાહા ! તો તેરી જનમ મરણકી દુઃખની દશા, ભગવાન પોકાર કરતે હૈ, પ્રભુ એ દુઃખને કયા કહા હૈ ? તેં દુઃખ તો સહન કિયા, પણ દુઃખ તેરા દુઃખ દેખનેવાલાકી આંસુ ધારા ચલતી થી. આહા ! એ દુઃખ મિટાનેકા રસ્તા, આહાહા ! નવતત્ત્વકી દૃષ્ટિ છોડકર ક્યોંકિ નવતત્ત્વ એ પર્યાયકા ભેદ હૈ. આહાહાહા ! પર્યાયકા લક્ષ છોડકર, આહાહાહા ! સમજમેં આયા ?

“મોક્ષ હોને યોગ્ય તથા મોક્ષ કરનેવાલા દોનોં મોક્ષ હૈ.” આહાહા ! “ ક્યોંકિ એકકો હી અપને આપ પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ નહીં હોતા,” કયા કહેતે હૈ ? એકીલા પ્રભુ જ્ઞાયકભાવ ઉસમેં આ ભેદભાવ નહીં હોતા. નિમિત્ત-નિમિત્ત સંબંધને કારણે એ ભેદભાવ હોતા હૈ. એકીલા જ્ઞાયકભાવ ઉસમેં આ ભેદ નવ નહીં હોતા. અપની પર્યાયકી યોગ્યતા અને નિમિત્ત દૂસરી ચીજ, દોકે કારણસે એ નવ ભેદ ઉત્પન્ન હોતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ? ક્યોંકિ એકકો હી અપને આપ, અપને કારણસે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ સિદ્ધિ નહીં હોતી. એકીલા જ્ઞાયકભાવમેં નવભેદ કૈસે આયા ? ઉસકી પર્યાય ઔર નિમિત્ત દો મિલકર નવભેદ હુએ હૈ. આહાહા ! હૈ ! આહાહાહા !

એ દોનોં જીવ ને અજીવ હૈ, કોણ દો ? જો જીવકી પર્યાય હૈ એ જીવ કહેનેમેં આતા હૈ અને ઉદય જો અજીવ હૈ ઉસકો અજીવ કહેનેમેં આતા હૈ. દો મિલકર જીવ-અજીવ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? વે દોનોં જીવ અજીવ હૈ, અર્થાત્ વો દોનોમેંસે, દોમેં સે એક જીવ હૈ ને દૂસરા અજીવ હૈ, આહાહા ! એ પુણ્ય પાપ આસ્રવ સંવર નિર્જરા બંધ ને મોક્ષ એ જીવકી પર્યાય હૈ, અને ઉદય જો હૈ કર્મકા એ અજીવકી પર્યાય હૈ નિમિત્ત, દો મિલકર યહાં નવભેદ હુવા હૈ, એકીલા આત્મામેં નવભેદ હોતા નહીં. આહાહા ! આ..હા !

હવે દૂસરી ચીજ, વો તો નવ સિદ્ધ કિયા, વો સમ્યગ્દર્શનકા વિષય નહીં. આહાહાહાહા ! હજી તો ધર્મકી પહેલી સીઢી ઈસકા આ વિષય નહીં નવ. આહાહા ! આ દેવ ગુરુ ને શાસ્ત્ર તો પર રહ ગયા. વો ભી સમ્યગ્દર્શનકા વિષય નહીં. આહાહાહા ! ધર્મકી પહેલી સીઢી ઉત્પન્ન હોનેમેં ત્રિકાળી જ્ઞાયકભાવ હી એક આશ્રય કરને લાયક હૈ બસ ! આહાહાહા ! સૂક્ષ્મ તો હૈ પણ વસ્તુ ઐસી હૈ. આહાહા ! હવે એ કહેતે હૈ.

“બાહ્ય દૃષ્ટિસે દેખા જાય” કયા કહેતે હૈં ? સ્થૂળ દૃષ્ટિસે દેખા જાય તો જીવ પુદ્‌ગલકી અનાદિ બંધ પર્યાયકે સમીપ જાકર, આહાહા ! જીવકી પર્યાય ને અજીવકી પર્યાય દોનોં કે સમીપ જાકર “એકરૂપસે અનુભવ કરને પર નવતત્ત્વ ભૂતાર્થ હૈ”. નવ હૈ. આહાહા ! નવપ્રકારકી પર્યાય હૈ, અસત્ય હૈ જૂઠા હૈ ઐસા નહીં. આહાહાહાહા ! સમજમેં આયા ? જીવ પુદ્‌ગલકી અનાદિ બંધપર્યાયકે સમીપ જાકર એકરૂપસે અનુભવ કરને પર નવ ભૂતાર્થ હૈ. નવ પર્યાય હૈ.

નવ ભેદ હૈ. એક જીવ દ્રવ્યકે સ્વભાવકે સમીપ જાકર અનુભવ કરનેસે નવતત્ત્વ અભૂતાર્થ હૈ. આહાહા ! કયા કહા ? આહાહા ! એક સ્વરૂપ ભગવાન આત્મા, ઉસકી સમીપ જાકર એકત્વકા અનુભવ કરનેસે, યે નવ અભૂતાર્થ જૂઠા હૈ. આહાહાહા ! ડાહ્યાભાઈ ! આ વાત હૈ ભાઈ. કોઈ દિ' સાંભળી નથી, બેસે તો ક્યાંથી ? આહાહાહા ! એમ ને એમ જિંદગી બફમમાં ને બફમમાં, બફમ નામ ભાન વિના જિંદગી નિકાલી જાતી હૈ. આહાહા !

યહાં કહેતે હૈ કે જીવ અને જડ દોકા ભેદસે વિચાર કરનેસે નવ હૈ, નવ હૈ, ઔર એક જીવદ્રવ્યકે સ્વભાવ, ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ સ્વભાવ, નિત્ય સ્વભાવ, સામાન્ય સ્વભાવ, એકરૂપ સ્વભાવ, આહાહાહા ! ઉસકી સમીપ જાકર, એકરૂપ સ્વભાવકી સમીપ જાકર, હૈ ? અનુભવ કરને પર અભૂતાર્થ હૈ. નવ વાત સાચી હૈ નહીં, પર્યાય સ્વભાવ અસત્યાર્થ હૈ, હૈ ?

( શ્રોતાઃ– સમીપ કૈસે જાના ? ) કહેતે હૈ ને અંદર એ તરફકા ભેદકા લક્ષ છોડકર અભેદમેં જાના. ઝીણી વાત બાપુ ! આહાહા ! આ તો અનંત કાળમાં એક સેકન્ડ કિયા નહીં કભી. રાગ આગ દાહ દહે બળી ગયો છે મરી ગયો છે એમાં. આહાહાહા ! વિકલ્પની જાળમાં બળી ગયો છે, મરી ગયો છે, ભાન નથી એને. મૈં કયા ચીજ હું અંદર ? આનંદકા નાથ જ્ઞાયકભાવસે બિરાજમાન પ્રભુ ! આહાહા ! ઉસકો રાગકી અગ્નિમેં બાળ ( સુલગા ) દિયા. આહાહા ! એ બળતા નહીં, રાગસે બળ ગયા તો ઉસકો જ્ઞાયકભાવ નહીં હૈ ઐસા હુવા. કયા કહા ?

રાગકી પર્યાયમેં એકાકારસે જલ ઉઠા તો ઉસકો જ્ઞાયકભાવ હૈ નહીં તો ઉસકે માટે જ્ઞાયક તો મર ગયા હૈ. આહાહા ! યહાં તો ત્યાં લગ કહેતે હૈ. 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય' અમૃતચંદ્રાચાર્ય સંતો તો દિગંબર હૈ સબ. એ પરકી દયા પાળનેકા ભાવ આયા એ રાગ હૈ. એ સ્વરૂપકી હિંસા હૈ. વીતરાગ સ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાયક કાયમકી ચીજ હૈ ઉસમેં વો રાગ વિકૃત દશા હુઈ એ સ્વરૂપકી હિંસા હુઈ. અપના સ્વરૂપકા નિષેધ હુવા. રાગકા અસ્તિત્વ પ્રસિદ્ધમેં આયા.

( શ્રોતાઃ– ઈસમેં હિંસા કહાં હુઈ ? ) રાગ હુઆ ઉસકા ક્યા અર્થ હુઆ, રાગકી હૈયાતી દેખનેમેં ત્રિકાળકી હૈયાતી છૂટ ગઈ. દૃષ્ટિમેંસે છૂટ ગયા. આહાહા ! આકરી બાત ભાઈ ! એકરૂપ વસ્તુમેંસે નિકલકર વિકલ્પ આયા હૈ. ચાહે તો... ધર્મકા, આહાહા ! યે અપના સ્વરૂપકા આશ્રય ન લિયા ને રાગકા આશ્રય લિયા તો સ્વરૂપકી હિંસા હુઈ. આહાહાહા !

વિશેષ કહેગા. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ ).

## પ્રવચન નં. ૬૧ ગાથા – ૧૩ તા. ૧૮-૮-૭૮ શુક્રવાર, શ્રાવણ સુદ-૧૫ સં. ૨૫૦૪

શ્રી સમયસાર ગાથા ૧૩ દૂસરા પેરેગ્રાફ હૈ ને.

સ્થૂળ દૃષ્ટિસે દેખા જાયે, પેરેગ્રાફ આયાને, સૂક્ષ્મ વિષય ભગવાન ! અનંત કાળમેં નવતત્ત્વકી પરિપાટીકા ભેદ હૈ ઉસકો છોડકર જ્ઞાયકભાવ એકીલા ચૈતન્યમૂર્તિ હૈ ઐસા કભી આશ્રય લિયા નહીં. દૃષ્ટિ કભી કિયા નહીં. તો કહેતે હૈ કી "સ્થૂળ દૃષ્ટિસે દેખા જાયે" તો જીવ પુદ્ગલકી અનાદિ બંધપર્યાયકે સમીપ, ભગવાન આત્મા ને રાગનો સંબંધ બંધપર્યાય એ સમીપ જાકર એકરૂપસે અનુભવ કરને પર રાગ ને આત્મા, ભેદ ને આત્મા જીવકી એક સમયકી

પર્યાય અજીવકા જ્ઞાન જો હોતા હૈ યે ઉસકો યહાં અજીવ કહેતે હૈ. અજીવ તો ભાવ હોતા હી નહીં આત્મામેં, ઔર પુણ્ય ને પાપકા ભાવ જો મલિન ભાવ દો હૈ, એ બંધકી પર્યાયકે સમીપ જાનેસે દિખતે હૈ. આહાહા ! નવતત્ત્વકા ભેદ, સૂક્ષ્મ બાત હૈ પ્રભુ ! એ જીવ પુદ્‌ગલની સમીપે જાકર અનુભવ કરને પર નવતત્ત્વ ભૂતાર્થ હૈ. નવ પર્યાયમેં પ્રકાર હૈ, સૂક્ષ્મ બાત હૈ બાપુ ! પર્યાયમેં નવ પ્રકાર હૈ, યે ભૂતાર્થ હૈ, વ્યવહારનયસે હૈ.

( શ્રોતાઃ- પહેલાં તો અભૂતાર્થ કહેતા થા ) એ અહીંયા હૈ એ અપેક્ષાએ ભૂતાર્થ કહેતા થા, વો ત્રિકાળકી અપેક્ષાએ અભૂતાર્થ હૈ. એ કહેગા અભી. આહાહા ! બહુ સૂક્ષ્મ વિષય ! અનંત કાળમેં કભી, જ્ઞાયક કયા ચીજ હૈ, અંદર પરમાત્મા સ્વરૂપ હૈ, હરિ કહો, વિષ્ણુ કહો, બ્રહ્મ કહો, બ્રહ્માનંદ કહો, પરમાત્મા કહો, એ સબ આત્મા હૈ અંદર. હરતિ ઈતિ હરિ, જો અજ્ઞાન અને રાગદ્વેષકો હરે વો હરિ. પરમાત્મા અપના સ્વરૂપ હૈ હરિ. સમજમેં આયા ? ઐસા એકરૂપ પરમાત્મામેં કર્મકા નિમિત્તકે સંબંધમેં દેખનેસે નવતત્ત્વ પર્યાયરૂપ હૈ, ભૂતાર્થ હૈ ઐસા કહેનેમેં આયા હૈ, સમજમેં આયા ? આહાહા !

શું વાત ! હૈ ને ? ઔર એક જીવદ્રવ્યકે સ્વભાવકે સમીપ જાકર, આહાહાહા ! હવે રાત્રિકો કોઈ પૂછતે થે કે હમે કૈસે જાનના ? ભાઈ એ જીવ સ્વભાવ જ્ઞાયકરૂપ શાશ્વત ચીજ હૈ ઉસકી તરફ સમીપ જાનેસે, આહાહા ! જ્ઞાયકભાવ, શાશ્વત સ્વભાવ એકરૂપ ભાવ જો ભાવ, પુણ્ય પાપમેં તો આયા નહીં પણ વો સંવર નિર્જરા ને મોક્ષકી પર્યાયમેં ભી વો જ્ઞાયકભાવ આયા નહીં. આહાહાહા ! બહુ સૂક્ષ્મ જૈન ધર્મ અને એ જ ધર્મ હૈ, દૂસરા કોઈ ધર્મ હૈ નહીં. સમજમેં આયા ?

એ જ્ઞાયકભાવકી સમીપ જાનેસે, એક જીવ દ્રવ્યકે સ્વભાવ, એક જીવદ્રવ્યકા સ્વભાવ એકરૂપ ત્રિકાળ જ્ઞાયકભાવ, આનંદભાવ, શાંતભાવ, ધ્રુવભાવ, જે નવતત્ત્વકી પર્યાયકે સમીપ જાનેસે નવતત્ત્વ હૈ, પણ ઉસકી દૃષ્ટિ છોડકર નવકા પર્યાય ભેદકા લક્ષ છોડકર જ્ઞાયક પરમ ત્રિકાળી પ્રભુ હૈ, ઉસકી સમીપ જાકર, દૃષ્ટિ ત્યાં લગાકર, આહાહા ! ભૂતાર્થનયસે એક જીવ હી પ્રકાશમાન હૈ. આહાહા ! ત્યાં તો નવતત્ત્વમેં પર્યાયભેદમેં એક જીવ જ્ઞાયકભાવ ત્રિકાળ વો હી પ્રકાશમાન હૈ. આહાહા ! કયા કહેતે હૈ હજી ? સમજમેં આયા ?

પર્યાયમેં વર્તમાન દશામેં કર્મકા નિમિત્તકા સંબંધકી દૃષ્ટિસે દેખો તો નવ પર્યાય હૈ, પર્યાયમેં નવ પ્રકાર હૈ, એ જીવમેં નવપ્રકારમેં જો જીવ ગિનનેમેં આયા, વો જીવકા એક અંશ પર્યાય લેના, ( સમજના ) સારા જીવ દ્રવ્ય નહીં. સમજમેં આયા ? એક જીવકી એક સમયકી પર્યાયકો યહાં જીવ નવમેં કહેનેમેં આયા. ઔર ભેદ સબ આસ્રવ પુણ્ય પાપ સંવર નિર્જરા ( બંધ ) મોક્ષ યે સબ ભેદરૂપી પર્યાય હૈ. પર્યાયદૃષ્ટિસે યે વસ્તુ હૈ. પણ વો દૃષ્ટિસે આત્મજ્ઞાન હોતા નહીં, સમ્યગ્દર્શન ધર્મકી પહેલી સીઢી, યે નવતત્ત્વકા ભેદકી દૃષ્ટિસે સમ્યગ્દર્શન હોતા નહીં. સમ્યક્ નામ સત્ય દર્શન, વો તો ત્રિકાળી જ્ઞાયકભાવ જો ધ્રુવ હૈ, જિસમેં ભેદ નહીં ઔર ભેદમેં એ આયા નહીં. આહાહા ! આવી વાત. એ મોક્ષકી પર્યાય હૈ ઉસમેં ભી દ્રવ્ય આયા નહીં. આહાહા ! સંવર નિર્જરા આદિ જે મોક્ષકા માર્ગકી પર્યાય હૈ, ઉસમેં ભી વો જ્ઞાયકભાવ આયા નહીં. આહાહાહા ! ઐસા, હૈ ?

નવતત્ત્વમેં ભૂતાર્થનયસે નવકી પર્યાયમેં લક્ષ છોડકર એકરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવકી દૃષ્ટિ કરનેસે એક જીવ હી પ્રકાશમાન હૈ, ત્યાં તો ચૈતન્યમૂર્તિ ભગવાન એક હી પ્રકાશમાન હૈ. વો દૃષ્ટિ સમ્યગ્દર્શનકા વિષય ( હૈ ). આહાહા ! આવી વાતું બાપુ ! સમાજને સાધારણ વાતમાં અટકીને જિંદગી નિકાલતે હૈ. આહાહા ! આંહી પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એમ ફરમાતેં હૈ, વો હી સંતો કહેતે હૈ. સંતો આડતિયા હોકર માલ કહેતે હૈ. આડતિયા સમજતે હૈ ? માલ તો સર્વજ્ઞકા ઘરકા હૈ, સંતો આડતિયા હોકર આ વાત કરતે હૈ, આહાહા ! સમજમેં આયા ? કે નવતત્ત્વમેં, નવકા પર્યાયકા ભેદમેંસે ભૂતાર્થનયસે એક જીવ હી, આહાહાહા ! છતો, છતી ચીજ, છતી મોજૂદગી ત્રિકાળી શાશ્વત વસ્તુ જિસમેં પર્યાયભેદ ભી નહીં. આહાહાહા ! ઐસા ભૂતાર્થનયસે, ભૂત નામ છતો પદાર્થ પૂર્ણાનંદ પ્રભુ ઈસકા નયસે એ દૃષ્ટિસે દેખનેસે એક જીવ હી પ્રકાશમાન હૈ. ભાઈ ! આ તો મંત્રો હૈ. આ કોઈ વાર્તા–કથા નથી. આ કોઈ શબ્દો એક શબ્દમાં પૂરું પડે ઐસી ચીજ નહીં.

આ તો સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વર દેવની દિવ્ય ધ્વનિ ઉસમેં આયા આ માર્ગ હૈ. જે ઇન્દ્રો એકાવતારી, એક ભવતારી ભી સૂનતે હૈ, એ ચીજ કૈસી હૈ ભૈયા. આહા ! આહા ! એ નવતત્ત્વકી પર્યાયકી અવસ્થાકા ભેદ, હૈ ભેદ, પણ ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન નહીં હોતા. ધર્મકી પહેલી શ્રેણી યે નવકા પર્યાય ભેદસે સમ્યગ્દર્શન નહીં હોતા. કયોંકિ સમ્યક્ પૂર્ણસ્વરૂપ જે ભગવાન સત્ હૈ. યે સત્ હૈ, ઈસકી દૃષ્ટિસે સમ્યગ્દર્શન હોતા હૈ. સમ્યક્ નામ સત્ય દૃષ્ટિ, આહાહા ! એ ત્રિકાળી જ્ઞાયકભાવકે સમીપ જાનેસે જીવકા એકરૂપ દ્રવ્ય સ્વભાવકે સમીપ જાનેસે એક જીવ હી પ્રકાશમાન દિખતે હૈ બસ. ઉસમેં ભેદ બેદ હૈ નહીં. સંવર નિર્જરા ને મોક્ષ કી પર્યાય ભી ઐસે જીવ દ્રવ્ય સ્વભાવમેં હૈ નહીં. આહાહાહા !

“ઈસ પ્રકાર અંતરદૃષ્ટિસે દેખા જાયે” વો બાહ્ય દૃષ્ટિકી પહેલી બાત કિયા. હવે અંતર દૃષ્ટિસે દેખા જાયે અંતર દૃષ્ટિસે દેખા જાય ભગવાન આત્માકો તો જ્ઞાયકભાવ જીવ હૈ. વસ્તુ જાણક જાણક જાણક સ્વભાવ, જ્ઞાનસ્વભાવકા પિંડ, જેમ એ બરફકી અરે ! પાટ હોતી હૈ ૫૦ મણની, ઐસે ભગવાન અનંતગુણકી પાટ એકરૂપ સ્વભાવ હૈ અંદર. આહાહા ! આવી વાતું છે. જીવકે, જ્ઞાયકભાવ જીવ હૈ. ભગવાન જાણક જાણક જાણક જાણક જાણક જાણક જાણક જાણક ધ્રુવ આ પાણીકા પ્રવાહ ઐસે ચલતે હૈ, અને આત્માકા ધ્રુવ પ્રવાહ ધ્રુવ ધ્રુવ ધ્રુવ ધ્રુવ ઐસે ચલતે હૈ. આહાહાહા ! ઐસે જ્ઞાયકભાવ જીવ હૈ. એ ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ ધ્રુવ ધ્રુવ ધ્રુવ એ જીવ હૈ. આહાહાહા ! ઔર જીવકે વિકારકા હેતુ, વિકારકાનો અર્થ ભેદકા હેતુ સંવર નિર્જરા મોક્ષ ભી આંહી વિકાર કહેતે હૈ. ભેદ આયા ને ભેદ ? વિશેષે કાર્ય, આ વિકાર એટલે મલિનતા ઐસા યહાં ન લેના. આહાહાહા !

જીવકે વિશેષ કાર્યકા હેતુ, ભેદ પડતે હૈ. એ નિમિત્ત કર્મકા અજીવકા નિમિત્તસે ઉસકી હૈયાતીમેં પુણ્ય પાપ આસ્રવ બંધકા ભેદ દિખતે હૈ, ઔર ઉસકા અભાવમેં સંવર નિર્જરા પણ ઉસમેં ભી નિમિત્તકે અભાવકી અપેક્ષા આઈ. કયા કહા ? જો ભગવાન જ્ઞાયકભાવરૂપ એક હૈ, ઉસમેં જો પર્યાયમેં પુણ્ય પાપ આસ્રવ બંધ વિકારી પર્યાય હોતી હૈ, એમાં અજીવ કર્મકા નિમિત્ત સાપેક્ષ હૈ, ઔર સંવર નિર્જરા મોક્ષ હૈ યે નિમિત્તકા અભાવકી સાપેક્ષતા હૈ. ઈસમેં પરમપારિણામિક

ભાવ આયા નહીં, ઉસમેં સાપેક્ષ આયા. આહાહાહા !

જીવકે વિશેષ કાર્યકા હેતુ વિશેષ પર્યાય ભેદકા હેતુ અજીવ હૈ. આહાહાહા ! ભાઈ ! આ તો ભગવંત પરમાત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથકી વાણી બાપુ એ કાંઈ સાધારણ વાત હૈ નહીં. આહાહા ! જેને ઇન્દ્રો, સો ઇન્દ્રો વાઘ અને સિંહ જંગલમેંસે કુત્તાના બચ્ચાની જેમ ચલે આવે ભગવાનકા સમવસરણમેં. મહાવિદેહમેં હૈ ભગવાન, ( સીમંધરનાથ ) યહાં થે તો યહાં ભી થે. ભગવાન બિરાજતે હૈ ૫૦૦ ધનુષ્યકા દેહ હૈ. પૂર્વ દિશા હૈ ને ? આહાહા ! મહાવિદેહમેં પહેલામેં... ૩૨ ભાગ હૈ, ઉસમેં એક ભાગમેં ભગવાન બિરાજતે હૈ, આહાહા ! ૫૦૦ ધનુષ, ( શરીર-દેહ ) દો હજાર હાથકા ઊંચા હૈ અભી. પ્રભુ બિરાજતે હૈ મનુષ્યપણે, અંદરમેં તો ત્રિકાળીજ્ઞાન સર્વજ્ઞ પ્રભુ એક સેકંડકા અસંખ્ય ભાગમેં તીન કાલ તીન લોકકો દેખતે હૈ, ઉસકી વાણીમેં આ આયા એ સંતો જગત પાસે જાહેર કરતે હૈ. સમજમેં આયા ? આહા !

જીવ તો જ્ઞાયકભાવ હી હૈ. આ ત્રિકાળી દ્રવ્યકી બાત આઈ. વો નવતત્ત્વમેં જીવ વો તો એક સમયકી પર્યાયકો જીવ કહા. સમજમેં આયા ? આહાહા ! ત્રિકાળી જ્ઞાયકભાવ શાશ્વત ધ્રુવ ચીજ અનાદિ અનંત, અણ ઉત્પન્ન, અનાશ, નાશ નહિ અને અપના પૂર્ણ સ્વભાવસે ભરા પડા ભગવાન એ જ્ઞાયકભાવ એ જીવ હૈ.

ઔર ઈસમેં વિશેષ કાર્યકા હેતુ, પુણ્ય પાપ આસ્રવ સંવર નિર્જરા બંધ ને મોક્ષ એ વિશેષ કાર્ય હૈ. ઉસમેં હેતુ અજીવ હૈ તો અજીવ હેતુ કયોં કહા ? કે પુણ્ય શુભ અશુભભાવમેં આસ્રવ બંધ હૈ. તો અજીવ નિમિત્તકી સાપેક્ષતા આ જાતી હૈ, પણ પીછે સંવર નિર્જરા મોક્ષમેં ભી નિમિત્તકા અભાવકી અપેક્ષા આતી હૈ. ઐસી ચીજ પર્યાય કહેનેમેં આતા હૈ. એ વિકાર હેતુ અજીવ, વિશેષ કાર્યમેં હેતુ નામ નિમિત્ત અજીવ હૈ. તો સંવર નિર્જરા મોક્ષકી પર્યાયમેં હેતુ અજીવ કૈસે ? ભગવાન જે આત્મા ત્રિકાળી સ્વરૂપ પરમપારિણામિક જ્ઞાયકભાવ ઉસમેં કોઈ નિમિત્તકી હૈયાતી ને અભાવકી અપેક્ષા હૈ નહીં. ઐસી જ્ઞાયકભાવ ત્રિકાળ વસ્તુ હૈ, ઉસકા સમીપ જાનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. ઉસસે દૂર દૂર ભટકતે હૈ ઔર નવ પર્યાયમેં ઉસકા લક્ષ ને ત્યાં રહેતે હૈ તો જ્ઞાયકભાવ ઉસકો દૃષ્ટિમેં નહીં આતા. એનું પરિપૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા એ ઉસકા દૃષ્ટિમેં ને જ્ઞાનમેં નહીં આતા. આહાહાહા !

( શ્રોતાઃ- સમ્યગ્દર્શનનો વિષય અધૂરો છે, ત્રિકાળી વસ્તુ ) ત્રિકાળી વસ્તુ એ સમ્યગ્દર્શનકા વિષય હૈ. ( શ્રોતાઃ- તો અધૂરા રહા હૈ. ) અધૂરા કૌન કહા ? ત્રિકાળી વસ્તુ હૈ ને ? પર્યાય પીછે. ( શ્રોતાઃ- પ્રમાણની અપેક્ષાએ ભેદ છે ને ? ) એ અહીં તો નયકા વિષયકી બાત ચલતે હૈ ને. પ્રમાણકા વિષય તો ત્રિકાળી જ્ઞાયકભાવ અને વર્તમાન રાગાદિ પર્યાય, સંવર આદિ એ સબ વ્યવહારનયકા ( વિષય ) નિશ્ચય ને વ્યવહાર દોકા વિષય પ્રમાણ.

એ પ્રમાણકા વિષયમેં તો દ્રવ્ય પર્યાય દો આયા. પણ ઉસમેંસે જ્યાં નિશ્ચયનયકી દૃષ્ટિસે દેખના હૈ એક નયે, આહાહા ! સમજમેં આયા ? તો જ્ઞાયકભાવ જીવ હૈ. ઔર જીવકે વિશેષ કાર્યકા હેતુ અજીવ. કોણ ? પુણ્ય ને પાપ આસ્રવ સંવર નિર્જરા બંધ ને મોક્ષ જિસકા લક્ષણ, ઐસે જીવકે, કેવળ જીવકે વિશેષ દશા હૈ. હૈ ? શુભભાવ જીવકી વિકૃત અવસ્થા, પાપભાવ જીવકી વિકૃત અવસ્થા. આસ્રવ વિકૃત અવસ્થા. સંવર અવિકૃત અવસ્થા. પણ વિશેષ હૈ ને યે ?

સામાન્ય જ્ઞાયકભાવ નહીં વો. આહાહાહા ! આવી વાત હવે એને એકેક ગાથામાં.

( શ્રોતાઃ– ઘડીકમાં આપ કહો આત્મા ધ્રુવ છે, ઘડીકમાં આપ કહો પર્યાય અમારે સમજવું શું ? ) વિશેષ સ્પષ્ટ કરાતે હૈ. પર્યાય ભી હૈ ને દ્રવ્ય ભી હૈ. દો હૈ. દ્રવ્ય હૈ એ જ્ઞાયકરૂપ એકરૂપ હૈ ને પર્યાય હૈ યે ભેદરૂપ દશાવંત હૈ. પુણ્ય પાપ આસ્રવ સંવર નિર્જરા આદિ ભેદરૂપ યે હૈ. હૈ તો યે ભી હૈ ને આ ભી હૈ. પણ નવતત્ત્વકા ભેદ હૈ વિશેષ વો તો વ્યવહારનયકા વિષય હૈ સમ્યગ્દર્શનકા વિષય નહીં વો. આહાહા ! એ શુદ્ધનયકા વિષય નહીં, વિષય શબ્દે ધ્યેય, શુદ્ધનયકા ધ્યેય તો ત્રિકાળી જ્ઞાયકભાવ હૈ. આહાહાહા ! ઝીણી વાત બાપુ ! એણે કોઈ દિ' કર્યું નથી. દુનિયાની હોળી સળગાવી. રાગ ને દ્વેષ આખો દિ' આહાહા ! ( શ્રોતાઃ– હોળી માને ) અગ્નિ સળગાવી રાગની, કહા નહીં થા કલ ? કહ્યા થા ને રાગ દાહ દહે છ ઢાળામાં આતા હૈ ને ? પાઠશાળામેં ભણાતે હૈ "છ ઢાળા". ઉસમેં આતા હૈ રાગ આગ દાહ દહે સદા, રાગ આગ દાહ દહે સદા, એ રાગના વિકલ્પથી અગ્નિ સળગતી હૈ અંદર બળતે હૈ. અશાંતિસે જલતે હૈ અનાદિ પ્રાણી. સમજમેં આયા ? ચાહે તો એ સ્વર્ગમેં હો કે ચાહે તો એ શેઠાઈમેં અબજોપતિમેં હો એ રાગની અગ્નિમેં જલતે હૈ, બળતે હૈ યે. આહાહાહા ! ( શ્રોતાઃ– મજા કરે છે ને આપ કહો છો બળે છે ? ) કોણ મજા કરે ? મૂરખ હૈ, મજા માનતે હૈ તો. સનેપાત હોતા હૈ સનેપાત. ( શ્રોતાઃ– આ તો ડાહ્યાની વાત છે. આપ તો ગાંડાની વાત કરો છો. ) વાત પીત ને કફ વિશેષ જ્યારે વકરી જાતે હૈ વિશેષ હોતા હૈ ત્યારે સનેપાત હોતા હૈ. સનેપાતમાં વો દાંત કાઢતે હૈ. સુખી હૈ ? ઐસે, એકરૂપ ભગવાન આત્માકી શ્રદ્ધા બિના, રાગ ને પર્યાયકી શ્રદ્ધાવાળા મિથ્યા શ્રદ્ધા હૈ, જ્ઞાન મિથ્યા હૈ, ઔર રાગકા આચરણ મિથ્યા આચરણ હૈ, તીનોંકા સનેપાત લગા હૈ ઉસકો. એ મજા માનતે હૈ, એ સનેપાતીયા જેમ હરખ કરતે હૈ. એમ એ મજા ( માનકર ) સનેપાતીયા, પાગલ હૈ યે. આહાહાહા ! આમ ભગવાન કહેતે હૈ હોં ! આહાહા !

( શ્રોતાઃ– સોનગઢકા સિદ્ધાંત નિકલા ) સોનગઢકા ? એ ભગવાન કેવળી કહેતે હૈ, આ કોણ કહેતે હૈ આ ? સંતો દિગંબર સંતો, આનંદકી રમતમેં રમનેવાલા, આહા ! નિર્વિકલ્પ આનંદની મોજમેં રમનેવાલા અંદર નિજ વૈભવ, અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય શાંતિ, ઐસા નિજ વૈભવમેં રમનેવાલા સંત ઉસકો સંત મુનિ કહેતે હૈ, એ સંત કહેતે હૈ યહાં. આહાહા ! આ ટીકા ઉસકી હૈ સંસ્કૃત. એ ભગવાન આત્મા એકરૂપ જિસ જ્ઞાયકભાવ વો તો ઉસકા સ્વભાવ હૈ ને વો હી દૃષ્ટિકા વિષય એ જ્ઞાયકભાવમેં સમીપ જાનેસે તો સમ્યગ્દર્શન હોતા હૈ. નવકા ભેદ ઉપર સમીપ જાનેસે સમ્યગ્દર્શનકા અભાવ હોતા હૈ. આહાહાહાહા !

એ પુણ્ય ને પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ, જિનકે લક્ષણ હૈ, ઐસે કેવળ જીવકી પર્યાય વિકાર, જીવકા વિશેષ ભાવ હૈ. વિકાર નામ જીવકા વિશેષ ભાવ હૈ. સામાન્ય ભાવ તો જ્ઞાયક એકરૂપ ત્રિકાળ હૈ. સમજમેં આયા ? અને આ પુણ્ય શુભભાવ, પાપભાવ, આસ્રવભાવ બે, દો મિલકર–સંવર–નિર્જરા–મોક્ષ વો સબ જીવકી પર્યાય, હૈ ? કેવળ જીવકી વિશેષ દશા હૈ, વિશેષ, વિકાર નામ વિકાર, વિકૃત અવસ્થા વિશેષ અવસ્થા હૈ. આહાહા ! ચાહે તો સંવર નિર્જરા ને મોક્ષ પણ વિશેષ અવસ્થા હૈ. યે જ્ઞાયકભાવ ત્રિકાળ એ ઉસમેં આયા નહીં. આહાહા !

સમ્યગ્દર્શનમેં જ્ઞાયકભાવકા ભાન હોતા હૈ, પ્રતીત આતી હૈ પણ પ્રતીતમેં પર્યાયમેં જ્ઞાયકભાવ આતા નહીં. આહાહા ! ક્યોં ? ક્યોંકિ વો દ્રવ્ય હૈ, એ પર્યાયમેં કહાંસે આવે ? દ્રવ્યકા સામર્થ્ય જિતના હૈ ઈતની પ્રતીતમેં સામર્થ્ય આતા હૈ. પણ વો દ્રવ્ય ચીજ હૈ વો પર્યાયમેં આ જાયે, ઐસા કભી હોતા નહીં. આહાહા ! અરે ! કોણે સાંભળ્યું છે ? જય ભગવાન ! એમને એમ જિંદગી નિકાળી. આહાહા ! એ કેવળ જીવકી વિશેષ દશા હૈ નવ. એક સમયકી પર્યાય પણ વિશેષ દશા હૈ, એમ લિયાને ભાઈ ? નવમેં જીવકી એક પર્યાય હૈ ઉસકો જીવ કહા હૈ. દ્રવ્ય જીવ જો હૈ વો ઉસમેં આયા નહીં. સમજમેં આયા ? નવ કહાને ? નવ એ કેવળ જીવકે વિશેષ હૈ. આહાહા ! સમજમેં આયા ? અને વિશેષ નામ દશા હૈ, ઉસકી પર્યાય હૈ. ઉસમેં ભેદ હૈ. વસ્તુ જ્ઞાયક હૈ. યે ઉસમેં આયા નહીં. આહા ! તો યે વિકારકા યે પ્રકાર જીવકી પર્યાયમેં નવપ્રકાર હૈ, વિશેષ. એક વાત.

પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ વિકાર હેતુ નિમિત્ત કેવળ અજીવ હૈ. ઉસમેં જો નિમિત્ત હૈ યે કેવળ અજીવ હૈ. ભેદ જો અપની પર્યાયમેં હૈ યે જીવકી પર્યાય હૈ. આહાહા ! આ એક ગાથા પણ સમજવી કઠણ. એક જણો કહે સમયસાર મેં સારા પંદર દિનમેં વાંચ લિયા. એ તમે બહુ સમયસારના વખાણ કરતે હો ઐસી ચીજ હૈ વૈસી ચીજ હૈ તો પંદર દિનમેં વાંચ્યા. અરે વાંચ્યા એમાં ક્યા દાળિયા હુવા ? ઉસકા ભાવ ક્યા હૈ યે સમજે બિના તુને વાંચ્યા અંગ્રેજી અક્ષરો લિખા હૈ યે પુસ્તક એ બી સી ડી એ બી ઐસા અક્ષર વાંચ્યાને વાંચ ગયા તો ઉસમે ભાવ આયા વિશેષ, ડાહ્યાભાઈ ! આહાહા ! ઐસા અક્ષર વાંચ પઢ ગયા, પણ ઉસમેં ભાવ ક્યા હૈ એ ક્યા આયા તેરે ? આહાહા !

( શ્રોતાઃ આપ કહેતે હૈ. જ્ઞાયકભાવ જીવ હૈ ઔર નવતત્ત્વ જીવ કે વિશેષ હૈ. ) કઈ રીતે ભાષામેં ? ભાષામેં આ ગયા ? આહાહા ! આંહી તો ભાવમેં આના ચાહીએ એમ કહેતે હૈ. ( શ્રોતાઃ- એક શરત ખતમ હુઈ ત્યાં દૂસરી શરત આઈ, લાવો છો કેટલી શરતો ? ) એ તો એકની એક શરત હૈ. ત્રિકાળી સામાન્ય જ્ઞાયકભાવ વો હી સમ્યગ્દર્શનકા વિષય હૈ, યે એક જ શર્ત હૈ પણ ભિન્ન ભિન્ન તરીકેસે સમજાતે હૈ. આહાહા ! જીસકો જનમ મરણ રહિત હોના હો ઉસકો સમ્યગ્દર્શન પ્રગટ કરના ચાહીએ, સમ્યગ્દર્શન કૈસે હો કે ત્રિકાળી જ્ઞાયકભાવકી સમીપ જાનેસે એકત્વબુદ્ધિ હોતી હૈ, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહાહા ! છતેં સમ્યગ્દર્શનકી પર્યાયમેં સામાન્ય જીવ હૈ ઉસકી પ્રતીતિ આઈ, પણ સામાન્ય જીવ હૈ યે સમ્યગ્દર્શનકી પર્યાયમેં જીવ આયા નહીં, વિશેષમેં સામાન્ય આયા નહીં. આહાહા ! શું કહે છે આ ? જ્ઞાનચંદજી ! એ નવ હૈ એ અજીવ હૈ, વિશેષ હેતુ અજીવ છે.

"ઐસે યહ નવતત્ત્વ જીવ દ્રવ્યકે સ્વભાવકો છોડકર" આહાહાહા ! ભગવાન જ્ઞાયકકા સ્વભાવ ત્રિકાળ હૈ "ઉસકો છોડકર" "સ્વયં ઔર પર જીનકે કારણ હૈ" અપની પર્યાયમેં નવ ઔર પર નિમિત્ત એ સ્વયં ને પર જીનકે કારણ હૈ ઐસે એક દ્રવ્યકી પર્યાયકે રૂપમેં એ દ્રવ્યની પર્યાયના ભેદરૂપમેં અનુભવ કરને પર નવ હૈ, નવ હૈ. હૈ ?

ભાઈ ! આ મારગ તો વીતરાગનો ભાઈ ! જેની પાસે ઇન્દ્રો વાઘ અને સિંહ જંગલમેંસે કેશરી સિંહ જંગલમેંસે ચલા આતા હૈ સમવશરણમેં સૂનને કો શાંત ! શાંત ! શાંત ! વનના શું

કહેવાય ? એ રાજા સિંહ વનનો રાજા, સેંકડો સિંહ જંગલમેંસે ચલા આતા હૈ. ભગવાનકી સભામેં, તો એ ચીજ કૈસી હોગી ? એ વાર્તા હોતી હોગી ?

(શ્રોતાઃ– ભગવાનકી વાણી કા કિતના પ્રભાવ !) પ્રભાવ તો, એ તો ઉસકા પુણ્યકા ઉદય પણ સૂનને લાયક જીવ, એ સૂનતે હૈ કિતની પાત્રતા હૈ ઉસમેં, આહાહા ! સમજમેં આયા ? સાક્ષાત્ ત્રણ લોકના નાથ, એની વાણી એ આ વાણી હૈ. આહાહા !

કહેતે હૈ, એ નવતત્ત્વ જીવ દ્રવ્ય કે સ્વભાવકો છોડકર, ત્રિકાળી જ્ઞાયકભાવકા લક્ષ છોડકર સ્વ ને પર જિનકે કારણ સ્વમેં ઓલા પહેલે જીવને અલગ કિયાને, કેવળ જીવકે વિકાર એ સ્વ. અને પુણ્ય પાપ આદિ અજીવ એ 'પર'. "ઐસે એક દ્રવ્યકી પર્યાય, દ્રવ્યકી પર્યાયોકો અનુભવ કરને પર" એ વસ્તુની વર્તમાન દશા ઉસકા અનુભવ કરને પર, એ નવ હૈ. આહાહા ! અનુભવ શબ્દે યહાં સમ્યગ્દર્શન નહીં. નવકા જાનના કરને પર, નવ હૈ. આહાહાહા ! આવી વાતું હવે. લોકોને બહારથી માનીને બેસી ગયા. કાંઈક વ્રત લીધા ને તપસા અપવાસ કર્યા ને મંદિર મંદિર બનવાયા ને ભક્તિ પૂજા ને જાત્રા ને બખબખિયા કરવાયા ભગવાન.

(શ્રોતાઃ– આગમ મંદિર બનાવે તો ધર્મ થાય ?) આગમ મંદિર કર્યા કહાને ? રામજીભાઈએ બનાવ્યું નથી આ. આહાહા ! હા. તમે તો પ્રમુખ હતા કે નહીં ? આહાહા ! પ્રમુખ તો એ હતા, ભલે એ વખતે નવનીતભાઈ હતા પણ બધું નવનીતભાઈ તો ઠીક, પણ પ્રમુખ તો પહેલેસે એ એક હી હૈ, તે ઉસને બનાયા નહીં. ઉસસે આ બના હી નહીં. વો તો જડકી પર્યાય, એ સમયે ઉત્પન્ન હોનેકી લાયકાતસે બના હૈ. એ મંદિરકી જડકી પર્યાય હૈ. આહાહાહા ! એ જનમ ક્ષણ હૈ, ૧૦૨ ગાથા પ્રવચનસાર. એ જનમ નામ ઉત્પત્તિકા ક્ષણ થા ત્યાં ઉત્પન્ન હુઆ હૈ. સમજમેં આયા ? એને ઉસકે બનાનેમેં વિકલ્પ હો, એ શુભભાવ હૈ, બસ, પુણ્ય હૈ. પુણ્ય એ આત્માકી વિશેષ દશા, વિકાર હૈ. આહાહા ! આવી વાત છે.

પર્યાય દૃષ્ટિસે દેખો તો નવ હૈ. ભૂતાર્થ હૈ પણ ઉસમેં સમ્યગ્દર્શન ન આયા. ધર્મકી પહેલી સીઢી ઉત્પન્ન કરનેમેં નવતત્ત્વકા વિષયસે એ દર્શન ઉત્પન્ન નહીં હોતા. આહાહાહા ! પર્યાય વિશેષ હૈ ને ? આહાહા ! "ઔર સર્વકાળમેં અસ્ખલિત" દેખો હવે આ, સર્વકાળમેં વિશેષમેં નહીં આનેવાલા, અસ્ખલિત સ્ખલના ઉસમેં એક અંશમેં ભી આતા નહીં કભી. કેવળજ્ઞાનકી પર્યાયમેં ભી જ્ઞાયકભાવ ત્રિકાળ આતા નહીં. આહાહાહા ! એ નિગોદમેં હૈ જીવ તો જ્ઞાનકા અક્ષરકે અનંતમેં ભાગે ઉસકો વિકાસ હૈ, તો ભી જ્ઞાયક તો સર્વકાળે અસ્ખલિત ઐસા હૈ ત્યાં અંદર પડા હૈ, કયા કહા ? જ્ઞાનકી પર્યાય, આ નિગોદ હૈ ને નિગોદ ? નિગોદ કયા ? આ લસણ, પ્યાજ ઉસકા એક ટુકડા લો રાઈ જેટલા તો ઉસમેં અસંખ્ય તો શરીર હૈ, ઔર એક શરીરમેં અનંત જીવ હૈ ઔર એક જીવકો વર્તમાનમેં ઉસકી પર્યાયમેં અક્ષરકા અનંતમેં ભાગકા ઉસકા વિકાસ હૈ, ઐસા હોને પર ભી પર્યાયમેં, વસ્તુ હૈ એ તો ત્રિકાળ અસ્ખલિત જ્ઞાયકભાવ હૈ. આહાહા. આરે ! આવી વાતું હવે કોને ? અને કેવળજ્ઞાન હોતા હૈ પરિપૂર્ણ પર્યાય ત્રણ કાળ ત્રણ લોક જાને ઐસી પર્યાય આઈ, તો ભી જ્ઞાયકભાવ તો જૈસા હૈ ઐસા ને ઐસા હૈ. લિખા હૈ કે નહીં દેખો ! સર્વકાળમેં અસ્ખલિત, હૈ ? સર્વકાળમેં સ્ખલિત નહીં હોતા, નામ ઘટવધ ઉસમેં કોઈ નહીં હોતા. આહાહા ! હવે આવું છે.

સર્વકાળમેં અસ્ખલિત એક જીવ દ્રવ્યકે સ્વભાવ, આહાહાહા ! ત્રિકાળી જીવ દ્રવ્યકા સ્વભાવ વર્તમાન. કામય રહેનેવાલા અસ્ખલિત કાયમ સામાન્યમેંસે વિશેષમેં સ્ખલના આ જાતી હૈ, ઐસી એ ચીજ નહીં. આહાહાહા ! સર્વકાળમેં અસ્ખલિત, આહાહાહા ! નરકમેં નારકીપણે અનંત અનંત દુઃખ વેઠયા પર્યાયમેં, પણ વસ્તુ તો સર્વકાળમેં અસ્ખલિત જ્ઞાયકભાવ તો ત્યાં ભી ઐસા ને ઐસા હૈ. આહાહા ! ઔર સર્વાર્થ સિદ્ધમેં ગયે ઔર ત્યાં સુખની સામગ્રીકા પાર નહીં ઔર તેત્રીસ હજાર વર્ષે તો આહારકા ડકાર આતા હૈ કંઠમેંસે, એ પ્રાણીકી પર્યાયમેં ભી દ્રવ્ય તો જૈસા હૈ વૈસા ને વૈસા પડા હૈ અંદર. સર્વકાળ અસ્ખલિત યે સર્વકાળ અસ્ખલિતકી આ વ્યાખ્યા હોતી હૈ. આહાહા ! સમજમેં આયા ? કેવળજ્ઞાનકી પર્યાય હો, પણ વસ્તુ છે એ તો ત્રણ કાળ, ત્રણેય કાળે અસ્ખલિત હૈ. એ પર્યાયમેં આતી નહીં. એના અર્થ ઐસા હૈ.

( શ્રોતાઃ- પર્યાયમેં આતા નહીં ઉસકા નામ અસ્ખલિત ? ) અસ્ખલિત. આહાહા ! જુઓ કયા કહેતે દેખો, સર્વકાળમેં આ તો મંત્ર હૈ પ્રભુ, જેમ વીંછી ઉતારનેકા મંત્ર હોતા હૈ ને વીંછી ડંખ, એમ સર્પકા ડંખ, એમ આ મિથ્યાત્વકા ઝેર ઉતારનેકા મંત્ર હૈ આ. આહાહા ! અનાદિ રાગ ને પુણ્યના પરિણામ મેરા, ઉસસે મેરે લાભ હૈ મિથ્યાત્વકા ઝેર લગા હૈ ઉસકો. એ ઝેર ઉતારનેકી આ મંત્ર દશા હૈ. આહાહા !

સર્વકાળમેં. આહાહા ! ત્રિકાળી સ્વભાવવંત પરમાત્મા સર્વકાળે અસ્ખલિત એકરૂપ હૈ. આહાહા ! અનાદિકાળસે આ જગત હૈ, તો અનાદિકાળસે કેવળજ્ઞાની ભી હૈ. જગતમેં કેવળજ્ઞાની ભી અનાદિકાળસે હૈ. એ જગત થા ને કેવળજ્ઞાની પરમાત્મા નહીં થા, ઐસા નહીં. પણ વો જગત હૈ માટે કેવળજ્ઞાન હુવા ઐસા નહીં, ઔર કેવળજ્ઞાન હુવા તો આત્મા સામાન્યમેંસે હઠકર સ્ખલિત હો ગયા, ઈતની કેવળજ્ઞાન દશા અનંત આનંદ દશા પ્રગટી, તો ત્રિકાળી સ્વભાવમેં કોઈ ઘટ હો ગઈ ? આહાહાહા ! સમજમેં આયા ? "સર્વકાળમેં અસ્ખલિત" શબ્દકા બડા ગંભીર અર્થ હૈ. આહા ! અરેરે ! એને કયા સૂના નહીં ને ?

સાતમી નરકના નારકીના દુઃખ પ્રભુ કહા થા ને કલ પહેલે એક ક્ષણકા દુઃખ પરમાત્મા એમ ફરમાતે હૈ કે કરોડો ભવને કરોડો જીભસે કહી શકે નહીં, ઈતના ક્ષણકા દુઃખ, ઐસા તેત્રીસ સાગર સુધી અનંત બૈર હુવા હૈ, પણ વસ્તુ હૈ એ તો અસ્ખલિત જ્ઞાયકભાવ પડા હૈ ઐસા ને ઐસા હૈ. આહા ! આનંદસે પરિપૂર્ણ હૈ એ ઐસી દુઃખ દશાકે કાળમેં ભી આનંદસે પરિપૂર્ણ જ્ઞાનાનંદ ભગવાન પડા હૈ અંદર. આહાહાહા ! સમજમેં આયા ? સમજાય એટલું સમજવું બાપુ ! આ તો ભગવાનનો મારગ ભાઈ !

અરે પરમાત્માના વિરહ પડયા, વીતરાગ રહ્યા નહીં, જેમ લક્ષ્મી જાતી હૈ ઔર મા-બાપ ગુજર જાતે હૈ પછી પાછળથી છોકરા તકરાર કરતે હૈ. આહાહા ! વહેંચવા માટે. આ મકાન મેરા, મેં બડા ભાઈ હું મેં ઉસમેં રહેતા હું પિતાજી રહેતે થે, દસ લાખકા મકાન પણ યે મેરે લેના હૈ. યે તકરાર પડે. લક્ષ્મી ઘટે મા-બાપ ગુજર જાયે, એમ કેવળજ્ઞાન લક્ષ્મી ગઈ, ત્રિલોકના નાથ પરમાત્મા પિતાજી રહ્યા નહીં, આહાહા ! પાછળસે આ તકરાર ઉઠાવી. કોઈ કહે કે નહીં પુણ્યસે ધર્મ હોતા હૈ, કોઈ કહે દેવ ગુરુ શાસ્ત્રકી શ્રદ્ધાસે ધર્મ હોતા હૈ... કોઈ કહે મંદિરકો બનાનેસે ધર્મ હોતા હૈ. ઐસા તકરાર ભગવાનકા વિરહમેં પડયા બહોત. યુગલજી ! આહાહા !

ઐસા હો ભલે ચાહે સો વિપરીત દૃષ્ટિ, પણ વસ્તુ જો અંદર હૈ એ તો અસ્ખલિત ત્રિકાળ પડી હૈ અંદર. આહાહા ! ભાઈ ! ભાષા સરળ દિખતે હૈ પણ વો ભાવ સમજના. આહાહા ! સર્વકાળમેં અસ્ખલિત એક જીવકા દ્રવ્યકા સ્વભાવ, દેખો ત્રિકાળ કાયમ રહેનેવાલી ચીજ એકરૂપ, ઐસા એક જીવદ્રવ્ય, દેખો એક જીવદ્રવ્ય, એક અપના જીવદ્રવ્યકા સ્વભાવકે સમીપ જાકર, નવતત્ત્વકા ભેદમેં દૂર જબ હોતા હૈ, સમીપસે ( જબ ) નવપર્યાયકે સમીપ જાતે થે પણ દ્રવ્યસે દૂર હોતા થા. આહાહા !

યહાં કહેતે હૈ કે ભગવાન એકરૂપ દ્રવ્ય સ્વભાવ સર્વકાળમેં સ્ખલના નામ વિશેષપણે વો કાંઈ નહીં હોતા અને વિશેષ દશા પૂર્ણ હો તો ભી ત્યાં સ્ખલના કાંઈ નહીં હોતી, ઔર વિશેષ દશા બહોત અલ્પ હોતી હૈ, તો ભી ત્યાં સ્ખલના નહીં હોતી. આહાહાહા ! ઐસા સર્વકાળમેં અસ્ખલિત એક જીવદ્રવ્યકે સ્વભાવકે સમીપ, આ અંતરમાં દૃષ્ટિ કર પ્રભુ. આહાહા ! પર્યાયકા ભેદકી દૃષ્ટિ છોડ દે. આહા ! તેરા જીવ, દ્રવ્યસ્વભાવ જાનના હોય તો. આહાહા ! ઔર તેરે સમ્યગ્દર્શન પ્રગટ કરના હો તો, ધર્મકી પહેલી દશા પ્રગટ કરના હો તો, ત્રિકાળ અસ્ખલિત જીવદ્રવ્યકા સ્વભાવકે સમીપ જા. પર્યાયસે દૂર હો જા. આહાહા ! આવો માર્ગ છે.

એક જીવદ્રવ્યકા સ્વભાવકે સમીપ જાકર એમ ક્યું કહા ? કે કર્મ હઠે તો સમીપ જાકર, ઐસા નહીં. તુમ તેરે પુરુષાર્થસે ત્રિકાળી સ્વભાવકા સમીપ જા સકતે હૈ. સમજમેં આયા ? ઔર તેરા ઉલટા પુરુષાર્થસે હી તુમ પર્યાય બુદ્ધિમેં રુક ગયા હૈ. સમજમેં આયા ? કોઈ કર્મકે કારણસે રુક ગયા હૈ, ઔર કર્મ હઠ જાય તો સમ્યગ્દર્શન પાતે હૈ ને સમીપમેં જાતે હૈ ઐસા હૈ નહીં. આહાહા !

( શ્રોતાઃ– હમારી તરફ તો ઐસા કહેતે હૈ કર્મસે હોતા હૈ. ) એ એ સબ જૂઠ હૈ. યે તો પહેલે સે હૈ દેવચંદજી, એ તો એકોતેરકી સાલસે હમારે ચલતી હૈ. ૬૩ વર્ષ હુવા. ૬૩ સાઈઠ ઔર તીન વર્ષ, પહેલે હમારે ગુરુ થા, બહોત પ્રસિદ્ધ થા, થા સ્થાનકવાસી પણ દૃષ્ટિ વિપરીત થી પણ હમેં ૭૧મેં, ૭૦ મેં દીક્ષા લિયા. ૭૦ કહેતે તુમ્હારેમેં સત્તર કહેતે હૈ ને સાત ઔર શૂન્ય. ૧૯૭૦, ૬૫ વર્ષ હુવા. તો પહેલે હમને નિકાલા. હમારે તો પૂર્વકા સંસ્કાર થા ને ! તો ગુરુએ દિયા નહીં. શાસ્ત્રમેં વાંચતે થે તો, ઉસમેંસે નિકાલા પહેલે વહેલે બહાર બોલે કે “અપનેમેં વિકાર હોતા હૈ એ કર્મસે બિલકુલ નહીં.” ખળભળાટ હો ગયા. દોપહરકો વ્યાખ્યાન કરતે થે, સવારમેં હમારા ગુરુ થા ને સંપ્રદાયકા વો કરતે થે ઔર આઠમ પાખીકા પોષા કરતે હૈ ને પોષા ? પૌષધ નહીં ? ચોવીસ કલાક ખાના નહીં ને એક ઠેકાણે રહેના. તો લાઠી–લાઠી, દામનગર પાસે તો ત્યાં પોષા ૨૫–૩૦–૪૦ માણસ હોતા થા ઔર દોપહરકો લોકો કહે કાનજી સ્વામી વાંચે, કાનજી સ્વામી વાંચે એમ લોકો બહોત માંગણી કરતા થા. તો હમ દોપહરકો એક ઘંટા વાંચતે થે. આઠમ ને પાખી, મહિનેમેં ચાર વાર, દરરોજ નહીં. પૌષધ જબ હો સવારમાં વ્યાખ્યાન હો ગયા હો દોપહરકો માગણી કરે કે મહારાજ કાનજી મુનિ વાંચે એમ. તો એકવાર વાંચતાને એકવાર તો પહેલે એ કહા ગુરુ બૈઠે થે, પીછે સાંભળતે, સૂનતે થે, કે આત્મામેં જો મિથ્યાત્વભાવને રાગ દ્વેષ ભાવ હોતા હૈ એ કર્મકા નિમિત્તસે હોતા હૈ, ઐસા બિલકુલ જૂઠ હૈ. અપના ઉલટા પુરુષાર્થસે વિકાર હોતા હૈ. ઔર સુલટા પુરુષાર્થસે વિકારકા નાશ હોતા હૈ.

પીછે સ્થાનકવાસીમેં ગરબડ હો ગઈ આ વાત નિકાલી તો. પીછે શ્વેતાંબરમેં બાત ગઈ ને ત્યાં ગરબડ હો ગઈ, ને આ દિગંબરમેં આયાને તો અહીં ભી ગરબડ હો ગઈ. ન્યાંય ઐસા કહેતે, નહીં કે વિકાર ઐસા નહીં હોતા, વિકાર કર્મસે હોતા હૈ. એ વર્ણીજીકી સાથે ચર્ચા હુઈ થી ને ? ૨૧ વર્ષ પહેલે, ૧૩ કી સાલ ૨૧ વર્ષ હુવા. સબ થે રામજીભાઈ થે, અમારે હિંમતભાઈ થે, ફુલચંદજી થે, કૈલાસચંદજી થા, બંસીધરજી થા, વો ઇન્દોરકા બડા પંડિત થા, સબ થે તો કહા દેખો ૬૨ ગાથા પંચાસ્તિકાય શાસ્ત્ર દેખો. અપનેમેં ષટ્કારકસે વિકાર અપની પર્યાયમેં અપને કારણસે હોતા હૈ, 'ષટ્કારક' કયા ? જો કોઈ રાગ દ્વેષ ને મિથ્યાત્વ હોતા હૈ, એ પર્યાયકા કર્તા પર્યાય હૈ એ મિથ્યાત્વકી પર્યાયકા કર્તા પર્યાય હૈ. મિથ્યાત્વ ઉસકા કાર્ય હૈ, મિથ્યાત્વ ઉસકા સાધન હૈ, મિથ્યાત્વ ઉસકા અપાદાન હૈ. ઉસસે મિથ્યાત્વમેંસે મિથ્યાત્વ આતા હૈ ઔર મિથ્યાત્વકા આધાર એ મિથ્યાત્વ હૈ. દ્રવ્યગુણ નહીં ને પર નહીં. પરના કારકસે નિરપેક્ષ હોતા હૈ ઐસા કહાને. ખળભળાટ હો ગયા ત્યાં ઇસરીમેં. એક ફુલચંદજી આ પંડિત હૈ ને મધ્યસ્થ હૈ વો, મગજ બહોત અચ્છા હૈ ઉનકા, તો યે બોલે સબ સભા બેઠી થી, કે સ્વામીજી એમ કહેતે હૈ કે વિકાર પરકે કારકકી અપેક્ષા બિના નિશ્ચયસે અપનેમેં અપનેસેં હોતા હૈ, એ ફુલચંદજીએ કહા. એમ કહેતે હૈ, મધ્યસ્થ માણસ હૈ, તો યે બાત જરી રુચિ નહીં કેટલાકને.

કીધું: અપની પર્યાયમેં એ વખતે તો હમને પ્રવચનસાર દેખા નહીં થા, પહેલાં કહાને એ વખતે દેખા થા. પણ જબ પહેલે કહા થા તબ પ્રવચનસાર સમયસાર દેખા હી નહીં થા. અંદરસે બાત આ ગઈ. ભગવાન આત્મા અપની પર્યાયમેં વિકૃત રાગ ને દ્વેષ ને મિથ્યાત્વભાવ કરતે હૈ એ સમયકા અપરાધ અપનેસે હોતા હૈ. કર્મસે બિલકુલ નહીં. કર્મકો યહાં અપરાધ છૂતે નહીં ઔર અપરાધ એ કર્મકો છૂતે નહીં. કર્મ અપરાધકો છૂતે નહીં. ખળભળાટ હો ગયા સભામેં. સભાકો નો બેઠી બાત. વો બાત કલકત્તે આ ગઈ પીછે. શેઠ થા શેઠ શાહુજી થા ને, ત્યાં આ વાત લાયા. તો હમ હમારા ભોજન થા ગજરાજજીને ત્યાં ગજરાજજી નહીં ? વો છોટા બડા કયા નામ ? તોલારામ અને આ વછરાજજી દૂસરા ને તીજા ગજરાજજી. તો ગજરાજજી કે ત્યાં ભોજન થા ત્યાં, પત્ર ત્યાંસે આયા હૈ કે પૂછો વિકાર કર્મસે હોતા હૈ કે નહીં ? શાહુજી આયા વો લેકર. પત્ર આયા હૈ સમેદશિખરજીસે. કીધું જવાબ દે દિયા હૈ ત્યાં, ઉઠો. શાહુજી હો કે ગમે તે હો હમારે કયા ? અહીંયા ! શાહુજી લેકર આયા. શાંતિ શાહુજી. જવાબ દે દિયા હૈ ત્યાં વિકાર અપનેસે હોતા હૈ પરસે નહીં યે શાસ્ત્રપાઠ બતાયા. ત્યાં બતાયા ૬૨ ગાથા પંચાસ્તિકાય. દેખો અહીંયા અભી હૈ, કે વિકાર કરનેમેં પરકા કારકકી અપેક્ષા હૈ નહીં. પરકા કારક ને કારણકી અપેક્ષા હૈ હી નહીં. ઐસા પાઠ હૈ પંચાસ્તિકાયમેં હમ બતાયા થા ને દો દિન પહેલે, દો દિન પહેલે બતાયા થા. સમજમેં આયા ? આહાહા !

અહીંયા એ કહેતે હૈ કી અપનેમેં વિકાર દશા હો કે વિશેષ દશા હો વો અપનેસે હોતી હૈ. ઉસમેં નિમિત્ત, એ કહાને ? એ જીવકી પર્યાય નવ હૈ, અને ઉસમેં નિમિત્ત અજીવ હૈ નિમિત્ત, પણ નિમિત્તસે હુવા ઐસા નહીં. આહાહા ! નિમિત્તકે લક્ષસે ભેદ પડ ગયા અંદર. સમજમેં આયા ? પણ વો કોઈ ચીજ નહીં, સમ્યગ્દર્શન જિસકો પાના હૈ, ધર્મકી પહેલી સીઢી પાના હો, તો ઉસકો તો સર્વકાળમેં અસ્ખલિત એક જીવ દ્રવ્યકે સ્વભાવકે સમીપ જાકર, અનુભવ કરને પર એ

અભૂતાર્થ હૈ, નવ પર્યાય જૂઠી હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આ તો અક્ષરે અક્ષર બાપુ અર્થ હૈ. આમાં તો એક અક્ષર ફેરફાર કરે તો ? સંતોની વાણી, દિગંબર સંત, આત્મ અનુભવી ભાવલિંગી સંત, પરમેશ્વર પદમેં આયા. આહાહાહા ! પરમેશ્વર હૈ આચાર્ય તો. પંચપરમેષ્ઠિ હૈ કી નહીં ? પંચ યે પરમેષ્ઠિ હૈ ને ? આહાહા ! આચાર્ય મહારાજકી આ વાણી હૈ મૂળ ગાથા. ઔર ટીકા હૈ યે આચાર્ય મહારાજકી અમૃતચંદ્રાચાર્ય ! દિગંબર. હજાર વર્ષ પહેલે હુવા. એ ગાથામેં ભાવ થા એ ખોલકર રખ દિયા. આ આચાર્ય આમ કહેતે હૈ કુંદકુંદાચાર્ય, ત્યારે અત્યારે આમ કહેતે હૈ, અભી આયા હૈ ને નવું 'સમયસાર' વિદ્યાનંદજીનું તો ઉસમેં ઐસા લિખા હૈ બલભદ્ર પંડિત હૈ એણે કહ્યું હશે કે, શાસ્ત્ર તો બડા સરળ હૈ, પણ વિદ્વાનોએ ટીકા બનાકર દુરુહ કર દિયા. દુરુહ કયા કહેતે હૈ ? 'કઠિન' ઐસા હૈ. સમજમેં આયા ? છે અહીંયા પુસ્તક ? નથી... આહાહા ! ક્યોંકિ અમૃતચંદ્રાચાર્ય ! જ્યાં પાઠમેં અવ્યક્ત હૈ, ત્યાં ઉસકા છ બોલ નિકાલકર સ્પષ્ટ કર દિયા, કે આત્મા યે હૈ પર્યાયસે વ્યક્ત હૈ, ઉસસે ભિન્ન અવ્યક્ત આત્મા હૈ ઐસા અર્થ લિયા હી નહીં, ઉસમેંસે, એક બસ શબ્દાર્થ લિયા થા સાધારણ, ટીકા નહીં. અરે ભાઈ ! એ આચાર્યોની ટીકા, સંતોની ટીકા હૈ એ કોઈ વાર્તા નહીં. એ તો મૂળગાથામેં જો ભાવ થા ઉસકો ખોલ દિયા હૈ. જૈસે ગાય અને ભેંસકે આઉમેં દૂધ હૈ ને દૂધ, તો ઉસમેં આંચળમેં, ઐસા આંચલ નહીં લગાતે હૈ. દેખા હૈ ? ઐસા નહીં લગાતે, ઐસા લગાતે હૈ. ઐસા લગાતે હૈ તો ચાંદા પડી જાય અહીંયા. પણ આ ને આ અમારે તો ઘરે બહેનને ઘેર થા ને તો હમને સબ દેખા થા. દોહતે થે તો આ અંગૂઠા હૈ ને આ આમાં ખાડ હૈ ઉસમેં આંચળ રખતે હૈ આંચળ તો ઉસમેં થા વો નિકળતે હૈ. ઐસા ગાથામેં ભાવ હૈ એ તર્કસે ઉઠાકર આ બનાયા હૈ. શેઠ ! શેઠને તો ઘણો અભ્યાસ હૈ સંસ્કૃતનો ને વ્યાકરણનો. કારંજામેં પઢયા હૈ, પણ બધો બહારનો. આહાહા !

સર્વકાળમેં અસ્ખલિત, વિશેષમેં કભી આતા હી નહીં, અને સામાન્યમેં કભી ઘટવધ હોતી હી નહીં. આહાહાહા ! શું કહે છે આ ? ઐસા એકરૂપ ત્રિકાળી ભગવાન ઉસકે સમીપ, એક જીવ દ્રવ્યકા સ્વભાવ, સમીપ જાકર અનુભવ કરને પર વો નવ હૈ એ જૂઠા હૈ. નવપર્યાય જૂઠી હૈ. એકરૂપ સત્યાર્થકી દૃષ્ટિ કરનેસે નવપર્યાય, દૃષ્ટિમેં આતા નહીં, એ અપેક્ષાએ જૂઠા હૈ. આહાહાહા ! હજી તો નવતત્ત્વ જૂઠા તો બહારની વાત તો ક્યાં કરવી. આહાહા !

(શ્રોતાઃ નવ પર્યાય ભી જૂઠા !) પર્યાય સબ જૂઠા. એકરૂપ પ્રભુ ! કાયમ એકરૂપ સર્વકાળમેં રહેનેવાલા ભગવાન પ્રભુ ! જ્ઞાયક સ્વભાવ, દ્રવ્ય સ્વભાવ, જીવદ્રવ્ય સ્વભાવ, એકરૂપ સ્વભાવ, વો તરફકા પુરુષાર્થસે ત્યાં જાકર અનુભવ કરને પર, નવપર્યાયકા ભેદ એ જૂઠા હૈ, હો જાતા હૈ. આહાહા ! ત્યારે ઉસકો સમ્યગ્દર્શન હોતા હૈ.

યુગલજી ! હજી તો ધર્મનું ચોથું ગુણસ્થાન, પાંચમું ને છઠ્ઠું એ તો કયા ચીજ હૈ. સમજમેં આયા ? શ્રાવક કહેતે હૈ જિસકો કહેતે હૈ યે શ્રાવક આ વાડાના શ્રાવક એ શ્રાવક હૈ નહીં કોઈ. હજી સમ્યગ્દર્શન કયા હૈ ને કૈસે પ્રાપ્ત હોગા ઉસકી ખબર નહીં, કહાંસે શ્રાવક આયા ? કહાંસે સાધુ આ ગયા ? આહાહા ! એ સમીપ જાનેપર, નવ અભૂતાર્થ હૈ, અસત્યાર્થ હૈ ઈસલિયે... વિશેષ આયેગા.

(શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૬૨ ગાથા - ૧૩ શ્લોક - ૮ તા. ૧૯-૮-૭૮ શનિવાર, શ્રાવણ વદ-૧ સં. ૨૫૦૪

સમયસાર ૧૩ મી ગાથા ન્યાં આયા હૈ. સર્વકાળમેં અસ્ખલિત એક જીવદ્રવ્યકે સ્વભાવકે સમીપ જાને પર અનુભવ કરને પર અભૂતાર્થ હૈ. કયા કહા ? આ જીવ જો આત્મા હૈ ઉસકી પર્યાયમેં નવ પ્રકારકા તત્ત્વ ઉત્પન્ન હોતા હૈ. અહીંયા નવતત્ત્વમેં જીવકા એક અંશ પર્યાય એ ત્યાં લેના નવમેં, ઔર અજીવકા જ્ઞાન અહીંયા હોતા હૈ ઉસકો અજીવ લેના. અજીવ પદાર્થ નહીં લેના, એ જીવ અપની પર્યાયમેં એક અંશરૂપ જો હૈ, એ નવતત્ત્વમેં ઉસકો જીવ કહા. ઔર અજીવ જો જડ હૈ ઉસકા જ્ઞાન હોતે હૈ યે ઉસકો યહાં અજીવ કહા. ઔર અપની પર્યાયમેં શુભભાવ હોને લાયક હોતે હૈ, તબ સામે કર્મ જો હૈ નિમિત્ત ઉસકો દ્રવ્ય પુણ્ય કહા. અને ભાવપુણ્ય અપની પર્યાયમેં યોગ્યતાસે, અપની યોગ્યતાસે એ કાળમેં શુભભાવ હોતા હૈ ઉસકો જીવ ભાવ પુણ્ય કહા. ઐસે 'પાપ' અપની યોગ્યતાસે જીવમેં પાપ તત્ત્વકી લાયકાતસે ઉત્પન્ન હોતા હૈ યે ભાવ પાપ. ઔર ઉસમેં નિમિત્ત જો પૂર્વકા કર્મ હૈ ઉસકો દ્રવ્યપાપ કહેનેમેં આતા હૈ. ઐસે આસ્રવ અપની પર્યાયમેં શુભ અશુભ આસ્રવ હોને લાયકસે એ સમય ઉત્પન્ન હોને લાયક હૈ ઉત્પન્ન હોતા હૈ અપની યોગ્યતાસે, કર્મસે નહીં. કર્મ ત્યાં નિમિત્ત હૈ, પણ નિમિત્તસે હોતા હૈ ઐસા નહીં. સમજમેં આયા ? આસ્રવ પુરાણા નિમિત્ત કર્મ, જો પુરાણા, ઉસકો દ્રવ્ય આસ્રવ કહેતે હૈ અને ભાવ આસ્રવ. અપની પર્યાયમેં જો ઉત્પન્ન હોતા હૈ યે ભાવ આસ્રવ હૈ. પીછે સંવર નિર્જરા ને મોક્ષ. બંધ રાગમેં રૂક જાતે હૈ અપને કારણસે, એ ભાવબંધ હૈ, ઔર પુરાણા કર્મ જો હૈ એ દ્રવ્યબંધ હૈ.

ઔર સંવર અપની યોગ્યતાસે શુદ્ધિકી ઉત્પત્તિ હુઈ એ જીવ સંવર કહેનેમેં આતા હૈ. ઔર કર્મકા ઉદય ઈતના ન આયા, ઔર કોઈ નયા કર્મ ન આયા ઉસકો દ્રવ્ય સંવર કહેતે હૈ. ઔર અપની પર્યાયમેં શુદ્ધિકી વૃદ્ધિ હુઈ, ઉસકો ભાવ નિર્જરા કહેતે હૈ, ઔર કર્મકા ઉદય જે ખિર જાતા હૈ ઉસકો દ્રવ્ય નિર્જરા કહેતે હૈ. આહાહા ! ઔર અપની પર્યાયમેં મોક્ષ હોને લાયક પર્યાય જો ઉત્પન્ન હુઈ કેવળજ્ઞાન એ ભાવ મોક્ષ હૈ. ઔર ઉસમેં કર્મકા અભાવ હુવા ઉસકો દ્રવ્ય મોક્ષ કહેતે હૈ. ઐસે નવતત્ત્વ પર્યાયમેં ઉત્પન્ન હોતા હૈ. પણ વો નવ વ્યવહારનયસે, પર્યાયનયસે દેખને પર નવ હૈ. પણ ઉસમેં સમ્યગ્દર્શન ઉસસે ઉત્પન્ન નહીં હોતા. આહા ! સમજમેં આયા ?

એ કહેતે હૈ જુઓ. ત્યારે સમ્યગ્દર્શન કૈસે હોતા હૈ ? કે સર્વકાળમેં અસ્ખલિત ! આહાહા ! સર્વકાળમેં અપના જ્ઞાયકભાવ પર્યાયમેં આસ્રવ આદિ હુવા, તો પણ વસ્તુ તો અસ્ખલિત જ્ઞાયકભાવ પરિપૂર્ણ રહી હૈ. આહાહા ! નરક ને નિગોદમેં, નિગોદમેં અક્ષરકે અનંતમે ભાગે જ્ઞાનકી પર્યાય હુઈ છતાં વસ્તુ તો અસ્ખલિત જ્ઞાયકભાવે હી રહી હૈ ત્યાં. આહાહા ! સૂક્ષ્મ હૈ ભાઈ ! ઔર કેવળજ્ઞાન ઉત્પન્ન હુવા તો ભી વસ્તુ તો ત્રિકાળી જ્ઞાયકભાવ હૈ હી હૈ. કેવળજ્ઞાન હુવા તો જ્ઞાયકભાવમેં ઘટ હો ગઈ કે અક્ષરમેં અનંતમેં ભાગે જ્ઞાનકા ક્ષયોપશમ રહા, તો જ્ઞાયકમેં બઢ ગઈ બાત ઐસા હૈ નહીં. જ્ઞાયક તો ત્રિકાળી એકરૂપ ઘટ વધ બિનાકી ચીજ હૈ. આહાહા ! સમજમેં આયા ? થોડી સૂક્ષ્મ બાત હૈ ભાઈ.

એ ત્રિકાળ સર્વકાળમેં અસ્ખલિત ! આહાહા ! એક જીવદ્રવ્યકે સ્વભાવ, ત્રિકાળી જ્ઞાયક

પરમપારિણામિક સ્વભાવ, રાગ આદિ આસ્રવ એ ઉદયભાવ, સંવર આદિ ક્ષયોપશમભાવ, કેવળજ્ઞાન આદિ ક્ષાયિકભાવ સબસે ભિન્ન. આહાહા ! એક દ્રવ્યકે સ્વભાવકે સમીપ જાકર, એ દ્રવ્ય સ્વભાવ તરફ ઝૂકનેસે, અનુભવ કરનેપર, આહાહા ! એક જીવદ્રવ્યકા સ્વભાવ એકરૂપ જો ત્રિકાળ હૈ, જો અપના સામાન્ય સ્વભાવમેં સે કભી વિશેષમેં આયા નહીં. કેવળજ્ઞાનકી પર્યાયમેં ભી સામાન્ય ભાવ આયા નહીં. આહાહાહા ! ઐસા જો ત્રિકાળી ભગવાન, એકરૂપ જીવદ્રવ્યકા સ્વભાવ વો તરફકી સમીપ જાને પર, હૈ ? આહાહા ! અભૂતાર્થ હૈ, તો નવતત્ત્વ પછી જૂઠા હુવા. આહાહા ! ઝીણી વાત હૈ ભાઈ. !

ભગવાન આત્મા જ્ઞાયક, આનંદ, શાંત રસકી જેમ શીતળ શીતળ બરફકી શું કહેવાય એ ? પાટ બરફકી પાટ હોતી હૈ ને ૫૦–૫૦ મણકી બરફ બરફ ઠંડી, ઐસે ભગવાન આત્મા અકષાય સ્વભાવકા પિંડ બરફ જૈસા શીતળ હૈ. એ ત્રિકાળી શાંત રસકા પિંડ પ્રભુ, જે વસ્તુ પર્યાયમેં કેવળજ્ઞાનમેં ભી આતી નહીં, અને અક્ષરના અનંતમેં ભાગમેં ભી આતી નહીં, અરે જે મોક્ષકા માર્ગ સમ્યગ્દર્શન હૈ, જિસકે સમીપ જાને પર સમ્યગ્દર્શન હોતા હૈ, એ પર્યાય ભી અંતર જાતી નહીં અને એ પર્યાયમેં ભી દ્રવ્ય સામાન્ય આતા નહીં. આહાહા ! સમજમેં આયા ? સૂક્ષ્મ વિષય હૈ ભગવાન ! આહાહા ! યહાં કહેતે હૈ, કિ અનુભવ કરને પર, એક દ્રવ્ય સ્વભાવ ત્રિકાળી હૈ ઉસકા સ્વભાવકે અનુસાર હોકર અનુભવ કરને પર, તો અનુભવ હૈ, યે પર્યાય હૈ. અનુભવ હૈ યે પર્યાય હૈ. ઔર ઉસકા વિષય એકરૂપ દ્રવ્ય સ્વભાવ હૈ. આહાહા ! આવી વાતું છે.

ઐસે અનુભવ કરને પર, નવકા ભેદ અભેદકી દૃષ્ટિમેં નવકા ભેદ જૂઠા હૈ, આહાહા ! ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ, છતાં સમ્યગ્દર્શનકી પર્યાય અસ્ખલિત સ્વભાવમેં જાતી નહીં ઔર પર્યાયમેં અસ્ખલિત દ્રવ્ય સ્વભાવ આતે નહીં. છતેં સમ્યગ્દર્શનકી પર્યાય અસ્ખલિત સ્વભાવકી પ્રતીત અને જ્ઞાન કરતી હૈ. જ્ઞાનકી પર્યાય અસ્ખલિતકા જ્ઞાન કરતી હૈ. ઔર અસ્ખલિત સ્વભાવ સામાન્યકા શ્રદ્ધા પર્યાય પ્રતીત કરતી હૈ. છતેં પ્રતીત અને જ્ઞાનકી પર્યાય, ઉસમેં દ્રવ્ય સ્વભાવ આતા નહીં. આહાહાહા ! આવી ચીજ હૈ. એ અભૂતાર્થ હો ગયા, નવ ભેદ. એ દૃષ્ટિકા વિષયમેં વો આયા નહીં, તો હૈ નવ, છતાં ગૌણ કરકે અસત્યાર્થ હો ગયા. મુખ્ય દ્રવ્ય સ્વભાવકી દૃષ્ટિ કરનેસે અનુભવ કરને પર, ભૂતાર્થ હી યહ હૈ. અને પર્યાયકા નવ ભેદ હૈ એ ગૌણ કરકે લક્ષ છોડ કરકે ઉસકે આ બાજુ આયે, તો યે નવતત્ત્વ અભૂતાર્થ હો ગયા. વિષય હૈ નહીં. દ્રવ્યકા સ્વભાવકી દૃષ્ટિમેં યે હૈ નહીં, માટે અભૂતાર્થ કહેનેમેં આયા હૈ. આહાહા ! ઝીણી વાતું ભારે.

ઈસલિયે ઉન તત્ત્વમેં દેખો નવતત્ત્વકા ભેદમેં ભૂતાર્થનયસે, ભૂતાર્થનયસે ત્રિકાળી જ્ઞાયકભાવકી દૃષ્ટિસે, આહાહા ! એક જીવ હી પ્રકાશમાન હૈ. હૈ ? નવ ભેદોમેં, વિશેષ પ્રકારોમેં દૃષ્ટિ છોડકર ઉસકી તો એકીલા સામાન્ય પ્રકાશમાન હોતા હૈ. આહાહાહા ! આવું દુર્લભ હૈ. આ તો હજી પહેલી ( દશા ) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ચોથા ગુણસ્થાનની વાતો છે ભગવાન, એ વિના સબ એ દયા દાન ને વ્રત ને ભક્તિ ને પૂજાને સારા સંસાર હૈ. આહાહા ! પરિભ્રમણકા કારણ હૈ. આહાહા ! ભગવાન આત્મા, એ તત્ત્વોમેં એટલે નવકા ભેદમેં ભૂતાર્થનયસે ત્રિકાળીકી દૃષ્ટિ કરનેસે યહ જીવ હી પ્રકાશમાન હૈ, નવ ભેદ નહીં ત્યાં. આહાહાહા ! સૂક્ષ્મ હૈ ભાઈ ! પણ કરના પડેગા ઉસકો, કલ્યાણ કરના હો તો ? અરે ચોર્યાસી લાખમેં અવતારમેં દુઃખી હૈ,

આકુળતામાં રાગરૂપી અગ્નિસે જલ રહા હૈ. આહા ! રાગ આગ દાહ દહે સદા, આહાહા ! રાગકી આગમેં દાહ જલતી હૈ અનાદિસે, આહાહાહા ! એ કષાય અગ્નિમેં રાગ અગ્નિ ભી અગ્નિ હૈ, તો વો જલતી હૈ ને અગ્નિસે અત્યંત દુઃખી હૈ પ્રાણી, ચાહે તો શેઠ હો કે રાજા હો કે દેવ હો, યે રાગકી અગ્નિમેં જલતા હૈ. આહા ! ઉસકો છૂટના હો, ઉસસે છૂટના હો, તો નવતત્ત્વકી પર્યાયમેં જો ભેદ હુવા, ઉસકા લક્ષ છોડકર, એક જીવદ્રવ્ય સ્વભાવકે સમીપ જાને પર તેરે સમ્યગ્દર્શન હોગા. આહાહાહા ! સમજમેં આયા ?

"ઈસ પ્રકાર યહ એકત્વરૂપસે પ્રકાશિત હોતા હુવા" દેખો. આહાહા ! એકરૂપ એકત્વ નામ સામાન્ય જે ઓલા અનેક નવ ભેદ થા, ઉસસે છુટકર ત્રિકાળી જ્ઞાયકભાવકા અનુભવ કરને પર એકત્વપણા આયા. ઈસ પ્રકાર એ એકત્વરૂપસે પ્રકાશિત હોતા હુવા, આહાહાહા ! શુદ્ધનયરૂપસે અનુભવ કિયા જાતા હૈ. શુદ્ધનય નામ જ્ઞાનકી જે શુદ્ધ પર્યાય, ઉસકા વિષય જો ધ્રુવ, એ શુદ્ધનયસે અનુભવ કિયા જાતા હૈ. આહાહા ! અંતર્મુખ હોનેકી દૃષ્ટિસે ઔર અંતર્મુખ હોનેકા જ્ઞાનકા નયસે એ અનુભવમેં આતા હૈ. આહાહાહા ! ઐસી બાત હૈ ભાઈ ! "ઔર" એ અનુભૂતિ હૈ યે આત્મખ્યાતિ હૈ. આ ટીકાકા નામ હી આત્મખ્યાતિ હૈ. આહાહા !

નવતત્ત્વકી યોગ્યતાસે ઉત્પન્ન હુઈ પર્યાય, તો યે ભેદમેંસે નિકલકર, આહાહા ! એ ભેદ ઉપરકી દૃષ્ટિ હૈ એ ઉઠાકર અપની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવમેં જોડનેસે ઉસકો અનુભવ દ્રવ્યકા હોતા હૈ, હૈ તો અનુભવ પર્યાય, પણ વો દ્રવ્યકે આશ્રયસે અનુભવ હુવા, ઉસકો યહાં સમ્યગ્દર્શન ને જ્ઞાનકા અનુભવ કહેનેમેં આતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ? ઔર એ અનુભૂતિ હૈ એ આત્મખ્યાતિ હૈ. આત્માની પહેચાન હૈ. આહાહાહા ભગવાન આત્મા આનંદકા પિંડ પ્રભુ, જ્ઞાનકા સાગર, ગુણકા ગોદામ, અનંત ગુણકા ગોદામ પ્રભુ હૈ. આહાહા ! ઐસી દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ દેનેસે અનુભૂતિ હોતી હૈ. યે અનુભૂતિ એ સમ્યક્ આત્મખ્યાતિ હૈ. એ અનુભૂતિમેં આત્મા પ્રસિદ્ધ હુવા. ભેદમેં આત્મા પ્રસિદ્ધ નહીં હોતા. આહાહા ! ભેદમેં તો રાગકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ.

( શ્રોતાઃ- અનુભૂતિ જ્ઞાનકી પર્યાય હૈ ? ) જ્ઞાનકી પર્યાય હૈ, પણ એ જ્ઞાનકી પર્યાય ત્રિકાળકે આશ્રયસે હુઈ હૈ ને ? તો પર્યાય તો કહા. અનુભૂતિ હૈ પર્યાય, પણ કિસકી અનુભૂતિ કિયા ? ત્રિકાળ દ્રવ્યકી, અનુભૂતિ. ત્રિકાળ દ્રવ્યકી અનુભૂતિ હૈ અનુભૂતિકી પર્યાયમેં ત્રિકાળ દ્રવ્ય આતા નહીં. પણ ત્રિકાળ દ્રવ્યકા સામર્થ્ય હૈ યે અનુભૂતિમેં આતા હૈ. આહાહા ! ઝીણી વાત બહુ બાપુ ! વર્તમાનમાં તો ગરબડ બહુ હો ગઈ હૈ. પહેલી સમ્યગ્દર્શનકી બાતમેં ગરબડ હો ગઈ. હૈં ? આવો પ્રભુ એક સેકંડના અસંખ્ય ભાગમાં જીવદ્રવ્ય જો સ્વભાવ ત્રિકાળી જ્ઞાયક એકરૂપ ભાવ ઉસકી સમીપ જાનેપર અર્થાત્ નવતત્ત્વકા ભેદકો દૂર કરકર, આહાહા ! એક જીવદ્રવ્ય સ્વભાવ ઉસકી સમીપ જાનેપર પર્યાય જ્ઞાનકી વો તરફ ઝૂકનેસે, આહાહા ! જો આત્મા જૈસા હૈ ઐસા અનુભૂતિમેં પ્રસિદ્ધ હુવા. ત્યાં આત્મા જૈસા હૈ ઐસા પ્રસિદ્ધ હુવા. આહાહા ! સમજમેં આયા ? હૈને ? એ અનુભૂતિ હૈ સો આત્મખ્યાતિ હૈ. આહાહાહાહા !

એ ચૈતન્ય દ્રવ્ય મહાપ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ, જિનસ્વરૂપી ભગવાન, ઉસકા અનુભવ કરને પર વો તરફ ઝૂકનેસે, આહાહા ! તબ ઉસકો આત્મખ્યાતિ, આત્મા કૈસા હૈ ઐસી પ્રસિદ્ધિ

હોતી હૈ. અનુભૂતિમેં આયા કિ આત્મા તો જ્ઞાનસ્વરૂપ અખંડ હૈ, અનુભૂતિમેં આયા કિ આનંદ સ્વરૂપ ભગવાન અખંડ હૈ અનુભૂતિમેં આયા કિ પ્રભુત્વ ઈશ્વરતાસે પૂરા ભરા પડા પ્રભુ હૈ. આહાહા ! એ અનુભૂતિમેં આત્માકી પ્રસિદ્ધિ હુઈ. આહાહાહા ! એ રાગકી પર્યાયમેં આત્માકી પ્રસિદ્ધિ નહીં હોતી. દયા, દાન, વ્રત, ભક્તિ તપ આદિ લાખ કરોડ અબજ કરે, સમજમેં આયા ? વો છ ઢાળામેં આતા હૈ કિ નહીં ? "લાખ બાતકી બાત નિશ્ચય ઉર આણો. છોડી જગત દ્વંદ ફંદ એક આત્મ ઉર ધ્યાવો". છ ઢાળામેં આતા હૈ. પણ અર્થ કોને ખબર ? ઘડીયા હાંકયે જાય. ઐસા છ ઢાળામેં કહ્યા, પણ વસ્તુ કયા ? અનંત બાતકી બાત. ભેદસે દૂર હોકર આત્મજ્ઞાયક સ્વરૂપ ત્રિકાળ શુદ્ધ ચૈતન્યઘન પરમાત્મા સ્વરૂપ ઉસકો ઉરમેં ધ્યાવો. ધ્યાનમેં ઉસકો ધ્યેય બનાવો. આહાહા ! તબ ઉસકો આત્મ પ્રસિદ્ધિ હોતી હૈ.

(શ્રોતાઃ– નવતત્ત્વમાં દ્વંદ્વ ફંદ હૈ ?) વો તો બંધ હૈ, દ્વંદ્વ હૈ. ભેદ હૈ યે દ્વંદ્વ હૈ. એકરૂપમેં દો પ્રકાર એ દ્વંદ્વ હૈ. (શ્રોતાઃ– દ્વંદ્વ કહો પણ ફંદ કયા હૈ ?) દ્વંદ્વ કહાને દો. એકરૂપમેં નવપ્રકારકો દ્વંદ્વ હુવા તો દ્વૈત હુવા. આહાહાહાહા ! ભાઈ ! સમ્યગ્દર્શન ને અનુભવ ઉસકા વિષય કોઈ અલૌકિક હૈ. કભી કિયા નહીં. સૂનનેમેં આયા તો દરકાર કિયા નહીં. સમજમેં આયા ? આહાહા ! પહેલાં ધર્મનું બીજ ત્યાંસે ઉત્પન્ન હોતા હૈ, ઔર બીજ હોવે બીજ, તો પંદરમેં દિને, તેર દિન(પીછે) તો પૂનમ હોગી હોગી ને હોગી.

ઐસે ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપકા અનુભવમેં અનુભૂતિ હુઈ. સમ્યગ્દર્શન હુવા દૂઈ ઉગી, તો ઉસકો પૂનમ નામ કેવળજ્ઞાન પ્રાપ્ત હોગા, હોગા ને હોગા. આહાહા ! સમજમેં આયા ? ઐસી અનુભૂતિમેં આત્માકી પહેચાન હૈ, ખ્યાતિનો અર્થ એ કર્યો, પહેચાન નામ પ્રસિદ્ધિ. આત્મા જૈસા થા ઐસા અનુભૂતિમેં પ્રસિદ્ધ હુવા. આહાહા ! રાગ ને વ્યવહાર રત્નત્રયમેં તો રાગકી પ્રસિદ્ધિ થી અનાત્માકી પ્રસિદ્ધિ થી વ્યવહાર રત્નત્રયકા રાગમેં અનાત્માકી પ્રસિદ્ધિ થી. આહાહાહાહા !

અંતરમેં જ્ઞાયકભાવમેં સમીપ જાકર બહારસે, સબસે પર્યાયકો હઠાકર અંતરમેં ગુફા પ્રભુ ચૈતન્યમેં, ગુફા લિયા હૈ હોં ૪૯ ગાથા હૈ ને સમયસારકી ઉસમેં જયસેન આચાર્યકી ટીકામેં અનુભૂતિરૂપી ગુફામેં ચલે જા અંદર, ઐસા પાઠ હૈ સંસ્કૃત. તાત્પર્યવૃત્તિ જયસેન આચાર્યની ટીકા, છે આંહી ? સંસ્કૃત નથી, સમયસાર નથી. સંસ્કૃત ટીકા હૈ. ૪૯ ટીકા હૈ ૪૯ કી. અરસ અગંધ અરૂપ અગંધ અવ્યકત્તં ઉસકી ટીકામેં લિયા હૈ, કિ ધર્માત્મા મુનિ કહાં જાતે હૈ ? અપની નિર્વિકલ્પ સમાધિરૂપી ગુફામેં પેસતે હૈ અંદર. બહારની ગુફામેં તો તું અનંતબૈર રહા. પર્વતકી ગુફામેં રહેતે હૈ તો ત્યાં ધર્મ હોતા હૈ ઐસા હૈ નહીં. અંતર ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદકી ગુફા હૈ અંદર. આહાહાહા ! ગિરિગુફા, ઐસા પાઠ લિયા હૈ. અનંત અનંત શાંતિકી શોભાસે અંતરમેં પ્રવેશ કરનેસે ગિરિગુફામેં પ્રવેશ કિયા, મહા પરમાર્થ પરમાત્મા એની ગુફામેં પ્રવેશ કિયા. આહાહા ! ભારે વાત ભાઈ ! આ તો નિશ્ચય આ હૈ ને વ્યવહાર જૂઠા હૈ. હૈ ? એમ આંહી ઠરાવ્યા.

"ઔર જો આત્મખ્યાતિ હૈ, સો સમ્યગ્દર્શન હી હૈ". હૈ ? તીન બાત લિયા. કે જે જ્ઞાયક ધ્રુવ ચૈતન્ય એકરૂપ પરમાત્મ સ્વરૂપ જિન સ્વરૂપ, ઘટઘટ અંતર જિન વસે, ઐસા જો ભગવાન

જિન સ્વરૂપી ત્રિકાળ હૈ. વસ્તુ સ્વભાવ ત્રિકાળ જિન સ્વરૂપ હી હૈ. તો ઉસકે સમીપ જાનેસે, જો સમ્યગ્દર્શન હોતા હૈ અનુભૂતિ હોતી હૈ, એ અનુભૂતિ ધર્મ પર્યાય હૈ. એ અનુભૂતિમેં આત્માકી પ્રસિદ્ધિ હુઈ. એ અનુભૂતિમેં આત્માકા જ્ઞાન હુવા, એ અનુભૂતિમેં આત્મા કૈસા હૈ ઉસકા પહેચાન હુવા. આહાહાહા... એ વિના આત્માકી પહેચાન હોતી નહીં, શાસ્ત્રસે વાંચે, ભણે ગમે તે કરે, લાખ શાસ્ત્ર ભણે, આહાહા ! ઉસસે કોઈ આત્માકી પ્રસિદ્ધિ નહીં હોતી. આહાહા ! યુગલજી ! આહાહા !

અગિયાર અંગ તો અનંત બૈર પઢયા હૈ. એક આચારાંગમેં અઢાર હજાર પદ ઔર એક પદમેં ૫૧ કરોડ જાઝેરા શ્લોક, ઐસા ઐસા અઢાર હજાર પદ, છત્રીસ હજાર પદ, બોંતેર હજાર પદ, ઐસા અગિયાર અંગમેં ડબલ કરતે કરતે છેલ્લા લે જાના, ઐસા અગિયાર અંગ તો અનંતબૈર પઢયા હૈ, વો તો શાસ્ત્રજ્ઞાન હૈ. શબ્દજ્ઞાન હૈ. બંધ અધિકારમેં કહા હૈ, યે શાસ્ત્રજ્ઞાન એ શબ્દજ્ઞાન હૈ, આત્મજ્ઞાન નહીં. આહાહાહાહાહા ! ત્યાં બંધ અધિકારમેં લિયા હૈ. આચારાંગ આદિ શબ્દજ્ઞાન હૈ, ઐસા લિયા હૈ. બંધ અધિકાર સમયસાર. આહાહાહા ! ઔર નવતત્ત્વ એ દર્શન હૈ વ્યવહાર ઔર છ કાયની દયા એ ચારિત્ર હૈ વ્યવહાર-રાગ એ નિશ્ચય એ નહીં, સત્ય એ નહીં. આહાહા !

સત્ય તો ભગવાન આત્મા 'પૂર્ણઈદં' સ્વભાવકી પૂર્ણતાસે ભરા પડા એક અંશ ભી ખંડ નહીં, એક અંશ ભી અપૂર્ણતા નહીં, એક ઉસકા અંશમેં અશુદ્ધતા નહીં, જિસમેં ત્રિકાળ નિરાવરણ હૈ. આહાહાહા ! જે વસ્તુ જે હૈ એ તો ત્રિકાળ નિરાવરણ હૈ. ૩૨૦ ગાથામેં આયા હૈ છેલ્લે ૩૨૦ જયસેન આચાર્ય "જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મ તત્ત્વ દ્રવ્ય તે હું છું" સમજમેં આયા ? હૈ ને એ ? આ તો સબ વ્યાખ્યાન હો ગયે, બહોત હો ગયા હૈ.

યે હૈ દેખો, જયસેન આચાર્યકી ટીકા હૈ "જે સકળ નિરાવરણ" દ્રવ્ય વસ્તુ જો હૈ યે તો ત્રિકાલ નિરાવરણ હૈ. આહાહાહા ! જો સમ્યગ્દર્શનકા વિષય, જિસકે આશ્રયસે અનુભૂતિ હોતી હૈ, યે સકળ નિરાવરણ હૈ એક. "અખંડ" હૈ, પર્યાયકા ખંડ ઉસમેં હૈ નહીં. "એક", એકરૂપ હૈ. "પ્રત્યક્ષ પ્રતિભાસમય" હૈ. જ્ઞાનકી પર્યાયમેં સારા દ્રવ્ય જૈસા હૈ વૈસા પ્રતિભાસમેં આતા હૈ. પ્રત્યક્ષ જ્ઞાનકી પર્યાયમેં પ્રતિભાસ જૈસા હૈ ઐસા ભાસ આતા હૈ. આહાહાહા ! "અવિનશ્વર" હૈ ત્રિકાળ. નાશવંત કોઈ ચીજ ઉસમેં ( નહીં ) પર્યાય નાશવાન હૈ. કેવળજ્ઞાન ભી નાશવાન હૈ. આહાહા ! એક સમયકી પર્યાય હૈ ને ? નિયમસાર શુદ્ધભાવ અધિકારમેં પહેલી ગાથામેં લિયા હૈ, કે સંવર નિર્જરા પુણ્ય પાપ ને કેવળજ્ઞાનને એ પર્યાય બધી નાશવાન હૈ. આહાહા ! કયોંકિ એક સમય રહેતી હૈ. ભગવાન અવિનશ્વર ત્રિકાળ અંદર હૈ. આહાહાહા ! અરે ! અને "શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય તે જ હું છું". પરંતુ એમ ભાવતો નથી કે ખંડજ્ઞાનરૂપ હું છું. ધર્મી પર્યાયકા-ખંડકા જ્ઞાનકા ભાવના કરતે નહીં. આહાહા ! એ સંસ્કૃત ટીકા હૈ. ઉસકા આ ગુજરાતી હૈ. સમજમેં આયા ?

અહીંયા કહા કે એ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ ! ભાઈ ! એ વાત અનુભવમેં લાના વો કોઈ અલૌકિક બાત હૈ. આહાહા ! એ તરફસે ઝૂકનેસે પર્યાયકો દ્રવ્ય તરફકો ઝૂકનેસે, પર્યાય જો દૂર

હૈ રાગ તરફ જાતી હૈ એ પર્યાયકો અંતરમેં લાના. આહાહા ! ઈસકા નામ આત્મ સમીપ ગયે, કયા કહા ? જો વર્તમાન પર્યાય હૈ જ્ઞાનકી રાગકો જાનતે હૈ ને પરકો જાનનેમેં રહેતી હૈ, એ પર્યાય તો ત્યાં રહી. પણ વો પર્યાય અંદરમેં લા શકે નહીં, કારણ વો પર્યાય તો રાગ તરફ ઝૂકી હૈ. પછીકી પર્યાય દ્રવ્યમેંસે ઉત્પન્ન હોતી હૈ અને વો પર્યાય અંતરમેં ઝૂકતી હૈ. આવી વાત છે. આકરું કામ ભાઈ, સમજમેં આયા ? એ પર્યાયકા પતિ, જ્ઞાયક સ્વભાવ, આહાહા ! અનુભવમેં આતી હૈ, તબ યે વસ્તુ પ્રસિદ્ધ હુઈ કે વસ્તુ ઐસી હૈ ત્રિકાળ શુદ્ધ હૈ, ત્રિકાળ આનંદ હૈ, ત્રિકાળ જ્ઞાયક હૈ, ત્રિકાળ અખંડ હૈ, ત્રિકાળ એક હૈ, ત્રિકાળ સામાન્ય હૈ. આહાહા ! એ અનુભૂતિ એ આત્માકી પ્રસિદ્ધિ હૈ, અને આત્માકી પ્રસિદ્ધિ એ આત્મખ્યાતિ હૈ, ઔર વો સમ્યગ્દર્શન હૈ. આહાહા ! હજી તો ધર્મની પહેલી સીઢી, આહાહા ! ઐસા હુએ બિના ઉસકા જ્ઞાન ભી નિરર્થક અને વો સબ વ્રત ને તપ કરે સબ બાળવ્રત ને બાળતપ નિરર્થક હૈ. સ્વભાવ માટે નિરર્થક, પરિભ્રમણ માટે સાર્થક. આહાહા ! ( શ્રોતાઃ- અનેકાંત કર્યું ) આહાહા ! ઈસ પ્રકાર યહ સર્વ કથન નિર્દોષ હૈ, અમૃતચંદ્રાચાર્ય કહેતે હૈ, આ સર્વ કથન નિર્દોષ હૈ. આહાહા ! બાધા રહિત હૈ યે ટીકા હો ગઈ.

હવે ભાવાર્થ યે ટીકા હુઈ અમૃતચંદ્રાચાર્યકી, મુનિ સંત દિગંબર તો ઉસને આ ટીકા બનાઈ હૈ, આહાહાહા ! છતેં વો કહેગા યે ટીકા મૈંને બનાઈ નહીં હોં, કયોંકિ યે તો શબ્દકી પર્યાય હૈ. ઉસે મૈં કહાં રચું ? મેરી યે ક્રિયા નહીં. મૈં તો સ્વરૂપમેં ગુપ્ત હું. આહાહા ! મૈં તો મેરા સ્વરૂપમેં ગુપ્ત હું. મૈં રાગમેં આતા નહીં. વિકલ્પ આયા ટીકાકા તો યે રાગમેં મેં આતા નહીં. આહાહા ! ટીકાકી પર્યાય મૈંને કિયા, એ હે જીવો ઐસા મોહ ન કરો, એમ કહતે હૈ, ઐસા મોહ કરકે ન નાચો, કે મેં ટીકા બનાઈ ને ટીકાએ તુમકો સમજાયા, ઐસે મત સમજો પ્રભુ ! આહાહા ! વસ્તુની સ્થિતિ ઐસી હૈ. આત્મા રજકણકી પર્યાયકા કર્તા હો સકતે નહીં. આહાહા !

આ તો આખો દિ' મેં કિયા, મેં કિયા, આ કિયા, આહાહા ! મેં સમજાતા હું મેં વાણી ચોખ્ખી નિકાલ કરતા હું ધીમે બોલ સકતા હું, ઉગ્રસે બોલ સકતા હું, આહાહા ! ( શ્રોતાઃ- યે તો બરાબર બાત હૈ. ) સબ મિથ્યાભાવ હૈ. હમારે શું કૈલાસચંદજી નહીં પહેલે બોલતે થે કૈલાસચંદજી, બૂંદેલખંડ. ધીમેસે બોલો, ઉતાવળા બોલો, ઉતાવળે, તમારે કઈ ભાષા હૈ ? જોરસે બોલો. આત્મા જોરસે બોલ સકતે નહીં ને ધીમેસે બોલ સકતે નહીં. આહાહાહા ! ગજબ વાત હૈ પ્રભુ ! શું થાય ? તત્ત્વની ખબર ન મળે ને અવળે રસ્તે ચઢ ગયા ઔર માન બૈઠે કે હમ કાંઈ કરતે હૈ ધર્મ. આહાહા ! હવે વો ભ્રમમાં ગયા વો કહાંસે ભગવાન પાસે જા શકે ? આહાહા ! સમજમેં આયા ? ભગવાન નામ આત્મા હોં.

ભાવાર્થઃ ભાવાર્થ હૈ ? "ઈન નવતત્ત્વમેં શુદ્ધનયસે દેખા જાયે તો જીવ હી એક ચૈતન્ય ચમત્કાર માત્ર પ્રકાશરૂપ પ્રગટ હો રહા હૈ" નવતત્ત્વકા ભેદકી પર્યાયમેંસે દેખો તો સારા નવતત્ત્વમેં સામાન્ય દ્રવ્ય ત્રિકાળ ચૈતન્ય ચમત્કાર ભરા હૈ. આહાહાહા ! નવતત્ત્વમેં પર્યાયભેદ, શુદ્ધનયસે દેખે જાય તો, દ્રવ્ય સ્વભાવસે દેખે જાયે તો, જીવ હી એક ચૈતન્ય ચમત્કાર માત્ર પ્રકાશરૂપ પ્રગટ હો રહા હૈ. આહાહા ! ઈસકે અતિરિક્ત, ઈસસે ભિન્ન, ભિન્ન ભિન્ન નવતત્ત્વ કુછ ભી દિખાઈ નહીં દેતે. આહાહા ! સ્વભાવ પૂર્ણાનંદકા દેખનેસે, નવતત્ત્વકા ભિન્ન ભિન્ન ત્યાં હૈ નહીં, દિખતે કહાં ? ત્યાં તો એકીલા ભગવાન આત્મા પૂર્ણાનંદ હૈ. આહાહા ! જબતક ઈસ પ્રકાર

જીવતત્ત્વકી જાનકારી જીવકો નહીં. આહાહા! જ્યાં લગી, ઈસ પ્રકાર જીવતત્ત્વ એકાકાર જ્ઞાયકભાવકા અનુભવ નહીં કરતે, જીવકો નહીં, તબ તક યે વ્યવહાર દૃષ્ટિ હૈ, પર્યાય બુદ્ધિ હૈ. એક અંશકો માનનેવાલા હૈ મૂંઢ હૈ. આહાહા! "પર્યાય મૂંઢા પર સમયા" પ્રવચનસાર ૯૩ ગાથા. આહાહા! એક સમયકી પર્યાયને માનના વો ભી મૂંઢ હૈ. સારા દ્રવ્ય ભગવાન રહ જાતા હૈ. આહાહા! આવી વાત. હૈ? વ્યવહાર દૃષ્ટિ? ભિન્ન ભિન્ન નવતત્ત્વકો માનતા હૈ.

જીવ પુદ્ગલકી બંધ પર્યાયરૂપ દૃષ્ટિસે યહ પદાર્થ ભિન્ન ભિન્ન દિખાઈ દેતે હૈ, કિન્તુ જબ શુદ્ધનયસે જીવ પુદ્ગલકા નિજ સ્વરૂપ, ભિન્ન ભિન્ન દેખા જાયે, આહાહા! રાગકા સ્વરૂપ ભિન્ન હૈ ને ચૈતન્યકા સ્વરૂપ રાગસે ભિન્ન હૈ, ઐસે દિખા જાયે, તબ યે પુણ્ય પાપ આદિ સાત તત્ત્વ તો કુછ ભી વસ્તુ નહીં હૈ. આહાહાહા! હૈં?

(શ્રોતાઃ- કોઈ વસ્તુ નહીં?) વસ્તુ કહાં હૈ? યે જ્ઞાનકા જ્ઞેય હો ગયા. અપનેમેં નવ ભેદ હૈ નહીં. આહાહા! સૂક્ષ્મ વિષય! અનંત કાળ અનંત કાળ હુવા.. સાધુ ભી અનંત બૈર હુવા, પણ ઉસને આત્મજ્ઞાન ન કિયા. એ નવતત્ત્વ ને રાગની ક્રિયા ને પંચમહાવ્રતના પરિણામ ને.

કહ્યાને ઉસમેં યહ "મુનિવ્રતધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો". એ પંચ મહાવ્રતકા પરિણામ ભી દુઃખરૂપ હૈ. ઉસસે હઠકર આત્મા આનંદમૂર્તિ હૈ, એ તરફ કભી ઝૂકાવ કિયા નહીં. આહાહા! ચાર ગતિમેં રૂલતે હૈ એવા દ્રવ્યલિંગ અનંતબૈર લિયા. જૈન મુનિ દ્રવ્યલિંગ નગ્નપણા ઐસા અનંતબૈર અઠયાવીસ મૂળગુણ પાળ્યા ઔર પીછે અનંત અનંત ભવ દ્રવ્યલિંગ કરકે ભી અષ્ટપાહુડમેં હૈ લિંગ પાહુડમેં, દ્રવ્યલિંગ અનંત બૈર ધારણ કરકે અનંત અનંત ચોર્યાસીના અવતારમાં પીછે ફર્યા. આહાહા! પણ વો મિત્થ્યાત્વકા નાશ અને સમ્યગ્દર્શનકી ઉત્પત્તિ કયા હૈ, યે ખ્યાલમેં લિયા હી નહીં. આહાહા! બાકી પંડિતાઈ અગિયાર અંગકી હુઈ. લોગોંકો સમજાવે પાંચ પાંચ હજાર દશ દશ હજાર માણસોકો સમજાવે ઉસમેં કયા હુવા? આહાહા! ભાષાકી પર્યાય જડ, વિકલ્પ ઉઠતે હૈ એ ભી અચેતન, ભગવાન તો એ અચેતનસે ભિન્ન ચૈતન્યસ્વરૂપ ભગવાન જાગૃત સ્વભાવકા પિંડ, આહાહા! ઓ તરફકા ઝૂકાવ નહીં કિયા તો સમ્યગ્દર્શન નહીં હુવા. સમ્યગ્દર્શન બિનાકા જ્ઞાન ને વ્રત આદિ સબ અજ્ઞાન હૈ. આહાહા! હૈ?

કિન્તુ જબ શુદ્ધનયસે જીવ પુદ્ગલકા નિજ સ્વરૂપ ભિન્ન ભિન્ન દેખા જાયે તબ પુણ્ય પાપ આદિ કુછ નહીં. નિમિત્ત નૈમિત્તિકભાવસે હુએ થે. 'નૈમિત્તિક અપની અવસ્થા કર્મ નિમિત્ત, નિમિત્તસે હુવા નહીં પણ નિમિત્ત હૈ અને નૈમિત્તિક અપની અવસ્થા નવ' ઈસલિયે યે નિમિત્ત નૈમિત્તિકભાવ જબ મિટ ગયા તબ જીવ પુદ્ગલ ભિન્ન હોકર ભિન્ન હોનેસે અન્ય કોઈ વસ્તુ સિદ્ધ નહીં હો સકતી. ભગવાન ભગવાનરૂપે આત્મા હૈ કર્મ પુદ્ગલ પુદ્ગલરૂપે હૈ એમાં કોઈ દૂસરી ચીજ ભિન્ન નહીં હોતી. વસ્તુ તો દ્રવ્ય હૈ ઔર દ્રવ્યકા નિજ ભાવ તો દ્રવ્યકે સાથ હી રહેતા હૈ. જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા. આહાહા! નિમિત્ત નૈમિત્તિકભાવકા અભાવ હી હોતા હૈ. ઈસલિયે શુદ્ધનયસે જીવકો જાનનેસે હી સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હો સકતી હૈ. આહાહા! જબ તક ભિન્ન ભિન્ન નવપદાર્થોકો જાને ઔર શુદ્ધનયસે આત્માકો ન જાને તબ તક પર્યાય બુદ્ધિ હૈ મિથ્યા બુદ્ધિ હૈ. આહાહા! સમજમેં આયા?

## શ્લોક - ૮

( मालिनी )

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं
कनकमिव निमग्नं वर्णमालाकलापे।
अथ सततविविक्तं दृश्यतामेकरूपं
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम्।।८।।

अथैवमेकत्वेन द्योतमानस्यात्मनोऽधिगमोपाया: प्रमाणनयनिक्षेपा: ये ते खल्वभूतार्थास्तेष्वप्ययमेक एक भूतार्थ:। प्रमाणं तावत्परोक्षं प्रत्यक्षं च। तत्रोपात्तानुपात्त-परद्वारेण प्रवर्तमानं परोक्षं, केवलात्मप्रतिनियतत्वेन प्रवर्तमानं प्रत्यक्षं च। तदुभयमपि प्रमातृप्रमाणप्रमेयभेदस्यानुभूयमानतायां भूतार्थम्, अथ च व्युदस्तसमस्तभेदैकजीवस्व-भावस्यानुभूयमानतायामभूतार्थम्। नयस्तु द्रव्यार्थिक: पर्यायार्थिकश्च। तत्र द्रव्यपर्यायात्मके वस्तुनि द्रव्यं मुख्यतयानुभावयतीति द्रव्यार्थिक:, पर्यायं मुख्यतयानुभाव-यतीति पर्यायार्थिक:। तदुभयमपि द्रव्यपर्याययो: पर्यायेणानुभूयमानतायां भूतार्थम्, अथ च द्रव्यपर्यायानालीढशुद्धवस्तुमात्रजीवस्वभावस्यानुभूयमानतायामभूतार्थम्। निक्षेपस्तु नाम स्थापना द्रव्यं भावश्च। तत्रातद्गुणे वस्तुनि संज्ञाकरणं नाम। सोऽयमित्यन्यत्र प्रतिनिधिव्यवस्थापनं स्थापना। वर्तमानतत्पर्यायादन्यद् द्रव्यम्। वर्तमानतत्पर्यायो भाव:। तच्चतुष्टयं स्वस्वलक्षणवैलक्षण्येनानुभूयमानतायां भूतार्थम्, अथ च निर्विलक्षणस्व-लक्षणैकजीवस्वभावस्यानुभूयमानतायामभूतार्थम्। अथैवममीषु प्रमाणनयनिक्षेपेषु भूतार्थत्वेनैको जीव एव प्रद्योतते।

---

અહીં, એ અર્થનું કલશરૂપ કાવ્ય કહે છેઃ-

શ્લોકાર્થઃ- [ इति ] આ રીતે [ चिरम् नव-तत्त्व-च्छन्नम् इदम् आत्मज्योति: ] નવ તત્ત્વોમાં ઘણા કાળથી છુપાયેલી આ આત્મજ્યોતિને, [ वर्णमाला-कलापे निमग्नं कनकम् इव ] જેમ વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ, [ उन्नीयमानं ] શુદ્ધનયથી બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે. [ अथ ] માટે હવે હે ભવ્ય જીવો! [ सततविविक्तं ] હંમેશાં આને અન્ય દ્રવ્યોથી તથા તેમનાથી થતા નૈમિત્તિક ભાવોથી ભિન્ન, [ एकरूपं ] એકરૂપ [ दृश्यताम् ] દેખો. [ प्रतिपदम् उद्योतमानम् ] આ ( જ્યોતિ ), પદે પદે અર્થાત્ પર્યાયે પર્યાયે એકરૂપ ચિત્ચમત્કારમાત્ર ઉદ્યોતમાન છે.

ભાવાર્થઃ- આ આત્મા સર્વ અવસ્થાઓમાં વિધવિધ રૂપે દેખાતો હતો તેને શુદ્ધનયે એક ચૈતન્ય-ચમત્કારમાત્ર દેખાડયો છે; તેથી હવે સદા એકાકાર જ અનુભવ કરો, પર્યાયબુદ્ધિનો એકાંત ન રાખો-એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે. ૮.

ટીકા :- હવે, જેમ નવ તત્ત્વોમાં એક જીવને જ જાણવો ભૂતાર્થ કહ્યો તેમ, એકપણે

પ્રકાશમાન આત્માના અધિગમના ઉપાયો જે પ્રમાણ, નય, નિક્ષેપ છે તેઓ પણ નિશ્ચયથી અભૂતાર્થ છે, તેમાં પણ આત્મા એક જ ભૂતાર્થ છે ( કારણ કે જ્ઞેય અને વચનના ભેદોથી પ્રમાણાદિ અનેક ભેદરૂપ થાય છે ). તેમાં પહેલાં, પ્રમાણ બે પ્રકારે છે-પરોક્ષ અને પ્રત્યક્ષ. [1]ઉપાત્ત અને [2]અનુપાત્ત પર ( પદાર્થો ) દ્વારા પ્રવર્તે તે પરોક્ષ છે અને કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે તે પ્રત્યક્ષ છે. ( પ્રમાણ જ્ઞાન છે. તે જ્ઞાન પાંચ પ્રકારનું છે-મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળ. તેમાં મતિ ને શ્રુત એ બે જ્ઞાન પરોક્ષ છે, અવધિ ને મનઃપર્યય એ બે વિકલ-પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન સકલ-પ્રત્યક્ષ છે. તેથી એ બે પ્રકારનાં પ્રમાણ છે. ) તે બન્ને પ્રમાતા, પ્રમાણ, પ્રમેયના ભેદને અનુભવતાં તો ભૂતાર્થ છે, સત્યાર્થ છે; અને જેમાં સર્વ ભેદો ગૌણ થઈ ગયા છે એવા એક જીવના સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

નય બે પ્રકારે છે-દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. ત્યાં દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુમાં દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિક નય છે અને પર્યાયનો મુખ્યપણે અનુભવ કરાવે તે પર્યાયાર્થિક નય છે. તે બંને નયો દ્રવ્ય અને પર્યાયનો પર્યાયથી ( ભેદથી, ક્રમથી ) અનુભવ કરતાં તો ભૂતાર્થ છે, સત્યાર્થ છે; અને દ્રવ્ય તથા પર્યાય એ બન્નેથી નહિ આલિંગન કરાયેલા એવા શુદ્ધવસ્તુમાત્ર જીવના ( ચૈતન્યમાત્ર ) સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

નિક્ષેપ ચાર પ્રકારે છે-નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ. વસ્તુમાં જે ગુણ ન હોય તે ગુણના નામથી ( વ્યવહાર માટે ) વસ્તુની સંજ્ઞા કરવી તે નામ નિક્ષેપ છે. 'આ તે છે' એમ અન્ય વસ્તુમાં અન્ય વસ્તુનું પ્રતિનિધિત્વ સ્થાપવું ( -પ્રતિમારૂપ સ્થાપન કરવું ) તે સ્થાપના નિક્ષેપ છે. વર્તમાનથી અન્ય એટલે કે અતીત અથવા અનાગત પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે દ્રવ્ય નિક્ષેપ છે. વર્તમાન પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે ભાવ નિક્ષેપ છે. એ ચારેય નિક્ષેપોનો પોતપોતાના લક્ષણભેદથી ( વિલક્ષણરૂપે-જુદા જુદા રૂપે ) અનુભવ કરવામાં આવતાં તેઓ ભૂતાર્થ છે, સત્યાર્થ છે; અને ભિન્ન લક્ષણથી રહિત એક પોતાના ચૈતન્યલક્ષણરૂપ જીવ-સ્વભાવનો અનુભવ કરતાં એ ચારેય અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. આ રીતે આ પ્રમાણ-નય-નિક્ષેપોમાં ભૂતાર્થપણે એક જીવ જ પ્રકાશમાન છે.

ભાવાર્થ :- આ પ્રમાણ, નય, નિક્ષેપોનું વિસ્તારથી વ્યાખ્યાન તે વિષયના ગ્રંથોમાંથી જાણવું; તેમનાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ વસ્તુની સિદ્ધિ થાય છે. તેઓ સાધક અવસ્થામાં તો સત્યાર્થ જ છે કારણ કે તે જ્ઞાનના જ વિશેષો છે. તેમના વિના વસ્તુને ગમે તેમ સાધવામાં આવે તો વિપર્યય થઈ જાય છે. અવસ્થા અનુસાર વ્યવહારના અભાવની ત્રણ રીતિ છેઃ પહેલી અવસ્થામાં પ્રમાણાદિથી યથાર્થ વસ્તુને જાણી જ્ઞાન-શ્રદ્ધાનની સિદ્ધિ કરવી; જ્ઞાન-શ્રદ્ધાન સિદ્ધ થયા પછી શ્રદ્ધાન માટે તો પ્રમાણાદિની કાંઈ જરૂર નથી. પણ હવે એ બીજી

૧. ઉપાત્ત = મેળવેલા. ( ઇન્દ્રિય, મન વગેરે ઉપાત્ત પર પદાર્થો છે. )

૨. અનુપાત્ત = અણમેળવેલા. ( પ્રકાશ, ઉપદેશ વગેરે અનુપાત્ત પર પદાર્થો છે. )

**અવસ્થામાં પ્રમાણાદિના આલંબન દ્વારા વિશેષ જ્ઞાન થાય છે અને રાગ-દ્વેષ-મોહકર્મના સર્વથા અભાવરૂપ યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે; તેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કેવળજ્ઞાન થયા પછી પ્રમાણાદિનું આલંબન રહેતું નથી. ત્યાર પછી ત્રીજી સાક્ષાત્ સિદ્ધ અવસ્થા છે ત્યાં પણ કાંઈ આલંબન નથી. એ રીતે સિદ્ધ અવસ્થામાં પ્રમાણ-નય-નિક્ષેપોનો અભાવ જ છે.**

---

**ઈસ અર્થકા કળશ કહેતે હૈ. લ્યો કળશ હૈ ને આઠ.**

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं कनकमिव निमग्नं वर्णमालाकलापे।
अथ सततविविक्तं दृश्यतामेकरूपं प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम्।।८।।

ઈતિ નામ ઈસ પ્રકારે “ચિરમ્ નવતત્ત્વ ચ્છન્નમ્ ઈદમ્ આત્મ જ્યોતિ” આહાહાહા ! નવતત્ત્વકે ભેદમેં બહોતસે સમયસે છીપી હુઈ, નવતત્ત્વકા ભેદમેં પીછે આ વસ્તુ હૈ. યહ છિપક ઢંકી ગઈ. આહાહા ! ભેદકી નવતત્ત્વકી પર્યાય બુદ્ધિમેં ઓ દ્રવ્ય સ્વભાવ ઢંક ગયા. આહાહા ! હૈ ? શુદ્ધનયસે બહાર નિકાલકર પ્રગટ કી ગઈ, ઐસી આત્મજ્યોતિ જો છીપી થી. પર્યાય કે પીછે અંદર દ્રવ્યસ્વભાવ ઢંકા દિખતે થે, એ શુદ્ધનયસે સ્વભાવ પર દૃષ્ટિ કરનેસે એ ભાવ વો પ્રકાશિત હુવા. નવકી પર્યાયમેં રુકનેસે દ્રવ્યસ્વભાવ ઢંક ગયા થા, છીપ ગયા થા. ઉસે અંતરમેં શુદ્ધનયસે દેખને પર આત્મા પ્રકાશિત હોતા હૈ. હૈ ? આહાહા !

શુદ્ધનયસે બહાર નિકાલકર પ્રગટ કી ગઈ, જૈસે વર્ણો કે સમૂહમેં છીપે હુએ એકાકાર સુવર્ણ, સોના હોતા હૈ ને સોના સોનું. અગ્નિમેં દેતે હૈ ને તાપ, તો ભિન્ન ભિન્ન ભિન્ન રંગ હોતા હૈ, સોનાના વર્ણમેં, પણ ઉસમેં સોના તો એકરૂપ ભિન્ન હૈ. સમજમેં આયા ? ઐસે આત્મામેં નવપ્રકારકી પર્યાય ભિન્ન ભિન્ન હૈ, પણ ઉસસે આત્મા તો ઉસસે ભિન્ન હૈ. આહાહાહા ! સંવર, નિર્જરા ને મોક્ષકી પર્યાયસે ભી ભિન્ન હૈ એમ કહેતે હૈ. આહાહા ! હૈ ?

ઈસલિયે અબ હૈ ભવ્ય જીવો, આચાર્ય મહારાજ સંબોધન કરતે હૈ “અથ” હવે, હે ! લાયક જીવો ! સતતવિવિક્તં સદા અન્ય દ્રવ્યોસે, અનેરા પદાર્થસે, ઉનમેં હોનેવાલા નૈમિત્તિકભાવ વિકારસે ભિન્ન, અન્ય દ્રવ્યસે ભિન્ન અને અન્ય દ્રવ્યકા નિમિત્તસે અપનેમેં હુઆ વિકાર, ઉસસે ભી ભગવાન ભિન્ન. આહાહા... એકરૂપ દેખો, એકરૂપ દેખો “એક દેખિએ, જાણીએ, રમી રહીએ એક ઠોર, સમળ વિમળ ન વિચારીએ, એ હી સિદ્ધિ નહીં ઓર” અમારે વીરજીભાઈ વકીલ થા. આ કાઠિયાવાડમેં દિગંબરના અભ્યાસી વીરજીભાઈ વકીલ થા જામનગર. જો પહેલાં અભ્યાસ થા ઉસકા વો પુરાના, ૯૧–૯૨ વર્ષે ગુજર ગયે. તો વો આ વારંવાર કહેતે થે. સમયસાર નાટકકી બાત હૈ “એક દેખિએ, જાણીએ, રમી રહીએ એક ઠોર, સમળ વિમળ ન વિચારીએ એ હી સિદ્ધિ નહીં ઓર” સમયસાર નાટકકા શબ્દ હૈ, એકરૂપ દેખીએ. વસ્તુકો એકરૂપ હૈ ઐસા દેખો. દેખીએ જાણીએ રમી રહીએ એક ઠોર, ઔર ઉસમેં રમના. જ્ઞાયકભાવમેં દેખના, જ્ઞાયકકો શ્રદ્ધના ને જ્ઞાયકમેં રમના સમળ વિમળ ન વિચારીએ, એ અર્થાત્ દ્રવ્યરૂપ હૈ નિર્મળ અને દર્શન જ્ઞાન ચારિત્રના ભેદસે, વ્યવહારસે મલિન, દોઈકા વિચાર છોડી દેના. સમળ વિમળ ન વિચારીએ. ૧૬ મી ગાથાકા હૈ. સમજમેં આયા ? દર્શન જ્ઞાન ચારિત્રકા ભેદ હૈ એ વ્યવહાર હૈ. રાગ આદિકી બાત તો એકકોર રખો. અને ત્યાં તો ઐસા લિયા હૈ, કે દર્શન જ્ઞાન ચારિત્ર જો પર્યાયમાં ભેદ

હૈ યે વ્યવહાર હૈ, ઉસકો મલિન કહેનેકી પદ્ધતિ હૈ, ઐસા લિયા હૈ. આહાહાહાહા ! રાગ તો મલિન હૈ હી, પણ એકમેં તીન પર્યાયકા ભેદ કરકે દેખના, વો ભી વ્યવહાર હૈ ને વિકલ્પ ઉઠતે હૈ તો મલિન હૈ. આહાહા ! તો યહાં યે કહેતે હૈ, દેખો, હૈ ને ?

એકરૂપ દેખો ! આહાહા ! આહાહાહા ! યહ જ્યોતિ પદ પદ પર, પદ પદ પર, પ્રત્યેક પર્યાયમેં એકરૂપ ચિત્ત ચમત્કારમાત્ર ઉદ્યોતમાન હૈ. પ્રત્યેક પર્યાયમેં ભગવાન તો ભિન્ન ચૈતન્ય ચમત્કાર જ્યોતિ પ્રકાશમાન, એ પર્યાયમેં કભી આઈ નહીં. આહાહા ! ઐસા ચૈતન્ય પાતાળ, ચૈતન્યકા પાતાળ ધ્રુવ, ઉસકો એકરૂપ દેખો. આહાહા ! અરે ! આકરું કામ છે આવું. એક તો આ દુનિયાના વ્યવસાય આડે નવરો નથી. એ જાપાનીએ કહ્યું હતું ઈતિહાસવાળાએ, જાપાની માણસે વાણિયાને જૈન ધર્મ મળ્યો ને વાણિયા વ્યવસાય વિના નવરા થતા નથી, પાપ આડે. આખો દિ' આ ધંધા ધંધા ધંધા. અહીં તો કહીએ છીએ પહેલેથી ઘણાં. દુકાનનો ધંધો ૨૨ કલાકને ૨૩ કલાક ને બાયડી છોકરા. અરરર ! એકલા પાપના વ્યવસાયમાં પડયા, ઊંડે કૂવે, હવે એને આત્મા તરફકા ઝૂકાવકી બાત કરના. હૈં ? ફસાઈ ગયો છે એ, ફસાઈ ગયો એ. ગરાસમાં ને અમારામાં. આ મારા દિકરા ને આ મારો ગરાસ ને આ મારી આવી પેદાશ. પચાસ હજારની, લાખની એક પેદાશ, દસ લાખની પેદાશ મારે. હૈં ? ( શ્રોતાઃ- મારો દિકરો મોટો સરકારી અમલદાર હૈ. ) મોટો અમલદાર. આવા અભિમાન મિથ્યા, દિકરા કોના ? એ તો પરદ્રવ્ય હૈ. પરદ્રવ્ય આત્માકા હોતા હૈ કદી ? આહાહા ! શરીર પરદ્રવ્ય હૈ, ઉસકા આત્મા પરદ્રવ્ય હૈ, તો મેરા દિકરા આયા કહાંસે તેરે ? સમજમેં આયા ? શાસ્ત્ર તો યે કહા નહીં ૧૬ મી ગાથામેં પર દવ્વાઓ દુગઈ. સ્ત્રી કુટુંબ પરિવાર સબ પરદ્રવ્ય હૈ, ઉસકા તરફ લક્ષ કરેગા તો દુર્ગતિ નામ રાગ ઉત્પન્ન હોગા. આહાહાહા ! ૧૬ મી ગાથામાં આવ્યું છે. પરદવ્વાઓ દુગઈ. પરદ્રવ્યરૂપી એ શરીર વાણી મન સ્ત્રી કુટુંબ ધંધા પરિવાર સબ પરદ્રવ્ય હૈ. પરદ્રવ્યકા લક્ષ કરનેસે તો દુર્ગતિ હી હોગી તેરી. રાગ ઉત્પન્ન હોગા તેરે, સિદ્ધ ગતિ નહીં હુઈ. આહાહા ! ઔર ત્યાં લગ કહેતે હૈ કે દેવ ગુરુ ને શાસ્ત્ર હમ હૈ. હમારા તરફ તેરા લક્ષ હોગા તો ભી તેરે દુર્ગતિ, રાગ હોગા. આહાહાહા ! આકરી વાત છે ભાઈ !

( શ્રોતાઃ તો કરવું શું અમારે ? ) 'આ કહેતે હૈ' ને ઉસકો છોડકર અંતર દૃષ્ટિ લેના. લાખ વાત હોય ને ગમે તેટલા. અબજોપતિ ઇન્દ્ર હોય બડા, તો કયા હૈ ? એ તો પર ચીજ હૈ. આહાહા ! અંદરસે પરસે હઠકર, અરે એ પુણ્ય ને પાપના વિકલ્પસે હઠકર, અરે એક સમયકી પર્યાયકા પ્રેમસે હઠકર, આહાહા ! અપના જ્ઞાયકભાવ એકરૂપ હૈ, હૈ ને ? પ્રત્યેક પર્યાયમેં એકરૂપ, ચાહે તો નિગોદકી પર્યાય હો ને ચાહે તો કેવળીકી પર્યાય હો. આહાહા ! પ્રત્યેક પર્યાયમેં એકરૂપ ચિત્ચમત્કાર માત્ર ઉદ્યોતમાન હૈ. આહાહા ! ચૈતન્ય ચમત્કાર ! આહાહા ! અપના ક્ષેત્રમેં રહેને છતેં પર ક્ષેત્ર લોક ને અલોક ઉસકા જાનનેવાલા, દેખનેવાલા ચૈતન્ય ચમત્કાર હૈ. આહાહા ! અપને ક્ષેત્રમેં રહેતે હુવે, પરક્ષેત્ર લોક ને અલોક વો અપનેમેં રહેતે હુવે, પરકો જાનતે હૈં. ઐસા ચૈતન્ય ચમત્કાર ભગવાન, ઉસકા અનુભવ કરો, ઉસકી દૃષ્ટિ કરો, ઉસકા આશ્રય લો, ઉસકા અવલંબન કરો, તો સમ્યગ્દર્શન હોગા. આહાહા ! ચારિત્ર તો કહાં રહા, એ તો દૂસરી ચીજ હૈ. ઐસે સમ્યગ્દર્શન હુએ પીછે, આત્મામેં આનંદમેં લીન હોના, આનંદમેં લીન હોકર અતીન્દ્રિય

આનંદકા અનુભવ ભોજન કરના ઉસકા નામ ચારિત્ર હૈ.

(શ્રોતાઃ– એ તો ચોથા કાળમાં પાંચમાં કાળમાં !) પાંચમાં આરામાં આ પંચમઆરાના ગૃહસ્થને તો કહેતે હૈ. પાંચમા આરાના સાધુ. આ તો પાંચમા આરાના સાધુ હૈ. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય અને પાંચમા આરાના જીવને તો કહેતે હૈ. કુંદકુંદાચાર્ય કબ હુવા હૈ ? દો હજાર વર્ષ પહેલે. હજી તો પાંચમા આરામેં હુવા હૈ. અમૃતચંદ્રાચાર્ય ભી હજાર વર્ષ પહેલે હુવા હૈ. હજાર વર્ષ પહેલે તો યે યહાં જીવતે થે ભરતક્ષેત્રમેં જીવતે થે અમૃતચંદ્રાચાર્ય. તો વો કહેતે હૈ કે તો પાંચમાં આરાના સંત, પાંચમાં આરાના જીવકો કહેતે હૈ. આ ચોથા આરાના સંત, પાંચમા આરાના એમ કહેતે નહીં. આહા ! આરા બારા કુછ નડતે નહીં અંદરમેં. આહા ! યહાં એકરૂપ ચિત્ચમત્કારમાત્ર ઉદ્યોતમાન હૈ. આહાહા !

ભાવાર્થ – "યહ આત્મા સર્વ અવસ્થાઓમેં વિવિધ રૂપસે દિખાઈ દેતા થા" કયા કહેતે હૈ ? ભગવાન આત્મા પર્યાય પર્યાય દીઠ ભિન્ન પ્રકારસે પર્યાય દિખતી થી, કોઈ અલ્પ પર્યાય, કોઈ વિશેષ પર્યાય, કોઈ રાગ, કોઈ અરાગ ઐસે ભિન્ન ભિન્ન પર્યાય દિખતી થી. ઉસે શુદ્ધનયસે એક ચૈતન્ય ચમત્કાર માત્ર દિખાયા. આહાહા ! "ઇસલિયે અબ ઉસે સદા એકાકાર હી અનુભવ કરો." હે ભવ્ય જીવો ! જીસકો સંસારકા નાશ કરના હો, આહાહા ! તો એકાકાર અનુભવ કરો. પ્રભુ એકરૂપ અંદર હૈ ઉસકા અનુભવ કરો. આહાહા ! પત્તા લગે નહીં કાંઇ, આવો માર્ગ છે.

પર્યાય બુદ્ધિકા એકાંત મત રખો. પર્યાય હૈ ખરી, નવભેદ હૈ ખરા, પણ એકાંત મત રખો કે, ઉસસે મેરા કલ્યાણ હોગા ને યહી આત્મા હૈ ઐસા ન રખો. પર્યાય હૈ, પર્યાય નહીં હૈ ઐસા નહીં. પર્યાયબુદ્ધિકા એકાંત મત રખો, અંદર દ્રવ્ય બુદ્ધિમેં લે જાઓ આત્માકો. આહાહા ! એવું, ઐસા શ્રીગુરુઓકા ઉપદેશ હૈ. લ્યો એ સંતો દિગંબર સંતો પંચમઆરાના અનુભવીઓ કેવળજ્ઞાનના કેડાયતો, એ સંતોનો આ ઉપદેશ હૈ, સમજમેં આયા ? એમ ટીકાકાર અર્થકારે ભાઈ આ તો સંતો દિગંબર મુનિઓ આ એમ કહેતે હૈ. આહાહા ! પંચમઆરામેં ભી કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્યો આદિ સાધુ બહોત સંત હુએ. વો સબ ગુરુઓકા એ ઉપદેશ હૈ, નવકા ભેદકી પર્યાયબુદ્ધિ છોડકર, એકરૂપ ત્રિકાળ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરો, તો તેરા જનમ મરણકા અંત આયેગા. નહીંતર ચોર્યાસીના અવતાર, તેરા કરના પડેગા પ્રભુ. આહાહા !

ટીકાઃ અબ ઐસે નવતત્ત્વમેં એક જીવકો હી જાનના સત્યાર્થ કહા. એકરૂપ જીવકો જાનના એ સાચી વાત હૈ, ઉસી પ્રકાર એકરૂપસે પ્રકાશમાન આત્માકે, ભગવાન તો એકરૂપ વસ્તુ હૈ ચિદાનંદ. ઉસકે અધિગમકે ઉપાય. એને જાનનેકા જે ઉપાય આહાહાહા ! પ્રમાણ, નય ને નિક્ષેપ. આહાહાહા ! નવ તત્વકો તો છોડાયા પણ અબ કહેતે હૈ કે યહ આત્મા જો વસ્તુ હૈ ત્રિકાળ– ઉસકા જાનનેકા જો ઉપાય– પ્રમાણ નય ને નિક્ષેપ, આહાહા ! વે ભી નિશ્ચયસે અભૂતાર્થ હૈ. પ્રમાણ નય ને નિક્ષેપ જ્ઞાન પહેચાનનેકા હૈ, યે ભી અભૂતાર્થ જૂઠા હૈ. આહાહા !

(શ્રોતાઃ– કઠણ છે) કભી કિયા નહીં તો કઠણ લગતે હૈ ઉસકો. આહાહા ! બાકી સત્ હૈ, સરળ હૈ, સર્વત્ર હૈ. કહા નહીં પરમાત્મા ? પોતે નહીં હૈ ? કઇ પર્યાયમેં હાજરાહજૂર ભગવાન નહીં હૈ ? સમજમેં આયા ? આહાહા ! કહાંકા પર્યાયમેં ગમે તે પર્યાય હોય ભગવાન હાજરા

હજૂર પરમાત્મા દ્રવ્ય બિરાજતે હૈ. પણ વો ઉપર નજર કરતે નહીં, તો કઠણ લગે. આહાહા ! એ ઉનમેં ભી એક આત્મા હી ભૂતાર્થ હૈ, નય નિક્ષેપ, પ્રમાણસે જાનના વો ભી પરકી લક્ષસે જ્ઞાન હૈ. યે ભી અભૂતાર્થ જૂઠા હૈ. યે વિશેષ કહેગા. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૬૩ શ્લોક - ૮ તા. ૨૦-૮-૭૮ રવિવાર, શ્રાવણ વદ-૨ સં. ૨૫૦૪

શ્રી સમયસાર ૧૩ મી ગાથાકા કળશકા ભાવાર્થ હૈ. નીચે ટીકા હૈ ને ટીકા. સંસ્કૃત ટીકા હૈ. અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ ઉત્કૃષ્ટ આત્માકા પ્રભાવ અનુભવી ઉસકી ટીકા હૈ. સૂક્ષ્મ બાત હૈ.

કયા કહેતે હૈ યે દેખો. સૂક્ષ્મ વિષય હૈ. જૈસે નવતત્ત્વમેં એક જીવકો હી જાનના ભૂતાર્થ કહા હૈ. કયા કહા ? ભાઈ ! જીવકી- આત્માકી વર્તમાન પર્યાય નામ અવસ્થામેં નવતત્ત્વકા ભાવ પર્યાયમેં ભેદમેં હોતા હૈ. પણ વો કોઇ સમ્યગ્દર્શન ઉનસે હોતા હૈ ઐસા નહીં. જીવકી એક સમયકી વર્તમાન પર્યાય, અવસ્થા ઔર પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ એ પર્યાયો હૈ, એ નવતત્ત્વમેં તો પર્યાય બુદ્ધિસે વ્યવહારનયસે યે હૈ પણ જીસકો અપના કલ્યાણ સમ્યગ્દર્શન પ્રગટ કરના હો, ધર્મકી પહેલી સીઢી, તો યે નવતત્ત્વમેંસે ભિન્ન હોકર, આહાહા ! આવી વાત છે પ્રભુ !

આ બહારના ધમાલ ને બહારની ક્રિયા તો જડસે હોતી હૈ. અંદરમેં રાગ આતે હૈ, શુભ રાગ, વો ભી બંધકા કારણ હૈ. સમ્યગ્દર્શનકા વો કારણ નહીં. આહાહા ! એ અહીંયા નવતત્ત્વમેં નવપ્રકારકી વર્તમાન પર્યાયના ભેદોમેં એક જીવકો હી જાનના. આહા ! સામાન્યરૂપ જો પર્યાયમેં આતા નહીં કભી. આહાહા ! ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ આનંદકા પિંડ એકરૂપ સ્વરૂપ ઉસકો જાનના એ ભૂતાર્થ હૈ. આહાહા ! એ ત્રિકાળી ચીજકો અંતર્મુખ હોકર જાનના વો હી ભૂતાર્થ ચીજ હૈ, સત્ય ચીજ હૈ. આહાહાહાહા ! હૈ ? એક જીવકો હી જાનના, ચાહે તો સંવર હો, નિર્જરા હો, મોક્ષકી પર્યાય પણ ઉસમેં સામાન્ય જો જીવદ્રવ્ય હૈ એકરૂપ ઉસકી ઉપર નજર કરનેસે અભેદ ચીજકી નજર કરનેસે યે અભેદ ચીજ એ હી ભૂતાર્થ હૈ. આહાહા ! આવો માર્ગ છે.

( શ્રોતાઃ- એકેય અક્ષર સમજાય એવો નથી. ) હૈં ! કયા કહા ? પ્રભુ તીન ચાર દિનસે તો ચલતે હૈ ( સ્પષ્ટીકરણ ). નવતત્ત્વમેં જીવકી એક સમયકી પર્યાયકો યહાં નવતત્ત્વમેં જીવ ગિનનેમેં આયા હૈ. પંડિતજી ! આ અમારે પંડિતજી આયા, આ તો, ભાઈ નથી આયા, ફુલચંદજી ! તાવ આયો બુખાર હૈ. હૈ એ તો આયા ને ભાઈ ફુલચંદજી આતે હૈ. તાવ આયા બુખાર આયા.

આ આત્મા જો ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ ધ્રુવ સ્વરૂપ હૈ, ઉસકી વર્તમાન પર્યાય નામ અવસ્થા નામ હાલતમેં જો પર્યાય હૈ ઉસકો યહાં જીવ કહેનેમેં આયા હૈ. ઔર ઉસમેં દયા, દાન, વ્રત, ભક્તિકા ભાવ હોતા હૈ, યે શુભકી અપની યોગ્યતાસે અપને કાળે અપને કારણે ઉત્પન્ન હોતા હૈ ઔર હિંસા, ચોરી, વિષય, જૂઠ, ભોગ, વાસના એ પાપ પરિણામ પણ અપને કાળમેં અપને કારણસે વિકૃત અવસ્થા ઉત્પન્ન હોતી હૈ ઔર દો મિલકર આસ્રવ ભી અપને કારણસે

અપને પર્યાયકા તે કાળ હૈ તો વો કારણે આસ્રવ ઉત્પન્ન હોતા હૈ ઔર રાગમેં રુકના એ ભાવબંધ ભી અપને કારણસે ત્યાં ભાવબંધ ઉત્પન્ન હોતા હૈ. ઔર સંવર, એ અપની પર્યાયમેં શુદ્ધતા જો પ્રગટ હોતી હૈ એ ભી અપને કાળે, પવિત્ર સમ્યગ્દર્શન જ્ઞાનકી પર્યાય એ સંવર હૈ. એ અપને કાળે ઉત્પન્ન હોતી હૈ. નિર્જરા, એ ભી અપને કાળે વો શુદ્ધિસે વૃદ્ધિ હોતી હૈ એ ભી પર્યાયમેં અપને કાળે નિર્જરા નામ શુદ્ધિકી વૃદ્ધિ અથવા અશુદ્ધતાકા નાશ એ અપને કાળે નિર્જરા હોતી હૈ. ઔર મોક્ષ ભી અપને કાળે પર્યાયમાં કેવળજ્ઞાન હોકર ઉત્પન્ન હો. પણ એ નવપ્રકાર જો હૈ ઉસમેં આત્મા આયા નહીં, ત્રિકાળી. આહાહા ! આહાહાહા !

એ નવપ્રકારકો ભી છોડકર, હૈં ? ઉન નવ તત્ત્વમેં, એ પર્યાયકા નવપ્રકારકા તત્ત્વ નામ ભેંદમેં એક જીવકો હી, એ સંવર કાળમેં ભી એક જીવ હી અંદર ત્રિકાળ હૈ તે ઉપાદેય હૈ. આહાહાહાહા ! નિર્જરાકે કાળમેં પણ ભગવાન એકરૂપ ચિદાનંદકી પાટ શિતળ પડી હૈ ધ્રુવ, વો એક હી ઉપાદેય હૈ, ઔર મોક્ષકી પર્યાય તો અભી નહીં પણ મોક્ષકી જે કેવળજ્ઞાન પર્યાય ઉત્પન્ન હોતી હૈ, યે ભી સદ્ભૂત વ્યવહારનયકા વિષય હૈ, ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન નહીં હોતા. આહાહાહા !

નવતત્ત્વમેં એક જીવકો હી અંતર્મુખ શુદ્ધ ચૈતન્યઘન ભગવાન, એકરૂપ ધ્રુવ સામાન્ય સદૃશ નિત્યાનંદ પ્રભુ એકરૂપ વસ્તુ જો હૈ, આહા ! એ હી જાનના ભૂતાર્થ કહા. એને જાણ્યા હુવા વો વસ્તુકો ભૂતાર્થ કહા. આહાહાહા ! આવી ચીજ છે ભાઈ ! ધર્મની શરૂઆત પણ ઐસે હોતી હૈ. કોઇ આ ક્રિયા ને વ્રત કરના ને તપ કરના ને ભક્તિ કરના ને વો તો પર્યાયમેં ભેદ વિકારકા હૈ. આહાહા ! એ નવતત્ત્વમેં એક, ઓલા નવ અનેક હુઆ, પર્યાયની અવસ્થામેં અનેક ભેદ હુઆ, ઉસમેંસે એક જીવકો હી, એકાંત લિયા હૈ. આહાહાહા ! ત્રિકાળ અસ્ખલિત પર્યાયમેં ભી જિસકા આના નહીં હોતા. આહાહાહા ! ઐસી જો ચીજ નિત્યાનંદ પ્રભુ, વો હી એક જાનના યથાર્થ, ભૂતાર્થ, સત્ય કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? એક બાત હુઇ. હવે દૂસરી, તીન બાત હૈ.

ઉસી પ્રકાર જૈસે નવતત્ત્વકે ભેદમેંસે એકીલા જીવ ત્રિકાળ ઉસકા અવલંબન લેના, ઉસકા આશ્રય કરના વો હી ભૂતાર્થ હૈ. વો હી સમ્યગ્દર્શનકા વિષય હૈ. છતેં સમ્યગ્દર્શનકા વિષય એકરૂપ ચૈતન્ય હૈ, છતેં સમ્યગ્દર્શનકી પર્યાય એ સમ્યગ્દર્શનકા વિષય નહીં. આહાહાહા ! સમ્યગ્દર્શનકા વિષય જો ત્રિકાળી જ્ઞાયકભાવ હૈ એ પર્યાયકા વિષય પર્યાય નહીં. આહાહાહા ! બાપુ ! જનમ મરણ રહિત સમ્યગ્દર્શનકી ક્રિયા કોઇ અલૌકિક હૈ. આહાહા ! ઔર એ સમ્યગ્દર્શનકી પર્યાયમેં જ્ઞાયક ત્રિકાળકા શ્રદ્ધા જ્ઞાન હોતા હૈ, પણ વો ત્રિકાળી ચીજ વો પર્યાયમેં આતી નહીં. આહાહાહા ! આવું હવે ઝીણું !

ઉસી પ્રકાર એકરૂપસે પ્રકાશમાન આત્મા, આહાહા ! ભગવાન તો અકરૂપ ચૈતન્ય પ્રકાશ જ્યોતિ–પ્રકાશમાન જ્યોતિ આત્મા હૈ, ઇતની બાત. હવે એકરૂપસે પ્રકાશમાન આત્મા ઉસકે અભિગમકે ઉપાય, ઉસકો જાનને કા ઉપાય, પ્રમાણ, નય, નિક્ષેપ હૈ. પ્રમાણકી વ્યાખ્યા કરેગા. દ્રવ્ય – વસ્તુ અને પર્યાય દોકા જ્ઞાન કરે વો પ્રમાણ હૈ. ઔર 'નય' 'બે' મેંસે એકકા – અંશકા વિષય કરે વો નય હૈ. ચાહે તો સામાન્યકા વિષય કરે, ચાહે તો વિશેષકા વિષય, પણ એક અંશ

આયા, નયમેં એક અંશ આયા, પ્રમાણમેં દો અંશ સાથમેં આયા. ઐસા જાનનેકા ઉપાય હૈ, વો ભી વિકલ્પાત્મક હૈ. આહાહા ! વો ભી આહાહા... પ્રમાણ, નય અને નિક્ષેપ. નિક્ષેપ નામ, નામસે જ્ઞેય પદાર્થ જાનના, સ્થાપનાસે જાનના, યોગ્યતાસે દ્રવ્યકી યોગ્યતાસે જાનના, ઔર ભાવકી પર્યાયસે યે જાનના, યે જ્ઞેયના જે ચાર ભેદ એ નિક્ષેપકા ભેદ હૈ. એ નિક્ષેપસે ભી અપનેકો જાનના વો ભી એક વિકલ્પ હૈ. આહાહાહાહા !

જ્યાં નવતત્ત્વકા ભેદ ભી સમ્યગ્દર્શનકા વિષય નહીં, ત્યાં નય નિક્ષેપ ને પ્રમાણ ભી સમ્યગ્દર્શનકા વિષય નહીં. આહાહા ! સૂક્ષ્મ બાત હૈ ભાઈ ! વીતરાગ માર્ગ અનંત કાળ હુવા, આહાહા ! કભી એને ધ્યાન દિયા હી નહીં. આહાહા ! પાટણીજી ! બહારમાં ને બહારમાં ભટક ભટકકર, આહાહા ! અંતર પાતાળકૂવા પડા હૈ, એક સમયકી પર્યાયકે સમીપમેં, સમીપમેં સારા ધ્રુવ તત્વ નિત્યાનંદ પ્રભુ હૈ, એ આ અભિગમકા જાનનેકા ઉપાય હૈ એ ભી નિશ્ચયસે અભૂતાર્થ હૈ. કયા કહા ? પ્રમાણ, નય પ્રમાણ નામ દો. દ્રવ્ય ને પર્યાયકા જ્ઞાન સાથ કરે વો પ્રમાણ, પણ વો વિકલ્પાત્મક પ્રમાણ યહાં લિયા હૈ. 'નય' ત્રિકાળકા અંશ કરનેવાલા 'નય' એ નિશ્ચય. આ વર્તમાન પર્યાયકા વિષય કરનેવાલા વ્યવહાર, પણ દોહી વિકલ્પાત્મક, રાગાત્મક લિયા હૈ. આહાહા ! ઔર નિક્ષેપ, એ તો જ્ઞેયના ભેદ હૈ. એ ભી વિકલ્પાત્મક નિક્ષેપ, ભાવ નિક્ષેપ ભી વિકલ્પાત્મક યહાં તો હૈ. આહાહાહા ! સમજમેં આયા ? અર્થાત્ મેરી પર્યાય શુદ્ધ પૂર્ણ હૈ ઐસા ભાવ નિક્ષેપ ભી ભેદવાળી દશા હૈ, તો વો ભી વિકલ્પ હૈ. આહાહાહાહા ! યે નિશ્ચયસે તો જૂઠા હૈ. આહાહાહા ! અપના અનુભવ કરનેમેં એ પ્રમાણ, નય, નિક્ષેપ બિલકુલ સહાય કરતે નહીં. આહાહાહાહા !

વ્યવહાર રત્નત્રયકા રાગ એ ભી અપના અનુભવમેં બિલકુલ સહાય કરતે નહીં, ઉસકી મદદ નહીં, ઔર ઉસકો છોડકર અપના સ્વભાવમેં દૃષ્ટિ કરે તબ સમ્યગ્દર્શન હોતા હૈ. ઐસે આ પ્રમાણ, નય, નિક્ષેપકા જ્ઞાન હો, પણ વો ત્રિકાળકી દૃષ્ટિ કરનેસે એ અભૂતાર્થ હૈ, ભેદ પ્રમાણ, સવિકલ્પ પ્રમાણ, આ સવિકલ્પ લેના. સવિકલ્પ નય, રાગવાળી નય, રાગવાળા પ્રમાણ ઔર રાગવાળા નિક્ષેપ, એ ભી, આહાહાહાહા ! જ્ઞાયક ચિદાનંદકી દૃષ્ટિ અનુભવ કરને પર સમ્યગ્દર્શનકા ધ્યેય ધ્રુવ ઉપર દૃષ્ટિ કરનેસે એ નય નિક્ષેપ પ્રમાણ ભી જૂઠા હૈ. આહાહા ! આવી વાત છે. હજી તો ધર્મની પહેલી ( સીઢી ) સમ્યગ્દર્શન, જો કે નિશ્ચયસે તો ચારિત્ર ધર્મ હૈ, પણ વો ચારિત્ર ધર્મકા કારણ વો સમ્યગ્દર્શન હૈ, એમ લઇએ ને ? ચરિતમ્ ખલ્લુ ધમ્મો. આહાહા ! આત્મામેં વીતરાગ પર્યાયકા જમના, આહાહા ! જામી જાના આનંદ આનંદકી દશા, એ વીતરાગી પર્યાય હૈ. આહાહા ! વો ભી એક સમયકી દશા હૈ. ઉસકા આશ્રયસે ભી સમ્યગ્દર્શન નહીં હોતા. આહાહા ! ઝીણી વાત ભાઈ ! અત્યારે તો ગરબડ બહુ કરી પ્રભુ ! અને દરકાર કંઇ કેટલાકને તો પડી નહીં અંદર. જિસમેં જન્મ્યા બસ વો ભક્તિ ને મંદિર ને સવારમાં સ્તુતિ કરના ને, શેઠ ! બસ હો ગયા ધર્મ. ( શ્રોતાઃ- એ સરળ પડે ) એ સરળ પડે ? ઝેર છે એ સરળ પડે. એ રાગ તો ઝેર હૈ. યહાં તો નય નિક્ષેપ પ્રમાણકા જ્ઞાન ભી અભૂતાર્થ, સ્વરૂપકી દૃષ્ટિ કરનેમેં અભૂતાર્થ હૈ. આ વાત હૈ પ્રભુ. ( શ્રોતાઃ- ભક્તિ ઝેર કહેવાય ? ) ભગવાનકી ભક્તિકા ભાવ વિષકુંભ, ઝેરકા ઘડા હૈ. ( શ્રોતાઃ- યે તો નયી બાત ) મોક્ષ અધિકાર. એ મોક્ષ અધિકાર ઉસમેં મોક્ષ

અધિકારમેં વિષકુંભ કહા હૈ, પ્રભુ તેરેકો ખબર નહીં, અમૃતકા સાગર અંદર ડોલતે હૈ નાથ ! અમૃત સ્વરૂપ અતીન્દ્રિય આનંદનું અમૃત સ્વરૂપ ધ્રુવ અંદર બિરાજતે હૈ પ્રભુ ! ઉસકી અપેક્ષાસે શુભભાવ ભી ઝેર હૈ. આહાહા ! અરે ઉસકો તો અસત્યાર્થ કહા, પણ નય નિક્ષેપ ને પ્રમાણસે જ્ઞાન કરના વો ભી અસત્યાર્થ ને અભૂતાર્થ હૈ. આહાહાહા ! ભાઈ ! આ તો મારગ અંતરકા હૈ. આહાહાહા ! રાગસે પરસે ઉદાસ હોકર અંતર જ્ઞાયકભાવને પકડના, ત્રિકાળી આનંદકા નાથ ઉસકો પર્યાયમેં પકડના એ કોઇ અપૂર્વ વાત હૈ. એ અનંત કાળમેં કિયા નહીં કભી. આહાહા ! કહો પંડિતજી !

બાકી પંડિતાઇ ભી અનંત બૈર હુવા, મૂર્ખા ભી અનંત બૈર હુવા, રંક ભી અનંત બૈર હુવા, ઔર રાજા ભી અનંત બૈર હુવા, નારકી ભી અનંત બૈર હુવા, ઔર નવમી ગ્રૈવેયકકા દેવ ૩૧ સાગરકી સ્થિતિ અનંત બૈર હુવા. આહાહા ! એ સબકા ભેદકા લક્ષ છોડકર અપના ચૈતન્ય ભગવાન, આહાહા ! ધ્રુવ એકરૂપ ચીજ રહેનેવાલી હૈ, ઉસકા આશ્રય કરનેસે એ ભૂતાર્થ ચીજકા આશ્રય કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. એ સમ્યગ્દર્શન ધર્મ સ્વરૂપકી દશાકા શરૂઆત હૈ ઔર ઉસમેં પીછે આત્મા જો સમ્યગ્દર્શનમેં જાનનેમેં આયાને અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અનંત અનંત શક્તિમેં એક એક શક્તિ અનંત પ્રભુતાસે ભરી પડી હૈ. આત્મા એક હૈ, અંદર શક્તિયાં અનંત હૈ. ગુણ, ગુણ કહો કે શક્તિ કહો ઔર એક એક શક્તિમેં અનંતી સામર્થ્યતા પડી હૈ, ઔર એકએક શક્તિકી અનંતી પર્યાય હૈ, યે સબકો ભેદકો છોડકર, આહાહા ! ઉસકા જ્ઞાન આતા હૈ પહેલે. ઝવેરાતકી દુકાનમેં પ્રવેશ કરતે પહેલે, અંગનમેં ખડા રહેતે હૈ, ઐસે નય નિક્ષેપ પ્રમાણસે આત્માકો જાનના એ અંગનમેં આયા હૈ. અંદરમેં પ્રવેશ કરનેમેં એ કામ નહીં કરતે. કલ આયા થા આપણે બ્હેનના વચનોમાં, કે ગુફામેં જાના હો, ગુફામેં ત્યાં લગ વાહન કામ કરે જાનેકા, પણ અંદર જાનેમેં એ વાહન કામ નહીં કરે, છોડ દેના ( પડે ). આહાહા ! એમ આત્માકો જાનનેમેં વિકલ્પ પહેલે આતા હૈ, નય, નિક્ષેપ, પ્રમાણકા, પણ અંતર અનુભવકી ગુફામેં જાનેમેં એ કામ નહીં કરતે કુછ.

વો કહા થા ૪૯ ગાથા હૈ, સંસ્કૃત ટીકા હૈ જયસેન આચાર્યકી, ઉસમેં યે લિયા હૈ. અંતર શાંતિ સમાધીરૂપી ગિરિકી ગુફામેં પ્રવેશ કરતે હૈ ઐસા પાઠ હૈ. યહાં હૈ પુસ્તક ? નથી. શ્રીમદ્ જેવું હોવું જોઇએ મોટું. નથી ? કાલે આવ્યું' તું અહીં. ૪૯ ગાથા હૈ સમયસારકી ઉસકી ટીકા હૈ જયસેન આચાર્યકી, ઉસમેં ઐસા લિયા હૈ, કે ભગવાન આત્મા અપના આનંદકા ડુંગર અતીન્દ્રિય જ્ઞાનકા સાગર ઉસમેં પ્રવેશ કરનેમેં, આહાહા ! એ ગિરિરૂપી ગુફા, એ સમાધિ શાંતિ વીતરાગતા ત્યાં કામ કરતી હૈ. આહાહા.. ત્યાં રાગ આદિ, નિમિત્ત આદિ, કોઇ કામ નહીં કર સકતે. આહાહા ! આવી વાત ભાઈ ! આકરી પડે છે ને તેથી સોનગઢને એમ કહે છે એકાંત છે, એકાંત હૈ કહે છે. કહો પ્રભુ તુમ પણ ભગવાન હૈ બધા બીજી રીતે કહેતે હૈ ને આ વાત બીજી પદ્ધતિસે કહેતે હૈ, એ કહે ઉસમેં કોઇ વિરોધ કરનેકી જરૂર નહીં હૈ. ઉસકી બુદ્ધિમેં એ આયા વો કહે પણ, સત્ય તો કોઇ ભિન્ન ચીજ હૈ. આહાહા... "જામેં જિતની બુદ્ધિ હૈ ઇતનો દિયે બતાય, વાંકો બૂરો ન માનીએ ઔર કહાંસે લાયે" આહાહા ! આંહી કહેતે હૈ, કે નિશ્ચયસે તો પ્રમાણ, સારા દ્રવ્ય પર્યાયકા જ્ઞાન કરનેવાલા પ્રમાણ સવિકલ્પ, 'નય' પ્રમાણ દો પ્રકારકા હૈ. એક સવિકલ્પ

પ્રમાણ, એક નિર્વિકલ્પ પ્રમાણ. આ સવિકલ્પકી યહાં બાત હૈ. નય દો પ્રકારકી હૈ. સવિકલ્પ રાગ સહિત અને એક રાગ રહિત. યહાં નય રાગ સહિતકી વ્યાખ્યા હૈ. 'નિક્ષેપ' એ ભી વિકલ્પ હૈ. જરી ચાર ભેદ પાડના. આહાહાહાહા ! ભગવાન સ્થાપના નિક્ષેપ હૈ યહાં, ઉસકે ( ઉપર ) લક્ષ જાના યે શુભભાવ હૈ. સમજમેં આયા ?

વો કહા થા એક બૈર બહોત પ્રશ્ન હુવાને ત્યાં ત્યાં અમારે સંપ્રદાયમેં બહોત પ્રશ્ન હોતે થે ને ? ૮૩કી સાલ હૈ ૮૩કી. કિતના વર્ષ હુવા ? ૫૧. તો એક શેઠ થા. ઐસે કહેતે થે સ્થાનકવાસી, થે હમ ભી ઉસમેં થે ને ? પૈસાવાળા થા. ૭૦ વર્ષ પહેલે કી બાત હૈ. ઉસકે પાસ દસ લાખ રૂપિયા. ચાલીસ હજારકી ઉપજ થી, એ વખતે હોં, અત્યારે તો પચ્ચીસ ત્રીસ ગુણા હો ગયા, કિંમત ઘટ ગઇ. એ વખતકા એક લાખ, અભીકા પચીસ લાખ, તો એક દફે ઉસને ઐસા કહા કિ જબ લગ મિથ્યાદૃષ્ટિ હૈ તબલગ મૂર્તિકી સેવા આદિ આતે હૈ. સમ્યગ્દૃષ્ટિ હોને કે પીછે મૂર્તિકી સેવા નહીં, એ એણે કહા. મેં કીધું ઐસા હૈ નહીં. સૂનો, કે જબ આત્માકા ભૂતાર્થ જો ત્રિકાળ ચીજ હૈ ઉસકા જ્યાં સમ્યગ્દર્શન હુવા તો ઉસકી સાથ ભાવશ્રુતજ્ઞાન હુવા, ગાંગુલીજી ! સૂક્ષ્મ વિષય હૈ થોડા અભ્યાસ કરના પડેગા થોડા. ઓલા હોમિયોપેથીના બહોત અભ્યાસ કિયા હૈ ને ? નરમ માણસ હૈ. આહાહા !

તો કહા કે જબ આત્મામેં સમ્યગ્દર્શન હોતા હૈ, એકરૂપ ચિદાનંદકી દૃષ્ટિ ને અનુભવ તબ ઉસકો ભાવશ્રુતજ્ઞાન હોતા હૈ. ભાવશ્રુતજ્ઞાનકા દો ભેદ પડતે હૈ. નિશ્ચય ને વ્યવહારનય. વો ભાવશ્રુતજ્ઞાનકા એક ભેદ વ્યવહાર, ઔર નિક્ષેપકા એક ભેદ સ્થાપના, એ વ્યવહારનયકા વિષય સમકિતીકો હી હોતા હૈ. હૈ શુભરાગ ભલે, સમજમેં આયા ? બડી ચર્ચા હોતી થી. પણ મેં કીધું ભાઈ હમ ઐસા, મૈં ઈસમેં આ ગયા હૈ માટે ઐસા માનના ઐસા હમારે નહીં હૈ. આ તો અંદરમેં કસોટીસે સત્ય હો એ માનેગા હમ તો, હમ સંપ્રદાયમેં રહા માટે સંપ્રદાયકી દૃષ્ટિ હમારે માનના એ હમારે નહીં, હમારે તો સત્ય કસોટી પર આતે હૈ એ માનના પડેગા. તો ખરેખર તો ભાવશ્રુતજ્ઞાનીકો નિશ્ચય ને વ્યવહાર શ્રુતજ્ઞાનકા દો અવયવ હૈ. શ્રુતજ્ઞાન અવયવી ઔર નય અવયવ. તો શ્રુતજ્ઞાનીકો હી વ્યવહારનય હોતા હૈ. હૈ ભલે વિકલ્પ, સમજમેં આયા ? અને એ શ્રુતજ્ઞાનીકો હી નિક્ષેપ ઉપર દૃષ્ટિ જાતી હૈ, વિકલ્પસે, તો યથાર્થમેં સમકિતીકો હી વ્યવહારસે સ્થાપના નિક્ષેપ પૂજ્ય હૈ, લાલચંદભાઈ ! આહાહાહા ! ભાઈ ! મારગ આ હૈ કોઇ ગરબડ આડી અવળી કરે તો યે નહીં ચાલે આંહી હૈ ? આતા હૈ શ્રુતજ્ઞાનકા ભેદ વ્યવહારનય એક આતી હૈ. ઔર એ શુભરાગરૂપ ભી હૈ. ઔર ઉસકા વિષય ભગવાનકી પ્રતિમા ભી હૈ. પણ આતા હૈ. પણ વો સમ્યગ્દર્શનકા વિષય નહીં. આહાહાહા ! આવી વાત છે શેઠ. શેઠ તો પઢયા હૈ ત્યાં કારંજામેં બહોત. નહીં પઢયા હૈ. આહાહા ! પણ આ પઢયા નહીં, શેઠ આવી વાત છે. આહા !

અંદરમેં કહેતે હૈ, કિ પ્રમાણ નય ને નિક્ષેપ જે, પહેલા ક્યા થા, કહેતે થે એકરૂપસે પ્રકાશમાન આત્મા ભગવાન તો અંદર એકરૂપ પ્રકાશમાન હૈ ચૈતન્ય. ઉસમેં ઉસકે જાનનેકા ઉપાય અનેક. પ્રમાણ-નય-નિક્ષેપ. આહાહાહા ! એકરૂપ ત્રિકાળી પરમાત્મા ભગવાન પ્રકાશમાન પરમાત્મા હૈ. ઉસમેં ઉસકો જાનનેકા ઉપાય અનેક હૈ. પણ એ અનેક ઉપાય પણ અભૂતાર્થ હૈ.

આહાહા ! હા ! એ કહેના, હૈ કે નહીં ? આહાહા ! એ ઉપાય, એ વ્યવહારસે જાનનેકા ઉપાય, એકરૂપકો જાનનેમેં અનેકસે ઉપાય, એ એકરૂપ જાનનેકી અપેક્ષામેં અનેકરૂપે જાનનેકા ભાવ અભૂતાર્થ હૈ. અરે પ્રભુ ! આવી વાત છે ભાઈ ! આહાહા... પંડિતજી.

હવે પ્રમાણકી વ્યાખ્યા કરતે હૈ. "ઉનમેં ભી યહ આત્મા એક હી ભૂતાર્થ હૈ." પ્રમાણ નય નિક્ષેપકા જાનનેકા ભાવ આતા હૈ વિકલ્પાત્મક રાગ સ્વરૂપ ઉસમેં ભી યહ આત્મા એક હી ભૂતાર્થ હૈ. આહાહાહા... યે નય નિક્ષેપ પ્રમાણકા વિકલ્પ હૈ ઉસસે ભિન્ન ભગવાન, ઉપાય જાનનેકા હૈ, ઉસસે ભી ભિન્ન હૈ. આવી વાત છે ભાઈ ! શું થાય ? સમ્યગ્દર્શનની જગતને કિંમત નહીં. શુભભાવની કિંમત ને બહારની આ ધૂળની ને પૈસા ને આબરૂ ને શરીર સુંદર ને મકાન મોટા હજીરા હોય, પચાસ પચાસ લાખના મંદિર ને, મકાન અપના રહેનેકા, હૈ ને ગોવામાં, હૈ ને ? ગોવામાં એક થા. ગુજરી ગયા બિચારા હમણાં. લડકા હૈ દો, દો અબજ ચાલીસ કરોડ બહોત રૂપિયા થા, બહોત પૈસા પણ આખિરમેં એક સેકંડમેં દો– ચાર –પાંચ મિનિટમેં ઐસા દુઃખાવા હુવા, કુછ દુખાવા હૈ ઐસા કહા ને દાક્તરકો બુલાઓ, બસ દાક્તરકો બુલાકે આતે થે એ પહેલાં ચલે જાવ પરલોકમેં રખડનેકો. શાંતિલાલ ખુશાલ !

( શ્રોતાઃ– પૈસા થા તો કયું ગુજર ગયા ? ) પૈસા થા પડયા રહ્યા પૈસા, સામે ચાલીસ લાખકા મકાન થા રહેનેકા, ચાલીસ લાખકા ગોવામેં હૈ. દસ દસ લાખકા દો હૈ. ઔર ચાલીસ લાખકા એક. સાંઇઠ લાખકા મકાન હૈ ગોવામેં. ઉસકા લડકા આયાને. ( શ્રોતાઃ– સીત્તેર લાખનું મકાન મુંબઇમાં રમણિકભાઈનું ) આ રમણિકભાઈનું લ્યોને અમારે, અમે આમ ઊતરીએ છીએ ને મુંબઇ ! કઇ તિથિ ૮૭, શરીરમેં જન્મકી થી ને ૮૭ વર્ષકી તો આમોદવાળા હૈ ને આમોદ. અમારે પાલેજ પાસે આમોદ હૈ, ગુજરાતી તો ત્યાંના રહેનેવાલા રમણિકભાઈ હૈ, દો ભાઈ હૈ, તો એક રહેનેકા મકાન ૭૦ લાખકા હૈ. પાંચ છ કરોડ રૂપિયા હૈ, નરમ માણસ હૈ, ગુજરાતી હૈ અમારે પાલેજમેં દુકાન થી ને હમારી, તો સાથમેં આમોદ થા. તો હમ તો આમોદકો જાનતે થે. કીધું ત્યારે અમે આમોદના રહીશ હૈ. બડી દુકાન હૈ. કાંઇક નામ હૈ કાંઇક પેઢીનું. ( શ્રોતાઃ– રોનક ઇન્ડસ્ટ્રીઝ ) આપણને યાદ રહે નહીં, તો એ મકાનમેં અમે ઊતરે થે. સીત્તેર લાખકા એક મકાન, ઉસમેં કયા આયા ? ધૂળમેં. મકાન મકાનમેં રહા જડમેં એ તેરી ચીજમેં કહાં આયા વો ? તુમ ત્યાં ક્યાં રહેતે હૈ ? તુમ તો અપના આત્માકા સ્વભાવમેં રહેનેવાલી ચીજ હૈ. આહાહાહા ! વિભાવમેં આના યે ભી તેરી ચીજ નહીં. યે તો પરદેશ હૈ. કલ આયા થા. ભજનમેં ભી આયા થા. આહાહા ! શુભ ને અશુભ રાગ હોતા હૈ યે પરદેશ હૈ પ્રભુ ! તેરા દેશ નહીં. આહાહાહા ! સ્વદેશ તો આનંદનો નાથ પ્રભુ ! અતીન્દ્રિયઆનંદ, અતીન્દ્રિયજ્ઞાન, અતીન્દ્રિયપ્રભુતા પૂર્ણ પૂર્ણ પૂર્ણ પૂર્ણ ઈદં, ઐસી પૂર્ણ શક્તિકા ભંડાર ભગવાન એ પરમાત્મા એ તેરા સ્વદેશ હૈ. આહાહાહા !

યહાં કહેતે હૈ. યે પ્રમાણ નય ને નિક્ષેપ ભી એ નિશ્ચયસે તો જૂઠા હૈ. આહાહા ! તો કયું આતે હૈ ? કે આતે હૈ. સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરનાથ, જો આત્મા કહેતે હૈ અને દૂસરા આત્મા કહેતે હૈ અજ્ઞાનીઓ ઉસસે ભિન્ન હોને કે, યથાર્થ આત્મા પરમેશ્વરે કયા કહા, વો માટે નય નિક્ષેપ પ્રમાણ આતા હૈ. સમજમેં આયા ? પણ આતા હૈ, પણ હૈ અભૂતાર્થ. ( શ્રોતાઃ– શુદ્ધતા અશુદ્ધતાકો બતાતે નહીં ? ) બતાતે નહીં. કહા ને, આતે હૈ, આ કયા ચીજ હૈ એમ જાનનેકો આતે

હૈ, પણ અંદર જાનનેકી વહાં જાના ઉસમેં વો નય નિક્ષેપ પ્રમાણ કુછ કામ નહીં કરતા. આહા ! (શ્રોતાઃ- રાસ્તા બતાકર છૂટ જાતે હૈ.) રાસ્તા બતાયા નહીં હૈ એણે, આહાહા ! દેખા તો અપની પર્યાયસે અભેદમેં જાકર દેખા, ઉસને દિખાયા હૈ, ભેદસે દિખાયા નહીં.

કહેનેમેં આતા હૈ ઐસા. ૮ મી ગાથામેં આયાને ? કે સંતો આચાર્યો પણ આત્મા એકરૂપ હૈ ઉસકો સમજાને કે કારણ, દર્શન-જ્ઞાન-ચારિત્રકો પ્રાપ્ત હો યે આત્મા ઐસા સંતો ભી વ્યવહારમેં આકર કહેતે હૈ. વિકલ્પમેં આકર સંતો, યહાં કેવળકી બાત યહાં હૈ નહીં, કારણકે કેવળી તો એ વખતે થા નહીં, સંત થા સમયસાર વખતે. તો ઉસકી બાત કહેતે હૈ, કિ સંત ભી અપના સ્વરૂપમેંસે બહાર નિકલકર જરી વિકલ્પ આતા હૈ વ્યવહાર, તો વ્યવહારમેં સમજાનેકો દુનિયાકો કહેતે હૈ કે 'આત્મા' તો વો 'આત્મા' 'સમજે નહિ' તો ઉસકો ઐસે બતાવે કે દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાયકો પ્રાપ્ત હો યે "આત્મા". એ ભી વ્યવહાર હુવા.

ઐસા વ્યવહારસે સમજાતે હૈ, પણ વ્યવહારકા અનુસરણ સમજનેવાલેકો નહીં કરના અને કહેનેવાલેકો ભી વ્યવહારકા અનુસરણ નહીં કરના. આહાહાહા ! આવી વાત છે. કહો ભાઈ ! તુમ પ્રભુ છો હોં ! તેરી પ્રભુતા વાણીમેં નહીં આતી નાથ. આહાહા ! યે તેરી પ્રભુતા નય નિક્ષેપ કે પ્રમાણમેં, સવિકલ્પમેં બી આતી નહીં નાથ. અરે તુમ પામર નહીં પ્રભુ. તું અલ્પજ્ઞ નહીં, તું યે રાગ તેરા નહીં, રાગ તેરેમેં હૈ નહીં. આહાહા ! પ્રભુ તુમ તો સર્વજ્ઞ સ્વભાવી હૈ ને અંદર. એકીલા જ્ઞાન સ્વભાવી કહો 'જ્ઞ' સ્વભાવી કહો કે સર્વજ્ઞ સ્વભાવી, આહા... સ્વભાવ હોં, પર્યાયમેં ભલે અલ્પજ્ઞતા હો પણ સ્વભાવ તો ઉસકા સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ હૈ. આહાહા... ઇસકી પ્રભુતામેં કભી ખોડ- ખાંપણ ઘટવધ હુઈ નહીં. ઐસા ત્રિકાળી ભગવાન આત્મા ઉસકા અનુભવ કરને પર આ પ્રમાણ નય નિક્ષેપ જૂઠા હોતા હૈ. ઉનમેંસે યહ એક આત્મા હી ભૂતાર્થ હૈ. આહાહાહા... એક જ્ઞાયકભાવ યે સત્ય વસ્તુ હૈ, એ દૃષ્ટિમેં લેના. આહાહા !

પ્રમાણ નય નિક્ષેપકા ભી જ્ઞાન વિકલ્પાત્મક હૈ, એ દૃષ્ટિમેં ન લેના. આહાહા ! આવી વાત છે. હવે 'કયોંકિ જ્ઞેય વચનકે ભેદો સે, જ્ઞેય ઔર વચનકે ભેદોસે પ્રમાણ આદિ અનેક ભેદરૂપ હોતે હૈ.' હવે ઉસમેંસે સૂક્ષ્મ વિષય હૈ ભાઈ આ ગાથા, પહેલે પ્રમાણ દો પ્રકારકા હૈ પરોક્ષ અને પ્રત્યક્ષ. પ્રમાણકા દો ભેદ હૈ, એક પરોક્ષ ને એક પ્રત્યક્ષ. ઉપાત્ત, અનુપાત્ત પદાર્થો દ્વારા પ્રવર્તે એ પરોક્ષ હૈ. ઇન્દ્રિય અને મન દ્વારા પ્રવર્તે ઔર પ્રકાશ અને ઉપદેશ દ્વારા પ્રવર્તે એ પરોક્ષ હૈ. આહાહા ! ઇન્દ્રિય અને મન દ્વારા જ્ઞાનકા પ્રવર્તન હો એ પરોક્ષ હૈ ઔર પ્રકાશ અને ઉપદેશ દ્વારા હો એ ભી પરોક્ષ હૈ. આહાહાહા ! કયા કહા ? કે સર્વજ્ઞ પરમાત્માકી દિવ્ય ધ્વનિ આઇ, ખ્યાલમેં આયા લક્ષમેં, પણ વો ભી પરોક્ષ જ્ઞાન હૈ, ઇન્દ્રિયસે ખ્યાલમેં આયા ને ? નિમિત્તસે ખ્યાલમેં આયા ને ? પરોક્ષ હૈ, અને સવિકલ્પ પરોક્ષ જ્ઞાન હૈ એ. આહાહાહા ! ઔર કેવળ આત્માસે હી એક ભગવાન આત્માસે હી પ્રતિનિશ્ચિતરૂપ પ્રતિ નામ ખરેખર રૂપસે પ્રવૃત્તિ કરે, સો પ્રત્યક્ષ હૈ. અપના આત્મા કે આશ્રયસે જો જ્ઞાન કામ કરે યે પ્રત્યક્ષ હૈ.

પ્રમાણ જ્ઞાન હૈ, વહ જ્ઞાન પાંચ પ્રકારકા હૈ. પહેલા બે ભેદ કિયા, પરોક્ષ ને પ્રત્યક્ષ. એટલા ભેદ કિયા પણ હવે ઉસકા ભેદ, જ્ઞાન પાંચ પ્રકારકા હૈ. એ પ્રમાણકા ભેદ હૈ. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ પર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન ઉસમેં મતિ ને શ્રુતજ્ઞાન પરોક્ષ હૈ, કયોંકિ ઇન્દ્રિય

ને મન દ્વારા પ્રવર્તતા હૈ. અવધિ અને મનઃપર્યયજ્ઞાન વિકલ પ્રત્યક્ષ હૈ થોડા પ્રત્યક્ષ હૈ. આહાહા ! સમજમેં આયા ? ઔર કેવળજ્ઞાન સકલ પ્રત્યક્ષ હૈ પૂર્ણ કેવળજ્ઞાન તો સંપૂર્ણ. ઇસલિયે દો પ્રકારકા પ્રમાણ હૈ.

યે મેં, દોકા દોનોમેં દોકા પ્રમાતા જાનનેવાલા પ્રમાણજ્ઞાન ઔર પ્રમેય જ્ઞાનકા વિષય પ્રમેય, એ ભેદકા અનુભવ કરને પર ભૂતાર્થ હૈ, એ પર્યાયમેં હૈ. પ્રમાણ, નય, પ્રમાણકા વિષય પરોક્ષ પ્રત્યક્ષકા પર્યાયમેં આતા હૈ, સત્યાર્થ હૈ. પર્યાયની અપેક્ષાએ સત્યાર્થ હૈ. કેવળજ્ઞાન કેવળજ્ઞાનની અપેક્ષાએ હૈ એ સત્યાર્થ હૈ. પરોક્ષજ્ઞાન ભી હૈ એ વર્તમાન હૈ. એ પણ સત્યાર્થ હૈ. ઔર જિસમેં સર્વભેદ ગૌણ હો ગયે હૈ. આહાહાહા... યે પરોક્ષ ને પ્રત્યક્ષકા પ્રમાણકા ભી ભેદ લક્ષ છોડ દિયા જિસને, ઉસકા નામ ગૌણ કરકે... આહાહા...

શીરા હોતા હૈ હલવા તો ઉસકી વિધિ કયા હૈ, હલવા કરનેકી ? કે પહેલે આટા ઘીમેં શેકતે હૈ ઘીમેં. પીછે સક્કર ઔર ગુડકા પાની નાખતે હૈ, પણ કોઇ ઐસે માને કે આ તો ઘી પી જાતા હૈ આટા, તો હમારે ઘીકા બચાવ કરના હૈ, તો કયા કરના હૈ તેરે ? તો પીછે ગુડકા પાની નાખના હૈ તો પહેલે ગુડકા પાનીમેં આટા શેકો, પીછે ઘી નાખો. શીરા નહીં હોગા. એ લુપરી નહીં હોગી, ખબર નહીં તને. ગુમડા ઉપર હોતી ને પોટીસ, કયા કહેતે હૈ. ? પોટીસ પોટીસ નહીં હોગી. કયોંકિ પોટીસમેં તો બહોત થોડા ઘી વિશેષ પડે નહીં ને થોડા પડયા વિના રહે નહીં. એ અમારી કાઠિયાવાડી ભાષામેં જાતુ–વળતું ઘી ઐસા સૂના હૈ આપણે કાંઇ કિયા નહીં. બાઇયું કહેતા હોય કે જાતું વળતું ઘી નાખજો. આ પોટીસ ઉપર. જાતુ–વળતું એટલે ઘી થોડું પડે અને બિલકુલ ન પડે એમ નહીં. આમાં તો ઘી તો પીછેસે નાખના હૈ. પહેલે આટા મોંઘા પડતા હૈ, મોંઘી ચીજ હૈ ઘી મેં આટા શેકના તો ઘી પી જાતા હૈ. મોંઘા પડતા હૈ, એ કરતાં પહેલે આટાકો ગુડકા પાનીમેં શેકો. પીછે ઘી નાંખો, પોટીસ નહીં હોગી. તેરા ત્રણેય જાયેગા. કયા ત્રણેય ? આટા, શકકર ને ઘી, નકામા જાયેગા તેરે. એમ ભગવાન આત્માકો અંતર જાનનેમેં બહારકા સાધન તેરે સરળ પડે, પણ ઉસસે નહીં હોગા ભાવ, ભવ ભ્રમણકા ભાવ હોગા ભાઈ ! આહાહાહા ! અને આ મોંઘા પડે અંદરથી, આહાહા... અંદરમેં જાના વિકલ્પ ભી કામ ન કરે ત્યાં પ્રમાણકા જ્ઞાન ભી કામ ન કરે ત્યાં. આહાહા ! ઐસી મોંઘી ચીજમેં પહેલેસે કોઇ વ્રત નિયમ કર લો ઔર પીછે સમ્યગ્દર્શન હોગા, ધૂળમેં નહીં હોગા. ધૂળમેંકા અર્થ કયા ? પુણ્ય, પુણ્યાનુબંધી ભી પુણ્ય નહીં હોગા. પાપાનુબંધી પુણ્ય હોગા તેરે. આહાહાહા ! અરેરે ! આ ચીજ જ દુનિયાને મળી નથી. આહાહા... સત્ય બાત સૂનનેમેં મિલતી નહીં. આહા !

યહાં એ કહેતે હૈ કિ એ સર્વ જિસમેં સર્વ ભેદ ગૌણ હો, પ્રત્યક્ષ ને પ્રમાણ, એ ઇન્દ્રિયસે ને પ્રકાશસે જાનનેમેં આયે યે પરોક્ષ ઔર સીધા આત્માસે જાનનેમેં આવે ઐસા પ્રત્યક્ષ. એ વિકલ પ્રત્યક્ષ, થોડા પ્રત્યક્ષ ને સકલ પ્રત્યક્ષ, પણ એ સબ ભેદ પર્યાયકા ભેદ હૈ વો તો. સબકો ગૌણ કરકે, અભાવ કરકે નહીં કિયા હૈ. હૈ ? પણ ઉસકા લક્ષ છોડકર, આહાહાહા... ભેદ સર્વ ભેદ ગૌણ હો ગયે ઐસે એક જીવકે સ્વભાવકા અનુભવ કરને પર, આહાહા... એ પરોક્ષ અને પ્રમાણકા ભેદકા જ્ઞાન વિકલ્પસે હોતા હૈ. પણ ઉસકો ગૌણ કરકે, ઉસકા લક્ષ છોડ કરકે ભગવાન આનંદકા નાથ પ્રભુ અંદર હૈ, અભેદ ચીજ હૈ ઉસકા અનુભવ કરને પર યહ સબ ગૌણ હો જાતે

હૈ. ઉસકી મુખ્યતા નહીં રહેતી. આહાહાહા ! સમજમેં આયા ? અરે ભાઈ ! પરમાત્માનો મારગ બહુ સૂક્ષ્મ હૈ. અને યે સમ્યગ્દર્શન કયા ચીજ હૈ, અને કૈસે પ્રાપ્ત હો બડી સૂક્ષ્મતા હૈ ભાઈ, એ કોઇ ઐસા ક્રિયા ધામધૂમ હા–હો ને હો–હા ગજરથ ચલાયા ને રથ બનાયા ને ૫૦ – ૫૦ લાખકા મકાન મંદિર બનાયા માટે ધર્મ હો ગયા ?

( શ્રોતાઃ– વો ભી એક રાસ્તા હૈ. ) બિલકુલ નહીં રાસ્તા હૈ રખડનેકા. કહા નહીં, મુનિકો જે આત્માકા અનુભવ હૈ શાંતિ હૈ તીન કષાયકા અભાવ હૈ, તીન કષાયકા ઉસકો ભી જે શુભરાગ આતા હૈ એ જગપંથ હૈ. સમજમેં આયા ? ઐસા બતાયા થા, કહા હૈ ને ? જગપંથ, મોક્ષદ્વાર, મોક્ષદ્વાર સમયસાર નાટક. લ્યો એ જ પાનું આવ્યું ૪૦ મો શ્લોક. “તા કારણ જગ પંથ એહ” આહાહાહા... આત્માકા આનંદકા અનુભવ હૈ, સમ્યગ્દર્શન સહિત ચારિત્ર ભી હૈ પણ જો વિકલ્પ આતા હૈ પંચમહાવ્રતકા, આહાહાહા... એ તા કારણ જગપંથ એ, એ રાગકા વિકલ્પ યે જગપંથ નામ સંસારકા પંથ હૈ. આહાહા ! “તા કારણ જગ પંથ એહ, ઉત્ત શિવ મારગ જોગ” અંતરમેં આનંદમેં વિકલ્પ રહિતકા રમના યે શિવ મારગ હૈ, આ સંસાર હૈ. મુનિ સચ્ચા સંતકી બાત હોં, એકીલા દ્રવ્યલિંગી નહીં. જિસકો આત્માકા જ્ઞાન હુવા હૈ. અનુભવ હૈ ઔર સ્વરૂપમેં રમણતાકા ચારિત્ર ભી હૈ પૂર્ણ નહીં વો કારણ પંચમહાવ્રતકા વિકલ્પ ૨૮ મૂળ ગુણકા વિકલ્પ, ભક્તિ આદિ ભગવાનકી વિનય આદિકા વિકલ્પ આતા હૈ, પણ હૈ જગપંથ. ( શ્રોતાઃ પંડિત બનારસીદાસને લિખા હૈ ) કળશામેં હૈ. કળશામાંથી નિકાલા હૈ. ( સમયસાર કળશમાંથી )

શેઠ એમ કહેતે હૈ કિ આ પંડિતકા લખાણ હૈ ને, પણ એ કળશામેંસે નિકાલા હૈ. આહાહા ! સ્પષ્ટ કરાતે હૈ શેઠ ! આહાહા ! એ બનારસીદાસ ઉસમેંસે રાજમલકી ટીકામેંસે આ સમયસાર નાટક બનાયા હૈ. રાજમલ્લકી ટીકા હૈ ને કળશકી ઉસમેંસે આ બનાયા હૈ. અક્ષરે અક્ષર ઉસમેંસે લિયા હૈ. રાજમલ્લ ! જૈન ધર્મકા મર્મી, ઉસને આ બનાયા હૈ આ ઉસમેંસે આ સમયસાર નાટક બનાયા હૈ. આહાહાહા ! અરેરે ! ઉસકો મોંઘા પડે. મોંઘા કહેતે હૈ કયા કહેતે હૈ ? મહેંગા પડે માટે પંડિતકા હૈ એમ કરકે નિકાલ દેતા હૈ. અરે ભગવાન ! આ તો બહેનકા વચન હૈ ને દોપહરકો વાંચતે હૈ ઉસકી ભી ટીકા હો ગઇ. આહાહા ! પણ બહેને તે અંતરમેંસે અનુભવમેંસે વાણી આઇ વો વાણી કિયા હૈ. ટોડરમલે જે મોક્ષમાર્ગ બનાયા તો મોક્ષમાર્ગ કયોં નહીં વાંચતે. સમજમેં આયા ? તો વાણી બહેનકી આઇ હૈ યે સાર, સાર, સાર તત્ત્વસે ભરા આયા હૈ. વિસ્તાર થા વો તો છોડ દિયા પીછે. તો વો ભી તત્ત્વકી બાત યે યથાર્થ દૃષ્ટિ અનુભવપૂર્વક આઇ હૈ. અરે પ્રભુ ! એની ટીકા કરે, કે ચંપાબેનકો ચઢા દિયા ને પગે લાગેગા ને ઐસા કરેગા, અરે પ્રભુ શું કરે છે. ભાઈ ! પંડિતાઇ કામ ન કરે પ્રભુ ! સમજમેં આયા ? કૈલાસચંદજીને લિખા હૈ દેખા હૈ ? ખબર હૈ ! પ્રભુ ! એ અનુભૂતિ કયા ચીજ હૈ નાથ તેરે. આનંદકા અનુભવમેં જો બાત આતી હૈ, ઉસમેં જો બાત આતી હૈ યે યથાર્થ બાત હૈ. ચાહે તો સિદ્ધકા સમકિત હો ને ચાહે તો તિર્યંચકા સમકિત હો. હૈ ? એ આતા હૈ રહસ્યપૂર્ણ ચીઠ્ઠીમેં, દો હી સરખા હૈ, સ્થિરતા ચારિત્રમેં ફેર હૈ. પણ દૃષ્ટિકા વિષય અને દૃષ્ટિકા જ્ઞાન જો યથાર્થ હુવા ઉસમેં જો કથન આતા હૈ વો યથાર્થ કથન આતા હૈ. આહાહા.. શું થાય ? માણસને કાંઇ પંડિતાઇનું બહુ ભણ્યા હોય ને ગણ્યા ન હોય, બોલતા આવડે ને બહુ, તો એ જ્ઞાન હૈ ( એમ માને છે ). આહાહા !

અહીંયા તો ભગવાન આત્મા, કહાને ? પ્રમાણકા ભેદકો ગૌણ કરકે, આહા... એક જીવકે સ્વભાવકા અનુભવ કરને પર, એક જીવકી અનુભૂતિ, ત્રિકાળી સ્વભાવકી અનુભૂતિ હોને પર એ ભેદ એ અભૂતાર્થ હૈ. પ્રમાણકા ભેદ જૂઠા હૈ. તો રાગ અને દયા દાનના વિકલ્પકી બાત કયા કરના ? આહાહા ! ભાઈ મારગ આકરો છે. ભાવદિપિકામેં, પંડિતજી, ભાવદિપિકામેં દીપચંદજી લિખ ગયા હૈ. દીપચંદજી ભાવદિપિકા, પંચસંગ્રહ હૈ અધ્યાત્મ, નથી આવ્યું અહીંયા ? અને એક ભાવદિપિકા હૈ ઉસમેં લિખા હૈ કે અરેરે મેં દિખતા હું તો લોગોંકો આગમ અનુસાર શ્રદ્ધા નહીં દિખતી મેરે. લોકો હૈ નામ ધરાવનારા શ્રાવક ને સાધુ ને પણ આગમ અનુસાર જે શ્રદ્ધા એ હમકો નહીં દિખતી ઉસીકે પાસ. ઔર મૈં કહેતા હું સત્ય તો સૂનતે નહીં. આ કયા ? આ કયા ? તો મેં લિખ જાતા હું કે મારગ આ હૈ. આહાહા ! ભાવદિપિકામેં હૈ. પંડિતજી ? ભાવદિપિકામેં હૈ, સબ દેખ્યા હૈ ને ? હજારો શાસ્ત્રો દેખા હૈ. હજારો, હજારો શું લાખો શાસ્ત્રો દેખા હૈ અહીં તો. ૬૫ ની સાલસે સારા અભ્યાસ તો હૈં ૬૫ હૈ ? ( સંવત ) ૩૫ ને ૪ ઓગણ ચાલીસ ને ૩૦, ઓગણ સીત્તેર. સીત્તેરમેં એક કમ. ઇસમેં તો હમ દુકાન પર હમ શાસ્ત્ર અભ્યાસ કરતે થે. ઘરકી પિતાજીકી દુકાન થી. નિવૃત્તિ થી બહોત, પહેલે પણ સ્થાનકવાસી થા, શ્વેતાંબર થા, સ્થાનકવાસી. આહાહા !

એમાં જ્યાં આ સમયસાર ( સંવત ) ૭૮મેં મિલા. આહા ! વાહ ! "સિદ્ધ હોનેકી ચીજ આ હૈ." કીધું મૈં તો સંપ્રદાયમેં કહે દિયા થા. દામોદર શેઠ વિરૂદ્ધ થા. તત્ત્વસે અનજાન એનેય કહે દિયા. શરીર રહિત હોનેકી આ ચીજ હૈ. પણ એ વખતે તો ઉસમેં ( સંપ્રદાયમે ) થા તો હરકત નહીં ને. આપણા મહારાજ ને ? પણ ( સંપ્રદાય ) છોડી દેશે એની એને કાંઇ ખબર નહીં. શેઠ થા બડા વો. મોટા અમલદાર ઉસકી પાસ આતે થે, એ વખતે દસ લાખ. પચીસ ત્રીસ ગુણા ગણો અત્યારે ઇતના પૈસા ઇતના, ઘર આખા, અપનેમેં એક સારા ગામ દસ હજારકી પેદાશવાળા, એ વખતે દસ હજાર એટલે પચીસ ગુણા ગણો. ઐસા ગામ ઘરમેં થે. ગામધણી થા, ચાલીસ હજારકી ઉપજ થી. સ્થાનકવાસી હૈ દામનગર. અમારા સંપ્રદાયકા ગામ થા વો. તો વો એમ કહેતે થે, આહાહા... ભગવાનકા દર્શન કરે તો, યે તો મિથ્યાદૃષ્ટિ હોય તો કરે મૂર્તિકા દર્શન. કીધું નહીં. સમ્યગ્દર્શન હુએ પીછે ભાવશ્રુત આતા હૈ. એ ભગવાનકા દર્શન કરતે હૈ. સમજમેં આયા ? આહાહાહા !

શાસ્ત્ર તો ત્યાં ભી થા બહોત, ઉસકે પાસ દિગંબર શાસ્ત્ર થા. તો ત્યાં પહેલે વાંચ્યા ૭૮ મેં તો ઉસકો કહા, "આ શાસ્ત્ર શેઠ સિદ્ધ હોનેકી આ ચીજ હૈ" આ અશરીરી હોનેકી આ ચીજ હૈ. એ તમારા બત્રીસ ફત્રીસ શાસ્ત્ર ને પીસ્તાલીસ હૈ સબ દેખા થા હમને તો કરોડો શ્લોકો દેખે થે. પણ એ વખતે તો ઉસમેં થા ( સંપ્રદાયમેં ) ત્યારે હમારા થા મહારાજ હૈ કાંઇ હરકત નહીં. કાંઇ પણ વાત કરેગા જો વિશેષ હમકો વિરોધ તો હમ સંપ્રદાય છોડ દેગા, ઉસકો શેઠકો સબકો બીક લગતી થી મેરી, મેં કોઇ આ ગયા માટે મેં સંપ્રદાયકો માનતા હું ઐસી ચીજ નહીં. મેરે તો અંદરમેં યથાર્થ આના હો તો મેં માનતા હું. તો યે ઐસે કહેતે થે કિ નહીં, આ જ મારગ સચ્ચા હૈ સમયસાર, પીછે સચ્ચા કહેતે થે હમ કહેતે થે, ( ઉસને ) પીછે ભૂલ નિકાલા. સમયસારમેં ભી ભૂલ હૈ... છોડ દિયાને બસ આ તો ઉસમેં ભી આ જીવ તત્ત્વમેં ભૂલ હૈ ને અજીવમેં હૈ ને

આસ્રવમેં યે હૈ ને, તમે દેખ્યા નહીં, દામોદર શેઠ ? એના દીકરાની વહુ નહીં તમારે ત્યાં રાજકોટ, શું નામ ? આંહી, ત્યાં આપણે મકાન હતું ને એની પાછળ હતું. આ ભાઈનું મકાન નહીં ? ઊતરતા થા આપણે સ્થાનકવાસી, લાભુબેન ને આ મકાન આપણે ઊતરતા'તા. પારેખનું મકાન, પારેખનું મકાન નથી ? ત્યાં ઊતરતા'તા એની પાછળ મકાન છે એના બાપનું. આહા !

આ વસ્તુ જુદી બાપુ કીધું આંહી કહેતે હૈ કિ બે પ્રકાર પરોક્ષ ને પ્રત્યક્ષ ઐસા જ્ઞાન કરનેમેં આતા હૈ. પણ વો બાત અપના સ્વરૂપમેં જાનેમેં ઉસકી કોઇ મદદ નહીં. આહાહા ! ઉસકો ભી ગૌણ કરકે, હૈ ? એક જીવકે સ્વભાવકા અનુભવ કરનેપર એ જૂઠા હૈ. આહાહાહા ! યે પ્રમાણકી વ્યાખ્યા કિયા. નયકી વ્યાખ્યા કરેગા. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ).

## પ્રવચન નં. ૬૪ શ્લોક - ૮ની ટીકા તા. ૨૧-૮-૭૮ સોમવાર, શ્રાવણ વદ-૩ સં. ૨૫૦૪

સમયસાર ૧૩મી ગાથા. ઉસકા નવતત્ત્વકા અધિકાર તો આ ગયા. પર્યાયમેં નવતત્ત્વકા ભેદ હૈ, ઉસકો જાનના એ પણ આદરણીય એ નહીં. આહાહા ! એકરૂપ જ્ઞાયક ચૈતન્ય આગે હૈ એમાંથી, એકરૂપસે પ્રકાશમાન આત્મા, અંતરમેં ધ્રુવ જ્ઞાયક પ્રમાણકા વિષય તો દ્રવ્ય ને પર્યાય હૈ. પણ અહીંયા તો નિશ્ચયકા વિષય જો ત્રિકાળ, પ્રમાણ વો પૂજ્ય નહીં ઐસે કહા હૈ, કયોંકિ ઉસમેં પર્યાયકા નિષેધ નહીં આતા. આહાહા ! નયચક્રમેં હૈ. આહાહા ! પર્યાયકા નિષેધ હોકર ચૈતન્ય ચમત્કાર પ્રભુ અંદર પૂર્ણાનંદ પ્રભુ ઉસકા આશ્રય લેના, એકરૂપકા દૃષ્ટિ કરના, તબ આત્મા જૈસા હૈ વૈસા પ્રકાશમાન શ્રદ્ધામેં ઔર જ્ઞાનમેં હોતા હૈ. એકરૂપ ત્રિકાળી જે સ્વરૂપ હૈ ઉસકી દૃષ્ટિ દેનેસે એકરૂપ પ્રકાશમાન હોતા હૈ, ઉસકા નામ અનુભૂતિ ને સમ્યગ્દર્શન હૈ. આહાહાહા !

પીછે કહા એ પ્રમાણજ્ઞાન, પર્યાય અને દ્રવ્યકો સાબિત કરનેકો, સિદ્ધ કરનેકો દોકા અસ્તિત્વ સિદ્ધ કરનેકો પ્રમાણકા વિષય બતાયા. પણ વો પ્રમાણ વિકલ્પ હૈ. આહાહા ! મૈં જાનનેવાલા પ્રમાતા અને જ્ઞાન પ્રમાણ ઔર પ્રમેય ઐસા ભેદ હૈ વો ભી વિકલ્પ હૈ-રાગ હૈ, ઉસકો છોડકર એકીલા જાનનેવાલા જ્ઞાયક દૃષ્ટિમેં પ્રકાશમાન હો તબ એકરૂપકી પ્રતીત હો તબ ( ઉસ ) પ્રતીતકો સમ્યગ્દર્શન કહેતે હૈં. આહાહાહા ! એ પ્રમાણકા વિષય ચલ ગયા.

"નય" આજ નય ચલેગી. સૂક્ષ્મ વિષય હૈ ભાઈ ! આહા ! નય દો પ્રકારકા હૈ. પ્રમાણ દો પ્રકારકા કહા થા વો પ્રત્યક્ષ ને પરોક્ષ, અહીં નય દો પ્રકારકા. નયકા અર્થ કયા ? જો જ્ઞાન પર્યાયમેં શ્રુતજ્ઞાનરૂપી ભાવ પ્રમાણ હૈ એ અવયવી હૈ ઔર ઉસકા નયકા એક ભાગ અવયવ હૈ. આહાહા ! સ્વરૂપ તરફકા લક્ષ કરકે જો નિશ્ચયનય હૈ વો યહાં વિકલ્પાત્મક લેના હૈ, અહીંયા રાગ સહિતકી નય. નયકા લક્ષ વિકલ્પ સહિત ઔર વ્યવહારનય હૈ એ વર્તમાન પર્યાય ને રાગને જાનનેવાલી એ પણ રાગ સહિત વિકલ્પ સહિત હૈ. આહાહા !

એ નયકા દો પ્રકાર. દ્રવ્યાર્થિક નય, પર્યાયાર્થિક નય. જો જ્ઞાનકા અંશ ત્રિકાળી દ્રવ્યકા પ્રયોજનસે દ્રવ્યકી દૃષ્ટિ કરતે હૈ એ જ્ઞાનકા અંશકો દ્રવ્યાર્થિક નય કહેતે હૈ. દ્રવ્ય પ્રયોજન જિસકા ઐસા જો જ્ઞાન દ્રવ્યાર્થિક નય, જે જ્ઞાનકા પ્રયોજન દ્રવ્ય જો ત્રિકાળી હૈ એ જાનના હૈ એ નયકો

દ્રવ્યાર્થિક નય કહેતે હૈ. હવે આ પલાખા સાંભળ્યાય નો હોય હજી તો. આહાહા ! ( શ્રોતાઃ– શુદ્ધનય કિસકો કહેતે હૈ ? ) એ જ કહેતે હૈ. અભી તો શુદ્ધનય આ તો દ્રવ્યાર્થિકનયકો શુદ્ધ, પણ વિકલ્પાત્મક યહાં બાત હૈ. કયોંકિ એક ત્રિકાળી જ્ઞાયક મેં હૂँ ઐસા દ્રવ્યકા પ્રયોજન જિસકા નયકા હૈ એ નયકો દ્રવ્યાર્થિક કહેતે હૈ. એ શુદ્ધનયકા વિષય ઉસકો કહેતે હૈ. પણ યહાં વિકલ્પાત્મક હજી વિચારમેં સિદ્ધ કરનેકો આ દ્રવ્યાર્થિકનય આયા હૈ. વસ્તુ ત્રિકાળ હૈ ઇસકી સિદ્ધિ કરનેમેં અન્યમતિ કહેતે હૈ ઇસસે ( જુદા ) સર્વજ્ઞ જો કહેતે હૈ એ ચીજકો નિર્ણય કરનેમેં દ્રવ્યાર્થિકનયકા વિકલ્પાત્મક ભાવ પહેલે આતા હૈ. આહાહા ! સમજમેં આયા ?

સૂક્ષ્મ વિષય હૈ ભાઈ ! અનંત કાળમાં કભી અનુભૂતિ કયા ચીજ હૈ ઔર સમ્યગ્દર્શન કયા ચીજ હૈ ઔર ઉસકા વિષય કયા હૈ એ ખ્યાલમેં કભી લિયા હી નહીં. આમ તો ક્રિયાકાંડ બહોત કિયા. વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાને અને શાસ્ત્રકા જ્ઞાન ભી બહોત કિયા. આહાહા ! પણ આ વસ્તુ જે ત્રિકાળ હૈ ઉસકો જો જ્ઞાન જાનતે હૈ ઇસકો યહાં દ્રવ્યાર્થિક, દ્રવ્ય જિસકા ત્રિકાળી ચીજ જિસકા જાનનેમેં પ્રયોજન હૈ, એ નયકા અંશકો દ્રવ્યાર્થિક નય કહેતે હૈ. પંડિતજી ! ગુપ્ત બાત હૈ ભાઈ ! અરે ! એને કભી ધ્યાન દિયા નહીં. આહાહા !

દ્રવ્ય શ્રાવકપણા ભી અનંતબૈર હુવા. દ્રવ્યલિંગી સાધુ જેમ અનંત બૈર હુવા એમ આત્મજ્ઞાન બિના દ્રવ્ય શ્રાવક બાર વ્રત ને ભક્તિ ને પૂજા ને છ પ્રકારના શ્રાવકના જે આચાર કહેતે હૈ ને દેવ પૂજા, ગુરુ સેવા એ ભી અનંત બૈર કિયા. પણ વો વસ્તુ અંદર ત્રિકાળ આનંદકા નાથ પ્રભુ ઉસકી મહિમા લાકર અંતરમેં ગયે નહીં, બહાર ને બહાર ભટક ગયે. આહાહા ! સમજમેં આયા ? વસ્તુ ઐસી હે ભાઈ !

એ દ્રવ્યાર્થિક નય ને પર્યાયાર્થિક ( નય ) જે જ્ઞાનકા ભાગ, વર્તમાન અવસ્થાકા જાનનેકા પ્રયોજન એ નયકો પર્યાયાર્થિક કહેતે હૈ. હૈ ? યહાં દ્રવ્ય–પર્યાય સ્વરૂપ વસ્તુમેં વસ્તુ જો હૈ આત્મા એ તો દ્રવ્ય ભી હૈ ત્રિકાળ ઔર વર્તમાન પર્યાય ભી હૈ. દો હૈ. દ્રવ્ય પર્યાય સ્વરૂપ વસ્તુમેં, આહાહાહા ! ભગવાન આત્મા દ્રવ્ય અને પર્યાય સ્વરૂપ વસ્તુ હૈ. એ દ્રવ્ય જ એકીલા હૈ ને પર્યાય નહીં ઐસા નહીં. અને પર્યાય એકીલા હૈ ને દ્રવ્ય નહીં. વસ્તુ ઐસી નહીં. દ્રવ્ય ને પર્યાય સ્વરૂપ વસ્તુમેં, વસ્તુ ઐસી હૈ. આહાહાહા ! દ્રવ્યકા મુખ્યતાસે જ્ઞાન કરાવે, અહીં અનુભવ કરાવેકા અર્થ જ્ઞાન કરાવે લેના. અનુભવ કરાવે એ હજી આને કહેના કયા એ તો હજી વિકલ્પાત્મક હૈ. કયા કહા ? કે જો જ્ઞાનકા અંશ, શ્રુતજ્ઞાન પ્રમાણ હૈ ઉસકા અંશ નય, જે મુખ્યપણે દ્રવ્યકા જ્ઞાન કરાતે ઉસકા નામ દ્રવ્યાર્થિક નય કહેનેમેં આતા હૈ. આવી વાતું હવે.

( શ્રોતાઃ– આ તો પંડિત હોય એ સમજે ) પંડિત નહીં, આ તો આત્માર્થી હોય તે સમજે. પંડિતેય ન સમજે. એ તો કહા નહીં, કલ કહા થા શ્રીમદ્‌કા. "સબ શાસ્ત્રનકે નય ધારી હીએ, મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન બાર અનંત કીયો, તદપિ કછુ હાથ હજુ ન પડયો" આહાહા ! શાસ્ત્રજ્ઞાન વાદ કરકે ખંડન મંડન કિયા, ઐસા હૈ ને ઐસા નહીં હૈ ને ઐસા વિકલ્પસે ઐસા જ્ઞાન કિયા. આહાહા ! સમજમેં આયા ? "સબ શાસ્ત્રનકે નય ધારી હીએ, મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પડયો." હાથ ન પડયો હમે કછુ, પણ વસ્તુ કયા હૈ એ દૃષ્ટિમેં ન લિયા. હૈં ! આહાહાહા !

એ આંહી કહેતે હૈ. કે દ્રવ્ય, વસ્તુ–દ્રવ્ય એટલે વસ્તુ હોં, આંહી તમારા પૈસાની વાત નહીં હૈ. એ વસ્તુ હૈ એ અનંત પરમાણુકા વાત હૈ આંહી તો. એક એક દ્રવ્ય ભિન્ન એની વાત હૈ. પૈસો હૈ એ તો અનંત પરમાણુ અનંત દ્રવ્યસે એકઠા હુવા ઉસકી નોટ કે રૂપિયો એ તો અનંત પરમાણુ અનંત દ્રવ્ય એકઠા હુવા દિખનેમેં આતા હૈ એક દ્રવ્ય નહીં. નોટ દસ દસ હજારની નોટ હોતી હૈ ને અભી તો બહોત હોતી હૈ. નોટ આતી હૈ દસ દસ હજારકી. પણ વો, વો કાગળમેં અનંત રજકણ હૈ, એક હી દ્રવ્ય નહીં હૈ યે, ઉનમેં તો અનંત દ્રવ્ય હૈ, જડકા અજીવકા, પરમાણુકા અજીવકા અનંત દ્રવ્ય હૈ.

તો યહાં આત્મા દ્રવ્ય કિસકો કહેતે હૈં ? કે શરીરસે રાગસે ભિન્ન અને એક સમયકી પર્યાયસે ભી ભિન્ન, ઐસી ચીજ જો ત્રિકાળી હૈ ઉસકો યહાં દ્રવ્ય કહેતે હૈ. આરે ! દો પ્રકારકા દ્રવ્ય હૈ. એક પ્રમાણકા દ્રવ્ય હૈ, એક નિશ્ચયનયકા દ્રવ્ય હૈ. પ્રમાણકા દ્રવ્ય ઇસકો કહીએ કે જે ત્રિકાળી દ્રવ્ય ને વર્તમાન પર્યાય દોકો જાનેં યે પ્રમાણકા દ્રવ્ય. ઔર નિશ્ચયનયકા દ્રવ્ય, પર્યાયસે રહિત ત્રિકાળી એકલા જ્ઞાયકભાવ વો પર્યાયસે રહિત એ નયકા દ્રવ્ય હૈ. એય, ભાઈ ! મારગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ ! અરેરે ! એ મારગ લિયા બિના આ ચોર્યાસીની ઘાણી, અવતાર ( કરી–કરીને ) મરી ગયો પીલાઇને. આહા ! સમજમેં આયા ? ઘાણીમેં જેમ તલ પીલાતે હૈ તલ. ઐસા અનાદિસે રાગ દ્વેષની અગ્નિમેં પીલાતા, પીલાતા ક્યાંય એને શાંતિ નથી, શાંતિ ક્યાંય ન મળે. શાંતિનો સાગર તો ભગવાન આત્મા ઉસકા દ્રવ્યકી મુખ્યતાસે વિકલ્પસે જ્ઞાન કરના વો દ્રવ્યાર્થિકનયકા વિષય કહેનેમેં આતા હૈ. હજી વિકલ્પ હૈ રાગ. આહાહા ! પ્રથમ ભૂમિમેં ભગવાને કહેલા દ્રવ્ય અને ભગવાને કહેલી પર્યાય ઉસકો સાબિત કરનેકો દ્રવ્યાર્થિક ને પર્યાયાર્થિક નય વિકલ્પાત્મક પહેલે આતી હૈ. ધ્યાન રાખે તો સમજાય એવું છે બાપુ ! આ કાંઇ વાર્તા નથી. આહાહા ! આ તો ભગવાનની ભાગવત્ કથા છે. આહાહા !

કહેતે હૈં દ્રવ્યકિ જિસકો મુખ્યતા હૈ મુખ્યપણે, પર્યાય હૈ પણ પર્યાય ત્યાં ગૌણ હૈ, વસ્તુ ત્રિકાળીકો જો લક્ષ કરાવે, અનુભવ કરાવે, અનુભવ શબ્દે જ્ઞાન. આ દ્રવ્યાર્થિકનયકા મુખ્યતાસે અનુભવ કરાવે એટલે વેદન કરાવે એ આ વાત નથી અહીંયા. સમજમેં આયા ? અનુભવ નામ દ્રવ્યકી જો નય હૈ, વો ત્રિકાળી મુખ્યતાસે દ્રવ્યકા જ્ઞાન કરાવે, ઉસકો દ્રવ્યાર્થિક કહેતે હૈ. પાટણીજી ! આવી વાતું છે. બાપા ! આહાહા ! ઔર પર્યાયકા મુખ્યતાસે અનુભવ કરાવે અનુભવ શબ્દે યહાં જાનના. વેદન અનુભૂતિ એ નહીં. સમજમેં આયા ? આહાહા... પર્યાય નામ અવસ્થા વર્તમાન, એ ઉસકી મુખ્યતાસે જ્ઞાન કરાવે સો પર્યાયાર્થિક નય હૈ, ઇન દોનોં નય, દ્રવ્ય ઔર પર્યાયકા, દ્રવ્ય ત્રિકાળી અને પર્યાય વર્તમાન અવસ્થા, દોકા પર્યાયસે એટલે ભેદસે, ભેદસે, ક્રમસે જાનને કરને પર, અનુભવ કરને પર તો ભૂતાર્થ હૈ. એ વિકલ્પાત્મક જ્ઞાન યથાર્થ હૈ, હૈ ઇતના. સત્ય હૈ કે સમ્યગ્જ્ઞાન હૈ એ કાંઈ બાત અહીં નહીં.

ગાથા બરાબર એવી આવી ગઇ છે. ( અલૌકિક ! ) હૈ ? આહાહાહા ! પરમાનંદ પ્રભુ ધ્રુવ દ્રવ્ય, વો જિસકી મુખ્યતાસે જ્ઞાન કરાવે જ્ઞાન, એ દ્રવ્યાર્થિક ઔર જે પર્યાયકી મુખ્યતાસે જ્ઞાન કરાવે એ પર્યાયાર્થિકનય. આહાહા ! એ દોકા ભેદસે, ભેદ હુવાને ? પ્રકાર હુવા ને ? ક્રમ હુવા ને ? દ્રવ્યાર્થિકકો જાનના પછી પર્યાયાર્થિકકો જાનના ઐસા ક્રમ હુવા. ઔર દ્રવ્યાર્થિકસે જાનના

પર્યાયાર્થિકસે જાનના ઐસા ભેદ હુવા. આહાહા ! ભેદસે અનુભવ કરને પર તો ભૂતાર્થ હૈ. હૈ ખરા ! એ વિકલ્પાત્મક જ્ઞાન દ્રવ્યાર્થિકકા ને પર્યાયાર્થિકકા હૈ ખરા. ભૂતાર્થ નામ ત્રિકાળી ચીજ હૈ એ બાત અહીંયા નહીં કહેના. એ દ્રવ્યકા જ્ઞાન ઔર પર્યાયકા જ્ઞાન વિકલ્પાત્મક હૈ, હૈ ! આહાહાહા ! હૈ ? સત્યાર્થ હૈ, એ દ્રવ્યકા જ્ઞાન અને પર્યાયકા જ્ઞાન હૈ. સચ્ચા જ્ઞાન હૈ ઐસા યહાં બાત નહીં કરની હૈ, પણ એ હૈ. સમજમેં આયા ? યહાં સચ્ચા જ્ઞાન હૈ એ સમ્યક્ એ વાત નહીં કહેના હૈ. યહાં તો દ્રવ્યાર્થિકકા લક્ષ કરકે જો જ્ઞાન હુઆ ઔર પર્યાયાર્થિકકા લક્ષ કરકે જો જ્ઞાન હુઆ એ હૈ ! બસ ઇતના ! એ ભૂતાર્થકા અર્થ ઇતના હૈ. આહાહા ! ( શ્રોતાઃ– સવિકલ્પ સમ્યગ્દર્શન ) સમ્યક્ નથી. સવિકલ્પ સમ્યક્ નથી. સવિકલ્પ જ્ઞાનકી પર્યાય હૈ. ( શ્રોતાઃ– નિર્ણય તો યથાર્થ હૈ ને ) યથાર્થ નિર્ણય. પણ હજી વિકલ્પાત્મક હૈ. સમ્યગ્જ્ઞાન નહીં, સમ્યગ્દર્શન નહીં. આહાહા ! ( શ્રોતાઃ– વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય. ) જરીયે નહીં. એ તો અંગનમેં ખડા હોકર જેમ ઝવેરીકી દુકાનમેં કયા કયા ઝવેરાત હૈ એ જાનતે હૈ. એ અંગનમેં ઉભા હૈ અંદર નહીં ગયે. એમ ભગવાન આત્મા ત્રિકાળી દ્રવ્ય ને વર્તમાન પર્યાય દો કા વિકલ્પસે જ્ઞાન કરતે હૈ. વસ્તુકી સિદ્ધિ સાબિત કરનેકો, અનુભવ કરનેકો નહીં, એ પીછે. આહાહાહા ! આવી વાતું હવે ! અને આ સમજ્યા વિના એને ધર્મ થઇ જાય અને પડિમા લે લો અને વ્રત લે લો. કયા વ્રત ને કયા પડિમા. આહાહાહા !

હજી તો દ્રવ્ય ને પર્યાયની મુખ્યતાસે જ્ઞાન કરાવે એ ભી વિકલ્પાત્મક જ્ઞાન હૈ. બસ ઇતના. સમ્યગ્જ્ઞાન હૈ ને સમ્યગ્દર્શન હૈ એ બાત યહાં નહીં. જ્ઞાનચંદજી ! આહાહાહા ! ( શ્રોતાઃ એ જ્ઞાન મિથ્યાદૃષ્ટિ હો તબ હો જાતા હૈ ) હા, એ મિથ્યાદૃષ્ટિપણેમેં દ્રવ્ય અને પર્યાય કૈસા હૈ ઐસા જ્ઞાન કરતે હૈ ઇતના, સમ્યગ્જ્ઞાન નહીં. આહાહા !

પીછે "ઔર દ્રવ્ય પર્યાય દોનોસે અણાલિંગિત" આહાહા ! દ્રવ્ય અને પર્યાયના ભેદને જે સ્પર્શતા નહીં, આલિંગન નહીં કિયા હુઆ, શુદ્ધ વસ્તુ માત્ર જીવકે, આહાહા... એ ભેદકો આલિંગન નહીં કરના. દ્રવ્યાર્થિકનયસે દ્રવ્યકા જ્ઞાન ને પર્યાયાર્થિકનયસે પર્યાયકા જ્ઞાન એ ભેદરૂપ જ્ઞાન કહો એ આલિંગન નહીં કરતા, ઐસા પંડિતજી ! વિષય તો બહોત અચ્છા આંહી હૈ ! આહાહા ! હૈ ? દ્રવ્ય ને પર્યાય દોનોંસે ભેદસે અણાલિંગિત, આલિંગન નહીં કરતા હુઆ, શુદ્ધ વસ્તુ માત્ર જીવ, એકીલા શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન ચૈતન્યમાત્રકા સ્વભાવકા અનુભવ કરને પર, આ અનુભવ વેદન હૈ. પહેલે અનુભવ થા વો જ્ઞાન થા. સમજમેં આયા ? પાટણીજી ! પુસ્તક હૈ કે નહીં ? છે. ઠીક.

આ બધા સબ પંડિતો છે ને સામે, પહેલે જો દ્રવ્યાર્થિકકા અનુભવ કહા થા વો તો જ્ઞાન કરના ઇતની બાત હૈ. અનુભવ નામ વેદન હૈ આનંદકા એ નહીં. પર્યાયાર્થિક નયકા મુખ્યતાસે જ્ઞાન કરાયા થા. એ જ્ઞાન એ પ્રકારકા વિકલ્પાત્મક જ્ઞાન અસ્તિ હૈ. બસ ઇતના. પણ જબ આત્માકા અનુભવ કરતે હૈ. આહાહાહા... એ હૈ દેખો ! આલિંગન, ભેદકો દ્રવ્ય ને પર્યાયકા જ્ઞાન ભેદકો વિકલ્પાત્મકકો આલિંગન, સ્પર્શ છુયે બિના. આહાહા... શુદ્ધ વસ્તુમાત્ર જીવ, વો તો અશુદ્ધકા વિકલ્પ નયાત્મક જ્ઞાન અશુદ્ધ થા. આહાહાહા ! શુદ્ધ જીવ વસ્તુમાત્રકા, જીવકા સ્વભાવકા અનુભવ, દેખો ! શુદ્ધ વસ્તુ માત્ર જીવકે સ્વભાવ, ત્રિકાળી જ્ઞાયકભાવ, આનંદ

ભાવ, શાંતભાવ, વીતરાગભાવ, ઇસકા અનુભવ કરને પર, ઉસકા વેદન કરને પર, એ અભૂતાર્થ હૈ. દ્રવ્યાર્થિક ને પર્યાયાર્થિકકા જો જ્ઞાન કિયા થા યે જૂઠા હૈ. આહાહા ! સમજમેં આયા ? આમ બાત હૈ. વીતરાગ મારગ પરમેશ્વર જિનેશ્વરદેવ ઉસકા પંથ સમજના બહોત પુરુષાર્થ ચાહીએ. બહોત અંદરમેંસે નિવૃત્તિ ચાહીએ. અંદરમેંસે કહા. બહારકી બાત નહીં. આહાહાહા !

ભગવાન અમૃતચંદ્રાચાર્ય સંત, નવતત્ત્વકી બાત તો કુંદકુંદાચાર્યે કહા પાઠમેં, કે ઉસસે ભિન્ન ભગવાન એકાકાર હૈ. તો અમૃતચંદ્રાચાર્યે પ્રમાણ, નય, નિક્ષેપ નિકાલા ઉસમેંસે. સમજમેં આયા ? પ્રમાણ ને નયકા ભેદસે જ્ઞાન કરના વો એક પ્રકારે હૈ. હે, માયા હૈ ઐસા જો અન્ય કહેતે હૈ ને, અન્યમતિ કહે એ, માયા હૈ, સબ પર્યાય ને રાગ એ સબ માયા હૈ. મા..... યા એટલે માયા, યા..... મા, યા.... મા.. યા- તે મા - નહીં. ઐસે કહેતે હૈ. હમને તો વેદાંતીની ખબર હૈ ને, હમારે દુકાનમેં જબ હમ થા તબ હમારા ઘરાક થા એક. એ વખતે બ્રાહ્મણ એક થા બહોત વેદાંતી થા. હમારા ઘરાક, ઘરાક સમજતે હૈ ? ધારધીર કરતે થે તો યે હમારી દુકાને હૈ તો માલ લેનેકો આતે થે, હમ ઉઘરાણી ( કરને ) જાતે થે તેના ઘેર તો, શેઠ પધારો, શેઠ પધારો, અમારી નાની ઉંમર થી ને તે દિ'. સત્તર અઢાર વર્ષની, કહે બેસો. બહોત વેદાંતી થા, એક, વ્યાપક હૈ ને. તો સાથમેં એક દરજીકા મકાન થા તો ત્યાં આવે તો સબ પગે લાગે. હમ તો સમજતે થે કિ આ, કયા વેદાંત, ને કયા પર્યાય નહીં ને એકલા વેદાંત, એક, વ્યાપક, સર્વ વ્યાપક એક જ ચીજ હૈ. પણ સર્વવ્યાપક એક હૈ ઐસા માના કિસને ? માને કિસે( કૌન ) ? પર્યાય માને કે ધ્રુવ માને ? ( પર્યાય ). તો ધ્રુવ અને પર્યાય દો હો ગયા, દ્વૈત હુઆ, અદ્વૈત નહીં રહા. બડી ચર્ચા હોતી થી.

હમારે ભાઈ છે ને મોતીલાલજી બ્રહ્મચારી. પરમહંસ થા રાજકોટમેં. હમારે વ્યાખ્યાનમેં આતે થે સબ, પણ પછી વો પરમહંસ હો ગયા. રેલના ઉપરી થા. પગાર બડા થા તો પછી પીછે અહીંયા આયા થા ઔર પીછે ત્યાં રાજકોટમેં આયા થા, રાજકોટ ચર્ચા ભી બહોત હુઇ. પરમહંસ હો ગયા. બસ એક જ વ્યાપક. અરે પણ એક વ્યાપક કહા તો સુણો. એક વ્યાપક નહીં માના ઐસી કોઇ દશા હૈ કિ નહીં ? તો તમે એક માનનેકા પ્રયત્ન કરાતે હૈ ને ? હૈં ? ઔર એક અનેક માનનેકી જો પર્યાય હૈ, એ માનતા ( માન્યતા ) હૈ એ અસ્તિ હૈ કે નથી ? માયા હૈ ? યા... મા હૈ હી નહીં. એ અહીં બતાતે હૈ. સમજમેં આયા ?

દ્રવ્યાર્થિકકા લક્ષ કરકે જ્ઞાન, પર્યાયાર્થિકકા લક્ષ કરકે જ્ઞાન, વિકલ્પાત્મક પણ હૈ, એ સમ્યગ્જ્ઞાન હૈ ઐસી યહાં બાત હૈ નહીં અત્યારે. હૈ, અસ્તિ હૈ ને અસ્તિ ? ઇતના. તો પછી બહોત ચર્ચા હોતી થી. ઐસા કબૂલ તો કિયા. મેં કીધું ભાઈ એક ( બાત ) સૂનો. કે વેદાંત તો ઐસા કહેતે હૈ કિ આત્યંતિક દુઃખસે મુક્ત થાવ. તો દુઃખ હૈ, હૈ તો આત્મા આનંદ હૈ ને દુઃખ હૈ દો વસ્તુ હો ગઇ. દ્વૈત ( હો ગયા ) તુમ્હારા અદ્વૈત ન રહા. ઔર દૂસરી, દુઃખસે મુક્ત થાઓ તો એ ઇસકા સ્થાનમેં આનંદ દશા આતી હૈ તો આનંદ દશા ને વસ્તુ ત્રિકાળી દો હો ગઇ. યુગલજી ! ભાઈ ! ઐસી બાત ન ચલે.

અહીંયા તો સત્ય કયા હૈ, કસોટી પર ચઢાકર નિર્ણય લેના વો ચીજ હૈ. આહાહા ! સોનાકો ભી કસમેં કસોટીપે ચઢાતે હૈ કિ નહીં, આ પંદર વલા હૈ સોલ વલા હૈ તેર વલા હૈ એમ

ભગવાન આત્મા સર્વજ્ઞ પરમાત્માએ જૈસા કહા, ઐસા નયસે નિર્ણય કર કર કસોટીસે જેમ સોનાકા નિર્ણય કરતે હૈ, એમ નયસે આત્માકા દ્રવ્ય ને પર્યાય નિર્ણય કરકે વિકલ્પાત્મક નિર્ણય. આહાહા ! પ્રિયંકરજી ! પંડિતાઈ ઊડી જાય છે બધી આમાં તો. દ્રવ્ય ને પર્યાયાર્થિકસે જો જ્ઞાન હુઆ ઉસકો અભૂતાર્થ કહેતે હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ– ક્યોં ? ) ક્યોં કિ એ તો વિકલ્પાત્મક ભાવ હૈ. એમાં શુદ્ધ વસ્તુકા અનુભવ આયા નહીં. આહાહાહા ! ગાથા તો આવી છે બરોબર આમાં શિક્ષણ શિબિરમાં, મારગ તો ઐસા હૈ ભાઈ. આહાહા !

શુદ્ધ વસ્તુકા, વસ્તુમાત્ર જીવ, શુદ્ધ વસ્તુ માત્ર જીવ ! રાગ નહીં, પર્યાય માત્રકા લક્ષ નહીં. શુદ્ધ વસ્તુ માત્ર જીવ ઉસકા ચૈતન્ય માત્રકા સ્વભાવકા અનુભવ કરને પર, આહાહા... ત્રિકાળી આનંદ સ્વરૂપ ભગવાન, ત્રિકાળી જ્ઞાન સ્વરૂપ ભગવાન, આ ભગવાન આત્માકી બાત હૈ હોં. ભગવાન ભગવાન પાસે રહા. ત્રિકાળી જ્ઞાન સ્વરૂપ ભગવાન, ત્રિકાળી આનંદ સ્વરૂપ ભગવાન, ઉસકા અનુભવ કરને પર, ઉસ તરફકે દોરકર પર્યાયકો ત્યાં જોડકર, ઔર વેદનમેં અનુભવ કરને પર એ દ્રવ્યાર્થિક પર્યાયાર્થિકકા જો જ્ઞાન વિકલ્પાત્મક થા યે જૂઠા હૈ. અનુભવ કરને પર જૂઠા હૈ. પાટણીજી ! આહાહાહા !

( શ્રોતાઃ– ગુરુગમ વગર બધુ નકામું છે, ગુરુગમ વગર પતા નહીં લાગે ) વસ્તુ ઐસી હૈ ભાઈ, વસ્તુ ઐસી હૈ. આહાહા ! બીજા જ્ઞાન તો એકકોર રહો, પણ દ્રવ્યાર્થિક પર્યાયાર્થિકકા ભેદસે જ્ઞાન કરતે હૈ એ ભી હૈ ખરા, પણ અનુભવ કરને પર એ જૂઠા હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ?

સમ્યગ્દર્શન હોનેમેં, ત્રિકાળીકા અનુભવ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ, યે દ્રવ્યાર્થિકકા ને પર્યાયાર્થિકકા જો જ્ઞાન હુઆ, ઉસે સમ્યગ્દર્શન યે હૈ, યે નહીં. આહાહાહાહા ! આવી વાત છે ભાઈ ! સ્વભાવકા અનુભવ કરને પર એ અભૂતાર્થ હૈ, જૂઠા હૈ, કૌન ? વો દ્રવ્યાર્થિકનયસે વિકલ્પાત્મક જ્ઞાન કિયા, ઔર પર્યાયાર્થિકસે પર્યાયાર્થિક સાબિત કિયા, એ સબ અનુભવ કરને પર ભેદ સબ જૂઠા હૈ. આહાહા ! કહો પંડિતજી ! આ ઐસી બાત હૈ. આહા ! એ નયકી વ્યાખ્યા હુઆ. પહેલા પ્રમાણકા એ પહેલે નવતત્ત્વકા હવે એક નિક્ષેપકા રહા.

'નિક્ષેપ' જ્ઞેયકા ભેદ હૈ. 'નય' જ્ઞાનકા ભેદ– ભાગ હૈ. નિક્ષેપ જ્ઞેયકા ભેદ હૈ. સમજમેં આયા ? આહાહા ! નિક્ષેપ એ વિષય હૈ ઔર નય વિષય કરનાર હૈ. નય વિષયી હૈ ઔર નિક્ષેપ વિષય હૈ એ નય નિક્ષેપ વિષયકા ચાર ભેદ હૈ. આહાહા ! કહા થા ને નહીં, કલ કહા થા. વો એક શેઠ થા. ને એણે ઐસા કહા થા કે મિથ્યાદૃષ્ટિ હો તબ લગ ભગવાનકી પ્રતિમાકે ઉપર લક્ષ જાય અને તબ લગ માને ઐસા કહા થા. શેઠ થા ગૃહસ્થ. તભી તો સારા કાઠિયાવાડમેં ઉસકે પાસ હૈ ઐસા પૈસા ( નહીં કિસીકે ) પાસ. સાઠ સીત્તેર વર્ષ પહેલે દસ લાખ રૂપિયા ને ચાલીસ હજારકી પેદાશ. ઔર દસ હજારકા એક ગામ, ગરાસ, આખા ગામ ગરાસ. વો મોટા અમલદાર અધિકારી ઔર જજ અમરેલીના ઉસકે પાસ જાતે થે, ઐસી ઉસકી છાપ થી બડી બહારમેં હોં, તો વો કહેતે થે સ્થાનકવાસી થે, તો વો કહેતે થે કિ મૂર્તિ તો જબલગ મિથ્યાત્વ હૈ તબ લગ માને. મેં કીધું સુણો, કીધુંઃ નિક્ષેપ જો હૈ એ નયકા વિષય હૈ, અને જબ નય ઉત્પન્ન હોતી હૈ, એ પ્રમાણજ્ઞાન હુઆ. જિસકો સમ્યગ્જ્ઞાન હુઆ ઉસકો નયકા ભેદ પડતે હૈ અને નયકા ભેદ પડતે

હૈ વો નિક્ષેપકા ભેદકા વિષય એ કરતે હૈ. ન્યાય સમજાય છે ? વાત તો બાપુ ઝીણી બહુ. ભાઈ ! આહાહાહા ! સમજમેં આયા ?

'નિક્ષેપ' પરમાત્માકી પ્રતિમા એ તો નિક્ષેપ હૈ. પીછે કહેનેમેં ઐસા આતા હૈ "જિન પ્રતિમા જિન સારખી" જિન સારખીને ? જિન નહીં ને ? નિક્ષેપ હૈ ને ? તો નિક્ષેપ એ જ્ઞેયકા ભેદ હૈ. પણ નિક્ષેપ જ્ઞેયકા ભેદ હૈ એ નયકા વિષય હૈ. જિસકો યથાર્થ નયજ્ઞાન હુઆ ઉસકો યથાર્થ નિક્ષેપકા વિષય લાગુ પડતે હૈ. પણ અહીંયા ભેદસે ચારકા વિચાર કરના એ અભૂતાર્થ હૈ. એમ બતાતે હૈ. આહાહાહાહા ! હૈ ?

નામ નિક્ષેપ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ. વસ્તુમેં જો ગુણ ન હો વો ગુણકે નામસે વ્યવહારમેં વસ્તુકી સંજ્ઞા કરના, ભગવાન શરીરકો નામ દેના. એ નામ નિક્ષેપ હૈ. ભગવાન તો હૈ નહીં. સમજમેં આયા ? પાર્શ્વ, આતે હૈ ને ? વર્ધમાનપાર્શ્વ નામ આતે હૈ ને, વર્ધમાન પાર્શ્વ. , વર્ધમાન ચોવીસ( વે ) તીર્થંકરકા નામ હૈ. પાર્શ્વ ત્રેવીસકા હૈ, તો યે વર્ધમાન પાર્શ્વ બની ગયા, હૈ અંદરમેં ગુણ ? એ તો નામ નિક્ષેપસે, ગુણ ન હો પણ નામ કથનસે કહેનેમેં આતા હૈ. ઉસકા નામ, 'નામ-નિક્ષેપ'. નહીં આતે હૈ કિ નહીં, અમારે વાંકાનેરમાં હતો એક કયા પાર્શ્વ વીર. હમારે હૈ વાંકાનેર. પાર્શ્વવીર નામકા એક લડકા થા. વો દો નામ ઉસકા, પાર્શ્વ અને વીર દો. એમ આ વર્ધમાન શાસ્ત્રી હૈ ને ? એ તો નામ નિક્ષેપ હૈ. ( શ્રોતા :- પંડિતજીકા પુત્રકા નામ પરમાત્મ પ્રકાશ હૈ ને ) હા એ તો ઉસકા નામ હૈ ને, ઉસકા પુત્રકા નામ હૈ, પંડિતજીકા બડા પુત્ર હૈ ને યહાં ઉસકા નામ "પરમાત્મ પ્રકાશ" હૈ. છોટાકા નામ "અધ્યાત્મ પ્રકાશ" હૈ. હોંશિયાર હૈ, મગજવાળા, પણ પરમાત્મ પ્રકાશ તો નામ હૈ. બરોબર હૈ ? તો જેને ગુણ ન હો પણ ઉસકે નામસે વસ્તુકી સંજ્ઞા કરના, વસ્તુકા નામ લેના એ નામ નિક્ષેપ હૈ. આહાહાહા !

હવે "સ્થાપના" – યહ વહ હૈ. આ ભગવાન હૈ. ઐસા જો પ્રતિમામેં નિક્ષેપ કરના, યહ સ્થાપના હૈ. આ ભગવાન હૈ, આ સરસ્વતીકી વાણી હૈ. હૈ તો પુસ્તક. આમ, સરસ્વતી વાણી હૈ એમ કહેના આ એ સ્થાપના નિક્ષેપસે હૈ. આહાહા ! સમજમેં આયા ? ઇસ પ્રકાર અન્ય વસ્તુમેં, અન્ય વસ્તુમેં, અન્ય વસ્તુકા પ્રતિનિધિત્વ સ્થાપિત કરના. વસ્તુ તો અન્ય હૈ ને ભગવાન અન્ય હૈ, છતાં ભગવાનકા ઉસમેં નિક્ષેપ કરના. આહાહા !

કયા હૈ ? ગૂમડું હૈ. શેના. થયું છે આજે રાતે ભાઈ નથી આવ્યા ? ગયા ? હૈં ? ગયા ? રાતે ગયા ? ઠીક. એ ગાંગુલી ! હોમીયોપેથીના બડા, કલકત્તામેં બડા વો દાક્તર હૈ, બાલ બ્રહ્મચારી હૈ, લગન નહીં કિયા હૈ. પછી આયા હૈ. પીછે મહારાજ આશીર્વાદ દયો કે હવે જાવજીવ બ્રહ્મચારી રહેના હૈ. લગન કરના હી નહીં. નહીં તો ઇતની ઉમરમેં ભી કન્યા તો બહોત દેતે હૈ લાખોકી પેદાશ હૈ. હોમીયોપેથીના બડા, પણ અહીંયા આશીર્વાદ દયો મહારાજ કે જાવજીવ હમારે લગન નહીં કરના. કલ નહીં આયા ભગવાનકી ભક્તિમેં ? દોસો પચાસ, દોસો એકાવન મણ ઘી દિયા. મણના અઢી રૂપિયા હોં. અકબરકે વખતમેં મણકા અઢી રૂપિયા થા, અકબર થા ને જબ, અકબર બાદશાહ થા, તબ ઘી કા અઢી રૂપિયાકા મણ થા. એ કયું ચલા, એ બાત સિદ્ધ કિયા. અત્યારે તો કેટલુંક કાંઇક છે. સો રૂપિયાનું મણ. કેટલા કહ્યા ? ઓહોહો ! સવાસો રૂપિયા ! આ અઢી તો અકબરકે વખતમેં થા. ચાર પૈસે કા શેર, ઘી. તો વો ચલેગા. ( શ્રોતાઃ- તે દિ' ચાર પૈસા મોંઘા

હતા. ) તે દિ' ચાર પૈસા મોંઘા હતા. વાત સાચી છે, તે દિ' ચાર પૈસા હતા તો અત્યારે એક રૂપિયાના બે પૈસા ગિનનેમેં આતા હૈ, એક રૂપિયા ઉપર દો પૈસા, આહાહા !

આંહી કહેતે હૈ. કે નિક્ષેપમેં ભગવાન આ હૈ એમ કહેના, એ પ્રતિમા નિક્ષેપ હૈ. એ સ્થાપના નિક્ષેપ કિયા.

"દ્રવ્ય નિક્ષેપ" : – વર્તમાનસે અન્ય અતિત, અનાગત, પર્યાયસે વસ્તુકો વર્તમાનમેં કહેના દ્રવ્ય નિક્ષેપ હૈ. કયા ? તીર્થંકર વર્તમાનમેં નહીં. શ્રેણિકરાજા જનમ હોતે હૈ, તો તીર્થંકર કહેના વો ભૂતકાળકી અપેક્ષા નિક્ષેપ કહેતે હૈ. તીર્થંકર તો તેરમેં ગુણસ્થાને હોગા તબ હોગા. ભવિષ્યમાં તીર્થંકર હોનેવાલા હૈ ઉસકો વર્તમાન તીર્થંકર કહેના એ અતીતકાળકી ભૂતકાળકી અપેક્ષાસે કહેના એ દ્રવ્ય નિક્ષેપ હૈ. ઉસમેં યોગ્યતા હૈ ભવિષ્યકી. એ અપેક્ષાએ ગિનકર દ્રવ્ય નિક્ષેપસે તીર્થંકર ભવિષ્યમેં હોનેવાલેકો વર્તમાન તીર્થંકર કહેના. સમજમેં આયા ? હૈ ? વર્તમાનમેં કહેના એ દ્રવ્ય નિક્ષેપ હૈ, ઔર વર્તમાન પર્યાયમેં વસ્તુકો વર્તમાન કહેના એ કેવળજ્ઞાની પરમાત્મા સાક્ષાત્ બિરાજતે હૈ ઉસકો ભાવ નિક્ષેપસે કહેના કે યે કેવળજ્ઞાની હૈ. હૈ ઐસા કહે દેના એ "ભાવનિક્ષેપ" હૈ. દ્રવ્ય નિક્ષેપમેં વર્તમાન હૈ નહીં, પણ ભવિષ્યમાં હોગા, અથવા ભૂતકાળમેં હો ગયા, જાણે શેઠ થા બડા ઔર પીછે દીક્ષિત હુઆ તો ઉસકો શેઠ કહેના એ ભૂતકાળકી અપેક્ષાસે, સમજમેં આયા ? અને મુનિ હૈ એ પહેલે શેઠ થા, તો મુનિ હુઆ ઉસકો શેઠ કહેના, એ ભૂતકાળકી અપેક્ષાસે, અને કેવળજ્ઞાની હુઆ તો ઉસકો મુનિ કહેના. આહાહા... ભૂતકાળકી અપેક્ષાએ, ઔર વર્તમાન પર્યાયમેં, ભવિષ્યમેં હોનેવાલેકો ભૂતકાળમેં હો ગયે ઉસકો વર્તમાનમેં કહેના એ દ્રવ્યનિક્ષેપ હૈ. આવી વાત છે. હવે ક્યાં આમાં નવરા આદિ. નવરા સમજે ? ફુરસદ. આહાહા.. ભાઈ ! જનમ મરણસે પીલા રહા હૈ તો, ઐસા જ્ઞાન યથાર્થ પહેલે વ્યવહારૂ જ્ઞાન ભી કરના પડેગા. આ વ્યવહારુ હૈ, હજી. આહાહા ! સમજમેં આયા ?

વર્તમાનકી પર્યાયમેં વર્તમાન કહેના સો "ભાવ નિક્ષેપ" હૈ. એ ચારોય નિક્ષેપોકા અપને અપને લક્ષણ ભેદ, દરેકના લક્ષણ ભેદ હુઆ. એકનું નામ ગુણ નહીં ને નામ કહેના. એક કો ગુણ હૈ નહીં. પણ સામે સ્થાપના કરના ભગવાન હૈ ઉસકી એક વર્તમાન યોગ્યતાકો ગિનકર ભવિષ્યકી પર્યાયકો ઉસકો કહેકર ભૂતકાળકી કહેના, ઔર એક વર્તમાન પર્યાયકો વર્તમાન પર્યાયરૂપ કહેના. આહાહા !

ભગવાનનો મારગ બાપા ! એ વસ્તુકા સ્વરૂપ હી ઐસા હૈ. ભગવાને કંઇ કિયા હૈ ? કહા હૈ કર્યા નહીં હૈ. ભગવાને બનાયા હૈ આત્માકો ? આહાહા ! સર્વજ્ઞ ભગવાને તો જૈસા હૈ ઐસા જાના, ઔર વાણીમેં ઐસા આયા. આહાહા ! અહીં કહેતે હૈ કિ એ ચાર નિક્ષેપ હૈ એ લક્ષણ ભેદસે ઔર ઉસસે ભિન્ન ભિન્ન રૂપસે અનુભવ કિયા, અનુભવ નામ જ્ઞાન કિયા જાને પર ભૂતાર્થ હૈ. અનુભવ શબ્દે યહાં જાનના લેના. ચારના લક્ષણ ભેદે, ભેદ કરકે જાનના, ઉસકા નામ ચાર નિક્ષેપકા જ્ઞાન હૈ. એ જાને પર ભૂતાર્થ હૈ. સમજમેં આયા ? વર્તમાન, વર્તમાન ને ભૂત નામ, નામ આદિસે કહેના હૈ વો સત્ય હૈ, હૈ ઇતના, હૈ ઇતના નામ ભી સત્ય હૈ, નામ કહેના હૈ તો એ પ્રકારસે સત્ય હૈ કિ નહીં, સ્થાપના ભી સત્ય હૈ એ પ્રકારે કહેના સત્ય હૈ, દ્રવ્ય નિક્ષેપ ભૂતકાળમેં ભવિષ્યકા કહેના એ ભી સત્ય હૈ, ઇતના અપેક્ષાએ સત્ય હૈ. આહાહા !

ઔર ભિન્ન લક્ષણસે રહિત એ નામ, સ્થાપના દ્રવ્ય ભાવકે ભેદકા લક્ષ છોડકર, આહાહા... એક અપને ચૈતન્ય લક્ષણરૂપ, એક અપને ચૈતન્ય લક્ષણ, જાનના દેખના ઉસકા લક્ષણ ભગવાનકા, એ આત્માકા, ચૈતન્યલક્ષણસે જીવ સ્વભાવકા અનુભવ કરને પર એ જીવનો સ્વભાવ ચૈતન્ય લક્ષણ હૈ. જાનના દેખના એ ઉસકા લક્ષણ હૈ. કોઇ રાગ ને પુણ્ય ને દયા દાન હો વો ઉસકા કોઇ લક્ષણ નહીં. આહાહાહા ! સમજમેં આયા ? એક ચૈતન્યલક્ષણરૂપ જીવ સ્વભાવકા અનુભવ કરના અનુભવ નામ વેદન, યહાં અનુભવ કરને પર અર્થાત્ અનુભૂતિ કરને પર, આહાહાહા... ચારોય અભૂતાર્થ હૈ, જૂઠા હૈ, ચાર નિક્ષેપ જૂઠા હૈ, યે આતા હૈ ને કળશમેં ? "ઉદયતિ ન નયશ્રી રસ્તમેતિ પ્રમાણમ્" નય અસ્ત હો જાતા હૈ. પ્રમાણ અસ્ત હો જાતા હૈ. નય ઉદય નહીં હોતા. પ્રમાણ અસ્ત હો જાતા હૈ. નિક્ષેપ કહાં ચલા જાતા હૈ ઉસકી હમકો ખબર નહીં. આતે હૈ ? કળશમેં હૈ. હૈ ને ? આહાહાહા !

ભગવાન આત્મા, અપના સ્વરૂપ સન્મુખ હોકર અનુભવ કરે તબ વો નિક્ષેપકા ભેદ કહાં ચલા જાતા હૈ હમકો ખબર નહીં કહેતે હૈ. નયકા ઉદય હોતા નહીં, આહાહા... પ્રમાણ તો અસ્ત હો જાતા હૈ. વિકલ્પાત્મક પ્રમાણ, નિક્ષેપ કહાં જાતા હૈ હમકો ખબર નહીં. હમકો તો અદ્વૈતકા એકલા અનુભવ હૈ. અદ્વૈત નામ વો અજ્ઞાની અદ્વૈત કહેતે હૈ વેદાંતી એ અંશે નહીં. અદ્વૈતકા અનુભવ હૈ એ તો પર્યાય હૈ, પણ અદ્વૈત એકરૂપ ચીજકા અનુભવ તો એકરૂપી તો ચીજ આઇ અને અનુભવકી પર્યાય ભી આઇ, દો હી આયા. આહાહાહા ! ત્રિકાળ ચૈતન્ય સ્વભાવકા અનુભવ, જો ત્રિકાળ ચૈતન્ય સ્વભાવ ભી આયા, એ તો વસ્તુ, ઔર ઉસકા અનુભવ વો પર્યાય હુઇ. નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ દર્શન હુઆ એ પર્યાય હૈ. આહાહા ! આવી વાત છે.

ઐસે, હૈ ? જીવ સ્વભાવકા અનુભવ કરને પર એ ચારોં જૂઠા હૈ. આહાહા ! પહેલા કહે કે સચ્ચા હૈ. પછી કહે કે જૂઠા હૈ. જો સચ્ચા હૈ કહેને કા ( મતલબ ) કે અસ્તિત્વ હૈ ઇતના, સાચું જ્ઞાન છે ને સમ્યગ્જ્ઞાન છે એમ અહીંયા નથી. ઉસકા અસ્તિત્વ હૈ. પણ સ્વભાવકા અનુભવ કરને પર ઉસકા અસ્તિત્વ હૈ નહીં. આહાહાહા ! આવી વાત છે ભાઈ ! આ વાદ-વિવાદે તો પાર પડે એવી વાત છે નહીં. અંતર અનુભવ કરને પર એ ભાનમેં આતા હૈ. આહાહા ! વાદ વિવાદ કરે તો કાંઇ ઉસસે "વાદ વિવાદ કરે સો અંધા" સમયસાર નાટકમેં આયા હૈ. સમજમેં આયા ? આહાહા ! અને નિયમસારમેં આયા હૈ, ભગવાન કુંદકુંદાચાર્ય કહેતે હૈ. પ્રભુ ! તેરી ચૈતન્ય નિધિકા અનુભવ હો, ભેદસે રહિત. તો યે નિધિકો પાકર એકીલા ભોગવના. જૈસે પરદેશમેં ગયે પ્રાણી કોઇ કરોડો રૂપિયા લેકર આયા અપને દેશમેં, તો એ ખાનગી રીતે કરોડો રૂપિયા ભોગવેગા બહાર ના પાડેગા બહોત, ઢંઢેરા પીટેગા કે હમ કરોડો રૂપિયા લાયા હૈ તો કુટુંબી માણસો નાતવાળા જાતવાળા, ભિખારી સબ લાવ લાવ કહેગા નિયમસારમેં હૈ માટે પરદેશમેંસે કોઇ લાયા હો કરોડ - દો કરોડ - પાંચ કરોડ, એ હસમુખભાઈ, હૈ ? એના બાપ પાસે ૫૦-૬૦ લાખ... રૂપિયા છે, બાવીસ લાખ તો ભરના પડા સરકારકો, છ લડકા ( સબકે ) પાસે પૈસા જુદા હૈ. છ ભાઈ હૈ, તો ઉસકી પાસ તો બહોત પૈસા હૈ. એક એક પાસે સબ ઔર ઉસકા પિતાજી ભિન્ન થા ઉસકી પાસ પૈસા થા ૫૦-૬૦ લાખ ક્યાંક હોગા ખબર નહીં. સરકારકો બાવીસ લાખ ભરના પડા વારસામાં અભી, સરકારકો ઉસકા પિતાકી લક્ષ્મી, આ

વારસા તરીકે આયા ને ? બાવીસ લાખ તો ઉસકો સરકારકો ભરના પડા. એકીલા ઉસકા પિતાજીકી લક્ષ્મીમેંસે, અપનેમેં સે તો છ છ લડકા હૈ ઉસકી પાસ લક્ષ્મી ભિન્ન ભિન્ન. ઐસા સૂના હૈ આ બેઠા હૈ બડા હૈ. ઉસકા બડા ભાઈ હૈ, સબમેં હસમુખ ! તમારી પાસ બૈઠા હૈ તે. કર્તા હર્તા હૈ ઇસ છ મેં, પાંચ ભાઈઓ માનતે હૈ ઉસકો, બડા જો હૈ, વડીલ તરીકે. ઉસમેં કયા આયા ધૂળમેં ? આહાહા !

આહીંયા તો પરમાત્મા કહેતે હૈ એક વાર સૂન તો સહી પ્રભુ, એ નય નિક્ષેપ પ્રમાણ અને નવતત્ત્વકા ભેદ, આહાહાહા... પહેલે જ્ઞાન કરનેમેં જ્ઞાન આતા હૈ, પણ તેરે અનુભવ કરનેમેં વો જ્ઞાન કામ નહીં કરતે. આહાહાહા ! કયા કહા ? નવતત્ત્વકા જ્ઞાન, નય નિક્ષેપકા જ્ઞાન, પ્રમાણકા જ્ઞાન, અંતર્દૃષ્ટિમાં અનુભવ કરને પર વો કામ બિલકુલ નહીં કરતે. આહાહાહાહા ! ઐસા ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એ તરફમેં ઝૂકનેસે જો આનંદકા અનુભવ આતા હૈ ઉસમેં આ ભેદકી અપેક્ષા હૈ નહીં. વો અપેક્ષાએ ભેદકો જૂઠા કહે દિયા. આહાહા ! એક વાત.

અપના જો દ્રવ્ય હૈ ને વસ્તુ, અપની ચીજ હૈ ને દ્રવ્ય, એ અપેક્ષાસે દૂસરા દ્રવ્યકો અદ્રવ્ય કહેતે હૈ. સમજમેં આયા ? કયા કહા યે ? ( શ્રોતાઃ– બિલકુલ સમજમેં નહીં આયા. ) નહીં સમજમેં આયા તો સ્પષ્ટીકરણ કરતે હૈ. ભગવાનકે શાસ્ત્રમેં ઐસા લિયા હૈ ચૌભંગી, કે અપના દ્રવ્ય જો વસ્તુ હૈ એ અપના દ્રવ્ય અપનેસે દ્રવ્ય હૈ. પણ અપના દ્રવ્યકી અપેક્ષાસે ભગવાનકા દ્રવ્ય ને બીજા દૂસરા દ્રવ્ય હૈ, એ અદ્રવ્ય હૈ. આ દ્રવ્યકી અપેક્ષાસે દૂસરા દ્રવ્ય અદ્રવ્ય હૈ. ઉસકી અપેક્ષાસે દ્રવ્ય હૈ. જૂગલજી ! આહાહાહા ! અપના અસંખ્ય પ્રદેશી ક્ષેત્રસે, સ્વક્ષેત્રપણે આત્મા હૈ એ અપેક્ષાસે દૂસરા જો ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી જીવકા હૈ એ અક્ષેત્ર હૈ. ઔર અપના જો ત્રિકાળી આત્મા હૈ ઔર વર્તમાન પર્યાય હૈ એ અપેક્ષા સ્વકાળમાં અપના અસ્તિ હૈ. અને અપના સ્વકાળકી અપેક્ષાસે પરદ્રવ્યકી પર્યાયકા કાળ હૈ, એ અકાળ હૈ. આહાહા ! આવું ક્યાં માણસને અને અપના ભાવ ત્રિકાળી અનંત જ્ઞાન દર્શન આદિ ભાવસે અપના ભાવ હૈ, અપના ભાવકી અપેક્ષાસે સબ દૂસરા દ્રવ્યકા જો ભાવ હૈ એ અભાવ હૈ. સમજમેં આયા ? ઐસે યહાં નવતત્ત્વકી પર્યાય ભેદ, નિક્ષેપ નય પ્રમાણકા ભેદ, અપના ત્રિકાળી દ્રવ્યકી અપેક્ષાએ જૂઠા હૈ. પર તો અદ્રવ્ય ને અક્ષેત્ર, કાળ ભાવ હૈ. ભાઈ ! પ્રભુનો મારગ બહુ સૂક્ષ્મ છે. આહાહા ! સપ્તભંગી ચલતી હૈ ને, તો અપના દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવસે અપના અસ્તિ હૈ, ને અપને દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવકી અપેક્ષાસે પર વસ્તુકી નાસ્તિ હૈ. અદ્રવ્ય, અક્ષેત્ર, અકાળ, અભાવ હૈ. આહાહા !

ઐસે યહાં પર્યાયમેં નવતત્ત્વકા ભેદ, નય–નિક્ષેપકા ભેદ, પ્રમાણકા ભેદ એ હૈ, ઉસકી અપેક્ષાસે જેમ અપની અપેક્ષાસે દૂસરા અદ્રવ્ય હૈ, ઔર ઉસકી અપેક્ષાસે દ્રવ્ય હૈ. એમ પર્યાયમેં આ ચાર બોલ આયા હૈ યહાં, તો ઉસકી અપેક્ષાસે યે હૈ, પણ અંતર અનુભવ કરનેસે સ્વદ્રવ્યકા અનુભવ કરનેસે યે નહીં હૈ. આહાહાહા ! આવી વાતું હવે.

( શ્રોતાઃ– ઇસમેં ધર્મ કહાં હો ગયા ? ) આ ધર્મ હુવા. અંતર આનંદકા નાથકા અનુભવ કરને પર જો આનંદ વેદન આયા ઔર જ્ઞાન સમ્યક્ હુવા ઔર વીર્યે જે અપની અનંત શક્તિકી પર્યાયકી રચના કિયા વો ધર્મ હૈ. આહાહા ! આવી વાતું. લોકો પછી કહે ને સોનગઢવાળા નિશ્ચય હૈ. એકાંતી હૈ. કહો ભાઈ ! તમને રુચે એમ કહો.

( શ્રોતાઃ- સબ લોગ રાજી રહે ઐસા કહેના ચાહીએ. ) સબ લોગ રાજી રહે કે આત્મા રાજી રહે ? ( શ્રોતાઃ- દુનિયામાં કોઇ વસ્તુ એવી નથી કે બધા રાજી રહે. ) ઉસમેં લિખા હૈ મોક્ષમાર્ગ પ્રકાશકમેં કિ કોઇ ઐસી ચીજ નહીં કિ સબકો પસંદ હો. સત્ બાત કહેને પર વો અસત્‌વાળાકો તો દુઃખ હોગા, તો ઉસમેં કયા હૈ, આહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશકમેં તો બહોત સ્પષ્ટ કિયા હૈ. ટોડરમલ હૈ.

એ તમારી ઉપર આક્ષેપ હૈ. ખબર હૈ ? કે તમે ટોડરમલનું બધું માનો છો. તમે એના માટે ચલાયા તો મેં કહું એ માનતે નહીં તુમ ? આયા હૈ છાપામેં. આયા હૈ ? હૈ ? ઐસા આયા હૈ એમ કે ટોડરમલ સ્મારકમાં ટોડરમલને પ્રમાણે હમ માનતે હૈ હમ ઐસે કહેતે હૈ હુકમચંદજી, હમારી સાથ ચર્ચા કરે. એ પ્રમાણે માનતે નહીં, ઐસા આયા હૈ. ઇસમેં આયા હૈ. આહાહા ! ખબર હૈ ને, હમ તો મોક્ષમાર્ગ પ્રકાશક તો ૮૨ કી સાલસે વાંચતે થે બીંયાસી, ૫૨ વર્ષ હુઆ, સમયસાર ૭૮ સે. ૫૬ -વર્ષ હુવા. એકેક અક્ષર ને એકેક શબ્દકો ભિન્ન ભિન્ન કરકે ન્યાય કયા હૈ ઉસકા શોધ કર લિયા હૈ. આહાહા ! એમાં લખાણ આયા થા એ તમારા ઉપર, કે તુમ સ્મારક, ટોડરમલ સ્મારક કરકે ટોડરમલકો માનતે હૈ તો ટોડરમલને લિખા હૈ એ પ્રમાણે તુમ માનતે નહીં, તુમ્હારી શ્રદ્ધા ફેર હૈ. એય, ક્યાં ગયા રતનચંદજી ? તમારા ભાઈ ઉપર ઐસા આક્ષેપ આયા હૈ. નો સમજે, નો બેસે એને તો કયા કામકા ? આહાહા !

ટોડરમલે તો કહા હૈ યથાર્થ પણ સમજે ઉસકો ને ? પણ કોઇ વખતે ઐસા લિખા ઉસમેં કે ભાઈ જો યહાં રાગકી મંદતા કરતે કરતે કરે અને ભવિષ્યમાં કોઇ નિમિત્ત ઐસા મિલ જાય તો કદાચ પામે ઐસા ભી લિખા હૈ. પણ વો તો વ્યવહારકા કથન હૈ. ખબર હૈ. સમજમેં આયા ? આહાહા ! એમ કે એ લોકોએ આ ભૂલ નિકાલી હૈ. તો હમકો સારા મોક્ષમાર્ગકી ખબર હૈ. આહાહા !

અરે પ્રભુ આંહી તો જ્યાં નય નિક્ષેપ ને પ્રમાણ ને નવતત્ત્વકે ભેદકો ભી સ્વભાવકે અંતર અનુભવ કરને પર જૂઠા કહેતે હૈ, તો તમારે કઇ બાતકો સચ્ચા સ્થાપના હૈ ! દયા, દાન, વ્રત ને રાગ વો તો જૂઠા હૈ, સ્વભાવકે અનુભવની અપેક્ષાએ. અને નહીંતર એ જૂઠા હૈ અંતર આનંદકા પ્રાપ્ત કરાને માટે જૂઠી ચીજ હૈ. જેમ આ ભેદ, નવતત્ત્વ, નય, નિક્ષેપકા પર્યાય અનુભવ કરનેવાલેકો જૂઠા હૈ, એ ઉપરાંત વ્યવહાર રત્નત્રય હૈ એ નિશ્ચય પામવા માટે જૂઠા હૈ. આહાહાહા ! બાબુભાઈ ! આવી વાત છે ભાઈ. આ માનો કે ગમે તે માનો વસ્તુ તો આ હૈ. સમજમેં આયા ?

એ આંહી કહેતે હૈ. એક જીવ હી પ્રકાશમાન હૈ. આહાહા ! હૈ ? નવતત્ત્વમેં પ્રમાણકા ભેદમેં, નયકા ભેદમેં ઔર નિક્ષેપકા ભેદમેં એકરૂપ ચૈતન્ય પ્રકાશમાન નહીં હોતા, વો તો અનેકરૂપે ભિન્ન ભિન્ન ભાસતે હૈ, પણ ભગવાન આત્મા એકરૂપ ચૈતન્યપ્રકાશકા પૂંજ પ્રભુ હૈ, વો તરફકા અનુભવ કરને પર વો પર્યાયમેં થા ઐસા કહા થા પણ અનુભવ કરને પર એ જૂઠા હૈ. વિશેષ કહેગા. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ).

卐

## પ્રવચન નં. ૬૫ શ્લોક - ૮ની ટીકા તથા શ્લોક નં. ૯

### તા. ૨૨-૮-૭૮ મંગળવાર, શ્રાવણ વદ-૪ સં. ૨૫૦૪

સમયસાર, ૧૩ મી ગાથામાં નિક્ષેપ, પ્રમાણ આ ગયા ને ઉસકા ભાવાર્થ હૈ, સૂક્ષ્મ હૈ પણ વો આ ગયા હૈ. ઇન પ્રમાણ નય નિક્ષેપોકા વિસ્તારસે કથન તદ્ વિષયક ગ્રંથોમેં જાનના ચાહીએ. ઉનસે દ્રવ્ય પર્યાય સ્વરૂપ વસ્તુકી સિદ્ધિ હોતી હૈ. કયા કહેતે હૈ ? પ્રમાણસે દ્રવ્ય હૈ ત્રિકાળી ઔર પર્યાયકી સિદ્ધિ હોતી હૈ. પ્રમાણ પરોક્ષ હો કે પ્રત્યક્ષ હો, પણ વો દ્રવ્ય અને પર્યાય દોકી પ્રમાણસે સિદ્ધિ હોતી હૈ. હૈ ? ઔર, ઉનકે બિના વસ્તુકે નયસે એક ત્રિકાળીકો વિષય કરનેવાલા નય, એક ભાગ, પર્યાયકો વિષય કરનેવાલા એક ભાગ વ્યવહાર, દો નયસે વસ્તુકો એક અંગકી યથાર્થ સિદ્ધિ હોતી હૈ ઔર નિક્ષેપોમેં જ્ઞેયકા ભેદ હૈ નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ ભેદકા જ્ઞાન નિક્ષેપસે યથાર્થ હોતા હૈ પણ વો સબ નિક્ષેપ નય પ્રમાણ વિકલ્પાત્મક યહાં લિયા હૈ. વિકલ્પ જો રાગ હૈ ઉસસે વો પ્રમાણકા જ્ઞાન, રાગ મિશ્રિત વિચારમેં નયકા જ્ઞાન, ઔર રાગ મિશ્રિત વિચારસે નિક્ષેપકા જ્ઞાન, તો યે સમયમેં એ હૈ, ભૂતાર્થ હૈ. ભૂતાર્થનો અર્થ ? એ જ્ઞાન સાધવા માટે જો ચીજ આતી હૈ યે હૈ ઇતના, પણ વો અપના અનુભવ કરને પર, આહાહા... અપના ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ ઉસકા અનુભવ કરને પર એ નય, નિક્ષેપ, પ્રમાણ સબ જૂઠા હૈ. સમજમેં આયા ? જૈસે કલ કહા થા ને જૈસે અપને દ્રવ્યકી અપેક્ષાસે દૂસરા દ્રવ્ય, અદ્રવ્ય હૈ. આહાહાહા ! આ દ્રવ્ય જો વસ્તુ હૈ ભગવાન આત્મા અપના નિજ ચિદ્‌ઘન, એ સ્વદ્રવ્યકી અપેક્ષાસે, પરદ્રવ્ય અદ્રવ્ય હૈ. ઉસકી અપેક્ષાસે દ્રવ્ય હૈ, પણ આ દ્રવ્યકી અપેક્ષાસે અદ્રવ્ય હૈ. આહાહાહા !

ઐસે અપના જ્ઞાયકકી અનુભૂતિકી અપેક્ષાસે, નય નિક્ષેપ પ્રમાણકા જ્ઞાન જૂઠા હૈ. આહાહાહા ! સમજમેં આયા ? ઔર નય નિક્ષેપ જ્ઞાનકા પ્રમાણકી દૃષ્ટિસે દેખો તો યે હૈ. હૈં ? જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ પરકો, પરકો દેખો તો અદ્રવ્ય હૈ. પણ પરકી દ્રવ્યકી અપેક્ષાએ દેખો તો યે દ્રવ્ય હૈ. આહાહાહા ! સમજમેં આયા ? ઐસે ભગવાન આત્મા નય, નિક્ષેપ, પ્રમાણસે ભલે વિકલ્પાત્મક જ્ઞાન કરે, સાધક અવસ્થામેં પહેલે હોતા હૈ, તો વો અપેક્ષાસે હૈ. જેમ પરદ્રવ્ય પરદ્રવ્યકી અપેક્ષાસે હૈ, એમ નય નિક્ષેપ પ્રમાણકા વિકલ્પસે જ્ઞાન કરને પર એ રૂપે હૈ, પણ અનુભવ આત્માકા કરને પર, સ્વદ્રવ્યકા અનુભવ કરને પર, જેમ સ્વદ્રવ્યકી અપેક્ષાએ દૂસરા અદ્રવ્ય હૈ, ઐસૈ દ્રવ્યકા અનુભવ કરને પર પ્રમાણ, નિક્ષેપકા જ્ઞાન અસત્યાર્થ અભૂતાર્થ હૈ. આહાહાહા... આવી વાત હવે. હૈ ?

કયોંકિ જ્ઞાનકે વિશેષ હૈ ઉનકે બિના વસ્તુકો ચાહે જૈસા સાધા જાયે તો વિપર્યય હો જાતા હૈ. પ્રમાણસે, નિક્ષેપસે, નયસે યથાર્થ સાધના એ બિના આ વસ્તુકા સ્વરૂપ યથાર્થ સિદ્ધ નહીં હોતા. વસ્તુકો જાનકર જ્ઞાન શ્રદ્ધાનકી સિદ્ધિ કરના પ્રથમ અવસ્થામેં. જ્ઞાન શ્રદ્ધાનકે સિદ્ધ હોને પર અંતરમેં સમ્યગ્દર્શન ને જ્ઞાન હુઆ, પીછે પ્રમાણ આદિકી કોઈ આવશ્યકતા નહીં. કોઈ અંતર સમ્યગ્દર્શનકે માટે પીછે પ્રમાણ આદિ નય નિક્ષેપ આદિકી જરૂર નહીં. આહાહા ! પહેલે નિર્ણય

કરના, નય હૈ એક અંશકો પ્રગટ જાનતે હૈ. ચાહે તો નિશ્ચયનય હો તો ભી એક અંશકો જાનતે હૈ. એક અંશકો અર્થાત્ દ્રવ્ય જો સામાન્ય હૈ એ એક અંશ હૈ અને પર્યાય એ ભી એક અંશ હૈ.

તો નયકા વિષય એક અંશ હૈ. પ્રમાણકા વિષય દો હી હૈ નિક્ષેપકા વિષય જ્ઞેયકા ભેદ હૈ. એ પ્રથમ શ્રદ્ધા કરને પહેલે ઐસા વસ્તુકો સર્વજ્ઞે કહા, અન્યે કહા ઉસસે વિપરીત કયા હૈ. અન્યે કહા ઉસસે દૂસરી ચીજ ભગવાને કહી કયા હૈ ઉસસે પ્રમાણ નિક્ષેપકા જ્ઞાન આતા હૈ. પણ અનુભવ કરને પર એ શ્રદ્ધાન ને અનુભવકી અપેક્ષાસે એ પ્રમાણ, નય, નિક્ષેપ જૂઠા હૈ. આહા ! આવી વાત છે. હૈ ?

પીછે શ્રદ્ધાનકી અપેક્ષા એ વસ્તુત્ત્વ નહીં, “કિન્તુ જબ દૂસરી અવસ્થામેં” પ્રમાણ આદિકે અવલંબનસે વિશેષ જ્ઞાન હોતા હૈ ઔર રાગ દ્વેષ મોહ કર્મકા સર્વથા અભાવરૂપ યથાખ્યાત ચારિત્ર પ્રગટ હોતા હૈ, તબ વો પ્રમાણ નયકી ચારિત્રની અપેક્ષાએ જો સિદ્ધિ થી ઉસકી જરૂર નહીં. સમજમેં આયા ?

ઔર કેવળજ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ. કેવળજ્ઞાન હોનેકે પશ્ચાત્ પ્રમાણ આદિકા અવલંબન નહીં રહેતા. પૂર્ણ જ્ઞાન હુએ પીછે પ્રમાણ નય નિક્ષેપકા વિકલ્પાત્મક જ્ઞાન ત્યાં હૈ નહીં. આહાહા ! સમજનેકી ચીજ હૈ શેઠ. ઐસે નહીં મિલે ઐસી ચીજ હૈ. બહારસે નહીં મિલે, એ ચીજ અંદરસે મિલતી હૈ. આહાહા... ( શ્રોતાઃ- આપ સમજાઓ ત્યારે મળે છે ને ? ) ઇ સમજે તબ મિલેગા, સમજાવે શું થાય ? હમારા બધા પંડિતો છે ને એની સામે, હમારે આ ભી કૃષિ પંડિત હૈ ને. આહાહા... ભગવાન સૂનો તો ખરા, કહેતે હૈ. આહાહા... અંતર ચીજ જો અનંતગુણકા ચૈતન્ય રત્નાકર પ્રભુ, અનંત રત્નાકર, ( અભેદાત્મા ) પહેલે કહા થા એક વાર. સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્ય જોજન લંબા હૈ. સબ દ્વિપ અને સમુદ્ર આ બાજુ હૈ ઉસસે એ સ્વયંભૂ સમુદ્ર તીન જોજન લંબા વિશેષ હૈ. કયા કહા ? અસંખ્ય દ્વિપ સમુદ્ર આ બાજુ હૈ, ઉસકી લંબાઇ ગણો પીછે સ્વયંભૂકી લંબાઇ. ઇસસે ભી તીન જોજન અધિક હૈ. રતન ભર્યા હૈ નીચે એકીલા, વેળુ ને રેતી નહીં. સ્વયંભૂ ! ઐસે ભગવાન સ્વયંભૂ આત્મા ! આહાહા ! હૈ ! આહાહાહા ! ઉસમેં તો જ્ઞાન દર્શન આદિ અનંત અનંત અનંત અનંત અનંત જેની મર્યાદા હદ નહીં. આહાહાહા ! કયા હૈ ? એ વસ્તુમેં ઇતના ધર્મ- ગુણ હૈ, કે ગુણકી સંખ્યા અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત જિતના લે જાવ તો ભી ઉસકા અંત નહીં આતા, ઇતની સંખ્યા હૈ, એ સબ ચૈતન્ય રત્નાકરસે ભરા ભગવાન ( આત્મા ) હૈ. આહાહા ! ઉસકા અંતરમેં અનુભવ કરને પર સમ્યગ્દર્શન હોતા હૈ. પ્રથમ ધર્મકી દશા એ કોઇ ક્રિયાકાંડસે ને નિમિત્તસે ને પરસે કોઇ હોતા હૈ ઐસા હૈ નહીં. આહા ! એ કહેતે હૈ. કેવળજ્ઞાન હુએ પીછે કોઇ જરૂર નહીં, તીસરી સાક્ષાત્ સિદ્ધ અવસ્થા વહાં ભી કોઇ આલંબનકી જરૂર નહીં. ઇસ પ્રકાર સિદ્ધ અવસ્થામેં પ્રમાણ નય ને નિક્ષેપકા અભાવ હૈ. હવે શ્લોક ૯ મો.

## શ્લોક - ૯

( मालिनी )

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं
कचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।
किमपरमभिदध्मो धाम्नि सर्वङ्कषेऽस्मि
न्ननुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।

એ અર્થનો કલશરૂપ શ્લોક કહે છેઃ-

શ્લોકાર્થઃ- આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરી કહે છે કે- [ अस्मिन् सर्वङ्कषे धाम्नि अनुभवम् उपयाते ] આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત ચૈતન્ય-ચમત્કારમાત્ર તેજઃપૂંજ આત્મા, તેનો અનુભવ થતાં [ नयश्रीः न उदयति ] નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, [ प्रमाणं अस्तम् एति ] પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે [ अपि च ] અને [ निक्षेपचक्रम् क्वचित् याति, न विद्मः ] નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે તે અમે જાણતા નથી. [ किम् अपरम् अभिदध्मः ] આથી અધિક શું કહીએ ? [ द्वैतम् एव न भाति ] દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી.

ભાવાર્થઃ- ભેદને અત્યંત ગૌણ કરીને કહ્યું છે કે-પ્રમાણ, નયાદિ ભેદની તો વાત જ શી ? શુદ્ધ અનુભવ થતાં દ્વૈત જ ભાસતું નથી, એકાકાર ચિન્માત્ર જ દેખાય છે.

અહીં વિજ્ઞાનાદ્વૈતવાદી તથા વેદાંતી કહે છે કે-છેવટ પરમાર્થરૂપ તો અદ્વૈતનો જ અનુભવ થયો. એ જ અમારો મત છે; તમે વિશેષ શું કહ્યું ? એનો ઉત્તરઃ-તમારા મતમાં સર્વથા અદ્વૈત માનવામાં આવે છે. જો સર્વથા અદ્વૈત માનવામાં આવે તો બાહ્ય વસ્તુનો અભાવ જ થઈ જાય, અને એવો અભાવ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે. અમારા મતમાં નયવિવક્ષા છે તે બાહ્ય વસ્તુનો લોપ કરતી નથી. જ્યારે શુદ્ધ અનુભવથી વિકલ્પ મટી જાય છે ત્યારે આત્મા પરમાનંદને પામે છે તેથી અનુભવ કરાવવા માટે "શુદ્ધ અનુભવમાં દ્વૈત ભાસતું નથી" એમ કહ્યું છે. જો બાહ્ય વસ્તુનો લોપ કરવામાં આવે તો આત્માનો પણ લોપ થઈ જાય અને શૂન્યવાદનો પ્રસંગ આવે. માટે તમે કહો છો તે પ્રમાણે વસ્તુ સ્વરૂપની સિદ્ધિ થઈ શકતી નથી, અને વસ્તુસ્વરૂપની યથાર્થ શ્રદ્ધા વિના જે શુદ્ધ અનુભવ કરવામાં આવે તે પણ મિથ્યારૂપ છે; શુન્યનો પ્રસંગ હોવાથી તમારો અનુભવ પણ આકાશના ફૂલનો અનુભવ છે. ૯.

---

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं कचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।
किमपरमभिदध्मो धाम्नि सर्वङ्कषेऽस्मि न्ननुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।

આહાહા ! આચાર્યશ્રી શુદ્ધનયકા અનુભવ કરકે કહેતે હૈ, કયા ? શુદ્ધનય જો જ્ઞાનકા એક નિશ્ચય સત્ય અંશ હૈ, ઉસકા વિષય જો દ્રવ્ય ત્રિકાળ હૈ ઉસકા અનુભવ કરને પર, આહાહા...

અનુભવ કરકે કહેતે હૈ કે "અસ્મિન સર્વંકષેડસ્મિ ધામ્નિ અનુભવમ્ ઉપયાતે". ઈન સમસ્ત ભેદોંકો પ્રમાણ ને નય ને નિક્ષેપકા ભેદોંકો ગૌણ કરનેવાલા, લક્ષમેં નહીં લેનેવાલા, આહાહા... ગૌણ કરનેકા અર્થ એ કે લક્ષમેં નહીં લેનેવાલા, શુદ્ધનયકા વિષયભૂત જે શુદ્ધ સમ્યગ્જ્ઞાન નિર્મળ નિશ્ચય ઉસકા વિષયભૂત ભગવાન પૂર્ણાનંદ, આહાહાહાહા... ચૈતન્ય ચમત્કાર માત્ર, ચૈતન્ય ચમત્કાર વસ્તુ ( નિજાત્મા ) હૈ. આહાહાહા ! જિસમેં અનંતગુણકી સંખ્યાકી હદ નહીં, ઔર જિસમેંસે કેવળજ્ઞાન આદિ ઉત્પન્ન હો તો ભી ચૈતન્ય ચમત્કારકી જિતની શક્તિ હૈ એ પૂર્ણરૂપ રહેતી હૈ. આહાહા ! કેવળજ્ઞાન આદિ ઉત્પન્ન હો તો ભી યે જ્ઞાન ગુણ ચૈતન્ય ચમત્કારરૂપે પૂર્ણ રહેતે હૈ. આહાહા ! સમજમેં આયા ? ઐસે અનંત ગુણકી ચૈતન્ય ચમત્કારીક વસ્તુ તેજઃપૂંજ આત્મા હૈ. ચૈતન્યના તેજનો પૂંજ પ્રભુ, અનંત અનંત અનંત અનંત અનંત ઐસા બેહદ્ અપરિમિત શક્તિકા સાગર પ્રભુ તેજઃપૂંજ પ્રભુ હૈ. આહાહાહા !

ઉસકા અનુભવ હોને પર એ વસ્તુ તરફકા દૃષ્ટિ કરકે, વસ્તુ તરફકા સન્મુખ હોકર, નિમિત્ત રાગ ને પર્યાયસે વિમુખ હોકર, આહા... "નયશ્રીઃ ન ઉદયતિ". નયોંકી લક્ષ્મી ઉદિત નહીં હોતી. આહા ! અપના ચૈતન્ય ચમત્કારીક ચીજ જો હૈ ઉસકા સન્મુખ હોકર અનુભવ કરને પર નયકી લક્ષ્મી નામ નયકા ભેદો ઉત્પન્ન નહીં હોતા. ન ઉદયતિ નયશ્રીઃ, નય ઉદય નહીં હોતા. આહાહા ! બહુ સૂક્ષ્મ વાત હૈ. હૈ ? નયોકી લક્ષ્મી એટલે નયોકા પ્રકાર કોઇ નિશ્ચય ને વ્યવહાર ને સદ્ભૂત ને અસદ્ભૂત ને એ સબ કોઇ નયોંકી લક્ષ્મી ઉદય નહીં હોતી ત્યાં, ત્યાં તો સ્વરૂપ ચૈતન્યમૂર્તિ તરફકા અનુભવ હૈ. ચૈતન્યકા અતીન્દ્રિય આનંદકા વેદન હૈ. સમ્યગ્દર્શનકે કાળમેં જો ત્રિકાળી ચૈતન્ય ભગવાનકા અવલંબન લેકર જો પર્યાયમેં અતીન્દ્રિય આનંદ આદિ શક્તિયોંકા વ્યક્તકી દશા હુઇ, અનંત ગુણકી વ્યક્ત દશા અંશે હુઇ એ અનુભવમેં આહાહાહા... નયોકી ઉત્પત્તિ હોતી નહીં. અહીંયા વિકલ્પાત્મક નય લિયા હૈ, આહાહા ! પ્રમાણ અસ્ત હો જાતા હૈ. આહાહાહા ! આ વિકલ્પાત્મક પ્રમાણની બાત હૈ. હોં ?

અંતર આત્મા પૂર્ણાનંદકા નાથ પ્રભુ ચૈતન્યચમત્કાર જિસને અપની દૃષ્ટિમેં લિયા, લેકર ઉસકા અનુભવ સ્વરૂપ જૈસા હૈ ઉસે અનુકૂળ, અનુકરણ કરકે જો ભવન પર્યાયમેં હુઆ, આહા... "અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ, અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ" એ આત્માનો અનુભવ પૂર્ણાનંદ પ્રભુ અંતર્મુખની દૃષ્ટિ કરકે જ્યાં અનુભવ હોતા હૈ, ત્યાં નય ઉત્પન્ન હોતી નહીં. પ્રમાણ તો અસ્ત હો જાતા હૈ. પ્રમાણ આથમી જાતા હૈ. આહાહા ! વિકલ્પાત્મક પ્રમાણની બાત હૈ પ્રભુ.

"નિશ્ચય નયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની" એ શબ્દ આયા હૈ શાસ્ત્રમેં, એ વિકલ્પ રહિત ( નિર્વિકલ્પ ) નયકી બાત હૈ. અને અહીંયા જે ચલતા હૈ એ વિકલ્પાત્મક નય પ્રમાણ નિક્ષેપકી બાત ચલતી હૈ. આહા ! બીજે તો ઐસા લિયા હૈ નિશ્ચયનયાશ્રિત મુનિવરો અથવા ઐસા ભી કહા, "વિદ્વાન લોકો અંતર નિશ્ચયનયકા આશ્રયકો છોડકર વ્યવહારમેં વર્તન કરતે હૈ પણ ઉસકો મુક્તિ નહીં હોતી". આતે હૈ ને ? હા, એ વિદ્વતજનો ભૂતાર્થ ત્યજકર, ત્રિકાળી આનંદકા નાથના અનુભવને છોડકર વ્યવહારમાં વર્તન કરતે હૈ, પણ ઉસકો મુક્તિ નહીં હોતી. નિશ્ચયનયાશ્રિત જો આત્મા અનુભવમેં આયે તો ઉસકો મુક્તિ હોતી હૈ. ( શ્રોતાઃ- અનાદિથી

આવું જ છે ? ) વસ્તુકા સ્વરૂપ અનાદિસે ઐસા હૈ. આહાહા ! તીર્થંકરના સમવસરણમાં જાવ તો પણ આ ચીજ હૈ, સંતોની સભામાં જાવ તો ભી આ ચીજ હૈ, સાચા સંતના હોં. બાકી તો વાતો બહારથી કરે કે દયા પાળો ને વ્રત કરો ને એથી થશે કલ્યાણ એ તો મિથ્યા શ્રદ્ધા, મિથ્યા પ્રરૂપણા હૈ. આહાહા !

અહીંયા તો કહેતે હૈ, પહેલી વસ્તુકો સિદ્ધિ કરને ( કે લિએ ) માટે દ્રવ્ય ને પર્યાય સ્વરૂપ વસ્તુ હૈ. નિશ્ચયનયકા વિષય દ્રવ્ય જો સામાન્ય, પ્રમાણકા વિષય જો દ્રવ્ય ને પર્યાય દો હોકર દ્રવ્ય, સમજમેં આયા ? ઐસે પ્રમાણ ને નય નિક્ષેપસે પ્રથમ તો વસ્તુકી સાબિતી, સિદ્ધિ, અસ્તિત્વ સિદ્ધ કરનેમેં જ્ઞાનકા વિશેષ એ આતા હૈ. પણ જબ અંતરમેં અનુભવ કરને પર, આહાહાહાહા... સમ્યગ્દર્શનકે કાળમેં જો અનુભૂતિ સાથમેં હોતી હૈ, એ અનુભૂતિકે કાળમેં એ નય ઉદય પ્રગટ હોતા નહીં. અનુભવ પ્રગટ હુઆ ત્યાં નય પ્રગટ હોતા હી નહીં વિકલ્પ. આહાહા !

ભગવાન જ્યાં આત્મા અપના અનુભવમેં આયા, સમ્યગ્દર્શન જ્ઞાનકે પ્રગટકે કાળમેં, તબ ત્યાં પ્રમાણ અસ્ત હો જાતા હૈ, દો બાત કિયા. નય ઉત્પન્ન નહીં હોતા, પ્રમાણ અસ્ત હો જાતા હૈ. આહાહાહા... ઔર નિક્ષેપચક્ર, આહાહા... “નિક્ષેપચક્ર કવચિતયાતિ ન વિદ્મ.” નિક્ષેપોકા સમૂહ કહાં ચલા જાતા હૈ હમ નહીં જાનતે. “નિક્ષેપચક્ર કવચિતયાતિ ન વિદ્મઃ” નિક્ષેપકા ભેદ કહાં ચલા જાતા હૈ હમ જાનતે નહીં. એમ કહેતે હૈ. ( શ્રોતા :– આચાર્ય ભગવાન નહીં જાનતે ? ) અનુભવમેં હૈ નહીં. અંતર આત્માકા અનુભવ જે સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહા... ઔર સમ્યક્‌ભાવશ્રુતજ્ઞાન હોતા હૈ એ કાળમેં આ સ્વતરફકી સન્મુખતાકા વેદન હૈ. આહાહા ! ત્યાં નિક્ષેપકા ચક્ર કહાં ચલા જાતા હૈ કહેતે હૈ. એનો અર્થ એ કે નિક્ષેપકા ચક્ર ત્યાં હોતા નહીં. અમે જાણતા નથી એટલે અમે અનુભવમાં ( અભેદ ) જાણીએ છીએ. એમાં આ નિક્ષેપના ભેદ કહાં આયા ? યું. આહાહા ! મારગ આવો છે ભાઈ આ. “નિક્ષેપ ચક્રં કવચિત્ યાતિ ન વિદ્મઃ” કહાં ચલા જાતા હૈ હમ નહીં જાનતે. આહાહાહા... “કિં અપરમ અભિદધ્મઃ” ઇસસે અધિક કયા કહે ? આચાર્ય મહારાજ કહેતે હૈ કિ હવે વિશેષ કયા કહે તુમકો. આહાહા !

અંતર ભગવાન આત્મા ચૈતન્ય–ચમત્કારસે ભરા પ્રભુ ઉસકા સ્વસન્મુખ હોકર અનુભવ કરને પર નય નિક્ષેપ ને પ્રમાણ ઉત્પન્ન નહીં હોતા, નિક્ષેપચક્ર કહાં ચલા જાતા હૈ, ભાવ નિક્ષેપ જો હૈ. આહાહા... ભાવ નિક્ષેપ તો પર્યાય હૈ. સમજમેં આયા ? પણ પર્યાયકી દૃષ્ટિ ભી કહાં ચલી જાતી હૈ, એમ કહેતે હૈ. આહાહા ! કયા કહા ? નય નિક્ષેપ તો વિકલ્પસે નિશ્ચય આ હૈ ને વ્યવહાર આ હૈ. પ્રમાણ દોકા વિષય હૈ, પણ નિક્ષેપમેં જો ભાવ નિક્ષેપ હૈ યે તો પર્યાય અનુભૂતિ એ ભાવ નિક્ષેપ હૈ. પણ વો ભાવ નિક્ષેપ હૈ, ત્યાં દૃષ્ટિ પર્યાય ઉપર નહીં, એમ કહેતે હૈ. હમારી દૃષ્ટિ તો અનુભવ ( અભેદ ) પર હૈ, તો ભાવનિક્ષેપ ભી કહાં ચલા જાતા હૈ હમકો ખબર નહીં. આહાહાહા ! સમજમેં આયા ? આવી વાત છે.

અંતરમેં જબ સમ્યગ્દર્શનકે કાળમેં જબ અનુભૂતિ હોતી હૈ, જ્ઞાનકી પ્રધાનતાસે અનુભૂતિ કહેનેમેં આતા હૈ, શ્રદ્ધાનકી પ્રધાનતાસે દર્શન સમ્યક્ કહેનેમેં આતા હૈ. સ્વરૂપકી પ્રધાનતાસે સ્વરૂપ આચરણ કહેનેમેં આતા હૈ. ( તીનોં ) એક જ સમયમેં. કહો ! એક આ દ્રવ્ય સ્વભાવ

ભગવાન પૂર્ણ આહાહા... સાક્ષાત્ પરમેશ્વર પરમાત્મા, આહાહા ! ૩૮ ગાથામેં કહા હૈ, અપના પરમેશ્વરકો ભૂલ ગયે થે, ઐસા પાઠ હૈ ૩૮ ગાથામેં, જૈસા સુવર્ણ હાથમેં રખા હો, આ દાતણ કરતે હૈ ને તો ( સોનેકા દાંત ) નિકાલતે હૈ ભૂલ ગયા, ક્યાં હૈ ? ક્યાં હૈ ? ગોતતે હૈ, યહાં હી હૈ અંદર. ઐસે હાથમેં રખા થા પણ ભૂલ ગયે. એમ વસ્તુ ( આત્મા ) તો થા અંદરમેં આનંદનો નાથ પ્રભુ પણ મૈં રાગ ને પર્યાયકા પ્રેમમેં ઉસકો ભૂલ ગયા થા. ( શ્રોતાઃ- યાદ હતું કે તે ભૂલી જાય. ) ભૂલનો અર્થ ? ઉસકો ખ્યાલમેં લિયા નહીં ઉસકા અર્થ એ. ભૂલ ગયાનો અર્થ પહેલે યાદ થા ને પીછે ભૂલ ગયા ઐસા નહીં, અનાદિસે ભૂલ ગયા હૈ. વર્તમાન એક સમયકી પર્યાયકા પ્રેમમેં, "પર્યાય મૂંઢા પર સમયા" ઐસા કહા હૈ, પ્રવચનસાર જ્ઞેય અધિકાર ૯૩ મી ગાથા પહેલી. સમજમેં આયા ? તો રાગમેં મૂર્છિત હુઆ વો તો બહુ સ્થૂળ, પણ એક સમયકી પર્યાયમેં, મૈં ઇતના હું, એ ભી "પર્યાય મૂંઢા પર સમયા" મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા ?

તો યહાં તો કહેતે હૈ કે હમારા ભગવાન એ નય, નિક્ષેપ કે પ્રમાણકા વિકલ્પસે છુટકર, વસ્તુકા અનુભવ કરનેકે કાળમેં, યે કહાં ચલે જાતે હૈ પર્યાયકા ભેદ ભી હમારે લક્ષમેં આતે નહીં.

વેદાંત જૈસા આંહી અમારે ભાષા હૈ પણ વેદાંતમાં તો અનુભૂતિ હૈ, એ પર્યાય હૈ, એમ એ માનતે નહીં વેદાંત. ઐસે ચર્ચા હુઇ થી હમારે વેદાંતીકે સાથે બહોત, તો કહે આત્મા અનુભવ કરતે હૈ તો દો બાત કહાંસે આઇ ? એમ કે આત્મા ને અનુભૂતિ દો, દ્વૈત હો ગયા. દ્રવ્ય ને પર્યાય, દ્વૈત હો ગયા, હૈ નહીં. સમજમેં આયા ? પણ એ વસ્તુકી સ્થિતિ જ ઐસી હૈ. વસ્તુ જો ત્રિકાળી હૈ ઉસકી સન્મુખ હોકર અનુભૂતિ હૈ, એ પર્યાય હૈ, વો ગુણ દ્રવ્ય નહીં. આહાહા ! તો પર્યાયમેં દ્રવ્યકા અનુભવ હોનેસે પર્યાયકા લક્ષ ભી છૂટ જાતા હૈ, તો ભાવ નિક્ષેપ કહાં ચલા જાતા હૈ ? આહાહાહા ! આવું છે ભાઈ.

( શ્રોતાઃ- વેદાંતમાં પર્યાયની વાત નથી ? ) પર્યાય છે જ ક્યાં વેદાંતમાં, પર્યાય માને તો પર્યાય, તો દ્વૈત હો જાતા હૈ. વો તો કહાને દ્રવ્ય ને પર્યાય બે હોય ત્યાં, દ્વૈત હો જાતા હૈ. અહીંયા ચર્ચા હુઇ થી હમારે એક હૈ ને મોતીલાલજી થા, રેલના ઉપરી અમારે વ્યાખ્યાનમાં કાયમ આતે થે ત્યાં રાજકોટ. પીછે થઇ ગયા પરમહંસ. પીછે આયા હમારી પાસ ચર્ચા કરને. ચર્ચામેં જૂઠા હૈ એમ નહીં. અમારે ઉપર તો ઉસકો બહુ માન થા. તો ચર્ચા ખૂબ હુઇ, કીધું તમે એકાંત સર્વવ્યાપક માનો તો, મેં ઐસા કહેતા હું કે વેદાંત ઐસા કહેતે હૈ કે સર્વ દુઃખથી આત્યંતિક મુક્તિ હોની ચાહીએ. તો એ સર્વ દુઃખથી આત્યંતિક મુક્તિ તો પહેલે દુઃખ દશા થી પીછે મુક્ત હોતા હૈ, તો આનંદ દશા આઇ એ તો પર્યાય હુઇ. દ્રવ્ય તો કાયમ રહેતે હૈ. પર્યાય હુઇ એ તો દ્વૈત હો ગયા. કબૂલ કરતે હૈ. આયા થા પરમહંસ આયા થા. મોતીલાલજી કરીને પેલા દશા શ્રીમાળી ત્યાં હતાં રાજકોટમાં તો આતે થે, કાયમ ૯૫ મેં ૯૯ મેં પીછે હો ગયા સાધુ અન્યમતિકા, તેરી બાત ઐસી હૈ નહીં. પ્રભુ ! અનુભૂતિ હૈ યે પર્યાય હૈ. આત્માકા સાક્ષાત્કાર હોના એ પર્યાયમેં હોતા હૈ. દ્રવ્યમેં નહીં, દ્રવ્ય તો ધ્રુવ હૈ. સમજમેં આયા ? કાર્ય હોતા હૈ એ પર્યાયમેં કાર્ય હોતા હૈ વસ્તુ તો ત્રિકાળી કારણરૂપ ધ્રુવ પડી હૈ. પર્યાય એ કાર્ય હૈ ને વસ્તુ એ કારણ હૈ. દો વસ્તુ હો ગઇ. ઐસે ચલે નહીં કીધું.

ઐસા એ અહીંયા બાત કહેતે હૈ જુઓ. કે ઇસસે અધિક કયા કહે કે દ્વૈત હી પ્રતિભાસિત

નહીં હોતા. દેખો, હૈ ? આ દ્રવ્ય હૈ ને આ પર્યાય હૈ ઐસા દ્વૈત પણ પ્રતિભાસિત નહીં હોતા. એમ કહેતે હૈં ઉસકા અર્થ તો વે વેદાંત અદ્વૈત કહેતે હૈ એ અહીંયા નહીં લિયા. આહાહા ! એ જ કહેતે હૈ, એ કહેગા અર્થમેં કે 'દ્વૈત નહીં ભાસતે' ઉસકા અર્થ અદ્વૈત હૈ ઐસા ચીજ નહીં. મેં દ્રવ્યકા અનુભવ કરતાં હું ઐસા વિકલ્પ ભી જ્યાં નહીં, ઔર ત્યાં પર્યાય ઉપર લક્ષ ભી નહીં. કયોંકિ પર્યાય દ્રવ્ય સન્મુખ ઝૂક ગઇ હૈ. પર્યાય દ્રવ્ય તરફ ઝૂક ગઇ હૈ. તો પર્યાયકા લક્ષ હૈ નહીં. છતાં પર્યાયમેં કાર્ય હુઆ, એ પર્યાય હૈ. અરે આવી વાતું. સમજમેં આયા ?

એ જૈન પરમેશ્વર સર્વજ્ઞ સિવાય, અલાવા કોઇ ઐસી બાત ક્યાંય હૈ નહીં, સમજમેં આયા ? શ્વેતાંબર ને સ્થાનકવાસીમેં ભી ઐસી બાત યથાર્થ હૈ નહીં, બાત તો ઐસી હૈ. ઉસમેં ભી કેવળજ્ઞાનમેં એક સમયમાં જ્ઞાન ને દૂસરે સમયમેં દર્શન અરે આ તે પૂર્ણ હો ગયા પીછે વળી પહેલાં આ જ્ઞાન અને પીછે દર્શન ? સમજમેં આયા ? અહીંયા તો અનુભવમેં ક્રમ નહીં એમ કહેતે હૈ. અપના સ્વરૂપ તરફ ઝૂક ગયા. આહાહાહાહા... વિકલ્પકા લક્ષ છોડકર, પર્યાયકા લક્ષ છોડકર–નય, નિક્ષેપ ઔર પ્રમાણકા વર્તમાન વસ્તુકી સિદ્ધિ કિયા. જ્ઞાન વિશેષ જ્ઞાન, એ સમ્યગ્જ્ઞાનની વાત નહીં હૈ, સામાન્ય જ્ઞાનની વાત હૈ. એ જ્ઞાનકા અંગ જો હૈ એ પ્રકારે નય, નિક્ષેપ, પ્રમાણકા ઉસમેં જ્ઞાન આતા હૈ, પણ વો જ્ઞાન એ કાંઇ સમ્યક્ નહીં. આહાહા ! સમ્યક્જ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન તો જ્ઞાયક ત્રિકાળી ચૈતન્યકા કંદ પ્રભુ ચૈતન્યરસ સ્વભાવ મોજૂદગી એકીલા ચૈતન્યપ્રકાશકા પૂંજ પ્રભુ, જિસમેં આ દ્રવ્ય હૈ ને પર્યાય હૈ ઐસા ભી અનુભવમેં નહીં, છતાં દ્રવ્યકા અનુભવ હોતા હૈ, એ અનુભવ પર્યાય હૈ.

રાત્રિકો પ્રશ્ન હુઆ થા, ૧૮, ૧૯, ૨૦ અલિંગગ્રહણ. રાત્રે કોઇ પ્રશ્ન કિયા થા. ૧૮, ૧૯, ૨૦ – ૨૦ બોલ હૈ અલિંગગ્રહણમેં તો ૧૮ મા બોલમેં ઐસા આયા કે અર્થાવબોધરૂપ ગુણ વિશેષ ઉસકા આલિંગન નહીં કરનેવાલા દ્રવ્ય હૈ, ૨૦ બોલ હૈ એમાં ૧૮ મેં બોલકી બાત ચલતી હૈ. આ તો હમારા સદા સ્વાધ્યાયકા વિષય હૈ. સવાર, સાંજ, સારા સબ કંઠસ્થ હૈ સબ. સમજમેં આયા ? એ ૧૮ માં બોલમાં ઐસા કહા અલિંગગ્રહણ ૧૭૨ ગાથા, તો ઐસે કહા કે આત્મા ગુણી હૈ અને આ ગુણ હૈ. ઐસા ગુણગુણીકા ભેદકા વિશેષ જ્યાં આલિંગન કરતે નહીં, ભેદકો આલિંગન કરતે નહીં ઐસા દ્રવ્ય સ્વભાવ હૈ. આહાહાહા !

૧૯ ઔર અર્થાવબોધરૂપ પર્યાય વિશેષ ઉસકો આલિંગન નહીં કરનેવાલા ભગવાન આત્મા દ્રવ્ય સ્વરૂપ હૈ. આહાહા ! સમજમેં આયા ? દ્રવ્ય જો હૈ એ પર્યાયકો છૂતે નહીં, એમ કહેતે હૈ. આહાહાહા ! ને પીછે ૨૦ મા બોલમાં સૂક્ષ્મ લિયા. પ્રત્યભિજ્ઞાનકા–પ્રત્યભિજ્ઞાનકા કારણ ઐસા સામાન્ય દ્રવ્ય ઉસકો આલિંગન નહીં કરતે ઐસા આત્મા શુદ્ધ પર્યાયસ્વરૂપ હૈ. આરે આ ! કયા કહા એ ? ૨૦ માં બોલમેં, પ્રત્યભિજ્ઞાનકા કારણ ઐસા જો દ્રવ્ય ધ્રુવ ઉસકો નહીં સ્પર્શનેવાલા આત્મા, અપની શુદ્ધ પર્યાય સ્વરૂપ હૈ. જે અનુભવમેં આયા એ મૈં હું. ધ્રુવ અનુભવમેં આતા નહીં. સમજમેં આયા ? ૨૦ મા બોલ હૈ. દેખના હૈ ? હૈ યહાં ? આવ્યું નથી કાંઇ ? આ.... લે. ઓહોહો ! આંહી ક્યાં છે ? છે નહીં, પ્રવચનસાર હૈ નહીં આંહી ? ઐસે કયું કરતે હૈ ? એકેય ભી ન લાયા, પ્રવચનસાર દો હૈ, રખા હૈ, ૨૦ મા બોલ હૈ યે. પ્રત્યભિજ્ઞાનકા કારણ ઐસા જો દ્રવ્ય સામાન્ય ઉસકો આલિંગન નહીં કરતે આત્મા. આહાહા... શુદ્ધ પર્યાયસ્વરૂપ હૈ આત્મા ઐસા

કહા હૈ ત્યાં કયોંકિ જો પર્યાય વેદનમેં આયા એ મૈં હું. ઐસા ત્યાં લે લિયા હૈ. એ છે. પર્યાયદૃષ્ટિ નહીં, દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર હૈ પણ દ્રવ્યકી દૃષ્ટિ હોનેસે જો પર્યાયમેં વેદન અનુભવ આયા એ મૈં હું. ઐસા અનુભવમેં આઇ થી એ ચીજ મૈં હું. યહાં પુસ્તક નહીં ? એકેય લાગતું નથી., બે પુસ્તક હૈ. કોઇની પાસે નથી અહીંયા ? ઓલો લેવા જાય છે, સમજમેં આયા ? સૂક્ષ્મ બાત હૈ ભાઈ ! સર્વજ્ઞના પંથને સમજના એ બહુ સૂક્ષ્મ બાત હૈ.

યહાં તો કહા ૧૮, ૧૯ મેં ઐસા કહા કે ગુણી, ગુણકા ભેદકો સ્પર્શતે નહીં, ઐસા દ્રવ્ય સ્વભાવ હૈ. આહાહા ! પીછે કહા કે પર્યાયકો દ્રવ્ય છૂતે નહીં. આહાહા... ઐસા દ્રવ્ય હૈ, તીસરામેં એમ કહા કે દ્રવ્યકો આત્મા છૂતે નહીં. પર્યાયકો છૂતે હૈ વો પર્યાય અનુભવમેં આઇ ઇતના આત્મા હૈ ઐસા કહા ત્યાં. સૂક્ષ્મ હૈ ભાઈ ! આ તો અંતર સંતોની વાણી હૈ. આહાહા ! ( પુસ્તક ) લેવા ગયો છે, કયા કહા ? સમજમેં આયા ?

ભગવાન આત્મા જો ત્યાં ભાવનિક્ષેપકી પર્યાયસે રહિત કહા હૈ. ત્યાં તો યે ભાવનિક્ષેપ શુદ્ધ પરિણતિ જે હુઇ એ આત્મા અપના દ્રવ્યકો છૂતે નહીં, ઔર પર્યાયરૂપ શુદ્ધ હૈ એ મૈં આત્મા હું. ઐસા ૨૦ મેં બોલમેં લિયા હૈ. આહાહા ! સમજમેં આયા ? સૂક્ષ્મ હૈ ભાઈ ! રાત્રિકો ચર્ચા હુઇ થી. કોઇએ પ્રશ્ન કિયા થા. ૧૮, ૧૯, ૨૦.

હવે આંહી કહેતે કે, હમ જબ હમારા અનુભવમેં આતે હૈ તો દ્વૈતપણા ભાસતે નહીં, મૈં અનુભવ કરતા હું ને આ દ્રવ્યકા કર્તા હું ઐસા દ્વૈત ત્યાં હૈ નહીં. નિક્ષેપ, નય ને પ્રમાણ તો ત્યાં હૈ નહીં. પણ મૈં આત્માકા અનુભવ કરતા હું, ઐસા દ્વૈત પણ ત્યાં હૈ નહીં. આહાહાહાહા ! સમજમેં આયા ? ( શ્રોતાઃ- ત્યારે કરે છે શું ? ) કરે છે, વેદન કરતે હૈ. એમાં મેં વેદન કરતા હું ને ઉસકા દ્રવ્યકા વેદન કરતે હૈ ઐસા દ્વૈત હૈ નહીં. આહાહા !

અરે..... ! લાવ્યા ? એ પુસ્તક કોક રખે ને તો ઠીક, સાક્ષી દેવાય ને સાક્ષી, લાવો લાવો ભાઈ ! જો વો આયા. ( બોલ ) ૧૮ લિંગ- અલિંગગ્રહણ, અલિંગગ્રહણ, લિંગસે ગ્રહણ હોતા નહીં. તો ઉસકા અર્થ ૧૭ તો હો ગયા હૈ. લિંગ એટલે ગુણ. ઐસા જો ગ્રહણ અર્થાવબોધ પદાર્થકા જ્ઞાન તે જિસકો નહીં. આહાહાહા ! એમાંય જરી સૂક્ષ્મ બાત હૈ. અર્થાવબોધ શબ્દ પડા હૈ. તેમાં એક ગુણ અર્થ અવબોધ જ્ઞાનકો લિયા હૈ. પણ ત્યાં જ્ઞાનકી પ્રધાનતાસે બાત કિયા હૈ. બાકી હૈ સબ ગુણ, પાઠ ઐસા હૈ. લિંગ એટલે ગુણ ઐસા અર્થાવબોધ લિયા હૈ. અર્થ નામ પદાર્થકા જ્ઞાન અથવા પદાર્થકા ગુણ એમ લેના, અર્થાવબોધ ઐસા કહા હૈ પણ લેના પદાર્થકા ગુણ એકલા જ્ઞાન નહીં. આહાહા ! ઝીણી વાત છે ભાઈ !

અર્થાવબોધ તે જિસકો નહીં અલિંગગ્રહણ હૈ, આ રીતે આત્મા ગુણ વિશેષસે નહીં આલિંગિત સામાન્ય ચીજ હૈ, એ ગુણકા ભેદકો સ્પર્શ કરતી નહીં. આહાહાહા ! ધનાલાલજી ! આ તો પ્રવચનસાર ભગવાનકી દિવ્ય ધ્વનિકા સાર-પ્ર-વચન કહો કે દિવ્યધ્વનિ કહો-પ્ર-વચન- પ્ર-વિશેષે આહાહાહાહા... સંતો કહે છે સૂણો તો સહી કહે છે. ભગવાન અલિંગગ્રહણ છે. લિંગસે ગ્રહણમેં આતા નહીં. એ તો ૧૭ કા અર્થ તો કહે દિયા.

૧૮ મેં લિંગસે ગ્રહણમેં આતા નહીં ઉસકા અર્થ ? ગુણ વિશેષસે સ્પર્શ કરતે નહીં, તો યે લિંગ ગ્રહણ નહીં, ગુણ વિશેષસે જાનનેમેં આતા હૈ, ઐસા નહીં. આહાહા ! ગુણી, ગુણકા

વિશેષસે જાનનેમેં આતા હૈ ઐસા હૈ નહીં. આહાહા ! ઝીણી છે વાત. તે જેને નથી ઐસા શુદ્ધ દ્રવ્ય હૈ.

પછી ૧૯ લિંગ નામ પર્યાય ઓલામાં લિંગ નામ ગુણ થા પહેલે, તો દ્રવ્ય વસ્તુ હૈ વો ગુણ વિશેષકો સ્પર્શતે નહીં. વો કારણ અલિંગગ્રહણ કહેનેમેં આયા હૈ. ગુણકા ભેદકો સ્પર્શતે નહીં તો લિંગ જે ગુણ ઉસકો સ્પર્શતે નહીં, માટે અલિંગગ્રહણ કહેનેમેં આયા હૈ. આહાહાહા !

હવે પર્યાય, એ ભી પર્યાયકા વિશેષકો દ્રવ્ય સ્પર્શતે નહીં. એ કારણે ઉસકો અલિંગગ્રહણ કહેનેમેં આયા હૈ. પર્યાયરૂપી લિંગ ઉસકો દ્રવ્ય સ્પર્શતે નહીં એ માટે અલિંગગ્રહણ કહેનેમેં આયા હૈ.

હવે ૨૦ વીસ, લિંગ એટલે પ્રત્યભિજ્ઞાનકા કારણ ઐસા જો ગ્રહણ એટલે કે અર્થાવબોધ સામાન્ય એટલે દ્રવ્ય તે જેને નથી, દ્રવ્ય જેને નથી, આહાહા ! કયા કહા ? ( શ્રોતાઃ– પર્યાયની મસ્તી ચઢી ગઇ ગુરુદેવ ! ) અનુભવમેં પર્યાય આઇ હૈ, દ્રવ્ય આયા નહીં. દ્રવ્યકા અનુભવ હોતા નહીં. તો આત્મા દ્રવ્યકો સ્પર્શે બિના, હૈ ? પ્રત્યભિજ્ઞાનકે કારણ ઐસા ગ્રહણ સામાન્ય વસ્તુ, એ જિસકો નહીં, દ્રવ્ય જિસકો હૈ નહીં, ભાઈ ! આ તો પરમાત્માનો મારગ અલૌકિક હૈ, ભાઈ ! આ કોઇ વિદ્વતાકા વિષય નહીં. આહાહા !

એ અલિંગગ્રહણ આ રીતે આત્મા દ્રવ્યસે નહીં આલિંગિત, દ્રવ્યકો નહીં સ્પર્શનેવાલા, આત્મા દ્રવ્યકો નહીં છૂનેવાલા, આહાહા... ઐસી શુદ્ધ પર્યાય હૈ એ શુદ્ધ પર્યાય જો વેદનમેં આઇ એ દ્રવ્ય જો હૈ આત્મા, દ્રવ્યકો આલિંગન નહીં કરતા, દ્રવ્ય જો વેદનમેં આયા એ ઉસકી પર્યાય હૈ. પર્યાયમેં વેદન, દ્રવ્યકા વેદન નહીં. આવી વાતું છે બાપુ ! મારગ એવો છે, વસ્તુનું સ્વરૂપ ઐસા હૈ. વેદનમેં પર્યાય આતી હૈ. તો કહેતે હૈ કે આત્મા અપના દ્રવ્યકો નહીં સ્પર્શતે, નહીં છૂતે અને શુદ્ધ પર્યાય માત્ર આત્મા હૈ. વેદનમેં આનંદ આયા એ પર્યાય માત્ર આત્મા હૈ. એમ કહેનેમેં આતા હૈ.

આ વ્યાખ્યાન સબ હો ગયા હૈ. બહોત વિસ્તારસે હો ગયા હૈ. અભી અહીં અહીંયા આયા ને પહેલે યહાં તો સવા બે માસ હુઆ એ પહેલાં અહીંયા સાડા ચાર માસમેં સબકા વ્યાખ્યાન સ્પષ્ટીકરણ બહોત હો ગયા હૈ. ૪૭ શક્તિકા, ૪૭ નયકા, આ છ અવ્યક્ત બોલ જે હૈ ૪૯ ગાથામેં ઉસકા, આ ૨૦ અલિંગગ્રહણકા એક સાથમેં સબ વ્યાખ્યાન હુઆ હૈ થોડા. સાડા ચાર માસ. એય ! પણ હવે બહાર પડે ત્યારે ખબર પડે. એ તો શી ખબર પડે ? ઉસમેં ( ટેઈપમેં ) ઊતરી ગયા હૈ સારા. છ બોલમેં આયા હૈ. અવ્યક્ત ૪૯ ગાથામેં અવ્યક્તકા છ બોલ હૈ. ત્યાં ભી ઐસા લિયા હૈ, કે છ દ્રવ્યસ્વરૂપ લોક એ જ્ઞેય હૈ–વ્યક્ત હૈ, ઉસસે ભિન્ન ભગવાન અવ્યક્ત હૈ, દ્રવ્ય !

સૂક્ષ્મ બાત હૈ ! આ તો ૨૦ માં બોલ આ ગયા અંદર, આંહી પર્યાય આ ગઇને, ભાવ નિક્ષેપ ભી ત્યાં અનુભવમેં પર્યાય હૈ નહીં, પર્યાયકા લક્ષ હૈ નહીં. આહાહા ! આહાહા ! અલિંગગ્રહણમેં કહા કે આત્મા શુદ્ધ પર્યાય એ રૂપ જ હૈ. એ વેદનની અપેક્ષાએ ત્યાં કહા હૈ. વેદનમેં ધ્રુવ ને દ્રવ્ય આતા નહીં. તો હમને તો જિતના આનંદ ને અનંત ગુણકી પર્યાયકા વેદન હુઆ વો મૈં હું. આહાહાહાહા !

તો અવ્યક્તમેં ભી ઐસા કહા હૈ વ્યક્ત ને અવ્યક્ત એક સાથ જાનનેમેં આતે હોને પર

ભી, વ્યક્ત એટલે પર્યાય, અવ્યક્ત એટલે દ્રવ્ય, એટલે કહેતે હૈ ને ? અર્થાત્, વ્યક્ત પર્યાય, દ્રવ્ય અવ્યક્ત. દોકા એક સાથ જ્ઞાન હોને પર ભી દ્રવ્ય અવ્યકત વ્યકતકો છૂતે નહીં. આહા ! સમજમેં આયા ? એ તો સમયસાર હૈ. આપણે આપણે ચલતે હૈ કિ નહીં ? આ સમયસાર ચલતે હૈ ને. જુઓ ઉસમેં દેખો ને ૪૯. ૪૯ ગાથા. ૪૯ માં અવ્યક્તકા બોલ હૈ. અવ્યક્ત ! હૈ ? આયા ? ૪૯ ગાથા "અબ અવ્યક્ત વિશેષણકો સિદ્ધ કરતે હૈ" આયા ? આતા હૈ પંડિતજી, આયા ? ભાઈકો આયા ? કયા કહા દેખો, છ દ્રવ્યસ્વરૂપ લોક જો જ્ઞેય હૈ ઔર વ્યક્ત હૈ, ઉસસે જીવ અન્ય હૈ એ અવ્યક્ત હૈ. આહાહાહા ! આ તો અભ્યાસ થોડા હોના ચાહીએ શેઠ ! જ્યાં તમે કારંજામાં અભ્યાસ કિયા ને ? આ તો અધ્યાત્મકા વિષય હૈ. આહા ! એક બાત !

કષાયોંકા સમૂહ જો ભાવકભાવ વ્યક્ત હૈ, અવ્યક્ત જીવ ઉસસે અન્ય હૈ. અવ્યક્ત હૈ. ચિત્ત સામાન્યમેં ચૈતન્યકી સમસ્ત વ્યક્તિયાઁ નિમગ્ન હૈ. સામાન્યમેં વિશેષ વ્યક્તિયાં, પર્યાય અંદર નિમગ્ન હૈ, વર્તમાન ( પર્યાય ) સિવાય, ઇસલિયે અવ્યક્ત હૈ. વર્તમાન સિવાય હોં, વર્તમાન પર્યાય તો વ્યક્ત, અવ્યક્ત કો જાનતી હૈ. પણ ભૂત ભવિષ્યકી પર્યાય સામાન્યમેં અંતરલીન હૈ. ઐસા અવ્યક્તકો, નહીં છૂનેવાલા વ્યક્ત દ્રવ્ય, પર્યાયકો છૂતે, પણ પર્યાય દ્રવ્યકો છૂતી નહીં. આહાહાહા ! સૂક્ષ્મ હૈ ભાઈ ! કયા કરે ? ચીજ જ ઐસી હૈ યે.

ક્ષણિક વ્યક્તિ માત્ર નહીં ઇસલિયે અવ્યક્ત હૈ એ તો ઠીક. વ્યક્તતા અને અવ્યક્તતા એકમેકસે મિશ્રિતરૂપસે પ્રતિભાસિત હોને પર ભી આ વાત હૈ યહાં. વ્યક્ત નામ પ્રગટ પર્યાય, અવ્યક્ત નામ દ્રવ્ય એકમેક મિશ્રિતરૂપસે જ્ઞાન હોને પર ભી, દોકા જ્ઞાન એક સાથ હોને પર ભી, વો કેવળ વ્યક્તતાકો સ્પર્શ નહીં કરતા. આહાહાહા ! વ્યક્ત નામ પર્યાય, એકલા દ્રવ્યકો સ્પર્શ નહીં કરતા, ઇસલિયે અવ્યક્ત હૈ. કેવળ વ્યક્તતાકો સ્પર્શ નહીં કરતા. હૈ ? ઇસલિયે અવ્યક્ત હૈ, કેવળ વ્યક્તતાકો ઓ સ્પર્શ નહીં કરતા, એકલા દ્રવ્યકો વો સ્પર્શ નહીં કરતા, પર્યાયકો સ્પર્શ કરતે હૈ. આહાહા ! સૂક્ષ્મ હૈ ભાઈ થોડા.

પાંચવા બોલ ભી સૂક્ષ્મ હૈ થોડા, વ્યક્ત અવ્યક્તતાકા જ્ઞાન એકસાથ હોને પર ભી કેવળ વ્યક્તકો સ્પર્શ નહીં કરતા. આહાહા ! અને વ્યક્ત હૈ વો અવ્યક્તકો સ્પર્શ નહીં કરતા. દ્રવ્ય હૈ વો પર્યાયકો સ્પર્શ નહીં કરતા. અને પર્યાય હૈ વો દ્રવ્યકો સ્પર્શ નહીં કરતા. દૂસરા ચીજકી સાથ તો વો સ્પર્શ તીનકાલમેં હૈ હી નહિ. આત્મા શરીરકો છૂતે નહીં. કર્મકો છૂતે નહીં. અગ્નિકો ઐસા હાથ લગાતા હૈ, તો અગ્નિકો કભી છૂતે નહીં. આ અંગૂલિકો આત્મા કભી છૂયા નહીં. પરદ્રવ્યકો તો કભી પર્યાયમેં છૂયાય નહીં. પણ આંહી તો ઐસે કહેતે હૈ, કે પર્યાય ઉસકી ને દ્રવ્ય ઉસકા, ઉસમેં જો વ્યક્ત ને અવ્યક્તકા જ્ઞાન એક સાથ હોતા હૈ, પણ વ્યક્ત અવ્યક્તકો એકલા સ્પર્શે ઐસા હૈ નહીં. અવ્યક્તકો સ્પર્શતે નહીં, વ્યક્તકો સ્પર્શતે હૈ. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! આહાહા ! આ તો આવી ગયું ને ? હવે આપણે અહીંયા આવ્યા.

દ્વૈત પ્રતિભાસિત નહીં હોતા. આહાહાહાહા ! આચાર્ય અંતરકે અનુભવકે કાળકી અપેક્ષા કહેતે હૈ, કે હમ જબ આત્મા આનંદમૂર્તિ પ્રભુ, ઉસકે જબ સમ્યગ્દર્શનકાળમેં ઉત્પત્તિમેં હમ ગયે અંદરમેં, તો વો સમયમેં, આહાહાહા... મૈં અનુભવ કરતા હું ને અનુભવ આત્મા,પર્યાયકા હૈ ઐસા દ્વૈત પણ ત્યાં હૈ નહીં. સમજાય એટલું સમજો પ્રભુ ! આ તો ગહન વિષય હૈ. આ કોઇ કથા

વાર્તા નહીં. આહા ! આ તો ભાગવત્ કથા. ત્રણ લોકનો નાથ પ્રભુ ! આહાહા ! કહેતે હૈ કે હમ અપના સ્વરૂપ, જે ધ્રુવને શુદ્ધ ઉસકા અનુભવ કરને પર, અનુભવ પર્યાય હૈ. આહાહા ! દ્રવ્યકા અનુભવ કરને પર આ દ્રવ્યકા અનુભવ ને અનુભવ દ્રવ્યકી પર્યાય હૈ. ઐસા ભી ભેદ માલૂમ નહીં પડતા. આહાહાહા ! સમજમેં આયા ? પાટણીજી !

પહેલે ઇસકા ખ્યાલ તો લે કે આ કયા અપેક્ષાએ કહા હૈ ? આહાહા ! એ યહાં આયા ને "કિમ અપરમ અભિદધ્મઃ ઇસસે દ્વૈતમ એવ ન ભાતિ" ઉસકા અર્થ ઐસા નહીં કે અદ્વૈત હી આત્મા હૈ એમ નહીં, એક હી આત્મા ને અદ્વૈત હૈ, ઐસા ય નહીં. યહાં હૈ તો દ્રવ્ય ને પર્યાય દ્વૈત અંદરમેં, પણ અનુભવકે કાળમેં આ બે હૈ ઐસા ભાસ રહેતે નહીં. અરે ! આવી વાત છે. એ ખુલાસો કરેગા.

**ભાવાર્થઃ** - ભેદકો અત્યંત ગૌણ કરકે કહા હૈ, કે પ્રમાણ નયાદિ ભેદકી તો બાત હી કયા ? "શુદ્ધ અનુભવકે હોને પર દ્વૈત હી ભાસિત નહીં હોતા" આહાહાહાહા ! હૈ ? એ શ્લોક ૯ કા ભાવાર્થ હૈ. નવ કળશ, નવમેં કળશ.

**ભાવાર્થઃ** - ભેદકો અત્યંત ગૌણ કરકે કહા હૈ કિ પ્રમાણ–નયાદિ ભેદકી તો બાત હી કયા ? શુદ્ધ અનુભવકે હોને પર, આહાહાહા... ભગવાન આત્મા સમ્યગ્દર્શન જ્ઞાન પ્રથમ ઉત્પન્ન કાળમેં ઔર પીછે ભી અનુભવકે કાળમેં, આહાહાહા... વો કહા ને ત્યાં ૪૭ ગાથા, "દ્રવ્ય સંગ્રહ" "दुविहं पि भोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।" આ શ્લોક હૈ. દ્રવ્ય સંગ્રહકા ૪૭ ચાર ને સાત આહાહા ! નિશ્ચય મોક્ષમાર્ગ ને વ્યવહાર મોક્ષમાર્ગ ધ્યાનમેં પ્રાપ્ત હોતા હૈ. ઉસકા કયા અર્થ ?

दुविहं पि भोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।

દ્રવ્ય સંગ્રહ– નેમીચંદ સિદ્ધાંત ચક્રવર્તી, કે અપના સ્વરૂપ પર્યાય જબ દ્રવ્ય ઉપર ઝૂક ગઇ. તબ જો અનુભવ હોતે હૈ. આહા... તબ નિશ્ચય સમ્યગ્દર્શનજ્ઞાન ઉસમેં પ્રાપ્ત હોતા હૈ, ધ્યાનમેં પ્રાપ્ત હોતા હે, બહારસે કોઇ વિકલ્પાત્મકકા લક્ષ કરકે હોતા હૈ, ઐસા હૈ નહીં. આહાહા ! નિશ્ચય સમ્યગ્દર્શનજ્ઞાન અને ચારિત્રકા અંશ વો ધ્યાનમેં પ્રાપ્ત હોતા હૈ, કયા ધ્યાનમેં ? અંતર સ્વરૂપ જે પૂર્ણ આનંદ તરફ ઝૂકતે હૈ, ધ્યેય ધ્યાનમેં દ્રવ્યકો ધ્યેય બનાકર, ટીકામેં ઐસા શબ્દ હૈ, કળશટીકા, અધ્યાત્મ તરંગીણિ, ધ્યાનમેં દ્રવ્યકો વિષય કુરુ, ઐસા પાઠ હૈ સંસ્કૃત. "ધ્યાનમેં દ્રવ્યકા વિષય કુરુ" પર્યાયમેં દ્રવ્યકા વિષય કર, પર્યાયકા ધ્યેય દ્રવ્ય બના દે. ધ્યેય દ્રવ્ય હૈ ને પર્યાય ઉસકા ધ્યાન કરતી હૈ. સમજમેં આયા ? આવી વાત બાપુ ! અત્યારે તો બહુ ગરબડ થઇ ગઇ છે. ( શ્રોતાઃ– બહુ ગરબડ થઇ ગઇ એટલે શું ? ) કોઇ કંઇ માનતે હૈ, કોઇ કંઇ માનતે હૈ, વ્યવહાર આ દયા, દાન કરો, વ્રત કરો ને તપ કરો, આહાહા... અને ત્યાં ઐસા શુભરાગ આતા હૈ. ગુણ–ગુણીકા ભેદ, ઊસસે ભી લાભ હોતા હૈ. ઐસા એ સબ ગરબડ હૈ. ( શ્રોતાઃ– વસ્તુમેં થોડી ગરબડ હૈ ? ) વસ્તુમેં ગરબડ નહીં, પણ માનતે હૈ ને ગરબડ. વો તો કહેતે હૈ યહાં. આહાહા ! કોઇ કહે કે નિમિત્તસે હોતા હૈ ને, કોઇ કહે વ્યવહારસે નિશ્ચય હોતા હૈ ને, સબ ગરબડ હૈ. સમજમેં આયા ?

અહીંયા કહેતે હૈ કે શુદ્ધ અનુભવકે હોને પર દ્વૈત હી ભાસિત નહીં હોતા. મૈં અનુભવ કરતા

હું ને દ્રવ્યકા અનુભવ કરતા હું ઐસા દ્વૈત ભી ત્યાં નહીં. ( શ્રોતાઃ- પ્રમાણ ઉત્પન્ન થાય ) હૈં ? વિકલ્પ હૈ એ તો. દો લક્ષમેં આ જાતે હૈ તો, એકડે એક ને બગડે બે, દો હોતા હૈ તો બિગડ જાતા હૈ. એકરૂપ પ્રકાશમાન ચૈતન્યમેં દેખનેસે દ્વૈત નહીં ભાસતા. દ્વૈત જો ભાસે તો રાગ આતા હૈ, તો આત્માકા ઉસમેં નુકસાન હોતા હૈ બગાડ હોતા હૈ.

આ એકડે એક આતા હૈ કે નહીં. એકડે એક ને બગડે દો. દો ને બગડે બે, બગડે બે. દ્વૈત લક્ષમેં લેતે હૈ તો આત્માકો વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ ને બગાડ હોતા હૈ. આહાહા ! એ કહા. હૈ ને ? શુદ્ધ અનુભવકે હોનેપર દ્વૈત નહીં ભાસતા. એકાકાર ચિન્માત્ર દિખાઇ દેતા હૈ.

હવે ખુલાસો કરતે હૈ, "અહીંયા વિજ્ઞાન અદ્વૈતવાદી અને વેદાંતી કહેતે હૈ, દેખો કે અંતમેં તો પરમાર્થરૂપ અદ્વૈતકા હી અનુભવ હુઆ". તમે વાતો બહોત કિયા પણ અંતમેં તો અદ્વૈત આયા અમારા. વિજ્ઞાન અદ્વૈતવાદી હૈ બૌદ્ધ અને આ વેદાંતી. અંતમેં પરમાર્થરૂપ જો અદ્વૈતકા હી અનુભવ આયા એ હી હમારા મત હૈ, વેદાંત કહેતે હૈ. અરે સૂન તો સહી.

ઇસમેં આપને વિશેષ કયા કહા ? ઉસકા ઉત્તરઃ- તુમ્હારે મતમેં સર્વથા અદ્વૈત માના જાતા હૈ યદિ સર્વથા અદ્વૈત માના જાયે તો બાહ્ય વસ્તુકા અભાવ હો જાતા હૈ. બાહ્ય વસ્તુકા અભાવ હો જાતા હૈ ને. પર્યાયકા ભી અભાવ હો જાતા હૈ. એકીલા અદ્વૈત માનનેસે. આહાહા ! સમજમેં આયા ? બાહ્ય વસ્તુકા અભાવ- લોપ હો જાતા હૈ કયું કે, એક હી હૈ આત્મા એક હી હૈ તો દૂસરી ચીજ હૈ ઉસકા લોપ હો જાતા હૈ. ઔર ઐસા અભાવ તો પ્રત્યક્ષ વિરૂદ્ધ હૈ. હમારે મતમેં નય વિવક્ષા હૈ. નયકી અપેક્ષાસે કથન હૈ. કોઇ અપેક્ષાસે આ કહા, કયા ? "કે બાહ્ય વસ્તુકા લોપ નહીં કરતી." પર્યાય નહીં હૈ, બાહ્ય વસ્તુ નહીં હૈ, ઐસા નહીં હૈ. અદ્વૈત ભાસતે હૈ તો ઉસકા અર્થમેં પર્યાય નહીં હૈ, પર વસ્તુ નહીં ઐસા નહીં હૈ, તો પર્યાય હૈ, બાહ્ય અનંત વસ્તુ હૈ, અનંત ભગવાન હૈ, અનંત સિદ્ધો હૈ, અનંત નિગોદ હૈ, અનંત પરમાણુ પુદ્‌ગલ હૈ. આહા !

જબ શુદ્ધ અનુભવમેં વિકલ્પ મિટ જાતા હૈ, યું હૈ. હૈ ? તબ આત્મા પરમાનંદકો પ્રાપ્ત હોતા હૈ. આહાહાહા ! ઇસલિયે અનુભવ કરાને કે લિયે, અનુભવ કરાને કે લિયે, યહ કહા હૈ કે શુદ્ધ અનુભવમેં દ્વૈત ભાસિત નહીં હોતા. સમજમેં આયા ? યદિ બાહ્ય વસ્તુકા લોપ કિયા જાયે તો આત્માકા ભી લોપ હો જાયેગા. કયું કે બાહ્ય વસ્તુ હૈ ઉસકી પર્યાયમેં જ્ઞાન તો હોતા હૈ. જો બાહ્ય વસ્તુ નહીં હો તો જો પર્યાયમેં જ્ઞાન હુઆ એ પર્યાય ભી નહીં હૈ ઐસા હુઆ. અપની પર્યાયમેં છ દ્રવ્યકા જ્ઞાન તો હોતા હૈ. પર્યાયકી ઇતની તાકાત હૈ. તો પર્યાય માનેં તો છ દ્રવ્ય માનેં એ ઉસમેં આયા, પર્યાય આયા, છ દ્રવ્ય આયા. આહાહાહા !

આત્માકા લોપ હો જાયેગા ઔર શુન્યવાદકા પ્રસંગ આયેગા. ઇસલિયે જૈસા તુમ કહેતે હૈ ઉસ પ્રકારસે વસ્તુ સ્વરૂપકી સિદ્ધિ નહીં હો સકતી. ઔર વસ્તુ સ્વરૂપકી યથાર્થ શ્રદ્ધાકે બિના શુદ્ધ અનુભવ કિયા જાય, યથાર્થ દ્રવ્ય પર્યાય અનંતગુણ આદિકી શ્રદ્ધા બિના એકલા શુદ્ધ અનુભવ કે શુદ્ધ અનુભવ તો હોતા નહીં. પણ માનતે હૈ કે હમ શુદ્ધ અનુભવ કરતે હૈ. વહ ભી મિથ્યા હૈ. શૂન્યકા પ્રસંગ હોનેસે તુમ્હારા અનુભવ ભી આકાશ કુસુમકા અનુભવ કે સમાન હૈ. વિશેષ કહેગા.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

# શ્લોક - ૧૦

આગળ શુદ્ધનયનો ઉદય થાય છે તેની સૂચનારૂપ શ્લોક કહે છેઃ-

( उपजाति )

आत्मस्वभावं परभावभिन्न-
मापूर्णमाद्यन्तविमुक्तमेकम् ।
विलीनसङ्कल्पविकल्पजालं
प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति।।१०।।

શ્લોકાર્થઃ- [ शुद्धनयः आत्मस्वभावं प्रकाशयन् अभ्युदेति ] શુદ્ધનય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે. તે આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે? [ परभावभिन्नम् ] પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવો તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો-એવા પરભાવોથી ભિન્ન પ્રગટ કરે છે. વળી તે, [ आपूर्णम् ] આત્મસ્વભાવ સમસ્તપણે પૂર્ણ છે-સમસ્ત લોકાલોકને જાણનાર છે-એમ પ્રગટ કરે છે; ( કારણ કે જ્ઞાનમાં ભેદ કર્મસંયોગથી છે, શુદ્ધનયમાં કર્મ ગૌણ છે ). વળી તે, [ आदि-अन्त-विमुक्तम् ] આત્મસ્વભાવને આદિ-અંતથી રહિત પ્રગટ કરે છે ( અર્થાત્ કોઈ આદિથી માંડીને જે કોઈથી ઉત્પન્ન કરવામાં આવ્યો નથી અને ક્યારેય કોઈથી જેનો વિનાશ નથી એવા પારિણામિક ભાવને તે પ્રગટ કરે છે ). વળી તે, [ एकम् ] આત્મસ્વભાવને એક-સર્વ ભેદભાવોથી ( દ્વૈતભાવોથી ) રહિત એકાકાર-પ્રગટ કરે છે, અને [ विलीन-सङ्कल्प-विकल्प-जालं ] જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે એવો પ્રગટ કરે છે. ( દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ આદિ પુદ્‌ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો તેને વિકલ્પ કહે છે. ) આવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે. ૧૦.

## પ્રવચન નં. ૬૬ શ્લોક - ૧૦ તા. ૨૩-૮-૭૮ બુધવાર, શ્રાવણ વદ-૫ સં. ૨૫૦૪

आत्मस्वभावं परभावभिन्न–मापूर्णमाद्यन्तविमुक्तमेकम् ।
विलीनसङ्कल्पविकल्पजालं प्रकाशयन्शुद्धनयोऽभ्युदेति।।१०।।

શ્રી સમયસાર કળશ ૧૦મો. આગે શુદ્ધનયકા ઉદય હોતા હૈ, કયા કહેતે હૈ, કળશમેં લિયા હૈ.

“શુદ્ધનયઃ આત્મસ્વભાવં પ્રકાશયન અભ્યુદેતિ” શુદ્ધનય આત્મ સ્વભાવકો પ્રગટ કરતા હુઆ ઉદય હુઆ હૈ, કયા કહેતે હૈ? એ ત્રિકાળી જે વસ્તુ આનંદ સ્વરૂપ ભગવાન ઉસકા દૃષ્ટિ કરનેસે એ શુદ્ધનયકા વિષય જો પૂર્ણ હૈ, ઉસકા અવલંબન લેનેસે પર્યાયમાં શુદ્ધનય પ્રગટ હોતી

હૈ એમ કહેતે હૈ. આહાહા ! જૈસા ઉસકા ધ્રુવ સ્વરૂપ હૈ. અતીન્દ્રિય અનંત ગુણકા પિંડરૂપ પ્રભુ ! સૂક્ષ્મ વિષય હૈ ! એ વિશેષ કહેગા ૧૪ ને ૧૫ ( ગાથા ) મેં, જો ( આત્મામેં ) અસંખ્ય પ્રદેશ હૈ ઉસમેં દરેક પ્રદેશ ઉપર પર્યાય હૈ. રાત્રિકો કહા થા થોડા, અસંખ્ય પ્રદેશ હૈ તો ઉપર ઉપર પ્રદેશ ને પર્યાય હૈ ઐસા નહીં. જો અસંખ્ય પ્રદેશ અંદર હૈ, ઉસમેં ભી પર્યાય ઉપર હૈ. એ પર્યાયકો પ્રદેશ દીઠ જો પર્યાય ઉપર હૈ, એ પ્રદેશ દીઠ જો પર્યાયકી સમીપમેં ધ્રુવતા પડી હૈ. અસંખ્ય પ્રદેશકા ઉપર ઉપર આ પર્યાય હૈ ઐસા નહીં. દરેક પ્રદેશમેં પર્યાય ઉપર હૈ, ઝીણી વાત ભાઈ ! આહાહા ! એ પ્રદેશકી અસંખ્ય પ્રદેશમેં દરેકકી પ્રદેશ ઉપર પર્યાય હૈ. ઉસકો અંદર ધ્રુવ જો ચીજ હૈ, પર્યાયકે સમીપમેં અસંખ્ય પ્રદેશમેં ધ્રુવ ચીજ હૈ. આહાહા ! ઉસકો યહાં શુદ્ધનય કહેનેમેં આયા હૈ. એ શુદ્ધનયકા વિષયકી દૃષ્ટિ જે અંદર પર્યાય, સારી પર્યાય, અંદર મધ્યમેં અસંખ્ય પ્રદેશ હૈ અંદર ઉસકી ભી ઉપર પર્યાય હૈ એ અંતર ધ્રુવમેં ( પર્યાયકો ) ઝૂકાના. સૂક્ષ્મ હૈ ભાઈ ! સમજમેં આયા ? તો ત્યાં શુદ્ધનય પ્રગટ હોતી હૈ એમ કહેતે હૈ. આહાહા !

પર્યાય દૃષ્ટિકા અવલંબન છોડકર ત્રિકાળી, પર્યાયકી સમીપમેં ધ્રુવ અનાદિ અનંત નિત્યાનંદ પ્રભુ એ પડા હૈ, ત્યાં આગળ પર્યાયકો લે જાના. આહાહા ! સૂક્ષ્મ વિષય હૈ ભાઈ ! તબ વો શુદ્ધનય પ્રગટ હોતી હૈ. એ વિષય જે આનંદકંદ પ્રભુ હૈ, વો પર્યાયમેં પ્રગટ હોતા હૈ. સમજમેં આયા ? આહાહા ! જો પર્યાયમેં એક સમયકી પર્યાય અંશ પરલક્ષી જો હૈ, ઉસકો છોડકર દરેક પ્રદેશમેં પર્યાય જો હૈ એ પર્યાયકો અંદરમેં ઝૂકનેસે, આહાહાહા... આ બાહ્ય ઉપરકા પ્રદેશ, અંદરકા પ્રદેશ સબ પ્રદેશ, સબ પ્રદેશ ઉપર પર્યાય હૈ, તો વો પર્યાયકો અંતર ધ્રુવમેં ઝૂકનેસે શુદ્ધનય પ્રગટ હોતી હે એમ કહેતે હૈ. આહાહાહા !

સૂક્ષ્મ હૈ હવે ૧૪ ને ૧૫ કા ઉપોદ્‌ઘાત હૈ. ૧૪ મી ગાથાકા ઉપોદ્‌ઘાત હૈ, ૧૪ મેં અબદ્ધ સ્પૃષ્ટ બતાયેગા. અંદર વસ્તુ જો વસ્તુ ધ્રુવ જો ચીજ હૈ એ તો રાગકા સંબંધમેં બંધરૂપ ( હૈ ) હી નહીં, સમજમેં આયા ? ઐસી જો ચીજ અંદર હૈ, ઉસકી દૃષ્ટિ લગાનેસે એ જે શક્તિરૂપ જો હૈ, એ પર્યાયમેં શુદ્ધનયકા સ્વભાવ પર્યાયમેં પ્રકાશમાન હોતા હૈ. આહાહાહા ! હૈ ? શુદ્ધનય ! આ તો ગંભીર ગાથા હૈ ભાઈ ! આત્મ સ્વભાવકો પ્રગટ કરતા હુઆ, પ્રકાશમાન લાતા હુઆ, આહાહા ! જે સ્વરૂપ હૈ એ પર્યાયમેં પ્રકાશમાન હોતા હુઆ. સમજમેં આયા ? પ્રકાશ આત્મસ્વભાવકો પ્રગટ કરતા, જે શક્તિરૂપે, ધ્રુવરૂપે થા. આહાહા... ઉસકા દૃષ્ટિ કરનેસે એ શક્તિમેંસે વ્યક્તતા અંશ સબ પવિત્ર પરમાત્મ સ્વભાવકી વ્યક્તતા પર્યાયમેં આતી હૈ. આહાહાહા ! પંડિતજી ! હૈ ? એક શબ્દમેં તો બહોત લિયા હૈ. આહાહા !

દરેક પ્રદેશમેં પર્યાય ભી હૈ ઔર ધ્રુવ ભી હૈ. તો વો અંતર્મુખી દૃષ્ટિ કરનેસે, પર્યાયકો ધ્રુવ તરફ ઝૂકનેસે, જો શુદ્ધ વસ્તુ હૈ એ પર્યાયમેં પ્રકાશમાન પ્રગટ હોતા હૈ. સમજમેં આયા ? વસ્તુ બહુ, ૧૪ અને ૧૫ એ તો જૈનશાસન હૈ. આહા... પંદરમેં એમાં તો કહેગા. આ ઉપોદ્‌ઘાત ૧૪ કી હૈ. આહાહા !

જેને અપના દ્રવ્ય સ્વભાવ જો પર્યાયસે ભિન્ન અંદર તળીયા તળીયા તળમેં પાતાળ પડા હૈ અંદર, આહાહા... વો તરફકી નય નામ દૃષ્ટિ અંદર લગાનેસે, આત્મ સ્વભાવ પ્રગટ હોતા હૈ. પર્યાયમેં સમ્યગ્દર્શન જ્ઞાનમેં, એ સારી પૂર્ણ ચીજ હૈ ઉસકા જ્ઞાન હોતા હૈ ને ઉસકી પ્રતીતિ હોતી

હૈ. આહાહાહા ! છતાં વો પ્રતીતિ ને જ્ઞાનકી પર્યાયમેં પૂર્ણ સ્વરૂપ આતા નહીં. પણ પૂર્ણ સ્વરૂપકા પ્રતીત અને જો પર્યાય હુઇ ઇસમેં પૂર્ણ ચીજ જિતની હૈ ઇતના પ્રગટપણે ખ્યાલમેં શ્રદ્ધામેં આ જાતા હૈ. આહાહાહા ! આવો વિષય. સમજમેં આયા ?

શુદ્ધનય, આત્મસ્વભાવ એટલે ત્રિકાળી સ્વભાવકો, આહાહાહાહા... પ્રગટ કરતા હુઆ શક્તિમેંસે વ્યક્તતા કરતા હુઆ. ( શ્રોતાઃ– અચ્છા નયા ધર્મ નિકાલા ) આ ધર્મ, ( શ્રોતાઃ– પર્યાય ધર્મ તો નયા હી હૈ ) શેઠ એમ કહેતે હૈ કે આ નયા ધર્મ નિકાલા હૈ. નયા નથી પ્રભુ ! એ આદિ – અંત રહિત ભગવાન અંદર બિરાજતે હૈ, એ આયેગા અભી, ઉસકા તરફકા, ઝૂકાવ કરકે જો શક્તિમેંસે વ્યક્તતા અનંત ગુણકી વેદનમેં આતી હૈ, એ શુદ્ધનય પ્રગટ હુઇ એમ કહેનેમેં આતા હૈ.

ભાઈ આ તો શબ્દે શબ્દની તુલનામાં એક શબ્દ ભી ઓછા વત્તા હો તો ફેરફાર હો જાય ઐસી ચીજ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? શુદ્ધનય આત્મસ્વભાવકો નામ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવકો ધ્રુવ સ્વભાવકો પ્રગટ કરતા હુઆ એ પર્યાયમેં શક્તિકી વ્યક્તતા પ્રગટ કરતા હુઆ, ઉદય હોતા હૈ પ્રસિદ્ધિમેં આતા હૈ બહાર. આહાહાહા ! શુદ્ધ અનુભવ જ્યાં હુઆ સમ્યગ્દર્શન જ્ઞાનમેં, તો ઇસમેં સારા આત્મા પ્રસિદ્ધિ ( મેં ) આયા, કે આ આત્મા ઐસા હૈ ઐસી પર્યાયમેં પ્રસિદ્ધિ આઇ. આ ટીકાકા નામ આત્મખ્યાતિ હૈ ને ? આ ટીકાકા નામ આત્મખ્યાતિ હૈ, આહાહાહા... તો એ આત્મ સ્વભાવકો પ્રગટ કરતા હુઆ પર્યાયમેં નિર્મળતા અતીન્દ્રિય આનંદકા સ્વાદ આતા હુઆ. આહાહા !

“પરભાવભિન્નમ્” પહેલાં અસ્તિસે કહા પ્રગટ ઐસા હુઆ. આહાહા... પણ કૈસે હવે કે પરભાવભિન્નમ્ “પરદ્રવ્ય, પરદ્રવ્યકે ભાવ ઔર પરદ્રવ્યકે નિમિત્તસે હોનેવાલા અપના વિભાવ” શુભ અશુભ વિકલ્પ તીનોં બોલ એ પરભાવમેં તીનોં બોલ આયા, પરભાવમેં તીનોં બોલ આયા, પરદ્રવ્ય કર્મ આદિ, પરદ્રવ્યકા ભાવ ઉદય આદિ, ઉસકા ઉદય હોં, કર્મમેં ઉદય આના વો પરદ્રવ્યકા ભાવ, ઔર એ નિમિત્તસે અપનેમેં જો વિભાવ હોતા હૈ એ ત્રીજા બોલ હુઆ, આહાહાહા... એ તીનોંસે ભગવાન ભિન્ન. આહાહાહા ! હૈ ? આ તો અલ્પ શબ્દ હૈ, સંતોકી વાણી હૈ. આહાહા... સર્વજ્ઞ અનુસારિણી વાણી હૈ. તો ઉસમેં તો મર્મ ગર્ભ બહોત ભરા હૈ.

તો કહેતે હૈ કે પરભાવભિન્નમ્, પહેલે આત્મ સ્વભાવ પ્રગટ હુઆ શુદ્ધતાકા આનંદકા અનુભવ આયા, ઔર અનંત શક્તિ જો હૈ ઉસકી એક અંશ વ્યક્તતા પ્રગટ શુદ્ધનયસે હુઆ, પણ વો કૈસે હુઆ ? કે પરદ્રવ્યસે ભિન્ન હુઆ. કોઇ રાગસે, કર્મસે, કર્મકા ભાવસે ઔર કર્મકા નિમિત્તસે અપનેમેં હુઆ ( નહીં ). વિકારસે તીનોંસે પરભાવસે ભિન્ન હુઆ. આહાહાહા... ઐસા કહેનેમેં ઐસા કહેતે હૈ કે કોઇ ઐસે કહે કે વ્યવહાર રત્નત્રય જો રાગ હૈ ઉસસે નિશ્ચય પર્યાય ઉત્પન્ન હોગી, તો યહાં કહેતે હૈ કે પરભાવસે ભિન્ન પ્રગટ હોતા હૈ. સમજમેં આયા ? આહાહા !

અનંતકાળમાં કભી એક સેકંડ ભી અપના દ્રવ્યસ્વભાવ કયા હૈ, ઉસે સ્પર્શ નહીં કિયા. આહાહા.. સમજમેં આયા ? એ પરભાવસે ભિન્ન, આહાહા... ઔર ભિન્ન હૈ, ઔર પ્રગટ પર્યાયમેં હુઆ, પણ એ વસ્તુ કૈસી હૈ ? આપૂર્ણમ્, આપૂર્ણમ્, આ...પૂર્ણમ્ “આત્મસ્વભાવ

'આ' સંપૂર્ણ રૂપસે પૂર્ણ હૈ." 'આ'નો અર્થ એ કિયા. આ અતિશયથી અતિશય સ્વરૂપ સંપૂર્ણરૂપસે પૂર્ણ હૈ. ભગવાન તો પૂર્ણરૂપ અંદર સમસ્ત લોકાલોકકો જાનનેવાલી શક્તિરૂપ આત્મા હૈ. કાર્યમેં અહીં અત્યારે એ બાત નહીં લિયા. આહાહા !

ઉસકા સ્વભાવ એ ભગવાનકા, ભગવાન હી આત્માકો એમ કહેતે હૈ. ઉસકો સમસ્ત લોકાલોકકા જ્ઞાતા ( કહા ) હૈ, સારા લોકાલોકકા જ્ઞાયક સ્વભાવ જ્ઞાતા હૈ. કોઇ ચીજકા કર્તા નહીં ને કોઇ ચીજસે અપનેમેં મોક્ષ પર્યાય ધર્મકી પર્યાય હોતી નહીં. આહાહા ! સમજમેં આયા ? ( શ્રોતાઃ- કોઇ ચીજ માને કયા ? ) કોઇ ચીજ નામ રાગ કહા ને ? રાગ, પરદ્રવ્ય, પરદ્રવ્યકા પરદ્રવ્યમેં રહા ભાવ, ઔર પરદ્રવ્યકા નિમિત્તસે અપેનેમેં હુઆ વિભાવ, ઉસસે ભિન્ન અપના આત્મસ્વભાવકી શક્તિકી વ્યક્તતા હુઇ એ સ્વભાવ કૈસા હૈ ? કે આપૂર્ણમ્.

સંપૂર્ણરૂપસે પૂર્ણજ્ઞાનઘન, આનંદઘન, દર્શનઘન હૈ. આહાહાહા ! યહ આપૂર્ણમ્ 'આ' નામ સમસ્ત પ્રકારે 'આ' નામ અતિશયથી 'આ' નામ વિશેષ પ્રકારે સંપૂર્ણરૂપસે પૂર્ણ હૈ, આહાહાહા ! ભગવાનકા સ્વભાવ આત્માકા પૂર્ણ પૂર્ણ પૂર્ણરૂપ હૈ એ આવરણ તો નહીં, અશુદ્ધતા તો નહીં, પણ અપૂર્ણતા નહીં. આહાહાહા ! ઐસી ચીજકો આહા.. સમસ્ત લોકાલોકકો પ્રગટ કરતા હૈ, શક્તિ ઐસી હૈ કે લોકાલોકકો જાને ઐસી સમ્યગ્દર્શનમેં પ્રતીત હુઆ હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ? છતેં સમ્યગ્દર્શનકી પર્યાયમેં એ સંપૂર્ણ લોકાલોક જાનનેકી શક્તિ હૈ. એ ચીજ સમ્યગ્દર્શનકી પર્યાયમેં નહીં આતી, પણ પર્યાયમેં એ લોકાલોક જાનનેકી શક્તિ હૈ, ઇસકા સામર્થ્ય હૈ, ઐસા જ્ઞાન આ જાતા હૈ. ઐસી પ્રતીતિ આતી હૈ શ્રદ્ધામેં. સમજમેં આયા ? આહાહા !

"ક્યોંકિ જ્ઞાનમેં ભેદ કર્મ સંયોગસે હૈ." વસ્તુ સ્વભાવમાં તો કંઇ સંબંધ હૈ નહીં. આહાહા ! "શુદ્ધનયમેં કર્મ ગૌણ હૈ." એ અલ્પતા હૈ નિમિત્તકે આશ્રિતસે હુઈ યે હૈ. અલ્પતા અપને કારણસે પણ નિમિત્તકે આશ્રયે અલ્પતા હૈ યે યહાં બાત ગૌણ કરકે, પેટામાં લેકર, લક્ષ છોડાકર, એ ત્રિકાળી જ્ઞાયકભાવકી દૃષ્ટિ હૈ એમાં અપૂર્ણતા, અશુદ્ધતા હૈ હી નહીં, પરભાવસે ભિન્ન કહેનેમેં અશુદ્ધતા હૈ નહીં, અને અપના પૂર્ણ સ્વભાવ કહેનેમેં અપૂર્ણતા હૈ નહીં. સમજમેં આયા ? આહાહા !

ઔર વો "આદિ-અંત વિમુક્તમ્" આહાહાહા ! ભગવાન આત્માકા આત્મસ્વભાવ આદિ અંત પૂર્વ ને પશ્ચિમ કાળસે તો ભિન્ન હૈ. ઉસમેં કોઇ પહેલે કાળ થા ને પછી આ થા ઐસા હૈ નહીં. આહાહા ! "આદિ અંત વિમુક્તમ્" પહેલાંને કાળમેં થા યહાં ને પછીને કાળમેં નાશ હોગા ઐસા હૈ નહીં. "આદિ અંત વિમુક્તમ્" જિસકે કાળમેં આદિ નહીં ને જિસકે કાળમેં અંત નહીં, ઐસા આદિ અંતસે વિમુક્ત હૈ. આહાહા ! આ પર્યાયકી બાત નહીં વસ્તુકી. યે આદિ અંત વિમુક્તમ્, એકલા મુક્ત નહીં, વિમુક્તમ્. આહાહાહા ! હૈ ! ભગવાન પૂર્ણાનંદ પરમાત્મ સ્વરૂપ એ આદિ અને અંત રહિત હૈ અનાદિ અનંત હૈ. ઉસકી શરૂઆત હુઇ હૈ ને પીછે અંત હોગા ઐસા હૈ નહીં. આહાહાહા !

અર્થાત્ કિસી આદિસે લેકર ઔર કિસીસે ઉત્પન્ન નહીં કિયા ગયા, ઔર કભી ભી કિસીસે જિસકા વિનાશ નહીં હોતા, ઐસે પારિણામિક ભાવકો પ્રગટ કરતા હૈ. આહાહાહા ! પારિણામિક

એટલે સહજ સ્વભાવ. પાઠમાં તો ઐસા આતા હૈ ને પંચાસ્તિકાયમેં છપ્પન ગાથા પરિણામી ભાવ, પરિણામી ભાવ ઐસા પાઠ હૈ સંસ્કૃતમેં પંચાસ્તિકાય ૫૬ ગાથા પરિણામી ભાવ–ભાવ ઇ પણ પરિણામી ભાવ એ પરિણામ એટલે પર્યાય આંહી ન લેના. પરિણામી ભાવ સહજ ભાવે રહા, પારિણામિક ભાવ એ ત્રિકાળીભાવ હૈ. પંચાસ્તિકાયમેં છપ્પન ગાથામેં, પાંચ ભાવકી વ્યાખ્યા આતી હૈ. સબ હો ગઇ વ્યાખ્યા તો. સહજ સ્વભાવ એ પારિણામિક નામ સહજ સ્વભાવે સહજ સ્વભાવે જે ત્રિકાળ હૈ ઉસકો યહાં એ પારિણામિકભાવ કહેતે હૈ. ઉદય ઉપશમ ક્ષયોપશમ ક્ષાયિક એ તો પર્યાયકા ભેદ હૈ, એ ચાર ઉસમેં હૈ નહીં. આહાહાહા ! ક્ષાયિકભાવકી પર્યાયસે ભી આત્મા ભિન્ન હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

ઐસે પારિણામિકભાવ, જિસમેં ક્ષાયિક, ક્ષયોપશમ, ઉપશમ ને ઉદય, ઉદય તો પહેલે કહે દિયા, પરભાવસે ભિન્ન પણ અહીંયા તો હવે ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક આદિ જે પર્યાય હૈ ઉસસે બી ભિન્ન પરમપારિણામિક સહજભાવ–ભાવ ત્રિકાળ, ક્ષાયિકભાવકી તો ઉત્પત્તિ હોતી હૈ. સમજમેં આયા ? તો એ નહીં. અહીંયા તો ત્રિકાળ, ઉત્પન્ન ને વિનાશ રહિત જો ત્રિકાળ સ્વભાવ હૈ. આહાહાહા ! આવું સ્વરૂપ છે પ્રભુ ! એ જ્ઞાનકા દળ પડા હૈ, જ્ઞાનકા સાગર અંદર હૈ ધ્રુવ, પાણીકા પ્રવાહ જો હૈ એ ઐસે ચલતે હૈ, અને આ પ્રવાહ ધ્રુવ–ધ્રુવ–ધ્રુવ–ધ્રુવ–ઉર્ધ્વ–ઉર્ધ્વ– ઐસે ચલે. એ આદિ–અંત વિનાકી ચીજ હૈ. આહાહા ! ઉર્ધ્વ પ્રચયમેં આતે હૈ ને વો પ્રવચનસાર ૯૩ ગાથા. આયત સમુદાય, સામાન્ય સમુદાય, એ આતે હૈ, ગુણનો સમુદાય એક ને આયત નામ પર્યાયકા સમુદાય સામાન્ય. આહાહાહા ! તો કહેતે હૈ ઇનસે પારિણામિક જ્ઞાયકભાવ, પારિણામિક કયું લિયા ? ઉસકો સહજ સ્વભાવ બતાના હૈ વો, નહીં તો પારિણામિકભાવ તો પરમાણુમેં ભી હૈ પણ એ પારિણામિકભાવ જ્ઞાયકભાવ હૈ. ત્રિકાળી જ્ઞાયકભાવકો અહીંયા પારિણામિકભાવ કહેનેમેં આયા હૈ. આહાહા ! ભાવકો પ્રગટ કરતે હૈ અહીંયા.

ઔર વહ આત્મસ્વભાવકો 'એક' સર્વ ભેદભાવોંસે રહિત, આહાહાહા... ક્ષાયિકકી પર્યાય ને ક્ષયોપશમકી પર્યાય ને બધા ભેદભાવોંસે રહિત, આહાહા... એકાકાર પ્રગટ કરતા હૈ. એકરૂપ ધ્રુવ હૈ ( વો ) ઉસકો જ્ઞાનમેં શ્રદ્ધામેં આતા હૈ. સમજમેં આયા ? અધ્યાત્મની વાતું બહુ ઝીણી હૈ ભાઈ ! એ કોઇ શબ્દોમાં ભલે હોય. પણ ભાવ ઉસકા બહોત ગંભીર હૈ. અંદરમેં સ્વભાવ પારિણામિકભાવ સર્વ ભેદોસે રહિત, ક્ષાયિક ને ઉપશમ ને ક્ષયોપશમ ને ઉસસે ભી રહિત, એકાકાર પ્રગટ કરતા હૈ. એક સ્વરૂપે ત્રિકાળી હૈ એ પ્રગટ કરતા હૈ. સમજમેં આયા ? આવી વાતું છે. આકરી પડે એટલે લોકોને, હૈ પરમ સત્ય વાત ભાઈ ! અરે ઉસકા આશ્રય લિયા નહીં કભી, ઉસકે શરણે ગયા નહીં. મંગળ સ્વરૂપ ભગવાન ત્રિકાળ હૈ, એ મંગળ સ્વરૂપ હી ત્રિકાળ હૈ. ઉસકે શરણે ગયા નહીં. તો એ વસ્તુ ઉસકે શરણે જાનેસે પર્યાયમાં એકરૂપ હૈ, ઐસા જાનનેમેં આતા હૈ, પર્યાયમાં એ વસ્તુ એકરૂપ ત્રિકાળ હૈ ઐસે જાનનેમેં આતા હૈ, સમજમેં આયા ? આહાહા ! આવું છે, શેઠ કહે છે ને કે નવું કાઢયું ? નવું નથી આ તો. આહાહા !

પરમાત્મ સ્વરૂપે બિરાજમાન, આદિ અંત રહિત, ઔર લોકાલોકકો જાનનેકી શક્તિ, લોકાલોકકો અપના માનનેકા ભાવ નહીં, પણ લોકાલોકકો જાનનેકી શક્તિવાળા એ તત્ત્વ હૈ આહાહા ! ઐસે એકાકાર પ્રગટ કરતા હૈ.

ઔર 'વિલીન સંકલ્પ વિકલ્પ જાલં' જિસમેં સમસ્ત સંકલ્પ વિકલ્પકા સમૂહ વિલિન હો ગયા હૈ. આહાહા ! પહેલા સંકલ્પ થા એ કહેતે હૈ સંકલ્પની વ્યાખ્યા દો તીન પ્રકારકી હૈ. એક પ્રકાર અહીંયા લીધા, "દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ આદિ પુદ્‌ગલ દ્રવ્યોંમેં અપની કલ્પના કરના એ સંકલ્પ" આહાહા ! રાગાદિ ભાવમેં અપની કલ્પના કરના એ સંકલ્પ મિથ્યાત્વકા હૈ. સમજમેં આયા ? હૈ ? ખુલાસો કર્યો છે એણે દ્રવ્યકર્મ જડ, ભાવકર્મ વિકલ્પ, નોકર્મ શરીર મન વાણી આદિ પુદ્‌ગલ દ્રવ્યોમેં અપની કલ્પના કરના એ સંકલ્પ મિથ્યાત્વ હૈ. મિથ્યાત્વકો યહાં સંકલ્પ કહા હૈ. આહાહા ! ઔર જ્ઞેયોંકે ભેદસે જ્ઞાનમેં ભેદ ( ખંડ ) જ્ઞાન હોના એ અનંતાનુબંધીકા વિકલ્પ બતાતે હૈ. 'સંકલ્પમેં' મિથ્યાત્વ હૈ ને 'વિકલ્પ'મેં અનંતાનુબંધીકા ભાવ હૈ. સો દો સે રહિત હૈ. હૈ ? જ્ઞેયોંકે ભેદસે જ્ઞાનમેં ભેદ જે માલૂમ પડતે હૈ એ અનંતાનુબંધીકા લોભ કષાયકે કારણ, આહાહા... જ્ઞેયોંકે ભેદસે જ્ઞાનમેં ભેદજ્ઞાન હોના, મેરા જ્ઞાન ભેદરૂપ હૈ ઐસા, સો વિકલ્પ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? જ્ઞાનકી પર્યાયમેં જ્ઞેયો અનેક હૈ એ જાનનેમેં આતા હૈ પણ અનેક જ્ઞેયકા ભેદસે જ્ઞાનમેં ભેદ માલૂમ હો ગયા, જ્ઞાનમેં ભેદ પડયા એ વિકલ્પમેં અનંતાનુબંધીકા વિકલ્પ હૈ. સમજમેં આયા ?

"ઐસા શુદ્ધનય પ્રકાશરૂપ હોતા હૈ." દ્રવ્યકર્મ, ભાવકર્મ ને નોકર્મ મેરા હૈ, ઐસી દૃષ્ટિ છૂટ જાતી હૈ ઔર જ્ઞેયોમેં જ્ઞેયોંકે જાનનેમેં જાણે જ્ઞાનમેં અનેકપણા આ ગયા, વો ભી છૂટ જાતા હૈ. આહાહા ! ઐસા શુદ્ધનય પ્રકાશરૂપ હોતા હૈ, પ્રગટ હોતા હૈ. આહાહા ! અથવા શુદ્ધનયકા કથન હવે શરૂઆત હોતા હૈ, એમ કહા હૈ. સમજમેં આયા ? કળશ ટીકા હૈ ને ઉસમેં ઐસા શબ્દ લિયા હૈ. યહાંસે શુદ્ધનય હવે કથનમેં ઉપદેશમેં આતા હૈ, ભાવસે લે તો શુદ્ધનય જો ચીજ હૈ ત્રિકાળી ઓ પર્યાયમેં પ્રગટ હોતી હૈ. આહાહા ! સમજમેં આયા ? ઇસ અર્થકા ગાથા સૂત્ર કહેતે હૈં લ્યો યહ તો ઉપોદ્‌ઘાત હુઆ.

* બહારના ઝાઝા જ્ઞેયો જોવાની એને એવી ટેવ પડી ગઈ છે કે જેથી એને એકરૂપ સ્વજ્ઞેયમાં આવતાં ભાર લાગે છે, કઠણ લાગે છે. બહારના ઝાઝા જ્ઞેયોમાં એને ભરેલું ભરેલું લાગે છે અને એકરૂપ જ્ઞેયોમાં ( અંદરમાં ) જવું તેને ખાલી ખાલી જેવું લાગે છે, પણ ખરેખર તો બહારના ઝાઝા જ્ઞેયો ખાલીખમ છે, એક સ્વજ્ઞેયમાં જ ભરેલું ભરેલું છે. અનંતા જ્ઞેયોને જાણવા જતાં એકેયનું સાચું જ્ઞાન થતું નથી. એક સ્વજ્ઞેયને જાણવા જતાં અનંતા જ્ઞેયનું જ્ઞાન સાચું થાય છે.

( દૃષ્ટિનાં નિધાન - ૨૦૩ )

## ગાથા - ૧૪

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।
अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।
यः पश्यति आत्मानम् अबद्धस्पृष्टमनन्यकं नियतम्।
अविशेषमसंयुक्तं तं शुद्धनयं विजानीहि।।१४।।

या खल्वबद्धस्पृष्टस्यानन्यस्य नियतस्याविशेषस्यासंयुक्तस्य चात्मनोऽनुभूतिः स शुद्धनयः, सा त्वनुभूतिरात्मैव; इत्यात्मैक एव प्रद्योतते। कथं यथोदितस्यात्मनोऽनुभूतिरिति चेद्बद्धस्पृष्टत्वादीनामभूतार्थत्वात्। तथा हि- यथा खलु बिसिनीपत्रस्य सलिलनिमग्नस्य सलिलस्पृष्टत्वपर्यायेणानुभूयमानतायां सलिलस्पृष्टत्वं भूतार्थमप्येकान्ततः सलिलास्पृश्यं बिसिनीपत्रस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्, तथात्मनोऽनादिबद्धस्य बद्धस्पृष्टत्वपर्यायेणानुभूयमानतायां बद्धस्पृष्टत्वं भूतार्थमप्येकान्ततः पुद्गलास्पृश्यमात्मस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।

यथा च मृत्तिकायाः करककरीरकर्करीकपालादिपर्यायेणानुभूयमानतायामन्यत्वं भूतार्थमपि सर्वतोऽप्यस्खलन्तमेकं मृत्तिकास्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्, तथात्मनो नारकादिपर्यायेणानुभूयमानतायामन्यत्वं भूतार्थमपि सर्वतोऽप्यस्खलन्तमेकमात्मस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।

यथा च वारिधेर्वृद्धिहानिपर्यायेणानुभूयमानतायामनियतत्वं भूतार्थमपि नित्यव्यवस्थितं वारिधिस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्, तथात्मनो वृद्धिहानिपर्यायेणानुभूयमानतायामनियतत्वं भूतार्थमपि नित्यव्यवस्थितमात्मस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।

यथा च काञ्चनस्य स्निग्धपीतगुरुत्वादिपर्यायेणानुभूयमानतायां विशेषत्वं भूतार्थमपि प्रत्यस्तमितसमस्तविशेषं काञ्चनस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्, तथात्मनो ज्ञानदर्शनादिपर्यायेणानुभूयमानतायां विशेषत्वं भूतार्थमपि प्रत्यस्तमितसमस्तविशेषमात्मस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।

यथा चापां सप्तार्चिःप्रत्ययौष्ण्यसमाहितत्वपर्यायेणानुभूयमानतायां संयुक्तत्वं भूतार्थमप्येकान्ततःशीतमप्स्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्, तथात्मनः कर्मप्रत्ययमोहसमाहितत्वपर्यायेणानुभूयमानतायां संयुक्तत्वं भूतार्थमप्येकान्ततः स्वयं बोधं जीवस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।

એ શુદ્ધનયને ગાથાસૂત્રથી કહે છેઃ-

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,**
**અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.**

ગાથાર્થ:- [ यः ] જે નય [ आत्मानम् ] આત્માને [ अबद्धस्पृष्टम् ] બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, [ अनन्यकं ] અન્યપણા રહિત, [ नियतम् ] ચળાચળતા રહિત, [ अविशेषम् ] વિશેષ રહિત, [ असंयुक्तं ] અન્યના સંયોગ રહિત-એવા પાંચ ભાવરૂપ [ पश्यति ] દેખે છે [ तं ] તેને, હે શિષ્ય ! તું [ शुद्धनयं ] શુદ્ધનય [ विजानीहि ] જાણ.

ટીકા:- નિશ્ચયથી અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત-એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે, અને એ અનુભૂતિ આત્મા જ છે; એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે. ( શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો-એક જ છે, જુદાં નથી. ) અહીં શિષ્ય પૂછે છે કે જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે ? તેનું સમાધાન:- બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી એ અનુભૂતિ થઈ શકે છે. આ વાતને દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે:-

જેમ કમલિનીનું પત્ર જળમાં ડૂબેલું હોય તેનો જળથી સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે અનાદિ કાળથી બંધાયેલા આત્માનો, પુદ્‌ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

વળી, જેમ માટીનો, કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી અનુભવ કરતાં અન્યપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ સર્વતઃ અસ્ખલિત ( -સર્વ પર્યાય-ભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા ) એક માટીના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં ( પર્યાયોના બીજા-બીજાપણારૂપ ) અન્યપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ સર્વતઃ અસ્ખલિત ( સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા ) એક ચૈતન્યાકાર આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

જેમ સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી અનુભવ કરતાં અનિયતપણું ( અનિશ્ચિતપણું ) ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ નિત્ય-સ્થિર એવા સમુદ્રસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ કરતાં અનિયતપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ નિત્ય-સ્થિર ( નિશ્ચલ ) એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

જેમ સુવર્ણનો, ચીકણાપણું, પીળાપણું ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા સુવર્ણસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું

ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે એવી ઉષ્ણતા સાથે સંયુક્તપણારૂપ-તપ્તપણારૂપ-અવસ્થાથી અનુભવ કરતાં ( જળને ) ઉષ્ણપણારૂપ સંયુક્તપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ એકાંત શીતળતારૂપ જળસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં ( ઉષ્ણતા સાથે ) સંયુક્તપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, કર્મ જેનું નિમિત્ત છે એવા મોહ સાથે સંયુક્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં સંયુક્તપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જે પોતે એકાંત બોધરૂપ ( જ્ઞાનરૂપ ) છે એવા જીવસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં સંયુક્તપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

ભાવાર્થઃ- આત્મા પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છેઃ ( ૧ ) અનાદિ કાળથી કર્મપુદ્‌ગલના સંબંધથી બંધાયેલો કર્મપુદ્‌ગલના સ્પર્શવાળો દેખાય છે, ( ૨ ) કર્મના નિમિત્તથી થતા નર, નારક આદિ પર્યાયોમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે, ( ૩ ) શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ ( અંશ ) ઘટે પણ છે, વધે પણ છે-એ વસ્તુનો સ્વભાવ છે તેથી તે નિત્ય-નિયત એકરૂપ દેખાતો નથી, ( ૪ ) વળી તે દર્શન, જ્ઞાન આદિ અનેક ગુણોથી વિશેષરૂપ દેખાય છે અને ( ૫ ) કર્મના નિમિત્તથી થતા મોહ, રાગ, દ્વેષ આદિ પરિણામો સહિત તે સુખદુઃખરૂપ દેખાય છે. આ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહાર નયનો વિષય છે. એ દૃષ્ટિ ( અપેક્ષા ) થી જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે. પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો, અને એક સ્વભાવને જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય ? આ કારણે બીજા નયને-તેના પ્રતિપક્ષી શુદ્ધદ્રવ્યાર્થિક નયને-ગ્રહણ કરી, એક અસાધારણ જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ લઈ, તેને શુદ્ધનયની દૃષ્ટિથી સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, સર્વ પર્યાયોમાં એકાકાર, હાનિવૃદ્ધિથી રહિત, વિશેષોથી રહિત અને નૈમિત્તિક ભાવોથી રહિત જોવામાં આવે તો સર્વ ( પાંચ ) ભાવોથી જે અનેકપ્રકારપણું છે તે અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

અહીં એમ જાણવું કે વસ્તુનું સ્વરૂપ અનંત ધર્માત્મક છે, તે સ્યાદ્‌વાદથી યથાર્થ સિદ્ધ થાય છે. આત્મા પણ અનંત ધર્મવાળો છે. તેના કેટલાક ધર્મો તો સ્વાભાવિક છે અને કેટલાક પુદ્‌ગલના સંયોગથી થાય છે. જે કર્મના સંયોગથી થાય છે, તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે અને તે સંબંધી સુખદુઃખ આદિ થાય છે તેમને ભોગવે છે. એ, આ આત્માને અનાદિ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે; અનાદિ-અનંત એક આત્માનું જ્ઞાન તેને નથી. તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે. તેમાં શુદ્ધદ્રવ્યાર્થિક નયથી એ બતાવ્યું છે કે આત્માનો એક અસાધારણ ચૈતન્યભાવ છે તે અખંડ છે, નિત્ય છે, અનાદિનિધન છે. તેને જાણવાથી પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે. પરદ્રવ્યોથી, તેમના ભાવોથી અને તેમના નિમિત્તથી થતા પોતાના વિભાવોથી પોતાના આત્માને ભિન્ન જાણી તેનો અનુભવ જીવ કરે ત્યારે પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી; તેથી કર્મ બંધાતાં નથી અને સંસારથી નિવૃત્તિ થઈ જાય છે. માટે પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને ગૌણ કરી અભૂતાર્થ ( અસત્યાર્થ )

કહ્યો છે અને શુદ્ધ નિશ્ચયનયને સત્યાર્થ કહી તેનું આલંબન દીધું છે. વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી તેનું પણ આલંબન રહેતું નથી. આ કથનથી એમ ન સમજી લેવું કે શુદ્ધનયને સત્યાર્થ કહ્યો તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે. એમ માનવાથી વેદાંતમતવાળા જેઓ સંસારને સર્વથા અવસ્તુ માને છે તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે અને તેથી મિથ્યાત્વ આવી જશે, એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ વેદાન્તીઓની જેમ મિથ્યાદૃષ્ટિપણું લાવશે. માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે. આ રીતે સ્યાદ્વાદને સમજી જિનમતનું સેવન કરવું, મુખ્ય-ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત પક્ષ ન પકડવો.

આ ગાથાસૂત્રનું વ્યાખ્યાન કરતાં ટીકાકાર આચાર્યે પણ કહ્યું છે કે આત્મા વ્યવહારનયની દૃષ્ટિમાં જે બદ્ધસ્પૃષ્ટ આદિ રૂપે દેખાય છે તે એ દૃષ્ટિમાં તો સત્યાર્થ જ છે પરંતુ શુદ્ધનયની દૃષ્ટિમાં બદ્ધસ્પૃષ્ટાદિપણું અસત્યાર્થ છે. આ કથનમાં ટીકાકાર આચાર્યે સ્યાદ્વાદ બતાવ્યો છે એમ જાણવું.

વળી, અહીં એમ જાણવું કે આ નય છે તે શ્રુતજ્ઞાન-પ્રમાણનો અંશ છે; શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે; તેથી આ નય પણ પરોક્ષ જ જણાવે છે. શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષયભૂત, બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત આત્મા ચૈતન્યશક્તિમાત્ર છે. તે શક્તિ તો આત્મામાં પરોક્ષ છે જ. વળી તેની વ્યક્તિ કર્મસંયોગથી મતિ-શ્રુતાદિ જ્ઞાનરૂપ છે તે કથંચિત્ અનુભવગોચર હોવાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે, અને સંપૂર્ણજ્ઞાન જે કેવળજ્ઞાન તે જોકે છદ્મસ્થને પ્રત્યક્ષ નથી તોપણ આ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે. જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ ત્યાં સુધી આત્માના પૂર્ણ રૂપનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી. તેથી શ્રી ગુરુએ આ શુદ્ધનયને પ્રગટ કરી ઉપદેશ કર્યો કે બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત પૂર્ણજ્ઞાનઘનસ્વભાવ આત્માને જાણી શ્રદ્ધાન કરવું, પર્યાયબુદ્ધિ ન રહેવું. અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે-એવો આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી અને વિના દેખ્યે શ્રદ્ધાન કરવું તે જૂઠું શ્રદ્ધાન છે. તેનો ઉત્તરઃ-દેખેલાનું જ શ્રદ્ધાન કરવું એ તો નાસ્તિક મત છે. જિનમતમાં તો પ્રત્યક્ષ અને પરોક્ષ-બન્ને પ્રમાણ માનવામાં આવ્યાં છે. તેમાં આગમપ્રમાણ પરોક્ષ છે. તેનો ભેદ શુદ્ધનય છે. આ શુદ્ધનયની દૃષ્ટિથી શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું, કેવળ વ્યવહાર-પ્રત્યક્ષનો જ એકાંત ન કરવો.

---

## ગાથા ૧૪ નું પ્રવચન

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।
अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,
અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે.૧૪

ટીકાઃ નિશ્ચયસે ભગવાન આત્મા દ્રવ્યસ્વરૂપ ઇસકો શુદ્ધનય ભી કહીએ અને દ્રવ્ય સ્વરૂપ

ભી કહીએ. અગિયારમી ગાથામેં "ભૂદત્થં દેસિદો દુ સુદ્ધણઓ" ભૂતાર્થ જે ધ્રુવ હૈ ઉસકો શુદ્ધનય કહેતે હૈ. નય અને નયકા વિષયકો અધ્યાત્મ દૃષ્ટિમેં છોડ દેતા હૈ. સમજમેં આયા ? જો ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસકો હી શુદ્ધનય કહા હૈ. નહીં તો શુદ્ધનયકા તો વો વિષય હૈ પણ વિષય અને વિષયીકા ભેદ છોડકર, વો ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ જો સમ્યગ્દર્શનકા વિષય હૈ, ઉસકો હી શુદ્ધનય કહેનેમેં આયા હૈ. આહાહાહા ! આવું હવે યાદ ક્યાં રાખે આમાં ધંધા આડે નવરાશ ન મળે. શેઠ ! ( શ્રોતાઃ– આજ જાનેવાલા હૈ શેઠ ) જાનેવાલા હૈ ? સમજમેં આયા ? આહાહા !

જે કોઇ આત્માકો અબદ્ધ, રાગઆદિ કર્મઆદિસે બદ્ધ નહીં, ઐસે પસ્સઇ નામ અંતરમેં દેખતે હૈ.

( ૧ ) અસ્પૃષ્ટ કર્મકા વિસસ્રા પરમાણુ પુદ્‌ગલ હૈ કર્મ હોનેકી લાયકાતવાળા ઉસસે ભી અસ્પૃષ્ટ હૈ. ભગવાન તો રાગસે અસ્પૃષ્ટ હૈ અને વિસસ્રા પરમાણુ સાથમેં હૈ કર્મરૂપ પરિણમ્યા નહીં ઉસકો ભી સ્પર્શસે રહિત હૈ. આહાહા !

( ૨ ) 'અનન્ય' દરેકકા અર્થ કરેગા હોં, અનન્ય હૈ, અનેરી અનેરી ગતિ ઇસમેં હૈ નહિ. એ તો અનન્ય હૈ. યે તો અન્ય અન્યસે અનન્ય હૈ. ભિન્ન હૈ. આહાહા !

( ૩ ) 'નિયત' પર્યાયમેં અનેકતા દિખતી હૈ ઉસસે ભી વો ભિન્ન હૈ.

( ૪ ) 'અવિશેષ' દર્શન જ્ઞાન ચારિત્રકા ભેદ જો દિખતે હૈ એ વિશેષ, ઉસસે રહિત હૈ, અવિશેષ હૈ સામાન્ય હૈ. આહાહાહા !

( ૫ ) 'અસંયુક્ત' શુભ અશુભભાવમેં જો આકુળતા હોતી હૈ યે આકુળતાસે સંયુક્ત નહીં. આહા ! એ આકુળતાસે સહિત ભગવાન હૈ નહીં અંદર. આહાહા !

ઐસે આત્માકી અનુભૂતિ, ઐસા આત્માકા અનુભવ, અહીં શુદ્ધનય કહેના હૈ ને ? જ્ઞાનપ્રધાન કથન આ હૈ, દર્શનપ્રધાન કથન આ હૈ અને પંદરમીમેં જ્ઞાનપ્રધાન કથન આયેગા. ચૌદમીમેં દર્શનપ્રધાન કથન હૈ. પંદરમીમેં જ્ઞાનપ્રધાન કથન આયેગા. હજી તો સમ્યગ્દર્શનની પ્રતીત કયા હૈ ? ઇસકા કથન આ હૈ ઔર સાથમેં અનુભૂતિકા કથન હૈ નયકા એ પંદરમેં આયેગા. આહાહા !

આંહીયા કહેતે હૈ કિ ઐસે આત્મા, ઐસે આત્મા, પર્યાયમેં રાગકા સંબંધ હૈ, એ દ્રવ્યમેં સંબંધ નહીં, ઐસા આત્માકો અનુભૂતિ, ઐસે આત્માકી અનુભવ હોના પર્યાયમેં, આહાહા... એ આત્મા જો કહા એ તો અબદ્ધ સ્પૃષ્ટ હૈ, વો પર્યાયકે બિનાકી ચીજ હૈ, પણ ઉસકા અનુભવ કરના વો પર્યાય હૈ. આહાહા ! સમજમેં આયા ? "ઇસકી અનુભૂતિ એ શુદ્ધનય હૈ." દેખો અનુભૂતિકો શુદ્ધનય કહા. એક બાજુ શુદ્ધનય ત્રિકાળકો કહેતે હૈ ઔર તો અનુભૂતિકો હી શુદ્ધનય કહા. કયોંકિ શુદ્ધનયકા વિષયમેં દૃષ્ટિ જબ ગઇ, તો પર્યાયમેં અનુભૂતિ હુઇ, તો એ શુદ્ધનય ઉસકો ભી કહેનેમેં આતા હૈ. આહાહાહા ! હૈ ?

"ઔર યે અનુભૂતિ આત્મા હી હૈ." પાછા અનુભૂતિ જો હુઇ, આનંદકા વેદન આયા એ આત્મા હૈ એ કહે દિયા. એ પર્યાય હૈ એ આત્મા હૈ. રાગાદિ થા એ અણાત્મા થા, અને વસ્તુકા જે અનુભવ હુઆ એ શુદ્ધનય હુઆ. અને એ પર્યાયકો આત્મા કહેતે હૈ. આહાહાહાહા ! ઝીણી વાતું બાપા બહુ ભાઈ ! ( શ્રોતાઃ– અલિંગગ્રહણના ૨૦ મા બોલમાં અનુભવની પર્યાયને

આત્મા કીધો. ) એ અનુભૂતિ પર્યાયકી બાત હૈ. ૨૦ મા બોલની વાત એ. ૨૦ મા બોલની વાત મારે કહેવી 'તી પણ કીધું કાલ કહી ગયા છીએ. અલિંગગ્રહણના ૨૦ મા બોલમાં એ આયા હૈ, કે આત્મા અલિંગગ્રહણ અર્થાત્ આહાહા... એ દ્રવ્યકો છૂતે નહીં. ૨૦ મા બોલમાં ઐસા આયા હૈ, કયોંકિ દ્રવ્યકો છૂતે નહીં. તો દ્રવ્યકા અનુભવ હોતા નહીં, એ અનુભવ તો પર્યાયમેં હોતા હૈ. આહાહા ! તો આત્મા અલિંગગ્રહણ, અ-લિંગ ગ્રહણ, લિંગ નામ સામાન્ય ઉસકો નહીં છૂતે હૈ, ઔર નિર્મળ પર્યાયમેં આત્મા વેદનમેં આયા, એ નિર્મળ પર્યાય એ આત્મા કહેનેમેં આયા હૈ, આહાહાહા ! કલ કહા થા વો, પણ આ તો ભાઈ આવ્યા છે. સમજમેં આયા ? આહાહા !

વસ્તુ જો હૈ પૂર્ણ શુદ્ધ લોકાલોક જાનનેકી તાકાતવાળી ઔર પૂર્ણમ્ સંપૂર્ણમ્ અતિશયથી એ ચીજકો નય કહા. પણ ઉસકા અનુભવ હુઆ ઉસકો ભી અહીં શુદ્ધનય કહા. આહા ! ક્યુંકિ રાગ આદિકી પર્યાય દૃષ્ટિ હૈ એ અશુદ્ધનય હૈ. આહાહા ! ઔર ત્રિકાળ જ્ઞાયકભાવકી દૃષ્ટિ હુઇ અનુભૂતિ હુઇ, તો ત્રિકાળીકો ભી શુદ્ધનય કહા, અનુભૂતિકો ભી શુદ્ધનય કહા. આવી વાત છે. આવશે અર્થમાં કરશે, અને ઇસ પ્રકાર અનુભૂતિ આત્મા હૈ. પાછું દેખો અનુભૂતિ હુઇ એ ક્ષયોપશમભાવ હૈ, ક્ષાયિકભાવ હૈ. સમજમેં આયા ?

તો ત્યાં પહેલે નિકાલ દિયા થા કે જેને ક્ષયોપશમ ક્ષાયિકભાવ અંદરમેં હૈ નહીં. વાત તો એવી છે બાપુ ! જૈનધર્મ કોઇ અલૌકિક ચીજ હૈ, જૈનધર્મ કોઇ પક્ષ નહીં વસ્તુકા સ્વરૂપ હૈ ઐસા. આહાહા ! એ તો વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ ઉસકા નામ જૈનધર્મ. આહા ! અને ઓલા જાપાનવાળાએ તો ઐસા કહા ને ? કે જૈનધર્મ કિસકો કહેતે હૈ ? જાપાની માણસ ૬૩ વર્ષકી ઉંમર ઔર લડકા ૧૭ વર્ષકી ઉંમર પણ ઐતિહાસિક શોધ કરકે ઇસને નિકાલા, જૈનધર્મ કયા ? કે અનુભૂતિ એ જૈન ધર્મ હૈ. અર્થાત્ વીતરાગ પર્યાયકા અનુભવ હોના, એ જૈનધર્મ હૈ. રાગકા અનુભવ હોના એ જૈનધર્મ નહીં. આહાહા !

વાંચ્યું તો હોયને એણે ઐતિહાસિક માણસ છે અને શોધક હોય માણસ તો વાંચીને તો... ભલે એ વાત એને બેસે ન બેસે એ બીજી વાત છે. આંહી તો જૈનના જન્મેલા વાણીયાના ધંધામાં પચાસ-સાઇઠ-સીત્તેર ગયા તોય, લખ્યું છે એણે બીચારાએ, અહીંયા તો બનીયા ને જો ધંધા હૈ ઉસમેં રોકકર આ કયા ચીજ હૈ ને ઉસકા કયા અનુભવ હૈ ને કયા પર્યાય હૈ ને ક્યા દ્રવ્ય હૈ, ઉસકા નિર્ણય કરતે નહીં. એ લિખા હૈ ઉસને. વાણીયાકે હાથમેં જૈનધર્મ આયા તો વાણીયા, વાણીયા હૈ વ્યવસાયમેં રૂક ગયા હૈ સારા, આખો દિ'.

( શ્રોતાઃ- વાણીયા દ્રવ્યને માને તો છે. ) એ કયારે એ દ્રવ્યને માને ? દ્રવ્ય હૈ ઐસા ધારણામેં માન્યા હૈ. ( શ્રોતાઃ- દ્રવ્ય એટલે પૈસા ) કમાતે હૈ એ તો દ્રવ્ય તો ધૂળ હૈ. આહાહા ! કેમ હસમુખભાઈ ? ( શ્રોતાઃ- ધૂળ કેમ કહેવાય ) ધૂળ ને માટી પુદ્ગલકી પર્યાય હૈ. ( શ્રોતાઃ- એના વિના શાક ન મળે. ) શાક મળે કિસકો ? ઇસસે શાક મિલતા હૈ ? વો તો ચીજ જો આનેવાલી હૈ, વો તો કહેનેમેં નહીં આતા હૈ ? ખાનેવાલકા નામ દાને દાને હૈ, ઉસકા અર્થ કયા ? નામ લિખા હૈ અંદર ? પણ જે રજકણ ઉસકી પાસ આનેવાલા હૈ એ આયેગા, ઉસકા રાગસે આયેગા અને રાગ ન કરે તો આયેગા, ઐસા હૈ નહીં. જે રજકણો ઉસકી પાસ આનેવાલે હૈ એ આયેગા હી, નહીં આનેવાલા હૈ નહીં આયેગા એ. આહાહા ! સમજમેં આયા ?

ગોદીકાજી, એ તો કેટલે, પૈસા સારું ક્યાંય જાય છે, રખડે છે અમેરિકા ને ફમેરિકા ને આહાહા ! છતાં એ રજકણો આનેવાલા હોય એ આયેગા, ઉસકા રાગકા પ્રયત્નસે આતે હૈ એ બિલકુલ જૂઠ હૈ ( શ્રોતાઃ- એક વાર કહો કે પૈસા માટે જાય છે ને પાછા કહો કે પૈસા મળતા નથી ? ) કોણે કીધું આવતું નથી, એ તો અહીંયા એની પાસે આતે હૈ. યું કહા, ઉસકી પાસ આતે હૈ નહીં, નજીકમેં આતે હૈ ( શ્રોતાઃ- ઉસકો મિલતે નહીં હૈ. ) નહીં નહીં. ઉસકા પરમાણુકા ભી આત્મામેં અભાવ હૈ. સ્વભાવકા ભાવ હૈ ને પરમાણુકા અભાવ હૈ, તો ઉસકી પાસ અંદર( પર ) દ્રવ્ય નહીં આતા. આહાહા !

યહાં કહેતે હૈ કી એ અનુભૂતિ એ આત્મા હૈ, દેખો ઇસ પ્રકાર આત્મા એક હી પ્રકાશમાન હૈ. આહાહા ! ઉસકા અર્થ કિયા, દેખો ઉસમેં, પંડિતજી ! જયચંદ પંડિત ! શુદ્ધનય આત્માકી અનુભૂતિ, આત્મા સબ એક હી હૈ. હૈ ? આ અપેક્ષાસે સમજાતે હૈ. શુદ્ધનય, આત્માકી અનુભૂતિ ઔર આત્મા તીનોં એક હૈ. ( શ્રોતાઃ- પર્યાયને દ્રવ્ય દો એક હૈ ? ) પર્યાય ને દ્રવ્ય ને દોહિકો શુદ્ધનય કહા. આત્માકો શુદ્ધનય કહા. અનુભૂતિકો શુદ્ધનય કહા. આહાહા... શુદ્ધનયકો શુદ્ધનય કહા, ત્રિકાળી વિષયકો અપેક્ષાસે એ સબ સમજના ચાહીએ ને ? આહાહા !

જુઓ, શુદ્ધનય કહો આત્માકી અનુભૂતિ કહો નહીંતર શુદ્ધનયકા વિષય તો ધ્રુવ ત્રિકાળ હૈ, પણ ત્રિકાળકો વિષય કિયા તો પર્યાયમેં અનુભૂતિ હુઇ, અનુભૂતિમેં શુદ્ધ વસ્તુ પ્રતીતમેં આઇ, તો પર્યાયકો ભી અનુભૂતિ શુદ્ધનય કહેનેમેં આયા. આહાહા ! આવું હવે શીખવું, ગોખવું ( શ્રોતાઃ- પર્યાયકો ભી દ્રવ્ય કહે દિયા ) પર્યાયકો દ્રવ્ય નહીં કહા, શુદ્ધનય કહા. એ શુદ્ધનયકા અર્થ ? એ શુદ્ધનયકે આશ્રયસે જો પવિત્રતા પ્રગટ હુઇ તો ઉસકો ભી શુદ્ધનય કહા, અને ઉસકો આત્મા કહા પીછે. પવિત્રતા પ્રગટ હુઈ એ સમ્યગ્દર્શન જ્ઞાન એ પર્યાય હૈ ઉસકો આત્મા કહા. રાગમેં નહીં, રાગ અનાત્મા હૈ. ઇતના બતાનેકો અનુભૂતિ જો સમ્યગ્દર્શન આદિકી હૈ. ઉસકો આત્મા કહેનેમેં આયા હૈ. આહાહા... આવી વાતું છે.

( શ્રોતાઃ- એક દફે ઔર કહે દો. ) વસ્તુ જો હૈ વસ્તુ ત્રિકાળી ચીજ જો ભગવાન આદિ અંત રહિત પર્યાયમેં આદિ હોતી હૈ ને અંત નાશ હોતા હૈ, પર્યાય ઉત્પન્ન હુઇ તો આદિ હૈ, દૂસરે સમય વ્યય હોતા હૈ, આદિ અંત હો ગયા તો વસ્તુ આદિ અંત રહિત હૈ, તો ઉસમેં પર્યાય ભી નહીં, ઐસા આદિ અંત રહિત, સંપૂર્ણમ્- આપૂર્ણમ્- પરિપૂર્ણમ્ પરસે વિમુક્ત એ ચીજકો યહાં શુદ્ધનય કહા, ઔર ઉસકા અુનભવ કિયા ઉસકો ભી શુદ્ધનય કહા, ઔર ઉસકા અનુભવ હુઆ ઉસકો આત્મા કહા. આહાહા ! કયોંકિ નિર્મળ પર્યાય હુઇ ( તો વો ) આત્મા હૈ, રાગકી પર્યાય આત્મા નહીં ઇતના બતાનેકો અનુભૂતિ જો નિર્મળ સમ્યગ્દર્શનજ્ઞાન હુઆ, એ આત્માકી પર્યાય નિર્મળમેંસે નિર્મળ આઇ તો નિર્મળ પર્યાયકો આત્મા કહેનેમેં આયા. સમજમેં આયા ? આહાહાહાહા ! આવી ચીજ હૈ.

૧૪ મી ગાથા સમ્યગ્દર્શનકી મુખ્યતાસે આ કથન હૈ. સમ્યગ્દૃષ્ટિકો, સમ્યગ્દર્શનમેં ત્રિકાળી આદિ અંત રહિત આત્મા દૃષ્ટિમેં આતા હૈ. સમજમેં આયા ? આહાહાહાહા ! ( શ્રોતાઃ- ઇસલિયે આ શિક્ષણ શિબિર લગાયા. ) મૈં તો લગાયા નહીં, મૈં તો કભી કહા હી નહીં. મૈં તો કભી કહા હી નહીં, હોતા હૈ આ. આ તીર્થ ફંડકા બનાવો એ ભી મૈં તો કભી કહા નહીં, યહાં તો ઉપદેશ

દેતે હૈ તત્ત્વકી બાત આંહી દૂસરી બાત હમારી પાસ હૈ નહીં. ઐસા મકાન બનાવો કે ઐસા પુસ્તક બનાવો હમ ( ને ) કભી કહા નહીં. એક આ બહેનકા પુસ્તક આયા મૈં ( ને ) તભી કહા થા. બાકી ઇતના ૨૦ લાખ છપ ગયા હૈ, હમે કભી કહા નહીં પુસ્તક બનાવો. આ આંહી તો ઉપદેશમેં આવે એ સમજો એ સમજો. એ લપમેં પડતે નહીં હમ ક્યાંય, સમજમેં આયા ?

આ મકાન બન્યા પહેલે કહ્યાને ? સ્વાધ્યાય મંદિર ( સંવત ) ૯૪ મેં તો હમ તો કભી કહ્યા નહીં. કે બનાવો, ઐસા કહા થા હમ, કે તુમ બનાતે હો, હમ રહેના કે ન રહેના એ હમારે પ્રતિબંધમે નહીં હમ, રામજીભાઈ તો થા ને ૯૪ મેં, આ મકાન તમે બનાતે હૈ તો અમારે આંહી રહેના હી હૈ ઐસા કોઇ પ્રતિબંધ હમારેકો નહીં હૈ. આહાહા ! સમજમેં આયા ? એ કરનેવાલા આત્મા નહીં બાપા. એ કોણ કરે ભાઈ ! આહાહા !

આંહી તો કહેતે હૈ કે એ વસ્તુકો, ત્રિકાળીકો ભી શુદ્ધનય કહેનેમેં આયા, ઔર ત્રિકાળીકા અનુભવ હુઆ એ અનુભવકો હી શુદ્ધનય કહા, ઔર ત્રિકાળકો ભી આત્મા કહા અને અનુભૂતિકો ભી આત્મા કહા. સમજમેં આયા ?

હવે શિષ્ય પૂછતા હૈ, શિષ્યે એ સૂના આ બાત સૂના ને ઐસા ખ્યાલમેં આયા હૈ ઉસકો, કે આ કયા કહેતે હૈ ? તો પ્રભુ તમે કહેતે હો તો ઇસમેં તો અનુભવ કૈસે હો ? જૈસે ઉપર કહા હૈ, વૈસે આત્માકી અનુભૂતિ કૈસે હો સકતી હૈ ? એમ શિષ્યે પ્રશ્ન કિયા. તમે કહેતે હો કિ ભગવાન આત્મા રાગસે ભિન્ન, બંધસે, રાગસે ભિન્ન સામાન્ય વિશેષસે ભિન્ન સામાન્ય, પર્યાયસે ભિન્ન, નિયત એકરૂપ ઐસી ચીજકી એ અનુભૂતિ કૈસી હોતી હૈ ? ઉસકા અનુભવ સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન અનુભૂતિ કૈસે ? આ પ્રશ્ન આયા. પણ અહીં દર્શનકા વિષય હૈ. સમજમેં આયા ? આહા... ગાથા દર્શનકી હૈ, અનુભૂતિ કૈસે હો સકતી હૈ ? આહાહાહા ! ( શ્રોતાઃ- અનુભૂતિ કેમ થાય એ આજ તો બહાર પાડવું જ પડશે. ) પણ અનુભૂતિ ઉસમેં જરી મર્મ હૈ. કયા ? દેખો ઉપર કહા વૈસા આત્માકી અનુભૂતિ કૈસે હો સકતી હૈ ?

ઉસકા સમાધાનઃ- દેખો હવે, “કે બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવ અભૂતાર્થ હૈ” આહાહાહા ! શિષ્યકા પ્રશ્ન હુઆ કે ભગવાન આત્મા ઐસાકી અનુભૂતિ કૈસી હોતી હૈ ? કે સૂન પ્રભુ “એ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવ અભૂતાર્થ હૈ.” કાયમ રહેનેવાલી ચીજ નહીં હૈ. ઠીક ! રાગ આદિકા સંબંધ કે પર્યાયકા વિશેષ ભાવ, એ કાયમ રહેનેવાલી ચીજ નહીં. આહાહાહા ! બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો અભૂતાર્થ હૈ. આહાહા... એ કાયમ રહેનેકી ચીજ નહીં. કાયમ રહેનેવાલી ચીજ તો ભગવાન આત્મા પૂર્ણાનંદ એ કાયમ રહેનેકી ચીજ હૈ. આહાહાહા ! સમજાય એટલું સમજના પ્રભુ ! આ તો પરમાત્માની ગંભીર વાતો હૈ. આ કોઇ કથા વાર્તા નહીં. આ તો ત્રણ લોકનો નાથ સીમંધર ભગવાનકા મુખસે આઇ બાત એ કુંદકુંદાચાર્યે ઝીલી અને લે લિયા હૈ ! હૈ ? અને અમૃતચંદ્રાચાર્ય તો હજાર વર્ષ પીછે હુઆ પણ ઉસકા પેટ ખોલ દિયા એને, કે કુંદકુંદાચાર્ય આમ કહેતે હૈ, કહેવા માગતે હૈ ને ભગવાન ભી ઐસે કહેતે થે. આહાહા !

કયા જવાબ દિયા ? શિષ્યે પ્રશ્ન કિયા કે ઐસા આત્મા અબદ્ધસ્પૃષ્ટ આદિ હૈ ઉસકા અનુભવ કૈસે હો ? ( શ્રોતાઃ- પ્રશ્ન બહોત અચ્છા. ) પ્રશ્ન હતો, એમ કે આ બદ્ધસ્પૃષ્ટ આદિ હૈ ને ? યહાં એમ કહેતે હૈ. આ બદ્ધસ્પૃષ્ટ રાગ આદિકા સંબંધ હૈ, પર્યાયમેં ભેદ હૈ દર્શન જ્ઞાન

ચારિત્રકા વિશેષ હૈ, હૈ ને અનુભૂતિ કૈસે હોતી હૈ ? હૈ ? ઉસમેંસે પરસે ભિન્ન કૈસે હોતા હૈ એમ કહેતે હૈ. શિષ્યકા પ્રશ્નમેં આ પ્રશ્ન હૈ, કે રાગકા સંબંધ હૈ, પર્યાયમેં વિશેષતા હૈ, ગુણકા વિશેષ ભેદ હૈ, ઐસી ચીજમેં ઉસસે રહિત અનુભૂતિ કૈસે હોતી હૈ ? સમજમેં આયા ? આહાહાહા ! એ આચાર્યે શિષ્યના મુખમેં ઐસા પ્રશ્ન ( રખ ) લિયા.

સૂન પ્રભુ એક વાર સૂન કહેતે હૈ. એ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ અભૂતાર્થ હૈ, કાયમ રહેનેવાલી ચીજ નહીં માટે ઉસસે ભિન્ન અનુભૂતિ હો સકતી હૈ, એમ કહેતે હૈ. રાગ આદિકા સંબંધને વિશેષ આદિ પર્યાય અને ગુણભેદ દર્શન જ્ઞાન ચારિત્ર એ કાયમ રહેનેવાલી ચીજ નહીં, અભૂતાર્થ હોનેસે ઉસસે ભિન્ન અનુભૂતિ હો સકતી હૈ. આહાહાહા ! ગાથા તો બહોત અચ્છી આ ગઇ હૈ. ૧૩–૧૪, આહાહા ! આ તો નવમા દિન હૈ ને તમારે, નહીં ? નવમા દિન હૈ અગિયાર દિન બાકી હૈ. આહાહા ! કયા કહા ? શિષ્યકા પ્રશ્ન ઐસા હૈ કિ પ્રભુ આપ આત્માકો અબદ્ધસ્પૃષ્ટ આદિ કહેતે હૈ પાંચ બોલ, તો હમકો તો પાંચ બોલ સહિત દિખતે હૈ. રાગકા સંબંધ હૈ, પર્યાયકા વિશેષ હૈ. ગુણ ભેદ હમ દિખતે હૈ. તો ઉસમેંસે અનુભૂતિ કૈસે હોતી હૈ ?

પ્રભુ સૂન એ બધા ભેદભાવો કાયમ રહેનેવાલી ચીજ નહીં, અભૂતાર્થ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આ તો બાપુ ભગવાન ત્રણલોકના નાથ, જિનેશ્વરદેવના કથનો ને આ સંતો તો ઉસકા આડતીયા હૈ, આડતીયા સમજતે હૈં ? એજન્ટ ! આહાહા ! ( શ્રોતાઃ– અનુભૂતિ સોનગઢમેં હોતી હૈ ) સોનગઢમેં નહીં આત્મામેં. આહાહા ! શિષ્યકા પ્રશ્ન એ થા કે તુમ અબદ્ધસ્પૃષ્ટ આદિ આત્માકો કહેતે હૈ, પણ અહીંયા તો પ્રત્યક્ષ દિખતે હૈ, રાગ સંબંધ હૈ, પર્યાયકા ભેદ હૈ, ગુણ ભેદ દિખતે હૈ, તો એ ઉસમેં અનુભૂતિ કૈસે હો ? ઐસા શિષ્યકા પ્રશ્ન હૈ ઇતના તો શિષ્યને ખ્યાલમેં આ ગયા કે આ બધા ભેદભાવ હૈ ઉસસે રહિત અનુભૂતિ કરનેકો કહેતે હૈ, તો ઐસે કૈસે હો ? એ યૂં કહેતે હૈ. આહાહાહા !

કયા કહા ? શિષ્યકા પ્રશ્ન થા કે ઐસા ઉપર કહા ઉપર કહા ઐસે ખ્યાલમેં લિયા ઉસને, હૈ ? આહાહા... શબ્દે શબ્દમેં ભાવ ભરા હૈ અંદર. તો આ શિષ્ય પ્રશ્ન કહે ઉપર કહા હૈ એ મેરે ખ્યાલમેં આયા હૈ. આપ ઐસે કહેતે હૈ ઉપર કહા હુઆ ઐસા શબ્દ આયા ને ? ઐસે સૂનકર નિકાલ દિયા ઐસા નહીં. એના ખ્યાલમેં આયા હૈ પ્રભુ આપ ઐસે કહેતે હો. આહાહા ! ગજબ વાત હૈ. બાપા ! શ્રોતા પણ ઐસા લિયા હૈ. હૈ ? કે અબદ્ધસ્પૃષ્ટ કહા એ ખ્યાલમેં ઉસકો આ ગયા હૈ તુમ કહેતે હૈ ઐસા, હમ નિકાલ દિયા હમારે ખ્યાલમેંસે સૂનકર ઐસી બાત નહીં. હમારે ખ્યાલમેં આયા આપ ઐસે કહેતે હૈ પણ મેરા પ્રશ્ન હૈ પ્રભુ ! એ રાગ ને વિશેષકા સંબંધ તો હૈ, હવે ઉસમેંસે ઉસસે રહિત અનુભૂતિ કૈસે હોગી ? આહાહાહા ! સમજમેં આયા ?

શબ્દ કયા હૈ ? શિષ્ય પૂછતા હૈ કે જૈસા ઉપર કહા હૈ, જૈસા ઉપર કહા હૈ, જે આપે કહા ઓ અમારા ખ્યાલમેં આયા હૈ. આહાહાહાહા ! જૈસા ઉપર કહા હૈ, ત્યાં વજન હૈ પંડિતજી ! વૈસે આત્માકી અનુભૂતિ કૈસે હો સકતી હૈ ? આપ કહેતે હૈ વૈસે અનુભૂતિ કૈસે હોતી હૈ ? તો ઉસકો કહા હૈ સમાધાનઃ એ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ હૈ, પણ એ અભૂતાર્થ હૈ, કાયમ રહનેવાલી ચીજ નહીં, માટે કાયમ રહેનેવાલી ચીજકી અનુભૂતિ હોતી હૈ. આહાહા ! કયા કહા ? આહાહાહા ! કિતની ટીકા ! ( શ્રોતાઃ– કિતની ટીકાકી કિતની ટીકા ) આહા ! પ્રભુ ! આપ કહેતે હો કે આત્મા

બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવસે રહિત કહા તો ઉપર કહા હુઆ ખ્યાલમેં હૈ આપે કહા એ પણ અહીંયા બદ્ધસ્પૃષ્ટ તો હૈ, ભેદ હૈ વિશેષ હૈ, દર્શન જ્ઞાન ચારિત્રકા વિશેષ પણ હૈ, ને આપ ઉસકા અભેદકી અનુભૂતિ કરનેકો કહેતે હૈ. એ કૈસે હો સકતા હૈ ?

પ્રભુ સૂન ! એ પાંચ બોલ જો કહા એ અભૂતાર્થ હૈ. એક સમયકી સ્થિતિવાલા હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ? એક સમયકી સ્થિતિવાલા હૈ માટે અભૂતાર્થ હૈ. આહાહા ! રાગકા સંબંધ, ગુણકા વિશેષ ભેદ, એક સમયકા ભેદ હૈ, એક સમયકી સ્થિતિ હૈ. આહાહાહાહા... તો એક સમયકી સ્થિતિ હૈ. કેવળજ્ઞાનકી સ્થિતિ એક સમય હૈ. ૩૮ ગાથા નિયમસાર સાત તત્ત્વો એ નાશવાન હૈ, જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ સાત નાશવાન હૈ. તો ઉસમેં કેવળજ્ઞાન ભી નાશવાન હૈ ઐસા કહા હૈ. એક સમયકી સ્થિતિ હૈ. કેવળજ્ઞાનકી સ્થિતિ હૈ એક સમય હૈ, ગુણકી સ્થિતિ ત્રિકાળ હૈ, પણ કેવળજ્ઞાનકી પર્યાય તો એની સ્થિતિ એક સમય હૈ, તો આ તુમ અભૂતાર્થ કહેતે હૈ ઉસકી સ્થિતિ એક સમયકી હૈ તો અભૂતાર્થ હૈ તો ઉસસે ભિન્ન અનુભૂતિ હો સકતી હૈ. વિશેષ કહેગા. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ).

## પ્રવચન નં. ૬૭ ગાથા - ૧૪ તા. ૨૪-૮-૭૮ ગુરૂવાર, શ્રાવણ વદ-૬ સં. ૨૫૦૪

શ્રી સમયસાર ગાથા ૧૪.

પાંચ બોલ પહેલે લિયા હૈ વિસ્તાર અભી આયેગા. કે આ આત્મા બદ્ધસ્પૃષ્ટ એક સમયકી પર્યાયમેં રાગકા સંબંધ દિખતે હૈ, ઔર પર્યાયમેં અનેકતા ષટ્ગુણહાનિવૃદ્ધિ આદિ પર્યાયમેં દિખતે હૈ. ઔર દર્શન જ્ઞાન ચારિત્રકા ભેદ ભી દિખતે હૈ પર્યાયદૃષ્ટિસે, એ સબ અભૂતાર્થ હૈ. એ કાયમ રહેનેકી ચીજ નહીં. સમજમેં આયા ? શિષ્યે પ્રશ્ન કિયા હૈ કે એ જૈસા ઉપર કહા, આપે આત્માકો અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, સામાન્ય સ્વરૂપ કહા ગુણભેદકી વિશેષતાય જિસમેં નહીં, પર્યાય જિસમેં નહીં ઔર એકીલા ચૈતન્યદ્રવ્ય જો જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણઆનંદ પ્રભુ ઉસકો તમે આત્મા કહા તો આ બદ્ધસ્પૃષ્ટઆદિ ભાવ હૈ ને ? પર્યાયમેં રાગ આદિકા ને પર્યાયકા ભેદ હૈ ને ? તે ઐસા ઉપર કહા વૈસા આત્માકી અનુભૂતિ કૈસે હો સકતી હૈ. આહાહા ! ઐસી ચીજ હૈ ને પર્યાયમેં રાગ આદિ હૈ, ભેદ હૈ, એક સમયની વાત હૈ હોં. તો ઐસે હોને પર આત્માકી અનુભૂતિ કૈસે હોતી હૈ ? આહાહા !

ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપકા અનુભવ, આનંદકા વેદન, આહાહા... સમ્યગ્દર્શનમેં અનુભૂતિ હોતી હૈ. સમ્યગ્દર્શનમેં ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપકો અનુસરીને અનુભૂતિ હોતી હૈ. ઉસમેં સમ્યગ્દર્શનકી પ્રતીત ભી ઉસીમેં હોતી હૈ. ઔર ઉસમેં અનુભૂતિમેં અતીન્દ્રિય આનંદકા સ્વાદ ભી આતા હૈ. આહાહાહા ! સમ્યગ્દર્શન હોને પર પૂર્ણાનંદ સ્વરૂપ તરફકા ઝૂકાવસે પર્યાયમેં અનુભવ સમ્યગ્દર્શન અને આનંદકા સ્વાદ આતા હૈ એ કૈસે ? બદ્ધ આદિ હૈ ને ? એક સમયકી રાગાદિ પર્યાયકે સંબંધમેં હૈ ને ? ઔર ગુણ ભેદ હૈ ને ? ઝીણી વાત હૈ પ્રભુ ! આહાહા !

તો કહતે હૈ આચાર્ય કે એ બદ્ધસ્પૃષ્ટઆદિ ભાવ અભૂતાર્થ હૈ. આહાહા ! એક સમયકી અવસ્થામેં રાગ ને રાગકા સંબંધ અને ભેદ, એક સમયકી અવસ્થા તો, એ તો અભૂતાર્થ હૈ

કાયમ રહેનેકી ચીજ નહીં. સમજમેં આયા ? આહાહા ! કાયમ રહેનેકી એ ચીજ નહીં તે અભૂતાર્થ હૈ, તો ઉસસે રહિત આત્માકા અનુભવ હો સકતા હૈ. ઝીણી વાત છે ભાઈ ! પ્રથમ સમ્યગ્દર્શન ઉત્પન્ન હોનેકી બાત હૈ. આ ચૌદમી ગાથા સમ્યગ્દર્શનકી હૈ. પંદરમી ગાથા સમ્યગ્જ્ઞાનકી હૈ. આહાહા ! સોળમી દર્શન જ્ઞાન ચારિત્ર તીનોંકી હૈ.

અહીંયા દર્શનકી સમ્યગ્દર્શનકી બાત હૈ, તો શિષ્યે પ્રશ્ન કિયા કે આપે કહા એ મેરે લક્ષમેં આયા, ઉપર કહા હુવા ઐસા શબ્દ આયા ને ? કે આત્મા અબદ્ધસ્પૃષ્ટ હૈ, અનન્ય હૈ, અભેદ હૈ, પર્યાયકી અનેકતાસે એ ભિન્ન હૈ, આહાહાહા... ઐસે આપ કહે એ ખ્યાલમેં આયા, પણ વો બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ તો હૈ, તો ઐસા આત્માકા અનુભવ સમ્યગ્દર્શન અનુભૂતિ કૈસે હોતી હૈ ? આહાહાહા ! તો કહેતે હૈ કે આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ અભૂતાર્થ ( હૈ ), કાયમ રહેનેકી ચીજ નહીં. આહાહા ! એક સમયકી પર્યાયકા રાગકા સંબંધ હૈ. એ કાયમ રહેનેકી ચીજ નહીં. દર્શન જ્ઞાન ચારિત્રકા જે ભેદ કરતે હૈ, એ ભી પર્યાયદૃષ્ટિસે ભેદ કરતે હૈ, એ કાયમ રહેનેકી ચીજ નહીં. આહાહાહા ! સમજમેં આયા ? વો કારણે અનુભૂતિ હો સકતી હૈ, હૈ ને, હેં ?

ઇસલિયે યે અનુભૂતિ હો સકતી હૈ. આહાહા... તો શું કયા કહા ? કે પર્યાયમેં જો દયા, દાન, વ્રત, આદિકા વિકલ્પ હૈ વ્યવહાર, ઉસકા સંબંધ એક સમયકા સંબંધ હૈ, વો કોઇ કાયમ રહેનેકી ચીજ નહીં. આહા ! સમજમેં આયા ? વો કારણે અભૂતાર્થ નામ કાયમ રહેનેકી ચીજ નહીં, એ કારણે ઉસસે દૃષ્ટિ છોડકર ત્રિકાળી ભગવાન ઔર સચ્ચિદાનંદ પ્રભુ, નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ ઉસકા અનુભવ સમ્યગ્દર્શન હો સકતા હૈ. આહાહા ! આવી વાત છે. આ લોકો કહેતે હૈ ને કે વ્યવહાર, વ્યવહારસે નિશ્ચય પ્રાપ્તિ હોતી હૈ. સબ મિથ્યાદૃષ્ટિ હૈ. ઝીણી વાત હૈ પ્રભુ !

વ્યવહાર તો રાગ હૈ, રાગ એ અભૂતાર્થ હૈ, એ ભૂતાર્થ પ્રાપ્તિમેં એ અભૂતાર્થ કારણ કૈસે હોતા હૈ ? પંડિતજી ! તમે તો ખબર હૈ ને તુમકો તો, ઉસને તો ટીકા કિયા હૈ. આહા ! જૈનતત્ત્વ મીમાંસા બનાયા બડા અચ્છા. આહાહાહા ! આ કોઇ પંડિતાઇ કી ચીજ નહીં. પંડિતાઇ જાણપણા બહોત હૈ. અગિયાર અંગકા ને ઐસા ને ફૈસા ને, એ કોઇ પંડિતાઇકી ચીજ નહીં. આ તો અંતર પંડિતાઇકી ચીજ હૈ, સમ્યગ્દૃષ્ટિકો પંડિત કહેતે હૈ. કયા ? ( શ્રોતાઃ– અંદરકી પંડિતાઇ ઔર બહાર પંડિતાઇ વહી પંડિતાઇ હૈ ) એ બહારકી પંડિતાઇ ભી પંડિતમેં રહ ગયા, આત્મામેં ન આયા. બરાબર પૂછતે હૈ પૂછતે હૈ તો ખરા. ઐસે તો અગિયાર અંગ પ્રભુ અનંત બૈર કિયા. સમજમેં આયા ?

યમનિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાઇ દિયો. ૧
મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુતાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં. ૨
સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩

શ્રીમદ્ ! શ્રીમદ્ રાજચંદ્ર, થા તો ગુજરાતી સમ્યગ્દૃષ્ટિ થા, આત્મજ્ઞાની હુઆ થા. પીછે આ હિન્દીમેં બનાયા ઉસને હૈ તો ગુજરાતી વાણીયા. સમજમેં આયા ? પ્રભુ ! યમ નિયમ, યમ નામ પંચમહાવ્રત નિયમ નામ અનેક જાતના અભિગ્રહ. યમ નિયમ સંયમ ઇન્દ્રિયકા દમન કિયા,

જાવજજીવ બાળબ્રહ્મચારી રહા, આહા ! ઐસી ક્રિયા પ્રભુ અનંત બૈર કિયા હૈ. યમ, નિયમ, સંયમ આપ કિયો. પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લિયો, જેને એક ટુકડા કપડા ભી ન રહે, ઐસા ત્યાગ કિયા, ત્યાગ વૈરાગ્ય ઉદાસ હો ગયા પરસે. પણ વો ચીજ, અપની ચીજ કયા હૈ ઉસકી તરફકી દૃષ્ટિ નહીં. આહાહા ! એ ત્યાગ વૈરાગ્ય અથાગ લિયો, મન પૌન નિરોધ, શ્વાસોશ્વાસકો નિરોધ કરકે, જાણે મેં આત્મધ્યાન કરતા હું, ઐસા ભી અનંત બૈર કિયા. વો કોઇ ચીજ નહીં, વહ સાધન વાર અનંત કિયો, અબ ( ક્યોં ન ) વિચારત હૈ. ( મનસે કછુ ઔર રહા ઉન સાધનસે ) તબસે, કી ઉન સાધનસે ભિન્ન કોઇ હર બાત હૈ. એ સાધન બાધન હૈ નહીં. આહાહાહાહા !

એ આંહી કહેતે હૈ કિ પાંચ ભાવ જો પર્યાયમેં દિખતેં હૈ, એ કાયમ ટીકનેકી ચીજ નહીં, માટે એ ઉપરસે દૃષ્ટિ ઉઠાકર, પર્યાયદૃષ્ટિ ઉઠાકર, વ્યવહાર દૃષ્ટિ ઉઠાકર, ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ પ્રભુ અતીન્દ્રિય આનંદકા દળ, સામાન્ય જે ધ્રુવ એ ઉપર દૃષ્ટિ લગા દે. આહાહાહા... તો તેરે અનુભૂતિ હોગા, આનંદકા સ્વાદ આયેગા. આહાહાહાહા !

સમ્યગ્દર્શન હોતે હી જિતની સંખ્યામેં ગુણ હૈ આત્મામેં, ત્રણ કાળકા સમયસે ભી અનંત ગુણા આકાશકા પ્રદેશ હૈ. આકાશકા પ્રદેશ અપાર અપાર અપાર અપાર અપાર ઉસસે અનંત ગુણા એક આત્મામેં ગુણ હૈ. આકાશકા પ્રદેશકી સંખ્યા કરતે જિસકા પાર નહીં ક્યાંય, અંત નહીં, અંત નહીં, અંત નહીં, અંત નહીં ઇસકા જે પ્રદેશ હૈ આકાશકા ઉસસે અનંત ગુણા તો એક જીવમેં ગુણ હૈ. આહાહાહા ! ઐસે ગુણ હોને પર ભી ગુણી અને ગુણકા ભેદ ભી નાશવાન હૈ, આહા... અભૂતાર્થ હૈ, ઝીણી વાત હૈ પ્રભુ ! વાત અત્યારે તો બહોત ગરબડે ચડી ગઇ હૈ, અત્યારે તો પંડિત લોકો ને બધા ઐસે વ્યવહાર કરતે ( કરતે ) નિશ્ચય પ્રાપ્ત હોતા હૈ, ભાઈ એમ નથી પ્રભુ ! અંતરમેં શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ ! અનંત ગુણકા પિંડ, ઉસકા અનુભવ કરનેમેં પરકી કોઇ અપેક્ષા હૈ નહીં. વ્યવહાર અને રાગકી અપેક્ષા નહીં, ઐસા સમ્યગ્દર્શન પરકી અપેક્ષા બિના સ્વકા આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા ? આ બાત હૈ ભગવાન ! શું કહીએ ? આહાહા !

એ કહેતે ( હૈ ) અનુભૂતિ હો સકતી હૈ. આહાહા ! એક સમયકી પર્યાય હૈ, અભૂતાર્થ હૈ. કાયમ ટીકનેકી ચીજ નહીં. વ્યવહાર રત્નત્રય હૈ, વો ભી એક સમયકી ચીજ વિકૃત હૈ, એ કાયમ ટીકને-રહેનેકી ચીજ નહીં. આહાહાહાહા... તો કાયમ ટીકનેકી ચીજ હૈ ભૂતાર્થ ! એ અભૂતાર્થ ઉપરસે દૃષ્ટિ ઉઠાકર ભૂતાર્થ ત્રિકાળી જ્ઞાયકમાં દૃષ્ટિ લગા દે, તેરે આનંદકા સ્વાદ આયેગા, તેરે સમ્યગ્દર્શન હોગા ઔર જિતની સંખ્યામેં ગુણ હૈ એ સબ ગુણકી અંશ-અંશ વ્યક્તતા વેદનમેં આયેગી, જિતની સંખ્યામેં ગુણ હૈ અનંત અનંત અનંત અનંત અનંત અનંત જેમાં અનંતના ગુણની સંખ્યામાં આ છેલ્લો આખિરકા હૈ, ઐસા કોઇ અંત નહીં. આહાહાહાહા ! એ સબ ગુણકા વો તરફ દૃષ્ટિ દેનેસે પર્યાય દૃષ્ટિકો છોડકર આહાહાહા... અંતર્મુખ દૃષ્ટિ કરનેસે ઉસમેં કોઇ અપેક્ષા પરકી હૈ હી નહીં. વ્યવહારસે ભિન્ન પડના હૈ તો પર વ્યવહારકી અપેક્ષા રખકર અંદર જા સકે ? ઐસી ચીજ હૈ નહીં. વસ્તુ ઐસી હૈ નહીં. સમજમેં આયા ? આહાહાહા ! એ અહીંયા કહેતે હૈ.

અનુભૂતિ હો સકતી હૈ, અભૂતાર્થ વો ચીજ હૈ પર્યાય એક સમયકી, ભેદ હૈ અરે રાગ આદિ ભી વિકૃત અવસ્થા એક સમયકી હૈ, એ કાયમ ટીકનેકી ચીજ નહીં. વો માટે ઉસકે ઉપરસે દૃષ્ટિ ઉઠા દે. આહાહા ! ઔર ભૂતાર્થ એક સમયમેં ત્રિકાળી જ્ઞાયકભાવ અનંત ગુણકા એકરૂપ ઉસકી દૃષ્ટિ કરનેસે જ્ઞાનકી આનંદકી સ્વભાવકી અનુભૂતિ હોગી, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહાહા ! સત્યદર્શન એ હૈ – સમ્યક્ નામ સત્ય દર્શન – સત્ય નામ પૂર્ણાનંદ સત્યાર્થ, ભૂતાર્થ, ભૂતાર્થ ભગવાન સત્યાર્થ સાહેબ પ્રભુ પોતે અનંત ગુણકા સાહેબા, ઉસકી દૃષ્ટિ અનુભવ કરનેસે, આહાહાહા... જિતની સંખ્યામેં ગુણ હૈ એ સબકા પર્યાયમેં એક અંશ વ્યક્તકા અનુભવ હુઆ. આહાહાહાહા... આવી વાત હૈ !

આ તો નિવૃત્તિ લઇને આ કામ કરે ત્યારે બને, બાકી તો પ્રવૃત્તિ કરી કરીને મરી ગયો છે અનંત કાળથી. ( શ્રોતાઃ– મરી ક્યાં ગયો છે જીવતો તો છે ) હૈં, કયા ? અરે જીવતો 'તો એને કહીએ પ્રભુ ! જ્ઞાયક જીવતર શક્તિ હૈ ને ઉસમેં ? જીવતર શક્તિમેં જીવન હૈ, વો સમયસારકી દૂસરી ગાથામેં લિયા કે "જીવો ચરિતદંસણણાણઠિયો, તો એ જીવોમાંથી જીવત્વ શક્તિ નિકાલી હૈ. અમૃતચંદ્રઆચાર્ય ૪૭ શક્તિયાં નિકાલી હૈ ગુણ, હૈ તો અનંત પણ કહ સકે કિતના તો ૪૭ લિયા હૈ, ઉસમેં જીવતર શક્તિમેં અનંત જ્ઞાન દર્શન ચારિત્ર આનંદ ને સત્તા એ ભાવપ્રાણસે આત્મા જીતા હૈ ત્રિકાળમેં, ઐસા જીવતરસે જીનેવાલા પ્રભુ, ઉસકો રાગસે મેં જીતા હું, ઔર પુણ્યસે મેરે લાભ હોગા. એ ચૈતન્યકા જીવનકા એણે નાશ કર દિયા હૈ, ચૈતન્યકા પૂર્ણાનંદકા નાથકા અનાદર કરકે હિંસા કિયા ઉસને. યુગલજી ! ઝીણી વાત છે. આહાહાહાહા !

હિંસાકા અર્થ ? જૈસા અસ્તિત્વ હૈ, ઇતના અસ્તિત્વ ન માનના અને એ દૂસરી રીતે માનના એ સ્વભાવ નહીં હૈ. ઐસા ( માનના ) એ હિંસા હૈ. એ કયા કહા એ ? ભગવાન પૂર્ણાનંદ અનંત જ્ઞાન, દર્શન, આનંદ શુદ્ધ ચૈતન્ય ઘનસે જે ટીક રહા હૈ, જીવતા હૈ, ટીક રહા હૈ, ઉસકો રાગસે લાભ હોગા, પુણ્યસે લાભ હોગા, વ્યવહારસે હોગા, તો એ વસ્તુકા ઉસને હિંસા કર દિયા હૈ. જે સ્વતંત્ર વસ્તુ હૈ એ પરસે લાભ હોગા, એ વસ્તુકા જીવતરકા જીવન ટીકતા હૈ ટીક રહા હૈ ઉસકો નહીં હૈ ઐસા કહે દિયા. દૂસરી ભાષાએ લઇએ તો જો રાગાદિ વિકલ્પ આતા હૈ. ઉસકા જિસકો પ્રેમ હૈ ઉસકો ત્રિકાળી જ્ઞાયક પ્રત્યે દ્વેષ હૈ, ક્રોધ હૈ. સમજમેં આયા ? જિસકો વ્યવહાર પર્યાય ઉપર પ્રેમ હૈ. આહાહાહાહા... ગજબ વાત હૈ બાપા ! એ મારગડા પ્રભુના અલૌકિક હૈ. આહાહા !

એક સમયકી પર્યાય ને દયા, દાન, વ્રત આદિકા વિકલ્પ ઉસકા જિસકો પ્રેમ હૈ ઉસકો આ ભગવાન આત્મા પ્રત્યે ક્રોધ હૈ ને દ્વેષ હૈ. ક્યોંકિ દ્વેષકા દો ભાગ ક્રોધ અને માન, રાગકા દો ભાગ માયા ને લોભ, તો જિસકો આત્મા પ્રત્યે અભાવ હૈ, અને રાગ પ્રત્યેકા ભાવ હૈ, ઉસકા સ્વભાવ પ્રત્યે દ્વેષ અને ક્રોધ હૈ. આહાહાહા !

જિસને રાગ પ્રત્યે મૈત્રી બાંધી, ઉસને સ્વભાવ પ્રત્યેકી મૈત્રી છોડ દિયા. આહાહાહા ! આ નાની ઉંમરમાં છોકરા અમે રમતા ત્યારે કહેતા કટ્ટી, એમ કરતા કાંઈક આમ, ખબર છે ને ? મિત્રો હોય ને બધા મિત્રો એની સાથે અણબનાવ કરવો હોય, કટ્ટી તારી હારે કટ્ટી જા. એવું કરતા નાની ઉંમરની વાત છે. તમારે કાંઇક હશે ખરૂં હિન્દીમાં, કટ્ટી કરતે થે ને કટ્ટી અને આ તો

આમ આમ કટ્ટી હમારે કરતે થે. એમ જિસને પર્યાયમેં ને રાગ પ્રત્યે પ્રેમ કિયા ઉસને સ્વભાવ પ્રત્યે શું કીધી છે તમારી ? ( એ કટ્ટી કર દિયા. ) આહાહા ! અને જિસને સ્વભાવ પ્રત્યે પ્રેમ કિયા ઉસકા પ્રેમ પર્યાય ને રાગ પ્રત્યે કટ્ટી કર દિયા કે જાવ તુમે નહીં. સમજમેં આયા ? આ તો બાળપણમેં હમ કહેતે થે ને, ઉસકા સમાધાન યે આયા.

ઇસ બાતકો દૃષ્ટાંતસે પ્રગટ કરતે હૈ. જૈસે દૃષ્ટાંત પહેલે દેતે હૈ, કમલિનીકે પત્ર, કમલિનીકે વેલ હોતી હૈ ને ઉસમેં પત્ર હોતા હૈ લુખા લુખા પત્ર. કમલીનીકા પત્ર જળમેં ડુબા હુઆ હો. પાણીમેં અંદર ડુબા હુઆ, દેખનેસે ઉસકા જળસે સ્પર્શિત હોને પર, સ્પર્શિતકા અર્થ તો ઐસા હૈ, નિમિત્ત નિમિત્ત સંબંધ હો ગયા ઇતના, બાકી તો જળ, જો એ કમળ જો હૈ ફૂલ, એક પર્યાય દૂસરી પર્યાયકો છૂતે નહીં. કભી ( ભી ) આત્મા, અપના ગુણ ને પર્યાયકો ચૂંબતે હૈ ત્રીજી ગાથામેં હૈ. અપના ધર્મ જો ગુણ ને પર્યાયકો ચૂંબતે હૈ પણ પરદ્રવ્યકી પર્યાયકો કભી ચૂંબતે નહીં, છૂતે નહીં, સ્પર્શ કરતે નહીં. ત્રીજી ગાથા "એયત્તણિચ્છયગદો સમઓ સવ્વત્થ સુંદરો લોગે". સમજમેં આયા ? પણ અહીંયા તો નિમિત્ત નિમિત્ત સંબંધ કહેકર, સમજમેં આયા ? એ ઉસકા જળસે સ્પર્શિત હોનેરૂપ એટલે અંદર ડુબ્યું છે ને એ અપેક્ષા, અંદર આમ પાણીમેં દિખતે હૈ ને, બીચમેં આમ પાણીમેં અંદર હૈ, ઐસે દિખતે હૈ, પાણીમેં હૈ નહીં હૈ તો અપનેમેં એ, પણ પાણીકા સંયોગમેં કમળ ઉસકો દિખતે હૈ તો સ્પર્શિત હોને પર, અવસ્થાસે અનુભવ કરનેપર જળસે સ્પર્શિત હોના નિમિત્ત, નિમિત્ત સંબંધસે એ ભૂતાર્થ હૈ. એ ડૂબા હુઆ હૈ એ વર્તમાન પર્યાયદૃષ્ટિસે દેખનેસે હૈ, ઇતની બાત. હૈ ?

"તથાપિ" તોપણ ઐસા હોને પર ભી વોહી સમયમેં, આહાહા... આ તો મંત્રો છે. સંતોની વાણી દિગંબર સંતોની વાણી એટલે, ગજબ વાત હૈ ભાઈ ! એ કોઇ પઢી જાય ને ભણી જાય માટે સમજાય જાય એ વાત હૈ નહીં. અલૌકિક બાત હૈ. આહાહા ! કહેતે હૈ, એ જળમેં કમળ ડૂબા હુઆ દેખને પર ભી, ઉસકા કમળકા સ્વભાવ દેખનેસે, આહા...હૈ ! જળસે કિંચિત્ માત્ર ભી ન સ્પર્શિત હોને યોગ્ય. ઇસકી રૂંવાટી ઐસી હોતી હૈ, રૂંવાટી સમજે ? પત્ર, લુખા-લુખા ઝીણી ઝીણી લુખી પાણી છુયા હી નહીં ઉસકો, ઊંચે કરનેસે પાણીકા બિંદુ અડયા નહીં ઇસકો, ઉસકી રૂંવાટી સમજાય ? રૂંવાટી કહેતે હૈ. ઝીણી ઝીણી બહોત કોરી, બહુ લુખી હોતી હૈ. પાણીથી ઊંચુ આમ કરો તો પાણીકા એક અંશ ભી અંદર નહીં આતા. આહાહા ! આ તો હજી દૃષ્ટાંત હૈ હોં. તથાપિ જળસે કિંચિત્ નહીં સ્પર્શતે. કમલિની પત્રકે સ્વભાવ, જોયું ? કમલિનીના પત્રનો સ્વભાવ, વેલના પત્રનો સ્વભાવ લુખા લુખા તદ્દ્ન કોરા, ઐસે સ્વભાવકે સમીપ જાનેપર, સ્વભાવ ઉપર દૃષ્ટિ દેનેસે, આહાહા... અનુભવ કરને પર જળસે સ્પર્શિત હોના જૂઠા હૈ. જળસે છૂયા હુઆ નિમિત્ત નિમિત્ત સંબંધ યે જૂઠા હૈ. આહાહાહા !

ઇસી પ્રકાર એ તો દૃષ્ટાંત હુઆ. હવે સિદ્ધાંત અનાદિકાળસે બંધે હુએ આત્માકા રાગકા ઔર કર્મકા નિમિત્ત નિમિત્ત સંબંધસે દેખો તો, પર્યાયમેં અનાદિ કાળસે બંધા હુઆ આહાહા... આત્માકા પુદ્‌ગલ કર્મોસે બંધન સ્પર્શિત હોનેરૂપ, અવસ્થાસે અનુભવ કરનેપર પર્યાયકા નિમિત્ત નિમિત્ત સંબંધસે દેખને પર જાણે નિમિત્ત હૈ એ નૈમિત્તિક કે સાથ જોડા હુઆ હૈ, ઐસે દેખનેમેં આતા હૈ. સમજમેં આયા ? અથવા વો નિમિત્ત હૈ એ આંહી નૈમિત્તિક પર્યાય સાથ જોડા

હુઆ હૈ ઐસા દિખનેમેં વ્યવહારનયસે આતા હૈ, નિશ્ચયસે હૈ નહીં. આહાહાહા ! આવી વાત છે. હજી તો સમ્યગ્દર્શનકે કાળમેં કૈસી ચીજ હોતી હૈ એ બાત કહેતે હૈ. આહાહાહા !

અનાદિ કાળસે અનુભવ કરને પર બદ્ધસ્પૃષ્ટ હૈ, તો ભી પુદ્‌ગલસે તથાપિ ઐસા હોને પર ભી પુદ્‌ગલસે કિંચિત્‌માત્ર ભી સ્પર્શ ન હોનેસે, રાગકી સાથ દ્રવ્યસ્વભાવ કિંચિત્ છુયા નહીં. આહાહાહા ! જો દ્રવ્ય સ્વભાવ હૈ એ તો ત્રિકાળ નિરાવરણ હૈ. ઔર અશુદ્ધતા રહિત હૈ, ઔર કમી ઉસમેં નહીં, ઉણપ નહીં ઉણપ કમી ( નહીં ) એ તો પરિપૂર્ણ જ્ઞાયક આનંદકંદ ધ્રુવ પડા હૈ આખા. આહાહાહા ! આ તો અભ્યાસ થોડા જોઇએ, આ તો કોલેજ હૈ, થોડા અભ્યાસ હોય પીછે આ સમજમેં આતા હૈ. ઐસી ચીજ હૈ. આહાહા ! પુદ્‌ગલ કિંચિત્ ભી સ્પર્શે નહીં ઉન્હેં, રાગકી સાથ જરી ભી ઉસકા દ્રવ્યસ્વભાવ છુયા નહીં. આહાહા ! ભગવાન દ્રવ્ય સ્વભાવ ઉસકો રાગકી સાથ નિમિત્ત નિમિત્ત સંબંધ બિલકુલ હૈ નહીં. હૈં ?

( શ્રોતાઃ– એ તો ત્રિકાળી સ્વભાવની વાત છે પર્યાયમાં તો છે ) કહા ને પર્યાયમેં થા પણ પર્યાયમેં હૈ એ દૃષ્ટિ છોડ દે, કયોંકિ એ અભૂતાર્થ હૈ, કાયમ રહેનેકી ચીજ નહીં, ઉસકી દૃષ્ટિસે દ્રવ્ય સ્વભાવકા અનુભવ નહીં હોતા. પર્યાય દૃષ્ટિસે આત્માકા સમ્યગ્દર્શન નહીં હોતા. આહાહાહા ! એવી વાત છે ભાઈ ! શું થાય ? અત્યારે તો ગરબડ ગરબડ ઓલા પંડિતો ને મોટા મોટા સાધુઓ કહે બસ વ્યવહાર કરો વ્યવહારસે નિશ્ચય હો જાયેગા. રાગ ક્રિયા કરો નિશ્ચય હો જાયેગા. બિલકુલ જૂઠ, મિથ્યાત્વ હૈ.

એય, આ બધા કૃષિ પંડિત એ સંસારના શેઠીયાઓ ન્યાં ને ન્યાં ઘૂસ ગયા હૈ. નિવૃત્તિ લેતા નહીં હૈ. આહાહા ! ( શ્રોતાઃ– આપ ઉસકો દ્રવ્યકા પંડિત બના દો. ) કૃષિ પંડિત હૈ ને કહેતે હૈ. આહાહા ! અહીંયા તો અંદર ખેડ કરે, કર્મ કૃષે સો કૃષ્ણ કહીએ. જો રાગકો નાશ કર દે ઔર અપની ચીજકો ખેતરકે સમ્યગ્દર્શનને કે હલાણ કરકે ખેડે ઉસકો કૃષ્ણ અને ઉસકો કૃષિ કહેતે હૈ. આહાહા ! રાગકા પુણ્યકા વિકલ્પકી કૃષિ છોડકર, ઋષભકુમારજી ? અંતર જ્ઞાયક ચિદાનંદ પરમાત્મ આનંદનો નાથ પ્રભુ પૂર્ણ આનંદનો દળ અતીન્દ્રિય આનંદનો પિંડ, જેમ પચાસ મણની જેમ બરફની પાટ હોતી હૈ, પચાસ મણકી બરફકી પાટ મુંબઇમેં બહોત હોતી હૈ, ઐસે ભગવાન આનંદ ને શીતળતાની પાટ પૂર્ણ હૈ અંદર. આહાહાહા ! ઉસકા અનુભવ કરને પર એ સબ વ્યવહાર આદિ પર્યાય સબ અભૂતાર્થ હૈ. આહાહાહા ! ઝીણી વાત છે ભાઈ !

કોઇ દિ' કર્યું નથી, અનંત વાર નવમી ગ્રૈવેયકે દ્રવ્યલિંગ ધારણ, "મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેસ સુખ ન પાયો." એ પંચમહાવ્રત અઠયાવીસ મૂળગુણ દુઃખ હૈ, રાગ હૈ, આસ્રવ હૈ, દુઃખ હૈ, ઝેર હૈ, ( શ્રોતાઃ– પાપ છે. ) હા, એ આંહી–આંહી વો તો ચલતી હૈ બાત યહાં, ઐસા ઝેરકા પ્યાલા તો અનંત બૈર પીયા. આહાહા... મહાવ્રત લિયા, પંચમહાવ્રત મૂળગુણ નગ્ન દિગંબર જંગલમેં, ( બસે ) આહાહા... ઉસમેં કયા હુઆ ?

અત્યારે તો ઠીક અત્યારે તો બિચારા ! વ્યક્તિગતની કાંઇ નહીં. તત્ત્વની વાત છે અહીંયા તો વસ્તુ સ્થિતિ ઐસી હૈ આ તો. ભગવાન આત્મા અપના પરકા કિંચિત્ સંબંધ નહીં, નિમિત્ત નિમિત્ત સંબંધ ભી નહીં, એ તો પર્યાય સાથે નિમિત્ત નિમિત્ત સંબંધ હૈ, રાગકા–કર્મકા નિમિત્તકા સંબંધ, એક સમયકી પર્યાયકે સાથ એ નિમિત્ત ને નૈમિતિક સંબંધ હૈ, વસ્તુમેં કોઇ નિમિત્ત

નૈમિતિક સંબંધ હૈ હી નહીં. આહાહાહાહા ! સમજમેં આયા ?

એ કિંચિત્ માત્ર સ્પર્શિત ન હોતે હુએ, ઓહો ! ભગવાન દ્રવ્ય સ્વભાવ ! અનાવરણ સ્વભાવ ! આહાહાહાહા ! આવરણ રહિત, અશુદ્ધતા રહિત, પર્યાય રહિત આહાહાહા... ઐસા આત્માકા સ્વભાવ, એ અપને, પરસે ન હોને યોગ્ય આત્મસ્વભાવકે સમીપ જાકર, એ કયા કહેતે હૈ ? રાગકા પ્રેમમેં આત્મસ્વભાવસે દૂર હોતા હૈ, ચાહે તો વ્યવહારરત્નત્રયકા દેવ ગુરુ ધર્મકી શ્રદ્ધાકા એ ભી રાગ, અને એ રાગમેં જબ પ્રેમ હૈ તબ આત્માસે દૂર વર્તતે હૈ. હવે એ રાગકા પ્રેમ છોડકર સ્વભાવકા સમીપ જાકર, જા અંદર, આહાહાહાહા... આવી વાત છે ભાઈ !

હૈ ? બંધને યોગ્ય પુદ્ગલ કિંચિત્ ભી સ્પર્શિત ન હોને યોગ્ય, કિંચિત્ ભી ન સ્પર્શને યોગ્ય. આહાહા ! રાગ આદિકા દયા, દાન, દેવ ગુરુ શાસ્ત્રકી શ્રદ્ધા, દેવગુરુકા જ્ઞાન અથવા અગિયાર અંગકા જ્ઞાન અને પંચમહાવ્રતકા પરિણામ એ સબ ભેદકો કિંચિત્ નહીં સ્પર્શતા હુઆ દ્રવ્ય. આહાહાહા... આવો મારગ વીતરાગમય, ત્રણ લોકના નાથ, ઇન્દ્રો જેને સાંભળવા આવે એક ભવતારી ઇન્દ્ર શકેન્દ્ર, એક ભવતારી હૈ, ૩૨ લાખ વૈમાનનો સ્વામી છે. એક ભવતારી શાસ્ત્રમાં પાઠ હૈ એક ભવતારી, મનુષ્ય હોકર મોક્ષ જાનેવાલા હૈ. એની ઇન્દ્રાણિ કરોડોમાં એક ઇન્દ્રાણિ ઐસી હૈ. એ ભી એક ભવ કર મોક્ષ જાનેવાલી હૈ. એ એક ભવતારી ઇન્દ્ર- ઇન્દ્રાણિઓ અને મતિ ને શ્રુત ને અવધિજ્ઞાનવાળા ભગવાન ( તીર્થંકરદેવ ) પાસે સૂનને જાતે હૈ એ બાત કૈસી હોગી ?

( શ્રોતાઃ- ભગવાનકે પાસ જાનેકી મહીમા હૈ ને ) વિકલ્પ આયા હૈ ઐસા આતે હૈ ને સૂનનેકો, સૂનનેકો આતે હૈ કે નહીં ? ભગવાન પાસે જાતે હૈ, અભી ઇન્દ્ર ઇન્દ્રાણિ, ભગવાન બિરાજતે હૈ મહાવિદેહમેં, મનુષ્યક્ષેત્રમાં ૫૦૦ ધનુષ્ય દેહ ૨૦૦૦ હાથ ઊંચા, કરોડ પૂર્વકા આયુષ્ય, બિરાજતે હૈ ( સીમંધરનાથ ) યહાં જાતે હૈ, આહાહા ! ભાઈ ! એ તો ધર્મ કથા કૈસી હોગી ? આહા ! એ અવધિજ્ઞાની ઇન્દ્ર વો સૂનતે હૈ ચાર જ્ઞાનકા ધરનેવાલા ગણધર એ વાણી સૂનતે હૈ, આહા ! ભાઈ ! એ કોઇ અલૌકિક બાત હૈ. આહાહા ! કયા ? ( શ્રોતાઃ- ભગવાન એ હી બાત કહેતે હૈ ) એ આ કહેતે હૈ ભગવાન ! આ સંતો આડતીયા હોકર સર્વજ્ઞકા માલ જગતકો બતાતે હૈ. આહાહા !

બદ્ધસ્પૃષ્ટ અસત્યાર્થ હૈ, હૈ ? આહા.. આત્મસ્વભાવકે, આત્મસ્વભાવ, આહાહા... આત્મ સ્વ-ભાવ, વો બદ્ધસ્પૃષ્ટ આદિ પર્યાય એ આત્મસ્વભાવ નહીં, આત્મ સ્વ-ભાવ આહાહા ! જો જ્ઞાયક આત્મા ઉસકા જ્ઞાયકસ્વભાવ, આહાહાહા... આનંદસ્વભાવ, શાંતસ્વભાવ, અકષાયસ્વભાવ, વીતરાગસ્વભાવ, નિર્વિકલ્પસ્વભાવ, સામાન્યસ્વભાવ, સદૃશસ્વભાવ, એકરૂપ રહેનેવાલા સ્વભાવ, આહાહા... ઐસા આત્મસ્વભાવકે, જે આત્મા જેમ નિત્ય હૈ એમ ઉસકા સ્વભાવ ભી નિત્ય કાયમ હૈ. આહાહા ! દ્રવ્ય જેમ નિત્ય હૈ તો ઉસકા સ્વભાવ ભી નિત્ય હૈ. આહાહાહાહા !

આત્મસ્વભાવકે સમીપ જાકર, અનુભવ કરને પર, આહાહાહા ! પૂર્ણ આનંદ પ્રભુ, ઉસકા સમીપ જાકર, રાગસે હઠકર પર્યાયબુદ્ધિ છોડકર, દ્રવ્યબુદ્ધિમેં સમીપ જાકર, આહાહાહા... ભગવાનકો ભેટા કરનેકો સાથ સમીપ જાકર, અનુભવ કરને પર એ બંધ અને રાગ આદિ સંબંધ એ સબ જૂઠા હૈ, અભૂતાર્થ હૈ, હૈ ખરા હોં ! એ તો આ અપેક્ષાસે જૂઠા કહા. પર્યાય નહીં

ઐસા નહીં, પણ પર્યાય ત્રિકાળદ્રવ્યકી અપેક્ષાસે અભૂતાર્થ કહેનેમેં આયા હૈ. પર્યાય નહીં હૈ ઐસા માને તો તો વેદાંત હો જાતા હૈ. સમજમેં આયા ?

પણ યહાં પર્યાયકા લક્ષ છોડકર ત્રિકાળકો ( લક્ષમેં ) લેકર પર્યાયકો અભૂતાર્થ કહેનેમેં આયા હૈ. હૈ તો પર્યાય હૈ, ઔર રાગકા સંબંધ ભી પર્યાયદૃષ્ટિસે હૈ, પણ અનુભવ સ્વભાવ સમીપ જાના હૈ, તબ ઉસકો છોડકર, આહાહાહાહા... જ્ઞાયક ભગવાન પૂર્ણાનંદકા દળ, શુદ્ધ ચૈતન્યઘન, દ્રવ્ય સ્વભાવ, પર્યાયબુદ્ધિ છોડકર, દ્રવ્યબુદ્ધિમેં સમીપ જાકર, આહાહાહાહાહા... જુઓ આ સમ્યગ્દર્શન આહા ! એ આત્મસ્વભાવકે સમીપ જાકર, રાગકા પ્રેમમેં ને પર્યાયકા પ્રેમમેં તો પર્યાયમૂંઢ જીવ, આત્મસ્વભાવસે દૂર થા. આહાહા ! ઔર વો પર્યાયકા અંશ હૈ વો ભી બુદ્ધિ છોડકર. "પર્યાયમૂંઢા પર સમયા" કહા. પ્રવચનસાર જ્ઞેય અધિકાર ૯૩ ગાથા પહેલી, "પર્યાયમૂંઢા પર સમયા" તો એક સમયકી પર્યાયમેં ભી જિસકો રુચિ હૈ એ મૂંઢ મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા... એ બુદ્ધિ છોડકર સમ્યગ્દર્શન પાના હો તો, સમ્યક્ નામ, સત્ય દર્શન તો સત્ય જે પૂર્ણાનંદ પ્રભુ સત્ય હૈ ઉસકી પ્રતીતિ ને અનુભવ કરને પર સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહા ! કામ બહુ આકરું બાપા ! ભાઈ ! જનમ મરણ રહિત હોનેકી ચીજ કોઇ અલૌકિક હૈ. આહાહા ! ગોદિકાજી !

આ રીત હૈ, પૈસા બૈસા ભેગા કરીને દાનમાં દેના ફલાણા માટે ધર્મ હોતા હૈ ઐસા કુછ નહીં. મહિને પાંચ લાખ પેદા કરે ને કે બે લાખ આપો. એટલા બધા તો ન આપે પણ લાખ બે લાખ આપે. તો એ તોય એરણની ચોરી ને સોયકા દાન. ( શ્રોતાઃ– નથી આપતા એ કરતાં તો સારા ને ) એ, ના. સારા બારા બિલકુલ નહીં. ( શ્રોતાઃ– ચોરી કહાં હૈ–કમાયા હૈ ) હૈ ? કોણ કમાયા ? એ ચોરી હૈ રાગ, રાગકો અપના માનના એ ચોર હૈ મોક્ષ અધિકારમેં આતા હૈ, ચોર હૈ, ગુનેગાર હૈ. રાગ શુભરાગ એ મેરા એ તો ચોર હૈ, અપની ચીજ નહીં તો ઉસકો અપની માનના એ ચોર હૈ. આહાહા ! મોક્ષ અધિકારમાં લિયા હૈ, અપરાધી હૈ, શુભરાગ એ ઝેર હૈ, વિષકુંભ હૈ, ઐસા લિયા હૈ. મોક્ષ અધિકાર, શુભ રાગ– દેવ ગુરુ શાસ્ત્રકી ભક્તિકા રાગ, પંચમહાવ્રતકા રાગ, વિષ કુંભ હૈ, ઝેરકા ઘડા હૈ. કયું ? ભગવાન અમૃતકા સાગરસે વિરૂદ્ધ ભાવ યે હૈ. આહાહા !

અરે ! પરમ સત્ય વાત સૂનનેમેં મિલે નહીં, એ કહાં સત્ય તરફ જાયેગા ? સમજમેં આયા ? દેહકા તો નાશ હોગા એક સમયમેં, આહાહા ! લ્યો ઓલા શોભાલાલ હૈ ને ઉસકા બહોત તબીયત નરમ હૈ હવે એ તો કેટલા કરોડાધિપતિ છે, શોભાલાલ ભગવાનદાસ. સીરીયસ હૈ એવું કાલ કહેતા 'તા ભાઈ અમારે ઋષભકુમારજી ! ઐસી સ્થિતિ તો દેહની સ્થિતિ બાપા ! એ રાગ જ્યાં નાશવાન હૈ તો પછી શરીરકી બાત તો કરના કયા ? આહાહા ! અરે પરમાત્મા તો એમ કહેતે હૈ કે કેવળજ્ઞાનકી પર્યાય ભી નાશવાન હૈ, કયુંકી એક સમય રહેતી હૈ. આહાહાહા ! કેવળજ્ઞાન ભી વ્યવહારનયકા વિષય હૈ, કેવળજ્ઞાનીકો નહીં, નીચે સાધક જીવકો, અંશ હૈ ને ? એ સદ્‌ભૂત વ્યવહારનયકા વિષય હૈ, તો વ્યવહાર હૈ એ અભૂતાર્થ હૈ. આહાહા ! મારગ બહુ બાપા ! પણ અભૂતાર્થકા અર્થ ઐસા નહીં એ પર્યાય નહીં હૈ ઐસા નહીં, પણ ત્રિકાળકા આશ્રય લેનેકી અપેક્ષાસે એક સમયકી ચીજકો અભૂતાર્થ નાશવાન કહા હૈ. પણ નાશવાન કહા હૈ માટે

એ પર્યાય હૈ હી નહીં ઐસા નહીં. સમજમેં આયા ? આહાહાહા !

એ કહેતે હૈ દેખો, આત્મસ્વભાવકે સમીપ, સમીપ, સમીપ આહાહાહા... જો પર્યાયકા પ્રેમ હૈ, રાગકા પ્રેમ હૈ એ અભૂતાર્થ હૈ, ઉસકો છોડ દે લક્ષમેંસે, ઔર ભગવાન ત્રિકાળી સ્વભાવ પડા હૈ ઉસકા સમીપ જા, જો દૂર થા વો નજીક જા. આહાહાહા ! ( શ્રોતાઃ- કેટલા માઈલ ચાલવું પડે. ) એક સમયમેં ગતિ ફેરના પડે. કિતના માઇલ એમ કે ચાલના પડે ? એક સમયમેં ગતિ ફેરના પડે કીધું. વો આતે હૈ ને પ્રજ્ઞાછીણી 'રભસાત્' પ્રજ્ઞાછીણીમાં, એમ કે એક સમયમેં આતે હૈ પ્રજ્ઞાછીણી ૧૮૧ કળશ, હૈ ? આ એ હી હૈ ને સમયસાર હૈ આ તો ૧૮૧ હૈ દેખો કળશ કેટલામેં હૈ ? ૧૮૧ કળશ હૈ.

આ તો હિન્દી, હિન્દી હૈ, હા ૪૧૪ પેજ આયા આયા આયા, અહીં આયા ૪૧૪ દેખો કયા કહેતે હૈ ? ૪૧૪ પેજ, "રભસાત્" હૈ, જુઓ "રભસાત્" શીઘ્ર, કળશટીકામેં એક સમય લિયા હૈ, રભસાત્, હૈ ? आत्म–कर्म–उभयस्य सूक्ष्मे अन्तःसन्धिबन्धे અન્તઃ સંધિબન્ધે "રભસાત્" પડતી હૈ. એક સમયમેં પડતી હૈ એક સમય આંહી તો હજી શીઘ્ર લિયા, કળશ ટીકામેં એક સમય લિયા હૈ. સમજમેં આયા ? આ કળશટીકા હૈ ને ? આ 'રભસાત્' જુઓ.

"રભસાત્" અતિ સૂક્ષ્મકાળમેં એક સમયમેં પડતે હૈ, કયા કહા એ ? કે રાગ ને પર્યાયબુદ્ધિ છોડકર સ્વભાવ સન્મુખમેં જાના ઉસમેં એક સમય લગતા હૈ. આહાહાહા ! પછી ખ્યાલમેં ભલે અસંખ્ય સમયે આતે હૈ ઉસકો, પણ ભેદ પડ જાતા હૈ ને સ્વભાવકી દૃષ્ટિ હોતી હૈ તો એક સમયમેં, સમયાંતર હો જાતા હૈ. આહાહાહા ! રભસાત્ લિયા હૈ, 'એક સમય' બસ ! આહાહા ! જૈસે એક સમયમેં ભેદ આદિ ને પર્યાય આદિ હૈ તો ઉસકો છોડકર દ્રવ્યકે સમીપમેં જાના, એક સમયમેં જાના હૈ, આહાહાહા ! કયા કહા ? એક સમયકી પર્યાયકી રુચિ છોડકર, એક સમયમેં દ્રવ્યકે સમીપમેં જાના પડતા હૈ. આહાહાહા ! સૂક્ષ્મ હૈ ભાઈ ! સમ્યગ્દર્શન ને સમ્યગ્દર્શનકા વિષય કોઈ અલૌકિક ચીજ હૈ.

અત્યારે તો સારી વાત, દયા કરો ને આ કરો, પડિમા લેલો ધૂળમેં હૈ નહીં ને તારી પડિમા અગિયાર લેલો હવે રામજીભાઈ તો કહેતે હૈ ઓગણીસ પડિમા હૈ તો ઓગણીસ લે લેના, એમાં ક્યાં વસ્તુ હૈ ? ( શ્રોતાઃ- જેટલી સાચું લાગે એટલી લઈ લ્યે ) અગિયાર લઇ લિયા ને, બે લઇ લિયા ને, ધૂળેય નહીં ને હમણાં કહેતો તો એક જણો ઓલો નહીં ઓલો કહેતો 'તો ગુણધરલાલ, ગુણધરલાલ કહેતે હૈ કિ મેરેકો પડિમા તો દિયા પણ મેરી પાસ તો આઇ નહીં હૈ, કહેતે હૈ, લો પડિમા કહે. એવું ચાલ્યું 'તું, વ્રત, સૌને વ્રત દેવા માંડે. સભામાં આવે એટલે તો, ઓહોહો ! સો, એ તો અહીંયા આનેવાલા થા ને ગુજરી ગયા એ, વો કહે ને પડિમા મેરેકો દિયા થા, પણ મેરી પાસ આઇ નહીં. કયોંકિ પડિમા તો કિસકો કહે પ્રભુ ? એ રાગસે ભિન્ન હોકર આત્માકા એક સમયમેં અનુભવ હો, અને પીછે સ્વરૂપકી સ્થિરતાકા અંશ બઢ જાયે સ્વરૂપકા આશ્રયકી સ્થિરતાકા અંશ બઢ જાય ઉસકો પડિમાકા વિકલ્પ આતા હૈ, ઉસકો વ્યવહાર કહેનેમેં આતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

ઔર જિસકો સ્થિરતા ઇસસે ભી બઢ જાયે ઉસકો મહાવ્રતકા વિકલ્પ આતા હૈ એ ભી દુઃખરૂપ ને રાગ હૈ. આહાહાહા ! અરે આંહી તો અત્યારે એકદમ પડિમા લીધા, ઐસા લિયા ને

ઐસા લિયા ને ઐસા પાંચમેંસે સાત લિયા ને સાતમેંસે અગિયાર લિયા ને, કહેતા ને, વચ્ચે કહેતો 'તો એક જણ આંહી, આંહી કહેતો 'તો એક જણો આઠ પડિમા તો હૈ મેરે પાસ પણ કોઇ ભાવ પૂછતે નહીં તો અગિયાર પડિમા લેના પડેગા. કે લોકો પૂછે તો ખરા કે મહારાજ પધારો પધારો પધારો આહાર લ્યો. આંહી આવ્યો તો એક જણો આઠ પડિમાવાળો પણ આઠ પડિમા હમ ક્ષુલ્લક નહીં, લંગોટી નહીં, ઐસા નહીં દેખે ને તો આહાર લેનેકો દેનેકો નહીં આતે, તો પડિમા લેતે હૈ તો આતે હૈ પધારો પધારો ગુરુજી પધારો એ માટે અગિયાર લેના પડેગા કહે. અરરર ! અરે રે ! પ્રભુ ! શું કરે છે ભાઈ ! બાપા પડિમા કાંઇ ઐસે આતી હૈ, એ તો સ્વરૂપકી જબ સ્થિરતા જામતી હૈ, સમ્યગ્દર્શન હુએ પીછે શાંતિકી સ્થિરતા અંશે બઢતી હૈ ઉસકો પડિમાકા વિકલ્પ આતા હૈ. આહાહાહા ! એમ ને એમ લે લે.... ?

આંહી તો જવાબ એ આયા, રાગકો ને પર્યાયકો ભી નહીં છૂતે ઐસે આત્મસ્વભાવ, આહાહાહા... ભગવાન ! અમૃત સાગરસે ભરા પ્રભુ, ધ્રુવ આત્મસ્વભાવ, અણીન્દ્રિય જ્ઞાન, અણીન્દ્રિય આનંદ, અણીન્દ્રિય પ્રભુતા, અણીન્દ્રિય સ્વચ્છતા, ઐસા આત્મસ્વભાવકે સમીપ જાને પર પર્યાયકી બુદ્ધિ છોડકર ત્રિકાળ ભગવાનકા સ્વભાવકી સમીપ જાકર, આહાહાહા... અનુભવ કરને પર, એ આત્માકા અનુભવ કરને પર બદ્ધસ્પૃષ્ટ જૂઠા હૈ. પર્યાય બર્યાય એ ત્રિકાલમેં હૈ નહીં. સમજમેં આયા ?

અનુભવ હૈ એ પર્યાય હૈ, સમ્યગ્દર્શન એ પર્યાય હૈ, પણ વો પર્યાય દ્રવ્યમેં હૈ નહીં. આહાહાહાહા ! પણ વો દ્રવ્યકા સમીપ જાકર અનુભવ કરનેપર ( વૈસી ) પર્યાય ઉત્પન્ન હોતી હૈ, એ પર્યાય ભી હૈ, પણ વો રાગકા સંબંધ આદિ હૈ, ઈસલીયે ઉસકો અભૂતાર્થ કહે દિયા, અને આંહી તો આપણે પહેલા આ ગયા, ચૌદમેં અર્થમેં કે આત્મા વસ્તુ જો શુદ્ધ ચૈતન્યઘન, ભાઈ એ વાત નથી બાપુ, એ શબ્દો સહેલા છે. આહાહાહા ! એ પૂર્ણાનંદનો નાથ પ્રભુ પરમાત્મસ્વરૂપે બિરાજમાન હૈ આત્મા વો ઉપર દૃષ્ટિ લગાના, આહાહાહા... એ દૃષ્ટિ હૈ તો પર્યાય, સમ્યગ્દર્શન ભી હૈ તો પર્યાય, પણ પર્યાયકી દૃષ્ટિ ધ્રુવ ઉપર લગાનેસે, સમ્યગ્દર્શન હોતા હૈ. ઐસા બોધ હૈ ભાઈ ! આહાહા ! હૈં ? ( શ્રોતાઃ– ધ્રુવ ઉપર લગાવવી શી રીતે ? ) લગાવવી કહે મોઢું ફેરવવું આમ. તે કઇ રીતે ? મોઢું ફેરવવું. ઐસા મોઢા હૈ ને કર દે ઐસા, કૈસે ફેરવવા ? પણ ફેરવી દે. ચંદુભાઈ !

એ પર્યાયકા જો લક્ષ રાગ અને પર્યાય ઉપર હૈ, તો પર્યાયકા આશ્રય ઐસા બના દે વો સમયકી પર્યાય તો પરસન્મુખ હૈ, પણ દ્રવ્યમેંસે, લક્ષ હોકર નવી પર્યાય સમ્યગ્દર્શનકી હુઇ, એ પર્યાય વો તરફ ઝૂકનેસે હુઇ ઐસા કહેનેમેં આતા હૈ. આહાહાહા ! એ સમયે દ્રવ્યમેંસે સમ્યગ્દર્શન હોતા હૈ, દ્રવ્યકે આશ્રયસે, તબ વોહી પર્યાય દ્રવ્ય સન્મુખ હુઇ એમ કહેનેમેં આતા હૈ. આહાહા ! આકરી વાતુ બહુ ભાઈ ! આ સમ્યગ્દર્શનકા અધિકાર હૈ, આ ચૌદમી ગાથા.

એ સમ્યગ્જ્ઞાનકા પીછે આયેગા, ચારિત્રકા તો પીછે કહીં, સમ્યગ્દર્શન વિના જ્ઞાનેય સચ્ચા નહીં. સમ્યગ્દર્શન વિના ચારિત્ર ફારિત્ર એ બધા બાળવ્રત ને બાળતપ હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ– ગુરુદેવ પર્યાયને બદલવી, પરસન્મુખ છે તેને સ્વસન્મુખ કરવી પર્યાયને એ કઈ રીતે ? ) પર્યાયને સ્વસન્મુખ કરવી એનો અર્થ ? સ્વ સન્મુખ વો તો કહાને, જે પર્યાય પર સન્મુખ હૈ

વો તો રહે ગઈ ત્યાં ( શ્રોતાઃ- લક્ષકો સ્વ સન્મુખ કરના ) કરના. એ નવી પર્યાય ઉત્પન્ન કરકે સ્વ સન્મુખ કરના એમ કહેનેમેં આતા હૈ. ( શ્રોતાઃ- કરના વો તો મરના હૈ ) નહીં. નહીં. રાગકો કરના વો મરના હૈ. સ્વ તરફ કરના વો તો જીવતર હૈ. ( શ્રોતાઃ- સમ્યગ્દર્શનકી પર્યાય કરના એટલે શું ? ) કરના, એ કરનાનો અર્થ એ હોતા હૈ. ત્રિકાળ સમીપ જાનેપર સમ્યગ્દર્શનકી પર્યાય હોતી હૈ, છતાં ઉસકા લક્ષ પર્યાય ઉપર નહીં, આવું છે પ્રભુ ! શું થાય ? અરે મારગની રીતની યે ખબર ન હોય, એ મારગમાં શી રીતે જઇ શકે ? આહા !

આંહી વો કહા, બદ્ધસ્પૃષ્ટ તરફસે દેખો તો વ્યવહાર પર્યાય હૈ, રાગ હૈ, નિમિત્ત-નિમિત્ત સંબંધ હૈ, પણ સ્વભાવકી દૃષ્ટિસે દેખો તો એ બાત અભૂતાર્થ જૂઠા હૈ. જૂઠા એટલે ? પર્યાય નહીં હૈ ઐસા નહીં, પણ ગૌણ કરકે ઉસકો જૂઠા કહા હૈ આહા... અને મુખ્ય કરકે ભૂતાર્થકો સત્ય કહા હૈ. આહાહાહા ! એ તો અગિયારમી ગાથામેં આયા ને ? ત્રિકાળીકો મુખ્ય કરકે નિશ્ચય કહા અને પર્યાયકો ગૌણ કરકે વ્યવહાર કહેકર અભૂતાર્થ કહા.

આમાં કેટલી વાતું પહોંચવી ? નહીંતર પર્યાય તો ઇસકી હૈ યે નિશ્ચય હૈ, ગુણ ઉસકા હૈ યે નિશ્ચય હૈ, દ્રવ્ય ઉસકા હૈ યે નિશ્ચય હૈ, સ્વ એ નિશ્ચય હૈ, પર વ્યવહાર. પણ યહાં ત્રિકાળી જ્ઞાયકકો ભૂતાર્થ કહેકર, મુખ્ય કહેકર નિશ્ચય કહા અને પર્યાય ઉસમેં હૈ છતેં ઉસકો ગૌણ કરકે, વ્યવહાર કરકે અભૂતાર્થ કહા. આહાહાહાહા... હવે આવું જ્ઞાન ન મળે ને ? આવી વાત છે બાપુ ! ( શ્રોતાઃ- હમેં તો પ્રવચનમેં એ સૂના થા મહારાજ કે પર્યાયકા કરના ભી નહીં હૈ, પર્યાયકા હોના ભી નહીં ઐસા સૂના થા. ) કરના બરના નહીં હૈ, આંહી તો પર્યાય હોતી હૈ એમ કહાને ? દ્રવ્ય ઉપર લક્ષ હોતી હૈ એમ કહા. આહાહા ( શ્રોતાઃ- કરના નહીં હોતી હૈ. ) સ્વભાવ તરફ સન્મુખ હોતે હૈ તો પર્યાય સમ્યગ્દર્શન હોતા હૈ. બસ, સમ્યગ્દર્શનકી પર્યાય ઉપર સમ્યગ્દર્શનકા લક્ષ નહીં. કયા કહા ? સમ્યગ્દર્શનકી પર્યાય ઉપર સમ્યગ્દર્શનકા લક્ષ નહીં, સમ્યગ્દર્શનકી પર્યાયકા લક્ષ ધ્રુવ ઉપર હૈ, અરે રે ! આવી વાત છે. મૂળ અત્યારે બહોત ગરબડ હો ગઇ ( શ્રોતાઃ- બહોત ગરબડ નિકલ ગઈ. ) આહાહા ! વો કહા લ્યો. એક બોલ હુઆ વો, પાંચ બોલમેંસે પાંચ બોલ હૈ ને ? અબદ્ધસ્પૃષ્ટ તો અબદ્ધસ્પૃષ્ટકી એક કી વ્યાખ્યા કિયા, સમજમેં આયા ? દૂસરા-

"જૈસે મિટ્ટિકા ઢંકન, ઘડા, ઝારી ઇત્યાદિ પર્યાયોસે અનુભવ કરનેપર અન્યત્વ અનેરા અનેરાપણા સત્ય હૈ." પર્યાયમેં અનેરા અનેરા માટીમેંસે જો ઘડા હોતા હૈ, ઝારી હોતી હૈ અનેરા અનેરા અન્ય હૈ, 'તથાપિ સર્વતઃ અસ્ખલિત' માટી સ્ખલિત હોકર પર્યાયમેં નહીં આતી. આહાહા ! સામાન્ય માટી હૈ એ 'સર્વપર્યાયભેદોસે કિંચિત્‌માત્ર ભી ભેદરૂપ નહીં હોનેસે' સામાન્ય માટી હૈ એ પર્યાયમેં સ્ખલિત ( હોકર ) આતી હૈ, આતી હી નહીં કભી. આહાહા ! એ ઝારી ને ઘડા ને આદિ હોતા હૈ ઉસમેં માટી નહીં આતી, એ તો પર્યાય હૈ, પર્યાયમેં સામાન્ય નહીં આતા. આહાહાહાહાહા ! ઝીણી વાત છે ભાઈ ! પણ એક મિટ્ટિકે સ્વભાવકે કિંચિત્ માત્ર પણ ભેદરૂપ નહીં હોનેવાલા, સર્વ પર્યાયભેદોસે ભિન્ન, એક મિટ્ટિકે સ્વભાવ, દેખો માટીકે સ્વભાવ એકરૂપ રહેના સામાન્યપણે સમીપ જાકર અનુભવ કરને પર અન્યત્વ જૂઠા હૈ, અનેરી અનેરી માટીની અવસ્થા એ જૂઠી હૈ, "ઇસીપ્રકાર" આત્મામેં ઉતારેગા. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ).

## પ્રવચન નં. ૬૮ ગાથા - ૧૪ તા. ૨૫-૮-૭૮ શુક્રવાર, શ્રાવણ વદ-૭ સં. ૨૫૦૪

સમયસાર ૧૪ મી ગાથા. પહેલા એ કહા કે આત્મા જો હૈ, અબદ્ધ હૈ, રાગકે સાથ બંધ જો દિખતે હૈ એ પર્યાયનયકા– વ્યવહારનયકા વિષય હૈ પણ એ અંદર સ્વરૂપ હૈ એ તો અબદ્ધ હૈ, નિરાવરણ, અખંડ, એક, અવિનાશી, પરમ પારિણામિક પરમભાવલક્ષણ, નિજ પરમાત્મ દ્રવ્ય તે એકરૂપ વસ્તુ હૈ, એ અબદ્ધ હૈ. આહાહા ! ઉસકી ઉપર દૃષ્ટિ લગાના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા ! પાંચ બોલ તો ક્રમે સમજાયેગા. ન્યા પાંચ બોલ ક્રમ નહીં પડતે, કયા કહા ? પાંચ બોલ અબદ્ધસ્પૃષ્ટ, અનન્યમ્, નિયતમ્, અવિશેષમ્, અસંયુક્તમ્ એ પાંચ બોલ તો ક્રમસે સમજાતે હૈ, પણ જબ અંદર સમ્યગ્દર્શન હોતા હૈ તબ એક સાથ હી પાંચકા અભાવ અંદર બદ્ધકા આદિકા અભાવ હોતા હૈ.

કર્મકા સંબંધ બંધ, અનેરી અનેરી ગતિ જો નારકી આદિ દિખતે હૈ, એ ભી અંતરમાં અબદ્ધદૃષ્ટિ, દૃષ્ટિ હોતે સબ અનેકપણાકા અભૂતાર્થ હોતા હૈ, ઔર એક સ્વરૂપ ઉપર દૃષ્ટિ દેનેસે એ નિશ્ચય ભૂતાર્થ હૈ. આહા ! આવી વાતું છે. એ પહેલા અબદ્ધના દૃષ્ટાંત દિયા કમલિનીકા.

દૂસરા માટીકા દૃષ્ટાંત, માટીમેં જો ઘડા ઝારી આદિ હોતી હૈ પર્યાય. વો હૈ, પણ માટીકા સ્વભાવ એકરૂપ દેખનેસે એ પર્યાય સબ અભૂતાર્થ હૈ. એ તો દૃષ્ટાંત હુઆ સિદ્ધાંત, હૈ ? ઉસી પ્રકાર આત્માકા, ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ ધ્રુવ, ઉસકા નારક આદિ પર્યાયોસે અનુભવ કરનેપર, ગતિ નરક હૈ, મનુષ્ય હૈ, દેવ હૈ, તિર્યંચ હૈ ઐસી ગતિકી પર્યાયસે દેખો તો અનેકપણા દિખતે હૈ, પર્યાયનયકા વિષય યે હૈ, પણ ઉસે દેખનેસે સમ્યગ્દર્શન નહીં હોતા. આહાહાહાહા ! નારક આદિ પર્યાયોસે અનુભવ શબ્દે જાનન કરનેસે અનુભવ એટલે જ્ઞાન, જાનના, જાણન કરને પર પર્યાયોસે અન્યોન્યંતરરૂપ હૈ. નરક ગતિ, તિર્યંચ ગતિ, મનુષ્ય ગતિ, દેવ ગતિ, અન્ય અન્ય હૈ એ અપેક્ષાએ સત્ય હૈ.

તથાપિ, તોપણ આહાહા... સર્વતઃ અસ્ખલિત, ભગવાન જ્ઞાયક ધ્રુવ સ્વરૂપ અપના સ્વભાવસે ગતિમેં સ્ખલિત નહીં હુઆ હૈ, આહાહાહા ! ત્રિકાળ સદા નિરાવરણ ભગવાન આત્મા એ અપના સ્વભાવસે કભી સ્ખલિત, ગતિ આદિમેં નહીં આયા હૈ. આહાહા ! સમજમેં આયા ? સૂક્ષ્મ હૈ ભાઈ ! એ વાત કરના, બોલના વો કોઇ દૂસરી ચીજ હૈ. આહા !

નરક ગતિ, મનુષ્ય ગતિ, દેવ ગતિ, તિર્યંચ ગતિ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય પર્યાયનયથી દેખો તો યે અનેકપણા હૈ, પણ વો તો વર્તમાન એક અંશકી દૃષ્ટિસે દેખનેસે વ્યવહાર હૈ, તે પણ વ્યવહારનય, પણ વો વાત ત્રિકાળ સત્ય નહીં. એ ચીજ આત્મામેં ત્રિકાળ ટીક શકે ઐસી ચીજ નહીં. આહાહા ! ભગવાન આત્મા અપના સર્વતઃ અસ્ખલિત ચિદ્‌ઘન ધ્રુવ જ્ઞાયકભાવ એ અપના સ્વભાવસે ક્યાંય સ્ખલિત ( હોકર ) કોઇ ગતિમેં આયા નહીં. આહાહાહાહા ! સમજમેં આયા ?

સર્વ પર્યાય ભેદોમેં કિંચિત માત્ર ભેદરૂપ ન હોનેસે, વસ્તુ જો દ્રવ્યસ્વભાવ હૈ એ નરકગતિ આદિમેં કિંચિત્ ભી અન્યત્વ નહીં હુઆ હૈ. અરરર ! એ તો પર્યાયમેં અન્યત્વ હૈ. આહાહાહા !

સૂક્ષ્મ વિષય હૈ. સમ્યગ્દર્શન ઔર ઉસકા વિષય, સમ્યગ્દર્શન એ નિર્વિકલ્પ દૃષ્ટિ હૈ અને ઉસકા વિષય સર્વતઃ અસ્ખલિત ચિદ્‌ઘન ધ્રુવ સ્વભાવ જો કભી અપના સ્વભાવમેંસે ગતિકી પર્યાયમેં આયા નહીં, ઐસી ચીજ જો હૈ. આહાહાહા !

સર્વ પર્યાય ભેદોસે કિંચિત્ માત્ર ભેદરૂપ ન હોનેસે, આહાહા... નરકગતિ કે મનુષ્યગતિ આદિ હુઇ પણ અપના ત્રિકાળી જ્ઞાયકસ્વભાવસે કિંચિત્ ભી ગતિમેં ભેદરૂપ નહીં હુઆ. આહાહા ! હવે આ ચીજ હજી સમજના કઠણ પડે ઉસકી પ્રાપ્તિ કરના, અપૂર્વ પુરુષાર્થ હૈ ભાઈ ! આહાહા ! અને એ જ કર્તવ્ય હૈ પ્રથમ તો. આહાહા !

“મેં સર્વતઃ અસ્ખલિત” સર્વ પર્યાયોમેં, અસ્ખલિતનો અર્થ કિયા, કિંચિત્ માત્ર પણ અન્યરૂપસે નહીં હુઆ. આહાહાહા ! હૈ ? અન્યત્વ અભૂતાર્થ હૈ. કિંચિત્ માત્ર ભેદરૂપ ન હોના, આહાહા ! ગતિ એટલે આ મનુષ્ય શરીર નહીં, અંદર મનુષ્યકી ગતિકા ઉદય જો ગતિપણા હૈ, નામકર્મકા નિમિત્ત હૈ ને ગતિપણા જો હૈ, એ પર્યાયમેં જ્ઞાયકભાવ ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય જો સમ્યગ્દર્શનકા વિષય એ અપના સ્વભાવમેંસે અસ્ખલિતપણા કભી ગતિકી પર્યાયમેં આયા નહીં. આહાહા !

કેટલાક કહેતે હૈ ને કે મનુષ્યકી ગતિ હો તો કેવળજ્ઞાન હોતે હૈ. મનુષ્યગતિમેં કેવળજ્ઞાન હોતે હૈ, પણ એ વાત જૂઠી હૈ. આહાહાહા ! અપના એકીલા જ્ઞાયક ધ્રુવ અસ્ખલિત, જો ગતિકી કોઇ ગતિકી પર્યાયમેં ધ્રુવ જ્ઞાયક સ્વભાવ આયા નહીં, ઉસકા આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ, ઔર ઉસકા આશ્રયસે ચારિત્ર હોતા હૈ, ઔર ઉસકા આશ્રયસે કેવળજ્ઞાન હોતા હૈ, કોઇ સંહનનસે, મનુષ્યપણાસે કેવળજ્ઞાન હોતા હૈ ઐસા હૈ નહીં. આહાહા ! સમજમેં આયા ?

સત્ય વસ્તુ બહોત દુર્લભ હૈ બાપુ ! આહાહા ! સર્વતઃ અસ્ખલિત, ચાર ગતિમેંસે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય, મનુષ્ય, દેવ, નારકી આદિ પર્યાયમેં આયા પણ વો વસ્તુ સ્વભાવ પર્યાયમેં કભી આયા નહીં. આહાહા ! એક ધ્રુવ સ્વરૂપ, એકરૂપ સદૃશ સ્વરૂપ, નિત્યાનંદ પ્રભુ અપના સ્વભાવમેંસે કિંચિત્ માત્ર ગતિમેં સ્ખલિત નહીં હુઆ હૈ. આહાહા ! સમજમેં આયા ?

વો એક ‘ચૈતન્યાકાર આત્મસ્વભાવકે સમીપ જાકર’ કયા કહેતે ( હૈ ) ? ગતિકી પર્યાયકા સમીપ જાકર, વો પર્યાયકા જ્ઞાન હોતા હૈ, અને એ મૈં હું એ મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહાહા ! વો પર્યાય, ગતિકી પર્યાય હૈ ઉસકી સમીપસે દૂર હોકર, પર્યાયબુદ્ધિમેંસે નિકલકર આહાહા... આત્મા જો જ્ઞાયક ચૈતન્ય આનંદકંદ પ્રભુ હૈ, ઉસકે સમીપ જાકર, અનુભવ કરને પર ત્રિકાળી જ્ઞાયકભાવકા સમીપ નામ દૃષ્ટિ કરનેસે, ઉસકા સ્વીકાર અને સત્કાર કરનેસે, ઉસકા અનુભવ કરનેસે, આહાહા... આવું છે પ્રભુ ! “અન્યત્વ અભૂતાર્થ હૈ.” એ અનેરી અનેરી ગતિ જે પર્યાય હૈ એ જૂઠા હૈ, પર્યાય પર્યાય તરીકે હૈ પણ સ્વભાવકી દૃષ્ટિકી અપેક્ષાએ પર્યાય જૂઠી હૈ. જૂઠી હૈ નામ પર્યાય નહીં થી ઐસા નહીં. હૈ તો ખરી, પણ વો વ્યવહારનયકા ખંડ ખંડકા જ્ઞાન કરનેકા વિષય હૈ. આહાહા ! ઔર ભગવાન આત્મા જ્ઞાયક અસ્ખલિત ચૈતન્ય સ્વરૂપ અનાદિ અનંત એકરૂપ રહેનેવાલી ચીજ એ અભેદ ઉપર દૃષ્ટિ કરનેસે, એ પર્યાયકા ભેદે ય જૂઠા હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ- પર્યાયકા ભેદ જૂઠા હૈ એટલે ? ) ભેદ એ દૃષ્ટિકા વિષય નહીં. તો પર્યાય ગૌણ કરકે

ઉસકો જૂઠા કહે દિયા હૈ. આહાહાહા ! ઝીણી વાત છે ભાઈ ! ધર્મ ચીજ કોઇ અલૌકિક હૈ. આહાહા !

એ પર્યાયકી દૃષ્ટિસે, દ્રવ્યદૃષ્ટિ નહીં હોતી. પર્યાયકા લક્ષસે દ્રવ્યદૃષ્ટિ નહીં હોતી. વોહી અપેક્ષાસે દ્રવ્ય નામ જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ ઉસકા સમીપ જાકર, નામ ઉસકા સત્કાર, સ્વીકાર કરનેસે, ઔર ત્રિકાળી જ્ઞાયકભાવકો સન્મુખ હોનેસે અનુભવ કરનેપર એ પર્યાયકા ભેદ ગૌણ હો ગયા, તો વો અભૂતાર્થ હૈ. આહાહાહા ! ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. ( શ્રોતાઃ– પર્યાયના ભેદો તો જ્ઞાનમાં આવ્યા છે ) એ પીછે ભેદજ્ઞાનમેં દર્શન હુઆ, ઉસકી સાથ જો જ્ઞાન હુઆ એ જ્ઞાન સ્વકો ભી જાનતે હૈ ને પર્યાયકા ભેદકો જાનતે હૈ. જાનનેમેં દો હૈ પીછે, પણ સમ્યગ્દર્શનમેં દો, દૃષ્ટિકા વિષયમેં નહીં. આરે આવી છે વાત ભાઈ ! આહાહા ! સમજમેં આયા ?

એ ચૈતન્યઆકાર, એક ચેતન્યઆકાર, એક ચૈતન્યસ્વરૂપ સ્વભાવ, એક ચૈતન્ય સ્વભાવરૂપ આત્મસ્વભાવ, અથવા ચૈતન્યસ્વરૂપરૂપ આત્મસ્વભાવ, આહાહા... ઇનકે સમીપ જાનેપર અનુભવ કરનેપર એ અન્યત્વ જૂઠા હૈ. અનેરા અનેરાપણે જૂઠા હૈ. ભગવાન તો અનન્ય હૈ. અન્યત્વ, અન્યત્વમેં આતા નહીં. આહાહાહા ! સમજમેં આયા ? ગતિ આદિકી પર્યાય અન્યત્વ અન્યત્વ હૈ. ઉસમેં અનન્ય પ્રભુ અન્યત્વમેં આતા નહીં. અરે આ શું છે આ વાત, કહે છે.

અત્યારે મૂળ ચીજ અને મૂળ ચીજકા વિષય, બાત આખી જાણે ફેરફાર હો ગયા. આ કરો ને, આ કરો ને આ કરો ને શાસ્ત્ર વાંચો ને શાસ્ત્ર ભણો ને ભક્તિ કરો ને પૂજા કરો ને વ્રત કરો ને તપ કરો ને, આહાહાહા... ભાઈ ! તને ખબર નથી પ્રભુ ! એ બધી ક્રિયાનો વિકલ્પ છે એ તો રાગ હૈ અને રાગસે પ્રભુ તો અબંધ હૈ. રાગસે સંબંધ નામ બંધ નહીં. સ્વભાવમેં રાગકા સંબંધ, સંબંધ, ( નહીં ) સમજમેં આયા ? કયા કહા ? કે ભગવાન જ્ઞાયકસ્વભાવ એ એકરૂપ ચૈતન્યસ્વરૂપ આત્મસ્વભાવ, ઉસકી દૃષ્ટિ કરનેસે ગતિ જે અન્ય અન્ય હૈ વો ઉસમેં નહીં. ઉસમેં નહીં એ અપેક્ષાસે ઉસકો અસત્યાર્થ કહેનેમેં આયા હૈ. સમજમેં આયા ?

પહેલે એક વાર કહા થા, કે સ્વદ્રવ્યની અપેક્ષાએ અન્ય દ્રવ્ય અદ્રવ્ય હૈ. કયા કહા ? સ્વ આત્મા હૈ સ્વદ્રવ્ય, સ્વદ્રવ્ય અપનેપણે હૈ, પરદ્રવ્યસે હૈ નહીં. ઔર પરદ્રવ્ય પરદ્રવ્યસે હૈ, અપને દ્રવ્યસે હૈ નહીં. તો ઉસકા અર્થ કયા હુઆ ? પહેલી ચૌભંગી, સપ્તભંગીમેં, અપના દ્રવ્યકી અપેક્ષાસે અપનેમેં હૈ, પણ અપના દ્રવ્યકી અપેક્ષાસે દૂસરા દ્રવ્ય અદ્રવ્ય હૈ. આહાહાહાહા... ઉસકી અપેક્ષાસે દ્રવ્ય હૈ, પણ આ દ્રવ્યકી અપેક્ષાએ અદ્રવ્ય હૈ. આહાહા !

ઔર આ ક્ષેત્રકે અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા, એ સ્વક્ષેત્રકી અપક્ષાસે અપને હૈ, અને અપની અપેક્ષાસે દૂસરાકા અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર જીવકા ઔર પરમાણુકા એક પ્રદેશી ક્ષેત્ર એ અક્ષેત્ર હૈ. આરે આવી વાતું હવે, આકાશ પણ આ સ્વક્ષેત્રની અપેક્ષાએ અક્ષેત્ર હૈ. ચંદુભાઈ ! આવી વાતું છે, બાપુ ! શું થાય ? વસ્તુની સ્થિતિ, ( શ્રોતાઃ– આકાશ તો બહોત બડા ક્ષેત્ર હૈ. ) બહોત બડા ક્ષેત્ર હૈ ઉસમેં હૈ, આ ક્ષેત્રની અપેક્ષાએ તો અક્ષેત્ર હૈ. ઉસકા ક્ષેત્રની અપેક્ષાએ ક્ષેત્ર હો, સમજમેં આયા ? વાત બાપા ભગવંત્ તેરી ચીજ ઐસી કોઇ હૈ એ એની લીલા પર્યાયમેં અનેકતા દિખતી હૈ, પણ એ વસ્તુ સ્વરૂપ એ ઐસા નહીં. આહાહા !

એમ કાળની અપેક્ષાસે, અપની પર્યાયકા સ્વકાળકી અપેક્ષાએ અપના અપનેમેં હૈ, અને

અપના પર્યાયકા સ્વકાળકી અપેક્ષાએ દૂસરી પર્યાયકા કાળ પરકાળ હૈ. આહાહાહા ! ઔર ઇસસે સૂક્ષ્મ લે જાએ, તો ત્રિકાળી જ્ઞાયકભાવ એ સ્વકાળકી અપેક્ષાએ અપના હૈ, અને અપની પર્યાયકી અપેક્ષાએ પરકાળ હૈ એ અપનેમેં નહીં. સમજમેં આયા ? એ અહીંયા કિયા, કહેતે હૈ કે પરકાળ જો ગતિ આદિ હૈ હો, અપના દ્રવ્યસ્વભાવકી અપેક્ષાસે યે હૈ નહીં, ઉસકી અપેક્ષાસે વો હૈ. આહાહાહા... આ જૈનદર્શન બાપા ! સૂક્ષ્મ બહુ ભાઈ ! આહાહા ! એ કોઇ પંડિતાઇનો વિદ્વાનનો વિષય નથી. એ તો અંતરદૃષ્ટિનો વિષય હૈ. આહાહાહા !

તિર્યંચ હજાર જોજનના મચ્છ ભી સમ્યગ્દર્શન પાતે હૈ, કયા જાનપણા થા ? અસ્ખલિત ચૈતન્યદ્રવ્ય જ્ઞાયક ધ્રુવ સ્વભાવ, ઉસકા દૃષ્ટિ કરનેસે એ સત્ય હૈ અને પર્યાય હૈ એ અપેક્ષાએ એ અસત્ય હૈ, ઉસકી અપેક્ષાસે સત્ય હૈ, અપના દ્રવ્યસ્વભાવકી અપેક્ષાએ અસત્ય હૈ. આહાહા !

જૈસે 'ભાવ' અપના ભાવ જો હૈ અનંત ગુણરૂપ ભાવ એ અપની અપેક્ષાએ સત્ય હૈ. અને દૂસરા જો અનંત સિદ્ધો અને ઉસકા ભાવ કેવળજ્ઞાન આદિ અંદર ગુણભાવ અપના ભાવકી અપેક્ષાએ એ અભાવ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? ઐસે યહાં, જ્ઞાયકભાવકી દૃષ્ટિ અંદર કરનેસે એ સત્યાર્થ યે હી હૈ ઔર પર્યાય ભેદ જિતના ગતિ આદિકા હૈ એ અસત્યાર્થ હૈ. આમ છે પ્રભુ ! શું થાય બાપુ ! મારગ બહુ ફરી ગયો પ્રભુ ! શું કરે ? ભગવાનના વિરહ પડયા. કેવળજ્ઞાનની ઉત્પત્તિ નહીં, લોકોએ સ્વચ્છંદે મારગ ચલાયા હૈ. ( શ્રોતાઃ- વાણી તો રહી ગઈ ભગવાનની ) હૈં ? આ મારગ રહી ગયો અંદર વસ્તુ. આહાહા ! પણ ઉસકો એકાંત માનતે હૈ. ( શ્રોતાઃ- માનને દો. ) આહાહા ! વો એકાંત હી હૈ. એ આયેગા, સમ્યક્ એકાંત હી હૈ. પાંચમાં બોલમેં આયેગા, આ તો હજી દૂસરા બોલ ચલતે હૈ. આહાહા ! એ દો બોલ હુઆ.

હવે તીસરા બોલઃ – જૈસે સમુદ્રકા વૃદ્ધિહાનિરૂપ અવસ્થા ભરતી ઓટ, તમારી ભાષામાં ક્યા ? બાઢ, બાઢ કહેવાય, એ વૃદ્ધિ અપેક્ષાસે ને હાનિ અપેક્ષાસે, અનુભવ કરને પર એટલે જ્ઞાન કરને પર અનિયતપણા ભૂતાર્થ હૈ. એ છે, ભરતી ઓટ હોતા હૈ, એ બાઢ આતી હૈ ઘટ જાતી હૈ એ પર્યાયકી અપેક્ષાસે સમુદ્રમેં એ હૈ. આહાહા... તથાપિ નિત્ય, સ્થિર સમુદ્ર સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, સમુદ્ર એકરૂપ રહેનેવાલા, જેમાં ભરતી બાઢ ને હાનિ હૈ નહીં ઐસા સમુદ્રકી એક એકરૂપ ચીજકો દેખનેસે, આહાહાહા... અનુભવ કરનેપર અનિયતતા જૂઠા હૈ. એ સમુદ્રમેં જો બાઢ આતી હૈ ને ઘટ જાતી હૈ એ સબ જૂઠા હૈ. ત્રિકાળની અપેક્ષા, સમુદ્રની સામાન્યના સ્વભાવની અપેક્ષાએ વો બાઢ આદિ હૈ એ સબ જૂઠી બાત હૈ, સમજમેં આયા ? આરે આવી વાતું છે.

"ઇસી પ્રકાર" એ તો દૃષ્ટાંત હુઆ. હવે આત્મામેં, આહાહા... આત્માકા વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોંસે અનુભવ કરનેપર, આહાહા... પર્યાયમેં અનંત ગુણ પર્યાય વિશેષ હોતી હૈ, ઔર એ ઘટ જાતી હૈ. ઐસા અક્ષરને અનંતમેં ભાગે પર્યાય હો જાતી હૈ નિગોદમેં, કેવળજ્ઞાન પર્યાય સર્વજ્ઞકો હોતી હૈ, ઐસી પર્યાયભેદોસે દેખો, આહાહાહાહા... તો અનિયતતા હૈ ખરી અનિયત નામ અનિશ્ચય વસ્તુ હૈ ખરી, પર્યાયદૃષ્ટિસે. આહાહા !

હવે, "તથાપિ નિત્ય-સ્થિર" નિત્યનો અર્થ સ્થિર, સ્થિર બિંબ ધ્રુવ બિંબ અનંત ગુણરાશિકા પિંડ પ્રભુ, આહાહાહા... ઉસકા સ્થિર નિશ્ચલ આત્મસ્વભાવકે સમીપ જાનેપર, નિશ્ચલ આત્મસ્વભાવ જો એકરૂપ પર્યાયમેં આતા નહીં. હાનિવૃદ્ધિરૂપ પર્યાય જે હોતી હૈ ઉસમેં એ

એકરૂપ દ્રવ્ય આતા નહીં. આહાહાહા... અક્ષરને અનંતમેં ભાગે પર્યાય હો, તો ભી દ્રવ્ય તો પૂર્ણ હી પૂર્ણ હી પડા હૈ, ઔર કેવળજ્ઞાનકી પર્યાય હો તો ભી દ્રવ્ય તો પરિપૂર્ણ જ હૈ, તો પર્યાય ઇતની બહાર આઇ તો ન્યાં ઘટવધ હો ગઇ હૈ, ઐસે હૈ નહીં. આહાહા ! કેવળજ્ઞાનકી પર્યાય એક સમયકી એ ભી એક સમયકી પર્યાય હૈ. પર્યાયકી મુદત જ એક સમય હૈ, ગુણ અને દ્રવ્યકી મુદત ત્રિકાળ હૈ. આહાહા !

તો કહેતે હૈ, કે કેવળજ્ઞાન ત્રણકાળ ત્રણલોકકો અપની પર્યાય જાનનેમેં, વો જાનનેમેં આ જાતે હૈ, ઐસી એ પર્યાય ભી હોનેપર દ્રવ્ય સ્વભાવમેં કોઇ કમી હુઇ હૈ, ઐસા હૈ નહીં, ઇતની પર્યાય બહાર આઇ ને કમી નહીં અંદર ? બાપુ એ કોઇ અલૌકિક ચીજ હૈ. આહાહા ! એ પર્યાય ઇતની તાકાતવાલી બહાર આઇ તો અંદરમેંસે કુછ ઘટવધ હોગી કે નહીં ? ભગવાનનો મારગ તો બહુ અલૌકિક હૈ ભાઈ ! આહાહા !

એ દ્રવ્યસ્વભાવ એકરૂપ ત્રિકાળ હૈ, એક હૈ ને ? નિત્ય સ્થિર આત્મસ્વભાવકી સમીપ જાકર, નિત્ય સ્થિર એકરૂપ હૈ, ચાહે તો કેવળજ્ઞાન હુઆ હો ને, ચાહે તો અક્ષરને અનંતમે ભાગે હો ને, ચાહે તો ચાર જ્ઞાન ને અવધિજ્ઞાન આદિ હો. પણ એ વસ્તુ તો ઉસમેં આતી નહીં. આહાહા ! એ પર્યાયમેં વસ્તુ જો ત્રિકાળી હૈ, એ આતી નહીં. આહાહાહા ! અને ત્રિકાળી જ્ઞાયક સ્વભાવકા આશ્રય કરના, તો ઉસકી દૃષ્ટિ કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આ સમ્યગ્દર્શનકી ગાથા હૈ.

( હજી ) અત્યારે તો કાંઇ દેવગુરુ શાસ્ત્રની શ્રદ્ધા કરો, નવતત્ત્વની ભેદની શ્રદ્ધા કરો સમકિત ! અરર ! બાપુ તને ખબર નથી ભાઈ ! આહા ! નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધાકા અનુભવ તો મિથ્યાત્વ હૈ ભેદવાળી હોં આમ નવતત્ત્વ, તત્ત્વાર્થસૂત્રમાં કહા હૈ ત્યાં તો એકવચન હૈ ત્યાં, બહુવચન નહીં હૈ તત્ત્વાર્થ સૂત્રમેં. જીવ, અજીવ, આસ્રવ, બંધ, મોક્ષ, એકવચન હૈ. એ નવકા એકવચન આ અભેદ નવકો જાનતે હૈ. સમજમેં આયા ? આહાહા !

યહાં કહેતે હૈ કે પર્યાયમેં હિનાધિક દશા, આહાહા... અગુરુલઘુકે કારણ અને પર્યાયકા ધર્મકે કારણ, પર્યાય અધિક હો, સામાન્ય હો થોડી હો, વિશેષ હો, ઐસા પ્રકાર હો પર્યાય દૃષ્ટિસે પણ વસ્તુની દૃષ્ટિસે દેખો, ભગવાન એકરૂપ ચૈતન્યસૂર્ય ભગવાન ચૈતન્ય સમુદ્ર પડા હૈ અંદર, આહાહાહા... જેમ એ સમુદ્રમેં પર્યાયકા બાઢ ભરતી વૃદ્ધિ હૈ નહીં, ઐસે ભગવાનમેં આ પર્યાય હિનાધિકકી પર્યાય અંદરમેં હૈ નહીં ઔર હિનાધિક પર્યાયમેં આત્મા આતા નહીં. આવી વાત છે ભાઈ ! આહાહા !

અરે, આવો મનુષ્યભવ મળ્યો ને એમાં જો આ ન કિયા તો પ્રભુ તારું શું થશે ભાઈ ! આહાહા ! ૮૪ લાખ યોનીના અવતાર નાથ, આહાહા... એ દૃષ્ટિકા વિષય સમ્યગ્દર્શન બિના એ હુઆ, આહાહા... એ સમ્યગ્દર્શન પર્યાયકો નહીં સ્વીકારતી હૈ, સમ્યગ્દર્શન ત્રિકાળી જ્ઞાયકભાવકો હી સ્વીકાર કરતી હૈ. આહાહાહા ! સમજાય એવું છે પ્રભુ ! ભાષા તો સાદી છે, ભાવ તો જે હૈ એ હૈ. આહાહા !

કહેતે હૈ કે પર્યાય ચાહે તો કેવળજ્ઞાન હો ને ચાહે તો મતિજ્ઞાનના શ્રુતના અક્ષરના અનંતમેં ભાગે હો, ભેદની અપેક્ષાએ પર્યાયની દૃષ્ટિસે પર્યાય હૈ. આહાહા ! વો તો જાનને લાયક

હૈ ઇતના, હવે આદરને લાયક કયા ચીજ હૈ ? આહાહા ! ત્રિકાળી સ્વરૂપ કેવળજ્ઞાનકી પર્યાય ભી આદરને લાયક નહીં હૈ. યહ સદ્‌ભૂત વ્યવહારનયકા વિષય હૈ. આહાહા ! અરે ! અરે ! કેવળજ્ઞાન એ નિશ્ચયનયકા વિષય નહીં. નિશ્ચયનયકા વિષય તો ધ્રુવ ત્રિકાળી જ્ઞાયકભાવ તે વિષય ઉસકા હૈ. પંડિતજી ! આહાહાહા !

ઔર, આહા... એ પર્યાયમેં દ્રવ્ય આયા હી નહીં કભી, આહાહા... ઐસા દ્રવ્યસ્વભાવ અસ્ખલિત વો ઉપર દૃષ્ટિ દેનેસે એ વસ્તુ સત્યાર્થ હો ગઇ, અને એની અપેક્ષાસે પર્યાયકા ભેદ અસત્યાર્થ હો ગયા. આહાહા ! સમજમેં આયા ? સૂક્ષ્મ હૈ ભગવાન ! શું થાય પ્રભુ ? તેરી લીલા તો દેખ. આહાહાહા ! પર્યાયમેં અનેકપણા હોનેપર ભી, ભગવાન તેરી એકરૂપ ચીજ હૈ, એ કભી અનેકમેં આઇ નહીં. આહાહા ! સમજમેં આયા ? કેવળજ્ઞાનકી પર્યાયમેં ભી દ્રવ્ય આતા નહીં. સમ્યગ્દર્શનકી પર્યાયમેં, પૂર્ણ જ્ઞાયકભાવકી પ્રતીતિ ને ઉસકા જેટલું સામર્થ્ય હૈ એ સબ ઉસ જ્ઞાન પર્યાયમેં આતા હૈ પણ વો ચીજ પર્યાયમેં નહીં આતી. આહાહાહા !

જેમ અગ્નિકો દેખનેસે અગ્નિકી ઉષ્ણતાકા જ્ઞાન હોતા હૈ યહાં, પણ એ ઉષ્ણતા યહાં નહીં આતી. સમજમેં આયા ? આહાહા ! એમ અપની પર્યાયમેં લોકાલોક જાનતે છતેં પર્યાયમેં લોકાલોક નહીં આતા, એક વાત. અને પર્યાયમેં પૂર્ણ જાનનેકી તાકાત ખીલી તો ઉસમેં દ્રવ્ય નહીં આતા. પર્યાયમેં લોકાલોક નહીં આતા ને પર્યાયમેં દ્રવ્ય નહીં આતા. આહાહાહાહા !

( શ્રોતાઃ- પર્યાય અકેલી લટકેગી ? ) એક જ સમયકી પર્યાય, એક બાર તો કહા થા, કે આ જગતમેં એક સમયકી પર્યાય એ હી પૂર્ણ હૈ બસ, સારા દ્રવ્યગુણકો જાનતી હૈ, અનંતી પર્યાયકો જાનતી હૈ, લોકાલોક ષટ્‌દ્રવ્યકો અસ્તિ હૈ માટે જાનતી નહીં, ઉસકા સ્વપરપ્રકાશક ( સ્વભાવ ) હોનેસે જાનતી હૈ, એક સમયકી પર્યાયમેં સારા સબ આ ગયા. છતેં દ્રવ્ય આયા નહીં ઉસમેં, દ્રવ્યકા જ્ઞાન આયા. આહાહા ! આવી વાત છે ભાઈ !

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એમ કહેતે હૈ, સંતો એ રીતે જગત પાસે વાત મુક્તે હૈ, પ્રભુ ! આહાહા ! ભાઈ ! તેરે કાર્ય બહોત કરના પડતા, અંતર્મુખ જ્યાં સારી ચીજ હૈ પૂરી ત્યાં તેરે દૃષ્ટિ મૂકના પડેગા પ્રભુ ! આહાહા ! તબ તેરી પ્રભુતાકી તેરે પ્રતીત હોગી, સમજમેં આયા ?

પર્યાય તો પામર હૈ ! આહાહાહા ! ( શ્રોતાઃ- પામર હોનેપર જાનનેકી શક્તિ તો હૈ ને ) જાનનેકી શક્તિ હો ભલે પણ એ પામર, સ્વામી કાર્તિકેયમેં તો ઐસા કહા હૈ કે સમકિત દૃષ્ટિકો જ્ઞાન દર્શન ચારિત્રકી પર્યાય હુઇ, છતાંય એ કહેતે હૈ કે પ્રભુ મેરી પર્યાય તો કેવળજ્ઞાનકી અપેક્ષાસે પામર હૈ. સ્વામી કાર્તિકેય મૂળ શ્લોક હૈ, સમજમેં આયા ? ( શ્રોતાઃ- એ પર્યાય પૂરણ સામર્થ્યવાન તો હૈ ને ) એ પણ દ્રવ્યની આગળ પામર હૈ. આહાહાહા ! કેમકે એક એક ગુણમેં ઐસી કેવળજ્ઞાનકી પર્યાય તો અનંતી અનંતી અનંતી પર્યાય એક ગુણમેં પડી હૈ શક્તિરૂપ. આહાહાહા ! ને ઐસા અનંત ગુણ જો હૈ અનંત ગુણકા એકરૂપ પ્રભુ ભગવાન દ્રવ્યસ્વભાવ, ઉસકી દૃષ્ટિ કરનેસે એ સત્ય હૈ, ઔર પર્યાય તે દૃષ્ટિકા વિષય નહીં માટે તે અસત્ય હૈ. આહાહા !

આવી વાતું હવે, આમાં શું કરવું, કયા કરના કાંઇ સૂઝ પડતી નહીં એમ કહેતે હૈ. એમ કે આમ કરવું ને આમ કરવું, ભાઈ ! સ્વસન્મુખ હોના વો કરના નહીં ? સ્વ નામ પરિપૂર્ણ ભગવાન આત્મા, આહાહા... ઉસકા દૃષ્ટિ કરનેસે આત્મસ્વભાવ ત્રિકાળીકા સમીપ જાકર,

આહા... સમીપ જાકર ભાષા તો દેખો.

ટીકા તે ટીકા હૈ. આહાહા ! ભરતક્ષેત્રમેં ઐસી ટીકા કોઈ હૈ નહીં. આહાહા ! ગજબ વાત હૈ. સર્વજ્ઞ અનુસારિણી, ઐસા શાસ્ત્રકી રચના હો ગઇ હૈ. આહાહા ! એ આત્મા, આ ટીકાકા નામ આત્મખ્યાતિ હૈ ને ? આ ટીકાકા નામ આત્મખ્યાતિ હૈ આ સમયસાર. તો આત્મખ્યાતિ નામ પ્રસિદ્ધિ હુઈ.

સ્વભાવ ત્રિકાળ હૈ ઉસકી દૃષ્ટિ કરનેસે આત્મા કૈસા ને કિતના હૈ ઉસકી પ્રસિદ્ધિ શ્રદ્ધામેં આ ગઇ. અને જ્ઞાનકી પર્યાયમેં ઉસકા જ્ઞેય કિતના હૈ એ આ ગયા. આહાહા ! એ રાગકી પર્યાયમેં ઉસકી પ્રસિદ્ધિ નહીં આતી. સમજમેં આયા ? રાગ પોતે જડ હૈ અચેતન હૈ, જ્ઞાનકા ચૈતન્યકા અંશકા અભાવ હૈ ઉસમેં. વ્યવહાર રત્નત્રય ચાહે તો દેવગુરુશાસ્ત્રકી શ્રદ્ધા હો ચાહે તો પંચમહાવ્રતકા પરિણામ હો કે શાસ્ત્રજ્ઞાન હો વિકલ્પાત્મક પરસે પઢયા પણ રાગ અચેતન હૈ એ તો. બંધ અધિકારમેં તો ત્યાં લગ કહા કે જિતના શાસ્ત્ર જ્ઞાન હૈ પરકા, એ શબ્દજ્ઞાન હૈ એ આત્મજ્ઞાન નહીં, ઐસા લિયા હૈ. બંધ અધિકાર, એ જ્ઞાન શબ્દકા જ્ઞાન હૈ એમ કહેતે હૈ. આહાહા ! એ શબ્દો હૈ ને ? ઉસમેં શબ્દ નિમિત્ત થા ને ? ને જ્ઞાન તો ભલે અપની પર્યાયમેં હુઆ, પણ એ શબ્દ જ્ઞાન હૈ એ આત્મજ્ઞાન નહીં. આહાહાહા !

બંધ અધિકારમેં હૈ. નવતત્ત્વકી શ્રદ્ધા એ નવતત્ત્વકી ભેદરૂપ શ્રદ્ધા હૈ અપની નહીં. અહાહા ! હૈ ઉસમેં ? અને છ કાયકી રક્ષાકા ભાવ એ છ કાય જીવ હૈ એ પર હૈ તેરી ચીજ નહીં, આહાહા ! ઐસા ત્યાં લિયા હૈ બંધ અધિકારમેં. આહાહા !

આંહી તો ઇસસે આગળ બઢકર, આહાહા... પર્યાયમેં જે ગતિ આદિ હૈ અનિયત્તતા હૈ, હિનાધિક દશા પર્યાયમેં હોતી હૈ, એ સબ પર્યાયકી દૃષ્ટિસે પર્યાય હૈ, પણ વસ્તુકી દૃષ્ટિ કરનેસે અનુભવ કરનેપર સમ્યગ્દર્શનકા વિષયકા અનુભવ કરનેપર, એ સબ ઉસકા વિષયમેં આતા નહીં. તો અપેક્ષાએ અભૂતાર્થ હૈ, સમજમેં આયા ? હવે આવો ઉપદેશ. હવે શી રીતે આમાં ? આહાહા !

ઓલી તો એવી વાતું હોય કે આમ કરો, વ્રત કરો, દયા પાળો, ભક્તિ કરો, રાગ કરો, ( શ્રોતાઃ– રાગ કરવાનો ઉપદેશ ) મંદિર બનાવો, ગજરથ ચલાવો, એય ગોદિકાજી ? આ પૈસાવાળાને ઠીક દેખાય કંઇક પૈસાથી થાતું હોય તો, આહાહા... બાપુ ! ક્યાંય નથી ભાઈ ! એ પરકી ચીજ કર સકતે નહીં. મંદિર કર સકતે નહીં, ગજરથ આત્મા ચલા સકતે નહીં. રથકી ક્રિયા આત્મા કર સકતે નહીં, ઉસમેં ભાવ હોતા હૈ તે શુભ હો, એ શુભરાગ બંધકા કારણ હૈ. ( શ્રોતાઃ– આપ પ્રતિષ્ઠા તો કરાવો છો ) કોણ કરાવે છે ? હોતા હૈ અમે તો કભી કોઇકો કહા નહીં કે આ કરો, મંદિર બનાવો એ ભી અમે તો કભી કહા નહીં. આ મકાન ભી બનાવો અમે તો કભી કહા નહીં. સ્વાધ્યાય મંદિર બનતે હૈ તો કભી કહા નહીં કે આ બનાવો. મેં તો ઐસા કહા થા કે તુમ બનાતે હો પણ અમારી કોઇ વિશેષતા કે વીતરાગતા બઢ જાયે તો હમકો કોઇ પ્રતિબંધ નહીં કે હમારેકો યહાં રહેના હી પડેગા હમારે. પહેલેસે કહા થા, અમે કદી કોઇ મકાન બનાવો કે ઐસા કોઇ ( નહીં કહા ) આંહી કરોડો રૂપિયાકા મકાન હો ગયા અભી આંહીયા. કદી કિયા ( કહા ) નહીં, કરતે હૈ તો હમ જાનતે હૈ. હૈ ? ( શ્રોતાઃ– આપકો રોક દિયા આ મકાનમેં ) કોઇએ રોકા નહીં. હૈ, ( શ્રોતાઃ– પરપદાર્થ રોકે ? ) સમજમેં આયા ? અપના રાગમેં, વીતરાગતા ન હો, વો

કારણસે રાગમેં રૂક ગયા હૈ. મકાનકે કારણસે નહીં. આહાહાહા ! એવી વાત છે પ્રભુ ! શું થાય ? અહીંયા હવે એ કહા.

ભગવાન નિશ્ચલ સ્થિર પ્રભુ પડયા છે. એકરૂપ ! આદિ અંત બિના અકૃત્રિમ, અણકરાયેલી ચીજ પર્યાય તો કર્તા હોતા હૈ ને ભોકતા હોતા હૈ એ ચીજ નહીં ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, અવિનાશીભાવ, નિત્યભાવ, ધ્રુવભાવ, અવિચળભાવ, એકરૂપભાવ, સદૃશભાવ, સામાન્યભાવ, ઉસકો દેખનેસે, ઉસકા સમીપ જાનેસે તેરે સમ્યગ્દર્શન હોગા, ઔર સમીપ જાનેસે એ પર્યાય સબ અભૂતાર્થ દિખેગી, ઉસમેં આતી નહીં. આહાહાહા ! સમજમેં આયા ? તીન બોલ હુઆ, અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત તીન( બોલ ) હુઆ.

હવે ચોથા "અવિશેષ" ચોથા. જૈસે સોનેકા, સોનું સોનું સુવર્ણ, ચિકનાપન, પીલાપન, ભારેપન ઇત્યાદિ ગુણરૂપ ભેદોસે, ઇત્યાદિ ગુણરૂપ ભેદોસે જાનને કરનેપર, અનુભવ નામ જાનના કરને પર વિશેષતા ભૂતાર્થ હૈ. એ સોનાના અનેક જે ચિકનાપણા આદિ ગુણ હૈ, એ વિશેષસે દેખનેસે એ હૈ, એ વિશેષ હુઆ. ગુણીના ગુણકા ભેદ વિશેષ હુઆ. આહાહાહા ! વિશેષ દેખનેસે હૈ, પણ ઉસકી દૃષ્ટિસે સમ્યગ્દર્શન નહીં હોતા. અહીં તો સોનાકી બાત હૈ. ઉસકી દૃષ્ટિસે સોના નહીં ખ્યાલમેં આતા હૈ. સમજમેં આયા ? સોનાકા ગુણભેદ દેખનેસે સોના ખ્યાલમેં નહીં આતા. આહાહા !

'તથાપિ' તોપણ જિસમેં સર્વ વિશેષ વિલય હો ગયા હૈ, આહાહાહા... ચીકણા પીળાપણા ને સબ વિલય હો ગયા હૈ, એકલા સામાન્ય સોના ( કો ) દેખનેસે, વિશેષકો ન દેખનેસે, વિશેષ વિલય હો ગયા હૈ, જિસમેં હૈ નહીં સામાન્યમેં. ઐસા સુવર્ણસ્વભાવકે સમીપ જાકર જ્ઞાન કરને પર વિશેષતા અભૂતાર્થ હૈ. એ સોનાની વિશેષતા ચીકણાપણું આદિ જૂઠું હૈ, એકરૂપ સોનામેં એ ભેદ હૈ નહીં. સમજમેં આયા ? આહાહા ! આકરો બોલ છે આ ચોથો જરી.

ઉસી પ્રકાર આત્માકા જ્ઞાનદર્શન આદિ ગુણરૂપ ભેદોસે જાનને પર વિશેષતા હૈ, ગુણભેદ હૈ, એ પર્યાયનયકા વિષય હૈ, વ્યવહારનયકા એ વિષય હૈ. આહાહાહા ! તો ભી જિસમેં સર્વ વિશેષ વિલય હો ગયે, સર્વ જે અવ્યક્તમેં કહા હૈ, કે ચૈતન્ય સામાન્યમેં, ચૈતન્યકી વિશેષ વ્યક્તિયાં, સબ અંતર્ગત હો ગઇ, પૂર્વકી પર્યાય અંતર્ગત હો ગઇ, વર્તમાન પર્યાય ભિન્ન બહાર રહી, તો વો વર્તમાન પર્યાયસે દેખનેમેં ભૂત ને ભવિષ્યકી પર્યાય ચૈતન્ય સામાન્યમેં ઘૂસ ગઇ અંદરમેં. જલકા તરંગ જૈસે જલમેં ડૂબત હૈ, આતે હૈ ને ? આ તો પૂર્ણરૂપ હૈ. એમ ચૈતન્ય સામાન્યમેં જિતની પર્યાય હુઇ એક સમયમેં રહી બહાર વ્યક્ત, બાકી સબ પૂર્વ ભવિષ્ય ને ભૂતકી તો અંદર ઘૂસ ગઇ. એ ગુણમેં અભેદરૂપે હો ગઇ. આહાહાહા !

જૈસે જ્ઞાનકા ક્ષયોપશમ જો હૈ એ પર્યાય હૈ, એક સમયકી અવસ્થા. દૂસરે સમયમેં એ અવસ્થા અંદરમેં ચલી ગઇ, તો બહારમેં તો એ ક્ષયોપશમ દશા થી. અંદર ગઇ ત્યાં ક્ષયોપશમ રહી નહીં પારિણામિકભાવ હો ગઇ. આહાહાહાહાહા ! આ શું છે, આ તે ? સમજમેં આયા ? ( શ્રોતાઃ- નષ્ટ હો ગઇ ) નષ્ટ હો ગઇ. પણ ગઇ ક્યાં ? નષ્ટ હુઇ મગર સત્ થા ને ? એ કાંઇ અસત્ નહીં થા. પણ ક્યાં ગઇ ? વર્તમાનમેંસે ગઇ હૈ, પણ સામાન્યમેં ગઇ હૈ આમ. ( શ્રોતાઃ- બહાર નહીં રહી ) એ તો પર્યાયમેં નહીં હૈ, અંદરમેં હૈ. આહાહા ! સમજમેં આયા ? આહા !

એ વર્તમાન દશા ચાહે તો ઉદયકી હો રાગ આદિ, એ એક સમય રહેતી હૈ, દૂસરે સમય તો વ્યય હોતા હૈ, વ્યય હોકર ક્યાં ગઇ ? અસ્તિ હૈ ના, અસ્તિ થા ને ? ઉત્પાદ્ વ્યય ધ્રુવ યુક્તમ્ અસ્તિ સત્ હૈ. તીનોં સત્ હૈ. તો પર્યાય ભી ઉદયકી થી ( વો ) સત્ થી, આહાહા... તત્ત્વાર્થ સૂત્રમેં તો ઉસકો જીવતત્ત્વ કહા, કહેનેમેં આયા હૈ, પહેલા અધ્યાયમેં, રાગ આદિ દયા, દાનકા વિકલ્પ એ જીવતત્ત્વ હૈ, એમ કહા હૈ. ( શ્રોતાઃ– સ્વતત્ત્વમ્ ) હા, સ્વતત્ત્વ કહા હૈ, પણ એક સમયમેં રહેકર દૂસરે સમયમેં ચલી જાતી હૈ, કહાં ? અંદરમેં, પણ અંદરમેં આ વિકાર ચલે નહીં જાતા, પણ ઉસકી યોગ્યતા અંદરમેં ચલી જાતી હૈ, પારિણામિકભાવે હો જાતા હૈ. આહાહા ! ગજબ વાત હૈ ભાઈ, સમજમેં આયા ?

ઐસે ક્ષયોપશમભાવકી પર્યાય એક સમયકી સ્થિતિ હૈ, દૂસરે સમય ચલી જાતી હૈ, તો કહાં જાતી હૈ ? અંદરમેં. તો અંદરમેં ક્ષયોપશમભાવકી પર્યાય રહી નહીં. અંદરમેં ગઇ તો પારિણામિકભાવકી દશા હો ગઇ. આહાહાહાહા ! સમજમેં આયા ? એમ ક્ષાયિક કેવળજ્ઞાનકી પર્યાય એક સમય રહેતી હૈ, દૂસરે સમય વ્યય હોતી હૈ, તો ગઇ ક્યાં ? અંદર. યહાં તો ક્ષાયિકભાવકી થી, અંદર ગઇ ત્યાં પારિણામિકભાવ હો ગયા. ( શ્રોતાઃ– અંદરમેં પર્યાયરૂપે કહાં રહી દ્રવ્યરૂપે રહ ગઈ ? ) પર્યાયરૂપે નહીં, ગુણરૂપે હો ગઇ. ( શ્રોતાઃ– પારિણામિક ભાવમાં ફેરફાર થઈ જાય તો ? ) કાંઇ ફેરફાર નથી, નિશ્ચયમાં તો ફેરફાર નથી, વ્યવહારે ઐસા કહેનેમેં આતા હૈ. પર્યાય અંદરસે નિકલી ને પર્યાય અંદર ગઇ ને એ બધા ભેદનયસે હૈ. ગજબ છે ભાઈ ! એ દ્રવ્યકા સ્વભાવ અચિંત્ય હૈ. આહાહા !

જૈસે ક્ષેત્રકા અંત હૈ ક્યાંય ? આ લોક તો અસંખ્ય જોજનમેં હૈ, પીછે અલોક, આકાશ કહાં પૂરા હુઆ ? પૂરા હુઆ તો પીછે કયા ? ભાઈ ! કોઇ અલૌકિક સ્વભાવ હૈ ભાઈ ! આહાહાહા ! ( શ્રોતાઃ– કહીં તો અંત હોગા ? ) કહીં ને કહીં અંત હૈ હી નહીં, એ માટે તો આ કહેના હૈ, આહાહાહાહાહા ! અંત હૈ તો પીછે કયા ? પીછે હૈ કે નહીં કુછ અંત ? ભાઈ ! આ તો અલૌકિક વાતું છે બાપુ ! આહા... એક નાસ્તિક માણસ થા બરાબર નહીં થા. દિવાનકા લડકા થા મારી પાસે આયા, તો પૂછતે થે, મેં કીધું ભાઈ કહો, ભલે તમને કોઇ વાત ન બેસે તો એક વાત મૈં ઐસા કહેતા હું કિ આ ક્ષેત્ર હૈ ક્ષેત્ર, કહાં પૂરા હુઆ ? વિચારમેં તો લ્યો, એ ક્ષેત્ર ક્યાં પૂરા હુઆ ? આહાહા ! ચૌદ બ્રહ્માંડ તો અસંખ્ય જોજનમેં પૂરા હો ગયા, પીછે ? આકાશ આકાશ આકાશ અનંત ને અનંતગુણા ગુણાકાર કરો તો ભી ઉસકા અંત નહીં. કયા ચીજ હૈ આ ? કોઇ ક્ષેત્ર સ્વભાવ ભી કોઇ અલૌકિક હૈ. એય, દિવાનનો દિકરો. ( શ્રોતાઃ– કેવળજ્ઞાન અનંતને જાણે. ) હૈં ? જાણે અનંતને અનંત તરીકે, જાણ્યા માટે અંત હો ગયા ત્યાં ઐસા નહીં. અનંતને અનંત તરીકે જાણ્યા, જાણ્યા માટે ત્યાં અંત હો ગયા ઐસા હૈ નહીં. આહાહા !

એ ગરબડ બહોત આઇ હૈ કલ, જૈન દર્શનમેં. ( જૈન સંદેશમેં ) સર્વજ્ઞ દેખા ઐસા હોગા તો તો નિયત હો ગયા. અરે સૂન તો સહી પ્રભુ ! આહાહા ! એ સર્વજ્ઞકી પર્યાયકે નિશ્ચય કરના, વો સ્વભાવ સન્મુખ હોકર પુરુષાર્થ અનંત હૈ. આહાહા... પીછે દિઠયા ઐસા હોગા, આહા.. ઝીણી વાત છે ભાઈ ! જ્યાં ક્ષેત્રનો સ્વભાવ ઐસા ખ્યાલમેં... આહાહા...

કાળનો સ્વભાવ ? કહાંસે શરૂ હુઆ ? દ્રવ્યની પર્યાય કહાંસે શુરૂ પહેલી હૈ પર્યાય ?

આહાહા ! દ્રવ્ય એ કહાંસે ને પર્યાય ભી પહેલી પર્યાય કઇ ? પહેલી હૈ નહીં. અનાદિ, અનાદિ, અનાદિ, અનાદિ, અનાદિ, અનાદિ, અનાદિ... ભાઈ ! કોઇ વસ્તુકા સ્વરૂપ એ અલૌકિક હૈ. એ તો જૈનદર્શન જ જાણતે હૈ અન્યકો તો ખબર નહીં. આહાહા... તો વો કાળકી આદિ નહીં, ક્ષેત્રકા અંત નહીં, કાળકા અંત નહીં, ઉસસે ભી અનંતગુણા ક્ષેત્રકા પ્રદેશ હૈ. અનંતગુણા ધર્મ આત્માકા. અનંતગુણાકા ગુણ તો એ ગુણકા અંત નહીં કે એક, દો, તીન, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, આ છેલ્લા આયા ? ઐસે હૈ નહીં. એય ! ( શ્રોતાઃ- ગુરુદેવ ! કોઈ કહેતા હોય કે કેવળી ભગવાનનું કેવળજ્ઞાન પરિપૂર્ણ છે તો પહેલી પર્યાય કઈ એ તો જાણે ને ? ) પણ પહેલી પર્યાય હૈ નહીં. તો એ તો કહા ને, એ તો હૈ ખ્યાલ હૈ સબ તર્ક તો સબ આયા હૈ હમારે પાસ તો. પહેલી પર્યાય હૈ નહીં તો પહેલી પર્યાય કહાંસે દેખે ભગવાન ? અનાદિકી હૈ ઐસા અનાદિકી દેખતે હૈ. આકરી વાત ભાઈ ! ( શ્રોતાઃ- અનુમાનસે દેખતે હૈ ) પ્રત્યક્ષ દેખતે હૈ, અનુમાન કૈસા ? ભવિષ્યકી પર્યાય, ભૂતકી પર્યાય, વર્તમાન હૈ નહીં, છતાં ભગવાન તો પ્રત્યક્ષ દેખતે હૈ. આહા ! બાપુ ! એ કોઇ અલૌકિક વાતું હૈ, સર્વજ્ઞકી પર્યાય ભવિષ્યમેં અનંતકાળ પીછે હોગી અત્યારે હૈ નહીં, પણ જ્ઞાન ન્યાં હૈ ઐસી પ્રત્યક્ષ દિખતે હૈ એ. ( શ્રોતાઃ- હૈ નહીં તો ક્યા દેખે ) એ હૈ નહીં એ દિખતે હૈ, હૈ ન્યાં, ભવિષ્યમેં હોનેવાલી પ્રત્યક્ષ અહીંયા દિખતે હૈ. બાપુ ! એ અલૌકિક વાતું ભાઈ ! આહાહાહા !

એ ક્ષેત્રકા સ્વભાવ, કાળકા સ્વભાવ, ગુણકા અનંતકા સ્વભાવ કે ક્યાંય તો અંત હોગા, ઉસકા ક્ષેત્રકા અંત આયા, અનંતગુણ હૈ તો ક્ષેત્ર ઇતનામેં હૈ. પણ ઉસકી ભાવકી સંખ્યાકી કોઇ હદ નહીં. આહાહાહાહા ! ભાઈ ! વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ. આહાહા ! સમજમેં આયા ?

અહીંયા એ કહેતે હૈ કે ગુણ ઇતના હૈ ભેદ, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત વો તો ભેદકી દૃષ્ટિસે ગુણ ભલે હો, હૈ ? આત્માકા જ્ઞાન દર્શન આદિ, એટલે અનંત, ગુણરૂપ ભેદ, ગુણીમેં ગુણરૂપ ભેદ, આહાહાહા ! અનુભવ એટલે જ્ઞાન કરને પર વિશેષતા તો હૈ, ભેદ હૈ, પર્યાયનયકા વિષય ગુણભેદ હૈ, ગુણીકા ગુણભેદ હૈ. આહાહાહા ! ગજબ વાત હૈ ભાઈ !

“તથાપિ” ઐસા હોનેપર ભી જિસમેં સર્વ વિશેષ વિલય હો ગયા હૈ, દ્રવ્યસ્વભાવમેં ગુણભેદ વિલય હો ગયા હૈ, ભેદ રહેતે હી નહીં અંદરમેં, આહાહાહા... ગુણભેદકી દૃષ્ટિ એ ભી પર્યાયનયકા વિષય હૈ. આહાહાહા ! અને ઇતના માનના વો મિથ્યાદૃષ્ટિ હૈ ઐસા હોનેપર ભી અનંત ગુણરૂપભાવ સત્યાર્થ પર્યાયદૃષ્ટિસે સત્યાર્થ હોને પર ભી, આહાહાહાહા... અરે ! ઉસકી પર્યાય લ્યો એક સમયકી અનંતગુણકી, આ પર્યાય અનંત હૈ એમાં આ પર્યાય અનંતકી આખિરકી હૈ, એ કહાં આયા ? કયા કહા ? આત્મામેં જો અનંતગુણ હૈ અપાર, અપાર, અપાર પાર નહીં જેમ ક્ષેત્રકા પાર નહીં, કાળકા પાર નહીં, ભાવકી સંખ્યાકા પાર નહીં, ઇતની સબ પર્યાય હૈ, જિતના ગુણ હૈ ઇતની પર્યાય હૈ, તો એ અનંતી પર્યાયમેં આ અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત અને આ છેલ્લી આખિરકી પર્યાય હૈ, કહાં આઈ ઉસમેં ? એક સમયકી પર્યાય અનંત હૈ. ઉસમેં આ પર્યાય આખિરકી, આખિરકી, આખિરકી હૈ ને આ બધી અનંત અનંત હૈ કહાં આયા ઉસમેં ? આહાહાહા ! પાટણીજી ! આવો મારગ છે પ્રભુનો

ભાઈ ! આહાહા !

એવા ગુણભેદો, ( શ્રોતાઃ– સ્પષ્ટીકરણ તો બહોત હો ગયા. ) હૈ ! વસ્તુ તો ઐસી હૈ ભાઈ ! એ કોઇએ કરી નથી, કોઇ કર્તા હૈ નહીં આ ૧૪ બ્રહ્માંડકા, સત્ હૈ, ઉસકો કર્તા કૈસે ? હૈ ઉસકો કર્તા કૈસે ? ન હોય ઇસકો કર્તા કૈસે ? આહાહા ! સમજમેં આયા ? અહીંયા કહેતે હૈ ગુણભેદસે દેખનેપર હૈ, તોપણ જિસમેં સર્વ વિશેષ વિલય ( હો ) ગયા હૈ, ઐસે આત્મસ્વભાવકે સમીપ એકરૂપ ગુણ, દ્રવ્યસ્વભાવ ! જેમાં ગુણભેદ ભી નહીં. આહાહાહા ! ગુણભેદ ભી પર્યાયદૃષ્ટિકા વિષય હૈ, દ્રવ્ય દૃષ્ટિકા વિષય ગુણભેદ હૈ હી નહીં. આહાહા ! સમ્યગ્દર્શનકા વિષય, એ એકરૂપ દ્રવ્યસ્વભાવ, ઉસકા વિષય ગુણભેદ નહીં. આહાહાહાહાહા... ભાઈ ! સમ્યગ્દર્શનકા સામર્થ્ય કિતના ? એ શું કહીએ ? આહાહાહા !

અનંત અનંત ગુણભેદ હોને પર ભી વસ્તુકા સ્વભાવકો દેખો તો એ ગુણભેદ નાશ હો ગયા, ભેદ હૈ નહીં ઐસી દૃષ્ટિ, ઉસકી દૃષ્ટિ કરના, આહાહાહા... એ દૃષ્ટિમેં સામર્થ્ય કીતના પ્રભુ ? આહાહાહા... એકીલા અભેદ અનંત ગુણકા એકરૂપ ઉસકા જ્ઞાન હુઆ પર્યાયમેં અને શ્રદ્ધામાં ઉસકી પ્રતીત હુઇ, સમજમેં આયા ? એ બાપુ એનું નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા ! આંહી તો હજી આ માન્યું, આ માન્યું સમ્યગ્દર્શન. અરે પ્રભુ ! સૂન તો સહિ બાપુ સમ્યગ્દર્શન હુઆ તો ભવકા અંત હો ગયા ઉસકા. આહાહા !

એ તો મુક્ત સ્વરૂપ પ્રભુ અબદ્ધમાં આયા ને ? અબદ્ધ નામ મુક્ત, બદ્ધ નહીં કહો કે મુક્ત કહો, એ તો મુક્ત સ્વરૂપ ભગવાન આત્મા હૈ. આહાહા ! ઐસા આત્મસ્વભાવકી દૃષ્ટિ કરનેસે એ ગુણભેદ એ અભૂતાર્થ હૈ. આહાહાહા !

અરે ! ચૈતન્યચમત્કાર વસ્તુ છે ભાઈ ! એક ક્ષેત્રનો ચમત્કાર દેખો, ક્યાંય અંત નહીં શું છે આ ખ્યાલમેં એને આવવું મુશ્કેલ, કાળકા અંત નહીં, પર્યાયકા અંત નહીં કે પહેલી પર્યાય આ, શું છે પ્રભુ ? ગુણકા અંત નહીં અનંત અનંત ભાવ, કે આ અનંતમાં અનંતમેં અનંતમેં અનંતમેં આખિરકા આ ભાવ, ઐસા હૈ નહીં. આહાહા ! ઐસા દ્રવ્યભાવ જો હૈ ઉસકા સમીપ જાનેપર, આહાહાહા... ભેદદૃષ્ટિકો છોડકર, ભગવાન પૂર્ણાનંદકા નાથ ઉપર સમીપ જાનેપર, એ સમીપ જાનેપર જો સમ્યગ્દર્શન હુઆ, પ્રભુ ઇસમાં કિતની તાકાત હૈ ? આહાહા... કે સારા આત્મા અનંત અનંત ગુણકા પિંડ એક, ઉસકો જિસને પ્રતીતમેં લિયા. પ્રતીતમેં લિયા, વસ્તુ આઈ નહીં ઉસમેં, આહાહા ( શ્રોતાઃ– સાંભળવા મળે છે એ જ અહોભાગ્ય છે. ) આ વસ્તુ એવી છે બાપુ ! શું કહીએ ? અરે ભગવાનના શ્રીમુખે તો આ નીકળેલી વાત છે. આહા ! સમજમેં આયા ? એને માટે નિવૃત્તિ લઇને વાંચન આદિ વિચાર કરીને નિર્ણય કરના પડે પ્રભુ, આ ઐસે નહીં મીલ શકે. આહાહા ! એ પૈસા સાટુ પણ દેશ છોડીને પરદેશમાં રખડે છે, ત્યાં બાયડી નહીં, છોકરા નહીં, કુટુંબ નહીં, કોઇ ન હોય. એ તો વળી મુંબઇમાં ઘર થઇ જાય તો ત્યાં બધું હોય એ હવે ઇંગ્લેન્ડમાં જાતો હોય ત્યાં હારે કોણ હોય, એની હારે કોણ હોય ? પૂનમચંદજી હારે છે કોઇ ત્યાં રખડવામાં બીજો કોણ હારે રખડે ? અહીંયા તો બીજુ કહેવું છે કે પૈસા ને માટે દેશ ને કુટુંબ છોડીને પણ ત્યાં જાય છે – તો આત્માને પર્યાય છોડીને દ્રવ્યમેં જાના હૈ. આહાહા ! વિશેષ કહેગા. વખત થઇ ગયો લ્યો.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૬૯ ગાથા - ૧૪ તા. ૨૬-૮-૭૮ શનીવાર, શ્રાવણ વદ-૮ સં. ૨૫૦૪

શ્રી સમયસાર ગાથા ૧૪ ટીકા ચલતી હૈ. ક્યા ચલા, એ આત્મા વસ્તુ હૈ ઉસમેં અનંત ગુણ હૈ, એ ગુણીકા ગુણકા ભેદ કરના વો તો વિકલ્પ હૈ. સમ્યગ્દર્શન હોતા હૈ. પ્રથમમેં પ્રથમ તો એ ગુણી ( ગુણ ) ગુણીકા ભેદકા પણ વિકલ્પ છોડકર, એક સ્વભાવ ત્રિકાળી જ્ઞાયકભાવ દ્રવ્ય સ્વભાવ, ઉસકી દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહા ! વિશેષ ગુણકા ભેદકા ભી લક્ષ છોડના એમ કહેતે હૈ. આહાહાહા ! સામાન્ય જો જ્ઞાયક એકરૂપ સ્વભાવ હૈ, વિશેષ સર્વ વિલય હો ગયા. આહાહા ! પર્યાયકી વિશેષતા તો લક્ષમેં છોડના, રાગકા-વિકલ્પકા પક્ષ તો છોડના એ તો સ્થૂળ બાત, પણ યહાં ગુણ ગુણીકા ભેદરૂપ વિશેષ, ઉસકા ભી લક્ષ છોડના, અલિંગગ્રહણમેં ઐસા આયા હૈ. અર્થાવબોધરૂપ ગુણ વિશેષ ઉસસે આલિંગીત નહીં ઐસા એક દ્રવ્ય સ્વભાવ હૈ. આહાહા ! અર્થાવબોધરૂપ ગુણ વિશેષ ઉસકો નહીં આલિંગન કરતે, ઉસકો નહીં સ્પર્શતે, ઉસકો નહીં છૂતે, આહાહા... ઐસા એક દ્રવ્ય સ્વભાવ હૈ, યે આત્મા હૈ. આહાહા !

અંતર એક સ્વભાવરૂપ જે આત્મદ્રવ્ય હૈ ગુણ ગુણીકા ભેદસે ભી ભિન્ન, આહાહા... અત્યારે તો ઐસે હૈ વ્યવહાર કરતે કરતે નિશ્ચય હોતા હૈ, અરે પ્રભુ ! એ તો વ્યવહાર તો અનંત બૈર કિયા નવમી ગ્રવૈયક ગયા તો ઐસા તો વ્યવહાર ( અભી ) હૈ ( હી ) નહીં. આંહી તો ગુણ ગુણીકા ભેદકો ભી નિકાલ દે. આહાહા !... તબ સમ્યગ્દર્શન હોગા એમ કહેતે હૈ. સમજમેં આયા ? એ ચાર બોલ હુઆ, પાંચ આજ હૈ.

પાંચવા બોલમાં દૃષ્ટાંત હૈ. જૈસે જળકા અગ્નિ જિસકા નિમિત્ત હૈ, નિમિત્ત હૈ, ઉષ્ણતા તો હોતી હૈ અપનેસે અગ્નિ નિમિત્ત હૈ. ઐસે ઉષ્ણતાકે સાથ સંયુક્તરૂપ, ઉષ્ણતાકે સાથ સંયુક્તરૂપ જળ તપ્તતારૂપ હૈ, અવસ્થાસે અનુભવ કરને પર એ ઉષ્ણતા હૈ. પર્યાયમેં અગ્નિકા નિમિત્ત અને ઉષ્ણતા હૈ એ પર્યાય હૈ. આહાહા ! તથાપિ એકાંત શીતળતા-એકાંત શીતળતા કયા કહેતે હૈ ? એક સ્વભાવ જો શીતળતા ત્રિકાળી, એકાંત એક સ્વભાવ શીતળતારૂપ, આહાહા... જળકા એકરૂપ શીતળતા સ્વભાવ, આહાહા... ઐસે દેખનેસે જળ સ્વભાવકે સમીપ જાકર અનુભવ કરનેપર સંયુક્તપણા, ઉષ્ણપણા જૂઠા હૈ. આહાહાહા ! આ તો દૃષ્ટાંત હૈ.

સિદ્ધાંત ! ઉસી પ્રકાર આત્માકા ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવ ત્રિકાળી એક જ્ઞાનસ્વભાવ સ્વરૂપ, એક જ્ઞાનસ્વભાવરૂપ ઐસા આત્માકા આહાહા... કર્મ જિસકા નિમિત્ત હૈ, નિમિત્ત હૈ હોં ઐસા મોહકે સાથ સંયુક્તપણા, અવસ્થાસે અનુભવ કરને પર હૈ. કર્મકા નિમિત્ત જેમ અગ્નિકા નિમિત્ત ને ઉષ્ણતા જળમેં હૈ, ઐસે કર્મકા નિમિત્ત ને મોહ રાગ દ્વેષ મિથ્યાત્વભાવ પર્યાયમેં હૈ. આહાહા ! એ હૈ વ્યવહારનયકા વિષય, હૈ !

તથાપિ તોપણ જો સ્વયં એકાંત, કયા કહેતે હૈ ? ઉસમેં આયા થા કે કર્મકા નિમિત્તસે મોહ રાગ દ્વેષ હુઆ. હવે અહીંયા તો નિમિત્તસે દૂર, આહાહા... સ્વયં-સ્વયં સ્વભાવ ઉસકા હૈ. વો તો કર્મકા નિમિત્તકા સંબંધમેં રાગ દ્વેષ મોહ થા, એ વ્યવહારકી પર્યાયકા વિષય હૈ. હવે સમ્યગ્દર્શન પાનેમેં વિષય કયા ? આહાહાહા ! સમજમેં આયા ? સ્વયં એકાંત, સ્વયં સ્વરૂપ

ઉસમેં તો નિમિત્તકી અપેક્ષા હોકર વિકાર થા, પર્યાયમેં કર્મકા નિમિત્તકી અપેક્ષાસે વિકાર ઉપાદાન અપનેમેં થા હવે અહીંયા તો નિમિત્ત નહીં. સ્વયં એ નિમિત્ત સામે સ્વયં આયા. આહાહા ! સમજમેં આયા ? ઝીણી વાત છે પ્રભુ ! આહા ! જેમ એક કર્મકા નિમિત્તસે ઉપાદાન તો અપનેમેંસે હુઆ હૈ, પણ વો પર્યાયમેં જો મોહ ને રાગ દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધ આદિના ભાવ એ પર્યાયકી અપેક્ષાસે કર્મકા નિમિત્તકી અપેક્ષા હોકર અપનેમેં હૈ પણ વો વસ્તુકા સ્વરૂપ નહીં. આહાહાહા !

તો સ્વયં ઉસમેં નિમિત્તસે વિકાર થા, ઐસા કહા થા. આંહી સ્વયં નિમિત્ત સિવાય સ્વયં સહજ પારિણામિક જ્ઞાયકભાવ, આહાહાહા... સ્વયં, એકાંત એક ધર્મ, જિસકા એક ધર્મ હૈ સદા, એ મોહ ને રાગ દ્વેષ અનેક એ વસ્તુકા સ્વરૂપમેં હૈ નહીં. આહાહાહાહા ! એકાંત સ્વયં એક ધર્મ, કયા ? કે બોધ, જ્ઞાનરૂપ હૈ ઐસા જીવ સ્વભાવ. આહાહાહા ! સ્વયં એક જ્ઞાનરૂપ જિસકા સ્વભાવ હૈ. ત્રિકાળી સ્વયં જ્ઞાનરૂપ એક સ્વભાવ ઐસા ભગવાન, આહાહાહા... હૈ ? સ્વયં એકાંત એક ધર્મ એવો જ્ઞાનરૂપ, હૈ ! ભગવાન તો સ્વયં એક જ્ઞાનરૂપ આત્મા હૈ. આહાહા !

ઐસે જીવ સ્વભાવકે સમીપ જાકર એકરૂપ જ્ઞાનસ્વભાવ, જ્ઞાનકી પ્રધાનતાસે કથન હૈ, બાકી આનંદ સ્વભાવ, દર્શન સ્વભાવ, શાંત સ્વભાવ, સ્વચ્છતા સ્વભાવ, પ્રભુતા સ્વભાવ એ એક જ્ઞાન સ્વભાવમેં સર્વસ્વભાવકી એકતા જ્ઞાનમેં ( જાનનેમેં આતી હૈ ). સમજમેં આયા ? એ જીવકા જો અનંત સ્વભાવ ઉસમેં જ્ઞાનપ્રધાનતાસે કથન હૈ. કે એકરૂપ જિસકા જ્ઞાન સ્વભાવ કાયમી એકરૂપ હૈ, સ્વયં હૈ, વો કોઇ નિમિત્તસે સ્વયં પારિણામિક સ્વભાવભાવ હૈ ઐસા નહીં. આહાહાહાહા ! ઐસા સ્વયં એકાંત એક ધર્મરૂપી જ્ઞાન, જ્ઞાનરૂપી આત્મા હૈ, ઐસા જીવ સ્વભાવકે સમીપ જાકર, આહાહાહાહા... અર્થાત્ એકરૂપ જ્ઞાન સ્વભાવકી સમીપ નામ સન્મુખ જાકર, અનુભવ કરને પર આહાહાહાહા... આ સમ્યગ્દર્શન. આહાહા... આવી ચીજ હૈ. આહાહા !

આચાર્ય મહારાજે તો ઘણું સરળ કરીને ટીકા કિયા હૈ, તો ઉસકો કેટલાક દુરુહ કહેતે હૈ, કહ્યા થા ને રાત્રિકો દુરુહ એમ કહે છે એમ કે સમયસાર હૈ તો સરળ પણ વિદ્વાનોએ ઉસકો ટીકા કરકે દુરુહ કર દિયા હૈ. અરે પ્રભુ ! કયા કહેતે હૈ તુમ. ( શ્રોતાઃ– વિદ્વાનોએ કે આચાર્યોએ ? ) એ વિદ્વાન એટલે આચાર્યનો મૂળ કહેવાનો અર્થ એ હૈ, હૈ આયા હૈ સમયસારમેં આયા હૈ, વિદ્યાનંદજીકા ( સમયસારમેં ) આહાહા ! આંહી દુરુહ કર દિયા અમૃતચંદ્રાચાર્યકા. અરે ભગવાન ! એમ ન કહેવાય પ્રભુ ! ઐસા, આહાહાહા... કયુંકી ઉસમેં વો આયા હૈ ને ? શુદ્ધોશુદ્ધા દેશોનાયવ્યા પરમ ભાવ લક્ષણો વ્યવહાર દેસિદા એ સરળ લાગે એને, વ્યવહાર ઉપદેશ દેના, એ સરળ લાગ્યા. પણ ટીકાકારે કહા કે વ્યવહાર એટલે કયા ? દેસિદા એટલે કયા ? કે વો પણ સમયમેં રાગકી અશુદ્ધતા હૈ, ઔર શુદ્ધતાકી કમી હૈ, એ વ્યવહાર હૈ, ઉસકો જાના હુઆ પ્રયોજનવાન હૈ ઐસા ટીકાકારે દુરુહ કર દિયા ટીકાકારે ખુલાસા કર દિયા હૈ, દુરુહ નથી કિયા પ્રભુ ! અરે એમ નહીં હૈ, વાત એને એ નડે છે શબ્દ, ને વ્યવહાર દેસિદા એટલે પહેલે તો વ્યવહારનો ઉપદેશ દેના, પણ એ ઉપદેશકી વ્યાખ્યા અહીંયા હૈ હી નહીં. સમજમેં આયા ? હૈ ! ( શ્રોતાઃ– આચાર્યનો એવો અર્થ થાય એમ ! ) આચાર્યને અર્થ આવડયો નથી એમ કહેતે હૈ, ટીકાકારને, અરે પ્રભુ ! અરે પંદરમી ગાથા, “અપદેસ સન્ત મજ્ઝં પસ્સદિ જિનશાસનં સવ્વં” હવે અપદેસના અર્થ તો

જયસેન આચાર્યે દ્રવ્યશ્રુત કિયા ઉસકો અત્યારે જૂઠા પાડકર કહેતે હૈ કે અપદસ એટલે ઐસા નહીં, અખંડ પ્રદેશ એમ લેના. અરે પ્રભુ ! આ શું કરે છે ભાઈ ! આહાહા ! એ દુનિયા તો ચાલશે દુનિયા ઐસી હૈ, પણ મારગ બાપા વિરૂદ્ધ હૈ યે. સમજમેં આયા ?

અપદેસ સન્ત આતે હૈ ને ? એનો અર્થ એ કર્યો સમયસારમાં આયા હૈ, ( યહાં ) અખંડ અખંડ એમ લેના, પણ આંહી અપદેસનો અર્થ જયસેન આચાર્યે દ્રવ્યશ્રુત કિયા એ અર્થાત્ દ્રવ્યશ્રુતમાં ભી ઐસા હૈ કે અબદ્ધસ્પૃષ્ટ દેખના વો જૈનશાસન હૈ ઐસા દ્રવ્યશ્રુતમેં ભી ઐસા કહા હૈ. અને ભાવશ્રુત તો એ હૈ હી. આહાહા ! ભાવશ્રુતસે જો અબદ્ધસ્પૃષ્ટકા અનુભવ હૈ વો ભાવશ્રુત તો જૈનશાસન હૈ, એ શુદ્ધ ઉપયોગ હૈ, એ જૈન ધર્મ હૈ, એ જૈનશાસન હૈ. આહાહાહા ! પંદરમી ગાથામેં એ અર્થ ફેરવી નાખ્યા. અહીંયા કહેતે હૈ કે એમ નથી પ્રભુ, અપની વાત રખનેકો શાસ્ત્રકા અર્થ પલટ દેના, એ હોય નહીં ભાઈ ! આચાર્યોએ સંતોએ તો કરૂણા કરીને એ ટીકા બનાઇ હૈ, છતાં તો યે કહેતે હૈ કે પ્રભુ એ ટીકા મૈં નહીં બનાઇ હોં, વો તો શબ્દોસે બન ગઇ નાથ ! આહાહાહાહા ! પરમાણુકી પર્યાયસે ટીકા બન ગઇ હૈ, તો હમે ટીકા કિયા હૈ ઐસા મોહસે ન નાચો. આહાહાહા !( શ્રોતાઃ- અમૃતચંદ્રાચાર્યકો એ સમજમેં નહીં આયા થા ? ) નહિ આયા થા ( ઐસા નહી ). અરે ભગવાન અમૃતચંદ્રાચાર્ય કૌન હૈ ? પંચપરમેષ્ઠિમેં પરમેશ્વર હૈ. આહાહા ! બાપુ સાધુ કોણ હૈ ? આચાર્ય કોણ હૈ ? આહાહાહા !

અને કેટલાક તો 'નમો લોએ'માંથી 'લોએ' નિકાલ દેતા હૈ. પંડિતજી ! નમો લોએ સવ્વ સાહુણં હૈ ને ? તો 'લોએ' નિકાલ દો. અભી વો તુલસી હૈ ને તેરાપંથીકા વો કહે 'લોએ' નિકાલ દો. અરે પ્રભુ ! આ તુમ કયા કરતે હો ? આ તુમ "નમો લોએ સવ્વ સાહુણં" એમ ન રાખના. "નમો સવ્વ સાહુણં" બસ. લોએ નહિ અરે પ્રભુ.

( શ્રોતાઃ- લોએ નામ સબ સાધુ લે લેના ) સબ લેના વળી એ તો દૂસરા એ અર્થ કરતે હૈ સુશીલ તો, લોએ નામ જિતના સાધુ હૈ એ સબ લે લેના, અરે એ અર્થ આંહી હૈ હી નહીં યહાં તો અનંત આનંદ જિસકા, અનુભવ હુઆ તીન કષાયકા અભાવ હૈ, જિસકો છઠ્ઠા સાતમા ગુણસ્થાન ક્ષણમેં અનેક બાર આતા હૈ, ઐસા હી સાધુકો લિયા હૈ. અન્યમતિકા તો બાતેય કહાં હૈ, જૈનમાં દ્રવ્યલિંગી જે હૈ ઇસકી બાત યહાં નહીં હૈ. સમજમેં આયા ? એ અક્ષરે અક્ષર સત્ય હૈ. અરે ધવલ તો ઐસા કહેતા હૈ, કે નમો લોએ સવ્વ અંતઃ દિપક હૈ, તો ચારમેં લે લેના એથી - ઇસસે વિશેષ કહેતે હૈ ઈસસે ભી વિશેષ કહેતે હૈ ધવલ તો ત્રિકાળવર્તી શબ્દ લેના ભેગા આ પૂરા પદ હૈ.

"નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં,
નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં,
નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આયરિયાણં,
નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્જાયાણં,
નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં."

ધવલમાં ઐસા પાઠ કરકે નવકાર ઐસા બનાયા પૂરા. આહાહા ! સમજમેં આયા ? પણ ત્રિકાળવર્તી નિકાલ દિયા પીછે નમો 'લોએ સવ્વ સાહુણં' રખ્ખા ને અંતઃદિપક તરીકે ચારોમેં લે લેના, નમો લોએ સવ્વ અરિહંતાણં, નમો લોએ સવ્વ સિદ્ધાણં એમ લેના, વસ્તુનું સ્વરૂપ

અનાદિ હૈ. ઐસી ચીજ હૈ. એમાં ગરબડ કરે એ ચલે નહીં. આહાહા ! સમજમેં આયા ?

આંહી કહેતે હૈ, આહાહા ! કે એ જેમ કર્મકા નિમિત્ત હૈ ને, ઉપાદાન તો અપના હૈ, રાગ દ્વેષ મોહ આદિ તો વો પર્યાયમેં હૈ પણ હવે દૃષ્ટિકા વિષય જ્યારે સમ્યગ્દર્શન પ્રગટ કરના હૈ તો એક, એકાંત, એક અંત, એક ધર્મ, એક સ્વભાવ બોધબીજ, જ્ઞાનસ્વરૂપ, બીજકા અર્થ અહીં સ્વરૂપ લેના, એક જ્ઞાનસ્વરૂપ, એક ધર્મ સામાન્ય, એક સ્વરૂપ ઐસા જીવકા સ્વભાવ ઉસકી દૃષ્ટિ કરનેસે, એ મોહ આદિકા ભાવ તે અભૂતાર્થ હૈ, જૂઠા હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ? કહો જ્ઞાનચંદજી ! હૈ ? તોપણ સ્વયં એકાંત અપનેસે સ્વભાવ ત્રિકાળ, આહાહા... ઉસમેં થા કે કર્મકા નિમિત્તસે વિકૃત અવસ્થા, ઇતના નિમિત્ત નિમિત્ત સંબંધ બતાયા થા, વ્યવહારનયમાં. નિશ્ચયમેં તો સ્વયં જ્ઞાયક એકરૂપ સ્વભાવ, જ્ઞાન એકરૂપ સ્વભાવ, આનંદ એકરૂપ સ્વભાવ, શાંત એકરૂપ સ્વભાવ, શાંત એટલે સ્થિરતા, ચારિત્રની વીતરાગ એકરૂપ સ્વભાવ ઐસા સર્વગુણોકા એકરૂપ સ્વભાવ, ઐસે જ્ઞાનકા એકરૂપ સ્વભાવમેં સબ લે લેના સાથમેં. આહાહાહા !

ભગવાન એક ધર્મ, એક સ્વભાવ. જ્ઞાનરૂપ ઐસા જીવકા સ્વભાવ ઉસકી દૃષ્ટિ કરનેસે જો પર્યાયબુદ્ધિ હૈ ઉસકો છોડકર દ્રવ્ય સ્વભાવકી સમીપ જાકર, આહાહાહા... આ રીત એ જાકર અનુભવ કરને પર સમ્યગ્દર્શન હોતા હૈ. આ તો હજી ધર્મની પહેલી સીઢી આહાહા... અને એ સમ્યગ્દર્શન બિના, છ ઢાળામેં આતે હૈ જ્ઞાન, ચારિત્ર મિથ્યા હૈ સબ. આહાહાહા ! પહેલેથી થોડા સુધાર કિયા થા, એમાં હૈ ? સ્વયં એકાંત જો જ્ઞાનસ્વરૂપ હૈ ઐસા જીવ સ્વભાવ, જ્ઞાન સ્વભાવ સ્વયં હૈ. આહાહા ! ઉસમેં તો કર્મકા નિમિત્તસે મોહ વિકાર, વિકાર કર્મસે નિમિત્તકા અર્થ એ કે નિમિત્તસે હુઆ એ નહીં, પણ ઉસકા નિમિત્તકા લક્ષસે હુઆ તો નિમિત્તસે હુઆ ઐસા કહેનેમેં આયા હૈ. બાકી તો એ સમયમેં મિથ્યાત્વ ને રાગદ્વેષની ઉત્પત્તિકા જન્મક્ષણ હૈ, ૧૦૨ ગાથા પ્રવચનસાર. એ ક્ષણમેં, એ કાળમેં મિથ્યાત્વ ને રાગદ્વેષ ઉત્પન્નકા, ઉત્પન્ન હોનેકા જન્મક્ષણ, ઉત્પત્તિકા કાળ થા, નિમિત્ત ભલે હો. સમજમેં આયા ?

તો પર્યાયદૃષ્ટિસે દેખનેસે મોહ ને રાગદ્વેષ પર્યાયમાં હૈ ઐસા જ્ઞાન કરાનેકો કહા પણ આદરણીય એ નહીં. આહાહા ! એકરૂપ ભગવાન આત્મા સ્વયં અપનેસે એક સ્વભાવરૂપ જીવ સ્વભાવ ઉસકા સમીપ જાનેપર, એ પર્યાયકા લક્ષ છોડકર, જ્ઞાયકભાવકા એક જીવ સ્વભાવકા સમીપ જે દૂર થા, પર્યાયબુદ્ધિમેં એકરૂપ સ્વભાવસે દૂર થા. આહાહાહાહા ! આવું આકરું કામ છે, એ દૂર હઠાકર, પર્યાયબુદ્ધિ છોડકર, આહાહા... એક અંત નામ ધર્મ જ્ઞાન સ્વભાવરૂપ જીવકા સ્વભાવ, ઉસકી દૃષ્ટિ કરનેસે, ઉસકા સમીપ જાકર અનુભવ કરનેસે, મોહ આદિકા ભાવ અભૂતાર્થ હૈ, ભૂતાર્થ સ્વભાવકા અનુભવ કરનેપર એ ચીજ અભૂતાર્થ હૈ. આહાહા ! આવી વાત છે. આવું સમ્યગ્દર્શન એને કંઇક કંઇક કરી નાંખ્યું માળે. આહાહા ! સમજમેં આયા ? એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ, ભગવાને જે કહ્યો પરમાર્થનો પંથ એક જ પ્રકાર, આ હૈ. આહાહા !

સ્વયં જ્ઞાનસ્વરૂપી પ્રભુ જીવકા સ્વભાવ ઉસમેં કોઇ નિમિત્તપણા હૈ નહીં, અને એ ક્ષણિક હૈ નહીં. આહાહા ! ત્રિકાળી જ્ઞાનસ્વભાવ સ્વરૂપ પ્રભુ ઉસકી દૃષ્ટિ કરનેસે, ઉસકા સમીપ જાકર અનુભવ કરને પર સમ્યગ્દર્શન હોતા હૈ, અનુભૂતિ હોતી હૈ. તબ રાગાદિકો અભૂતાર્થ કહેનેમેં

આયા હૈ, સમજમેં આયા ? આહાહા ! આવી વાત છે. એ પાંચ બોલ હો ગયા.

ભાવાર્થઃ – “આત્મા પાંચ પ્રકારસે અનેકરૂપ, અનેકરૂપ દિખાઇ દેતા થા. ઉસમેં એકરૂપ દિખાના હૈ” હવે. આહાહા ! જુઓ ટીકાકાર કિતની સ્પષ્ટતા કરતે હૈ, જયચંદ પંડિત ! આહાહા ! ‘આત્મા’ ( શ્રોતાઃ– વધારે સ્પષ્ટ કર્યું છે. ) સ્પષ્ટ કર્યું છે એણે, લોકોને સાદી ભાષામાં સમજમાં આવે ઐસી બાત કહેતે હૈ. આહાહા ! આત્મા એક વસ્તુ, પાંચ પ્રકારસે અનેકરૂપ દિખાઇ દેતા થા, બદ્ધસ્પૃષ્ટ, અન્યઅન્ય, નિયત નહીં પણ અનિયત, વિશેષ અને રાગ સહિત, મોહ સહિત ઐસા અનેકપણે દિખતા થા. આહાહાહા !

( ૧ ) અનાદિકાળસે કર્મ પુદ્‌ગલકે સંબંધસે બંધા હુઆ, આ પહેલો બોલ લેતે હૈ, કર્મપુદ્‌ગલકે સ્પર્શવાલા દિખાઇ દેતા થા. આહાહાહા !

( ૨ ) કર્મકે નિમિત્તસે હોનેવાલે નર, નારકી આદિ પર્યાયસે ભિન્ન ભિન્ન અન્ય અન્યરૂપે દિખાઇ દેતા થા, ભગવાન એકરૂપ સ્વભાવ હોનેપર ભી કર્મકા નિમિત્તસે નારકી આદિ ગતિ અનેકરૂપ દિખતે થે ઉસકો.

( ૩ ) શક્તિકે અવિભાગ... પ્રતિચ્છેદ ઘટતે ભી હૈ ને વધતે હૈ પર્યાયમેં અગુરુલઘુઆદિ એક સમયકી પર્યાયમેં ષટ્‌ગુણહાનિવૃદ્ધિ આદિ હોતી હૈ બઢતી ભી હૈ, એ વસ્તુ સ્વભાવ હૈ. પર્યાય સ્વભાવ હોં એ, આ વસ્તુ સ્વભાવનો અર્થ પર્યાય સ્વભાવ, ઇસલિયે નિત્ય નિયત એકરૂપ દિખાઇ નહીં દેતા હૈં ? કયા કહા ? પર્યાયમેં હિનાધિક દશા હોતી હૈ, એ વસ્તુકા સ્વભાવ હૈ સ્વભાવ નામ પર્યાયકા ઐસા એક ધર્મ હૈ, વસ્તુકા સ્વભાવ નામ ત્રિકાળીકી અહીંયા વાત નહીં. આહાહા !

યહ ઘટતી બઢતી પર્યાય અનંતગુણી બઢ જાયે, અને અનંતગુણી હીણી હો જાયે, આહાહા... અક્ષરકે અનંતમેં ભાગે જ્ઞાન હો જાય કેવળજ્ઞાન હો જાય મતિ શ્રુતની પૂર્ણતા હો જાય, અપૂર્ણ રહે એટલા ભેદ, યહ પણ ઉસમેં યહ નિત્ય નિયત એકરૂપ દિખાઇ નહીં દેતા. આહા... નિત્ય નિયત સ્વભાવ એકરૂપ દિખાઇ નહીં દેતા, એક વાત.

( ૪ ) વહ વળી, દર્શન, જ્ઞાનઆદિ અનેક ગુણોંસે વિશેષરૂપ દિખાઇ દેતા હૈ. ઔર

( ૫ ) કર્મકે નિમિત્તસે હોનેવાલે મોહ, રાગ દ્વેષ આદિ પરિણામો કે સહિત વહ સુખદુઃખરૂપ દિખાઇ દેતા હૈ. સુખદુઃખકી કલ્પનાસે, આ સુખ આનંદકા નહીં લેના, આ સુખદઃખ કલ્પનાકા લેના, સ્વભાવકા સુખ એ આનંદકી તો એકરૂપ દશા હૈ આ કલ્પના સુખ દુઃખકી અનેક દશા હૈ. આહાહા ! સમજમેં આયા ? આહાહાહા ! સુખદુઃખ દિખાઇ દેતા હૈ.

યહ સબ અશુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ, યું કયોં કહા ? હૈ તો પર્યાય, પણ વો દ્રવ્યકી પર્યાય હૈ ઐસે ગિનકર અશુદ્ધ દ્રવ્યાર્થિક કહા. હૈં ? અશુદ્ધદ્રવ્યાર્થિકનય વ્યવહારનયકા વિષય હૈ. અશુદ્ધ દ્રવ્યાર્થિક કહો કે પર્યાયાર્થિક કહો કે વ્યવહાર કહો, આહાહાહા... અશુદ્ધ કયોં પહેલે લિયા ? કે દ્રવ્ય ત્રિકાળી હોકર, પર્યાયમેં અશુદ્ધતા હોતી હૈ, ઐસે માટે અશુદ્ધ દ્રવ્યાર્થિક કહા, વો કોઇ દૂસરામેં હુઇ હૈ અને દૂસરેસે હુઇ હૈ ઐસા નહીં હૈ. આહાહાહા ! પંડિતોના પહેલાના લખાણ તો જુઓ, વસ્તુની જેવી સ્પષ્ટતા હૈ એ સ્પષ્ટતાકો ખોલકર મુક્તે હૈ. આહા ! ( શ્રોતાઃ– અગુરુલઘુ માને ક્યા ? ) અગુરુલઘુ હો પણ પર્યાયમેં હિનઅધિક દશા હૈ એ ભી હૈ અગુરુલઘુ હૈ પણ

પર્યાયમેં હિનઅધિક દશા હોતી હૈ એ ભી લેના. આહાહા... સબ અશુદ્ધદ્રવ્યાર્થિક વ્યહારનયકા વિષય હૈ.

એ દૃષ્ટિસે દેખા જાયે તો એ હૈ પર્યાયમેં એ ભેદ હૈ. બદ્ધપણા, નિમિત્તપણા હૈ, વિકાર હૈ, અનેક પર્યાય હિનાધિકપણે હૈ, વિશેષતા હૈ, વ્યવહારનયસે દેખો તો એ હૈ, પરંતુ આત્માકા એક સ્વભાવ એ નયસે ગ્રહણ નહીં હોતા. આહાહાહા... આ સિદ્ધાંત હૈ. ભગવાન આત્મા સ્વયં એકરૂપ સ્વભાવ ત્રિકાળી જિસમેં નિમિત્તકી હૈયાતીકી તો અપેક્ષા નહીં, પણ નિમિત્તકા અભાવકી અપેક્ષા નહીં. ક્ષાયિક સમકિત, ક્ષાયિક કેવળજ્ઞાનમેં નિમિત્તકા અભાવકી અપેક્ષા હૈ. રાગમેં નિમિત્તકે સદ્ભાવકી અપેક્ષા હૈ. આમાં તો નિમિત્તકા સદ્ભાવ ને નિમિત્તકા અભાવ, કોઇ અપેક્ષા નહીં, ઐસા સ્વયં આત્મ સ્વભાવ. આહાહા ! આહાહાહા ! થોડા સૂક્ષ્મ હૈ પણ બાપુ મારગ આ હૈ ! આહાહા !

અરે જનમ – મરણ કરી કરીને ૮૪ ના અવતાર કર્યાં ભાઈ ! એના દુઃખની વ્યાખ્યા કરતા પરમાત્મા એમ કહે કે, તારા ક્ષણના દુઃખ નરકના કહેતાં કરોડો ભવ અને કરોડો જીભથી ન કહી શકાય. ભાઈ તેં એટલા દુઃખ વેઠયા છે. એ મિથ્યાત્વને લઇને. આહાહાહા... સમજમેં આયા ?

સમ્યગ્દર્શન હુએ પીછે, આર્તધ્યાન, રોદ્રધ્યાન હોતા હૈ, પણ ભવિષ્યકા આયુષ્યકા બંધ અશુભભાવકે કાળમેં નહીં હોતા. આહાહાહા ! કયા કહા ? કે આત્માકા અનુભવ સમ્યગ્દર્શન હુએ પીછે આર્ત રોદ્ર ધ્યાન આદિ અશુદ્ધભાવ આદિ હોતા હૈ, પણ ભવિષ્યકા આયુષ્ય જ્યારે બંધાતા હો ત્યારે તો શુભભાવમેં હી આયુષ્ય બંધેગા, અશુભભાવમેં આયુષ્ય નહીં બંધેગા, અશુભભાવમેં દૂસરા કર્મકી પ્રકૃતિ બંધેગી, સમજમેં આયા ? ઇતના સમકિતકા જોર હૈ. આહાહાહા ! રૌદ્રધ્યાન હોતા હૈ સમકિતીકો. પાંચમા ગુણસ્થાન સુધી રૌદ્રધ્યાન, છઠ્ઠે ગુણસ્થાને આર્તધ્યાન, છતાં એ રૌદ્રધ્યાનકે કાળમેં ભવિષ્યકા આયુષ્ય નહીં બંધેગા. આર્તધ્યાનકે કાળમેં ભી ભવિષ્યકા આયુષ્ય નહીં બંધેગા, વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ. ( શ્રોતાઃ– આર્તધ્યાન, રૌદ્રધ્યાન કરે અને બંધાય નહીં ? ) એ આયુષ્ય ન બંધાય એમ કહા, પ્રકૃતિ બંધાય, બીજું બંધાય કીધું ને, એ તો કહાને, રાત્રે કહ્યુંને, આયુષ્ય નહીં બંધાય, ભવ નહીં બંધાય, ભવિષ્યકા ભવ તો જબ શુભભાવ આયેગા તબ બંધેગા. આહાહાહાહા ! પંડિતજી ! ઐસા હૈ ને ? કારણ કે સમકિતી હૈ, નારકીમેં તો આંહી આના હૈ તો મનુષ્યપણાકા હી આયુષ્ય બંધેગા, અને મનુષ્ય હૈ ઉસકા આયુષ્ય વૈમાનિકકા હી આયુષ્ય બંધેગા સમકિતીકો, આહાહાહા ! સમજમેં આયા ? અને વૈમાનિક જે હૈ, સમકિતી ઉસકો મનુષ્યકા આયુષ્ય બંધેગા, ઉસકો તિર્યંચકા આયુષ્ય નહીં બંધેગા સમકિતીકો, આહાહાહાહાહા ! એ સમ્યગ્દર્શનકા માહાત્મ્ય હૈ.

( શ્રોતાઃ– ઉન્હોંને શાસ્ત્ર લિખા હૈ. અપને લિએ સોચકે લિખા હૈ ) નહીં નહીં નહીં જૂઠ હૈ સબ, એમણે તો લિખા નહીં એ તો વીતરાગભાવમેં પડા થા, સંતો તો વીતરાગભાવમેં ગુપ્ત થા, કહા નહીં, હમ તો હમારા જ્ઞાનસ્વરૂપમેં ગુપ્ત હૈ. હમેં ટીકા બનાયા થા ઐસા નહીં એ તો ભાષાકી વર્ગણાસે સ્વપરપ્રકાશક શક્તિ ભાષામેં હૈ, સ્વપરપ્રકાશક શક્તિ, સ્વપર જાનન શક્તિ જીવમેં અને શબ્દોમાં સ્વપર કહેનેકી શક્તિ હૈ. સમજમેં આયા ? તો ભાઈ એ વાણીસે બન ગયા હૈ નાથ, મૈં બનાયા ઐસા ન માનો. આહાહાહાહા... આ વાણી મૈં કરતા હું ઐસા ન માનો પ્રભુ,

વાણી જડકી હૈ. આહાહા !

આંહી તો કહેતે હૈ ઐસે એ પાંચ પ્રકારકા અનેક પ્રકાર દિખતે હૈ, ઇસસે સમ્યગ્દર્શન નહીં હોતા. આહાહા ! ક્યોંકિ એકરૂપ જીવકા સ્વભાવ જબ દૃષ્ટિમેં ન આતે, તબ લગ સમ્યગ્દર્શન નહીં હોતા. આહાહાહાહા... ગાથા તો બહુ સરસ આવી. ૧૩, ૧૪ સમજમેં આયા ? ઇસ દૃષ્ટિસે દેખા જાયે તો યહ સબ પર્યાયસે હૈ, પરંતુ ભગવાન આત્માકા એક સ્વભાવ ઇસ નયસે ગ્રહણ નહીં હોતા. એ ત્રિકાળી જ્ઞાયક એક સ્વભાવ એ પર્યાયનયસે ગ્રહણ નહીં હોતા. આહાહા ! સમજમેં આયા ? અનેકપણાકી જાનનેકી જે દૃષ્ટિ હૈ એ વ્યવહાર હૈ અને અનેકપણાકી દૃષ્ટિસે એક સ્વભાવ પકડમેં નહીં આતા. આહાહા ! ક્યા કહેતે હૈ ? ( જબતક સમ્યગ્દર્શન નહીં હોતા તબતક સંસારમેં રખડેગા. ) કરે, બાંધે રખડે છે સંસારમેં, શું ? નરકને, નિગોદમેં જાયેગા. પણ સંસ્કાર નાખ્યા હશે. સમ્યગ્દર્શન ભલે ન હો, પણ સંસ્કાર નાખ્યા હોગા કે મૈં તો રાગસે ભિન્ન હું, ભિન્ન હું ભિન્ન હું. ભિન્ન ઐસા સંસ્કાર તો વો ભી નર્ક, નિગોદમેં નહિ જાયેગા. સમજમેં આયા ? જેને સમકિત સન્મુખ મિથ્યાદૃષ્ટિ કહેનેમેં આયા હૈ, મોક્ષમાર્ગ પ્રકાશક ! સારા અધ્યાય હૈ, અંદરમેં દૃઢતા સંસ્કાર નાખ્યા હૈ કે મૈં એ રાગસે ભિન્ન હું, પુણ્યસે ભિન્ન હું, પર્યાય જિતના ભી મૈં નહીં, મૈં તો પૂર્ણ જ્ઞાયક સ્વભાવ હું ઐસા દૃઢ સંસ્કાર નાખ્યા હૈ ભલે સમ્યગ્દર્શન નહીં હૈ. આહાહા !

જેમ કોરા શકોરા હોતા હૈ ને શકોરા ? ક્યા કહેતે હૈ આપ ? શકોરા પાણી નાખતે હૈ નાખતે નાખતે પી જાતા હૈ પીછે વિશેષ પાણી પડતે હૈ બહાર દિખાતા હૈ, ઐસે પહેલે અંદર સંસ્કાર ઐસા દૃઢ નાખના કે રાગસે ને વિકલ્પસે મેરી ચીજ જાનનેમેં આતી નહીં, મૈં તો મેરા સ્વભાવસે જાનૂં ઐસા સંસ્કાર નાખતે નાખતે નાખતે વિશેષ જબ હો ગયા તબ અનુભવ હો જાયેગા. સમજમેં આયા ? આહાહા... આ ચીજ હૈ ભૈયા. દુનિયા માનો ન માનો, મારગ તો આ હૈ. આહાહા ! સમજમેં આયા ?

એક સ્વભાવ ઇસ નયસે, ઇસ નયસે ક્યા ? અનેકપણાના પાંચ બોલ કહ્યા એ નયસે એક સ્વભાવ દૃષ્ટિમેં નહીં આ સકતા, આહાહા... ઔર એક સ્વભાવકો જાને બિના એકરૂપ કાયમી સ્વયં, શુદ્ધ, પરમ સ્વભાવભાવ પારિણામિક સ્વભાવભાવ ઐસા એક સ્વભાવ જાને બિના યથાર્થ આત્માકો કૈસે જાના જા સકતા હૈ ? વાસ્તવિક એકરૂપ ત્રિકાળ સ્વભાવકો જાને બિના વાસ્તવિક આત્માકો કૈસે જાનનેમેં આતા હૈ ? આહાહા ! ભાષા જરીક સરળ હૈ વસ્તુ કઠણ હૈ પણ ભાષા સરળ ને સમજમેં આવે ઐસી ચીજ હૈ. સમજમેં આયા ?

ઇસલિયે દૂસરે નયકો, ક્યું કહા ? કે પાંચ ભેદ બદ્ધ, અન્યઅન્ય, અનિયત, વિશેષ રાગાદિ સંબંધવાળા દેખનેસે એકરૂપ સ્વભાવ નહીં દેખનેમેં આતા, આહાહા ! વ્યવહારમેં રાગ આતા હૈ ઉસકો દેખનેસે એકરૂપ સ્વભાવ દિખનેમેં નહીં આતા. આહાહા ! વ્યવહાર હૈ ને દયા, દાન, વ્રત, ભક્તિ દેવ ગુરુ શાસ્ત્રકી શ્રદ્ધા આદિકા વિકલ્પ, ઉસકા લક્ષસે એકરૂપ સ્વભાવ નહીં જાનનેમેં આતા. આહાહા ! ઉસસે એકરૂપ સ્વભાવ નહીં જાનનેમેં આતા. આહાહા ! સમજમેં આયા ? સમજાય એવું છે પ્રભુ, તારા ઘરની વાત નાથ તને ન સમજાય તે કેમ ? આહાહા ! હૈં ? પ્રભુ તારી પ્રભુતાનો પાર નથી, અરે પ્રભુ તને ખબર નથી. તેરી પ્રભુતા ઐસી હૈ કે સંસ્કાર

અંદરમેં નાખનેસે અનુભવમેં આયેગા હી આયેગા. સમજમેં આયા ? આહાહાહા ! એ પામરતા તૂટ જાયેગી. આહા... એકરૂપ સ્વભાવ, એકરૂપ સ્વભાવ, એકરૂપ સ્વભાવ, આહાહા... ઐસા અનુભવ કરને પર સમ્યક સ્વભાવ જાના જાતા હૈ. ટીકાનો અર્થ ગંભીર લાગે એટલે સાદી ભાષામાં અર્થ કિયા હૈ.

ઇસલિયે દૂસરે નયકો ઉસકે પ્રતિપક્ષી શુદ્ધદ્રવ્યાર્થિકકો, ઓ અશુદ્ધ દ્રવ્યાર્થિક થા. અશુદ્ધ દ્રવ્યાર્થિક કહો, વ્યવહાર કહો કે પર્યાયનય કહો તીનો એક હોતા હૈ. હવે અહીંયા શુદ્ધદ્રવ્યાર્થિક લેના હૈ. આહાહાહા ! ભાઈ ! આ તો હિતની વાત હૈ પ્રભુ ! આ તો ધર્મની કેમ પ્રાપ્ત હો સમ્યક્ ઐસી બાત હૈ. આહાહા ! આ કાંઇ સાધારણ બાત નહીં. આહાહા ! અનંતકાળકા જનમ મરણ ઉસકા ભાવ ઉસકા નાશ કરનેકા આ ઉપાય હૈ.

શુદ્ધ દ્રવ્યાર્થિક શુદ્ધ દ્રવ્યસ્વરૂપ ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય અર્થિ નામ પ્રયોજન, જે નયકા શુદ્ધ ત્રિકાળી દ્રવ્ય પ્રયોજન શુદ્ધ દ્રવ્યાર્થિક શુદ્ધ દ્રવ્ય અર્થિ જિસકા પ્રયોજન ત્રિકાળકા, ઐસા નયસે આહા... ગ્રહણ કરકે એક અસાધારણ, એક અસાધારણ દૂસરી ચીજમેં ઐસા ભાવ એકરૂપ હૈ હી નહીં પર્યાયમેં એમ, જ્ઞાયકભાવ આત્માકા ભાવ લેકર, એક જ્ઞાયક માત્ર ભાવ આહા ! મુદ્દ્દાની રકમ હૈ. મુદ્દ્દાકી કયા કહા ? વો પાંચ લાખ દિયા હોય ને આઠ આનાની તેરીખે, પહેલે તો આઠ આના તેરીખે વ્યાજ થાને, આઠ આના હવે તો ટકા હો ગયા, તો પાંચ લાખ દિયા હોય તો આઠ આના વ્યાજ ૨૫ વર્ષ લિયા, પીછે કહે ભાઈ વ્યાજ તો લિયા પણ હવે પૈસા લાવો, મુદ્દ્દાની રકમ લાવો વ્યાજ નહિ હવે કે રકમ નહીં હૈ, આહાહા... એમ યહાં કહેતે હૈ. પુણ્ય પાપસે સ્વર્ગ નરક આદિ મિલા હૈ. એ તો સબ વ્યાજ હૈ બહારકા, મૂળ રકમ લાવો.

આ ત્રિકાળ સ્વભાવ જે મૂળ રકમ હૈ, આહાહાહા... જેની ઉત્પત્તિ નહીં જેનો નાશ નહીં જેમાં અપૂર્ણતા નહીં, જિસમેં આવરણ નહીં, જેમાં અશુદ્ધતા નહીં, આહાહાહાહા... આહા ! ઐસા ગ્રહણ કરકે એક અસાધારણ જ્ઞાયકભાવ આત્માકા ભાવ લેકર, આહા... ઉસે શુદ્ધનયકી દૃષ્ટિસે જે જ્ઞાનકા અંશ ત્રિકાળકો પકડતે હૈ એ શુદ્ધનય, ઇસસે સર્વ પરદ્રવ્યોસે ભિન્ન, અબદ્ધસ્પૃષ્ટ હૈ ને ઉસીસે લિયા હૈ. પરદ્રવ્યોસે ભિન્ન, સર્વપર્યાયસે એકાકાર, નારકી આદિ એ અન્ય અન્ય નહીં. હાનિ – વૃદ્ધિસે રહિત, અનિયત નહીં નિયત, વિશેષસે રહિત ગુણભેદસે વિશેષસે રહિત ઔર નૈમિતિક ભાવસે રહિત, નિમિત્તના લક્ષે ઉત્પન્ન હુઆ. રાગ દ્વેષ આદિ એ નૈમિતિક ભાવસે રહિત કર્મ તો નિમિત્ત હૈ, પર્યાયમેં વિકૃત અવસ્થા નૈમિત્તિક અપને કારણસે હુઇ હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ?

એ પોકાર અત્યારે બહોત હૈ કર્મનો, બધાને બસ કર્મસે હોતા હૈ, કર્મસે હોતા હૈ, કર્મસે હોતા હૈ. પણ પરકી રાગકી પર્યાય કર્મ પરદ્રવ્યસે હુએ કૈસે ? પરદ્રવ્ય તો છૂતે નહીં ને ઉસકો ? અને રાગ હૈ એ કર્મ દ્રવ્યકા ઉદયકો છૂતે હી નહીં ને દો દ્રવ્ય ભિન્ન હૈ. “અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા. ‘કર્મસે નહીં’, અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા” આહાહા ! અપની ચીજ કયા હૈ ઉસમેં ભી આયા નહીં ? “અબ હમ નિજ ઘર કબહુ ન આયે, પર ઘર ભમત”. અપના ઉલટા પુરુષાર્થસે પર ઘર ભમત રાગ અને પુણ્ય ને અનેકતાકો અપના માનકર મેં ચાર ગતિમેં રખડયા. આહાહાહા !

બેનના વચનમાં તો ઐસા આયા હૈ. વચનામૃતમેં કે સમ્યગ્દર્શન હુઆ હૈ સ્વદેશકા ભાન હુઆ હૈ, ચૈતન્ય આનંદકંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યમેં અરેરે રાગમેં આયા હમ પરદેશમેં આ ગયા. આહાહા ! બેનના વચનામૃતમાં હૈ. અરેરે દયા, દાન, વ્રત, આદિ વિકલ્પમેં આયા. હમ પરદેશમેં આ ગયે ઉસમેં હમારા દેશ નહીં. આહાહા ! હમારા સ્વદેશમેં તો આનંદ ને જ્ઞાન ને શાંતિ પડી હૈ, એ હમારા પરિવાર હૈ. આહાહાહા ! વાતું આકરી બહુ ભાઈ ! આહાહા ! હૈ ને વો, ઉસમેં હૈ કે નહીં ? કેટલામેં હૈ ૪૦૧, ૪૦૧ હૈ, જ્ઞાનીકા પરિણમન વિભાવસે વિમુખ હોકર સ્વરૂપકી ઓર ઢલ રહા હૈ, જ્ઞાની નિજ સ્વરૂપમેં પરિપૂર્ણરૂપસે સ્થિર હો જાનેકો તરસતા હૈ. આહાહાહા ! મૈં મેરા ઘરમેં પરિપૂર્ણ કૈસે બેઠ જાઉં. આહાહા ! સમકિતીકો તો અપના સ્વરૂપમાં પૂર્ણ કેમ ઠરીને બેસી જાઉં, ઐસી ભાવના હૈ. આહાહા ! ઇસ વિભાવભાવ હમારા દેશ નહીં, એ વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ ભી ઉઠતે હૈ સમકિતીકો પણ એ હમારા દેશ નહીં. આહાહાહાહા !

કહો જયપુર છોડીને વિલાયત કયા કહેતે હૈ, અમેરિકા-અમેરિકા વિલાયત છે. આ તો દાખલો છે. આહાહાહા ! અહીંયા તો પ્રભુ ! પ્રભુ આનંદનો નાથ પ્રભુ ઉસકી જ્યાં દૃષ્ટી હુઇ ઔર ઉસકા સ્વભાવકા ભાન ને અનુભવ હુઆ પીછે વિકલ્પ આયા તો કહે કે અરેરે અમે તો પરદેશમેં આ ગયા. ઉસમેં હમારા કોઇ પરિવાર નહીં ત્યાં આ ગયા, યુગલજી ! આંહી તો વ્યવહાર આવે તો રાજી હોતા હૈ. આહાહાહા ! ઈસ પરદેશમેં હમ કહાં આકર પહુંચે ! આહાહા ! હમેં યહાં અચ્છા નહીં લગતા, શુદ્ધ ચૈતન્ય હમારા પવિત્ર દેશ હૈ, ઉસમેં હમ રહેતે હૈ ને આ આ ગયા રાગ, હમ પરદેશમેં કહાં આ ગયા ? હમકો યહાં અચ્છા નહીં લગતા. શુભભાવ અચ્છા નહીં લગતે. એ રંગુલાલજી ! આહાહાહા ! એને ઠેકાણે હજી તો બાઇડી, છોકરા ને પૈસા, આબરૂ ઠીક લગતે હૈ આહાહાહા... મિથ્યાત્વભાવ હૈ. આહાહાહા !

ભાઈ ત્રણ લોકના નાથ કેવળી પરમાત્મા એની આ વાણી છે, એનું આ સ્વરૂપ છે. પ્રભુ ! આહાહા ! અહીં હમારા કોઇ નહીં. અરેરે વિકલ્પ ઉઠયા એ હમારા નહીં, જહાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્ય આદિ અનંત ગુણોરૂપ હમારા પરિવાર વસતા હૈ, યે હમારા સ્વદેશ હૈ. કહો રતનચંદજી ! અબ હમ ઉસ સ્વરૂપ સ્વદેશકી ઔર જા રહા હૈ. આહાહા ! સ્વરૂપ જો જ્ઞાયક ને આનંદસ્વરૂપ એકરૂપ હૈ ત્યાં હમ જા રહે હૈ, હમેં ત્વરાસે અપને મૂળ વતનમેં જાકર, ત્વરાસે હમારા મૂળ વતન જો સ્વદેશ આનંદ જ્ઞાનઆદિ, આહાહાહા... ત્યાં આરામસે વસના હૈ, જહાં સબ હમારે હૈ. આહાહા ! પુસ્તક નિકલ આયા તો બહોત વખાણ આતા હૈ લોકો કહે, ઓહોહો... આયા તમારે આયા ને હિન્દીમેં આયા હૈ ને પત્ર આયા હૈ ઐસે એક સંગ્રહ હો ગયે હૈ યહાં કહેતે હૈ. ( શ્રોતાઃ- આત્મધર્મમેં દિયા હૈ ) હાં, થોડા દિયા હૈ.

ઐસા દેખા જાય તો સર્વ પાંચ ભાવોસે જો અનેક પ્રકાર યે હૈ અભૂતાર્થ હૈ સ્વભાવકી એકતામેં દૃષ્ટિ કરનેસે, સ્વભાવની એકરૂપ સ્વભાવ સહિતની દૃષ્ટિ કરનેસે, અનુભવ કરનેસે એ પાંચ પ્રકાર હૈ, અનેક પ્રકાર હૈ એ જૂઠા દિખતે હૈ. ઉસમેં હૈ નહીં. સામાન્યમેં વિશેષ હૈ નહીં, સામાન્યમેં અનેકતા હૈ નહીં, સામાન્યમેં અનિયતતા હૈ નહીં. આહાહા ! આવી વાતું છે, હૈં ? આવો પ્રભુ છે ભાઈ ! ભાઈ ! તારા ઘરની વાત છે ને પ્રભુ ! આકરી લાગે માટે બીજો રસ્તો લેવો એવું કાંઇ છે ? હૈં ? માર્ગ તો આ હૈ.

યહાં યહ સમજના ચાહિએ કે વસ્તુકા સ્વરૂપ અનંત ધર્માત્મક હૈ, વસ્તુના સ્વરૂપ તો અનંત ધર્મ સ્વરૂપ અનંત ગુણ સ્વરૂપ હૈ, યહ સ્યાદ્વાદસે યથાર્થસે સિદ્ધ હોતા દેખા જાતા હૈ. અપેક્ષાસે ઐસા સબ સારા નિર્ણય હોતા હૈ, આત્મા ભી અનંત ધર્મવાળા હૈ ઉસકે કુછ ધર્મ તો સ્વાભાવિક હૈ, જ્ઞાન, દર્શન આદિ કુછ પુદ્ગલકે અપેક્ષાએ સંયોગસે હુઆ હૈ, રાગ દ્વેષ આદિ જ્ઞાન, દર્શન, આનંદ એ સ્વાભાવિક હૈ. અને રાગ આદિ એ પુદ્ગલકા નિમિત્તસે હુઆ વિભાવિક હૈ. કુછ પુદ્ગલકે સંયોગસે હૈ, હોતે હૈ. આહાહા !

“જો કર્મકે સંયોગસે હોતે હૈ ઉસસે આત્માકી સંસારકી પ્રવૃત્તિ હોતી હૈ”. કર્મકા નિમિત્તસે જો રાગ આદિ આતા હૈ એ તો સંસારકી પ્રવૃત્તિ હૈ. ચાહે તો શુભ હો કે ચાહે તો અશુભ હો. આહાહા ! સમયસાર નાટકમેં તો મોક્ષ અધિકારમેં ૪૦ મો બોલ લિયા હૈ, સમજમેં આયા ? કે મુનિ હૈ સચ્ચા ભાવલિંગી જિસકો પૂર્ણાનંદકા નાથકા પત્તા લેકર સ્થિરતા ઐસી જામ ગઇ હૈ વીતરાગતા, વીતરાગતા, વીતરાગતા, વીતરાગતા જમ ગઇ, ઉસકો મહાવ્રતકા વિકલ્પ ઉઠતે હૈ, સમયસાર નાટકમેં કહા કે એ જગપંથ હૈ. હૈ યહાં સમયસાર નાટક ? હૈ, મોક્ષ અધિકાર હૈ ને ? ઉસમેં ચાલીસવા બોલ હૈ, મોક્ષ છે ને ? મોક્ષ હૈ ? એ આયા દેખો, “તા કારણ જગપંથ એવ” આહાહા ! મુનિરાજ આત્માકા આનંદકા વેદનવાળા, શુદ્ધ ચૈતન્યઘનમેં રમણ કરનેવાલા ઉસકો ભી જો વિકલ્પ આતા હૈ, પંચમહાવ્રતકા ૨૮ મૂળ ગુણકા, તા કારણ જગપંથ, એ જગપંથ હૈ ઇતના. આહાહાહા ! “ઉત્ શિવમારગ જોય”. રાગસે ભિન્ન હોકર અંદર સ્વરૂપમાં સ્થિરતા એ શિવમાર્ગ જોય. “પ્રમાદિ જગકો ઢુંકે” અરેરે મુનિ પણ પ્રમાદમાં આયા તો જગકી દશા હુઇ રાગકી સંસાર આહાહા, આવી વાત છે પ્રભુ “અને અપ્રમાદિ શિવ ઔર” સ્વરૂપમાં અપ્રમાદ હોકર રહેતે હૈ એ તો શિવલોકમેં– મોક્ષકે પંથમેં ચલતે હૈ આહાહા. મુનિ સચ્ચા ભાવલિંગી જિસકી ભાવલિંગ જિસકી મહોર છાપ હૈ, જ્ઞાયક પ્રચુર સ્વસંવેદન, જ્ઞાયકકા પ્રચુર સ્વ–સંવેદન જિસકી મહોર છાપ હૈ ઐસા ભાવલિંગી સંતો, આહાહાહા... ઉસકો ભી વિકલ્પ આતા હૈ તો કહેતે હૈ, એ તો સંસાર હૈ, ઇતના સંસાર જગપંથ હૈ. આહાહા. અજ્ઞાનીકી તો બાત કયા કરના. આહાહા !

કયોંકિ રાગ એ ઉદયભાવ હૈ, ઉદયભાવ સંસાર હૈ. આહાહા ! સમજમેં આયા ? ઉસસે આત્માકી સાંસારિક પ્રવૃત્તિ હોતી હૈ, રાગ આદિસે તો સંસારકી પ્રવૃત્તિ હોતી હૈ દેખો, ઔર તત્ સંબંધી જો સુખદુઃખ આદિ હોતા હૈ ને ભોગતે હૈ અજ્ઞાની, આહાહા... એ આ આત્માકી અનાદિકાલીન અજ્ઞાનસે પર્યાયબુદ્ધિ હૈ. અનેકપણાકી રાગાદિની પર્યાય ને ભેદકો દેખના અનાદિકી પર્યાયબુદ્ધિ હૈ. આહાહા ! ભગવાન એક સમયકી પર્યાયકી સમીપમેં પ્રભુ બિરાજતે હૈ. આહાહા ! અનેક પર્યાય, જે પર્યાય એક સમયકી હૈ, એ પર્યાયકી સમીપે અંતરમેં પ્રભુ બિરાજતે હૈ, પૂર્ણાનંદકા નાથ !

એક સંગ હો ગયે હૈ યહાં કહેતે હૈ ( આત્મધર્મમેં દિયા હૈ ) હા, થોડા દિયા હે ઐસા દેખા જાય તો. સમજમેં આયા ? આહાહા ! એ આત્મા અનાદિ કાળસે પર્યાયબુદ્ધિ હૈ. ઉસે અનાદિ અનંત એક આત્માકા જ્ઞાન નહીં હૈ, જોકે જો ભિન્ન ધ્રુવ પડા હૈ અનાદિ અનંત ઉસકા જ્ઞાન નહીં હૈ. પર્યાયકા જ્ઞાન હૈ, આહાહા ! સમજમેં આયા ? એક ક્ષણકી પર્યાય ઉત્પન્ન હુઇ દૂસરે ક્ષણે

નાશ હોતી હૈ. પણ ઉસમેં ભગવાન એક અનાદિ અનંત પડા હૈ ધ્રુવ. આહાહાહા ! ઉસકા તો જ્ઞાન હૈ નહીં, વો તરફ તો ઝૂકે નહીં. આહાહાહા ! એ આત્માકા જ્ઞાન નહીં હૈ.

ઇસે બતાનેવાલા સર્વજ્ઞકા આગમ હૈ. એ સર્વજ્ઞકા આગમ સિવાય ઐસી બાત ક્યાંય હૈ નહીં તીન કાલમેં. સમજમેં આયા ? ( શ્રોતાઃ- બધા ધર્મવાળા પોતાના પ્રભુને સર્વજ્ઞ માને ) માને ગમે તે, સર્વજ્ઞ હૈ હી નહીં. અજ્ઞાની પોતે અપનેકો ગમે તે માને, સર્વજ્ઞ તો એક જૈન દર્શનમેં, કયોંકિ આત્મા સર્વજ્ઞ સ્વભાવી ત્રિકાળ હૈ ભગવાન આત્મા સર્વજ્ઞ સ્વભાવી ત્રિકાળ હૈ ઐસે કહેનેવાલા તો સર્વજ્ઞ પરમાત્મા હૈ અને વો સર્વજ્ઞ સ્વભાવ હૈ ત્રિકાળી ભગવાન ઉસકે અવલંબનસે પર્યાયમાં સર્વજ્ઞપણા હોતા હૈ, જિસકા સર્વજ્ઞ સ્વભાવ આત્મામેં હૈ ઐસા માનતા નહીં ઉસકો સર્વજ્ઞ પર્યાય કભી હોતી નહીં. આહાહા ! ( શ્રોતાઃ- આત્માકો તો માનતા હી હૈ ) આત્માકો કયા માને બધા વાતો કરે, આત્મા એટલે કયા પ્રભુ ? સર્વજ્ઞ, બીજી સાદી ભાષાએ કહીએ તો "જ્ઞ" સ્વભાવી અને "જ્ઞ" સ્વભાવીમાં સર્વ લગાવી દિયા તો સર્વજ્ઞ સ્વભાવી, કયોંકિ વો સર્વજ્ઞ સ્વભાવ ઉસકા ગુણ હૈ, ઉસકી શક્તિ હૈ. આહાહાહા ! અને એ સર્વજ્ઞ સ્વભાવી એકરૂપ પ્રભુ ઉસકી દૃષ્ટિ કરનેસે ને ઉસમેં સ્થિર હોનેસે સર્વજ્ઞકી પર્યાય, પ્રગટ પર્યાયમાં હોતી હૈ. સર્વજ્ઞમેંસે પ્રવાહ આતા હૈ. આહાહા ! પૂર્વકી પર્યાયમેંસે મોક્ષ હો ઐસા કહેના ભી વ્યવહાર હૈ, બાકી તો સર્વજ્ઞ સ્વભાવ હૈ ઉસમેંસે સર્વજ્ઞ પર્યાય આતી હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

ઉસમેં શુદ્ધદ્રવ્યાર્થિકનયસે એ બતાયા હૈ, કે આત્મા એક અસાધારણ ચૈતન્યભાવ હૈ, ત્રિકાળી એક અસાધારણ દૂસરા ગુણ ભી ઐસા નહીં, જ્ઞાન સ્વભાવ જૈસા. દૂસરા ગુણ ભી અપનેકો જાનતે નહીં, જ્ઞાન અપનેકો જાનતે હૈ ને દૂસરા ગુણકો જાનતે હૈ ને પરકો જાનને વાલા અસાધારણ એક જ્ઞાયક સ્વભાવ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આવો ઉપદેશ ! હૈં ? આહાહા ! જ્ઞાન છે અસાધારણ ચૈતન્યમાત્ર જો કે અખંડ હૈ પ્રભુ તો દ્રવ્યસ્વભાવ તો અખંડ હૈ પર્યાયકા ભેદ ભી જિસમેં નહીં, નિત્ય હૈ અનિત્ય નહીં, અનાદિ અનંત હૈ, અનાદિ નિધન 'અ' આદિ અનિધન, આદિ નહીં ને અંત નહી. ઐસી ચીજ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ ! આહા... ઉસે જાનનેસે પર્યાયબુદ્ધિકા પક્ષપાત મિટ જાતા હૈ ઐસા ભગવાન ત્રિકાળી જ્ઞાયકકો જાનનેસે ને અનુભવ કરનેસે પર્યાયબુદ્ધિકા પક્ષપાત છૂટ જાતા હૈ તભી સમ્યગ્દર્શન હોતા હૈ. આહા ! વિશેષ કહેગા.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૭૦ ગાથા - ૧૪ તા. ૨૭-૮-૭૮ રવિવાર, શ્રાવણ વદ-૯ સં. ૨૫૦૪

શ્રી સમયસાર, એ તો ૧૫ મી ગાથામેં આતા હૈ ને "અપદેસસન્તમજ્ઝં" પંડિતજી ! "અપદેસસન્તમજ્ઝં" ઉસકા અર્થ અખંડ કિયા હૈ વો વિદ્યાનંદજીએ, એ વાત જૂઠી હૈ, સુણો તો હવે એ કહેતે હૈ કિ અપદેસકા અર્થ અમૃતચંદ્રાચાર્યે જાનનેમેં ન આયા તો કિયા નહીં એમ કહેતે હૈ. અમૃતચંદ્રાચાર્યકો "અપદેસસન્તમજ્ઝં" શબ્દકા અર્થ જાનને-ખ્યાલમેં ન આયા તો લિખા નહીં. એક વાત, અપદેસકા અર્થ જયસેન આચાર્ય ટીકામેં દ્રવ્યશ્રુત કિયા હૈ એક વાત ઔર "અપદેસસન્તમજ્ઝં"નો અર્થ એ સૂત્રમેં ૧૫મી ગાથા આઇ ઉસમેં આ ગયા. પંડિતજી !!

દ્રવ્યશ્રુત એ શબ્દો જ દ્રવ્યશ્રુત હૈ, પંદરમી ગાથા હૈ એ હી દ્રવ્યશ્રુત હૈ. તો દ્રવ્યશ્રુતમેં એ આ ગયા. અપદેસકા અર્થ અમૃતચંદ્રાચાર્યકો ખ્યાલ નહીં રહા તો નહીં આયા ઐસા નહીં. ( શ્રોતાઃ– એમાં ગર્ભિત છે ) હૈં ? એ ઉસમેં ગાથા વો હી દ્રવ્યશ્રુત હૈ. "અપદેસસન્તમજ્ઝં" આહાહા... દ્રવ્યશ્રુતમેં ભી એ કહા હૈ ઔર ભાવશ્રુતમેં ભી વીતરાગતા ભાવ શુદ્ધ ઉપયોગ એ જૈનશાસન ઐસા કહા. પણ દ્રવ્યશ્રુતમેં ભી એ ગાથા હૈ એ દ્રવ્યશ્રુત હૈ, પંડિતજી! આહાહા! "અપદેસસન્તમજ્ઝં" એ ગાથામેં દ્રવ્યમેં એ આયા એટલે દ્રવ્યશ્રુતકા અર્થ અપદેસકા અર્થ નહીં કિયા હૈ અમૃતચંદ્રાચાર્યે ( એમ નથી ). ( શ્રોતાઃ– એ ભાવનો અર્થ કર્યો એમાં દ્રવ્ય આવી ગયું. ) ના ના–દ્રવ્ય એમ નહીં, એમેય નહીં. એ ગાથા એ દ્રવ્યશ્રુત હૈ એમ કહેના હૈ. પંડિતજી ! એ ગાથા એહી દ્રવ્યશ્રુત હૈ, તો દ્રવ્યશ્રુત આ ગયા ભાઈ, અને ઉસકા ભાવશ્રુત તો પસ્સદિ અપ્પાણં, શુદ્ધ ઉપયોગમેં આત્માકો દેખતે હૈ એ જૈનશાસન એ ભાવશ્રુત હુઆ. પંડિતજી ! બરાબર હૈ, સમજમેં આયા ? જરી ગરબડ હો ગઇ હૈ બહોત, અપદેસનો અર્થ અખંડ કિયા હૈ એ બાત ઐસે ઐસે હૈ નહીં. સમજમેં આયા ?

અને દૂસરી બાત એ કહે, રાત્રિકો પ્રશ્ન હુઆ થા ચંદુભાઈના એ પ્રશ્નનો ઉત્તર હવે કે રાત્રિકો બહોત ચલા થા, કિ જૈસે ક્ષેત્રકા અંત નહીં, એ વસ્તુ સ્થિતિ હૈ, ઐસે કાળકા અંત નહીં, શરૂઆત કહાંસે ઉસકા એ વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ ઐસી દ્રવ્યકી પર્યાય પહેલી કયા ઉસકા અંત નહીં. પહેલી કયા ? આહાહા ! ઐસે આત્મામેં અનંતગુણ જો હૈ ઉસકા આખિરકા ગુણ કયા ? એ હૈ હી નહીં. આહાહા ! સમજમેં આયા ? તો ઇતના દ્રવ્યકા સ્વભાવ ગુણ અમાપ હૈ ઔર પર્યાય એક સમયકી ભી અનંત હૈ એ ભી અમાપ હૈ, એ અનંત પર્યાય એક સમયકી હૈ, તો આ અનંત, અનંત અનંત અનંતમેં આખિરકી આ એક પર્યાય ઉસમેં એક સમયમેં, એ ભી હૈ નહીં. આહાહા ! ત્યારે કોઇ કહે કે એટલા બધા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, અમાપ ને ઉસકા માપ પર્યાય લઇ લે તો તો વિકલ્પ હૈ ઉસમેં આયા. સમજમેં આયા ? ઐસા હૈ નહીં. સમજમેં આયા ?

વો રાત્રિકો કહા થા, કહેના થા તો ચિદ્‌વિલાસમેં હૈ, ચિદ્‌વિલાસ હૈ ને ? ઉસમેં ચોત્રીસ પાને હૈ દેખો, સામાન્યતા કરી નિર્વિકલ્પ વસ્તુ હૈ, વિશેષતા–વિશેષપણા એકદ્રવ્યમેં અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત ગુણ, આહાહાહા... જિસકા અંત નહીં ઐસે જબ વિશેષ સમજાતે હૈ ગુરુ, આહાહા... ઔર પર્યાય એક સમયમેં અનંત, મુદત એક સમયકી પણ અનંત પર્યાયમાં આ પર્યાય આખિરકી હૈ ઐસા હૈ નહીં. અનંત, અનંત, અનંત, અનંત, અનંત એક સમયમેં હોં ઐસા શિષ્યકો પ્રતિબોધ કિજીએ, ચિદ્‌વિલાસમેં હૈ, ચિદ્‌વિલાસ દીપચંદજી.

તબ જ્યોં જ્યોં શિષ્ય ગુરુકે પ્રતિબોધકો ગુણકા સ્વરૂપ, નિયમસારમેં ઐસા કહા કે દ્રવ્ય, ગુણ ને પર્યાય તીનોંકા વિચાર કરના એ વિકલ્પ ને અનાવશ્યક હૈ. યહાં એ કહા કે દ્રવ્યગુણને અનંત અનંતગુણ ને અનંત અનંત પર્યાયકો ગુરુ જે શિષ્યકો સમજાતે હૈ. આહાહાહા ! ત્યારે ( તબ ) ગુરુકે પ્રતિબોધકો ગુણકા સ્વરૂપ જાણી, જાની વિશેષ ભેદી હોતા જાતા હૈ. વિશેષ ઉસકા ભેદજ્ઞાન નિર્મળ બહોત હો જાતા હૈ. ઔર તબ વે શિષ્યકે આનંદકી તરંગ ઉઠતે હૈ. સમજમેં આયા ?

ભગવાન આત્મા એક ઔર અનંત, અનંત, અનંત, અનંત ક્ષેત્રસે અંત એ આ ગયા

ઇતનામેં, પણ ભાવકી સંખ્યાકી અનંતતાકા અંત નહીં. આહાહાહા ! ઔર એક સમયકી પર્યાય અનંતમેં આ આખિરકી, હૈ તો એક સમય પણ અનંતમેં આ પર્યાય આખિરકી ઐસા હૈ નહીં. આહાહાહા ! ઐસા કોઇ ગંભીર, ગૂઢ ધર્મ, ગુણકા ને પર્યાયકા, ક્ષેત્રકા અને કાળકા, ઐસે વ્યાખ્યા જેમ ગુરુ કહેતે હૈ, તો શિષ્ય સૂનનેમેં ઉસકો વિશેષ ભેદજ્ઞાન હો જાતા હૈ. ઔર જાની જાની આનંદકી તરંગ ઊઠે, તે ( ઉસી ) હી સમય વસ્તુકા નિર્વિકલ્પ આસ્વાદ કરે. પંડિતજી ! વાત હૈ ભાઈ ! આ તો ગંભીર અલૌકિક વાતું હૈ, આ કોઇ શાસ્ત્રકા એકીલા શબ્દકી બાત નહીં હૈ.

આહાહા ! અનંત અનંત અનંત આત્મામેં જેમ એ એક વિચારકી કસોટીમેં ન લે તબ તક અનંત હૈ અનંત હૈ ભલે માને, પણ અંદર કસોટીમેં ચડાવે જબ, આહાહા... તો એક વસ્તુમેં અનંતગુણ ઔર એક પરમાણુમેં અનંતગુણ, જિતની સંખ્યામેં એક આત્મામેં ગુણ હૈ, અનંત, અનંત, અનંત, અનંત અનંતનો અંત નહીં. ઐસે એક પરમાણુમેં અસ્તિત્વ, વસ્તુત્વ આદિ અનંતગુણ ઇતના હૈ, કે ઉસકા અંત નહીં. પરમાણુ એટલા ( ઈતના ) આહાહા... ઔર એક આકાશ, એક આકાશમેં ભી અનંતગુણ હૈ. જિતના પરમાણુમેં હૈ ઇતના આકાશમેં હૈ, ઔર ઇતના એક આત્મામેં હૈ. આહાહાહા ! અસંખ્ય પ્રદેશીમેં ભી અનંત, અનંત, અનંત એક પરમાણુમેં ભી અનંત અનંત એક પ્રદેશમેં, અનંત પ્રદેશી આકાશમેં અનંત અનંત, આહાહાહા ! સમજમેં આયા ? ઝોલા આતે હૈ ઝોલા, હમણાં આંહી ઝોલા ચડી ગયા છે. ઘણીવાર રાત્રી ગમે તેમ કરતા હોય પણ વ્યાખ્યાનમેં ઝોલા જ આવે એને, આંખ ભારે થઇ જાય. આવી વાતમાં ભારે આંખ થાય, સમજમેં આયા ? જરી સમજનેકી ચીજ હૈ ઉસમેં, આહાહાહાહા !

( શ્રોતાઃ- અનંત તો કઇ પ્રકારકે હોતે હૈ. ) આ અનંત તો અંત ન આવે એ અનંત હૈ, અર્ધપુદ્‌ગલકા અનંતકા તો અંત આતા હૈ, કયા ? અર્ધ પુદ્‌ગલ હૈ એ અનંતકા અનંત કાળ હૈ, પણ ઉસકા અંત આતા હૈ, પણ અનંત પુદ્‌ગલ પરાવર્તનકા કભી અંત નહીં. આહાહા... ઐસે એક દ્રવ્યમેં અનંત ગુણકા કોઇ અંત નહીં. એમ આકાશકા ક્ષેત્રકા કોઇ અંત નહીં. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! ( શ્રોતાઃ- એક સમયકી પર્યાયકા અંત નહીં ) એક સમયમાં અનંતી પર્યાયના અંત નહીં, કે આ પર્યાય આખિરકી એક સમયમાં અનંત, તો આ અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંતમાં આખિરકી ઐસે અંત નહીં, ભાઈ કોઇ ( અચિંત્ય ) વસ્તુ હૈ, ( શ્રોતાઃ- ગુણકા અંત નહીં એટલે પર્યાયકા અંત નહીં ) ગુણકા નહીં, પર્યાય તો એક સમયકી હૈ વો ત્રિકાળીકા અંત નહીં, આ એક સમયકા અંત નહીં. આહાહા ! ( શ્રોતાઃ- એક સમયકી અંતિમ પર્યાય કૌન સી ) અંતિમ પર્યાય કયા ? પર્યાય અનંત હૈ એમાં અંતિમ કયા ? આહાહા ! સમજમેં આયા ? આહાહાહા ! અનંત અનંત ચોવીસી હો જાય તો ભી ઉસકા અનંત ચોવીસીમેં અંત આ ગયા, આખિર. પણ આ તો અનંત અનંત કાળ કદી આદિ હૈ નહીં, અંત નહીં, ઉસકા કદી અંત નહીં ને શરૂઆત નહીં. આહાહાહા !

( શ્રોતાઃ- અનંત કહેવું ને અંત આવી જાય ઈ શું ? ) અંત કયાં, કોણે કહ્યું અંત આવી જાય, એ આ તો અંત આવી ગયો ને અહીંયા. અર્ધ પુદ્‌ગલ પરાવર્તનનો અનંતકાળકા અંત આ ગયા, એ અંત હૈ ને ? અંત એ પ્રકારકા અંત હૈ. ઐસા હૈ ધવલમેં પાઠ હૈ ઐસા. ધવલમેં ઐસા પાઠ લિયા હૈ કે અનંતના દો પ્રકાર, અર્ધપુદ્‌ગલ એ અનંત હૈ પણ ઉસકા અંત આ જાતા હૈ. ભાઈ

આ શાસ્ત્રમેં આધાર પડા હૈ. શાસ્ત્રમાં તો દિગંબર સંતોએ તો ગજબ કામ કિયા હૈ. આહાહા ! અર્ધપુદ્‌ગલકા અંત આ ગયા. અર્ધપુદ્‌ગલ ( કા ) અંત હૈ. આહાહા ! સમજમેં આયા ? પણ અનંત અનંત અનંત ગુણ જો સ્વભાવકા અંત નહીં, ભાઈ અલૌકિક વાતું હૈ બાપા, પ્રભુ તારી પ્રભુતાની પાર ન મળે. આહાહા ! એ અનંત અમાપ ઉસકી જ્ઞાન પર્યાય માપ લે લેતી હૈ. કયા કહા એ ? જ્ઞાનકી વર્તમાન પર્યાય અનંત, અનંત, અનંત જિસકા અંત નહીં ઇસકા માપ લે લેતી હૈ. આહાહા ! ( શ્રોતાઃ– માપ લે લિયા તો અંત આ ગયા. ) ઇસકા અંત કહાં આયા ? અનંતકા, અનંતકા, અનંતકા યહાં જ્ઞાન આયા, અનંતકા અનંત જ્ઞાન આયા. બહુ સૂક્ષ્મ વાત ભાઈ ! સમજમેં આયા ?

દ્રવ્યાનુયોગ બહોત સૂક્ષ્મ હૈ, ઐસે કોઇ સાધારણ અભ્યાસસે સમજાય ઐસી ચીજ નહીં. ભાઈ ! આહાહા ! એની એક સમયની પર્યાયમાં પણ અનંત અવિભાગ પ્રતિચ્છેદ, આહાહા... એક સમયકી પર્યાયમેં અનંત માયલી એક પર્યાયમેં અનંત અવિભાગ પ્રતિચ્છેદ હૈ ઉસકા અંત નહીં ઉતના અવિભાગ પ્રતિચ્છેદ હૈ, કયું કે એક સમયમેં અંત નહીં ઐસા ક્ષેત્રકા જ્ઞાન આ ગયા, અંત નહીં ઐસા કાળકા જ્ઞાન આ ગયા, અનંત ધર્મ જો હૈ ઉસકા અંત નહીં ઉસકા પર્યાયમેં જ્ઞાન ખ્યાલ આ ગયા. આહાહાહાહા ! સમજમેં આયા ? તો એ પર્યાયમેં અનંત અનંત અનંત અનંત સામર્થ્ય હૈ. આહાહાહા ! એ સબ દ્રવ્યશ્રુતમેં કહા હૈ. સમજમેં આયા ? એ ૧૫ મી ગાથામેં જો એ આયેગા.

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
*अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।। १५ ।।

ઇસકા અર્થ કે અમૃતચંદ્રાચાર્યે અંદર અપદેસકા અર્થ કિયા હી નહીં, ઐસા હૈ નહીં. એ “અપદેસસન્તમજ્ઝં” જે સૂત્ર કહા ઉસમેં એ દ્રવ્યશ્રુત આ ગયા. સમજમેં આયા ? જરી ! આહાહાહા ! ( શ્રોતાઃ– આખા જિનશાસનનું દ્રવ્યશ્રુત આવી ગયું ૧૫મી ગાથામાં ) એ દ્રવ્યશ્રુત જ એ હૈ, કે જિસમેં અપદેસ નામ દ્રવ્યશ્રુત ઉસમેં આયા કયા આયા ? કે અબદ્ધસ્પૃષ્ટ હૈ આત્મા એ ઉસમેં આયા હૈ. અને ભાવશ્રુતમેં ભી એ આયા શુદ્ધ ઉપયોગમેં કે અબદ્ધસ્પૃષ્ટ આત્મા એ શુદ્ધ ઉપયોગમેં આયા વો હી જૈનશાસન. દ્રવ્યશ્રુતમેં એ કહા ને ભાવશ્રુતરૂપ પરિણમન હુઆ આહાહાહા ! સમજમેં આયા ? ( શ્રોતાઃ– ૧૫મી ગાથાકી અપદેશ હૈ ? ) એ આંહીયા “અપદેસસન્તમજ્ઝં” એવી બાત હૈ ભાઈ. આહા !

અત્યારે તો કલ્પનાસે અર્થ કરતે હૈ. ઐસે ન ચલે ભાઈ ! આચાર્યો કહેતે હૈ એ તો સંતો કહેતે હૈ, ઇસકી વાણીકા સાર હૈ. આહાહા ! એ વાણી વાણીમેં ભાવ જો કહેનેમેં આયા હૈ, અપાર હૈ વાણીકા વાણીમેં ભાવ હોં, આહાહા ! દ્રવ્યગુણકા ભાવ, વાણીકા અપના ભાવ, એ વાણી કહેતી હૈ. આહાહા ! વાણીમેં દ્રવ્યગુણ જો ભાવવસ્તુ હૈ એ ભાવ ઉસમેં નહીં આતા, પણ વાણી જિતના દ્રવ્યગુણભાવ હૈ ઉસકો કથનકી શક્તિ ભાષાકી પર્યાયમેં હૈ, ભાષાકી પર્યાયમેં હૈ, ભાષાકી પર્યાયમેં વો અનંત દ્રવ્યગુણ પર્યાય આયા નહીં. આહાહા ! અલૌકિક વાતું છે બાપુ આ તો, આહાહા... સમજમેં આયા ?

એટલે દ્રવ્યશ્રુતમેં ભી ગાથા એ હી દ્રવ્યશ્રુત હૈ. તો ઉસમેં ભી આ ગયા ઔર અમૃતચંદ્રાચાર્યે

એના અર્થ નથી કર્યાં ઐસા હૈ નહીં. એ ગાથા "અપદેસસન્તમજ્ઝં" કીધા વો હી દ્રવ્યશ્રુત આ ગયા ઉસમેં અને જયસેન આચાર્યે એની ટીકામેં ચોખ્ખા લિયા. અપદેસ એટલે દ્રવ્યશ્રુતંમજ્ઝં દ્રવ્યશ્રુતની અંદર આ કહા હૈ. આહાહાહા ! સાન્ત નામ ભાવશ્રુત અને અપદેસ એ દ્રવ્યશ્રુત. દ્રવ્યશ્રુતમેં ભી આત્મા અબદ્ધસ્પૃષ્ટ કહેનેમેં આયા હૈ. ઔર ભાવશ્રુતમેં ભી અબદ્ધસ્પૃષ્ટકા અનુભવ હોતા હૈ. આહાહાહા ! એવો મારગ છે ભાઈ ! હૈં ? આ તો ઉસકા અર્થ આયા હૈ સમયસારમેં દેખા તો અને આ કલ કહેના થા ને તો ઉસમેં એ આયા હૈ, કે સમયસાર વ્યવહારકો લેકર ચલતા હૈ ઔર ઉસકા અંતિમ લક્ષ નિશ્ચય તક પહુંચના હૈ, ઐસે હૈ નહીં. આમાં લિખા હૈ આ તો વીર પત્ર આયાને વીરમેં આ પત્રમાં કલ બતાના થા ને કોઇ લે ગયા થા આ મેરા નહીં, મેરા તો ચિહ્ન કિયા હૈ, દૂસરા કોક લે ગયા આ તો મગનલાલજી લાયા થા.

કયા કહા ? અહીંયા આપણે ચલતે હૈ દેખો, પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયકો ગૌણ કરકે અસત્યાર્થ કહા હૈ, યહાં આયા હૈ, બિચમેં, હૈ ? જીવ ઉસકા અનુભવ કરતા હૈ વો પરદ્રવ્યકે ભાવો સ્વરૂપ પરિણમિત નહીં હોતા. "ઇસલિયે કર્મબંધ નહીં હોતા. ઔર સંસારસે નિવૃત્તિ હો જાતી હૈ" ત્યાં આયા હૈ, હૈ ? પંડિતજી ! હૈ ? વો ક્યા કહા ? કે આ આત્મા તો અખંડ, નિત્ય, અનાદિનિધન હૈ. ઉસે જાનનેસે પર્યાયબુદ્ધિકા પક્ષપાત મિટ જાતા હૈ, હૈ ? પરદ્રવ્યોસે ઉનકે ભાવોસે ઔર ઉનકે નિમિત્તસે હોનેવાલા અપને વિભાવોસે અપને આત્માકો ભિન્ન જાનકર, આહાહા... પરદ્રવ્યસે, પરદ્રવ્યકા ભાવસે ઔર પરદ્રવ્યકા નિમિત્તસે હોનેવાલા અપના વિકાર, આહાહા... તીન બોલ આયા, હૈ ? ભિન્ન જાનકર જીવ ઉસકા અનુભવ કરતા હૈ. તબ પરદ્રવ્યોકે ભાવસ્વરૂપ પરિણમન નહીં હોતા, તબ રાગરૂપ પરિણમન નહીં હોતા. આહાહાહાહા ! ઝીણી વાત ભાઈ ! આ તો જૈનશાસન ! એમાં સમયસાર, ઔર ઉસકી ટીકા ને ઉસકા મર્મ જયચંદ પંડિતે ખોલ દિયા હૈ, આહાહા ! ઇસલિયે કર્મબંધ નહીં હોતા.

ઔર પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયકો ગૌણ કરકે, પર્યાય હૈ, નહીં હૈ ઐસા નહીં, પણ પર્યાયાર્થિકનયકો ગૌણ કરકે, અભાવ કરકે નહીં પર્યાયકા અભાવ કરકે હોય તો વેદાંત હો જાતા હૈ. વસ્તુ ઐસી હૈ નહીં. આહાહા... પર્યાયાર્થિકનયકો ગૌણ કરકે લક્ષ છોડાનેકો ઉસકો ગૌણ કરકે અભૂતાર્થ કહા હૈ. આહાહા ! પર્યાય ન હો અને ગુણભેદ ન હો તો વસ્તુ જ નહીં હૈ, ઐસા હો જાતા હૈ. આહાહા !

શુદ્ધ નિશ્ચયનયકો સત્યાર્થ કહેકર ઉસકા આલંબન લિયા હૈ. શુદ્ધનયકા વિષય જો ધ્રુવ ત્રિકાળી જ્ઞાયકભાવ ઉસકા આશ્રય લેનેકો આલંબન લેનેકો કહા હૈ. ભેદકા આલંબન છોડાનેકો, આહાહા... પર્યાયકા આલંબન છોડાનેકો, પર્યાય નહીં હૈ ઐસા નહીં, પર્યાય હૈ. હૈ ? વસ્તુ સ્વરૂપકી પ્રાપ્તિ હોને કે બાદ, જબ આત્મા પ્રાપ્ત હો ગયા અંદરમેં, પીછે ઉસકા આલંબન નહીં રહેતા. પીછે આશ્રય કરના રહેતા નહીં. પૂર્ણાનંદકી પ્રાપ્તિ હુઇ પર્યાયમેં તો આલંબન રહા નહીં. દ્રવ્યકા આશ્રય કરના રહા નહીં. કયા કહેતે હૈ. આહાહા ! જબલગ આત્મા પૂર્ણ પર્યાયકો પ્રાપ્ત ન હો તબલગ દ્રવ્યાર્થિકનયકા આલંબન લેનેકો કહા, પણ એ આલંબનસે જબ પર્યાયમેં પૂર્ણતા હો ગઇ પીછે દ્રવ્યકા આલંબન રહા નહીં. આલંબન તો એ આશ્રય અધુરા થા તબલગ આલંબન રહેતે થે, પૂર્ણ હુઆ પીછે દ્રવ્યકા આશ્રય તો રહા નહીં. એ તો હો ગઇ પર્યાય પૂર્ણ.

આવી વાત આ જયચંદ પંડિતે લિખા ઉસકા સમજના આ કઠણ પડતે હૈ. સમજમેં આયા ? દિગંબરના પંડિતો પણ યથાર્થ કહેતે હૈ. અને અમારે પંડિતજીને ઐસા ચર્ચા હુઇ થી ને ખાનિયામેં ત્યારે એ લોકો કહે મુનિ અને આચાર્યોના વચન એ જ અમારે પ્રમાણ હૈ. આ કહે કે ભાઈ કે બધાને આ પંડિતોના વચન ભી પ્રમાણ હૈ. પંડિતજી ! કહા થા, ખાનિયાચર્ચામેં, એક હી કહેનેકો નિકલે થે. આહાહા ! જે સમ્યગ્દષ્ટિ જીવ હૈ ઉસકા કથન બરાબર માન્ય હૈ. આચાર્યોના જ માન્ય હૈ તો પછી આ પદ્મપ્રભમલધારિદેવ મુનિ હૈ, એ આચાર્ય નહીં હૈ તો ઉસકા માન્ય નહીં હૈ ? એમ ઐસે કહે માને તે એની સ્વચ્છંદતા હૈ. આહાહા ! દિગંબર ગૃહસ્થો પણ સમકિતી બનારસીદાસ, ટોડરમલજી, આદિ સબ આધાર, સબ આધાર લેનેકા હૈ. ઉસકા શબ્દ ભી સિદ્ધાંતકે અનુસાર બરાબર સચ્ચા હૈ. સમજમેં આયા ? ગૃહસ્થ સમકિતી( ને ) બનાયા હૈ માટે અહીં એના આશ્રય લેના નહીં ને વો નહીં આધાર ઐસા હૈ નહીં. સમ્યગ્દષ્ટિ તો જૈસા તિર્યંચ હૈ ઐસા હી સિદ્ધ સમ્યગ્દષ્ટિ હૈ. આહાહાહાહા !

ભગવાન ત્રણ લોકનો નાથ અંદર જ્યાં દૃષ્ટિમાં આયા, આહા... વર્તમાન પર્યાયમેં પૂર્ણાનંદકા નાથ, લક્ષમેં પર્યાયમેં દ્રવ્યકા સામર્થ્ય આયા સામર્થ્ય આયા દ્રવ્ય નહીં. આહાહાહા... ઉસકી દૃષ્ટિવાન ગમે તે કહે એ યથાર્થ સિદ્ધાંત પ્રમાણે કહેતે હૈ. ( શ્રોતાઃ– ગમે તે કહે ? ) હૈં ? ગમે તે કહે ! ગમે તે કહે એટલે તે યથાર્થ જ કહે, એ જ કહે, ગમે તે કહે, ઉસકો જો ગમતે હૈ યથાર્થ એ કહે. આહાહા ! એ આંહી કહા દેખો.

શુદ્ધ નિશ્ચયનયકો સત્યાર્થ કર આલંબન દિયા વસ્તુસ્વરૂપકી પ્રાપ્તિ હોનેકે બાદ દ્રવ્યસ્વરૂપકા આશ્રય આલંબન લિયા જબ લગ પૂર્ણ નહીં હૈ ત્યાં લગ, અને પૂર્ણ હો ગયા પીછે આલંબન રહેતા નહીં, પીછે આશ્રય લેના રહેતા નહીં. આહાહાહા ! ઝીણી વાત ભાઈ ! વીતરાગનો મારગ એ દર્શનશુદ્ધિકા મારગ સમજના બહુ અલૌકિક હૈ ભાઈ ! આહા ! સમજમેં આયા ? આહાહા ! અરે એમાં અભિમાન કરે થોડા ઘણાં જાણ્યા, અમે જાણ્યા બાપુ ! એ વાતુંની વાતું કોઇ અલૌકિક હૈ. જેના જ્ઞાનનો માપ ન આવે ગુણીનો, ઉસકા માપ કરલે પર્યાય બાપુ એ સમ્યગ્દર્શન ચીજ કૈસી હૈ. આહાહા ! દ્રવ્યમેં ગુણકા માપ નહીં, અંત નહીં કે આ આખિરકા હૈ, ઉસકા સમ્યગ્જ્ઞાન પર્યાય અંત લે લે, આહાહા... એ સમ્યગ્જ્ઞાનકી પર્યાયકી કિતની મહિમા હૈ, પર્યાયકી હોં, આહાહા ! ઇસકા નામ ભાવશ્રુતજ્ઞાન કહેનેમેં આતા હૈ.

( શ્રોતાઃ– પર્યાયનો મહિમા ચાલે છે. ) પર્યાયનો મહિમા આ રીતે, કઇ રીતે ? પર્યાયનો મહિમા દ્રવ્યસે કંઇ વધ જાતે નહીં, પણ પર્યાયમેં દ્રવ્યકા માહાત્મ્ય ખ્યાલ આ ગયા તો એ સારા દ્રવ્યકા, સારા ગુણકા, સારા લોકાલોકકા, અપની પર્યાયમેં ઉસકા જ્ઞાન નામ માપ આ ગયા. આહાહા ! એક જ પર્યાયમેં સારા લોકાલોકકા ને એ પર્યાયમેં અનંતી પર્યાયકા, એ પર્યાયમેં અનંત ગુણકા એ પર્યાયમેં અનંત દ્રવ્યકા. ( માપ આ ગયા )

જીવ દ્રવ્ય કિતના ? કે આદિ બિનાકા કાળ હૈ, અનાદિ સાંત અભી તકકા કાળ, ઉસસે અનંતગુણા જીવ હૈ, ત્રિકાળસે અનંતમેં ભાગે હૈ, જીવદ્રવ્યકી સંખ્યા ત્રિકાળ સમયસે અનંતમેં ભાગે હૈ પણ ભૂતકાળ અનાદિસે અંત તકકા કાળસે જીવદ્રવ્ય અનંતગુણા હૈ, આહાહાહા ! શું છે આ ? આહાહાહા ! અરે જિસકી આદિ નહીં કાળકી, ઇસકા અનાદિ અનંત કાળ ઉસસે

અનંતગુણા જીવકી સંખ્યા, પ્રભુ દ્રવ્ય કિતના ? આહાહા ! અને ઉસસે અનંતગુણા પરમાણુ, ઔર ઉસસે અનંતગુણા ત્રિકાળકા સમય, ઔર ઉસસે અનંતગુણા એક આકાશકા પ્રદેશ, ઔર ઉસસે અનંતગુણા એક દ્રવ્યકા ધર્મ, ગુણ. ભાઈ સાધારણ વાત નથી આ. આહાહાહા ! સમજમેં આયા ? જ્ઞાનચંદજી ! આ તો થોડા ઘણા જ્ઞાન હો જાય ધારણાકા ત્યાં તો જાણે કે, ઓહોહોહો... હમારે તો બહોત હો ગયા. હવે જગતને બતાવો, જગત જાણે અરે ભૈયા, તુમ કયા ? આહાહા !

એ કહા દેખો ! ઇસ કથનસે નહીં સમજ લેના ચાહિએ કે શુદ્ધનયકો સત્યાર્થ કહા ઇસલિયે અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ હૈ. પર્યાય અશુદ્ધ દ્રવ્યાર્થિક પર્યાય, અશુદ્ધ દ્રવ્યાર્થિક વ્યવહારનય બિલકુલ જૂઠા હૈ, હૈ હી નહીં ઐસા નહીં. સમજમેં આયા ? આહાહાહા ! ઐસા માનનેસે વેદાંત મતવાલે સંસારકો સર્વથા અવસ્તુ માનતે હૈ. માયા એ કહેતે હૈ કે યામા એ પર્યાય ને ભેદ એમાં નથી. ઐસા હો જાયેગા. એ માયા કહેતે હૈ ને માયા હૈ સબ માયા હૈ પણ માયા હૈ કે નહીં ? સમજમેં આયા ? વેદાંતી સાથે ચર્ચા બહોત હોતી થી. મોતીલાલજી, પરમહંસ આયા થા, પહેલે વ્યાખ્યાનમેં આતે થે, પીછે પરમહંસ હો ગયે થે, પીછે આયા તુમ વેદાંત વેદાંત કરતે હૈ એ સબ લોગ તો દુઃખ હૈ કે નહીં અંદર પર્યાયમેં ? દુઃખ હૈ કે નહીં દુઃખસે મુક્ત હોના તો દુઃખ હૈ કે નહીં ? દુઃખ હૈ તો આત્મા ને દુઃખ દો ચીજ હો ગઇ, હૈં ? દ્વૈત હો ગયા, ઔર દુઃખકા અભાવ હોકર સુખ આતા હૈ. એ ભી પર્યાયમેં આયા, તો દ્રવ્ય ને પર્યાય દો હો ગયા. ઐસે ન ચલે કીધું યહાં. અહીંયા તો વસ્તુકો, જૈસી ચીજ હૈ ઐસી સમજના ચાહિએ, ઓછા અધિક ને વિપરીત, સબ મિથ્યાત્વ ભાવ હૈ, સમજમેં આયા ? આહાહા !

સંસારકો સર્વથા અવસ્તુ માનતે હૈ, ઐસા સર્વથા એકાંત પક્ષ આ જાયેગા ઉસસે મિથ્યાત્વ આ જાયેગા. પર્યાય હૈ હી નહીં. પર્યાયનયકો અસત્યાર્થ કહા, અશુદ્ધતાકો અસત્યાર્થ કહા. ભેદકો અસત્યાર્થ કહા, તો ભેદ ને પર્યાય હૈ હી નહીં, ઐસા હૈ નહીં. ભેદ ભી હૈ ને પર્યાય ભી હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આવી ઝીણી વાતું પણ હવે.

ઇસ પ્રકાર એ શુદ્ધનયકા આલંબન ભી વેદાંતીઓકી ભ્રાંતિ મિથ્યાદૃષ્ટિત્વ આ જાયેગા. તો પર્યાય ન જ માને અશુદ્ધતા પર્યાયમેં હૈ એ નહીં માને, તો વેદાંતીઓની પેઠે મિથ્યાદૃષ્ટિ હો જાયેગા. આહાહા ! જોવો હવે ખૂબી.

ઇસલિયે સર્વનયોંકી કથંચિત્ સત્યાર્થતા શ્રદ્ધાન કરનેસે, ભાષા દેખો, કયા કહેતે હૈ ? ઇસલિયે સર્વનયોંકી કથંચિત્ સત્યાર્થતા, પર્યાયનયકી ભી સત્યાર્થતા, દ્રવ્યનયકી ભી સત્યાર્થતા આહાહા ! હૈ ? પર્યાયમેં અશુદ્ધતા એ સત્યાર્થ હૈ, પર્યાય એ સત્યાર્થ હૈ, ત્રિકાળ ભી સત્યાર્થ હૈ. હૈ ? ( શ્રોતાઃ- પ્રમાણકા વિષય એ તો હો ગયા ) નહીં, એ પ્રમાણના વિષયની વાત અહીં નહીં હૈ. અહીં તો પર્યાયમેં અસત્યાર્થતા કહા, તો એ પર્યાય અસત્યાર્થ નહીં ઐસા કહેના હૈ. પર્યાય હૈ, એ તો ત્રિકાળની અપેક્ષાસે એક સમયકા પર્યાયકો લક્ષ છોડાનેકો અસત્યાર્થ, ગૌણ કરકે અસત્યાર્થ કહા. પર્યાય અભાવ કરકે અસત્યાર્થ કહા ઐસા હૈ નહીં. આહાહાહા !

અગિયારમી ગાથામેં કહા ને વ્યવહારોઽભૂયત્થો અગિયારમી ગાથા મૂળ, જૈન દર્શનનો પ્રાણ, વ્યવહારોઽભૂતાર્થો વ્યવહાર શબ્દે પર્યાય, પર્યાયઅભૂતાર્થ, કઇ રીતે અભૂતાર્થ ? ઉસકા લક્ષ છોડાનેકો ગૌણ કરકે અભૂતાર્થ કહા હૈ. પર્યાય નહીં હૈ ને ઐસા કહેકર અસત્યાર્થ કહા હૈ

ઐસા નહીં. આરે આવું બધું. હૈ ? ભાઈ તારી લીલા તો દેખ. આહાહાહા... તેરા ગુણની પાટ પડી હૈ અંદરમાં મહાપ્રભુ, છતેં પર્યાયમેં વિકૃત અવસ્થા ને દુઃખ હૈ, એ નહીં હૈ ઐસે માનો, એકાંત હો જાયેગા.

કથંચિત્, દેખા ? સર્વનયોંકી પર્યાયનય, દ્રવ્યાર્થિકનય, વ્યવહારનય, અશુદ્ધનય, અશુદ્ધ દ્રવ્યાર્થિકનય, શુદ્ધ દ્રવ્યાર્થિકનય એ કથંચિત્ સત્યાર્થ, સબકો કથંચિત્ સત્યાર્થ માનના ચાહિએ. આહાહાહાહા ! કથંચિત્ સત્યાર્થપણાકા શ્રદ્ધાન કરનેસે, દેખો પહેલે તો ઐસા કહા થા કે દ્રવ્યકા ત્રિકાળીકા શ્રદ્ધાન કરના વો સમ્યગ્દર્શન હૈ, ને આહીં તો એ કહા કે પર્યાયમેં અશુદ્ધતા હૈ. પર્યાય હૈ ઉસકા ભી જ્ઞાન રખકર ત્રિકાળકા આશ્રય લેના. ઉસકા જ્ઞાન છોડ દેના કે યે હૈ હી નહીં અને ત્રિકાળકા આશ્રય લેના ઐસા હૈ નહીં. આહાહાહા ! સમજમેં આયા ? થોડા સૂક્ષ્મ હૈ. દેવચંદજી !

કયા કહેતે હૈ ? ( શ્રોતાઃ– સંસ્કૃત વ્યાકરણ વાલાકા તો કામ નહીં ) સંસ્કૃત વ્યાકરણના આંહી કામ કયા હૈ, આંહી તો અંતરકી બાત હૈ બાપા. આંહી અંતરના સંસ્કારકી બાત હૈ, સંસ્કૃતકી બાત યહાં નહીં. આહાહા ! હૈ ? સર્વનયોંકે કોઇ પ્રકારે સત્યાર્થ, વ્યવહારનય અશુદ્ધ દ્રવ્યાર્થિકનય, પર્યાયનય પણ હૈ, કથંચિત્ પર્યાયકી અપેક્ષાએ પર્યાય હૈ, દ્રવ્યકી અપેક્ષાએ દ્રવ્ય હૈ. આહાહા ! જુઓને કેટલા ખુલાસા કિયા ? આહાહા ! પહેલા ઐસા કહા કી વ્યવહાર અભૂતાર્થ હૈ. તો આંહી કહેતે હૈ કી વ્યવહાર ભી હૈ, કથંચિત્ યે હૈ, પર્યાય અપેક્ષાસે હૈ, ઐસા જ્ઞાન કરકે, ત્રિકાળકા આશ્રય લેના, ઉસકા જ્ઞાન છોડ દે કે પર્યાય હૈ હી નહીં તો ત્રિકાળકા આશ્રય નહીં હોગા, જૂઠી દૃષ્ટિ હોગી ઉસકી. આહાહા ! સમજમેં આયા ? ગોદિકાજી ! આ બધું જાણપણું કરવું પડશે ત્યાં મીલમાં ધૂળમાં ક્યાંય નથી ન્યાં. હજી શરીરને ઠીક નહીં હોય તોય રખડે છે બહાર. હજી એમ લોકો કહે છે. હૈ ને કયા કહેતે હૈ હાર્ટ ઉપર કાંઇ હૈ ને અસર એમ કહે છે. આહાહા ! પ્રભુ તુમ કયા હૈ ? મૈં તો ત્રિકાળી હું. પણ ત્રિકાળીકા અવલંબન લેનેમેં પર્યાય બિલકુલ નહીં જ હૈ ઐસા લક્ષ કરકે અવલંબન લેને જાએગા ( તો ) સમ્યગ્દર્શન નહીં હોગા. આહાહાહા ! સમજમેં આયા ? આત્મામેં વિકાર હૈ, એ સત્યાર્થ હૈ, કર્મસે નહીં. આહાહા ! ( શ્રોતાઃ– આપકો તો આનંદ આ રહા હોગા હંસી આતી હૈ ) આ ચીજ બાપા ! આહાહા !

અહીંયા તો પ્રભુ એમ કહેતે હૈ. આહાહાહા ! યહાં સંતોકી વાણીમેં વ્યવહાર અભૂતાર્થ કહા, તો ઉસકા ખુલાસા પંડિતજી કરતે હૈ. કે અભૂતાર્થ તો એ અપેક્ષાસે કહા કે કાયમ રહેનેકી ચીજ નહીં ને કાયમ રહેનેકી ચીજકા અવલંબન લેનેકો પર્યાયકા લક્ષ છોડાનેકો ગૌણ કરકે અસત્યાર્થ કહા. પણ પર્યાય નહીં ને અશુદ્ધતા નહીં જ હૈ ઐસા લક્ષ કરનેકો દ્રવ્યકા આલંબન કરેગા નહીં હોગા કયુંકિ પર્યાય હૈ ઇસકો તો માની હી નહીં ઉસને ને, સમજમેં આયા ? અશુદ્ધતા સંસાર હૈ પર્યાયમેં, સમજમેં આયા ? આહાહાહા ! જયચંદજી પંડિત ભી ઇતના ખુલાસા કરતે હૈ, પહેલાનાં પંડિતો ય કોઇ....

ઇસલિયે સર્વનયો, સર્વ નયોમેં કયા આયા ? અશુદ્ધ દ્રવ્યાર્થિક, વિકારી પર્યાય, મિથ્યાત્વ પર્યાય આદિ હૈ ઐસા લક્ષ જાનના ચાહિએ, હૈ જ નહિં પર્યાયમેં મિથ્યાત્વ ને પર્યાય હૈ હી નહીં, આહાહા... તો ઉસને સબ નયકો સત્યાર્થ માન્યા નહીં. આહાહાહા... આવી વાત છે. કહો બાબુભાઈ ! આવી વાતું છે આ.

ઇસ પ્રકાર સ્યાદ્‌વાદકો સમજકર દેખો, ઇસ પ્રકાર સ્યાદ્‌વાદકો સમજકર જિનમતકા સેવન કરના ચાહિયે. પર્યાય અશુદ્ધ હૈ, વિકાર હૈ એ નયમાં લક્ષ રખકર, ત્રિકાળકા આશ્રય લેના, એ સ્યાદ્‌વાદકા શરણ હૈ. એકાંત માનના કે દ્રવ્ય જ હૈ ને, પર્યાય નહીં અશુદ્ધતા નહીં, સંસાર નહીં, વિકાર આત્મામેં નહીં, સમજમેં આયા ? તો એકાંત હૈ એ, આહાહાહા ! હૈ ! એકાંત પક્ષ નહીં પકડના ચાહિએ, આહાહા ! હૈ ? મુખ્ય ગૌણકો કથન સૂનકર, દ્રવ્ય ત્રિકાળીકો મુખ્ય કરકે નિશ્ચય કહા અને પર્યાય અશુદ્ધ આદિકા ભેદકો ગૌણ કરકે અસત્યાર્થ કહા, ગૌણ કરકે અસત્યાર્થ કહા તો સર્વથા એકાંત પક્ષ નહીં પકડના ચાહિયે, પર્યાય નહીં જ હૈ, અશુદ્ધતા જીવમેં પર્યાયમેં હૈ હી નહીં, સંસાર વિકારી પર્યાય જીવકી પર્યાયમેં હૈ હી નહીં. ઐસા એકાંત નહીં લેના. માયા એ કહેતે હૈ અજ્ઞાની ઔર વેદાંતી ઐસૈ નહીં. યામા એ હૈ નહીં, પણ યા કહેતે હી ઇસકા અસ્તિત્વ સિદ્ધ હો ગયા. સમજમેં આયા ? યા-મા એ નહીં, તો એ નહીં તો એ હૈ ઉસમેં આ ગયા, વિકાર હૈ, રાગ હૈ, સંસાર ( હૈ ) પંડિતજી ! 'આ' હૈ નહીં, તો ઉસમેં 'આ' તો આ ગયા 'હૈ' આ ગયા, સમજમેં આયા ? મૈં આત્મા હું નહીં, તો ઉસમેં 'હું' ઐસા આ ગયા, નિર્ણય જિસને કિયા વો આત્મા હૈ. આહાહા ! સમજમેં આયા ? ભગવાનકા લોજીક- ન્યાય બહુ સૂક્ષ્મ હૈ. આહા !

ઇસ ગાથા સૂત્રકા વિવેચન કરતે હુએ ટીકાકાર આચાર્યને ભી કહા હૈ કે આત્મા વ્યવહારનયકી દૃષ્ટિસે બદ્ધસ્પૃષ્ટ આદિ દિખાઇ દેતા હૈ. હૈ, કર્મકા સંબંધ હૈ, અનિયતતા હૈ, વિશેષતા હૈ, રાગદ્વેષતા હૈ, ઇસકો ભૂતાર્થ પહેલે કહેતા આયા હૈ, પર્યાયનયસે ભૂતાર્થ હૈ, એમ લિખા હૈ. વહ એ દૃષ્ટિસે તો સત્યાર્થ હી હૈ, પર્યાયદૃષ્ટિસે તો એ બદ્ધસ્પૃષ્ટ વ્યવહાર આદિ રાગ આદિ હૈ તો હૈ હી, એ દૃષ્ટિસે તો સત્ય હૈ. આહાહાહા... માળું આવુ હવે નવરાશ ન મળે, ધંધો ક્યારે કરવો, એ હસમુખભાઈ ધંધા આડે નવરાશ ક્યાં ? પરના પાપ આદિ કરવાના કાળમાં, આત્માને બગાડવાના રસ્તાના કાળમાં આ કે દિ' સુધરવાનો રસ્તો સૂઝે. આહાહાહા !

એ શુદ્ધનયકી દૃષ્ટિસે બદ્ધસ્પૃષ્ટાદિ અસત્યાર્થ હૈ. પર્યાયદૃષ્ટિએ તો સત્યાર્થ હૈ. ઇસ કથનમેં ટીકાકાર આચાર્યે સ્યાદ્‌વાદ બતાયા હૈ. અપેક્ષાસે કહેના એ બતાયા હૈ. ત્રિકાળકો સત્યાર્થ ને પર્યાયકો અસત્યાર્થ એ અપેક્ષાસે કહા હૈ. એકાંત માન લે કે પર્યાય ને અશુદ્ધતા હૈ હી નહીં, ઐસા હૈ નહીં. અને એ અશુદ્ધતા કર્મને લઇને હૈ ઐસા હૈ હી નહીં. સમજમેં આયા ? અપની પર્યાયકી તે ક્ષણની યોગ્યતાકે કારણસે અશુદ્ધતા હૈ. આહાહાહાહા... આવું સ્વરૂપ હવે એને સમાજમાં, આ સમજાય નહીં એટલે પછી વ્રત ને તપ ને કરો ભક્તિ ને આ પૂજા ને આહાહા... ભગવાન એ બધી તો રાગકી ક્રિયા હૈ ને નાથ, પણ એ કાંઇ આત્માકા સ્વરૂપ નહીં ત્રિકાળી, આહાહા... વો કોઇ ધર્મ નહીં અધર્મ હૈ, અધર્મ હૈ, એ ભી હૈ ખરા, રાગ ભાવ એ અધર્મ હૈ, એ હૈ ખરા પર્યાયમેં, આહાહાહા... ઉસકા લક્ષ છોડાકર ત્રિકાળીકા અવલંબન લે પ્રભુ, જ્યાં ભગવાન પૂરણ પરમાત્મા પડા હૈ, આહાહા... ઉસકા આશ્રય દિયા હૈ, પર્યાયકો ગૌણ કરકે. અભાવ કરકે દિયા નહીં.

યહાં એ સમજના ચાહિએ કે એ નય હૈ. એ શ્રુતજ્ઞાન પ્રમાણકા અંશ હૈ. નય એ તો પ્રમાણકા અંશ હૈ. શ્રુતજ્ઞાન એ પ્રમાણ હૈ. છે તો શ્રુતજ્ઞાન પર્યાય, ભાવશ્રુતજ્ઞાન એ હૈ તો

પર્યાય, પણ એ પર્યાય પ્રમાણ હૈ. કયુંકિ દ્રવ્ય ને પર્યાય એ દોનોંકો જાનતે હૈ તો એ પ્રમાણ હૈ. આહાહા ! એ પ્રમાણકા અંશ નય, એ તો પ્રમાણકા અંશ હૈ.

શ્રુતજ્ઞાન વસ્તુકો પરોક્ષ બતલાતા હૈ, શ્રુતજ્ઞાનકી ( પર્યાય ) પ્રત્યક્ષ અંદર નહીં હૈ. આનંદકા ભલે પ્રત્યક્ષ હો, પણ શ્રુતજ્ઞાન પ્રત્યક્ષમેં યે નહીં, પરોક્ષ હૈ. ઇસલિયે એ નય ભી પરોક્ષ હી બતલાતા હૈ. દેખો, શુદ્ધનય, શ્રુતજ્ઞાનકા અંશ, શ્રુતજ્ઞાન પરોક્ષ હૈ ઔર ઉસકા ભેદ નય શ્રુત એ ભી પરોક્ષ હૈ.

શુદ્ધ દ્રવ્યાર્થિકનયકા વિષયભૂત બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોંસે રહિત આત્મા ચૈતન્ય શક્તિ માત્ર હૈ. ભગવાન ચૈતન્ય શક્તિ, ચૈતન્ય સામર્થ્ય, સ્વભાવરૂપ હવે કયા કહા દેખો, યહ શક્તિ તો આત્મામેં પરોક્ષ હૈ. વસ્તુકી શક્તિ હૈ એ તો પરોક્ષ હી હૈ, દ્રવ્ય સ્વભાવ તો પરોક્ષ હી હૈ. એ વસ્તુ સ્વભાવ જે હૈ એ પર્યાયમેં પ્રત્યક્ષ દેખનેમેં આતા નહીં, તો પરોક્ષ હી હૈ. આહાહા !

( શ્રોતાઃ– એ તો અંતર અનંત અખંડ પ્રત્યક્ષ પ્રમાણ છે ) એ પ્રત્યક્ષ હુઇ કયારે એ તો એક અપેક્ષાસે પ્રત્યક્ષ હુઇ, એ કહેગા આનંદકી અપેક્ષાએ પ્રત્યક્ષ હૈ, ને શ્રુતજ્ઞાનમેં પરકી અપેક્ષા નહીં એ અપેક્ષાએ પ્રત્યક્ષ હૈ, બાકી તો હૈ તો પરોક્ષ હી હૈ. ( શ્રોતાઃ– પ્રત્યક્ષ પ્રમાણ કઈ રીતે ? ) પ્રત્યક્ષ તો અંદર સ્વસંવેદન નામકા ગુણ હૈ, ઐસે ઉસકી દૃષ્ટિ કરનેસે પર્યાયમેં સ્વસંવેદન પ્રત્યક્ષ આતા હૈ. પણ એ સ્વસંવેદન પ્રત્યક્ષ રાગકી અપેક્ષા નહીં એ અપેક્ષાએ કહા હૈ. બાકી તો એ પણ પરોક્ષ હૈ. જ્ઞાન પ્રત્યક્ષ આમ દેખતે હૈ, કેવળજ્ઞાન દેખતે ઐસે દેખતે હૈ શ્રુતજ્ઞાન ? આહાહા ! એ તો આયા હૈ ને ત્યાં અનુભવો પચ્ચકખો મોક્ષમાર્ગમેં આયા હૈ કે તમે જો પરોક્ષ કહેતા હો તો અનુભવમેં પ્રત્યક્ષ કહા ત્યાં શ્લોકમેં ત્યાં શ્લોક હૈ અનુભવો પચ્ચકખો– અનુભવ પ્રત્યક્ષ કહા ને તુમ તો શ્રુતજ્ઞાનકો પરોક્ષ કહેતે હો ? મોક્ષમાર્ગમેં આયા હૈ, કે ભાઈ સૂન તો સહી કઇ અપેક્ષાએ હમ પરોક્ષ કહેતે હૈ, એ નયકા જ્ઞાન જો પૂર્ણ સ્વરૂપ અસંખ્ય પ્રદેશી હૈ ઐસા નહીં દેખતે હૈ. યે શ્રુતજ્ઞાનકા અંશ અસંખ્ય પ્રદેશ હૈ એ નહીં દેખતે હૈ, પણ વેદનમાં આનંદ આતા હૈ. એ અપેક્ષાએ ઉસકો પ્રત્યક્ષ ભી કહેનેમેં આતા હૈ, આનંદ કોઇ દૂસરા વેદે હૈ ને અપનેમેં વેદનમેં નહીં હૈ, ઐસા નહીં, એ અપેક્ષાએ પ્રત્યક્ષ કહા. આંહી પરોક્ષ જ હૈ. શ્રુતજ્ઞાન પરોક્ષ જ હૈ. એ બીજી વાત કીધી 'તી શક્તિ એટલે દ્રવ્યસ્વરૂપ એમ, દ્રવ્ય પર્યાયમેં આયા નહીં માટે શક્તિ પરોક્ષ હો ગઇ. એમ હજી તો ચલતે હૈ વાત, એ કહા થા પહેલે કહા થા કે, શક્તિ જે દ્રવ્યશક્તિરૂપ હૈ ત્રિકાળી એ તો પરોક્ષ હી હૈ ક્યુંકિ પ્રત્યક્ષ પર્યાયમેં આયા નહીં એ, એક વાત. દૂસરી વાત. યહ શક્તિ તો આત્મામેં પરોક્ષ હૈ હી, કયા કહેતે હૈ ? ચૈતન્ય શક્તિ, ચૈતન્ય સામર્થ્ય, ચૈતન્ય સ્વરૂપ, ધ્રુવ એ તો પર્યાયમેં પરોક્ષ હૈ. પર્યાયમેં આયા નહીં. એ પંડિતોના લખાણ પણ અલૌકિક હૈ. આહાહા ! આહાહા ! નહીંતર તો આ ગાથા ઉપાડેત, પણ આ લખાણમેં ભી સમજનેકી ચીજ હૈ.

શક્તિ તો આત્મામેં પરોક્ષ હૈ. ઔર ઉસકી વ્યક્તિ, હવે દેખો, કર્મસંયોગસે મતિશ્રુતઆદિ જ્ઞાનરૂપ હૈ. અંદર પર્યાયમેં મતિશ્રુતજ્ઞાન પર્યાયમેં હૈ, વો શક્તિ તો ભિન્ન દૂર રહ ગઇ. પણ પર્યાયમેં મતિશ્રુતજ્ઞાન પ્રગટ પર્યાયમેં હૈ. વહ કથંચિત્ અનુભવગોચર હોનેસે, દેખો પ્રત્યક્ષરૂપ હી કહલાતી હૈ. મતિશ્રુતજ્ઞાનકો, મતિશ્રુત પ્રત્યક્ષ જો પ્રગટ હૈ ઉસકો પ્રત્યક્ષ ભી કહેનેમેં આતા

હૈ, વસ્તુ તો પરોક્ષ હી હૈ ત્રિકાળ, આહાહા... આરે આરે આવી વાતું છે.

પણ એ શક્તિ જો ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ, ભગવાન સત્ પ્રભુ ઉસકી વ્યક્તિ જો પર્યાયમેં પ્રગટ હોતી હૈ એ મતિ ને શ્રુતજ્ઞાન, તો એ મતિશ્રુતજ્ઞાનકો કથંચિત્ કંઇ પરની અપેક્ષા રખે બિના સ્વકો જાનતે હૈ તો ત્યાં પ્રત્યક્ષ ભી કહેનેમેં આતા હૈ, આ અપેક્ષાસે. આહાહા... પાટણીજી ! વાતું તો એવી છે ભગવાન ! શું કરે પ્રભુ ? આહાહા ! ભગવાન તું ઇતના બડા હૈ કે તેરા પાર પામના... આહાહા...

ઔર સંપૂર્ણ જ્ઞાન કેવળજ્ઞાન, એ તો છદ્મસ્થકો પ્રત્યક્ષ નહીં, એ ભી પરોક્ષ હૈ. ઇસલિયે શુદ્ધનય આત્માકે કેવળજ્ઞાનરૂપકો પરોક્ષ કહેલાતી હૈ. એકલું કેવળ સ્વરૂપ એકલું. જબતક જીવ ઇસ નયકો નહીં જાનતા તબ લગ આત્માકે પૂર્ણ સ્વરૂપકા જ્ઞાન, જ્ઞાન શ્રદ્ધાન નહીં હોતા, કેવળજ્ઞાન શબ્દે ઓલી પર્યાય નહીં અહીંયા. એક જ્ઞાન, એક જ્ઞાન, સર્વજ્ઞ જ્ઞાન, કેવળજ્ઞાન ઐસા પૂર્ણ સ્વરૂપ ઉસકો જબલગ ન જાને, આહાહા ! હૈં ? તબતક નયકો નહીં જાનતા તબ લગ આત્માકા પૂર્ણરૂપકા જ્ઞાન શ્રદ્ધાન નહીં હોતા એ પૂર્ણસ્વરૂપ જો જ્ઞાન શક્તિ ધ્રુવ હૈ ઉસકો જબલગ ન જાને ત્યાં સુધી જ્ઞાન ને શ્રદ્ધાન સચ્ચા હૈ નહીં. આહાહાહાહા ! હૈ ?

ઇસલિયે શ્રી ગુરુને ઇસ શુદ્ધનયકો પ્રગટ કરકે ઉપદેશ દિયા હૈ, એ શુદ્ધનયકો પ્રગટ કરકે, સ્વકા આશ્રય દિયા હૈ. આહાહાહા ! પ્રગટ કરકે હોં, અપને( મેં ) ભી પર્યાયમેં શુદ્ધનય પ્રગટ કરકે, પરકો પ્રગટ કરનેકા બતાયા હૈ. આહાહાહા ! અરેરે ! ભગવાનની પર્યાય ભી ગંભીર, ગુણ ભી ગંભીર, દ્રવ્ય ભી ગંભીર, આહાહા... અલૌકિક વાતું હૈ ભાઈ !

આ એકલા વાણીયા તો વેપારમાં ઘૂસ ગયા ને નવરાશ ન મળે પાપના ધંધા આખો દિ' પુણ્યેય નહીં ત્યાં તો. ધૂળમાં પૈસા ન્યાં ક્યાં હતા એ તો પુણ્ય હોય તો આતા હૈ, પણ રાગમાં ઘૂસ ગયા. આ કરું ને આ કરું, ને એ તો જાપાનીએ એમ કહ્યું હતું કે જૈન ધર્મ અનુભૂતિ હૈ પણ વાણીયાને હાથ આયા, વાણીયા વ્યવસાયમેં ઘૂસ ગયા હૈ. વાણીયા એટલે વહેપારી. ચાહે તો ખોજા હોય તે પણ વેપારી કહેનેમેં આતા હૈ ને કાંઇ વાણીયા નાત હૈ એ વાણીયા ઐસા કહા નહીં, 'વેપાર કરે તે વાણીયા' તો ખોજા મુસલમાન ભી વેપાર કરે તો તે વાણીયા કહેનેમેં આતા હૈ. વેપાર કરતે હૈ ઉસમેં ઘૂસ ગયા. આહાહા ! અરરર ! સવારથી રાત્રિ એ એ ઐસા કલ્પના કરતે કરતે સો જાએ તો, કલ્પના તો સ્વપ્નામાં ભી એ આ જાવે.

અરેરે ! ઐસા આત્માકો સમજના, એ માટે તો નિવૃત્તિ ઘણી જોઇએ પ્રભુ ! આહાહા ! કેમકે એ તો વિકલ્પસે ભી નિવૃત્ત સ્વરૂપ હૈ. હૈં ? તો પરકી નિવૃત્તિ સ્વરૂપ તો હૈ હી, પણ પરકી નિવૃત્તિથી હઠતે નહીં ખસતે નહીં પ્રવૃત્તિમેં પડયા પડયા પડયા આહાહા... તો કહેતે હૈ શુદ્ધનયકો પ્રગટ કરકે ઉપદેશ દિયા હૈ કે બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોસે રહિત પૂર્ણજ્ઞાનઘન સ્વભાવ આત્માકો જાનકર, શ્રદ્ધાન કરના ચાહિએ. પર્યાયબુદ્ધિ નહીં રહેના ચાહિએ પર્યાય હૈ નહીં ઐસા નહીં પણ પર્યાયબુદ્ધિ રહેના ચાહિએ નહીં. આહાહાહાહાહા !

યહાં કોઇ ઐસા પ્રશ્ન કરે કે ઐસા આત્મા પ્રત્યક્ષ તો દિખાઇ નહીં દેતા, વિના દેખે શ્રદ્ધાન કરના, અસત્ત શ્રદ્ધાન હૈ. ઉસકા ઉત્તરઃ- દેખે હુએકા હી શ્રદ્ધાન કરના સો નાસ્તિક મત હૈ. જૈનમતમેં તો પ્રત્યક્ષ ને પરોક્ષ દોનોં પ્રમાણ માને ગયે હૈ. પરોક્ષ ભી પ્રમાણ હૈ, પરોક્ષ ભી

પ્રમાણ હૈ, પ્રત્યક્ષ ભી પ્રમાણ હૈ. પરોક્ષ ભી પ્રમાણ હૈ. પ્રમાણ– માપ કરનેવાલા, પરોક્ષ ભી યથાર્થ પ્રમાણ હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

આ તો હજી ભાવાર્થ ચલતે હૈ. એમાં સૂક્ષ્મતા લાગે, આહા ! હૈં ? દેખે હુએકા હી શ્રદ્ધાન કરના નાસ્તિક મત હૈ. જૈનમતમેં પ્રત્યક્ષ અને પરોક્ષ દોનોં પ્રમાણ માને ગયે હૈ દોનોં પ્રમાણ હૈ, ઉનમેંસે આગમ પ્રમાણ પરોક્ષ હૈ. આગમ પ્રમાણ એટલે આ જ્ઞાન હોં. ભાવશ્રુતજ્ઞાન એ આગમ પ્રમાણ એ જ્ઞાન ઉસકા અર્થ શુદ્ધનય હૈ.

ભાવશ્રુતજ્ઞાન આગમપ્રમાણ એ આગમ હોં, આગમ એટલે શાસ્ત્ર નહીં, ભાવજ્ઞાન જો હૈ યે પરોક્ષ હૈ. ઔર ઉસકા ભેદ શુદ્ધનય હૈ, એ શુદ્ધનયકી દૃષ્ટિસે શુદ્ધ આત્માકા શ્રદ્ધાન કરના ચાહિએ. આહાહાહા ! પર્યાય હૈ ઇસકા લક્ષ તો રખના ચાહિએ, પણ વો બુદ્ધિ છોડકર, દ્રવ્યકી લક્ષબુદ્ધિ કરના ચાહિએ. આહાહાહાહા... અરે ! આવી વાતું હવે. માત્ર વ્યવહાર પ્રત્યક્ષકા હી એકાંત નહીં કરના ચાહિએ બસ ઇતના, વ્યવહાર પર્યાય હૈ ગુણ–ગુણી ભેદ હૈ પણ માત્ર વ્યવહારકા હી પક્ષ નહીં કરના ચાહિએ હૈ ઉસકા જ્ઞાન કરકે ત્રિકાળીકા આશ્રય કરના વો સમ્યગ્દર્શન હૈ. આહાહા ! હૈં ? હવે એ શુદ્ધનયકો મુખ્ય કરકે કલશ કહેતે હૈ ઉસકા કલશ હૈ વો તો ટીકાકા ભાવાર્થ આયા. સમજમેં આયા ? હવે ઉસકા કળશ કહેગા, વિશેષ.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ. )

---

## શ્લોક - ૧૧

( मालिनी )

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।११।।

**અહીં, આ શુદ્ધનયને મુખ્ય કરી કલશરૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ जगत् तम् एव सम्यक्स्वभावम् अनुभवतु ] જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે [ यत्र ] જ્યાં [ अमी बद्धस्पृष्टभावादयः ] આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો [ एत्य स्फुटम् उपरि तरन्तः अपि ] સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે તોપણ [ प्रतिष्ठाम् न हि विदधति ] ( તેમાં ) પ્રતિષ્ઠા પામતા નથી, કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી, ઉપર જ રહે છે. [ समन्तात् द्योतमानं ] આ શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. [ अपगतमोहीभूय ] એવા શુદ્ધ સ્વભાવનો, મોહ રહિત થઈને જગત અનુભવ કરો; કારણ કે મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી.**

**ભાવાર્થઃ- શુદ્ધનયના વિષયરૂપ આત્માનો અનુભવ કરો એમ ઉપદેશ છે. ૧૧.**

## પ્રવચન નં. ૭૧ શ્લોક - ૧૧-૧૨ તા. ૨૮-૮-૭૮ સોમવાર, શ્રાવણ વદ-૧૦ સં. ૨૫૦૪

શ્રી સમયસારઃ – અબ કળશ હૈ, ૧૧.

(मालिनी)

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम् ।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम् ।।११।।

'જગત તમ્ એવ સમ્યક્સ્વભાવમ્ અનુભવતુ'– જગતકા અર્થ જગતકે પ્રાણીઓ, આહાહા... જગતકે પ્રાણીઓ સબ ઇસ સમ્યક્ સ્વભાવકા અનુભવ કરો. આહાહાહા ! જે આત્મા ત્રિકાળ જ્ઞાન આનંદ સ્વરૂપ હૈ, એક સમયકી પર્યાયસે ભિન્ન હૈ, સૂક્ષ્મ બાત હૈ ભાઈ, ધર્મ કોઇ અલૌકિક ચીજ હૈ, એક સમયકી પર્યાય જો હૈ, એ આયેગા. ઉસસે અંતરમેં ચીજ જ્ઞાયક, આનંદ, શાંત, વીતરાગ સ્વરૂપસે પૂર્ણ ભરા પડા પદાર્થ હૈ, ઉસકો યહાં સમ્યક્ સ્વભાવકા અનુભવ કરો એમ કહા. આહાહાહા ! સમ્યક્ નામ ત્રિકાળી સત્ય વસ્તુ, તત્ત્વ વસ્તુ ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ પ્રભુ, ઉસકા અનુભવ કરો, તો કલ્યાણ હોગા, નહીં તો પરિભ્રમણ મિટેગા નહીં. ૮૪ ના અવતાર કરતે કરતે દુઃખી હૈ.

એ પૈસાવાળા અબજોપતિ ને રાજાને એ બધા દુઃખી ભિખારા હૈ રાંકા હૈ, રાંકા– વરાકા કહેતે હૈ. આહાહા ! કયોંકિ અપની લક્ષ્મી કયા હૈ ઉસકી ખબર નહીં, અને બહારની ધૂળની લક્ષ્મી જડ માટી, ધૂળ એય હસમુખભાઈ ! એ અપના માનતે હૈ, એ ભિખારી હૈ શાસ્ત્ર તો એમ કહેતે હૈ, રાંકા હૈ રાંકા. આહા ! એય મહેન્દ્રભાઈ ! યહાં તો કહેતે હૈ કે તેરી લક્ષ્મી અંદર, ચૈતન્ય સ્વભાવમાં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા આદિ અનંત લક્ષ્મી પડી હૈ અંદર, ભાઈ તને ખબર નથી. તેરી એક સમયકી વર્તમાન પર્યાય વ્યક્ત જે પ્રગટ હૈ ઉસકી પાછળ સામે, નજીકમેં સારા તત્ત્વ પડા હૈ. આહાહા ! સમજમેં આયા ? એ સમ્યક્ સ્વભાવની વ્યાખ્યા એ. ત્રિકાળી સત્ય સ્વભાવ, જ્ઞાયક અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય પ્રભુતા, ઐસા જો કાયમી અસલી ત્રિકાળી સ્વભાવ, તેરે જનમ મરણકા અંત લાના હો તો પ્રભુ, આહાહાહા... એ સમ્યક્ સ્વભાવકા અનુભવ કરો. આહાહા !

એ ત્રિકાળી આનંદકા નાથ પ્રભુ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ એ આત્મા પૂર્ણાનંદ નાથ આત્મા હૈ અંદર. એની સન્મુખ હોકર, પરસે વિમુખ હોકર, એ કહેશે પછી અપના સ્વભાવ, ભાઈ આકરી વાત છે, અત્યારે તો આ વાત ગુમ થઇ ગઇ, એવી થઇ ગઇ છે. ધર્મ એટલે આ દયા પાળવી ને વ્રત કરવા ને અપવાસ કરવા એ ધર્મ, ધૂળેય ધર્મ નહીં, સૂન તો સહી. સમજમેં આયા ? અપના જે અસલી કાયમી સ્વભાવ ધ્રુવ સ્વભાવ, વર્તમાન ઉત્પાદ વ્યયકી પર્યાયસે ભી ભિન્ન સ્વરૂપ, આહાહાહા... અભી કહેગા કે ઉત્પાદ્ વ્યયકી પર્યાયમેં પાંચ બોલ જે કહા (ગાથા) ચૌદમેં ઉસકા ખુલાસા કરેગા. સમ્યક્ સ્વભાવ અનુભવ કરો પ્રભુ તેરે જો કલ્યાણ

કરના હો તો. આહાહા ! મહા પ્રભુ ચૈતન્યસ્વરૂપ અંદર, પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન આદિ સ્વભાવસે ભરા પડા ભગવાન અંદર હૈ ને પ્રભુ. આહાહા ! તુમ ભગવાન સ્વરૂપ હી હૈ અંદર. આ તેરા સ્વભાવ પરમાત્મ સ્વરૂપ હી હૈ, ઔર તેરા સ્વભાવ, આહાહાહા... પૂર્ણ વીતરાગ સ્વભાવસે ભરા પડા વસ્તુ હૈ અંદર ભાઈ તને ખબર નથી. સમજમેં આયા ?

દુનિયાના ડહાપણ આડે ચૈતન્યની ચીજને ભૂલી ગયો છે. દુનિયાના ગાંડાના ડહાપણ બધા, શું કીધું ? હસમુખભાઈ ! આ તમારા કરોડો રૂપિયાના પથરાં ને ધૂળને એમાં ડહાપણ આ આ કર્યા ને આ કર્યાને મૂર્ખાઇ હૈ બધી. આહાહા ! જે વસ્તુ હૈ અંદર ચિદાનંદ, આનંદકંદ પ્રભુ ! સર્વજ્ઞ જિનેશ્વરદેવે પણ ઐસા કહા, વો આંહીયા કહેનેમેં આતા હૈ. પ્રભુ તને ખબર નથી તેરી પરમાત્મ શક્તિ ને વીતરાગ સ્વભાવસ્વરૂપ તેરી ચીજ, આહાહા... એ તેરેકો તેરી ખબર નહીં આહાહા... તો કહેતે હૈ, એક વાર આ તો સાર, એકદમ લે લિયા હૈ. આહા... એ સમ્યક્સ્વભાવકા અનુભવ કરો.

જહાં, હવે યહાં આયા, ઉસ ગાથામેં આયા થા ને ? ૧૪મી. બદ્ધસ્પૃષ્ટઆદિ કયા કહેતે હૈ જરી સૂક્ષ્મ બાત હૈ ભગવાન, એ રાગકા સંબંધ જો પર્યાયમેં દિખતે હૈ, એ સંબંધ ઉપર ( ઉપર ) હૈ, અંતર ચીજમેં નહીં, બદ્ધસ્પૃષ્ટ જે રાગ અને વિસસ્રા પરમાણુઓ એ કર્મ હોને લાયક, જે પરમાણુ અંદર હૈ, ઉસસે બદ્ધસ્પૃષ્ટ દિખતે હૈ, એ વર્તમાન સમયકી પર્યાય દિખતી હૈ પણ એ અંતરમેં જાતી નહીં એ ચીજ, એ ઉપર ઉપર રહેતી હૈ. આહાહા ! અરે આવો ઉપદેશ હવે, અરેરે ! પર્યાય ઉપર રહેતી હૈ, પાણીકા દળમેં જેમ તેલકા ટીપા પડતે હૈ તેલકા એ ઉપર રહેતે હૈ પ્રવેશ અંદર નહીં કરતે. ( શ્રોતાઃ– ચમડીકે ઉપર હી સબ રહેતે ) ચમડી નહીં, અંદરમેં પર્યાય સારા અસંખ્ય પ્રદેશની ઉપર પર્યાય રહેતી હૈ.

વો તો પહેલે કહા થા, ( આત્મામેં ) અસંખ્ય પ્રદેશ હૈ પ્રભુ ઝીણી વાત ભાઈ ! ( શ્રોતાઃ– ઉપર ઉપર કૈસે રહેતી હૈ ) તો વો કહેતે હૈ ને ! અસંખ્ય પ્રદેશ જો હૈ અંદર ધ્રુવ, અને એ અસંખ્ય પ્રદેશ ઉપર એક સમયકી પર્યાય હૈ, રાગકા સંબંધવાળી અનિયત, અનેક અનેક ભિન્ન ભિન્ન પર્યાય હોતી હૈ એ, ( આત્મા ) અબદ્ધસ્પૃષ્ટ, નિયત, અનન્ય ( હૈ ), નારકી ગતિ આદિ, નરક ગતિ આદિ જે અન્ય અન્ય એ પર્યાયમેં ઉપર ઉપર હૈ. ઔર ( આત્મા ) અસંયુક્ત ( હૈ ) રાગસે સંયુક્ત નહીં. પણ પર્યાયમેં આકૂળતાકે સહિત દિખનેમેં આતા હૈ, ઔર વિશેષ ગુણભેદ ભી નહીં ઉસમેં, આહાહા ! ઔર વિશેષ ગુણકી વિશેષતા એ ભી ઉપર ઉપર તિરતી હૈ, અંદર નહિ જાતી હૈ, આહાહા ! ઝીણી વાત ભાઈ !

ધર્મ વીતરાગ જિનેશ્વરનો મારગ કોઇ અલૌકિક હૈ, વર્તમાનમેં તો બાહ્યમાં આખી વાત ખોવાઇ ગઇ, જાણે કે ! આહાહા... આહાહા ! ( શ્રોતાઃ– આપે શોધીને કાઢી ) યહાં કહેતે હૈ. આ ખુલ્લી વસ્તુ છે પ્રભુ તને ખબર નહીંને, ભાઈ. એ સાધુ નામ ધરાતે હૈ ઉસકો ભી ખબર નહીં કયા ચીજ હૈ ? નામ ધરાવે ને લોકો માને પણ અંતર સાધન કરના જે અંતર રાગસે ભિન્ન, એ પાંચ બોલસે અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અસંયુક્ત, અવિશેષ ને નિયત્એ પાંચ પ્રકારે ( દ્રવ્યસ્વભાવ ) પર્યાયોના ભેદસે ભિન્ન હૈ. એ ( પર્યાય ) ઉપર ઉપર હૈ અંદર દ્રવ્ય સ્વભાવમેં જાતી નહીં એ ચીજ. આહાહાહા !

શું કહે છે આ ? ઓલા તો એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રેઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય, ઇચ્છામિ પડિકમ્મા, મિચ્છામિ દુકકડં જાવ એય ધૂળમેંય નહીં એ, સૂન તો સહિ હવે, આહાહા ! આંહી કહેતે હૈ એ બદ્ધસ્પૃષ્ટઆદિ ભાવ, કયા કહા એ ? રાગકા પર્યાયમેં જો સંબંધ હૈ ઔર પર્યાયમેં અનિયતતા નામ અનેક પ્રકારકી પર્યાય વિવિધ ઉત્પન્ન હોતી હૈ, ઔર વિશેષતા જો ગુણી તો ત્રિકાળી હૈ, ઉસમેં જ્ઞાન, દર્શન ચારિત્ર વિશેષતા ભી ઉપર ઉપર હૈ, પર્યાયમેં હૈ. આહાહા... ઔર રાગ ને દ્વેષની આકૂળતા એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, એ આકૂળતા હૈ સબ, આહાહા... એ આકૂળતા ઉપર ઉપર રહેતી હૈ. આનંદના નાથમાં અંદર એ પ્રવેશ નહીં કરતી. આહાહા ! ( શ્રોતાઃ- અખંડ પદાર્થમેં ઉપર ક્યા ઔર નીચે કયા ? ) એ આ કહા ને ? પાણીકા દળમેં જેમ તેલના ટીપા પડા હૈ એ ઉપર રહેતે હૈ અંદર નહીં જાતે, ઐસે ( શ્રોતાઃ- પદાર્થ તો અખંડ હૈ ) અખંડ હૈ, એ દ્રવ્ય તરીકે અખંડ હૈ. પર્યાય તરીકે ખંડ, ભેદ હૈ. આહાહાહા ! ઝીણી વાત છે ભાઈ.

પરમ સત્ય કોઇ સર્વજ્ઞ જિનેશ્વર પરમેશ્વરે કહા જો સૂક્ષ્મ તત્ત્વ પરમ કોઇ અલૌકિક બાત હૈ. લોકોને તો અત્યારે મળતી નથી બિચારાને, બિચારા એટલે ? ભલે એ અબજોપતિ હોય ને રાજા હોય બધા, પણ એ બિચારા ભિખારી હૈ, અપની ચીજકી ખબર નહીં એ ચલતા મડદા હૈ. અષ્ટપાહુડમેં કહા હૈ અપની અંદર ચીજ ચિદાનંદ અખંડ આનંદકા કંદ ધ્રુવ કયા ચીજ હૈ, ઉસકી ખબર નહીં, વો ચલતા મડદા હૈ. અષ્ટપાહુડમેં આયા હૈ. અષ્ટપાહુડ શાસ્ત્ર હૈ ઉસમેં આયા હૈ. આહાહાહા !

બહારમાં બધા શરીર ને પૈસા ને મકાન ને હજીરા મોટા પચાસ પચાસ લાખના હોય ને, સીત્તેર લાખના ઉતર્યા'તા ને અમે ન્યાં મુંબઇ આમોદના હૈ ને ? આમોદના, આમોદના રમણિકભાઈ એ કંપનીનું નામ શું છે, એ ભૂલી ગયા, શું છે ? રોનક કંપની, આપણને કંઇ નામ આવડે નહીં, એ આમોદના અમારે પાલેજ પાસે, પાલેજ અમારી દુકાન થી ને, હૈ ને, હજી ભી હૈ ને પાલેજ પાસે આમોદ હૈ, એ આમોદના ત્યાં છે. પાંચ છ કરોડ રૂપિયા તો એક સીત્તેર લાખકા તો એક બંગલા જિસમેં અમે ઉતર્યા'તા. જયંતિ થી ને વર્ષની કંઇક ૮૭, ૮૭, ૮૭ જયંતિ બેઠી ને શરીરને અભી તો ૮૯ હુઆ, ત્યારે એના મકાનમાં ઉતર્યા'તા. પંદર દિન રહે થે. ( શ્રોતાઃ- બડી આનંદકી જગહ હોગી. ) ધૂળમેંય નહીં ત્યાં મૈં તો ઐસા મૈં તો ઉસકો ઐસે કહા થા એ વખતે કે, આ એક સમુદ્ર નજીક હૈ, તદ્દન નજીક હૈ, સમુદ્રના કાંઠે સીત્તેર લાખકા બંગલા હૈ. એક બંગલો સીત્તેર લાખકા દેખા હૈ કે નહીં ! ગોદિકાજી ! ત્યાં આયે થે ને ? બધા આયા થા માણસો ત્યાં.

તો નજીકમાં સમુદ્ર હૈ ત્યાં બગલા ઉડતા થા બગલા, આ બગલા નહીં ? કબુતર ( જૈસા ) તો ઇતના ઉડતે થે, ઉડતે થે, મચ્છી ખાનેકો, મૈં ( ને ) પૂછા ઉસકો ભાઈ આ બગલા ક્યાં લગ જાતે હૈ ? કે સમુદ્રમેં વીસ માઇલ સુધી જાતે હૈ. વીસ માઇલ સુધી મચ્છી લેનેકો, આહાહા... અદ્ધર, ઝાડ નહીં, કાંઇ નહીં, આહાહાહાહા... એ અદ્ધરથી વીસ માઇલ સુધી જાય જ્યાં સુધી મચ્છી પૂરી ન મિલે અને પીછે જાના હૈ નરકમેં પ્રભુ, અરરર ! આહા ! એ તો નરકમેં જાનેવાલા હૈ.

અને એ નરકની પીડા પ્રભુ તેં અનંત બૈર ગયે હૈ ભાઈ તને ખબર નથી. એ નરકની એક ક્ષણની પીડા, દુઃખ ભગવાન કહેતે હૈ કે કરોડો જીભ અને કરોડો ભવસે ન ( કહ સકે ) પ્રભુ, ઐસા દુઃખકી વેદના તેં કરી હૈ, પણ તેરી ચીજ કયા હૈ ઉસમેં પીછા ન કિયા કભી. આહાહા ! દુનિયાના ડાહ્યા થઇ ગયા ને દસ દસ હજાર ને વીસ વીસ હજારના પગાર મહિને ને પાંચ પાંચ લાખની પેદાશ મહિને ને એમાં ધૂળમેં આયા કયા ? આહાહા ! એ રંગુલાલજી ! આહાહા !

યહાં કહેતે હૈ. એ ભાવો તેરા વિકલ્પ હો શુભ અશુભ રાગ, ઔર પર્યાયમેં અનિયતતા નામ એકરૂપ દશા ન હો, એ અને પર્યાયમેં રાગ ને આકૂળતા હો, એ સબ ઉપર ઉપર હૈ, પર્યાયમેં હૈ, અવસ્થામેં હૈ વસ્તુ જે ધ્રુવ હૈ ઉસમેં વો હૈ નહીં. આહાહાહાહા ! આવી વાતું ભાઈ ! પહેલી તો સાંભળવી મળે નહીં બાપા, શું કરીએ ? સર્વજ્ઞ ત્રિલોકનાથ, જિનેશ્વરદેવ પરમેશ્વરનો આ હુકમ છે. પરમેશ્વર બિરાજતે હૈ યહાં, ( સીમંધરનાથ ) મહાવિદેહમેં ભગવાન તો હૈ આ ઉસકી આજ્ઞાકા મારગ હૈ આ. આહાહા ! ત્રણ લોકનો નાથ સીમંધર પરમાત્મા, ( શ્રોતાઃ– અભી તો આપ બતા રહે હૈ ) આહાહા ! ત્યાં કુંદકુંદાચાર્ય ગયે થે. સંવત ૪૯ આઠ દિવસ રહે થે સાક્ષાત્ સમોશરણમેં ઇન્દ્રો સૂનનેકો આતે હૈ, વાઘ અને સિંહ જંગલમેંસે આતે હૈ અભી, ત્યાં કુંદકુંદાચાર્ય ગયે થે સંવત–૪૯ દો હજાર વર્ષ પહેલે. સમજમેં આયા ? આહાહા ! એ ત્યાંસે આકર આ શાસ્ત્ર બનાયા હૈ, ભગવાનકા આ સંદેશ હૈ. આહાહા ! ( શ્રોતાઃ– આપ ભી વહીં થે. સ્વામીજી આપ ભી વહીં થે ) ત્યારે અમારી હાજરી તો હતી સમોશરણમેં પણ એ સૂક્ષ્મ અંગત બાત હૈ, આ તો તાત્વિક બાત કહેના હૈ, સમજમેં આયા ? ત્યાં હમારી હાજરી હતી સમોશરણમેં, ત્યાંસે અમે આયે અહીંયા. સમજમેં આયા ? એ જરી અંગત બાત હૈ, અંગત બાતકા વિશ્વાસ આના એ જરી સૂક્ષ્મ હૈ. આ તો તાત્વિક બાતની આપણે ચર્ચા હૈ, સમજમેં આયા ? તાત્વિક બાત અહીંયા તો કહેતે હૈ. વો અંગત બાતકી કાંઇક ઉસકી, કારણ વો ચીજ દૂસરી હૈ ભૈયા એ તો અંતરકી ચીજ હૈ.

યહાં કહેતે હૈ કિ બદ્ધસ્પૃષ્ટ જે પાંચ બોલ કહા, બહોત ચલા અપને ઘણા દિનસે ચલતે હૈ એ પાંચ બોલ “એત્ય સ્કુટમ્ ઉપરિ તરન્તઃ અપિ” આહાહા ! “સ્પષ્ટતયા” વો સ્વભાવકે ઉપર તિરતે હૈ, કયા કહેતે હૈ ? આહાહા ! જેમ વો જળકા દળ હૈ પચીસ મણ પચાસ મણકા પાણીકા દળ ઓર વો ઉપરમેં તેલકા ટીપા નાખે તો એ દળમેં પ્રવેશ નહીં કરતે ઉપર ઉપર રહેતે હૈ. એ ચીકાશ પાણીકા દળકા પિંડમેં પ્રવેશ નહીં કરતા. આહાહા ! એમ ભગવાન આત્મા ! અતીન્દ્રિય આનંદ ને શાંત રસનો પિંડ પ્રભુ આત્મા, ઉસકી ઉપર આ રાગદ્વેષ આદિ પાંચ બોલ હૈ, એ ઉપર તિરતે હૈ, અંદરમેં નહીં જા સકતે. આહાહા ! શું કહે છે ? આવો તે ઉપદેશ કઇ જાતનો, હસમુખભાઈ ! ન્યાં તમારા થાનના ઓલા પથ્થર, થાણામાં શું કહેવાય તમારે એ લાદી પથ્થરની ત્યાં ઊતર્યા’તા ને અમે તમારા મકાનમાં, ભાઈ હતા ને પોપટભાઈ, ધૂળમાંય એ કાંઇ નથી ન્યાં, પંદર પંદર લાખના વીસ વીસ લાખના મકાન અને આ પેદાશો મોટી ને ધૂળ હૈ બધી, બધા રખડવાના રસ્તા હૈ ચાર ગતિમેં. આહાહા !

અહીંયા તો પરમાત્મા, શરીર, વાણી, કર્મ, પૈસા એ તો બહાર દૂર રહી ગઇ ચીજ, એ તો ઉસકી પર્યાયમેં ભી નહીં, કયા કહા ? આ શરીર આ તો માટી ધૂળકી ધૂળ હૈ. એ તો આત્માકી

પર્યાયમેં ભી એ નહીં. પૈસા બૈસા, ગોદિકાજી ! આ તમારા કરોડો રૂપિયા બુપિયા એ આત્માની પર્યાયમેં નહીં હૈ. બાઇડી, છોકરા, કુટુંબ, ધૂળ ને મકાન એ બધાં તેરી પર્યાયમેં ભી નહીં, પર્યાય સમજે ? અવસ્થા, વર્તમાન અવસ્થા ઉસમેં ભી નહીં. આહાહા !

હવે જો અવસ્થા જો હૈ બદ્ધસ્પૃષ્ટઆદિ પાંચ બોલકી દશા એ પર્યાયમેં હૈ, નહીં હૈ ઐસા નહીં. પણ વો ઉપર ઉપર રહેતી હૈ, દ્રવ્ય ત્રિકાળી આનંદનો નાથ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે દેખા જિનેશ્વરે તે હોં, અન્યમતિ કહેતે હૈ એ વસ્તુ નહીં. એ વસ્તુ ક્યાંય એને હાથેય નહીં આઇ. આ તો જિનેશ્વર, ત્રિલોકનાથ, પરમેશ્વર વીતરાગ એણે જે અંદર આત્મા ( દેખા ) કહા, આહાહાહા... ઐસી ચીજ જો ધ્રુવ આત્મા, ધ્રુવ આત્મા, જ્ઞાયક આત્મા, ભાવ સ્વભાવ શુદ્ધ સ્વભાવરૂપ આત્મા, ઉસમેં વો પાંચ પ્રકારકી પર્યાય કહી એ ઉપર ઉપર તિરતી હૈ. દેખો 'સ્પષ્ટતયા' પ્રત્યક્ષ અહીંયા તો કહેતે હૈ. આહાહાહાહાહા ! ઉસ સ્વભાવકે ઉપર તિરતે હૈ, ક્યા કહેતે હૈ આ ? આહાહા ! નિત્યાનંદ પ્રભુ અંદર કાયમી પરમ સત્ય ત્રિકાળ ટીકનેવાલી ચીજ, ઉસમેં વર્તમાન પર્યાયકી આ દશા ઉપર રહેતી હૈ, અંદર નહીં જા સકતે. આહાહાહા ! સમજમેં આયા ? પર્યાય હૈ, આ શરીર, વાણી, મન તો ધૂળ ને પર એ તો એની બાત તો અહીંયા હૈ નહીં. એ તો ઉસકી પર્યાયમેં ભી નહીં. પણ ઉસકી પર્યાય-હાલત વર્તમાન હાલતમેં પાંચ બોલ હૈ રાગકા સંબંધ અનિયત, અનેક અનેક પર્યાયકા ભિન્ન ભિન્નપણા, વિશેષપણા, અન્ય અન્ય ગતિપણા અને સંયુક્ત નામ વિકારની દશાકી આકૂળતાકા સંયુક્તપણા, એ પર્યાયમેં હૈ, વર્તમાન દશા ઉસકી અવસ્થામેં હૈ. સમજમેં આયા ?

જેમ સુવર્ણ સોના હૈ, એ સોના જો હૈ એ તો પીળાશ ને ચીકાશથી ભરેલો પદાર્થ, એ કાયમ હૈ, ઔર ઉસકા કુંડળ ને કડાં ને વીંટી હોતી હૈ એ અવસ્થા હૈ. એ અવસ્થા સોનેકા ત્રિકાળી સ્વભાવમેં પ્રવેશ નહીં કરતી અવસ્થા. આરે આરે આવું છે. સમજમેં આયા ?

ભાઈ ! ધર્મ સમજના કોઇ અપૂર્વ વાત હૈ. બાકી કોઇ આ પૈસા મિલના, અબજોપતિ ને રાજા પણ એ તો અનંતબૈર મિલા, એ કોઇ નવી ચીજ નહીં. એ તો રખડનેકા ભાવ ચાર ગતિમેં રુલનેકા ભાવ અને વો ચીજ તો અનંત બૈર મિલી. આહાહા !

પણ અહીંયા પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ કહેતે હૈ, એ સંતો આડતીયા હોકર જગતકી પાસે માલ મૂકતે હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ- ભગવાનમાં આ ગોટો ભર્યો કઇ રીતે ? ) ક્યાં ? ભર્યો નથી ને ? કોણે ભર્યો છે ? પર્યાયમાં છે, એની દશામાં છે, અંદરમાં ભર્યો નથી એ તો વાત ચાલે છે. ગોટો પર્યાયમાં ઊભો કર્યો છે, ઇ છે એની દશામાં, વસ્તુમાં નથી. આહાહાહા ! વસ્તુ શબ્દે ત્રિકાળી ચીજ. આહાહાહા ! ત્રિકાળી તો અતીન્દ્રિય આનંદનો કંદ, પ્રભુ ધ્રુવ એ ઉપર ઉપર પર્યાય હૈ, ધ્રુવમેં કૈસે જા સકતે હૈ, આહાહાહા ! સમજમેં આયા ? આકરી વાત છે, પ્રભુ શું થાય ?

અભી તો બહોત માણસ આયેગા તો સબકો આ સમજના પડેગા પ્રભુ, બહારમેં ધૂળમેં કાંઇ નહીં હોં, મરી જશે, એ આ વાણીયા મોટા વહેપારી હોય છે ને, એ માંસ ને દારૂ ન ખાય પણ વેપારના આર્તધ્યાન ને રોદ્રધ્યાનના પરિણામમાં એ મરીને પશુ થવાના છે, ઢોર, માછલીના કુંખે ને બકરીની કુંખે ને કાં કૂતરીને કુંખે જવાના છે. આહાહા ! એય, ધનાલાલજી ! વેપારના

ધંધાના પાપ એટલા તો લીન, લીન ને આર્તધ્યાન ને રોદ્રધ્યાન, હજુ ધર્મ શ્રવણ કરનેકા દો ચાર કલાક ભી હૈ નહીં, ને ધર્મ તો હૈ નહીં, પણ ધર્મ શ્રવણ સત્ત્ શ્રવણ કયા હૈ ઉસકે માટે ચાર કલાક દિવસમાં નિકાલના તો નહીં એક આધા ઘંટા એક કલાક મળ્યા ને તે પણ એને કુગુરુ મિલા ઐસી બાત, ઐસે તમારે વ્રત કરો ને તપ કરો ને કુગુરુ લૂંટી લેતા ઉસમેં કલાક, સમજમેં આયા ?

એય ! ( શ્રોતાઃ– કરે કયા સાહબ ) આ કહેતે હૈ, કયા કરે ? ઉસકી દૃષ્ટિ છોડકર અંદર દ્રવ્યમેં જાના. એ કરના હૈ. આહાહા ! ( શ્રોતાઃ– જાનેકી વિધિ બતા દો આપ. ) આ કહેતે હૈ ને આ.

હમારા તો ભાગીદાર થા ભાઈ, ફઇના દિકરા, ઉસકો ભી મૈં ( ને ) કહા થા ૬૬ ની સાલ, કહ્યું ને ૬૬ સાલ ૬૬ કેટલા વર્ષ થયા ? ૧૯૬૬ હૈં ? ( શ્રોતાઃ– ૬૮ વર્ષ ) ૬૮ વર્ષ પહેલે કહા થા, મેરી ઉંમર વીસ વર્ષકી થી, અત્યારે ૮૯ ચલતે હૈ. એ જનમના હોં, ગર્ભના તો ૮૯ પૂરા હો ગયા, સવા નવ મહિના યહાંસે ગિનતીમેં આતા હૈ ને ? તે ૯૦ ચલતે હૈ. એ વખતે હમારા ભાઈ થા ને મોટી દુકાન થી બે દુકાન હૈ અભી દુકાન બડી હૈ. પાંત્રીસ ચાલીસ લાખ રૂપિયા હૈ, દુકાન હૈ અમારી પિતાજીકી થી ઔર દૂસરી હમારા ફઇના લડકાની થી. પાંત્રીસ ચાલીસ લાખ રૂપિયા અભી હૈ. તીન ચાર લાખકી આમદની હૈ. અભી પાલેજમેં, ભરૂચ વડોદરા બીચમેં, મૈંને ભી ત્યાં પાંચ વર્ષ દુકાન ચલાઇ થી. ૧૭ વર્ષથી ૨૨ વર્ષ ઉંમર સંવત ૧૯૬૩ સે ૧૯૬૮, પણ વો કહા મૈં તો કહા થા ઉસમેં ઉસકો ભાઈકો મૈં તો ભગત પહેલેસે કહેલાતા છોટી ઉંમરમેંસે મૈં તો ઉસકો કહા થા મૈં દુકાને થડામેં બૈઠે થે કુંવરજી. મારાસે ચાર વર્ષ મોટા થે મેરેકા ૯૦ હુઆ ઉસકો ૯૪, મરીને તિર્યંચ હોને જાયેગા એ ધ્યાન રખે તું. આપણે વાણીયા છીએ એટલે માંસ ને દારૂ ને ઇંડા તો ખાતા નથી એટલે નરકમાં તો નહીં જાવ એ યાદ રાખો કીધું. એ ગોદિકાજી ! આ ૬૬ સંવત ૧૯૬૬ ( શ્રોતાઃ– આપનો અનુયાયી તો ક્યાંય જાય નહીં ) આનો અનુયાયી ક્યાં છે ? એ આત્માનો અનુયાયી થાય. એય તો જેને બે ચાર કલાક સૂનનમેં મિલા હૈ, સંસ્કાર હૈ એ પ્રાણી તો સ્વર્ગમેં હી જાયેગા. પણ આંહી તો જેને સંસ્કારેય નહીં કાંઇ સૂનનમેં આયા નહીં. સત્ અને બહારમેં ઐસા માથા ફોડ ઘાણીમેં પિલાય એમ આત્મા તો પિલ દિયા હૈ રાગ અને દ્વેષમેં, આહાહા ! એ પ્રાણી તો કીધું મૈંને ઉસકો કહા થા યાદ રાખો કીધું બોલે નહીં મારી સામે, હું તો ભગત કહેવાતો હતો. છોટી ઉંમરમેંસે હમારી તો દુકાન ચલતી થી મૈં તો વાંચતા થા શાસ્ત્ર વાંચતા થા, ( મૈંને કહા ) તિર્યંચમેં જાયેગા, દેવ હોનેકી મને તો લગતા નહીં તેરેકો, ઔર મનુષ્ય હોનેકા મેરે લગતા નહીં તેરે તું મનુષ્ય હો, બોલે નહીં. આહાહા ! એક તિર્યંચ ગતિ અને હુઆ ઐસા, મરતા આમ બહુ પૈસા પેદા કરવામાં બે–બે લાખની પેદાશ દસ–દસ લાખ રૂપિયા મૂકીને ગયો 'તો. હવે તો અત્યારે વધી ગયું તો. મેં કિયા, મેં કિયા ( કહા ) ઐસી દુકાનકી ચલાઇ વ્યવસ્થા, ધૂળેય નહીં હૈ સાંભળને. તેં ક્યા કિયા ? તેં કિયા અજ્ઞાન ને રાગદ્વેષ. એ મહેન્દ્રભાઈ !

( શ્રોતાઃ– આપકો કૈસે પતા ચલા કે વો ઢોરમેં ગયા. ) કહાને યહાં ગતિ નહીં, ઐસા ઉસકી તેરા લક્ષણ નહીં દિખતે કીધું. હમ વો વખતે પણ શાસ્ત્ર વાંચતે થે ને હમ, દુકાન ચલાતે થે, ભાગીદાર જબ બૈઠે હો ત્યાં થડે તો હમ અંદર વાંચતે થે, ભાગીદાર ન હો તો હમારે દુકાને

થડે બેઠના પડે. આ તો ૬૩ સે ૬૮ કી બાત હૈ. સંવત ૧૯૬૩ સે ૬૮ કિતનેકા તો ઉસ ( સમય ) જનમેય નહીં હુઆ હોગા અભી. આહાહા ! આ તો પૂર્વકા સંસ્કાર થા ને તો ઐસે કીધું આપણે માણસ છીએ વાણીયા છીએ ને માંસ દારૂ નથી ને દેવમાં જવાના લક્ષણ મને લાગતા નથી. કેમકે તેરા પુણ્યકા પરિણામ ઐસા હૈ નહીં, ઔર મુનષ્ય હોનેકી લાયકાત મેરે દિખતી નહીં કે ઐસા ભી તેરી વિનયપણા, કષાયકી મંદતા એ ભી દિખતી નહીં, બોલે નહીં. ( શ્રોતાઃ- મોઢે કહ્યું'તું ) મોઢે કહ્યું ને બેઠે થે ને થડે બેઠા થા ને કીધું ને હમારી બે દુકાન થી, બે દુકાન તીસ માણસ થા હમ, એક રસોડે જમતે થે તો એક દુકાનમેં રસોડે જમનેકો ગયે તો ત્યાં મેરેસે ઐસા બોલાઇ ગયા મેરા ભાઈ ભી બૈઠા થા ત્યાં બડા વો તો સરળ થા મારા બડા ભાઈ ને એ, એના બડા ભાઈ ને મૈં બે દુકાન થી, કયા. આખો દિ' આ આર્તધ્યાન, સૂના હૈ કોઇ ધર્મ કયા કોઇ ચીજ કયા ગામમેં સાધુ આવે ( શ્રોતાઃ- એના માનેલા ) તો રાત્રે આઠ વાગ્યા પછી જાય. દિવસે સામું જોવે નહીં, ગામમાં સાધુ આવ્યા હોય તો. એ માનેલા સાધુ એના સંપ્રદાયના જો કે સાધુ હૈ નહીં, સમજમેં આયા ? પણ એની સ્થિતિ બહાર એવી સાધુ આવે તોય જાય નહીં, રાતે આઠ વાગે જાય.

શું આ માંડી છે કીધું આખો દિવસ તે ? દુનિયા ભલે ડાહ્યા ને દુનિયા બધા વખાણ કરે ગાંડા પાગલો, પાગલ વખાણ કરે, એથી તેરી રીપોર્ટ આ ગયા પરિણામ, ઉસકા શું કહેવાય એ રીપોર્ટ શું કહેવાય એ ? સર્ટીફીકેટ. આ પાગલો બધા સર્ટીફીકેટ આપે તને કે, ઓહોહો ! ભારે તમે કર્યાં ને, આહાહા ! પૈસા પેદા કર્યાં ને એમાંથી તમે પાંચ હજાર આપ્યા ત્યાં ને દસ હજાર આપ્યા ને એમાંય માન હોય પાછું ત્યાં, મારું નામ રાખજો મોઢા આગળ, તકતી, તકતીમાં તસદી લે એટલી બધી કે તખતી પડાવે. આ તારા તો પુણ્યનાય ઠેકાણાં નથી માળા !

આંહી કહેતે હૈ એ ચીજ તો કંઇ દૂસરી રહી પણ આંહી તો પર્યાયમેં જો પાંચ બોલ હૈ પ્રભુ તેરી ચીજ વો અંતર આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસમેં યે હૈ હી નહીં. આહાહા ! ઉસકી દૃષ્ટિ કર, ઉસકા અનુભવ કર તો તેરે સમ્યગ્દર્શન હોગા ને જનમ મરણકા તબ અંત આયેગા, નહીંતર અંત નહીં આયેગા. આહાહાહા ! સમજમેં આયા ?

એ કહેતે હૈ. કયા ? એ દેખો ! આહાહા ! ઉપર તિરતે હૈ, તિરતે હૈ, હૈ કે નહીં અંદર ? 'સ્કુટમ ઉપરિ તરન્તમ્' આહાહા ! કયા કહેતે હૈ આ ? શરીર, વાણી, કર્મ, બાઇડી, છોકરા ઉપર તરતે હૈ એ તો બાત હૈ હી નહીં, એ તો દૂર રહેતે હૈ, પર્યાયમેં રહા આહાહા ! ગોદિકાજી ! આહાહા ! આ અમેરિકામાં જાવ છો ને રળવા, રળવા, રળવા, આર્તધ્યાન ને આ પૈસા આવે બે ચાર લાખ આવે જઇને આવે ત્યાં, હવે ધૂળમાં આ ક્યાં તારા લાખ શું કરોડ આવે તો ય કયા ચીજ હૈ ? આંહી તો કહે એ ચીજ તો દૂર રહી ગઇ એ આત્માકી પર્યાયમેં ભી લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર તો હૈ નહીં, પણ તેરી પર્યાયમેં એ વસ્તુ નહીં, પણ એ પર્યાયમેં રાગાદિ હૈ, આકૂળતાકા ભાવ હૈ, એ ત્રિકાળી આનંદકંદમેં ઉસકે ઉપર ઉપર હૈ અંદરમેં નહીં. આહાહા ! સમજમેં આયા ? હૈં ? કયા કહેતે હૈ ?

તથાપિ કયા કહેતે હૈ ? હજી તો પર્યાયના નામ સૂના ન હોય, મજૂરની પેઠે જિંદગી કાઢી બધી, મોટા મજૂરો ઓલા મજૂર તો હજી સવારમાં આઠથી બાર, ચાર કલાક કામ કરે અને

બપોરે બે થી છ આ મજૂર સવારનો ઊઠે છે છ વાગ્યે તે રાતના આઠ વાગ્યા સુધી. અરે ઓલો તો ચાર કલાકમાં તો અડધો કલાક બીજો કાઢી નાખે બીડી પીવી છે ને પેશાબ કરવા જાવું છે અને આ તો ભાઈ સાહેબ બેઠો દુકાને તે રાતના આઠ, આહાહાહ ! મોટા મજૂર, એ હસમુખભાઈ ! આંહી તો એ વાત છે બાપા, ક્રિયા ને મોટા મજૂર એટલે આ મજૂરી નહીં. સમજતે હૈ ? બડા મજૂર લ્યો, બડા મજૂર, આ સબ વેપારી આદિ હૈ એ બડા મજૂર હૈ. સવારથી સાંજ સુધી કામ કરતે હૈ એકલા પાપ, પાપ, પાપ, પાપ આંહી તો કહેતે હૈ કે એ પરકી ક્રિયા કર સકતે નહીં, પણ અપની પર્યાયમેં જો રાગ દ્વેષ આદિ આયા, આહાહાહ... એ ભી પર્યાય ઉપર રહેતી હૈ, દ્રવ્ય સ્વભાવમેં જાતી નહીં. આહાહાહ ! સમજમેં આયા ?

'તથાપિ એ પ્રતિષ્ઠા નહીં પાતે હૈ' આહાહાહ ! એ રાગ દ્વેષ, પુણ્ય ને પાપ, પર્યાયમેં અનેકતાકી વિવિધતા ને વિશેષતા ગુણકી, એ અંદરમેં શોભા નહીં પામતા, અંદરમેં પેઠ સકતે નહીં, ઉસકો અંદરમેં આધાર મિલતે નહીં. આહાહાહ ! આવી ચીજ છે ( શ્રોતાઃ– મહારાજ, ધ્રુવ સ્વભાવકા કયા બિગડા ? ) સ્વભાવ તો ઐસા ને ઐસા હૈ, પર્યાયમેં બગાડ હૈ ને પર્યાયમેં દુઃખ હૈ ને પર્યાયમેં સંસાર હૈ, સમજમેં આયા ? વસ્તુ તો સ્વભાવ ઐસા ને ઐસા હી હૈ, ઐસા બગાડ હો તો એ પર્યાયમેં હૈ, સંસાર પર્યાયમેં હૈ, રાગદ્વેષ પર્યાયમેં હૈ, સંસાર રખડના પર્યાયમેં, દુઃખ પર્યાયમેં હૈ, વસ્તુ ઉસસે ભિન્ન હૈ, કાયમ ગમે ઇતના પર્યાયમેં દુઃખ આયા, વસ્તુ તો આનંદકંદ શુદ્ધ ચૈતન્યઘન રહા હૈ. આહાહ ! આવી વાત છે ને ? આહાહ !

ભાઈ ! તને ખબર નથી તારી ચીજની. અને ક્યાં ક્યાં તું. વો મૃગલા હોતા હૈ ને હિરણ, ઉસકી નાભિમેં કસ્તુરી હોતી હૈ, નાભિમેં, પણ ગંધ આવે તો એ જાણે કે બહારસે આતી હૈ, બહાર ભમતે હૈ એમ આનંદ તો અંદરમે હૈ પણ બહારસે જાણે આનંદ મિલતે હૈ પૈસામેંસે, બાયડીમેંસે, છોકરામેંસે, કુટુંબમેંસે. ધૂળમાંય નહીં હૈ સૂન તો સહી. આહાહ ! રંગુલાલજી ! આહાહ... આંહી તો ભગવાન ત્રણલોકનો નાથ, જાણ્યા ઐસા કહા, ઐસા સંતો અનુભવીને કહેતે હૈ. આહાહાહ ! પ્રભુ ! ભગવાન તરીકે હી બોલાતે હૈ, આચાર્ય તો, આત્મા ભગવાન સ્વરૂપ અંદર હૈ. આહાહ ! તેરા ભગવાન સ્વરૂપ જો અંદર હૈ, એમાં આ પર્યાયકી પામરતા અંદર પ્રવેશ નહીં કરતી. એ પર્યાયકી શોભા અંદરમેં નહીં જા સકતી. આત્મા શોભા નહીં દેતા ઉસકો, આહાહાહાહ ! હૈં ? પ્રતિષ્ઠા નહીં પાતે, એટલે શોભા નહીં હોતી.

કયોંકિ દ્રવ્યસ્વભાવ તો નિત્ય હૈ. વસ્તુ જે હૈ દ્રવ્યસ્વભાવ પદાર્થ એ તો નિત્ય કાયમ હૈ આહાહાહ ! ભાષા તો સાદી હૈ પણ વસ્તુ તો અલૌકિક હૈ બાપુ, અરે બિચારાને મળતી નથી અત્યારે તો, આહ... આ આખો દિ' મજૂરી કરી કરીને મરીને હાલ્યા, વયા જવાના. આહાહ... એ ખિસકોલી ત્યાં ફરે હૈ ને બહુ ફરે એટલે એકદમ વિચાર આવી જતો, ખિસકોલી ખિસકોલી કયા કહેતે હૈ ? ખિલેહરી હૈ ? સ્વાધ્યાય મંદિરમેં બહોત ફિરતે હૈ બહોત ચારે બાજુ ફિર આ તે કીધું કોણ. બહોત ફિરતે હૈ ત્યાં કાયમ ઘણાં મહિના થયા, કોણ જાણે ક્યાંનો જીવ હશે, કીધું આ. ખિલેહરી બહોત ફિરતી ત્યાં હૈ. આહાહ ! અરેરે એનો આત્મા ક્યાં, ક્યાંની થઇ દશા, ક્યારે એ મનુષ્યપણું પામે, આહાહાહ... અને ક્યારે આ વિચાર સૂનનેમેં આવે અને સૂનનેમેં આયા પીછે અંદર અમલમાં મૂકના ક્યારે ? અરરર ! હૈં ?

ભગવાન આત્માકા ત્રિકાળી તો નિત્ય સ્વભાવ હૈ, હૈ ? એકરૂપ. બે, એક તો ત્રિકાળી નિત્ય હૈ અને એકરૂપ હૈ, પર્યાય અનિત્ય હૈ ને અનેકરૂપ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? ભાઈ, આ તો ભગવાન જિનેશ્વરદેવની ધર્મકથાની વાત છે બાપુ, આ કોઇ ચકલી લાવી ચોખાનો દાણોને ચકલો લાવ્યો મગનો દાણો, બનાવી ખિચડી ને આ એવી કથાઓ હાલે છે અત્યારે તો. વ્રત કરો ને અપવાસ કરો ને આ કરો ધૂળેય નથી બધું સાંભળને.

આંહી તો પરમાત્મા જિનેશ્વરદેવ ઇન્દ્રોની સમક્ષમાં એમ કહેતે થે, ઇન્દ્રો જે એકાવતારી જેની સભામાં ભગવાન પાસે આતે હૈ. અભી મહાવિદેહમાં બિરાજતે હૈ, તો ઉસકી પાસ આ કહેતે થે, ઉસકે કાંઇ કોઇ ઇન્દ્ર હો ને રાંક હો તે ઉસમેં ફેર હૈ ? સબ એક હૈ, એ તો બહારકી પર્યાય હૈ.

આ દ્રવ્યસ્વભાવ તો નિત્ય હૈ. કયા કહેતે હૈ ? પર્યાયમેં અવસ્થામેં અનેકતા પર્યાયકી અને રાગકા સંબંધ એ અનિત્ય હૈ અને અનેક હૈ, ત્યારે વસ્તુસ્વભાવ નિત્ય હૈ અને એક હૈ. આહાહા ! આવી વાતું છે. નિત્ય એકરૂપ હૈ ઔર વહ ભાવ અનિત્ય હૈ દેખો, બેય આયા દેખો, પર્યાયે અનેક હૈ ઔર અનિત્ય હૈ, જોયું ? વસ્તુ સ્વભાવ જે ત્રિકાળી નિત્ય હૈ, ઔર એકરૂપ હૈ સદેશ સ્વભાવ એકરૂપ હૈ, ત્યારે પર્યાય અનેક હૈ, ઔર અનિત્ય હૈ આ નિત્ય હૈ અને એક હૈ, આહાહાહા... પર્યાય, દ્રવ્ય સ્વભાવમેં પ્રવેશ નહીં કરતી. આહાહાહાહા !

શરીર, વાણી, કર્મ અને બાઇડી, છોકરા, કુટુંબ તો ક્યાંય ( દૂર ) રહી ગયા ક્યાં આત્મામેં હૈ યે નહીં. પરને મેરા માનતે હૈ મૂરખ હૈ મોટો, આહાહા... જગતકી ચીજ હૈ, એ તો જગતકી ચીજ હૈ. આ મારી બાઇડી ને મારા છોકરા થયા ક્યાંથી તને આ ? સનેપાત લાગ્યો છે એને, આહાહા... એવી વાત છે બાપલા અહીં તો, આહાહા ! હૈં સનેપાતવાળો દાંત કાઢે તો શું એ સુખી છે ? દુઃખી છે. આ મજા છે અમારે. શેની મજા ધૂળમાં સનેપાતીયો દાંત કાઢીને ખુશી માને છે, છે દુઃખી, એમ આ પૈસા ને બાઇડી છોકરાના સંબંધમાં બેઠો હોય જાણે આહાહા... સાત આઠ છોકરા હોય ને બાઇડી બેઠી હોય ને છોડીઓ બેઠી હોય ને જમાઇ બેઠા હોય, જાણે મોટો વાતો કરતો હોય હોંશ હોંશ, ઓહોહો... બધું અમે તો જોયું છે ને બધું, આહાહા... પ્રભુ તેરી અનિત્યતા એ ઉપર ઉપર રહેતી હૈ. આહાહાહા !

યહ શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમેં પ્રકાશમાન હૈ, કયા કહેતે હૈ એ. પ્રત્યેક અવસ્થા ભલે રાગવાળી હો, આકૂળતાવાળી હો, વિશેષતા હો દરેક અવસ્થામેં, એ શુદ્ધસ્વભાવ તો પ્રકાશમાન પડા હી હૈ અંદર. આહાહાહા ! ત્યાં દૃષ્ટિ દેનેસે અનુભવ હોતા હૈ, આ વાત હૈ. તો સમ્યગ્દર્શન હોતા હૈ. સત્યદર્શન, બાકી થોથા હૈ સબ. સમજમેં આયા ? એ સમ્યક્ સ્વભાવ જો ત્રિકાળ હૈ, શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમેં એકરૂપ ત્રિકાળ પ્રકાશમાન હૈ. આહાહાહા ! સારા, હૈં ? ( શ્રોતાઃ- એ ધ્રુવને સમ્યક્સ્વભાવ કીધો. ) ત્રિકાળ સમ્યક્ સ્વભાવ જીવકા, નિત્ય નિત્ય અંદર નિત્ય સ્વભાવ ઉત્પાદ્ વ્યય ધ્રુવ યુક્તં સત્ હૈ ને ? તો જે ધ્રુવ જે હૈ, એ ઉત્પાદ્ વ્યયમેં આતા નહીં, ને ઉત્પાદ્ વ્યય ત્યાં જાતે નહીં. આહાહાહા ! ધ્રુવ હૈ એ નિત્ય હૈ ને એકરૂપ હૈ, પર્યાય અનિત્ય હૈ ને અનેકરૂપ હૈ, એ અનેક ને અનિત્યતા, નિત્ય અને એકરૂપમાં પ્રવેશ નહીં કરતી. આહાહાહા !

શું ગાથા ! આહાહા ! માખણ હૈ, માખણ નીકળતે હૈ ને ! ઐસા રખતે હૈ માખણ છાસમેંસે

તો ઐસા છાસ નીતરી જાય છે માખણ ઉપર રહેગા. આ અડીને ન હોય હોં બહુ, માખણ હોતા હૈ ને દહીંમેંસે મણ દો મણ, પીછે નિકલે ઐસા કરતે હૈ ને નીચે છાસ નીકળ જાતી હૈ, માખણ નિકળ ( રહ ) જાતા હૈ, "એમ પર્યાય બુદ્ધિ નિકળ જાતી હૈ ને દ્રવ્યબુદ્ધિ એકલી રહ જાતી હૈ" આહાહાહા ! આવી વાત છે. ભાઈ મારગ કઠણ પડે, પણ મારગ તો આ હૈ. આહાહા ! ખ્યાલમાં હજી આવું આવવું મુશ્કેલ પડે, કે એ ક્યા કહેતે હૈ આ, અને કઇ રીતે આ પર્યાય ને પર્યાય ઉપર તરે ને અંદરમાં નહીં, અને અંદર નિત્ય એક, અને અનિત્ય અનેક શું કહે છે, આ કયા કહેતે હૈ આ સાંભળ્યું ન હોય કોઇ દિ'. આહાહાહા !

અરે એ તો વરતના એકડાના મીંડા હજી તો આંહી, એકડાના મીંડા, એકલા મીંડા જુદી જાતના હોય, પણ એકડો હોય ને એકડો એકડાનું પહેલું તો મીંડું કરે ને આમ મીંડુ પછી એકડો હોય ને પણ એકડામાં મીંડા હોય એ બીજી જાતનું હોય, ઓલું ગોળ ચક્કર હોય એકલું મીંડુ અને આ જરી આમ લંબગોળ હોય. એમ આ તો દ્રવ્ય ને પર્યાય એ તો એકડાના મીંડાની વાત હૈ, સમજાય છે કાંઇ ? આહાહાહા !

પીછે પર્યાય, ભાઈ અલૌકિક વાતું નાથ ! તારી પ્રભુતાનો પાર નહીં, પણ તેરી ખબર નહીં તને, આહાહા... તેરી એ પ્રભુતા ઇતની હૈ કે તેરી વાણીમેં પૂરી ન આ સકે ઐસી તેરી પ્રભુતા પડી હૈ અંદર. ભગવાન પરમાત્મા અનંત ગુણનો ધામ, આહાહા... સ્વયં જ્યોતિ સુખ ધામ સ્વયં અપનેસે હૈ, કોઇ કર્તા નહીં ઉસકા, આહાહા... સુખધામ એ અત્તીન્દ્રિય આનંદકા સ્થળ હૈ, વિશ્રામ કરનેકો આ એક વિશ્રામઘર હૈ. આહાહાહા ! સમજમેં આયા ? પર્યાય દ્રવ્ય સ્વભાવમેં પ્રવેશ નહીં કરતી, ઉપર ( ઉપર ) રહેતી હૈ.

સર્વ અવસ્થાઓમેં દ્રવ્ય પ્રકાશમાન હૈ, ઐસે શુદ્ધ સ્વભાવકા, આહાહાહા... મોહ રહિત હોકર મિથ્યા ભ્રમણા છોડકર, આહાહા... પર્યાય બુદ્ધિ રખકર હૈ એ મોહ હૈ, એ પર્યાયબુદ્ધિ મિથ્યાત્વ હૈ. આહાહાહા ! હૈ ખરી એ ચીજ પર્યાયમેં, પણ ઉસકી બુદ્ધિ મિથ્યાત્વ હૈ, તે મિથ્યાત્વ બુદ્ધિ, પર્યાયબુદ્ધિ છોડકર મોહ રહિત હોકર 'જગત' જગત એટલે જગતના જીવો, બહારથી તો એમ કહેવાયને કે આ કાઠિયાવાડ આવ્યું. કાઠિયાવાડ આવે છે ? કાઠિયાવાડના માણસો આવે છે. દક્ષિણના માણસો આવે છે, તો કહેવાય છે કે આ દક્ષિણ આવ્યું. એમ આ જગત કીધું. પણ જગતના માણસો કહેવાય. આહાહા ! હે જગતના પ્રાણી, અનુભવ કરો, આહાહાહા... જ્યાં ભગવાન પૂર્ણાનંદ નિત્ય ધ્રુવ બિરાજતે હૈ અંદર, ઉસકા અનુભવ કરો, અનુભવ હૈ પર્યાય. પણ દ્રવ્યકા અનુભવ કરો, પર્યાયકા અનુભવ જો હૈ એ તો અજ્ઞાન અનાદિકા હૈ અનાદિકા. આહાહા !

વસ્તુ જે ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ, જિસમેં પર્યાયકા પ્રવેશ નહીં, અરે ત્રિકાળી દ્રવ્ય જ્ઞાયકભાવ પર્યાયકો છૂતેય નહીં, સમજમેં આયા ? ( શ્રોતાઃ- છૂતેય નહીં, સ્પર્શ કરતે નહી. તો ક્યા કરતે હૈ ) નહીં, સ્પર્શ કરતે નહીં ભિન્ન હૈ. ( શ્રોતાઃ- ધ્યાન કિસકા કરે ? ) પણ ધ્યાન કરે પર્યાય તો ત્રિકાળીકા તો એ પર્યાય છૂતી નહીં, પણ ધ્યાન ઉસકા કરના. અનુભવકી પર્યાય દ્રવ્યકો છૂતી નહીં, છતાં દ્રવ્યકા લક્ષસે જે અનુભવ હુઆ એ આનંદકા અનુભવ હૈ. આહાહાહા ! પર્યાયકા અનુભવ એ દુઃખકા અનુભવ થા. એ કર્મચેતના ને કર્મ ફળચેતનાકા અનુભવ થા, અને આત્માકા અનુભવ એ જ્ઞાન ચેતનાકા અનુભવ હુઆ. આહાહાહાહા ! સમજમેં આયા ?

'જગત' એટલે જગતના પ્રાણીઓ, અનુભવ કરે. ક્યોંકિ મોહ કર્મકે ઉદયસે ઉત્પન્ન મિથ્યાત્વકો મિથ્યા શ્રદ્ધારૂપી અજ્ઞાન જહાંતક રહેતા હૈ, પર્યાયબુદ્ધિ રાગ મૈં હું, પર્યાય જિતના મૈં હું ઐસા અજ્ઞાન રહેતે હૈ, વહાં તક એ અનુભવ યથાર્થ નહીં હોતા. આહાહાહાહાહા !

શરીર, સ્ત્રી, કર્મ કુટુંબ મેરા હૈ એ તો મહાભ્રમણા અજ્ઞાન હૈ, પણ પર્યાયબુદ્ધિ હૈ યહ અજ્ઞાન હૈ, કહેતે હૈ. આહાહા ! ( શ્રોતા:- પર્યાયબુદ્ધિ સમજમેં નહીં આઇ. ) એક સમયકી અવસ્થાકી બુદ્ધિ નામ પર્યાયબુદ્ધિ, અનાદિકા એ ચીજ હૈ એ તો, આહાહાહા ! આવો મારગ છે. એવો મારગ વીતરાગનો કહ્યો સભાની માંય સીમંધર પરમાત્મા, આહાહા ! મોહ કર્મના ઊદયસે, અનુભવ યથાર્થ નહીં હોતા, ક્યા કહેતે હૈ ? જબલગ રાગ ને પુણ્ય ને દયા ને દાન ને અનેક પર્યાય જે હૈ ઉસકી રુચિ રહેતી હૈ, તબલગ અંતરકા યથાર્થ અનુભવ નહીં હોતા. જિસકી રુચિ હૈ ત્યાં વીર્ય કામ કરતે હૈ, રાગ ને પર્યાયકી રુચિ હૈ તો વીર્ય ત્યાં કામ કરતે હૈ. અને ઐસી રુચિસે અંતરકા અનુભવ નહીં હો સકતા. આહાહા !

ભાવાર્થઃ – યહાં એ ઉપદેશ હૈ કે શુદ્ધનયકે વિષયરૂપ આત્માકા અનુભવ કરો. બહુ ટૂંકુ કરી નાખ્યું. સમ્યગ્જ્ઞાન જે શુદ્ધનય હૈ જિસકા વિષય જ્ઞાયક ત્રિકાળ હૈ ઉસકા અનુભવ કરો. આ સાર લિયા. સમજમેં આયા ? આકરી વાત હૈ પણ એ નિર્ણય તો કરે જ્ઞાનમેં પહેલે નિર્ણય તો કરે કે માર્ગ આ હૈ. આહાહા !

અબ ઇસી અર્થકા સૂચક કળશરૂપ કાવ્ય પુનઃ કહેતે હૈ, ઇસમેં યહ કહા ગયા હૈ કે ઐસા અનુભવ કરનેપર આત્મદેવ પ્રગટ પ્રતિભાસમાન હોતા હૈ. આહાહાહા !

---

## શ્લોક - ૧૨

( शार्दूलविक्रीडित )

भूतं भान्तमभूतमेव रभसान्निर्भिद्य बन्धं सुधी-
र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात् ।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः ।।१२।।

**હવે, એ જ અર્થનું કલશરૂપ કાવ્ય ફરીને કહે છે જેમાં એમ કહે છે કે આવો અનુભવ કર્યે આત્મદેવ પ્રગટ પ્રતિભાસમાન થાય છેઃ-**

**શ્લોકાર્થઃ-[ यदि ] જો [ कः अपि सुधीः ] કોઈ સુબુદ્ધિ ( સમ્યગ્દષ્ટિ ) [ भूतं भान्तम् अभूतम् एव बन्धं ] ભૂત, વર્તમાન અને ભાવી એવા ત્રણે કાળનાં કર્મોના બંધને પોતાના આત્માથી [ रभसात् ] તત્કાળ-શીઘ્ર [ निर्भिद्य ] ભિન્ન કરીને તથા [ मोहं ] તે કર્મના ઉદયના નિમિત્તથી થયેલ મિથ્યાત્વ ( અજ્ઞાન ) ને [ हठात् ] પોતાના બળથી ( પુરુષાર્થથી ) [ व्याहत्य ] રોકીને અથવા નાશ કરીને [ अन्तः ] અંતરંગમાં [ किल अहो कलयति ] અભ્યાસ કરે-દેખે તો [ अयम् आत्मा ] આ આત્મા [ आत्मअनुभव-एक-गम्य-महिमा ] પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય જેનો પ્રગટ મહિમા છે એવો [ व्यक्तः ] વ્યક્ત**

**( અનુભવગોચર ), [ ध्रुवं ] નિશ્ચલ, [ शाश्वतः ] શાશ્વત, [ नित्यं कर्म-कलङ्क-पङ्क-विकलः ] નિત્ય કર્મકલંક-કર્દમથી રહિત- [ स्वयं देवः ] એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય દેવ [ आस्ते ] વિરાજમાન છે.**

**ભાવાર્થઃ- શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો સર્વ કર્મોથી રહિત ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે.આ પ્રાણી-પર્યાયબુદ્ધિ બહિરાત્મા- તેને બહાર ઢૂંઢે છે તે મોટું અજ્ઞાન છે. ૧૨.**

---

( शार्दूलविक्रीडित )

भूतं भान्तमभूतमेव रभसान्निर्भिद्य बन्धं सुधी–
र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात् ।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः।।१२।।

રભસાત્ જોયું રભસાત્ આવ્યું અહીંયા વો પ્રજ્ઞાછીણીમેં રભસાત્ આતા હૈ ત્યાં એક સમય લીધુ'તું, જેમ એણે આ રભસાત્ શીઘ્ર. આહાહા ! તું ભગવાન દેવ શાશ્વત અંદર હૈ પ્રભુ તેરી દિવ્યશક્તિકા પાર નહીં, ખબર કેમ પડે ? આહાહા ! બે બીડી સીગારેટની સરખી પીવે તો ભાઈસાબને કળશો ઊતરે આવા તો અપલખણ, હવે એને એમ કહેવું કે આ દેવ હૈ. હૈં ! અને ૬૦ વર્ષે છોકરો આવે વાંઝિયામેણું ટળે ત્યારે એના છોકરાને આમ બચ્ચી ભરે આહાહા ! ઓહોહો ! શું છે પણ આ, તારું પાગલપણું ક્યાં છે ? અને એમાં પાંચ –દસ લાખની પેદાશ થઇ હોય તો કરો આજ લાપસી. પેદાશ મોટી થઇ ગઇ છે ધૂળમાંય નથી હવે પાપની પેદાશ છે સાંભળને હવે. આહાહા !

યદિ કોઇ સુબુદ્ધિ, આહાહા ! હૈ ? સુબુદ્ધિ, જ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ, આહાહાહા... "ભૂતં ભાન્તં અનુભૂતમ એવ બન્ધં" જીવ ભગવાન આત્મા, ભૂતકાળ ગયોકાળ વર્તમાન ને ભવિષ્ય તીનોં કાળમેં કર્મકે બંધકો અપને આત્માસે, તીનોં કાળકા રાગકા સંબંધ ઉસકો અપને આત્માસે તત્કાળ શીઘ્ર ભિન્ન કરકે, આહાહા ! એ રાગ અને પુણ્ય દયા દાન આદિ વિકલ્પ ને આકૂળતા એ બધી હૈ, ઉસસે આહાહા... 'રભસાત્" તીનોં કાળકી વિકારી પર્યાયસે, આહાહા... અપનેકો શીઘ્ર ભિન્ન કરકે, ઘઉંમેંસે જૈસા કાંકરા નિકાલ દેતે હૈ, ઘઉં કહેતે હૈ ને ઘઉં, કાંકરી નિકાલતે હૈ એમ પુણ્ય ને પાપકી પર્યાય, મેલ કાંકરી હૈ ઉસસે ભિન્ન ઘઉં હૈ, ઐસા આનંદકંદ પ્રભુ હૈ. આહાહાહા... ઉસકી દૃષ્ટિ કરો તો તેરે સમ્યગ્દર્શન હોગા. ધર્મકી પહેલી સીઢી શરૂઆત ત્યાંસે હોગી. આહાહાહા !

( શ્રોતાઃ– પુણ્ય પરિણામકો મેલ ક્યોં કહેતે હો આપ મહારાજ ) મેલ હૈ કે નહીં, કયા હૈ ? મલિન હૈ ને, અશુચિ હૈ ને, જડ હૈ ને ? દુઃખ હૈ ને ? ( શ્રોતાઃ- જડ કહો પણ મેલ નહીં ) એ જડકા અર્થ કયા ? ચૈતન્ય પ્રકાશકા નૂરકા ઉસમેં અભાવ હૈ. રાગ, દયા, દાન આદિ ભાવ હૈ ઉસમેં ચૈતન્યકા અંશકા અભાવ હૈ, માટે જડ હે. આહાહાહા ! ( શ્રોતાઃ- મેલ નહીં કહેના ચાહીયે ) મેલ હૈ અશુચિ કહા ને ! અશુચિ કહો કે મેલ કહો કે વિભાવ કહો, અધર્મ કહો, આહાહા ! આંહી તો

કહેતે હૈ કે પ્રભુ ત્રિકાળી જ્ઞાયક મૂર્તિ પ્રભુ એને આ ત્રિકાળી જે વિકાર હૈ ઉસસે ભિન્ન કર દે, આહાહાહા ! ત્રિકાળી ચીજકી દૃષ્ટિ કરકે, ત્રિકાળમેં રહેનેવાલી વિકૃત અવસ્થાકો દૂર કર દે. આહાહા ! ભાષા તો કૈસી ? આહાહાહા... ભૂતકાળ, વર્તમાન ને ભવિષ્યમેં રહેનેવાલા વિકૃત અવસ્થા ઉસકો ત્રિકાળી જ્ઞાયકભાવકા આશ્રય કરકે છોડ દે, ભિન્ન કર દે, આહાહાહા... એ પુરુષાર્થસે હોતા હૈ. સમજમેં આયા ?

કોઇ કહેતે હૈ કે તુમ તો ક્રમબદ્ધ માનતે હૈ ને એમાં આ કહાં આયા ? આહાહા... અરે સૂન તો સહી પ્રભુ, ક્રમબદ્ધ માનનેમેંય અકર્તાપણા આ રીતે આ ગયા, સમજમેં આયા ? જે સમયે હોગા એ હોગા ક્રમબદ્ધ, પણ એ હોગા એ હોગા કિસકો ? જિસને જ્ઞાયકભાવકા નિર્ણય કિયા અને રાગકા અકર્તાપણા હુઆ ઉસકો ક્રમબદ્ધકા નિર્ણય યથાર્થ હૈ. રાગકા કર્તા હું અને ક્રમબદ્ધ માનના દો ચીજ રહેતી નહીં. કયા કહા એ ? આહાહાહા ! વિકલ્પકા કર્તા હો અને ક્રમબદ્ધ માને એ દો ચીજ રહે સકતી નહીં. એ ક્રમબદ્ધ માનનેવાલા રાગકા અકર્તા હોકર જ્ઞાયકસ્વભાવકી દૃષ્ટિ કરતે હૈ. આહાહાહા ! આવી વાતું છે. નવું લાગે અજાણ્યા માણસને તો. આ કઇ જાતનો તે જૈન પરમેશ્વરનો મારગ હશે આ ? હવે અમે તો ઇચ્છામિ ઇરિયા વીરીયા તસ્ય મિચ્છામિ દુકકડં લ્યો લોગસ્સમાં એવં મયે અભિથ્થુઆ –કાંઇ ન મળે બાપા આહાહા ! આંહી તો એ તો શબ્દો જડ, ભાષા જડ, વિકલ્પ ઊઠે એ પણ જડ, એનાથી તો ભગવાન ભિન્ન, નિત્ય એકરૂપ હૈ. આહાહા !

હૈ ? આહા ! અપને આત્માસે શીઘ્ર ભિન્ન કરકે ઉસ કર્મોદયકે નિમિત્તસે હોનેવાલા, નિમિત્તસે હોનેવાલા હોં, હૈ તો અપનેસે હોતા હૈ મોહ, કર્મ તો નિમિત્ત હૈ. હોનેવાલા મિથ્યાત્વકો ભ્રમણા જો હૈ રાગ મૈં હું. પુણ્ય મૈં હું, પર્યાય જિતના મૈં હું ઐસા જો મિથ્યાત્વભાવ હૈ ઉસકો અપને બળસે હઠાવ, જુઓ અપના બળસે સ્વભાવ સન્મુખ હોનેકા અપના બળસે રોકકર પુરુષાર્થસે રોકકર, નાશ કરકે અંતરંગમેં અભ્યાસ કર દેખે, અંતરંગમેં રાગસે ભિન્ન અભ્યાસ કરકે દેખે. તો યહ આત્મા અપને અનુભવમેં આ જાનને યોગ્ય જિસકો પ્રગટ મહિમા હૈ, પ્રગટ મહિમા હૈ અંદર પડી હૈ. આહાહા ! અમૃતકા સાગર ઉછળતે હૈ અંદર અતીન્દ્રિય અમૃતકા સાગર ભગવાન આત્મા, આહાહા ! એ પ્રગટ મહિમા હૈ. ઐસા વ્યક્ત, અનુભવગમ્ય, નિશ્ચલ, આ શાશ્વત, શાશ્વત વસ્તુ પ્રભુ હૈ અંદર, એ નિત્ય કર્મકલંકસે રહિત સ્વયં ઐસા સ્તુતિ કરને યોગ્ય દેવ, આહાહા... એ સ્તુતિ કરનેલાયક એ ભગવાન આત્મા હૈ, આહાહા... ઉસકી સ્વીકાર કરના સત્કાર કરના એ સ્તુતિ હૈ, એ સ્તુતિ કરના એ દેવકી સ્તુતિ હૈ, દ્રવ્યકી સ્તુતિ હૈ. આહાહા ! વિશેષ કહેગા. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૭૨ શ્લોક - ૧૨-૧૩ તા. ૨૯-૮-૭૮ મંગળવાર, શ્રાવણ વદ-૧૧ સં. ૨૫૦૪

શ્રી સમયસાર ૧૨ મા કળશનો ભાવાર્થ.

**ભાવાર્થઃ** - ૧૨ મો કળશ થયો ને, શુદ્ધનયકી દૃષ્ટિસે દેખા જાય બારમા કળશ હૈ ઉસકા ભાવાર્થ હૈ ! આત્માકો શુદ્ધનય નામ નિશ્ચય દૃષ્ટિસે ત્રિકાળી જ્ઞાયકભાવકો દેખનેસે સર્વ કર્મોસે રહિત ભગવાન આત્મા તો હૈ, દર્શનકી વ્યાખ્યા હૈ, સમ્યગ્દર્શન( કી ). સર્વ કર્મોસે રહિત, રાગ

આદિથી પણ રહિત ચૈતન્યમાત્ર દેવ એ તો દૈવશક્તિ, દિવ્ય શક્તિકા ધરનાર દેવ ભગવાન આત્મા ચૈતન્યદેવ અવિનાશી એ કભી નાશ નહીં હોતા, પર્યાય પલટતી હૈ ઉસમેં એ આતા નહીં. આહાહા !

આત્મા અંતરંગમેં સ્વયં બિરાજમાન હૈ, અંતરમેં ધ્રુવમેં સારા અસંખ્ય પ્રદેશ હૈ દરેક પ્રદેશ ઉપર પર્યાય હૈ. કયા કહેતે હૈ ? આ અસંખ્ય પ્રદેશ હૈ તો ઉપર ઉપર પર્યાય હૈ ઐસા નહીં, સબ પ્રદેશ અંદરમેં પ્રદેશ ઉપર પર્યાય હૈ. આ પેટમાં અંદરમાં અસંખ્ય પ્રદેશ હૈ તો દરેક પ્રદેશ ઉપર પર્યાય હૈ. આહાહા ! એ પર્યાયકો તળમેં ધ્રુવમેં લગાકર, આહાહા... પાતાળમેં ભગવાન ધ્રુવ પડા હૈ અંદર, સ્વયં બિરાજમાન ભગવાન હૈ, ઉસકો પ્રાણી પર્યાયબુદ્ધિ બહિરાત્મા ઉસે બહાર ઢુંઢતે હૈ, પર્યાયની અંશ બુદ્ધિ રાગ બહાર ઢુંઢતે હૈ. બહારસે કોઇ મિલેગા, કોઇ ક્રિયાકાંડસે ઐસે વૈસે, આહાહા... પણ વો ભગવાન તો અંતરમેં બિરાજતે હૈ. આહાહા !

સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત, ચિદાનંદ, જ્ઞાનાનંદ સ્વભાવ ઐસી પરિપૂર્ણ ચીજ, ઉસકો અંતરમેં બિરાજમાન હૈ, પર્યાયબુદ્ધિ બહારમેં ઢુંઢતે હૈ. આહાહા ! સમજમેં આયા ? જાણે કોઇ ભગવાનની ભક્તિ કરનેસે ભગવાન આત્મા મિલ જાયેગા, કોઇ દયા, દાન, રાગકી મમતા કરનેસે ભગવાન મિલ જાયેગા આત્મા, ઐસે વર્તમાન અંશકો હી માનનેવાલા ઔર અંશની પીછે અંદર ભગવાન સમીપમેં બિરાજમાન હૈ એ પર્યાયબુદ્ધિ ઉસકો નહીં શોધતે, પર્યાયબુદ્ધિ બહાર શોધતે હૈં. આહાહા ! હૈં ? જાણે સમેતશિખરની જાત્રા કરીએ તો ભગવાન મિલ જાયેગા, નહીં ? ઐસા આયા ને ? એકવાર વંદે જો કોઇ, આતે હૈ કિ નહીં ? એક વાર વંદે જો કોઇ તાકે નરક પશુ નહીં હોઇ, પણ નરક પશુ નહીં હોય ને ? પણ ચાર ગતિ ન હોય ઐસા તો આયા નહીં. આહાહા ! એ તો શુભભાવ હૈ, વો ઉસમેં કોઇ આત્મા મિલતા હૈ ઐસા હૈ નહીં. આહાહા !

એ પ્રાણી પર્યાયબુદ્ધિ ભાષા બહુ ટૂંકી હૈ, પણ મર્મ બહોત હૈ, ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી સુખધામ અનંત અનંત દિવ્ય શક્તિકા દેવ, એ ઉસકો અંતરમેં હૈ ત્યાં શોધતે નહીં. એ પર્યાયબુદ્ધિ બહારમેં શોધતે હૈ. ઐસા કરું તો ઐસા હો જાયે. ઐસા કરું તો ઐસા હોગા, દેવ, ગુરુ, શાસ્ત્રકે બહોત ભક્તિ, બહોત વિનય કરું તો એ પ્રાપ્ત હોગા, ઐસી પર્યાયબુદ્ધિ બહાર રુકતે હૈ, આહાહાહા... છ પ્રકારકા તપ હૈ ને ? વો અભ્યંતર, બાર પ્રકારકા તપમેં છ અભ્યંતર તપ હૈ ને ? પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય, ધ્યાન, વ્યુત્સર્ગ વો ભી સબ વિકલ્પાત્મક બાહ્યકી ક્રિયાકી અપેક્ષા હૈ. આહાહા ! ઉસસે રહિત ભગવાન, જહાં હૈ ત્યાં નજર નહીં કરતે, અને પર્યાયમેં હૈ નહીં ત્યાં નજર અનાદિસે પડી હૈ. પર્યાયમેં દ્રવ્ય આયા નહીં, દ્રવ્ય રહેતે નહીં, દ્રવ્ય હૈ નહીં. આહાહાહા !

અરે, આવો વખત ક્યાં મળે ? માંડ મનુષ્યપણામાં એ જાતના ક્ષયોપશમજ્ઞાન અને ઉસકો સૂનનેકા મિલા પણ અંતરમેં જાના, આહાહાહા... ( શ્રોતાઃ– પર્યાયમેં દ્રવ્ય રહેતા નહીં કિ પર્યાયમેં દ્રવ્ય આયા નહીં. ) પર્યાયમેં દ્રવ્ય આયા નહીં. પર્યાય દ્રવ્યમેં ગઇ નહીં. ( શ્રોતાઃ– વાહ રે વાહ ) આહાહા ! અને ત્યાં પર્યાયમેં વર્તમાન અંશમેં શોધતે હૈ. યહાંસે મિલ જાયેગા ? જ્ઞાનકા ક્ષયોપશમ બહોત હુઆ તો ઉસસે મિલ જાયેગા ? વો તો પર્યાય ક્ષયોપશમ પર્યાય હૈ, ઉસમેં, વો કોઇ અખંડ તત્ત્વ નહીં. આહાહાહા... રાગકી મંદ ક્રિયા કરતે કરતે અંતરમેં એમ કે આત્મદ્રવ્ય મિલ જાયેગા, વો તો પર્યાયબુદ્ધિ હૈ. બહિરાત્મા હૈ, કહા ને ?

પર્યાયબુદ્ધિ, બહિરાત્મા, બહિર આત્મા, બહાર શોધનેવાલા, બહિર નામ સ્વરૂપમેં નહીં ઐસી ચીજકો શોધકર ઉસસે મિલેગા એ બહિરાત્મા હૈ. આહાહાહા... બહુ ઝીણું બાપુ મારગ. ઉસે બહાર ઢુંઢતા હૈ વો મહા અજ્ઞાન હૈ, આહાહા... અંતરમેં દિવ્ય શક્તિ દેવ બિરાજમાન અંતરમેં જાતે નહીં. આહાહા ! તળમેં પાતાળમેં જેમ પાણી ભરા હૈ ઐસે તળમેં પૂર્ણાનંદ ભરા હૈ ભગવાન, પર્યાયસે ભિન્ન. જો કે ઉસકા અનુભવ કરતી હૈ પર્યાય. આહાહા !

જે ત્રિકાળી જ્ઞાયકભાવકા અનુભવ હોતા હૈ પર્યાયમેં, પણ પર્યાયકે આશ્રયસે દ્રવ્યકા અનુભવ નહીં હોતા. આહાહાહા ! અને પીછે ભી અનુભવકી પર્યાયકે આશ્રયસે ચારિત્ર ને કેવળજ્ઞાન નહીં હોગા. આહાહા ! એ તો જ્ઞાયક ચિદાનંદ પ્રભુ અનંત ગુણકી ખાણ ઉસકે આશ્રયસે ચારિત્ર ને કેવળજ્ઞાન હોગા. આહાહાહા ! લોક બહારસે ઢુંઢતે હૈ પણ એ અજ્ઞાન હૈ. એ ચૌદ ગાથાકી બાત કિયા. હવે ૧૫ મી.

અબ શુદ્ધનયકે વિષયભૂત આત્માકી અનુભૂતિ એ ૧૪ મીમાં દર્શન પ્રધાન કરકે ત્રિકાળી જ્ઞાયકકી અનુભૂતિ એ સમ્યગ્દર્શન હૈ ઐસા કહા. સમજમેં આયા ? યહાં જ્ઞાનકી અનુભૂતિ હૈ એ જ્ઞાનકી અનુભૂતિ હૈ. કયા કહેતે હૈ ? જો જ્ઞાયક સ્વભાવ શુદ્ધ ચૈતન્ય, ઉસકા અનુભવ વો હી જ્ઞાનકા અનુભવ હૈ. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા તો જ્ઞાનકી પ્રધાનતાસે જ્ઞાનકી અનુભૂતિ હૈ. જે આત્માકી અનુભૂતિ હૈ. યે હી જ્ઞાનકી અનુભૂતિ હૈ. પંદરમી ગાથામેં જ્ઞાનકી અનુભૂતિકી પ્રધાનતાસે કથન હૈ. આહાહાહાહા !

જ્ઞાનકી અનુભૂતિકા અર્થ કયા ? જે ત્રિકાળી જ્ઞાયક જ્ઞાન સ્વરૂપ હૈ ઉસકો ગ્રહણ કરકે અસાધારણ જ્ઞાન સ્વભાવ જે ત્રિકાળ હૈ ઉસકો ગ્રહણ કરકે અનુભવ કરના, પ્રવચનસારમેં આયા હૈ, જ્ઞાન અધિકારમેં. અસાધારણ જ્ઞાનસ્વભાવકો ગ્રહણ કરકે પર્યાયમેં અનુભવ કરના, આહાહાહાહા... પ્રવચનસાર જ્ઞાન અધિકારમેં આયા હૈ. જ્ઞાન અધિકાર હૈ ને પહેલે, દૂસરા દર્શન અધિકાર હૈ, જ્ઞેય અધિકાર કહો કે દર્શન અધિકાર, તીસરા ચરણાનુયોગ અધિકાર હૈ. તીન. આહાહા... તો ત્યાં ઐસા લિયા હૈ કે અસાધારણ જ્ઞાન સ્વભાવ, એક ગુણ દૂસરા ગુણમેં, ઐસી ચીજ હૈ નહીં, એ ગુણ દૂસરેમેં હૈ નહીં, આ ગુણ દૂસરેમેં હૈ નહીં. ઐસે અસાધારણ ગુણકો કારણપણે ગ્રહણ કરકે ઐસા પાઠ હૈ સંસ્કૃત ટીકામાં. સમજમેં આયા ?

એ જ્ઞાયક હૈ એ જ્ઞાનસ્વભાવે વસ્તુ હૈ. સાકરકા અનુભવ કહો કે ગળપણકા, ગળપણ કહેતે હૈ ને ? ( મીઠાશ ) મીઠાશકા અનુભવ કહો, એમ આત્માકા ત્રિકાળકા અનુભવ કહો કે ઉસકા જ્ઞાનકા અનુભવ કહો. આહાહા ! આ જ્ઞાન કયા ? શાસ્ત્રજ્ઞાન નહીં, ક્ષયોપશમજ્ઞાનકી પર્યાય એ પણ આ નહીં. ક્ષાયિકજ્ઞાનકી પર્યાય તો હૈ નહીં અત્યારે. એ તો બાત નહીં, આ જ્ઞાન એટલે ત્રિકાળીજ્ઞાન સ્વરૂપ જે પિંડ પ્રભુ ઉસકા અનુભવ હૈ જ્ઞાનકા ક્ષયોપશમજ્ઞાનકી પર્યાયકા અનુભવ એ આંહી વાત હૈ નહીં. આંહી તો જૈસા આત્મા ત્રિકાળી હૈ, ઉસકા જ્ઞાનસ્વભાવ ત્રિકાળી હૈ, એ જ્ઞાનકા અનુભવ લેના હૈ યહાં. આહાહા ! પર્યાયકા અનુભવ જ્ઞાનકી પર્યાયકા અનુભવ એ નહીં ત્રિકાળી જ્ઞાનકા અનુભવ, આહાહા ! સમજમેં આયા ?

આ ૧૪ મી ગાથામેં દર્શનપ્રધાન કથન થા, હવે યહાં જ્ઞાનપ્રધાન કથન હૈ. તો એ કહેતે હૈ કે શુદ્ધનયકે વિષય ધ્યેય ધર્મીકા ધ્યેય, સમ્યગ્દૃષ્ટિકા ધ્યેય ધ્રુવ, સમ્યગ્દૃષ્ટિકા ધ્યેય ધ્રુવ,

ધ્યાનકા વિષય ધ્રુવ, આહા... આવી વાત છે. ઉસકો વિષયભૂત બનાકર આત્માકી અનુભૂતિ હી જ્ઞાનકી અનુભૂતિ હૈ. એ તો એ જ આત્માકા અનુભવ કહો કે જ્ઞાનકી અનુભૂતિ કહો, દો એક હી બાત હૈ. ગુણીકા અનુભવ કહો કે જ્ઞાન ગુણકા અનુભવ કહો. આહાહાહા ! ( શ્રોતાઃ– મહારાજ હમકો તો મોક્ષમાર્ગ સૂનાઓ. ) આ કિસકી ગાથા ચલતી હૈ ? આ મોક્ષમાર્ગ આ હૈ. જે મુક્ત સ્વરૂપ ભગવાન આત્મા, ઉસકા અનુભવ કરના એ મોક્ષમાર્ગ હૈ. અહીં તો સમ્યગ્દર્શનકી બાત ચલતે હૈ સમ્યગ્જ્ઞાનકી, ચારિત્ર તો પીછે સોળમેં લેગા.

ચૌદમેમેં દર્શન અધિકાર, પંદરમેમેં જ્ઞાન મુખ્ય અધિકાર, સોળમેમેં દર્શન, જ્ઞાન, ચારિત્ર તીનોંકા અધિકાર. ચૌદ, પંદર ને સોળ. સમજમેં આયા ? સોળમેં વો લેગા ચારિત્ર, આંહી તો હજી જ્ઞાન દર્શનકા અધિકાર કહા. ઐસે એ આત્માકા અનુભવ વો સમ્યગ્દર્શન, તો ઐસા જ્ઞાનકા અનુભવ ભી સમ્યગ્જ્ઞાન અને એ સમ્યગ્દર્શન. આહાહાહા ! આવી વાતું છે બહુ આકરી. ધીરા વિના એ વસ્તુ અંતરમાં પકડાય એવી નથી બાપુ. આહાહા ! ઘણી ધીરજ જોઇએ. અપની પર્યાયકો દ્રવ્ય તરફ ઝૂકાના એ કાંઇ સાધારણ વાત નહીં, સમજમેં આયા ? વર્તમાન પર્યાયકો આહાહાહા... ઉસકા તળ જો ધ્રુવ વો તરફ ઝૂકાના એ અલૌકિક બાત હૈ. હૈ ( શ્રોતાઃ– વો હી વિધિ બતાઓ મહારાજ. ) આજ વસ્તુ હૈ એ કહેગા.

* આત્માને સદાય ઊર્ધ્વ એટલે મુખ્ય રાખવો. ગમે તે પ્રસંગ આવે પણ દ્રવ્યસ્વભાવને મુખ્ય રાખવો. શુભાશુભ પરિણામ આવે ભલે, પણ કાયમ દ્રવ્યસ્વભાવનું ધ્યેય રાખવું. આત્માને મુખ્ય રાખતાં જે દશા થાય તે નિર્મળદશાને સાધન કહેવાય છે ને તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે ને તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે. કષાયની મંદતા કે જ્ઞાનના ઊઘાડની મુખ્યતા હશે તેની દૃષ્ટિ સંયોગ ઉપર જશે. આત્માની ઊર્ધ્વતાની રુચિ ને જિજ્ઞાસા હોય તેનો પ્રયાસ થયા વિના રહે જ નહિ. આત્માના અનુભવ પહેલાં પણ સાચી જિજ્ઞાસા હોય તેને અવ્યક્તપણે આત્માની ઊર્ધ્વતા હોય. હજુ આત્મા જાણવામાં આવ્યો નથી પણ અવ્યક્તપણે ઊર્ધ્વતા થાય અને અનુભવમાં આવે ત્યારે વ્યક્ત–પ્રગટ ઊર્ધ્વતા થાય.

**( દૃષ્ટિનાં નિધાન - ૯૯ )**

## શ્લોક - ૧૩

ઇસ પ્રકાર આગેકી ગાથાકી સૂચનાકે અર્થરૂપ કાવ્ય કહેતે હૈ પંદરમી ગાથાની સૂચનાના ઉપોદ્‌ઘાતરૂપ શ્લોક કહેનેમેં આતે હૈ તેર. આહાહાહા !

( वसंततिलका )

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-
मेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात्।।१३।।

**હવે, શુદ્ધનયના વિષયભૂત આત્માની અનુભૂતિ છે તે જ જ્ઞાનની અનુભૂતિ છે એમ આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ-** [ इति ] **એ રીતે** [ या शुद्धनयात्मिका आत्म-अनुभूतिः ] **જે પૂર્વ-કથિત શુદ્ધનયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે** [ इयम् एव किल ज्ञान-अनुभूतिः ] **તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે** [ इति बुद्ध्वा ] **એમ જાણીને તથા** [ आत्मनि आत्मानम् सुनिष्प्रकम्पम् निवेश्य ] **આત્મામાં આત્માને નિશ્ચળ સ્થાપીને,** [ नित्यम् समन्तात् एकः अवबोध-घनः अस्ति ] **'સદા સર્વ તરફ એક જ્ઞાનઘન આત્મા છે' એમ દેખવું.**

**ભાવાર્થઃ- પહેલાં સમ્યગ્દર્શનને પ્રધાન કરી કહ્યું હતું; હવે જ્ઞાનને મુખ્ય કરી કહે છે કે આ શુદ્ધનયના વિષયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ સમ્યગ્જ્ઞાન છે. ૧૩.**

---

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा ।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्पमेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात् ।।१३।।

કળશ છે કળશ એ તો, મંદિરમેં કળશ ચઢાવેને ઐસા કળશ હૈ. આહાહા ! અમૃતચંદ્રાચાર્ય ! ઉસમેં નામ આતા હૈ ને ભાઈ જગમોહનલાલજી અભી ટીકાકા નામ આપ્યા ને ? "અમૃત કળશ" આ "અમૃત કળશ" એ ફુલચંદજી પંડિતકા હૈ ઉસમેં લેખ હૈ. અભી આ કળશ ટીકાકા અર્થ કિયા ને જગમોહનલાલજીએ તો ઉસકા નામ આપ્યા હૈ 'અમૃત' ( શ્રોતાઃ- સૌ પોતાનો અભિપ્રાય લખે. ) એ તો ખ્યાલમેં હૈ, એ તો ખ્યાલમેં હૈ અને તુમે ઐસા લિખા હૈ અંદર થોડા કે ઐસી દૃષ્ટિ રખ કરકે સમજના, ખબર હૈ, આ ખબર હૈ. તમારા લખાણ દેખ્યા હૈ, બરાબર લિખા હૈ. અને કોઇ પૂછતે થે તેથી આ ફુલચંદજી ઐસા ક્યું ઉસમેં લિખા, આહાહા... મેરેકુ પૂછતે થે. કહ્યું ભાઈ ઉસને જૈન તત્ત્વ મિમાંસામેં જગમોહનલાલજીએ લિખા થા. તો ઉસને લિખા પણ છતાં છેલ્લા અક્ષર ઐસા હૈ ઉસમેં પંડિતજીકા હૈ, ખબર હૈ, કે ઐસે ત્રિકાળકા જ્ઞાયકકી દૃષ્ટિમેં લેકર સમજે, આહાહા... ઉસકો વાંચો, એ દૃષ્ટિ કરકે ઐસે વાંચના, વ્યવહારસે હોગા ને, ઐસે હોગા ને ઐસી દૃષ્ટિસે નહીં વાંચના, પંડિતજીએ લિખા હૈ. આહાહા ! આંહી તો અમૃતચંદ્રાચાર્યના અમૃતકળશ. આહાહા ! કયા કહેતે હૈ દેખો.

ઇસ પ્રકાર યહ શુદ્ધનયાત્મિકા આત્મ-અનુભૂતિઃ જે પૂર્વકથિત શુદ્ધનયસ્વરૂપ આત્માકી અનુભૂતિ દ્રવ્યકી. આત્મા જ્ઞાયક ત્રિકાળીકા અનુભવ, હૈ ? વહી વાસ્તવમેં જ્ઞાનકી અનુભૂતિ હૈ. કયા કહા ? ત્રિકાળી જ્ઞાયક જો સ્વભાવ ભાવ ધ્રુવ ઉસકા અનુભવ વોહી ઉસકા જ્ઞાનસ્વરૂપ ભગવાન ઉસકા યે અનુભૂતિ હૈ. ગુણસે લો તો જ્ઞાનકી અનુભૂતિ હૈ, દ્રવ્યસે લો તો આત્માકી અનુભૂતિ હૈ, વસ્તુ તો એકની એક હૈ. આહાહાહા ! અરે ભાઈ આવું ક્યાં મળે બાપુ ? અરે આ મનુષ્યપણા વિંખાઇ જાય છે, ચાલ્યો જાય છે સમય. આહાહા ! કરનેકી ચીજ તો આ હૈ, બાકી બધું આહા... શુદ્ધનય સ્વરૂપ જોયું ? ભગવાન કાયમ ત્રિકાળી પણ શુદ્ધનય અને એની અનુભૂતિ પણ શુદ્ધનય સ્વરૂપ. આહાહાહા !

વહી વાસ્તવમેં જ્ઞાનકી અનુભૂતિ હૈ, યહ જાનકર, કયા કહા ? સમજમેં આયા ? વસ્તુ જે સ્વયં દેવ દિવ્ય ધ્રુવ વસ્તુ જ્ઞાયક આત્મા ઉસકા અનુભવ કહો કે ઉસકા જ્ઞાન ગુણકો કારણ બનાકર અનુભવ કહો, દો એક બાત હૈ. આહાહા ! અનુભૂતિ યહ જાનકર 'સુનિષ્કમ્પમ્ નિવેશ્ય' આત્મામેં, કયા કહેતે હૈ દેખો હવે, ભગવાન જ્ઞાયક સ્વરૂપમેં આત્માકો નિશ્ચલ સ્થાપિત કર, પરદ્રવ્યના સહારા બિલકુલ નહીં એમ કહેતે હૈ. જિસમેં વિકલ્પ આદિ પરદ્રવ્યકા નિમિત્તકા કે દેવગુરુકા પણ સહારા નહીં. આહાહા ! અપના આત્મામેં આત્માકો સ્થાપિત કરકે, સમજમેં આયા ? હૈ ? આત્મનિ આત્માનમ્ સુનિષ્પ્રકમ્પમ્ નિવેશ્ય, નિવેશ્ય આહાહા... આત્મામેં આત્માકો, આત્માકો કહા નામ અપના નિર્મળ પરિણતિકે દ્વારા, અંદર સ્થાપન કરો. ઉસકો કોઇ રાગ ને નિમિત્તકા સહારા જિસમેં નહીં. આહાહા ! બહુ વાત.

આ શરૂઆતની વસ્તુ જ આ હૈ. ધર્મની શરૂઆત અહીંયાસે હોતી હૈ, ચારિત્ર તો પીછે, યહાં તો દર્શનકા અધિકાર કહા, આ જ્ઞાનકા અધિકાર, ચારિત્ર તો પીછે પણ જ્યાં દર્શન ને જ્ઞાન જ જ્યાં સચ્ચા નથી ત્યાં ચારિત્ર કહાંસે આયા ? આહા ! સમજમેં આયા ?

આત્મામેં, આત્મનિ છે ને ? આત્માનમ્, આત્માકો, અપના આત્મામેં અપના આત્માકો, નિર્મળ સ્વભાવ દ્વારા સ્થાપિત કર, આહાહા... વો રાગ ને પરસે સ્થાપિત નહીં હોતા હૈ એમ બતાતે હૈ. અપના સ્વરૂપકો અપના સ્વરૂપસે સ્થિરતા અંદર કર. આહાહા ! આત્માકો આત્મામેં આહાહાહા... ભગવાન ચિદાનંદ પ્રભુ ઐસા આત્માકો આત્માનમ્ નામ અપની શક્તિમેં, સ્થાપન કર, નિવેશ કર, નિવેશ કર, સ્થાપ, ત્યાં વાસ લે. આહાહાહાહા ! આવી વાતું છે ઝીણી.

એ કોઇ પાંચ પચીસ લાખ ખર્ચી જાય ને આંહી ધર્મ થઇ જાય ઐસા હૈ નહીં. મંદિર બંદિર બનવાઇ દિયે બે પાંચ દસ, ગજરથ ચલા દે, તો ધર્મ હો જાયે, તીન કાલમેં હૈ નહીં. પરકા સહારા બિના આત્મામેં આત્માકો, આહાહાહા ! ( શ્રોતાઃ- આત્મા કો ખુદ અભેદ જાને નિર્મળપણા સ્વભાવ હૈ ને ) આહાહાહા ! અરે મારગ તો પ્રભુ આ હૈ ભાઈ. ( શ્રોતાઃ- ઐસા કહેંગે મહારાજ ફિર મંદિર કોઇ નહીં બનવાયેંગે ) બને, બનાવી શકતે હી નહીં. એ હોના તો હોયેગા, હોયેગા, ઉસસે બનતે હી નહીં. એ પરમાણુ પુદ્‌ગલકી પર્યાય જે સમયે જ્યાં ઉત્પન્ન હોનેકી હૈ એ ઉત્પન્ન હોગી હી, પરસે નહીં. આહાહાહા ! સમજમેં આયા ? ( શ્રોતાઃ- આત્મામેં મતલબ દ્રવ્ય હૈ કિ પર્યાય ? ) આત્મામેં આત્માકી પર્યાય સ્વભાવ દ્વારા સ્થાપન કરના એમ કહેતે હૈ, રાગ દ્વારા નહીં, પર દ્વારા નહીં, અપના નિર્મળ પર્યાય દ્વારા આત્મામેં સ્થિર હોના. આહાહાહા !

આત્મામેં આત્માકો, પહેલે આત્મામેં, આત્માકો એટલે નિર્મળ પર્યાય દ્વારા સ્થિરતા કર એ નિર્મળ પર્યાય અનુભૂતિ એ આત્મા હૈ. એ પહેલા ચૌદમીમેં આ ગયા હૈ, આત્મા કહો, શુદ્ધનય કહો, અનુભૂતિ કહો, તીન બોલ આ ગયા હૈ ચૌદમીમેં. સંસ્કૃત ટીકાકા પાઠ હૈ. સમજમેં આયા ? આહાહા ! એ ભગવાન પૂર્ણાનંદ ને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ પ્રભુ ઉસકી નિર્મળ પરિણતિ દ્વારા ત્યાં આગળ સ્થાપન કર, આત્મામેં સ્થાપન ત્યાં કર, રાગ અને પુણ્ય ને વ્યવહારસે અંતરમેં સ્થાપન કર એ ચીજ હૈ હી નહીં. સમજમેં આયા ? લો આ વાત, રાડ ઐ હૈ ને કે વ્યવહાર કરતે કરતે નિશ્ચય હોગા, બિલકુલ જૂઠ બાત હૈ. સમજમેં આયા ? આહા !

પ્રભુ તેરી ચીજ તેરી ચીજકી શુદ્ધ પરિણતિ દ્વારા ત્યાં જા, ઉસકા સહારા રાગકા ને પરદ્રવ્યકા બિલકુલ હૈ નહીં. આવી ચીજ હૈ. પહેલાં ઉસકા જ્ઞાનમેં નિર્ધાર તો નક્કી કરે કે રાગસે આત્માકી પ્રાપ્તિ નહીં હોતી, અપની નિર્મળ પરિણતિ દ્વારા પ્રાપ્તિ હોતી હૈ. આહાહાહા ! અરે ઉસકી કાયમ રહેનેવાલી ચીજ કઇ, કયા હૈ ? એ તો જ્ઞાન આનંદ આદિ કાયમ રહેનેકી ચીજ હૈ. રાગ આદિ કોઇ ચીજ ઉસકી નહીં અને એક સમયકી પર્યાય ભી કાયમ રહેનેકી ચીજ નહીં, તો એ નિર્મળ પર્યાય પ્રગટ કરકે આત્મામેં સ્થાપ ત્યાં. આહાહાહા ! દૃષ્ટિકા દોર ત્યાં રખકર નિર્મળ પરિણતિ પ્રગટ કર ત્યાં આત્મામેં જા. આહાહા ! આવી વાત છે.

બીજી રીતે કહીએ તો જે નિર્મળ પરિણતિ જો હૈ એ ષટ્કારકસે પરિણતિ ઉત્પન્ન હોતી હૈ. કયા કહા ? જે દ્રવ્ય હૈ એમાં ષટ્કારક શક્તિરૂપે તો પડા હૈ, પણ જો પરિણતિ હોતી હૈ, સમ્યગ્જ્ઞાનકી, સમ્યગ્દર્શનકી, અનુભૂતિકી એ ભી ષટ્કારકકે પરિણમનસે ઉત્પન્ન હોતી હૈ. કયા કહા ? સમજમેં આયા ? સમ્યગ્દર્શનકી પર્યાયને સમ્યગ્જ્ઞાનકી અનુભૂતિકી પર્યાય, એ પર્યાય પર્યાયકી કર્તા, પર્યાય ઉસકા કાર્ય, પર્યાય ઉસકા સાધન, પર્યાય સાધન પર્યાય ઉસકા સંપ્રદાન, પર્યાયસે પર્યાય હુઇ, પર્યાયકે આધારસે પર્યાય હુઇ. આહાહાહાહા ! ( શ્રોતાઃ- સાધન તો કારણ સમયસાર હૈ. ) યહાં પર્યાય સાધક હૈ, રાગસે ભિન્ન પડકે આત્માકા સાધન કિયા વો પર્યાય સાધક હૈ. આહાહા ! રાગ બાગ સાધક હૈ નહીં. ( શ્રોતાઃ- સમયસાર એ સાધક હૈ )

સમયસાર એ આત્મા, આ સમયસારકી ભાષા ભી આધાર નહીં ત્યાં, વો સમયસાર વાંચકે ( પઢકર ) જો જ્ઞાન હુઆ વો ઇસકા કારણ નહીં. આહાહાહાહા ! કયોં ? અરે ભગવાન પાસે સૂના, સમયસાર એટલે આત્મા ઉસકા લક્ષમેં આયા કે ભગવાન આમ કહેતે હૈ પણ વો જ્ઞાનકે આધારસે અંદરમેં જા સકતે હૈ ઐસા નહીં. આહાહા ! કયોં ? વો પર્યાય પરલક્ષી હૈ. અને સ્વલક્ષી પર્યાય દ્વારા અંતરમેં જાના. આહાહા ! પંડિતજી ! બહુ ઝીણી વાત છે ભાઈ ! અરે મનુષ્યપણું જાય છે ભાઈ ! એ આંખ્યુ વીંચીને ક્યાં જાશે ? આ જો પત્તા ન લિયા, આહાહાહા... ( તો ) ક્યાંય કોઇ શરણ નથી. આહાહા !

એ ભગવાન આત્માકો, આત્માકી નિર્મળ પરિણતિ દ્વારા ત્યાં નિવેશ, સ્થાપ. તદ્દન નિરાલંબન, પરકા આલંબન બિલકુલ નહીં. સમજમેં આયા ? આહાહા ! અપના જ્ઞાયકભાવકા આલંબન લેકર જો પરિણતિ ઉત્પન્ન હુઇ એ આત્મા હૈ, ઐસે ઉસકો કહા. આત્માકો આત્માસે એટલે નિર્મળ પરિણતિ દ્વારા સ્થિર થા અંદર. આહાહાહા ! આવી વાત છે ભાઈ !

સ્થાપિત કરકે "નિત્યમ્ સમન્તાત્ એકઃ અવબોધ ઘનઃ અસ્તિ". જે પ્રભુ આત્મા સદા

સર્વ એક જ્ઞાનઘન આત્મા હૈ, આહા... ઇસપ્રકાર દેખના, ઇસપ્રકાર અનુભવના, આહાહા ! આવો મારગ, લોકોને એકાંત લાગે છે ને ? કે આ પણ, ઉસકે માટે કોઇ સાધન હૈ કે નહીં ? એમ કહેતે થે, શ્રીમદ્‌માં ગયે થે ને અગાસ આશ્રમ વ્યાખ્યાન સૂના એક ઘંટા પીછે આયે એક મારવાડી, કે તમે કહેતે હૈ એ બરાબર પણ ઉસકા કોઇ સાધન ? સાધન આ બાહ્ય કારણકે આત્મસિદ્ધિમેં પણ ઐસા આતા હૈ, 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરના સો હી' એ સાધન હૈ હી નહીં. ભાઈ ! આહાહા ! એ પ્રજ્ઞાછિણી રાગસે ભિન્ન કર ( કે ) જો હુઆ વો હી સાધન હૈ. પ્રજ્ઞાછિણી દ્વારા આત્મામાં ભેદ કરકે પરસે ભેદ કરકે અંતરમેં જા. આહાહા ! સૂક્ષ્મ બાત હૈ ભાઈ ! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવનું આ કથન હૈ પ્રભુ. આ કોઇ કલ્પિત અજ્ઞાનીના કથન આ નહીં હૈ. સંતો કહેતે હૈ એ સર્વજ્ઞે કહા એ ઇસકા આડતિયા હોકર કહેતે હૈ. મારગ તો ભગવાન આમ કહેતે હૈ, હમ તુમકો કહેતે હૈ. હમે ભી ઐસા કહા હૈ, ઐસા ન કહેકે, આહાહા ! જિનવર એમ કહેતે હૈ, આતે હૈ ને ? ઘણી ગાથામેં, જિનવર એમ કહેતે હૈ, ઐસા કહેતે હૈ. પરમાત્માકા આશ્રય લેકર બોલતે હૈ. આહાહા ! અહીંયા કહેતે હૈ સદા સર્વ ઔર, કયા કહેતે હૈ ? સદા નામ ત્રિકાળ, સર્વ ઔર, ચારે બાજુસે એક જ્ઞાનઘન ભગવાન જ્ઞાનકી અનુભૂતિ લેના હૈ ને ? આત્માની અનુભૂતિમાં દ્રવ્યકા અનુભૂતિ લેના, એક જ્ઞાનઘન જ્ઞાનપૂંજ જ્ઞાનપિંડ આત્મા હૈ ઇસ પ્રકાર દેખના ચાહિએ. આહાહાહા ! ( શ્રોતાઃ– ઘન ક્યું કહા ) હૈં ! પિંડ, જ્ઞાનકા પિંડ, જેમકે રૂકા પિંડ હૈ ને ધોકળા, કયા ધોકળા, ધોકળા કયા કહેતે હૈ ? ગઠ્ઠા, રૂકા ગઠ્ઠા નહીં આતે હૈ મોટા ? રૂઇકા, એમ આ જ્ઞાનકા ગઠ્ઠા હૈ અંદર. સ્વભાવ–સ્વભાવ, જ્ઞાનસ્વભાવકા ગઠ્ઠા હૈ. આહાહા !

ભગવાન મારગ બહુ ઐસા હૈ, અરે ઉસકો કરના પડેગા પ્રભુ શરણ બીજા નહીં હૈ કંઇ. આહાહા ! વીતરાગ ત્રિલોકનાથ ઇન્દ્રોની સમક્ષમાં આમ કહેતે થે, એકભવતારી ઇન્દ્ર જ્યારે સૂનનેકો આતે હૈ, ત્યાં ભી આતે હૈ અભી. ભગવાન મહાવીર પ્રભુ થે ત્યાંય આતે થે. ઇન્દ્ર ને ઇન્દ્રાણી દો એકભવતારી હૈ અભી સુધર્મ દેવલોક એકભવતારી છેલ્લા મુનષ્યદેહ હોકર મોક્ષ જાનેવાલે હૈ. ઉસકી પાસ ભગવાન આ કહેતે થે. આહાહા ! ઉસકી તો ખબર હૈ ઉસકો. સમ્યગ્દૃષ્ટિ હૈ. સમજમેં આયા ? આહાહા !

પ્રભુ તુમ આત્માકી અનુભૂતિ. હમ કહા, હવે તો હમ કહેતે હૈ કે જ્ઞાનકી અનુભૂતિ, એ ગુણીકા અનુભૂતિ કહા થા, હવે ગુણકા અનુભવ, પણ ગુણ એ જ્ઞાનઘન અખંડ પૂર્ણ હૈ. ગુણ ભિન્ન ગુણ ઐસા નહીં. એ ગુણકા પિંડ પ્રભુ આત્મા, જ્ઞાનઘન હૈ એમ કહ્યા ને ? એક જ્ઞાન ગુણ ભિન્ન ઐસા નહીં. આહાહા ! એ જ્ઞાનઘન હૈ સદા સર્વ ત્રિકાળ ચારે બાજુસે એક જ્ઞાનઘન આત્મા હૈ પ્રભુ. આહાહા !

ઇસ પ્રકાર દેખના, એ પ્રકારે અંદરમાં દેખના અનુભવ કરના. આહાહાહા !

**ભાવાર્થઃ** - પહેલે સમ્યગ્દર્શનકો પ્રધાન કરકે કહા થા. અબ જ્ઞાનકો મુખ્ય કરકે કહેતે હૈ કે શુદ્ધનયકે વિષયસ્વરૂપ આત્માકી અનુભૂતિ હી સમ્યગ્જ્ઞાન હૈ.

## ગાથા - ૧૫

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
*अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।
यः पश्यति आत्मानम् अबद्धस्पृष्टमनन्यमविशेषम्।
अपदेशसान्तमध्यं पश्यति जिनशासनं सर्वम्।।१५।।

येयमबद्धस्पृष्टस्यानन्यस्य नियतस्याविशेषस्यासंयुक्तस्य चात्मनोऽनुभूतिः सा खल्वखिलस्य जिनशासनस्यानुभूतिः, श्रुतज्ञानस्य स्वयमात्मत्वात्; ततो ज्ञानानुभूतिरेवात्मानुभूतिः। किन्तु तदानीं सामान्यविशेषाविर्भावतिरोभावाभ्यामनुभूयमानअपि ज्ञानमबुद्धलुब्धानां न स्वदते। तथा हि-

यथा विचित्रव्यञ्जनसंयोगोपजातसामान्य- विशेषतिरोभावाविर्भावाभ्यामनुभूयमानं लवणं लोकानामबुद्धानां व्यञ्जनलुब्धानां स्वदते, न पुनरन्यसंयोगशून्यतोपजातसामान्यविशेषाविर्भावतिरोभावाभ्याम्; अथ च यदेव विशेषाविर्भावेनानुभूयमानं लवणं तदेव सामान्याविर्भावेनापि। तथा विचित्रज्ञेयाकार करम्बितत्वोपजातसामान्यविशेषतिरोभावाविर्भावाभ्यामनुभूयमानं ज्ञानमबुद्धानां ज्ञेयलुब्धानां स्वदते, न पुनरन्यसंयोगशून्यतोपजातसामान्यविशेषाविर्भावतिरो- भावाभ्याम्; अथ च यदेव विशेषाविर्भावेनानुभूयमानं ज्ञान तदेव सामान्याविर्भावेनापि। अलुब्धबुद्धानां तु यथा सैन्धवखिल्योऽन्यद्रव्यसंयोगव्यवच्छेदेन केवल एवानुभूयमानः सर्वतोऽप्येकलवणरसत्वाल्लवणत्वेन स्वदते, तथात्मापि परद्रव्यसंयोगव्यवच्छेदेन केवल एवानुभूयमानः सर्वतोऽप्येकविज्ञानघनत्वात् ज्ञानत्वेन स्वदते।

---

હવે, આ અર્થરૂપ ગાથા કહે છેઃ-

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.**

ગાથાર્થઃ- [ यः ] જે પુરુષ [ आत्मानम् ] આત્માને [ अबद्धस्पृष्टम् ] અબદ્ધસ્પૃષ્ટ, [ अनन्यम् ] અનન્ય, [ अविशेषम् ] અવિશેષ ( તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત ) [ पश्यति ] દેખે છે તે [ सर्वम् जिनशासनं ] સર્વ જિનશાસનને [ पश्यति ] દેખે છે,-કે જે જિનશાસન [ [1]अपदेशसान्तमध्यं ] બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.

ટીકાઃ- જે આ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે, કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ

---

* પાઠાન્તર : अपदेससुत्तमज्झं ૧. अपदेश = દ્રવ્યશ્રુત; सान्त = જ્ઞાનરૂપી ભાવશ્રુત.

છે. પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ ( પ્રગટપણું ) અને વિશેષ ( જ્ઞેયાકાર ) જ્ઞાનના તિરોભાવ ( આચ્છાદન ) થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે તોપણ જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી. તે પ્રગટ દૃષ્ટાંતથી બતાવીએ છીએ.

જેમ-અનેક તરેહનાં શાક આદિ ભોજનોના સંબંધથી ઊપજેલ સામાન્ય લવણના તિરોભાવ અને વિશેષ લવણના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે ( સામાન્યના તિરોભાવરૂપ અને શાક આદિના સ્વાદભેદે ભેદરૂપ-વિશેષરૂપ ) લવણ તેનો સ્વાદ અજ્ઞાની, શાકના લોલુપ મનુષ્યોને આવે છે પણ અન્યના સંબંધરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ લવણ તેનો સ્વાદ આવતો નથી; વળી પરમાર્થથી જોવામાં આવે તો તો, જે વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું ( ક્ષારરસરૂપ ) લવણ છે તે જ સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવતું ( ક્ષારરસરૂપ ) લવણ છે. એવી રીતે-અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે ( વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ ) જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેય-લુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પણ અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી; વળી પરમાર્થથી વિચારીએ તો તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈંધવની ગાંગડી, અન્યદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે તેમ આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.

ભાવાર્થઃ- અહીં આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે. અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ-ઇન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ-લુબ્ધ થઈ રહ્યા છે; તેઓ ઇન્દ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને જ જ્ઞેયમાત્ર આસ્વાદે છે પરંતુ જ્ઞેયોથી ભિન્ન જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા. અને જેઓ જ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત નથી તેઓ જ્ઞેયોથી જુદા એકાકાર જ્ઞાનનો જ આસ્વાદ લે છે,-જેમ શાકોથી જુદી મીઠાની કણીનો ક્ષારમાત્ર સ્વાદ આવે તેવી રીતે આસ્વાદ લે છે, કારણ કે જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. આ પ્રમાણે ગુણી-ગુણની અભેદ દૃષ્ટિમાં આવતું જે સર્વ પરદ્રવ્યોથી જુદું, પોતાના પર્યાયોમાં એકરૂપ, નિશ્ચળ, પોતાના ગુણોમાં એકરૂપ, પરનિમિત્તથી ઉત્પન્ન થયેલ ભાવોથી ભિન્ન પોતાનું સ્વરૂપ, તેનું અનુભવન તે જ્ઞાનનું અનુભવન છે, અને આ અનુભવન તે ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે. શુદ્ધનયથી આમાં કાંઈ ભેદ નથી.

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं ।
❋अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं ।।१५।।

હૈ ? અપદેસમાં દ્રવ્ય લીધું, મજ્ઝં શાંતિસૂત્ર સમ્યગ્દર્શન ભાવશ્રુત લિયા, આ કહેતે હૈ કે નહીં ? અપદેસમેં અખંડ દ્રવ્ય અખંડ પ્રદેશ લેના, ઐસા અહીં બાત હૈ નહીં. સમજમેં આયા ? અભી છપા હૈ, સમયસારમેં ઐસા હૈ નહીં, એમકે દ્રવ્યશ્રુતમાં પણ આ દ્રવ્યશ્રુત શબ્દ જ દ્રવ્યશ્રુત હૈ. દ્રવ્યશ્રુતમાં એમ કે અમૃતચંદ્રાચાર્યે દ્રવ્યશ્રુતકા અર્થ, ઉસમેંસે અપદેસકા અર્થ નિકાલા હી નહીં પણ એ અપદેસ કહા વો હી દ્રવ્યશ્રુત હૈ. આહાહા ! અને દ્રવ્યશ્રુતમેંસે ભાવશ્રુત કહેના થા, દ્રવ્યશ્રુતમેં ભી, કે અંતર આનંદકા અનુભવ કરના, ભાવશ્રુત દ્વારા એ ( વો ) ભાવશ્રુત હૈ, દ્રવ્યશ્રુતમેં ભી ઐસા કહા. આહા !

દેખો કળશટીકા હૈ ને આની કળશટીકા આ ૧૩ માં આ પહેલાં ૧૩ મો શ્લોક ગયો ને આપણે ઉસકી કળશટીકામાં ઐસા લિયા હૈ. કળશટીકા હૈ ને ? કેટલામું થયું તેર, દેખો આત્માનુભવ એમ કહેતે હૈ, જ્ઞાનાનુભવ ઐસા કહ્યા નામ ભેદ હૈ, વસ્તુ ભેદ નહીં. ગુજરાતી હૈ આત્માનુભવ મોક્ષમાર્ગ હૈ. આ પ્રસંગે બીજો પણ સંશય ઉત્પન્ન હોતા હૈ, રાજમલ્લની ટીકા હૈ, કે કોઇ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઇ અપૂર્વ લબ્ધિ હૈ. દ્વાદશાંગજ્ઞાન કોઇ અપૂર્વ લબ્ધિ કોઇ કહે તો ઐસા હૈ નહીં, એ તો વિકલ્પ હૈ. પંડિતજી ! એ તો દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ હૈ.

હવે, આપણે તો અપદેસમાંથી નિકાલના હૈ, ઉસમેં પણ દ્વાદશાંગજ્ઞાનમેં પણ ઐસા કહા હૈ, કે સ્વાનુભૂતિ મોક્ષમાર્ગ હૈ. સમજમેં આયા ? બાર અંગમેં ભી યે કહા હૈ, એ દ્રવ્યશ્રુત હૈ, વિકલ્પાત્મક ભાવ હૈ પણ કહા હૈ ઉસમેં એ, કે આત્માની અનુભૂતિ તે મોક્ષમાર્ગ હૈ, ઐસા કહા. તો દ્રવ્યશ્રુતમેં ભી આ આયા. એથી અમૃતચંદ્રાચાર્યે અપદેસનો અર્થ ન કિયા, કયુંકિ અપના સૂત્ર જ એ હી હૈ, એ સૂત્ર હી અપદેસ હૈ. એ સૂત્રમેં ભી ઐસા કહા, દ્રવ્યશ્રુતમેં અને ભાવશ્રુત તો, ભાવશ્રુત તો ઉસકો તો હૈ. અંતર અનુભવ હુઆ તો ભાવશ્રુતજ્ઞાન દ્વારા, તો ભાવશ્રુતમેં તો આત્મા હી જાનનેમેં આયા થા. આહાહા ! આ કળશની ટીકા કિયા હૈ, આ ગુજરાતી છે. હિન્દી નહીં હોય અહીં હિન્દીમેંય ઐસા હૈ. દ્વાદશાંગજ્ઞાન, એ અપદેશ આયા ઉસમેં દ્રવ્યશ્રુત આ ગયા.

ઉસમેં અમૃતચંદ્રાચાર્ય બોલ લિયા તીન પણ પાંચેય લેના, ( ગાથા ) પંદરમેં તીન બોલ લિયા હૈ ને ? પાંચમેંસે પણ એ તો ગાથા સંકીર્ણ હૈ વો કારણે એ પ્રશ્ન હુઆ થા બહોત, દસ-દસકી સાલમેં ચોવીસ વર્ષ પહેલે વો થા ને વો મુખત્યાર દિલ્હી, એ કયા મુખત્યાર, હા જુગલકિશોર. આ જુગલજી ગયા ? આ ટીકા કિયા ને ઉસને કિયા થા, ખબર હૈ એમ કે આ તીન બોલ હૈ. તીન બોલ લેના પાંચમેંસે, પણ તીનમેં પાંચ આતા હૈ. અમૃતચંદ્રાચાર્યે ટીકામેં લિયા હૈ ને, પણ એ ટીકા કરતે થે, ખબર હૈ હમકો, દસની સાલ ચોવીસ વર્ષ હુઆ અમારે લાઠી ગયે થે ત્યાં આયા થા વો લખાણ કે પંદરમી ગાથામેં તીન બોલ કહા હૈ પાંચ બોલમેં દો – દો બોલ કહાંસે નિકલા ? પણ અમૃતચંદ્રાચાર્ય કહેતે હૈ એ તો સંકીર્ણ કરકે બનાયા હૈ દેખો. આહાહા !

**ટીકા**:- ટીકા હૈ ને ! જો યહ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ ને અસંયુક્ત પાંચેય નિકાલા હૈ અમૃતચંદ્રાચાર્યે નિકાલા હૈ. અરે માણસ અપની કલ્પનાસે કરે ઐસા ન ચલે ભાઈ.

સંતોની વાણી દિગંબર સંતો એટલે કોણ ? આહાહા ! એ કેવળજ્ઞાનના ટુકડા હૈ એ. અરે એક વખતે તો ઐસા કહા કે કેવળજ્ઞાની અને મુનિમાં કોઇ ફેર ન દેખના નિયમસારમેં ઐસા કહા હૈ. મુનિ એટલે કોણ ? પરમેશ્વર પદ ! આહાહાહા... ત્યાં વીતરાગી આનંદ ઉછળી રહા હૈ. પ્રચુર સ્વસંવેદન જિસકા મહોર છાપ હૈ, પાંચવી ગાથામેં આયા હૈ, એ પઢા હૈ ને ? પ્રચુર સ્વસંવેદન જિસકા મહોરછાપ હૈ. મુનિપણાકી ભાવલિંગકી છાપ કયા ? પ્રચુર, થોડા સંવેદન આનંદકા તો ચોથે પાંચમેં ભી આતા હૈ, પણ મુનિકો તો પ્રચુર સ્વસંવેદન મહોર છાપ મારી હૈ. પોસ્ટ માસ્તર મારતે હૈ કે નહીં પત્રકો ?

એમ આ ભગવાન કહે કે આહાહા... સંતોની વાતું બાપા એને પકડવું કઠણ છે. એમ કહેતે હૈ કુંદકુંદાચાર્ય. અને ટીકાકારે કહ્યું કે મુનિ અપના નિજ વૈભવસે કહેગા, નિજ વૈભવ કયા ? અપના આનંદકા અનુભવ જો હુઆ વો. એ નિજ વૈભવકી કયા ચીજ ? એ સ્વસંવેદન પ્રચુર, બહોત અતીન્દ્રિય આનંદકા વેદન એ ઉસકી મહોર છાપ હૈ. સાધુકા ભાવલિંગકી મહોર છાપ ત્યાંથી સાધુપણા ચલતા હૈ. સમજમેં આયા ?

માર્ગ હી ઐસા હૈ. એ આંહી કહેતે હૈ દેખો. પાઠમેં તો તીન બોલ લિયા. અબદ્ધસ્પૃષ્ટ અનન્ય, અવિશેષ. અસંયુક્ત એ રહી ગયા એ એમાં આ ગયા. ચૌદમેં આ ગયા ઉસમેં લે લેના. તો વો ટીકા કરતે થે મુખત્યાર, આ ગયા યુગલજી ગયે નહીં, હૈં ? ( શ્રોતાઃ– રાજકોટ ગયે ) રાજકોટ ગયા. જે અબદ્ધસ્પૃષ્ટ રાગ ને કર્મકા સંબંધ બિનાકી આત્મચીજ હૈ. ‘અનન્ય’ અનેરી અનેરી ગતિ આદિસે ભિન્ન અનન્ય હૈ. નરક મનુષ્ય આદિ અનેરી અનેરી ગતિસે અનન્ય અને અન્ય અન્ય નહીં, અન્ય અન્ય નહીં, અનન્ય હૈ. અન્ય અન્ય નહીં. આહાહા ! ‘નિયત’ પર્યાયમેં અનેકતા, પર્યાયમેં આતી હૈ. અગુરુલઘુ આદિ ઉસસે રહિત નિયત હૈ. આહા ! ઔર ‘અવિશેષ’ ગુણભેદસે રહિત સામાન્ય હૈ, અવિશેષ કહો કે સામાન્ય કહો, વિશેષ નહીં. આહાહાહાહાહા !

ઐસે આત્માકો પાંચ ભાવસ્વરૂપ, અમૃતચંદ્રાચાર્ય તો કહેતે હૈ કે પાંચ ભાવસ્વરૂપ આ ગાથામેંસે લેના, લોકો માણસ અપની ટીકા કરતે હૈ, અને અપદેસકા અર્થ અમૃતચંદ્રાચાર્યને સમજાણું નહીં માટે નહીં કિયા એમ કહેતે હૈ. એમ આયા થા છાપામેં. અરે પ્રભુ એમ ન કહેના. અમૃતચંદ્રાચાર્ય ! આહાહા ! અમૃતચંદ્રાચાર્ય સંત કોણ થા ? આહાહા ! એ ચાલતા સિદ્ધ થા. ભરતક્ષેત્રમેં થા હજાર વર્ષ પહેલે. આહાહાહા ! ( શ્રોતાઃ– કાળકા દોષ આ ગયા ને ? ) કાળકા દોષ બોષ હૈ નહીં. ભૈયા ! એ કહેતે થે કેટલાક, આહા... એ ઉસકા સ્વચ્છંદકા અજ્ઞાનીકા દોષ હૈ. આહાહા !

આંહી કહેતે હૈ કે એ પાંચ બોલ સ્વરૂપ અનુભૂતિ, હૈ ? પાંચ ભાવસ્વરૂપ અનુભૂતિ આત્માકે પાંચ ભાવ આંહી તો બદ્ધસ્પૃષ્ટકો નિકાલકર અબદ્ધસ્પૃષ્ટ લિયા તો એ પાંચ ભાવસ્વરૂપ લિયા અસ્તિપણે, બદ્ધસ્પૃષ્ટ નહીં ઐસા ન લેકર, અબદ્ધસ્પૃષ્ટ હૈ, નિયત હૈ, અવિશેષ હૈ ઐસા ભાવસ્વરૂપ ઐસા પાંચ ભાવના અસ્તિ સ્વરૂપ, આત્માકી અનુભૂતિ હૈ. આહાહાહાહા !

એ જુઓ દ્રવ્યશ્રુત આ ગયા ઉસમેં, દ્રવ્યશ્રુતકા અર્થ કિયા હી નહીં, એમ નહીં. આ દ્રવ્યશ્રુત હૈ આ. આહાહા ! સમજમેં આયા ? બહુ આકરું કામ ભાઈ ! અને સંતોની ભૂલ નિકાલના, પરમેશ્વરની ભૂલ નિકાલના જૈસા હૈ ? ( શ્રોતાઃ– સંતોએ તો સંતોની ભૂલ નિકાલી

ને ) એ સંત હતા ક્યાં ? અરે ઝીણી વાત. કોઇ વ્યક્તિનું આપણે કામ નહીં. આપણે તાત્ત્વિક વાતની વાત થાય, અંગત બાત તો સમજનાર સમજે. આહાહા ! ભાઈ ! મુનિ કિસકો કહીએ ? આહાહા ! જિસકો આત્માકા આનંદકી અનુભૂતિ હો એ ઉપરાંત જિસકો અનુભૂતિકી ઉર્ધ્વતા વધી ગઇ હો, આહાહાહા... એ આનંદના ઝૂલે ઝૂલતા હો, પ્રચુર અતીન્દ્રિય આનંદના વેદનમેં ઝૂલતે હો. આહા ! સપ્તમેં આતે હૈ તો અતીન્દ્રિય આનંદમેં છઠ્ઠે આતે તો જરી વિકલ્પ આ જાતા હૈ, છતાં અંતરમેં અતીન્દ્રિય આનંદકી ભૂમિકા પ્રમાણે તો હૈ. સમજમેં આયા ? આહાહા ! ભાઈ મુનિપણું ભાઈ બાપુ ! અલૌકિક ચીજ હૈ. એ આંહી કહેતે હૈ.

આંહી તો હજી સમ્યગ્જ્ઞાનની બાત હૈ. ઐસા આત્મા જો અબદ્ધસ્પૃષ્ટ હૈ, મુક્ત સ્વરૂપ હૈ, નિશ્ચય હૈ, સામાન્ય હૈ, ઇસકો અનુભવ કરના એ પાંચ ભાવસ્વરૂપકા ઉસકા નામ અનુભૂતિ આહા... એ જૈન શાસનકી અનુભૂતિ હૈ. આ જૈન શાસન હૈ વીતરાગી પર્યાય- ભાવશ્રુતજ્ઞાન એ જૈનશાસન હૈ. દ્રવ્યશ્રુતમેં તો કહા થા આ, ભાવશ્રુતમેં વો આત્મા અનુભવમેં આયા વો જૈન શાસન હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

હૈં ? આવું જૈનશાસન ! જૈનશાસન કોઇ પક્ષ નથી. વો તો વસ્તુ અબદ્ધસ્પૃષ્ટ હૈ. ઉસકા અનુભવ વો જૈનશાસન, વો તો વસ્તુકા સ્વરૂપ હૈ, સ્થિતિ હૈ. સમજમેં આયા ? આહાહાહા ! ( શ્રોતાઃ- જૈનશાસન તો દ્વાદશાંગ હૈ. ) જૈનશાસનમેં બાર અંગમેં આ કહા હૈ. એ કહા ને બતાયા ને અભી, બાર અંગમેં ભી અનુભૂતિ બતાયા હૈ. બાર અંગકા વિશેષ નહીં, વિકલ્પ હૈ એ વિશેષ જ્ઞાન, વિશેષ નહીં. આહાહાહા ! અંતરકી અનુભૂતિ, આહાહાહા... ઇસમેં કહા ને નવમી ગાથામેં એ નિશ્ચય શ્રુતકેવળી હૈ. અપના ભગવાન પૂર્ણ આનંદ આદિ દિવ્ય શક્તિકા ભંડાર પ્રભુ ઉસકા અબદ્ધસ્પૃષ્ટ સ્વરૂપ હૈ, નિયત સ્વરૂપ હૈ, સામાન્ય સ્વરૂપ હૈ અને રાગાદિ આકૂળતાસે રહિત સ્વરૂપ હૈ. આહાહા !

( શ્રોતાઃ- વો નિશ્ચય શ્રુતકેવળી હૈ ? ) એ જ નિશ્ચય શ્રુતકેવળી હૈ, અનુભવ હૈ ભાવશ્રુત હૈ ને ત્યાં ? આહા ! નવમી ગાથામેં કહા હૈ, નવમી ગાથામેં કહા હૈ.

"जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं।
तं सुदकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा।।"

નવમી ગાથા હૈ. **जो हि सुदेणहिगच्छदि** ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માકો અનુભવતે હૈ, એ આ **जो हि सुदेणहिगच्छदि** ભાવશ્રુતદ્વારા અંદરમેં અનુભવ કરતે હૈ **सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं** આહા ! **तं सुदकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा** લોકાલોકના દેખનારા સર્વ કેવળીઓ અથવા શ્રુત કેવળીઓ એને શ્રુતકેવળી કહેતે હૈ. આહાહા ! નવ નવ નવમી ગાથા છે, આહાહાહા... દસમી વ્યવહારની હૈ, અગિયારમી સમકિતની હૈ.

અહીંયા કહેતે હૈ આ જિનશાસન આ, ભગવાનને કહેના હૈ એ આ વીતરાગ પર્યાય, ચાર અનુયોગકા તાત્પર્ય વીતરાગભાવ હૈ, એ ૧૭૨ ગાથામેં ( પંચાસ્તિકાયમેં ) કહા. એ સૂત્ર તાત્પર્યકા અર્થ ક્યા, શાસ્ત્ર તાત્પર્ય ? કે વીતરાગતા ઐસા પાઠ હૈ, ૧૭૨ ગાથા ચારે અનુયોગકા તાત્પર્ય વીતરાગતા હૈ. વીતરાગતા પર્યાયમેં આના એ તાત્પર્ય હૈ, વો વીતરાગતા કબ આયેગી, કૈસે ? કે જો ત્રિકાળી જ્ઞાયક અબદ્ધસ્પૃષ્ટ હૈ એ વીતરાગ સ્વરૂપ હૈ. ઉસકે આશ્રયસે વીતરાગી

પર્યાય આયેગી, એ ચારેય અનુયોગોમેં આત્મા વીતરાગસ્વરૂપકા આશ્રય લેના વો કહા હૈ, સમજમેં આયા ? ઝીણી વાત છે ભાઈ ! આહા !

આ તો પરમાત્મા ત્રણ લોકનો નાથ સર્વજ્ઞદેવ એની પાસે ગયે થે કુંદકુંદાચાર્ય, હવે એને ય ઉડાવે છે, કે મહાવિદેહમાં નહોતા ગયા. અરે પ્રભુ શું કરે છે તું ? જયસેન આચાર્યની ટીકા હૈ પંચાસ્તિકાય ઉસમેં લિખા હૈ, મહાવિદેહમેં જાકર આયે ઔર શિવરાજકુમારકે માટે બનાયા ઐસા પાઠ હૈ. ઔર દર્શનસાર હૈ દેવસેન આચાર્યકા ઉસમેં તો ઐસા લિખા હૈ, અરે કુંદકુંદાચાર્ય મહાવિદેહમેં જાકર જો આ ન લાયા હોત તો હમેં મુનિપણા કૈસે પ્રાપ્ત હોતા, ઐસા લિખા હૈ દર્શનસાર. આહાહા ! દેવસેન આચાર્ય. આ તો મહામુનિ કહેતે હૈ, બાકી તો અષ્ટપાહુડની ટીકા હૈ ને વો સુખસાગર ભટ્ટારક જૈસા હૈ વો તો. ઉસકી દરેક પાહુડની પાછળ એ લિખા હૈ કુંદકુંદાચાર્ય મહાવિદેહસે આયા થા. પણ આ તો દર્શનસાર–દેવસેન આચાર્ય, પંચાસ્તિકાય–જયસેન આચાર્ય, ઐસા પાઠ હૈ. આહાહા ! ( શ્રોતાઃ– ઉસને કહા ઓ તો ઠીક સોનગઢમેં ક્યું કહેતે ? ) બસ સોનગઢમેં કહેતે હૈ, ઉસકા વિરોધ કરના. સોનગઢવાળા કહેતે હૈ કે કુંદકુંદાચાર્ય ત્યાં ગયે થે, તો કહે ના. ( શ્રોતાઃ– ઉસમેં ભી પ્રયોજન હૈ. ) પ્રયોજન હૈ.

આ તો વાત ઐસી હૈ. અહીંયા તો પ્રભુ એમ કહેતે હૈ, જિનશાસન કિસકો કહે ? ચાર અનુયોગકા સાર કિસકો કહે ? કે અપના અબદ્ધસ્પૃષ્ટકી અનુભૂતિ કરે, એ ભાવશ્રુતજ્ઞાન, એ શુદ્ધ ઉપયોગ ભાવશ્રુતજ્ઞાન એ જૈનશાસન હૈ. દ્રવ્યશ્રુતમેં ભી એ કહા હૈ ને ભાવશ્રુત આ હૈ. આહાહા ! એ કહા ને કે આ તેરમા કળશની અંદર ટીકામેં કે દ્વાદશાંગ વિકલ્પ હૈ, પણ કહા હૈ અનુભૂતિ, બારે અંગમેં કહેનેકા આશય તો તે પ્રભુ આત્મા, ઉસકી અનુભૂતિકા આશ્રય લે દ્રવ્યકા તો અનુભૂતિ હોગી, અને એ અનુભૂતિ વીતરાગી પર્યાય હૈ, વીતરાગી પર્યાય કહો કે જૈનશાસન કહો. આહાહાહા ! કહો આમાં સમજાય એવું છે, આમાં ન સમજાય એવી વાત નથી. બહુ સરસ, સરળ છે સીધી વાત. આહાહા ! આવી વાત છે પ્રભુ. ( શ્રોતાઃ– બહોત ખુલાસા કિયા મહારાજ બહુત ખુલાસા )

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત ઐસે પાંચભાવ સ્વરૂપ, દેખો ઐસા ભગવાન ઐસા પાંચ ભાવસ્વરૂપ હૈ. યૂં આત્મા ઐસે પાંચ ભાવસ્વરૂપ હૈ યૂં, સમજમેં આયા ? ઐસે પાંચ ભાવસ્વરૂપ આત્મા. દેખો, હૈ ? આહાહા ! અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અન્યત્વ એટલે અનેરા અનેરા નહીં, નિયત, નિશ્ચય સામાન્ય ઔર અસંયુક્ત, રાગસે સંયુક્ત નહીં ઐસા પાંચ ભાવસ્વરૂપ આત્મા. આહાહાહાહા ! ઐસે પાંચ ભાવસ્વરૂપ ભગવાન આત્મા ત્રિલોકનાથ પરમેશ્વર એમ કહેતે હૈ. આહાહા ! એ કુંદકુંદાચાર્ય કહેતે હૈ. એ પાંચ ભાવસ્વરૂપ ભગવાન આત્મા હૈ અંદર, અબદ્ધ નામ મુક્ત સ્વરૂપ હૈ, નિશ્ચય હૈ, રાગસે રહિત હૈ, ઔર સામાન્ય સ્વરૂપ હૈ. આહાહા... ઔર પર્યાયની અનેકતાસે ભિન્ન એકરૂપ હૈ. આહાહા ! આવી વાતું છે બાપુ.

ઐસા પાંચ ભાવસ્વરૂપ, ઐસા હૈ ને ? ઐસે પાંચ ભાવસ્વરૂપ, ઐસે પાંચ ભાવસ્વરૂપ એટલે ? અબદ્ધસ્પૃષ્ટ, નિયત, અનન્ય, અવિશેષ, અસંયુક્ત ઐસે પાંચ ભાવસ્વરૂપ, આહાહા... આત્મા ઉસકી અનુભૂતિ એ પર્યાય. આ પાંચ ભાવસ્વરૂપ તો આત્મ દ્રવ્ય. આહાહા !

સમયસાર તો વીતરાગની સાક્ષાત્ વાણી, આહાહા... જગતના ભાગ્ય કે આ શાસ્ત્ર રહી

ગયા છે. આહાહા ! ( શ્રોતાઃ- આપ પધારે અમારા ભાગ્ય ). અરે અમને તો ખેદ થાય છે. અરેરે અમે ક્યાં હતા ને ક્યાં આવી પડયા છીએ ? અરેરે ક્યાં, અમે પ્રભુ પાસે હતા ને અહીંયા આવી પડયા છીએ બાપુ. આહા ! ( શ્રોતાઃ- હમકો તો હર્ષ હોતા હૈ ને ) આ વાત તો એ જ તીર્થંકરના ઘરકી બાત હૈ પ્રભુ. આહાહા ! સાર ગજબ વાત હૈ ભાગ્ય છે જગતના કે આવી વાણી એને કાને પડે છે. આહા !

ભગવાન આત્મા કૈસા હૈ ? કે અબદ્ધસ્પૃષ્ટ હૈ, રાગસે અને વિસસ્રા પરમાણુંસે સ્પર્શ નહીં, સંબંધ નહીં, ઔર અનન્ય હૈ, અનન્ય હૈ, અનેરી અનેરી ગતિ એ નહીં, અનન્ય હૈ, એના એ હૈ, ઐસા ને ઐસા. આહાહા ! નિયત હૈ, પર્યાયમેં અનેકતા હો ઐસા નહીં નિયત હૈ નિશ્ચય હૈ. આહાહા ! ઔર ગુણકા વિશેષ ભેદ ઉસમેં નહીં, ઐસા એ સામાન્ય હૈ, ઔર અસંયુક્ત નામ રાગકી આકૂળતાસે રહિત હૈ એ આનંદ પ્રભુ હૈ. આહાહા ! સમજાણું કાંઈ ?

ઐસે પાંચ ભાવસ્વરૂપ, આહાહાહાહા... આત્મા ઉસકી અનુભૂતિ, ઐસા પાંચ ભાવસ્વરૂપ આત્મા ઉસકી અનુભૂતિ, આહાહા... યહ નિશ્ચયસે સમસ્ત જિનશાસન, સારા જૈનશાસનકા એ સાર હૈ. આહાહા ! સમજમેં આયા ? નિશ્ચયસે સમસ્ત જિનશાસન, સમસ્ત જૈનશાસન, ચારેય અનુયોગના સૂત્રમેં અને જૈનશાસન ભાવશ્રુતમેં આ હૈ. આહા... સમજમેં આયા ? ભાવશ્રુત અબદ્ધસ્પૃષ્ટકો અનુભવે એ જૈનશાસન હૈ, ભાવશ્રુત અબદ્ધસ્પૃષ્ટકો અનુભવે એ જૈનશાસન હૈ, અર્થાત્ એ પાંચભાવસ્વરૂપ વીતરાગ સ્વરૂપ ભગવાન આત્મા ઉસકી અનુભૂતિ પર્યાય વીતરાગ, એ જૈનશાસન હૈ. આહાહાહા ! કયોં કે ? એ વિશેષ આયેગા. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૭૩ ગાથા - ૧૫ તા. ૩૦-૮-૭૮ બુધવાર, શ્રાવણ વદ-૧૨ સં. ૨૫૦૪

સમયસાર ૧૫ મી ગાથા ચલતી હૈ. ફરીને ટીકા.

જો યહ, 'જે આ' આમ પ્રત્યક્ષ બતાતે હૈ આમ. જે 'આ' અબદ્ધસ્પૃષ્ટ આ આત્મા અંતર્મુખ ચીજ એ યહ અબદ્ધસ્પૃષ્ટ રાગ અને વીસસ્રા પરમાણુસે બદ્ધ અને સ્પૃષ્ટ નહીં ઐસી યે ચીજ હૈ. "અનન્ય" હૈ. અનેરી અનેરી ગતિમેં હોના યે નહીં, એકરૂપ અનન્ય સ્વરૂપ હૈ, 'નિયત' હૈ, પર્યાયમેં હિનાધિકતા અનેક પ્રકારે અગુરુલઘુગુણકે આશ્રયસે આદિ વિશેષતા દશા પર્યાયકા સ્વભાવ હૈ, તો હિનાધિકતા હોતી હૈ. પણ ઉસસે રહિત આત્મા નિયત હૈ, એકરૂપ નિશ્ચય હૈ. 'અવિશેષ' ગુણના વિશેષો ભેદ રહિત ત્રિકાળી એકરૂપ સામાન્ય હૈ. આહાહા ! "અસંયુક્ત" આકૂળતાસે રહિત, આકૂળતાસે સહિત એ પર્યાયમેં હૈ, દ્રવ્યમેં આકૂળતાસે રહિત ઐસા આનંદસ્વરૂપ ભગવાન એ પાંચ ભાવોસ્વરૂપ, આહાહા... એ પાંચ ભાવોસ્વરૂપ આત્મા, ઉસકી અનુભૂતિ. મુક્ત સ્વરૂપ ભગવાન સામાન્ય સ્વરૂપ આનંદસ્વરૂપ ઐસા પાંચ ભાવસ્વરૂપ, ઐસા આત્મા, ઉસકી અનુભૂતિ, ઉસકે અનુસાર સ્વભાવકે અનુસાર આનંદકા અનુભવ હોના એ નિશ્ચયસે સમસ્ત જિનશાસકી અનુભૂતિ હૈ. આહાહાહા ! ગાથા બહુ સરસ આવી છે. રસ, સરસ, સરસ નામ આનંદના રસ સહિતકી ગાથા હૈ. આહાહા !

ક્યોંકિ શ્રુતજ્ઞાન સ્વયં આત્મા હી હૈ. કયા કહેતે હૈ જો ભાવશ્રુતજ્ઞાન દ્વારા અબદ્ધસ્પૃષ્ટકા

અનુભવ હુઆ એ ભાવશ્રુતજ્ઞાન, હૈ ? આત્મા હી હૈ, હૈ પર્યાય, વીતરાગી ભાવશ્રુતજ્ઞાન પર્યાય, પણ ઉસકો યહાં આત્મા કહા રાગ નહીં, રાગ હૈ એ અનાત્મા હૈ. આહાહાહા ! પાંચ ભાવસ્વરૂપ ભગવાન આત્મા અસ્તિ, સામાન્ય, અબદ્ધ–બદ્ધ ને સ્પૃષ્ટ રહિત, મુક્ત, નિયત, એકરૂપ રહેનેવાલી ચીજ, સામાન્ય નામ વિશેષ ગુણકા ભેદ રહિત, ઔર આકૂળતાસે રહિત, ઐસા ભાવ પાંચભાવસ્વરૂપ ભગવાન આત્મા હૈ. આહાહાહા ! ઐસે આત્માકી ઉસકે અનુસાર કરકે અનુભૂતિ હોના, વીતરાગી ભાવશ્રુતજ્ઞાનકા પરિણમન હોના. આહાહાહ... એ જૈનશાસનકી અનુભૂતિ હૈ. આહાહા !

( શ્રોતાઃ– આત્મા પોતે જૈનશાસન છે ? ) આત્મા જૈનશાસન નહીં, આત્માકા અનુભવ કરના એ જૈનશાસન હૈ. આહાહા ! કયા કહા ? આંહી તો અનુભૂતિ પર્યાયકો જૈનશાસન કહા, ભાવશ્રુતજ્ઞાનકો જૈનશાસન કહા. દૂસરી રીતે કહીએ તો ભગવાન ( આત્મા ) પાંચ ભાવસ્વરૂપ હૈ ઉસકા અનુભવ એ શુદ્ધ ઉપયોગ હૈ. પણ આંહી ભાવશ્રુતજ્ઞાન કહેકર શુદ્ધ ઉપયોગના ખુલાસા કિયા હૈ. આહાહા ! જે શુભ અશુભ જે ઉપયોગ હૈ ઉસસે રહિત ભગવાન આનંદ સ્વરૂપ પાંચ ભાવસ્વરૂપ હૈ. આહાહાહાહા ! ઉસકા સન્મુખ હોકર જો અનુભવ હુઆ એ ભાવશ્રુતજ્ઞાન હૈ, એ શુદ્ધ ઉપયોગ હૈ, એ જૈનશાસન હૈ. આહાહા ! સમજમેં આયા ?

ચારેય અનુયોગમેં વીતરાગ( તા ) તાત્પર્ય કહેતે હૈ, તો વીતરાગ( તા ) તાત્પર્ય કૈસે હોતા હૈ કે પાંચ ભાવસ્વરૂપ ભગવાન આત્મા ઉસકી અનુભૂતિ કરે તો વીતરાગતા પ્રગટ હોતી હૈ. સમ્યગ્દર્શન પ્રથમ એ પહેલે ૧૪ મી ગાથામેં આયા, પણ એ સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય હૈ. સરાગ સમકિત ને વીતરાગ સમકિત એ તો ચારિત્ર મોહના દોષની અપેક્ષાના ભાવની અપેક્ષાએ કહા, વસ્તુ સમ્યગ્દર્શન એ તો વીતરાગી જ પર્યાય હૈ. આહાહાહા ! સમજમેં આયા ? એ આંહીયા શ્રુતજ્ઞાન કહા, દર્શનની અપેક્ષાએ સમ્યગ્દર્શન કહા, એ વીતરાગી પર્યાય કહા, એ જૈનશાસનકા અનુભવ હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

હજી સૂક્ષ્મ આયેગા થોડા પ્રભુ ! આહાહા ! કયોં કે શ્રુતજ્ઞાન સ્વયં આત્મા, શ્રુતજ્ઞાન સ્વયં આત્મા, ભાવશ્રુતજ્ઞાન સ્વયં આત્મા ઐસા કહા. આહાહા ! વીતરાગી ભાવશ્રુતજ્ઞાન જો પ્રગટ હુઆ, દ્રવ્યશ્રુતમેં તો આ કહા હૈ, એ તો ગાથા કહેતી હૈ, એટલે કોઇ કહે કે આમાં દ્રવ્યશ્રુતની વ્યાખ્યા તો આઇ નહીં. આ દ્રવ્યશ્રુત એ શબ્દ હી દ્રવ્યશ્રુત હૈ, સમજમેં આયા ? અને દ્રવ્યશ્રુતમેં એ કહા હૈ, કે ભાવશ્રુતજ્ઞાનસે અપને આત્માકા અનુભવ કરના એ જૈનશાસન, એ જૈનધર્મ, એ આતમધર્મ. આહાહાહા ! એ શ્રુતજ્ઞાન સ્વયં આત્મા હૈ. શાસ્ત્રકા જ્ઞાન ને એ ચીજ નહીં. એ તો આત્માકા અંદર આનંદકંદ ભાવસ્વરૂપ પંચ ભાવસ્વરૂપ હૈ, ઉસકા ઉપર દૃષ્ટિ લગાનેસે જો ભાવશ્રુતજ્ઞાન હુઆ એ વીતરાગી પર્યાય હૈ, એને જૈનશાસન કહેનેમેં આતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

પાઠમેં તીન બોલ હૈ પણ ટીકાકારને પાંચ બોલ જે ( ગાથા ) ૧૪ માં થા એ લે લિયા હૈ, એ તો એ તકરાર કરતે હૈ વિરૂદ્ધ, એ દસકી સાલમેં તકરાર આઇ થી, જુગલકિશોર તરફસે, દિલ્હી–જુગલ કિશોર થા ને, ઉતર્યા થા ને ઉસકા મકાન હૈ. ઉસકા મકાનમેં ઊતરે થે હમ, આતે થે સૂનનેકો પણ આ ચીજ, પીછે ૧૦ કી સાલમેં ઐસા આયા થા કે તીન જ બોલ હૈ યહાં

અનન્યમ્, અવિશેષમ, અબદ્ધસ્પૃષ્ટમ્ ત્રણ બોલ હૈ યહાં, પાંચ બોલ કહાંસે કાઢયા ? પણ ભૈયા એ તીન બોલ ગાથામેં સમ્યગ્જ્ઞાનકી બાત કરના હૈ તો અપદેસશ્રુતમ્ એ દ્રવ્યશ્રુત ભી કહેના હૈ તો વો કારણ તીનમેં પાંચ સમા જાતે હૈ, સમજમેં આયા ? આંહીયા કહેતે હૈ, આહાહા... એ શ્રુતજ્ઞાન સ્વયં આત્મા હૈ.

ઇસલિયે જ્ઞાનકી અનુભૂતિ હી, જ્ઞાન કયા ? આત્મા જ્ઞાયકસ્વભાવ જે કાયમી, ત્રિકાળી જ્ઞાનસ્વભાવ ઉસકી અનુભૂતિ એ વર્તમાન ભાવશ્રુત એ આત્માકી અનુભૂતિ હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

પરંતુ અબ યહાં, અબ વહાં, સામાન્ય જ્ઞાનકે આવિર્ભાવ, કયા કહેતે હૈ એ ? જે આત્મા જ્ઞાનસ્વભાવ હૈ ઉસકા અનુભવ કરના એ આવિર્ભાવ, જ્ઞાનસ્વભાવ સામાન્ય જો ત્રિકાળ હૈ ઉસકા અનુભવ આમાં કરના એ સામાન્ય જ્ઞાનકા અનુભવ, એ પર્યાય સામાન્ય જ્ઞાન હૈ. કયા કહેતે હૈ જરી, સામાન્યજ્ઞાનકે આવિર્ભાવ, એ સામાન્ય જ્ઞાન એટલે જ્ઞાયકસ્વરૂપ જો હૈ ઉસકી પયાર્યમેં ઇન્દ્રિયકા જ્ઞાનકા વિષયકા અનેકાકાર જ્ઞાન હોતા હૈ ઉસસે રહિત, આ પર્યાયકી બાત હૈ યહાં. આ સામાન્ય જ્ઞાન ત્રિકાળકી અહીંયા બાત નહીં હૈ. ( શ્રોતાઃ- સામાન્ય કિસકો કહેના ? ) સામાન્ય નામ, ઇન્દ્રિયકા વિષયકા હોનેસે અનેકાકાર જ્ઞાન, ઉસસે રહિત, એકીલા આત્માકા જ્ઞાનસ્વરૂપ ભગવાન, પર્યાયમેં એકીલા જ્ઞાનકા અનુભવ હોના, એ... એ... જ્ઞાન પર્યાયકા ઉસકો સામાન્યજ્ઞાન કહેતે હૈ. સામાન્ય ત્રિકાળકી બાત યહાં નહીં. એ તો પહેલે કહે દિયા કે પાંચ ભાવસ્વરૂપ હૈ એ તો ત્રિકાળ હૈ. સમજમેં આયા ? આહાહાહા !

સામાન્યજ્ઞાનકા આવિર્ભાવ એ અર્થાત્ એકીલા જ્ઞાનકી આત્માકી શુદ્ધ પર્યાયકા પ્રગટ હોના, આહાહાહા... એ સામાન્ય જ્ઞાનકા આવિર્ભાવ કહેનેમેં આતા હૈ. સામાન્યકા અર્થ દ્રવ્ય સામાન્ય ઉસકા આવિર્ભાવ ઐસા નહીં. સામાન્યકા અર્થ ? વિશેષ પ્રકારના જો રાગઆદિ હોતા હૈ કે ઇન્દ્રિયકા વિષયરૂપ અનેકાકાર જ્ઞાનકા ભેદ હોતા હૈ. ઉસસે રહિત, ઉસકા નામ સામાન્યજ્ઞાનકા આવિર્ભાવ કહેનેમેં આતા હૈ, પર્યાય હૈ હોં આ. આહાહા ! ( શ્રોતાઃ- પર્યાયકો હી સામાન્ય કહા ) એ સામાન્યમેં કહા ને, કે વિશેષ જો જ્ઞેયાકારસે રહિત માટે એકલા જ્ઞાનકા અનુભવ એ સામાન્ય જ્ઞાનકા અનુભવ. સામાન્ય નામ દ્રવ્ય અહીં નહીં લેના હૈ, એ જ્ઞાન જ અપના સ્વભાવસે અનુભવ કરે, અપની પર્યાયમેં ઉસકા નામ સામાન્ય જ્ઞાનકા આવિર્ભાવ. આહાહા !

સામાન્ય જ્ઞાન ત્રિકાળી ઉસકા આવિર્ભાવ એ પ્રશ્ન અહીંયા નહીં. સમજો પ્રભુ ! આ તો વાત અલૌકિક હૈ નાથ, જૈન શાસન કોઇ અલૌકિક વસ્તુ હૈ. આહાહા ! એ અબદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવસ્વરૂપ પ્રભુ એ ત્રિકાળી સામાન્ય કહા, હવે ઉસકા અનુભવ પર્યાયમેં, ઇન્દ્રિયકા વિષયસે અનેકાકાર જ્ઞેયાકાર જો પર્યાય હોતી હૈ, એ વિશેષ હૈ, ઉસસે રહિત-ઉસસે રહિત એકીલા જ્ઞાયકસ્વભાવકી પર્યાય, અનેકાકાર જ્ઞાન વિશેષસે રહિત, એકલા જ્ઞાનસ્વભાવકા આકાર પર્યાયમેં પાના એ સામાન્ય જ્ઞાનકા આવિર્ભાવ હૈ. આહાહા ! સમજમેં આયા ? હૈ, અંદર દેખો.

અમારે પંડિતજી બૈઠે હૈ ને યહાં, એ કહે ઉસમેં લિખા નહીં, કે ઉસમેં લિખા હૈ. આહા ! જ્ઞાનચંદજી ! કયા કહેતે હૈ સુણો. અહીંયા સામાન્ય ને વિશેષ દો પ્રકાર દેતે હૈ. તો એ સામાન્ય

જો ત્રિકાળ હૈ ઉસકી બાત યહાં નહીં, એકલા જ્ઞાયક સ્વભાવ પર્યાયમેં અનુભવમેં આના અનેકાકાર વિષયસે જે અનેકાકાર જ્ઞાનકા ભાવ હોતા હૈ એ વિશેષ હૈ, ઉસસે રહિત એકલા જ્ઞાનકા પર્યાયમેં અનુભવ આના એ સામાન્ય જ્ઞાનકા આવિર્ભાવ. આહાહા !

ફિર, આ તો અલૌકિક માર્ગ હૈ પ્રભુ ! આહાહાહા ! તો અબ વહાં સામાન્ય જ્ઞાન, જ્ઞાનકી આત્માકી નિર્મળ પર્યાય એકાકાર હોના એ સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ. આત્માકા જ્ઞાયકભાવમેં એકાકાર હોકર જો જ્ઞાનકી પર્યાય પરકા આશ્રય બિના, ભેદ રહિત, અભેદસે ઉત્પન્ન હુઆ એ સામાન્ય જ્ઞાન. સમજમેં આયા ? એ એકીલા આત્માકા અનુભવ પર્યાયમેં હોના એ સામાન્ય જ્ઞાન. એ પર્યાયકો સામાન્ય જ્ઞાન કહેતે હૈ. આહાહાહા ! સમજમેં આયા ? એ જૈનશાસન, એ ભાવશ્રુત. આહાહા ! સમજમેં આયા ? સામાન્ય જ્ઞાનકા આવિર્ભાવ પ્રગટપણા પર્યાયમેં વિશેષપણે એકરૂપ સ્વભાવકા પર્યાયમેં એકીલા આત્માકે આશ્રયસે જે અનુભવ હો ઉસકા નામ સામાન્ય જ્ઞાન કહેતે હૈ. આહાહા ! ( શ્રોતાઃ– તબ વહ જ્ઞાન હુઆ હી નહીં. ) એ જ્ઞાન પર્યાય પ્રગટ હુઇ સ્વકે આશ્રયસે ભેદરહિત એ પર્યાયકો સામાન્ય જ્ઞાન પ્રગટ હુઆ, એમ કહેનેમેં આતે હૈ. આહાહા ! આવો મારગ છે. કહો, ગાથા બહુ સારી આવી છે. અગિયાર, બાર, તેર, ચૌદ, પંદર, પ્રભુ આવો મારગ છે. આહાહા !

અહીંયા જૈનશાસન એ ભાવશ્રુતજ્ઞાન અથવા વીતરાગી પર્યાય એ જૈનશાસન, તો એ વીતરાગી પર્યાયકો અહીંયા સામાન્ય જ્ઞાન કહા હૈ, ત્રિકાળીકો નહીં. ત્રિકાળીકા અવલંબનસે એકરૂપ પરકા આશ્રય બિના જે સમ્યગ્જ્ઞાનકી પર્યાય હુઇ ઉસકા નામ સામાન્યજ્ઞાન પ્રગટ હુઆ એમ કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? ગાથા અઘરી હૈ. આહા... એક વાત.

ઔર વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનકે તિરોભાવ દેખો, ઇન્દ્રિયકા વિષયસે જો અનેકાકાર વિશેષજ્ઞાન પર્યાય હૈ ઉસસે રહિત, હૈ ? જ્ઞાનકે તિરોભાવ, ઉસકા ઢંકાઇ જાના, આહાહા... ઇન્દ્રિયોકા વિષયસે જ્ઞાન જો હુઆ, ઉસકા અનેકાકાર વિશેષ હૈ ઉસસે રહિત, હૈ ? આચ્છાદન – એ વિશેષ જ્ઞાનસે ઢંક દિયા – વિશેષ જ્ઞાનકો ઢાંક દિયા ઔર સામાન્ય પર્યાય, વીતરાગી ઉત્પન્ન હુઇ ઉસકા નામ સામાન્ય જ્ઞાન કહેતે હૈ. આહા... સમજમેં આયા ? વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનકા તિરોભાવ, વર્તમાન ઇન્દ્રિયકા વિષય, ઇન્દ્રિયજ્ઞાનકા વિશેષ વિષયસે, ઇન્દ્રિયજ્ઞાનમેં વિષયકા વિશેષસે જો જ્ઞાન હોતા હૈ એ વિશેષ હૈ, વિશેષકા નામ મિથ્યા હૈ, એ સત્ય નહીં, અપના સમ્યગ્જ્ઞાન જે જૈનશાસનકી અનુભૂતિ તે ( એ ) જ્ઞાન નહીં. આહાહા ! સમજમેં આયા ? આ તો ધીરાના કામ બાપુ. આહા !

ભગવાન પાંચ ભાવસ્વરૂપ પહેલે કહા, એ તો ત્રિકાળી વાત લઇ, પણ ઉસકા જો અનુભવ એ દ્રવ્ય સામાન્યકા અનુભવ હોના, એ સામાન્ય જ્ઞાન હૈ, એ અનુભવ હોના એ સામાન્ય જ્ઞાન હૈ. જેમાં વિશેષ જ્ઞેયાકારકા અભાવ હૈ અપના જ્ઞાનસ્વભાવકા એકલા અનુભવ હુઆ. આહાહા ! સમજમેં આયા ? પાટણીજી ! જિસમેં પાંચ ભાવસ્વરૂપ ભગવાન એ તો દ્રવ્ય કહા વસ્તુ, ઉસકા અનુભવ એ સામાન્યજ્ઞાન, ( શ્રોતાઃ– એકાકાર જ્ઞાન ? ) એ એકલા, પરની અપેક્ષા બિના હુઆ ને ? એકાકાર એટલે ઉસકો સામાન્ય જ્ઞાન કહા, ક્યા કહા ? આ તો વિશેષ સ્પષ્ટ હોયે બિના સમજે નહીં એટલે એમાં પુનરુક્તિ કાંઈ લગતી નહીં ઉસમેં. એ ભગવાન

આત્મા જે મુક્ત સ્વરૂપ, સામાન્ય સ્વરૂપ, નિયત-નિશ્ચય સ્વરૂપ, આહાહા... આકૂળતાના ભાવ રહિત આનંદસ્વરૂપ પ્રભુ, ઐસા પાંચ ભાવસ્વરૂપ પ્રભુ પોતે આત્મા હૈ, ઉસકો જ્ઞેયાકારકા વિશેષસે છૂટકર એકીલા જ્ઞાયકસ્વભાવકા જ્ઞાનાકાર હોના, ભાવશ્રુતરૂપે હોના, શુદ્ધ ઉપયોગ રૂપે હોના એ સામાન્ય જ્ઞાન કહેનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા? (શ્રોતાઃ- સામાન્યજ્ઞાનકા નમૂના આયા) નમૂના આયા અંદર, સામાન્ય એ, એ પ્રશ્ન અત્યારે નહીં.

અહીંયા સામાન્ય નામ એકીલા જ્ઞાયક સ્વભાવકે અવલંબનસે એ ઇન્દ્રિયકા વિષયસે રહિત, ઇન્દ્રિયના વિષયથી અનેકાકાર હોતા થા જ્ઞાન, એ વિશેષ જ્ઞાન, એ વિશેષ જ્ઞાનનો અર્થ? એ મિથ્યાજ્ઞાન, આહાહા... ઔર ભગવાન આત્મા પાંચ ભાવસ્વરૂપ પ્રભુ વો તો દ્રવ્ય, એ તો સામાન્ય દ્રવ્ય, હવે એ સામાન્ય દ્રવ્યમાં એ દ્રવ્યકે અવલંબનસે ભાવશ્રુતજ્ઞાન જે હુઆ વીતરાગી પર્યાય હુઇ, ઇસકો યહાં સામાન્ય જ્ઞાન કહેતે હૈ, પર્યાયકો. આહાહાહા! હૈ? દેખો અંદર, હજી આવશે વિશેષ સ્પષ્ટીકરણ.

(શ્રોતાઃ- જ્ઞેયાકાર જ્ઞાન મિથ્યા હોતા હૈ?) પર્યાયકા અનેકાકાર ઇન્દ્રિયજ્ઞાનકા વિશેષ જ્ઞાન, અનેકાકાર જ્ઞાન એ વાસ્તવિક જ્ઞાન હૈ હી નહીં. એટલે વિશેષ જ્ઞાનકા ઢંક જાના અને એકીલા આત્માકે અવલંબનસે જો ભાવશ્રુતજ્ઞાન હુઆ, વીતરાગી પર્યાય હુઇ, ઉસકો સામાન્ય જ્ઞાનકા આવિર્ભાવ કહનેમેં આતા હૈ. આહા... અને વિશેષ જ્ઞાનકા ઢંક જાના, ઇન્દ્રિયકા વિષય, ઇન્દ્રિયકા જ્ઞાન જો પરકા વિષય કરતે હૈ, ઉસમેં અનેકાકાર હોતે હૈ એ અનેકાકારકા ઢંક જાના, અને એ જ્ઞાયક સ્વભાવકા એકાકારકી પર્યાય ઉત્પન્ન હોના, ઉસકા નામ સામાન્ય જ્ઞાન. હૈ કે નહીં અંદર? એમાં આવશે હજી વિશેષ સ્પષ્ટીકરણ. આહાહા!

ઔર વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનકે દેખો, જુઓ વિશેષ જ્ઞેયાકાર જ્ઞાન, જ્ઞેયાકાર જે ઇન્દ્રિયોના વિષયો. જ્ઞેયાકાર જ્ઞાન, ઉસકા ઢંક જાના અણીન્દ્રિય જ્ઞાનકા અંદર ઉત્પન્ન હોના એ જ્ઞાનકો સામાન્ય કહેતે હૈ. ઔર ઇન્દ્રિયજ્ઞાનસે જો જ્ઞાન હોતા હૈ એને વિશેષ કહેતે હૈ, એ જ્ઞાન મિથ્યા હૈ, ઢંક જાના. આહાહાહા! આવી વાત છે પ્રભુ, શું થાય? આહાહા! સમજાય એવું છે, ભાષા જરી સાદી છે. ભાષા એવી કઠણ નથી કોઇ સંસ્કૃત ને ભાવ તો છે એ છે ભગવાન, શું થાય?

પરકા ઇન્દ્રિયજ્ઞાનના વિષયથી હુઆ અનેકાકાર જ્ઞાન, ઉસકા લક્ષ છોડકર, આહાહા... એકીલા આત્મસ્વરૂપ ભગવાન પાંચ ભાવસ્વરૂપ ઉસમેંસે જો જ્ઞાન હુઆ એ સામાન્ય જ્ઞાન કહેનેમેં આતા હૈ. પર્યાયકો સામાન્ય જ્ઞાન કહેનેમેં આતા હૈ. વીતરાગી પર્યાયકો ભાવશ્રુતજ્ઞાનકો સામાન્યજ્ઞાન કહેનેમેં આતા હૈ. આહાહા! હૈં? (શ્રોતાઃ- કયોં) કેમ એ વસ્તુ પરકા ઇન્દ્રિયકા જ્ઞાનકે આકારસે રહિત એકાકાર જ્ઞાનકા આકાર હૈ. ભગવાન આત્મજ્ઞાન સ્વરૂપ જે ત્રિકાળ પાંચ ભાવસ્વરૂપ કહા ઉસકે એકાકાર હુઆ, ઉસકે એક દ્રવ્યકે આકાર એકાકાર જ્ઞાન હુઆ, એકાકાર જ્ઞાન હુઆ વો સામાન્ય જ્ઞાન કહેનેમેં આતા હૈ. આહાહા! આવી વાત છે.

કહો, ગોદિકાજી? એમાં ક્યાંય નિલમ ફિલમમાં મળે એવું નથી. ન્યાં ક્યાંય, રખડા રખડ કરે છે જ્યાં ત્યાં તે, આંહી જાવાનું છે અંદરમાં એમ કહે છે એય! આ વળી વધારે કરોડપતિ છે. ધૂળ ધૂળ, આહાહા!

અહીંયા તો ભગવાન પાંચ સ્વરૂપે પ્રભુ, આહાહા... આચાર્યની શૈલી તો જુઓ એક.

આહાહા ! ભગવાન આત્મા મુક્ત સ્વરૂપ, સામાન્ય સ્વરૂપ, નિયત સ્વરૂપ, રાગ આકૂળતાસે રહિત આનંદ સ્વરૂપ, એ પાંચ ભાવસ્વરૂપ ભગવાન આત્મા હૈ, ઉસકા આશ્રયસે એકાકાર જ્ઞાન જો ઉત્પન્ન હોતા હૈ, ઉસકો યહાં સામાન્ય જ્ઞાન કહેનેમેં આતા હૈ. સામાન્યકા જ્ઞાન હુઆ માટે સામાન્ય જ્ઞાન એમ નહીં, એને એકાકાર સ્વભાવકા જ્ઞાન હુઆ, માટે તે જ્ઞાનકો સામાન્ય જ્ઞાન કહેનેમેં આતા હૈ. તે જ્ઞાનકો ભાવશ્રુત કહેનેમેં આતા હૈ, તે જ્ઞાનકો વીતરાગી પર્યાય કહેનેમેં આતા હૈ, તે જ્ઞાનકો જૈનશાસન કહેનેમેં આતા હૈ, જૈનશાસન દ્રવ્ય નહીં, ભાવ. ( અર્થાત્ પર્યાય ) આહાહા ! સમજમેં આયા ? પુસ્તક હૈ ને સામે ? આહાહા !

સામાન્યજ્ઞાનકે આવિર્ભાવ, આહાહા ! ૧૧ મી ગાથામેં એક આયા હૈ, ત્યાં ઐસા આયા હૈ, કે જ્યાં જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ હી ત્રિકાળ હૈ. પણ ઉસકા અનુભવ હુઆ ત્યારે જ્ઞાયકભાવ આવિર્ભાવ હુઆ, ઐસા પાઠ હૈ અગિયારમીમાં, આ જ્ઞાયકભાવ આવિર્ભાવ, જ્ઞાયકભાવ તો જ્ઞાયક હી હૈ, પણ પર્યાયમેં ભાન હુઆ તો જ્ઞાયકભાવ આવિર્ભાવ હુઆ, ઐસા ખ્યાલમેં આયા કે આ જ્ઞાયકભાવ, એને આવિર્ભાવ હુઆ એમ કહેનેમેં આતા હૈ, જ્ઞાયક તો જ્ઞાયક ત્રિકાળ આવિર્ભાવ તિરોભાવ જ્ઞાયકમેં હૈ હી નહીં. આહાહાહા ! સમજમેં આયા ? ૧૧ મી ગાથામેં હૈ, જ્ઞાયકભાવ આવિર્ભાવ હુઆ, જ્ઞાયકભાવ તિરોભૂત હોતા થા ? જ્ઞાયકભાવ તો જ્ઞાયક હૈ ત્રિકાળ હૈ, એમાં આવિર્ભાવ ને તિરોભાવ જ્ઞાયકભાવમેં હૈ હી નહીં. પણ વો જ્ઞાયકભાવ હૈ ઐસા અનુભવમેં આયા ત્યારે જ્ઞાયકભાવ આવિર્ભાવ હુઆ એમ કહેનેમેં આયા.

દૃષ્ટિમેં ઉસકા સ્વીકાર હુઆ પહેલે આ જ્ઞાયકભાવ હૈ ઐસા ( દૃષ્ટિમેં ) નહીં થા, તો જ્ઞાયકભાવ ધ્રુવ ઐસા સ્વીકાર આયા તો એ પર્યાયમેં જ્ઞાયકભાવ આવિર્ભાવ હુઆ, પર્યાયમેં જાનનેમેં આયા માટે. સમજમેં આયા કંઇ ? જ્ઞાનચંદજી ! એ અગિયારમી ગાથાના, આહાહા... ઔર ઇન્દ્રિયજ્ઞાનકા વિષયમેં જબ પડા હૈ, ઉસકો જ્ઞાયકભાવ તિરોભૂત હો ગયા હૈ, ઉસકા ખ્યાલમેં આયા નહીં. એ તિરોભાવ હુઆ. વસ્તુ તો વસ્તુ હૈ જ્ઞાયકભાવ, આવિર્ભાવ ને તિરોભાવ જ્ઞાયકભાવ નહીં હોતા. એ તો ત્રિકાળ શુદ્ધ જ્ઞાયકભાવ હી હૈ, પણ પર્યાયમેં ખ્યાલમેં ન આયા, ત્યારે એ જ્ઞાયકભાવ ઉસકો તિરોભૂત હો ગયા, ઢંક ગયા એની દૃષ્ટિમેં. સમજમેં આયા ? આહાહાહાહા ! શું મારગ પ્રભુનો !

એ પ્રભુ સ્વરૂપ, ભગવાન પરમેશ્વર સ્વરૂપ હી હૈ. પરમેશ્વર સ્વરૂપ એ આત્મા વીતરાગ સ્વરૂપ કહો, પરમેશ્વર સ્વરૂપ કહો, પ્રભુ સ્વરૂપ કહો, એ તો વસ્તુ, હવે એ વસ્તુને આશ્રયે જે જ્ઞાન પ્રગટ હુઆ એ જ્ઞાનકો પર આશ્રયકા અભાવ હૈ, ઇન્દ્રિયકા વિષયના અનેકાકાર જ્ઞાન વિશેષના અભાવ હૈ, તિરોભૂત હૈ, અને આ સમ્યગ્જ્ઞાન જો સામાન્ય એકરૂપ પર્યાય હુઇ, એ પ્રગટ હૈ, એ આવિર્ભાવ હુઆ, તિરોભૂત–જ્ઞેયાકારસે અનેક ઉસકો તિરોભૂત હૈ, ઉસકે જ્ઞાન હૈ નહીં ઉસમેં ઐસા. સામાન્ય જ્ઞાનમેં, ઇન્દ્રિયસે ઇન્દ્રિયજ્ઞાનકા વિશેષસે અનેકાકારકા જ્ઞાન, સામાન્ય જ્ઞાનમેં હૈ નહીં. સામાન્ય જ્ઞાન કયા ? અનુભવકી પર્યાય હુઇ વો સામાન્યજ્ઞાન. આહાહા ! સમજમેં આયા ?

ગાથા બહુ ઊંચી છે ને આખું જૈનશાસન બતાવે છે. આહાહા ! જૈનશાસન કોઇ સંપ્રદાય નથી કોઇ પક્ષ નથી, એ વસ્તુ જે વસ્તુ જે પાંચ ભાવસ્વરૂપ હૈ, વસ્તુ, ઉસકા અનુભવ એ

ભાવશ્રુતજ્ઞાન, એ જૈનશાસન, એ વસ્તુનું સ્વરૂપ. આહાહા ! પર્યાયમાં ખ્યાલમેં આયા ત્યારે વસ્તુ હૈ ઐસી પ્રતીત હુઇ, ખ્યાલમેં નહીં થા તો વસ્તુ તો ઉસકો હૈ હી નહીં. સમજમેં આયા ? એ પ્રશ્ન હુઆ થા અભી દો તીન વરસ પહેલે, એક વીરજી વકીલ થા અહીંયા કાઠિયાવાડમેં દિગંબરકા અભ્યાસ પહેલાં વિરજીભાઈકો ૯૧, ૯૨ વર્ષે ગુજર ગયે. આખા કાઠિયાવાડમેં પહેલા દિગંબરકા અભ્યાસી, ઉસકા લડકા હૈ ઉસને પ્રશ્ન કિયા, કે મહારાજ ! આ આત્મા કારણ પરમાત્મા હૈ તો કાર્ય કયું નહીં આતા હૈ, કારણ હૈ તો કાર્ય આના હી ચાહીયે ઐસા પ્રશ્ન કિયા. ભગવાન આત્મા તો આ પાંચ ભાવસ્વરૂપ હૈ એ કારણ પરમાત્મા હૈ. સમજમેં આયા ? અરે ! આ કારણ પરમાત્મા નિયમસારમેં આતા હૈ, તો કારણ પરમાત્મા વસ્તુ હે તો તો કાર્ય તો આના ચાહિએ ? મેં કીધું બરાબર હૈ પણ કારણ પરમાત્મા હૈ ઐસા જિસકો સ્વીકાર હૈ, સ્વીકાર હૈ ઉસકો કારણ પરમાત્મા હૈ તો ઉસકો કાર્ય આયા વિના રહે નહીં સમ્યગ્દર્શન. પણ કારણ પરમાત્મા હૈ ઇસકો સ્વીકારેય નહીં તો એને કારણ પરમાત્મા ક્યાં આયા ? સમજમેં આયા ? એ તો હૈ હી ભગવાન તો પણ હૈ ઉસકી પ્રતીતમેં ને જ્ઞાનકી પર્યાયમેં જ્ઞેયરૂપે આયે તો ઉસકો કારણપરમાત્મા હૈ તો કારણપરમાત્મા હૈ. ઐસી પ્રતીતિ આઇ તો સમ્યગ્દર્શન કાર્ય હુએ બિના રહે નહીં. પણ કારણપરમાત્મા હૈ ઐસા સ્વીકાર કરે ને કારણપરમાત્મા હૈ ઐસા ઉસકો બેસે તબ કાર્ય હોતા હૈ. આહાહા ! સમજમેં આયા ?

બહોત પ્રશ્ન ચલા થા. આંહી તો સૂક્ષ્મ બાત ચલતી હૈ ને બહોત, અભ્યાસ તો બહોત કરતે હૈ લોકો. કારણપરમાત્મા હૈ એ જ્ઞાયકભાવ ત્રિકાળ હૈ, પણ જ્ઞાયકભાવ હૈ કિસકો જિસકો અસ્તિ હૈ ઐસા શ્રદ્ધા જ્ઞાનમેં સ્વીકાર હુઆ ઉસકો કારણ પરમાત્મા હૈ. જિસકો યે શ્રદ્ધા જ્ઞાનમેં સ્વીકાર નહીં, ઉસકો કારણપરમાત્મા દૃષ્ટિમેં કહાંસે આયા ? સમજમેં આયા ? આહાહા ! આવો મારગ વીતરાગનો બહુ સૂક્ષ્મ ભાઈ, બહુ સૂક્ષ્મ ભાઈ ! ( શ્રોતાઃ– સ્વીકાર ન કરે તો કારણપરમાત્મા કંઈ ચલા જાતા હૈ ) એને કયાં હૈ ? એને તો રાગ ને પર્યાય હૈ. તો ઇસકો કારણપરમાત્મા ક્યાં હૈ શ્રદ્ધામેં ? સમજમેં આયા ? પર્યાયદૃષ્ટિવાનકો દ્રવ્ય ઐસા હૈ ઐસા આયા ક્યાં ? આહાહા ! એક સમયકી પર્યાય વ્યક્ત હૈ ને રાગ હૈ વો હી ઉસકો દૃષ્ટિમેં હૈ, તો ઉસમેં કારણપરમાત્મા આયા કહાંસે ? ઐસે હૈ તો, હૈ ઉસકો આયા કહાંસે યહાં ?

( શ્રોતાઃ– પારસમણી લોહાકા સ્પર્શ કરે તો લોહા સોના બન જાતા હૈ. ) પારસમણી ! નહીં નહીં નહીં નહીં ઉસ કારણ લોહાસે પારસમણીકા સ્પર્શસે લોહા સોના હોતા હૈ ઐસા હૈ નહીં. ઉસકી યોગ્યતાસે હોતા હૈ. સમજમેં આયા ? બહુ અલૌકિક વાતું હૈ બાપા આ તો. એ તો ભાષા તો ઐસા હૈ ને "પારસમણિ ઔર સંતકો બડો આંતરો જાણ, વોહી લોહાકો કંચન કરે વોહી અપને સમાન" ઐસા શ્લોક આતા હૈ. કયા કહા ? સબ આંહી તો બહોત દેખા હૈ સબ કરોડો શ્લોક દેખા હૈ, શ્વેતાંબરકા, દિગંબરકા, સારી જિંદગી ૭૨ વર્ષસે ઉસમેં હૈ. ઇસમેં કહા હૈ ને "પારસમણિ ઔર સંતકો બડો આંતરો જાણ, પારસમણિ ઔર સંતકો બડો આંતરો જાણ, વો પારસમણિ લોહાકો કંચન કરે અને સંત આપ આપ સમાન" આહાહા ! એ સંતકા સમાગમસે સમજે ઉસકો આપ સમાન કરતે હૈ, ઐસા કહેનેમેં આતા હૈ. એ શ્લોક આતા હૈ ને ?

ખબર હૈ ને અમારે ઘણા વરસથી અમારે સંપ્રદાયમાં ચાલતે થે. એમ કહે પારસમણિ

લોહાકો ( સોના ) પારસમણિ નહીં કર સકતે હૈ, નિમિત્ત તરીકે પણ વો લોહાકો સોના તરીકે હો જાતા હૈ, પારસમણિ નહીં હોતા, અને સંત જો વીતરાગી મુનિ મહા ભગવાન, આહાહા... પંચપરમેષ્ઠિ ઉસકા અનુભવકી બાત એ કહેતે હૈ ને જો સૂને ને સમજે તો અપની દશા જૈસી ઉસકો હો જાએ. સમજમેં આયા ? ( પારસમણિસે, પારસમણિ લોહા નહીં કરતે એ, સોના કરતે હૈ બસ ઇતના. આહાહા ! )

અને ત્રણલોકનો નાથ ભગવાન વીતરાગ ને વીતરાગના સંતો ઉસકા સમાગમ ને સેવા કરે, સેવા નામ એ આજ્ઞા કહેતે હૈ, વીતરાગતા પ્રગટ કરે, આજ્ઞા ઉસકી વીતરાગ પ્રગટ કરનેકી હૈ. સંતોકી વીતરાગી શાસનકી સારાકી વીતરાગી પર્યાય પ્રગટ કરનેકી આજ્ઞા હૈ, એ આજ્ઞાકી સેવા કરી તો સંતકી સેવા કબ કહેનેમેં આતા હૈ ? તો એણે જે આજ્ઞા કિયા વીતરાગી પર્યાય, વીતરાગી પર્યાય પ્રગટ કરે તો સંતની સેવા એણે નિમિત્તસે કિયા ઐસા કહેનેમેં આતા હૈ આહાહા ! સમજમેં આયા ?

આંહી તો આ શબ્દમેં જરી, સામાન્ય જ્ઞાનનું પ્રગટપણું અર્થાત્ એકાકાર જ્ઞાનકા એકાકારકા હોના, ઔર વિશેષ જ્ઞાન અનેકાકારકા ઢંક જાના, એ સબ જ્ઞાનમાત્રકા અનુભવ કિયા એ જબ એકલા આત્મા જ્ઞાન સ્વભાવ ઉસકા અનુભવ જ્ઞાનકા પર્યાયમેં કિયા જ્ઞાનમાત્ર, રાગ નહીં, ભેદ નહીં, જ્ઞાનમાત્રકા અનુભવ કિયા જાતા હૈ, તબ જ્ઞાન પ્રગટ અનુભવમેં આતા હૈ, દેખો. સમજમેં આયા ? આહાહા !

જબ જ્ઞાનમાત્રકા અનુભવ પર્યાયમેં, એકાકાર જ્ઞાનકા અનુભવ કિયા જાતા હૈ, તબ જ્ઞાન પ્રગટ અનુભવમેં આતા હૈ, ત્યારે પર્યાયમેં સામાન્ય જ્ઞાનકા અનુભવ હોતા હૈ. આહાહા ! તથાપિ જો અજ્ઞાની હૈ દેખો, જ્ઞેયોમેં આસક્ત હૈ, ઇન્દ્રિયજ્ઞાનના વિષયોમાં અનેકાકાર હુઆ જ્ઞાન ઉસમેં આસક્ત હૈ. આહાહાહાહા ! ઇન્દ્રિયજ્ઞાનકા વિષયોમેં અનેકાકાર હુઆ જ્ઞાન ઉસમેં જે આસક્ત હૈ. આહાહાહા ! જ્ઞેયોમેં આસક્ત હૈ, ઉન્હેં વો સ્વાદમેં નહીં આતા. દેખો, આહાહાહા !

ઇન્દ્રિયજ્ઞાનના વિષયોથી હુઆ અનેકાકાર જ્ઞાન, ઉસમેં જો આસક્ત હૈ ઉસકો આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ ઔર ઉસકા સ્વાદ જ્ઞાનાકારકા હૈ, ઐસા સ્વાદ ઉસકો આતા નહીં. ઉસકો તો રાગ અને દ્વેષકા અજ્ઞાનકા સ્વાદ આતા હૈ, આહાહાહા ! વિશેષ, વિશેષ યહાં ક્યા કહેતે હૈ ? પહેલે તો કહા કે વિશેષ આત્મામેં હૈ હી નહીં. એ તો સામાન્ય વસ્તુકી બાત કહા. સામાન્ય– અવિશેષ કહેતે હૈ ને અવિશેષ સામાન્ય એ વસ્તુ, હવે અહીંયા વિશેષ એટલે કયા ? કે ઇન્દ્રિયકા વિષયમેં અનેકાકાર હુઆ જ્ઞાન ઉસકો ઢંક દિયા, અને ઉસકા ( જ્ઞાન ) અનેકાકારમેં રુક ગયા એ વિશેષ જ્ઞાન, દૃષ્ટાંત દેગા શાકકા.

શાક, શાક કહેતે હૈ ? કયા કહેતે હૈ ? શાક, શાક, શાક દ્વારા લવણકા સ્વાદ આના એ વિશેષ હુઆ. અને લવણકા સ્વાદ લવણ દ્વારા આના એ સામાન્ય હુઆ. સમજમેં આયા ? એ દૃષ્ટાંત દેગા સ્પષ્ટ સમજાનેકો કે શાક, આ શાક ખારા હૈ એમ કહેતે હૈ ને ? શાક બહોત ખારા હૈ, શાક ખારા હૈ ? શાક તો શાક હૈ, ખારા તો નમક હૈ એ નમકકા સ્વાદ શાક દ્વારા જિસકો આયા એ વિશેષ હુઆ, અને નમકકા સ્વાદ નમક દ્વારા આયા એ ઉસકા સામાન્ય હુઆ. આહા !

એમ જ્ઞાનકા સ્વાદ અપના અનુભવમેં સામાન્ય નામ જ્ઞાનકા એકાકારપણાકા સ્વાદ

આયા એ જ્ઞાનકા સ્વાદ, ઔર જ્ઞેયકા અનેકાકારકા સ્વાદ એ રાગ ને દ્વેષકા સ્વાદ, એ કર્મ ચેતના ને કર્મફળ ચેતનાકા સ્વાદ. આહાહાહા ! સમજમેં આયા ? ઔર સામાન્ય જ્ઞાનકા વેદન આયા વો જ્ઞાનચેતના હુઇ. જ્ઞાન ચેતના અને વિશેષ જો પ્રકાર હૈ ઉસકા વેદન એ કર્મ ને કર્મફળ ચેતના હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

( શ્રોતાઃ- જ્ઞેયોમેં આસક્ત હૈ. ) ઇન્દ્રિયકા જ્ઞાનકા જ્ઞેયોમેં આસક્ત લક્ષ ત્યાં હી હૈ. વસ્તુ અહીંયા હૈ એ ખ્યાલેય નહીં. બસ ઇન્દ્રિયજ્ઞાનમેં લુબ્ધ ઇન્દ્રિયજ્ઞાનકા વિષયમેં અનેકાકારકા હુઆ જ્ઞાનમેં લુબ્ધ. આહાહા ! આહાહા !

આ ઇન્દ્રિયસે જો જ્ઞાન સૂનનેમેં આતા હૈ ને, એ ભી જ્ઞાન ઇન્દ્રિયજ્ઞાન હૈ, એ અણીંદ્રિયજ્ઞાન નહીં. કયા કહા ? ભગવાનકી વાણી સૂની અને જ્ઞાનકી પર્યાય હુઇ એ અણીંદ્રિયજ્ઞાન નહીં, ૩૧ ગાથામેં કહા હૈ. સમયસાર ૩૧ 'જોં ઇંદિયે જિણિતા ણાણસહાવાધિઅં મુણદિ આદં !' ઇંદિયં જિણિતાના અર્થ ત્રણ પ્રકારે લિયા. સંત અમૃતચંદ્રાચાર્યે ( ૧ ) એક તો દ્રવ્ય ઇન્દ્રિય આ જડ ( ૨ ) ભાવેન્દ્રિય એક એક વિષયકો જાનનેવાલા ભાવ ઇન્દ્રિય ઔર ( ૩ ) ઇન્દ્રિયકા વિષય ચાહે તો દેવ, ગુરુ, શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ સબકો ઇન્દ્રિય કહેનેમેં આયા હૈ. જડ ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય ઔર ઉસકા વિષયોકો ભી ઇન્દ્રિય કહેનેમેં આયા હૈ. પાઠમેં ટીકામેં લિયા હૈ અમૃતચંદ્રાચાર્ય. તીનોંકો જીતે, આહાહાહાહા... એ તીનોંકા લક્ષ છોડકર ઉસસે શ્રુત જો હુઆ ઇન્દ્રિયજ્ઞાન હુઆ એ તો. ભગવાને કહા ને સૂના તો વો જ્ઞાન, ઇન્દ્રિયજ્ઞાન હુઆ. કયોંકિ ઇન્દ્રિયકા વિષય એ હૈ, અને ઉસસે જ્ઞાન હુઆ તો ઇન્દ્રિયજ્ઞાન હૈ. આહાહાહા ! કયા કહા એ ? ( શ્રોતાઃ- વો ઇન્દ્રિયજ્ઞાન જ્ઞેય હૈ ? ) ભાવઇન્દ્રિયમેં દ્રવ્ય ઇન્દ્રિયકા નિમિત્તસે ને ભગવાનકી વાણીકા નિમિત્તસે જે જ્ઞાન હુઆ એ ઇન્દ્રિયજ્ઞાન હૈ, એ વિશેષ હૈ. એ આત્માકા જ્ઞાન નહીં.

ઝીણી વાત હૈ ભાઈ, બહુ આકરું કામ છે. વર્તમાનમેં તો એટલો ગોટો ઉઠયો છે આખો તત્ત્વનો, આખી વાત ફેરવી નાખી બાપા. આ તો વીતરાગ મારગ ત્રણ લોકના નાથ. આહાહાહા ! એનો માર્ગ કેવો હશે. આહાહા !

એ આંહી કહેતે હૈ કે ભગવાન ને ભગવાનકી વાણીકો ઇન્દ્રિય કહા હૈ ૩૧ મી ગાથામેં. ભગવાન ને ઉસકી વાણીકો ઇન્દ્રિય કહા હૈ. પર હૈ ને ? તો દ્રવ્યઇન્દ્રિય, ભાવઇન્દ્રિય ને ઉસકા વિષયકો, તીનોંકો ઇન્દ્રિય કહા હૈ. એ ઇન્દ્રિયજ્ઞાનમેં જો જ્ઞાન હોતા હૈ એ વિશેષ અનેકાકાર જ્ઞાનકા, અનેકાકારરૂપ એ વિશેષ જ્ઞાન ( હૈ ) એ સામાન્ય જ્ઞાન નહીં. એ આત્માના અવલંબનસે વિશેષ જો જ્ઞાન હોતા હૈ એ સામાન્ય જ્ઞાન. આત્માકા ત્રિકાળી સ્વભાવના આશ્રયસે વિશેષજ્ઞાન હુઆ એ વિશેષજ્ઞાનકો સામાન્ય જ્ઞાન કહા આંહીયા. આહા ! અરે, સમજમેં આયા ? અને જ્ઞેયોમાં જે આસક્ત હૈ, આહાહા ! હૈ ? એ ખરેખર તો શ્રુત શબ્દો ભગવાનકી વાણી ને ભગવાનકા યહાં જ્ઞાન હુઆ, એ સબ જ્ઞેય હૈ, એ અપના જ્ઞાન નહીં. આહાહાહા ! એ જ્ઞેયોમેં જે આસક્ત હૈ, ઇન્દ્રિયસે જ્ઞાન હુઆ એ જ્ઞેય, પરજ્ઞેય હૈ એ સ્વજ્ઞેય નહીં, અણીન્દ્રિય સ્વજ્ઞેય નહીં. આહાહા ! સમજમેં આયા ?

ભાઈ આ તો વીતરાગનો મારગ પ્રભુ ! આહાહા ! ઉસકો સમજનેમેં બહોત પ્રયત્ન ચાહિએ, આહાહા ! ઐસા કોઇ શાસ્ત્ર પઢ લિયા અને ભણી લિયા માટે જ્ઞાન હો ગયા ઐસે હૈ

નહીં. ( શ્રોતાઃ– શાસ્ત્ર રચના હુઈ કૈસે ) કયા કહેતે હૈ ? શાસ્ત્ર રચના જડસે હુઇ હૈ. ( શ્રોતાઃ– શાસ્ત્ર બનાયા કોણે ? ) કોણે બનાયા હૈ ? કોઇએ બનાયા નહીં. જડસે બના હૈ. એ તો અમૃતચંદ્રાચાર્ય આખિરમેં કહેતે હૈ ને તીનોંમેં સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયમેં કે હમનેં ટીકા બનાયા ઐસા મોહ ન કરો. હમ તો જ્ઞાન સ્વરૂપમેં ગુપ્ત હૈ ત્યાં ટીકામેં પર્યાયમેં આયા કહાંસે ? આહાહા !

બાપુ મારગડા જુદા ભાઈ. અને ટીકાસે તુમ્હેરેકો જ્ઞાન હોતા હૈ ઐસા મોહસે નાચો નહીં. ટીકા પરવસ્તુ હૈ ને ઉસસે જ્ઞાન હોતા હૈ, એ તો પરજ્ઞેયકા જ્ઞાન હુઆ. આહાહાહાહા ! સ્વજ્ઞેયકા જ્ઞાન જો હોતા હૈ અંતરકે આશ્રયે એ સ્વજ્ઞાન એ સામાન્ય જ્ઞાન હૈ. એ વીતરાગી જ્ઞાન, એ શ્રુતજ્ઞાન ભાવશ્રુત હૈ. આહાહા ! ( શ્રોતાઃ– સામાન્યસે વિશેષ બળવાન હોતા હૈ. ) એ અહીંયા નહીં એ વિશેષકા જ્ઞાન હો, સામાન્ય જ્ઞાન હુઆ પીછે જો અનેકાકાર, ઉસકા જ્ઞાન હો તો જ્ઞાન હો, પણ અપના હૈ ઐસી ચીજ નહીં. આહાહાહા ! જ્ઞાનીકો અપના સ્વભાવકા એકાકારસે જો જ્ઞાન હુઆ વો સામાન્યજ્ઞાન ઔર ઉસકે પીછે વિશેષ જો ઇન્દ્રિયકા જ્ઞાન હૈ, ઐસા ખ્યાલમેં આતા હૈ, ખ્યાલમેં આતા હૈ, પણ એ મેરા જ્ઞાન નહીં. જેમ પરજ્ઞેય ખ્યાલમેં આતા હૈ, છતાં યે પરજ્ઞેય મેરા નહીં. સમજમેં આયા ? આહાહાહાહા !

એમ, અનેકાકાર ઇન્દ્રિયકા વિષયકા સામાન્યજ્ઞાન જ્યાં સ્વરૂપકા ભાન હુઆ, તો એ જ્ઞાનમેં સ્વપરપ્રકાશક જ્ઞાન હુઆ. તો સ્વકા જ્ઞાન હોનેસે સામાન્યજ્ઞાન પ્રગટ હુઆ એ જ્ઞાનકો સામાન્ય કહા અને એ જ્ઞાન ઇન્દ્રિયકા વિષય આદિકો આ જાને, હૈ, પણ એ મેરી ચીજ નહીં. આહાહાહા ! આવી વાત છે. ગજબ વાત બાપા ! આહાહાહાહા ! ત્રણ લોકના નાથની વાણી કાને સાંભળે એ ઇન્દ્રિયકા, આ ઇન્દ્રિય, ભાવઇન્દ્રિય પણ ઇન્દ્રિય, ને એ ત્રણે ઇન્દ્રિય, એ સામાન્યજ્ઞાન નહીં. એકાકાર આત્માકા જ્ઞાનસે જ્ઞાન હુઆ વો નહીં, એ તો જ્ઞેયસે હુઆ એ જ્ઞેયાકાર જ્ઞાન એ નહીં. આહાહાહાહા !

સૂક્ષ્મ બાત હૈ પ્રભુ ! આ તો ગાથા આવી ત્યારે, હૈં ? આહાહા ! પરસત્તાવલંબીજ્ઞાન, પરમાર્થ વચનિકામેં આયા હૈ, પરમાર્થ વચનિકા હૈ ને બનારસીદાસ આપણે નાખ્યા હૈ મોક્ષમાર્ગમેં પીછે લિયા હૈ તીન. એ તો ઉસમેં ઐસા લિયા હૈ. જિતના પરસત્તાવલંબી જ્ઞાન હૈ એ મોક્ષમાર્ગ હૈ, ઐસા જ્ઞાની માનતે નહીં. સમજમેં આયા ? આહા ! હૈ ઉસમેં, સબ ખ્યાલ હૈ એ તો વો એકવાર પઢતે હૈ તો સબ ખ્યાલમેં હૈ ને મગજમેં, પરસત્તાવલંબી જ્ઞાન નિમિત્તસે જ્ઞાન હુઆ, હુઆ તો અપનેમેં, પણ ઉસમેં નિમિત્તકી સાપેક્ષતા આઈ ને તો એ જ્ઞાન પરસત્તાવલંબી ઉસકો સમકિતી જ્ઞાની મોક્ષમાર્ગ ન માનેં, હૈ ? આંહી મોક્ષમાર્ગ પ્રકાશક છે કે નહીં ? આ કયા હૈ ? યે હૈ. જુઓ પરમાર્થ વચનિકામેં હૈ. અહીંયા હૈ માથે, એને ખબર હૈ, આહાહાહા ! આયા દેખો, કોઇ પ્રકારકા જ્ઞાન, કોઇ પ્રકારકા આત્માકા જ્ઞાન, જ્ઞાન એવું ન હોય કે પરસત્તાવલંબી જ્ઞાન બની મોક્ષમાર્ગ સાક્ષાત્ કહે, એ નહિ. જે પરાવલંબી જ્ઞાન હુઆ નિમિત્તસે હુઆ ઉપાદાન અપનેસે, પણ એમાં નિમિત્તકી અપેક્ષા થી ઐસી પરસત્તાવલંબી જ્ઞાન ઉસકો જ્ઞાની મોક્ષમાર્ગ નહીં કહે. યહાં હૈ મોક્ષમાર્ગ પ્રકાશકમેં તીનોં ચિઠ્ઠિયાં નાખી ( છાપી ) હૈ, કેમકે હમકો પહેલી જે મિલી થી બનારસીદાસકી તો એ પહેલે ક્યાંય નહિં મિલા થા બનારસીદાસકી ચિઠ્ઠિ દેખી પહેલે ૯૦ કી

સાલ, ૯૧ કી સાલ અરે આવી વાત ગુપત રહી ગઇ. મોક્ષમાર્ગમાં નાખો ( છાપો ) ઉસકો. “બનારસી વિલાસ” હૈ ગ્રંથ દેખા હૈ ને સબ ઉસમેં એક પરમાર્થ વચનિકા હૈ, રહસ્યપૂર્ણ ચિઠ્ઠિ ટોડરમલની ઔર ઉપાદાન નિમિત્તકા દોહા, ભૈયા ભગવતીદાસજીકી ! આહાહા !

ભગવાન પાંચ સ્વરૂપ એ ભાવસ્વરૂપ એ પ્રભુ આત્મા ઉસકા એક, એકકા એકાકાર જ્ઞાન જો હુઆ એક અવલંબનસે સ્વકે અવલંબનસે જો એકાકાર જ્ઞાન હુઆ, એ જૈનશાસન હૈ. એ સામાન્ય જ્ઞાન હૈ, એ શ્રુતજ્ઞાન હૈ, વો હી વીતરાગી પર્યાય હૈ. આહાહા !

અને જિતના પર્યાય પરકા નિમિત્તસે અવલંબનસે ભલે જ્ઞાન નિમિત્તસે નહીં હુઆ, અપના ઉપાદાનસે હુઆ હૈ, પણ એ ઉપાદાનમેં નિમિત્તકી સાપેક્ષતાકા ભેદ થા, તો એ નિમિત્તસે જો જ્ઞાન હુઆ અપની પર્યાયમેં એ પરસત્તાવલંબી જ્ઞાન હૈ. સ્વસત્તાવલંબી જ્ઞાન નહીં. આહાહાહાહાહા ! સમજમેં આયા ? આવો મારગ ન બેસે ને એને પછી એમ કરીને કાઢી નાખે છે કે આ તો નિશ્ચયની વાતો ને, અરે પ્રભુ પણ નિશ્ચય એટલે આ સત્ય આ હૈ. આહાહા !

એ કહા દેખો જ્ઞેયોમેં આસક્ત હૈ ઉન્હેં વહ સ્વાદમેં નહીં આતા, કયા કહેતે હૈ ? ઇન્દ્રિયજ્ઞાનકે વિષયોમેં અનેકાકાર જ્ઞાન ખંડ ખંડ હોતા હૈ ઉસમેં આસક્ત હૈ ઉસકો જ્ઞાનસ્વરૂપી ભગવાન ત્રિકાળ ઉસકા પર્યાયમેં સ્વાદ આના ચાહિએ ( ફિર ભી ) ઉસકો સ્વાદ નહીં આતા, કયા કહા ? સમજમેં આયા ?

જે ઇન્દ્રિયજ્ઞાનકા વિષયમેં આસક્ત હૈ, ઉસકો અતીન્દ્રિય જ્ઞાનકી પર્યાયમેં સ્વાદ આના ચાહિએ એ સ્વાદ ઉસકો નહીં આતા. ( શ્રોતાઃ- એને અતીન્દ્રિયજ્ઞાન થાય જ નહીં ? ) એ તો નથી એટલે સ્વાદ આવતો નથી એનો અર્થ શું થયો. સમજમેં આયા ? આંહી તો અનુભવના સ્વાદની અપેક્ષાએ બાત કી હૈ. સામાન્યજ્ઞાનમેં આત્માકા આનંદકા સ્વાદ આયા. શ્રુતજ્ઞાન હૈ, વીતરાગી પર્યાય હૈ, અતીન્દ્રિય આનંદકા સ્વાદ આયા. અને ઇન્દ્રિયના આસક્તમાં જે જ્ઞાન છે ઉસમેં રહેતે હૈ ઉસકો આત્માકા સ્વાદ નહીં આતા. આહાહાહા ! આવી વાત છે, એકદમ આકરું લાગે માણસને. જ્ઞાનચંદજી ! ભગવાન મારગ તો આ હૈ, આહાહા ! ઉસકા પહેલે સચ્ચા જ્ઞાન તો કરના પડેગા ને ? અને જ્ઞાન કિયા પીછે સ્વકા આશ્રય લેના એ જ્ઞાન હૈ. આહાહાહા ! ઉસકો યહાં સામાન્યજ્ઞાન કહા હૈ. આહાહા ! સામાન્યકા જ્ઞાન માટે સામાન્ય એમ નહીં, એ જ્ઞાનમાં એકાકારપણા હૈ માટે સામાન્યજ્ઞાન અને જ્ઞાનમાં અનેકાકાર વિષય હૈ, એનું નામ વિશેષજ્ઞાન. સમજમેં આયા ? આહાહા ! એક કલાક તો ઉસમેં ચલે જાતે હૈ.

લ્યો, વહ સ્વાદમેં નહીં આતા. એ પ્રગટ દૃષ્ટાંતસે બતલાતે હૈ. દૃષ્ટાંત કહેતે હૈ. લોકોને ખ્યાલમાં આવે એ માટે દૃષ્ટાંત કહેતે હૈ. જૈસે અનેક પ્રકારકે શાક આદિ શાક, ખીચડી, ચાવલ, ઉસમેં ભી લવણ ખીચડીમેં તો લવણ નાખતે થે, અભી તો ચોખામેં નાખતે હૈ, ચાવલ ( મેં ) મીઠા ( લવણ ) રોટલીમેં નાખતે હૈ બધામેં નાખતે હૈ, હવે રોટીમેં, રોટલામેં તો નાખતે થે. બાજરીકા રોટલા હોતા હૈ ને પણ હવે તો રોટીમાંય મીઠા નાખતે હૈ, શાકમેંય મીઠા, રોટીમેંય મીઠા, રોટલામાં તો મીઠું નાખે છે, અહીંયા કહે છે એ ભાષા લિયા ને શાક આદિ શબ્દ લિયા ને ?

એક વખત ઐસા બના થા. શ્રીમદ્ રાજચંદ્ર રાણપરકે પાસે એક ગામ હૈ. હડમતાળા હૈ ત્યાં આયે થે તો શ્રીમદ્ રાજચંદ્ર, તો પાંચ પચીસ પચાસ માણસ મુમુક્ષુઓ આયા થા તો આમ

શાક આયા દૂધીકા વાટકામેં, વાટકા કયા કહેતે હૈ ? કટોરી–કટોરીમેં ( તો દેખકર બોલે ) ભૈયા ઉસમેં મીઠા બહોત હૈ. લવણ બહોત હૈ, સાહેબ આપે ચાખ્યા તો નહીં ને ? દેખો, એકીલા શાક દૂધીકા પાણીસે બાફતે હૈ તો ઉસકા રેસા નહીં તૂટતે રેસા, આ મીઠા પડા હૈ વિશેષ તો દૂધીકા ટુકડાકા રેસા તૂટ ગયા હૈ, ખાયા બિના હોં, રેસા સમજતે હૈ ? વો ટુકડા દુધીકા સળંગ હોય ને સળંગ તો મીઠા વિશેષ પડનેસે રેસા તૂટ જાતા હૈ, બાફે એકીલામેં તો રેસા નહીં તૂટે, પણ વિશેષ મીઠા પડ જાયે લવણ તો આ એક સરખી ચીજ હૈ ઉસમેં તૂટ પડતા હૈ, તૂટ જાતા હૈ રેસા. ઐસે કયું જાના ? ચાખો, કયોંકિ ગૃદ્ધિ નહીં થા તો ઉસકો ખ્યાલમેં આ ગયા કે મીઠા વિશેષ હૈ, અને ગૃદ્ધિવાળાકો મીઠાકા વિશેષકા ખ્યાલ નહીં આતા, એ શાક મીઠા હૈ, શાક ખારા હૈ, શાક ખારા હૈ. આહાહા ! યહાં એ દૃષ્ટાંત દેકર વિશેષ સમજાએગા. લો વખત હો ગયા.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૭૪ ગાથા - ૧૫ તા. ૩૧-૮-૭૮ ગુરૂવાર, શ્રાવણ વદ-૧૩ સં. ૨૫૦૪

૧૫ મી ગાથા. ટીકાઃ– ફિર થોડા કોઇ કહેતે થે ફરીને લેના કોઇએ કહ્યું'તું કહેતુ'તું. ( શ્રોતાઃ– દરબારે કહ્યુ'તું ). આ આત્મા વસ્તુ કૈસી હૈ ? કે યહ 'આ' 'અબદ્ધસ્પૃષ્ટ' હૈ. જિસકો યહાં આત્મા કહીએ, એ તો રાગ ને કર્મના નિમિત્તના સ્પર્શથી બંધથી રહિત હૈ. અર્થાત્ એ મુક્ત સ્વરૂપ હૈ. ત્રિકાળી એનો સ્વભાવ મુક્ત સ્વરૂપ હૈ. આહાહા ! અબદ્ધસ્પૃષ્ટ "અનન્ય" અનેરી અનેરી ગતિ એ નહીં ઉસમેં, એ તો અનન્ય એકરૂપ ત્રિકાળ હૈ. 'નિયત' નિશ્ચય એકરૂપ, નિશ્ચય ત્રિકાળ હૈ, ઉસમેં પર્યાયકા ભેદ હૈ એ વસ્તુમેં નહીં. 'અવિશેષ' એ સામાન્ય હૈ. ગુણકા ભેદ વિશેષ ઉસમેં હૈ નહીં. આહાહા ! જે આત્મા હૈ વો સામાન્ય હૈ જિસમેં ગુણ ને ગુણીકા ભેદ ભી નહીં. આહાહા ! એ ગુણમય કહા થા ને ? અનંત ગુણમય આત્મા. એ વિશેષ ભેદ નહીં. ઔર "અસંયુક્ત" આકૂળતાકા સંયુક્તસે રહિત હૈ અર્થાત્ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ હૈ. ઐસે–ઐસે પાંચ ભાવસ્વરૂપ, હૈ તો એક સમયમાં પણ પાંચ ભાવસ્વરૂપ એક સમયમાં હૈ. આહાહહાહા ! સમજમેં આયા ?

જિસકો યહાં આત્મા કહીએ એ આત્મા પાંચ ભાવસ્વરૂપ યહ, યહ નામ પર્યાયદૃષ્ટિ ને રાગદૃષ્ટિ છોડકર, યહ આત્મા પાંચ ભાવસ્વરૂપ હૈ, ઉસકી અનુભૂતિ ઐસા આત્માકી અનુભૂતિ ઐસા પાંચ ભાવસ્વરૂપ, મુક્તસ્વરૂપ, સામાન્યસ્વરૂપ, નિયતસ્વરૂપ અન્ય અન્ય નહીં અનેરા અનેરા નહિ અનન્ય સ્વરૂપ એ હી હૈ. ઐસા આત્માકી અનુભૂતિ આત્માકી અર્થાત્ જ્ઞાન ચેતનામેં અનુભવ કરકે જો નિર્મળ પર્યાય હોતી હૈ એ આત્માકી અનુભૂતિ. આત્મા હૈ એ ત્રિકાળી દ્રવ્ય, પાંચ ભાવસ્વરૂપ ઔર ઉસકી અનુભૂતિ હૈ એ પર્યાય હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ? આ તો આખા જૈનશાસનનો મર્મ હૈ. આહાહા !

સમયસાર શાસન કરું ભાઈ આવે છે ને, પંડિતજી ! પહેલાં, જયચંદ પંડિત ! સમયસાર શાસન કરું, પહેલાં આવે છે ને શરૂઆતમાં, શરૂઆતમાં હૈ ને વો જયચંદ પંડિત હોં, હૈ ! ( શ્રોતાઃ– સમયસાર શાસન કરું ) હા એ, સમયસાર શાસન કરું ( દેશ વચનમય ભાઈ ) હૈ. આ

જૈન શાસન કહો કે સમયસાર કહો. આહાહાહા ! એ જયચંદ પંડિતે પહેલાં લિયા હૈ, સમયસાર શાસન કરું સમયસારકા જ્ઞાન સ્વભાવ જો હૈ આનંદ ક્યા હૈ ઉસે મૈં બતાઉંગા. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! આ તો અંતર સમ્યગ્દર્શન સહિત સમ્યગ્જ્ઞાનકા ક્યા અનુભવ હૈ ઉસકી બાત હૈ. સમ્યગ્દર્શનકી બાત તો ચૌદમેં ચાલી હવે ઉસકી સાથ સમ્યગ્જ્ઞાન તો સમ્યગ્દર્શનમેં તો આત્માની અનુભૂતિ તે સમ્યગ્દર્શન. હવે અહીં જ્ઞાનાનુભૂતિ તે સમ્યગ્જ્ઞાન. જ્ઞાનાનુભૂતિકા અર્થ ? હૈ ને પહેલા હૈ. આહા !

ભગવાન આત્મા પરમાનંદ ચૈતન્ય આત્મરસદેવ, દિવ્ય શક્તિકા ભંડાર ભગવાન એકરૂપ જે હૈ એ મુક્તસ્વરૂપ હૈ. રાગ અને પુણ્ય પાપકી આકૂળતાસે રહિત સ્વરૂપ હી હૈ ઉસકા. એકરૂપ હૈ ને સામાન્ય હૈ ઉસકા વિશેષપણે અનુભૂતિમેં વિશેષ લેના એ ગુણભેદ વિશેષ જુદી ચીજ હૈ, એ ઉસમેં એ તો સામાન્ય હૈ, પણ વો સામાન્ય જ્ઞાયકભાવકા જ્ઞાયકકે અવલંબનસે એકાકાર જ્ઞાનકી પર્યાય જો ઉત્પન્ન હો ઉસકો યહાં અનુભૂતિ કહેનેમેં આતા હૈ. આહાહાહા !

બહુ વાતું આકરી, લોકોને આ પરિચય નહીં ને ? એટલે વસ્તુ સ્થિતિ આ હૈ. જૈનશાસન એટલે કે ભગવાન પાંચ ભાવસ્વરૂપ પ્રભુ ઉસકી અનુભૂતિ દ્રવ્યકે અનુસારે અપની પર્યાયમેં અનુભવ હોના એ અનુભૂતિ, એ ભાવશ્રુતજ્ઞાન એ જ્ઞાયક સ્વભાવકી એકાકાર દશા, ઈસકો જૈનશાસન કહેનેમેં આતા હૈ. આહાહા !

એ નિશ્ચયસે સમસ્ત જૈનશાસન, સારા જૈનશાસન, આહાહા... ચારેય અનુયોગમેં જો કહેના હૈ વીતરાગતા ઉત્પન્ન કરના, એ વીતરાગતા ત્રિકાળી વીતરાગ સ્વભાવ મુક્ત સ્વરૂપ આત્મા ઉસકે આશ્રયસે અનુભૂતિ કહો, વીતરાગ પર્યાય કહો, શાસ્ત્રકા તાત્પર્ય વીતરાગ દશા કહો, એને જૈનશાસન કહેનેમેં આતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ? સમસ્ત નિશ્ચયસે સમસ્ત જૈનશાસન, સારા જૈનશાસન, આહાહાહા ! ચારેય અનુયોગમેં કહા વો વીતરાગ ત્રિલોકનાથે તો આ કહા હૈ. જિનની આજ્ઞા વીતરાગતા ઉત્પન્ન કરનેકી હૈ, ગુરુની આજ્ઞા અને શાસ્ત્રની આજ્ઞા પણ તીનોંકી, વીતરાગતા ઉત્પન્ન કરનેકી હૈ તો એ વીતરાગતા કેમ કૈસે ઉત્પન્ન હો ? કે પાંચ ભાવસ્વરૂપ વીતરાગ સ્વરૂપ ભગવાન આત્મા હૈ, ઉસકી અનુભૂતિ કરનેસે વીતરાગ પયાર્ય ઉત્પન્ન હોતી હૈ. આહાહાહા ! એ સમસ્ત જૈનશાનકી અનુભૂતિ.

કયોં કે શ્રુતજ્ઞાન સ્વયં આત્મા હી હૈ. એ ભાવ જે જ્ઞાનસ્વરૂપ ભગવાન ત્રિકાળ ઉસકા અનુભવ હુઆ એ ભાવશ્રુતજ્ઞાન હૈ. દ્રવ્યશ્રુત જ્ઞાનમેં ભી ઐસા કહા થા, ભાવશ્રુતજ્ઞાનમેં ઐસા આયા. સારી ચીજ દૃષ્ટિમેં અનુભવમેં આઇ. અનુભવમેં દ્રવ્ય આયા નહીં, પણ દ્રવ્યકી અનુભૂતિ આઇ. આહાહાહાહા ! અનુભૂતિકી પર્યાયમેં સારા પાંચ ભાવસ્વરૂપ આત્મા હૈ એ અનુભૂતિકી પર્યાયમેં નહીં આતા, પણ પાંચ ભાવસ્વરૂપ જો આત્મા હૈ ઉસકી અનુભૂતિ કરના ઉસકા આશ્રયસે એ અનુભૂતિમેં આનંદકા સ્વાદ આના, જ્ઞાનકી ચેતના પ્રગટ હોના ઉસકા નામ યહાં ભાવશ્રુત જ્ઞાન કહેનેમેં આતા હૈ. અરેરે આવી વાતું છે.

એ શ્રુતજ્ઞાન સ્વયં આત્મા, એ અનુભૂતિ જો સમ્યગ્જ્ઞાન હુઆ, ત્રિકાળી જ્ઞાયકભાવકે અવલંબનસે જો અનુભૂતિ ભાવશ્રુતજ્ઞાન હુઆ એ સ્વયં આત્મા હી હૈ. ભાવશ્રુત અનુભૂતિ હૈ એ આત્મા હૈ, રાગકા, રાગ ભાવ આયા એ અનાત્મા હૈ. અનાત્માકા જાનનેવાલા આત્મા હૈ.

અનાત્મામેં ઉત્પન્ન હોનેવાલા આત્મા નહીં. આહાહાહા! વ્યવહાર રત્નત્રયમેં ઉત્પન્ન હોનેવાલા આત્મા નહીં. આહાહા! એ તો નિશ્ચય આત્મા ભગવાન, એ જ્ઞાયકસ્વરૂપ, આંહી જ્ઞાનપ્રધાન કથન હૈ ને ? તો જ્ઞાયક જે ત્રિકાળ હૈ સામાન્ય, ઉસકા અનુભવ સામાન્ય, અનુભવ સામાન્ય વિશેષકા રાગકા અભાવ કરકે અનુભવકી પર્યાય હોના ઉસકો યહાં સામાન્યજ્ઞાન કહેતે હૈ. એ સામાન્ય જ્ઞાનકો ભાવશ્રુતજ્ઞાન કહેતે હૈ, ભાવશ્રુતજ્ઞાનકો સમસ્ત જૈનશાસનકી આજ્ઞા હૈ, સમસ્ત જૈનશાસન ભાવ હૈ ઉસમેં. આહાહા! જેણે ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માકો જાના એણે લોકાલોક, બંધ, મોક્ષ ક્યા ચીજ હૈ. સબકો જાન લિયા ઉસને. આહાહાહા! સમજમેં આયા ?

ઇસલિયે જ્ઞાનકી અનુભૂતિ હી આત્માકી અનુભૂતિ હૈ. પહેલે જો દર્શનમેં આત્માકી અનુભૂતિ કહા થા, યહાં જ્ઞાનકી અનુભૂતિ એ જ્ઞાયક જો ત્રિકાળ હૈ એ જ્ઞાનપ્રધાનસે કથન લે કર જ્ઞાનકી અનુભૂતિ એ આત્મા, હૈ ? એ જ્ઞાનકી અનુભૂતિ એ જ આત્માકી અનુભૂતિ હૈ. આહાહાહા! આત્મામેં એક સ્વસંવેદન નામકા ગુણ હૈ, સ્વસંવેદન, બારમા ગુણ હૈ ૪૭ મેં પ્રકાશ નામકા–પ્રકાશ નામકા ગુણ હૈ. એ ગુણકા કાર્ય કયા ? કે સ્વ સંવેદન પર્યાયમેં હોના એ ગુણકા કાર્ય હૈ. પ્રત્યક્ષ રાગકા અવલંબન બિના, નિમિત્તકા આશ્રય વિના એ પ્રકાશ નામના ગુણકા કાર્ય ગુણકા પરિણતિ સ્વસંવેદન પ્રત્યક્ષ હોના એ ગુણકા કાર્ય હૈ. આ અનુભૂતિ, આહાહા! જિસમેં અતીન્દ્રિય આનંદકા સ્વાદ આના. આહાહાહા! જિસમેં જ્ઞાન–ચેતના પ્રગટ હોના, જ્ઞાનસ્વરૂપ ભગવાન ઉનમેં એકાકાર હોકર જ્ઞાનચેતના જે પ્રગટ હોતી હૈ, ઉસકો યહાં અનુભૂતિ કહા, ભાવશ્રુત કહા, એ જૈનશાસન કહા. આહાહા! સમજમેં આયા ?

પરંતુ અબ વહાં, વહાં સામાન્ય જ્ઞાનકે આવિર્ભાવ, આહાહા... જે સામાન્ય ત્રિકાળી જ્ઞાયક કહા ઉસમેં યે જ્ઞાનકા એકાકાર હોના, એ સામાન્ય જ્ઞાનકા આવિર્ભાવ સામાન્ય યહાં પર્યાયમેં વિશેષકા ભેદ રહિત, પર્યાયમેં એકીલા જ્ઞાયકકા જ્ઞાનમેં જ્ઞાનાકારકી પર્યાય ઉત્પન્ન હોના ઉસકા નામ સામાન્ય જ્ઞાન પ્રગટ હુઆ એમ કહેનેમેં આતા હૈ. આહાહા!

સામાન્યજ્ઞાનકે આવિર્ભાવ, આ સામાન્ય એટલે ત્રિકાળી જ્ઞાયકભાવકા આવિર્ભાવ ઐસા નહીં, જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ એકરૂપ ત્રિકાળ હૈ, પણ ઉસકા અવલંબનસે, આશ્રયસે જો જ્ઞાન ઉત્પન્ન હુઆ ઉસકો સામાન્યજ્ઞાન, જ્ઞાનમેં એકાકાર એક સ્વરૂપકા એકાકાર જ્ઞાન હોના ઉસકા નામ સામાન્ય જ્ઞાન કહેતે હૈ. સમજમેં આયા ? સામાન્ય જ્ઞાન કે આવિર્ભાવ ઔર વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનકે દેખો, વિશેષ જ્ઞેયાકાર ઇન્દ્રિયજ્ઞાનસે જો જ્ઞેયાકાર જ્ઞાન હોતા થા, ઉસકા આચ્છાદન, ઉસકી ગુપ્ત હો ગયા. એકીલા જ્ઞાનકા આકાર, એકાકાર ઉત્પન્ન હુઆ, એમાં અનેકાકાર ઇન્દ્રિયજ્ઞાનસે વિષયકા અનેકાકાર થા વો ઢંક ગયા. આહાહાહા! સમજમેં આયા ?

આ તો ગમે તેટલી વાત કરે તે ગમે તેટલી પણ એ વાત તો માખણ છે. આહાહાહા! આ કરના હૈ યે ધર્મ હૈ. કભી આ બિના ધર્મ કદી હોતા નહીં અને કભી આત્માકા આનંદકા સ્વાદ એ બિના આતા નહીં. આહાહા!

જબલગ પુણ્ય ને પાપના રાગના કર્મચેતનાના સ્વાદ હૈ, તબલગ અનાદિસે મિથ્યાદૃષ્ટિ હૈ, કયા કહા ? શુભ અશુભભાવ, રાગ જેને યહાં અસંયુક્ત કહા થા, એ રાગઆદિ સંયુક્ત હૈ

ઉસસે રહિત હૈ, પણ એ સંયુક્ત ભાવકા સ્વાદ હૈ જબલગ, આહાહાહા! તબલગ એ જૈનશાસન ન મિલા ઉસકો, તબલગ આત્માકા આનંદકા સ્વાદ ન આયા. આહાહાહા! સામાન્યકા આવિર્ભાવ, વિશેષ જ્ઞેયાકાર આ જ્ઞાનાકાર એકાકાર એ સામાન્યજ્ઞાન અને વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનકે તિરોભાવ ઢંક ગયા.

જબ જ્ઞાનમાત્રકા અનુભવ કિયા જાતા હૈ, એકિલા ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ. જ્ઞાન ત્રિકાળી જ્ઞાયકભાવ, જ્ઞાનભાવ ઉસકા અનુભવ કરનેસે જ્ઞાન પ્રગટ અનુભવમેં આતા હૈ. આહાહાહા! તબ આત્માકી પર્યાયમેં વીતરાગી જ્ઞાન ભાવશ્રુતજ્ઞાન પ્રગટ હોતા હૈ. આહાહાહા! આવી શરતું છે. તથાપિ ઐસા હોનેપર ભી, ઐસા સ્વરૂપ જ્ઞાનાકાર જ્ઞેય પર્યાયમેં જ્ઞાનાકારકા ઉત્પન્ન હોના અને જ્ઞેયાકારકા ઉત્પન્ન ન હોના, ઐસા વસ્તુકા સ્વરૂપ હોનેપર ભી, જો અજ્ઞાની હૈ. આહાહાહાહા... વસ્તુ સ્વરૂપ ભગવાન જ્ઞાન ને સામાન્ય સ્વરૂપ હૈ ઉસકા અજ્ઞાની હૈ, ઉસકા જ્ઞાન નહીં હૈ. આહાહા! જ્ઞેયોમેં આસક્ત હૈ, એ ઇન્દ્રિયજ્ઞાન જો હૈ એ ઇન્દ્રિયજ્ઞાનમાં પર વિષયકા જ્ઞાન હોતા હૈ, એ જ્ઞેયોમાં આસકત હૈ. એ પરલક્ષી જ્ઞાન હુઆ ઉસમેં જો આસક્ત હૈ. આહાહાહાહા! ઝીણી વાત ભાઈ! વીતરાગ મારગ સૂક્ષ્મ બહુ. આહા!

ઐસા વસ્તુકા પાંચ ભાવસ્વરૂપ પ્રભુ, ઉસકી અનુભૂતિ ભાવશ્રુતજ્ઞાન જૈન શાસન અને જ્ઞાનકા એકાકાર અનુભવ હોના એ વસ્તુકી સ્થિતિ હૈ, પણ એ વસ્તુ સ્વરૂપકા જિસકો જ્ઞાન નહીં, ચૈતન્ય સ્વભાવી ભગવાન સામાન્ય વીતરાગી સ્વરૂપી પ્રભુ ઉસકા જ્ઞાન નહીં, અજ્ઞાન હૈ. આહાહા! જ્ઞેયોમેં આસકત હૈ. આહાહા! ઇન્દ્રિયજ્ઞાન એ જ્ઞેય હૈ, સ્વસ્વરૂપ નહીં, પરજ્ઞેય હૈ. આહાહાહાહા! અનાદિસે ઇન્દ્રિયજ્ઞાનપણે પરિણમ્યા હૈ, પણ એ પરજ્ઞેયપણે પરિણમ્યા હૈ. આહાહા! સ્વજ્ઞેયપણે આયા નહીં. આહાહાહા!

ભાઈ વીતરાગ મારગ ઘણો ગૂઢ ને ગંભીર હૈ પ્રભુ. આહાહા! એને તો પહેલાં સમજનેમેં ભી અલૌકિક બાત હૈ, જ્ઞાનમેં લેના એ વાત પીછે અનુભવમેં લેના એ તો અલૌકિક વાત હૈ. આહાહા! નંદકિશોરજી! આહાહા! હૈ? (શ્રોતાઃ– હમારી બુદ્ધિ તો કાનૂનમેં ચલતી હૈ, કાનૂનમેં, કાયદામેં) કાનૂનમેં તમારા કાનૂનમેં બધા વકીલની વાત કરે છે, નંદકિશોરજી વકીલ હૈ ને? સરકારના કાયદા તો અજ્ઞાનના હૈ સબ કાયદા, આહાહા! એ કાયદા, ભાઈ એ રામજીભાઈ કરતા'તા ને ત્યાં કોર્ટમાં કુજ્ઞાનકા હૈ સબ કાયદા. આ તમે વકીલ છો ને યાદ કર્યું રામજીભાઈ, વકીલને યાદ કર્યાં, એમ કે વકીલ જે કાયદા કાઢતે હૈ, એ તો કુજ્ઞાન હૈ. આહાહાહા! (શ્રોતાઃ– કુજ્ઞાન કહો પણ જીતાડવાનો કાયદો તો ખરો ને).

કાયદો આ હૈ, જ્ઞાયક સ્વભાવકા જ્ઞેયાકારકા જ્ઞાનાકારરૂપ હોના એ જ્ઞેયાકારકો જિતના હૈ. જિન હૈ ને, જિન? તો જિતના ને? ઉસકો જિન કહેતે હૈ. જિતના તો કહેતે હૈ. કિસકો જિતના? કે ઇન્દ્રિયજ્ઞાનાકારે જે જ્ઞાન હોતા હૈ ઉસકો જિતના. આહાહાહા!

(શ્રોતાઃ– કોર્ટમાં કેસ હોય એમાં જીતવું એ જૈન નહીં.) ન્યાં ધૂળમાં હૈ ન્યાં તો પાપ હૈ એકિલા. કોર્ટમાં બરાબર આપણે રામજીભાઈ આ કાયદાને બરાબર ઓલાને પાસ કરાવે, શું કહેવાય ઇ કોર્ટમાં એમ કે એને લાભ આપ્યો ને આમ કર્યું ને ફલાણું કર્યું ધૂળે ધૂળ હૈ, પાપકા લાભ આયા. ગોદિકાજી! આહાહા! (શ્રોતાઃ– પૈસાકા લાભ હુઆ.) પૈસા, ધૂળમેય લાભ નહીં

હુઆ, મમતાકા લાભ હુઆ. રાગકા લાભ હુઆ. અનુભૂતિ વીતરાગી પર્યાયકા લાભ હૈ, આ વો રાગકા લાભ હૈ, મિથ્યાત્વમેં, આવી વાત છે ભાઈ ! આહા !

ગાથા આવી છે ને બરાબર શિક્ષણ શિબિરમાં આ ૧૭ મા દિન હૈ આજ ૧૭ મા હૈ ને ૧૭ મા વીસ દિન, તીન બાકી હૈ કલ. આ ૧૭ હૈ ૧૦ ને ૭ વીસ દિન હૈ ને કલાસ આજ ૧૭ મા હૈ હમારા ૧૭ કહેતે હૈ તુમ્હારા કયા સતરા અમારે સત્તર કહેતે હૈ ગુજરાતીમાં.

યહાં કહેતે હૈ. આહાહા... અજ્ઞાની હૈ અર્થાત્ જ્ઞાયકસ્વરૂપ ભગવાનકા ભાન નહીં તે જ્ઞાનમેં એકાકાર નહીં, એ જ્ઞેયોમેં એકાકાર હૈ. આહાહાહા ! ઇન્દ્રિયજ્ઞાનમેં ઇન્દ્રિયકા વિષય ઇન્દ્રિયજ્ઞાનમેં ઇન્દ્રિયકા જ્ઞાનકા વિષય ઉસમેં એકાકાર અજ્ઞાની હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ– એકાકારનો અર્થ ) વો તરફકી એકાગ્રતા હૈ. ઇન્દ્રિયજ્ઞાન જો હુઆ અરે ભગવાનકો સૂનનેસે જો જ્ઞાન હુઆ અપની પર્યાયમેં એ ઇન્દ્રિયજ્ઞાન હૈ. વો તો કલ કહા થા ને ? દ્રવ્યઇન્દ્રિય ને ભાવઇન્દ્રિય ને વિષય ભગવાન વાણી આદિ ભગવાનની, એને ઇન્દ્રિય કહેતે હૈ. ૩૧ ગાથામેં તીનોંકો ઇન્દ્રિય કહા હૈ. ટીકામેં સંસ્કૃત ટીકા, દ્રવ્ય ઇન્દ્રિય આ જડ, ભાવઇન્દ્રિય જો ક્ષયોપશમકી પર્યાય એક વિષયકો એક એક ઇન્દ્રિય જાને એ વો, દો ઔર ઇન્દ્રિયકા વિષય ચાહે તો સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ, ભગવાન, ભગવાનકી વાણી, સમોશરણ, આખું જગત ઇન્દ્રિય હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ– ભગવાનકી વાણીકો તો બચાના થા ) એ વાણી તો જડ હૈ, જડકા ખ્યાલ આતા હૈ ઇસમેં જ્ઞાન આતા હૈ એ પરલક્ષી જ્ઞાન હૈ, એ ઇન્દ્રિયજ્ઞાન હૈ. ઇસમેં એકાકાર હોના, વો આસક્તિ હોના વો મિથ્યાત્વ હૈ, હૈ કે નહીં ઉસમેં ?

( શ્રોતાઃ– દેવ, શાસ્ત્ર, ગુરુ ઇન્દ્રિય નહીં હૈ. ) દેવ શાસ્ત્ર ગુરુ પર હૈ, પરજ્ઞેય હૈ અને પરજ્ઞેયકા જ્ઞાન હોના એ પરજ્ઞાન હૈ, અનેકાકાર જ્ઞાન હૈ, ભગવાન ! આહાહાહા ! સ્વદ્રવ્ય જ્ઞાયકભાવકા જ્ઞાન હોના વો એકાકાર જ્ઞાન હૈ, આહાહાહાહાહા ! ભગવાન એમ કહેતે હૈ કે પરદવ્વાઓ દુગ્ગઇ, આહાહાહા ! એક બાજુ એમ કહે કે શાસ્ત્રકા અભ્યાસ કરના, દૂસરી બાજુ એમ કહે કે શાસ્ત્રના અભ્યાસમાં બુદ્ધિ જાતે એ વ્યભિચારિણી હૈ. ( શ્રોતાઃ– એ હી તો સમજમેં નહીં આતા કયા કહેના ચાહતે હો ) કયા કહેતે હૈ સમજમેં આતે હૈ ને, શાસ્ત્ર કહે એ ઇન્દ્રિયકા વિષય હૈ, પરદ્રવ્ય હૈ ને ? તો પરદ્રવ્યના લક્ષસે જે જ્ઞાન હોતે હૈ એ અનેકાકાર, જ્ઞેય નામ અનેકાકાર જ્ઞાન હૈ, એ આત્માકા જ્ઞાન નહીં. આહાહા ! ( શ્રોતાઃ– નહીં પઢના શાસ્ત્ર ) વો કહેતે હૈ ને કે પઢના કહેતે હૈ. પણ વો સ્વલક્ષે પઢો ઐસા કહેતે હૈ. પ્રવચનસાર ! પ્રવચનસારમેં ‘જ્ઞાન અધિકાર’ પૂરા હુઆ પીછે શ્લોક લિયા હૈ અમૃતચંદ્રાચાર્યે, કે આ જ્ઞેયકા અભ્યાસ કરો, જ્ઞેયકા અધિકાર હૈ ને દૂસરા ? પણ વો સ્વલક્ષ રખકર કરો. એકીલા પરલક્ષે અભ્યાસ હૈ એ જ્ઞેયાકારકા અનુભવ રાગકા હૈ. આહાહાહા ! આવી વાત છે પ્રભુ ! આ વાત એવી છે. આહાહાહાહા !

બાર અંગકા વિકલ્પ એ તેરમા શ્લોકમેં કહા હૈ, રાજમલ્લજીએ. એ વિકલ્પ હૈ, અને બાર અંગમેં ભી કહેના એ હૈ અનુભૂતિ કરના, હમારા તરફકા લક્ષ છોડકર, આહાહાહા... સમજમેં આયા ?

એ પ્રશ્ન હમારે બહોત વરસ પહેલે હો ગયા થા એક કહ્યા થા ને દસમી સાલમેં હમારે વો શીવલાલભાઈ હૈ ને ? ઉસકા પિતા થા પિતાજી તો વો શ્રીમદ્‌કા માનનેવાલા ત્યાં તો દેવગુરુ

શાસ્ત્રની ભક્તિ કરના, ભક્તિ કરના એ ત્યાં બહુ ચાલે અગાસમેં પછી ઐસે પ્રશ્ન ચલા તબ માણસો તો હજારો થા, દસકી સાલ ચોબીસ બરસ હુઆ, તો મહારાજ, દેવ ગુરુ ને શાસ્ત્ર પર ? એ તો શુદ્ધ હૈ. શુદ્ધ હૈ કે પરમાત્મા હૈ એ પર હૈ. સિદ્ધ હૈ કે અરિહંત હૈ, પંચપરમેષ્ઠિ પર હૈ. સ્વદ્રવ્ય નહીં. એ પરદ્રવ્યકા જ્ઞાન લક્ષમાં લેના એ રાગ હૈ એ અનેકાકાર જ્ઞાન પર્યાયબુદ્ધિકા હૈ. આહાહાહાહા ! બહુ વાત આકરી ભાઈ !

એક બાજુ કહે કે અભ્યાસ આગમકા કરના તેરા કલ્યાણ હોગા, મોક્ષમાર્ગ પ્રકાશકમેં પહેલા અધ્યાયમેં આતા હૈ, પહેલાં અધ્યાયમેં હૈ ને ? છે અહીંયા મોક્ષમાર્ગ ? નથી આવ્યું, આયા નહીં, હૈ ? પહેલાં અધ્યાયમેં આયા, કે આગમકા અભ્યાસ કરના તેરા કલ્યાણ હોગા. પણ એ કયા અપેક્ષાસે, સ્વવસ્તુ ભગવાન જ્ઞાનકા લક્ષસે આગમકા અભ્યાસ કરો, એકલા પરકા લક્ષસે અભ્યાસ નહીં. આહાહાહા ! આવી વાત છે ભાઈ ! અને પદ્મનંદીમેં તો ઐસા કહા હૈ પદ્મનંદી આચાર્યે, કે જે શાસ્ત્રમેં બુદ્ધિ જાતી હૈ એ બુદ્ધિ વ્યભિચારિણી હૈ ઐસા પાઠ હૈ, ઉસમેં ભી મોક્ષમાર્ગ પ્રકાશકમેં ભી હૈ વો દૃષ્ટાંત, વ્યભિચારિણી કહા હૈ ને કે વાત સચ્ચી હૈ પણ, એ સ્ત્રી અપના સ્વભાવ ઘરમેંસે નિકલકર સજ્જન ઘરકે જાય તો ઉસકે કોઇ દોષ નહીં વિશેષ, એમ શાસ્ત્રકા અભ્યાસ કરનેમેં જાય સ્વલક્ષસે તો ઉસકો કોઇ દોષ નહીં, પણ એકીલા પરકા અભ્યાસમેં જાય એ દુર્બુદ્ધિ વ્યભિચારિણી હૈ. આહાહા ! આવી વાતું ભારે આકરી પડે. ( શ્રોતાઃ- એ હી ખટકતા હૈ ) એ હી ખટકતા હૈ, પંડિતજી સાચી વાત કહે છે. આહાહા !

આંહી એ કહા દેખોને, આહાહા ! જ્ઞેયોમેં આસકત હૈ અજ્ઞાની. એ જ્ઞેયો નામ દ્રવ્ય ગુણ, અરિહંત દેવ એના ગુણ ને પર્યાય એ સબ પર, ગુરુના દ્રવ્ય, ગુણ ને પર્યાય પર અને શાસ્ત્રની પર્યાય એ તો પર જ છે. એ પરજ્ઞેયોમેં આસક્ત હૈ. આહાહાહા ! ગજબ વાત હૈ. ઉન્હેં વહ સ્વાદમેં નહીં આતા, ઉન્હે વો આનંદકા સ્વાદ અનુભૂતિ નહીં હોતી. આહાહાહા ! પરલક્ષમેં જ્ઞેયાકારકા જ્ઞાનમેં રૂક ગયા હૈ, ઉસકો રાગકા સ્વાદ આતા હૈ, ઝેરકા સ્વાદ આતા હૈ. ઉસકો ભગવાન અમૃત સ્વરૂપ પ્રભુ ઉસકા સ્વાદ ઉસકો નહીં આતા. આહાહાહા ! ઈન્દ્રિય તરફના જ્ઞાનના વિષયોમાં જે આસક્ત હૈ ઉસકો અનુભૂતિકા આનંદ નહીં આતા, ઉસકો તો રાગકા દુઃખકા વેદન ઝેરકા આતા હૈ. આહાહાહાહા ! આવી વાત છે.

“યહ પ્રગટ દૃષ્ટાંતસે બતલાતે હૈ”. જૈસે અનેક પ્રકારકે શાક આદિ, શાક હો, ખીચડી હો, રોટી હો હવે તો સબમેં મીઠું લવણ નાખતે હૈ ને ? “ભોજનોકે સંબંધસે ઉત્પન્ન સામાન્ય લવણનો તિરોભાવ” જે શાકઆદિમાં લવણ નાખતે હૈ તો એકલા શાકકા સ્વાદ હૈ સામાન્યકા એ ઢંક ગયા, અને શાક દ્વારા ખારાકા સ્વાદ આયા, એ વિશેષ લવણકે આવિર્ભાવ ( દ્વારા ) વિશેષ લવણકા અર્થ આ, શાક દ્વારા ખારા લવણકા સ્વાદ આના, વિશેષ લવણકા સ્વાદ. આહાહાહા ! શાક ખારું, રોટી ખારી, ખીચડી ખારી, આ ખીચડી હોતી હૈ ને ખીચડી હોતી હૈ ને ? તો બાયુ બે ચાર હોય ઘરમાં, તો ઓલી ખીચડી ચડતી હોય તો એક બાઇએ મીઠુ નાખ્યું હોય લવણ, તો દૂસરી બાઇને ખબર નહીં કે લવણ નાખ્યું હોય, એ તો દૂસરી ઘરમાં ચાર પાંચ વહુરૂ હોય, બીજો ધોબો નાખે, આમ જુએ તો ખારું કેમ આટલું ? બાઇ બીજી સમજી ગઇ કે પહેલાં નાખ્યું હશે ને મારાથી નખાઇ ગયું મીઠું. ઘરમાં બે ચાર બાયુ હોય ને કોઇને ખબર ન હોય કે

આ ખીચડીમાં મીઠું નાખ્યું છે પછી બાઇ પેલી બાઇ એ ખારી ખારી કયા કહેતે હૈ ? ખારી બોલતે હૈ ને ? ખારી ખીચડી, ખારા શાક, ખારી રોટી, ખારા રોટલા, ખારી પુરી, ખારા શીંગકા દાણા, શીંગદાણા મીઠામાં કરતે હૈ ને, અરે બદામકો ભી મીઠામેં નાખકર ખારા બનાતે હૈ. બદામ, બદામ હૈ ને બદામ, આહાહાહા... પણ વો અજ્ઞાનીકો શાક દ્વારા લવણકા સ્વાદ આતા હૈ, વિશેષ દ્વારા લવણકા સ્વાદ આતા હૈ, સામાન્ય દ્વારા લવણકા સ્વાદ નહીં આતા. બસ ગૃદ્ધિ હૈ ને શાકમેં ? આહાહાહા... બડા શાક મીઠા હુઆ, ખારા હુઆ અરે શાક ખારા હૈ ? ખારા તો મીઠા હૈ, લવણ હૈ, શાક તો ભિન્ન ચીજ હૈ. ભિન્ન ચીજમેં કયા લવણ ઘૂસ જાતે હૈ અંદરમેં ? આહાહા ! સમજમેં આયા ?

ભોજનકે સંબંધસે ઉત્પન્ન સામાન્ય લવણનો તિરોભાવ એકલા લવણકા સ્વાદકા ઢંક જાના, અને વિશેષ લવણકા આવિર્ભાવ શાક દ્વારા, રોટી દ્વારા, ખિચડી દ્વારા લવણકા સ્વાદ અનુભવમેં આનેવાલા કે જો સામાન્યકે તિરોભાવરૂપ શાક આદિકે સ્વાદભેદસે ભેદ, એકલા લવણકા સ્વાદકા સ્વાદ ન આના અને શાક આદિ સ્વાદભેદસે ભેદરૂપ વિશેષરૂપ લવણ હૈ. વિશેષરૂપ લવણકા અર્થ એ, શાક દ્વારા જે લવણકા સ્વાદ એ વિશેષ કહેનેમેં આતા હૈ, અને એકલા લવણકા સ્વાદ લવણ દ્વારા એ ઇસકો સામાન્ય કહેનેમેં આતા હૈ. આહાહાહા ! આ આવી વાતું હવે.

આ તો સમજ્યા વિના પાધરું કરો ત્યાગ, પડિમા લઇ લ્યો ને આ કરો ને આ કરો અરર ! મિથ્યા અભિમાન ! પછી એને મિથ્યા અભિમાન ચડી જાય કે અમે ત્યાગી છીએ, આ લોકો ગૃહસ્થી સામે સમકિતી હોય, સમજમેં આયા ? પણ ગૃહસ્થાશ્રમમેં હો અને આ જરી લૂગડાં ફેરવે એટલે ત્યાગી થઇ ગયા ? મિથ્યાત્વનું અભિમાન હૈ. આહાહા ! ( શ્રોતાઃ– લોકમાં સત્કાર થાય. ) દુનિયા ગાંડી પાગલ સત્કાર આપે એમાં ઉસમેં કયા લાભ હુઆ ઉસકો ? સમજમેં આયા ? પાગલ પરિણામ આપે રીપોર્ટ, શું કહેવાય એ ? સર્ટીફીકેટ ! હૈં ? પ્રમાણપત્ર, માનપત્ર, પાગલ માનપત્ર આપે એની કિંમત કયા ? એમ ઇન્દ્રિય વિષયના જાણનારાઓ બહારના ત્યાગીને ત્યાગ માનકર માન આપે, પાગલ હૈ. આહાહાહા ! શું કહ્યું ? ( શ્રોતાઃ– પાગલની સભામાં તો પાગલ જ હોય ને ) આવી વાત બાપા ઝીણી બહુ ભાઈ ! આહાહાહા !

આંહી તો કહેતે હૈ કે લવણનો સ્વાદ શાક દ્વારા અજ્ઞાનીકો આતા હૈ, એ શાક લોલુપ મનુષ્યકો આતા હૈ, શાકકા લોલુપીકો આતા હૈ, ગૃદ્ધિ શાકમેં હૈ, સમજમેં આયા ? કલ કહા થા ને વો શ્રીમદ્‌કા નહીં ? મુમુક્ષુ પચીસ પચાસ થા ને ભોજન બનાયા થા ગામડા ગામમેં હડમતાળા ગામે રાણપર પાસે, તો શાક જ્યાં આયા શાક ખાયા બિના ઉસકે શાક દેખકર, કયું કે એ તો જ્ઞાની થા, ગૃદ્ધિ બિનાકા થા 'શાકમેં લવણ બહોત પડ ગયા હૈ' કયું સાહેબ ? આપે તો ચાખ્યા નહીં ને ? દેખો, એ પાણીસે દૂધીકા ટુકડા બાફે, બાફમેં આતા હૈ ઉસકા રેસા નહીં તૂટતે, રેસા ઉપરના આમ ફાટતે નહીં, રેસા તૂટ ગયા હૈ, લવણ બહોત હૈ. આહાહા ! તો ચાખ્યું ત્યાં ખારું, આહાહા ! કે અરે તમને તો ચાખ્યા વિના ખબર પડી ગઇ હતી, પણ પહેલાં દેખતે થે કે નહીં ? સમજમેં આયા ?

આંહી કહેતે હૈ કે લવણકા સ્વાદ અજ્ઞાની શાક લોલુપીકો આતા હૈ, કિન્તુ અન્યકી સંબંધ

રહિતતાસે ઉત્પન્ન આ સામાન્યકા આવિર્ભાવ પણ શાકસે ઉત્પન્ન નહીં ને એકલા લવણસે ખારાસે ખારા ઉત્પન્ન હોના ઉસકા પ્રગટપણા. લવણસે લવણકા સ્વાદ સીધા આના, એ આવિર્ભાવ સામાન્યનો ઔર વિશેષકા તિરોભાવ આહાહાહા... અનુભવમેં આનેવાલા જો એકાકાર અભેદરૂપ જો લવણ હૈ. આહાહા... એકલું ખારું ખારા-ખારા લવણ હૈ. ઐસા અનુભવમેં આનેવાલેકો, આહા... અભેદરૂપ લવણ હૈ, ઉસકા સ્વાદ નહીં આતા, અજ્ઞાનીકો અભેદરૂપ સ્વાદ નહીં આતા. શાકકા લોલુપીકો લવણ અભેદરૂપ જો હૈ સામાન્ય ઉસકા સ્વાદ નહીં આતા. આહાહા ! ઔર પરમાર્થસે દેખા જાયે તો, હવે કયા કહેતે હૈ, ખરેખર યથાર્થ દૃષ્ટિસે દેખો તો વિશેષકે આવિર્ભાવસે અનુભવમેં આનેવાલા ખારાશ જો શાક દ્વારા લવણ ખ્યાલમેં આતા થા વો હિ પરમાર્થે લવણ ખારા અપનેસે આતા હૈ, એ તો શાક દ્વારા પણ લવણકા સ્વાદ આતા થા, શાકકા સ્વાદ નહીં થા ત્યાં. આહાહા ! હૈ ?

પરમાર્થસે, આહાહાહા... પરમાર્થસે દેખા જાયે તો વિશેષકે આવિર્ભાવ, શાક દ્વારા, રોટી દ્વારા, અનુભવમેં આનેવાલા લવણ એ સામાન્યકે આવિર્ભાવ એ શાક દ્વારા જે ખારપ દિખતે હૈ એ લવણકા દ્વારા ભી લવણકા સ્વાદ એ ઉસકા આતા હૈ. શાક દ્વારા જે લવણકા સ્વાદ આતા હૈ એ સામાન્ય લવણ, લવણકે લક્ષસે લવણકા સ્વાદ આતા હૈ. સમજમેં આયા ? પરમાર્થસે શાકમેં ભી લવણકા સ્વાદ આતા હૈ, લવણકા સ્વાદકા સ્વાદ આતા હૈ. તો એ જેમ પરમાર્થસે દેખા જાયે તો એ લવણકા સ્વાદ હૈ એ. શાકકા નહીં. ઐસે એકિલા લવણકા સ્વાદ દેખે તો લવણકા સ્વાદ હૈ. આહાહાહા ! અરે આવી વાતું હવે, માણસને ફુરસદ ન મળે નિર્ણય કરનેકા વાસ્તવિક તત્ત્વકા, જે પ્રથમ ભૂમિકાની ચીજ હૈ આ તો સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરનેકી આ ચીજ હૈ. સમ્યગ્દર્શનપૂર્વક સમ્યગ્જ્ઞાનકી પ્રાપ્તિકી આ ચીજ હૈ. આહાહાહા !

શાસ્ત્રજ્ઞાન ને વ્યાકરણ ને આ ન્યાય શાસ્ત્રો ને મોટા પંડિતો બધા ફરે, આહાહા... એ તો કલ આયા થા ને ત્યાં મોક્ષમાર્ગ પ્રકાશકમેં, એ તો પંડિતાઇ પ્રગટ કરનેકી ચીજ હૈ, ઐસા આયા થા. મોક્ષમાર્ગ પ્રકાશકમેં ( શ્રોતાઃ- એમાં આત્માના હિતનું કારણ નથી ) એમાં આત્માના હિતની વાત હૈ હી નહિ – મોક્ષમાર્ગ ( પ્રકાશક ) નથી અહીંયા. સમજમેં આયા ? કલ આયા થા. કાંઇ નહીં. ઐ હૈ ઉસમેં ખ્યાલ હૈ, કલ આયા થા. દોપહરકો, ખ્યાલ હૈ કે નહીં ? આહાહા ! કયા કહેતે હૈ ? કે વ્યાકરણ ને ન્યાય ને ઐસા મેં ઐસા જિંદગી ગુમા દે, વો ઉસમેં કોઇ હિતકા પંથ હૈ નહીં, ત્યારે ઉસને કહા પ્રશ્ન, તો કયા હમારે એ ન્યાય આદિકા ગ્રંથ અભ્યાસ નહીં કરના ? કે ભાઈ જો મહા મોટા ગ્રંથ હૈ ઉસકો વ્યાકરણ, ન્યાય આદિકા ભણે બિના મોટા ગ્રંથકા અભિપ્રાય સમજમેં નહીં આતા, ઐસા હૈ, ઐસા હૈ ને ? હૈ ખબર હૈ. કયોંકિ ન્યાયશાસ્ત્રમેં બડા શાસ્ત્ર વ્યાકરણ સહિતકા ગ્રંથ બનાયા હૈ તો બડા શાસ્ત્ર હૈ એ થોડા અભ્યાસ વિના ઉસકા ખ્યાલમેં અભ્યાસ નહીં આતા. આ આયા દેખો, ખ્યાલમેં નહીં આતા તથા શાસ્ત્રાભ્યાસમેં કિતને હી તો વ્યાકરણ, ન્યાય કાર્ય આદિ શાસ્ત્રોકા બહોત અભ્યાસ કરતે હૈ પરંતુ વે તો લોકમેં પંડિતાઈ પ્રગટ કરનેકા કારણ હૈ. મોક્ષમાર્ગ પ્રકાશક હૈ ને ? ઉનમેં આત્મહિતકા નિરૂપણ તો હૈ હી નહીં. આહાહાહા !

ત્યારે ઇનકો પ્રયોજન ઇતના હી હૈ કે અપની બુદ્ધિ બહોત હો તો થોડા બહોત ઇનકા

અભ્યાસ કરકે, પશ્ચાત આત્મહિતકે સાધક શાસ્ત્રકા અભ્યાસ કરના. મોક્ષમાર્ગ પ્રકાશકમેં બહોત લિયા હૈ. હજારો બોલકા સ્પષ્ટીકરણ ખુલાસા કરતે હૈ, સમજમેં આયા ? પહેલે જબ હમારે હાથમેં આયા તો ૮૨ કી સાલ ૮૨ કી, બાવન વરસ હુઆ વો તો હમકો વાંચતે વાંચતે કંઇ ખાના, પીના, ભોજન લેના જાના, કાંઇ રુચે નહીં, ઓહોહો ! પરમ સત્ય વાત હૈ કીધું. ૮૨ કી સાલ સંવત ૧૯૮૨, બાવન વરસ હુઆ રાજકોટમેં થે. સભા મોટી ત્યાં રાજકોટમેં તો બડી સભા ત્યાં, હમ તો સંપ્રદાયમેં ૭૪ સે આ વ્યાખ્યાન કરતે હૈ. ૬૦ વરસ હુઆ તો પહેલેસે હમારી પ્રસિદ્ધિ બહોત હૈ, તો માણસો હજારો માણસ, તો ઉસમેં આ હાથમેં આયા તો ન રુચે વ્યાખ્યાન કરના, ન રુચે આહાર લેને કા ભોજન ( લેને ) જાનેકા, ઐસે ધૂન ચડ જાતી થી.

( શ્રોતાઃ– હાથકા લિખા હુઆ મિલા થા. ) છાપેલા હુઆ થા. ઐસે હૈ કિ ઐસા જો પુસ્તક હૈ ને એ પહેલે નહીં મેરે મિલા થા, ઐસા–ઐસા યે મિલા થા પહેલે ઐસા ઉસમેં, ઉસમેં અને પીછે કહા થા ને ? જે જબ અભ્યાસ તો કિયા પીછે એકવાર હમ ઢસા ગયા. ઢસા યહાં આયે, યહાંસે ઢસા સ્ટેશન હૈ, આંહી ઢસા જંકશન હૈ. ત્યાં હમ ગયે સ્થાનકવાસી થા ને હમ તો સંપ્રદાયમેં ઊતરે અપાસરે, તો અપાસરેમેં બેઠે આમ પાટ ઉપર માણસો બહોત આતે થે ને ઉસ ટાઇમ તો, આમ નજર કિયા તો અલમારી થી, અલમારી, અલમારી ખોલી, કંઇ કોઇ પુસ્તક નહીં. એક મોક્ષમાર્ગ પ્રકાશક પુસ્તક હમારે પાસ હૈ. એક પડા થા, આ કયા ? આ સ્થાનકવાસીમેં આ કયા, સ્થાનકવાસી આ માને નહીં એ પુસ્તક હૈ હમારી પાસ, ત્યારસે રખા, નહીં તો કોઇકા હમ પુસ્તક નહીં રખતે થે. પાટ થી ત્યાં અલમારી થી સમજે ને ? આમ ખોલા તો કોઇ પાના પુસ્તક એકેય નહીં. એક જ આ મોક્ષમાર્ગ પ્રકાશક પડા થા એ કોઇ સાધુ બાધુ લાયા હોગા. પછી ઉસકો ઠીક ન પડયા. સ્થાનકવાસી હૈ ને, છોડ દિયા હોગા. મૈં પૂછા કે આ પુસ્તક કહાંસે આયા ભાઈ, આ એ લોકોને સ્થાનકવાસીને, આરે મહારાજ હમકો ખબર નહીં કુછ, આપ લે જાઓ. સારી અલમારીમેં એક હી પુસ્તક મોક્ષમાર્ગ પ્રકાશક આમ ઉઘાડયા ને પડયા થા, કીધું ઓહોહો ! આંહી પુસ્તક સ્થાનકવાસી ઉપાશ્રયમેં આ મોક્ષમાર્ગ પ્રકાશક કહાંસે આયા ? લોકોકો પૂછા એ ૮૬ કી સાલકી બાત હૈ. સંવત ૧૯૮૬ તો કિતના વરસ હુઆ હૈ ? ૪૮– એ પડયા હૈ પુસ્તક બતાયા થા એક ફેરી પડા હૈ, ત્યારસે હમ રખતે હૈ, નહીંતર પુસ્તક હમ નહીં રખતે થે. બહુ હમે કહેતે થે તો એકવાર ૮૬ મેં એ પહેલે ૮૪ મેં એ ૮૨ માં હાથ આવ્યું 'તું.

૮૪ માં હમ બગસરે ગયે થે, તો ત્યાં એક કલ્યાણજીભાઈ કરીને શ્રીમદ્‌ના ભગત થા, ઉસકે પાસ મોક્ષમાર્ગ પ્રકાશક થા તો એ કહે મહારાજ લઇ જાવ ને, મેં કીધું ભાઈ એવા પુસ્તક બુસ્તક હમ રખતે હી નહીં. તો સાતમા અધ્યાય લીખ લિયા. સાતમા અધ્યાય હૈ ને લિખ લિયા, જીવણલાલજી થા ને એ હમારી સાથે તબકા હમ તો કંઇ કરતે નહીં. સાથ થા ઉસને લિખ લિયા. એ પડા હૈ મારી પાસ. ૮૪સે પડા હૈ સાતમા અધ્યાય નિશ્ચયાભાસ ને વ્યવહારાભાસ, સબકા સારા સાતમા અધ્યાય લિખ લિયા હમ કોઇ પુસ્તક બુસ્તક રખતે નહીં. આંહી કોણ રખે ? એ સાતમા અધ્યાય લિખ લિયા થા. એ પડા હૈ.

એણે તો કહ્યું હમકો તો બહોત લોગ કહેતે હૈ ને મહારાજ લે જાઓ ને, અરે શ્વેતાંબર ગૃહસ્થો આતે થે. ગૃહસ્થ લોકો, મહારાજ કંઇ આજ્ઞા કરોને, આજ્ઞા એટલે કાંઇ પાંચ પચીસ

હજાર કે બે પાંચ હજાર ખર્ચવાને કહો ને. ભાઈ અમે કોઇકો કહેતે નહીં. હમ કોઇકો કહેતે નહીં કે આ લઇ આવો–આ લઇ આવો. રાણપુરમેં એક શેઠિયા થા બડા શ્વેતાંબર તો હમારી બાત સૂનતે થે મહારાજ કંઇ આજ્ઞા કરો હમકો. હમ કોઇકો કહેતે નહીં કે પાઇ દિયો કે પૈસા દિયો એ હમારા કામ નહીં હૈ. ભાઈ હતા ભાઈ ઉજમશીભાઈ હતા. નાગર પુરુષોત્તમના ભાઈ, ગૃહસ્થ હતા. કરોડપતિ નાગરભાઈ એના ભાઈ હતા. હમ તો હમારે પાસ શાસ્ત્ર હૈ એ રખતે હૈ બાકી કોઇ પૈસા દો ને, વેચાતા દોને લો હમ કોઇકો કહેતે નહીં ને હમ કિસીકા રખતે નહીં ઐસા. આ ઉસમેંસે લિખા દેખો આ. શાસ્ત્ર અભ્યાસ નહીં કરના ? ઐસા હૈ તો વ્યાકરણ આદિકા અભ્યાસ નહીં કરના ચાહિયે ? ઐસા શિષ્યકા પ્રશ્ન હૈ, કહેતેહૈ કે ઉનકે અભ્યાસકે બિના મહાન ગ્રંથોકા અર્થ ખુલતા નહીં, મોટા મહાગ્રંથ સંસ્કૃતમાં ઇસલિયે ઉનકા ભી અભ્યાસ તો કરના ભી યોગ્ય હૈ. થોડા અભ્યાસ કરના ઔર પીછે આત્મહિતકા અભ્યાસ કરના આ બાત કહેતે હે.

અહીંયા વો આયા દેખો, કે વિશેષકે આવિર્ભાવસે અનુભવમેં આનેવાલા લવણ એ સામાન્ય ભાવકે આવિર્ભાવસે અનુભવમેં આનેવાલા લવણ હૈ. ઇસ પ્રકાર અનેક પ્રકારોકે જ્ઞેયોકે આકારોકે સાથ, ક્યા કહેતે હૈ ? હવે જે શાક દ્વારા જો લવણકા સ્વાદ આતા થા વિશેષ દ્વારા, વોહી પરમાર્થસે તો લવણકા હી સ્વાદ હૈ. ત્યાં શાકકા સ્વાદ હૈ નહીં. ઐસે હવે આત્મામેં ઉતારતે હૈ, અનેક પ્રકારકે જ્ઞેયોકે આકારોકે સાથ ઇન્દ્રિયજ્ઞાનકા વિષયોમેં જો જ્ઞાનકા જ્ઞેયાકાર જ્ઞાન હોતા હૈ, વો જ્ઞાનકી પર્યાય હૈ, એ કોઇ પરજ્ઞેયકી હૈ નહીં. પણ ઉસકે લક્ષ જ્ઞાનકી પર્યાય, આ જ્ઞાયક હૈ ઐસા લક્ષ નહીં. સમજમેં આયા ? આહાહા ! જૈસે ૧૭ મેં કહા ને ? સત્તરમી ગાથા, સતરાહ હૈ, અજ્ઞાનીકી જ્ઞાનકી પર્યાયમેં ભી દ્રવ્ય હી જ્ઞાનમેં આતા હૈ. આહાહાહાહા ! કયા કહા એ ? ૧૭/૧૮ ગાથા, સમયસાર અજ્ઞાનીકી પર્યાયમેં, કયુંકિ જ્ઞાનકી પર્યાય પ્રગટ હૈ એ પર્યાયકા સ્વપરપ્રકાશક સ્વભાવ હૈ, વો કારણસે એ જ્ઞાનકી પર્યાયમેં દ્રવ્યકા હી જ્ઞાન હોતા હૈ. પણ અજ્ઞાનીકો એ ઉપર લક્ષ નહીં, એના પર્યાય ને રાગ ઉપર લક્ષ હૈ, તો જ્ઞાનકી પર્યાયમેં જ્ઞેય જાનનેમેં આતા હૈ વો ઉસકો જાનનેમેં આતા નહીં. આહાહાહાહા ! આવી વાત છે.

કહો, જ્ઞાનકી પર્યાયનો સ્વભાવ જ્ઞાનકા સ્વપરપ્રકાશક હૈ, ચાહે તો અજ્ઞાનીકા જ્ઞાન હો, પણ જ્ઞાનકી પર્યાયકા સ્વભાવ તો સ્વપરપ્રકાશક હૈ કે નહીં ? તો એ જ્ઞાનકી પર્યાયમેં દ્રવ્ય જો જ્ઞાયક ત્રિકાળી હૈ સામાન્ય, ઉસકા જ્ઞાન હોતા હૈ, સ્વ પ્રકાશક હૈ, પર પ્રકાશક ભી હૈ, ને સ્વપ્રકાશક ભી હૈ. પણ અજ્ઞાનીકી જ્ઞાન પયાર્યમેં સ્વપ્રકાશક જ્ઞાન હોને પર ભી ઉસકા લક્ષ જ્ઞેય ઉપર પરજ્ઞેય ઉપર હૈ, સ્વજ્ઞેય ઉપર હૈ નહીં. આહાહાહાહા ! સમજમેં આયા ?

એમ આંહીયા શાક દ્વારા લવણ આતા હૈ એમ જ્ઞેય દ્વારા જ્ઞાન હોતા હૈ, હૈ તો જ્ઞાનકી પર્યાય અપની. આહાહાહા ! સમજમેં આયા ? ખરેખર તો જ્ઞેયાકાર જો જ્ઞાન હૈ, ઉસમેં ભી જ્ઞાનકી પર્યાય હૈ તો અપની એ પર્યાય પરકો જાનતી હૈ, એ જાનનેકી પર્યાય, પર્યાય હૈ તો અપની, સમજમેં આયા ? પરકા જ્ઞાયકપણેસે જ્ઞાન હોતે હૈ, એ ભી પર્યાય તો પરપ્રકાશકકી જ્ઞાન પર્યાય હૈ તો અપની. આહાહાહા ! ઝીણું બહુ ભાઈ ! છતેં એ પરપ્રકાશકકી પર્યાય હૈ તો અપની પણ એ સ્વ તરફકા લક્ષ નહીં તો એ જ્ઞાનકા જ્ઞેયાકારપણે સ્વાદ ઉસકો આતા હૈ, એકીલા જ્ઞાનકા ( જ્ઞાનાકારકા ) સ્વાદ આતા નહીં. આહાહાહા ! આહાહા !

અનેક પ્રકારકે જ્ઞેયોકે આકારોકે સાથ ભી મિશ્રરૂપસે ઉત્પન્ન સામાન્યકે તિરોભાવ, અજ્ઞાનીકો સામાન્ય એકલા જ્ઞાનકા આનંદકા આના એ ઢંક ગયા ઔર વિશેષકા આવિર્ભાવ ઔર જ્ઞેયાકારસે જ્ઞાનકા અનુભવ આનેવાલા વિશેષભાવરૂપ ભેદરૂપ, અનેકાકારરૂપ જ્ઞાન એ અજ્ઞાની જ્ઞેયલુબ્ધ, આહાહા... ઓલામાં શાક લોલુપ થા આ જ્ઞેયલુબ્ધ. અપના જ્ઞાયકભાવકા લક્ષ છોડકર જ્ઞેયલુબ્ધ, આહાહાહા... પરના લક્ષે હુઆ અપની પર્યાયમેં જ્ઞાન એ ભી પરજ્ઞેય હૈ– ક્યોંકિ અપના જ્ઞાન ઉસમેં આયા નહીં. અહીં પરજ્ઞેયમેં લુબ્ધ પ્રાણી, આહાહાહા... એ પહેલે તો વાત, દૃષ્ટાંત તો દિયા શાકકા. અજ્ઞાની જ્ઞેયલુબ્ધ જીવોંકે સ્વાદમેં આતા હૈ, ક્યા ? વિશેષકા આવિર્ભાવ એ અનુભવમેં આતા હૈ. વિશેષકે આવિર્ભાવમેં અનુભવમેં આતા હૈ. સામાન્યકા તિરોભાવ હો ગયા. ( શ્રોતાઃ– આમાં નથી સમજાતું ) હૈં !

નો સમજાય તો ફરીને કહીએ, વિશેષ કહીએ. જુઓ દેખો મિશ્રરૂપસે ઉત્પન્ન સામાન્યકા તિરોભાવ અજ્ઞાનીકો. અજ્ઞાની જ્ઞેયમેં લુબ્ધ હૈ તો એકાકાર જ્ઞાનકા તિરોભાવ– ઢંક ગયા. એકાકારજ્ઞાન જ્ઞાનકે લક્ષસે જો હોના હૈ, એ ઉસકો હોતા નહીં. ઔર વિશેષ આવિર્ભાવસે અનુભવમેં આનેવાલા જ્ઞેય દ્વારા જ્ઞાન, વહ અજ્ઞાની જ્ઞેયલુબ્ધ જીવોકો સ્વાદમેં આતા હૈ, રાગ સ્વાદમેં આતા હૈ. આહાહાહા ! પરજ્ઞેયોકે આકારે જ્ઞાન હુઆ એ રાગકા જ્ઞાન ન્યાં તો હૈ, તો રાગ સ્વરૂપ જ્ઞાન હૈ. આહાહાહા ! તો ઉસકો, હૈ ? આહાહા ! સ્વાદમેં આતા હૈ, જ્ઞેયલુબ્ધ જીવોંકો એ રાગકા સ્વાદ આતા હૈ, આત્માકા જ્ઞાયકભાવકા સ્વાદ નહીં. આહાહા !

શું કહે છે ભારે ગજબ. આહા ! ટીકા તે ટીકા છે. સંતો, દિગંબર સંતો કેવળીના કેડાયતો ઓહોહો... કેવળજ્ઞાનના વિરહ ભૂલાવી નાખ્યા છે એણે તો. આહાહાહા ! સમજમેં આયા ?

ક્યા કહેતે હૈ દેખો, આહાહાહા ! અન્ય જ્ઞેયાકારકા ભેદરૂપ, હૈ ? વિશેષકે આવિર્ભાવ અનુભવમેં આનેવાલા જ્ઞાન અજ્ઞાની જ્ઞેયલુબ્ધ જીવોકે સ્વાદમેં આતા હૈ. પરજ્ઞેયાકારકા જ્ઞાન જે હુઆ ઉસકા ખ્યાલ રાગકા સ્વાદ આતા હૈ. આહાહા ! પરજ્ઞેયાકારકા જ્ઞાન હુઆ. અજ્ઞાની ઉસમેં લુબ્ધ હૈ. તો ઉસકો ઉસકા રાગકા સ્વાદ આતા હૈ. આહાહાહા ! પર શાસ્ત્રકા જ્ઞાન હુઆ પણ એ ઇન્દ્રિયજ્ઞાનકે અંદર લક્ષસે હુઆ, એ પરજ્ઞેયાકાર જ્ઞાન હુઆ ઉસમેં જે લુબ્ધ હૈ, ઉસકો રાગકા સ્વાદ આતા હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ– દૃષ્ટિકી ભૂલ હૈ ) દૃષ્ટિની ભૂલ હૈ. આહાહા ! એને માટે તો બતાવે છે. આહાહા...

ભાઈ ! તુમ તો સામાન્યજ્ઞાન સ્વરૂપ ત્રિકાળ હૈ ને ? તો સામાન્ય જો ત્રિકાળ હૈ ઉસકા સ્વાદમેં તેરા સામાન્ય આના ચાહિએ, ઉસમેં અનેક જ્ઞેયાકારકા જ્ઞાન હોના ન ચાહિએ. પણ તેરા લક્ષ ત્યાં નહીં અને જ્ઞેયોમાં લુબ્ધ હૈ. આહાહાહાહા ! જ્ઞાયક સ્વભાવભાવ ભગવાન આત્મા ઉસકા અનાદર કરકે પર જ્ઞેયાકારકા જ્ઞાન હુઆ, ઉસમેં લુબ્ધ હોકર. આ રાગીકો, રાગકા સ્વાદ આતા હૈ. આહાહાહા !

એકીલા પરકા શાસ્ત્રજ્ઞાનમેં એ ભી રાગકા સ્વાદ આતા હૈ કહેતે હૈ. આહાહા ! હવે આ વાદ વિવાદે ક્યાંય પત્તા ચલે નહીં, પ્રભુ શું કરે ? આહાહા ! જે જ્ઞાનકી પર્યાય ઇન્દ્રિય દ્વારા વિષયકા જ્ઞાન હુઆ, ચાહે તો એ શાસ્ત્રજ્ઞાન હો, તો ભી પરજ્ઞેયાકાર જે જ્ઞાન હુઆ, ઉસમેં લુબ્ધ રહેકર પર્યાયબુદ્ધિવાલા જ્ઞેયમાં લુબ્ધવાલા ઉસકો આત્માકા આનંદકા સ્વાદ નહીં આતા, રાગકા

સ્વાદ આતા હૈ. આહાહાહા ! આકુળતા ઉત્પન્ન હોતી હૈ ભાઈ તારા સ્વદ્રવ્યનો આશ્રય ત્યાં હુઆ નહીં. પરદ્રવ્યના આશ્રયે જે જ્ઞાન હુઆ તો પરજ્ઞેયાકાર જ્ઞાનમેં રાગકા સ્વાદ આતા હૈ. આહાહાહાહાહા ! વિશેષ કહેગા. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૭૫ ગાથા - ૧૫ તા. ૧-૯-૭૮ શુક્રવાર, શ્રાવણ વદ-૧૪ સં. ૨૫૦૪

૧૫ મી ગાથા. આખિરકી ચાર લીટી હૈ પંક્તિ. અલુબ્ધ જ્ઞાનીઓકો ત્યાં સે હૈ ભાવાર્થ ઉપર ચાર પંક્તિ. સૂક્ષ્મ બાત હૈ ભગવાન. આહા ! અલુબ્ધ જ્ઞાનીઓકો તો અર્થાત્ ઇન્દ્રિયકા જ્ઞાનસે જો જ્ઞાન અનેક પ્રકારે હોતા હૈ પરજ્ઞેયાકાર જ્ઞાન. ઉસકે ભી રુચિ છોડકર, આહાહા... ઉસકા ભી આશ્રય અવલંબન છોડકર અપના ત્રિકાળી જ્ઞાયકભાવમેં જો દૃષ્ટિ લગાતે હૈ એ અલુબ્ધ જ્ઞાની હૈ. આહાહા ! પર્યાયમેં ઇન્દ્રિયજ્ઞાનકા વિષયસે અનેકાકાર જ્ઞાનકી પર્યાય હોતી હૈ, ઉસમેં ગૃદ્ધિપણા છોડકર, આહાહાહા... ચાહે તો શાસ્ત્રકા જ્ઞાન હો, પર તરફકા લક્ષવાળા, એ ઇન્દ્રિયજ્ઞાનકા વિષય હુઆ. ઉસમેં ભી જિસકો લુબ્ધ નહીં કે મૈં જ્ઞાની હું, મેરે જ્ઞાન હુઆ ઐસે લુબ્ધ નહીં. આહાહા !

"અલુબ્ધ જ્ઞાનીઓકો તો જૈસે સૈંધવકી ડલી", લવણકી ડલી "અન્યદ્રવ્યકે સંયોગકા વ્યવચ્છેદ કરકે" શાક આદિ અન્ય દ્રવ્યકા વ્યવચ્છેદ, અભાવ કરકે કેવળ સૈંધવકા અનુભવ કિયે જાને પર એકિલા સૈંધવકા અનુભવ ક્ષારપણાકા અનુભવ કરને પર, આહા... સર્વતઃ એક ક્ષાર રસસ્વાદકે કારણ એક ક્ષારરસકા સત્વકે કારણ, ક્ષાર રસત્વ, ક્ષાર રસ-સત્વ કે કારણ એકીલા ક્ષારરસકા અનુભવ હોતા હૈ. એ શાક આદિમેં હૈ ઉસકો વ્યવચ્છેદ કર, અર્થાત્ ઉસકા લક્ષ છોડકર એકિલા ક્ષારકા રસકા સ્વાદ આતા હૈ.

ઉસી પ્રકાર, એ તો દૃષ્ટાંત હુઆ. આત્મા ભી પરદ્રવ્યકે સંયોગકા વ્યવચ્છેદ કરકે, આહાહાહાહા... જ્ઞાનકી પર્યાયમેં ઇન્દ્રિયજ્ઞાનકા વિષયસે જો જ્ઞાન અનેકાકાર હૈ, ઉસકો યહાં પરદ્રવ્ય કહા. આહાહા ! સમજમેં આયા ? ઇન્દ્રિયજ્ઞાનસે જાનનેમેં આયા, શાસ્ત્ર આદિ જાનનેમેં આયા, તો કહેતે હૈ કિ યે ભી પરદ્રવ્ય હૈ. પરદ્રવ્યકા, હૈ ? પરદ્રવ્યકે સંયોગકા એ સંયોગી ( ભાવ હૈ ) આહાહા... ગજબ વાત હૈ, રાગ આદિ તો સંયોગી દ્રવ્ય પરદ્રવ્ય હૈ હી પણ પરના લક્ષે ઇન્દ્રિયસે જ્ઞાન હુઆ શાસ્ત્રકા. આહાહાહા... વો ભી અપના સ્વરૂપ નહીં. આહાહાહા ! બહુ ધીરાના કામ છે પ્રભુ આ તો, એ જ્ઞાનકી પર્યાયમેં શાસ્ત્રજ્ઞાન સૂનકર જો જ્ઞાન હુઆ એ ભી ઇન્દ્રિયજ્ઞાન હૈ. એ પર્યાયકો આંહી પરદ્રવ્ય કહા, કયોંકે અપના સ્વદ્રવ્ય જ્ઞાયકભાવ ઉસમેં આયા નહીં. આહાહાહા ! આવી વાત છે. ભાઈ !

ભગવાન આત્મા ઉસકા જ્ઞાયક એકરૂપ સ્વભાવ, ઉસકો છોડકર ઇન્દ્રિયજ્ઞાનકા વિષયસે અનેક પ્રકારે જ્ઞેયાકાર જ્ઞાન હુઆ, ઉસકો ભી યહાં પરદ્રવ્ય કહેનેમેં આયા હૈ. આહાહાહા ! શરીર આદિ તો પરદ્રવ્ય હૈ હી, દયા દાન ભક્તિ આદિકા ભાવ તો પરદ્રવ્ય હૈ હી. આહાહા... પણ જ્ઞાનકી પર્યાયમેં પરકા લક્ષસે જ્ઞેયાકાર, સ્વજ્ઞેયકો છોડકર પરજ્ઞેયકા આકારમેં અનેકાકાર જ્ઞાન હુઆ, આહાહાહાહા... ઉસકો ભી પરદ્રવ્યકા સંયોગકા વ્યવચ્છેદ કર, એ સંયોગીજ્ઞાન એ

પરદ્રવ્યકા સંયોગ હૈ. આહાહાહાહા ! ગજબ વાત કરતે હૈ ને. એ અંતર સ્વભાવ જે જ્ઞાયકસ્વરૂપ ઉસકા જ્ઞાન નહીં. આહાહા ! એ સંયોગ, ઇન્દ્રિય સંયોગ અને ભાવઇન્દ્રિય સંયોગ અને શબ્દ આદિ પર, એ સંયોગ ઉસસે ઉત્પન્ન હુઆ જે જ્ઞાનકી પર્યાય, ઇસકો યહાં પરદ્રવ્યકા સંયોગ કહેનેમેં આયા હૈ. આહાહા ! સમજમેં આયા ?

આ તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પાનેકા કાળમેં કયા હોતા હૈ એ બાત હૈ. સમજમેં આયા ? સમ્યગ્દર્શનકા કાળમેં સમ્યગ્જ્ઞાન હોતા હૈ અને સમ્યગ્જ્ઞાનકે કાળમેં કૈસા હોતા હૈ એ બાત ચલતી હૈ. આહાહાહાહા ! નિમિત્ત તો પર હૈ હી, પણ પરકા નિમત્તસે જો જ્ઞાન હુઆ ઉસકો યહાં પરદ્રવ્યકા સંયોગ કહા. આહાહાહા ! સમજમેં આયા ?

પરદ્રવ્યકે સંયોગકા વ્યવચ્છેદ કરકે, આહાહા... કેવળ આત્મા હી અનુભવ કિયે જાને પર સ્વદ્રવ્ય યે આ. આહાહા ! ચિદાનંદ ભગવાન સહજાત્મ સ્વરૂપ પ્રભુ, ઐસા જો આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનસે ભરા, ઐસા કેવળ આત્માકા હી, આહાહા... બહુ સૂક્ષ્મ બાત, અપૂર્વ બાત હૈ ભાઈ ! પર્યાયમેં અનેકાકાર જ્ઞાનકો યહાં પરદ્રવ્ય કહેનેમેં આયા. આહાહા ! સંયોગી, સંયોગસે ઉત્પન્ન હુઆ તો સંયોગી ( જ્ઞાન ) હૈ, જૈસે પુણ્ય પાપ સંયોગી ભાવ હૈ, પુણ્ય પાપ એ સંયોગસે ઉત્પન્ન હુઆ એ સંયોગી ભાવ હૈ, ઐસે જ્ઞાનકી પર્યાયમેં સંયોગ લઇને પરસે ઉત્પન્ન હુઆ એ સંયોગી જ્ઞાન હૈ. આહાહાહાહા !

જૈન શાસન કયા હૈ એ બતાતે હૈ, ( શ્રોતાઃ– સંયોગીભાવ કે સંયોગી જ્ઞાન ? ) હૈં ? પ્રભુ અંદર જ્ઞાનકા ગાંગડા જેમ લવણકા ડલ્લી હૈ ઐસે જ્ઞાનકી ડલ્લી આત્માકા પિંડ હૈ તો ઉસકા તરફકા લક્ષ કરનેકે કારણ, આહાહા... એકિલા જ્ઞાયકભાવકા આશ્રય ને લક્ષ કરનેકે કારણ પર્યાયમાં પરદ્રવ્યકા સંયોગસે જો જ્ઞાન હુઆ ઉસકો ભી છોડકર, આહાહાહાહા... પરદ્રવ્યકે સંયોગકા વ્યવચ્છેદ કરકે, આહાહાહાહા... પરલક્ષી જ્ઞાન ભી પરદ્રવ્યકા સંયોગ કહેનેમેં આયા હૈ. ગજબ વાત હૈ. આહાહા !

ભાઈ અનંત કાળ હુઆ ૮૪ મેં, ઉસમેં શાસ્ત્રજ્ઞાન ભી અનંત બૈર કિયા હૈ. આહા ! પણ વો તો પરલક્ષસે શાસ્ત્રજ્ઞાન હુઆ, વો કાંઇ સ્વજ્ઞાન હુઆ નહીં. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ ઉસકા જ્ઞાન ન હુઆ, આહાહા ! અલુબ્ધ જ્ઞાનીકો, સંયોગીમાં જિસકી લુબ્ધતા નહીં, ઔર અસંયોગી ભગવાન આત્મા ઉસકા કેવળ આત્માકે હી અનુભવ કિયે જાનેપર, આહાહાહાહા...

શું વાત ? "સર્વતઃ એક વિજ્ઞાનઘનકે કારણ" ભગવાન તો સર્વતઃ એક, એક વિજ્ઞાનઘન કારણ, પરસે તો અનેક જ્ઞેયાકાર જ્ઞાન એ એકપણા નહીં હુઆ ન્યાં. આહાહા ! આવો મારગ છે ભાઈ ! વાણીમેં તો કંઇ જડકી પર્યાય હૈ, વાણી જો હોતી હૈ એ તો જડકી પર્યાય હૈ, મૈં કહેતા હું–એ બાત તો જૂઠ હૈ. આહાહાહા ! ઔર પરલક્ષી જો રાગ આયા વો ભી અપના નહીં. એ રાગ ભી પરદ્રવ્ય સંયોગી ચીજ હૈ. આહાહાહા ! ઐસે સ્વાભાવિક ચૈતન્યકા જ્ઞાન બિના પરકા નિમિત્ત ને સંયોગસે જો જ્ઞાન હુઆ, આહાહાહાહા... નિમિત્તસે હુઆ હૈ નહીં, હુઆ તો અપની પર્યાયમેં નિમિત્તસે નહીં, પણ નિમિત્તકા લક્ષસે અપનેમેં જ્ઞેયાકાર જ્ઞાન જે અનેક પ્રકારે હોતા હૈ, ઉસકો ભી યહાં પરદ્રવ્ય સંયોગ વ્યવચ્છેદ કરકે કહેનેમેં આયા હૈ. આહાહાહા !

'પરદ્રવ્યકે સંયોગકા વ્યવચ્છેદ કરકે' આહાહા ! જો કે નિયમસારમેં તો નિર્મળ સમ્યગ્દર્શન

ને જ્ઞાનકી પર્યાયકો ભી પરદ્રવ્ય કહા હૈ, ક્યોં કે જેમ પરદ્રવ્યસે અપની નિર્મળ પર્યાય નવી નહીં ઉત્પન્ન હોતી ઐસે નિર્મળ પર્યાયમેંસે નવી નિર્મળ પર્યાય નહીં ઉત્પન્ન હોતી, એ કારણે નિર્મળ પર્યાયકો ભી પરદ્રવ્ય કહા, પણ ઉસકી યહાં બાત નહીં.

યહાં તો વો સંકલ્પ, વિકલ્પકા અર્થ આયા થા પહેલે, આહાહા... દ્રવ્યકર્મ, ભાવકર્મ ને નોકર્મકો અપના માનના એ સંકલ્પ મિથ્યાત્વ હૈ, પહેલાં આ ગયા. સમજમેં આયા ? જડકર્મ, નોકર્મ વિકલ્પ આદિ શુભ આદિ અને નોકર્મ દ્રવ્યકર્મ, નોકર્મ સંયોગી ચીજ ભાવપણે, ઉસકો અપના માનના એ સંકલ્પ મિથ્યાત્વભાવ હૈ, ઔર જ્ઞેયભેદે જ્ઞાનમાં ભેદ માલૂમ હોના એ અનંતાનુબંધીકા લોભ હૈ. ( વિકલ્પ હૈ ) આહાહાહા ! આવી વાત ભાઈ બહુ આકરી. સમજમેં આયા ?

તો યહાં તો પરદ્રવ્ય નામ એકલા સ્વજ્ઞેય સ્વરૂપ ઉસસે જ્ઞાન હો અને એકાકાર જે જ્ઞાન હોના ચાહિએ ઉસકો છોડકર એકલા પરલક્ષમેંસે ઇન્દ્રિયકા વિયષકે ચાહે તો ભગવાનકો સૂને, ભગવાનકી વાણી સૂને, આહાહાહાહા... ઉસસે જો પરજ્ઞેયરૂપી જ્ઞાનકી અનેકાકાર પર્યાય હુઇ. આહાહાહા ! ઉસકા ધર્મી જીવ, ઉસમેં લુબ્ધ નહીં. એ મેરી ચીજ હૈ ને મેરે જ્ઞાન હુઆ ઐસે નહીં. આહાહાહાહાહા ! સમજમેં આયા ?

આત્મા પરદ્રવ્યકે સંયોગકા વ્યવચ્છેદ કરકે, આહાહા ! ( શ્રોતાઃ- વ્યવચ્છેદ કરનેકી વિધિ નહીં લિખિ ગઇ ) ક્યા ? આહાહા ! અરે ! ઘઉંમેસે કાંકરા નિકાલનેકી વિધિ નહીં નક્કી કહી. ઘઉંમેં હૈ ને ઘઉં હૈ ને ઘઉં ? કાંકરી હૈ ને ? એ ઘઉંમેંસે કાંકરા નિકાલ દેના ઓ વિધિ હૈ, અથવા ઉસકે ઉપરસે લક્ષ છોડના એ હી વિધિ હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ?

ભાઈ મારગ બહુ સૂક્ષ્મ હૈ. આહાહા ! આ ગજબ કામ કર્યું છે ને ? આચાર્યોએ પણ ટૂંકી ભાષામાં કિતના ગંભીર ભાવ ભરા હૈ. આહાહાહા ! એ દિગંબર સંતો સિવાય આવી પ્રસિદ્ધિ કોણ કરે ? આહાહા... આ આત્મખ્યાતિ હૈ ને આ ટીકાકા નામ આત્મખ્યાતિ, આત્મપ્રસિદ્ધિ. આહાહા !

ભાઈ ! આ તો ધીરાનાં કામ છે. આહાહા ! ઉતાવળે આંબા ન પાકે, એમ કહેતે હૈ ને ? ઉતાવળે આંબા તો નહીં પાકતે હૈ, નહીં કહેતે હૈ તુમારે ? આ અંબ નહીં, અંબ, આ વાવતે હૈ તો તરત પાક જાતે હૈ ? હૈં ? ( શ્રોતાઃ- ભીંડો તરત થાય ) ભીંડો તરત થાય પણ છ મહિને પાછો સુકાઇ જાય. ભીંડાકા ઝાડ હોતા હૈ ને ? આતા હૈ આપણે એ શ્લોક ભી આયા હૈ, “ભીંડા, ભાદુ માસકા વડકુ કહે જરૂર, હમ આયે તુમ ખસ જાઓ.” હમ છ માસમાં ઇતના હુઆ તો બાર મહિનેમેં કિતના હો જાયેગા ? વડકો કહે દૂર હો જાવ તમે ઇતના ઘણા વરસે હુઆ હૈ. છ માસમે ઇતના બઢ ગયા હૈ. વડ કહેતે હૈ કે હવે છ માસમેં આયા હૈ હવે સુકાઇ જાયેગા હવે બઢ નહીં જાયેગા. એક શ્લોક આતા હૈ. બરોબર બધા શબ્દ યાદ રહે નહીં. એ આતે હૈ “ભીંડા ભાદુ માસકા, વડકું કહે જરૂર” હમ આયે એમ કાંઇ છે ભાષા હમ આયે એમ કે હમ બઢ ગયે તો તુમ દૂર રહ જાવ, વડને કહે દૂર હો જાવ, છ મહિનામાં ઇતના વધ્યા ને તુમ તો ઇતના વરસે ઇતના વધ્યા હૈ, તો પીછે બાર મહિને કિતના બઢ જાએગા. ધૂળેય નહીં બઢા સૂન તો સહી.

ઐસે જ્ઞાનકી જ્ઞેય પર્યાયમેં અનેકાકાર જ્ઞાન હુઆ તો એને જાને કે. બહોત મેરે જ્ઞાન

હુઆ, ઓહોહો ! અરે સૂન તો સહી પ્રભુ ! આહાહા ! એ ભીંડા ભાદુ માસકા જૈસા હૈ. આ ભાદુ માસ સમજે ને ? ભાદરવા ભાદરવામેં ભીંડો એકદમ હોતા હૈ ઝાડ. ઇતના ઇતના પણ તરત સુકાઇ જાતા હૈ. પીછે આસો મહિને. આહાહા ! પરજ્ઞેયાકાર જ્ઞાન હુઆ વો ઉસમેં લુબ્ધ હૈ તો એ મિથ્યાદૃષ્ટિ અનાદિ હૈ, નિગોદમેં ચલે જાયેગા. ત્યાં તો એ પર જ્ઞેયાકાર જ્ઞાનેય નહીં રહેગા. આહાહાહાહા ! કયોંકિ સ્વભાવસે ઉત્પન્ન હુઆ નહીં અને પરદ્રવ્યકા અવલંબન ને ઇન્દ્રિયસે ઉત્પન્ન હુઆ વો નાશવંત હો જાયેગા. આહાહા !

ભાઈ મારગ જુદો બાપુ. આહા ! આ કોઇને કહીને સમજાના હૈ કે ઐસી બાત ( નહીં ), અંદરમેં હૈ આ વસ્તુ. આહાહા ! એ આ કહેતે હૈ ઇતના તીન લીટીમેં તો કિતના ભર દિયા હૈ. આહાહા ! જૈસે લવણકી ડલીકા સ્વાદ લેનેકે કારણ, અનેક શાક આદિમેં જો લવણ દિખતે હૈ એ પરદ્રવ્યકા લક્ષ છોડકર એકિલા લવણકા સ્વાદ લેનેવાલા, લવણકા સ્વાદ લેતે હૈ. ઐસે અપની પર્યાયમેં ઇન્દ્રિય, દ્રવ્ય ને ભાવ ઇન્દ્રિય અને બાહ્ય વસ્તુ, એના નિમિત્તસે જો જ્ઞેયાકાર અનેક પ્રકાર જ્ઞાન હુઆ, ઉસકા લક્ષ છોડકર ઉસકા રસ ને પ્રેમ છોડકર, આહાહાહાહા... ઉસમેં મેરી હૈયાતી હૈ, ઐસી બાત છોડકર, આહાહાહાહા... સમજમેં આયા ? ગજબ કામ, ટીકા ઐસી, આહાહાહાહા !

સ્વદ્રવ્ય જો ભગવાન આત્મા, આહાહાહા... એ પરદ્રવ્યકા સંયોગકા વ્યવચ્છેદ કરકે અર્થાત્ તે તરફકા લક્ષ છોડકે આહાહાહા... કેવળ આત્માકા હી અનુભવ કિયે જાનેપર, આહાહાહા... ગજબ વાત હૈ પંદરમી ગાથા, આ જૈનશાસન, એકિલા ભગવાન આત્મા, આત્માકા હી અનુભવ કિયે જાને પર, જ્ઞાયક સ્વભાવસે પ્રભુ ભરા પડા હૈ, વો તરફકા અનુભવ કરને પર આહાહાહા... સર્વતઃ એક વિજ્ઞાનઘનતાકે કારણ, આહાહાહા... એક વિજ્ઞાનઘન હુઆ. આહાહાહા... જો જ્ઞાનકી પર્યાયમેં અનેકતાકી ધારા વહેતી થી ત્યાં ઘન નહીં થા. સમજમેં આયા ? શાસ્ત્રજ્ઞાન "સબ શાસ્ત્રનકે નયધારી હિએ મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન વાર અનંત કિયો તદપિ કછુ હાથ હજુ ન પડયો, અબ કયોં ન વિચારત હૈ મનસે કછુ ઔર રહ્યા ઉન સાધનસે, બિન સદ્ગુરુ કોઇ ન ભેદ લહે મુખ આગળ હૈ કહ બાત કહે" આહાહા ! ( કવિત ) શ્રીમદ્નું છે. શ્રીમદ્ થા ગુજરાતી પણ એને હિંદી બનાયા, આત્મજ્ઞાન હુઆ પીછે આ હિન્દી બનાયા થોડા. આહાહા !

યહાં કહેતે હૈ ગજબ દો લીટીમેં તો કિતના ભર્યા. આહાહાહાહા ! એ સંતોની દશા તો દેખો અંદર, હૈં ? કહેતે હૈ કે હમકો ગુરુગમસે વાણી મિલી અને જ્ઞાન હુઆ ઉસકા ભી, મૈં ઉસમેં લુબ્ધ નહીં. આહાહાહા ! પરદ્રવ્યકે સંયોગકા વ્યવચ્છેદ કરકે કેવળ આત્મા, એકિલા ભગવાન આત્માકા હી અનુભવ કિયે જાને પર, જેમ શાક આદિકા લક્ષ છોડકર એકલા લવણકા સ્વાદ લેતે હૈ, ઐસે જ્ઞેયાકાર અનેક પ્રકારકી, પર્યાયોંકા લક્ષ છોડકર, કેવળ એકલા આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, આહાહાહા... વસ્તુ એવી છે, ( શ્રોતાઃ– અદ્ભુત બાત હૈ ) આવી વાત છે પ્રભુ શું થાય ? લોકોને એવું લાગે કે આ તો બધું વ્યવહાર ઉડાવી દે છે. વ્યવહાર ઉડે તો નિશ્ચય પામે, રાગકી રુચિ છોડે તબ નિશ્ચય પામતે હૈ. એમ પરલક્ષકા જ્ઞાનકા લક્ષ છોડે તો સ્વજ્ઞાન હોતા હૈ. આહાહાહાહા !

કેવળ આત્મા એકિલા ભગવાન આત્માકા અનુભવ કિયે જાને પર સર્વતઃ ચારેબાજુસે

એક વિજ્ઞાનઘન બસ, અનેક જ્ઞેયાકારકા જ્ઞાન થા ઉસકા લક્ષ છોડકર આ એકરૂપ ત્રિકાળી ભગવાન ઉસકા એક વિજ્ઞાનઘનતાકે કારણ જ્ઞાનરૂપસે સ્વાદમેં આતા હૈ. જેમ લવણકા સ્વાદ લેનેસે, શાક તરફકા લક્ષ છોડકર લવણકા સ્વાદ લેનેસે, લવણકા સ્વાદ આતા હૈ, ઐસે જ્ઞેયાકાર અનેક પ્રકારકી પર્યાયકા લક્ષ છોડકર, એક કેવળ આત્માકા અનુભવ કરનેપર જ્ઞાનકા સ્વાદ આતા હૈ. આહાહાહા !

જ્ઞાનકી પર્યાયમેં અનેકાકાર જ્ઞાન હૈ ઉસકા 'રાગ' સ્વાદ હૈ. આહાહા ! અને આ સર્વતઃ એક વિજ્ઞાનઘનતાકે કારણ અંતરમેં અનુભવ કરનેપર જ્ઞાનરૂપસે સ્વાદમેં આતા હૈ, ભગવાન તો જ્ઞાનમેં 'જ્ઞાન' સ્વભાવ સ્વાદમેં આતા હૈ, જ્ઞાનકી સાથ "આનંદ" હૈ, આહાહાહા ! સમ્યગ્જ્ઞાનકી સાથ આનંદ હૈ, તે જ્ઞાન સ્વાદમેં આયા ઐસા કહેનેમેં આયા હૈ. આહાહાહાહાહા ! સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન હુઆ એકિલા કેવળ આત્માકે અનુભવકે કારણ આહાહા... તો એકિલા જ્ઞાન ચેતનાકા આનંદકા સ્વાદ ત્યાં આતા હૈ, આહાહાહા ! ઉસકા નામ સમ્યગ્જ્ઞાન કહેનેમેં આતા હૈ. આહાહા ! અને ત્યાં ભવકા અંત હોતા હૈ ભવકા વ્યવચ્છેદ હુઆ. આહાહા ! ભવ અને ભવકા ભાવસે ભિન્ન અપના સ્વભાવકી એકતાકા અનુભવ હુઆ, ભવકા અંત હો ગયા. આહાહાહા ! એ સુખને મોક્ષને પંથે પડા, સુખને પંથે, વો દુઃખને પંથે થા. આહાહાહા ! આવી ચીજ છે ભાઈ ! વાદ વિવાદ કરે તો આમાં ક્યાંય પાર પડે એવું નથી. આહાહા !

સર્વતઃ એક વિજ્ઞાનઘનતાકે કારણ આહાહા... એકલો જ્ઞાનઘન પિંડ પ્રભુ આત્મા, એના અનુભવ કરને પર જ્ઞાનકા સ્વાદ આતા હૈ. અજ્ઞાનીકો જ્ઞેયાકાર અનેક પ્રકારે જ્ઞાનમેં રાગકા સ્વાદ થા, ઝેરકા સ્વાદ થા. આહાહા ! અપના કેવળજ્ઞાનકા અનુભવ, કેવળ આત્મા અનુભવને પર અમૃતકા સ્વાદ આતા હૈ, સમજમેં આતા હૈ ? લાલચંદજી ! આ વાત ભોપાળમેં હૈ નહીં ક્યાંય ત્યાં. આહાહાહા ! આત્મામેં હૈ એમ કહેતે હૈ. એ તો ભોપાળમેં નહીં એમ કહા. આહાહા ! (શ્રોતાઃ- ઇસલિયે તો સોનગઢમેં આયે હૈ) સોનગઢમેંય નહીં હૈ, આત્મામેં હૈ અહીંયા. આહાહા ! ગજબ વાત હૈ પ્રભુ !

યહાંસે સૂનનેમેં જો જ્ઞાન હોતા હૈ, એ પણ પર જ્ઞેયાકાર જ્ઞાન હૈ ભગવાન, અરરર ! ઉસમેંસે ભી લુબ્ધપણા છોડકર, આહાહાહા... પહેલે આ જ્ઞાન નહીં થા ને હમ તો ઘરે થે ને, અહીંયા હુઆ તો ઇતના તો નવીન હુઆ ને ? નહીં પ્રભુ, એ નવીન નહીં હૈ પ્રભુ. આહાહા ! પર ઇન્દ્રિયજ્ઞાનસે જો જ્ઞાન હોતા હૈ, ભગવાનને ભગવાનકી વાણીકો ભી ઇન્દ્રિય કહેનેમેં આયા હૈ ૩૧ ગાથામેં. આહાહાહા ! શું વીતરાગ મારગ ! (શ્રોતાઃ- ભગવાનકો ઇન્દ્રિય નહીં કહ સકતે !) ભગવાનકો ઇન્દ્રિય કહા હૈ. અપની અણીન્દ્રિય સિવાય, દ્રવ્ય ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય ને પર સબકો ઇન્દ્રિય કહા હૈ. ૩૧ ગાથા. "**णाणसहावादियमुणदि आदं , मुणदि ,**" જુદા એ ત્રણેયકો સંસ્કૃત ટીકામેં અમૃતચંદ્રાચાર્યને ઇન્દ્રિય કહા હૈ. જડઇન્દ્રિય, ભાવઇન્દ્રિય ઓર ઉસકા વિષય સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ અને ભગવાન ને ભગવાનની વાણી સબકો ઇન્દ્રિય કહેનેમેં આયા હૈ. આહાહાહા ! ગજબ વાત હૈ. ભાઈ ! મારગડા પ્રભુ જુદા, ભાઈ ! અનંત ભવકા અંત લાના એ કોઇ બાત સાધારણ હૈ નહીં ભાઈ.

એ જ્ઞાનરૂપસે સ્વાદમેં, જેમ ઓલા શાક આદિકા વ્યવચ્છેદ કરકે, એટલે લક્ષ છોડ કરકે,

એકીલા લવણકા સ્વાદ આનેવાલેકો લવણકા સ્વાદ આતા હૈ. ઐસે પરદ્રવ્ય નામ પરજ્ઞેયાકાર જો જ્ઞાન આદિ હૈ ઉસકા લક્ષ છોડકર એકિલા ભગવાન વિજ્ઞાનઘનસ્વરૂપ હૈ, યહ આત્મા ઉસકા અનુભવ કરને પર જ્ઞાનકા સ્વાદ, આનંદકા સ્વાદ, શાંતિકા સ્વાદ, સ્વચ્છતાકા સ્વાદ, પ્રભુતાકા સ્વાદ ( અભેદ સ્વાદ ) ત્યાં આતા હૈ. આહાહાહા ! આહાહાહા ! જ્ઞાનચંદજી ! આ જ્ઞાન ! આ ભગવાન તેરી બલિહારી હૈ નાથ. તેરી કયા ચીજ હૈ અંદર. આહાહા... એ વિજ્ઞાનઘન ભગવાન તો હૈ અંદર, જેમાં પર્યાયકા હોના એ ભી ઉસમેં નહીં. આહાહા ! પણ વિજ્ઞાનઘનકા અનુભવ કરને પર જો પર્યાય હોતી હૈ, ઉસમેં જ્ઞાનકા આનંદકા સ્વાદ આતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ? ભાઈ ! આ તો વીતરાગ મારગ છે પ્રભુ ! આ વીતરાગ મારગ એટલે ? એ પર્યાયમેં વીતરાગી જ્ઞાન ઉત્પન્ન હુઆ, એ પર્યાયમેં વીતરાગી દૃષ્ટિ ઉત્પન્ન હુઇ એ પર્યાયમેં વીતરાગી આનંદ આયા, ઓલા ઇન્દ્રિયકા આનંદ થા એ રાગ થા, દુઃખ થા. આહાહા ! અરેરે ! સમજમેં આયા ? કલ કહા થા, પરમાર્થ વચનિકામેં પરસત્તાવલંબી જ્ઞાન ભી મોક્ષકા મારગ નહીં ઐસા કહા થા. પહેલાંના તો બનારસીદાસ, ટોડરમલ... ઓહોહો !

વો ચર્ચા હુઇને ખાનિયામેં, તો સામાવાળા કહે કે આચાર્યનું કથન અને અમારે પંડિતજી કહે પંડિતોકા પણ કથન લેના પડેગા. ફુલચંદજી ! પણ એ પંડિતો એ જ્ઞાની હૈ તો યથાર્થ બાત કિયા હૈ, એ સમકિત દૃષ્ટિ હો, ગમે તે હો તો વસ્તુકો તો યથાર્થ હી કહેતા હૈ. સ્થિરતામેં ફેર હૈ. ફુલચંદજીએ લિયા થા. પંડિતજી કહે ઉસકો ભી લેના પડેગા. આહાહાહા ! હૈ ? ( આચાર્યનું લેવું તો નિયમસારની ટીકા તો ખોટી પડી જાય ) એ નહીં નહીં, એ ક્યાં હૈ ખબર છે ? એમાંય એ ખોટી પાડે છે એ આવલિકાનો ભાગ કર્યો છે ને જરી એમાં એક શબ્દ હૈ, તો ઉસમેં ખોટી એ તો એક સામાન્ય વાત હૈ. આવલિકાનો ભાગ છે એ કુછ નિયમસારમેં હૈ, ખ્યાલ હૈ, ઐસી ભૂલ નિકાલતે હૈ, રતનચંદજી, બાપુ ભૂલ નહીં સંતોની ભૂલ ન હોય. આહાહા ! સ્થિરતામાં કોઇ ભૂલ હોય, પણ દૃષ્ટિ અને જ્ઞાનના અનુભવમાં જરી પણ ભૂલ ન હોય. પુલાક અને બકુશ આદિમેં જરી દોષ લગતે હૈ સ્થિરતામેં વસ્તુમેં, દૃષ્ટિ ને જ્ઞાનમેં બિલકુલ દોષ નહીં. આહાહા ! સમજમેં આયા ? આહાહા !

ભગવાન જ્ઞાનસૂર્ય તપે છે ને અંદરમાં. આહાહાહા ! જ્ઞાન જિનચંદ્ર એ આત્મા હૈ, શીતળતાના વીતરાગી શીતળ સ્વભાવસે ભરા પ્રભુ, આહાહાહા... વિજ્ઞાનઘન, આનંદઘન, શાંતઘન, સ્વચ્છતાકા ઘન, પ્રભુતાકા ઘન એ હૈ આત્મા. આહાહા ! એ તરફકા અનુભવ કરને પર સંયોગી જ્ઞાનકા ભી વ્યવચ્છેદ નામ લક્ષ છોડકર, આહાહાહા... જ્ઞાનરૂપસે સ્વાદમેં આતા હૈ. આહાહાહાહા ! ભાષા તો સાદી હૈ ભાવ ગંભીર હૈ ભાઈ !

એક જણો કહે કે સમયસારના તમે ઇતના વખાણ કરતે હૈ એક એક પદમેં માલ ભર્યા હૈ તો મૈં તો પંદર દિનમેં તો સારા સમયસાર વાંચ લિયા, અચ્છા ? ઐસા કોઇ આયા પંડિતજી ! ઐસા આયા મેં કીધું ભાઈ એ સમયસારમેં એક એક પદમેં મહા ગંભીરતા હૈ. આખી ગાથાની તો વાત કયા કરના ? પણ એક શબ્દ “વંદિતુ સવ્વ સિદ્ધે, જીવો ચરિતદંસણણાણઠિયો” એક એક પદમેં ઉસકી ગંભીરતાકા પાર નહીં પ્રભુ. આહાહાહા ! ત્યારે કહે હમ તો પંદર દિનમેં વાંચ લિયા. વાંચે અક્ષર લિખ્યા હૈ એ વાંચે એમાં શું ? ( શ્રોતાઃ– બે રાત જાગે ને વાંચે ) હો, જાગી જાય ને

પછી વાંચ્યા કરે એમાં શું અક્ષર ? અ, આ, ક, કા એમાં શું ? બાપુ ! એ સમયસાર જગતના ભરતક્ષેત્રનો ચંદ્ર સૂર્ય હૈ. અદ્વૈતચક્ષુ હૈ. એ આયા ને ! કળશ હૈ છેલ્લા આખિર સમયસારમેં અદ્વૈતચક્ષુ, અદ્વૈતચક્ષુ, અજોડચક્ષુ આખિરમેં સમયસાર, સમયસાર એટલે શબ્દો, અને સમયસાર એટલે આત્મા. સમજમેં આયા ? આહાહા !

ઓમકાર છે ને ? બનારસીદાસે લિયા હૈ. ઓમકાર શબ્દે વિશદ યાકે ઉભયરૂપ બનારસી વિલાસમેં લિયા હૈ. ઓમકાર શબ્દે વિશદરૂપ એક આત્મિકભાવ, એક પુદ્‌ગલકો, ઓમના દો શબ્દ લિયા હૈ. એક ઓમ આત્મસ્વરૂપ એ ઓમ, અને એક વિકલ્પ ઉઠતે હૈ કે 'ઓમ' એ શબ્દ હૈ. આહાહા ! સમજમેં આયા ? આંહી આવ્યું નથી, બનારસીદાસનું ? હા, પ્રમેય માહાત્મ્યમાં લીધું છે. બનારસી વિલાસ બહોત વરસ પહેલે દેખા થા ને તે ગુપત બાત થી તો મોક્ષમાર્ગમેં પીછે છપા દિયા હૈ તીનોં. આહાહા ! પછી જ્ઞાનની વાત લીધી છે, છે ને આ તો ઘણા વરસ પહેલાં, એકાણુંમાં જ્યારે દેખા થા ને તો છપાયા પીછે કીધું આવી વાતું ગુપત રહી ગઇ છે. આહાહા !

યહાં કહેતે હૈ, આહાહા ! નિમિત્તકા તો લક્ષ છોડ દે, રાગકા તો લક્ષ છોડ દે, પણ જ્ઞાનકી પર્યાયમેં અનેકાકાર જો પર લક્ષે હુઆ ઉસકા ભી તું લક્ષ છોડ દે. આહાહાહાહા... ઔર એકિલા વિજ્ઞાનઘન ભગવાન આત્મા ઉસકા અનુભવ કરનેસે જ્ઞાનકા સ્વાદ આતા હૈ, એકિલા સ્વભાવકા સ્વાદ આતા હૈ, એમ કહેતે હૈ. સમજમેં આયા ? ઉસકા નામ સમ્યગ્જ્ઞાન હૈ, આહાહાહા... ઉસકા નામ ભાવશ્રુતજ્ઞાન હૈ, ઉસકા નામ જૈનશાસન હૈ. આહાહાહા... આવી વાત અરેરે !

**ભાવાર્થઃ**- યહાં આત્માકી અનુભૂતિકો હી જ્ઞાનકી અનુભૂતિ કહા ગયા. હૈ ને ? આત્માકા અનુભવ એ જ્ઞાનનો અનુભવ, દ્રવ્યકા અનુભવ એ જ્ઞાનકા અનુભવ. ૧૪ મેં દ્રવ્યકા અનુભવ કહા, અહીંયા જ્ઞાનકા અનુભવ. અજ્ઞાનીજન જ્ઞેયોમેં હી-જ્ઞેયોમેં હી, ઇન્દ્રિયજ્ઞાનકે વિષયોમેં હી-જ્ઞેયોકા અર્થ કિયા જ્ઞેયોમેં હી એટલે ? લીટી કરકે, જ્ઞેયોમેં હી એટલે કયા ? અર્થાત્-અર્થાત્ જ્ઞેયોમેં હી અર્થાત્ જ્ઞેય ઇન્દ્રિયજ્ઞાનકે વિષયોમેં હી લુબ્ધ હો રહા હૈ. આહાહાહા... એ ઇન્દ્રિયજ્ઞાનકે વિષયોંસે અનેકાકાર હુએ જ્ઞાનકો હી જ્ઞેયમાત્ર આસ્વાદન કરતે હૈ. આહાહા ! ટીકાકાર આ પંડિત પણ કિતના કરતે હૈ, સમજમેં આયા ?

હવે વો ચર્ચામેં કહે પંડિતોકા આધાર નહીં લેના, અમારે પંડિતજી કહે પંડિતોકા આધાર લેના, હૈં ? આ વાત કિસકી હૈ ? આ પંડિતજી તો અર્થ કરતે હૈ. આહાહા ! ભાઈ ! એમ અનાદર ન થાય, પ્રભુ ! સમ્યગ્દૃષ્ટિકા કથન એ માન્ય હૈ, અનાદર ન થાય. એ સર્વજ્ઞ જૈસી સમ્યગ્દૃષ્ટિમેં જો કથન આતા હૈ, ઐસે અનુભવી જીવકી ઐસી વાણી દિવ્ય ધ્વનિ જૈસા હી ભાવ આતા હૈ. ભાઈ તેરે ખબર નહીં. આહાહા ! આહાહા ! એ આંહી કહા.

ઇન્દ્રિયજ્ઞાનકે વિષયોંસે, ઇન્દ્રિયજ્ઞાનકા વિષયોંસે પર, અનેકાકાર હુએ જ્ઞાન, છે ? એ જ્ઞાનકી પર્યાયમાં અનેકાકાર પરલક્ષસે જો હુઆ જ્ઞાન, આહા... ઉસકો હી જ્ઞેયમાત્ર, એ જાણે અપના જ્ઞેય હૈ એમ માનતે હૈ, પણ એ પરજ્ઞેય હૈ. એ જ્ઞાનકો હી જ્ઞેયમાત્ર આસ્વાદન કરતે હૈ. આહાહાહા ! અપના જ્ઞાનકો આ પરજ્ઞેયકા સ્વાદ લેતે હૈ એકિલા કહેતે હૈ. અપના જ્ઞાન છોડકર. ગાથા તો બહોત અચ્છી આ ગઇ હૈ. આહાહા ! ( શ્રોતાઃ- ભાવકા સ્પષ્ટીકરણ બહોત અચ્છા

આયા ) આહાહા ! આ અનુભવ વિના સમજે નહીં, સમજે નહીં કઠણ વાત. ઇન્દ્રિયજ્ઞાનકે વિષયોંસે એ ઇન્દ્રિયજ્ઞાન હુઆ, શાસ્ત્રસે સૂના, ભગવાનકો સૂના, ગુરુકો સૂના, શાસ્ત્ર વાંચ્યા ને જ્ઞાન હુઆ, એ સબ ઇન્દ્રિયજ્ઞાનકે વિષયોંસે અનેકાકાર હુએ, આહાહાહા... જ્ઞાનકો હી અનેકાકાર હુએ જ્ઞાનકો હી, જ્ઞેયમાત્ર આસ્વાદન–આસ્વાદન કરતે હૈ, એ તો પરજ્ઞેય હૈ, ઉસકો યે આસ્વાદન કરતે હૈ. સ્વજ્ઞેયકો તો ભૂલ ગયે. આહાહાહા ! આહાહા ! સૂક્ષ્મ હૈ ભાઈ પણ આવી વાત મળે ક્યાં ભાઈ ! સમજમેં આયા ?

આ દુર્લભ હૈ બાપુ, પ્રભુ, આહાહા ! આ જ્ઞેયમાત્ર કરકે, પરંતુ જ્ઞેયોંસે ભિન્ન દેખો એ જ્ઞાન અનેકાકાર જ્ઞેયસે પરકે લક્ષસે હુઆ ઉસકો યહાં જ્ઞાનમાત્રકા, એ જ્ઞાનમાત્રકા આસ્વાદ નહીં કરતે, જ્ઞેયમાત્ર કરતે હૈ, પરંતુ જ્ઞેયોંસે ભિન્ન, એ જ્ઞેયાકાર અનેક જ્ઞાન ઉસસે ભિન્ન, જ્ઞાનમાત્રકા આસ્વાદ નહીં કરતે. આહાહાહાહા ! કિતની સ્પષ્ટતા પંડિતજીએ કિયા જુઓ પંડિત હૈ.

"ઔર જો જ્ઞાની હૈ" આહાહાહા ! "જ્ઞેયોમેં આસક્ત નહીં હૈ." અનેકાકાર જ્ઞાનકી પર્યાય હુઇ એ પરજ્ઞેય હૈ, એ સ્વજ્ઞેય નહીં. હૈં ? આહાહા ! શું વાણી સંતોની રામબાણ છે, રામનું બાણ ફરે નહીં, માર્યું, નાખ્યું એ તો મરી જાય સામે એકદમ. એમ વીતરાગી સંતોની વાણી રામબાણ હૈ, ફરે નહીં ત્યાં. આહાહાહા ! જ્ઞેયોમેં આસક્ત નહીં હૈ, જ્ઞેયોંસે ભિન્ન, એ પર્યાયમેં ઇન્દ્રિયજ્ઞાનસે અનેકાકાર હુઆ, ઉસકા લક્ષ છોડકર એકાકાર જ્ઞાનકા હી આસ્વાદ લેતે હૈ. આહાહાહા ! એકિલા ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપીકા સ્વાદ લેતે હૈ. સ્વજ્ઞાનકા સ્વાદ લેતે હૈ વો ( અજ્ઞાની ) પરજ્ઞેયાકારકા સ્વાદ લેતે હૈ એ રાગ. આહાહાહાહા ! આવી વાત છે ભાઈ !

જૈસે શાકોંસે ભિન્ન નમકકી ડલ્લીકા ક્ષારમાત્ર સ્વાદ આતા હૈ, શાક આદિસે ભિન્ન લવણકા ડલીકા સ્વાદ આતા હૈ, ઉસી પ્રકાર આસ્વાદ લેતે હૈ. સમ્યગ્દૃષ્ટિ એટલે સમ્યગ્જ્ઞાની આહાહાહાહા... પર્યાયમેં પરજ્ઞેયાકારે જ્ઞાનકા સ્વાદ છોડકર, આહાહાહાહાહા... અપના ભગવાન જ્ઞાન સ્વરૂપી પ્રભુ ઉસકા આસ્વાદ લેતે હૈ "જૈસે શાકોસે" આયા ને ? "ક્યોંકે જો જ્ઞાન હૈ સો આત્મા હૈ". આહાહાહા ! જ્ઞાન એ આત્મા હૈ, "ઔર જો આત્મા હૈ સો જ્ઞાન હૈ". જ્ઞાન એ આત્મા હૈ ને આત્મા વો જ્ઞાન હૈ.

ઇસપ્રકાર ગુણીગુણીકો અભેદ દૃષ્ટિમેં, અભેદ દૃષ્ટિમેં આનેવાલા ગુણગુણી ભેદ નહીં. અને "ગુણ ને ગુણીની અભેદ દૃષ્ટિમેં આનેવાલા સર્વ પરદ્રવ્યોસે ભિન્ન" અબદ્ધસ્પૃષ્ટ આયાને અપની પર્યાયસે એકરૂપ "અનન્ય" દૂસરા બોલ લિયા, અપને ગુણોમેં એકરૂપ "સામાન્ય" પર નિમિત્તસે ઉત્પન્ન હુએ ભાવોંસે ભિન્ન, આહા ! અપને સ્વરૂપકા અનુભવ, જ્ઞાનકા અનુભવ હૈ. આહાહાહાહા !

એ આયા થા અનિયતમેં, પર્યાયમેં જો અનેક પ્રકારની અગુરુલઘુને કારણે આદિ પર્યાયમેં અનેકતા હોતી હૈ, ઉસકા ભી લક્ષ છોડકર, સમજમેં આયા ? નિયતકો કહ્યા થા ને ? અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ ને અસંયુક્ત ઐસા ભાવસ્વરૂપ આત્મા ઐસા ભાવસ્વરૂપ ભગવાન, આહાહાહા... ઉસકા અનુભવ કરનેપર આહાહાહા... જ્ઞાનકા અનુભવ હૈ, ઔર વો અનુભવન ભાવશ્રુતજ્ઞાન સ્વરૂપ યહ અનુભવ ભાવશ્રુત જ્ઞાનસ્વરૂપરૂપ જિનશાસનકા અનુભવન હૈ, આહાહાહાહા !

ગાથા અલૌકિક હૈ, ઉસકા ભાવ હો, ભાષા તો ભાષા હૈ, એ ભાવશ્રુતજ્ઞાન વો પરકા લક્ષસે જ્ઞાન એ તો દ્રવ્યશ્રુત શબ્દજ્ઞાન, બંધ અધિકારમેં કહા હૈ, કે જિતના પરકા લક્ષે જ્ઞાન હોતે હૈ એ ઉસકો શબ્દજ્ઞાન કહેતે હૈ આત્મજ્ઞાન નહીં. આહાહાહાહા ! સમયસાર હૈ ને ? આગળ બંધમેં હૈ, સબ હૈ અહીં તો અઢાર બાર ચલ ગયા સભામેં, આ તો ઓગણીસમી બાર ચલતે હૈ, સભામેં હોં, અઢાર બાર તો હો ગયા. અક્ષરે અક્ષરકા અર્થ, આ ઓગણીસમી વાર ચલતે હૈ. આહાહા ! આહા !

એ જિનશાસન અનુભવન હૈ. શુદ્ધનયસે ઇસમેં કોઇ ભેદ નહીં, એ શુદ્ધનયકા જો વિષય હૈ અને વિષયમાં અનુભવ હોતે હૈ ને નિર્મળ પર્યાય વો ભી શુદ્ધનય હૈ, શુદ્ધનયકા વિષય પરિપૂર્ણ હૈ, એ પર્યાયકા ભેદ ભી શુદ્ધનયકા વિષય નહીં, એ તો વ્યવહારનયકા વિષય હુઆ. તો વો છોડકર શુદ્ધનયકા વિષય ત્રિકાળી જ્ઞાયકભાવ ઉસકા અનુભવકો ભી શુદ્ધનય કહેનેમેં આતા હૈ. તો શુદ્ધનયસે ઇસમેં કોઇ ભેદ નહીં. જૈનશાસન પર્યાય શ્રુતજ્ઞાન જૈન શુદ્ધનયકા અનુભવ સબ એક હી પર્યાયકા વાચક હૈ, આહાહાહા ! સમજમેં આયા ? લો એ હો ગયા

## શ્લોક - ૧૪

( पृथ्वी )

अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-
र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा ।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते
यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम् ।। १४ ।।

**હવે આ જ અર્થનું કલશરૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- આચાર્ય કહે છે કે [ परमम् महः नः अस्तु ] તે ઉત્કૃષ્ટ તેજ-પ્રકાશ અમને હો [ यत् सकलकालम् चिद्-उच्छलन-निर्भरं ] કે જે તેજ સદાકાળ ચૈતન્યના પરિણમનથી ભરેલું છે, [ उल्लसत्-लवण-खिल्य-लीलायितम् ] જેમ મીઠાની કાંકરી એક ક્ષારરસની લીલાનું આલંબન કરે છે તેમ જે તેજ [ एक-रसम् आलम्बते ] એક જ્ઞાનરસ-સ્વરૂપને અવલંબે છે, [ अखण्डितम् ] જે તેજ અખંડિત છે-જ્ઞેયોના આકારરૂપે ખંડિત થતું નથી, [ अनाकुलं ] જે અનાકુળ છે-જેમાં કર્મના નિમિત્તથી થતા રાગાદિથી ઉત્પન્ન આકુળતા નથી, [ अनन्तम् अन्तः बहिः ज्वलत् ] જે અવિનાશીપણે અંતરંગમાં અને બહારમાં પ્રગટ દેદીપ્યમાન છે-જાણવામાં આવે છે, [ सहजम् ] જે સ્વભાવથી થયું છે- કોઈએ રચ્યું નથી અને [ सदा उद्विलासं ] હમેશાં જેનો વિલાસ ઉદયરૂપ છે-જે એકરૂપ પ્રતિભાસમાન છે.**

**ભાવાર્થઃ- આચાર્યે પ્રાર્થના કરી છે કે આ જ્ઞાનાનંદમય એકાકાર સ્વરૂપજ્યોતિ અમને સદા પ્રાપ્ત રહો. ૧૪.**

---

अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि– र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम्।।१४।।

અબ ઇસ અર્થકા કળશરૂપ કાવ્ય કહેતે હૈ. આહાહાહા ! અમૃતકા અમૃત કળશ હૈ. આચાર્ય કહેતે હૈ 'પરમમ્ મહઃ નઃ અસ્તુ' નઃ નામે 'અમે' 'નઃ' શબ્દ હૈ ને ? એટલે અમે, હમકો 'યહ' ઉત્કૃષ્ટ તેજ પ્રકાશ પ્રાપ્ત હો. આહાહા ! અમુક પ્રાપ્ત તો હૈ હી, પણ હવે ઉત્કૃષ્ટ પ્રાપ્ત હો. આહાહાહા ! કેવળજ્ઞાન પ્રાપ્ત હો હમકો તો, તેજકા બિંબ પ્રભુ, આહાહા... હમે યહ 'મહઃ' છે ને તેજ, અસ્તુ, વહ ઉત્કૃષ્ટ તેજ પ્રકાશ પ્રાપ્ત હો. આહાહાહા ! હમારા નાથ પ્રભુ ! ચૈતન્ય પ્રકાશકા પિંડ એ અમને પર્યાયમાં પ્રાપ્ત હો. આહાહા ! હમે મહાવ્રતકા વિકલ્પ આ હો ને આ હો એ કોઇ બાત હૈ નહીં. આહાહા !

'યત્ સકલકાલમ ચિદ્ ઉચ્છલન નિર્ભરં' યત્ નામ કે જો તેજ ભગવાન આત્માકા તેજ, ચૈતન્ય તેજ સદાકાળ, ચૈતન્યકા પરિણમનસે, ચૈતન્યકા સ્વભાવસે પરિપૂર્ણ હૈ, પરિણમનનો અર્થ ચૈતન્યકા સ્વભાવસે પરિપૂર્ણ હૈ. પરિણમન પર્યાય અંદર નહીં હૈ. આહાહાહા ! સમજમેં આયા ? હૈ ? ચિદ્ ઉચ્છલન છે ને ઉચ્છલન ? ઉચ્છલનકા અર્થ પરિણમન કિયા. પરિણમન સ્વભાવ ઐસા ત્રિકાળ એકરૂપ હૈ. એમ છે ને ? "યત્ સકલકાલમ્ ચિદ્ ઉચ્છલન નિર્ભરં" યહ પરિણમનસે નિર્ભર, નિર્ભર એટલે પરિપૂર્ણ. નિર્ભર, ભગવાન સકલ કાલસે જ્ઞાનથી પરિપૂર્ણ ભર્યા પડા હૈ. પરિણમનકા અર્થ પારિણામિક સ્વભાવ. પારિણામિક સ્વભાવ સહજ, ઐસે નિર્ભરં પરિપૂર્ણ હૈ ભગવાન, આહાહા ! સમજમેં આયા ? આરે આવી વાતું છે. વ્યવહારના રસિયાને તો એવું લાગે કે આ બધું વ્યવહારનું તો કાંઇ કહેતા જ નથી. કહે છે ને ? વ્યવહાર, વ્યવહારનું જ્ઞાન પણ છોડને લાયક હૈ, તારા વ્યવહાર દયા દાનના વિકલ્પ તો છોડને લાયક હૈ હી, આહાહાહા ! અરેરે અનંતા ભવ કિયા પ્રભુ, જૈનધર્મમેં ભી અનંતબૈર જન્મ્યા હૈ, જૈનકા સાધુ દિગંબર ભી અનંતબૈર હુઆ હૈ પ્રભુ. આહાહા ! હો નવ પૂર્વકી લબ્ધિ બી અનંતબૈર હુઇ હૈ. ઉસમેં કયા આયા ? આહાહાહા !

યહાં કહેતે હૈ, જે સદાકાળ ચૈતન્યકા ભાવસે પરિપૂર્ણ હૈ. "ઉલ્લસત લવણ ખિલ્ય લીલાયિતમ્" જૈસે નમકકી ડલી, એક ક્ષાર રસકી લીલાકો આલંબન કરતી હૈ. આહાહા ! એકલા ક્ષારરસસે ભરા હૈ યહ. આહાહા ! ઉસી પ્રકાર, જો તેજ એક 'રસમ્ આલમ્બતે' એક જ્ઞાન સ્વરૂપકા આલંબન કરતા હૈ, એટલે જ્ઞાન સ્વરૂપ હી ભગવાન ત્રિકાળ હૈ. 'અખંડિતમ્' જે તેજ અખંડ હૈ. આલંબનકા અર્થ યહાં પર્યાય નહીં, આલંબનકા અર્થ જ્ઞાનસ્વરૂપ જ ઉસકા આલંબન ત્રિકાળ હૈ યૂં. આહાહાહા ! સમજમેં આયા ? જ્ઞાનસાગર ભગવાન એ જ્ઞાનકા આલંબન નામ જ્ઞાન સ્વરૂપ જ છે યૂં. લીલાકા આલંબન કરતી હૈ, એમ જ્ઞાન સ્વરૂપકા આલંબન કરતા હૈ. તે જ અખંડિત છે. જે તેજ ચૈતન્યકા સ્વભાવભાવરસ અખંડ હૈ, પર્યાયમેં બી ખંડ નહીં હુઆ.

"જો જ્ઞેયોકે આકારરૂપ ખંડિત નહીં હોતા" દેખો. આહાહાહા ! પર્યાયમેં ભી જબ જ્ઞાન હોતા હૈ તો જ્ઞેયોકા આકારસે ભી જ્ઞાનકી પર્યાય, જ્ઞાનકા સ્વાદ લેનેમેં ખંડિત નહીં હોતી, આહાહાહા ! આવો માર્ગ. જો અનાકુળ હૈ, ભગવાન તો અનાકુળ આનંદ સ્વરૂપ પ્રભુ હૈ. આહાહાહા ! "જિસમેં કર્મોકે નિમિત્તસે હોનેવાલા રાગાદિસે ઉત્પન્ન આકૂળતા નહીં." અનંતમ અન્તઃ બહિઃ જ્વલત્ આહાહાહા ! અવિનાશી રૂપસે અંતરંગમેં ઔર બાહ્યમેં પ્રગટ દેદીપ્યમાન જાનનેમેં આતા હૈ. આહાહાહા ! અંતરંગમેં એકીલા શાંતરસસે ભરા હૈ ઔર બાહ્યમેં ભી

શાંતરસ દિખનેમેં આતા હૈ. શાંત, શાંત, શાંત, શાંત આહાહા ! ભક્તામરમેં આતા હૈ કે નહીં ? જિતના શાંતરસકા પરમાણુ હૈ, પ્રભુ એ તો શરીરમેં ઐસા હુઆ, આ તો અંદર શાંતિકી પર્યાયમેં શાંતિ ઇતની હૈ કે શાંતરસસે તો ભરા હૈ, પણ પર્યાયમેં શાંતિ દિખતી હૈ. આહાહાહા ! શરીરમેં તો શાંતરસકા પરમાણુ પરિણમ્યા હૈ એ તો જડ, પણ અંતરમેં શાંતરસ પૂરણ પડયા હૈ, તો ઉસકી પર્યાયમેં ભી શાંત, આહાહા ! "ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં" જ્ઞાનરૂપી નયનમાં. આહાહા !આહા !

ઐસા આત્મા ભગવાન અપની પર્યાયમેં ઉપશમરસપણે આતા હૈ. આહાહા ! બહારસે અને અંતરસે તો દેદીપ્યમાન જાનનેમેં આતા હૈ, જો સ્વભાવસે હુઆ હૈ. ઉસકો કિસીને કોઈ દ્રવ્યકો કર્યા નહીં હૈ. એ તો અનાદિ અનંત હૈ. એમ કે સ્વભાવસે હુઆ હૈ સ્વભાવ હી ઐસા હૈ અનાદિ અનંત કોઇ ઈશ્વર ઉસકા કર્તા હૈ કે કોઇએ બનાયા હૈ ઐસી એ ચીજ નહીં, એ તો પ્રભુ આનંદકંદ, જ્ઞાનઘન, અકૃત્રિમ હૈ, અણકરાયેલ હૈ. આહાહા ! જિસે કિસીને નહીં રચા. 'સદા ઉદ્વિલાસં' સદા ઉદ્વિલાસં, સદા જિસકા વિલાસ ઉદયરૂપ હૈ. આહાહાહા ! જિસકા અર્થાત્ જે એકરૂપ પ્રતિભાસમાન હૈ, ત્રિકાળ એકરૂપ હૈ, ઐસા પર્યાયમેં ભાસન હોતા હૈ, આહાહા ! હૈ તો ખરા પણ હૈ એ ભાસન કિસકો ? હૈ તો હૈ ઐસા, પણ પર્યાયમેં ઐસા પ્રતિભાસ હોતા હૈ કે, આ વસ્તુ અખંડાનંદ પરિપૂર્ણ હૈ. આહાહા... ઉસકો પ્રતિભાસ આયા. આવી વાતું છે.

માર્ગ જ ઐસા હૈ ભગવાન, જિનશાસન આ ઐસા હૈ. આહાહા ! જિનસ્વરૂપી ભગવાન ઉસકા આશ્રયસે જો અનુભવ આનંદ હુઆ એ જૈનશાસન હૈ, જૈનશાસન દ્રવ્યકો નહીં કહા, પર્યાયકો કહા. આહાહા ! રાગ શાસન એ વિકાર દશા હૈ, જિનશાસન એ વીતરાગી દશા હૈ, દશાકો યહાં શાસન કહા. આહાહાહા ! સમજમેં આયા ? "એકરૂપ પ્રતિભાસમાન હૈ" આહાહા !

ભાવાર્થઃ- આચાર્યદેવે પ્રાર્થના કી હૈ કે યહ જ્ઞાનાનંદમય એકાકાર સ્વરૂપ જ્યોતિ હમે સદા પ્રાપ્ત રહો. આહાહાહાહા ! કહા પંચમ આરાના સંતો, જગતને પંચમ આરાના પ્રાણી માટે પણ આ વાત કરતે હૈ, હમકો પ્રાપ્ત હો ઐસા તુમકો ભી પ્રાપ્ત હો એમ કહેતે હૈ. વિશેષ કહેગા.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

* જેમ માટીના કોરા વાસણમાં પાણીના ટીપાં પડતાં પાણી ચૂસાઈ જાય છે, પાણી દેખાતું નથી, પણ વધુ પાણી પડતાં પાણી બહાર દેખાય છે, તેમ આ પરમાત્મતત્ત્વની વાત સાંભળતાં સાંભળતાં હું જ્ઞાયક છું... જ્ઞાયક છું... એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે તો મિથ્યાત્વભાવનો રસ મંદ પડતો જાય છે. હજુ ભૂમિકા મિથ્યાત્વની છે, પણ મિથ્યાત્વનો અભાવ થવાના સંસ્કાર પડતાં જાય છે. શુભભાવથી મિથ્યાત્વનો રસ ભવી-અભવીને અનંતીવાર મંદ પડયો છે, પણ આ જ્ઞાયકના સંસ્કારથી મિથ્યાત્વભાવનો અભાવ થવાના સંસ્કાર પડે પછી એકદમ સ્વભાવનો આશ્રય લેતાં સ્વાનુભવ થતાં મિથ્યાત્વનો અભાવ થાય છે.

( દૃષ્ટિનાં નિધાન - ૩૩ )

## ગાથા - ૧૬ શ્લોક - ૧૫-૧૬-૧૭

( अनुष्टुभ् )

एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।
साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम्।।१५।।

હવે, આગળની ગાથાની સૂચનારૂપે શ્લોક કહે છેઃ-

શ્લોકાર્થઃ- [ एषः ज्ञानघनः आत्मा ] આ ( પૂર્વકથિત ) જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, [ सिद्धिम् अभीप्सुभिः ] સ્વરૂપની પ્રાપ્તિના ઈચ્છક પુરુષોએ [ साध्यसाधकभावेन ] સાધ્યસાધકભાવના ભેદથી [ द्विधा ] બે પ્રકારે, [ एकः ] એક જ [ नित्यम् समुपास्यताम् ] નિત્ય સેવવાયોગ્ય છે; તેનું સેવન કરો.

ભાવાર્થઃ- આત્મા તો જ્ઞાનસ્વરૂપ એક જ છે પરંતુ એનું પૂર્ણરૂપ સાધ્યભાવ છે અને અપૂર્ણરૂપ સાધકભાવ છે; એવા ભાવભેદથી બે પ્રકારે એકને જ સેવવો. ૧૫.

---

दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।
ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।१६।।

दर्शनज्ञानचरित्राणि सेवितव्यानि साधुना नित्यम्।
तानि पुनर्जानीहि त्रीण्यप्यात्मानं चैव निश्चयतः।।१६।।

येनैव हि भावेनात्मा साध्यः साधनं च स्यात्तेनैवायं नित्यमुपास्य इति स्वयमाकूय परेषां व्यवहारेण साधुना दर्शनज्ञानचारित्राणि नित्यमुपास्यानीति प्रतिपाद्यते। तानि पुनस्त्रीण्यपि परमार्थेनात्मैक एव, वस्त्वन्तराभावात्। यथा देवदत्तस्य कस्यचित् ज्ञानं श्रद्धानमनुचरणं च देवदत्तस्वभावानतिक्रमाद्देवदत्त एव, न वस्त्वन्तरम्; तथात्मन्यप्यात्मनो -ज्ञानं श्रद्धानमनुचरणं चात्मस्वभावानतिक्रमादात्मैव, न वस्त्वन्तरम्। तत आत्मा एक एवोपास्य इति स्वयमेव प्रद्योतते। स किल-

---

હવે, દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધકભાવ છે એમ ગાથામાં કહે છેઃ-

દર્શન, વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;
પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદૃષ્ટિમાં. ૧૬.

ગાથાર્થઃ-[ साधुना ] સાધુ પુરુષે [ दर्शनज्ञानचरित्राणि ] દર્શન, જ્ઞાન અને ચારિત્ર [ नित्यम् ] સદા [ सेवितव्यानि ] સેવવાયોગ્ય છે; [ पुनः ] વળી [ तानि त्रीणि अपि ] તે ત્રણેને [ निश्चयतः ] નિશ્ચયનયથી [ आत्मानं च एव ] એક આત્મા જ [ जानीहि ] જાણો.

ટીકાઃ- આ આત્મા જે ભાવથી સાધ્ય તથા સાધન થાય તે ભાવથી જ નિત્ય સેવવાયોગ્ય છે એમ પોતે ઇરાદો રાખીને બીજાઓને વ્યવહારથી પ્રતિપાદન કરે છે કે

'સાધુ પુરુષે દર્શન, જ્ઞાન, ચારિત્ર સદા સેવવાયોગ્ય છે'. પણ પરમાર્થથી જોવામાં આવે તો એ ત્રણેય એક આત્મા જ છે કારણ કે તેઓ અન્ય વસ્તુ નથી-આત્માના જ પર્યાયો છે. જેમ કોઈ દેવદત્ત નામના પુરુષનાં જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ, દેવદત્તના સ્વભાવને ઉલ્લંઘતા નહિ હોવાથી, ( તેઓ ) દેવદત્ત જ છે-અન્ય વસ્તુ નથી, તેમ આત્મામાં પણ આત્માનાં જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ, આત્માના સ્વભાવને ઉલ્લંઘતાં નહિ હોવાથી, ( તેઓ ) આત્મા જ છે-અન્ય વસ્તુ નથી. માટે એમ સ્વયમેવ સિદ્ધ થાય છે કે એક આત્મા જ સેવન કરવા યોગ્ય છે.

ભાવાર્થઃ- દર્શન, જ્ઞાન, ચારિત્ર-ત્રણે આત્માના જ પર્યાયો છે, કોઈ જુદી વસ્તુ નથી; તેથી સાધુ પુરુષોએ એક આત્માનું જ સેવન કરવું એ નિશ્ચય છે અને વ્યવહારથી અન્યને પણ એ જ ઉપદેશ કરવો.

---

( अनुष्टुभ् )

दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम्।
मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः।।१६।।

હવે, એ જ અર્થનો કલશરૂપ શ્લોક કહે છેઃ-

શ્લોકાર્થઃ- [ प्रमाणतः ] પ્રમાણદૃષ્ટિથી જોઈએ તો [ आत्मा ] આ આત્મા [ समम् मेचकः अमेचकः च अपि ] એકીસાથે અનેક અવસ્થારૂપ ( 'મેચક' ) પણ છે અને એક અવસ્થારૂપ ( 'અમેચક' ) પણ છે, [ दर्शन-ज्ञान-चारित्रैः त्रित्वात् ] કારણ કે એને દર્શન-જ્ઞાન-ચારિત્રથી તો ત્રણપણું છે અને [ स्वयम् एकत्वतः ] પોતાથી પોતાને એકપણું છે.

ભાવાર્થઃ- પ્રમાણદૃષ્ટિમાં ત્રિકાળસ્વરૂપ વસ્તુ દ્રવ્યપર્યાયરૂપ જોવામાં આવે છે, તેથી આત્મા પણ એકીસાથે એકાનેકસ્વરૂપ દેખવો. ૧૬.

---

( अनुष्टुभ् )

दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः।
एकोऽपि त्रिस्वभावत्वाद्व्यवहारेण मेचकः।।१७।।

શ્લોકાર્થઃ- [ एकः अपि ] આત્મા એક છે તોપણ [ व्यवहारेण ] વ્યવહાર-દૃષ્ટિથી જોઈએ તો [ त्रिस्वभावत्वात् ] ત્રણ-સ્વભાવપણાને લીધે [ मेचकः ] અનેકાકારરૂપ ( 'મેચક' ) છે, [ दर्शन-ज्ञान-चारित्रैः त्रिभिः परिणतत्वतः ] કારણ કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર-એ ત્રણ ભાવે પરિણમે છે.

ભાવાર્થઃ- શુદ્ધદ્રવ્યાર્થિક નયે આત્મા એક છે; આ નયને પ્રધાન કરી કહેવામાં આવે ત્યારે પર્યાયાર્થિક નય ગૌણ થયો તેથી એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો, અસત્યાર્થ પણ થયો. એમ વ્યવહારનયે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામોને લીધે 'મેચક' કહ્યો છે. ૧૭.

## પ્રવચન નં. ૭૬ ગાથા – ૧૬, શ્લોક – ૧૫-૧૬-૧૭

તા. ૨-૯-૭૮ શ્રાવણ વદ ૦)) સં. ૨૫૦૪

સમયસાર કળશ ૧૫ હૈ ૧૫ કળશ.

एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।
साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम्।।१५।।

કયા કહેતે હૈ. "એષ જ્ઞાનઘન આત્મા" આ ભગવાન આત્મા તો જ્ઞાન સ્વરૂપી ત્રિકાળ, એ સ્વરૂપની પ્રાપ્તિના ઈચ્છક પુરુષોએ, સ્વરૂપની પ્રાપ્તિનાં અભિલાષી પુરુષોએ સાધ્ય સાધક ભાવકે ભેદસે, એ આત્મા પૂર્ણ સ્વરૂપ શુદ્ધ તે સાધ્ય અને અપૂર્ણ સ્વરૂપ તે સાધક.

આત્મા જે જ્ઞાયક ત્રિકાળ જ્ઞાન સ્વરૂપ વો દૃષ્ટિકા જો વિષય એ આત્માકો સાધ્ય સાધક ભાવસે સેવના ઉસકા અર્થ ? સાધ્ય નામ પૂર્ણ મોક્ષની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય એ સાધ્ય હૈ, એ આત્માની પૂર્ણ નિર્મળ દશા તે સાધ્ય અને અપૂર્ણ નિર્મળ દશા તે સાધક. રાગાદિ સાધક ને પૂર્ણ સાધ્ય ઐસા નહીં. સમજમેં આયા ? આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ વો વસ્તુ સ્વભાવ એકરૂપ ત્રિકાળ ઈસકો દો પ્રકારસે સેવના, એક તો સાધ્ય જે પૂર્ણ આનંદ ને પૂર્ણ કેવળજ્ઞાન એ સાધ્ય એ પણ આત્માની પૂર્ણ દશા અને આત્માની શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્ર જે નિશ્ચય એ સાધક દશા એ આત્માની શુદ્ધતાની અપૂર્ણ દશા એ સાધક અને આત્માની પૂર્ણ દશા તે સાધ્ય. સમજમેં આયા ?

સ્વરૂપકી પ્રાપ્તિકે ઇચ્છક પુરુષોએ સાધ્ય સાધક ભાવકે ભેદસે એક હી નિત્ય સેવન કરને યોગ્ય હૈ. આહાહાહા ! એ આત્મા જે પૂર્ણ સ્વરૂપ શુદ્ધ ઉસકી નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાન ને ચારિત્ર જે નિર્વિકલ્પ આનંદ જે અપૂર્ણ સાધક દશા તે પૂર્ણ સાધ્યનું કારણ છે. પૂર્ણ સાધ્ય જે પરમાત્મ દશા ઈસકા વો સાધક હૈ. વ્યવહાર રત્નત્રય સાધક હૈ ઔર નિશ્ચય સાધ્ય હૈ ઐસા હી નહીં. તેમ વર્તમાનમેં વ્યવહાર સાધક હૈ અને નિશ્ચય જે સાધકભાવ હૈ સાધ્યકા કારણ ઉસકા વ્યવહાર કારણ ને નિશ્ચય સાધક કાર્ય ઐસા હી નહીં. આરેરે ! સમજમેં આયા ? પંડિતજી નથી ? ગયા ? ઠીક.

આત્મા એટલે પુણ્ય ને પાપકે વિકલ્પસે રહિત પૂર્ણજ્ઞાનઘન, ઉસકી અપેક્ષા લેકર, આશ્રય લેકર જો શુદ્ધ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર નિશ્ચય સ્વકે આશ્રયસે પ્રગટ હુઆ એ સાધક દશા અપૂર્ણ હૈ, અને પૂર્ણ કેવળજ્ઞાનકી પ્રાપ્તિ એ સાધ્ય દશા પૂર્ણ હૈ. તો પૂર્ણ ને અપૂર્ણ દોય આત્મા દ્વારા સાધન કરના આત્મા અપૂર્ણ શુદ્ધતા સે પરિણમન કરના એ સાધક હૈ, અને આત્મા પૂર્ણ નિર્મળપણે સાધ્ય પ્રગટ કરે એ સાધ્ય હૈ. સમજમેં આયા ? વ્યવહાર રત્નત્રય સાધક હૈ અને નિશ્ચય સાધક પર્યાય એ સાધ્ય હૈ ઐસા નહીં. તેમ વ્યવહાર રત્નત્રય સાધક હૈ અને સાધ્ય કેવળજ્ઞાન હૈ ઐસા ભી નહીં. સમજમેં આયા ? આહાહા... વાત એવી ભાઈ !

ચૌદ ગાથામેં દર્શન કા અધિકાર ચલા. પંદરમેં જ્ઞાનકા અધિકાર, હવે સોલમીમેં દર્શન જ્ઞાન ને ચારિત્ર તીનકા અધિકાર સાથમેં. આહાહા... અપના આનંદ સ્વરૂપ ભગવાન પૂર્ણ

સચ્ચિદાનંદ ઉસકા એ આત્મા હી અપૂર્ણ સાધક શુદ્ધતાપણે પરિણમન કરે એ ઉસકી સાધક દશા, અને વોહી આત્મા પૂર્ણ સાધ્યકી દશા પ્રગટ કરે એ ઉસકા ધ્યેય, વો સાધક પણ આત્માની શુદ્ધ દશા એ સાધક હૈ અને આત્માની પૂર્ણ શુદ્ધ દશા તે ધ્યેય નામ સાધ્ય હૈ. આહાહા... સમજમેં આયા ? ( શ્રોતાઃ- વ્યવહાર નય સાધક તો કહેવાયને ? ) વ્યવહારનય સાધક તો નિમિત્તસે કથન હૈ. યે હૈ નહીં, હૈ નહીં ઉસકો કહેના નામ વ્યવહાર હૈ. આહાહા ! ( શ્રોતાઃ- દશાકો ધ્યેય કહા ) પૂર્ણ દશાકો ધ્યેય કહા. અપૂર્ણ દશા કો સાધક કહા. સમજમેં નહીં આયા ?

પુણ્ય પાપકા વિકલ્પ સે રહિત ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, ઉસકા પૂર્ણ દશા શુદ્ધતાની પૂર્ણ દશા એ સાધ્ય અને શુદ્ધતાની અપૂર્ણ દશા તે સાધક. આહાહાહા... એવી વાત છે. આ વ્યવહારના રસિયાને આ કઠણ પડે એવું છે વ્યવહાર કરતાં કરતાં સાધક દશા પ્રગટ થશે ઔર વ્યવહાર કરતાં કરતાં સાધ્ય કેવળજ્ઞાન પ્રગટ થશે. એ સબ બાત જૂઠ હૈ. આહાહા... સમજમેં આયા ? આહાહા !

યહાં તો દો પ્રકારસે એક હી આત્મા, એમ છે ને ? દો પ્રકારસે એક હી આત્મા, તો આત્મા તો પુણ્ય પાપસે રહિત એ આત્મા શુદ્ધ આનંદઘન એ એક હી દો પ્રકારસે સેવન કરના. આહાહા... એ આત્માકી અપૂર્ણ સાધક નિર્મળ ઉપયોગ દશા, શુદ્ધ ઉપયોગ દશા, એ સાધક અને પૂર્ણ સાધ્ય કેવળજ્ઞાન દશા એ સાધ્ય, બિચમેં વ્યવહાર કોઈ કારણ હૈ કે ફારણ હૈ એ ઈસમેં હૈ હી નહીં. ( શ્રોતાઃ- કથંચિત્ હોતા હૈ ) કથંચિત્ હોતા હે સાધક શુદ્ધ એ – દ્રવ્ય નહીં એ કથંચિત્ કયા કહા એ ? દ્રવ્ય જે ત્રિકાળી હૈ એ કથંચિત્ સાધક હૈ ઐસા નહીં, એ નિર્મળ પર્યાય એ સાધક હૈ. નિર્મળ પર્યાયકા ધ્યેય તો ( ત્રિકાળી દ્રવ્ય ) યહ હૈ પણ અહિંયા એ લેના નહીં હૈ. અહીંયા તો ત્રિકાળી આનંદકંદ પ્રભુ ઉસકા અવલંબનસે શુદ્ધતા- શુદ્ધ ઉપયોગ દર્શન જ્ઞાન ચારિત્ર એ પ્રગટ હુઈ ઉસકો ( દશાકો ) અહીંયા સાધક કારણ કહેનેમેં આતા હૈ, ઔર ઉસકી પૂર્ણ સાધ્ય દશા શુદ્ધ કાર્ય સાધ્યદશા કહેનેમેં આતી હૈ.

ભાષા તો ઘણી સાદી પણ હવે એને, સમજમેં આયા ? આહા ! અજાણ્યા માણસને તો એવું લાગે આ શું છે ? કારણ કોઇ દિ' આ ધર્મ શું ચીજ છે, અત્યારે તો સંપ્રદાયમાંય એ ચાલતી નથી કાંઈ. આ વ્રત કરો ને તપસ્યા કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને એ તો બધી રાગની ક્રિયા હે ભાઈ, એ કોઈ સાધક નથી. આહાહા...

સાધક તો ઈસકો અહીંયા કહેનેમેં આતા હૈ, ગુણસ્થાન, ચોથેથી ૧૨મે તક સાધક કહેતે હૈ ૧૩ મેં સાધ્ય કહેતે હૈ, તો એ ચોથાગુણસ્થાનકી જે દશા એ પાંચમાંની છઠ્ઠાની દશા સ્વાત્માકા ધ્યેયસે, આશ્રયસે જો સમ્યગ્દર્શન જ્ઞાન, અશુદ્ધતાકો છોડકર શુદ્ધ દશા અપૂર્ણ પ્રગટ હુઈ ઈસકો યહાં સાધક કહેનેમેં આતા હૈ. સાધક કહો કે કારણ કહો. સમજમેં આયા ? અને એ આત્માકી પૂર્ણ નિર્મળ દશા સાધ્ય કહો કે કાર્ય કહો, પાટણીજી ! પોતે જ કારણ ને પોતે જ કાર્ય. આહા ! અહીંયા એ જ સિદ્ધ કરના હૈ. ભગવાન આનંદનો નાથ પ્રભુ અપૂર્ણ શુદ્ધતાપણે પરિણમે તે કારણ અને તે સાધક તે ભગવાન પૂર્ણ સાધ્ય નિર્મળપણે પરિણમે તે કાર્ય ને તે સાધ્ય. આહાહા ! સમજમેં આયા ?

( શ્રોતાઃ- કાર્ય તો દ્રવ્યને આશ્રયે થાય છે. ) નહીં, અત્યારે અહીંયા ધ્યેયકી અહીં બાત

નહીં હૈ સંસ્કૃત ટીકામાં ધ્યેય લિયા હૈ કળશ ટીકાકારે, પણ અહીંયા આ લેના આ, ધ્યેય બનાકર દ્રવ્ય સ્વભાવકો ધ્યેય બનાકર જે પર્યાયમેં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર હુઆ, ઉસકો અહીંયા આત્મા સાધકપણે પરિણમ્યા એમ કહેનેમેં આતા હૈ. ભલે ધ્યેય દૃષ્ટિ ત્યાં હૈ એ અહીંયા બાત નહીં. દ્રવ્યકા ત્રિકાળ ધ્યેયકા અવલંબનસે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર હુઆ પણ અહીંયા સમ્યગ્દર્શન ચારિત્ર જે હુઆ શુદ્ધ, ઉસકો કારણરૂપ સાધકરૂપ કહીને, પૂર્ણ દશાકો કાર્યરૂપ કહીને સાધ્યદશા કહેનેમેં આયા હૈ. એક હી આત્મા અપૂર્ણપણે અશુદ્ધપણે પરિણમના યે હી આત્મા પૂર્ણપણે પરિણમના એ કારણ ને કાર્ય હૈ. આહા ! સમજમેં આયા ?

આકરી વાત ભાઈ ! લોકોને અંતર આ ભગવાન અંદર, આહાહા ! એ પૂરણ પૂરણ પૂરણ સ્વભાવ જિસકા સ્વભાવ હૈ, એ અપૂર્ણ અને વિપરીત કૈસે હો ? આહાહા ! ભગવાન આત્મા પૂર્ણ આનંદ આદિ, જ્ઞાન આદિ, શાંતિ આદિ, સ્વચ્છતા આદિ, પ્રભુતા આદિ, પૂર્ણ સ્વભાવકા, ભર–ભર ભરપૂર, 'ભર' શબ્દ એક અમારે અહીં કાઠીયાવાડમાં ચાલે છે. ગાડામાં આવેને ગાડા માલ ભરતે હૈ ને ? ભર ભર્યા કહેવાય. પચ્ચીસ મણ પચાસ મણ ભર, ભર ભર્યા કહેવાય. ઐસે શાસ્ત્રમેં ભર આતા હૈ, ભગવાન પૂર્ણાનંદકા ભર હૈ. આહાહાહા !

પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ પ્રભુતા, ઉસકો ધ્યેય બનાકર સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જો નિશ્ચય હુઆ ઉસકો શુદ્ધતાકી અપૂર્ણતા હૈ, વો કારણ ઉસકો સાધક કહા અને કારણ કહા. આહાહા ! સમજમેં આયા ? અને એ દ્રવ્ય હી પૂર્ણપણે–શુદ્ધપણે પરિણમે આહાહા... દ્રવ્ય હી અશુદ્ધપણે અપૂર્ણપણે પરિણમે, એમ દ્રવ્ય હી શુદ્ધપણે પરિપૂર્ણપણે પરિણમે એ સાધક સાધ્ય એ હી હૈ. આહાહા ! આ ચારિત્ર અધિકાર લિયા ને સાથમેં, આહા... દર્શન જ્ઞાનકા અધિકાર તો આ ગયા હૈ બેય. ( ગાથા ) ૧૪ મેં સમ્યગ્દર્શન, ૧૫ મેં સમ્યગ્જ્ઞાન. આહાહા !

એ શ્રોતાની વ્યાખ્યા જુદી એ શ્રોતાની વ્યાખ્યા છે. એ જૈન ધર્મની શ્રદ્ધા હોં, એ હજી સમકિત નથી ત્યાં, સમકિત તો પછીનાં અનુભવીને લેશે ત્યાં, શ્રોતા ઐસા હોના ચાહિયે કે જેને જૈન ધર્મની યથાર્થ શ્રદ્ધા હો સમકિત નહીં, અનુભવ નહીં હજી. આતા હૈ ને વો ? અને પીછે શ્રોતા પીછે લિયા હૈ કે અનુભવી આત્માકા અનુભવી શ્રોતા હો તો વો તો બરાબર હૈ, ક્યોંકિ ઉસકો કયા કહેતે હૈ ઉસકા ખ્યાલ ઉસકો બરાબર આતા હૈ, સમજમેં આયા ? આહાહા ! હૈ કે નહીં ઉસમેં ? મોક્ષમાર્ગ પ્રકાશક હૈ ને એ, ગ્રંથની પ્રમાણતા પછી શ્રોતાની ( વાત ) આવે છે, "શ્રોતાનું સ્વરૂપ" દેખો, વળી જે જૈન ધર્મકા દ્રઢ શ્રદ્ધાળુ, યહાં હજી અનુભવ ન લેના, અનુભવની પીછે વાત આયેગા, અનુભવ આયેગા, પણ પીછે. અહીંયા તો અનુભવ બિના પ્રાણી જૈન ધર્મકી શ્રદ્ધા બરાબર હૈ, અન્યકી નહીં બિલકુલ. ઐસા શ્રદ્ધાળુ જીવ નાના પ્રકારના શાસ્ત્રો સાંભળવાને જેની બુદ્ધિ નિર્મળ થઈ છે. ઔર વ્યવહાર નિશ્ચયનયનું સ્વરૂપ યથાર્થપણે જાણી સાંભળેલા અર્થને યથાર્થ રીતે નિશ્ચય જાણી અવધારે છે, એ શ્રોતાની વ્યાખ્યા છે. સમજમેં આયા ? અને પીછે શ્રોતામેં આતા હૈ. આહાહા !

જિસકો આત્મજ્ઞાન ન હો તો ઉપદેશકા મર્મ સમજી સકતે નહીં. આહાહા ! હૈ ? માટે આત્મજ્ઞાન વડે જે સ્વરૂપનો આસ્વાદી હુઆ હૈ. આહાહા ! આત્મજ્ઞાન દ્વારા આત્માનાં આસ્વાદી હુઆ હૈ, તે જૈન ધર્મનો રહસ્યમય શ્રોતા હૈ, એ જૈન ધર્મકા મર્મકા શ્રોતા હૈ. સમજમેં આયા ?

આહાહા ! ( શ્રોતાઃ- યે અનુભવી હૈ ? ) કયા કહેતે હૈ ? એ ત્યાં અનુભવી હૈ. પહેલે હજી શ્રોતા હૈ ઈતના બસ, જૈનધર્મની શ્રદ્ધા હૈ, અન્ય ધર્મની નહીં. એ શ્રદ્ધાળુ જીવ શ્રોતાને લાયક છે ઈતના. પણ જો અનુભવી જીવ હો એ તો રહસ્યકો જાનનેવાલા હૈ. સમજમેં આયા ? માર્ગ બાપા બહુ ઝીણો ભાઈ ! અપૂર્વ અને સૂક્ષ્મ. આહાહાહા... આ પહેલા અધ્યાયમાં હૈ ને.

અહિંયા કહેતે હૈ. આહાહા.. જિસ, ( જો ) પૂર્ણ પ્રાપ્તિકા અભિલાષી હૈ, સિદ્ધિ પૂર્ણ પ્રાપ્તિકા અભીલાષી હૈ, ઐસા જીવકો જે અપના પૂર્ણાનંદ પ્રભુ અંતર આત્મા, ઉસકા અંતર આત્માકે આશ્રયે જે શુદ્ધ સમ્યગ્દર્શન, શુદ્ધ સમ્યગ્જ્ઞાન અને શુદ્ધ ચારિત્રની રમણતા એ તીનોં હુઇ હૈ એ સાધક કહેનેમેં આતા હૈ. કયું કિ શુદ્ધિકી પરિપૂર્ણતા નહીં, શુધ્ધિની અપૂર્ણતા હૈ, એ કારણ ઉસકો સાધક કહેનેમેં આતા હૈ, ઔર શુદ્ધિકી પૂર્ણતા જિસકો પ્રાપ્ત હુઈ ઉસકો અહીંયા સાધ્ય નામ પ્રાપ્તિ કરનેકે લાયક એ સાધ્ય કહેનેમેં આતા હૈ. આહાહા ! આવી વાત છે. આ બધું ગ્રીક લેટીન જેવું લાગે અજાણ્યાને તો, છે એ ખબર છે, કાંઈ ખબર નહીં ધર્મ શું છે આ કયા ચીજ હૈ. આહાહા...

સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવે જે ધર્મ કહા, એ સાધકપણા પરિણમનકો ધર્મ કહા. સમજમેં આયા ? ધર્મી ઐસા જો ભગવાન આત્મા ઉસમેં જો અનંત જ્ઞાનાદિ ધર્મ પડા હૈ, ધર્મી ઐસા ભગવાન પ્રભુ ઉસમેં અનંત આનંદ જ્ઞાનાદિ ધર્મ પડા હૈ. ઉસકા લક્ષસે, ઉસકા આશ્રય સે, પર્યાયમેં જો શુદ્ધતા પ્રગટ હુઈ એ પર્યાયકા ધર્મ. વો દ્રવ્ય સ્વભાવ ઉસકા ગુણ દ્રવ્યકા ધર્મ અને દ્રવ્યને આશ્રયે જે પ્રગટ દશા હુઈ એ પર્યાયધર્મ, આવી વાતું છે. એ અપૂર્ણ શુદ્ધ પર્યાય ધર્મ ઉસકો અહીંયા સાધક કહા, અને પૂર્ણ સાધ્ય દશા શુદ્ધ ઉસકો અહીંયા સાધ્ય કહા.

ભાવાર્થઃ આત્મા તો જ્ઞાન સ્વરૂપ એક હી હૈ, જુઓ લ્યો એ તો એક જ પ્રકારે ભગવાન શુદ્ધ ચૈતન્ય હૈ, પરંતુ ઉસકા પૂર્ણરૂપ સાધ્યભાવ હૈ, દેખો ઔર અપૂર્ણરૂપ સાધક ભાવ હૈ, ઐસે ભાવ ભેદસે દો પ્રકારસે એક કા હી સેવન કરના દો પ્રકારસે પણ એક હી આત્મા કા સેવન કરના.

---

**હવે, દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધકભાવ છે એમ ગાથામાં કહે છે :-**

( ગાથા ) લ્યો સોળ સોળ –

दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं ।
ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो ।। १६ ।।

દર્શન, વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;
પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદૃષ્ટિમાં. ૧૬.

ટીકાઃ યહ આત્મા, યહ આત્મા કૈસા ? જિસ ભાવસે પર્યાયસે સાધ્યને સાધન હો 'યેનૈવ હિ ભાવેનાત્મા સાધ્યઃ' આ આત્મા એમ પૂર્ણ આનંદઘન ઐસા આત્મા જિસ ભાવસે સાધ્ય ને સાધન હો ઉસ ભાવસે નિત્ય સેવન કરને યોગ્ય હૈ. આહાહાહા... જિસ ભાવસે સાધન નામ સાધકપણા હો, જિસ ભાવસે સાધ્ય હો, એ રીતે આત્માકો સેવન કરના. આહાહા... અરે સેવન કરનેકા અર્થ, ધ્યાનકી પર્યાયમેં ધ્યેય બનાકર આત્મામેં એકાગ્રતા હોના. આહાહા...

"ઈસ પ્રકાર સ્વયં વિચાર કરકે દૂસરોંકો વ્યવહારસે પ્રતિપાદન કરતે હૈ" દૂસરોંકો વ્યવહારસે પ્રતિપાદન કરતે હૈ, દૂસરોંકો વ્યવહારસે પ્રતિપાદન કરતે હૈ, તીન બોલ આયા ને ?

દર્શન જ્ઞાન ચારિત્ર વ્યવહાર હુઆ. પર્યાય નિર્મળ હૈ યે વ્યવહાર હુઆ. આહાહા... નિશ્ચય જ્ઞાયકભાવ ત્રિકાળી નિશ્ચય હુઆ, ઔર ઉસકે આશ્રયસે જો પર્યાય નિર્મળ સમ્યગ્દર્શન જ્ઞાન હુઆ એ પર્યાય હુઈ તો વ્યવહાર હુઆ. આહાહાહા...

એ સાધુ પુરુષોકો દર્શન-જ્ઞાન-ચારિત્રકા સેવન કરને યોગ્ય હૈ, વ્યવહારનયસે કથન હૈ એ. લોકો પર્યાયસે સમજતે હૈ, એ કારણ પર્યાયસે કથન કરનેમેં આયા, કે આત્માકો દર્શન જ્ઞાન ચારિત્રસે સેવન કરના, વો તો પર્યાય હુઈ પણ પર્યાયસે સમજતે હૈ તો એ અપેક્ષાએ સમજાયા. બાકી સેવન કરના હૈ તો આત્માકા, આહાહા... આવી વાતું ઝીણી બહુ પડે. અરે કોઈ દિ' અભ્યાસ નહીં. જ્યાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ત્યાં ઝુકાવ નહીં, એ ચમત્કારીક ચીજકા ખ્યાલ નહીં. આહાહા... ઉસકો અહીંયા સાધક સાધ્ય કયા હૈ એ ખ્યાલમાં, રહસ્ય ખ્યાલમેં આના મુશ્કિલ હૈ, તેથી કહાને શ્રોતામાં કે સમકિતી જ્ઞાની જો શ્રોતા હો તો ઉસકો સૂનનેમેં, રહસ્ય સમજનેમેં આતા હૈ. આહાહા... આહાહા !

સાધન ઉસ ભાવસે નિત્ય નિત્ય સેવના કરને યોગ્ય હૈ, નિત્ય યહ આત્મા જે ભાવસે સાધ્ય સાધક હો ઉસ ભાવસે હી આત્મા નિત્ય સેવન કરને યોગ્ય હૈ. આહાહા ! ઈસ પ્રકારસે ( સ્વયં ) વિચાર કરકે દૂસરોં કો વ્યવહારસે પ્રતિપાદન કરતે હૈ, તીન આયાને ? સાધુ પુરુષકો દર્શન જ્ઞાન ચારિત્ર સદા સેવન કરને યોગ્ય હૈ. આહાહા !

વ્યવહાર રત્નત્રયકી તો અહીંયા વાતેય નહીં. કારણકે એ તો રાગ હૈ ને એ તો બંધકા કારણ હે. આહાહા.. એવી વાતું છે. 'કિન્તુ પરમાર્થસે દેખા જાયે તો એ તીનોં એક આત્મા હી હૈ' કયા કહેતે હૈ ? સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર એ તીન હૈ એ તો ભેદરૂપ હુઆ તો વ્યવહાર હુઆ, કયા ? જે આત્મા પૂર્ણાનંદ પ્રભુ ઉસકી અંતર નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર, નિશ્ચય દર્શન ( જ્ઞાન ) ચારિત્ર એ દ્રવ્યની અપેક્ષાએ પર્યાયકા ભેદ વ્યવહાર હુઆ. આહાહા... સમજમેં આયા ? સાધુ પુરુષોકો દર્શન જ્ઞાન ચારિત્ર યુક્ત, કિન્તુ પરમાર્થસે, વ્યવહારસે એ બાત કિયા, દર્શન જ્ઞાન ચારિત્રકા સેવના યહ પરમાર્થસે ? આહાહાહા... પુણ્યને દયા દાન વ્રત વ્યવહારસે એ અહીં લિયા હી નહીં, ને એ વ્યવહારેય નહીં, એ તો અસદભૂત વ્યવહાર. આહાહા... જુઠ્ઠા વ્યવહાર અને આ આત્મા જ્ઞાયક સ્વરૂપકી શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્ર જે નિર્મળ એ તીનોં કહેના એ વ્યવહાર હૈ, આહાહાહા ! તીનકી સેવા કરના એ વ્યવહાર હૈ.

પરમાર્થસે ઐસા દેખા જાયે તો તીનોં એક આત્મા હી હૈ, તીનોં ભેદ હૈ ને એ આત્મા હી હૈ, આત્માકી પર્યાય તો એ આત્મા હી હૈ, તીન ભેદ હૈ નહીં. આહાહાહાહા ! આવી વ્યાખ્યા હવે. જ્ઞાનચંદજી ! ભગવાન આત્માકો દર્શન જ્ઞાન ચારિત્રસે સેવના, આહાહા... તો કહેતે હૈ કે કાર્ય નિશ્ચય જે સમ્યગ્દર્શન જ્ઞાન પણ પર્યાય હૈ ને ભેદ હૈ તો વ્યવહાર કહા, પરમાર્થે તો એક હી આત્માકા સેવન કરના. આહાહા... સમજમેં આયા ? આ તો ( શ્રોતાઃ- રહસ્યકા ઉદ્‌ઘાટન હૈ ) હા, આ વસ્તુ ઐસી હૈ. આહાહા...

સાધુ પુરુષકો, સાધુ ઈસકો કહીએ, આહાહા... કે જે સાધે, સાધે્ ઈતિ સાધુ, દર્શન જ્ઞાન ચારિત્રકો સાધે વ્યવહારસે, ઓ વ્યવહાર રત્નત્રય વિકલ્પ એ નહીં, અહીં તો ત્રણ ભેદકો સાધે એ વ્યવહારસે કહેનેમેં આતા હૈ, પર્યાય હૈ ને ? ભેદ હુઆ ને ? આહાહા... ( શ્રોતાઃ- એ હી આત્મ

વ્યવહાર ) એ આતમ વ્યવહાર, રાગાદિ મનુષ્ય વ્યવહાર. ત્યાં કહા હૈ પ્રવચનસાર ૯૪ ગાથા, આતમ વ્યવહાર, આહાહા... દયા દાન વ્રતાદિ જે વિકલ્પ એ મનુષ્ય વ્યવહાર, ગતિકા વ્યવહાર, ગતિ પ્રાપ્ત કરનેકા ભવ, અને ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપકી નિશ્ચય દૃષ્ટિ જ્ઞાન ને રમણતા તે આત્મ વ્યવહાર. ૯૪ મેં લિયા હૈ, પ્રવચનસાર આતમ વ્યવહાર ( શ્રોતાઃ- અવિચલિત ચેતના વિલાસ ) એ અવિચલિત ચેતના વિલાસ એ આત્મ વ્યવહાર, અપની શુદ્ધ પરિણતિ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર એ અવિચલિત વિલાસ ચેતના એ આત્મ વ્યવહાર. આહાહાહા !

પરમાર્થ વચનિકામેં ઐસા લિયા હૈ વચનિકામેં કે લોકો અધ્યાત્મકા વ્યવહાર બી જાનતે નહીં. આગમ કા વ્યવહાર જો હૈ એ સાધતે હૈ ને, માનતે હૈ કે અમે કાંઈ સાધક હુઆ. વ્યવહાર જે આગમમાં કહા ઐસા સાધતે હૈ, ને પણ અધ્યાત્મકા વ્યવહાર ભી જાનતે નહીં એમાં લિખા હૈ. અધ્યાત્મકા વ્યવહાર શુદ્ધ ભગવાનકા અવલંબનસે જે નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર, એ અધ્યાત્મકા વ્યવહાર હૈ. આહાહાહા ! ભારે ભાઈ વાતું. સમજમેં આયા ?

પરમાર્થસે દેખા જાયે તો યે તીનોં, તીન પર્યાય હુઈ ને ? એક આત્મા હી હૈ, કયોંકિ યે અન્ય વસ્તુ નહીં, એ પર્યાય કોઈ અનેરી વસ્તુ નહીં, આત્માકી હૈ, કિન્તુ આત્માકી હી પર્યાય હૈ. આહાહા !... સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર નિશ્ચય એ આત્માકી પર્યાય હૈ, માટે આત્મા હૈ એમ કહેતે હૈ. ( શ્રોતાઃ- પર્યાયકો આત્મા ક્યું કહાં ? ) કહા, વ્યવહાર હૈ ને, એ પર્યાય વ્યવહારે એ આત્મા હી હૈ. વ્યવહાર એ પર્યાય. નિશ્ચયમેં એકરૂપ હૈ.

યે ક્યા દેખો, જૈસે કિસી દેવદત્ત નામક પુરુષકે, દેવદત નામે પુરુષકે જ્ઞાન શ્રદ્ધાન ઔર આચરણ દેવદત્તકે સ્વભાવકા ઉલ્લંઘન નહીં કરનેસે, દેવદત્તકે સ્વભાવકા ઉસકા જ્ઞાન શ્રદ્ધાન આચરણ ઉલ્લંઘન નહીં કરતે, દેવદત્ત હી હૈ દેવદત્તકી શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્ર એ દેવદત્ત હી હૈ આહાહાહા... અન્ય વસ્તુ નહીં. ઉસી પ્રકાર આત્મામેં ભી આત્માકે જ્ઞાન શ્રદ્ધાન આચરણ, અહીં જ્ઞાન પહેલે લિયા દેખો. સમજમેં આયા ? ઓલામાં કહા સાધુ પુરુષકો દર્શન જ્ઞાન ચારિત્ર સદા સેવન કરને યોગ્ય હૈ. અહીં લિયા આત્મામેં ભી, આહાહા... આત્માકે જ્ઞાન શ્રદ્ધાન આચરણ આત્મા કે સ્વભાવકા ઉલ્લંઘન ન કરનેસે, એ આત્માકા સ્વભાવ ઉલ્લંઘન નહીં, સ્વભાવકી પરિણતિ હૈ, આહાહા... એ વિભાવ પરિણતિ નહીં. વ્યવહાર રાગકી પરિણતિ આ નહીં. આહાહાહા... આવો માર્ગ છે.

એ આત્માકા જ્ઞાન, આત્માકા શ્રદ્ધાન, આત્માકા આચરણ અંદર રમણતા હોં શુદ્ધતા એ આત્માકે સ્વભાવકા ઉલ્લંઘન નહીં કરનેસે આહાહાહા... આત્મા હી હૈ, એ અપેક્ષાએ આત્મા ત્રિકાળી સ્વભાવ હૈ ઉસકા પરિણમન સ્વભાવમાં હુઆ યે આત્મા હી હૈ, સ્વભાવકા ઉલ્લંઘન નહીં કરતે વિભાવમેં નહીં જાતે. આહાહાહા !

આત્મા હી હૈ અન્ય વસ્તુ નહીં. જેમ દેવદત્તની અપેક્ષાએ, ઈસલિયે સ્વયમેવ એ સિદ્ધ હોતા હૈ, સ્વયમ એવ હૈ, સ્વથી સિદ્ધ હોતા હૈ એક આત્મા હી સેવન કરને યોગ્ય હૈ દેખો, ઓલા તીન સેવન કરને યોગ્ય કહા થા. આહાહા... પરમાર્થે તો એક આત્મા હી સેવન કરને યોગ્ય હૈ. આહાહાહા ! પંડિતજી ! તીનોં જે સેવન કરનેકા કહા એ વ્યવહાર પર્યાય, પણ પર્યાય ઉસકી હૈ તો વ્યવહાર કહા, શુદ્ધ, નિશ્ચયસે તો એક આત્મા હી સેવન કરને યોગ્ય હૈ એક આત્મા તીન

ભેદેય નહીં. આહાહા ! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસકી એક હી સેવના કરના બસ ઉસમેં સે દર્શન જ્ઞાન ચારિત્ર પ્રાપ્ત હોતા હૈ ભેદ, આહાહા... હૈ કે નહીં સામે પાઠ હૈ.

**ભાવાર્થઃ-** દર્શન જ્ઞાન ચારિત્ર તીનોં આત્માકી પર્યાય હૈ, દેખો. સમ્યક્નિશ્ચય સમ્યગ્દર્શનકી બાત હૈ હોં અહીંયા. વ્યવહાર સમકિત ને એ તો કથનમાત્ર એ કોઈ વસ્તુ નહીં. આહાહા... વ્યવહાર તો એક કથનમાત્ર કી ચીજ જ્ઞાન કરાનેકો હૈ, કોઈ એ ચીજ વસ્તુ માર્ગ નહીં એ. આહાહા... દેવ ગુરુ ધર્મની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્ર તરફના શાસ્ત્રજ્ઞાન એ કોઈ સાધક નહીં. આહાહાહા !.. એ તો કથનમાત્ર વ્યવહાર કહેનેમેં આયા હૈ. આહાહા !

હવે આમાં નવરા કે દિ’ થાવું. એય મહેન્દ્રભાઇ ! ધંધા આડે નવરાશ ન મળે ઓલા બાપ મરી ગયા તો વળી પોતે ઘૂસી ગયા અંદર, છોકરા ને ભાઇઓ સાથે.

આ તો દાખલો એનો હોં બધાની વાત છે ને ? આહાહાહા ! પ્રભુ તારે કરનેકા કામ બહોત ભિન્ન હૈ. આહાહા... એ પ્રવૃત્તિકા પરિણામ તો રાગદ્વેષ ને અજ્ઞાન હૈ. આહાહા... ( શ્રોતાઃ પંડિતજી કહેતે હૈ આપને ગુજરાતીમેં કહે દિયા ) ક્યા કહા ? એ તો દૃષ્ટાંત દિયા વો વેપારમેં ઘૂસ જાતે હૈ ને ? એમ છે ભાઈ. આ અમારે ભાઈ હૈ ને ઘૂસ જાતે હૈ ને અમેરીકા ને રખડતે હૈ, હસમુખભાઈ આવ્યા છે ? નથી આવ્યા નહીં ? ભાવનગરથી. કાલ આવ્યા હતાં. બપોરે આવશે. આજે શનિવાર છે ને ? કાલે આવ્યા હતા બપોરે કોઈ કહેતું’તું નિવૃત્તિ લઈ લીધી, પાંચ લાખ રૂપિયા બસ ખલાસ ! ( શ્રોતાઃ– પણ અમારી પાસે પણ પાંચ લાખ થવા તો દ્યો ) પાંચ લાખે શું, કરોડો પડયા છે એની પાસે ધૂળ આહાહા... ગોદીકાજી ! પાંચ લાખ થવા દ્યો કહે છે. પાંચ લાખ શું ? પાંચ કરોડ થવા દ્યો એમ. આહાહા... પણ પાંચ કરોડ થાય તોય ક્યાં હવે આત્મામેં ક્યા ? આહાહા... એ તો પર ચીજ હૈ, પર ચીજ ઉસકી પાસ આતી હૈ ? પરકો તો છૂતે હી નહીં કભી તીન કાળમેં, લક્ષ્મીકો છૂતે હી નહીં તીન કાળમેં, શરીરકો છૂતે હી નહીં તીન કાળમેં સ્ત્રીકા શરીરકો છુતે હી નહીં તીન કાળમેં. હાથમાં આ પૈસા હૈ તો ઉસકો છૂતે હી નહીં આત્મા તીન કાળમેં. આહાહાહા...

ત્રીજી ગાથામેં આયા હૈ ને, ત્રીજી ? સમયસાર, કે દરેક પદાર્થ અપના અપના ગુણ ને પર્યાયરૂપી ધર્મકો ચૂંબતે હૈ, પણ અન્ય દ્રવ્યકી પર્યાયકો કભી તીન કાળમેં ચૂંબતે નહીં. આહાહાહા... ત્રીજી ગાથા છે. ( શ્રોતાઃ– નિશ્ચય સે ) વ્યવહાર તો કથનમાત્ર, હૈ નહીં, હૈ. નિશ્ચયસે ચૂંબતે નહી, વ્યવહારસે ચૂંબતે હૈ. હૈ ? એ નિશ્ચયસે ચૂંબતે નહીં ઐસે પરમાર્થસે ભી ચૂંબતે નહી, વ્યવહારસેય ચૂંબતે નહીં. આહાહા... આહાહા ! કહનેમેં આતા હૈ. આહાહાહા... ભગવાનેય એમ વ્યવહારસે કહે, શરીર ને આત્મા એક હૈ એમ વ્યવહારનયસે કહેનેમેં આતા હૈ, અપને ન આયા પહેલે સમયસારમેં ? પણ વ્યવહાર હૈ ને નિમિત્તરૂપે હૈ તો બતાતે હૈ ઇતના, પણ એ સચ્ચા નહીં હૈ. આહાહાહા...

અહીં તો દર્શન જ્ઞાન ને ચારિત્ર જે અપના ભગવાનકા અવલંબનસે ઉત્પન્ન હોનવાલી પર્યાય, ઉસકો વ્યવહાર કહા, ભેદ હૈ ને ? આહાહાહા... હજી તો આગળ લેગા એ દર્શન જ્ઞાન ચારિત્ર નિશ્ચયકા જો હૈ પર્યાય એ ભેદકો મેચક કહા હૈ. કળશમાં આયેગા, મેચક એ મલિન હૈ.

આહાહાહા... મલિનકા અર્થ ? કે તીન ભેદ હૈ, તો એ મલિન કહેનેમેં આતા ( હૈ ) ભેદકો ઔર અભેદકો નિર્મળ કહેનેમેં આતા હૈ. આહાહાહા !

એક જાનીએ દેખીએ, રમી રહીએ એક ઠોર,
સમળ વિમળ ન વિચારીયે એહી સિદ્ધી નહીં ઔર

એક જાણીએ દેખીએ, ભગવાન આત્માને જાણના દેખના ને રમના બસ, એહી સિધ્ધિ, નહીં ઓર, 'સમળ' વ્યવહારકા ભેદ એ સમળ કહેનેમેં આતા હૈ. નિશ્ચયકો અભેદકો નિર્મળ કહેનેમેં આતા હૈ. સમળ નિર્મળ, ભેદ ન વિચારીયે, એહી એ સિધ્ધિ નહીં ઔર, શ્લોક હૈ ગાથાનો કળશ આવશે ઉસકા શ્લોક સમયસાર નાટકમેં, અમારે વિરજીભાઈ બહુ કહેતા, વિરજી વકિલ-કાઠિયાવાડમેં દિગંબર શાસ્ત્રકા અભ્યાસ પહેલે ઉસકો, બહોત વર્ષ હુઆ નેવું એકાણુ વર્ષે ગુજરી ગયા એ તો, આ વારંવાર કહેતા, એક દેખીએ જાણીએ, એક ભગવાન ત્રિલોકના નાથ એને દેખીએ, જાણીએ, રમીએ બસ, સમળ વિમળ ન વિચારીએ, ભેદ અને અભેદકા વિચાર નહીં કરના. આહાહા ! એહી સિધ્ધિ, એહી મુક્તિકા ઉપાય હૈ. નહિ ઔર અન્ય ઉપાય હૈ હિ નહીં. આહાહા.. આકરી વાતું લાગે માણસને, સિદ્ધાંત જ ઐસા હૈ, વસ્તુકી સ્થિતિ ઐસી હૈ. લોકોને મળી નથી સાંભળવાને ગરબડ કરે એટલે કાંઈ સત્ય થઈ જાય ? અને બહુ માણસ માને માટે સત્ય હો જાએ ? સત્ય તો સત્ય હિ હૈ, માનનેવાલા થોડા ઘણાં ઉસકે કારણસે એ સત્ય નહીં હૈ, કે બહોત માણસ માનતે હૈ ઉસકે કારણસે એ સત્ય હૈ અને થોડા માનતે હૈ માટે અસત્ય હૈ ઐસી કોઈ ચીજ નહીં. આહા ! સમજમેં આયા ?

ભગવાન આત્મા ! આહાહા ! કાલે એક હિન્દી બે જણા હતા, ગયા કે નહીં. હિંદી બે જણ આવ્યા'તા કોઈ, બહોત ખુશી હોતા થા, આપણને અજાણ્યા હતા. આહાહા... આ વાત સફળ જીવન. ( શ્રોતાઃ- માલામાલ કર દિયા એમ કહેતે થે ! ) હૈં ! કાલ દો કહેતે થે. આયા થા, શામકો આયા થા. આ ક્યાંના છે કાંઈ ખબર નહીં પણ, ઓહોહો... આ વસ્તુ સ્થિતિ જિંદગીને સફળ કરનેકી ચીજ હૈ. એ તો બિચારા ખુશી થયા કે સફળ હુઆ આ અમારા અવતાર, આહાહા ! અરે આ પ્રભુની વાત, આહાહા ! ભગવાનના સમીપે જાના, ઔર દૂરસે હઠના, આહાહા... ! રાગાદિ વિકલ્પસે હઠના અને ત્રિકાળી આનંદકા નાથની સમીપમેં જાના એ માર્ગ હૈ.

**ભાવાર્થઃ-** આત્મા દર્શન જ્ઞાન ચારિત્ર તીનોં આત્માકી પર્યાય હૈ, કોઈ ભિન્ન વસ્તુ નહીં. ઈસલિયે સાધુ પુરુષોકો એક આત્માકો હી સેવન કરના હી નિશ્ચય હૈ. દેખો ત્રણકા ( ભેદકા ) સેવન છોડકર એકકા સેવન, આહાહા... ઔર વ્યવહારસે દૂસરોંકો ભી યહી ઉપદેશ કરના ચાહીયે. આહાહા !

---

ઈસી અર્થકા કળશરૂપ કાવ્ય. ( अनुष्टुभ् )

दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम्।
मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः।।१६।।

આહાહાહા ! દેખો, પ્રમાણ દૃષ્ટિસે દેખા જાયે, અભેદને ભેદ દોકો દેખનેસે પ્રમાણસે દેખના. પ્રમાણ નામ અભેદકો દેખના ને ભેદકો દેખના એ પ્રમાણ દૃષ્ટિ હૈ, પ્રમાણ દૃષ્ટિસે દેખા જાયે તો યહ એક હિ આત્મા એકી સાથ અનેક અવસ્થારૂપ મેચક ભી હૈ. આહાહાહા...

સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જે આત્માકે અવલંબે જે નિશ્ચય હુઆ. ઉસકો અહિંયા પર્યાય હૈ, ભેદ હૈ માટે મેચક કહા. વ્યવહાર હૈ, મેલ હૈ. આહાહાહા ! ભેદ ઉપર લક્ષ કરેગા તો રાગ ઉત્પન્ન હોગા. મેચક હૈ, વ્યવહાર હૈ, આહાહા ! કયા કહા ? એક હી સાથ અનેક અવસ્થારૂપ એટલે સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્રરૂપ ઔર એક અવસ્થારૂપ અભેદ ભી હૈ, અનેક અવસ્થારૂપ ભી હૈ અને એકરૂપ ભી હૈ, એકરૂપ હૈ એ નિશ્ચય, અનેક અવસ્થારૂપ હૈ એ વ્યવહાર, દોકો એક સાથ જાનના એ પ્રમાણ. આહાહા ! સમજમેં આયા ? આવું દર્શન જ્ઞાન ચારિત્રને તો ત્રિતત્વ હૈ ઔર અપનેસે અપનેકો એકત્વ હૈ. દેખો ! વો મેચક હૈ એ દર્શન જ્ઞાન ચારિત્રસે ત્રિતત્વ હૈ એ મેચક હૈ, તીનપણાં હૈ વ્યવહાર હૈ ઔર અપનેસે એકપનેકા ભાવ નિશ્ચય હૈ. આહાહાહા ! સમજમેં આતે હૈ ! ગાથા અલૌકિક થી સબ. ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૩ સે ચલી હૈ શિક્ષણ શિબિરમાં. આહાહા !

ભગવાન આત્મા અંદર એકરૂપ હૈ તો ઉસકી સેવના એ નિશ્ચય હૈ ઔર ઉસકી પર્યાય ભેદે સેવના કહેના એ મેચક નામ વ્યવહાર હૈ. રાગ ને વ્યવહાર રત્નત્રયકા સેવનકી બાત અહીંયા હૈ નહીં. અહીં તો નિશ્ચય રત્નત્રયકી સેવના વો પર્યાય હૈ માટે વ્યવહાર હૈ, માટે મેચક હૈ, અને એક કા સેવના એ અભેદ ને અમેચક હૈ. એક કો સેવના એ અભેદ હૈ, નિશ્ચય હૈ, અમેચક હૈ, પર્યાય ભેદકો સેવના એ મેચક હૈ, વ્યવહાર હૈ, અનેક હૈ. આહાહા ! એ અનેક અવસ્થાકો ભી જાનના અને એકરૂપ ચીજકો જો જાનના એ પ્રમાણજ્ઞાન કહેનેમેં આતા હૈ. આવી ભાષા, કઈ જાતની આ ? ગ્રીક લેટીન જેવું લાગે અજાણ્યા માણાને તો શું છે આ ? ઓલી વાત એવી સહેલી હોય કે આ કરો, આ કરો ને આ કરો ને આ કરો, થઈ રહ્યું જાવ. ભગવાનનું ધ્યાન કરો. ભગવાનનું સ્મરણ કરો. આહાહા ! ધૂળમાંય નહિ હૈ એ તો સબ વિકલ્પ રાગ હૈ ભગવાન તો આત્મા હૈ ઉસકા સ્મરણ કરના દર્શન જ્ઞાન ચારિત્રમેં એ ભી ભેદ હૈ. આહાહાહાહા ! અને એકરૂપે અંદરમાં રમણ કરના એ અભેદ એક હૈ એ નિશ્ચય હૈ. આહાહાહા !

**ભાવાર્થ:-** પ્રમાણ દૃષ્ટિમેં તીનકાળ સ્વરૂપ વસ્તુ દ્રવ્ય પર્યાય સ્વરૂપ દેખી જાતી હૈ, દેખો ! પ્રમાણ દૃષ્ટિસે, પ્રમાણ નામ દ્રવ્ય ને પર્યાય દોકા જ્ઞાન કરનેસે, પ્રમાણ દૃષ્ટિમેં તીન કાળ સ્વરૂપ વસ્તુ, દ્રવ્ય ને પર્યાય દોહિ દેખી જાતી હૈ. દ્રવ્ય ભી દેખા જાતા હૈ ને પર્યાય ભી દેખી જાતી હૈ, ઇસીલિયે આત્માકો ભી એકી સાથ એક અનેકરૂપ દેખના ચાહિએ, વસ્તુ તરીકે એક, પર્યાય તરીકે અનેક. દોકો એક સાથ દેખના એ પ્રમાણ જ્ઞાન હૈ. પ્ર–માણ નામ દ્રવ્ય ને પર્યાયનું માપ કરનેવાલું જ્ઞાન. આહાહા ! પ્ર–માણ પ્રકષ્ટે માપ કરનેવાલા અનેક પર્યાયકો માપ કરે તે વ્યવહાર હૈ, એકરૂપકા પ્રમાણ કરે તે નિશ્ચય, એ દો મિલકર પ્રમાણ હૈ. આહા... અરે આવી વાતું છે. બાપા ! આ સમયસાર ઓલો કહે કે પંદર દિવસમાં વાંચી ગયો. ઠીક બાપા ( શ્રોતાઃ– હોંશિયાર હોય તો વાંચી દે ) હોંશિયાર ધૂળમેં હૈ નહીં. આહાહા ! ( શ્રોતાઃ– વાંચવામાં બહુ હોંશિયાર હશે ) વાંચે તોય શું કરે. કીધું નહોતું ભાઈએ રામજીભાઈએ કહ્યું ન હતું રામજીભાઈએ કાલે, બે રાતમાં વાંચી નાખ્યું હતું. એમાં શું ? આહાહા ! એના ભાવ–"વાંચે પણ નહીં કરે વિચાર, એ સમજે નહિં સઘળો સાર" અમારે ચોપડીમેં આતા થા યે. પોણોસો વર્ષ પહેલે, પઢનેમેં આતા થા વાંચે પણ નહીં કરે વિચાર દલપતરામ થા કવિ, એ વાંચે પણ નહીં કરે વિચાર, કયા હૈ ? આ

કયા કહેતે હૈ, ભાવકા ખબર નહિ એ સમજે નહિ સઘળો સાર, કાંઈ સમજે નહિ સાર ધૂળ-ધાણી, સમજમેં આયા ? આહાહાહા ! એથી મોક્ષમાર્ગ પ્રકાશકમેં કહાને, સમકિતી અનુભવી શ્રોતા હૈ, પણ રહસ્યકો જાનનેવાલા હૈ કઈ અપેક્ષાસે કહા વો જાનનેવાલા હૈ નિશ્ચય વ્યવહારકો જાનનેવાલા હૈ, અનુભવી હોં. આહાહાહા !

---

નય, અબ નય વિવક્ષા કહતે હૈ પહેલે પ્રમાણ કિયા દ્રવ્ય ને પર્યાય દોકા જ્ઞાન એક સાથ કરના એ પ્રમાણ હૈ, દોકા એક સાથ જ્ઞાન કરના એ પ્રમાણ હૈ, હવે એક કા, એક કા જ્ઞાન કરના એ નિશ્ચય હૈ.

दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः।
एकोऽपि त्रिस्वभावत्वाद्व्यवहारेण मेचकः।। १७ ।।

આહાહાહા ! આત્મા એક હૈ તથાપિ વ્યવહારદૅષ્ટિસે દેખા જાય તો તીન સ્વભાવરૂપતાકે કારણ, ત્રણ સ્વભાવ હોં, આ જ્ઞાન દર્શન ચારિત્ર નિશ્ચય સ્વભાવ, આહાહાહા ! તીન સ્વભાવરૂપતાકે કારણ, તીન એટલે ત્રણ પ્રકારના. સમજમેં આયા ? અનેકાકાર એ મેચક એટલે અનેકાકારરૂપ, એ મેચક હૈ, ત્રણ દર્શન જ્ઞાન ને ચારિત્ર એ મેચક હૈ, ભેદ હૈ, વ્યવહાર હૈ. આહાહા ! કળશ ટીકામેં તો ઐસા કહા હૈ, કે મેચક નામ મલિન કહેનેકા વ્યવહાર હૈ. સમજમેં આયા ? કળશટીકા હૈ ને ? ૧૭ મો છે ને, ૧૭ મો કળશ કળશ ૧૭ મેં આયા, દેખો ! વ્યવહારેણં ગુણગુણીરૂપ ભેદ દૅષ્ટિસે મલિન હૈ, મેચકનો અર્થ જ મલિન લિયા હૈ. કયા કહા ? સમજમેં આયા ? આહાહા ! પર્યાયદૅષ્ટિ, પર્યાયકો દેખો, ભેદકો તો કહેતે હૈ મલિન હૈ, મલિનકા અર્થ ? ભેદસે લક્ષ કરનેસે વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ, પર્યાયકા લક્ષ કરનેસે વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ. મેચકનો અર્થ એ કિયા, ૧૭ કળશમેં “એકઃ અપિ વ્યવહારેણ, મેચકઃ” દ્રવ્ય દૅષ્ટિસે જો કે જીવ દ્રવ્ય શુદ્ધ હૈ, તોપણ ગુણગુણી કે ભેદકી દૅષ્ટિસે મલિન હૈ, તે પણ કોની અપેક્ષાસે ? દર્શન જ્ઞાન ચારિત્ર ત્રણ હૈ, સહજ ગુણો જેના, તે પણ કેવું હોવાથી ? જેમ કે દર્શન જ્ઞાન ચારિત્ર એ ત્રણ ગુણોરૂપે પરિણમે છે, તેથી ભેદબુદ્ધિ પણ ઘટે છે. હૈ, પર્યાય હૈ, પણ મલિન કહે છે. આહાહા ! ( શ્રોતાઃ- એ વ્યવહાર અધ્યાત્મકા ) અધ્યાત્મકા વ્યવહાર હૈ, આ કળશટીકા હૈ રાજમલ્લજી. આહાહાહા !

આત્મા એક હૈ તથાપિ વ્યવહારની દૅષ્ટિએ દેખા જાયે તો તીન સ્વભાવકે કારણ અનેકાકાર મેચકકા અર્થ અનેકાકાર, ત્યાં ઉસકો મેચકકા અર્થ મલિન, આહાહાહા... ઔર વહ દર્શન જ્ઞાન ચારિત્ર તીન ભાવોસે પરિણમન કરતા હૈ. આહાહા ! મેચક, છે ને ? કયોંકિ દર્શન જ્ઞાન ચારિત્ર તીન સ્વભાવસે પરિણમન કરતે હૈ, ને તીન તીનરૂપે સમ્યક ( દર્શન ) નિશ્ચય જ્ઞાયક જ્ઞાન ને સમ્યક્ ચારિત્ર, પણ તીનરૂપે પરિણમન કરતે હૈ તો મેચક નામ વ્યવહાર કહેનેમેં આતા હૈ. આહાહાહા ! એ મલિનનો અર્થ ઈ. ભેદ કહો, મેચક કહો, વ્યવહાર કહો, મલિન કહો, ભગવાન ત્રિકાળીકો અભેદ કહો, નિશ્ચય કહો, અમેચક કહો, નિર્મળ કહો આમ છે ભાઈ ! આકરી વાત ભાઈ ! અધ્યાત્મનો વ્યવહાર આ. આહાહા ! વ્રત દયા દાન આદિનો વિકલ્પ એ તો અસદ્ભૂત વ્યવહાર, આગમનો વ્યવહાર. આહાહા ! આ અધ્યાત્મકા વ્યવહાર ! નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્ર ઈસકો વ્યવહાર કહો અનેકાકાર કહો, મલિન કહો, મેચક કહો. આહાહાહા ! હૈ ?

ભાવાર્થઃ "શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે આત્મા એક હૈ, જબ ઉસ નયકો પ્રધાન કરકે કહા જાતા હૈ તબ પર્યાયાર્થિક નય ગૌણ હો જાતી હૈ" દર્શન જ્ઞાન ચારિત્ર તીનોં હૈ, ગૌણ હો જાતા હે. ઈસલિયે એક કો તીનરૂપ પરિણમન હોના કહેના વ્યવહાર હુઆ અસત્યાર્થ ભી હુઆ. આહાહાહા ! નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રપણે તીનપણે કહેના વ્યવહાર હુઆ, અસત્યાર્થ હુઆ. આહાહાહાહા ! ( શ્રોતાઃ– મેચક થયો એટલે રાગ થયો મલિન થયો ) ના, એમ નહીં. એને કહેનેકા વ્યવહાર ઐસા હૈ બસ. સમજમેં આયા ? ભેદ હૈ ઉસકો મલિન કહેનેકા વ્યવહાર, આહાહા ! હૈ તો નિર્મળ પર્યાય તીનોં. પણ તીન પ્રકારકા ભેદ કહેના એ વ્યવહાર મલિન કહેનેમેં આયા. આહાહા ! સમજમેં આયા ? ( શ્રોતાઃ– સ્વછંદતાની જેવું તો નથી લાગતું એમ કહે છે ) કોની જેવું ? ( શ્રોતાઃ– સ્વચ્છંદતા જેવું તો નથી લાગતું ) આ ચાલે એમાં ધ્યાન રાખો તો બધું આવી જાશે. એ પૂછનેકા પ્રસંગ રહેતે હી નહીં, ઐસી બાત સ્પષ્ટ આતી હૈ. આહાહા ! અહીંયા તો સ્વરૂપ જો એકરૂપ ચૈતન્ય હૈ, દ્રવ્યાર્થિકસે, ઉસકો તીન ભેદરૂપે કહેના પર્યાયાર્થિકનયસે નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકો પર્યાયરૂપસે કહેના એ વ્યવહાર હૈ, અને વો મલિન કહેનેમેં આતા હૈ, ભેદની અપેક્ષાસે, વિશેષ કહેગા લ્યો. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ. )

## શ્લોક - ૧૮ - ૧૯

( अनुष्टुभ् )

परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः।
सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचकः।।१८।।

**હવે પરમાર્થનયથી કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ परमार्थेन तु ] શુદ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે તો [ व्यक्तज्ञातृत्व-ज्योतिषा ] પ્રગટ જ્ઞાયક્તાજ્યોતિમાત્રથી [ एककः ] આત્મા એકસ્વરૂપ છે [ सर्व-भावान्तर-ध्वंसि-स्वभावत्वात् ] કારણ કે શુદ્ધદ્રવ્યાર્થિક નયથી સર્વ અન્યદ્રવ્યના સ્વભાવો તથા અન્યના નિમિત્તથી થતા વિભાવોને દૂર કરવારૂપ તેનો સ્વભાવ છે, [ अमेचकः ] તેથી તે 'અમેચક' છે-શુદ્ધ એકાકાર છે.**

**ભાવાર્થઃ- ભેદદૃષ્ટિને ગૌણ કરી અભેદદૃષ્ટિથી જોવામાં આવે તો આત્મા એકાકાર જ છે, તે જ અમેચક છે. ૧૮.**

( अनुष्टुभ् )

आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः।
दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा ।।१९।।

**આત્માને પ્રમાણ-નયથી મેચક, અમેચક કહ્યો, તે ચિંતાને મટાડી જેમ સાધ્યની સિદ્ધિ થાય તેમ કરવું એમ હવે કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ आत्मनः ] આ આત્મા [ मेचक-अमेचकत्वयोः ] મેચક છે-ભેદરૂપ**

**અનેકાકાર છે તથા અમેચક છે-અભેદરૂપ એકાકાર છે [ चिन्तया एव अलं ] એવી ચિંતાથી તો બસ થાઓ. [ साध्यसिद्धिः ] સાધ્ય આત્માની સિદ્ધિ તો [ दर्शन-ज्ञान-चारित्रैः ] દર્શન, જ્ઞાન ને ચારિત્ર-એ ત્રણ ભાવોથી જ છે, [ न च अन्यथा ] બીજી રીતે નથી ( એ નિયમ છે ).**

**ભાવાર્થઃ- આત્માના શુદ્ધ સ્વભાવની સાક્ષાત્ પ્રાપ્તિ અથવા સર્વથા મોક્ષ તે સાધ્ય છે. આત્મા મેચક છે કે અમેચક છે એવા વિચારો જ માત્ર કર્યા કરવાથી તે સાધ્ય સિદ્ધ થતું નથી; પરંતુ દર્શન અર્થાત્ શુદ્ધ સ્વભાવનું અવલોકન, જ્ઞાન અર્થાત્ શુદ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ જાણપણું અને ચારિત્ર અર્થાત્ શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા-તેમનાથી જ સાધ્યની સિદ્ધિ થાય છે. આ જ મોક્ષમાર્ગ છે, તે સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.**

**વ્યવહારી લોકો પર્યાયમાં-ભેદમાં સમજે છે તેથી અહીં જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી સમજાવ્યું છે. ૧૯.**

## પ્રવચન નં. ૭૭ ગાથા - ૧૬ શ્લોક - ૧૮-૧૯ ભાદરવા સુદ-૧ તા. ૩-૯-૭૮ સં. ૨૫૦૪

**( अनुष्टुभ् )**

परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः।
सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचकः ।।१८।।

કયા કહેતે હૈ ? શુદ્ધ નિશ્ચયનયસે દેખા જાય તો પ્રગટ વ્યક્ત નામ પ્રગટ જ્ઞાયક સ્વભાવ જ્યોતિ માત્રસે આત્મા એક સ્વરૂપ હૈ. આહાહા ! અંતર દૃષ્ટિસે શુદ્ધનયસે દેખને પર જ્ઞાયક વ્યક્ત પ્રગટ જ્ઞાયક સ્વભાવ એક નજરમેં, દૃષ્ટિમેં આતા હૈ. આહાહા ! શુદ્ધ નિશ્ચયસે દેખા જાય તો 'વ્યક્ત જ્ઞાતૃત્વ જ્યોતિ' વ્યક્ત નામ પ્રગટ જ્ઞાતૃત્વ જ્યોતિ ભાવ, એકલો જ્ઞાયકમાત્ર. આહાહાહા... એ જ્ઞાનકી પ્રધાનતાસે કથન હૈ, પણ હૈ અનંત અનંત અનંત ગુણ એ અનંત ગુણકા અંત નહીં ઈતના જ્ઞાયક સ્વભાવ માત્ર આત્મા, અંતર્મુખ દેખનેસે એકરૂપ જ્ઞાયકમાત્ર પ્રગટ દેખનેમેં નામ શ્રદ્ધામેં આતા હૈ. આહાહા... ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. એક આત્મા એક સ્વરૂપ હૈ. આહાહા !

"સર્વભાવાન્તર ધ્વંસિસ્વભાવત્વાત્" ક્યા શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે અંતર્મુખ સ્વભાવકી દૃષ્ટિસે દેખનેસે, આહા... અમાપ અમાપ ગુણકા ભંડાર ભગવાન ઉસકી શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિસે, અંતરમેં એકરૂપ, જો કે ગુણકા અંત નહિ ત્યાં, ઈતના ગુણ હૈ ઉસમેં કે ગુણકા અંત નહિં, કે આ અનંત અનંતમેં કે આ આખીરકા અનંતના આ અંત હૈ ઐસા નહીં, અને આખીરકા અનંતમેં આ આખિરકા અંશ હૈ, ઐસા ભી નહીં, આહાહાહાહા ! પ્રગટ, વ્યક્ત નામ પ્રગટ, અંતર જ્ઞાયક જ્યોતિ, અંતર્મુખ એકરૂપ દેખનેસે અન્ય દ્રવ્યકા સ્વભાવ અને અન્ય દ્રવ્યકે નિમિત્તસે હોનેવાલા વિભાવસે દૂર કરનેરૂપ ઉસકા સ્વભાવ હૈ, આહાહાહા !

કયા કહેતે હૈ ? "સર્વભાવ ધ્વંસિત્ત્વાત" ભગવાન પૂર્ણાનંદકા નાથ સ્વભાવકી, આશ્રયસે દૃષ્ટિ હોનેસે, એ ઉસકા સ્વભાવ રાગાદિ વિભાવકા નાશ કરનેકા સ્વભાવ હૈ, રાગાદિકા વ્યવહાર રત્નત્રયકો ઉત્પન્ન કરના એ ઉસકા સ્વભાવ નહીં. આહાહાહા ! સમજમેં આયા ? પણ

વો વ્યવહાર રાગાદિ હૈ એ ભગવાન જ્ઞાનસ્વરૂપ, અગાધ–અગાધ શક્તિકા પ્રભુ ભંડાર એ આહાહાહા.... વ્યક્ત પ્રગટ જ્ઞાતૃ હૈ, ઉસકા સ્વભાવ વિભાવકા નાશ કરનેકા સ્વભાવ હૈ. વ્યવહાર રત્નત્રયકા રાગ ઉત્પન્ન કરનેકા તો સ્વભાવ નહિ પણ ઉસકા નાશ કરનેકા સ્વભાવ હૈ. આહાહાહાહા !

બહુ વાત, અત્યારે તો એ ચાલે કે વ્યવહાર કરો વ્રત તપ ભક્તિ પૂજા એ નિશ્ચયને પમાડશે, અરે પ્રભુ, આહાહા ! ( જ્યાં ) નિશ્ચય વસ્તુ હૈ ત્યાં રાગકા સ્પર્શ નહીં. આહાહાહા ! અંતર વસ્તુ એક સમયમાં પરિપૂર્ણ અનંત ધર્મ નામ ગુણકા સમુદાયરૂપ એકરૂપ. આહાહા ! ત્રણ દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાયપણે પરિણમના ઐસે દેખના વો તો વ્યવહાર હૈ અને ઉસકો મલિન કહેનેકા વ્યવહાર હૈ. આહાહાહા ! કયોં ? કે નય અધિકારમાં આવ્યું છે ને નયમાં છેલ્લે નહિ અશુદ્ધ–શુદ્ધ, આહાહાહા... માટીમેં ઉસકા અનેક વાસણકી પર્યાયસે દેખો તો એ અશુદ્ધનયસે હૈ. આહાહાહા ! અને માટીકા એકરૂપ દેખો તો શુદ્ધનયસે હૈ, આહાહાહા ! એમ ભગવાન આત્મા ઉસકી દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાય નિર્મળ, આહાહાહા ! પર્યાયસે દેખો તો એ અશુદ્ધનય હૈ. આહાહાહા ! ત્યાં મેચક કહા થા ને દર્શન જ્ઞાન ચારિત્રકા ? ભાઈ મારગડા જુદા બહુ પ્રભુ બહારના હોંશે ને હરખે ચાલ્યું જાય જગત અનાદિસે. એ વ્યવહાર રત્નત્રયના હોંશમાં પણ વ્યવહાર તો હૈ નહીં ઉસકો નિશ્ચય બિના, પણ એ માનતે હૈ કે હમારે વ્યવહાર હૈ, કે વ્રત ને તપ ને, ભક્તિને, કષાય–શુભભાવ જોરદાર ઈતના ચલે. આહાહા... પ્રભુ ! એ તો અહીંયા કહેતે હૈ કે એ તો રાગ હૈ અશુદ્ધતાકી ઉત્પત્તિ હૈ ઉસકી તો અહીંયા બાત હૈ હી નહીં, પણ એકરૂપ ભગવાન આત્મા પરમાર્થસે જો દેખા જાય તો એ સ્વભાવ ઉસકા એસા હૈ કે ભેદકા અશુદ્ધકા નાશ કરનેકા સ્વભાવ હૈ. આહાહાહાહા !

દૂસરી દૃષ્ટિસે કહીએ તો એ પર્યાય દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાયસે દેખો તો એ અશુદ્ધનય હૈ, આહાહાહા ! રાગકી બાત અહીંયા નહીં, ફકત ભગવાન એકરૂપે અનંતગુણનો વ્યક્ત પ્રગટરૂપ સ્વરૂપ ઉસકી દૃષ્ટિસે દેખો તો એકરૂપ હૈ એ, અને એ અપેક્ષાએ નિર્મળ હૈ, અભેદ હૈ. આહાહા ! એ શુદ્ધ દ્રવ્યાર્થિકનયકા વિષય હૈ, જ્યારે એ દર્શન જ્ઞાન ને ચારિત્રપણે પરિણમે એ વ્યવહારનયકા વિષય હૈ, એ અશુદ્ધનયકા વિષય હૈ, એ ભેદરૂપનય હૈ, વો તો મલિનતા કહેનેમેં આયા હૈ. આહાહાહા ! ગજબ વાત હૈ. ( શ્રોતાઃ– પ્રયોજનભૂત વાત છે. ) હૈં ? આહાહા ! અને ભગવાન એકરૂપે ત્રિકાળ હૈ એ ઉપર અંતરની દૃષ્ટિ લગાનેસે દ્રવ્યાર્થિકનય દ્રવ્ય નામ અખંડ પૂર્ણ વસ્તુ અભેદનો અર્થ, અહીંયા અખંડ એક વસ્તુ ઉસકી દૃષ્ટિસે દેખો તો એકરૂપ સ્વરૂપ હૈ, એમાં ત્રણ ભેદ જે દર્શન જ્ઞાન ચારિત્રના પરિણમન એ ભેદ એ ભેદ ભી ઉસમેં આતા નહીં. આહાહાહા ! જ્યાં ગૌણ હો જાતા હૈ – અપની નિર્મળ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાય ભી ત્રિકાળીકો દેખનેસે, એ નિર્મળ પર્યાય ભી વ્યવહાર, ગૌણ હો જાતા હૈ. આહાહાહા ! આવું સ્વરૂપ છે ભાઈ એ રીતે ન બેસે, સ્વરૂપ જ ઐસા હૈ. આહાહા ! અશુદ્ધપણે પરિણમના ઉસકી તો બાત કહાં રહી ? આહાહા... વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા એ તો પરિણામ અશુદ્ધ હૈ. આહાહા ! યહાં તો શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા અપની પર્યાયમેં દર્શન જ્ઞાન ચારિત્રપણે પરિણમે તો એને પણ અશુદ્ધનયકા વિષય કહેનેમેં આયા હૈ. આહાહાહા ! આવી વાત છે.

ઉસકો મેચક કહા હૈ, ઉસકો વ્યવહાર કહા હૈ. આહાહાહા ! એ પ્રવચનસારકી ૪૬ ને ૪૭ નય હૈ, ચાર ને છ ને ચારને સાત, અશુદ્ધ પહેલી હૈ વો. આહાહા ! આત્માકો એકરૂપ દેખના વો શુદ્ધનય નામ યથાર્થ દૃષ્ટિ હૈ, અને પર્યાય ભેદસે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના પર્યાય ભેદસે દેખના એ અશુદ્ધનય હૈ, ઉસકો અહીંયા મેચક કહા હૈ. આરે આવી વાતું છે બાપા. લોકોની તકરાર તો હજી બહારની છે. વ્યવહાર દયા દાન વ્રત ભક્તિ તપ આટલું સહન કરે પરિષહ અને આ બધું એનાથી પામશે. આહાહા ! ( શ્રોતાઃ– બધી બહારની વાતું છે અંદરનું કાંઈ ન આવે ) બહારની વાતો, અંતરનો નાથ, સ્વભાવનો સાગર એકરૂપને દેખનેસે એ સમ્યગ્દર્શન હોતા હૈ, આહાહા ! એ ત્રિકાળી શુદ્ધકો દેખનેસે, અભેદ કહો કે શુદ્ધ કહો, દ્રવ્ય કહો, અભેદ કહો, શુદ્ધ કહો, દ્રવ્યાર્થિકનયના વિષય કહો, આહાહાહા... ઉસકી દૃષ્ટિસે ભગવાન એકરૂપ હૈ, એ વસ્તુ સ્વભાવ વિભાવકા નાશ કરનેકા સ્વભાવ હૈ, વિભાવ કી ઉત્પત્તિ કરનેકા ઉસકા સ્વભાવ નહીં. આહાહા ! ગજબ વાત હૈ. સમજમેં આયા ? અખંડ એક સ્વભાવકી દૃષ્ટિમેં એક સ્વભાવ એ વિભાવકા નાશ કરનેકા ઉસકા સ્વભાવ હૈ. હૈ દેખો !

સર્વભાવાન્તરમ્, ભાવાન્તર નામ અપના ભાવ સિવાય અલાવા અનેરા ભાવ ભેદભાવ, અશુદ્ધભાવ, રાગ ભાવાદિ, આહાહાહાહા... અરે દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાય ભેદભાવ, આહાહા ! હૈ ? સર્વ ભાવાન્તર અપના જ્ઞાયક ભાવસે અંતર, અનેરા, આહાહાહા... અપના જ્ઞાયકસ્વભાવ સ્વરૂપ એકરૂપસે અનેરા, રાગ કે ભેદભાવ, આહાહાહાહા... "ભાવાન્તર ધ્વંસિસ્વભાવત્વાત્" ઉસકા તો નાશ કરનેકા સ્વભાવ હૈ. આહાહા ! પ્રભુ ! તો વ્યવહારસે નિશ્ચય હોતા હૈ એ વાતતો બડી મિથ્યાત્વભાવ હૈ. સમજમેં આયા ? શ્લોક બહુ અચ્છા આયા હૈ. આહાહા ! બહુ ભર્યું છે. ઓહોહો !

અંતર્મુખ દૃષ્ટિસે દેખનેસે એકરૂપ દેખનેમેં આતા હૈ, અને એ એકરૂપ દૃષ્ટિ હો ઉસકા નામ સમ્યગ્દર્શન અને એ સ્વભાવ એકરૂપ જે દિખતે હૈ ઉસકા સ્વભાવ ઐસા હૈ કે ભેદકો અને અશુદ્ધતાકો નાશ કરનેકા સ્વભાવ હૈ. આહાહાહાહા ! એ અખંડ ને અભેદ ને શુદ્ધ જો સ્વભાવ હૈ એ ભેદકો ને રાગકો ઉત્પન્ન કરે ઐસા તો ઉસકા સ્વભાવ નહીં. આહાહા ! ગજબ વાત કરતે હૈ.

પુણ્ય ને પુણ્યના પરિણામ વ્યવહાર રત્નત્રય વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને ગજરથ આહા... ઐસા શુભભાવ, ઉસકા સ્વભાવ ભગવાનકા એકરૂપ હૈ, એ ભેદ–અશુદ્ધતાકા નાશ કરનેકા સ્વભાવ હૈ. વો તો ઠીક, પણ વો એકરૂપ સ્વભાવકી દૃષ્ટિસે, એકરૂપ સ્વભાવ દર્શન જ્ઞાન ચારિત્ર જો ભેદ હૈ ઉસકા ભી અભાવ કરનેકા સ્વભાવ હૈ. આહાહાહાહા ! ભેદકા ભી નાશ કરનેકા સ્વભાવ હૈ. આહાહા ! આવી વાત છે. અરેરે ! બહુ ગાથા અલૌકિક છે.

પરમાર્થેન, પરમાર્થે એટલે આ પરનો પરમાર્થ કરવો એ ? આહાહા ! ( શ્રોતાઃ– ત્રિકાળ સ્વભાવનો સ્વીકાર કરવો ) પરમાર્થ નામ પરમ પદાર્થની દૃષ્ટિસે એમ, પરમપદાર્થ ભગવાન પૂર્ણાનંદ અનંત આનંદકા કંદ એ, આહાહાહા... પરમ પદાર્થની દૃષ્ટિસે દેખને પર, આહાહા... એ પ્રગટ જ્ઞાયક જ્યોતિમાત્ર આત્મા એક સ્વરૂપ હૈ. આહાહાહા... શુદ્ધકો દેખનેસે–અભેદકો દેખનેસે, આહાહા... એ એકરૂપ સ્વભાવ હૈ, એકરૂપ કહો, શુદ્ધ કહો, અભેદ કહો. આહાહા... ઔર એ શુદ્ધ સ્વભાવ, એકરૂપ સ્વભાવકા અશુદ્ધતાકા પર્યાય ભેદકા ભી અભાવ કરનેકા સ્વભાવ હૈ. આવો

માર્ગ આકરો પડે માણસને શું થાય ભાઈ ? મોટા ઝઘડા આમાં ઉભા થયાં છે ને ? ભાઈ મારગડા પ્રભુના. આહાહા !

વીતરાગ સ્વભાવરૂપે શુદ્ધ પડા હૈ ને પ્રભુ અખંડ વ્યક્ત પ્રગટ. આહાહા ! ઉસકો દેખનેસે એકરૂપ હી હૈ અને એકરૂપ દ્રવ્યકા સ્વભાવ અનેકરૂપ અશુદ્ધતા ને ભેદકા નાશ કરનેકા સ્વભાવ હૈ. આહાહાહા ! કયોંકિ અભેદકી એકકી દૃષ્ટિમેં ભેદ દેખનેમેં આતા નહીં, વો કારણે ભેદકા ભી અભાવ કરનેકા સ્વભાવ હૈ. આહાહાહા ! એય ! કયા ભેદ ? સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાય નિર્મળ એ ભેદ. આહાહા ! એ અશુદ્ધનયકા વિષય હૈ, અશુદ્ધનય કહો, વ્યવહાર કહો, મેચક કહો, એને મલિન કહેનેકા વ્યવહાર કહો. આહાહાહાહાહા !

ભગવાન એકરૂપ સ્વભાવ જે ત્રિકાળ, ઉસકો શુદ્ધ કહો, નિર્મળ કહો, એક કહો, દ્રવ્યાર્થિકનયકા વિષય કહો. આહાહા ! એ શુદ્ધનય સ્વરૂપ કહો, એ સ્વભાવ ઉસકા, આહાહા... ઉસકી દૃષ્ટિ કરનેસે ઐસા પૂર્ણ સ્વભાવકા આશ્રય લેનેસે, પૂર્ણ સ્વભાવકા અવલંબન લેનેસે, પૂર્ણ સ્વભાવકા એકરૂપકા સ્વીકાર કરનેસે, આહાહાહા... આવી ચીજ છે આકરી. એ ભેદ સર્વભાવાન્તર હૈ ને ? સર્વભાવાન્તર, અપના અભેદ સ્વભાવ સિવાય– અલાવા, આહાહાહા... સર્વભાવાન્તર અપના જ્ઞાયક એકરૂપભાવસે અનેરા ભાવ અશુદ્ધ ને પર્યાય ભેદ સબકા નાશ કરનેકા સ્વભાવ હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ? અલૌકિક બાત હૈ પ્રભુ ! એ ચૈતન્યની લીલા અલૌકિક અંદર હૈ. આહાહા ! આહાહા !

જિસકી પર્યાય અંતર્મુખ હોનેસે અનંત અનંત અનંત અનંત અનંતગુણકા પિંડ પ્રભુ જે ગુણકા છેલ્લા આખીરકા આ, ઐસે નહીં ( અસીમ ) ઉસકા સમ્યગ્જ્ઞાન પત્તા લે લેતે હૈ. કયા કહા એ ? બાપુ જ્ઞાન એટલે આ શાસ્ત્રકા ભણતર ને એ કાંઈ જ્ઞાન નહીં. આહાહાહા ! અંતર જે સ્વરૂપ જે અખંડ અભેદ ( ઉસકા ) જ્ઞાન હુઆ, એ જ્ઞાનકી પર્યાય અનંત અનંત અનંત અનંત ઐસા ગુણકા પ્રકાર જિસકા અંત નહીં ગુણકી સંખ્યાકા ઐસા અનંતકા, પર્યાય જ્ઞાનકી અંત લે લેતી હૈ, અંત નામ ઉસકા જ્ઞાન કર લે લેતી હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ?

મારગ ભાઈ ! અત્યારે તો ઘણી ગરબડ થઈ ગઈને, અત્યારે તો આ ચોર કોટવાલને દંડે એવું થઈ ગયું છે. આહાહાહા ! પ્રભુ સત્ય તો આ છે ને નાથ ! આહાહા ! તારો સાહેબો અંદર અનંત આનંદના ગુણાદિથી ભરેલો પ્રભુ છે ને નાથ ! આહાહા ! એ તારા સાહેબાની સંપદા શું કહેવી, કયા કહેની ? પ્રભુ તેરી સંપદા ને તેરા ગુણકી સંખ્યા કયા કહેની ? આહાહા ! ઐસે એકરૂપ અનંતગુણ હોનેપર ભી ભેદકી દૃષ્ટિ ન કરનેસે, આહાહાહાહા... એકરૂપ અભેદકી દૃષ્ટિ કરનેસે, એ શુદ્ધ કહો, ઉસકો અભેદ કહો, ઉસકો એક કહો, એ અભેદ ને એક ને શુદ્ધ દૃષ્ટિ અથવા અભેદ શુદ્ધ ને એક સ્વભાવ, અશુદ્ધતા ને અનેક ભાવકા નાશ કરનેકા ઉસકા સ્વભાવ હૈ. આહાહાહા ! ભલે પર્યાય હૈ, પણ ઉસકો ગૌણ કર દેનેકા ઉસકા સ્વભાવ હૈ. આહાહા ! સમજમેં આયા ? શશીભાઈ ! આવું છે સ્વરૂપ ભાઈ ! આહાહાહા !

બહુ શ્લોક અલૌકિક હૈ, આમાં વિશેષ કયા આયા ? સર્વભાવાંતરચ્છિદે. આહાહાહાહા ! ભગવાન અંદર ગુણ ગુણીકા ભેદસે ભી રહિત અભેદ, એક શુદ્ધ દ્રવ્ય જિસકા પ્રયોજન હૈ ઐસા નયસે દેખો તો, આહાહાહા... એ સ્વભાવ એકરૂપ હૈ ઐસી દૃષ્ટિ હુઈ તો સમ્યગ્દર્શન હુઆ.

આહાહા ! સમ્યક્ નામ સત્ય દર્શન હુઆ, કયોંકિ અભેદ વસ્તુ હૈ હી, એ શુદ્ધ હૈ, એક હૈ, ઐસી દૃષ્ટિ હુઈ તો એ સમ્યક્, સત્ય દૃષ્ટિ હુઈ. આહાહાહા ! ઔર રાગકી દૃષ્ટિ હૈ એ તો મિથ્યાદૃષ્ટિ ઉસસે લાભ માનનેવાલા પણ ઉસકા જ્ઞાન દર્શન ચારિત્રકા નિર્મળ પર્યાયકા ભેદકા લક્ષ હૈ, એ અશુદ્ધતા ને વ્યવહાર કહેનેમેં આતા હૈ. આહાહાહા ! આવી વાત છે ભાઈ ! ભગવાન પૂર્ણાનંદકા નાથ એકરૂપ સ્વરૂપ. આહાહા ! ચૈતન્ય રત્નાકર, ચૈતન્યના અનંત રત્નોકા આકાર નામ સમુદ્ર, વો વ્યક્ત નામ પ્રગટ હૈ વસ્તુ, એ ઉપર દૃષ્ટિ દેનેસે એકરૂપતા દૃષ્ટિમેં આતા હૈ, અને એ એકરૂપકા સ્વભાવ, અભેદકા સ્વભાવ, શુદ્ધકા સ્વભાવ, એ અપના અભેદભાવ સ્વભાવ અલાવા, અનેરા ભાવકા અભાવ કરનેકા સ્વભાવ હૈ. આહાહાહા ! આવી વાતું છે.

બહુ શ્લોક, ઓહોહો ! સંતોએ થોડા શબ્દોમેં સારા દરિયા ભર દિયા હૈ, ગાગરમેં સાગર ભર દિયા હૈ. આહાહા ! સાગરનું ચિત્ર બનાવીને ગાગરમાં નાખે એ કાંઈ સાગર નહીં. આહાહા ! થોડા શબ્દોમેં સારા સાગર ભર દિયા હૈ અંદર. પ્રભુ તેરી પાર નહીં પ્રભુ તું ઐસા હૈ ને નાથ, તારા ગુણનો પાર નહીં ઈતના ગુણ છતાં તો હમ ઐસે વ્યક્ત એકરૂપ કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? આહાહા ! દર્શન, ૧૪ મી ગાથામાં દર્શનકા અધિકાર હુઆ. ૧૫ મેં જ્ઞાનકા ૧૬ મેં દર્શન જ્ઞાન સહિત આ સ્થિરતાકા અધિકાર હૈ. આહાહા ! જ્યાં ભગવાન એકરૂપ હૈ ઐસી દૃષ્ટિ હુઈ, ત્યાં સ્થિરતા કરના હૈ એ એકરૂપ સ્વભાવમેં સ્થિરતા ને રમણતા કરના હૈ, તો હજી એકરૂપ સ્વભાવ દૃષ્ટિમેં આયા નહીં ઉસકો સ્થિરતા કહાં કરના ? આહાહા ! તો ઉસકો ચારિત્ર તો કહાંસે આતા હૈ ? અહીં એમ કહેતે હૈ. સમજમેં આયા ?

અનંત અનંત ધર્મ સ્વરૂપ ભગવાન એકરૂપ, એકરૂપ દૃષ્ટિમેં આયા નહીં, વેદનમેં આયા નહીં, અનુભવમેં આયા નહીં, તો ઉસમેં રમના એ ચીજ તો દૃષ્ટિમેં આયી નહીં તો રમના કહાંસે હોગા ? આહાહા ! છતેં... એ સ્વરૂપકી શ્રદ્ધા જ્ઞાન ને રમણતા તીન ભેદકા લક્ષ કરના એ અશુદ્ધનયકા વિષય હૈ. આહાહાહાહા... એ અશુદ્ધનયકા વિષયકો અભાવ કરના એકરૂપ સ્વભાવકા સ્વભાવ હૈ. આહાહા ! આહાહા !

અન્ય દ્રવ્યકે સ્વભાવ ઔર અન્ય દ્રવ્યકે નિમિત્તસે હોનેવાલે વિભાવકો દૂર કરનેરૂપ ઉસકા સ્વભાવ હૈ, ઈસલિયે એ અમેચક હૈ, કોણ ? ત્રિકાળી જ્ઞાયકભાવ એ અમેચક હૈ, એક હૈ, શુદ્ધ હૈ, આહાહાહા ! અને પર્યાયનાં ભેદો અનેક હૈ, અશુદ્ધ હૈ, વ્યવહાર હૈ, મલિન કહેનેમેં આતા હૈ. આહાહા ! આ વાણી ક્યાં છે ભાઈ ? દિગંબર સંતો એ તો કેવળજ્ઞાનનાં કેડાયતો, કેવળજ્ઞાનને ખડા રાખ્યા છે. આહાહાહા ! ત્રણ બોલ લિયા, અમેચક હૈ, શુદ્ધ હૈ, એકાકાર હૈ, એમ. પર્યાય ભેદ એ અશુદ્ધ હૈ, અનેક હૈ, અનેકાકાર હૈ, આહાહા... કયા અનેક ? દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાયરૂપે ત્રણરૂપે હોના એ અશુદ્ધ હૈ અનેકાકાર હૈ. આહાહાહા ! એક નહીં, અનેક હૈ, વ્યવહાર હૈ, ગજબ વાત હૈ પ્રભુ. આહાહા ! રાજમલ્લકી ટીકામેં તો મેચક, મલિન કહેનેકા વ્યવહાર હૈ ઐસા કહા હૈ. આહાહાહા ! આહાહાહા ! બહુ શ્લોક ઊંચો છે, ભાગ્યશાળીને તો એના અર્થો કાને પડે એવી વાત છે. આહાહાહા ! આમાં તકરાર ને વાદ-વિવાદે ક્યાં પાર પડે ? ( શ્રોતાઃ- અંદરમાં તો સમાઈ જવાની વાત છે ) આહાહા ! જ્યાં અહિંયા સ્વરૂપ જે એકરૂપ છે, ઉસકો એ એકરૂપ શુદ્ધ ને અભેદ કહા, એ જ્ઞાન દર્શન ચારિત્રની નિર્મળ પર્યાયરૂપે પરિણમે, ઉસકો ભી

અશુદ્ધ વ્યવહાર મેચક મલિન ( કહા ). આહાહા ! સમજમેં આયા !

**ભાવાર્થ**:- ભેદ દૃષ્ટિકો ગૌણ કરકે એમ કહા, નાશ કરકેનો અર્થ ગૌણ કરકે યૂં. સમજમેં આયા ? દર્શન જ્ઞાન ને ચારિત્રકી પર્યાય ઉસકો ભેદ હૈ તો ઉસકો ગૌણ કર દિયા, અખંડ જ્ઞાયકભાવકી દૃષ્ટિમેં ઉસકી કોઈ કિંમત નહીં, ગૌણ કર દિયા. આહાહાહા... નાશવાન કહ્યો ને ? સ્વભાવ ઐસા હૈ કે ભેદકો અને અનેરાકો નાશ કરનેકા, ઉસકા અર્થ કિયા હૈ, કે નાશ કરનેકા અર્થ કયા ? સમજમેં આયા ? કે ભેદ દૃષ્ટિ કો ગૌણ કરકે યૂં. આહાહા ! નિર્મળ પર્યાય જ્ઞાન દર્શન ચારિત્રકી હૈ, પણ વો ઉસકો ગૌણ કરકે, આહાહા... ઉસકો ત્રિકાળી સ્વભાવ નાશ કરનેકા સ્વભાવ ઐસા કહેનેમેં આયા હૈ. ગૌણ કરકેનો અર્થ ? ઉસકી કોઈ ગણતરી નહીં. આહાહાહા ! ગણતરીમાં લેનેકી ચીજ તો એ અખંડ આનંદ શુદ્ધ એ એક હી હૈ. આહાહા... આહાહાહા...

આવો માર્ગ, વસ્તુનું સ્વરૂપ ઐસા હૈ, પર્યાયકો ગૌણ કરે બિના દૃષ્ટિ દ્રવ્યકી હોગી હી નહીં અને દ્રવ્યકી દૃષ્ટિ હુઈ ત્યાં સમ્યગ્દર્શન આદિ પર્યાય પણ ગૌણ હો જાતી હૈ ક્યોંકિ અભેદમેં ભેદ દિખતે નહીં. એ સાતમી ગાથા, ભેદદૃષ્ટિકો ગૌણ કરકે અભેદ દૃષ્ટિસે દેખા જાએ તો આત્મા એકાકાર હી હૈ, શુદ્ધ હૈ, એક હૈ, અભેદ હૈ, નિશ્ચય હૈ, વહી અમેચક હૈ, એ નિર્મળ હૈ, ભારે કામ ભાઈ !

---

આત્માકો પ્રમાણ નયસે મેચક અમેચક કહા, કયા કહેતે હૈ ? ત્રિકાળીકી દૃષ્ટિસે અમેચક હૈ, પર્યાય દૃષ્ટિસે મેચક હૈ, દોહી પ્રમાણસે મેચક અમેચક દોહી કહા, પ્રમાણ એટલે દોહીકો જાનનેવાલા પ્રમાણસે મેચક અમેચક કહા, ઉસ ચિંતાકો મિટાકર, આહાહા... એ પણ વિકલ્પ હૈ, પક્ષ હૈ. આહાહા ! વૈસે, જૈસે સાધ્યકી સિદ્ધિ હો, આહા... મોક્ષ, સાધ્યકી સિદ્ધિ હો ઐસા સ્વરૂપકી એકાગ્રતા કરના, આહા... ઐસા કરના ચાહિયે એ આગેકે શ્લોકમેં કહેતે હૈ.

( अनुष्टुभ् )

आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः।
दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा।। १९।।

“એક જાણીએ દેખીએ, રમી રહીએ એક ઠોર” આહા ! એ શ્લોક પહેલે કહા થા. એક જાણીએ દેખીએ રમી રહીએ એક ઠોર. આહાહા... “સમળ વિમળ ન વિચારીએ એ હિ સિદ્ધિ નહીં ઓર” આ શ્લોકનો અર્થ. આ શ્લોક હૈ ને ઉસકા અર્થ. જુઓ એ આવ્યું ૨૦ મો છે ને પણ આમાં ૨૦ માં લીધું છે, પછી આમાં આવે છે ને એટલે...

“એક દેખીએ જાણીએ રમી રહિએ એક ઠોર” સમળ વિમળ ન વિચારીએ, સમળ નામ ભેદ, નિર્મળ નામ અભેદ. આહાહા ! સમળ વિમળ ન વિચારીએ આહા... યે હી સિદ્ધિ નહીં ઔર આ સિવાય અન્યથા કોઈ સિદ્ધિ મુક્તિ હોતી નહીં. આહાહા ! સમજમેં આયા ? આહાહા..

યહ આત્મા, મેચક અમેચક કહ્યો. મેચક એટલે ભેદરૂપ મેચક કહો, ભેદ કહો, પર્યાય કહો, અશુદ્ધતા કહો, અનેકાકાર કહો ઔર અમેચક હૈ, અભેદ કહો, એકાકાર કહો, શુદ્ધ કહો, એકરૂપ કહો એ ચિંતાસે ‘અલમ્’ ઐસી ચિંતાસે બસ થાઓ. આહાહાહા ! ઐસા વિકલ્પકી ભેદકી અભેદકી ચિંતાસે બસ થાઓ. અલમ્ ! પ્રભુ ઉસસે કોઈ લાભ નહીં હૈ. આહા... આહાહા ! હૈ ? અભેદરૂપ એકાકાર ચિન્તયા ઐસી ચિંતાસે બસ હો, સાધ્ય આત્માકી સિદ્ધિ તો દર્શન જ્ઞાન ચારિત્ર તીન ભાવોસે હી હોતી હૈ, પરિણમનસે એમ કહેતે હૈ, વ્યવહાર બતાયાને, પાછા એ

દર્શન જ્ઞાન ચારિત્રના પરિણમન, પરિણમનકા વિચાર, આ અભેદ હૈ ને શુદ્ધ હૈ, આ ભેદ હૈ ને અશુદ્ધ હૈ. ઐસા વિકલ્પસે બસ થાઓ. આહાહાહા !

આવો ઉપદેશ હવે, નવરાશ માણસને ન મળે, આખો દિવસ કામ, હવે આવું એને સમજવું ક્યારે સમજે એ. આહાહા ! નવરાશ કયા કહતે હૈ, ફુરસત, ફુરસત નહીં ૨૦–૨૨ કલાક ધંધા ને વેપાર ને પાપમાં આખો દિવસ હોંશ ને હરખ, પૈસામાં ને બાયડીમાં ને છોકરામાં ધંધામાં. આહાહા ! આહાહા ! હોંશું–હોંશું હોંશ આમ જાણે, આહાહા... ક્યાંય ઘાત ( હિંસા ) થઈ જાય આત્માકા ખબર નહીં. આહાહા ! પરની હરખું હોંશિંડા મત હોંશ ન કિજીએ, એક સજ્જાય આતી હૈ, એ સજજાય માળા હૈ ને એ ચાર ? ઉસમેં આતા હૈ, પરમેં હોંશ ન કર પ્રભુ, પરમેં રાજી ન થા. આહાહા ! તેરા આનંદકા નાથ પડા હૈ ત્યાં જાને પ્રભુ આહા... ત્યાં તેરે આનંદકી હોંશ આયેગી. આનંદ કા અનુભવ હોગા. આહાહા !

બહારમાં ભટકા ભટક કરતે હૈ અહીંથી આ રાજી, આ રાજી, પૈસા મિલા ને આબરૂ મિલી ને કિર્તી મિલી ને, શરીર સુંદર ને લડકા મિલા આઠ–આઠ દસ–દસ બાર–બાર લડકા. આહાહા... બે–બે વર્ષે એક થાય તો ચોવીસ વર્ષે બાર. બાર દિકરા ( શ્રોતાઃ– બાર ભાયા ) બારભાયા છે ને અમારે વીંછીયામાં છે વીંછીયામાં છે બારભાયા બબ્બે વર્ષે દિકરો થાય તો ચોવીસ વર્ષે બાર થાય. વીસ વર્ષે પરણ્યાં હોય ત્યાં તો ચુમ્માલીસ–પીસ્તાલીસ વર્ષે તો બાર છોકરા થઈ જાય, ધૂળ ધાણી ને વા પાણી હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ– અનંત ભવથી આ કર્યુ હશેને ? ) આ જ કર્યુ છે. આમ જરાકમાં પૈસા થાય ને હોંશ ને, છોકરા રળેને હોંશને હરખને ( શ્રોતાઃ– છોકરા રળેને અને ખેતરમાંથી ઉપજ આવેને દિકરાવ કમાય ) ધૂળમાં હૈ નહીં, શું કમાય ? આહાહા ! દિકરા કોના ? પૈસા કોના ? ખેતર કોના ? આહાહાહા ! આબરૂ ગુડવીલ ને નાક લાંબા છે, કાપી નાંખવાના છે. આહાહા !

અહીં કહેતે હૈ ભાષા કૈસી વાપરી હૈ મેચક તે ભેદરૂપ અને અનેકાકાર, પર્યાયનાં ભેદો તે ભેદરૂપ અનેકાકારને મેચક મલિન. અમેચક એટલે અભેદરૂપ અને એકાકાર નિર્મળ એમ, એમ લેનાં, 'એ ચિંતયા એવ અલમ્' ઐસી ચિંતાસે બસ હો. આ સાધ્ય આત્માકી સિદ્ધિ તો, આહાહા... સ્વભાવકે આશ્રયસે દર્શન જ્ઞાન ચારિત્રરૂપે પરિણમના એ મુક્તિકા ઉપાય હૈ. આહા ! સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકા ધ્યેય બનાકર દ્રવ્યકો, આહાહાહા... અભેદકો અમેચકકો ધ્યેય બનાકર, દર્શન જ્ઞાન ચારિત્રપણે પરિણમના નિર્મળ સમ્યક્ હોં નિશ્ચય, વ્યવહારની અહીંયા વાત હૈ નહીં. આહાહા ! નિશ્ચય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ઔર ચારિત્ર તીન ભાવોંસે એ હોતા હૈ, અન્ય પ્રકારસે નહીં એ વ્યવહારની ક્રિયાસે અને ભેદસે ને રાગાદિસે મુક્તિ નહીં હોતી. આહાહા ! સમજમેં આયા ?

વ્યવહાર રત્નત્રયકા કહ્યા હોઈ કોઈ ઠેકાણે, ભિન્ન સાધ્ય સાધન, પણ એ તો સાધનકા જ્ઞાન કરાયા હૈ. આહાહાહા ! ત્યાં પકડે કે દેખો ભિન્ન સાધ્ય સાધન કહા હૈ, અરે પ્રભુ ! સાંભળ તો ખરો ભાઈ, એ તો રાગકી મંદતાકી યોગ્યતા થી તો ઐસા જ્ઞાન કરાયા, એ તો સુળતાલીસ નયમેં ભી ઐસા આયા હૈ, વ્યવહારનયસે હોતા હૈ, ક્રિયાનયસે મુક્તિ હોતી હૈ, જ્ઞાનનયસે મુક્તિ હોતી હૈ આરે પ્રભુ, આહાહા... એ તો એક જ સમયમેં ઐસી યોગ્યતા ગિનનેમેં આઈ

હૈ, કોઈકો જ્ઞાનસે હોતા હૈ ને કોઈકો ક્રિયાનયસે હોતા હૈ ઐસા હૈ નહીં. આહાહા ! સમજમેં આયા ? ત્યાં તો કાળનયસે ભી મુક્તિ હોતી હૈ ને અકાળનયસે હોતી હૈ, તો કોઈકો કાળનયસે ને કોઈકો અકાળનયસે એમ હૈ ત્યાં ? એ તો એક વ્યક્તિકો, આહાહાહા... અપના સ્વકાળસે હોતી હૈ ને અકાળ નામ સ્વભાવ ને પુરુષાર્થસે હોતી હૈ યે અકાળ. આહાહાહા... સમજમેં આયા ?

બહુ માર્ગ સૂક્ષ્મ ભાઈ ! આહાહા ! અન્ય પ્રકારસે નહીં યહ નિયમ હૈ, અપના શુદ્ધ દ્રવ્ય કો ધ્યેય બનાકર એક અમેચક શુદ્ધકો ધ્યેય બનાકર, જો દર્શન જ્ઞાન ચારિત્રમેં પરિણમના વોહિ મોક્ષકા માર્ગ હૈ. એ પર્યાયસે સમજતે હૈ તો પર્યાયસે સમજાયા હૈ. સમજમેં આયા ? એ લિખેગા. આહાહા ! એ આગળ લિખેગા. વ્યવહારીજન પર્યાય ને ભેદરૂપસે સમજતે હૈ ઈસલિયે યહાં જ્ઞાન દર્શન ચારિત્ર ભેદસે સમજાયા હૈ, હૈ ને નીચે ? હા, છેલ્લે કે આ કયું કહા ? વળી એમ કહે કે દર્શન જ્ઞાન ચારિત્રપણે પરિણમના એ તો ભેદ કહા કે લોકો ભેદસે સમજ સકતે હૈ એ અપેક્ષાસે કહા હૈ. આહાહાહા... બાકી સમજાના હૈ તો અભેદ. આહાહાહા... આહાહા !

એક બાઈ કહ્યું હતું ને એક ફેરી જુવાન બાઈ હતી રૂપાળી એમાં એને શીતળા નીકળ્યા શીતળા, શીતળા સમજતે હૈ ( શ્રોતાઃ- ચેચક ) હા એ, તે દાણે-દાણે ઈયળ કીડા લાઠીમેં ઉસકા ધણીકી બીજી થી પહેલી મરી ગઈથી આ બીજી પરણ્યોતો. બે વર્ષના લગ્ન એમાં એ ઈયળુ પડી. આહાહા ! એ તળાઈને, તળાઈ કયા કહેતે હૈ ? ગદ્દી ગદ્દી ઐસે ફરે તો હજારો કીડા, આમ ફરે તો હજારો કીડા અને પીડા-પીડા-પીડા એની માને કહે કે બા મેં આ ભવમાં આવા પાપ નથી કર્યાં. મારાથી સહન થતું નથી, સૂયું જાતું નથી, બેઠા જાતું નથી. આહાહાહા ! દેહ છૂટી ગયો. અમુક વખત રહ્યો વખત પીડા-પીડા-પીડા.

અરે પ્રભુ તેં અનંતવાર ઐસા સહન કિયા હૈ, સમ્યગ્દર્શન બિના, આહાહાહા ! એવા અનંતા ભવ પ્રભુ, કાલે નહોતું ગાયું ભાઈએ, તારા દુઃખને દેખીને જ્ઞાનીઓને પણ રૂદન આવ્યા છે. આહાહા ! ભાઈ ! તને એટલા દુઃખ થયા. આહાહા ! નરકમાં નિગોદમાં એ દુઃખને દેખી જ્ઞાનીઓને આંસુ આવે છે, અરરર આ શું ? કરૂણા આવે છે કહે, આહાહા ! ભાઈ ! તારે બચવાનો ઉપાય તો આ એક છે. આહાહા ! ભગવાન પૂર્ણાનંદકા નાથ ઈસકા આશ્રય લે, તેરી સિદ્ધિ હોગી, દુઃખકા નાશ હોગા. આહાહા ! દૂસરા કોઈ ઉપાય હૈ નહીં. આહાહા ! સમજમેં આયા ?

**ભાવાર્થઃ-** "આત્માકે શુદ્ધ સ્વભાવકી સાક્ષાત્ પ્રાપ્તિ અથવા સર્વથા મોક્ષ સાધ્ય હૈ" દેખો સાધ્ય આ વ્યાખ્યા કરી આહીં, દ્રવ્ય ધ્યેય તે અહીં નથી લેવું અત્યારે. આત્માની શુદ્ધ સ્વભાવકી સાક્ષાત્ પ્રાપ્તિ, એટલે કયા ? શુદ્ધ સ્વભાવ તો હૈ, શુદ્ધ સ્વભાવ તો હૈ, પર્યાયમાં સાક્ષાત્ પ્રાપ્તિ હોની. આહાહા... સમજમેં આયા ? શુદ્ધ સ્વભાવની સાક્ષાત્ કયોં કહા ? પર્યાયમાં બતાના હૈ. આહાહાહા... એ ભગવાન શુદ્ધ સ્વભાવકા ભંડાર પરમાત્મા ત્રણ લોકકા નાથ એ તો હૈ હી, પણ ઉસકી પર્યાયમેં શુદ્ધ સ્વભાવકી પ્રાપ્તિ હોના, એ સાક્ષાત્ પ્રાપ્તિ કહેનેમેં આતા હૈ. આહાહા ! આવી વાતું બાપુ ! આત્માકે શુદ્ધ સ્વભાવકી સાક્ષાત્ પ્રાપ્તિ અથવા સર્વથા મોક્ષ સાધ્ય, કયા કહેતે હૈ ? વસ્તુ તો મોક્ષ સ્વરૂપ હૈ હી, સાક્ષાત્ પ્રગટ સ્વભાવ વસ્તુ તો હૈ હી, પણ પર્યાયમેં

સાક્ષાત્ પ્રાપ્ત કરના, મુક્ત સ્વરૂપ તો હૈ હી. સમજમેં આયા ? એકલા શુદ્ધ સ્વભાવ સ્વરૂપ તો હૈ હી, પણ પર્યાયમેં સાક્ષાત્ પ્રાપ્તિ કરના અથવા પર્યાયમેં મોક્ષ કરના આ સાધ્ય હૈ. ધ્યેય ભલે મોક્ષ સ્વભાવસ્વરૂપ ભગવાન આત્મા, પણ પર્યાયમેં મોક્ષ પ્રાપ્ત કરના યે સાધ્ય હૈ. આહાહાહા ! સ્વભાવ તો હૈ હી, પણ પર્યાયમેં શુદ્ધ પ્રાપ્ત કરના યહ સાધ્ય હૈ. મુક્ત તો હૈ હી, પણ પર્યાયમેં મુક્તિ પ્રાપ્ત કરના યે સાધ્ય હૈ. આહાહા ! સમજમેં આયા ? આવી વાત છે.

પરમ સત્ય ત્રણ લોકનાં નાથ, તીર્થંકરોનાં આ અવાજ છે, દિવ્ય ધ્વનિ છે, એ સંતો જગતની પાસે આડતિયા બનકર બતાતે હૈ, માર્ગ તો આ હૈ પ્રભુ ! આહાહા ! આત્માકે શુદ્ધ સ્વભાવ તો હૈ હી ત્રિકાળ, આત્મા મોક્ષ સ્વરૂપ તો ત્રિકાળ હૈ હી, સાક્ષાત્ પ્રાપ્તિ, વર્તમાનમાં પ્રાપ્તિ અને વર્તમાનમાં મોક્ષની દશા, આહાહા... એ સાધ્ય હૈ, આત્મા મેચક યા અમેચક, વ્યવહાર અને નિશ્ચય, ભેદ અને અભેદ, ઐસે વિચાર હી માત્ર કરતે રહેનેસે સાધ્ય સિદ્ધિ નહીં હોતી. ઐસે સાધ્ય નામ મુક્તિકી પર્યાય શુદ્ધ સ્વભાવકી પૂર્ણ પ્રાપ્તિ ઐસા વિચાર કરનેસે નહીં હોતી. આહાહાહા... આત્મા મેચક અમેચક ઐસે વિચાર માત્ર કરનેસે સાધ્ય સિદ્ધ નહીં હોતા.

પરંતુ દર્શન, શુદ્ધ આત્માકા અવલોકન પણ દર્શનકા અર્થ એ કે ત્રિકાળીકા અવલોકન, પ્રતીત, ત્રિકાળી સ્વભાવકી, અવલોકન નામ પ્રતીત, અવલોકન નામ જાણના પ્રતીત. આહા ! અવલોકન નામ જ્ઞાન, શુદ્ધ સ્વભાવકા પ્રત્યક્ષ જાનના એ જ્ઞાન, શુદ્ધ સ્વભાવકા જ્ઞાનમેં પ્રત્યક્ષ વેદન હોના એ જ્ઞાન, ઔર ચારિત્ર, આહાહાહા... શુદ્ધ સ્વભાવકા અવલોકન એક, જ્ઞાન શુદ્ધ સ્વભાવકા પ્રત્યક્ષ જાનના. આહાહા ! રાગ ને નિમિત્તકા અવલંબન બિના ભગવાનકા જ્ઞાન સીધા જ્ઞાન હોના. આહાહાહાહા !

ઇન્દ્રિયસે જો જ્ઞાન હુઆ હૈ જાનકર એ જ્ઞાન નહીં, આહાહાહાહા... શાસ્ત્ર પઢકર, શાસ્ત્ર ભણકર જે જ્ઞાન હુઆ એ તો શબ્દજ્ઞાન હૈ, આત્મજ્ઞાન નહીં. આહાહાહાહા ! સમજમેં આયા ? અહિંયા તો જરીક શાસ્ત્રકા જ્ઞાન હો અને કથન કરેનેમેં જોર દે જોર વરસાવે પણ કયા હૈ જોર, પ્રભુ તેરા લક્ષ તો તુમ ચૂક જાતે હૈ. આહાહા ! દુનિયા રાજી થાય. રાજી કરનેકો તો એ કહેતે હૈ, અરેરે ! એ તો વિપરીત દૃષ્ટિકા ભાવ હૈ. આહાહા !

અહીંયા કહેતે હૈ કે શુદ્ધ સ્વભાવકા પ્રત્યક્ષ જાનના એ જ્ઞાન. આહાહા ! આહાહાહા ! ઔર ચારિત્ર, શુદ્ધ સ્વભાવમેં સ્થિરતા એ સાધ્યકી સિદ્ધિ હૈ. ભગવાન આત્મામાં સ્થિરતા એ ચારિત્ર હૈ, આહાહા ! શુદ્ધ સ્વભાવકી શ્રદ્ધા, આહાહા... અવલોકન, અવલોકવું એટલે દેખવું એટલે શ્રદ્ધવું. અને શુધ્ધાત્માકા જ્ઞાન, આહાહાહાહા... તે પણ પ્રત્યક્ષ જાનનાં. આહાહાહા ! ભગવાન પરમાનંદ સ્વરૂપ પ્રભુ ઉસકો જ્ઞાન પ્રત્યક્ષ જાનનાં, પ્રત્યક્ષ જાનનાં, કોઈ અપેક્ષા રાગકી નહીં, અરે પ્રભુ આ તે કાંઈ વાત છે ? ઔર એ સ્વરૂપમેં સ્થિરતા કરના. આહાહાહા ! આ દર્શન, જ્ઞાન ને ચારિત્ર, સાધ્યકી સિદ્ધિ હોતી હૈ, એ રીતે હોતી હૈ વહી મોક્ષમાર્ગ હૈ અન્ય નહીં. દૂસરા કોઈ મોક્ષમાર્ગ હૈ નહીં. આહાહાહા...

આ તો કહે મોક્ષમાર્ગ બે છે, એ તો નિરૂપણ કથનની અપેક્ષાએ કહા હૈ, વાસ્તવિક તો એક હી મોક્ષમાર્ગ હૈ. આહાહા ! અરેરે બે પડખાના મોક્ષમાર્ગ ? એક તો રાગ તો મોક્ષમાર્ગ હૈ એ તો બંધકા માર્ગ હૈ, બંધકા માર્ગકો આરોપસે મોક્ષકા માર્ગ કહા. આહાહા...

વ્યવહારીજન, અહીં હવે કયા કહેતે હૈ, કે તમે બહુ પહેલે તો ઐસા કહેતે થે કે દર્શન જ્ઞાન ચારિત્ર એ પર્યાય એ મેચક વ્યવહાર, અશુદ્ધ, ઐસા કહેતે થે. વળી તુમ્હે દર્શન જ્ઞાન ચારિત્રકો પરિણમના ઐસા કહા. સમજમેં આયા ? વળી એકરૂપે નહીં તીનરૂપે પરિણમના ઐસા કહા. પહેલે તો કહેતે થે કે એ તો અશુદ્ધ હૈ, વ્યવહાર હૈ, મેચક હે. વ્યવહારીજન પર્યાયમેં સમજતે હૈ એ સમજાનેકી રીત બીજી કયા કહે બાકી. આહાહાહા ! ભેદમેં સમજતે હૈ યૂં ઉસકો ભેદ કરકે બતાવે તો સમજતે હૈ. આહાહાહા ! કે ઈસલિયે યહાં જ્ઞાન દર્શન ચારિત્રકા ભેદસે સમજાયા હૈ દેખો, નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર એ ભેદસે સમજાયા હૈ, એ ભેદસે સમજતે હૈ, એ કારણે બાકી વસ્તુ તો અભેદ હૈ. આહાહાહા !

આઠમી ગાથામાં કહા ને ? કે દર્શન જ્ઞાન ચારિત્ર કો પ્રાપ્ત હો એ આત્મા, એ તો વ્યવહાર કહા. સમજમેં આયા ? વ્યવહાર કહેકર આચાર્યે ઐસા કહા આઠમી ગાથા, કે વ્યવહાર કહેતે હૈ ને વ્યવહાર વિકલ્પમેં આયા હૈ પણ અમારે ભી વ્યવહાર અનુસરવા લાયક નહીં. ઔર તેરે ભી વ્યવહાર અનુસરવા લાયક નહીં. આહાહાહા ! અનાર્ય આવે છે ને ? આહા ! ( શ્રોતાઃ– અનુસરવા લાયક નથી એવા ભાવથી ધર્મ થાય ? ) એવો વિકલ્પ આવે સમજાવ્યા વિના, આવ્યા વિના રહેતો નથી, પણ એનાથી ધર્મ થાય એ નહીં. એને અનુસરવા લાયક નથી. ભેદથી સમજાવ્યા ભગવાન આત્મા દર્શન જ્ઞાન ચારિત્રકો પ્રાપ્ત હો એ આત્મા, પણ વો ભેદકો આદરણીય અનુસરણ કરને લાયક નથી. એ તો તેરે સમજનેકો મૈં કહા મેરે ભી વિકલ્પ આયા હૈ તો ભેદસે કહા, મેરે ભી વ્યવહારકો અનુસરણ કરને લાયક નહીં. આહાહાહા ! આવી વાતું હવે ભારે આકરું પડે. આહાહા ! આખો દિ' ધંધામાં રોકાય એમાં કોક દિ' સાંભળવા જાય એમાં આમ માથે બેઠો હોય એ પંડિત એ કહે એ માનવું. એ એક જણો એમ કહે છે અરે બીજુ ક્યાં પણ એને ખબરેય ન મળે એને બિચારા, પાપમાં પોટલા પડયા આખો દિવસ બાયડી છોકરા ને એમાં આવીને નવરો હોય તો સાંભળે તો ઓલો માથે પંડિત કહેતો હોય જે નારાયણ, ( એને એમ થાય કે ) એ પણ સમજીને કહેતા હશે ને ? આહાહા...

અહીં કહેતે હૈ કે આ જો દર્શન જ્ઞાન ચારિત્રકા પરિણમન કહા, તો હમ તો પહેલેસે મેચક ને ભેદ કિયા થા, પણ વો રીતે સમજતે હૈ તો સમજાયા હૈ, બાકી તો દૃષ્ટિકા વિષય તો અભેદ હૈ વો તરફ હી લે જાના હૈ. હૈં ! યહાં જ્ઞાન–દર્શન–ભેદસે સમજાયા હૈ. હવે વિશેષ કહેગા. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ... )

* કેટલાકને એમ થાય કે આ ગજા ઉપરાંતની વાત છે ! અરે ! ગજા ઉપરાંતની શું ? એક સમયમાં કેવળજ્ઞાન લ્યે એટલું એનું ગજું છે. આ તો હાથી ઉપર ફૂલ મૂકવા જેવી હળવી વાત છે.

**( દૃષ્ટિનાં નિધાન - ૪૬ )**

## ગાથા - ૧૭-૧૮

जह णाम को वि पुरिसो रायाणं जाणिऊण सद्दहदि।
तो तं अणुचरदि पुणो अत्थत्थीओ पयत्तेण।।१७।।
एवं हि जीवराया णादव्वो तह य सद्दहेदव्वो।
अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण।।१८।।

यथा नाम कोऽपि पुरुषो राजानं ज्ञात्वा श्रद्दधाति।
ततस्तमनुचरति पुनरर्थार्थिकः प्रयत्नेन।।१७।।
एवं हि जीवराजो ज्ञातव्यस्तथैव श्रद्धातव्यः।
अनुचरितव्यश्च पुनः स चैव तु मोक्षकामेन।।१८।।

यथा हि कश्चित्पुरुषोऽर्थार्थी प्रयत्नेन प्रथममेव राजानं जानीते, ततस्तमेव श्रद्धत्ते, ततस्तमेवानुचरति, तथात्मना मोक्षार्थिना प्रथममेवात्मा ज्ञातव्यः, ततः स एव श्रद्धातव्यः, ततः स एवानुचरितव्यश्च, साध्यसिद्धेस्तथान्यथोपपत्त्यनुपपत्तिभ्याम्।

तत्र यदात्मनोऽनुभूयमानानेकभावसङ्करेऽपि परमविवेककौशलेनायमहमनुभूतिरित्यात्मज्ञानेन सङ्गच्छमानमेव तथेतिप्रत्ययलक्षणं श्रद्धानमुत्प्लवते तदा समस्तभावान्तरविवेकेन निःशङ्कमवस्थातुं शक्यत्वादात्मानुचरणमुत्प्लवमानमात्मानं साधयतीति साध्यसिद्धेस्तथोपपत्तिः।

---

હવે, આ જ પ્રયોજનને બે ગાથાઓમાં દૃષ્ટાંતથી કહે છે:-

**જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,**
**પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.**
**જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,**
**એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.**

ગાથાર્થ:- [ यथा नाम ] જેમ [ कः अपि ] કોઈ [ अर्थार्थिकः पुरुषः ] ધનનો અર્થી પુરુષ [ राजानं ] રાજાને [ ज्ञात्वा ] જાણીને [ श्रद्दधाति ] શ્રદ્ધા કરે છે, [ ततः पुनः ] ત્યાર બાદ [ तं प्रयत्नेन अनुचरति ] તેનું પ્રયત્નપૂર્વક અનુચરણ કરે છે અર્થાત્ તેની સુંદર રીતે સેવા કરે છે, [ एवं हि ] એવી જ રીતે [ मोक्षकामेन ] મોક્ષની ઈચ્છાવાળાએ [ जीवराजः ] જીવરૂપી રાજાને [ ज्ञातव्यः ] જાણવો, [ पुनः च ] પછી [ तथा एव ] એ રીતે જ [ श्रद्धातव्यः ] તેનું શ્રદ્ધાન કરવું [ तु च ] અને ત્યાર બાદ [ स एव अनुचरितव्यः ] તેનું જ અનુચરણ કરવું અર્થાત્ અનુભવ વડે તન્મય થઈ જવું.

ટીકા:- નિશ્ચયથી જેમ કોઈ ધન-અર્થી પુરુષ બહુ ઉદ્યમથી પ્રથમ તો રાજાને જાણે કે

આ રાજા છે, પછી તેનું જ શ્રદ્ધાન કરે કે 'આ અવશ્ય રાજા જ છે, તેનું સેવન કરવાથી અવશ્ય ધનની પ્રાપ્તિ થશે' અને ત્યાર પછી તેનું જ અનુચરણ કરે, સેવન કરે, આજ્ઞામાં રહે, તેને પ્રસન્ન કરે; તેવી રીતે મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો, પછી તેનું જ શ્રદ્ધાન કરવું કે 'આ જ આત્મા છે, તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે' અને ત્યાર પછી તેનું જ આચરણ કરવું-અનુભવ વડે તેમાં લીન થવું; કારણ કે સાધ્ય જે નિષ્કર્મ અવસ્થારૂપ અભેદ શુદ્ધસ્વરૂપ તેની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે, અન્યથા અનુપપત્તિ છે ( અર્થાત્ સાધ્યની સિદ્ધિ એ રીતે થાય છે, બીજી રીતે થતી નથી ).

( તે વાત વિશેષ સમજાવે છેઃ- ) જ્યારે આત્માને, અનુભવમાં આવતા જે અનેક પર્યાયરૂપ ભેદભાવો તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું, આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે ત્યારે સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે આત્માનું આચરણ ઉદય થતું આત્માને સાધે છે. આમ સાધ્ય આત્માની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે.

પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે પર ( દ્રવ્યો ) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી અને તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી, શ્રદ્ધાન પણ ઉદય થતું નથી ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે આત્માનું આચરણ ઉદય નહિ થવાથી આત્માને સાધતું નથી. આમ સાધ્ય આત્માની સિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે.

ભાવાર્થઃ- સાધ્ય આત્માની સિદ્ધિ દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ છે, બીજી રીતે નથી. કારણ કેઃ-પહેલાં તો આત્માને જાણે કે આ જાણનારો અનુભવમાં આવે છે તે હું છું. ત્યાર બાદ તેની પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય; વિના જાણ્યે શ્રદ્ધાન કોનું ? પછી સમસ્ત અન્યભાવોથી ભેદ કરીને પોતામાં સ્થિર થાય-એ પ્રમાણે સિદ્ધિ છે. પણ જો જાણે જ નહિ, તો શ્રદ્ધાન પણ ન થઈ શકે; તો સ્થિરતા શામાં કરે ? તેથી બીજી રીતે સિદ્ધિ નથી એવો નિશ્ચય છે.

## પ્રવચન નં. ૭૮ ગાથા- ૧૭ -૧૮ તા. ૫-૯-૭૮ મંગળવાર ભાદરવા સુદ-૩ સં. ૨૫૦૪

जह णाम को वि पुरिसो रायाणं जाणिऊण सद्दहदि।
तो तं अणुचरदि पुणो अत्थत्थीओ पयत्तेण।।१७।।
एवं हि जीवराया णादव्वो तह य सद्दहेदव्वो।
अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण।।१८।।

( હરિગીત )

જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,
પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.
જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,
એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.

**ટીકાઃ-** જૈસે નિશ્ચયસે જૈસે કોઈ ધનનો અર્થી દૃષ્ટાંત દિયા. ધનનો અર્થી હોય એ રાજાને જાણે. જે ધનના અર્થી નથી તેને શું કામ રાજાનું ? ધનનું લક્ષ્મીનું અર્થી પ્રયોજન જેને છે જિસકો હૈ, એ ધનકા અર્થી પુરુષ બહોત ઉદ્યમસે પહેલે તો રાજાકો જાને. પહેલે રાજા ઉસકા ચામર, છત્ર આદિ ચિહ્નસે આ રાજા હૈ, ઐસે જાને. ધનનો અર્થી એ દૃષ્ટાંત હૈ. ઔર એ ફિર ઈસીકા શ્રદ્ધાન કરે. રાજા જાણ્યા ફિર શ્રદ્ધા કરે એમ, જાણ્યા પછી શ્રદ્ધા કરે. જાણ્યા વિના શ્રદ્ધા કિસકી ? ઔર અવશ્ય રાજા હી હૈ, એ જરૂર રાજા હી હૈ, ઉસકી સેવા કરનેસે જરૂર ધનકી પ્રાપ્તિ હોગી, ઐસા નિર્ણય કરે, એ તો પુણ્યસે આતે હૈ આ તો દૃષ્ટાંત હૈ ને ? દૃષ્ટાંત કે રાજા હૈ, ચામર છત્ર આદિકા ચિહ્ન હૈ, બડા છત્ર, ચામર આદિ ચિહ્ન એ ઉસકો જાનનેસે જાના. ઔર ઉસકી સેવા કરનેસે ઉસકો ધન મિલેગા, ઔર ઉસીકા શ્રદ્ધાન કરે. જરૂર રાજા હી આ હૈ, ઈસકી સેવા કરનેસે શ્રદ્ધામેં કયા આયા ? કે ઈસકી સેવા કરનેસે અવશ્ય ધનકી પ્રાપ્તિ હોગી. આહા !

ઉસકા અનુસરણ કરનેસે, આશ્રય કરનેસે, આરાધના કરનેસે, આહા... આહાહા... ધનકી પ્રાપ્તિ હોગી. ઉસીકા અનુચરણ કરે ઔર ઉસકી આજ્ઞામાં રહે, સેવા કરે, અનુચરણ કરે, સેવા કરે આજ્ઞામાં રહે, ઐસે પ્રસન્ન કરે રાજાકો ઈસી પ્રકાર, એ તો દૃષ્ટાંત હુઆ. ( ઈસ પ્રકાર ) મોક્ષાર્થી પુરુષકો જિસમેં પરમાનંદરૂપી પર્યાય મોક્ષ, સાધ્ય જે મોક્ષ પરમાનંદની પ્રાપ્તિરૂપી મોક્ષ ઈસકા જો અર્થી હૈ, ઓલો ધનકા અર્થી હૈ આ મોક્ષકા અર્થી હૈ.

પૂર્ણ, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાનની પૂર્ણતા ઐસા જો મોક્ષ, ઉસકા જો અર્થી હૈ, જિસકો મોક્ષકા પ્રયોજન હૈ, દૂસરા કોઈ પ્રયોજન નહીં. આહાહા ! મોક્ષકા જિસકો પ્રયોજન હૈ, ઐસા પુરુષકો, પહેલે તો આત્માકો જાનના ચાહિયે. અહીંથી વાત ઉપાડી હૈ. પહેલે નવ તત્ત્વકા જ્ઞાન કરના કે ફલાણા કરના કે દેવ, ગુરુ, શાસ્ત્રકી સેવા એ વાત નહીં લિયા. આંહી તો એકદમ ભગવાન આત્મા, જીવરાજા અપની સંપદાસે શોભતે હૈ, રાજ્યતે શોભતે ઈતિ રાજા હૈ. ઐસે ભગવાન આત્મા અનંત જ્ઞાન આનંદ આદિ અપની લક્ષ્મીસે શોભતે હૈ ઐસે જીવરાજા, આહાહા... ઉસકો પહેલે તો જાનના, પહેલે તો જાનના. એમ શબ્દ ઐસા હૈ. આહાહા ! પહેલા કયા કરના ? તો કહેતે હૈ ને ? પહેલાં કયા કરના ? સમ્યગ્દર્શન જ્ઞાન હુએ પહેલે કયા કરના ? કે પહેલે આ કરના. આહાહાહા !

એકદમ ભગવાન આત્મા મોક્ષકા પ્રયોજન હો ઈસકો, જિસકો લક્ષ્મી ને પુણ્ય આદિકા પ્રયોજન હૈ ઉસકી તો બાત હૈ નહીં. આહાહાહા ! મોક્ષાર્થીકો પહેલે તો, પહેલામાં પહેલે આત્માકો જાનના ચાહિએ. આહાહા ! પહેલે શાસ્ત્ર ભણના કે પઢના એ બાત લિયા હી નહીં. આહાહાહા ! સમજમેં આયા ? પહેલે ભગવાન આત્મા અનંત અનંત ગુણકા પિંડપ્રભુ અનંત સ્વભાવકી સંપદાસે પરિપૂર્ણ ભર્યા હૈ. આહાહા ! સ્વભાવની સંપદાથી પરિપૂર્ણ હૈ પ્રભુ તો ઉસકો

પ્રથમ જાનના. આહા ! સ્વસંવેદન નિર્વિકલ્પ જ્ઞાનસે પ્રથમ જાનના. આહાહા ! સમજમેં આયા ? પ્રથમ જાનનાકા અર્થ આ, સ્વસંવેદન જ્ઞાન અપના અપનેસે અનુભવમેં આનેવાલા જ્ઞાન ઐસા સ્વસંવેદન, અપના વેદન, આનંદકા વેદન, જ્ઞાનકા વેદન, ઐસા સ્વસંવેદન જ્ઞાનસે જાનના આત્માકો સ્વસંવેદન જ્ઞાનસે જાનના. મોક્ષાર્થીકો, આહાહા... પરમાનંદકી પ્રાપ્તિકા મોક્ષકા અર્થી ( જો ) હૈ, જિસકો ઉસકા મોક્ષ કરના હૈ, ઉસકો પહેલે ( આત્માકો ) જાનના. આહાહાહા ! સમજમેં આયા ?

ભગવાન આત્મા પરિપૂર્ણ આનંદ આદિ સંપદાસે જીવરાજ ભર્યા હૈ. જેમ વો રાજા છત્ર, ચામર આદિ ચિહ્નોસે દિખતે હૈ એમ ભગવાન આત્મા અપરિમિત જ્ઞાન ને અપરિમિત આનંદ અપરિમિત શાંતિ આદિ સ્વભાવસે શોભતે હૈ. ઐસા રાજા નામ શોભતે, રાજ્યતે શોભતે ઈતિ રાજા. આહાહાહા ! એ રાગથી શોભે છે ને નિમિત્તથી શોભે ઐસા નહીં. આહાહાહા ! આવો મારગ છે. ઉસીકો આત્માકો પહેલે આત્માકો જાનના ચાહિએ. પહેલે આત્માકો જાનના ચાહિએ. આહાહાહા !

પણ પાધરા, સીધા કોઈ કારણ ફારણ હૈ કે નહીં ? કે ગુરુકી સેવા કરના, અરે ગુરુ તો અપના આત્મા હી ગુરુ હૈ, ઔર નિર્મળ પર્યાય ઉસકી શિષ્ય હૈ. આહાહાહા ! બહુ વાતું આકરી ! જગતને અંદર ભગવાન પરમાત્મ સ્વરૂપ બિરાજમાન ઉસકો પ્રથમમાં પ્રથમ જાનના. મોક્ષાર્થીકો પહેલામાં પહેલા પ્રયોજન આ હૈ. આહાહા ! શાસ્ત્ર જાનના ને ગુરુ પાસે પહેલા સૂનના ને એ બાત પહેલે લિયા હી નહીં. આહાહાહા ! એવી વાત છે.

જેમ ધનનો અર્થી, પ્રથમ જ રાજાને જાણે એમ મોક્ષાર્થી, આહાહા... પરમ અતીન્દ્રિયનો પૂર્ણ લાભ એનું નામ મોક્ષ. પૂર્ણ અતીન્દ્રિય આનંદના લાભ એ આત્મલાભ એ મોક્ષ. આહા ! એવા આત્મલાભના મોક્ષાર્થીએ પ્રથમમાં પ્રથમ આત્માને સ્વસંવેદન જ્ઞાનથી, આહાહાહા... નિર્વિકલ્પ જ્ઞાનથી જાનના એમ કહા. આકરી વાત છે બાપુ ! આહાહા !

પુરુષોકો, પુરુષ શબ્દે આત્મા. પહેલે તો આત્માકો જાનના ચાહિએ. પુરુષ શબ્દે ચેતના – ચેતનામાં જે એકાકાર હૈ એ પુરુષ, 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય' એમાં હૈ ને પુરુષ – ચેતનામાં એકાકાર હૈ એ પુરુષ. ચેતનામાં એકાકાર હૈ એ પુરુષ. ઐસા પુરુષ જો આત્મા. આહાહાહા... એકદમ પ્રથમમાં પ્રથમ કર્તવ્ય હોય તો, મોક્ષાર્થીકો સ્વસંવેદનસે આત્માકો જાનના. આહાહાહા ! સમજમેં આયા ?

આત્માકો લક્ષમેં લેકર પર્યાયમેં સ્વ અપના વેદન પ્રત્યક્ષ, સ્વસંવેદન સ્વ અપના સમ પ્રત્યક્ષ રાગકી અને નિમિત્તકી અપેક્ષા બિના અને વ્યવહાર રત્નત્રયકી ભી અપેક્ષા બિના, અહીંયા તો દર્શન જ્ઞાન ચારિત્ર એ વ્યવહાર કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? કયા ? અપના જ્ઞાન ને અપની શ્રદ્ધા ને અપના ચારિત્ર અનુચરણ એ ભેદ રત્નત્રય હૈ. સમજમેં આયા ? આહાહાહા ! તો જિસકો અપના આનંદકા પૂર્ણ લાભ ઐસા મોક્ષ ( કી ) જિસકો ચાહના હૈ, ઈસકો ભગવાન આત્મા, આહાહાહા... પહેલેમેં પહેલે જાનના ચાહિએ એમ કહેતે હૈ. આહાહા ! સમજમેં આયા ?

અહીંયા પહેલાં નવ તત્ત્વકા નિર્ણય કરના કે નય નિક્ષેપ પ્રમાણસે, તેરમી ગાથામેં આયા

હૈ, યે કે નય નિક્ષેપ પ્રમાણસે પહેલાં આત્મા દૂસરા ( દર્શનસે ભિન્ન ) ભગવાન કહેતે હૈ એ સિવાય દૂસરાસે ભિન્ન ક્યા ભગવાન કહેતે હૈ, ભગવાન ત્રિલોકકા નાથ જે આત્માકા સ્વરૂપ જેણે બતાયા એ દૂસરા અજ્ઞાનીસે કયું ભિન્ન હૈ, ઐસા નય, નિક્ષેપ, પ્રમાણસે પહેલાં અનુભવ કરના, જાનના. પીછે યહ ભી અનુભવ કરનેમેં એ અભૂતાર્થ હૈ. તો આંહી તો સીધી વાત લિયા હૈ. આહાહાહા ! નિશ્ચયનયે દ્રવ્ય હૈ ને પર્યાય વ્યવહારનય હૈ, ને પ્રમાણમાં દોકા જ્ઞાન હૈ ને નિક્ષેપમાં જ્ઞેય ભેદના ભેદોમેં, વ્યવહારનયસે જાનના ને, એ સબ બાત પહેલી લેના, એ બાત યહાં કિયા નહીં. આહાહા ! સમજમેં આયા ? આહાહા !

જિસકો અંતર પૂર્ણાનંદ ઐસા આત્મલાભરૂપી મોક્ષ, પૂર્ણાનંદરૂપી આત્મલાભકા મોક્ષ, ઈસકા જિસકો પ્રયોજન હૈ ઈસકો, આહાહાહા... તો ઉસકો તો પહેલે આ ભગવાન આત્મા, સ્વસંવેદન જ્ઞાનસે પ્રથમ જાનના, એકિલા જાનના, ધારણા ( કરના ) એમ નહીં એમ કહેતે હૈ. આહાહા ! આત્મા ઐસા હૈ ને ઐસા હૈ ને ઐસા જ્ઞાનમેં ધારણ કરના એકલી ધારણા એ નહીં, એ ચીજ નહીં. આહાહાહાહા ! મૂળ રકમ જે આત્મા આનંદકા નાથ પ્રભુ, ઉસકો અપના સ્વસે પ્રત્યક્ષ વેદનસે જાનના. એ જાણ્યા કે આ આત્મા પરિપૂર્ણ શુદ્ધ આનંદ હૈ. આહાહા ! હૈ ? ઔર ફિર ઉસીકા શ્રદ્ધાન કરના. પહેલી આંહી શ્રદ્ધા ન લિયા કેમકે જો ચીજ ઉસકે જ્ઞાનમેં- જાનનેમેં ન આઈ ઉસકી શ્રદ્ધા કૈસી. આહાહા ! જ્ઞાનકી પર્યાયમેં આ વસ્તુ અખંડ જ્ઞેય અખંડ હૈ, ઐસા જ્ઞેયકા પર્યાયમેં જ્ઞાન હુએ બિના કિસકી શ્રદ્ધા, કિસકી કરના ? જે જ્ઞાનમેં ભાસન ભાવ, ભાસન હુઆ નહીં, વસ્તુકા જ્ઞાનમેં એ ચીજ આઈ નહીં અને જ્ઞેય બનાકર જ્ઞાન હુઆ નહીં, તો ઉસકો શ્રદ્ધા કૈસી ? કિસકી શ્રદ્ધા ? આહાહાહા !

મોક્ષમાર્ગમેં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગ, ત્યાં ઐસા કહા, એમ દર્શન કારણ ને જ્ઞાન કાર્ય, આંહીયા એકદમ ભગવાન આત્માકા જ્ઞાન કરના, આહાહા... ઔર ફિર ઉસીકા શ્રદ્ધાન, ફિર ઉસીકા શ્રદ્ધાન કરના. જાના હુઆકી શ્રદ્ધા જ્ઞાનમેં ભાસ હુવા, આ ચિદાનંદ પ્રભુ શુદ્ધ પૂર્ણ હૈ ઐસા જ્ઞાનમેં ભાસ હુઆ તો આ એની શ્રદ્ધા. આ હૈ ઐસી શ્રદ્ધા. કેમકે શ્રદ્ધાકા પ્રતીતભાવ તો અપનેકો ભી જાનતે નહીં અને જ્ઞાનકી પર્યાયમેં પૂર્ણ વસ્તુકો, એ જાનતે નહીં. જાનનેવાલી પર્યાય તો જ્ઞાનકી હૈ, અને એ જ્ઞાનકી પર્યાય જાનનેમેં આયા ત્યાં પ્રતીત ત્યાં થઈ કે આ આત્મા પૂર્ણ શુદ્ધ હૈ, ઐસી પ્રતીત આઈ. આહાહાહા ! ભારે કામ ભાઈ !

આ ઐસા પહેલાં શાસ્ત્ર શ્રવણ કરના, ગુરુકી સેવા કરના પહેલાં આયા થા, ચોથી ગાથામાં અનાત્મજ્ઞાની પોતે હૈ અને આત્મજ્ઞાનીકી સેવા કિયા નહીં ત્યાં તો નિમિત્તથી એ બતાયા, પણ આંહી તો એકદમ ભગવાન આત્મા, નિમિત્તસે શોધે ને સાંભળે ને ધારે એ ભી આત્મજ્ઞાન નહીં. આહાહા ! શાસ્ત્રસે જ્ઞાન હો, શ્રવણસે હો, ગુરુસે હો, ભગવાનકી વાણીસે હો, પણ એ જ્ઞાન, જ્ઞાન નહીં. આહાહાહા ! એ પરલક્ષી જ્ઞાન હૈ. એ ઇન્દ્રિયજ્ઞાન, ખંડ ખંડ જ્ઞાન, આહાહાહાહ... ઐસા ખ્યાલ છોડકર ઇન્દ્રિયસે જ્ઞાન હુઆ એ ઇન્દ્રિયજ્ઞાન, શ્રવણસે હુઆ, દેખનેસે હુઆ, વાંચનેસે હુઆ, આહાહા... આહાહાહા... એ સબ ઇન્દ્રિયજ્ઞાન હૈ. કયુંકિ ભાવ-ઇન્દ્રિય જો ખંડ ખંડ હૈ ઉસમેં દ્રવ્ય ઇન્દ્રિય જડ નિમિત્ત હૈ ઔર બહારકી ચીજ ભી નિમિત્ત હૈ. આહાહા ! બહારકી ચીજકો ભી ઇન્દ્રિય કહા, જડ ઇન્દ્રિયકો ઇન્દ્રિય કહા, ભાવઇન્દ્રિયકો ઇન્દ્રિય

કહ્યા, તીનોં ઇન્દ્રિયકા જ્ઞાન જો હૈ, આહાહાહા... એ ખંડ ખંડ જ્ઞાન હૈ, એ પરાવલંબી હૈ, પરસત્તાવલંબી હૈ. ઐસા જ્ઞાન અનંતબેર કિયા, તો એ બંધકા કારણ હૈ. અનંત વાર કિયા ને કોઈ એ છૂટનેકા કારણ ન હુઆ. અગિયાર અંગકા જ્ઞાન નવપૂર્વકી લબ્ધિ ભી અનંત બૈર કિયા. જો એ જ્ઞાન મોક્ષકા અંશે ભી કારણ હો તો અલ્પકાળમેં છુટના હોના ચાહિએ. એ નવલબ્ધિ પૂર્વની ને અગિયાર અંગકા જાણપણા, આહાહાહા... એ ખંડ ખંડ જ્ઞાન ઇન્દ્રિયજ્ઞાન. આહાહા ! ભગવાન અણીન્દ્રિય જ્ઞાન ઉસમેં ન આયા. આહાહા !

અણીન્દ્રિય ભગવાન આત્મા ઉસકા પ્રથમ સ્વસંવેદનસે જ્ઞાન કરના. આહાહાહા ! ગજબ વાત હૈ ભાઈ ! આ તો જિસકો સંસારકા, દુઃખકા નાશ કરના હો, અને પૂર્ણ આનંદકી પ્રાપ્તિ, મોક્ષ શબ્દ હે ને ? મોક્ષ એટલે મુકાના, કિસસે કે દુઃખસે, કિસ ચીજકી પ્રાપ્તિ કરના કે અતીન્દ્રિય આનંદકા લાભકી પ્રાપ્તિ, મોક્ષ હૈ ને મોક્ષ એટલે મુકાના, મુકાના કિસસે ? ત્રણ ઇન્દ્રિયસે અને લાભ કિસકા કે અનંત આનંદકા. આહાહા ! ( શ્રોતાઃ– કેટલા વખતમેં ) એક અંતર્મૂહુર્તસે હો જાતા હૈ. ઉત્કૃષ્ટ તો એક અંતર્મૂહુર્તમેં હો જાતા હૈ. વિશેષ છ માસ બતાયા કહ્યા ને. આહાહા ! અને જિસકી જરૂરિયાત જણાય ત્યાં પુરુષાર્થ હોએ બિના રહે નહીં. જિસકી રુચિ અને જરૂરિયાત જણાય ઉસકા પ્રયત્ન હોએ બિના રહે નહીં. સંસારના કામમાં પ્રયોજનમેં હૈ રુચિ, જરૂરિયાત તો પુરુષાર્થ ત્યાં કામય કરતે હૈ પાપના. આહાહા !

ભગવાન આત્મા શુદ્ધ અખંડ આનંદ આંહી ભેદસે કથન હૈ હોં, જ્ઞાન દર્શન ચારિત્ર એ ભેદસે કથન હૈ, ભેદ રત્નત્રય આ, અને અખંડ આનંદ ભગવાનમાં એ સએવ ઔર એકલા આત્માકી સેવા કરના એ અભેદ. આહાહાહા ! ભેદાભેદની વાત હૈ ઉસમેં. ચૌદમી ગાથામેં આયા હૈ ને, પ્રયોજન ઈસ બાતકા હૈ.

“આગે ઈસિ પ્રયોજનકો દો ગાથામેં દૃષ્ટાંતપૂર્વક કહેતે હૈ”. ઉપર મથાળે હૈ ને ? આહાહાહા ! આ તો ધીરજના કામ હૈ ભાઈ. ગાથા ઉપર હૈ અમૃતચંદ્રાચાર્યના એ શબ્દ નથી પણ પંડિતજી જયચંદ પંડિત હૈ એણે શબ્દ મુકયા હૈ. કયુંકિ ગાથા કિયાને ૧૯ કળશ તો પીછે આ લિયા કે એ માટે કહ્યા એ તો વિશેષ સ્પષ્ટ કરતે હૈ. આહાહા !

ધીરજ ધરને અરે અધીરા, ત્યાં ઉતાવળના કામ નહીં ત્યાં. આહાહાહા ! ધીરજ ધરને અરે અધીરા. ભગવાન અંદર મહા આનંદના ઢાળાએ ઢળીને પ્રભુ, ધીરજસે પ્રભુ ‘ધી’ નામ બુદ્ધિ જ્ઞાનકી પર્યાય અને ‘ર’ ધીર પ્રેરિત, વર્તમાન જ્ઞાનકી પર્યાય સ્વતરફ પ્રેરે ઉસકા જ્ઞાન, એનું નામ અહીં ધીર કહેનેમેં આતા હૈ. આહાહાહા ! જે ‘ધી’ ‘ર’ ‘ધી’ ( એટલે ) જ્ઞાનકી બુદ્ધિ પર્યાય ઉસકો ‘ર’ –પ્રેરતિ સ્વ તરફ, સ્વ સંવેદન તરફ જાતે હૈ. આહાહાહા ! ઉસકો ધીર કહેતે હૈ, ઉસકો વીર કહેતે હૈ વીર. વિશેષે વીર્ય નામ પ્રયત્ન. પુરુષાર્થ જો ‘ર’–પ્રેરતિ. અંતર્મુખમેં પુરુષાર્થ પ્રેરે ઉસકો યહાં વીર કહેનેમેં આતા હૈ. બાકી બધા કાયર ને આહાહાહા... નપુંસક. આહાહા ! પુણ્ય પાપમાં જે જોડાઈ જાય અને ઉસકી રચના કરે એ તો નપુંસક હૈ. આહાહાહા ! જિસમેં ચાર ગતિ ફળે રઝળવાના ભાવ કરે ને રઝળવાના કાર્ય થાય, આહાહા... એ તો કાયરના કામ હૈ ભાઈ. આહાહા !

“વચનામૃત વીતરાગના અને પરમ શાંત રસમૂળ, પણ ઔષધ જે ભવરોગના પણ

કાયરને પ્રતિકૂળ” આહાહાહા ! પ્રથમજ, આહા... ભારે ગાથા ભાઈ આવી છે. હવે કાલે પજોષણ છે આપણા, દસ લક્ષણ પર્વ. આહાહા ! આજ મંગળવાર છે, મંગળિક શરૂ હોતા હૈ આ. આહાહા ! મંગ નામ પવિત્રતા ‘લ’ નામ લાતિ, પ્રાપ્તિ, ભગવાન પૂર્ણાનંદકા નાથ ઉસકા વેદન કરના ઉસકો પ્રાપ્ત કરના, આહાહા ! પર્યાયકા વેદનમેં ભગવાનકો પ્રાપ્ત કરના. આહાહાહા... ઉસકા નામ સ્વસંવેદન જ્ઞાનસે આત્મા જાના એમ કહેનેમેં આતા હૈ. આહાહાહા ! પીછે ઉસીકા શ્રદ્ધાન કરના ચાહિએ, જે જાના ઉસીકા શ્રદ્ધાન કરના ચાહિએ એમ શબ્દ હૈ ને ? જાનનેમેં આયા ઉસીકા શ્રદ્ધાન કરના ચાહિએ. આહાહા !

જ્ઞાયક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, પૂર્ણમ્ ઈદમ્ જો સમ્યક્ વેદનસે જાનનેમેં આયા, ઉસીકા શ્રદ્ધાન કરના ચાહિએ. જાનનેમેં જે ચીજ આઈ ઉસકી શ્રદ્ધાન કરના ચાહિએ. હવે આવી વાતું બાપુ આકરું બહુ જગતને. આહાહા ! અરે જનમ મરણના અંત લાના બાપુ ! આહાહા ! એ તો ધીર વીરના કામ છે. આહાહા !

ઉસીકા, ફિર ઉસીકા શ્રદ્ધાન એમ શબ્દ હૈ ને ? આહાહા ! ‘જાનીતે તતસ્તમેવ શ્રદ્ધતે’ એમ શબ્દ હૈ ને ? સંસ્કૃતમાં ‘જાનીતે જ્ઞાતવ્યઃ તતઃ સ એવ શ્રદ્ધાતવ્યઃ પ્રથમ એવ આત્મા જ્ઞાતવ્યઃ તતઃ સ એવ શ્રદ્ધાતવ્યઃ, સ એવ શ્રદ્ધાતવ્યઃ’ આહાહા ! સંસ્કૃત લીધું છે. બીજી લીટી છે. આહાહા ! ભગવાન આત્મા અપની મતિજ્ઞાન આદિ ધારણામેં આયા એ નહીં, એ મતિ અજ્ઞાન હૈ. આહાહા ! જે જ્ઞાનકી પર્યાયમાં સ્વ સંવેદન આયા, એ જ્ઞાનમેં જણાયા આત્મા પૂર્ણાનંદ પ્રભુ, પ્રત્યક્ષ જાનનેમેં આયા ફિર ઉસકી શ્રદ્ધા, હૈ ? ફિર ઉસીકી શ્રદ્ધા, ફિર નામ પીછે એટલે જાણ્યામેં શ્રદ્ધાન કરના યૂં-જાણ્યા વિના શ્રદ્ધા કિસકી ? જે ચીજ જ જ્ઞાનમેં આઈ નહીં, ભાવ ભાસન હુઆ નહીં, શ્રદ્ધા કરો, કિસકી શ્રદ્ધા ? આહાહા ! પર્યાયરૂપી ભાવમેં ભાસન હુઆ ( સ્વ ) જ્ઞેયકા. આહાહાહાહા !

આવો મારગ આકરો પડે લોકોને, ઓલા તો કહે કે નિશ્ચયસે એ ને વ્યવહારે આ, સમાજનું રક્ષણ કરવું ને વસ્ત્ર છોડવા ને એ વ્યવહાર કરના. અરે પ્રભુ શું કરે છે ભાઈ. અહીં તો હજી ભેદ રત્નત્રયપણે પરિણમના એ ભી વ્યવહાર હૈ. સમજમેં આયા ? અને એકરૂપ આત્મામેં એકાકાર થઈ જાના એ અભેદ ને નિશ્ચય હૈ. સમજમેં આયા ? જો જાનનેમેં આયા, અપના સ્વભાવકા જિતના સામર્થ્ય હૈ, ઔર જિતની શક્તિયાં હૈં, સબકો પૂર્ણરૂપસે પર્યાયમેં જાનનેમેં આયા, એ જાનનેમેં આયા જો ચીજ ઉસકા શ્રદ્ધાન કરના. આહાહા ! સમજમેં આયા ? જાનનેમેં પર્યાયમેં આયા ઉસકી શ્રદ્ધા, પર્યાયકી શ્રદ્ધા કરના ઐસા નહીં. આહાહા ! સ્વસંવેદનસે જાનનેમેં આયા તો સ્વસંવેદનકી શ્રદ્ધા કરના ઐસા નહીં. સમજમેં આયા ? સ્વસંવેદનમેં જો જ્ઞાન વસ્તુ ભગવાન પૂર્ણાનંદ આયા ઉસકી શ્રદ્ધા કરના. આહાહાહાહા !

આવી વાત ! દિવ્ય ચક્ષુ હૈ, ‘સમયસાર’ ‘ભાવ’ દિવ્યચક્ષુ ને ‘વાણી’ દિવ્યચક્ષુ બેય. આહાહા ! અંદરના નેત્ર ખુલ ગયા, જે રાગની એકતામેં અનાદિસે પડા થા. આહાહાહા ! તો સારા નિધાનમેં તાળા દિયા થા. આહાહા ! તાળા સમજતે હૈ ને તાળા-તાલા દિયા થા ઔર જબ સ્વસંવેદનસે જાનનેમેં આયા એ રાગકી એકતાકા તાલા ખોલ દિયા, સારા નિધાન ભગવાન. આહાહાહાહા ! અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય પ્રભુતા ઐસા પૂર્ણ સ્વરૂપ

જો અખંડ આનંદ પ્રભુ ઉસકા જો સ્વસંવેદનમેં જ્ઞાન હુઆ, ઉસકી હી શ્રદ્ધા કરના. આહાહા ! સ્વસંવેદનકી પર્યાયકી શ્રદ્ધા કરના ઐસા ન લિયા, એ તો પર્યાય હૈ, પણ વો પર્યાયમેં જો સ્વસંવેદનમેં જો જાનનેમેં આયા કે આ આત્મા, આહાહાહા ! ( ઉસકી શ્રધ્ધા કરના ).

આવી વાત પ્રભુ ક્યાં છે. આહાહા ! અરે આ વાત જબ તક સૂનનેમેં ન મિલે એ ક્યાં જીવન ગાળે ? ક્યાં જાય ? આહાહા !

"ફિર ઉસીકા શ્રદ્ધાન કરના ચાહિએ કે યહી આત્મા હૈ." દેખો, એ પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા યહી આત્મા હૈ. આહાહા ! ઉસકા આચરણ કરનેસે, હવે શ્રદ્ધામેં ક્યા આયા વિશેષ જયચંદ પંડિતે ખુલાસા કિયા હૈ, પાઠમાં તો ઈતના હૈ, "સ એવ અનુચરિતવ્યશ્રય સ એવ શ્રદ્ધાતવ્યઃ તતઃ સ એવ અનુચરિતવ્ય" પણ ઉસકા અર્થ એ લિયા ઉસને નિકાલા કે ભાઈ આ આત્મા જો જ્ઞાયક ત્રિકાળી આનંદકા નાથ પ્રભુ ભગવત્ સ્વરૂપ ભગવાન સ્વરૂપ, પરમાત્મ સ્વરૂપ ઉસકા સ્વ સંવેદનમેં જ્ઞાન આયા, વો આયા જિસકા જ્ઞાન ઉસકી શ્રદ્ધા કરના અને એ શ્રદ્ધામેં ઐસા આયા કે ઉસકા મૈં અનુચરણ કરુંગા, ઉસમેં લીન હોઉંગા, ઈસસે કર્મકા નાશ ને અશુદ્ધતાકા નાશ હોગા. આહાહા ! કોઈ વ્રત પાળનેસે ને ભક્તિ કરનેસે ( નહીં ). આહાહા !

ઐસી શ્રદ્ધામેં ઐસા આયા, કે ભગવાન પૂર્ણાનંદકા નાથ પ્રભુ એના વેદન હુઆ સ્વસંવેદન ઈસકી શ્રદ્ધા કે આ આત્મા જ પૂર્ણાનંદ પ્રભુ હૈ, ઔર એ પૂર્ણાનંદમેં રમતે, ઉસમેં લીન હોગા. ઈતના અશુદ્ધતા ને રાગ નાશ હોગા, ઐસી શ્રદ્ધામેં આયા. આહાહાહા ! આંહી તો હજી શ્રદ્ધા ન મળે, વેદનેય ન મળે અને આ બહાર વ્રત ને તપ ને ભક્તિ કરતા કલ્યાણ થઈ જશે અરે પ્રભુ બહુ ફેર છે ભાઈ, તને આકરું લાગે છે. આહાહા ! સમજમેં આયા ? વ્યવહાર ક્રિયા કરે બરાબર, તો નિશ્ચય પામી શકે એ બાત હૈ હી નહીં પ્રભુ. સમજમેં આયા ? વ્યવહાર તો સબ રાગકી ક્રિયા હૈ ને ? ભગવાન તો વીતરાગ મૂર્તિ પ્રભુ હૈ ને અંદર. આહાહાહા ! એ રાગસે કૈસે પ્રાપ્ત હો ?

તો શ્રદ્ધામેં ભી પહેલે એ આયા, કયા આયા ? આહા ! ઈસકા આચરણ કરનેસે, ઈસકા આચરણ કરનેસે, સ્વસંવેદનમેં જો આત્મા જ્ઞાનમેં જણાયા, ઉસકી શ્રદ્ધા કિયા અને શ્રદ્ધામેં ઐસા આયા કે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસમેં સેવા કરનેસે અનુચરણ કરનેસે, ઉસમેં રમનેસે, હૈ ? આહા ! અવશ્ય કર્મોસે છુટા જા સકેગા. જરૂર કર્મસે છૂટના હોગા. ઐસા સમ્યગ્દર્શનમેં એ આયા કે આ વસ્તુ સ્વરૂપ હૈ, ભગવાન તું ઉસમેં લીન હોગા, તબ રાગકા અને કર્મકા નાશ હોગા. આહાહા ! કોઈ વ્રત ને તપ ને ભક્તિ, તપ કરના, અપવાસ કરના, મહિના મહિનાના અપવાસ ને છ મહિનાના અપવાસ ને એ બધા અપવાસ હૈ, ઉપવાસ નહીં. આહાહાહાહા ! ઉપ નામ ત્રિકાળી જ્ઞાયકભાવ જો વેદનમેં આયા, ઉસકી શ્રદ્ધા કિયા, ને એ ભગવાન આત્મામેં મૈં લીન હોગા, ઉસમેં મૈં રમણતા કરુંગા ઈસસે હી અશુદ્ધતા ને કર્મ નાશ હોગા, દૂસરી કોઈ રીત હૈ નહીં. આહાહાહા ! સમજમેં આયા ?

શ્રદ્ધામેં ઐસા આયા, તો જે જ્ઞાનકા વેદનમેં જણાયા, પ્રભુ ઉસકી શ્રદ્ધા કિયા અને એ શ્રદ્ધામેં ઐસા આયા કે આ વસ્તુમેં મૈં જો પૂર્ણાનંદ પ્રભુ હૈ ઉસમેં લીન હોગા તો કર્મસે છુટેગા.

કોઈ દૂસરી ક્રિયાકાંડસે કર્મ છૂટેગા ઐસા હૈ નહીં. આહાહાહા ! ( શ્રોતાઃ- વાત તો સાચી ભાઈ ) એ ભાગ્યશાળી છે. આ વાત આ ગઈ ને રુચિ હો ગઈ, કે આ વાત તો ઐસા હૈ ભગવાન. આહાહાહા ! સમજમેં આયા ? અમારે બાબુલાલજીને બધાય બેસે છેટે બેસે છે હમણાં શાંતિભાઈ ને આવ્યા છે ને ? આ મારગ બાપુ શું કહીએ. આહાહાહા ! વાણીનો વિષય નહીં, વિકલ્પનો વિષય નહીં. આહાહા ! શ્રદ્ધામાં કયા આયા ? કે ઈસકા આચરણ કરનેસે, એ ચિદાનંદ ભગવાન પૂર્ણ આનંદકા નાથ ઉસકા આચરણ, ઉસમેં રમનેસે અંદર રમનેસે એ આચરણ, કોઈ પંચમહાવ્રતના વિકલ્પ ને એ કોઈ આચરણ આત્માકા નહીં. આહાહાહા !

ભાષા તો સાદી છે પ્રભુ તું તારી ચીજ જ સાદી હૈ. આહાહા ! એ ઉપાધિ વિનાની ચીજ હૈ આત્મા. આહાહા ! સાદા શણગારસે શોભિત ભગવાન હૈ. આહા ! જ્ઞાન, આનંદ, શાંતિ, વીતરાગતાકા સ્વભાવસે શોભિત પ્રભુ હૈ, એ ઈસકા શણગાર હૈ. આહાહાહા ! પંચસંગ્રહમેં લિયા હૈ. પંચસંગ્રહમેં દીપચંદજી હૈ ને દિપચંદજી હૈ, પંચસંગ્રહમેં ઐસા લિયા હૈ, શૃંગાર રસ ચઢાયા એક એકમેં અદ્‌ભૂત રસ શૃંગાર રસ, વીર રસ બહુ વ્યાખ્યા કિયા હૈ દિપચંદજીએ, ઐસી વ્યાખ્યા કોઈ( ને ) નહીં કિયા હૈ. વો ભી એમ કહેતે થે એ વખતે કે અરેરે મેં બહારસે દેખતા હું સમાજકો, સંપ્રદાયકો તો કોઈ આગમ અનુસાર શ્રદ્ધા દિખતી નહીં. દોસો વર્ષ પહેલે, અને મુખસે કહેતા હું તો માનતે નહીં, તો મૈં લિખ જાતા હું કે મારગ આ હૈ. ઐસા ભાવ દિપીકામેં લિખા હૈ. ભાવ દિપીકા નામકા ગ્રંથ હૈ. આહાહાહા ! હવે એ તો બહારમેં એકદમ આયા હૈ, હૈં ? લાખો માણસ હવે ઈતના તો સૂનતે હૈ. આહાહા !

“ઈસકા આચરણ કરનેસે” ઈસકા એટલે ભગવાન પૂર્ણ શુદ્ધ દ્રવ્ય જે પર્યાયમેં જણાયા ઉસકી શ્રદ્ધા હુઈ અને ઉસમેં આચરણ કરનેસે આહાહાહા... પર્યાયમેં રમના પણ દ્રવ્યમેં રમના યૂં. એકલા પર્યાયમેં રમના એમ નહીં, દ્રવ્યમેં રમના. આહાહા ! હૈ તો પર્યાયમેં રમના એ, પણ ત્રિકાળી ભગવાન અણીન્દ્રિય, પૂર્ણાનંદ ને પૂર્ણ વીતરાગતા સ્વભાવ ભરપુર પ્રભુ ઉસમેં મૈં આચરણ કરુંગા. આત્મ આચરણ કરુંગા, આહાહાહા ! ઐસા આત્માકા આચરણ કરુંગા તબ અવશ્ય કર્મોસે છુટા જા સકેગા. જરૂર કર્મસે છુટેગા. મેરે મોક્ષ હોનેમેં બિલકુલ જરૂરી બાત આ હૈ. આહાહા ! ગમે તેટલા નિકાચીત ને નિધ્ધત કર્મ હો, આહાહાહા... પણ મેરી આત્મ ભગવાન ચીજ હૈ, ઉસમેં મૈં રમનેસે ઉસકા આચરણ, આત્મ આચરણ, દયા, દાન, વ્રત આદિ તો અણાત્મ આચરણ હૈ, રાગકા. આહાહા ! ભારે વાતું ભાઈ !

આવો તો સિદ્ધાંત બોલતે હૈ આગમ હૈ, યુક્તિ હૈ, અનુભવ ને આગમ સબ એક હી ચીજ હૈ. લોકો કહે એય સોનગઢના એકાંત હૈ, એકાંત હૈ, મહાવીરસે ભી વિરૂદ્ધ હૈ, ને એમ કહેતે હૈ. અરે ભગવાન ! ભાઈ ! તને ખબર નથી પ્રભુ ! આહા ! વસ્તુ તો દ્રવ્યે સાધર્મી જીવ હૈ એ, પર્યાયમેં ભૂલ હોય તોય ભગવાન હૈ યે. આહાહા ! ભગવાન તેરે ખબર નહીં પ્રભુ અને તુમ ઐસા આરોપ કરતે હૈ પ્રભુ. આહા ! આંહી તો પરમાત્મા સંતો કહેતે હૈ એ પરમાત્મા કહેતે હૈ, એ સંતો આડતિયા હોકર વાત કરતે હૈ અપના અનુભવમેં રહેકર વાત કરતે હૈ. આહાહાહા ! યે કહેતે હૈ, પ્રભુ એકવાર સૂન તો સહી નાથ ! એ અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન ઉસમેં આચરણ કરનેસે, આ સદાચરણ કહેતે હૈ ને ? લૌકિક સદાચરણ, એ સદાચરણ નહીં. સત્

આચરણ, સત્ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ સત્, ઉસમેં આચરણ કરના એ સદાચરણ હૈ. આહાહાહાહા !

આંહી તો આ દયા, દાન ને વ્રત કરે ત્યાં થઈ રહ્યું. આચરણ કરતે હૈ. એ સદાચરણ નહીં, એ તો અસદ્ આચરણ હૈ એ તો અરેરે. ભગવાન તું પરિપૂર્ણ પ્રભુ હૈ ને નાથ. આહાહા ! તેરેમેં ક્યાં ઉણપ ને કચાશ ને અધુરાશ હૈ. આહાહાહા ! ભગવાન તો અનંત અનંત ગુણથી પરિપૂર્ણ પ્રભુ પરિપૂર્ણ ભરા હૈ. આહાહાહા ! ઉસકા વેદનમેં જાના ઔર ઉસકી શ્રદ્ધા કિયા કે આ આત્મા ઔર યે આત્મામેં આચરણ કરુંગા તો કર્મસે છૂટેગા, ઐસી સમ્યગ્દર્શન ને પ્રતીતમેં ઐસા આયા. આહાહા !

મૈં ભવિષ્યમેં વ્રત લેઉંગા ને તપ કરુંગા ને ઐસા બાહ્યકા કર્મ છૂટેગા ઐસે શ્રદ્ધામેં ( થા ) એ છૂટ ગયા. આહાહાહા ! સમજમેં આયા ? ઇસકા આચરણ કરનેસે જરૂર કર્મોસે છુટા જા સકતા હૈ, નિઃસંદેહ ભગવાન આત્માના આનંદમેં રમતે જરૂર કર્મોસે છૂટેગા. આહાહા ! ઐસી નિઃસંદેહ શ્રદ્ધા હુઈ. સમજમેં આયા ? જિસકા પત્તા મિલા ભગવાનકા ઉસમેં રમનેસે કર્મસે છુટેગા જરૂર છુટેગા. આહાહા ! વ્યવહાર ધર્મ પણ ઇસકો કહીએ કે આવા નિશ્ચયકા શ્રદ્ધા જ્ઞાન આચરણ હુઆ ઉસમેં વિકલ્પ ઉઠતે હૈ ઈસકો વ્યવહાર કહેનેમેં આતા હૈ. આહાહા ! પણ એ વ્યવહાર યે બંધકા કારણ હૈ. આહાહા ! ઇન્દ્રિય આધીન ઇન્દ્રિયસે જ્ઞાન હુઆ એ બંધકા કારણ, પંચ મહાવ્રતકા વિકલ્પ એય બંધકા કારણ, આહાહાહા... અને નવતત્ત્વની ભેદ શ્રદ્ધા એ મિથ્યાત્વ બંધકા કારણ. આહાહાહાહા ! ભેદ હોં, નવના ભેદ. એકરૂપ હોય તો અંતરમાં આ જાતા હૈ. આહાહા !

કળશટીકામેં લિયા હૈ, અનાદિ નવતત્ત્વની શ્રદ્ધા તો મિથ્યાત્વ હૈ. આહાહાહાહા ! એ સંવર, નિર્જરા, મોક્ષ સચ્ચા નહીં, નવ તત્ત્વમેં, દ્રવ્ય સંવર, દ્રવ્ય નિર્જરા. આહાહાહા ! શું શ્લોક આવ્યો ? આહાહા ! થોડા વ્યવહારકા આચરણ કરુંગા તો મૈં છુટુંગા, એ દૃષ્ટિ છુટ ગઈ. સમજમેં આયા ? થોડા વ્યવહારકી દયા, ધર્મ, બ્રહ્મચર્ય સેવન શરીરકા ઐસા આચરણ કરુંગા તો છુટુંગા એ દૃષ્ટિ છુટ ગઈ. આહાહાહા ! વો મિથ્યાદૃષ્ટિ થા, આવી વાતું બહુ આકરી ભાઈ છે, આ તો પંડિતોને પણ આ પચાવવું આકરું પડે. આહાહા ! હૈ.

વસ્તુ જ સત્ સરળ પ્રભુ હૈ ને ! હૈ ને ભગવાન ! હૈ ઉસકો પ્રાપ્ત કરના હૈ ! એ તો ન હોય ને પ્રાપ્ત કરના હો એ તો વાત દૂસરી હૈ. હૈ, આહાહા ! સત્ પ્રભુ, સચ્ચિદાનંદ નાથ, હૈ ઉસકા જ્ઞાન કરના ને હૈ ઉસકી શ્રદ્ધા કરના હૈ ઉસમેં રમના, એ ભેદથી કથન ત્રણ બોલ આતે હૈ ને એટલા ભેદ આયા ને ? સોળમી ગાથામેં આવ્યું છે ને "દંસણણાણચરિત્તાણી સેવિદવ્વાણિ સાહુણાણિઅં તાણિ પુણ જાણ તિગુણવિ અપ્પાણં ચેવણિચ્છયહો" આહાહાહા ! તો એ વ્યવહારે ત્રણ બાત કિયા હૈ, પણ વ્યવહાર આ હોં. એકરૂપ ભગવાનકી શ્રદ્ધા, એકરૂપકા જ્ઞાન, ને એકરૂપકી સ્થિરતા, એ તીન ભેદ આયા, એ વ્યવહાર હુઆ. એ વ્યવહાર હુઆ, મલિન હુઆ, મેચક હુઆ, અનેકતા હુઆ. આહાહાહા ! એ અશુદ્ધતા કહેનેમેં આતા હૈ. આહાહા !

પર્યાયકા એ કહાને નય ૪૭ નયમેં હૈ. અશુદ્ધનય ને શુદ્ધનય ૪૬, ૪૭ એક માટીકા અનેક પિંડ વાસણ આદિ અનેકપણા હૈ. ઝારી આદિ ઐસે દેખના એ અશુદ્ધતા હૈ, ઔર માટીકો એકરૂપ

દેખના એ શુદ્ધતા હૈ. એમ ભગવાન આત્મા ઉસકી પર્યાય નિર્મળ પર્યાય ભેદસે દેખના એ અશુદ્ધનય હૈ. આહાહાહા ! નયના વ્યાખ્યાન આ ગયા હૈ સબ, અને ભગવાન એક હી સ્વરૂપ અખંડાનંદ પ્રભુ ઉસમેં અંદરમેં રમના એકાકાર કરના એ શુદ્ધ હૈ, એ શુદ્ધનય હૈ. આહાહા ! અરેરે ક્યાં એને, ફિર ઉસીકા અનુચરણ કરના ચાહિએ. હૈ ? 'ફિર' પહેલે તો શ્રદ્ધામેં લિયા, એ દ્રવ્ય સ્વભાવમેં લીન હોગા ઈતના કર્મ છુટેગા, ફિર ઉસીકા અનુચરણ કરના, અંદરમેં રમના. આહાહા ! ઉસીકા અનુચરણ, ઉસકા અનુચરણ કરકે ચરણ રમના. ભગવાન પૂર્ણાનંદ ત્યાં કેડે કેડે રમના, એને અનુસરીને રમના. આહાહા ! એનું નામ, ઉસકા નામ ચારિત્ર. આહાહા ! નગ્નપણા ને પંચમહાવ્રતના પરિણામ ને એ કોઈ ચારિત્ર નથી. એ તો અચારિત્ર હૈ. આહાહા ! નગ્નપણા એ અજીવ ( કી ) દશા હૈ, પંચમહાવ્રતના પરિણામ એ તો રાગ હૈ. આહાહા ! એ તો રાગ આચરણ હૈ, એ જીવના આચરણ નહીં. આવી સ્પષ્ટ વાત સંતોએ કહી અને લોકોએ વિરોધ કર્યો. અરે પ્રભુ એ વિરોધ તો તેરા આત્મા સાથે હૈ. હૈ ? ( શ્રોતાઃ- અજ્ઞાનીનો ભ્રમ છે ) એનો વિરોધ એના આત્મા સાથે હૈ.

અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન નિર્વિકલ્પ અભેદ વસ્તુ, આહાહાહાહા... ઐસા દૃષ્ટિમેં લિયા નહીં. જ્ઞાનમેં વેદન કિયા નહીં, અને બહારની ક્રિયાકાંડ ને ઐસા ને ઐસા, આહાહા... લોકરંજન, મોક્ષ પાહુડમાં આતે હૈ. અષ્ટ પાહુડમેં. લોકરંજન-લોકરંજન અષ્ટ પાહુડમેં આતા હૈ. લોક ખુશી થાય, રાજી ( રાજી ) આહાહાહા ! વ્યવહારસે આતા હૈ ઐસી ક્રિયા હૈ ઐસા હોતા હૈ લોકરંજન અજ્ઞાન હૈ. આહાહા ! તેરા આત્મા રંગાયા નહીં ઈસમેં. આહાહાહા !

અનુભવકે દ્વારા ઉસમેં લીન હોના ચાહિએ. ભગવાન પૂર્ણાનંદકા નાથ પ્રભુ ઉસકા જ્ઞાન કિયા, શ્રદ્ધા કિયા, અબ ઉસમેં લીન હોના ચાહિએ. આહાહાહા ! આનંદ સ્વરૂપ ભગવાનમેં રમના, અતીન્દ્રિય આનંદકા ભોજન કરના, આહાહાહાહા... અતીન્દ્રિય આનંદ આહાહા... આવે છે ને, નહીં ? ઓલામાં નિત્ય ભોજી કળશમાં આવે છે, બંધ અધિકારમેં. આહાહા... અતીન્દ્રિય આનંદનો નિત્ય ભોજી ભગવાન.

ઓલા કહે... ખાવું ને આ ખાવાની ક્રિયા પણ બાપુ એ તો જડની છે ભાઈ, તને એના ઉપર લક્ષ છે એ પણ વિકારભાવ છે. આહાહા ! આ તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન ઉસકા જ્ઞાન શ્રદ્ધા કિયા ને પીછે રમના, એ અતીન્દ્રિયકા ભોજન કરના, આહાહાહાહા... અતીન્દ્રિયકા સ્વાદ લેના, આવી વાતું આકરી પડે માણાને, ( માણસોને ) અભ્યાસ ન મળે ને આખો દિ' સંસારના પાપના પોટલામાં પડયા. અરર ! રંગુલાલજી ! અરે ભગવાન ભાઈ ! આહાહા !

અનુભવકે દ્વારા ઉસમેં લીન હોના ચાહિએ, કિસમેં ? ઉસમેં. આ જે જ્ઞાયકસ્વભાવ જે જાનનેમેં ને શ્રદ્ધામેં આયા હૈ ઉસમેં લીન હોના. સમજમેં આયા ? કયોંકે સાધ્ય જો નિષ્કર્મ અવસ્થા-મોક્ષ, સાધ્ય જો નિષ્કર્મ અવસ્થારૂપ એ અવસ્થા પર્યાય હૈ, મોક્ષ પણ, સાધ્ય જો નિષ્કર્મ અવસ્થારૂપ અભેદ શુદ્ધ સ્વરૂપ ઉસકી સિદ્ધિકી, આહાહાહા... નિષ્કર્મ દશા પૂર્ણાનંદની મોક્ષદશા અભેદ શુદ્ધ સ્વરૂપ ઉસકી સિદ્ધિકી ઈસી પ્રકાર ઉત્પત્તિ હૈ, આ પ્રકારે ઉસકી પ્રાપ્તિ હૈ, દૂસરા કોઈ પ્રકારે પ્રાપ્તિ નહીં. વિશેષ કહેગા. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૭૯ ગાથા - ૧૭-૧૮

### તા. ૬-૯-૭૮ બુધવાર, ભાદરવા સુદ-૪ સં. ૨૫૦૪ ઉત્તમ ક્ષમા ધર્મ

આ દસલક્ષણી પર્વઃ– ઉસકા પહેલા દિન હૈ ને ઉત્તમ ક્ષમા, એ ઉત્તમ ક્ષમા આદિ દસ બોલ હૈ એ ચારિત્રકા ભેદ હૈ. ચારિત્ર ખાસ મોક્ષકા કારણ હૈ. એથી ચારિત્રમાં દસ પ્રકારના ધર્મ આત્માનો અનુભવ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને અનુભવ હુઆ હો ઔર ઉસમેં પછી ચારિત્ર લીનતા હુઇ હો, ઉસકો આ દસ પ્રકારકા ધર્મ હોતા હૈ એ દસ પ્રકારકા ધર્મમેં ઇસસે સુખ હોતા હૈ, આનંદ હોતા હૈ. આહાહાહા ! દસ પ્રકારકા ધર્મ ઈસકો કહીએ કે જિસમેં અતીન્દ્રિય આનંદ આતા હો. આહાહાહાહા ! ઔર ઈસમેં અતીન્દ્રિય આનંદ હૈ ઈસસે અતીન્દ્રિય આનંદ હૈ એ અતીન્દ્રિય આનંદ સુખસ્વરૂપી હૈ. દસ પ્રકારકા ધર્મ આવી વાત છે ભાઈ. આહાહા !

ઐસે આમ ઉત્તમ ક્ષમા, ઉત્તમ ક્ષમા કહા ને તો સમકિત સહિતની, સમકિત વિના જે કંઈ હૈ એ કાંઈ ક્ષમા નહિં એ તો કષાય હૈ રુંધાયેલો હોય. આહાહા ! માથે આવ્યું છે ભાઈ ૩૯૩ શ્લોક ૩૯૩ ઉપર.

મુનિ ધર્મ ક્ષમાઆદિ ભાવોંસે દસ પ્રકારકા હૈ સુખકે સાથ, સુખ ઈસસે હોતા હૈ. આહાહા ! અરે આ ચારિત્ર–ધર્મ, જિસસે અતીન્દ્રિય આનંદ આતા હો. આહાહા... ઉસકા નામ દસ પ્રકારકા મુનિકા ધર્મ કહેનેમેં આતા હૈ. આહાહા ! આવી વાત છે બાપા આકરી બહુ. આહા ! છે ઈસમેં ? સુખકે સાથ સુખ ઈસસે હોતા હૈ. ઔર સુખ ઈસમેં હૈ અથવા સુખસે સાર હૈ એ દસ પ્રકારકા ધર્મ સુખનો સાર, આનંદનો સાર ઉસમેં હૈ. આહાહાહા ! અતીન્દ્રિય આનંદનું વેદન વિશેષ હો ઉસકા નામ યહાં દસ પ્રકારકા ધર્મ હૈ. આહાહા ! આવી વ્યાખ્યા હવે, આવી ૩૯૩ માં છે પહેલાં, પિછે ૩૯૪, એ દસેયમાં હો દસેય પ્રકારનો ધર્મ, આહાહાહા... આ દસલક્ષણી પર્વ એ દસ પ્રકારકા ધર્મ એ ચારિત્રકા ભેદ હૈ, સમ્યગ્દર્શન સહિત અનુભવ અને ચારિત્ર હુઆ હો ઉસમેં વિશેષ આનંદ આતા હૈ ઉસકો અહીંયા દસ પ્રકારકા ધર્મ કહેનેમેં આતા હૈ. આહા ! આવી વાત. સમ્યગ્દર્શનમેં સ્વરૂપકી દૃષ્ટિ હોનેંસે આનંદકા સ્વાદ આતા હૈ પણ થોડા હૈ. આહાહા... ઔર ચારિત્રમેં પ્રચુર આનંદ હૈ, ઔર ઉસમેં ક્ષમા આદિ હો. આહાહા... એ ક્ષમામેં તો મહા આનંદ–આનંદ આતા હૈ, કહેતે હૈ. સમજમેં આયા ? આવી વાત છે. એ દસમાં પહેલો ઉત્તમ ( ક્ષમા ) હૈ. ( શ્રોતાઃ– વીતરાગભાવ એ જ ધર્મ છે ) એ વીતરાગ ભાવ એ જ આ વીતરાગકા દસ પ્રકારકા ધર્મ હૈ. એ તો એના ભેદ બતાયા, બાકી વીતરાગભાવ એ ધર્મ ને એ ચારિત્રને એ દસ પ્રકારકા ધર્મ, વીતરાગભાવ. આહાહાહા... આવી વાત છે. એ દસ પ્રકારકા ધર્મ વીતરાગ ભાવ હૈ. આહાહા ! ઘણો જ રાગનો અભાવ કંઈક કરે, અતીન્દ્રિય આનંદના ઉગ્ર અનુભવમેં આનંદ આતા હૈ ઉસકો યહાં દસ પ્રકારકા ધર્મ કહેનેમેં આતા હૈ. આ તો ક્ષમા કરીને ઢીંકણુ કર્યું ઐસી બાત નહીં. આ તો ઉત્તમ ક્ષમા ને ઉત્તમ માર્દવ, અંતરમેં આત્મા આનંદ પ્રભુ ઉસકા અંતર અનુભવમેં અતીન્દ્રિય સ્વાદકા આના ઉસકા નામ તો સમ્યગ્દર્શન હૈ. આહાહાહાહા ! ઔર ચારિત્ર વિશેષ આનંદકા આના નામ ચારિત્ર હૈ અને ઉસમેં દસ પ્રકારકા ધર્મ, આહાહા એ

સુખના સ્વાદમાં વૃદ્ધિ હો, આહાહાહા... ઉસકા નામ, વાત એવી છે ૩૯૩ માં પહેલાં કિયા થા પીછે ૩૯૪

( દસલક્ષણ ધર્મના શ્લોક પૂ. ગુરુદેવશ્રીએ "સ્વામી કાર્તિકેયઅનુપ્રેક્ષા" માંથી લીધા છે. )

कोहेण जो ण तप्पदि सुरणरतिरिएहिं कीरमाणे वि ।
उवसग्गे वि रउद्दे तस्स खमा णिम्मला होदि ।।३९४।।

જે કોઈ સંત-મુનિ, મનુષ્ય તિર્યંચ અચેતનઆદિ ઉપસર્ગમેં હોતે છતેં પણ તપ્તાયમાન નહિં હો, ક્રોધસે તપ્તાયમાન ન હો, પણ આનંદસે ઉગ્ર આનંદકા સ્વાદમેં આ જાય. આહાહાહા ! ઉસકો યહાં ઉત્તમ ક્ષમા દસ લક્ષણી પર્વમેં પ્રથમ ધર્મ કહેનેમેં આયા હૈ. આહાહાહા ! સમજમેં આયા ? શ્રાવકકો ભી દર્શન જ્ઞાન ચારિત્ર તીનોં, પંચમ ગુણસ્થાનમેં પણ તીન હોતા હૈ, નિયમસારમાં આતે હૈ ને ? ભક્તિ, દર્શન-સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી ભક્તિ કરે શ્રાવક, ભક્તિ પરિણામ એ પરિણમન કરતે હૈ. આહાહાહા... હૈ ઈસકે ભી આ દસ પ્રકારકા ધર્મમેં અંશ હૈ, મુનિકો વિશેષ હૈ આને અંશ હૈ પણ એ અંશમેં આનંદકા સ્વાદ આતા હૈ વિશેષ સુખસાર. આહાહાહા ! જે શીસમકી લકડી હોતી હૈ ને શીસમ - શીસમ ઉસકો સાર હોય, અંદર ચીકણો કઠણ ( સાર ) એમ આ સુખસાર. આહાહાહા ! ઉત્તમ ક્ષમામેં અતીન્દ્રિય આનંદકા સાર આતા હૈ. આહાહાહા ! ઉસકા નામ ઉત્તમ ધર્મ કહેતે હૈ. નહિં પતા ? ઉસ મુનિકે નિર્મળ ક્ષમા હોતી હૈ પછી દૃષ્ટાંત આપ્યા છે. અમુકમેં મુનિ ઐસે ઐસે મુનિ હો ગયા ને શાંત શાંત... ઘાણીમેં પિલા, આહાહા ! આ પાંડવોને લોહાના દાગીનામાં ઝેવરમાં, આહાહાહા ! અતીન્દ્રિય આનંદકી બાઢ આતી થી કહેતે હૈ. આહાહા ! એ ઉપસર્ગમેં પરિષહ સહનમેં, સહન ઈસકો કહેનેમેં આતા હૈ કે જ્ઞાતા-દૃષ્ટા રહેકર આનંદકા વિશેષપણા પ્રગટ હો, ઉસકા નામ પરિષહ સહન કિયા કહેનેમેં આતા હૈ. આહાહાહાહા ! આવી ચીજ છે ભાઈ ! વીતરાગના મારગની કોઈ લાઈન આખી ફેર છે. એ વસ્તુનું સ્વરૂપ જ એવું ઐસા હૈ. એ આ કહ્યું દેખો ઉત્તમ ક્ષમા.

હવે ચાલતો અધિકાર. ( ગાથા ૧૭-૧૮ ) યહાં સુધી આયા હૈ, સાધ્ય જો નિષ્કર્મ દશા, મોક્ષની દશા એ સાધ્ય હૈ, એ અભેદ શુદ્ધ સ્વરૂપ ઉસકી સિદ્ધિકી ઉસી પ્રકાર ઉપપત્તિ હૈ. આહા ! અપના ભગવાનકા દર્શન કરના પ્રતીત કરના જ્ઞાન કરના ને રમણતા એ નિષ્કર્મ અવસ્થા મોક્ષની પ્રાપ્તિકા ઉપાય હૈ. આહાહા... અન્યથા અનુપપત્તિ હૈ. આ અનેકાંત હૈ ઓલા અનેકાંત એમ કહેતે હૈ ને કે નિશ્ચયસે ભી હો અને વ્યવહારસે ભી હો એ અનેકાંત, ( એસા નહીં ). આહાહાહા... ત્યાં તો ભગવાન આત્મા, આહાહા... અપના નિશ્ચય દર્શન જ્ઞાન ને ચારિત્ર ઉસકે નિષ્કર્મ અવસ્થા ઉસસે સાધ્ય હોતા હૈ, અન્યથા નહીં, ઉસકા નામ અનેકાંત હૈ. વ્યવહારસે કે રાગસે કે નિમિત્તસે નહીં ઉસકા નામ અનેકાંત, સ્વસે હો ને પરસે નહીં ઉસકા નામ અનેકાંત હૈ. અત્યારે અનેકાંત ઐસા ફુદડીવાદ કર દેતે હૈ. આહાહા ! નિશ્ચયસે ભી હો, વ્યવહારસે ભી હો, ઉપાદાનસે હો, નિમિત્તસે ભી હો, એ તો ફુદડીવાદ હૈ, એકાંત મિથ્યા હૈ, ઝીણી વાતું બહુ બાપા, મારગ આ.

હૈ ? ઇસી પ્રકાર ઉપપત્તિ હૈ, અન્યથા અનુપપત્તિ હૈ, દૂસરી રીતે મુક્તિની અવસ્થાની ઉપપત્તિ હોતી નહીં. આહાહાહા ! અપના ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની દૃષ્ટિ જ્ઞાન ને

રમણતા કરતે હૈ, એ એક નિષ્કર્મ અવસ્થા( મોક્ષ ) પ્રાપ્તિકા ઉપાય હૈ, આહાહા... દૂસરા કોઇ ઉપાય હૈ નહીં. બે મોક્ષકા માર્ગ કહેતે હૈ એ તો કથનકી શૈલી હૈ, મોક્ષમાર્ગ તો આ એક હી હૈ. આહાહાહા ! આ તો જેને ભાઈ ભવના થાક લાગ્યા હોય, ભવની બીક ક્યાં જઇશું, ક્યાંય ? આહાહા ! એક શરીરમાં પીડા આવે તો સહન ન થાય. આહાહાહા !

એને શરીરમાં રહીને પ્રભુ તેરા કામ કરના હૈ અંદર. મૈં તો આનંદકંદ પ્રભુ, શુદ્ધ ચૈતન્યઘન, ઉસકી પ્રતીતિમેં આનંદ આના, ઉસકા જ્ઞાન કરનેમેં આનંદ આના, ઉસકી સ્થિરતા કરનેમેં આનંદ આના, આહાહાહાહા... આવો મારગ છે તે અન્યથા નહીં, છે ને ? ઇસી પ્રકારસે સાધ્યકી સિદ્ધિ હોતી હૈ. અન્ય પ્રકારસે નહીં. હૈ ? આહાહા ! ( શ્રોતાને ) એ બારણા પાસેથી ખસી જાવ આમ કંઇ, એ છેક પાછળથી આવે છે ને તે મોઢા આગળ બેસે છે. ખસી જાવ કે બહાર, પાછળથી આવે અને મોઢા આગળ બેસવું કાંઇ, આહાહા !

હવે, એ વાતને વિશેષ સમજાતે હૈ, છે ને ? જબ આત્માકો અનુભવમેં આને પર, કયા ? અનેક પર્યાયમેં રાગ અને દ્વેષ ને વિકલ્પો, આહાહાહા... એ અપને આત્માકો અનુભવ ( મેં ) આને પર અનેક પર્યાયરૂપ ભેદભાવ, અનુભવ નામે આનંદકા અનુભવની આ બાત નહીં હૈ, રાગ ને પુણ્ય ને પાપ એ અનેક પ્રકારના જે વેદનમેં આતા હૈ અનુભવમેં, અનેક પર્યાયરૂપ ભેદભાવોંકે સાથ મિશ્રિતપણા હોને પર ભી, આહાહાહા... ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની સાથમેં, એ પુણ્ય ને પાપના અસંખ્ય પ્રકાર ને ઇસકી સાથ મિશ્રિતપણા હો ગયા અનાદિસે, માન્યા હૈ. આહાહાહા ! મિશ્રિતપણા હૈ, હોનેપર ભી, સર્વ પ્રકારસે ભેદજ્ઞાનમેં પ્રવીણ આહાહા... અંતરમેં રાગસે ભિન્ન કરનેકા પ્રવીણ, રાગ એ બંધકા લક્ષણ હૈ, ભગવાનકા લક્ષણ જ્ઞાન હૈ. એ જ્ઞાનસે રાગકો ભિન્ન કરકે આહાહાહા... આવી વાત. પર્યાયમાં પુણ્ય ને પાપના અનેક વિકાર, અનુભવમેં આને પર ભી, મિશ્રિતપણા હોને પર ભી, વસ્તુ તો વસ્તુ તરીકે હૈ, રાગનું મિશ્રિતપણું માન્યું છે, માન્યા હૈ. ( હુઆ નહીં ) સમજમેં આયા ? આહાહાહા !

ઐસે રાગ અને આત્માકી એક મિશ્રિત દશા, ઐસા હોનેપર ભી, આહાહાહા... સર્વપ્રકારસે ભેદજ્ઞાન, દેખો ! સર્વપ્રકારસે, એક અંશ રાગકા ભી અપનેમેં નહીં ઐસે સર્વપ્રકારસે ભેદજ્ઞાન, આહાહા... અંતરમેં ઝૂકનેસે રાગસે ભિન્ન હો જાતા હૈ. આરે આવી વાતું હવે. ભેદજ્ઞાનમેં પ્રવીણતાસે, સર્વ પ્રકારસે, અંશ ભી રાગ ઉસકા ( અપના ) નહીં. આહાહાહા ! જો યહ અનુભૂતિ હૈ સો હિ મૈં હું, એ જાનનેકા અનુભવ હોતા હૈ. એ મૈં હું. રાગ એ મૈં નહીં, ચાહે તો દેવગુરુ શાસ્ત્રની ભક્તિકા રાગ હો, ગુણ ગુણીકા ભેદકા રાગ હો, પણ રાગસે આત્મા મિશ્રિત માન લિયા હૈ, તો ઉસકો ભેદજ્ઞાન કરકે, આહાહાહા... રાગના ભાવસે ભગવાન આત્માકો ભેદજ્ઞાન કરનેસે જુદા પાડનેસે સર્વ પ્રકારસે જુદા પાડનેસે આહાહા... આ ક્રિયા. સમજમેં આયા ?

“યહ અનુભૂતિ હૈ સો હિ” ( મૈં હું ) ભેદજ્ઞાન કરનેસે જે જ્ઞાનકા અનુભવ રહા એ મૈં હું, હૈ ? અનુભૂતિ હૈ સો હિ મૈં હું. ઐસા આત્મજ્ઞાનસે પ્રાપ્ત હુઆ, આત્મજ્ઞાનસે પ્રાપ્ત હુઆ, આહાહાહા ! ભગવાન આત્મા રાગસે મિશ્રિત અવસ્થામેં હોનેપર ભી, જુદા પાડનેકી ભેદજ્ઞાનકી કળાસે સર્વ પ્રકાર ભેદજ્ઞાન કરનેસે, એ જ્ઞાનરૂપ રહા એ મૈં હું. આહાહાહા ! આવી વાત છે. જેને કલ્યાણ કરવું હોય એને આ રસ્તા હૈ ભાઈ, બાકી બધી વાતું છે. આહાહા ! આત્મજ્ઞાન ઐસે

અનુભૂતિ સો મૈં હું, એ જાનનેવાલા આત્મા તે અનુભૂતિ એ મૈં, રાગનું મિશ્રિતપણું અને સર્વ પ્રકારે ભેદજ્ઞાનસે ભિન્ન કરકે એ આતમજ્ઞાન એ જ્ઞાન યહ મૈં હું અનુભૂતિ એ આતમજ્ઞાન. આહાહાહા ! હવે આવી વાતું છે.

"પ્રાપ્ત હોતા હુઆ ઇસ આત્માકો જૈસા જાના હૈ, વૈસા હી ઇસ પ્રકારકી પ્રતીતિ" જાનનેમેં આયા તો આ જ્ઞાનસ્વરૂપી ભગવાન હૈ, આનંદસ્વરૂપી પ્રભુ હૈ, ઐસા જ્ઞાનમેં ભેદજ્ઞાનસે અનુભૂતિ જ્ઞાનકી અનુભૂતિ યહ મૈં હું, ઐસા જાના, વૈસા હી ઇસ પ્રકારકી પ્રતીતિ, એ પ્રકારકી પ્રતીતિ હુઆ, આહાહા ! પ્રતીતિ જિસકા લક્ષણ હૈ ઐસા શ્રદ્ધાન ઉદિત હોતા હૈ. આહાહા... ઉસકો સમ્યગ્દર્શન પ્રગટ હોતા હૈ. અરે રાગના ભાગસે ભિન્ન ભગવાનકો ( નિજાત્માકો ) કરકે અંદરમેં જે જ્ઞાનકા અનુભવ રહા એ મૈં હું અને એ આત્મજ્ઞાન હૈ. આહાહાહા ! એ જ્ઞાનમેં ઐસા આત્મા જણાયા, ઐસા હી પ્રતીતમેં આયા. આત્માકા જ્ઞાન હુઆ ઐસા હી પ્રતીતમેં આયા કે આ આત્મા. આહાહા ! આવી વાતું. ભાઈ ! તબ શ્રદ્ધાન ઉદિત હોતા હૈ. તબ સમસ્ત અન્ય ભાવોંકા ભેદ હોનેસે, જબ રાગસે, પુણ્યકે વિકલ્પસે જ્ઞાનસ્વરૂપી ભગવાન ભિન્ન હોનેસે ભિન્નકા જ્ઞાન હુઆ અને ભિન્નકી પ્રતીતિ હુઇ. આ જાનનેમેં આયા વો હી આત્મા ઐસી પ્રતીતિ હુઈ.

પીછે, અન્ય ભાવોંકા ભેદ હોનેસે, સમસ્ત અન્ય ભાવોં, આહાહાહા ! ગુણ ગુણીકા વિકલ્પ ઉઠતે હૈ ભેદ, ઉસસે ભી ભેદ કરકે, આહાહાહાહા ! સમસ્ત અન્ય ભાવોંકા ભેદ હોનેસે નિઃશંક સ્થિર હોનેમેં સમર્થ હોતા હૈ. આહાહા ! સ્વરૂપમેં નિઃશંકપણે સ્થિર હોનેસે ચારિત્ર હોતા હૈ. આ રાગસે ભિન્ન જ્ઞાનસ્વરૂપ ઐસા અનુભૂતિ હુઇ એ આત્મજ્ઞાન, અને એ આત્મજ્ઞાનમેં જે જણાયા આત્મા ઐસી પ્રતીતિ હુઇ ઔર પ્રતીતિ હુઇ પીછે અન્ય ભાવસે ભિન્ન હોકર, રાગ આદિસે, હૈ ? નિઃશંક સ્થિર હોનેસે, સ્વરૂપમાં નિશંકપણે સ્થિર હોનેસે, આહાહા... આત્માકા આચરણ ઉદય હોતા હૈ. એ આત્માકા આચરણ. રાગસે ભિન્ન શ્રદ્ધા જ્ઞાન કિયા ઔર ઉસસે પછી રાગસે ભિન્ન સ્વરૂપમેં ઠરના, ( એકાગ્ર હોના ) નિઃશંકપણે કે મૈં આ હું, રાગ ને દયા, દાનના વિકલ્પ જે હૈ એ તો મૈં નહીં. આહાહાહાહાહા !

બહુ કામ ! શાસ્ત્રકા જ્ઞાન જે પરલક્ષી હૈ એ ભી મૈં નહીં, કયું કે એમાં આત્મજ્ઞાન નહીં હુઆ. આહાહાહા ! આત્મજ્ઞાન એટલે જે આત્મા હૈ ઉસકા જ્ઞાન, રાગસે ભિન્ન હોકર આત્મજ્ઞાન, ઔર ઐસી પ્રતીતિ કે આ આત્મા. જ્ઞાનમેં આયા, એ આ આત્મા, તો ઐસી પ્રતીતિ, ઔર યે અન્ય ભાવોંસે "સમસ્ત અન્યભાવોંસે ભિન્ન હોકર નિઃશંકપણે ઠરનેકા સમર્થ હુઆ" આહાહા ! રાગ આદિ મૈં નહીં ઔર મેરી ચીજમેં નિઃશંકપણે ઠરનેસે, આહાહા... "આત્માકા આચરણ ઉદય હોતા હૈ" ત્યારે આત્માકા આચરણ, ભગવાન આત્મામેં લીન હોતા હૈ. આચરણ નામ સ્વરૂપકા આચરણ હોતા હૈ. એ આચરણકા ઉદય નામ ચારિત્ર હુઆ. આહાહા ! આવી વાત છે.

આત્માકો સાધતા હૈ એ રીતે અનુભૂતિ જ્ઞાન તે હું અને તે જ્ઞાનમેં આત્મા જણાયા ઐસી પ્રતીતિ હુઇ, સમસ્ત અન્ય ભાવોંસે ભિન્ન હોકર નિઃશંકપણે સ્વરૂપમેં ઠરનેકા આચરણ હુઆ, આત્મ આચરણ એ રીતે આત્માકી સિદ્ધિ હૈ, એ રીતે આત્માકો સાધતા હૈ. આહાહાહા !

"ઐસે સાધ્ય આત્માકી સિદ્ધિકી ઇસ પ્રકાર ઉત્પત્તિ હૈ." આ પ્રકારે સાધ્ય જે નિષ્કર્મ દશા

મોક્ષ કેવલ ઇસકી સિદ્ધિ આ પ્રકારે હૈ, દૂસરા પ્રકારે હૈ નહીં. આહાહા ! થોડામાં પણ કિતના ભર દિયા હૈ. રાગ, વિકલ્પ અને ભગવાન વીતરાગ સ્વરૂપ ઉસકા મિશ્રિતપણા જાણે હો ગયા હો, ઐસે મિશ્રિતપણામેંસે રાગસે ભિન્ન હોકર અનુભૂતિ ( અર્થાત્ ) આ જાનનેવાલા, જાનનેવાલા એ મૈં, ઐસા જ્ઞાન હુઆ એ આત્મજ્ઞાન હુઆ. આહાહા ! સમજમેં આયા ?

લ્યો, આ દસલક્ષણી પર્વનો પહેલો દિ' આહાહા ! ( શ્રોતાઃ- સુખનો પહેલો દિ' સુખ પ્રાપ્ત કરવાનો દિવસ ). આ સુખ, સુખ, સુખ કહ્યું'તું ભાઈ ને કાલે, ત્યાં એને ત્યાં સુરતવાળા આવ્યાને. આહાહા ! ભગવાન સુખનો ભંડાર હૈ ને પ્રભુ. અતીન્દ્રિય આનંદનો સાગર હૈ ને ઉસકો રાગસે ભિન્ન કરકે, જ્ઞાનમેં અતીન્દ્રિય સાગરકા જ્ઞાન હુઆ, આત્મજ્ઞાન. આહાહા ! ઔર જૈસા જાનનેમેં આયા ઐસી પ્રતીતિ કિયા, ઔર સમસ્ત રાગસે ભિન્ન હોકર નિઃશંકપણે આત્મા આચરણ કરનેકા પુરુષાર્થ હુઆ, આહાહાહા ! આ ચારિત્ર. ઝીણી વાત બાપુ એણે જરી. અરેરે ! અનંતકાળથી ભગવાનને ભૂલી ભ્રમણામાં પડયો છે અનાદિથી દુઃખને પંથે છે. આહાહાહા ! એ આ રીતે ઉપપત્તિ સિદ્ધ દશાની હૈ, સાધ્ય સિદ્ધ.

ઐસા હોને પર ભી, આહાહાહા ! હવે આયા, આ શરીર ને પૈસા ને આબરુ ને એ મસાણના હાડકાનો ફોસફરસ છે. આહાહાહા ! એની જેને વિસ્મયતા લાગે, એને આત્માની વિસ્મયતા નહીં લાગે. જેને આત્મા સિવાય બાહ્ય પદાર્થની અતિશયતા-વિશેષતા ભાસે એને આત્માની ભિન્નતા નહીં ભાસે. આહાહાહા ! સમજમેં આયા ? ઐસા હોને પર ભી પરંતુ જબ ઐસા અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા, આહાહાહાહા... જ્ઞાનમાં અનુભવસ્વરૂપ ભગવાન આત્મા, આહાહાહા... આ બાળગોપાળ, આ બાળ નામ બાળકથી માંડીને વૃદ્ધ ગોપાળ નામ વૃદ્ધ, બાળકસે માંડીને વૃદ્ધકો સબકો, આહાહાહાહા... અનુભવમેં સદા, સ્વયં હી આને પર ભી આહાહાહા... એની પર્યાયમેં જ્ઞાનકી પર્યાય હૈ ઉસકા સ્વપરપ્રકાશક સ્વભાવ હૈ, વો કારણે પર્યાયમેં સ્વસ્વરૂપ જાનનેમેં આતા હૈ. પર્યાયમેં દ્રવ્યસ્વરૂપ ભગવાન જાનનેમેં આતા હૈ. છતાં અજ્ઞાનીકો પર તરફના બંધનું લક્ષ હોવાથી, રાગના પ્રેમથી એ અંતરમાં જોઇ શકતો નથી. મૈં ચીજ આત્મા મેરી પર્યાયમેં જાનનેમેં આતા હૈ ઐસા દેખ સકતે નહીં.

ફરીને, આહાહા ! જ્ઞાનકી જો પર્યાય હૈ વર્તમાન, એ પર્યાયકા સ્વભાવ જ સ્વપરપ્રકાશક હૈ. ચાહે તો અજ્ઞાન હો કે જ્ઞાન હો, તો એ પર્યાયમેં આત્મા હી જાનનેમેં આતા હૈ. ક્યૂં કે સ્વપરપ્રકાશક સ્વભાવ હોનેસે જ્ઞાનકી પર્યાયમેં સ્વ વસ્તુ હૈ વો હી જાનનેમેં ને અનુભવમેં આતા હૈ. પર્યાયમેં દ્રવ્ય જ જાનનેમેં આતા હૈ. આહાહાહાહા ! હૈં ? ( શ્રોતાઃ- ક્યારે ? ) અત્યારે, સદાય કીધું ને ? કહ્યું ને આ અનુભવમેં સદા અને સ્વયં, સદા અને સ્વયં આહાહાહાહા... એ જ્ઞાનકી પર્યાયમેં સદા સ્વયં આહાહાહા... આને પર ભી, સ્વયં આને પર ભી, આહાહાહા... કહેતે હૈ કે જ્ઞાનકી વર્તમાન દશામેં સદા સ્વયં જાનનેમેં આતા હૈ, ઐસા હોને પર ભી અનાદિ બંધકે વશ, આહાહાહા... પણ અનાદિ રાગને વશ, રાગ એ ખરેખર પરદ્રવ્ય હૈ, એ સ્વદ્રવ્ય નહીં. જ્ઞાનકી પર્યાયમેં સ્વદ્રવ્ય જાનનેમેં આને પર ભી, રાગ જો પરદ્રવ્ય હૈ ઉસકે સાથકી દૃષ્ટિસે પર્યાયમેં જાનનેવાલા આત્મા ઉસકો જણાતે નહીં. ઉસકો જાનતે નહીં. આહાહાહા ! ભારે ભાઈ !

ફરીને, પરંતુ જબ ઐસા અનુભૂતિ સ્વરૂપ ભગવાન, જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા

દેખો, ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી અનુભવ, આબાળ ગોપાળ સબને, બાળકસે વૃદ્ધ, આહાહાહાહા... સબકો અનુભવમેં, સબકો અનુભવમેં સબકો સદા અને સબકો સ્વયં, આહાહાહા... ભાઈ આ તો કાંઇ વાર્તા કથા નથી. આ તો ભગવત, આહાહાહાહા... આબાળ ગોપાળ સર્વને અને સદા, સર્વને અને સદા અને સ્વયં, આત્મા જ જ્ઞાનકી પર્યાયમેં જાનનેમેં આતા હૈ. આહાહાહાહા ! અરે ! ઐસા હોનેપર ભી અનાદિ બંધકે વશ, પણ દૃષ્ટિ રાગ અને વિકલ્પ ઉપર હૈ, આહાહાહા ! એને વશ હો જાનેસે પર્યાયમેં જાનનેમેં આતા હૈ દ્રવ્ય, છતાં એ જાન સકતે નહીં, આહાહાહા ! રાગની એકતાકી અંધ બુદ્ધિમેં, પર્યાયમેં જાનનેવાલા ભગવાન જાની શકે, છતાં તે જાનતે નહીં. આહાહાહા ! આવી વાત છે. હૈ કે નહીં અંદર ? આહાહા !

ઐસા અનુભૂતિ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, આબાળ ગોપાળકો જ્ઞાનકી પર્યાયમેં જાનનેમેં આતા હૈ સબકો-સદા અને સ્વયં, એ આત્મા જ સદા સ્વયં અપની પર્યાયમેં જાનનેમેં આતા હૈ. આહાહાહાહા ! પણ અપના સ્વભાવ તરફ દૃષ્ટિ દિયા નહીં, અને રાગને વશ હોકર, અબંધ સ્વરૂપ જે પર્યાયમેં જાનનેમેં આતા હૈ, એ રાગકે બંધકે, રાગરૂપ બંધકે વશ હોકર વશ હોકર અબંધ સ્વરૂપ જે પર્યાયમેં જાનનેમેં આતા હૈ ઉસકો જાન સકતે નહીં. આહાહાહા ! ક્યા કહા ? આ તો ધીરજના કામ છે બાપુ. આહાહા !

બાળકથી માંડીને વૃદ્ધ, સબ આત્મામેં પર્યાય જો જ્ઞાનકી હૈ, ઉસમેં એ અનુભૂતિ ( સ્વરૂપ ) ભગવાન આત્મા હી જાનનેમેં આતા હૈ. આહાહા ! પણ ઐસા હોનેપર ભી અનાદિ રાગકા સંબંધમેં, એ બંધ કહો કે રાગકા સંબંધ કહો. આહાહાહા ! રાગકા સંબંધમેં રોકાનેસે, અબંધસ્વરૂપ પર્યાયમેં જાનનેમેં આતા હૈ એ બંધમેં રોકાનેસે અબંધ જાનનેમેં આતા હૈ, એ નહીં જાનતા. આહાહાહાહા !

ફિર, આત્મા આનંદજ્ઞાન સ્વરૂપ એ પર્યાયમેં અજ્ઞાનીકો ભી બાળકસે વૃદ્ધ, સદા સ્વયં આત્મા, એ આત્મા જ પર્યાયમેં અનુભવમેં આતા હૈ. આહાહાહા... ઐસા હોને પર ભી, અજ્ઞાની રાગકા સંબંધમેં રુકનેસે, રાગકા બંધભાવમેં રુકનેસે, પર્યાયમેં અબંધ સ્વરૂપી ભગવાન જાનનેમેં આને પર ભી રાગકે, સંબંધમેં પડા વો જાનનેમેં નહીં આતા. કહો હૈ કે નહીં અંદર ? આહાહા ! નજર તળે ચીજ આમ દેખાતી હો, પણ નજરનું લક્ષ બીજે હોતા હૈ તો એ દિખાતા નહીં. આહાહાહાહા ! અરે પ્રભુ તું તારી પર્યાયમેં, જ્ઞાનકી એક સમયકી પર્યાયમેં પ્રભુ, સદા બાળગોપાળને ને સ્વયં ભગવાન આત્મા જ જાનનેમેં આતા હૈ. આહાહાહા ! એ ટીકા ! ભરતક્ષેત્રમાં, હૈ ! આહાહાહા... ( શ્રોતાઃ- અજોડ અજોડ ) હૈ ! પોતે જ પોતે ને પર બે નહીં ( શ્રોતાઃ- પોતે જ, પોતે ને પર બે નહીં ) રાગમેં વશ હોકર પર્યાયમેં અબંધ સ્વરૂપ જ્ઞાનમેં આને પર ભી, રાગકે સંબંધમેં રુકનેસે, અબંધ સ્વરૂપ જાનનેમેં નહીં આતા.

ફિર, આહાહાહાહા ! ભગવાન આત્મા ઉસકી જ્ઞાનકી પર્યાય ભલે અજ્ઞાન હો, પણ એ પર્યાયમેં પર્યાયકા સ્વભાવ, જ્ઞાન હૈ ને ? તો ઉસકા સ્વપરપ્રકાશક સ્વભાવ હૈ, તો પર્યાયમેં સ્વયં આબાળ ગોપાળને સદા સ્વયં આત્મા હી જાનનેમેં આતા હૈ, આહાહાહા ! ઐસા હોને પર ભી રાગકા સંબંધના બંધને વશે, એ પર્યાયમેં જાનનેમેં અબંધ આતા હૈ ઉસકો જાનતે નહીં. રાગકો જાનતે હૈ. આહાહાહા !

અરે આ વાત ક્યાં સાંભળવા મળે છે બાપા, દિગંબર સંતો હશે. આહાહાહા ! કેવળજ્ઞાનના વિરહ ભુલાવે એવી વાત છે. આહાહાહા ! બીજાને દુઃખ લાગે કે આ તમારો એક જ ધર્મ ? બાપુ, તમારો અમારો નથી, આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહાહા !

કયા કહા ? કે આત્મા પર્યાયમેં અબંધ સ્વરૂપ હૈ એ પર્યાયમેં પર્યાયકા સ્વપરપ્રકાશક સ્વભાવ હોનેસે, અજ્ઞાનીકી પર્યાયમેં ભી એ દ્રવ્ય જ જાનનેમેં આતા હૈ, પણ અજ્ઞાની રાગકા સંબંધમેં રુકનેસે, રાગકો જાનતે હૈ, જે ઉસમેં હૈ નહીં ઉસકો જાનતે હૈ, અને જે હૈ પર્યાયમેં જાનનેવાલી ચીજ ઇસકો જાનતે નહીં. આહાહાહા ! કહો સુમનભાઈ ! ન્યાં ક્યાંય મળે એવું નથી આવું. આહાહાહા ! રખડવાના રસ્તા છે બાપા. આહાહા !

અરે એને કાને ન પડે સત્ય, સત્તને કઈ રીતે શોધે ? આહાહા !

ભગવાન તેરા સ્વરૂપ જે પૂર્ણ અબદ્ધસ્વરૂપ હૈ, આહાહાહા... એ તેરી પર્યાયમેં અબદ્ધ જ સ્વયં સદા સબકો જાનનેમેં આતા હૈ, ઐસા હોનેપર ભી રાગકા સંબંધમેં બંધમેં ત્યાં રુકનેસે પર્યાયમેં જાનનેમેં આતા હૈ અબંધ વો નહીં જાન સકતે. આહાહાહા ! આવી વાત છે. ચાહે તો ભગવાનકી ભક્તિકા રાગ હો, ચાહે તો શાસ્ત્રકી ભક્તિકા રાગ હો. આહાહાહા... પણ એ રાગકા બંધ, રાગ એ બંધ હૈ, ભગવાન અબંધસ્વરૂપ હૈ, તો પર્યાયમેં અબંધ સ્વરૂપ જાનનેમેં આતા હૈ, સ્વભાવ જ ઐસા હૈ. પર્યાયકા સ્વભાવ જ ઐસા હૈ. આહાહાહા ! જ્ઞાનકી પર્યાયમેં અવસ્થામેં ત્રિકાળી અવસ્થાયી પ્રભુ સ્વયં જાનનેમેં આતા હૈ ઐસા પર્યાયકા ધર્મ હૈ, આહા ! સ્વભાવ હૈ, ઐસા હોનેપર ભી રાગકા સંબંધમેં રુકનેસે ઔર રાગકો જાનનેસે, રાગ વિનાની ચીજ પર્યાયમેં જાનનેમેં આતી હૈ, ઉસકો જાનતે નહીં. આહાહાહાહા !

કહો આવી વાત છે બાપુ, આકરી વાત ભાઈ ! વીતરાગ મારગ, રાગની પર્યાયમેં રુકનેસે વીતરાગ ભગવાન આત્મા જિનસ્વરૂપી, આહાહાહાહા... જિનસ્વરૂપી ભગવાન આત્મા એ પર્યાયમેં એ જિનસ્વરૂપ જ જાનનેમેં આતા હૈ. આહાહા ! ઐસા હોનેપર ભી જિનસ્વરૂપસે વિરૂદ્ધ જે રાગ ચાહે તો દયા, દાન, ભક્તિ, વ્રત આદિ કોઇ પણ વિકલ્પ હો, આહાહાહા... ઉસકો દેખનેસે બંધને વશે હોકર, પર્યાયમેં અબંધ સ્વરૂપ હી જાનનેમેં આતા હૈ, છતાં એ જાનતે નહીં. આહાહા !

આવી વાત છે ભાઈ ! કેટલાકને તો નવી લાગે. આ સમયસાર કંઇ નવું છે ? હૈં ? બે હજાર વર્ષથી તો કરેલું છે, આહાહાહા... વસ્તુનું સ્વરૂપ જ ઐસા હૈ પ્રભુ !

જ્યાં સ્વયં-સદા, પર્યાયમેં જ્ઞાનકી દશામેં જાનનેમેં આતે ( ઐસા ) હોનેપર ભી લક્ષ બંધ ઉપર હૈ, રાગનો વિકલ્પ ચાહે તો દયા, દાન, વ્રત ભક્તિ, રાગમેં એકાકાર હુઆ હૈ, રાગકો દેખતે હૈ, તો રાગકો દેખતે હૈ, તો પર્યાયમેં અરાગી અબંધ સ્વરૂપ જાનનેમેં આતા હૈ, ઉસકો નહીં જાનતે. આહાહાહા ! અરે ! આહાહા ! બહુ જ ભર્યું છે. ઓહોહોહોહો ! ! સંતોએ તો કરુણા કરીને જગતને આત્માની જાહેરાત કરી છે. ભાઈ ! ભગવાનની જાહેરાત તેરી પર્યાયમેં હોતી હૈ, પણ તેરી નજરું રાગ ને પર્યાયમેં રુકનેસે એ પર્યાયમેં જાનનેવાલી શક્તિને જાનતે હોનેપર ભી નહીં જાનતે. આહાહાહાહા... એકલી જ્ઞાનની ક્રિયાની વાત છે આંહીયા તો.

જબ ઐસા અનુભૂતિ સ્વરૂપ આ ભગવાન આત્મા, દેખો ! ભગવાન આત્મા ! આહાહાહા !

અનંત અનંત આનંદ ને જ્ઞાનની લક્ષ્મીકા ભંડાર ભગવાન ! એ આ બાળ ગોપાળ, બાળકસે વૃદ્ધ સબકો આહાહાહા... એ આઠ વરસનો બાળક હોય આહા... પ્રભુ, ઉસકી જ્ઞાનકી પર્યાયમેં એ ભગવાન આત્મા હી જાનનેમેં આતા હૈ. આહાહાહા... સબકો સદા સ્વયં પર્યાયમેં ભગવાન જાનનેમેં આતા હૈ. ( ઐસા ) હોને પર ભી અનાદિ રાગકે વશ હોકર રાગકા જ્ઞાનમેં રુકનેસે, અબદ્ધસ્વરૂપકા જ્ઞાન હોનેપર ભી ઇસકા જ્ઞાન નહીં કરતા હૈ. આહાહાહા ! આવો ઉપદેશ ! ઓલો તો વ્રત કરો ને તપ કરો ને, આહાહા... પડિમા લઇ લ્યો જાવ. આહાહા ! ભાઈ ! તારો નાથ અંદર મોટો પ્રભુ છે ને ? ભગવાન આત્મા કીધું ને ? ભગવાન આત્મા ! આહાહા... અજ્ઞાનીનોય આત્મા, ભગવાન આત્મા એમ કહ્યો. આહાહાહાહા... ભાઈ તને તારી ખબર નથી. જેની ખબરું થાય છે તેની તને ખબર નથી, ખબર હૈ નહીં તેરે, અને રાગની ખબરુમાં રુકનેસે ભગવાન રુકાઇ ગયા. આહાહા ! કહો, યુગલજી ! આવી વાતું છે. આહાહાહા !

સમજાય એવું છે હોં આ કંઇ એવી ભાષા આકરી નથી, ભાષા તો સાદી છે, આહાહા ! શું સંતોએ કામ કર્યાં છે. આહાહા ! આત્માની પ્રસિદ્ધિ આ ટીકાનું નામ 'આત્મખ્યાતિ' છે. એ આત્મખ્યાતિની પ્રસિદ્ધિ કરતાં, પર્યાયમાં આત્મા જણાતા હોનેપર ભી આહા... આહાહાહા... ક્યોંકિ પર્યાયકા સ્વભાવ સ્વપરપ્રકાશક હોને સે, ભલે તેરી નજર ત્યાં ન હો પણ એ સ્વપરપ્રકાશક હોનેસે સૌને સ્વયં જાનનેમેં આતા હૈ. સ્વયં ભગવાન જાનનેમેં આતા હૈ. આહાહાહા ! પણ અનાદિ બંધકે વશ, દેખો એ રાગના અંશના બંધને વશે પડયો. ભગવાન આત્મા પર્યાયમેં જાનનેમેં આતા હોને પર પણ રાગના અંશના વશમાં પડયો. આહા !

"પરદ્રવ્યોંકે સાથ એકત્વકે નિશ્ચયસે" ખરેખર તો એ વિકલ્પ રાગ હૈ, એ ભી પરદ્રવ્ય હૈ. આહાહાહા... એ સ્વદ્રવ્ય નહીં. ભગવાન આત્મા ! આહાહાહા ! વ્યવહારના રસિયાને તો એવું લાગે આ કે આ શું કહે છે, આ તે, ભાઈ ! આ તારા ઘરની વાત છે પ્રભુ, ને તારું ઘર તને જણાય છે. જાણવામાં આવતા છતાં, તારી નજર ત્યાં નથી. આહાહાહા... કહો હીરાભાઈ ! આવું છે.

આવો કેવો ઉપદેશ આવો, કે કરવું શું આમાં કાંઇ હાથ આવતું નથી કહે છે. આહાહા ! ભાઈ કરવાનું એ છે પરના બંધ ઉપરનું લક્ષ છોડી અબંધ સ્વરૂપી ભગવાન જણાય છે ત્યાં નજર નાખ, આ કરવાનું આ છે બાકી તો બધાં થોથાં છે. આહાહાહાહા !

પરદ્રવ્યના વશે એકત્વકે નિશ્ચયસે આંહી એ કયા કહા ? રાગ ને સ્વભાવની એકતા હૈ, ઐસા માનનેસે, આહાહાહા... વિભાવકા અધ્યાસ હો ગયા હૈ. એ માટે આહાહાહા... એકત્વકે નિશ્ચયસે મૂઢ અજ્ઞાનીજનકો આહા... એકકોર ભગવાન આત્મા કહા, આહાહાહા.. ભાઈ આ તો અમૃતના રેલ છે. આહાહા ! અમૃતનો સાગર ભગવાન તેરી પર્યાયમેં ભગવાન આત્મા સદા સ્વયં જણાય છે પ્રભુ, એ તેરી પર્યાયકા સ્વભાવ હૈ, પણ તેં અનાદિ રાગ ચાહે તો શુભ હો, આહાહાહા... ગુણગુણીકા ભેદકા વિકલ્પ, ઉસમેં રુકનેસે આહાહાહા... મૂઢ અજ્ઞાનીકો જો યહ અનુભૂતિ હૈ વહી મૈં હું. એ જાનનેવાલા જ્ઞાન મૈં હું. ઐસા આત્મજ્ઞાન ઉદિત નહીં હોતા. ઐસે આત્માકા જ્ઞાન, આત્મજ્ઞાન પ્રગટ નહીં હોતા. આહાહાહા... આવી વાતું છે.

વીતરાગ સ્વરૂપી ભગવાન પર્યાયમેં જાનનેમેં આતે હોનેપર ભી, રાગકે વશ હોનેસે રાગકા જ્ઞાન કરનેસે, સ્વકા જ્ઞાન રુક ગયા. આહાહાહા ! રાગકા વિકલ્પકા જ્ઞાન, ત્યાં જ્ઞાન

કિયા અરે શાસ્ત્રના જ્ઞાન છે ત્યાં રુક ગયા, મેરી પર્યાયમેં બહોત શાસ્ત્રકા જ્ઞાન હુઆ. આહાહાહાહા... ભાઈ ! એ શાસ્ત્રજ્ઞાન એ કાંઇ તારી ચીજ નહીં, પણ ઉસમેં રુકનેસે આહાહાહા... એ બંધ ભાવ હૈ. આહાહા... જ્ઞાનકો ત્યાં રુકનેસે જ્ઞાનમાં ભગવાન જાનનેમેં આતા હૈ. સો તો ઉસકો જાનતે નહીં મૂઢ. આહાહાહા !

અજ્ઞાનીજનકો યહ અનુભૂતિ હૈ વહી મૈં હું, જાનનેવાલી ચીજ યે મૈં હું ઐસા આત્મજ્ઞાન ઉદિત નહીં હોતા. ઉસકો ઐસા આત્મજ્ઞાન પ્રગટ નહીં હોતા, રાગકા જ્ઞાન પ્રગટ હોતા હૈ. આહાહાહાહા ! આવી ગંભીર વાતું. સાધારણ સમાજને એમ કહે પણ સમાજ પાસે સત્ય હોય એ સમાજની પાસે મૂકના કે અસત્ જ મુકના ? અને સમાજ આત્મા હૈ કે નહીં પ્રભુ ? અરે ! આહાહા, ભગવાન આત્મા હૈ ભાઈ, ઐસા ભગવાન આત્મા પર્યાયમેં જાનનેમેં આતા હોને પર ભી, પર્યાયમેં રાગમેં રુકનેસે, આહાહા... એ જાનનેમેં આતા હૈ, ઉસકો જાના નહીં મૂઢ. આહાહાહા... ઐસા આત્મજ્ઞાન ઉદિત નહીં હોતા. રાગકા જ્ઞાન હુઆ ઉસકો તો, આહાહાહા...

ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એકિલા જાનનેવાલા એ આંહી ઉસકા જ્ઞાન નહીં હુઆ, જિસમેં એ ચીજ નહીં ઐસા રાગકા જ્ઞાન હુઆ. આહાહા ! આત્મજ્ઞાન ઉદિત ન હુઆ. આહાહાહા... ભગવાન ! ઔર ઉસકે અભાવસે અજ્ઞાનકા શ્રદ્ધાન ગધ્ધેકે સીંગકે શ્રદ્ધાન સમાન હૈ. અજ્ઞાન જે ચીજ જાનનેમેં ન આઇ ઉસકી શ્રદ્ધા કયા ? આહાહાહા ! વિશેષ કહેગા.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નંબર ૮૦ ગાથા - ૧૭-૧૮ શ્લોક - ૨૦

**તા. ૦૮-૦૯-૭૮ શુક્રવાર, ભાદરવા સુદ-૬ સં. ૨૫૦૪**

માર્દવ ધર્મ.

उत्तमणाणपहाणो उत्तमतवयरणकरणसीलो वि ।
अप्पाणं जो हीलदि मद्दवरयणं भवे तस्स ।।३९५।।

આહાહા ! આ દસ પ્રકારકા ધર્મ, ચારિત્ર ધર્મના પેટાભેદે હૈ ચારિત્ર એ મોક્ષકા સાક્ષાત્ કારણ હૈ સમ્યગ્દર્શન ને જ્ઞાન જિસકો ચારિત્રકા કારણ હૈ ને ચારિત્ર મોક્ષકા કારણ હૈ. એ ચારિત્રમેં આ દસ ભેદ હૈ. ઇસમેં ઉત્તમ માર્દવ–નરમાશ, નરમાશ, નરમાશ... ઉત્તમ જ્ઞાન હો જાનનેકા પંડિત હો ઔર જ્ઞાન તપસ્યામેં મહા પ્રધાન તપસ્યા કરતા હો, છ– છ– મહિનાના અપવાસ આદિ, છતાં અપ્પાણ હિલદી. આહાહાહા ! આ આત્માકો અનાદર કરતે હૈ. આહાહાહા ! અરે તેરી પર્યાય કહાં ઔર સર્વજ્ઞકી પર્યાય કહાં. આહાહાહા ! સમજમેં આયા ? મુનિ હૈ, તીન કષાયકા અભાવ હૈ, ચારિત્ર હૈ, નિર્માનતા ઈતની પ્રગટ હુઈ હૈ કે જિસમેં આગળ કેવળજ્ઞાનકી પર્યાય દેખનેંસે, મૈં તો તરણતુલ્ય હું. આહાહા ! અહીંયા તો થોડા ઘણાં જાણપણા હોય ત્યાં જાણે અમે બહોત કર દિયા ને જાણ્યા ને, આહા... અરેરે આંહી તો ઉત્તમ જ્ઞાન હો શાસ્ત્રકા મહા શાસ્ત્રોકા જાનનેવાલા પંડિત હો, જ્ઞાન મદ નહિ કરે. આહાહા ! તેમ પુત્ર કલત્ર આદિમેં સમકિતી હો એ ભી ઉસમેં મેરા હૈ ઐસા અભિમાન ન કરે. આહાહા ! સમ્યદ્દષ્ટિ હૈ ( ઉસકો ) પુત્ર કલત્ર

આદિ લક્ષ્મી અબજોપતિ આદિ એ અંદર આસકિત હોતી હૈ, પણ વો મોહકા વિલાસ હૈ મેરી ચીજ નહીં. સમજમેં આયા ? ઐસા આત્મામેં નિર્માનપણા રખતે હૈ. આ વળી આ તો ત્રીજો હૈ ને ( બીજો ) ઉત્તમ માર્દવ.

હવે, આર્જવ ધર્મ.

जो चिंतेइ ण वंकं कुणदि ण वंकं ण जंपए वंकं ।
ण य गोवदि णियदोसं अज्जवधम्मो हवे तस्स ।।३९६।।

જો મુનિ મનમેં વક્રતાકા ચિંતવન નહિં કરે. આહાહા ! સૂક્ષ્મ બાત હૈ એક વાર પ્રશ્ન બહોત હુઆ થા, ૮૨ થા, સંવત ૮૨ મેં જામનગર ગયે પણ ત્યાં તો સબ ક્રિયાકાંડ બહોત ચલતે થે. તારાચંદભાઈ હતા વિરજીભાઈના પિતાજી તો એ બહારથી વ્યવહાર બધું કરાવતા એમાં આ વાત નિકળી કે ભાઈ જો મન વચન ને કાયા ઉસકી વક્રતા રહિત ને સરળતા હો, તો ઉસસે તો પુણ્યબંધ હોતા હૈ આ સરળતા જુદી હૈ વો સરળતા જુદી. સમજમેં આયા ? ચાર બોલ હૈ, શુભ નામ કર્મ બંધનમાં ચાર બોલ હૈ, મનની વક્રતા રહિત, વચનની વક્રતા રહિત, કાયાની વક્રતા રહિત, વિસંવાદ, ઝઘડો નહિ કોઈ સાથ, છતાં એ તો સમ્યગ્દર્શન રહિત હો, તો ભી ઐસા શુભભાવ તો હોતા હૈ. આહાહા ! સમજમેં આયા ? જિસસે શુભ નામકર્મ બંધ પડે આ ભાષા તો એની એ જ આહીંયા હૈ. મનમાં વક્રતા નહિ વચનમાં, એ વક્રતાકા અર્થ આનંદ સ્વરૂપ ભગવાનકા અનુભવ કરનેમેં, આહાહા... જિસમેં ઈતની સરળતા હૈ કે અતીન્દ્રિય આનંદકી ઉગ્ર શાંતિ આતી હૈ. આહાહાહા ! ઉસકા નામ આર્જવધર્મ કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? એ પાઠ તો ઐસા હૈ. પણ "ન ગુવઈ નિજ દોષમ્" અપના દોષ જો આસકિતકા થોડા હૈ વો ભી ગોપવે નહિં ભઈ કે મેરેમેં તો હૈ. સમજમેં આયા ? મેરેમેં જરી અસ્થિરતાકા દોષ આતા હૈ, મેરી કમજોરી હૈ, ઐસા સરળ મુનિ અપની જ્ઞાનદશામેં આનંદમેં સુખના સ્વાદ લેતે હૈ, ઉસકો આ સરળતા હોતી હૈ. આહાહાહા ! સમજમેં આયા ? હૈ ?

વચનસે વક્ર નહિં બોલે અપને દોષોંકો નહિં ગોપવે, ( વો ) મુનિકે ઉત્તમ આર્જવ હોતા હૈ લ્યો. આહા ! અપના દોષો હો એ ગુરુ પાસે સરળપણે જાહેર કરે, જો કે એ હૈ તો વિકલ્પ. સમજમેં આયા ? નીચે હૈ, જૈસે બાળકકી તરહ ગુરુઓંકે પાસ કહે, ઐસા ઐસા વિકલ્પ એ તો વિકલ્પ હૈ, પણ અંદરમેં ઈતની સરળતા હૈ. આહાહાહા ! કે કહેનેમેં જરી પણ ગોપવવા, ઈતની પદવીધર તુમ ને ઐસા રાગ આયા, ઐસા સરળતા કરકે બોલે, આયા મેરે. આહાહા ! મૈં સંત હું, મુનિ હું, શાંતિકા દાતા હું, છતેં મેરી પરિણતિમેં જરી રાગ ઐસા આયા, ઐસા સરળપણે વીતરાગભાવે જાહેર કરે. સમજમેં આયા ? આહાહા ! ઈસકો યહાં ઉત્તમ આર્જવ ધર્મ – ત્રીજા કહેનેમેં આતા હૈ. આ આર્જવ ધર્મમેં શુભભાવ નહિં. અંદર શુદ્ધકા ઉપયોગમેં રમણતા એ આ દસ પ્રકારકા ધર્મ હૈ. આહાહાહા ! એ તીન બોલ આયા.

આપણે સમયસાર ભાવાર્થ આયા ને ? ભાવાર્થ–ભાવાર્થઃ– ( શ્રોતાને ) આ બધું આવી ગયું છે. તમને ખબર રહેતી નથી, ( ક્યા કહા ) ખબર રહેતી નથી. આત્માકો નહીં સાધતે અન્યથા સાધ્ય આત્માકી સિદ્ધિકી અનુપપત્તિ હૈ, ત્યાં બધું આવી ગયું છે. "અન્યથા અનુપપત્તિ

હૈ” આવી ગયું છે. હર વખતે આમ થાય છે હોં, યાદ નથી રહેતું એ વાત કરી ગયા’તા અંદર.

ભાવાર્થઃ – સાધ્ય આત્માકી સિદ્ધિ દર્શન જ્ઞાન ચારિત્રસે હૈ, પર્યાયસે વાત કિયા હૈ. આહાહા ! એ પર્યાય દર્શન જ્ઞાન ચારિત્રસે સિદ્ધિ હૈ, ઐસી પર્યાયસે બાત કિયા હૈ વ્યવહારસે. આહાહા ! અરે વિકલ્પનો વ્યવહાર તો ક્યાંય( દૂર ) રહી ગયો પણ અંતર આત્માકી નિર્વિકલ્પ દૃષ્ટિનિર્વિકલ્પ સમ્યક્ આત્માકા જ્ઞાન ઔર સ્વરૂપની રમણતા, આહાહાહા... એ તીન ભી પર્યાયદૃષ્ટિસે વ્યવહારનયસે કહેનેમેં આયા હૈ. આહાહાહા ! તીસરા શબ્દ લઇએ તો એ અશુદ્ધનયસે કહેનેમેં આયા હૈ, પર્યાય હૈ ને ? ભેદ ! આહાહા ! આવી વાત છે આ. ભગવાન આત્મા, અપના શુદ્ધ, અંખડ, એકરૂપ સ્વભાવ ઉસમેંસે તીન પ્રકાર પર્યાયપણે પરિણમે, આહાહાહા... આવો મારગ.

સમ્યક્ નિર્વિકલ્પ અનુભવ ઔર આત્માકા, આત્માકા જ્ઞાન, શાસ્ત્રકા જ્ઞાન એ તો બાત યહાં હૈ હી નહીં, ઔર આત્મામેં રમણતારૂપ ચારિત્ર, ચરના, રમના એ તીન પ્રકારકી પર્યાયસે કહેનેમેં આયા હૈ, વ્યવહારનયસે કહેનેમેં આયા હૈ. તીસરા શબ્દ કહીએ તો અશુદ્ધનયસે કહેનેમેં આયા હૈ. પર્યાયકા કહેના એ અશુદ્ધનય હૈ, શુદ્ધસે કહેના અભેદસે એ શુદ્ધ નિશ્ચયનય હૈ. આહાહા ! એ નયમેં આયા હૈ, કહા થા. અશુદ્ધ–શુદ્ધનય હૈ ને ? ૪૬ ને ૪૭ પ્રવચનસાર, માટીમેંસે ઘડા, ઝારી આદિ વાસણ હો એ પર્યાય હૈ, તો એ અશુદ્ધનયકા વિષય હૈ. ઔર માટી એકિલા, એ શુદ્ધનયકા વિષય હૈ. દૃષ્ટાંત.

સિદ્ધાંત. આહાહાહા ! ભગવાન આત્મા ! સમ્યગ્દર્શન જ્ઞાન નિશ્ચયચારિત્ર ને પર્યાયરૂપે પરિણમે એ અશુદ્ધનયકા વિષય હૈ. આહાહાહા ! ઔર એકરૂપ દ્રવ્ય સ્વભાવ, એ શુદ્ધનયકા વિષય હૈ. આવો મારગ છે, આહા ! વો કહેતે હૈ, અન્ય પ્રકારસે નહીં. એ સમ્યગ્દર્શન જ્ઞાન નિશ્ચય ઉસસે મોક્ષકા માર્ગ સાધ્યકી સિદ્ધિ હૈ. મોક્ષ એટલે સાધ્ય–સિદ્ધિ, અન્ય પ્રકારસે નહીં. નિષેધ કર દિયા. વ્યવહાર રત્નત્રયસે, નિમિત્તસે હોતા હૈ, એ તીન કાલમેં નહીં. આહાહા !

ક્યોંકિ પહેલે તો આત્માકો જાને, કે જાનનેવાલા અનુભવમેં આતા હૈ. આ જાનનેવાલા જો હૈ એ અનુભવમેં આતા હૈ. રાગ હૈ એ જાનનેમેં આતા હૈ એમ નહીં. જાનનેવાલા રાગકો, સ્વકો, પરકો ભી જાનનેવાલા હૈ. એ જાનનેવાલા અનુભવમેં આતા હૈ, સો મૈં હું ! આવી ઝીણી વાત હૈ. ભભૂતમલ પ્રશ્ન કરતા’તા ને રાત્રે, સમ્યગ્દર્શન કૈસે હો ? આહા ! બાપુ ! એ વાત આહાહા ! આ જાનનેવાલા, એ અનુભવમેં આતા હૈ, રાગ–દયા, દાન, ભક્તિકા રાગ નહીં. આહાહાહા... ચાહે તો દેવગુરુ ને શાસ્ત્રકી ભક્તિ, એ ભી એક શુભ રાગ હૈ. સમજમેં આયા ? એ અનુભવમેં આતા નહીં. અનુભવમેં તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમેં આતા હૈ કે આ જ્ઞાન, જાનનેવાલા આત્મા એ અનુભવમેં આતા હૈ. આહાહા ! રીત બહુ, અભ્યાસ નહીં અને વર્તમાનમાં તો એ ઉપદેશેય ફેરફાર હો ગયા. આહાહા !

આંહી તો કહેતે હૈ, બીજી રીતે કહીએ તો જાનનેવાલા જો સર્વજ્ઞ સ્વભાવી આત્મા, આહાહાહા... જાનનેવાલા સર્વજ્ઞ સ્વભાવી એ મૈં હું. સમજમેં આયા ? આહાહા ! ‘સો મૈં હું’ ઉસકા નામ સમ્યગ્જ્ઞાન, આંહી જ્ઞાનપ્રધાનથી કથન હૈ ને ? પ્રતીતિ પીછે લેતે હૈ, આ જાનનેવાલા જો હૈ, એ જાનનેવાલા સર્વજ્ઞ સ્વભાવી હૈ, જાનનેવાલા હૈ, એ જાનન સ્વભાવી હૈ. જાનનેવાલા હૈ, સર્વજ્ઞ સ્વભાવી હૈ, જાનનેવાલા હૈ–પૂર્ણજ્ઞાન સ્વભાવી હૈ, આ વાત હૈ, એ અનુભવમેં આતા

હૈ, એ મૈં હું ઐસા જ્ઞાન હોના ઉસકા નામ સમ્યગ્જ્ઞાન હૈ. આહાહા !

"ઈસકે બાદ ઉસકી પ્રતીતિરૂપ શ્રદ્ધાન હોના" જાનનેમેં આતા હૈ એ મૈં હું, ઐસા જો જ્ઞાન હુઆ સમ્યક્ હોં. શાસ્ત્રકો જાનનેવાલા, રાગકો જાનનેવાલા એ નહીં, મૈં તો જાનનેવાલા બસ. આહાહા ! ઐસી જ્ઞાનદશા હુઈ ઉસમેં પ્રતીતિ કે આ આત્મા, એ પૂર્ણ જ્ઞાન સ્વભાવી પ્રભુ, પૂર્ણ આનંદ અતીન્દ્રિય સુખ સ્વરૂપ ઐસા જ્ઞાનમાં જાનકર, જ્ઞાનમેં જાનતે ( હી ) પ્રતીતિ હુઈ. આહાહાહા !

"ક્યોંકિ જાને બિના કિસકા શ્રદ્ધાન કરેગા ?" આહાહા ! જાનન સ્વભાવમેં જાનન ભાવમેં જાનનેવાલા મૈં હું, ઐસા અંતર્મુખ લક્ષસે જો જ્ઞાન હુઆ, આહાહાહા ! એ જ્ઞાનમેં પ્રતીતિ આઈ કે આ આત્મા વો જાનનેમેં આયા એ આત્મા ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહાહા !

"તત્ પશ્ચાત્ સમસ્ત અન્ય ભાવોસે ભેદ કરકે અપનેમેં સ્થિર હો". આહાહા ! જાનનેવાલા એ મૈં હું, ઐસા જ્ઞાન, ભાન, અનુભવ આયા ઉસમેં પ્રતીતિ આઈ કે આ આત્મા, ઔર ઉસમેં રાગ આદિસે ભેદસે ભિન્ન હોકર, આહાહા... એ જ્ઞાન સ્વભાવી આત્મા આતા હૈ ને ? હુકમચંદજીનું નહીં ? મૈં જ્ઞાનાનંદ સ્વભાવી હું, "એ રંગ-રાગસે ભિન્ન, ભેદભાવસે ભિન્ન નિરાલા હું" એક પંકિત હૈ ઉસમેં. રંગ, રાગસે ભિન્ન, રંગ નામ અજીવ, જિતના અજીવ હૈ ઉસસે ભિન્ન હૈ. રાગ, જિતના વિકાર હૈ દયા, દાન, વિકલ્પ આદિ ઉસસે ભિન્ન રંગ, રાગસે ભિન્ન, ભેદભાવસે ભિન્ન નિરાલા હું. ઔર ઉસમેં જો પર્યાયકા ભેદ હૈ, આહાહાહા... રંગ, રાગસે ભિન્ન, ભેદસે ભિન્ન નિરાલા હું, આ હુકમચંદજીએ ગોઠવ્યું છે ને ? પૂનમચંદ બોલતા થા. આહાહા !

અજીવના સમસ્ત પ્રકાર ઉસસે મૈં ભિન્ન, વિકૃતની અવસ્થાના અનેક પ્રકાર શુભ-અશુભ આદિ, ઉસસે ભિન્ન ઔર પર્યાયકા પ્રકાર અનંતગુણકા ભેદ પડતે ( હૈ ) અવસ્થા, આહાહા... રંગ, રાગસે ભિન્ન, ભેદસે ભિન્ન નિરાલા હું, આહા... ઐસી અંતરમેં જ્ઞાનદશા હોકર પ્રતીતિ હોના, અને અન્યભાવસે ભેદ કરકે દેખો, આહાહા... અપનેમેં સ્થિર હો. સ્વરૂપ અખંડાનંદ પ્રભુ ઉસમેં સ્થિર હો. આહાહા... ઈસ પ્રકાર સિદ્ધિ હોતી હૈ. હૈ ને ? કિન્તુ યદિ જાને હી નહીં. આહાહા ! જિસને જ્ઞાનકી પર્યાયમેં આત્મા કૈસા હૈ ઐસા જાના હી નહીં, એ પ્રતીતિ કિસકી કરે, જ્ઞાનમેં ચીજ જાન્યા બિના પ્રતીતિ કિસકી કરે ? આહાહા ! આવો માર્ગ છે.

યદિ, આહાહા... જાને હી નહીં, તો શ્રદ્ધાન ભી નહીં હો સકતા. આહાહા ! હૈ ? ઔર ઐસી સ્થિતિમેં સ્થિરતા કહાં કરેગા ? જબ વસ્તુ અખંડ અભેદ જ્ઞાનમેં આયા નહીં તો પ્રતીતિ કિસકી, અને પ્રતીતિ બિના સ્થિરતા કિસમેં લેગા ? આહાહા ! સ્થિરતા કહાં કરેગા ? જે ચીજ જ અખંડ જ્ઞાયક અખંડ આનંદ પ્રભુ જ્ઞાનમેં ને પ્રતીતિમેં આયા નહીં, તો સ્થિરતા કહાંસે કરેગા ? આહાહાહા ! આવો મારગ છે.

"ઈસલિયે યહ નિશ્ચય હૈ કિ અન્ય પ્રકારસે સિદ્ધિ નહીં હોતી" આહાહા ! લ્યો એનો સાર આવી ગયો ઉપરનો. અન્ય પ્રકારસે સિદ્ધિ નહીં.

# શ્લોક - ૨૦

( मालिनी )

कथमपि समुपात्तत्रित्वमप्येकताया
अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम्।
सततमनुभवामोऽनन्तचैतन्यचिह्नं
न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः।।२०।।

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

શ્લોકાર્થઃ- આચાર્ય કહે છે કેઃ [ अनन्तचैतन्यचिह्नं ] અનંત ( અવિનશ્વર ) ચૈતન્ય જેનું ચિહ્ન છે એવી [ इदम् आत्मज्योतिः ] આ આત્મજ્યોતિને [ सततम् अनुभवामः ] અમે નિરંતર અનુભવીએ છીએ [ यस्मात् ] કારણ કે [ अन्यथा साध्य-सिद्धिः न खलु न खलु ] તેના અનુભવ વિના અન્ય રીતે સાધ્ય આત્માની સિદ્ધિ નથી. કેવી છે આત્મજ્યોતિ ? [ कथम् अपि समुपात्तत्रित्वम् अपि एकतायाः अपतितम् ] જેણે કોઈ પ્રકારે ત્રણપણું અંગીકાર કર્યું છે તોપણ જે એકપણાથી ચ્યુત થઈ નથી અને [ अच्छम् उद्गच्छत् ] જે નિર્મળપણે ઉદય પામી રહી છે.

ભાવાર્થઃ- આચાર્ય કહે છે કે જેને કોઈ પ્રકારે પર્યાયદૃષ્ટિથી ત્રણપણું પ્રાપ્ત છે તોપણ શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી જે એકપણાથી રહિત નથી થઈ તથા જે અનંત ચૈતન્યસ્વરૂપ નિર્મળ ઉદયને પ્રાપ્ત થઈ રહી છે એવી આત્મજ્યોતિનો અમે નિરંતર અનુભવ કરીએ છીએ. આમ કહેવાથી એવો આશય પણ જાણવો કે જે સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે તે, જેવો અમે અનુભવ કરીએ છીએ તેવો અનુભવ કરે. ૨૦.

ટીકાઃ- હવે, કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે, જુદો નથી, તેથી જ્ઞાનને નિત્ય સેવે જ છે; તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે ? તેનું સમાધાનઃ તે એમ નથી. જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે તોપણ એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી; કારણ કે સ્વયંબુદ્ધત્વ ( પોતે પોતાની મેળે જાણવું તે ) અથવા બોધિતબુદ્ધત્વ ( બીજાના જણાવવાથી જાણવું તે ) -એ કારણપૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. ( કાં તો કાળલબ્ધિ આવે ત્યારે પોતે જ જાણી લે અથવા તો કોઈ ઉપદેશ દેનાર મળે ત્યારે જાણે-જેમ સૂતેલો પુરુષ કાં તો પોતે જ જાગે અથવા તો કોઈ જગાડે ત્યારે જાગે. ) અહીં ફરી પૂછે છે કે જો એમ છે તો જાણવાના કારણ પહેલાં શું આત્મા અજ્ઞાની જ છે કેમ કે તેને સદાય અપ્રતિબુદ્ધપણું છે ? તેનો ઉત્તરઃ એ વાત એમ જ છે, તે અજ્ઞાની જ છે.

---

એ અર્થનું કળશ કાવ્ય કહે છે લ્યો.

कथमपि समुपात्तत्रित्वमप्येकताया अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम्।
सततमनुभवामोऽनन्तचैतन्यचिह्नं न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः।। २०।।

આહાહા ! સંતો કહેતે હૈ. આહાહા ! મૈં તો ભગવાન આત્માકા નિરંતર અનુભવ કરતા હું. આહાહા ! અનંત ચૈતન્ય ચિહ્ન ! આહાહા !

શ્લોકાર્થઃ- આચાર્ય કહેતે હૈ, આહાહાહા... કે અનંત અવિનશ્વર ચૈતન્ય જિસકા ચિહ્ન, આખિરકા શબ્દ પહેલે લિયા ઉસ ત્રીજા પદમેં હૈ ને આખિર, ચૈતન્ય જિસકા ચિહ્ન અવિનશ્વર, ત્રિકાળ નિત્યાનંદ જિસકા ચિહ્ન અવિનશ્વર જિસકા લક્ષણ કભી વિનશ્વર હોતા નહીં, કભી પર્યાયમેં આતા નહીં, રાગમેં તો કહાંસે આવે, આહાહાહા ! ઐસે ભગવાન આત્મા, આહાહાહા... સર્વજ્ઞ સ્વભાવી અવિનશ્વર સ્વભાવ, આહાહાહા... એ ચૈતન્ય જિસકા અવિનશ્વર, અનંતનો અર્થ અવિનશ્વર કિયા, અનંત કાળ રહેના એ કરતાં અનંત રહેના અવિનશ્વર રહેના. આહાહાહા !

શ્રીમદ્માં એમ આવે છે, છ બોલ આવે છે ને. "પાંચેય ઉત્તરથી થઈ આત્મા વિષે પ્રતીત થાશે મોક્ષ ઉપાયની સહજ પ્રતીત એ રીત". જેને આત્મા છે, નિત્ય છે, અવિનશ્વર આવ્યું ને ? આહા ! છે... નિત્ય છે, પરિણમે છે, કર્તા તરીકે અને વો પરિણતિકા ભોક્તા યે હૈ. મોક્ષ હૈ, વસ્તુ સ્વભાવ હૈ, એ પૂર્ણપણે શુદ્ધપણે પરિણમે ઐસા મોક્ષ હૈ, મોક્ષ હૈ, ઐસા છ ( બોલ ), હૈ નિત્ય પરિણમન કર્તા ભોક્તાકા અને મોક્ષ. અપૂર્ણ પર્યાયકા કર્તા ભોક્તા-શુદ્ધતાકા, અપૂર્ણ શુદ્ધતા, આહાહા... અને પૂર્ણ શુદ્ધતાકા મોક્ષ હૈ, ઐસી અંતરમેં જિસકો પ્રતીતિ હુઈ, આહાહાહા... થાશે મોક્ષ ઉપાયની, સહજ પ્રતીત એ રીત. આહાહા !

યહાં એ કહેતે હૈ અનંત ચૈતન્ય જિસકા ચિહ્ન, હૈ તો ખરા પણ અવિનશ્વર હૈ, ચૈતન્ય, આહાહા... ભાઈ ! આ શબ્દો અધ્યાત્મના હૈ. આહાહા ! ઐસી વાણી દૂસરે નહીં મિલે, ઐસા વાચ્ય. આહાહા... આ હૈ. એ અવિનશ્વર હૈ, એ અવિનશ્વર ચૈતન્ય જિસકા ચિહ્ન હૈ, લક્ષણ હૈ, આહાહાહા... થોડું પણ પ્રભુ સત્ય હોના ચાહિયે એમ કહેતે હૈ. આહાહા !

ઐસી, ઐસી 'ઈદમ્ આત્મ જ્યોતિ' આહાહા... આ પ્રત્યક્ષ આત્મજ્યોતિ. ઓહોહો ! 'સતતમ્ અનુભવામ્' હમ નિરંતર અનુભવ કરતે હૈ. આહાહાહા ! એ નિત્ય અવિનશ્વર ચૈતન્ય સ્વરૂપ ભગવાન ઉસકો નિરંતર આસ્વાદતે હૈ. આહાહા ! આ મોક્ષકા મારગ હૈ. આહા ! સમજમેં આયા ? ભાવ સૂક્ષ્મ હૈ, વાત તો યથાર્થ હૈ. આહાહા ! સતતમ નિરંતર વેદનમેં હમ આયે, આહાહા... તે ઈદમ્ પ્રત્યક્ષ જ્ઞાતા અમને વેદનમેં હૈ. આહાહા !

'આ' નિત્ય અવિનાશી ભગવાન 'આ' ઉસકા નિરંતર અપની પર્યાયમેં આસ્વાદનમેં આતા હૈ, અનુભવમેં આતા હૈ. આહાહા ! ક્યોં કે, 'યસ્માત્ અન્યથા સાધ્ય સિદ્ધિઃ ન ખલુ ન ખલુ' ઉસકે અનુભવકે બિના, ઉસકે નામ ભગવાન અવિનશ્વર ચૈતન્ય સ્વભાવી ભગવાનકા અનુભવ બિના, આહાહા... અન્ય પ્રકારસે સાધ્ય આત્માકી સિદ્ધિ નહીં હોતી. આહાહા ! કોઈ ભગવાનકી ખૂબ ભક્તિ કરે, શાસ્ત્રકી કોઈ ભક્તિ ખૂબ કરે, દાન ખૂબ કરોડો અબજોના કરે, આહાહા ! શાસ્ત્રોની રચના કરોડોની કરે, કરોડો મંદિર બનાવે, આહાહા ! વો અન્ય પ્રકારે મુક્તિ નહીં હોતી. "ન ખલુ ન ખલુ" બે વાર કહ્યું, આહા ! આ સાધ્ય આત્માકી સિદ્ધિ નહીં હોતી, નહીં હોતી, એમ લેના. આહાહા... આવું કામ છે. એનો પહેલો જ્ઞાનમાં નિર્ધાર તો કરે. મારગ તો આ હૈ. અન્યથા સાધ્ય સિદ્ધિ ન ખલુ ન ખલુ. આહાહા ! અરે એકાંત નહીં હો જાતા હૈ ? વ્યવહારસે ભી ભક્તિસે ભગવાન, શાસ્ત્રકી મહિમાસે કોઈ લાભ હોગા કે નહીં આત્મામેં ?

ન ખલુ, ન ખલુ, નથી, નથી, ખલુ નામ નિશ્ચયસે નથી, ખરેખર નથી, ખરેખર નથી. આહાહાહા !

યહ આત્મજ્યોતિ ઐસી હૈ કે ‘કથમ્ અપિ સમુપાત ત્રિત્વમ અપિ એકતાયાઃ અપતિતમ’ આહાહાહા ! જિસને કિસી પ્રકારસે ત્રિત્વ અંગીકાર કિયા હૈ યે આત્મ વસ્તુ જો હૈ એકરૂપ ત્રિકાળ ઉસને ત્રણ પ્રકારકી પર્યાય ગ્રહણ કિયા હૈ. આહાહાહા... આ મોક્ષમારગ નિશ્ચય હોં, આહાહાહા... જિસને કિસી પ્રકારસે વ્યવહારસે, ત્રિત્વ અંગીકાર કિયા હૈ. વ્યવહારસે, પર્યાયસે, ભેદસે, આહાહાહાહા... કિસી પ્રકારસે, અશુદ્ધનયસે, આહાહાહા... આવો મારગ છે આકરો ભારે. નિશ્ચય આત્માકા સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જે નિર્વિકલ્પ વીતરાગી પર્યાય, પણ તીન પ્રકારકા પરિણમન, એ પર્યાય, એ વ્યવહારનયનો વિષય, અશુદ્ધનયકા વિષય. આહાહાહાહા... પર્યાયનય કહો, વ્યવહારનય કહો કે અશુદ્ધનય કહો. આહાહાહા... કિસી પ્રકારસે ત્રિત્વ અંગીકાર કિયા હૈ તથાપિ એકત્વસે ચ્યુત ન હુઈ. આહાહાહા... દ્રવ્ય સ્વભાવ જો એકરૂપે હૈ ઉસસે ચ્યુત નહીં હુઈ. આહાહા ! દ્રવ્ય સ્વભાવ પર્યાયમેં આયા નહીં. આહાહા ! ગજબ વાત હૈ.

પર્યાયનયસે તીન પ્રકાર અંગીકાર કિયા હૈ, મારગ તે મારગ છે. કહો, ભભૂતમલજી ! એ ન્યાં પ્રવૃત્તિ છોડીને નિવૃત્તિ લે તો સમજાય એવું છે, એમ ને એમ ઘુંસાઘુંસ. આહાહાહા... આ મારગ અત્યારે તો બહુ કોઈએ કંઈક કરી નાંખ્યું ને કોઈએ કંઈક કરી નાંખ્યું. કોઈ કહે દયા, દાન ને વ્રતથી થશે, કોઈ કહે ભક્તિથી થશે, પ્રતિમાની ભક્તિથી, કોઈ કહે ભગવાનની ભક્તિથી, કોઈ કહે શાસ્ત્રની ભક્તિ, સબ એક પ્રકાર હૈ અજ્ઞાન. આહાહાહાહા !

આંહીયા તો ભગવાન આત્મા હૈ, નિત્ય હૈ, એકરૂપ હૈ, આહાહાહાહા ! ઉસકા આશ્રયસે તીન પ્રકારકા પરિણમન હોના સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર વો ભી પર્યાય હૈ, વ્યવહાર હૈ ને અશુદ્ધનય હૈ. આહાહાહાહાહા ! ( શ્રોતાઃ– ફિર કયા કરના ? ) આ કરના, કયા ? હૈ ? અંદર જાના, દ્રવ્ય સ્વભાવમેં એકત્વ કરના, દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ દેના, પર્યાયકા ભેદ, લક્ષ છોડ દેના એમ કહેના હૈ. ભગવાન જ્ઞાયકભાવ અવિનશ્વર આયા ને ? એકરૂપ રહેનેવાલા ત્યાં દૃષ્ટિ દે, પણ એ દૃષ્ટિની અપેક્ષાસે કથન કરે તો ત્રણ પર્યાય હો ગઈ, દર્શન, જ્ઞાન ને ચારિત્ર. આહાહા ! ઉસકા વિષય હૈ એ અભેદ હૈ, પણ અભેદકા વિષય હોનેસે જો પર્યાય જો હુઈ, હૈ ? ( શ્રોતાઃ– એમાં કાંઈ સમજણ આવતી નથી. ઘડીકમાં ભેદ કહો છો ઘડીકમાં અભેદ કહો છો ? એમાં કાંઈ સમજાતું નથી. ) સ્પષ્ટ કરાવે છે. એમ હૈ, કે વસ્તુ જો એકરૂપ ત્રિકાળ હૈ, ઉસકા અંદર દૃષ્ટિ દેના વો ચીજ હૈ. છતેં ઉસકા લક્ષસે દ્રવ્ય જો હૈ એ સમ્યગ્દર્શન જ્ઞાનરૂપે પરિણમતે હૈ, એ પર્યાય એ વ્યવહાર હૈ, ત્રિકાળી વસ્તુ નિશ્ચય હૈ. ત્રિકાળી વસ્તુ એ અભેદ હૈ, તીન પ્રકારકા પરિણમન કરના એ ભેદ હૈ, વ્યવહાર હૈ, અશુદ્ધ હૈ, મેચક હૈ, મલિન હૈ, ઐસા કહેનેમેં વ્યવહાર હૈ. આહાહા ! એ સોળમી ગાથામાં આ ગયા હૈ મેચક અમેચક. આવી વાત છે પ્રભુ શું થાય ? ભગવાનના વિરહ પડયા, લક્ષ્મી ઘટી ગઈ જ્ઞાનની, લોકોએ અપની કલ્પનાસે મારગ ચલાયા, ઐસા મારગમેં હૈ નહીં ભાઈ. આહાહા ! સમજમેં આયા ?

મનોહરલાલજી હતા ને વર્ણી મનોહરલાલજી, વર્ણીજીના શિષ્ય એને બિચારાને કોકે મારી નાખ્યા, એમ સાંભળ્યું છે. ગળે બાંધીને પણ એણે પ્રશ્ન કિયા ત્યાં એકવાર જયપુર આવ્યા ’તા. કે આ ઉદ્દેશિકનો ખુલાસો થાય, મેં કીધું ઉદ્દેશિક કયા કહીએ પ્રભુ ? એમ કે ગૃહસ્થો એના માટે

કરતે હૈ તો લેનારને એમાં શું દોષ હતો ? એણે ક્યાં કરાવ્યા હૈ ? અરે પ્રભુનો વિરહ પડયો ને પ્રભુ, ભગવાનની ગેરહાજરીમાં ઉસકા માટે કિયા એ કાંઈ દોષ નહિ આને ? એ ન હોઈ શકે, મૈં તો ત્યાં લગ કહા, મૈં તો પ્રભુ શાંતિસે કહા થા, ઉસ સમયમેં તો દ્રવ્યલિંગી ક્ષુલ્લક ભી અભી હૈ માનતા નહીં... નહીં એ ક્ષુલ્લક થા તભી તો સૂનતે થે, પીછે જરી વિરોધ હો ગયા બહોત.

એમાં બિચારા ગુજરી ગયા. કોકે... પુસ્તક બનાતે થે ને બહોત, સેટ બનાતે થે ને પછી વેચતે થે, ગૃહસ્થને, પૈસા બહોત એકઠા હુઆ થા, પાંચ લાખ હૈ એમ કહેતે થે કોઈ, એમાં એક ગૃહસ્થ પાસે અઢી લાખ માંગતે થે મેરઠમેં, તો ઐસા સૂના હૈ કે લોકોએ વિનંતી કરી કે સાહેબ હવે ત્યાં આવો ઈસરીમેં રહો જેમ કાનજી સ્વામી એક સ્થાનમેં રહેતે હૈ અને પરિચય કરે ને, શું કહેવાય આને પ્રભાવના ? ના, ( શ્રોતાઃ- પ્રચાર-પ્રચાર ) પ્રચાર અને પ્રસાર કરતે હૈ. એમ કે એને કહ્યું તમે હવે ત્યાં ઈસરીમાં આવો ત્યારે એને ઓલા એ પૈસા માગતા હશે જેની પાસે એને માગ્યા અઢી લાખ માગતા હતા, તો કહે અઢી લાખ આપો. એણે કહ્યું, ( શું આ હૈ ) સાડા ચાર બજ્યા સુધી બિચારા કાંઈ નહીં થા હોં, બૈઠે થે, જીભ નીકળી ગઈ. હાર્ટ ફેઈલ હોય તો જીભ ન નીકળે. ઐસા સૂના હૈ. હાર્ટફેઈલ હો જાયે પણ આમ જીભ અરર આવું કોઈ પણ પ્રાણી માટે, આહાહા... પાંચ મિનિટમાં દેહ છુટી ગયો. આ બીજા જોડે આવે ત્યાં મરી ગયા. મડદા, સાડા ચાર વાગ્યા ત્યાં સુધી કાંઈ નહીં, આમ શું થયું આ એને મૈં કહા થા ભાઈ ગૃહસ્થો, ક્ષુલ્લક અને સાધુ માટે ( આહાર ) બનાતે હૈ, એ લેતે હૈ એ વ્યવહાર ભી સચ્ચા નહીં ઉસકા. આહાહા ! ઉસકા દ્રવ્યલિંગ ભી સચ્ચા નહિ. આહાહા ! ભગવાનના વિરહ પડયા તો તમારે બચાવ કરવો છે ભાઈ ! આહાહાહા !

આંહી કહેતે હૈ કે પ્રભુ એકવાર સૂન તો સહી એ સદોષ આહાર લેના એ તો ચીજમેં ક્યાંય રહી ગઈ, પણ આંહી તો નિર્દોષ વસ્તુ જ્ઞાયક એકરૂપ અભેદ, ઉસકી પરિણતિમેં તીન પર્યાય હુઈ, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ઉસકો હમ કહેતે હૈ તો, ત્રિત્વમ્ અપિ એકતાયા; ત્રિત્વમ્ હૈ પણ એ એકતાકો છોડતે નહિ, દ્રવ્ય સ્વભાવ એકરૂપ છોડયો નહીં એ પરિણમનમેં આયા તીન પ્રકાર વો વ્યવહાર હૈ. આહાહાહા ! એ પર્યાય હૈ, શુદ્ધ હૈ પણ પર્યાય હૈ, પર્યાય હૈ એ વ્યવહારનયકા વિષય હૈ, દ્રવ્ય એ ત્રિકાળી નિશ્ચયકા વિષય હૈ, પર્યાયમાત્ર વ્યવહારકા વિષય હૈ. કેવળજ્ઞાન હો તો ભી વ્યવહારકા વિષય. સમજમેં આયા ? આહાહા !

તો કહેતે હૈં, કિસી પ્રકારસે ત્રિત્વમ્ અંગીકાર પરિણતિમેં પર્યાય તીન પ્રકાર હુઈ થી તીન હુઈ હૈ એમ કહેતે હૈ. આહાહા ! કિસી પ્રકારસે 'ત્રિ' એટલે પર્યાય દૃષ્ટિસે, વ્યવહારનયસે તીન પ્રકાર હુઆ હૈ, આહાહાહા... તથાપિ એકત્વસે ચ્યુત નહીં હુઈ. જ્ઞાયકરૂપ નિશ્ચય એકરૂપ હૈ ઉસસે ચ્યૂત નહીં, પર્યાયમેં નહીં આઈ એ ચીજ. આહાહા ! સમજમેં આયા ? તીન પ્રકાર સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર મુક્તિકા સચ્ચા ઉપાય, સાધ્યકા સિદ્ધિ ઉત્પત્તિ ઇસસે હોતી હૈ છતેં એ તીન પ્રકારકા પર્યાયકો અશુદ્ધ ને વ્યવહારનયકા વિષય પર્યાયકો કહેકર, ભગવાન ત્રિકાળી જ્ઞાયક હૈ, એ એકરૂપસે કભી ચ્યુત હુઆ હી નહીં. દ્રવ્ય હૈ ઓ પર્યાયમેં કભી આયા નહીં. આહાહાહા... નિશ્ચય વસ્તુ હૈ એ કોઈ પર્યાયમેં ને વ્યવહારમેં આયા નહીં. આહાહાહાહા ! આવી

વસ્તુ છે.

આહાહા... એક શ્લોકમેં તો કિતના ભર્યા હૈ. એકરૂપ ત્રિકાળી ભગવાન જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક... ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ... ધ્રુવ... નિત્ય નિત્ય નિત્ય... સદૃશ સદૃશ સદૃશ... એ ચીજ જો નિશ્ચય હૈ એ અપના સ્વરૂપસે ચ્યુત નહીં હુઈ. આહાહાહાહા ! એ નિશ્ચય વસ્તુ હૈ એ પર્યાયપણે તીન પ્રકાર હુઈ, પણ પર્યાયમેં નિશ્ચય વસ્તુ આઈ નહીં. આહાહાહા ! ભગવાન આનંદ ગોળો, ત્રિકાળ આનંદ ગોળો, એ ધ્રુવ એકરૂપ આનંદ પિંડ પ્રભુ, એ તીન પ્રકારકી પર્યાયમેં આયા નહીં. આહાહાહા ! સમજમેં આયા ? આવી વાત છે પ્રભુ. આહાહા ! એને જ્ઞાનમાં તો પહેલાં લેના પડેગા, મારગ આ હૈ, દૂસરી રીતે હૈ નહીં. આહા !

તથાપિ એકત્વસે ચ્યુત નહીં હુઈ "અચ્છમ ઉદ્‌ગચ્છતમ્". આહાહા ! એ નિર્મળતાસે ઉદયકો પ્રાપ્ત હો રહી હૈ, આહાહા ! ત્રિકાળ નિર્મળપણે હૈ, આહાહાહા... "અચ્છમ ઉદ્‌ગચ્છતમ્" નિર્મળપણે ત્રિકાળ હૈ. એ નિર્મળતાસે ઉદયકો નામ પ્રગટ અંદર પ્રાપ્ત હુઈ હૈ ત્રિકાળ. આહાહાહા ! સમજમેં આયા ? આમાં કયા અર્થ કિયા હૈ ? શું છે આ, વીસમો છે ને ? પરિણમે છે એમ કીધું છે એમાં. આત્મજ્યોતિ પ્રકાશરૂપ પરિણમે છે એમ લીધું. આમ એક અર્થ ઐસા લિયા હૈ. અચ્છમ નિર્મળ ત્રિકાળ હૈ નિશ્ચય જે વસ્તુ હૈ એ તો નિર્મળ ત્રિકાળ હૈ. પીછે પર્યાયમેં પરિણતિ હોતી હૈ, જૈસા ઉસકા નિર્મળ જ્ઞાયક સ્વભાવ હૈ અચ્છમ એ પર્યાયપણે પરિણમતિ હૈ, પર્યાય દૃષ્ટિસે. આહાહાહા !

શ્લોક ઘણો ગંભીર છે. આહાહાહા ! દરેક શ્લોક આખો જૈન ધર્મ, બસ સાચી વાત બાપુ. એનો એક શ્લોક, એનો એક કળશ, સારા જૈનશાસન, એક એકમેં ભર દિયા હૈ. આહાહાહા !

ભાવાર્થઃ– આચાર્ય કહેતે હૈ કે જિસે કિસી પ્રકાર, જિસે એટલે આત્માએ કોઈ પ્રકાર એટલે પર્યાય દૃષ્ટિસે જુઓ. ત્રિત્વમ્ પ્રાપ્ત હૈ. આહાહાહા... દ્રવ્ય જો હૈ એ પર્યાયપણે ત્રિપણે પરિણમતા હૈ. આહાહા ! અલગ નહીં હૈ.

તથાપિ શુદ્ધ દ્રવ્ય દૃષ્ટિસે એકત્વસે રહિત નહીં હુઈ. આહાહાહાહા ! ભગવાન આત્મા એકરૂપ ત્રિકાળ જો વસ્તુ હૈ, એ કભી ઉસસે ચ્યુત નહીં હુઈ. આહાહા ! પર્યાય દૃષ્ટિસે તો ત્રિત્વ પ્રાપ્ત હૈ તોપણ શુદ્ધ દૃષ્ટિસે એકત્વસે રહિત નહીં હુઈ. આહાહાહાહા ! એ દ્રવ્ય પરિણમ્યા હૈ પર્યાયપણે એમ કહેનેમેં આયા, છતાંય એ દ્રવ્ય, પર્યાયમેં આયા નહીં. આહાહા ! "દ્રવતિ ઈતિ ગચ્છતિ ઈતિ દ્રવ્યમ્" આવે છે ને ? દ્રવ્ય છે એ "દ્રવતિ ગચ્છતિ ઈતિ દ્રવ્યમ્". દ્રવ્ય જે છે એ દ્રવ્યતિ, પર્યાયમેં દ્રવે, દ્રવે પાણીનું દળ હૈ, એ પાણીના તરંગપણે ઊઠે એમ ભગવાન આત્મા એકરૂપ ત્રિકાળ હૈ. એ પર્યાયપણે દ્રવતે હૈ. એ દ્રવ્યતિ હૈ એ પર્યાય હૈ. દ્રવ્ય દ્રવ્યતિ હૈ એમ કહેના એ વ્યવહાર હૈ. સમજમેં આયા ? આહાહા...

અરે આવી ચીજ હૈ, સમજમેં ન આવે, સૂનનેમેં ન આવે, એ કયા કરે ? વિરોધ કરે વિરોધ, કિસકા વિરોધ કરતે હૈ એ ખબર નહીં, હૈં ? એનો વિરોધ કરે છે. ભાઈ ! બાપુ ! ઉંધી દૃષ્ટિસે દુઃખ હોગા ભાઈ અને દુઃખમાં રહેના એ કોણ ઈચ્છે પ્રભુ. આહાહા ! એ વિપરીત દૃષ્ટિસે તો મહાદુઃખ હોગા, અહીંયા તો વિપરીત દૃષ્ટિ નહીં પણ પર્યાય દૃષ્ટિસે ભી આશ્રય કરને જાએગા તો રાગ હોગા. આહાહા ! તીન પ્રકારકા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, ઉસકા લક્ષ કરેગા ભેદસે તો ભી

રાગ હોગા. આહાહાહાહા... કિસી પ્રકાર પર્યાય દૃષ્ટિસે જિસે એમ કહાને ? આહાહા. જેણે... આ તો ભાઈ જેણે જિસે કિસી પ્રકાર, જિસે એટલે આત્માએ ત્રિકાળી, કિસી પ્રકાર એટલે પર્યાયદૃષ્ટિસે, એમ ? ત્રણપણા અંગીકાર કિયા. આહાહાહા ! નિશ્ચય સમ્યગ્દર્શન નિર્વિકલ્પ, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, આત્મજ્ઞાન નિશ્ચય ચારિત્ર સ્વરૂપની રમણતા, એ જિસે એટલે આત્માએ પર્યાયદૃષ્ટિસે ત્રણ પ્રકાર હુઆ હૈ. આહાહાહા ! શુદ્ધદ્રવ્યદૃષ્ટિસે જે એકત્વસે રહિત નહીં હુઈ. એકરૂપ જ્ઞાયકભાવ, એ પર્યાયમેં કદી આયે નહીં. આહાહાહા ! ભગવાન એકરૂપ ચૈતન્યદળ સર્વજ્ઞ, સર્વદર્શી, અનંત આનંદ એકરૂપ નિશ્ચય, એ કભી પર્યાયમેં એકત્વકો છોડકર, અનેકરૂપ એ ચીજ ન હુઈ. આહાહાહા ! આહાહા ! આવી વાત ક્યાં છે ? આકરી પડે એટલે રસ્તો લઈ લીધો બીજો, ઊંધો. આહાહા !

તથા અનંત ચૈતન્યસ્વરૂપ નિર્મળ ઉદયકો પ્રાપ્ત હો રહી હૈ ત્રિકાળપણે ઐસા હૈ, હૈ ? આંહી તો એ લિયા અનંત ચૈતન્ય નિર્મળ ઉદયકો પ્રાપ્ત, કાયમ ત્રિકાળ નિર્મળ જ્યોતિ પડી હૈ. જો ઐસા અર્થ કિયા અહીંયા. આહાહા... મૂળ તો ત્યાં બતાના કે વસ્તુ તો નિર્મળજ્યોતિ એકરૂપ ત્રિકાળ હૈ, ઐસી આત્મજ્યોતિકો દેખો. જોયું ? પંડિતજી ! ઐસા આત્મજ્યોતિ લિયા હૈ. ઓલામાં જરી પરિણમન લીધા, પણ અનંત ચૈતન્યસ્વરૂપ અવિનાશી ચૈતન્ય ચિહ્ન ન્યાં આવ્યું ને ? આવ્યું 'તું ને ? છે ને અંદર ? અનંત ચૈતન્ય ચિહ્ન એ પહેલો એ. આહાહાહાહા ! આ ત્રણ લોકના નાથ ભગવાનની આ વાણી હૈ, સંતોની વાણી એ ભગવાનની વાણી હૈ, આહાહાહાહા... એક એક શબ્દમેં બહોત ગૂઢ હૈ.

ભગવાન આત્મા અનંત ચૈતન્યસ્વરૂપ નિર્મળ ઉદયકો નામ કાયમ રહેના એ પ્રાપ્ત હો રહી હૈ. આહાહાહાહા ! ઐસી આત્મજ્યોતિ દેખો, ઐસી ભગવાન આત્મજ્યોતિ, હમ નિરંતર અનુભવ કરતે હૈ, એ પર્યાય. આત્મજ્યોતિકા હમ નિરંતર અનુભવ કરતે હૈ, પર્યાયમેં અનુભવ કરતે હૈ. આહાહા ! એ આત્માકા હમ અનુભવ કરતે હૈ એમ કહેતે હૈ. પર્યાય હૈ ને અનુભવ તો. આહાહાહા... આત્મજ્યોતિ ભગવાન, ચૈતન્યજ્યોતિ, સ્વયંજ્યોતિ, નિર્મળજ્યોતિ, એકરૂપ ભગવાન ચૈતન્યજ્યોત, ઉસકા અનુભવ આહાહાહાહા... નિરંતર અનુભવ કરતે હૈ, કયોંકિ એ સિવાય કોઈ મુક્તિકી સાધ્યકી સિદ્ધિ હૈ નહીં, મોક્ષરૂપી સાધ્ય એ સિવાય સિદ્ધિ હૈ નહીં. આહાહાહાહા !

કહેનેકા આશય એ હૈ કે યે ભી જાનના ચાહિયે કે જો સમ્યગ્દૃષ્ટિ પુરુષ હૈ. આહાહાહા ! પોતે મુનિ તો કહેતે હૈ અમે ભગવાન આત્મજ્યોતિ નિર્મળ ઝળહળ જ્યોતિ, અવનિશ્વર ઉસકા અનુભવ કરતે હૈ, એ મોક્ષકા માર્ગ હૈ. આહાહાહાહા ! હવે જો સમ્યગ્દૃષ્ટિ પુરુષ હૈ વે જૈસા હમ અનુભવ કરતે હૈ વૈસા અનુભવ કરે. આહાહા ! જિસને અપના પૂર્ણાનંદ જ્ઞાયકસ્વભાવ પ્રતીતમેં લિયા હૈ, ઐસા સમકિતી જીવો, તુમ્હે નિરંતર અનુભવ કરો. રાગકી ક્રિયામેં આતે હૈ, તો ( ઉસે ) છોડકર અનુભવ કરો એમ કહેતે હૈ. આહાહાહા ! અશુભ રાગસે બચનેકો શુભ રાગ આતા હૈ, પણ ઉસસે બચનેકો ( ઉસે ) છોડકર, આહાહાહા... સમ્યગ્દૃષ્ટિ પણ આ અનુભવ કરો. એ અનુભવ આત્માકા મોક્ષકા કારણ હૈ. "અનુભવ રત્ન ચિંતામણી અનુભવ હૈ રસકૂંપ અનુભવ મારગ મોક્ષકો અનુભવ મોક્ષ સ્વરૂપ." આ વાત હૈ ભાઈ. ઝીણી વાત હૈ. આ તો ઓલા

પૈસાવાળાને પૈસા ખર્ચે એટલે પદ આપી દે કે જાવ ધર્મી થઈ ગયા. ભભૂતમલજી ! આઠ લાખ ખર્ચ્યા ત્યાં એણે મંદિરમેં બેંગ્લોર આઠ લાખ. ચાર લાખ ભાઈએ પણ કીધું ભાઈ તુમ આઠ લાખ શું દસ લાખ નાખો આ બે કરોડમાં આઠ લાખ આપ્યા તો ચાલીસ લાખ તો પેદા થયા બીજા તો એમાં શુભભાવ હોય એ તો કીધું. ધરમ બરમ નથી. આંહી એ આઠ લાખ ને દસ લાખ આપે જ શેના આટલા બધા, એટલા બધા પણ કરોડ ખર્ચી નાખે તોય એ તો જડ હૈ. જડકી પર્યાય જડ હોતી હૈ, તેરે ભાવ શુભ હૈ, વો ધરમ બરમ નહીં. આહાહાહા !

આત્માકા દર્શન–જ્ઞાન ને ચારિત્ર અનુભવ કરના વો ધર્મ હૈ. વિશેષ કહેગા.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૮૧ શ્લોક - ૨૦ની ટીકા

**તા. ૯-૯-૭૮ શનિવાર ભાદરવા સુદ-૭ પર્યૂષણ દિવસ-૪થો. ઉત્તમ શૌચ ધર્મ સં. ૨૫૦૪**

ચોથા ઉત્તમ શૌચ–શૌચ ત્રણ આ ગયા ને પહેલે ક્રોધસે વિરૂદ્ધ ઉત્તમ ક્ષમા માનસે વિરૂદ્ધ માર્દવ – માયાસે વિરૂદ્ધ સરળતા – લોભસે વિરુદ્ધ શૌચતા નિર્લોભતા એ આજ ચોથા દિન હૈ.

समसंतोसजलेण य जो धोवदि तिह्णलोहमलपुंजं ।
भोयणगिद्धिविहीणो तस्स सउच्चं हवे विमलं ।।३९७।।

મુનિની વ્યાખ્યા છે ને મુખ્ય તો એણે જાણવું તો જોઈએ ને ? મુનિકા ચારિત્ર ધર્મમેં દસ પ્રકારકા ધર્મ જો આનંદદાતા સુખસ્વરૂપ સુખકા જિસકો અનુભવ હોતા હૈ ઉસકો આ ઉત્તમ ધર્મ હોતા હૈ. આહાહાહા ! જો મુનિ સમભાવ કંચન અને તૃણ બેય ઉપર જિસકો સમભાવ હૈ. કયોંકિ એ તો જ્ઞેય હૈ – કંચન હો કે તૃણ હો – તીનકા, ઉન્હેં આ ઠીક હૈ ને આ અઠીક ઉસમેં હૈ નહીં કોઈ એ તો જ્ઞેય હૈ તો સબમેં સમભાવ ઔર સંતોષ ઔર આત્મામેં આનંદકી પ્રાપ્તિ કરના એ સંતોષ. આહાહાહાહા ! આ હૈ. સંતોષ એટલે આ રાગ ઘટાડીને સંતોષ એ ઠીક પણ મૂળ તો અતીન્દ્રિય આનંદકા પ્રગટ કરના ઉસસે સંતોષ માનના મૈં સુખરૂપ હું, મૈં અતીન્દ્રિય આનંદ સ્વરૂપ હું, ઉસકા નામ શૌચધર્મ નિર્લોભધર્મ કહેનેમેં આતા હૈ. આહાહા !

તિન્હ લોભ મળ પુંજમ – તૃષ્ણા ને લોભ ભવિષ્યની કોઈ પદાર્થની ઇચ્છા એ તૃષ્ણા, લોભ વર્તમાન પ્રાપ્ત પદાર્થમાં ઇચ્છા એ લોભ, સમજમેં આયા ? ભવિષ્યમેં પદાર્થ મિલનેકી ઇચ્છા એ તૃષ્ણા ઔર વર્તમાન પ્રાપ્ત પદાર્થમેં લોભ – ઉસકા નામ અહીં લોભ કહેતે હૈ. દોકો મળકો ધોવે એક બાત, ભોજનકી ગૃદ્ધિ દૂસરી તો હૈ નહીં મુનિકો, એક આહાર હૈ. આહાહાહા ! ઉસકી ગૃદ્ધિ અતિચાર રહિત હો ઉસકો, ઉસ મુનિકો ચિત્ત નિર્મળ હોતા હૈ, આનંદ હોતા હૈ, ઉસકો ઉત્તમ શૌચ ધર્મ હોતા હૈ. લ્યો સમભાવની વ્યાખ્યા આ ગઈ. કેવળ આહારકા ગ્રહણ હૈ મુનિકો ઉસમેં ભી તીવ્રતા નહીં લાભ – અલાભ સરસ નિરસમેં સમબુદ્ધિ રહેતા હૈ, તબ ઉત્તમ શૌચ ધર્મ હોતા હૈ. વર્તમાન લોભકા ચાર પ્રકાર જીવીતકા લોભ, આરોગ્ય રહેનેકા લોભ, આહાહા ! ઇન્દ્રિય બની રહેનેકા લોભ, ઇન્દ્રિય અનુકૂળ રહેનેકા લોભ ઔર ઉપભોગકા લોભ. એ ચારો અપને ઔર અપને સંબંધી સ્વજન મિત્ર આદિ કે દોનો કે ચાહનેસે આઠ ભેદ હોતા હૈ. આહાહાહા ! ઈસલિયે જહાં સબ હી કા લોભ નહીં હોતા. આનંદ આનંદ આનંદ આનંદ ને

આનંદ ઉસકા નામ અહીંયા શૌચ, નામ પવિત્ર ધર્મ કહેતે હૈ. આહાહા... આવી વાત છે. સમજમેં આયા ? એ ચોથા બોલકી બાત હુઈ સંતોષકી.

ચાલતો અધિકાર ટીકા આયા અહિંયા આયા હૈ ને અબ કોઈ તર્ક કરે કે આત્માકો જ્ઞાન કે સાથ તાદાત્મ્યસ્વરૂપ હૈ. ક્યા કહેતે હૈ ? ભગવાન સંતોએ જ્યારે ઐસા કહા કે તુમ જ્ઞાન સ્વરૂપી ભગવાન હૈ, ઉસકી સેવા કરો, ઉપાસના કરો. આહાહાહા ! જેમ દેવ ને દેવીની ઉપાસના કરતે હૈ. મિથ્યા ભ્રમ અજ્ઞાની, ઐસે તુમ જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા, જ્ઞાનમૂર્તિ પ્રભુ, દિવ્ય ભગવાન આત્મા એની સેવા કરો. આહાહા... અર્થાત્ ઉસમેં એકાગ્ર હો. આહાહા ! ઐસા શિષ્યે સૂના, ગુરુએ કહા. તો શિષ્ય પ્રશ્ન કરતે હૈ આત્મા તો જ્ઞાનકે સાથ તદ્રૂપ હૈ હી, આત્મા ને જ્ઞાન તો એકરૂપ હૈ, ઉસકી સેવા કરના ( ઐસા ) નયા કયા કહેતે હૈ તુમ ? આત્મા ઔર જ્ઞાન એટલે સ્વભાવ, જ્ઞાન સ્વભાવ અને આત્મા તો તાદાત્મ્ય હૈ. જેમ અગ્નિ અને ઉષ્ણતા તાદાત્મ્ય હૈ, તદ્ સ્વરૂપ હૈ, એમ ભગવાન આત્મા, આહાહાહા... અને જ્ઞાન જાનન જાનન સ્વભાવ ઉસસે આત્મા તદ્રૂપ તો હૈ હી, આહાહા... અલગ નહિ, એ આત્મા અપના જ્ઞાન સ્વભાવ કાયમી જ્ઞાયકભાવ "ઉસસે અલગ નહિ, ઈસલિયે વહ જ્ઞાનકા નિત્ય સેવન કરતા હૈ." આહાહાહાહા ! એ કારણે જ્ઞાન ને આત્મા એકરૂપ હૈ. તદ્રૂપ હૈ વો કારણે આત્મા જ્ઞાનકી સેવા તો કરતે હી હૈ. આહાહા ! "તબ ફિર ઉસે જ્ઞાનકી ઉપાસના કરનેકી શિક્ષા ક્યોં દી જાતી હૈ" ? આહાહા ! ભગવાન આત્મા દ્રવ્ય સ્વરૂપ ઉસકા જાનન જ્ઞાન સ્વભાવ એ તો તદ્રૂપ હૈ, તાદાત્મ્ય હૈ, તો પીછે જ્ઞાનકી સેવા કરનેકા ઉપાસક, ઉપાસના કરો. સેવા કરો. આહાહા ! "સએવ" તે મૈં હું ઐસી દૃષ્ટિ કરકે એકાગ્ર હો. આહાહા ! "ઐસા ક્યોં કહેતે હૈ" ?

ઉસકા સમાધાન યે હૈ. "ઐસા નહીં હૈ" સૂન, ભગવાન આત્મા અને જ્ઞાન ત્રિકાળી સ્વભાવ ઉસકી સાથ તાદાત્મ્ય દ્રવ્ય ગુણસે હૈ પણ પર્યાયે ઉસકી સેવા કિયા નહીં, પર્યાય રાગ ને પુણ્ય ને પાપના વિકલ્પની સેવા કરતી હૈ. આહાહાહાહા... પરની સેવાની અહીં વાત હૈ હી નહીં. એ જ્ઞાનકી પર્યાય વર્તમાનમેં શુભાશુભ રાગ જે ઈસમેં હૈ નહીં, હૈ, જ્ઞાન ને આત્મા એક હૈ. પણ રાગ તો ઉસમેં હૈ નહીં. છતાં એ પુણ્ય ને પાપના રાગની સેવા અનાદિસે કરતે હૈ. આહાહાહાહાહા ! ક્યોંકિ ઐસા નહીં, યદ્યપિ આત્મા જ્ઞાનકે સાથે તાદાત્મ્ય સ્વરૂપસે હૈ. ભગવાન આત્મા જ્ઞાનરૂપી સ્વચ્છતાનો અરીસો ઉસસે તો અભિન્ન હૈ હી, આહાહાહા ! તથાપિ યહ, એક ક્ષણમાત્ર ભી જ્ઞાનકા સેવન નહીં કરતાં. આહાહાહા...

જ્ઞાન સ્વભાવ અને આત્મા સ્વભાવી ઉસકો એકરૂપ હૈ, છતાં એક ક્ષણમાત્ર ભી અનંત કાળમેં કભી જ્ઞાનકી ઉપાસના કિયા નહીં. આહાહાહાહા... સૂક્ષ્મ વાત હૈ. એક ક્ષણમાત્ર ભી જ્ઞાનકા સેવન નહીં કિયા, શાસ્ત્રકા જ્ઞાન કિયા, ઉસકી સેવા કિયા, પણ અપના જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા હૈ, વો તરફકા આશ્રય કરકે એકાગ્ર હોના એક ક્ષણમાત્ર ભી કિયા નહીં પ્રભુ. આહાહાહાહા ! સમજમેં આયા ? એ પર્યાયમેં રાગાદિ હોતા હૈ, શાસ્ત્રકા જ્ઞાન હોતા હૈ, દયા દાનકા ભક્તિકા ભાવ હોતા હૈ, ઉસકી પર્યાય ( મેં ) સેવા નામ એકાગ્રતા હોતા હૈ. એની સેવા કરતે હૈ અનાદિસે, આહાહાહાહા... પણ જ્ઞાનકી પર્યાયે અપના જ્ઞાન ને આત્મા એક હૈ, એ સન્મુખ હોકર આત્માકા જ્ઞાનકી સેવા કભી કિયા નહીં.

આ બાયડી છોકરાની સેવા કરતે હૈ. એ તો અહીં બાત હૈ હી નહીં, એ તો મફતનો માને છે, એ રાગ કરે, પણ એ કરી શકતો નથી, સાચવે કે છોકરાને આ રોગ થયો માટે આપણે ધ્યાન રાખીએ ને માટે આમ થયું ને ( શ્રોતાઃ– છોકરાને લટકતો મૂકવો ? ) ક્યાં છોકરો હતો, એનો આત્મા છે ને શરીર છે એ તો પર દ્રવ્ય છે. આહાહાહા ! અહિંયા તો ત્યાં લગ કહેતે હૈ કે પર તરફના લક્ષવાળો જે શુભ અશુભભાવ પુણ્ય આદિ હોતા હૈ, ઉસમેં જે એકાગ્ર હોકર સેવા કરતે હૈ, તો એ મિથ્યાત્વભાવ હૈ. આહાહાહાહા ! પર વસ્તુ છે.

અપના ચિદાનંદ સ્વરૂપ જ્ઞાન સ્વભાવી પ્રભુ, વો તરફકી ઉપાસનાકા ઝુકાવ નહીં, અને રાગ ને પુણ્યના વિકલ્પમાં ઝુકાવ હૈ, એ ક્ષણ માત્ર ભી આત્માકી સેવા નહીં કરતે હૈ. આહાહાહા ! એ કુસેવા કરતે હૈ કીધાને પહેલે, આહાહાહા ! એ પાપકા ભાવ ઔર પુણ્યકા ભાવ ઉસમેં એકાગ્રતા હૈ, એ સેવા કરતે હૈ કુસેવા, કુસેવા હૈ એ તો. આહાહાહા ! પરકી સેવાની તો અહિંયા બાતેય નહીં, દેશની સેવા કરો, આને આ કરો, એ કરી શકતો ય નથી પછી પ્રશ્ન ક્યાં ? આહાહાહા ! અહીંયા તો અપના સ્વભાવકો ભૂલકર પુણ્ય ને પાપના ભાવ આહા... અને ક્ષણિક વર્તમાન પર્યાય ઉસમેં એકાગ્રતાકી સેવા અનાદિસે હૈ. આહાહા ! અહિંયા કહે તો પર્યાય બુદ્ધિ એમ કહેના હૈ, બીજી ભાષા હૈ, ભિન્ન–ભિન્ન રીતે સમજાના હૈ ને ? બાકી તો અનાદિકી ભગવાન તેરા વસ્તુ સ્વભાવ જ્ઞાનપ્રભુ ચૈતન્યમૂર્તિ, પ્રજ્ઞાબ્રહ્મ. આહાહા ! એ તરફકી ક્ષણમાત્ર પણ તેં ઉસકા આદર કરકે, સ્વીકાર કરકે, સત્કાર કરકે, ઉસમેં એકાગ્ર હુઆ નહીં કભી. આહાહાહા ! એક ક્ષણમાત્ર ભી જ્ઞાનકી સેવા નહીં કરતા. આહાહાહા... તો જ્ઞાન ને આત્મા તો એકમેક હૈ ને ? પણ એકમેક હૈ પણ પર્યાયમાં ક્યાં એકમેક માન્યા ? એ તો દ્રવ્ય–ગુણમેં એકમેક હૈ. સમજમેં આયા ? તીનોં બોલ લે લિયા. દ્રવ્ય નામ વસ્તુ, જ્ઞાન નામ ગુણ, એ તો એકરૂપ હૈ, પણ પર્યાય ઉસમેં એકરૂપ નહીં હુઈ. તબલગ જ્ઞાનકી સેવા ઉસને કિયા નહીં. આહાહાહાહા... દયા–દાનકા રાગ ને શાસ્ત્રકા જ્ઞાન કિયા, એની સેવા કિયા. આહા... ગજબ વાત કરે છે ને ? એ તો પર્યાયબુદ્ધિ, અજ્ઞાનબુદ્ધિ હૈ. આહાહાહાહા ! હૈ ? શિષ્યકા પ્રશ્ન થા, ઉસકા ઉત્તર હૈ. શિષ્યકા યે પ્રશ્ન થા કે ભગવાન આત્મા જેમ અગ્નિ અને ઉષ્ણતા તો એકરૂપ હી હૈ, કોઈ જુદી હૈ નહીં, એમ ભગવાન આત્મા અને જ્ઞાન સ્વભાવ એકરૂપ, તદ્રૂપ હૈ એ જુદા તો હૈ નહીં અને તુમ કહેતે હો કે આત્મા જ્ઞાનકી સેવા કરતે નહીં, હમ તો કહે કે એ તો સદાય સેવા કરતે હૈ, કે સૂન તો સહી. આહાહાહા...

જ્ઞાન સ્વભાવ આત્મા ઐસી દૃષ્ટિ કરકે ઉસમેં એકાગ્ર હુઆ નહીં, તો ક્ષણમાત્ર ભી આત્માકી સેવા કિયા નહીં ઉસને. આહાહાહાહા ! અહીં જ્ઞાનની સેવા કહેના હૈ. આહાહાહા ! જ્ઞાન સ્વભાવ ભગવાન આત્મા ઉસકી પર્યાયમેં વો તરફ ઝુકાકર, આહાહાહા... વર્તમાનમેં દયા દાન વ્રત ભક્તિકા પરિણામ ઔર શાસ્ત્રકા જ્ઞાન વો તરફકા ઝુકાવ અનાદિસે હૈ. આહાહાહા... પણ તુમ્હારા જ્ઞાન ને આત્મા એક હૈ ઐસી સેવા એકાગ્રતા કભી કિયા નહીં પ્રભુ. આહાહાહા ! આવો માર્ગ હવે અહીં તો કહે છે, હજી પરની સેવા કરો, દેશ સેવા કરો, ધર્મ થાશે. એય ! બધાં જુવાનિયા ઓલા કહે હાલો હોહા હોહા દેશની સેવા કરીએ, કોણ કરે પ્રભુ, સૂન તો સહી સેવા કરતે હો તો અજ્ઞાનસે પુણ્ય ને પાપની સેવા કિયા હૈ. આહાહાહા ! પણ વો પુણ્ય પાપસે ને પુણ્ય પાપ જિસમેં નહીં, જિસમેં જ્ઞાન સ્વભાવ હી હૈ. આહાહાહાહા... એ બાજુકા જ્ઞાનકી એકાગ્રતા,

સ્વભાવની એકાગ્રતા, સ્વભાવ સન્મુખની ઉપાસના એક ક્ષણ માત્ર ભી કિયા નહીં. આહાહાહા ! આ તો એક ક્ષણ હુઆ વો તો ખલાસ જનમ-મરણકા અંત આ ગયા. આહાહાહા !

ચૈતન્ય સ્વભાવી ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ, આહાહા... એ તરફકા બાહ્ય જે જ્ઞાન ને રાગાદિ કી મહત્તા છોડકર, આહાહાહાહા... અપના જ્ઞાયકભાવસે ભરા પડા પ્રભુ વો તરફકા દૃષ્ટિ કરકે, ઉસમેં એકાગ્રતા હોના ઉસકા નામ જ્ઞાનકી સેવા કિયા કહેનેમેં આતા હૈ. આ શાસ્ત્ર બાસ્ત્ર પઢના એ જ્ઞાનકી સેવા નહીં હૈ, એમ અહીં કહે છે. આહાહા ! શબ્દ જ્ઞાન કહ્યું'તું બંધ અધિકારમાં જિતના શાસ્ત્રકા જ્ઞાન હૈ એ તો શબ્દકા જડકા જ્ઞાન હૈ, ચૈતન્યકા નહીં. આહાહાહા ! સમજમેં આયા ? શાસ્ત્ર હૈ, પુસ્તક પાનાં, ઉસકી ભક્તિ કરના, અરે ઉસકા જ્ઞાન કરના એ ભી, આહાહાહાહા... એ પરકા જ્ઞાનકી શબ્દ જ્ઞાનકી સેવા હૈ. આંકરું કામ ભાઈ ! વીતરાગ માર્ગ કોઈ અલૌકિક હૈ. આહાહા ! એ શાસ્ત્ર ચાહે તો સમયસાર હો, પ્રવચનસારાદિ એ શાસ્ત્રકા જ્ઞાન કરે, આ શાસ્ત્ર આમ કહેતે હૈ, આમ કહેતે હૈ, તો એ તો શબ્દજ્ઞાન હુઆ અને શબ્દજ્ઞાન હુઆ એ આત્મજ્ઞાન નહીં. આહાહાહા... શાબ્દિક જ્ઞાનમેં જિસકા પ્રેમ હૈ, એ શબ્દકી સેવા કરતે હૈ. આહાહાહાહા... આવો માર્ગ છે. ભૂપતભાઈ ! ન્યાં તમારા વેપારમાં ધર્મવિલાસ સાંભળવામાં ન્યાં ક્યાંય નથી. એવું અત્યારે ગજબ પડયુ ભાઈ. આહાહા ! વાત બહુ ફેરવી નાખી લોકોએ, ( શ્રોતાઃ- લોકોએ બધું વિપરીત કરી નાખ્યું ) વિપરીત કરી નાખ્યું. આહાહા... ભાઈ તું ક્યાં છો ? એ તો જ્ઞાન સ્વભાવમાં ભગવાન તો રહે છે. આહાહા ! કયા એ રાગના ભાવમેં આત્મા હૈ ? અરે ! કયા નવતત્ત્વકી ભેદવાળી શ્રદ્ધામેં આત્મા હૈ ? કયા પંચમહાવ્રતકા વિકલ્પમેં આત્મા હૈ ? આહાહાહા ! કયા એ અગીયાર અંગકા જ્ઞાન કિયા, નવ પૂર્વકા જ્ઞાન, આહાહાહા ! પ્રભુ એમાં આત્મજ્ઞાન ન આયા. આહાહાહા ! આવી વાતું છે. યુગલજી ! લોકોને એકાંત લાગે પછી સોનગઢનું ભાઈ પરમ સત્ય તો આ છે પ્રભુ. આહાહા ! દુનિયા અપને સ્વાર્થના સ્વચ્છંદે શાસ્ત્રકા અર્થ કરે, અને માને કે અમે જ્ઞાન કિયા ભાઈ એ ચીજ કોઈ દૂસરી હૈ. આહાહા !

જ્યાં ભગવાન જ્ઞાનકા ભંડાર ભગવાન, વો તરફકા ઝુકાવસે એકાગ્રતા હોતા હૈ, ઉસને જ્ઞાનકી સેવા કિયા ઔર જિસકી પુણ્ય ને પાપ ને શાબ્દિક જ્ઞાન, આહાહાહા... અરેરે પ્રભુ શું કહે છે ? શાસ્ત્રજ્ઞાન એ શાબ્દિક જ્ઞાન, એ આત્મજ્ઞાન નહીં. આહાહાહા ! એ સેવામેં રુકાવ કરતે અનંતકાળસે ક્ષણમાત્ર ભી ભગવાન આત્મા, ચિદાનંદ ભગવાન પ્રભુ ઉસકી સેવા કિયા નહીં તેં, આહાહા... વો તરફકા ઝુકાવ એકાગ્રતા તેરા કભી નહીં હુઆ. આહાહા ! સમજમેં આયા ? બહુ મર્મની વાત હૈ. આહાહાહા !

ક્યોંકિ ? સેવન કયું ન કિયા ? "સ્વયં બુદ્ધત્વ, સ્વયં સ્વતઃ જાનના" અપનેસે અંદર જ્ઞાનકી પર્યાયસે આત્માકો જાનના, આહાહા... "ઔર ( બોધિત ) બુદ્ધત્વ દૂસરે બતાનેવાલેસે જાનના" ઈસ કારણપૂર્વક એ દો કારણપૂર્વક જ્ઞાનકી ઉત્પત્તિ હોતી હૈ, ભગવાન જ્ઞાન સ્વરૂપી તો હૈ, પણ પર્યાયમેં જ્ઞાનકી ઉત્પત્તિ આ કારણસે હોતી હૈ. કાં સ્વયં અંતર આત્મા જ્ઞાન કરે કાં બોધિત ગુરુ સમજાવે કે આ જ્ઞાન તે આત્મા, તો પીછે પણ કરના તો ઈસકો હી હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આવી ઝીણી વાતું એટલે લોકોને, એવું એકાંત લાગે અને પછી હા હો, હા હો બહારમાં મોટા ભાષણ કરે ને લાખો માણસોનું રંજન થઈ જાયને જુઓ. આહાહા ! જવાહરલાલ

અહીં આવ્યા હતાં જવાહરલાલ ( પંડિત નહેરૂ ) ભાવનગર બે લાખ માણસ, લૌકિક વાતો કરે. આહાહા... અરે આ વાત ક્યાં ? અરે અહીં કહે હું પરની સેવા કરું છું, પરની સગવડતા આપી શકું છું, પરને અગવડતા દઈ શકું છું, એ માન્યતા ભ્રમ અજ્ઞાન છે પણ અહીં તો રાગ ને શાબ્દિક જ્ઞાન એની સેવા કરું છું, એકાગ્ર છું, એ પણ મિથ્યાત્વભાવ છે. આહાહાહા ! બીજી ભાષાએ કહીએ તો એ પર્યાયબુદ્ધિમાં પડયો છે. “પર્યાય મૂઢા પર સમયા” આહાહાહા... એ પર સમયમાં છે. આહાહાહા ! ભગવાન આત્મા અપની જ્ઞાનકી સેવાકા ‘સ્વયં બુદ્ધત્વ’ અપનેસે અંતરમેં જાકર કરતે હૈ કાં કોઈ ગુરુ સમજાવે બસ એટલી વાત પણ કરના તો ઉસકો અંતરસે હૈ, એ તો નિમિત્તસે કથન હૈ, “બોધિત બુદ્ધત્વ જાનના” એ કારણપૂર્વક જ્ઞાનકી ઉત્પત્તિ દેખો પર્યાયમેં આ જ્ઞાન હૈ ને આ આત્મા હૈ, ઐસા સન્મુખ હોકર સેવા કરે ત્યારે જ્ઞાનકી ઉત્પત્તિ હોતી હૈ, ત્યારે એને જ્ઞાન ને આત્મા એક હૈ, ઐસા તબ ઉસને માન્યા. આહાહાહા ! સમજમેં આયા ? સમયસાર એટલે ગજબ વાત છે. સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા સીમંધર ભગવાનની વાણી, કુંદકુંદાચાર્ય ગયે થે સૂનને, આહાહા ! એ આ વાણી હૈ. આહાહાહા ! જેમાં એક એક પદમાં ને એક એક શ્લોકમાં ભરપૂર દરિયા ભર્યા હૈ, આહાહાહા... આહા ! બહુ ટૂંકુ ને ટચ એ, કે પ્રભુ જે જ્ઞાન સ્વભાવી આત્મા હૈ, ઉસકા આશ્રય, લક્ષ છોડકર પર્યાયમેં જિતના ( પરકા ) જ્ઞાન ને રાગ હૈ પર સંબંધી, ઉસમેં એકાગ્ર હોનેસે એ મિથ્યાબુદ્ધિ, પર્યાયબુદ્ધિ, અજ્ઞાનબુદ્ધિ હૈ. આહાહા ! ઉસને આત્માકી સેવા નહીં કિયા. આહાહા !

“સએવ” ભગવાન, સેવા એટલે સએવ ભગવાન, જ્ઞાન સ્વરૂપી તે હું, ઐસી એકાગ્રતા જ્ઞાન સ્વભાવમાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનથી એકાગ્રતા કરના. આહાહા ! આવો છે માર્ગ. લોકોએ ન સાંભળ્યો હોય એને એવું લાગે આ શું કહે છે. આ ક્યાંથી નવું કાઢયું ? નવું નથી ભાઈ ! અનાદિનો એ માર્ગ છે બાપુ ! પવિત્ર જ્ઞાન સ્વભાવથી ભરેલો ભગવાન છે ને ? એ જ્ઞાન કાંઈ બહારથી આતા નહિ હૈ. આહાહા ! શાબ્દિક જ્ઞાનસે વો આત્મજ્ઞાન નહીં હોતા હૈ, એમ કહેતે હૈ. આહાહાહા ! એ જડકા જ્ઞાનસે આત્માકા જ્ઞાન નહીં હોતા એમ કહેતે હૈ. આહાહાહાહા !

એ આત્મા તરફકા ઝુકાવસે આત્માકા જ્ઞાનકી ઉત્પત્તિ હોતી હૈ. આહાહા ! આવી વાત છે ભાઈ ! અહીં તો ઘણાં વખતથી હાલે છે. એટલે હવે તો થોડું થોડું ( સમજાય ) નહીંતર તો અજીર્ણ લાગે, કહો મોહનલાલજી ! આવી વાત છે ભગવાન. આહાહાહા ! પ્રભુ અંદર મોટો પડયો છે ને નાથ, પરમેશ્વર સ્વરૂપ જ તું છો, જ્ઞાનનો પરમ ઈશ્વર, આનંદનો પરમ ઈશ્વર, આહાહાહા... શાંતિનો પરમ ઈશ્વર, એ તરફ તેરા ઝુકાવ, સ્વીકાર કભી કિયા નહીં તેં નાથ ! જે ચીજ પરિપૂર્ણ આનંદ ને જ્ઞાનસે ભરી હૈ, ઉસકા તેરે સ્વીકાર ન હુઆ, તો તેં તેરા જ્ઞાનકી સેવા નહીં કિયા. આહાહા ! આકરું કામ ભારે !

યા તો કાળલબ્ધિ, સ્વકાળકી પ્રાપ્તિ, એ સમયમેં પ્રાપ્તિ કાળલબ્ધિ, આયે તબ સ્વયં જ્ઞાનસે સ્વયં હી જાન લે અથવા કોઈ ઉપદેશ દેનેવાલા મિલે તબ જાને, જૈસે સોયા હુઆ પુરુષ, સોયા હુઆ, સોતા હુવા પુરુષ યા તો સ્વયં હી જાગ જાએ અથવા કોઈ જગાવે તબ જાગે. આહાહા ! જાગે તો એ પોતે. આહાહા ! યહાં પુનઃ પ્રશ્ન હોતા હૈ કે યદિ ઐસા હો તો જાનનેકે કારણસે પૂર્વ, આહાહાહા ! જ્ઞાન સ્વભાવ ભગવાન ઐસા જ્ઞાન ન કિયા એ પૂર્વે કયા એ અજ્ઞાની થા ? આહાહાહા !

સમજમેં આયા ? જ્ઞાન સ્વરૂપી ભગવાન અજ્ઞાની થા ? આહાહા ! ભગવાન જ્ઞાન સ્વરૂપી પ્રભુ, ઉસકા જ્ઞાન ન કરે તો એ જ્ઞાન સ્વભાવી પ્રભુ અજ્ઞાની થા, પર્યાયમેં. આહાહાહા ! હૈ ? એસા હૈ તો જાનનેકે કારણસે પૂર્વ કયા આત્મા અજ્ઞાની હી હૈ ? આત્મા અજ્ઞાની હૈ. આહાહા !

વેદાંતવાળાને તો આ ભારે (પડે !). આહાહા ! એક આયા થા ને ત્યાં નવ્વાણુંની સાલમાં એક વેદાંતી આવ્યા, કે આ જૈનમાં આવી અધ્યાત્મની વાત, આવી જૈનમાં ક્યાંથી આવી ? કોણ કહે છે આ ? એમ કે જૈનમાં તો આ વ્રત પાળવા ને ભક્તિ કરવી આ બધું એમ ? એટલે કહે લાવને સાંભળવા જાઉં. એમ કરીને આવ્યો. વાત કરતાં-કરતાં એવી વાત નીકળી, પરમહંસ હતો કોક વેદાંતિ, કે જુઓ ભાઈ આત્મા નિત્ય તો હૈ, પણ અનિત્ય ભી હૈ, ભાગ્યો ! કે હાય હાય અનિત્ય ? અરે ભાઈ ! આત્મા હૈ ઐસા નિર્ણય કોણ ધ્રુવ કરતે હૈ કે પર્યાય કરતી હૈ ? અનિત્ય નિર્ણય કરતી હૈ કે નિત્ય નિર્ણય કરતે હૈ ? એને પણ એ વાત (ન રુચિ) અત્યારે બધે ગરબડ ચાલી રહી છે. આહાહા... આવો એમ કે જૈનમાં વળી આધ્યાત્મની વાત ને આત્માની વાત એ ક્યાંથી આવી ? એમ કે જૈનમાં તો જાણે ક્રિયાકાંડ ને વ્રત ને એ જ. એવું લોકોએ માન્યું છે, બહારનું જૈન ધર્મનું. (શ્રોતાઃ- જૈનમાં હોય એટલે કર્મની વાત હોય) કર્મની વાત ને ક્રિયાની વાત. (શ્રોતાઃ- આત્માની વાત બિલકુલ છે નહીં.) આહાહાહા ! ત્યારે એને કહેતે હૈ કે બાપુ ભગવાન તો સચ્ચિદાનંદ પ્રભુ હૈ, પણ ઉસકા નિર્ણય કરનેકી પર્યાય અનિત્ય હૈ. અરે ! આત્મા અનિત્ય ? ભાગ્યો ! આહાહા !

એ શાસ્ત્રજ્ઞાન ભી અનિત્ય હૈ, એ તો ક્ષણિક પર, વાસ્તવિક એ જ્ઞાન નહીં, પણ આત્માકા જ્ઞાન હુઆ, આહાહાહા... એ ભી પર્યાય ક્ષણિક હૈ, ધ્રુવકા જ્ઞાન હુઆ પણ પર્યાય ક્ષણિક હૈ. આહાહા ! અરેરે બે વસ્તુ જ ઐસી હૈ. અપરિણામી-પરિણમન પરિણમનમેં અપરિણામી પારિણામિક ભાવકા જ્ઞાન હોતા હૈ, કયા કહા ? પરિણમનમેં, પરિણમન અનિત્ય હૈ, પરિણમનમેં અપરિણામી પારિણામિકભાવકા જ્ઞાન હોતા હૈ. આહાહા ! એ અપરિણામીનો અર્થ પર્યાય હોતી નહીં ઉસમેં, પણ હૈ ઉસકા નામ પારિણામિક ભાવ. આહાહાહા ! પારિણામિક ભાવકા અર્થ પરિણમે તેથી પારિણામિક એમ નહીં. સહજ સ્વભાવકો અપરિણામીકો પારિણામિકભાવ કહેતે હૈ. આહાહાહા ! અરે કોઈ દિ' આવું તત્ત્વ, વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના પંથમાં જન્મ્યા એનેય ખબરું ન મળે. અરેરે ! આહાહા !

કયા જાનનેકે કારણસે પૂર્વે સ્વયં આત્માકા જ્ઞાન હોતા નહીં અને પૂર્વે ગુરુસે ભી હુઆ નહીં, તો વો પહેલે કયા અજ્ઞાની થા ? આહાહા ! કયા અજ્ઞાની હી હૈ ? આત્મા અજ્ઞાની હૈ ? આહાહા ! જ્ઞાન સ્વભાવનો ભંડાર પ્રભુ એ અજ્ઞાની હૈ ? આહાહા ! ક્યોં કિ ઉસે સદા અપ્રતિબુદ્ધત્વ હૈ. આહાહા ! કયોંકિ સ્વભાવકા અપના જ્ઞાન હૈ નહીં. અપ્રતિબુદ્ધ, દેખો ! આ સમયસારમાં અપ્રતિબુદ્ધકો સમજાતે હૈ, કેટલાક કહેતે હૈ કે આ સમયસાર તો મુનિકે માટે હૈ, અહીંયા તો (શ્રોતાઃ- એ થવા માટે) એ થવાનો થાય પછી પણ આ તો અપ્રતિબુદ્ધકો સમજાતે હૈ, સમયસાર. આહાહાહા !

અપ્રતિબુદ્ધ જ હૈ ? ઉસકા ઉત્તર ઐસા હી હૈ, એ અજ્ઞાની હી હૈ, અપના જ્ઞાન સ્વભાવકી એકાગ્રતા હુઈ નહીં, એ સન્મુખ સ્વીકાર હુઆ નહીં, મૈં તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ હું ઐસી દૃષ્ટિ

હુઈ નહીં. તબ લગ એ અજ્ઞાની હૈ, આહાહાહાહા... પર્યાયમેં અજ્ઞાની હૈ, વસ્તુ ભલે જ્ઞાન ને આનંદ હૈ. આહાહાહા ! દ્રવ્ય ગુણ ને પર્યાય તીનોં લે લિયા. દ્રવ્ય સ્વભાવવાન, ગુણ સ્વભાવ, ઔર ઉસકા ભાન હુઆ એ પર્યાય. અને ભાન ન હુઆ એ અજ્ઞાનરૂપી પર્યાય. આહાહાહા ! આવી વાત બાપા ! દ્રવ્ય ગુણ ને પર્યાયની ક્યાં ખબર છે ? આહાહાહા... બાપા હજી તો દ્રવ્ય ગુણ ને પર્યાયના નામેય આવડે નહીં. પર્યાય એટલે શું કહે એક જણો પંડિત આવ્યો હતો, દક્ષિણનો પંડિત આવ્યો હતો. નરમ માણસ હતો, ( કહે ) પર્યાય એટલે ? અરે પણ તમે મોટા પંડિત છો. અહીં આવ્યો હતો ઓલો વીસપંથી પૂજા કરે ભગવાનની કેશરથી ને ફલાણાથી, ભાઈ અહીં એ રિવાજ નથી બાપુ, પણ નરમ માણસ હતો પંડિત પછી તો, એ કહે–પર્યાય ? અરે પણ શું તમે, દ્રવ્ય ત્રિકાળી વસ્તુ, ગુણ ત્રિકાળી સ્વભાવ અને વર્તમાન પલટતી અવસ્થા એ પર્યાય. આહાહાહા ! એ પર્યાયમેં પર્યાયવાન કા જ્ઞાન હોતા હૈ. આહાહા ! આકરી વાત બાપુ બહુ ફેરફાર થઈ ગયો છે. આહાહા !

એ પર્યાય જ્ઞાયક તરફ ઝુકતી હૈ, આહાહા... તબ જ્ઞાનકી પર્યાયકા પરિણમન નિર્મળ હોતા હૈ, એ સમ્યગ્દર્શનકી પર્યાય કહો, જ્ઞાનકી પર્યાય કહો, સ્વરૂપ આચરણકી કહો, આનંદકી કહો, શાંતિકી કહો, સ્વચ્છતાકી કહો, પ્રભુતાકી, ઈશ્વરતાકી કહો, એ સબ જ્ઞાનકી પર્યાય છે. આહાહાહા ! આ આવો માર્ગ હવે, ઓલા તો ઉપવાસ કરો, છઠ્ઠ કરો, સંઘ કરો, વ્રત કરો, રસ છોડો સહેલુંસટ હતું, રખડવાના રસ્તા હૈ એ તો બધાં. દાન આપો તમે. પાંચ પચ્ચીસ લાખના એટલા બધાં તો શેના આપે, પાંચ–પચ્ચીસ પચાસ લાખ થોડા આપે વળી. આહાહા ! આપે, ક્યાં એ ચીજ ક્યાં એની હતી. એમાં ભાવ કરે કદાચ રાગ મંદનો એ પણ પુણ્ય છે. અને પુણ્યમાં એકાગ્રતા એ મિથ્યાત્વ છે. આહાહા ! પુણ્યકી સેવા કિયા. આહાહાહા... આવો માર્ગ છે બાપા ! અરેરે ! આહાહાહા... ( શ્રોતાઃ– સંસ્થાની સેવા કરવી કે ન કરવી ? ) કોણ–કોની સેવા કરે છે ? રાગ ને પુણ્યના ભાવની સેવા કરે, અજ્ઞાનભાવથી. આહાહાહા... અરેરે શાબ્દિક જ્ઞાનની સેવા આહાહાહા... એને મહત્તા લાગી જાય જાણે કે મેં કેટલું જાણ્યું ? અરે ભગવાન સાંભળને ભાઈ તને અહં પદ આવી ગયા છે મિથ્યાત્વના. આહાહા... અને જવાબ દેતા આવડે ને ભડાક–ભડાક–ભડાક એટલે જાણે કે, આહાહા... ભાઈ શું છે એ તો સ્વાભાવિક હૈ. આહાહા !

અહીં તો પરમાત્મા, સંતો કહેતે હૈ યહ પરમાત્મા કહેતે હૈ, પરમાત્મા કહેતે હૈ એ સંતો કહેતે હૈ– પ્રભુ તેં સ્વયં અપના જ્ઞાન સ્વરૂપી ભગવાન આત્મા, ઉસકી તેરે મહિમા કભી એક ક્ષણ આઈ નહીં ને પુણ્ય ને પાપ ને વર્તમાન શાસ્ત્રજ્ઞાનકી મહિમા કભી તેં છોડી નહીં પ્રભુ. આહાહા ! એવો અહીંયા ભગવાન આત્મા, ચૈતન્ય સ્વરૂપી દર્શન કરે પ્રભુ તું. આહાહા ! એ અપ્રતિબુદ્ધ હૈ, એમ શિષ્ય કહે છે હોં હજી કે હા હા ઐસા હી હૈ, અપ્રતિબુદ્ધ હૈ. અપને સ્વરૂપકે અંદર જ્ઞાન હૈ, આનંદ હૈ અને એ અપ્રતિબુદ્ધ હૈ ? હા, અપ્રતિબુદ્ધ હૈ. સ્વરૂપકા આનંદકંદ જ્ઞાન સ્વરૂપ ભગવાન, ઉસકા જ્ઞાન હુઆ નહીં, અને એકીલા રાગ ને શબ્દજ્ઞાનમેં તો એકાગ્ર હો ગયા. આહાહાહા ! એય ! સુરેશભાઈ ! શું હશે આવું તે ભાઈ, આવો માર્ગ ક્યાંથી ? એ ઝાંઝરીજી, એ અંતરિક્ષની સેવા કરવી, ને સેવા–બેવા કરી શકતો નથી એમ કહે છે. ભાવ આવે શુભ, વિકલ્પ આહાહાહા... એની પણ એકાગ્રતા થાય તો મિથ્યાત્વ હૈ. આહાહાહા... ગજબ વાત હૈ બાપા. વીતરાગ

વીતરાગ વીતરાગ, ત્રણ લોકનો નાથ સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ આ આત્મા હોં, આ સર્વજ્ઞ સ્વરૂપી પરમાત્મા જ્ઞાનસ્વરૂપી કહ્યું ને ? એ જ્ઞાન સ્વભાવ એને કહ્યું ને ? એ સર્વજ્ઞ સ્વભાવ એમ, આહાહા ! વો તરફકી એકાગ્રતા એક ક્ષણ પણ, સમય માત્ર પણ કભી કિયા નહીં, અને એક સમય માત્ર પણ સેવા કરે તો જન્મ મરણકા અંત આ જાએ ઉસકા. આહાહાહા ! ભવના અંત ત્યાં હૈ, સુખના પંથ તહાં હૈ, ભવના અંત તહાં હૈ. આહાહા ! આકરું પડે લોકોને એવું સોનગઢને નામે અરેરે આ કોણ કહેતે હૈ ? આ શાસ્ત્ર કહેતે હૈ કે નહીં ? આહાહાહા !

* સર્વ જીવો સાધર્મી છે. કોઈ વિરોધી નથી. સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઈ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઈ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરીત દૃષ્ટિવંત ન રહો. બધા જીવો સત્યના માર્ગે આવી જાવ ને સુખી થાવ ! કોઈ જીવમાં વિષમતા ન રહો. બધા જીવો પૂર્ણાનંદરૂપ પ્રભુ થઈ જાવ. સમયસાર ગાથા-૩૮ના શ્લોકમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે સર્વ જીવો આત્મામાં મગ્ન થાવ ! આહાહા ! જુઓ જ્ઞાનીની ભાવના ! પોતે પૂર્ણાનંદ સ્વરૂપ આત્મામાં મગ્ન થાય છે એટલે સર્વ જીવો પણ પૂર્ણાનંદ સ્વરૂપમાં મગ્ન થઈ સુખાનુભવ કરો એમ કહે છે.

(દૃષ્ટિનાં નિધાન - ૩૪૪)

## ગાથા - ૧૯

અબ અહીંયા પુનઃ પૂછતે હૈ એ આત્મા કિતને સમય તક આહાહા ! પ્રભુ ત્યારે હવે ઐસા અજ્ઞાની અપ્રતિબુદ્ધ કિતના કાળ તક રહેગા ? સમજમેં આયા.. ? એ પૂછતે હૈ કે યહ આત્મા, યહ આત્મા કિતને સમય કિતને કાળ તક અપ્રતિબુદ્ધ રહેતા હૈ ? એ કહો, પ્રભુ તો એ બતાવોને અપ્રતિબુદ્ધ કૈસે કહાં સુધી, આહાહા... ઉસકે ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહેતે હૈ.

तर्हि कियन्तं कालमयमप्रतिबुद्धो भवतीत्यभिधीयताम्-

**વળી ફરી પૂછે છે કે આ આત્મા કેટલા વખત સુધી ( ક્યાં સુધી ) અપ્રતિબુદ્ધ છે તે કહો. તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ-**

**कम्मे णोकम्मम्हि य अहमिदि अहकं च कम्म णोकम्मं।**
**जा एसा खलु बुद्धी अप्पडिबुद्धो हवदि ताव।।१९।।**

कर्मणि नोकर्मणि चाहमित्यहकं च कर्म नोकर्म।
यावदेषा खलु बुद्धिअप्रतिबुद्धो भवति तावत्।।१९।।

यथा स्पर्शरसगन्धवर्णादिभावेषु पृथुबुध्नोदराद्याकारपरिणतपुद्गल-स्कन्धेषु घटोऽयमिति, घटे च स्पर्शरसगन्धवर्णादिभावाः पृथुबुध्नोदराद्याकारपरिणत-पुद्गलस्कन्धाश्चामी इति वस्त्वभेदेनानुभूतिस्तथा कर्मणि मोहादिष्वन्तरङ्गेषु नोकर्मणि शरीरादिषु बहिरङ्गेषु चात्मतिरस्कारिषु पुद्गलपरिणामेष्वहमित्यात्मनि च कर्म मोहादयोऽन्तरङ्गा नोकर्म शरीरादयो बहिरङ्गाश्चात्मतिरस्कारिणः पुद्‌गलपरिणामा अमी इति वस्त्वभेदेन यावन्तं कालमनुभूतिस्तावन्तं कालमात्मा भवत्यप्रतिबुद्धः। यदा कदाचिद्यथा रूपिणो दर्पणस्य स्वपराकारावभासिनी स्वच्छतैव वह्नेरौष्ण्यं ज्वाला च तथा नीरूपस्यात्मनः स्वपराकारावभासिनी ज्ञातृतैव पुद्‌गलानां कर्म नोकर्म चेति स्वतः परतो वा भेदविज्ञानमूलानुभूतिरुत्पत्स्यते तदैव प्रतिबुद्धो भविष्यति।

---

**નોકર્મ-કર્મે ‘હું’, હુંમાં વળી ‘કર્મ ને નોકર્મ છે’,**
**એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯.**

**ગાથાર્થઃ- [ यावत् ] જ્યાં સુધી આ આત્માને [ कर्मणि ] જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ [ च ] અને [ नोकर्मणि ] શરીર આદિ નોકર્મમાં [ अहं ] ‘આ હું છું’ [ च ] અને [ अहकं कर्म नोकर्म इति ] હુંમાં ( -આત્મામાં ) ‘આ કર્મ-નોકર્મ છે’- [ एषा खलु बुद्धिः ] એવી બુદ્ધિ છે, [ तावत् ] ત્યાં સુધી [ अप्रतिबुद्धः ] આ આત્મા અપ્રતિબુદ્ધ [ भवति ] છે.**

**ટીકાઃ- જેવી રીતે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવોમાં તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત થયેલ પુદ્‌ગલના સ્કંધોમાં ‘આ ઘડો છે’ એમ, અને ઘડામાં**

**'આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવો તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત પુદ્ગલ-સ્કંધો છે' એમ વસ્તુના અભેદથી અનુભૂતિ થાય છે, તેવી રીતે કર્મ-મોહ આદિ અંતરંગ પરિણામો તથા નોકર્મ-શરીર આદિ બાહ્ય વસ્તુઓ-કે જેઓ ( બધાં ) પુદ્ગલના પરિણામ છે અને આત્માનો તિરસ્કાર કરનારા છે-તેમનામાં 'આ હું છું' એમ અને આત્મામાં 'આ કર્મ-મોહ આદિ અંતરંગ તથા નોકર્મ-શરીર આદિ બહિરંગ, આત્મ-તિરસ્કારી ( આત્માનો તિરસ્કાર કરનારા ) પુદ્ગલ-પરિણામો છે' એમ વસ્તુના અભેદથી જ્યાં સુધી અનુભૂતિ છે ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે; અને જ્યારે કોઈ વખતે, જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે અને ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે તેવી રીતે અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા ( જ્ઞાતાપણું ) જ છે અને કર્મ તથા નોકર્મ પુદ્ગલનાં છે એમ પોતાથી જ અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે એવી અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે જ ( આત્મા ) પ્રતિબુદ્ધ થશે.**

**ભાવાર્થઃ- જેમ સ્પર્શાદિમાં પુદ્ગલનો અને પુદ્ગલમાં સ્પર્શાદિનો અનુભવ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ અનુભવાય છે, તેમ જ્યાં સુધી આત્માને, કર્મ-નોકર્મમાં આત્માની અને આત્મામાં કર્મ-નોકર્મની ભ્રાંતિ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ ભાસે છે, ત્યાં સુધી તો તે અપ્રતિબુદ્ધ છે; અને જ્યારે તે એમ જાણે કે આત્મા તો જ્ઞાતા જ છે અને કર્મ-નોકર્મ પુદ્ગલનાં જ છે ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે. જેમ અરીસામાં અગ્નિની જ્વાળા દેખાય ત્યાં એમ જણાય છે કે "જ્વાળા તો અગ્નિમાં જ છે, અરીસામાં નથી પેઠી, અરીસામાં દેખાઈ રહી છે તે અરીસાની સ્વચ્છતા જ છે"; તે પ્રમાણે "કર્મ-નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં; આત્માની જ્ઞાન-સ્વચ્છતા એવી જ છે કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય; એ રીતે કર્મ-નોકર્મ જ્ઞેય છે તે પ્રતિભાસે છે"-એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ આત્માને કાં તો સ્વયમેવ થાય અથવા ઉપદેશથી થાય ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે.**

कम्मे णोकम्मम्हि य अहमिदि अहकं च कम्म णोकम्मं।
जा एसा खलु बुद्धी अप्पडिबुद्धो हवदि ताव।।१९।।

નોકર્મ-કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ ને નોકર્મ છે',
એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯.

**ટીકાઃ-** જૈસે સ્પર્શ રસ ગંધ રંગ આદિ ભાવોમેં અને ચોડા ગહરા અવગાહરૂપ ઉદરાદિકે આકારરૂપ પરિણત હુએ પુદ્ગલકે સ્કંધોમેં 'યહ ઘટ હૈ' દેખો કયા કહેતે હૈ ? સ્પર્શ, રસ, ગંધ ને રંગ, આદિ ભાવોમેં અને ચોડા ગહરા અવગાહરૂપ આકાર, ઉદરાદિ આકાર પરિણત હુએ પુદ્ગલકે સ્કંધોમેં યહ ઘટ હૈ, ઈસ પ્રકાર, ઔર ઘડેમેં યહ સ્પર્શ ગંધ રસ વર્ણ આકાર પરિણત પુદ્ગલકે સ્કંધ આદિ ભાવ ચોડે ગહરે ઉદર આકાર આદિ પરિણત પુદ્ગલ સ્કંધ હૈ. કયા કહા ? વર્ણ, ગંધ, રંગ, સ્પર્શમેં ઘટ હૈ ને. ઘટમેં વર્ણ રંગ ગંધ સ્પર્શ હે. આહાહા... અરસપરસ. આહાહા ! ઈસ પ્રકાર વસ્તુકે અભેદસે અનુભૂતિ હોતી હૈ. ઘટ ને ઘટનો ભાવ વર્ણ, ગંધ, રસ,

સ્પર્શ એ ઘટ હૈ અને ઘટ એ વર્ણ, રંગ, ગંધ, સ્પર્શરૂપ હૈ, અભેદ હૈ. સમજમેં આયા ? એ વસ્તુકે અભેદસે અનુભૂતિ હોતી હૈ, જ્ઞાન હોતા હૈ. ઈસી પ્રકાર આહાહાહા... કર્મ મોહ આદિ અંતરંગ પરિણામ, આહાહાહા... ભાવ કર્મને આ બધું, આહાહા... કર્મ મોહાદિ અંતરંગ પરિણામ ઔર રાગ દ્વેષ મિથ્યાત્વ પરિણામ. આહાહાહા... પુદ્‌ગલ સ્કંધ હૈ. આહાહા... અંતરંગ પરિણામ તથા નોકર્મ શરીરાદિ બાહ્ય વસ્તુ, આ શરીર વાણી મન એ બાહ્ય વસ્તુ, એ નોકર્મ, એમ એ સબ પુદ્‌ગલકે પરિણામ હૈ. એ તો પુદ્‌ગલના પરિણામ હૈ. આહાહાહાહા... શુભ–અશુભ રાગ, અને શરીરાદિ એ તો સબ પુદ્‌ગલકા પરિણામ હૈ. આહાહા ! "ઔર આત્માકે તિરસ્કાર કરનેવાલે હૈ". આહાહાહાહા... કયા કહેતે હૈ ? એ શુભઅશુભભાવ એ આત્માકો તિરસ્કાર કરનેવાલા હૈ. આહાહા ! મૈં હું, તુમ નહીં. પુણ્ય પાપકા ભાવ મૈં હું, એ પુણ્ય પાપકા ભાવ આત્માકા તિરસ્કાર કરતે હૈ. ભગવાન પુર્ણાનંદકા નાથ પડા હૈ. આહાહાહાહા...

આકરી વાતું બહુ, શું ગાથા ને શું ટીકા. આહાહાહા... ગજબ કોઈ, અત્યારે ભરતક્ષેત્રમાં સમયસાર, આહાહા... સર્વોત્કૃષ્ટ ગ્રંથ વીતરાગના કહ્ય હુવા હો તો આ એક હૈ, જેમાં સર્વાંગી પૂર્ણ વાત બધી, આહાહાહા... ઉસકે લગતા પ્રવચનસાર, નિયમસાર સબ હૈ. આહાહા !

એ તિરસ્કાર કરનેવાલા હૈ, આ કોણ, કયા કહેતે હૈ ? કે શરીર વાણી, મન યે મૈં હું ઐસા આતે હૈ તો ભગવાન આત્મા અખંડાનંદકા તિરસ્કાર હોતે હૈ. પુણ્ય ને પાપકા ભાવ ઉપર દૃષ્ટિ હૈ, તબલગ ભગવાનકા તો તિરસ્કાર હુઆ ભગવાન ત્રણ લોકનો નાથ બિરાજે છે અંદર. આહાહા... આ... આ હું, આ નહીં એમ કયા કહેતે હૈ એ ? એ શુભઅશુભભાવ આહાહાહા ! અરે શાસ્ત્રકા જ્ઞાન એ મૈં હું, એ ભગવાનકા અનાદર તિરસ્કાર કરતે હૈ. ગજબ વાત હૈ. આહાહા ! હૈ ? ( શ્રોતાઃ– ગજબ વાત હૈ કે પરમ સત્ય ) પરમ સત્ય, પરમ સત્ય, પરમ સત્ય સાહેબો, ભૂતાર્થ ભગવાન, સત્યાર્થ પ્રભુ, પરમ સત્ય પ્રભુ હૈ. આહાહાહા ! એક સમયમેં પણ ભૂતાર્થ ભગવાન સત્યાર્થ પ્રભુ હૈ, ઉસકા અનાદર કરકે, રાગ ને શરીર મૈં હું એ સ્વરૂપકા તિરસ્કાર કરતે હૈ પ્રભુ. આહાહાહા ! ભાષા તો સાદી હૈ ભાવ તો હૈ યહ હૈ. આહાહા ! આહાહા ! આહાહા ! ગજબ વાત કરતે હૈ ટીકા તે ટીકા, આહાહા !

શરીરાદિ વાણી મન પુણ્ય ને પાપકા અંતરંગ પરિણામ એ બાહ્યવસ્તુ હૈ, દેખો ! એ તો બાહ્યવસ્તુ હૈ, અંતર વસ્તુ નહીં એ. આહાહાહા ! બાહ્યવસ્તુમેં સબ પુદ્‌ગલકે પરિણામ હૈ, ઔર આત્માકે તિરસ્કાર કરનેવાલા હૈ. આહાહા ! ઉસકા જ્યાં સ્વીકાર કરને જાતે હૈ, ભગવાનકા અનાદર હો જાતા હૈ. આનંદનો નાથ પ્રભુ અંદર પડા હૈ. ઉસકા તિરસ્કાર હોતા હૈ ભાઈ ! આહાહાહા ! આવી વાત છે.

ઉનમેં 'યહ મૈં હું' ઉનમેં યહ મૈં હું, આહાહાહા "ઈસ પ્રકાર ઔર આત્મામેં યે કર્મ નોકર્મ અંતરંગ, બહિરંગ, આત્મ તિરસ્કારી" આત્માકે તિરસ્કાર કરનેવાલા પુદ્‌ગલ પરિણામ હૈ. એ રાગ ને શરીર ને વાણીમેં મૈં હું અને રાગ ને શરીરાદિ મેરેમેં હૈ. આહાહાહા ! આવી વાત હવે કહો, અહીં તો પુણ્યથી ધર્મ થાય ને, અરે પ્રભુ શું કરે છે તું ? આ પુણ્ય અંતરંગ પરિણામ ઉસમેં મૈ હું, ઔર મેરેમેં એ હૈ. મિથ્યાત્વ તિરસ્કાર તેરે આહાહાહા... પ્રભુ, સમજમેં આયા ? ઓહોહો... ! થોડા શબ્દમેં ગાગરમેં સાગર ભર દિયા હૈ. ઈસમેં, ઉનમેં યહ મૈં હું, આ મૈં હું, રાગ પુણ્ય દયા

દાન વિકલ્પ રાગ, આહાહાહા... દેવ ગુરુ શાસ્ત્રકી ભક્તિકા રાગ, શાસ્ત્રકી ભક્તિકા રાગ, આહાહાહાહા... યહ મૈં હું, ઈસ પ્રકાર, ઔર આત્મામેં એ કર્મ–નોકર્મ રાગાદિ અંતરંગ પરિણામ અને શરીર–વાણી આદિ બહિરંગ ( પરિણામ ), તિરસ્કારી, આહાહા... આત્માકે તિરસ્કાર કરનેવાલે પુદ્‌ગલ પરિણામ હૈ, મેરેમેં યે હૈ, તિરસ્કાર કરનેવાલી ચીજ મેરેમેં હૈ. આહાહાહાહા ! ગજબ હૈ.

"ઈસ પ્રકાર વસ્તુકે અભેદસે" કયા ? એ પુણ્ય ને પાપના પરિણામ અંતરંગ, બહિરંગ શરીર વાણી મન એ મૈં હું અને એ મેરેમેં હૈ. ઐસી ( માન્યતા ) જબલગ જેમ ઘટ ને વર્ણ ગંધ રસ સ્પર્શ અભેદ હૈ ઘટ વર્ણ ગંધ રસ સ્પર્શ હૈ. વર્ણ ગંધ રંગ સ્પર્શ સબ ઘટરૂપ હૈ, ઐસે આ આત્મા પુણ્ય ને પાપ શરીર વાણી મન મૈં હું. એ અંતરંગ પરિણામ આદિ મેરેમેં હૈ, ઐસે અભેદસે જબ તક અનુભૂતિ હૈ. અભેદસે જબતક અનુભવ હૈ. એટલે કે જ્ઞાન હૈ, આહાહાહાહા... આવો માર્ગ છે. તબતક આત્મા અપ્રતિબુદ્ધ હૈ. આહાહાહા... કયા કહા ? કે જબલગ ભગવાન આત્મા ઉસમેં પુણ્ય ને પાપ ને શરીર ને વાણી ને કર્મમાં એ મૈં હું અને એ ચીજ મેરેમેં હૈ, તબલગ વો અજ્ઞાની અપ્રતિબુદ્ધ હૈ. આહાહા ! ઉસકો જ્ઞાન સ્વરૂપમેં આ રાગાદિ નહીં ને રાગમેં આત્મા નહિ, ઈસકી ખબર નહીં. આહાહા ! આવી વાતું ભારે આકરી ! દેવ ગુરુ શાસ્ત્રની ભક્તિનો રાગ, એ રાગમેં મૈં હું અને રાગ મેરેમેં હૈ. આહાહાહાહા... આ તો રાગસે મેરે કલ્યાણ હોગા, તો ઉસકા અર્થ એ હુઆ કે રાગ મેરેમેં હૈ. આહાહા ! તબલગ એ અપ્રતિબુદ્ધ અજ્ઞાની, હૈ ને ? આહાહા ! પીછે હવે વિશેષ વાત હૈ.

( શ્રોતાઃ– પ્રમાણવચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૮૨ ગાથા - ૧૯

### તા. ૧૦-૯-૭૮ રવિવાર ભાદરવા સુદ-૮ સં. ૨૫૦૪ ઉત્તમ સત્ય ધર્મ

जिणवयणमेव भासदि तं पालेदुं असक्कमाणो वि ।
ववहारेण वि अलियं ण वददि जो सच्चवाई सो ।।३९८।।

જે મુનિ, મુનિના ચારિત્રના ભેદ છે ને આ ચારિત્રકા ભેદ હૈ આ દસ પ્રકાર. મુનિ ! જિનસુત્ર હી કે વચનકો કહે, જિનસુત્ર કો હી વચનકો કહે. ઉસમેં જો આચારાદિ કહા ગયા હૈ, ઉસકા પાલન કરને મેં અસમર્થ હો તો ભી અન્યથા ન કહે. આહા ! કે એ મેં બરાબર પાળ શકતા નહિં. મેરે દોષ લગતા હૈ એસે જિનવાણી જે કહે તે પ્રમાણે કહે અપના સ્વચ્છંદ ન કહે, આહાહા... પાલન કરનેમેં અસમર્થ હો તો ભી જાુઠા ન કહે. આહાહા ! ઔર જો વ્યવહારસે ભી અલગ નહિ કહે. આહાહા ! વ્યવહાર બોલ હૈ ઉસમેં ભી અસત્ય ન કહે. બોલચાલ ગૃહસ્થી સાથે ચલતી હો બાત વ્યવહારમેં ભી જાુઠા ન કહે. એ મુનિ સત્યવાદી હૈ. દસપ્રકાર લીધા છે ઉસમેં દસપ્રકારે નામ સત્ય દ્રવ્ય સત્ય ભાવ સત્ય, વિગેરે ઉસમેં અપના વાત તો એ હૈ કે સત્ય સ્વરૂપ ભગવાન જાનનેમેં આતે હૈ જો ચીજ ઉસસે જાનનેવાલાકો જાનના, એ સત્ય હૈ. આહાહા ! ક્યા કહા ?

જે ચીજ જાનનેમેં આતી હૈ. ઉસકો જાનતે હૈ ને માનતે હૈ કે મેં ઉસકો જાના, પણ જાનનેવાલા જુદા હૈ જાનનેવાલેકો જાના નહિં. આહા ! આ સત્ય હૈ. જાનનેવાલેકો જાનના, જાનને લાયકકો જાનના એ છોડકર, આહાહા ! ( શ્રોતાઃ– જાણવાવાળાને જાણવો એ તો શુદ્ધ ઉપયોગ થયો ) હૈ ! જાણવામાં જો ચીજ આતી હૈ જ્ઞેય, વો ભી તો દૂસરી ચીજ હૈ. પણ જાનનેવાલા કૌન હૈ ? આહાહાહા ! એ તો અંતર લક્ષ કરે તો જાનનેવાલાકો જાન સકે, પર લક્ષમેં તો જાનને લાયક ચીજ જાનનેમેં આતી હૈ વો તો પર હૈ. આહાહાહા ! સમજમેં આયા ? ઐસે વેદનમેં આને લાયકકો વેદતે હૈ જાનતે હૈ વેદનમેં આના પણ વેદન કરનેવાલા જો ચીજ હૈ, આહાહા ! પરમ સત્ય તો એ હૈ. સમજમેં આયા ? ભગવાન પરમ સત્યાર્થ જે ભૂતાર્થ વસ્તુ હૈ ઉસકો ન જાના અને પરકો જાનનેમેં રુક ગયા. આહાહાહા ! ઔર પરકા વેદન હોતા હૈ ભલે રાગકા પણ પરકા લક્ષસે શરીરકા એસા એસા વેદન એમ દિખતે હૈ ને રાગ રાગ, પણ વેદન કરને લાયકકો વેદયા, જાણ્યા. આહાહા ! પણ ભગવાન વેદન કરનેવાલી ચીજ કોન હૈ ? આહાહાહા ! ઉસકો જાનના એ સત્ય વસ્તુ હૈ. આહાહા ! સમજમેં આયા ? વિશેષ અધિકાર હૈ. અંદર દશ બોલમેં.

ચાલતો અધિકાર. સમયસાર ! આહાહાહા ! પરમ સત્ય પ્રભુ ! એ બીજી રીતે વાત કિયા હૈ, બાકી તો સત્યાર્થ જો ભૂતાર્થ વસ્તુ હૈ. આહાહા ! ઉસકો જાનના એ સત્ય હૈ. આહાહાહા ! બાકી પરકો જાનનેમેં રુકતા હૈ તો પરકો જાના પણ જાનનેવાલા કોણ હૈ ઉસકો જાના નહીં તે અસત્ય હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

યહાં ૧૯ ગાથા. જેમ ઘડો અને વર્ણ ગંધ રસ સ્પર્શ અભેદ હૈ અને ઘડામે વર્ણ ગંધ રસ સ્પર્શ હૈ અને વર્ણ ગંધ રસ સ્પર્શ ઘડા હૈ. ઘડા સમજ્યાને ઘટ ઐસે, ઈસીપ્રકાર કર્મ મોહાદિ અંતરંગ પરિણામ આહાહાહા... શુભાશુભ રાગ અને નોકર્મ શરીરાદિ બાહ્ય વસ્તુ સબ પુદ્‌ગલકે પરિણામ હૈ. ખરેખર તો પુણ્ય ને પાપકા ભાવ એ પુદ્‌ગલકા પરિણામ હૈ. નિમિત્તકા આશ્રયસે હુઆ તો નિમિત્તકા હૈ એમ કહેતે હૈ. અપના ભગવાન આત્મા આહાહાહા... શુદ્ધ ચૈતન્ય ભગવાન ઉસકે અવલંબનસે નહીં હુઆ, વો નિમિત્તકા આશ્રય ને અવલંબનસે હુઆ તો નિમિત્ત પુદ્‌ગલ હૈ, ઉસકે આશ્રયસે હુઆ અપનેમેં, પણ છતાંય અપનેમેં હુઆ વો સ્વભાવ નહીં, વો કારણ પુણ્ય ને દયા ને દાન વ્રત ભક્તિકા ભાવ આહાહાહાહા... ઇન્દ્રિય જે આ જડ ને ભાવેન્દ્રિય ઉસસે જો જાનનેમેં આયા શાસ્ત્ર આદિ જ્ઞાન, આહાહાહા... ગજબ વાત પ્રભુ ! ઈસકો ભી અહીંયા પુદ્‌ગલ પરિણામ કહા. જાણવાના ભાવ પરકા, પર તરફસે જાના શાસ્ત્રજ્ઞાન આદિ પુદ્‌ગલકા પરિણામ હૈ. ક્યોંકિ ઉસસે અબંધ પરિણામ નહીં હુઆ. એ બંધ પરિણામ હૈ. તો અબંધ સ્વરૂપી ભગવાન આહાહાહા... ઉસસે ભિન્ન બંધભાવ વો પુદ્‌ગલકા ભાવ હૈ. આહાહાહા ! ગજબ વાત હૈ.

શ્રીમદ્‌માં, રાત્રે કહ્યું હતું ને દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે. આહાહાહા... સંતોની, દિગંબર સંતોની વાણી જેને એમ કહે કે શાસ્ત્રજ્ઞાન ભી હુઆ, આહા... પ્રભુ દયા શાસ્ત્ર તરફકા વિકલ્પ હુઆ. દયા, દાન, વ્રત આદિકા વો તો પુદ્‌ગલ કહા, પણ શાસ્ત્રજ્ઞાનકા આહાહાહા... પ્રભુ–પ્રભુ, જે જ્ઞાનમેં અબંધપણા નહીં તે જ્ઞાન પુદ્‌ગલ હૈ, આહાહા !

એ પરદ્રવ્ય હૈ. આહાહાહા... અહીંયા તો બાયડી, છોકરા, કુટુંબ બધું પરદ્રવ્ય હૈ, ઐસા પુણ્ય ને પાપકા ભાવ પરદ્રવ્ય હૈ, ઐસા પરકા જાનના ભી ભાવ પરદ્રવ્ય હૈ. અરેરે ! વાત આવી પ્રભુ છે, શું થાય ? અરેરે ! સંતોએ તો જગતને જાહેર કરીને ન્યાલ કરી નાખ્યા. આહાહા ! ભાઈ ! તું પરકો જાનને, ભગવાનકો જાનને ગયે. તીર્થંકરકી સાક્ષાત્ સમોશરણમેં, તો ભી પરકો જાનના જો હુવા આહાહાહાહાહા... કહેતે હૈ કે એ તો પુદ્ગલકા, પુદ્ગલ હૈ. એમાં ભગવાન આત્માકા પરિણામ આનંદ ન આયા. આહાહાહા ! પ્રભુ તું કોણ છે ? આહાહા ! અપનેકો જાનનેમેં તો આનંદ આતા હૈ. એ આનંદ ન આતા હૈ ને એ પરકા જાનના હુઆ, આહાહાહા... ગજબ વાત હૈ પ્રભુ, સંતોની વાણી તો વાણી, રામબાણ હૈ. આહાહા ! અમોઘ-અમોઘ સફળ, મોઘ એટલે નિષ્ફળ, અમોઘ એટલે સફળ, આ મોહ હતો ને મોઘ, મોઘનો અર્થ નિષ્ફળ થાય છે, અમોઘ( નો અર્થ ) સફળ થાય છે. આહાહા !

અહીંયા તો દયા, દાન, વ્રત, ભક્તિ, શાસ્ત્રકી ભક્તિ, ગુરુકી ભક્તિ, દેવકી ભક્તિ, આહાહાહા ! એ પરિણામ પુદ્ગલકા હૈ. એમ કહેતે હૈ. આહાહા ! ક્યોંકિ અપના જ્ઞાયક સ્વરૂપ ભગવાન ઉસકા પરિણામ તો નિર્મળ અને પવિત્ર હોના ચાહીયે. આહાહા ! આ મલિન ને અપવિત્ર પરિણામ આહાહાહાહા ! એ કહા, અંતરંગ શરીર આદિ, રાગાદિ, મોહાદિ બહિરંગ આત્મ તિરસ્કારી, આહાહાહા... ભગવાન અનાકુળ આનંદ પ્રભુ ચૈતન્યનો ડુંગર ભગવાન, આહાહાહા... ઉસકા વો દયા દાન ભક્તિ આદિકા પરિણામ, સ્વભાવકા તિરસ્કાર કરનેવાલા હૈ. આહાહા ! ઉસકા પ્રેમમેં સ્વભાવકા તિરસ્કાર અનાદર હોતા હૈ. આહાહાહા ! આવી વાત ક્યાંય સાંભળવા મળે નહીં. આહાહા ! હૈં ? તિરસ્કારી ( ભાવ ) આહાહા... ભગવાન જ્ઞાન ને આનંદનો ગંજ પ્રભુ, ઉસસે વિરૂદ્ધ પરિણામ, એ આત્માકા નહીં, પુદ્ગલકા કહા. આહાહા ! ક્યોંકિ એ પરિણામ હૈ એ અપની ચીજ નહીં. આહા ! અપની ચીજ હોય તો જુદી પડે નહીં, દૂર હો( વે ) નહીં. આહાહાહા !

એ પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, શાસ્ત્રકી ભક્તિ, આહા... ગજબ વાત હૈ પ્રભુ. એ સ્વરૂપકા તિરસ્કાર કરનેવાલા હૈ. આહાહાહા ! ત્યાં આગળ એકલી દૃષ્ટિ હૈ, જિસને રાગકો ભિન્ન જાણ્યા, વો રાગમેં હૈ નહીં. સમજમેં આયા ? રાગસે ભિન્ન જાણ્યા આત્માકો તો વો તો જ્ઞાયક સ્વરૂપ હૈ, એ જ્ઞાની તો જ્ઞાયક સ્વરૂપમેં હૈ. રાગ આતા હૈ પણ ઉસકો જાનતે હૈ, મેરી ચીજ હૈ ઔર ઉસસે મેરે લાભ હોગા. ( ઐસે માનતે નહીં ). આહાહાહા... ત્રણ લોકનો નાથ એમ કહે, અમારી ભક્તિનો ભાવ પ્રભુ તને રાગ છે. આહાહાહા... તું પ્રભુ નિરાગી, આનંદકંદ હૈ ને ? તેરી ચીજ કયા હૈ તેં જાની નહીં નાથ. આહાહા ! પરકા વેદનમેં વેધા એ તો જાણ્યા, પણ વેદન કરનારા જે પર્યાયમેં આ જો ભગવાન ત્રિકાળી હૈ. ઉસસે આ રાગાદિ ભિન્ન હૈ. આહાહા ! તો યહ ભિન્નકો યહાં પુદ્ગલ પરિણામ કહા. આહાહાહા ! બાપુ આ તો ધીરાના માર્ગ છે. આહાહાહા !

ઈસપ્રકાર વસ્તુકે અભેદસે જબતક અનુભૂતિ હૈ, લ્યો હૈ ને ? આહાહા ! એ પરિણામ બે વાર તિરસ્કાર આયા. હૈં ? તિરસ્કારી એ પણ આત્માકે તિરસ્કાર કરનેવાલા પુદ્ગલ પરિણામ, 'ઈસપ્રકાર વસ્તુકે અભેદસે' કયા કહા એ ? એ શુભ રાગાદિ દયા ભક્તિકા આયા એ પુદ્ગલ

તો હૈ. ઔર આત્મા ઉસસે અભેદ જબલગ માન્યા, રાગસે આત્મા અભેદ જબતક અનુભૂતિ હૈ, આહાહાહા... ભગવાન આત્માકી સાથ રાગકી અભેદ બુદ્ધિસે અનુભવ હૈ. આહાહા! સમજમેં આયા? જીવ અધિકાર હૈ ને? આહાહા! તો એ રાગાદિ અજીવ હૈ, પુદ્‌ગલ હૈ. આહાહા! વ્યવહાર રત્નત્રયકા રાગ હૈ, એ ભી શુભરાગ પુદ્‌ગલ હૈ, એની સાથ અભેદ અનુભૂતિ જબલગ હૈ, આહાહા... "એ અભેદસે જબલગ અનુભૂતિ હૈ જ્ઞાન, તબતક આત્મા અપ્રતિબુદ્ધ હૈ," તબતક આત્મા અજ્ઞાની હૈ, પ્રતિબુદ્ધ નહીં. આહાહાહાહા! ભાષા નીકળતી હૈ, એ તો જડ હૈ, કંઠ ધ્રુજતે હૈ એ જડ હૈ, તો જિસકો ઐસે લગે અંદરમેં કે મૈં બરાબર બોલતા હું, વો તો વાણી ને આત્માસે અભેદબુદ્ધિ હુઈ. આહાહાહા! એ તો વાણી, પણ ઉસમેં વિકલ્પ આયા, એ વિકલ્પકી સાથ અભેદબુદ્ધિ જબતક હૈ. આહાહાહા... તબલગ અપ્રતિબુદ્ધ હૈ, અજ્ઞાની હૈ, બહિર્‌આત્મા હૈ. આહાહાહા!

જૈસે "ઔર જબ કભી" હવે સમ્યક્ બતાતે હૈ. "જૈસે રૂપી દર્પણકી" રૂપી દર્પણ અરીસા સ્વચ્છતા હી–સ્વચ્છતા હી અરીસાકી સ્વચ્છતા હી સ્વપરકે આકારકા પ્રતિભાસ કરનેવાલી હૈ. એ અરીસો સ્વનો આકાર સ્વરૂપ ને પરનો પ્રતિભાસ કરનેવાલી હૈ. આહાહાહા! ઔર ઉષ્ણતા ને જ્વાલા અગ્નિ કી હૈ. આહાહાહા... ઉસમેં જો અગ્નિ દિખતે હૈ ઔર ઉષ્ણતા હૈ એ તો અગ્નિકી હૈ, અરીસાકી નહીં. આહાહાહા... અહીંયા તો અગ્નિ તો અગ્નિમેં રહી, પણ અરીસામેં, અગ્નિ જૈસી પર્યાય હૈ ને? હૈ તો સ્વચ્છતાકી અરીસાકી પર્યાય, પણ વો વાસ્તવિક ઉસકી નહીં. સમજમેં આયા? તો એ અગ્નિકી હૈ એમ કહેતે હૈ. અંદર જે જ્વાલા દિખતી હૈ અરીસામેં એ અગ્નિકી હૈ. ભગવાન આત્મા જ્ઞાયક અરીસો ભગવાન ઉસમેં રાગ જો દિખતે હૈ એ તો અપના નિર્મળ જ્ઞાનકી પ્રધાનતાસે રાગ આ હૈ ઐસા દિખતે હૈ. મૈં હું ઐસા નહીં, આહાહાહા! અરે! કહાં જાના?

એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, અપવાસ આદિકા વિકલ્પ ઉઠયા, આહાહાહા... વો ઔર મૈં, સ્વ ને પરકા જાનનેવાલા હું, વો સ્વ ને પર રાગાદિકા અભેદબુદ્ધિ અજ્ઞાન હૈ, પણ સ્વ ઔર રાગાદિ પુદ્‌ગલકા પરિણામ પર, ઉસકો અપનેમેં રહેકર સ્વપરપ્રકાશક જાનનેવાલા હું. આહાહા! અપનેકો ને પરકો જાનનેવાલી જ્ઞાતૃતા હી હૈ, અપની તો અપનેકો ને રાગકો જાનનેવાલી જ્ઞાતૃતા એ અપની હૈ. રાગાદિ અપના નહીં. આહાહાહા... તો હજી છોકરા ને બાયડી ને મારા મારા ને આ મારા ને મરી ગયો, મારી નાખ્યો તને. આહાહા!

ઠેકાણે પાડવા જોઈએ ને કીધું'તું ને ફુલચંદજીએ શું? છોકરા બોકરાને ઠેકાણે પાડવા જોઈએ ને? રખડવામાં પોતે ઠેકાણે પડે એમાં રખડવામાં (શ્રોતાઃ– ઠેકાણે પડતા જાય તો અહીં આવી શકાય) ધૂળમાંય પડતા નથી, કોને કહેવા ઠેકાણે? ઠેકાણે તો સ્થાન આનંદધામમાં પડે એને ઠેકાણે કહેવાય. આહાહા! આ તો છોકરાને સારે ઠેકાણે વરાવ્યા ને બે–પાંચ પચાસ હજાર લઈને કોઈ આવી કન્યા ને આહોહોહોહોહો. એની પાસે એક હજાર તોલા સોના આપ્યા છે એના બાપે. ઓહોહો! એ શું સોનાનું ખબર નથી આપણને કાંઈ. એકલા રાજી રાજી થઈ જાય. આહાહા. એક લાખ તોલા સોના, એક લાખ તોલા આપ્યું સોના સાડલો, પાંચ પાંચ હજારનો એક સાડલો, એવા દસ તો સાડલા, સાડલા કયા સાડી, સાડી, ભભૂતભાઈ આ ભભૂતિ

અજ્ઞાનની ( શ્રોતાઃ- પૈસા હોય એને ) આહાહા ! પ્રભુ તું ક્યાં ગયો ? ભાઈ ( શ્રોતાઃ- ખોવાઈ ગયો ) ખોવાઈ ગયો ભાઈ તું.

જાણનારની સ્વચ્છતા એ તારી હૈ. સ્વ ને પરને જાણનારી જ્ઞાતૃતા એ તારી હૈ. શરીર, કુટુંબ, પરિવાર તો તેરા નહીં. દેશ મેરા દેશ, મેરા દેશ. હમચી મુંબઈ, શું કહે છે ને કંઈ મુંબઈ હમચી, હમચી મુંબઈ ધૂળેય નથી સાંભળને ભાઈ. મરી ગયા, મારી નાખ્યા આ બધા કાઠિયાવાડી આવ્યા છે ને નીકળી જાવ યહાંસે હમચી મુંબઈ હૈ દક્ષિણની. આહાહા ! મારી નાખ્યા. આહાહા... આફ્રિકામાંય રંગ ભેદ છે ને ? બહારના માળા આવ્યા ને પૈસાવાળા થઈ ગયા. અને અમે અહીં ગરીબ કેટલાક છીએ. તમે આવીને અહીં મોટા કરોડપતિ હો ગયા. મહાજન લોકો બહોત કરોડપતિ ત્યાં આફ્રિકામાં. આહાહા ! અહીં બળદનાં પૂંછડા ઓલા કરતાં હોય ખેતીમાં, ત્યાં પૈસાવાળા થઈ ગયા કરોડપતિ ને ઓલા ગામના માણસો બિચારા કેટલાક સાધારણ થઈ ગયા. બહાર નીકળો, નહીં તો અહીંને અહીં રહેશે એને માટે આ છે. તમારાથી પૈસો બહાર દેવાશે નહીં, બહાર લઈ જવાશે નહીં. આહાહાહા !

અહીંયા તો કહે છે, કે સ્વદેશ ભગવાન આત્મા, ઉસસે પરદેશમાં રાગાદિ( મેં ) જાના. આહાહા ! એ તો પરદેશ હૈ, સ્વધામ નહીં. આહાહા ! ભગવાન અતીન્દ્રિય આનંદકા, આનંદધામ અમૃતકા સાગર ઉસમેં એની સ્વચ્છતા એ ઉસકી હૈ, રાગ સંબંધી અપની જ્ઞાનકી પર્યાય, ઔર અપની પર્યાય એ સ્વચ્છતા ઉસકી હૈ. રાગ ને પર એ ઉસકા હૈ નહીં. આહાહા ! અરેરે ! હજી ઐસી દૃષ્ટિકા ઠેકાણાં નહીં. આહાહાહા ! ઈસીપ્રકાર અરૂપી આત્માકી તો ઓલો રૂપી અરીસો, અપનેકો ને પરકો જાનનેવાલી જ્ઞાતૃતા બસ. આહાહાહા ! એ તો અપની સ્વચ્છતામેં રાગ જાનનેમેં આતા હૈ, પણ રાગ અપના હૈ ઐસા હોતા હી નહીં અંદરમેં. આહાહાહા ! આવો માર્ગ બહુ, લોકોને આકરો પડે છે એટલે બિચારા બીજે રસ્તે, એ વ્યવહારથી થાય, આનાથી થાય, અહીં કહે છે, કે વ્યવહાર તારો દુઃખરૂપ છે, એ તારી ચીજ જ નથી, એ તો પુદ્‌ગલ છે, ગજબ વાત છે નાથ. આહાહા ! અને એ પુદ્‌ગલથી તેરા સમ્યગ્દર્શન, તેરા આત્માકા જ્ઞાન હુઆ ? શું થાય ? જગત, હૈ ? ( શ્રોતાઃ- જ્ઞાતા દૃષ્ટા રહેવું... ) આહાહા ! અહીંયા તો સ્વ ને પર, અપનેકો ને પરકો જાનનેવાલી જ્ઞાતૃતા હી હૈ, એ અપની હૈ. આહાહાહા ! રાગાદિ ને શરીર ને સ્ત્રી કુટુંબ પરિવાર તો ક્યાંય રહી ગયા. આહાહા ! અપની પર્યાયમેં રાગ હો એ ભી પર હૈ, અપની સ્વચ્છતામેં જાનને લાયક હૈ, તો સ્ત્રી કુટુંબ ને પરિવાર ક્યાંય ક્યાંય થોથાં રહી ગયા બહાર. આહાહા !

એ બધા પુદ્‌ગલ છે કીધા છે, એ પુદ્‌ગલ છે. પર છે ને ? આ ચૈતન્ય નહીં માટે પુદ્‌ગલ. આહાહા ! બાયડી છોકરાના આત્મા પુદ્‌ગલ ! આ દ્રવ્ય નહીં માટે અદ્રવ્ય. આ આત્મા નહીં માટે અણાત્મા, આ આત્મા નહીં માટે પુદ્‌ગલ. આહાહાહા ! આવી વાત ક્યાં ? અરેરે ! સત્યને સાંભળવા મળે નહીં, સૂનનેમેં આવે નહીં એ કભી કરે ? આહાહા ! એકાંત હૈ, એકાંત હૈ, એકાંત હૈ, એમ કરીને તિરસ્કાર તિરસ્કાર પણ એકાંત જ છે, સમ્યક્ એકાંત, નિશ્ચયનો વિષય સમ્યક્ એકાંત હૈ, નય હૈ ને ? પ્રમાણમાં દોકા વિષય હૈ. આ નિશ્ચયનયનો વિષય એકાંત, સમ્યક્ચૈતન્યમૂર્તિ સ્વ ને પરને જાણવાની પરિણતિ પર્યાય ઉસકી બસ એ હૈ ત્રિકાળી, પણ વર્તમાનમેં સ્વકો

જાનનેકી પર્યાય ઔર રાગકો જાનનેકી પર્યાય એ પર્યાય અપની બસ ઈતની ગિની. સમજમેં આયા ?

આહાહા ! અને એ સ્વસ્વામી સંબંધ એ દ્રવ્ય ગુણ ને પર્યાય નિર્મળ એ સ્વ અને ઉસકા સ્વામી જીવ. બસ, રાગકા સ્વામી અને પત્નિનો પતિ સ્વામી ને નરનો નરેન્દ્ર સ્વામી ને નરપતિ ને નૃપતિ મનુષ્યનો પતિ ધૂળેય નથી. આ ઉદ્યોગપતિ, મારી નાખ્યા. ( શ્રોતાઃ– બોર્ડીંગનો ગૃહપતિ ) પહેલાં પૈસા નહોતા એના બાપે, કાંઈ નહોતું આપ્યું, આ અત્યારે બાહુબળે દસ કરોડ રૂપિયા, પચીસ કરોડ રૂપિયા એકઠા કર્યાં છે. ઓહોહો ! શું છે પણ આ તને ? આહાહા ! સનેપાત વળગ્યો છે. આહાહા ! અહીં તો પ્રભુ એમ કહીએ, જેવા પુણ્ય ને પાપને પુદ્‌ગલ કહ્યા, એવા શરીર વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ પરિવાર સબને પુદ્‌ગલ કહ્યા, આ આત્મા નહીં માટે પુદ્‌ગલ એમ. સમજમેં આયા ? આહાહાહા ! ક્યાં ભરખાઈ ગયો છે એ ? આહાહા ! ભરમાઈ ગયો પરમાં, ભરખાઈ ગ્યો ભગવાનને ભૂલી ગ્યો તું, પ્રભુ. આહાહા !

તેરી તો જાનને, અપનેકો ઔર પરકો જાનનેવાલી આત્માકી તો એમ, આત્માકી તો એમ છે ને ? અપનેકો ને પરકો જાનનેવાલી હવે વર્તમાન અહીં પર્યાયની બાત કરતે હૈ. આત્મા તો ત્રિકાળી દ્રવ્ય. સમજમેં આયા ? હૈં ? અરૂપી આત્માકી તો ? અહીં પર્યાય લેના હૈ ને ? દ્રવ્ય ગુણ તો કહા એ કહેતે હૈ અપનેકો ને પરકો જાનનેવાલી જ્ઞાતૃતા. આહાહા ! એ પર્યાય લિયા. અપનેકો જે પર્યાય જાનતી હૈ ઔર એ પર્યાય રાગકો જાનતી હૈ એ જ્ઞાતૃત્વ પર્યાય એ આત્માકી હૈ. સમજમેં આયા ? ભાષા તો સાદી પણ ભાઈ ભાવ તો આકરા છે ભાઈ. આહાહા ! ભાષા આવડી જાય માટે અંદર આવડયું એમેય નથી આ તો, જુદી બીજી ચીજ છે. આહાહાહા !

શરીરને પુદ્‌ગલ કહા, બહિરંગ બધા સ્ત્રી પુત્ર આદિ બધાને પુદ્‌ગલ કહા લ્યો. આહાહા ! આદિ છે ને ? શરીરાદિ શબ્દ છે ને ? આહાહા ! અરે ! દેવ ગુરુ ને શાસ્ત્ર એ પુદ્‌ગલ હૈ, એમ કહેતે હૈ. એકત્રીસ ( ગાથા ) મેં કહ્યા કે દેવગુરુ ને શાસ્ત્ર, ઇન્દ્રિય હૈ. એ અણીન્દ્રિય આત્મા નહીં. આહાહાહા ! લોકો ક્યાં ક્યાં ખેંચાઈને એકાંતમાં ચાલ્યા જાય છે ખબર નથી. આહાહાહા... સહજાનંદી રે આત્મા ! સુતો કહીં નિશ્ચિંત ! ક્યાં પ્રભુ તું સુતો ? તેરા પોઢણાં ક્યાં ગયા ભાઈ ! રાગ અને પુણ્યમાં તેરા પોઢણાં સો ગયા ! પ્રભુ તું તો આનંદનો સાગર હૈ ને ! તેરી પર્યાયમેં જો જાનનેકી દશા હુઈ એ તેરી હૈ. આહાહાહા ! ઔર કર્મ નોકર્મ પુદ્‌ગલકે હૈ. પુણ્ય ને પાપકા ભાવ શરીર આદિ બાહ્ય વસ્તુ એ સબ પુદ્‌ગલકે હૈ. આહાહાહા !

ઈસપ્રકાર સ્વતઃ અથવા પરોપદેશસે બે પ્રકાર બસ. કાં અપનેસે જાન લે, કાં ગુરુ ઉપદેશસે જાન લે. સમજમેં આયા ? આહાહાહા ! જાનના તો ઉસકે હૈ. આહાહા ! આવું મોંઘુ પડે કામ, સંસારનાં કામ કરવા, બાયડી છોકરા સાચવવા, આબરુ હોય એ પ્રમાણે રહેવું, હવે આ કહે, આવો આત્મા, આવો આત્મા. આહાહા ! ભાઈ તેં વૈંતરા મજૂરી બહુ કરી પ્રભુ તેં. આહાહાહા ! રાગ, રાગ, શુભ અશુભભાવ, આ તો અશુભભાવ છે. આ તો શુભભાવકો ભી, આહાહાહા... પુદ્‌ગલ કહા. ( શ્રોતાઃ– આત્માના તિરસ્કાર કરનારા એ ભાવ છે ) જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પુદ્‌ગલ. આહાહા ! અપનેકો જાનના ને શુભભાવકો જાનના, એ જ્ઞાતૃત્વ પર્યાય અપની અને એ રાગાદિ પુદ્‌ગલકા, આહાહા ! ચૈતન્યકા નહીં માટે પુદ્‌ગલ એમ.

આહાહાહા ! આવું હજી સમજવું કઠણ પડે. હૈં ! શું થાય ભાઈ ? આ તો જન્મ મરણ મટાડવાની કળા છે ( શ્રોતાઃ- કોલેજ ) કોલેજ છે બાપા. શું કહીએ ? અમુક જાતનું જાણપણું હોય તો આ તો કોલેજ છે ભગવાનની. આહાહા ! સીમંધર ભગવાન બિરાજતે હૈ. આહાહા ! ઉસકી આ વાણી આવી છે અહીંયા.

આ રીતે આત્મા અપનેકો જાને એ જ્ઞાન પર્યાય ને રાગકો જાને એ પર્યાય એ અપની હૈ. ઐસે કૈસે જાને ? કે કાં સ્વથી અપનેસે જાન લે. આહાહા ! કાં પર ઉપદેશ ગુરુકા મિલે ને જાને, પણ જાનના તો એને ઉસકે હૈ. આહાહા ! એક સ્વતઃ ને પરઉપદેશસે જિસકા મૂળ, આહાહાહા... જેનું મૂળ, ઓલા અભેદ કિયા થા ને, તો હવે જેનું મૂળ ભેદ વિજ્ઞાન. આહાહાહા... જેમ ઘડો ને વર્ણ ગંધ રસ સ્પર્શ, બે અભેદ હૈ. ઘડામાં વર્ણ ગંધ રસ સ્પર્શ હૈ ને, વર્ણ ગંધ રસ સ્પર્શમાં ઘડા હૈ, અભેદ હૈ. એમ ભગવાન આત્મામાં રાગાદિ હૈ, એ અભેદ હૈ એ મિથ્યાબુદ્ધિ હૈ.

હવે ભેદ, આહાહા... અરે ભાઈ કરવા લાયક આ છે, બાકી તો પાપના પોટલા બાંધીને ભાઈ, ક્યાં જઈશ ભાઈ ? કોઈ ન મળે કાંઈ, ચોરાશી અવતાર, ઓહોહો... શરણ તો એક ભગવાન છે અંદર. આહાહા ! એ અપનેસે જાને. હું સ્વતઃ જ્ઞાતા દૃષ્ટા છું, કાં ગુરુગમસે જાને કે ગુરુ કહે કે તેરી ચીજ આ હૈ. આહા ! જિસકા મૂળ ભેદ વિજ્ઞાન હૈ. આહાહા ! જાનનેમેં આયા કયા ? કે જેનું મૂળ ભેદ વિજ્ઞાન, રાગસે ભિન્ન, સ્વભાવસે અભિન્ન અપની જાનન શક્તિ સ્વપરપ્રકાશક ઉસસે અભિન્ન, રાગસે દયા દાન વ્રતાદિસે ભિન્ન. આહાહા ! આવું સ્પષ્ટ ને આટલું છતાં અરે બિચારા શું કરે છે ભાઈ !

અરે ! ભગવાનના વિરહ પડયા પરમાત્મા રહી ગયા ત્યાં. આહાહા ! કેવળજ્ઞાનની શક્તિ રહી નહીં. દેવોના આવાગમન ઘટી ગયા. આહાહા ! સમજાણું કાંઈ ? એમાં આવી વાતું, બહાર મૂકવી ભારે કઠણ કહે છે. આહાહા ! ( શ્રોતાઃ- દેવો અત્યારે કેમ નથી આવતા ? દેવ. ) એ કહ્યું ને ? દેવનું આવાગમન ઘટી ગયું. ઘટી ગયું. ક્યાંક કોઈ પ્રદેશે સ્હેજ આવતા હશે. લૌકિક માટે, પણ ધર્મને માટે તો, આહાહા ! સમજમેં આયા ? આહાહાહા !

કુંદકુંદાચાર્યને ભગવાનનો વિરહ લાગ્યો. આહાહા... ત્યારે એને જવાનો ભાવ હુઆ. કુદરતે દેવ આવ્યો, સમજમેં આયા ? અને પોતાની લબ્ધિ પણ હતી. બેય વાત આવે છે. ચાલો ભગવાન પાસે વૈમાનમાં. આહાહા ! જુઓને, દેવ લઈ ગયા ભગવાન પાસે. લબ્ધિ પણ થી ચાર તસુ ઊંચે ( ચાલવાની ). આહાહા ! એ દેવ ભી રહા નહીં અભી તો. આહાહાહા ! હૈ ? દેવ પોતે રહ્યો એક. આહાહ ! દેવ શક્તિનો નાથ ભગવાન એ દેવની હાજરા હજુરી છે. ( શ્રોતાઃ- બરાબર ) સમજમેં આયા ? આહાહા ! આ કોઈ વ્યક્તિ પ્રત્યેનું આપણે અહીં કામ નથી. આ તો તત્વની સ્થિતિ આવી છે ભાઈ. જિનવાણીમાં વસ્તુની સ્થિતિ ઐસી કહી હૈ. આહાહા !

ત્યાં તો ઐસે લિયા હૈ. "રાજા ભિક્ષા અર્થે ભમે એવી જનને ટેવ." પ્રતિમાજી પાસે જાય, એની પાસે જાય, શાસ્ત્ર પાસે, મને કાંઈક આપો. અરે ! ભિખારી શું માંગે છે ? તેરી પાસ કયા નહી હૈ તો હમે તુમ દેગા. શાસ્ત્રને કહે પણ હે શાસ્ત્ર... કાંઈક તમે પ્રસન્ન થાવ. ભગવાનની મૂર્તિ પાસે જ્યાં ભગવાન જ્યાં બેસે. ભગવાન હોય માથે પણ ભગવાન તેરી પાસ હૈ ને ? આહાહા ! ભિક્ષા માટે ક્યાં નીકળ્યો તું ભિખારી. આહાહા ! એક તો બાહ્ય લક્ષ્મીના ભિખારી

ને આહાહા... અંતરની ચીજ પામવા માટે બહારમાં ગોથા ખાય. અહીં જાત્રા કરીએ અહીં શેત્રુંજય માથે શું કહેવાય એ આ માથે શું કહેવાય ઓલા બેસવાની ( ડોળી ) ડોળી ડોળી ડોળીમાં બેસીને જાય, હાલી ન શકે વૃદ્ધ હોય એ, જય ભગવાન, શિવપદ અમને દેજો રે મહારાજ. એ કહે કે શિવપદ તો તારી પાસે જ છે. ભિખારી માંગવા ક્યાં આવ્યો અમારી પાસે ? આહાહાહા !

જ્ઞાનીકો ભી શુભભાવ આતા હૈ, પણ એ જાણતે હૈ કે મેરી કમજોરીસે આયા તો ઉસકો ભી હેય તરીકે જાણતે હૈ. આહાહાહા ! એ સ્વનો ને પરનો ઉપદેશ જિસકા મૂળ, આહાહા ! પરે પણ એ કહા થા કે રાગસે ભિન્ન કર. અરે ! અપનેસે ભી કિયા, રાગસે ભિન્ન. આહાહાહા ! જુઓ આ આચરણ ને આ ક્રિયા. આહાહા !

જિસકા મૂળ ભેદવિજ્ઞાન હૈ. આહાહાહા ! એ દયા, દાન, વ્રત, ભક્તિકા પરિણામસે ભી સ્વતઃ કો ભેદ કરકે જાના. આહાહા ! એને ગુરુએ પણ એ કહા થા કે તેરા રાગસે તેરી ભિન્ન ચીજ પડી હૈ પ્રભુ, વીતરાગી બિમ્બ તું તો હૈ, પરમાત્મા હૈ તું. આહાહા ! એ રાગસે ભિન્ન ભેદજ્ઞાન જિસકા મૂળ ઐસી અનુભૂતિ, ઐસા અનુભવ, રાગસે ભિન્ન ઐસા આત્માકા અનુભવ, આહાહાહા ! ઉત્પન્ન હોગા. ઐસી અનુભૂતિ ઉત્પન્ન હોગી, દેખો તબ હી પ્રતિબુદ્ધ હોગા. આહાહાહા ! સમજમેં આયા ? ત્યારે એ સમ્યગ્દૃષ્ટિ હોગા. આહાહા ! જ્ઞાન પ્રધાન કથન હૈ ને તો અનુભૂતિ. આહાહા ! અહીં તો ત્યાં લગ કહા રાગસે ભિન્ન, અને શાસ્ત્ર જ્ઞાન હુઆ ઉસસે ભી ભિન્ન આહાહાહા... ઐસી અનુભૂતિ હો, તબ એ પ્રતિબુદ્ધ હુઆ. ત્યારે ઉસકો સમ્યગ્જ્ઞાન હુઆ. આહાહાહા... અહીંયા તો અપ્રતિબુદ્ધ થા વો પ્રતિબુદ્ધ હુઆ એમ કહેતે હૈ, અજ્ઞાની જ્ઞાની હુઆ, અજ્ઞાન ટાળકે ઉસકી તો બાત ચલતી હૈ યહાં. આહાહા ! સમયસારમેં એમ કે મુનિકી વ્યાખ્યા હૈ. અરે સૂન તો સહી એ તો મુખ્યપણે કથન હૈ ગૌણપણે પ્રતિબુદ્ધ હોનેકી અપ્રતિબુદ્ધ કો હી શિક્ષા હૈ. આહાહાહા !

ભાવાર્થઃ– જૈસે સ્પર્શ વર્ણ ગંધ રંગ એ પુદ્‌ગલકા ઔર પુદ્‌ગલમેં સ્પર્શાદિ અનુભવ હોતા હૈ. પુદ્‌ગલમેં સ્પર્શ–રસ–ગંધ આદિ ને સ્પર્શ ગંધમેં પુદ્‌ગલ, ઐસા અનુભવ હોતા હૈ જ્ઞાન. દોનો એકરૂપ અનુભવમેં આતા હૈ. વર્ણ ગંધ રસ સ્પર્શ અને ઘટ દોનોં એકરૂપ દેખનેમેં આતા હૈ. ઉસી પ્રકાર જબલગ આત્માકો કર્મ રાગાદિ, નોકર્મ શરીર આદિ કુટુંબ પરિવાર, દેશ આદિ, દેવ, ગુરુ ને ધર્મ પર વસ્તુ, એ આત્માકી ઔર આત્મામેં કર્મ નોકર્મકી ભ્રાંતિ હોતી હૈ. આહાહાહા ! દેવ ભગવાન મારા હૈ, આહાહાહા... દોનોં એકરૂપ અનુભવમેં આતે હૈ, ઉસી પ્રકાર જબ આત્માકો કર્મમેં આત્માકી, આત્મામેં ભ્રાંતિ હોતી હૈ. રાગમેં ઔર શરીર આદિ દેશમાં ને પરમાં આહાહાહા... દોનોં એકરૂપ ભાસિત હોતે હૈ. રાગ, શરીર અને આત્મા, રાગ શરીર એકમાં ગણ્યા અહીં આત્મા, દો એકરૂપ ભાસતે હૈ. આહાહાહા... તબતક તો એ અપ્રતિબુદ્ધ હૈ. આહાહાહા !

ચાહે તો એ શાસ્ત્ર પઢયા હોય ૧૧ અંગ ને ૯ પૂર્વ. આહાહાહા ! ઈસસે ભી મેરી ચીજ ભિન્ન હૈ. ભેદ પરસત્તાઅવલંબી જ્ઞાન કહાને પરમાર્થ વચનિકામેં. પરસત્તાઅવલંબી જ્ઞાન ઉસકો મોક્ષમાર્ગ કભી ન કહે જ્ઞાની. આહાહાહા ! આહાહાહા ! પરસત્તાઅવલંબી નામ, પરકી અપેક્ષા હોકર જે જ્ઞાન હુઆ એ પરકી સત્તાઅવલંબી ઉસકો ધર્મી મોક્ષમાર્ગ ન કહે. આહાહાહા ! અપની સ્વસત્તાકા અવલંબનસે જો જ્ઞાન દર્શન હુઆ ઉસકો મોક્ષમાર્ગ કહે. આહાહા ! આવી વાતું.

આકરી પડે હોં, પછી લોકો બધા વિરોધ કરે બિચારા, શું કરે ? કોટામાં યુગલકિશોર સામે વિરોધ આવ્યો કે નહીં ત્યાં ? હવે આવી વાતું, આ મારગ ભાઈ. આહા ! અરે ! લક્ષ્મી ચાંદલો કરવા આવી, તો કહે ના ના મોઢું ધોવું. પણ વઈ જશે પછી ટાણાં આવ્યા તો કહે એ નહિ-નહિ-નહિ એકાંત હૈ, ભાઈ બાપુ ! ( શ્રોતાઃ- લક્ષ્મીકે રૂપમેં આપનો ઉદય છે ) હૈં ? ( શ્રોતાઃ- લક્ષ્મીના રૂપમાં આપનો ઉદય છે. લક્ષ્મીના રૂપમાં, લક્ષ્મી બધાને ચાંદલો કરવા આવી ) આ તો આ ચીજ છે ભગવાન શું કહીએ. આહાહા ! દોનોં એકરૂપ ભાસિત હો તબતક તો વહ અપ્રતિબુદ્ધ હૈ. આહાહાહા...

ઔર જબ વહ યહ જાનતા હૈ, કે આત્મા તો જ્ઞાતા હી હૈ. આહાહા ! એ તો જ્ઞાન સ્વભાવી સર્વજ્ઞ સ્વભાવી જ્ઞાતા હૈ, એ સર્વને જાને, પણ સર્વથી અપનેમેં જાનના હો ઐસા હોતા નહીં. અપની સિવાય પરચીજસે અપને જાનના હોતા હૈ ઐસા નહીં. મૈં તો સ્વપરકો જાનનેવાલા હું. આહાહાહા ! સમજમેં આયા ? આહાહાહા ! દશ લક્ષણીપર્વ ધર્મ, બાપુ આ કોઈ અલૌકિક છે ધર્મ, ચારિત્ર આરાધનાકા ધર્મ હૈ. આહાહાહા ! દશલક્ષણીનો અર્થ એ હૈ કે ચારિત્ર આરાધનાકા ધર્મ. આહાહાહા ! સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રકી આરાધના કર. આહાહા ! શ્વેતામ્બરમેં આઠ ગણ્યા એને એક પાંચમ ગણી. અને પહેલાં સાત દિન, જેમ લૌકિકમાં લગ્ન કરતે હૈ ને લગ્ન. લગ્નકી તિથિ હો ઉસસે પહેલે ચાર-પાંચ દિવસ આ બાજુ મંડપ નાખે, લૌકિક, ઐસે પાંચમ રખકર સાત દિ' આ બાજુ રખા, બધી લૌકિક લાઈન, આ તો દશપ્રકાર આખા પૂરણ, આહાહાહા ! દિગંબરની રીત જ કોઈ વ્યવહારની પણ કોઈ અલૌકિક હૈ. સમજમેં આયા ? આહાહા ! અને તે પણ દશેય પ્રકારકા ધર્મ આનંદદાયક હૈ, એ આનંદદાયક પ્રભુ એ કલ્પનાકા વિકલ્પ નહીં, આહાહાહા ! કોઈ સ્થાનમેં ઐસા લિખા હૈ, દશ પ્રકારકા ધર્મમેં વિકલ્પ ઉઠતા હૈ ને એ હિસાબે શુભભાવ ભી ગિના હૈ, પણ એ આંહી ન લેના અહીંયા. સમજમેં આયા ? આહાહાહા !

ભગવાન આત્માકા સમ્યગ્દર્શન જ્ઞાનપૂર્વક ચારિત્રકી આરાધના અને આનંદ સુખરૂપકી ઉત્પત્તિ આહાહાહા... ઉસકા નામ દશલક્ષણી પર્વ હૈ. આહાહા ! સમજમેં આયા ? તબ પ્રતિબુદ્ધ હોતા હૈ જૈસે આત્મા તો જ્ઞાતા હી હૈ અને કર્મ નોકર્મ પુદ્‌ગલકે હી હૈ, મેરા નહીં, રાગાદિ જડકા હૈ. આહાહા ! તભી વહ પ્રતિબુદ્ધ હોતા હૈ. "જ્ઞાની હોતા હૈ" જૈસે દર્પણમેં અગ્નિકી જ્વાલા દિખાઈ દેતી હૈ વહાં એ જ્ઞાત હોતા હૈ કે જ્વાલા તો અગ્નિમેં હી હૈ. "વહ દર્પણમેં પ્રવિષ્ટ નહીં." જ્વાલા દર્પણમેં પેઠી નહીં અંદર, એમ દર્પણમેં દિખાઈ દે રહી હૈ, ( વો ) દર્પણકી સ્વચ્છતા હી હૈ, એ તો દર્પણકી સ્વચ્છતા હૈ. ઈસીપ્રકાર કર્મ નોકર્મ અપને આત્મામેં પ્રવેશ નહીં. રાગ ને પુણ્ય ને દયા-દાનકા વિકલ્પ ભગવાન આત્મામાં પ્રવેશ નહીં. આહાહાહા !

અરે ! ચારે અનુયોગમાં અમે કહીએ છીએ, ત્યાં તો એકલો દ્રવ્યાનુયોગ છે. અરે પ્રભુ સૂન તો સહી, ચારેય અનુયોગમાં, વસ્તુ તો આ દ્રવ્યાનુયોગમાં કહી એ વસ્તુ હૈ. આહાહાહા ! કાંઈ વિરૂદ્ધ દૂસરા મુનિઓએ કહ્યું એ વિરૂદ્ધ હૈ ? એ તો વ્યવહારનયસે કથન કરકે બતાયા હૈ, કે આ ગુણસ્થાનમેં ઐસા વ્રત હોતા હૈ. ઐસા અહીં બતાયા હૈ. સમજમેં આયા ? કુંદકુંદાચાર્યને બીજા મુનિઓનો વિરોધ હૈ ? ( શ્રોતાઃ- જરાય નહીં. ) આહાહા ! જ્વાળા તો અગ્નિમેં હી હૈ. દર્પણમેં પ્રવેશ નહીં. દર્પણમેં દિખાઈ દે રહી હૈ, નોકર્મ પ્રવેશ નહીં ભગવાન આત્મામેં. આત્માકી

તો જ્ઞાન સ્વચ્છતા હી ઐસી હૈ કે જિસમેં જ્ઞેયકા પ્રતિબિંબ દિખાઈ દેતા હૈ. જાનનેકી ચીજ જો જાનતે હૈ ઉસકા પ્રતિબિંબ જ્ઞાનમેં આતા હૈ, એ ચીજ નહીં આતી. આહાહાહા ! આવું આકરું પડે એટલે માણસને અને એમ પાછા કહે કે ઓલા સોનગઢનો આ ધર્મ છે. અરે ભગવાન ! આ તો વીતરાગ પરમાત્માનાં ફરમાન છે. એનું તો આ સ્પષ્ટીકરણ અર્થ ચલતે હૈ. આહાહા !

"ઈસીપ્રકાર કર્મ નોકર્મ જ્ઞેય હૈ". રાગ એ જ્ઞાનકા પરજ્ઞેય હૈ, સ્વજ્ઞેય નહીં. દયા દાન, વ્રત ભક્તિ આદિકા વિકલ્પ ઉઠતે હૈ, એ જ્ઞેય હૈ, પરજ્ઞેય હૈ. હૈ ? ઈસલિયે એ પ્રતિભાસિત હોતે હૈ, જ્ઞાનકા સ્વભાવ હૈ સ્વપરપ્રકાશક તો પ્રતિભાસિત હો. ઐસા ભેદજ્ઞાનરૂપ અનુભવ આત્માકો યા તો સ્વયમેવ હો અથવા ઉપદેશસે હો, તભી વહ પ્રતિબુદ્ધ હોતા હૈ. તબ ઉસકો સમ્યગ્જ્ઞાન હોતા હૈ. તબ મોક્ષકા માર્ગ શુરુ હોતા હૈ.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૮૩ શ્લોક - ૨૧ તથા ગાથા ૨૦ થી ૨૨

**તા. ૧૧-૯-૭૮ સોમવાર ભાદરવા સુદ-૯ સં. ૨૦૫૪ ઉત્તમ સંયમ ધર્મ પર્યૂષણ પર્વ દિવસ-૬**

પહેલે ચારિત્રકા ભેદ હૈ. ચારિત્ર કિસકો હોતે હૈ ? કે જેને આત્મા રાગના વિકલ્પસે ભિન્ન, ચાહે તો દયા-દાન વ્રત ભક્તિકા રાગ હો, એ રાગ હૈ, એ કાંઈ ધર્મ નહિં. ઉસસે ભિન્ન અપના આત્મા આનંદસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ પરમબ્રહ્મ આનંદ સર્વજ્ઞ પરમેશ્વરે જે શુદ્ધ આત્મા પરમઆનંદ દેખા, ઐસા જે અનુભવ કરે ઉસકા નામ સમ્યગ્દૃષ્ટિ ધર્મી પહેલાં દરજજાના કહેનેમેં આતા હૈ. પીછે સ્વરૂપમેં એ અનુભવ હુએ, પીછે અંતરકા રસ ચઢયા આનંદકા રસમેં મશગૂલ હોતે હૈ, ઉસકો ચારિત્રદશા, વીતરાગદશા ઉત્પન્ન હોતી હૈ ઉસકા દશ પ્રકાર હૈ. ઝીણી વાત છે. શું થાય ? છઠ્ઠો બોલ છે. છઠ્ઠો દિવસ હૈ ને આજ "ઉત્તમ સંયમ" "ઉત્તમ સંયમ" યૂં ક્યું કહા ? કે અપના આનંદ સ્વરૂપ ભગવાન ઉસકા અનુભવપૂર્વક સમ્ સમ્ સમ્યક અનુભવપૂર્વક, યમ અંતર સ્વરૂપમેં વિશેષ રમણતા લીનતા ઉસકો સંયમ કહેતે હૈ. આહાહા ! એમાં આ છઠ્ઠો બોલ.

जो जीवरक्खणपरो गमणागमणादिसव्वकज्जेसु ।
तणछेदं पि ण इच्छदि संजमधम्मो हवे तस्स ।।३९९।।

મુનિની મુખ્યતાએ બાત હૈ ને આ સબ ? દશલક્ષણી પર્વ મુનિકી મુખ્યતાસે હૈ. ચારિત્ર હૈ મોક્ષકા કારણ હૈ. એ ચારિત્ર કોઇ આ ક્રિયાકાંડ નગ્ન હો જાના કે પંચમહાવ્રત પાળના વો કોઈ ચારિત્ર નહિં. આહાહા ! ચારિત્ર તો અતીન્દ્રિયઆનંદમેં ઘૂસ જાના અંદર, ગુફામેં પેસના એમ અતીન્દ્રિયઆનંદમેં લીન હો જાના. આહાહાહાહા... ઉસકા નામ સંયમ ને ચારિત્ર કહેતે હૈ. તો સંયમકા ભેદ નહિં આયા જીવોંકી રક્ષા તત્પર એ નિમિત્તસે કથન હૈ. મુનિને જીવની રક્ષાકા હેતુ નહિં હૈ. સમજમેં આયા ? પર જીવકો દુઃખ ન હો એસા અપ્રમાદભાવસે રહેકર કોઇ વિકલ્પ આયા પરકો દુઃખ ન દેના, એ જીવકી દયા સહજ પડ જાતી હૈ. જીવકી રક્ષા કરના એ તો આત્મા કર સકતે નહિ. ભાષા તો નિમિત્તસે કથન હૈ. સમજમેં આયા ?

મોક્ષમાર્ગ પ્રકાશકમેં હૈ સંવર અધિકારમેં મોક્ષમાર્ગ પ્રકાશક, કે સમિતિમાં જીવકી રક્ષાકા

હેતુ નહિં. આહાહા ! જોઇને દેખના, ચલના ઉસમેં જીવકી રક્ષાકા પ્રયોજન નહિં. કયોંકિ જીવકી રક્ષા કર સકતે હિ નહિં આત્મા, આહાહા ! ત્યારે કે તીવ્ર રાગકી આસકિત છોડકર, ગમના ગમનમેં ધ્યાન રખના, સાવધાની રખના ઉસકા નામ જીવકી રક્ષા કિયા એમ કહેનેમેં ( આતા હૈ ) જીવકી દયા પાળી, પાળે કોણ પરકી. આહાહા ! યહાં એ ભાષા ઐસા લિયા હૈ મોક્ષમાર્ગમેં એ ના પાડી હૈ. સંવર અધિકારમેં કે પરકી રક્ષાકા હેતુ મુનિ આત્મજ્ઞાની ધ્યાની ચલતે હૈ તો જીવકી રક્ષાકા પ્રયોજન સમિતિમેં નહીં. ઈર્યાસમિતિમેં યે પ્રયોજન નહીં. આહાહાહા ! ( શ્રોતાઃ- મુનિમાં બચાવવાની યોગ્યતા નથી ? ) બચાવે કોણ. અપનેમેં તીવ્ર રાગ ન હોને દેના અને આનંદમેં રહેના ઉસકા નામ સમિતિ હૈ. આહાહા ! માર્ગ બહુ જુદી જાતનો ભાઈ. આહાહા... યુગલજી ! એ મોક્ષમાર્ગમેં આતે હૈ. સંવર અધિકાર, પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ ને તો કોઈ ઐસે માન લે કે જીવકી રક્ષા કરનેમેં ધ્યાન રખના, યે સમિતિ હૈ હી નહીં. ( શ્રોતાઃ- ઈર્યાસમિતિમાં છે ) હા એ આવે છે ને ખબર હૈ ને હૈ આંહી તો જીવ રક્ષણ શબ્દ પડા હૈ એ તો વ્યવહારકા કથન હૈ. પણ પર જીવકો જરા પર દુઃખ ન દેના પીડા ન દેના ઐસા અપ્રમાદ ભાવ ઉસકા નામ યહાં સંયમ કહેનેમેં આતા હૈ. આહાહાહાહા ! ભારે આકરું !

વળી ગમનાગમન આદિ સબ કાર્યોમેં મુનિ કિસકો કહીએ બાપુ મુનિ પણું તો અત્યારે, આહાહાહા ! જેને આત્મજ્ઞાન અનુભવ આત્માકા હુઆ હો ઔર પીછે આત્મામાં લીનતા હો ગઈ હો અને જિસકી દશા બાહ્યમેં નગ્ન હો જાય. આહાહાહા ! ( શ્રોતાઃ- કપડા છોડના પડે કે નહીં, કપડા તો છોડના પડેને ) કપડા છોડે કોણ છૂટી જાય. આહાહાહા ! કપડા તો જડ હૈ એ નીચે ઉતારના એ આત્માકી ક્રિયા નહીં, આત્મા કર સકતે નહીં. ઝીણી વાત હૈ ભાઈ ! વીતરાગ માર્ગ અત્યારે બહુ ફેરફાર કરી નાખ્યો છે. કહ્યું 'તુંને એક ફેરે ચાંદમલજી સાથે ચર્ચા થઈ તે કહે કે કપડા તો ઉતારે ને ? કપડા કયા એ તો જડ હૈ. જડકા ઉતારના એ આત્મા ક્રિયા કર સકતે હૈ ? ઔર કપડા ઓઢના એ આત્મા કર સકતે હૈ ? એ તો જડકી ક્રિયા હૈ. કયા ? આહાહા !

અહીં કહા ગમનાગમન કાર્યમેં તૃણકા છેદ માત્ર ન ચાહતા. આહાહાહા ! એક તીનકા તરણા ઉસકા દો ટુકડા હો એ ભી જીવકી ઈચ્છા નહીં. આહાહાહા ! કયોંકિ તૃણકા ટુકડા હો એ આત્મા કર સકતે નહીં. એક તીનકા હૈ ને તણખલા ઉસકા દો ટુકડા આત્મા કર સકતે નહીં. એ તો જડકી ક્રિયા હૈ. ( શ્રોતાઃ- રોટલાના બટકાય ન કરે તો તો ? ) રોટલાના બટકાય કર સકતે નહીં. આહાહાહાહા ! ( શ્રોતાઃ- રોટલાના બટકા ન કરે તો ચાવે શી રીતે ? ) ચાવે કોણ ? દાંત ઉસકા નહીં. દાંત હલતે હૈ યે આત્મા હલાતે હી નહીં. એ તો જડકે કારણ હલતા હૈ. બાપુ મારગડા જાુદા ભાઈ ! અરેરે ! સમજમેં આયા ? તૃણનો છેદ પણ ન કરે.

શ્રીમદ્ તો ઐસે કહેતે હૈ એકવાર કે એક તૃણના બે ટુકડા કરનેકી હમારી શક્તિ નહીં. શ્રીમદ્ રાજચંદ્ર એક તીનકાકા બે ટુકડા એ અમારી તાકાત નહીં. કયોંકિ એ ટુકડા હોના એ તો જડકી પર્યાય હૈ. આહાહાહાહા ! ( શ્રોતાઃ- આખી દુનિયા કપડાં પહેરે છે ને ઉતારે છે ને ) કોણ ઉતારે છે ને પહેરે રાગ કરતે હૈ કે મે કપડા પહેરું ને કપડા ઉતારું રાગ હૈ, ઝીણી વાત ભાઈ. સમજમેં આયા ? આ ટોપી મેં પહેરતા હું ઓઢતા હું, મૂર્ખાઈ હૈ. ટોપી જડકા રજકણ હૈ એ મેં પહેરતા હું ઓઢતા હું એ જડકી ક્રિયા આત્મા કર સકતે હૈ ? ( શ્રોતાઃ- આખી દુનિયાથી ઉંધુ ).

આખી દુનિયાસે ઊંધા હૈ. વીતરાગ માર્ગ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમેશ્વર ઉસકા માર્ગ આખી દુનિયાસે વિરૂદ્ધ હૈ. એ અહિં કહે છે તૃણકા ભી છેદ ન કરે. ઉસ મુનિકો સંયમ હોતા હૈ. લ્યો એટલી વાત થોડી લિયા. ૨૧ કળશ ૨૧મેં હૈ ને ?

## શ્લોક - ૨૧

( मालिनी )

कथमपि हि लभन्ते भेदविज्ञानमूला-
मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा।
प्रतिफलननिमग्नानन्तभावस्वभावै-
र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव।।२१।।

**હવે, આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ ये ] જે પુરુષો [ स्वतः वा अन्यतः वा ] પોતાથી જ અથવા પરના ઉપદેશથી [ कथम् अपि हि ] કોઈ પણ પ્રકારે [ भेदविज्ञानमूलाम् ] ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે એવી [ अचलितम् ] અવિચળ ( નિશ્ચળ ) [ अनुभूतिम् ] પોતાના આત્માની અનુભૂતિને [ लभन्ते ] પામે છે, [ ते एव ] તે જ પુરુષો [ मुकुरवत् ] દર્પણની જેમ [ प्रतिफलन-निमग्न-अनन्त-भाव-स्वभावैः ] પોતામાં પ્રતિબિંબિત થયેલા અનંત ભાવોના સ્વભાવોથી [ सन्ततं ] નિરંતર [ अविकाराः ] વિકારરહિત [ स्युः ] હોય છે, - જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી. ૨૧.**

कथमपि हि लभन्ते भेदविज्ञानमूलामचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा।
प्रतिफलननिमग्नानन्तभावस्वभावैर्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव।।२१।।

જે કોઈ આત્મા અપને હી અથવા પરકે ઉપદેશસે કીસી ભી પ્રકારસે ભેદવિજ્ઞાન જિસકા મૂળ, આહાહાહા ! મૈં તો આનંદસ્વરૂપ આત્મા એ શુભઅશુભ વિકલ્પ જો રાગ, દયા–દાન–વ્રત–ભક્તિકા વિકલ્પ જે રાગ ઉસસે ભી મૈં તો ભિન્ન હું. આહાહાહા ! સમજમેં આયા ? ભેદવિજ્ઞાન જિસકા મૂળ ઉત્પત્તિ કારણ ઐસી આત્માકી અવિચળ અનુભૂતિ, આહાહાહા... આ આત્મા પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ હૈ, ઉસકો શરીર વાણીસે તો ભિન્ન હૈ. પણ અંદરમેં શુભરાગ હોતા હૈ. પાપકા રાગ અશુભરાગ ઉસસે તો ભિન્ન હૈ. પણ પુણ્યકા રાગ દયા દાન વ્રત તપ ભક્તિ પૂજા જાત્રા એ શુભ રાગ હૈ. ઉસસે ભી આત્મા ભિન્ન હૈ. આહાહાહાહા ! ઐસા ભેદવિજ્ઞાન જિસકા મૂળ ઉત્પત્તિ કારણ, અનુભૂતિકા ઉત્પત્તિકા કારણ ક્યા ? અનુભૂતિકા અર્થ ? મૈં શુદ્ધ આનંદ સ્વરૂપ ઉસકા અનુભવ હોના, સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમેં. આહાહાહા ! મૈં શુદ્ધ ચૈતન્ય, વીતરાગ મૂર્તિ પ્રભુ આત્મા હૈ અંદર, ઉસકા અનુભવ, અનુભૂતિ આનંદકા સ્વાદ આના, અતીન્દ્રિય આનંદકા વેદન આના. ઉસકા મૂખ્ય હેતુ કોણ ? ભેદવિજ્ઞાન જિસકા મૂળ ઉત્પત્તિ કારણ હૈ એ વિકલ્પ જો દયા દાનકા વિકલ્પ, હિંસા, ચોરી, જૂઠું, ભોગ, વિષય, વાસના એ તો

પાપ રાગ હૈ એકીલા, આહાહાહા ! પણ પુણ્ય રાગકા વિકલ્પસે ભી ભેદવિજ્ઞાન જિસકી મૂલ ઉત્પત્તિ અનુભૂતિકી, આત્માકા અનુભવ સમ્યગ્દર્શન જ્ઞાનકી ઉત્પત્તિ, આહાહાહા... જિસકા ભેદવિજ્ઞાન મૂળ ઉત્પત્તિ કારણ હૈ. રાગસે ભિન્ન કરના યે અનુભૂતિકી ઉત્પત્તિકા કારણ હૈ. આરે આવી વાત. હવે, આવી વાતું છે બાપુ ! સમજમેં આયા ?

એ વિના તો રાગ અને મૈં આત્મા દો એક હું, એ મહા પાખંડ અજ્ઞાન મિથ્યાત્વ ચોરાશીના અવતારમેં રખડનેકા કારણ હૈ. આહાહાહા ! પણ વો ભગવાન ચૈતન્યતત્ત્વ પ્રભુ એ વિકલ્પ નામ રાગસે ભિન્ન જિસકી ઉત્પત્તિ હૈ ઐસે અનુભૂતિકી ઉત્પત્તિ હો, આહાહા... ઉસકા નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, આત્માના સ્વરૂપ આચરણ અનુભૂતિ, આહાહાહા ! એય, ભભૂતમલજી ! રૂપિયા ધૂળમાં તો કાંઈ સંભળાતું નથી, ત્યાં પાછા ( શ્રોતાઃ- ધૂળ ( પૈસા ) વિના મંદિર થાય ) મંદિર મંદિરસે હુઆ હૈ, ક્યા ધૂળસે હુઆ હૈ ? એય અમે તો એ વખતે કહ્યા હતા ત્યાં, બાર લાખકા મંદિર હુઆ, બેંગ્લોર, ઉસને આઠ લાખ નાખ્યા'તા આણે આઠ લાખ, તો આઠ લાખ નાખ્યા તો કયા ધર્મ હૈ ? બિલકુલ નહીં. એય ( શ્રોતાઃ- ઉદારતા વિના આઠ લાખ ) ઉદારતા કિસકો કહેના એ ઉદારતા રાગ રહિત અનુભૂતિ કરે એ ઉદારતા હે. રાગ કોઈ મંદ કરે અને એ પણ પાછા એમાં મારી આબરુ નીકળેગી ને મૈં( ને ) મંદિર બનાયા, મેરી પ્રસિદ્ધિ હોગી તો એ( ભાવ ) તો પાપ હૈ એકીલા, પુણ્યેય નહીં. આહાહા ! ધર્મ તો હૈ હી નહીં ઉસમેં. લાખ કરોડ મંદિર બનાવો અને કરોડો અબજો રૂપીયા ખર્ચો ધર્મ હૈ નહીં. એ તો રાગકી મંદતા હો તો પુણ્ય શુભભાવ હોગા. આહાહાહા ! ( શ્રોતાઃ- આપના પ્રતાપે આ બધા ) કોણ કરે એ ? રામજીભાઈ પ્રમુખ હતા તો આ બધું કર્યું હતું. ( શ્રોતાઃ- ક્યાંથી કર્યું'તું રામજીભાઈએ, એ એના કારણે થયું ) કોણ કરે એને ? આ તો એને કારણે પરમાણુની પુદ્‌ગલની પર્યાય જે ક્ષેત્રે જે પ્રકારે હોની થી વો હુઈ, કરે કોણ ? આહાહા ! કદાચિત્ ભાવ હો તો શુભભાવ હો એ પુણ્ય હૈ, ધર્મ નહીં. આહાહા ! એય, આ છવ્વીસ લાખકા મકાન હૈ. પણ બહાર પૂછતા'તા ને, બહાર પૂછતા'તા. ન્યાં બહાર પૂછતા'તા પણ એથી આ બની ગયું છે, ઐસા નહીં. આહાહા... આવી વાતું બહુ આખી દુનિયાથી બહુ ફેરફાર ભાઈ. આહાહા !

અવિચળ અનુભૂતિકો પ્રાપ્ત કરતે હૈ, જે પુરુષ અંદર ભગવાન આત્મા, આત્મતત્ત્વ પરમાત્મસ્વરૂપે બિરાજમાન હૈ. આહાહા ! ઉસકો શુભઅશુભ રાગના પુણ્યપાપના ભાવસે ભેદજ્ઞાન કરકે, જુદા પાડ કરકે અપની અનુભૂતિ હો. આહાહાહા... ઉસમેં આનંદકા અનુભવ હો, ઉસકા નામ ધર્મની શરૂઆત પહેલી, આહાહા ! પહેલી એની સીઢી, પહેલી એની સીઢી આ. આરે આવું આકરું કામ જગતને ક્યાં પડી છે ? અરે રખડાઉ રખડાઉ ચાર ગતિમાં રખડી રખડીને મરી ગયો છે, અનંત કાળથી ( શ્રોતાઃ- આપનું વ્યાખ્યાન સાંભળ્યું હોય એ રખડે એમ બને કેમ ? ) સાંભળ્યું તો ભગવાન પાસે અનંતવાર સાંભળ્યું'તું. આહાહાહા !

અહીં કહે છે અચલિત અનુભૂતિકો પ્રાપ્ત કરતે હૈ. આહાહાહા ! જ્ઞાનાનંદ પ્રભુ જ્ઞાનરૂપી અરીસો સ્વચ્છ એ રાગસે ભિન્ન હોકર અનુભવ હો એ અનુભવમેં દર્પણકી તરહ હૈ. "વે પુરુષ દર્પણકી ભાંતિ" આહાહા... અપનેમેં પ્રતિબિંબિત હુએ અનંત ભાવોકે સ્વભાવમેં, અનંત નિરંતર વિકાર રહિત રહેતે હૈ. આહાહા ! કયા કહેતે હૈ ? ધર્મી જીવ અપના સ્વરૂપ રાગના

વિકલ્પસે ભિન્ન અનુભવ કિયા એ અનુભવમેં પરજ્ઞેયો જાનનેમેં આતા હૈ. પરજ્ઞેયો અરે રાગ આતા હૈ એ ભી જાનનેમેં આતા હૈ, પણ જાનનેમેં હોનેસે જ્ઞાન વિકારી નહીં હોતા. આહાહા !

આવી વાતું હવે ક્યાંય, દુનિયાના સંપ્રદાયમાં તો આ વાત હૈ હી નહીં. સંપ્રદાયમાં તો ગોટે ગોટા ઊંધા હાલ્યા છે. બધા સ્થાનકવાસીમાં કહે સામાયિક કરો ને પોષા કરો ને પડિક્કમણા કરો. હતા ક્યાં હવે ? હજી ભાન ન મળે સમ્યક્નું ને ક્યાંથી સામાયિક આવી ? શ્વેતાંબરમાં પૂજા કરો, જાત્રા કરો, ભક્તિ કરો, સિદ્ધચક્રની કરો, મરી જાને લાખ કરીને, એ તો સબ રાગકી ક્રિયા હૈ. આહાહા ! ( શ્રોતાઃ- ત્યાં પણ મોક્ષ તો છે, દયા દાનમાં ) મોક્ષ છે ? આત્માનો મોક્ષ છે ? આત્માથી છુટો પડી ગયો, રાગના પ્રેમમાં ગરી ગયો. આહાહાહા !

જેણે એ શુભરાગને ઉપાદેય નામ આદરણીય માન્યા હૈ, ઉસને આ ભગવાન આત્મા હેય, તિરસ્કાર કર દિયા હૈ એને. આત્માકા તિરસ્કાર કર દિયા એ આ ગયા આપણે ૧૯ માં. પુણ્ય ને પાપકા ભાવકા આદર કરનેવાલા, એ પુણ્ય પાપસે આત્માકા તિરસ્કાર કરને ( વાલા ) હો ગયા. પુણ્ય પાપ આત્માકા તિરસ્કાર કરતે હૈ. આહાહાહાહા ! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાકા ભાવ એ શુભરાગ આત્માકા તિરસ્કાર કરતે હૈ. બાપુ ! મારગડા જુદા ભાઈ ! આહાહા ! આવી ગયું ને આપણે ૧૯ માં ‘તિરસ્કારણીય’, એ શુભભાવ ભી આત્માકા તિરસ્કાર કરતા હૈ. મૈં ઠીક હું તો ભગવાન ત્રિલોકનાથ આત્મા જ્ઞાતાદૃષ્ટા હૈ, એ ઠીક નહીં. આહાહાહા ! ધૂળ તો ક્યાંય રહી ગઈ પૈસા, પણ અંદરમેં શુભરાગ પુણ્ય જાત્રાનો ને ભક્તિનો ને ભગવાનના દર્શનનો આહાહા... એ શુભ રાગ હૈ. ધર્મ નહીં, એ રાગકો જિસને આદરણીય માન્યા એણે ભગવાન આત્માકો હેય માન્યા. આહાહાહાહા ! આવી વાત !

એ અહીં કહા અપનેમેં તો પીછે આત્માકા ભાન હુઆ. મૈં તો વિકલ્પસે ને પર સંયોગસે તો તદ્ન ભિન્ન ઐસા અનુભવ હોનેસે દર્પણની સ્વચ્છતામેં અનેક પર પ્રતિબિંબ દિખતે હૈ. પણ દર્પણ વિકારી નહીં હોતા. ઐસે અપના જ્ઞાન સ્વરૂપમેં જ્ઞાતાપણાકા ભાન હુઆ. સમકિતીકો ધર્મીકો પીછે રાગ આદિ શરીર આદિ દેખનેમેં આતા હૈ. પણ એ જ્ઞાન કરતે હૈ, એ જ્ઞાન ઉસકા કરનેસે જ્ઞાનમેં વિકાર નહીં હોતા હૈ. અરે અરે આવી વાતુ ક્યાંની, પણ આ શું છે આ ? ક્યાંનો ઉપદેશ આ ? ભગવાનનો ઉપદેશ આવો હશે ? ( શ્રોતાઃ- ભગવાનનો ઉપદેશ તો એવો જ હોય ને ) અરે બાપુ તને ખબર નથી ભાઈ ! આહાહા ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ભાઈ. આહાહા !

આત્માકા જ્ઞાન આત્મજ્ઞાન હુઆ. રાગસે ભિન્ન હોકર, આહાહા ! ત્યારસે જગતકી ચીજ ઉસકો જ્ઞાતામેં જાનનેમેં આતી હૈ, પણ જાનનેમેં આતી હૈ છતેં જ્ઞાન વિકારી નહીં હોતા. આહાહા ! જ્ઞાતાદૃષ્ટા રહેતે હૈ, અરેરે ! હવે આવી વાત છે. સમજાણું કાંઈ ?

નિરંતર વિકાર રહિત હોતે હૈ. જ્ઞાનમેં જો જ્ઞેયોંકે આકાર પ્રતિબિંબિત હોતે હૈ ઉસસે રાગાદિ વિકારકો પ્રાપ્ત નહીં હોતા.

## ગાથા - ૨૦ થી ૨૨

અબ શિષ્ય પ્રશ્ન કરતા હૈ. અપ્રતિબુદ્ધ કૈસે,, આ અજ્ઞાની હૈ, મૂંઢ હૈ, અધર્મી હૈ એ કૈસે પહેચાના જાતા હૈ? ઉસકી પહેચાન કયા? સમજમેં આયા? હૈ? શિષ્ય પ્રશ્ન કરતા હૈ પ્રભુ! આ અજ્ઞાની હૈ, આ અપ્રતિબુદ્ધ હૈ, મૂંઢ હૈ, અધર્મી હૈ, આહાહા... કૈસે પહેચાના જા સકતા હૈ? ઉસકા ચિહ્ન બતાઈએ, ઉસકા કોઈ લક્ષણ બતાઈએ.

ननु कथमयमप्रतिबुद्धो लक्ष्येत-

अहमेदं एदमहं अदमेदस्स म्हि अत्थि मम एदं।
अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा।।२०।।

आसि मम पुव्वमेदं एदस्स अहं पि आसि पुव्वं हि।
होहिदि पुणो ममेदं एदस्स अहं पि होस्सामि।।२१।।

एयं तु असब्भूदं आदवियप्पं करेदि संमूढो।
भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो।।२२।।

अहमेतदेतदहं अहमेतस्यास्मि अस्ति ममैतत्।
अन्यद्यत्परद्रव्यं सचित्ताचित्तमिश्रं वा।।२०।।

आसीन्मम पूर्वमेतदेतस्याहमप्यासं पूर्वम्।
भविष्यति पुनर्ममैतदेतस्याहमपि भविष्यामि।।२१।।

एतत्त्वसद्भूतमात्मविकल्पं करोति सम्मूढः।
भूतार्थं जानन्न करोति तु तमसम्मूढः।।२२।।

---

यथाग्निरिन्धनमस्तीन्धनमग्निरस्त्यग्नेरिन्धनमस्तीन्धनस्याग्निरस्ति, अग्नेरिन्धनं पूर्वमासीदिन्धनस्याग्निः पूर्वमासीत्, अग्नेरिन्धनं पुनर्भविष्यतीन्धनस्याग्निः पुनर्भविष्यतीतीन्धन एवासद्भूताग्निविकल्पत्वेनाप्रतिबुद्धः कश्चिल्लक्ष्येत, तथाहमेतद-स्म्येतदहमस्ति ममैतदस्त्येतस्याहमस्मि, ममैतत्पूर्वमासीदेतस्याहं पूर्वमासं, ममैतत्पुनर्भविष्यत्येतस्याहं पुनर्भविष्यामीति परद्रव्य एवासद्भूतात्मविकल्पत्वेनाप्रतिबुद्धो लक्ष्येतात्मा।

नाग्निरिन्धनमस्ति नेन्धनमग्निरस्त्यग्निरग्निरस्तीन्धनमिन्धनमस्ति नाग्नेरिन्धनमस्ति नेन्धनस्याग्निरस्त्यग्नेरग्निरस्तीन्धनस्येन्धनमस्ति, नाग्नेरिन्धनं पूर्वमासीन्नेन्धनस्याग्निः

पूर्वमासीदग्नेरग्निः पूर्वमासीदिन्धनस्येन्धनं पूर्वमासीत्, नाग्नेरिन्धनं पुनर्भविष्यति नेन्धनस्याग्निः पुनर्भविष्यत्यग्नेरग्निः पुनर्भविष्यतीन्धनस्येन्धनं पुनर्भविष्यतीति कस्यचिदग्नावेव सद्भूताग्निविकल्पवन्नाहमेतदस्मि नैतदहमस्त्यहमहमस्म्येतदेतदस्ति न ममैतदस्ति नैतस्याहमस्मि ममाहमस्म्येतस्यैतदस्ति, न ममैतत्पूर्वमासीन्नैतस्याहं पूर्वमासं ममाहं पूर्वमासमेतस्यैतत्पूर्वमासीत्, न ममैतत्पुनर्भविष्यति नैतस्याहं पुनर्भविष्यामि ममाहं पुनर्भविष्याम्येतस्यैतत्पुनर्भविष्यतीति स्वद्रव्य एव सद्भूतात्मविकल्पस्य प्रतिबुद्धलक्षणस्य भावात्।

---

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે એ અપ્રતિબુદ્ધ કઈ રીતે ઓળખી શકાય એનું ચિહ્ન બતાવો; તેના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ-

**હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,**
**જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા; ૨૦.**

**હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,**
**વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં; ૨૧.**

**અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે;**
**ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨.**

ગાથાર્થઃ- [ अन्यत् यत् परद्रव्यं ] જે પુરુષ પોતાથી અન્ય જે પરદ્રવ્ય- [ सचित्ताचित्तमिश्रं वा ] સચિત્ત સ્ત્રીપુત્રાદિક, અચિત્ત ધનધાન્યાદિક અથવા મિશ્ર ગ્રામનગરાદિક-તેને એમ સમજે કે [ अहं एतत् ] હું આ છું, [ एतत् अहम् ] આ દ્રવ્ય મુજ-સ્વરૂપ છે, [ अहम् एतस्य अस्मि ] હું આનો છું, [ एतत् मम अस्ति ] આ મારું છે, [ एतत् मम पूर्वम् आसीत् ] આ મારું પૂર્વે હતું, [ एतस्य अहम् अपि पूर्वम् आसम् ] આનો હું પણ પૂર્વે હતો, [ एतत् मम पुनः भविष्यति ] આ મારું ભવિષ્યમાં થશે, [ अहम् अपि एतस्य भविष्यामि ] હું પણ આનો ભવિષ્યમાં થઈશ, - [ एतत् तु असद्‌भूतम् ] આવો જૂઠો [ आत्मविकल्पं ] આત્મવિકલ્પ [ करोति ] કરે છે તે [ सम्मूढः ] મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે; [ तु ] અને જે પુરુષ [ भूतार्थ ] પરમાર્થ વસ્તુસ્વરૂપને [ जानन् ] જાણતો થકો [ तम् ] એવો જૂઠો વિકલ્પ [ न करोति ] નથી કરતો તે [ असम्मूढः ] મૂઢ નથી, જ્ઞાની છે.

ટીકાઃ- ( દૃષ્ટાંતથી સમજાવે છેઃ ) જેમ કોઈ પુરુષ ઈંધન અને અગ્નિને મળેલાં દેખી એવો જૂઠો વિકલ્પ કરે કે "અગ્નિ છે તે ઈંધન છે, ઈંધન છે તે અગ્નિ છે; અગ્નિનું ઈંધન છે, ઈંધનનો અગ્નિ છે; અગ્નિનું ઈંધન પહેલાં હતું, ઈંધનનો અગ્નિ પહેલાં હતો; અગ્નિનું ઈંધન ભવિષ્યમાં થશે, ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે";-આવો ઈંધનમાં જ અગ્નિનો વિકલ્પ કરે તે જૂઠો છે, તેનાથી અપ્રતિબુદ્ધ કોઈ ઓળખાય છે, તેવી રીતે કોઈ આત્મા પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પ ( આત્માનો વિકલ્પ ) કરે કે "હું આ પરદ્રવ્ય છું, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ છે; મારું આ પરદ્રવ્ય છે, આ પરદ્રવ્યનો હું છું; મારું આ પહેલાં હતું, હું આનો

**પહેલાં હતો; મારું આ ભવિષ્યમાં થશે, હું આનો ભવિષ્યમાં થઈશ";-આવા જૂઠા વિકલ્પથી અપ્રતિબુદ્ધ ઓળખાય છે.**

**વળી અગ્નિ છે તે ઇંધન નથી, ઇંધન છે તે અગ્નિ નથી, -અગ્નિ છે તે અગ્નિ જ છે. ઇંધન છે તે ઇંધન જ છે; અગ્નિનું ઇંધન નથી, ઇંધનનો અગ્નિ નથી, -અગ્નિનો જ અગ્નિ છે, ઇંધનનું ઇંધન છે; અગ્નિનું ઇંધન પહેલાં હતું નહિ, ઇંધનનો અગ્નિ પહેલાં હતો નહિ, -અગ્નિનો અગ્નિ પહેલાં હતો, ઇંધનનું ઇંધન પહેલાં હતું; અગ્નિનું ઇંધન ભવિષ્યમાં થશે નહિ, ઇંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે નહિ, -અગ્નિનો અગ્નિ જ ભવિષ્યમાં થશે, ઇંધનનું ઇંધન જ ભવિષ્યમાં થશે;"-આ પ્રમાણે જેમ કોઇને અગ્નિમાં જ સત્યાર્થ અગ્નિનો વિકલ્પ થાય તે પ્રતિબુદ્ધનું લક્ષણ છે, તેવી જ રીતે "હું આ પરદ્રવ્ય નથી, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી, -હું તો હું જ છું, પરદ્રવ્ય છે તે પરદ્રવ્ય જ છે; મારું આ પરદ્રવ્ય નથી, આ પરદ્રવ્યનો હું નથી, -મારો જ હું છું, પરદ્રવ્યનું પરદ્રવ્ય છે; આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ, આ પરદ્રવ્યનો હું પહેલાં હતો નહિ, -મારો હું જ પહેલાં હતો, પરદ્રવ્યનું પરદ્રવ્ય પહેલાં હતું; આ પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ, એનો હું ભવિષ્યમાં થઈશ નહિ, -હું મારો જ ભવિષ્યમાં થઈશ, આ (પરદ્રવ્ય) નું આ (પરદ્રવ્ય) ભવિષ્યમાં થશે."-આવો જે સ્વદ્રવ્યમાં જ સત્યાર્થ આત્મવિકલ્પ થાય છે તે જ પ્રતિબુદ્ધનું લક્ષણ છે, તેનાથી તે ઓળખાય છે.**

**ભાવાર્થઃ- જે પરદ્રવ્યમાં આત્માનો વિકલ્પ કરે છે તે તો અજ્ઞાની છે અને જે પોતાના આત્માને જ પોતાનો માને છે તે જ્ઞાની છે-એમ અગ્નિ-ઇન્ધનના દૃષ્ટાંત દ્વારા દૃઢ કર્યું છે.**

## પ્રવચન નં. ૮૩ ગાથા ૨૦ થી ૨૨

ટીકાઃ- હૈ ટીકા ? દૃષ્ટાંતસે સમજાતે હૈ. જૈસે કોઈ પુરુષ ઈંધન ને અગ્નિકો મિલા હુઆ દેખકર લકડી, લકડી ઈંધન અને અગ્નિ મિલાકર દેખતા હુઆ મિલા હુવા દેખકર ઐસા જૂઠા વિકલ્પ કરે કે જો અગ્નિ હૈ સો ઈંધન હૈ અગ્નિ હૈ સો લકડી હૈ, જૂઠી બાત હૈ ઔર ઈંધન હૈ સો અગ્નિ હૈ. અને લકડી હૈ યહ અગ્નિ હૈ. એ સામાન્ય વાત પહેલે કિયા. અગ્નિકા ઈંધન હૈ, અગ્નિનું ઈંધન વર્તમાન, ઈંધનકી અગ્નિ હૈ એ વર્તમાન, અગ્નિકા ઈંધન પહેલે થા. યહ અગ્નિનું લાકડું લકડી પહેલે થા ભૂતકાળ, ઈંધણકી અગ્નિ પહેલે થી ભૂતકાળ. અગ્નિકા ઈંધણ ભવિષ્યમેં હોગા, ભવિષ્યકાળ. આહાહાહા ! ઈંધણકી અગ્નિ ભવિષ્યમેં હોગી. ઐસા ઈંધણમેં અગ્નિકા વિકલ્પ કરતા હૈ વો જૂઠા હૈ, મૂંઢ હૈ, લૌકિક મૂંઢ હૈ. હવે આત્મા પર ઉતારતે હૈ.

ઐસે અપ્રતિબુદ્ધ કોઈ પહેચાના જાતા હૈ, અજ્ઞાની લૌકિક મૂંઢ, ઈસીપ્રકાર કોઈ આત્મા પરદ્રવ્યમેં અસત્યાર્થ આત્મ વિકલ્પ કરતે હૈ. આહાહાહા ! રાગ પુણ્ય ઔર પુણ્યકા ફળ આ પૈસા, ધૂળ આદિ બહારકે શરીરકે સ્ત્રી, કુટુંબ, પરિવાર એ અસત્યાર્થ પરદ્રવ્યમેં, આહાહાહા... અસત્યાર્થ જૂઠા આત્મ વિકલ્પ કરતે હૈ, કે યહ મેરા હૈ. સ્ત્રી મેરી, કુટુંબ મેરા, દીકરા મેરા, પૈસા મેરા, મકાન મેરા, મૂંઢ હૈ. આહાહા ! તેરી ચીજ કહાંએ આઈ એ તો પર ચીજ હૈ. આહાહાહા !

આત્મા પરદ્રવ્યમેં, પરવસ્તુમેં, અસત્ય, જૂઠા આત્મભાવ કરતે હૈ કે મૈં યે પરદ્રવ્ય હું, મૈં યે રાગ હું, મૈં શરીર હું, મૈં યે સ્ત્રી મેરી હૈ, યે મેરા લડકા હૈ, મેરી કન્યા હૈ, મેરા છોકરાની વહુ હૈ. મૂઢ હૈ. ઐસા આત્મ વિકલ્પ કરતે હૈ. આહાહા ! ( શ્રોતાઃ- તો તો બધાયને ગાંડાની હોસ્પીટલમાં મૂકવા પડે. ) ગાંડા જ પાગલ. આહાહા.

આવો ભગવાન ત્રણ લોકનો નાથ, પોકારે છે જગતને, અરે જીવ આ મૂઢ કેમ જાનનેમેં આતા હૈ ? કે એમ જાનનેમેં આતા હૈ કે યહ મેરા પરદ્રવ્ય હૈ અને પરદ્રવ્યકા મૈં હું. આહાહા ! એ વર્તમાન, પહેલાં સામાન્ય કહા થા કયા ? મૈં યહ પરદ્રવ્ય હું, મૈં પુણ્ય હું, મૈં રાગ, યહ શરીર કર્મ, લક્ષ્મી, દીકરા, દીકરી, લડકા, દેશ, મકાન એ મૈં હું ઔર પરદ્રવ્ય મુજરૂપ હૈ, અને રાગ શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર યહ મેરા રૂપ હૈ. આહાહાહા... ( શ્રોતાઃ- એ મારો પરિવાર છે. ) ધૂળમાંય પરિવાર નથી. આહાહાહા !

બેનમાં તો આવી ગયું નથી ? વચનામૃતમાં, આહાહાહા ! અરે ! દયા, દાન ને વ્રતના વિકલ્પમેં આતા હૈ, જ્ઞાની અરે ! અમે પરદેશમાં ક્યાં આ ગયા ? આહાહાહા ! વચનામૃતમાં આતે હૈ ને ? આહાહાહા ! છે. અહીં નથી ? પુસ્તક અહીંયા નથી આવ્યા લાગતા. હા, છે. છે, છે ને ? ૧૪૯ પાનું, કેટલા ? ૪૦૧ બોલ. આહાહા ! અરે લ્યો યહ વિભાવભાવ હમારા દેશ નહીં આ વચનામૃત, એ પુણ્ય ને પાપના દયા, દાન, વ્રતના ભાવ એ મેરા દેશ નહીં નાથ. આહાહાહાહા ! આવી વાત આકરી. હૈ ? એ પરદેશમેં હમ કહાં આ ગયા ? આ પહોંચે ? અરેરે ! અમારો દેશ તો આનંદ ને જ્ઞાન સ્વરૂપી ભગવાન ઉસમેંસે અશુભ રાગમેં આ ગયા, પરદેશમેં કહાં આ ગયા ? આહાહાહા ! એય ! આપ્યું છે ને ? તમારે આવ્યું છે. આહાહાહા...યહાં હમારા કોઈ નહીં. આહાહા ! હમે યહાં અચ્છા નહીં લગતા. ધર્મીકો તો રાગમેં અચ્છા નહીં લગતા, ( રાગ ) આતા હૈ. આહાહાહા ! જહાં જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ, ચારિત્ર, આનંદ, વીર્ય અનંત ગુણ હમારા પરિવાર વસતા હૈ અંદર, હમારા પરિવાર તો અંદરમેં જ્ઞાન આનંદ એ પરિવાર હૈ. આહાહા ! સ્ત્રી કુટુંબ પરિવાર તો ધૂળ, તેરી નહીં, તેરી ચીજ જ નહીં. પણ રાગ તેરા પરિવાર નહીં. આહાહા ! કેટલી ચિંતા થઈ ગઈ'તી. ઓલા છોકરાને થઈ ગયું'તું તે ? ખબર છે ને ? ક્ષયની અસર હતી ? સૂના થા. આહાહાહા ! આ સંસાર એવો બાપા. અરેરે ! અમે તો આનંદ સ્વરૂપી આત્મા છીએ ને પ્રભુ. આહાહાહા ! અરેરે ! એ દયા, દાન ને વ્રતનો વિકલ્પ ઊઠે રાગ એ અમારા દેશ નહીં. એ અમારો પરિવાર નહીં. આહાહાહા ! જુઓ ધર્મીની દૃષ્ટિ. આહાહાહા ! મૂઢની દૃષ્ટિ તો આ શરીર ને બાયડી છોકરા ને આહાહા ! અમારી આ ઘરવાળી છે. અરે ! ઘર તારું ક્યાંથી આવ્યું ? ઘર તો અહીં થયું. તારું ઘર તો આનંદનો નાથ સાગર એ તેરા ઘર હૈ. એ ઘરવાળી ક્યાંથી આવી ગઈ તેરી ? આહાહાહા ! હમારા સ્વદેશ, અબ હમ ઉસ સ્વરૂપ દેશકી ઔર જા રહે હૈ. હમે ત્વરાસે અપને મૂળ વતનમેં જાકર આરામસે વસના હૈ. જહાં સબ હમારા હૈ. -૪૦૧ ( બોલ ) આહાહા !

આંહી કહેતે હૈ અજ્ઞાની, મૈં પરદ્રવ્ય હું, યહ પરદ્રવ્ય મુજ સ્વરૂપ હૈ, આહાહાહા... એ સામાન્ય વાત કિયા. યહ મેરા પરદ્રવ્ય હૈ વર્તમાન, એ રાગ મેરા. બાયડી મેરી હૈ, કુટુંબ મેરા હૈ, મકાન મેરા હૈ, ઈસ પરદ્રવ્યકા મૈં હું, યે રાગ ને સ્ત્રી કુટુંબકા મૈં પતિ હું, પત્નીકા મૈં પતિ

હું, એ મૂઢ માનતે હૈ. આહાહાહા !

શિષ્યે પ્રશ્ન કિયા કે યહ અધર્મીકા લક્ષણ કયા ? ચિહ્ન કયા ? આહાહાહા ! આકરી વાતું બાપા ! અરેરે ! જૈન ધર્મમાં જન્મ્યા એનેય ખબરું ન મળે તો અન્યમાં તો છે ક્યાં ? આહાહાહા ! એ ભૂતકાળકી બાત કિયા. મેરે પહેલે થા એ ભૂતકાળ. અરે એ તો સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા હમારા હતા. હમારા. અને અમારા ભાઈઓ, એ કાંઈ પાણીમાં ડાંગ મારે પાણી જુદા પડે કાંઈ ? લાકડી મારેને પાણીમાં એમ કે અમારા ભાઈઓએ અમારા કુટુંબ કાંઈ એમ અમારા જુદા પડે ? સાંભળને હવે મૂર્ખ, જગતથી જુદું બહુ બાપુ, હૈં ? ( શ્રોતાઃ- આખી દુનિયાથી જુદું ) આખી દુનિયા આ પ્રમાણે ગાંડી, પાગલ હૈ. આહાહાહા !

મેરા યહ ભવિષ્યમેં હોગા, આહાહા... અરે ભાઈ એ પૈસા, આબરૂ, કીર્તિ ભવિષ્યમેં મેરી મદદ કરેગા. એ લડકા લડકા, આ સ્ત્રી, પચાસ વર્ષે પરણે પંચાવને, ભાઈ નાગા ભૂખ્યા એ રાખશે ઢાંકયા, અરે મૂંઢ કયા હૈ ? આહાહા... પંચાવન વર્ષે પરણે શું કરવા પણ ? કે બાયડી હોય તો નાગા ભૂખ્યા ઢાંકે. કોણ નાગો ભૂખ્યો સાંભળને હવે મૂર્ખ. આ બધું પોગળ ખોલે છે. આહા ! કે કેમકે ઉઘાડું શરીર હોય તો દિકરી દિકરો કઈ રીતે આવી શકે બિચારા ઢાંકવા ? નગ્ન હોય અંગ તો ઓલું થઈ ગયું હોય તો બાયડી હોય તો જરી ( ઠીક ) રહે. આહાહાહા ! અરે કોણ પ્રભુ તેરી. એ અમારા હતા, એ અમે એના હતા. ભવિષ્યમેં ઐસા હોગા, ઐસે જૂઠ-જૂઠે વિકલ્પોસે અજ્ઞાની જાના ( પહેચાના ) જાતા હૈ, લ્યો. આ મૂંઢ હૈ. કેમ જાનનેમેં જાતા હૈ, આવા જાૂઠા રાગકો કરતે હૈ એ અજ્ઞાની જાનનેમેં આતા હૈ. આ મૂંઢ હૈ, અધર્મી હૈ, પાપી હૈ. આહાહાહા ! આકરું કામ બહુ.

અગ્નિ હૈ વહ ઈંધન નહી; હવે સવળા દાખલા-અગ્નિ હૈ યહ લાકડું નહીં. લાકડુ ને અગ્નિ ભિન્ન હૈ. ઈંધન હૈ યહ અગ્નિ નહીં. સામાન્ય વાત કિયા - હવે વર્તમાન અગ્નિ હૈ વહ અગ્નિ હી હૈ. ઈંધણ હૈ વહ ઈંધણ હી હૈ. અગ્નિકા ઈંધણ નહીં. આહાહાહા ! ઈંધણકી અગ્નિ નહીં. અગ્નિકી અગ્નિ ને ઈંધણકા ઈંધણ હૈ. એ વર્તમાન વાત કરી. અગ્નિકા ઈંધણ પહેલે નહીં થા. અગ્નિકી લકડી પહેલે નહીં થી. લકડી તો લકડી કી હી હૈ ને, અગ્નિ તો અગ્નિકી હૈ. આહાહાહા ! અગ્નિકી લકડી પહેલે નહીં થા, ઈંધણકી અગ્નિ પહેલે નહીં થી. લકડીની અગ્નિ પહેલે હતી જ નહીં. અગ્નિ તો અગ્નિકી થી, અગ્નિકી અગ્નિ પહેલે થી. ઈંધણકા ઈંધણ પહેલે થા, અગ્નિકા ઈંધણ ભવિષ્યમેં નહીં હોગા. ઈંધણકી અગ્નિ ભવિષ્યમેં નહીં હોગી. અગ્નિ હી અગ્નિ હૈ. ભવિષ્યમેં હોગી. ઈંધણકા ઈંધણ હી ભવિષ્યમેં હોગા.

ઈસ પ્રકાર જૈસે કીસિકો અગ્નિમેં હી સચ્ચા અગ્નિકા વિકલ્પ હોતા હૈ એ પ્રતિબુદ્ધ હૈ. ઐ લૌકિક ડાહ્યો કહેવાય. અગ્નિને અગ્નિ માને ને અગ્નિકો લકડી ન માને ને લકડીકો અગ્નિ ન માને એ લૌકિક ડાહ્યો કહેવાય.

ઈસ પ્રકાર, આહાહા ! મેં યહ પરદ્રવ્ય નહીં. આહાહાહા... જૈસે અગ્નિ લકડીકી નહીં, ઐસે મૈં ભગવાન ચૈતન્ય સ્વરૂપ મૈં શરીરકા સ્ત્રી, કુટુંબ, પરિવાર દેશકા નહીં. આહાહાહા ! આ ધર્મીકી પહેચાન, આહાહા ! આહાહા ! હૈ ? મૈં એ પરદ્રવ્ય નહીં. યહ પરદ્રવ્ય મુજ સ્વરૂપ નહીં. રાગ ને પત્ની-સ્ત્રી, કુટુંબ, પરિવાર મેરા સ્વરૂપ હૈ હી નહીં. યે મેરા સ્વરૂપ હૈ હી નહીં.

આહાહાહા ! આવું બધું ભેદજ્ઞાન કરવું, નવરા ક્યાં આખો દિ' પાપના ધંધા. આહાહા ! એક આખો દિ' બાવીસ કલાક આ ખાધા ને આ પીધા ને આ રળ્યા ને આ દીકરા ને પાપના પોટલા. કલાક સાંભળવા મળે તે ત્યાં જાય તો ઊંધુ મળે એને બધું. આ દયા પાળો, વ્રત કરો, ધર્મ થશે એ ઊંધા લાકડા. આહાહા ! એનો કલાક એક લૂંટી લીધો બચારાનો શ્રીમદ્ કહે છે કુગુરુ એનો કલાક લૂંટી લે છે. ભગવાનની જાત્રા કરો. પાલીતાણા શેત્રુંજય ઉપર ચડો નવ્વાણું વાર ચડો. ધૂળમેં લાખ વાર ચડ ને હવે ( શ્રોતાઃ– પાલીતાણામાં મંદિર બંધાવે ) મંદિર બંધાવે તો એ બધો શુભરાગ હૈ, સમજમેં આયા ?

પંદર લાખકા મંદિર હોતા હૈ ને. આફ્રિકા નૈરોબી યહાંકા ઘર હૈ સાંઈઠ શ્વેતામ્બર થા, સબ દિગંબર હો ગયે. સાંઈઠ ઘર હૈ. આઠ તો કરોડપતિ હૈ. વહ દૂસરા કોઈ પંદર લાખ, વીસ લાખ, પચીસ લાખ, ચાલીસ લાખ, પચાસ લાખ, બધા પૈસાવાળા છે. આફ્રિકામાં મંદિર નહીં થા. પહેલે તો હતા નહીં. આહાહાહા... અભી આ મહિને પહેલે પંદર લાખકા મંદિરકા મુહૂર્ત કિયા હૈ. યે લોકો વિનંતી કરવા આવશે. ગૃહસ્થ લોકો હૈ. સબ શ્વેતામ્બર ( થા ) સાંઈઠ ઘર, સબ દિગંબર હો ગયા. કારણકે ત્રીસ વર્ષસે વાંચન ચલતે હૈ ત્યાં આફ્રિકામાં, ત્રીસ વર્ષસે સ્વાધ્યાય મંદિર બડા અઢી લાખકા હૈ. સ્વાધ્યાય ચલતે હૈ. પણ શ્વેતામ્બર થે, શ્વેતામ્બર હતા આ બધાય. પંદર લાખનું મંદિર મુહૂર્ત કિયા. જેઠ સુદ ૧૧, ભીમ અગિયારસ, આફ્રિકા નૈરોબી, વિનંતી કરવા આવશે. પણ હવે તો શરીરને ભાઈ ૮૯ વર્ષ થયા. કોમળ શરીર, ખોરાક બંધ, વિનંતી કરે છે ને એનો આવવાનો ભાવ છે ભાઈ. આહાહા !

આંહી તો કહેતે હૈ કે કિસકા પૈસા ને કિસકા મંદિર ? આહાહાહા ! મેરા યહ થા ને મેરા યે રહેગા, ભવિષ્યમેં ભી મેરા રહેગા. મૂઢ હૈ. આહાહાહા ! હૈ ? મૈં યે પરદ્રવ્ય નહીં હું. ધર્મી તો ઐસે માનતે હૈ, દેખો, મૈં તો એ રાગ ને શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ મેરા નહીં. એ પરદ્રવ્ય મુજ સ્વરૂપ નહીં. મૈં તો મૈં હી હું. મૈં તો આનંદ ને જ્ઞાન સ્વરૂપી પ્રભુ મૈં હું, એ ધર્મીકા લક્ષણ હૈ. આહાહાહા ! આ તો જાત્રા કિયા તો ધર્મ કિયા. પાલીતાણાની જાત્રા કિયા પુનમની, ધૂળેય નહીં ધરમ સાંભળને ! એમાં રાગ મંદ કિયા હોય તો પુન્ય હોગા. સમજમેં આયા ? આહાહાહાહા ! આવી વાત છે.

પરદ્રવ્યકા પરદ્રવ્ય હૈ. પરદ્રવ્ય પહેલે મેરા નહીં થા. એ રાગ શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, મહેલ, પહેલેસે હી મેરે નહીં થા. આહાહા ! યહ પરદ્રવ્ય મૈં પહેલે નહીં હું. મૈં ભી પરદ્રવ્યમાં પહેલેસે હી નહીં હું. એ મેરે નહીં હૈ. મૈં ઉસકા નહીં હું. પહેલેસે હી ઐસા હું. આહાહા... આ ધર્મી. આહાહા ! આનું નામ સમ્યગ્દૃષ્ટિ જીવ ! હજી ધર્મની શરૂઆતવાળા હો. આહાહા ! મૈં મેરામેં હી પહેલેસે થા. મૈં તો અનાદિસે આનંદ સ્વરૂપ મૈં પહેલેસે અપના થા, પરદ્રવ્યકા પરદ્રવ્ય પહેલે થા. એ પરદ્રવ્ય મેરા ભવિષ્યમેં નહીં હોગા. આહાહાહા ! એ દીકરા ને બાયડી ને છોકરા ને વર્તમાનમેં મેરા નહીં, ભૂતકાળમેં મેરા નહીં થા, ભવિષ્યમાં મેરા નહીં રહેગા. આહાહાહાહા ! નહીં હોગા. ઈસકા મૈં ભવિષ્યમેં નહીં હોગા. મૈં અપના હી ભવિષ્યમેં રહુંગા. આહાહાહા ! મૈં તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ મેરેમેં ભવિષ્યમેં મૈં હી રહેગા. મૈં રાગરૂપ ને પરરૂપે કભી હોગા નહીં, આહાહાહા ! આ સમ્યગ્દૃષ્ટિના લક્ષણ. આહાહાહા... આને તો ભાનેય ન મળે કે આંહી આ શું

છે ? કે સાંભળવામાં મળ્યું નથી બચારાને. આહાહા ! મૈં અપના હી ભવિષ્યમાં હુંગા. એ પરદ્રવ્યકા યહ પરદ્રવ્ય ભવિષ્યમાં રહેગા એ તો પરદ્રવ્ય હૈ. પરદ્રવ્ય ઉસમેં રહેગા. આહાહાહા !

ઐસા જો સ્વદ્રવ્યમેં સત્યાર્થ આત્મવિકલ્પ હોતા હૈ. ભગવાન જ્ઞાયક સ્વરૂપ પ્રભુ, અણાકુળ આનંદકી મૂર્તિ પ્રભુ આત્મા, ઉસમેં જો આત્મા નિર્ણય કરતે હૈ, એ સ્વદ્રવ્યમેં સત્યાર્થ આત્માકા નિર્ણય કરતે હૈ, વહી જ્ઞાની હૈ, એ ધર્મી હૈ, એ ધર્મીના લક્ષણ હૈ. આહાહાહા ! બહુ આકરું કામ લીધું. દયા દાનના વિકલ્પ ભી મેરા નહીં થા, મેરેમેં હૈ હી નહિ. સ્ત્રી, કુટુંબ, પરિવાર મેરેમેં હૈ નહી, મેં ઉસમેં નહિ હું, ભૂતકાળમેં નહિ થા, ભવિષ્યમેં નહિ હોગા. આહાહાહા !

અહીં તો કંઈક શરીરને ઠીક હોય તો પણ છોકરાને કહે આ મરી જાય ત્યારે જાયને સ્નાન કરનેકો સ્નાન-સ્નાન જા ને તું જાને તું ઈ હું જ છું ને, જાને તું ? માળા મુરખ તો તું જા. તું જા સનાનમેં ભેગો જાય મહાણમાં જાય ત્યાં હારે ? તું છે એ હું જ છું ને ? પણ કે દિ' તું ઈ હું. આહાહાહા ! અજ્ઞાનીની ભ્રમણા ચારગતિમાં રખડનેકા લક્ષણ હૈ એ બધા. આહાહાહા ! જવાબદારી બહુ હૈ આમાં તો, આહાહા... એ અપ્રતિબુદ્ધ અજ્ઞાનીકા લક્ષણ હૈ ! આહાહાહા ! ઈસસે અજ્ઞાની પહેચાના જાતા હૈ. અજ્ઞાનીકી પહેચાન રાગાદિ પરદ્રવ્યકો મેરા માનના અને એ મેરા સ્વરૂપ હૈ ઐસે માનના, પહેલાં મેરા થા મૈં ઉસકા થા, ભવિષ્યમેં મેરા રહેગા, મૈં ભી ઉસકા રહેગા, ઉસકા અજ્ઞાનીકા લક્ષણ હૈ.

ધર્મીકા, સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમેં હો, છ ખંડકા રાજમેં ચક્રવર્તી સમકિતી થા. શાંતિનાથ- કુંથુનાથ-અરનાથ, પણ એક રાગકા અંશ ને છન્નું કરોડ પાયદળ, છન્નું હજાર સ્ત્રી, મેરી નહીં, એ તો પર હૈ. આહાહા ! સમજમેં આયા ? મૈં ઉસમેં નહીં, એ મેરેમેં નહીં. અને મેરે કારણસે આયા એ નહીં અને મૈં ઉસકા સ્વામી હું ઐસા હૈ નહીં, ઇન્દ્ર હૈ સુધર્મ દેવલોક, બત્રીસ લાખ વૈમાન એક એક વૈમાનમાં અસંખ્ય દેવ, સુધર્મ દેવલોક. સમકિતી હૈ, જ્ઞાની હૈ કરોડો અપસરા હૈ પણ અંતરમેં એક રૂંવાટે ભી, એ સ્ત્રી મેરી નહિ મૈં ઉસકા નહિ. આહાહા ! સમજમેં આયા ? એ ઈંદ્રાણી મેરી નહિ. મેરે ઈંદ્રાણી નહીં, મૈં ઈંદ્રાણીમાં નહીં. આહાહાહા !

ઐસા પરસે ભેદજ્ઞાન વર્તમાન ભૂત અને ભવિષ્યમેં તીનોં કાળમેં ઐસા ભેદજ્ઞાન વર્તતે હૈ ! આહાહા ! અજ્ઞાનીકો તીનોંકાળમેં મેરા ( સબ ) ઐસા વર્તતે હૈ. આહાહા ! લડકાકો સમજાના, કેળવણી દેના, જુવાન લડકી આવે વીસ-પચ્ચીસ પચ્ચીસ વર્ષની જુવાન બે-બે વર્ષની ઉંમરે એક તેવીસ-પચ્ચીસ ને સત્યાવીસ ને ઓગણત્રીસ એને ઠેકાણે પાડવા કે નહિ, હવે અહીં, કોણ હૈ પણ તેરી, એ હતી જ નહિ ને ? આહાહાહા !

પૈસા બહોત હોય તો એ કામ કરી શકે નહિ પોતે પછી એક ગૃહસ્થને દુકાન સાટુ ગોતે કે જુઓ પચ્ચીસ લાખ તને ( તુઝે ) દેગા, એક ટકાનું વ્યાજ લઈશ ઔર મહીને તપાસ કરવા આવીશ ચોપડા, અને આધા ભાગ પેદાશમેં, આવી શરતું કરે આ શેઠીયાઓ. ( શ્રોતાઃ- આપને ક્યાંથી ખબર, કહે છે ). તમારે દુનિયા, આખી દુનિયાની ખબર છે. આહાહાહાહા !

અરે પ્રભુ શું તું કરે છે આ ? ભગવાન તો એને મૂંઢ કહે છે, એ જૈન જ નથી. આહાહાહા ! જૈન તો ઉસકો કહિએ, આહાહા... ઘટ-ઘટ અંતર જિન વસે ને ઘટ-ઘટ અંતર જૈન, ભગવાન વીતરાગ મૂર્તિ પ્રભુ બિરાજે છે આત્મા, ભાઈ તને ન બેસે ભાઈ. આહા ! એ આત્મા હું અને

રાગ હું નહિ, એવી ( રીતે ) જિસને રાગકો જીત લિયા, જેણે રાગને જીત લિયા, અને જેને રાગે જીત લિયા એ અજ્ઞાની. જેણે રાગને જીત લિયા એ જૈન. આહાહાહા ! સમજમેં આયા ? જગતથી જુદી વાત છે બાપુ !

અમે દુનિયાને બહુ જાણીએ છીએ ને અહીં તો નેવાશી વર્ષ થયા. અને ૭૨ વર્ષથી તો આ શાસ્ત્ર અભ્યાસ છે. દુકાનમાંય હું તો શાસ્ત્ર અભ્યાસ કરતો પાલેજ, બધા જોયા છે ને ? અનેક જોયા છે. વેદાંતી જોયા છે. વેદાંતીના ગુરુ એક હતા મોટા. એ તો અમારો ગ્રાહક હતો ત્યાં. બધા પગે લાગે ને અમારો ગરાગ અસીલ હતો. શું કહેવાય ? એને ગરાગ હતો. શું કહેવાય ધીરતા ધાર–ધીર કરતા આવતો હોં. ઉઘરાણી જતો હું ત્યાં એમને મેહરાજસી ગામ હતું, ત્યાં ઉઘરાણી વધારે હતી અમારી. પણ એ બધી ઓગણીસ–વીસ–એકવીસ વર્ષની ઉંમરે. બધી ભ્રમણાઓ કરી. આહાહાહાહા !

અરે પ્રભુ તું કોણ છે ક્યાં છો ? આહાહા ! તું તો આત્મા છે ને નાથ ! કિસમેં તુમ હૈ ? તુમ હૈ તો જ્ઞાનમેં, આનંદમેં, શાંતિમેં હૈ ને તુમ તો, તુમ રાગ અને પરમેં તો હૈ હી નહિ ને ? આહાહાહા ! અને રાગ ને પર તેરે મેં આયા હી નહિ કભી. આહાહા ! ઐસા આત્માકા અંતરમેં, રાગસે ભિન્ન હોકર ભાન અનુભૂતિ હોના, ઉસકા નામ ભગવાન સમ્યગ્દૃષ્ટિ, ધર્મની પહેલી શરૂઆતવાળા, પહેલી શરૂઆત હજી હોં ! આહાહાહા ! આવો માર્ગ અરેરે ! દુનિયા હાલી જાય છે. લૂંટાઈ જાય છે. બચારા ક્યાં જાશે ? આહાહા ! ઘણાં તો આ આત્માનું જેને શ્રવણ નથી, પુણ્યેય નથી ને પાપ એકલા કર્યાં છે, ધર્મ તો છે નહિ. રાગથી ભિન્ન્ન સમ્યગ્દર્શન તો છે નહીં. આહાહા... અને પાપ બાવીસ–તેવીસ કલાક એકાદ કલાક સાંભળવા જાય કોઈ શુભભાવ હોય, શુભ, જાત્રા આદિ શુભભાવ પણ, એરણની ચોરી ને સોયના દાન. આહાહાહા ! એરણ સમજતે હૈ ને ? સોની, સોનું ઘડવાની, આહાહા... ક્યા કહેતે હૈ ( એરાણી ) એરાણી. એરણકી ચોરી ને સોયના દાન. ધર્મ તો છે નહિ આત્મજ્ઞાન, પણ પુણ્યનાય ઠેકાણાં ન મળે. એકાદ કલાક સાંભળવા જાય એ તેથી શુભભાવ હોય તે, એમાં બાવીસ કલાક તો પાપ એકલા. બાયડી–છોકરા ને ધંધા ને મારી નાખ્યા. આહાહા !

અહીં તો કહેતે હે પ્રભુ એક ક્ષણ પણ પરકી ચીજ અપની હૈં ને મૈં ઉસકા હું, એ માનનેવાલા મૂઢ, મિથ્યાદૃષ્ટિ, અધર્મી હૈ ને એક ક્ષણમેં જેમ ભિન્ન પાડકર અપના ભાન હુઆ મૈં તો આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, મેરેમેં એ ચીજ જાનનેમેં આતી હૈં, છતેં મેરેકું વિકાર નહિ હોતા, મૈં તો જાનનેવાલા હું. આહાહાહા ! ઉસકા નામ ધર્મકી પહેલી સીઢી. આહાહાહા... કેટલી જવાબદારી ? એ હી પ્રતિબુદ્ધકા લક્ષણ હૈ. હૈ ? ઈસસે જ્ઞાની પહેચાના જાતા હૈ !

ભાવાર્થઃ જો પરદ્રવ્યમેં આત્માકા વિકલ્પ રાગ એકતા કરતા હૈ, વહ અજ્ઞાની હૈ. અને જો અપને આત્માકો હી અપના માનતા હૈ યે જ્ઞાની હૈ. અગ્નિ ઈંધનકે દૃષ્ટાંતસે દૃઢ કિયા, વાત તો બહુ સાદી હતી ભાષા. અગ્નિ લકડીકી હોતી નહીં, લકડી અગ્નિકી હોતી નહીં. પરદ્રવ્ય અપના હોતા નહીં, અપના દ્રવ્ય પરદ્રવ્યમેં હોતા નહિ. અગ્નિ શબ્દે આત્મા, આનંદકંદ પ્રભુ એ રાગ ને એ સબ લકડી હૈ. પૈસા બૈસા ઉસકા હોતા નહીં અને લકડી અપની હોતી નહીં કભી. આહાહા ! વિશેષ કહેગા.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૮૪ શ્લોક નં. ૨૨, ગાથા ૨૩ થી ૨૫

### તા. ૧૨-૯-૭૮ મંગળવાર ભાદરવા સુદ-૧૦ સં. ૨૫૦૪ ઉત્તમ તપ ધર્મ

સાતમો દિવસ હૈ. આજ ઉત્તમ તપ-તપ, તપ ધર્મ કહેતે હૈ.

इहपरलोयसुहाणं णिरवेक्खो जो करेदि समभावो ।
विविहं कायकिलेसं तवधम्मो णिम्मलो तस्स ।।४००।।

આહાહા ! જે કોઈ મુનિ આહીં ચારિત્રની વાત છે સમ્યગ્દર્શન ને અનુભવ સહિત જિસકો ચારિત્ર અંતર રમણતા પ્રગટ હુઈ. જૈસે ચારિત્રમેં ઉગ્ર પુરુષાર્થ કરના, સ્વરૂપમેં રમણતાકા ઉગ્ર પુરુષાર્થ કરના ઉસકા નામ તપ હૈ. સમજમેં આયા ? એ કહેતે હૈ દેખો સુખ દુઃખ શત્રુ મિત્ર તૃણ કંચન સમાન રાગદ્વેષ રહિત સમભાવ.

અંતરમેં આનંદ સ્વરૂપકી અનુભૂતિપૂર્વક, સ્વરૂપમેં રમણતામેં ઉગ્ર પુરુષાર્થ કરકે વીતરાગતા બઢાના ઔર અતીન્દ્રિય આનંદકા સુખ સ્વાદ વિશેષ લેના ઉસકા નામ તપ કહેનેમેં આતા હૈ. આ વ્યાખ્યા. સમજમેં આયા ? તપ મુનિકો નિર્મળ શબ્દ, ભાવાર્થમાં હૈ, ચારિત્રકે લિયે જો ઉદ્યમને ઉપયોગ કરતા હૈ વહ તપ કહા હૈ. આહાહાહા ! અંતરમેં આત્મા પૂર્ણાનંદસ્વરૂપ ઉસકા અનુભવપૂર્વક ચારિત્ર નામ સ્વરૂપમેં રમણતા, ઉસમેં ઉગ્ર પુરુષાર્થ કરતે હૈ ચારિત્રકે લિયે, અંતર રમણતાકે લિયે, આહાહા... ઉદ્યમ ને ઉપયોગ કરતાં હૈ. હૈ ? ઉદ્યમ અંતરમેં ઉદ્યમ કરતે હૈ. આનંદ સ્વરૂપમેં રમણતામેં, આહાહા... સો તપ કહા હૈ. એને ભગવાન તપ કહેતે હૈ. આહાહાહા ! આ અનશન અપવાસ કરી નાખ્યા ને આ કરી નાખ્યા ને એ તપ ઐસા નહીં એમ કહેતે હૈ. અંતરમેં આત્મા ચારિત્રમેં રમણ કરતે કરતે ઉગ્ર પુરુષાર્થસે અંતરમેં જોર કરના સ્વરૂપમેં રમણતાકી એ દશાકો તપધર્મ ઉત્તમ સમકિત સહિતકો કહેતે હૈં. આહાહાહા ! યહ અંશે ( ચારિત્ર ) ભી સહિત હોતા હૈ.

આત્માકી વિભાવ પરિણતિકે સંસ્કારકો મિટાનેકે લિયે મુનિકો ભી જરી રાગાદિ બાકી હે ને, પણ એ વિભાવ સંસ્કારકો મિટાનેકે લિયે આહાહાહા... ઉદ્યમ કરતા હૈ. અપને શુદ્ધાત્મ સ્વરૂપકે ઉપયોગકો ચારિત્રમેં રોકતા હૈ. દેખો, આહાહાહ ! અરે કોઇ દિ' ક્યાં બહારની માને, ને મૈં આ કિયા ને આ કિયા. આહાહા ! શુદ્ધ સ્વરૂપ ઉપયોગ, અપના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપકા શુદ્ધ ઉપયોગ, ઉસમેં ઉપયોગકો ચારિત્રકો રોકતા હૈ. ઉપયોગમેં અંતર રમણતામેં રોકતા હૈ. હજી શુદ્ધ ઉપયોગ ક્યા ? અંતરમેં વિકલ્પકા રહિત નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ, આહાહાહા... એ ચારિત્રમેં રોકતા હૈ, બડે બળપૂર્વક રોકતા હૈ ઐસા બળ કરના એ તપ હૈ. આ બધી વ્યાખ્યા જાુદી તમારી કરતા અર્થ હૈ હો ઐસા બળ કરના એ તપ હૈ. આહાહાહાહા ! તો બહારનો ત્યાગ કર્યો ને કાંઈ પાંચ મહાવ્રતના વિકલ્પ, વિકલ્પ વસ્તુ તો ક્યાં હૈ. આ આયા અપવાસ કિયાને થઈ ગયું ચારિત્ર ને તપ. અરે ભાઈ વીતરાગમાર્ગ કોઈ અલૌકિક હૈ. સમભાવ શબ્દ પડા હૈ ને અંદર. સમભાવ શબ્દ પડા હૈ મૂળ શ્લોકમેં સમભાવો એમ આવ્યાને. "સમભાવો" એસા શબ્દ પડા હૈ. વીતરાગ, શુદ્ધ-ઉપયોગ, ઉસસે ચારિત્રમેં રોકના શુદ્ધ ઉપયોગમેં ત્યાં લગા દેના. આહાહાહા... સ્વરૂપકી દૃષ્ટિપૂર્વક ચારિત્ર તો હૈ. પણ અભી રાગ થોડા સમ બાકી હૈ. ઉસકો નાશ કરનેકે કારણ

અપના શુદ્ધ ઉપયોગ કરકે સ્વરૂપકી રમણતામેં ઉપયોગકો રોકના, જિસકો ઉત્તમ તપ કહેતે હૈ. આવી વ્યાખ્યા ચલતે હૈ. સમજમેં આયા ? એના ભેદ પછી બાહ્યઅંતરનાં વસ્તુસ્થિતિ આ હૈ.

---

આ ૨૨ કળશ આવ્યો છે ને ? બાવીસમો કળશ.

## શ્લોક - ૨૨

( मालिनी )

त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं
रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।
इह कथमपि नात्मानात्मना साकमेक:
किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।।२२।।

**હવે આ અર્થનું કલશરૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ-[ जगत् ] જગત અર્થાત્ જગતના જીવો [ आजन्मलीढं मोहम् ] અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને [ इदानीं त्यजतु ] હવે તો છોડો અને [ रसिकानां रोचनं ] રસિક જનોને રુચિકર, [ उद्यत् ज्ञानम् ] ઉદય થઈ રહેલું જે જ્ઞાન તેને [ रसयतु ] આસ્વાદો; કારણ કે [ इह ] આ લોકમાં [ आत्मा ] આત્મા છે તે [ किल ] ખરેખર [ कथम् अपि ] કોઈ પ્રકારે [ अनात्मना साकम् ] અનાત્મા ( પરદ્રવ્ય ) સાથે [ क्व अपि काले ] કોઈ કાળે પણ [ तादात्म्यवृत्तिम् कलयति न ] તાદાત્મ્યવૃત્તિ ( એકપણું ) પામતો નથી, કેમ કે [ एक: ] આત્મા એક છે તે અન્ય દ્રવ્ય સાથે એક્તારૂપ થતો નથી.**

**ભાવાર્થઃ- આત્મા પરદ્રવ્ય સાથે કોઈ પ્રકારે કોઈ કાળે એકતાના ભાવને પામતો નથી. એ રીતે આચાર્યે, અનાદિથી પરદ્રવ્ય પ્રત્યે લાગેલો જે મોહ છે તેનું ભેદવિજ્ઞાન બતાવ્યું છે અને પ્રેરણા કરી છે કે એ એકપણારૂપ મોહને હવે છોડો અને જ્ઞાનને આસ્વાદો; મોહ છે તે વૃથા છે, જૂઠો છે, દુઃખનું કારણ છે. ૨૨.**

---

त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।
इह कथमपि नात्मानात्मना साकमेक: किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।।२२।।

આહા ! અરે ! જગત. જગતના જીવો. જગતનો અર્થ, જગતના જીવો, સંસારી પ્રાણીઓ. આજન્મલીનમ્. આજન્મલીનમ્, આહાહાહા... અનાદિ સંસારસે લેકર આજતક અનુભવ કિયે મોહકો આહાહા... અનાદિ કાળસે રાગ અને દ્વેષકા કર્મચેતના કર્મફળચેતનાકા અનુભવ કરતે, અનંત કાળસે હુઆ હૈ. આહાહા ! "આજન્મલીનમ્" અનાદિકાળસે, આહાહા... પુણ્ય ને પાપ રાગાદિ ભાવમેં લીનતા ઉસકા આજતક અનુભવ કીએ એ મોહકો, આહાહા... "ઈદાનીં ત્યજતુ". અબ છોડ દે પ્રભુ. આહાહાહા ! આજતક અનુભવ કિયા રાગકા અનાદિકાળસે પુણ્યપાપ મિથ્યાભાવકા "ઈદાનીં ત્યજતુ" પ્રભુ અબીતક અત્યારે જ છોડ દે. આહાહા !

અનાદિકા રાગકા વિકારકા વેદન કિયા હૈ અનુભવ કિયા હૈ, એ અનાદિસે કિયા હૈ, તો હૈ જગતના પ્રાણીઓ! સંતો કહતે હૈ જગતને, આહાહા... "ઈદાનીં ત્યજતુ" અબ છોડ દે. આહાહાહા! ઔર એ રાગકા અનુભવ આકુળતાકા અનુભવ, દુઃખકા અનુભવ, આહાહા... પ્રભુ છોડ દે. અને આત્મા આનંદ સ્વરૂપ ભગવાન ઉસકા આનંદકા અનુભવ કર. આહાહાહા! આવી વાત છે. લોકોને એવું લાગે કે આવું તો બધું? એ પરમ સત્ય જ ઐસા હૈ!

હૈ? 'રસિકાનાં રોચનમ્'. આહાહા... રસિકજનોંકો રુચિકર જિસકો આનંદ સ્વરૂપ ભગવાન, જ્ઞાન સ્વરૂપ પ્રભુ જિસકો રસિકાનાં જિસકો રુચિ હો ગઈ હૈ! આનંદકા રસિકકા રુચિ હો ગઈ હૈ ઉસકો, આહાહાહા... આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ પ્રભુ વો તરફકા જિસકો રસ ચડયા હૈ. આહાહા! રાગકા રસ છોડ દે અને આનંદ જ્ઞાનકા રસકો ગ્રહણ કર. આહાહાહા... આવી ભાષા છે. આવું સ્વરૂપ છે, શું થાય? એ રસિકજનોંકો રુચિકર, ઉદય હુઆ જ્ઞાન. આહાહા! ક્યા કહતે હૈ? રાગકો છોડકર, સ્વભાવ સન્મુખમાં જ્યાં એકાગ્ર હુઆ, તો જ્ઞાનમેં આત્મા પ્રગટ હુઆ, ઉદય હુઆ, રાગકા અસ્ત હુઆ અને અપના આનંદ ને જ્ઞાનકી દશાકા ઉદય હુઆ. આહાહાહા!

જીવ અધિકાર હૈ ને? શુભ–અશુભભાવ, રાગ એ તો અજીવ હૈ. ઈસકા તો અનુભવ પ્રભુ તેં અનંતકાળસે કિયા હૈ. સાધુ હુઆ તો પણ પંચમહાવ્રતકા પરિણામકા અનુભવ એ રાગકા અનુભવ હૈ. આહાહાહા! અનંત બૈર મુનિવ્રત ધારણ કિયા આહાહા... હવે તો, આહાહા... "રસિકાનાં રોચનમ રસયતુ" આહાહાહા... "રસિકાનાં રોચનમ ઉદ્યત્ જ્ઞાનમ્" જિસકો આત્મા આનંદ સ્વરૂપ ભગવાન જ્ઞાન સ્વરૂપ, અંતરકા અનુભવ કરકે પ્રગટ હુઆ હૈ. આહાહાહા... આવી વાતું છે. 'ઉદ્યત્ જ્ઞાનમ્' પ્રગટ હુઆ હૈ આત્મા. જ્ઞાન એટલે આત્મા. રાગસે ભિન્ન ભગવાન જ્ઞાન, એ જ્ઞાન સ્વરૂપી પ્રવાહ આત્મા, અંતરમેં દૃષ્ટિ કરનેસે એ ઉદય હુઆ હૈ, પ્રગટ હુઆ હૈ સૂર્ય જેમ પ્રકાશે એમ ભગવાન પ્રકાશ્યા. આહાહાહાહા! જ્ઞાન ને આનંદના પ્રકાશસે પ્રગટ હુઆ હૈ, આરે આવી વ્યાખ્યા. હૈ? આસ્વાદ કરો.

એ વિકલ્પકા રાગકા અનુભવ તો પ્રભુ તેં અનંત કાળસે કિયા હૈ, હવે તો છોડ દે, ઔર અપના આનંદ સ્વરૂપ ભગવાન જ્ઞાન સ્વરૂપ રસિક રુચિકરકો રસિક ઐસા જ્ઞાન ને આનંદ ઉત્પન્ન હુઆ, તો ઉસકા આસ્વાદ કરો. આહાહાહા! જૈસા રાગકા પુણ્ય પાપકા વિકલ્પકા વિકારકા મોહકા અનુભવ કિયા ઐસે ભગવાન આત્માકા અનુભવ કરો. થોડામાં પણ બહોત ભર દિયા હૈ. આહાહા! જ્ઞાન એટલે આત્મા હોં, ભગવાન પૂર્ણાનંદ વીતરાગ મૂર્તિ પ્રભુ! ઉસકી પ્રત્યક્ષ દશા પ્રગટ હુઈ. આહાહાહા! રાગકો છોડકર સ્વભાવકા આશ્રય લિયા, ત્યાં એ જ્ઞાન ને આનંદ ને આત્મા પ્રગટ હુઆ પર્યાયમેં. આહાહાહા... એ આનંદકા આસ્વાદ કરો પ્રભુ! આહાહાહા! ઉસકા નામ જીવકા અનુભવ, જીવ અધિકાર હૈ ને?

રાગ વિકલ્પ જો હૈ ને ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિકા હો, જો ઉસકો છોડકર આહાહા... અપના આત્મા જ્ઞાન આનંદ સ્વરૂપ, ઉસકા આશ્રય કરતે થે તો પર્યાયમેં આનંદ ને જ્ઞાન પ્રગટ હુઆ, ઉસકા આસ્વાદ કરો. જે રાગકા આસ્વાદ કરતે થે એ આત્માકા આસ્વાદ કરો અરે આવી વાતો છે, હૈ? સમજમેં આયા? રાગકા આસ્વાદ કરતે થે એ અજીવકા આસ્વાદ થા, અને

ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ હૈ ઐસા આશ્રય કરકે જો પર્યાય આનંદકી પ્રગટી વો જીવ હૈ, એ જીવકા ભાવ હૈ, આહાહાહા ! આવી વાતું હવે.

અહીં દૂસરી બાત ઐસા કહેતે હૈ કે શરીર સ્ત્રીકા, પૈસા લક્ષ્મી આબરુ ઉસકો તો કભી આત્માએ ભોગ્યા હી નહિં. કયા કહા ? શરીર શરીર જડ એ તો માટી ધૂળ હૈ, માટી એ તો માટી પુદ્‌ગલ હૈ, પૈસા પુદ્‌ગલ હૈ, લડુ દાળ ભાત શાક જડ પુદ્‌ગલ હૈ, ઉસકા તો અનુભવ કભી કિયા હી નહિ. અનુભવ કિયા તો એણે રાગ દ્વેષકા અપના આત્મામેં અનુભવ કિયા, સમજમેં આયા ? આહાહા ! પહેલાં એ શબ્દ લિયાને ? ઐસા નહિ લિયા કે તમે સ્ત્રી ભોગ્યા, પૈસા ભોગ્યા એ છોડ દે, પણ એ ભોગ્યા હૈ હી નહિ. એ તરફકા રાગ કરકે, વિકાર કરકે, વિકારકો ભોગતે થે. આહાહાહાહા ! આવી વાતું છે. એ દુઃખકા ભોકતા થા પ્રભુ, કર્મચેતના, કર્મફળચેતના, રાગ ને રાગકા ફળ દુઃખ. આહાહાહા !

પ્રભુ હવે અરાગી ભગવાન અંદર, પૂર્ણાનંદકા નાથ વીતરાગ મૂર્તિ પ્રભુ, ઉસકા આશ્રય લે ત્યાં રસ( મેં ) જામ, ઉસસે તેરી પર્યાયમેં આનંદ ને શાંતિ આયેગી, ઉસકો આસ્વાદ કર. આહાહા ! ઉસકા નામ ધર્મ હૈ, આવી વાત છે. આહાહા ! આસ્વાદન અનુભવ કરો. આહાહા !

ભગવાન આનંદ ને જ્ઞાન ને શાંતિકા સાગર પ્રભુ ઉસકા અનુભવ કરને આહાહાહા ! અનુભવ તો પર્યાયમેં હોતા હૈ, દ્રવ્યમાં કાંઈ અનુભવ હોતા નહીં. દ્રવ્ય તો ધ્રુવ અનંત આનંદ કંદ પ્રભુ હૈ, પણ ઉસકા તરફકા લક્ષસે, આશ્રયસે જો પ્રગટ દશા આનંદકી હુઈ ઉસકો આસ્વાદો, આહાહાહા ! આવો માર્ગ હવે, આ સાધારણ માણસો બચારાએ સાંભળ્યુંયે ન હોય, એને આ, આ કાંઈ નવો માર્ગ કાઢયો કહે છે પણ આ કે દિ'નું છે આ ? અને હજાર વર્ષ પહેલાંનો કળશ છે ને, એમાં બે હજાર વર્ષ પહેલાનો શ્લોક છે, અને અનાદિકાળનો એ અભિપ્રાય છે. આહાહા ! સમજમેં આયા ? આહા !

આસ્વાદન કરો, કયોં કે આ લોકમાં આત્મા વાસ્તવમેં કિસી પ્રકાર ભી અનાત્માકે સાથ, આહાહાહા... ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ એ કભી રાગ સાથે એકત્વ હુઆ હી નહિ. સમજમેં આયા ? કિસી પ્રકાર ભી અનાત્માકે સાથ કદાપિ આત્મા તાદાત્મ્ય વૃત્તિકો પ્રાપ્ત નહીં હોતા. આહાહાહાહા ! રાગ દયા દાન વ્રતાદિકા વિકલ્પ હૈ, ઉસકી સાથ ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, પવિત્રસ્વરૂપ એ રાગકે સાથ તાદાત્મ્ય કભી હુઆ હી નહિ. આહાહાહાહા ! આવો માર્ગ એટલે પછી શું થાય ? આહા ! ઓલા કહે સંયમ ધરો, વસ્ત્ર છોડો. તો ત્યાં સાતમું ગુણસ્થાન આવશે, ને ત્યાં નિર્વિકલ્પ સમકિત, સમકિત ત્યાં થાશે. કહો અરે ભગવાન ! અહિંયા તો પ્રથમ જે અનાદિકા પુણ્ય ને પાપના વિકારનો અનુભવ દુઃખનો કરતે આયે હૈ, પ્રભુ હવે એકવાર ઉસકો છોડ દે દૃષ્ટિમેંસે, કયોં ? કે એ આત્મા રાગ સાથે તાદાત્મ્ય હુઆ હી નહીં માટે છૂટ સકતે હૈ એમ કહેતે હૈ. આહાહા ! યુગલજી ! આવી વાતું છે. આહા !

એ પુણ્ય ને પાપકા ભાવ ઉસકી સાથ ભગવાન આનંદ સ્વરૂપ તાદાત્મ્ય એકરૂપ કભી હુઆ હી નહીં. આહાહાહા ! તો એકરૂપ નહીં હુઆ તો દૃષ્ટિ છોડ દે વો ઉપરસે, જિસમેં એકરૂપ નહીં હુઆ ઉસકી દૃષ્ટિ છોડ દે અને આનંદ ને જ્ઞાન સાથે એકમેક હે ત્યાં દૃષ્ટિ લગા દે. આહાહાહા ! આવો માર્ગ એય કોઈ દિ' સાંભળ્યુંય નો હોય એના બાપ દાદાએ. એના બાપદાદા

તો ક્યાં હતાં ? પણ, આહાહાહા... આ દિગંબર ધર્મ ક્યાંય હૈ નહીં. આહાહા... એ વસ્તુનો સ્વભાવ હૈ, દિગંબર ધર્મ કોઈ પક્ષ નથી.

એ તો વાત કરતે હૈ, કે આત્મા વિકલ્પ જો રાગાદિ હૈ વો કપડાસે ભિન્ન હૈ. આહાહાહા ! એ રાગાદિ કપડાસે આત્મા અભેદ કભી હુઆ હી નહિ. આહાહાહાહા ! ઈસસે છોડકર અત્યંત જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા પરમબ્રહ્મ પ્રભુ ઉસકા આશ્રય લેકર, ઉસકા સ્વીકાર કરકે, ઉસકા સત્કાર કરકે, ઉસકો ઉપાદેયમાં જાનકર, પર્યાયમેં જો આનંદ આયા, ઉસકા સ્વાદ લે પ્રભુ. આહાહા ! ગજબ બાત કરતે હૈ ને. સ્વાદ લેના એ સંવર નિર્જરા હૈ, ઔર જીવ ત્રિકાળી હૈ એ જીવ દ્રવ્ય હૈ ધ્રુવ-જ્ઞાયક. આહાહા ! સમજમેં આયા ? રાગકા સ્વાદ લેના એ અજીવ હૈ, ઔર જીવ તો જ્ઞાયક ત્રિકાળ હૈ. આહાહા ! ઉસકો છોડકર શુભ અશુભ રાગકા સ્વાદ લેના એ એક મિથ્યાત્વભાવ દુઃખરૂપ ભાવ પરિભ્રમણકા કારણ હૈ. આહાહાહા... સમજમેં આયા ? આ વાત એવી લાગે માણસને તો. આહાહાહા !

"તાદાત્મ્યવૃત્તિમ્ કલયતિ ન" એકત્વકો પ્રાપ્ત નહીં હોતા. આહાહા ! પ્રભુ નિરાળા અંદર રહા હૈ. રાગ જો દયા, દાન, વ્રત, શુભ અશુભભાવ, ઔર ભગવાન બિચમેં સંધી હૈ, સાંધ હૈ, એકત્વ નહિં હુઆ. આહાહાહાહા ! બિચમેં ત્રડ હૈ, ત્રડ સમજે ? ભિન્નતા હૈ. આહાહાહા... આવી વાત છે. શરીર ને વાણી ને મન ને સ્ત્રી ને પૈસા ને એ ચીજ તો ક્યાંય ( દૂર ) રહી ગઈ. આહાહા ! ઉસકા તો અનુભવ હૈ નહિં, પણ વો તરફકા લક્ષ કરકે રાગ ને દ્વેષ ઉત્પન્ન કરતે હૈ, ઉસકા અનુભવ હૈ પણ વો રાગ ને દ્વેષ ભગવાનકી સાથે તાદાત્મ્ય એકરૂપ કભી હુઆ હી નહિ. આહાહા ! બે બિચમેં સાંધ હૈ, ત્રડ હૈ ભેદ હૈ. આહાહાહા ! તો ઉસકો ભેદ હૈ તો ઉસકો છોડકર ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ અંદર, આહાહાહાહાહા... પ્રથમ સમ્યગ્દર્શનકી વખતની વાત હૈ, મુનિપણા તો બાપુ એ કોઈ જુદી ચીજ કોઈ હૈ. આહાહા ! એનો સ્વાદ લે, કયોંકિ આત્મા એક હૈ વહ અન્ય દ્રવ્યકે સાથ એકતારૂપ નહીં હોતા. કયા કહતે હૈં ? ભગવાન જ્ઞાયક સ્વરૂપ પરમબહ્મ ભગવંત એકરૂપ હૈ. એ વિકલ્પાદિ અનેકરૂપમાં એકતા નહીં પ્રાપ્ત હોતા કભી. આહાહાહા ! એકરૂપ એ અનેકરૂપ કભી નહિં હોતા એમ કહેતે હૈ. આહાહા ! શું શબ્દો ? આહાહા ! સંતોની વાણી રામબાણ છે. અરે ! સાંભળવા મળે નહીં, એ ક્યારે વિચારમાં આવે ને, એ ક્યારે જાય ઊંડે ? આહાહા !

ક્યોંકિ આત્મા તો એક હૈ, એકરૂપ સ્વરૂપ આનંદકંદ જ્ઞાયકભાવ એક હૈ. અને આ વિકલ્પાદિ અનેક હૈ. એ એક અનેકકી સાથ તાદાત્મ્યરૂપ કભી હુઆ હી નહીં. આહાહાહાહા ! એ કારણે, આ જીવ અધિકાર હૈ ને ? એ જીવ સ્વરૂપ ભગવાન, એ રાગાદિ અજીવકી સાથ એકરૂપ કભી હુઆ હી નહીં. આહાહાહા ! તો એકકા અનેક ન હુઆ, તો અનેકકા લક્ષ છોડકરકે એકકા અનુભવ કર. આહાહાહા ! આવો માર્ગ લ્યો. આવો માર્ગ છે ભાઈ ! આ કોઈ પંડિતાઈની ચીજ નથી. આહાહાહાહા !

છતાં જ્ઞાનીકો ભી શુભરાગ આતા હૈ. સમજમેં આયા ? પણ એ દુઃખરૂપ આતા હૈ. આહાહાહા... તો કયોં આતા ? પણ આયે બિના રહે નહીં. જબલગ વીતરાગ ન હો તબલગ ઐસા શુભભાવ ભગવાનકી ભક્તિ આદિ ઐસા આયા બિના રહે નહીં. હૈ દુઃખરૂપ, છતાં એ

દુઃખરૂપમેં તાદાત્મ્ય આત્મા હુઆ હી નહિ. આહાહાહા... એ દુઃખકે કાળમેં ભી અપના આત્મા ભિન્ન રહા હૈ અંદર. આહાહાહાહા ! ગજબ વાત કીધી, એક શ્લોક પણ, ઓહોહોહો ! એક હૈ. આહાહા ! એ એક અન્ય દ્રવ્યકે સાથ એકતારૂપ કૈસે હો ? આહાહાહા... જ્ઞાયક આનંદ સ્વરૂપ પ્રભુ એકરૂપ સામાન્ય સ્વભાવ આહાહાહા... એ રાગાદિ અનેકપણે અજીવ આદિ કૈસે હો ? આહાહાહા ! એ જીવ જ્ઞાયકસ્વરૂપી પ્રભુ એકરૂપ એ રાગાદિ અનેક અજીવ ઈસકી સાથ એ અનેક કયોં ? આહાહાહા ! સમજાય એટલું સમજવું ભાઈ ! માર્ગ તો, આહાહા... વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરકા આ પંથ હૈ. સંતો કહેતે હૈ એ તો આડતીયા હોકર કહેતે હૈ. સર્વજ્ઞ ભગવાન કહેતે હૈ એ આ હૈ. આહાહા... આહાહાહા... ભાષા તો જુઓ, “કવાપિ કાલે તાદાત્મ્યવૃત્તિમ ન ધરતા એક હૈ” આહાહાહા ! કોઈ કાળમેં ભગવાન આત્મા જ્ઞાયકરસસ્વરૂપ, અજ્ઞાયક ઐસા રાગકે સાથ તાદાત્મ્યવૃત્તિ, એક અનેકમેં નહીં આતા, આહાહાહા... સમજમેં આયા ? ઐસા એકરૂપ સ્વભાવ ઉસકા અનુભવ કરો એ પર્યાયમેં, વસ્તુ એકરૂપ ત્રિકાળ હૈ. આહાહા ! એ રાગ સાથ એકરૂપ હુઆ નહીં, તો એકરૂપકા અનુભવ કરો. આહાહાહા... શું વાત ? ક્યાંય ન મળે. આહાહા !

ભાવાર્થ: “આત્મા પરદ્રવ્યકે સાથ કિસીપ્રકાર, કોઈપણ પ્રકારે, કોઈપણ કાળે, એકતાકે ભાવકો પ્રાપ્ત નહી હોતાં” આહાહાહાહા !

“જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમજ જીવ સ્વભાવ રે” ભગવાન તો નિર્મળ સ્ફટિક જૈસી ચીજ અનાદિ અનંત ભિન્ન હૈ. આહા ! આહાહાહા ! જિસકો જીવ કહીએ, આત્મા કહીએ આહાહાહા... એ તો જ્ઞાયકભાવ સ્વરૂપે અનાદિ અનંત ભિન્ન હૈ, હૈ ? આત્મા ભગવાન દ્રવ્ય સ્વરૂપ ચૈતન્યમૂર્તિ પ્રભુ, પરદ્રવ્ય નામ રાગ ને પુણ્ય પાપકે સાથ શરીર વાણી મનકે સાથ તો સંબંધ કયા હૈ, એ તો પરકા વેદન તો હૈ હી નહિ. કિસીપ્રકાર, કોઈ પ્રકારે વ્યવહારસે ભી એક હૈ ઐસા નહિ એમ કહેતે હૈ અહીં તો, આહાહા ! નિશ્ચયસે ભિન્ન હૈ, તો વ્યવહારસે એક હૈ ? એ કથન–માત્ર આતા હૈ, પણ હૈ નહિ. આહાહાહા ! કિસીપ્રકાર, કિસી સમય એકતાકે ભાવકો પ્રાપ્ત નહીં હોતા.

“ઈસપ્રકાર આચાર્યદેવને ભગવાન કુંદકુંદાચાર્ય એમને અનાદિકાળસે પરદ્રવ્યકે પ્રતિ લગા હુવા મોહ, ઉસકા ભેદ વિજ્ઞાન બતાયા હૈ”. આહાહા. ઔર પ્રેરણા કી હૈ ઈસ એક સ્વરૂપ મોહકો અબ છોડ દો. આહાહા ! ભાષા તો સહેલી હૈ પણ ભાવ કોઈ અલૌકિક હૈ. આહાહા ! એ રાગકા સ્વભાવકે સાથ સંબંધ નહિ, વો કારણે છોડ દે. આહાહાહા ! ઔર સ્વભાવકા અનુભવ કર તો એ જીવકા અનુભવ હુઆ. રાગકા અનુભવ હૈ એ જીવકા અનુભવસે અજીવકા અનુભવ હૈ ભિન્ન, આહાહાહા ! ઉસકા ભેદવિજ્ઞાન બતાયા, ઔર એકત્વ મોહકો છોડ દો ઔર જ્ઞાનકા આસ્વાદન કરો આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન, જ્ઞાનસ્વરૂપ, જાણકસ્વરૂપ, જાણકસ્વભાવ ઉસકા અનુભવ કરો, મોહ વૃથા હૈ. મોહની વ્યાખ્યા, મોહ એટલે વૃથા, આહાહાહા... જૂઠા હૈ. દુઃખકા કારણ હૈ, એ શુભઅશુભભાવ આત્મામેં હૈ નહીં માટે જૂઠા હૈ, મોહનો અર્થ જ વૃથા હૈ, અમોહનો અર્થ સફળ હૈ ને મોહનો અર્થ નિષ્ફળ હૈ. આહાહા ! આવી વાતું. હવે સમાજમાં આવી વાત મૂકવી. ( શ્રોતાઃ– હોય એવી જ મૂકાય ને ) માર્ગ તો આ છે. ભાઈ, ગમે તે પંડિત હો કે ગમે તે નામ ધરાવો, માર્ગ તો આ છે ઐસા જ્ઞાનમેં હજી નિર્ણય ન કરે ઉસકો અનુભવ કહાંસે આતા હૈ ? આહાહા... સમજમેં આયા ? આહા ! મોહ વૃથા હૈ, જૂઠા હૈ, દુઃખકા કારણ હૈ.

## ગાથા - ૨૩ થી ૨૫

अथाप्रतिबुद्धबोधनाय व्यवसायः क्रियते-

अण्णाणमोहिदमदी मज्झमिणं भणदि पोग्गलं दव्वं।
बद्धमबद्धं च तहा जीवो बहुभावसंजुत्तो।।२३।।
सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।
कह सो पोग्गलदव्वीभूदो जं भणसि मज्झमिणं।।२४।।
जदि सो पोग्गलदव्वीभूदो जीवत्तमागदं इदरं।
तो सक्को वत्तुं जे मज्झमिणं पोग्गलं दव्वं।।२५।।

अज्ञानमोहितमतिर्ममेदं भणति पुद्गलं द्रव्यम्।
बद्धमबद्धं च तथा जीवो बहुभावसंयुक्तः।।२३।।
सर्वज्ञज्ञानदृष्टो जीव उपयोगलक्षणो नित्यम्।
कथं स पुद्गलद्रव्यीभूतो यद्भणसि ममेदम्।।२४।।
यदि स पुद्गलद्रव्यीभूतो जीवत्वमागतमितरत्।
तच्छक्तो वक्तुं यन्ममेदं पुद्गलं द्रव्यम्।।२५।।

युगपदनेकविधस्य बन्धनोपाधेः सन्निधानेन प्रधावितानामस्वभावभावानां संयोगवशाद्विचित्रोपाश्रयोपरक्तः स्फटिकोपल इवात्यन्ततिरोहितस्वभावभावतया अस्तमितसमस्तविवेकज्योतिर्महता स्वयमज्ञानेन विमोहितहृदयो भेदमकृत्वा तानेवास्वभावभावान् स्वीकुर्वाणः पुद्गलद्रव्यं ममेदमित्यनुभवति किलाप्रतिबुद्धो जीवः। अथायमेव प्रतिबोध्यते-रे दुरात्मन्, आत्मपंसन् जहीहि जहीहि परमाविवेकघस्मरसतृणाभ्यवहारित्वम्। दूरनिरस्तसमस्तसन्देहविपर्यासानध्यवसायेन विश्वैकज्योतिषा सर्वज्ञज्ञानेन स्फुटीकृतं किल नित्योपयोगलक्षणं जीवद्रव्यं तत्कथं पुद्गलद्रव्यीभूतं येन पुद्गलद्रव्यं मदमेमित्यनुभवसि, यतो यदि कथञ्चनापि जीवद्रव्यं पुद्गलद्रव्यीभूतं स्यात् पुद्गलद्रव्यं च जीवद्रव्यीभूतं स्यात् तदैव लवणस्योदकमिव ममेदं पुद्गलद्रव्यमित्यनुभूतिः किल घटेत, तत्तु न कथञ्चनापि स्यात्। तथा हि-यथा क्षारत्वलक्षणं लवणमुदकीभवत् द्रवत्वलक्षणमुदकं च लवणीभवत् क्षारत्वद्रवत्वसहवृत्त्यविरोधादनुभूयते, न तथा नित्योपयोगलक्षणं जीवद्रव्यं पुद्गलद्रव्यीभवत् नित्यानुपयोगलक्षणं पुद्गलद्रव्यं च जीवद्रव्यीभवत् उपयोगानुपयोगयोः प्रकाशतमसोरिव सहवृत्तिविरोधादनुभूयते। तत्सर्वथा प्रसीद, विबुध्यस्व, स्वद्रव्यं ममेदमित्यनुभव।

હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છેઃ-

અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,
“આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્‌ગલદ્રવ્ય મારું” તે કહે. ૨૩.
સર્વજ્ઞજ્ઞાનવિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,
તે કેમ પુદ્‌ગલ થઇ શકે કે ‘મારું આ’ તું કહે અરે! ૨૪.
જો જીવ પુદ્‌ગલ થાય, પામે પુદ્‌ગલો જીવત્વને,
તું તો જ એમ કહી શકે ‘આ મારું પુદ્‌ગલદ્રવ્ય છે’. ૨૫.

ગાથાર્થઃ-[ अज्ञानमोहितमतिः ] જેની મતિ અજ્ઞાનથી મોહિત છે [ बहुभाव-संयुक्तः ] અને જે મોહ, રાગ, દ્વેષ આદિ ઘણા ભાવોથી સહિત છે એવો [ जीवः ] જીવ [ भणति ] એમ કહે છે કે [ इदं ] આ [ बद्धम् तथा च अबद्धं ] શરીરાદિ બદ્ધ તેમ જ ધનધાન્યાદિ અબદ્ધ [ पुद्गलं द्रव्यम् ] પુદ્‌ગલદ્રવ્ય [ मम ] મારું છે. આચાર્ય કહે છેઃ [ सर्वज्ञज्ञानदृष्टः ] સર્વજ્ઞના જ્ઞાન વડે દેખવામાં આવેલો જે [ नित्यम् ] સદા [ उपयोगलक्षणः ] ઉપયોગલક્ષણવાળો [ जीवः ] જીવ છે [ सः ] તે [ पुद्गलद्रव्योभूतः ] પુદ્‌ગલદ્રવ્યરૂપ [ कथं ] કેમ થઈ શકે [ यत् ] કે [ भणसि ] તું કહે છે કે [ इदं मम ] આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે? [ यदि ] જો [ सः ] જીવદ્રવ્ય [ पुद्गलद्रव्यीभूतः ] પુદ્‌ગલદ્રવ્યરૂપ થઈ જાય અને [ इतरत् ] પુદ્‌ગલદ્રવ્ય [ जीवत्वम् ] જીવપણાને [ आगतम् ] પામે [ तत् ] તો [ वक्तुं शक्तः ] તું કહી શકે [ यत् ] કે [ इदं पुद्गलं द्रव्यम् ] આ પુદ્‌ગલદ્રવ્ય [ मम ] મારું છે. ( પણ એવું તો થતું નથી. )

ટીકાઃ- એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના અતિ નિકટપણાથી વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવોના સંયોગવશે જે ( અપ્રતિબુદ્ધ જીવ ) અનેક પ્રકારના વર્ણવાળા *આશ્રયની નિકટતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે, અત્યંત તિરોભૂત ( ઢંકાયેલા ) પોતાના સ્વભાવભાવપણાથી જે જેની સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ અસ્ત થઈ ગઈ છે એવો છે, અને મહા અજ્ઞાનથી જેનું હૃદય પોતે પોતાથી જ વિમોહિત છે-એવો અપ્રતિબુદ્ધ જીવ સ્વપરનો ભેદ નહિ કરીને, પેલા અસ્વભાવભાવોને જ ( પોતાના સ્વભાવ નથી એવા વિભાવોને જ ) પોતાના કરતો, પુદ્‌ગલદ્રવ્યને ‘આ મારું છે’ એમ અનુભવે છે. ( જેમ સ્ફટિકપાષાણમાં અનેક પ્રકારના વર્ણની નિકટતાથી અનેકવર્ણરૂપપણું દેખાય છે, સ્ફટિકનો નિજ શ્વેત-નિર્મળભાવ દેખાતો નથી તેવી રીતે અપ્રતિબુદ્ધને કર્મની ઉપાધિથી આત્માનો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે-દેખાતો નથી તેથી પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે. ) એવા અપ્રતિબુદ્ધને હવે સમજાવવામાં આવે છે કે :- રે દુરાત્મન્! આત્માનો ઘાત કરનાર! જેમ પરમ અવિવેકથી ખાનારા હસ્તી આદિ પશુઓ સુંદર આહારને તૃણ સહિત ખાઈ જાય છે એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ. જેણે સમસ્ત સંદેહ,

* આશ્રય = જેમાં સ્ફટિકમણિ મૂકેલો હોય તે વસ્તુ.

**વિપર્યય, અનધ્યવસાય દૂર કરી દીધા છે અને જે વિશ્વને ( સમસ્ત વસ્તુઓને ) પ્રકાશવાને એક અદ્વિતીય જ્યોતિ છે એવા સર્વજ્ઞ-જ્ઞાનથી સ્ફુટ ( પ્રગટ ) કરવામાં આવેલ જે નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય તે કેવી રીતે પુદ્‌ગલદ્રવ્યરૂપ થઈ ગયું કે જેથી તું 'આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે' એમ અનુભવે છે? કારણ કે જો કોઈ પણ પ્રકારે જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્યરૂપ થાય અને પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્યરૂપ થાય તો જ 'મીઠાનું પાણી' એવા અનુભવની જેમ 'મારું આ પુદ્‌ગલદ્રવ્ય' એવી અનુભૂતિ ખરેખર વ્યાજબી છે; પણ એમ તો કોઈ રીતે બનતું નથી. એ, દૃષ્ટાંતથી સ્પષ્ટ કરવામાં આવે છેઃ જેમ ખારાપણું જેનું લક્ષણ છે એવું લવણ પાણીરૂપ થતું દેખાય છે અને દ્રવત્વ ( પ્રવાહીપણું ) જેનું લક્ષણ છે એવું પાણી લવણરૂપ થતું દેખાય છે કારણ કે ખારાપણું અને દ્રવપણાને સાથે રહેવામાં અવિરોધ છે અર્થાત્ તેમાં કોઈ બાધા નથી, તેવી રીતે નિત્ય ઉપયોગ લક્ષણવાળું જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય થતું જોવામાં આવતું નથી અને નિત્ય અનુપયોગ ( જડ ) લક્ષણવાળું પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્ય થતું જોવામાં આવતું નથી કારણ કે પ્રકાશ અને અંધકારની માફક ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં વિરોધ છે; જડ-ચેતન કદી પણ એક થઈ શકે નહિ. તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા, તારું ચિત્ત ઉજ્જ્વળ કરી સાવધાન થા અને સ્વદ્રવ્યને જ 'આ મારું છે' એમ અનુભવ. ( એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે. )**

**ભાવાર્થઃ- આ અજ્ઞાની જીવ પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે તેને ઉપદેશ કરી સાવધાન કર્યો છે કે જડ અને ચેતનદ્રવ્ય-એ બન્ને સર્વથા જુદાં જુદાં છે, કદાચિત્ કોઈ પણ રીતે એકરૂપ નથી થતાં એમ સર્વજ્ઞે દીઠું છે; માટે હે અજ્ઞાની! તું પરદ્રવ્યને એકપણે માનવું છોડી દે; વૃથા માન્યતાથી બસ થાઓ.**

# પ્રવચન નં. ૮૪ ગાથા ૨૩ થી ૨૫

અબ અપ્રતિબુદ્ધકો સમજાનેકે લિયે પ્રયત્ન, દેખો. ક્યા કહેતે હૈ. આ સમયસાર અપ્રતિબુદ્ધકો સમજાનેકે લિયે કહેતે હૈ. મુનિકો માટે કહતે હૈ ને મિથ્યાદૃષ્ટિ માટે નહિ, ઐસા નહિ હૈ. આહાહાહા! કેટલાક કહેતે હૈ કે સમયસાર તો મુનિકે માટે હૈ પણ અહીં તો કહેતે હૈ કે અપ્રતિબુદ્ધ અજ્ઞાનીકો સમજાને માટે પ્રયત્ન કરતે હૈ ભાષામેં. આહાહાહાહા! અરે! તીન ગાથા હૈ.

अण्णाणमोहिदमदी मज्झमिणं भणदि पोग्गलं दव्वं।
बद्धमबद्धं च तहा जीवो बहुभावसंजुत्तो।।२३।।

सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।
कह सो पोग्गलदव्वीभूदो जं भणसि मज्झमिणं।।२४।।

जदि सो पोग्गलदव्वीभूदो जीवत्तमागदं इदरं।
तो सक्को वत्तुं जे मज्झमिणं पोग्गलं दव्वं।।२५।।

અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,
"આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્‌ગલદ્રવ્ય મારું" તે કહે. ૨૩.
સર્વજ્ઞજ્ઞાનવિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,
તે કેમ પુદ્‌ગલ થઇ શકે કે 'મારું આ' તું કહે અરે ! ૨૪.
જો જીવ પુદ્‌ગલ થાય, પામે પુદ્‌ગલો જીવત્વને,
તું તો જ એમ કહી શકે 'આ મારું પુદ્‌ગલદ્રવ્ય છે'. ૨૫.

ટીકાઃ એક હી સાથ અનેક પ્રકારકી બંધનકી ઉપાધિકી અતિ નિકટતાસે વેગપૂર્વક બહેતે હુએ, આહાહા ! ઔર અસ્વભાવભાવોકે સંયોગવશ જો અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવ અનેક પ્રકારકે વર્ણવાળે આશ્રયકી નિકટતાસે રંગે હુએ સ્ફટિક–પાષાણ જૈસા હૈ, કયા કહતે હૈં ? ફરીને, એક હી સાથ અનેક પ્રકારકી બંધનકી ઉપાધિકી અતિ નિકટતાકે વેગપૂર્વક રાગાદિ વહેતે હુએ અસ્વભાવ ભાવોંકે સંયોગવશ વિકારભાવ, અસ્વભાવભાવ એને સંયોગવશ, આહાહાહા... ત્રણલોકનો નાથ સ્ફટિકમણી જૈસા ચૈતન્યમૂર્તિ, પણ અસ્વભાવિક જો ભાવ હૈ ઉસકે સાથ સંયોગવશ અનેક પ્રકારકે રંગવાળે આશ્રયકી નિકટતાસે રંગે સ્ફટિકની જેમ, સ્ફટિક પથ્થર હૈ એ તો સબ નિર્મળાનંદ હૈ નિર્મળ હૈ, પણ સંયોગ લાલ–પીળા ફૂલને કારણે ઉસમેં લાલ–પીળા રંગ દિખતે હૈ, એ ઉપાધિ હૈ. આહાહાહા ! સ્ફટિકમેં લાલ–પીળા ફૂલકે કારણે એમાં છાયા દિખતી હૈ, એ અપની ( સ્ફટિકકી ) યોગ્યતાસે હુઈ હૈ, સમજમેં આયા ? લકડીમેં હો તો લાલ પીળા ફૂલ હો તો છાયા નહિ પડે ક્યોં કિ ઉસકી યોગ્યતા નહિ. પણ વો યોગ્યતા ભી ઉસકા સ્વભાવ નહિ એમ બતાના હૈ.

આહા ! સ્ફટિકમેં જે લાલ–પીળા જે દિખતે હૈ વહ ઉસકા સ્વભાવ નહીં. એમ ભગવાન આત્મામેં અસ્વાભાવિક જે વિકાર આદિકા સંયોગમેં જો દિખતે હૈ એ ઉસકા સ્વભાવ નહીં. આહાહાહા ! ખરેખર તો જ્ઞાનકે આ ભાવમેં એ જ્ઞેય તરીકે જાનનેમેં આતા હૈ, પણ ઐસા ન માનકર એ ચીજ મેરી હૈ ઐસા માનતે હૈ એ મિથ્યાત્વ ભ્રમકો સેવતે હૈ. આહાહાહા ! સમજમેં આયા ? યહાં તો સ્ફટિકમણીના દૃષ્ટાંત દિયા ને ? કે સ્ફટિકમણીમેં– આત્મામેં અનેક પ્રકારની બંધનની ઉપાધિ, અતિ નિકટ–નજીક, આહાહા... એ સર્વ વિશુદ્ધમાં આવે છે ને ? ( ચેતક–ચેત્યભાવ ) એમ કે અતિ નિકટ છે માટે, છે તો જ્ઞેય પર, પણ અતિ નિકટતાને લઈને એક હૈ ઐસા અજ્ઞાનીકો માલૂમ પડતે હૈ. આહાહા ! સર્વ વિશુદ્ધમાં આવે છે. સમજાય છે કાંઈ ? આહાહાહા !

અનેક પ્રકારની બંધનની નિમિત્તની ઉપાધિની અતિ નજીકતાને કારણે, વેગપૂર્વક વહેતા આહાહાહા... રાગાદિભાવ વેગપૂર્વક પ્રણમતા અથવા અસ્વભાવભાવોં કે સંયોગવશ યહ અસ્વભાવભાવના સંયોગને તાબે છે. આહાહાહા ! અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવ અનેક પ્રકારકે રંગવાળે આશ્રયકી નિકટતાસે સ્ફટિક, રંગે હુએ સ્ફટિકપાષાણ જૈસા હૈ. આહાહા ! સ્ફટિકપાષાણમેં રંગકા સંબંધસે જાણે સંયોગ જાણે લાલ–પીળા આદિ હો ગયા, સ્ફટિક ઐસે સંયોગવશે માનતે હૈ લોકો, ઐસે ભગવાન આત્મા, આહાહાહા... અતિ નિકટ વિકારના ભાવના સંબંધસે જાણે મૈં વિકાર ( રૂપ ) હો ગયા ઐસે અજ્ઞાની માનતે હૈ. આહાહા ! આવી વાતું છે.

જૈન ધર્મ સૂક્ષ્મ હૈ ભાઈ ! જૈન ધર્મ એટલે વસ્તુ ધર્મ, વસ્તુકા સ્વરૂપ, સૂક્ષ્મ હૈ. આહાહા ! હજી તો પહેલાં સમ્યગ્દર્શનકી બાત યહાં ચલતી હૈ, ભેદજ્ઞાન. આહાહા ! ભગવાન આત્મા સ્ફટિકમણીને લાલ-પીળા અનેક રંગકા ઉપાધિકે નિમિત્તસે ઐસે લાલ-પીળી દિખનેમેં આતી હૈ, ઐસે ભગવાન આત્મામેં પુણ્ય ને પાપ આદિ વિકારી ભાવકા નિકટપણા હોનેસે, હૈ તો પરજ્ઞેય, સ્વજ્ઞાનકા હૈ તો પરજ્ઞેય, પણ અતિનિકટતાસે દૃષ્ટિ ત્યાં હોનેસે રાગાદિભાવ મેરા હૈ ઐસા અજ્ઞાનીકો અનુભવમેં આતા હૈ. આહાહાહા !

"અત્યંત તિરોભૂત અપને સ્વભાવભાવત્વસે જિસકો સમસ્ત ભેદજ્ઞાન જ્યોતિ અસ્ત હો ગઈ હૈ". આહાહાહા ! એ સ્ફટિકમણીમેં લાલ-પીળા સંયોગકે કારણ લાલ-પીળા ભાષ હોતા હૈ એ જાણે સ્ફટિકકી દશા હૈ એમ માનતે હૈ, ઐસે અજ્ઞાની અપના ચૈતન્ય જ્ઞાયક સ્વભાવની સમીપમેં રાગાદિ અતિ નિકટતાસે દેખનેમેં આતા હૈ કે એ મેરી ચીજ હૈ ઐસા માનકર અજ્ઞાની મૂંઢ રાગકા વેદન કરતે હૈ. આહા... અજીવકા વેદન કરતે હૈ જીવ નહિં એમ કહે છે. આહાહાહા ! એક-એક શ્લોક સૂક્ષ્મ ભરા હૈ ભાઈ. આહાહા ! હૈ ?

અત્યંત તિરોભૂત અપને સ્વભાવભાવત્વસે જિસકી સમસ્ત ભેદજ્ઞાન જ્યોતિ અસ્ત હો ગઈ, એ રાગસે ભિન્ન, ભેદજ્ઞાન આથમી ગયા અજ્ઞાનીકો, અસ્ત હો ગયા. એકત્વબુદ્ધિ માન લિયા. આહાહા ! ચાહે તો સૂક્ષ્મ ગુણ ગુણીકા ભેદકા રાગ ઉત્પન્ન હો, તો રાગકી સાથ એકતા કભી હુઈ નહિં ભગવાનકો, પણ અજ્ઞાની એ ઉપર દૃષ્ટિ હોનેસે રાગસે ભિન્ન ભેદજ્ઞાન અસ્ત હો ગયા, અને રાગમેં એકત્વ હૈ ઐસા માન લિયા. આહાહાહા ! આવો ઉપદેશ છે લ્યો, અસ્ત હો ગઈ, ઐસા હૈ અજ્ઞાની. ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ, ઉસકી વિકાર દશાકી નિકટતાસે ભેદજ્ઞાન જ્યોતિ અસ્ત હો ગઈ કારણે, રાગ મૈં હું ઐસા અજ્ઞાની અનુભવ કરતે હૈ, એ અજીવકા અનુભવ હૈ. આહાહાહા ! આકરું કામ.

મહા અજ્ઞાનસે, આહાહા ! જિસકા હૃદય સ્વયં મહાઅજ્ઞાનસે અપને સ્વભાવભાવકા જિસકા હૃદય સ્વયં સ્વતઃ અપનેસે હી, કર્મકે કારણસે નહિં, સમજમેં આયા ? ભાઈ કર્મ ઐસા હૈ તો, ઐસે નહિ કહતે હૈ, આહાહાહા... કર્મ તો પરદ્રવ્ય હૈ, પરદ્રવ્યકો તો પર્યાય છૂતી હી નહિ, પરદ્રવ્યકી પર્યાય અપનેમેં છૂતી નહિ, આહાહાહા ! મહા અજ્ઞાનસે, આહાહાહા... રાગ અસ્વભાવભાવ સંયોગને વશે, ઈસકો ઐસા હો ગયા હૈ કે મૈં આ હું. ઔર ઉસસે ભેદજ્ઞાન જ્યોતિ અસ્ત હો ગઈ. ઐસા મહા અજ્ઞાનસે જિસકા હૃદય સ્વયં અપનેસે સ્વતઃ વિમોહિત હૈ, કર્મકે કારણસે નહીં. આહાહાહાહા... એમાંય વાંધા, એ તો દર્શનમોહનો ઉદય હોય ત્યારે, ઐસા હોતા હૈ કહે એ તો નિમિત્તકા કથન હૈ. સમજમેં આયા ? અપના સ્વરૂપ ચૈતન્ય સ્વભાવ એ અસ્વભાવિક ભાવ રાગાદિકી સાથ એકત્વબુદ્ધિ કરકે ભેદજ્ઞાન અસ્ત હો ગયા, ઉસકો પરમેં વિમોહિત હો ગયા, એ સ્વયં અપનેસે વિમોહિત હુઆ હૈ. અપની ભૂલસે વિમોહિત હો ગયા હૈ. કર્મકે કારણસે નહીં. સમજમેં આયા ? "કર્મ બિચારે કોણ ભૂલ મેરી અધિકાઈ" આતે હૈ ભક્તિમેં. આહાહા !

એમાંય વાંધા લોકોને કર્મને લઈને વિકાર ન થાય ? હૈં ? ( શ્રોતા:- કર્મને લઈને ન થાય તો વિકાર સ્વભાવ થઈ જશે. ) વિકાર સ્વભાવ થઈ જાય, મોટી ચર્ચા થઈ હતી વર્ણીજી સાથે,

૧૩ ની સાલ, એકવીસ વર્ષ પહેલાં, મોટી ચર્ચા વિકાર હૈ એ કર્મકા નિમિત્તસે હોતા હૈ. કીધું બિલકુલ નહીં. વિકાર અપનેસે ( હોતા હૈ ) કર્મકી અપેક્ષા હૈ હી નહીં. પણ એ બધું સારા સંપ્રદાયમાં એ વાત હતી. શ્વેતામ્બરમેં તો એની એ જ મુખ્યતા હૈ આખી, સમજમેં આયા ? રામવિજય હૈ ઉસમેં એક, એ રામવિજયકે સાથ એક આપણા હૈ. ખેડાવાળા જેઠાભાઈ શ્વેતામ્બર પાકા અને પછી એના ભગત હતા ને એમાં અહીંનું આપણું વાંચન આવી ગયું સાંભળવા, ત્યારે એમને એમ થયું કે ભાઈ પચાસ પ્રશ્નો કાઢયા એણે કે આના કોઈ જવાબ આપો. જો આપણામાંથી મળે શ્વેતામ્બરમાંથી તો મારે ફરવું મટે. પચાસ પ્રશ્નો કાઢયા કોઈએ જવાબ આપ્યા નહીં. એક જણે જવાબ આપ્યા પણ બધા ખોટા. પછી રામવિજય સાથે ચર્ચા કરીએ, રામવિજયની સાથે બેઠા. રામવિજયે પહેલે કહ્યા કે જો ભાઈ આ કર્મસે વિકાર હોતે હૈ એ માન્ય હૈ પહેલે તમારે ? તો પછી ચર્ચા કરીએ. આ કહે કે એ અમારે માન્ય નહીં હૈ, પણ શ્વેતામ્બરની આખી શૈલી જ કર્મને લઈને થાય ને પરને લઈને થાય. આખી ઊંધી શૈલી છે આખી. આહાહાહા ! ( શ્રોતાઃ– આખી સંસારની શૈલી છે. ) આખો સંસાર શૈલી હૈ. શું કહીએ ભાઈ ? આ તો દિગંબર તો કોઈ અલૌકિક ચીજ છે. ક્યાંય હૈ નહીં, ક્યાંય.

આ વાત બડી ચર્ચા હુઈ થી જેઠાલાલ ને, જેઠાભાઈ છે અમદાવાદ, મુંબઈ રહે છે. રામવિજય હારે ચર્ચા હુઈ, એ જાણે કે આમણે સોનગઢનું બધું સાંભળ્યું છે. આહાહા ! આપણે ચર્ચા કરીએ, પણ પહેલે આ માન્ય છે તમને એમ કહ્યું રામવિજયે કે કર્મથી વિકાર થાય. એ માન્ય છે ? તો ચર્ચા કરીએ. આ કહે એ મારે માન્ય નથી. આ એના મોટા આચાર્ય રામવિજય ! એની વસ્તુ શું ? આખી દૃષ્ટિ જ વિપરીત છે. શ્વેતામ્બરની શૈલી જ આખી દૃષ્ટિ વિપરીત છે. આહાહા ! અને લોકોને ખબર નથી. આ શ્વેતામ્બરના સાધુ હતા. જુઓ, ચેતનજી ! ક્યાં હતું કાંઈ ? આહાહાહા !

અહીંયા તો કહેતે હૈ કે સ્વયં, હૈ ? સ્વતઃ હી, બે શબ્દો તો પડયા હૈ. એ અપના સ્વભાવકો ભૂલકર સ્વયં સ્વતઃ હી અપનેસે વિમોહિત હૈ. રાગમેં અપનાપણા એ વિમોહિત સ્વયં સિદ્ધ અપનેસે હૈ. કોઈ પરકે કારણસે હૈ નહીં. આહાહાહાહા ! પણ વો શાસ્ત્રમેં ઐસા આવે ને ? જ્ઞાનાવરણી કર્મ, જ્ઞાનાવરણી કર્મ જ્ઞાનને રોકે, અરે ! ઐસા હૈ નહીં સૂન તો સહી એ તો નિમિત્તકા કથન હૈ. જ્ઞાન પર્યાય અપનેસે હીણી પરિણમતે હૈ. તો જ્ઞાનાવરણી કર્મકો નિમિત્ત કહેનેમેં આયા હૈ. નિમિત્તસે અહીંયા જ્ઞાનાવરણી આત્માકો રોકે એ બાત હૈ નહીં. પરદ્રવ્ય આત્માકો રોકે ઐસી બાત હૈ નહીં. એય આહાહા ! આવી વાત છે ભાઈ. માર્ગ આ છે ભાઈ ! આહાહા ! સંતો કહેતે હૈ ને આચાર્ય મહારાજ, આહાહા... ઐસે કહેતે હૈ કે 'જુઓ' ક્યા ?

જિસકા હૃદય સ્વયં સ્વતઃ હી વિમોહિત હુઆ હૈ, ઐસા અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવ સ્વપરકા ભેદ ન કરકે, આહાહા... એ રાગ જો દયા, દાન, વ્રત આદિકા વિકલ્પ હૈ એ રાગ હૈ. આહાહાહા ! ઉસસે ભિન્ન ન કરકે, આહાહા... સ્વપરકા ભેદ ન કરકે, મૈં જ્ઞાનાનંદ હું ને આ રાગ પર હૈ. આહાહાહા ! ઉન અસ્વભાવભાવોંકો હી એ પુણ્ય ને પાપકા રાગાદિ અસ્વભાવભાવ હૈ. અપને સ્વભાવ નહીં હૈ ઐસે વિભાવોંકો હી અપના કરતા હુઆ. આહાહાહા ! એ વ્યવહારકા રાગાદિ આયા. ઉસકો અપના કરતા હુઆ, હૈ અસ્વભાવભાવ અપના સ્વભાવ નહીં. આહાહાહા !

આમાં ક્યાં નવરાશ આદિ ધંધો નિવૃત્તિ નહીં. આહાહા !

અપના કરતા હુઆ, આહાહાહા... પુદ્ગલ દ્રવ્યકો યહ મેરા હૈ, એ રાગાદિ પુદ્ગલદ્રવ્ય હી હૈ. ખરેખર, જીવદ્રવ્ય નહીં. આહાહાહા... દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વિકલ્પ હૈ, એ પુદ્ગલ હૈ, જીવ નહીં માટે પુદ્ગલ યૂં જીવકા અભાવ એ માટે, આહાહા... યહ પુદ્ગલકો હી યહ મેરા હૈ. ઈસપ્રકાર અનુભવ કરતા હૈ. આહાહા ! અજ્ઞાની રાગકો મેરા હૈ, એ અસ્વભાવભાવ હૈ. એ સ્વભાવભાવ જ્ઞાયકસે ભિન્ન હૈ, ઐસા ભિન્નકો અપના માનતે હૈ, ઔર ઉસકા કર્તા હોતા હૈ, ઔર ઉસકા અનુભવ કરતે હૈ. આહાહાહાહાહા ! હવે આમાં એકેક પદ ને એકેક શ્લોક સમજના કઠણ. ઓલો સમયસાર પંદર દિ'માં વાંચી ગયો એક જણો કહે. બહુ તમે સમયસારના વખાણ કરો બાપુ, અક્ષર વાંચી ગયો, એના એકેક પદ ને એકેક શબ્દો સંતોની દિગંબર મુનિઓની વાણી છે. આહાહા ! આહાહા !

એ અપના જ્ઞાયક સ્વભાવ જીવ વસ્તુ ઔર રાગાદિ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિકા વિકલ્પ હો, પણ એ રાગ અસ્વભાવભાવ હૈ, એ અસ્વભાવભાવ અપનેસે ભિન્ન હૈ, આત્મા અસ્વભાવભાવસે તાદાત્મ્યવૃત્તિ એકરૂપ કદી હુઆ નહીં, છતાં અજ્ઞાની અપના સ્વભાવકો ન જાનકર, અસ્વભાવભાવકો અપના માનકર કર્તા હોતા હૈ. આહાહાહા ! ખરેખર અસ્વભાવભાવ એ જ્ઞાનીકો પરજ્ઞેય તરીકે જાનનેમેં આતા હૈ. આવી વાતું છે. આ તમારા ઝવેરાત કરતાં આ બધી બીજી જાત છે ન્યાં, આહાહા ! બાપુ મારગડા એ બધી ધૂળની ઝવેરાત છે. બધી રખડવાની ( શ્રોતાઃ- ઓલી જડ ઝવેરાત છે આ ચેતન ઝવેરાત છે ) આહાહા ! પ્રભુ તું ચૈતન્ય ઝવેરી અંદર છો ને પ્રભુ, આહાહાહા... અનંત અનંત ગુણના રતનના ઓરડા પડયા છે ને અંદર પ્રભુ, આહાહાહા... કમરા કહ્યા 'તા કાલે, ગુજરાતીમાં ઓરડા. આહાહાહા... ઉસમેં આ વિકાર ફિકાર હૈ હી નહીં, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ભી આત્મામેં નહીં. એ આત્માકા નહીં. આહાહા ! અજ્ઞાની સ્વભાવ ભાવકી સાથ વિભાવભાવકા એકરૂપ નહીં હોને પર ભી વો રાગાદિ મૈં હું ઐસા કર્તા હોકર સ્વભાવકો ભૂલ જાતે હૈ ! ઔર કર્તા હોકર રાગકા કર્તા હોતા હૈ. ( ઐસા ) અનુભવ હોતા હૈ. આહાહા ! વિશેષ આયેગા લ્યો.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૮૫ ગાથા ૨૩ થી ૨૫

**તા. ૧૩-૯-૭૮ બુધવાર ભાદરવા સુદ-૧૨ પર્યૂષણ પર્વ દિવસ-૮ ઉત્તમ ત્યાગ ધર્મ સં. ૨૫૦૪**

આઠમા દિન હૈ ત્યાગ-ત્યાગ.

जो चयदि मिट्ठभोज्जं उवयरणं रायदोससंजणयं ।
वसदिं ममत्तहेदुं चायगुणो सो हवे तस्स।।४०१।।

મુનિની વ્યાખ્યા હૈ. જિસકો અપના આત્મા જ્ઞાનસ્વરૂપી આનંદ ઉસકા અંતર અનુભવ હુઆ હો ઓ ઉપરાંત સ્વરૂપમેં અતીન્દ્રિય પ્રચુર આનંદકા સ્વાદ આયા હો યે મુનિકી બાત હૈ એ મુનિને ત્યાગ ધર્મ હૈ. ત્યાગકી વ્યાખ્યા ? મુનિને સંસારાદિ ભોકતૃત્વ મમત્વકા ત્યાગ તો

હૈ હી, હવે જે વસ્તુની સાથે વર્તમાન કામ પડતે હૈ, એ ભોજન, તો ભોજનમેં ઇષ્ટ ભોજનકો છોડતા હૈ. આહાહા ! આત્માના આનંદના સ્વાદ આગળ ઇષ્ટ ભોજન ભી છોડ દેતે હૈ. અતીન્દ્રિય આનંદના, આહાહા... અનુભવ ને વેદન આગળ મુનિ પ્રિય ભોજન ઇષ્ટ ભોજન છોડ દેતે હૈ, ઉસકા નામ ત્યાગ. ઔર ઉપકરણના સંબંધ હૈ ઉસમેં રાગદ્વેષકા ત્યાગ. ઉપકરણ જો હૈ મિલા ઉસમેં રાગદ્વેષ અનુકૂળ ઐસા ન રખે જિસમેં રાગ હો. ઐસા ઉપકરણ સાથ...

ઔર મમત્વમેં યોહ વસ્તી. તીન–આહાર, ઉપકરણ ને વસ્તી – તીન સાથે સંબંધ – તો તીનો મેં રાગકા ત્યાગ કરે. આહાહાહા ! મમત્વ યોહ વસ્તી મમત્વનો હેતુ મોટી વસ્તી મકાન આદિ હોય, આનંદકા સ્વાદ આગળ ઉસકી કિંમત કાંઈ નહીં. એ છોડ દે વસ્તી ઉસકા નામ આ ત્યાગ ધર્મ કહેનેમેં ( આતા ) હૈં. ત્યાગ નામ આ બાહ્ય સ્ત્રી કુટુંબ પરિવાર ત્યાગ એ તો હૈ હી. સંસાર ભોગ દેહકા ત્યાગ મમત્વકા તો હૈ હી. ઈસકી બાત હૈ. આહાહા...

વસ્તી, ભોજન અને ઉપકરણ ત્રણકી સાથ સંબંધ હૈ. તીન તો એ પ્રત્યેકા મમત્વ વૃત્તિકા આનંદકા સ્વાદ લેકર અતીન્દ્રિય આનંદકા, આહાહાહા... સ્વાદ અનુભવમેં વિશેષ સુખકા સ્વાદ આતે હૈ એ વસ્તુ છોડી દેતે હૈ. આહાહા... આનું નામ ત્યાગ હૈ. યે આઠમા–આઠમા દિન હૈ આજ બુધવાર – બુધવાર આ ગાથા અહીંયા આયા.

ઐસા અપ્રતિબુદ્ધ સ્વયં જિસકા હૃદય સ્વયં સ્વતઃ વિમોહિત હુઆ હૈ ઐસા અપ્રતિબુદ્ધ, હૈ ? પાંચમી લીટી હૈ કયા કહતે હૈ ? કે જૈસે સ્ફટિકમેં, સ્ફટિક નિર્મળ હોને પર ભી સંયોગ આદિમેં અથવા જિસ ચીજમેં સ્ફટિક મૂકયું હોય, ઉસકી અંદર છાંય પડે, પિત્તળનું વાસણ તેની છાંય પડે એ ઉપાધિ હૈ ઐસે ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ સ્ફટિક જૈસા હૈ, ઉસમેં રાગ પુણ્ય પાપકા ભાવકી છાયા દિખતી હૈ ઉપાધિ, આહાહાહા... એ અસ્વભાવભાવ હૈ, શુભઅશુભભાવ, આહાહાહા... એ અસ્વભાવભાવ હૈ, એ અસ્વભાવભાવ હૈ સ્વભાવભાવ રહિત ઉસકો અપના માનકર અજ્ઞાની અસ્વભાવભાવકો અપના માનતે હૈ ને, વેદતે હૈ. આહાહા... પણ અપના આત્મા ક્યા હૈ ઉસકો રાગ હૈ પણ રાગકો જાનનેવાલા આત્મા ભિન્ન હૈ ઐસા જ્ઞાનીકો જ્ઞાન હૈ, અજ્ઞાનીકો ખબર નહિ, આહાહાહા... રાગ હૈ, ઝીણી વાત બહુ બાપુ. રાગ પણ આ રાગ હૈ, ચાહે તો દયા–દાન વ્રત–ભક્તિકા હો પણ એ શુભરાગ એ અસ્વભાવભાવ હૈ પણ ઉસકા જાનનેવાલા આ હૈ ઐસે જાનતે હૈ કૌન ? કિસકી સત્તામેં આ રાગ હૈ ઐસે જાનનેમેં આતા હૈ ? સમજમેં આયા ? એ જ્ઞાનકી સત્તામેં આ રાગ હૈ એ જાનનેમેં આતા હૈ. આહાહાહા...

એ સ્વભાવભાવ મૈં હું ઐસા અજ્ઞાની ન માનકર, એ દયા–દાનના વિકલ્પ રાગ આયા એ ઉપાધિ હૈ, એ અસ્વભાવભાવ હૈ, એ વિભાવભાવ હૈ. આહાહાહા... ઉસકો અપના માનતે હૈ અજ્ઞાની ઉસકો અપના માનતે હૈ. હૈં ? "હૃદય સ્વયં સ્વતઃ વિમોહિત હો ગયા હૈ, અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવ સ્વપરકા ભેદ ન કરકે" આહાહા... એ રાગ ઔર સ્વભાવ ભિન્ન ઐસા દોકા ભેદજ્ઞાન ન કરકે અજ્ઞાની, આહાહાહા... ઝીણી વાત બહુ બાપુ.

આહાહા ! ઉન અસ્વભાવભાવોંકો હી, એ પુણ્ય ને પાપના રાગ વિકલ્પ રાગ ઉસમેં સ્વ ને પરકા ભેદ ન કરકે, એ સ્વ–પર સ્વભાવભાવકો હી, હૈ ? આહાહા... અપના સ્વભાવ નહિ ઐસા વિભાવોકો હી અપના કરતા હુઆ, આહાહાહા... જાનના–દેખના ભગવાન, એ

સ્વભાવભાવસે રાગ ભિન્ન હૈ, અને રાગ અસ્વભાવભાવસે, સ્વભાવભાવ ભિન્ન હૈ. આહાહા ! ઐસા અનંત બૈર મુનિપણા લિયા દ્રવ્યલિંગી સાધુ હુઆ પણ વો રાગ અને આત્મા દોહી એક માનકર અસ્વભાવભાવોંકો અપના લાભ માનકર મિથ્યાદૃષ્ટિ હુઆ. આહાહાહા ! સમજમેં આયા ? ભારે કામ ભાઈ આવું. પુદ્‌ગલ દ્રવ્યકો યહ મેરા હૈ, એ રાગાદિ પુદ્‌ગલ દ્રવ્ય હૈ ખરેખર આત્મદ્રવ્ય નહિ. આહાહા ! ચાહે તો શુભરાગ હો પણ એ રાગ પુદ્‌ગલ હૈ જડ, ચૈતન્ય નહિ, ક્યોંકિ એ રાગ જાનતે નહિ, રાગ જાનતે નહિ, રાગ જ્ઞાન દ્વારા જાનનેમેં આતા હૈ, એ કારણ વો રાગ પુદ્‌ગલ અને અચેતન હૈ. ભગવાન ઉસસે ભિન્ન હૈ. આહાહા... પણ ઉસકો ઉસકી ખબર નહિ. સ્વ ને પરકી જુદાઈકા ભાન નહિ, તેથી પરકો અપનાભાવ માનતે હૈ. હૈ ! આહા ! યહ મેરા હી તો હૈ ઐસા અનુભવ કરતા હૈ !

જૈસે સ્ફટિક પાષાણમેં અનેક પ્રકારકે રંગોકી નિકટતા વર્ણ, અનેક રંગ રૂપ અવસ્થા દિખાઈ દેતે હૈ, સ્ફટિકમાં દેખાય છે. સ્ફટિકકા નિજ શ્વેત નિર્મળભાવ દિખાઈ નહિ દેતા. આહાહાહા ! સ્ફટિક( કો ) વાસણમેં મૂકયા હો ઉસકી છાંય દિખે, ઈસકો એ અપના માનતે હૈ સ્ફટિક( કી ) અજ્ઞાની ઐસે એને તો કયાં માને ? ઈસી પ્રકાર અજ્ઞાનીકો કર્મકી ઉપાધિસે આત્માકા શુદ્ધ સ્વભાવ આચ્છાદિત હો રહા હૈ. આહાહાહા ! એ પુણ્ય ને પાપના વિકલ્પનો રાગ ચાહે તો દયાકા રાગ હો ચાહે તો ભક્તિકા રાગ, આહાહાહા... પણ એ રાગ ને અસ્વભાવભાવ( કો ) અપના માનકર, આહાહા... શુદ્ધ સ્વભાવ આચ્છાદિત હો રહા હૈ, રાગકો અપના માનનેસે, રાગકો જાનનેવાલા ભગવાન, જ્ઞાન સ્વરૂપ આચ્છાદિત ઢંકાઈ ગયા હૈ. આહાહાહા ! રાગકી પ્રીતિકે પ્રેમમેં જ્ઞાન સ્વરૂપી ભગવાન ઢંક ગયા હૈ. આરે ! હવે આવી વાતું છે.

આહાહા ! જેમ સ્ફટિકમેં લાલ પીળા આદિ વાસણ હો ઉસમેં મુકનેસે ઐસી ઉપાધિ દિખતી હૈ, અંદરમેં તો ઉસકો નિર્મળ સ્વભાવ નહિં દિખતા. ઐસે અજ્ઞાની અપના ચૈતન્ય જ્ઞાન સ્વભાવ પ્રભુ, ઉસકો રાગકી ઉપાધિસે અપના માનકર સ્વચ્છતાકા જ્ઞાન ઉસકો હોતા નહીં. આહાહા ! આ ક્યાં આમાં " કર્મકી ઉપાધિસે એટલે રાગાદિ આત્માકા શુદ્ધ સ્વભાવ આચ્છાદિત હો રહા હૈ " દિખાઈ નહિં દેતા. રાગકો દેખનેવાલા, આહાહા... રાગકો જાનનેવાલા ઢંક ગયા ત્યાં, રાગ હી રહે ગયા ઉસકો... આહાહા... મૈં તો રાગ હું, ઐસા અજ્ઞાનીકો રાગકી ઉપાધિસે જ્ઞાન સ્વભાવ ઢંક ગયા, તિરોભૂત હો ગયા, દૃષ્ટીમેં રહા નહીં. આહાહાહા ! ઈસલિયે પુદ્‌ગલ દ્રવ્યકો અપના માનતા હૈ, આહાહાહા ! ભગવાન જ્ઞાન ચૈતન્ય ચમત્કાર આનંદકંદપ્રભુ એ રાગકા પ્રેમમેં અસ્વભાવભાવકા એકત્વબુદ્ધિમેં સ્વભાવભાવ ઢંક ગયા તો એ સ્વભાવભાવ દિખતે નહિં, રાગ દીખતે હૈ એકીલા. આહાહાહા ! આવી વાતું હવે.

આ સમ્યગ્દર્શન હોનેકી પહેલી રીત આ હૈ. આહાહા ! ઐસે અજ્ઞાનીકો અબ સમજાયા જા રહા હૈ દેખો, આ અજ્ઞાનીકો સમજાયા જા રહા હૈ સબ સમયસાર, અપ્રતિબુદ્ધકો સમજાનેમેં આયા હૈ આ. હે દૂરાત્મન્ ! આહાહાહા ! સંતોની કરૂણા હૈ કરૂણા હોં. આહાહા ! પ્રભુ તું રાગ ને પુણ્યના પરિણામ જો હૈ એ પુદ્‌ગલ હૈ, ઉસકો અપના માનતે હૈ, તો હે દૂરાત્મનમ્ ! હે દુષ્ટ આત્મા. આહાહાહા ! કરૂણા સંતોકી અરે ! તુમ કયા માનતે હૈ ભાઈ ! આહાહા ! તેરી ચીજ એ રાગકા વિકલ્પસે મહા ચૈતન્યચમત્કાર ભિન્ન પડી હૈ ને ? આહાહાહા ! ઈસકો તો તુમ માનતે

નહિ જાનતે નહિ અને જો તેરી ચીજમેં નહીં ઐસા રાગાદિ પુદ્‌ગલકો અપના માનતે હૈ, દૂર– આત્મન્ તેરી દૃષ્ટી મૂંઢ હૈ. આહાહા !

રાગમેં સુખબુદ્ધિ હોતી હૈ, તો આનંદકંદકા નાથ ત્યાં ઢંક ગયા. આહાહાહા ! જિસમેં આનંદ હૈ એ રાગના વિકલ્પમાં ઠીક હૈ, સુખ હૈ, મજા હૈ, ઐસે માનનેવાલેકો રાગકો પુદ્‌ગલ હૈ ઉસકો અપના માન્યા, પણ રાગસે આનંદ સ્વરૂપ ભગવાન આનંદ મેં આનંદ હૈ, આત્મા એ આનંદ સ્વરૂપ હૈ ઐસા હે દૂરાત્મન્ તેં ન માન્યા, આહાહાહા ! ઝીણી વાતું બહુ આવી. હજી તો સમ્યગ્દર્શન ને મિથ્યાદર્શન એની વાત ચલતી હૈ મુનિપણું બાપુ એ તો કોઈ અલૌકિક વાતું, શું કહીએ અહીંયા તો ભગવાન અતીન્દ્રિય જ્ઞાન ને આનંદની ચમત્કારિક વસ્તુ ઉસકો રાગકી ઉપાધિમેં રાગકો હી અપના માનકર, ચૈતન્યચમત્કાર રાગસે ભિન્ન ઉસકો એ છોડ દેતે હૈ, એ સ્વભાવભાવ હૈ ઉસકો માનતે નહિં ને અસ્વભાવભાવ હૈ, ઉસકો માનતે હૈ. આહાહાહા !

દૂસરી રીતે કહીએ તો એ રાગ હૈ એ પુદ્‌ગલ હૈ અજીવ હૈ તો અજીવભાવમેં આત્મા રોકાકર ત્રિકાળી જ્ઞાન જીવ સ્વભાવ ઉસકો ઢંક ગયા. આહાહાહા ! આવી વાતું હવે, ઓલા તો દયા તે સુખની વેલડી દયા તે સુખની ખાણ અનંતા જીવ મુક્તે ગયા દયા તે સુખની ખાણ હાંકે ગાડાં, કરતે તને કાંઈ ખબર ? કોની દયા ? આહાહા ! પરની દયાકા ભાવ એ તો રાગ હૈ અને રાગકો દેખનેવાલા પુદ્‌ગલકો દેખતે હૈ. આહાહાહા ! ભગવાનકી ભક્તિ હૈ વો ભી રાગ હૈ, શાસ્ત્રકી ભક્તિ હૈ વો ભી રાગ હૈ, અને રાગકો તુમ દેખતે હૈ તો પુદ્‌ગલકો હી દેખતે હો તુમ, એ અજીવ હૈ ઉસકો તુમ દેખતે હૈ ઔર અસ્વભાવભાવ હૈ વોહિ હમારા હૈ એમ માનતે હૈ તુમ. આહાહાહા ! આકરી વાત. આહાહા ! ( શ્રોતાઃ– રાગમાં વર્ણ ગંધ રસ સ્પર્શ છે એમાં ) રાગમાં એ વર્ણ ગંધ રંગ નથી પણ અચેતન હૈ. ચૈતન્યચમત્કાર જ્ઞાનસ્વરૂપ ભગવાન ઉસકા ઉસમેં કિરણ નહિ રાગમેં. એ કારણે રાગકો અચેતન અને પુદ્‌ગલ કહનેમેં આયા હૈ. આહાહાહાહા ! ચાહે તો પંચમહાવ્રતકા રાગ હો વિકલ્પ, એ અચેતન હૈ. ચૈતન્ય પ્રકાશની મૂર્તિ ભગવાન એ સૂર્યકા કિરણ નહીં એ ચૈતન્યરૂપી સૂર્યકા રાગમેં કિરણ નહીં. આહાહાહા ! આવી વાતું ઓ કારણે રાગકો અચેતન કહેકર પુદ્‌ગલ કહ્યા હૈ.

આહાહાહાહા ! આ શ્રવણમેં ભી જો રાગ ઉત્પન્ન હોતા હૈ, એ રાગ હૈ એ પુદ્‌ગલ હૈ. આહાહાહા... ક્યોંકિ ચૈતન્ય સ્વભાવકા જિસમેં અભાવ હૈ, આહાહાહા... ઐસા પુદ્‌ગલકો અપના માનકર, અજ્ઞાની અપના સ્વરૂપ રાગ હૈ ઐસા માનતે હૈ. એય દૂરાત્મન્ ! આહાહાહાહા ! સંતોની કડક ભાષા નહીં કરૂણા હૈ. આહાહાહા ! અરે ભગવાન, એ દયા–દાન વ્રત ભક્તિકા રાગ એ તો પુદ્‌ગલ હૈ. અરરર ! આ વાત ! પંચમહાવ્રતકા વિકલ્પ એ રાગ હૈ. આહાહાહા ! એ પુદ્‌ગલ હૈ, હે દૂરાત્મન્ ! તું પુદ્‌ગલકો અપના ક્યોં માનતે હો ? આહાહા ! પૈસા–બૈસાની તો ક્યાંય વાત રહી ગઈ. એ તો ધૂળ ક્યાંય એને પોતાની માને એ તો મહા મૂંઢ મોટો, મોટો મૂંઢ. આહાહા !

અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ કહેતે હૈ એ સંતો આડતિયા હોકર જગતકો જાહેર કરતે હૈ. વીતરાગી દિગંબર સંત હૈ. આહાહા ! આનંદ ને આનંદની વીતરાગ દશામાં ઝૂલતે ઝૂલતે સંતોની કરૂણાસે વિકલ્પ આયા. આહાહાહા ! આમ એક બાજુ ભગવાન આત્મા ઐસે કહે, અને અહીં હે દૂરાત્મન્ ઐસા કહા, બોંતેર ગાથામાં ઐસા કહા– કે આ પુણ્ય ને પાપભાવ

પ્રભુ એ અશુચિ હૈ, મેલ હૈ, નાકનો ગુંગો હૈ મેલ. એ મેલ હૈ તો એ અચેતન હૈ, જડ હૈ, ભગવાન! એમ લિયા હૈ શબ્દ, ભગવન્ તુમ તો આનંદ નિર્મળ જ્ઞાનસ્વરૂપ હૈ ને પ્રભુ. આહાહાહા! સમજમેં આયા?

અહીંયા એ રાગને પુદ્ગલ તરીકે ગણી અને અપના આત્માકા હૈ ઐસે અજ્ઞાની માનતે હૈ. ગણી કોણે? આ અજ્ઞાનીએ ગણી. આહા! એ રાગકો અપના માનતે હૈ, અને એ રાગ કરતે-કરતે કલ્યાણ હોગા. આહાહાહાહા! એ પંચમહાવ્રત પાળતે વ્યવહાર રત્નત્રય કરતે, પુદ્ગલ કરતે કરતે પુદ્ગલસે ચૈતન્ય જાગૃત હોગા? આહાહા! યહ, દુઃરાત્મનમ્! આહાહા! ક્યોંકિ રાગકો અપના માનતે હૈ એ તેરી આત્મા દૂરાત્મા હૈ. આહાહાહા! આત્મઘાત કરનેવાલે, આત્મઘાત કરનેવાલે આહાહાહાહા... એ રાગકા કણ ઉત્પન્ન હુઆ વિકલ્પ વૃત્તિયાઁ, દયા, દાન, વ્રત, ભક્તિ આહાહાહાહા... એ રાગકી વૃત્તિકો આહાહા... અપના માનનેવાલા આત્મઘાતી હૈ, આત્માકા ઘાત કરનેવાલા હૈ પ્રભુ તું. આહાહાહા! આવી તો દિગંબર સંતો કરુણાસે વાત કરતે હૈ. આહા! જંગલવાસી સંતો સિદ્ધની સાથે વાતો કરનારા, એ જગત પાસે જાહેર કરે છે. આહાહાહા!

કુંદકુદાચાર્ય ભગવાન પાસે ગયે થે સંવત ૪૯, ૨૦૦૦ વર્ષ પહેલે, ભગવાન તો બિરાજતે હૈ અભી પાંચસે ઘનૂષકા દેહ હૈ, આહાહા! ત્યાં આઠ દિન રહે, ઔર ત્યાં શ્રુતકેવળી પાસે ભી ચર્ચામેં કિતના સમાધાન હુઆ, વો અહિંયા આયા આ શાસ્ત્ર બનાયા. આહાહાહાહા! ત્રણલોકનો નાથ સીમંધર ભગવાન, 'સીમમ્' અપની મર્યાદામેં રહેનેવાલા આનંદમેં, વીતરાગ સ્વભાવમેં, એ સીમંધર ભગવાન પાંચસે ધનૂષ દેહ કરોડ પૂર્વનું આયુષ્ય હૈ. શ્વેતામ્બરમાં એને ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય કહે છે. (ઐસા નહિં) કરોડ પૂર્વનું આયુષ્ય હૈ. શ્વેતામ્બરે બધી કલ્પિત વાતો બહુ કરી નાખી. શું કરીએ? કેમ? અરેરે! (શ્રોતાઃ- એને ટેકો દેનારા મળ્યા) એ તો બધાં અજ્ઞાનીઓ હોય તો મળે ને ભેગા. આહાહા! ક્રોડપૂર્વનું પ્રભુનું આયુષ્ય છે. બિરાજમાન સમોશરણમાં છે. આહાહા. ત્યાં આઠ દિન રહે થે. ત્યાંસે આકર આ બનાયા, પીછે હજાર વર્ષ પછી અમૃતચંદ્રાચાર્ય હુઆ, આ ઉસકી ટીકા હૈ. આહાહા!

હે આત્મઘાતી! આહાહાહા... ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપી પ્રભુ એવા સ્વભાવભાવને નહિં માનનેવાલા અને અસ્વભાવ રાગ પુદ્ગલ હૈ ઉસકો માનનેવાલા આત્મઘાતી હૈ! તે આત્માકા શુદ્ધ સ્વભાવકા અનાદર કિયા એ તેં આત્માકા ઘાત કિયા. યુગલજી! આવી વાત છે. આહાહાહા! ચાહે તો રાગ શાસ્ત્ર શ્રવણનો હો. આહાહાહા! શાસ્ત્ર કહેનેકા વિકલ્પ હો, પણ એ રાગ પુદ્ગલ હૈ, આહાહાહા! પ્રભુ એમાં ચૈતન્યના નૂરના તેજનો પ્રવાહ ન આવ્યો ઉસમેં. આહાહાહા! એમાં સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રમેં શુદ્ધ ચૈતન્યના પ્રવાહ આતા હૈ. આહાહાહા! રાગ ને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ કે હિંસા-જૂઠું ચોરી વિષય ભોગ વાસના એ ભાવમેં ભગવાન ચૈતન્યકા રસ અંશેય ન આયા. આહાહા! જેમાં અચેતનપણા પુદ્ગલપણા પ્રભુ તેં ઈસકો અપના માન્યા, તું આત્મઘાતી હૈ પ્રભુ! આહાહાહા! (શ્રોતાઃ- સ્વભાવ અને અસ્વભાવની સ્પષ્ટતા સારી આવે છે) વાત સાચી, આવી વાતું છે ભાઈ બાપુ શું થાય? આહાહા!

નિર્મળાનંદ ચૈતન્ય સ્વરૂપ સ્વપરપ્રકાશક સ્વભાવકા સાગર પ્રભુ, ઐસા અપને સ્વરૂપકો ન માનકર ઉસસે વિપરીત રાગાદિ જે પુદ્ગલ અચેતન જડ હૈ એ અપના માનકર ત્યાં રૂક ગયા, આત્મઘાતી હુઆ. આહાહાહા ! ભગવાન ચૈતન્યમૂર્તિ નિર્મળાનંદ પ્રભુ એ રહ ગયા શ્રદ્ધામેં, રાગાદિ મૈં હું એ ન્યાં કિયા, ક્રિયાકાંડ હૈ ને. સામાયિક ને પૌષધ ને પડિકકમણા રાગ હૈ એ રાગ હૈ, સામાયિક સમકિતદૃષ્ટિ વિના સામાયિક કૈસા ? આહા ! આકરું કામ બહુ. એ સામાયિક કરું ને વિકલ્પ કરું ને પૌષધ કરું પડિકમણા કરું એ સબ તો વિકલ્પ રાગ હૈ, એ પુદ્ગલ હૈ, એ પુદ્ગલકો અપના માનનેવાલા, ચૈતન્ય આનંદના નાથને ઘાત કરી નાખે છે. એ નહિં, મૈં આ હું. આહાહાહા ! આવી વાત છે. આહાહાહા ! સંતોની કરૂણા તો જુઓ. ( કહતે હૈં ) આહા ! એ દૂરાત્મન ! એ રાગની વૃત્તિ ઉઠી જ્ઞાનાનંદ સ્વભાવમેં રાગ હૈ નહિ, એ રાગ આયા કે દયા પાળો ને એ કરો આ કરો ને એ વૃત્તિ ઉપાધિ હૈ. આહાહાહા... એ પુદ્ગલ હૈ, અચેતન હૈ, અજીવ હૈ, જડ હૈ, મેલ હૈ, દુઃખ હૈ. આહાહાહા ! ઈસકો તુમ અપના માનતે હો ઔર ભગવાન આનંદકંદ પ્રભુ ચૈતન્યકા અનાદર કરતે હો, તો છતી ચીજકો તેં અછતી કર દિયા, અને અછતી ચીજકો તેં છતી કર દિયા, રાગાદિ અછતી ચીજ હૈ, અસલમેં હૈ નહિં અંદર. સમજમેં આયા ? ઉસકા સત્પણા તેં ( રાગકા ) કબૂલ કિયા, ભગવાન સત્ સ્વરૂપ ત્રિકાળકા તેં અનાદર કર દિયા. આહાહા !

ભારે કામ આકરું દુનિયાને અત્યારે આ મળવું કઠણ બહુ. બસ હવે આઠ–દસ દિવસ થાય આઠ અપવાસ કરે એમાં ચોવિયારા કરે, ઓહોહોહો ! ભારે કર્યું, મહિનાના અપવાસ મહિના–મહિનાના, અપવાસ, હતા કે દિ' અપવાસ માળા લાંઘણું છે તારી. એ તો ક્રિયા–કાંડનો કદાચિત્ રાગ મંદ કર્યો હોય તો, માન સાટુ કરે ને આ અપવાસ કરીએ તો કાંઈક શું કહેવાય એ ઉજવણું કરે, આહા... પાછળ પાંચ–પચ્ચીસ હજાર ખર્ચે તો આપણું નામ રહે, તપસ્યાઓ કરી હતી બહુ, વહુએ બહુ સારી, એ તો પાપ છે. પણ રાગ મંદ કિયા હોય કદાચિત્ તો એ પુણ્ય છે, પુદ્ગલ છે, રાગ છે, એ ધર્મ નહીં. આહાહાહાહા ! હે દૂરાત્મન્ ! આત્મઘાત કરનેવાલે. આહાહાહા ! મહાપ્રભુ ચૈતન્ય જ્ઞાતાદૃષ્ટા ચૈતન્ય ચમત્કાર ઐસા અસ્તિત્વકા તેં તો ઘાત કર દિયા પ્રભુ, આહાહા... અને રાગકો તેં જીવિત રાખકર ઉસરૂપ તેરા જીવન હો ગયા. પુદ્ગલમેં તેરા જીવન હો ગયા.

"જૈસે પરમ અવિવેકપૂર્વક" ભાષા દેખો. "જૈસે પરમ અવિવેકપૂર્વક" ખાનેવાલે હાથી. હાથી આદિ પશુ. હાથીકો ચૂરમા આમ દેતે હૈ ને ? ને સાથમેં ઘાસ હોય ઘાસ, ચૂરમા ને સાથે ઘાસ હોય, એ હાથી આદિ સુંદર આહારકો તૃણ સહિત ખા જાતે હૈ. આહાહાહા ! એ સુંદર આહાર સાથે ચૂરમા હોય તો સાથે ઘાસ સાથે ખા જાતે હૈ પણ ઘાસ ને ચૂરમું ભિન્ન હૈ ઐસા ખબર નહીં. આહાહાહા ! પડછા હોતે હૈ ને અમારે કાઠિયાવાડી ભાષામેં, પડછા સમજે ? પહોળા પડછા હોતે હૈ ઈતના ઈતના પહોળા હોતે હૈ. ચાર–ચાર તસુ શેરડીના પડછા તેમાં નાખી ચૂરમું તેમાં રોટલી લાડુ નાખી ખાય. આહાહાહા !

પરમ અવિવેકપૂર્વક ખાનેવાલે હાથી આદિ પશુ સુંદર આહારકો તૃણ સહિત ખા લે જાતે હૈ. આહાહાહા ! એ તીનકા ઉસકા સહિત ચૂરમાકો ખા જાતે હૈ. ઈસીપ્રકાર આ( રાગ ) ખાનેકે સ્વભાવકો તું છોડ. આહાહા ! ઐસા રાગ મેરા હૈ ઐસા અનુભવ છોડ. આહાહા... જીવ

અધિકાર હૈ ને ? રાગ એ અજીવમેં પુદ્‌ગલમેં નાખ દિયા હૈ. આહાહાહા... અહીં તો હજી વ્યવહાર રત્નત્રય કરે સારા તો નિશ્ચય પામે, એ પહોંચી શકે, અરે પ્રભુ શું કરે છે તું આ ? ભગવાનના વિરહમાં તેં શું કર્યું પ્રભુ ? લોકને રાજી રાખી ને તેં શું કર્યું તે આ ? લોકો રાજી થાશે કે, આહાહા... જોયું ? વ્યવહારથી પણ નિશ્ચય પમાય છે. એકલા નિશ્ચયથી જ પમાય નિશ્ચય એમ નહિં, ઓલા સાંભળનારા, હા ! હા ! કાંઈ ખબર ન મળે સાંભળનારને ને કહેનારને. આહાહા ! ( શ્રોતાઃ- કાંઈક દાખલો આપો ) દાખલો કીધો ને આ. કે બીજાને એમ કહે કે તું આ દયા દાન વ્રત પરિણામ કરે છે તો તેરા કલ્યાણ હોગા. એમાંથી તેરે સમ્યગ્દર્શન હોગા. આહાહાહાહા ! પુદ્‌ગલ ખાતે ખાતે તેરે આત્માકા આનંદ હોગા. ઝેર ખાતે-ખાતે તેરે અમૃતકા ઓડકાર ડકાર આયેગા. આહાહા ! ભાઈ ! મારગડા બહુ અલૌકિક છે. સચ્ચિદાનંદ પ્રભુ ! જિસમેં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યા હૈ પ્રભુમાં, આત્મામાં ભાઈ તને ખબર નથી. અતીન્દ્રિય આનંદથી ભર્યા પ્રભુ સાગર આત્મા ! ઈસકો તું ન માનકર રાગકા સ્વાદમેં તેરી મીઠાશ આ ગઈ. આહાહા ! એ હાથી આદિ અવિવેકી ઘાસ સાથે ચૂરમા ખાતે હૈ, ઐસા રાગ સાથે આત્માકા તુમ અનુભવ કરતે હૈ. પણ આત્મા ઐસા હૈ નહીં. આહાહાહા... આવી વાતું છે, પછી લોકો કહે ને કે સોનગઢનું છે. તો શાસ્ત્ર ભગવાનનું, સોનગઢનું એકાંત છે. નિશ્ચયાભાસ છે, ( એમ કહે ) કહો પ્રભુ. આહાહાહા... બાપુ તારો પંથ કોઈ જુદી જાતનો નાથ. આહાહા ! આહાહા !

અહીંયા આચાર્ય કહેતે હૈ ઈસીપ્રકાર ખાનેકે સ્વભાવકો તું છોડ, છોડ. આહાહાહા... એ રાગ મેરા હૈ, ઐસા અનુભવ છોડ, આહાહા... ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા શાસ્ત્રકા રાગ આયા હો, શાસ્ત્રકા વંદન કરનેકા ભાવ રાગ, અને રાગકા અનુભવ એ પુદ્‌ગલકા અનુભવ હૈ, આહાહાહા... એ આત્મા, એ તું છોડ. આહાહા... બે વાર કહા. છોડ-છોડ. એ રાગકા અનુભવ હાથી જેમ ચૂરમા સાથે ઘાસ ખાતે હૈ, એ છોડ. એમ ભગવાનને ( આત્માને ) આ રાગ સાથે અનુભવ કરતે હૈ છોડ રાગ, એ રાગ તેરી ચીજ નહીં. આહાહાહા ! રાગ કોને કહેવો હજી એની ખબર ન મળે. એ જાણે કે બાયડી-છોકરા પર રાગ કરવો ને ફલાણું રાગ, દયા પાળવા ને પંચમહાવ્રતનો ભાવ એ રાગ. આહાહાહા ! ( શ્રોતાઃ- ભગવાનના દર્શન કરવા એ ? ) ભગવાનના દર્શન કરવા એ રાગ ( શ્રોતાઃ- આપનું પ્રવચન સાંભળવું એ ? ) શ્રવણ કરવું એ રાગ કહ્યુંને શ્રવણનું. આહાહાહા ! આ પુસ્તકનું વાંચન કરવું એ વિકલ્પ રાગ. આહાહાહા... ભાઈ ( એ ) હોય પણ એ તું નહીં, એ તેરી ચીજ નહીં પ્રભુ. આહાહા ! અરે ! "અનંતકાળસે આથડયો વિના ભાન ભગવાન, સેવ્યા નહીં ગુરુ સંતને-મૂકયા નહિં અભિમાન".

કોને કહેવા સંત ને કોને કહેવા જ્ઞાની બાપુ ! અરેરે ! વન વગડામાં એકલો રણ( માં ) જેમ ફરે રોજ એમ અત્યારે એકલા થઈ ગયા છે. ભગવાન પરમાત્મા એમ ફરમાવે છે કે પ્રભુ એક વાર સૂન મારી વાત કહે છે. આહા... જેને તું ધર્મ માને છે રાગ દયા, દાન, વ્રત, ભક્તિ એના કારણ, એ રાગ હૈ, પુદ્‌ગલ હૈ, અચેતન હૈ, જડ હૈ, અજીવ હૈ. ઉસકા અનુભવ એ આત્માકા હૈ ઐસી દૃષ્ટિ છોડ દે. આહાહા ! ભારે ભાઈ કામ આમાં.

"જિસને સમસ્ત સંદેહ" હવે ક્યું કહેતે હૈ ક્યા કહેતે હૈ ભાઈ ! પ્રભુ ભગવાન આત્મા તો

સર્વજ્ઞદેવે ઈસકો કહા હૈ કે રાગ એ કાંઈ આત્મા નહિં. આહાહાહા ! જિસ ભાવસે તીર્થંકર ગૌત્ર બંધે એ ભાવ રાગ, એ આત્મા નહિં. આહાહાહા ! ષોડષ કારણ ભાવના ભાયે તીર્થંકરપદ પાય, નથી આવતું ? રાજી રાજી થઈ જાય અંદર, એ હોય સમકિતીને પણ છતાંય એ રાગ છે એ પુદ્ગલ ને જડ હૈ. આહાહા ! આહાહા ! ઉસસે તીર્થંકર પ્રકૃતિકા પરમાણુ જડકા બંધ હોતા હૈ. આહાહા ! એ અબંધભાવ નહીં, આહાહા... તુમ ભગવાન આત્મા ચૈતન્યબિંબ ચંદ્ર શિતળ સ્વરૂપ, વીતરાગ મૂર્તિ, શિતળ શાંતસ્વરૂપ, ઉસમેં અશાંતિ એવા વિકલ્પ ને રાગકો અપના અનુભવતે હૈ છોડ દે પ્રભુ, સુખી હોના હો ઔર ધર્મ પંથમે જાના હો તો છોડ દે. આહાહાહા !

ક્યોં છોડ દે ? કે જિસને સમસ્ત સંદેહ વિપર્યય, અનધ્યવસાય વિપર્યય દૂર કર દિયા હૈ ભગવાન. સર્વજ્ઞ પરમાત્માએ સમસ્ત સંદેહ, વિપરીત અને અચોક્કસભાવ, એ દૂર કર દિયા હૈ ઐસે વિશ્વકો સમસ્ત વસ્તુઓંકે ઉપયોગ પ્રકાશિત કરનેકે લિયે, આહાહાહા... સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ, કૈસા હૈ ? કે જેને બધા સંદેહ વિપરીત ને અચોક્કસપણા એ સબ દૂર કર દિયા હૈ ઔર જો વિશ્વકો સમસ્ત વસ્તુઓંકો વિશ્વ નામ સમસ્ત વસ્તુ લોક–અલોક પ્રકાશિત કરનેકે લિયે એક અદ્વિતીય જ્યોતિ હૈ. અજોડ જ્યોતિ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ હૈ. આહાહાહા ! સર્વજ્ઞ અરિહંત પરમેશ્વર અદ્વૈત જ્યોતિ અજોડ જ્યોતિ એના જેવી કોઈ જ્યોતિ હૈ નહિં જગતમાં. ઐસે સર્વજ્ઞ જ્ઞાનસે પ્રગટ કિયે ગયે, એ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર, આહાહા... સારા લોક અને અલોકને પ્રકાશ કરનેવાલા ઐસા સર્વજ્ઞ ભગવાને કિયે ગયે, “નિત્ય ઉપયોગ સ્વરૂપ જીવદ્રવ્ય” એને તો પ્રભુ આત્માને ઉપયોગ સ્વરૂપ કહા હૈ. જાનન દેખન ઉપયોગ સ્વરૂપ ભગવાન આત્મા હૈ, એ રાગરૂપ કૈસે હો ગયા ? આહાહા ! સર્વજ્ઞ “સવ્વણ્હુ નાણ દિટ્ઠો” સર્વજ્ઞ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર અરિહંતદેવે સર્વજ્ઞ સ્વભાવમેં જીવકો તો ઉપયોગ( સ્વરૂપ જીવ ) દિઠા હૈ, જાનન–દેખન ઉપયોગ એ આત્મા. રાગ એ આત્મા ભગવાને કહા નહિં. આહાહા ! આ તે વાતે–વાતે ફેર લાગે શું થાય ભાઈ ? આહાહા...

ત્રણલોકનાં નાથ સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે એ આ મુનિ કહે છે ભાઈ સર્વજ્ઞ પરમેશ્વર લોકાલોકના પ્રકાશક ઉસને તો, આહાહાહા... ઉપયોગ સ્વભાવરૂપ જીવદ્રવ્ય કહા, જીવદ્રવ્ય નામ ભગવાન આત્મા એને અનંત ગુણવાળા નહીં કહા પણ “ઉપયોગ સ્વરૂપ આત્મા” કહા, ક્યોંકિ અનંત–અનંત ગુણ હૈ તો, અનંત–અનંત ગુણના કેટલા ભેદ એને બતાવવા, આ એક ચીજ મહાપ્રભુ ઉપયોગ જેનું લક્ષણ, આહાહા... ઉપયોગ સ્વરૂપ ભગવાન આત્મા, એ જીવ દ્રવ્ય, ઉપયોગ સ્વભાવરૂપ જીવદ્રવ્ય. આહાહાહા... અનંતગુણ સ્વરૂપ જીવદ્રવ્ય ન લિયા, મુખ્ય લક્ષણ બતાનેકો જીવ ભગવાન, એ તો ઉપયોગ સ્વરૂપ સ્વભાવ હૈ ને ઉસકા ? આહાહાહા... જાનના–દેખના ઉપયોગ સ્વરૂપ ભગવાન હૈ ને ! આહાહાહા... એ, આહાહાહા... જીવદ્રવ્ય તો ઐસા કહા, “સવ્વણ્હુ નાણ દિટ્ઠો” પાઠ છે ને એમાં ગાથા છે જુઓને એમાં બીજી “સવ્વણ્હુ નાણ દિટ્ઠો જીવો ઊવઓગ લખ્ખણો નિચ્ચં.” આહાહાહાહા...

એને અનંત ગુણવાળો છે એમ ન કહા. આહાહા ! પણ જાનન દેખન જે ઉપયોગ જે ખાસ ચીજ હૈ જે ખાસ લક્ષણ હૈ, તેથી કહ્યા ને, “ઉપયોગ લખ્ખણો નિચ્ચં” એમ કહ્યું, એ ભગવાન તો જાનન–દેખન ઉપયોગ લક્ષણ સ્વરૂપ હૈ, એ તેરે રાગમેં કૈસે આ ગયા ? આહાહાહા ! સમજમેં

આયા ? ચૈતન્યના અનંત ગુણ સ્વરૂપ આત્મા ઐસા ન લેકર, મહાપ્રભુ "ઉપયોગ લક્ષણ નિચ્ચં" એમ સર્વજ્ઞ ભગવાને આત્માને કહા ને ? આહાહાહાહાહા... અને "લખ્ખણો" લીધું છે, "ઉપયોગો લખ્ખણો નિચ્ચં સવન્હુ નાણ દિઠો" આહાહા... ભગવાન આત્માકો,( સર્વજ્ઞ ) ભગવાન આત્માએ, ઉપયોગ લક્ષણ દિઠા હૈ. આહાહા ! એમાં રાગ લક્ષણ ને રાગભાવ આયા કહાંસે ? એમ કહેતે હે. જાનન-દેખન ઉપયોગ હૈ ને ? દૂસરા ગુણમેં ઐસા જાનન-દેખન હૈ નહિ, અનંતગુણમેં. આહાહાહા... જ્ઞાનપ્રકાશ ને દર્શન પ્રકાશ ઐસા જે ઉપયોગ, ઉપયોગસ્વરૂપ ભગવાન આત્મા, ભગવાને તો ઐસા કહા હૈ અને રે દૂરાત્મનમ્ ! તું દયા દાનકા રાગકો અપના માને ને અપને સમાન માને પુદ્ગલકો, આ કહાંસે આયા ? આવી વાતું છે.

જેના પ્રકાશના તેજમાં સ્વપર જણાય ઐસા ઉપયોગસ્વરૂપ ભગવાન ( આત્મા ) તો હૈ એ પરસ્વરૂપ નહિં. આહાહાહા ! રાગસે અણઉપયોગ તો રાગ હૈ. રાગ દયા-દાન-વ્રત આદિકા વિકલ્પ એ તેરા હૈ એ માને એ તો અણઉપયોગ હૈ. આહાહાહા... ભગવાન તો જાનન-દેખન ઉપયોગ તો ભગવાને દેખા કહેતા હૈ. ભગવાને તો ઐસા કહા હૈ, જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન વિશ્વપ્રકાશક, વિશ્વ નામ સમસ્ત નામ પ્રકાશક, ત્રણકાળ-ત્રણલોક એક સમયમેં જેને પ્રકાશ્યા. આહાહાહા ! ઐસી ચૈતન્ય જ્યોતિ ભગવાન, ઉસને તો ઐસા કહા કે જીવ તો "નિચ્ચં ઉપયોગ લક્ષણ હૈ" એમાં તેરા રાગ આયા કહાંસે ? આહાહા ! ન્યાં ક્યાંય મળે એવું નથી ન્યાં બેંગ્લોરમાં, ધૂળ આવે ધૂળ ઓલી, પૈસા. આહાહાહા... નિત્ય ઉપયોગ સ્વભાવરૂપ ઐસા શબ્દ પડા હૈ, ત્રિકાળ જ્ઞાન ઉપયોગ દર્શન ઉપયોગ સ્વરૂપ એ તો હૈ. આહાહાહા... એ રાગરૂપ કભી હુઆ નહિ, રાગરૂપ કભી હોતા નહીં. આહાહા ! ઉપયોગ સ્વરૂપ જીવ ચૈતન્ય એ અજીવ રાગરૂપે કૈસે હો, જીસમેં અણઉપયોગ હૈ ઉપયોગ હૈ નહીં. આહાહાહા ! સમજમેં આયા ? વાત કહેવી સૂક્ષ્મ ને સમજમેં આયા પાછું કહેના. સમજાય છે વળી કહે બાપુ આ છે ભાઈ. આહાહા !

એક સર્વને વિશ્વને પ્રકાશ કરનાર ભગવાન સર્વજ્ઞદેવ, સર્વજ્ઞાનસે પ્રગટ કિયે ગયે સર્વજ્ઞાનસે પ્રગટ કિયે ગએ નિત્ય ઉપયોગ સ્વભાવરૂપ જીવદ્રવ્ય દેખો નિત્ય ઉપયોગરૂપ જીવદ્રવ્ય ઐસા ન કહા નિત્યસ્વભાવ હૈ ઐસા ન કહા, "નિત્ય ઉપયોગ સ્વભાવરૂપ દ્રવ્ય" આહાહાહા ! જાનન-દેખન ઉપયોગ સ્વભાવરૂપ. આહાહા... જીવદ્રવ્ય યહ પુદ્ગલ દ્રવ્ય કૈસે હો ગયા ? એ રાગરૂપે કૈસે હો ગયા ? આહાહાહા ! આવી વાતું છે. યુગલજી ! ભગવાનનો માર્ગ આ છે ભાઈ ! આહા... દુનિયા પછી ગમે તે કહો ! એકાંત હૈ, નિશ્ચયાભાસ હૈ એમ કહે પ્રભુ. ભાઈ તને રાગના પ્રેમમાં તને વસ્તુ ભિન્ન છે તેનું ભાન નથી. આહાહા ! એને એમ હોય કે આ આવી ક્રિયા કરીએ, મહાવ્રત પાળીએ, ઇન્દ્રિય દમન કરીએ, જાવજજીવ બ્રહ્મચર્ય પાળીએ તો પણ કલ્યાણ ન થાય ? એ બધી ક્રિયા રાગની હૈ સૂન તો સહી. એ તો રાગની વૃત્તિનું ઉત્થાન હૈ. ભગવાન આનંદકંદમેં યે ઉત્થાન હૈ હી નહીં. આહાહાહાહાહા... કેવી ગાથા છે જુઓને. આહાહા !

એ પુદ્ગલ દ્રવ્ય કૈસે હો ગયા ? કે "જિસસે તું યહ અનુભવ કરતા હૈ કે પુદ્ગલ દ્રવ્ય મેરા હૈ" રાગ મેરા હૈ આહા... ક્યા હુઆ તેરે ? આહાહાહા ! ઘાસ નિકાલનેકી ચીજ હૈ, ઉસકો ચૂરમા સાથે ઘાસ ખાતે હો, રાગ પુદ્ગલ હૈ ઉસકે સાથ આત્મા મેરા હૈ ઐસે તુમ અનુભવ કરતે હો. આહાહાહા ! ગજબ હૈ ને ? ખરેખર તો આ જીવ-અજીવ અધિકાર હૈ એટલે રાગ જો હૈ, ચાહે

તો દયાનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો એ સબ અજીવ હૈ એ પુદ્‌ગલ હૈ, એ જડ હૈ, અચેતન હૈ. અરર આવું સાંભળવાનું. આહાહા ! સર્વજ્ઞ ભગવાને તો ઐસા કહા કે, આહાહા... તું ક્યાંથી વળી ઐસા નવા નીકળ્યા કે આ રાગકી ક્રિયા કરતે–કરતે, અણઉપયોગ કરતે–કરતે ઉપયોગ હો જાયેગા. હૈં ? આહાહા ! આહાહા !

"ક્યોંકિ યદિ કિસી ભી પ્રકારસે જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય રૂપ હો" કોઈ પણ રીતે ભગવાન આનંદ ને જ્ઞાન ઉપયોગ એ રાગરૂપ હોં, હૈ ? "ઔર પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્યરૂપ હો" અને રાગ પુદ્‌ગલદ્રવ્ય એ જીવદ્રવ્યરૂપ હો, દૃષ્ટાંત આપશે. તભી નમકકે પાની. આહાહા ! મીઠાનું પાણી મીઠા હોતા હૈ ને પાણી હો જાતા હૈ ને ગરમીમેં, ગરમીને લઈને, મીઠાનું પાણી પહેલું લેવું છે. પાણીનું મીઠુ થાય એ પછી લેવું છે. પાણીનું મીઠુ થાય એ પછી, પહેલે અહિં તો લેવું નમકકા પાની, મીઠાકા પાની, ઈસપ્રકાર કે અનુભવકી ભાંતિ આહાહાહા... સમજમેં આયા ? વિશેષ આયેગા પછી હોં દૃષ્ટાંત, પુદ્‌ગલ દ્રવ્ય જીવસ્વરૂપ તભી નમકકે પાની ઈસપ્રકારકે અનુભવ કી ભાંતિ, ઐસી અનુભૂતિ વાસ્તવમેં ઠીક હો સકતી હૈ ? યહ પુદ્‌ગલદ્રવ્ય મેરા હૈ કિંતુ ઐસા તો કિસી પ્રકારસે નહિ. આહાહા ! જેમ નમક હૈ પાની હો જાતા હૈ ઐસે ભગવાન ચૈતન્ય હૈ રાગ હો જાતા હૈ, ઐસા કભી હોતા નહિ. વિશેષ કહેગા.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૮૬ ગાથા ૨૩ થી ૨૫

**તા. ૧૪-૯-૭૮ ગુરૂવાર ભાદરવા સુદ-૧૩ સં. ૨૫૦૪ ઉત્તમ આકિંચન્ય ધર્મ પર્યૂષણ પર્વ દિવસ–૯**

આકિંચન્ય, દસ લક્ષણી પર્વમેં યહાં સમ્યગ્દર્શનમેં ભી એક રાગકા કણ ભી મેરા નહીં. ઐસી દૃષ્ટિ હોતી હૈ, અધિકાર ચલેગા અહીંયા તો મુનિપણાકી બાત હૈ. સમ્યગ્દૃષ્ટિકો રાગકા કણ ને રજકણ એ મેરા નહીં, મૈં તો જ્ઞાયક આનંદ સ્વરૂપ હું. ઐસી દૃષ્ટિ ઉસકો અહીંયા સમ્યગ્દૃષ્ટિ કહેતે હૈ. ઉસકો દૂસરા રાગ હોતા હૈ આસક્તિકા, પણ મેરા હૈ ઐસે હોતા નહીં. યહાં તો મુનિકો આસક્તિકા રાગ ભી નહીં એ બતાતે હૈ. આહાહા... આકિંચન્ય હૈ ને.

तिविहेण जो विवज्जदि चेयणमियरं च सव्वहा संगं ।
लोयववहारविरदो णिग्गंथत्तं हवे तस्स ।।४०२।।

જે મુનિ લોક વ્યવહારસે તો વિરક્ત હોકર "ચેયણં ઈધર્મ સ્વભાવ સંગમ" ચેતનમાં શિષ્ય અને સંગ ઉસકા ભી મમત્વ છોડ દે. આહાહા... આ મેરા શિષ્ય હૈ કે આ મેરા સંગ હૈ એ ભી છોડ દે. "ચેયણં ઈધર્મ" પુસ્તક– પીછી કમંડળ ઉસમેં ભી મમત્વકા જે અંશ હૈ એ છોડ દે. આહાહા... ઔર અચેતનમેં આહાર, વસ્તી અને દેહ. મુનિકો આહાર, રહેનેકા સ્થાન છોડ દે. ઉસમેંસે ભી મમત્વ છોડ દે. ચારિત્રવંત તો હૈ, અપના સ્વરૂપમેં આનંદમેં રમનેવાલા તો હૈ, પણ થોડા રાગકા અંશ કોઈ શિષ્યસે મેરા સંગ હૈ, મેરા શિષ્ય હૈ. આ મેરા ધર્મ ઉપકરણ પીંછી, કમંડળ, પુસ્તક ઈસકી ભી વૃત્તિ મમત્વ સ્વભાવકા આશ્રયસે આનંદકા સ્વાદ લેનેસે એ છોડ દે. વિશેષ આત્માકા આનંદકા અનુભવ લેનેકો એ આસક્તિકા રાગ એ બી છોડ દે. "તિવિહેણ"

મન વચન ને કાયા, કરણ – કરાવના ને અનુમોદન, આવો માર્ગ છે. મુનિપણું કેવું હોય એ જણાવે છે. સમજમેં આયા ? મુનિ ને વસ્ત્ર કે પાત્ર તો હોતા નથી – પણ શિષ્યને સંગ હોય છે, કે પીંછી કમંડળ ને પુસ્તક હોય છે. આહાહાહા... એ પ્રત્યે પણ મમત્વકા અંશ છોડ દે – આકિંચન એ મેરી કોઈ ચીજ હૈ નહીં. આહાહાહા... મેં તો અતીન્દ્રિય આનંદમેં રમનેવાલા આહાહાહા... ઇસકો આકિંચન્ય ધર્મ કહેતે હૈ દસ લક્ષણી પર્વમેં.

વસ્ત્ર ને પાત્ર તો મુનિકો હોતા હી નહીં. ( વસ્ત્ર પાત્રવાલા ) એ તો મુનિ હૈ નહિ. સમજમેં આયા ? આ વસ્ત્ર પાત્ર રખકર મુનિ માનતે હૈ એ તો મુનિ હૈ હી નહીં, એ તો મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહાહા... પણ જેણે વસ્ત્ર ને પાત્ર છોડ દિયા હૈ પણ અંતરમેં અતીન્દ્રિય આનંદકા ઉગ્ર ચારિત્રકા સ્વાદ લિયા હૈ, આહાહા... જિસકી નગ્ન દશા હૈ ઔર જિસકો અચેતન મોર પીંછી કમંડળ પુસ્તક આદિ હોતા હૈ એ પ્રત્યે ભી એ મૈં નહીં. મૈં નહીં એ દૃષ્ટિ તો હો ગઈ હૈ. આ તો અસ્થિરતાકા રાગ એ મૈં નહીં. આહાહાહ ! એકલો વીતરાગી ભાવ એ વીતરાગીભાવમેં રમત કરતે હૈ, આનંદમેં ઝૂલતે હૈ. ઉસકો આકિંચન્ય ભાવ કહેતે હૈ, એ નવમા હુઆ.

ચાલતો અધિકાર. દૃષ્ટાંત આવ્યો છે ને ? દૃષ્ટાંત–'દૃષ્ટાંત દેકર ઈસી બાતકો સ્પષ્ટ કરતે હૈ' ક્યા ? કે આ આત્મા જો જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ હૈ એ કભી રાગરૂપ હોતા નહીં અને રાગ હૈ એ ચૈતન્ય સ્વરૂપ હોતા નહીં. આહાહા ! આ સમ્યગ્દર્શનકી બાત હૈ. જૈસે ખારાપણા જિસકા લક્ષણ નમક ખારાપણા જિસકા લક્ષણ નમક એ પાણીરૂપ હોતા હુઆ દિખાઈ દેતા હૈ, એ નમક હૈ યહ પાણીરૂપ હોતા હુઆ દિખાઈ દેતા હૈ, નમકકા પાણી હો જાતા હૈ. આહાહા ! દૃષ્ટાંત તો કેવો જુઓને. –નમક હૈ મીઠું મીઠા એ પાણી હો જાતા હૈ એક વાત, ઔર પ્રવાહી પણ જિસકા લક્ષણ હૈ ઐસા પાણી ખારા પાણી હોતા હૈ ને લવણકા, એ પાણી નમકરૂપ હોતા હૈ, જો ખારા પાણી હૈ ને લવણકા ઓ મીઠા હો જાતા હૈ, લવણ હો જાતા હૈ. ક્યા કહા ? સમજમેં આયા ? કે લવણ જો હૈ વો પાણીપણે ખારા પાણીપણે હો જાતા હૈ ઉસકા સ્વભાવ હૈ ઔર પાણી જો ખારા હૈ એ મીઠાપણે હો જાતા હૈ, લવણપણે હો જાતા હૈ. માળે દૃષ્ટાંત તો જુઓ. આહાહા !

કયોં કે ખારાપણા ઔર દ્રવ્યત્વકા એક સાથ રહેનેમેં અવિરોધ હૈ. ખારાપણા અને દ્રવ્યત્વ પાણી હોના, એ તો ઉસકા સ્વભાવ હૈ, એ તો અવિરોધ હૈ, નમક હૈ એ પાણી હો જાના એ તો અવિરોધ હૈ, કોઈ વિરોધ નહીં. સમજમેં આયા ? આહાહાહા ! અર્થાત્ ઉસમેં કોઈ બાધા નહીં આતી યહ તો દૃષ્ટાંત હુઆ. ઈસીપ્રકાર લવણકી ગાંગડી હૈ વહ ખારા પાણીપણે હો જાય, ઔર ખારા પાણી હૈ વો લવણપણે હો જાય, તો ઉસમેં કોઈ વિરોધ નહીં. આહાહા !

હવે એ દૃષ્ટાંતકા સિદ્ધાંત. "નિત્ય ઉપયોગ લક્ષણવાળા જીવદ્રવ્ય" આહાહા ! જૈસે લવણકી ડલી એ પાણીરૂપ હો, ખારા પાણીરૂપ હો પણ આત્મા નિત્ય ઉપયોગ લક્ષણવાળા જીવદ્રવ્ય પુદ્‌ગલ દ્રવ્ય હોતા હુઆ દિખાઈ નહિં દેતા. એ રાગરૂપ હોતા હૈ ઐસા દિખાઈ નહીં દેતા. આહાહાહા ! સમજમેં આયા ? લવણકી ડલી, પાણીપણે ખારા પાણીપણે હોતી દિખતી હૈ, ઐસા ભગવાન ઉપયોગલક્ષણ– જ્ઞાન દર્શન ઉપયોગ ઐસા ઉપયોગ સ્વરૂપ ભગવાન કભી દયા–દાનકા રાગ, કભી રાગરૂપ હો જાય, ઐસા કભી હોતા નહીં. આહાહા ! સમજમેં આયા ?

દૃષ્ટાંતથી તો સમજાય એવી છે સીધી વાત છે, ભગવાન નિત્ય ઉપયોગ જિસકા લક્ષણ

“સવ્વન્હુ નાણદિઠ્ઠો જીવો ઉપયોગ લખ્ખણો નિચ્ચં” એ તો જાણન દેખન ઉપયોગ સ્વરૂપ ભગવાન ત્રિકાળ હૈ. જે ઉપયોગ સ્વરૂપ ભગવાન ( આત્મા ) એ કયા અણુપયોગરૂપ રાગરૂપ કભી હોતા હૈ ? મીઠાકા, લવણકા પાની હોતા હૈ એ તો અવિરોધ હૈ. પણ ઉપયોગ લક્ષણ સ્વરૂપ એ અણઉપયોગ રાગરૂપ કદી હોતા હૈ ? વિરોધ હૈ એ તો આહાહા શરીર ને વાણીરૂપ હોતા નહીં એ પ્રશ્ન યહાં હૈ નહીં. યહાં તો ભગવાન ચૈતન્યદળ, ઉપયોગ લક્ષણ નિત્ય ત્રિકાળ એ કભી રાગ દયા દાન વ્રતાદિકા શુભ અશુભ રાગ એ રાગ પુદ્‌ગલ હૈ. તો ભગવાન, જેમ લવણ ઓગળ કરકે પાની હોતા હૈ, ઓગળે છે ને ઓગળ કહેતે હૈ ને ? લવણનું પાની હો જાતા હૈ ઓગળ કરકે ( પિગલકર ) ઐસે ભગવાન. આહાહાહા... શું દૃષ્ટાંત ! ચૈતન્યમૂર્તિ ભગવાન, ઉપયોગસ્વરૂપ ભગવાન એ રાગ અણઉપયોગ હૈ એ રૂપે કદી હોતા હૈ ? આહાહાહાહા... ચાહે તો દયા દાન વ્રત ભક્તિકા ભાવ હો. પણ એ રાગરૂપ ભગવાન કદી હોતા હૈ ? આહાહાહા ! સમજમેં આયા ? આહાહા ! ઉપયોગ સ્વરૂપ ભગવાન એ પિગલકર ક્યા રાગરૂપ હોતા હૈ ? આહાહા ! લવણ તો ઓગળકર– પિગલકર પાણી હો, ઐસે ભગવાન જ્ઞાન દર્શન ઉપયોગ સ્વરૂપ પ્રભુ, આહાહા... એ કાંઈ પિગલકરકે રાગરૂપ હોતા હૈ ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા વિકલ્પ જો હૈ એ રાગરૂપ પ્રભુ હોતા હૈ ? આહાહાહા ! તો વ્યવહાર રત્નત્રયકા જો રાગ હૈ. આહાહાહાહા ! દેવગુરુશાસ્ત્રકી શ્રદ્ધા, નવ તત્ત્વકી ભેદરૂપ શ્રદ્ધા, શાસ્ત્રકા બાહ્યલક્ષી શબ્દકા જ્ઞાન ઔર પંચમહાવ્રતકા પરિણામ એ રાગ હૈ. તો ભગવાન આત્મા વીતરાગી શુદ્ધ ઉપયોગ સ્વરૂપ પ્રભુ આત્મા, આહાહાહા... કયા કભી રાગરૂપ હોતા હુઆ દિખાઈ દેતે હૈ ? એમ કહેતે હૈ. આહાહાહા... તાત્વિક બાત હૈ, અધ્યાત્મ બાત હૈ. આહાહા ! સમજમેં આયા ?

ખારાપણા જિસકા લક્ષણ હૈ, ઐસા નમક પાણીરૂપ હોતા હુઆ દિખાઈ દેતા હૈ ? કે હા. ઐસે નિત્ય ઉપયોગ લક્ષણવાળા જીવદ્રવ્ય પુદ્‌ગલ દ્રવ્યરૂપ હોતા હુઆ દિખાઈ નહીં દેતા. આહાહા ! ચાહે તો તીર્થંકર ગોત્ર બાંધે ઐસા ભાવ, એ ભાવરૂપ કયા ભગવાન જ્ઞાન સ્વરૂપ ઉપયોગ હોતા હૈ ? એ રાગ તો અણઉપયોગ હૈ, ઉસમેં જ્ઞાયક સ્વરૂપકા ઉપયોગ યે તો હૈ હી નહીં અંદરમે. આહાહાહાહા ! નિત્ય ઉપયોગ લક્ષણવાલા, ઐસા લિયા હૈ ને ? જીવદ્રવ્ય. ભગવાન તો નિત્ય ઉપયોગ લક્ષણવાલા જીવદ્રવ્ય હૈ એ પુદ્‌ગલદ્રવ્યરૂપ હોતા હુઆ દિખાઈ નહિં દેતા. આહાહા ! એ વ્યવહાર રત્નત્રયકા રાગ એ રૂપે હોતા દિખાઈ નહીં દેતા. આહાહાહા ! સમજમેં આયા ?

ચૈતન્યના નૂરના તેજના પૂર પ્રભુ, એ કયાં રાગ અંધકાર અચેતન અણુપયોગ અસ્વભાવભાવ એ રૂપે ભગવાન હોતા દિખાઈ દેતા હૈ ? નહીં. આહાહા ! જિસકો રાગ અણઉપયોગ અપના હૈ, દિખે–એ દૃષ્ટિ મિથ્યાત્વ હૈ. આહાહાહા... સમજમેં આયા ? જિસકી દૃષ્ટિમેં ભગવાન આનંદ ને જ્ઞાન ઉપયોગ સ્વરૂપ પ્રભુ, રાગરૂપ મૈં હું, ઐસા ભાસે, એ પુદ્‌ગલરૂપ હુઆ એમ ભાસ્યા એ તો મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહાહા... એ જૈન નહીં. આહાહાહા ! જિન સ્વરૂપી, ઉપયોગ સ્વરૂપ એ રાગરૂપ હૈ એ જૈન નહીં. આહાહા ! ઉપયોગ સ્વરૂપ કહેતાં એ વસ્તુ પોતે જિન સ્વરૂપ હી હૈ. ભગવાન જિન સ્વરૂપી એ જ્ઞાન દર્શન ઉપયોગ સ્વરૂપ કહો, કે વીતરાગી ઉપયોગ સ્વરૂપ કહો કે વીતરાગભાવ કહો, એ કયા રાગરૂપ હોતા, વ્યવહાર રત્નત્રયરૂપ હોતા દીખતા હૈ ? ( નહીં )

આહાહા ! જ્ઞાનીકો અપના શુદ્ધ ઉપયોગ સ્વરૂપ ભગવાન રાગરૂપ હોતા દિખતે નહીં, પણ રાગ હૈ ઉસકા જાનના ઉપયોગરૂપે દિખતે હૈ. આહાહા ! ઉસકા અને અપના જાનન ઉપયોગ એ રૂપ દિખતે હૈ. સમજમેં આયા ?

લોકોએ આખી મૂળ ચીજ, મૂળ ચીજ જ આ હૈ, અને મૂળ ચીજ બિના બધા વ્રત ને તપ ને નિયમ, પૂજા ને ભક્તિ ને આ મંદિરો ને બધા થોથાં હૈ. આહાહાહા ! એ દેખનેમેં નહીં આતા, હૈ ? ઔર નિત્ય અણઉપયોગ લક્ષણવાલા, આહાહાહા... સામે લિયા હૈ. રાગ જો હૈ, દેવ-ગુરુ શાસ્ત્રકી ભક્તિકા રાગ, એ રાગ તો જડ હૈ. આહાહા ! નિત્ય અણઉપયોગ લક્ષણ, રાગકા તો નિત્ય અણઉપયોગ લક્ષણ, અને ભગવાનકા તો નિત્ય ઉપયોગ લક્ષણ. આહાહાહા ! એ આત્મા, આ તો ધીરાના કામ છે ભાઈ. આહાહા... અંદર જાનન દેખન નિત્ય ઉપયોગ લક્ષણવાળો પ્રભુ, એ અણઉપયોગ લક્ષણ રાગ, આ વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ રાગ, અણઉપયોગ રૂપે કયા આત્મા હોતા હૈ કભી ?( ના ) આહાહાહા ! અહીં તો કહેતે હૈ કે રાગ વ્યવહાર હૈ ઉસસે નિશ્ચય હોતા હૈ, અરે પ્રભુ શું કરે છે તું આ ? પુદ્ગલસે આત્મા હોતા હૈ ? સમજમેં આયા ?

એ રાગ વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, દેવ, ગુરુ, શાસ્ત્રકી ભક્તિ શાસ્ત્રકા જ્ઞાન, પંચ મહાવ્રતકા પરિણામ એ સબ અણઉપયોગ, જડ રાગ હૈ. એ અણઉપયોગ જડ રાગસે ઉપયોગ સ્વરૂપ ભગવાન આત્માકા પત્તા મિલ જાતા હૈ ? આકરું કામ ભાઈ. આહાહા... અહીંયા કહેતે હૈ કે ભગવાન આત્મા, અણઉપયોગ જે લક્ષણવાળા પુદ્ગલદ્રવ્ય રાગ એ પુદ્ગલદ્રવ્ય હૈ. આહાહા ! દેવગુરુ શાસ્ત્રકી ભક્તિકા રાગ, આહાહાહા ! ગજબ કામ કરે છે ને ? ભાઈ તારી ચીજની, તેરે ખબર નથી. આહાહા ! તારો નાથ, જ્ઞાન અને દર્શન ઉપયોગવાળો પ્રભુ એ જડ રાગ અણઉપયોગરૂપ કયા દિખાઈ દેતા હૈ ? અને દિખાઈ દેતા હૈ તો તુમ મિથ્યાદૃષ્ટિ હો. આહાહાહા ! સમજમેં આયા ? આહાહાહા !

શું ટીકા ! શું સારનો સાર ! સમયસાર ! એ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એ અણઉપયોગી ચીજ હૈ. આહાહા ! દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ, શરીર વાણી આદિ. દેવ, ગુરુ ને શાસ્ત્ર પણ નોકર્મ, આહાહા... એ આ સ્વરૂપ ભગવાન ઉપયોગ સ્વરૂપ હૈ, એ અણઉપયોગ એટલે આ ઉપયોગ જિસમેં નહીં, ઐસા અણઉપયોગ જે આ પર વસ્તુ એ રૂપે કભી હોતા હૈ ? આહાહા...

અહીંયા તો એમ કહેતે હૈ, કે ત્રિલોકનાથ ભગવાનનો શિષ્ય આત્મા હોતા હૈ ? આહાહાહા... પરદ્રવ્યકા આત્મા શિષ્ય હોતા હૈ ? ( ના ). આહાહાહા ! આકરું પડે આ માણસને, દેવ ગુરુ શાસ્ત્રને પણ ઇન્દ્રિય કહા હૈ. આ આત્મા અણીન્દ્રિય હૈ, ત્યારે આ શરીર, આ ઇન્દ્રિયાં, ભાવેન્દ્રિય ઔર દેવગુરુ શાસ્ત્ર અને સ્ત્રી કુટુંબ પરિવાર, એ સબ ઇન્દ્રિય હૈ, એટલે કે એ જડ હૈ, આની અપેક્ષાએ હોં એની અપેક્ષાએ નહીં. જૈસે અપના સ્વદ્રવ્યકી અપેક્ષાસે ભગવાનકા દ્રવ્ય ભી અદ્રવ્ય હૈ. આહાહા ! ઉસકી અપેક્ષાસે દ્રવ્ય ભગવાન પૂરણ હૈ પણ આ આત્મા દ્રવ્ય હૈ એ અપેક્ષાસે પર અદ્રવ્ય હૈ. ભગવાન આત્માકા ક્ષેત્ર સ્વ-ક્ષેત્ર હૈ તો પરકા ક્ષેત્ર તે આ આત્માની અપેક્ષાએ અક્ષેત્ર હૈ, સ્વકાળકી અપેક્ષાએ અપના આત્મા ત્રિકાળ હૈ, તો અપની અપેક્ષાએ પરકાળકા ઉસમેં અકાળ હૈ. પર અકાળ હૈ, ઔર મેરા ભગવાન પૂર્ણાનંદ ભાવ,

ભાવસ્વરૂપ મૈં હું, તો એ ભાવકી અપેક્ષાસે, સબ તીર્થંકરોકા ભાવ ભી આ ભાવકી અપેક્ષાએ અભાવ સ્વરૂપ હૈ– યુગલજી ! આવી વાતું છે. અરે માર્ગ તે માર્ગ ! આહાહાહા !

ભાષા તો સાદી છે, ભાવ તો ભાઈ જે છે એ છે. આહાહા ! નિત્ય ઉપયોગ લક્ષણવાળા જીવદ્રવ્ય ભગવાન જીવદ્રવ્ય તો નિત્ય જ્ઞાન દર્શનના લક્ષણના ઉપયોગવાળા જીવ હૈ. આહાહા ! એ પુદ્‌ગલદ્રવ્યરૂપ હોતા હુઆ નહીં દિખાઈ દેતા. એ રાગરૂપે હોતા હૈ ઐસા દિખાઈ નહીં દેતા, તો રાગ આતા હૈ ને ? પણ રાગરૂપે હો ઐસા દિખાઈ નહીં દેતા. એ રાગસે પૃથક અપના ઉપયોગ હૈ, એ રૂપે દિખાઈ દેતા હૈ, રાગકા જે જ્ઞાન પર પ્રકાશકકી અપેક્ષાસે અને અપના આત્મા સ્વ–પ્રકાશ એ સ્વપરપ્રકાશક ઉપયોગપણે આત્મા દિખાઈ દેતા હૈ. આહાહા ! ધર્મીકો વ્યવહાર રત્નત્રયકા જ્ઞાન જો યહાં હોતા હૈ, સ્વપરપ્રકાશક એ ઉપયોગરૂપ દિખાઈ દેતા હૈ, રાગરૂપ આત્મા હૈ ઐસા દિખાઈ દેતા નહીં. આહાહા !

વૃત્તિ જિતની ઉઠતી હૈ યહ સબ અણઉપયોગ હૈ. એ ઉપયોગ સ્વરૂપ ભગવાન આત્મા, એ અણઉપયોગરૂપે કભી દિખતે હૈ ? અને દિખે તેરે તો તું મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા ! આત્મા જ્ઞાયક આનંદ પ્રભુ ઉપયોગ સ્વરૂપી ( હૈ ) રાગ ઉપયોગ સ્વરૂપી દિખાઈ દે તેરેકો, તો આત્મા જડ હુઆ. આહાહા ! સમજમેં આયા ? એ ઉપયોગસ્વરૂપ ભગવાન ભિન્ન ન રહા. આવી વાતું હવે આકરી પડે માણસને. શું થાય ?

અરે ભાઈ કાલ જુઓને બિચારા જુવાન છોકરા બે ભાઈઓ બેય મુંગા ને બહેરા, એની માને કેવું થાતું હશે ? એક છોકરો આવો થયો ત્યાં બીજો પાછો એવો થયો, હવે બિચારા પાળીને મોટા કર્યા છે હોંશિયાર બેય પાછા હોં. આહાહા ! એ ક્યાં સાંભળતે નહીં, બોલ સકતે નહીં ઐસા ભાવ હૈ, તો એ ભાવરૂપ ક્યા હો ગયા એ આત્મા ? આત્મા તો નિત્ય ઉપયોગ સ્વરૂપ હૈ અંદર. આહાહાહા ! સમજમેં આયા ?

શું ટૂંકી વાતમાં ભગવાન આત્મા, જાનન દેખન નિત્ય ઉપયોગ સ્વરૂપ પ્રભુ એ અજાણ અને અનુપયોગ ઐસા રાગ ને દયા, દાન, વ્રત આદિકા વિકલ્પ એ રૂપ કભી દિખાઈ દેતા હૈ પ્રભુ ? આહાહાહાહા ! ચૈતન્ય તો અપના શુદ્ધ ઉપયોગપણે દિખાઈ દેતા હૈ, રાગપણે દિખાઈ નહીં દેતા. આહાહાહા ! હૈ કે નહીં, પાટણીજી ! આ અંદર હૈ, અંદર હોં. આહાહા ! ભગવાન પાસે પડયા હૈ ને અંદર. આહાહા ! આહાહાહા ! એ અક્ષરરૂપે કભી આત્મા હુઆ હી નહીં, શાસ્ત્રકી રચના આત્મા( ને ) કભી કિયા હી નહીં. આહાહાહા ! શાસ્ત્ર તો જડ પરમાણુ હૈ, ઉસકી રચના ક્યા કરે આત્મા, પણ ઓ તરફકા જો રાગ હૈ એ રૂપે ભી આત્મા હોતા નહીં. આહાહાહા !

કયોંકિ નવતત્ત્વમેં એ શુભ અશુભ રાગ એ પુણ્ય પાપકા તત્ત્વ હૈ. સમજમેં આયા ? એ આત્મતત્ત્વ નહીં. આહાહા ! ક્યોંકિ નવમેં જ્ઞાયક તત્ત્વ તો ભિન્ન હૈ. આહાહાહા ! એ જાણન–દેખન ઉપયોગ સ્વરૂપ ભગવાન, તો એ રાગસે તો ભિન્ન હૈ, ઐસા ભગવાન આત્મા રાગરૂપ કૈસે હો. ભિન્નરૂપ હૈ યહ અભિન્નરૂપ કૈસે હો ? આહાહાહા ! સમજમેં આયા ? ઝીણી વાત બહુ ભાઈ ! આહાહા !

ઔર નિત્ય અણઉપયોગ લક્ષણવાળા પુદ્‌ગલદ્રવ્ય, એ રાગ હૈ યહ નિત્ય અનુપયોગ હૈ. આહાહા ! એ દેવ ગુરુ શાસ્ત્રકી ભક્તિકા રાગ, આ આરતી ઉતારના ને જય નારાયણ, જય

નારાયણ, સમોસરણમાં ભગવાન પાસે ગયે જય નારાયણ. આહાહા ! હીરાના થાળ, મણી રતનના દીવા કલ્પવૃક્ષના ફૂલ સમોસરણમેં સાક્ષાત્ જય હો. પણ ઓ રાગ હૈ, એ ક્રિયા તો ( આત્મા ) કર સકતે નહીં, પણ રાગરૂપ હોતા નહીં. આહાહાહાહા ! એય ! આવું સાંભળ્યું નથી કોઈ દિ’ ન્યાં. ( શ્રોતાઃ- ક્યાંય છે નહીં ) એ તો એ કહે છે ને અમારે પાટણીજી કહે છે ને ? કે આવું સ્પષ્ટીકરણ... ( શ્રોતાઃ- રાગ હોય તો બોજો લાગે ) બોજો લાગે. કહ્યુંને કાલે કહા થા ને ( શ્રોતાઃ- બોજો જ લાગે ) ઉપયોગ સ્વરૂપ ભગવાન ઉસમેં રાગકા બોજા ભાર આતા હૈ આયા થા ને કલ. આહાહાહા ! બોજાકા અર્થ એ ભિન્ન ચીજ હૈ તો એ અપનેમેં આ સકતી નહીં. આહાહા ! દુઃખરૂપ લગતી હૈ. આહાહા !

નિત્ય અણઉપયોગ લક્ષણવાલા પુદ્‌ગલ દ્રવ્ય, આહાહાહા... એ વ્યવહાર રત્નત્રયકા રાગ એ નિત્ય અણુપયોગ લક્ષણવાળા જડ દ્રવ્ય હૈ એ તો. આહાહા ! અરેરે ! વિષયમેં રાગ હોતા હૈ એ રાગ તો અણુપયોગ જડ હૈ પ્રભુ. આહાહાહા ! સમ્યગ્દૃષ્ટિ જીવ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ૯૬ હજાર સ્ત્રીઓ, આહાહા... એ તો મૈં નહીં, પણ ઓ તરફકા રાગ હુઆ યહ ભી મૈં નહીં. આહાહા ! મેરા ભગવાન ઇન્દ્રિયકા વિષય અને રાગમેં આયા હી નહીં ને. આહાહાહાહા ! મૈં જ્યાં હું ત્યાં અણુપયોગ રાગ તે હૈ હી નહીં ને. આહાહા ! સમજમેં આયા ?

આ તો ૧૯ મી વાર વંચાય છે સમયસાર સભામેં, ૧૮ વાર એકેક વાર ગણો તો ઓગણીસમી વાર તો વધારે સ્પષ્ટિકરણ હોતા હૈ કે નહીં ? આહાહા !

એ રાગસે આત્માકો લાભ હોતા હૈ ઐસી ઉપદેશ શૈલી પણ મિથ્યાત્વ હૈ. આહાહાહા ! કયોંકિ રાગ હૈ અણુપયોગ સ્વરૂપ જડ, કયા ઉપયોગ સ્વરૂપી આત્મા જડ હો જાતા હૈ ? આહાહાહા ! રાગ વ્યવહારકા હો પણ ઉસકી રુચિ છોડકર ભગવાન જ્ઞાયક સ્વરૂપકી દૃષ્ટિમેં આયા, ત્યાં કયા રાગ ભાવસે ઉપયોગ ભાવ પ્રગટ હુઆ ? અણુપયોગભાવસે કયા ઉપયોગ સ્વરૂપ ભગવાન જાનનેમેં આયા ? આહાહાહા ! તો વ્યવહારસે આત્મા નિશ્ચય પ્રાપ્ત કર સકતે હૈ ? પ્રભુ એ કયા હૈ બાત. આહાહા ! સમજમેં આયા ? નિત્ય અણઉપયોગ લક્ષણવાળા પુદ્‌ગલદ્રવ્ય, જીવદ્રવ્ય હોતા હુઆ દેખનેમેં નહીં આતા. આહાહા ! એ વ્યવહાર રત્નત્રયકા રાગ નિત્ય ઉપયોગ લક્ષણવાળા દિખનેમેં નહીં દેતા, આહાહાહા... ઉસસે નિત્ય ઉપયોગ લક્ષણકા ભાન હોતા હૈ ઐસા દિખનેમેં નહીં આતા. આહાહા ! યુગલજી ! કોટામાંય ગરબડ હાલે છે બધી, ઘણી યુગલજી છે તોય. ( શ્રોતાઃ- સારા હિન્દુસ્તાનમેં ગરબડ હૈ, અજ્ઞાન હોય ત્યાં ગરબડ જ હોય ને ) ભગવાન આ તો બે ને બે ચાર જેવી વાત છે. આહાહાહા ! અહીં પ્રભુ એમ કહેતે હૈ સંતો. આહાહા ! કુંદકુંદાચાર્યની ગાથામાં એ ભાવ ભર્યા હૈ, એ અમૃતચંદ્રાચાર્યે તર્કસે ટીકા કરકે ભાવ નિકાલા હૈ. ભગવાન, રાગ જો હૈ, ચાહે તો દેવગુરુશાસ્ત્રકી ભક્તિ આદિકા રાગ હો, મહાવ્રતકા રાગ, એ અણઉપયોગ રાગ કયા ઉપયોગસ્વરૂપ ભગવાન( આત્મા ) હો સકતા હૈ ? આહાહાહા ! ઉસકા અર્થ તો એ હુઆ ને કે વ્યવહાર જે અણુપયોગ રાગ હૈ ઉસસે ઉપયોગ સ્વરૂપકી દૃષ્ટિ હોતી નહીં. આહાહાહા ! સમજમેં આયા ? આહાહાહા !

ભગવાનના શ્રીમુખે જ્યારે એ વ્યાખ્યા નીકળતી હોય સંતોને, આહાહાહા... ટીકા પણ ટીકા, આહાહાહા ! આહાહા ! ભરતક્ષેત્રમાં આ સમયસાર જૈસા કોઈ શાસ્ત્ર નહીં, જેના એક

એક પદમાં કિતની ગંભીરતા. આહાહા ! ખોલતાં ખોલતાં પાર ન આવે એવી વાત છે અંદર.

ઉપયોગ સ્વરૂપ ભગવાન કયા અનુઉપયોગ સ્વરૂપ દિખાઈ દેતા હૈ ? આ અનઉપયોગ સ્વરૂપ રાગ( મેં ) કયા ઉપયોગ સ્વરૂપ આત્મા દિખાઈ દેતા હૈ ? આહાહાહા ! સમજમેં આયા ? આહાહા ! સમ્યગ્દર્શન ભાન હોતા હૈ, આહાહાહા... ત્યારે કયા ઉપયોગ સ્વરૂપ ભગવાન ઓ રાગ મંદ હુઆ હૈ, તો ઉસસે ઉપયોગ સ્વરૂપકી દૃષ્ટિ હુઈ ? અને પછી આહાહા... ઉપયોગ સ્વરૂપ ભગવાન આત્મા અનુભવમેં આયા ? ઔર અંતરમેં જાનેકા સ્થિર હોનેકા ભાવ આયા ? આહાહા ! એ દીક્ષિત હોતે હૈ. આહાહાહા... એ શરીરને રમાડનારી તું સ્ત્રી, મૈં તો મેરી અનુભૂતિ આનંદકા નાથ મારો ભગવાન એની પાસે જાના ચાહતા હું, છોડ દે. આહાહાહાહા... રજા માગે વ્યવહારે, ન છોડે તોય ચાલ્યો જાય એ તો. સમજમેં આયા ? પણ વ્યવહાર ઐસા લિયા હૈં. આહાહાહા... મારી આનંદરૂપી અનુભૂતિ મેરી પાસ હૈ. આહાહા ! ઉપયોગસ્વરૂપ કહો કે આનંદસ્વરૂપ ભગવાન આત્મા મેરી રમતોમાં રમનેવાલા મૈં, હવે આ શરીરને રમાડનારી સ્ત્રી એ મેરી નહીં, છોડ દે મેરેકું. ન છોડે તો મૈં ચલા જાતા હું. આહાહા ! મારા ભગવાન પાસે હું જવા માગું છું. શુદ્ધ ઉપયોગ, નિત્ય ઉપયોગ ઐસા મૈં ભગવાન આત્મા. આહાહાહા ! એ ઉપયોગકી સ્થિરતા કરનેકો મૈં જાતા હું. દેહકી ક્રિયા કરનેકો કે મહાવ્રત કરનેકો એમ નહીં, જો ઉપયોગ સ્વરૂપ હૈ ઉસમેં સ્થિરતા કરનેકો મૈં જાતા હું. આહાહા. !

વનમાં અકેલા સિંહ ને વાઘની ત્રાડું હોય ત્યાં આ એકલો ચાલ્યો જાય છે. આહાહા ! એ ઉપયોગ સ્વરૂપ આનંદકા સ્વાદ આયા હૈ, અને અનઉપયોગ સ્વરૂપ રાગકા સ્વાદ છૂટ ગયા હૈ. સમજમેં આયા ? આવી વ્યાખ્યા હવે, બે લીટીમાં તો, આહાહાહા... નિત્ય અનુપયોગ એમ રાગમેં નિત્ય અનઉપયોગ હૈ, આહાહા... વ્યવહાર રત્નત્રયકા રાગમેં કભી કાંઈ ઉપયોગકા અંશ આતા હૈ ? નિત્ય અનુપયોગ લક્ષણવાલા પુદ્ગલદ્રવ્ય, જીવદ્રવ્ય હોતા હુઆ દેખનેમેં નહીં આતા. આહાહાહાહા ! એ ઉપયોગ સ્વરૂપ ભગવાન આત્મા રાગરૂપ હો જાય ઐસા દિખનેમેં નહીં આતા. વ્યવહાર ઉસકા રાગસે મૈં ઉપયોગ સ્વરૂપ આત્મામેં આ જાઉં ઐસા દિખનેમેં નહીં આતા. આહાહા ! પર ઘરમેં મૈં રહું તો સ્વઘરમેં મૈં આ જાઉં ઐસા હૈ નહીં. આહાહા ! અરે આવી વાત. શું ટીકા, શું ટીકા !

કોની પેઠે ? પ્રકાશ ઔર અંધકાર એક સાથ દિખાઈ નહીં દેતે, ક્યોંકિ પ્રકાશ ઔર અંધકારકી ભાંતિ, હવે જુઓ પહેલે કહા કે લવણ જો ખારા હૈ એ પાણીરૂપ હોતા હૈ. ઔર ખારા પાણી નમકરૂપ હોતા હૈ, ઐસે રાગ હૈ એ આત્મારૂપ હો જાય ઔર આત્મા રાગરૂપ હો જાય ઐસા કભી બનતે નહીં.

હવે અસ્તિકા દૃષ્ટાંત દિયા પ્રકાશ ઔર અંધકારકી ભાંતિ, આહાહાહા... ઉપયોગ ભગવાન એ તો પ્રકાશ હૈ, અને રાગ વ્યવહાર એ અંધકાર હૈ. આહાહાહાહા... ભારે વાત ભાઈ. ભગવાન એમ કહે અમારા ઉપર તારું લક્ષ હૈ યે ઉપયોગ અંધકાર હૈ. આહાહાહા ! સમજમેં આયા ? પરદ્રવ્ય તરફ તેરા લક્ષ રહેતે હૈ એ ઉપયોગ રાગ હૈ, આહાહાહા... એ અંધકાર હૈ અને ભગવાન તો ઉપયોગ સ્વરૂપ પ્રકાશ હૈ, કયા પ્રકાશ અંધકારરૂપ હોતા હૈ ? ( શ્રોતાઃ– કભી નહીં હોતા ) અંધકાર પ્રકાશરૂપ હોતા હૈ ? આહાહા ! આ તો પકડાય એવું છે. આ કાંઈ, આહાહા...

પ્રકાશ ઔર અંધકારકી પેઠે. ઉપયોગ અનુપયોગકા, ઉપયોગ એ પ્રકાશ હૈ અને અણુપયોગ રાગ એ અંધકાર હૈ, એકી સાથ રહેનેમેં વિરોધ હૈ. એકી સાથ રહેનેમેં વિરોધકા અર્થ હૈ પ્રકાશ અને અંધકાર બેય એક ચીજ હૈ, ઐસે રહેનેમેં વિરોધ હૈ. દૂસરી વાત શુદ્ધ ઉપયોગકા ભાનમેં રાગ આયા, પણ રાગ સાથમેં હૈ યે ભિન્ન તરીકે હૈ, એ પ્રકાશ તરીકે સાથમેં નહીં. આહાહાહા ! સમજમેં આયા ? પ્રકાશ અને અંધકાર એક સાથ નહીં રહ સકતે, ઉસકા અર્થ ? કે ચૈતન્ય ઉપયોગ પ્રકાશ અને રાગ ઉપયોગ અંધકાર દો એક નહીં હો જાતા. સમજમેં આયા ? એક સાથ રહેનેકા અર્થ ? કે રાગરૂપે આત્મા હો જાય અને શુદ્ધરૂપે પણ,( રહે ) ઐસા નહીં હોતા. અપના શુદ્ધ ઉપયોગ સ્વરૂપ ભગવાન આત્મા ઐસા ભાન હુવા તો કમજોરીસે રાગ વ્યવહાર આતા હૈ. પણ વો અણઉપયોગ ભિન્ન રહેતે હૈ. ઉપયોગમેં એક સાથ આ જાતા હૈ. સાથકા અર્થ ? ઉપયોગ ને અણઉપયોગ એક હો જાતા હૈ ઐસા નહીં. પણ જ્ઞાન ઉપયોગ હુઆ ત્યાં અણઉપયોગ રાગાદિ બાકી આતા હૈ. હો ! પણ એ અંધકાર અને પ્રકાશની પેઠે ભિન્ન્ન ચીજ હૈ. આહાહાહા ! અરે એકવાર મધ્યસ્થથી સાંભળે ને તો ખબર પડે, એ વિરોધ કરે છે શું કરે છે પ્રભુ. એકદમ નિશ્ચયાભાસ, ખોટું, જૂઠ્ઠા, ભગવાનને પણ જૂઠ્ઠુ ઠરાવે છે ને એવું લખે છે લ્યો ! અરે પ્રભુ શું કરે છે તું આ ? આહાહા ! એને એમ કે આ વ્યવહારથી કાંઈક લાભ થાય એમ માને તો તો અનેકાંત કહેવાય. આહાહા ! પણ અહીંયા તો અંધકાર અને પ્રકાશ બેય ભિન્ન ચીજ ગણવામાં આવી છે. વ્યવહાર અંધકારસે પ્રકાશ ચૈતન્ય પ્રકાશ જાનતા હૈ ? આહાહાહા !

લવણનો દાખલો, તો લવણ તો પાણીપણે હોતા હૈ ઐસે પ્રકાશ અંધકારરૂપ હોતા હૈ ? ખારાપાણી મીઠારૂપ હોતા હૈ ઐસે અંધકાર પ્રકાશરૂપ હોતા હૈ ? આહાહાહા ! સમજમેં આયા ? પ્રકાશ ઔર અંધકારની પેઠે ઉપયોગ ને અનુપયોગકા એક હી સાથ રહેનેમેં વિરોધ હૈ. એક હી સાથકા અર્થ ? ઉપયોગકા ભાન હૈ ત્યાં આ રાગ અંધકાર હો પણ બેય એક હૈ ઐસે એક સાથ નહીં રહેતે. આહાહા... ઉપયોગ ભી હૈ અને અંધકાર ભી ઉપયોગમેં હૈ, ઐસા નહીં. રાગ અંધકાર વ્યવહાર આતા હૈ પણ વહ ભિન્ન હોકર રહેતે હૈ એકરૂપ નહીં હોતા. આહાહાહા ! સમજમેં આયા ? આહાહાહા ! શું શૈલી !

જ્ઞાનીકો વ્યવહાર અંધકાર આતા હૈ. આહાહાહા ! જબલગ વીતરાગ ન હો તબલગ દેવગુરુ શાસ્ત્રકા વિકલ્પ આતા હૈ પણ હૈ અંધકાર, આહાહાહાહા... છતેં એ પ્રકાશની પાસે યે રહે સકતે હૈં, મગર પ્રકાશરૂપ હોકર રહે સકતે નહીં. સમજમેં આયા ? ( શ્રોતાઃ- આકરું ક્યાં છે ? ) આકરું નથી. પણ લોકોને ક્યાં બેસે છે, મોટા પંડિતો વિરોધ કરે છે ને. આહાહા... શું કરે, વર્ણીજીનો દાખલો બધા આપે છે. જુઓ વર્ણીજીએ કહ્યું છે કે સોનગઢનું સાહિત્ય ડુબાનેવાલા હૈ. એવું લખે છે. એણે કહ્યું 'તું કારણકે નિમિત્તસે ભી કભી હોતા હૈ ઐસે માનતે થે, ક્રમબદ્ધ નહીં. તો યે વિરૂદ્ધ કરતે થે વાત સાચી.

અબી તો ઉસને કબુલ કિયા હૈ, કૈલાસચંદજી. એ વખતે ક્રમબદ્ધ નહીં માનતે થે. હવે કબૂલ કિયા હૈ ક્રમબદ્ધ હૈ, ઔર નિમિત્ત માનતે હૈ સોનગઢવાલા, પણ નિમિત્તસે હોતા હૈ એમ નહીં માનતે એટલું કહે છે. એવા બે બોલ આવ્યા છે. એ બે ચર્ચા મોટી થઈ હતી, તેરકી સાલ વર્ણીજીકી સાથ મોટી ચર્ચા. આહાહાહા... પ્રભુ આ મારગ આમ છે ભાઈ. ( શ્રોતાઃ- ધીરે ધીરે

કબૂલ કરે ) ધીરે ધીરે કબૂલ કરે. બાત તો ઐસી હૈ. અમારા યુગલજી ટાઢા માણસ હૈ ને એટલે ધીરે ધીરે. આહાહાહા... માર્ગ જ આ છે ને પ્રભુ. અને તે પણ બે ને બે ચાર જૈસી બાત હૈ વ્યવહાર હોતા હૈ ઈસકી કિસને ના પાડી, પણ એ વ્યવહાર અંધકાર હૈ. આહાહા ! એ પ્રકાશ ને અંધકાર એક સાથે રહેતે નામ એકરૂપ હો જાતે હૈ, ઐસે નહીં. એ તો ભાઈ પ્રજ્ઞાછીણી આવ્યું છે ને ? પ્રજ્ઞાછીણી, રાગ અને સ્વભાવકા ભાન એક સાથ રહે સકતે હૈ. ( શ્રોતાઃ- સંધિ છે ) છતાં સંધિ છે એ વળી જુદી રાખી છે આ તો એક સાથ રહેતા હૈ એ પ્રશ્ન છે. કળશટીકામાં લીધું છે વ્યવહારકા રાગ અને ભગવાનકી પરિણતિ શુદ્ધ ચૈતન્ય એક સાથ રહે સકતે હૈ. એક સાથ એટલે એક સમયમેં રહે સકતે હૈ, મગર એક હોકર નહીં રહે સકતે, ભિન્ન હોકર રહે સકતે, ઉસમેં કોઈ વિરોધ નહીં. આહાહાહાહા ! કહો, સમજાય છે કે નહીં કાંઈ ? એને ઓલા નાતમાં ભળવા સાટુ, એકતાલીસ હજાર ભર્યા પાછા, સોનગઢીયા થઈ ગયા છો તે કાઢી મૂકો, કાઢી મૂકો, પછી નાતમાં ભળવા એકતાલીસ હજાર ભર્યા પછી હવે કોઈ બોલે નહીં એમ.

અરે ભગવાન આ માર્ગ તારા ચૈતન્યની જાતનો પ્રભુ આ માર્ગ હૈ. ભાઈ આ કોઈ પક્ષ ને વાડો નથી. આહાહા ! તું કૈસા અંદર શુદ્ધ ઉપયોગ, નિત્ય ઉપયોગ સ્વરૂપ પ્રભુ, આહાહાહા... એ રાગ અણઉપયોગસે કૈસે પ્રાપ્ત હો ? અંધકારસે પ્રકાશ કૈસે પ્રાપ્ત હો ? આહાહા ! અને પ્રકાશમેં અંધકાર એકમેક કહાંસે હો ? એમ શુદ્ધઉપયોગમેં, ઉપયોગ સ્વરૂપ લક્ષણકા ભાન હુઆ, પીછે રાગ તો આતા હૈ વ્યવહાર, પણ એકરૂપે કૈસે હો ? ભિન્નરૂપે એક સાથ રહે સકતે હૈ, એકરૂપ હોકર સાથ નહીં રહે સકતે. આહાહા ! સમજમેં આયા ? આ નવમો દિવસ છે આજ, હેં ? અફર દિ' છે, નવનો આંક. આહાહા ! જ્ઞાનેય અફર છે ભાઈ, આ વસ્તુ એવી છે.

કહો, ઝાંઝરીજી ! એ બધા અગ્રેસર છે ત્યાં. આહાહા ! અંતરીક્ષ, ઓલા તોફાન કરે આમ, શું કરે બાપુ, ભાઈ ! આહાહા ! આ દિગંબર ધર્મ તો અનાદિ સનાતન હૈ, એ કોઈ નઈ ચીજ નહીં. સમજમેં આયા ? શ્વેતાંબર તો બે હજાર વર્ષ પહેલે નયા નિકલા, ઉસમેં આ ચીજ હૈ નહીં ઐસી. આહાહા ! આહાહાહા... સૂરજની પેઠે પ્રકાશ ઉપયોગ સ્વરૂપ પ્રકાશ આત્મા અને અંધારા સમાન રાગ એક સાથ કયું રહે ? એકરૂપ એકસાથ કયું રહે ? એકરૂપ હોકર એકસાથ કયું રહે ? ભિન્નરૂપ હોકર એક સમયમેં એક સાથ રહે સકતે હૈ. આહાહા ! એ જડ ઔર ચૈતન્ય કભી ભી એક નહીં હો સકતે. રાગ જડ અને ભગવાન ચૈતન્યપ્રભુ એ કભી એક નહીં હો સકતે. આહાહાહા ! સમજમેં આયા ? ઈસલિયે તું સર્વ પ્રકારસે પ્રસન્ન હો, આહાહાહા... એ પ્રસન્ન હો પ્રસન્ન પ્રભુ ! તેરી ચીજ રાગરૂપ કભી હુઈ નહીં, રાગ તેરેમેં કભી આયા નહીં. આહાહા ! પ્રસન્ન થઈ જા એકવાર. આહાહા ! અર્થાત્ રાગસે ભિન્ન હોકર આનંદકા અનુભવ કર. આહાહાહા ! એ પ્રસન્ન, આહાહા... એ પ્રસન્નકુમારજી આ પ્રસન્ન આયા દેખો. આહાહાહા ! તેરા સ્વરૂપ પ્રભુ રાગસે ભિન્ન હૈ, એ રાગરૂપ હુઆ નહીં. ઔર તુમ રાગરૂપ હુઆ નહીં. બસ. આહાહાહા ! ભેદજ્ઞાન કરકે પ્રસન્ન હો જા. આહાહા ! અપને ચિત્તકો ઉજ્જવલ કરકે સાવધાન હો. સ્વદ્રવ્યકો હી યહ મેરા હૈ ઈસ પ્રકાર અનુભવ કર મૈં તો શુદ્ધ સ્વરૂપી ભગવાન હું ઐસા અનુભવ કર. આહાહા ! વિશેષ કહેગા.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૮૭ ગાથા ૨૩ થી ૨૫ તથા ૨૬ તથા શ્લોક - ૨૩-૨૪

**તા. ૧૫-૯-૭૮ શુક્રવાર, ભાદરવા સુદ-ચૌદશ સં. ૨૫૦૪ ઉત્તમ બ્રહ્મચર્ય દિન**

દસ લક્ષણી પર્વ, દસમા દિવસ હૈ બ્રહ્મચર્ય, દસમા ચારિત્રકા ભેદ હૈ યે પહેલે તો બ્રહ્મ નામ આત્મા રાગસે ભિન્ન ઉસકી દૃષ્ટિ અનુભવ હોના. ઉસકા નામ પ્રથમ સમ્યગ્દર્શન હૈ. બ્રહ્મ નામ અતીન્દ્રિય આનંદ પ્રભુ ઉસકા અનુભવ રાગસે ભિન્ન હોકર હોના એ તો પ્રથમ સમ્યગ્દર્શન ભૂમિકા હૈ. એ ઉપરાંત સ્વરૂપમેં આનંદમે વિશેષ રમતે રમતે ચારિત્ર દશા પ્રગટ હુઈ ઉસમેં દસમા બોલ ઉત્તમ બ્રહ્મચર્ય હૈ. તો વો ભી, બ્રહ્મ નામ ભગવાન આત્મા એમાં ચર્યા રમના, લીન હોના ઉસકા નામ બ્રહ્મચર્ય દસ લક્ષણીપર્વમેં છેલ્લા કહેનેમેં આતા હૈ.

जो परिहरेदि संगं महिलाणं णेव पस्सदे रूवं।
कामकहादिणियत्तो णवहा बंभं हवे तस्स।।४०३।।

જો મુનિ સ્ત્રીઓકી સંગતિ નહિં કરતા, આહાહા... અપના સ્વરૂપકા સંગમેં સ્ત્રીકા સંગ નહીં કરતા, ઔર "નેવ પસ્સઈ રૂણસ' ઉસકો રૂપ નહીં દેખતે કેમ કે વિષયોમાં મુખ્ય ચીજ તો સ્ત્રી હૈ, તો ઉસકા સંગ છોડના ને ઉસકા રૂપ નહીં દેખના. આહાહા... ઔર "કામ કહાદિ નિયતો" કામકી કથા, વિષયકી કથા, સ્મરણ આદિ ઔર વિષય હુઆ વો પહેલે, ઉસકા સ્મરણ આદિ છોડના. આહાહા ! આનંદ સ્વરૂપ ભગવાનકા સ્મરણ કરે કે કામભોગકી કથાકા સ્મરણ કરે. આહાહા ! જિસકો જૈસા પ્રેમ હૈ ઉસકા સ્મરણ કરે. આહાહા !

ધર્મીકો તો અપના બ્રહ્મચર્ય આત્મા પ્રત્યે પ્રેમ અને પરિણમન હૈ. આહાહા ! તો ઉસકા સંગમેં રહે પરકા સંગ છોડ દે. ઐસા નવ પ્રકાર મન, વચન, કાયા, કૃત, કારિત, અનુમોદનસે કર્તા હૈ આહાહાહા ! મનસે બ્રહ્મચર્ય પાળતા હૈ વાણીસે કહેતા હૈ ઔર કાયાસે ઉસસે દૂર રહેતા હૈ. કરણ, કરાવવું અને અનુમોદન એ અર્થમેં લિયા હૈ. બ્રહ્મ નામ આત્મા ઉસમેં લીન હોના એ બ્રહ્મચર્ય હૈ પર દ્રવ્યમેં આત્મા લીન હો ઉસમેં સ્ત્રીમેં લીન હોના મુખ્ય હૈ. પરદ્રવ્યમેં લીન હોનેમેં ઉસમેં સ્ત્રીમેં લીન હોના મુખ્ય હૈ. આહાહા... તો ઉસકા તો સંગ હોના નહીં. નવ વાડે બ્રહ્મચર્ય હોતા હૈ. સમજમેં આયા ?

બ્રહ્મચારીકા મુનિકી બાત હૈ ને, તો સ્ત્રીકા સંગમેં, સ્ત્રીકો શીખાના ઉસકી પાસ બેસના એ બાત હોતી નહીં હૈ. સમજમેં આયા ? એ પણ એક પ્રેમ ને રાગ હૈ એ છોડ દેતે હૈ. આહાહા..

અપના આનંદકા નાથ ભગવાન, બ્રહ્માનંદ પ્રભુ અમૃતકા સાગર, ઉસમેં સંગમેં જાને... આહાહા... એ અસંગકા સંગ કરને, આ પરકા સંગમેં કયા હૈ તેરે ? આહાહા... આવી વાત છે. એના પછી વિશેષ ભેદ લીધા છે. સંગતિ કરના, રૂપ નિરખના, કથા કરના એ સબ છોડના.

યહાં આયા હૈ, દેખો ગાથા ચલતી હૈ ને ૨૫ કયા કહેતે હૈ, આ જીવ અધિકાર હૈ, તો ભગવાન આત્મા ઉપયોગ સ્વરૂપ ચૈતન્ય જીવ ઔર રાગાદિ પુદ્‌ગલાદિ સબ અણુપયોગ જડ, તો દોકો ભિન્ન કરકે, આહા... દો એક નહીં હુઆ કભી. "જડ ઔર ચૈતન્ય કભી ભી એક નહીં હો સકતે" આખિરકી દો લીટી હૈ, ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા અને રાગાદિ અચેતન અણુપયોગ,

એ ઉપયોગ અને અણુપયોગ કભી એક હો સકતે નહીં. આહાહા ! ઈસલિયે તું સર્વ પ્રકારસે પ્રસન્ન હો. આહાહાહા... કયા કહેતે હૈ ? ભગવાન પૂર્ણાનંદ જ્ઞાનસ્વરૂપ પ્રભુ અને રાગ દો એક હોતે નહીં કભી. આહાહા ! તો પ્રસન્ન હો હવે. આહાહા ! રાગસે ભિન્ન હોકર અપના અનુભવ કર હવે. ક્યોંકિ દો એક હૈ નહીં, દો એક હોતા નહીં. આહાહા ! પ્રસન્ન થા, પ્રભુ કહે છે, આહાહાહા... એ પ્રસન્નજી ! આહાહાહા... પ્રભુ તેરી ચીજ અંદર રાગના વિકલ્પસે ભિન્ન પડી હૈ ને ? એ કભી એકત્વ હુઈ નહીં ને ? આહાહાહા ! એકત્વ હુઈ નહીં તો ભિન્નકા અનુભવ કરનેમેં પ્રસન્ન થા. આહાહાહા ! આવી વાત છે. સમજમેં આયા ? આનંદ સ્વરૂપ પ્રભુ, એ રાગ સ્વરૂપ દુઃખ, અણ ઉપયોગ, એ આનંદ અને અણઉપયોગ કભી એક હુઆ હી નહીં. આહાહા.

ચાહે તો આ દયા દાનનો રાગ હો કે આ સંસારના કમાના ઐસા બધા પાપ રાગ હો. આહાહાહા ! એ સબ અણઉપયોગ જડ હૈ, ભગવાન તેરી ચીજ( આત્મા ) ઉસમેં એક હુઈ નહીં કભી. એક હુઈ નહીં તો પ્રસન્ન થા ને. આહાહાહા ! આવી વાતું છે. ઈસલિયે તું સર્વ પ્રકારસે પ્રસન્ન થા. આહાહા ! ભિન્ન હૈ યહ કભી એક હુઈ નહીં. આહાહા... તો રાગસે ભિન્ન તેરી ચીજ પડી હૈ, એક હુઈ હી નહીં તો ઈસકી ઉપર દૃષ્ટિ કરકે આનંદકા અનુભવ કર. આહાહાહા ! ઝીણી વાત બહુ. આહાહા ! એક હુઈ હો તો તેરે જુદી પાડનેમેં મુશ્કેલ પડે. પણ એક હુઈ નહીંને કહેતે ( હૈ ). આહાહાહા !

ચાહે તો એ શુભ અશુભ રાગ હો, શરીર વાણી કર્મ તો ભિન્ન હી હૈ, પણ શુભ અશુભ રાગ હૈ યહ ભગવાન વીતરાગ સ્વરૂપ ઉપયોગ સ્વરૂપ એ અણઉપયોગ રાગમેં એકત્વ કભી હુઆ હી નહીં. આહાહાહા ! એ અનેક તે અનેકરૂપે રહા હૈ, અનેક રાગ અને આત્મા એક એ એકરૂપ કભી હુઆ હી નહીં. આહાહા ! પ્રસન્ન થા. ગુરુના આશીર્વાદ જુઓ. તું ખુશીને જાહેર કર, એમ કહેતે હૈ ખુશીમેં જાહેર કર, ઓહોહો ! મૈં રાગસે તો ભિન્ન રહા હું, ઐસા ભિન્નકા અનુભવ કર, પ્રસન્ન થા, પ્રસન્ન થા. આહાહાહા ! આવી વાત છે. સર્વ પ્રકારસે પ્રસન્ન હો, કોઈ રીતે પણ ખેદ ન કર. તેરી ચીજ ભિન્ન પડી હૈ પ્રભુ. આહાહાહા ! પડી હૈ ભિન્ન ઉસકા અનુભવ કરના તો પ્રસન્ન હો જાને. આહાહાહા !

એ રાગસે ભિન્ન પ્રભુ અંદર અણીંદ્રિ, અણીંદ્રિય પણ અનંત આનંદ સ્વરૂપ પ્રભુ, ઇન્દ્રિયાં ઉસમેં હૈ નહીં. આહાહા ! એ ચીજ જ્યારે રાગસે વિકલ્પસે ચાહે તો અનંતકાળ હુઆ પણ એ રાગના વિકલ્પ ને નિર્વિકલ્પ પ્રભુ, ( આત્મા ) એક હુઆ નહિ હૈ, તો પ્રસન્ન થા ને પ્રભુ. આહાહાહા ! તેરી જુદી ચીજ હૈ ત્યાં નજર કરને, આરે આવી વાતું છે. સમજમેં આયા ?

“અપને ચિત્તકો ઉજજવળ કરકે સાવધાન હો” આહાહા ! નિર્મળ ચિત્ત, નિર્મળ પર્યાય પ્રગટ કરકે, આહા ! સાવધાન, સ્વરૂપ તરફ હો જા. રાગ ને પુણ્ય તરફ અનાદિસે એક નહીં થા છતાં એ તરફકી એકતાબુદ્ધિ માની ’તી તેં. આહાહાહા... આવી ચીજ આકરી બહુ. ધંધા આદિની ક્રિયા અને ઉદ્યોગને એ તો બધી જડની ક્રિયા. આહાહાહા ! ઉસસે તો પ્રભુ ભિન્ન હૈ હી. પણ અપનેમેં કમજોરીસે રાગ ને દ્વેષના પરિણામ દુઃખરૂપ હોતા હૈ, એ પ્રભુ આનંદ સ્વરૂપ દુઃખરૂપ કભી હુઆ હી નહીં. આહાહાહા ! હુઆ નહીં તો પીછે આનંદ કરને, પ્રસન્ન કરને સ્વરૂપમેં સાવધાન હો જાને. આહાહાહા ! આવી વાતું આકરી પડે માણસને. એમ કે સમકિતની ઉત્પત્તિના

કારણો તો બધા આવા હોય ને આવા હોય, પણ આ કારણ હૈ ભક્તિ કરવી ને પૂજા કરવી ને બધું કરવું એનાથી સમકિતની ઉત્પત્તિ થાય આવા બધા શિક્ષણ આપે. આહાહા !

મંદિર બનાવવા ને મંદિરકા દર્શન કરવા ને એ બધા સમ્યક્કા કારણ હૈ, ઐસા શીખવે, અરે પ્રભુ શું કરે છે વાત ભાઈ મંદિર તો ઠીક, મંદિર તરફકા ભાવ હૈ રાગ એ બી ઠીક, એ ભી ભિન્ન, પણ અંદરમેં વિકલ્પ ઊઠે કે મૈં આત્મા ઔર અનંત ગુણરૂપ, આહાહાહા... ઐસે વિકલ્પ ઊઠે ઉસસે ભી તો પ્રભુ તુમ એકત્વ તો કભી હુઆ નહીં. આહાહાહા ! રાગ, રાગરૂપે રહા, ભગવાન શુદ્ધરૂપે રહા યહાં તો. આહાહા ! સાવધાન થા ! આહાહા ! ગજબ બાત હૈ ! સંતોની દિગંબર સંતોની વાણી તો જુઓ. આહાહા ! સમય વર્તે સાવધાન ! નથી કહેતા ? લગ્ન આવે ત્યારે, લગ્નનો પ્રસંગ હોય કન્યાનો પ્રસંગ, સાડા આઠ બજ ગયા, ટાઈમ હો ગયા લાઓ, સમય વર્તે સાવધાન, કન્યાને લાવો. અહીં સમય વર્તે સાવધાન ! તેરા સમય સમયસાર આત્મા રાગસે ભિન્ન હૈ, સાવધાન હો જા. આહાહા... આવું કઠણ પડે લોકોને. વ્યવહાર સાધનથી થતું હોય ને ? વ્યવહાર સાધન એ હૈ હી નહીં. આહાહા... સમજમેં આયા ?

ઈસ પ્રકાર અનુભવ કર, ઔર સ્વદ્રવ્યકો હી યહ મેરા હૈ, મૈં તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ સ્વદ્રવ્ય હી મેરા હૈ. રાગ આદિ એ બધા પરદ્રવ્ય હૈ ઔર સ્વદ્રવ્ય ને પરદ્રવ્ય એક કભી હુઆ નહીં. સાવધાન હોકર યહ સ્વદ્રવ્ય મેરા હૈ ઐસા અનુભવ કર. આહાહા ! એ બે લીટીમાં તો આવી વાત છે. ઉપાદાન-નિમિત્તના ઝઘડા નિમિત્ત હોય તો થાય, નિશ્ચય વ્યવહારના ઝઘડા, વ્યવહારથી નિશ્ચય થાય, અરેરે પ્રભુ શું કરે છે તું ? નિમિત્ત એ પરદ્રવ્ય, ઉપાદાન સ્વદ્રવ્યની પર્યાય હોતી હૈ ત્યારે નિમિત્ત હો, પણ પરદ્રવ્યસે ઉસમેં હોતા હૈ કાંઈ ઐસા નહીં, એમ વ્યવહાર હો, રાગરૂપ વ્યવહાર હો પૃથક, પણ ઉસસે ભગવાન આત્મા ભિન્ન હૈ, રાગસે તો આત્માકો કાંઈ લાભ હોતા હૈ, ઐસા હૈ નહીં. રાગસે તો નુકસાન હોતા હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ?

પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમેં તો ત્યાં લગ કહા. કે તીર્થંકર ગોત્ર બાંધે જે ભાવે ઔર આહારક શરીર જે ભાવે બાંધે એ ભાવ અપરાધ હૈ. આહાહાહાહા ! એ આત્મા નહીં. આહાહાહા ! એ આત્મા પ્રભુ અંદર શુદ્ધ ચૈતન્યઘન હૈ ને, આહા ! ઉસમેં સાવધાન હો જા. અને એ સ્વદ્રવ્ય મેરા હૈ ઐસા અનુભવ કર. રાગકો છોડ દે. આહા... આવી વાત છે. ( શ્રોતાઃ- સમકિત પ્રાપ્તિનો ઉપાય છે ) હા. આ ઉપાય આ. બાકી ઈ બધું બીજુ કરવાનું કહે છે. સમકિત ઉત્પત્તિના કારણ, વ્યવહાર નાખશે. પંચમ આરાના છેડા સુધી સાધુ-બાપુ સાધુ પણ કયા સાધુ બાપુ ગમ્ય ક્ષેત્રમેં તો દિખતે નહીં. મોક્ષમાર્ગ પ્રકાશકમેં લિખતે હૈ. અરે પ્રભુ શેની તકરાર કરે છે ભાઈ ! હજી તો સમ્યગ્દર્શનકા ઠેકાણાં નહીં. આહાહા ! સાધુપણા બાપુ, પ્રભુ તેરા હિતની વાત હૈ નાથ અહિતના પંથે તું હિત માન લેગા, દુઃખ હોગા ભાઈ. આહાહા ! એને અપમાન લાગે કે અમે આવું કરીએ ને મુનિપણું નહિ ? બાપુ તને દુઃખ શેનું ? એ રાગની ક્રિયા એ દુઃખરૂપ હૈ એનાથી આત્માનો આનંદ પ્રાપ્ત થાય એમ બને નહીં તીન કાળમેં. આહાહાહા... ઈસ પ્રકાર યહ દ્રવ્ય મેરા હૈ, રાગેય નહીં, દયા દાન વ્રત વિકલ્પ એ મૈં નહીં. આહાહાહાહા ! એ સ્ત્રી કુટુંબ પરિવાર તો કોઈ મેરા હૈ નહીં. હૈ ! એ તો પરચીજ હૈ એના કારણે આઈ હૈ ને ટકી રહી હૈ પણ મેરેમેં મેરા અપરાધસે

જો વિકલ્પ હોતા હૈ, યહ ભી મેરી ચીજ નહીં. આહાહા !

ભાવાર્થઃ યહ અજ્ઞાની જીવ પુદ્‌ગલ દ્રવ્યકો અપના માનતે હૈ. એ રાગાદિ પુણ્ય આદિ ભાવ એ પુદ્‌ગલદ્રવ્ય હૈ ખરેખર. આહાહા ! ઉસે ઉપદેશ દેકર સાવધાન કિયા હૈ, જડ–ચેતન દ્રવ્ય દોનો સર્વથા ભિન્ન ભિન્ન હૈ, રાગ ને શરીર ને પ્રભુ આત્મા તદ્‌ન ભિન્ન હૈ. આહાહા ! આહાહાહા... ધીરાના કામ છે ભાઈ. ચેતન દ્રવ્ય સર્વથા ભિન્ન હૈ. કભી ભી કિસી ભી પ્રકાર કોઈ કાળે ને કોઈ પ્રકારે એકરૂપ નહીં હોતે. આહાહા ! રાગનો વિકલ્પ અને પ્રભુ આત્મા, કોઈ કાળે, કોઈ પ્રકારે એક નહીં હોતા. નિશ્ચયસે નહીં પણ વ્યવહારસે તો હૈ કે નહીં ? એય નહીં એમ કહે છે. આહાહા ! ઐસા સર્વજ્ઞ ભગવાને દેખા હૈ, “સવ્વન્હુ નાણ દિઠ્ઠો” ભગવાને તો ઉપયોગરૂપી આત્મા સર્વજ્ઞે એને દેખા હૈ એ અણઉપયોગ રાગ ( રૂપ ) કૈસે હો જાય ? ભગવાને તો તેરા આત્માકો રાગસે ભિન્ન દેખા હૈ. આહાહા ! ભગવાને દેખા હૈ ઐસા તું દેખ. આહાહા ! મૈં જ્ઞાન દર્શન ઉપયોગ રાગસે ભિન્ન હું, ઉપયોગ મેરી ચીજ હૈ. આહાહાહા ! ઐસા ભગવાને દેખા હૈ ઈસલિયે હે અજ્ઞાની તું પરદ્રવ્યકો એકરૂપ માનના છોડ દે. આહાહા... એ વ્યવહારનો રાગ ઉસસે મેરે લાભ હોગા ( એ બાત ) છોડ દે. આહાહા ! સમજમેં આયા ? પરદ્રવ્યકો એકરૂપ માનના છોડ દે, વ્યર્થકી માન્યતાસે બસ કર. આહાહા... જૂઠી માન્યતાથી અલમ્. આહાહા ! શ્લોક કહેશે હવે.

---

## શ્લોક - ૨૩

( मालिनी )

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्
अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।
पृथगथ विलसन्तं स्वं समालोक्य येन
त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।।२३।।

**હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:-**

**શ્લોકાર્થઃ- [ अयि ] ‘अयि’ એ કોમળ સંબોધનના અર્થવાળું અવ્યય છે. આચાર્ય કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ ! તું [ कथम् अपि ] કોઈ પણ રીતે મહા કષ્ટે અથવા [ मृत्वा ] મરીને પણ [ तत्त्वकौतूहली सन् ] તત્ત્વોનો કૌતૂહલી થઈ [ मूर्तेः मुहूर्तम् पार्श्ववर्ती भव ] આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત ( બે ઘડી ) પાડોશી થઈ [ अनुभव ] આત્માનો અનુભવ કર [ अथ येन ] કે જેથી [ स्वं विलसन्तं ] પોતાના આત્માને વિલાસરૂપ, [ पृथक् ] સર્વ પરદ્રવ્યોથી જુદો [ समालोक्य ] દેખી [ मूर्त्या साकम् ] આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે [ एकत्वमोहम् ] એકપણાના મોહને [ झगिति त्यजसि ] તું તુરત જ છોડશે.**

**ભાવાર્થઃ- જો આ આત્મા બે ઘડી પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે ( તેમાં લીન થાય ), પરિષહ આવ્યે પણ ડગે નહિ, તો ઘાતીકર્મનો નાશ**

**કરી, કેવળજ્ઞાન ઉત્પન્ન કરી, મોક્ષને પ્રાપ્ત થાય. આત્માનુભવનું એવું માહાત્મ્ય છે તો મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુગમ છે; માટે શ્રી ગુરુઓએ એ જ ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે. ૨૩.**

---

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन् अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।
पृथगथ विलसन्तं स्वं समालोक्य येन त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।। २३।।

અયિ એ કોમળ સંબોધનને સૂચક અવ્યય છે અયમ્ હે ભગવાન, હે આત્મા એમ હે ભવ્ય જીવ ટીકામાં તો એમ લીધું છે કે હે મિત્ર, અયિનો અર્થ અધ્યાત્મમાં હે, મિત્ર. આહાહા ! હે ભગવાન આત્મા ! હે મિત્ર ! એમ કરીને કહ્યું છે. આહાહાહા ! આચાર્યદેવ કોમળ સંબોધનમેં કહેતે હૈ, હે ભાઈ ! કથમપિ– કિસી પ્રકાર, મહાકષ્ટસે ગમે તેટલી પ્રતિકૂળતા હોય તો પણ એને છોડકર સ્વભાવકા અનુભવ કર. આહાહાહા ! મહા પુરુષાર્થસે, મર કર ભી ! આહાહાહા ! માયાને મારી નાખીને, આહાહા ! રાગ ને ઉદયભાવ એ માયા હૈ. એ માયા હૈ એ આત્માકી ચીજ નહીં, કાયમ ટીકતી નહીં એ તો અસ્થિર હૈ. આહાહાહા ! ઉસકો મારકર ભગવાન આનંદ સ્વરૂપસે જીવન કર, આહાહાહા... આવું કામ છે, તત્ત્વોકા કૌતુહલી હોકર, આહાહા... તત્ત્વોકી વિસ્મયતાકો જાનકર, આહાહાહા... રાગની પાસે અંદર પ્રભુ, ચૈતન્ય ચિંતામણી રતન ભગવાન પડા હૈ, આહાહાહા... કામધેનુ, ચિંતામણી કલ્પવૃક્ષ, સૂર તરૂ, દેવનાં વૃક્ષ એમ ભગવાન આત્મા સૂરતરૂ, દેવ સ્વરૂપ વૃક્ષ હૈ. આહાહાહા ! ઐસા ભગવાનકો કૌતુહલી હોકર, કુતૂહલ તો કર કહે છે બહારમાં તને કુતૂહલતા લાગે છે, શરીર જરી સુંદર દેખાય અને પૈસા જરી મળે ને સ્ત્રી જરી રૂપાળી હોય ત્યાં એને કુતૂહલ લાગે કે, આહાહા ! આ શું છે ? પ્રભુ એ તો હાડકાંની ફાસફુસ છે. મસાણમાં હાડકાં હોય છે ને. ને એમાં ચમક થાય ને અગ્નિ ફોસ્ફરસ છોકરા એમ કહે કે ત્યાં વ્યંતર હૈ વ્યંતર, ત્યાં નહીં જાના. વ્યંતર ક્યાં હોય ? હાડકાં આમ પડયા હોય એમાં ફોસ્ફરસ હોય છે, એમ આ જગતની ફોસ્ફરસ બહારની છે. મસાણના હાડકાંની ફોસ્ફરસ એમ આ શરીર વાણી પૈસા મકાન બહાર, આહાહા... પ્રભુ કહે છે એની કુતૂહલતા પ્રભુ એકવાર છોડ અને અંદરની કુતૂહલતા કર. આહાહા !

આ કોને પડી હૈ આ રાગને પડદે ક્યા ચીજ હૈ આ ? આહાહા ! એટલા એટલા પ્રભુ વખાણ કરતે હૈ, ત્રણલોકના નાથ આત્માના વખાણ કરે, તું દેવાધિદેવ, તું સિદ્ધરૂપ, પરમ અમૃતકા પિંડ. આહાહાહા... અનંત ગુણકા ધામ, શક્તિકા સંગ્રહ, આહાહા... કયા હૈ આ તે. ઐસે એકવાર કુતૂહલ તો કર. એટલે ? અંતર અવલોકન કરને માટે પ્રયત્ન તો કર એમ કહે છે. સમજમેં આયા ? કુતૂહલનો અર્થ એ કર્યો. આહાહાહા... તેરા જ્ઞાનકી પર્યાય પરકો દેખતી હૈ તો એ પર્યાયકો એક વાર કુતૂહલ તો કર કે આ આત્મા કયા હૈ ઐસા અવલોકન તો કર. આહાહાહાહા... અપની જ્ઞાનપર્યાયમેં સ્વરૂપકા અવલોકન કુતૂહલ તો કર કે આ કયા હૈ ? અવલોકન તો કર એકવાર. આહાહાહા... આવી વાતું છે.

"ભવમૂર્તેઃ મુહૂર્તમ્ પાર્શ્વવર્તી ભવે" એ શરીરાદિ મૂર્ત દ્રવ્યકા એક મુહૂર્ત, દો ઘડી પાડોશી હો જા, જેમ પાડોશી હૈ તો ઉસકા મકાન દૂસરા, તેરા મકાન દૂસરા. આહાહા ! એકવાર દો ઘડી

મૂર્ત રાગાદિ પદાર્થસે, આહાહાહા... પાડોશીકી ચીજ દેખકર ઐસે માને કે આ મેરી ચીજ હૈ? આહાહા... એ પાડોશી હોકર અનુભવ કર. આહાહા! રાગકા, પુણ્યકા, શરીરકા પાડોશી હોકર, ભગવાન ઉસસે ભિન્ન હૈ ઐસા અંતર અનુભવ કર. આહાહા... કે 'જિસમેં સ્વ વિલસન્તં' અપને આત્માકે વિલાસરૂપ આહાહાહા... ભગવાન આત્માકા સ્વ વિલાસ, આહાહા... બાગ પડયા હૈ. અંદર બડા, ત્યાં જા ઔર ઉસકી સુગંધ લે. ઓ તરફ જાકર આત્માકા વિલાસકર, આહાહાહા... અપને આત્માકે વિલાસરૂપ પૃથક, સર્વ પરદ્રવ્યસે ભિન્ન. આહાહાહા!

સમાલોકય–દેખકર "મુહૂર્તમ્ મૂર્ત્યા સાકમ્" એક શરીરાદિ મૂર્તિક પુદ્ગલદ્રવ્યોંકે સાથ આહાહા... રાગાદિ મૂર્તિક પુદ્ગલદ્રવ્યકા સાથે એકત્વમોહમ્ એકત્વકે મોહકો ઝગિતિ ત્યજસિ. પ્રભુ તું તત્કાલ છોડ દેગા. આહાહાહા! ભારે વાત. આ રીત હૈ ભાઈ. આહા! યહ પહેલી તો સાંભળવા મળે નહીં એને સમજવા ન મળે. અરે આહા... દીન હોકર મૃત્યુ કરીને ચાલ્યા જાય, આહાહા. ચોર્યાસીના અવતારમાં ક્યાં એકવાર પ્રભુ આમ કરને, કે... આહાહા!

ભાઈ તેરી ચીજ રાગસે ભિન્ન પડી હૈ ને પ્રભુ? ભિન્ન હૈ ઉસકા સાવધાન હોકર અનુભવ કર. આહાહા! ઝગિતિ ત્યજસિ રાગકી એકતાકા મોહ તત્કાલ છૂટ જાયેગા. આહાહા! સમજમેં આયા? તે ક્ષણે જ છૂટ જાયેગા, આહાહાહા... ભગવાન જ્ઞાયક સ્વરૂપ પ્રભુ ઉસકા રાગસે ભિન્ન અનુભવ કર તો તેરી રાગકી એકતારૂપી મોહ ઝગિતિ, તે ક્ષણે છૂટ જાયેગા. આહાહા! ઔર વસ્તુકા સ્વરૂપ ગ્રહણ હો જાયેગા. આવી વાતું છે. આહાહા!

"એકત્વ મોહમ્ ઝગિતિ ત્યજસિ" ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, ઉપયોગ સ્વરૂપ, રાગાદિ અણ ઉપયોગસે ભિન્ન પડા હૈ અને એ દો એક હુઆ હી નહીં કભી તો ઉસકી દૃષ્ટિ કર ઓ તરફ સાવધાન હો. ઉસકા અવલોકન કરનેકી કુતૂહલતા તો કર. આહાહા! તો એ ક્ષણે એકત્વમોહમ્ રાગકા એકત્વરૂપી મિથ્યાત્વભાવ જિનબિંબકા દર્શનસે( તજ દેગા ) ઐસા હોતા હૈ લ્યો, પાઠ ઐસા હૈ પાઠ હૈ એ જિનબિંબ આ, કેવળીની સ્તુતિ કહાને? આ કેવળીની સ્તુતિ કરે, સાચી સ્તુતિ, કેવળીની સ્તુતિ એટલે આ આત્માની સ્તુતિ, અનંત આનંદકંદ પ્રભુ આત્મા, એના ગુણગ્રામનો સત્કાર સ્વભાવનો થાય, ત્રિકાળ સ્વભાવનો સત્કાર, સ્વીકાર થાય એ કેવળીની સ્તુતિ. આહાહાહા!

એ આવે છે, ધવલમાં જિનબિંબના દર્શનથી નિદ્ધત્ અને નિકાચીત્ કર્મનો નાશ થાય છે. એવો પાઠ આવે ભાઈ પણ કોને જિનબિંબના દર્શન તો અનંતવાર કર્યાં. આહાહાહા! અને સ્વર્ગમાં તો જિનબિંબ અસંખ્ય બિરાજે છે. સ્વર્ગમાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક ( મેં ) અસંખ્ય પ્રતિમાઓ જિન પ્રતિમાઓ શાશ્વત છે, ત્યાં અનંતવાર ઉપજયો છે. આહાહાહા! અને ઉપજતાં( વેંત ) પ્રથમ જ એ જિનબિંબના દર્શન કરવા જાય છે એવો શાસ્ત્રમાં લેખ છે પણ એ તો શુભભાવ છે. એ જિનબિંબ નહીં, આ જિનબિંબ પ્રભુ, વીતરાગ સ્વભાવથી ઠસોઠસ ભરેલ જિનબિંબ છે આ. ઉસકા અનુભવ કર, ઉસકા અવલોકન કર, ઉસકા દર્શન કર, ઉસકી પ્રતીતિ કર, ઉસકા જ્ઞાન કરકે વિશ્વાસ કર. આહાહા! આવી વાતું આકરી. "શીઘ્ર હી છોડ દેગા" ઝગિતિનો અર્થ શીઘ્ર કર્યો અને ત્યજસિનો અર્થ છોડ દેગા કર્યો. આહાહા!

ભાવાર્થઃ– યદિ આ આત્મા દો ઘડી પુદ્ગલ દ્રવ્યસે ભિન્ન અપને શુદ્ધ સ્વરૂપકા અનુભવ

કરે, આ સમ્યગ્દર્શન પાનેકી કળા, આ વાત હૈ ભાઈ. આહાહા ! શાસ્ત્રમાં આવે દેવ દર્શન–દેવની ઋદ્ધિ મોટી હોય તેને દેખવું–એનાથી સમકિત પામે એ તો નિમિત્તના કથન છે. આહાહા ! એવું તો અનંતવાર થયું છતાં થયું કરે ત્યારે એને નિમિત્ત તરીકે કહેવાય. આહાહાહા ! નંદીશ્વર દ્વીપ ભગવાન બાવન જિનાલય ૧૦૮–૧૦૮ પ્રતિમા છે રતનની શાશ્વત, દેવો મહોત્સવ કરવા ત્યાં કાયમ જાય છે. કારતક સુદ ૮ થી ૧૫. ચૈત્રસુદ ૮ થી ૧૫. અષાડ સુદ ૮ થી ૧૫ ત્રણ વાર, એવું તો અનંતવાર કર્યું છે. આહાહાહા ! એ તો શુભભાવ છે પુણ્યબંધનું કારણ છે. આહાહાહા !

આ ભગવાન જિનબિંબ પ્રભુ, ( નિજાત્મા ) આહાહા ! એના દર્શન અને અવલોકન કરનેસે મિથ્યાત્વકા ક્ષણમેં નાશ હો જાયેગા. આહાહા ! પ્રકાશ હુઆ ત્યાં અંધારા રહે શકે નહીં. આહાહાહા... તેરી ભ્રાંતિ નાશ હો જાયેગી ભગવાનકા દર્શન કરનેસે ભ્રાંતિકા નાશ હો જાયેગા, આ( નિજ ) ભગવાન હોં. આ વાંધા ઉઠાવે આ લોકો બહારના બધા શાસ્ત્રમાં એવું આવે દેવની ઋદ્ધિ દેખવાથી, આહાહાહા વેદનાથી આવે છે લ્યોને ? નારકીની મહા તીવ્ર વેદનાથી સમકિત પામે પણ વેદના તો અનંતવાર થઈ છે કેમ પામ્યો નહીં ? એ તો જેને એ પામવામાં અંદર જાય છે, તેનું લક્ષ આમ અંદર જાય છે. આહાહાહા ! આ ? અરેરે આ દુઃખ આ ? એનું લક્ષ થાય છે, એ લક્ષ ફેરવી નાખે છે. ત્યારે વેદનાથી થયું એમ કહેવામાં આવે છે. આહા ! એની પીડા બાપુ, નરકની પીડા બાપુ દસ હજાર વર્ષની સ્થિતિ પહેલી નરકે, જઘન્ય સ્થિતિ દસ હજાર, ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગર પહેલી નરકે એમ જાવ સાતમી નરકે ૩૩ સાગર. આહાહા ! હજારો વીંછી ઠાકરીયા કડક વીંછી હોતા હૈ ને, એ કરડાવે આમ, એથી પણ પીડા અનંત ગુણી હૈ ત્યાં. ભાઈ તું ત્યાં અનંતવાર રહ્યો છો પ્રભુ. આહાહા ! એટલે શાસ્ત્રમાં એમ આવે કે વેદનાથી પણ પામે, પણ કોણ ? એ વેદનાનું લક્ષ કર્યું કે અરેરે આ ? હું કોણ છું ? એમ જે આત્મામાં ગયો એ વેદનાથી ગયો એમ નિમિત્તથી થયું એમ કહેવામાં આવે છે. આહાહા ! એવી વેદના તો પ્રભુ અનંતવાર સહન કરી ભાઈ. આહાહા ! મનુષ્યપણે પણ વેદનાનો પાર નહીં. આહાહા ! ઈયળું પડે હોં. આહાહા !

કહ્યું'તું ને એક ફેરી લાઠીની એક છોડી, લાઠીની લડકી થી ૧૮ વર્ષની નાની ઉંમરે બે વર્ષનું પરણેતર એમાં શીતળા નીકળ્યા. શીતળા શું કહેવાય આ ? ( શ્રોતાઃ– ચેચક ) ચેચક એકેક દાણે એકેક ઈયળ. કીડા તળાઈમાં સૂવે પણ, આહાહા... રોવે રોવે રોવે... ૧૮ વર્ષની જુવાન છોડી, ( બોલે ) માં મેં આવા પાપ આ ભવમાં કર્યાં નથી. મારાથી સહયા જાતા નથી– રહી શકાતું નથી, શું કરું ? આહા... એ એમને એમ મરી ગઈ. લાઠી. આહાહા... એવા તો પ્રભુ અનંતવાર... એ તો સાધારણ હૈ, પણ જીવતા રાજકુમારના લગ્ન હોય આજના, જેમાં કરોડો–અબજો રૂપીયા ખર્ચ્યા હોય એ જુવાન ૨૫ વર્ષનો જુવાન એને તાતાની અગ્નિમાં નાખે જીવતો, તાતાની અગ્નિ છે ને ? જમશેદપુર જોયું છે ને, આહાહા... અમે ત્યાં ગયા હતા. જમશેદપુર–ભાઈ ત્યાં હતા ને નરભેરામભાઈ જોવા ગયા'તા ત્યાં મોટુ બને છે લોઢાનું ત્યાં અગ્નિ અગ્નિ ભડ ભડ ભડ, એ જુવાન રાજકુમારના લગ્ન આજના ને અબજો રૂપીયાના ખર્ચે, એને જીવતો નાખે અગ્નિમાં, એ પીડાથી અનંત ગુણી પીડા નારકીની અંદર છે પ્રભુ. આહાહા ! આહાહાહા ! એવી પીડા પ્રભુ તેં અનંતવાર સહન કરી છે. એકવાર હવે તારા આનંદને જોને હવે. આહાહા...

હૈ ? અપને શુદ્ધ સ્વરૂપકા અનુભવ કરે, ઉસમેં લીન હો પરિષહકે આને પર ભી ડિગે નહીં. આહાહાહા ! ઘાતીયા કર્મકા નાશ કરકે કેવળજ્ઞાન ઉત્પન્ન કરકે, મોક્ષકો પ્રાપ્ત હો. આહાહાહા... ઐસી સ્થિતિમેં તો અંતર્મુહૂર્ત્‌મેં કેવળજ્ઞાન હોતા હૈ કહેતે હૈ, ઐસી તેરી તાકાત હૈ. આહાહાહા ! તો આત્માનુભવકી ઐસી મહિમા હૈ તો મિથ્યાત્વકા નાશ કરકે, આહાહા !... અતીન્દ્રિય આનંદમેં લીન લીન લીન લીન લીન હોતે હોતે જ્યાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરતે હૈ ત્યાં મિથ્યાત્વકા નાશ કરના એ તો સાધારણ બાત હૈ એમ કહેતે હૈ. સમજમેં આયા ? આહાહા ! હૈ ? તબ મિથ્યાત્વકા નાશ કરકે સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હોના તો સુગમ હૈ. આહાહાહા ! આનંદના નાથમાં સમ્યગ્દર્શનપૂર્વક જ્યાં રમતે હૈ અંદરમેં, જમવટ અંદર જાતી હૈ, આહાહાહા... જામી જાય જ્યાં આનંદમાં કેવળજ્ઞાન હો જાતા હૈ તો એક ક્ષણમેં સ્વરૂપ તરફકા અનુભવ કરકે મિથ્યાત્વકા નાશ કરના એ તો સુગમ હૈ, એમ કહેતે હૈ. સમજમેં આયા ? હૈ ? મિથ્યાત્વકા નાશ કરકે સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હોના એ તો સુગમ હૈ. "ઈસલિયે શ્રીગુરુએ પ્રધાનતાસે યહ ઉપદેશ દિયા હૈ" મુખ્યે એ ઉપદેશ દિયા. ( શ્રોતાઃ– અહીં સુગમ કહ્યું– ક્યાંક કઠણ કહ્યું ) આહાહા ! એ તો કઠણ અપેક્ષાએ કહ્યું છે બોધિદુર્લભ ભાવના, બીજુ અનંતવાર મળ્યું ને આ મળ્યું નહિ એ અપેક્ષાએ દુર્લભ કહે ( શ્રોતાઃ– બેમાંથી કયું સાચું ) બેય સાચું છે. ( શ્રોતાઃ– સુલભેય સાચું ને દુર્લભેય સાચું ) એ તો કહા થા ને હમ તો કહેતે થે ને સંપ્રદાયમેં હજારો માણસ તે દિ' ભેગા થતા થાને. એંસીની સાલ કેટલા વર્ષ થયા ? ૫૪ વર્ષ. બોટાદમાં ચોમાસા હજારો માણસ આવે સાડા ત્રણસો ઘર, વ્યાખ્યાન ચાલે ત્યારે કાનજી સ્વામી વાંચવા બેઠા છે એટલે હજારો માણસ પાર નહીં ૫૫ વર્ષ પહેલે, એકવાર ઐસા કહા થા ઉસમેંસે શ્વેતાંબરમેં ઊત્તરાધ્યયન હૈ, ઉસમેં એક બ્રાહ્મણકા છ લડકાકી કથા હૈ. પછી એ લડકા વૈરાગ્ય પામતે હૈ, પછી માતા પાસે રજા માગતે હૈ માતાને કહેતે હૈ લડકા, એ ગાથા જ્યારે ચલતી થી વ્યાખ્યાનમેં ત્યારે લોકો આમ, ૫૫ વર્ષ પહેલાં "અજેવ ધમ્મમ્ પરિવજજયામો જહીં પવન નામ પુનઃ ભવામો" હૈ માતા ! મૈં આત્માના આનંદની ઉગ્ર દિક્ષા લેવા માટે આજ જ અંગીકાર કરશું. અજેવ ધમ્મમ્ પરિવજજયામો–માતા આનંદના નાથને પ્રગટ કરવા અમે વનમાં ચાલ્યા જઈશું. અમને અહીંયા કયાંય ચેન પડતું નથી. અજેવ ધમ્મમ્ પરિવજજયામો જહીં પવનામ પુનઃ ભવામો, માતા જનેતા કોલ કરાર કરીએ છીએ બા ફરીને હવે અમે માતા નહીં કરીએ. માં, ફરીને અવતાર નહીં કરીએ હવે. આહાહા !

એ વખતે સભા બહુ મોટી બોટાદમાં શેઠીયાઓ બેઠા હોય ૫૦–૫૦ હજારની પેદાશવાળા સાંભળે, પહેલેથી આવી શૈલી છે ને અહીં તો. આહાહાહા... અજેવ ધમ્મમ્ પરિવજજયામો અમે, આજે જ આનંદના સ્વરૂપને ચારિત્ર અંગીકાર કરવા માગીએ છીએ, જહી પવનામ પુનઃભવામો, માતા જેને અંગીકાર કરતા બીજી માતા ને બીજા ભવ ન કરવાની અમારે પ્રતિજ્ઞા છે. અનાગયં એવઅતિકિંચી ત્રીજુપદ માતા અણાગંય એવ અતિ કિંચી અનંતકાળમાં કઈ ચીજ અણપામી રહી ગઈ છે. અણાગયં નિરઅતિ કિંચી, માતા ગયા કાળમાં ભૂતકાળમાં કઈ ચીજ બાકી રહી છે કે જે પ્રાપ્ત ન થઈ હોય, અનંતકાળમાં, અનંતવાર સ્વર્ગ મિલા, અનંતવાર શેઠાઈ મિલી. અણાગયમેવ અતિહિંચી, શ્રદ્ધાકમ્મ મે. માતા શ્રદ્ધા કરો, 'વિનય તુ રાગમ્' અમારા પ્રત્યે માં રાગ છોડી દે હવે. આહાહા !

અમે વનમાં એકલા ચાલ્યા જઈશું. આહાહા ! જ્યાં અમારું કોઈ નથી. આહાહાહા... બહારમાં, આહાહા... એ વનમાં વાઘની ત્રાડુ પડતી હોય સિંહની, અમે તો આનંદમાં ઝૂલશું ત્યાં આહાહાહા... એકાકી વિચરતો વળી સ્મશાનમાં, આહાહાહા... આ તો એ દશા પામવી સહેલી તો પછી સમકિત પામવું કેમ મુશ્કેલ છે તને ? એમ કહે છે. આહાહા ! સમજમેં આયા ?

એ અહીં કહા. શ્રીગુરુએ મુખ્યથી એ ઉપદેશ દિયા. આહાહા ! સમકિત પામવાનો, આહાહાહા... આ લોકો એ રીતે કહે બહારથી આમ થાય ને આમ થાય ગુરુનો વિનય કરે ને ગુરુની ભક્તિ કરે ને, હો પણ એ રાગ હૈ એ તો આવે, રાગ હોતા હૈ પણ ઉસસે કોઈ આત્માકા સમ્યગ્દર્શન પાતે હૈ, એ ચીજ નહીં પ્રભુ. આહાહાહા ! આમ તો ઐસા કહે વિનય એ મોક્ષનું દ્વાર છે. વિનય એ મોક્ષનો દ્વાર, પણ ક્યો વિનય ? આહાહા... અપના અનંત આનંદનો નાથ એનો વિનય, એનો સત્કાર સ્વીકાર કરવો એ વિનય ભગવાનનો વિનય તો આવે પ્રભુ પણ એ શુભરાગ છે. આહા ! દસમો દિવસ છે આજે, દસલક્ષણી પર્વ છે ને ? આહાહા ! એવા દસ લક્ષણી પર્વ પણ અનંતવાર ગયા પ્રભુ તારે માથે. આહાહા ! અનંત અનંત ભવમાં, આહાહા... જૈન સંપ્રદાયમાં, દિગંબર સંપ્રદાયમાં પણ જન્મ અનંત બૈર હુઆ ઔર અનંત ઐસા હુવા પણ આત્મા અંદરમાં કયા ચીજ હૈ એ જાનનેકા કુતૂહલ નહીં કિયા. આહાહાહા !

અબ અપ્રતિબુદ્ધ જીવ કહેતા હૈ ઉસકી ગાથા. બહુ જ્યારે જોર દિયા કે રાગ ને શરીર આત્માકા હૈ હી નહિ, ત્યારે અપ્રતિબુદ્ધ પૂછે છે. આહાહાહા ! મહારાજ તુમ ઈતના બધા જોર દેતે હો તો હમ કહેતે હૈ શાસ્ત્રકી બાત સૂણો.

* હું લાયક નથી... લાયક નથી-એમ એના નકારે વાત અટકી છે. પણ એને અંદરથી એમ આવવું જોઈએ કે હું આ ક્ષણે જ પરમાત્મા થવાને લાયક છું.-એવો અંદરથી વિશ્વાસ આવવો જોઈએ. આ વાતની જે હા પાડે છે, અંદરથી હકાર આવે છે, તે જીવને રાગથી છૂટો પડવાની શરૂઆત થઈ ગઈ છે, છૂટો પડતો જાય છે એટલે નૈગમનયે છૂટો પડી ગયો તેમ શાસ્ત્રમાં કહ્યું છે.

**( દૃષ્ટિનાં નિધાન - ૧૮ )**

## ગાથા - ૨૬ શ્લોક - ૨૪

अथाहाप्रतिबुद्धः-

जदि जीवो ण सरीरं तित्थयरायरियसंथुदी चेव।
सव्वा वि हवदि मिच्छा तेण दु आदा हवदि देहो।।२६।।

यदि जीवो न शरीरं तीर्थकराचार्यसंस्तुतिश्चैव।
सर्वापि भवति मिथ्या तेन तु आत्मा भवति देहः।।२६।।

હવે અપ્રતિબુદ્ધ જીવ કહે છે તેની ગાથા કહે છેઃ-

જો જીવ હોય ન દેહ તો આચાર્ય-તીર્થંકરતણી
સ્તુતિ સૌ ઠરે મિથ્યા જ, તેથી એકતા જીવ-દેહની ! ૨૬.

ગાથાર્થઃ- અપ્રતિબુદ્ધ કહે છે કેઃ [ यदि ] જો [ जीवः ] જીવ છે તે [ शरीरं न ] શરીર નથી તો [ तीर्थकराचार्यसंस्तुतिः ] તીર્થંકર અને આચાર્યોની સ્તુતિ કરી છે તે [ सर्वा अपि ] બધીયે [ मिथ्या भवति ] મિથ્યા ( જૂઠી ) થાય છે; [ तेन तु ] તેથી અમે સમજીએ છીએ કે [ आत्मा ] આત્મા તે [ देहः च एव ] દેહ જ [ भवति ] છે.

ટીકાઃ- જે આત્મા છે તે જ પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ આ શરીર છે. જો એમ ન હોય તો તીર્થંકર-આચાર્યોની જે સ્તુતિ કરવામાં આવી છે તે બધી મિથ્યા થાય. તે સ્તુતિ આ પ્રમાણે છે :-

यदि य एवात्मा तदेव शरीरं पुद्गलद्रव्यं न भवेत्तदा-

( शार्दूलविक्रीडित )

कान्त्यैव स्नपयन्ति ये दशदिशो धाम्ना निरुन्धन्ति ये
धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं
वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः।।२४।।

શ્લોકાર્થઃ-[ ते तीर्थेश्वराः सूरयः वन्द्याः ] તે તીર્થંકર-આચાર્યો વાંદવાયોગ્ય છે. કેવા છે તે ? [ ये कान्त्या एव दशदिशः स्नपयन्ति ] પોતાના દેહની કાન્તિથી દશે દિશાઓને ધુએ છે-નિર્મળ કરે છે, [ ये धाम्ना उद्दाम-महस्विनां धाम निरुन्धन्ति ] પોતાના તેજ વડે ઉત્કૃષ્ટ તેજવાળા સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે, [ ये रूपेण जनमनः मुष्णन्ति ] પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે, [ दिव्येन ध्वनिना श्रवणयोः साक्षात् सुखं अमृतं क्षरन्तः ] દિવ્યધ્વનિ-વાણીથી ( ભવ્યોના ) કાનોમાં સાક્ષાત્ સુખઅમૃત વરસાવે છે અને [ अष्टसहस्रलक्षणधराः ] એક હજારને આઠ લક્ષણોને ધારણ કરે છે, -એવા છે. ૨૪.

**ઈત્યાદિ તીર્થંકર-આચાર્યોની સ્તુતિ છે તે બધીયે મિથ્યા ઠરે છે. તેથી અમારો તો એકાંત એ જ નિશ્ચય છે કે આત્મા છે તે જ શરીર છે, પુદ્ગલ દ્રવ્ય છે. આ પ્રમાણે અપ્રતિબુદ્ધે કહ્યું છે.**

---

આહાહાઝહા ! શિષ્યે પ્રશ્ન ઉઠાવ્યો શાસ્ત્રમેંસે, કે તુમ ભગવાનકા દેહકી તો સ્તુતિ કરતે હો, તો દેહ અને આત્મા એક ન હોય તો ઐસી સ્તુતિ કયું કરતે હો ? ઐસા અજ્ઞાનીકા પ્રશ્ન હૈ. આહાહા !

ટીકાઃ– જો આત્મા હૈ વહી પુદ્ગલદ્રવ્ય સ્વરૂપ શરીર હૈ. યદિ ઐસા ન હો એ પુદ્ગલદ્રવ્ય સ્વરૂપ શરીર હૈ, આત્મા હૈ. વહી પુદ્ગલ દ્રવ્ય સ્વરૂપ શરીર હૈ, એમ કહેતે હૈ. આત્મા જો હૈ યહ પુદ્ગલ દ્રવ્ય શરીર હૈ વહી આત્મા હૈ. યદિ ઐસા ન હો, તો હમ પ્રશ્ન કરતે હૈ, તીર્થંકર ઔર આચાર્યકી સ્તુતિ કી ગઈ હૈ. તીર્થંકરકા શરીરકી સ્તુતિ કી ગઈ હૈ. તો એ સબ જૂઠી હો જાયેગી, સમજમેં આયા ? સબ મિથ્યા સિદ્ધ હોગી. આહાહાહા... શિષ્ય પ્રશ્ન કરતે હૈ કે તુમ તો શરીરસે આત્મા જુદા જુદા, અને આત્મા એ શરીર નહીં તો હમ તો કહેતે હૈ– શાસ્ત્રમેં તો તીર્થંકરકા શરીરકી સ્તુતિ ચલી હૈ. શરીરકી સ્તુતિ કિયા તો એ આત્માકી સ્તુતિ હુઈ. ( શ્રોતાઃ– નહીંતર કરો છો શું કામ ) નહીંતર કરો છો શું કામ ? આહાહા !

“જે તીર્થેશ્વરા સૂરયઃ વન્ધાઃ” એ તીર્થંકર અને આચાર્ય વંદનીય હૈ. કેસે હૈ ‘યે કાન્ત્યા એવ દશદિશઃ સ્નપયન્તિ’ અપને દેહકી કાંતિસે દશે દિશાઓકો ધોતે હૈ. આહાહા ! એ તીર્થંકરનું શરીર કાંતિમાન દશે દિશાને ધોતે હૈ આમ–પ્રકાશ પ્રકાશ પ્રકાશ પડે અંધારા આમ ઉલચી જાય. આહાહા ! આમ, પ્રભુ આ કોના વખાણ કરો છો તમે ? એ શરીરના વખાણ છે ! આત્મા શરીર હૈ તો આપ વખાણ કરતે હૈ ને ઐસા ? શરીરકી કાંતિસે દશો દિશા ધોતે હૈ, નિર્મળ કરતે હૈ. ભગવાનના શરીરની કાંતિ પરમઔદારિક હૈ. ઐસી કાંતિ કે સૂર્યના તેજ આગળ જેના તેજ છવાઈ જાય છે, કયા તુમ વખાણ કરતે હૈ ? શરીરકા કે આત્માકા ? તીર્થંકરકા શરીરકી સ્તુતિ હુઈ ઓ તીર્થંકરકી સ્તુતિ હુઈ. ઐસા હૈ નહિ સૂન તો સહી. આહાહા !

“કાન્ત્યૈવ દશદિશઃ સ્નપયન્તિ” અપને શરીરકી કાંતિસે દશો દિશાઓ ધોતે હૈ, “યે ધામ્ના ઉદ્દામ મહસ્વિનાં ધામ નિરુન્ધન્તિ” અપને તેજસે ઉત્કૃષ્ટ તેજવાળે સૂર્યાદિક કે તેજકો, આહાહાહા ! જેના શરીરની કાંતિના તેજ આગળ સૂર્યના તેજ ઝાંખા પડી જાય છે. સમજમેં આયા ? “એ રૂપેણ જનમનઃ મુષ્ણન્તિ”. અપને રૂપસે લોગોંકે મનકો હર લેતે હૈ. ભગવાનકા ઈતના રૂપ હૈ શરીરકા. આહાહા. અપને રૂપસે લોગોંકે મનકો હર લેતે હૈ. “દિવ્યેન ધ્વનિના શ્રવણયો સાક્ષાત્ સુખં અમૃતં ક્ષરેન્તઃ દિવ્યધ્વનિ” લ્યો આવ્યું દિવ્યધ્વનિ તો જડ હૈ. હમ સ્તુતિ તો કરતે હૈ. સમજમેં આયા ? દિવ્યે ધ્વનિનાં ભવ્યોકે કાનોમેં સાક્ષાત્ સુખામૃત વરસાતે હૈ. આહાહાહા ! ભગવાનની દિવ્યધ્વનિ ઇન્દ્રો ને નરેન્દ્રો બેઠા હોય સાક્ષાત્ જાણે અમૃત ઝરતા હોય એમ લાગે છે. આહાહા ! જેમાં સિંહ અને બિલાડી મિંદડી ને ઉંદર સાથે બેઠા હોય મિંદડીને વેર ન ઊછળે, એ વાણીના તો તુમ ઈતના વખાણ કરતે હો, વાણી તો જડ હૈ, જડના વખાણ કરતે હો તો તીર્થંકરકી સ્તુતિ હો ગઈ, શરીરકી સ્તુતિસે અરે ! સાંભળ તો ખરો ભાઈ. કાનોમેં સાક્ષાત્

સુખામૃત વરસાતે હૈ ઔર એક હજાર આઠ લક્ષણોસે ધારક હૈ લ્યો ભગવાનના શરીરમાં એક હજાર ને આઠ લક્ષણ શરીરમાં હોય છે, પગમાં, હાથમાં, હાથીનું કલ્પવૃક્ષનું એવા ચિહ્નો હોય એ તો બધા શરીરના વખાણ કર્યાં તમે, એમાં આત્માના વખાણ ક્યાં હૈ ? આત્મા એ શરીર છે માટે તમે શરીરના વખાણ કર્યાં છે એ તો આત્માના. ઇત્યાદિ રૂપસે જો તીર્થંકર આચાર્યોની સ્તુતિ હૈ યહ સબ મિથ્યા સિદ્ધ હોતી હૈ. જો તમે ઐસી સ્તુતિ કરતે હો અને કહેતે હો કે એ શરીર તે આત્મા નહીં, તો એ મિથ્યા સ્તુતિ હોગી. શિષ્યકા પ્રશ્ન હૈ. ઈસલિયે હમારા તો યહ એકાંત નિશ્ચય હૈ, કે આત્મા હૈ વો હિ શરીર હૈ. આહાહા... યહ પુદ્‌ગલ દ્રવ્ય હૈ – ઈસ પ્રકાર અપ્રતિબુદ્ધને કહા. ઉસકા જવાબ દેગા.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ. )

*** એ જ્ઞાનની દિવ્યતા છે ! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે ! કે જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે; તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે ? વસ્તુ સત્ છે ને ! વિદ્યમાન છે ને ! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને ! આહાહા ! જેની હૈયાતી નથી તેને હૈયાત જાણ ! તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હૈયાત જ છે, તેને જાણ ને ! ભાઈ ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ.**

**( દૃષ્ટિનાં નિધાન - ૧૧૧ )**

## ગાથા - ૨૭ થી ૩૦ શ્લોક - ૨૫-૨૬

नैवं, नयविभागानभिज्ञोऽसि-

ववहारणओ भासदि जीवो देहो य हवदि खलु एक्को।
ण दु णिच्छयस्स जीवो देहो य कदा वि एक्कट्ठो।।२७।।

व्यवहारनयो भाषते जीवो देहश्च भवति खल्वेकः।
न तु निश्चयस्य जीवो देहश्च कदाप्येकार्थः।।२७।।

इह खलु परस्परावगाढावस्थायामात्मशरीरयोः समावर्तितावस्थायां कनककलधौतयोरेकस्कन्धव्यवहारवद्व्यवहारमात्रेणैवैकत्वं, न पुनर्निश्चयतः, निश्चयतो ह्यात्मशरीरयोरुपयोगानुपयोगस्वभावयोः कनककलधौतयोः पीतपाण्डुरत्वादिस्वभावयोरिवात्यन्तव्यतिरिक्तत्वेनैकार्थत्वानुपपत्तेः नानात्वमेवेति। एवं हि किल नयविभागः। ततो व्यवहारनयेनैव शरीरस्तवनेनात्मस्तवनमूपपन्नम्।

---

ત્યાં આચાર્ય કહે છે કે એમ નથી; તું નયવિભાગને જાણતો નથી. તે નયવિભાગ આ પ્રમાણે છે એમ ગાથામાં કહે છેઃ-

**જીવ-દેહ બન્ને એક છે-વ્યવહારનયનું વચન આ;**
**પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થ ના. ૨૭.**

ગાથાર્થઃ- [ व्यवहारनयः ] વ્યવહારનય તો [ भाषते ] એમ કહે છે કે [ जीवः देहः च ] જીવ અને દેહ [ एकः खलु ] એક જ [ भवति ] છે; [ तु ] પણ [ निश्चयस्य ] નિશ્ચયનયનું કહેવું છે કે [ जीवः देहः च ] જીવ અને દેહ [ कदा अपि ] કદી પણ [ एकार्थः ] એક પદાર્થ [ न ] નથી.

ટીકાઃ- જેમ આ લોકમાં સુવર્ણ અને ચાંદીને ગાળી એક કરવાથી એકપિંડનો વ્યવહાર થાય છે તેમ આત્માને અને શરીરને પરસ્પર એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી એકપણાનો વ્યવહાર છે. આમ વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરનું એકપણું છે, પરંતુ નિશ્ચયથી એકપણું નથી; કારણ કે નિશ્ચયથી વિચારવામાં આવે તો, જેમ પીળાપણું આદિ અને સફેદપણું આદિ જેમનો સ્વભાવ છે એવાં સુવર્ણ અને ચાંદીને અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની અસિદ્ધિ છે તેથી અનેકપણું જ છે, તેવી રીતે ઉપયોગ અને અનુપયોગ જેમનો સ્વભાવ છે એવાં આત્મા અને શરીરને અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની પ્રાપ્તિ નથી તેથી અનેકપણું જ છે. આવો આ પ્રગટ નયવિભાગ છે.

માટે વ્યવહારનયે જ શરીરના સ્તવનથી આત્માનું સ્તવન બને છે.

ભાવાર્થઃ- વ્યવહારનય તો આત્મા અને શરીરને એક કહે અને નિશ્ચયનય ભિન્ન કહે છે. તેથી વ્યવહારનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન માનવામાં આવે છે.

तथा हि-

इणमण्णं जीवादो देहं पोग्गलमयं थुणित्तु मुणी।
मण्णदि हु संथुदो वंदिदो मए केवली भयवं।।२८।।
इदमन्यत् जीवाद्देहं पुद्गलमयं स्तुत्वा मुनिः।
मन्यते खलु संस्तुतो वन्दितो मया केवली भगवान्।।२८।।

यथा कलधौतगुणस्य पाण्डुरत्वस्य व्यपदेशेन परमार्थतोऽतत्स्वभावस्यापि कार्तस्वरस्य व्यवहारमात्रेणैव पाण्डुरं कार्तस्वरमित्यस्ति व्यपदेशः, तथा शरीरगुणस्य शुक्ललोहितत्वादेः स्तवनेन परमार्थतोऽतत्स्वभावस्यापि तीर्थकरकेवलिपुरुषस्य व्यवहारमात्रेणैव शुक्ललोहितस्तीर्थकरकेवलिपुरुष इत्यस्ति स्तवनम्। निश्चयनयेन तु शरीरस्तवनेनात्मस्तवनमनुपपन्नमेव।

---

આ જ વાત હવેની ગાથામાં કહે છેઃ-

જીવથી જુદા પુદ્‌ગલમયી આ દેહને સ્તવીને મુનિ
માને પ્રભુ કેવળીતણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.

ગાથાર્થઃ-[ जीवात् अन्यत् ] જીવથી ભિન્ન [ इदम् पुद्गलमयं देहं ] આ પુદ્‌ગલમય દેહની [ स्तुत्वा ] સ્તુતિ કરીને [ मुनिः ] સાધુ [ मन्यते खलु ] એમ માને છે કે [ मया ] મેં [ केवली भगवान् ] કેવળી ભગવાનની [ स्तुतः ] સ્તુતિ કરી, [ वन्दितः ] વંદના કરી.

ટીકાઃ- જેમ, પરમાર્થથી શ્વેતપણું સુવર્ણનો સ્વભાવ નહિ હોવા છતાં પણ, ચાંદીનો ગુણ જે શ્વેતપણું, તેના નામથી સુવર્ણનું 'શ્વેત સુવર્ણ' એવું નામ કહેવામાં આવે છે તે વ્યવહારમાત્રથી જ કહેવામાં આવે છે; તેવી રીતે, પરમાર્થથી શુકલ-રકતપણું તીર્થંકર-કેવળીપુરુષનો સ્વભાવ નહિ હોવા છતાં પણ, શરીરના ગુણો જે શુકલ-રકતપણું વગેરે, તેમના સ્તવનથી તીર્થંકર-કેવળીપુરુષનું 'શુકલ-રકત તીર્થંકર-કેવળીપુરુષ' એવું સ્તવન કરવામાં આવે છે તે વ્યવહારમાત્રથી જ કરવામાં આવે છે. પરંતુ નિશ્ચયનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન બનતું જ નથી.

ભાવાર્થઃ- અહીં કોઈ પ્રશ્ન કરે કે વ્યવહારનય તો અસત્યાર્થ કહ્યો છે અને શરીર જડ છે તો વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ છે? તેનો ઉત્તરઃ-વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી, નિશ્ચયને પ્રધાન કરી અસત્યાર્થ કહ્યો છે. વળી છદ્મસ્થને પોતાનો, પરનો આત્મા સાક્ષાત્ દેખાતો નથી, શરીર દેખાય છે, તેની શાંતરૂપ મુદ્રાને દેખી પોતાને પણ શાન્ત ભાવ થાય છે. આવો ઉપકાર જાણી શરીરના આશ્રયે પણ સ્તુતિ કરે છે; તથા શાન્ત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે એ પણ ઉપકાર છે.

---

तथा हि-

तं णिच्छये ण जुज्जदि ण सरीरगुणा हि होंति केवलिणो।
केवलिगुणे थुणदि जो सो तच्चं केवलिं थुणदि।।२९।।

तन्निश्चये न युज्यते न शरीरगुणा हि भवन्ति केवलिनः।
केवलिगुणान् स्तौति यः स तत्त्वं केवलिनं स्तौति।।२९।।

यथा कार्तस्वरस्य कलधौतगुणस्य पाण्डुरत्वस्याभावान्न निश्चयतस्तद्व्यपदेशेनव्यपदेशः, कार्तस्वरगुणस्य व्यपदेशेनैव कार्तस्वरस्य व्यपदेशात्; तथा तीर्थकरकेवलिपुरुषस्य शरीरगुणस्य शुक्ललोहितत्वादेरभावान्न निश्चयतस्तत्स्तवनेन स्तवनं, तीर्थकरकेवलि- पुरुषगुणस्य स्तवनेनैव तीर्थकरकेवलिपुरुषस्य स्तवनात्।

---

ઉપરની વાતને ગાથાથી કહે છેઃ-

**પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળીતણા;**
**જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.**

ગાથાર્થઃ- [ तत् ] તે સ્તવન [ निश्चये ] નિશ્ચયમાં [ न युज्यते ] યોગ્ય નથી [ हि ] કારણ કે [ शरीरगुणाः ] શરીરના ગુણો [ केवलिनः ] કેવળીના [ न भवन्ति ] નથી; [ यः ] જે [ केवलिगुणान् ] કેવળીના ગુણોની [ स्तौति ] સ્તુતિ કરે છે [ सः ] તે [ तत्त्वं ] પરમાર્થથી [ केवलिनं ] કેવળીની [ स्तौति ] સ્તુતિ કરે છે.

ટીકાઃ- જેમ ચાંદીનો ગુણ જે સફેદપણું, તેનો સુવર્ણમાં અભાવ છે માટે નિશ્ચયથી સફેદપણાના નામથી સોનાનું નામ નથી બનતું, સુવર્ણના ગુણ જે પીળા-પણું આદિ છે તેમના નામથી જ સુવર્ણનું નામ થાય છે; તેવી રીતે શરીરના ગુણો જે શુકલ-રકતપણું વગેરે, તેમનો તીર્થંકર-કેવળીપુરુષમાં અભાવ છે માટે નિશ્ચયથી શરીરના શુકલ-રકતપણું વગેરે ગુણોનું સ્તવન કરવાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન નથી થતું, તીર્થંકર-કેવળીપુરુષના ગુણોનું સ્તવન કરવાથી જ તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થાય છે.

---

कथं शरीरस्तवनेन तदधिष्ठातृत्वादात्मनो निश्चयेन स्तवनं न युज्यत इति चेत्-

णयरम्मि वण्णिदे जह ण वि रण्णो वण्णणा कदा होदि।
देहगुणे थुव्वंते ण केवलिगुणा थुदा होंति।।३०।।

नगरे वर्णिते यथा नापि राज्ञो वर्णना कृता भवति।
देहगुणे स्तूयमाने न केवलिगुणाः स्तुता भवन्ति।।३०।।

હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે તેથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી ? એવા પ્રશ્નના ઉત્તરરૂપે દૃષ્ટાંત સહિત ગાથા કહે છેઃ-

**વર્ણન કર્યે નગરી તણું નહિં થાય વર્ણન ભૂપનું,**
**કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.**

ગાથાર્થઃ- [ यथा ] જેમ [ नगरे ] નગરનું [ वर्णिते अपि ] વર્ણન કરતાં છતાં [ राज्ञः वर्णना ] રાજાનું વર્ણન [ न कृता भवति ] કરાતું ( થતું ) નથી, તેમ [ देहगुणे स्तूयमाने ] દેહના ગુણનું સ્તવન કરતાં [ केवलिगुणाः ] કેવળીના ગુણોનું [ स्तुताः न भवन्ति ] સ્તવન થતું નથી.

ટીકાઃ- ઉપરના અર્થનું ( ટીકામાં ) કાવ્ય કહે છેઃ-

तथा हि-

( आर्या )

प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम्।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम्।।२५।।

इति नगरे वर्णितेऽपि राज्ञः तदधिष्ठातृत्वेऽपि प्राकारोपवनपरिखादिमत्त्वाभावाद्वर्णनं न स्यात् ।

શ્લોકાર્થઃ- [ इदं नगरम् हि ] આ નગર એવું છે કે જેણે [ प्राकार-कवलित-अम्बरम् ] કોટ વડે આકાશને ગ્રસ્યું છે ( અર્થાત્ તેનો ગઢ બહુ ઊંચો છે ), [ उपवन-राजी-निगीर्ण-भूमितलम् ] બગીચાઓની પંક્તિઓથી જે ભૂમિતળને ગળી ગયું છે ( અર્થાત્ ચારે તરફ બગીચાઓથી પૃથ્વી ઢંકાઈ ગઈ છે ) અને [ परिखावलयेन पातालम् पिबति इव ] કોટની ચારે તરફ ખાઈનાં ઘેરાથી જાણે કે પાતાળને પી રહ્યું છે ( અર્થાત્ ખાઈ બહુ ઊંડી છે ). ૨૫.

આમ નગરનું વર્ણન કરવા છતાં તેનાથી રાજાનું વર્ણન થતું નથી કારણ કે, જોકે રાજા તેનો અધિષ્ઠાતા છે તોપણ, કોટ-બાગ-ખાઈ-આદિવાળો રાજા નથી.

---

તેવી રીતે શરીરનું સ્વતન કર્યે તીર્થંકરનું સ્તવન થતું નથી તેનો પણ શ્લોક કહે છેઃ-

तथैव-

( आर्या )

नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम्।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति।।२६।।

इति शरीरे स्तूयमानेऽपि तीर्थंकरकेवलिपुरुषस्य तदधिष्ठातृत्वेऽपि सुस्थितसर्वाङ्गत्वलावण्यादिगुणाभावात्स्तवनं न स्यात्।

अथ निश्चयस्तुतिमाह। तत्र ज्ञेयज्ञायकसङ्करदोषपरिहारेण तावत्।

---

તેવી રીતે શરીરનું સ્તવન કર્યે તીર્થંકરનું સ્તવન થતું નથી તેનો પણ શ્લોક કહે છેઃ-

શ્લોકાર્થઃ- [ जिनेन्द्ररूपं परं जयति ] જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે. કેવું છે તે ? [ नित्यम्-अविकार-सुस्थित-सर्वाङ्गम् ] જેમાં સર્વ અંગ હંમેશાં અવિકાર અને સુસ્થિત ( સારી રીતે સુખરૂપ સ્થિત ) છે, [ अपूर्व-सहज-लावण्यम् ] જેમાં ( જન્મથી જ ) અપૂર્વ અને સ્વાભાવિક લાવણ્ય છે ( અર્થાત્ જે સર્વને પ્રિય લાગે છે ) અને [ समुद्रं इव अक्षोभम् ] જે સમુદ્રની જેમ ક્ષોભરહિત છે, ચળાચળ નથી. ૨૬.

આમ શરીરનું સ્તવન કરવા છતાં તેનાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થતું નથી કારણ કે, જોકે તીર્થંકર-કેવળીપુરુષને શરીરનું અધિષ્ઠાતાપણું છે તો પણ, સુસ્થિત સર્વાંગપણું, લાવણ્ય આદિ આત્માના ગુણ નહિ હોવાથી તીર્થંકર-કેવળીપુરુષને તે ગુણોનો અભાવ છે.

## પ્રવચન નં. ૮૮ ગાથા - ૨૭ થી ૩૦ શ્લોક ૨૫ - ૨૬

### તા. ૨૧-૯-૭૮ ગુરૂવાર, ભાદરવા વદ-૫ સં. ૨૫૦૪

એમ કહ્યું કે શરીર ને આત્મા તો એક છે કેમકે તમે સ્તુતિ તો ભગવાનની ને આચાર્યની કરો છો એ બધા પુણ્યના ફળ અને શરીરની સ્તુતિ કરો છો. માટે હું તો એમ માનું છું કે શરીર ને આત્મા એક છે. જરી ઝીણી વાત આવશે. ત્યાં અપ્રતિબુદ્ધે એમ કહ્યું. એકાંત વ્યવહાર જ હોય અને નિશ્ચયની ખબર નથી એ એકલા વ્યવહારને માને છે, એ ખોટું છે, એ જૂઠું છે એમ કહેવું છે. આચાર્ય કહે છે એમ નથી. તું નય વિભાગને જાણતો નથી. વ્યવહારનયને રાખી છે ખરી, છે ખરી પણ એનાથી ભિન્ન નિશ્ચયનયને તે જાણતો નથી. આહાહા ! તે નય વિભાગ આ પ્રમાણે છે.

ववहारणओ भासदि जीवो देहो य हवदि खलु एक्को ।
ण दु णिच्छयस्स जीवो देहो य कदा वि एक्कट्ठो ।।२७।।

( હરિગીત )

જીવ-દેહ બન્ને એક છે-વ્યવહારનયનું વચન આ;
પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થ ના. ૨૭.

જરી સૂક્ષ્મ રીતે વાત કરી છે.

ટીકાઃ- જેમ આ લોકમાં સુવર્ણ અને ચાંદીને ગાળી, સોનું અને રૂપું ચાંદી એક કરવાથી, એક પિંડનો વ્યવહાર થાય છે, એક પિંડનો વ્યવહાર થાય છે, તેમ આત્માને અને શરીરને પરસ્પર એક ક્ષેત્રે રહેવાની જગ્યો છે. ( શ્રોતાઃ- આકાશનું ક્ષેત્ર ) એને એમાં તો જરી એવું કહેવું છે કે એ વિકલ્પથી સ્તુતિ છે, એ વિકલ્પ પોતે વ્યવહાર સ્તુતિ છે અને વિકલ્પ પરની સ્તુતિ કરે છે, પર ઉપર આમ લક્ષ જાય છે ને એનું એટલે ખરેખર તો એ વિકલ્પની સ્તુતિ છે એ શરીરની સ્તુતિ છે એમ કીધું છે, વિકલ્પથી સ્તુતિ છે. એ ખરેખર વિકલ્પ પોતે પુદ્ગલ છે નિશ્ચયનયથી. અને એનાથી શરીરની સ્તુતિ કરી, કારણકે એનું લક્ષ ત્યાં પર ઉપર છે. એ વાસ્તવિક સ્તુતિ નથી પણ એ વસ્તુ સ્થિતિ નથી જ એમ નથી. આહાહા ! કહેશે ધીમેથી હોં મોટો વ્યવહારનો- નયનો ઝગડો છે ને.

આત્માને અને શરીરને પરસ્પર એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી, આહાહાહા... એક પણાનો વ્યવહાર છે. આહાહાહા... આમ આ વ્યવહાર માત્રથી જ આત્માને શરીરનું એકપણું છે. પરંતુ નિશ્ચયથી એકપણું નથી. આહાહા ! કારણ કે નિશ્ચયથી વિચારવામાં આવે તો જેમ પીળાશપણું આદિ સફેદપણું આદિ, પીળાશપણું સોનાનો ગુણ છે અને સફેદપણું ચાંદીનો. એ સુવર્ણ ( અને ) ચાંદીને અત્યંત ભિન્નપણું છે. ભલે એક પિંડ તરીકે કહ્યું, સોનું અને ચાંદી ભેગું છે તેથી આ સોનું ધોળું છે એમ કહ્યું, પણ ધોળું તો રૂપું છે, સોનું તો પીળું છે. આહા... કઈ શૈલી નાખી એક પદાર્થપણાની અસિદ્ધિ છે તેથી અનેકપણું જ છે. સોનું સોનું છે અને ચાંદી ચાંદી છે. ભલે એક પિંડ તરીકે કહેવામાં આવ્યું હોય. તેવી રીતે આહાહાહા... ઉપયોગ અને અનુપયોગ જેમનો સ્વભાવ છે. આહાહાહા ! જાણવું દેખવું એવો ઉપયોગ જેનો સ્વભાવ આત્માનો છે.

આહાહા ! અને વ્યવહાર સ્તુતિ રાગાદિ શરીરાદિ એ અણઉપયોગ જેનો સ્વભાવ છે. આહાહાહા... એવા આત્માને અને શરીરને અત્યંત ભિન્નપણું હોવાથી, એવો આત્માને અને રાગને અત્યંત ભિન્નપણું હોવાથી, સમજાણું કાંઈ ? એક પદાર્થપણાની પ્રાપ્તિ નથી. રાગ અને આત્મા એકપણે નથી. એમ શરીર અને આત્મા એકપણે નથી. આહાહાહા ! તેથી અનેકપણું જ છે આવો પ્રગટ નય વિભાગ છે. આહાહાહા !

વ્યવહારનય તો આત્માને અને શરીરને એક કહે છે, આગળ કહેશે. વ્યવહારનયથી પણ આ ફળ છે એમ કહેશે, એનો અર્થ ? એ વ્યવહાર જુઠ્ઠો કહ્યો એથી ભગવાનની સ્તુતિ ને એ હોઈ શકે જ નહીં, એમ નહીં. એ પરમાર્થ વસ્તુ નથી તેથી એને અસત્યાર્થ કીધી. જેમ પર્યાયને અગિયારમી ગાથામાં અસત્યાર્થ કીધી, એ તો ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ કીધી છે, પણ પર્યાયની અપેક્ષાએ પર્યાય છે, એમ વિકલ્પથી સ્તુતિ ભગવાનની, કારણ કે વિકલ્પ છે એ પરમાં લક્ષ જાય છે. એનું શરીર ને એના... એ, એ વિકલ્પથી સ્તુતિ છે એ પરમાર્થે સ્તુતિ નથી. પણ પરમાર્થ સ્તુતિ છે, એને વિકલ્પ ભાવ આવે છે, એવી વ્યવહાર સ્તુતિ હોય છે. આહા... આવી વાતું છે. સમજાય છે કાંઈ ?

જયસેનાચાર્યની ટીકામાં તો સાધ્ય સાધક લીધું છે. વ્યવહાર સાધન છે, નિમિત્તથી કહ્યું ને વિકલ્પ વ્યવહાર, છે એમ સિદ્ધ કરે છે એટલું. આવું કરીને એક આર્જા એવી છે કે જુઓ ભગવાનની મૂર્તિ ને પ્રતિમાની સ્તુતિ ને એ બધુ જૂઠું છે, માટે અમે સ્થાનકવાસી માનીએ છીએ એ સાચું છે એમ કહે છે. કઈ અપેક્ષાએ કહ્યું છે ? એ તો એકલો વિકલ્પથી સ્તુતિ કરે છે અને પર તરફનું એનું લક્ષ છે એ અપેક્ષાએ જૂઠું છે. પણ નિર્વિકલ્પદૃષ્ટિ થઈ, રાગથી ભિન્ન આત્માની સ્તુતિ થઈ એને જે વિકલ્પ આવે છે એ વિકલ્પ વ્યવહાર સ્તુતિ છે. છે ભલે એ રાગની અને પુદ્‌ગલની છે એ. વિકલ્પ છે એ પોતે જ પુદ્‌ગલ છે ને રાગ ! આહાહાહાહા... આવું અટપટુ લાગે. વ્યવહાર સ્તુતિ નથી, એમ નહીં પણ વ્યવહાર સ્તુતિ એ પરમાર્થ સ્તુતિ નથી એમ. આહાહા !

પરમાર્થ સ્તુતિ તો ભગવાન આત્મા અનંતગુણનો પિંડ છે એના તરફની એકાગ્રતાના આશ્રયમાં એનો સત્કાર સ્વીકાર, આહાહા... એ નિશ્ચય, સત્ય, અબંધ પરિણામી નિશ્ચય સ્તુતિ. સમજાણું કાંઈ ?

આહાહા ! અને એકલો વ્યવહાર છે એ જૂઠો છે એટલું સિદ્ધ કરવું છે. પણ વ્યવહાર નિશ્ચય સ્તુતિવાળાને, એવો વિકલ્પ આવે અને ભગવાનના ગુણ ગાય, એ ભગવાનના ગુણ ગાય એ તો પરના ને શરીરના છે ખરેખર, આત્માના નહીં એમ કહે છે. આહાહા ! સમજાય છે કાંઈ ? આહાહાહા !

એથી અહીં કહ્યું આ જ વાત હવેની ગાથામાં કહે છે. જુઓ ૨૮ ગાથા એવી ખૂબીથી મૂકયું છે કે વ્યવહાર જૂઠો છે એમ કહ્યું છતાં પણ એની સ્તુતિ કરવાથી અથવા એમની ભગવાનની પ્રતિમા કે મૂર્તિ દેખવાથી શાંત ભાવ એટલે શુભભાવ થાય છે, અને તેને દેખવાથી શાંતિ આવી છે, એવું જ્ઞાનમાં લક્ષ આવે, છે તો શુભભાવ. પણ એ શુભભાવ તદ્દન નથી જ, અને ન જ હોય એમ નથી. સમજાણું કાંઈ ? એ શુભભાવ હોય છે, નિશ્ચયના અનુભવની અપેક્ષા રાખીને, કેમકે શ્રુતજ્ઞાન થતાં આત્માને આશ્રયે સમ્યગ્દર્શન થતાં, ભાવશ્રુતજ્ઞાન જે થયું, એના બે ભેદ નિશ્ચય

( નય ) અને વ્યવહારનય પડી જાય છે. એટલે જ્ઞાનીને પણ વ્યવહારનય હોય છે. પણ એકલો વ્યવહારનય એ હિતકર છે એમ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? એ વ્યવહારનય આવે જ્ઞાનીને, એમાં શુભભાવ હોય છે અને તેથી રાગ દ્વારા ભગવાનના, પરદ્રવ્યના, આત્મા સિવાય પરદ્રવ્ય એ અદ્રવ્ય થઈ ગયું, એટલે આ આત્મા નહીં, એટલે શરીર થઈ ગયું. શું કીધું સમજાણું ?

આ આત્મા સિવાય વિકલ્પ ઉઠયો એ પણ શરીર છે એક ન્યાયે, અને જેની સ્તુતિ કરવામાં આવે છે એ પણ આ આત્મા નથી એટલે એ શરીર જ છે. વ્યવહાર સ્તુતિ છે ને ? આહા ! ચાહે તો ભલે ભગવાનનાં, સર્વજ્ઞના વિકલ્પથી એનો એ કરે, તો પણ એ તો રાગ છે. અને તે રાગ છે એ કાંઈ સ્વભાવની સ્તુતિ નથી. એના આત્માનો જે સ્વભાવ છે એની સ્તુતિ નથી. આહાહાહા ! એ વ્યવહાર બિલકુલ જૂઠો છે એમ કહેવું છે ઈ એમ નથી ત્યાં. વ્યવહાર છે ખરો, પણ વ્યવહાર નિશ્ચયનું કારણ છે એમ નથી. છતાં નિમિત્ત કથનથી એમ કહેવાય, નિમિત્તને સાધક તરીકે ઉપચારથી, વ્યવહારથી, અભૂતાર્થનયથી કહેવાય. આ.. રે આટલા બધા... સમજાણું કાંઈ ?

આ સ્તુતિમાં મોટો ગોટો છે. એ ઓલી આર્જા કહે છે, જુઓ સમયસાર કહે છે, કે મૂર્તિ અને મૂર્તિની પૂજા ને સ્તુતિ જૂઠી છે. આહાહાહા... અને આત્મસિદ્ધિમાં કાંઈ મૂર્તિ આવી નથી ક્યાંય. શ્રીમદ્‌માં છે ને ખ્યાલ છે. પણ એથી કરીને ભગવાનની પ્રતિમા અને એની સ્તુતિનો વિકલ્પ એ જ્ઞાનીને ન જ હોય, એમ નહીં... ( શ્રોતાઃ- વિકલ્પ આવી જાય છે. ) આવી જાય છે. આહાહા ! નિશ્ચય સ્તુતિ તો પોતાના સ્વરૂપમાં એકાગ્રતા એ નિશ્ચય, એને શ્રુતજ્ઞાનનો વ્યવહારનય આવે એ વ્યવહારનય એટલે વિકલ્પ. વ્યવહારનયનો વિષય વિકલ્પ અને એનો વિષય પછી પર. આહાહાહા... એને અહીંયા શરીરની સ્તુતિ તે આત્માની સ્તુતિ નહીં વિકલ્પથી સ્તુતિ તે આત્માની સ્તુતિ નહીં એટલી વાત. છતાં નિર્વિકલ્પ સ્તુતિ જે છે એને પૂર્ણ વીતરાગ નથી ત્યારે એને વિકલ્પની સ્તુતિ આવ્યા વિના રહે જ નહીં. હોય છે, સાધક છે ને ? એટલે એમ ને એમ નિષેધ જ કરી નાખે, વ્યવહાર સ્તુતિનો વિકલ્પ છે, એ ન જ હોય, તો એ જૂઠો છે. તેમ એ વ્યવહાર સ્તુતિ છે એ મોક્ષનું કારણ છે એમ નથી. આહા... આવા ફેર બહુ આકરું કામ બહુ. પકડાઈ ગયા હોય છે ને એમાં પછી પોતાની દૃષ્ટિએ એના અર્થ કરવા. એમ ન હોય ભાઈ. આહાહા !

અહીંયા તો એ કહે છે જુઓ અઠયાવીસ.

इणमण्णं जीवादो देहं पोग्गलमयं थुणित्तु मुणी ।
मण्णदि हु संथुदो वंदिदो मए केवली भयवं ।।२८।।

( હરિગીત )

જીવથી જુદા પુદ્‌ગલમયી આ દેહને સ્તવીને મુનિ
માને પ્રભુ કેવળીતણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.

ટીકાઃ- જેમ પરમાર્થથી શ્વેતપણું સુવર્ણનો સ્વભાવ નહીં હોવા છતાં પણ ચાંદીનો ગુણ જે શ્વેતપણું, તેના નામથી સુવર્ણનું 'શ્વેત સુવર્ણ' ધોળું સોનું એમ કહે ને ધોળું સોનું એવું નામ કહેવામાં આવે છે, તે વ્યવહાર માત્રથી જ કહેવામાં આવે છે. તેવી રીતે પરમાર્થથી શુક્લ

રક્તપણું તીર્થંકર કેવળી પુરુષનો સ્વભાવ નહીં હોવા છતાં પણ, સોના વર્ણે ભગવાન છે એમ આવે છે ને ? સોળ તીર્થંકર સોના વર્ણે, શરીરનાં ગુણો જે શુક્લ રક્તપણું વગેરે તેમના સ્તવનથી તીર્થંકર કેવળી પુરુષનું શુક્લ રક્ત તીર્થંકર કેવળી પુરુષ, એવું સ્તવન કરવામાં આવે છે તે વ્યવહાર માત્રથી જ કરવામાં આવે છે. જોયું ? વ્યવહાર સિદ્ધ કર્યો.

ભગવાન પરમાત્મા પર વસ્તુ છે, એની સ્તુતિ છે એ વિકલ્પ છે, ખરેખર તો એ પુદ્‌ગલ છે. અને તે પોતે પુદ્‌ગલ એટલે આ આત્મા સિવાય પરની સ્તુતિનો વિકલ્પ જ્ઞાનીને પણ આવે છે. પણ એ વાસ્તવિક મોક્ષનું કારણ નથી. આહાહાહા ! એટલું ( સિદ્ધ કરવું છે. ) આહાહાહા ! આઘું પાછું કરીને માળે ફેરવી નાંખ્યું. ( શ્રોતાઃ– સમ્યગ્દર્શનને નિશ્ચય સ્તુતિ કહી છે ) એ સ્તુતિ છે. પણ છતાં એ સ્તુતિ છતાં આવો વિકલ્પનો વ્યવહાર સ્તુતિનો ભાવ આવે. છતાંય એ સાચી સ્તુતિ નથી. છતાં એ વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહેતો નથી. આવું અટપટું બહુ કામ. આહાહા !

ખરેખર તો જે વિકલ્પ ઊઠે છે એ જ ખરેખર તો પર શરીર છે, અને એની સ્તુતિ જે આમ કરે છે પરની આ આત્મા સિવાયના પરનો, પર છે તે અણાત્મા છે, આ હિસાબે તો આ દ્રવ્યની અપેક્ષાએ તો ભગવાનના દ્રવ્યને પણ અદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહાહાહા ! આવું છે ભાઈ ! એમ ભગવાન આત્માની અપેક્ષાએ, ભગવાનનો આત્મા પણ આ અપેક્ષાએ અણાત્મા કહેવાય છે. એની અપેક્ષાએ આત્મા છે. આહાહાહા ! એવા અણાત્માની એટલે કે શરીરની, આહાહા... એ સ્તુતિ વ્યવહારથી કરવામાં આવે છે. પરંતુ નિશ્ચયસે એનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન બનતું નથી. પણ વિકલ્પથી પરના સ્તવનથી સ્વનું નિશ્ચય સ્તવન બનતું નથી. સમજાણું કાંઈ ?

આહાહા ! આહાહા... એ કળશમાં આવે છે ને ભાઈ. પહેલાં આત્મા ને અનાત્મા શરૂઆતમાં આવે છે. કળશમાં આવે છે. આ આત્મા સિવાય બીજા બધા અણાત્મા કહેવાય. આ અપેક્ષાએ હોં. આ દ્રવ્ય છે એ સ્વદ્રવ્ય છે, અને સ્વદ્રવ્યની અપેક્ષાએ ભગવાનનું દ્રવ્ય અદ્રવ્ય કહેવાય. આહાહા ! એમની અપેક્ષાએ એમનું દ્રવ્ય, આની અપેક્ષાએ અદ્રવ્ય. આહાહાહા. એમની અપેક્ષાએ એમનો આત્મા આત્મા, પણ આની અપેક્ષાએ એનો આત્મા અણાત્મા. આરે આવી બધી આકરી વાતું. ઓહોહો... એટલે કોઈ વ્યવહાર સ્તુતિ છે એ જૂઠી કીધી માટે હોય જ નહીં એમ નહીં. જૂઠીનો અર્થ એ બંધનું કારણ છે વ્યવહારનયનો વિષય રાગ અને સ્તુતિ એ બધો બંધનું કારણ છે એ અપેક્ષાએ એને જૂઠું કહ્યું, પણ એ વસ્તુ નથી જ એમ નથી, આહાહા... એવો શુભભાવ હોય છે પણ એનાથી ભગવાનની સ્તુતિ તીર્થંકરની સ્તુતિ...

જુઓ શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન બનતું નથી એટલી વાત. વિકલ્પ દ્વારા પોતાના આત્માના અનંતગુણના પિંડની સ્તુતિ સિવાય જેટલી પરની સ્તુતિ છે એ વાસ્તવિક યથાર્થ સ્તુતિ નથી. સમજાણું કાંઈ ? એથી અયથાર્થ સ્તુતિ હોવાથી એ સ્તુતિનો ભાવ અને પર તરફનું જે સ્તુતિનું લક્ષ એ વસ્તુ જ નથી, એમ નથી. આ... રે આટલા બધા...( પડખાં સમજવા ! )

તેથી કહે છે જુઓ–

ભાવાર્થઃ- તેથી અહીં કોઈ પ્રશ્ન કરે કે વ્યવહારનય તો અસત્યાર્થ કહ્યો છે. છે ? અને શરીર જડ છે, તો વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ ? આહાહા... તેનો ઉત્તરઃ- "વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી." છે જ નહીં એમ નથી. આહાહાહા... 'નિશ્ચયને પ્રધાન કરીને સત્યાર્થ કહ્યો છે' જોયું ? અંદર ભગવાન આત્માના આનંદની એકાગ્રતાની સ્તુતિ, એ નિશ્ચયની પ્રધાનતાની અપેક્ષાએ વિકલ્પની સ્તુતિને જૂઠી કીધી છે. આહાહાહા ! વળી છદ્મસ્થને, હવે જુઓ, ઓલો વિકલ્પ છે ને એટલે વિકલ્પમાં કાંઈ ભગવાનનો આત્મા જણાતો નથી. "છદ્મસ્થને પોતાનો ને પરનો આત્મા સાક્ષાત્ દેખાતો નથી." છે ? વ્યવહારથી શરીર દેખાય છે. પોતાનો પણ અંદર વિકલ્પ દેખાય વ્યવહારથી, અને સામાનું પણ એનું બાહ્ય શરીરને એ દેખાય અથવા ભલે એના ગુણ હોય પણ આ ગુણની અપેક્ષાએ એ અનાત્મા છે. આહાહાહાહા ! અહીં પાછું કહેશે કે ભાઈ ભગવાનની સ્તુતિ એ નહીં, તો નિશ્ચય સ્તુતિ કોને કહેવી ? ત્યારે ભગવાનની નિશ્ચય સ્તુતિ એમ ન લીધી. આ આત્મા અંતરમાં અનંત આનંદનો કંદ પ્રભુ, એની સન્મુખ થઈને એકાગ્ર થવું તે નિશ્ચય કેવળીની સ્તુતિ છે. કહો હવે સ્તુતિ અહીંયા કહેવી આની ને નિશ્ચય સ્તુતિ, આહાહાહા ! અરે આ માર્ગ તો પ્રભુ સ્યાદ્વાદથી કઈ અપેક્ષાએ કહ્યું છે, એ ન સમજતાં ખેંચાતાણી કરે અને વ્યવહાર સ્તુતિથી કલ્યાણ થઈ જાય એમ માને એ ખોટું છે, અને વ્યવહાર સ્તુતિ ન જ આવે, સમકિતીને-જ્ઞાનીને પણ, એય ખોટું છે. હૈં ? એ અહીં કહે છે, જુઓ, તેની શાંતરૂપ મુદ્રાને દેખીને જુઓ, છે તો પર પણ શુભભાવ આવ્યો છે એટલે ભગવાનની મૂર્તિ, પ્રતિમા કે ભગવાન સાક્ષાત્ હોય. આહાહા ! શાંતરૂપ મુદ્રા દેખીને પોતાને પણ શાંત ભાવ થાય શુભભાવ. સમજાણું કાંઈ ? મુદ્રા દેખીને એ નિમિત્તથી કથન છે પણ પોતાને એવો શુભભાવ હોય છે ત્યારે આમ દેખતા શાંત છે એમ એને લાગે, એના જ્ઞાનની પર્યાયમાં, આહાહા... શું શૈલી !

આવો ઉપકાર જાણી, જોયું ? શરીરના આશ્રયે પણ સ્તુતિ કરે છે, એટલે કે વિકલ્પનો ભાવ આવે છે. આહાહાહા ! અને નિર્વિકલ્પ પ્રભુ આત્માની સ્તુતિ સિવાય આવો વિકલ્પનો ભાવ હોય છે. આહાહા ! બહુ ફેરફાર. મધ્યસ્થથી વાત ન સમજે ને ખેંચાતાણ કરે, અહીં તો કહ્યું છે પાછું ખુલાસો કર્યો છે કે એનાથી શાંત ભાવ થાય છે, એટલે કે શુભભાવ થાય છે તો પોતાથી, પણ એનું લક્ષ ન્યાં જાય છે. આહાહાહા ! વ્યવહારનયનું લક્ષ જ પર ઉપર જાય છે, અને નિશ્ચયનું લક્ષ સ્વ ઉપર છે. આહાહા ! પણ એ વ્યવહારનયનો વિષય સ્તુતિ, એ મોક્ષનો માર્ગ નહીં. સમજાણું કાંઈ ? છતાં બંધનો માર્ગ વિકલ્પનો વચ્ચે આવ્યા વિના રહે નહીં, એ પણ જ્ઞાનીને, અજ્ઞાનીને તો નિશ્ચય નથી તો વ્યવહારેય નથી. આહાહાહા... આવું બધું ઘણું કયાં ફેરફાર ?

જોયું ? શાંતમુદ્રા દેખી અંતરંગમાં વીતરાગભાવનો નિશ્ચય થાય છે. જોયું ? લક્ષ છે ને પર ઉપર કે, આહાહા... શાંત પ્રતિમા મુદ્રા, વીતરાગ મુદ્રા દેખી કેવળજ્ઞાન યાદ આવે, આવે છે ને ? સમયસાર નાટકમાં આવે છે. ચૌદ ગુણસ્થાનના અધિકારમાં મુદ્રા દેખીને કે, આહાહા... છે તો શુભભાવ પણ એના લક્ષમાં, આહાહા... પણ એવો ભાવ આવે, તેથી વ્યવહાર સ્તુતિને પણ અવકાશ છે, એટલી વાત. પણ એ વ્યવહાર સ્તુતિ છે માટે નિશ્ચય સ્તુતિનું કારણ છે એમ નથી.

બહુ આકરો ફેરફાર. વ્યવહારને નથી જ એમ ઉથાપે છે એ જૂઠા છે, તેમ વ્યવહારથી નિશ્ચયનો લાભ થાય છે એમ માને છે એય જૂઠા છે. હવે આવી વાત ક્યાં.

વીતરાગભાવનો નિશ્ચય થાય છે, જોયું ? પોતે જાણે કે, આહાહા... આવા વીતરાગ, આવા વીતરાગ. એ કોને ? કે જેને નિશ્ચય સ્તુતિનો સ્વભાવ પ્રગટયો છે એને શુભભાવમાં આમ જણાય છે. આહાહાહા ! જુઓ, ભાવાર્થ કર્તાએ આવો ખુલાસો કર્યો. વ્યવહાર સ્તુતિને સ્થાપી છે, પણ એ બંધનું કારણ છે, એથી એને નિશ્ચય સ્તુતિ કહેવામાં આવતી નથી. પણ નિશ્ચય સ્તુતિ કહેવામાં નથી આવતી માટે વ્યવહાર સ્તુતિનો ભાવ ન જ હોય, એમ નથી. આરે આવી વાતું ઘડીકમાં 'હા' અને ઘડીકમાં 'ના' કઈ અપેક્ષા છે, એ જાણવું જોઈએ ને ? આહાહાહા ! આ આત્માની અપેક્ષાએ બીજા બધા આત્માઓ પણ અણાત્મા અને અદ્રવ્ય છે. આહાહાહા !

એટલે ખરેખર તો એ અજીવ છે, એ જીવ નથી, આ જીવની અપેક્ષાએ. આહાહાહા... આવી વાત છે. એટલે અજીવની સ્તુતિ છે એ શુભ વિકલ્પ છે એ અજીવ છે. અને સામાની સ્તુતિ છે એ પણ આ જીવ નહીં માટે અજીવ છે. એ માટે સ્તુતિ જૂઠી કીધી. પણ એ ભાવ આવ્યા વિના રહેતો નથી. ભાવશ્રુતજ્ઞાન છે ને ? તો બે ભેદ નયના એના પડે છે. નિશ્ચય અને વ્યવહાર એને, સમકિતીને જ વ્યવહારનય હોય છે, અજ્ઞાનીને વ્યવહારનય હોતો નથી. નય જ નથી જ્યાં (ભાવ) શ્રુતજ્ઞાન નથી ત્યાં નય કેવો. આહાહા ! હવે આવી તકરારમાં. આંહી તો શાંતમુદ્રા દેખી, છે તો પર, ખરેખર તો આ જીવની અપેક્ષાએ એ બધા અજીવ છે. ખરેખર તો એ શરીર છે. આહાહાહા ! કેમ કે વિકલ્પ ઉઠયો એ જ પોતે શરીર–પુદ્‌ગલ છે. આહાહા ! આ ગાથા ભારે અટપટી હૈ.

---

ઉપરની વાતને હવે ગાથાથી સિદ્ધ કરે છે, હવે કેમ આને વ્યવહાર કહ્યો અને કેમ આને નિશ્ચય ન કહ્યો એનું વર્ણન કરે છે.

तं णिच्छये ण जुज्जदि ण सरीरगुणा हि होंति केवलिणो ।
केवलिगुणे थुणदि जो सो तच्चं केवलिं थुणदि ।। २९।।

(હરિગીત)

પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળીતણા;
જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.

ટીકાઃ– જેમ ચાંદીનો ગુણ સફેદપણું તેનો સુવર્ણમાં અભાવ છે, જોયું ? માટે નિશ્ચયથી સફેદપણાના નામથી સોનાનું નામ નથી બનતું. છે ? સફેદપણાના નામથી સોનાનું નામ.. કેમકે સોનામાં સફેદપણાનો અભાવ છે. આહાહાહા ! સુવર્ણના ગુણ જે પીળાશપણું આદિ છે તેમના નામથી જ સુવર્ણનું નામ થાય છે. તેવી રીતે, ઓહોહોહો... કઈ રીતે ? શરીરનાં ગુણો જે શુક્લ રક્તપણું વિગેરે, કેમકે વિકલ્પ જે છે એ પર તરફનો છે (હોવાથી) એ આત્માને દેખતો નથી. આહાહા ! એ તો સામે એનું શરીર ને એના ગુણ ભલે અહીં ગુણ લેવાના છતાં એ પરને દેખે છે એ. ઓહોહો ! શું શૈલી ? શરીરના જે રક્તપણું, શુક્લપણું તેમનો તીર્થંકર કેવળી પુરુષમાં

અભાવ છે. આહાહા... તીર્થંકર અને એનો જે આત્મા, એના આત્મામાં આનો અભાવ છે. આહાહા... માટે નિશ્ચયથી શરીરના શુક્લ રક્તપણું ગુણોનું સ્તવન કરવાથી તીર્થંકર કેવળી પુરુષનું સ્તવન થતું નથી. આહાહાહા ! આહાહાહા... તીર્થંકર કેવળી પુરુષના ગુણોનું સ્તવન કરવાથી જ, જોયું પાછું. તીર્થંકર કેવળી પુરુષના ગુણોનું સ્તવન કરવાથી, પણ એનો અર્થ ? આ આત્માના ગુણોનું સ્તવન કરવાથી. આહાહાહા ! ભગવાન જ્ઞાયક સ્વરૂપ, પૂર્ણઆનંદ સ્વરૂપ તે આત્મા તેની નિર્વિકલ્પ દૃષ્ટિથી સ્તવન કરવાથી, આહાહાહા... એ કેવળીની સ્તુતિ થાય છે. સમજાણું કાંઈ ? ( શ્રોતાઃ- ઘણી ચોખવટ કરી ) બાબુભાઈ ! આવો બધો ફેરફાર છે આવો શું થાય ખેંચાતાણ કરે.

અહીં તો એ કહે છે, તીર્થંકર પુરુષનું સ્તવન થાય છે પણ એ કેવળ તીર્થંકર ( કેવળી પુરુષનું ) સ્તવન પુરુષનું થાય છે, એનો અર્થ ? આ આત્માના ગુણોનું સ્તવન થાય એ, આહાહા... ઓલું આવે છે ને ? 'જ્ઞાતારં મોક્ષમાર્ગ નેતારં જ્ઞાતારં બહુ પ્રતાપ વંદે તદ્ગુણલધયે' એનો અર્થ એ લોકો એવો કરે છે 'હે પ્રભુ આપની સ્તુતિથી તમારા ગુણ મને પ્રાપ્ત થાઓ.' તદ્ગુણલબ્ધયે એમ છે ને ? પણ એનો અર્થ એમ નથી. આહા... એની સ્તુતિના કાળમાં મારા તરફનું જે જોર છે સ્વભાવમાં, એનો મને લાભ પ્રાપ્ત થાઓ. એનો લાભ થાઓ એમ છે વાત. શું થાય ? આમ ભગવાનની સ્તુતિ કરવાથી લાભ થાય ? આહાહા... ભાઈ ! એ કહ્યુંને, અમૃતચંદ્રાચાર્ય કલ્માષિતાં મારા પરિણામ હજી કલુષિત વર્તે છે. પર્યાયમાં મુનિ છું, આચાર્ય છું, આહાહા ! પણ હું શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છું, એવું મને ભાન છે, છતાં પર્યાયમાં અનાદિની કલ્માષિતા પરિણતિ ઊભી છે, તેની આ ટીકા કરતાં કરતાં તેનો નાશ થઈ જજો. હવે ટીકા કરતાં તો, ટીકા કરતાં તો કરવાનો તો વિકલ્પ છે, પણ મારું જોર તે વખતે અંદરમાં છે, એના જોરની વૃદ્ધિ થઈ જજો. એ કાળમાં એનાથી નહીં. આવો બધો ફેરફાર બહુ. ( શ્રોતાઃ- તેનાથી એટલે એના નિમિત્તે, ઉપાદાન મારું ) આવું છે. હજી સત્ય સમજવામાંય પોતાનો આગ્રહ રાખે અને સત્યને ન સમજે તો હવે એને ઓલું સત્ય અંદર હાથ ક્યાંથી આવે ? આહાહાહા !

હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે. છે ? શરીરનો સ્વામી છે, ધણી છે, આહાહાહા... તેથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી ? આહાહા... એ ત્યાંય કહ્યું છે ને 'પ્રવચનસાર' વ્યવહાર નિશ્ચય એ બધા જેટલા વિકલ્પો છે એનો અધિષ્ઠાતા આત્મા છે. આહાહાહા... વ્યવહારથી મોક્ષ થાય, ક્રિયાથી થાય, એવું આવે છે ને ક્રિયાથી થાય જ્ઞાનથી થાય, નિશ્ચયથી થાય એ બધા ધર્મો એક સમયમાં ગણવામાં આવ્યા છે. અને એનો અધિષ્ઠાતા આત્મા છે ત્યાં એમ કીધું છે, કારણકે એનામાં થાય છે. આહાહાહા !

---

અહીં કહે છે શરીરને ને આત્માને, અધિષ્ઠાતા એનો સ્વામી છે એ, કે 'ના' એ સ્વામી એમ નથી. ન્યાં જે કીધું એવું અહીં નથી. આહાહાહા ! તેથી શરીરના સ્તવનથી કેમ યુક્ત નથી આત્માનું એના ઉત્તરરૂપે દૃષ્ટાંત સહિત ગાથા કહે છે.

णयरम्मि वण्णिदे जह ण वि रण्णो वण्णणा कदा होदि ।
देहगुणे थुव्वंते ण केवलिगुणा थुदा होंति ।।३०।।

( હરિગીત )

વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,
કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.

આહાહા ! આ નગર એવું છે કે, આહાહાહા... એ વિકલ્પની સ્તુતિ અને બધા ભગવાનને એ બધું નગરનું વર્ણન છે, આત્માનું નહીં. આહાહા ! આ નગર એવું છે કે જેણે કોટ વડે આકાશને ગ્રસી નાખ્યું છે એટલો કોટ ઊંચો છે. ગઢ કે આખો આકાશને ગળી જાય એટલો ગઢ ઊંચો છે એમ. આ નગરનો કોટ એટલો ઊંચો છે કે આકાશને ગળી ગયો છે એમ.

( શ્રોતાઓને ઉદ્દેશીને ) અહીં તો હવે ઘણી જગ્યા છે નીચે. ઉપર બેસે છે તો અહીંયા ઘણી જગ્યા છે ઉપર બેઠા છે કોક, નીચે બેસવું જોઈએ. એટલે બધે ઊંચે બેસે, સાંભળવા આવે તે અહીં ઊંચે બેસે એનો અર્થ શું ? છે છે જગતની એટલી સ્વચ્છંદતા, કાંઈ વ્યવહારની ખબર ન મળે. અહીં વંચાય છે એનાથી ઊંચુ બેસવું. એ તો તે દિ' માણસ નહોતા સમાતા – એક હારે બેસાય નહીં સૌની હારે એટલે. આખી જગતની રીત એવી. આહાહાહા...

શું કહ્યું આ ? એ નગરના કોટે આકાશને ગળ્યું એટલો મોટો ઊંચો છે પણ એ તો નગરનું વર્ણન છે. આહાહાહા ! ( શ્રોતાઃ– રાજાનું નથી ) એમ ભગવાનના ગુણોનું કે ભગવાનના શરીરનું, એ બધું નગરનું વર્ણન છે, પરનું છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? ઉપવન રાજી નિગીર્ણ–ભૂમિતલમ્ બગીચાઓની પંકિતઓથી ભૂમિતળને ગળી ગયું છે એટલા બધા બગીચાઓ છે કે જાણે બગીચાઓ આખી ભૂમિને ગળી ગયા છે પણ એ તો વર્ણન નગરનું થયું, એના રાજાનું ન થયું. આહાહાહા ! ચારે તરફ બગીચાથી પૃથ્વી ઢંકાઈ ગઈ છે. અને “પરિખાવલયમ્ પાતાલમ્ પિબતિ ધ્ય” કોટની ચારે તરફ ખાઈના ઘેરાથી જાણે કે પાતાળને પી રહ્યું છે, ગઢ જાણે આકાશનું થઈ ગયું. વર્તમાનમાં બગીચા પૃથ્વી( ને ) ગળી ગઈ. પાતાળમાં ખાઈ. આહાહાહા ! આહાહાહા...

આમ નગરનું વર્ણન કરવા છતાં તેનાથી રાજાનું વર્ણન થતું નથી. કારણ કે જો કે રાજા તેનો અધિષ્ઠાતા છે, નિમિત્ત તરીકે, તોપણ કોટ, બાગ, ખાઈ આદિવાળો રાજા નથી. આહાહાહાહા... એ નગરના વર્ણનનો નિમિત્ત તરીકે રાજા અધિષ્ઠાતા કહેવાય, છતાં એ રાજાનું વર્ણન નથી.

એમ વિકલ્પથી વર્ણન થાય, આહાહાહા... એ આત્માનું વર્ણન નથી. એ તો અણાત્મા આદિ પુદ્ગલનું શરીરનું વર્ણન છે. આહાહાહાહા...આવું છે. કોટ બાગ ખાઈ આદિવાળો રાજા નથી, છે ? આહા ! એ વિકલ્પથી સ્તુતિ કરે પણ એ વિકલ્પવાળો આત્મા નથી. આહાહા ! એમ વિકલ્પથી આ ભગવાનની સ્તુતિ કરે પણ આ આત્મા ત્યાં નથી. આહાહાહા ! ઘણી ગંભીરતા નિશ્ચય અને વ્યવહાર, અલૌકિક ગંભીરતા. તેવી રીતે શરીરનું સ્તવન કરે તીર્થંકરનું સ્તવન નથી, એનો અર્થ કે વિકલ્પથી ચાહે તો પરમાત્મા તીર્થંકરદેવનું સ્તવન કરો, તો પણ એ ખરેખર આત્માનું સ્તવન નથી, એ શરીરનું સ્તવન છે, પુદ્ગલનું છે. આહાહાહા !

ભગવાન અને ભગવાનની વાણીને ઇન્દ્રિય કીધી છે ને ? આવશે ને હવે. એકત્રીસમાં આવશે. ઇન્દ્રિય કહો કે પુદ્ગલ કહો કે પર કહો. આહાહાહાહા... સ્વઆત્માના અનંત આનંદના

કંદ આગળ પ્રભુ, એ ભગવાનની વાણી અને ભગવાન પોતે ઈન્દ્રિય છે. આહાહાહા... એટલે કે એ પુદ્‌ગલ છે, એટલે કે એ પર છે. આહાહાહા... એ શરીર છે. એનું નગરનું વર્ણન એ આત્માનું વર્ણન નથી. વિકલ્પથી જે વર્ણન થાય ભગવાનના ગુણનું ભલે, પણ એ આત્માનું વર્ણન નથી. આહાહાહા ! ગજબ શૈલી ! દિગંબર સંતોની, ગજબ વાત, ગજબ વાત ક્યાંય છે નહીં એવી વાત. આહાહાહાહા !

---

શ્લોક મૂક્યો-૨૬ કળશ.

नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम् ।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति ।। २६ ।।

શ્લોકાર્થઃ- જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ઠપણે જયવંત વર્તે છે. "નિત્યમ્ અવિકાર-સુસ્થિતમ્ સર્વાડગમ્" જેમાં સર્વ અંગ હંમેશાં અવિકારી ઠરી ગયેલ શાંત શાંત શાંત શાંત, આહાહા.. સારી રીતે સુખરૂપ સુસ્થિત છે. પણ એ તો પરની શરીરની વાત છે. અપૂર્વ સહજ લાવણ્યમ્, જેમાં જન્મથી જ અપૂર્વ અને સ્વભાવિક લાવણ્ય છે. સર્વને પ્રિય લાગે એવી લાવણ્યતા છે. આહાહા... શરીરની એટલી સુંદરતા અને નમણાઈ અને લાવણ્યતા દેખનારને પ્રિય લાગે પણ એ તો બધુ નગરનું વર્ણન, શરીરનું વર્ણન થયું. અરે એના ગુણનું વર્ણન કરે તો પણ વિકલ્પ છે ને ? પરદ્રવ્ય છે ને ? આહાહાહા... એમાં આ આત્માનું વર્ણન ન આવ્યું. આહાહા ! સમુદ્ર ઈવ અક્ષોભમ્- જે સમુદ્રની જેમ ક્ષોભરહિત છે, ચળાચળ રહિત છે. શાંત શાંત એક છોકરાને જોયો તો ૮૦ ની સાલમાં, બોટાદ કોણ જાણે કેવો સાત આઠ વર્ષનો છોકરો પણ જુઓ તો આમ ગંભીર ગંભીર ગંભીર, આમ બેઠો હોય તો જાણે કાંઈ ચપળાઈ નહીં કાંઈ નહીં- સામાયિક લઈને બેઠો તો એના બાપ હારે આવ્યો તો ૮૦ ની વાત છે બોટાદ. પણ એના શરીરની કોણ જાણે એટલી ગંભીરતા કે બાળકપણું જ ન દેખાય. આ તો એક સાધારણ પુણ્ય હિન પ્રાણી, આહાહા... એના બાપને કીધું'તું કે આ છોકરો આમ ગંભીર મુદ્રા, કોઈ દિ' કાંઈ હસવુ કે કાંઈ વિસ્મય લાગે કાંઈ નહીં કહે. આઠ વર્ષનો બાળક હતો ૮૦ ની વાત છે ૨૦ ને ૩૪ ચોપન વર્ષ થયા.

આ તો ત્રણ લોકનો નાથ એના શરીરની લાવણ્યતાનું શું કહેવું, છતાંય એ તો પરદ્રવ્યના ગુણ છે. આહાહાહા.... ભગવાનના ગુણ ગાવા. ભગવાનના ગુણ ગાવા એ પણ શરીરના ને પરના છે, આત્માના નહીં. આહાહા ! આવું આકરું કામ ભાઈ કારણ કે ભગવાનના ગુણો ગાવા એ ગુણો કાંઈ તારા નથી. એ તો તારી અપેક્ષાએ તો એ બધા ગુણો જ નથી. આહાહા... આ ભાવની અપેક્ષાએ ભગવાનનો ભાવ તે અભાવ છે. આહાહાહાહા ! આવું છે. વીતરાગ માર્ગ બહુ ગંભીર ભાઈ. આહાહા ! અગાધ ગંભીર ભાઈ. આહા... એનો નિશ્ચય અને એનો વ્યવહાર ને એ કંઈ વાત છે ! આહાહા ! આમ શરીરનું સ્તવન કરવા છતાં તેનાથી તીર્થંકર કેવળી પુરુષનું સ્તવન થતું નથી. આહાહાહા... શુભરાગથી વિકલ્પથી ભગવાનના ગુણ ગાન ગાવા એ પણ શરીરના છે, આત્માના નહીં, આહાહાહા... તારા આત્માના નહીં. જો કે તીર્થંકર કેવળી પુરુષને શરીરનું અધિષ્ઠાતાપણું છે નિમિત્તનું, તો પણ સુસ્થિત સર્વાંગપણું અને લાવણ્ય આદિ આત્માના ગુણ નહીં હોવાથી, તીર્થંકર કેવળી પુરુષને તે ગુણોનો અભાવ છે. આહાહાહા ! એટલે કે આ

આત્મામાં એના જે ગુણો ગાવો, એ ગુણોનો આમાં અભાવ છે. આહાહાહા ! ભગવાનના ગુણ ગાવો પણ એ ગુણના ભાવનો આ આત્મામાં તો અભાવ છે. એ તો પરમાં રહ્યા. આહાહાહા... આવું નવરાશ ક્યાં ફુરસદ–સત્યને કઈ રીતે સત્ય ઉભું રહે. આહાહા ! એમ ને એમ હાલ્યે જાય. આહાહાહા ! પ્રશ્નઃ– અત્યાર સુધી શું આવ્યું આ બધી ગાથાઓમાં ? કે કેવળીના ગુણો જે છે, એ તો આ આત્માના ગુણો તે કેવળીના ગુણો છે. પરના ગુણો જે છે એ કેવળીના ગુણો નહીં. એ પરના ગુણો છે એ પર આત્મા તરીકે ગણીને, આ આત્માનો એમાં અભાવ છે, એટલે ખરેખર તો એ અણાત્માના ગુણ છે. આહાહાહા... કેમ કે વિકલ્પ છે એ રાગ છે ને એમાં આ જ આવે. આહાહા ! અને નિર્વિકલ્પપણે જે આત્માના ગુણો તે કેવળીના ગુણો છે. આહાહાહા !

વિષય આજે જરી નિશ્ચય વ્યવહારનો હતો ને. આહાહા ! તેથી હવે ખુલાસો કરશે, કે ભગવાન અને ભગવાનની વાણી એ બધા ઇન્દ્રિય છે, પુદ્‌ગલ છે, આ આત્મા નહીં. આહાહાહા... આહાહાહા... જેવી આ જડ ઇન્દ્રિય છે, ભાવેન્દ્રિય છે, એવી જ આ ભગવાનની વાણી અને ભગવાન પોતે ઇન્દ્રિય છે કેવળી પરમાત્મા પણ આ આત્માને હિસાબે ઇન્દ્રિય છે. આહાહાહાહા... ભગવાન આત્મા અણીંન્દ્રિય પ્રભુ, આહાહાહા... એની અપેક્ષાએ તો ભગવાન સાક્ષાત્( પ્રત્યક્ષ ) બિરાજે છે, તે પણ ઇન્દ્રિય છે. આહાહાહા ! એમ સાક્ષાત્ ભગવાનના ગુણ કરે તો પણ એ પુદ્‌ગલના ગુણ છે. જુઓ– વિકલ્પ ઉઠયો છે અને પર તરફ આશ્રય છે ને ? આહાહા... નિર્વિકલ્પપણે અંતરમાં દૃષ્ટિમાં જાય તે કેવળીના સ્તવન કેવળી એટલે કેવળ તું પોતે. આહાહાહા ! આવું સ્વરૂપ છે. અટપટું હતુ બાબુભાઈ આજે. આહાહા... આમાં કાંઈ ફેરફાર કરવા જાય તો થાય તેવું નથી. આહાહાહા ! કારણકે ન્યાય વર્ણવી વર્ણવીને ભગવાનના ગુણગાન કરે તોય કહે છે શરીરના ગુણગાન છે, તારા નહીં. એ નગર જે બાહ્યની ચીજ છે એનું વર્ણન નગરનું વર્ણન. વિશેષ લેશે.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ. )

*** સિદ્ધનગરમાં અનંતા સિદ્ધો બિરાજે છે. તેઓએ પહેલાં બહારથી નજર સંકેલીને અંદરનો વિસ્તાર કર્યો હતો તું પણ બહારથી સંકેલો કરી નાખ. હું તો પૂરણ અભેદ પરમાત્મા જ છું, મારે ને પરમાત્માને કાંઈ ફેર નથી – એમ ફેર કાઢી નાખનારને ફેર છૂટી જશે. આહાહા ! દિગંબર સંતોની કથન–શૈલી અલૌકિક છે.**

**( દૃષ્ટિનાં નિધાન - ૨૪ )**

## ગાથા - ૩૧

अथ निश्चयस्तुतिमाह। तत्र ज्ञेयज्ञायकसङ्करदोषपरिहारेण तावत्-

जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।
तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू।।३१।।

य इन्द्रियाणि जित्वा ज्ञानस्वभावाधिकं जानात्यात्मानम्।
तं खलु जितेन्द्रियं ते भणन्ति ये निश्चिताः साधवः।।३१।।

यः खलु निरवधिबन्धपर्यायवशेन प्रत्यस्तमितसमस्तस्वपरविभागानि निर्मलभेदाभ्यासकौशलोपलब्धान्तःस्फुटातिसूक्ष्मचित्स्वभावावष्टम्भबलेन शरीरपरिणामापन्नानिद्रव्येन्द्रियाणि, प्रतिविशिष्टस्वस्वविषयव्यवसायितया खण्डशः आकर्षन्ति प्रतीयमानाखण्डैकचिच्छक्तितया भावेन्द्रियाणि, ग्राह्यग्राहकलक्षणसम्बन्धप्रत्यासत्तिवशेन सह संविदा परस्परमेकीभूतानिव चिच्छक्तेः स्वयमेवानुभूयमानासङ्गतया भावेन्द्रियावगृह्यमाणान् स्पर्शादीनिन्द्रियार्थांश्च सर्वथा स्वतः पृथक्करणेन विजित्योपरतसमस्तज्ञेयज्ञायकसङ्करदोषत्वेनैकत्वे टङ्कोत्कीर्णे विश्वस्याप्यस्योपरि तरता प्रत्यक्षोद्योततया नित्यमेवान्तःप्रकाशमानेनानपायिना स्वतःसिद्धेन परमार्थसता भगवता ज्ञानस्वभावेन सर्वेभ्यो द्रव्यान्तरेभ्यः परमार्थतोऽतिरिक्तमात्मानं सञ्चेतयते स खलु जितेन्द्रियो जिन इत्येका निश्चयस्तुतिः।

---

હવે, (તીર્થંકર-કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે. તેમાં પહેલાં જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરી સ્તુતિ કહે છે :-

**જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

ગાથાર્થઃ- [ यः ] જે [ इन्द्रियाणि ] ઇન્દ્રિયોને [ जित्वा ] જીતીને [ ज्ञानस्वभावाधिकं ] જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક [ आत्मानम् ] આત્માને [ जानाति ] જાણે છે [ तं ] તેને, [ ये निश्चिताः साधवः ] જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે [ ते ] તેઓ, [ खलु ] ખરેખર [ जितेन्द्रियं ] જિતેંદ્રિય [ भणन्ति ] કહે છે.

ટીકાઃ- ( જે મુનિ દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો-એ ત્રણેયને પોતાનાથી જુદાં કરીને સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે તે મુનિ નિશ્ચયથી જિતેન્દ્રિય છે. ) અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે ( અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી ) એવી શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો તેમને તો નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે સર્વથા પોતાથી જુદી કરી; એ, દ્રવ્યેન્દ્રિયોનું જીતવું થયું. જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે ( અર્થાત્

**જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે ) એવી ભાવેન્દ્રિયોને, પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી; એ, ભાવેન્દ્રિયોનું જીતવું થયું. ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે જેઓ પોતાના સંવેદન ( અનુભવ ) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા જે ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો તેમને, પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા; એ, ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું. આમ જે ( મુનિ ) દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો-એ ત્રણેને જીતીને, જ્ઞેય-જ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો તે સઘળો દૂર થવાથી એકત્વમાં *ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને અનુભવે છે તે નિશ્ચયથી 'જિતેન્દ્રિય જિન' છે. ( જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે વડે આત્મા સર્વથી અધિક, જુદો જ છે. ) કેવો છે તે જ્ઞાનસ્વભાવ ? આ વિશ્વની ( સમસ્ત પદાર્થોની ) ઉપર તરતો ( અર્થાત્ તેમને જાણતાં છતાં તે-રૂપ નહિ થતો ), પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનશ્વર, સ્વતઃસિદ્ધ અને પરમાર્થસત્-એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**

**આ રીતે એક નિશ્ચયસ્તુતિ તો આ થઈ.**

**( જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો અને જ્ઞાયક પોતે આત્મા-એ બન્નેનું અનુભવન, વિષયોની આસક્તતાથી, એક જેવું થતું હતું; ભેદજ્ઞાનથી ભિન્નપણું જાણ્યું ત્યારે તે જ્ઞેયજ્ઞાયક-સંકરદોષ દૂર થયો એમ અહીં જાણવું. )**

## પ્રવચન નં. ૮૯ ગાથા - ૩૧ તા. ૨૨-૯-૭૮ શુક્રવાર શ્રાવણ વદ-૬ સં. ૨૫૦૪

અબ તીર્થંકર કેવળીકી નિશ્ચય સ્તુતિ કહેતે હૈ. હિંદી હૈ આ લોકો આવ્યા છે ને કયા કહેતે હૈ ? કે નગરકા વર્ણન કરનેસે રાજાકા વર્ણન નહિ હોતા ઐસે શરીરકા વર્ણન, અતિશયકા વર્ણન ઈસકા વર્ણનસે આત્માકા વર્ણન નહિ હોતા. અરે યહાં તો ત્યાં લગ કહા કે અપનેસે ભિન્ન ભગવાન તીર્થંકર હો કે સર્વજ્ઞ હો કે પંચપરમેષ્ઠિ હો એ અપના આત્માકી અપેક્ષાએ અનાત્મા, પરદ્રવ્ય હૈ. આહાહાહાહા ! ઉસકી સ્તુતિ એ વ્યવહાર સ્તુતિ હૈ, પુણ્યબંધકા કારણ હૈ. સમજમેં આયા ? આહાહાહા...

તો વાસ્તવિક તીર્થંકર અને કેવળીકી સ્તુતિ કિસકો કહે તો, ઉસકે ઉત્તરમાં ઐસા કહા, હૈ ? ઉસમેં જ્ઞેય જ્ઞાયકકા સંકર દોષકા પરિહાર કરકે સ્તુતિ કરતે હૈ. કયા કહેતે હૈ ? આહાહાહા... ભગવાન આત્મા જ્ઞાયક હૈ ઔર આ ઇન્દ્રિયાં જો હૈ જડ એ જ્ઞેય હૈ, પર હૈ. એમ અંદર ભાવેન્દ્રિય જો હૈ ઓ ભી જ્ઞેય હૈ, પર હૈ. ઐસે દેવ ગુરુ ને શાસ્ત્ર કે ઉસકી વાણી એ ભી પરજ્ઞેય હૈ એ ભી ઇન્દ્રિય હૈ. જૈસે આ જડ ઇન્દ્રિયાં હૈ. ઐસે અંદર ભાવેન્દ્રિય એકેક વિષયકો જ્ઞાનકો

*ટંકોત્કીર્ણ = પથ્થરમાં ટાંકણાથી કોરેલી મૂર્તિની જેમ એકાકાર જેવો ને તેવો સ્થિત.

ખંડ ખંડ બતાનેવાલી ઔર ઇન્દ્રિયકા વિષય ચાહે તો સ્ત્રી, કુટુંબ, પરિવાર હો, ચાહે તો દેવ, ગુરુ, શાસ્ત્ર હો, યે સબ પરદ્રવ્ય હૈ, ઇન્દ્રિય હૈ. એ ઇન્દ્રિય પરદ્રવ્ય હૈ. ઇન્દ્રિય કહો કે પરદ્રવ્ય કહો, જડ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય ઔર ઇન્દ્રિયકા વિષય, આહાહાહાહા... ચાહે તો ત્રણ લોકનો નાથ ભગવાન સમોસરણમાં બિરાજમાન હો એ પણ ઇન્દ્રિયકા વિષય હોનેસે ઇન્દ્રિય હૈ. આવી વાત છે પ્રભુ. આહાહા !

યે સબ જ્ઞેય હૈ ઔર તુમ જ્ઞાયક હૈ. દોકી એકતા સંકરદોષ હૈ. દ્રવ્યેન્દ્રિય મૈં હું, ભાવેન્દ્રિય મૈં હું, ઔર ભગવાનકી વાણી અને ભગવાન યે મૈં હું. આહાહાહા ! તો ઉસમેં આહા... જ્ઞેય અને જ્ઞાયકકો સંકર બનાયા. સંકરકા અર્થ ખીચડો બનાયા. સમજમેં આયા ? આવી વાત છે બાપુ ! ઝીણી સૂક્ષ્મ વાતું ઘણી.

યે જ્ઞેય જડેન્દ્રિય, ભાવેન્દ્રિય ઔર ઇન્દ્રિયકા વિષય, ચાહે તો ત્રણ લોકના નાથની વાણી અને ભગવાન ઈસકો તો અહીં ઇન્દ્રિય કહેનેમેં આયા હૈ. પાઠમાં તો ઈતના હૈ કે ઇન્દ્રિય જિણિતા ત્યારે ઓલા કેટલાંક વિદ્વાનો અત્યારે કહે માળા વિદ્વાનોએ દુરુહ કરી નાખી ટીકા, શું કે આ ઇન્દ્રિયને જીતવું એટલું હતું. અરે પ્રભુ, પણ ઇન્દ્રિયને જીતવાનો અર્થ જ આ છે. ( શ્રોતાઃ- ઇન્દ્રિયોને જીતાય કેવી રીતે ) એ લોકો એમ કહે કે આ ભાષામાં સાદી વાત હતી ઇન્દ્રિયને જીતવું અને આ અર્થકારે, ટીકાકારે દુરુહ કરી નાંખ્યુ કે ઇન્દ્રિયો જડ, ભાવેન્દ્રિય ઔર ભગવાનકી વાણી ઔર ભગવાન એ પણ ઇન્દ્રિય અહીં લગ લે ગયા માળા ટીકાકાર. આ તો ગંભીરપણે પાઠ પડયા હૈ. ઉસકી અંદર ભાવ કયા હૈ ઉસકી ટીકા સ્પષ્ટ કિયા હૈ. તો એ લોકોને એ દુરુહ લાગતે હૈ. આહાહા ! ઇન્દ્રિય ? વીતરાગકી વાણી સાંભળે, ભગવાન સાક્ષાત્‌ બિરાજતે હૈ એમ દેખે, એ ઇન્દ્રિય ? ઇન્દ્રિયકા વિષય ઇન્દ્રિય. આકરી વાતું બાપુ બહુ ભાઈ ! આહાહા... !

એ જ્ઞેય ને જ્ઞાયક દોકી એકતાપણાકી બુદ્ધિ, સંયોગબુદ્ધિ, સંકરબુદ્ધિ, પરની હારે સબંધબુદ્ધિ એ મિથ્યાત્વ હૈ. આહાહા... ઝીણી વાત પ્રભુ ! બહુ માર્ગ એવો સૂક્ષ્મ છે. આહાહા ! એ ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ પ્રભુ અને એ અલાવા આ દ્રવ્યેન્દ્રિય આદિ અને ભગવાન આદિ પણ ઈસકો ઇન્દ્રિય કહા, જ્ઞેયરૂપે ઇન્દ્રિય કહા. આહાહા... ! ભગવાન આત્મા અણઇન્દ્રિય જ્ઞાયક પ્રભુ અંદર, આહાહાહા... એ અણઇન્દ્રિયની અપેક્ષાએ ભગવાન અને ભગવાનની વાણીને પણ ઇન્દ્રિય કહી દીધું. આહાહા ! બાલચંદજી ( અહીં તો ) આવી વાતું છે, શું થાય ? એ લોકોએ એમ કહ્યું છે હમણાં આવ્યું'તું કે ટીકાકારે દુરુહ કરી નાંખ્યું. ઓલા વિધાનંદજીએ સમયસાર કર્યું છે. સાદી અમથી ભાષામાં કર્યું છે સાધારણ. અરે બાપુ આ કોઈ વિદ્વતાની ચીજ નથી. આહાહા... અહીંયા તો પરમાત્મા અપના જ્ઞાયક સ્વભાવ એ અપેક્ષાએ ઉસકે અલાવા જિતની ચીજ હૈ, સબકો ઇન્દ્રિય કહેનેમેં આયા હૈ. આહાહાહા ! દૂસરી રીતે કહીએ તો ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ ઉસકે અલાવા દૂસરી સબ ચીજ અજીવ હૈ. આ જીવ નહિં માટે અજીવ હૈ. આહાહાહા...

ભગવાનનો આત્મા ત્રણલોકના નાથનો તો આ જીવ જ્ઞાયકની અપેક્ષાએ એ અજીવ હૈ, જીવ નહીં. આ જીવ નહીં માટે, સુમેરુચંદજી ! આકરી વાતું. નાનાભાઈને લાવ્યા આજે હારે. આહાહા ! ભાઈ અનંતકાળમાં એણે વાસ્તવિક તત્ત્વ દૃષ્ટિમાં લીધું નથી. આહાહા... એ જ્ઞેય અને

જ્ઞાયક આવ્યું ? સંકરદોષ, સંકરદોષનો અર્થ બેનું એકપણું, બેના સંબંધનું એકપણું, સંયોગ સંબંધ, સંકરસંબંધ, આહાહા... બેની એકતાની માન્યતા એના દોષનું નિરાકરણ કરે છે અહીંયા. આહાહા... છે ? એમ કરીને સ્તુતિ કરતે હૈ, તીર્થંકર કેવળીની સ્તુતિ, ભાષા ઐસી હૈ, પણ એ તીર્થંકર કેવળીની સ્તુતિનો અર્થ, અપના આત્મા જો જ્ઞાયક સ્વરૂપ પૂર્ણાનંદ હૈ. ઉસમેં એકાગ્ર હોના યે તીર્થંકર ને કેવળીની સ્તુતિ છે. આહાહાહા... આવી વાત. જગત સમાજને કઠણ પડે શું થાય ? આહા... સંકરદોષકા પરિહાર કર તીર્થંકર કેવળીની સાચી સ્તુતિ એમ છે ને ભાઈ બાબુભાઈ ? તો તીર્થંકર કેવળી તો પર છે ને, વાત કરશે, અહીંયા આત્માની. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ. આહાહા... એની સન્મુખ થઈને એમાં એકાગ્રતા કરવી એ તીર્થંકર ને કેવળીની સ્તુતિ કહેવાય છે. આહાહા ! સમજાય છે કાંઈ ? એ વાત અહીંયા કહેગા, હૈ ? સંકરદોષકા પરિહાર કરકે, કેની સ્તુતિ ? તીર્થંકર કેવળીની, તીર્થંકર કેવળીની અર્થાત્ આત્માની. આહાહા !

जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं ।
तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू ।।३१।।

( હરિગીત )

જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,
નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.

શબ્દાર્થઃ ગાથાર્થ લઈએ, આ તો ૧૯ મી વાર વંચાય છે. ૧૮ વાર તો આખું સમયસાર સભામાં વંચાઈ ગયું છે. ( શ્રોતાઃ– ઓગણીસમી વાર જુદી રીતે વંચાય છે ) ૧૯ માં ૯ આવ્યો ને ( શ્રોતાઃ– ન ફરે એવો એકડો ને પછી નવડો આત્મા કોઈ દિ' ન ફરે એવો ) હા, એવો. આહાહાહા ! ગાથાર્થઃ સૂક્ષ્મ છે ભાઈ, આ ગાથા જ બરાબર આવ્યા છે બરાબર અનુકૂળમાં. આહાહા ! એવી છે. જે ઇન્દ્રિયોંકો જીતકર ઉસકા અર્થ તીન ઇન્દ્રિયકા, અર્થ તીન, દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ભગવાન દેવ ગુરુ શાસ્ત્ર સ્ત્રી કુટુંબ પરિવાર સબ ઇન્દ્રિય. આહાહા... ઉસકો જીતકર અથવા એ તરફકા આશ્રય અને લક્ષ છોડકર. આહાહાહા ! જ્ઞાન સ્વભાવે અધિકમ્ જ્ઞાન સ્વભાવી ભગવાન આત્મા એ પરસે જુદો–જુદો અધિક ભિન્ન પરિપૂર્ણ. આહાહાહા ! કયા કહા ? ઈદ્રિયોંકો જીતકર બહુ ટુંકામાં પણ ઘણું ગંભીર કહેશે. ટીકા આવશે. આ જડ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય જે એક એક વિષયકો ખંડ ખંડ જ્ઞાન બતાવે ઔર દેશ, કુટુંબ, સ્ત્રી, પરિવાર, આબરુ, પૈસા, દેવ ગુરુ ને શાસ્ત્ર સબકો અહીંયા તો ઇન્દ્રિય કહા હૈ. સમજમેં આયા ? આહાહાહાહા !

ઉસકો જીતકર અર્થાત્ ઉસસે ભેદ કરકે, આહાહા... જ્ઞાન સ્વભાવ અધિકં, ભગવાન આત્મા, જ્ઞાન સ્વભાવથી પરજ્ઞેયથી ભિન્ન, અધિક, જુદા, પરિપૂર્ણ. આહાહા... જ્ઞાન સ્વભાવકે દ્વારા અન્ય દ્રવ્યસે અધિક, આહાહાહા... અન્ય દ્રવ્યસે જુદા, ભગવાન અને ભગવાનની વાણીથી પણ પ્રભુ જુદો, આહાહા... આત્માકો જાનતે હૈ. અપના ભગવાનકો અન્ય દ્રવ્યસે ભિન્ન, અધિક, જુદો, અપના પરિપૂર્ણ આત્માકો જાનતે હૈ, અનુભવતે હૈ, વેદતે હૈ, મનુતે–માનતે હૈ, જાનતે હૈ, વેદતે હૈ. આહાહા !...

સમયસાર તો અલૌકિક ચીજ હૈ. બાપુ. આ તો સાક્ષાત્ ત્રણલોકના નાથ સર્વજ્ઞની વાણી હૈ. આહાહા.. ( શ્રોતાઃ- જગતની ત્રીજી આંખ ) અદ્વિતીય ચક્ષુ, અજોડ ચક્ષુ. આહાહા ! ભગવાન અદ્વિતિય ચક્ષુ, આ તો શબ્દ હૈ. આ તો ઇન્દ્રિય હૈ. આ ઇન્દ્રિય હૈ, આ આત્મા નહિ. આહાહાહા ! એનાથી પણ જુદો, આહાહા... જ્ઞાયક સ્વભાવ, અધિક એટલે જ્ઞેયથી ભિન્ન અને એકલા જ્ઞાન સ્વભાવે પરિપૂર્ણ એને જે અંતરમેં અનુભવતે હૈ, માનતે હૈ, જાણતે હૈ, ઈસકો જિતેન્દ્રિય કહેનેમેં આયા હૈ. એણે ઈદ્રિયને જીતી. આમ ઇન્દ્રિયને જીતવી કે કાન બંધ રાખવા. આંખ્યું આમ બંધ કરી છે. ( એ કાંઈ જીતવું નથી ) આહાહા ! સમજમેં આયા ?

આત્માકો જાનતે હૈ, ઉન્હે નિશ્ચયનયમેં સ્થિત સાધુઓ નિશ્ચયનયમાં જે સ્થિત સાધુઓ છે, વહ વાસ્તવમેં જિતેન્દ્રિય કહેતે હૈ. એ જીવકો જિતેન્દ્રિય, ધર્મી, સમકિતી કહેતે હૈ. આહાહા... નિશ્ચયમાં સ્થિત સંતો જે કોઈ જ્ઞેયકો અપના જ્ઞાયકસે ભિન્ન જ્ઞેયસે બનાકર, અપના આત્માકા અનુભવ કરતે હૈ. ઉસકો નિશ્ચયમેં સ્થિત સંતો ઉસકો જિતેન્દ્રિય કહેતે હૈ. આહાહા... આવી ભાષાય કઠણ પડે. આહાહા ! સમજમેં આયા ?

ટીકાઃ દ્રવ્યેન્દ્રિય આ શરીર પરિણામને પ્રાપ્ત જડ આ પાંચ ઇન્દ્રિયાં હૈ. શરીરની પરિણામ-પર્યાય, શરીરના પરિણામને પ્રાપ્ત આ જડ ઇન્દ્રિયો, આહાહા... આવશે ટીકામાં. ભાવેન્દ્રિય જે એક એક જ્ઞાનનો વિષય એક એક ઇન્દ્રિય એક એક વિષયને ખંડ-ખંડ જણાવે, એ ભાવેન્દ્રિય ઔર ઇન્દ્રિયોંકે વિષયભૂત, ઇન્દ્રિયોંકે વિષયભૂત, આહાહાહા... સ્ત્રી કુટુંબ, પરિવાર, દેશ, દેવ ગુરુ ને શાસ્ત્ર એ બધા ઇન્દ્રિયોના વિષય છે. આહાહા ! તેને, આહાહા... પદાર્થોકો તીનોંકો, તીન આયાને દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને એનો વિષય. વિષય શબ્દે પદાર્થ. આહાહાહા... તીનોંકો અપનેસે અલગ કરકે, એ તીનો જ્ઞેયકો અપના જ્ઞાયકભાવ, પરસે ભિન્ન કરકે, આહાહાહા... સમસ્ત અન્ય દ્રવ્યોસે ભિન્ન સમસ્ત અન્ય દ્રવ્યોસે ભિન્ન. દ્રવ્યેન્દ્રિય ભાવેન્દ્રિય અને ભગવાનની વાણી આદિ અન્ય દ્રવ્ય, ઐસે ભિન્ન, ઉસસે ભિન્ન, આહાહાહા... અપને આત્માકા અનુભવ કરતે હૈ. અપને આત્માકા, ભગવાનકા આત્મા નહિ. આહાહાહાહા... અપને આત્માકા અનુભવ કરતે હૈ યે મુનિ નિશ્ચયસે જિતેન્દ્રિય હૈ. આને જિતેન્દ્રિય કહેનેમેં આતા હૈ. આહાહા !

હવે ખુલાસા. અનાદિ એનો અર્થ અમર્યાદ કર્યો, બે શબ્દ નથી, ટીકામાં એક જ શબ્દ છે. નિરવધિ-નિરવધિ અનાદિ મર્યાદા વિનાના કાળને, આહા... બંધ પર્યાયકે વશ, રાગ ને કર્મ ને નિમિત્તને વશ, નિમિત્તસે નહિ, પણ નિમિત્તને વશ. સમજમેં આયા ? અનાદિ અમર્યાદિત, એ અનાદિનો અર્થ કર્યો. મર્યાદા વિનાનો કાળ. અનાદિ, બંધ પર્યાયને વશ, આહાહા.... રાગાદિ પર વસ્તુ જે બંધ એને વશ થયેલો જીવ, જિસમેં સમસ્ત સ્વપરકા વિભાગ અસ્ત હો ગયા હૈ. જિસમેં અપના સ્વરૂપ અને રાગ અને પરદ્રવ્ય દો એક માનકર સ્વપરકા ભિન્નપણા અસ્ત હો ગયા હૈ. સ્વપરકી એકતા કરકે સ્વપરકી ભિન્નતા આથમી ગઈ, અસ્ત હો ગઈ. આહાહા... આથમી ગઈ એટલે બેની જુદાઈ રહી નહિ. જ્ઞાયક જ્ઞાયકપણે અને ઇન્દ્રિયાં પર એ જે ભિન્ન હૈ ઐસા ન રહા, દોકી એકતાકે વશ અસ્ત હો ગઈ ભિન્નતા, ભિન્નતા અસ્ત હો ગઈ. આહાહાહા... આ તો અલૌકિક છે ભાઈ. આહાહાહા... આ તો દિગંબર સંતો ને જૈનદર્શન

સર્વજ્ઞનું કહેલું એ આ તત્ત્વ છે, બાપુ. આહાહા !

વિભાગ અસ્ત હો ગયા હૈ, કયા કહા ? એક કોર જ્ઞાયક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ચૈતન્ય વિલાસી આનંદનો નાથ પ્રભુ અને એક બાજુ શરીર, વાણી, મન, ઇન્દ્રિય, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ બે સ્વપર ભિન્ન હૈ, એ અનાદિ રાગકે વશ હોકર ભિન્નતા અસ્ત હો ગઈ હૈ, ભિન્નતા અસ્ત હો ગઈ. એકતા પ્રગટ હો ગઈ. આહાહા...

એ દેવ પણ મારા છે, ગુરુ મારા છે. ( શ્રોતાઃ- બેની એકતા થઈ ગઈ ) એકતા હૈ. આકરું કામ છે પ્રભુ ! શું થાય ? એ જ્ઞેયમાં જાય છે. દેવ સર્વજ્ઞ ત્રિલોકનાથ અને ગુરુ નિર્ગ્રંથમુનિ સંત દિગંબર અને શાસ્ત્ર ભગવાને કહેલાં એ પરમાગમ. આહાહા ! એ પરવસ્તુ અને સ્વઆત્મા એની ભિન્નતા, રાગને વશ હોકર દોકી ભિન્નતા આથમી ગઈ હૈ. અસ્ત હો ગઈ હૈ. ભિન્નતા ઉસકી પાસ રહી નહિ. ઝીણું છે. બાલચંદજી ! આહાહા ! હૈ ? સ્વપરકા વિભાગ, સ્વપરકા વિભાગ, સ્વ જ્ઞાયક અને પર રાગાદિ, દેવ, ગુરુ આદિ. સ્વપરકા વિભાગ, સ્વપરકી જુદાઈ અસ્ત હો ગઈ હૈ. અર્થાત્ જો આત્માકે સાથ ઐસી એકમેક હો રહી હૈ, કે ભેદ દિખાઈ નહીં દેતા. આહાહા.... સમજાણું ? ઓલામાં લેશે નિકટતા, ગ્રાહ્ય ગ્રાહકમાં છે ને ભાઈ ? ત્યાં નિકટતા ત્યાંય નિકટતા લીધી છે ને ભાઈ. ૨૯૪ ( ગાથામાં ) ચૈત્ય ચેતકની અત્યંત નિકટતા એ પાઠ છે ત્યાં, ભગવાન આત્મા ચેતક જાણનાર અને રાગ ને દેવ, ગુરુ, શાસ્ત્ર આદિ એ ચૈત્ય છે. જાણવા લાયક, જાનનેવાલા ભગવાન અને એ જાનને લાયક. આહાહા ! દોકી અતિ નિકટતાને કારણે, જાણે જણાવા લાયક વસ્તુ મેરી હૈ ઐસે અજ્ઞાનીકો હો ગઈ. આહાહા.. મીઠાલાલજી ! ઝીણી વાતું બહુ બાપુ. આહાહા !

અને ભાન હુએ પીછે પણ, સમ્યગ્દૃષ્ટિકો, જ્ઞાનીકો ઇન્દ્રિયકા પરના આશ્રયે રાગ હોતા હૈ, જ્ઞાનીકો ભી રાગ હોતા હૈ, પણ એ રાગ અપની જ્ઞાનધારામેં ન ગોઠવતાં, જ્ઞાનધારા અને રાગધારા ભિન્ન રાખતે હૈ. કર્મધારા આતા હૈ ને ૧૧૦ કળશ, ૧૧૦ કળશ. આહાહા.... સમકિતીકો ભી અનુભવીકો ભી અરે સાચા સંતોકો ભી, આહાહા... પર ઇન્દ્રિયના લક્ષવાળો રાગ આતા હૈ. આહાહા ! એ દુઃખ હૈ આનંદસે વિપરીત હૈ. આહાહા ! ઐસા જ્ઞાનીકો આતા હૈ પણ પરકો પર તરીકે જાનતે હૈ. સમજમેં આયા ? વેદનમેં ભી દુઃખ આતા હૈ, કર્મધારા કહી ત્યાં. આહાહાહા ! ક્ષાયિક સમકિત હો, પરસે ભિન્ન કરકે એકલા જ્ઞાયકકા અનુભવ હો, અપ્રતિહત ક્ષાયિક થયું હોય, ઉસકો ભી રાગ આતા હૈ. યે કર્મધારા સાથમેં હોતી હૈ. અને કર્મધારાકા વેદન ભી હૈ. આહાહા ! આકરું કામ ભાઈ ! એ આત્માકા, જ્ઞાનકા વેદન ભી હૈ ઔર અપૂર્ણ દશા હૈ, ને પૂર્ણ નહિ, એથી રાગ આયા એ જ્ઞેય તરીકે હોં.

છતાં દુઃખના વેદન હૈ. આ વાત કઠણ પડે જગતને. સમજમેં આયા ? ભિન્ન પાડયું, ભિન્ન પાડવા છતાં, રાગ બાકી અંદર આતા હૈ, વીતરાગ નહિં એટલે રાગ આતા હૈ, સાધક હુવા, અનુભવ હુવા, જ્ઞેયસે જ્ઞાયક ભિન્ન મેરી ચીજ ઐસા અનુભવમેં આયા. છતેં જબલગ વીતરાગતા ન હો તબલગ જ્ઞાનીકો ભી રાગ, રાગ કહો કે દુઃખ કહો, આહાહા... આતા હૈ. ત્યાં તો કહાને ભાઈ ૧૧૦ કળશમાં રાગ, દુઃખ અને આત્માકા ભાનનો આનંદ એક સાથ રહેનેમેં વિરોધ નહિ. ત્યાં લિયા હૈ ૧૧૦ કળશમેં મિથ્યાશ્રદ્ધા અને સમ્યક્શ્રદ્ધા દોકો એક સાથ રહેનેમેં

વિરોધ હૈ. હૈ અંદર ? છે કળશ ? ૧૧૦ હોં. જુઓ એ જ આવ્યું હોં, ગુજરાતી છે હોં. એક જીવમાં એક જ કાળે જ્ઞાન અને ક્રિયા આહા... બંને કઈ રીતે હોય ? એક જ કાળે જ્ઞાન ક્રિયા બન્ને એક કોર જ્ઞાનનું પરિણમન અને એકકોર રાગનું પરિણમન એવું એક કાળે કેમ હોય ? હૈ ? કળશટીકામાં છે. ૧૧૦ કળશ. જ્ઞાન અને ક્રિયા બન્ને એક સાથે કઈ રીતે હોય ? પ્રભુ એકકોર આત્માનું જ્ઞાન અને અનુભવ થયો અને તે જ્ઞાનના આનંદની દશા રહે ઔર સાથમેં રાગકી ક્રિયાકા દુઃખકી દશા રહે એક સાથ કૈસે રહ સકતે હૈ ? એ કહા. સમાધાનઃ વિરોધ તો કાંઈ નથી. આહાહાહા ! હૈ ? કેટલાક કાળ સુધી બન્ને હોય છે. સાધક હૈ ને ? સાધક હૈ ત્યાં થોડું બાધકપણું છે. રાગ દુઃખ હૈ. જ્ઞાનીકો ભી દુઃખ વેદતે હૈ. આનંદકી સાથ દોયકા વેદન હૈ. આહાહા ! હૈ ? કેટલાક કાળ સુધી બન્ને સાથમેં રહેતા હૈ, ઐસા વસ્તુકા પરિણામ હૈ. પરંતુ વિરોધી જૈસા દિખતે હૈ. પરસે ભિન્ન જ્ઞાનનો અનુભવ ઔર સાથમેં રાગના દુઃખનો અનુભવ, એ વિરોધ જૈસા દિખતે હૈ. આહાહાહા ! પણ અપના અપના સ્વરૂપે હૈ. વિરોધ તો કરતે નહીં. આહાહા ! કેટલા કાળ સુધી રહેશે ? કે જ્યાં સુધી આત્મા મિથ્યાત્વરૂપી વિભાવ પરિણામ મટયા અને આત્મદ્રવ્ય શુદ્ધ હુવા પણ ક્રિયાનો ત્યાગ બરોબર પરિપકવતાને પામ્યો નથી. એ રાગની ક્રિયાનો ત્યાગ હજી પૂર્ણ થયો નથી. આહાહા ! સમજમેં આયા ? આહાહા ! ક્રિયાનો મૂળથી વિનાશ થયો નથી, જ્યાં સુધી અશુદ્ધ પરિણમન હૈ ત્યાં સુધી જીવનો વિભાવ પરિણમન હૈ. આહાહાહા ! આહાહા !

વાતું બાપા, મારગડા કોઈ જુદા છે. દુનિયાને હાથ આવ્યો નથી. સમજાય છે કાંઈ ? એક કોર અસ્ત હો ગયા એમ કહ્યું અને ભાન હુઆ, એ કહેશે. આહાહા !

મૈં તો જ્ઞાયક સ્વરૂપ પરજ્ઞેયકી એકતાસે ભિન્ન, સંકર સંબંધસે સંયોગ સંબંધસે ભિન્ન. આહાહા ! મેરી ચીજને પરની સાથે કોઈ સંબંધ હૈ નહીં, ઐસા અંતરમેં અનુભવ સમ્યગ્દર્શન હુવા. સમજમેં આયા ? ઐસા હોને પર ભી પૂર્ણ જબલગ વીતરાગ ન હો, તબલગ સાથમેં રાગ અર્થાત્ દુઃખની પર્યાય સાથમેં આતી હૈ, અને જ્ઞાનીકો ભી, આનંદકા ભી વેદન અને પૂર્ણ આનંદ નહીં, તો થોડા દુઃખકા વેદન પણ હૈ સાથમેં, ઝીણી વાત બાપુ.... મારગડા જુદા કોઈ છે. અત્યારે તો ભારે ગોટો ઊઠયો છે. આહાહાહા ! આ નિર્મળાનંદ નાથ ! આહાહાહા... એમાં પૂર્ણ નિર્મળ દશા ન હો, તબલગ મલિનતા તો આતી હૈ. વ્યવહાર આતા હૈ ને ? વ્યવહાર આતા હૈ એ તો સબ રાગ હૈ, દુઃખ હૈ. આહાહા ! દેવગુરુ શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતના પરિણામનો રાગ, અરે શાસ્ત્રના ભણતરનો રાગ, એ રાગ હોતા હૈ, પણ હૈ દુઃખરૂપ. આહાહાહા !

આવી વાત આકરી પડે જગતને, પણ શું થાય ? ભાઈ ! મારગ તો એ હૈ. આહા ! આ જનમ મરણ રહિત બાપુ, ચોરાશીના અવતાર કરી કરી ને કૂતરાના, કાગડાના, કંથવાના, આહાહાહા... એ નરકના ભવો, પ્રભુ એમ કહે એ નરકની વેદના નાથ એક ક્ષણ તેં વેદી કરોડો વર્ષની તો શું વાત કરીએ ? એક ક્ષણની વેદના, કરોડો ભવે અને કરોડો જીભે ન કહેવાય. પ્રભુ એટલી વેદના તું ભૂલી ગયો પ્રભુ ! નરકની અંદર નાથ તેત્રીસ તેત્રીસ સાગરની સ્થિતિએ અનંતવાર ગયો પ્રભુ ! એમાં પરમાત્મા એમ કહે પ્રભુ તેરી એક ક્ષણની વેદના, આહાહાહા... એ દુઃખની વ્યાખ્યા કરતા કરોડો ભવે ને કરોડો જીભે ન કહેવાય પ્રભુ એવું તેં દુઃખ વેઠયું છે. સમજાય છે કાંઈ ? આહાહા ! અરે જાગ રે નાથ જાગ, ઓલામાં આવે છે રમેશમાં, દુઃખડા સહયા

ન જાય અને હવે જાગીને જો તું જીવ આવે છે. રમેશનું, ( ભજન ) આહાહાહા... અહીં એ કહે છે, જિતની પરની સાથે એકત્વબુદ્ધિ એ દુઃખ અને એકત્વબુદ્ધિ ગયા પછી પણ જિતની અસ્થિરતા એ બી દુઃખ. સમજમેં આયા ? આહાહાહા !

જેને એમાં જ્ઞાનધારા અને ક્રિયાધારા, કર્મધારા કહી છે એ કર્મની એટલે રાગની પરિપૂર્ણતાનો ત્યાગ જ્યાં સુધી ન થાય, રાગની પરિણતિનો પરિપૂર્ણ ત્યાગ ન થાય, તબલગ રાગ અને જ્ઞાન ક્રિયા એક સાથમેં રહેનેમેં વિરોધ નહિ. હૈ દોનોં વિરૂદ્ધ, આનંદની દશા અને રાગની દુઃખ દશા, હૈ તો દો વિરૂદ્ધ, પણ એક સાથ રહેનેમેં વિરોધ નહિ. આહાહાહા... આવી વાતું છે. ( શ્રોતા :– દુઃખ છે એને જ્ઞાનનું જ્ઞેય માનીએ તો ), માત્ર દુઃખ છે, એમ ન માને તો મિથ્યા ભ્રમણા અજ્ઞાન છે. દુઃખ હૈ ને ? જ્ઞાનનું નિશ્ચયથી જ્ઞેય છે, પણ વેદનની અપેક્ષાએ વેદતે હૈ, આહાહા... જ્ઞાનની અપેક્ષાએ જ્ઞેય, શ્રદ્ધાની અપેક્ષાએ હેય, ચારિત્રની અપેક્ષાએ વેદન. આવું છે બાપુ ! મારગ ભાઈ ! આહાહાહા... એ અહીં કહે છે. આહા !

જે આત્માકે સાથે એકમેક હો રહી હૈ, ભેદ નહિ દિખતા હૈ, દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને એના વિષય પર, એ બે જાણે એક હોય. આહાહા... ઐસા ભેદ ભિન્ન નહીં દિખતે, એકપણે દેખતે હૈ અજ્ઞાની અનાદિસે. આહાહા...

હવે ઉસકા ખુલાસા, ઇન્દ્રિયની વ્યાખ્યા હવે, અનાદિ બંધ પર્યાયકે વશ જિસમેં સમસ્ત આવી ગયું ને ? ભેદ નહીં દિખાઈ દેતે–

ઐસે શરીર પરિણામને પ્રાપ્ત, કયા ? આ. આ. આ શરીરના પરિણામ પર્યાય છે હો. જડ ઇન્દ્રિય શરીરની પર્યાય હૈ. શરીરના પરિણામને પ્રાપ્ત દ્રવ્ય ઇન્દ્રિય હૈ. ભાષા તો સાદી છે. પકડાય એવું છે. આહાહાહા... આ શરીર પરિણામને પ્રાપ્ત જડ દ્રવ્યેન્દ્રિય પછી ભાવેન્દ્રિય લેશે. શરીર પરિણામ, શરીરની પર્યાય. આહાહા ! આ જડ ઇન્દ્રિય શરીરની પર્યાય છે, એ આત્માની પર્યાય નહીં. આહાહા ! સમજમેં આયા ? પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિયોંકો – શરીર પરિણામને પ્રાપ્ત, શરીરની પર્યાયને પ્રાપ્ત, એ પાંચેય ઇન્દ્રિય, જડ ઇન્દ્રિય શરીરની પર્યાય છે. આહાહાહા...

એને તો નિર્મળ ભેદ અભ્યાસની પ્રવીણતાસે, કયા કહેતે હૈ. હવે નિર્મળ ભેદ અભ્યાસ. આહાહાહા... એ જડ શરીરની પર્યાયને પ્રાપ્ત એનાથી ભેદ અભ્યાસ, નિર્મળ ભેદ અભ્યાસ, જરી શું કહે છે ? શાસ્ત્ર અભ્યાસ નહિં, ભેદ અભ્યાસ અને તે પણ નિર્મળ ભેદ અભ્યાસ, એટલે ? કે ધારણામાં આવી જાય એને વાત, કે આ ઇન્દ્રિય પર છે, આ પર એ ભેદ અભ્યાસ નહિં. સમજમેં આયા ? આહાહા... એના ખ્યાલમાં આવે, કે આ શાસ્ત્ર કે આ દ્રવ્ય ઇન્દ્રિય પર છે આત્માથી, પણ એ ભેદ અભ્યાસ નહીં, આહાહાહા ! એ તો શાસ્ત્ર અભ્યાસ. આહાહા... અને શાસ્ત્રનું જ્ઞાન એ પણ શબ્દનું જ્ઞાન હુઆ. આહાહાહા ! એથી નિર્મળ ભેદ અભ્યાસ, આ શબ્દ પડયો છે. શરીર પર્યાયને પ્રાપ્ત એનાથી ભિન્ન અંદરમાં, નિર્મળ ભેદ અભ્યાસ, પરનું લક્ષ છોડી દઈ અને અંતરના લક્ષમાં જાવું, આહાહા ! આહા ! નિર્મળ ભેદ અભ્યાસ, નિર્મળ શાસ્ત્ર અભ્યાસ, એમ નહીં. આહાહાહા ! એક વાત, નિર્મળ ભેદ અભ્યાસકી પ્રવીણતા એમાં ચતુરાઈ, કૌશલ્ય, કૌશલ્ય શબ્દ પડયો છે ને ભાઈ, સંસ્કૃતમાં. આહાહાહા... ચતુર માણસ, એમ કૌશલ્ય એ ઇન્દ્રિયથી ભિન્ન અભ્યાસમાં, નિર્મળ ભેદના અભ્યાસમાં પ્રવીણ. આહાહાહા...

દ્રવ્યેન્દ્રિયથી શરીર પરિણામને પ્રાપ્ત પર્યાયને, શરીરની પર્યાય છે. આ દ્રવ્યેન્દ્રિય એનાથી નિર્મળ ભેદ અભ્યાસથી પ્રવીણતા, ચતુરપણે, આહાહાહા... અને દેહની પર્યાયથી ભિન્ન કરવું આત્માને, આહાહા... આ તો હજી સ્થૂળછે, ભાવેન્દ્રિયનું ઝીણું છે. આહા.. નિર્મળ ભેદ અભ્યાસની પ્રવીણતા, શરીર પરિણામને પ્રાપ્ત જો ઇન્દ્રિયાં એને નિર્મળ ભેદ અભ્યાસ, આ અભ્યાસ કરવો એમ કહે છે. નિર્મળ ભેદજ્ઞાનનો અભ્યાસ. આહાહાહા.. ભેદ અભ્યાસની પ્રવીણતા, ચતુરાઈ, કૌશલ્યથી પ્રાપ્ત – ભેદજ્ઞાનની કૌશલ્યતાથી પ્રાપ્ત. ભગવાન અંદર આત્મા. આહાહા ! આવું કામ બહુ.

અંતરંગમેં શું પ્રાપ્ત ? નિર્મળ ભેદ અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત, શું ? કયા ? અંતરંગમેં પ્રગટ, આ શરીર પરિણામ છે એ તો બાહ્ય રહ્યા, હવે એનાથી ભિન્ન પાડવાનો અભ્યાસ કરતાં, આહાહા... અંતરંગમે પ્રગટ અતિ સૂક્ષ્મ, આહાહાહા... અંતરંગમેં પ્રગટ વ્યક્ત પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા. આહાહા... અતિ સૂક્ષ્મ, વિકલ્પથી પણ પાર, આહાહાહા... ગાથા ઝીણી સારી આવી ગઈ છે, તમો આવ્યા ને બરોબર મંગળિક છે. ભાગ્ય હોય તો આવું મળ્યા વિના રહે નહીં. આહાહા... આવી વાત... (શ્રોતાઃ- એ તો પૂર્વનું યાદ કર્યું વર્તમાનમાં શું કરવું ?) વર્તમાનમાં એને જુદું પાડવું એ. ભેદ અભ્યાસ કરવો. એકપણાની બુદ્ધિ છે. એમાં ભેદનો અભ્યાસ કરવો. આહાહા !

આ તો પુદ્ગલની, જડની પર્યાય છે. પરિણામ કહ્યા ને ? શરીર પરિણામને પ્રાપ્ત, પુદ્ગલની પર્યાયને પ્રાપ્ત, એને નિર્મળ ભેદજ્ઞાનના અભ્યાસથી, અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત, હવે અંદર, શરીર પરિણામને પ્રાપ્ત, એને નિર્મળ ભેદ અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત. આહાહાહા... કેમ મળે એની વિધિ કીધી. આહાહાહા... અંતરંગમેં પ્રગટ અતિ સૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ, આહાહા ! ભગવાન જ્ઞાયક સ્વભાવ, ચૈતન્ય જ્ઞાયક આનંદ, જ્ઞાનરસ સ્વભાવ, ત્રિકાળી ધ્રુવ સ્વભાવ. આહાહા ! અતિ સૂક્ષ્મ અંદરમાં પ્રગટ છે. આહાહા ! જેમ શરીરના પરિણામને પ્રાપ્ત બાહ્ય પ્રગટ છે. આહાહા... એમ ભગવાન આત્મા અંતરંગમાં પ્રગટ છે. આહાહાહા ! નિર્મળ ભેદ અભ્યાસ, બાપુ આ તો મંત્રો છે આ કાંઈ કથા નથી. આહાહા ! આ તો ઝેર ઊતારવાના, સર્પના ઝેર કરડે છે ને ? મંત્ર ઉતારે છે. વીંછીના આ મિથ્યાત્વના ઝેર ઊતારવાના મંત્રો છે. એ કાંઈ શબ્દે પાર પડે એવું નથી એનું. આહાહા ! શરીર પરિણામને પ્રાપ્ત, એને નિર્મળ ભેદ અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત, આહાહા ! અંતરંગમેં પ્રગટ, ઓલા શરીરના પરિણામ એ બહાર હતા, એ તો જડ. હવે અંતરંગમાં ભગવાન નિર્મળ ભેદ અભ્યાસની ચતુરાઈથી, કે આ તો આ ઇન્દ્રિય નહીં આ તો આત્મા આનંદ છે, જ્ઞાન સ્વરૂપ છે ઐસી ચતુરાઈસે, આહાહા... અંતરંગમેં પ્રગટ અતિસૂક્ષ્મ, જે દયા દાનનો વિકલ્પ કે એ તો સ્થૂળ હૈ એનાથી તો પ્રભુ ભિન્ન અંદર છે. અતિસૂક્ષ્મ, ચૈતન્ય સ્વભાવ, જાણગસ્વભાવ, અંતરંગમેં પ્રગટ અતિસૂક્ષ્મ, આહાહાહા... ટીકા તે પણ ટીકા છે ને ! આહાહાહા... નિર્મળ ભેદ અભ્યાસ એટલે કે એકલી ધારણા કરી રાખી હોય એમ નહિ, એ એમ કહે છે. આહાહા ! જ્ઞાનમાં ધારી રાખ્યું હોય કે જડ ઇન્દ્રિય પર છે ને આત્મા પર છે, એ નિર્મળ ભેદજ્ઞાન નહિં, એ તો ધારણાની વાત થઈ. આહાહાહા.. નિર્મળ ભેદ અભ્યાસકી પ્રવીણતાસે પ્રાપ્ત, આહાહા ! અંતરંગમેં પ્રગટ, અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવકા અવલંબનકે બળસે, ચૈતન્ય સ્વભાવ એના અવલંબનના બળથી, દ્રવ્યેન્દ્રિયને જુદી કરી.

આહાહાહા...

વાત ક્રમે કહેશે. દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય પણ થાય છે તો એક હારે, સમજાવવામાં તો ક્રમ પડે છે. આહાહા ! દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયથી ભિન્ન થવાનો સમય તો એક જ છે. પહેલો દ્રવ્યેન્દ્રિયથી જુદો પડે છે અને પછી ભાવેન્દ્રિયથી એમ કાંઈ નથી, સમજાવવાની શૈલી, તો શું કરે ? આહાહા !

અવલંબનકે બળસે 'અતિ' અંતરંગમેં અસ્તિપણે, વ્યક્તપણે પ્રગટ, અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવકે આધારસે, અવલંબનકે બળસે, સર્વથા અપનેસે અલગ કિયા. આહાહાહા ! અલગ કરવાની રીત આ હૈ. ચૈતન્ય, પ્રગટ સૂક્ષ્મ સ્વભાવથી એના અવલંબનના બળસેં આહાહા... દ્રવ્યેન્દ્રિય જુદી હો ગઈ. દ્રવ્યેન્દ્રિય જુદી કરી એમ કહેવાય. એને કરું છું એમ ત્યાં નથી. પણ સમજાવવું શી રીતે એને ? અંતરંગમાં ભેદ અભ્યાસના બળથી, પ્રાપ્ત જે અંતરંગમાં અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ એના અવલંબનના બળથી, પ્રાપ્ત થઈ ગયો આત્મા. એણે દ્રવ્યેન્દ્રિય જીતી લીધી, એને દ્રવ્યેન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે. આહાહાહા... આવું સ્વરૂપ હવે માણસને એવું લાગે, માળા સોનગઢિયા નિશ્ચયાભાસ છે. એમ કહે છે. કહો બાપુ કહો. પ્રભુ એમ એકલી નિશ્ચયની વાતું, વ્યવહારની વાતું નથી આવતી ? ( શ્રોતાઃ– મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે નિશ્ચય એટલે ખરી. ) નિશ્ચય એટલે સત્ય અને વ્યવહાર એ તો ઉપચારિક છે. આહાહા ! છતાં વ્યવહાર આવે છે એ તો કહીએ છીએ કહ્યું ને. આહાહા ! જ્યાં લગી પૂર્ણ વીતરાગ ન હો, જ્યાં લગી યથાખ્યાત ચારિત્ર ન હો, તબલગ જ્ઞાનીકો સમકિતીકો અનુભવીકો બી રાગધારા, દુખઃધારા આહાહા... દુઃખધારા એક સાથમેં રહેતી હૈ. આહાહાહા ! પણ એકત્વ હોય ત્યાં બે ધારા ક્યાં રહી ? ત્યાં તો એકલી અજ્ઞાનધારા, રાગધારા રહી હૈં. આ તો ભિન્ન પડયો છે. ભિન્ન પાડી, અતિસૂક્ષ્મ ચૈતન્યના અવલંબનના બળ વડે દ્રવ્યેન્દ્રિય જુદી પાડી, જુદી કરી કહેવાય. તબ તો જ્ઞાનધારા ઉત્પન્ન હુઈ અને જબ અપૂર્ણતા હૈ, રાગ આતા હૈ, વ્યવહાર આતા હૈ, ઉસકો વ્યવહાર કહો, રાગ કહો, દુઃખ કહો. આહાહા ! સમજમેંઆયા ?

બારમી ગાથામાં કહ્યું છે ને, વ્યવહારે જાણેલો પ્રયોજનવાન ૧૧મી ગાથામાં કહ્યું એકલો ભગવાન ભૂતાર્થ, સત્યાર્થ પ્રભુ અતિસૂક્ષ્મ વસ્તુ એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય, પછી ઉસકી પર્યાયમેં કાંઈ હૈ કે નહીં કાંઈ કે પર્યાયમેં કમજોરી હૈ, ઈતના રાગ હૈ ઔર શુદ્ધતા અપૂર્ણ હૈ એ શુદ્ધતા અપૂર્ણ અને કમજોરીનો રાગ છે, એને તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. હૈ. સમજમેં આયા ? અને ૧૧૦ કળશમાં એમ કહ્યું, તેને રાગની ધારા વેદનમેં અને આનંદની ધારા બેય એક સાથે હોય છે. આહાહા ! સમજમેં આયા ? આવું છે. વાદ વિવાદે તો કંઈ પાર પડે એવું નથી આ.

અપનેસે સર્વથા એકાંત તો નથી થઈ જતું ને. સર્વથામાં ? આહાહા ! શરીર પરિણામને પ્રાપ્ત અને ભગવાન અતિસૂક્ષ્મ એ ભેદના અભ્યાસથી પ્રાપ્ત, એ ભિન્ન પડી ગયું. આહાહા ! સો યહ દ્રવ્યેન્દ્રિયોંકો જિતના હુવા. તો એ દ્રવ્યેન્દ્રિયને જીતી એમ કહેવામાં આવ્યું. આ પ્રકારે હોં આ રીતે ઈદ્રિયને કાપવી અને આમ ઓલા સૂરદાસમાં આવે છે કે વૈશ્યાને જોવાનું નહીં આંખો

ફોડી નાખવી. સૂના થા અમને વહાં પાલેજમાં એ નહિં. યહાં તો જડસે ભિન્ન અંતરંગમેં એકાગ્રતા કરકે અંતરગમાં અનુભવમાં આના ઉસને દ્રવ્યેન્દ્રિય જીતી એમ કહેનેમેં આતા હૈ.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ).

## પ્રવચન નં. ૯૦ ગાથા - ૩૧ રવિવાર ભાદરવા વદ આઠમ તા. ૨૪-૯-૭૮ સં. ૨૫૦૪

૩૧મી ગાથા ચલતી હૈ. કયા કહેતે હૈ કે જો કોઈ પ્રાણી આ દ્રવ્ય ઇન્દ્રિય જે આ જડ, ભાવેન્દ્રિય જે અંદર ખંડ ખંડ જ્ઞાનકો જાનતે હૈ, ઔર ઉસકા વિષય બાહ્યપદાર્થ, સબકો યહાં ઇન્દ્રિય કહેનેમેં આયા હૈ. ભગવાન આત્મા, ઇન્દ્રિયના વિષય અથવા ઇન્દ્રિય એની સાથે સંકર સંયોગ સંબંધ, મૈં એક હું, એ સંકર સંયોગ સંબંધ એ મિથ્યાત્વ હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ- શરીરની સાથે એકપણું હોય એ મિથ્યાત્વ ) શરીરપણું એકપણું તે પણ ભાવેન્દ્રિય છે, એક સમયની ક્ષયોપશમ દશા એની સાથે એકતા એ મિથ્યાત્વ છે. ઝીણી વાત છે બાપુ ! યહાં તો તીનોકો જ્ઞેય બનાયા હૈ. અપના ભગવાન જ્ઞાયકસ્વરૂપ ઉસકી સાથ દ્રવ્યેન્દ્રિયાં શરીર પરિણામકો પ્રાપ્ત એ પરજ્ઞેય હૈ. એમ અંદર ભાવેન્દ્રિય જે જ્ઞાનમાં ક્ષયોપશમ અવસ્થા વર્તમાન વિષયકો એક એકકો જાનતી હૈ ઔર અપના જ્ઞાનમેં ખંડ ખંડ જ્ઞાન જણાતી હૈ. ઐસી ભાવેન્દ્રિય એ ભી પર હૈ ઔર ઇન્દ્રિયકા વિષય સ્ત્રી કુટુંબ પરિવાર દેવગુરુ ને શાસ્ત્ર સબ ઇન્દ્રિયકા વિષય હૈ તો વો ભી ઇન્દ્રિય હૈ. આહાહાહા ! ઝીણું બહુ ભાઈ ! એમાં શરીરકા પરિણામકો પ્રાપ્ત ઇન્દ્રિયાં એ આ ગયા હૈ. નિર્મળ ભેદ અભ્યાસકી પ્રવિણતાસે, આહાહા.... એ મૈં દ્રવ્યેન્દ્રિયકી પર્યાય મૈં નહિ, મેરેમેં નહિ મૈં ઉસમેં નહિ. ઐસે જડ આ શરીરના પરિણામને પ્રાપ્ત ઇન્દ્રિયાં, ભેદ – નિર્મળ ભેદઅભ્યાસના બળથી, આહાહા... ભિન્ન પાડવાના જ્ઞાનના બળ વડે આહાહા... પ્રાપ્ત અંતરંગમેં પ્રગટ અતિસૂક્ષ્મ, અંતરંગમેં પ્રગટ વસ્તુ ભગવાન અતિસૂક્ષ્મ અતિસૂક્ષ્મ એક સમયકી પર્યાયસે ભી ભિન્ન. આહાહા... અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવકે અવલંબનકે બળસે, અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ ઉસકા આશ્રય લેકર, ઉસકા અવલંબનકે બળસે, આહાહા... સર્વથા અપનેસે અલગ કિયા, એ દ્રવ્ય ઇન્દ્રિય જીતી એમ કહેનેમેં આતા હૈ.

શરીર પરિણામને, પર્યાયને પ્રાપ્ત આ જડ, ઉસકો અપના સ્વરૂપ, ઉસસે ભિન્ન, ઐસા પ્રવિણતાના ભેદ અભ્યાસસે અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વરૂપ ભગવાન ઉસકા અવલંબનકા બળસે દ્રવ્યેન્દ્રિયાં ભિન્ન કર દિયા, આહાહા ! ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. ઝીણી વાત છે. પ્રભુ ! એ વાત તો હો ગઈ. એક વાત તો હો ગઈ.

આ દૂસરી–ભિન્ન ભિન્ન અપને અપને વિષયોમેં, ભાવેન્દ્રિય હૈ જો પાંચ. શ્રોત, ચક્ષુ આદિ ઉઘાડ અંદર હો, આ જડ નહિં, અંદર વિકાસ હૈ, જ્ઞાનકા વિકાસ હૈ. એક સમયમેં જો ખંડ ખંડ જ્ઞાનકો જણાતી હૈ ઐસે ભિન્ન ભિન્ન અપને અપને વિષયોમેં વ્યાપારભાવસે જો વિષયોકો ખંડ ખંડ ગ્રહણ કરતી હૈ. એક એક ખંડ ખંડ વિષયકો ગ્રહણ કરતી હૈ. ઉસકા અર્થ કે ખંડ ખંડ જ્ઞાનકો બતાતી હૈ. આહાહા ! ખંડ ખંડ જ્ઞાન એ અપના સ્વરૂપ નહિં. આહાહા ! ( શ્રોતાઃ- અખંડજ્ઞાન સ્વરૂપ છે ) અખંડ. ઝીણી વાતું ભાઈ ! એક તો દ્રવ્ય ઇન્દ્રિય હૈ યહ સિદ્ધ કિયા, શરીર

પરિણામને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિયાં હૈ, યે સિદ્ધ કિયા અને ભાવેન્દ્રિય હૈ, એક એક વિષયકો જાનનેકી ખંડ ખંડ જ્ઞાનકે જાનનેકા વિષય હૈ. આહાહા ! સમજમેં આયા ? પણ ઉસસે ભી ભિન્ન, આહાહા... વિષયોકો ખંડ ખંડ ગ્રહણ કરતી હૈ, જ્ઞાનકો ખંડ ખંડ બતલાતી હૈ. ભાવેન્દ્રિયાં ઐસી ભાવેન્દ્રિયોં આહાહાહા... વાત ક્રમસર કહેતે હૈ, હોતા હૈ એક સમયમેં સબ, સમજાનેમેં ક્રમ પાડતે હૈ, દ્રવ્યેન્દ્રિય, પછી ભાવેન્દ્રિય પછી વિષયો, ત્યાં કહેતે હૈ જે જ્ઞાનકી પર્યાય વર્તમાન ખંડ ખંડ અથવા અપના અપના વિષયમેં વ્યાપાર કરનેવાલી જો ખંડ ખંડ જ્ઞાન જણાતી હૈ. એ પરજ્ઞેય હૈ, એ અપના સ્વજ્ઞેય નહિ. આહાહા ! આવી વાતું છે. ભાષા તો સાદી પણ વસ્તુ તો જે છે તે છે. આહાહા...

ઐસે ભાવેન્દ્રિયોંકો, કૈસી ? કે જે અપની પર્યાયમેં ખંડ ખંડ જ્ઞાન બતાતી હૈ ઐસી ભાવેન્દ્રિયો, આહાહા.... વો ભી જ્ઞાયકભાવસે ભિન્ન ચીજ હૈ. અપના ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ આનંદઘન પ્રભુ સચ્ચિદાનંદ આત્મા, આહાહાહા... ઉસસે એ ભાવેન્દ્રિય ભિન્ન હૈ. ભાવેન્દ્રિય જ્ઞાયકકા પરજ્ઞેય હૈ, સ્વજ્ઞેય જ્ઞાયક, આહાહાહા... આવી વાતું. સ્વજ્ઞેય જ્ઞાયક પણ ભાવેન્દ્રિય ખંડ ખંડ જ્ઞાન બતાતી હૈ. એ પરજ્ઞેય, પરજ્ઞેય અપના જ્ઞાયકભાવસે ભિન્ન હૈ. આહાહા ! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાન હુવા ઔર તીન કાલ, તીન લોક એક સમયમેં જાનનેમેં આયા, ઉસકી વાણી દિવ્યધ્વનિ નિકળી વો આ દિવ્યધ્વનિ હૈ. આહાહા ! સમજમેં આયા ? ભગવાન આત્મા, એ દ્રવ્યેન્દ્રિય ઉસસે તો ભિન્ન, સંયોગ સબંધસે રહિત પણ ભાવેન્દ્રિય એ ભી સંયોગ સંબંધ હૈ. આહાહાહા ! ખંડ ખંડ જ્ઞાન જણાતી હૈ, ઐસી ઇન્દ્રિયાં યે ભી સંયોગ સંબંધ હૈ. સ્વભાવ સંબંધ નહિ. સુમેરુમલજી ! આવું છે ભગવાન ! એવો જે ભગવાન આત્મા, એ ખંડ ખંડ જ્ઞાન શરીર તો એકકોર રહી ગયું હવે, આહાહા... પણ ખંડ ખંડ જ્ઞાન પર્યાયમેં જો જાનનેમેં આતા હૈ, વો ભી જ્ઞાયક ભગવાન આત્માસે ભિન્ન ચીજ હૈ. એ તો જ્ઞાયકકો પરજ્ઞેય હૈ. આહાહાહા !

ઈસકો કૈસે જીતના ? અને કૈસે જીતના કહનેમેં આતા હૈ ? આહાહાહા ! પ્રતીતિમેં આતી હુઈ. જુઓ, હવે અખંડ જ્ઞાનનું લેવું છે ને માટે પ્રતીતિ લિયા. ખંડ ખંડ જ્ઞાનની સામે અખંડ જ્ઞાયક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, આહાહા... એમાં તો શરીર પરિણામને પ્રાપ્ત, ઉસસે અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવના અવલંબને લિયા થા. આહાહાહા ! યહાં ખંડ ખંડ જ્ઞાનની પર્યાય જો જાનતી હૈ, આહાહા... ઉસકો અંદરમેં પ્રતીતિમેં આનેવાલા ભગવાન આત્મા, આહાહા... અખંડ એક ચૈતન્ય શક્તિ, ઓલી ખંડ ખંડ અનેક થા, સામે ભગવાન આત્મા, અખંડ એક, આહાહા... ચૈતન્ય શક્તિ. આહાહા ! અખંડ એક ચૈતન્ય શક્તિ, ચૈતન્ય સ્વભાવ. ઝીણી વાત છે પ્રભુ ગાથા એવી આવી છે બરોબર. સુમેરુમલજી આયાને ગાથા બડી અચ્છી આઈ હૈ ભાગ્યશાળી, આ ઐસી ચીજ હૈ, બાપા. આહાહાહા !

અંતરમેં ખંડ ખંડ જ્ઞાન જણાતી હૈ ઐસી, ઇન્દ્રિય ભાવ હૈ તો જ્ઞાનકી પર્યાય હોં, પણ વો ભી જ્ઞાયકકા ભિન્ન પરજ્ઞેય તરીકે ગિનનેમેં આયા હૈ, આહા... કયોં કે અખંડ એક ચૈતન્ય શક્તિ જો અંદર ત્રિકાળ હૈ, પ્રભુ આહાહા... જિસમેં પર્યાયકા ભેદ, ભેદ ભી નહીં. આહાહા ! પ્રતીતિમેં આતી હુઈ. કોણ આતી હુઈ ? અખંડ એક ચૈતન્ય શક્તિ, આહાહાહા... જ્ઞાયક શક્તિ, જ્ઞાયક

શક્તિ, ચૈતન્ય શક્તિ, ધ્રુવ શક્તિ જેમ પાણીનું પૂર ચલતે હૈ, ઐસા ચૈતન્ય શક્તિ આમ ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ, સમજમેં આયા ? એ ચૈતન્યકા, નૂરકા પૂરકા ધ્રુવ, આહાહાહા... આવી વાતું હવે, સાધારણ માણસને પકડાય નહિં એટલે... આહાહા !

એ શરીર પરિણામ પ્રાપ્ત તો એકકોર દૂર રહો, પણ અપની પર્યાયમેં જે જ્ઞાનકા ખંડ ખંડ દિખતે હૈ. આહાહા. એ ભી ખરેખર તો સ્વજ્ઞેય જ્ઞાયકકી અપેક્ષાસે તો એ પરજ્ઞેય હૈ. અને એ પરજ્ઞેયકી સ્વજ્ઞેયમાં નાસ્તિ હૈ. પ્રભુ તારો માર્ગ તો જુઓ ભાઈ. આહાહા... બાલચંદજી ! બુદ્ધિ કેળવવી પડે એવું છે. આહાહા ! ખંડ ખંડ જ્ઞાનકી પર્યાય જો હૈ ઓ નિશ્ચયસે, પરમાર્થસે જ્ઞાયક સ્વરૂપ ભગવાન જો પ્રતીતિમેં આનેવાલા, અખંડ એક ચૈતન્ય સ્વભાવ ઉસસે વો ભિન્ન ચીજ હૈ. ભિન્ન હૈ તો ઉસે ભેદ કરના. આહાહાહા... ભિન્ન હૈ તો ભિન્ન કરકે અતિ સૂક્ષ્મકા અવલંબન લેના. આવી વાત બાપા ક્યાંય હૈ નહીં, સર્વજ્ઞ પરમેશ્વર સિવાય. આહાહાહા !

તે શરીર પરિણામને પ્રાપ્ત ઇન્દ્રિયાં જડ એ સિદ્ધ કિયા. નહીં હૈ એમ નહીં, અને ભાવેન્દ્રિય નહીં હૈ એમ નહીં. આહાહાહા.. એ ખંડ ખંડ જ્ઞાન જણાતી હૈ. ઐસી ચીજ હૈ. પણ ભગવાન આત્મા ઉસસે ભિન્ન હૈ. આહાહાહા ! ભાષા તો સાદી હૈ નાથ, ભાવ તો ભગવાન. આ તેરી ચીજ ભગવાન કૌન હૈ તેરા. આહા ! હવે રાગ અને પુણ્યપાપકા વિકલ્પકી બાત તો કહાં રહ ગઈ. પણ યહાં તો જ્ઞાનકી પર્યાયમાં વર્તમાનમાં ક્ષયોપશમ અંશ જો પ્રગટ હૈ, એ ખરેખર તો ભાવેન્દ્રિય અપના જ્ઞાયકભાવસે ભિન્ન હૈ, તો યે ભાવેન્દ્રિયકો – પ્રતીતિમેં આનેવાલા અંતર ભગવાન, અખંડ એક ચૈતન્ય શક્તિ દ્વારા, આહાહા... સર્વથા અપનેસે ભિન્ન જાના, આહાહાહા... એકલા મંત્રો હૈ ભેદજ્ઞાનના મંત્રો છે. રતનલાલજી ! આવું છે બાપા ! આહા !

આહાહા ! ગજબ વાત કરે છે ને ? અપની જ્ઞાનકી પર્યાય ભી જ્ઞાયકમેં પરજ્ઞેય તરીકે હૈ. આહાહાહા ! ઓ કારણે ક્યોંકિ એક સમયકી ખંડ ખંડ હૈ ને ? ભગવાન તો અખંડ અનંત આનંદ. ખંડ હૈ ઐસા સિદ્ધ ભી કિયા. આહાહા... શું શૈલી ! દ્રવ્યેન્દ્રિય હૈ ઐસા સિદ્ધ કિયા, અસ્તિ હૈ, સર્વથા આત્મા એક હી હૈ ઐસા નહીં. આહાહાહા... ઔર ભાવેન્દ્રિય ( હૈ ) આત્મા એકીલા આત્મા એક હી હૈ અને ખંડખંડ જ્ઞાન ભાવેન્દ્રિય હૈ નહીં ઐસા હૈ નહીં. આહાહા !

વ્યવહારનયકા વિષય સિદ્ધ કરતે હૈ. આહાહાહા ! એ એક સમયકી પર્યાયસે ભિન્ન ભગવાન. કૈસા ? કે પ્રતીતિમેં આનેવાલા વિશ્વાસમેં આનેવાલા – ભરોસામેં આનેવાલા અખંડ એક ચૈતન્ય શક્તિ, સમજમેં આયા ? આહાહા ! એ પ્રભુ તારી વાત કોઈ જુદી છે. મૂળ વાત રહી નહીં. બહારના કડા કૂટા, આ વ્રત કરો ને તપ કરોને, પ્રભુ એમાં આત્મા નહીં. આહાહા ! એ વ્રત ને તપનો વિકલ્પ છે, એ તો રાગ ઉસમેં આત્મા તો નહીં અને આત્મામેં એ નહીં. પણ યહાં તો ખંડ ખંડ જ્ઞાનની પર્યાય, જે રાગ આયા ઉસકો જાનતી હૈ, જ્ઞાનકી પર્યાય, એ ખંડ ખંડ જ્ઞાન ઉસસે ભી પ્રભુ ભિન્ન હૈ અંદર. ( શ્રોતાઃ– સર્વથા ભિન્ન કે કથંચિત્ ) સર્વથા ભિન્ન. અમારે શેઠ કહેતે હૈ, કથંચિત્ નહીં ? આવી વાત છે ભગવાન ! અરે મળવું મુશ્કેલ શેઠ પોતે કહે છે. અત્યારે આવું સ્પષ્ટીકરણ મળતું નથી. અરે ભગવાન આ તો માર્ગ ભાઈ ! આહા ! એ ખંડ ખંડ જ્ઞાનની પર્યાય જે છે અપની હોં, ક્ષયોપશમ. આહાહા !

શરીરને પ્રાપ્ત ઇન્દ્રિયાં એ તો જડ, પરની જડ હતી. આહાહાહા ! અહીંયા જ્ઞાનની

પર્યાયનો વર્તમાન ક્ષયોપશમનો અંશ જે ખંડ ખંડ જ્ઞાન જણાય, આહા... પ્રભુ એ તારી ચીજ નહીં, એ તેરેમેં નહીં, તું ઉસમેં નહીં. આહાહા... ત્યારે કયા હૈ ? મૈં તો પ્રતીતિમેં આતી હુઈ અખંડ એક ચૈતન્ય શક્તિ, ચૈતન્ય સ્વભાવ અખંડ એકરૂપ ચૈતન્ય સ્વભાવકે દ્વારા, અખંડ એક ચૈતન્ય સ્વભાવકે દ્વારા, સર્વથા અપનેસે ભિન્ન જાના. આહાહાહા ! ભાવેન્દ્રિયનો ક્ષયોપશમ જે જ્ઞાનની પર્યાય ઉસકો સર્વથા અપનેસે ભિન્ન જાના, આહાહા... કહો સમજાય છે કે નહીં ? આહાહાહા !

ત્રણલોકનો નાથ અંદર અખંડ આનંદકંદ પ્રભુ, આહાહા... એના અવલંબન દ્વારા ખંડ ખંડ જ્ઞાનસે ભિન્ન પાડ સર્વથા અપનેસે, આહાહાહા ! અપનેસે નામ જ્ઞાયક જે પ્રતીતિમેં આનેવાલા અખંડ એક ચૈતન્ય સ્વભાવ ઉસકે દ્વારા અપનેસે સર્વથા ભિન્ન જાના. આહાહા ! ચૈતન્ય જયોત ધ્રુવ ધ્રુવ પ્રવાહ, પાણીનું પૂર આમ ચલે, આ તો ચૈતન્યના નૂરનું પૂર. ધ્રુવ, ધ્રુવ. સમજમેં આયા ? આહાહાહા... આવું છે ભગવાન શું કહીએ ? કહો શશીભાઈ !

ભગવાન છે ને અંદર બાપા. દેહ દેવાલયમાં ભગવાન બિરાજે છે. એ ભગવાન ખંડ ખંડ જ્ઞાનસે ભી ભિન્ન હૈ. આહાહાહા... રાગસે ભિન્ન હૈ, શરીરસે ભિન્ન હૈ, ખંડ ખંડ જ્ઞાનસે ભિન્ન હૈ.

અખંડ એક ચૈતન્ય સ્વભાવના આશ્રયકે દ્વારા ઉસકો જુદી કિયા. સર્વથા જુદી કિયા. કથંચિત્ જુદી કિયા ને કંથચિત્ એક, ઐસા નહીં. ભગવાનકા માર્ગ તો અનેકાંત હૈ ને કંથચિત્ જુદા અને કથંચિત્ એક, ઐસા હૈ નહિં. આહાહા ! યહ ભાવેન્દ્રિયોંકા જીતના હુઆ, આ જીતના હુઆ, આંખ્યું બંધ કરી દે અને આંખ્યું ફોડી નાખે, એ ઇન્દ્રિયકા જીતના એ હૈ નહીં. આહાહા....

પણ વો એક સમયકી ખંડ ખંડ દશા ઉસસે પ્રતીતિમેં આનેવાલા અખંડ એક ચૈતન્ય સ્વભાવ, ઉસકે દ્વારા ખંડ ખંડ જ્ઞાનકી પર્યાયકો ભિન્ન જાના. આહાહા.... ઉસકા નામ સમ્યગ્દર્શન. સમજમેં આયા ? બે બોલ હુઆ. બે બોલ હુઆને ? દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય.

હવે ગ્રાહ્યગ્રાહકલક્ષણવાલે, કયા કહેતે હૈ. ગ્રાહ્ય નામ જ્ઞેય, જાનને લાયક જે જ્ઞેય અને ગ્રાહક જાનનેવાલા જ્ઞાયક, ગ્રાહ્યગ્રાહક, ગ્રાહ્ય જણાવાલાયક જે પરપદાર્થ જ્ઞેય, જાનનેવાલા ગ્રાહક આત્મા. ગ્રાહ્યગ્રાહક શબ્દ લિયા હૈ ને ? નહીં તો છે તો જ્ઞેયજ્ઞાયક, પણ કયું લિયા કે અનાદિસે, આહાહા... એ પરજ્ઞેય ગ્રાહ્ય જે જાનને લાયક હૈ. ઓ મેરા હૈ ઐસા માન્યા હૈ. આહાહાહા ! અરે સ્ત્રી કુટુંબ પરિવાર શરીર વો તો પર હૈ, પણ અહીં તો દેવ, ગુરુ ને શાસ્ત્ર જે પરજ્ઞેય હૈ. આહાહા ! એ જાનને લાયક અને આત્મા જાનનેવાલા. એ સિવાય એ દેવ, ગુરુ, શાસ્ત્ર મેરા અને મૈં ઉસકા એ પરજ્ઞેયકી સાથ એકતાબુદ્ધિ હૈ. સમજમે આયા ? ભારે ઝીણી વાત બાપુ ! આહાહા ! ગ્રાહ્ય, ગ્રહવા લાયક, ગ્રાહ્ય એટલે ગ્રહવા લાયક. દૂસરી ભાષાએ કહીએ તો જાણવા લાયક પરપદાર્થ, જાણવા લાયક અને ગ્રાહક, જાનનેવાલા ભગવાન( આત્મા ) એ ગ્રાહ્ય ગ્રાહક, જ્ઞેય જ્ઞાયક લક્ષણવાલે સંબંધકી નિકટતાકે કારણ, આહાહા.... નિકટ આવે છે ને ત્યાં સર્વવિશુદ્ધ અધિકારમાં. આહાહા ! આ દેવ, ગુરુ ને શાસ્ત્ર, મંદિર અને પ્રતિમા એ સબ પરજ્ઞેય હૈ. આહાહાહા ! પણ જ્ઞાયક જાનનેવાલા અને જ્ઞેય પર, ઉસકી અત્યંત નિકટતાકે કારણ, વો જાનનેમેં આયા ઐ મૈં હું, પરજ્ઞેય હૈ યહ મૈ હું. આહાહા ! દેવસે મેરેમેં લાભ હુવા, ગુરુસે

મેરેમેં લાભ હુવા, કે યે પૂર્ણ મેરે કરના. આહાહા... સમજમેં આયા ? મંદિર હો ભગવાન તીર્થંકર આદિ હો તો ઉસકો ભી છોડકર જંગલમેં ચલે જાતે હૈ. આહાહા ! અહીં કયા કહેના હૈ યે પરજ્ઞેય હૈ અને આત્મા જ્ઞાયક, વો પરજ્ઞેય તરીકે જાનનેલાયક હૈ. વો સિવાય આગળ બઢકર પરસે મેરે લાભ હોગા. આહાહાહા ! યહ ભ્રમ હૈ.

ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા એ લક્ષણ સંબંધ, સંકર સંયોગ એની નિકટતાકે કારણ જાણે કે અપનેમેં સંવેદનકે સાથ અપના જ્ઞાનમેં ઉસકા જ્ઞાન ઈસ તરફ ( આત્મામેં ) આ ગયા. ઉસકે કારણે ઉસકા જ્ઞાન મેરેમેં આ ગયા. ઐસા અજ્ઞાનીકો નિકટતાસે ભાસ હોતા હૈ. આ શાસ્ત્ર જ્ઞાન કાને પડયા તો મેરી પર્યાયમેં શાસ્ત્ર જ્ઞાનસે જ્ઞાન હુવા ઐસી એકતા માનતા હૈ, વહ મિથ્યાત્વ હૈ. આહાહા ! આવી વાત છે. ભગવાનકી વાણી એ ગ્રાહ્ય હૈ, જાનને લાયક હૈ. બસ પરજ્ઞેય તરીકે, ભગવાન પણ પરજ્ઞેય તરીકે ગ્રાહ્ય જાનને લાયક હૈ. એ સિવાય અતિ ( નિકટ ) સંબંધ અને સંયોગના નિકટતાકે કારણ ઉસસે મેરેમેં લાભ હુવા યે ભ્રમ હૈ. આવી વાતું. ભારે આકરું કામ. આહાહા... દેવ, ગુરુ ને શાસ્ત્ર ઊડી જાય છે. એ તો પર હૈ ને, આહાહા... બાપુ આ તો વીતરાગ માર્ગ હૈ. આહાહા... દેવ-ગુરુ ને શાસ્ત્ર એ પરજ્ઞેય, જ્ઞાનમેં નિકટતાસે જાનનેમેં આતા હૈ. એથી ઐસે લગે કે ઉસસે મેરેમેં જ્ઞાન હુવા, વાણી સૂનનેસે મેરેમેં જ્ઞાન હુવા, ભગવાનકો દેખનેસે મેરેકો જ્ઞાન ભગવાનકા જ્ઞાન હુવા. યે જ્ઞેય જ્ઞાયકકી અતિ નિકટતાસે ભ્રમ ઉત્પન્ન હોતા હૈ. આવી વાતું છે બાપુ ! બાલચંદજી ! ન્યાં કયાંય સરદાર શહેરમાં મળે એવું નથી ન્યાં. આહાહાહા ! અમૃત વરસે છે ભગવાન. આહાહા !

ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા, આહાહા ! એ ગ્રાહ્યગ્રાહક લક્ષણ હૈ. સંબંધ વિનાની એ ચીજ નહીં. પરની સાથે તો ગ્રાહ્યગ્રાહકલક્ષણ, આહાહાહા ! અતિ નિકટતાકે કારણ અપના સંવેદન અનુભવકે સાથ પરસ્પર એક જૈસી હુઈ દિખાઈ દેતી હૈ. આહાહાહા ! શાસ્ત્રકા શબ્દ કાને પડયા તો મેરે જ્ઞાન ઉસસે હુવા ઐસી એકતા ભાસતી હૈ અજ્ઞાનીકો. ભારે કામ આ તો આકરું કામ. પરિચય ન હોય, સત્ સમાગમ ( નહીં ) ભારે આકરું કામ છે ભાઈ ! આમ કહે કે શાસ્ત્ર વાંચના સ્વલક્ષે, ( શ્રોતાઃ- સ્વલક્ષે જ જ્ઞાનને લક્ષે કે પરને લક્ષે ) પણ એ સ્વલક્ષ ચૂકીને શાસ્ત્ર કાને પડે વાંચે તો એને એવું થઈ જાય કે આનાથી આ જ્ઞાન થયું. જ્ઞાનકી પર્યાય તો અપનેસે હોતી હૈ. ભલે એ પરલક્ષી હો. એ અપનેસે હોતી હૈ. પણ શાસ્ત્રસે હુવા, શબ્દસે હુવા. આહાહાહા ! એ શબ્દજ્ઞાન હુવા, શાસ્ત્રકા જ્ઞાન એ શબ્દજ્ઞાન હૈ. ઓ શબ્દ જ્ઞાનસે મેરેમેં જ્ઞાન પર્યાય હુઆ, ભ્રમ હૈ. આહાહાહા ! ગજબ વાત હૈ. સમયસાર એક એક પદ એક એક ગાથા. આહાહાહા ! ધીરાના કામ છે ભાઈ આ કાંઈ ઉતાવળે આંબા પાકી જાય એવું નથી. આહા !

નિકટતાકે કારણ જ્ઞેય જ્ઞાયક, જેવું જ્ઞેય છે ઐસા અહીંયા જ્ઞાન હોતા હૈ. તો ઐસી નિકટતાકે કારણ વો જ્ઞેયસે મેરેમેં જ્ઞાન હુવા, ઐસી ભ્રમણા છોડ દે. આહાહા ! આવો મારગ. અપના અનુભવકે સાથ પરસ્પર, પરસ્પર દેખા, કયા કહા ? યે જ્ઞેય અને જાનનેવાલા ( જ્ઞાયક ) બે પરસ્પર એક હો ગયા હો, જ્ઞેય અહીંયા આ ગયા અને જ્ઞાનકી પર્યાય ઉસમેં ઘૂસ ગઈ ? આહાહા !

કુંદકુંદાચાર્ય સાક્ષાત્ ભગવાન પાસે ગયે થે. તીર્થંકર ભગવાન બિરાજતે હૈ, ત્યાં ગયે થે,

આઠ દિન રહે. વહાંસે આકર આ શાસ્ત્ર બનાયા. આહાહાહા... એ વાણીનું શું કહેવું ! છતાં અહીં તો એમ કહેતે હૈ કે વાણીસે તેરે જ્ઞાન હો, ( ઐસા નહીં ). આહાહાહા ! તો જ્ઞેયસે જ્ઞાન હુવા, જ્ઞાનસે જ્ઞાન ન હુવા. બહુ કામ, બાપા ! સત્‌ને પહોંચી વળવું એ અલૌકિક વાત છે. ભાઈ ! આહાહા ! એક જૈસી દિખાઈ દેતી હૈ, પરસ્પર હોં. ભગવાન, ભગવાનકી વાણી અને જ્ઞાયક, જ્ઞેયજ્ઞાયક લક્ષણકે કારણ, અતિ નિકટતાસે જાણે ઉસસે મેરેમેં ( જ્ઞાન ) હુવા અને મેરા જ્ઞાન ત્યાં ચલા ગયા ઉસકી પાસ માટે જ્ઞાન હુઆ ? આહાહાહા ! આવો ઉપદેશ હવે અજાણ્યા માણસને તો એવું લાગે આ શું કહે છે. બાપુ તારા મારગડાં એ અલૌકિક છે ભાઈ. આહાહા !

આયાને ? ભાવેન્દ્રિયોં દ્વારા ગ્રહણ કિયે હુવે, કયા કહેતે હૈ ? ભાવેન્દ્રિયોંકે દ્વારા ગ્રહણ કિયે હુવે. આહાહાહા ! જ્ઞાનના ક્ષયોપશમની પર્યાય દ્વારા ગ્રહણ કિયા, વાણી, ભગવાન મંદિર કે પ્રતિમા, આહાહા... ભાવેન્દ્રિય દ્વારા, જ્ઞાયક દ્વારા નહીં. આહાહા... ગ્રહણ કિયે હુવે ઇન્દ્રિયોંકે વિષયભુત ઇન્દ્રિયોના વિષય રંગ, ગંધ રસને સ્પર્શ ભગવાનની વાણી ને ભગવાન એ સબ ઇન્દ્રિયકા વિષય હૈ.. અરેરે આવી વાતું, ભાવેન્દ્રિયોંકે દ્વારા, આહાહા... ગ્રહણ કિયે હુવે ગ્રહણ એટલે જાનનેમેં આયા. ઇન્દ્રિયોંકે વિષયભુત સ્પર્શ આદિ પદાર્થ. આહાહાહા ! ભાવેન્દ્રિય દ્વારા સ્પર્શ જાનનેમેં આયા. રંગ જાનનેમેં આયા, ગંધ જાનનેમેં આયા, શબ્દ જાનનેમેં આયા. આહાહાહા ! અપની ચૈતન્ય શક્તિકી, આહાહાહા... અપની ચૈતન્ય શક્તિસે – સ્વભાવનો સ્વયમેવ અનુભવમેં આનેવાલા એ ભાવેન્દ્રિય દ્વારા જાનનેમેં આયા એ નહિં. જ્ઞાનના ક્ષયોપશમના પર્યાયમાં, આહાહાહા ! શાસ્ત્ર જાનનેમેં આયા એ નહિ, આહાહાહા ! અપના ચૈતન્ય સ્વભાવ સ્વયમેવ અનુભવમેં આયા. એ તો કોઈ નિમિત્ત હૈ, તો જાનનેમેં આયા ઐસી ચીજ હૈ નહિં. ભગવાન અપના સ્વયમેવ ચૈતન્ય સ્વરૂપ. આહાહા ! સ્વયમેવ અનુભવમેં આનેવાલી, કોણ ? અસંગતાકે કારણ, જ્ઞેયના સંગ બિના જ્ઞેયના સંગના સંબંધ વિના. આહાહાહા ! દેવ, ગુરુ ને શાસ્ત્ર જે જ્ઞેય, એના સંબંધ વિના ભગવાન અસંગ પ્રભુ અંદર હૈ.

આહાહાહા ! શું ટીકા ? આહાહા... અપની ચૈતન્ય શક્તિકા સ્વયમેવ અનુભવમેં આનેવાલા, આહાહાહા ! ઇન્દ્રિયોંસે સૂનનેસે નહીં. આહાહાહાહા ! ચૈતન્ય પ્રવાહ ભગવાન ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ નિત્યાનંદ પ્રભુ. આહાહા ! ઐસા ચૈતન્ય સ્વભાવકા સ્વયમેવ અનુભવમેં આનેવાલા, ભાવેન્દ્રિય અને નિમિત્ત જાના એના દ્વારા નહીં. આહાહા.... આવી વાતું છે.( શ્રોતાઃ– સ્વયમેવ કાળલબ્ધિ આ ગઈ ) પોતે જ્ઞાયકભાવ સ્વયમેવ જાનનેવાલા નિમિત્તકી અપેક્ષાસે નહિ. ભાવેન્દ્રિયકી અપેક્ષાસે નહિ. ( શ્રોતાઃ– કાળ લબ્ધિની અપેક્ષા આવે ) કાળલબ્ધિ નહિ એ તો પુરુષાર્થથી, એ ત્યારે કાળલબ્ધિ કહેતે હૈ અપના પુરુષાર્થસે જબ ભિન્ન ભાન કિયા, કાળલબ્ધિ પાકી ગઈ.

એ તો પ્રશ્ન હમારે ૭૨ કી સાલમેં આયા. ૭૨–૭૨ કીતના વર્ષ હુવા, બાસઠ–સાંઈઠ ને દો. પ્રશ્ન સંપ્રદાયમેં ખડા થા. ૭૦ માં દિક્ષા ૬૨ વર્ષ થયા. તો પીછે બોંતેરમેં પ્રશ્ન એક ખડા હુઆ વો ઐસે કહેને લગે, હમારા ગુરુ તો ભદ્રિક થા. પણ હમારા ગુરુભાઈ જરા ઐસે કહે "કેવળીએ દીઠા ઐસા હોગા, અપને કયા કરે" ? પાટણીજી ૭૨–૭૨માં એટલે ૬૨ વર્ષ પહેલે બહોત પ્રશ્ન ચલા. સર્વજ્ઞ ભગવાને જૈસા દેખા ઐસા હોગા, આપણે કયા કરીએ ? સૂનો ! સર્વજ્ઞ જગતમેં

હૈ ? એ જ્ઞાનકી એક સમયકી પર્યાય તીન કાલ, તીન લોકકો દેખતી હૈ. ઐસી સર્વજ્ઞકી પર્યાય જગતમેં સત્તારૂપ હૈ, ઉસકા સ્વીકાર હૈ ? પીછે દેખા ( ઐસા ) હોગા. આ તો અંદરસે આયા થા. તબ તો કાંઈ નહિ થા. આહાહા ! ૮૦ ગાથા છે ને પ્રવચનસારની જો જાણદિ અરહંતં દવ્યત્ત ગુણત્તપજજય ત્તેહિં "યહ અંદરસે આયા થા. વાંચ્યુ નહોતું. આહાહા.... ભાઈ તમે ઐસે કહો, મૈં તો ઐસા કહેતા હું કે સર્વજ્ઞે દીઠા ઐસા હોગા તો સર્વજ્ઞકી સત્તાકા સ્વીકાર હૈ ? અલ્પજ્ઞ પર્યાયમેં સર્વજ્ઞકા સ્વીકાર હૈ ? એ સર્વજ્ઞકા સ્વીકાર અલ્પજ્ઞમેં કૈસે આયેગા ? આહાહા !

એ અપના સર્વજ્ઞ સ્વભાવ સન્મુખ હોગા. સર્વજ્ઞ સ્વભાવ ભગવાન આત્માકા હૈ, ઉસકા સન્મુખ હોગા, સર્વજ્ઞ એ વખતે ઈતના નહીં થા, જ્ઞાન અંદર હોગા એસા કહા ( સંવત ) ૭૨ કી બાત. જ્ઞાનમેં અંદર ગયે ઘૂસ ગયા. સર્વજ્ઞકી પર્યાયકા નિર્ણય કરનેમેં આયા તો સમ્યગ્દર્શન હુવા. અપની પર્યાયમેં સર્વજ્ઞ સ્વભાવ આયા નહિ, પણ સર્વજ્ઞ સ્વભાવ જગતમેં પ્રગટ હૈ, તો એ સર્વજ્ઞ સ્વભાવ આયા કહાંસે ? સર્વજ્ઞ સ્વભાવી ભગવાન હૈ. ઉસમેંસે આતા હૈ. એ સર્વજ્ઞ સ્વભાવકા જિસમેં નિર્ણય હુઆ એ પુરુષાર્થ હૈ– આ વાત હૈ ભાઈ. આહાહા ! એમ ન ચાલે કીધું આહાહા... ભાઈ મૈં ઉસમેં આ ગયા હું માટે ઐસા માનું ઐસે હૈ નહિ. મૈં તો સત્ કયા હૈ, આહાહા.. નિશ્ચયકી બાત માનું. વ્યવહારકી બાત ભી ઐસી થી. ઉસમેં મુહપતીમેં થા ને હમ તો, તબ શેઠીયા દસ લાખ ( રૂપિયાવાલા ) થા. ૬૦ વર્ષ પહેલે વો સ્થાનકવાસી થા. મૂર્તિકો ન માને. તો ઐસે કહેતે થે, કે મૂર્તિકી પૂજા તબલગ હો જબલગ મિથ્યાદૃષ્ટિ હો તબલગ એમ કહેતે થે. સૂનો તો મૈં ( ને ) કહા કે જિન પ્રતિમાકી પૂજાકા ભાવ, ભાવશ્રુતજ્ઞાનીકો હી આતા હૈ. કયોંકિ જબ આત્માકા જ્ઞાન હુઆ. સમ્યગ્જ્ઞાન હુઆ, ભાવશ્રુતજ્ઞાન હુઆ તો ભાવશ્રુત જ્ઞાનકા ભેદ નિશ્ચય અને વ્યવહાર બે નય હૈ તો વ્યવહારનય ઉસકો આતી હૈ. અને વ્યવહારનયકા વિષય, ભગવાનકી પ્રતિમા વ્યવહાર હૈ. હૈ તો વ્યવહાર. પણ વ્યવહાર ઉસકો આતા હૈ. સમજમેં આયા ?

નિશ્ચયથી અપના સ્વરૂપકા નિર્ણય કરે ત્યારે સર્વજ્ઞકા નિર્ણય હોતા હૈ. ઔર મૂર્તિકી પૂજા ભી સર્વજ્ઞ સ્વભાવકા અનુભવ નિર્ણય હુઆ. સમ્યગ્જ્ઞાન હુઆ તો શ્રુતજ્ઞાન હુઆ. ભાવ, ભાવશ્રુતકા ભેદ નય, નિશ્ચય અને વ્યવહાર, તો વ્યવહારનય ઉસકો હૈ, અને નિક્ષેપ એ જ્ઞેયકા ભેદ હૈ. આ નયકા ભેદ હૈ. નય હૈ વિષયી. અને ઓ વિષય, તો સમકિતીકો હી નિશ્ચયસે વ્યવહારકા વિકલ્પ ભક્તિકા આતા હૈ. ન્યાય સમજમેં આયા ? હૈ તો વ્યવહાર, ભાવશ્રુત જ્ઞાનીકો હી એ ઐસા વિકલ્પ આતા હૈ, નય વ્યવહારનયકા વિષય, ઔર ઈસકા વિષય જ્ઞેય, ભગવાન હૈ વ્યવહાર હૈ શુભભાવ, નિશ્ચય અને વ્યવહાર આ રીતે સિદ્ધ હોતા હૈ. સમજમેં આયા ? આહાહા !

ચૈતન્ય શક્તિકી સ્વયમેવ અનુભવમેં આનેવાલી અસંગતાકે દ્વારા, આહાહાહા ! જિસકો જ્ઞેયકા સંગ નહિ, ભાવેન્દ્રિયકા સંગ નહિ, આહાહાહા... ઐસે અસંગ પ્રભુ એના આશ્રય દ્વારા સર્વથા અપનેસે અલગ કિયા. એ જ્ઞેય, ચાહે તો દેવ ને ગુરુ ને શાસ્ત્ર હો, પણ અસંગ ઐસા અપના આત્માકા ભાનસે ભિન્ન હૈ. કહો.... શિવલાલભાઈ ! એમના બાપનો પ્રશ્ન હતો. દસની સાલ શિવલાલભાઈ બોટાદવાળા એ કહે બોટાદ વ્યાખ્યાન કરતે થે દસની સાલ ચોવીસ વર્ષ

હુઆ, બોટાદમેં વ્યાખ્યાન કરતે થે. હજારો માણસ તો ઉસને કહા કે દેવ ગુરુ ને શાસ્ત્ર પર ? શુદ્ધ હૈ યે પર ? લાખ વાર પર, પરદ્રવ્ય હૈ ! સ્વદ્રવ્ય નહિ ! સમજમેં આયા ? આહાહા ! પરદ્રવ્યકા લક્ષ કરનેસે શુભરાગ હી હોગા. વીતરાગતા નહીં હોગી ત્યાંસે. આહાહાહા !

વીતરાગતા તો ત્રિકાળી નાથ પ્રભુ વીતરાગ સ્વરૂપી બિંબ અંદર ઉસકે આશ્રયસે વીતરાગતા હોગી... હીરાભાઈ ! આવું છે. આહાહા !

“અસંગતા કે દ્વારા” આહાહાહા– ચૈતન્ય ભગવાન– ચૈતન્ય સ્વભાવ એ અસંગ હૈ. જિસકો એક સમયકી પર્યાયકા હી સંગ નહિ. આહાહાહા ! તો દેવગુરુ ને શાસ્ત્ર પરજ્ઞેય ઉસકા ભી સંગ નહિ. ઐસે અસંગતાકે દ્વારા સર્વથા અપનેસે અલગ કિયા, જ્ઞેયકો ભિન્ન કિયા. એ જ્ઞેય અપનેમેં નહીં. જ્ઞેયસે અપનેમેં લાભ નહિ. અને જ્ઞેયમેં મૈં નહિ. આહાહા ! આવી વાત ! સાંભળવા મળવી મુશ્કેલ પડે. થોડું ઘણું જાણ્યું ને પછી માની લે કે આપણે આ જાણ્યું. બાપા એ મારગડા કોઈ અલૌકિક છે.

સો ઇન્દ્રિયોંકે વિષયભૂત, ઇન્દ્રિયોના વિષય લીધા પદાર્થકા જીતના હુઆ. ત્રણ બોલ હો ગયા. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને પદાર્થ... આહાહા... વિશેષ કહેગા.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

---

## પ્રવચન નં. ૯૧ ગાથા - ૩૧ ભાદરવા વદ-૧૦ સોમવાર તા. ૨૫-૯-૭૮ સં. ૨૫૦૪

સમયસાર ૩૧ ગાથા. કહાં આયા હૈ ? ઈસ પ્રકાર કહાં આયા હૈ ? જો દ્રવ્યેન્દ્રિયો આ જડ પર્યાય, ભાવેન્દ્રિય, જે ખંડ ખંડ જ્ઞાન જણાતે હૈ વો, ઔર પંચેન્દ્રિયોંકા વિષયભૂત પાંચે ઇન્દ્રિયના વિષયભૂત પર પદાર્થ, તીનોંકો જીતકર અર્થાત્ તીનોંસે ભિન્ન હોકર, આહાહા ! જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ અસલી ત્રિકાળી અસલ સ્વરૂપ ઉસકા અવલંબનસે વો પરસે ભિન્ન કરના વો ઇન્દ્રિય જીત કહેનેમેં આયા હૈ.

જ્ઞેય જ્ઞાયક સંકર નામકા દોષ આતા થા. કયા કહેતે હૈ. ભગવાન સ્વરૂપ ચૈતન્ય એ તો સચ્ચિદાનંદ જ્ઞાયક સ્વરૂપ ઉસમેં આ દ્રવ્યેન્દ્રિય પરજ્ઞેય હૈ, ભાવેન્દ્રિય પણ પરજ્ઞેય હૈ. આહાહા... અને સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ ને શાસ્ત્ર દેશ યે સબ પરદ્રવ્ય હૈ, યે તીનોંકા લક્ષ છોડકર અપના ચૈતન્ય સ્વભાવકો પકડકર ઉસકી એકાગ્રતા હોના, એ આત્માની વાસ્તવિક નિશ્ચય સ્તુતિ હૈ. આહાહા ! આવું છે, હૈ ? જ્ઞેયજ્ઞાયક સંકર( દોષ ) કયા કહેતે હૈ ? ભગવાન ચૈતન્ય સ્વરૂપ ઉસમેં દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય એ પરજ્ઞેય હૈ. આહાહા ! અપના સ્વજ્ઞેય જ્ઞાયક ચૈતન્ય પ્રભુ ઉસસે દ્રવ્યેન્દ્રિય ભાવેન્દ્રિય યે પરજ્ઞેય હૈ. આહાહાહા ! ઔર દેવ, ગુરુ, શાસ્ત્ર, કે સ્ત્રી, કુટુંબ, પરિવાર યે સબ પરદ્રવ્ય હૈ. એ જ્ઞાયક ચૈતન્ય પ્રભુ યે ક્ષયોપશમની અવસ્થા યે ભી પરદ્રવ્ય પરજ્ઞેય, આહાહાહા ! દેવ, ગુરુ, ને શાસ્ત્ર યે પરજ્ઞેય હૈ, સ્વજ્ઞેયમેં પર દ્રવ્યકા સંબંધ–સંયોગ માનના એ બડા મિથ્યાત્વકા દોષ હૈ. આહાહા ! આવો પ્રભુ અંદર સચ્ચિદાનંદ પ્રભુ જિસકા સ્વભાવ એકીલા જ્ઞાન ને આનંદ ઐસી ચીજસે આ પર્યાય, શરીર પરિણામને પ્રાપ્ત પર્યાય ઇન્દ્રિયાં, યે પરજ્ઞેય હૈ. ભાવેન્દ્રિય જે જ્ઞાનકી પર્યાય ખંડ ખંડ જણાતી હૈ, યે ભી ત્રિકાળી

જ્ઞાયકકી દૃષ્ટિસે યે પરદ્રવ્ય હૈ. આહાહાહા !

તો દેવ, ગુરુ ને શાસ્ત્ર એ તો ક્યાંય રહી ગયા. યશપાલભાઈ ! આહાહા ! એ તીનોંકો જીતકર નામ જ્ઞેયજ્ઞાયક સંકર નામકા દોષ આતા થા. આહાહા ! જ્ઞાયક ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ઔર જ્ઞેય વો તીનોં ચીજ, એકતાપણાની માન્યતાના દોષ મિથ્યાત્વ આતા થા. આહા... સંકર નામકા દોષ આતા થા. સંકર નામ દોકા એકત્વ સંબંધ હૈ. ઐસા જો દોષ આતા થા. સો સબ દૂર હોનેસે, આહાહા... અપના ભગવાન જ્ઞાયક ચૈતન્ય જયોત ધ્રુવ ધ્રુવ પ્રવાહ અનાદિસે આહાહાહા... ઉસકો પકડ કરકે સ્વજ્ઞેયકો પકડ કરકે પરજ્ઞેયકો ભિન્ન કર દિયા. આવી વાત છે પ્રભુ ! શું થાય ? મારગ આ તો હજી પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યક્ અનુભવકી બાત હૈ. પીછે રાગ જ્ઞાનીકો ભી આતા હૈ. યે દૂસરી તીસરી ગાથામેં કહેગા. આહાહા ! સમજમેં આયા ? યહાં તો પ્રથમ ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને પર યે જ્ઞાયકની સાથ સંબંધ નામ એકત્વબુદ્ધિ થી ઈતના નાશ કિયા. સ્વભાવકા અવલંબનસે પરકી સાથ એકત્વબુદ્ધિ થી, યે સ્વભાવકે આશ્રયસે દોષકો નાશ કિયા. યે દોષ નાશ કિયા યે એક આત્માકી સ્તુતિ હુઈ. અંતર વાસ્તવિક તત્ત્વ હૈ, ઉસકી પ્રશંસા કિયા, સ્તુતિ કિયા. સમજમેં આયા ? ભાવેન્દ્રિય ને દ્રવ્યેન્દ્રિય અને સંયોગી ચીજ ઉસકી જો પ્રશંસા એ તો ઇન્દ્રિયકી પ્રશંસા હૈ. આહાહાહા ! ભગવાનકી સ્તુતિ પણ ઇન્દ્રિયકી પ્રશંસા હૈ. આહાહા ! અહીંયા કહેતે હૈ કે યે દોષ આતા થા યહ સબ દૂર હોનેસે. આહા !

“એકત્વમેં ટંકોત્કીર્ણ” ભગવાન આત્મા એકરૂપ સ્વભાવ ટંકોત્કીર્ણ, ટાંકણાસે જેમ ખોદ્યા હુવા અંદરમેંસે પ્રતિમા નિકળતી હૈ. ઐસા ભગવાન ટંકોત્કીર્ણ રાગસે ભિન્ન હોકર ચૈતન્ય દળ ભિન્ન કર દિયા. આહાહા ! બાલચંદજી ! આમાં આવું છે. સાંભળવું કઠણ પડે એવું છે. મારગ એવો બાપા. આહાહાહા... અનંતકાળનો અજાણ્યો મારગ. આહા !

યહાં કહેતે હૈ કે ઉસકો જાનનેમેં લિયા, આહાહા ! પર ઉપરકા એકત્વ બુદ્ધિકી દૃષ્ટિ છોડકર, એકત્વ સ્વભાવમેં એકત્વ હોના. આહાહા ! આહાહા ! યે પરકી સાથ એકત્વબુદ્ધિ થી એ મિથ્યાત્વકા સંયોગકા સંબંધકા દોષ થા. અસંગ ભગવાનમેં પરકા સંગ માનના, આહાહા... ગજબ વાત હૈ ભાઈ. આહાહા ! એ સબ દૂર કર દિયા, ચૈતન્ય જ્ઞાયક અતીન્દ્રિય આનંદકા કંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદકા દળ, આહાહા... ઉસકા આશ્રય લેકર પરકી એકત્વતા છોડ દિયા. આવી વાત છે. હજી રાગ હૈ પણ રાગકી એકતા તોડ દિયા. સમજમેં આયા ? ભાવેન્દ્રિય હૈ, દ્રવ્યેન્દ્રિય હૈ, પણ ઉસકી એકતા તૂટ ગઈ.

એ પ્રથમ દરજજાકી કેવળજ્ઞાનીકી સ્તુતિ કહો, કે કેવળ એકલું જ્ઞાન પ્રભુ ઉસકી સ્તુતિ કહો, આવી વાત છે પ્રભુ ! આહાહા ! “અનંતકાળથી આથડયો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને” સેવ્યા નામે કાંઈ પગ દાબવા છે ? આહાહા ! એમણે કહેલી આજ્ઞા ન માની. આહાહા ! સંતોની આજ્ઞા, શાસ્ત્રની આજ્ઞા, વીતરાગતા પ્રગટ કરના એ આજ્ઞા હૈ વીતરાગતા પ્રગટ કબ હો, કે પરસે ભિન્ન હોકર સ્વમેં એકત્વતા કરનેસે વીતરાગતા પ્રગટ હોગી. આહાહાહા ! એ ગુરુની આજ્ઞા આ હૈ. આહા... સમજમેં આયા ?

સંકર નામકા દોષ આતા થા. સંકર નામ એકત્વ, સંયોગ, સંબંધ સો સબ દૂર હોનેસે એકત્વમેં ટંકોત્કીર્ણ, પણ એ ચીજ કયા ? એ જ્ઞાન સ્વભાવકે દ્વારા, આહાહા.... પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ

એ પ્રજ્ઞા જ્ઞાનસ્વભાવકે દ્વારા, આહાહાહા... સર્વ અન્ય દ્રવ્યોંસે પરમાર્થસે ભિન્ન ઐસે અપને આત્માકા અનુભવ કરતેં હૈ. આહાહા ! ઐસે અપના આત્માકા અનુભવ કરતે હૈ. વે નિશ્ચયસે જિતેન્દ્રિય જિન હૈ. આહાહા ! "ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન" એ જિન સ્વરૂપી ભગવાન આત્મા ઉસકા આશ્રય લેકર પરકી એકત્વતા તોડી એ પર્યાયમેં જિન હુવા, દ્રવ્યમેં તો જિન થા. આહાહાહા ! "ઘટ ઘટ અંતર જિન વસે" દરેક ઘટમાં ભગવાન જિન સ્વરૂપી ભગવાન બિરાજતે હૈ. અને "ઘટ ઘટ અંતર જૈન" એ જિનકા અવલંબન લેકર પરકી એકતા તોડ દિયા, વો જૈન. જૈન કોઈ પક્ષ કે સંપ્રદાય નહીં. સમજમેં આયા ? એ વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ. આહાહા ! બહારસે એમ કહેવરાવે કે હમ સ્થાનકવાસી હૈ ને દેરાવાસી હૈ એ જૈન નહિં. ઘટ ઘટ અંતર જિન વસે, આ જ્ઞાન સ્વભાવી જિન સ્વભાવી. આહાહા ! એ જિન સ્વભાવકા અંતરમેં પ્રતીત કરકે પરકી એકતા તોડ દિયા એ વર્તમાન પર્યાયમેં જિન હુવા. જિતેન્દ્રિય જિન હુવા. પૂર્ણ જિન નહિ હજી પર્યાયમેં. સમજમેં આયા ? આવી વાતું હવે માણસને, ત્રણ લોકનો નાથ અંદર બિરાજે છે ને પ્રભુ. આહાહા ! "તારી નજરને આળસે રે પ્રભુ તેં ન નિરખ્યા નયને હરિ" એ સ્તુતિ આવી વિષ્ણુમાં "મારી નજરને આળસે રે મેં નિરખ્યા ન નયને હરિ" હરિ એટલે આહાહા... અજ્ઞાન અને રાગ દ્વેષકો હરે એ હરિ. આહાહા ! પંચાધ્યાયમાં હરિનો અર્થ કર્યો છે. આહાહા... વીતરાગી જ્ઞાન સ્વભાવી ભગવાન જ્ઞાન સ્વભાવ કહાને, દ્વારા આહાહા... એ વીતરાગ સ્વભાવ વડે, જ્ઞાન સ્વભાવ વડે, જિન સ્વભાવ વડે. આહાહા... અન્ય દ્રવ્યને પૃથક કર દિયા. આહાહા... સૂક્ષ્મ બાત હૈ ભાઈ. આહા !

ઐસે આત્માકા અનુભવ કરતે નિશ્ચયસે જિતેન્દ્રિય જિન હૈ. જ્ઞાન સ્વભાવ ભગવાન આનંદ જ્ઞાન, જ્ઞાન એટલે જાણગ સર્વજ્ઞ સ્વભાવ સ્વરૂપનું, સર્વજ્ઞ સ્વરૂપ. આહાહા... એકલા જ્ઞાન સ્વભાવ, અન્ય અચેતન દ્રવ્યોમેં નહીં. અર્થાત્ આ જ્ઞાન સ્વભાવ દૂસરા કોઈ પદાર્થમેં નહીં. ભગવાનના પદાર્થમેં ભી આ જ્ઞાન સ્વભાવ નહીં. આહાહાહા ! અને વો જ્ઞાન સ્વભાવ ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને પર ભગવાન એ બધાં અચેતન એટલે આ ચેતન નહીં. આહાહાહા !

એ અદ્ભૂત વિસ્મયકારી તત્ત્વ તેરા ભગવાન અંદર, આહાહા... એ તત્ત્વના અવલંબે, આહાહા.. અચેતન દ્રવ્યોમેં નહીં. એ વસ્તુ સ્વભાવ આનંદ ને જ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ. પ્રજ્ઞા નામ જ્ઞાન ને બ્રહ્મ નામ આનંદ, એ તો આતે હૈ કે નહીં ? વિષ્ણુમેં આતે હૈ. પ્રજ્ઞાબહ્મ પણ ઉસકી પર્યાય કયા ને ગુણ કયા ઉસકી તો ખબર નહીં. આ તો સર્વજ્ઞથી સિદ્ધ હુવા હૈ. આહાહા... કયોંકિ જો જ્ઞાન સ્વભાવ અન્ય ચેતન નહિ. ઈસલિયે ઉસકે દ્વારા આત્મા સબસે અધિક, આહાહા ! ભાવેન્દ્રિય, અરે સર્વજ્ઞ ત્રિલોકનાથ ઉસસે ભી આ જ્ઞાન સ્વભાવ અધિક ભિન્ન હૈ. સમજમેં આતા હૈ ? આહાહા ! ઉસકે દ્વારા આત્મા સબસે અધિક, ભિન્ન, પરિપૂર્ણ, આહાહા... મુજે તે જાનનેમેં આતા હૈ, અનુભવમેં આતા હૈ. વો ચીજ પરસે તદ્દન ભિન્ન. ત્રણ લોકના નાથ તીર્થંકર કેવળી ઉસસે ભી આ ચીજ ભિન્ન હૈ. શિવલાલભાઈ ! આ તો આ આવ્યું શુદ્ધથી ભિન્ન હૈ. અને આનાથી એ ભિન્ન અને એનાથી એ ભિન્ન.

ભક્તિ, ભક્તિ, ભક્તિ એમાં પોતે પોતાને ભુલી ગયા. અમે ભક્તિ કરીએ દેવ ગુરુની એટલે કલ્યાણ હોગા. પરદ્રવ્યની ભક્તિ તો રાગ હૈ. ઝીણી વાત છે ભાઈ ! સ્વદ્રવ્યકી ભક્તિ એ

વીતરાગતા હૈ. ભજન નામ પૂર્ણાનંદના નાથનું દૃષ્ટિમાં ભજન કરના. આહાહા ! એ વીતરાગી સ્તુતિ હૈ. એ વાસ્તવિક કેવળજ્ઞાનીની સ્તુતિ હૈ. કેવળજ્ઞાની એમ કહેતે હૈ, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એમ કહેતે હૈ કે હમ તેરેસે ભિન્ન હૈ. અને હમારાસે તેરી ચીજ ભિન્ન હૈ. ઐસી ભિન્ન ચીજકી સ્તુતિ કરે, ઉસને વાસ્તવિક કેવળજ્ઞાનકી સ્તુતિ કિયા. આહાહા ! હમારી સામું દેખકર હમારી સ્તુતિ કરે યે તો રાગ હૈ, એ આત્મા નહીં. આહાહાહા ! આતા હૈ, ધર્મીકો ભી રાગ આતા હૈ. પણ એ બંધનના કારણ હૈ. વ્યવહાર આતા હૈ, જબલગ વીતરાગ ન હો, પર્યાયમેં. વીતરાગતા, સર્વજ્ઞતા ન હો તબલગ સાધક જીવકો ભી અપના ભગવાન આત્માકી એકાગ્રતાકી સ્તુતિ હોને પર ભી પૂર્ણ એકાગ્રતા નહીં, એથી ભગવાનનો દેવ, ગુરુનો વિનય આદિનો ભાવ આતા હૈ. પણ એ ભાવ પુણ્યબંધકા કારણ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આવું લાગે આકરું માણસને, આવો ક્યાંથી કાઢયો ધર્મ એમ કહે છે કેટલાક, ભાઈ મારગ જ આ છે બાપુ ! આહાહા !

અરે જનમ મરણ કરી કરીને સોથા નીકળી ગયા છે, આહા... બાપા તને ખબર નથી ભૂલી ગયો. ભૂલી ગયો એટલે નહોતું એમ પ્રભુ કોણ કહે ? આહાહા ! જનમ પીછે છ માસમેં, બાર માસમેં કયા હુઆ, એ ખબર હૈ ? માતા પિતાએ કૈસા કિયા કૈસા જંગલ બેસાર્યા કૈસા એ ખબર હૈ ? જંગલ બેસારતે હૈ ને બાળકકો બે પગ લાંબા કરી અને પગમાં બેસારે આમ. એ ખબર હૈ ? ( તને ) ખબર નથી માટે નહોતું ? આહાહા ! કાંખમાં બેસારે ને હાથમાં. એ છ મહીનાની બાર મહિનાની ક્રિયા ખ્યાલમાં હૈ નહિં. ખ્યાલમાં નહીં હૈ તો નહીં થી ? ઐસે અનંતકાળ પ્રભુ ચાર ગતિના દુઃખો અનંતવાર વેઠયા છે. પ્રભુ, એ ખબર નથી માટે નહીં થા, ઐસા હૈ નહીં. હેં ? લોજીકસે, ન્યાયસે. આહાહા !

અહીં કહેતે હૈ એ આત્માકા સ્વભાવકે દ્વારા સબસે અધિક ભિન્ન, કૈસા હૈ જ્ઞાન સ્વભાવ, ભગવાન આ જ્ઞાન સ્વભાવ, ચૈતન્ય હીરલો, આહાહાહા... આતમ હીરલો. કૈસા હૈ ? કે વિશ્વકી ઉપર તિરતા હુઆ. કયા કહેતે હૈ ? રાગ દેવ, ગુરુ, શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરીવાર ઉસકો જ્ઞાન જાને. જાને છતાં તે રૂપ હોતા નહીં. સમજમેં આયા ? ઉપર તિરતા હૈ.

ઉન્હે જાનતા હુઆ ભી, ઉનરૂપ નહીં હોતા હુઆ, આહાહાહા ! પરકો જાનતા હુઆ ભી જાનનેમેં રહેનેવાલા હૈ. પરરૂપ હોતા નહીં. આહા ! અગ્નિકો જ્ઞાન જાને તો એ જ્ઞાનમેં અગ્નિ આઈ નહીં અને અગ્નિરૂપ જ્ઞાન હુઆ નહીં. પણ અગ્નિ સંબંધીકા જ્ઞાન અપનેમેં જ્ઞાન આતા હૈ. આહાહા ! તો જ્ઞાન હુઆ અગ્નિ સંબંધી તો એ જ્ઞાન અગ્નિરૂપ હુઆ ઐસા હૈ નહિ. આહાહા ! ઐસે જ્ઞાન પ્રભુ ( આત્મા ) પરકો જાને પણ પરરૂપ હોકર જાનતે નહિ. આહાહા ! અપનેમેં રહેકર જાનતે હૈ. પરકા જાનના હુઆ, પણ પરકા જાનનેસે પરરૂપ હુઆ ? એ પરકા જાનના એ તો અપના જાનના હૈ. આહાહા ! આ વાત.

જાનતા હુઆ ભી ઉનરૂપ નહીં હોતા. પ્રત્યક્ષ ઉદ્યોતપણેસે સદા અંતરંગમેં પ્રકાશમાન, આહાહા... પ્રત્યક્ષ હૈ. આહાહા.. જિસકો જાનનેમેં રાગ ને નિમિત્તકી અપેક્ષા નહીં, તો સીધા અપના મતિ-શ્રુતજ્ઞાનસે પ્રત્યક્ષ જાનનેમેં આતા હૈ. આહાહા ! નીચલા દરજજાકી બાત હૈ હજી તો હોં, મતિશ્રુત જ્ઞાન. એ સમ્યક હુઆ એ પ્રત્યક્ષ જાનતે હૈ. આ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એ

પ્રત્યક્ષ ઉદ્યોતમાન, સદા અંતરંગમેં પ્રકાશમાન, આહાહા... સદા અંતરંગમેં પ્રકાશમાન ચૈતન્ય જ્યોતિ ઝળહળ જ્યોતિ બિરાજમાન પ્રભુ, આહાહા... અવિનશ્વર, કભી નાશ નહીં હોતા એ ચીજ હૈ વહ કભી પલટતી ભી નહીં. પર્યાય પલટે, વસ્તુ તો વસ્તુ હૈ. આહાહા !

સ્વતઃસિદ્ધ અપનેસે હૈ કોઈ કર્તા ફર્તા ઉસકા હૈ નહીં. સમજમેં આયા ? કર્તા હૈ ઈશ્વર. કોઈ કર્તા કહે, તો પરમેશ્વરે તો ( કહા ) ઈશ્વર કર્તા નહીં ( તો ) ઐસા આત્મા બનાયા, તો ઐસાકો ઉસકો જન્મ કયું દિયા ? જો ઈશ્વર કર્તા હો, તો ઈશ્વર કર્તા નહીં હૈ, ઐસા માનનેવાલેકો જનમ કયું દિયા ? બેન તો ઘરેથી તમારે છે એક ફેરી વિચાર આવ્યો ' તો, બા છે ને ઘરે એ જરી વિચાર આવ્યો તો, આહાહા ! ઓલું આવે છે ને વેદાંતનું પત્ર નહીં ? કલ્યાણ. એક ફેરી સૂના થા, કલ્યાણ આવે છે ને ઘરે એક ફેરી વાંચતા હશે. ભગવાન તેરો કલ્યાણ સ્વરૂપ તો અંદર ભિન્ન હૈ. એનો કોઈ કર્તા હૈ ? અરે દ્રવ્ય જો હૈ યહ તો પર્યાયકા કર્તા નહીં. આહાહા !

ભગવાન આત્મા જ્ઞાયક ધ્રુવસ્વરૂપ એ અપની નિર્મળ પર્યાયકા ભી એ કર્તા નહીં. આહાહા ! પર્યાયકા કર્તા પર્યાય હૈ. આહાહા ! આવો માર્ગ ! અરે જનમ મરણના અંત લાવવાના ટાણાં મળ્યાં પ્રભુ, આહાહાહા... એ ટાણે નહીં સમજેગા તો કબી સમજેગા ? આહા !

સ્વતઃ સિદ્ધ ઔર પરમાર્થરૂપ, પરમપદાર્થ, પરમ પદાર્થ, પરમઅર્થ, પરમાર્થ, પરમ અર્થ, પરમ પદાર્થ, ઐસા ભગવાન જ્ઞાનસ્વભાવ હૈ. આ જ્ઞાનસ્વભાવ તો ભગવાન જ્ઞાન. આહાહા ! ભગ્ નામ આનંદ ને જ્ઞાનની લક્ષ્મી. વાન નામ લક્ષ્મીવાન આત્મા, ભગવાન હૈ. જ્ઞાનરૂપી લક્ષ્મી. ભગ્ એટલે જ્ઞાનરૂપી લક્ષ્મી, ઉસકા વાન એ લક્ષ્મીવાન હૈ. આ ધૂળવાળા નહિં એય....

સૌભાગ્યચંદજી ગુજરી ગયા નહીં ? ગુજરી ગયા એના ઘરમાંથી એ એક આવતા ' તા. આહાહા ! ભાગ્ય વિના આ ક્યાં મળે બાપા. આહાહા ! ઐસા ભગવાન ( આત્મા ) જ્ઞાન સ્વભાવ હૈ. આહાહા ! ઈસ પ્રકાર એક નિશ્ચય સ્તુતિ તો યે હુઈ. એક પ્રકાર આ હુઆ. સ્તુતિના ત્રણ પ્રકાર હૈ એમાં આ એક પ્રકાર હુઆ. પરસે ભિન્ન હોકર રાગ રહા, પણ રાગસે ભિન્ન હોકર એકત્વ હુઆ એ પહેલી સ્તુતિ કહેનેમેં આઈ. હજી રાગ બાકી હૈ. સમકિતીકો અનુભવ હુઆ છતેં રાગકી એકતા તૂટી, પણ રાગકી અસ્થિરતા બાકી રહી ગઈ. સમજમેં આયા ? રાગ કહો કે દુઃખ કહો, આહાહા... દુઃખકા, આનંદ સ્વરૂપમેં એકત્વકા તો નાશ કિયા, પણ અસ્થિરતાકા રાગ અને દુઃખ હૈ, એ બાકી હૈ. સમજમેં આયા ?

ઈસ પ્રકાર એક નિશ્ચય સ્તુતિ તો યે હુઈ. ખુલાસા કર્યા. જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિય, જો જ્ઞેય પર, ભાવેન્દ્રિય જ્ઞેય પર, ઈન્દ્રિયોંકા વિષય જ્ઞેય પર, એ પદાર્થોકા ઔર જ્ઞાયક સ્વરૂપ સ્વયં આત્માકા, દોનોંકા અનુભવ વિષયોંકી આસક્તિસે એકસા હોતા થા અનાદિસે, જબ ભેદજ્ઞાનસે ભિન્નત્વ જ્ઞાત કિયા. આહાહા... ભાવેન્દ્રિય અને પરપદાર્થસે પણ ભિન્નત્વ ભગવાન હૈ, ઉસકા જ્ઞાન કિયા. ભારે વાતું ભાઈ ! તબ વહ જ્ઞેયજ્ઞાયક સંકર દોષ દૂર હુઆ. દો એક થા ઐસી માન્યતાકા નાશ હુઆ. પરદ્રવ્ય અને પરદ્રવ્યરૂપ રાગ અને ભાવેન્દ્રિય, એ એકત્વ થા ઉસકા નાશ હુઆ. પણ ( રાગ ) હજી બાકી રહી ગયા ખરા. હજી ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિયનું નિમિત્તપણું દેવ ગુરુનું પણ નિમિત્તપણું, આહા... એકત્વથી જુદો થયો પણ અસ્થિરતાથી જુદો હજી નથી થયો. આ બીજા પ્રકારની સ્તુતિ ઊંચી, પહેલી સ્તુતિ તો પરસે ભિન્ન કર દિયા અને આત્માસે

એકત્વ હુઆ એ એક સ્તુતિ.

હવે પરસે ભિન્ન કિયા તો પણ અંદરમેં હજી રાગ બાકી રહા. જો રાગ ન રહે તો વીતરાગદશા હો જાય. સમજમેં આયા ? તો સમ્યગ્દૃષ્ટિકો ભી જિતેન્દ્રિય હુઆ, તો પણ ભી જિનસ્વરૂપકા અનુભવ હુઆ તો પણ ભી, રાગ બાકી હૈ. આહાહાહા ! તો એ રાગકા જિતના કઈ રીતે હોતા હૈ, એ બાત કરતે હૈ. સમજમેં આયા ? દોકા એકત્વકો છોડ દિયા પણ દોમેં રાગ હજી બાકી હૈ. ઉસે અસ્થિરતા નહિ છૂટી. આહાહા... સમજમેં આયા ?

ધર્મીકો ભી સમ્યગ્દૃષ્ટિકો, જ્ઞાનીકો ક્ષાયિક સમકિતીકો ભગવાનકા વંદન સ્તુતિકા રાગ આતા હૈ, હૈ રાગ, હૈ દુઃખ, હૈ આકુળતા, હૈ કષાય, સમજમેં આયા ? તો હવે ભાવ્ય ભાવક સંકર દોષ દૂર કરતે હૈ. વો પહેલેમેં જ્ઞેય જ્ઞાયક એકત્વ, પરજ્ઞેય અને સ્વજ્ઞાયક એકત્વ માના થા. યહ દોષ દૂર કિયા. હવે અહીંયા એ ઉપરાંત આગળ જાતે હૈ હવે, ભાવ્ય આત્મા રાગરૂપ હોનેકે લાયક હૈ, ભાવક કર્મકા ઉદય હૈ, એ ઉદયકે અનુસાર અપની યોગ્યતાસે રાગ જો થા ઉસકો ભાવ્ય કહેતે હૈ. સમકિતીકો ભી વો ભાવ્ય કહેતે હૈ. આહાહા ! ભાવ્ય, કર્મ જે જડ હૈ વહ ભાવક હૈ પણ અપની પર્યાયમેં ઉસકે અનુસરણ કરકે જો વિકાર ભાવ હોતા હૈ યે ભાવ્ય હૈ, સમકિતીકો - જ્ઞાનીકો, મુનિકો ભી રાગ આતા હૈ. સમજમેં આયા ? આહાહા... ગજબ વાત હૈ.

હવે એમ જ માની લેવું કે જ્ઞાનીકો દુઃખ હૈ હી નહીં. વિપરીત દૃષ્ટિ હૈ. જ્ઞાન વિપરીત હુવા, ન્યાં દૃષ્ટિ વિપરીત હુઈ, આહાહા... અહીંયા તો એકત્વ તોડ દિયા, ભગવાન જ્ઞાન સ્વભાવ દૃષ્ટિમેં અનુભવમેં આયા તો રાગકી, પરદ્રવ્યકી, ભાવેન્દ્રિયકી એકતા તૂટ ગઈ પણ હજી અસ્થિરતાની એકતા રહ ગઈ. સમજમેં આયા ? એ કર્મકા ભાવક, ભાવક ક્યું કહા ? કે વિકાર આત્માકા સ્વભાવ નહીં, એટલે ભાવક કર્મકા ઉદય ભાવ, ભાવકે કરનેવાલા અને એને અનુસરીને રાગ અપનેમેં હોતા હૈ. એ ભાવ્ય, એ પરકા અનુસરના એ જે ભાવ્ય હૈ, ઐસા ન હોને દેના એ દૂસરી સ્તુતિ હૈ. સમજમેં આયા ? આવી વાતું, હવે આ તો કોલજ હૈ, થોડા તો અભ્યાસ હોય તો ખ્યાલમાં આવે. આહાહા !

( શ્રોતાઃ- એકત્વ બુદ્ધિ તૂટયા પછી તો સહજ છે ને આ ). નહીં અસ્થિરતા આતી હૈ ને ? દોષ હૈ ઈતના, દોષ હૈ ઉસકો જાનતે હૈ, પણ મેરી પર્યાયમેં ઉદયકે અનુસાર મેરી ભાવ્ય દશા યે મેરેમેં હોતી હૈ, ઐસા ભાન કરતે હૈ. ઝીણી વાત છે. એથી તો ગાથા લિયા હૈ. આત્મજ્ઞાન હુવા, જ્ઞાનસ્વભાવ ભગવાન પરસે ભિન્ન હુવા પણ પરસે અસ્થિરતાસે ભિન્ન નહીં હુવા હજી, જો અસ્થિરતાસે ભિન્ન હો જાયે તો ( પૂર્ણ ) વીતરાગ હો જાયે. આહાહા... સુમેરુમલજી ! બરાબર આયા હૈ બરાબર ભાગ્યવાન હૈ ને તભી બરાબર આ ચીજમાં આયે. આહાહા ! એ વાણી ક્યાં છે પ્રભુ ? આહા ! યહાં પ્રભુ કહેતે હૈ, કે એક જઘન્ય સ્તુતિ તો રાગ ને ભાવેન્દ્રિય પરજ્ઞેય હૈ. મેરા જ્ઞાયક ભિન્ન હૈ ઐસા ભાન હુવા. સમ્યગ્દર્શન હુવા, સમ્યગ્જ્ઞાન હુવા, સ્વરૂપમાં આચરણ પણ થોડા હુવા પણ હજી સ્વરૂપમેં પૂર્ણ સ્થિર હોના એ નહિં, કયોં કે ભાવક જો કર્મ હૈ ઉનકે અનુસારે અપની વિકારી પર્યાય ભાવ્ય હોનેમેં લાયક જીવ હૈ. ભાવક કર્મસે ભાવ્ય વિકાર હોતા હૈ ઐસા નહીં, તેમ વિકાર ભાવ હોતા હી નહીં ઐસા ભી નહિં. પણ વહ વિકારીભાવ એ ભાવક જો કર્મ હૈ ઉસકે પર્યાય સમકિતી જ્ઞાનીકો ભી ઉસકા અનુસરણ હો કરકે જો વિકાર હોતા થા,

ઉસકા નામ ભાવ્ય. એને અનુસરણ પરકા છોડના અને અપના શુદ્ધકા અનુસરણ વિશેષ કરના, એ દૂસરા પ્રકારકી સ્તુતિ હૈ.

અહીંયા તો ઉપશમ શ્રેણીની વાત કરતે હૈ. અંદર ઉપશમ શ્રેણી એટલે કે કર્મકા ઉદયકે અનુસાર જો રાગ થા, ઉસકો સ્વભાવકી અનુસારે ઉપશમ કરકે છોડ દિયા. એ દૂસરી સ્તુતિ હૈ. આહાહાહા ! ઉપશમભાવ હુવા. હજી સત્તામેં રાગાદિ હૈ, પણ ઉસસે ભિન્ન હોકર અપનેમેં ભાવ્ય જો ભાવક કર્મકા નિમિત્તસે હોતા નહિં, નિમિત્ત પરદ્રવ્ય હૈ ઉસસે કયા, પણ ઉસકે અનુસારે અપની પર્યાયમેં સમકિતીકો ભી, મુનિકો ભી જો રાગ આદિ આતા થા. એ રાગકો ભાવ્ય કહેતે હૈ, અને કર્મકા ઉદયકો ભાવક કહેતે હૈ. આહાહા ! અરે ભગવાન ! આ તો સર્વજ્ઞ પરમાત્માનો માર્ગ ભાઈ, એમાં કાંઇ આડુંઅડળું એક પણ ફેરફાર થાય ( તો ) દૃષ્ટિ વિપરીત છે.

ભાવ્યભાવક સંકર, આ સંકર નામ એકત્વ નહીં. એકત્વબુદ્ધિ નહીં પણ એ રાગ સાથ અસ્થિરતા હોતી હૈ, ઈતના સંકર હૈ, ઈતના દોષ હૈ. આહાહા... સમકિતીકો જ્ઞાનીકો ક્ષાયિક સમકિતીકો, આહાહા... જે અપની પર્યાયમેં, અપની લાયકાત યોગ્યતાસે કર્મકા ભાવકને અનુસરીને જો વિકૃતભાવ હોતા થા, ઈતના સ્વકા અનુસરણ નહીં થા. સમજમેં આયા ? આહાહા ! જ્ઞાનીકો ભી, સમકિતીકો ભી, અરે મુનિકો ભી, આહા... સચ્ચા મુનિ હોં. ભાવલિંગી, ઉસકો ભી રાગ જરી પાંચ મહાવ્રતકા ( રાગ ) આદિ આતા હૈ. એ કર્મ ભાવકકા અનુસરીને હોતા હૈ. સ્વભાવને અનુસારી વિકાર નહિં હોતા. સમજમેં આયા ? પ્રભુ માર્ગ આ તો અંદર સત્ય હૈ, એમાં કોઈ પક્ષ કરીને બેસી જાય એ વસ્તુની સ્થિતિ નથી. આહાહા... . પ્રભુ આત્માકી સ્તુતિના ત્રણ પ્રકાર, જ્ઞાયકભાવ ઉસકી સ્તુતિ નામ રાગસે પૃથક હોકર અંદર એકાગ્ર હોના એ પ્રથમ સ્તુતિ હૈ. ઔર દૂસરી સ્તુતિ આગળ બઢકર ભાવક જો કર્મ હૈ ઉસકે અનુસાર અપનેમેં અપની કમજોરીસે રાગ દુઃખકી પર્યાય હોતી થી એ ભાવ્ય, ઉસકો અપના સ્વભાવકા અનુસરણ કરકે ભાવ્ય હોને દેના નહીં એ દૂસરી સ્તુતિ હૈ. સુમેરુમલજી ! ભગવાન દેખો તો, આહાહાહા...

* વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય કરે કે રાગથી નહીં, નિમિત્તથી નહીં, ખંડખંડ જ્ઞાનથી નહીં, ગુણ–ગુણીના ભેદથી પણ આત્મા જણાતો નથી–એમ પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ તો નાખે ! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે. ભલે સ્વસન્મુખ વળવું હજી બાકી છે... વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહીં એમ તો પહેલાં દૃઢ કરે ! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે, વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ વિપરીતતા અને સ્થૂળ કર્તૃત્વ છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યક્‌રૂપે થાય છે.

( દૃષ્ટિનાં નિધાન - ૩૦૯ )

## ગાથા - ૩૨

अथ भाव्यभावकसङ्करदोषपरिहारेण-

जो मोहं तु जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।
तं जिदमोहं साहुं परमट्ठवियाणया बेंति।।३२।।

यो मोहं तु जित्वा ज्ञानस्वभावाधिकं जानात्यात्मानम्।
तं जितमोहं साधुं परमार्थविज्ञायका ब्रुवन्ति।।३२।।

यो हि नाम फलदानसमर्थतया प्रादुर्भूय भावकत्वेन भवन्तमपि दूरत एव तदनुवृत्तेरात्मनो भाव्यस्य व्यावर्तनेन हठान्मोहं न्यक्कृत्योपरतसमस्तभाव्यभावकसङ्करदोषत्वेनैकत्वे टङ्कोत्कीर्णं विश्वस्याप्यस्योपरि तरता प्रत्यक्षोद्योततया नित्यमेवान्तःप्रकाशमानेनानपायिना स्वतःसिद्धेन परमार्थसता भगवता ज्ञानस्वभावेन द्रव्यान्तरस्वभावभाविभ्यः सर्वेभ्यो भावान्तरेभ्यः परमार्थतोऽतिरिक्तमात्मानं सञ्चेतयते स खलु जितमोहो जिन इति द्वितीया निश्चयस्तुतिः।

एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकाय-सूत्राण्येकादश पञ्चानां श्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणामिन्द्रियसूत्रेण पृथग्व्याख्या-तत्वाद्व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

---

હવે ભાવ્યભાવક-સંકરદોષ દૂર કરી સ્તુતિ કહે છેઃ-

**જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,**
**પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.**

---

ગાથાર્થઃ- [ यः तु ] જે મુનિ [ मोहं ] મોહને [ जित्वा ] જીતીને [ आत्मानम् ] પોતાના આત્માને [ ज्ञानस्वभावाधिकं ] જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યભાવોથી અધિક [ जानाति ] જાણે છે [ तं साधुं ] તે મુનિને [ परमार्थविज्ञायकाः ] પરમાર્થના જાણનારાઓ [ जितमोहं ] જિતમોહ [ ब्रुवन्ति ] કહે છે.

ટીકાઃ- મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને ભાવકપણે પ્રગટ થાય છે તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે એવો જે પોતાનો આત્મા ભાવ્ય, તેને ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી એ રીતે બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને, સમસ્ત ભાવ્યભાવક-સંકરદોષ દૂર થવાથી એકત્વમાં ટંકોત્કીર્ણ ( નિશ્ચલ ) અને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યોના સ્વભાવોથી થતા સર્વ અન્યભાવોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને જે ( મુનિ ) અનુભવે છે તે નિશ્ચયથી 'જિતમોહ જિન' ( જેણે મોહને જીત્યો છે એવા જિન ) છે. કેવો છે તે જ્ઞાનસ્વભાવ ? આ સમસ્ત લોકના ઉપર તરતો, પ્રત્યક્ષ ઉધોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનાશી, પોતાથી જ સિદ્ધ અને

**પરમાર્થસત્ એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**

**આ રીતે ભાવ્યભાવક ભાવના સંકરદોષને દૂર કરી બીજી નિશ્ચયસ્તુતિ છે.**

**આ ગાથાસૂત્રમાં એક મોહનું જ નામ લીધું છે; તેમાં 'મોહ' પદને બદલીને તેની જગ્યાએ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય મૂકીને અગિયાર સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન- એ પાંચનાં સૂત્રો ઇન્દ્રિયસૂત્રદ્વારા જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં; એમ સોળ સૂત્રો જુદાં જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**

**ભાવાર્થઃ- ભાવક જે મોહ તેના અનુસાર પ્રવૃત્તિથી પોતાનો આત્મા ભાવ્યરૂપ થાય છે તેને ભેદજ્ઞાનના બળથી જુદો અનુભવે તે જિતમોહ જિન છે. અહીં એવો આશય છે કે શ્રેણી ચડતાં મોહનો ઉદય જેને અનુભવમાં ન રહે અને જે પોતાના બળથી ઉપશમાદિ કરી આત્માને અનુભવે છે તેને જિતમોહ કહ્યો છે; અહીં મોહને જીત્યો છે; તેનો નાશ થયો નથી.**

## પ્રવચન નં. ૯૧ ગાથા - ૩૨ તા. ૨૫-૯-૭૮ સં. ૨૫૦૪

अथ भाव्यभावकसङ्करदोषपरिहारेण–

जो मोहं तु जिणित्ता णाणसहावाधियं मुणदि आदं ।
तं जिदमोहं साहुं परमट्ठवियाणया बेंति ।।३२।।

( હરિગીત )

જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,
પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.

મોહનો નાશ કરીને નહીં ઉપશમ કરીને... 'અધિક' નામ રાગ જો થા સમકિતીકો ભી ઉસસે અધિક નામ ભિન્ન અંદર અનુભવ કરે. અસ્થિરતાસે ભી ભિન્ન હોકર. આહાહા ! ચોથે ગુણસ્થાને ભી તીન કષાય બાકી હૈ. પાંચમે ગુણસ્થાને દો કષાય બાકી હૈ, છઠ્ઠે એક કષાય બાકી હૈ, રાગ હૈ યહ દુઃખ હૈ. એ દુઃખ અપના સ્વભાવકો અનુસરનેસે નહીં હોતા પણ એ દુઃખ કર્મકા ઉદયકે અનુસરનેસે ( હોતા હૈ ) અહીંયા અનુસરના છોડકર ઈતના અનુસરણ કિયા તો ઈતના ભાવ્ય ને રાગ ને દુઃખ હુઆ. આહાહાહા !

ખૂબી તો યહ હૈ કે રાગ હુઆ એ પરસે નહીં, પરકા અનુસરણ કિયા ઉસસે હુઆ હૈ. સ્વકા અનુસરણ કરકે એકત્વબુદ્ધિ હુઈ. સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન હુઆ પણ હજી રાગ હૈ તો જિતના અપને અનુસરણ કરના ચાહીએ ઈતના અનુસરણ નહીં, અને કર્મકા નિમિત્તકે અનુસરનેમેં રાગ દયા દાન વ્રત ભક્તિ કામ ક્રોધ ઐસા રાગ આતા હૈ. એ રાગકો ભાવ્ય કહેતે હૈ. અને કર્મકો ભાવક કહેતે હૈ. દોકા સંબંધ થા એ તોડ દિયા, સ્વભાવકા આશ્રય લેકર એ અસ્થિરતાકા નાશ કર દિયા નાશ નહીં ઉપશમ કિયા, નાશ પીછે આયેગા. આહાહા ! આવું સ્વરૂપ પ્રત્યક્ષ છે. આહાહા !

ગાથાર્થઃ- જે મુનિ એટલે અહીં મુનિની પ્રધાનતાથી કથન છે. ભાવલિંગ તો પ્રગટ હુઆ, મુનિ દશા પ્રગટ હુઈ પણ હજી અસ્થિરતાકા રાગ બાકી રહા કર્મકે અનુસારે હૈ. જે મુનિ મોહકો જીતકર, એ જે અસ્થિરતાકા ભાવ થા ઓ સ્વભાવકે અનુસાર કરકે, અસ્થિરતાકો દાબ દિયા, ઢાંક દિયા. સમજમેં આયા ? આરે આ આવી વાતું હવે. "મોહ" કયા કહા ? મોહ આ મિથ્યાત્વ નહીં, આ મોહ મિથ્યાત્વ નહીં, આ મોહ અસ્થિરતાકા ભાવ, જ્ઞાનીકો જે રાગ આતા હૈ યહ મોહ હૈ. મોહ કયૂં કહા ? કે પર તરફકી ઈતની સાવધાની રહી. અપના તરફકી સાવધાની ઈતની ન રહી. આહાહાહા ! જે મુનિ, હવે મુનિ તો કહા, સમકિતીને મોહ છે, પણ એ મોહ મિથ્યાત્વનો નહીં, ચારિત્રમોહકા દોષ હૈ. સમજમેં આયા ? જીતકર, ઉપશમ કરકર દાબી દિયા હૈ, અપના સ્વરૂપમાં ઉપશમભાવ પ્રગટ કિયા ઈતના, આહાહા ! અપને આત્માકો જ્ઞાન સ્વભાવકે દ્વારા, અન્ય દ્રવ્યભાવોંસે અધિક એ ભાવ્ય જો વિકારી દશા ઉસસે ભિન્ન હવે અહીં લેના.

પહેલી એકત્વબુદ્ધિકા તો નાશ પહેલે કર દિયા, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન હુઆ. હવે અસ્થિરતાકા જો રાગ આયા ઉસસે અધિક નામ મેરી ચીજ ભિન્ન હૈ ઐસે હોકર, રાગકો દાબ દિયા, ઉપશમ કર દિયા. આહાહા ! આરે આવી વાતું ! આ તો પ્રભુનો મારગ છે, ભાઈ ! આહા... સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એ એમ કહેતે હૈ, કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયે થે, આઠ દિન રહે થે, વહાંસે આકર આ કહેતે હૈ. ભાઈ ભગવાન તો એમ કહેતે હૈ કે પહેલી તો સ્તુતિ જ્ઞેય, ભાવેન્દ્રિયાદિ પર ઉસસે ભિન્ન કરકે અપનેમેં એકાગ્ર હોના ઔર આનંદકા વેદન હોના, સ્વસંવેદન હોના, એ આત્માકી, કેવળીકી પહેલી સ્તુતિ પ્રશંસા કહેનેમેં આતા હૈ. આહાહા ! જો પરદ્રવ્યકી પ્રશંસા કરતે થે, આહાહા... શુભરાગ, ભગવાન આમ ને ભગવાન આમ એ સ્તુતિ છોડકર અપના ભગવાન જ્ઞાન સ્વભાવમેં એકાગ્ર હુઆ સ્તુતિ એ પ્રશંસા, અપની કિયા. પીછે બાકી રહ્યા હજી અસ્થિરતા, એકત્વબુદ્ધિસે સ્તુતિ નહીં હવે, પણ અસ્થિરતાસે જે સ્તુતિ થી. આહાહાહા ! સમકિતીકો, ક્ષાયિક સમકિતીકો અરે મુનિકો, આહાહાહા ! મુનિ કહેતે હૈ ને અમૃતચંદ્રાચાર્ય ત્રીજા શ્લોકમેં અરે મૈં તો પવિત્ર ભગવાન દ્રવ્યસ્વરૂપ શુદ્ધ હું. પણ મેરી પર્યાયમેં અનાદિસે જે મલિનતા હૈ વો હજી ખડી હૈ. મલિનતાકા અભાવ પર્યાયમેં ( સર્વથા ) નહીં હુઆ. આહાહાહા ! 'કલ્માષિતાયાં' એમ પાઠ હૈ. મેરી પર્યાયમેં, નહીંતર એ તો મુનિ હૈ, શુભભાવ આતા હૈ તો કહેતે હૈ મેરી પર્યાયમેં યહ કલુષિતતા હૈ. આહાહાહા ! મૈં તો પરમાનંદકા નાથ હું, પણ મેરી પર્યાયમેં અનાદિસે હજી ભલે અનુભવ હુઆ, સમ્યગ્દર્શન હુઆ, મુનિપણા હુઆ, પણ પર્યાયમેં જે અશુદ્ધતા હૈ. એ હજી ગઈ નથી. ભાઈ ! આહાહાહા ! ત્રીજી ગાથામેં હૈ.

હૈ ને ? ત્રીજા કળશમેં હૈ. ત્રીજો કળશ હોં ! અમૃતચંદ્રાચાર્યદેવ કહેતે હૈ એ ચોથું પાનું. એ સમયસાર શુદ્ધાત્મા ગ્રંથકી વ્યાખ્યાસે હી મેરી અનુભૂતિ અનુભવરૂપ પરિણતિકી પરમ વિશુદ્ધિ હો. કૈસી હૈ મેરી પરિણતિ ? આહાહાહા... પર પરિણતિકા કારણ મોહ નામકા કર્મ, ઉસકે અનુભાવ્યરૂપ ઉદય કે વિપાકસે, મેરેમેં જે અનુભાવ્ય રાગાદિરૂપ પરિણામ હોતા હૈ. આહાહા ! ભાવમુનિ, સમકિતી તો હૈ, પણ સંત હૈ, નમો લોએ સવ્વ આયરિયાણં આચાર્યપદમેં હૈ, પણ મૈં છદ્મસ્થ હું. મેરી પર્યાયમેં શુભભાવની કલુષિતત્તા ઉત્પન્ન હોતી હૈ. આહાહા ! હૈ ! રાગાદિકી

વ્યાપ્તિ હૈ. હૈ અંદર ? મેરી પર્યાયમેં રાગ દ્વેષકા અંશ, ઉસકી વ્યાપ્તિ હૈ, મેરી પર્યાયમેં હૈ. આહાહાહા ! મૈં સ્વરૂપે તો પરમાનંદ શુદ્ધ ચૈતન્ય હું. પણ મેરી પર્યાયમેં હજી અશુદ્ધતા બાકી હૈ. આહાહા ! એ ભાવક એ કર્મકે અનુસરીને અપનેમેં જરી પર્યાય હૈ ભાવ્ય હોતી હૈ, તો મૈં કહેતા હું, ઈસસે નિરંતર કલ્પાષિત મેલી હૈ, હૈ ! આહાહા ! અરે મુનિને અશુભભાવ તો હૈ નહીં, આ ટીકા કરનેકા વિકલ્પ ઉઠયા એ મેલ હૈ એમ કહેતે હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

ઔર મૈં દ્રવ્ય દૃષ્ટિસે શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ હું. આહાહાહા ! હૈ ? ઉસકા ભાવાર્થ આચાર્યદેવ કહેતે હૈ શુદ્ધ દ્રવ્યાર્થિકનયકા દૃષ્ટિસે તો મૈં શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ હું. શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ વસ્તુ હું. કિંતુ મેરી પરિણતિ મોહ કર્મકા ઉદયકા નિમિત્ત–નિમિત્ત પાકરકે મૈલી હૈ, મેરી પર્યાયમેં રાગ હૈ, દુઃખ હૈ, આકુળતા હૈ. આહા ! ન હોય તો મેરે પરમ આનંદ હોના ચાહીયે. આહાહાહા ! અરે જગતને સત્ય મિલના બહુ કઠિન હો ગયા. આહાહાહા ! મેરી ( પર્યાય ) રાગાદિ સ્વરૂપ હો રહી હૈ, સ્થાપન કરતે હૈ કે ઐસા ઈતના નહીં તો રાગકા અંશ, દ્વેષકા અંશ હૈ. સત્ય ઐસા હૈ. ઐસા ભી સ્થાપન કરના વહ રાગકા અંશ હૈ. આહાહાહા ! એ આયા ( કળશ ) ૧૪૩ મેં.

ઈસલિયે શુદ્ધાત્માકી કથનીરૂપ સમયસાર ગ્રંથકી ટીકા કરનેકા ફળ મેરી પરિણતિ રાગાદિ રહિત હોકર, મેરી પરિણતિમેં રાગ હૈ. રાગ કહો, દુઃખ કહો, આકુળતા કહો, કષાય કહો, આહાહાહા ! ભાષા તો ઐસી હૈ કે મેરે શુદ્ધ સ્વરૂપકી પ્રાપ્તિ હો મેરી પરિણતિ રાગાદિ રહિત હૈ, એ ટીકા કરનેકા ફળ પણ ઉસકા અર્થ યહ હૈ. ટીકા કરનેકા જો વિકલ્પ હૈ ઉસકા ફળ, અશુદ્ધતાકા નાશ ઐસા નહીં. પણ ટીકાકે કાળમેં મેરી દૃષ્ટિકા જોર ત્યાં જાયેગા. અંદર ઓ ટીકાકે કાળમેં મેરી અશુદ્ધતાકા નાશ હોગા. આહાહાહા ! આ તો અમૃતવાણી હૈ. અમૃતચંદ્રાચાર્યના અમૃત કળશ. આહાહાહા... મેરી પરિણતિ રાગાદિ રહિત હોકર શુદ્ધ હો. મુનિ કહેતે હૈ કે મેરી પર્યાયમેં રાગ હૈ. રાગ દુઃખ કહો, આકુળતા કહો. આહા ! તો મેં ટીકાકે કાળમેં, ટીકાસે નહીં પણ પાઠ 'ટીકાસે' શબ્દ હૈ. ટીકાનો વિકલ્પ હૈ પણ મેરા જોર અંદરમેં હૈ. આહાહા ! એ જોરના ને જોરના કારણે અશુદ્ધતાકા નાશ હો જાયેગા, ભૈયા. આહાહાહા ! મુનિરાજ એમ કહેતે હૈ આચાર્ય પદ નમો લોએ સવ્વ આયરિયાણં. આહાહાહા ! એ અહીંયા કહેતે હૈ. વિશેષ અર્થ આયેગા– લ્યો વખત થઈ ગયો. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૯૨ ગાથા – ૩૨ તા. ૨૬-૯-૭૮ મંગળવાર ભાદરવા વદ-૧૦ સં. ૨૫૦૪

સમયસાર ગાથા–૩૨ ગાથાનો અર્થ ચાલ્યો ને ? ( હા ) થઈ ગયો.

ટીકાઃ– સૂક્ષ્મ અધિકાર હૈ, યહાં આત્મા જ્ઞાનાનંદ સહજાત્મ ચૈતન્ય સ્વરૂપ ઉસકા અનુભવ હોને પર ભી ઉસકા આનંદકા સ્વાદ આને પર ભી, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોને પર ભી અપની પર્યાયમેં કર્મકા નિમિત્તકા લક્ષસે વિકારભાવ હોતા હૈ, ઉસકો યહાં ભાવ્ય કહેતે હૈ. કર્મ ભાવક એ ભાવકો કરનેવાલા ઉપચારસે, ઓ ભાવ્ય અપની પર્યાયમેં ધર્મીકો ભી જ્ઞાનીકો ભી મુનિકો ભી, આહાહા... અપની પર્યાયમેં મોહ–મોહ શબ્દે અહીં મિથ્યાત્વ નહીં, અંદર ચારિત્રમોહ જો અંદર હૈ ઉસકા ઉદયમેં અપની યોગ્યતાસે જો ભાવ્ય. એ તરફ અનુસરતે હૈ તો વિકારી પર્યાય

હોતી હૈ. આહાહા ! ધર્મીકો, જ્ઞાનીકો આહાહાહા... ઉસકો જીતના...

ટીકાઃ- "મોહકર્મ ફળ દેનેકા સામર્થ્યસે" કર્મ જડ હૈ- યે સત્તામાં પડયા હૈ, હવે ઉદયમેં આયા, દેનેકા સામર્થ્યસે પ્રગટ ઉદયરૂપ હોકર ભાવકપનેસે પ્રગટ હોતા હૈ. યહાં વિકારી પર્યાયમેં ભાવકપણા નિમિત્તપણા હોકર પ્રગટ હોતા હૈ. "તથાપિ ઐસે હોને પર ભી તદ્ અનુસાર જિસકી પ્રવૃત્તિ હૈ". આહાહાહા ! ધર્મી જીવકી ભી જ્ઞાનીકી, સમકિતીકી, અનુભવીકી ભી યે કર્મ જો ભાવક આયા, ઉસકે અનુસાર જિસકી પ્રવૃત્તિ હૈ, હૈ ? અપની પર્યાયમેં વિકાર હોનેકી યોગ્યતા હૈ. આહાહાહા ! માલચંદજી ! આ તો દૂસરા પ્રકારની સ્તુતિ હૈ ને ? પહેલી સ્તુતિ તો આનંદસ્વરૂપ ભગવાન રાગસે, પર દ્રવ્યસે, ભાવેન્દ્રિયસે ભિન્ન, ઐસા ભાન હુઆ તો યહ પ્રથમ કેવળીકી અર્થાત્ કેવળજ્ઞાન સ્વરૂપ ભગવાનકી સ્તુતિ કહેનેમેં આતા હૈ. આહાહાહા !

હવે ઉસસે દૂસરી સ્તુતિ ઉસસે વિશેષ, કે ભાવક હૈ કર્મકા ઉદય આયા, ચારિત્રમોહ હૈ, ભાવકપણેસે પ્રગટ હોતા હૈ કર્મમેં, કર્મમેં ઉદય આયા જડમેં હવે, "તથાપિ, તોપણ તદ્અનુસાર જિસકી પ્રવૃત્તિ હૈ, એ કર્મના ઉદયને અનુસાર હોકર જે ભાવ્ય કર્મકી પ્રવૃત્તિ હૈ" આહાહાહા ! ઐસા જો અપના આત્મા, આહાહા ! ખૂબી તો યહ કહા ( હૈ ) કે કર્મકા ઉદય આયા પણ ઓ કાંઈ વિકાર કરાતે હૈ ઐસા નહીં. સમકિતીકો ને જ્ઞાનીકો, અપની પર્યાય તદ્અનુસાર પ્રવૃત્તિ કરનેસે જો વિકારભાવ રાગદ્વેષ આદિ ઘણાં બોલ લેગા. પહેલાં અહીંયા મોહકા લિયા પીછે સોળ બોલ લેગા. આહાહાહા... એ કર્મના ઉદયને અનુસાર, યહાં અનુસાર આશ્રય અલ્પ હૈ, પણ વિશેષ, પર ઉપર ગયે લક્ષ, આહા... એ "તદ્ અનુસારે જિસકી આત્માકી પ્રવૃત્તિ ઐસા અપના આત્મા" આહાહાહા... "ભાવ્ય ઉસકો ભેદજ્ઞાનકે બળ દ્વારા" આહાહા ! એ વિકારી પર્યાય જો અપનેમેં સમ્યગ્દર્શન જ્ઞાન આનંદ હોને પર ભી, પુરુષાર્થકી કમીસે, આહાહા ! ભાવક જો કર્મ ઉદય આયા ઉસકે અનુસાર જો પ્રવૃત્તિ થી, ઉસકો છોડ દેતે હૈ. આહાહા ! અપના ઉલટા પુરુષાર્થસે કર્મકા ઉદયને અનુસાર જો વિકાર હોતા થા 'ભાવ્ય', 'ભાવ્ય' એટલે વિકારી દશા હોનેકે લાયક- ઉસકો ભેદજ્ઞાનકે બળ દ્વારા, એકત્વબુદ્ધિ તો છૂટી ગઈ હૈ, અને સમ્યગ્દર્શન જ્ઞાન હૈ. પણ ઉસકી સાથ સંબંધ જો હૈ એ ભેદજ્ઞાનકે બળસે એ સંબંધ છોડ દેતે હૈ. આહાહા ! અને સ્વભાવકે સાથ વિશેષ સંબંધ કરતે હૈ, આવી વાતું ભારે ભાઈ ! સમજમેં આયા ?

અપના આત્મા આનંદ સ્વરૂપ ભગવાન, એ ચૈતન્યજયોતિ ઉસકી દૃષ્ટિ ને અનુભવ હો, છતેં હજી કચાશ પુરુષાર્થકી કમી હૈ. આહાહા ! જ્ઞાનીકો ભી ચોથે ગુણસ્થાન, પાંચમે ગુણસ્થાનમેં રૌદ્રધ્યાન હોતા હૈ, કયા કહા ? આહાહાહા ! સમકિતી જ્ઞાની અનુભવી, ઉસકો ભી કમજોરીસે આર્તધ્યાન ને રૌદ્રધ્યાન દો હી હોતા હૈ ચોથે-પાંચમે આહાહાહા... ઔર છઠ્ઠે ગુણસ્થાને મુનિકો આર્તધ્યાન હોતા હૈ, રૌદ્રધ્યાન નહીં. કયોંકિ અંતરમેં એટલી એકાગ્રતાકા અભાવ તો પર તરફકી એકાગ્રતાકા રૌદ્રધ્યાન, આર્તધ્યાન મોહ ભાવ ઉત્પન્ન હોતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ? એ કર્મકા નિમિત્તકા અનુસરણ કરકે જો ભાવ્ય નામ વિકાર દશા હુઈ મોહ, ઉસકા અનુસરણ છોડકર, સ્વભાવકા વિશેષ અનુસરણ કરનેસે ભાવ્યકર્મકા ઉપશમ કિયા. સમજમેં આયા ? બહુ ઝીણું બાપા ! માર્ગ ઝીણો બહુ ! એ સર્વજ્ઞ ભગવાન સિવાય આહાહાહા... ( ક્યાંય હૈ નહીં ). સમય સમયકા લેખા હૈ યહાં તો. સુમેરુમલજી ! ગાથા બડી અચ્છી આ ગઈ. આહાહા !

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એમ કહેતે હૈ કે આહાહા... જિસકો જ્ઞાતા દૃષ્ટા ભગવાન આત્મા, ઉસકે અનુસરીને ભાન હો ગયા, સમ્યગ્દર્શન હો ગયા., સમ્યગ્જ્ઞાન હુઆ ઔર સ્વરૂપમેં અલ્પ સ્થિરતા આચરણ ભી હો ગયા. આહાહાહા !

એ જીવકો અબી તક કર્મકા ઉદયકે અનુસાર મોહ નામ ભાવ્ય વિકાર દશા હોતી હૈ, એ સંબંધ તોડ દેતે હૈ, એ ઉદયકી સાથ સંબંધ કરતે હૈ, તો ભાવ્ય હોતા હૈ. પહેલેમેં સંકરદોષ થા, સંકરકા અર્થ રાગ ને મૈં એક હું ઐસી માન્યતા મિથ્યાત્વકા સંકરદોષ થા. આહાહાહા ! ઓ સંકર( અન્યમતના ) નહીં હોં. આહાહાહા ! ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ પ્રભુ ઉસમેં શુભ રાગ કે અશુભ રાગ, એ રાગકી એકત્વબુદ્ધિ હૈ. ત્યાં લગ તો મિથ્યાત્વ હૈ. વો એકત્વ બુદ્ધિરૂપ સંકરદોષ ઉત્પન્ન હોતા હૈ. આહાહા... એ ભગવાન આત્મા અપની જાતકી સંભાળમેં જાતે હૈ, ત્યારે રાગકી એકતારૂપી સંકરદોષ નાશ હોતા હૈ. આહાહા !

દૂસરી રીતે કહીએ તો સંકર સ્વરૂપ, ભગવાન શિવ સ્વરૂપ પ્રભુ તો હૈ. ભગવાન આત્મા શિવશંકર, શંકર એટલે શિવ–શિવ એટલે મહાદેવ, આ મહાદેવસ્વરૂપ છે. એને રાગકી સાથ એકતા એ સંકર નામકા દોષ હૈ, શંકર નામકા સ્વભાવ ભગવાનકા શિવ સ્વરૂપ નિરૂપદ્રવ આનંદકંદ નાથ ઉસમેં, આહાહા... એ સુખ સ્વરૂપ હૈ. એ શંકર સ્વરૂપ હૈ– શંકરસ્વરૂપ હૈ. સંકર એટલે આ શંકર નહીં. શિવ સ્વરૂપ હૈ, ભગવાન એ શિવ સ્વરૂપમેં રાગકી એકતા માનના એ સંકર નામ વિરૂદ્ધ દશા, જે સુખરૂપ દશા સંકર સ્વભાવ ઉસસે વિરૂદ્ધ સંકરદોષ, આહાહાહા... અરે રે ! એ દોષ નિકાલ દિયા. સમ્યગ્દર્શન હુઆ તો એ ઈતની આત્માકી સ્તુતિ કિયા. જે રાગકી સ્તુતિ કરતે થે, એ છોડકર ભગવાન પૂર્ણાનંદકી સ્તુતિ અંદર એકાકાર હુઆ તો એ નિશ્ચય સ્તુતિ હુઈ.

આહાહા ! આવી વાતું છે બાપા ! આમાં જરી મગજ કેળવવું પડે એવું છે. આહાહા ! સમજમેં આયા ? આટા બનાતે હૈ ને બૈરા આટા, તો ઉસકો ભી કેળવતે હૈ તો રોટી હોતી હૈ. ઐસે ને ઐસે રોટી નહીં હોતી. આહાહા ! આટામેં પાણી નાખકર પીછે કેળવતે હૈ તો રોટી હોતી હૈ. કેળવ્યા વિના રોટી નહીં હોતી. આહાહા ! ઐસે ભગવાનકો જ્ઞાનમેં કેળવણી દેના ચાહીયે. આહાહા ! ઐસા કેવળજ્ઞાન પ્રભુ ભગવાન ઐસા કેવળજ્ઞાન સ્તુતિ કિયા, અનુભવ હુઆ, પણ અબી તક હજી કર્મકા ઉદય તરફકા અનુસરણ જો રાગ હોના મોહ એ નહીં ગયે. આહાહા ! તો એ કર્મકે અનુસારે હોનેવાલા વિકાર, એ અપના અનુસરણ કરકે વિકારકો ઉપશમ, દાબ દેના, એ દૂસરા પ્રકારકી સ્તુતિ હૈ. સમજમેં આયા ? આવી વાતું હવે. વાણીઆને ધંધા આડે નવરાશ ન મળે. વેપાર, કેમ રતનલાલજી, આ ધંધો. આહાહાહા !

એ ભાવ્ય–ઉસકો ભેદજ્ઞાનકે બળ અર્થાત્ ઓ તરફકા અનુસરણકો છોડકર, પરકા સંબંધ છોડકર, અપના સંબંધ કર લેના વિશેષ એ ભાવ્યકા નાશ નહિ કિયા, મગર દાબ દિયા, ઉપશમ કર દિયા. આ ઉપશમ શ્રેણીની વાત છે, ભેદજ્ઞાનકે બળદ્વારા એટલે પરકા સંબંધકો છોડકર અપના સંબંધમેં વિશેષ લેકર એ ભેદજ્ઞાન હુઆ. ભેદજ્ઞાન – સમ્યગ્દર્શન તો હૈ, પણ રાગકા સંબંધ થા, કર્મકા નિમિત્તકા આમ સંબંધ થા, ઉસકો ભેદજ્ઞાન, અપના અનુસરણ કરકે રાગસે ભિન્ન કરકે રાગકો દાબ દિયા. આહાહા ! આમાં કેટલું યાદ રાખવું. આવો માર્ગ, દુનિયા ક્યાંયનું

ક્યાંય માને, અરે આહાહા... શું શૈલી ! સમયસાર !

બે વાત કે કર્મકા ઉદય આયા તો વિકાર કરના પડે ઐસા હૈ નહીં, ઉદય તરફકા ઝુકાવ હો, તો વિકાર હોતા હૈ. આહાહા ! એ પરકા ઝુકાવકા સંબંધ ઓ સંકરમેં એકત્વબુદ્ધિકા સંબંધ થા. આમાં અસ્થિરતાકા સંબંધ હૈ. એ અસ્થિરતાકા કર્મકા નિમિત્તકા સંબંધ જો થા ઉસકો છોડકર સ્વભાવ તરફમેં આયા તો એ દૂસરી સ્તુતિ શુદ્ધતાકી વૃદ્ધિ હુઈ. યહ દૂસરી સ્તુતિ હૈ. આહાહાહા ! છોટુભાઈ ગયા કે છે ? ( છે ) છે. આવો માર્ગ છે. કલકત્તા નહિ ? છોટુભાઈ ને શાંતિભાઈ ને છોટુભાઈ ! આહાહા ! બહુ એને રુચે છે. આહાહા ! પ્રભુ આમાં કોઈકા પક્ષ નહીં. આહાહા ! અપના સ્વભાવકા અનુસરણ જો વિશેષ હોના ચાહીએ એ ન કરકે, કર્મકા નિમિત્તકા અનુસરણકી દશા કરે તો એ દોષ હૈ. 'રાગ' ઘણાં બોલ લેગા, પહેલાં 'મોહ' લિયા હૈ અહીંયા અસ્થિરતાકા ઉસકો અપના ( પુરુષાર્થસે ) ભિન્ન કરકે. મૈં અપના સ્વભાવકા અનુસરણ વિશેષ કરકે, રાગકા ભાવ ઉત્પન્ન હુઆ નહીં, દાબ દિયા યે દૂસરા પ્રકારકી સ્તુતિ હૈ. સમકિતીકો દૂસરા પ્રકારકી સ્તુતિ કહેનેમેં આયા હૈ. અરે માર્ગ બાપા એવો છે અલૌકિક.

"ભેદજ્ઞાનકે બળ દ્વારા દૂરસે હી અલગ કિયા" યે કયા કહા ? દૂરસે નામ ? કર્મકા ઉદયકા સંબંધ કિયા બિના દૂરસે આ છૂટ ગયા. કર્મકા ઉદય તરફકા સંબંધ કિયા બિના છૂટ ગયા. આહાહા ! અંદરમેં ઝૂક ગયા. સમકિતી જ્ઞાની સંતો આત્મજ્ઞાની ધર્માત્મા, આહાહા... ઈતના અબી કર્મકા ઉદયકા નિમિત્તમેં અનુસરણ અપની યોગ્યતાસે કરતે હૈ એ અનુસરણકો દાબ દિયા, અપના અનુસરણમેં વિશેષ આ ગયા. સમજમેં આયા ? આમ ભાષા ગમે એવી સાદી પણ ભાવ તો જે હોય એ કહેવાયને ? આહાહા ! દૂરસે હી અલમ કિયા, એટલે ? કે ઉત્પન્ન હુઆ ને પીછે રાગ દાબ દિયા ઐસા નહીં. ઉત્પન્ન હુઆ હી નહિ. આહાહા ! અપના સ્વભાવ શુદ્ધકા ભાન સમ્યગ્દર્શન જ્ઞાન તો હૈ પણ વિશેષ સ્વભાવકા આશ્રય લેકર ( એકાગ્રતાસે ) એ ઉદયકા રાગકો દાબ દિયા. ઉપશમ કર દિયા. સમજાય છે કાંઈ ? આવો માર્ગ છે બાપુ ! વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવનો પંથ યે હૈ. હૈ ! એ તો વસ્તુકા પંથ હૈ. આ જૈન કોઈ પક્ષ નહીં. આહાહા ! જિન સ્વરૂપી ભગવાન ઉસકા અનુસરણ કરકે રાગકી એકતા પહેલી તોડ દિયા. અને ભગવાન આત્માકી પ્રશંસા એટલે સ્તુતિ અર્થાત્ સ્વીકાર ને સત્કાર હુઆ, એ જ ભગવાનકી સ્તુતિ હૈ. આહાહા ! રાગ ઠીક હૈ યહ સ્તુતિ વિકારકી હૈ, ભગવાન આત્મા ઠીક આનંદકંદ હૈ, ઐસી દૃષ્ટિકા વિષય પકડયા તો પહેલી સ્તુતિ હુઈ-

દૂસરી સ્તુતિ અપની પર્યાયમેં કમજોરીસે નિમિત્તકા અનુસરણ કરતી રાગકી પર્યાય, આહાહા... વો તો દૂરસે હટકર. નિમિત્તકા અનુસરણ છોડકર, ભગવાનકા આત્માકા અનુસરણ વિશેષ કરકે રાગ દાબ દિયા, હજી ક્ષય નહીં હુઆ. પાણીમેં જેમ મેલ, મેલ હોતા હૈ ને, દબ જાતે હૈ ને, બહાર નિકાલ ન દિયા. આહા... એવી શૈલી લીધી.

ઈસપ્રકાર બળપૂર્વક અપના સ્વભાવકે અનુસરણ કરનેવાલા બળપૂર્વક, આહાહા... જોરદાર આત્મા તરફકા બળપૂર્વક પુરુષાર્થ કરકે, સમકિતીકો-અનુભવીકો, જ્ઞાનીકો, આહાહા... ઈસ પ્રકાર બળપૂર્વક મોહકા તિરસ્કાર કરકે પર તરફકી સાવધાનીકા ભાવકો ઉત્પન્ન હોને દેના નહીં, યહ મોહકા તિરસ્કાર કિયા, ભગવાનકા સ્વીકાર કિયા, વિશેષ રાગકા તિરસ્કાર કિયા.

આહાહાહા !

"મોહકા તિરસ્કાર કરકે સમસ્ત ભાવ્ય–ભાવક સંકરદોષ દૂર હો જાનેસે" કયા ? ભાવક જો કર્મકા ઉદય, ઉસકે અનુસરણ હોનેવાલા વિકારી મોહભાવ, એ દોકા સંબંધ દૂર હો જાનેસે– દોકા સંબંધ દૂર હો જાનેસે, આહાહા... અને સ્વભાવ ભગવાન આત્મા એ તરફકા જોરસે આશ્રય કરકે, આહાહાહા... અરે ! બાપુ તારો માર્ગ કોઈ અલૌકિક હૈ. પ્રભુ તું ભગવાન સ્વરૂપ હૈ ને. આહાહાહા ! ? ભગવાન તરીકે ભગવાનકો જાના છતાં પણ પર્યાયમાં હજી કમજોરી હૈ. જ્ઞાની ( કો ભી ) પંચમ ગુણસ્થાન ( મેં ) રૌદ્રધ્યાન હોતા હૈ. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન એ ધ્યાનના ચાર પ્રકાર. ઉસમેં સમકિતકો ભી, આહાહાહા...

શ્રેણિક રાજા, ઉસકા લડકાએ રાજ્ય અપના કરનેકો કેદમાં ડાલ દિયા, ક્ષાયિક સમકિતી, તીર્થંકર ગોત્ર બાંધતે હૈ, ભવિષ્યમાં તીર્થંકર હોનેવાલા હૈ, આગામી ચોવીશીમાં પણ જયાં એ બાળક, એના લડકા, ઉસકો કેદમાં ડાલકર ઉસકી માતા પાસે ગયે, પગે લાગનેકો માતા આજ મૈનેં ઐસા કિયા– અરેરે દીકરા તેરા જનમ વખતે મેરે પહેલે સપના આતા થા, કે મૈં શ્રેણિકકા કાળજા ખાઉં. દીકરા મેરે અંદર ઐસા આતા થા ઓ કારણે તેરા જનમ હુઆ, તો મૈને ફેંક દિયા બાળકકો ( તુજે ) ઉકરડે ડાલ દિયા– ( શ્રોતાઃ– કચરેકા ઢેર ) કચરેકા ઢેર ઔર તેરા પિતાજી આયા. કયા હુઆ ? બાળક ક્યાં ગયા. મૈંનેં તો નાખ દિયા હૈ, કચરાકા ઢેરમેં, આહાહા... એ એકદમ ગયે શ્રેણિક ઔર કચરેકા ઢેરમાં કૂકડા હોયને કૂકડા ચાંચ મારીને અને પીડા. શ્રેણિક રાજા ગયે ઉપાડ લિયા ઔર ચૂસ લિયા ઔર આકર રાણીકો સોંપ દિયા. અરે ભાઈ તેરા પિતાજીએ ઐસા કિયા, તુમને એ કયા કિયા ? માતા, મૈંને અપરાધ બહોત કિયા મૈં છોડાનેકો જાઊં જેલમાં, હાથમાં હથીયાર છે– રાજાને એમ જાણે કે મને મારનેકો આતે હૈ. આહાહા ! હૈ સમકિતી, ક્ષાયિક સમકિતી, એકદમ હીરા ચૂસ્યા ઔર દેહ છૂટ ગયા. આહાહા ! પીછે–અરેરે મારા પિતાકો એ કયા હુઆ. ક્યા કરું, મૈં શું કરું. ઐસે જ્ઞાનીકો ભી ઐસા આત્મઘાત કરનેકા ભાવ આયા. છતાં એ સમકિતકો દોષ નહીં, એ ચારિત્રકા દોષ હૈ. સમજમેં આયા– આહાહાહા ! સમકિત તો નિર્મળાનંદ, એ સમકિત કેવળજ્ઞાન લેગા.

આવી ચીજ છે પ્રભુ ! એને પણ એ મરનેકા ભાવ આ ગયા છતાં એ દોષ ચારિત્રકા હૈ. એ કર્મકા નિમિત્તકે અનુસરણ ભાવ હો ગયા, અપના અપરાધ અપનેસે હો ગયા. સમજમેં આયા ? છતાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનમેં કિંચિત્ દોષ નહીં. આહાહા ! બાલચંદજી ! સૂના હૈ કે નહીં શ્રેણિક મહારાજાકા ? એમ યહાં કહેતે હૈ કે યહ ભગવાન આત્મા અનંત ગુણ રત્નાકરકી ( ખાણ ), આહાહા... માળા, ઉસકા અંતરમેં, ભાન સમ્યગ્દર્શન જ્ઞાન હુઆ, છતેં પર્યાયમેં કમજોરીસે કર્મકા ઉદયકે અનુસાર વિકાર ભાવ્ય નામ હોનેકી અપની પર્યાયમેં લાયકાત હૈ. એ લાયકાતકો છોડ દે. આહાહાહા ! આવી વાતું હવે. આમાં એકેન્દ્રિયની દયા પાળો ને ધર્મ થાય હવે આને ક્યાં ? દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તે ગયા. દયા... દયા ઈ આ દયા નહીં. બાપા ! આહાહાહા !

પરકી દયાકા ભાવ રાગ હૈ, ઉસમેં સ્વરૂપકી હિંસા હોતી હૈ. સમજમેં આયા ? ધર્મીકો ભી રાગ તો આતા હૈ તો ઈતની સ્વરૂપકી હિંસા હૈ. આહાહાહા ! સ્વરૂપકા જ્ઞાન ભાન હૈ, છતાં

સ્વરૂપકા આઘાત લગાતા હૈ રાગકા એ દોષકો સંકરદોષ દૂર હો જાનેસે "એકત્વમેં ટંકોત્કીર્ણ" રાગકા યોગ્યતાસે ઉત્પન્ન થા ઓ તરફકા સંબંધ છોડકર, સ્વભાવકા સંબંધમેં એકત્વ હુઆ. દ્વૈત હોતા થા જો રાગકા યે છોડકર સ્વભાવમેં એકત્વ હુઆ. સમજમેં આયા ? ભાષા તો સહેલી છે પણ ભાવ તો ભાઈ બહુ ઝીણાં છે. આહા... ભગવાન સૂક્ષ્મ અરૂપી આનંદકંદનો નાથ. આહાહા... એ શુભરાગ દયા દાન વ્રતનો એ પણ સ્થૂળ રાગ ભગવાન તો એનાથી ભિન્ન છે. આહાહા ! છતાં જબલગ ( પૂર્ણ ) વીતરાગતા જ્ઞાનીકો ન હો, તબલગ કર્મકા નિમિત્તકે અનુસારે વિકાર હોતા હૈ, વિકાર કહો, દુઃખ કહો. એ વિકારકા ભાવ્ય, સ્વભાવકા ઈતના સંબંધ વિશેષ કરકે પરકા સંબંધ છૂટ ગયા.

એ સ્વભાવમેં એકાગ્ર ઈતના હુઆ એ દૂસરી સ્તુતિ હુઈ. આહાહા ! આવો માર્ગ હવે આ સાધારણ પ્રાણીને, સત્ હશે તો શરણ રહેશે નહીંતર નહીં રહે પ્રભુ. આહાહા ! આહાહા !

એકત્વમેં ટંકોત્કીર્ણ. ક્યા કહેતે હૈ જો રાગકી યોગ્યતા અપનેમેં અપને પુરુષાર્થકી કમીસે નિમિત્તકે અનુસારે હોતી થી વિકાર દશા, ઉસકો છોડકર દ્વૈતપણા જો રાગકા ઉત્પન્ન હોના, સ્વભાવકી દૃષ્ટિ હોને પરભી, દ્વૈતપણા રાગકા દ્વૈત ઉત્પન્ન હોતે થે ઉસકો છોડકર એકત્વ હુઆ. આહાહાહા ! આવો માર્ગ છે પ્રભુ. લોકો સોનગઢને નામે વિરોધ કરે બિચારા ખબર નહીં. શું કરે ? આહાહા ! એકત્વમેં ટંકોત્કીર્ણ આ તો મંત્રો છે પ્રભુ, આ તો ઝેર ઊતારનેકા મંત્ર છે. મિથ્યાત્વકા ઝેર ઔર અસ્થિરતાકા ઝેર, આહાહાહા ! જ્ઞાનીકો ભી શુભભાવ મુનિકો ભી આતા હૈ પંચમહાવ્રતકા પણ હૈ ઝેર, હૈ વિષકુંભ. આહાહાહા ! તો ક્યોં રાગ આતે હૈ ? ઉસે કમજોરીસે રાગ આયા બિના રહે નહીં, જબલગ વીતરાગ ન હો, આતા હૈ. પણ ઉસકો હવે વિશેષ સંબંધ પરકા થા, અહીંયા સંબંધ તો કિયા હૈ, પણ વિશેષ સંબંધ કિયા ઓ સંબંધ છોડ દિયા, આમાં મગજ કેળવના પડતા હૈ. ભગવાન ત્રણ લોકનો નાથ કેવળજ્ઞાનનો પિંડ પ્રભુ એનું ભાન હોવે છતેં, પર્યાયમાં કમજોરીને કારણે નિમિત્તને અનુસરીને વિકાર મોહ હોતા થા એ 'ભાવ્ય' એ સંબંધ છોડ દિયા ઈતના સ્વભાવકા સંબંધ કરકે રાગકો દાબ દિયા, ઉપશમ કર દિયા. સમજમેં આયા ?

( 'સમસ્ત ભાવ્ય ભાવક સંકરદોષ દૂર હો જાનેસે ), એક જ્ઞાનસ્વભાવકે દ્વારા, દેખો ભગવાન ચૈતન્ય સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ એ સર્વજ્ઞ સ્વભાવકે દ્વારા. "અન્ય દ્રવ્યોકે સ્વભાવોસે હોનેવાલા સર્વ અન્યભાવોસે પરમાર્થતઃ" હૈ ને ? ભિન્ન અપને આત્માકો જે મુનિ અનુભવ કરતે હૈ, સમ્યગ્દર્શન ઉપરાંત રાગકો છોડકર સ્વભાવકા સંબંધ કરકે અનુભવ કરતે હૈ. આહાહા ! એ નિશ્ચયસે 'જિતમોહ' હૈ મોહ જીત્યા, મોહકા નાશ નહીં કિયા અબી. ઉપશમ શ્રેણી લિયા હૈ, મોહકો જીત્યા. ગાથા તો બહોત અચ્છી આ ગઈ હૈ. આહાહા !

એકવાર મધ્યસ્થથી સૂને તો ખરા, બાપુ આ વસ્તુ આત્માકા અનુભવ અને સમ્યગ્જ્ઞાન હુઆ. છતેં જબ વીતરાગતા પૂર્ણ પર્યાયમેં નહીં હૈ, તબલગ રાગ આયા બિના રહે નહીં. પરકો અનુસરકે વિકાર ભાવ્ય-ભાવક ભાવ હોતા હૈ. પણ હવે અહીંયા તો કહેતે હૈ કે વિશેષ સ્વભાવકા સંબંધ કરકે પરકા સંબંધકો દાબ દિયા. આહાહાહા ! આવો માર્ગ હવે. હવે આ સાધારણ માણસને પકડવો ? ( શ્રોતાઃ- કોઈવાર આપ કહો છો રસ્તો સુગમ છે કોઈવાર આપ

કહો સાધારણ માણસ ન પકડી શકે ) સુગમ છે પણ એનો પ્રયત્ન નહીં ને પ્રયત્ન કરે તો સુગમ હૈ. હૈ ઈસકી પ્રાપ્તિ હૈ. પ્રાપ્તકી પ્રાપ્તિ હૈ. પણ અભ્યાસ નહીં ને, અને લાકડા બીજા ઊંધા ગરી ગયા હોય અંદર, એટલે એને દુર્લભ કહેવામાં આવે છે. આહાહા....

શાસ્ત્રમાં તો ઐસા કહા લક્ષ્મી આદિ મિલના એ દુર્લભ કહા, ક્યોં ? કે એમાં કર્મ હોય તો મિલે અને આત્માકા ધર્મ સુલભ હૈ, ક્યોંકિ ઉસમેં પરની કોઈ અપેક્ષા હૈ નહીં. આહાહા ! એક બાજુ દુર્લભ બોધિ કહા અને એક બાજુ ઐસા કહા. પ્રભુ આ લક્ષ્મી અનુકૂળતા મળવી એ દુર્લભ કયું કિ તેરા પુરુષાર્થસે નહીં મિલતી, એ તો પૂર્વકા પ્રારબ્ધ હો તો ઉસકે આશ્રયસે મિલતી હૈ. તો એ વસ્તુ તેરા પુરુષાર્થસે નહિં મિલે માટે દુર્લભ હૈ, અને તેરી ચીજ હૈ તો તેરા પુરુષાર્થસે મિલતી હૈ માટે સુલભ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? એવું પણ શાસ્ત્રમાં લખાણ છે. સમજમેં આયા ?

તે ધર્માત્મા મુનિ અહીં આગળ લઈ ગયા ને, સમ્યગ્દર્શન ઉપરાંત સ્થિરતા અંદર વિશેષ હુઈ હૈ, તે નિશ્ચયથી જિતમોહ જિસને મોહકો જીત્યા, જિન હૈ. જિન તો દૃષ્ટિમેં તો અનુભવ હુઆ તો જિન હુઆ, પર્યાયમેં પણ આ વિશેષ રાગકા અભાવ કરકે સ્થિર હુઆ તો 'જિતમોહ જિન' હુઆ. આહાહા ! સમજમેં આયા ? કૈસા હૈ યહ જ્ઞાનસ્વભાવ ? ભગવાન જ્ઞાનસ્વભાવ, સમસ્ત લોક કે ઉપર તિરતા હુઆ. રાગાદિ સબકો જાનતે હોને પર ભી, રાગરૂપ ન હોતે રાગસે ભિન્ન તિરતે હૈ. આહાહાહા ! કૈસા હૈ ભગવાન આત્માકા સ્વભાવ, કે સમસ્ત લોક કે ઉપર તિરતા હુઆ. સારા જગતકા રાગાદિ સબ કોઈ વસ્તુ ઉસસે અપના આત્મા જ્ઞાયક સ્વભાવ તિરતા હુઆ ભિન્ન રહેતા હુઆ. આહાહાહા !

પ્રત્યક્ષ ઉદ્યોતરૂપસે ભગવાન તો પ્રત્યક્ષ હૈ અંદર. આહાહાહા ! પહેલે પ્રત્યક્ષ તો મતિ-શ્રુતજ્ઞાનમેં થા. પણ અહીંયા પર રાગકા સંબંધ છોડકર વિશેષ સ્થિરતા આયા તો વિશેષ પ્રત્યક્ષ હુઆ. આહાહાહા ! આવો ઉપદેશ હવે, હવે આ એક ગાથામાં ( શ્રોતાઃ- કેટલા ભાવો ઝીણાં ) મારગડા બાપુ ઝીણાં બહુ ભાઈ. આહાહા ! શાસ્ત્રકા જ્ઞાન હો ગયા માટે જ્ઞાન હુઆ ઐસી ચીજ નહીં. ભગવાન જ્ઞાન સ્વભાવ પ્રભુ ઉસકા જ્ઞાન, ઉસકી દૃષ્ટિ ને એમાં લીનતા પ્રગટ હુઈ, એ પહેલી સ્તુતિ, ઔર વિશેષ રાગ પર્યાયમેં અપની યોગ્યતાસે થા, ઉસકો દાબ દિયા, ઈતના સંબંધ છોડ દિયા, યે દૂસરી સ્તુતિ, આ વાંચતાય કઠણ પડે એવું છે. સુમેરુમલજી ! આહાહા ! ભગવાન જ્ઞાનસ્વભાવ રાગકી યોગ્યતાસે ભાવ્ય વિકાર હોતા થા, ઉસકા નિમિત્ત તરફકા સંબંધ છોડકર, અંતર સ્વભાવકી દૃષ્ટિ તો હૈ, પણ સ્વભાવમેં વિશેષ એકતા હુઈ, તો પરસે તિરતા ભિન્ન રહેતા આત્મા રહેતા હૈ. આહાહાહા !

સદા અંતરંગમેં પ્રકાશમાન, ચેતન્ય જ્યોતિ, ઝળહળ જ્યોતિ ચૈતન્ય પ્રકાશકા નૂર, ચૈતન્યકા નૂરકા પૂરના તેજ. આહાહા ! અરે વાત સાંભળવા મળવી કઠણ પડે. આહાહા... શું સ્તુતિની સ્થિતિ, આહાહા ! અંતરંગમાં સદા પ્રકાશમાન ભગવાન તો બિરાજમાન હૈ. આહાહાહા ! ચૈતન્ય સ્વભાવકા પ્રકાશકા પૂર વહેતે હૈ અંદર આ ધ્રુવ. આહાહા ! 'અવિનાશી અપનેસે હી સિદ્ધ' સ્વયં સિદ્ધ આયા થા ને પહેલે, અપનેસે હી સિદ્ધ હૈ, કોઈ પરકે કારણસે હૈ નહીં એ આત્મા અને આત્માકા અનુભવ અપનેસે સિદ્ધ હુવા હૈ. કોઈ કર્મકા અભાવ હુઆ ને આ સિદ્ધ

હુઆ ઐસા હી નહીં. સમજમેં આયા ? આહાહા !

અને "પરમાર્થરૂપ ઐસા ભગવાન જ્ઞાન સ્વભાવ છે". ચૈતન્ય સૂર્ય, ચૈતન્ય ચંદ્ર, શીતળતાથી ભર્યા ભગવાન એવો જ્ઞાન સ્વભાવ ભગવાન હૈ. આહાહાહા ! શાંતિથી સાંભળે તો સમજાય એવું છે, એના ખ્યાલમાં તો આવી વાત આવવી જોઈએ ને ? આહા ! એના ઘરની વાત છે ને પ્રભુ. ( શ્રોતાઃ- પોતાની છે. ) એના ઘરનું કેમ ન સમજાય ? એના ખ્યાલમાં તો પહેલાં આના ચાહીએ. આહાહા !

ઈસપ્રકાર ભાવ્ય-ભાવક ભાવકે, કયા કહા ? ભાવ્ય ભાવક ભાવ, ભાવક જો કર્મ ઉસસે અનુસારે હોનેવાલા વિકારીભાવ ઐસા ભાવ, ભાવ્ય ભાવક ભાવ. આહાહાહા... ભાવ્ય ભાવક ભાવકે સંકરદોષ કો દોકા સંબંધકો, એકત્વકો નહીં. આહા... દૂર કરકે દૂસરી નિશ્ચય સ્તુતિ હુઈ. આહાહાહા !

ઈસ ગાથાસૂત્રમાં મોહકા નામ લિયા. ઉસમેં 'મોહ' પદકો બદલકર રાગ લેના ઈસકે સ્થાન પર. કર્મકા ઉદય કે અનુસાર જ્ઞાનીકો ભી જો રાગ થા ભાવ્ય, ઉસકો સ્વભાવકા સંબંધ કરકે, રાગકા સંબંધ પરકી સાથ છોડ દિયા. આહાહા ! રાગ થા, કર્મકા ભાવકકે અનુસાર અપની પર્યાયમેં રાગ થા. આહાહા ! એ રાગ પરકા સંબંધસે થા, એ છોડ દિયા અને અપના સ્વભાવમેં આ ગયા ઈતના, આહાહા... અસ્થિરતાકા રાગ ભી છૂટ ગયા અને અંદર ઈતના સ્થિર હો ગયા. આહાહા ! અરે ! આ વાણી કયાં પ્રભુ, ત્રણલોકના નાથની અમૃત વાણી હૈ !

'રાગ' 'દ્વેષ' લેના. દ્વેષ ભી જ્ઞાનીકો ઉત્પન્ન હોતા હૈ કર્મકા ઉદય ભાવક, દ્વેષ ભાવ્ય. આહાહા ! એ દ્વેષ ભાવ્ય ઉસકો પણ છોડકર રાગ-દ્વેષ આતા હૈ. અરે સત્‌કા સ્થાપન કરના એ ભી એક છદ્મસ્થકો વિકલ્પ હૈ. અસત્યકો જૂઠા ઠરાના યહ ભી એક દ્વેષકા વિકલ્પ. ભગવાન તો જ્ઞાન સ્વરૂપ હૈ ને એમાં આ સ્થાપન કરના વિકલ્પ ક્યાં હૈ ઉસમેં. આહાહા ! સર્વજ્ઞની વાત દૂસરી પણ છદ્મસ્થકો એ આતે હૈ, પાછળ કર્તા-કર્મમેં પાછળ ( હૈ ) કે આ સ્થાપન કરના કે આ ઐસા હૈ ત્યાં વિકલ્પ હૈ, રાગ હૈ. ઔર આ નહીં એ ઈતના દ્વેષકા અંશ હૈ. દ્વેષકા અંશ નિમિત્તકે અનુસરણ કરકે હોતા થા. જ્ઞાનીકો- સમકિતીકો, આહાહાહા... એ સંબંધ છોડકર સ્વભાવકા અનુસરણ વિશેષ કરના. એ દૂસરી સ્તુતિ હુઈ. આહા !

"ક્રોધ" હવે એ દ્વેષના બે ભાગ ક્રોધ અને માન, ક્રોધ બી જરી આ જાતા હૈ. કર્મકા ભાવક વસ્તુ નિમિત્ત જડ ઉનસે અનુસરને લાયક જો ભાવ અપની ભાવ્ય એ ક્રોધ દશા ઉત્પન્ન હુઈ. આહાહાહા ! ઉસકો ભી અપના સ્વભાવકા સંબંધ વિશેષ કરકે, નિમિત્તકા સંબંધમેં જો ક્રોધ ઉત્પન્ન થા ઉસકો દાબ દિયા, આહાહાહા... તો આ બધા ભાવ થા, સમકિત અને આત્મજ્ઞાન હોને પર ભી, આહાહા ! એ ભાવ થા એ ભાવ તરફકા અનુસરણ છોડકરકે આ બાજુના અનુસરણ કરકે ક્રોધકો દાબ દિયા. આ દૂસરી સ્તુતિના ભેદ હૈ. આહાહા ! સર્વજ્ઞ પરમેશ્વર એ સિવાય આ ક્યાંય હૈ નહિ, સમય સમયના દોષની વ્યાખ્યા બતાવે છે. સમજમેં આયા ?

'માન' માન ભી જરી આ જાતા હૈ. દૃષ્ટિનો વિષય નિર્મળ હૈ ઉસમેં... પણ અસ્થિરતાનો જરી ( ભાવ આ જાતા હૈ. ) નેમનાથ ભગવાન સભામેં બિરાજતે થે. યાદવના બધા યોદ્ધાઓ બેઠે થે સભામેં, તો લોકો વખાણ કરતે, કરતે, કરતે કોઈ કહે ભીમકા જોર ને કોઈ કહે અર્જુનકા

જોર, એમ વાત કરતે કરતે ભગવાન તો બેઠે થે ગૃહસ્થાશ્રમમેં થા ને. તો કોઈ ઐસે કહા ભાઈ આ ભગવાન હૈ ઈસકા જોર કિતના. શરીરકા કિતના જોર, ઉસકા આત્માકા... ત્યાં ભગવાને પગ નીચે મૂક્યો, કૃષ્ણ એ પગને હલાવવા મંડયા, પગ હલે નહિ. આહાહા... તીર્થંકર– ( શ્રોતાઃ– થોડું માન આવ્યુ ) જરી માન આયા, અસ્થિરતાકા આયા, ત્રણ જ્ઞાનના ધણી એ ભવમેં મોક્ષ જાનેવાલા. આહાહાહા... ઐસા વિકલ્પ આતા હૈ. તો ઉસકો સ્વભાવકે અનુસાર કરકે દાબ દેના, પ્રગટ હોને ન દેના.

“માયા” એ ક્રોધ ને માન દ્વેષના બે ભાગ હૈ. માયા ને લોભ એ રાગના બે ભાગ છે. માયા નામ કપટ, લોભ નામ ઈચ્છા, એ માયાકો ભી. આહાહાહા... જ્ઞાની સમકિતીકો, ક્ષાયિક સમકિતીકો ભી, જરી કર્મ ઉદયકા અનુસાર માયા ભાવ, ભાવ્ય હો જાતા હૈ. એ દોષ ચારિત્રકા હૈ. આહાહા... ઈસકો અપના સ્વભાવકા વિશેષ સંબંધ કરકે માયાકો દાબ દેના એ દૂસરા પ્રકારકી સ્તુતિકા ભાગ હૈ. આવું સાંભળ્યું નથી કોઈ દિ' ( શ્રોતાઃ– ક્યાંય છે નહીં પછી કયાંથી સાંભળે ) આવી વાત. ભાગ્યશાળી કે અહીં આવી ગયા પાછા. આ બાપુ મારગડા એવા છે.

'લોભ' – સમકિતીકો ભી જરી લોભ આ જાતા હૈ, કર્મકા અનુસરણ કરકે ભાવ્ય લોભ ઉસકો અપના સંબંધ કરકે ઓ સંબંધ તોડ દેના, એ દૂસરી સ્તુતિ હૈ. આહાહાહા !

'કર્મ' આઠેય કર્મ. સંબંધમેં હૈ ને ? તો યહ કર્મ હૈ ઉસકા લક્ષ છોડ દેના. એ કર્મકો જીત્યા એમ કહેનેમેં આતા હૈ. કર્મકો દાબ દિયા. આહાહાહા ! એમ 'નોકર્મ', મન, વાણી, દેહ, સ્ત્રી, કુટુંબ પરિવાર આ સબ ચીજ નોકર્મ, દેવ ગુરુ શાસ્ત્ર એ નોકર્મ. આહાહા ! ઓ તરફકા લક્ષ જાતે થે, ઈતની સ્તુતિ કમ થી, એ તરફકા લક્ષ છોડકર સ્વભાવમાં વિશેષ લક્ષ કરના એ ભગવાનકી, આત્માકી બીજા નંબરકી સ્તુતિ હૈ. નંબર બીજો પણ ઊંચી છે. પહેલાં નંબર કરતાં, આહાહાહા ! સમજમેં આયા ? અરેરે ! આહાહા ! એકલો આવ્યો. એકલો છે, એકલો ચાલ્યો જશે. આહા ! એ લાખ માણસ કુટુંબ ભેગું થયું હોય અને એ પીડા. આહાહા ! આમ કરે તો રાડ નીકળી જાય. બાપા દેહ છોડીને એકલા જાવું એવું ભાન જો ન કર્યું તો ભીંસાઈ જઈશ બાપા–આહાહા ! નોકર્મ સુધી આવ્યું વિશેષ આવશે.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૯૩ ગાથા – ૩૨ તા. ૨૭-૯-૭૮ ભાદરવા વદ-૧૧ બુધવાર સં. ૨૫૦૪

સમયસાર ગાથા ૩૨. નીચે ચાલે છે ને ?

ઈસપ્રકાર ફરીને–છેને ભાવાર્થ ઉપર “ભાવ્ય–ભાવક ભાવકે સંકરદોષકો દૂર કરકે દૂસરી નિશ્ચય સ્તુતિ”. દૂસરી એટલે કે બીજા નંબરની એમ નહીં. પહેલા નંબરની સ્તુતિથી બીજા નંબરની સ્તુતિ ઊંચી છે. સમજમેં આયા ? પહેલેમેં તો ભગવાન આત્મા રાગસે ભિન્ન, ઇન્દ્રિયો જે જડ, ભાવેન્દ્રિય જડ ઇન્દ્રિય અને ઇન્દ્રિયના વિષયો દેવ ગુરુ ને શાસ્ત્ર સબસે લક્ષ છોડકર અપના સ્વ–સંવેદન જ્ઞાનકા બળસે ઉસકી એકત્વતા તોડ દિયા એ પ્રથમ સંકરદોષકા નાશ કિયા. સંકરકા અર્થ ? પરકી સાથ સંયોગ સંબંધ સંકર સંયોગ સંબંધ એ નાશ કિયા. આહાહાહા !

એકત્વબુદ્ધિ જો પર ઇન્દ્રિયકા દેવ ગુરુ શાસ્ત્ર હો કે જડ ઇન્દ્રિય, ખરેખર તો પ્રભુ આત્માકી અપેક્ષાસે જડ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય અને ભગવાન એ બધા અણાત્મા હૈ, પરદ્રવ્ય હૈ, અનાત્મા હૈ. આહાહા ! અણાત્માકા સંબંધ જો લક્ષ હૈ, એ છોડકર ભગવાન જ્ઞાયક સ્વભાવ ચૈતન્ય પરમાત્મ સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વભાવ ઉસકા સ્વસંવેદન કરના, એ પ્રથમ-દો પદાર્થકી એકતાકા દોષકા નાશ કિયા. સમજમેં આયા ? ઝીણી વાત બહુ બાપુ.

હવે ઐસા હોને પર ભી ધર્મીકો, જ્ઞાનીકો, સમ્યગ્દૃષ્ટિકો, આહાહા... કર્મકા ઉદય જો મોહ આદિ હોતા હૈ ઉસકે અનુસરીને હોનેવાલા વિકારી ભાવ્ય, એ કર્મ એ ભાવક હૈ, ઔર ઉસકે અનુસરકે હોનેવાલી સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીકો ભી, ભાવ્ય નામ વિકારી પર્યાય જો હૈ. એ બોલ ચલતે હૈ ને રાગ દ્વેષ, આહા ! એ પર્યાયકા સંબંધ, સ્વભાવકા નિર્વિકલ્પ સમાધિકા અનુસરણ વિશેષ કરકે, એ સંબંધ તોડના એ આત્માકી, પરમાત્મ સ્વરૂપકી સ્તુતિકા દૂસરા પ્રકાર હૈ. સમજમેં આયા ? આહાહાહા !

મુનિ હો, ભાવલિંગી ઉસકો ભી, જબલગ કર્મકા ભાવક ભાવ કરનેવાલા નિમિત્ત, પણ હૈ અપની પર્યાયમેં અપનેસે, મુનિકો ભી રાગાદિ પંચ મહાવ્રતકા વિકલ્પ એ રાગ હૈ. આહાહા ! એ ભાવકકા ભાવ્ય અપની પર્યાયમેં હોનેવાલી દશા એ સમયે વિકૃત અવસ્થાકા ઉત્પન્ન હોના મુનિકો ભી સમકિતીકો ભી, આહાહા... હોતા થા, ઉસકા ભાવ્ય તરફકા જો વિકૃત અવસ્થા હૈ ઉસકા લક્ષ છોડકર અંતર નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનકા બળસે એ ભાવ્ય ઉત્પન્ન હુઆ નહીં. એ દૂસરા પ્રકારકી સ્તુતિ કહેનેમેં આઈ હૈ. આહા... આવો મારગ છે ભાઈ. સમજમેં આયા ? યહાં લગ આયા હૈ-ભાવ્ય ભાવક ભાવ. હૈ ?

ભાવ્ય – ભાવક ભાવ અપની પર્યાયમેં વિકૃત હોનેકી લાયકાત એ ભાવ્ય, ભાવક કર્મકા નિમિત્ત, ભાવ્યભાવકકા ભાવ, આરે ! અપની પર્યાયમેં સમકિતીકો, જ્ઞાનીકો, ધર્માત્માકો, આહાહા... જબલગ વીતરાગતા ન હો તબલગ અપની પર્યાયમેં ભાવ્ય નામ વિકારી યોગ્યતા દશા ભાવક નામ નિમિત્ત કર્મ એ ભાવ્ય-ભાવક જે ભાવ એ સંકરદોષ,એ સંકર નામ સંબંધ દોષ-પહેલેમેં એકત્વકા સંકરદોષ થા. આમાં સંબંધકા દોષ હૈ, શું કહ્યું સમજાણું ? સંકર, સંયોગ, સંબંધ તીનોં એક અર્થકા હૈ. પહેલેમેં તો જડ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયના વિષય, એ બધા પરજ્ઞેય હૈ. સમજમેં આયા ? અને સ્વજ્ઞેય જ્ઞાયક હૈ. સ્વજ્ઞેય જ્ઞાયક ઉસકી સાથ આ ભાવેન્દ્રિય દ્રવ્યેન્દ્રિય ને આ પદાર્થ ભગવાન ત્રણ લોકનો નાથ અને એની વાણી, આહાહા... જે પરજ્ઞેય હૈ. એ પરજ્ઞેયકા સંબંધસે એકત્વબુદ્ધિસે જો મિથ્યાત્વ ઉત્પન્ન થા, વો પરકા લક્ષ છોડકર, મૈં જ્ઞાન સ્વભાવે અધિકમ જુદા પૂર્ણમ અનુભવતિ, જાનાતિ, વેદયતિ, સંચેતયતિ એ પ્રથમ જિતેન્દ્રિય સ્તુતિ કહેનેમેં આયા હૈ. આહાહા ! સમજમેં આયા ?

જે રાગ અને વિકારકી પ્રશંસા કરતે થે, ઔર પરદ્રવ્યકી પ્રશંસા કરતે થે તબલગ તો એ વિકારી દશા હૈ. આહાહા ! અપના સ્વભાવ ચિદાનંદ ભગવાન પરદ્રવ્યકા સંબંધસે ભિન્ન, ઐસી સ્વભાવમેં એકત્વબુદ્ધિ હોના ઔર પરસે એકત્વબુદ્ધિકા વ્યય હોના, આહાહાહા... સ્વકી એકત્વબુદ્ધિકા ઉત્પાદ હોના, ઉત્પાદ-વ્યય અને ધ્રુવ તીન હૈ ને ? આહાહા ! પરકી એકત્વબુદ્ધિકા ભગવાનસે વાણીસે મેરેકો લાભ હોગા, એ તો પરદ્રવ્ય હૈ. પરદ્રવ્યસે સ્વદ્રવ્યમેં લાભ કભી નહીં

હોગા. આહાહાહા ! ( શ્રોતાઃ– પર દ્રવ્ય ઉપકાર તો કરે છે ને ) ઉપકારનો અર્થ નિમિત્ત બસ. ઉપકારનો અર્થ ઉપકાર કરે ઐસા હૈ નહીં. સર્વાર્થસિદ્ધ વચનિકામેં ઐસા અર્થ લિયા હૈ ઉપકારકા અર્થ નિમિત્ત હૈ, પણ નિમિત્ત હૈ ઉસકા સંબંધકે લક્ષ કરનેસે રાગ હોતા હૈ. આહાહા ! આવી વાત.

સમકિતીકો ભી પરકા લક્ષ છોડકર સ્વસંવેદન, પરસે ભિન્ન પરસે અધિક, પરસે જુદા, પરસે જુદા પરિપૂર્ણ પ્રભુ, આહાહાહા... ઉસકા અનુભવ હુઆ એ પર્યાય હૈ એ તો અનુભવ હુઆ વો પર્યાય હૈ. પણ એ અનુભવ પર્યાય કબ હોતી હૈ ? પરકા લક્ષ છોડકર અપના ભગવાન પૂર્ણાનંદકા નાથકા ધ્યેય બનાકર, આવી શરતું બહુ આકરી. અપની પર્યાયમેં સ્વસંવેદન, એ જ્ઞાનકી વેદન દશા પ્રગટ કરના, વસ્તુ તો વસ્તુ હૈ. સમજમેં આયા ? આ તો અગાધ વસ્તુ હૈ ભાઈ ! આહાહા... અપની ચીજ જો પરદ્રવ્યકા સંબંધસે ભિન્ન, અધિક, પૂર્ણ એના ઐસા સ્વસંવેદનસે અનુભવ કરના એ પ્રથમ સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રનો અંશ હૈ, એ પ્રથમ સ્તુતિ કહેનેમેં આયા. કયું કિ જો ઉસકી પ્રશંસા નહિ કરતે થે અને નિમિત્તકી પ્રશંસા કરતે થે તબલગ આત્માકી અસ્તુતિ થી. આવી વાત હૈ. પાટણીજી ! આવું ક્યાંય છે નહિં અત્યારે તો એ તો પોતે કહે છે. ભાઈ એ તો.

બાપુ માર્ગ આ છે ભાઈ, નથી નથી બહાર શું કરીએ. લોકો એમ કહે આ એકાંત છે. પ્રભુ કહો. માર્ગ પ્રભુ આ હૈ. આહાહા ! આહાહાહા ! પરદ્રવ્ય અને પરદ્રવ્યના લક્ષે હોનેવાલા વિકૃત અવસ્થા ઉસસે ભગવાન અંદર ભિન્ન હૈ. અને ભિન્ન હૈ યહ પરિપૂર્ણ હૈ અને ભિન્ન હૈ યહ પરસે તદ્ન જુદા હૈ. કથંચિત્ જુદા અને કથંચિત્ એકત્વ ઐસા હૈ નહીં. આહાહા ! આ માર્ગ તો જુઓ ! એ આત્મજ્ઞાન સમ્યગ્દર્શન હુઆ છતેં પણ પર્યાયમેં કર્મકા ભાવક નિમિત્ત અને તે તરફકા વલણવાળા ભાવ્ય નામ વિકાર અવસ્થા 'મોહ' પહેલાં મોહ લિયા હૈ. આ 'મોહ' મિથ્યાત્વ નહીં. 'મોહ' પદ લિયા હૈ ને ? મિથ્યાત્વ નહીં. પર તરફકી સાવધાની. મોહ નામ પર તરફકી સાવધાની, વિકારી–અવસ્થા, આહાહા... ઈસકો ધર્મી જીવ પરકા લક્ષસે જે ઉત્પન્ન થા ઉસકો સ્વભાવકા આશ્રય કરકે, ઉસકો ઉપશમ કર દેતે હૈ.

આ પહેલી ઉપશમની સ્તુતિ હૈ. સમજમેં આયા ? આહાહાહા ! ઉપશમ શ્રેણી, આઠમા ગુણસ્થાનેથી શરૂ હોતી હૈ ને ? એ ધારા લિયા હૈ જ્ઞાનીકો ભી આહાહા... સમ્યગ્દૃષ્ટિકો ભી, જબલગ ઉપશમ શ્રેણી ન જાય, તબલગ કર્મકા નિમિત્તકા લક્ષસે ભાવ્ય નામ વિકારી મોહ દશા થી, ચારિત્રકા દોષ. આહાહા... ઉસકો દૂરસે હટાકર ઐસા આયા હૈ, દૂરસે હટાકરકા અર્થ કે નિમિત્ત તરફકા વલણ હી છૂટ ગયા પછી કિયા ને છોડના ઐસા નહીં. ભાવક–ભાવક–ભાવક ક્યૂં કહા ? કે નિશ્ચયસે વિકારકા કર્તા નિમિત્ત તરીકે યે કહેનેમેં આયા હૈ. આ ભાવ્ય હૈ. આહાહાહા ! એ ભાવ્યકો દૂરસે ઉત્પન્ન હોને ન દેના, ઉત્પન્ન જ હોને ન દેના, ઐસે હૈ ને ? દૂરસે હટાકર હૈ ને ? આહાહાહા !

અહીં આવી ગયું છે પહેલું ઈ. "બળપૂર્વક મોહકા તિરસ્કાર કરકે" આહાહા ! યહાં તો પર્યાયમેં, દ્રવ્યમેં નહીં, દ્રવ્ય તો પૂર્ણ અખંડાનંદ હૈ. પર્યાયમેં કમજોરીસે ભાવકકા લક્ષસે વિકારી ભાવ મુનિકો, સમકિતીકો જ્ઞાનીકો હોતા હૈ, ઓ તરફકા વલણ છોડકર, છોડકર તો એક અપેક્ષા

કહેના હૈ બાકી તો આ બાજુ અનુસરણ કરકે, સ્વભાવકા અનુસરણ કરકે નિમિત્તકા અનુસરણ જો થા એ ઉપશમ હો ગયા. ચંદુભાઈ ! આવી વાતું છે બાપુ. આહાહાહા ! અરે કોઈ એમ કહે કે જ્ઞાની હે ઉસકો રાગ અને દુઃખ હોતા હી નહીં, તો ઈસકી દૃષ્ટિ જૂઠી હૈ. સમજમેં આયા ? ઉસકા જ્ઞાન જૂઠ હૈ. આહાહાહા ! સમ્યગ્જ્ઞાન હુઆ, પરકી સાથ એકત્વબુદ્ધિ કહો, સંકરદોષ કહો એકત્વબુદ્ધિ કહો, પહેલેમેં હોં ! દૂસરામેં એકત્વ નહીં. સંકરમાં દૂસરામે સંબંધ દૂસરી સ્તુતિમેં સંબંધ, પહેલી સ્તુતિમેં એકત્વકા સંકર. ( શ્રોતાઃ- સંકર શબ્દ તો એક જ રહ્યો ને ફેરફાર શું છે ? ) ફેરફાર હૈ. છે ને ? સંયોગ જે થા, સંયોગ મેરે હૈ ઐસી બુદ્ધિ મિથ્યાત્વ હૈ, અને એ છૂટયા પીછે સંયોગમેં અસ્થિરતા થઈ એ ચારિત્ર દોષ હૈ, ( શ્રોતાઃ- સંકર શબ્દે તો મિથ્યાત્વ ) નહીં. નહીં. અહીં તો સંકર શબ્દે સંયોગ અને સંબંધ. હવે પહેલો સંયોગ અને સંબંધ પરની સાથે એકત્વબુદ્ધિકા, દૂસરામેં પરકી સાથ સંબંધ અપની કમજોરીસે નિમિત્તકા સંબંધ કરતે થે. બહુ ઝીણી વાત છે બાપુ ! ગાથા બહુ સારી આવી છે ભાઈ, હોં સુમેરુમલજી ! એવી ચીજ છે. આ તો ત્રણ લોકના નાથ જિનેન્દ્રદેવનું આ ફરમાન છે. એ સંતો આડતીયા હોકર વાત કરતે હૈ. આહાહા ! અરે પ્રભુ ! તેરે પૂર્ણ સ્વરૂપકી સ્તુતિ કરે માટે પ્રથમ તો અપના શુદ્ધ સ્વભાવકી સ્તુતિ નામ સત્કાર ને સ્વીકાર કરના પડેગા. સમજમેં આયા ? આહાહાહા ! ભગવાન આત્મા અનંત ગુણરત્નાકર, દરિયો. અનંત ગુણનો રત્નનો આકર દરિયો, ભગવાન એનો સ્વીકાર સત્કાર એ સમ્યગ્દર્શન એ ભગવાન આત્માકી પહેલી સ્તુતિ હૈ. સમજમેં આયા ? આવી વાતું છે ભાઈ ! અહીંયા તો આપણે બીજી સ્તુતિ ચલતે હૈ.

ભાવ્ય-ભાવક ભાવકા સંકરદોષ. સંબંધ, આ સંબંધ અહીંયા લેના. સંકર શબ્દે સંબંધ. સમજમેં આયા ? પહેલેમેં દ્રવ્યેન્દ્રિય ભાવેન્દ્રિય અને ભગવાન એ પરજ્ઞેય થા. સ્વજ્ઞેયકી સાથ પરજ્ઞેયકા સંબંધ એકત્વબુદ્ધિ મિથ્યાત્વ થા. આહાહાહા ! સમજમેં આયા ? એ ભાવેન્દ્રિય દ્રવ્યેન્દ્રિય શરીર પરિણામને પ્રાપ્ત, ભાવેન્દ્રિય ખંડ ખંડ જ્ઞાનકો જણાતી હૈ વો ઔર ઇન્દ્રિયકા વિષય સબ પરજ્ઞેય હૈ, એ સ્વજ્ઞેય નહીં. સમજમેં આયા ? આહાહા ! એ સ્વજ્ઞેયકો પર્યાયમેં જ્ઞેય બનાકર, પરજ્ઞેયકા લક્ષ છોડકર. આહાહાહા ! આવી શરતું બહુ બાપુ !

જે પરદ્રવ્યની ને રાગની સ્તુતિ કરતે થે, ત્યાં તો પ્રભુકી અસ્તુતિ થી સ્વની. આહાહાહા ! સમજમેં આયા ? પૂર્ણાનંદનો નાથ પ્રભુ અનંતગુણનો સાગર જેના પ્રદેશે પ્રદેશે અનંત ગુણ રતનના કમરા ઓરડા ભર્યા હૈ. આહાહા ! એ એને પર્યાયમાં પરજ્ઞેય બનાકર જે અનાદિસે રૂલતે થે, આહાહાહા... તો પર્યાયકા સ્વભાવ તો સ્વપરપ્રકાશક હૈ. તો એ પર્યાય જ્ઞાનકી, અજ્ઞાનીકી ભી પર્યાય હોય તો બી પર્યાયકા સ્વભાવ તો સ્વપરપ્રકાશક હૈ. તો એકીલા પર પ્રકાશક પરજ્ઞેયકો જાનનેમેં અટક ગયા તો મિથ્યાત્વ હૈ. આહાહાહાહા ! પણ ઓ પર્યાયમેં પરકા જ્ઞાન હોને પર ભી સ્વતરફકા જ્ઞાન હોતા હૈ જબ, આહાહા... ત્યારે એ પરજ્ઞેય તરીકે જાનનેમેં આતા હૈ, પણ પરજ્ઞેયસે મેરી ચીજ સંબંધવાળી હૈ ઐસા નહીં. આહાહાહા ! આવો ઉપદેશ હવે માણસને શું થાય બાપુ.

એ મોહકા નામ લિયા હૈ. ઉસમેં 'મોહ' પદ બદલકર ઉસકે સ્થાન પર 'રાગ' લેના. ધર્મીકો ભી, સમકિતીકો ભી, જ્ઞાનીકો ભી, કર્મકા ભાવકકા અનુસરણ કરકે જો રાગ થા એ રાગ

સ્વભાવકા અનુસરણ કરકે રાગકો ઉપશમ કર દિયા. ક્ષપક પીછે આયેગા. એવી શૈલી લીધી છે. આહાહા ! ઐસા ‘દ્વેષ’કા લે લેના. સમકિતીકો ભી દ્વેષકા અંશ આતા હૈ. આહાહા... મુનિકો ભી દ્વેષકા અંશ આતા હૈ. આ નહીં, આ હૈ, આ હૈ ઐસા વિકલ્પ રાગ હૈ, અને આ નહીં હૈ ઐસા વિકલ્પ દ્વેષ હૈ. ( શ્રોતાઃ– સત્ય નિરૂપણ કરે છે દ્વેષ શાનો ? ) વિકલ્પ હૈ, સ્થાપન કરે છે ને. જ્ઞાતા જ્ઞાનરૂપ કહાં રહ્યા ત્યાં ? ઐસા અંશ આતા હૈ. એકસો તેતાલીસમાં લિયા હૈ પાછળ કર્તાકર્મમાં એ સ્થાપે ત્યાં સુધી હજી દ્વેષ અંશ હૈ, એકસો તેતાલીસ કર્તા કર્મ, હૈ સબ સમયસારમેં તો બહોત ભર્યા હૈ, સારા દરિયા હૈ. એકેક પંકિત ને એકેક ગાથા, અજોડ ચક્ષુ. ભગવાનના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિ એ સંતો, એ દ્વારા વાત કરતે હૈ. આહાહા !

કહેતે હૈ કે દ્વેષ, એમ ‘ક્રોધ’–ક્રોધ ભી આતા હૈ સમકિતીકો, એકતાબુદ્ધિ તૂટ ગઈ હૈ, પણ અસ્થિરતાકા ક્રોધ આતા હૈ, એ ભાવ્ય કહેનેમેં આતા હૈ, ક્રોધકા ઉદય હૈ એ ભાવક અને ઉસકે લાયક આ અપની પર્યાય અનુસરકે હોતા હૈ એ ક્રોધ, ઉસકો ઉપશમ કરકે સ્વભાવકી એકતા વિશેષ કરકે, સ્વભાવકા અનુસરણ વિશેષ કરકે દાબ દેના એ દૂસરી સ્તુતિ હૈ. એ ભગવાન આત્માકી સ્તુતિકી અધિક દશા એ દૂસરી સ્તુતિ હૈ. દૂસરા નંબરકી એમ નહીં, અધિક હૈ. આહાહાહા ! અરે આ ક્યાં બાપા.

એમ ‘માન’ ‘માન’ પણ આતા હૈ જરી. સમજમેં આયા ? કાલ તો દૃષ્ટાંત દિયા થા ને નેમનાથ ભગવાનકા, ભગવાન હૈ તીન જ્ઞાનકા ધણી હૈ, ક્ષાયિક સમકિતી હૈ. સભા ભરી હતી યોદ્ધાઓની ઉસમેં ચર્ચા હોતે હોતે હોતે કોઈ કહે પાંડવ જોદ્ધા હૈ. કોઈ કહે ભીમ ઐસા હૈ, કોઈ કહે અર્જુન ઐસા હૈ. કોઈ કહે ફલાણા ઐસા હૈ, કોઈ ઐસે–બોલ્યા સબ હૈ મગર દેખો ભગવાન બિરાજતે હૈ વહાં ગૃહસ્થાશ્રમમેં ઉસકા બળ દૂસરી તરહકા હૈ, ઐસા બળ કોઈકા નહીં. તો ભગવાને સભામાં પગ નીચે મૂક્યો કે હલાવો, કૃષ્ણ આયા, હલે ક્યાંથી ? એટલું ‘માન’ આહાહા... ટીંગાઈ ગયા પગ ઉપર, પણ હલે નહીં– આત્માના બળની તો કયા વાત કરના ? આહાહા ! તો ઐસા કોઈ ‘માન’ આતે હૈ. ‘માન’ કા ઉદય ભાવક–ને ઉસકે અનુસારે હોતે હૈ. ઉસકો સ્વભાવકા વિશેષ અનુસરણ કરકે દાબ દેના. સમજમેં આયા ? કહો, રતિભાઈ ! આવું છે આ.

એમ ‘માયા’ કપટ, માયાકા ઉદય હો ત્યાં ભાવક, આ બાજુ અનુસરણ કરકે જરી માયા આ જાતી હૈ સમકિતીકો જ્ઞાનીકો ભી, માયા શલ્ય નહીં. માયા કી અસ્થિરતા, સમકિતીકો, જ્ઞાનીકો, આહાહાહા... ઉસકો પરકા અનુસરણમેં જો થા એ અહીંયા સ્વભાવ તરફ અનુસરણ બઢા દેના ઉસસે ઓ દબ જાતી હૈ. માયા ઉપશમ હો જાતી હૈ– ( શ્રોતાઃ– મુનિ દશામાં માયા કયા પ્રકારની હશે ? ) અસ્થિરતાની. ( શ્રોતાઃ– પણ કયા પ્રકારની ) અસ્થિરતાની એમ કહેનેમેં આયા દૂસરા કયા કહે ? શલ્ય નહીં. મિથ્યાદર્શન નિદાન શલ્ય, માયા શલ્ય એ શલ્ય નહીં– પણ માયાકા ભાવ જરી આતે હૈ, એ ભાવ્ય હૈ. ઉસકો નિમિત્તકે અનુસરણ કરનેકા ભાવ મેં જો થા ભાવ્ય માયા, એ ન હોને દેના અને અપના જ્ઞાયક સ્વભાવ તરફકા વિશેષ, અધિક અનુસરણ કરના, એ દૂસરા પ્રકારકી સ્તુતિ હૈ. આ તો ભાષામેં જે આતે હૈ એ બરોબર તોળી તોળીને સમજના ચાહીયે. ફેરફાર કાંઈ હોતે નહીં. આહાહા... આવો માર્ગ છે. આ ત્યાં લે જાના હૈ ને

ટેપરેકોર્ડીંગ ઐસા સૂના હૈ. એ લોગ. આહાહાહા !

એમ 'લોભ' એ કલ તો આ ગયા. હૈ! લોભ ભી થોડા હૈ આસકિતકા, તો એ ભાવ્ય જે હૈ, લોભ કર્મકા ભાવક કર્મ ઉસકે અનુસરીને ઈતના સંબંધમેં જો લોભકા ભાવ્ય થા એ ન હોને દેના, ઓ તરફકા અનુસરણ છોડ દેના અને સ્વભાવ તરફકા અનુસરણ અધિક કરના ઉસસે લોભકા ઉપશમ હો જાતા હૈ, દબ જાતા હૈ. સમજમેં આયા ?

એમ 'કર્મ' આઠેય કર્મ-કર્મકા સંબંધમેં આઠ કર્મકા સંબંધમેં જે કાંઈ દશા ભાવ્ય હોતી થી. આહાહા ! હજી તો હૈને જ્ઞાનીકો કર્મ આઠ નિમિત્ત હૈ ને ? નિમિત્તકે અનુસરકે અપની પર્યાયમેં વિકૃત અવસ્થા હૈ, બિલકુલ ન હો તો તો વીતરાગ હો જાય. આહાહાહા ! કર્મસે નહીં પણ કર્મકા નિમિત્તપણાકા લક્ષસે જો વિકૃત અવસ્થા થી. આહા... એ કર્મકા સંબંધ છોડ દિયા, જિતને અંશે કર્મ મેરા હૈ એ તો દૃષ્ટિ છૂટ ગઈ પહેલે, પણ આ કર્મકા સંબંધમેં જો કાંઈ આસકિત થી, આહાહા... એ બી અંતર સ્વભાવકા અનુસરણ કરકે એ કર્મકા સંબંધકી આસકિતકો દબા દેતે હૈ. આહા.. આવી વાતું છે. આહાહાહા... ભાષા તો સાદી છે પ્રભુ સમજાય એવી છે. આહાહાહા !

'નોકર્મ' દેવ, ગુરુ, શાસ્ત્ર, શરીર, વાણી, મન એ બધા સામાન્યપણે નોકર્મ, ઉસકા સંબંધમેં, સંબંધ સર્વથા છૂટ ગયા હો તો તો વીતરાગ હો જાય પણ કંઈ આમ સંબંધમેં ભાવ હોતા હૈ, તો એ નોકર્મકો જીત લિયા, એ નોકર્મ તરફકા ભાવ ઉત્પન્ન હોને ન દેના અને સ્વભાવકા અનુસરણ કરકે એ ભાવકો દાબ દેના. આહાહાહા ! કેટલી ગંભીરતા, ગાથામાં કેટલી ગંભીરતા. આહાહા !

'મન' મનકા સંબંધ હૈ ને ? મનકી એકત્વતા તૂટ ગઈ, પણ રાગાદિ ઉત્પન્ન હોતા હૈ તો મનકા સંબંધ હૈ. મનકા સંબંધ તરફકા જો ભાવ ઉત્પન્ન હોતા થા, એ અંતર સ્વભાવકા વિશેષ અનુસરણ ઉત્પન્ન કરકે એ સંબંધકા ભાવ દાબ દેના, ઉપશમ કર દેના. સમજમેં આયા ?

આ તો ધીરાના કામ હૈ ભાઈ ! આ કાંઈ... આહાહાહા...

'વચન' વાણીકી સાથ ઈતના સંબંધ હૈ ને ? રાગ હૈ. એ ભાવ્ય હુઆ. વચનકા સંબંધમેં એ ભાવ્યકો સ્વભાવકા અનુસરણ કરકે દાબ દેના. આવી વાતું છે. 'સમાધિશતક' મેં તો તહાં લગ કહા, કે ઉપદેશકા વિકલ્પ આતા હૈ, હમ મુનિ હૈ, આનંદ હૈ, જ્ઞાન હૈ, શાંતિ હૈ પણ ઓ વિકલ્પ આતા હૈ ઈતના ઉન્માદ હૈ. મિથ્યાત્વકા ઉન્માદ નહીં. આહાહા ! સમજમેં આયા ? આવી વાતું છે.. વીતરાગી બિંબ પ્રભુ ! જિનબિંબ ! ભગવાન તો જિનબિંબ આત્મા હૈ ઉસમેંસે વિકલ્પ ઉઠના, આહાહા... એ દોષ હૈ. સમજમેં આયા ? વચનકે સંબંધમેં અપને જો વિકલ્પ ઉઠતે હૈ એ સંબંધ છોડ દેના. આહાહાહા... ઈતના અનુસરણ જો વચનકા ભાવમેં કરતે થે, યે અનુસરણ ભગવાન, આ તો બીજા નંબરની ઊંચી સ્તુતિ હૈ ને, ઉપશમ ધારાની સ્તુતિ હૈ ને ! આહાહાહા...

"કાય" આ કાયાકા સંબંધમેં જો આમ લક્ષ જાતે હૈ ઈતના રાગ હૈ, ઉસકો સ્વભાવકા આનંદકા નાથ. એના અંતર અનુસરણ કરકે કાયા સંબંધીકા ભાવ્યકો દાબ દેના, અસ્થિરતાકા. ( શ્રોતાઃ- અસ્તિના એક કથન કરવાને બદલે આ નાસ્તિના પચાસ કથન કરવાથી... ) નહીં નહીં બધાનો વિસ્તાર હૈ. ભિન્ન ભિન્ન ભાવ હોતા હૈ ને એક પ્રકાર નહીં હોતા. ભિન્ન ભિન્ન ભાવ

હોતા હૈ. ભિન્ન ભિન્ન ભાવ હજી તો આગળ લેશે, વિશેષ લેશે. અસંખ્ય પ્રકારકા વિભાવ લેગા હજી તો. સામાન્ય માટે તો વાત કિયા, એ તો નિર્જરા અધિકારમેં નહીં આતા, સામાન્ય માટે તો પરિગ્રહકા ત્યાગ કિયા હવે વિશેષ માટે એક એકકા ત્યાગ કરાતે હૈ. આતે હૈ ? રાગ, દ્વેષ. આહાહા ! પાણી. એ તો અલૌકિક વાતું હૈ. આહાહા !

એ ગ્યારહ સૂત્ર રખકર ગ્યારહ રૂપ વ્યાખ્યાન કરના. હૈ ને ? દરેકની વ્યાખ્યા કરની આ સમજને માટે પીછે.

"શ્રોત" શ્રોત ઈન્દ્રિય ઓ તરફકા લક્ષ હોનેસે જે વિકૃત ભાવ્ય હોતા થા. આહાહાહા ! એ આત્માકા વિશેષ અનુસરણ કરકે દાબ દેના, ઉપશમ કરના એ દૂસરા પ્રકારકી સ્તુતિ હૈ. આહાહાહા ! સાંભળવામાં પણ જો સૂનનેમેં જો રાગ આતા હૈ, એ રાગકી એકતા તો પહેલે તોડ દિયા હૈ. પણ સૂનનેકા ભાવમેં વાણીકા રાગ આતા હૈ, ઉસકો અપના સ્વભાવકા ઉગ્ર આશ્રય લેકર, દાબ દેના. આવી વાતું છે. ત્રણ લોકનો નાથ જિનેશ્વરદેવ એની દિવ્ય ધ્વનિમાં આ આયા હૈ. એ સંતો જગતની પાસે આડતીયા તરીકે જાહેર કરતે હૈ. આહાહા ! આમાં વાદ ને વિવાદને કરે. એમ 'ચક્ષુ' આંખ કે સંબંધમેં પર તરફકા લક્ષ જાતે હૈ. આહાહાહા ! ઈતના સ્વભાવકા આશ્રય વિશેષ કરકે એ ભાવકો ઉત્પન્ન ન હોને દેના એ સ્તુતિ હૈ.

ઐસે 'ઘ્રાણ' ઘ્રાણમેં જે સુગંધકા ભાવકા લક્ષ જાતે હૈ, અસ્થિરતાકા ભાવ ઉત્પન્ન ન હોને દેના ઉપશમ કર દેના એ દૂસરી સ્તુતિ હૈ.

એમ 'રસ' રસેન્દ્રિય જ્ઞાનીકો ભી રસેન્દ્રિય તરફકી વૃત્તિમેં અસ્થિરતા હોતી હૈ. સમજમેં આયા ? આહાહાહા ! રાત્રિકો કહા થા, એક તીર્થંકર હો, ચક્રવર્તી હો, કામદેવ–સોળ, સત્તર, અઢાર ( શાંતિનાથ, કુંથુંનાથ, અરનાથ ) ઉસકા બત્રીસ કવળકા આહાર હૈ. કવળ, તો એકેક કવળકી તો કિંમત તો હીરાની ભસ્મ હોય ઉસમેં ઘીમેં ઉના( ગરમ ) કરકે ઘઉં હોય ને ઘઉં એ ઘીમેં ભસ્મ નાખકર ઘઉં નાખકર એ ભસ્મ પી જાય ઘઉં. સમજમેં આતા હૈ ? હૈ. કરોડો રૂપીયાની કિંમતકી એ ઘઉંકી રોટી બનાતે હૈ. ક્યાં આમાં તુમ્હારી ભસ્મ બસ્મ આઈ ? આહાહા... તો જિસકા બત્રીસ કવળમેં એક કવળ ૯૬ કરોડ પાયદળકો પાચન કરનેકી શક્તિ નહીં. ૯૬ કરોડ પાયદળ ઉસકા એક કવળ પચા સકતે નહીં – રાત્રે તું હતો કે નહીં એય, એ સમકિતી, ક્ષાયિક સમકિતી તીન જ્ઞાનકા ઘણી, એ બત્રીસ કવળકા ખાનેકા વિકલ્પ આતા હૈ. એ આકુળતા હૈ. એ કવળકો ખાતે નહીં. એ રાગ આયા ઓ ઉસકો વેદતે હૈ. ઓ તો જડકી ક્રિયા હૈ. માલચંદજી ! આ માલ માલકા બાત ચલતે હૈ યહાં. પ્રભુ તું કૌન હૈ. આહાહાહા ! અતીન્દ્રિય આનંદકા નાથસે ભરા હૈ ને તુમ, આહાહા... મહા અનંત ગુણકા ગોદામ તુમ હૈ ને નાથ ! આહા... ઉસકા અનુસરણ કરકે એકત્વબુદ્ધિ તોડના અને ઉસકા અનુસરણ કરકે અસ્થિરતાકી પર્યાય ઉત્પન્ન ન હોને દેના. આહાહાહા... આવી વાતું છે. પહેલી તો પકડમેં કઠણ પડે. હૈં ! આહાહા ! ભાઈ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા આત્મા ઉસકા સ્વભાવ જાનના, અને જાને હુએ પીછે ભી રાગ આતા હૈ. આહા... તો રાગ કહો કે દુઃખ કહો. સમજમેં આયા ? આહાહા !

'રસન' આ તો રસન આવ્યું ને ? સમકિતી, ક્ષાયિક સમકિતી, તીર્થંકર બીજાઓ ચક્રવર્તીને પણ હોય છે. પણ અહીંયા તો તીર્થંકર કો તો ઐસા આહાર હોતા હૈ, છતાં નિહાર નહીં હોતા.

દૂસરા ચક્રવર્તીકો ઐસા બત્રીસ કવળકા આહાર હોતા હૈ, નિહાર હોતા હૈ. આહાહાહા... અહીં તો વધારે જરી એક રોટી પડ જાય તો દસ્ત હો જાય, એ બત્રીસ કવળ હીરાની ભસ્મો, એકેક દાણામેં કરોડો હિરાકી ભસ્મો ચડી ગઈ દાણામેં ઉસકી બનાઈ રોટી. તે પણ રસોયો, અમલદાર હોતા હૈ. એ પોતે બનાતે નહીં, બાર મહીનામાં ઉસકી તૈયારી કરતે હૈ. એક દિનકી ચક્રવર્તીકી રસોઈ માટે, ભગવાનને માટે તીર્થંકરકી. આહાહાહા ! તૈયારી કરતે હૈ કે આ કરના, આ કરના આ કરના... બાર માસ સુધી ત્યારે એક વાર હુકમ આતે હૈ અમલદાર રસોયાને કે આજે આ રસોઈ બનાવો. એય ચંદુભાઈ ! ( શ્રોતાઃ- પુણ્યના પ્રતાપ છે બધા ) આહાહા ! એ બત્રીસ કવળના આહારની ક્રિયા તો ઉસસે હોતી હૈ. વિકલ્પ આતા હૈ. મુનિને પણ ‘સંયમના હેતુએ યોગ પ્રવર્તના’ આહારાદિ લેનેકા ભાવ આતા હૈ પણ એ ભાવ જરી શુભ હૈ. અને આ જે સંસારને માટે પ્રાણીઓ આહાર કરતે હૈ એ ભાવ અશુભ હૈ. આહાહાહા ! સમકિતીકો ભી ભોગકા ભાવ આતા હૈ, આહાહાહા... ઈતના દુઃખ હૈ. સમકિતીકો ભી પંચમ ગુણસ્થાન તક રૌદ્રધ્યાન હોતા હૈ. આહાહા... ઈતના ધર્મી જીવકો ભી દુઃખ હૈ. આનંદસ્વરૂપ સે ભગવાન વિરૂદ્ધ રૌદ્ર ધ્યાનમેં ગયે, આહાહા... પંચમ ગુણસ્થાનવાળા હોં, ચોથે ગુણસ્થાને જ્ઞાની તો ઠીક, પંચમવાળા સુધી રૌદ્ર ધ્યાન હૈ અને છઠ્ઠે તક આર્તધ્યાન હૈ. એ આર્તધ્યાન દુઃખરૂપ હૈ કે સુખરૂપ હૈ ? આહાહાહા !

યહાં કહેતે હૈ ‘રસન’ આહાહાહા... એ બત્રીસ કવળકા આહાર લેનેકી વૃત્તિ ઉઠતી હૈ યહ રસનકા સંબંધ હૈ ઈતના, યહ સંબંધ ભગવાન અતીન્દ્રિય આનંદકા નાથ, અતીન્દ્રિય આનંદકા ખોરાક લેકર, એ રાગકો દબા દેતે હૈ. સચ્ચિદાનંદ પ્રભુ. આહાહા... સત્ શાશ્વત જ્ઞાન ને આનંદકા નાથ ભંડાર પ્રભુ, એ અપના અનુસરણ કરકે, એકત્વબુદ્ધિ તો તોડ દિયા હૈ, એ તો પહેલી સ્તુતિ હૈ. પણ દૂસરી અસ્થિરતાકી વૃત્તિ ઉત્પન્ન ન હોને દેના, આહાહા... ઈતના સ્વભાવકી સ્તુતિ સત્કાર સ્વીકાર વિશેષ હો ગયા. સમજમેં આયા ? આવી વાતું છે પ્રભુ ! શું થાય ? આહાહાહા... અત્યારે તો બહુ ફેરફાર થઈ ગયો છે. અત્યારે તો ચોર કોટવાળને દંડે એવું થઈ ગયું છે. ઝાઝા ચોર ભેગા થાય ને ! અરે પ્રભુ ! આહાહા ! “રસન” આ તો રસનનો ઉત્કૃષ્ટ દાખલો લીધો. તીર્થંકર ક્ષાયિક સમકિતી ત્રણ જ્ઞાનના ધણી માતાના પેટમાં આવ્યા છે અને પીછે જન્મતે હૈ તો આહારકા ભાવ તો આતા હૈ. પણ એ ભાવ રાગ હૈ. એ રાગકો સ્વભાવકા વિશેષ અનુસરણ કરકે દૂરસે હટાના નામ ઉત્પન્ન હોને ન દેના. આહાહા... ઝીણી વાત છે ભાઈ. ગાથા એવી આવી ગઈ છે. સુમેરુમલજી ! બરાબર ભાગ્યવાનકો પડે કાને ઐસી બાત હૈ. આહાહા ! આહાહા !

પછી, ‘સ્પર્શન’ સ્પર્શન-સ્પર્શનના સંબંધમેં ભી જ્ઞાનીકો ભી ભોગકા રાગ આતા હૈ. આહાહા ! ક્ષાયિક સમકિતી ત્રણ જ્ઞાનના ઘણી, તીર્થંકર. ૯૬ હજાર ચક્રવર્તી સ્ત્રી પરણતે હૈ- ભરતેષ વૈભવમેં કથા હૈ એકેક દિનમેં સેંકડો રાજકુંવરીઓને પરણે, લગન કરે. આહાહા... હૈ સમકિતી એ રાગ હૈ ઈતના. સમજમેં આયા ? એ રાગકી એકત્વબુદ્ધિ તો તોડ દી હૈ, પણ રાગકી અસ્થિરતાકો સ્વભાવકે આશ્રયે. ઉપશમ શ્રેણી આગળ લેતે હૈ ને, અંદર જાતે સ્વસંવદેન બળમેં જાતે એ ઉપશમ હો જાતા હૈ. ભોગકા ભાવ, સ્પર્શકા ભાવ, ઉપશમ હો જાતા હૈ. લ્યો આ,

ચંદુભાઈ... એટલે સખ નહીં આવે અહીંયા. ટૂંકું કર્યું હોત તો પણ આ તો... લાંબુ લાંબુ કરે છે. હજી. હૈં ?

ઈન પાંચો સૂત્રોકો ઇન્દ્રિય સૂત્રકે દ્વારા અલગ અલગ વ્યાખ્યાનરૂપ કરના. ઈસ પ્રકાર, હવે હજી એટલેથી નહીં. સોળ સૂત્રોકે ભિન્ન ભિન્ન વ્યાખ્યાન કરના. દરેકકા ભિન્ન ભિન્ન વ્યાખ્યાન. ઔર ઈસ ઉપદેશસે અન્ય ભી વિચાર લેના. આહાહા... અસંખ્ય પ્રકારકા વિભાવ હૈ, આહાહાહા... અનેક પ્રકાર હૈ. અસંખ્ય પ્રકારકા વિભાવ સમકિતીકો હૈ. આહાહાહા... તો ઐસે વ્યાખ્યાન કરના. એ ભાવ્ય હૈ ઉસકો અપના સ્વભાવકા અનુસરણ કરકે ઉત્પન્ન હોને ન દેના એ અપની સ્તુતિ હૈ. અપની પ્રશંસા ભગવાનકી હૈ. આવું ત્યાં સાંભળ્યું નથી સરદાર શહેરમાં ક્યાંય નહીં. પ્રભુનો મારગ બાપા ! એ “હરિનો રે મારગ છે શૂરાનો એ કાયરના નહીં કામ જોને રે” એમ આવે છે ને ? તમારે “એ હરિનો રે મારગ છે શૂરાનો, કાયરના નહીં કામ જોને” પ્રથમ પહેલાં મસ્તક મૂકી વળતા લેવું હરિનું નામ જોને રે. હરિ એટલે આ ભગવાન, આહા... એ લોકોમાં એવુ સ્તુતિમાં ભક્તિમાં આવે છે. અમારે તો એ બાજુના પાલેજમાં બધાય ઘરાક હતા એવા બધા. એક બ્રાહ્મણ હતો અમારો ઘરાક તે દિ’ હો. પણ વેદાંતનો મોટો અને બધાનો ગુરુ હતો પણ અમારો ઘરાક હતો. એના ગામનું નામ ભૂલી ગયા. મેહરાજ ને તિલોદ બે ગામમાં અમારી ઉઘરાણી હતી એ બે ગામમાં વધારે એમાં આ મેહરાજનો બ્રાહ્મણ હતો એ માલ લેવા આવે. એના ભક્તો હોય ને એ પગે લાગે આમ. અમે એને ઘરે પૈસા લેવા જઈએ તો ખાટલો ઢાળી દે. મેહરાજ ગામ પાલેજથી ત્રણ ગાઉ છે. આ તો ૧૭, ૧૮, ૧૯ વર્ષની વાતું છે શરીરની. આહાહા ! બધું એ વખતે જોયેલું જાણેલું, પણ આ નહીં. આહાહા !

એક તો બાવા આવ્યા હતા બે. એ વખતની વાત છે. ૬૫, ૬૬ કે ૬૭ ની વાત છે. એક હતો વેદાંતી અને એક હતો કબીર ( પંથી ) અને એક હતો ઈશ્વર કર્તા માનનેવાલો બે સાધુ મોટા આવ્યા. ત્યાં ધર્મશાળા છે અમારે ત્યાં ઉતરેલા અને અમને ખબર પડી જૈનોને કે એ લોકો ચર્ચા કરવાના છે અમે બધા ગયા એમાં એક સાધુ હતો ઈશ્વર કર્તા માનનારો. આ જગતના ઈશ્વર કર્તા હૈ, અમે જૈન લોકો ગયેલા સાંભળવા તો ઓલો સામો કહે કે કર્તા હોય તો ક્યાં ઊભા રહીને કિયા ઈશ્વરે ? ઈશ્વરકો કોણે કિયા ? અને ઈશ્વરે કહાં ખડા હોકર જગત બનાયા, તો ખડે હોકર બનાયા તો કોઈ ચીજ તો રહી. સમજમેં આયા ? ઓલો કબીર ( પંથી ) અમારી સામે જોવે જૈન સામે કેમ ભાઈઓ એને ખબરને કે આ જૈનો છે ને ! આ તો ૭૦, ૭૨ વર્ષ પહેલાંની વાત છે. બરાબર હૈ.. ઈશ્વર હો તો કહાં ખડા રહા ઔર આ બધી સામગ્રી કહાંસે લાયા. કહાંસે બનાયા આ ? નહીં હૈ ઈસમેંસે બનાઈ ? નહીં હો ઉસે બના સકતે હૈ ! હૈ ઈસકો બનાના ને ન હો ઉસકો બનાના બિલકુલ જૂઠ હૈ. બાલચંદજી ! આ તો ૭૫ વર્ષ પહેલાંની વાત. આહાહા... એક હતો કબીરનો સાધુ અને ઓલો હતો લઠ જેવો ને અભિમાની–મેરા શિષ્ય હો તો સમજાવું. ઓલાને એમ કીધું કબીરને એ કહે શિષ્ય પણ પહેલો તું સમજાવ તો ખરો કે ઈશ્વર તેરા હૈ, ને ઈશ્વરે આ બનાયા. તો ઈશ્વર કહાં રહા થા, કોઈ સ્થાન થા કે નહીં, કોઈ સ્થાન ઉસને બનાયા ? ઐસે આ બાત તો અલૌકિક હૈ બાપા. અસંખ્ય પ્રકારકી વાત. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૯૪ ગાથા - ૩૨-૩૩ ભાદરવા વદ-૧૨ ગુરૂવાર તા. ૨૮-૯-૭૮ સં. ૨૫૦૪

ગાથાનો ભાવાર્થ છે. કયા કહા ઉસમેં વો કહતે હૈ. પ્રથમ તો અપના શુદ્ધ સ્વરૂપ પરદ્રવ્યસે ભિન્ન રાગસે ભિન્ન પર્યાયસે ભી ભિન્ન, ઐસા આત્માકા અનુભવ હો ઉસકા નામ જિતેન્દ્રિય જિન કહનેમેં આયા હૈ. જે ક્ષયોપશમ જ્ઞાનકી પર્યાય હૈ, રાગ હૈ કે નિમિત્ત હૈ એ સબ પરદ્રવ્ય ગિનનેમેં આયા હૈ પરજ્ઞેય, જ્ઞાયક સ્વભાવ સ્વજ્ઞેય, એ સ્વજ્ઞેયકા લક્ષ કરકે આશ્રય કરકે પરસે અપની ચીજકો જુદી જાનના, પરિપૂર્ણ જાનના, અધિક જાનના ઉસકા નામ સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્ર હૈ. આ પહેલા દરજ્જાકી સ્તુતિ હૈ. આવું છે. બીજા દરજ્જાની આ ( ગાથા ) ૩૨ મેં.

ભાવાર્થઃ- "ભાવક મોહ કે અનુસાર" કયા કહેતે હૈ ? જ્ઞાનીકો ભી સમકિતીકો ભી મુનિકો ભી આત્મજ્ઞાન ઉપરાંત ચારિત્રદશા હુઈ હૈ, ઉસકો ભી હજી ભાવક જો કર્મ જડ ઉસકે અનુસારે હોનેવાલા વિકારી રાગદ્વેષ આદિ ભાવ એ ભાવ્ય હૈ. ભાવક મોહકે અનુસાર. હૈ ? સ્વભાવકે અનુસાર નહીં, કર્મકા નિમિત્ત જો ઉદયમેં આયા એ સ્વભાવ તરફકા ઈતના આશ્રય નહીં અને પરકા આશ્રય કરતે હૈ, તો ઉસમેં રાગદ્વેષ વિકારી પર્યાય સમકિતીકો ભી જ્ઞાનીકો ભી ઉત્પન્ન હોતી હૈ. આહાહા ! ઉસકો જીતના અર્થાત્ "પ્રવૃત્તિ કરનેસે અપના આત્મા ભાવ્યરૂપ હોતા હૈ" આહાહા ! ઝીણી વાતું બહુ "ઉસે ભેદજ્ઞાનકે બલસે" અર્થાત્ નિમિત્તકે અનુસારે જો પ્રવૃત્તિ થઈ એ અનુસાર છોડકર, સ્વભાવકે અનુસારે વિશેષ ઉગ્ર આશ્રય લિયા, આહાહા... ભિન્ન અનુભવ કરનેવાલા જિતમોહ જિન હૈ. જિતમોહ ક્ષીણમોહ નહીં, ક્ષીણમોહનો પાઠ હૈ ને પાઠ હૈ તેત્રીસમો. "જિત્મોહસ્સ દુ જઈઆ ખીણો મોહો" એટલે કોઈ કહે આ જિતમોહનો અર્થ કયા ? તો અહીંયા તેત્રીસમાં લિયા ક્ષીણમોહ, પહેલે જો રાગકા વિકારકા સ્વભાવકો અનુસરકે ઉપશાંત કરતે થે ઉસકો જિતમોહ કહનેમેં આયા, ઉપશમ શ્રેણી હોં આઠમે ગુણસ્થાને, આહાહા... સાતમા તક અબુદ્ધિપૂર્વક કર્મકા ભાવકકે અનુસાર રાગાદિ હોતા થા. સમજમેં આયા ? એ કર્મકા ભાવકકે અનુસાર જો રાગદ્વેષ પુણ્ય પાપ આદિ વિકલ્પ, મોહ ભાવ, એ પાપ ભાવ હૈ. ઉસકો જો નિમિત્તકે અનુસારે ભાવ્ય થા એ ન હોને દેના. આહાહા... અને જ્ઞાયક સ્વરૂપ ભગવાનકા ઉગ્ર આશ્રય લેકર એ વિકારકો દબાના, ઉપશમ કરના એ બીજા પ્રકારકી સ્તુતિ ઊંચા પ્રકારકી સ્તુતિ, આહાહા... આવી વાતું હવે આમાં ક્યાં માણસને ( ખ્યાલ આવે ) બાપુ મારગડા ઐસા હૈ.

એ ભાવક મોહકે અનુસાર મુનિકો ભી સપ્તમ્ગુણસ્થાનમેં મોહકર્મકા નિમિત્તકે અનુસાર અબુદ્ધિપૂર્વક રાગ જો થા અંદર વિકાર, ઉસકો સ્વભાવકા અનુસાર કરકે, એ વિકારકો દાબકે ઉપશમ કરના, ઉપશમ શ્રેણી, શ્રેણીની અપેક્ષાએ ઉપશમ, એ લેગા ભાવાર્થમેં ઉપશમ આદિ કરકે, શબ્દ હૈ જરા સૂક્ષ્મ પીછે અર્થ કરેગા.

"આત્મા ભાવ્યરૂપ હોતા હૈ ઉસે ભેદજ્ઞાનકે બલસે ભિન્ન અનુભવ કરનેવાલા જિતમોહ જિન હૈ." આહાહા ! એ તો અત્યારે ( આ ક્ષેત્રે ) હો સકતે નહીં મગર વસ્તુ સ્થિતિ બતાતે હૈ. સમજમેં આયા ?

વહાં ઐસા આશય હૈ કે શ્રેણી ચડતે હુએ દેખો આઠમે આહાહાહા... જિસે મોહકા ઉદય અનુભવમેં ન રહે, આહાહા... આ વસ્તુકા ખ્યાલ તો એ કરે કે ઉપશમ શ્રેણી આઠમેં ગુણસ્થાને ચલતી હૈ ત્યાં મોહકા ઉદય અનુભવમેં ન રહે, આહાહા... ભગવાન આનંદકા નાથ અંતરમેં ઝુક જાયે વિશેષ, સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર તો હૈ, પણ મોહકે અનુસાર જો રાગાદિ થા સાતમે ગુણસ્થાન તક, આહાહા... છઠ્ઠે ગુણસ્થાને તો બુદ્ધિપૂર્વક રાગ થા, અબુદ્ધિપૂર્વક દો હી થા. સાતમે બુદ્ધિપૂર્વક રાગ નહીં થા, પણ ભાવક કર્મકે અનુસાર રાગદ્વેષ ઐસા પરિણામ, ભાવ્ય હોતા થા. આહાહા ! સાતમેં એ અંતરમેં સીધા સ્વભાવકે અનુસર કરકે જે રાગ આત્મામેં થા પર્યાયમેં, ઉસકો દબા દેના ઉપશમ કરના એ બીજા પ્રકારકી પહેલાસે ઊંચી સ્તુતિ હૈ. સમજમેં આયા ?

યહાં ઐસા હૈ કે શ્રેણી ચડતે મોહકા એ અનુભવમેં ન રહે. આહાહા... ઔર અપને બળસે, અપને બળસે સ્વભાવકે અનુસારમેં પુરુષાર્થ કરનેસે, આહાહા... ઉપશમ આદિ કરકે, શ્રેણી તો ઉપશમ હૈ, પણ રાગકા ક્ષયોપશમ ત્યાં હોતા હૈ થોડા અથવા જ્ઞાનાવરણીકા ભી ક્ષયોપશમ હોતા હૈ. સમજમેં આયા ? આહાહા ! ઉપશમ આદિ શબ્દ પડા હૈ ને ? હૈ, રાગકા ઉપશમ કરતે હૈ અને દૂસરા જો જ્ઞાનાવરણી આદિ હૈ ઉસકા વિશેષ ક્ષયોપશમ હોતા હૈ. એ ઉપશમ આદિ કરકે, હૈ તો ઉપશમ શ્રેણી, પણ ઉપશમ આદિ કરકે, આહાહા... જ્ઞાનાવરણી આદિકા ઉદય હૈ, તો ઉસકે અનુસાર જરી-જ્ઞાનકી હીણી દશા હોતી થી. આહાહાહા ! એ સ્વભાવકે અનુસારે જ્ઞાનકા ક્ષયોપશમ હુઆ ત્યાં જ્ઞાનકા ઉપશમ નહીં હોતા, ઉપશમ તો મોહકા હોતા હૈ, ઝીણી વાત ભાઈ બહુ આ તો. આહાહા !

એ અપના સ્વભાવકા ભાન હૈ અનુભવ હુઆ, સમ્યગ્જ્ઞાન હુઆ, સમ્યગ્દર્શન હુઆ, ઔર સ્વરૂપકા ચારિત્ર આચરણ ભી થોડા હુઆ, પૂર્ણ આચરણ હો તો તો યથાખ્યાત ચારિત્ર હો જાય, તો ભાવકકે અનુસાર ભાવ્ય કરનેકા રહેતે નહીં. સમજમેં આયા ? થોડો થોડો અભ્યાસ પહેલાં હોના ચાહીયે. આ તો કોલેજ હૈ વીતરાગ ભગવાનની કોલેજ હૈ. આહા ! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકા નાથ સચ્ચિદાનંદ પ્રભુ, ઉસકો પર્યાયકા પ્રેમસે હઠકર રાગકા પ્રેમસે હઠકર, નિમિત્તકા પ્રેમસે હઠકર અપના જ્ઞાયકમેં પ્રેમ લગા દિયા એકાગ્રતા કરકે, પ્રેમકા અર્થ એકાગ્રતા, ઉસકા નામ પ્રથમ જિતેન્દ્રિય સ્તુતિ પહેલા પ્રકારની પહેલા નંબરની નહીં, પહેલા પ્રકારની ( સ્તુતિ ) કહનેમેં આતા હૈ.

હવે દૂસરા પ્રકારકી ઊંચી સ્તુતિ દૂસરા પ્રકાર હૈ, પણ પહેલા નંબરસે ઊંચી હૈ. આહાહા ! જ્ઞાનીકો ભી સપ્તમ્ ગુણસ્થાન તક ભાવક મોહકર્મકે અનુસાર સમકિતી હૈ, અપ્રમત્તદશામેં ભી રાગ અબુદ્ધિપૂર્વક હોતા હૈ ભાવ્ય. આહાહા ! આવી વાતું હૈ. ઉસકો પરકે અનુસારકા જો ભાવ હૈ પુરુષાર્થ છોડકર અંતરમેં લગાના તો એ રાગદ્વેષ પુન્યપાપકા ભાવ એ વિકલ્પ હૈ વો દબા દેતા હૈ, દાબ દેતા હૈ, ઔર ઉપશમભાવ પ્રગટ હોતા હૈ, અને જ્ઞાનાવરણી દર્શનાવરણી આદિકા અંતરાય આદિકા ક્ષયોપશમ ભાવ હોતા હૈ. સમજમેં આયા ? શ્રેણી ઉપશમ હૈ, પણ ઉપશમ તો મોહકા એકીલાકા હોતા હૈ. તો સાથમેં શુદ્ધતા બઢતી હૈ જ્ઞાનકી, આનંદકી, વીર્યકી એ બધી શુદ્ધતા બઢતી હૈ. સમજમેં આયા ? એ ઉપશમ શ્રેણીમેં એ ક્ષયોપશમભાવ હૈ, આવી ક્યાં વાત

હવે ઉદય ને ઉપશમ ને ક્ષયોપશમ.

ભગવાન પરમ પારિણામિક સ્વભાવ પ્રભુ પરમસ્વભાવભાવ ઉસકા આશ્રય લેકર જો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ઉત્પન્ન હુઆ એ પહેલી સ્તુતિ હૈ. પીછે અસ્થિરતામેં પર્યાય અબુદ્ધિપૂર્વક થી, છઠ્ઠે તક બુદ્ધિપૂર્વક રાગ થા, બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક દો હી. સમજમેં આયા ? યે દેવકીનંદન એક પંડિત થા બડા ઈન્દોરવાળા એ આયે થે, ઉસને પંચાધ્યાયીના અર્થ ઉસને કિયા થા કે છઠ્ઠે ગુણસ્થાને બુદ્ધિપૂર્વક રાગ હૈ અને સાતમેં ગુણસ્થાને અબુદ્ધિપૂર્વક હૈ. તો ઉસકો કહા, ( એ બાત ઠીક નહીં ) એ તો કહે અમે તો પંડિત હૈ ઐસા હૈ નહીં, માણસ સરળ થા પંડિત થા. દેવકીનંદન, સુધરાવો પંચાધ્યાયીકા અર્થ કે છઠ્ઠે ગુણસ્થાને પણ ખ્યાલમેં આનેવાલા એ બુદ્ધિપૂર્વક રાગ હૈ, અને વો હી સમય ખ્યાલમેં આતા નહીં એ અબુદ્ધિપૂર્વક હૈ. આવી વાતું હવે... અને સપ્તમ ગુણસ્થાનમેં બુદ્ધિપૂર્વક ખ્યાલમેં આતે હૈ ઐસી બાત નહીં હૈ પણ અબુદ્ધિપૂર્વક હૈ, કારણ ઉપયોગ ત્યાં લાગુ નહીં હોતા પણ હોતા હૈ રાગ, એ રાગકો ભાવકકે અનુસારે હોતા થા એ અપના ભગવાન તરફકા અનુસાર હોકર એ સ્તુતિ હુઈ. આહાહા ! અરે આવી વાતું હવે. એ રાગકો ઉપશમ કરના ઔર દૂસરી પર્યાયકો ક્ષયોપશમકી વૃદ્ધિ કરના. ( શ્રોતાઃ– એકલા મોહમાં જ એ ક્ષયોપશમનું ઉપશમનું કાર્ય હોય છે ? ) મોહનો ઉપશમ ક્ષયોપશમ હોય છે, પણ મોહનો ઉપશમ લેવો છે અહીં ઉપશમ શ્રેણી લેવી છે ને હૈ તો ક્ષયોપશમ દશમા ગુણસ્થાન તક પણ અહીં દબાવ્યું છે એટલે ઉપશમ શ્રેણી લેના હૈ, ક્ષયોપશમ તો હૈ. પણ ( શ્રોતાઃ– એકલા મોહનો જ ઉપશમ કેમ બીજા કર્મનો કેમ નહીં ) અંદર બીજા કર્મનો ઉપશમ હોતા નહીં. બિલકુલ ઉપશમ નહીં, ઉપશમ એક મોહકા–

ક્ષાયિક આઠકા, ઉપશમ એકકા, ઉદય આઠકા, ક્ષયોપશમ ચારકા, જ્ઞાનાવરણી, દર્શનાવરણી મોહનીય અને અંતરાય. ઝીણી વાત ભાઈ ! આઠ કર્મ હૈ તો ઉદય આઠકા, હવે ઉપશમ એકકા મોહકા, ક્ષયોપશમ ચારકા, જ્ઞાનાવરણી દર્શનાવરણી મોહનીય ને અંતરાય. ઉપશમ શ્રેણીમેં મોહકા ઉપશમ હૈ, એ દબાના અપેક્ષાએ, બાકી હૈ ક્ષયોપશમ ( શ્રોતાઃ– જ્ઞાનનો ક્ષયોપશમ ) એનોય ક્ષયોપશમ હૈ દશમા ગુણસ્થાન સુધી ઉદય હૈ ને, ઈતના ક્ષયોપશમ હૈ પણ અહીંયા આ અપેક્ષા લેના હૈ. આવી વાતું હવે. મોહકા ભી ક્ષયોપશમ હોતા હૈ, મોહકા ઉપશમ હોતા હૈ, અને મોહકા ક્ષય હોતા હૈ. જ્ઞાનાવરણીકા ઉદય હોતા હૈ, ક્ષયોપશમ હોતા હૈ, ક્ષાયિક હોતા હૈ, ઉપશમ નહીં. દર્શનાવરણીયકા ઉદય હોતા હૈ ક્ષયોપશમ હોતા હૈ ક્ષાયિક હોતા હૈ, ઉપશમ નહીં, અંતરાયકા ઉદય હોતા હૈ ક્ષમોપશમ હોતા હૈ ક્ષાયિક હોતા હૈ, ઉપશમ નહીં. આવી વાતું હવે ક્યાં ? આહાહા ! અહીં તો સમય–સમયના હિસાબ હૈ. આહાહા !

જબલગ ઉપશમ શ્રેણી તક ન આવે તબલગ સમકિતી મુનિકો સપ્તમ ગુણસ્થાન તક, આહાહાહા... ભાવક કર્મકે અનુસાર જરી રાગ અબુદ્ધિપૂર્વક હૈ, આહા... ઉસકો આગળ પુરુષાર્થકો બઢાકરકે સ્વભાવકા વિશેષ અનુસરણ કરકે એ ભાવકકે અનુસારે રાગ થા ઉસકો દબા દિયા, ઉપશમ કર દિયા. ઐસે રાગ દ્વેષ આદિ વિશેષ લેના, વો સોળ બોલ હૈ ના. અમૃતચંદ્રાચાર્યે સોળ બોલ. પાંચ ઇન્દ્રિયાં ઐસા લિયા હૈ, ઔર અન્ય વિચાર લેના ઐસા લિયા હૈ– જયસેન આચાર્યકી ટીકામેં ઐસા બોલ લેકર અન્ય અસંખ્ય વિભાવકા વ્યાખ્યાન કર લેના. ( ઐસા

લિયા હૈ ) આહાહાહા ! આવી વાતું છે. વિકલ્પકા અનેક પ્રકાર હૈ. અનેક પ્રકાર માંયલા અસંખ્ય પ્રકારકા વિભાવ હૈ. આહાહા ! તો જે જીવકો જે પ્રકારકા વિકલ્પ હૈ ઉસકો સ્વભાવકે અનુસાર દાબ દેના. આહાહા ! ઉપશમ આદિ કરકે, શબ્દમાં ઉપશમ આદિ કરકે, એકલો ઉપશમ કરકે ન લિયા, શ્રેણી ઉપશમ હૈ પણ ક્ષયોપશમ હૈ સાથમેં. આહાહા ! અરે પ્રભુ તું કોણ હૈ કયાં હૈ ? તેરી દશામેં કયા હોતા હૈ ? આહાહા ! આત્માનુભવ કરતા હૈ ઉસે જિતમોહ કહા હૈ, તો યહાં મોહકો જિતા હૈ નાશ નહીં કિયા, ક્ષય નહીં કિયા દબા દિયા. ઐસી એક સ્તુતિકા પ્રકાર લિયા તો સબકો ઉપશમ શ્રેણી આતી હૈ ઐસા કાંઈ હૈ નહીં. કયા કહા ? કે આત્માકા અનુભવ હુઆ અને આગળ બઢકર સબકો ઉપશમ શ્રેણી હી હોતી હૈં. ઐસા હૈ નહીં, પણ ઉપશમ શ્રેણી હોતી હૈ ઉસકો દૂસરા પ્રકારકી સ્તુતિ ગિનનેમેં આયા હૈ ઈતના... કયા કહા ? કોઈ તો આત્માકા અનુભવ કરકે આઠમેં ગુણસ્થાનસે ક્ષપકશ્રેણી ચઢતે હૈ, રાગકા નાશ કરકે સ્વભાવકા અનુભવ કરતે હૈ અંદર ચલે જાતે હૈ.

તો ઉપશમ સબકો હોતા હૈ ઐસા નહીં. પણ યહાં તો સ્તુતિકા પ્રકારના વર્ણન કરના હૈ તો ત્રણ પ્રકારકી સ્તુતિમેં દૂસરી સ્તુતિમેં રાગકો ઉપશમ કરના ઐસી એક સ્તુતિ લિયા, પણ સબકો હોતા હી હૈ ઐસા ઐસે નહીં. આહાહાહા ! ( શ્રોતાઃ– સમ્યગ્દર્શનમાં પ્રથમ ઉપશમ થાય જ, એવો ચારિત્રમાં નિયમ નહીં. ) એ પ્રશ્ન અત્યારે અહીં નથી. અહીં તો શ્રેણીની વાત છે– ક્યાં ઉપશમ થાય એ વાત નથી. અહીં તો શ્રેણીની વાત છે. સમકિતનો ઉપશમ થાય પહેલો એ અહીંયા પ્રશ્ન નથી, એ તો પહેલા ઉપશમ હો ગયા, ઉપશમમાંથી ક્ષયોપશમ થઈને ક્ષાયિક હુઆ એની કંઈ બાત નહી અહીંયા. અહીં તો ચારિત્ર મોહકા જે ઉપશમ હૈ ઉસકી બાત હૈ, મોહ શબ્દ લિયા હૈ. એ ચારિત્રમોહ, મોહ શબ્દ તો હૈ પાઠમેં એ ચારિત્રમોહકા મોહ હૈ, દર્શનકા મોહ તો હૈં નહીં, એ તો પહેલી શ્રેણીમાં નાશ કર દિયા હે. આહાહાહા ! અરે આવા બધા જાણપણા રાખવા. ( શ્રોતાઃ– પહેલે જાણપણા તો હોના ચાહીયે ને ? ) આ ચીજ અંદરની વાત. થોડા વખત લેના પડે પ્રભુ, તેરી ચીજમેં કયા હૈ અને કૈસા દર્શન હોતા હૈ, અને કૈસા ઉપશમ ચારિત્ર હોતા હૈ ઔર કૈસે ક્ષપક ચારિત્ર હોતા હૈ એ કૈસી પદ્ધત્તિ હૈ યહ જાનના ચાહીએ. આહાહાહા ! ખીમચંદભાઈ નથી આવ્યા ? ( શ્રોતાઃ– બપોરે આવશે ) ઠીક બપોરે આવશે.

અહીં અપને બળસે શબ્દ પડા હૈ, એ કર્મકા ઉદય ઘટ જાએ માટે પુરુષાર્થ હોગા ઐસા નહીં. કયોંકિ આત્મામેં એક અભાવ નામકા ગુણ હૈ, સુડતાલીસ ગુણ હૈ ને ? એમાં અભાવ નામનો એક ગુણ હૈ, એ કર્મકા અભાવ હો તો અભાવ ગુણ હૈ ઐસા નહીં. અપના સ્વભાવ હી ઐસા હૈ કે પરકા અભાવસે પરિણમના ઐસા અભાવ ગુણ હૈ. આહાહા ! સમજમેં આયા ? ભાઈ આ તો સર્વજ્ઞ વીતરાગ એની શૈલી હૈ બધી આ તો. આહાહાહા ! અપને બળસે ઉપશમ આદિ કરકે એ કહેનેમેં એ આશય હૈ કે કર્મકા ઉદય ત્યાં મંદ હો ગયા, માટે અહીંયા આત્મા તરફ ઝુકા ઐસા હૈ નહીં. આત્મા તરફ ઝુકનેકા બળસે ઝૂકયા હૈ. આહાહાહા ! અપને બળસે ઉપશમ આદિ કરકે આત્મ અનુભવ કરના, આત્મા અનુભવ કરતા હૈ ઉસે જિતમોહ કહા જાતા હૈ. યહાં મોહકો જીતા હૈ, નાશ નહીં હુઆ.

તો કોઈ ઐસે કહે કે ઉપશમાદિ નિકાલા કહાંસે કે ક્ષીણમોહ કહતે હૈ ને તેત્રીસમેં તો એ

જિતમોહ હૈ, તો જિતમોહ નામ મોહકા નાશ હો ગયા હો તો ક્ષીણમોહ કૈસે લિયા તો ન્યાં જિતમોહકા અર્થ મોહકો દબા દિયા હે. સમજમેં આયા? અરે આવી વાતું છે. યહાં તો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર સ્વભાવકે આશ્રયે હુઆ તો ઉસકો રાગ હોતા હી નહીં ઐસા નહીં. રાગ કહો કે દુઃખ કહો કે આકુળતા કહો, આહાહાહા! સપ્તમ ગુણસ્થાનમેં ભી અબુદ્ધિપૂર્વક આકુળતા હૈ, રાગ હૈ ને? આહાહાહા! ઔર છઠ્ઠે ગુણસ્થાનમેં આત્મજ્ઞાન ઉપરાંત સ્વરૂપની રમણતામાં જમ ગયા હો, ઉસકો ભી રાગકા વ્યક્ત અવ્યક્ત બે પ્રકારકા હૈ ગોમ્મટસારમેં યહ શબ્દ હૈ, વ્યક્ત, અવ્યક્ત છઠ્ઠે ગુણસ્થાને જિતના ખ્યાલમેં રાગ આતા હૈ એ વ્યક્ત ઉસમેં ઉપયોગ સ્થૂળ હૈ તો ખ્યાલમેં ન આવે એ રાગકો અવ્યક્ત કહતે હૈ. સમજમેં આયા? તો વ્યક્ત અવ્યક્ત રાગ દો પ્રકારકા છઠ્ઠે ગુણસ્થાને ભી હોતા હૈ. સાતમેં બુદ્ધિપૂર્વક રાગ નહીં, અબુદ્ધિપૂર્વક. આહાહાહા! એ પણ ઈતના દુઃખ હૈ. સમજમેં આયા? ઈતના રાગ, આગદાહ દહૈ સદા. એ રાગ પણ આકુળતા કષાય હૈ. અગ્નિ હૈ. આહાહાહા! શાંત શાંત પ્રભુ આનંદકા નાથ ઉસમેં રાગ હોતા હૈ યે દુઃખ અશાંતિ આકુળતા હૈ. આહાહા!

મોક્ષ અધિકારમેં તો ઐસા કહા, સમયસાર નાટક છઠ્ઠે ગુણસ્થાને આત્મજ્ઞાન ઉપરાંત આનંદકી ધારા ચારિત્રકી વહેતી રહૈ, ઉસકો ભી જો વિકલ્પ ઉઠતે હૈ પંચ મહાવ્રતાદિકા એ જગપંથ હૈ. રાગ ઉદયભાવ હૈ વો જગપંથ હૈ સંસાર હૈ, આહાહાહા! સમયસાર નાટકમેં હૈ ને બતાયા થા સમયસાર મોક્ષ અધિકાર ચાલીસમો બોલ હૈ, આહાહાહા! મોક્ષ- ચોત્રીસ આવ્યું સામે આ ચાલીસ "તા કારણ જગપંથ એવ, ઉત્ શિવ મારગ જો" આહાહાહા! આત્મજ્ઞાની અનુભવી ક્ષાયિક સમકિતી હો અને મુનિદશા ભાવલિંગ અંદર પ્રગટ હુઆ ઉસકો ભી જો પંચમહાવ્રતાદિ, શ્રવણકા કહેનેકા વિકલ્પ ઉઠતે હૈ એ જગપંથ હૈ. આહાહાહા! એ સંસારમાર્ગ ઈતના હૈ! ચાલીસમો બોલ હૈ મોક્ષઅધિકાર "તા કારન જગપંથ એવ અને ઉત્ત શિવમારગ જો" અને સ્વભાવ સન્મુખમેં જિતની સ્થિરતા હો ગઈ, એ શિવમારગ અપ્રમત દશા હૈ. એ શિવમારગ હૈ. આહાહાહા! પરમાદિ જગકો ધુકે-છઠ્ઠે ગુણસ્થાને મુનિ તીર્થંકર હો, છદ્મસ્થ ઉસકો જે વિકલ્પ આતા હૈ યે પ્રમાદી જગત તરફ ઢુકતે હૈ. આહાહા! સમજમેં આયા? આવો મારગ છે બાપા. "અપ્રમાદી શિવ ઔર" સ્વરૂપમેં અપ્રમાદ હોકર સ્થિર હો જાતા હૈ યે શિવમારગમેં હૈ. અને જબલબ પ્રમાદકા વિકલ્પ હૈ મુનિકો હો, આહાહાહા! તીર્થંકર છદ્મસ્થ હૈ તબલગ, આહાહાહા! છઠ્ઠે સાતમેં ઝૂલતે હો પ્રભુ એને છઠ્ઠે વિકલ્પ આતા હૈ પ્રમાદ હૈ. આહાહાહા! દોષ હૈ, દુઃખ હૈ, આકુળતા હૈ. આહાહાહા!

છઠ્ઠે વ્યક્ત અવ્યક્ત આકુળતા હૈ, સાતમેં અવ્યક્ત આકુળતા હૈ ખ્યાલમેં નહીં આતી હૈ પણ અબુદ્ધિપૂર્વક આકુળતા હૈ અંદર. આહાહા! ઉસકો મોહકર્મકા ભાવકર્મ ત્યાં અનુસરણ કરના થા જે અંદર સપ્તમેં ભી. આહાહા! એ આગળ બઢકર પુરુષાર્થકા અંદર બળ કરકે એ રાગકા ભાવ જો ઉત્પન્ન હોતા થા, એ દબા દેગા. આહાહાહા! આવો માર્ગ છે. માલચંદજી! પરિચય વિના સમજાય એવું નથી. બાપુ! આહાહાહા! એવો મારગ છે બાપા શું કહીએ? આહાહાહા! અરે! આ બત્રીસ ગાથા હુઈ.

## ગાથા - ૩૩

अथ भाव्यभावकभावाभावेन-

**जिदमोहस्स दु जइया खीणो मोहो हवेज्ज साहुस्स।**
**तइया हु खीणमोहो भण्णदि सो णिच्छयविदूहिं।।३३।।**

जितमोहस्य तु यदा क्षीणो मोहो भवेत्साधोः।
तदा खलु क्षीणमोहो भण्यते स निश्चयविद्भिः।।३३।।

इह खलु पूर्वप्रक्रान्तेन विधानेनात्मनो मोहं न्यक्कृत्य यथोदितज्ञानस्वभावातिरिक्तात्मसञ्चेतनेन जितमोहस्य सतो यदा स्वभावभावभावनासौष्ठवावष्टम्भात्तत्सन्तानात्यन्तविनाशेन पुनरप्रादुर्भावाय भावकः क्षीणो मोहः स्यात्तदा स एव भाव्यभावकभावाभावेनैकत्वे टङ्कोत्कीर्णं परमात्मानमवाप्तः क्षीणमोहो जिन इति तृतीया निश्चयस्तुतिः।

एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

---

હવે, ભાવ્યભાવક ભાવના અભાવથી નિશ્ચયસ્તુતિ કહે છેઃ-

**જિતમોહ સાધુતણો વળી ક્ષય મોહ જ્યારે થાય છે,**
**નિશ્ચયવિદો થકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩.**

ગાથાર્થઃ- [ जितमोहस्य तु साधोः ] જેણે મોહને જીત્યો છે એવા સાધુને [ यदा ] જ્યારે [ क्षीणः मोहः ] મોહ ક્ષીણ થઈ સત્તામાંથી નાશ [ भवेत् ] થાય [ तदा ] ત્યારે [ निश्चयविद्भिः ] નિશ્ચયના જાણનારા [ खलु ] નિશ્ચયથી [ सः ] તે સાધુને [ क्षीणमोहः ] 'ક્ષીણમોહ' એવા નામથી [ भण्यते ] કહે છે.

ટીકાઃ- આ નિશ્ચયસ્તુતિમાં પૂર્વોક્ત વિધાનથી આત્મામાંથી મોહનો તિરસ્કાર કરી, જેવો ( પૂર્વે ) કહ્યો તેવા જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક આત્માનો અનુભવ કરવાથી જે જિતમોહ થયો, તેને જ્યારે પોતાના સ્વભાવભાવની ભાવનાનું સારી રીતે અવલંબન કરવાથી મોહની સંતતિનો અત્યંત વિનાશ એવો થાય કે ફરી તેનો ઉદય ન થાય-એમ ભાવકરૂપ મોહ ક્ષીણ થાય, ત્યારે ( ભાવક મોહનો ક્ષય થવાથી આત્માના વિભાવરૂપ ભાવ્યભાવનો પણ અભાવ થાય છે અને એ રીતે ) ભાવ્યભાવક ભાવનો અભાવ થવાને લીધે એકપણું થવાથી ટંકોત્કીર્ણ ( નિશ્ચલ ) પરમાત્માને પ્રાપ્ત થયેલો તે 'ક્ષીણમોહ જિન' કહેવાય છે. આ ત્રીજી નિશ્ચયસ્તુતિ છે.

અહીં પણ પૂર્વે કહ્યું હતું તેમ 'મોહ' પદને બદલી રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા,

**લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન-એ પદો મૂકી સોળ સૂત્રો ( ભણવાં અને ) વ્યાખ્યાન કરવાં અને આ પ્રકારના ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**

**ભાવાર્થઃ-સાધુ પહેલાં પોતાના બળથી ઉપશમ ભાવ વડે મોહને જીતી, પછી જ્યારે પોતાના મહા સામર્થ્યથી મોહનો સત્તામાંથી નાશ કરી જ્ઞાનસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થાય ત્યારે તે ક્ષીણમોહ જિન કહેવાય છે.**

## પ્રવચન નં. ૯૪ ગાથા - ૩૩

તેત્રીસ આ ત્રીજા પ્રકારકી સ્તુતિ, નંબર ત્રીજો પણ ઊંચી સ્તુતિ. આહાહા ! કલ તો બોલ આ ગયા થા સબ. હવે ભાવ્યભાવક ભાવકે અભાવ( સે નિશ્ચયનયસ્તુતિ કહેતે હૈ ) ચાર શબ્દ હૈ, ( આયા ) દેખો ભાવ્ય, ભાવક, ભાવકે અભાવ. કયા કહતે હૈ ? આ તો ધ્યાન રાખીને સમજે તો સમજાય એવું છે. આ કાંઈ કથા વાર્તા નથી આ તો પ્રભુની ભાગવત કથા હૈ. આહાહા ! નિયમસારમાં આવે છે ને ભાઈ છેલ્લે આવે છે નિયમસાર ભાગવત કથા. ભાગવત કથા લોકો કહે એ નહીં. આહાહા !

આ તો ભગવાન પૂર્ણાનંદના નાથની કથા છે. કહતે હૈ ભાવ્યભાવક, એ ભાવક જે કર્મકા ઉદય સપ્તમેં હૈ, ઉસકો ભાવકકા ભાવ્ય, જો અંદર રાગ થા એ ભાવ્ય, ભાવક કર્મકા ભાવ્ય એ ભાવ. ચાર બોલનો અર્થ. સપ્તમગુણસ્થાનમેં પણ જો મોહકર્મ ભાવક થા ઉસકે અંદર અબુદ્ધિપૂર્વક ભાવ્ય નામ રાગ થા. એ ભાવકકા ભાવ્ય વો ભાવ. સમજમેં આયા ? ભાવ્યભાવક ભાવ અભાવ, ( ગાથા ) બત્રીસમેં અભાવ નહીં થા, સંબંધકા નાશ ઉપશમ કરકે, આ તો અભાવ કર દિયા. બત્રીસમેં તો ઉપશમ દબા દિયા થા. આંહી તો ભાવ્યભાવક, અંદર સપ્તમગુણસ્થાનમેં ભી ભાવક કર્મકે ઉસસે અનુસાર ભાવ્ય નામ રાગ થા, એ ભાવ્યભાવક ભાવ ઉસકા અભાવ. આહાહા ! આ ક્ષીણમોહની હવે સ્તુતિ છે. આહાહા ! છે હજી સ્તુતિ, કેવળ થયું નથી હજી, કેવળ તો ઉસકા ફળ હૈ. ત્યાં પછી સ્તુતિ નહીં. સમજમેં આયા ? ભગવાન આનંદકા નાથ, એ તરફકી દૃષ્ટિ અનુભવ તો હૈ, પણ અસ્થિરતામેં ભાવક કર્મને અનુસારે જે ભાવ્ય થા, એ ભાવક ભાવ્યકા ભાવ ઉસકો સ્વભાવકા ઉગ્ર પુરુષાર્થ કરકે અંદર ઉગ્ર આલંબનસે અભાવ કર દેના, ઉસકા નામ ત્રીજી સ્તુતિ હૈ. આમાં તો શબ્દો યાદ રહે નહીં ત્યાં શું કહેતા'તા, પણ કહેતા'તા ભાવ્ય અને ભાવક ને, ઘરે બૈરા પૂછે શું તમે સાંભળીને આવ્યા છો, પણ ભાઈ કંઈક કહેતા'તા ભાવ્ય અને ભાવક એવું કંઈક કહેતા'તા ભાવ્ય ભાવક ભાવનો અભાવ. આહાહા ! ભાઈ આ તો ભગવાનની અમૃતધારા, આહાહા... આહાહા... ભાવ્ય ( અર્થાત્ ) સપ્તમગુણસ્થાનમેં હોનેવાલી વિકારી દશા, ભાવક કર્મકા નિમિત્તકા ઉસકે આશ્રયસે ઈતના આશ્રય યહાં નહીં, ઈતના આશ્રય ન્યાં હૈ, ઐસા જો ભાવ ઉસકા અભાવ, પહલેમેં એ થા. ભાવ્યભાવક સંકરદોષ થા. ભાવ્યભાવક ભાવકા અભાવ નહીં થા, સંબંધકા ઉપશમ ભાવ કર દિયા થા, અહીં તો અભાવ કર દિયા. આહાહાહા !

जिदमोहस्स दु जइया खीणो मोहो हवेज्ज साहुस्स।
तइया हु खीणमोहो भण्णदि सो णिच्छयविदूहिं।।३३।।
જિતમોહ સાધુતણો વળી ક્ષય મોહ જ્યારે થાય છે,
નિશ્ચયવિદો થકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩.

ગાથાર્થઃ– જિસને મોહકો જીત લિયા હૈ. ઉપશમ ઐસે સાધુકે દેખો, જબ મોહ ક્ષીણ હોકર સત્તામેંસે નષ્ટ હો જાય, આહાહાહા... પહલેમેં તો ઉપશમ કર દિયા થા, (એટલે) પાણીમાં મેલ હૈ ઉસકો દબા દિયા, યહાં તો મેલકા નાશ કર દિયા. ભગવાન આત્મા અપના ઉગ્ર આશ્રય લેકર, આહાહા... સમ્યગ્દર્શન જ્ઞાનમેં ઉસકા આશ્રય દ્રવ્યકા તો હૈ પણ વિશેષ આશ્રય લેકર, આહાહા ! મોહ ક્ષીણ હોકર સત્તામેંસે નષ્ટ હો, તબ નિશ્ચયકે જાનનેવાલા સંતો મુનિઓ નિશ્ચયના જાણવાવાલા મુનિઓ એ નિશ્ચયસે વો સાધુકો ક્ષીણમોહ નામસે કહતે હૈ. નિશ્ચયના જાણનારા સંતો એ રાગકા ભાવકભાવ્ય જો ભાવ થા વો સ્વભાવકે અનુસારે ઉગ્ર પુરુષાર્થ કરકે નાશ કર દિયા, ઈસકો ક્ષીણમોહ કહનેમેં આતા હૈ, એ જીવકો ક્ષીણમોહ કહનેમેં આતા હૈ. આહાહા ! આવી વાતું હવે આમાં, ઓલો તો કે દયા પાળો, એકેન્દ્રિય (ની દયા) કરો આ કરો આ કરો લ્યો. વ્રત પાળોને અપવાસ કરો શું હતું એમાં ? સાંભળને ? આહાહા... એ તો રાગ હૈ. અહીંયા તો રાગ સમકિતીકો મુનિકો જો હોતા હૈ, આહાહા... ઈતની સ્તુતિ કમ હૈ જબ રાગ હોતા હૈ તબતક. તો એ રાગકો સ્વભાવકે બળકે જોરસે જિતમોહમેં જો બળ થા ઉતના તો ઉપશમ કર દિયા થા, આ તો ઉગ્ર પુરુષાર્થસે, આહાહાહા... અંતર આનંદના નાથમાં ઉગ્ર પુરુષાર્થસે જમ જાતે હૈ. આહાહાહા ! તબ ઉસ સાધુકો ક્ષીણ મોહ, મોહ નાશ હો જાતા હૈ, ઉસકો જ્ઞાની, ક્ષીણમોહ કહનેમેં આતા હૈ. આવી વાતું છે.

ટીકાઃ– આ નિશ્ચય સ્તુતિમેં આ છે ને ? "ઈહ" આ નિશ્ચયસ્તુતિમેં ભગવાનકા આનંદકા નાથકા આશ્રય લેકર જે સ્તુતિ નામ પ્રશંસા ભગવાનકી હુઈ, અપના સ્વરૂપકી, આહાહા... "પૂર્વોકત વિધાનસે આત્મામેંસે મોહકા તિરસ્કાર કરકે" તિરસ્કાર કિયા થા જિત કિયા થા, આયા ને ? અભાવ નહીં કિયા થા. આહાહા ! આત્મામેંસે મોહકા તિરસ્કાર કરકે પૂર્વોકત જ્ઞાન સ્વભાવકે દ્વારા પૂર્વે કહા કે જ્ઞાનસ્વભાવ, ભગવાન જ્ઞાનસ્વભાવ, પ્રજ્ઞા બ્રહ્મસ્વરૂપ પ્રભુ, એ જ્ઞાન સ્વભાવકે દ્વારા અન્ય દ્રવ્યસે અધિક આત્માકા અનુભવ કરનેસે, અન્ય દ્રવ્યસે ભિન્ન અપના આત્માકા અનુભવ કરનેસે જિતમોહ હુઆ. આ તો બત્રીસની સાથમેં વાત લેકર તેત્રીસમાં લેતા હૈ આ જિતમોહ હુઆ. ઉસે જબ, ઉસે જબ, એ જીવકો અપને સ્વભાવભાવકી ભાવનાકા ભલીભાંતિ આલંબન કરકે, દેખો. આહાહા... રાગકા નાશ કરના હૈ ને ? તો નાશ કબ હો, જીત થા ઉસમેં તો ઉપશમ બહોત થા, નાશ તો ઉસમેં વિશેષ બળ હો તબ નાશ હોતા હૈ. સમજમેં આયા ? મુનિકો ભી રાગ દ્વેષ, ક્રોધ માન આદિ સ્વભાવકે અનુસરકે પુરુષાર્થસે દાબ દિયા થા, ઉસસે આ વિશેષ પુરુષાર્થ હૈ, મોહમેંસે નાશ હોનેકા ભગવાન આનંદ તરફકા ઉગ્ર પુરુષાર્થસે, હૈ ? સ્વભાવભાવકી ભાવનાકા ભલીભાંતિ અવલંબન, ભલીભાંતિ યથાર્થ અવલંબન લેકર, આહાહા ! ઉપશમ ભાવમેં ઐસા અવલંબન નહીં થા. આ તો ઉગ્ર અવલંબન લિયા અંદર, આહાહા... અપને જ્ઞાન સ્વભાવકી દેખો, (તીર્થંકર) ભગવાનકા જ્ઞાનસ્વભાવ એ નહીં,

અપના જો ભગવાન (નિજાત્માકા) જ્ઞાનસ્વભાવ જો ત્રિકાળી હૈ, આહાહા! ભાવનાકા ભલિભાંતિ આલંબન કરનેસે, ઉપશમમેં જો બળ થા ઉસસે આમાં વિશેષ બળ હૈ. આહાહા! અપના સ્વભાવ સન્મુખકી ઈતની ઉગ્ર દશા હૈ કિ અવલંબન કર, મોહકી સંતતિકા-મોહકી સંતતિ ઉત્પત્તિકા ઐસા આત્યન્તિક વિનાશ હોકે ફિર ઉસકા ઉદય ન હો. આહાહા! આંહી તો એવી વાત લીધી છે.

જે રાગાદિ થા મુનિકો એ આકુળતા થી, દુઃખ થા. ઉસકો પહલે ઉપશમ પુરુષાર્થસે સ્વભાવના મંદ પુરુષાર્થસે દાબ દિયા થા, રાગ આદિકો. એ અહીંયા ત્રિકાળી જ્ઞાનસ્વભાવકા ભલિભાંતિ ઉગ્ર આલંબનસે એ ક્રોધ, માન ને રાગ આદિકા પર્યાય ઉદયમેં આતા નહીં, તો ઉસકો નાશ કર દિયા. (શ્રોતા :- અગિયારમામાંથી બારમામાં પહોંચી ગયો ?) આંહી તો ઉપશમ શ્રેણી આઠમાંથી વાત છે. ઉપશમમાંથી ક્ષપક થાય છે ઐસા નહીં. આ તો સ્તુતિના દૂસરા પ્રકાર વર્ણવતે હૈ. કે જીવને જબ અપના આત્માકા ઉગ્ર અવલંબન લેતે હૈ સમકિત હૈ, જ્ઞાન હૈ, ચારિત્ર હૈ, આનંદ હૈ, પણ હજી થોડા દુઃખ હૈ રાગકા. આહાહા! આહાહા! સપ્તમગુણસ્થાનમેં રાગ હૈ એ ભાવક તરફકા ભાવ્ય વિકારી ભાવ હૈ, એ સ્વભાવ તરફકી દશા નહીં હૈ. સમજમેં આયા ? આવી વાત. આહાહા! (શ્રોતઃ- અપૂર્વ વાત છે)

ભગવાન આનંદ પ્રભુ, આહાહા... અમૃતના આનંદનો સાગર નાથ એને પરસે ભિન્ન કરકે અનુભવ્યા, ઐસા અનુભવ હોને પર ભી, પર્યાયમેં કર્મકા ઉદય તરફકા ઝુકાવ હૈ, જોડાણ હૈ, ન હોય તો તો વીતરાગ હો જાય. આહાહા! કેવી ગાથા આવી છે. આહાહા! તેત્રીસ છે ને ? બે તગડા, નવ, નવ વીતરાગભાવ નવનો આંક અફર હોતે હૈ, નવ એકુ નવ, નવ દુ અઢાર એક ને આઠ નવ. નવ તરી સત્યાવીસ સાતને બે નવ. નવ ચોક છત્રીસ છ ને ત્રણ નવ. નવ પંચા પિસ્તાલીસ પાંચને ચાર નવ. નવ છક ચોપ્પન પાંચને ચાર નવ. નવ સતા ત્રેસઠ છ ને ત્રણ નવ. ઠેંઠ નવ નવ. આહાહાહા... ક્ષાયિક ભાવ લેના હૈ ને અહીંયા. આહાહા! ભગવાન પૂર્ણાનંદકા નાથકા ઉગ્ર અવલંબન લેકર, ભલીભાંતિ અવલંબન લેકર, ભલીભાંતિ બરાબર રીતસે અવલંબન લેકર એમ. આહાહાહા... એ રાગકા જો ભાવ ભાવ્યરૂપ થા ઉસકો નાશ કર દિયા. ઉદયમેં આયા હી નહીં પર્યાયમેં. પર્યાયમેં રાગ આયા હી નહીં. આહાહાહા! આ સ્થિતિ હૈ ઐસા પહલે જ્ઞાન તો કરે. સમજમેં આયા ?

જ્ઞાન સ્વભાવકી ભાવનાકા, ભાવના શબ્દે એકાગ્રતા અંદર, ભલીભાંતિ અવલંબન કરનેસે, આહાહાહા... મોહકી સંતતિ દેખો, હજી સાતમેં ભી મોહકી સંતતિ ઉત્પન્ન હોતી હૈ, એમ આવ્યુંને ભાઈ, મોહ સંતતિ, આ મોહ સંતતિ એટલે દર્શનમોહની બાત હૈ નહીં, મોહ શબ્દ કયું લાયા ગયા કે પર તરફકી ઈતની સાવધાની હૈ, કે રાગ આયા રાગ તો એ તો પર તરફકી સાવધાની હૈ એ અપેક્ષાએ મોહ કહા. પર તરફકી એકત્વકા મોહ એ તો તૂટ ગયા હૈ પહલે. સમજમેં આયા ? અરે ભગવાન! આહાહા! તેરા પૂરણ સ્વભાવ સમર્થ-શક્તિ ઐસા ભાન અનુભવ હુઆ, સમ્યગ્દર્શન જ્ઞાનમેં છતેં પૂરણ પર્યાય, પર્યાયમેં પ્રગટ ન હુઈ, તબલગ અપની પર્યાયમેં કમજોરીસે ભાવક કે અનુસાર રાગ આદિ હોતા હૈ. આહાહાહા... કર્મસે નહીં, કર્મકા ઈતના અનુસરણ હૈ, અનુસરના એને કાંઈ ખબર નથી કે આ રાગ છે, પણ આ બાજુકા

( સ્વભાવ તરફકા ) અનુસરણ અપૂર્ણ હૈ તો આ બાજુકા અનુસરણ હૈ ઐસા કહનેમેં આતા હૈ. આહાહા ! મોહકી સંતતિ, મોહનો પરિવાર, સંતતિ હૈ ને ? રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ આહાહા... એ બધી મોહની સંતતિ હૈ. આહા... ઇચ્છા ઉત્પન્ન હોના સૂનનેકા કહેનેકા એ ભી મોહની સંતતિ હૈ. આહાહા ! ઐસા આત્યન્તિક વિનાશ હો, ( ક્યા કહા ? ) ઐસા આત્યન્તિક વિનાશ હો, કે ફિર ઉસકા ઉદય ન હો. આહાહા ! ક્ષયધારા સ્વભાવકી ઉગ્રતાકા પુરુષાર્થસે ક્ષયધારા પ્રગટ હુઈ, એ રાગકો ક્ષય કર દેતી હૈ. ક્ષય કરું ઐસા હૈ નહીં, પણ સ્વભાવકા ઉગ્ર પુરુષાર્થ કિયા તો રાગ ઉત્પન્ન ન હુઆ તો એ રાગકા ક્ષય કિયા, એમ કહનેમેં આતા હૈ.આહાહા... જો ભાવ્ય હોતા થા, એ ન હુઆ સ્વભાવકા ઉગ્ર પુરુષાર્થસે તો રાગકા ક્ષય કિયા, ક્રોધકા ક્ષય કિયા, માનકા ક્ષય કિયા, જે જે પ્રકારકા વિભાવકા વિકલ્પ થા ઉસકા ક્ષય કિયા. આહાહા !

ફિર ઉસકા ઉદય ન હો, ઇસપ્રકાર ભાવકરૂપ મોહ ક્ષીણ હો, આહાહા... ભાવકરૂપ મોહ ક્ષીણ હો, ઉદય નાશ હો જાતા હૈ, આહાહા... તબ ભાવક મોહકા ક્ષય હોનેસે, આત્માકે વિભાવરૂપ ભાવ્યભાવક ભાવકા અભાવ હોતા હૈ. આહાહા ! તબ આત્માકે વિભાવરૂપ ભાવ્યભાવ ઉસકા અભાવ હોતા હૈ. આહાહા ! ત્રિકાળી આનંદકા નાથ પ્રભુ એ તરફકા ઝુકાવ તો થા, પણ અલ્પ ઝુકાવ થા વો કારણે પરકા અનુસરણસે જો રાગ આદિ ભાવ્ય થા એ ઉગ્ર પુરુષાર્થસે અંદર અવલંબનસે રાગકા નાશ કર દિયા, ક્ષય કર દિયા, મોહકી સંતતિકા નાશ કર દિયા. આહાહા ! હવે કેવળજ્ઞાન લિયે ( લીધે ) છૂટકો. આહાહા... ઐસી બાત લિયા હૈ હોં. સમજમેં આયા ? મુનિરાજ અપની પણ બાત કરતે હૈ ઉસમેં. ભવિષ્યમેં હમેં અભી તો પંચમઆરાકા સંત હૈ તો હમેં રાગ તો હૈ પર્યાયમેં, વીતરાગતા ભી હૈ, ઔર થોડા રાગ ભી હૈ, પૂરણ વીતરાગતા નહીં. એ રાગકે કારણ પુણ્યબંધ હો જાતા હૈ ઔર સ્વર્ગમેં ચલે જાયેગા. આહાહા... પણ વો રાગ દુઃખદાયક હૈ, એ વર્તમાનમેં તો હમ ઉસકા ક્ષય નહીં કર સકતે, પણ ભવિષ્યમેં ( હોગા ) અત્યારે તો સ્વર્ગમેં ગયે કુંદકુંદાચાર્ય સંત આહાહાહા... વિકલ્પ રહા નિર્વિકલ્પ હુઆ નહીં વીતરાગ દશા, પુણ્યબંધ હો ગયા સ્વર્ગકા બંધ હો ગયા, સ્વર્ગમેં ગયે, તો યે રાગ થા એ દુઃખ હૈ ઔર દુઃખકા ફળ સ્વર્ગ હૈ. પુણ્ય હૈ ને યે ? અબ તો હમ ભવિષ્યમેં, આહાહાહા... કદાચિત્ ઉપશમ ધારા ભી કરે નહીં તો ક્ષાયિકધારા તો કરેગા હી. આહાહા ! સમજમેં આયા ? અપની બાત નાખકર જરી પુરુષાર્થકી ( કમીસે ) હમારા પંચમઆરામાં જન્મ હો ગયા. મુનિપણા આયા આનંદકા નાથકા, પણ કમજોરી હૈ. તો એ કમજોરીકા નાશ અભી નહીં કર સકે. પણ હમ સ્વર્ગમેં જાતે હૈ ત્યાંસે મનુષ્ય હોકર હમ જબ મુનિ હોગા તબ રાગકા જો ભાવ્ય થા એ સ્વભાવકે બળસે નાશ કરેગા. આહાહાહા... ઔર વોહી ભવમેં હમ કેવળ લેગા. છેલ્લા શરીર હોગા, ચરમ શરીર, આખિરકા શરીર છૂટ જાયેગા અશરીરી ભગવાન એકલા પરમાત્મ દશા રહ જાયેગી. સમજમેં આયા ?

સાદિ અનંત અનંત સમાધિ સુખમાં અનંત આનંદકી સાદિ ઉત્પન્ન તો આદિ હુઈ, અનાદિકી શક્તિ થી પણ પર્યાયમેં નહીં થા, એ પર્યાયમેં અનંત અનંત આનંદ પર્યાયમેં ઉત્પન્ન હુઆ. હવે સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો, અપૂર્વ અવસર ઐસા કબ આયેગા, અપૂર્વ અવસર આવે છે ને શ્રીમદ્‌માં. 'અપૂર્વ અવસર એવો ક્યારે

આવશે ' એનું હિંદી છે હિંદી હૈ ભોપાલમેં બનાયા. અપૂર્વ અવસર ઐસા કબ પ્રભુ આયેગા- એ ત્યાં લેકર આખિરમાં બનાયા હૈ.

"સાદિ અનંત હોં, ત્યાં હે, એ કાંઈ શબ્દ હૈ અંદર- લિયા હૈ અનંત અનંત અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન. હિંદી બનાયા હૈ. અપૂર્વ અવસર એ ક્ષય ઐસા હોકે ફિર ઉદયમેં ન હો એ ભાવ્યભાવક ભાવકા અભાવ, એકત્વ હોનેસે ટંકોત્કીર્ણ એકરૂપ દશા હો ગઈ અંદર. દ્વૈત ઉત્પન્ન થા જો રાગકા જરી અસ્થિરતાકા છૂટકર એકત્વ હો ગયે. નિશ્ચલ પરમાત્માકો પ્રાપ્ત હુઆ, યહ ક્ષીણમોહ જિન કહલાતા હૈ. યહ તીસરી સ્તુતિ હૈ. -વિશેષ આયેગા ( શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૯૫ ગાથા - ૩૩ ભાદરવા વદ-૧૩ શુક્રવાર તા. ૨૯-૯-૭૮ સં. ૨૫૦૪

સમયસાર ! તેત્રીસ ગાથાનું છેલ્લું છે ને ? તેત્રીસ ગાથા પૂરી થઈ. સૂક્ષ્મ વિષય હૈ. આહાહા ! યહાં ભી પૂર્વ કથન અનુસાર કયા ? કે જો પ્રથમ આત્મા જ્ઞાનાનંદ સહજાત્મ સ્વરૂપ વો દૃષ્ટિમેં લિયા, અપની પર્યાય જો જ્ઞાનકી હૈ ઉસમેં જ્ઞાયક સ્વભાવ અતીન્દ્રિય આત્મદળ જ્ઞાનમેં લિયા તો જ્ઞાનસ્વભાવ સાથે એકત્વ હુઆ તો એ પ્રથમ સ્વભાવની સ્તુતિ કહેનેમેં આતા હૈ. કેવળીકી સ્તુતિ કહો કે કેવળજ્ઞાનમય ભગવાન આત્મા, કેવળ દર્શન, અનંત આનંદ, અનંત ઈશ્વરતા આદિ અનંત ગુણકા પિંડરૂપી પ્રભુ, વો તરફકી દૃષ્ટિ કરકે રાગકી એકતા તોડના, ત્યાં સ્વભાવકી સ્તુતિ હુઇ.

ત્રિકાળ જ્ઞાયકકા સત્કાર હુઆ, આદર હુઆ, ઉપાદેય હુઆ, તો એ સમ્યગ્દર્શનમેં ત્રિકાળી ભગવાનકા આદર હુઆ. તો એ પરમાત્મ સ્વરૂપકી, કેવળી પરમાત્મા અપના સ્વરૂપ ઉસકી સ્તુતિ પહેલે નંબરમેં કરનેમેં આયા. આહાહા ! આવી વાત છે. પીછે ઐસા અનુભવ હુવા છતે હજી પર્યાયમેં રાગદ્વેષ મોહ આદિકા ભાવ અસ્થિરતાકા રહતે હૈ જ્ઞાનીકો ભી. આહાહાહા ! એ અસ્થિરતાકા ભાવ એ કર્મકા ભાવક ભાવ્યકે અનુસારે હોતા થા, ઉસકો અપના સ્વભાવકા ઉગ્ર આશ્રય લેકર, એ રાગદ્વેષ આદિ પરિણામ સમકિતીકો જ્ઞાનીકો ભી હોતા હૈ. આહાહા ! સમકિતી જ્ઞાનીકો ભી રાગ દુઃખભાવ હોતા હૈ. જબલગ આનંદ પૂર્ણ નહીં હૈ, આહાહા ! આ વાત તબલગ ધર્મી આનંદકા અનુભવી પણ અલ્પ આનંદકા અનુભવ હૈ તો સાથમેં રાગદ્વેષ, ચારિત્રકા દોષ હોં, દર્શનકા દોષ નહીં.

એ પુણ્ય ને પાપકા ભાવ ઉત્પન્ન હોતા હૈ, એ દુઃખરૂપ હૈ જ્ઞાનીકો ભી, કયોંકિ પૂર્ણ આનંદ તો પ્રાપ્ત હુઆ નહીં, આહાહા... તો એ રાગદ્વેષ એ દુઃખરૂપ દશા, કર્મ ભાવકકે અનુસાર હોતી થી. અપના ઈતના આશ્રય કમ થા, સૂક્ષ્મ વાત હૈ ભગવાન, માર્ગ કોઈ સૂક્ષ્મ હૈ. એ અપના ચૈતન્ય સ્વભાવકા આશ્રયસે સમ્યગ્દર્શન જ્ઞાન તો હુઆ. પણ વિષય ઔર વિશેષ આશ્રયસે રાગદ્વેષકા પરિણામ થા ભાવ્ય, ઉસકો દબા દેના, ઉપશમ કરના. એ દૂસરા પ્રકારકી સ્તુતિ, દૂસરા પ્રકારકી નામ દૂસરા નંબરકી નહીં, નંબર તો ઉસકા ઊંચા હૈ. આહાહાહા !

આત્મા ! આહા ! મારા નાથ મોરે આંગણીએ પધાર્યા. પર્યાયમેં ભગવાન પધાર્યા.

સુમેરુમલજી ! આહાહા ! જિસકી પ્રજામેં પ્રજાવંત બાદશાહ પધાર્યા. આહાહા... ઐસા હોને પર ભી ધર્મીકો બાદશાહકા અનુભવ હુઆ, છતેં પર્યાયમેં હજી કમજોરી સે રાગદ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ આદિ ભાવ દુઃખરૂપ ભાવ જ્ઞાનીકો ભી હોતા હૈ. આહાહાહા ! એ અતીન્દ્રિય આનંદ ભગવાન ઉસકા ઉગ્ર આશ્રય લેકર એ ઉત્પન્ન થા ઉસકો દબા દિયા. ( શ્રોતાઃ– ઉત્પન્ન થયો એને દબાવ્યો કે પછી ) એ ઉત્પન્ન થયાનો અર્થ, ઉત્પન્ન હતો પહેલો, ત્યાં ઉત્પન્ન થયા હી નહીં, ઉત્પન્ન થા, એ અહીંયા આત્માકા આશ્રય લિયા તો ઉત્પન્ન હોને દિયા હી નહીં. આહાહા ! કયા કરે ? અરે વાણી ભગવાનકી કિતના કહે. આહાહા ! એ દબા દિયાનો અર્થ ? થા પહેલે પણ વો થા ઉસકા તરફકા આશ્રય પરકા લક્ષ છોડકર, આહાહાહા ! ધર્મી સમકિતી અનુભવી જ્ઞાની આહાહા... એ પણ ( ઉસકોભી ) પરકા આશ્રયસે પર્યાયમેં રાગદ્વેષ દુઃખ દશા ઉત્પન્ન થી. આહાહા ! એ થવા પહેલાં દૂરસે હટાકર ઐસા આયા કે નહીં ? આહાહા ! ભગવાન આનંદ પ્રભુ સ્વરૂપ ઉસકા, ઉગ્ર આશ્રય લેકર વો રાગ ઉત્પન્ન થા ભાવ્યરૂપ, ઉસકો ઉત્પન્ન હોને દિયા નહીં, હોને દિયા નહીં ઉસકો ઉપશમ કહતે હૈ. આવી વાતું છે. અરેરે ! ભાઈ તારા માર્ગ કોઈ. ( અચિંત્ય ! ) આહાહાહા ! એ દૂસરી સ્તુતિ. પહેલેમેં ભાવેન્દ્રિય ક્ષયોપશમકી પર્યાય રાગ ઔર નિમિત્ત પર, ઉસકી એકતાબુદ્ધિ થી એ સંકરદોષ, મિથ્યાત્વ દોષ થા, એ સંકરદોષ સ્વભાવકી એકાગ્રતાસે પરકી ભિન્નતા કરકે મિથ્યાત્વરૂપી સંકરદોષકા નાશ કિયા, ઐસે હોને પર ભી હજી અસ્થિરતાકા સંબંધરૂપી સંકરદોષ હૈ. આહાહા ! પંડિતજીને ઠીક નથી હજી ? આહાહા !

એ આત્મા( કા ) અનુભવ હુઆ જ્ઞાની હુઆ સમ્યગ્દૃષ્ટિ હુઆ અરે મુનિ હુઆ ભાવલિંગી સંત ઉસકો ભી ભાવકકર્મકે અનુસારે રાગદ્વેષ ક્રોધ માનકી પર્યાય દુઃખરૂપ હોતી થી. સમજમેં આયા ? ઉસને સ્વભાવકા આશ્રય લેકર પુરુષાર્થકી તિવ્રતા ક્ષયમાં જોઈએ નહીં પણ પહેલે જે પુરુષાર્થ થા ઉસસે ઉગ્ર પુરુષાર્થ કરકે સ્વભાવ તરફ ઝુકનેસે એ રાગદ્વેષકી દુઃખકી પર્યાય દબ જાતી હૈ. એ દૂસરા પ્રકારકી સ્તુતિ ( હૈ ).

તીસરા પ્રકારકી, ભાવ્યભાવક ભાવકા અભાવ. આરે આવી વાતું છે. એ ભાવક જે કર્મ જડ એને અનુસારે અપની પર્યાય જે ભાવ્યરૂપ વિકાર હોતી થી, ઐસા જે ભાવ ઉસકા અભાવ, આહાહા ! એ ક્ષીણ થયું. આહાહા ! અપના આત્મામેં જો સમ્યગ્દર્શનકા પુરુષાર્થ થા એ ઉપરાંત સ્થિરતાકા પુરુષાર્થ થા ઉપશમકા, એ ઉપરાંત ઉગ્ર પુરુષાર્થસે, આહાહા... બહુ વાતું આકરી ભાઈ, એ કભી અનંતકાળમેં કિયા નહીં, સૂના નહીં. આહા ! તો એ સમકિતીકો ભી, જ્ઞાનીકો ભી, અરે મુનિકો ભી, ભાવઅંતર જિસકો પ્રચુર સ્વસંવેદન આનંદકા વેદન હૈ મુનિકો, ઉસકો ભી હજી પ્રમાદભાવ હૈ. આહાહાહા... છઠ્ઠે ગુણસ્થાને મહાવ્રતકા ભાવ, દેવગુરુ શાસ્ત્રકી ભક્તિકી શ્રદ્ધા, ભક્તિકા ભાવ, એ આતા હૈ. પણ હૈ યે દુઃખરૂપ. સમજમેં આયા ? ઉસકો અપના ભગવાન આનંદનો નાથ પ્રભુ. સચ્ચિદાનંદ સ્વભાવ અનાકુળ શાંતિ રસનો ભંડાર પ્રભુ, ઉસકા ઉગ્ર આશ્રય લેકર ભલીભાંતિ પુરુષાર્થ કરકે, આહાહાહા... એ ભાવ્યભાવક ભાવકા અભાવ કર દિયા, એ તીસરા પ્રકારકી, તીસરા નંબરકી, પણ ઊંચા પ્રકારકી 'સ્તુતિ'. આરે આરે આવી વાતું હવે. સમજમેં આયા ?

કોઈ એમ જ માની લે કે સમ્યગ્દર્શન ને અનુભવ હુઆ તો હવે ઉસકો દુઃખકી દશા હૈ હી

નહીં, તો ઉસકો સમ્યગ્દર્શનકી ખબર નહીં. સમજમેં આયા ? આહાહાહા... તો ઉસકો હજી આત્મા કયા ને દર્શન કયા, જ્ઞાન કયા ઉસકી ખબર નહીં બિલકુલ. આહાહા ! અપની પર્યાયમેં જબલગ શ્રેણીકા પુરુષાર્થ ન હો ક્ષપક શ્રેણીકા છેલ્લી આ બાત હૈ ને ? તબલગ પર્યાયમેં ભાવ્ય નામ ભાવક કર્મકે અનુસાર અપની પુરુષાર્થકી કમજોરીસે જો ભાવ્ય નામ રાગદ્વેષરૂપી દુઃખ દશા ઉત્પન્ન હોતી થી, આહાહાહા... ઉસકો અતીન્દ્રિય આનંદકા નાથમેં ઉગ્ર પુરુષાર્થ કરકે વિશેષ ઝુકનેસે એ રાગકી દુઃખકી પર્યાયકા ક્ષય હોતા હૈ. સમજમેં આયા ? આવી વાતું છે બાપુ ! અરે માર્ગ કોઈ અલૌકિક છે ભાઈ. એ કોઈ પંડિતાઈસે સમજમેં આતે હૈ ઐસી ચીજ નહીં, શાસ્ત્રકા ભણતરસે ભી આ વાત સમજમેં નહીં આવે. આહાહા !

એ કહેગા સ્તુતિમેં, સ્તુતિનો એવો અર્થ કર્યો છે ભાઈ, આ શ્લોક આવશે ને ૨૭ "ચિત્સ્તુત્યૈવસૈવં" ત્રીજા પદમાં છે એમાં અર્થ કર્યો છે અર્થકારે એ આવશે હવે પછી, કે ભગવાન પૂર્ણાનંદકા નાથકા કથન કરના, સ્મરણ કરના ઔર ઉસકા અનુભવ કરના એ ઉસકી સ્તુતિ હૈ. સમજમેં આયા ? ત્રણ બોલ લીધા છે. કથન, સ્મરણ, અનુભવ. આહાહા... આ ચિત્તસ્તુતિ શબ્દ હૈ ને એના અર્થમાં ભાઈ કળશ ટીકાકાર રાજમલ્લ પંડિત. આહાહા ! ત્રીજાનો છેલ્લો એ સત્યાવીસમાં ત્રીજા પદનો છેલ્લો બોલ, ત્રીજી લીટીનો "ચિત્સ્તુ ત્યૈવ સૈવં ભવેત" છે ને ? આ તો એકએક શબ્દની કિંમત હૈ ને ? આ તો મંત્ર હૈ પ્રભુ. આહાહા ! હૈ આ કોઈ વાર્તા કથા નહીં હૈ આ તો ભગવત્ સ્વરૂપ, ભાગવત્ કથા હૈ, આહાહા ! નિયમસારમાં થા આખિર ગાથામાં. આહાહા !

એ આંહી કહતે હૈ કે પૂર્વે કથન અનુસાર 'મોહ' પદકો બદલકર, જૈસે મોહ શબ્દે પર તરફકી સમકિતીકો ભી જ્ઞાનીકો ભી અનુભવીયોંકો ભી પર તરફકા મોહ નામ સાવધાનપણા આતા થા, વીતરાગભાવ નહીં તો કમજોરીમેં પર તરફકા મોહ, મોહ શબ્દે મિથ્યાત્વ નહીં પણ અસ્થિરતાકા ભાવ મોહ વો દુઃખકા ભાવ આતા થા. ઉસકો સ્વભાવ સન્મુખકી ઉગ્રતાસે ક્ષય કર દિયા, તો ઐસા મોહ પદ જ્યાં લિયા થા, ત્યાં 'રાગ' લે લેના, હૈ ? આહાહા ! પહેલો બોલ, ભગવાન આત્મા વીતરાગ આનંદકંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો જિનબિમ્બ વીતરાગી આનંદકા ઉગ્ર આશ્રય લિયા તો રાગ ઉત્પન્ન હોતા નહીં તો ઉસકો નાશ કિયા ઐસા કહનેમેં આતા હૈ ! આહાહાહા ! આવી વાતું. સમજમેં આયા ?

રાગદ્વેષ સમકિતી જ્ઞાની ધર્માત્મા અનુભવી ઉસકો ભી દ્વેષકા અંશ તો આતા હૈ. આહાહા... ઔર દ્વેષકા વેદન ભી હૈ, પણ હવે વિશેષ જ્ઞાયક સ્વભાવ તરફ વિશેષ ઝુકનેસે એ દ્વેષકા વેદનકા નાશ કર દેતે હૈ. આહાહા ! આવી વાતું હવે. બાપુ ભગવાન અંદર ત્રિલોકનાથ ચૈતન્ય પ્રભુ પરમેશ્વર બિરાજતે હૈ પરમેશ્વર હૈ યે. આહાહા ! એ પ્રભુ તરફકા પુરુષાર્થ એ અપને પાનેકા પુરુષાર્થ હૈ. એ પ્રભુ તરફકા વિશેષ પુરુષાર્થ, વિશેષ આનંદકી પ્રાપ્તિકા ઉપાય હૈ, એ ક્ષય કહે છે. આહાહા ! સમજમેં આયા ? આવી વાત આકરી પડે એટલે લોકો બીજે રસ્તે ચડી ગયા. વ્રત કરવા, અપવાસ કરવા, આ કરવું, તે કરવું. ( શ્રોતાઃ- ગુરુ કહે એમ કરે છે. ) ગુરુને ભાન ન મળે અને ગુરુ કહે. બાલચંદજી ? માથે કહા ઐસા માના વ્રત કરો, અપવાસ કરો, ભગવાન એ તો અપવાસ હૈ, યે અપવાસ નામ રાગકા મંદભાવ હૈ એ આત્મામેં અપ, વાસ માઠા વાસ

હૈ, એ ઉપવાસ નહીં, ઉપવાસ નહીં, ઉપવાસ ઈસકો કહતે હૈ ભગવાન આનંદકા નાથ ઉપ નામ સમીપમેં જઈને અંદર ઠરના વસના. માલચંદજી ! આનું નામ ઉપવાસ. બાકી તો લાંઘણ હૈ. (શ્રોતાઃ– ગુરુ ઉસકો લંઘન કહેતે હૈ) લંઘન હૈ, કષાય હૈ વિષય હૈ "આહારો ત્યાગો ત વિજયતે".

એમાં રાગ અને વિષય વાસનાકા ત્યાગ, અને આનંદકી ઉત્પત્તિ વિશેષ, ઉસકો ઉપવાસ કહેતે હૈ. "શેષમ લંઘનમ વિદુ" બાકીકો લંઘન કહતે હૈ. આહાહાહા ! ભગવાન ત્રણ લોકનો નાથ પૂર્ણાનંદ પ્રભુ, એની સિદ્ધ પર્યાયથી પણ અનંતા અનંતા શક્તિનો સાગર ભગવાન પડયા હૈ. આહાહા ! એની સમીપમાં જઈને ઉસમાં વસના, વિશ્રામ લેના, ઉસકા નામ તપ અને ઉપવાસ કહતે હૈ. સમજમેં આયા ? સુવર્ણ જેમ ગેરૂ લગાનેસે ગેરૂ હોતા હૈ ને ગેરૂ, સુવર્ણ શોભિત ઓપિત હોતા હૈ, ઐસે ભગવાન આત્મા પૂર્ણાનંદના નાથ ઉસકી સન્મુખ અંદર હોકર ઉગ્ર આનંદકી દશા પ્રગટ કરના ઉસકા નામ તપ અને ઉસકા નામ સંવર અને નિર્જરા કહતે હૈ. આહાહા ! સમજમેં આયા ?

(શ્રોતાઃ– આસ્રવકા નિરોધ તો ભેદજ્ઞાનસે હોતા હૈ નૈ ?) એ ભેદજ્ઞાન કહા ને, રાગસે ભિન્ન હોકર અપના અનુભવ હુઆ તો એ પહેલા પ્રકારકા ભેદજ્ઞાન, પીછે અસ્થિરતાકા જો રાગ હૈ ઉસકો જુદા પાડકે સ્થિર હોના એ દૂસરા પ્રકારકા ભેદજ્ઞાન. સમજમેં આયા ? (શ્રોતાઃ– ઐસા સ્પષ્ટ વિવેચન કભી સૂના હી નહીં) નહીં સૂના હૈ, બાત ઐસી હૈ ભગવાન. અરે શું કહે ? પ્રભુના વિરહ પડયા અને ભરતક્ષેત્ર સાધારણ હળવો મારગ અંદર. આહાહા ! કુંદકુંદઆચાર્યકો તો વિરહ થા વો તો ગયે. આહાહા... અંદર ગયે ને ભગવાન પાસે ભી ગયે. આહાહા ! આંહી કહતે હૈ કે વર્તમાન ભગવાન પાસે જાનેકી તો યોગ્યતા નહીં, પણ અંદર જાનેકી લાયકાત તો હૈ તેરી નાથ.

આહાહા ! અંતર્મુખ ભગવાન બિરાજતે હૈ અંતરમેં, એ પર્યાયકો અંતર્મુખ કરના, સન્મુખ કરના, સત્ સત્ સત્ પ્રભુ ઉસકી સન્મુખ કરના. આહા... અને રાગ અને નિમિત્તકી પર્યાયસે વિમુખ કરના, આહાહા... એ વર્તમાન પંચમકાળમેં ભી હો સકતા હૈ. સમજમેં આયા ? આવો માર્ગ, લોકોએ કંઈક કંઈક કરીને, વિંખી નાખ્યો. સત્ય માર્ગને પણ અસત્ય ઠરાવવા માંડયા. આહાહા... (શ્રોતાઃ– બળવાનનો તો વિરોધ થાય જ) થાય એ વસ્તુ છે. (શ્રોતાઃ– વિરોધ ન થાય તો બળવાન ન કહેવાય) એમાં એના આત્માની અંદર વિરોધતા થાય છે, એનું એને દુઃખ છે, પણ એની એને ખબર નથી. એ તત્ત્વનો વિરોધ, સત્યનો વિરોધ કરે એને પોતાની પર્યાયમાં દુઃખ થાય છે, અને એના ફળ તરીકે નિગોદ આદિના દુઃખમાં જશે પ્રભુ. એવા જીવનો તિરસ્કાર કેમ કરાય ? એના પ્રત્યે દ્વેષ કેમ કરાય ? આહાહાહા ! આહાહાહા ! ઉલટી પર્યાયસે એના પરિણામમાં ભાઈ કુદરતના નિયમમાં તો આહાહા... 'નિગોદમ ગચ્છઈ' ભગવાન તો એમ કહતે હૈ કુંદકુંદઆચાર્ય, વસ્ત્રકા એક ટુકડા રખકર હમ મુનિ હૈ ઐસે માને, મનાવે, માનતાને અનુમોદે 'નિગોદમ ગચ્છઈ' એ નિગોદમાં પ્રભુ એક શ્વાસમાં અઢાર ભવ એ કિતના દુઃખ હશે ભાઈ ? એણે કોઈ દિ' વિચારમાં લિયા નહીં. જ્ઞાન ઉપર એ વાતને લિયા નહીં. આહાહા ! વિપરીત માન્યતાકા ફળ, નિગોદ કહતે હૈ પ્રભુ તો, આહાહાહા... અને અવિપરીત દૃષ્ટિકા ફળ

મોક્ષ કહતે હૈ. બિચમેં ગતિ મિલે શુભાશુભભાવસે એ દૂસરી ચીજ. આહાહાહા ! મારગ બહુ આકરો ભાઈ. આહાહા... એ રાગ, દ્વેષ, ક્રોધ, ક્રોધકી પર્યાય ભી ઉત્પન્ન હોતી હૈ સમકિતીકો, મુનિકો ભી હોં થોડા, આહાહા... જ્ઞાનીકો અનુભવીયોંકો, આહાહા... પૂર્ણ વીતરાગભાવ નહીં ત્યાં જરી ક્રોધકા ભાવ, જૂઠી પ્રરૂપણા કરતે હૈ ઉસકો સમજાતે હૈ અરે આ નહીં ભાઈ, તો એ બી ઐસા એક વિકલ્પ દ્વેષ હૈ, ઐસા ભાવ આતા હૈ, ઉસકો સ્વભાવકી ઉગ્રતાકા આશ્રય લેકર નાશ કર દેના. આહાહાહા !

'માન' માન ભી આતા હૈ થોડા સમકિતીકો, અનુભવીકો, બાહુબલી અને ભરત બેય જ્ઞાની સમકિતી અનુભવી હતા લડાઈમાં ચડયા, આહાહાહા.. હે અનુભવી સમકિતી પણ એ દ્વેષકા અંશ આયા એ દુઃખરૂપ આયા, આહાહાહા ! સમકિતીકો ભી દુઃખકા અનુભવ આતા હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ- આવા મહાપુરુષો કેમ લડયા ) લડયા ! આયા ચારિત્ર દોષ ઐસા કોઈ હૈ, અંદરમેં ભાન હૈ કે આ દોષ હૈ, અને ઉસસે તો મેરી ચીજ ભિન્ન હૈ.

હૈ, પણ મૈં દોષકા પરિણમનમેં આ ગયા હું. ( શ્રોતાઃ- મહાપુરુષો લડે તો બીજાનું શું ) એવું કાંઈ હોય મહાપુરુષ, આ તો ઐસા દૃષ્ટાંત દિયા કે ઐસા એકાવતારી એ ભવમેં મોક્ષ જાનેવાલા હૈ દોનોં, ભગવાને કહા કે આ દોનોં ચરમશરીરી હૈ ઔર સમકિતી આત્મજ્ઞાની હુઆ અને દો ભાઈ સહોદર એને પિતાજીએ રાજયકા ભાગ તો પાડ દિયા થા, પિછે ભરત ચક્રવર્તી જયારે ઉસકો જબ તાબે લેને ગયે તો બાહુબલીએ કહા, ભગવાને તો દો ભાગ કર દિયા હૈ અબ તુમ લેને કો કયોં આયા ? જુઓ આ સમકિતી અનુભવી જ્ઞાની, આહાહા... રાગ હૈ ને ક્રોધમાન ઈતના માન હૈ માન જરી એ આતે હૈ ને બાહુબલીજી ધ્યાનમેં થે. વેલડી વીંટાઈ ગઈ. પણ જરી ઐસા માન રહ્યા કે આ જમીન ભરતકી હૈ ઐસા જરી માન રહી ગયા. શ્વેતાંબરમેં એમ કહતે હૈ કે ઉસકી બહેનો આઇ ત્યાં બાહુબલી ખડે થે ને ધ્યાનમેં અને માનમેં થા થોડા, મુનિ હૈ ભાવલિંગી સંત હૈ, અનુભવી છઠ્ઠે ગુણસ્થાને આત્મજ્ઞાની ઉપરાંત શાંતિ, પણ ઉસકો ભી જરી માનકા અંશ રહ ગયા. આહાહા...

તો બહેનો એમ કહે છે. "વિરા મોરા ગજ થકી ઊતરો" એ ગજ એટલે હાથી, માનના હાથી આ બધી સજ્જાય બહોત દેખી થી. હમને તો દુકાન પર સજ્જાયમાળા ચાર આતી હૈ ને એકેક સજ્જાયમાળામાં બસો અઢીસો શ્લોક આવે એક સજ્જાયમેં પાંચ- દસ પંદર કડી આતી હૈ, સબ દેખા થા દુકાન પર અઢાર ઓગણીસ વીસ વરસની ઉંમરે સીત્તેર વર્ષ પહેલાંની વાત છે, તો ઉસમેં આ આતે હૈ. હમ તો પહેલે શ્વેતામ્બર થે ને, અને એ વાંચ્યા, તો ઉસમેં એ આયા થા "વિરા મોરા ગજ થકી ઊતરો રે" મુનિ હૈ આત્મજ્ઞાની અનુભવી પણ જરી – સંજવલનનો માન રહી ગયો ખટક અંદર "ગજ થકી કેવળ ન હોય રે, વિરા મોરા ગજ થકી ઊતરો" આપણે એમ આવે છે કે એ ધ્યાનમેં હૈ એમાં આપણે પરમાગમ મંદિરમેં હૈ, ભરત આતે હૈ, ભરત નમન કરતે હૈ અને જ્યાં આમ દેખ્યા, ઓહોહો ! ભરતકો તો કાંઈ હૈ નહીં, જ્યાં ભરત નમન કરતા થા ત્યાં ઉસકા માન ગળ ગયા. આહાહાહા ! ઔર એકદમ ક્ષપક ક્ષેણી ચડકર કેવળજ્ઞાન. આ ક્ષીણમોહ. આહાહાહા !

( આ ક્ષીણમોહ દૃષ્ટિ ) – ભગવાને સારા પાણીસે તળાવ ભરા હો ઔર બહાર નિકાલના

હો તો જરી ઈતના કરે પાણીકા ધોધ નિકલતે, આહાહા... એમ ભગવાન આનંદનો નાથ પ્રભુ, કેવળજ્ઞાનનો કંદ, એમાં જ્યાં એકાગ્ર હુઆ, એટલા માનકા અંશ થા, ઉસસે હટકર, અંદરમેં ગયે કેવળજ્ઞાન( હો ગયા ). આહાહા... ઝળહળ જ્યોતિ ચૈતન્ય પર્યાયમેં, ભગવાન પર્યાયમેં પૂર્ણપણે આ ગયા. આહાહાહા ! આપણે દિગમ્બરમેં ઐસા હૈ. ભરત નમન કરતે હૈ આમ દેખતે હૈ એને એમ થાય કે આ ભરતકો કંઈક દુઃખ હુઆ હોગા કે મેને અનાદર કિયા. ચક્ર માર્યું'તું ને, આહાહા... ભરતે ચક્ર માર્યું'તું પણ એ ચક્ર પાછું ફર્યું કે ચરમશરીરી અને સહકુટુંબીને કોઈ ચક્ર માર નહીં સકે. આહાહાહા ! કહો સમકિતીકો ભાઈકો ચક્ર મારનેકા ભાવ આયા રાગ. એ સમકિતી હૈ જ્ઞાની અનુભવી, છતાંય એ દુઃખકા અનુભવ હુઆ જ્ઞાનીકો ભી, આહાહાહા ! એ અપના સ્વભાવમેં જાતે હૈ, તળમાં ભગવાન મહાબિરાજે પ્રભુ, ઓ દૃષ્ટિકા વિષયમેં તો આ ગયા થા, હવે અંદર સ્થિરતામેં ગયે અંદર, આહાહા... તો માનકા નાશ હો ગયા. આવી વાત છે ભાઈ.

હવે, અને "માયા" થોડા કપટ ભી હોતા હૈ સમકિતીકો ભી, આહાહા... અનુભવીકો જ્ઞાનીકો ભી, થોડા કપટ તો હૈ કપટ કહો કે દુઃખ કહો. કષાય હૈ ને ? કષ એટલે સંસાર અને આય એટલે દુઃખનો લાભ. આહાહાહા ! માયા, લોભ ઈચ્છા હોતી હૈ ને વૃત્તિમેં અનુભવ હોને પર ભી સમ્યગ્દર્શન હોને પર ભી અનુભવીકો રાગકી ઈચ્છા લોભકી ઈચ્છા હોતી હૈ, ઈસકો સ્વભાવકા, નિર્ગ્રંથ સ્વભાવ જો ભગવાન આત્મા ઉસકા આશ્રય લેકર, આહા ! લોભકો નાશ કર દેના. એ તીસરા પ્રકારકી ઊંચી સ્તુતિ હૈ. અરે આવું હવે ક્યાં યાદ રહે આમાં ? આહા ! 'કર્મ' આઠ કર્મ હજી સમકિતીકો ભી આઠ કર્મ હૈ કિ નહીં ? હૈં ? નિમિત્તપણે કર્મ હૈ ઔર એ તરફકા ઝુકાવસે જરી કમજોરીસે વિકાર ભી હોતા હૈ, કર્મસે નહીં કર્મ તરફકા ઝુકાવસે, એ અપના તરફકા ઝુકાવ કરકે એ ઝુકાવકા નાશ કર દેના. આહાહાહા ! સમજમેં આયા ?

'નોકર્મ' મન વચન ને કાયા, દેવગુરુ શાસ્ત્ર એ બધા નોકર્મ હૈ. આહાહા ! અનુભવી, સમકિતીકો ભી, નોકર્મકા સંબંધમેં જાતે તો એ ભાવ્ય વિકાર દશા હોતી હૈ, દુઃખ હોતા હૈ, એ અપના સ્વભાવકો અનુસરણ કરકે દુઃખકી ઉત્પત્તિ નહીં હોના દુઃખકા નાશ કરના એ આત્માકી ત્રીજા પ્રકારકી સ્તુતિ હૈ. આવી સ્તુતિ. આ તો ભગવાનને આમ કહે હે ભગવાન શિવપંથ અમને દેજો રે, શિવમારગ. ભગવાન કહે શિવમારગ તેરી પાસ હૈ. મેરે પાસ તેરા માર્ગ નહીં. આહાહાહા ! આતા હૈ વિકલ્પ જ્ઞાની કો ભી સમકિતીકો ભી અનુભવીયોંકો ભી ભગવાનકી ભક્તિકા રાગ આતા હૈ પણ હૈ દુઃખ. આહાહાહા ! સમજમેં આયા ? તો કયું આતા હૈ ? કે કમજોરીસે આતા હૈ, પણ જાનતે હૈ કે આ દુઃખ હૈ મેરી આનંદકી ચીજસે વિપરીત હૈ. આહાહાહા ! આવો ધર્મ.

–એમ "મન વચન ને કાયા" મન વચન ને કાયા તરફનો જરી સંબંધ હૈ, બિલકુલ સંબંધ છુટ ગયા હોય તો સિદ્ધ હો જાયે. આહાહાહા ! મન વચન કાયા જે જડ હૈ ઉસકા હજી સંબંધ અભી થોડા હૈ, એ સ્વભાવકા અનુસરણ કરકે ઈતના સંબંધ તોડ દેના, નાશ કર દેના, એ તીસરી સ્તુતિ હૈ. આહાહાહા !

"શ્રોત ઈન્દ્રિય" ઉસકા ભી સંબંધ હૈ અભી શ્રવણ કરનેકા ઈતના સંબંધ હૈ, ઈતના દોષ હૈ અભી. આહાહાહા ! એ અંતરના ભગવાનના ભાવેન્દ્રિયસે રહિત દ્રવ્યેન્દ્રિયસે રહિત, પર

ઇન્દ્રિયસે રહિત પર એટલે દેવગુરુશાસ્ત્ર ને કુટુંબ પરિવાર ઐસા ભગવાનકા, ભગવાન સ્વરૂપમેં જાકર ઉસકા તિક્ષ્ણ ચૈતન્ય સ્વભાવકા અવલંબન લેકર, ઉસકા નાશ કરના, દૂસરા કોઈ ઉપાય હૈ નહીં. માલચંદજી... ૭૭ વર્ષમાં ન્યાં ક્યાંય સાંભળ્યું ન હોય. છે નહીંને ત્યાં ? આકરું કામ બાપા, બહુ કામ ભાઈ.

અનુભવ હોવે પીછે ભી દુઃખ હોતા હૈ, એમ કહતે હૈ દુઃખ ન હો તો આનંદ પૂરણ હોના ચાહીએ. આહાહાહા ! સમકિતી જ્ઞાની અનુભવી જાણતે હૈ કે મેરી પર્યાયમેં દુઃખ હૈ, મેં દુઃખ વેદતા હું અને એ દુઃખકા ભોકતા મૈં હું. આહાહાહા ! પણ અપના આનંદકા ઉગ્ર ભોકતા હોકર, એ દુઃખકા ભોકતાકા નાશ કર દેતે હૈ, સમજમેં આયા ? હવે આવી વાતું હોય છે, ઘરેથી બૈરા સાંભળવા ન આવે ને પૂછે તે, શું કહેતા'તા કોણ જાણે આમ કહેતા'તા, તમે એ તો સાંભળો તો ખબર પડે. આવો મારગ પ્રભુ શું કરીએ, અલૌકિક વાતું બાપા. આહાહા ! લોકોત્તર ! આ આવશે અહીંયા શરીર ને આત્મા એક એ તો લોકમારગસે કહેનેમેં આતા હૈ. આ શ્લોક આવે છે ને પછી એ લૌકિકસે કહેનેમેં આતા હૈ. એ આવશે પછી.

અહીંયા તો પાંચ ઇન્દ્રિય શ્રોત્ર, ચક્ષુ હવે 'ચક્ષુ', ચક્ષુ ઇન્દ્રિયના સંબંધમાં પણ જ્યાં સુધી હૈ ઈતના એ ભાવ્ય દોષ હૈ. આહાહાહા... ઓ દોષકો દુઃખકો ભગવાનકા દર્શન કરનેમેં ચક્ષુ ઇન્દ્રિયકા નિમિત્ત હૈ ને બીચમેં ? ઈતના સંબંધ હુઆ ને રાગ આયા તો દુઃખ હૈ, "રાગ આગ દાહ દહે સદા, તાતેં સમામૃત સેવીએ" આહાહા... અંતર આનંદકા નાથ સમભાવી અમૃત પડા હૈ, આહાહાહા... પાણીમેં ડુબકી મારકે જેમ સ્નાન કરતે હૈ, આહાહા ! એમ આનંદકા નાથમેં અંદર ડુબકી મારતે હૈ. આહાહા ! ડુબકી કહતે હૈ ન ? ( શ્રોતાઃ- ડુબકી ) હિંદી-હિંદી અમારે ઉમરાળામેં, ઉમરાળા જનમ ગામ હૈ ને ? નદી મોટી હૈ, કાળુભાર બડી તો એક કુવા થા નદીમેં, હમ તો બાળક થે છોટી ઉંમર દસબાર વર્ષ દેખનેકો જાતે થે, તો જુવાન આદમી પડતે થે અંદર, ઊભો કોશીઓ કહતે હૈ ઉસકો, જેમ કોશ હોય ને લોઢાની, એમ પાણીમેં સીધા પડતે થે અંદર, પાણીમેં, કુવામેં ઔર જાકર નીચેસે તળિયાસે વેળુ, વેળુ, વેળુ લેકર હજી બહાર નીકળી ન શકે પણ હાથ બહાર કાઢે કે જુઓ મૈં તળીયાસે રેતી લે આયા. કુવામાં તળે જઈને હાથ ઊંચો કરે દેખા હૈ સબ નજરે હોં અત્યારે દેખાય છે.

એમ અહીંયા ભગવાન આત્મા ચૈતન્ય દરિયો આનંદનો નાથ સાગર એના તળમાં જઈને આનંદકી દશાકા નમુના બહાર લાના. આવી વાતું છે.

એ "ઘ્રાણ" ઘ્રાણ ઇન્દ્રિયકા સંબંધ હૈ ને ઈતના જરી, તદ્દન અણીન્દ્રિય ન હો તબલગ ઘ્રાણ ઇન્દ્રિયકા સબંધ હૈ ઈતના ભાવ્ય દોષ ઉત્પન્ન હોતા હૈ વો અપના સ્વભાવકે અનુસાર કરકે નાશ કરના.

એમ "રસન" આહાહા ! એ રસનમાં દૃષ્ટાંત દિયા થા. નહીં પરસો ? આહાહા !

ભગવાન ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ સંસારમેં જબતક હૈ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ છ ખંડ, છન્નું હજાર સ્ત્રી, યા છન્નું કરોડ પાયદળ, અડતાલીસ હજાર નગર, બોંતેર હજાર... અડતાલીસ હજાર પાટણ. અને ખોરાક ઉસકા બત્રીસ કવળકા એક કવળ – અબજોની કિંમત. જિસકા એક કવળ છન્નું કરોડ પાયદળ પચાવી ન શકે. એ સમકિતી જ્ઞાની ક્ષાયિક સમકિતી

તીન જ્ઞાનકા ધણી, મતિ શ્રુત અવધિ એ ખાનેકા ભાવ આતા હૈ, ભાવ હૈ એ દુઃખ હે રાગ હૈ, સમજમેં આયા ? તીર્થંકરકો, આહાહા... દુનિયાને તો એમ લાગે આવું હોય, ભાઈ સૂન તો સહી પણ એ પુણ્યવંત પ્રાણી હૈ, એકલી હિરાની ભસ્મુ, પન્નાની ભસ્મુ, પન્ના આતા હૈ ને પન્ના લીલા આપણે પુનમચંદજી હૈ ને એક પન્ના સાફ કરનેકા એક મહીનાકા ( છ હજાર ) એક મુસલમાન હો ઐસા તો બહોત એ પન્નાકી ભસ્મ કરતે હૈ. આંહી તો હજી વધારે ખીર ખવાઈ જાય તો પચે નહીં, મેસુબ મેસુબ એક સેર ચણાકા લોટ ચાર શેર ઘી મૈસુબ હોતા હૈ ન. ( શ્રોતાઃ– મેસુબ પાક ) એક ટુકડા પાશેર દોઢ પાશેરકા પચે નહીં. આહાહા ! એ આ બત્રીસ કવળ, આહાહાહા... વિકલ્પ આતે હૈ. આહાહા... સમકિતી ક્ષાયિક સમકિતી તીર્થંકર ભગવાનકો ભી ઈતના દુઃખ હૈ. આહાહાહા ! અનુભવીકો ભી દુઃખ હૈ. આહાહા ! ( શ્રોતાઃ– એનો અભાવ થાય ક્યારે ) એ અંદરમાં સ્વભાવનું સાધન થઈને જાય ત્યારે વો તો ચલતી હૈ બાત. અણઆહારીપદ પ્રગટ હુઆ અંદર, તબ આહાર લેનેકા વિકલ્પ નાશ હો ગયા. ભગવાનકો પીછે આહાર નહીં, કેવળીકો આહાર નહીં. સમજમેં આયા ? શ્વેતાંબરમેં કહેતે હૈ આહાર લેતે હૈ, સબ જૂઠ બાત હૈ. સર્વજ્ઞ પરમાત્મા જ્યાં આત્મા અણઆહારી સ્વરૂપ હૈ ઐસી અણઆહારી દશા પ્રગટ હો ગઈ, આહાર નહીં, પાણી નહીં, દવા નહીં, ઓસડ નહીં, રોગ નહીં શરીરમેં, આહાહા... પણ જબલગ ( પૂર્ણ ) વીતરાગતા ને અણઆહારી પદ પ્રગટ નહીં થા તબલગ મુનિપદમેં ભી ભગવાન તીર્થંકરકો ભી મુનિપદમેં આહારકી વૃત્તિ ઉઠતી થી, આહાહા ! એ દુઃખ થા, આહાહા ! તો ઉસકો જીતતે હૈ, ઉસકો અપના સ્વભાવકા આશ્રય કરકે નાશ કર દેતે હૈ. આવી વાત છે. ઈસ પદોંકો રખકર સોળ સૂત્રોંકા વ્યાખ્યાન કરના. અમૃતચંદ્રાચાર્યનો આટલો શબ્દ છે. અને ઈસ પ્રકાર ઉપદેશસે અન્ય ભી વિચાર લેના અને જયસેન આચાર્યની ટીકામાં, ઈસસે અસંખ્ય વિભાવકા વિચાર કરના, અસંખ્ય પ્રકારકા, વિભાવ સંસ્કૃતમાં છે સમકિતીકો ભી અનુભવીયોંકો ભી, અસંખ્ય પ્રકારકા વિભાવરૂપી દુઃખદશા ઉત્પન્ન હોતી હૈ, આહાહાહા... તો ઉસકો સ્વભાવકા આશ્રય લેકર, ઉસકા નાશ કરના ઐસા વ્યાખ્યાન કરના. આહા !

ભાવાર્થઃ– સાધુ અહીંયા સાધુકી બાત પહલે લિયા હૈ જિન જિતેન્દ્રિય લિયા ને છઠ્ઠે ગુણસ્થાને સાધુ પહેલે અપને બળસે–અપને બળસે ઉપશમ ભાવકે દ્વારા સમકિત દર્શન હૈ જ્ઞાન હૈ ચારિત્ર ભી હૈ પણ હજી અસ્થિરતાકા ભાવ હૈ, મુનિકો ભી પ્રમાદભાવ જો પંચ મહાવ્રતકા વિકલ્પ જો હૈ એ ભી જગપંથ સંસારપંથ ઉદયપંથ હૈ, ઉદયભાવ હૈ દુઃખરૂપ ભાવ હૈ. આહાહા ! ઉસકો અપને બળસે ઉપશમ ભાવકે દ્વારા મોહકો જીતકર દાબકર ફિર જબ અપની મહાસામર્થ્યકે બળસે મોહકો સત્તામેંસે નષ્ટ કરકે, આહાહાહા ! મહાસામર્થ્ય પુરુષાર્થની ઉગ્રતા ( સે ) અંદરમેં જાતે. આહાહા... સત્તામેંસે રાગઆદિ આ જે સોળ પદ કહ્યા કે અસંખ્ય પ્રકારકા વિભાવ, ઉસકો સત્તામેંસે નષ્ટ કરકે, જ્ઞાન સ્વરૂપ પરમાત્માકો પ્રાપ્ત હોતે હૈ. ભગવાન એકીલા જ્ઞાનસ્વરૂપ હૈ. ઝળહળજ્યોતિ કેવળજ્ઞાન ભગવાન પ્રગટ હોતા હૈ. આહાહા ! અરિહંત દશા, નમો અરિહંતાણં કહે છે. આહાહા ! જેને અરિ નામ રાગ અને દ્વેષરૂપી વેરી અરિહંતા નમો અરિહંતાણં જેણે અરિને હણ્યા. ( શ્રોતાઃ– અરિહંતના ધર્મમાં વળી હણવાનું આવે ). પરને ક્યાં હણવું છે ન્યાં ? એ તો ઉપદેશના વાક્ય હૈ, હણના ભી નહીં ખરેખર તો સ્વભાવ સન્મુખ જાતે હૈ તો( રાગ દ્વેષ )

ઉત્પન્ન નહીં હોતે તો હણ્યા ઐસા કહનેમેં આતા હૈ. આવી વાતું છે. આને હણવું તો તો હજી દૃષ્ટિ પર્યાય પર રહી છે. આવો મારગ બહુ બાપુ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, ઉસકા મોક્ષકા પંથ અલૌકિક હૈ, ક્યાંય દૂનિયા સાથે મેળ હો સકે નહી. આહાહા.

---

લ્યો અબ આ નિશ્ચય વહેવારરૂપ સ્તુતિના અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે–

## શ્લોક - ૨૭

( शार्दूलविक्रीडित )

**एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चया-**
**न्नुः स्तोत्र व्यवहारतोऽस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः।**
**स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवे-**
**न्नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयोः।।२७।।**

**શ્લોકાર્થ:-[ कायात्मनोः व्यवहारतः एकत्वं ] શરીરને અને આત્માને વ્યવહારનયથી એકપણું છે [ तु पुनः ] પણ [ निश्चयात् न ] નિશ્ચયનયથી એકપણું નથી; [ वपुषः स्तुत्या नुः स्तोत्रं व्यवहारतः अस्ति ] માટે શરીરના સ્તવનથી આત્માપુરુષનું સ્તવન વ્યવહારનયથી થયું કહેવાય છે, અને [ तत्त्वतः तत् न ] નિશ્ચયનયથી નહિ; [ निश्चयतः ] નિશ્ચયથી તો [ चित्स्तुत्या एव ] ચૈતન્યના સ્તવનથી જ [ चितः स्तोत्रं भवति ] ચૈતન્યનું સ્તવન થાય છે. [ सा एवं भवेत् ] તે ચૈતન્યનું સ્તવન અહીં જિતેન્દ્રિય, જિતમોહ, ક્ષીણમોહ– એમ ( ઉપર ) કહ્યું તેમ છે. [ अतः तीर्थकरस्तवोत्तरबलात् ] અજ્ઞાનીએ તીર્થંકરના સ્તવનનો જે પ્રશ્ન કર્યો હતો તેનો આમ નયવિભાગથી ઉત્તર દીધો; તે ઉત્તરના બળથી એમ સિદ્ધ થયું કે [ आत्म-अङ्गयोः एकत्वं न ] આત્માને અને શરીરને એકપણું નિશ્ચયથી નથી. ૨૭.**

---

एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चया–
न्नुः स्तोत्र व्यवहारतोऽस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः।
स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवे–
न्नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयोः।।२७।।

આહા ! "કાયાત્મનો વ્યવહારતઃ એકત્વં" ભગવાન આત્મા અને શરીર બેને વહેવાર નામ લોક શબ્દસે લૌકિક, દ્રવ્યસંગ્રહમાં આવ્યું તું ને ભાઈ ! દ્રવ્ય સંગ્રહમાં, વ્યવહારનય એટલે લૌકિક એ જ આણે નાખ્યું છે અહીંયા. વ્યવહાર એટલે લૌકિક કથન. પ્રભુ દ્રવ્યસંગ્રહમાં નાખ્યું છે માળે.

શરીર અને ભગવાન પ્રભુ ભિન્ન અંદર અરૂપી આનંદઘન અને આ શરીર માટી પિંડ ધૂળ, દો કો વ્યવહારનયસે એકત્વ કથનમાત્રસે હૈ. લોક રૂઢીસે કહનેમેં આતા હૈ. સમજમેં

આયા ? કિન્તુ નિશ્ચયનયસે નહીં, યથાર્થ સ્વભાવકી દૃષ્ટિસે એ બે એક નહીં તદ્ન ભિન્ન. રાગ અને આત્મા ભિન્ન હૈ તો દેહકી તો કયા બાત કરના. સમજમેં આયા ? "વપુષઃ સ્તુત્યા નુઃ સ્તોત્રં વ્યવહારતઃ અસ્તિ" વપુ માટે શરીરના સ્તવનથી આત્મા પુરુષનું સ્તવન વ્યવહારનયથી થયું કહેવાય છે એ તો કથનમાત્ર હૈ વસ્તુ સ્થિતિ ઐસી હૈ નહીં. "તત્ત્વતઃ તત્ ન" નિશ્ચયસે નહીં. "તત્ત્વથી તે નહીં" શરીર ને આત્માની સ્તુતિ એક એ તત્ત્વસે એક નહીં. કથનમાત્રસે વ્યવહારસે કહેનેમેં આતા હૈ. આ ગામ મેરા, શરીર મેરા, રાજકોટ મેરા એ તો કથનમાત્ર હૈ. ક્યાં રાજકોટ તારું છે ? આહા ! એમ શરીર અને આત્મા એક હૈ એ તો કથનમાત્ર છે. વ્યવહાર લૌકિક રૂઢિકા કથન હૈ. "તત્ત્વતઃ તત્ ન" નિશ્ચયનયસે તે નહીં. નિશ્ચયસે તો "ચિત્સ્તુત્યા એવ" ચૈતન્યના સ્તવનસે હી આ અર્થમાં રાજમલ્લે લીધું છે ભાઈ ચૈતન્યના સ્તવનમાં વારંવાર કહના કે ભગવાન પૂર્ણાનંદ શુદ્ધાત્મા ચૈતન્ય હૈ ઐસા કહના ઐસા સ્મરણ કરના ઈસકા અનુભવ કરના એ સ્તુતિ, ત્રણ બોલ લીધા છે. આહાહા ! ચૈતન્યકા સ્વામી, આ સમજે ચિત્તસ્તુત્યા સ્તવનના ત્રણ ભેદ કહ્યાને- વિશેષ આયેગા ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૯૬ શ્લોક - ૨૭-૨૮ તા. ૩૦-૯-૭૮ ભાદરવા વદ ૧૩ શનિવાર

સમયસાર સત્યાવીસમો કળશ છે ને ? ફરીને "કાયાત્મનોઃ વ્યવહારતઃ એકત્વં" કાયા શબ્દે શરીર, કર્મ, રાગદ્વેષ આદિ પરિણામ એ સબ કાયા શરીરમેં જાતે હૈ. સમજમેં આયા ? પીછે શબ્દ હૈ. "આત્મ અંગયો". છેલ્લા શબ્દ હૈ ને "આત્મ અંગયો" અંગ શબ્દે કર્મની ઉપાધિ લિયા હૈ ઉસમેં કળશટીકામેં, એક બાજુ ભગવાન આત્મા અને એક બાજુ શરીર, કર્મ-કર્મની ઉપાધિ નામ પુણ્ય અને પાપના ભાવ, કર્મ અંગ કાયા શરીરમેં ચલે જાતે હૈ, અહીં અંદરમેં હૈ. "કાયાત્મનોઃ વ્યવહારતઃ એકત્વં" એ શરીર ને આત્માકો વ્યવહારનયસે એકત્વ કથનમાત્રસે લોક રૂઢીસે, લોકમેં કહતે હૈ એ અપેક્ષાએ કહનેમેં આતા હૈ. "નિશ્ચયાત ન" નિશ્ચયનયસે નહીં હૈ ભગવાન આનંદ સ્વરૂપ જ્ઞાયક જિસકા શરીર હૈ. જ્ઞાયક જ જિસકા શરીર હૈ. આહાહા ! એ ઔર પુણ્ય અને પાપના ભાવ એ સબ બધા કાયા શરીરમેં જાતે હૈ. એક બાજુ આત્મરામ અને એક બાજુ રાગ આદિ ગ્રામ. આહાહા ! શરીર ( અને ) આત્માકો વ્યવહારનયસે એકત્વ હૈ, મગર નિશ્ચયનયસે નહીં, "વપુષઃ સ્તુત્યા-નુઃ સ્તોત્રમ વ્યવહારતઃ" અસ્તિ ઈસલિયે શરીરકે સ્તવનસે આત્મા પુરુષકા સ્તવન, આત્મા પુરુષ ભગવાન ઉસકા સ્તવન વ્યવહારનયસે હુઆ કહેતે હૈ વ્યવહારસે "તત્ત્વતઃ તત ન" તત્ત્વસે તે નહીં. આહાહાહા ! નિશ્ચયનયસે નહીં, નિશ્ચયસે એ તો 'ચિતસ્તુત્યા એવ' ચૈતન્યકે સ્તવનસે ચૈતન્યકા સ્તવનકા અર્થ ચૈતન્યકા ત્રણ બોલ લિયા, લેતે હૈ, ચૈતન્યકે સ્તવનસે હી દ્રવ્યેન્દ્રિય ચિતઃ સ્તોત્રમ ભવતિ ચૈતન્યકા સ્તવન હોતા હૈ એ ચૈતન્યકા સ્તવન અહીંયા જિતેન્દ્રિય આયા દેખો. આહાહા ! ચૈતન્ય ભગવાન ઉસકા સ્તવન જિતેન્દ્રિય, રાગ દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને શરીરાદિમાં દેવગુરુ શાસ્ત્રાદિ બધા, આહાહા... એકકોર ભગવાન આત્મા અને એકકોર રાગસે ( લે કર ) સારી ચીજ બધી, આહાહા... ઉસકો ભિન્ન કરના. જ્ઞાન લક્ષણસે આત્માકો અનુભવ કરના એ જિતેન્દ્રિય ચૈતન્યકી પ્રથમ સ્તુતિ

કહનેમેં આતા હૈ. આહા ! આવી વાત છે.

દૂસરી જિતમોહ, હૈ ? આ ગયા હૈ આપણે, ઐસા જિતેન્દ્રિય હુએ છતેં, સમ્યગ્દષ્ટિ હુઆ મુનિપણા હુઆ આનંદકી ધારા પ્રગટ હુઈ, છતેં હજી કર્મકા જે ઉદય હૈ, વો તરફકા વલણ ભાવ્ય વિકાર દશા હોતી હૈ જ્ઞાનીકો ભી, આહાહાહા... રાગ દ્વેષ આદિ, જ્ઞાનીકો સમકિતીકો અનુભવીકો એ રાગઆદિ ભાવ, કર્મકે અનુસરણ, પૂર્ણ અનુસરણ નહીં કિયા, તેમ ભગવાનકા પૂર્ણ અનુસરણ નહીં કિયા. કયા કહા ? જો કર્મકા પૂર્ણ અનુસરણ હો તો તો એકત્વબુદ્ધિ પરમેં ચલી જાય ને આત્મામેં પૂર્ણ અનુસરણ હો તો પૂર્ણ વીતરાગ હો જાએ. આહાહા !

તો જબલગ આત્માએ અપના સ્વરૂપ રાગદ્વેષ, પુણ્ય, પાપ અને શરીર વાણીસે દેવગુરુસે ભિન્ન જ્ઞાનસ્વરૂપી પ્રભુ રાગસે ભિન્નકા અનુભવ હો તો એ ચૈતન્યકી સ્વીકાર અને સ્તુતિ કિયા, સત્કાર કિયા, એ પહેલા નંબરકી, પહેલા પ્રકારકી સ્તુતિ હૈ. આહાહા ! પીછે ભી સમકિતી અનુભવીકો ભી કર્મકા ઉદયકા અનુસરણ સર્વથા ગયા નહીં, સર્વથા ગયે હો તો સર્વથા આત્માકા આશ્રય લે લિયા હો. સર્વથા ગયે નહીં તે માટે કર્મકા નિમિત્તકા લક્ષમેં રાગદ્વેષ દુઃખઆદિકી દશા જ્ઞાનીકો ભી સમકિતીકો ભી અનુભવીયોંકો ભી મુનિકો ભી હોતી હૈ. ઉસકો અપના સ્વભાવકા ઉગ્ર અનુસરણ કરકે એ રાગાદિ ક્રોધાદિકો દાબ દેના એ દૂસરા પ્રકારકી સ્તુતિ હૈ.

એ ચૈતન્ય સ્તુતિ આયા ને દેખો. હૈ ? "ચિતસ્તુત્યા એવં" એની વ્યાખ્યા હૈ. આહાહા ! એ જિતમોહ, પીછે ક્ષીણમોહ હજી રાગાદિકો ઉપશમ કર દિયા. અનુભવી જીવ સ્વભાવકા આશ્રય લેકર પણ હજી ઉસકા ક્ષય નહીં કિયા, તો સત્તામેં જો હૈ રાગાદિ ઉસકો સ્વભાવકા ઉગ્ર આશ્રય લેકર, રાગકી ધારાકા નાશ કરના, અને સ્વભાવકા ઉગ્ર આશ્રય લેના એ ત્રીજા પ્રકારકી ઊંચી સ્તુતિ હૈ. સમજમેં આયા ? આવી વાતું આકરી. એ કહા ને ? "સા એવ ભવેત" સા નામ તે સ્તુતિ ચૈતન્યકા સ્તવન યહાં એવં ભવેત જિતેન્દ્રિય, જિતમોહ, ક્ષીણમોહ ઇત્યાદિ રૂપસે કહા ઐસા હૈ, ઇત્યાદિ નામ પીછે ભી અનેક પ્રકારકા વિકલ્પ આદિ હૈ યહાં ધર્મીકો અસંખ્ય પ્રકારકા, વો અપના સ્વભાવકા અનુસરણ કરકે ઉસકો નાશ કરના, એ આત્માકા સ્વભાવકી પ્રશંસા કહો, સ્તુતિ કહો, અંતરમેં ઉગ્ર એકાગ્રતા કહો, આવી વાત છે. ઇત્યાદિ કહ્યું ને પાછું ?

ટીકામાં આવ્યુ 'તું ને સોળસૂત્ર પાંચ ઇન્દ્રિય મન ને વચન, કાયા વગેરેનું અને એ સિવાય પણ અનેરા અસંખ્ય પ્રકારકા વિભાવ જયસેન આચાર્યમાં હૈ, અમૃતચંદ્રાચાર્યમાં ઉપદેશસે અન્ય ભી વિચાર લેના એટલા. આહાહા !

થોડામાં કિતના સમા દિયા હૈ. આહાહા ! ભગવાન પૂર્ણાનંદકા નાથ, ઉસકા દૃષ્ટિમેં સ્વીકાર કરના, અનુભવ કરના એ આત્માકી સ્તુતિ કહનેમેં આતા હૈ. આહાહા ! એ સ્તુતિકા તીન પ્રકાર લિયા ને ? જિતેન્દ્રિય, જિતમોહ અને ક્ષીણમોહ ઇત્યાદિ રૂપસે કહા ઐસા હૈ. "અતઃ તીર્થંકર સ્વ ઉત્તર બલાત" અજ્ઞાનીએ તીર્થંકરકા સ્તવનકા જો પ્રશ્ન કિયા થા કે તીર્થંકરકા સ્તવન કરતે હો તો શરીરકા સ્તવન કરતે હો ઉસકા અતિશયકા કરતે હૈ વો તો આત્મા હૈ ઐસા હમ માનતે હૈ. હમ ભી, તીર્થંકરકા શરીર વાણી ઐસા હૈ, તુમ્હારી વાણી ઐસી હૈ, તુમ ઐસા હૈ. અજ્ઞાનીએ તીર્થંકરકા સ્તવનકા જો પ્રશ્ન કિયા થા ઉસકા ઉત્તર નય વિભાગસે ઈસપ્રકાર દિયા, નય વિભાગ જો કહા થા વો વ્યવહારનયસે કહા થા. પરમાર્થનયસે નહીં. ઐસા નયકી

વહેંચણીસે વિભાગસે કહા થા યહાં, આહા... અરે આહા ! આવું ! ઉત્તર દિયા, હૈ ? જિસકે બળસે યહ સિદ્ધ હુઆ કે “આત્મા અંગયો એકત્વં ન” પહેલે ઐસા લિયા થા, “કાયાત્મનોઃ વ્યવહારતઃ એકત્વં” એ તો કથનમાત્રસે કહા થા. સમજમેં આયા ? અહીંયા “આત્મા અંગયો એકત્વં નઃ” ભગવાન આત્મા આનંદ જ્ઞાયક સ્વરૂપ ઔર અંગયો નામ કર્મ શરીર અને કર્મકી ઉપાધિસે ઉત્પન્ન હુઆ વિકાર અપનેમેં, વો ભિન્નઃ નિશ્ચયસે દો( કા ) એકત્વ નહીં. સમજમેં આયા ? આત્મા આત્મા હૈ ને ? “આત્મા અંગયો”: અંગયોઃ એટલે શરીર, આદિ એટલે કર્મની ઉપાધિ, કર્મ શરીર ઔર ઉસકા નિમિત્તકા અવલંબન આશ્રયસે જો વિકાર હોતા હૈ વે સબ અંગમાં જાતે હૈ. શરીર, શરીર આહાહાહા ! હૈ. આત્માસે ભિન્ન અંગમેં જાતે હૈ, શરીર, શરીર. આહાહાહા ! વિકારી ભાવ હૈ યે ભી કાર્મણ શરીર હૈ ખરેખર, ભિન્ન પાડના હૈ ને ? કર્મ ઔર નિમિત્તકે અનુસરકે હુઆ હુયા વિકાર એ સબકો શરીર અને કર્મની ઉપાધિ કહનેમેં આયા હૈ. ભગવાન ઉસસે ભિન્ન હૈ. આહાહા ! ઐસા એકત્વ નહીં હૈ. આહાહા !

---

અબ ફિર ઈસ અર્થકો જાનનેસે ભેદજ્ઞાનકી સિધ્ધિ હોતી હૈ. આ જાનનેસેં આત્માકા અનુભવ હોતા હૈ, આહાહાહા... એ અર્થકા સૂચક કાવ્ય કહતે હૈ.

## શ્લોક - ૨૮

( मालिनी )

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम् ।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव ।।२८।।

इत्यप्रतिबुद्धोक्तिनिरासः।

एवमयमनादिमोहसन्ताननिरूपितात्मशरीरैकत्वसंस्कारतयात्यन्तमप्रतिबुद्धोऽपि प्रसभोज्जृम्भिततत्त्वज्ञानज्योतिर्नेत्रविकारीव प्रकटोद्घाटितपटलष्टसितिप्रतिबुद्धः( ? ) साक्षात् द्रष्टारं स्वं स्वयमेव हि विज्ञाय श्रद्धाय च तं चैवानुचरितुकामः स्वात्मारामस्यास्यान्यद्रव्याणां प्रत्याख्यानं किं स्यादिति पृच्छन्नित्थं वाच्यः-

---

**હવે વળી, આ અર્થને જાણવાથી ભેદજ્ઞાનની સિદ્ધિ થાય છે એવા અર્થવાળું કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ परिचित-तत्त्वैः ] જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું છે એવા મુનિઓએ [ आत्म-काय-एकतायां ] જ્યારે આત્મા અને શરીરના એકપણાને [ इति नय-विभजन-युक्त्या ] આમ નયના વિભાગની યુક્તિ વડે [ अत्यन्तम् उच्छादितायाम् ] જડમૂળથી ઉખેડી નાખ્યું છે-અત્યંત નિષેધ્યું છે, ત્યારે [ कस्य ] કયા પુરુષને [ बोधः ] જ્ઞાન [ अद्य एव ] તત્કાળ [ बोधं ] યથાર્થપણાને [ न अवतरति ] ન પામે ? અવશ્ય પામે**

**જ. કેવું થઈને ? [ स्व-रस-रभस-कृष्टः प्रस्फुटन् एकः एव ] પોતાના નિજરસના વેગથી ખેંચાઈ પ્રગટ થતું એકસ્વરૂપ થઈને.**

**ભાવાર્થઃ- નિશ્ચય-વ્યવહારનયના વિભાગ વડે આત્માનો અને પરનો અત્યંત ભેદ બતાવ્યો છે; તેને જાણીને, એવો કોણ પુરુષ છે કે જેને ભેદજ્ઞાન ન થાય ? થાય જ; કારણ કે જ્યારે જ્ઞાન પોતાના સ્વરસથી પોતે પોતાનું સ્વરૂપ જાણે ત્યારે અવશ્ય તે જ્ઞાન પોતાના આત્માને પરથી ભિન્ન જ જણાવે છે. અહીં કોઈ દીર્ઘસંસારી જ હોય તો તેની કાંઈ વાત નથી. ૨૮.**

**આ પ્રમાણે, અપ્રતિબુદ્ધે જે એમ કહ્યું હતું કે "અમારો તો એ નિશ્ચય છે કે દેહ છે તે જ આત્મા છે", તેનું નિરાકરણ કર્યું.**

**આ રીતે આ અજ્ઞાની જીવ અનાદિ મોહના સંતાનથી નિરૂપણ કરવામાં આવેલું જે આત્મા ને શરીરનું એકપણું તેના સંસ્કારપણાથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો તે હવે તત્ત્વજ્ઞાનસ્વરૂપ જ્યોતિનો પ્રગટ ઉદય થવાથી અને નેત્રના વિકારીની માફક ( જેમ કોઇ પુરુષનાં નેત્રમાં વિકાર હતો ત્યારે વર્ણાદિક અન્યથા દેખાતાં હતાં અને જ્યારે વિકાર મટયો ત્યારે જેવાં હતાં તેવાં જ દેખવા લાગ્યો તેમ ) પડળ સમાન આવરણકર્મ સારી રીતે ઊઘડી જવાથી પ્રતિબુદ્ધ થયો અને સાક્ષાત્ દ્રષ્ટા ( દેખનાર ) એવા પોતાને પોતાથી જ જાણી, શ્રદ્ધાન કરી, તેનું જ આચરણ કરવાનો ઇચ્છક થયો થકો પૂછે છે કે 'આ સ્વાત્મારામને અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન ( ત્યાગવું ) તે શું છે ?' તેને આચાર્ય આ પ્રમાણે કહે છેઃ-**

## પ્રવચન નં. ૯૬ શ્લોક - ૨૮ તા. ૩૦-૯-૭૮ ભાદરવા વદ ૧૩ શનિવાર

इति परिचिततत्त्वैरात्मकायैकतायां नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम् ।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव ।।२८।।

અઠયાવીસ ! સંતોની વાણી કુંદકુંદાચાર્ય અમૃતચંદ્રાચાર્ય અહીં કહેતે હૈ. આહાહા ! "પરિચિત તત્ત્વૈ" જેમણે વસ્તુકા યથાર્થ સ્વરૂપકા પરિચય કિયા હૈ, ઐસા મુનિયો અથવા સર્વજ્ઞો, 'પરિચિત' જેણે તત્ત્વકા પરિચય બહોત કિયા હૈ સર્વજ્ઞપણા પ્રગટ હુઆ હૈ અથવા મુનિઓ ભાવલિંગી સંત જેને તત્ત્વ આનંદનો નાથ ભગવાનકા પરિચય કિયા બહોત. આહાહા ! સમજમેં આયા ? "પરિચિત તત્ત્વૈઃ" જિન્હોને વસ્તુકે તત્ત્વ એટલે વસ્તુ પરિચિત એટલે સબકો પરિચય કિયા. આત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ ઉસકા જિસને પરિચિત સમસ્ત પ્રકારે પરિચય કિયા તો સર્વજ્ઞ હુઆ. પણ ઉસકી નીચલી દશામેં ભી પરિચય કિયા, આહાહા... તો મુનિ હુઆ, આવી વાતું છે. ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ ઉસકા એકદમ પૂર્ણ પરિચય કિયા તો સર્વજ્ઞ હુઆ અને ઉસકા સર્વજ્ઞ સિવાય અપની યોગ્યતાસે જે અપના પૂર્ણ પરિચય કિયા તો મુનિદશા હુઈ. આહાહાહા ! કર્મકા ઈતના પરિચય છૂટ ગયા. સમજમેં આયા ? આવો મારગ આકરો, આ બાપુ.

અરે ! અનંતકાળથી દુ:ખમાં દાઝી ગયો છે દુ:ખથી દઝાઈ ગયો છે કષાયની અગ્નિથી એ શાંતિ એની બળી ગઈ છે પર્યાયમાં હોં, વસ્તુ તો છે ઈ છે. આહાહા ! એ કષાય અગ્નિથી જલ્યા હુઆ આગળ કહેશે આમાં “નયવિભજન યુકત્યા આત્મ એકત્યો” આહાહા... ઓલામાં એમ લખ્યું છે ભાઈ કળશટીકામાં કે ભગવાન આત્મા અને રાગ અને પુણ્ય ને શરીરાદિકા એકત્વસે મરણકો પ્રાપ્ત હો રહા હૈ. આહાહાહાહા ! કળશટીકામેં ઉસકા અર્થ ઐસા લિયા હૈ કળશ ટીકા હૈ ને રાજમલજીકી કેટલામેં હૈ ? અઠયાવીસમો કળશ.

દેખો “ઉચ્છાદિતાયામ” છે ને આવ્યું ને, જુઓ “નયવિભજનયુકત્યા” જડમૂળસે ઉખાડ ફેંકા, હૈ, છે. હૈ ને ? જળમૂળસે ઉખાડ ફેંકા હૈ, ઉસકા અર્થ યહાં કિયા, જેમ ઢંકા હુઆ નિધિ પ્રગટ કરનેમેં આતા હૈ એમ જીવ દ્રવ્ય પ્રગટ હૈ, અંદર ભગવાન પ્રગટ ચૈતન્ય ઝળહળ જ્યોતિ, પરંતુ કર્મ સંયોગસે ઢંકાયેલું હોનેસે રાગ અને પુણ્ય અને પાપના ભાવમાં ઢંકાઈ ગયા. આહાહા ! મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું. જાણે હૈ હી નહીં. આહાહાહા ! જાણે કે શરીર ને પુણ્ય અને પાપ ને ભાવ યે હી હૈ. આહાહા ! ઐસા અસ્તિત્વમેં ભગવાનકા પૂરણ અસ્તિત્વ મરણતુલ્ય હો ગયા. બાલચંદજી ! આહાહા ! શ્રીમદ્‌માંય આવે છે ને ૧૬ વર્ષે “ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો” શ્રીમદ્ રાજચંદ્ર સોળ વરસની ઉંમરે, સમકિત તો પીછે પાયા, એ પહેલા દેહના સોળવરસ, દેહનાને ? આત્મા તો અનાદિઅનંત હૈ એ એમ કહતે હૈ. “બહુ પુણ્ય કેરા પૂંજથી શુભદેહ માનવનો મળ્યો. તો એ અરે ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો”. આહાહા ! ચોર્યાસીના અવતાર કર્યાં પ્રભુ પણ તે ભવ મનુષ્યનો પામ્યો અને ફેરો ના ટાળ્યો.

“સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે” પુણ્યમાં સુખ છે, બાયડીમાં સુખ છે, આબરૂમાં સુખ છે, ધૂળમાં સુખ છે, બહારમાં સુખ છે, સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે. ભગવાન આનંદનો નાશ થાય છે ત્યાં “ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો” પછી તો વિશેષ કહ્યા હૈં. “લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો, શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો, વધવાપણું સંસારનું નરદેહને હારી જવો, એનો વિચાર નહીં અહો હો એક પળ પણ તમને અહો !” આહા... સોળ વરસે, માલચંદજી ! આ લખેલું, બહોત ક્ષયોપશમ લેકર પૂર્વ ભવમેંસે આયે થે, આહા... એ કહેતે હૈ કે ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણ, પ્રભુ એ પુણ્ય અને પાપ અને તેના ફળ ને અપના માનકર ક્ષણે ક્ષણે તેરા ભયંકર ભાવમરણ હો રહા હૈ, દ્રવ્યમરણ તો જબ શરીર છૂટેગા તબ હોગા. આહાહા... જીવતી જ્યોત પ્રભુ અંદર ચૈતન્ય સ્વરૂપ ભગવાન, ઉસકા અસ્તિત્વકી ( માન્યતા નહીં ) સ્વભાવકા સ્વીકાર નહીં, અને આ રાગાદિ પુણ્યાદિકા ફળ આયા, આ પૈસા ધૂળ સ્ત્રી કુટુંબ પરિવાર, ઉસકા તેરે મહાતમ, આહાહાહા... તેરા સ્વરૂપકા ભાવમરણ હુઆ હૈ. ક્ષણ ક્ષણમેં મૃત્યુ હોતા હૈ પ્રભુ. આહાહાહા ! ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો. એ રાગ અને રાગના પુણ્યબંધન ને એના ફળ સંયોગ એના પ્રેમમાં પ્રભુ તું ક્યાં રાચી રહ્યો ભાઈ. આહાહાહા ! તેરી જીવતી જ્યોત ચૈતન્યકા તેં અનાદર કરકે ઔર મરણ તુલ્ય કર દિયા. સુમેરુમલજી ! આહાહાહા ! આવી વાત છે. આહાહાહા !

યહાં એ કહતે હૈ, “અત્યન્તમ ઉચ્છાદિતાયામ” જડ મૂળસે ઉખાડ ફેંકા ઉસકા અર્થમેં લિયા હૈ, યહાં સમજે અત્યંત નિષેધ કિયા થા. કિયા હૈ. ક્યા ? રાગ ને શરીર ને પુણ્યના ફળ

મેરા હૈ એસી તેરી માન્યતામેં તેરા મરણ હુઆ થા. પ્રભુ ! તેરી જીવતી જ્યોતકા તેં તિરસ્કાર કિયા થા. આ મેં હું પુણ્યવંત હું, પાપી હું ને શરીરવાળા હું, સ્ત્રીકુટુંબવાળા હું, બડા આબરૂવાળા હું, લક્ષ્મી અધિકાર બઢયા પચાસ પચાસ હજારના પગાર મહીને માસિક કિતના વધ્યા, કયા વધ્યા પ્રભુ વેપારમેં એકદમ પાંચ પાંચ લાખકી પેદાશ માસિક બઢ ગયા બડા કયા બઢ ગયા પ્રભુ એ તો સંસાર વધ્યા તેરા. યહાં કહેતે હૈ, "અત્યંત ઉચ્છાદિતાયામ" ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ જ્ઞાનલક્ષ્મીકા ભંડાર, આનંદ લક્ષ્મીકા ભંડાર, ઉસકો રાગ અને શરીર આદિસે ભિન્ન નિશ્ચયનયસે કર દિયા. "ઉચ્છાદિતાયામ" જડ મૂળસે ઉખાડ દિયા તેરી સાથ રાગને બિલકુલ સંબંધ હૈ નહીં.. એ મરણતુલ્ય જો હુઆ થા. આહાહાહા...

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ મહાપ્રભુ અપના ચૈતન્ય સ્વભાવસે જીવતર જ્યોતિસે જીવતે થે અંદર, જીવતર શક્તિ આતી હૈ ને પહેલી ? જ્ઞાન-દર્શન આનંદ આદિ સત્તાસે જીવતર એ જીવન હૈ ઉસકા જીવન. એ જીવનકો ન સ્વીકાર કર, બહારકા પુણ્ય અને પાપકા ભાવ અને તેના ફળ બંધ ને તેના ફળ સંયોગ. તેના મહાતમમાં પ્રભુ તેરી ચીજ તો મરણ તુલ્ય હો ગઈ. આહાહા... એ "ઉચ્છાદિતાયામ" છેદ કર દિયા ઉસકો એ ચીજ તેરી નહીં. તું જીસકો અપના જીવન માનતે હૈ પુણ્યસે ને પાપસે ને શરીરસે ને એ તેરા જીવન નહીં નાથ ! પ્રભુ તુમ ભિન્ન હૈ ને નાથ ! આહાહા... એ રાગાદિકા ભાવકો તો જડમૂળસે ઉખાડ દિયા, મૂળમેંસે ઉખાડ દિયા. ફિર ઉત્પન્ન ન હો ઐસા ઉખાડ દિયા ઐસા કહેતે હૈ. આહાહાહા... સમજમેં આયા ?

યહાં તો કહતે હૈ કે, ઉસકા અત્યંત નિષેધ કિયા, આહાહા... તબ,તબ અપને "સ્વરસરભસ કૃષ્ટઃ પ્રસ્ફુટનૈક એવ" નિજરસકે વેગસે આહાહા... રાગના રસના વેગમેં જે તુમ ચલે જાતે થે તબ તેરી ચીજ મૃત્યુકો પ્રાપ્ત હોતી થી, તો તુમકો બતા દિયા પ્રભુ, એ તેરી ચીજ નહીં, તેરેમેં નહીં, તું ઉસસે ભિન્ન. તો ઐસા અંતરરસ નિજરસકે વેગસે અપના આનંદરસકા વેગસે આકર્ષિત હોકર પ્રગટ હોનેવાલા એક સ્વરૂપ હોકર, ભગવાન આત્મા ! અનેકપણાકો અપના માનતે થે ઉસકો છોડકર, અપના ભેદ બતા દિયા કે તુમ યે નહીં તો એક રસસે પ્રગટ હોનેવાલા આત્મા, આહાહાહા... અહીં તો ઠપકો દેતે હૈ, આચાર્ય જરી – કિસ પુરુષકો યહ જ્ઞાન તત્કાળ યથાર્થપણાકો પ્રાપ્ત ન હોવે, અરે કયા આત્માકો ઐસી પ્રાપ્ત ન હો ? આહાહા !

ભગવાન તેરેકો બતા દિયા તેરી ચીજ, રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, શરીર, કર્મ આદિ ઉસસે ભિન્ન પ્રભુ ! તેરા જીવતર જીવન હૈ ને અંદર ત્રિકાળી, એ ભિન્ન બતા દિયા પ્રભુ તેરેકો, હવે તેરેકો કયું આત્મજ્ઞાન ન હો. આહાહા ! રતિભાઈ ! આવો મારગ છે સંતોની વાણી તો જુઓ. એક તો એ કે પરસે એકત્વ તો જડમૂળસે ઉખાડ દિયા, જડમેંસે નિકાલ દિયા. આહાહા ! હવે કભી એકત્વ હોતા નહીં. આહાહા... જુઓ જોર તો જુઓ. કે ભાઈ સમકિત પાયા ને પીછે પડ જાયેગા યે ચીજ હૈ હી નહીં યહાં, આહાહા... રાગ ને એનું ફળ બંધન અને એનું ફળ સંયોગ સારી રાગ સામગ્રી, રાગગ્રામ કહાને ભાઈ, એક ઠેકાણે કહે છે, રાગગ્રામ, એ રાગગ્રામ એટલે રાગ અને રાગનો સમૂહ અને એનું ફળ ને બધો રાગગ્રામ, એકકોર આત્મગામ અને એકકોર રાગગ્રામ. આહાહાહા !

ઉસકો જડ મૂલસે નિકાલ દિયા ને નાથ તેરેકો બતા દિયા ને, તેરી ચીજ ભિન્ન હૈ ને અંદર.

આહાહા... કોઈ સંબંધ( નહીં ) રાગ અને પરકી સાથ પ્રભુ તેરા દ્રવ્ય સ્વભાવ, જીવતી જ્યોત બિરાજતે હૈં, ટકતા તત્ત્વ ધ્રુવતત્ત્વ. આહાહા... તેરેકો ભિન્ન બતાયા ને નાથ, તેરેકો કયું જ્ઞાન ન હો ? આહાહાહા... એક તો કયું જ્ઞાન ન હો અને જડમૂલસે નિકાલ દિયા તો એ જ્ઞાન હો, એ પીછે એકત્વબુદ્ધિમેં નહીં આયેગા, ઐસા જ્ઞાન પ્રભુ કહેતે હૈ યહાં. સમજમેં આયા ? આહાહાહા... સંતોએ તો અમૃત ઝરણા વહેવરાવ્યા છે. આહાહા !

આને નવરાશ ન મળે, ફૂરસદ ન મળે, બાઈડી છોકરા ને કુટુંબમાં ધંધામાં મરી ગયો આખો દિ' આહાહા... ન હોય તો કોકના લઈને વળી પાછો ઉપાધિ વહોરે, પાછો, ખોળે લ્યે, આહાહા ! શું કરવું છે પ્રભુ તારે ? આહાહા ! ( શ્રોતાઃ- ખોળે લ્યે ) આંહી કહે છે સૂન તો સહી પ્રભુ તેરી ચીજ તો સબસે ભિન્ન હૈ ને ? ભિન્નકો તેરે એકત્વ કરના હૈ ? આહાહા ! પ્રભુ કયાં જાના હૈ તેરે ? આચાર્ય મહારાજ તો બહોત ઠપકા દેતે હૈ. ઠપકા કો કયા કહતે હૈ ઓળંભા ઓળંભા કહતે હૈ ને ? ઓળંભા, પ્રભુ તેરી મહાસત્તા ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, રાગાદિસે મૂળસે છેદ કરકે વિચ્છેદ કરકે તેરેકો બતાયા ને પ્રભુ. આહાહા ! તો, કયા આત્માકો આત્મજ્ઞાન નહીં હોગા ? હોગા હી. એમ કહેતે હૈ. સમજમેં આયા ? આ તો હજી પહેલા નંબરની સ્તુતિનો પ્રશ્ન ચલતે હૈં. સમજમેં આયા ? પીછે ધર્મીકો જ્ઞાનીકો અનુભવીકો રાગ તો રહેતે હૈ પણ એ રાગકો સ્વભાવ સન્મુખ હોકર કોણ નાશ નહીં કરેગા ? આહાહાહા... "એક એવ તસ્ય બોધમ અદ્ય એવ" છે ? આજ જ. આહાહા... પ્રભુ તું અતીન્દ્રિય આનંદના માખણનું દળ પડા હૈ ને ઐસા, આહાહા... ઔર રાગાદિ આકુળતા એ સબ ચીજ તો ભિન્ન હૈ. ભિન્ન હૈ તો ભિન્ન કરકે એકત્વ સ્વભાવકો કોન નહીં પ્રગટ કરેગા ? આહાહા... સમજમેં આયા ? તત્કાળ યથાર્થપણેકો પ્રાપ્ત નહીં હોગા ? અવશ્ય હોગા. આહાહાહા... કેટલી વાત કરતે હૈ. આહાહાહા !

એક તો ઐસા કહતે હૈ, કે વો વિકલ્પસે હૈ આદિ ( સે લેકર ) માંડીને ( સબ ) ચીજ, એ તેરી ચીજમેં નહીં, ઔર તું ઉસમેં નહીં, ઐસે તેરેકો પરકા ભાવકો મૂળમેંસે ઉચ્છેદ કર દિયા, ઉખેડ કર નિકાલ ડાલા. આહાહા ! ગદ્ધા હોતા હૈ ન ગદ્ધા ઘાસ ખાય તો મૂળમેંસે ઉખેડ કર ખાય, ગાય હૈ ઘાસ ખાય તો ઉપર ઉપરસે ખાય, મૂળ ન કાઢે, એથી ગોચરી કહાને મુનિને, ઘાસ હૈ ઉપરસે ખાતે હૈ મૂળ સાજા રખે. ફેર પાછા ઉગી શકે.

એમ અહીંયા ગદ્ધા શબ્દે પંડિત જ્ઞાની ધર્માત્મા વો ગદ્ધા, યહાં ધર્માત્મા મૂળમેંસે રાગકા ઉચ્છેદ કરકે અપના અનુભવ કોણ નહીં કરે ? આવી વાત છે પ્રભુ. આહાહા ! પીછે રાગ રહેગા. આ તો ભિન્ન બતાયા ઈતના પણ રાગ અસ્થિરતાકા રહેગા, અસ્થિરતાકા રાગ ત્યાં આયેગા. જ્ઞાનીકો અનુભવીકો ભી દુઃખ હોગા, વો ભી ઉસકો ભિન્ન કરકે, અંદરમેં એકાગ્ર હોકર કોણ ઉસકા નાશ નહીં કરેગા ? આહાહાહા... પણ એ ભવિષ્યમાં નાશ કરેગા ને કેવળજ્ઞાન પાયેગા ઐસે કહેતે હૈ. આહાહાહા ! રાત્રિકો કહા થા ને નહીં ? સમકિતી, જ્ઞાની, ધર્મી, અનુભવી જીવકો ભી, મુનિકો ભી પ્રતિક્રમણ પરિહાર ઐસા શુભભાવ આતા હૈ, સવાર સાંજ પ્રતિક્રમણ વ્યવહારસે, ભગવાનકી પ્રતિમાકા દર્શન રાગસે હટનેકા ભાવ એ સબ શુભ, એ જ્ઞાનીકો સમકિતીકો ભી આતા હૈ, મોક્ષ અધિકારમેં, પ્રતિક્રમણ પરિહાર, પરિશરણ, નિંદા, ગર્હા એ શુભભાવ, હૈ તો ઝેર. આહાહા ! સમજમેં આયા ? સમકિતી જ્ઞાની, અનુભવીયોંકો ભી એ ભાવ આતા હૈ, જબલગ

વીતરાગ ન હો તબ યે ભાવ સાંજ સવાર પ્રતિક્રમણકા વિકલ્પ, હૈ તો શુભ, હૈ તો ઝેર, હૈ તો દુઃખ, અશુભભાવમેં તીવ્ર દુઃખ હૈ, શુભભાવમેં મંદ પણ દુઃખ હૈ, તો ઉસકો રાત્રિકો કહા થા કે ઉસમેં લિખા હૈ, કે કયું ઉસકો ઝેર કહા દુઃખ ? કે ત્યાં તો કર્તૃત્વબુદ્ધિ હૈ અર્થાત કરનેલાયક બુદ્ધિ ઐસી ત્યાં ન લેના, પણ ત્યાં રાગકા પરિણમન હૈ, હજી મુનિકો જ્ઞાનીકો સમકિતીકો ભી રાગકા પરિણમન હૈ, એકત્વબુદ્ધિ ગઈ અનુભવ હુઆ, સમકિત થયા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન હુઆ, પણ સમ્યક્ ચારિત્રમેં કમી હૈ કે મુનિઓકો ભી સાંજ સવાર શાસ્ત્રકા ઐસા વ્યવહાર પ્રતિક્રમણ કા ભાવ આતા હૈ, હૈ પણ હૈ એ ઝેરકા પ્યાલા વિષકુંભ હૈ રાગ હૈ, આકુળતા હૈ, દુઃખ હૈ. આહાહા ! અરેરેરે ! તો ઉસકો છોડકર સ્વરૂપમેં આનંદમેં કોણ નહીં રહેગા કહેતે હૈ ? મુનિકો ભી કહતે હૈ. આનંદનો નાથ ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદકા સુખ ધામ, "સ્વયંજયોતિ સુખધામ" આનંદકા ક્ષેત્ર હૈ તો ઉસમેં તો અતીન્દ્રિય આનંદ પાકતે હૈ ઐસી ચીજ હૈ.

આહાહા... આચાર્યે એમ કહ્યું "સ્વરસરભસ ઉગ્ર કૃષ્ટ" આકૃષ્ટ હોકર પ્રગટ હોનેવાલા એક સ્વરૂપ હોકર, આહાહા ! કિસ આત્માકો જ્ઞાન તત્કાળ આત્મજ્ઞાન તત્કાળ એ યથાર્થપણાકો પ્રાપ્ત ન હોગા ? જરૂર હોગા. આહાહા ! "યદ્યે એવ બોધમ" હૈ શબ્દ ? "યદ્યે એવ બોધમ" આજ જ, તત્કાળ જ, આહાહા ! જુઓ, આ શ્લોક તો જુઓ શ્લોક, આહાહા... જડ મૂળસે ઉખેડકર ચૈતન્યકી ભિન્નતાકા અનુભવ કિસકો નહીં હોગા ? ઔર પીછે ભી રાગકા ભાવ્ય ભાવ જ્ઞાનીકો હોતા હૈ, ઉસકો ભી છોડકર સ્વભાવકા અનુભવ કરકે ઉસકો નાશ કોણ નહીં કરેગા ? આહાહા ! સમજમેં આયા ? મુનિ અપની ભી બાત કરતે હૈ, આહાહા... કે હમારે પણ હજી જરી રાગ હૈ વિકલ્પ આતા હૈ, પણ વો ભિન્ન હમકો અનુભવ હુઆ ઔર હવે ઉસકો ભિન્ન કરકે નાશ કયું નહીં કરેગા ? આહાહાહા... ભવિષ્યકાળમાં મેં ઉસકો નાશ કરુંગા, મગર યહાં તો તત્કાળ નાશ કરુંગા ઐસા લિયા હૈ. સમજમેં આયા ? દિગંબરની તીવ્ર વાણીને લઈને, શ્રીમદ્‌માં આવે છે "દિગંબરની તીવ્ર વાણીને લઈને રહસ્ય સમજી શકાય છે શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડો પડી જાય છે". શ્વેતાંબરની લાઈન વિપરીત શ્રીમદ્‌માં આવે છે. શ્રીમદ્ રાજચંદ્ર આવી વાણી છે સંતોની. આહાહા !

"પરિચિત તત્ત્વૈ" જે મુનિઓએ અપના આનંદ સ્વરૂપ ભગવાન તત્ત્વકા પરિચય કિયા હૈ, આહાહા ! રાગકા પરિચય છોડ દિયા હૈ, થોડા પરિચય અસ્થિરતાકા હૈ ઉસકો ન ગિનકર, અપના પરિચય બહોત કિયા હૈ, એ સંતો જગતકો જાહેર કરતે હૈ, કે હમ જ્યારે રાગ અને વિકલ્પસે, ભગવાન નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ ભિન્ન હૈ, ઔર મૂળસે ઉખેડ કરકે ઉચ્છેદ કર દિયા રાગકા, તેરી ચીજમેં હૈ હી નહીં, તેરી ચીજ ઉસસે ભિન્ન હૈ તો ઐસા સૂનકર, કૌન પ્રાણી ઐસા હોગા ? કે અપના આત્મજ્ઞાન ન હોગા ? આહાહાહા ! સમજમેં આયા ? ઝાંઝરીજી ! જુઓ આ દિગંબર વાણી, આહાહાહા... ક્યાંય હૈ નહીં શ્વેતાંબરમેં પણ એ ચીજ હૈ નહીં, તો અન્યમતિમેં તો કયા કહેના ? આહાહાહા ! ત્રણ બાત લિયા. એક તો અમે જ્યારે તેરી ચીજકો કાયાને અંગ અંગયોઃ આત્મા, આત્માને અંગ અંગ નામ રાગ આદિ સબ ચીજ ઉસસે જબ ભેદ કરકે વસ્તુ સ્થિતિ ઐસી હૈ ઐસા બતાયા અને તે પણ રાગાદિકો મૂળમેંસે ઉચ્છેદકર નાશ કર બતાયા, એક

વાત તો ઉસકો અંતરમેં રાગસે ભિન્ન આત્મજ્ઞાનકા આત્મબોધ ક્યોં ન હોગા ? હોગા હી. આહાહાહા ! અર્થકારે લિખા હૈ.

નીચે હૈ ને કોઈ દીર્ઘ સંસારી હોય ઓ બાત યહાં ન લેના. ભાવાર્થમેં લિખા હૈ. આહાહાહા ! તત્કાળ હી યથાર્થપણેકો બોધમ એટલે આત્મજ્ઞાન, આત્માકા અનુભવ, આહાહાહા... દોકા ભિન્નપણા બતાયા ને ભિન્ન હૈ, તો તેરી એકત્વબુદ્ધિ પરસે ક્યોં નહીં છૂટેગી, અને સ્વરૂપની એકત્વબુદ્ધિ કયું નહીં હોગી ? તત્કાળ હોગી. આહાહાહા ! આવી વાતું. ઝીણી બહુ બાપુ. સમયસાર ભરતક્ષેત્રમેં અદ્વૈતચક્ષુ, અજોડચક્ષુ, ઐસા શાસ્ત્ર. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માના મુખેથી નીકળેલી તે વાણી આ હૈ. આહાહા ! તેરા માલકી મોજૂદગી વિકાર ને વિકારના ફળકી મોજૂદગીસે ભિન્ન તેરેકો બતાયા ને પ્રભુ. આહાહાહા ! તો એ તત્કાળ હી, આજ જ. આહાહાહા !

ભાવાર્થઃ– "નિશ્ચયવ્યવહારનયકા વિભાગસે આત્મા અને પરકા અત્યંત ભેદ બતાયા હૈ. ઉસે જાનકર ઐસા કોણ પુરુષ હૈ જિસે ભેદજ્ઞાન ન હો ?" આહાહા ! હોતા હી હૈ, પંચમકાળ હૈ, ઐસા હૈ ને ફૈસા હૈ એ કોઇ નડતે નહીં તેરેકો એમ કહેતે હૈ. આહાહા ! ક્યોંકિ જ્ઞાનજબ અપને સ્વરસસે સ્વયં અપને સ્વરૂપકો જાનતા હૈ દેખો– એ આયા. "સ્વરસરભસ કૃષ્ટઃ" આત્મા. અપના સ્વરસસે જ્ઞાન એટલે આત્મા અપના, અપને સ્વરસસે અપના આનંદકે રસસે સ્વયં અપને સ્વરૂપકો જાનતા હૈ, રાગકે રસસે નહીં, અપના આનંદકા રસસે અપનેકો જાનતે હૈ.

સચ્ચિદાનંદ પ્રભુ અપના, આહાહા... રાગસે ભિન્ન આનંદ રસસે અપના જાનનેમેં કયું આતે નહીં ? આહાહા ! અપને સ્વરૂપકો જાનતા હૈ. આહાહા ! જ્ઞાન આત્મા અપને સ્વરસસે, સ્વરસસે સ્વયં, પરકી અપેક્ષા બિના, આહાહાહા... રાગકી મંદતા થી તો યહાં સ્વરૂપકા અનુભવ હુઆ એ અપેક્ષા હૈ નહીં. આહાહાહા... જબ જ્ઞાન અપને સ્વરસસે રાગકા રસસે પ્રભુ તેરી ચીજ ભિન્ન હૈ ને અંદર, ઐસા કહા તો અપને આનંદરસસે અપનેકો કયું નહીં જાનતે ? આહાહાહા... ઐસા કહકર અપના અનુભવમેં આનંદ આતા હૈ, આનંદસે આત્માકા જ્ઞાન હુઆ. આહાહાહા... સ્વયં અપને સ્વરૂપકો જાનતા હૈ અવશ્ય જ્ઞાન અપને આત્માકો પરસે ભિન્ન હી બતલાયા હૈ. આહાહાહા... કોઈ દીર્ઘ સંસારીકે, એ કાંઈ નહીં આંહી એ વાત નહીં આંહી એ નહીં. આહાહા !

જાુઓ તો આ કળશ તો, જુઓ જેમ મંદિર ઉપર કળશ સોનાનો ચડાવે જેમ એમ આ ટીકા ઉપર કળશ ચડાવ્યો. પ્રભુ તેરી ચીજ તો હૈ ને નાથ જીવતી જ્યોત અપના જ્ઞાન ને આનંદ સ્વરૂપે જીવતી જ્યોત ચૈતન્ય હૈ એ રાગસે જીતે હૈ ને પરસે જીતે હૈ ઐસા નહીં હૈ. અપના સ્વરૂપ જીવન અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા ઉસસે તેરા જીવન હૈ ને ! આહાહાહા... ઐસા જીવનકો કોણ નહીં પકડે, એમ કહતે હૈ, અરે આમાં વાદ ને વિવાદ ને ઝઘડાને અવકાશ ક્યાં છે ? સમજમેં આયા ?

ઈસપ્રકાર અપ્રતિબુદ્ધે, અજ્ઞાનીએ યહ કહા થા કે હમારા તો યહ નિશ્ચય હૈ કિ શરીર યે હી રાગાદિ શરીર યે હી આત્મા હૈ હમને તો યહ રાગાદિ શરીર આત્મા( હૈ ) ઉસકા નિરાકરણ કર દિયા, ( ક્યા કહા ) ઉસકા નિરાકરણ કર દિયા. આહાહા ! ઈસ પ્રકાર યહ અજ્ઞાની જીવ અનાદિ કાલિન મોહકે સંતાનસે મોહકી સંતાન પુન્ય પાપ રાગ દ્વેષ આદિ ( સહિત ) નિરુપિત

આત્મા, ઔર શરીરકે એકત્વકે સંસ્કારસે અત્યંત અપ્રતિબદ્ધ થા, દેખો કોઈ કહેતે હૈ આ સમયસાર તો મુનિકે લિયે હૈ, યહાં તો અત્યંત અપ્રતિબુદ્ધ થા. આહાહા! અરે, એકત્વકે સંસ્કારસે રાગ ને શરીર, કયુંકિ દેખનેવાલાએ દેખનેવાલેકો દેખા નહીં, જાનનેવાલેકો જાનનેવાલા જાના નહીં, આને ( પરને ) જાણે છે તો એ સંસ્કાર રહી ગયા ઉસકો. રાગકો જાના, શરીરકો જાના, યહ મૈં હું. સમજમેં આયા ? પણ જાનનેવાલા( ને ) જાનનેવાલેકો જાના નહીં, જાણનારને જાણ્યા નહીં, દેખનારને દેખ્યા નહીં. આહાહા !

વહ તત્ત્વજ્ઞાન સ્વરૂપ જ્યોતિકા પ્રગટ ઉદય હોનેસે, વહ જબ તત્ત્વજ્ઞાન સ્વરૂપ જ્યોતિ, ભગવાન આનંદની ચૈતન્ય જ્યોતિ, પ્રગટ ઉદય હોનેસે નેત્રકે વિકારકી ભાંતિ, જૈસે કિસી પુરુષકી આંખોમેં વિકાર થા તબ ઉસે વર્ણાદિક અન્યથા દિખતે થે, વિકાર થા આંખમેં તબ વર્ણાદિક અનેક પ્રકાર દિખતે હૈ, કમળો હોતા હૈ ન કમળો, પીલિયા વો સબ ચીજ પીલી દિખતી હૈ, ઔર જબ નેત્ર ( કા ) વિકાર દૂર હો ગયા, તબ યે જ્યોં કે ત્યોં યથાર્થ દિખાઈ દેને લગે. આહાહાહા... ઈસી પ્રકાર પટલ સમાન આવરણ કર્મકે ભલિભાંતિ ઉખડ જાનેસે રાગાદિકી એકતાબુદ્ધિકા નાશ કરકે, આહાહાહા... પ્રતિબુદ્ધ હો ગયા ! મિથ્યાશ્રદ્ધામેં, મિથ્યાજ્ઞાનમેં પર વસ્તુ અપની હૈ ઐસે દિખતે થે, જેમ કમળાવાળાકો પીળા દિખતે હૈ સબ, પટલ સમાન આવરણ, આહાહા... હૈ ! વિકારકી ભાંતિ, પટલ સમાન આવરણ કે કર્મોકે ભલીભાંતિ ઉખડ જાનેસે, પ્રતિબુદ્ધ હો ગયા ઔર સાક્ષાત્ દૃષ્ટા અપનેસે હી અપનેકો જાનકર, અપનેસે અપનેકો જાનકર આ આનંદ ને જ્ઞાન ને દર્શન પર્યાયસે અપનેકો જાનકર, આહાહા... તથા શ્રદ્ધાન કરકે અનુભવ હુઆ, સમ્યગ્દર્શન હુઆ, અનુભવ, ઉસીકા આચરણ કરનેકા ઈચ્છુક, આહાહા... હજી અસ્થિરતા બાકી હૈ. સમ્યગ્દૃષ્ટિકો અનુભવી કો ભી હજી રાગભાગ બાકી હૈ, દોષ હૈ, દુઃખ હૈ, અસ્થિરતા હૈ, આહાહા... આહાહા... શ્રદ્ધાન કરકે ઉસીકા આચરણ કરનેકા, હજી સમ્યગ્દર્શન હુએ પણ અંદર રાગ હૈ હજી, અવ્રતકા રાગ હૈ, શુભકા રાગ હૈ, અશુભરાગ હૈ, ધર્મીકો અનુભવીકો ભી ભોગકી વાસનાકા રાગ હૈ, આહાહાહા... એ છોડકર સ્વરૂપકા આચરણ કરનેકા ઈચ્છુક, સમજમેં આયા ? આહાહાહા... ઉસીકા આચરણ કરનેકા અર્થાત્ જૈસા જ્ઞાનસ્વરૂપ ભગવાન પરસે ભિન્ન દેખા ઉસકા આચરણ કરનેકા અભિલાષી, હજી ઉસકા ભાન હુઆ પણ હજી આચરણમેં રાગ પુન્ય પાપકા ભાવ આચરણમેં આતા હૈ. આહાહા ! અનુભવી સમકિતી જ્ઞાનીકો, ક્ષાયિક સમકિતીકો ભી. સમજમેં આયા ? આહાહાહા... જ્ઞાની જાણતે હૈ કે અભી મેરી પર્યાયમેં રાગ હૈ, દુઃખ હૈ, મેરે યહ દુઃખકા આચરણ છોડકર આનંદકા આચરણ કરના હૈ મેરેકો. આહાહા... શું સ્પષ્ટતા, એ સમ્યગ્દર્શન હુઆ, અનુભવ હુઆ, તો પણ ( પૂર્ણતા નહીં ) ઉસીકા આચરણ કરનેકા તો હજી આચરણ હુઆ નહીં અંદર, ચારિત્ર હુઆ નહીં, પ્રત્યાખ્યાન લેના હૈ. પ્રત્યાખ્યાન નામ રાગકા અભાવ હોકર જ્ઞાન સ્વરૂપ જ્ઞાનમેં રમેં ઐસી દશા હજી હુઈ નહીં, આહાહાહા... ઓહોહો ! સંતોએ તો અમૃત રેડયા છે. આહાહા ! કયા કહા ? રાગ શરીરાદિસે ભિન્ન ભગવાન આત્મા અનુભવમેં આયા કે જ્ઞાનાનંદ મૈં હું, ઐસા સમકિત દર્શન હુઆ, છતેં રાગકા હજી આચરણ પર્યાયમેં હૈ, એ દુઃખરૂપ આચરણ હૈ, એ અપના સ્વરૂપકા આચરણકા ઈચ્છુક પુરુષ પૂછતા હૈ. આહાહાહા...

સમકિતી જ્ઞાની, અનુભવી એ ભી અપના સ્વરૂપકા આચરણ એટલે સ્થિરતા કરના પ્રત્યાખ્યાન કરના ચારિત્ર નહીં હૈ. પર્યાયમેં રાગ હૈ, દુઃખ હૈ, અપ્રત્યાખ્યાન હૈ, અવ્રતભાવ હૈ, આહાહા... આહાહાહા... આપકો અપનેસે જાનકર જ્ઞાન ને શ્રદ્ધા દોહી હુઆ, સમ્યગ્જ્ઞાન ભી હુઆ સમ્યગ્દર્શન ભી હુઆ. હવે ઉસીકા આચરણ કરનેકા હજી ઉસમેં ચારિત્ર નહીં, અચારિત્રભાવ હૈ, અપ્રત્યાખ્યાનભાવ હૈ, પ્રત્યાખ્યાન નહીં. સ્વરૂપમેં ઠરના રાગકો તજકર છોડકર નિરાકરણ કરકે અપને સ્વરૂપમેં રમના એ નહીં. આહાહા... તો એ પૂછતા હૈ સમકિતી પૂછતા હૈ ધર્મી જીવસે અનુભવી હૈ યે પૂછતે હૈ. આહાહા... ઉગ્ર પુરુષાર્થ કરના હૈ ને ? ઈસ આત્મારામકો અન્ય દ્રવ્યોકા પ્રત્યાખ્યાન ત્યાગના એ કયા હૈ પ્રભુ ? એકતા તો તૂટ ગઈ હૈ, હમકો આત્માકા જ્ઞાન હુઆ પણ રાગકા ત્યાગ હમેં નહીં તો રાગકા ત્યાગ કિસ તરહસે હોતા હૈ ?

– વિશેષ કહેગા. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૯૭ શ્લોક - ૨૮ ગાથા - ૩૪

### ભાદરવા વદ-૧૪ તા. ૧-૧૦-૭૮ સં.૨૫૦૪

સમયસાર, તેત્રીસ ગાથાનું આખિર છે ને ? વંચાઈ ગયું છે પણ ફરીને, “ઈસ પ્રકાર એ અજ્ઞાની જીવ ત્યાંથી હૈ ને ? અજ્ઞાની જીવ અનાદિકાલીન મોહકે સંતાનસે” મિથ્યાશ્રદ્ધા અને રાગદ્વેષ મોહના સંતાનસે નિરુપિત આત્મા અથવા તેરૂપે માનનેવાલા આત્મા અથવા અજ્ઞાની. “એ આત્મા ને શરીરના એકત્વ સંસ્કાર” ભગવાન જ્ઞાયક ચૈતન્ય સ્વભાવી જ્ઞાયક સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ, ઉસકી સાથ શરીર કર્મ ને કર્મના નિમિત્તની ઉપાધિ, શુભઅશુભભાવ આદિ, “ઉસકા એકત્વ સંસ્કારસે અત્યંત અપ્રતિબુદ્ધ થા” અત્યંત અજ્ઞાની થા. અપના સ્વરૂપ કયા હૈ, ગુણ કયા હૈ, પર્યાય કયા હૈ, રાગ કયા હૈ, પર કયા હૈ, યહ બિલકુલ જાનતે નહીં. આહા !

( શ્રોતાઃ– બધાય જીવો એવા છે ) બધાય જીવો એ રીતે જ છે અનાદિસે. આહાહાહા ! સર્વજ્ઞ સ્વભાવી જ્ઞાયકનું અસ્તિત્વ, મોજૂદગી ચીજ હૈ ઉસકો ન જાનકર પુન્ય ને પાપના રાગાદિ ભાવ અને કર્મ ને શરીરાદિ યે મેરા હૈ ઐસા સંસ્કાર, મેરા આનંદ ને જ્ઞાન હૈ એ સંસ્કાર નહીં, આહાહાહા ! રાગ ને પુણ્ય ને પાપના વિકલ્પ એ મેરા હૈ ઐસા એકત્વ સંસ્કાર, એ કારણે અત્યંત અપ્રતિબુદ્ધ થા. આહાહાહા !

એ અબ તત્ત્વજ્ઞાનસ્વરૂપ જ્યોતિકે પ્રગટરૂપ ઉદય હોનેસે, પ્રભુ તું તો રાગ અને શરીરસે ભિન્ન હૈ ને નાથ ! આહાહા... તેરી ચીજમેં તો અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ પૂરણ પડી હૈ ને પ્રભુ ! તું રાગસે અને શરીરસે ભિન્ન હૈ એમ સંતોએ જાહેર કર્યો. આહાહાહા ! ઉસકો ત્યારે ઉસકો અંતરમેં જાકર આત્મા જ્ઞાયક સ્વરૂપ ચૈતન્યબિંબ રાગ ને પુણ્યના વિકલ્પની દુઃખદશાસે ભિન્ન, આનંદસ્વરૂપ પ્રભુ. આહાહાહા... ઐસા તત્ત્વજ્ઞાન ભાન હુઆ, સમ્યગ્દર્શન હુઆ. તત્ત્વ જ્ઞાનસ્વરૂપ જ્યોતિ, ચૈતન્ય જ્યોતિ પ્રગટ હુઈ. આહાહાહા ! જે પુણ્ય ને પાપ ને રાગાદિના સંસ્કાર મેરા હૈ, ઐસા પ્રગટ થા, ઉસકે સ્થાનમેં ભગવાન રાગસે ભિન્ન મેરી ચીજ હૈ, ઐસા તત્ત્વજ્ઞાનકા સ્વરૂપ પ્રગટ હુઆ. આહાહા !

નેત્રકે વિકારકી ભાંતિ, આંખમાં જેમ શું કહેવાય છે ? ( પીલિયા ) પીળીયા અમારે કમળો કહે છે; કમળાને કારણે જો સફેદ ચીજ ભી પીળી દિખતી થી, એ વિકાર નાશ હોનેસે, તબ વે જ્યોંકા ત્યોં યથાર્થ દિખાઈ દેને લગે, જૈસી ચીજ થી વૈસી દેખને લગે, આંખકા વિકાર નાશ હોનેસે, ઐસે એ તો દૃષ્ટાંત "પ્રગટ સામાન્ય આવરણ કર્મ ભલી ભાંતિ ઉઘડ જાનેસે". આહાહા ! એ ઉઘડી જાય છે અને નાશ થાય છે. કર્મોકે ભલીભાંતિ ઉઘડ જાનેસે પ્રતિબુદ્ધ હો ગયા, એકત્વબુદ્ધિકા નાશ હુઆ એ કર્મકા થા. આહાહા... ઐસા આત્મા પ્રગટ તત્ત્વજ્ઞાનસે પ્રગટ હુઆ, મૈં તો આનંદ ને જ્ઞાન હું, મેરેમેં અલ્પજ્ઞતા હી નહીં ઔર રાગાદિ મૈં નહીં ઐસા અનુભવ દૃષ્ટિમેં આયા. હૈ ? પ્રતિબુદ્ધ હો ગયા, જ્ઞાની હો ગયા. સમ્યગ્દૃષ્ટિ હુઆ. આહાહા ! ઔર સાક્ષાત્ દ્રષ્ટા આપકો અપનેસે જાનકર સાક્ષાત્ પ્રભુ તો દેખનેવાલા દ્રષ્ટા હૈ, રાગાદિ પર ચીજ તો દૃશ્ય હૈ, મૈં તો દ્રષ્ટા હું. રાગાદિ શરીરાદિ પર ચીજ તો જ્ઞેય હૈ, મૈં તો જ્ઞાતા હું. આહાહા ! આપકો અપનેસે હી જાનકર, દેખો ભાષા, ભગવાન જ્ઞાનસ્વરૂપ આનંદસ્વરૂપ પ્રભુ, આપ અપનેકો અપનેસે, અપનેકો અપનેસે અપની જ્ઞાન આનંદની પર્યાયસે અપનેકો જાના. આહાહાહા ! રાગસે આત્મા જાનનેમેં આતા હૈ ઐસા આત્મા હૈ હી નહીં એમ કહતે હૈ. એ અપનેસે ભગવાન જ્ઞાન પ્રવાહ ધ્રુવ એ ઉપર દૃષ્ટિ કરનેસે જો જ્ઞાનકી પર્યાય નિર્મળ હુઈ એ દ્વારા અપનેકો અપનેસે જાના. આહાહાહા ! ( શ્રોતાઃ- ઇન્દ્રિયજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનનું શું ? ) એ બહાર ગયું દૂર. ઇન્દ્રિયજ્ઞાન અને શાસ્ત્રજ્ઞાન એ બધા દૂર રહી ગયા. આવી વાત છે પ્રભુ.

આપકો અપનેસે હી જાનકર, અપના સ્વરૂપ જાના, જ્ઞાનકી સાથમેં જો રાગ ભી બાકી હૈ દુઃખ, વો ભી જ્ઞાને જાના. પહેલે તો ઉસકો ભી નહીં જાનતે થે ઔર અપનેકો ભી નહીં જાનતે થે. આહાહાહા ! આપકો અપનેસે જાનકર અપના જ્ઞાનાનંદ સ્વભાવ મૈં હું ઐસા જાના ઔર ઉસમેં રાગાદિ બાકી હૈ. દુઃખરૂપ હૈ ભિન્ન હો ગયા પણ અસ્થિરતા બાકી રહી ગઈ. આહાહાહા ! તો સમ્યગ્જ્ઞાની જીવ, સમ્યગ્દૃષ્ટિજીવ, અપનેકો અપનેરૂપે જાના, જ્ઞાનકી પર્યાય આનંદકી પર્યાય હુઈ ઉસકો એ પર્યાયરૂપે જાના ઔર રાગ બાકી રહા એ દુઃખરૂપ હૈ ઉસકો ભી જાના. આહાહા ! મેરેમેં હજી દુઃખકા ત્યાગ નહીં, ( શ્રોતાઃ- વેદન ખરું કે નહીં ) વેદન હૈ ને પ્રભુ એ માટે તો કહતે હૈ. સમ્યગ્દૃષ્ટિકો દુઃખકા વેદન હૈ એમ જાના, મૈં આત્મા હું ઐસા આનંદકા ભી વેદન આયા, ઔર સાથમેં રાગદ્વેષ પરિણામ હૈ અવ્રતભાવ, અત્યાગભાવ, દુઃખભાવ ઉસકો વેદનમેં મેરે આયા, એ ભી જાના. સમજમેં આયા ? આહાહાહા !

મને સવારમાં શ્રીકૃષ્ણકી બાત આજે આઈ થી બહોત. તીર્થંકરના આત્મા હૈ વો તો શ્રીકૃષ્ણ તીર્થંકરનો જીવ છે. આહાહાહા ! ભગવાનકે વખતમેં ઉસકો આત્મજ્ઞાન હુઆ થા, સમ્યગ્દર્શન હુઆ થા. નેમનાથ ભગવાનના વખતમાં, આહાહા... ભાન હુઆ થા મૈં તો આત્મા હું અને એ તો ભવિષ્યમે તીર્થંકર હોનેવાલા હૈ, તેરમા તીર્થંકર આગામી ચોવીસીમાં, ભગવાન હોનેવાલા હૈ. પણ પહેલે ( નિજકા ) ભાન હુઆ. આહાહાહા... અને જબ, જ્યારે દ્વારકાનગરી સળગે છે સોનાના ગઢ ને રતનના કાંગરા દેવતાએ બનાવ્યા. એ લાખો રાજકુમારો લાખો રાણીઓ એ દ્વારકા સળગી એમાં સડસડસડ સડસડ બળદેવ, વાસુદેવ મહાપુરુષો, ઉત્તમ પુરુષો એ પાણીના હિલોળા નાખે છે ઠારવા એ પાણી ગ્યાસતેલ બન જાતે હૈ. ( શ્રોતાઃ- તે દિ' તો

ગ્યાસતેલની શોધ નહોતી થઈ ) શોધ નહીં થી પણ. ગ્યાસતેલની ( જેમ ) બાળે ઐસી તાકાત હોતી હૈ પાનીમેં, જબ પાની ગ્યાસતેલ અંદરમેં હોતા હૈ ન કૂવામેં પાણીના ઠેકાણે ગ્યાસતેલ હોય છે એમ પાણીના ગ્યાસતેલ હો ગયા. આહાહાહા !

એ લાખો રાણીઓ અને લાખો રાજકુમારો બળે, અરે મને બચાવો રે બચાવો ભાઈ પિતાજી મને બચાવો, કોણ બચાવે ? આહાહાહા ! ( શ્રોતાઃ– ગુરુ બચાવે ) એ તો અંતરમાં શરણમાં જાય તો આત્મા બચાવે, બાકી કોઈ નહીં. આહાહા. એ ભાઈ સળગે છે. આહાહા ! ( દ્વારકા ), માબાપને રથમાં બેસાડી બહાર કાઢતે હૈ માબાપને તો નિકાળીએ. આહાહા... બળદેવ ને વાસુદેવ બળદની પેઠે રથને હાંકે ( છે ) પિતાજી માતાજી બેઠે હૈ, જ્યાં દ્વારકાના છેલ્લા દ્વાર આયા દરવાજા ઉપરસે હુકમ આયા સ્વર્ગસે દેવકા, છોડ દો નિકાલના. તેરા મા બાપ નહીં બચે, છોડ દો, એ ભાઈ એ રાગ છોડ દેતે હૈ માતા પિતાકા આમ સળગતે હૈ, બળતે હૈ. આહાહાહા ! એ જ્ઞાની ધર્માત્મા હૈ. આહાહાહા ! પણ રાગ આતા હૈ, રાગ હૈ ને ? અસ્થિરતાકા રાગ હજી દુઃખ હૈ આ માતાને દેખીને. અરરર !

એ બળદેવને કૃષ્ણ કહે છે, ભાઈ જેની આઠ હજાર દેવ સેવા કરતે થે. આહાહાહા... એ દેવ ક્યાં ગયા ? જેને રાજાઓ હજારો ચામર ઢાળતે થે, આહાહાહા ! ભાઈ આપણે ક્યાં જઈશું શ્રી કૃષ્ણ કહે છે. બળદેવ કહે છે ભાઈ આપણે પાંડવ પાસે જઈએ. ભાઈ આપણે પાંડવને દેશનિકાલ કિયા હૈ ને ? ભલે દેશનિકાલ કિયા ( પણ ) એ સજ્જન છે આપણે ત્યાં જઈએ. આહાહા... આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વસ્તુ છે. રસ્તામાં જાય છે ત્યાં તૃષા લાગે છે. તીર્થંકરનો જીવ અને આત્મજ્ઞાની. આહાહાહા ! એ તૃષા લાગે છે, ભાઈ એ કૌસંબી વનમાં પગ ભરી શકતો નથી ભાઈ હું, મને તૃષા બહુ લાગી છે હવે હું પગનો ડગ નહીં ભરી શકું. આહાહા ! ભાઈ તમે અહીં રહો, હું પાણી લાવું બળદેવ કહે છે. ત્યાં લોટા–લોટા ક્યાં હતા ત્યાં ? વડના પાનને ભેગાં કરી સળી નાખીને લોટા જૈસા બનાયા, બોંત્તેર કળાના જાણનાર બળદેવ પાણી લેવા ગયે, કૃષ્ણ અહીં સોતે થે મહા ઉત્તમપુરુષ હૈ પગમાં પદ્મમણી હૈ પગમાં, ઉસકા ભાઈ બાર વરસસે વનમાં રહેતે થે જરતકુમાર, ભગવાને કહા થા કિ આ જરતકુમારકે કારણ કૃષ્ણકા શરીર પડ જાયેગા, બાર વરસ સુધી બહાર રહે એ જાણે કે આ હરણ હૈ, આમ નજીક આવે ત્યાં પ્રભુ આપ યહાં કહાંસે, મેં બાર બાર વરસસે જંગલમાં રહતે થે. આ કયા ? આહાહાહા ! રોવે છે, ભાઈ તું ચાલ્યો જા અહીંથી બાપુ બળદેવ હમણાં આવશે તો તને મારશે. ભાઈ, હું કહાં જાઉં, કૌસ્તુભમણિ છે બહુ કિંમતી અબજો અબજો અબજો રૂપીયાની કિંમતના અબજોમેં ન મિલે ઐસી, વાસુદેવ છે ને ઉત્તમ પુરુષ છે ને આ લઈને પાંડવો પાસે જા, બતાવજે તને રાખશે. આહાહાહા ! એ જાય છે ને જ્યાં બળદેવ આવે છે એ ત્યાં, ત્યાં દેહ છૂટી જાય છે. આહાહાહા !

એ તરસે તરફડે ત્રિકમો નહીં કોઈ પાણીનો પાનાર એ સજ્જાય આવતી અમારે દુકાને વાંચતા ને જ્યારે તરસે તરફડે ત્રિકમો, સમકિતી જ્ઞાની આનંદમેં રહનેવાલા પણ હજી રાગનો ત્યાગ નથી અસ્થિરતાનો, એટલે... આહાહાહા... નહીં કોઈ પાણીનો પાનાર રે, સહજાનંદી રે આત્મા, સૂતો કહીં નિશ્ચિંત રે, મોહ તણા રે રણીયા ભમે, જાગ જાગ મતિવંત રે, આ સજ્જાય આવતી અમારે ચાર સજ્જાયમાળા હૈ શ્વેતામ્બરમાં તો એકએકમાં બસો અઢીસો શ્લોક આવે.

હમે નિવૃતિ થી, પિતાજીની દુકાન થી, છોટી ઉંમરમેં સબ અઢાર ઓગણીસ વરસે હમ તો આ જ કરતા હતા. વેપાર ભી કરતે થે. આહાહાહા ! આહાહા. "જાગ જાગ મતીવંત લુંટે જગતના જંત" આ લૂંટારા ધુતે છે તને આ મારી બાયડી ને આ મારો છોકરો ને હું તારો બાપ. આહાહાહા ! "નાંખી વાંક અનંત" પરણ્યા 'તા શું કામ ત્યારે જુવાન અવસ્થામાં મને પરણ્યા તો ઘરડાને પરણવી 'તી ને ભોગનો ત્યાગ કરો છો તો. આહાહાહા ! "નાખી વાંક અનંત વિરલા કોઈ ઉગરંત". આહાહા !

એ શાંતિનાથ ભગવાન જ્યારે દીક્ષિત થાય છે ચક્રવર્તી, કામદેવ, તીર્થંકર છન્નુંયે હજાર સ્ત્રીઓ એકએક સ્ત્રીની હજાર દેવ સેવા કરે ત્યાં એને વૈરાગ્ય થાય છે, હવે અહીં પ્રત્યાખ્યાનની વાત ચાલે છે ને ? આત્મજ્ઞાન તો હૈ, સમ્યગ્દર્શન તો હૈ, આહાહાહા ! હવે રાગના ત્યાગની વાત, રાગ હૈ, હજી દુઃખ હૈ ખ્યાલમેં આયા હૈ સબ જ્ઞાનીકો, હવે એ રાગકા ત્યાગ કરનેકા ભાવ આયા. આહાહાહા ! સમજમેં આયા ? જંગલમેં જાતે હૈ તો રાણીયોં આતી હૈ ઔર ઝંટીયા તાણતી હૈ (વાળ), હે સ્ત્રીઓમેં રહા થા, વો તુમ્હારે કારણે નહીં રહા થા. મૈં રાગકે કારણ મૈં રહા થા, મૈં સમકિતી હું, જ્ઞાની હું પણ મેરેમેં રાગ થા મેરેમેં દુઃખ થા, મેરે ખબર હૈ ભાઈ. આહાહા... હૈ રાણીઓ એ મેરા રાગ મર ગયા હવે, હવે તુમ મેરેકો લલચા નહીં સકતી, છોડ દે, ચલી જા મૈં તો આત્માકે આનંદમેં જાતા હું. આહાહા... સમ્યગ્દર્શન તો હૈ, તીન જ્ઞાન હૈ, આહાહાહા... પણ અંદર રાગકા ભાવ પુણ્ય પાપકા ભાવ દુઃખરૂપ થા, એ જાનનમેં થા કે મેરે દુઃખ હૈ મેરે આનંદ ઈતના નહીં આયા, જૈસા પૂર્ણાનંદકા નાથ ભગવાન ઉસકા અવલંબનસે પૂર્ણાનંદ હોના ચાહીએ એ મૈંરેમેં નહીં હૈ, આહાહાહા... મૈરેમેં તો અલ્પ આનંદ આયા ઔર સાથમેં દુઃખ ભી મેરે દિખતે હૈ વેદનમેં, આહાહા... ઐસા જીવ એ તો તીર્થંકર થા એની તો વાત કયાં કરવી, પણ ઐસા જીવ અપનેકો જાનકર ઔર શ્રદ્ધાન કરકે, આહાહાહા ! ઉસીકા આચરણ કરનેકા ઈચ્છુક વો જાનતે હૈ કે મેરેમેં હજી રાગદ્વેષ પુણ્ય પાપકા દુઃખરૂપકા આચરણ મૈરેમેં હે, તો હવે એ સ્વભાવકા આચરણ કરનેકા કામી સમકિતી, આહાહાહા... બધું શૂન્ય લાગે પછી એને, મારો નાથ ભગવાન આનંદથી ભરેલો ત્યાં મેં જાઉં. આ રાગાદિ પુણ્ય પાપકા ભોગકા ભાવ એ દુઃખરૂપ મેરે વેદનમેં આતા હૈ. આહાહાહા ! એ ઉસીકા આચરણ, રાગકા, પુણ્યભાવકા આચરણ થા અભી, જ્ઞાની સમકિતીકો ભી, આહાહાહા... ઈતના શુભઅશુભભાવકા આચરણ, દુઃખરૂપમય વેદનમેં આતા હૈ, તો હવે એ કહતે હૈ, સમકિતી જ્ઞાની, આહાહાહા... આચરણ કરનેકા ઈચ્છુક, મેરા આનંદકા નાથમેં મૈં રમું એ આચરણ કરનેકા કામી. આહાહાહા ! સમજમેં આયા ? સમ્યગ્દૃષ્ટિ હૈ, સમ્યગ્જ્ઞાન હુઆ હૈ, અનુભવ હુઆ એ ઈચ્છા કરતે હૈ ગુરુ પાસે જાકર. આહાહાહા... અનુભવી હૈ, જ્ઞાની હૈ, રાગકા ઔર આનંદકા વેદનવાલા હૈ, એ અપના સ્વરૂપકા આચરણ કરનેકા ઈચ્છુક, આહા ! પાઠમેં હૈ ને "ચૈવાનુચરિતકુમાઃ" સંસ્કૃતમાં હૈ કામ. મારો પ્રભુ આનંદ સ્વરૂપમેં મેરે ભાન હુઆ હૈ મેં મેરા આનંદમેં રમનેકા આચરણકા અભિલાષી હુઆ હું. આહાહાહા ! સમજમેં આયા ? નિજ પદ રમેં સો રામ કહીએ, આહાહા... આનંદકા નાથમેં રમનેકી ઈચ્છા પ્રભુ મેરે હુઈ હૈ. આહાહા... આતમરામ ! આનંદના હિલ્લોળે ઝુલતો તો, આહાહાહા... મેરેમેં યે રાગ ને દ્વેષકા દુઃખ હૈ એ મેરે આચરણમેં હૈ અવ્રતકા ભાવ, હવે મેં તો

મેરા સ્વરૂપકા આચરણ કરનેકા અભિલાષી હું પ્રભુ. આ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની તીન જ્ઞાનકા ઘણી ભી ઐસી ( ભાવના ભાતે હૈ. ) આહાહાહા...

આ ઉસીકા આચરણ મેં આનંદ પ્રભુ, સર્વજ્ઞ સ્વરૂપી અનંત આનંદના નાથ સ્વરૂપી મૈં, ઐસા મેરે જ્ઞાન હુઆ, અનુભવ હુઆ, ભાન હુઆ, પણ મેરા હજી આચરણમેં રાગ અને દ્વેષકા આચરણ હૈ યે દુઃખકા આચરણ હૈ મેરે પ્રભુ, તો મેરે હવે મેરા આનંદકા આચરણ કરનેકા મૈં અભિલાષી, એ દુઃખકા આચરણકા દુઃખકો છોડનેકા ત્યાગનેકા મૈં અભિલાષી હોતા હુઆ પૂછતા હૈ, આહાહાહા... હૈ ? સમ્યક્‌દૃષ્ટિ, જ્ઞાની ધર્માત્માકો પૂછતે હૈ, ઓહોહો ! એટલો તો વિનય છે. કામી તો હૈ ઈચ્છા તો હૈ. ઈચ્છા ઉત્પન્ન હુઈ, વિકલ્પ તો હૈ, આહાહા ! ઔર ગુરુકો વિનય કરતે હૈ વો ભી વિકલ્પ હૈ, રાગ હૈ, દુઃખ હૈ, આહાહાહા... એ અપના આચરણ કરનેકા ઈચ્છુક હોતા હુઆ, ઉસીકા નામ જિનકી શ્રદ્ધા જ્ઞાન આત્માકા હુઆ, ઉસકા આચરણ કરનેકા અભિલાષી, હવે અર્થાત્ અપની પર્યાયમેં રાગ ને દ્વેષકા આચરણ શુભઅશુભકા હૈ. અવ્રતભાવ હૈ, અત્યાગભાવ હૈ, અત્યાગભાવકા વેદન હૈ, આહાહા ! એ મેરા સ્વરૂપકા આચરણ કરનેકા મૈં અભિલાષી ગુરુકો પૂછતે હૈ. આહાહા... એલા સમ્યગ્દર્શન હુઆ, સમ્યગ્જ્ઞાન હુઆ તો તેરે તો સબ ખબર હૈં, હૌ. સત્તર અઢાર ગાથામાં આતે હૈ ને ? સમ્યગ્દર્શન હુઆ મૈં આત્મા આનંદ હું તો એ શ્રદ્ધામેં ઐસા આયા કિ મૈં ઉસમેં આચરણ કરુંગા તો કર્મકા નાશ હોગા, ઐસી શ્રદ્ધામેં આયા હૈ, ૧૭–૧૮ ગાથામાં સમયસાર ઉસમેં ઐસા આયા હૈ.

ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપકા ભાન હુઆ. આહાહા ! સમજમેં આયા ? હવે એ અંદરમેં જાનેકા અભિલાષી સ્વરૂપમેં રમણ કરનેકા, આહા... તો એ ધર્મી સમકિતી જીવ મુનિકો પૂછતે હૈ, શ્રદ્ધામેં તો આયા હૈ, કિ મૈં જિતના સ્વરૂપમેં રમુંગા અંદરમેં ઈતના અશુદ્ધતાકા કર્મકા નાશ હોગા. ઐસી તો સમ્યગ્દર્શનમેં શ્રદ્ધામેં આ ગયા હૈ, એ ૧૭–૧૮ ગાથામાં હૈ. સમજમેં આયા ? આહાહાહા !

મારગ તો જુઓ, આહાહાહા... મેરી ચીજ, મૈં શુદ્ધ ચૈતન્ય હું, અતીન્દ્રિય અપરિમિત સર્વજ્ઞ સ્વભાવી, જ્ઞાયક સ્વભાવી કહો, સર્વજ્ઞ સ્વભાવી કહો, "જ્ઞ" સ્વભાવી કહો, જ્ઞાન સ્વભાવી અકેલા આત્મા, ઐસા મેરેકો ભાન હુઆ હૈ, પણ પ્રભુ મેરે આચરણમેં રાગ ને પુણ્ય પાપકા આચરણ હજી પર્યાયમેં હૈ, અવ્રતભાવ, અત્યાગભાવ હૈ. સમજમેં આયા ? આહાહાહા... એ મેરે સ્વરૂપકા આચરણ કરનેકા મૈં અભિલાષી હું અને આ રાગાદિકા દુઃખકા આચરણ છોડનેકા મૈં અભિલાષી પ્રભુ હું. આહાહા ! એ પૂછતા હૈ તો વિકલ્પ હૈ ને ? બાલચંદજી ! ગાથા બહોત અચ્છી આ ગઈ હૈ. આહાહાહા... આનંદનો નાથ જાગીને ઊઠે છે અંદરથી, આહાહા... ત્યારે એમ કહે છે, કે પ્રભુ મારે તો હવે મેરા સ્વરૂપકા આચરણ કરનેકા મૈં કામી હું, મેરી પર્યાયમેં અત્યાગભાવ ભોગભાવ–રાગભાવ, પાપભાવ, પુણ્યભાવ ઉસકા મેરી પર્યાયમેં અવ્રતકા આચરણ હૈ. દુઃખકા આચરણે હૈ યે મેરા જ્ઞાનમેં આયા હૈ, મેરી પ્રતીતમેં આયા હૈ, જ્ઞાનમેં આયા હૈ, પણ હવે મૈં તો મેરા સ્વરૂપમેં આચરણ કરનેકા કામી હું. આહાહાહા !

કહો ક્ષાયિક સમકિતી હોય, આહાહાહા... શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી આહાહા... પણ મૃત્યુકાળે દેહ છોડનેકા રાગ આ ગયા, આપઘાત કિયા, છતાં સમકિતમાં દોષ નહીં, ઔર એ

સમયે તીર્થંકર ગોત્ર બાંધે એમાં ફેર નહીં, આહાહાહા... એવા શ્રેણિક રાજા અહીંયા તીર્થંકર થવાના ભવિષ્યમાં, અરે રે ! તીર્થંકરના જીવને પણ આ દશા ? આહાહા ! સમ્યગ્દર્શન હૈ, સમ્યગ્જ્ઞાન હૈ, ઓહોહોહો ! લડકા બચાનેકો આતા હૈ પિતાજીકો, મૈંને જેલમેં નાખ્યા મેરી બડી ભૂલ હુઈ, માતાજીએ મને ચેતાવ્યો, ભાઈ તેરા જન્મ હુઆ તબ મૈંને કચરેકે ઢેરમેં તેરેકો નાખ દિયા થા, ત્યાં પિતાજી આવ્યા મેરેકો પૂછયા બાળક ક્યાં ગયા ? મૈંને નાખ દિયા હૈ, અરેરે ! નાખ કયું દિયા એ મેરે પેટમેં આયા થા તબ મેરે સપના આતા થા કે આપકા કાળજા ખાઉં એ કારણ મૈંને બાળકકો છોડ દિયા. અરે ! આહાહાહા ! એ ઉકરડેથી બાળકને લઈ આવે છે રાજકુમાર ( કો ). આહાહાહા ! કુકડા-કુકડા હોતા હૈ ને કુકડા ચાંચ મારે છે શરીર કુણુ રાજકુમારનું, પીડા પીડા પીડા ત્યાં શ્રેણીક જાય છે અને ઉપાડી લે છે. ભાઈ ! તેરા બાપે એ કિયા થા ને ઉસકો તેં જેલમેં નાખ્યા રાજ કરનેકો ? અરે માતા મેરી બડી ભૂલ હુઈ, મેરે ખબર નહીં, હું પિતાજીકો જેલમેંસે નિકાલનેકો જાતા હું, હાથમાં બરછી લેકે ગયે અને વો ( શ્રેણિક ) જાને કે આ મને મારને આયા, હૈ સમકિતી જ્ઞાની, ક્ષાયિક સમકિતી, તીર્થંકરકા જીવ, તીર્થંકર હોનેવાલા, આહાહાહા... એને દેહ છૂટનેકા ( સમયે ) હીરા ચૂસ લિયા મરનેકો. એ ભાવ કૈસા હૈ પાપ હૈ કે નહીં ? પાપ તો આયા હૈ, વેદનમેં પાપ હૈ, આહાહાહા... પણ સમ્યગ્દર્શનમેં દોષ નહીં. આહાહાહા !

એ અહીંયા કહેતે હૈ. આહાહાહા... શું પ્રભુનો મારગ ? શું વીતરાગનો પંથ ? મૈં તો મેરા વીતરાગ સ્વરૂપ ભગવાન મેરેકો ઉસકા જ્ઞાન હુઆ હૈ, વર્તમાન પર્યાય નિર્મળ હુઈ હૈ ઉસકા જ્ઞાન હુઆ હૈ ઔર વર્તમાન સાથમેં દુઃખકી દશા અવ્રત અત્યાગકા ભાવ હૈ, એ દુઃખકા જ્ઞાન ભી મેરે હુઆ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? મારગ બાપુ ! અલૌકિક હૈ કોઈ, આહાહા... એ ઈચ્છુક હોતા હુઆ પૂછતા હૈ જોયું, હવે રાગકા દુઃખકા ત્યાગ નહીં કિયા, યહાં તો સ્વરૂપકા આચરણ કરનેકા ઈચ્છુક હોતા હૈ ઐસા શબ્દ લિયા હૈ ભાઈ, રાગકા અત્યાગ હૈ ઉસકા મૈં ત્યાગ કરું ઐસા શબ્દ ન લિયા મૈં તો મેરા સ્વરૂપ, આહાહાહા... કયા કહા ? સમજમેં આયા ? મેં રાગકા ત્યાગ કરનેકા ઈચ્છુક ઐસા ન લિયા, ( શ્રોતાઃ- અસ્તિથી છે ) અસ્તિસે લિખા હૈ. પણ મેં તો સ્વરૂપકા આચરણ કરનેકા ઈચ્છુક હું. સમ્યગ્દૃષ્ટિ હૈ, સમ્યગ્જ્ઞાની હૈ, સ્વનો અનુભવ હૈ, સબ જ્ઞાન હુઆ હૈ, આહાહા... તો મેરે પ્રભુ, મેરા આનંદકા નાથકા આચરણ, અલ્પ આચરણ હુઆ હૈ, પણ વિશેષ આચરણ નહીં, અત્યાગભાવ હજી મેરેમેં હૈ, તો મૈં મેરા સ્વરૂપમેં આચરણ કરનેકા ઈચ્છુક, આહાહાહા... એ પૂછતા હૈ, જુઓ તો શૈલી તો જુઓ. આહાહાહા !

અરે જગતનેં સત્ય મળે નહીં સાંભળવા એ ક્યારે સમજે પ્રભુ અને આ ભવ એકએક સમય ચાલ્યો જાય છે જેનો કૌસ્તુભમણિની કિંમતથી પણ એક સમયની કિંમત કિંમતી છે. મનુષ્યભવ ઉસમેં આ જો ન કિયા તો ઉસને કાંઈ નહીં કિયા, આહાહા... યહાં તો સમ્યગ્દર્શન હુઆ ઔર સમ્યક્જ્ઞાન હુઆ ઔર ભવકા નાશ હુઆ અનંતકા, અનંતકા હુઆ, પણ હજી થોડા રાગકા અત્યાગભાવ હૈ, રાગકા આચરણ હૈ તો પ્રભુ ગુરુ પાસે જાતે હૈ. પ્રભુ પણ આપને તો સબ જ્ઞાન હૈ ને સમકિત હૈ ઔર પૂછતે હૈ હમકો ? વિનયસે પૂછતે હૈ. ( ગુરુ બોલે ) તુમકો તો સમ્યગ્દર્શન હૈ તો ખ્યાલ હૈ કે સ્વરૂપમાં ઠરુંગા તબ રાગકા ત્યાગ હોગા, એ તો તમને ખબર

હૈ. હૈ, પણ મૈં તો પ્રભુ... આહાહા... આહાહા... એવા આચરણ કરનેકા ઈચ્છુક, ઉસીકા આચરણ કરનેકા ઈચ્છુક, રાગકા ત્યાગ કરનેકા ઈચ્છુક ઐસા ન લિયા. સમજમેં આયા ? આહાહાહા !

મારો આનંદનો નાથ અતીન્દ્રિય પ્રભુ સાગર ઈસકા મેરે જ્ઞાન હુઆ હૈ પ્રતીત હુઈ અનુભવ હુઆ હૈ પણ મેરે આચરણમેં કમી હૈ તો મેરા સ્વરૂપમેં આચરણ કરનેકા મૈં કામી અભિલાષી હું. આહાહા... હૈ તો વિકલ્પ, આહાહા... ગુરુ પાસે મહા સંત મુનિ પાસે કહતે હૈ પ્રભુ. આપ સમકિતી હૈ જ્ઞાની હૈ સબ જાનતે હૈ, મેં જાનતા હું પ્રભુ પણ મેરી ભાવના હવે અંતર સ્વરૂપમેં રમનેકી હુઈ હૈ, મેરી પર્યાયમેં આચરણકા રાગદ્વેષ દુઃખ હૈ. મેરેં ખ્યાલમેં આ ગયા હૈ પણ મૈં હવે તો મેરા સ્વરૂપમેં આચરણ કરનેકા અભિલાષી હું. આહાહાહા !

ઈસ આત્મારામકો હૈ, પૂછતા હૈ કિ, ઈસ આત્મારામકો, આતમરામ પ્રભુ ચૈતન્યના બાગમાં રમતે હૈ આત્મા, આહા... એવો આત્મા. આતમરામ જેમ બાગમાં ફૂલ હોય, ફૂલ ઝાડમેં સુગંધ દેતે હૈ, એમ ભગવાનમાં અનંત ગુણ હૈ એ આતમબાગમેં આત્મા જ્ઞાની અંતર રમતે હૈ આતમરામ આહાહા... એ આત્મારામકો અન્ય દ્રવ્યોંકા ત્યાગના કયા હૈ પ્રભુ ? મૈં મેરા આચરણ કરનેકા અભિલાષી, પણ હવે રાગકા મૈં ત્યાગ કરું ? હૈ ? દ્રવ્યોકા પ્રત્યાખ્યાન ત્યાગ કયા હૈ ? આહાહાહા... આવી વાતું છે બાપા ! આ તો મહા ભગવાન ત્રણ લોકનો નાથ તીર્થંકરની વાણી અને એ ઇન્દ્રો સૂને, એકાવતારી ઇન્દ્રો, એકભવતારી ઇન્દ્રો, શક્રેન્દ્ર હૈ, દેવ હૈ ત્યાંથી મનુષ્ય હોકર મોક્ષ જાનેવાલા હૈ, એ સમકિતી હૈ. શક્રેન્દ્ર હૈ સુધર્મ દેવલોક એ ઈન્દ્ર જ્યારે સભામેં આતે હૈ અને ભગવાન આ વાત કરતે હૈં. એ કેવી વાત હશે ? ( શ્રોતાઃ– અલૌકિક ) આહાહાહા... ભવ્યના ભાગ્યના યોગે ભગવાનની વાણી નીકળતી હૈ. આતે હૈ ને, ભવિ ભાગન જોગ.

ભાઈ આંહી તો અંતરની વાતું છે નાથ. આહાહા ! સમ્યગ્દર્શન હુઆ, સમ્યગ્જ્ઞાન હુઆ, અનુભવ હુઆ, તો ભી ઉસકો હવે સ્વરૂપકા આચરણ કરનેકા અભિલાષી, યહાં મેરી પર્યાયમેં રાગદ્વેષકા દુઃખકા આચરણ હૈ પ્રભુ, તો હવે તો મૈં આનંદકા આચરણ કરનેકા ઈચ્છુક, એ રાગ અને દુઃખકા ત્યાગ કૈસે હોતા હૈ ? જ્ઞાન તો હૈ પણ સ્થિરતા માટે પ્રશ્ન કરતા હૈ. આહાહાહા... ઈસ આત્મારામકો અન્ય દ્રવ્યોકા પ્રત્યાખ્યાન, રાગઆદિકા ત્યાગ, રાગ એ તો અન્ય દ્રવ્ય હૈ ને ? દુઃખકી દશા અપનેમેં હૈ પણ હૈ તો પરવસ્તુ એ અપની ચીજ નહીં. આહાહાહા... આ લોકો સમ્યગ્દર્શન વિના પ્રત્યાખ્યાન કરે એ તો પ્રત્યાખ્યાન હૈ હી નહીં એ તો અજ્ઞાન હૈ સબ. એ જેન્તીભાઈ ! આ શું તમારા બધાયે કર્યું અત્યાર સુધી ? હમણાં એમના ભત્રીજાએ કર્યા 'તાને આઠ ઉપવાસ, મુંગાએ આવ્યા 'તાને અહીંયા તમે શું કર્યું 'તું આઠ ઉપવાસ કે દસ ? આઠ – જમાડયું ' તું ને. પણ આંહી એ નહીં બાપુ. આહાહા ! એ આત્મજ્ઞાન વિનાનો ત્યાગ એ ત્યાગ હૈ નહીં. એ તો મિથ્યાત્વ ભાવ અંદર હૈ. ( શ્રોતાઃ– એ ધર્મનો ત્યાગ ન થયો ) સ્વભાવકા ત્યાગ હુઆ. રાગકી ક્રિયા કરતે હૈ અને મૈં ધર્મ કરતા હું એ તો સ્વભાવકા ત્યાગ હુઆ.

આહાહા... કહો છોટાભાઈ ! આવી વાત છે આ. કલકત્તામાં ક્યાંય મળે એવું નથી બધેય રખડવાના રસ્તા, આ લોકોને તેથી એકાંત લાગે છે એટલે બિચારા વિરોધ કરે છે. તો પણ હમણાં બહુ થયું કલકત્તાથી કાગળ આવ્યો ભાઈ ગયા 'તાને જ્ઞાનચંદજી, પાટણીજી ! જ્ઞાનચંદજી

ગયા'તા, તો કાગળ આવ્યો લોકો ( વ્યાખ્યાનમાં ) બહુ આવતા'તા અને વિરોધીઓને પણ જરી'ક ક્ષમાનો ભાવ, અમારી ભૂલ હતી ભાઈ બધાએ ક્ષમા કરી કલકત્તામાં અને અજમેરમાં, અજમેરમાં તો કભી પચાસ વરસમેં ઐસા નહીં હુઆ થા. હુકમીચંદજી ગયે હુકમીચંદજી અત્યારે બહુ ક્ષયોપશમ બહોત. લોકો કહે ઐસી બાત હમેં પચાસ વરસમેં નહીં સૂની ઈતની માણસકી ભીડ અજમેર નહીં તો ત્યાં તો ભાગચંદજી સ્વામી જરી મુનિભગત તત્ત્વકા વિરોધ કરે, પણ એ માને કે અમારી દૃષ્ટિ બરાબર છે, પણ વો ભી સબ માણસ સમાતે નહીં, ઉસને ભી કહા ઐસી બાત હમેં સૂની નહીં, પચાસ વર્ષમેં અજમેરમેં ઐસી બાત હમને નહીં સૂની, પત્ર આયા હૈ કલ. આહાહા ! હતી ક્યાં વસ્તુ ક્યાં હતી ? આ તો અહીંયાસે નીકળ્યા પછી બાત હૈ. આહાહા... પણ ઈતના નરમ થઈને ઐસા નહીં તો અજમેર તો આખું ગામ લગભગ અમુક ભજનમંડળી કે એવા કોઈ કોઈ પ્રેમી પુનમચંદ પહાડિયા છોકરા છે, બે ભાઈ બહુ એ પ્રેમી છે એવા હશે થોડા, બાકી અત્યારે તો એટલો રસ જાગી ગયો કે શિક્ષણ શિબિર કરો અહીંયા પચીસ હજાર રૂપીયા નિકાલા શિક્ષણ શિબિર આ જાતકા શિક્ષણ, આહાહા ! જગતના ભાગ્ય હૈ ને ? એવી આ વસ્તુ પ્રભુ ! આ શિક્ષણ શિબિર એ દૂસરી જાતકી હૈ. આહાહાહા... આત્મજ્ઞાન વિના સમ્યગ્દર્શન વિના જે આ અપવાસ ને ત્યાગ ને એમ માને કે અમે અપવાસ કર્યો એ તો બધો મિથ્યાત્વ હઠભાવ હૈ. ( શ્રોતાઃ- ગુરુ તેને લંઘન કહે છે ) એને લંઘન જ કહે છે. વિષય કષાય આહારો ત્યાગો, "જતન વિજયતે ત્યાગે જત વિજયતે ઉવાસેસ જ્ઞેયમ" રાગનો ત્યાગ, ઈચ્છાનો ત્યાગ આદિ, આહાહા... એ ત્યાગ હોય ત્યાં ઉપવાસ હોય ત્યાં આત્મા સંગ વસે ઉપવાસે, શેષમ લંઘનમ, શેષ લાંઘણ હૈ. આહાહાહા ! વસ્તુ સ્વરૂપ ઐસા હૈ. આહાહા ! કેટલી વાત મૂકી છે ભાઈ ! સ્વરૂપનું જ્ઞાન હુઆ, અનુભવ હુઆ, જ્ઞાન હુઆ, એ પ્રશ્ન કરતે હૈ મેરે સ્વરૂપમેં આચરણ કરનેકા મેં કામી હું. આહાહા... મેરી પર્યાયમેં રાગ ને દ્વેષકા અત્યાગરૂપી દુઃખકા વેદન હૈ. આહાહા... સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની એ પ્રભુ એ વેદનકા ત્યાગ મેરા સ્વરૂપમેં આચરણ કરનેકા અભિલાષી એ દુઃખકા વેદનકા ત્યાગ કયા હૈ ? જાનતે હૈ પણ ગુરુ પાસ વિનયસે. આહાહાહા ! નમ્રતા હૈ ને ? આહાહાહા..

* વૈરાગ્ય તો તેને કહીયે કે પર તરફથી ખસીને જે અંદરની મહાસત્તા તરફ ઢળ્યો છે, પુણ્ય-પાપથી અને પર્યાયથી પણ ખસીને અંદરમાં જવું તે વૈરાગ્ય છે. જેને રાગમાં રહેવું ગોઠતું નથી, પરદ્રવ્યમાં અટકવું ગમતું નથી અને જે પર્યાય પ્રગટી એટલામાં જ રહેવું પણ જેને ગોઠતું નથી, ધ્રુવ પાટ પડી છે અંદરમાં, એમાં જેને જવું છે. એને તો પર્યાયમાં રહેવું પણ ગોઠતું નથી.

( દૃષ્ટિનાં નિધાન - ૨૪૧ )

## ગાથા - ૩૪

सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।
तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं।।३४।।

सर्वान् भावान् यस्मात्प्रत्याख्याति परानिति ज्ञात्वा।
तस्मात्प्रत्याख्यानं ज्ञानं नियमात् ज्ञातव्यम्।।३४।।

यतो हि द्रव्यान्तरस्वभावभाविनोऽन्यानखिलानपि भावान् भगवज्ज्ञातृद्रव्यं स्वस्वभावभावाव्याप्यतया परत्वेन ज्ञात्वा प्रत्याचष्टे, ततो य एव पूर्वं जानाति स एव पश्चात्प्रत्याचष्टे, न पुनरन्य इत्यात्मनि निश्चित्य प्रत्याख्यानसमये प्रत्याख्येयोपाधिमात्रप्रवर्तित-कर्तृत्वव्यपदेशत्वेऽपि परमार्थेनाव्यपदेश्यज्ञानस्वभावादप्रच्यवनात् प्रत्याख्यानं ज्ञानमेवेत्यनुभव-नीयम्।

---

**સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,**
**તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.**

ગાથાર્થઃ- [ यस्मात् ] જેથી [ सर्वान् भावान् ] 'પોતાના સિવાય સર્વ પદાર્થો [ परान् ] પર છે' [ इति ज्ञात्वा ] એમ જાણીને [ प्रत्याख्याति ] પ્રત્યાખ્યાન કરે છે-ત્યાગે છે, [ तस्मात् ] તેથી, [ प्रत्याख्यानं ] પ્રત્યાખ્યાન [ ज्ञानं ] જ્ઞાન જ છે [ नियमात् ] એમ નિયમથી [ ज्ञातव्यम् ] જાણવું. પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા તે જ પ્રત્યાખ્યાન છે, બીજું કાંઈ નથી.

ટીકાઃ-આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય ( આત્મા ) છે તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને, ત્યાગે છે; તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે, બીજો તો કોઈ ત્યાગનાર નથી-એમ આત્મામાં નિશ્ચય કરીને, પ્રત્યાખ્યાનના ( ત્યાગના ) સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ ( આત્માને ) હોવા છતાં પણ, પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી, પોતે તો એ નામથી રહિત છે કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટયો નથી, માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે-એમ અનુભવ કરવો.

ભાવાર્થઃ-આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું છે તે નામમાત્ર છે. પોતે તો જ્ઞાનસ્વભાવ છે. પરદ્રવ્યને પર જાણ્યું, પછી પરભાવનું ગ્રહણ નહિ તે જ ત્યાગ છે. એ રીતે, સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે, જ્ઞાન સિવાય કોઈ બીજો ભાવ નથી.

# પ્રવચન નં. ૯૭ ગાથા - ૩૪

ઈસ આત્મારામકો અન્ય દ્રવ્યોંકા પ્રત્યાખ્યાન કયા હૈ ઉસકો આચાર્ય ઈસ પ્રકાર કહતે હૈ–

सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।
तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं।।३४।।

( હરિગીત )

સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,
તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.

આહાહા ! ગાથાર્થ થોડા લઈએ. જિસસે અપનેસે અતિરિકત સર્વ પદાર્થોકા, પર હૈ ઐસા જાનકર રાગ દયા દાનકા, રાગ ભક્તિકા વિનયકા રાગ આતા હૈ પણ જાનતે હૈ કિ એ પર હૈ. મેરી ચીજ નહીં, મેરી પર્યાયમેં હોતા હૈ પણ મેરી ચીજ નહીં. આહાહાહા... ઐસા જાનકર પ્રત્યાખ્યાન કરતા હૈ ત્યાગ કરતા હૈ, ઉસસે પ્રત્યાખ્યાન જ્ઞાન હી હૈ, અર્થાત્ જાના કે આ રાગ હૈ ઐસા જાનકર જ્ઞાનમેં સ્થિર હો ગયા વો પ્રત્યાખ્યાન હૈ. જ્ઞાન સ્વરૂપી ભગવાન જ્ઞાનમેં લીન હો ગયા એ પ્રત્યાખ્યાન હૈ. આહાહા !

વાત તે વાત, ત્રણ લોકના નાથની વાણી સંતો, એ જગતને જાહેર કરે છે, આડતિયા થઈને જાહેર કરે છે. આહા... આહાહાહા ! પ્રભુ તો આમ કહતે થે, પ્રભુનો મારગ તો આ હૈ. આહાહા ! સમજમેં આયા ? કેના ગર્વ કરના, કેના અભિમાન કરના, આહા... યશ લેના, આબરૂ લેના ને ભાઈ કયા હૈ તેરે ? કહાં તેરે જાના હૈ નાથ ? આહાહા ! તેરા સ્વરૂપકા આચરણ કરના યે તેરા યશ હૈ. આહાહાહા... આહા ! ઐસા નિયમસે જાનના.

અપને જ્ઞાનમેં ત્યાગરૂપ અવસ્થા હી પ્રત્યાખ્યાન હૈ. કયા કહતે હૈ ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપીકા દૃષ્ટિ જ્ઞાન તો હુઆ અનુભવ, હવે જ્ઞાન જ્ઞાનમેં રહતે હૈ જ્ઞાન જ્ઞાનમેં ઠરતે હૈ ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ. આહાહા ! આ કાંઈ બહારના ત્યાગ કિયા એ પચખાણ એ પચખાણ નહીં બાપા ! એ તો અજ્ઞાનભાવ હૈ સૂન તો સહી. સમજમેં આયા ? જ્યાં આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, અતીન્દ્રિય આનંદકા નાથ પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ એ સત્ શાશ્વત આનંદ ને જ્ઞાનકા સાગર પ્રભુ એ જ્યાં ભાનમેં આયા જ્ઞાન હુઆ કે મૈં તો પૂર્ણાનંદ ને પૂર્ણજ્ઞાન સ્વરૂપ હું, ઐસા જીવ સ્વભાવ જ્ઞાનમેં સ્થિર હો જાતા હૈ, ઐ પ્રત્યાખ્યાન હૈ. આહાહાહા ! આહાહાહા... એ આનંદકી ધારા વહી ત્યાં વિશેષ જ્ઞાન જ્ઞાનમેં સ્થિર હુઆ, જે જ્ઞાનસ્વરૂપકા ભાન થા અંશે આચરણ થા, અંશ એક શ્રદ્ધા થી સમકિત થા, જ્ઞાન થા અને અંશે આચરણ ભી થા, પણ આ તો વિશેષ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં જ્યાં લીન હુઆ આત્માનો આશ્રય કરકે, તો એ જ્ઞાનસ્વરૂપી પરિણમન આનંદરૂપી હુઆ, વો હી પ્રત્યાખ્યાન હૈ. આહાહાહા... આવું આ પ્રત્યાખ્યાન છે, કહો – નૌતમભાઈ તમે તો આવું, સાંભળ્યું ય ન હોય, સ્થાનકવાસીમાં તો આ કરો ને તે કરો.( શ્રોતાઃ– સાચા સ્થાનક વાસ અંદરમાં હોય ને ) ઓલા તો બનાવટી આ સ્થાનક અંદર હૈ ભગવાન, કાલે આવ્યું તું ને સ્થાયી. સ્થાયી ઈતિ ભગવાન ધ્રુવસ્થાન હૈ, સ્થાન

હૈ ત્યાં વસને, એ સ્થાનકવાસી હૈ. ( શ્રોતાઃ– ઓલું તો બહારનું ) એ તો અજ્ઞાન હૈ. આહાહા ! આહાહા !

અપને જ્ઞાનમેં ત્યાગરૂપ અવસ્થા અથવા અપને જ્ઞાનમેં રાગકા અભાવરૂપ અવસ્થા, અર્થાત્ આનંદકી ઉગ્ર અવસ્થા એ પ્રત્યાખ્યાન હૈ. આહાહાહા... અહીં તો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને પણ વેદન હૈ રાગકા દુઃખકા. આહાહા... કોઈ કહે કે જ્ઞાનીકો દુઃખકા વેદન હી નહીં, એ દૃષ્ટિ મિથ્યાત્વ હૈ, એ કાંઈ વસ્તુને સમજતો નથી. સમજમેં આયા ? આહાહાહા... અને દુઃખકા વેદન કરના એ તીવ્ર કષાય હૈ, એમ કહતે હૈ, એ અજ્ઞાન હૈ, મૂંઢ હૈ. અરે છઠ્ઠા ગુણસ્થાન સુધી દુઃખકા વેદન હૈ, સાતમે ભી અબુદ્ધિપૂર્વક દુઃખકા વેદન હૈ, અરે દસમા તક ભી અબુદ્ધિપૂર્વક દુઃખકા વેદન હૈ. ભાઈ તને ખબર નથી. પૂર્ણાનંદ જ્યાં લગ પ્રગટે નહીં ત્યાં સુધી દુઃખકા અંશ હૈ અંદર. આહાહા...આહાહાહા... મારગ બહુ ( સૂક્ષ્મ ) – ( શ્રોતાઃ– બહુ સ્પષ્ટ ચોખ્ખો ). આહાહાહા...

ટીકાઃ – આ ભગવાન જ્ઞાતા, ભાષા દેખો, ભગવાન જ્ઞાતા દૃષ્ટા, જ્ઞાતા દ્રવ્ય, આહાહા ! એ પ્રભુ આત્મા તો જ્ઞાયક દ્રવ્ય હૈ, સર્વજ્ઞ, સર્વજ્ઞ સ્વભાવી દ્રવ્ય હૈ એમ ન કહેતા જ્ઞાયક કહા, એમ કહેતા જ્ઞાન સ્વભાવી જ્ઞાતા કહા, આહાહાહા... પણ ભગવાન આત્મા ભાષા એમ લિયા. આહાહા ! એક ઠેકાણે બહાર વાત ગઈ આત્માકો ભગવાન કહતે હૈ કે નહીં, નહીં અત્યારે ભગવાન ન હોય, અરે સાંભળને પ્રભુ. બહારસે આયા થા કોઈ, અત્યારે ભગવાન ન હોય. અરે ભગવાન ત્રણેય કાળે આત્મા તો ભગવાન હી હૈ. સ્વભાવ તો ઉસકા ભગવાન હી હૈ, પર્યાયમેં ભૂલ હૈ, આહાહા... ભગવાનપણા ન હો તો પર્યાયમેં ભગવાનપણા આયેગા કહાંસે ? કાંઈ બહારસે આતા હૈ કોઈ ચીજ ? પ્રાપ્તકી પ્રાપ્તિ હૈ, ભગવાન ભગ નામ આનંદ ને જ્ઞાનની લક્ષ્મી, વાન નામ એના સ્વરૂપ. ભગવાન જ્ઞાન અને આનંદ લક્ષ્મીવાન એ આત્મા હૈ.

( શ્રોતાઃ– બે પ્રકારની લક્ષ્મી લાગે છે ) ધૂળની લક્ષ્મી એ તો રખડવાની હૈ મારી નાખવાની પૈસા ધૂળ, અજીવ ધૂળ માટી ધૂળ મૈં લક્ષ્મીવાન હું મૈં લક્ષ્મીપતિ હું– જડપતિ હું. આહાહા ! અહીંયા તો દૂસરી વાત હૈ. બાપા એ લક્ષ્મી તો ક્યાંય રહી ગઈ અજીવ પણ અંદરમેં રાગ હૈ ઉસકા મૈં સ્વામી હું એ ભી મિથ્યાદૃષ્ટિ હૈ. વેદન હૈ જ્ઞાનીકો, પણ એ મેરી ચીજ નહીં મેરા વેદનમેં આતા હૈ, એ અપેક્ષા મેરેમૈં હૈ, પણ વો મેરી ત્રિકાળી ચીજમેં નહીં. આહાહા ! સમજમેં આયા ? હવે એક અપેક્ષાએ ઐસા ભી કહા, દૂસરી અપેક્ષાએ પ્રવચનસારમેં નય અધિકારમેં ઐસા ભી કહા કે જ્ઞાનીકો આત્મજ્ઞાન હુઆ, સમ્યકદર્શન હુઆ, ઉસકો ભી જો રાગ આતા હૈ, દુઃખ હોતા હૈ, ઉસકા વો સ્વામી હૈ. ૪૭ નયમેં લિયા હૈ. સમજમેં આયા ? કયોંકિ ઉસકી પર્યાયમેં હોતા હૈ, કોઈ પરસે હોતા હૈ ને પરમેં હોતા હૈ ઐસા નહીં. આહાહાહા... સમકિતી જ્ઞાની પણ અપની પર્યાયમેં જે દુઃખકી પર્યાય હોતી હૈ, આ અત્યાગભાવની ઉસકા ભી સ્વામી તો મૈં હું. આહાહાહા ! પણ ઉસકા હવે મૈં ઉસકા આચરણ કરનેકા અભિલાષી, એ સ્વામીપણા મેરી પર્યાયમેં રાગકા હૈ દુઃખકા, ઉસકા ત્યાગ પ્રત્યાખ્યાન કૈસે હો ઉસકી બાત વિશેષ કહેગા.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૯૮ ગાથા - ૩૪ તા. ૩-૧૦-૭૮ મંગળવાર આસો સુદ-૧ સં. ૨૫૦૪

સમયસાર ગાથા–૩૪. શિષ્ય, અપના સ્વરૂપ ગુરુમુખસે સૂનકર અપના આત્મા રાગસે ભિન્ન હૈ ઐસા આત્માકા અનુભવ સમ્યગ્દર્શન હુઆ, જ્ઞાતા વસ્તુ એ મૈં હું એવી દૃષ્ટિમેં જ્ઞાતા–પણાકી પ્રતીત કિયા, આત્મામેં આનંદકા અંશકા વેદન ભી આયા. વો શિષ્ય એમ પૂછતે હૈ હવે, સમ્યગ્દૃષ્ટિ હૈ અનુભવી હૈ, આહાહા... પ્રભુ, મેરે સ્વરૂપકા આચરણ કિસ પ્રકાર હો, મેરા સ્વરૂપમેં આચરણ સમ્યગ્દર્શન હૈ, અનુભવ હૈ, પણ હજી આચરણમેં શુભઅશુભ રાગ આચરણમેં પડા હૈ. સમજમેં આયા ? શુભઅશુભ દુઃખ રાગ એ આચરણમેં ( હૈ ) શિષ્ય ( કો ) સમ્યગ્દર્શન અનુભવ હોને પર ભી રાગાદિ આચરણમેં હૈ, પર્યાયમેં રાગકા પુણ્યકા પાપકા આચરણ હૈ, એ એમ કહતે હૈ કે પ્રભુ મેરા સ્વરૂપ મૈંને જાના ઉસકા આચરણ કરનેકા મૈં ઈચ્છુક હું, તો પ્રભુ આપકો મૈં પૂછતા હું, આહાહાહા... સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાની ભાન હૈ સબ તો ભી પ્રભુ ભગવંત એમ કહતે હૈ પ્રભુ મેરા આત્માકા આચરણ કિસ પ્રકાર હો ઐસે મૈં પૂછતા હું. આહાહાહા...

ઉસકા અર્થ, કે સમ્યગ્દર્શન અનુભવ આનંદકા હુઆ, હોને પર ભી સ્વરૂપકા આચરણ અભી નહીં હૈ સ્થિરતા જો હોની ચાહીએ એ નહીં, એ કારણ શિષ્યકો પ્રશ્ન ઉઠયા પ્રભુ મને મેરા આનંદકા નાથ જ્ઞાતા વસ્તુ, ઉસમેં આચરણ કરનેકા મૈં અભિલાષી હું. આહાહાહા... તો એ રાગાદિ આચરણકા ત્યાગ કૈસે હો ? આહાહા... આમ છે, સમ્યગ્દૃષ્ટિ હૈ, અનુભવી હૈ. આહાહા... એ પણ અપની પર્યાયમેં અવ્રતકા રાગ–દ્વેષકા આચરણ દેખકર, આહાહા... મેરી પર્યાયમેં પ્રભુ દુઃખકા આચરણ હૈ. આહાહાહા... એમ સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની ગુરુને કહતે હૈ. આહાહા ! પ્રભુ ! તો એ મેરા સ્વરૂપમેં આચરણ હવે કૈસે હો ? એ રાગદ્વેષ ને દુઃખકા આચરણ હૈ ઉસકા ત્યાગ અભાવ કૈસે હો ? એ મૈં પૂછતા હું પ્રભુ. આહાહા ! યહાં તો એમ કહે કે સમ્યગ્દર્શન ને જ્ઞાન હુઆ તો ઉસકો દુઃખ હૈ હી નહીં એ જ્ઞાન નહીં, મિથ્યાજ્ઞાન હૈ. દૃષ્ટિ મિથ્યાત્વ હૈ. આવી વાતું આકરી બહુ બાપુ. સમજમેં આયા ? કયોંકિ ભગવાન આત્મા જ્ઞાતાકા નમૂના સમ્યગ્દર્શનમેં હુઆ. આહાહા... સમજમેં આયા ? મૈં આનંદ હું, જ્ઞાન હું, વીતરાગ મૂર્તિ મૈં પ્રભુ હું, ઐસી પર્યાયમેં ભી વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી સમ્યગ્જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન નહીં વીતરાગી સ્વરૂપ આચરણકા અંશ પ્રગટ હુઆ હૈ, એ હવે અપના શુદ્ધ સ્વરૂપમેં વિશેષ આચરણ કરનેકા કામી, આહાહા... ઔર રાગ અને દુઃખકી પર્યાયકા ત્યાગ કરનેકા કામી, પરવસ્તુકા ત્યાગ– ગ્રહણ અહીંયા તો હૈ હી નહીં. સમજમેં આયા ? મારગ બહુ ભાઈ. આહાહા !

શિષ્યકો ઉત્તર દેતે હૈ. “યતો હિ” શબ્દ હૈ ને ભાઈ ? “યતો હિ” નો અર્થ યહ કર્યો છે ને ? યહ ‘આ’ એનો અર્થ છેને ? ગુજરાતીમાં ‘આ’ છે. આમાં એ અર્થ તો ‘હિ’ નો બરાબર છે.

“યતો હિ” સંસ્કૃત છે ને ? “યતો હિ” સંસ્કૃત હૈ. યહ છે ને યહ–યહ સંસ્કૃતમાં “યતો હિ” ૩૪ ગાથા ટીકા, કયા શિષ્ય કહતે હૈ, ઉસકા ઉત્તર ગુરુ કયા કહતે હૈ. આહાહા ! યહ ભગવાન આત્મા, આહાહાહા... આ ભગવાન આત્મા યહ “આ” ઐસી દૃષ્ટિમેં અનુભવમેં તો આયા હૈ, પ્રત્યક્ષ. આહાહા... મતિ શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ હોકર, આ આત્મા જાનનેમેં ( શિષ્યકો ) આયા હૈ.

સમજમેં આયા ? યહ ભગવાન આત્મા જ્ઞાતા, આહાહાહા... ગુરુ કહતે હૈ કે યહ ભગવાન આત્મા, આહાહા ! એને ભગવંત કહ્યું "ભગવંત્ જ્ઞાતૃ દ્રવ્યમ્" સંસ્કૃત, સંસ્કૃતમેં "યતો હિ" ભગવંત્ જ્ઞાતૃ દ્રવ્યં, ભગવંત્ જ્ઞાતૃ દ્રવ્યં પહેલાં શબ્દ "યતો હિ" લિયા સંસ્કૃતમેંસે "યહ"– પછી આખિરમેં ભગવંત્ જ્ઞાતૃદ્રવ્યં સંસ્કૃતમેં હૈ. આહાહા ! આ સંસ્કૃત હૈ ઉસકી ટીકા હૈ. ભગવાન કુંદકુંદાચાર્યકા શ્લોક હૈ, ઉસકી અમૃતચંદ્રાચાર્ય ટીકા કરતે હૈ, ઉસકા આ હિન્દી અનુવાદ થા, એ અનુવાદ પીછે ગુજરાતી હુઆ, હિંદી આપણે ચલતે હૈ અભી. આહાહા... 'યહ' આ જ્ઞાતા ભગવાન જ્ઞાતાદ્રવ્ય, આહાહાહા... ચાહે તો સ્ત્રી, બાળક હો, ચાહે તો પુરુષ રાજકુમાર હો, એ અપના આત્મામાં આચરણ કરનેકા અભિલાષી, આહાહા ! મેરા દ્રવ્ય 'આ' જ્ઞાતા ભગવંત્, જ્ઞાતાદ્રવ્ય, નજરમેં આયા. ભગવંત્ જ્ઞાતાદ્રવ્ય, નિમિત્તમેં નહીં રાગદ્વેષમેં નહીં, પર્યાયમેં નહીં, આ તો જ્ઞાતા આ જ્ઞાતા. આહાહા ! જ્ઞાતાદ્રવ્ય એટલે આત્મા હૈ યહ ભગવાન જ્ઞાતાદ્રવ્ય પ્રભુ હૈ, આવી વાતું છે. યહ–યહ ભગવાન જ્ઞાતા દ્રવ્ય. યહ–યહ અન્ય દ્રવ્યકે સ્વભાવસે હોનેવાલે અન્ય સમસ્ત પરભાવોંકો, આહાહા... કર્મકા નિમિત્તસે, અપનેમેં પર્યાયમેં હોનેવાલા અન્ય સમસ્ત પરભાવ શુભઅશુભભાવ આસ્રવ વિકારી ભાવ, આહાહા... સમ્યગ્દૃષ્ટિકો ભી વિકારી ભાવ આ પર્યાયમેં હૈ એમ બતાના હૈ, અને ઉસકો વેદન ભી વિકારીકા હૈ, આહા... તો કહતે હૈ કે યે અન્ય દ્રવ્યકે સ્વભાવસે હોનેવાલે, એ પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ વિકલ્પો જે હૈ, એ સ્વદ્રવ્યકા સ્વભાવ નહીં, પર્યાયમેં વિભાવરૂપ અન્ય દ્રવ્યકા નિમિત્તસે ઉત્પન્ન હોનેવાલા વિભાવ હૈ. સમજમેં આયા ?

યહ અન્ય 'આ' એ પણ કિયા હોં, 'આ' હૈ એમ જેમ આ હૈ યહ જ્ઞાતા ભગવંત દ્રવ્ય હૈ, 'યહ' અન્ય દ્રવ્યકે સ્વભાવસે હોનેવાલા, "હૈ" એમ કહતે હૈ. પર્યાયમેં, અવસ્થામેં રાગ દ્વેષ 'આ' અન્ય દ્રવ્યકા નિમિત્તસે હોનેવાલા ભાવ મેરી પર્યાયમેં હૈ. આહાહાહા... આવી વાતું આકરી. અરે ! યહ અન્ય દ્રવ્યકે સ્વભાવસે હોનેવાલે અન્ય સમસ્ત પરભાવોંકો, આહાહા... ચાહે તો તીર્થંકરગોત્ર બાંધે ઐસા શુભભાવ હો, આહા... પણ એ તો અન્યભાવ વિભાવભાવ હૈ. આહાહા... એ અન્ય દ્રવ્યકે સ્વભાવસે હોનેવાલા, વિભાવભાવ અહીંયા દ્રવ્ય સ્વભાવ નહીં એમ બતાના હૈ, પર્યાયમેં હોતે હૈ પણ અન્યકા નિમિત્તકે કારણે હોતા હૈ, હૈ અપની પર્યાયમેં અપને કારણસે તો અપના સ્વભાવ હૈ. યહ વિભાવરૂપ પરિણમનકા કારણ હૈ હીં નહીં, યહાં 'હિ' લેના હૈ ને ? વો સ્વભાવ જે ભગવંત જ્ઞાતા દ્રવ્ય જો હૈ, એ તો હૈ, ઈસકી પર્યાયમેં દ્રવ્ય સ્વભાવસે પરિણમન એ નહીં. અન્ય દ્રવ્યકા સ્વભાવસે વિકારી વિભાવભાવ દુઃખભાવ મેરી પર્યાયમેં હૈ. ( શ્રોતાઃ– કોણ કહતે હૈ ? ) સમકિતી કહતે હૈ. એ ગુરુ એને કહેતે હૈ. સમજમેં આયા ?

એ પરભાવોંકો પુણ્ય ને પાપ, જે ભાવસે સ્વર્ગ મિલે, જે ભાવસે તીર્થંકર પ્રકૃતિ બંધે, જે ભાવસે આહારક શરીર આદિકા બંધ હો, એ સબ ભાવ, પરભાવ વિભાવભાવ દુઃખભાવ આકુળતારૂપ ભાવ હૈ. આહાહાહા... સમજમેં આયા ? સમસ્ત પરભાવ, એમાં કોઈ બાધ નહીં, વિકલ્પ માત્ર ચાહે તો તીર્થંકરગોત્રકા ભાવ હો એ ભી વિકાર હૈ, વિભાવ હૈ, દુઃખ હૈ, અપરાધ હૈ, જે ભાવસે તીર્થંકરગોત્ર બંધતે હૈ, યે ભાવ અપરાધ હૈ. ષોડશ કારણભાવના એ આતે હૈ ને,

પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમેં લિયા હૈ, એ અપરાધ હૈ. આહાહાહા ! અપના યહ સ્વભાવ નહીં. અપરાધ ઉત્પન્ન હોતા ( હૈ ) પર્યાયમેં આહાહા... અને અપરાધકા બંધ હોતા હૈ ને, અપરાધસે ભાવબંધ હોતા હૈ ને ? અપરાધને કારણે ( બંધ હોતા હૈ ) નિરપરાધિ સ્વભાવસે બંધ ( નહીં ) હોતા હૈ. આહાહાહા ! એ અન્ય સમસ્ત અન્ય સમસ્ત ચાહે જિતના વિકલ્પ શુભઆદિ હો. આહાહાહા ! યે સમસ્ત પરભાવોંકો ઉનકે અપને સ્વભાવભાવસે વ્યાપ્ત ન હોનેસે, ભાષા દેખો, એમ કે અપને સ્વભાવભાવ જો જ્ઞાતા દૃષ્ટા આનંદ હૈ ઐસા સ્વભાવસે વ્યાપ્ત ન હોનેસે, એ અપના સ્વભાવભાવસે વિભાવભાવ વ્યાપ્ત નહીં હોનેસે, સમજમેં આયા ? આહાહાહા... આવો મારગ ભાઈ સાધારણ પ્રાણીને ક્યાં જાવું બાપુ ? તે વિના જન્મ મરણ નહીં મટે ભાઈ.

( શ્રોતાઃ- અપની પર્યાયમેં હોતા છતાં વ્યાપ્ય-વ્યાપક નહીં ? ) પોતાની પર્યાયમેં હોનેવાલા, પરસે નહીં, પરકે કારણસે નહીં, પણ અપની પર્યાયમેં હોનેવાલા હૈ ઉસકો ત્યાગના હૈ ને ? ઉસકો છોડના હૈ ને ? પર ( ચીજ ) છુટી હૈ ઉસકો છોડના કયા ? અપની પર્યાયમેં રાગદ્વેષ આકુળતાકા ભાવ પર્યાયમેં હૈ, પણ આત્મા અપના સ્વભાવસે પરભાવરૂપે વ્યાપ્ત ન હોનેસે, સ્વભાવસે વિભાવરૂપ નહીં હોતા. આહાહાહા !

જુઓ આ આસો સુદ એકમ હૈ આજ, મંગળ દિવસ હૈ. રામચંદ્રજી જ્યારે રાવણને મારે છે આ દશેરા, દશહરા કહે છે ને ? માથું તો એક જ હતું, પણ હાર બહુ ઊંચો બહુ અબજો રૂપિયાની કિંમતનો હારને લઈને દેખાય આમ માથા દેખાય દશ. આહાહા... એ સીતાજીને લઈ ગયા, સીતાજી પણ જ્ઞાની સમકિતી, રામચંદ્રજી ધર્માત્મા સમકિતી એ સીતાજીકો લેનેકો ગયે, ત્યાં રાવણે લક્ષ્મણકો વિદ્યા નાખી. રાવણે વિદ્યા, આહાહાહા... અવ્રત હૈ ને હજી, રાગ ભાવ હૈ ને, રામચંદ્રજી એ ભવે મોક્ષ જાનેવાલા હૈ. ગાલીચા આમ પડયા હૈ રથમાં, કરોડો મનુષ્યો શું કહેવાય એ ? લશ્કર, મોટો પંડાલ કરોડો મનુષ્યો, એણે વિદ્યા નાખી છે. આહાહા... જુઓ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની અનુભવી, લક્ષ્મણકો કહતે હૈ. આ તો હમ દુકાન ઉપર સબ ચલતે થે દુકાન ઉપર આ ગાતે થે ૬૪-૬૫-૬૬ ની સાલમાં "આવ્યા 'તા ત્યારે ત્રણ જણાં ને જાશું એકાએક" રામચંદ્રજી કહે છે લક્ષ્મણને જ્ઞાની હૈ, ગુજરાતીં ભાષામાં છે.

આવ્યા 'તા ત્યારે ત્રણ જણા ને જાશું એકાએક એ માતાજી ખબરું પૂછશે બંધવ શું શું જવાબ દઈશ લક્ષ્મણ જાગને ઓ જીવ બંધવ બોલ દે એકવાર રે. સુમેરુમલજી ! આ રામચંદ્રજી જ્ઞાની અનુભવી, આહાહા... પણ હજી ગૃહસ્થાશ્રમમાં છે, રાગ હૈ ને રાગકા વેદન હૈ ને ? આહાહા... હે લક્ષ્મણ ! પ્રભુ આપણે ત્રણ જણા આવ્યા 'તા ને વનમાં. આ સીતા ગયા ને તું આ પડયો ( મૂર્ચ્છામાં ) ભાઈ, હું એકલો જઈશ ( તો ) માતા પૂછશે ભાઈ તમે ત્રણ ગયાને તું એકાકી આવ્યો પાછો. હે ! બંધવ એકવાર બોલ એકવાર બોલ. કહો બાલચંદજી, જુઓ આ સમકિતી અનુભવી, આહાહા... પ્રત્યાખ્યાન નથી ને ? સ્વરૂપનું ચારિત્ર હજી નથી. આહાહા...

અને છતાં લક્ષ્મણ જાગે છે, ઓલી બાઈને કારણે એક બાઈ છે ને ? શાસ્ત્રમાં મોટો લેખ છે. વિશલ્યા નામની રાજકુમારી છે. એ પૂર્વે ચક્રવર્તીની દીકરી હતી પછી વિદ્યાધર એને લઈ ગયો તો જંગલમાં અજગર જંગલમાં ઉસકો ગળી ગયો હતો અજ એટલે બકરો ગળે એટલે ગળે એ અજગર, બકરા અજ નામ બકરા, અજગર કહેતે હૈ ને ઉસકો અજ નામ બકરા-બકરાકો ગળે

એ અજગર લાંબો પચીસ હાથનો લાંબો હતો એ કન્યાને વિદ્યાધરે જંગલમાં મૂકી’તી. એ અજગર ગળી ગયો, થોડું બાકી રહ્યું તું મોઢું એમાં એનો બાપ આવ્યો ચક્રવર્તી શોધતા, શોધતા, શોધતા. અરે આ ક્યાં ? બાણ ઉપાડયું અજગરને મારવા. કન્યા કહે છે પિતાજી ન મારો મૈંને તો આહારકા ત્યાગ કર દિયા હૈ. અજગરના મુખમાં હૈ, થોડા બહાર હૈ થોડા અંદર. આહાહાહા... પિતાજી ન મારો હું નીકળીને આહાર નહીં લઈ શકું. મેરે તો આહારકા ત્યાગ હૈ, આહાહાહા ! એ દેહ છુટ ગયા. રાજાની કુંવરી તરીકે વિશલ્યા નામની હુઈ પણ ઐસી રહી લબ્ધિ ઉસકો હુઈ, લક્ષ્મણજી વિદ્યાને વશ છે કોઈ કહે વિશલ્યાને લાવો એ આયેગા વિશલ્યા તો જાગ્રત હો જાએગા કહો. એ વિશલ્યા આવે છે જ્યાં, જ્યાં પંડાલમાં પેસે છે ત્યાં લાખો ઘાયલ જીવ હતા ઘાયલ સાજા થઈ જાય છે. સાજા સમજતે હૈ ને ? ( શ્રોતાઃ– હા, તૈયાર ! ) અને આ લક્ષ્મણ પાસે જ્યાં આવે છે, આમ લક્ષ્મણ જાગી જાય છે અને બોલ્યો ક્યાં ગયો રાવણ ? રાવણને મારવાનો વિકલ્પ, ક્યાં ગયો રાવણ ઉઠીને લડાઈ કરે છે, રાવણને છેદી નાખે છે. આહાહા ! છતાંય એ રામચંદ્રજી ને લક્ષ્મણ મહાપુરુષ છે ને ! આહાહા !

એ મંદોદરી રાવણની સ્ત્રી પાસે જાય છે મારીને, બા બહેન માતા અમે આવી વાસુદેવ ને બળદેવની પદવી લઈને આવ્યા છીએ એ કારણે આ હુઆ હૈ. મેરા કોઈ વિરોધી નહીં થા. પણ આ પદવીને યોગ્ય આ કામ કિયા હૈ. જુઓ સમકિતી જ્ઞાની. આહાહાહા... એ મંદોદરી રાંડે છે એટલે ત્યાં જાય છે. માતા, બહેન અમે આ પદવીધર છીએ એ કારણે આ કામ હુઆ, બહેન આહાહા... માફ કરજો. આહાહાહા ! એ ભાઈ રાવણને બાળવા લઈ જાય છે, પ્રભુ રામચંદ્રજી ને લક્ષ્મણ સાથે જાય છે, એ સુમેરુમલજી, જુઓ તો ખરા ઈતિહાસ સમકિતી જ્ઞાની આવો રાગ હતો રાગનો અને જ્યારે રાવણને બાળે છે તળાવની પાળ ઉપર મોટી છે, પોતે બેસે છે રામચંદ્રજી ને લક્ષ્મણ, કહો મારી નાખ્યા એના પ્રત્યે પણ પાછો આ ભાવ, સમકિતી છે અનુભવી છે. રાગ આ ગયા જરી પદવીને યોગ્ય, રાગ વેદન દુઃખના હુઆ. આહાહા...

એ અહીં શિષ્ય પૂછે છે, પ્રભુ મારો નાથ આત્મા જ્ઞાતાદ્રવ્ય પ્રભુ, મેરી દૃષ્ટિમેં આયા હૈ, મેરા ભગવાન આત્મા મેરા અનુભવમેં, અનુભવ જે વસ્તુ અનંત ગુણકા પિંડ હૈ ઉસકે અનુસરીને અનુભવ હુઆ હૈ, પ્રભુ મેરે પણ મેરા સ્વરૂપમેં આચરણ કરનેકા અભિલાષી હું મૈં. આહાહાહા... મેરી પર્યાયમેં રાગદ્વેષકા આચરણ હૈ માટે પ્રભુ તો ઉસકા ત્યાગ અને સ્વરૂપકા આચરણ કૈસે હો ? તો ગુરુ કહતે હૈ, આહાહા... સીતાજીને જ્યારે લઈ જાય છે, રાવણ આવે છે નજીક, છેટો રહેજે. છ માસ મારી સામું જોઈશ નહીં, સમકિતી. એય સુમેરુમલજી ! સીતાજી જ્ઞાની, આત્મજ્ઞાની, આહાહાહા... પતિવ્રતા, રામચંદ્રજી સિવાય વિકલ્પ નહીં કોઈ પતિકા ગમે તે હો રાવણ આવે છે આમ, મારો નાથ છ મહિનામાં મારી સંભાળ લેવા ન આવે પછી તારે વિચારવું. આવશે. જો આ સમકિતીના પણ અંદર આચરણ. આહાહાહા...

એમાં હનુમાનજી, હનુમાન છે ને રાજકુમાર, રાજકુમાર છે ઈ હોં વાંદરો નથી હોં. વાંદરાનું તો એની ધ્વજામાં ચિહ્ન હતું વાંદરા નહોતા. ત્રણ ખંડમાં તો એના જેવું કોઈનું રૂપ નહોતું એવા હનુમાન કામદેવ હતા. આહાહા... એ રામચંદ્રજીની અંગુઠી છે ને એ લેકર જાય છે સીતાજી પાસે જુઓ આ સમકિતીના આચરણના રાગના ભાવ. આહાહા... અંગુઠી આમ દેખે

છે સીતાજી "વનચર વિરા રે વધામણી, હે વિરા ક્યાં થકી લાવ્યો, એ અંગુઠડી મારા નાથની" એ સમકિતી રામચંદ્રજીની હતી ને અને એના જેવા તો કોઈ પુરુષ નહતા ને તે વખતે તો બળદેવ પુરુષ હતા "એ અંગુઠડી મારા નાથની એ વિરા ક્યાં થકી લાવ્યો, વનચર વિરા રે વધામણી". આ વધામણી આ અંગુઠી લઈને આવ્યો મને વધામણી આવી, હવે ભગવાન આવશે. હવે રામચંદ્રજી આવશે. આહાહા... જુઓ આ વિકલ્પો રાગના. આહાહાહા... પછી તો રામચંદ્રજી ત્યાં જાય છે ને ( રાવણને ) મારે છે. આહાહા !

સમકિતીના પણ આચરણમાં પણ રાગના આચરણ હોય છે. આહાહા ! અવ્રતભાવ છે ને ? અચારિત્ર ભાવ છે ને ? આહાહા ! તો પ્રભુ હવે તો મેરે મેરા આચરણ કરના હૈ ને નાથ. આહા ! મેરી પર્યાયમેં પરભાવકા આચરણ તો હૈ મેરા સ્વભાવ, પરભાવરૂપે હો ઐસા નહીં, પણ પર્યાયમેં વિભાવરૂપ પરદ્રવ્યકા નિમિત્તસે મેરી પર્યાયમેં હૈ. આહાહાહા... તો કહેતે હૈ પ્રભુ, શિષ્યને ગુરુ કહેતે હૈ કે તેરા દ્રવ્ય સ્વભાવ તો ઉસમેં વ્યાપ્ત ન હોનેસે, પણ દ્રવ્ય સ્વભાવ જો હૈ ઉસસે તો વિભાવરૂપ પરિણમન નહીં હોતા. ભગવાન આત્મા, આહાહાહા... જ્ઞાન ને આનંદ ને શાંત રસનો દરિયો પ્રભુ, અકષાય સ્વભાવનો સાગર નાથ, એ અકષાય સ્વભાવ સ્વરૂપ અપના સ્વભાવસે કષાયમાં પરિણમન નહીં હોતા. દ્રવ્ય સ્વભાવસે નહીં હોતા. આહાહા ! સમજમેં આયા ? આ વાતું બાપા આ તો અંતરની વાતું છે ભાઈ ! શું થાય ? અત્યારે તો બહુ ( માર્ગ ) ગુપ્ત થઈ ગયો, ફેરફાર એટલે લોકોને સત્ય વાત પણ ખોટી લાગે છે, આ તો એકાંત છે અરે પ્રભુ સૂન તો સહી નાથ, એ તારા ચૈતન્યના ચમત્કારની કોઈ અલૌકિક વાતું છે. આહાહા !

ભાઈ ! શિષ્યને ગુરુ કહે છે. અને ઉનકે સ્વભાવસે વ્યાપ્ત ન હોનેસે પરરૂપ જાનકર, સમકિતદૃષ્ટિ જ્ઞાની અનુભવી રાગ ને દયા દાન અને અવ્રત આદિના ભાવ હૈ એ વિભાવ હૈ. એ અન્ય દ્રવ્યના નિમિત્તસે સ્વભાવરૂપ પર્યાયમેં હુઆ હૈ, મેરા સ્વભાવસે નહીં. સમજમેં આયા ? આહાહા... અપને સ્વભાવભાવસે અપને સ્વભાવ જ્ઞાન દર્શન આનંદ ઐસા સ્વભાવભાવસે વ્યાપ્ત ન હોનેસે, આહાહા... એ વિકારી ભાવપણે અપના સ્વભાવભાવસે વ્યાપ્ત નહીં હોતા, દ્રવ્ય સ્વભાવસે એ વ્યાપ્ત નહીં હોતા. આહાહા ! પરરૂપ જાનકર સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ધર્માત્મા એ રાગ પુણ્યપાપકા ભાવ મૈં પરરૂપ જાનકર મેરા દ્રવ્ય સ્વભાવસે મૈં વ્યાપ્ત નહીં હોનેવાલા આત્મા હું. આહાહા ! સમજમેં આયા ? એ વિકારી પરદ્રવ્યકા સ્વભાવસે પરિણમન હૈ, એ પરરૂપ જાનકર ધર્માત્મા, આહાહાહા... જુઓ આ જ્ઞાની પરરૂપ જાનકર વેદનમેં રાગાદિ આતા હૈ પણ યે મેરા સ્વભાવ નહીં. મેરી પર્યાયમેં હૈ પણ મેરા સ્વભાવ નહીં. આહાહાહાહા ! પરરૂપ જાનકર ત્યાગ દેતા હૈ.

આ રાગ ને વિકાર મેરા સ્વભાવ નહીં. મેરા સ્વભાવસે મૈં વિભાવરૂપ નહીં હુઆ એ પરભાવ હૈ મેરી પર્યાયમેં, પર્યાયકી કમજોરીસે, પણ મેરા દ્રવ્ય સ્વભાવસે મેરા વિભાવરૂપે નહીં પરિણમન હોનેવાલા, આહાહાહા... ઐસા પરરૂપ જાનકર ત્યાગ દેતા હૈ, અર્થાત્ તેરૂપે પરિણમતે નહીં. આહાહાહા ! આવા મારગ બાપા. આહાહાહા ! જુઓ આ પ્રત્યાખ્યાન, આ પ્રત્યાખાન આનું નામ છે. ભાઈ પ્રત્યાખ્યાન કોઈ અલૌકિક ચીજ છે નાથ પ્રત્યાખ્યાન એ ચારિત્રકી દશા

હૈ. એ અચારિત્રકી દશાકા ભાવ જ્ઞાની જ્ઞાનપણેમેં પરરૂપ જાનકર આ પર હૈ, મૈં એ રૂપે નહીં પરિણમું, એ રીતે રાગકા ત્યાગ કરતે હૈ અંદરમેં. આહાહા ! જે જાણતા હૈ, યે પર હૈ એ ઉસકો ત્યાગ દેતા હૈ, પર હૈ તો પરરૂપે મૈં નહીં હોનેવાલા, આહાહાહા... અરે, આવી વાત ક્યાં ? અમૃતનો સાગર ઉછળે છે અંદર. એમાંથી એને વધારે અમૃતના સાગરના આચરણમાં જાવું છે ને, જાના હૈ ને, તે શિષ્યને આ કહે છે. આહાહા.

આમાં દેહ ક્યાં, વાણી ક્યાં, મન ક્યાં, ક્યાંય એ તો પર રહી ગયા. સ્ત્રી કુટુંબ પરિવાર તો ક્યાંય પર રહી ગયા. યહાં તો પર્યાયમેં દ્રવ્ય સ્વભાવસે નહીં વ્યાપ્ત હોનેવાલા મૈં, પર્યાયમેં પરદ્રવ્યકા નિમિત્તસે વિભાવરૂપ પરિણમન હોતા હૈ એ મૈં જાનતા હું, કે આ રાગ હૈ, કયોંકિ એ રાગકી દિશા પરતરફ હૈ, પર તરફકા લક્ષસે રાગ હોતા હૈ, અપના લક્ષસે રાગ હોતા નહીં. તો આ રાગ હૈ યે પરલક્ષમેં ઉત્પન્ન હોનેવાલા વિભાવ એ પરભાવ હૈ, ઐસે જાનકર જ્ઞાનમેં એકાગ્ર હો જાતા હૈ, રાગ છૂટ જાતા હૈ. આહાહા ! સમજમેં આયા ?

ભગવાન આત્મામેં ઠરતે હૈ, આહા ! એ રાગકા આચરણમેં થા, એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એણે જાણ્યા કે આ તો વિભાવ પરભાવ હૈ, દુઃખરૂપ દશા મેરી દશા નહીં, મેરા દ્રવ્ય સ્વભાવકી દશા નહીં, આહાહાહા... પણ પર્યાયમેં મેરેમેં, આહાહા... આકુળતાકા વેદન હૈ, પણ ઈ પર હૈ મેરા આનંદકા નાથકી યે ચીજ નહીં દ્રવ્ય સ્વભાવકી. આહાહાહા... ઉસકો જાનકર પરકો પર જાણ્યા એ સમયે જ્ઞાન ( પરસે ) છૂટ ગયા દૃષ્ટિમેંસે પર્યાયમેંસે ઔર જ્ઞાન સ્વરૂપી ભગવાન જ્ઞાનમેં લીન હો ગયા, જે રાગમેં જરી અસ્થિરતા થી, એ રાગકો છોડકર સ્થિર હો ગયા, આ ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ. આવી વાત.

બહારથી હાથ જોડીને પચખાણ કરોને આ કરો બાપુ એ બધી વાતો જુદી છે. ભાઈ તેરા મારગ કોઈ જુદા હૈ. આહાહાહા ! બાહ્યથી અપવાસ કર્યો ને આ કર્યા, ત્યાગ કર્યો ને એ અમારો ત્યાગ છે, અરે પ્રભુ સૂન તો સહી. એ બહારકા ત્યાગ તો અંદરમેં હૈ હી નહીં, "ત્યાગ ઉપાદાન શૂન્યત્વ શક્તિ" ક્યા કહેતે હૈ ? ભગવાન આત્મામેં ઐસા એક ગુણ હૈ અનાદિસે પરકા ગ્રહણ અને ત્યાગ તો ઉસમેં હૈ હી નહીં. રજકણ, કર્મ પરપદાર્થકા ગ્રહણ અને પરકા ત્યાગ ઉસસે તો શૂન્ય હૈ પ્રભુ ( આત્મા ). સમજમેં આયા ? આહાહાહા ! પ્રભુ તેરા એક ગુણ ઐસા હૈ "ત્યાગ ઉપાદાન શૂન્યત્વ." એ આહારપાણીકા ત્યાગ અને આહારપાણીકા ગ્રહણ એ તેરી ચીજમેં હૈ હી નહીં. સમજમેં આયા ? આહાહાહા ! ઝાંઝરીજી ! આવો મારગ છે ભગવાન. આહાહાહા ! પરમસત્ય હૈ પ્રભુ હૈ. અરે એને લોકોએ ગરબડ કરી અને આ તો નિશ્ચયની વાતું પણ બાપુ સત્ય જ આ હૈ. નિશ્ચય નામ સત્ય અને વ્યવહાર તો આરોપિત કથન હૈ. આ છોડયું ને આ ત્યાગી થયો એ તો વ્યવહારના અસદ્ભૂત વ્યવહારના કથન, પણ ખરેખર તો ત્યાગ ઈસકો કહીએ. આહાહાહા ! અતીન્દ્રિય આનંદના નાથમાં દૃષ્ટિ આપી છે ત્યાં, ત્યાં આગળ અંદર ઠરતા રાગને જાણતા કે આ રાગ તો પર હૈ એ રૂપે નહીં પરિણમન કરનેવાલા મેરા દ્રવ્યસ્વભાવ હૈ. આહાહાહા ! યે અપના સ્વભાવમેં ઉગ્રપણે પરિણમન કરતે હૈ, સ્વસંવેદનબળ, સ્વસંવેદન જ્ઞાનકા વેદન નિર્વિકલ્પ સમાધિમેં હોતા હૈ ઉસકા નામ પચખાણ કહતે હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

હવે પચખાણ કોને કહેવાય એ પણ સાંભળ્યું ન હોય પ્રભુ ! આ તો આ કર્યું. આ કર્યું ભગવાન, આહાહાહા ! ભગવાન તરીકે જ બોલાવે છે ને, ભગવાન જ્ઞાતાદ્રવ્ય કહ્યા ને ? પહેલો શબ્દ ટીકાનો, જિસકો પહેલે જાના એ ત્યાગ દેતા હૈ. ત્યાગ દેતા હૈ ઐસા કહેના એ પણ નિમિત્તકા કથન કર્તાપણા હૈ નહીં ઈસમેં, એ આગળ કહેગા. સમજમેં આયા ? રાગકા ત્યાગ કરતા હૈ એ ભી આત્મામેં નામમાત્ર હૈ. સમજમેં આયા ? એ રાગરૂપ હુઆ નહીં અને આનંદરૂપ હુઆ ઉસને રાગકા ત્યાગ કિયા એ તો કથનમાત્ર હૈ, વસ્તુમેં હૈ નહીં. એ રાગકા ત્યાગ કયા કરના ? રાગકો જાનકર જ્ઞાનમેં સ્થિર હુઆ, તો રાગ ઉત્પન્ન ન હુઆ, ઉસકો રાગ ત્યાગ્યા એમ નિમિત્તસે કથન હૈ. આહાહા !

એ કહેગા, અહીંયા ઈસલિયે જો પહલે જાનતા હૈ, ( આહા ! ) એક-બે લીટીમાં કિતના અર્થ ભરા હૈ, અને એક માણસ કહે તમે સમયસારના બહુ વખાણ કરો છો, મેં તો પંદર દિવસમાં વાંચી કાઢયું. હું તો વાંચી ગ્યો 'તો ને, સમજયો તો કયાં ? તમે બહુ વખાણ કરો બાપુ એની એક એક પંકિત ! ( અચિંત્ય ) આહાહા... એ સમજનેમેં બહોત કઠણ લગે ભાઈ. અભ્યાસ પરકા અને અનઅભ્યાસ સ્વકા અનાદિકા, એ કલ આયા થા અનાદિકા પરકા અભ્યાસ, એ મોડના પાછા વળના ગુંલાટ ખાના. આહાહા !

સમ્યગ્દૃષ્ટિ હુઆ પીછે પ્રત્યાખ્યાન કૈસે હોતા હૈ ઉસકી બાત હૈ. એટલે સમ્યગ્દૃષ્ટિ હુઆ માટે સર્વદોષકા ત્યાગ હો ગયા, ઐસા હૈ નહીં. દૃષ્ટિમેં સર્વદોષકા ત્યાગ હૈ પર્યાયમેં સર્વદોષકા ત્યાગ નહીં. આહાહાહા ! એ સર્વદોષકા ત્યાગ, એ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ક્ષાયિક સમકિતી હો, આહાહા ! ભગવાન તીર્થંકર હો, ગૃહસ્થાશ્રમમેં એ ભી જબ નમો સિદ્ધાણં કહીને ચારિત્ર અંગીકાર કરે છે. પાંચ નવકાર નહીં ગણે એ, તીર્થંકર ગૃહસ્થાશ્રમમેં હૈ જ્યાં લગી ત્યાં લગી રાગ પુણ્ય-પાપકા આચરણ, ભોગકા આચરણ, રાગકા દુઃખકા આચરણ હૈ. આહાહાહા... એ ભગવાન જ્યારે ચારિત્ર અંગીકાર કરે છે, શાસ્ત્રમેં ઐસા લેખ હૈ નમો સિદ્ધાણં બસ, નમો સિદ્ધાણં કરકે સ્વરૂપમેં અંદર ઊતર જાતે હૈ. આહાહાહા... ત્યારે ઉસકો પ્રત્યાખ્યાન નામ ચારિત્રદશા હોતી હૈ. તીર્થંકરને પણ. આહાહાહા !

ઈસલિયે જો પહેલે જાનતા થા, પહલે જાનતા થા કે આ રાગ પર હૈ, એ જાનનેવાલા જાને કે આ રાગ પર હૈ, પહેલે જાનતા થા, વહી બાદમેં ત્યાગ કરતા હૈ. આહાહા ! ઉસમેં જોડાતા નહીં હૈ, સ્વરૂપમેં લીન હોતે હૈ. આહાહાહા ! જેમ ભગવાન ઓ વિજળી ઉપરથી પડતી હૈ ને તાંબાના વાયર હોય છે ને વિજળી ઊતરી જાય છે. આહાહા... એમ ભગવાન આત્મા અપના અનુભવ ને જ્ઞાન તો હૈ, ગુરુ કહેતે હૈ પણ રાગકો તેં પર જાન્યા, પર હૈ તો સ્વપણે પરિણમના અને પરરૂપે નહીં ઐસા હોકર જ્ઞાન જ્ઞાનમેં પરિણમતે હૈ, તો રાગ છૂટ જાતા હૈ, ( ઉત્પન્ન નહીં હોતા ) અને રાગ છોડતા હૈ ઐસા કહેના એ ભી તેરે માટે તો નામ કથન હૈ. આહાહાહા !

જુઓ તો ગાથા ! આ નોરતાનો પહેલો દિવસ છે. નવ રતા કહેવાયને ? નવ રતા નોરતા નહીં નવ રાત. આહા ! આ ભગવાન સામે લડાઈ હાલી રાગ સામે. આહા ! રાવણનું જેમ માથું કાપી નાખ્યું લક્ષ્મણે, મૂળ તો લક્ષ્મણે, વાસુદેવ છે ને આ તો બળદેવ હૈ રામચંદ્રજી તો બળદેવ છે, પદવી આમની ઊંચી છે વાસુદેવની સંસારની અપેક્ષાએ. આહાહાહા ! યહાં કહતે હૈ આતમરામ

ભગવાન જ્યાં અપના સ્વરૂપકા અનુભવ હુઆ, એ આતમરામ અપની રમતમાં ચડતે હૈ. રાગકી ઉત્પત્તિ નહીં હોતી ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ. આહાહા! અંતર આનંદમેં રમતે હૈ ભગવાન આત્મા એ ( પહલે ) થોડા આનંદ થા ઉસમેં રમતે થે, ( અબ ) વિશેષ આનંદ પ્રગટ કરકે રમતે થે, આહાહા ! રમેં ત્યારે રાગકા દુઃખકા ભાવકા ત્યાગ હો ગયા, અભાવ હો ગયા એને ત્યાગ કિયા એમ કહનેમેં આતા હૈ. આહાહાહા !

બાકી તો ભગવાન આત્મામેં એક અભાવભાવકા સ્વભાવ હૈ. અરેરે ! આહાહાહા ! કયા કહતે હૈ સુડતાલીસ શક્તિ હૈ ને ? ઉસમેં આત્મામેં એક અભાવ નામકા ગુણ અનાદિ અનંત હૈ. એ અભાવ સ્વભાવકે કારણ રાગકા અભાવરૂપે પરિણમન હો ગયા હે. સમજમેં આયા ? આહાહાહા ! અભાવ રાગકા અભાવ સ્વભાવરૂપ અભાવ અપનેમેં હૈ. રાગરૂપે ન પરિણમના ઐસા અભાવ સ્વભાવ અપનેમેં હૈ. આહાહા ! અરે આવી વાતું હવે કેટલી યાદ રાખવી આમાં ? રામજીભાઈ નહોતા કહેતા એક દિ' પ્રભુ ! તારા મારગની રીત તો આ છે ભાઈ. આહાહા ! એ જનમમરણના દુઃખડાના નાશ કરવા પ્રભુ. આહાહા ! ભવભયથી ડરી ચિત્ત થઈને.

ભાઈ કઠણ, પણ કરના પડેગા નાથ. સમજમેં આયા ? આહાહાહા... જે જાણે છે, જાણનારે જાણ્યું ભગવાને કે આ રાગ પર હૈ, જાણનાર જાણે અને જાણનાર પરરૂપે ન હો, અને પરકા અભાવરૂપ સ્વભાવરૂપ પરિણમે આ ઈસકા નામ ત્યાગ ને પચખાણ કહનેમેં આતા હૈ. આવી વાતું છે પ્રભુ ! શું થાય ? આહાહા ! પરમ સત્ય પરમાત્માએ આ રીતે કહ્યું છે. બાકી બધી પછી ઉલટી દૃષ્ટિથી વાતો કરે એ નહીં. ગમે તે હવે એક જણ તો એમ કહેતો 'તો ઇન્દ્રલાલજી હતો જયપુરમાં, દિગમ્બરમાં જન્મ્યા એ બધા ભેદજ્ઞાની તો છે જ, જન્મ્યા એ તો બધા ભેદજ્ઞાની છે એને હવે રાગકા પ્રત્યાખ્યાન કરના અને ચારિત્ર લેના બસ એ કરના હૈ. અરે ભાઈ ભગવાન તેં શું કર્યું, તેં આ ભાઈ ! આહાહાહા !

દિગંબરમાં ( જન્મ્યો ) શું પણ દિગંબર સાધુ અનંતબૈર હુઆ, 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' પણ એ તો રાગની ક્રિયા, એવી ક્રિયા તો અત્યારે હૈ હી નહીં, એવી રાગની ક્રિયા શુભ મુનિવ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો પણ પ્રભુ આત્મજ્ઞાન વિના ( લેશ સુખ ન પાયો ). ભગવાન આનંદનો નાથ પ્રભુ ઉસકી સન્મુખ તુમ ન હુઆ ઉસસે વિમુખ હોકર રાગકી ક્રિયા તેં કિયા. સમજમેં આયા ? દિગંબરમેં જન્મ તો શું દિગંબર સાધુ હોય તો ય મિથ્યાદૃષ્ટિ હૈ રાગ કી ક્રિયા અપની માનતે હૈ તો. પાટણીજી ! આવી વાત છે. પ્રભુ ! આહાહા !

ભગવાન જ્ઞાતા દ્રવ્ય, આહાહા... આચાર્યોની ભાષા તો જુઓ. ભગવાન જ્ઞાતાદ્રવ્ય પહેલો શબ્દ એ ઉપાડયો છે ને ? યહી "ભગવંત્ જ્ઞાતૃ દ્રવ્ય", આહાહાહા... પામરને ભગવાન માનવો કઠણ પડે છે. એ ભગવાન સ્વરૂપ જાના હુઆ છતેં, પર્યાયમેં જબ તક પરકા વિકારકા પરિણમન હૈ તબલગ વો સ્વરૂપકા આચરણ નહીં, સ્વરૂપ આચરણ અંશે હુઆ હૈ સમ્યગ્દૃષ્ટિકો પણ જિસકો ચારિત્ર કહીએ ઐસા આચરણ નહીં. તો ચારિત્ર શબ્દ જો કહે, એ તો સ્વરૂપ જો આનંદકા નાથ હૈ ઉસકો જો જાણ્યા ને માણ્યા, ઉસમેં ( ઉગ્રપને ) ચરના આનંદમેં રમના. આહાહા ! સ્વસંવેદનમેં અતીન્દ્રિય આનંદકા કવળ લેના, અતીન્દ્રિય આનંદકા ગ્રાસ લેના. સમજમેં આયા ?

ભાઈએ દાખલો આપ્યો છે ને ? સોગાનીએ ગન્નાકા રસ, ઘટક ઘટક ઘટક, પીતે હૈ ને ? ઐસે ધર્માત્મા સ્વરૂપકી દૃષ્ટિ ઉપરાંત સ્વરૂપમેં સ્થિરતા કરનેકો ઘટક ઘટક આનંદકો પીતે હૈ. અરેરે ! આ શું વાત ! આહાહા ! એ કહતે હૈ, જો જાનતે હૈ વોહી રાગકા ત્યાગ કરતે હૈ, અન્ય તો કોઈ ત્યાગ કરનેવાલા નહીં, ઈસપ્રકાર હજી તો આ પ્રકારે આત્મામેં નિશ્ચય કરકે, દેખો– આહાહા... કયા કહા ઈ ? હજી તો પ્રત્યાખ્યાન હવે હોગા, પણ આ પ્રમાણે પહલે નિશ્ચય કરતે હૈ મૈં જ્ઞાતાદ્રવ્ય સ્વભાવ એ વિભાવપણે સ્વભાવસે પરિણમનેવાલા નહીં, પર્યાયમેં વિભાવ હૈ તો એ તો પરના નિમિત્તકા અવલંબનસે હૈ, એ દુઃખદાયક હૈ, મેરે તો આચરણ કરના હૈ મેરા, તો જિસકો પર જાણ્યા, પરસે પૃથક રહકર જાના એ પરકો પૃથક કર દેતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

હવે આવી વાત અરે ભાઈ દુઃખી–દુઃખી એ પ્રાણી દુઃખી છે ભાઈ. આહાહા ! જેના દુઃખ દેખી, શાસ્ત્રમેં તો ઐસી બાત હૈ, આહા ! તેરા મરણ હુઆ ઔર તેરી માતાકી આંખમેંસે આંસુ આયા, એ આંસુ ઈતના હૈ કે સમુદ્ર ભરાય, બાપા તારા દુઃખ દેખ્યા ન જાય ભાઈ. આહાહાહા ! એ કહ્યું નહોતું એક ફેરી હમણાં લાઠીમાં એક બાઈ હતી, કન્યા અઢાર વરસની ઉંમર લાઠી, સારા શરીરમેં શીતળા, શીતળા કયા કહેતે હૈ ? ચેચક બે વર્ષના લગ્ન એના ધણીને બીજી એનો ધણી પહેલી પરણ્યો તો એ મરી ગઈ. એને શીતળા થયા અને તળાઈમાં પડી 'તી અને દાને દાને ઈયળ, કીડા, દાને દાને ઈયળ કીડા, આમ પડખું ફરે ત્યારે હજાર કીડા આમ ખરે, બીજી બાજુ ફરે તો આમ પડે, મરી જાય નવા ઉત્પન્ન થાય. એની માને કહે છે બા, મેં આવા પાપ આ ભવમાં કર્યાં નથી, શું આવ્યું આ ? આહાહા ! સહ્યું જાય નહીં તળાઈમાં બળતરા બળતરા દાણે દાણે ઈયળ પણ એ પીડા પણ નરકની પાસે તો અનંતમાં ભાગની છે. લોકોને ક્યાં ખબર છે ભાઈ નરકની પીડા જે પહલી નરકે ઉસસે અનંતમે ભાગે હૈ દેહ છૂટ ગયા રોતા રોતા ને. આહાહા ! અને હડકાયું કરડે છે ને હડકાયું કૂતરું શું કહે છે તમારે( શ્રોતાઃ– પાગલ કુત્તા ) પાગલ કુત્તા કરડતે હૈ. એક કન્યાકો કરડયા થા બાર વર્ષની જુવાન કન્યા, એમાં પાગલ કુત્તા, પ્રેમચંદભાઈ છે આપણે લાઠી રાણપુરવાળા એના મિત્રની દીકરી હતી મિત્ર ગુજરી ગયેલા ભાઈબંધની દીકરી–કાકા, મારાથી સહન થતું નથી. પવન નાખો તો સહન થતું નથી – સૂતા સહન થતું નથી. પાણી પીવાતું નથી. શું પ્રભુ વેદના ? કુત્તા પાગલ કુત્તા હડકાયા બાર વર્ષની જુવાન છોડી અને પીડા પીડા પીડા દેહ છૂટ ગયા. બાપુ એ પીડાથી અનંત ગુણી પીડા તને નર્કમાં થઈ છે. એ પીડાના પરમાણુને છોડના હો તો નાથ ! આ ઉપાય તેરા કરના પડેગા. હૈં ? આહાહાહા ! વિશેષ કહેગા. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ ).

## પ્રવચન નં. ૯૯ ગાથા - ૩૪ તા. ૪-૧૦-૭૮ બુધવાર આસો સુદ-૨ સં. ૨૫૦૪

સમયસાર ૩૪ ગાથા ટીકા ફિર. યહ ભગવાન જ્ઞાતા આત્મા, ભગવાન જ્ઞાતા આત્મા એ તો જાણન–દેખન સ્વભાવ સ્વરૂપ પ્રભુ હૈ. એ જ્ઞાતા જાણન–દેખન ઐસા ચંદ્ર સૂર્ય જૈસા પ્રકાશરૂપ, એ જડ પ્રકાશ છે આ ચૈતન્ય પ્રકાશ છે. ઐસા આત્મા યહ અન્ય દ્રવ્યોંકે સ્વભાવસે

હોનેવાલા કર્મના નિમિત્તના સંબંધમાં હોનેવાલા શુભઅશુભ રાગ વિભાવભાવ એ અન્ય સમસ્ત પરભાવોંકો, એ પરભાવ વિકારીભાવ ઉનસે અપને સ્વભાવભાવસે વ્યાપ્ત ન હોનેસે અપના જ્ઞાનાનંદ સ્વભાવ એ સ્વભાવસે વિભાવમાં વ્યાપ્ત નામ પરિણમન ન હોનેસે આહાહા... એ વિભાવ સમકિતીકો જ્ઞાનીકો પરરૂપ જાનકર, એની બાત હૈ. એ પુણ્ય ને પાપનું આચરણ, અવ્રતકા આચરણ હૈ એ સમકિતીકો જ્ઞાનીકો, તો વો જાનકર કે આ તો રાગ હૈ વિકાર હૈ, મેરા સ્વભાવસે મેં પરિણમન કરું ઐસી ચીજ નહીં. સ્વભાવ તો સ્વભાવરૂપે પરિણમે ઐસી ચીજ હૈ. તો મેરા ચૈતન્ય આનંદ જ્ઞાન સ્વભાવ એ અન્યભાવકા પરિણમનેકે લાયક નહીં. આહાહાહા !

વ્યાપ્ત ન હોનેસે પરરૂપ જાનકર સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મી જીવ અપના સ્વભાવસે વિભાવરૂપે ન હોને લાયક મૈં તો હું, ઐસા જાનકર ત્યાગ દેતા હૈ. આહાહા... રાગરૂપ જો આચરણ અવ્રતકા થા, યે મૈં તો જ્ઞાતા હું, દૃષ્ટા હું, યે મેરા સ્વભાવસે વિભાવરૂપ પરિણમનકા વ્યાપ્ત હોનેકો મૈં લાયક નહીં. મૈરા સ્વભાવ ઐસા હૈ નહીં. આહાહા !

જુઓ આ પ્રત્યાખ્યાન, એ ત્યાગ દેતા હૈ ઈસલિયે જો પહેલે જાનતા હૈ જ્ઞાનસ્વભાવમેં પહલે જાનતે હૈ કે આ રાગાદિ વિકાર એ પર હૈ, આહાહા... વહી બાદમેં ત્યાગ કરતા હૈ. જાનતા હૈ વે હી અપનેમેં ઠર જાતા હૈ. અન્ય તો કોઈ ત્યાગ કરનેવાલા નહીં, જાના કે આ રાગ હૈ. આહાહાહા ! અસ્થિરતા મેરેમેં હૈ મેરા સ્વભાવ રાગરૂપે પરિણમનેકા લાયક તો નહીં, છતાં પરિણમન હૈ, તો વો રાગાદિ, પ્રત્યાખ્યાનની આ બાત હૈ ને ? ત્યાગ કરનેવાલા દૂસરા તો કોઈ નહીં, જાના કે આ રાગ હૈ, વિકાર હૈ, વિભાવ હૈ, બસ જાના તો અપનેમેં ઠર જાતે હૈ. ઐસા તો હજી નિશ્ચય કરતે હૈ. એમ કહેતે હૈ.

ઈસપ્રકાર આત્મામેં નિશ્ચય કરકે, આ રીતે આત્મામાં પ્રથમ નિશ્ચય કરકે, પ્રત્યાખ્યાનકે સમય અપના સ્વરૂપમેં લીન સ્વસંવેદન હોનેકે કાળમેં, આહાહા... પ્રત્યાખ્યાન કરને યોગ્ય, રાગકા ત્યાગ કરને યોગ્ય, આરે આવી વાતું, પરભાવકી ઉપાધિ માત્રસે, જે વિકારભાવ હૈ એ તો પરભાવકી ઉપાધિ હૈ, એના પ્રવર્તમાન ત્યાગકે કર્તૃત્વકા નામ, એ વિકારકા ત્યાગ મૈં કરતા હું, એ તો નામમાત્ર ( કથન માત્ર ) હૈ. અપના સ્વરૂપમેં ઠરતે હૈ, ત્યાં રાગકા ત્યાગ હો જાતા હૈ, ઉસકો ( રાગકા ) ત્યાગ કિયા ઐસા કથનમાત્ર હૈ. આહાહા ! આવી વ્યાખ્યા લોકોને કઠણ પડે છે. એમ કે પાઠમાં તો ઈતના હૈ “સવ્વે ભાવે જમ્હા પચ્ચખાઈ” પરભાવના પચ્ચખાણ કર્યાં એટલે આ બહારથી કરે છે ને, એટલે એ લોકો એમ કહે છે કે, આ ટીકાકારે અને વિદ્વાનોએ વસ્તુને ગહરી, ગંભીર બના દિયા, પણ આ ટીકા કિયા પણ આ પાઠમાં છે ને ? “પચ્ચખાણ નાણમ નિયમા મુણે–દવ્વં” ચોથું પદ છે કે નહીં ? નાણમ એટલે આત્મા, જ્ઞાન શબ્દે અહીંયા આત્મા. પાઠ છે ને ?

“નાણમ નિયમા મુણે” ટીકાનો કરનાર એ તો એમ કહે છે, આ વાત તો તદ્દન સરળ હતી એકસો પંચાવન ગાથાનો પ્રશ્ન થયો હતો ત્યાં દિલ્હી, છે ને એકસો પંચાવન ? “જીવાદિ સદહણં” એમ કે ત્યાં તો “જીવાદિ સદહણં” ઈતના હૈ, પણ ઉસકા અર્થ કયા હુઆ ઉસમેં ? કે જીવાદિકી શ્રદ્ધા એટલે કે પ્રતીત માત્ર વિકલ્પસે ઐસે નહીં, એ જીવાદિકી શ્રદ્ધા ( એટલે ) એ રૂપે આત્મા જ્ઞાનરૂપે નામ આત્મારૂપે પરિણમન હોના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ, ત્યારે એ લોકોને એમ

થયું, કે આ શાસ્ત્રની વ્યાખ્યા ગહરી કરી નાખી, સીધી વાત હતી કે “સવ્વે ભાવે પચ્ચખાઈ, જીવાદિ સદ્હણં” સમકિત, પણ “જીવાદિ સદહણં” સમકિત કહેના કિસકો ? સમજમેં આયા ?

એ તો શ્વેતાંબરમેં એમ કહતે હૈ “ભાવેણં સદઃ અંતઃતત્ત્વ” નવ તત્ત્વને ભાવથી શ્રદ્ધે અંતઃકરણથી તે સમકિત. પણ એ ભાવ ક્યા ? અઠયાવીસમો અધ્યયન હૈ મોક્ષમાર્ગ ઉત્તરાધ્યયન શ્વેતાંબર અમારે તો સબ ચાલી ગયાને વ્યાખ્યાનમાં સંપ્રદાયમેં બોટાદમેં હજારો માણસ આતે થે. સભામેં ત્યાં આ કિયા અંતઃકરણસે, પણ અંતઃકરણ એટલે કયા ? આહાહા ! અંતર આત્મસ્વભાવકા પરિણમન કરકે, શ્રદ્ધા કરના સમકિત કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા ! યહાં ભી એકસો પંચાવનમેં યે કહા “જીવાદિ સદહણં” જ્ઞાનરૂપ એટલે આત્મા એ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય હૈ એ રૂપે ઉસકા શ્રદ્ધારૂપે પરિણમન હો જાના, નિર્વિકલ્પ શાંતિરૂપે પરિણમન હોના અંશે ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા...

અહીંયા યે કહા પચ્ચખાણમેં એમ કે પાઠ તો ઈતના થા. “સવ્વે ભાવે જમહાપચ્ચખાઈ” પણ એનો અર્થ ક્યા ? અર્થ તો પાઠમેં લિયા હૈ ને, “નાણમ નિયમા મુનિદવ્વં” આત્મા નિશ્ચયથી જાણવો. પ્રત્યાખ્યાને એ આત્મા નિશ્ચયથી જાણવો એમ છે કે નહીં તો ઉસકા અર્થ કરના પડે કે નહીં ? સમજમેં આયા ? કે આત્મા અપના સ્વરૂપકા અનુભવ હુઆ, સમ્યગ્દર્શન હુઆ, આત્માકા આનંદરૂપે, જ્ઞાનરૂપે પરિણમન હુઆ, એ તો સમ્યગ્દર્શન. હવે એ સમ્યગ્દર્શનમેં જ્ઞાન તો હૈ સાથમેં તો એ જાણતે હૈ કે મૈંરેમેં હજી અવ્રતકા, અત્યાગકા, રાગ ભાવકા પરિણમન મેરેમેં હૈ, હવે એ રાગકા ત્યાગ કરના હૈ. તો કયા ? જે જ્ઞાન સ્વભાવી ભગવાન, આ રાગ હૈ ઐસા જાના, જાનકર જ્ઞાનમેં રહ ગયા, સ્થિર હો ગયા, એ પ્રત્યાખ્યાન છે. આહાહા ! આને તો એમ કે પ્રત્યાખ્યાન એટલે સર્વ ભાવના પચ્ચખાણ એમાં આવી પચ્ચખાણની વ્યાખ્યા ? ટીકાકારે વિદ્વાનોએ દુરુહ કરી નાખ્યો ( અર્થ ) અરે બાપુ એમ નથી– એનું સ્પષ્ટીકરણ કર્યું છે. કે પચ્ચખાણ ઈસકો કહીએ, પચ્ચખાણ કહો કે ચારિત્ર કહો, પ્રત્યાખ્યાન– રાગકા ત્યાગ કહો કે ચારિત્ર કહો, એકસો પંચાવનમાં આવે છે ને ભાઈ ? “જીવાદિ સદહણં સમ્મત્તે જીવાદિ જ્ઞાનમ્” જીવાદિ પદાર્થનો જીવનું જ્ઞાન સ્વરૂપનું જ્ઞાન એ જ્ઞાનરૂપે પરિણમના વો જ્ઞાન અને ચારિત્ર રાગાદિ વર્જન જ્ઞાનમેં, રાગાદિ વર્જન જ્ઞાનમેં, એ ચારિત્ર તો ઉસકા એ અર્થ યહાં હુઆ કે જે રાગ હૈ, વો જાના કે આ રાગ હૈ, હૈ ભેગા, પર તરફકા પરિણમન છૂટ ગયા, અને જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમન હુઆ, ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ.

એટલે લોકોને એમ કે પાઠ એવા સહેલા છે, એમાં પણ ટીકાકારે એને આમ કરી નાખ્યું. હમણાં અર્થ આવ્યો છે ને સમયસારનો બસ ગાથાનો અર્થ, સાધારણ શબ્દાર્થ. અરે ભાઈ, એ ગાથામેં જે ભાવ હૈ ઉસકા હી સ્પષ્ટીકરણ કિયા હૈ. ગાય ઔર ભેંસકે આઉમેં જો દૂધ હૈ, આઉમેં દૂધ તો ઉસમેંસે નિકાલતે હૈ, વો જો હૈ ઈસમેંસે નિકાલતે હૈ, ઐસે ગાથામેં ( જો ) ભાવ હૈ, એ તર્કસે ટીકાકારે ઉસકા સ્પષ્ટીકરણ કિયા હૈ. સમજમેં આયા ? લોકોને બહારના આચરણની શ્રદ્ધા અને જ્ઞાન શાસ્ત્રકા જ્ઞાન અને આ વ્રત આદિ નિયમ બસ, વો હી મોક્ષકા માર્ગ હૈ. એ તો બંધકા મારગ હૈ. આહાહાહા !

યહાં તો ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી મુક્તસ્વરૂપ પ્રભુ, ઉસકો રાગસે પૃથક હોકર

અપના આત્માકી પ્રતીત નિર્મળ સમ્યગ્દર્શન વીતરાગી પર્યાયસે પ્રતીત કરના, રાગકા અભાવરૂપ વીતરાગી સમ્યગ્દર્શન પર્યાયસે પ્રતીત કરના, ઉસકા નામ સમ્યગ્દર્શન. આહાહાહા...

ઔર રાગકા ત્યાગરૂપે આત્માકા જ્ઞાનરૂપ પરિણમન હોના એ જ્ઞાન હૈ. ઔર આત્માકા, રાગકા જાનના હુઆ, જાનકર ઉસમેં પરિણમન ન હુઆ, ઔર અપનેમેં ( જ્ઞાનમેં ) ઠર્યા, ઉસકા નામ પ્રત્યાખ્યાન, જ્ઞાન પ્રત્યાખ્યાન હૈ. એ આયાને ? ચોથું પદ ટીકામાં હૈ પાઠમાં એ જ છે જ્ઞાન પ્રત્યાખ્યાન 'જ્ઞાન' શબ્દે આત્મા.

ભગવાન આત્મા અપના શુદ્ધ સ્વરૂપકા ભાન હૈ, ઔર પીછે રાગાદિકા આચરણ પર્યાયમેં હૈ, એ જ્ઞાન જાનતે હૈ, મેરી પર્યાયમેં દુઃખ આકુળતા રાગ હૈ, અત્યાગ હૈ, એ જાના અને જાનકર જ્ઞાન જ્ઞાનમેં રહ ગયા. જ્ઞાન( કા ) રાગમેં પરિણમન ન હુઆ, એ જ્ઞાનસ્વરૂપી આત્મા જ્ઞાનમેં રહે ગયા ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ. 'ણાણમ ણિયમા' એમ આયા ને "ણાણમ ણિયમા મૂણે એવં" એ આત્મા નિશ્ચયથી એ ચારિત્રને પ્રત્યાખ્યાન છે, આવું આકરું પડે એટલે લોકોને એમ કે એવા સીધા સાદા અર્થ હતા એમાં આવા ગંભીર અર્થ કાઢયા. એ અર્થ જ ગંભીર છે. હૈં ! એ તો સ્પષ્ટીકરણ હૈ, ભાઈ તેરે પ્રત્યાખ્યાન કબ હોગા, કૈસે હોગા, ઉસકા સ્પષ્ટીકરણ હૈ. ભલે એને પ્રત્યાખ્યાન અભી ન હો, પણ પ્રત્યાખ્યાન હો તબ કૈસે હોગા. આહાહાહા !

ભગવાન ( નિજાત્મા ) જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ, એ અપના જ્ઞાન સ્વભાવી ભગવાન પ્રત્યે, જ્ઞાનની પ્રતીતિ સમ્યગ્દર્શનની પ્રતીતિ એ આખા સ્વરૂપકી પ્રતીતિ નિર્વિકલ્પ એ આત્માકી પરિણમન દશા હૈ, ઉસકા નામ સમ્યગ્દર્શન. ઔર યે આત્માકા જ્ઞાન, જ્ઞાનસ્વરૂપી ભગવાનકા જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નહીં. આહાહાહા ! ભગવાન જ્ઞાનસ્વરૂપી જ્ઞાનપ્રધાન અનંતગુણકા પિંડ, પણ જ્ઞાનપ્રધાન કથન હાલે છે ને ? કલ આયા થા. જ્ઞાનપ્રધાન અનંતગુણકા પિંડ દોપહરકો આયા થા. આહાહા... ઐસે ભગવાન જ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પ્રભુ એ અપનેમેં જાનનેમેં આયા કે આ રાગ હૈ યે જાના અને રાગમય જાનકર, અંશમેં પરિણમન ન હુઆ અને જ્ઞાન( કા ) જ્ઞાનરૂપે પરિણમન હુઆ ઉસકા નામ પ્રત્યાખ્યાન ચારિત્ર હૈ. આહાહાહા ! આ સ્વસન્મુખમાં ઠર્યો, સ્વસન્મુખ દૃષ્ટિ જ્ઞાન તો હૈ, પણ હવે સ્વસન્મુખ અંતરમેં ( એકાગ્રતા ) કરકે ઠર ગયા, જમ ગયા ! જ્ઞાન જ્ઞાનમેં જમ ગયા, આત્મારામ આત્મામેં રમ ગયા. આહાહાહા !

આવી વાતું એટલે લોકોને અર્થ બીજા કર્યાં ને આવું કર્યું એમ કહે, અરે ભગવાન તને ન બેસે વાત માટે બીજો અર્થ કર્યો એમ કહેવાય ? ( શ્રોતાઃ– આચાર્યે બીજા અર્થ કર્યાં એમ કહેવું કાંઈ વ્યાજબી છે ? ) હા એમ ઈ કહે છે. ભાષા એવી છે. આવે છે ને વિદ્યાનંદજી એમાં બળભદ્ર પંડિતે એ લખ્યું છે, પણ એનું કહેવું છે માટે લખ્યું છે. આહાહા ! એમ કે "જીવાદિ સદહણં સમ્મતં" એટલે જીવાદિની શ્રદ્ધા એ સમકિત, પણ એની વ્યાખ્યા પાછી કહે, આત્મા જ્ઞાનસ્વરૂપે એ રૂપે પરિણમે કહેવો એ સમકિત ને આ બધું લાંબુ કર્યું, ( શ્રોતાઃ– જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે ) આત્મા આત્મારૂપે પરિણમે એમ એનું કહેવું છે ને ત્યારે સમ્યગ્દર્શન હૈ ને ? રાગરૂપે પરિણમતે થે એકત્વબુદ્ધિમેં તબલગ તો મિથ્યાત્વ થા. સમજમેં આયા ? આહાહા ! રાગ ને વિકાર ને સ્વભાવ બે ભિન્ન હૈ, છતાં એ રાગરૂપ મૈં હું ઐસી એકત્વબુદ્ધિ થી તબ તો મિથ્યાત્વ હૈ, હવે એ મિથ્યાત્વકા ત્યાગ, જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે અને રાગરૂપે ન થાય ભલે રાગ હો, પણ રાગની

એકતારૂપે ન થાય, ન હો અને આત્મા આત્મારૂપે હો ઉસકા નામ સમ્યગ્દર્શન. ભગવાન તારી વાત તો આવી છે પ્રભુ હવે પણ લોકોએ શું કરી નાખ્યું, આ બહુ ફેરફાર કરી નાખ્યો. આહાહા !

એ આંહી ( કહતે હૈં ) ઈસપ્રકાર આત્મામેં નિશ્ચય કરકે, દેખો પ્રત્યાખ્યાનકે સમય જ્યારે પ્રત્યાખ્યાન સ્વરૂપનું શુદ્ધરૂપે પરિણમન હોનેકે કાળમેં, આહાહાહા... પ્રત્યાખ્યાન કરને યોગ્ય રાગ-પરભાવકી ઉપાધિ, એ રાગાદિ હૈ એ પરકી ઉપાધિ હૈ, ઉસકા ત્યાગ એ તો નામમાત્ર કથન હૈ. એ જ્ઞાન ભગવાન જ્ઞાનમેં જમ ગયા, આતમરામ આત્મામેં રમ ગયા, બસ વો પ્રત્યાખ્યાન હૈ. આહાહાહા ! લોકોને એમ કે બહારથી પ્રત્યાખ્યાન કર્યું એટલે પ્રત્યાખ્યાન થઈ જાય એમ મનાવવું છે. એમ ન હોય. ( શ્રોતાઃ- સત્ય સમજવાનો પ્રયત્ન નથી કરવો. ) આહાહાહા ! ભાઈ, પ્રત્યાખ્યાન એટલે પચ્ચખાણ, પચ્ચખાણ અર્થાત્ રાગાદિની અસ્થિરતાનો ત્યાગ, એ ત્યાગ કહેના, કહેતે હૈ એ ભી નામમાત્ર હૈ. યહાં તો ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી આનંદ સચ્ચિદાનંદ પ્રભુ એ આત્મા આત્માના આનંદમેં રમ ગયે ( જમ ગયે ) જ્ઞાન એટલે આત્મા, આત્મા આત્મામેં લીન હો ગયે, એ રાગમેં જે લીન થા એ છોડકર કે આ તો પર હૈ મેરી ચીજમેં યે નહીં, ઐસે જાનકર જ્ઞાનસ્વરૂપ જ્ઞાનમેં રમ ગયે, એ કાળમેં પ્રત્યાખ્યાન કહનેમેં આતા હૈ. આહાહાહા ! આવી વ્યાખ્યા ચારિત્રની.

હવે અહીં તો પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર છે. ( આહા ! ) અને એ ચારિત્ર, વ્યવહાર ચારિત્ર એનાથી નિશ્ચય ચારિત્ર થશે. ( એમ નથી. ) અરે ભગવાન ! અરેરે ભાઈ લૂંટાઈ ગયો પ્રભુ તું. તું એવી માન્યતાથી લૂંટાઈ ગયો છું. ભગવાન તો એમ કહેતે હૈ પ્રભુ, તેરી ચીજ તો અંદર એ શુભ-અશુભ રાગકા વિભાવસે, તેરી ચીજ સ્વભાવ ભિન્ન હૈ, એ સ્વભાવકા જિસકો જ્ઞાન સમ્યક્ હુઆ અનુભવ હુઆ ઉસકો ભી રાગભાવ રહતે હૈ, હોતે હૈ, પણ મેરા સ્વભાવસે મૈં રાગરૂપે પરિણમું ઐસી ચીજ નહીં. આહાહાહા !

મેરા પ્રભુ જ્ઞાન અને આનંદ સ્વરૂપી પ્રભુ એ રાગરૂપે હો ઐસા ( હૈ ) નહીં. ઐસા જાનકર રાગકા અભાવ હોકર સ્વભાવકી શુદ્ધતાકા પરિણમન પચ્ચખાણ હો, ઉસકા નામ ચારિત્ર અને પ્રત્યાખ્યાન કહતે હૈ. અરેરે ! શું થાય ? આહાહા ! સમ્યગ્દર્શન હુઆ ને સમ્યગ્જ્ઞાન હુઆ, તો ચારિત્ર કયું લેતે નહીં ? એમ કહેતે હૈ, ( વો લોગ ) કે ભાઈ ચારિત્ર એમ કાંઈ, આહાહા... ચારિત્ર તો ભાઈ ભગવાન પૂર્ણાનંદકા નાથ ( શ્રોતાઃ- ચારિત્ર લેવું એટલે ભગવાન થઈ ગયા ) અરે ! એ તો ભગવાન હો ગયા, ચારિત્ર એટલે આહાહા... પંચપરમેષ્ઠી આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. આહાહા... એ કોઈ બહારની ચીજ નહીં, એ તો અંતર આનંદ સ્વરૂપમાં આનંદની ઉગ્રતારૂપે પરિણમના એનું નામ સાધુ, આચાર્ય ને ઉપાધ્યાય હૈ. બહારના નગ્નપણા ને એ કોઈ ચીજ નહીં. આહા ! અલિંગગ્રહણમેં તો ઐસા કહા હૈ, યતિની બાહ્ય ક્રિયાનો જિસમેં અભાવ હૈ આ પંચમહાવ્રતકા વિકલ્પ આદિ કે નગ્નદશા એ સ્વભાવમેં તો ઉસકા અભાવ હૈ. અલિંગગ્રહણમાં આવે છે ને ભાઈ, યતિની બાહ્ય ક્રિયા. આહાહાહા... શું પણ વાત યતિની આ પંચમહાવ્રત આદિ ક્રિયાના વિકલ્પો, નગ્નપણા, વસ્ત્રરહિતપણા એ સ્વભાવમેં તો ઉસકા અભાવ હૈ. આહાહાહા... ઐસા ભગવાન આત્મા અલિંગગ્રહણ રાગસે ને પરસે પકડમેં નહીં આતા, કયૂં કિ એ મહાવ્રતાદિકા રાગ ને નગ્નપણા ઉસકા તો સ્વભાવમેં અભાવ હૈ, તો સ્વભાવમેં અભાવ હૈ તો ઉસસે પકડનેમે

આતે હૈ? અલિંગગ્રહણ. લિંગ નામ રાગાદિસે ગ્રહણમેં નહીં આતા.

આવું આકરું પડે માણસને બાપુ મારગ તો એ છે ભાઈ. ( શ્રોતાઃ– અનભ્યાસે આકરૂં પડે ) અભ્યાસ નહીં અને એ જાતનું સાંભળવા મળતું નથી. બહારનું સાંભળવા મળે આ કરો ને આ કરો કરવું એ કહેતા ( હૈ ) તો એ વિકલ્પ ને રાગ હૈ– રાગકા કરના એ ( આત્મ ) સ્વભાવકો સોંપના એ તો મિથ્યાત્વ હૈ.. આહાહા ! મહારાજા ચક્રવર્તીકો એમ કહેના કે આ મહેલમેંસે કચરા નિકાલ દો. આહાહા ! સમજમેં આયા ? આ ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ ઉસકો વિભાવકા કરના સોંપના( એ ) મિથ્યાભાવ હૈ. ( રાગ ) હોતા હૈ પણ મૈં કરું, કરને લાયક હૈ, ઐસી ચીજ નહીં એ. આહાહા ! અનંત આનંદનો બાદશાહ પ્રભુ, અનંત ગુણનો બાદશાહ, સ્વામી એ અપના ગુણપણે પરિણમે, સમજમેં આયા ? એ રાગરૂપે પરિણમના, ( પર્યાયમેં ) પરિણમે ભલે એ જ્ઞાન જાને, પણ પરિણમના યે મેરી ચીજ હૈ, મેરે પરિણમને લાયક મૈં હું ઐસા નહીં. આહાહા ! ભારે આવી વાતું.

“પરભાવકી ઉપાધિમાત્રસે પ્રવર્તમાન ત્યાગકે કર્તૃત્વકા નામ આત્માકો હોને પર ભી” કયા કહેતે હૈ ? ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપી પ્રભુ અપનેમેં જાના કે આ રાગાદિ હૈ, મેરેમેં સમકિત તો હૈ, જ્ઞાન હૈ, સ્વરૂપકા આચરણ ભી અંશે હૈ. પણ ચારિત્ર નામ ધરાવે ઐસા આચરણ નહીં. સમજમેં આયા ? આહાહાહા !

તો વો જ્યારે અંતરમેં અંતર સ્વભાવસે રાગ પર હૈ ઐસા જાના તો સમ્યગ્દર્શનમેં આયા હૈ પહેલે. પણ જાના વો હી સમયે ઉસરૂપ ન હોના, અને જ્ઞાન ને આનંદરૂપ હોના ઉસકા નામ ચારિત્ર અને પ્રત્યાખ્યાન હૈ. અરે ! એની વિધિની ખબર ન મળે. આહાહાહા !

શીરા હલવા હોતા હૈ તો આટા ઘી પહેલાં પી જાતે હૈ, આટા ઘી પીછે ગુડ સકકરકા પાની નાખતે હૈ ને ? તો આ ( આટા ઘી ) પી જાય છે તો મોંઘા પડતે હૈ હમારે, તો કયા કરના હૈ ? કે પહેલે ગુડકા પાનીમેં આટા શેકો. પીછે નાખો ઘી, એ શીરા તો નહીં બનેગા મગર લોપરી નહીં બનેગી. હૈ ! આહાહા ? મોંઘુ પડે પણ એ કર્યે જ છૂટકા હૈ.

એમ કે ઐસા પ્રત્યાખ્યાન ? હા, કે ઐસા પ્રત્યાખ્યાન. સમજમેં આયા ? ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવકા પરિણમન શ્રદ્ધા જ્ઞાનકા હૈ, અંશે સ્થિરતા ભી હૈ, પણ વિશેષ અસ્થિરતા બહોત હૈ. આહાહાહા... તો આહીં જ્યારે પ્રત્યાખ્યાનકે સમય ઉસકો જાના કે આ હૈ, ઔર જાનકર વહાંસે હઠકર જ્ઞાનમેં સ્થિર હુઆ, ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ. આવી વ્યાખ્યા હવે. આહા... ભાષા તો સાદી પણ પ્રભુ ભાવ તો હૈ એ હૈ. આહાહા !

આહા ! પરભાવકી ઉપાધિ માત્રસે પ્રવર્તમાન ત્યાગકે કર્તૃત્વકા નામ કથન હોને પર ભી, નામ માત્ર હૈ. પરમાર્થસે દેખા જાય તો પરભાવકે ત્યાગકા કર્તૃત્વકા નામ અપનેકો ( હૈ ) નહીં. એ રાગકા ત્યાગ આત્મા કરતે હૈ ઐસા હૈ હી નહીં કયોંકિ વસ્તુ વસ્તુરૂપે જ્યાં હૈ ત્યાં ઠર્યા ત્યાં રાગ છૂટ ગયા તો રાગકા ત્યાગ કિયા એ તો નામમાત્ર કથન હૈ. આહાહાહા ! આવી વાતું હવે. આને પચ્ચખાણ કહેવું. ઉસકો ત્યાગ ચારિત્ર કહેના, ઉસકો નિશ્ચય વ્રત કહેના, નિશ્ચયવ્રત સ્વરૂપ, સ્વરૂપમેં વીંટાઈ ગયા અને આનંદનો નાથ ભગવાન એ આનંદમેં વીંટાઈ ગયા, લીન હો ગયા. આહાહાહા ! આવી વ્યાખ્યા. ( શ્રોતાઃ– આવી જ વ્યાખ્યા હોય, બીજી હોય જ નહીં. )

વસ્તુ સ્વરૂપ જ એવું છે ને ભાઈ. મોંઘુ પડે પણ રીત તો આ છે, આટાને શેકતા ઘી પીવાઈ જાય માટે આટાકો પહેલે પાણીમેં શેકના પછી ઘી નાખો. ત્રણેય તારા જશે આટા, ઘી ઔર સકકર ત્રણેય નાશ થશે. શીરા– ફલવા નહીં હોગા એમ ભગવાન આત્માકો પહેલે સમ્યગ્દર્શન જ્ઞાનમેં પ્રતીતમેં અંતર સન્મુખ હોકર લેના પડેગા. મોંઘા પડે પણ વસ્તુ તો એ હૈ.

ઔર પીછે રાગકા ત્યાગ માટે વસ્તુના સ્વભાવમાં રાગ પર હૈ ઐસા જાના, ઐસા જાનકર જ્ઞાન જ્ઞાનમેં જમ ગયા. આત્મા આત્મામેં જમ ગયા, એ 'નાણં મુણેયવ્વા' એ જ્ઞાન એટલે આત્મા તે પચખાણ છે. આહાહાહા ! આવી વાતું હવે સાંભળવા મળે નહીં, પ્રભુ શું કરે ? આવા અવસર મળ્યા, મનુષ્યપણાના બીજે ક્યાંય સાંભળવાનું મળે નહીં. ( શ્રોતાઃ– અને મળે ત્યાં વિપરીત મળે ) વિપરીત મળે. આહાહા... માર્ગ મોંઘો પડે, દુર્લભ લાગે, પણ માર્ગ તો આ હૈ. આહાહાહા... એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ. ઓહોહો ! સંતોએ શું કરૂણા કરીને ટીકા કરી છે. આહાહા !

ભગવંત ! કાલે આવ્યું 'તું નહીં ? ભગવત્ સ્વરૂપ જ્ઞાન, ભગવાન જ્ઞાતા–દ્રવ્ય સંસ્કૃતમાં ભગવત્ જ્ઞાતૃ દ્રવ્ય. આહાહા... એ અપના જ્યારે જ્ઞાન સ્વ જ્ઞેયકો બનાકર, પરજ્ઞેયકા જો જ્ઞાન કરતે થે એ પર્યાયે સ્વજ્ઞેયકા જ્ઞાન કિયા ત્યારે ઉસકો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હુઆ. ત્યારે હવે ચારિત્ર કબ હોતા હૈ ? એ જ્ઞાન સ્વરૂપકા જ્ઞાન હુઆ. જ્ઞાન સ્વરૂપકી પ્રતીત હુઈ, અનુભવ એ જ્ઞાન ને આત્મા રાગકો અપના સ્વભાવસે રાગરૂપે હોના એ મેરી ચીજ નહીં, સ્વભાવ મેરા નહીં, ઐસા સ્વભાવ જાનકર સ્વભાવમેં સ્થિર હો જાના, સ્થિર હો જાના, જામી જાના જેમ પાની હૈ યહ બરફરૂપ જામી જાતા હૈ, બરફ. એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ આનંદસ્વરૂપી ભગવન્ એ આનંદમેં જમ જાના, રમ જાના, લીન હો જાના. આહાહા... ઉસકા નામ રાગકા ત્યાગ નામમાત્ર હૈ. વસ્તુ તો વસ્તુમેં ઠર ગઈ હૈ. પાટણીજી ! આવી વાતું છે, ભાઈ લોકોને ન બેસે એટલે પછી વિરોધ કરે, શું કરે બાપા ? ભાઈ તને તારી પદ્ધતિની ખબર નથી. આહા !

સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્ર એની પરિણતિની પદ્ધતિની પ્રભુ તને ખબર નથી. એથી તું વિરોધ કર કે આ વ્રત હૈ ને આ ક્રિયા, એ ચારિત્ર નહીં, અરે પ્રભુ સૂન તો સહી ! વ્રતાદિનો ભાવ એ તો રાગ હૈ. આહાહા... એ જ્ઞાને જાણ્યું કે આ રાગ હૈ, એવું જ્ઞાન જ્ઞાનમેં આ પર હૈ ઐસા જાનકર, જ્ઞાન સ્વઘરમેં જમ ગયા, પરઘરમેં પરિણતિ ન ગઈ, આહાહાહા... આ પહેલાં જ્ઞાન તો કરે કે આ ચીજ ઐસી હૈ. આહાહાહા !

અહીં તો ભગવન્ એમ કહેતે હૈ સંતો કે પરભાવકે ત્યાગકા કર્તૃત્વ નામ અપનેકો ( હૈ ) નહીં. હૈં ? રાગકા ત્યાગ એ આત્મામેં હૈ હી નહીં. કયોંકિ આત્મા આનંદરૂપે રહ્યા ત્યાં ત્યાગ હો ગયા. રાગકા ત્યાગ કિયા ઐસા તો હૈ હી નહીં. આહાહાહા... હવે આવી વાતું સમજવી.

અરે આઠ વર્ષના બાળકો પણ ચારિત્ર ગ્રહણ કરે છે. આહાહા... રાજકુમારો જેના સોના જેવાં શરીર, આહાહા... ભરત ચક્વર્તીના પુત્ર, એકસો આઠ મણીરત્નની ગેડી અને દડે રમતે થે, એમાં જયકુમારકા સૂના, જયકુમાર આખા ( સૈન્યકા ) સેનાપતિના નાયક, એક માણસ નીકળ્યો ' તો, એ કહે જયકુમારે દીક્ષા લિયા હૈ. ઓહો ! સેનાપતિ છન્નું કરોડ પાયદળનો નાયક, એમણે ચારિત્ર ગ્રહણ કિયા, સ્વરૂપમેં રમણતા પ્રગટ કિયા. આહાહા... એ બાળકો છોટી

ઉંમરના પંદર, સોળ, અઢાર, અઢાર વર્ષની ઉંમરના એકસો ને આઠ બાળકો રમતે થે મણી રતનના દડાથી અરે. આહાહા ! એની માતાએ સિપાઈને મોકલ્યો માણસને ( બાળકોનું ) ધ્યાન રાખજો.

હવે આને શું કરવું ? જો એમ કહે કે અમારે ભગવાન પાસે દીક્ષા લેવા જાવું છે તો ઓલા સાથે સિપાઈ હતા એ એમ કહે ભાઈ ચાલો આપણે ભગવાનના દર્શન કરશું, એમ કરતા ભગવાન પાસે ગયે. આહાહાહા ! અઢાર અઢાર વર્ષના રાજકુમારો સોનાના પૂતળા જેવા ! રતનમણીના કાંતિના પાર નહીં ઐસા પુત્રો. પ્રભુને કહે પ્રભુ અમને ચારિત્ર ગ્રહણ કરાવો. આહાહાહા ! એ કહેતે હૈ કે પ્રભુ જ્યાં આતે હૈ, ત્યાં અંદર સ્વરૂપમાં સ્થિર હો જાતા હૈ. આહાહા ! ચારિત્ર એટલે રાગથી રહિત સ્વરૂપમેં રમણતા, ચરના, જમના, આનંદકા ભોજન કરના. આહાહા... પશુ ચારો ચરતે હૈ ને તો કોઈ વસ્તુ હોય ઉસકા ચારા ચરતે હૈ ને ? ઘાસ હોય લીલું, એમ ભગવાન આનંદનો નાથ અપના આનંદકા ચારા ચરતે હૈ અંદર. આનંદકા ભોજન કરતે હૈ, આનંદકા કવળ લેતે હૈ અંદર, આ ઉસકા નામ ચારિત્ર હૈ. આહાહા ! ધન્ય અવતાર અને એ કર્યાં વિના મુક્તિ નહીં હૈ. સમજમેં આયા ?

એકલા સમ્યગ્દર્શન જ્ઞાનથી કાંઈ મુક્તિ નહીં હોતી હૈ, સાથમેં ચારિત્ર આયેગા તબ મુક્તિ હોગી. આહાહાહા ! ( શ્રોતાઃ– સમ્યગ્દર્શન થાય એટલે ચારિત્ર આવ્યા વગર રહે જ નહીં. ) રહે જ નહીં, પણ આ તો ચારિત્ર હશે તબ ઐસી સ્થિતિ હોગી એમ. સમ્યગ્દર્શન જ્ઞાન હોને પર ભી અચારિત્રકા જે પરિણમન હૈ વિભાવકા ઉસકો જ્ઞાન જાનતે હૈ, પ્રતીત કરતે હૈ કે આ મેરી ચીજ નહીં, મેરા ભાવ નહીં, પરભાવ હૈ, ઉપાધિભાવ હૈ. ઐસા જાનકર નિરૂપાધિરૂપ અપના સ્વભાવમેં જમ જાના. આહાહાહા... આનંદકા ઉગ્ર અનુભવ હોના ઉસકા નામ ચારિત્ર હૈ. ચરના અંદર ચરના, ચરે છે ને ગાય, એમ આત્મામાં આનંદ સ્વરૂપ જો ખેતર ( સ્વક્ષેત્ર ) પડા હૈ, ઉસકા અનુભવ દૃષ્ટિ તો હૈ હવે ઉસકો અનુભવ ચરતે હૈ– આહાહાહા... આનંદમેં હિલોળે ચઢતે હૈ અંદરમેં ઉસકા નામ પ્રત્યાખ્યાન અને ચારિત્ર હૈ પ્રભુ. આહાહાહા !

પરભાવકે ત્યાગ કર્તૃત્વકા નામ અપનેકો નહીં, સ્વયં તો એ નામસે રહિત હૈ. આનંદ સ્વરૂપ ભગવાન ઉસકા પ્રતીતિ ને જ્ઞાન હુઆ. પણ વિશેષ આનંદ જબ અંતરમેં રમતે હૈ તબ વિશેષ આનંદ આયા તો આનંદમેં ( રમતે હૈં તો ) રાગકા અભાવ હો ગયા, એ રાગકા ત્યાગ કિયા એ નામ માત્ર હૈ. એ વસ્તુ ( આત્મચીજ ) જ્ઞાનરૂપે હુઈ, યે રાગરૂપે હુઈ હી નહીં, હુઈ નહીં પીછે ત્યાગ કયા કહેના ? આહાહાહા ! ( ત્યાગ કિયા વો કથનમાત્ર હૈ )

આવો મારગ ! કાયરના તો કાળજાં કંપી જાય એવું છે. માર્ગ આવો છે એવો પહેલાં જ્ઞાનમાં આવો નિર્ધાર તો કર. આહાહા ! પીછે ત્યાગકે સમયમેં જ્ઞાનસ્વરૂપી ભગવાન જે આનંદદળ, જ્ઞાનદળ, સ્વભાવ દળ, વીતરાગ દળ, એ વીતરાગભાવરૂપે જમ જાય, એ રાગકા ત્યાગ કિયા એ તો નામમાત્ર હૈ. એ જમ ગયા અંદર રાગ રહા નહીં તો એ ત્યાગ કિયા એ નામમાત્ર કહેનેમેં આતા હૈ. પરકા ત્યાગકી તો બાત હૈ હી નહીં યહાં, શરીર સ્ત્રી કુટુંબ પરિવાર એ તો પરકા ત્યાગ અને ગ્રહણ તો આત્મામેં હૈ હી નહીં પણ આ રાગકા ત્યાગ એ ( ભી ) નામમાત્ર હૈ. આહાહાહા ! ગજબ વાત હૈ– માલચંદજી ! આ તો આમાં બુદ્ધિ જોઈએ થોડી અંદર.

આહાહા...

એ ભગવાન આત્મા, આનંદનો સાગર પ્રભુ ઐસા ભાન ને જ્ઞાન હુઆ. છતેં જ્યાં આનંદની દશાની રમણતામાં કમજોરીને કારણે રાગકા દુ:ખકા વેદન હૈ. એ દુ:ખકા વેદન હૈ વો આનંદ સમયે જાન્યા કે આનંદકી સાથ જ્ઞાને જાણ્યા કે આ દુ:ખકા વેદન હૈ. એ પરભાવ હૈ મેરી ચીજ નહીં. આહાહા !

અપને આનંદમેં જમ જાતે હૈ રમ જાતે હૈ ત્યારે રાગ આયા નહીં તો રાગકા ત્યાગ કિયા ઐસા કથનમાત્ર હૈ. એ તો રાગરૂપે હુઆ છે જ ક્યાં ? એ તો આનંદરૂપે હુઆ હૈ. રાગરૂપે હુઆ સ્વભાવ અને પછી છોડે છે એ બાતેય નહીં. આહાહાહાહા ! સમજમેં આયા ? આવો મારગ એટલે લોકોને એ એકાંત છે, એકાંત છે એમ પ્રભુ કરે છે હો. ( શ્રોતાઃ- ખબર નહીં યહ બાતકી ) બાપુ મારગ તો આ હૈ ભાઈ ! એકાંત છે. એમ કે આ વ્યવહાર દયા દાન વ્રત ભક્તિ કરતે હૈ ઉસસે ભી નિશ્ચય હો, ઐસે માનતે હૈ અરે પ્રભુ એ એકાંત તો મિથ્યા એકાંત હૈ- મિથ્યા અનેકાંત હૈ. આહાહાહા ! સમ્યક્ એકાંત તો આ હૈ. રાગરૂપે ન હોના અને સ્વભાવ, સ્વભાવરૂપે પરિણમન કર જાના. આહાહા ! એ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી પરિણતિ મોક્ષમાર્ગ હૈ. બાકી બધી વાતું હૈ. આહાહા ! કોઈ શાસ્ત્રમેં, ગ્રંથમેં ઐસા આયા હો, કે દયા એ ધર્મ હૈ, પણ ઈ તો વ્યવહારની વાત હૈ બાકી પરકી દયાકા ભાવ એ તો એની ટીકા કરતા હૈ "પુરુષાર્થ સિદ્ધિ ઉપાય"મેં લિયા હૈ કે પરકી દયાકા ભાવ એ રાગ હૈ, અને રાગ હૈ યહ સ્વરૂપકી હિંસા હૈ. ( સૂનકર ) રાડ નાખતે હૈ લોકો.

ભગવાન જ્ઞાન સ્વરૂપમાં રાગ આયા તો રાગ તો સ્વરૂપકી હિંસા હુઈ, ઈતની અસ્થિરતા હુઈ. આહાહા ! હવે એ કહે દયા તો ધર્મ કહા હૈ અને તુમ કહેતે હૈ રાગ હૈ એ હિંસા હૈ. અરેરે ! પ્રભુ તું શું કરે છે ?

"અહિંસા પરમો ધર્મ" એ તો રાગકી ઉત્પત્તિ ન હોના અને વીતરાગ સ્વભાવકી ઉત્પત્તિ હોના એ "અહિંસા પરમો ધર્મ" હૈ. આહાહાહા ! પરમાર્થસે દેખા જાય તો પરભાવકે ત્યાગ કરનેકા નામ અપનેકો નહીં. આહાહાહાહા ! એ રાગરૂપ હુઆ હી નહીંને પીછે ? પહેલે થા, ઓ જાના, જાનકર સ્વરૂપમેં ઠર ગયે ઔર રાગરૂપ હુઆ હીં નહીં તો રાગકા ત્યાગ કિયા એ નામ કથન હૈ. આહાહા ! અરેરે આ વિધિ તો ચારિત્રની આ હૈ, પ્રત્યાખ્યાન કહો, પચખાણ કહો, રાગકા અભાવ સ્વભાવ રૂપ કહો, ચારિત્ર કહો, મોક્ષકા માર્ગમાં ચારિત્ર કહો એ આ હૈ. અરે આવી ચારિત્રની ખબરેય ન મળે. આહાહા !

સ્વયં તો એ નામસે રહિત હૈ. ભગવાન તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ હૈ તો જ્ઞાન સ્વરૂપ હો ગયા, એમાં રાગકા ત્યાગકા નામમાત્ર, ઉસમેં હૈ નહીં. આહાહા... જૈસે પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ-પ્રજ્ઞા નામ જ્ઞાન ને બ્રહ્મ નામ આનંદ સ્વરૂપ જૈસા હૈ ઐસા હો ગયા સ્થિરતા, ઈસને રાગકા ત્યાગ કિયા એ તો કથનમાત્ર હૈ. આહાહાહાહા ! સુમેરુમલજી ! ગાથા બહોત અચ્છી આઈ હૈ એકત્રીસ, બત્રીસ, તેત્રીસ, ચોત્રીસ તુમ આયાને એકત્રીસ ગાથા શૂરૂ હુઈ બડી અચ્છી આઈ હૈ. ભગવાન ! આહાહા ! રાગ અને શરીરસે ભિન્ન ભગવાન આનંદકા નાથ બિરાજતે હૈ ને ! આહાહા !

"કહે વિચિક્ષણ પુરુષ સદા મેં એક હું અપને રસસે ભર્યો અનાદિ ટેક હું"

મેરા જ્ઞાન ને આનંદના વીતરાગી સ્વભાવસે ભરા ( પડા ) હું અનાદિસે, આહાહા ! “મોહકર્મ મમ નાહીં. કર્મ નહીં રાગ, રાગ મોહ મમ નાહીં, નાહીં ભ્રમકૂપ હૈ” પણ એ વિકાર પણ ભ્રમનો કૂવો છે. મૈં “શુદ્ધચેતના સિંધુ હમારો રૂપ હૈ” આહાહા... બહેનમાં નહોતું આવ્યું, રાગ મર્યાદિત હૈ. મર્યાદિત હૈ માટે ત્યાંસે છૂટના હોગા, અમર્યાદિત ભગવાન આત્માકો સ્વરૂપકો અંદર પકડેગા તો વહાંસે ( સ્વરૂપસે ) છૂટના નહીં હોગા. આહાહા ! અરેરે ! સ્વયં તો ઈસ નામસે રહિત હૈ. આટલી લીટીમેં કિતના ભર્યા હૈ. આહાહા ! એક ‘જગત’ શબ્દ હોય તો એ જગત શબ્દમેં કિતના ભર્યા હૈ ? સારા લોક ! અક્ષર ત્રણ જ–ગ–ત એકાક્ષરી કાંઈ કાનો માત્ર મીંડુ કાંઈ નહીં – ‘જ–ગ–ત’ એમ કહેનેમેં કયા આયા ? સારા લોક આ ગયા. આહાહાહ... ઐસા આ ‘આત્મા’ અક્ષરમેં સારા ભાવ આ ગયા અંદરમેં, દર્શન જ્ઞાન ચારિત્રકા કયા સ્વરૂપ હૈ વહ આ ગયા ઉસમેં. આહાહા ! થોડું પણ સત્ય હોના ચાહીએ. વિશેષ મોટા મોટા પૂંછડા લંબા–લંબા લગાડી દે જાણપણાના ને ધારણાના, આહાહા... ઐસે તો અગિયાર અંગ અનંતબૈર કંઠસ્થ કિયા ઉસમેં કયા આયા ? આહાહા... ભગવાન જ્ઞાનકા પાતાળ કૂવા અનંત સ્વભાવકા ભરા જ્ઞાનસે, ઉસકા જ્ઞાન કરના ઉસકી પ્રતીતિ કરના અને ઉસમેં રમના ઉસકા નામ દર્શન જ્ઞાન ચારિત્ર હૈ. આહાહાહ ! કહો, ઝાંઝરીજી ! આવી વાત છે ભાઈ. આહા ! વિમળચંદજી હૈ કે નહીં ? હા, છે. આવું છે.

કયોંકિ જ્ઞાન સ્વભાવસે તુમ છૂટયા નહીં ને જ્યાં પરિણમન હુઆ ત્યાં રાગમેં તો આયા હી નહીં ને. આહાહાહ ! જ્ઞાન સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસમેં દૃષ્ટિ અને જ્ઞાન તો થા. પણ અંદરમેં રમ ગયા અંદર સ્વરૂપમેં ઘરમેં, પરઘરમેં આયા હી નહીં ને નિજ ઘરમેં રમ ગયા તો પરભાવકા ત્યાગ તો નામમાત્ર– કથનમાત્ર હૈ. પર ઘરમેં ગયા ક્યાં હૈ. આહાહા ! કહો નવરંગભાઈ ! આનું નામ પચખાણ. આહાહા ! ધન્યકાળ ધન્ય અવસર. આહાહા... જે સમયે પ્રત્યાખ્યાનકી દશા. ઉસકો પહેલે પ્રતીતમેં તો લે કે મારગ તો આ હૈ. સમજમેં આયા ? કરી શકે નહીં ભલે પણ કરને લાયક તો આ હૈ. આહાહા...

જ્ઞાન સ્વભાવસે સ્વયં તો છૂટા નહીં. ઈસલિયે પ્રત્યાખ્યાન જ્ઞાન હી હૈ. આયા ચોથું પદ, છે ને ચોથું પદ “નાણં નિયમા મુણેદવ્વં” ચોથું પદ, માટે પ્રત્યાખ્યાન જ્ઞાન છે. જ્ઞાન એટલે આત્મા. અહીંયા જ્ઞાન શબ્દે આત્મા લિયા હૈ. ભગવાન સારા નિર્મળાનંદ વીતરાગ મૂર્તિ પ્રભુ, જિનબિંબ એ આત્મા હી પ્રત્યાખ્યાન હૈ. આહાહાહ ! સમજમેં આયા ?

ઈસલિયે પ્રત્યાખ્યાન નામ ચારિત્ર અથવા પ્રત્યાખ્યાન( નામ ) રાગકા અભાવ સ્વભાવરૂપ પ્રત્યાખ્યાન એ જ્ઞાન એ આત્મા હી હૈ. ‘જ્ઞાન’ શબ્દ પડા હૈ ને ? આહાહા... અને એકસો પંચાવનમાં પણ એ જ લિયા હૈ ! “જીવાદિ સદ્દહણં” આત્મા જે જ્ઞાન સ્વરૂપ હૈ, ઉસકા પરિણમન હોના, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. ત્યારે એ લોકો કહે આટલું બધું મોંઘું કરી નાખ્યું. અરે મોંઘું નહીં, જેવું એનું સ્વરૂપ છે એવું જ કહ્યું છે ભાઈ. આહાહા ! પુણ્યકો વિષ્ટા કહા ત્યાં રાડ નાખી જાય છે– પણ ભગવાને તો પુણ્યકો ઝેર કહા હૈ, વિષ્ટા તો હજી ભૂંડેય ખા સકે, ઝેર તો મારી નાખે ! આહાહાહ !

વ્રતના પરિણામ શુભભાવ એ ઝેર હૈ. આહાહાહ ! ( શ્રોતાઃ– કોઈ એને ધર્મ કહે અને

આપ ઝેર કહો ) અરે શું થાય ભાઈ. એ વ્રત કરતે કરતે સપ્તમા ( ગુણસ્થાન ) હો જાયેગા ? અરે વ્રત એ વ્યવહાર હૈ. છઠ્ઠા ગુણસ્થાન તક વ્યવહાર હૈ અને સપ્તમે વ્યવહાર છૂટ જાય. અરે ભાઈ તને ખબર નથી બાપુ. પહેલે તો સમ્યગ્દર્શન જ્ઞાન હો, પીછે મુનિપણા આનેમેં પહેલે તો સપ્તમ ગુણસ્થાન આતા હૈ, પહેલે છઠ્ઠા નહીં આતા. આહાહાહા... સપ્તમે આતા હૈ તો પીછે વિકલ્પ આતા હૈ તો છઠ્ઠે આ જાતા હૈ. તો એ તો વિકલ્પ આસ્રવ હૈ, રાગ હૈ અને સપ્તમે આયા તો અબુદ્ધિપૂર્વક રાગ હૈ. પણ બુદ્ધિપૂર્વક છૂટ ગયા તો ઈતના નિરાસ્રવ હો ગયા. આહાહાહા... ચારિત્ર હૈ તીન કષાયકા અભાવ હૈ, છતેં મુનિકો ભી રાગ આતા હૈ. ( યહ ) કલુષિત હૈ. અમૃતચંદ્રાચાર્યે કહા ને ત્રીજા શ્લોકમાં, ઓહો ! આત્મજ્ઞાન સમ્યગ્દર્શન ઉપરાંત છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય જે ચારિત્ર દશા ભી હૈ, પણ આ રાગ આયા, એ દુઃખરૂપ હૈ. "કલ્માષિતાયાં" કલુષિત ભાવ હૈ. આહાહા... તો મૈં મેરા શુદ્ધ ચૈતન્યકા ધ્યેય રખકર ટીકા કરુંગા અને ધ્યેયના જોરે એ કલ્માષિત જે અશુદ્ધ પરિણમન એ છૂટ જાઓ. આહાહા ! ઔર મૈં શુદ્ધરૂપ પરિણમન હું યહ મેરી ભાવના હૈ. મુનિ, એમ કહેતે હૈ આચાર્ય. આહાહા !

ઐસા અનુભવ કરના ચાહીએ, જોયું ? ઈસલિયે પ્રત્યાખ્યાન આત્મા હી હૈ. જ્ઞાન શબ્દે આત્મા લિયા. ઐસા અનુભવ કરના ચાહિયે, ઐસા અનુભવ કરના ચાહિયે. આહાહાહા ! ભગવાન પૂર્ણાનંદકે અનુસારે સ્થિરતાકા અનુભવ કરના ચાહીએ. નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનકા અનુભવ કરના ચાહિયે ઉસકા નામ ચારિત્ર હૈ. આહાહાહાહા ! અરે ધન્ય ભાગ્ય ! એ પ્રત્યાખ્યાન અને ચારિત્ર બાપા. આહાહા ! એ મોક્ષને આંગણે આવી ગયા. અંગનમેં આ ગયા હવે અંદર પ્રવેશ કરેગા તબ મોક્ષ હોગા. આહાહા ! ભાવાર્થઃ- વિશેષ આયેગા.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૧૦૦ ગાથા - ૩૪-૩૫ તા. ૫-૧૦-૭૮ ગુરૂવાર આસો સુદ-૩ સં. ૨૫૦૪

ચોત્રીસ ગાથાનો ભાવાર્થ હૈ ને ? આત્મામેં પરભાવના ત્યાગનું કર્તાપણું જે છે તે નામ માત્ર છે. કેમકે જ્ઞાન સ્વરૂપ છે એને રાગનો ત્યાગ કરે એ તો નામમાત્ર છે. રાગરૂપે જ્ઞાન સ્વરૂપ હોતા હી નહીં, થા હી નહીં. એ જ્ઞાન સ્વરૂપ એને રાગના ત્યાગનું કર્તાપણું નામમાત્ર છે. પોતે તો જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાન સ્વભાવમાં જે રાગનું પરિણમન હતું, તે રૂપે પરિણમન ન હુઆ અને જ્ઞાનરૂપે રહ્યા એનું નામ પચખાણ. આહાહાહા ! પરદ્રવ્યને પર જાણ્યું. રાગાદિ પરદ્રવ્યને જ્ઞાનમાં પર જાણ્યું, પછી પરભાવનું ગ્રહણ નહીં, એ રાગરૂપે પરિણમન નહીં, ગ્રહણ નહીં નામ રાગરૂપે પરિણમન નહીં તે ત્યાગ છે. આહાહાહા ! બહારના ત્યાગની તો વાત શું કરવી ( ના ) કહે છે, આહાહાહા... પણ ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ એ પર રાગરૂપે થા, રાગરૂપે પર્યાય હતી એ જ્ઞાનસ્વભાવરૂપે રહી અને રાગરૂપે ન થઈ, એનું નામ પચખાણ. આહાહા... આવી વાત છે. પછી પરભાવનું પરિણમન ન થયું તે ત્યાગ છે. આહાહા !

સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે, આ ખુલાસો. જ્ઞાન સ્વરૂપ ભગવાન જે રાગમાં અસ્થિરપણે પરિણમન હતું, તે સ્વભાવ પોતે પરપણે પરિણમને લાયક નહીં, છતાં પર્યાયમેં થા,

દ્રવ્ય સ્વભાવ નહીં, ( ક્યા કહા ? ) દ્રવ્ય સ્વભાવ નહીં, આહાહા... પણ પર્યાયમાં રાગનું પરિણમન હતું, એ જ્ઞાનસ્વરૂપ છું એમ જાણીને ઠર્યો અંદર એ પર છે એ પર છે, હું તો જ્ઞાનસ્વરૂપ છું એમ જાણીને અંદર સ્થિર થયો એ પચખાણ. આહાહા... આવા પચખાણની વ્યાખ્યા આવી છે, આ ચારિત્રની આ વ્યાખ્યા. આહા ! આ જ્ઞાન સિવાય કોઈ બીજો ભાવ નથી. જ્ઞાનસ્વભાવ જ્ઞાનસ્વભાવરૂપે સ્થિર થયો એ પ્રત્યાખ્યાન છે, એ ચારિત્ર છે. એ વીતરાગ પર્યાય છે. આહાહા... જે રાગ સ્વભાવ સ્વરૂપ, રાગરૂપે સ્વભાવ વ્યાપ્ત ન હોનેલાયક થે, રાગથી વ્યાપ્ત હોવાવાળો નથી, એમ જાણીને જ્ઞાનસ્વભાવ, રાગરૂપે જે પરિણમન હતું, તે પરિણમન ન કર્યું અને જ્ઞાનરૂપે રહ્યું એનું નામ પ્રત્યાખ્યાન અને ચારિત્ર છે. આકરી વાત બાપુ. આહાહા... સાંભળ્યું હોય ગમે તેટલી વાર પણ આ વાત, જુદી જાતની છે ભાઈ. આહાહા... આહા !

*** નિરપેક્ષ સ્વભાવના ભાન વિના નિમિત્તનું યથાર્થ જ્ઞાન થાય નહિ, સ્વ–પરપ્રકાશક સ્વભાવ છે, તેમાં સ્વના જ્ઞાન વિના પરનું જ્ઞાન થાય નહિ. ઉપાદાનની સ્વતંત્રતાના જ્ઞાન વગર નિમિત્તનું જ્ઞાન થાય નહિ, નિશ્ચય વિના વ્યવહારનું જ્ઞાન થાય નહિ. જેમ ત્રિકાળી દ્રવ્ય સ્વતંત્ર નિરપેક્ષ છે, તેમ તેની સમય સમયની પર્યાય પણ નિરપેક્ષ સ્વતંત્ર છે. સમય સમયની પર્યાય પોતાના કારણે જ થાય છે.**

**( પરમાગમસાર - ૭૬૫ )**

## ગાથા - ૩૫

अथ ज्ञातु: प्रत्याख्याने को दृष्टान्त इत्यत आह-

**जह णाम को वि पुरिसो परदव्वमिणं ति जाणिदुं चयदि।**
**तह सव्वे परभावे णाऊण विमुंचदे णाणी।।३५।।**

यथा नाम कोऽपि पुरुष: परद्रव्यमिदमिति ज्ञात्वा त्यजति।
तथा सर्वान् परभावान् ज्ञात्वा विमुञ्चति ज्ञानी।।३५।।

यथा हि कश्चित्पुरुष: सम्भ्रान्त्या रजकात्परकीयं चीवरमादायात्मीय- प्रतिपत्त्या परिधाय शयान: स्वयमज्ञानी सन्नन्येन तदञ्चलमालम्ब्य बलान्नग्नीक्रियमाणो मंक्षु प्रतिबुध्यस्वार्पय परिवर्तितमेतद्वस्त्रं मामकमित्यसकृद्वाक्यं शृण्वन्नखिलैश्चिह्नै: सुष्ठु परीक्ष्य निश्चितमेतत्परकीयमिति ज्ञात्वा ज्ञानी सन् मुञ्चति तच्चीवरमचिरात्, तथा ज्ञातापि सम्भ्रान्त्या परकीयान्भावानादायात्मीयप्रतिपत्त्यात्मन्यध्यास्य शयान: स्वयमज्ञानी सन् गुरुणा परभावविवेकं कृत्वैकीक्रियमाणो मंक्षु प्रतिबुध्यस्वैक: खल्वयमात्मेत्यसकृच्छौतं वाक्यं शृण्वन्नखिलैश्चिह्नै : सुष्ठु परीक्ष्य निश्चितमेते परभावा इति ज्ञात्वा ज्ञानी सन् मुञ्चति सर्वान्परभावानचिरात्।

---

હવે પૂછે છે કે જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું તેનું દૃષ્ટાંત શું છે ? તેના ઉત્તરરૂપ દૃષ્ટાંત-દાર્ષ્ટાંતની ગાથા કહે છે:-

**આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,**
**ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫.**

ગાથાર્થ:- [ यथा नाम ] જેમ લોકમાં [ क: अपि पुरुष: ] કોઈ પુરુષ [ परद्रव्यम् इदम् इति ज्ञात्वा ] પરવસ્તુને 'આ પરવસ્તુ છે' એમ જાણે ત્યારે એવું જાણીને [ त्यजति ] પરવસ્તુને ત્યાગે છે, [ तथा ] તેવી રીતે [ ज्ञानी ] જ્ઞાની [ सर्वान् ] સર્વ [ परभावान् ] પરદ્રવ્યોના ભાવોને [ ज्ञात्वा ] 'આ પરભાવ છે' એમ જાણીને [ विमुञ्चति ] તેમને છોડે છે.

ટીકા:-જેમ-કોઇ પુરુષ ધોબીના ઘરેથી ભ્રમથી બીજાનું વસ્ત્ર લાવી, પોતાનું જાણી ઓઢીને સૂતો છે ને પોતાની મેળે અજ્ઞાની ( -આ વસ્ત્ર બીજાનું છે એવા જ્ઞાન વિનાનો ) થઈ રહ્યો છે; જ્યારે બીજો તે વસ્ત્રનો ખૂણો પકડી, ખેંચી તેને નગ્ન કરે છે અને કહે છે કે 'તું શીઘ્ર જાગ, સાવધાન થા, આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે તે મારું મને દે', ત્યારે વારંવાર કહેલું એ વાક્ય સાંભળતો તે, ( એ વસ્ત્રનાં ) સર્વ ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને, 'જરૂર આ વસ્ત્ર પારકું જ છે' એમ જાણીને, જ્ઞાની થયો થકો, તે ( પરના ) વસ્ત્રને જલદી ત્યાગે છે. તેવી રીતે-જ્ઞાતા પણ ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી, પોતાના

**જાણી, પોતામાં એકરૂપ કરીને સૂતો છે ને પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે; જ્યારે શ્રી ગુરુ પરભાવનો વિવેક ( ભેદજ્ઞાન ) કરી તેને એક આત્મભાવરૂપ કરે અને કહે કે 'તું શીઘ્ર જાગ, સાવધાન થા, આ તારો આત્મા ખરેખર એક ( જ્ઞાનમાત્ર ) જ છે, ( અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો છે ), ' ત્યારે વારંવાર કહેલું એ આગમનું વાક્ય સાંભળતો તે, સમસ્ત ( સ્વ-પરનાં ) ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને, 'જરૂર આ પરભાવો જ છે' ( હું એક જ્ઞાનમાત્ર જ છું ) એમ જાણીને, જ્ઞાની થયો થકો, સર્વ પરભાવોને તત્કાળ છોડે છે.**

**ભાવાર્થઃ-જ્યાં સુધી પરવસ્તુને ભૂલથી પોતાની જાણે ત્યાં સુધી જ મમત્વ રહે; અને જ્યારે યથાર્થ જ્ઞાન થવાથી પરવસ્તુને પારકી જાણે ત્યારે બીજાની વસ્તુમાં મમત્વ શાનું રહે ? અર્થાત્ ન રહે એ પ્રસિદ્ધ છે.**

## પ્રવચન નં. ૧૦૦ ગાથા - ૩૫ તા. ૫-૧૦-૭૮

હવે પૂછે છે કે, જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું, ભગવાન આત્મા જાણનાર દેખનાર સ્વભાવ એનું પ્રત્યાખ્યાન એટલે ચારિત્ર જ્ઞાન જ કહ્યું એનું દૃષ્ટાંત શું છે. એના ઉત્તરરૂપ દૃષ્ટાંત–દાર્ષ્ટાંતની ગાથા કહે છે.

जह णाम को वि पुरिसो परदव्वमिणं ति जाणिदुं चयदि ।
तह सव्वे परभावे णाऊण विमुंचदे णाणी ।।३५।।

( હરિગીત )

આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,
ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫.

ટીકાઃ– જેમ કોઈ પુરુષ ધોબીના ઘરેથી ભ્રમથી બીજા કોઈનું વસ્ત્ર લાવી પોતાનું જાણી ઓઢીને સૂતો છે. દૃષ્ટાંત છે હોં. ને પોતાની મેળે અજ્ઞાની, પોતાની મેળે અજ્ઞાની, આહાહા... થઈ રહ્યો છે, આ વસ્ત્ર બીજાનું છે એવા જ્ઞાન વિનાનો થઈ રહ્યો છે. ત્યારે, જ્યારે બીજો તે વસ્ત્રનો ખૂણો પકડી ખેંચી તેને નગ્ન ઉઘાડો કરે છે, આહાહા... અને કહે છે કે તું શીઘ્ર જાગ, સાવધાન થા, આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે, મારું વસ્ત્ર છે તારું નથી. આહાહાહા ! તારા વસ્ત્રને બદલે મારું વસ્ત્ર તને અજ્ઞાનપણે અજાણપણે આવી ગયું છે, તે મારું મને દે. આહાહા ! ત્યારે વારંવાર કહેલું, એક વાર કહેલું નહીં, આહાહા... વારંવાર કહેલું એ વાક્ય સાંભળતો, તે સર્વે ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરી, વસ્ત્રના ચિહ્નોની પરીક્ષા કરી. કે આ વસ્ત્ર મારું નહીં, આહા... જરૂર આ વસ્ત્ર પારકું છે. એમ ઓઢેલું છતાં, આહાહા... એના લક્ષણો જોયા કે મારા વસ્ત્રમાં તો માથે અહીંયા નામ હતું મારું અંગ્રેજી નામ આમાં તો છે નહીં આમાં તો બીજાનું નામ છે. આહાહા ! નાખે છે ને કોટ પાછળ નામ રાખે, આહાહા... જલદી ત્યાગે છે, સારી રીતે પરીક્ષા કરી જરૂર આ વસ્ત્ર મારું નથી એમ જાણીને, પારકું જાણીને જ્ઞાની થયો થકો, એ વસ્ત્રનો જાણનાર એટલો જ જ્ઞાની.

વારંવાર કહેલું વાક્ય સાંભળતો સારી રીતે પરીક્ષા કરી, જરૂર આ વસ્ત્ર મારું નથી એમ

જ્ઞાની થયો થકો વસ્ત્રને જલ્દી ત્યાગે છે. એટલે ઓઢેલું છતાં એ વસ્ત્ર મારું નથી એમ થઈ ગયું હવે, આહાહા... જ્ઞાનસ્વરૂપે જાણ્યું કે આ તો વસ્ત્રના ચિહ્નો મારા નથી, એટલે અંદર ઓઢેલું છતાં તે પારકું થઈને રહ્યું હવે. આહાહાહા !

તેવી રીતે એ દૃષ્ટાંત થયો. જ્ઞાતા પણ, જાણનારો ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી, રાગાદિ પુણ્ય પાપના ભાવ એ પરદ્રવ્યના ભાવ છે, એ સ્વદ્રવ્યના ભાવ નહીં. દ્રવ્યના ભાવ નહીં. પર્યાયમાં ભલે હો પણ એ પરદ્રવ્યના ભાવ છે, એમ કહે છે. આહાહાહા ! પુણ્ય ને પાપના ભાવ, રાગદ્વેષના ભાવ પારકા પોતાના જાણીને પરદ્રવ્યોના ભાવોને જાણીને ગ્રહણ કરીને, પોતાના જાણી, કેમકે ત્યાં જ દૃષ્ટિ હતી, જ્ઞાયકસ્વરૂપ ઉપર દૃષ્ટિ નહોતી. આહાહા ! રાગ ને દ્વેષ ને વિકલ્પના પરિણામ એ ઉપર દૃષ્ટિ ત્યાં હતી, એને હવે ( પોતાનું ) જાણ્યું. આ છે ને ? આહાહા !

પોતાના જાણી પોતામાં એક કરી સૂતો છે. રાગદ્વેષ વિકલ્પ, પોતાનું જ્ઞાનસ્વરૂપ ભિન્ન છે એમ જાણ્યું નથી અને એ રાગાદિ મારા છે એમ કરીને અજ્ઞાનપણે સૂતો છે. તે પોતાની મેળાએ અજ્ઞાની થઈ રહ્યો છે, કર્મને લઈને નહીં. આહાહાહા... એ રાગદ્વેષને લઈને નહીં. પોતાની મેળાએ રાગદ્વેષના ભાવ મારા નથી એમ ન જાણતો, મારા છે એમ જાણતો અજ્ઞાની થઈ રહ્યો છે. આહાહા ! ત્યારે શ્રી ગુરુ પરભાવનું ભેદજ્ઞાન કરી, આહાહા... એને રાગથી ભિન્ન બતાવી પ્રભુ એ રાગના લક્ષણ એ તારા નહીં. આહાહા ! એ તો ત્યાં એમ કહ્યું કે એની મેળાએ નથી એને ગુરુ મળ્યા ભેદજ્ઞાન બતાવનારા એટલી વાત એની મેળાએ નથી જાગ્યો, આમ જાગ્યો છે, એમ કહે છે. ( શ્રોતાઃ- ગુરુએ ઉપદેશ આપ્યોને ) એ ઉપદેશ એણે લીધોને, ગ્રહણ કર્યો ને ? રાગથી ભિન્ન કરવાનું એણે જ્ઞાન કર્યુંને ? ત્યારે ગુરુએ ઉપદેશ દીધો એમ નિમિત્ત કહેવામાં આવે છે. આવી વાત છે. આહાહાહા !

આત્મા જ્ઞાન પ્રમાણે, રાત્રે નહોતું કહ્યું ? ભગવાન આત્મા જ્ઞાન પ્રમાણે છે. અને જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે અને જ્ઞેય લોકાલોક છે. આમ જ્યાં જ્ઞાનમાં પ્રમાણમાં જ્ઞાન આત્મા પ્રમાણે છે, ને એ જ્ઞાનની પર્યાય ભલે શ્રુતજ્ઞાનની હો, ( પણ ) એ રાગાદિ છે એ જ્ઞેય છે અને એ જ્ઞાનની વર્તમાન પર્યાય આત્મામાં વ્યાપક છે અને તે જ્ઞાનની પર્યાય જ્ઞેય પ્રમાણે છે, એટલે રાગાદિ જે વસ્તુ છે તેનું જ્ઞાન કરવાને લાયક એ છે. આહાહા... એને પોતાનું માનવાને લાયક એ નથી. આહાહાહા ! સમજાય છે કાંઈ ? એ જ્ઞાનની એક સમયની પર્યાય આત્મામાં વ્યાપક છે, એ પર્યાય, દ્રવ્યને જાણે છે, એ પર્યાય ગુણને જાણે છે, એ પર્યાય અનંતી બીજી પર્યાયને જાણે છે, એ પર્યાય પર્યાયને જાણે છે, એ પર્યાય જ્ઞેય જે રાગ આદિ અનંત, આહાહાહાહાહા... એ અનંત જ્ઞેયો તે જ્ઞાનની પર્યાય જ્ઞેય પ્રમાણે છે એટલે કે જ્ઞેયો જે અનંત છે તેને કરવાને લાયક નથી, જાણવાને લાયક છે, આહાહા... જ્ઞેય પ્રમાણે હોનેલાયક નથી. જાણવા લાયક છે. આહાહા. સમજાય છે કાંઈ ?

એવી જે જ્ઞાનની પર્યાય, એણે પોતાના લક્ષણથી સ્વરૂપને જાણ્યું, તેને રાગાદિના લક્ષણો તે પરજ્ઞેયના છે, ( એ જાણ્યું ). એ મારા જ્ઞાનની પર્યાયમાં એ રૂપે થવું એ મારો દ્રવ્ય સ્વભાવ જ નથી. આહાહા ! પર્યાયમાં છે, પણ મારો દ્રવ્ય સ્વભાવ એ રૂપે થવાનો નથી. આહાહાહાહા...

એમ જાણીને એ જ્ઞાનની પર્યાયે રાગના લક્ષણો પર છે એમ જાણીને, આહાહાહા... એ જ્ઞેય તરીકે છે, ચેત્ય ચેતકની નજીકતાને કારણે એમ લાગે છે કે આ જ્ઞેયનું જ્ઞાન છે. ખરેખર તો એ જ્ઞાન જ્ઞાનનું છે. જ્ઞેયનું જ્ઞાન નથી, જ્ઞેય તો પર છે. આવે છે ને ? ચેત્યચેતક ( ગાથા–૨૯૪ ) આહાહા... ભગવાન જ્ઞાન સ્વરૂપે ચેતનાર છે અને રાગાદિ તે જ્ઞેય ચૈત્ય જણાવા લાયક છે બસ, અપના હોનેલાયક હૈ નહીં. આહાહાહા ! રાત્રે તો ઘણું કહ્યું 'તુંને એ તો આવે ત્યારે આવે ને....... સમજાણું કાંઈ ?

એ જ્ઞાન પર્યાયે અપના પોતાના લક્ષણથી જાણ્યું કે હું તો આત્મા જ્ઞાનસ્વરૂપ છું. અને રાગના લક્ષણથી જાણ્યું કે એ તો પર છે. જાણીને જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું અને જ્ઞેયરૂપે પરિણમન પર્યાયમાં ન થયું એનું નામ પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આવી વાત છે. અહીં તો અત્યારે પ્રત્યાખ્યાન બાહ્ય ત્યાગ કર્યો– પચખાણ લઈ લીધા, બાપુ એ તો બધી વિકલ્પની વાતું બહારની છે. આહાહા ! અહીંયા તો જ્ઞાનની એક સમયની પર્યાય એમ પોતે રાગના લક્ષણને પરદ્રવ્યના ભાવ તરીકે અને સ્વદ્રવ્યનો સ્વભાવ નહીં, એમ ( લક્ષણ ભેદ ) જાણીને એ જ્ઞાનની પર્યાયની તાકાત, એકેક પર્યાયની તાકાતમાં અનંતી સપ્તભંગી ઊઠે. આહાહાહા !

એ જ્ઞાનની એક સમયની પર્યાય પર્યાયપણે છે, એ રાગ–જ્ઞેયપણે નથી. એ પર્યાય પર્યાયપણે છે અને બીજી પર્યાયપણે એ નથી. આહાહાહા... આવો દરિયો ગંભીર હૈ, ભગવાન સ્વભાવ. ( શ્રોતાઃ– બે બોલ થયા ) બે બોલ થયા. એવા અનંતા બોલ લઈ લેવા.

એકેક પર્યાય, આહાહા... ત્યારે જ્ઞાનની એક સમયની પર્યાય સ્વદ્રવ્યને જાણે, અનંત ગુણને જાણે, એ સિવાય અનંતી પર્યાયો જેનો પાર નહીં, પાર નહીં, આહાહાહા... એ પર્યાયોને પણ તે પર્યાય જાણે, અનંતી અનંતી પર્યાય જે પર્યાયમાં આ છેલ્લી છે, એવો કોઈ છેડો જ નથી. આહાહાહા... એવી અનંતી સંખ્યાએ જે પર્યાય એને પણ એ પર્યાય જાણે. આહાહાહા... એવી જ પર્યાય શ્રદ્ધાની, એવી અનંતી અનંતી સ્વજ્ઞેય અને પરજ્ઞેય એને એ શ્રદ્ધે, આહાહાહા... મારા તરીકે નહીં પણ શ્રદ્ધે કે આ પર છે ને આ હું છું. આહા ! એ શ્રદ્ધામાં પણ અનંતી તાકાત છે. આહાહાહા !

રાગરૂપે ન થવું, અને એને બીજી પર્યાયપણે પણ ન થવું. આહાહાહા... એવી અનંતી સ્વજ્ઞાન અને જ્ઞેયનું જ્ઞાન છે તેને એ પ્રતીત કરે છે. આહાહાહા... એ પ્રતીતની પણ પર્યાય અનંત અનંત માહાત્મ્યવાળી છે. કેમકે જ્ઞાનની પર્યાય સ્વજ્ઞાન અને પરજ્ઞેય સિદ્ધો અનંત સિદ્ધો, અનંત નિગોદના જીવો, અલ્પજ્ઞ પર્યાયવાળા અનંત જીવો ગુણે પૂરણ, એમ સર્વજ્ઞ પર્યાયવાળા અનંત જીવો, એને પણ એ જ્ઞાનની પર્યાય, પોતામાં રહીને ( જાણે ) પરનું અસ્તિત્વ છે માટે નહીં, પોતાની તાકાતથી સ્વપરને જાણવાની તાકાતવાળું છે. આહાહાહા ! કહો, નવરંગભાઈ ! આવી વાતું છે. રાતે હતા ને, ત્યારે ઘણું નીકળ્યું 'તું ભાઈ એ તો એની મેળાએ નીકળે છે. નીકળે ત્યારે થાય ને. આહા !

અહીંયા તો શું કહેવું છે કે જ્ઞાન સ્વરૂપી ભગવાન આત્મા એ રાગને પર તરીકે, પરને જ્ઞેય તરીકે જાણવાનો સ્વભાવ છે. એવું જેણે જાણ્યું, એ જાણ્યું કે રાગરૂપે ન થયો અને જ્ઞાનરૂપે રહ્યો, એનું નામ રાગનો ત્યાગ નામમાત્ર કથન છે. આહાહા ! બાકી જ્ઞાનસ્વભાવ ભગવાન રાગ રૂપે

થયો જ નથી સ્વભાવ, પર્યાયપણે થયો છે તો એને જાણ્યું કે આ તો પર છે. આહાહાહા ! હું તો તેનો, મારાથી તેના અસ્તિત્વ વિના જાણવું મારો સ્વભાવ છે. આહાહા ! એનું રાગાદિ અસ્તિત્વ છે, માટે તેને હું જાણવાના સ્વભાવવાળો થાઉં છું, એમ નથી. આહાહાહા ! આવી વસ્તુ છે.

એવી એકેક પર્યાય અનંતા સામર્થ્યવાળી, સ્થિરની પર્યાય સ્વરૂપની પણ અનંતી સામર્થ્યવાળી. આહાહા ! રાગરૂપે ન થતાં સ્થિરરૂપે થાય તે પણ પર્યાયની તાકાત અનંતી. આહાહા ! એક જ પર્યાયમાં પણ સ્થિરની પર્યાયમાં અનંતી સપ્તભંગી. આહાહાહા ! એવું જે ભગવાન આત્માનું જ્ઞાનપર્યાય સ્વરૂપ, શ્રદ્ધા પર્યાયસ્વરૂપ, આનંદ પર્યાયસ્વરૂપ એમાંથી જાણ્યું કે રાગાદિ મારા દ્રવ્યના સ્વભાવથી પૂર્ણ વ્યાપ્ત હોવું એ વસ્તુ ( સ્વરૂપ ) નથી. પર્યાયમાં નિમિત્તને લક્ષે પરિણમન થયું, પણ મારો દ્રવ્યસ્વભાવ તેપણે વ્યાપે એવું નથી. એમ દ્રવ્યસ્વભાવને જાણનારી જ્ઞાનની પર્યાય, આહાહાહા... રાગને પર તરીકે જાણવાના સ્વભાવવાળી પર્યાય રાગરૂપે ન થતાં, જ્ઞાનપણે, જ્ઞાનપણે, સ્થિર રહી એ એનું નામ અહીંયા પરનો ત્યાગ કર્યો એ નામમાત્ર છે. આહાહાહા ! આટલી શરતું ને આટલી જવાબદારી. કહો, નવરંગભાઈ !

રાત્રે તો ઘણું કહ્યું ’ તું એ તો બધું, અહીં તો આ આવ્યું ને અહીંયા- કે ગુરુએ પરમ વિવેક કરી એને બતાવ્યો તો એણે કર્યું. આહાહા ! ભાઈ ! રાગાદિ તારી ચીજ નહીં. પરિણમનમાં ભલે હો, પણ તારા દ્રવ્યસ્વભાવની એ ચીજ નહીં. આહાહા ! સમજમેં આયા ? રાગ ચાહે તો દયા-દાન ભક્તિ આદિનો હો, ચાહે તો સૂક્ષ્મ રાગનો વિકલ્પ હો એ પણ પરભાવ છે, હું તો તેનો મારામાં રહીને જાણનારો, તેને અડયા વિના તેના અસ્તિત્વને કારણે હું એનું જ્ઞાન કરું છું એમેય નહીં. ( પરંતુ ) મારા જ્ઞાનનો પર્યાયનો જ એટલો સ્વભાવ છે, કે પરને અને સ્વને જાણવામાં રહેવું, એ જ મારી સ્થિતિ છે. આહાહાહા ! કહો, હીરાભાઈ ! આવું આવ્યું છે.

એમ જાણીને જાણ્યું, જાણ્યું કે આ પર છે, હું નહીં એવું જે જ્ઞાન સ્વરૂપ જ્ઞાનમાં ઠર્યું, જ્ઞાનમાં સ્થિર થયું. એ એણે રાગનો ત્યાગ કર્યો એ નામમાત્ર કથન ઠર્યું એ પચખાણ છે. હવે આ પચખાણ અને ચારિત્રની આ વ્યાખ્યા. રાગના અભાવના સ્વભાવરૂપ થવું એ આ. રાગના સ્વભાવરૂપ ન થવું અને દ્રવ્યના સ્વભાવરૂપે થવું, એનું નામ અહીંયા પ્રત્યાખ્યાન અને ચારિત્ર છે. આહાહા ! અહીં તો બહારના કાંઈક વ્રત લીધા ને અમુક કર્યું થઈ ગયું ચારિત્ર, એ દ્રવ્ય ચારિત્ર. આહા ! ભાઈ મોટી ભૂલ છે પ્રભુ, એ પર્યાયના ફળ આકરા પડશે પ્રભુ તને, આહાહા... રાગની ક્રિયા માનવી એ આકરું પડશે પ્રભુ તને દુ:ખ. આહાહા ! અહીંયા તો રાગરૂપે ન થવું. આહાહા ! અને રાગ છે માટે જ્ઞાનમાં સ્થિર થયો એમ નથી. રાગ છે માટે રાગનું અહીં જ્ઞાન થયું એમ નથી. રાગ છે માટે અહીં જ્ઞાનમાં તેની શ્રદ્ધા થઈ એમ નથી. શ્રદ્ધાની પર્યાય સ્વતંત્રપણે જ્ઞેય અને જ્ઞાનને શ્રદ્ધે પ્રતીત કરે એવો એનો સ્વભાવ છે. આવું સ્વરૂપ હવે માણસને. એ ચારિત્રની આ વ્યાખ્યા છે. એ કાલે બિચારા ખુશી થયા હતા બપોરે આવ્યા હતા.

ઓહો ! ભારે પ્રત્યાખ્યાન મેં કીધું એ બપોરે ૨૯૫ માં આવવાનું છે. એમ કે જ્ઞાનીને પણ દુ:ખનું વેદન છે, આનંદનું વેદન છે, બસો પંચાણુંમાં ( વચનામૃતમાં ) આવવાનું છે. એ દુ:ખના રાગના પરિણામ મારા દ્રવ્ય સ્વભાવે થાય એમ તો હું નથી. પણ અહીંયા તો ચારિત્રની વ્યાખ્યા લેવી છે ને ? આહાહા ! એ રાગના પરિણામને મારા દ્રવ્યના સ્વભાવનું એ પરિણમન નહીં.

એથી તે રાગના પરિણામ પરભાવ છે, એમ જેણે અંદર જ્ઞાન સ્વભાવમાં એના મલિન અને દુઃખના સ્વભાવથી જાણી, મારો ભગવાન તો જ્ઞાન ને આનંદ સ્વભાવ છે. એવા રાગને દુઃખના ભાવરૂપ જાણી અને એ જ્ઞાનના સ્વભાવમાં દુઃખના ભાવનો ( અભાવ છે ), ત્યાં એ દુઃખનો ભાવ છે માટે થયું એમેય નથી. આહાહા ! એ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ સ્વ ને પરને સ્વતઃ પરની અપેક્ષા વિના જાણવું એ એનો સ્વભાવ છે. આહાહા ! હવે આવું ક્યાં પકડવું, નવરાશ ન મળે, ફુરસદ ન મળે આવી વાત છે પ્રભુ આ તો પ્રત્યાખ્યાન આવ્યું ને. આહાહાહા !

પાછું એમાં કહ્યું ને કે રાગને રાગના લક્ષણથી જાણી અને તેને તે રૂપે ન પરિણમતાં જ્ઞાન જાણનારો છે, એમ જ્ઞાન જ્ઞાનરૂપે ઠર્યું સમ્યગ્દર્શન જ્ઞાન તો છે, એ ઉપરાંત જ્યારે રાગની અવસ્થાને પરભાવ તરીકે જ્ઞાનમાં પૃથક તરીકે, ભેદથી જાણી અને જાણનારો જાણનારમાં ઠર્યો, આહાહાહા... એનું નામ પ્રત્યાખ્યાન ને ચારિત્ર છે. પ્રત્યાખ્યાનનો અર્થ ત્યાગ છે. પણ એ રાગનો ત્યાગ પણ નામમાત્ર છે.

અહીં તો કહે છે, આહાહાહા ! શું શૈલી ! સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતૈવચન ભેદ ભ્રમ ભારી, સ્વ–શક્તિ સ્વજ્ઞેય પ્રકાશી, પર શક્તિ પરજ્ઞેય. આહાહા ! ભગવાનનો જ્ઞાન પર્યાયનો સ્વભાવ, આ તો સમ્યગ્દર્શન જ્ઞાન સહિતની વાત છે ને, એ જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વજ્ઞેયનો સ્વભાવ. આહાહાહા... અને પરજ્ઞેયને પરજ્ઞેય તરીકે, હૈયાતી હોવા છતાં જ્ઞાનની પર્યાય, તેની અપેક્ષા વિના તેને અને સ્વને જાણતાં અંદર ઠરે અને રાગરૂપે ન થાય એને રાગનો ત્યાગ કહેવો એ નામમાત્ર છે. એ પણ જ્ઞાનરૂપે જ્ઞાન ઠર્યું. આહાહા ! જામ્યું અંદર ભાઈ કહે છે ને, નહીં ? ચંદુભાઈ તમારા, જામ્યું કહે છે ને. ચંદુભાઈ દાકતર ! આહાહા !

એની પ્રથમ પીછાન તો આ કરે કે આ વસ્તુનું સ્વરૂપ આવુ છે. સમજાણું કાંઈ ? આહાહા ! ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, પોતાના લક્ષણને જાણતો ’તો જ્ઞાની થયો. પણ હવે ચારિત્ર, શિષ્યે એમ પૂછયું છે ને, કે મને શ્રદ્ધા જ્ઞાન તો થયું પ્રભુ, પણ હવે મારા આચરણને માટે મારે આચરવું છે. કારણકે મારા આચરણમાં હજી રાગનું આચરણ છે, ભલે મારા દૃષ્ટિના વિષયમાં નથી પણ મારા પરિણમનમાં થાય છે. તો મારે મારું આચરણ કરવું છે તો તે રાગના ત્યાગની વિધિ શું ? રાગના ત્યાગરૂપી પચખાણ શી રીતે થાય ? આહાહા ! તો ગુરુએ કહ્યું કે જેમ ધોબીને ઘેરથી વસ્ત્ર પરનું લાવી અને મારું જાણીને સૂતો, એને બીજાએ જગાડયો ( કે ) ભાઈ આ વસ્ત્રના લક્ષણ તો જુઓ, એ તારો કોટ નહીં. એ કોટ લાંબો તારો નહીં તેના લક્ષણો જો તો ખરો. આહાહા... એમ જાણીને ઓઢયું છતાં પરરૂપે દૃષ્ટિમાં થઈ ગયું, અને સ્થિરતામાં પણ એ મારું નથી એમ થઈ ગયું. આહાહા !

એમ ભગવાન આત્મા રાગના વિકલ્પને પોતાના માનીને સૂતો હતો, એ તો જાગ્યો છે હવે, પણ અસ્થિરતામાં જે હતો એમ કહે છે, સમજાય છે. અહીં તો એક સાથે બધી વાત લે છે, મિથ્યાત્વથી માંડીને બધી, અસ્થિરતામાં પણ મિથ્યાત્વ અને રાગનો ત્યાગ કરીને પચખાણ એમ બતાવે છે. ભાઈ ! જયસેનાચાર્યની ટીકામાં તો મિથ્યાત્વ ને રાગાદિ અવ્રત આદિ બધું છે. બધી વાત એની શરૂઆતથી જ ઉપાડે છે પાધરી. આહાહા !

રાગ આગ દાહ દહે સદા. એવા રાગના લક્ષણો પરભાવના જાણી અને જ્ઞાન સ્વભાવમાં

જ્ઞાન ઠરે છે, અને પરભાવપણે એ જ્ઞાનસ્વભાવ એ પરજ્ઞેય તરીકે પરિણમતું નથી, સ્વજ્ઞેયના જ્ઞાનની સ્થિરતાપણે પરિણમે છે, તેને રાગના ત્યાગરૂપી ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા ! એ રાગવર્જન એ આવ્યું ને ભાઈ એકસો પંચાવન "જીવાદિ સદ્હણં" આહાહાહા ! જ્યારે તે ગુરુ પરભાવનો વિવેક કરી તેને એક આત્મભાવરૂપ કરે, દૃષ્ટિ તો હતી પણ એ ઉપરાંત પાછું વિશેષ કરાવ્યું છે. રાગ તારો નહીં, તારો સ્વભાવ આ છે એમ ભેગું લઈને હારે-સ્થિરતા કરાવે છે. આતમભાવરૂપ કરે અને કહે કે તું શીઘ્ર જાગ, શીઘ્ર જાગ, હળવે હળવે જાગીશ એમ નહીં. આહાહા ! સાવધાન થા. ભગવાન તું સાવધાન થા. રાગમાં સાવધાન છે, એને જાણનારો તું સાવધાન થા હવે. આહાહાહા ! હવે આવી વાતું આકરી પડેને સમજવામાં એટલે લોકો એને નિશ્ચય કરીને કાઢી નાખે છે. આ વ્યવહાર કરો ભાઈ એ વ્યવહાર તો અજ્ઞાન છે ભાઈ. આહાહા !

એક આતમભાવરૂપ કરે અને કહે કે તું શીઘ્ર જાગ, ભાઈ તું જાગને. એ રાગના લક્ષણો ભિન્ન છે અને તારું લક્ષણ ભિન્ન છે. એમ જાગ ! ભલે સમ્યગ્દૃષ્ટિ પૂછે છે એને પણ આ રીતે પાછું કહ્યું. આહાહા ! સમ્યગ્દૃષ્ટિ પૂછે છે ને ? કે મને શ્રદ્ધા જ્ઞાન થયું છે પણ હવે મારે મારું આચરણ કરવું છે, એને પરનો ત્યાગ કરવો છે એ શી રીતે થાય ? આહાહા ! આહાહા ! પરનો ત્યાગ એટલે શું પણ હવે, પોતે પરપણે ન થયો એટલે એને પરનો ત્યાગ નામમાત્ર છે. થયો છે પોતે જ્ઞાન, જ્ઞાનરૂપે રહ્યું. જાણનાર જાણનારમાં રહ્યો, જાણનાર જ્ઞેયના રાગપણે થયો નહીં. આહા... તેના જ્ઞાનપણે થયો અને થઈને ( જ્ઞાન ) સ્થિર થયું. આહાહાહા ! એ જ્ઞાન જામ્યું. અંદરમાં આનંદની દશા લેતું જામ્યું. આહાહા ! એને અહીંયા ચારિત્ર અને પ્રત્યાખ્યાન કહે છે. એને રાગનો ત્યાગ કર્યો એમ નામમાત્ર કથન કરવામાં આવે છે. આહાહા ! પરના ત્યાગની તો વાત અહીં છે જ નહીં. આહાહા ! આ બાયડી, છોકરા છોડયા અને ગૃહસ્થાશ્રમ છોડયો ને એ ચીજ તો ગ્રહી ( કે ) છોડી છે જ ક્યાં ? એ ગ્રહીયે નથી અને છોડીયે નથી, એ ગ્રહણ ત્યાગ વિનાનો તો આત્મા અનાદિ અનંત છે. આહા ! ફકત રાગને ગ્રહ્યો તો પોતાના સ્વરૂપના ભાન વિના, એ મારા તરીકે ગ્રહણ કર્યો તો કહો કે પરિણમન કર્યું 'તું કહો. આહાહા ! હવે એનો ત્યાગ કરવો છે, એટલે કે આહાહા ! ભગવાન તું જાગતી જ્યોત છું ને ? સાવધાન થા. આહાહાહા !

"જાગીને જોઉં તો જગત દીસે નહીં"- આહાહાહા... ચૈતન્યના સ્વભાવને જ્યાં જાગીને જોયો ત્યારે રાગના ભાવને પર તરીકે જાણ્યો, આહાહાહા... એ તો મારા જ્ઞાનની પર્યાયનું જ્ઞેય છે, પર છે એ. આહાહાહા ! મારા સ્વરૂપમાં એ પરજ્ઞેય નથી. મારા દ્રવ્યનો સ્વભાવ પરપણે થવું એ હું નથી. આહાહા ! પર્યાયપણે જે અસ્થિરતા હતી એને દ્રવ્ય સ્વભાવપણે આત્માને જાણી અને એ રાગરૂપે થયો નહીં, પણ આ જાણ્યું છે, કે આ છે પર એમ જાણીને ત્યાંથી લક્ષ છોડી દીધું, અને સ્વરૂપના લક્ષમાં ઠર્યો. આહાહા ! ભગવંત ! તારી વ્યાખ્યા તો જુઓ, આ ચારિત્ર. આહાહા ! ભગવત્ સ્વરૂપ તો પહેલેથી કહ્યું 'તું ને. ભગવાન જ્ઞાતાદ્રવ્ય, ભગવંત્ જ્ઞાતા દ્રવ્યં, સંસ્કૃત ટીકામાં ભગવંત્ જ્ઞાતૃદ્રવ્યં, એ જ્યાં જાગીને રાગને પર તરીકે લક્ષણથી જોયું જાણ્યું આહાહા... એકત્વ તો છૂટી ગયું 'તુ, પણ અહીં ફરીને વિશેષ વાત લેવામાં આવી છે. સમજાય છે કાંઈ ? અસ્થિરપણે જે હતું. આહાહા ! એને પર તરીકેના લક્ષણોને જ્ઞાને જાણ્યું અને એ જ્ઞાન

પરરૂપે ન થયું અને તે કાળે તે જ્ઞાન સ્થિરપણે થયું, તેને અહીંયા પ્રત્યાખ્યાન ચારિત્ર કહે છે. આહાહાહા !

લોકો કંઈના કંઈ માને પ્રભુ ! ભાઈ ! એ ઉંધી માન્યતાના ફળ બાપા એ વર્તમાન દુઃખ છે ભાઈ તને એની ખબર નથી, અને એના દુઃખના ફળ, તત્ત્વની વિરાધના એનું ફળ તો નિગોદ છે. આહાહા ! તત્ત્વની આરાધના એનું ફળ તો મોક્ષ છે. આહાહા ! વચમાં શુભાશુભભાવ એ ચાર ગતિનું કારણ છે. સમજાય છે કાંઈ ?

તારો આ આત્મા ખરેખર એક જ છે. એક જ્ઞાનમાત્ર જ છે એમ ગુરુએ કહ્યું છે. જે અનેકપણે દેખાય એ તું નહીં, રાગના વિકારના પરિણમનપણે દેખાય છે, એ તું નહીં, એ તું નહીં, એની તો ખબર હતી, પણ વિશેષ કરાવ્યું પાછું. આહાહા ! એ ખરેખર તો એક જ છે. ભગવાન તો જ્ઞાન સ્વરૂપી એક જ છે. એમાં જે આ રાગ દ્વેષાદિ દયા દાન આદિના ભાવો અનેક ઉત્પન્ન થાય એ એક સ્વરૂપની ચીજ નહીં. આહાહા ! આવી ગંભીર ચીજ એકેક શ્લોકમાં. આહાહાહા ! દરિયો ભર્યો છે આખો.

અહીંયા એ કહ્યું કે એક–એક જ છો, તું એક જ છો. જ્ઞાન આનંદાદિ સ્વરૂપ તું એક જ છો, અનેકપણે જે જ્ઞાન રાગ અને પુણ્ય ને દયા દાનના વિકલ્પપણે દેખાય છે તે અનેકપણે તું નહીં. આહાહા ! એ અનેકપણે જે પર્યાયમાં થતો હતો તે તું નહીં, એમ કરીને જ્ઞાનને રાગથી પાછું વાળ્યું અને જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે. આહાહા... અન્ય પરદ્રવ્યના ભાવો એ સર્વ અન્ય છે. રાગ આદિનો ભાવ ચાહે તો મહાવ્રતનો હો એ બધો પર છે. આહાહાહા ! હવે અહીંયા એમ કહે છે કે મહાવ્રતના પરિણામ કરતાં કરતાં એ દ્રવ્ય ચારિત્ર છે, એ ભાવ ચારિત્ર થશે. અરે ભગવાન પ્રભુ તું શું કરે છે ભાઈ. ( શ્રોતાઃ– તત્વાર્થ સૂત્રમાં તો આસ્રવ કીધું છે ) આસ્રવ છે એ ભલે કહ્યું ત્યાં, પણ ત્યાં એને લાભ કહ્યો છે પાછો એમ કહ્યું છે, બીજા ગ્રંથમાં કહ્યું છે કે એ ધર્મ છે. પુણ્ય એ ધર્મ છે, એ તો વ્યવહાર ધર્મની વ્યાખ્યા છે. જેને આત્મા આત્મામાં અનુભવથી ઠર્યો એ નિશ્ચય ધર્મ આ છે, એને જે રાગઆદિ આવે ત્યારે એને ( રાગ ) વ્યવહાર ધર્મનો આરોપ આપ્યો છે, નિશ્ચયથી તો અધર્મ જ છે. અચારિત્ર છે ચારિત્રનો દોષ છે. આહાહાહા ! ખરેખર આત્મા એક જ છે, જ્ઞાનમાત્ર જ છે. આહાહાહા ! એ રાગરૂપે એ આત્મા નહીં. આહાહાહા !

અન્ય સર્વ પરભાવો છે. ત્યારે વારંવાર કહેલું આગમનું વાક્ય, અહીં જુઓ. આહાહા... પંચમકાળ એટલે જીવોને આ વાત લીધી છે, એને વારંવાર સાંભળવામાં મળ્યું. સારા ( ચોથા ) કાળમાં તો એકવાર સાંભળે ને ફટ ઊતરી જાય એમ કહે છે. આહા ! સમજાય છે કાંઈ ? અહીં તો પંચમઆરો છે ને ! ત્યારે વારંવાર કહેલું, વારંવાર કહેલું એટલે ? ગુરુએ તો એકવાર કહ્યું હતું. પણ શિષ્યે વારંવાર યાદ કર્યું આડત્રીસ ગાથામાં આવે છે ને વારંવાર, એને રાગથી ભિન્ન ( સમજાવ્યો ) રાગથી ભિન્ન એમ જાણવામાં વિવેક કર્યો, આહાહાહા... મારો પ્રભુ જ્ઞાયક છે અને રાગથી ભિન્ન છે, એમ વારંવાર અંદર વિવેક કર્યો, એથી એને વારંવાર ગુરુએ કહ્યું એમ સાંભળવામાં વિવેક કર્યો. આહાહાહા... હવે આવી વાતને મશ્કરી કરીને કાઢી નાખે છે. એ જાણે કાંઈ ચીજ જ નથી.

દૃષ્ટિમાં મિથ્યાત્વનો ત્યાગ થયો એમ કહેવું એ પણ કહે છે નામમાત્ર છે. આહાહા !

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનો જ્યાં દૃષ્ટિમાં સ્વીકાર થઈ અને સૃષ્ટિ થઈ સમ્યગ્દર્શનની આહાહાહા... એમાં બધી આખી ચીજ પૂરણ છે એ પ્રતીતમાં આવી ગઈ. અને તેમાં હું રાગરૂપે નથી એ પણ એમાં આવી ગયું. અને તે શ્રદ્ધામાં એમ પણ આવ્યું કે હવે હું આમાં જેટલો ઠરીશ તેટલી અશુદ્ધતા ( ને ) કર્મનો નાશ થશે. આહાહાહા ! શ્રદ્ધામાં પણ એમ આવ્યું. આહાહાહા ! ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ એમાં હું ઠરીશ. આહાહા... એવું શ્રદ્ધામાં આવ્યું કે આમાં હું જેટલો ઠરીશ એટલો અસ્થિરતાનો ને કર્મનો નાશ થશે. એ અહીંયા ઠરવાની વાત હવે લીધી. આહાહા ! સમજાણું કાંઈ ? ત્યાંય એમ આવે છે ને, શ્રદ્ધામાં આમ થયું ને પછી આચરણ કરે છે. સત્તર-અઢાર ગાથા ઓલા રાજાને ઓળખીને પછી શ્રદ્ધા કરીને ને આચરણ કરીને એમ આત્માને ઓળખીને ને શ્રદ્ધા કરી ને પછી એનું જ આચરણ કરીને, આહાહા... ચારેકોરથી જુઓ તો વસ્તુને એક રીતે જ સિદ્ધ કરે છે. આહાહા ! ભિન્ન-ભિન્ન પડખાંથી, અનંતા દ્રવ્ય અને રાગની મધ્યમાં પ્રભુ પણ તું એકલો જ્ઞાનસ્વરૂપ ભિન્ન છો. એવું એને વારંવાર ગુરુએ કહ્યું એટલે કે વારંવાર કહેલું યાદ કર્યું. સ્મરણમાં લીધું, આહાહા... કે પર તરફના લક્ષવાળો વિકાર એ મારું સ્વરૂપ નહીં. એવું ભાન તો થયું 'તું પણ ભાનમાં હવે વિશેષ ઠર્યો હવે. આહાહા ! એ પણે થવું એ મારો દ્રવ્ય સ્વભાવ નહીં, એમ આવ્યું ને ? પહેલાં આવી ગયું, દ્રવ્યસ્વભાવપણે રાગપણે વ્યાપ્ત થવું એ મારું સ્વરૂપ નથી. આહાહાહા !

મારો પ્રભુ જ્ઞાન ને આનંદ ને શાંતિનો સ્વભાવ દ્રવ્યનો એ દ્રવ્યસ્વભાવપણે છે વિભાવપણે થવું એ મારું સ્વરૂપ નથી. આહાહા ! દ્રવ્યસ્વભાવપણે વિભાવનું વ્યાપ્ય અને સ્વભાવ વ્યાપક ( એમ નથી. ) આહાહાહા... પહેલાં આવી ગયું હતું કાલે આવ્યું ' તું. આહાહા... અલૌકિક વાતું છે, બાપા ! આહાહા ! પ્રભુ તારી પ્રભુતાનો પાર નથી અને પામરતામાં રોકાઈ ગયો પ્રભુ, આહા ! એ પામરતા છોડવા માટે પણ કહે છે કે એનો ત્યાગ કરવો એ પણ એક નામમાત્ર છે. આહાહા ! પ્રભુ તું પ્રભુપણેથી છૂટયો નથી. આહાહા ! પ્રભુ પ્રભુપણે રહ્યો છે, એ જ એનું નામ પચખાણ અને ચારિત્ર છે. આહાહાહા !

હવે આવી વ્યાખ્યાય સાંભળવા મળે નહીં. હવે એ સમજે કે દિ' બાપુ ! આહાહાહા ! ( શ્રોતાઃ- અનાદિનો સંસાર શાંત થઈ જાય એવી વાત છે ) એવી વાત છે બાપા. ભગવંત તારું સ્વરૂપ જ એવું પ્રભુનું. આહાહા ! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ દ્રવ્ય સ્વભાવથી એ દયા દાનના રાગપણે થવું એ એનો સ્વભાવ નથી. આહાહાહા ! એ વ્યાપક ભગવાનનું વ્યાપ્ય વિકાર એ એનો સ્વભાવ નથી. આહાહાહા ! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એનો સ્વભાવ નિર્મળ પર્યાયપણે વ્યાપ્ય અને વ્યાપક થવું એ એનો સ્વભાવ છે. આહાહાહા ! અરે ક્યાં એ જોવા નવરો નથી અંદર પ્રભુ ! આહાહા... જેની શક્તિનો પાર નથી, એવી શક્તિનો નાથ ભગવાન આત્મા, આહાહાહા... એને પરપણે થવું રાગપણે એ દ્રવ્યનો વસ્તુનો સ્વભાવ નથી.

એમ સમ્યગ્દર્શન પ્રગટ કરી અને પછી જ્યારે ચારિત્ર લે છે, પ્રત્યાખ્યાન કરે છે ત્યારે એ અસ્થિરતાના રાગપણે હું ન થાઉં એવો મારો સ્વભાવ અને મારો સ્વભાવ તો સ્થિરપણે જ્ઞાનની શાંતિપણે થવું એવો મારો સ્વભાવ એમ થઈને ઠરે છે આનંદમાં પ્રભુ અને રાગરૂપે થતો નથી એ દશાને પ્રત્યાખ્યાન અને ચારિત્ર કહેવામાં આવે છે. આહાહાહા ! ( શ્રોતાઃ- અમૃત

વાણી છે ) વાણી આવી છે બાપા. આહા !

વારંવાર કહેલું આગમનું વાક્ય, આગમનું વાક્ય જોયું એ શું કહે છે. પહેલું ગુરુએ કહ્યું તું તે આગમ આમ કહે છે, ગુરુ વાક્યથી પણ આગમ આમ કહે છે, ગુરુના વાક્યો આવા હોય છે. કે રાગથી તારી ચીજ ભિન્ન છે. એ દયા દાન ને વ્રત ભક્તિના પરિણામ જે રાગ એનાથી પણ તું ભિન્ન છો. એમ આગમના વાક્ય અને ગુરુના વાક્ય છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? બે વાત મૂકી'તી. એક તો ગુરુએ ભેદ કરાવ્યો અને એ આગમનું વાકય છે એમ કહ્યું પાછું. આહાહાહા ! કઈ શૈલી ! ગજબ શૈલી ! આહાહાહા ! ભગવાન અંદર તું સચ્ચિદાનંદ પ્રભુ છો ને ભાઈ તને ખબર નથી. આ તારી પ્રભુતામાં તો અનંતઆનંદ ને અનંતજ્ઞાન ને અનંત શાંતિ પડી છે નાથ ! આહાહા ! એનું જેને ભાન થયું અને જ્યારે રાગાદિ દયા દાનના વિકલ્પો છે એ વિકાર અને દુઃખરૂપ છે. એનું મારા સ્વભાવપણે થવું એવું મારું સ્વરૂપ નથી. એમ અંદર જાણીને, આહાહા ! એ આત્મા આત્માપણે રહે છે, જ્ઞાન જ્ઞાનપણે એટલે ઈ આત્મા આત્માપણે રહે છે, ઠરે છે અને રાગપણે થતો નથી, એનું નામ અહીંયા ભગવાને પ્રત્યાખ્યાન ને ભગવાને ચારિત્ર કહેવામાં આવ્યું છે. અરેરે ! આ વ્યાખ્યા હવે આવી વાત આવું સ્વરૂપ છે ભાઈ ! એને અનંત અનંત કાળમાં એ ચોર્યાશીના અવતારમાં રખડી મર્યો છે ભાઈ–એ દુઃખી છે દુઃખી એને ભાન નથી. હું દુઃખી છું એમેય ભાન નથી એને, આહાહા... અબજોપતિ અને વીસ–વીસ, પચીસ–પચીસ હજારના મહીનાના પગારદાર એ બધા પ્રાણીઓ બિચારા દુઃખી છે. એને ભગવાન આનંદનો નાથ સ્વભાવ એની એને ખબરું નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ?

આંહી તો સમકિતી પણ આહાહાહા... પોતાનું આચરણ કરવાનો કામી એ દુઃખના આચરણને દુઃખરૂપ જાણે છે. એ અવ્રતના ભાવને રાગ ભાવને દુઃખરૂપ જાણે છે, મારો નાથ તો આનંદ સ્વરૂપે પ્રભુ બિરાજે છે. આહાહા ! અરેરે ! એ આનંદનો નાથ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એ રાગના લક્ષણને પર તરીકે દુઃખ તરીકે જાણી અને આનંદનો નાથ દુઃખરૂપે પરિણમે એ મારો સ્વભાવ નથી. આહાહા ! એ તો પર્યાયમાં કમજોરીને લઈને સમકિતીને પણ રાગાદિ દુઃખની પર્યાય થાય છે. આહાહા ! પણ મારે હવે તો સ્વરૂપનું આચરણ કરવું છે, એ સ્વરૂપના આચરણ માટે મારો સ્વભાવ આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો મહિમાવાળો પ્રભુ એ દુઃખની પર્યાયપણે ન થાય એવો તો મારો સ્વભાવ છે, એમ સ્વભાવને જાણી અને એ રાગના દુઃખના પરિણામપણે ન થવું આ એનું નામ અંતરમાં ઠર્યો અને એનું નામ ચારિત્ર અને પચખાણ છે. –વિશેષ વ્યાખ્યાન હો ગયા લ્યો નવ થઈ ગયા નવ. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૦૧ ગાથા - ૩૫ શ્લોક - ૨૯

### આસો સુદ-૪ શુક્રવાર તા. ૬-૧૦-૭૮ સં. ૨૫૦૪

સમયસાર ! ૩૫ ગાથા ફરીને, વસ્ત્રનું દૃષ્ટાંત દીધું છે “તેવી રીતે” ત્યાંથી જ્ઞાતા પણ એ તો વચ્ચે ભાષા આવી. જાણનાર પણ, પ્રશ્ન તો શિષ્યકા યહ થા, સમ્યગ્દર્શન ને જ્ઞાન તો મેરે હુઆ હૈ. મૈંને જાના હૈ રાગાદિ પર હૈ. પણ મેરે આચરણ અંદર કૈસે કરના ? મેરા સ્વરૂપમેં

આચરણ કૈસા કરના ? ઓ આચરણ જો રાગકા હૈ. ઉસસે મેરેમેં સ્વરૂપકા આચરણ કૈસે કરના એ પ્રશ્ન થા. તો ગુરુએ મૂળસે પહેલેસે બાત કિયા. આહાહાહા !

'જ્ઞાતા પણ ભ્રમથી' ત્યાંથી ઉપાડયું છે. 'પર દ્રવ્યોના ભાવોને' એ કર્મના નિમિત્તથી થતા શુભઅશુભ રાગ એ પરભાવોને પોતાના જાણી ગ્રહણ કરી, પોતાના જાણી, પોતામાં એક કરીને સૂતો છે, એ રીતે લીધું છે. એ રાગ અને પુણ્ય પાપના ભાવ પોતામાં માનીને પોતે સૂતો છે. એવા જીવને અહીં તો લીધો છે. આહાહા ! બીજી દૃષ્ટિએ કહીએ તો પર્યાયદૃષ્ટિમાં એ પડયો છે. શુભઅશુભ રાગ એ મારા છે, એમ માની અજ્ઞાની સૂતો છે, એટલે અજ્ઞાનમાં પડયો છે. આહાહા ! અને પોતાની મેળાએ અજ્ઞાની થઈ રહ્યો છે.

શિષ્યે પ્રશ્ન એમ કર્યો હતો કે મારા સ્વરૂપમાં આચરણ કેમ કરવું ? અહીં પહેલેથી ઉપાડયું છે. આહાહા ! વસ્તુ દ્રવ્યસ્વભાવ, શુદ્ધ વીતરાગ સ્વભાવ એની સાથે રાગ દયા દાન કામ ક્રોધાદિના ભાવ એ પરભાવ છે. એ ત્રિકાળી વીતરાગ સ્વભાવ સ્વરૂપ એ નથી. એથી એને પોતાના કરીને સૂતો અજ્ઞાની, જ્યારે શ્રીગુરુ પરભાવોનો વિવેક કરાવી, કરીનો અર્થ એ ભેદ કરાવે છે એટલે ભેદજ્ઞાન કરાવે છે. શરીર વાણી મન એ તો પર એની તો વાત અહીંયા નથી, હૈ નહીં. છે નહીં. શુભ અશુભભાવ એનાથી એને ભેદજ્ઞાન કરાવે છે. ભાઈ શુભ અશુભભાવ એ તેરી ચીજ નહીં.

"એક આત્મભાવરૂપ કરે" એને એમ કહે કે તું આત્મા જ્ઞાનસ્વભાવ સ્વરૂપ છે, તે તું, રાગાદિ ભાવથી પરભાવથી એને વિવેક કરાવે છે. જુઓ આ પ્રત્યાખ્યાન અને ચારિત્રની આ દશા. આહાહા ! જ્યારે શ્રી ગુરુ તેને પરભાવનો વિવેક કરી એને એક આત્મભાવ કરે એટલે કે એને બતાવે, કે ભાઈ, તારી દૃષ્ટિ જે રાગ અને પુણ્ય-પાપ ઉપર છે એ ભાવ તારા નથી એનાથી તારી ચીજ ભિન્ન એક જ્ઞાનસ્વભાવરૂપ છે. અનેક પુણ્ય ને પાપના વિકૃત ભાવથી એકરૂપ તેરી જ્ઞાન સ્વભાવ ચીજ ભિન્ન છે. આહાહા ! અને કહે કે, શીઘ્ર જાગ તને આ કહ્યું પણ હવે જાગ શીઘ્ર ! આહાહા ! રાગ અને સ્વભાવ બે ભિન્ન છે એમ શીઘ્ર જાગ. બહુ ધીરાની વાતું છે બાપુ ! આહાહાહા ! સાવધાન થા.

એ શૈલીથી, એ રીતે ઉપાડી છે ને વાત. આહાહા ! આ દૃષ્ટિ સહિતની સ્થિરતા ઉપાડી છે. આહાહા ! ભ્રાંતિના ત્યાગ સહિતની રાગના ત્યાગની દશા ઉપાડી છે. આહાહાહા ! ઝીણી વાત બાપુ ! આ તો સમયસાર છે. આ તો ભવના અભાવની વાતું છે પ્રભુ ! આહાહાહા ! ભગવાન આત્મા એનો એક જ્ઞાનસ્વભાવ એક આનંદસ્વભાવ, એક શાંતસ્વભાવ, એક પ્રભુત્વ સ્વભાવ, એ બધો એકરૂપ સ્વભાવ છે. એમાં આ પુણ્ય ને પાપના ભાવો અનેકરૂપે જે દેખાય છે એ પરભાવ છે. સ્વભાવમાં એકરૂપતામાં એ વસ્તુ નથી. આહાહાહા ! શું ટીકા ! ગજબ વાત કરે છે ને.

ખરેખર આ જ્ઞાનમાત્ર છે ને, તારો આત્મા ખરેખર જ્ઞાનમાત્ર, આનંદમાત્ર, જ્ઞાન એટલે જાણનાર જ્ઞાયકમાત્ર આનંદમાત્ર શાંત શાંત શાંત અકષાય સ્વભાવમાત્ર તારો આત્મા છે પ્રભુ. આહાહાહા ! એક સ્વભાવમાત્ર જ છે, જ્ઞાનમાત્ર એટલે જ્ઞાનસ્વભાવ, એકલો જ્ઞાન આનંદ શાંતિ આદિ સ્વભાવમાત્ર એકરૂપ તું છો, અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો છે. આહાહા ! થાય છે

પોતાની પર્યાયમાં પણ તે દ્રવ્યના સ્વભાવની કાયમી ચીજ છે એ નથી. આહાહા ! ભગવાન જ્ઞાન ને આનંદ સ્વભાવ એમાં એ ભાવ નથી, એ દ્રવ્યના સ્વભાવભાવ એ નથી. આહાહા ! જુઓ ચારિત્ર પ્રગટ કરવાની રીત તો જુઓ. આહાહાહા !

ભગવાન તું તો એક જ્ઞાનઆનંદ સ્વરૂપ એકરૂપ છો ને. જ્ઞાયકભાવ આનંદભાવ વીતરાગભાવ શાંતસ્વભાવ એકરૂપ ભાવ, આ અન્ય ભાવો બધા પરભાવ છે. આહાહાહા ! ત્યારે વારંવાર કહેલું એ આગમનું વાક્ય એટલે ગુરુએ કહ્યું 'તું એ આગમનું વાક્ય છે એમ કહે છે. આહાહા ! એ આગમને કહે છે. એ ઘરની વાત નહીં, આહાહાહા... આગમ એમ કહે છે, ગુરુ કહે છે એ આગમનું વાક્ય છે. આહાહા ! ભાઈ ! આગમથી એણે સાંભળ્યું કે જે આ સ્વરૂપ તારું છે, એ એકરૂપ છે, એમાં અનેકપણાના વિકલ્પો જે ઊઠે છે, એ અન્યના પરદ્રવ્યના ભાવ છે, ભાઈ તારી ચીજ નહીં. આહાહાહા !

ઓલા ચારિત્ર અધિકારમાં આવે છે ને ભાઈ ત્યાં એમ આવે છે ભેદ અભ્યાસ કરતાં ચારિત્ર પ્રગટે છે. પાછળ–પાછળ ભાઈ કળશમાં આવે છે. અહીંયા આ રીતે વિધિ છે. આહાહાહા ! આત્મા જ્ઞાનઆનંદ એકરૂપ વીતરાગ સ્વભાવ સ્વરૂપ એકરૂપ છે, એને આત્મારૂપ કરે ને બતાવે છે. અને એની પર્યાયમાં જે વિકાર પુણ્ય–પાપના રાગાદિ. આહાહા.. અહીંયા તો મહાવ્રતના વિકલ્પ ઊઠે એ પણ પરભાવ છે, રાગ પરભાવ છે. આહાહા ! આવી વાતું છે.

એને આગમનું વાક્ય એમ કહે છે એને આગમ આમ કહે છે. એટલે કોઈ કહે ગુરુએ આમ કહ્યું તો સિદ્ધાંતનું એ પ્રમાણે વાક્ય છે. કે એ સિદ્ધાંતનું જ વાક્ય છે. ગુરુએ એમ કહ્યું અને સિદ્ધાંત પણ એમ જ કહે છે. આહાહા.......અને દેવની અને સર્વજ્ઞની વાણીમાં પણ એ જ આવ્યું છે. આહાહાહા !

પ્રભુ તું આનંદ અને જ્ઞાન સ્વરૂપ છો ને એકદમ. આહાહાહા ! તને જે આ પુણ્ય ને પાપના ભાવ, પરભાવ એની તને મીઠાશ લાગી છે મારાપણે માનીને એ ભ્રમ છે પ્રભુ. આહાહાહા ! અહીંયા તો ભવના અભાવની વાતું છે. અમારે પાટણીજી કહે છે ને કે અહીં ભવના અભાવની વાતું છે પ્રભુ ! આહાહાહા ! ભગવાન આત્મા જ્ઞાન આનંદ વીતરાગ સ્વભાવથી એકરૂપ વસ્તુ છે. એની પર્યાયમાં નિમિત્તને વશ થયેલા જે પુણ્ય પાપના ભાવો ભગવંત એ પરભાવ છે, એ તારું સ્વરૂપ નહીં. આહાહાહા !

એ આગમનું વાક્ય સાંભળ તો ગુરુએ કહ્યું પણ ભેગું આગમેય પણ આમ કહ્યું છે એ સિદ્ધ કરવું છે. એમ કે સિદ્ધાંત જે સર્વજ્ઞના આગમ છે એ આમ જ કહે છે એમ કહે છે ભાઈ ! સર્વજ્ઞે કહેલા જે આગમ છે. એટલે સર્વજ્ઞે કહ્યું એ આવ્યું, એની વાણીમાં પણ આવ્યું ને ગુરુએ પણ એમ કહ્યું. આહાહા ! પ્રભુ આ તો મારગ અંતરની વાતું છે પ્રભુ. ( શ્રોતાઃ– મારગ તો અંતરમાં જ હોય ને ) એને પહેલું જ્ઞાન તો કરવું પડશેને પ્રભુ ! આહાહા !

શિષ્યે તો એમ કહ્યું 'તું કે મારા પડળ છૂટી ગયા છે મિથ્યાત્વના, આંખમાં જેમ વિકાર હોય તો વસ્તુને બીજી રીતે દેખે ધોળી ને પીળી દેખે કમળાવાળો, એમ મારી દૃષ્ટિમાં વિપરીતતા હતી, હું રાગને મારો માનતો હતો એ વિપરીતતા હવે ટળી ગઈ છે. આહાહા ! ( પણ ) હવે પ્રભુ મારે આત્માનું આચરણ કેમ થાય ? આહાહા... કેટલું વિનયથી પૂછે છે. સમ્યગ્દૃષ્ટિ છે. જ્ઞાની છે

અનુભવી છે. ગુરુ પાસે, નિર્ગ્રંથ સંત પાસે, આહાહા... અરે સર્વજ્ઞ પાસે પણ એમ આવે છે. ચારિત્ર અંગીકાર કરે છે સાધુ, સર્વજ્ઞ પાસે જાય તો જ ચારિત્ર અંગીકાર કરે. આહાહા ! તો એ સાંભળ્યું, આગમનું વાક્ય તો એનો અર્થ એ થયો કે સર્વજ્ઞે પણ એ જ કહ્યું છે, અને આગમ પણ એ જ કહે છે. સર્વજ્ઞની વાણી તે આગમ છે, અને ગુરુ તે આગમનું વાક્ય એને કહે છે. ( શ્રોતાઃ- ત્રણેય એકજ પ્રમાણે કહે છે ) ત્રણેય એમ કહે છે. પ્રભુ તને ત્રણેય એમ કહે છે. આહાહા ! દેવ ગુરુ ને શાસ્ત્ર. આહાહા... કે તારો ભગવાન એક સ્વરૂપે છે ને પ્રભુ, એમાં અનેકપણાના વિકલ્પો રાગો, આહાહા... એ બધા પરભાવ છે ને પ્રભુ, તેરા ભાવ હોય તો કાયમ રહે. આ તો ક્ષણિક નાશવાન. આહાહા ! એ પરભાવો એનાથી ભિન્ન કરીને બતાવે છે, જાણેલું તો છે એને, પણ આ તો વિશેષ સ્પષ્ટ કરતાં પહેલેથી જ શરૂઆત કરી. આહાહા ! પ્રવીણભાઈ ! આ બધી બીજી જાતની છે તમારે થાણાંની લાદી કરતાં, આ તો વાતો બીજી ભગવાન. આહા ! દુનિયાનો આખો રસ ઉડાડી દેવાની વાતો છે. અહીંયા તો એને ભગવાન આત્માનો રસ ચડાવી દેવો. સમજાણું કાંઈ ? આહાહા ! પ્રત્યાખ્યાન એટલે કે ચારિત્ર એટલે કે રાગના અભાવ સ્વરૂપ પરિણમન આ સ્થિતિથી બતાવે છે જાુઓ. આહાહાહા !

હવે આવી સ્થિતિ પડી છે ને પ્રભુ કંઈકનું કંઈક કરે છે અંદરથી. આહાહા ! આ તો સમ્યગ્દ્રષ્ટિ સહિત છે એને પણ આ રીતે કહે છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

આગમનું વાક્ય સાંભળતો, પણ એ વારંવાર કહેલું હોં એટલું એટલે કે એણે વારંવાર વિચારમાં લીધું એમ ગુરુએ તો ભલે એક વાર કહ્યું- એ તો આડત્રીસ ગાથામાં આવે છે ને, ગુરુએ વારંવાર કહ્યું એમ છેલ્લે આવે છે. એનો ( અર્થ ) વારંવાર ગુરુ ક્યાં નવરા હતા. એને પોતાને જ વારંવાર એના વિચારનું મંથન ચાલે છે. છે ને આપણે આડત્રીસમાં આવી ગયું છે. આડત્રીસમાં આવે છે આડત્રીસ-આડત્રીસ વિરકત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતા. આમ ભાષા છે નિરંતર, નિરંતર નવરા છે ગુરુ ? એનો અર્થ જ એ. મહા નિર્ગ્રંથ વીતરાગી મુનિ સંત આનંદમાં ઝૂલનેવાલા, આહાહાહા... ધર્મ પિતા, ધર્મ ગુરુ. એ એને નિરંતર વિરકત ગુરુ, વિરકત ગુરુનો અર્થ નિર્ગ્રંથ ગુરુ. ( શ્રોતાઃ- રાગ રહિત ) રાગથી રહિત થઈ ગયા છે અને સ્વરૂપમાં રકત, રકત થઈ ગયા છે. રાગથી વિરકત છે ને સ્વરૂપમાં રકત છે. આહાહા... એવા ગુરુથી નિરંતર સમજાવવામાં આવતા. નિરંતરનો અર્થ કે એને ગુરુનું વાક્ય એમ ને એમ ઘોલનમાં ધૂન લાગી ગઈ. આગમનું વાક્ય સાંભળતા ધૂન લાગી ગઈ ધૂન. આહાહા ! રાગથી ભિન્ન રાગથી ભિન્ન, રાગથી ભિન્ન રાગથી ભિન્ન, આહાહા.... એમ નિરંતર ભિન્નની ધૂન લાગી અંદરમેં, આરે આવી વાતું હવે.

એમ અહીંયા, આગમનું વાક્ય વારંવાર કહેલું એમ લેવું. એનો અર્થ એ. આહાહા ! જ્યારે કહે ત્યારે આ જ કહે એમ એનો અર્થ છે. બીજી રીતે કહીએ તો, સમજાય છે કાંઈ ? વારંવારનો અર્થ જ્યારે ગુરુ કહે આગમનું વાક્ય ત્યારે આ જ કહે. કોઈ વખતે કંઈક અને કોઈક વખતે કંઈક એમ નથી. આહાહાહાહા ! ત્યારે વારંવાર કહેલું આગમનું વાક્ય, શું પણ ગંભીર ટીકા ! ગજબ વાત ! અત્યારે ભરતખંડમાં આવી ટીકા કોઈ છે નહીં. સાક્ષાત્ સર્વજ્ઞ ભગવાનની વાણી સીધી મૂકી છે. આહાહાહા... જેણે સર્વજ્ઞના વિરહ ભૂલાવી નાખ્યા છે. આહાહાહા !

કહે છે "વારંવાર કહેલું આગમનું વાક્ય સાંભળતાં સમસ્ત ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરી". સ્વ-પરના ચિહ્નોથી, મારું લક્ષણ તો જ્ઞાન( સ્વભાવ ) છે, રાગનું લક્ષણ તો બંધ સ્વભાવ છે. મારું સ્વરૂપ તો અબંધ સ્વરૂપ છે, અને આ રાગ છે એ બંધ સ્વરૂપ છે. મારું સ્વરૂપ તો અહિંસક વીતરાગી દશા છે, આ સ્વરૂપ તો રાગ હિંસક દશા છે. આહાહાહા ! એમ બેની વારંવાર પરીક્ષા કરી. ઓહોહો ! "સ્વ-પરના ચિહ્નોથી" ચિહ્ન નામ લક્ષણ, મારો ભગવાન જ્ઞાન લક્ષણ, આનંદ લક્ષણ. આહા... જ્ઞાન લક્ષણ કેમ કહ્યું ? મુખ્યપણે કે જ્ઞાનની પર્યાય પ્રગટ છે ને, એ અપેક્ષાએ જ્ઞાન આખું સ્વરૂપ છે એમ ત્યાંથી કહ્યું. આનંદની પર્યાય પ્રગટ નથી અજ્ઞાનીને આહાહા... એટલે જ્ઞાન લક્ષણે અને એની સાથે આનંદની પર્યાયથી લક્ષણે આત્માને પકડયો છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એને સારી રીતે પરીક્ષા કરીને એમને એમ માનીને નહીં એમ કહે છે. ગુરુએ કહ્યું માટે એમને એમ માની લીધું એમેય નહીં. પોતે જાતે પરીક્ષા કરી છે. આહાહા ! સમજાય છે કાંઈ ? ગુરુએ કહ્યું કે પ્રભુ તારો આત્મા તો અંદર વીતરાગમૂર્તિ એક સ્વરૂપી છે ને ત્રિકાળ એક સ્વરૂપી પ્રભુ છે, એક સ્વભાવી છે. એમાં આ અનેકપણાના વિકલ્પો ને વિકાર એ તો પરદ્રવ્યના ભાવ છે. એને ભેદજ્ઞાન કરાવી અને આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેમ એને બતાવ્યું. સમજાણું કાંઈ ? આહાહાહા ! અરે ! સ્વપરના ચિહ્નોથી ભગવાન આત્માના લક્ષણ અને રાગાદિના લક્ષણો બેને સારી રીતે પરીક્ષા કરીને. આહાહા... ભગવાન અનાકુળ આનંદ સ્વરૂપ અને આ રાગ આકુળતા દુઃખ સ્વરૂપ, એમ બેના ભિન્ન લક્ષણોની પરીક્ષા કરી. આહાહાહા... આવો મારગ વીતરાગનો, જરૂર આ પરભાવો છે. જરૂર મારું લક્ષણ જ્ઞાન અને આનંદ ને વીતરાગ સ્વરૂપી પ્રભુ હું છું. આહાહાહા ! તો જરૂર મારા સ્વભાવના લક્ષણથી આ રાગના લક્ષણો ને ચિહ્નો તદ્દન ભિન્ન છે. એ તો આકુળતા ઉપજાવનારા છે, ભગવાન તો અનાકુળ આનંદ સ્વરૂપ છે એમ બેને બરાબર પરભાવને બરાબર જાણીને જ્ઞાન ને આનંદ સ્વભાવમાં આ રાગાદિ સ્વભાવ તે ભિન્ન છે, પરભાવ છે. એમ બેના ભિન્ન લક્ષણો જાણી-જરૂર આ પરભાવ ( છે ) રાગ આદિ પરભાવ છે. આહાહાહા !

એક હું જ્ઞાનમાત્ર જ છું. આહાહા ! મૂળ તો જ્ઞાન શબ્દે આખો આત્મા પૂર્ણાનંદનો નાથ વીતરાગ સ્વરૂપી પ્રભુ હું તો એક સ્વરૂપે છું. આહાહાહા ! એમ જાણીને જ્ઞાની થયો થકો એટલે કે પરભાવ અને પરભાવનો જાણનાર થયો થકો- સ્વભાવ ને સ્વભાવનો જાણનાર થયો થકો. આહાહાહા ! શું ટીકા ? શું ટીકા ! ગજબ વાત ભાઈ ! એનો એકેક શ્લોક સંતોની વાણી-દિગંબર સંતોની આ વાણી છે ભાઈ. આહાહા... એ એમ કહે છે કે પ્રત્યાખ્યાન ક્યારે થાય ? રાગનો અભાવ ક્યારે થાય કે સ્વભાવમાં રાગ નથી એ રાગ પરભાવ સ્વરૂપ છે એમ જાણીને, પોતાનો સ્વભાવ જ્ઞાન એકરૂપ છે, એમ ચિહ્નથી જાણીને એ જ્ઞાનરૂપમાં ઠરે છે, ન્યાંથી હઠીને સ્વભાવમાં ઠરે છે, એને ચારિત્ર અને પ્રત્યાખ્યાન થાય છે. આહાહાહા... આ કોઈ વિદ્વતાની ચીજ નથી, કે બહુ ભણી ગયો ને બહુ વાંચી ગયો માટે આને આ ( સ્વાનુભૂતિ ) થઈ જાય, આહાહા... કહો આનું નામ ચારિત્ર અને પ્રત્યાખ્યાન છે. આહાહાહા !

એમ જાણીને જ્ઞાની થયો થકો, જ્ઞાની તો હતો, સમ્યગ્દૃષ્ટિ તરીકે, પણ અહીંયા હવે જ્ઞાની

થયો થકો એટલે જ્ઞાન સ્વભાવમાં સ્થિર થયો થકો. આહાહાહા... સર્વ પરભાવોને તત્કાળ છોડે છે, આહાહાહા... ધન્ય કાળ ! આહાહા ! એ પરભાવોને પરભાવ તરીકે જાણી પોતાના આનંદ જ્ઞાન સ્વભાવને સ્વભાવ તરીકે જાણી અને જ્ઞાની એટલે સ્વરૂપમાં ઠરતો થકો. જ્ઞાની એટલે જ્ઞાન સ્વભાવમાં ઠરતો થકો. આહાહા ! એ સર્વ પરભાવોને તત્કાળ છોડે છે, એમ નિમિત્તથી કથન છે, બાકી છોડે છે એમ નહીં, છૂટી જાય છે. આહાહા ! સ્વરૂપમાં જ્ઞાની સ્થિરતા કરતો થકો, એને રાગના પરિણામ જે પર્યાયમાં હતા, એ ઉત્પન્ન ન થયા એ સ્વરૂપમાં ઠર્યો, એણે પરભાવનો ત્યાગ કર્યો એમ વ્યવહારથી કહેવાય છે. આહાહાહા !

અરે આવી વાત પ્રભુ મીઠી મધુરી આનંદદાયક વાત છે પ્રભુ. આહાહા ! ભલે કરી શકે નહીં પણ વસ્તુ આવી છે એમ એનું પહેલું સમ્યગ્દર્શન તો કરે. ( શ્રોતાઃ- શ્રદ્ધા તો કરે. ) શ્રદ્ધા તો કરે. ( શ્રોતાઃ- આવું છે એમ શ્રદ્ધા તો કરે ) -અરેરે એને કયાં જાવું ભાઈ. પરભાવને પોતાના માની પ્રભુ એને ક્યાં જાવું. એને અચારિત્ર ને અજ્ઞાનભાવથી ચારગતિમાં રખડવું. આહાહાહા ! અજાણ્યા ક્ષેત્રે, અજાણ્યા દ્રવ્યમાં જઈને રખડવું એને, જાણીતો ભગવાન એને છોડી દીધો. આહાહા !

એને આ તો જાણીતો ભગવાન એને જાણી લીધો. જાણી લીધો ઉપરાંત રાગને પર જાણીને પોતે જ્ઞાની થયો એટલે સ્થિર થયો આ ચારિત્ર. કહો, છોટાભાઈ ! આવી વાતું છે ભાઈ ! આહાહાહા ! શું ટીકા ! શું એના કહેલા વાક્યો ! એ એમ જાણી જ્ઞાની થયો થકો એટલે જ્ઞાન સ્વરૂપમાં ઠરતો થકો, જે અસ્થિરતામાં હતો એને પર જાણીને પોતામાં ઠરતો થકો. આહાહા... એ ચારિત્રને પ્રાપ્ત કરે છે. એ પ્રત્યાખ્યાનને પ્રાપ્ત કરે છે. આ વિધિ કહો.. ગોવિંદરામજી. આહાહા ! અરે આવા સ્વરૂપને વિકૃત કરી નાખવું અને જગતને બતાવવું કે આ પણ ચારિત્ર છે. ભાઈ ! આત્માને દુઃખ થશે ભાઈ. આહા.. અને તેના દુઃખના પરિણામમાં ભવિષ્યમાં પણ કાંઈક ગતિ થશે. આહાહા ! એનો વિચાર કર પ્રભુ, આહાહા... અને ભ્રમણા છોડી અને સ્વરૂપમાં સ્થિર થા એને અહીંયા પ્રત્યાખ્યાન કહે છે. આહાહા... ભાષા ટીકા તો આમ સાદી છે ભાવ ઘણાં ગંભીર છે. આહાહાહા...

જ્ઞાની થયો થકો એટલે ? હું જ્ઞાન સ્વરૂપ છું એ તો જાણ્યું 'તું, પણ હવે જ્ઞાન સ્વરૂપમાં ઠર્યો થકો, જ્ઞાની થયો થકો, ઓલો રાગી થયો થકો જે ભાવ હતો અસ્થિરતાનો, આહાહાહા ! એને છોડીને, જ્ઞાની, સ્વરૂપમાં જ્ઞાનસ્વરૂપમાં ઠરતો થકો, આહાહા ! પરને છોડે છે એમ કહેવામાં આવે છે. આહાહાહા ! આનું નામ પ્રત્યાખ્યાન. આ પચખાણ ને પચખાણ ને વ્રત ને નિયમ કરે છે ને, વ્રતના પચખાણ આપો. પણ બાપુ એ વ્રત એટલે શું ? એ પચખાણ એટલે શું ? ભાઈ ! સમજાણું કાંઈ ? આહાહાહા !

આ બાહ્યથી છે એ તો વિકલ્પ છે શુભરાગ છે, એ કાંઈ પ્રત્યાખ્યાન નથી. આહાહા ! પ્રત્યાખ્યાન તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એક સ્વરૂપી એવી દૃષ્ટિ થઈ અને તેમાં પરભાવની અનેકતા પરરૂપે છે એમ જાણી અને ન્યાંથી ખસી ગયો અને આ શુદ્ધાત્મામાં લીન થયો એને અહીંયા પ્રત્યાખ્યાન, પચખાણ, રાગના ત્યાગની દશા, આહાહા... એમ કહેવામાં આવે છે. આહાહા ! બહુ વાત. આહાહા !

ભાવાર્થઃ– "જ્યાં સુધી પર વસ્તુને ભૂલથી પોતાની જાણે " પહેલેથી ઉપાડયું છે ને, ત્યાં સુધી મમત્વ રહે. પોતાની જાણે એટલે મમત્વ જ રહે એ મારી છે એમ. આહાહા... અને જ્યારે યથાર્થ જ્ઞાન થવાથી પર વસ્તુને પારકી જાણે, આહાહાહા ! એ કોટને પણ પારકો જાણે એના લક્ષણથી છોડી દે. એમ ભગવાન આત્મા શુભઅશુભભાવના પરભાવને જાણે અને પોતાનો સ્વભાવ વીતરાગી જ્ઞાનઆનંદ સ્વરૂપ જાણે, ત્યારે બીજાની વસ્તુનું મમત્વ શાનું રહે ? એ પુણ્ય ને પાપમાં અસ્થિરતા કેમ રહે એમ કહે છે, અથવા ન રહે એ પ્રસિદ્ધ છે. આહાહા ! હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

---

## શ્લોક - ૨૯

( मालिनी )

अवतरति न यावद् वृत्तिमत्यन्तवेगा-
दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः।
झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता
स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव।।२९।।

**શ્લોકાર્થઃ-[ अपर-भाव-त्याग-दृष्टान्त-दृष्टिः ] આ પરભાવના ત્યાગના દૃષ્ટાન્તની દૃષ્ટિ, [ अनवम् अत्यन्त-वेगात् यावत् वृत्तिम् न अवतरति ] જૂની ન થાય એ રીતે અત્યંત વેગથી જ્યાં સુધી પ્રવૃત્તિને પામે નહિ, [ तावत् ] તે પહેલાં જ [ झटिति ] તત્કાળ [ सकल-भावैः अन्यदीयैः विमुक्ता ] સકલ અન્યભાવોથી રહિત [ स्वयम् इयम् अनुभूतिः ] પોતે જ આ અનુભૂતિ તો [ आविर्बभूव ] પ્રગટ થઈ ગઈ.**

**ભાવાર્થઃ-આ પરભાવના ત્યાગનું દૃષ્ટાંત કહ્યું તે પર દૃષ્ટિ પડે તે પહેલાં સમસ્ત અન્યભાવોથી રહિત પોતાના સ્વરૂપનું અનુભવન તો તત્કાળ થઈ ગયું; કારણ કે એ પ્રસિદ્ધ છે કે વસ્તુને પરની જાણ્યા પછી મમત્વ રહેતું નથી. ૨૯.**

---

( मालिनी )

अवतरति न यावद् वृत्तिमत्यन्तवेगादनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः।
झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव।।२९।।

આહાહા ! "અપરભાવ–ત્યાગ–દૃષ્ટાંત–દૃષ્ટિ " આ પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ એ "અનવમ્ અત્યન્ત વેગાત્ યાવત્ વૃત્તિમ્ ન અવતરતિ " એ પરભાવની દૃષ્ટિ જ્યાં છે કહે છે કે પ્રગટ થઈ ત્યાં એ જૂની ન થાય. એ રીતે અત્યંત વેગથી તત્કાળ પ્રવૃત્તિને પામે નહીં. આરે ! રાગને પામે જ નહીં. આહાહા..... સાંભળ્યું કે રાગાદિ પર છે, એ વસ્ત્રના દૃષ્ટાંત આદિ, એ દૃષ્ટાંત જ્યાં સાંભળ્યું ત્યાં તરત જ રાગની પ્રવૃત્તિમાં ન રહે. એને અહીં તો કહે છે કે એ સાંભળ્યું અને અત્યંત વેગથી પ્રવૃત્તિને પામે જ નહીં. તે પહેલાં જ તત્કાળ રાગની પ્રવૃત્તિને પામે નહીં– દૃષ્ટાંત આપ્યો કે ભાઈ રાગાદિ પર છે, એવો જે દૃષ્ટાંત કહ્યો તે દૃષ્ટિને પામે નહીં, એટલે કે

પ્રવૃત્તિને પામે નહીં ત્યાં એકદમ સ્થિર થઈ ગયો અંદર. આહાહાહા !

"પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ જૂની ન થાય" એટલે આમ તાજી રહે. સાંભળ્યા ભેગું એને ફડાક અંદર ઠરી ગયો. આહાહાહા... એને વાર લાગે સાંભળવાની ચીજને અને છૂટો પડવાને વાર લાગે એમ નથી, એમ કહે છે. આહાહાહા ! શું સંતોની વાણી તો જુઓ. કહે છે કે, એને એમ જ્યાં દૃષ્ટાંત આપ્યો કે ભાઈ એ વસ્ત્ર જે પરનું છે એના ચિહ્નો જાણ્યાં અને એણે સાંભળ્યું ત્યાં એ વાત છૂટી ગઈ એનાથી, તરત જ છૂટી ગઈ. એમ ભગવાન આત્મામાં શુભાશુભ ભાવો દૃષ્ટાંતની દૃષ્ટિની અપેક્ષાએ વાત કરી, એ વાત જૂની ન થાય, એટલે એ વાતને વાર ન લાગે. આહાહાહા !

પાંચમી ગાથામાં કહ્યું છે ને કે હું એકત્વ-વિભક્ત તને કહીશ પ્રભુ, પણ જો દેખાડું તો પ્રભુ પ્રમાણ કરજે હોં. આહાહા ! 'જદિ દાએજ્જ' જો હું દેખાડું રાગથી વિભક્ત, સ્વભાવથી એકત્વ તો એ વાત દેખાડું તો પ્રભુ હા પાડજે એટલુંય નથી કહ્યું. આહાહાહા ! આમ છે કે નહીં, કહે છે એ પ્રમાણે છે કે નહીં, એનું પ્રમાણ અનુભવથી કરજે. અહીંયા એ કહ્યું કે એ દૃષ્ટાંતની દૃષ્ટિ જ્યાં જૂની ને વાર ન લાગે. માણસ નથી કહેતા કે તારા આવ્યા પહેલાં જ આ કામ થઈ ગયું. એ તો આવ્યો, એ કામ હતું એ તું આવ્યો એ પહેલાં જ થઈ ગયું. પહેલાં નહીં, પણ એ આવ્યો ત્યારે થયું- પણ આવ્યો એ પહેલાં થઈ ગયું એમ કહેવાય છે ને. આહાહા ! તમારું કામ હતું ભાઈ, પણ તમે આવ્યા પહેલાં તમે આવ્યા ભેગું થઈ ગયું તો આવ્યા પહેલાં થઈ ગયું, એમ થયું છે તો ત્યારે ( શ્રોતાઃ- સમય ભેદ નથી ) સમય ભેદ નથી.

એમ જ્યાં ભગવાન સંતોએ આગમથી, સર્વજ્ઞના આગમથી અને સંતોએ પોતે કહીને કહ્યું એને આ, આહાહાહા... કે પરભાવથી પ્રભુ તેરી ચીજ તો ભિન્ન હૈ અને તારી ચીજથી પરભાવ ભિન્ન હૈ. આહાહાહા... એમ જ્યાં સાંભળવામાં આવ્યું અને એ વાત જૂની ન રહે, એટલે વાર ન લાગે. આહાહા ! શું વાણી ! દિગંબર સંતોની શૈલી તો જુઓ, આહાહા ! પ્રભુ ત્યાં તો તું સુખના ધામમાં પોઢી ગયો અંદર કહે છે, આનંદના નાથમાં અંદર ગરી ગયો કહે છે. તને કહ્યું કે રાગ ભિન્ન રાગ પરભાવ છે, એ વાત જૂની ન થાય ત્યાં તો તું પરથી ભિન્ન પડી ગયો. આહાહાહા ! ( યત્ક્ષણં દૃશ્યતે શુદ્ધ તત્ક્ષણં ગતવિભ્રમઃ ).

આ ત્રણલોકના નાથ કથા કરતા હશે, દિવ્ય ધ્વનિ દ્વારા એ કેવી હશે ? જ્યાં ત્રણ જ્ઞાનના ધણી ઈન્દ્રો એકાવતારી પણ ડોલે જેની વાત સાંભળીને. આહાહા ! સાક્ષાત્ પ્રભુ તો બિરાજે છે ત્યાં એવી આ ટીકા ગજબ છે ટીકા સાક્ષાત્ આગમ વાણી સર્વજ્ઞની વાણી, ગુરુની વાણી. આહાહા ! એ આગમને નામે જે રાગથી તને લાભ થાય એમ કહે એ આગમ જ નહીં, તે ગુરુ નહીં અને તે દેવે એમ કહ્યું નથી. આહાહાહા ! આગમ, ગુરુ અને દેવે એમ કહ્યુંઃ પ્રભુ કે જે પરભાવ છે તેનાથી તું ભિન્ન પડ તો તને લાભ થશે, તો એકપણાનો લાભ થશે. આમ આગમના વાક્ય, ગુરુના વાક્ય, વીતરાગના વાક્ય આ છે. આહાહાહાહા ! કેમ કે વીતરાગની વાણી અને ગુરુની વાણીમાં વીતરાગતા પ્રગટ કરવાની વાત છે. આહાહા ! તો વીતરાગતા પ્રગટ કેમ થાય ? કે રાગને પર તરીકે જાણીને સ્વરૂપમાં ઠરે ત્યારે વીતરાગતા પ્રગટ થાય. એ વાત વીતરાગે કહી છે ને આગમે એ કહી છે. આહાહા ! એટલે કોઈ એમ કહે કે પચખાણની વિધિ

આ છે, તો એ આગમનું વાક્ય છે, ગુરુનું વાક્ય છે ને વીતરાગનું કથન છે? કે આ કથન વીતરાગનું છે. આહાહા! બીજા કોઈ એમ કહે કે આ પચખાણ આમ કર્યાંને રાગ આમ કર્યાં ને રાગ છે, વિકલ્પ છે એ ત્યાગ છે તો એ વીતરાગ વાણી નહીં, ગુરુની વાણી નહીં, સર્વજ્ઞનું કથન નહીં એ. આહાહા! સમજાય છે કાંઈ?

સાધારણ પ્રાણીને આકરું લાગે પણ મારગ તો આ છે બાપા. આહાહા! ભગવંત તારું સ્વરૂપ જ આવું છે, એ તો આવ્યું'તું ને પહેલું "ભગવંત જ્ઞાતૃદ્રવ્ય" ભગવાન જ્ઞાતાદ્રવ્ય જાણક દ્રવ્ય– જ્ઞાતા દ્રવ્ય. આહાહા! એ જ્ઞાતા ને જ્ઞાતા તરીકે જાણી, રાગના વિકલ્પની વૃત્તિઓને પરભાવ તરીકે જાણી તેમાં પ્રવર્તતો નથી અને એને છોડીને સ્વરૂપમાં પ્રવર્તે છે તેને પ્રત્યાખ્યાન અને રાગના ત્યાગરૂપ ભાવ કહેવામાં આવે છે. આહાહાહા! કેટલી શરતું.( શ્રોતાઃ– એક જ શરત ).

તું બીજી રીતે માને છે કે અમે આ વ્રત લીધા ને તપ ર્ક્યા ને માટે તે સંવર નિર્જરા છે તે ચારિત્ર છે. ભગવાન એમ નથી ભાઈ. આહાહા! ભગવાને એમ કહ્યું નથી અને આગમનું એ વાક્ય નથી, ગુરુએ એમ ઉપદેશ દીધો નથી. આહાહાહા!

જૂની ન થાય દૃષ્ટિ ત્યાં તો અત્યંત વેગથી પ્રવૃત્તિને પામે નહીં, રાગરૂપે પરિણમે નહીં. એ પહેલાં આવે છે ને ઓલું દૂરથી છોડીને, સ્તુતિમાં આવ્યું'તું ઉદય તરફનું અનુસરણ છે એને આમ દૂરથી છોડીને એટલે આમ અનુસરણ કરતું નથી અને આમ અનુસરણ કરે છે, સ્વના આશ્રયનું અનુસરણ કરે છે. આહાહાહા! આ એની હજી જ્ઞાન ને શ્રદ્ધા તો કરે કે આ માર્ગ આ છે. એમને એમ માનીને બેસી જાય, બાપા! પ્રભુ તને લાભ નહીં થાય. તું માન અને દુનિયા માને એટલે લોકો સર્ટિફીકેટ આપે કે તમે ભારે મુનિ, ભાઈ એમ નહીં મળે. આહાહા...

"અનવમ્ અત્યંત વેગાત્" એ કાને શબ્દોને દૃષ્ટિ પડી, એ જૂની ન થાય, તરત જ અંદર રાગથી ભિન્ન ભગવાન અંદર જાગી ઊઠયો. આહા... ભણકાર વાગ્યા અંદરમાં જ્ઞાતા દ્રવ્ય ચૈતન્ય સિંધુ, એ ચૈતન્ય સિંધુ હમારો રૂપ હૈ, રાગાદિ અમારા રૂપ નહીં. આહાહાહા... તે પહેલાં "તત્કાળઝટિતી" હૈ ને? "સકળભાવે અન્યદીયૈઃ વિમુક્તા" સકળ ભાવોથી રહિત, કહે છે કે રાગાદિ પરભાવો છે એના લક્ષણો ભિન્ન છે, તારા સ્વભાવના લક્ષણો ભિન્ન છે, એવી જ્યાં દૃષ્ટિ જ્યાં કાને પડી એ દૃષ્ટાંત કાને પડયું–કાને પડયું અને જૂની ન થાય ત્યાં તો તરત જ રાગથી ભિન્ન પડી ગયો ભગવાન. આહાહાહા!

સકળ અન્યભાવોથી રહિત. જોયું! શુભાશુભ ભાવો વિકાર છે. આહાહા! અન્યભાવો છે. સકળ અન્યભાવોથી રહિત, તત્કાળ પોતે જ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ. આહાહા... સમ્યગ્દર્શનની અનુભૂતિ તો હતી જ પણ આ ચારિત્રની અનુભૂતિ પ્રગટ કરી. ભગવાન શુદ્ધ ચૈતન્ય મૂર્તિ એને અનુસરીને અનુભૂતિ થઈ. જે નિમિત્તને અનુસરીને જે રાગ હતો, એને એમ કહ્યું કે આ રાગ લક્ષણ તો પર છે અને તારું સ્વરૂપ પર છે, એ વાત જ્યાં કાને પડી અને જૂની ન થાય 'અનવમ્' જૂની ન થાય તાજી રહે ત્યાં એ છૂટો પડી ગયો. આહાહાહા!

કહે છે ત્યાં પોતે જ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ છે. "સ્વયં અયમ્ અનુભૂતિ" અર્થાત્ રાગરૂપે ન થયો માટે આમ થયું એમ છે? એ તો સ્વયં અનુભૂતિ પ્રગટ થઈ ગઈ છે. રાગરૂપે

ન થવું એ તો પછી અપેક્ષા થઈ ગઈ. આહાહાહા... આહાહા... ભગવાન આનંદના નાથની વીણા વાગી અંદર. એ અનુભૂતિ સ્વસ્વભાવને અનુસરીને પર સ્વભાવની પ્રવૃત્તિથી પરિણમ્યા પહેલાં, એટલે એ પરિણમ્યો નથી એ પહેલાં આ ( અનુભૂતિ ) થઈ ગઈ એમ કહે છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

આ સમયસાર તો ભરતક્ષેત્રમાં સાક્ષાત્ કેવળજ્ઞાનનો સૂર્ય છે, અજોડચક્ષુ છે. આહાહાહા... ભાઈ એને સમજવું, અલૌકિક વાત છે. આહાહા !

અન્ય ભાવોથી રહિત, દૃષ્ટાંત સાંભળે અને જૂનું ન થાય ત્યાં જ, પહેલાં પાછું એમ, પહેલાંનો અર્થ તત્કાળ. આહાહા... આનંદનો નાથ ભગવાન એવો હું પરભાવપણે ન થાઉં, મારો સ્વભાવ સ્વભાવપણે થાય. પરભાવપણે ન થાય, એમ અંતર જાણીને જ્યાં સ્વભાવપણે ઠર્યો, ત્યારે અનુભૂતિ તરત જ પ્રગટ થઈ ગઈ. આનંદનો અનુભવ પ્રત્યાખ્યાન એટલે ચારિત્ર, અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રગટ થયો એને અહીંયા પ્રત્યાખ્યાન અને ચારિત્ર કહે છે. આહાહાહા !

અરેરે ! આકરું પડે લોકોને, એ લોકો એમ કહે છે કે આ પાઠમાં તો આટલું ભર્યું છે અને આવા અર્થ ક્યાંથી ? એમ કહે છે કેટલાક, અરે પ્રભુ એમ કે અહીંયા તો આટલું કહ્યું છે "જહ નામ કોવિ પુરિસો પરદ્રવ્ય મિણંતિ જાણિદું ચયદિ, તહ સવ્વે પરભાવે નાઉણ વિમુંચદે નાણી". સર્વે પરભાવ છોડયા છે એમાં આટલી વાતમાં લાંબી લાંબી વાતું. બાપુ ! એમાં કહેલા ભાવોની ગંભીરતાનો અર્થ છે આ. લોકો એમ ટીકા કરે છે ને કેટલાક, ભાષા તો સરળ છે એમાં આટલી બધી ગંભીરતા કાઢી ટીકાકારે વિદ્વાનોએ અરે ભગવાન એમ રહેવા દે પ્રભુ તું કરવું. આહાહા ! એમાં જ આ આવ્યું "જહ નામ કો વિ પુરિસો પરદવ્વમિણં તિ જાણિ દુ" પરદ્રવ્ય છે એમ જાણ્યું ચયદિ તો આવી ગયું ને અંદરમાં, એ તો એનું સ્પષ્ટીકરણ છે. આહા... પુણ્ય-પાપ ભાવ વિકાર ભાવ એ બધા પરદ્રવ્ય છે. પરભાવ છે, એમ જાણ્યાં ત્યાં મારો સ્વભાવ નહીં તો ત્યાં પરિણમી જાય છે તો રાગને આમ છોડે છે એમ કહેવામાં આવે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

બાપુ ! આ તો વીતરાગ પંથ છે નાથ. આમાં કાંઈ રાગના રસ આમાં છે નહીં. આહાહા ! આહાહા ! એ કહે છે કે આ શબ્દો થોડા છે અને સાધારણ એમાં મોટી મોટી લાંબી વાતો કે પરભાવને પરભાવ જાણ્યા રાગાદિને, પોતાને-પોતાને જાણ્યો અને એ રાગરૂપે ન થયો અને વીતરાગરૂપે થયો ને, એ તો એનો ખુલાસો છે પ્રભુ. તું એમ ન કર, ભાઈ એનું સ્પષ્ટીકરણ કર્યું તો કહે ગહરુ કરી નાખ્યું. ગૂઢ કરી નાખ્યું. અરે ભગવાન એને જે હતું તેને ખોલીને સ્પષ્ટ કર્યું છે. આહાહા !

અમૃતચંદ્રાચાર્ય ભગવત સ્વરૂપ ( પંચ ) પરમેષ્ઠિમાં આચાર્યપદ છે. આહાહા ! ભાઈ એ ગાથાના ભાવમાં ઘણી ગંભીરતા હતી એને સ્પષ્ટ કરી નાખી ટીકા કરીને, ટીકા એટલે નથી કહેતા મારી ટીકા કરે છે એમાં જે હતું એની ટીકા કરી છે, વિસ્તાર કર્યો છે, સ્પષ્ટ કર્યું. આહા ! સમજાણું કાંઈ ? પણ આમાં આવું પ્રત્યાખ્યાન મોંઘું લાગે ને એટલે એમ કહે આવી ટીકા કરતાં પ્રત્યાખ્યાન આવું કરી નાખ્યું. કરે શું ભાઈ ! ભગવંત્ તારી ચારિત્ર દશા એવી થશે ત્યારે મુક્તિ થશે. તું એમ જાણે કે ખાઈ પીને લહેર કરીએ ને થાય. સમ્યગ્દર્શન એકલું થાય અને જ્ઞાન થાય

તોય મુક્તિ નહીં થાય. આહાહાહા ! એને આ રીતે ચારિત્રની પરિણતિ પ્રગટ કરશે, આહાહા... ત્યારે તે મુક્તિનું કારણ થશે. સમજાય છે કાંઈ ? આહાહા ! એ માટે કીધું ને છેલ્લું છેલ્લો શબ્દ હતોને ચોત્રીસમાં "માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે". ટીકા ચોત્રીસમાં હતું ને એમ અનુભવ એમ કરવો, છે ને ? ચોત્રીસની છેલ્લી લીટી માટે પ્રત્યાખ્યાન જ્ઞાન છે એમ અનુભવ કરવો. પાંત્રીસમાં આ લીધું કે "પોતે જ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ" છે ને છેલ્લો શબ્દ ચોત્રીસનો એ આંહી અનુભૂતિ કરીને કહ્યું. આહાહાહા !

આકરું લાગે ભાઈ આ તો અપૂર્વ વાતું છે પ્રભુ ! આકરું શબ્દ ન કરતા આ અપૂર્વ છે. કોઈ દિ' કર્યું નથી એવી વાત અપૂર્વ છે. ભાઈ ! આહાહાહા ! એથી તને મોંઘી લાગે પણ છે અપૂર્વને પ્રભુ. પૂર્વે અનંતકાળમાં એક સેકન્ડ માત્ર પણ કર્યું નથી. આહાહા ! એ તો દૃષ્ટાંત કરીને કહ્યું કે એ દૃષ્ટાંત કહ્યું ત્યાં તો સાંભળ્યા પહેલાં તો જુદો પડી ગયો, એમ કહ્યું છે. એમ કરી નાખ્યું એટલે એનો અર્થ કે દૃષ્ટાંત સાંભળ્યું માટે જુદો પડયો એમ નથી. આહાહાહા !

–એનો ભાવાર્થ આવશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૦૨ શ્લોક - ૨૯ ગાથા - ૩૬

### તા. ૭-૧૦-૭૮ શનિવાર આસો સુદ-૬ સં. ૨૫૦૪

સમયસાર ૩૫ ગાથા પરનો કળશ છે ને ૨૯ કળશ ઉસકા ભાવાર્થ. યહ પરભાવકે ત્યાગકા દૃષ્ટાંત હૈ, કહા કયા કે ધોબીને ત્યાં કોઈ વસ્ત્ર અપના નહીં પણ પરકા લેકર સો ગયે થે તો જિસકા વસ્ત્ર થા વો આયા ઉસકો જગાયા કે આ વસ્ત્ર મેરા હૈ તેરા નહીં, તો ઉસને વસ્ત્ર છોડ દિયા દૃષ્ટિસે, યહ વસ્ત્ર મેરા નહીં હૈ. ઐસે ધર્માત્મા સંતોએ જ્ઞાનીઓએ, શું કહે છે ? સમજમેં આયા ? એ વસ્ત્રકે દૃષ્ટાંતસે વસ્ત્ર મેરા હૈ તેરા નહીં ઐસા કહા તો ઉસને વસ્ત્રકો છોડ દિયા દૃષ્ટિમેંસે મેરા નહીં. ઐસે જ્ઞાની ધર્માત્માએ ઐસા કહા કે તેરી ચીજ જો આત્મા આનંદ સ્વરૂપ હૈ ઉસમેં તુમ પુણ્ય ને પાપકા ભાવ મેરા હોકર માનકે સોતે થે અજ્ઞાની એ તેરી ચીજ નહીં. આહાહાહા ! સમજમેં આયા ?

અપના આત્મા, સંતોએ મુનિઓએ દિગંબરોએ અથવા કેવળીઓએ, અહીં તો સંતો છદ્મસ્થ પંચમઆરાની વાત છે ને ભાવલિંગી સંત દિગંબર મુનિ ઉસકો ઐસા કહા કે તેરેમેં જો આ શુભઅશુભ રાગ ઉત્પન્ન હોતા હૈ, દયા દાન વ્રત ભક્તિ આદિકા રાગ, હિંસા જુઠ ચોરીકા રાગ એ ચીજ તેરી નહીં. એ તો કર્મકા ભાવકસે ઉત્પન્ન હુઈ ભાવ્ય વિકારદશા હૈ. તેરી ચીજ તો ઉસસે ભિન્ન હૈ. આહાહા ! સમજમેં આયા ? ઐસા સૂનકર યહાં તો એ કહતે હૈ કે પરભાવકે ત્યાગકા દૃષ્ટાંત કહા ઔર ઉસ પર દૃષ્ટિ પડે ઉસસે પૂર્વ, અર્થાત્ જ્ઞાનીએ કહા ભગવાન તેરી ચીજ અંદર પુણ્ય ને પાપકા રાગસે ભિન્ન હૈ ઐસા કહા તો કહતે હૈ ઉસકો સૂનકર કે ભેદજ્ઞાન હુઆ કે નહીં ? એ વાણી આઈ એ પહેલાં તત્કાળ ભેદજ્ઞાન હો ગયા ઉસકા અર્થ એ. આહાહા ! એ વાણી સૂની એ પહેલે આ ભેદજ્ઞાન હુઆ ઉસકા અર્થ યે. આહાહા ! વાણી સૂની ઉસસે ભેદજ્ઞાન નહીં હુઆ ઉસકા અર્થ યે. આહાહાહા ! સમજમેં આયા ? ઝીણી વાત હૈ ભાઈ ! એ

મારગ બહુ ઝીણો છે, સૂક્ષ્મ છે. અનંત કાળથી કભી ઉસકી દરકાર કિયા હી નહીં. આહાહાહા ! એ સંતોએ ઐસા કહા કે તેરી ચીજ અંદર જો હૈ ઉસમેં જો શુભઅશુભ રાગ ઉત્પન્ન હોતા હૈ યે તેરી ચીજ નહીં. એ તો કર્મકા ભાવકકી ઉપાધિભાવ હૈ. ઐસા કહા તો અહીં તો કહેતે હૈ કિ કહા પહેલે ભેદજ્ઞાન હો ગયા. ઉસકા અર્થ ? કે સૂનનેસે નહીં હુઆ એમ કહેતે હૈં ભાઈ. આહાહાહા... અંતરમેં ભગવાન આત્મા રાગ અને પુણ્યપાપકા ભાવ એ વિકૃત પર હૈ. મૈં તો જ્ઞાનદર્શન જાનનેવાલા આત્મા હું, ઐસા જ્યાં અંતરમેં ભેદજ્ઞાન હુઆ તો વો સૂનનેસે પહલે હો ગયા ઐસા કહા. ઉસકા અર્થ એ કે સૂનનેસે હુઆ નહીં એમ. આહાહા ! સમજમેં આયા ? અંદર ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ પ્રભુ હૈ ઉસકો જાના તો સંતોએ તો ઐસા કહા, કે રાગાદિ દયા દાન વ્રત ભક્તિકા રાગ ભી વિકાર હૈ યે મેરી ચીજમેં નહીં. એ કર્મ નિમિત્ત ભાવક હૈ ઉસકા વો ભાવ્ય હૈ, આહાહા ! મેરી ભાવ્ય ચીજ નહીં, મેરા તો જ્ઞાનદર્શન ઉપયોગ સ્વભાવ વોપણે મૈં પરિણમું વો મેરા ભાવ્ય અને મેરા ભાવક મૈં હું. આહાહા ! આકરી વાતું બહુ બાપુ. કહો, નવરંગભાઈ !

આ પચ્ચખાણ-પચ્ચખાણ, આનું નામ પચ્ચખાણ, પચ્ચખાણકા અર્થ ? અંદર જે રાગભાવ થા એ મેરી ચીજ નહીં. મૈં તો જ્ઞાનદર્શન ઉપયોગ સ્વરૂપ હું ઐસા રાગસે પૃથક અપના શુદ્ધ સ્વરૂપકા પરિણમન સ્વસંવેદન હુઆ, ઉસકા નામ પ્રત્યાખ્યાન કહેનેમેં આતા હૈ. ઉસકા નામ ચારિત્ર કહેનેમેં આતા હૈ, ઉસકા નામ રાગકા ત્યાગ કહેનેમેં આતા હૈ, નિમિત્તસે. આહાહા ! હૈ ?

પરભાવકે ત્યાગકા દૃષ્ટાંત કહા ઉસ પર દૃષ્ટિ પડે ઉસસે પૂર્વ, ઉસકા અર્થ યે અહીં દૃષ્ટિ પડી તે પહેલાં, પૂર્વ નામ યે હુઆ તો ઉસસે અંદર ભેદજ્ઞાન નહીં હુઆ, એમ કહા. આહાહાહા ! ઝીણી વાત બહુ ભાઈ. સમ્યગ્દર્શનપૂર્વક પ્રત્યાખ્યાન, પચ્ચખાણ. પ્રત્યાખ્યાન ઉસકો કહે જ્યાં એ વાણી સૂની ઉસસે અંદર ગયે નહીં. આહાહાહા... મેરા સ્વભાવ આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ દર્શન ઉપયોગ સ્વરૂપ ઔર રાગમેં જો ઉપયોગ જાતે હૈ એ ઉપાધિભાવ હૈ, એ ઉપાધિભાવ પરકા હૈ ઐસા જાનકર અપના જ્ઞાનસ્વભાવ જ્ઞાનમેં રહા, ઔર રાગમેં જોડાણ ન હુઆ, એ રાગકા ત્યાગ હુઆ, એ સ્વરૂપ સ્થિર હુઆ, ઉસકો પ્રત્યાખ્યાન ચારિત્ર સંવર અને નિર્જરા ધર્મ કહતે હૈ. આવી વાતું છે ભાઈ ! સમજમેં આયા ?

અરે એ તો અનંત વાર સૂના હૈ પણ અંતર દૃષ્ટિ કિયા નહીં, એમ કહેતે હૈ. સમજમેં આયા ? અહીં તો સૂના તો ખરા, પણ સૂનનેસે નહીં હુઆ એમ કહેતે હૈ. આહાહા ! મૈં તો આનંદ જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા હું. એ રાગાદિ પર્યાયમેં જો હોતા હૈ યહ મેરી ચીજ નહીં, ઐસા જ્યાં સમ્યગ્દર્શનમેં ભાન હુઆ વોહી તત્કાળ રાગમેં ન જોડાતા સ્વરૂપમેં સ્થિર હુઆ એમ કહેતે હૈ. ઝીણી વાત છે ભાઈ ! બાપુ મારગડા કોઈ જુદી જાત છે. સમજમેં આયા ? એ તત્કાળ હો ગયા. ક્યોં ? કે યે પ્રસિદ્ધ હૈ. વસ્તુકો પરકી જાન લિયા બાદમેં મમત્વ નહીં રહતા, મૈં તો આત્મા જ્ઞાનઆનંદ સ્વરૂપ હું, ઐસા રાગસે ભેદ કરકે સમ્યગ્દર્શન હુઆ, ઔર રાગસે પૃથકપણાકા પરિણમન કરકે, રાગસે પૃથકપણે પરિણમન કરકે, અંતરમેં પ્રત્યાખ્યાન નામ ચારિત્ર હુઆ. આહાહાહા ! સમજમેં આયા ?

યહાં તો ઐસી બાત હૈ ભાઈ, લોકો તેથી આ તકરાર કરતે હૈ ને, કે દયા દાન વ્રત ભક્તિકા

પરિણામ હો ઉસસે સમ્યગ્દર્શન ને જ્ઞાન હોતા હૈ, ઉસસે ચારિત્ર હોતા હૈ, તો અહીંયા તો યે કહેતે હૈ કે વ્રતાદિકા વિકલ્પ જો રાગ હૈ વો પૃથક હૈ, મેરી ચીજ નહીં ઔર ઉસરૂપ મૈં પરિણમું નહીં તબ ઉસકા નામ ચારિત્ર અને પ્રત્યાખ્યાન કહેનેમેં આતા હૈ. આવી વાત છે ભાઈ ! શું થાય ? જગત અનાદિસે હેરાન હો ગયા હૈ. આહાહા ! સમજમેં આયા ?

એ પ્રસિદ્ધ હૈ કિ વસ્તુકો પરકી જાને યે શબ્દો ભલે હો. પણ ઉસકા ભાવ કયા હૈ ? આહા... સંતોએ તો કહા પ્રભુ તું આત્મા તો જ્ઞાન દર્શન ને આનંદ સ્વરૂપ હૈ ને પ્રભુ. એ રાગના પરિણામ આદિ જે વ્રત શુભઅશુભ હોતા હૈ યે તો દ્રવ્ય સ્વભાવકા ભાવ નહીં, એ વસ્તુકા સ્વભાવકા ભાવ નહીં, એ ભાવક હોકે ભાવ હુઆ યે નહીં, યે તો કર્મ નિમિત્ત ભાવક હોકર ભાવ હુઆ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આવી વાત છે. તેથી કઠણ પડે છે ને માણસને એટલે વ્યવહારસે હોતા હૈ, વ્યવહારસે હોતા હૈ ઐસા ચલાતા હૈ, અને લોકોને ( કાંઈ ) ખબર ન મળે બિચારાને. અહીં તો વ્યવહારકા રાગ ઉસસે મૈં પૃથક હું ઐસા ભેદજ્ઞાન પહેલે કિયા પીછે રાગમેં પરિણમન ન કિયા અને સ્વરૂપમેં સ્થિર હુઆ ત્યારે ઉસકો ચારિત્ર નામ પ્રત્યાખ્યાન રાગકા ત્યાગરૂપ પરિણમન ઉસકો કહેતે હૈ. આહાહા ! વસ્તુકો પરકી જાન લેનેકે બાદ મમત્વ નહીં રહતા. આહા...

લડકાકા લગન હો ઔર ઉસકો વરઘોડા ચલતે હૈ ને, કયા કહેતે હૈ ? વરઘોડે તો કોઈ ગૃહસ્થકા દાગીના લાવે, અને પહેરે પણ વો જાનતે હૈ કિ યે મેરા નહીં, દો દિન તક રખા હૈ લગનકે માટે. કોઈ ગૃહસ્થ હો કોઈ કુટુંબી કરોડપતિ હો પાંચ હજાર દસ હજારકા હાર લિયા હો, તો હાર પહરતે હૈ પણ ઉસકે ખ્યાલમેં હૈ આ ચીજ મેરી નહીં, મેરી લક્ષ્મીમેં ઉસકી ગણતરી ગિનનેમેં આતી નહીં, મેરી લક્ષ્મી હૈ ઉસમેં આ ગિનનેમેં નહીં આતા. આહાહાહા ! ઐસે ભગવાન આત્માકા આનંદ ને જ્ઞાનસ્વરૂપકા ભાન હુઆ ત્યાં રાગ હૈ એ પર હૈ ઐસા ભાન હુઆ તો રાગ રહા થોડા તોપણ યે મૈરા હૈ ઐસા નહીં. પીછે સ્થિરતા જબ હુઈ, આહાહા... આત્મા આત્મામેં સ્થિર હો ગયા, રાગમેં પરિણમનકા ભેદજ્ઞાન તો પહેલે થા, એ ઉપરાંત ઉસમેં જોડાણ ન હુઆ અને આત્માકા ઉગ્ર આશ્રય લેકર આત્મામેં સ્થિરતા શાંતિ આનંદાદિ ઉત્પન્ન હુઆ ઉસકા નામ પ્રત્યાખ્યાન ચારિત્ર ધર્મ કહેનેમેં આતા હૈ. આહાહા ! સમજમેં આયા ? મુશ્કેલ બાપુ એની એક કડી પણ સમજવી આ તો સિદ્ધાંત વીતરાગની વાણી હૈ. આ કાંઈ સાધારણ નથી. ઇન્દ્રો પણ જેને સૂનનેકો આવે, સિંહ પણ સૂનતે થે ભગવાનકી વાણીકો, આહા... એ વાણી કોઈ અલૌકિક હૈ એ વાણીમાં આ કહા હૈ. કલ કહા થા ને ભાઈએ.

આગમ, દેવ ને ગુરુ, ગુરુએ ઐસા કહા સંત મુનિ ભાવલિંગી આનંદકા વેદન ભાવલિંગમેં ઉત્કૃષ્ટ ભાવકા બહોત વેદન હૈ, સંપૂર્ણ ઉત્કૃષ્ટ નહીં, પણ ઉસકી દશામેં પ્રચુર સ્વસંવેદન હૈ આનંદકા વેદન હૈ યહ મુનિ. એ ગુરુએ ઉસકો સંભળાયા, વારંવાર કહા, પ્રભુ એ રાગ ને પુણ્ય ભાવ તેરા નહીં, તેરેમેં નહીં એ તો ઉપાધિભાવ દુઃખરૂપભાવ અને તુમ આનંદરૂપ ભાવ નાથ, એ આનંદરૂપી ભાવ દુઃખરૂપે પરિણમે યે તેરી ચીજ નહીં. આહાહાહા... ગુરુએ કહા તો પીછે ઐસા લિયા કે આગમ વાક્ય સૂનકર ઉસકા અર્થ યે કે વાણી હૈ આગમ હૈ પરમાગમ હૈ, યે સર્વજ્ઞ ભગવાનકી વાણી અને ગુરુકી વાણી હૈ એ સર્વજ્ઞકી વાણી હૈ એટલે દેવકી વાણી આઈ

ગુરુકી વાણી આઈ અને શાસ્ત્ર આયા, આહાહાહા... તીનોંકી યહ આજ્ઞા હૈ કે ભગવંત તેરા સ્વરૂપ પુણ્યપાપના ભાવ રાગ ને વિકાર હૈ ઉસસે તેરી ચીજ ભિન્ન હૈ, તો ઉસમેં જા ઔર રાગમેં ન રુક. આહાહા ! સમજમેં આયા ? આવી વાતું છે.

લોકોને મોંઘી પડે એટલે લોકોને બિચારાને બીજે રસ્તે ચડાવી દીધા, અજ્ઞાનને રસ્તે આ કરો, આ કરો–આ કરો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, વ્રત કરો, એ તો બધા રાગ હૈ. આહાહા ! ઐસા કરતે કરતે કલ્યાણ હો જાયેગા રાગ કરતે કરતે એટલે ઝહર પીતે પીતે, લસણ ખાતે ખાતે કસ્તુરીકા ( અમૃત્તકા ) ડકાર આયેગા, આહાહા.... ઐસા હૈ નહીં. આહાહા... અનેક પ્રકાર છે ભાઈ જગતમાં

વસ્તુકો પરકી જાન લેનેકે બાદ એ પુણ્ય ને પાપકા ભાવ મેરા નહીં, નવ તત્ત્વ હૈ ને ? તો નવ તત્ત્વમેં જો શરીર વાણી મન આદિ એ તો અજીવ તત્ત્વ હૈ, અને દયા, દાન, વ્રતના પરિણામ એ પુણ્ય તત્ત્વ હૈ, ઔર હિંસા, જૂઠું, ચોરી એ પાપ તત્ત્વ હૈ, દો મિલકર આસ્રવ તત્ત્વ હૈ, મેરા આત્મા તો જ્ઞાયક ભિન્ન તત્ત્વ હૈ. આહાહા ! નહીંતર નવ તત્ત્વ, નવ નહીં હોગા. આહાહા ! ઐસે જાનકર રાગરૂપ પરિણમનકી મમતા થી વો મમતા છૂટ ગઈ. આહાહાહા... અને આત્મા આનંદમેં જ્ઞાનમેં સ્થિર જમ ગયા આ ઉસકા નામ પ્રત્યાખ્યાન આ ઉસકા નામ ચારિત્ર એ "ચરિતમ ખલુ ધમ્મો" આ ધર્મ હૈ. સમજમેં આયા ? અબ એ પૈંતીસ ગાથાકા કળશકી બાત હુઈ.

*** આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ ! એમ નિરાવલંબનપણે કોઈના આધાર વિના અદ્ધરથી વિચારની ધૂન ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ... હું આ..... હું એમ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટીને અંદરમાં ઉતરી જાય છે.**

**( દૃષ્ટિનાં નિધાન - ૧૬૭ )**

## ગાથા - ૩૬

અબ ઈસ અનુભૂતિસે, આત્મા જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય પ્રભુ, ઉસકી અનુભૂતિ હુઈ, સમ્યગ્દર્શન હુઆ, અનુભૂતિ આત્મા આનંદસ્વરૂપ ઐસે આનંદકે અનુસરીને, અપની દશામેં અનુભૂતિ આનંદકી હુઈ, જ્ઞાનકી હુઈ, શુદ્ધ સ્વભાવ અંશે ચારિત્રકી દશા હુઈ યે અનુભૂતિ એ વીતરાગી પર્યાય હૈ. આહાહા ! એ પ્રત્યાખ્યાન એ વીતરાગી પર્યાય હૈ ઐસે યહાં અનુભૂતિ વીતરાગી પર્યાય હૈ ઉસકી બાત વિશેષ કરતે હૈ. આહાહા... આહાહા... એ અનુભૂતિસે પરભાવકા ભેદજ્ઞાન કૈસે હુઆ હૈ અંદર ટીકા મેં. "કથમનુભૂતેઃ પરભાવ વિવેકોભૂત ઈત્યાશંકય"–

अथ कथमनुभूतेः परभावविवेको भूत इत्याशङ्क्य भावकभावविवेकप्रकारमाह-

**णत्थि मम को वि मोहो बुज्झदि उवओग एव अहमेक्को।**
**तं मोहणिम्ममत्तं समयस्स वियाणया बेंति।।३६।।**

**नास्ति मम कोऽपि मोहो बुध्यते उपयोग एवाहमेकः।**
**तं मोहनिर्ममत्वं समयस्य विज्ञायका ब्रुवन्ति।।३६।।**

इह खलु फलदानसमर्थतया प्रादुर्भूय भावकेन सता पुद्गलद्रव्येणाभिनिर्वर्त्यमानष्टङ्कोत्कीर्णैकज्ञायकस्वभावभावस्य परमार्थतः परभावेन भावयितुमशक्यत्वात्कतमोऽपि न नाम मम मोहोऽस्ति। किञ्चैतत्स्वयमेव च विश्वप्रकाशचंचुरविकस्वरानवरतप्रतापसम्पदा चिच्छक्तिमात्रेण स्वभावभावेन भगवानात्मैवावबुध्यते यत्किलाहं खल्वेकः ततः समस्तद्रव्याणां परस्परसाधारणावगाहस्य निवारयितुमशक्यत्वात् मज्जितावस्थायामपि दधिखण्डावस्थायामिव परिस्फुटस्वदमानस्वादभेदतया मोहं प्रति निममत्वोऽस्मि, सर्वदैवात्मैकत्वगतत्वेन समयस्यैवमेव स्थिततत्वात्। इतीत्थं भावकभावविवेको भूतः।

---

**હવે, 'આ અનુભૂતિથી પરભાવનું ભેદજ્ઞાન કેવા પ્રકારે થયું ?' એવી આશંકા કરીને, પ્રથમ તો જે ભાવકભાવ-મોહકર્મના ઉદયરૂપ ભાવ, તેના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છેઃ-**

**નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,**
**-એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.**

*** ગાથાર્થઃ-** [ बुध्यते ] **એમ જાણે કે** [ मोहः मम कः अपि नास्ति ] **'મોહ મારો કાંઈ પણ સંબંધી નથી,** [ एकः उपयोगः एव अहम् ] **એક ઉપયોગ છે તે જ હું છું'-** [ तं ] **એવું જે જાણવું તેને** [ समयस्य ] **સિદ્ધાંતના અથવા સ્વપરના સ્વરૂપના** [ विज्ञायकाः ] **જાણનારા**

---

* આ ગાથાનો અર્થ આમ પણ થાય છે :– 'જરાય મોહ મારો નથી, હું એક છું' એવું ઉપયોગ જ (–આત્મા જ) જાણે તે ઉપયોગને (–આત્માને) સમયના જાણનારા મોહ પ્રત્યે નિર્મમ (મમતા વિનાનો) કહે છે.

[ मोहनिर्ममत्वं ] મોહથી નિર્મમત્વ [ ब्रुवन्ति ] કહે છે.

**ટીકાઃ-**નિશ્ચયથી, ( આ મારા અનુભવમાં ) ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું જે પુદ્‌ગલદ્રવ્ય તેના વડે રચાયેલો જે મોહ તે મારો કાંઇ પણ લાગતોવળગતો નથી, કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવભાવનું પરમાર્થે પરના ભાવ વડે *ભાવવું અશક્ય છે. વળી અહીં સ્વયમેવ, વિશ્વને ( સમસ્ત વસ્તુઓને ) પ્રકાશવામાં ચતુર અને વિકાસરૂપ એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે એવા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવ વડે, ભગવાન આત્મા જ જાણે છે કે-પરમાર્થે હું એક છું તેથી, જોકે સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહનું ( -એકક્ષેત્રાવગાહનું ) નિવારણ કરવું અશક્ય હોવાથી મારો આત્મા ને જડ, શિખંડની જેમ, એકમેક થઈ રહ્યાં છે તોપણ, શિખંડની માફક, સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે, હું મોહ પ્રતિ નિર્મમ જ છું; કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય ( આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ ) એવો ને એવો જ સ્થિત રહે છે. ( દહીં ને ખાંડ મેળવવાથી શિખંડ થાય છે તેમાં દહીં ને ખાંડ એક જેવાં માલૂમ પડે છે તોપણ પ્રગટરૂપ ખાટા-મીઠા સ્વાદના ભેદથી જુદાં જુદાં જણાય છે; તેવી રીતે દ્રવ્યોના લક્ષણભેદથી જડ-ચેતનના જુદા જુદા સ્વાદને લીધે જણાય છે કે મોહકર્મના ઉદયનો સ્વાદ રાગાદિક છે તે ચૈતન્યના નિજસ્વભાવના સ્વાદથી જુદો જ છે. ) આ રીતે ભાવકભાવ જે મોહનો ઉદય તેનાથી ભેદજ્ઞાન થયું.

**ભાવાર્થઃ-**આ મોહકર્મ છે તે જડ પુદ્‌ગલદ્રવ્ય છે; તેનો ઉદય કલુષ ( મલિન ) ભાવરૂપ છે; તે ભાવ પણ, મોહકર્મનો ભાવ હોવાથી, પુદ્‌ગલનો જ વિકાર છે. આ ભાવકનો ભાવ છે તે જ્યારે આ ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે ત્યારે ઉપયોગ પણ વિકારી થઈ રાગાદિરૂપ મલિન દેખાય છે. જ્યારે તેનું ભેદજ્ઞાન થાય કે 'ચૈતન્યની શક્તિની વ્યક્તિ તો જ્ઞાનદર્શનોપયોગમાત્ર છે અને આ કલુષતા રાગ-દ્વેષમોહરૂપ છે તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્‌ગલદ્રવ્યની છે', ત્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી અવશ્ય ભેદજ્ઞાન થાય છે અને આત્મા અવશ્ય પોતાના ચૈતન્યના અનુભવરૂપ સ્થિત થાય છે.

## ગાથા - ૩૬ ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન

આશંકા હોં શંકા નહીં. આહાહા ! એ અનુભૂતિસે પરભાવકા ભેદજ્ઞાન કૈસે હુઆ ? પુણ્ય ને પાપકા ભાવ વિકાર ઔર ઉસસે ભગવાન ભિન્ન ઐસી અનુભૂતિ કૈસે હુઈ ? આહાહા... બતાયા તો હૈ, વિશેષ સ્પષ્ટ વિશેષ કરના હૈ, પ્રત્યાખ્યાન ઉપરાંત અંદર સ્થિરતા વિશેષ બઢાના હૈ. આહાહા... ઐસી આશંકા કરકે, આશંકા નામ સમજનેકી અભિલાષા, શંકા નહીં તુમ કહેતે હૈ યે જૂઠ હૈ ઐસા નહીં, પણ તુમ કહતે હૈ યે મેરી સમજમેં આયા નહીં, કયા કહતે હૈ તુમ ? એ પુણ્ય પાપકા ભાવસે ભગવાન ભિન્ન ( ઐસા ) ભેદજ્ઞાન હુઆ અને અનુભૂતિ હુઈ, કયા કહેતે હૈ આપ ? મેરે સમજમેં આયા નહીં પ્રભુ. આહાહા ! શંકા નહીં કરતે હૈ, શંકાકા અર્થ તુમ કહતે હો

* ભાવવું = બનાવવું; ભાવ્યરૂપ કરવું.

યે જૂઠ હૈ ઐસે નહીં, પણ તુમ કહેતે હો વો મેરી સમજમેં આયા નહીં ઉસકા નામ આશંકા કહેતે હૈ. આહાહાહા... શિષ્યકી મર્યાદા કિતની લિયા દેખો. આહાહા... ઐસી આશંકા કરકે પહેલે તો જો યે ભાવકભાવ મોહકર્મકે ઉદયરૂપ ભાવ, ભાવકકા અર્થ સમજે, ભાવક નામ કર્મ જો હૈ ને મોહ એ ભાવક ઉસકા લક્ષસે ઉસકા નિમિત્તકે વશસે જો વિકાર પુણ્ય પાપકા ભાવ હોતા હૈ યે ભાવકકા ભાવ હૈ, જ્ઞાયકકા ભાવ નહીં. આહાહાહા! આવું ઝીણું! પ્રવિણભાઈ! ત્યાં થાન બાનમાં મળે નહીં લાદીમાં મળે તેવું નથી. આવી વાત છે બાપુ, જેને જનમમરણના અંત લાના હો, આહાહાહા! તો કહેતે હૈ પ્રભુ મેરી આશંકા હૈ કે યે અનુભુતિસે પરભાવકા ભેદજ્ઞાન કૈસે હુઆ? આત્મા આનંદ સ્વરૂપ પ્રભુ ઉસકા અનુભવ હુઆ યે અનુભૂતિસે રાગકા ભેદજ્ઞાન કૈસે હુઆ, ઉસમેં રાગ જુદા કૈસે પડ ગયા. આહાહા! સમજમેં આયા? ભાવકભાવ મોહકર્મકે ઉદયરૂપ ભાવ ઉસકે ભેદજ્ઞાનકા પ્રકાર કહેતે હૈ.

णत्थि मम को वि मोहो बुज्झदि उवओग एव अहमेक्को ।
तं मोहणिम्ममत्तं समयस्स वियाणया बेंति ।। ३६ ।।

( હરિગીત )

નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,
–એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.

પહેલે ગાથાર્થ લઈએ, જો જાને જો આત્મા ઐસા જાણે કે મોહ મૈરા કોઈ ભી નહીં, આહાહા! મોહ શબ્દે પરતરફકા સાવધાનીકા વિકાર ભાવ એ મેરા નહીં. આહાહા! મેરા તરફકા સાવધાન ભાવ શુદ્ધતા આનંદ આદિ એ મેરા ભાવ હૈ. આહાહા! સમજમેં આયા? જો યે જાને કે મોહ મેરા કોઈ ભી નહીં, કોઈ ભી નહીં, રાગકા વિકલ્પ ચાહે તો દયાના દાનના અરે ભક્તિના કે તીર્થંકરગોત્ર બાંધે ઐસા ભાવ પણ એ મેરા નહીં, આહાહા! કયોંકિ યે તો રાગ હૈ. બંધકા ભાવ એ કાંઈ ધર્મ નહીં. બંધકા કારણરૂપ ભાવ એ તો વિકાર હૈ, આહાહા! એ ભાવકકા ભાવ હૈ, મેરા નહીં. આહાહા! મૈં ભાવ જ્ઞાયક સ્વરૂપ, ભાવક હોકર પર્યાય હોતી હૈ યે નહીં યે તો કર્મકા ભાવક હોકર ભાવ હુઆ યે મેરી ચીજ નહીં. અરે આટલું બધું ભર્યું છે.

આંહી તો હજી સમ્યગ્દર્શન જ્ઞાનમેં ઐસા ભેદજ્ઞાન હોતા હૈ. આહાહાહા! સમજમેં આયા? યહ જાને કે મોહ મેરા કોઈ ભી નહીં. એક ઉપયોગ હી મૈં હું. મૈં તો જાણન દેખન જ્ઞાતા દૃષ્ટા એ ઉપયોગ યહ મૈં હું. આહાહાહા! ધર્મીને ઐસા ભેદજ્ઞાન હોતા હૈ. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીકો ઐસા ભેદજ્ઞાન હોતા હૈ, તો મૈં તો જાણન દેખન ઉપયોગ સ્વરૂપ હું. એ પર તરફકા જિતના ભાવ હોતા હૈ ( પરકી ) સાવધાનીમેં યે મેરા નહીં. મેરા સ્વભાવકી સાવધાનીસે જો ભાવ હુઆ વહ મૈં હું. આહાહાહા! સમજમેં આયા?

એક ઉપયોગ હી મૈં હું ભાષા દેખો, "ઉપયોગ એવ" છે ને? "ઉપયોગ એવ" નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ અપના આત્મામેં મેં જાણન દેખન હું યે હી મૈં હું, એ રાગ અને દ્વેષકા વિકલ્પ જો ઉઠતે હૈ યે મૈં નહીં. આહાહાહા! વ્યવહાર રત્નત્રયકા રાગ જે ઉત્પન્ન હોતા હૈ દેવગુરુ ધર્મકી શ્રદ્ધા, શાસ્ત્રકા જ્ઞાનકા વિકલ્પ એ તરફકા ઔર છ કાયકા દયાકા ભાવકા વિકલ્પ. આહા... એ સબ મેરી ચીજ નહીં. મૈં તો જ્ઞાનદર્શન ઉપયોગ 'હી' મૈં હું એ જ્ઞાન દર્શન ઉપયોગ 'હી' મૈં હું. કથંચિત્

આ હું અને કથંચિત્ આ હું ઐસા નહીં. આહાહાહા ! સમજમેં આયા ? ઉપયોગ હી મૈં હું. આહાહા !

સમ્યગ્દૃષ્ટિ ધર્મકી પહેલી શરૂઆતવાળા, ધર્મકી પહેલી સીઢી પ્રગટ કરનેવાલા, ઐસે જાનતે હૈ આ જાણન દેખન ઉપયોગ યે મૈં હું, યે હી મૈં હું, રાગ ભી મૈં હું અને આ ભી મૈં હું ઐસા નહીં, આ અનેકાંત હૈ. આહાહાહા ! આ હું. આહા ! ઔર ઐસે જાનનેકો સિદ્ધાંતકે અથવા સ્વપર સ્વરૂપકે જાનનેવાલે મોહસે નિર્મમત્વ જાનતે હૈ. ઐસા જીવકો મોહસે મમત્વરહિત જાનતે હૈ. કિસકો ? કે જે કોઈ અંતરમેં અપના જ્ઞાનદર્શન ઉપયોગ સ્વરૂપ મૈં હું, ઐસે જે જાનકર અંદર રહતે હૈ ઉસકો મુનિઓ, સંતો ઉસકો મોહસે નિર્મમત્વ કહતે હૈ. યે જ્ઞાનીઓ ઉસકો મોહસે નિર્મમત્વ કહતે હૈ. આવી વાત છે. આ બાપુ આકરી વાત ભાઈ અગિયાર અંગ તો અનંતવાર ભણી ગયો પણ એમાં કાંઈ વળ્યું નહીં. આહાહાહા !

અહીંયા કહે છે, આહાહાહા ! ઐસે જાનનેકા સિદ્ધાંતકા યા સ્વપર સ્વરૂપકા સમયસ્ય છેને ? સમયસ્ય સમય નામ સિદ્ધાંત અથવા સમય નામ સ્વપર સ્વરૂપકા જાનનેવાલા. સંતો મોહસે નિર્મમત્વ જાનતે હૈ, કહતે હૈ. આહાહા ! જિસને અપના સ્વભાવ જાણન દેખન શુદ્ધ ઉપયોગ મૈં હું, ઐસા આયા પછી રાગ મેરા નહીં યે તો અંદર આ ગયા, ઐસા જે હુઆ ઉસકો મોહસે નિર્મમત્વ સંતો કહેતે હૈ. આહાહાહા ! યે તો ઈતના યહાં આયા કિ મૈં એક ઉપયોગ હી હું મૈં આ નહીં હું ઐસા પહલે નહીં આયા.

પણ ઐસે જાનનેકો ઐસે જાનનેવાલે જીવકો, સિદ્ધાંત સ્વપરકો જાનનેવાલા સંતો દિગંબર મુનિઓ આહાહા... ભાવલિંગી સંતો એમ કહેતે હૈ કે જો કોઈ આત્મા, મૈં જાનન દેખન હી હું, ઐસા ઉપયોગમેં રહા ઉસકો જ્ઞાની સંતો મોહસે નિમર્મત્વ ઉસકો કહેતે હૈ. સમજમેં આયા ? આહાહાહા ! આવી વાતું છે. ભારે એકએક ગાથા પણ લોકો જરી શાંતિથી સાંભળે તો એને આવો મારગ છે ભાઈ. આહા... હજી તો પ્રથમ સમ્યગ્દર્શન અને જ્ઞાન પ્રગટ કરવા માટે અને એની સાથે પછી પ્રત્યાખ્યાન પ્રગટ થાય એની વિશેષતા આ અનુભૂતિનું વર્ણન વિશેષ કરે છે. છત્રીસ, સાડત્રીસ, આડત્રીસ માં પૂરું કરી દેશે. આહાહાહા !

ટીકાઃ- "નિશ્ચયસે યહ મેરે અનુભવમેં ફળદાનકે સામર્થ્યસે પ્રગટ હોકર" પાઠમેં તો ઐસા ઈતના લિયા હૈ મૈં તો જ્ઞાન ઉપયોગ હું, હવે ટીકાકાર વિશેષ સ્પષ્ટ કરતે હૈ. (શ્રોતાઃ- મોહ મારો નથી) હા, એનો જ અર્થ વિશેષ કર્યો છે. પાઠમાં તો ઈતના લિયા, સમજે નહીં ? "નત્થિ મમ કો વિ મોહો બુઝ્ઝીદિ ઉવઓગ અહમેકો" ઉપયોગ જ મૈં હું ઐસા આયા. "નથી મમ કો વિ મોહો" એ વિશેષ સ્પષ્ટીકરણ ટીકામાં કરતે હૈ. એ તો પહેલે આ ગયા ને કે મેરા કોઈ સંબંધી નહીં વો તો આ ગયા. રાગાદિ મેરે કોઈ સંબંધી નહીં એ તો ઠીક ગાથાર્થમેં આ ગયા. મૈં તો જ્ઞાનદર્શન ઉપયોગ સ્વરૂપ હી હું. મૈં આ નહીં એ પહેલે આ ગયા. આહાહા ! પર તરફકા વિકલ્પ જે ઊઠતી હૈ લાગણી યે મૈં નહીં, ચાહે તો શુભ હો કે અશુભ હો યે મૈં નહીં. બસ ઈતના ત્યાં. હવે મૈં હું કયા ? મૈં તો જ્ઞાનદર્શન ઉપયોગ હી મૈં હું. આહાહાહા ! જાનના દેખના ઉપયોગ હી મૈં હું. આહાહાહા... ઐસે જીવકો મોહ નિર્મમત્વ કહેતે હૈ.

હવે ટીકાઃ મેરે અનુભવમેં ફળદાનકે સામર્થ્યસે પ્રગટ હોકર ભાવકરૂપ હોનેવાલા પુદ્‌ગલદ્રવ્યસે રચિત મોહ મેરા કુછ ભી નહીં. આહાહાહા... મોહ કર્મ જડ હૈ ઉસસે રચિત

વિકારભાવ અને તે મેરે અનુભવમેં ફળદાનકી સામર્થ્યસે પ્રગટ હોકર, આહાહાહા.. મેરી પર્યાયમેં ભી ભાવક કર્મસે વિકારભાવ ફળદાન મેરી પર્યાયમેં આતા હૈ, આહાહા... એ પુદ્‌ગલ દ્રવ્યસે રચિત મોહ મેરા કુછ ભી નહીં, આહાહાહા ! એ તો કર્મસે રચિત હે, આત્માસે રચિત નહીં. આહાહાહા ! ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય આનંદસ્વરૂપ ઉસકી રચનાસે વિકાર નહીં, કર્મના અને ભાવકસે ઉત્પન્ન હુઆ મેરી પર્યાયમેં( ઉત્પન્ન હુઆ ) ફળદાન શક્તિ વિકાર મોહ એ ઉસકા ભાવકકા ભાવ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આવું છે ભાઈ આમ તો સાધારણ વાંચી જાય ને બધી વાતું કરે પણ શું અંદર ગોઠવવું કઠણ ભાઈ. આહાહાહા !

ધર્મી જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ ભેદજ્ઞાનીકો એમ અનુભવમેં આતે હૈ કિ જે આ પર્યાયમેં ફળદાન સામર્થ્યસે પ્રગટ હોકર ભાવકરૂપ પુદ્‌ગલસે રચિત મોહ હૈ એ મેરા કુછ ભી નહીં લગતા રાગકી સાથ મેરા કોઈ સંબંધ નહીં, મેરા સંબંધ તો જ્ઞાયકભાવ સાથ સંબંધ હૈ. આહાહાહા... યે ચાહે તો દયાદાન વ્રતાદિકા રાગ, એ રાગ હૈ એ રાગકી સાથ મેરે કુછ સંબંધ નહીં.

હિન્દી પણ સાદી ભાષા છે ગુજરાતીવાળાને સમજાય તેવું છે. આહાહા ! ભાવકભાવ હોનેવાલા પુદ્‌ગલ દ્રવ્યસે રચિત, એ જડસે રચિત, આહાહાહા ! સ્વભાવસે રચિત નહીં, ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, ઉસકે રચિત તો આનંદ આતા હૈ, તો આ તો જડકર્મસે રચિત વિકાર વિકૃતભાવ, આહાહા ! મોહ મેરા કુછ ભી નહીં લગતા. મોહ સાથ મેરા કુછ કાંઈપણ સંબંધ નહીં એમ, કાંઈપણ નહીં સંબંધ. આહાહાહા !

પુદ્‌ગલ દ્રવ્યસે રચિત મોહ મેરા કુછ ભી નહીં લગતા, ક્યોંકિ મૈં તો ટંકોત્કીર્ણ અણઘડયા ઘડતર ચૈતન્ય જ્યોતિ ભગવાન. ટંકોત્કીર્ણ, ટાંકણાથી જેમ ખોદકર નિકાલે ચીજ ઐસી ચીજ મૈં હું અંદર. શાશ્વત જ્ઞાયક ચૈતન્ય મૂર્તિ મૈં હું, એમ ધર્મી અપના સ્વભાવકો, એક જ્ઞાયક સ્વભાવભાવ. દેખો, એક જ્ઞાયક સ્વભાવ વિકારભાવ થા એ ભાવકકા અનેકરૂપે ઉપાધિભાવ થા. આહાહાહા ! ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવભાવ જ્ઞાયક સ્વભાવભાવ જ્ઞાયક સ્વભાવભાવ, વો ભાવકકા વિકારી ભાવ, પુણ્યપાપકા ભાવ ભાવકકા વિકારી ભાવ પણ મેરા સ્વભાવ જ્ઞાયક સ્વભાવભાવકા પરમાર્થસે પરકે ભાવો દ્વારા ભાના અશક્ય હૈ, ભાવ્યરૂપ કરના બનાના. જોયું, હૈ ? એ મેરા પર્યાયમેં ભાવ્યરૂપ બનાના અશક્ય હૈ. આહાહા !

કર્મ ભાવક હૈ ઉસકે( નિમિત્તસે ) ઉત્પન્ન હોતા વિકારી પુન્ય પાપકા ભાવ હોતા હૈ. એ ભાવ્ય, તો મેરા યે ભાવ્યરૂપ હોના અશક્ય હૈ. આહાહાહા ! આવું ઝીણું પડે એટલે શું કરે. એક જ્ઞાયક સ્વભાવભાવકા પરમાર્થસે પરકે ભાવો દ્વારા એ પરકા ભાવ હૈ એ. આહાહાહા ! એ ભાના એક જ્ઞાયક સ્વભાવભાવકે દ્વારા પરકા ભાવ દ્વારા ભાના, ભાવ્યરૂપ હોના અશક્ય હૈ.

ફિર, ધર્મી જીવકો સમ્યગ્દર્શન જ્ઞાનકે કાળમેં અંતરમેં એક સ્વભાવ જ્ઞાયક સ્વભાવભાવરૂપ મૈં યે ભાવકકા જો વિકારીભાવપણે ભાવ્ય મેરેંમૈં હો, ( યે ) અશક્ય હૈ. આહાહાહા ! હૈ ? આ તો અધ્યાત્મ શબ્દ હૈ બાપા આ કાંઈ વાર્તા કથા નથી. આ તો પરમાત્મ સ્વરૂપની કથા. આહાહાહા... ધર્મી, ભેદજ્ઞાનકે કાળમેં આ તો સમજાવે ત્યારે તો ઐસે સમજાવે ને એ કાંઈ મૈં ઐસા હું ઐસા હું. એ તો વિકલ્પ હૈ ઐસા હોતા હૈ અંદર એમ એક જ્ઞાયક સ્વભાવભાવકા પરમાર્થસે પરકે ભાવ દ્વારા ભાના અશક્ય હૈ. એ પણ વિકલ્પ છે અંદર હોતા હૈ, ભાવ મેરા

સ્વભાવભાવ હૈ, એ પરકા કારણસે ભાવ્ય હોતે હૈ એ ભાવ્ય મેરા નહીં, ઈતના જ્ઞાનમેં અનુભવમેં આતા હૈ બસ, આ વાત કરતે હૈ તો ભેદને વિકલ્પસે કરતે હૈ. આહાહાહા ! ભેદજ્ઞાનકે કાળમેં આ મૈં અને આ મેરા નહીં, આ મૈં આ મૈરા નહીં એ ભી એક વિકલ્પ હૈ, આતા હૈ ને ભેદજ્ઞાનમેં આતા હૈ કળશમેં ભેદજ્ઞાન પણ વિકલ્પ હૈ કેવળજ્ઞાનની પેઠે નથી. કળશમાં આતે હૈ, પણ આંહી સમજાવવામાં શું સમજાવે ? શી રીતે સમજાવે ? પણ એને અંતરમાં જ્ઞાયકભાવ ભગવાન આત્મા તરફકા ઝુકાવ એ મૈં હું ઐસા અનુભવમેં આયા બસ, હવે આ વિશેષ સમજાયા, કે યે કાળમેં ભાવકર્મકા ભાવકસે ભાવ્ય હોનેમૈં મેરી શક્તિ અશક્ય હૈ, મેરા સ્વભાવ અસમર્થ હૈ, વિકારરૂપે હોના યે મેરા સ્વભાવ અશક્ય હૈ, મેરા સ્વભાવમેં ઐસા સામર્થ્ય હૈ નહીં. આહાહાહા ! સમજાય છે કાંઈ ? આવું છે. અરે....

પરમાર્થસે પરકે ભાવ દ્વારા ભાના અશક્ય હૈ. આહાહાહા... મૈં તો સમકિતી જ્ઞાની ભેદજ્ઞાની અંતરમેં ભાવરૂપ પરિણમતે હૈ તો ઐસે કહેતે હૈ કિ મૈં તો એક સ્વભાવભાવ જ્ઞાયકભાવસે રાગકા ભાવપણે પરિણમના એ અશક્ય હૈ. મૈં તો મેરા જ્ઞાયકભાવ સ્વભાવ ભાવપણે પરિણમું એ મેરા શક્ય હૈ. આહાહા ! ( શ્રોતાઃ- અશક્ય છે કે અસંભવ છે ) નહીં. પરિણમતે હી નહીં. સમ્યગ્દૃષ્ટિ એ ચારિત્રકી બાત લેના હૈ ને ? સમ્યક્દર્શનમેં પરિણમતે થે જબ સમ્યગ્દર્શન થા તબ પર્યાયમેં, પણ વો પર્યાય હૈ યે ભાવકકા ભાવ્ય હૈ, હવે અહીંયા આગળ જાના હૈ ને. આહાહાહા ! અહીં તો પ્રત્યાખ્યાન અને ભેદજ્ઞાન બતાના હૈ ને, પરદ્રવ્યસે "નત્થી મમ કો વિ મોહો" એમ બતાના હૈ ને "મોહો નિમ્મમતં" બતાના હૈ ને ? આહાહાહા... ધીમેથી સમજવું ભાઈ, આ અંતરકી ચીજ હૈ આ તો, કોઈ બહારસે મિલે ઐસી ચીજ નહીં, બહારમાં હૈ હી નહીં, જ્યાં અંદરમેં હૈ ત્યાં બહારમાં ક્યાં હૈ ? યહાં તો રાગ અને પુણ્યકા પરિણામપણે પણ મેરા ભાવ પરિણમે એ અશક્ય હૈ. આહાહાહા ! ઐસા હોકર મોહ પ્રત્યે નિર્મમત્વ હોકર સ્વભાવ પ્રત્યે સાવધાન હોકર સ્થિર હોતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ? ઝીણી વાત છે. સાધારણ માણસને તો પકડાય નહીં કે આ શું કહે છે. ઓલું તો સમજાય, લ્યો વ્રત કરો, ભક્તિ કરો, જાત્રા કરો, એવું સમજાય તો ખરું. શું સમજવું તેમાં, એ તો રાગ હૈ રાગ કરો, રાગ કરો કરો કરો એમાં શું છે ? એમાં તો મરો છે. આહાહાહા !

ભાષા કેવી જુઓ "પુદ્‌ગલ દ્રવ્યસે રચિત મોહ" પર્યાયમેં રાગાદિ હૈ પુદ્‌ગલદ્રવ્યસે જડદ્રવ્યસે રચિત મોહ, આહાહાહા... કર્યો કે મોહભાવ એ જડ હૈ, ચૈતન્ય નહીં. વિકારી મોહ ભાવ એ જડ હૈ, જડ કર્મસે રચિત મોહભાવ, આહાહા... મેરા કુછ ભી નહીં લગતા. આહાહાહા... કર્યોંકે ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવભાવકા પરમાર્થસે ખરેખર પરમાર્થસે, દ્રવ્ય સ્વભાવસે, પરકે ભાવ દ્વારા ભાના અશક્ય હૈ. આહાહા... નીચે જરી અર્થ કર્યો છે ને બીજો જરી ઈસ ગાથાકા દૂસરા અર્થ યે ભી હૈ, શબ્દાર્થ હૈ ને કિંચીત્ માત્ર મોહ મેરા નહીં હૈ, મૈં એક હું, ઐસા ઉપયોગ હી આત્મા હી જાને, આત્મા હી જાને કે આત્માકો સમયકે જાનનેવાલે ઐસા આત્માકો આત્માકે જાનનેવાલા મોહકો નિર્મમત્વ કહતે હૈ. ઐસે ગાથાનો અર્થ આ રીતે પણ હોતા હૈ. આહાહાહા !

એક જ્ઞાયક સ્વભાવભાવકા પરમાર્થસે પરકે ભાવ દ્વારા ભાના અશક્ય હૈ. ( શ્રોતાઃ-

અશક્ય કે અસંભવ ) અશક્ય કહો કે અસંભવ કહો. નહીં હૈ એ કહો તો એકની એક બાત હૈ એ તો શબ્દ ફેર પડયો. મેરા જ્ઞાયક સ્વભાવભાવ વિકારપણે હોનેમેં અસંભવ હૈ અશક્ય હૈ, અલાયક હૈ, અયોગ્ય હૈ. ( એકાર્થ હૈ. ) સમજમેં આયા ? આ તો સ્થિરતાની બાત કરના હૈ ને ? પ્રત્યાખ્યાનકા ભેદજ્ઞાનકા વિશેષ સ્પષ્ટીકરણ કરતે હૈ, અનુભૂતિકા વિશેષ ભેદજ્ઞાનકા સ્પષ્ટીકરણ કરતે હૈ. આહાહા ! યે આયાને પહલે આયા ને ઈસ અનુભૂતિસે આયાને ? પરભાવકા ભેદજ્ઞાન કૈસે હુઆ ? એમ પ્રશ્ન હુઆ હૈ ને ? આહાહાહા...

યહાં સ્વયં–એવ વિશ્વકો સમસ્ત વસ્તુઓંકો પ્રકાશિત કરનેમેં ચતુર, આહાહાહા... મૈં, મૈં મેરી ચીજ વિશ્વકો પ્રકાશિત કરનેમેં ચતુર ઔર વિકાસરૂપ હો ઐસી નિરંતર શાશ્વત પ્રતાપ સ્વરૂપ સંપત્તિયુક્ત હૈ ઐસા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવકે દ્વારા અપની બાત કરતે હૈ ને. ભગવાન આત્મા તો સમસ્તકો જાનને દેખનેવાલા હૈ, સર્વજ્ઞ હુઆ એ અહીંયા નહીં, અહીંયા તો આત્મા સર્વકો જાનને દેખનેવાલા હૈ બસ ઈતના.

સ્વયમેવ અપનેસે યૂં, વિશ્વ હૈ માટે એમ નહીં. વિશ્વકો પ્રકાશિત કરનેમેં ચતુર ઔર વિકાસરૂપ ઐસી આહાહાહા... નિરંતર શાશ્વત પ્રતાપ સંપત્તિ યુક્ત હૈ. વિકાસરૂપ ઐસી નિરંતર શાશ્વત પ્રતાપ સંપત્તિયુક્ત હૈ. ઐસા ચૈતન્યશક્તિ માત્ર ! આહા... ઐસા મેરા ચૈતન્યશક્તિ માત્ર ! આહાહાહા... કૈસી ચૈતન્યશક્તિ હૈ ? કે સ્વયમેવ વિશ્વકો પ્રકાશિત કરનેમેં ચતુર, વિકાસરૂપ ઐસી નિરંતર શાશ્વત પ્રતાપ સંપત્તિયુક્ત ઐસા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવકે દ્વારા, ઐસા સ્વભાવભાવ ચૈતન્યશક્તિમાત્ર, ચૈતન્ય સ્વભાવકા સ્વભાવ દ્વારા, ચૈતન્ય શક્તિકા સ્વભાવદ્વારા, ભગવાન આત્મા હી જાનતા હૈ. આહાહા ! દેખો, ભગવાન આત્મા હી જાનતા હૈ, કે પરમાર્થસે મૈં એક હું. અહીં સર્વજ્ઞની વાત નહીં હૈ આ આત્મા સર્વ વિશ્વને જાનને દેખનેકી શક્તિવાલા હૈ.

ઐસે ચૈતન્યશક્તિમાત્ર, ઐસે ચૈતન્યશક્તિમાત્ર, રાગાદિ ઉસમેં કુછ નહીં, ઐસા સ્વભાવભાવકે દ્વારા, ભગવાન આત્મા હી જાનતા હૈ, આહાહાહા... કે પરમાર્થસે મૈં એક હું. આમ સમજાય હું પરમાર્થથી હું એક છું એવો વિકલ્પ પણ ત્યાં નથી, પણ સમજાવે ત્યારે શું કરે, સમજાવવું શી રીતે, એ અંતરમેં પરમાર્થ એકરૂપ જ્ઞાયક ચૈતન્યશક્તિ ઐસા સ્વભાવ તો વિશ્વ સારી ચીજ લોકાલોક, સબકો જાનને દેખનેવાલા મૈં ઐસી મેરી શક્તિ. આહાહા !

ઐસા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવકે દ્વારા, ભગવાન આત્મા હી જાનતા હૈ, ઐસા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવકે દ્વારા ભગવાન આત્મા હી જાનતા હૈ. આહાહાહા ! ઇન્દ્રિયોંસે અને મનસે જાનતે હૈ યે નહીં, એમ કહે છે અહીં. ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવકે દ્વારા ભગવાન આત્મા હી જાનતા હૈ. આહાહાહા... ચૈતન્યશક્તિ સ્વભાવભાવ જો સર્વ સમસ્ત વસ્તુ વિશ્વકા જાનને દેખનેવાલા ઐસા મેરા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવકે દ્વારા, ભગવાન આત્મા હી જાનતા હૈ, કે પરમાર્થસે મૈં 'એક' હું. મૈં તો એક સ્વરૂપી જ્ઞાતા દૃષ્ટા એક હી હું. દૂસરેકા કોઈ સંબંધ મૈરેમેં હૈ નહીં. આહાહા !

ઈસલિયે યદ્યપિ સમસ્ત દ્રવ્યોંકે પરસ્પર સાધારણ અવગાહ, એક ક્ષેત્રમેં રહતે હૈ, એક ક્ષેત્રમેં જ્યાં ભગવાન આત્મા હૈ, વહાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, પુદ્‌ગલ ભલે હો એક જ ક્ષેત્રમેં છ દ્રવ્ય રહ્યા હૈ. થોડા, આખું દ્રવ્ય ભલે નહીં ધર્માસ્તિ. જ્યાં ચૈતન્યશક્તિ

સ્વભાવભાવ ત્યાં બીજા દૂસરા દ્રવ્ય એક ક્ષેત્રે હૈ, અનંતા પરમાણું હૈ. ધર્માસ્તિકાયકા અસંખ્ય પ્રદેશ, અધર્માસ્તિકાયકા અસંખ્ય પ્રદેશ, અસંખ્ય કાળાણુ, આકાશ આખા લોકના અસંખ્ય ભાગમેં... એક પરસ્પર સાધારણ અવગાહ, એકક્ષેત્રાવગાહ સાધારણ અવગાહ. નિવારણ કરવું અશક્ય હોવાથી એ નિવારણ કરના અશક્ય હૈ. એક જ ક્ષેત્રમેં જ્યાં ભગવાન ચૈતન્યશક્તિમાત્ર ભગવાન આત્મા જાનના દેખના ભાવવાલા હૈ, એ જ ક્ષેત્રમેં દૂસરા પદાર્થ ભી હૈ તો ઉસકા અભાવ કરના અશક્ય હૈ. નિવારણ કરના અશક્ય હૈ.

દેખો, ઉસમેં ઐસા કહા થા કિ વિકારપણે પરિણમના મેરેમેં અશક્ય હૈ અને એકક્ષેત્રે દૂસરી ચીજ હૈ ઉસકો હઠા દેના અશક્ય હૈ. હો. આહાહાહા... ટીકા તે ટીકા છે ને ! એક ક્ષેત્રમેં હોને પર ભી મૈં તો જ્ઞાયક સ્વભાવ એકરૂપ હું ચૈતન્યવાલા હું. એ ત્યાં હૈ ઉસકો ભી મૈં જાનને દેખનેવાલા હું અને એક ક્ષેત્રે હૈ તો ઉસે દૂર કરના ઐસા અશક્ય હૈ, સભી હૈ હો. આહાહાહા... પાછા શબ્દ કયા લિયા હૈ. સમસ્ત દ્રવ્યોંકે પરસ્પર સાધારણ અવગાહ, આત્મા હૈ ત્યાં પર હૈ, ને પર હૈ ત્યાં આત્મા હૈ. હૈ ને ? પરસ્પર અવગાહ હો એક ક્ષેત્રમાં. આહાહાહા... જુઓ ! આ વાત એ સર્વજ્ઞ સિવાય આ ક્યાંય ઐસી બાત હૈ નહીં. જાનનેવાલા દેખનેવાલા એક સ્વરૂપ ત્યાંય દૂસરા દ્રવ્ય હૈ, એક ક્ષેત્રે, આહાહાહા... સમસ્ત દ્રવ્યોકે અનંત દ્રવ્યો. આહાહા... જ્યાં ભગવાન આત્મા હૈ ત્યાં અનંત અનંત પરમાણુના સ્કંધ, ઐસા અનંત સ્કંધ હૈ. એક એક પ્રદેશમેં અનંત પરમાણુના સ્કંધ, ઐસા અનંત સ્કંધ હૈ. ઐસા અસંખ્ય પ્રદેશી ભગવાન હૈ ત્યાં અનંત અનંત પરમાણુકા સ્કંધ એવા અનંતાસ્કંધ એક ક્ષેત્રાવગાહ હૈ. એક ક્ષેત્રકા અવગાહનામેં હૈ. અરે આવી વાતું છે. છતાં તેનો અભાવ કરવો એ અશક્ય છે પણ તેને પોતામાં રહીને પોતાને જાણવું એ જાણવામાં એ જાણવું આવી જાય અને રાગરૂપે ન થવું એ અશક્ય છે, પણ તે જાણનાર પોતાને જાણતા એકક્ષેત્રાવગાહમાં છે તેને જાણે એ તો મારો સ્વભાવ છે. સમસ્ત વિશ્વને જાણવું એ તો મારો સ્વભાવ છે. આહાહા ! અવગાહ નિવારણ કરના અશક્ય હોનેસે મેરા આત્મા હવે મેરા આત્મા કયા હૈ, એ વિશેષ વાત આવશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૦૩ ગાથા - ૩૬ તા. ૮-૧૦-૭૮ રવિવાર આસો વદ-૭ સં. ૨૫૦૪

૩૬ મી ગાથા અહીં સુધી આવ્યું છે. ભગવાન આત્મા જ જાણે છે કે, ત્યાંથી લેવું ઝીણી વાત છે ભાઈ ચાલતી વાતથી જુદી જાત છે. આહા... ( શ્રોતાઃ- સત્ય વાત છે ) આ આત્મા જ્ઞાયક સ્વરૂપ ચિદ્‌ઘન જ્ઞાન ને આનંદનો ઘન પ્રભુ એ આત્મા, બાકી પુણ્ય ને પાપના વિકલ્પો રાગ ઊઠે એ બધા કર્મના નિમિત્તથી થયેલા એ કર્મના છે, મારો સ્વભાવ નહીં, એમ આ જીવ અધિકાર ચાલે છે ને, ધર્મી જીવ એને કહીએ આહાહા... કે આ આત્મા છે એ આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે. એ આત્મા એમ જાણે છે. છે ? કે પરમાર્થે હું એક છું. આહાહા... આ પર્યાયમાં જે વિકાર દયા-દાન વ્રત ભક્તિ કામ ક્રોધ જે થાય છે એ હું નહીં. એ તો ભાવકકર્મ એનો એ ભાવ, મારો ભાવ નહીં. આહાહા... જો કે સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહ "જો કે

ભગવાન આત્મા જ્યાં છે ત્યાં બીજાં દ્રવ્યો પણ છે એક જગ્યોએ રહેવામાં નિવારણ ન કરી શકાય. કર્મના રજકણો ધર્માસ્તિકાયાદિના પ્રદેશો કે જે જીવ પાત્ર છે એને જ્ઞાનીએ એમ જણાવ્યું કે ભગવંત તારું સ્વરૂપ, શરીર અને વાણીની ક્રિયાથી તો ભિન્ન છે, પણ અંદર જે પુણ્ય પાપના શુભઅશુભભાવ થાય, એનાથી તારું સ્વરૂપ ભિન્ન છે. આહાહા... એમ એણે સાંભળ્યું જાણ્યું અને અંદરમાં વિવેક કર્યો, કે હું તો આત્મા, એકરૂપ સ્વરૂપ છું. શુદ્ધ ચૈતન્ય આનંદકંદ પ્રભુ આહાહાહા... સમ્યગ્દર્શનની ચીજ છે બાપુ ઝીણી બહુ. આહાહા! હું તો સર્વ દ્રવ્યો જે છે "પરસ્પર સાધારણ એકક્ષેત્રે રહે છે તેનું નિવારણ કરવું અશક્ય છે" મારો આત્મા અને જડ, હું ભગવાન આત્મા અને જડ, શિખંડની જેમ એકમેક થઈને રહ્યા છે, એકમેક થઈ રહ્યા છે શિખંડમાં દહીં અને ખાંડ એકમેક થઈને જાણે રહ્યા છે. એમ આ આત્મા ભગવાન આત્મા અને કર્મના આદિ પરમાણુઓ અને પુણ્ય–પાપના ભાવ, અહીં ખરેખર તો પુણ્ય–પાપના ભાવ લેવા છે. એ બે એક જેવા જણાય છે અનાદિથી, અરે આ તે ક્યાં જોવા નવરો થાય ?

અહીંયા કહે છે કે જેમ શિખંડમાં દહીં અને ખાંડના સ્વાદ ભિન્ન છે, છતાંય એક સ્થાને, એકભાવવાળા હોય એમ એને દેખાય છે અનાદિથી. એમ ભગવાન આત્મા અનાકુળ આનંદ સ્વરૂપ પ્રભુ એમાં શુભ અને અશુભભાવ એ એકમેક હોય એમ એને દેખાય છે અનાદિથી જાણે એક થઈ રહ્યા હોય, તોપણ શિખંડની માફક સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે આહાહાહા... પણ હું આત્મા ચૈતન્ય સ્વરૂપ એનો સ્વાદ પવિત્ર અને આનંદનો સ્વાદ છે, તે હું. છે ? સ્પષ્ટ અનુભવમાં આવતા, આહાહાહા... સ્વાદના ભેદને લીધે, હું મોહ પ્રત્યે નિર્મમ છું. કેમકે કર્મના નિમિત્તના સંગે થયેલા શુભ–અશુભ દયા–દાન વ્રત ભક્તિ કે કામક્રોધના ભાવ, એનો સ્વાદ રાગનો કલુષિત ( આકુળિત ) છે. આહાહાહા ! મારો ચૈતન્ય સ્વભાવનો સ્વાદ એનાથી જુદો છે. એમ ધર્મી જીવ પ્રથમ ધર્મ પામતાં, પ્રથમ ધર્મ પામતાં, એને રાગનો સ્વાદ ભિન્ન દેખાય છે. આહાહાહા... અને આત્માનો સ્વાદ ભિન્ન જણાય છે– જેમ શિખંડમાં સ્વાદ દહીંનો ને ખાંડનો ભિન્ન છે, એમ મારો સ્વાદ, હું આનંદ સ્વરૂપ પ્રભુ એનો સ્વાદ ચૈતન્યનો સ્વાદ અને દયા દાન વ્રત ભક્તિ આદિના પરિણામ જે રાગ છે, એનો સ્વાદ દહીંની પેઠે ખાટો છે, એટલે કલુષિત છે, મારો સ્વાદ આનંદનો ભિન્ન છે. આહાહાહા !

અરે કે દિ' કરે ? ભવના અંત લાવવા હોય એની વાતું છે બાપુ. ભવ કરી કરીને મરી ગયો છે અનંતકાળથી નરકના, સ્વર્ગના, મનુષ્યના અનંત અનંત ભવ કર્યા છે, પણ એણે આત્મજ્ઞાન ન કર્યું.. એના વિના એનું પરિભ્રમણ ન મટયું. આહાહાહા ! જેને એ પરિભ્રમણ મટાડવું છે એને આત્માના ને રાગના સ્વાદને ભિન્ન જાણશે તો મટશે. જુઓ આ વાણી. આહાહાહા... અરે આ વાત.. શરીર વાણી મન, જડ અને સ્ત્રીકુટુંબ પરિવાર એ તો પર છે, એને તો આત્માની સાથે કાંઈ સંબંધ નથી. એમ જડકર્મના નિમિત્તથી થતા શુભાશુભભાવ જે રાગાદિનો સ્વાદ, એ જડનો સ્વાદ છે. ચૈતન્ય જ્ઞાયક મારું સ્વરૂપ એનો સ્વાદ ચૈતન્યનો આનંદ છે. અરે આ વળી, આ સ્વાદ કેવો હશે ? આ દુધપાકના સ્વાદ ને મોસંબીના સ્વાદ ને એમ લોકો તો માને છે. ધૂળમાંય સ્વાદ નથી સાંભળને હવે. એ તો જડ છે જડનો સ્વાદ તને આવે ? જડનો સ્વાદ તો જડ રૂપી છે, એ ખાતા તને એનો સ્વાદ નથી આવતો, એના પ્રત્યેનો રાગ થાય છે, એ રાગનો સ્વાદ

એને આવે છે.

અરેરે ! એને ક્યાં ખબર છે. બેખબરો અનાદિથી અજ્ઞાની મૂરખ. આહાહા... પોતાની જાતને જાણી નહીં અને રાગાદિ પર જાત છે તેને મલિન તરીકે જાણ્યું નહીં. કનુભાઈ આવી વાતું છે આંહી તો કરોડોપતિ માણસ હોય તો, તે કરોડપતિ માણસ છે, આહાહા ! ને જાણે અમે સુખી છીએ, ધૂળમાંય નથી સુખી. આહાહાહા !

છે ? સ્વાદના ભેદને લીધે શિખંડની માફક, દહીં અને ખાંડના સ્વાદના ભેદની માફક, સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે, આહાહા ! હું મોહ પ્રત્યે નિર્મમ છું. એ રાગાદિ ભાવ છે એ મારા નહીં, હું એના પ્રત્યે નિર્મમ છું. આહાહા ! શરીર વાણી મન એ તો કયાંય રહી ગયા બહાર ધૂળ, આહાહા ! પણ અંદરની પર્યાયમાં કર્મના નિમિત્તથી થતાં વિકારી ભાવ તેનો સ્વાદ ભિન્ન છે માટે એના પ્રત્યે હું નિર્મમ છું. આહાહાહા ! આવી વાત છે.

વીતરાગ જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા આમ ફરમાવે છે. જિનેશ્વર વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર એમ ફરમાવે છે, ( કે ) પ્રભુ તારું સ્વરૂપ અંદર ચૈતન્યની જાતના આનંદનું છે ને, આહાહાહા ! એ આનંદનો સ્વાદ તે તારો અને વચમાં જે રાગાદિનો સ્વાદ તને ઉપયોગમાં જણાય એ મલિન ઉપયોગ થઈને જણાય એ સ્વાદ તારો નહીં. આહાહાહા ! રાગના સ્વાદને અને ચૈતન્યના સ્વાદને ભિન્ન પાડવા એ કાંઈ સાધારણ વાત છે ? અનંતકાળથી કર્યું નથી એક સેકંડ પણ. આહાહા... ધર્મને નામે પણ દયા દાન વ્રત ભક્તિ ને પૂજાને એ રાગના ભાવને કરીને મરી ગયો છે. આહાહા ! એ રાગનો સ્વાદ તો જડનો છે. આહાહાહા ! સ્ત્રીના શરીરના ભોગ વખતે શરીરનો એને અનુભવ નથી, પ્રભુ તને ખબર નથી, એ તો માટી છે આ તો ધૂળ છે ( આત્મા ) અરૂપી એનો એને અનુભવ નથી. પણ એના પ્રત્યે રાગ થાય છે કે આ ઠીક છે, એવા રાગનો અજ્ઞાનીને અનુભવ છે. માને છે કે આ શરીરને હું ભોગવું છું. આહાહાહાહા... અહીંયા કહે છે, કે આ રાગનો સ્વાદ એ જડનો છે, તારું સ્વરૂપ નહીં પ્રભુ. આહાહાહા ! એમ ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો પોકાર છે, એ જીવે કોઈ દિ' સાંભળ્યો નથી. આહાહા !

એ સ્વાદમાં આવતા ભેદને લીધે મોહ પ્રત્યે નિર્મમ જ છું. આહાહાહા ! મારો ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપી, એનો જે અતીન્દ્રિય આનંદ સ્વાદ અને મોહકર્મના નિમિત્તથી થયેલો વિકૃતભાવ એનો સ્વાદ તે તદ્દન ભિન્ન છે, માટે તેના પ્રત્યે ધર્મી સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી શરૂઆતવાળો એમ કહે છે, માને છે, કે રાગ પ્રત્યે હું નિર્મમ છું. આહાહા !

આવું સાંભળવું મુશ્કેલ પડે એવું છે. પ્રવીણભાઈ ? આ તમારા પૈસા અને લાદીને ધૂળધાણીને પાંચ-દશ લાખની પેદાશ હોય એટલે જાણે, ઓહોહો ! ક્યાંય વધી ગયા અમે બે-પાંચ દશ કરોડ રૂપિયા થાય, એટલે હું પહોળો અને શેરી સાંકડી થઈ જાય એને, સમજાણું કાંઈ ? આંહી તો આ વાત છે પ્રભુ, ત્રણ લોકના નાથનો પોકાર વીતરાગનો આ છે, એ વાત તો અત્યારે સંપ્રદાયમાં છે જ નહીં. સંપ્રદાયમાં તો આ કરો ને આ કરો ને આ કરો એ રાગની ક્રિયા એને ધર્મ માને.

આંહી તો કહે છે કે ધર્મી જીવ એને કહીએ કે રાગના સ્વાદના પ્રત્યે જે નિર્મમ છે અને પોતાના સ્વભાવ પ્રત્યે અહમ્પણું મમ્ છે, એ મારો છે. આહાહાહા... બીજી રીતે આવ્યું કે

રાગના સ્વાદ પ્રત્યે ધર્મી નિર્મમ છે અને નિજ સ્વાદ પ્રત્યે મમ્ છે, મમ્ આ મમ્ નથી છોકરા ખાતા. આહાહાહા... અરે ! અરે ! આવી વાતું છે. ધર્મી મમ્ કરે છે મમ્, મમ્ ખાય છે. મમ્ એટલે પોતાની ચીજ જે આનંદ છે તેને અનુભવે છે, આ નિર્મમ છે આ મમ્ છે. આહાહા !

ચોર્યાસીના અવતાર કરી કરીને મરી ગયો છે, અને હજી જ્યાં સુધી એ રાગ એ હું એવી માન્યતા પડી છે એ મિથ્યાત્વની એમાં અનંતાભવ કરવાની તાકાત છે. નરક ને નિગોદના ભવ કરવાની તાકાત છે એમાં. આહાહા ! એ બધા અબજોપતિ ને કરોડોપતિ એ મરીને ન્યાંથી ઢોરમાં જવાના. આહાહા ! કેમકે ત્યાં રાગ જે તીરછો સ્વભાવ છે, જે સ્વરૂપ પોતાનું નથી, એના સ્વાદમાં પોતે માને છે કે તે હું છું, તે મિથ્યાદૃષ્ટિ જીવને આડોડાઈ કરી નાખી જીવમાં એણે, જીવનો જે રાગરહિત સ્વભાવ છે એમ ન જાણતાં, એ દયા દાન રાગના પરિણામનો સ્વાદ એ મારો છે, એવી જેણે અંતરમાં આડોડાઈ કરી છે, એ મરીને તિર્યંચ આડા, આમ શરીર આડા છે એમ થાશે, આ માણસ ઊભા છે, આવી વાત છે બાપુ આંહી તો. આહાહાહા !

તિર્યંચ છે ને ? એ તિર્યંચ કહે છે ને પ્રભુ, એને તિર્યંચ કહેને, આમ તીરછા, માણસ આમ ઊભા છે અને ગાય ભેંસ બકરા ખીસકોલી એના શરીર આમ આડા છે, તીરછા છે. એ તીરછા કેમ થયા ? કે પૂર્વે એણે આડોડાઈ તીરછાઈ બહુ કરી હતી. દારૂ માંસના ખોરાક હોય તો તો મરીને નરકે જાય, પણ એ ન હોય, પણ આવા રાગના તીવ્ર ભાવને પોતાના સ્વાદ તરીકે જાણી, ભગવાનને આડો કરી નાખ્યો, અવળો કરી નાખ્યો, આહાહાહા... ભગવાન એમ કહે છે, એ જીવો મરીને તીરછા, તિર્યંચ થશે. ગાય ભેંસ ને બકરા થશે. આહાહાહા ! અનંત વાર થયો છે એ રીતે. આહાહાહા !

આંહી કહે છે કે, એકવાર જેણે પોતાના આનંદના સ્વાદને લઈ સ્વસન્મુખ થઈ, ભગવાન આનંદ સ્વરૂપ, જે એનાથી વિમુખ હતો, જે શુભઅશુભભાવને માનીને સ્વાદ લઈને મારો છે એમ માનતો, એ સ્વભાવથી વિમુખ હતો. એ સ્વભાવની સન્મુખ થયેલો પ્રભુ, આહાહાહા... મારું સ્વરૂપ તો ચૈતન્ય સ્વરૂપ ચૈતન્યનો સ્વાદ તે હું, એમ જેણે મમ કર્યું, આનંદનો સ્વાદ લીધો, આહાહા ! એને એ સ્વાદની આગળ ચાહે તો દયા દાન વ્રતનો રાગ હોય પણ એ રાગ કલુષિત જડનો સ્વાદ છે. અરે આ કેમ બેસે ? આહાહા... ક્યાં રખડતો રખડતો રઝળતો એને ક્યાં ( આ ) વાત બેસે ? સાંભળવા મળે નહીં બિચારાને. આહાહાહા !

આવી વાતું છે પ્રભુ. શું કરીએ ? ભગવાનનો પોકાર છે સીમંધર ભગવાન પાસેથી આ બધી વાત આવી છે. પ્રભુ બિરાજે છે. મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે, સીમંધર ભગવાન, આહાહાહા ! ન્યાંથી આવેલી આ વાત છે. આહાહા !

કહે છે કે સ્વાદના ભેદને લીધે, મારો પ્રભુ તો ચૈતન્ય સ્વભાવી સ્વાદિષ્ટ છે, આહાહા... અનાકુળ આનંદના સ્વાદવાળો તે હું અને આ રાગનો સ્વાદ જે મોહનો સ્વાદ તે કલુષિત, એના પ્રત્યે હું નિર્મમ છું. એ મારા નહીં, જીવ અધિકાર છે ને, એ રાગને અજીવ ને જડ કહીને જીવથી જુદો બતાવ્યો છે. એ નિર્મમ છું. એ નિર્મમ જ છું. રાગનો કણ પણ જે અંદર હોય, આહાહા ! આવે પણ હું નિર્મમ જ છું. શરીર વાણી મન બાઈડી છોકરાં તો ક્યાંય ( દૂર ) રહી ગયા ધૂળ એ તો ક્યાંય રહી ગયા એના હતા જ ક્યાં ? આહાહા ! પણ ધર્મી જીવ તો એ મારા છે એ તો

વાત ગઈ, પણ રાગ મારો છે એ વાત( ગઈ ) જાય છે, ત્યારે ધર્મી થાય છે. ત્યારે તે સમ્યગ્દૃષ્ટિ, ધર્મની શરૂઆતવાળો પ્રથમ દરજ્જાનો, આહાહાહા... અરેરે આવી વાતું આ શું છે આ ? આવો વીતરાગનો માર્ગ હશે આ ? વીતરાગ માર્ગમાં તો દયા પાળવી, વ્રત પાળવા, કંદમૂળ ખાવા નહીં, રાત્રે ચોવિહાર કરવો, છપરબી આહાર કરવો એવું તો અમે સાંભળીએ છીએ ભાઈ, માર્ગ એ નથી પ્રભુ એ જૈન માર્ગ નથી, એ તો રાગ માર્ગ છે.

ભગવાન આત્મા જ જાણે છે. આત્મા જ જાણે છે, કે હું જ્યાં છું ત્યાં બીજાં દ્રવ્યો, ભગવાને તો છ દ્રવ્યો જોયાં છે ને ? સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરે છ દ્રવ્યો જોયાં છે, તો હું જ્યાં છું ત્યાં બીજાં દ્રવ્યો છે, બીજા આત્માઓ ત્યાં છે અહીં આત્માના પ્રદેશ પાસે, અનંત પરમાણુઓ પડયા છે, ધર્માસ્તિકાયના પ્રદેશ છે, અધર્માસ્તિકાયના પ્રદેશ છે, આકાશના છે, કાળના છે, પણ એક ક્ષેત્રે રહેવામાં નિવારણ કરવું અશક્ય છે. એને ક્ષેત્રથી જુદા પાડી શકાય એમ નહીં, પણ રાગના ભાવની મલિનતાને ભાવથી ભેદ કરીને ભાવથી જુદા કરી શકાય. આહાહાહા !

આવી વાતું છે. પ્રભુ પછી સોનગઢના નામે ગમે તે કહે લોકો કહે, બચારા એને ખબર નથી ને, સોનગઢ નિશ્ચયની વાતું કરે ને વીતરાગની વાતું કરે. અમારી દયા ને વ્રત ( અમે ) પાળીએ એને ધર્મ ન કહે, એમ કહે બિચારા શું કરે ? ખબર નથી એ. ( શ્રોતાઃ- જ્ઞાયકના સ્વાદથી અજાણ્યા છે ) અજાણ્યા છે. અંદર જાણક-સ્વરૂપ ભગવાન, એ ચૈતન્યસ્વભાવી પ્રભુ છે. એના સ્વાદમાં તો ચૈતન્યનો આનંદ સ્વાદ હોય ભાઈ. એને ધર્મી જીવને તેના સ્વાદમાં પોતાપણું ભાસે છે. અંદર રાગ આવે છે તેને કર્મના તરફના જડનો વિકાર એ કર્મનો છે, એનો સ્વાદ કલુષિત, ઝેર જેવો દુઃખરૂપ સ્વાદ છે. આહાહા... અરેરે ! ચૈતન્ય સ્વભાવ વસ્તુ ભગવાન ત્રિકાળી અવિનાશી વસ્તુ છે. આત્મા કોઈ સાધારણ ચીજ નથી. આહાહા ! એની પર્યાયમાં વર્તમાન અવસ્થામાં એની રમતું ( વિકારમાં ) અનાદિની છે પણ એ પર્યાયની સમીપે આખું તત્વ મહાપ્રભુ, ચૈતન્ય તત્ત્વ છે એની ખબર નથી એને. આહાહાહા ! એ જ્યાં એને ખબરું પડે છે, આહાહા... કે હું તો આત્મા જ એક છું, એમાં જે અનેકપણું વિકૃત અવસ્થા દેખાય છે, એ સ્વાદ મારો નહીં, તે પ્રત્યે હું નિર્મમ છું. આહાહાહા ! અને મારો ચૈતન્યનો સ્વાદ રાગ રહિત સ્વાદ, શાંતિ અને આનંદનો પ્રભુ સ્વભાવ એનો સ્વાદ, અરે, આ... આવો આત્મા અને શું કહે છે આ ? પાગલ જેવું લાગે એવું છે આ. બાપુ ! એણે સાંભળ્યું નથી ભાઈ, તેં પચાસ વર્ષ સાંઈઠ વર્ષ કાઢયા બધાય અજ્ઞાનમાં, મૂંઢતામાં. આહા ! આ વાત સાંભળી નથી ભાઈ, આ પાગલ નથી ( હોતા ? ) તું પાગલ છો માટે તને ભાસતું નથી. આહાહા ! વીતરાગની વાણી ઔષધ છે. રાગનો રેચ કરાવવાની, ( દવા છે ) આહાહા... રાગનો રેચ થઈ જાય, અને ચૈતન્યની નિરોગતા ચૈતન્યની દૃષ્ટિમાં આવે. આહાહા... આ વીતરાગ વાણી કહે છે. સમજાય છે કાંઈ ?

કારણ કે, સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી, હું કે બધા પદાર્થો, એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય નામ આત્મ પદાર્થ અથવા દરેક પદાર્થ એવો ને એવો જ સ્થિત રહે છે, પરમાણુ લ્યો તો પણ પરમાણુ આ જડ આ આંગળી તો અનંત રજકણનો પિંડ છે એનો છેલ્લો પોઈન્ટ છે ટૂકડો એ પણ પોતે પોતામાં સ્થિત છે. પરમાણુ પરમાણુમાં સ્થિત છે પરમાણુને આત્મા સાથે કાંઈ સંબંધ નથી. આહાહાહા ! આ માટી છે જુઓ આ, ( શરીર ) લોકો પણ એમ કહે છે પણ

એને ભાન નથી બોલે ખરા આંહી ચૂંક વાગે ને તો કહે મારી માટી પાકણી છે, પાણી અડવા દેશો નહીં, બોલે ખરા ભાન વિનાના, બોલે ખરા મારી માટી પાકણી છે, માટી તો જડ ધૂળની છે આ ક્યાં માટી તારી હતી, આ તો પુદ્ગલ છે. ખીલી વાગી હોય તો પાણી અડાડશો નહીં, પાણીનો પાટો બાંધશો નહીં, મારી માટી પાકણી છે. માટી કહે ને વળી પાછી મારી કહે ! ગાંડાના કાંઈ લખણ બીજા હશે ? સમજાણું કાંઈ ? આહાહા !

એ માટી એની ચીજ નથી, એ તો ભિન્ન છે એક જગ્યોએ રહેવા છતાં, પણ અંદરમાં રાગ થાય છે શુભઅશુભ રાગ એ પણ વિકૃત–કલુષિત સ્વભાવ, એ મારા ચૈતન્યનો સ્વાદ નહીં. આહાહાહા ! અરેરે કે દિ' કરે અને કે દિ' એના ભવના અંત આવે ? આ ( સમજયા ) વિના એના ભવના અંત આવે એવું નથી. મરી જાયને, ક્રિયા કરી કરીને. આહાહા ! એ તો બધી રાગની ક્રિયા છે, અને રાગ તો કલુષિત મેલો જડનો સ્વભાવ છે. અરેરે ગજબ વાતું આ.

"સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી આત્મપદાર્થ એવો ને એવો જ સ્થિત રહે છે" કૌંસમાં બતાવે છે દહીં અને ખાંડ મેળવવાથી શિખંડ થાય છે. દહીં અને ખાંડ, એમાં દહીં અને ખાંડ એક જેવા માલૂમ પડે છે શિખંડમાં, તોપણ પ્રગટરૂપ ખાટામીઠા સ્વાદના ભેદથી, દહીં તે ખાટું છે અને ખાંડ તે મીઠી છે. બેયના સ્વાદના ભેદથી જુદા જુદા જણાય છે. આહાહાહા !

શાસ્ત્રમાં તો એવો એક લેખ છે કે દારૂ પીધો હોય તો એને શીખંડ ખવરાવો તો ગાયના દૂધ જેવું લાગે એને, જેણે દારૂ પીધો છે એને જો શીખંડ આપો તો ગાયનું દૂધ પીઉં છું એવું લાગે, એને સ્વાદની ખબર નથી એમ જેણે મિથ્યાત્વના દારૂ પીધા છે, ઊંધી શ્રદ્ધાના દારૂ પીધા છે, આહાહાહા ! એને રાગના સ્વાદ મારા છે એમ ભાસે છે. આવી વાત છે, પ્રભુનું સ્વરૂપ આવું છે ભાઈ. આહાહા !

તેવી રીતે દ્રવ્યોના લક્ષણભેદથી જડ ચેતનના જુદા જુદા સ્વાદને લીધે, એ રાગાદિ જડનો સ્વાદ છે કેમકે રાગ પોતે જાણતો નથી કે હું કોણ છું, ચાહે તો દયા દાન વ્રત ભક્તિનો વિકલ્પ રાગ હો એ રાગમાં જાણવાની તાકાત નથી. એ તો અચેતન છે. આહાહાહા ! રાગ પોતે જાણતો નથી કે હું કોણ છું, તેમ રાગ જોડે ચૈતન્ય ભગવાન છે તેને ( રાગ ) જાણતો નથી. તેમ તે રાગ ચૈતન્ય વડે જણાય છે, માટે તે જડ છે. આહાહાહા !

અરેરે એ જેમ શિખંડમાં ખાંડ અને દહીંનો સ્વાદ ભિન્ન છે, એક જેવા દેખાવા છતાં, એમ ભગવાન આત્માનો સ્વાદ ચૈતન્યનો અને રાગનો ( સ્વાદ ) જડ એ લક્ષણભેદથી બેના લક્ષણભેદ છે, બેના લક્ષણો જુદા છે. જેમ દહીંનો સ્વાદ ખાટો અને ખાંડનો સ્વાદ મીઠો, એમ લક્ષણભેદ છે. એમ રાગનો સ્વાદ જડ કલુષિત, ભગવાનનો સ્વાદ ચૈતન્ય અને આનંદ, બેયના લક્ષણથી બેયના ભેદ છે. આહાહા... સમજાણું કાંઈ ? કાંઈ સમજાણું શું કીધું છે એ ? સમજાય જાય તો જુદી વાત છે, પણ કઈ પદ્ધતિથી કહેવાય છે, એ શૈલી પકડાય છે એમ.

અરેરે આવો મારગ હશે જિનદેવનો અહીં તો ભાઈ એવું સાંભળ્યું'તું, કહે દયા પાળો, વ્રત કરો, જીવને ન મારો, છ કાયની દયા પાળો, પાંજરાપોળમાં મદદ કરો, ઘેટાંને ખડ નાખો, આહાહા... પોહા કરો, પ્રતિક્રમણા કરો. સામાયિક કરો, શેના પોહા ? તારે ભાન નથી ને આત્મા કોણ છે એનું ભાન નથીને પોહા શેના ? અજ્ઞાનના પોહા છે મિથ્યાત્વના. મિથ્યાત્વને પોસે છે

એ તો. આહાહાહા !

ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવી આનંદ પ્રભુ. એ આનંદનો સ્વાદ એ ચૈતન્યનો સ્વાદ છે અને એ રાગ જે રાગ વિકલ્પ હોં, આહાહાહા ! ચાહે તો પંચમહાવ્રતના પરિણામ હો, એ રાગ છે ભાઈ તને ખબર નથી, એ તો વૃત્તિનું ઉત્થાન છે એ રાગનો સ્વાદ કલુષિત છે તને ખબર નથી. આહાહા ! ઈ જડ ને ચૈતન્યના સ્વાદની ભિન્નતાને લઈને, જુદા જુદા સ્વાદને લીધે ( જુદા ) જણાય છે. આહાહાહા... કેટલી ધીરજ જોઈએ આમાં. આહાહાહા ! કે મોહકર્મના ઉદયનો સ્વાદ રાગાદિ છે. રાગ દ્વેષ હરખ શોક એ બધા ભાવ મોહકર્મના ઉદયનો સ્વાદ એ છે. આહાહાહા !

રાજીપો થઈ જાય આમ પૈસા પાંચ પચીસ લાખ મળે, ને બે લાખની પેદાશ મહિને હોય તો જાણે. ઓહોહો ! કોણ જાણે શું વધી ગયો ? એનો રાજીપો એ રાગના ઝેરનો સ્વાદ છે. આહાહા ! છે ? ( શ્રોતાઃ- શીરો ને લાપસી બનાવે અને આપ એને ઝેરનો સ્વાદ કહો છો ) બે લાખ પેદા થાય તો કહે લાપસી કરો આજ, ધૂળમાંય નથી હવે સાંભળને ! આ બધા પૈસાવાળા બેઠા, કરોડોપતિ ( શ્રોતાઃ- આપ ના પાડો છો ) કહે છે, આ રહ્યા આ ઘીયા કરોડપતિ છે આ અમારે પ્રવિણભાઈ એ તો વળી ઘણા કરોડ છે, એમ કહે છે. એક જણો અમને કહેતો 'તો અમે તો સાંભળેલી વાત છે હોં. એક જણ એમ કહેતો તો છ( એ ) છોકરા પાસે એક એક કરોડ છે, એમ કહેતો 'તો કોક ડાહ્યો માણસ. નામ ન અપાય અને એના બાપ પાસે જુદા પચાસ સાંઈઠ લાખ, મરી ગયા ત્યારે વારસામાં બાવીસ લાખ તો સરકારને દેવા પડયા, એના બાપના પૈસા માટે બાવીસ લાખ દેવા પડયા. કહો એ તો સાચી વાત છે ને ? કારણ એના બાપનું જુદું હતું ને. છ બ્લોક જુદા જુદા પાંચ પાંચ લાખના ત્યાં છ છોકરાના, બાપનો જુદો બ્લોક સાતમો પાંચ પાંચ લાખના અને આની મૂડી જુદી કારણકે સરકારના શું કહેવાય ઈ. ( શ્રોતાઃ- ઈન્કમટેક્ષ ) ઈન્કમટેક્ષ માટે એને લઈને ભાગ વાણિયા પાડે. એણે બાપ મરી ગયા ને જુદા હતા, બાવીસ લાખ ભરવા પડયા બાવીસ લાખ તો એકલા એના બાપના પૈસાના ભરવા પડયા એના પૈસા જુદા, એ સુખી હશે ને ?

એ રાજીપો જે માને છે તે દુઃખ છે. આહાહા ! એ રાગનો સ્વાદ છે પ્રભુ, તને ખબર નથી. આહાહા ! ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવનો પોકાર છે, જગત પાસે. આહાહાહા ! ( શ્રોતાઃ- જગત બહેરૂં બહુ ) આહાહાહા ! સાંભળવા મળે નહીં સત્ય વાત બિચારા ક્યાં જાય ? સિદ્ધાંતમાં તો એને ભિખારી કહ્યા છે, વરાકા. આહાહાહા ! આંહી તો આપણે દરબાર આવ્યા હતા ને આપણે ભાવનગર, કરોડનો તાલુકો ભાવનગર દરબાર આવ્યા 'તા. આંહી તો ઘણાં આવે મોટા શેઠીયાઓ રાજાઓ આવે, આવ્યા 'તા બે ત્રણ વાર આવ્યા 'તા, મંદિર વખતે આવ્યા 'તા, માન સ્તંભ વખતે આવ્યા 'તા, તો એને કહ્યું તું. અમારે તો શું રાજા હોય કે રાંક હોય, કીધું રાજા, દરબાર એક મહીને લાખ માગે ઈ નાનો માગણ પાંચ લાખ માગે ઈ મોટો માગણ અને કરોડ રૂપિયા માગે તે માગણનો માગણ મોટો ભિખારી છે કીધું, ભિખારાઓ ! આત્મા અંદર અનંત આનંદની લક્ષ્મીનો ભંડાર એને જોતો નથી, એને માનતો નથી અને આ બહારની ધૂળ એ અજીતભાઈ !

આ બધા પૈસાવાળા છે સાંઈઠ સીત્તેર લાખ રૂપિયા, ધૂળ ધૂળ હોં બધી. ( શ્રોતાઃ– અહીં તો ધૂળ કહો છો, ત્યાં રૂપિયા કહે છે ) નૈરોબીમાં તો બધા ઘણાં પૈસાવાળા છે, આપણા સાંઈઠ ઘર છે ને ? શ્વેતાંબર હતા દિગંબર થઈ ગયા હમણાં બધા પચીસ ત્રીસ વર્ષથી નૈરોબી ત્યાં ભાઈ જેઠ સુદી અગિયારસે પંદર લાખના મંદિરનું ખાત મુહૂર્ત કર્યું એ લોકોએ ભેગા થઈને. ( શ્રોતાઃ– હવે આપને જાવાની તૈયારી ત્યાં ) એ તો હવે માંગે ત્યારે હવે શરીરને નેવ્યાસી વર્ષ થયા શરીરને નેવ્યાસી વર્ષ થયા હવે આ દેખાય ઠીક પણ અંદર હવે અંદર ૮૯ વર્ષ થયા, ખોરાકના ઠેકાણાં ન મળે, ઉંઘના ઠેકાણાં ન મળે, દેખાવ સારો લાગે છે. માંગણી તો આવશે, કેમ અજીતભાઈ ? પંદર લાખનું મંદિર કરશે નૈરોબી, ત્યાં સાંઈઠ ઘર છે, શ્વેતાંબર બધા દિગંબર થઈ ગયા, અને સાત આઠ ઘર તો કરોડપતિ છે. બાકી બધા ઘર કોઈ સાંઈઠ લાખ કોઈ સીત્તેર લાખ કોઈ ચાલીસ લાખ, કોઈ પચાસ લાખ વીસ લાખ દસ લાખ એવા બધાય છે. ધૂળ ધૂળ બધી હોં.

એય ! જેને વાસ્તુ શું કહેવાય એ ? ખાતમુહૂર્ત કર્યું જેઠ સુદ અગિયારસે આ રામજીભાઈ બેઠા તેમના ભાણેજ છે, એણે બે લાખ બે હજાર આપ્યા. આ રામજીભાઈ બેઠા. મનસુખભાઈની પાછળ, બે લાખને બે હજાર, ફક્ત ખાતમુહૂર્તના આપ્યા મંદિરના પણ અહીં તો પહેલેથી કહીએ છીએ તારા બે લાખ શું પંદર લાખ કે કરોડ ખરચને એમાં રાગ મંદ કરે તો પુણ્ય છે, પણ ધર્મ નહીં. ( શ્રોતાઃ– છતાં લોકો બનાવે છે ). જે ક્રિયા બનવાની હોય તે એને કારણે બને છે, તે શું આનાથી બને છે મંદિર ? આ મંદિર શું રામજીભાઈએ બનાવ્યું છે આ ? પ્રમુખ તો એ હતા. ( શ્રોતાઃ– આપના પુણ્યથી થયું ) બાપુ આ તો પથ્થર પરમાણુઓ અજીવ છે. ભાઈ તને ખબર નથી એ અજીવની પર્યાય જે ક્ષણે થવાની તે તેનાથી થાય છે, બીજો કહે કે મારાથી બન્યું મૂઢ છે. આહાહા... આવી વાતું છે બાપા.

બેંગ્લોરમાં બાર લાખનું મંદિર થયું છે મુમુક્ષુઓએ કર્યું છે, બેંગ્લોર બાર લાખ, પંદર લાખ અત્યારે પંદર લાખ થઈ ગયા, જુઓ તો, થઈ ગયું છે અને આ તો થવાનું છે. એક જણે આઠ લાખ આપ્યા ભભૂતમલ શ્વેતાંબર દેરાવાસી આઠ લાખ અને એક જુગરાજજી સ્થાનકવાસી કરોડપતિ, ઓલો બે કરોડવાળો આ કરોડવાળો સ્થાનકવાસી મુંબઈમાં મહાવીર માર્કેટ એણે ચાર લાખ આપ્યા. બાર લાખનું મંદિર, કહ્યું બાપું તું બાર લાખ ખર્ચે માટે ધર્મ થાય એ વાતમાં માલ નથી. એ રાગની મંદતા શુભભાવ કરશે ( તો ) પુણ્ય થાય. આહાહાહા ! આવી વાતું છે.

આ લોકોએ હમણાં અઢી લાખ ત્રણ લાખ આપ્યાને અહીં, અહીંયા પોપટભાઈએ એમના બાપ તરફથી વિશ્રામગૃહ પાંચ લાખનું થવાનું છે ને નવું. આંહી માણસ એટલું આવે છે કે જગ્યો માતી નથી. બે સોસાયટી તો થઈ હવે ત્રીજી સોસાયટી થવાની છે એમના તરફથી. પાંચ લાખ, અઢી લાખ એમના ને અઢી લાખ, જે પ્લોટ લે એને પાંચ હજાર આપવા પડે દસ હજારનો પ્લોટ કરશે, પાંચ પાંચ હજાર આપવાના, ત્રણ મહિના રહેશે, ત્રણ મહિના રહેવાનું એને. બહુ માણસ આંહી ઘણું માણસ આવે છે હવે માંય નહીં જગ્યો એટલું આવે છે. ત્રણ ત્રણ હજાર પાંચ પાંચ હજાર માણસ હમણાં બેનના ઓલામાં( જન્મદિને ) ત્રણ હજાર માણસ, શ્રાવણ વદ બીજ ક્યાંય માંય નહીં, પણ એ પણ એ બધી વસ્તુ બનવાની છે એને લઈને બને

છે. ( શ્રોતાઃ- આપના ઉપદેશથી બને છે ) એ બિલકુલ હરામ વાત છે. એ વાતું છે બધી નિમિત્તની. આહાહા !

આંહી તો બનાવનારનો ભાવ બનાવી શકું છું એ તો ન હોય પણ ભાવ જે છે એ શુભ છે, પુણ્ય છે. એમાં ધર્મ છે એ નહીં. એ પુણ્ય છે એ રાગનો, મેલનો રાગનો સ્વાદ છે. આહાહા ! ગજબ વાત છે પ્રભુ. છે ?

“જડ ચૈતન્યના જુદા જુદા સ્વાદને લીધે જણાય છે” જણાય છે કે મોહકર્મના ઉદયનો સ્વાદ રાગદ્વેષ, હરખ-શોક આદિ છે. આહાહાહા ! રાગાદિ છે ને ? આદિ છે ને ? રાગ દ્વેષ અણગમો, આહાહા... વીંછી કરડે, એ વીંછી કરડે એનો નથી, એના તરફ અણગમો છે એનો દ્વેષનો સ્વાદ છે એને. આહાહાહા ! એ રાગાદિ દ્વેષાદિ હરખાદિ. આહાહા !

આ હરખ જમણ કરે છે ને આપણે વાણીયામાં દશા શ્રીમાળી, હરખ જમણ કરે સાત ટંક હતું, હવે તો બધું થઈ ગયું ફેર, પહેલાં સાત ટંક હતું ને હરખ જમણ કરે એટલે નવટંક થતા ’તા હવે આ તો સાંઈઠ સીત્તેર વર્ષ પહેલાંની વાત ઉમરાળાની. આંહી તો જન્મસ્થળની વાતો જાણવામાં આવી હોય ને એ જાણીએ હરખ જમણ કરે ત્યારે, આહાહા... જાનવાળો એક દિ’ જમાડે પછી બધા જમે, એ હરખ જમણ, હરખ જમણ એટલે રાગનું જમણ. હરખ એટલે રાગ, હરખ એટલે દુઃખ, એ દુઃખ એ કર્મના ઉદયના સ્વાદનો ભાવ છે. કહે છે અરેરે આટલું બધું વહેંચવું હવે તો નવરો ક્યાં બિચારો. આહાહા !

તે ચૈતન્યના નિજ સ્વભાવના સ્વાદથી જુદો જ છે. છે ? આહાહાહા ! જે રાગ શુભરાગ, અશુભરાગ અણગમો દ્વેષ, રાજીપો રાગ, રાજીપો રતિ, અરાજીપો અરત્તિ શોક, એ બધા ભાવ, કર્મના નિમિત્તના થતાં વિકારી ભાવ એનો સ્વાદ છે. અરે આટલું બધું લઈ જવું હવે અંદર. હજી તો શરીર મારું નથી એમ માનવામાં પરસેવા ઊતરે, આ શરીર મારું નહીં તો કોનું છે આ ? આ તો માટી જડ છે એને અંદરમાં પુણ્ય પાપના ભાવથી ભિન્ન જાણવો, આહાહાહા... એવું છે પ્રભુ. આહા !

એ રાગાદિ છે, મોહકર્મના ઉદયનો સ્વાદ તો રાગદ્વેષ પુણ્ય પાપ રાજીપો રતિ અરતિ શોક આદિ છે, તે ચૈતન્યના નિજ સ્વભાવના સ્વાદથી જુદો જ છે. આહાહાહા ! આહાહા ! રાગનો સ્વાદ છે. આકુળતા દુઃખરૂપ છે. આહાહાહા... અને ભગવાન આત્માનો સ્વાદ તે અનાકુળ આનંદરૂપ છે, એમ જે ( સ્વાદ ) ભેદ કરે તેને સમ્યગ્દર્શન થાય, આહાહાહા... ચારિત્ર તો ક્યાંય રહી ગયું બાપા ! કોને કહે એ તો હજી લોકોએ સાંભળ્યું નથી. આ તો હજી સમ્યગ્દર્શનની વાત પહેલા એકડાની વાત છે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

એ નિજ સ્વભાવના સ્વાદથી, નિજ નામ ભગવાન આત્મા પોતાનો એનો સ્વભાવ સ્વ-ભાવ, પોતાનો જે જ્ઞાન આનંદ શાંત વીતરાગતા એવો જે ભાવ, આહાહાહા... એનો સ્વાદ જુદો છે, એના સ્વાદથી રાગનો સ્વાદ, ( જુદો છે ) માળે આટલુ બધું... આહાહાહા !

આ રીતે ભાવકભાવ જે મોહનો ઉદય, શું કીધું ? ભાવક એટલે કર્મ જડ છે, મોહનીય કર્મ આદિ આઠ કર્મ છે ને, જડ-જડ એને અહીંયા ભાવક કહ્યાં છે, ભાવક ભાવ એના ભાવકથી થયેલો પુણ્ય પાપનો રાગાદિ ભાવ, એ ભાવકનો ભાવ છે એમ કહ્યું છે. એ ભગવાન આત્માનો

ભાવ નહીં. આહાહા !

નાની ઉંમરમાં ભણતાને ત્યારે એક ભાવસાર હતો અમારે નિશાળમાં ભેગો, જન્મ તો ઉમરાળે હતો ને તેર વર્ષ ત્યાં રહ્યા, નવ વર્ષ પાલેજ દુકાન છે ને ત્યાં નવ વર્ષ, ત્યાં પાંચ વર્ષ દુકાન ચલાવી 'તી. અત્યારે દુકાન ચાલુ છે મોટી દુકાન છે. પાંત્રીસ–ચાલીસ લાખ રૂપિયા છે. એ દુકાન છે ત્રણ ચાર લાખની પેદાશ છે પાલેજ. તમારે ચિત્તળમાં પરણ્યો છે ને અમારે મનહર મનહર શું ? નહીં મનસુખ–મનસુખ લાલચંદભાઈની દિકરી, છે ને ત્યાં ? હું હતો ત્યારે સગપણ કરેલું હું ત્યાં અમરેલીનું ચોમાસુ કરીને ચિત્તળ આવ્યો, ત્યારે આણંદજી હતો મારી હારે આણંદજી એના કાકાનો દિકરો, એ કહે કે અમારે સગપણ કરવું છે. લાલચંદભાઈની દિકરી આ હિંમતભાઈની બહેન, તે દિ' હું ત્યાં હતો ઉપાશ્રયે વ્યાખ્યાન ચાલતું ને ત્યારે પછી એને પ્રશ્ન કરેલો, અમારે આણંદજી હતો ને મરી ગયો એ સગપણ કરવા ત્યાં આવેલા, મહારાજ ! આ છોડી ક્યાંની આ માણસ ક્યાંના આ શું થતું હશે, આ કાંઈક પૂર્વનો કોઈ સંબંધ હશે આ ? એમ પ્રશ્ન કર્યો એ અમરેલીનું ચોમાસું હતું ને ૮૬ નું ૮૭ ની વાત છે આ. ૮૭ ના કારતક વદ એકમ, ચિતળના અપાસરે એણે પ્રશ્ન કર્યો, કારણકે એનું સગપણ કરવા આવેલા છોકરો ન લાવ્યા હોઈ છોડી આંહીની હિંમતભાઈની બહેન. મેં કીધું પૂર્વના સંબંધો હોય એવું કાંઈ નહીં, એક હોય બાવળમાં, એક હોય થોરમાં એ બે થઈને ભેગાં થયા હોય. તે દિ' કહ્યું 'તું હોં, બાવળ સમજાય છે ? બબુલ, એક જીવ બબુલમાં હોય આવીને દિકરી થઈ હોય અને એક થોરમાં હોય તે આવીને દિકરો થયો હોય એને ક્યાં સંબંધ, રખડતા જીવ એને આ સંબંધ થઈ જાય એક બીજાને મેળ હોય કર્મનો યોગ્ય આ તે દિ' વાત કરી 'તી હોં. ચિતળમાં અપાસરામાં, અમારે આણંદજી હતો અમારે કુંવરજીના કાકાનો દિકરો ભાગીદાર હતા ગુજરી ગયા બધા ઘણાં ગુજરી ગયા છોકરાવ છે હવે ત્રણ. આહાહા !

એ લોકો વાંચન કરે દરરોજ હોં મંદિર બનાવ્યું છે પાલેજમાં, પિસ્તાલીસ હજારનું, ભક્તિ, વંદન, વાંચન, પછી જાય દુકાને. ભાઈ આ તો બાપુ ધૂળ તો થયા જ કરે આ શું છે, એનું તો કરો હવે મરી ગયા એમાં ને એમાં માળા.

અહીં એ કહે છે ભાવકભાવ, એ શું કીધું ? જે કર્મ જડ છે એને અહીં ભાવક કહ્યો છે, ભાવક ( એટલે ) ભાવનો કરનારો ભાવક, કોના, કયા ભાવ એ પુણ્ય ને પાપ, દયા દાન ને વ્રત ભક્તિનાં જે ભાવ છે એ ભાવ રાગ છે, એ ભાવને ( કરનારો ) ભાવકભાવ, ભાવક નામ કર્મનો ભાવ છે એ આત્માના સ્વભાવનો ભાવ નથી. આહાહા ! ભાષા તો સાદી છે પ્રભુ, ભાવ ભલે ગમે તેટલા હો, ભાષા તો સાદી થઈ છે. ( શ્રોતાઃ– ભાવ તો ઊંડા છે ) ભાવ ઊંડા પણ વસ્તુ તો આ છે. જ્યારે એને કરવું હશે ત્યારે આ રીતે જ કરવું પડશે તો ભવના અંત આવશે, મરી જશે તોય નહીં આવે. રખડી મરશે ચોરાસીના અવતારમાં. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

શું કીધું આ ? માથે આવ્યુંને, એ એવો ને એવો સ્થિત રહે છે. એના પછી આ છે ભાઈ ઓલું તો કૌંસમાં હતું "એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય એવો ને એવો જ સ્થિત રહે છે" એના પછી આ છે, ઓલું તો કૌંસમાં હતું. એવો ને એવો સ્થિત રહે છે, આ રીતે ભાવકભાવ જે કર્મ

જડ છે માટી, આઠ કર્મ રજકણ છે માટી ધૂળ છે, આ જેવી ધૂળ છે શરીરની એના જેવી ઝીણી ધૂળ છે. એના ભાવકનો ભાવ એ રાગ અને પુણ્ય પાપના ભાવ, આહાહાહા... એ દયાનો ભાવ એ પરની દયાનો ભાવ એ રાગ એ ભાવકનો ભાવ, જીવનો ભાવ નહીં, આહાહાહા... રાડ નાખે બચારા વિરોધ બહુ કરે છે. કરો કરો પ્રભુ તને ખબર નથી. આહાહા !

અરે એ તો પરની દયાને રાગ કહે છે, હિંસા કહે છે. ( શ્રોતાઃ- સાંભળવા આવતો નથીને બેઠો બેઠો લખે ? ) આખી દુનિયા એ પણે પડી છે બિચારા શું કરે ? મૂઢપણે પડયા એ પ્રમાણે કહે "જામે જીતની બુદ્ધિ ઈતનો દિયો બતાય, વાંકો બૂરો ન માનીએ ઔર કહાંસે લાય" આહાહાહા !

અહીં કહે છે, આ માથે ( મથાળે ) આવ્યુ'તું ને "સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય એવો ને એવો જ સ્થિત રહે છે" આ રીતે, ઓલું તો કૌંસમાં હતું. ભાવકભાવ જે મોહનો ઉદય ( તેનાથી ભેદ જ્ઞાન થયું ). લ્યો મોહકર્મ જડ છે તેનો ઉદય પુણ્ય-પાપના રાગાદિ ભાવ, આહાહા ! આ લોકો કહે કે, દયા પાળો દયા પાળો, દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તે ગયા. દયાથી ? અરે સાંભળને હવે કઈ દયા ? એ પરની દયા તો રાગ છે, સ્વની દયા રાગના ભાવથી ભિન્ન, મારી જીવન જ્યોતિ ભિન્ન છે એણે ચૈતન્યને ચૈતન્ય તરીકે રાખવો અનુભવમાં લેવો એ જ પોતાની દયા છે. સમજાણું કાંઈ ? એ આંહી કહે છે.

આ રીતે ભાવકભાવ એટલે કે મોહનો ઉદય એમ તેનાથી ભેદજ્ઞાન થયું. આહાહા ! તેનાથી જુદો પાડયો, બતાવ્યો ભેદ જ્ઞાન. સમજાણું કાંઈ ? કહો ધીરૂભાઈ આવી વાતું છે. નવા માણસને તો એવું લાગે કે આ તે શું છે આ તે જૈન ધર્મની વાત હશે કે આ નવો ફાંટો, નવો માર્ગ કાઢયો હશે ? અરે ભાઈ તને ખબર નથી પ્રભુ. આહાહા ! ત્રિલોકનાથ જિનેશ્વર પરમેશ્વર એણે આ કહ્યું, કે ધર્મી જીવ થતાં એને કર્મના નિમિત્તથી થતાં વિકારી ભાવકભાવ એનો સ્વાદ જુદો જાણી આહાહા... અને પોતાનો સ્વાદ જુદો જાણે છે. આહાહા ! ત્યારે તેને સમ્યગ્દર્શન જ્ઞાન, ધર્મની શરૂઆત થાય છે. ( ઉદય ) તેનાથી ભેદજ્ઞાન થયું આ ટીકાની વાત કરી. ભાવાર્થ કહેવાશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૧૦૪ ગાથા - ૩૬ શ્લોક - ૩૦

### આસો સુદ-૯ મંગળવાર તા. ૧૦-૧૦-૭૮ સં. ૨૫૦૪

ભાવાર્થ છે જરી ઝીણી વાત છે થોડી. આ મોહકર્મ, એક જડ મોહ કર્મ છે આત્માના ક્ષેત્રમાં, જ્યાં આત્મા છે ત્યાં એક ક્ષેત્રાવગાહી મોહકર્મ જડ છે. તે જડ પુદ્ગલ દ્રવ્ય છે, એ મોહકર્મ, આત્મા છે ત્યાં એક ક્ષેત્રે રહેલું મોહકર્મ જડ છે તેનો ઉદય કલુષિત ભાવરૂપ છે. એટલે કે મોહ કર્મનો ઉદય છે એ તો જડની પર્યાય ભલે, પણ આત્મામાં એનો દેખાવ થાય છે ઉપયોગમાં એ મલિન પરિણામ છે. આહાહાહા ! ચાહે તો શુભઅશુભભાવ હો, દેવગુરુ શાસ્ત્રની ભક્તિનો ભાવ હો કે દયા દાનનો ભાવ હો, પણ એ ભાવ, મોહકર્મના ફળરૂપ મલિન ભાવ છે. આવી વાત છે. આહાહાહા !

છે? એ મલિનભાવ છે. તે ભાવ પણ મોહકર્મનો ભાવ હોવાથી જડ કર્મના નિમિત્તનાસંબંધે એ શુભઅશુભભાવ જે મલિનભાવ એ જડ કર્મનો ભાવ હોવાથી તે જડનો છે, આત્માનો નહીં. આહાહાહા ! આકરું કામ ઘણું. વિકાર તે ભાવકનો ભાવ છે. જડકર્મ છે એ ભાવક, ભાવ કરનાર અને શુભઅશુભભાવ એ ભાવ મલિનભાવ એ ભાવકનો ભાવ છે. કર્મનો ભાવ છે, જડનો ભાવ છે, ચૈતન્યનો સ્વભાવ નહીં. આહાહા... આવું ઝીણું છે બાપા !

એ મોહકર્મનો ભાવ પુદ્‌ગલનો જ વિકાર છે, ભાવકનો ભાવ, તે જ્યારે આ ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે, ચૈતન્ય જે શકિત છે એ તો ધ્રુવ ત્રિકાળ છે. પણ એની વ્યકિત જે પ્રગટ જ્ઞાન, જેમ કર્મના નિમિત્તનું વ્યકતપણું મલિનતા છે એમ ભગવાન ચૈતન્ય શકિતનું પ્રગટપણું જાણન દેખન પર્યાય છે. ઝીણો વિષય છે ભાઈ ! જેમ એ જડકર્મનું ફળ મલિનભાવ છે એ જડનો વ્યકત ભાવ છે એમ ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ એની વ્યકિત ( અર્થાત્ ) જાણવા દેખવાની મતિશ્રુતનો પર્યાય વ્યકત પર્યાય છે, એના ઉપયોગના અનુભવમાં આવે છે જ્યારે અહીં ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે, આહાહાહા... એટલે કે જાણન દેખન જે શક્તિની વ્યક્તિ પ્રગટ દશા તેના ઉપયોગમાં જ્યારે મલિનભાવ આવે છે, આવું ઝીણું છે તત્વ !

સાધારણ માણસને તો ખબરેય ન પડે ! ભક્તિ કરો ને વ્રત કરો પૂજા કરો થઈ જશે ધર્મ ! ધૂળમાંય નથી ન્યાં. આહાહા ! દેવ ગુરુશાસ્ત્રની ભક્તિ કરો બસ એ તો રાગ છે, રાગ તો કર્મના નિમિત્તનો ભાવકનો ભાવ છે, એ તારો ભાવ નહીં. આહાહા ! ( શ્રોતાઃ– રાગ તો જીવની પર્યાય છે ) એ પર્યાય છે પણ એ દ્રવ્યનો સ્વભાવ નથી.. ચૈતન્યનો એ સ્વભાવ નથી. ચૈતન્ય શક્તિનું વ્યક્તપણું તો જાણન દેખન એ એનું વ્યક્તપણું છે. એનું વ્યક્તપણું રાગનું વ્યક્તપણું થાય એવું એનું સ્વરૂપ નથી. આહાહાહા ! ( શ્રોતાઃ– સ્વરૂપ ન હોય તો થાય કેમ ) થાય, તે કીધું ને ઈ પર્યાયમાં થાય છે, એ પરના કારણે થાય છે, પરનું લક્ષ લે છે જાણવાના ઉપયોગમાં એ વિકાર કર્મનો ભાવકનો ભાવ પણ ઉપયોગ ત્યાં છે તેથી ત્યાં મલિન ઉપયોગ દેખાય છે. ( શ્રોતાઃ– દેખાય છે કે થાય છે ? ) દેખાય છે, ખરેખર વસ્તુ ક્યાં થાય છે ? ( શ્રોતાઃ– દ્રવ્ય તો નથી થાતું ) પર્યાયમાં દેખાય છે પણ પર્યાયમાં દેખાય છે ઈ જડનો ભાવ દેખાય છે, એ ચૈતન્ય સ્વભાવનો ભાવ નથી. ઝીણી વાત છે બાપુ. ( શ્રોતાઃ– દેખાય છે ને એનો ભાવ નથી ? ) ના. એનો નથી. જેમ ચૈતન્ય જાણક સ્વભાવ દેખન સ્વભાવ એનું વ્યક્તપણું તો જાણવા દેખવાનું એનું વ્યક્તપણું છે. એનું વ્યક્તપણું વિકારનું વ્યક્તપણું( ન હોય ), ઝીણી વાત ભાઈ મારગ ઝીણો બાપુ ! આહાહાહા !

વીતરાગ મારગ બહુ ઝીણી વાત છે, આંહી બે પ્રકાર કહ્યાં. કહે છે જુઓ. ઉપયોગ પણ વિકારી થઇ રાગાદિરૂપ મલિન દેખાય છે, જોયું ? ભગવાન આત્મા ભાઈ આ તો જૈનધર્મ એ વસ્તુનો સ્વભાવ એને સમજવા માટે તો અનંત પુરુષાર્થ જોઈએ. આહાહાહા... એ કંઈ સાધારણ રીતે મળી જાય ? આહાહા ! એ શું કહે છે ? ચેતનના ઉપયોગના અનુભવમાં આવે છે ત્યારે ઉપયોગ પણ વિકારી થઈ, જોયું પર્યાય વિકારી થઈ, રાગાદિરૂપ મલિન દેખાય છે. પર્યાયમાં મલિનતા છે એમ દેખાય છે. ખરેખર એ ચૈતન્ય શક્તિની વ્યક્તતાનો એ ભાવ નથી.

એ કર્મના ઉદયની વ્યક્તતાનો એ ભાવ મલિન છે. આહાહા ! આવી વાત ક્યાં ? નવરાશ ક્યાં માણસોને કોણ છે ને શું છે.

એક બાજુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાન અને દર્શનના સ્વભાવથી ભરેલો ભંડાર એની વ્યક્તતા, એ કહે છે જુઓ, એ ચૈતન્યની શક્તિની વ્યક્તિ ( પ્રગટતા ) વિકારી દેખાય, જ્યારે તેનું ભેદજ્ઞાન થાય, જોયું ? શું ભેદજ્ઞાન થાય એટલે ? ચૈતન્ય એ જ્ઞાન દર્શન સ્વભાવવંત પરિપૂર્ણ પ્રભુ, એની વ્યક્તતા તો જાણવું દેખવું એવી એની વ્યક્તતા- પ્રગટતા હોય, ત્યારે તે પર્યાયમાં કર્મના નિમિત્તના સંગે જે મલિનતા થાય ભાવ એ ભાવકનો ભાવ છે, એ ચૈતન્યના સ્વભાવનો ભાવ નથી. આહાહાહા ! હવે આવું ક્યાં સમજવું ? એવું છે પ્રભુ !

( શ્રોતાઃ- અપૂર્વ છે. ) અપૂર્વ છે ભાઈ એણે કોઈ દિ' કર્યું નથી. અનંતકાળ અનંતકાળ વીતી ગયો ભાઈ. આહા... પણ એકકોર ભગવાન, કળશમાં કહેશે, "શુદ્ધચેતના સિંધુ હમારો રૂપ હૈ". આત્મા તો શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસિંધુ દરિયો ભર્યો છે. એની વ્યક્તતા એ કહે છે, જુઓ, ચૈતન્યની શક્તિની વ્યક્તિ, ચૈતન્ય જ્ઞાન અને દર્શન અને જ્ઞાતાદૃષ્ટા સ્વભાવથી ભરેલો ભગવાન એ ચૈતન્યની શક્તિ એની વ્યક્તિ, એની વિશેષ પ્રગટ દશા તો જ્ઞાન-દર્શન ઉપયોગ માત્ર છે. ધીમેથી સમજવું ભાઈ ! આ તો અનંત કાળે નહીં કરેલી વાત છે, આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો મારગ બહુ સૂક્ષ્મ છે. આહાહા ! ઘણી ધીરજથી એ સમજાય એવી ચીજ છે. આહાહાહા !

શું કહ્યું ? ( શ્રોતાઃ- સમજાય જાય એવું છે ) હા, સમજાય એવી જ ચીજ છે, બરોબર અહીંયા બે પ્રકાર વર્ણવ્યા. એકકોર ભગવાન ચૈતન્ય સ્વરૂપ પરમાત્માનું સ્વરૂપ બિરાજમાન છે. ચૈતન્ય શક્તિ કહો પરમાત્મ સ્વરૂપ કહો જ્ઞાન અને દર્શનના સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા એની વ્યક્તિ એટલે પ્રગટતા પર્યાયમાં જાણવા દેખવાની ઉપયોગની પર્યાય તે એની વ્યક્તતા છે. અને કર્મ જે છે જડ ભાવક એની વ્યક્તતા એટલે કે પુણ્ય – પાપના મલિન ભાવ, આહાહા ! ગજબવાતું છે ભાઈ ! એ કર્મના ભાવકનો ભાવ. આ ચૈતન્યની શક્તિનો જાણવું દેખવું ઉપયોગ એ એનો ભાવ, પણ અનાદિથી આ જાણન દેખન ઉપયોગમાં એ મલિનતા, મનનો ભાવ અંદર જે ઉપયોગરૂપે દેખાય છે એ એનું નથી. આહાહા ! ( શ્રોતાઃ- થાય છે એની પર્યાયમાં ) પર્યાયમાં થાય છતાં એ એના સ્વભાવમાંથી થયેલો નથી. એની શક્તિના સત્ત્વમાંથી થયેલો ( ભાવ ) નથી. આવું છે ભગવાન ઝીણી વાતું બહુ બાપા મારગ એવો ઝીણો. આહાહા. ગાથા એવી આવી ગઈ છે ને. આહાહા ! ( શ્રોતાઃ- ભાગ્યશાળી ને તો સાંભળવાનું મળે ) મળે એમ. વાત તો એવી છે બાપા, શું કરીએ ? ઓહોહો !

ભગવાન આત્મા તો ચૈતન્ય સ્વભાવી જ્ઞાન દર્શન આનંદ સ્વભાવી પ્રભુ, એની વ્યક્તતા પ્રગટતા તો જાણન દેખન ઉપયોગ ને આનંદ પર્યાય એ એની પ્રગટતા હોય, આહાહાહા... એને બદલે કર્મ જે ભાવક જડ કર્મ તેનું વ્યક્તપણું જે પુણ્ય પાપને મલિન ભાવકનો ભાવ એ ( આત્મ ) દ્રવ્ય સ્વભાવનો ભાવ નહીં. આહાહા ! પાટણીજી ! સમજાય એવું તો છે બાપા. આ પ્રભુ તારા ઘરની વાત છે ને નાથ. આહાહાહા ! એ જાણક સ્વભાવ ભગવાન તેનું પ્રગટપણું તો જાણવા દેખવાનો ઉપયોગ છે, એમાં એ કર્મના ભાવકનો ભાવ, ઉપયોગ ત્યાં જોડાવાથી મલિન

દેખાય છે. આહાહાહાહા !

આવો ઉપદેશ હવે આ તે ક્યાં એમ કહે કે ભગવાનની ભક્તિ કરો, ગુરુની ભક્તિ કરો તો તો સમજાય, હવે ભક્તિ ભક્તિ કરે એ તો બધો રાગ છે, સાંભળને હવે. ( શ્રોતાઃ– કુંદકુંદાચાર્ય કહે છે ઈ બધો રાગ છે ) એ રાગ છે, એ કર્મના ભાવકનો ભાવ છે. ભાઈ તને ખબર નથી. આહાહાહા ! ભારે કામ આકરું બાપુ ! આહા ! બહુ ગાથા સરસ ! ચૈતન્યની શક્તિની વ્યક્તિ ભગવાન સામર્થ્ય તો એનું ચૈતન્ય સામર્થ્ય જ્ઞાનદર્શન સામર્થ્ય છે આત્માનું. એની વ્યક્તિ, પ્રગટતા જ્ઞાન દર્શન ઉપયોગમાત્ર છે. એની પ્રગટતા તો જાણવું દેખવું ઉપયોગમાત્ર એની પ્રગટતા છે. આહાહાહા... એના ઉપયોગની પ્રગટતામાં રાગરૂપે ઉપયોગ થાય એવો એનો ઉપયોગ જ નથી. આહાહાહા ! એ ચૈતન્ય સ્વરૂપ ભગવાન જ્ઞાનનો સાગર પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ, એની પ્રગટતા તો જાણવા દેખવાના ઉપયોગની પ્રગટતા છે, એની પ્રગટતા શુભઅશુભભાવ એ એની પ્રગટતા નથી. આહાહાહા ! કારણકે એની ( આત્માની ) ખાણમાં એ વિકાર ભર્યો નથી, કે જેનું વિકારપણું ભાવક ભાવ્ય થાય એ ભાવક જીવનો ભાવ થાય. આહાહાહા... આકરી વાત બાપા ! અરે ધર્મ શું ચીજ છે.

“અને આ કલુષતા તો રાગદ્વેષ મોહરૂપ છે” છે ? આહાહા... ભગવાન ચૈતન્યશક્તિ એટલે જાણવા દેખવાના સામર્થ્યવાળું એ તત્ત્વ છે. ભગવાન આત્મા તો જાણવા દેખવાના સ્વભાવના સામર્થ્યવાળું એ તત્વ છે એના સામર્થ્યમાંથી પ્રગટ થાય તો જાણવા દેખવાની વ્યક્ત પર્યાય ઉપયોગ પ્રગટ થાય. એમાંથી મલિન પર્યાય ઉપયોગમાં પ્રગટ થાય એવું છે નહીં. આહાહાહા ! પણ તે ઉપયોગમાં કર્મના નિમિત્તથી થયેલો ભાવકનો ભાવ, પુણ્ય, પાપ, દયા દાન વ્રત ભક્તિ આદિનો ભાવ. આહાહાહા... એ એના ઉપયોગમાં મલિનપણે દેખાય છે. એની વસ્તુ ગુણ ને પર્યાય, ગુણ કોઇ મલિન નથી, પુણ્ય પાપના મલિનભાવ પર્યાયમાં એને દેખાય છે. આહાહા.. એ પરનો ભાવ છે, પરના સંગે થયેલો છે, પરની શક્તિની વ્યક્તતા પ્રગટ થતાં તે મલિનભાવ થયો છે, ભગવાનની ( આત્માની ) શકિતથી પ્રગટ થતાં તે મલિનભાવ થયો નથી. એની પ્રગટતામાં તો જાણવા દેખવાનો પર્યાય તે તેની પ્રગટતા છે. આહાહા ! એ જાણવા દેખવાના પ્રગટ પર્યાય ઉપયોગમાં કર્મના ભાવકનો ભાવ મલિનપણે દેખાય છે. આહાહાહા ! છે ? તે દ્રવ્યકર્મનો જડ પુદ્ગલ દ્રવ્યનો ભાવ છે. કલુષિતતા કીધી ને ? તે જડકર્મની પુદ્ગલ દ્રવ્યની છે. આહાહાહા... આવું છે. કેમ કે શુભઅશુભભાવ જે છે. એ અચેતન છે– જડ છે, એમાં ચૈતન્યના પ્રકાશનું કોઈ પર્યાય ( કિરણ ) નથી એમાં. આહાહા ! આવી વાતું છે. સંપ્રદાયમાં પડેલાને આ આકરી વાત લાગે, આવો મારગ ઝીણો.

બાપુ મારગ તો આ છે ભાઈ, આહાહા ! કહે છે કે, આ કલુષતા તો રાગદ્વેષ મોહ, પુણ્ય ને પાપ ને મિથ્યાત્વરૂપી ભાવ તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્ગલ દ્રવ્યની ( પર્યાય ) છે. આહાહાહા...

કેટલો ધીરો થાય ત્યારે તેના ઉપયોગમાં મલિનતા છે એમ દેખાય, એ મલિનતા મારી ચીજ નહીં. ભગવાનની ભક્તિ કરે દેવગુરુની ભક્તિ કરે એ બધો રાગ ભાવ. આહાહા... ગજબ વાત છે એ ભાવક કર્મનો ભાવ છે. જીવશક્તિનો એ ભાવ નથી. તેના સ્વભાવમાં એ ભર્યું નથી, સ્વભાવમાં તો જાણવું દેખવું ને આનંદ ભર્યો છે. એની પ્રગટ દશા થાય તો જાણવું દેખવું અને

આનંદ દશા થાય. આહાહાહા... આવું છે.

તો ય વળી લોકો બિચારા કેટલાક એક ભવ્યસાગર છે. બહુ પ્રસન્નતા દેખાડી. આહાહા.. બહેનશ્રીના વચનામૃત અમને, દિગંબર સાધુ છે, ૨૦ વર્ષની દિક્ષા આહા... અમે કોઇ દિ' આવી વાત સાંભળી નથી. અમને ખબર નથી એમ, અમે મુનિ નથી, બાપા મુનિ કોને કહેવાય ? આહાહા !

કાલે બે કાગળ આવ્યા હતા, તે પહેલાં આવ્યા'તા, લોકો એમ કે માગણી બહુ કરે છે બહેનના પુસ્તકની, સ્થાનકવાસી લોકો આવે છે એય માગણી કરે છે, પણ એની મેળાયે પકડાવું કઠણ. આહાહાહા !

ભગવાન આત્મા એ તો ચૈતન્ય એટલે જાણવું દેખવું જેનો ત્રિકાળી સ્વભાવ, એ એનું સામર્થ્ય છે. એમાં રાગ કરવો એવું સામર્થ્ય એનામાં નથી. એ પુણ્ય પાપ દયા દાનના ભાવ કરવા એ કાંઈ જીવના સ્વભાવનું સામર્થ્ય નથી. આહાહાહા ! એ ભાવ તો જડકર્મ ભાવક જે છે જડ એ કર્મ સિદ્ધ કર્યું, એકકોર ભગવાન સિદ્ધ કર્યો બે. ભાવકનો ભાવ તેની પર્યાય મલિન છે એમ પણ સિદ્ધ કર્યું, આ ભાવ જે જ્ઞાયકભાવ છે એનો ભાવ જાણવું દેખવું ઉપયોગ એ સિદ્ધ કર્યું. આહાહાહા ! હવે ઈ ઉપયોગમાં જે ઓલી મલિનતા દેખાય છે કહે છે, આહાહા... એ પુદ્‌ગલ દ્રવ્યની છે. આહાહા ! આમાંથી કાઢે કે ઈ પર્યાય છે એ જડને લઈને થાય છે, એ આત્માની નથી. કઈ અપેક્ષા ? અત્યારે દ્રવ્ય સ્વભાવની વાત ચાલે છે. દ્રવ્ય સ્વભાવ જે છે વસ્તુનો ભગવાન આત્માનો, એ સ્વભાવમાંથી વ્યક્તતા ( પ્રગટતા ) કાંઈ રાગની થાય ? એના સ્વભાવના ભંડારમાં કોઈ વિકાર ભર્યો છે ? એના સ્વભાવના ભંડારમાં તો નિર્વિકારી શક્તિઓ ભરી છે. આહાહાહા !

આવી વાત છે કહો શાંતિભાઈ, આવું કલકત્તામાં ક્યાંય મળે એવું નથી કયાંય. ( શ્રોતાઃ- કલકત્તામાં મળે એ અહીં મળતુ નથી ) કલકત્તામાં પૈસા મળે છે કહે છે એમ જે આંહી મળે છે. ધૂળમાં શું ? આ અમારે રહ્યા અજીતભાઈ ન્યાં પૈસા મળે છે બહુ નૈરોબીમાં. આહાહાહા ! ઈ કહે છે પૈસા આંહી મળે નહીં, ન્યાં પૈસા મળે એમ કહે છે ભાઈ. આ પૈસા કોને મળે છે ? ક્યાં મળે છે ? ( શ્રોતાઃ- કોઈને મળતા નથી ) કોને મળે પ્રભુ ! પૈસા તો પૈસામાં રહ્યા. કોને મળે ? આહાહાહા... આત્મા ભગવાન આત્મા છે ત્યાં પૈસો આવે છે અંદર ત્યાં ગરી ગયો છે ? પૈસો એ જડની દશા જડમાં રહે છે. ભગવાન આત્માની દશામાં પણ એ આવતા નથી તો એના દ્રવ્યગુણમાં તો ક્યાંથી હોય ? આહાહા !

અહીંયા તો પર્યાયમાં આવે છે એ ચીજ શું છે ? એ વસ્તુ તો આવતી યે નથી. આંહી તો પર્યાયમાં શક્તિની વ્યક્તતા જે ઉપયોગ છે એના ઉપયોગમાં જે જડકર્મના ભાવકનો ભાવ મલિનપણે દેખાય છે, એનું ભેદજ્ઞાન કરવું. આહાહાહા... ભાઈ ભગવાન સર્વજ્ઞ જિનેશ્વરદેવ પરમાત્મા એનો મારગ બહુ સૂક્ષ્મ છે ભાઈ. એ કલુષિતતા જે રાગદ્વેષ મોહરૂપ છે તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્‌ગલ દ્રવ્યની છે. અહીં દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ વાત ચાલે છે. દ્રવ્યનો સ્વભાવ છે એ તો જ્ઞાન ચૈતન્યશક્તિ ચૈતન્યશકિત જ્ઞાનસિંધુ, જ્ઞાન દર્શનનો સિંધુ દરિયો સાગર ભગવાન છે, એમાંથી છોળો ઉછાળો આવે એ ઉછાળો આવે તો શું આવે એમાંથી ? એ જાણવા દેખવાની

પર્યાયનો ઉછાળો આવે. આહાહાહા ! એમાંથી એના ઉપયોગમાં જે આ કર્મનો ભાવકના પુણ્ય પાપના ભાવ મલિન જે છે પુદ્‌ગલનો ભાવ, એના સ્વભાવનો એ ભાવ છે, જીવના સ્વભાવનો એ ભાવ નથી. એ પુદ્‌ગલ દ્રવ્યનો છે.

જ્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ, ભાવકર્મ એનો ભાવ શુભઅશુભ રાગ તે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ, તેનાથી અવશ્ય ભેદભાવ થાય છે. કેમકે એ પરનો છે માટે ભેદભાવ થાય છે. એમ કહ્યું છે. એ સ્વનો નથી માટે ભેદભાવ થાય છે. આહાહા ! સમજાણું કાંઈ ? આવો મારગ ને આવો ઉપદેશ શું કહે છે, હજી એ પકડવું કઠણ પડે. આહાહા... અરે રખડતાં અનંતકાળ ગયો એને સત્ય મળ્યું નથી. સત્ય મળે ત્યારે એણે ( સમજવાની ) દરકાર કરી નથી. આહા... આહાહા... એ ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ, તેનાથી જરૂર ભેદભાવ થાય છે. કેમ ? કે એના સ્વભાવમાં અને એના સ્વભાવની વ્યક્તતામાં એ વિકાર નથી. આહાહાહાહા !

ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવનો સાગર, એનામાં વ્યક્તતા હોય તો તેના સ્વભાવની શક્તિની વ્યક્તતા હોય પણ પુણ્ય ને પાપના મલિન ભાવની વ્યકતતા એ ( આત્મ ) શકિતની વ્યકતતા નથી, એ દ્રવ્યના સ્વભાવની વ્યક્તતા નથી. આહાહાહા... એ કર્મના ભાવકના ભાવનો ભાવ માટે, છે ? તેનાથી જરૂર ભેદભાવ થાય છે. આ કારણે એનાથી ભેદભાવ થાય છે એમ કહે છે. શું કહ્યું ઈ ? ભગવાન આત્મા ચૈતન્ય, ચૈતન્ય, ચૈતન્ય, સિંધુ દરિયો ખારો આ દરિયો હોય એની છોળો ખારી હોય, મીઠો દરિયો હોય એની છોળો મીઠી હોય. એમ ભગવાન તો આનંદ ને જ્ઞાન સાગરનો સાગર ભર્યો છે, એની છોળું જો વ્યક્તતા હોય તો ઉપયોગ જ્ઞાન દર્શનના ઉપયોગની એની વ્યક્તતા હોય. એ ઉપયોગમાં જે કર્મના ભાવકનો ભાવ દેખાય છે, એ જડકર્મનો ભાવ છે, માટે તેનાથી જુદો થઇ શકે છે. આહાહા ! આવી વાત છે. ઓહો ! શું આચાર્યોએ કામ કર્યાં છે. દિગંબર સંતોએ, અમે તો એના દાસ છીએ ! ને, આ તો કાંઇ વાત કે, શું કરે પ્રભુ. તું કોણ છો ? ક્યાં છો ? હું તો જ્ઞાનદર્શન સ્વભાવથી ભરેલો તત્ત્વ ત્યાં હું છું. અને ત્યાં હું છું એમ જેણે માન્યું એની શક્તિમાંથી વ્યક્તતા તો જાણવા દેખવા અને આનંદની થાય. આહાહા ! એવા જાણવા દેખવાના ભાવ એમાં જે મલિનતા દેખાય છે એ જડ કર્મના ભાવકનો ભાવ છે, એ તારા સ્વભાવનો ભાવ( નથી ). આહાહાહા... ( શ્રોતાઃ– એ જડ કર્મની દોસ્તીનો ભાવ ) દોસ્તી પોતે કરી છે, તે તરફના વલણમાં ઉપયોગમાં મલિનતા થાય છે, એ ચૈતન્યનો ઉપયોગ નથી. આહાહા ! ઈ જડકર્મના ભાવનો ભાસ અંદર થાય છે એ મલિન ભાવ છે. જેથી તે જડકર્મના ભાવકનો ભાવ જણાય તે ચૈતન્યના સ્વભાવભાવમાંથી નથી આવ્યો માટે ચૈતન્યના સ્વભાવની વ્યક્તતાને લક્ષમાં લેતાં અથવા દ્રવ્યને કાયમ લક્ષમાં લેતાં એ મલિન ભાવ જુદો પડી જાય છે. આવું છે. આહાહાહા !

સંપ્રદાયમાં એ હાલે કે આ સામાયિક કરો, પડિકમણા કરો, આ કરો ને આ કરો, ભક્તિવાળા ને એ આવે કે ભક્તિ કરો દેવગુરુની, બાપુ મારગડા જુદા ભાઈ. આહાહા ! ( શ્રોતાઃ– બધાં પરસન્મુખતાના ભાવ છે. દેવગુરુશાસ્ત્રની ભક્તિના ભાવ પરસન્મુખતાના ભાવ છે ) રાગ છે ઈ પરસન્મુખ છે, એ ખરેખર ભાવકનો ભાવ છે, એ ચૈતન્ય દ્રવ્યના સ્વભાવનો એ ભાવ નથી.

આહાહાહા ! ભગવાન સિંધુ ચૈતન્ય, ચૈતન્ય સિંધુ એ આવશે આ કળશમાં. આહાહા ! ચૈતન્યનો સિંધુ એની ભરતી પર્યાયમાં આવે તો તો જ્ઞાન દર્શન ને આનંદની આવે ભાઈ. આહાહાહા ! અને ભાવકકર્મ છે તેનો ભાવ તો મલિન ભાવ તે તેની ભરતી છે, પણ અહીંયા જ્ઞાનના ઉપયોગમાં જણાતા, લક્ષ ત્યાં છે તેથી મલિનપણું દેખાય છે. આહાહા ! પણ લક્ષને ફેરવી નાખ, ભગવાન જ્ઞાનસિંધુ છે તેના ઉપર લક્ષ કર. તો એ રાગની ભિન્નતાનો તને ભાસ થશે, તને અંદર. આહાહા ! કહો આવું છે. ( શ્રોતાઃ- ખૂબ માલ કાઢયો આપે ) આવી વસ્તુ છે. આહાહા !

એને પહેલું સમજણમાં તો લ્યે વાતને પહેલી. જ્ઞાનમાં એનો નિર્ણય તો કરે, કે મારો પ્રભુ શુદ્ધ ચૈતન્ય શક્તિના સ્વભાવથી ભરેલો ભગવાન એમાંથી મલિનતાના પરિણામ ક્યાંથી આવે ? આહાહા ! આહાહાહા ! સાકરના પરિણામ પાતળા પડે પણ કાંઇ રાગરૂપે થાય ? કાળીજીરીરૂપે થાય ? એ સાકરના પાણી પાતળા પડે તોપણ મીઠા રહે, હૈ ? આહાહા ! એમ ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ જાણક દેખન આનંદ આદિ શક્તિના સામર્થ્યવાળો પ્રભુ, એની પર્યાયમાં છોળો આવે તો નિર્મળ જ્ઞાન દર્શન આનંદની આવે ભાઈ. આહા... એ દ્રવ્યનું જેને લક્ષ થાય તેને પર્યાયમાં આનંદ અને જ્ઞાનની પર્યાયની વ્યક્તતા છોળ આવે. આહા... પણ જેને દ્રવ્ય સ્વભાવનું લક્ષ નથી તેથી દ્રવ્યની વ્યક્તતા જે છે, જ્ઞાન દર્શન ઉપયોગની( તેની ) તેને ખબર નથી. તેથી તેના જાણવા દેખવાના ઉપયોગમાં ભાવકનો ભાવ ભાસે તે હું છું, એમ માનીને ત્યાં અટકી ગયો છે. આહાહા ! આહાહાહા !

બેનની ચોપડીની માગણી બહુ આવે છે. હવે જગતના ભાગ્ય, આહા... ટાણે આવ્યું, આહાહા ! ટાણે આવ્યું. બાપા ! ભાઈ પણ સમજવું મહા પુરુષાર્થ છે. એ કોઈ ભગવાનની ભક્તિ કરી દે કે દેવગુરુ શાસ્ત્રની ખબખબીયા આહાહા આમ કર્યા આહાહા માટે એ સમજાય જાય એવી એ ચીજ નથી. આહાહાહા ! મોટા ગજરથ કાઢે પાંચ પાંચ લાખના ખરચ કરીને, વરઘોડા કાઢે પચીસ પચીસ પચાસ પચાસ ઘોડા આમ એકવીસ એકવીસ હાથી. અમારે થયું 'તું ને, જયપુર વરઘોડો જ્યારે નીકળ્યો તો ભગવાનનો, હું ત્યાં હતો ને ભગવાનના રથમાં બેઠો હતો. એકવીસ હાથી, ચાલીસ હજાર માણસ સાથે અને ચાલીસ હજાર માણસો સાથે અને ગામના તો માણસ લાખો ઉપરથી દેખે, શું છે આ તે કાંઈ ? રાજા આવ્યા છે કાંઈ ? જયપુર, એકવીસ એકવીસ હાથી મોઢા આગળ શણગારેલા અને હજાર હજાર માણસ પછી એકેક બેન્ડવાજા, મોટું લશ્કર, જોવા નીકળ્યું લોકો ગામ દિગંબર સાધુ જોવા નીકળ્યા પણ આ શું છે પ્રભુ ન્યાં એ તો બધી બહારની ચીજ છે. એ તો જડની ક્રિયા બહારની છે. અને તેમાં ભાવ હોય તો કદાચિત્ રાગની મંદતા હોય તો એ શુભ છે, અને એ શુભ પણ મલિનભાવ છે. આહાહા ! આવું ! એ પણ ભાવકનો ભાવ છે, જ્ઞાયકનો ભાવ નહીં. જ્ઞાયકનો ભાવ નહીં. ભાવકનો ભાવ છે. આહાહા !

ત્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી જરૂર ભેદભાવ થાય છે. કેમકે ભાવકનો ભાવ છે, એ દ્રવ્ય સ્વભાવ જ્ઞાયકનો ભાવ નથી. આહાહાહા... શું શૈલી ! ગજબ છે શૈલી ! આવી ટીકા અત્યારે ભરતક્ષેત્રમાં ક્યાંય નથી. દિગંબર ધર્મ સિવાય આવી વાત ક્યાંય નથી. આહાહાહા ! અને એનો આત્મા જરીક મધ્યસ્થ થઈ જાય તો તેને કબુલાત આવે કે વાત

તો આ જ છે. ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી જરૂર ભેદભાવ થાય છે અને આત્મા જરૂર પોતાના ચૈતન્યના અનુભવરૂપ સ્થિત થાય છે. આહાહા ! એ મલિનભાવ એ ભાવકનો ભાવ પણ જ્ઞાયકનો નહીં, એમ ભેદ કરતાં જ્ઞાયકભાવની પરિણતિ શુદ્ધ થઈ જાય છે. આહાહાહા ! એ રાગથી ભિન્ન પડતાં દ્રવ્યસ્વભાવની શક્તિ પર દૃષ્ટિ પડતાં પર્યાયમાં જ્ઞાનીના જ્ઞાનનો અનુભવ થાય છે. આનું નામ ધર્મ છે. અરે ! હવે આવી વ્યાખ્યા. સમજાણું કાંઈ ? કહો બાબુભાઈ, આવું સાંભળ્યું નથી ક્યાંય ત્યાં માંગરોળમાં એવી વાતો બાપા છે, આહાહા... મીઠી મધુરી વીણા વાગે છે. આહાહાહા !

એ જ્ઞાયકભાવ, આમાં પુનરુક્તિ લાગે એવું નથી. આહાહા.. એ જ્ઞાયકભાવ ભગવાન, એનો વ્યક્તભાવ પ્રગટભાવ તો જ્ઞાયકની પરિણતિરૂપ ભાવ હોય, આ જાણવું દેખવું આનંદ આદિ, અને આ ભાવકનો ભાવ વિકાર છે, એ પર્યાયમાં આમ દેખાય છે તે ભિન્ન છે, એમ જેણે ભેદજ્ઞાન કર્યું. આહાહાહ... એણે જ્ઞાનમાં સ્વભાવની અનુભૂતિ રહી. જે રાગનો અનુભવ હતો મલિનતાનો, તેનાથી ભેદ કર્યો એટલે અરાગનો અનુભવ થયો. અનુભૂતિ શુદ્ધ ચૈતન્યની થઈ. આહાહાહા !

અરે લોકો બિચારા વિરોધ કરે બાપુ માફ કરજો ભાઈ મારગ તો આ છે. તમને દુઃખ લાગે તો શું કરીએ ભાઈ. આહાહા ! વસ્તુ તો આ છે, ત્રણ કાળ, ત્રણ લોકમાં આ જ વસ્તુની સ્થિતિ છે. એને દૃષ્ટિમાં ન લેતાં જે મલિન પરિણામ જે ભાવકનો ભાવ એને દૃષ્ટિમાં લેવો, એ તો મિથ્યાત્વભાવ, સંસારભાવ છે. આહાહા ! પણ એનાથી ભિન્ન પડી કેમ કે એ પરનો ભાવ છે માટે સ્વનો ભાવ નથી માટે ભિન્ન થઈ શકે છે, એમ કહે છે. આહાહા ! એ ઝળક દેખાય છે ઉપયોગમાં એ તો શુદ્ધ ઉપયોગ, ઉપયોગની ચીજ એવી છે,( મલિન ) પણ દેખાય છે પણ ઈ છે પરભાવ એને ભિન્ન પાડીને પ્રભુ ચૈતન્યના સ્વભાવ સન્મુખ થવું તેને અનુભૂતિ જ્ઞાનની ને શાંતિની થાય તેને પરમાત્મા અહીં ધર્મ કહે છે. આવી ધર્મની શરતું છે બાપા. આહાહાહા ! એ ભાવાર્થ થયો.

---

## શ્લોક - ૩૦

( स्वागता )

सर्वत:        स्वरसनिर्भरभावं<br>
चेतये   स्वयमहं   स्वमिहैकम्।<br>
नास्ति नास्ति मम कश्चन मोह:<br>
शुद्धचिद्घनमहोनिधिरस्मि।।३०।।

**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:-**

**શ્લોકાર્થ:-[ इह ] આ લોકમાં [ अहं ] હું [ स्वयं ] પોતાથી જ [ एकं स्वं ] પોતાના એક આત્મસ્વરૂપને [ चेतये ] અનુભવું છું [ सर्वत: स्व-रस-निर्भर-भावं ] કે જે સ્વરૂપ સર્વતઃ પોતાના નિજરસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલા ભાવવાળું છે; માટે**

**[ मोहः ] આ મોહ [ मम ] મારો [ कश्चन नास्ति नास्ति ] કાંઈ પણ લાગતોવળગતો નથી અર્થાત્ એને અને મારે કાંઈ પણ નાતો નથી. [ शुद्ध-चिद्-घन-महः-निधिः अस्मि ] હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ તેજઃપૂંજનો નિધિ છું. ( ભાવકભાવના ભેદ વડે આવું અનુભવ કરે. ) ૩૦.**

**એવી જ રીતે, ગાથામાં 'મોહ' પદ છે તેને બદલી, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન-એ સોળ પદનાં જુદાં જુદાં સોળ ગાથાસૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**

## શ્લોક - ૩૦ ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન

એનું હિન્દી બનાવ્યું છે ને આ કળશમાં બનારસીદાસે,

कहै विचच्छन पुरुष सदा मैं एक हौं । अपने रससौं भर्‌यौ आपनी टेक हौं ।।
मोहकर्म मम नांहि नांहि भ्रमकूप है । सुद्ध चेतना सिंधु हमारौ रूप है ।। ३३ ।।

એ મલિનતાના પરિણામ તો ભ્રમણાનો કૂવો છે, જ્યારે હું "શુદ્ધચેતના સિંધુ હમારો રૂપ હૈ" "શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ."

ભાષા કેવી કરી છે, મોહ કર્મ નાહીં નાહીં ભ્રમ કૂપ હૈ, એ ભ્રમણા પણ મર્યાદિત કૂવા જેવી છે. આહાહા... આહાહાહા... પણ શુદ્ધચેતના સિંધુ હમારો રૂપ હૈ. આહાહા ! એ છે દેખો, આ લોકમાં હું આ શ્લોકનું ( હરિગીત ) બનાવ્યું બનારસીદાસે. આ જગતની અંદર એટલે જગત સિદ્ધ કર્યું, હું સ્વયં પોતાથી જ એટલે કોઈ ઉપદેશ મળ્યો માટે થાઉં છું એમ નહીં. આહાહાહા ! ભગવાન અને ગુરુનો ઉપદેશ મળ્યો માટે હું સ્વયં અનુભવરૂપે થાઉં છું એમ નહીં. આમ છે. દેશનાલબ્ધિ મળી માટે હું આમ થાઉં છું ? કે ના. આહાહાહા ! પોતાથી જ, સ્વયં છે ને, હું તો મારા સ્વરૂપથી જ પ્રકાશું છું "એક સ્વં" ( શ્રોતાઃ- એ પોતાથી તો બરાબર છે પણ 'જ' કયાંથી કાઢયું ? ) ઈ 'જ' કાઢયું એ પોતાથી 'જ' પરથી નહીં એમ સિદ્ધ કરવા કાઢયું. ( કહ્યું ) "સ્વયં એકં સ્વં" એમ આવ્યું ને જુઓ ને "એકં સ્વં" પોતાના એક સ્વરૂપને ભિન્ન રાગાદિને નહીં, ભિન્ન ભાવને નહીં. આહાહાહા !

મારો પ્રભુ એક આત્મસ્વરૂપ પ્રભુ છે. આહાહાહા... ચૈતન્યબિંબ પરમાત્મ સ્વરૂપ મૈં આત્મસ્વરૂપ મૈં એકરૂપ હું. ભિન્ન ભિન્ન પ્રકાર જે છે એ રૂપે હું નહીં. આહાહાહા ! આવું આકરું લાગે ભાઈ. આહાહાહા ! અરે સાંભળવા મળે નહીં, એ બિચારા કે દિ' વિચારે અને કયાં જાય અરે એની રખડપટ કેમ મટે ? "આ લોકમાં હું" એટલે શું ? જગતનું અસ્તિત્વ છે એમાં મારું અસ્તિત્વ પોતાથી પોતાના એકઆત્મસ્વરૂપને અનુભવું છું. આહાહા... હું મારો આનંદનો સાગર નાથ ચૈતન્ય સ્વભાવી ભગવાન એને પરના આલંબન અને અપેક્ષા વિના મારા સ્વભાવને એકરૂપે હું અનુભવું છું. હું આનંદ છું, જ્ઞાન છું, શાંતિ છું, સ્વચ્છ છું, પ્રભુ છું. આહાહા ! આ જીવ અધિકાર છે ને એટલે જીવનું સ્વરૂપ જુદું પાડીને જીવપણું આ છે એમ બતાવ્યું. આહાહાહા ! તેથી રાગને અજીવ કહ્યો, જડ કહ્યો, ચૈતન્ય સ્વરૂપ નહીં માટે જડ, આહાહાહા...

કેમકે રાગ છે તે ચાહે તો ભગવાનની ભક્તિ હો કે ગુરુની ભક્તિ હો, પણ રાગ છે તે અચેતન છે. રાગમાં પોતાને જાણવાની તાકાત નથી, ( શું કહ્યું ? ) રાગમાં પોતાને જાણવાની તાકાત નથી, રાગ પર દ્વારા, આત્મા દ્વારા જણાય માટે તે રાગ અચેતન ને જડ છે. આહાહાહા...

કહો ઈશ્વરલાલજી, આવી ઈશ્વરતા છે. આહાહા... હવે લોકો બિચારા શું કરે ? વિરોધ કરે. ભગવાન તત્ત્વનો વિરોધ કરે છે પ્રભુ, તારું તત્ત્વ જ એવું છે. ભાઈ, તને એકાંત લાગે કે આ તો વ્રત ને નિયમ ને તપ ને ભક્તિના ભાવને રાગ કહીને ઉડાવી દે છે. આહાહા ! ભાઈ તને ખબર નથી, તારો ચૈતન્ય ભગવાન એકલા જ્ઞાન, દર્શન, આનંદના સ્વભાવથી ભરેલો પ્રભુ એના ઉપયોગમાં રાગ ક્યાંથી આવે ? ( ન આવે. )

ત્રિકાળી ઉપયોગ સ્વરૂપ, ઉપયોગમાં ઉપયોગ છે. સંવરમાં આવ્યું ને ભાઈ. આહાહા ! એટલે ? નિર્મળ ઉપયોગ પરિણતિમાં આત્મા છે, રાગમાં આત્મા નથી. આહાહાહા... ગજબ શૈલી ! દિગંબર સંતોની વાતું પરમાત્માને જાહેર પ્રસિદ્ધ કરીને પોકાર મારે છે. દાંડી પીટીને પોકારે છે. દુનિયા માનો ન માનો સમાજમાં સમતોલ રહો ન રહો ! એ નાગા બાદશાહથી આઘા. આહાહા... આહા... દિગંબર સંતો પોકાર કરે છે આમ. આહાહા !

એ પોતાથી જ 'એક' ને સ્વં' એક એક રૂપમેં ભેદેય નહીં, રાગ તો નહીં પણ પર્યાયનો ભેદેય નહીં એવું એક સ્વં, એક સ્વં, એક સ્વં, એક હું, એક પોતે, એક પોતે, આહા... છે ને ? એક પોતાનો એક અને સ્વંનો અર્થ આત્મસ્વરૂપ, એક રૂપ સ્વં. એક એટલે પોતાનો એક, અને સ્વં એટલે પોતાનું સ્વરૂપ 'આત્મ સ્વરૂપ'. આહાહા ! ભાગ્યશાળીને કાને પડે એવી વાતું છે બાપુ રામજીભાઈ કહે છે ને. આહાહા ! આવી વાત છે, ભાઈ ( શ્રોતાઃ– ભાગ્ય લઈને આવ્યા છીએ હવે ) એ તો એને કરવાનું છે ને ? ( શ્રોતાઃ– એ તો કરવાનું તો પોતાને જ હોયને ) એ તો કહ્યું'તું અહીંયા સ્વયં એકમએવ કરે છે, બતાવ્યું માટે કરે છે એમ છે નહીં. આહાહાહા ! ( શ્રોતાઃ– ગુરુ તો બતાવીને અળગા રહે છે ) બીજુ શું કરે ? વસ્તુ તો આ છે. ગતિ તો એણે કરવી છે ને ? ચાલવું તો એને છે ને ? બીજો મારગ બતાવે, કે જો આ મારગ છે આંહીથી જા, એ બે વાડ વચ્ચેથી, પણ હાલવું તો એને છે ને ? કોઈ હારે આવે ? અને હારે આવે તો પણ હાલવું તો પોતાને છે ને. આહાહાહા !

હું, કહે વિચિક્ષણ પુરુષ, વિચિક્ષણ એટલે જ્ઞાની તેને વિચિક્ષણ કહીએ, જગતના ડાહ્યા એ બધા પાગલ જેવા છે, ( શ્રોતાઃ– પાગલ જ છે પાગલ જેવા એમ નહીં. ) જગતના બધા વકીલો ને આ મોટા વકીલ હતા ત્રીસ વરસ પહેલાં બસો રૂપીયા લેતા, પાગલ મોટા એલ. એલ. બી.વાળા મોટા પૂંછડાં વળગાડયા હોય, વકીલાતના હજાર હજારનું દનિયું લેતા હોય, મોટા પાગલ છે. આહાહા !

અહીંયા તો વિચિક્ષણ એને કહીએ કે જેને રાગથી ભિન્ન પડી મારું ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ છે, એવો અનુભવ થયો એને વિચિક્ષણ અને ડાહ્યો કહીએ, બાકી બધા પાગલ છે. આહાહાહા... જેના ફળમાં ચાર ગતિ મળે રખડવું એ શું ચીજ છે બાપુ. આહાહા ! અરે રે ભવભ્રમણ કરતો ક્યાં ભવ જાય... અરે રે એક સવારમાં ઓલી દિશાએ જઈએ છીએ ને ત્યાં મૂકે છે શું કહેવાય પ્રકાશ, બેટરી મૂકે છે ત્યાં એકદમ ફુદા એવા આવે ફુદા જંગલમાં બિચારા ચૌરેન્દ્રિય લાગે છે,

આમ શરીર નાનું આમ થાય, આમ થાય, એને કાંઈ ખબર નથી ત્યાં કયાં શું કરીએ છીએ, કોણ છે એ, અરે માણસ કે દિ' થાય ? એને આવું સાંભળવું કે દિ' મળે ? અને સાંભળ્યા પછી પણ ભેદ કરે ક્યારે ? બહુ દુર્લભ વસ્તુ ભાઈ. આહાહાહા !

આ લોકમાં હું સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મી જીવ એમ પોતાને માને છે, કે હું પોતાથી જ એક 'સ્વં' એક 'સ્વં' આત્મસ્વરૂપને અનુભવું છું. પરને લઈને નહીં, ઉપદેશને લઈને નહીં, રાગને લઈને નહીં, એમ કહે છે. મારો નાથ ભગવાન ચૈતન્ય સ્વરૂપી એને હું એકરૂપ છું, તેને હું અનુભવું છું. આહાહાહા ! આનું નામ વિચિક્ષણ અને સમ્યગ્દૃષ્ટિ ! આહાહાહા !

"સર્વતઃ સ્વ-રસ નિર્ભર-ભાવં" કે જે સ્વરૂપ મારું સર્વતઃ ચારે બાજુથી પોતાના નિજ રસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલો, આહાહાહા... મારો પ્રભુ તો શુદ્ધ ચૈતન્ય સિંધુ દરિયો મોટો સાગર, આહાહાહા... જ્ઞાનાદિ ગુણોનો તો ગોદામ, મારો નાથ તો જ્ઞાનાદિ ગુણનો ગોદામ. શક્તિનો સંગ્રહાલય, અને સ્વભાવનો સાગર, આહાહાહા... એવો જે સ્વરૂપ સર્વતઃ પોતાના નિજરસરૂપ ચૈતન્યના નિજરસ ચૈતન્યના પરિણમનથી એટલે સ્વભાવથી અહીં વાત છે. સ્વભાવ પૂર્ણ ભરેલાં ભાવવાળું છે. પરિણમન શબ્દ એટલે પારિણામિક સ્વભાવથી ભરેલો પરિપૂર્ણ છે. પરિણમન એટલે પર્યાય ન લેવી. સમજાણું કાંઇ ? આહાહાહા !

અરે સમય ચાલ્યા જાય છે. વીજળીના ઝબકારે આયુષ્ય પૂરું થઈ જશે ભાઈ, એ ઝબકારો ચાલ્યો જશે. આહા... એમાં આ પોરવી લે મોતી. આહાહા ! વિજળીને ઝબકારે મોતી પરોવી લો, સોય પરોવી લો. આહાહા ! મારો નાથ ચૈતન્ય સ્વરૂપ એક સ્વરૂપે બિરાજે છે. નિજરસરૂપ ચૈતન્યના ભાવથી પૂર્ણ ભરેલો ભાવવાળો છું. જ્ઞાન દર્શન આનંદના ભાવથી પૂર્ણ ભરેલો છું, વિકાર તો નહીં પણ અલ્પજ્ઞપણું પણ નહીં. આહાહા !

માટે આ મોહ મારો "કશ્ચન નાસ્તિ નાસ્તિ" કાંઈ પણ લાગતો વળગતો નથી. આહાહાહા ! એ શુભઅશુભ રાગાદિભાવ, એ મોહભાવ કેમ કે એ પર તરફના સાવધાનીવાળો ભાવ, મારા સ્વરૂપના સાવધાનીના ભાવથી એ ભિન્ન ભાવ છે. મારે ને એને કાંઈ લાગે વળગે નહીં. આહાહાહા... ચૈતન્યના સ્વભાવથી ભરેલો હું, એને આ રાગ જે પર તરફનો મોહ ભાવ એ મારે કાંઈ નાસ્તિ નાસ્તિ, કશ્ચન એટલે કાંઈપણ લાગતો વળગતો નથી, અને એને અને મારે કાંઈપણ નાતો નથી. નાસ્તિ નાસ્તિ બે વાર છે ને ? કાંઈ નથી, કાંઈ નથી મારે ને એને. આહાહાહા... આહા...

ત્યારે અસ્તિ શું છે હવે ? મારું હોવાપણું મારું પ્રભુ, એનું હોવાપણું શું છે ? આની તો મારામાં નાસ્તિ છે, અસ્તિપણે મારી મોજૂદગી ચીજ પ્રભુ છે એ શું છે ? "શુદ્ધચિદ્ઘન મહઃ નિધિઃ અસ્મિ" આહાહા ! હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ, છે ? શુદ્ધ ચિદ્ ઘન સમૂહ મહઃ નિધિઃ તેજઃ પૂંજનો નિધિ છું. મહઃ એટલે તેજ, આહાહા... હું તો શુદ્ધ ચિદ્ઘન ચૈતન્યનો સમૂહ, ચૈતન્યનો સમૂહ ભગવાન તો છું હું, આહાહાહા ! એક વાત, તેજઃ પૂંજનો નિધિ મહઃ નિધિ, મહઃ નામ તેજ, નિધિ નામ દરિયો અસ્મિ એટલે હું છું. આહાહા ! આવી વાત છે. ભાવકભાવના ભેદ વડે આવું અનુભવન કરે ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહેવામાં આવે છે બાપા. આહાહાહા ! સમજાણું કાંઈ ? -વિશેષ કહેવાશે ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૦૫ શ્લોક - ૩૦ ગાથા - ૩૭
### આસો સુદ-૧૦ બુધવાર તા. ૧૧-૧૦-૭૮ સં. ૨૫૦૪

સમયસાર ૩૦ કળશનો વિસ્તાર છે ને, ૩૦ માં એમ આવ્યું કે આ જગતમાં હું એક આત્મા પોતાના સર્વસ્વ સ્વભાવના રૂપથી ભરેલો પદાર્થ છું. જીવનું સ્વરૂપ છે ને અધિકાર છે ને છેલ્લો, આ લોકમાં હું પોતાથી જ પોતાના એક આત્માને અનુભવું છું મારા અનુભવ માટે મને કોઈ ઉપદેશની જરૂર નથી તેમ પોતાના અનુભવ માટે કોઈ રાગની મંદતાના વિકલ્પની પણ જરૂર નથી. આહાહા ! ( શ્રોતાઃ- તો શેની જરૂર છે ) જરૂર, પોતાના સ્વભાવ સન્મુખ થઈને અનુભવવું તે, આહાહા ! આવું છે. જનમ મરણ રહિત થવાનો ઉપાય આ છે બાકી તો જનમ મરણ કરીને અનંત કાળથી દુઃખી છે. લોકો કહે છે ને કે આ દયા દાન વ્રત ભક્તિ આદિના પરિણામ હોય તો અંદર આત્માનું કલ્યાણ થાય એ વાત તદ્દન મિથ્યાવાત છે. આહાહાહા !

પોતાથી અનુભવું છું. સ્વરૂપ સર્વતઃ નિજરસરૂપ ચૈતન્યના ભાવથી પૂર્ણ ભરેલો છું, હું ચૈતન્યલોક છું. ( શ્રોતાઃ- એમાં પરિણમન છે એટલે ) સ્વભાવભાવ કહ્યું'તું કાલે પારિણામિક સ્વભાવભાવ, પરિણમન પર્યાય નહીં. ચૈતન્યના આ સ્વભાવભાવથી ભરેલો ભગવાન છું હું. આહાહાહા... ચૈતન્યલોક બપોરે આવ્યું'તું ને કાલે ચૈતન્યલોક જેમાં અનંતાગુણો 'લોકયન્તે' એટલે જણાય એવો એ ચૈતન્યલોક છે. આહાહા. એ ચૈતન્યલોકમાં અનુભવમાં જતાં મારો કાંઈપણ રાગ મોહ લાગતો વળગતો નથી. મોહમાં આવ્યું છેને કાલે, પર તરફની સાવધાનીનો જે વિકલ્પ છે, એને ને મારા સ્વભાવને કાંઈ લાગતું વળગતું નથી. આહાહાહા ! હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહનો નિધિ છું, ચૈતન્યલોક એના સ્વભાવનો હું તો સાગર નિધિ સિંધુ છું.

( શ્રોતાઃ- ઈ તો ત્રિકાળી સ્વરૂપની વાત આવી ). વસ્તુ એ જ છે પણ અનુભવે છે એ પર્યાય, પણ છો આવો, આહાહાહા. ચૈતન્યલોક પરમાત્મસ્વરૂપ મારું, તેને હું પરના સંબંધ વિના, મોહના સંબંધ વિના મારા સ્વરૂપને હું અનુભવું છું, એનું નામ આત્માનું જ્ઞાન અને આત્મદર્શન કહેવામાં આવે છે. આહાહાહા... આવી વાત છે. જો આજે દશહરા છે ને ? રામ લક્ષ્મણે રામે રાવણના માથા તોડયા'તા અને વિજ્યા દશમી છે, ભરત ચક્રવર્તીએ આજે વિજય-વિજય કર્યો હતો. આહા ! બહારનો, છ ખંડનો આ વિજયા છે ને આસો મહિનો વિજય માસ કહેવાય છે. વિજ્યા દશમી એક તો રાવણને માર્યો આજે મહાપુરુષ હતા એ, છતાં માર્યો. ( શ્રોતાઃ- માર્યો એ પરિણામ કેવા ? ) એ દુઃખદાયક પરિણામ હતા, પણ બીજો કોઇ ઉપાય નહીં. એ ભૂમિકા વાસુદેવને બળદેવની ભૂમિકા ખેદ અંદર થયો છે ભાવમાં, આહાહા ! રાવણને માર્યો દેહ છૂટી ગયો રાવણનો, એ આ દિવસ છે. છતાં એની ( રાણી ) મંદોદરી પાસે ગયા બેય ( શ્રોતાઃ- માર્યા પછી ગયા ને ) માર્યા પછી ગયા પણ એ તો મારી પદવીને યોગ્ય હતું તે થયું. બા, માતા, હું કોઈનો વેરી નથી, આહાહા ! આહાહા ! જુઓ તો ઉત્તમ પુરુષો, સમ્યગ્દૃષ્ટિ છે, હું તો આત્મા જ્ઞાનસ્વરૂપ છું. અંદર આ રાગ આવ્યો એને ને મારે કાંઈ સંબંધ નથી પણ આવ્યો. આહા ! અને દ્વેષ આવ્યો છે. એને અને મારા સ્વરૂપને કાંઈ સંબંધ નથી પણ અસ્થિરતાથી આ

કાર્ય થઈ ગયું માતા, આહાહા... રાવણની સ્ત્રીને કહે છે, બા ! માફ કરજો મારાથી અમારાથી આ થયું એ અમે પદવીધર એટલે આ થયું, બીજુ શું થાય ? આહાહા ! એના સ્મશાનમાં હારે ગયા. આહાહાહા ! ઈ કાંઈ ઢોંગ કર્યો હશે ? એણે પદવી પ્રમાણે દ્વેષ એ આવી ગયો અને એ સ્થિતિ બની ગઈ, પદવી છે એમને વાસુદેવ બળદેવની. આહાહા... હારે ગયા બાળે છે આમ તળાવની પાળે રામ અને લક્ષ્મણ બેસે છે, આહાહાહા... એ પુરુષોત્તમ પુરુષ રામ, એને આ દેખે છે કે આહાહા... આ સ્થિતિ અંદર જે આવ્યો તો દ્વેષ એને અને મારે કાંઈ સંબંધ નથી, પણ એ આવ્યો અસ્થિરતાથી આહા... એ આ દિવસ છે, આહાહા... એ લંકામાં રામચંદ્રજી આમ બેઠા હશે પાળે તળાવની.... આહાહાહા...

એમ ભરત ચક્રવર્તીને આજે છેલ્લો દિવસ છ ખંડને સાધવાનો હતો. છ ખંડ સાધીને આજે પૂર્ણ થયું, પણ એ સમ્યગ્દૃષ્ટિ હતા. આહાહા... છ ખંડને સાધવાનો વિકલ્પ પણ આવ્યો છે, પણ મારા સ્વરૂપને અને એને કાંઈ સંબંધ નથી. આહાહા... આહા... એમ જાણીને રાગથી ભિન્ન થઈ, મોહથી ભિન્ન થઈ, ભગવાન આત્માના સ્વરૂપને ચૈતન્યલોક મહાપ્રભુ એના સ્વરૂપને અનુભવે. આહાહા ! આ રીતે ગાથામાં 'મોહ' પદ છે તેને બદલી 'રાગ' શબ્દ લેવો 'મોહ' છે ને એને બદલે 'રાગ' રાગને અને મારે કાંઈ સંબંધ નથી. રાગને અને મારે કાંઈ નાતો નથી. મારી નાતના નથી. આહાહા ! હું ચૈતન્યલોક આનંદ સ્વભાવથી ભરેલો લોક એને અને રાગને મારે કાંઈ સંબંધ નથી. મારી નાતનો નથી માટે મારે નાતો નથી. આહાહા... મારી જાતનો નથી માટે મારે એનો સંબંધ નથી. આહાહાહા ! એના સંબંધથી રહિત મારી ચીજ પરિપૂર્ણ ભગવાન છે. જીવ સ્વરૂપ ચૈતન્યલોક હું, આહાહા... એને અનુભવું છું. એ જ્ઞાનસ્વરૂપી ભગવાન એને અને રાગને કાંઈ સંબંધ નથી, તેથી ભગવાન આત્મા રાગના રસ વિનાનો ને ચૈતન્યના રસવાળો પ્રભુ, આહાહાહા... એને હું અનુભવું છું એમ સમ્યગ્દૃષ્ટિને આવો અનુભવ હોય છે. આહાહાહા ! મારગ બહુ ઝીણો આકરો બાપુ.

આ તો લોકો કહે લોકની સેવા કરો, ભક્તિ કરો, પૂજા કરો, વ્રત પાળો ઈ તો બધી રાગની ક્રિયા પ્રભુ, રાગના કારણે આત્માને અનુભવ થાય ઈ ત્રણ કાળમાં નહીં. આહાહા !

એ 'દ્વેષ' આવ્યો જરી રાવણને મારવાનો, ભરત ચક્રવર્તીને છ ખંડ સાધવાનો, પણ આહાહાહા... એ દ્વેષને અને મારે કાંઈ સંબંધ નથી. મારો ભગવાન આત્માની જાત સિદ્ધ સ્વરૂપીની નાત એને અને આ દ્વેષના અંશને કાંઈ પણ સંબંધ નથી. આહાહા ! હું તો મારા સ્વભાવથી ભરેલો ભગવાન એને જાણું અને અનુભવું. આહાહાહાહા... આનું નામ આત્મજ્ઞાન અને આત્મદર્શન કહેવાય છે. આહાહા...

પછી એનો ભેદ "ક્રોધ" પર પ્રત્યે જરી અણગમો આવી જાય, એને અને મારા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપને કાંઈ સંબંધ નથી, એ મારી જાતનો નહીં એ કજાતનો ક્રોધ છે. આહાહા ! મારી જાત તો આનંદ અને જ્ઞાનથી ભરેલો પ્રભુ, એની જાતને અને ક્રોધને કાંઈ સંબંધ નથી, એમ કહીને પોતાના ચૈતન્ય સ્વરૂપથી ભરેલો ભગવાન તેને પર્યાયમાં સન્મુખ થઈને અનુભવું એ હું છું, એ હું આત્મા છું. આહાહાહા !

એમ "માન" જરી માનનો ભાવ આવે કહે છે કે મારી જાતથી ભિન્ન જાત કજાત છે.

આહાહા... એ ચંડાળણીના પુત્ર છે, એ વિભાવના પુત્ર છે, મારો સ્વભાવ એ નહીં. મારા ભગવાનને તો માન વિનાનો સંબંધવાળો હું જાણું છું એમ કહે છે. આહાહા ! કહો હીરાભાઈ ! આવી વાત છે. આહાહાહા ! માન.

"માયા" આહાહા ! માયા, જરી કપટની પર્યાય, એ મારા સ્વભાવની જાત નહીં પ્રભુ. હું તો ભગવાનની નાતનો, ભગવાનની જાતનો, આહાહા... મારું કુળ તો ભગવાનની નાતનું છે. આહાહા ! સમજાણું કાંઈ ? મારું કુળ તો ભગવાનની નાત તે જાતનું છે, એમાં એ માયા એ મારી નહીં. મારે અને એને કાંઈ સંબંધ નહીં. આહાહા... હું તો માયા રહિત ચૈતન્ય સ્વભાવથી ભરેલો ભગવાન એને અનુભવું છું. આહાહા ! કહો, છોટાભાઈ ! આ મોટાભાઈની વાત છે આ, શાંતિ, શાંતિ, શાંતિ, આત્મા, આહાહા... મારો નાથ તો શાંતિનો સાગર છે. અકષાય સ્વભાવથી શાંતિ, શાંતિ, શાંતિ અને એ મારો સ્વભાવ છે. આ માયા એ તો અશાંતિ. આહાહા... મારી શાંતિની જાતનું એ નહીં. બાપુ આ તો ધીરાના કામ છે બધાય.

ધર્મ કોઈ બહારની પ્રવૃત્તિ કરે, વ્રત પાળે ને ભક્તિયું કરે અને પાંચ મહાવ્રતના પરિણામ એ કોઈ ધર્મ નથી. આહાહા ! આંહી તો એ જાતનો "લોભ" ઈચ્છા આવી મહાવ્રતાદિની કે અરે આહાહાહા... એવી ઈચ્છાને અને મહાવ્રતના પરિણામને ને મારા સ્વભાવને કાંઈ સંબંધ નથી. આહાહાહા !

કાલ તો આવ્યું નહોતું બપોરે ચૈતન્યલોક જેમાં અનંતા અનંતા બાદશાહ ભગવાન એમાં અનંતા ગુણની પ્રજા પડી છે અંદર, આહાહાહા... એવો મારો ચૈતન્યલોક અસંખ્ય પ્રદેશી મારો સ્વદેશ, આહાહા... એમાં મારા અનંતા જ્ઞાનઆદિ વીતરાગી સ્વભાવથી ભરેલો હું છું. આહાહા ! અને તે મારી સંપદામાં ન્યુનતા નથી. આહાહાહા... તેમ પ્રભુમાં સંપદામાં રમણીયતા ભરી છે મારા પ્રભુમાં તો રમણીયતા ભરી છે. આનંદ ને શાંતિમાં રમણ થાય એવી રમણતા પડી છે. આહાહા ! એમાંથી નીકળવું કેમ ગોઠે મને કહે છે. આહાહા ! શશીભાઈ ! આહા... મારો નાથ આનંદનો અને શાંતિથી ભરેલો પ્રભુ એમાં મારી રમણતા એ લોભની રમણતા મારી નહીં. આહાહા ! સમજાણું કાંઈ ? એ રમણમાંથી નીકળવું ગોઠતું નથી, પણ પુરુષાર્થની મંદતાથી જરી રાગ આવી જાય છે લોભ, મારે અને એને સંબંધ નથી કાંઈ. આહાહાહા !

એમ કર્મ આઠ કર્મને અને મારે કોઈ સંબંધ નથી. આહાહાહા ! જીવને કર્મ ન હોય ત્યારે કોને જડને હોય ? અરે સાંભળને ભાઈ, આઠ કર્મ છે એ તો અજીવ તત્ત્વ, જડ તત્ત્વ છે પ્રભુ ! એ તો જડલોક છે. આહાહાહા ! એક એક પરમાણુમાં અનંત અનંત ગુણોનો એ જડલોક છે. આહાહા ! એવા અનંતા પરમાણુનો પિંડ જે આઠ કર્મ એ જડલોક તે મારો નહીં, મારો તો ચૈતન્યલોક છે. આહા ! આહાહા ! મારા ભગવાનમાં તો આનંદ આદિ શાંતિ આદિ સ્વભાવના સાગર ભર્યા છે. આહાહાહા ! આવું વીતરાગ સ્વરૂપ પરમાત્મા, આહાહા ! એ દયા,દાન, વ્રતનો વિકલ્પ ઊઠે, એ પણ કર્મની જાત છે મારી જાત નહીં, એમ કહે છે. આહાહાહા !

ભાઈ ! આત્મધર્મ સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માએ કહ્યો એ બાપુ કોઈ અલૌકિક છે પ્રભુ. આહાહા ! એમાં આજ વિજય દશમીનો દિવસ છે. આહાહા ! આત્માનો વિજય કર પ્રભુ આજ. આહાહા ! ( શ્રોતાઃ– આપના આશીર્વાદ જોઈએ ) આહાહાહા ! એને કાળ અને રાગ કર્મ

કોઈ નડતું નથી પ્રભુ. આહાહા ! એ કર્મ એ મારી નાત નહીં, જાત નહીં, એ તો અજીવ છે. હું તો ચૈતન્યલોક ભગવાન છું એમ અનુભવ કર પ્રભુ તને આત્મામાં આનંદ આવશે, આહાહાહા ! તને સિદ્ધની વાનગી મળશે એમાંથી. આહાહાહા ! ભગવાન આત્મા સિદ્ધ સ્વરૂપી પ્રભુ, એ હું છું એમ જાણતા અનુભવતા સિદ્ધની વાનગી, આનંદની વાનગી મળશે. આહાહાહા !

ભાઈ સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ અનંત અનંત પુરુષાર્થ છે ભાઈ, કેમ કે અનંત ગુણોને સ્વીકારવા અને રાગની વિકલ્પદશા કર્મની, સંબંધ છતાં ન સ્વીકારવો, આઠ કર્મનો સંબંધ છે છતાં ન સ્વીકારવો, અને સ્વભાવ અનંતગુણ છે તેને સ્વીકારવો એ બાપુ. આહાહાહા... એવો હું આત્મા મારે ને કર્મને કાંઈ સંબંધ નથી.

"મન" આ મન છે અહીંયા આઠ પાંખડીએ અનંત પરમાણુથી બનેલું એ જડ છે એને અને મારે કાંઈ સંબંધ નથી. અરે અંદર માનસિક ભાવમન જે સંકલ્પ વિકલ્પ એને અને મારે કોઈ સંબંધ નથી. આહાહાહા ! એમ ધર્મી સમ્યગ્દૃષ્ટિને આવો અનુભવ હોય છે. આહાહા ! સમજાણું કાંઇ ? "મન" મન જે છે એને અને મારે કાંઇ સંબંધ નથી, મારો સ્વભાવનો સંબંધ છે એની હારે એનો કાંઈ સંબંધ નથી. એમ ધર્મી જ્ઞાની જીવ પોતાના આત્મસ્વભાવને સંપૂર્ણ વરેલો પરના સંબંધ વિનાનો આ આત્માને અનુભવે તે આત્મા તેને આત્મા કહેવાય, તેને જીવ તત્ત્વ કહેવાય. આહાહાહા !

એમ 'વચન' આ વચન છે એને અને મારે કાંઈ સંબંધ નથી. એ તો જડ છે. આહાહા ! આ વાણી છે એ હું બોલી શકું છું, પ્રભુ એ તારામાં નથી ભાઈ. આહાહાહા... એ ભાષા વર્ગણામાંથી ઊઠે છે વચન ભાષા, એને ને મારે કાંઈ સંબંધ નથી. આહા ! હું બોલું છું એમ છે જ નહીં. આહાહાહા ! કોણ બોલે પ્રભુ ? બોલે તે બીજો, એ ભગવાન ( આત્મા ) નહીં. આહાહા ! ઉપદેશમાં વિકલ્પ આવે પણ મારે અને એને કાંઈ સંબંધ નથી. આહાહાહા ! સમ્યગ્દૃષ્ટિ જીવ તત્ત્વને આ રીતે જાણે અને અનુભવે છે. આહાહાહા ! વાણીનો પ્રયોગ થાય તે મારો નહીં, હવે આ લોકો કહે છે તો પછી ઉપદેશ શું કામ આપો છો, આહાહા ! કોણ કરે સાંભળ ભાઈ ! ( શ્રોતાઃ- એ મોટો પ્રશ્ન છે ) તમે કહો કે પરદ્રવ્યનું કરી શકે નહીં તો પછી આ મંદિરો અને આ ઉપદેશ શું કરો છો ? પ્રભુ સાંભળ ભાઈ, એ વાણીને કોણ કરે નાથ, તને ખબર નથી. જ્ઞાન સ્વરૂપ, વાણીથી ભિન્ન ગુપ્ત છે. આહાહાહા !

અમૃતચંદ્રાચાર્યે ન કહ્યું ? કે વાણીથી તો મારું ચૈતન્ય સ્વરૂપ ભિન્ન છે, ગુપ્ત છે. એટલે મેં આ ટીકા કરી એમ ન માનશો નાથ. આહાહાહા... આહાહા... અને મારી ટીકાથી તમને સમજાય એમ ન માનશો પ્રભુ. આહાહાહા ! ( શ્રોતાઃ- ટીકા પુદ્‌ગલે કરી છે ) ટીકા પુદ્‌ગલે કરી છે ભાઈ. આહાહાહા ! એ વખતે જે શબ્દની પર્યાયનો પરમાણુના ઉત્પન્નનો કાળ હતો ભાઈ. એ વચનમાં પરમાણુ જડ ભાષામાં તે વખતે વચનપણે પરિણમવાની જન્મક્ષણ હતી. તેથી તે ભાષા છે પ્રભુ. એને અને આત્માને કાંઈ સંબંધ નથી. આહાહાહા ! ગળે ઊતરવું ( કઠણ ) બહારના વ્યવહારની પ્રવૃત્તિમાં પડયા અને મનાવે ધર્મ. આહાહાહા ! આકરી વાતું છે ભાઈ. આહાહાહા !

આ મહિનો જ વિજ્યા દશમી છે, વિજ્યા માસ છે આસો માસનું નામ. વિજય માસ છે શાસ્ત્રભાષાએ. આહાહાહા ! કહે છે કે કર્મને અને મારે કાંઈ સંબંધ નથી, ત્યારે જડની સાથે

સંબંધ છે કર્મ ને ? એ જડનું જ સ્વરૂપ છે કર્મ, આહાહા… અત્યારની પ્રવૃત્તિ જગતની એટલી બધી ફેરફાર છે. આહાહા… સાધુઓ અને પંડિતો મોટા એવી જ વાતો કર્યા કરે, આમ કરો આમ કરો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો. આહાહા ! સાધુને દાન આપો, એ તો બધી પ્રભુ રાગની ક્રિયા છે ભાઈ. આહાહાહા… એને અને મારે કાંઈ સંબંધ નથી. એટલે કર્મનો ભાવક એનાથી થયેલો ભાવ, એ મારે અને એને કાંઈ સબંધ નથી. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર આમ ફરમાવે છે એ સંતો જગતને આડતીયા થઈને, આહા… જગતને જાહેર કરે છે પ્રભુ. એકવાર સાંભળને પ્રભુ, આહાહા… તારી પ્રભુતા ! વચનની બોલાય એને કર્મ ( સાથે ) સંબંધ છે એ તારી પ્રભુતા નહીં, તારી પ્રભુતા તો કર્મના સંબંધ વિનાનો છું એ તારી પ્રભુતા છે. આહાહાહા… કર્મના સંબંધમાં છું એ તો પામરતા છે, આહાહાહા ! એ કર્મના સંબંધ વિનાનું તારું તત્ત્વ છે, એ પ્રભુત્વ તત્ત્વ છે. આહાહાહા ! અત્યારે ( પ્રરૂપણામાં ) ફેરફાર બહુ થઈ ગયો. શું થાય ? આહાહાહા !

'કાયા' આ કાયાને અને મારે કાંઈ સંબંધ નથી. આ તો જડની દશા એ હાલે કરે રહે એ બધી જડની ક્રિયા છે. એ આને હું હલાવું એ મારું સ્વરૂપ નથી. આહાહાહા… "કાયાની વિસારી માયા સ્વરૂપે સમાયા એવા નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે." આહાહા ! કાયા પરમાણું માટી ધૂળ એને સુંદર લાગે છે. લાગે કે આ સુંદર તે માટી પ્રભુ. આહાહા… એ જડ છે, અજીવ છે, એ અજીવ તત્ત્વ છે. એને અને મારા જીવ તત્ત્વને કાંઇ સંબંધ નથી. આહાહા ! શાસ્ત્રમાં તો એમ આવે કે જીવને પાંચ શરીર છે. ઔદારિક, તેજસ, કાર્મણ ત્રણ શરીર છે. રસ્તામાં કાર્મણ અને તેજસ બે છે, અને ત્રણ છે નારકીને તેજસ કાર્મણ વૈક્રિયિક ત્રણ છે. કોઈ મુનિ આદિ કોઈને તો વળી આહારક અને–એ હોય આહારક શરીર હોય. આત્માને આ શરીર હોય છે કે જડને ? કે એ શરીર જ આત્માને નથી. આહાહા…

આવી વાત છે ભાઈ. ફેરફાર લાગે માણસને વસ્તુ સ્થિતિ આ છે, શરીરની ક્રિયા જે ક્ષણે ક્ષણે આ હાલે ચાલે આ હોઠ હલે એ તો બધી જડની પર્યાય છે, આત્મા એને કરે નહીં અને આત્માને અને એને કાંઈ સંબંધ નથી. આહાહાહા… એ દેહ જે આમ હાલે છે, કહે છે કે, એ આત્માને અને હાલવાની ક્રિયાને કાંઈ સંબંધ નથી. આહાહાહા ! એમ દેહનો પગ જે આમ ફરે છે એને અને જમીનને પણ કાંઈ સંબંધ નથી, જમીન પરદ્રવ્ય છે, આ શરીર પરવસ્તુ છે. જે આ પગ નીચે અડે છે જમીનને શરીર ? ના. આહાહા… આવી વાત કરે કહે.

( શ્રોતાઃ– પાંચ હજાર ધનુષ્ય ઊંચા રહે છે. ) એ વળી જુદું એની હારે શું સંબંધ છે આંહી તો હાલવા છતાં અડતું નથી તે વાત કરવી છે, એની વાત છે. એ વાત કાંઈ અને આ વાત કાંઈ છે. છે ? આહાહાહા… સમજાણું કાંઈ ? પાંચસે ધનુષ્ય ઊંચે છે છતાં ત્યાં આકાશને અડતા નથી. આંહી સંબંધ છે. ઊંચે છે માટે અડતા નથી. એમ સિદ્ધ થાય તેમ છે ? નહીં, નહીં. છે, છે. બધું ફેરફાર ઘણો છે ખ્યાલમાં છે બધો. આહાહા ! સમજાય છે કાંઈ ? આહાહાહા ! શરીર આમ ચાલે છે પગ એને જમીનને અડતો નથી, એમ કહેવું છે. જમીનને અડીને પગ હાલે છે એમ નથી, એ પગ પોતાના કારણના કરણના સંબંધથી આમ ચાલે છે. પોતાને આધારે ચાલે છે. એ શરીરને અને આત્માને કાંઈ સંબંધ નથી એમ કહે છે. જ્યારે ઓલાની હારે સંબંધ નથી, આહા… એમ

કહેવું છે. અહીંયા તો ભગવાન આત્મા ચૈતન્યરસ આનંદ સ્વભાવથી ભરેલો હું મારે અને શરીરને કાંઈ સંબંધ નથી. ત્યારે કેટલાક લોકો એમ કહે, ઠીક ! શરીરની ક્રિયા ગમે તે પ્રમાણે આપણે કરીએ અને એ શરીરની છે, એમ માનીએ, કરી શકતો જ નથી પછી પ્રશ્ન ક્યાં છે ? આહાહાહા... શરીર જડ છે, અજીવ છે, પુદ્ગલની પર્યાયવાળું તત્ત્વ છે, એને જીવની પર્યાય સાથે પણ કાંઈ સંબંધ નથી, દ્રવ્યગુણની સાથે તો છે નહીં, આહાહાહા... છે ભાઈ વસ્તુ એવી છે. આહાહા... શરીરને કાંઈ સંબંધ નથી.

"શ્રોત્ર" આ શ્રોત્ર ઇન્દ્રિયને અને મારે કાંઈ સંબંધ નથી. આ તો જડની પર્યાય છે. આહાહા... કાન, અંદર આ તો જડની પર્યાય છે. માટી ધૂળની છે આ તો એને અને મારે કાંઈ સંબંધ નથી. આહાહા ! શ્રોત્રેન્દ્રિયથી સાંભળે છે ને જાણે છે ને ? ના, એ તો જ્ઞાનથી જાણે છે શ્રોત્ર ઇન્દ્રિયથી નહીં, અને તે પણ શબ્દ આવ્યા માટે શબ્દથી જાણે છે, એમ નહીં. શબ્દને અને આત્માને કાંઈ સંબંધ નથી પછી શબ્દ આવ્યા માટે જાણ્યું છે એમ છે નહીં. આહાહા ! આવું છે ઉથલપાથલ, જગતથી જુદી જાત છે ભાઈ, વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવનો પંથ તો કોઈ અલૌકિક છે.

શ્રોત્ર આ કહે છે કે, આ સાંભળવાનું મળ્યું ને માટે એટલા ઊંચા આવ્યા ને, નિમિત્ત છે ને એકેન્દ્રિયમાંથી, પણ એ શબ્દ સાંભળવાની ક્રિયા ( થાય ) પણ એ કાન જ જીવને નથી, પછી મળ્યું ક્યાંથી તેં કીધું ? એકેન્દ્રિયમાં નહોતું અને અહીં મળ્યું એટલું સાધન તો ઊંચું આવ્યું ને ? સાધન નથી ભાઈ, આહાહા ! આકરું કામ છે. એ ઇન્દ્રિય જ આત્મા નથી.

"ચક્ષુ" "આંખ" એને અને આત્માને કાંઈ જ સંબંધ નથી. એ તો માટી ધૂળ અજીવ આંખ અજીવની પર્યાય માટીની છે પ્રભુ તો આત્મા અરૂપી એનાથી ભિન્ન છે. એને અને આંખને કાંઈ સંબંધ નથી. આંખ વડે જણાય છે ને ? ના, જાણનારો તો જ્ઞાન દ્વારા જાણે છે. આહાહાહા ! એ ચક્ષુ આત્માની નથી, એને અને આત્માને કાંઇ સંબંધ નથી, જડ છે આ તો માટી પુદ્ગલ.

"સ્પર્શ" શરીરનો આ સ્પર્શ એને અને આત્માને કાંઇ સંબંધ નથી. એ ૧૬ પદના જુદા જુદા ૧૬ ગાથા સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવા, વ્યાખ્યાન કરવા એટલે સ્પષ્ટ કરવા એમ કહે છે અને આ ઉપદેશથી બીજા પણ વિચારવા, ટીકામાં તો જયસેન આચાર્યમાં તો એમ લીધું છે કે આથી અસંખ્ય પ્રકાર છે, અસંખ્ય પ્રકારના વિભાવો જે વિકલ્પ છે અનેક પ્રકારના એને અને આત્માને કાંઈ સંબંધ નથી. એ ચૈતન્યથી ભરેલો ભગવાન એવા જડના કોઈપણ સંબંધમાં કાંઈ પણ આવતો નથી. આહાહાહા !

* એકલા શાસ્ત્ર-અભ્યાસમાં જ જે લાગી રહ્યો છે તેને સ્વભાવમાં આવવા શાસ્ત્રાભ્યાસનો નિષેધ કર્યો છે. પણ તે સાંભળીને કોઈ અપઢ, સ્વભાવમાં તો જઈ શકતો નથી અને શાસ્ત્રાભ્યાસમાં પ્રવર્તતો નથી તો તે તો નિશ્ચયાભાસી છે.

( દૃષ્ટિનાં નિધાન - ૪૩૧ )

## ગાથા - ૩૭

एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्म मनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

अथ ज्ञेयभावविवेकप्रकारमाह-

णत्थि मम धम्मआदी बुज्झदि उवओग एव अहमेक्को।
तं धम्मणिम्ममत्तं समयस्स वियाणया बेंति।।३७।।

नास्ति मम धर्मादिर्बुध्यते उपयोग एवाहमेकः।
तं धर्मनिर्ममत्वं समयस्य विज्ञायका ब्रुवन्ति।।३७।।

अमूनि हि धर्माधर्माकाशकालपुद्गलजीवान्तराणि स्वरसविजृम्भितानिवारितप्रसर-विश्वघस्मरप्रचण्डचिन्मात्रशक्तिकवलिततयात्यन्तमन्तर्मग्नानीवात्मनि प्रकाशमानानि टङ्कोत्कीर्णैकज्ञायकस्वभावत्वेन तत्त्वतोऽन्तस्तत्त्वस्य तदतिरिक्तस्वभावतया तत्त्वतो बहिस्तत्त्वरूपतां परित्यक्तुमशक्यत्वान्न नाम मम सन्ति। किञ्चैतत्स्वयमेव च नित्यमेवोपयुक्तस्तत्त्वत एवैकमनाकुलमात्मानं कलयन् भगवानात्मैवावबुध्यते यत्किलाहं खल्वेकः ततः संवेद्यसंवेदकभावमात्रोपजातेतरेतरसंवलनेऽपि परिस्फुटस्वदमानस्वाभाव- भेदतया धर्माधर्माकाशकालपुद्गलजीवान्तराणि प्रति निर्ममत्वोऽस्मि, सर्वदैवात्मैकत्वगतत्वेन समयस्यैवमेव स्थितत्वात्। इतीत्थं ज्ञेयभावविवेको भूतः।

---

હવે જ્ઞેયભાવના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છેઃ-

ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,
-એ જ્ઞાનને, જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭.

*ગાથાર્થઃ-[ बुध्यते ] એમ જાણે કે [ धर्मादिः ] 'આ ધર્મ આદિ દ્રવ્યો [ मम नास्ति ] મારાં કાંઈ પણ લાગતાંવળગતાં નથી, [ एकः उपयोगः एव ] એક ઉપયોગ છે તે જ [ अहम् ] હું છું'- [ तं ] એવું જે જાણવું તેને [ समयस्य विज्ञायकाः ] સિદ્ધાંતના અથવા સ્વપરના સ્વરૂપરૂપ સમયના જાણનારા [ धर्मनिर्ममत्वं ] ધર્મદ્રવ્ય પ્રત્યે નિર્મમત્વ [ ब्रुवन्ति ] કહે છે.

ટીકાઃ-પોતાના નિજરસથી જે પ્રગટ થયેલ છે, નિવારણ ન કરી શકાય એવો જેનો ફેલાવ છે તથા સમસ્ત પદાર્થોને ગ્રસવાનો ( ગળી જવાનો ) જેનો સ્વભાવ છે એવી પ્રચંડ ચિન્માત્રશક્તિ વડે ગ્રાસીભૂત કરવામાં આવ્યાં હોવાથી, જાણે અત્યંત અંતર્મગ્ન થઇ રહ્યાં હોય-જ્ઞાનમાં તદાકાર થઇ ડૂબી રહ્યાં હોય એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે એવાં આ

---

* આ ગાથાનો અર્થ આમ પણ થાય છેઃ-'ધર્મ આદિ દ્રવ્યો મારાં નથી, હું એક છું' એવું ઉપયોગ જ જાણે, તે ઉપયોગને સમયના જાણનારા ધર્મ પ્રત્યે નિર્મમ કહે છે.

**ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ, અન્ય જીવ-એ સર્વ પરદ્રવ્યો મારાં સંબંધી નથી; કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું અને તે પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળાં હોવાથી પરમાર્થે બાહ્યતત્ત્વપણાને છોડવા અસમર્થ છે ( કેમ કે પોતાના સ્વભાવનો અભાવ કરી જ્ઞાનમાં પેસતાં નથી. ) વળી અહીં સ્વયમેવ, ( ચૈતન્યમાં ) નિત્ય ઉપયુક્ત એવો અને પરમાર્થે એક, અનાકુળ આત્માને અનુભવતો એવો ભગવાન આત્મા જ જાણે છે કે-હું પ્રગટ નિશ્ચયથી એક જ છું માટે, જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું ( મિલન ) હોવા છતાં પણ, પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવો પ્રત્યે હું નિર્મમ છું; કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય ( આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ ) એવો ને એવો જ સ્થિત રહે છે; ( પોતાના સ્વભાવને કોઈ છોડતું નથી ). આ પ્રકારે જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થયું.**

## પ્રવચન નં. ૧૦૫ ગાથા - ૩૭

હવે જ્ઞેયભાવના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છે ૩૭. આ ભાવકભાવની વાત કરી, કર્મ છે એ ભાવક છે એનાથી આ ભાવ્યભાવ આ બધી દશાઓ, એનાથી ભિન્ન બતાવ્યો. હવે જ્ઞેય, આત્મા જાણનાર છે અને આ દેવગુરુશાસ્ત્ર, સ્ત્રીકુટુંબ પરિવાર, છ દ્રવ્ય એ બધા જ્ઞેય જાણવા લાયક છે. આહાહા... એને, અને આત્માને કાંઈ સંબંધ નથી. જ્ઞેય જ્ઞાયક સંબંધ વ્યવહાર છે, બાકી એ ચીજ એની નથી. આગળ કહેશે.

णत्थि मम धम्मआदी बुज्झदि उवओग एव अहमेक्को।
तं धम्मणिम्ममत्तं समयस्स वियाणया बेंति।।३७।।

( હરિગીત )

ધર્માસ્તિયકાય છે કાય છે હોં ધર્મ એટલે ધર્મ નહીં પણ ધર્માસ્તિકાય નામનું ભગવાને એક દ્રવ્ય જોયું છે, છ દ્રવ્ય ભગવાને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, જીવ અને પુદ્‌ગલ છ દ્રવ્યો ભગવાને જોયા છે. તો ધર્મ આદિ, આદિ એટલે છયે દ્રવ્યો,

ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,
–એ જ્ઞાનને, જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭.

એ ગાથાર્થ. લ્યો એમ જાણે છે ધર્મી કે આ ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યો, એમાં દેવગુરુ અને શાસ્ત્ર પણ આવી ગયા, એ પર દ્રવ્ય છે. આહાહા ! એ મારા કાંઈપણ લાગતા વળગતા નથી. આહાહાહા... એ પર જીવ જે છે, એને અને મારે કાંઈ લાગતું વળગતું નથી. આહાહા ! પરમેશ્વર સર્વજ્ઞદેવ છે, ગુરુ નિર્ગ્રંથ આદિ છે, એને અને મારે કાંઈ સંબંધ નથી. આહાહાહા... કાંઈ સંબંધ નથી, આહાહા... મારે અને એને કાંઈ લાગતું વળગતું નથી. એક ઉપયોગ છે એક ઉપયોગ છે તે જ હું છું. આહાહા... જાણવા દેખવાનો ઉપયોગ તે હું છું. એવું જે જાણવું તેને સિદ્ધાંતના, સ્વપરના સ્વરૂપરૂપ સમયના જાણનારા ધર્માત્માઓ મુનિઓ, ધર્મ દ્રવ્ય પ્રત્યે

નિર્મમત્વ કહે છે, ધર્મ અધર્મ આદિ છએ દ્રવ્ય પ્રત્યે, પર જીવ પ્રત્યે, સિદ્ધ પ્રત્યે, આહાહાહા... પંચપરમેષ્ઠિ પ્રત્યે, એ પર જીવ છે મારે અને એને શું સંબંધ ? આહાહાહા !

ટીકાઃ– સ્વયં, પોતાના નિજરસથી જે પ્રગટ થયેલ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ તેના અનુભવથી પ્રગટ થયેલ છે, “નિવારણ ન કરી શકાય એવો જેનો ફેલાવ છે” ચૈતન્ય રસવાળો પ્રભુ એની શક્તિની વ્યક્તતા જે પ્રગટ થઈ, આહાહાહા... એ પ્રગટ થયેલ છે. પરને કારણે નહીં એ પોતાના નિજ રસથી જ જે પ્રગટ થયેલ છે. આહાહા... પર્યાયમાં સમ્યગ્દર્શન જ્ઞાન થયું એ નિજ રસથી પ્રગટ થયું છે. કોઈ નિમિત્તના સંબંધના કારણે પ્રગટ થયું છે એમ નહીં. આહાહાહા... ગુરુના ઉપદેશથી પ્રગટ થયું છે એમ નહીં. આહાહા ! આવી વાતું. મારો પ્રભુ નિજરસથી ભરેલો છે અને નિજરસથી પ્રગટ થાય છે, પોતાના સ્વભાવના સામર્થ્યથી પર્યાયમાં પ્રગટ સમ્યગ્દર્શન જ્ઞાન આદિ થાય છે. આહાહાહા...

નિવારણ ન કરી શકાય એવો ફેલાવ છે. જેની નિજરસની શક્તિની પ્રગટતા ભગવાન આત્માની એને કોઈ રોકી શકે નહીં જગતમાં, એવો જેનો વિસ્તાર છે. ભગવાન ચૈતન્ય સ્વભાવ દરિયો છે, સમુદ્ર છે, એ પર્યાયમાં સ્વયં રસથી ઊછળે છે. આહાહા ! એ ચૈતન્ય સરોવર ભગવાન સમુદ્ર એની વર્તમાન પર્યાયમાં જે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પર્યાય એ નિજરસથી ફેલાય છે. આહાહાહા... પરને કારણે નહીં વ્યવહાર હતો માટે ફેલાય છે નિજરસથી એ નહીં, આરે રે... આવી વાત છે. અત્યારે તો એ જ રાડો છે લોકોની, બસ વ્યવહાર કરો તો નિશ્ચય થશે, વ્યવહાર કરો તો નિશ્ચય થશે એવી પ્રરૂપણા, મિથ્યાપ્રરૂપણા છે એ. આહાહાહા... સમજાય છે કાંઈ ?

નિજરસથી પ્રગટ થયેલ છે ભગવાન આત્મા. આહાહા ! શું કહ્યું સમજાણું ? આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપનો સાગર, આહાહા... તેની સન્મુખ થતાં આશ્રય લઈને નિજરસથી પર્યાય પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જે આનંદસ્વરૂપ એ નિજરસથી પ્રગટ થાય છે. કોઈ વ્યવહારથી થાય છે, અને નિમિત્તથી થાય છે, એમ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહાહા ! આવું છે.

નીચે કહ્યું છે જરી, જે ધર્માદિ દ્રવ્યો મારાં નથી, હું એક છું એવું ઉપયોગ જ જાણે છે, એ ઉપયોગને સમયના જાણનારા ધર્મ પ્રત્યે નિર્મમ કહે છે. એ બીજો અર્થ જરી બતાવ્યો પણ ખરેખર તો આત્મા જ આત્માને જાણે છે બસ. આહાહા... આત્મા ઉપયોગથી જાણે છે. એમેય ભેદ છે. એ તો આત્મારામ, આત્મારામ આત્મામાં રમતો જાણે છે. આહાહાહા...

“સમસ્ત પદાર્થોને ગ્રસવાનો” કહે છે, પોતાના જ્ઞાન સ્વભાવનો જે રસ પર્યાયમાં પ્રગટ થાય એને સર્વ પદાર્થોને ગળી જવાનો, જાણવાનો એનો સ્વભાવ છે. આહાહાહા ! જેમ કોળીયો ગળી જાય છે અંદર, એમ છ પદાર્થો જે પર છે અનંત તીર્થંકરો, અનંત સિદ્ધો, પંચપરમેષ્ઠિ અનંત પરમાણુ, અનંત પરદ્રવ્ય, એ બધાને જાણવાનો એટલે ગળી જવાનો સ્વભાવ છે. આહાહાહા. જેનો સ્વભાવ છે, ભગવાન આત્માનો જ્ઞાનસ્વભાવમાંથી પ્રગટેલી પર્યાય, એ પર્યાયને બધા અનંત દ્રવ્યોને ગળી જવું– જાણી લેવું એવો એનો સ્વભાવ છે. આહાહા !

“એવી પ્રચંડ ચિન્માત્ર શક્તિ વડે” જોયું ? એવી પ્રચંડ તીવ્ર ચિન્માત્ર શક્તિ વડે ગ્રાસીભૂત કરવામાં આવ્યા હોવાથી એવી ચૈતન્યમાત્રની શક્તિ વડે એ કોળીયો કરી ગયા છ દ્રવ્યોને તો !

આહાહા ! ગ્રાસીભૂત છે ને ? ગ્રાસ, ગ્રાસ- ચૈતન્યશક્તિ ભગવાન આત્મા એના સ્વભાવનો વિસ્તાર થતાં એ સર્વ જગતને ગળી જાય ગ્રાસી, કોળીયો કરી જાય, આહાહાહા... એને જાણી લીધું ( બધું ) આવી ભાષા હવે આવું સાંભળવા મળે નહીં અને બહારની વાતું બધી કરે વ્રત કરો ને તપસ્યા કરો, આ કરો તે કરો, દાન કરો, દેશની સેવા કરો, અરે ભગવાનની સેવા કરો પ્રતિમાની એ બધો રાગ છે. આહાહાહા !

"ચિન્માત્ર શક્તિ વડે કોળીયો ગ્રાસીભૂત કરવામાં આવ્યા હોવાથી જાણે કે અત્યંત અંતર્મગ્ન થઈ રહ્યા હોય" ભગવાન જ્ઞાનસ્વભાવી પ્રભુ એમાંથી પ્રગટેલી જ્ઞાનદશા, એને છ દ્રવ્યો તો જાણે અંતર્મગ્ન થઈ ગયા હોય, છ દ્રવ્યો અંદર ગરી ગયા હોય, પ્રવચનસારમાં આવે છેને આહાહાહા... એની પર્યાયનો એટલો સ્વભાવ ભગવાનનો છે આત્માનો, કે અનંત સિદ્ધો ને અનંત નિગોદના જીવો, કે અનંત પરમાણુઓ અને અનંત સ્કંધો, એને એક સમયમાં એક ક્ષણમાં જાણવાનો, કોળીયો કરી જવાનો ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે. આહાહાહા ! જાણે કે છ દ્રવ્યો જ્ઞાનમાં પેસી ગયા હોય ! ! એનું જ્ઞાન થયું ને એમ. આહાહાહા !

અરેરે ! આવી ચીજ આકરી પડે જગતને, કુંદકુંદાચાર્ય તો આ ફરમાવે છે આ, એની ટીકા અમૃતચંદ્રાચાર્ય કરે છે એ પણ આમ ફરમાવે છે. આહા ! દિગંબર સંતોની તો આ વાત છે. તેથી આઘું પાછું કરે એ બધી વિપરીત દૃષ્ટિ છે. આહાહા ! અને વ્યવહાર કરો, વ્રત પાળો, અપવાસ કરો, ભક્તિ કરો, મંદિર બનાવો. આહાહા ! દેશની સેવા કરો, દુઃખીના આંસુ લુઓ, એનાથી તમને લાભ થશે, એ તો મિથ્યાદૃષ્ટિની પ્રરૂપણા છે. આહાહાહા ! આકરું લાગે તેવું છે શું થાય, ભાઈ ? પ્રભુ, તારા હિતની વાત છે ને નાથ. તું પરના સંબંધ વિનાનો અને તું પરના કાર્યને તું કરે ને કરાવે એમ માન પ્રભુ, એમાં તારું શું હિત આવ્યું ? આહાહા !

"જ્ઞાનમાં તદાકાર થઈ ડૂબી રહ્યા હોય" આહાહાહા... શું ? છ દ્રવ્યો, પોતાના સિવાય અનંતા નિગોદના જીવ, અનંતા સિદ્ધના જીવ, પંચપરમેષ્ઠિ અને શાસ્ત્રના શાસ્ત્રોના શાસ્ત્રો જે બાર અંગ લખેલા પડયા હોય, આહાહાહા... એ જ્ઞાનની પર્યાયમાં ગ્રાસીભૂત થઈ ગયા હોય અંદર, આહા... ડૂબી ગયા, જ્ઞાનમાં ડૂબી ગયા અંદર છ દ્રવ્યો, એટલે એનું જ્ઞાન થઈ ગયું એમ. આહાહાહા ! આવું છે એ.

એકએક ગાથા સમયસાર એટલે ગજબ વાત છે. ભાઈ. સાક્ષાત્ પરમાત્માની દિવ્ય ધ્વનિ ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ છે આ. આહાહાહા !

કહે છે, પ્રભુ તું કોણ છો ? કે હું તો ચૈતન્યલોક છું ને નાથ ! તેમાં ચૈતન્યલોકમાં તો ચૈતન્યશક્તિ ભરેલી છે ને ! અને ચૈતન્યશક્તિની ભરેલી પર્યાયમાં ઈ ચૈતન્યશક્તિ પ્રગટ પોતાથી પ્રગટે છે ને ! આહાહાહા ! એ પ્રગટે છે એમાં છ દ્રવ્યો જાણે ડૂબી ગયા હોય, ગ્રાસીભૂત કોળીયો કરી ગયા હોય, આહાહાહા... એવું છે. ગળી ગયા હોય ગળી-ગળી ગયો જાણે. એટલે ? કોળીયો તો નાનો અને આમ મોઢું તો મોટું છે એમ જ્ઞાનની પર્યાય તો મહામોટી છે એમાં છ દ્રવ્યોનો તો ક્યાંય કોળીયો કરી ગયો, એમ કહે છે. આહાહા !

ભગવાન ચૈતન્ય રસનો સાગર એ ચૈતન્યની પર્યાયમાં ઊછળે છે, પ્રગટ થાય છે, તે તેના દ્રવ્ય ગુણ ને પર્યાય ત્રણ થઈ ગયા, એ પર્યાયમાં છ દ્રવ્યો જાણે ગળી જવાય છે, જાણી લે છે,

ડૂબી ગયા છે, કોળીયો કરી ગયો છે, એવું એનું પર્યાયનું સ્વરૂપ છે, ભાઈ આકરું પડે.

એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે. કોણ ? એવા ધર્મ, ધર્માસ્તિકાય એક દ્રવ્ય છે, જડ ચૈતન્યને ગતિ કરતાં તેને નિમિત્તરૂપ થાય તેવું એક તત્ત્વ છે, તેનાથી ગતિ થાય છે તેમ નહીં. આહાહા ! એમ નિમિત્તને ધર્માસ્તિકાયવત્ કીધું છે. અહીં જીવ અને જડ ( પરમાણું ) ગતિ કરે એમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે. એમ દરેક પર્યાય પોતાથી પરિણમે ત્યારે તેને નિમિત્ત બીજી ચીજને કહો, પણ પરિણમે છે એ નિમિત્તથી પરિણમે છે એમ નથી. આ નિમિત્ત અને વ્યવહારના મોટા ઝઘડા છે. આ ઉપાદાન ને નિમિત્ત, નિશ્ચય અને વ્યવહાર એમાં ક્રમબદ્ધ એક નથી નાખ્યું માળે. ચાર કારણ બધે વર્ણવે છે. પણ એ ક્રમબદ્ધ ભેગું નાખવું જોઈએ ને ? અહીંયાથી વિરુદ્ધ ચાર કે ચાર લે છે પણ ક્રમબદ્ધ નહીં ને ક્રમબદ્ધનો જો નિર્ણય કરવા જાય તો બધો ફેરફાર ઊડી જાય. આહાહા !

દ્રવ્યની જે સમયે જે પર્યાય અપનેસે થવા યોગ્ય હોય તે થાય છે, તે તેની જન્મક્ષણ છે, બીજા નિમિત્તને કારણે એ થાય છે એમ ત્રણકાળ, ત્રણલોકમાં નથી. હો નિમિત્ત, પણ એથી થાય છે તેમાં, થઈ સમયની તે તે દ્રવ્યની એ જ્ઞેયનો એવો સ્વભાવ, એવું વર્ણવ્યું છે પ્રવચનસારમાં, જેટલા જ્ઞેયો છે, એનો એવો સ્વભાવ છે કે જે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય તે તેનો જન્મનો ક્ષણ છે. ઉત્પત્તિનો એ કાળ છે. એ ઉત્પત્તિના કાળમાં ભલે નિમિત્ત હો, પણ નિમિત્તથી ઉત્પત્તિ કાળ થયો છે એમ નથી. આહા... આ મોટા ઝઘડા શિક્ષણ શિબિર હસ્તિનાપુરમાં હમણાં ચલાવશે અહીંની વિરુદ્ધમાં. ઉપાદાનમાં નિમિત્ત હોય તો થાય, નિશ્ચય પણ વ્યવહાર હોય તો થાય. અરે ! ભગવાન સાંભળને ભાઈ એવી તારી વાતો સાધારણ. આહાહા !

આંહી તો કહે છે, એ છ દ્રવ્યો એ જાણવાના સ્વભાવમાં તદાકાર થઈ ગયા હોય, જ્ઞાનરૂપે તદાકાર હોં, વસ્તુ કાંઈ આવતી નથી અહીંયા, એવા કોણ ? ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એ દ્રવ્ય છે એક જગતમાં, ભગવાને જોયેલું ગતિ કરતા ( પદાર્થ ) સ્થિર થાય ત્યારે અધર્માસ્તિકાય છે અરૂપી એ નિમિત્ત છે. આકાશ, ( અખંડ–એક ) કાળ અસંખ્ય છે, પુદ્‌ગલ અનંત છે, અને અન્ય જીવ, અન્ય જીવમાં સ્ત્રી કુટુંબને પરિવાર પણ આવ્યા અને દેવગુરુ ને શાસ્ત્રેય આવ્યા. શાસ્ત્ર અજીવમાં જાય, દેવગુરુ જીવમાં જાય. આહાહાહા ! દેવગુરુ ધર્મથી પણ લાભ ન થાય એમ કહે છે આંહી તો. આહાહા !

તારો ભગવાન જીવ સ્વભાવ ઊછળે છે અંદર ત્યાં પરનું શું કામ છે તારે એમ કહે છે એ સર્વ પરદ્રવ્યો મારા સંબંધી નથી, એ બધા પરદ્રવ્ય છે, અનંત સિદ્ધ પરદ્રવ્ય છે, પંચપરમેષ્ઠિ પરદ્રવ્ય છે, મારા ભગવાનને ( નિજાત્માને ) અને એને કાંઈ સંબંધ નથી. આહાહાહા... સમજાણુ કાંઈ ? એ પરદ્રવ્યો, સર્વ પરદ્રવ્યો, મારા સંબંધી નથી કેમ નથી ? એ વિશેષ કહેશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

卐

## પ્રવચન નં. ૧૦૬ ગાથા - ૩૭ આસો સુદ-૧૧ ગુરૂવાર તા. ૧૨-૧૦-૭૮ સં. ૨૫૦૪

સમયસાર ૩૭ ગાથા ટીકાઃ અપને નિજરસસે જો પ્રગટ હુઈ કયા કહતે હૈ કે આ આત્મા જો ચૈતન્ય શક્તિ ચૈતન્યલોક ઉસમૈંસે અપની યોગ્યતાસે નિજ રસસે સમ્યગ્જ્ઞાનકી પર્યાય પ્રગટ હુઈ ૩૭ ગાથા છે ને છેલ્લી, અપને નિજરસસે જો પ્રગટ હુઇ, કોણ ? "પ્રચંડ ચિન્માત્ર શક્તિ" આહાહા... ભગવાન આત્મા ચૈતન્યજ્યોત એના આશ્રયથી પર્યાયમાં અવસ્થામાં ચૈતન્ય શક્તિની વ્યક્તતા પ્રગટ થઈ, એને ચૈતન્યશક્તિ કહનેમેં આયા હૈ. ચૈતન્યસ્વરૂપ ભગવાન એમાંથી અપના રસસે અપની શક્તિસે, અપના અવલંબનસે, અપનેસે, સમ્યગ્જ્ઞાન જ્યોતિ પ્રગટ હુઈ. "જિસકા વિસ્તાર અનિવાર્ય હૈ" જે જ્ઞાનકી પર્યાય પ્રગટ હુઈ ઉસકા વિસ્તાર અનિવાર્ય હૈ વિશાળ હૈ. એ જ્ઞાનકી દશા વિશાળ હૈ. આહાહાહા... "તથા સમસ્ત પદાર્થોકો ગ્રસિત કરનેકા જિસકા સ્વભાવ હૈ" આહાહા ! ભગવાન આત્મા અપના જ્ઞાન જ્ઞાયક સ્વરૂપ ઉસકી દૃષ્ટિ કરકે જો પર્યાયમેં સમ્યગ્જ્ઞાનકી ધારા પ્રગટ હુઈ, ઉસકી શક્તિ કિતની હૈ ? સમસ્ત પદાર્થોકો ગ્રસિત કરનેકા સ્વભાવ હૈ. આહાહાહા ! અપને અલાવા સર્વ પદાર્થ અનંત સિદ્ધો, અનંત નિગોદકા જીવ, અનંત પરમાણુ, અસંખ્ય કાલાણું, એક ધર્મ, અધર્મ ને આકાશ એ સબ પદાર્થકો જાનનેકી– ગ્રસિત કરનેકી શક્તિ હૈ. ગ્રહણ કરનેકી શક્તિ હૈ, ઉસકા જ્ઞાન ગ્રહણ કરનેકી શક્તિ હૈ. આહાહા ! આવી વાતું છે. સમસ્ત પદાર્થકો ગ્રસિત કરનેકા, ગ્રસિત કોળીયો કરી જાતે હૈ અંદર જાણે કવળ, આહાહા... ગ્રાસ.

અહીં ( જીવ અધિકારમેં ) આખિરકી ગાથા હૈ ને ૩૭–૩૮. જે ભાવેન્દ્રિય હૈ એક એક વિષયકો જાનતા હૈ, એ તો ખંડખંડ જ્ઞાન હૈ, એ તો અજ્ઞાન હૈ, એ વાસ્તવિક જ્ઞાન નહીં. આહાહાહા... ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવના પ્રવાહનો ધોધ, ધ્રુવસાગર, ઉસકા આશ્રયસે, દૃષ્ટિસે ઉસકો અપના જાના, તો અપની પર્યાયમેં જ્ઞાન કી ધારા શુદ્ધ પર્યાય ઈતની પ્રગટ હુઈ કે સારા લોકાલોકકો ગ્રસિત, કવળ કરી જાય, ઐસી શક્તિ પ્રગટ હુઈ. આરે આવી વાતું છે. સર્વ જ્ઞેયકો, જ્ઞાનકી પ્રગટ પર્યાય સમ્યકજ્ઞાન સબકો કવળ કરી જાય, ગ્રાસિત કરી જાય, ઐસી શક્તિ હૈ. આહાહા !

"ઐસી પ્રચંડ ચિન્માત્ર શક્તિ" ઐસી પ્રચંડ ઉગ્ર ચિન્માત્રશક્તિ પર્યાયમેં હોં આહા... રાગ નહીં. એ ચૈતન્યમાત્ર શક્તિકી પ્રગટતા. આહાહા ! ઝીણી વાત છે પ્રભુ. જીવ આત્મા ઈસને જાના કે જિસમેં આત્મા જ્ઞાયક સ્વરૂપ હૈ એ ઉપર દૃષ્ટિ લગાકર આત્માકા અનુભવ કિયા તો પર્યાયમેં, અવસ્થામેં ઈતની શક્તિ જ્ઞાનકી પ્રગટ હુઈ કે સારા અનંત પદાર્થકો ગ્રસિત કરી નાખે, જાણી લે, ઐસી શક્તિ હૈ. આહા. આ શરીર વાણી મન આદિ પર પદાર્થ, આહાહાહા... દેવગુરુશાસ્ત્ર પણ પર પદાર્થ, લોકાલોક અપની જ્ઞાનકી પર્યાય સિવાય જિતની ચીજ હૈ એ સબ, ઉસકો તો જ્ઞેય ( જાના ) યહાં જ્ઞાન જાનનેકી શક્તિ હૈ જ્ઞેયકો, એ જ્ઞેય મેરા હૈ ઐસા તો ઉસમેં નહીં હૈ. આહાહા... અરે દેવગુરુ ને શાસ્ત્ર પણ મેરા હૈ ઐસી જ્ઞાન પર્યાયમેં ઐસા હૈ નહીં. વો તો ભગવાન આત્મા અનંત અનંત અનંત અનંત જ્ઞાનકા સાગર પ્રભુ, યે જબ અપના સ્વરૂપકા

અનુભવ હુઆ આત્માકા, તો પર્યાયમેં જ્ઞાનદશા ઐસી પ્રગટ હુઈ, ઈસકો આત્માકી યે પર્યાયમેં સમસ્ત પદાર્થકો જાનનેકી, ગ્રસિત કરનેકી, કવલિત કરનેકી શક્તિ હૈ. આહાહાહા !

ઝીણી વાત બહુ ભાઈ. જગતને નિવૃત્તિ નહીં અને આ આખું તત્ત્વ નિવૃત્તિમય તત્ત્વ હૈ. આહાહા ! "કીયે જાનેસે માનો અત્યંત અંતર્મગ્ન હો રહે હો" કયા કહતે હૈ. એ છદ્મસ્થકા જ્ઞાનકી પર્યાય સમ્યગ્દૃષ્ટિકી જ્ઞાન કી પર્યાય, આહાહાહા... ધર્મી સમ્યગ્દૃષ્ટિ હુઆ ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ મૈં હું, ઐસા ભાન હોકર, પર્યાયમેં જો સમ્યગ્જ્ઞાન હુઆ ઈસકી ઐસી તાકાત હૈ, કિ અત્યંત અંતર્મગ્ન હુઆ, જાણે સબ પદાર્થ અંતર ઘૂસ ગયા હો. અંતર્મગ્ન હો રહા અપની પર્યાયમેં ઐસા જાનનેમેં આયા કે જાણે એ ચીજ અપનેમેં આ ગઈ હો. એ ચીજ આતી નહીં, પણ વો ચીજ સંબંધી અપના જ્ઞાન અપનેમેં હુઆ, ઉસમેં જાનનેમેં આતા હૈ. અરે આવી આકરી વાતું છે.

અત્યંત અંતર્મગ્ન હો રહા હૈ, દેખો ભાષા ! માનો કે અત્યંત અંતર્મગ્ન( હો રહા હૈ ), ભગવાન જ્ઞાનસ્વરૂપ જેમ અરીસામેં સામી ચીજ હો, તો ઉસકા પ્રતિબિંબ પડતે હૈ ને ? યે પ્રતિબિંબ યે ચીજકા, ચીજ નહીં, એ તો અરીસાકી સ્વચ્છતા હૈ, એ સ્વચ્છતા હૈ, પણ એ સ્વચ્છતામેં જાણે પરચીજ પેઠી હોય ઐસે દિખતે હૈ. ઐસે ભગવાન આત્મા, આહાહાહા... એકકોર રામ અને એકકોર ગામ. એકકોર ભગવાન આત્માકા સમ્યગ્જ્ઞાન જ્યાં હુઆ તો એ પર્યાયમેં સારા લોકાલોક અનંત કેવળીઓ અને અનંત સિદ્ધો જિસમેં અંતર્મગ્ન ઉસકા જ્ઞાન હો ગયા, અંતર્મગ્ન હો ગયા હો ઐસે દિખતે હૈ. કહેતે હૈ. ધીરાના કામ હૈ ભાઈ. આહાહા !

એ ચૈતન્યલોક જિસમેં અનંત અનંત ગુણ શક્તિ પડી હૈ ઉસમેંસે એક જ્ઞાન એ જ્ઞાયકકા જ્ઞાન સ્વરૂપકા જ્ઞાન, ઐસા પર્યાયમેં પ્રગટ હુઆ, કે જિસમેં લોકાલોક અન્ય પદાર્થ જાણે નિમગ્ન હો ગયા હો. ઉસકા જ્ઞાન હુઆ હૈ, એ જાણે અંદર નિમગ્ન હુઆ હો, આહાહા ! "જ્ઞાનમેં તદાકાર હોકર ડૂબ રહે હો." આહાહાહા... અરીસામેં જેમ અગ્નિને સામે સર્પ હો અને દિખતે હૈ એ જાણે અંદર એ ચીજ અંદર હૈ ઐસે લગે, હૈ નહીં. હૈ તો યે અરીસાકી સ્વચ્છતા, ઐસે ભગવાન આત્મા અપને જ્ઞાનકી સમ્યક પર્યાયકી સ્વચ્છતામેં લોકાલોક અનંત દ્રવ્યો જાણે કે અંતર્મગ્ન હો ગયા હો ઉસકા જ્ઞાન હુઆ તો જાણે અંતર્મગ્ન હુઆ. આવી વાત છે.

એ જ્ઞાનકી સમ્યક્પર્યાય સ્વકો જાણે, ગુણકો જાણે, લોકાલોકકો જાણે, અનંત પર્યાયકો જાણે, જાણે એક સમયકી પર્યાય જ સર્વસ્વ હો. આહાહાહા... સમજમેં આયા ? એ એક સમયકી પર્યાય જ્ઞાનકી સમ્યક્ જાણે એ સર્વસ્વ હો, લોકાલોકકો જાણે, દ્રવ્યકો જાણે, ગુણકો જાણે, અનંત પર્યાયકો જાણે, આહાહાહા... એક સમયકી પર્યાયમેં, એના ઉપયોગમેં લોકાલોક જાણે અંતર્મગ્ન હો ગયા હો, જાણે કવળ હો ગયા હો, કોળીયા કર લિયા. આહાહાહા... બાકી પણ બહોત રહા. એ સબકો જાના પણ કવળમેં કવળ છોટા ને મોઢા મોટા ઐસી જ્ઞાનકી પર્યાયકી ઈતની તાકાત કે લોકાલોક જાણે ઈ તો કવળ-કવળ હો ગયા. ( શ્રોતાઃ- કેટલા લોકાલોક ) એથી અનંત ગુણા હો તો પણ જાણી શકે ઐસી તાકાત હૈ. કવળ કિયા ને ? આહાહાહા !

પ્રભુ તેરા દ્રવ્યગુણકી તો બાત કયા કરના. આહાહાહા... ભગવાન જ્ઞાયક સ્વભાવ આ ઉસકા ગુણ જ્ઞાન આદિ, ઉસકી તો કયા બાત કરના પ્રભુ ? પણ ઉસકા જ્ઞાન હુઆ, એ જ્ઞાનકી પર્યાયમેં ઈતની તાકાત હૈ, કે સારા આત્મા તો જાનનેમેં આયા, પણ એ પર્યાય, ભિન્ન જે પદાર્થ

અનંત હૈ, આહાહાહા ! અનંત સિદ્ધો, અનંત નિગોદકા જીવ, જિસકી સંખ્યાનો પાર નહીં, આહાહાહા ! એ સંખ્યા ને એના ગુણની સંખ્યાનો પાર નહીં, યે સબ જ્ઞાનકી એક સમયકા ઉપયોગમેં, આહાહા... એ સબ જાનનેમેં આ ગયા હૈ. કવળ હો ગયા. જાણે લોકાલોક જ્ઞાનમેં અંતર્મગ્ન હો ગયા. આવી વાત છે. સમ્યગ્દૃષ્ટિકા જ્ઞાન સ્વરૂપકી પ્રતીતિ અખંડ આનંદ પ્રભુ એની આગળ આ સબ પદાર્થો તુચ્છ હૈ, એ સબ પદાર્થ અપના જ્ઞાનકી પર્યાયમેં ઐસે જાનનેમેં આતા હૈ, કે જાણે કવળ હો ગયા હો, જાણે સબ અંતર્મગ્ન હો ગયા હૈ, અને મૈં યેહી એક જ હું, આહાહાહા ! 'અહમ્ એકો' છે ને ? આગળ આવશે છેલ્લી આડત્રીસમાં આવશે ને. આહાહાહા !

જ્ઞાનમેં તદાકાર હોકર ડૂબ રહે હો, ઈસ પ્રકાર આત્મામેં પ્રકાશમાન દેખો ત્યાં ચિત્તિશક્તિ કીધી'તી ને પણ એ અહીંયા પ્રકાશમાન પર્યાય લે લેના, આત્મામેં પ્રકાશમાન યહ ધર્માસ્તિ, ધર્માસ્તિકાય હૈ ને ચૌદ બ્રહ્માંડમેં એક ધર્માસ્તિ દ્રવ્ય તત્ત્વ હૈ કે જડ ચૈતન્ય ગતિ કરે તો ઉસમેં નિમિત્ત કહનેમેં આતા હૈ. એ ધર્માસ્તિકાય અહીંયા ઘૂસ ગયા અહીં ઉસકા જ્ઞાન આ ગયા. જ્ઞેય હૈ ને ! તો અપના જ્ઞાનકી પર્યાયમેં ધર્માસ્તિકાયકા જ્ઞાન હો ગયા. આહાહાહા ! સમજમેં આયા ? ધર્માસ્તિ નામકા પદાર્થ હૈ તો યહાં આત્મા જ્ઞાયક સ્વરૂપકા જ્યાં જ્ઞાન હુઆ તે એ જ્ઞાનકી પર્યાયમેં ધર્માસ્તિકાય જ્ઞેય હૈ ઉસકા જ્ઞાન હુઆ તો ધર્માસ્તિકાય પદાર્થ જાણે અંદર આ ગયા, અંતર્મગ્ન હો ગયા, ઉસકા જ્ઞાન હૈ. આહાહા... આહાહાહા ! અને એ ધર્માસ્તિકાયમેં પણ અનંત ગુણ, આહાહા ! અનંત અનંત ગુણ, અનંત અનંત ગુણ એ સબ જાણે જ્ઞાનકી પર્યાયમેં જ્ઞેય હોકર આ ગયા. આહાહાહા !

એમ અધર્માસ્તિકાય, અધર્મ એક દ્રવ્ય હૈ, જીવ ને જડ ગતિ કરતાં સ્થિર રહે, તો સ્થિરમેં નિમિત્ત એક અધર્માસ્તિકાય નામકા એક તત્ત્વ હૈ. એ તત્ત્વ પણ સમ્યક્ જ્ઞાયક સ્વભાવકા જ્ઞાન હુઆ તો એ જ્ઞાયક પર્યાયમેં અધર્મ તત્ત્વ જાણે અંદર ઘૂસ ગયા હો, ઉસકા જ્ઞાન હુઆ. જ્ઞાયક ને જ્ઞેયકા સંબંધમેં જ્ઞેયકા જ્ઞાન હુઆ. આહાહાહા ! આવી વાતું છે.

આકાશ ! ઓહોહો ! આકાશ–આકાશ જિસકા અંત નહીં અને જિસકા ગુણકા ભી અંત નહીં, આહાહાહા... ઐસા આકાશ નામકા દ્રવ્ય, જ્ઞાયક સ્વભાવકા જ્ઞાન હોનેમેં યે પર્યાયમેં યે આકાશકા જ્ઞાન હો ગયા. આહાહાહા ! સમજમેં આયા ? એક આકાશમેં અનંત અનંત અનંત અનંત પ્રદેશ, જિસકા અંત નહીં, ઔર એક આકાશમેં અનંત ગુણ, જિસકા અંત નહીં, એ આકાશ નામકા પદાર્થ. આહાહા ! ભગવાન જ્ઞાયક સ્વભાવકા જ્ઞાન હુઆ, ઉસમેં યે આકાશકા જ્ઞાન હો ગયા, ક્યોંકિ પર્યાયકા સ્વભાવ સ્વપરપ્રકાશક હૈ અપને સે, એ પરકા પ્રકાશક અપનેસે હૈ, એ પર હૈ તો જાના ઐસા હી નહીં. આહાહાહા !

અપના જ્ઞાયક ભગવાન ચૈતન્ય સ્વરૂપ પ્રભુ એકલો ચૈતન્યલોક, આહાહા ! ઉસકા જ્યાં લોકન્તે જ્ઞાન હુઆ એ જ્ઞાનમેં ઈતની તાકાત હૈ કે આકાશ પદાર્થકા ક્ષેત્રકા અંત નહીં ગુણકા નહીં ઉસકા ભી જ્ઞાન હો ગયા. આહાહાહા ! એ આ તો હજી મતિશ્રુત જ્ઞાનકી પર્યાયકી બાત ચલતી હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ- મતિશ્રુતમાં તો પરોક્ષ જણાય ) પરોક્ષ ભલે હો પણ જાણવાની શક્તિ ઉસમેં અપનેસે હો ગઈ હૈ પરોક્ષ ને પ્રત્યક્ષ મેં ઈતના ફેર હૈ પણ હૈ બરાબર જેવું કેવળી જાણે છે તેવું જ શ્રુતજ્ઞાની જાણે છે. આહાહાહા !

જેના દ્રવ્યગુણનો તો પાર નહીં શક્તિઓનો ભગવાન આત્મા, જિસકા જ્ઞાન હુઆ એ જ્ઞેય જ્ઞેય જ્ઞેય બનાકર સ્વકો જ્ઞેય બનાકર જ્ઞાન હુઆ સમ્યક્, ઉસમેં પરજ્ઞેયકા જ્ઞાન ઐસા આ ગયા, જાણે અંતર્મગ્ન હો ગયા હો. આહાહાહા ! આવો માર્ગ છે. 'આકાશ' આવ્યું ને ?

"કાળ" અસંખ્ય કાલાણું છે એક એક કાલાણુંમેં અનંત અનંત ગુણ છે એ અસંખ્ય કાલાણુંઓ સંખ્યાએ અસંખ્ય છે પણ એના ગુણની સંખ્યાએ અપાર છે. ઐસા કાળ પદાર્થકા ભી, ઓહોહો ! પ્રભુ તેરી જ્ઞાન પર્યાય, સ્વકો જાનનેમેં આયા તો સ્વપરપ્રકાશક પર્યાય હુઈ, ઉસમેં કાળકા જ્ઞાન આ ગયા. ( શ્રોતાઃ– કાળ તો ઉપચારિક દ્રવ્ય હૈ ) વાસ્તવિક જ્ઞાન હૈ કાળ હૈ યે. ઉપચારિક શ્વેતાંબર કહેતે હૈ. જૂઠ હૈ. આહાહા ! કાળ નામના પદાર્થ અસંખ્ય નિત્યાનિત્ય હૈ, પર્યાયસે અનિત્ય હૈ, વસ્તુસે નિત્ય હૈ કાળ. એ કાળમાં અનંત અનંત ગુણ હૈ જિતના ગુણ ભગવાન આત્મામેં હૈ, જિતના આકાશમેં હૈ ગુણ ઈતના હી એક કાલાણુંમેં ગુણ હૈ. અરે આહાહાહા ! એ અસંખ્ય કાલાણુંઓ અપના સ્વરૂપકા જ્ઞાન હુઆ સ્વપરપ્રકાશક પર્યાયમેં સ્વકો તો જાનતે હૈ તબ તો પરપ્રકાશકકા જ્ઞાન યથાર્થ હુઆ. આહાહાહા !

'પુદ્‌ગલ' આત્માકી અનંત સંખ્યાસે પુદ્‌ગલકા પરમાણુ અનંતગુણા હૈ, એ અનંતગુણા પરમાણુઓ અને એક એક પરમાણુમેં આત્મામેં જિતના ગુણ હૈ ઈતના ગુણ ઈસમેં જડમેં હૈ એકએક પરમાણુ ઐસા અનંત પરમાણુ જે આત્માકી સંખ્યા અનંતસે અનંત ગુણા હૈ, ઐસા પુદ્‌ગલકા જ્ઞાનકી પર્યાય હો પ્રભુ તને તેરી શક્તિકા જ્યાં જ્ઞાન હુઆ, એ જ્ઞાયકકા જ્ઞાન હુઆ, સ્વદ્રવ્યકા જ્ઞાન હુઆ, તો એ પર્યાયમેં ઐસા અનંત અનંત પુદ્‌ગલના પરમાણુ અને એ પરમાણુમેં અનંત ગુણ સબકા જ્ઞાન હો ગયા. આકરી વાત છે પ્રભુ. આહાહા ! તારા દ્રવ્યગુણની તો શું કહેના પણ એ દ્રવ્યગુણકા જ્ઞાન હુઆ, એ પર્યાયમેં ઈતની તાકાત હૈ, જાણે કે એ પર્યાય એક જ વસ્તુ હો બસ. એમાં સ્વભાવકા જ્ઞાન આ ગયા.

ઐસી સમ્યગ્જ્ઞાન, સ્વજ્ઞાયકકા જ્ઞાન હોનેસે પરકા જ્ઞેયકા જ્ઞાન અંદર આ ગયા. આહાહાહા ! સમજાય છે કાંઈ ? વાતું બાપા ! આ ભગવંત તારી વાતું જુદી છે ભાઈ. આ બહારની ચીજો ભપકા લાગે એ તો બધા જડ છે ધૂળ છે. એ બધા પદાર્થ જડ છે, એનું અહીંયા જ્ઞાન આ ગયા એમ કહેતે હૈ. ( શ્રોતાઃ– એનું જ્ઞાન કે એ સબંધી પોતાનું જ્ઞાન ) એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં આવી ગયું એનું બધાનું, એથી કહ્યું ને જાણે એ પદાર્થો બધા અહીંયા ઘૂસ ગયા હો, પદાર્થો આવ્યા નહીં પણ પદાર્થ સંબંધી જે અપના જ્ઞાન હૈ ઉસમેં જાનનેમેં આ ગયા. અરે આવી વાતું હવે.

ભાવેન્દ્રિય તો ખંડખંડ જ્ઞાન એ અજ્ઞાન છે. આહાહા ! એમાં એ જ્ઞાનમાં સ્વને જાનનેકી તાકાત નહીં ફકત પર જાના, ખંડખંડ જ્ઞાનમેં, આહાહાહા... એ ખંડખંડ જ્ઞાન પરવશ હૈ, દુઃખરૂપ હૈ, આહાહા... ઔર ભગવાન આત્મા જ્ઞાયકકા જ્ઞાન, પૂર્ણ હૈ, સ્વવશ હૈ, સુખરૂપ હૈ. આહાહાહા...

ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ ભગવાન આત્મા ઉસકા જ્ઞાન હોનેસે એ દ્રવ્ય સ્વભાવકા જ્ઞાન હોનેસે એ જ્ઞાનકી પર્યાયમેં, આહાહાહા... અનંત અનંત અનંત શરીરો, અનંત નિગોદના જીવ અને એક એક એક નિગોદને બે–બે શરીર, તેજસ ને કાર્મણ, અંગુળના અસંખ્ય ભાગમાં અનંત આત્માઓ એક એક આત્મામાં તેજસ કાર્મણ શરીર એક એક તેજસ કાર્મણ શરીરમાં અનંતા

સ્કંધો, એક એક સ્કંધમાં અનંત પરમાણુઓ, અને એકએક પરમાણુમાં અનંત ગુણા ગુણ. આહાહાહા... એ સર્વજ્ઞ સિવાય આ કોણ કહે ? અને એ ( જાનના ) તેરા સ્વભાવ ઐસા હૈ કહે છે. આહાહાહા !

ભગવાન તું જ્ઞાતાદૃષ્ટા હૈ ને ? તેરી ચીજ તો જ્ઞાતા દ્રષ્ટા પ્રભુ હૈ ને ? એ જ્ઞાતાદ્રષ્ટાકા જ્ઞાન હુઆ સ્વસ્વરૂપકા જ્ઞાન હુઆ, એ જ્ઞાનકી પર્યાયમેં પર જિતના જ્ઞેયો ને ગુણ હૈ, સબકા જ્ઞાન આ જાતા હૈ. આહાહાહા... ઝીણી ગાથા બહુ છે બાપા. આહાહાહા... વસ્તુ સ્થિતિ આ છે. આહાહા !

એ પરમાણુના તો અનંતા લાડવા, અનંતા મેસુબ, અનંતા રસગુલ્લા આદિ પરમાણુના પિંડ હૈ. આહાહાહા ! આ અનંતા રજકણનો પિંડ શરીર હૈ. અનંતા રજકણનો પિંડ કાર્મણ ને તેજસ શરીર હૈ, એક એક રૂપીયાને પાઇમેં અનંત પરમાણુ હૈ, નોટ અનંત પરમાણુના સ્કંધ છે. ઈસમેં અનંત પરમાણુ હૈ એકએક પરમાણુમેં અનંત ગુણ હૈ એ સબ પુદ્‌ગલકા જ્ઞાન, આહાહાહા... ભગવાન આત્મા ઉસકા જ્ઞાન હોનેસે, સ્વલક્ષમેંસે જ્ઞાન આયા, આહાહાહા... તો યે જ્ઞાનકી પર્યાયમેં અનંતા સ્કંધો આ શરીરાદિકા જ્ઞાન ( સભી કા ) જ્ઞાન હો જાતા હૈ, મેરા હૈ ઐસા ઉસમેં હૈ નહીં. આહાહાહા... આવું છે પ્રભુ.

તેરા દ્રવ્યનું તો શું કહેવું, ગુણનું તો શું કહેવું, પણ એની એક જ્ઞાનની એક પર્યાયની વાત આવી છે. આહાહાહા... ભલે ઉપયોગ અસંખ્ય સમયે લાગુ પડે, પણ એની એક પર્યાયમાં જ આ બધું હોય છે. આવું જ્ઞાન થાય, ત્યાં ભેગો આનંદ હોય છે. આહાહા... એ જ્ઞાન થતાં સ્વ-વશતા હોય છે એ જ્ઞાન હોતા નિરાલંબી પરિણતિ પ્રગટ થતાં, આહાહાહા... અનંતા અનંતા પરમાણુ, આખો લોક પરમાણુથી ઠાંસીને ભર્યો છે. અહીંયા અંગુળના અસંખ્ય ભાગમાં અનંતા સ્કંધ છે, એક એક સ્કંધમાં અનંતા પરમાણુ છે, એક એક પરમાણુમાં અનંતા ગુણ છે. અનંતા ગુણની અનંતી પર્યાય છે. આહાહાહા... એ સબકા જ્ઞાન પ્રભુ તેરા જ્ઞાન હોનેસે ( હોતા હૈ ) કિતની તાકાત હૈ દેખ તો ખરો, પરકા જ્ઞાન તો અનંત બૈર કિયા કહે છે, આહાહા ! એ વાસ્તવિક જ્ઞાન હી નહીં. આહાહા ! સમજમેં આયા ?

પુદ્‌ગલ, પુદ્‌ગલમેં કયા બાકી રહા ? આ ફર્નિચર ને મકાનો ને મહેલને અનંત અનંત પૈસા અને રૂપીયા એ તો જ્ઞાનકી પર્યાય પ્રગટ હુઈ તો એમાં જાનનેમેં આ ગયા બસ. આહાહાહા ! ( શ્રોતાઃ- જ્ઞાન ન થાય ત્યાં સુધી તો માલિકીનો પ્રશ્ન નથી ) માલિક ધૂળેય નથી. માલિક માલિક માને અજ્ઞાની મૂંઢ હૈ. પરજ્ઞેયનો માલિક હું એમ માને મૂંઢ હૈ. આહાહાહા ! સ્વજ્ઞેયકા માલિક હુઆ અપના ચૈતન્ય જ્યોત જ્ઞાનકા પરિપૂર્ણ ભંડાર ઐસા તો અનંત ગુણ પ્રભુમેં, ઐસા જ્ઞાયક ચૈતન્ય એના આશ્રયે, આહાહા... એને લક્ષે, જે જ્ઞાનદશા થઈ, હુઈ એ જ્ઞાનમેં અનંતા પુદ્‌ગલોને અડયા વિના સ્પર્શ્યા વિના, આહાહા... એ અનંતા પુદ્‌ગલમેં, વર્તમાન જ્ઞાનકી પર્યાય પ્રવેશ કર્યા વિના, ( જાણી લે ).

એ ઓલો ભાવસાર યાદ આવ્યો અરે ભગવાન વેદાંતી ૮૪માં પૂછયું 'તું રાણપુર અરે ભગવાન એમ નથી. કીધું ભાઈ, અનંતને એક માનવું છે ને એટલે પછી જ્ઞાન પેસે ત્યારે એક થઇ જાય. અરે એમ નથી, ભાઈ વેદાંતે પર્યાય માની નથી. નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ હૈ. ભલે

એ આત્માની વાતું કરે. આહાહાહા !

યહાં તો ભગવાન જ્ઞાયકનો પિંડ પ્રભુ એના સ્વલક્ષે જે જ્ઞાન થયું, તે જ્ઞાનની પર્યાયમાં આટલી તાકાત કે અનંતા અનંતા અનંતા અનંતા અનંતા દ્રવ્યો અને એક એક દ્રવ્યોમાં અનંતા અનંતા અનંતા અનંતા અંત ના આવે એટલા ગુણો એને એમાં પેઠા વિના, એને અડયા વિના, અથવા એનું અસ્તિત્વ છે માટે અહીંયા જ્ઞાન થાય છે એમ પણ નહીં. આહાહાહા ! જ્ઞાનની એક સમયની પર્યાય જ ઈતની તાકાતવાળી છે, અપની પર્યાયકા અસ્તિત્વ ઈતના હૈ. આહાહા ! અરે આવી તત્ત્વની વાત મૂકી દઈને બહારમાં વ્રત કર્યાંને અપવાસ કર્યા ને એમાં ધર્મ માન્યો અજ્ઞાનીએ, રખડી મરશે. આહાહાહા !

એ અનંતા પુદ્‌ગલ પરાવર્તન કર્યાં એનું પણ પર્યાયમાં જ્ઞાન થાય કહે છે, એમ કહે છે. આહાહા... અનંત પુદ્‌ગલમાંય છે ને ? અનંતા પુદ્‌ગલ પરાવર્તન કર્યાં. આહાહા... એનું અહીંયા અનંત પુદ્‌ગલ પરાવર્તનનો જેમાં અભાવ છે, જેમાં રાગનો અને શરીરનો અભાવ છે, જેમાં એક સમયની પર્યાયનો પણ જેમાં અભાવ છે, એવા દ્રવ્યનું જ્ઞાન અને શ્રદ્ધા થતાં, આહાહાહા... એ પર્યાયમાં અનંતા પુદ્‌ગલ પરાવર્તન કર્યાં એનું જ્ઞાન થાય. આહાહાહા... આવી વાતું છે.

એ કહેશે અંતરંગતત્ત્વ તો હું આ છું. આહાહા ! ઝીણું પડે પ્રભુ પણ સત્ય તો આ હૈ. આહાહાહા ! અન્ય “જીવ” હવે અનંતા સિદ્ધો, આહાહા... અરિહંતો આચાર્ય ઉપાધ્યાય સાધુ જે કેવળી છે અનંત સિદ્ધ લાખો કેવળી હૈ એ સબ જીવ અન્ય એનું સ્વજ્ઞેયનું જ્ઞાન થતાં ભગવાન આત્મા સ્વપરપ્રકાશકનો પિંડ પ્રભુ, એનું જ્ઞાન થતાં એ જ્ઞાનની પર્યાયમાં અનંતા પંચપરમેષ્ઠિઓ, આહાહા... નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં એ ત્રણેય કાળના અરિહંતો, આહાહા... ત્રણેય કાળના સિદ્ધો, ત્રણેય કાળના આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ, એથી અનંત ગુણા બીજા નિગોદના જીવો, આહાહાહા... એ બધું “અન્ય જીવ” એ જ્ઞાનની પર્યાયમાં જણાય છે. કહે છે આહાહાહા ! એ ભૂત ને ભવિષ્યના કાળના થઈ ગયા અને થાશે તીર્થંકરો, આહાહાહા ! એ ચૈતન્યના મહાપ્રભુ, એનું જ્ઞાન થતાં એ ત્રણકાળના અરિહંતો, સિદ્ધો, આચાર્યો, આહાહા... કાળ આવી ગયો ને એટલે કાળમાં રહેલા પણ બધા આવી ગયા, એ જ્ઞાનની પર્યાયમાં તેનું જ્ઞાન થાય.

અનંત તીર્થંકરો, સંતો મુનિઓ થશે, અનંત થઈ ગયા અને અનંત સિદ્ધપણે હૈ, બાકી બધા સંખ્યાત હૈ, ઉસકા જ્ઞાન ભગવાન તેરી જ્ઞાનકી પર્યાય સ્વકા જાનનેમેં ઈતની તાકાત હૈ કે એ સબકો એક સમયમેં જાન લેતી હૈ. આહાહાહા ! આવી વાતું હવે. સમજમેં આયા ? આ શું હશે આ ને ધર્મમાં આવી વાત હશે ? ભગવાન તારો ધર્મ જ્ઞાનસ્વભાવ અને એ જ્ઞાનસ્વભાવી ભગવાન એનું જ્ઞાન થતાં, આહાહાહા... એ જ્ઞાનની પર્યાયમાં અનંતા જીવો, જે અન્ય, સ્વ જીવથી અન્ય, એનું જ્ઞાન એક સમયની પર્યાયમાં આવી જાય છે. સમજાય છે કાંઈ ? આહાહાહા !

અન્ય જીવો, હવે આમાં દેવગુરુય આવ્યા, અરિહંત સિદ્ધેય આવ્યા, એનાથી આત્માને લાભ થાય એ વાત રહેતી નથી એમ કહે છે. આહાહાહા ! અ તો આવી ગયું ’તું નહીં ? સ્વયમેવ પરની અપેક્ષા વિના સ્વયમેવ જ્ઞાન પોતાથી થાય છે, આહાહાહા ! ઉપદેશ વિના. ઉપદેશ મળ્યો માટે થાય છે એમ નહીં, આવ્યું ’તું ? આહાહા ! જેને સ્વજ્ઞાન થવામાં ઉપદેશની પણ અપેક્ષા

નથી. આહાહાહા... છતાં દેશનાલબ્ધિ હોય છે, પણ એ હોવા છતાં સ્વના જ્ઞાન થવામાં તેની અપેક્ષા નથી. આહાહા ! આવું સ્વરૂપ છે.

અરે, તું કેવડો મોટો ? તારી પર્યાયમાં મોટપનો તો પાર નથી પ્રભુ, દ્રવ્યગુણની તો શું વાત કરવી ? એ તો મહાપ્રભુ આનંદનો ભંડાર, જ્ઞાનનો ભંડાર, શ્રદ્ધાનો ભંડાર, ઈશ્વરતાનો ભંડાર અનંત અનંત શક્તિનો તે ભંડાર પ્રભુ, પણ એવા અનંત શક્તિના ભંડારવાળું તત્ત્વ, એનું જ્ઞાન થતાં, આહાહાહા... ભાવેન્દ્રિયથી અગિયાર અંગનું જ્ઞાન થયું એ અજ્ઞાન અને સ્વના જ્ઞાયકના આશ્રયે જે જ્ઞાન થયું તે અનંતા જીવને જાણે એવું જ્ઞાન, આહાહાહા... કાને વાત પડવી મુશ્કેલ પડે એવી છે, બાપુ તારી મોટપની શી વાત કરવી તને એ વાત બેસતી નથી, પામર તરીકે માન્યો છે ને. આહાહા !

અહીંયા તો ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપી પ્રભુ એકલો જ્ઞાયક સ્વભાવ ધ્રુવ ચૈતન્ય ઉસકા જ્ઞાન હોનેસે પરકી બાત યહાં નહીં, અહીં તો સ્વકા જ્ઞાન હોનેસે એ પર્યાયમેં પરકા જ્ઞાન સહજ હો જાતા હૈ. ઝીણી છે ભાઈ વાત, જીવ અધિકાર છે ને ! જીવ અધિકારની જ્ઞાનની પર્યાયનો અધિકાર, ધર્મ સમજયો, સમ્યગ્દર્શન પામ્યો, ભગવાન પૂર્ણાનંદના નાથને પ્રતીતમાં લિયા. આહાહા ! પૂર્ણાનંદનો નાથ ઈસકા જ્ઞાન હુઆ, એ જ્ઞાનકી પર્યાયકી આ બાત ચલતી હૈ. આહાહા ! જાણે કે અનંતા જીવો સિદ્ધો છે, એને જાણે કોળીયો કરી ગયો પ્રભુ, આહાહાહાહાહા ! એના જ્ઞાનનો પર્યાય એ સ્વના જ્ઞાનના લક્ષે વસ્તુના તત્ત્વના જેમાં જ્ઞાયકપણું ભર્યું છે, આહા... એને આશ્રયે લક્ષે જે જ્ઞાન સમ્યક્ થાય તે પર્યાયમાં અનંતા સિદ્ધો જણાઈ જાય છે. આહાહા ! એને જાણવા માટે ઉપયોગ જુદો મૂકવો પડતો નથી. સ્વને જાણવાનો ઉપયોગ થયો એમાં એને જાણવા માટે ઉપયોગ જુદો મૂકવો પડતો નથી. આહાહાહા ! જુઓ આ ભગવાન આત્માના જ્ઞાનની પર્યાય, એને સમ્યગ્જ્ઞાન કહીએ. આહાહાહા !

ભાઈ મારગ તો અલૌકિક છે, આહાહા... તારી ચીજ જ અલૌકિક છે, લોકોત્તર, લોકોત્તર આહાહા... અનંત જીવ, આયા ? એ સમસ્ત પરદ્રવ્ય, એ સમસ્ત પરદ્રવ્ય, અરિહંત પરદ્રવ્ય, સિદ્ધ પરદ્રવ્ય, સાધુ આચાર્ય પર દ્રવ્ય, એ મેરી ચીજ નહીં. આહાહાહા... તો આ વળી દીકરા દીકરી બાઇડી છોકરા મારા મૂઢ હૈ, મોટો મૂરખ હૈ. ( શ્રોતાઃ- અન્ય જીવમાં બધા આવી ગયા ) બધા આવી ગયા, આહા ! ( શ્રોતાઃ- કોણ બાકી રહ્યું ) એ સ્ત્રીનો આત્મા, પુત્રનો આત્મા, એ સ્વનું જ્ઞાન થતાં એ જ્ઞાનમાં તેનું જ્ઞાન થયું તે જ્ઞાનની પર્યાયમાં તે જણાઇ ગયા. તે પોતાની પર્યાયમાંથી જણાઈ ગયા, એને લઈને નહીં. આહાહાહા ! આવું છે. આહાહાહા ! ( શ્રોતાઃ- આવું જાણવા જેવું છે ) આ વસ્તુ છે બાપુ. દુનિયા ક્યાંય અથડાઈને પડી છે, એક તો સંસારના પાપ આખો દિ'બાઈડી છોકરા ધંધા પાપ પાપને પાપ, હવે એમાં કલાક મળે ને સાંભળવા જાય ત્યાં તત્ત્વની વાતો ન મળે અને વિપરીત વાતો, આહાહાહા ! અપવાસ કરો, દર્શન ભગવાનના કરો, મૂર્તિ કરો, મૂર્તિ એક આટલી પણ સ્થાપે તો એના પુણ્યનો પાર નહીં, પણ એથી શું થયું ? એ ધર્મ કયાં આવ્યો એમાં ? આહાહા... એ જગતની મૂર્તિઓ જે અનંત મંદિરો, અરે ! ચૈતન્યની શાશ્વત પ્રતિમાઓ, એનું અહીં જ્ઞાન, સ્વનું જ્ઞાન થતાં તે પર્યાયમાં એનું જ્ઞાન આવી જાય છે. આહાહા ! એ એનું એટલે ? એના સંબંધીનું પોતાનું જ્ઞાન એને એ જણાઈ જાય છે. અરે આવી

વાતું હવે. સમજાણું કાંઈ ? ઝીણી છે. આમાં શાંતિભાઈ ! ત્યાં કલકત્તામાં ક્યાંય મળે એવું નથી. ત્યાં રખડવાનું છે ત્યાં બધું, પૈસા મળે એટલે જાણે, ઓહો ! એમાં પાંચ પચીસ લાખ ( શ્રોતાઃ– એ પૈસા જેને મળ્યા એને ) ધૂળેય પૈસા મળ્યા નથી એને. એની પાસે ક્યાં આવ્યા છે ? અહીં તો પૈસાનું, સમ્યગ્જ્ઞાન થતાં, પૈસાનું જ્ઞાન અહીં થાય છે.. પૈસા મળ્યા એસી માન્યતા મિથ્યાદૃષ્ટિ, પાખંડીકી હૈ, અજ્ઞાનીની છે,( શ્રોતાઃ– જ્ઞાન ન થાય ત્યાં સુધી તો મળ્યા કહેવાય ને ? ) એ મૂરખ માને છે.

જ્ઞાની 'જ્યાં' આત્મા સ્વરૂપે ભગવાન જ્ઞાનલોક એને લોકન્તે જોયો પ્રભુને, આહાહા ! અને જે જ્ઞાન પર્યાય પ્રગટ થઈ, તેમાં એ અનંતા પરમાણુ નોટો અને પૈસા ને હીરા ને માણેક એનું અહીંયા જ્ઞાન થાય છે, એ પર છે એનું અહીં જ્ઞાન પોતાથી થાય છે. આહાહાહા ! ( શ્રોતાઃ– એમાંથી આવે કેટલાક અમારી પાસે ) ધૂળેય નથી આવતા એની પાસે, કોણ એની પાસે ક્યાં આવે છે. એની પાસે તો પૈસા મને આવ્યા એવી મમતા એની પાસે આવી. ધૂળ ક્યાં આવી ? ધૂળ તો ધૂળ છે, એ ક્યાં આત્મામાં આવે છે. આહાહા ! આવી વાતું છે બાપુ ! વીતરાગ મારગ, સર્વજ્ઞ ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવનો પંથ કોઇ જુદી જાતનો છે, દુનિયા હારે કાંઈ મેળ ખાય એવું નથી. અત્યારે તો સંપ્રદાય હારે મેળ ખાય એવું નથી, આહા... આકરી વાત છે પ્રભુ ! બીજાને દુઃખ લાગે માટે આ વાત નથી. ભાઈ તારો સુધારો આ રીતે માન્યું છે તે રીતે નહીં સુધરી શકે ભાઈ, વ્રત પાળ્યા છે ને શાસ્ત્રના જ્ઞાન કર્યાં છે ને ? એ જ્ઞાન વ્રત પાળ્યા એ ચારિત્ર, આહાહા... અને અમે આત્માની શ્રદ્ધા કરીએ ખંડખંડ જ્ઞાનની, અખંડ જ્ઞાન છે એની તો ક્યાં ખબર છે, ખંડખંડ જ્ઞાનની શ્રદ્ધા છે, તે મિથ્યાત્વ છે ભાઈ, એ મિથ્યાત્વ છે, એ અજ્ઞાન છે, એ મિથ્યા આચરણ છે. એને તારે ધર્મ મનાવવો છે તારે ? અને બીજાને ધર્મ મનાવવો છે એ રીતે ? પ્રભુ બહુ જવાબદારી આકરી છે નાથ. આહાહા ! એ આકરા દુઃખ નહીં સહ્યા જાય ભાઈ. આહાહાહા !

આંહી તો પ્રભુ કુંદકુંદાચાર્ય ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની વાણી એને પ્રવચન પોતાની વાણી દ્વારા વાત કરતે હૈ, આહાહાહા ! એ એમ કહેતે હૈ કે, આ વાણી મારી નહીં, વાણીકા મેરી પર્યાયમેં મેરા જ્ઞાન હુઆ ત્યાં વાણીકા જ્ઞાન હુઆ, બસ ઇતના. આહાહાહા ! અરે રાગ આયા, તો રાગ મેરા નહીં પણ રાગકા જ્ઞાન ભી રાગ હૈ તો હુઆ ઐસા નહીં, મેરી જ્ઞાનકી પર્યાયકી તાકાત ઇતની હૈ, કે સ્વકો જાનનેવાલા જ્ઞાન રાગ આદિ અનંત અનંત પદાર્થોકો જાણે એ મૈં હું. આહાહાહા ! આહાહાહા ! દયા દાનના વિકલ્પ એ રાગ હૈ એ પણ મેરા નહીં, ઔર મેરી જ્ઞાનકી પર્યાયમેં ઉસકા જ્ઞાન, એ હૈ તો હોતા હૈ ઐસા હી નહીં. આહાહાહા !

ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય જ્યોત, ઝળહળ જ્યોતિ પ્રભુ, ઉસકા જ્ઞાન જ્ઞેય બનાકર જ્યાં હુઆ તો સ્વ પર્યાયમેં પરજ્ઞેય તો સહજ જાનનેમેં આતા હૈ ઐસા પર્યાયકા સ્વભાવ હૈ. આહાહાહા... એ પરદ્રવ્ય કે સમીપમેં જાના નહીં ( પડતા ) પરકા જ્ઞાન અરિહંત અનંતા સિદ્ધો થયા ઉસકા જ્ઞાન ઉસકી પાસ ગયે બિના, ઔર વો જ્ઞેય યહાં આયે બિના, નજીક જ્ઞેય હૈ તો જ્ઞાન હોતા હૈ, ઔર દૂર જ્ઞેય હૈ તો નહીં હોતા હૈ, ઐસા હૈ નહીં. અહીં તો નજીકમેં હો કર્મના રજકણો અને દૂર હો અનંત આકાશના પ્રદેશ. આહાહાહા... અને એક એક પ્રદેશમેં અનંત ગુણના અંશ

હૈ, આહાહા... અનંત અનંત પ્રદેશમેં સારા અનંત ગુણ હૈ આકાશ. ઉસકે ભી આ સ્વભગવાન આત્મા સ્વકા જ્ઞાન હુઆ, એ જ્ઞાનકી પર્યાયમેં એ પરજ્ઞેય જાનનેમેં આ જાતા હૈ, બસ. આહાહાહા ! આવું છે.

ત્રણલોકના નાથ તીર્થંકરદેવ, જૈન પરમેશ્વર એમ ફરમાતે હૈ. સમજમેં આયા ? ( શ્રોતાઃ- જૈન પરમેશ્વર છે બીજા અજૈન પરમેશ્વર છે ) અજૈન લોકો માને છે ને બીજા અમે પરમેશ્વર છીએ ને અમે, આહાહા... બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ ને અમે કર્તા છીએ, ધૂળેય નથી. આહાહાહા ! આહા ! પોતે જ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ ભગવાન આત્મા, આહાહાહા ! જેની પર્યાયની ઉત્પત્તિ એ બ્રહ્મા, વ્યયનો નાશ તે શંકર, ધ્રુવ રહ્યા તે વિષ્ણુ. એવો જે આ ચૈતન્ય ભગવાન જેને ત્રણ કાળ અને ત્રણલોકને એક સમયમાં ગ્રાસી જાય એવી પર્યાયની તાકાત છે ભગવાનની આહાહા... એને આત્મા જાણ્યો કહેવાય, આહાહાહા... એને સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની કહેવાય પ્રભુ આવી વાતું છે ભાઈ. આહાહાહા ! હસમુખભાઈ નથી આવ્યા ને ? નથી આવ્યા. કાલે આવ્યા'તા એને રસ છે પણ ભાવનગર રહી જાય છે ને. આહાહાહા !

પરદ્રવ્ય મેરે સંબંધી નહીં, હૈ ? એ સિદ્ધોને ને મારે કાંઈ સંબંધ નહીં કહે છે. આહાહા ! અરિહંત ભગવાન થયા એને ને મારે કોઈ સંબંધ નથી એ તો પરદ્રવ્ય છે, ગુરુને અને મારે કાંઈ સંબંધ નહીં તે તો પરદ્રવ્ય હૈ. આહાહા... આકરી વાત છે ભાઈ !

વીતરાગ પરમેશ્વર જિનેશ્વરનું જ્ઞાન એમણે કહેલો મારગ, કોઈ અલૌકિક હૈ. ભાઈ ! અરે એને જાણ્યા વિના ચોર્યાસીના અવતાર કરી રહ્યો છે. આહાહા ! જુઓ ને આ શરીરમાં વાય થાય, આહાહાહા... આહાહા... જડ, જડ છે આ તો, રોગ છે એ જડ છે, આ આત્માને એકવાર એની ઉપર દૃષ્ટિ હોય છે ને, હલાવી નાખે. આહાહા ! અરે રે મને આ થયું, અરે રે મને આ થયું, પણ બાપુ મને એટલે શું ! તું તો આત્મા છો, એમાં આ થયું એ તને ક્યાં થયું ? તેરે કયા હુઆ હૈ, આહાહાહા... આવો ઉપદેશ પ્રભુ ત્રણલોકના નાથનું જિનેશ્વરદેવનું આ કથન છે ભાઈ. જૈનમાં જન્મ્યા એને એની ખબરું ન મળે. વાડામાં જન્મ્યા અમે જૈન, પણ જૈનપણું શું છે ઉસકી ખબર નહીં. આહાહા...

જૈન તો ઈસકો કહીએ, આહાહા... કે જિનસ્વરૂપી ભગવાન આત્મા પૂરણ સ્વરૂપ ઉસકા લક્ષ કરકે, દૃષ્ટિ કરકે, જો સમ્યગ્દર્શન હુઆ, ઉસકો જૈન કહતે હૈ, એ જૈનની પર્યાયમાં ઈતની તાકાત હૈ. આહાહા ! અનંતા જીવો અંદર જાણે પેસી ગયા હોય છતાં મેરા નહીં. ત્યાં સુધી તો કાલે આવ્યું'તું હવે કાલે વાત.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૦૭ ગાથા - ૩૭ શ્લોક - ૩૧

**તા. ૧૩-૧૦-૭૮ શુક્રવાર આસો સુદ-૧૨ સં. ૨૫૦૪**

સમયસાર સાડત્રીસમી ગાથા ચાલે છે. અહીં સુધી આવ્યું છે. આ જગતમાં, એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે, આત્મામાં અનંત પરદ્રવ્યો પ્રકાશમાન છે, જાણવામાં આવે છે એવા

આ ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પદ્‌ગલ, અન્ય જીવો એ સર્વ પરદ્રવ્યો મારા સંબંધી નથી. મારા જ્ઞાનમાં એ અનંત અનંત પરમાણુઓ, અનંત જીવો જાણવામાં આવે, છતાં એ મારે ને એને કાંઈ સંબંધ નથી. ( શ્રોતાઃ– જાણવામાં આવે એટલો સંબંધ તો થયો ને ? ) જાણવામાં આવ્યું છે એ પોતાનું સ્વરૂપ. પણ એને જાણવામાં આવ્યું એ વ્યવહાર કહ્યો. ( શ્રોતાઃ– એય વ્યવહાર છે ) જ્ઞેય જ્ઞાયક સંબંધ એ વ્યવહાર છે. ( શ્રોતાઃ– વ્યવહાર સંબંધ તો ખરો ને ? ) વ્યવહાર એટલે ? નિમિત્ત છે સામે એટલું. વ્યવહાર એટલે શું ? જાણવામાં પોતાથી જાણ્યું છે. જ્ઞાનના સ્વભાવમાં સ્વપરપ્રકાશના સામર્થ્યથી પ્રકાશમાન બધા દ્રવ્યો જાણ્યાં. પણ એ પોતાની સ્વ–શક્તિથી જાણે છે. એને પરને જાણ્યાં એમ કહેવું એમ વ્યવહાર છે. નિમિત્ત–નિમિત્ત સંબંધ એટલો બતાવ્યો.

છતાં આહાહાહા... મારો ભગવાન આત્મા જ્ઞાયક સ્વભાવ એની સાથે એને કાંઈ સંબંધ નથી. “ કારણ ” ત્યાં સુધી તો આવ્યું ’તું કાલે. ઝીણી વાત છે પ્રભુ. ઓહોહોહો ! એકેક પરમાણુમાં અનંત અનંત ગુણ જેનું માપ નહીં, એવા અનંત અનંત પરમાણુઓ, એકેક આત્મામાં અનંત અનંત ગુણ જેનો અંત નહીં. આહાહાહા ! એવા અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ મારા જ્ઞાનમાં જણાય છે, જણાય છે. આહાહાહા ! ( શ્રોતાઃ– એ જણાય છે કે એ સંબંધીનું પોતાનું જ્ઞાન જણાય છે. ) એ જાણે છે એમ કહેવું છે ને અત્યારે તો ! જાણે છે પોતાની પર્યાય પણ ઈ એ જણાય છે જણાય છે એમ. આહાહાહા ! કેટલા પણ પદાર્થ એમ, ભાઈ ઝીણી વાત છે ભાષાએ પાર પડે એવું નથી. એવી વસ્તુ એવી છે. આહા !

ભગવાન આત્મા એની જ્ઞાનની પર્યાયમાં અનંત, અનંત અહીંયા અંગુળના અસંખ્ય ભાગ અહીં લ્યો તો એમાં અનંત આત્મા છે અને અનંતા સ્કંધો છે. અનંતા તેજસ ને કાર્મણ શરીર છે. આહાહાહા ! એવો આખો લોક ભર્યો છે. છતાં મારા જ્ઞાનમાં એ પ્રકાશમાન જણાય છે. આ છે એમ જણાય છે એટલું. બાકી મારે ને એને કાંઈ સંબંધ નથી. આહાહા ! સ્ત્રી કુટુંબ ને પરિવાર જ્ઞાની એમ જાણે છે કે મારા જ્ઞાનમાં એ છે એમ જણાય છે, મારાં છે એમ નહીં. આહાહાહા ! દેવ ગુરુ ને શાસ્ત્ર, દેવ અનંત સિદ્ધો, લાખો અરિહંતો, કરોડો આદિ આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓ એ બધા પરદ્રવ્યમાં અનંત અનંત ગુણ સહિત એવા અનંતા આત્માઓ અને અનંત રજકણો, મારા પ્રકાશમાનમાં પ્રકાશે છે. બાકી મારે અને એને કાંઇ સંબંધ છે નહીં. આહાહાહા ! આખિરની ગાથા છે ને ?

( શ્રોતાઃ– ધર્માસ્તિકાય ને અધર્માસ્તિકાય એને પહેલા કેમ લીધા ) ચાર નામ આપ્યા. છ દ્રવ્યને બધે ઠેકાણે એમ આવે છે ને ? ધર્માસ્તિથી આદિથી છ નામ આવે ત્યારે આ પ્રમાણે જ શાસ્ત્રમાં આવે. ગતિમાં નિમિત્ત, સ્થિરતામાં નિમિત્ત અધર્માસ્તિ, કાળ, આકાશ, આકાશના એક પ્રદેશમાં અનંતા આત્માઓ અને અનંતા રજકણો છે, એ સૂક્ષ્મ થઇને આવે તો એક પ્રદેશમાં સમાઈ જાય. એટલી તો આકાશના એક પ્રદેશની અવગાહન શક્તિ છે. આહાહાહા... ઝીણી વાતું બાપુ ! વીતરાગ માર્ગ બહુ ઝીણો છે. આહાહા ! એક આકાશના પ્રદેશમાં આ અહીંથી જે અંગૂલ અહીં અસંખ્ય અનંત આત્માઓ અને અનંત રજકણો છે એવો આખો લોક ભર્યો છે, એ જો સૂક્ષ્મ થઈને એક પ્રદેશમાં આવે તો સમાઈ જાય એવી એક પ્રદેશની અવગાહન શક્તિ છે.

એમ એક કાળાણુંની એટલી શક્તિ છે કે અનંત પુદ્‌ગલો જો એ સ્થાનમાં આવે જીવો તો

બધાને પરિણમનમાં નિમિત્ત થાય એવી તાકાત છે. ધર્માસ્તિકાયના એકેક પ્રદેશમાં એટલી તાકાત છે કે અનંતા આત્મા અને પરમાણુ એ સમયે ગતિ થાય તો એમાં નિમિત્તપણું થાય એવી એની તાકાત છે. અધર્માસ્તિકાયના એકેક પ્રદેશમાં એવી તાકાત છે કે અનંત આત્માઓ અને અનંત પરમાણુ તે સ્થાને ગતિ કરીને સ્થિર થાય તો તેમાં નિમિત્તની શક્તિ અનંતની છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ, એક પરમાણુમાં એવી તાકાત છે કે અનંતા અનંતા ગુણો જેમાં પાર નથી, માપ નથી કે આ ગુણ આ વર્ણ ગંધ રસ સ્પર્શ કરતા કરતા કરતા કરતા આ આ આ છેલ્લો ગુણ, એ આટલું જ દ્રવ્ય છે એમ ન જાુઓ, એ જડ સ્વભાવી વસ્તુ છે. કે જેના અંતરમાં અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંતના અનંત ગુણા ગુણો તોપણ પાર ન આવે એક પરમાણુમાં એટલા ગુણોનો સ્વભાવ છે ને એટલી એની પર્યાય છે. આહાહાહા ! એવા અનંતા આત્માઓ અને અનંત રજકણો એના અનંત ગુણો એની અનંતી પર્યાયો, ભગવાન આત્મા એમ જાણે છે, પર્યાયમાં હોં, જાણે છે તો પર્યાયમાં ને ? કે આ બધી ચીજો મારામાં પ્રકાશમાન થાય, જણાય. હું તો જાણનારો છું. છે ? આહા ! મારે કાંઈ સંબંધ નથી એની સાથે. આહાહાહા ! કેટલી ગહરી ગહરી શક્તિ જગતની. આહાહાહા ! એને આત્મા એમ જાણે, કે મારી જ્ઞાનની પર્યાયમાં એક ગુણની એક પર્યાયમાં, આહાહાહાહાહા... એ બધા અનંતાઓ પ્રકાશમાન થાય છે એવો મારો સ્વભાવ છે. આહાહાહા !

એવી એક સમયની જ્ઞાનની પર્યાયની આટલી તાકાત ! એવી એવી અનંતી પર્યાયમાં એટલી જ બધી તાકાત ! ! આહાહા... એવી બધી પર્યાયનો જાણનાર મારી પર્યાય, એ એમ જાણે છે કે, “ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું”. જાણે છે વર્તમાન પર્યાય, એ પર્યાય એમ જાણે છે કે, પ્રગટ પર્યાય કે ટંકોત્કીર્ણ એવો ને એવો ચૈતન્ય સ્વભાવ એક જ્ઞાયક સ્વભાવ, એક જ્ઞાયક સ્વભાવ, પર્યાયો ભલે અનેક હો, ગુણ અનેક હો, પણ વસ્તુ છે એ તો એકરૂપ જ્ઞાયકભાવ, એક જ્ઞાયક સ્વભાવભાવ, સ્વભાવપણાથી પરમાર્થે અંતરંગ તત્ત્વ તો હું છું. આહાહાહા... એ પર્યાય એમ જાણે છે કે હું અંતરંગ તત્વ તો આ પર્યાયમાં જે બધું જણાય છે એની જાણનારની મારી પર્યાયમાં પ્રકાશમાન છે. એવી પર્યાય એમ જાણે છે કે હું તો ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ અંતરંગ તત્વ છું. આહાહા ! એ બધા જણાય છે એક પરની (પરલક્ષી) પર્યાયમાં એટલોય હું નહીં. આહાહાહા ! ભાઈ વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે. આહાહાહા !

એ જ્ઞાન પર્યાય આવા અનંતા દ્રવ્યોને એક સમયમાં એના ગુણોને પ્રકાશવામાં, પોતાથી પ્રકાશવામાં સમર્થ છે, એ પર્યાય એમ કહે છે, આહાહા... કે હું તો એક જ્ઞાયક સ્વભાવપણાથી, મારો તો ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ ભરેલો છે, એક સમયની પર્યાય જેટલો નહીં. આહાહાહા ! (શ્રોતાઃ- એકલો જ્ઞાયક સ્વભાવ કહે કે અનંત ગુણ ભેગા આવી જાય છે.) એક જ્ઞાયક સ્વભાવ કહેતાં જ અનંતા ગુણો, પણ અહીં જ્ઞાનની પ્રધાનતાથી વર્ણન લેવું છે ને ? કેમ કે જ્ઞાન પર્યાય જાણે છે ને એટલે જ્ઞાયકભાવ જ્ઞાનસ્વભાવ છે એમ લેવું છે, બાકી તો અનંતા સ્વભાવ છે. પણ અનંત સ્વભાવને જાણનારું જ્ઞાન છે ને ? અને જ્ઞાનની પ્રધાનતા છે ને ? બીજા છે એની એને ખબર નથી. બીજા અનંત ગુણો છે એ ગુણને ગુણની ખબર નથી. (શ્રોતાઃ- એ ક્યાં જરૂર છે

ગુણને પોતાને ગુણ કહેવો ઈ ) આહાહા. એ જ્ઞાયક સ્વભાવ છે તે જ્ઞાનને એના સ્વભાવની ખબર છે. આહાહાહા !

એક જ્ઞાયક સ્વભાવપણાથી પરમાર્થે, ખરેખર અંતરંગ તત્ત્વ એટલે કે ઓલી પર્યાયમાં બધું પ્રકાશે છે, એટલોય હું નહીં, હું તો પરમાર્થે અંતરંગ તત્ત્વ આખું. આહાહાહાહા... ( શ્રોતાઃ– ઘણું ચોખ્ખું ) ઝીણી વાત છે ભાઈ, આહાહા ! સમ્યગ્દર્શનનો વિષય એ અખંડ જ્ઞાયકભાવ ત્રિકાળ. આહાહા ! એક જ્ઞાયક સ્વભાવપણું, જ્ઞાયક સ્વભાવ છે, એ એનાથી ખરેખર અંતરંગ તત્ત્વ તો હું છું. એમ જ્ઞાનની વર્તમાન પર્યાય એમ જાણે ને નિર્ણય કરે છે. આહાહાહા ! સમજાય છે કાંઈ ? ઝીણું પડે પણ પ્રભુ આ જાણ્યે જ છૂટકો ભાઈ. ભવ ભ્રમણના આંટા કરી કરીને મરી ગયો છે. ન્યાં કોઈની સફારશ કામ કરતી નથી. આહાહાહા... એવો જે આ ભગવાન, એક સમયમાં અનંતા અનંતા દ્રવ્યો અને એકેક દ્રવ્યના અનંતા ગુણો, જેનો પાર નહીં, એ બધા મારી પર્યાયમાં પ્રકાશમાન થાય છે. મારી પર્યાય એને બરાબર જાણે છે, એમ કહે છે. છતાં પર્યાય એમ કહે છે, કે ખરેખર તો હું અંતરંગ તત્ત્વ જ્ઞાયક સ્વભાવપણે હું એક છું. આહાહા... સમજાણું કાંઈ ? આહાહાહા !

( શ્રોતાઃ– પર્યાય અંતરંગ તત્ત્વથી જુદી નહીં ? ) પર્યાય નિર્ણય કરે છે અંતરંગ તત્ત્વ જ્ઞાયકભાવ આખો, આખું, આ પર્યાય એમ નિર્ણય કરે છે કે હું અંતરંગ પરમાત્મ તત્ત્વ જ્ઞાયકભાવ તે હું છું. જ્ઞાયક તત્ત્વ જે જ્ઞાયક ધ્રુવ છે એ ક્યાં નિર્ણય કરે છે ? નિર્ણય કરવો છે એ તો પર્યાયમાં છે. આ તો ખૂબી તો એ છે કે, આ ગાથાઓ તો બધી અલૌકિક ગાથાઓ છે. આહાહા !

અહીંયા તો અનંત અનંત અનંત દ્રવ્યો ને એના અનંત અનંત અનંત ગુણો, મારી પ્રગટ પર્યાયમાં પ્રકાશમાન છે. પણ મારે ને એને કાંઈ સંબંધ નથી. એવી જે પર્યાય એક સમયની જ્ઞાનની, એવી એવી અનંતી પર્યાયો શક્તિવાળી છે, કેમકે એક સમયમાં જ્ઞાનની છે, એવી શ્રદ્ધાની, સ્થિરતાની, એવી આદિ વીર્યની એવી અનંતી તાકાતવાળી ( પર્યાયો ) છે. પણ આ જ્ઞાનની પર્યાય, એને જાણવું છે ને, આહાહાહા ! મારો પ્રભુ તો અંદર અંતરંગ તત્ત્વ તે હું એક છું. આવા બધા પર્યાયોના અનંત ભેદો કે ગુણભેદો એ નહીં, હું તો એક છું. આહાહાહા... ઝીણું છે પ્રભુ, અત્યારે આ ચાલતું નથી એટલે લોકોને બીજું લાગે, આ મૂળ ચીજ છે આ, અને આ મૂળ ચીજ જાણ્યા વિના એને સમ્યગ્દર્શન થાય નહીં અને એનું આગળ વધવાનું ચારિત્ર આદિ હોઈ શકે નહીં. આહા !

કેમકે ટંકોત્કીર્ણ એવો ને એવો જાણે અંદર ભગવાન આમ, અદબદનાથ છે ને અહીં પાલીતાણે મૂળમાંથી ટાંકણેથી ખોદી ખોદીને અંદરથી કાઢ્યું છે આ એમ આ હું તો અંદરમાં ટંકોત્કીર્ણ, એટલે આખો અખંડાનંદ પ્રભુ, જ્ઞાયક સ્વભાવપણાને લીધે, આને કારણે હું પરમાર્થે અંતરંગ તત્ત્વ તે હું છું. આહાહાહા ! પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું.

અને તે પરદ્રવ્યો, અનંત સિદ્ધો, અનંત જીવો નિગોદના, અનંત પરમાણુઓ, આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળાણુ મારા સ્વભાવથી ભિન્ન, મારા સ્વભાવથી ભિન્ન, એ સિદ્ધો પણ મારા સ્વભાવથી ભિન્ન. આહાહાહા... મારો સ્વભાવ છે એનાથી સિદ્ધો અનંત, પણ મારા

સ્વભાવથી તે ભિન્ન છે. આહાહાહા ! એ પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન, જુદા સ્વભાવવાળા હોવાથી, મારા સ્વભાવથી ભિન્ન પણ સ્વભાવવાળા હોવાથી, આહા... મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા છે, એ છે તો ભિન્ન સ્વભાવવાળા, પણ મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા છે. પરમાણુઓ, સિદ્ધો, અરિહંતો, અનંત નિગોદના જીવો, અનંત પરમાણુના સ્કંધો અચેત મહા-સ્કંધ આખો એક છે તે, મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા છે. આહાહાહાહા !

પરમાર્થે જેમ અંતરંગતત્ત્વ હું છું. એમ પરમાર્થે બાહ્ય તત્ત્વપણાને છોડવા અસમર્થ છે. આહાહાહાહા ! જેમ હું જ્ઞાયકભાવ એકરૂપ પરમાર્થે અંતરંગ તત્ત્વ છું. આહાહાહા... જેની દૃષ્ટિનો વિષય જે જ્ઞાયક ત્રિકાળ તે હું છું. અને મારા સ્વભાવથી આ બધા ભિન્ન સ્વભાવવાળા, એ પણ પરમાર્થે બાહ્યપણાને છોડવાને અસમર્થ છે. આહાહા ! સમજાય છે કાંઈ ? આહાહાહા... અમૃત રેડયા છે સંતોએ, દિગંબર મુનિઓએ તો, આહાહા... અમૃતના ધોધના ધોધ વહેવરાવ્યા છે. આહાહાહા ! ભગવાન ! તારી એક સમયની જ્ઞાનની એક ગુણની એક પર્યાયમાં આટલાં આટલાં, અનંતા ભિન્ન સ્વભાવવાળા, તારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા પ્રકાશે, છતાંય તું એમ કહે કે હું તો એટલોય નહીં, હું તો અંતરંગ જ્ઞાયકભાવ ત્રિકાળ જ્ઞાયકભાવ તે હું પરમાર્થે તત્ત્વ છું. આહાહાહા ! સમજાય એટલું સમજવું પ્રભુ આ તો પાર ન મળે ભાઈ. આહાહા !

એ પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા. આહાહાહા ! એ સિદ્ધો પણ મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા, આ સ્વભાવ ત્યાં નથી ને, આહાહાહા... હોવાથી પરમાર્થે, પરમાર્થે ઓલામાંય આવ્યું'તું, પરમાર્થે અંતરંગતત્ત્વ તે જ્ઞાયકભાવ તે હું છું. પરમાર્થે બાહ્ય તત્ત્વપણાને છોડવા અસમર્થ છે એટલે કે મારે જ્ઞાન પર્યાયમાં એ ભિન્ન સ્વભાવવાળા પ્રકાશે પણ છતાં એ જ્ઞેયપણું છોડતાં નથી અને જ્ઞેયપણું છોડીને મારી પર્યાયમાં આવી જતા નથી. આહાહાહા ! કેમકે પોતાના સ્વભાવનો અભાવ કરીને જ્ઞાનમાં પેસતા નથી. એટલે શું ? કેમ કહ્યું, આ ? કે મારા પ્રભુની પર્યાયમાં જ્ઞાન પ્રકાશમાં આ બધા પ્રકાશે, છતાં તે પ્રકાશમાં જ્ઞેયો મારી જ્ઞાનની પર્યાયમાં આવતા નથી. આહા ! એનામાં રહીને મારા જ્ઞાનની પર્યાયમાં પ્રકાશે છે. મારામાં આવીને પ્રકાશે છે એમ નથી. આહાહાહા ! એ મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા હો, પરમાર્થે તે બાહ્યપણાને મારી પર્યાયમાં તેનું જાણવું થાય છે, તેથી તે બાહ્યપણું છોડીને મારામાં આવે છે, એમ. નથી. બાહ્યપણે બાહ્યપણે રહીને મારી પર્યાય તેને પ્રકાશે છે. આહાહાહાહા ! "કેમકે પોતાના સ્વભાવનો અભાવ કરીને જ્ઞાનમાં પેસતા નથી". આહાહાહા !

મારા પર્યાયમાં પ્રકાશે છે એથી એ સ્વભાવ છોડીને અહીંયા આવી જાય છે ( એમ નથી ) આહાહાહા ! શું ટીકા તે ટીકા ! ગજબ વાત ! આવી ટીકા ભરતક્ષેત્રમાં છે નહીં બીજે બાપુ. આહાહા.

પરમાર્થે એક, આહાહા ! ઓલું અહીંયા કીધું'તું અસમર્થ છે. "વળી અહીં સ્વયમેવ નિત્ય ઉપયુક્ત એવો" સ્વયમેવ નિત્ય ઉપયોગ, પોતાના કારણે સ્વયમેવ નિત્ય ઉપયોગ. એ ચીજો જણાય છે માટે એને કારણે અહીં શુદ્ધ ઉપયોગ થયો છે, એમ નથી. આહાહાહાહા ! આહા... ભાગ્યવાનને કાને પડે એવી વાતું છે આ. આહાહા પ્રભુ ! આહાહા ! અહીં સ્વયમેવ ચૈતન્યમાં નિત્ય ઉપયોગ એવો, એ જાણવાનો નિત્ય ઉપયોગ, કાયમી ઉપયોગ અને પર્યાયમાં પણ,

જ્ઞાનમાં પેસતા નથી. મારા ઉપયોગમાં એ આવતા નથી. આવી જતાં નથી. એના સંબંધીનું મારું જ્ઞાન મારામાં આવે છે. પણ એ ચીજ આવતી નથી. એ ચીજ તો એની સત્તામાં રહેલું એનું અસ્તિત્વ ત્યાં રહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? અરેરે ! આહાહા ! આવું તત્ત્વ હવે સાધારણ જ્યાં જાણીને અભિમાન થઇ જાય એને, આહાહા... મને આવડે છે બાપુ. એ વાતું બહુ આકરી છે ભાઈ. શાસ્ત્રના કંઈ જાણપણા થાય અને આવડતના અંદર અભિમાન થઇ જાય. આહાહા... ( શ્રોતાઃ– અટકી જવાય છે ) અટકી ગયો, અટકી ગયો અટકી જાય છે ભાઈ – આહાહા... એ તો શાસ્ત્રનું જ્ઞાન એ ખંડખંડ જ્ઞાન, આ તો ભગવાન અખંડ વસ્તુ, જેના તરફથી થયેલું જ્ઞાન તે જ્ઞાનમાં બધા જણાય, છતાં તે અહીં આવે નહીં, અને એ પર્યાય પરમાર્થે અંતરંગતત્ત્વથી ભિન્ન છું, અને પરમાર્થે બાહ્ય તત્ત્વથી તે તેના સ્વભાવને છોડયા વિના તે ભિન્ન છે. આહાહાહાહા ! ક્યાં ગયા છોટાભાઈ ! આવી વાતું છે આ બધી – કલકત્તામાં પૈસાના દરેડા થાય પાપના. આહાહા ! ( શ્રોતાઃ– પ્રથમ પાપનો ઉદય છે એકલું પાપ જ છે ) આહાહા ! આમ પૈસા મળે ત્યાં રાજી રાજી થઇ જાય અરે ભગવાન ત્રણકાળનો નાથ તું આટલામાં રાજી થયો શું થયું તને પ્રભુ !

તારી પર્યાયમાં અનંતા જણાય, અને તે પર્યાય એમ કહે કે હું તો અંતરંગતત્ત્વ અખંડ આનંદ છું તેને ઠેકાણે ન્યાં રાજી ન થતાં, અહીં રાજી થા છો. આહાહાહાહા !

'વળી સ્વયમેવ નિત્ય ઉપયોગયુક્ત' કાયમ ઉપયોગ મારો ત્રિકાળી સ્વભાવ છે. આહાહાહા ! અને 'પરમાર્થે એક, આહાહાહા... અનાકુળ આત્માને અનુભવતો ભગવાન' આહાહાહા ! ઓલું તો પ્રકાશત્વ અંતરંગતત્ત્વ એક છું. પણ હવે હું તો મારી પર્યાયમાં અનાકુળ આનંદને અનુભવતો એમ કહે છે. આહાહા ! પરમાર્થે, એક અનાકુળ આત્માને અનુભવતો, આહાહાહાહા... આનંદ સ્વરૂપી આત્માને હું વેદતો અનુભવતો, આહાહાહાહા... એવો ભગવાન આત્મા જાણે છે કે, આહાહા... પાઠમાં ઉપયોગ છે. "ઉપયોગ એવ અહમેક્કો" એટલે એક અર્થ કર્યો 'તો ને નીચે, ઉપયોગ જાણે છે – ટીકામાં આમ દ્રવ્ય લીધું એટલે બીજો અર્થ કરવો પડયો. ધર્મી એમ કહે છે, કે મારી પર્યાયમાં અનંતા અનંતા પ્રકાશે છે, છતાં તેનો સ્વભાવ તે છોડતા નથી અને હું તે પ્રકાશે છે તેટલી પર્યાયવાળો નથી. આહાહાહા ! હું તો અંતરંગતત્ત્વ જ્ઞાયકભાવ સ્વભાવવાળો છું અને તે મારી પર્યાયમાં પ્રકાશે છે, એની સાથે હું અનાકુળ આનંદના અનુભવને અનુભવું છું. આહાહાહા ! એ બધા પ્રકાશે છે માટે ત્યાં આકુળતા થાય ( એમ નથી. ) આહાહાહા ! જ્ઞાનનો સ્વભાવ વર્ણવ્યો, ભેગો આનંદનો વર્ણવે છે હારે જ્યાં હોય ત્યાં જ્ઞાન ને આનંદ બે મૂકે. કે મારો પ્રભુ મારી પર્યાયમાં અનંતા દ્રવ્યના સ્વભાવને એને અડયા વિના જાણે છે, એના સ્વભાવને છોડતા નથી. છતાં હું એ પર્યાય જેટલો નથી, હું તો અંતરંગ પૂર્ણાનંદ જ્ઞાયકભાવ છું, એને લઇને જેમ પ્રકાશમાં અનંતાને પ્રકાશું છું મારી પર્યાયના બળથી, એમ મારા આનંદની પર્યાયથી હું મારા આત્માને અનાકુળ અનુભવું છું. આહાહાહા !

સ્વયમેવ નિત્ય ઉપયોગ એવો આ પરમાર્થે એક અનાકુળ આત્માને અનુભવતો થકો, આહાહાહા... એવો ભગવાન આત્મા જ જાણે છે. આહાહા... એટલે કે એ જાણે છે એ અનાકુળતા આનંદને અનુભવતો જાણે છે, જાણતાં એને દુઃખ થાય છે કે આકુળતા છે કે વિકલ્પ

છે. આહાહાહાહા... એવું નથી.

એ જ્ઞાયકભાવ અંતરંગતત્ત્વ તે હું છું અને પર્યાયમાં આ બધું પ્રકાશે છે તે પર્યાય જેટલો હું નથી. એટલો તો પ્રકાશું છું પણ એની સાથે મારો ભગવાન અનાકુળ આનંદસ્વરૂપ છે તેથી વર્તમાનમાં પણ હું અનાકુળ આનંદને અનુભવું છું. એવો જે ભગવાન આત્મા, આહાહાહા... એ જાણે છે કે, અનાકુળ આત્માને અનુભવતો એવો ભગવાન આત્મા જ જાણે છે કે, આહાહાહા... સમજાણું કાંઈ ? આહાહાહા !

ધન્ય ભાગ્ય આવી વસ્તુ રહી ગઇ, પરમાર્થ ને કેવળીના વિરહ પડયા, પણ વિરહ ભૂલાવે એવી વાતું છે. આહાહાહા ! હું આત્મા, મારી પર્યાયમાં, એક પર્યાય જ્ઞાનની એમાં, અનંતા અનંતા દ્રવ્ય સ્વભાવો જે છે, એ મારો સ્વભાવ છોડયા વિના મને પ્રકાશે છે. એની સાથે મારો ભગવાન એકરૂપ આત્મા, એને અનાકુળ આત્માને અનુભવતો, આહાહાહાહા... અનંતાને ત્યારે જાણ્યું કહેવાય કે જેની સાથે આનંદનો અનુભવ હોય એમ કહે છે. આહાહા ! શું શૈલી ! ગજબ નાથ ! એ અનંતાને જાણવાનો પ્રકાશનો પર્યાય એને ત્યારે કહીએ આહાહા... કે એકરૂપ અનાકુળ ભગવાન આત્માનો અનુભવ (જ્ઞાનને આનંદ) તો સાથે, આહાહા... ભગવાન આત્મા જ જાણે છે કે, આહા... અનાકુળ આત્માના આનંદને આહાહાહા... અનુભવતો ભગવાન આત્મા જાણે છે કે આ ચીજ છે. આહાહા ! "હું પ્રગટ નિશ્ચયથી એક જ છું." આહાહાહાહાહા !

"હું પ્રગટ વ્યક્ત પ્રગટ નિશ્ચયથી એક જ છું." આહાહાહા... એ અનંતને જાણવા છતાં હું અનેક થઇ જતો નથી, અને પર્યાયમાં અનેકપણું હોવા છતાં દ્રવ્ય અનેક થઇ જતું નથી. દ્રવ્ય તો એકરૂપે રહે છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા ! હું પ્રગટ ખરેખર એક જ છું, "માટે, જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મિલન" મારે અને જ્ઞેયને જ્ઞાયકભાવ માત્રથી, મારે જ્ઞાયકભાવમાત્રથી અને જ્ઞેયની સાથે જાણવાનું ઊપજેલું "છતાં પણ પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે" આહાહાહાહા... મારે એને જ્ઞેયને જાણવાનો મારો સ્વભાવ હોવા છતાં, મારો સ્વાદ અનાકુળ આનંદ અને એની ચીજનો સ્વાદ જુદો, આહાહાહાહા... પણ પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે, એ છ દ્રવ્યોનો સ્વભાવ અરે અનંત સિદ્ધોનો સ્વભાવ, એનો સ્વાદનો ભાવ એની પાસે, અનંતા નિગોદના સ્વાદનો આકુળતાનો ભાવ એની પાસે, હું એને પ્રકાશવા છતાં, આહા... "મારા સ્વાદના ભેદને લીધે, ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવ પ્રત્યે નિર્મમ છું" આહાહાહા ! એ મારા છે એમ નહીં હું તો નિર્મમ છું. આહાહાહા ! સિદ્ધો મારા છે, અરિહંતો મારા છે, ગુરુ મારા છે એમ નહીં કહે છે. આહાહાહા... બાયડી છોકરા કુટુંબ તો ક્યાંય રહી ગયા, આહાહા... અનંતા સિદ્ધો મારી પર્યાયમાં પ્રકાશે છતાં જ્ઞેય–જ્ઞાયકભાવપણાના ભાવને લીધે મારા સ્વાદથી એ ચીજ ભિન્ન છે, આહાહા... માટે તેના પ્રત્યે નિર્મમ છું. આહાહાહા !

બધાને પ્રકાશવાની પર્યાયમાં આટલી તાકાત હોવા છતાં અંતરંગતત્ત્વ તે એક હું છું અને તે તત્ત્વ અનાકુળ આનંદને વર્તમાનમાં હું અનુભવું છું. એકલું જાણવું થયું છે એમ નહીં એમ કહે છે. આહાહા ! મારો સ્વાદ પણ ફરી ગયો. આહાહાહા ! પ્રકાશવામાં આવ્યા અને મારો અનાકુળ

આનંદનો સ્વાદ પણ સાથે આવ્યો. આહાહાહા ! એવા અનાકુળ આનંદના સ્વાદથી બીજાના સ્વાદના તત્ત્વો ભિન્ન છે તેમ હું જાણું છું. આહાહાહા ! શું ટીકા તે ગજબ વાત છે ને ! અરે એકેક શ્લોક આ વાત ક્યાંય દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહીં લાગે દુઃખ લાગે બીજાને કે, ત્યારે આ સંપ્રદાય ખોટો ? બાપુ ભાઈ છે ઈ છે બાપા. આહાહાહા ! પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે, એટલે કે અનાકુળ આનંદ તો હું છું, પણ તેનો પર્યાયમાં પણ સ્વાદ આવે છે પ્રગટ, આહાહા ! સમજાય છે કાંઈ ? પ્રગટ સ્વાદમાં સ્વભાવના ભેદને લીધે, સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે, આહાહાહા... ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવ એ પ્રત્યે હું નિર્મમ છું. આહાહા... એ મારા નથી. મારા સ્વાદમાં આવતો મારો પ્રભુ, આહાહા... એ બીજા એ મારાં નથી. આહાહાહા... જ્ઞાન અને આનંદની મુખ્યતા બે વર્ણવી, છે તો અનંત ગુણો પણ પ્રકાશ અસાધારણ જ્ઞાનસ્વભાવ અને એની સાથે આનંદસ્વભાવ, એને આહાહાહા ! બેપણે વર્ણવ્યા ભાઈ, અનંત તો ભેગાં છે.

"કારણકે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી" મારો પ્રભુ સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી એકપણામાં પ્રાપ્ત છે. દ્વૈતપણું એમાં થતું જ નથી. આહાહાહા ! સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી "સમય નામ આત્મા અથવા દરેક પદાર્થ એવો ને એવો સ્થિત રહે છે." આહાહાહા... હું બધાને પ્રકાશું છતાં મારા અનાકુળ સ્વભાવના સ્વાદથી બીજાને જાણું છતાં તેના પ્રત્યે નિર્મમ છું. અને તે મારો આત્મા એવો ને એવો સ્થિત રહે છે. આહાહાહાહા... દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે આનંદને પ્રકાશતું એવું ને એવું જ સ્થિત છે. આહાહા... એને ને મારે કાંઇ સંબંધ બીજાને છે નહીં. આહાહાહા ! કહો રામજી, ગોવિંદરામજી નહીં. આપણે રામજી કહીશું, રામ છે ને આત્મા. ( શ્રોતાઃ– ગોવિંદને રામ બેય એક જ હોય ) ગોવિંદને રામ આહાહા... આહા... શું ભાષામાં ભાવ ભર્યા છે. આહાહાહા !

હવે એ સંતો જ્યારે ટીકા કરતા હશે. આહાહાહા... એમની દશામાં ભલે વિકલ્પ ઊઠયો ! છતાં તેને અને બધાને જાણતો પ્રકાશમાન એવો મારો અંતરંગતત્ત્વ, આહાહા... તે બીજાના સ્વભાવથી ભિન્ન છે અને મારા સ્વભાવથી બીજા સ્વભાવવાળા ભિન્ન છે. આહાહા !

એવો મારો પ્રગટ પ્રભુ. આહાહાહા ! છે ? સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી અનેક અનંતને જાણવા છતાં હું એકપણામાં છું. અનંતને જાણતા છતાં હું એકપણામાં છું. અનેકને જાણતાં હું અનેકપણે થઇ ગયો નથી. આહાહાહા... કેટલી ધીરજ જોઇએ બાપુ, આહાહા... મારો આત્મા અને બીજાઓ તો એવા ને એવા સ્થિત રહે છે. આહાહા ! પોતાના સ્વભાવને કોઇ પદાર્થ છોડતો નથી. – "આ પ્રકારે જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થયું" આહાહાહા... જ્ઞેયો પણ તેના સ્વભાવમાં સ્થિત એકરૂપ રહે છે. હું પણ મારા સ્વભાવમાં એક છું. આહાહાહા... આ પ્રકારે જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થયું. આહાહાહાહા... જ્ઞેયોથી મારો જ્ઞાયકભાવ ભિન્ન છે એમ અહીંયા ભેદજ્ઞાન કર્યું. આહાહાહા...

## શ્લોક - ૩૧

( मालिनी )

इति सति सह सर्वैरन्यभावैर्विवेके
स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम् ।
प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृत्तैः
कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः ।।३१।।

**અહીં આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ-** [ इति ] **આમ પૂર્વોક્ત પ્રકારે ભાવકભાવ અને જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થતાં** [ सर्वैः अन्यभावैः सह विवेके सति ] **સર્વ અન્યભાવોથી જ્યારે ભિન્નતા થઈ ત્યારે** [ अयं उपयोगः ] **આ ઉપયોગ છે તે** [ स्वयं ] **પોતે જ** [ एकं आत्मानम् ] **પોતાના એક આત્માને જ** [ बिभ्रत् ] **ધારતો,** [ प्रकटितपरमार्थैः दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिः ] **જેમનો પરમાર્થ પ્રગટ થયો છે એવાં દર્શનજ્ઞાનચારિત્રથી જેણે પરિણતિ કરી છે એવો,** [ आत्म-आरामे एव प्रवृत्तः ] **પોતાના આત્મારૂપી બાગ ( ક્રીડાવન ) માં જ પ્રવૃત્તિ કરે છે, અન્ય જગ્યાએ જતો નથી.**

**ભાવાર્થઃ-સર્વ પરદ્રવ્યોથી તથા તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવોથી જ્યારે ભેદ જાણ્યો ત્યારે ઉપયોગને રમવાને માટે પોતાનો આત્મા જ રહ્યો, અન્ય ઠેકાણું ન રહ્યું. આ રીતે દર્શનજ્ઞાનચારિત્ર સાથે એકરૂપ થયેલો તે આત્મામાં જ રમણ કરે છે એમ જાણવું. ૩૧.**

## શ્લોક - ૩૧ ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન

"આમ પૂર્વોકત પ્રકારે ભાવકભાવ અને જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થતાં પહેલાં છત્રીસ ગાથામાં ભાવકભાવનું કહ્યું હતું, કર્મ જે ભાવક છે તેનાથી પર્યાયમાં ભાવ, ભાવ્ય વિકાર થાય તે ભાવકભાવ એનાથી ભેદ છે, ભાવકકર્મ એના નિમિત્તે થતી વિકારી ભાવ્ય ( અવસ્થા ) એ ભાવ્ય ને ભાવકથી ભગવાન ભિન્ન છે, એમ બતાવ્યું. આહાહાહા... એ વિકારી પર્યાયથી પણ ભગવાન ભિન્ન છે, એ વિકારી પર્યાય તો ભાવકનો ભાવ છે. એનાથી ભગવાન આત્મા ભિન્ન છે એમ બતાવ્યું. આહાહાહાહાહા...

અહીંયા જ્ઞેયભાવોથી ભેદ છે એમ બતાવ્યું. સાડત્રીસમીમાં અનંત સિદ્ધો છે, અરિહંતો છે એનાથી પણ આ પ્રભુ તો ભિન્ન છે. આહાહાહા ! "સર્વેઃ અન્ય ભાવેઃ સહ વિવેકે સતિ " "સર્વ અન્યભાવોથી જ્યારે ભિન્નતા " વિવેક, વિવેક એટલે ભિન્ન, ભિન્નતા સહે સાથે વિવેક વિવેક એટલે ભેદ, ભેદજ્ઞાન થયું. "સર્વ અન્યભાવોથી જ્યારે ભિન્નતા થઇ ત્યારે આ ઉપયોગ છે તે પોતે પોતાના એક આત્માને જ ધારતો " ભેદથી વાત કરી છે. ઉપયોગ છે તે પોતે પોતાના એક આત્માને જ ધારતો.

"પ્રકટિતપરમાર્થૈઃ દર્શનજ્ઞાનવૃતૈઃ કૃતપરિણતિઃ" "જેમનો પરમાર્થ પ્રગટ થયો છે એવા દર્શન ચારિત્રથી જેણે પરિણતિ કરી છે" આહાહા... જેને એવો અંતરંગતત્ત્વ એવો ભગવાન દૃષ્ટિમાં લઇને પરિણમ્યો એને દર્શન જ્ઞાન અને ચારિત્ર ત્રણેય પરિણમ્યા છે કહે છે. આહાહાહા... ઉપયોગ શબ્દ પછી ત્યાં લીધો ને, પાઠમાં 'આત્મા' લીધો. ઉપયોગ છે તે જ હું છું. પછી ટીકામાં આત્મા લીધો ને ભાઈ, અહીં 'ઉપયોગ' લીધો, 'આત્મા' લીધો પણ એ ઉપયોગ, આત્મા એ ભેદ એમેય નહીં. એ તો આત્મા જ આખો. ઉપયોગ તે આત્મા એમ ભેદ પાડવો એ કરતાં ઉપયોગ સ્વરૂપ જ ભગવાન આત્મા અભેદ છે. આહા ! આહાહા !

ધારતો, ભગવાન આત્મા પોતાના સ્વભાવને ધારતો, જ્ઞાન દર્શન ને ચારિત્રરૂપ પરિણમતો, આહાહાહા... ભાવકભાવથી ભિન્ન થયો, જ્ઞેયભાવથી ભિન્ન થયો. હવે પોતે પોતાના સ્વભાવને ધારતો, આહાહા... હવે આવી વાતું, આ તો મંત્રો છે. આહાહા ! જેમનો પરમાર્થ પ્રગટ થયો છે. પરમાર્થ નામ ભગવાન આત્મામાં દર્શન જ્ઞાન ચારિત્ર પ્રગટ થયા છે. આહાહા ! અંતરંગતત્ત્વ તે હું એવી પ્રતીતિ તે સમ્યગ્દર્શન, અંતરંગતત્ત્વ તે હું એનું જ્ઞાન તે સમ્યક્જ્ઞાન, અંતરંગતત્ત્વમાં રમણતા તે ચારિત્ર. આહાહા ! એવા જે સ્વભાવમાં દર્શન જ્ઞાન ચારિત્ર હતાં, એ પર્યાયમાં પ્રગટ થઇ ગયા છે. આહાહા ! સમજાણું કાંઈ ? પ્રગટ કીધું ને ? આહા... "પ્રકટિત પરમાર્થૈ ?" એમ છે ને પાઠ ? પરમાર્થ– પરમ દર્શન જ્ઞાનને ચારિત્ર, હું જ્ઞાયકભાવ તે હું છું એમ પ્રતીતિ થઇ તે સમ્યગ્દર્શન પ્રગટ, જ્ઞાયકભાવ તે જ હું છું તેવું જ્ઞાન તે પ્રગટ તે પર્યાય જ્ઞાન અને તે જ્ઞાન અને દર્શનમાં સ્થિરતા થઇ તે પ્રગટ દર્શન, જ્ઞાન ને ચારિત્ર. આહાહા ! શક્તિરૂપે તો હતા દર્શન, જ્ઞાન ને ચારિત્ર. સમજાય છે કાંઈ ? ઓલા બે પાડયા જ્ઞાન પ્રકાશ, આનંદ ને અનુભવ અને આ ત્રીજો હવે અહીંયા ચારિત્ર એ આનંદને હારે લીધું. જ્ઞાન પ્રકાશ હતો ને ? જ્ઞાનના બે ભેદ પાડયા, હવે અહીં દર્શન ને જ્ઞાન બે, પ્રતીત અને જ્ઞાન, ચારિત્રમાં આનંદ આવ્યો. આહાહાહા ! "પ્રકટિત પરમાર્થૈ દર્શનજ્ઞાનવૃતૈઃ" જુઓ આ વૃતૈઃ શબ્દ પડયો છે એ વ્રત નહીં. એટલે ચારિત્રના સ્વરૂપની રમણતા એ વૃતે. ( શ્રોતાઃ– પરિણમન ) પરિણમન, સ્થિર. આહાહા !

જેમને પરમાર્થ પ્રગટ થયો છે, પરમાર્થ પ્રગટ થયો છે પરમ પરમાર્થ અંતરંગતત્ત્વ તો છે, એને હવે પરમાર્થ પ્રગટ થયો છે. આહાહાહા ! દર્શન જ્ઞાન અને ચારિત્ર જેને પ્રગટ થયાં છે. જેણે પરિણતિ કરી છે એવો પોતાના આત્મારૂપી બાગમાં પ્રવૃત્તિ કરે છે. આહાહાહા... આત્મારૂપી બાગમાં છે ને ? આત્મ આરામેઃ – પ્રવૃત્તિ કરે છે. આત્મા પોતાના સ્વરૂપમાં પ્રવૃત્તિ કરે છે. આહાહાહા... આત્મારૂપી આરામ ! આરામસ્થળ ! વિશ્રામ સ્થળમાં આરામમાં રમે છે. આહાહાહા... 'અન્ય જગ્યાએ જતો નથી'. એ રાગમાં અને પરમાં જતો નથી. આહાહાહા ! તેને અહીંયા આત્માને જીવ કહેવામાં આવે છે. જીવ અધિકાર છે ને ? આહાહાહાહા... માણસને ઓલા વ્યવહારની ક્રિયાના રસવાળાને આ એવું લાગે કે આ શું છે ? આવું આ ? બાપુ મારગ આ છે ભાઈ. એ ક્રિયાનો રાગ છે એ તો ભાવકનો ભાવ છે. ક્રિયાનો જે રાગ છે ને દયા ને દાન ને વ્રત ને તે તો ભાવકનો ભાવ છે. એ સ્વભાવભાવ નહીં, એનાથી પણ અહીંયા તો ભેદ બતાવીને, આહાહા... એ જાણનારો ભગવાન પ્રકાશે છે, અને અનાકુળ આનંદના સ્વાદમાં રહ્યો થકો પ્રગટ થયો છે. આહાહાહા !

આ મહા માંગલિક છે. આહાહાહા... પોતાના આત્મારૂપી ક્રીડાવનમાં, આત્મામાં પ્રવૃત્તિ કરે છે. ટીકામાં નાખ્યું છે. ટીકા કરીને એમાં કહે આત્મા, ઉપયોગ છે. એમ બે ભાગ ન પાડો. આત્મા આત્મામાં છે નિશ્ચયથી અભેદ રાખો, ભેદ પાડીને કથન ન કરો એમ લખ્યું છે. કળશ ટીકામાં ઓલી કળશટીકામાં હોં અધ્યાત્મ તરંગીણિમાં.

ભાવાર્થઃ "સર્વ પરદ્રવ્યોથી અને તેમનાથી ઉત્પન્ન થએલા ભાવોથી" તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવો વિકાર આદિ "જ્યારે ભેદ જાણ્યો" સર્વ પરદ્રવ્યોથી અને તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવો, એટલે પરદ્રવ્યો તે જ્ઞેય ને આ ભાવકભાવ ઊપજેલા ભાવો એટલે, જ્યારે ભેદ જાણ્યો ત્યારે ઉપયોગને રમવાને માટે પોતાનો આત્મા રહ્યો. આહાહાહા !

જ્યારે રાગ અને પરજ્ઞેયથી ભગવાનને ભિન્ન જાણ્યો ત્યારે એને રહેવાનું સ્થાન, રમવાનું તો આત્મા રહ્યો. આહાહા... પરમાં જે રમતો હતો એનાથી ભેદ કર્યો, એટલે આત્મામાં રહેવાનું રહ્યું. એને હવે. આહાહાહા ! ઉપયોગને રમવાને માટે પોતાનો આત્મા રહ્યો. "અન્ય ઠેકાણું ન રહ્યું" આહાહા... "આ રીતે દર્શન જ્ઞાન ચારિત્ર સાથે એકરૂપે થયેલો" છેલ્લી ગાથા કરવી છે જીવ અધિકારની આડત્રીસમી દર્શન જ્ઞાન ચારિત્ર સાથે એકરૂપ થયેલો. પર્યાયમાં તે આત્મા જ રમણ કરે છે. થયેલો તે આત્મામાં જ રમણ કરે છે, એમ જાણવું. આહાહાહા

હવે એ ૩૮ ની ઉપોદ્‌ઘાત છે.

હવે, એ રીતે દર્શનજ્ઞાન ચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આત્માને સ્વરૂપનું સંચેતન કેવું હોય, – એને વેદન કેવું હોય એમ કહેતાં આચાર્ય આ કથનને સંકોચે છે – આડત્રીસ ગાથા કહીને જીવનો અધિકાર પૂરો કરે છે.

– વિશેષ કહેશે

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

*** જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે, તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં, જ્ઞાનસામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્‌પણે પરિણમે છે ત્યાં મોહ સમૂળ નાશ પામે છે, માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે. જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી.**

**( દૃષ્ટિનાં નિધાન - ૬૮ )**

## ગાથા - ૩૮

अथैवं दर्शनज्ञानचारित्रपरिणतस्यास्यात्मनः कीदृक् स्वरूपसञ्चेतनं भवतीत्यावेदयन्नुपसंहरति-

**अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी।**
**ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि।।३८।।**

**अहमेकः खलु शुद्धो दर्शनज्ञानमयः सदाऽरूपी।**
**नाप्यस्ति मम किञ्चिदप्यन्यत्परमाणुमात्रमपि।।३८।।**

यो हि नामानादिमोहोन्मत्ततयात्यन्तमप्रतिबुद्धः सन् निर्विण्णेन गुरुणानवरतं प्रतिबोध्यमानः कथञ्चनापि प्रतिबुध्य निजकरतलविन्यस्तविस्मृतचामीकरावलोकनन्यायेन परमेश्वरमात्मानं ज्ञात्वा श्रद्धायानुचर्य च सम्यगेकात्मारामो भूतः स खल्वहमात्मात्मप्रत्यक्षं चिन्मात्रं ज्योतिः, समस्तक्रमाक्रमप्रवर्तमानव्यावहारिकभावैश्चिन्मात्राकारेणाभिद्यमानत्वादेकः, नारकादिजीवविशेषाजीवपुण्यपापास्रवसंवरनिर्जराबन्धमोक्षलक्षणव्यावहारिकनवतत्त्वेभ्यष्टङ्कोत्कीर्णैकज्ञायकस्वभावभावेनात्यन्तविविक्तत्वाच्छुद्धः, चिन्मात्रतया सामान्यविशेषोपयोगात्मकतानतिक्रमणाद्दर्शनज्ञानमयः, स्पर्शरसगन्धवर्णनिमित्तसंवेदनपरिणतत्वेऽपि स्पर्शादिरूपेण स्वयमपरिणमनात्परमार्थतः सदैवारूपी, इति प्रत्यगयं स्वरूपं सञ्चेतयमानः प्रतपामि। एवं प्रतपतश्च मम बहिर्विचित्रस्वरूपसम्पदा विश्वे परिस्फुरत्यपि न किञ्चनाप्यन्यत्परमाणुमात्रमप्यात्मीयत्वेन प्रतिभाति यद्भावकत्वेन ज्ञेयत्वेन चैकीभूय भूयो मोहमुद्भावयति, स्वरसत एवापुनःप्रादुर्भावाय समूलं मोहमुन्मूल्य महतो ज्ञानोद्योतस्य प्रस्फुरितत्वात्।

---

હવે, એ રીતે દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આ આત્માને સ્વરૂપનું સંચેતન કેવું હોય છે એમ કહેતાં આચાર્ય આ કથનને સંકોચે છે, સમેટે છેઃ-

**હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;**
**કંઇ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.**

ગાથાર્થઃ-દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમેલો આત્મા એમ જાણે છે કેઃ [ खलु ] નિશ્ચયથી [ अहम् ] હું [ एकः ] એક છું, [ शुद्धः ] શુદ્ધ છું, [ दर्शनज्ञानमयः ] દર્શનજ્ઞાનમય છું, [ सदा अरूपी ] સદા અરૂપી છું; [ किञ्चित् अपि अन्यत् ] કાંઈ પણ અન્ય પરદ્રવ્ય [ परमाणुमात्रम् अपि ] પરમાણુમાત્ર પણ [ मम न अपि अस्ति ] મારું નથી એ નિશ્ચય છે.

ટીકાઃ-જે, અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે અત્યંત અપ્રતિબુદ્ધ હતો અને વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં જે કોઈ પ્રકારે ( મહા ભાગ્યથી ) સમજી, સાવધાન થઈ, જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય તે ફરી યાદ કરીને

**તે સુવર્ણને દેખે તે ન્યાયે, પોતાના પરમેશ્વર ( સર્વ સામર્થ્યના ધરનાર ) આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને તથા તેનું આચરણ કરીને ( -તેમાં તન્મય થઈને ) જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો, તે હું એવો અનુભવ કરું છું કે : હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે; ચિન્માત્ર આકારને લીધે હું સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી માટે હું એક છું; નર, નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષસ્વરૂપ જે વ્યાવહારિક નવ તત્ત્વો તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું; ચિન્માત્ર હોવાથી સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી માટે હું દર્શનજ્ઞાનમય છું; સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં પણ સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી માટે પરમાર્થે હું સદાય અરૂપી છું. આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. એમ પ્રતાપવંત વર્તતા એવા મને, જોકે ( મારી ) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે તોપણ, કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે; કારણ કે નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને-ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.**

**ભાવાર્થઃ-આત્મા અનાદિ કાળથી મોહના ઉદયથી અજ્ઞાની હતો, તે શ્રી ગુરુઓના ઉપદેશથી અને પોતાની કાળલબ્ધિથી જ્ઞાની થયો અને પોતાના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું કે હું એક છું, શુદ્ધ છું, અરૂપી છું, દર્શનજ્ઞાનમય છું. આવું જાણવાથી મોહનો સમૂળ નાશ થયો, ભાવકભાવ ને જ્ઞેયભાવથી ભેદજ્ઞાન થયું, પોતાની સ્વરૂપસંપદા અનુભવમાં આવી; હવે ફરી મોહ કેમ ઉત્પન્ન થાય ? ન થાય.**

## પ્રવચન નં. ૧૦૮ ગાથા - ૩૮ તા. ૧૪-૧૦-૭૮ શનિવાર આસો સુદ-૧૩ સં. ૨૫૦૪

સમયસાર ગાથા-૩૮ છે ઉસકા શ્લોક,

अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी।
ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि।।३८।।

( હરિગીત )

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઇ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.

ટીકાઃ- જે આ આત્મા અનાદિ, મોહરૂપ અજ્ઞાનસે અનાદિ કાલકા આત્મા હૈ એ અનાદિસે રાગદ્વેષ આદિ વિકાર પરિણામ ઉસકા મોહમેં, ઉસકી એકતાબુદ્ધિમેં અજ્ઞાન થા અનાદિસે અપના સ્વરૂપ ચિદાનંદ પ્રભુ ઉસકો ભૂલકર, આહાહા... મોહરૂપ અજ્ઞાનસે, મોહોન્મત મૂળ તો

મોહનો અજ્ઞાન અર્થ કર્યો, મોહનો. આહાહા ! અપના સ્વરૂપ કયા હૈ ઉસકો ભૂલકર અનાદિસે એ શુભઅશુભ રાગ, શરીર એ મેરા હૈ. ઐસા મૂઢ, મિથ્યાદૃષ્ટિ અનાદિસે પરિભ્રમણ ઐસા ભાવસે કરતે હૈ. આહાહાહાહા... અજ્ઞાનસે ઉન્મત્તકે કારણ ઘેલા હુઆ હૈ, પાગલ. આહાહાહા !

અપના ભગવાન ચીજ સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરે જો આત્મા કહા એ આત્મા તો સચ્ચિદાનંદ, શુદ્ધ આનંદકંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય હૈ ! ઉસકો ન જાનકર અનાદિસે રાગાદિ પરચીજમેં મોહસે ઘેલા પાગલ હોકર, આહાહાહાહા... અત્યંત અપ્રતિબુદ્ધ થા. અત્યંત અજ્ઞાની થા, અપ્રતિબુદ્ધ થા વસ્તુકા કંઇ ભાન નહીં થા. આહાહા ! ચોર્યાશી લાખ યોનિમેં પરિભ્રમણ કરતે કરતે અપની ચીજકો ભૂલકર પાગલ હો ગયા. આહા ! શરીર એ જડ, માટી, ધૂળ હૈ, એ અપની ચીજ હૈ ઐસા માના. અંદર જે શુભઅશુભ રાગ આતા હૈ, હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ, વાસના એ રાગ હૈ, દુઃખ હૈ ઔર અંદરમેં દયા, દાન, વ્રત ભક્તિ આદિકા ભાવ આતા હૈ. એ શુભરાગ હૈ, દુઃખ હૈ, આકુલતા હૈ. પણ એ ચીજકો અપની માનકર, આહાહા... જે અપનેમેં હૈ નહીં ઔર પરવસ્તુ હૈ ઉસકો અપની માનકર, સૂક્ષ્મ બાત હૈ ભાઈ ! આહાહા ! અપ્રતિબુદ્ધ, અત્યંત અપ્રતિબુદ્ધ થા. કોઈ કહેતે હૈ કે આ સમયસાર તો મુનિકો સમજાના હૈ. તો આંહી તો કહે અત્યંત અપ્રતિબુદ્ધ થા ઉસકો આ સમયસાર સમજાતે હૈ, અજ્ઞાની તદ્દન હૈ ઉસકો સમજાતે હૈ. આહાહાહા !

અંદર સચ્ચિદાનંદ પ્રભુ. અણાકુલ આનંદકા નાથ આત્મા અંદર પડા હૈ, ઉસકો ભૂલકર શરીર કે રાગઆદિના પ્રેમમેં પાગલ હો ગયા હૈ, મૂઢ હો ગયા હૈ કહે છે. આહાહાહા ! અપ્રતિબુદ્ધ હૈ. કંઈ ભાન નહીં, કંઈ જ્ઞાન નહીં, અજ્ઞાનમેં પાગલ હો ગયા. આહાહાહાહા ! લક્ષ્મી, જડ, માટી, ધૂળ તો કહે મેરી હૈ. સ્ત્રીકા શરીર ને આત્મા પર તો કહે મેરી હૈ. પૈસા આબરુ પર તો કહે મેરી હૈ. અંદરમેં પાપકા પરિણામ હોતા હૈ એ વિકાર હૈ દુઃખ હૈ તો કહે મેરા હૈ. પુણ્ય પરિણામ જો દયા, દાન, વ્રત આદિકા વિકલ્પ ઉઠતે હૈ એ રાગ હૈ દુઃખ હૈ તો અજ્ઞાની ઇસકો અપના માનતે હૈ. આહાહા ! ઐસા અત્યંત અપ્રતિબુદ્ધ થા. અત્યંત મૂઢ થા. આહાહાહા !

અનાદિકાલસે અપના સ્વરૂપ ભૂલકર અપના પરમેશ્વર અપના પરમેશ્વર ચિદાનંદ પ્રભુ આત્મા, અપના પરમેશ્વર, ઉસકો ભૂલકર પરમેં ઈશ્વરતા મોટપકી મહિમા લિયા. રાગ પુણ્યકા ભાવ ને ઉસકા ફલ, ઉસકી મહિમા આ ગઈ એ અપ્રતિબુદ્ધ અજ્ઞાની મૂઢ હૈ. ઉસકો વિરકત ગુરુએ હવે કયા કહેતે હૈ ઉસકો સંતો, ગુરુ જે ઉસકો સમજાયા, કૈસા ગુરુ ? વિરકત ગુરુ જિસકો રાગ ને પરમેંસે રકતપણા ઊડ ગયા હૈ, અને અપના આનંદકંદમેં જિસકી રકતતા ઉત્પન્ન હુઈ હૈ. આહાહા !

ગુરુ કૈસા હોતા હૈ ? કે જિસકો શુભ, અશુભ રાગ ઉસમેં લીનતા, રકતતા, છૂટ ગયા હૈ. વિરકત હો ગયે હૈ. આહાહાહા ! ઔર અપના આનંદસ્વરૂપ પ્રભુ, અણાકુળ શાંતિ ને આનંદકા કંદ પ્રભુ આત્મા ઉસમેં જિસકી રકતતા લીનતા હૈ, રાગસે પરસે વિરકતતા હૈ, અપના સ્વભાવમેં રકતતા હૈ. આહાહાહાહા ! ઐસા ગુરુ નિર્ગ્રંથ મુનિ સંત, આહાહાહા... ઉસને ઉસકો સમજાયા. અજ્ઞાનીકો સમજાયા ભાઈ પ્રભુ તું કયા હૈ ? આહા... અરે તું કયા કરતે હૈ, અનાદિસે હૈ ?

વિરકત ગુરુએ નિરંતર સમજાએ જાને પર, ઉસકા ગુરુએ કહા પ્રભુ તુમ રાગસે, શરીરસે

ભિન્ન હૈ પ્રભુ, તેરી ચીજમેં તો અતીન્દ્રિય આનંદ ભરા હૈ નાથ. તું સુખકા સાગર હૈ, ઔર આ રાગાદિ દુઃખકા બીજડા બધા સંસારકા બીજ હૈ, આહા... ઉસસે તેરી ચીજ ભિન્ન હૈ ને પ્રભુ એમ વિરકત ગુરુએ નિરંતર સમજાયાકા અર્થ ? નિર્ગ્રંથ ગુરુ સંત આત્મજ્ઞાની અનુભવી જિસકો અતીન્દ્રિય આનંદકા પ્રચુર સંવેદન વર્તતે હૈ, એ કંઈ નિરંતર સમજાનેકો નવરા, ફુરસદ નહીં ઉસકો, પણ ગુરુએ જો ઉસકો કહા પ્રભુ ભગવંત આત્મા, આહાહાહા... તેરી ચીજ જો રાગમેં મૂર્ત હો ગઈ હૈ, એ તું ચીજ નહીં. આહાહા ! તેરેમેં તો આનંદ ને શાંતિ પડી હૈ પ્રભુ. ઉસકી, ઉસકી દૃષ્ટિ કરને, આ કયા કિયા તુને, પુણ્ય ને પાપને ઉસકા ફળમેં મોહિત હુઆ, પાગલ હો ગયા હૈ પ્રભુ તું. આહાહાહાહાહા... તો એક વાર કહા પણ વો સમજનેવાલા ઉસને નિરંતર વિચાર કિયા, તો નિરંતર સમજાને પર ઐસે કહેનેમેં આયા. સમજમેં આયા ? એક વાર ઉસને કહા, કોઈ વાર વિશેષ ભી વારંવાર ભી આતે હૈ, પણ એ વારંવાર સમજાએ, કહેને પર ઉસને વારંવાર અંદર નિરંતર ઉસકો વિચારમેં લિયા. ઓહો ! મૈં તો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ આ રાગ આદિ વિકલ્પ ને શરીર આદિ તો પર હૈ, મેરેમેં હૈ નહીં. મેરેમેં હૈ ઉસકો મેં મેરા માન્યા નહીં. મેરેમેં નહી હૈ ઉસકો મેરેમેં માન્યા. ઐસી વિચાર ધારા શ્રોતાએ વારંવાર વિચાર ધારા ચલાઈ અંદરમેં. આહાહાહા... ફુરસદ ક્યાં પણ આ. આહાહા !

નિરંતર સમજાએ જાનેં પર ઉસકા અર્થ યે હૈ. એકવાર પણ અમે કાનમેં નાખ્યા, ડાલ દિયા પ્રભુ, તુમ જ્ઞાયક સ્વભાવ હૈ ને નાથ, તું શુદ્ધ હૈ, ધ્રુવ હૈ, પવિત્રતાકા પિંડ હૈ, એ આ રાગઆદિ ને શરીરઆદિ યે તેરી ચીજ નહીં. આહાહા ! ઐસે સમજાએ જાને પર, વારંવાર ઉસકા વિચાર કરને પર, આહાહાહા... રટન લગાયા, ઓહો ! મૈં આનંદ સ્વરૂપ, રાગ નહીં, પુણ્ય નહીં, પાપ નહીં, શરીર નહીં, કર્મ નહીં, ઐસે અંદરમેં લગન લગાયા. આહાહા ! કોણે ? શ્રોતાએ, અજ્ઞાની થા ઉસકો ગુરુએ સમજાયા તો એ સમજાને પર એને જે કહા થા ઉસકા વારંવાર ઘોલન કિયા, ઓહો ! મૈં તો જ્ઞાયકભાવ હું. જાણક, જાણક, જાણક, જાણક, જ્ઞાતા દ્રષ્ટા સ્વભાવ સ્વરૂપ મૈં હું, રાગ આદિ વિકલ્પ જો હૈ એ મૈં નહીં એ દુઃખરૂપ દશા હૈ, મૈં તો આનંદરૂપ હું. આહાહા ! શરીર આદિ માટી આ જડ ધૂળ હૈ એ મૈં નહીં, મૈં તો શરીર રહિત અશરીરી ચૈતન્ય સ્વરૂપ હું. આહાહાહા ! ઐસા વારંવાર ગુરુએ સમજાયાકા અર્થ વારંવાર ઉસને વિચારકા ઘોલન કિયા. આહાહાહા !

“કિસી પ્રકારસે સમજકર” સ્વયંબોધસે કાં ઉપદેશસે સમજકર, આહાહા... કોઈ પ્રકારે લિયાને. આહાહા ! અંતર આત્મા “સિદ્ધ સમાન સદા પદ મેરો” આ આત્માકા સ્વરૂપ એ સિદ્ધ સમાન અંદર હૈ, ઐસા વારંવાર વિચારકા ઘોલનમેં લિયા.

“चेतनरूप अनूप अमूरति, सिद्धसमान सदा पद मेरौ[1]।
मोह महातम आतम अंग, कियौ परसंग महा तम घेरौ[2]।।”

આહાહા “જ્ઞાન કળા ઉપજી અબ મૌકુ” એ રાગ ને વિકલ્પ જે હૈ શુભાશુભ રાગ એ મૈં નહીં. આહાહા ! ઐસી અપની જ્ઞાનકી કળા જાગી, “જ્ઞાનકળા ઉપજી અબ મૌકુ, કહું ગુણ નાટક આગમ કેરો, તાસુ પ્રસાદ શ્રદ્ધે શિવ મારગ વેગે મિટે આ ઘટ વાસ વસેરો” હાડકાના ચામડાના માંસના લોચામાં રહેવું. એ વેગે મટી જશે. જો આ રીતે મૈં ભેદજ્ઞાનમેં રમણ કિયા તો ઘટમાં

રહેનેકા છૂટ જાએગા, મૈં સિદ્ધ હો જાઉંગા. આહાહા ! સમજમેં આયા ? આ આવી વાત છે ભાઈ, આહાહા ! કિસી પ્રકારસે સમજકર સાવધાન હોકર, સાવધાન ! સાવધાન ! સાવધાન ! મૈં મેરી ચીજ અંદર આત્મતત્ત્વ સિદ્ધ સમાન સ્વરૂપ ઉસમેં સાવધાન હુઆ. જે આમ ( પરમેં ) સાવધાન થા, રાગ ને રાગના ફળ પર આદિ શરીર આદિ મૈં સુંદર આદિ દેખકર આકર્ષિત હોતા થા. અરેરે, ધૂળમેં આ તો માટી હૈ ભાઈ માંસ ને હાડકા હૈ. એ આકર્ષિત આત્માકા આનંદમેં આકર્ષિત હો ગયા. સાવધાન હુઆને ? આહાહાહા ! ઝીણી વાત છે ભાઈ !

આત્મજ્ઞાન હોતા હૈ તો કૈસે હોતા હૈ એ બાત કહેતે હૈ. અને આતમધર્મ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકા પરિણમન કિસકો કિસ પ્રકાર હોતા હૈ એ બાત ચલતી હૈ. આહાહાહા ! તો ગુરુએ એને કહા કે તેરી ચીજ તો અંદર આનંદકંદ પ્રભુ તું સચ્ચિદાનંદ સ્વરૂપ હૈ, સત્ નામ શાશ્વત્ જ્ઞાન અને આનંદકા પિંડ પ્રભુ તુમ હૈ. આહાહાહા ! આ પુણ્ય ને પાપ, દયા ને દાન, કામ ને ક્રોધના વિકલ્પ ઊઠતે હૈ, પ્રભુ એ તું નહીં એ તો દુ:ખ હૈ આકુળતા હૈ. આહાહાહાહા ! શરીરઆદિ કર્મઆદિ તો ભિન્ન અજીવ તત્ત્વ હૈ, એ તો તેરી પર્યાયમેં ભી નહીં. તેરી પર્યાયમેં જે પુણ્ય ને પાપના શુભાશુભ વિકલ્પ રાગ ઊઠતે થે, એ ભી તું નહીં. આહાહાહા ! ઝીણી વાત છે ભાઈ !

સમ્યગ્દર્શન એ કોઈ અલૌકિક ચીજ હૈ અને એ ચીજ બિના આ વ્રત ને તપ ને ભક્તિ આદિ કરે એ સબ નિરર્થક હૈ. સંસારકે ખાતે રખડના હૈ. આહાહાહા ! આંહી કહેતે હૈ, પ્રભુ તુમ એકવાર સૂન સાવધાન હો જા કહેતે હૈ દેખો આયાને સમજકર સાવધાન હો ગયા, અરે મૈં ચીજ કયા હું અરે આ રાગ ને પુણ્ય પાપની વિકલ્પની વૃત્તિઓ હૈ એ તો દુ:ખરૂપ પર હૈ, મેરી ચીજ નહીં. મૈં તો જ્ઞાતા, જ્ઞાયકસ્વભાવ, શુદ્ધસ્વભાવ, ધ્રુવસ્વભાવ, પરમ પારિણામિકસ્વભાવ, સહજ સ્વભાવભાવ એ મૈં હું. ઐસે સાવધાન હો ગયા. આરે આવી વાત છે. અપ્રતિબુદ્ધ હતો એ સાવધાન હો ગયા એમ કહેતે હૈ. હૈં ? આહાહાહા ! અત્યંત અપ્રતિબુદ્ધ હતો. આહાહાહાહા ! કંઈ ચૈતન્યકી ચીજ કયા હૈ ઉસકી ખબર જરી નહીં. અને વિકાર ને પુણ્ય પાપના ફળમેં એકાકાર, આહાહા... પરમેં સુખબુદ્ધિ, શરીરમેં સુખબુદ્ધિ, પુણ્ય પાપના ભાવમેં સુખબુદ્ધિ, પૈસા, આબરૂ, કીર્તિ સ્ત્રી કુટુંબમેં સુખબુદ્ધિ મૂંઢ હૈ. સુખ તો ભગવાન આત્મામેં અંદર હૈ. ઉસકી તો ખબર નહીં, ને પરમેં સુખકી મૂંઢતા ઐસા અપ્રતિબુદ્ધ હતા. ઉસકો ગુરુએ સમજાયા. આહાહાહા... સમજાને પર નિરંતર મનનમેં લે લિયા સાવધાન હુઆ. આહાહાહા ! અરે મૈં કૌન હું યે કહેતે હૈ દેખો.

“જૈસે કોઈ પુરુષ મુઠ્ઠીમેં રખે હુએ” મુઠ્ઠી, વો દાતણ, બાતણ કરતે હૈ ને તો સોનાનો દાંત હોય કે ઐસા કાંઈ નીકાલકર રખ દિયા, ( દાંત ) ભૂલ ગયા. મુઠ્ઠીમેં સોના થા એ ભૂલ ગયા. ક્યાં કયાં હૈ એ ઓલી વીંટી કાઢી નાખેને. જૈસે કોઈ પુરુષ મુઠ્ઠીમેં રખે હુએ સોનેંકો ભૂલ ગયા, સોનેકો ભૂલ ગયા. સોના–સોના મુઠ્ઠીમેં થા. આહાહા ! ઔર ફિર સ્મરણ કરકે, ફિર યાદ આયા કે અરે ! આ રહ્યા સોના. થા તો ખરા મુઠ્ઠીમેં પણ ભૂલ ગયા. ક્યાં મૂકયા ? આ તો દાતણ કરતેં સોનાની વીંટી હોય જરી ગોખલો હોય ને જરા લાકડાનો બારણાની ઉપર મૂક્યો હોય જરી ભૂલી ગયો ક્યાં મૂકી ? પછી યાદ આવે. ઓહો ! આંહીયા મૂકી. આહાહા ! એમ ફિર સ્મરણ કરકે ઉસ સોનેંકો દેખે સોનેંકો ઉસ ન્યાયસે. આ ન્યાય આ દૃષ્ટાંત ભગવાને આપ્યા. આહાહા ! આવી વાતું ભાઈ આકરી ભારે. આહા ! અંતર વસ્તુ ભગવાન જ્ઞાયકભાવસે ભરી પડી પ્રભુ

હૈ. આહાહા ! ઉસમેં રાગ ને દ્વેષકા વિકલ્પકી ગંધ નહીં. આહાહા ! અરે પર્યાયમેં અપૂર્ણતા હૈ એ ભી ઉસમેં નહીં. આહાહાહા ! જ્ઞાતા દ્રષ્ટા ભગવાન સ્વરૂપ પ્રભુ મૈં હું, મૈં આ નહીં ઐસે ગુરુસે સમજાને પર, અપના વિચારકી ધારામેં સમજ ગયે. આહાહા ! સમજમેં આયા ? આવી વાત છે ભાઈ ! આહા !

આ શરીર, કહ્યું'તું ને એકવાર, એક બાઈ છોડી હતી અઢાર વરસની લડકી હતી, એના પતિને બીજી હતી. એનો પતિ પહેલી પરણ્યો તો એમાં ગુજરી ગઈ હતી લગન થયા, ને એને અહીંયા શીતળા નીકળ્યા શીતળા કયા કહેતે હૈ. ( શ્રોતાઃ- ચેચક ) ઈતના દાણા નીકળ્યા કે દાણે દાણે ઈયળ, એ જીવ જીવ કયા કહેતે હૈ ? ( શ્રોતાઃ- કીડા ) કીડા, રૂપાળું શરીર હતું. ધોળું અમે જોયું હતું એને. પછી ઈયળું પડી ગાદલામાં સુવાડે, ગદ્દી આમ ફરે તો હજારો ઈયળું પડે ગાદલામાં સુવાડે, ગદ્દી આમ ફરે તો હજારો ઈયળું આ બાજુ પડે આમ ફરે તો આ બાજુ એ કહે બા માતા મૈં આવા પાપ આ ભવમાં કર્યાં નથી. મારી તો ઉંમર હજી અઢાર વર્ષની છે, હજુ બે વર્ષના લગ્ન છે આ ક્યાંથી આવ્યા, શું થયું આ. આહાહા ! એ કાણે કાણા કાણા પડયા હોયને છિદ્ર ને ઉસમેં આ કીડા, આહાહા... બટકા ભરે, બા મેં આવા પાપ કર્યાં નથી આ તો, આહાહા... રોવે એ ગદ્દીમાં ઠીક પડે નહીં કયાંય સુતા આમ સુતા કે આમ સુતા. ઠીક પડે નહીં. કારણકે સડી ગયા બધાને એમાં ઈયળ, કીડાં આ એ આ શરીર. એ માટીકા શરીર 'સળીયે પડણં વિધ્વંસણં' આ જેવો માટીનો પિંડ. આહાહા ! આહા ! આંહી કહેતે હૈ કે મૈં શરીર હું, ઐસે માના થા. આહાહા... પ્રભુ શરીર તો માટી, ધૂળ પુદ્‌ગલકી હૈ ચીજ ને આ તો જડ હૈ. આહા... અરે અંદરમેં તેરે પુણ્ય ને પાપકા ભાવ હોતા હૈ ને પ્રભુ, એ તો વિભાવ હૈ, દુઃખ હૈ, વસ્તુ હૈ તો વિભાવસે મુક્ત હૈ. આહાહાહા ! એમ ગુરુએ સૂનાયા. આહાહાહા ! આકરું કામ ભાઈ, ધર્મ કોઈ એવી ચીજ હૈ, કે સાધારણ આ દયા પાળી ને વ્રત કિયા ને જાત્રા કિયાને ભક્તિ કિયા ને ધર્મ હો ગયા ? હરામ ધર્મ હોય તો ત્યાં એ તો સબ રાગકી ક્રિયા હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ?

અપના ચૈતન્યપ્રભુ આનંદકા દળ, આહાહાહાહા... એ તરફકા સાવધાન હોકર અપને પરમેશ્વર, અપને જેમ મુઠ્ઠીમેં સોના થા ભૂલ ગયા. ઐસે અપને પરમેશ્વર આત્મા, આહાહા... અનંત અનંત ઈશ્વર શક્તિસેં ભરા પડા પ્રભુ ભગવાન તેરેમેં તો જ્ઞાન, દર્શન, આનંદ, અનંત શક્તિ એ અનંત શક્તિ, ગુણ કહો કે શક્તિ કહો, ઉસમેં દરેકમેં ઈશ્વરતા ભરી હૈ. આહાહાહા... ઐસા અનંત ગુણકા પરમેશ્વર તુમ હૈ. આહાહા ! અરે કેમ બેસે ? કદી અભ્યાસ નહીં, નિવૃત્તિ નહીં, ફુરસદ નહીં. આહાહા ! તેરેમેં તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા ઐસે અનંત ગુણમેં, દરેક ગુણમેં પ્રભુતા ભરી હૈ, ઐસા અનંત અનંત ઈશ્વરકા ધણી તુમ પરમેશ્વર હૈ ને નાથ. આહાહા ! ઉસકી તુમ રક્ષા કરને. આહા ! સમજમેં આયા ? આવું આવી વાત છે ભાઈ. વીતરાગ મારગ અલૌકિક હૈ.

લોકોએ અનંત કાળમેં કિયા તો નહીં પણ યથાર્થપણે સૂના હી નહીં. આહાહા ! આંહી તો જન્મ-મરણ રહિત હોનેંકી ચીજકી બાત હૈ, જનમમરણ કરેગા એકાદ ભવ તો વો ભવમેંસે દૂસરા ભવ નરકને નિગોદકા હોગા. આહાહા ! અહીંયા તો આચાર્ય-મહારાજ કુંદકુંદાચાર્યદેવ

દિગંબર સંત, સંવત ૪૯મેં હુઆ, ભગવાન પાસે ગયે થે, સીમંધર પરમાત્મા બિરાજતે હૈ, પાનશે ધનુષ્યકા દેહ, કરોડ પૂર્વકા આયુષ્ય હૈ, બિરાજતે હૈ ત્યાં ગયે થે, દો હજાર વર્ષ પહેલે સંવત–૪૯, ત્યાં આઠ દિન રહે થે, સદેહે ગયે થે, કુંદકુંદાચાર્ય દિગંબર સંત સંવત–૪૯ દો હજાર વર્ષ હુઆ ત્યાંસે આકર આ શાસ્ત્ર બનાયા. ત્યાંસે આકર આ શાસ્ત્ર બનાયા હૈ. આહાહા ! એ શાસ્ત્રમેં ભગવાનને ઐસા કહા અરે તુમ "અહં એકો" આ દ્વિધા, દ્વિધા રાગ ને શરીરની દ્વિધા તેરેમેં કહાં આ ગયા ? આહાહા ! પહેલો શબ્દ હૈ ને "અહં એકો" એનો આવી ગયો. અર્થ આજે આવશે. આહાહા ! આ તો ધીરજની વાતું છે બાપુ, ધર્મ કોઈ એવી ચીજ નથી કે પૈસા દીધે થઈ જાય, મંદિર બનાવે થઈ જાય ગજરથ બનાવે ને જાત્રા કરી દયે ને સમેતશિખરની અને ગિરનારની જાત્રા થઈ જાય માટે ધર્મ થઈ જાય, એ ધર્મ ઐસી ચીજ હૈ હી નહીં. ઉસમેં રાગ હો તો પુણ્ય હો જાય. પુણ્ય એ સંસાર હૈ. આહાહાહાહા !

અહીંયા કહેતે હૈ કે સાવધાન હોકર જૈસે અપને પરમેશ્વર આત્માકો ભૂલ ગયા થા, જેમ એ સોનું મુઠ્ઠીમેં થા એ ભૂલ ગયા થા, યાદ આયા કે અરે આ રહ્યા, ઐસે પરમેશ્વર અંદર થા ઉસકો ભૂલ ગયા થા, મૈં કહાં હું ? કહાં હું ? મૈં કહાં હું ? મૈં રાગમાં હું ? પુણ્યમાં હું ? શરીરમેં હું ? લક્ષ્મીમેં હું ? આહાહા ! મૈં બાપકા બેટા હું ? આહાહા ! મૈં દીકરાકા બાપ હું ? અરે કહાં ગયા પ્રભુ. સમજમેં આયા ? અપના પરમેશ્વર ભિન્ન હૈ ઉસકો ભૂલ ગયા થા, આ બધી યાદગીરી હો ગઈ. આ મારી બાઈડી છે ને આ મારા છોકરા છે ને આ મારા પૈસા છે ને આ મારા મકાન હૈ, મહેલ, મકાન હૈ, પાંચ પચ્ચીસ લાખકા અરે પ્રભુ એ તો પર ચીજ હૈ ને નાથ. હૈ.

( શ્રોતાઃ– મુંબઈ સીત્તેર લાખના મકાનમાં આપ ઉતર્યા'તા ને ? ) હા, તે ઉતર્યા'તા ને. આપણા આંહી દિગંબર હૈ, આમોદ, આમોદ ગુજરાતમેં હૈ ને, અમારા પાલેજ રહેતે થે ને, હમ તો ભરૂચ ને વડોદરા બિચમેં પાલેજ, હૈ ને દુકાન ત્યાં હમ નવ વરસ રહે, દુકાન ચલાવી'તી પાંચ વરસ, છોટી ઉંમરકી બાત હૈ. સત્તર વર્ષસે બાવીસ. પાંચ વરસ યહાં તો નેંવાસી વર્ષ હુઆ. દુકાન ચલતી હૈ બડી, તો ત્યાં આગળ આમોદ હૈ નજીક. તો અમે આમોદ પાસે નીકળે થે તો અમારે કુંવરજીભાઈ હતા ને ભાગીદાર થે દર્શન કરવા આવ્યા'તા. છેલ્લા જ ન્યાં હતા પછી ગુજરી ગયા. તો એ આમોદના ગૃહસ્થ છે આપણા પાંચ, છ કરોડ રૂપિયા, દિગંબર ગુજરાતી તો ત્યાં ઊતરે થેને મુંબઈ દરિયાને કાંઠે, સિત્તેર લાખનું તો એક મકાન હૈ. સીત્તર લાખકા એક મકાન, બહુ નરમ માણસ હૈ. શું નામ એનું ? ( શ્રોતાઃ– રમણિકભાઈ ) રમણિકભાઈ એની માં છે ડોશી બેયને પ્રેમ બહુ ભાઈ બિચારાને ઘણો. પણ એક મકાન સિત્તેર લાખકા. એવા તો મકાન બહોત. દિગંબર જૈન હૈ. ગુજરાતી એ અમારે પાલેજ, ભરૂચ વડોદરાની વચ્ચે નજીક હૈ આમોદ તો ત્યાં અમે ઉતર્યા'તા કંઈક વરસ હતું ને ૮૭મું, ૮૭ વર્ષ અને શરીર ઉંમર ૮૭ વર્ષની જન્મજયંતિ થી, તો ઉસકા મકાનમેં ઊતરે થે. મૈં તો ઉસકો કહા, ભૈયા આ કયા હૈ આ. આ સમુદ્રમાં કયા બગલા ઉડતે હૈ બગલા સમજતે હૈ, બગલા કહેતે હૈ ને ? અરે આ તો મચ્છી મારતે હૈ, તો આ બગલા ક્યાં સુધી જતે ભૈયા. મેરેકો કહે મહારાજ વીસ વીસ માઈલ સુધી બગલા આમ ઉપર ચલે જાય. પણ મચ્છીઓને લઈને આહારને ઝાડ નહીં પાન નહીં. આહાહાહા ! અરેરે આ બગલા આ મચ્છી ખાયને મરીને નર્કમાં જાય. મરીને નર્કમાં જાના. આવા અનંત અનંત

ભવ કિયા ભાઈ તેરે આત્માકા ભાન બિના, આહાહા... એ ગુરુએ સમજાયા, આહાહા... તો સિત્તેર લાખકા મકાન એ ધૂળના મકાન થા. આહાહા ! આ છવ્વીસ લાખકા હૈ આ રહ્યું ને જુઓને, ભગવાનકા મંદિર આ. મહાવીર ભગવાન, આ છવ્વીસ લાખકા હૈ. એકલા આરસ-પહાણ સંગેમરમર પણ એ તો જડ હૈ. આહાહા ! આત્માકા મકાન જે અંદર હૈ એ તો ચૈતન્ય સ્વરૂપ પરમેશ્વર સ્વરૂપ હૈ. આહાહાહા ! આહાહાહા !

અનંત અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા, પ્રભુ તેરી તને ખબર નથી. ભાઈ તેરી ઈશ્વરતા, પરમેશ્વરતાની તને ખબર નથી. આહા ! એ આંહી સાવધાન હોકર જાણ્યા. અપના પરમેશ્વરકો ભૂલ ગયા થા. આહાહા... ઉસકો જાનકર મુઠ્ઠીમેં જેમ સોના થા ને ભૂલ ગયા થા ને યાદ આ ગયા અરે આ રહ્યા. ઐસે ભગવાન તો અહીં થા. પરમાત્મ સ્વરૂપ હી હૈ આત્મા. આહાહાહા !

આ ગયા ને વહ ૩૨૦ ગાથામેં નહીં, ૩૨૦ ગાથા સંસ્કૃત ટીકા જયસેન આચાર્ય દિગંબર સંત, ભગવાન અંદર વસ્તુ આત્મા જો દ્રવ્ય હૈ પદાર્થ એ સકળ નિરાવરણ, સકળ સંપૂર્ણ નિરાવરણ ભગવાન આત્મતત્ત્વ હૈ. જિસકો જીવતત્ત્વ, આત્મતત્ત્વ કહીએ દ્રવ્ય, દ્રવ્ય એટલે વસ્તુ એ તો સકળ નિરાવરણ હૈ ઉસમેં આવરણ કુછ હૈ નહીં. ઔર અખંડ એક હૈ, એ તો. આહાહાહા ! ભેદ પર્યાયકા ભી નહીં હૈ. એ તો અખંડ એક હૈ. આહાહાહા ! પ્રત્યક્ષ પ્રતિભાસમય, મેરી જ્ઞાનકી પર્યાયમેં પ્રત્યક્ષ ભાસ હોતા હૈ, ઐસા મૈં હું. આહાહાહા ! રાગસે નહીં. પણ મતિશ્રુત જ્ઞાનકી નિર્મળ પ્રત્યક્ષ પર્યાયસે પ્રત્યક્ષ હોનેવાલા મૈં હું. અવિનશ્વર હું, કદિ મેરા નાશ હુઆ નહીં. મૈં તો ઐસા ને ઐસા ધ્રુવ સદા ટીક રહા હું. આહાહા ! અવિનશ્વર શુદ્ધ પારિણામિક ભાવ લક્ષણ શુદ્ધ પારિણામિક પરમ ભાવલક્ષણ સહજ સ્વભાવભાવ પરમભાવલક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય મૈં હું. નિજ પરમાત્મ દ્રવ્ય મૈં હું. આ પરમેશ્વર કહ્યા ને. આહાહા ! સમ્યગ્દૃષ્ટિ જીવ અપના આત્માકો ઐસા માનતે હૈ. આહાહાહા ! મૈં તો નિજ પરમાત્મા હું. અપના પરમાત્મ સ્વરૂપ ભગવાન અંદર, આહાહા... દેહ દેવળમેં બિરાજમાન આત્મા ભિન્ન હૈ. એ મૈં હું, મૈં શરીર નહીં, મૈં રાગ નહીં, મૈં પુણ્ય નહીં, મૈં પાપ નહીં, મૈં પુણ્યકા ફળ પૈસા આદિ મૈં નહીં, આહાહાહા ! ઐસા જબ આત્માકા સમ્યગ્દર્શન, જ્ઞાન હોતા હૈ, તબ ધર્મકી દશા ઉસકો હુઈ, ઉસમેં ઐસા ભાન હુઆ, સમજકર સાવધાન હોકર ભૂલ ગયા થા ઉસકો જાનકર, જાણ્યા અરે આ તો જ્ઞાયક સ્વરૂપ જાનન સ્વભાવકા પિંડ પ્રભુ, એકલા જ્ઞાતા દ્રષ્ટા જ્ઞાન સ્વભાવકા સાગર ઐસા આ મૈં એમ ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ જીવ, ઐસા સમજકર જાનકર, હૈ ? "ઉસકા શ્રદ્ધાન કર" જાનકર શ્રદ્ધાન કર, એ ચીજ જ્ઞાનકી વર્તમાન પર્યાય દશામેં એ જાના કે આ વસ્તુ અખંડ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય હૈ. ઐસા જાના તો પ્રતીત હુઈ, શ્રદ્ધા હુઈ. જાણ્યા બિના એ ચીજકી પ્રતીત શું ? જે ચીજ પર્યાયમેં જાનનેમેં ન આયા, એ ચીજકી પ્રતીત કરના કહાંસે આતી હૈ ? આહાહાહાહા !

મૈં તો ભગવાન, આઠ વર્ષની બાલિકા હો, પણ જો સમ્યગ્દર્શન પાતી હૈ તો ઐસા પાતી હૈ. આહાહા ! સીતાજી જુઓ, આહા... સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની થી. ભલે રાવણ ત્યાં લઈ ગયો. પણ અંદરમાં તો મૈં આનંદકંદ હું. મેરી દૃષ્ટિ મેરે કોઈ ઉપાડ સકે કે લે સકે હૈ નહીં. આહાહાહા ! જરી રાગ થા થોડા અસ્થિરતાકા, ચારિત્ર નહીં થા ને સમ્યગ્દર્શન જ્ઞાન થા. આહાહા ! તો રામે જ્યાં

હનુમાનને મોકલ્યા. હનુમાન આયા હનુમાન થા ને. અંગુઠી લેકર, અંગુઠી. અરે વીરા. આહાહા... રાગ આયાને અસ્થિરતા. સમ્યગ્દર્શન હૈ, જાનતે હૈ કે આ વિકલ્પ મેરી ચીજ નહીં. આહાહા ! સમજમેં આયા ? આહા ! "વીરા મોરા વધામણી કહાંસે લાયા" આ વધામણી ક્યાંથી વીર લાવ્યો પ્રભુ, આ અંગુઠી મારા નાથની, મારો પ્રભુ રામચંદ્ર મારો એક પતિ, દૂસરા કોઈ પતિ હૈ નહીં "આરે અંગુઠી મારા નાથની, એ વીરા ક્યાં થકી લાવ્યો. વીરા રે વીર વધામણી" આહાહા ! રાગ હૈ, ભાન હૈ અંદર હોં એ રાગ એ મેરી ચીજ નહીં. પતિ મેરી ચીજ નહીં. આહાહા ! સમજમેં આયા ? આહાહાહા ! આવી ચીજ હૈ ભાઈ !

એ વનચર કહેતા'તા ને, એ લોકો એમ કહે છે ને એ તો વનચર કહે છે એને, એ વનચર નહોતા. હનુમાન તો કામદેવ, રાજકુમાર હતા. એ લોકો એને પૂછડું બતાવે છે ને જૂઠી વાત છે. હનુમાન તો એક રાજકુમાર કામદેવ પુરુષ છ ખંડમેં એના જૈસા રૂપ નહીં સુંદર ઐસા થા તો ઓલા પૂછડું લગાડીને "વનચર વીરા રે વધામણી" એનામાં ( અન્યમતિમાં ) એવું આવે છે. વનમાં ચરનારા હૈ બંદર આ વધામણી કહાંસે આયા. એ તો રાજકુમાર હતા, કામદેવ પુરુષ થા. આહાહા ! આહાહાહા !

સીતાજી અંદરમેં આત્માકા ભાન હૈ સમ્યગ્દર્શન જ્ઞાન હૈ. મૈં તો આત્મા આનંદસ્વરૂપ હું, મેરેકો કોઈ લે જાય કે મેરે ભાળીને ( દેખકર ) કોઈ રાગમેં આ જાય એ મૈં નહીં. આહાહાહા ! એ આંહી કહેતે હૈ કે સાવધાન હોકર જાનકર અપના પ્રભુ, "રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા" અપની અપની રિદ્ધિ સિદ્ધિ ભગવાન આત્મામેં પડી હૈ રિદ્ધિ, સિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમેં પ્રગટ સદા, અંતરકી લક્ષ્મી તો અજાતિય લક્ષપતિ હૈ. અંતરકી લક્ષ્મીસે અજાતિય લક્ષપતિ હૈ, અંતર આનંદની લક્ષ્મીના ભાનવાળા ધર્મી અજાતિય લક્ષપતિ હૈ કોઈ જાત, પાત નહીં હૈ લક્ષ્મી અંદર હૈ અંદર. આહાહા ! બહારની લક્ષ્મીકી ઈચ્છા ધર્મીકો હોતી નહીં. અસ્થિરતા હોતી હૈ પણ એ દૃષ્ટિમેં નહીં હોતી હૈ. આહાહા ! સમજમેં આયા ? એ આંહી કહેતે હૈ. સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મની પહેલી સીઢીવાળા ધર્મના પહેલા પગથિયાવાળા, પગથિયા કહેતે હૈ ને, હિન્દી બહોત નહીં આતી ભાષા તો મેરી ગુજરાતી હૈ ને. આ થોડા થોડા હિન્દી. આ તો ભોપાલવાળા આવ્યા છે ને ? સમજમેં આયા ? આહાહાહાહા !

ભગવાન અંદર અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનસે ઓપિત, શોભિત જેમ સુવર્ણને ગેરુ લગાનેંસે સુવર્ણ ઓપિત ને શોભિત ચમક, ચમક, ચમક હોતી હૈ, ઐસે ભગવાન આત્મામેં આનંદ ને જ્ઞાનની ચમક હોતી હૈ. આહાહાહા ! સમજમેં આયા ? એ ચૈતન્ય ચમત્કાર ભગવાન ત્રિલોકનાથ સમ્યકદૃષ્ટિએ જાન લિયા. આહાહાહા ! ભલે ગૃહસ્થાશ્રમમાં હો, પણ જાના કે મૈં તો પરમેશ્વર સ્વરૂપ ચિદાનંદ પરમાત્મ સ્વરૂપ હું. આહાહા ! મેરેમેં વિકાર તો નહીં. મેરા શરીર તો નહીં પણ મેરેમેં અલ્પતા ને અપૂર્ણતા નહીં. આહાહાહા ! આવી વાત છે પ્રભુ. આ દિગંબર સંતોની આ વાણી છે. એવી બીજે ક્યાંય હૈ નહીં. આહાહાહાહા ! આ વસ્તુ ભગવાન ત્રિલોકનાથે કહી એ સંતો કહેતે હૈ. સંતો આડતિયા હોકર માલ આપતે હૈ, કે મારા ભગવાન આ કહેતે હૈ. આહાહા !

તો જાનકર ઉસકી શ્રદ્ધાન કર, જાના કે ભગવાન જ્ઞાયક, જ્ઞાયક જાનનેવાલા પરિપૂર્ણ પ્રભુ

ઐસા જાનકર શ્રદ્ધા કિયા જાનકર શ્રદ્ધા કિયા. જાના કે આ આત્મા ઐસા પૂર્ણ આખા હૈ, ઐસા જ્ઞાન કરકે શ્રદ્ધાન સમકિત કિયા. સમજમેં આયા ? આહાહા !

પીછે ઔર ઉસકા આચરણ કરકે, તીનોં બોલ લેના હૈ ને સ્વરૂપ અંતર આનંદસ્વરૂપકા જ્ઞાયક સ્વરૂપકા ભાન હુઆ, જ્ઞાન હુઆ ઔર જ્ઞાન હોકર શ્રદ્ધા હુઈ, ઔર શ્રદ્ધાન હોકર ઉસકા આચરણ કરકે, એ સ્વરૂપ જે આત્મા આનંદકંદકા જ્ઞાન હુઆ, શ્રદ્ધા હુઈ, સમકિત પીછે, ઉસમેં આચરણ, આનંદકંદ પ્રભુમેં રમના, આનંદકા નાથમેં રમના, આચરણ કરના. આહાહાહા... એ ચારિત્ર. ચારિત્ર કોઈ દેહકી ક્રિયા ને પંચમહાવ્રતકા પરિણામ વો કંઈ ચારિત્ર નહીં. ભગવાન અતીન્દ્રિય આનંદકા નાથકી શ્રદ્ધા ને જ્ઞાન કરકે એ અંતરમેં આનંદમેં રમના. આહાહાહા ! આરે ! આરે ! વ્યાખ્યા એક એક ફેર સમકિતની ફેર, જ્ઞાનની ફેર, એ આચરણકી ફેર આ તો વ્રત બ્રત કરે ને થઈ ગયા ચારિત્ર, ધૂળેય નહીં હૈ એ. સમજમેં આયા ? આહા !

એ આચરણ કરકે ઉસકા આચરણ કરકે છે ને ? એટલે ઉસમેં તન્મય હોકર, જૈસે એ દયા, દાનકે વિકલ્પમેં તન્મય થા અજ્ઞાનમેં ઐસે આ વસ્તુ જાની ને શ્રદ્ધા હુઈ તો ઉસમેં તન્મય હોકર આનંદ અતીન્દ્રિય આનદમેં લીન હોકર એ ચારિત્ર એ આચરણ એ આત્માકા આચરણ. આહાહાહાહા ! શુભાશુભભાવ એ આત્માકા આચરણ નહીં. આહા ! એ તો વિકારકા આચરણ હૈ.

ભગવાન આત્મા અપના જ્ઞાયક સ્વરૂપ, જ્ઞાયક ઐસા જાનકર ઉસમેં પ્રતીતિ કિયા, શ્રદ્ધા કિયા સમકિત ઔર પીછે જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદમેં આચરણ કિયા. ઓહોહો ! સ્વરૂપ આનંદમેં રમણ કિયા ઉસકા નામ આચરણ આત્માકા, ઉસકા નામ ચારિત્ર આત્માકા. આહાહા ! આચરણ કરકે, જો સમ્યક્ પ્રકારસે, સાચી રીતે એક આત્મારામ હુઆ. સમ્યક્ પ્રકારે એટલે જ્ઞાન-દર્શનને ચારિત્રરૂપ હોકર સમ્યક્ પ્રકારે ધારણામાં એકલા જ્ઞાન લિયા કે આત્મા ઐસા હૈ ને ઐસા એમ નહીં. આહાહાહાહા !

સહજાનંદ પ્રભુ, ઉસકો જાનકર, પ્રતીતિ કર ઉસમેં આચરણ કરકે ઉસમેં આચરણ કિયા. આહા ! ઐસે સમ્યક્ પ્રકારસે સત્યદૃષ્ટિસે, સત્યજ્ઞાનસે, સત્યઆચરણસે એક આત્મારામ હુઆ. આત્મરામ "નિજ પદ રમેં સો રામ કહીએ". આહાહાહા ! ભગવાન આનંદ સ્વરૂપમેં રમેં વો આત્મારામ હૈ. રાગમાં રમે એ હરામ હૈ. આહાહાહા... એ આત્મા નહીં, આહાહા... આવી વાતું છે. હજી એને જ્ઞાનેય ન મળે સાચા, એને ક્યાં જાવું ભાઈ. આહાહા ! કહે છે સાચી રીતે એક આત્મારામ હુઆ જુઓ એક આત્મારામ હુઆ. વો રાગ અને પુણ્યરૂપ થા એ અનેકપણે એ નહીં. છૂટ ગયા. આહાહાહા !

જ્ઞાયક, ધ્રુવ, શુદ્ધ, ઉસકા જ્ઞાન કર, ઉસકી પ્રતીતિ કર, ઉસમેં રમણતા કિયા તીનોં લિયાને ઐસા આડત્રીસ ગાથા હૈ ને આખિરકી ગાથા હૈ યે. એ આત્માની તીનોં દશા પ્રગટ હુઈ. આહાહાહા ! ઉસકા આચરણ કરકે સમ્યક્ પ્રકારસે એક આત્મારામ હુઆ. યહ મૈં ઐસા અનુભવ કરતા હું. આહાહાહાહા ! સમ્યગ્દૃષ્ટિ જીવ એમ કહેતે હૈ કે ધર્મી ધર્મકા પરિણમન કરનેવાલા એમ જાનતે, એમ કહેતે હૈ જાનતે હૈ, મૈં ઐસા અનુભવ કરતા હું કે મૈં ઐસા અનુભવ કરતા હું, આહાહાહાહા... ચૈતન્યસ્વભાવ દરિયો જેમ ઊછળે, સમુદ્રમેં જેમ બાઢ આતી હૈ. ઐસે ભગવાન આત્મા ચિદાનંદકી પ્રતીત ને જ્ઞાન હુઆ સ્થિર હુઆ. પર્યાયમેં બાઢ આઈ. શાંતિકી,

આનંદકી, સ્વચ્છતાકી, આહાહાહા... આવી વાત ક્યાં ? મુશ્કેલ છે બાપુ, મારગ વીતરાગનો એ દિગંબર ધર્મ એ જૈન ધર્મ એ કોઈ અલૌકિક ચીજ હૈ. એ આ નાગા થાય ને લૂગડાં છોડીને થઈ ગયા દિગંબર, ઐસા દિગંબર હૈ નહીં. આહાહા ! હૈં ! ( શ્રોતાઃ– ગાથા અલૌકિક છે ) ગાથા અલૌકિક છે. એય નિરંજન ! તમારા ચિરંજીવીને પણ પ્રેમ છે આમાં. આહાહા ! બાપુ કરવા જેવું આ. સમજે તો ખરો, સમજણ તો કરે પહેલી. આહાહાહા !

સોયમાં દોરો પરોવે જેમ સુતરનો તો એ ન ખોવાય. ખોવાય કહેતે હૈ ને ? ખોવાય નહીં, એમ ભગવાન આત્માકા સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પરોવે તો આગળ જાકર ચારિત્રકો હોકર મુક્તિ પાયેગા, પણ સમ્યગ્જ્ઞાન નહીં હૈ ઉસકો તો કોઈ ચારિત્ર નહીં આયેગા અને ચાર ગતિમેં રખડેગા. આહાહા ! સુતર વિનાની સોય, ધાગા વિનાની સોય એ તો ખોવાઈ જાયેગી, પણ ધાગા પરોવાયેગા, પરોવાયા હોય તો ચકલી માળામેં લે જાય તો એ આ મારી સોય હૈ એમ સમ્યગ્જ્ઞાનરૂપી દોરો જો પરોયા હોગા તો ચાર ગતિમેં નહીં રખડેગા. આહાહાહા ! સમજમેં આયા ?

તો આ સમ્યગ્જ્ઞાન મૈં ચિદાનંદ જ્ઞાયકસ્વરૂપ હું, મેરેમેં રાગ ને પુણ્ય નહીં, મેરી અલ્પતામેં અલ્પતા ભી મેં નહીં. આહાહાહા ! ઐસા પૂર્ણાનંદકા નાથકા જ્ઞાન કરકે પ્રતીતિ કિયા અને વો ઉપરાંત તો અહીંયા તો આચરણ ભી લિયા. આહા... ચારિત્ર, તો એ ચારિત્રવંત, દર્શન, જ્ઞાન ને ચારિત્રવંત એમ કહેતે હૈ. મૈં ઐસા અનુભવ કરતા હું. સમ્યગ્દૃષ્ટિ જીવ, અપના સ્વરૂપકો જાનકર, પ્રતીત કર આચરણ કિયા. એ જીવ એમ જાનતે હૈ કે મૈં ઐસા અનુભવ કરતા હું, મૈં ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા હું. ઓહોહોહો ! ગાથા અલૌકિક હૈ ! મૈં તો ચૈતન્યમાત્ર જ્યોતિ હું. “સ્વયં જ્યોતિ સુખધામ” શ્રીમદ્‌માં આવે છે ને “શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ, સુખ ધામ” શુદ્ધ કહો કે પારિણામિક સ્વભાવ કહો, કે જ્ઞાયક કહો કે ધ્રુવ કહો, શુદ્ધ બુદ્ધ જ્ઞાનકા પિંડ મૈં તો જ્ઞાનકા પિંડ જ્ઞાન એકલા જ્ઞાનકા રસકા પિંડ મૈં હું. શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન અસંખ્ય પ્રદેશી ચૈતન્યઘન હું. સ્વયં જ્યોતિ, અપનેંસે ચૈતન્ય પ્રકાશમય જ્યોતિ હું. કોઈ કારણસે નહીં. સુખધામ ! મેરા આત્મા આનંદકા સ્થાન હૈ, અતીન્દ્રિય આનંદકા ધામ હૈ. આહાહાહાહા ! ઐસે આત્મા હુઆ મૈં, ઐસા અનુભવ કરતા હું, મૈં તો ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા હું. ચૈતન્ય જાનન, દેખનમાત્ર જ્યોતિ, ચૈતન્ય જ્યોતિ ચૈતન્યમાત્ર જ્યોતિ, રાગ આદિ તો બિલકુલ નહીં. આહાહાહાહા ! ચૈતન્યમાત્ર જ્યોતિ જાણક, દેખન સ્વભાવમાત્ર જ્યોતિ, આહા ! ઐસા જો આત્મા, એ મૈં હું. આહાહા ! સમ્યગ્દૃષ્ટિ જીવ અપનેકો ઐસા માનતે હૈ. ધર્મી જો સમ્યગ્દૃષ્ટિ હુઆ એ, જેને ભાન નહીં એ તો અનેક પ્રકાર હૈ, રાગ ને પુણ્યકી ક્રિયાસે ધર્મ હોગા ને ઐસે માનતે હૈ એ તો મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આહાહા !

મૈં ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા હું. ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા હું. મૈં રાગરૂપ, શરીરરૂપ, વાણીરૂપ મૈં કર્મરૂપ, ઐસા નહીં. આહાહાહા... મૈં તો ચૈતન્યમાત્ર ચૈતન્ય પ્રકાશકા પૂંજ પ્રભુ, જેમ સૂર્યના પ્રકાશનો પૂંજ સૂર્ય હૈ, આ જડકા પ્રકાશ, આ ચૈતન્યપ્રકાશકા નૂરકા પૂરના તેજ મૈં આત્મા હું. આહાહાહા ! આ તે આવી વાત, ક્યાં નવરાશ માણસને રખડવા આડે નવરો નથી. આખો દિ’ પાપ અને પછી કાંઈ થોડાક પુણ્ય થોડું કરે ત્યાં ઓલી, આહાહા...

સોયનું દાન ને શું કીધું ? એરણની ચોરી. એરણ હોય ને સોનાની, સોનીની એની ચોરી કરે ને સોયનું દાન, હવે આખો દિ' પાપ આ પાપ પાપ કર્યાં કરે ને એમાં કોક દિ' જાત્રા, ભક્તિ કે વ્રત આદિ પૂજાના ભાવ શુભ હોય એ સોયનું દાન છે. આહાહા ! હવે આવી વાતું છે.

આંહી કહે છે, ધર્મી અપનેંકો ઐસે જાનતે હૈ કે મૈં તો ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા, જ્યોતિરૂપ આત્મા, જ્યોતિવાળા એમેય નહીં, ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા, આહાહાહા... જ્યોતિસ્વરૂપ આત્મા, જ્યોતિવાળો આત્મા ઐસે નહીં, એ તો ભેદ. આ, ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા. આહા... આ નીકળે છે ને શું પ્રકાશ નહીં ? બાહુબલિજી નહીં, બાહુબલિમાં હૈં ? ( શ્રોતાઃ- સર્ચલાઈટ ) સર્ચલાઈટ છેટેથી આમ, ( પ્રકાશ-પ્રકાશ-પ્રકાશ ) એમ આ ચૈતન્યજ્યોતિની સર્ચલાઈટ હૈ આત્મા. આહાહા ! બાહુબલિમાં છે, ને બાહુબલિજીમાં છે નહીં બે સર્ચલાઈટ સામીને બે સર્ચલાઈટ સામે, એમ ભગવાન આત્મા ચૈતન્યજ્યોતિની સર્ચલાઈટ હૈ અંદર, પ્રકાશકા પૂંજ ચૈતન્યકા પ્રકાશકા પૂંજ આત્મા હૈ.

આમ કેમ બેસે ? બીડી વિના હાલે નહીં ને તમાકુ વિના હાલે નહીં, હવે આટલા તો અપલખણ બે સરખી બીડી પીવે સીગારેટ ત્યારે ભાઈને પાયખાને દસ્ત આવે, ઊતરે પાયખાને દસ્ત ઊતરે આટલા તો અપલખણ હવે એને આવો ( આત્મા ) કહેવો, આવો આત્મા કેમ બેસે ? આહાહાહા ! આ તો જેને બેઠો ( સમજાયો ) એની વાત હૈ. આહાહા ! મૈં ચૈતન્યમાત્ર જ્યોતિસ્વરૂપ આત્મા હું, કે જો મેરે યે અનુભવમેં પ્રત્યક્ષ જ્ઞાત હોતા હૈ. આહાહાહાહા ! મેરે અનુભવમેં પ્રત્યક્ષ જાનનેમેં આતા હૈ એમ કહે છે આ તો, આહાહા ! જ્ઞાનકી પર્યાયમેં પ્રત્યક્ષ જાનનેમેં આતા હૈ, પરોક્ષ નહીં. એ શ્રુતજ્ઞાનકો પરોક્ષ કહ્યા એ તો પ્રત્યક્ષ પૂરણ સર્વજ્ઞ નહીં એ અપેક્ષાએ, બાકી આંહી તો પ્રત્યક્ષ કહા હૈ. સમજમેં આયા ? મેરે એ અનુભવમેં પ્રત્યક્ષ જ્ઞાત હોતા હૈ. આહાહાહા ! ઔર "શુદ્ધો", "શુદ્ધો" છે ને ? "અહમ એકકો" ત્યાં સુધીકા અર્થ હુઆ. શબ્દ હૈ ને "અહમ એકકો" છે ને મૂળ ગાથામાં. હવે "શુદ્ધો" નું ( સ્પષ્ટીકરણ )

ચિન્માત્ર આકારકે કારણ મૈં તો જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાતાકી જ્યોતસ્વરૂપ આત્માકે કારણ, સમસ્ત ક્રમરૂપ-નર્કગતિ, મનુષ્ય ગતિ આદિ એ ક્રમે મિલતી હૈ, તે નહીં. મનુષ્ય ગતિ, તિર્યંચ ગતિ, દેવગતિ, પર્યાપ્ત, અપર્યાપ્ત ક્રમે હોતી હૈ એ નહીં. અક્રમરૂપ એકસાથ જોગ, લેશ્યા, કષાય એકસાથ હોતે હૈ એ અક્રમ, એકસાથ હોતા હૈ એ ભી મૈં નહીં. આહાહાહા ! આમાંય ગોટો વાળે કેટલાક જોયું એ ક્રમ અક્રમ કહે પણ કંઈ ક્રમઅક્રમ કયા કહા હૈ ? એ તો ક્રમ નામ એક પછી એક ગતિ મિલતી હૈ ઉસકો ગતિકે ક્રમ કહેતે હૈ અને એક સાથ જોગ, લેશ્યા, કષાય એક સાથ હૈ એને અક્રમ કહેતે હૈ. તો ક્રમરૂપ અક્રમરૂપ વર્તમાન, વર્તમાન-વર્તમાન વર્તતા નર્કગતિ આદિ ને રાગઆદિ વર્તતા વ્યાવહારિક ભાવોસે ભેદરૂપ નહીં હોતા. એવા વ્યવહારભાવસે મૈં ભેદ ( રૂપ ) નહીં હું. આહાહાહા ! ઝીણી વાત છે આ. મેરી ચીજ તો જ્ઞાયકસ્વરૂપ ભગવાન ધર્મી જીવ સમ્યગ્દ્રષ્ટિ પ્રથમ ધર્મની શરૂઆતવાળા અપનેકો ઐસે જાનતે હૈ, મૈં તો જ્ઞાયકમાત્ર જ્યોતિસ્વરૂપ, એ ક્રમે હોનેવાલી ગતિ આદિ એ મેરેમેં નહીં. હૈ ? ભેદરૂપ નહીં હોતા. આ વ્યવહારિકસે ક્રમસે ગતિ આદિમેં અક્રમસે જોગ, કષાય આદિ ભેદરૂપ નહીં હોતા. ઈસલિયે મૈં 'એક' હું. હવે આંહી એક આયા. આહાહા ! "અહં એકકો" આહાહાહા ! આંહી એક આવ્યું હવે.

"અહં એકકો"ની વ્યાખ્યા થઈ. એક અક્ષરની વ્યાખ્યા. હવે 'શુદ્ધો'ની વ્યાખ્યા લેશે.

(શ્રોતાઃ- પ્રમાણવચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૦૯ ગાથા - ૩૮ તા. ૧૫-૧૦-૭૮ રવિવાર આસો સુદ ૧૪ સં. ૨૫૦૪

આડત્રીસમી ગાથા, ટીકા, ફરીને, કાલ તો હિન્દી હાલ્યું'તું ને !

આ આડત્રીસ ગાથા, જીવના અધિકારની પૂર્ણની ગાથા છે એ જીવ અધિકાર આંહી પૂર્ણ થાય છે. એટલે ? કે જીવનું કથન જે સર્વજ્ઞે સંતોએ કહ્યું, એવું જેણે અંદર જાણ્યું, અનુભવ્યું અને દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમન થયું, એ જીવ કેવો છે એનું આંહી વર્ણન છે.

હવે એમાં પાઠમાં તો આ છે "અહં" પણ "અહં" પહેલાં એ જે "અહં" નહોતો સમજ્યો એ કેવો હતો "અહં" શબ્દ છે ને તો "અહં" તો પોતે નિર્ણય કરે છે કે હું આ છું. પણ એ કોણ ? કે પહેલો તો અજ્ઞાની હતો એની આંહી વાત કરી છે એ એમાંથી 'હું' માંથી કાઢયું છે.

(ટીકા :-) જે, અનાદિ મોહ, મોહથી કહો કે અજ્ઞાનથી એ બે એક જ છે, મોહરૂપ અજ્ઞાનથી એમ, ઉન્મત્તપણાને લીધે, પાગલ હતો, પાગલ. આહાહાહા ! જે આ શરીર છે એ હું છું, પાપના પરિણામ છે તે હું છું, શુભરાગ જે દયા–દાનનો વિકલ્પ જે શુભરાગ એ હું છું, એમ મોહથી પાગલ થઈ ગયેલો હતો. મોહ શબ્દે અજ્ઞાનથી, સ્વરૂપનું ભાન ન મળે, એથી એ વિકારી પરિણામને પોતાના માનતો, શરીર મારું માનતો, એને લઈને એ અત્યંત અપ્રતિબુદ્ધ હતો, અત્યંત મૂઢ હતો અજ્ઞાની. આહાહાહા ! જુઓ, એને આંહી સમજાવે છે.

જેને આત્મા અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ કોણ છે ? એની (મુદ્દલ) ખબર નથી, અને એ પુણ્ય ને પાપના ભાવ ને શરીરને, પરમાં મોહને લઈને – પોતાનું માનીને પાગલ ઉન્મત્ત થયો છે, આહાહા... એ અત્યંત અપ્રતિબુદ્ધ હતો, અત્યંત અજ્ઞાની હતો એમ કહે છે.

એને, વિરક્ત ગુરુથી, નિર્ગ્રંથ અથવા રાગથી રક્ત રહિત, સ્વભાવમાં રક્તવાળા સંતોથી આહાહાહા... પુણ્ય ને પાપના ભાવ, રાગ એનાથી વિરક્ત છે અને સ્વરૂપ આનંદમૂર્તિ પ્રભુ એમાં જે રક્ત છે, એવા સંતો, મુનિઓ એવા ગુરુ એણે એને સમજાવ્યું. ભાઈ ! પ્રભુ, તું કોણ છો ? નિરંતર સમજાવવામાં આવતાં; એનો અર્થ એ કે સમજાવ્યું તો ભલે એકવાર કે બેવાર પણ એણે વારંવાર (તેનું જ) ઘોલન કર્યું કે ઓહો ! આ ગુરુ તો એમ કહે છે કે બહિર્મુખની જે વૃત્તિઓ પુણ્ય પાપની છે એ તું નહીં. તારી ચીજ અંદરથી જુદી છે ભાઈ ! આહા !

એને વારંવાર સમજાવતાં અથવા વારંવાર સમજણના રાગથી ભેદ કરવાના અભ્યાસથી આહાહાહા... જે કોઈ પ્રકારે સમજી, છે ? સાવધાન થઈ સમજ્યો. સાવધાન થયો. જે પરમાં રાગને પુણ્યાદિ ભાવમાં સાવધાન હતો, એ ગુલાંટ ખાઈને સ્વરૂપમાં સાવધાન થયો. આહાહા ! જ્યાં મોહ કીધો હતો ને, મોહ એટલે પરમાં સાવધાન હતો. આહાહાહા ! એ જીવ, "અહં" હું કોણ છું એની પછી વ્યાખ્યા લેશે.

એ કોઈપણ રીતે સમજ્યો, સાવધાન થયો, જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય હાથમાં સોનું હોય ને ભૂલી જાય, ફરી યાદ કરે કે સોનું તો છે કહે છે હાથમાં ક્યાંય બીજે

મૂક્યું હોય, આંહી તો મૂઠ્ઠીમાં લીધું છે. તે ફરી યાદ કરીને તે સુવર્ણને દેખે, કે સુવર્ણ તો આ રહ્યું, મારા હાથમાં સોનું છે, એ ન્યાયે, પોતાના પરમેશ્વર, આહાહાહા... પરમ ઈશ્વર, પરમેશ્વર, જ્ઞાનેશ્વર, દર્શનેશ્વર, ચારિત્ર ઈશ્વર, વીર્યેશ્વર, શાંતિઈશ્વર, જ્યોતિશ્વર, કર્તા, કર્મ, કરણાદિશ્વર એવી એવી અનંત ઈશ્વરની શક્તિવાળો ભગવાન ( નિજાત્મા ) આહાહા... પોતાના પરમેશ્વર એટલે પોતાનો પરમેશ્વર એમ કે બીજા ભગવાનનો પરમેશ્વર નહીં. આહાહાહા !

પોતાના પરમેશ્વરને ભૂલી ગયો હતો. આહાહા ! તેમને જાણીને, જેને ભૂલ્યો હતો તેને જાણીને, આહાહા... રાગ આદિ પોતાના માનીને ભગવાનને ( નિજાત્માને ) ભૂલી ગયો 'તો પોતાનું સ્વરૂપ પરમેશ્વરને ભૂલી ગયો હતો, એને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને, જ્ઞાનની પર્યાયમાં તે જ્ઞાયક પરમેશ્વરને જાણ્યો કે આ તો પરમાનંદમૂર્તિ, પ્રભુ પૂરણ પ્રભુ છે, એમ જેણે સમકિતીએ, જ્ઞાનની પર્યાયમાં જાણ્યો, એનું એણે શ્રદ્ધાન કર્યું. આહાહા ! જાણેલાનું શ્રદ્ધાન હોય, જાણ્યા વિનાની શ્રદ્ધા એ જાણી નથી. ( જાણ્યા વિના ) એની શ્રદ્ધા શું ? જાણવામાં આવ્યો કે ભગવાન આત્મા, શુદ્ધપરમેશ્વર આનંદસ્વરૂપ છું હું, એને જાણીને શ્રદ્ધાન કરીને તેનું આચરણ કરીને, ત્રણેય પૂરું કરવું છે ને આંહી તો ! આંહી તો, તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને ને એ ભગવાન આત્માનું આચરણ કરીને, આહાહા... આનંદના સાગરનું આચરણ કરીને, આનંદમાં રમતું માંડી અંદરથી, આહાહાહા ! જેણે અતીન્દ્રિય આનંદના નાથને જાણ્યો, અતીન્દ્રિય આનંદના નાથને જાણીને, પ્રતીત કરી, જે રાગમાં રખડતો અને રમતો હતો એ હવે આનંદમાં રમવા લાગ્યો. આહાહાહા ! આ ચારિત્ર. અરે રે ! લોકો કાંઈનું કાંઈ કરે છે, શુભજોગ જ હોય બધું સંયમ ને ચારિત્ર, પ્રભુ... પ્રભુ... પ્રભુ ! ભાઈ ! આ આત્મા આનંદસ્વરૂપ છે અતીન્દ્રિય. એનું જ્ઞાન થાય શુદ્ધઉપયોગમાં, એની શ્રદ્ધા થાય સમકિતમાં, તેનું આચરણ થાય આનંદની રમણતામાં. આહાહા ! અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું તેનું જ્ઞાન થાય, જ્ઞાન થઈને તેની પ્રતીત થાય, પ્રતીત થઈ ને તે જ્ઞાનમાં આનંદમાં રમે. આહા ! એ વાત છે. એ આત્માનું આચરણ, એને ચારિત્ર કહેવામાં આવે છે. આહાહાહાહા ! અતીન્દ્રિય આનંદમાં રમે એને આંહી આત્માનું આચરણ, આનંદનું આચરણ, ચારિત્રનું આચરણ કહેવામાં આવે છે. આહાહા !

તેમાં તન્મય થઈને, આચરણ કરીને તેનો અર્થ એ કર્યો સમ્યક્પ્રકારે એક આત્મારામ થયો. સમ્યક્પ્રકારે, સાચા પ્રકારે, જેવો હતો તેવો સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રમાં આત્મારામ થયો, આહાહાહાહાહા... આત્મા આત્મારામ થયો, આત્મા જે રાગમાં હરામપણે રમતો 'તો એ આત્મા આત્મામાં રમવા લાગ્યો. આહાહાહા ! આ હજી "અહં" અહં ની વ્યાખ્યા છે. છે ને "અહં" 'એક્કો' પછી अहं – હું કેવો છું. એની પહેલી વ્યાખ્યા. એ તો ઓલામાંય આવે છે ને ભાઈ ( સમયસાર ગાથા ) તોંતેરમાંય આવે છે. 'अहमेक्को खलु सुद्धो' ત્યા એ લીધું છે અનાદિ અનંત ચૈતન્યમૂર્તિ ભગવાન પ્રત્યક્ષ પ્રતિભાસમય તે હું છું, તોંતેર ( ગાથામાં ) ત્યાંય 'अहम्एक्को' ત્યાં પણ એક્કો છે એક છું ષટ્કારકના પરિણમન રહિત છું, પર્યાયમાં. આહાહાહા !

મારું "અહં"નું અસ્તિત્વ, શુદ્ધચૈતન્યઘન તેનું જ્ઞાન, તેનું શ્રદ્ધાન, તેનું આચરણ એવો આત્મારામ છું. આહાહાહા ! સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો. શાસ્ત્રની વાત સાંભળી 'તી ધારી 'તી કે આત્મા આવો છે એથી કાંઈ એ સમ્યક્પ્રકારે આત્મારામ ન થયો, એ શાસ્ત્રના

ભણતરમાં તો એને આવી ગયું હતું, અગિયાર અંગ ભણ્યો છે એમાં તો આ આવ્યું'તું કે ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ પ્રભુ, પણ એ ધારણામાં હતું એટલે એ કાંઈ વસ્તુ નહીં. આહાહાહા ! આ તો સમ્યક્ પ્રકારે આત્મારામ થયો. સાચા પ્રકારે આત્માનું જ્ઞાન ને આત્માનું શ્રદ્ધાન ને આત્માની રમણતા થઈ. આહાહાહા !

( શ્રોતાઃ સાચો પ્રકાર ક્યો ને ખોટો પ્રકાર ક્યો ? ) ખોટો તો કીધું ને પહેલું આ શાસ્ત્રમાં સાંભળીને ધારણા હતી તે આત્મારામ ખોટો હતો. આહાહાહાહા ! એ વાત તો કરી, શાસ્ત્રજ્ઞાનથી સાંભળીને જાણ્યું કે આત્મા આવો છે ને ભગવાન આવો છે, એ તો ધારણાનું જ્ઞાન એ કાંઈ સાચા પ્રકારે આત્મારામ નથી થયો. આહાહાહાહા ! આ તો સમ્યક્પ્રકારે આત્મારામ થયો.

જેવો ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે, તેને જ્ઞાનમાં જ્ઞેય બનાવી, અને તેની પ્રતીત કરી અને તેમાં રમવા લાગ્યો, એ સાચા પ્રકારે આત્મારામ થયો. આહાહા ! 'નિજપદ રમે સો રામ કહીએ' આહાહા... એવો જે ભગવાન આત્મા આડત્રીસ ગાથા છે ને ! જીવ અધિકારની છેલ્લી, પૂરણની ગાથા. આહાહાહા !

આત્મારામ થયો તે હું એવો અનુભવ કરું છું, છે ને ? 'અહં' તેનો અર્થ છે, 'અહં' ની વાત છે, એકલા 'અહં' નો અર્થ છે. આહાહા ! 'અહં' હું એવો અનુભવ કરું છું કે, હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું. આહાહાહાહા ! હું એક ચૈતન્યમાત્ર ભગવાન, ચૈતન્યજ્યોતિ ઝળહળજ્યોતિ, ચૈતન્યના તેજનું નૂરનું પૂર, એવી જ્યોતિ હું આત્મા છું. આહાહાહા ! હું તો એક જાણન દેખન દૃષ્ટા જ્ઞાતા, એવી જે ચૈતન્યજ્યોતિ તે હું છું, હું રાગેય નહીં, પુણ્યેય નહીં, પર્યાય જેટલોય નહીં. આહાહા !

'હું' 'અહં' હું એક, હું ચૈતન્યમાત્ર, ચૈતન્યમાત્ર, જેમાં રાગની ગંધ નથી, શુભરાગ આદિની જેમાં અસર નથી. આહાહા... એવો ભગવાન ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું. ચૈતન્યમાત્ર જ્યોતિ, અગ્નિની જ્યોતિ છે એ તો ઉષ્ણ જ્યોતિ છે. આ ચૈતન્યમાત્ર જ્યોતિ, જાણક, દેખન ચૈતન્યજ્યોતિ સ્વરૂપ. આહાહા ! એ પ્રકાશની ચૈતન્ય પ્રકાશની ઝળહળજ્યોતિસ્વરૂપ એ હું, એ આત્મા, છે ? આહા ! ચૈતન્યમાત્ર જ્યોતિ આત્મા છું. એ હું આત્મા છું, એવું સમ્યગ્દૃષ્ટિને અંતરમાં આ રીતે ભાસ્યું. જે અજ્ઞાનપણે અપ્રતિબુદ્ધ હતો, એને સમજાવવામાં આવ્યો, ત્યારે આ રીતે એ સમજ્યો ! આહાહાહા !

અરેરે ! એ આ આત્માને જાણ્યો, એ શુભભાવથી જણાતો હશે ? આરે ભગવાન શું કરે છે પ્રભુ શું કરે છે ભાઈ ? આહાહા ! શુભરાગ તો વિકાર ને આસ્રવ છે. ત્યાં એમ કહ્યું છે ને તોંતેર ગાથામાં 'अहमेक्को' આસ્રવોથી કેમ નિવર્તે ? એમ શબ્દ છે ને ? તોંતેરમાં ન્યાં મથાળું એમ છે કે આસ્રવોથી કેમ નિવર્તે ? કે આ રીતે, કે હું અનાદિ–અનંત ચૈતન્યમાત્ર જ્યોતિ છું, મારી પર્યાયમાં રાગનું તો પરિણમન નહીં, પણ ષટ્કારક ( નું ) નિર્મળ પરિણમન છે, એનાથી મારી અનુભૂતિ, તત્ત્વ ભિન્ન છે, એ હું છું તોંતેર. એ ગાથા તો ભાઈએ લીધી છે ઓલાએ દેવચંદ્રજીએ, શ્વેતાંબર છે ને દેવચંદ્રજી એણે તોંતેરમી ગાથા લીધી છે, એક આગમ છે ને એનું, પહેલાં વાંચેલું સીત્તેર, એકોત્તેરમાં એનું શું કહેવાય ? 'આગમસાર' છે આંહી છે, તેમાં આ લીધી છે ગાથા, ક્યાંથી લીધી એમ નથી મૂક્યું એણે, છે સમયસારની, ન્યાં ક્યાં હતું એમાં ? આહાહા !

આંહી કહે છે, આહાહા... કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. હું પ્રભુ ચૈતન્યમાત્ર ઝળહળ જ્યોતિ પ્રકાશનો, ચૈતન્યજ્યોતિના નૂરના તેજનું પૂર એવો હું આત્મા, એ મારા અનુભવથી જણાય છે. આહા ! છે ? કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. એ રાગથી નહીં, હું આવો જે ચૈતન્યમાત્ર જ્યોતિ છું એ ચૈતન્યમાત્ર જ્યોતિની પરિણતિથી હું જણાઉં છું. મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. આહાહા... અહીંયાં તો મતિ ને શ્રુતજ્ઞાનને પણ પ્રત્યક્ષ ગણી નાંખ્યું છે. આહાહાહાહા ! જેને આત્માને જાણવા માટે મતિ શ્રુતજ્ઞાનની અપેક્ષા છે, પણ એ સિવાય રાગ અને મનની પણ જેને અપેક્ષા નથી. આહાહાહા ! અરેરે !

મારા જ અનુભવથી, એ શબ્દ પડયો છે 'જ' પડયો છે. મારા જ, એટલે ચૈતન્યમાત્રજ્યોતિ એના સ્વભાવની પરિણતિથી જ મને મારો અનુભવ છે. આહા ! મારા જ, છે ? અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. આહાહાહાહા ! આ તો ધીરાના કામ છે બાપા !

હું ચૈતન્યમાત્ર જ્યોતિ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. આહાહાહા ! મારા આત્માના શાંત ને વીતરાગી પર્યાયરૂપ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. આવી વાત છે ભાઈ ! આહાહાહાહા !

આ કાલ તો લેવાણું 'તું ફરીથી લેવાણું, આ 'અહં' ની વ્યાખ્યા છે 'અહં' ની આ વ્યાખ્યા છે. 'એક્કો' ની પછી આવશે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ? ન્યાંય "અહં" ની વ્યાખ્યા કરી છે તોંતેરમાં "અહં" હું આ પ્રત્યક્ષ અનાદિ અનંત ચૈતન્ય પ્રત્યક્ષ જ્યોતિમાત્ર છું. આહાહા ! ત્યાં એમ લીધું છે.

અમૃતચંદ્રઆચાર્યની ટીકા ગજબ છે, સંતોએ ગજબ કામ કર્યાં છે. આહાહા ! દિગંબર સંત હોં ! આહા ! ( શ્રોતાઃ બીજા કોણ સંત છે ? ) બીજા કોઈ છે જ નહીં. આહાહા ! સાદી ભાષા, સાદો ભગવાન રાગ વિનાનો. એને સમજાવ્યો છે પ્રભુ, તું કોણ છો ભાઈ ? આહાહાહા ! બાળક હો કે સ્ત્રી કે પુરુષ હો, એ તો દેહનાં નામ – ચાળાં છે બધા. ભગવાન, અંદર જે ભગવાન છે એ બાળક ક્યાં ને વૃદ્ધ ક્યાં યુવાન ક્યાં ને સ્ત્રી ક્યાં પુરુષ ક્યાં ? એ તો ચૈતન્યમાત્ર જ્યોતિ તે આત્મા, હું છું એ મારા અનુભવથી પ્રત્યક્ષ જણાય છે, એમ કહે છે. આહાહાહાહા ! એ મારી વીતરાગી અનુભવ દશા, એનાથી હું પ્રત્યક્ષ જણાઉં છું. આહાહાહાહા ! આવી વાત છે પ્રભુ, આવો મારગ છે. એને સાંભળવા મળે નહીં ભાઈ ! એને ક્યારે વિચારે ? શું કરે ? આહાહા ! એવી દુર્લભ ચીજ થઈ પડી અત્યારે, અત્યારે તો આ શુભજોગ છે, એ જ બધું છે, અત્યારે આ શુદ્ધઉપયોગ ને એવું છે જ નહીં. અરે ભગવાન, આ પંચમકાળના સંતો, પંચમકાળનો શ્રોતા, એને કહે છે ને પંચમકાળનો શ્રોતા, આ રીતે સમજે છે. પંચમકાળનો શ્રોતા છે ને આ. આહાહાહા...

હું, મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. એ હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા – જ્યોતિસ્વરૂપ આત્મા, જ્યોતિવાળોય નહીં. ચૈતન્યમાત્ર જ્યોતિસ્વરૂપ આત્મા છું. આહાહાહાહા... કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. આહાહાહા ! મારી નિર્મળ પર્યાયથી મારા સ્વભાવની નિર્મળ પર્યાયથી મને પ્રત્યક્ષ જણાય છે. આહા ! હું જે છું નિર્મળપર્યાયવાળો એ નિર્મળપર્યાયથી હું જણાઉં છું રાગ ને નિમિત્તથી ને વિકલ્પથી નહીં. આહાહા ! નહીં, ન કહ્યું,

અસ્તિથી વાત કરી છે, આહાહાહા !

બાપુ, આ તો ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ. જિનેશ્વરદેવના આ કથનો છે, એ સંતો, જગતને એ જાહેર કરે છે. આહાહા ! ભાઈ ! પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહે છે, કે જેને આત્મા જણાયો તે પોતાના સ્વરૂપથી જણાય છે. આહા... એનું સ્વરૂપ એ રાગ ને પુણ્ય એ એનું સ્વરૂપ નથી. એનું સ્વરૂપ તો ચૈતન્યમાત્ર જ્યોતિસ્વરૂપ, તો એ ચૈતન્યજ્યોતિની પરિણતિ જે છે, તેનાથી આ જણાય છે. આહાહાહાહા !

અમૃત રેડયાં છે. હેં ! આહાહા ! અરે લોકોને આકરું લાગે, બાપુ શું થાય ભાઈ ? મારગ જ આ છે ત્યાં, એને પહેલો શ્રદ્ધામાં તો નક્કી કરે, ભલે બહિર્લક્ષી શ્રદ્ધા, એમાં નકકી તો કરે કે આત્મા તો પોતાના સ્વરૂપથી જ જણાય એવી ચીજ છે. એ ગુરુથી નહિ, દેવથી નહિ, શાસ્ત્રથી નહિ, રાગથી નહિ, મનથી નહિ. આહાહાહા !

મારા જ, મારા 'જ' એકાંત કરી નાંખ્યું છે. અનેકાંત આમ નહીં, કે રાગથી પણ જણાય, મનથી પણ જણાય, વિકલ્પથી પણ જણાય, દેવથી પણ જણાય આનાથી જણાય ને એનાથી ( પણ ) જણાય, એનું નામ અનેકાંત ? એ અનેકાંત નથી પ્રભુ. આહાહા ! હું તો મારો સ્વભાવ, ચૈતન્યજ્યોતિ, જળહળજ્યોતિ જળહળજ્યોતિ એવી ચૈતન્યની પરિણતિ નિર્મળ વીતરાગી, એવી પરિણતિથી હું જણાઉં એવો આત્મા હું છું, એનાથી હું અનુભવું છું એમ કહે છે. આહાહાહાહા ! છોટાભાઈ ! આવી વાતું છે. ક્યાં ગયાં શાંતિભાઈ ? આવી વાતું છે, આ કલકત્તામાં ક્યાંય મળે એવું નથી ક્યાંય. પૈસા ન્યાં મળે ધૂળ ! આહાહા !

અરે, આ તત્ત્વની વાત પણ ભાઈ, આહા ! વસ્તુ છે ને, વસ્તુ પ્રભુ છે ને ! એ જ્ઞાયક છે ને ! એ નિષ્ક્રિય. પર્યાયથી પણ રહિત, નિષ્ક્રિય છે ને ! એ ધ્રુવ છે ને ! એ સામાન્ય છે ને ! તે વસ્તુને દૃષ્ટિમાં જ્યાં લ્યે છે, આહાહા ! તે મારી અનુભવની પર્યાયથી હું જણાઉં એવો છું. આહાહા ! બીજી રીતે નહિં એમ એમાં આવી ગયું. આહાહા !

મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે, આ વચન છે, પ્રત્યક્ષ લ્યો હજી તો કેવળ થયું નથી ને તોય કહે છે પ્રત્યક્ષ જણાય છે. આહાહા ! મારો ભગવાન ચૈતન્યજ્યોતિ સ્વરૂપ તેને મારી શુદ્ધ પરિણતિથી હું જાણું છું, એ પ્રત્યક્ષ જણાય છે એમ કહે છે. આહાહા... મારી નજરુંમાં દૂર રહે છે, એમ નહીં, મારી નજરમાં એ પ્રત્યક્ષ જણાય છે. આહાહાહા ! આવી વાતું છે. શાસ્ત્રથી જણાઉં છું એમેય નહીં, એમ કહે છે. આહાહા ! શાસ્ત્રનું જ્ઞાન થયું, અગિયાર અંગનું માટે હું જણાઉં છું, એમેય નહીં. આહાહાહા !

હું તો મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાઉં છું એવો હું છું. આહાહાહા ! ત્યાં સુધી "અહં"નું આવ્યું. શું ? ત્યાં સુધી 'અહં' 'અહં'ની આ વ્યાખ્યા થઈ. આ હું, આ હું, આ હું, આહાહાહાહા !

હવે 'એકકો' એકાની વ્યાખ્યા હવે. આહાહા ! આ એક્કા નથી હોતા, એને એક બળદ હોય છે. શું સમજાણું ? ગાડાને બે બળદ હોય, એક્કા સમજાય છે ? એમાં એક બળદ હોય, અમારે એક્કા ઘણી વાર ઉમરાળેથી ગારિયાધાર જવું હોય ને, બાર ગાઉ તે દિ' તો ક્યાં હતું રેલ ને કાંઈ, મોટર ને રેલ ઘોડાગાડી, તે દિ' પ્લેગ હતો તે બેય ભાયું જાતા તે એક્કા લઈને જાઈએ, ગારિયાધાર બાર ગાઉ સવારથી સાંજે પહોંચે, સવારથી હાલે તો સાંજે પહોંચે બાર

ગાઉ, બાર આના મળે એને આપે. ભાઈ, એક્કા કહેવાય એને, એક્કા કહેતા ને ? ( શ્રોતાઃ- એક બળદ જોડે ) એક બળદ હોય એક્કાને, આ તો ઘણીવાર જતા ને એક્કામાં, ઉમરાળેથી ગારિયાધાર જતા ને અમારા બહેન ત્યાં હતા, ત્યારે પ્લેગ હતો આ તો છેલ્લા ત્યાં ગયા હતા, છેલ્લું યાદ છે બરાબર. આહાહા !

એક્કામાં બેઠા, અંધારું સવારમાં મારી બાએ કહ્યું ભાઈ કનુ, બહેનને સાંય કહેજે – સાંય કહેજે, સાંય કહેજે એવું આવે છે. શું કહેવાય સાંય કહેજે એમ કહ્યું સાતા આ એમ સાંઈ કહેજે બહેનને સાંય કહેજે બસ આ છેલ્લા શબ્દ. ઈ પાછળથી ગુજરી ગયા. પ્લેગ હતો. આહાહા ! સાંજે ન્યાં પહોંચ્યા બાર ગાઉ, અમુક દિવસ પછી સાંભળ્યું કે ( બા ) ગુજરી ગયા, ત્યાં હતા અમે ગારિયાધાર.... આ ઓગણસાંઈઠની સાલની વાત છે, તમારા જનમ પહેલાં, ઓગણસાંઈઠ ( શ્રોતાઃ પંચોતેર વર્ષ થયાં ) પંચોતેર વર્ષ પહેલાં, એટલાં વરસ થયાં, પોણોસો વરસ થયાં, પણ તાજું જ આમ દેખાય છે હોં. આહાહા !

બા એમ કહેતા ભાઈ, બહેનને સાંય કહેજે અને ત્યાં, આહાહા ! મોટાભાઈ આંહી હતા ખુશાલભાઈ, એકલા એ પણ ગુજરી ગયા. અરેરે ! આહાહા ! આ એક્કો ! એકલો ભગવાન, એક બળદથી હાલે જેમ એમ એકલો એકથી હાલે એવો આત્મા ! આહાહા !

હું ચિન્માત્ર આકારને લીધે, ચિન્માત્ર સ્વરૂપ, આકાર એટલે સ્વરૂપ. જ્ઞાનમાત્ર સ્વરૂપને લીધે, જ્ઞાનમાત્ર એટલે કે એમાં જે ક્રમ કે અક્રમના જે ભેદો છે એ એમાં નથી. હું ચિન્માત્ર આકાર સ્વરૂપને લીધે, હું આ પછી આવ્યો પણ ચિન્માત્ર આકારને લીધે હું, જ્ઞાનસ્વભાવ, જ્ઞાનમાત્ર. આહાહાહાહા ! આ... આ... ભાગ્ય, ભાગ્ય બાપા આવી ચીજ રહી ગઈ હૈ. જગતના ભાગ્ય ભાઈ !

હું તો જ્ઞાનમાત્ર આકારને લીધે, ચિન્ એટલે જ્ઞાનમાત્ર એમાં દર્શન આવી ગયું. હું સમસ્ત ક્રમરૂપ, આ ક્રમબદ્ધની આંહી અત્યારે વ્યાખ્યા નથી. આંહી તો ક્રમે ક્રમે નર્કગતિ મનુષ્યગતિ, દેવગતિ ક્રમે ક્રમે હોય છે, એવા ક્રમરૂપથી પણ હું નિરાળો છું અને અક્રમ એટલે પર્યાય અક્રમે છે એ વાત આંહી નથી, પર્યાય અક્રમ છે જ નહીં, આહાહા... આંહી તો અક્રમ એટલે ક્રમ એટલે મનુષ્યગતિ, દેવગતિ એક પછી એક, એવા ક્રમરૂપ અને અક્રમરૂપ એક સાથે જે જોગ, લેશ્યા, કષાય એક સાથે હોય છે, એ અક્રમ છે. ક્રમ ગતિ આદિ અને અક્રમ જોગ લેશ્યા આદિ એવા ભાવથી, આહાહા... પ્રવર્તતા એવા ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવો, આહા ! ( શ્રોતાઃ- પર્યાય ભાવો ) આહા... પર્યાયમાં એ ગતિ આદિના એક અનેક. આહા ! એવા વ્યાવહારિક ભાવો વ્યવહારિક તો નવતત્વમાંય આવશે. પણ આ વ્યવહારિક ભાવો શબ્દ છે ઓલામાં વ્યવહારિક નવતત્વો આવશે શુદ્ધમાં. આહાહાહા ! આવું છે.

સમસ્ત ક્રમરૂપ, આમાંથી કેટલા'ક કાઢે છે જુઓ ! ક્રમ અક્રમ બેય છે, પણ કોની વાત છે આ ? ( શ્રોતાઃ પર્યાયની વાત છે ) આંહી તો પર્યાયમાં ગતિ આદિ થાય એ એકપછી એક ક્રમમાં અને એકસાથે થાય જોગ, કષાય, લેશ્યા એ અક્રમરૂપ, એની વાત છે. પર્યાયમાં આ હોય છે. સમજાય છે કાંઈ ? આહાહા ! દીવા જેવું તો લખ્યું છે અંદર. આહાહા ! ( શ્રોતાઃ- દીવા જેવું તો લખ્યું છે પણ આંખ ઉઘાડે તો ને )

'હું' એક લેવો છે ને હવે 'અહં' આગળ લીધું એ થઈ ગયું, હવે "એક" લેવો છે. આહાહા ! જ્ઞાનમાત્ર, પ્રકાશમાત્ર, ચૈતન્યચંદ્ર – ચૈતન્ય શીતળચંદ્ર માત્ર, આહાહા ! સ્વરૂપને લીધે આકાર એટલે સ્વરૂપ. હું સમસ્ત ક્રમરૂપ ગતિ મનુષ્યની એક પછી એક દેવગતિ આદિ એનાથી પણ નિરાળો, અક્રમ એકસાથે જોગ – લેશ્યા–કષાય અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવો, એ ભેદરૂપ ભાવો, આહાહાહા... એ વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી. આહાહાહા... માટે હું એક છું. આ એકની વ્યાખ્યા. આહાહા... સમજાણું કાંઈ ? બાપુ, આ તો ધીરાની વાતું છે ભાઈ ! આ કાંઈ કોઈ ભાષણો મોટા ને એવું નથી આ, આ તો તત્ત્વની વાત છે ભાઈ ! આહાહા ! એ ધીરા થઈને, મધ્યસ્થી થઈને સાંભળે. તો એ વાત બેસે( સમજાય ) એવી છે. આહાહા !

સમસ્ત ક્રમરૂપ સમસ્ત ક્રમરૂપ, એક પછી એક થતી દશાઓ બધી અને અક્રમ એકસાથે થતી દશાઓ બધી, આહાહા... એવા ભાવોથી ભેદરૂપ થતો નથી, માટે હું એક છું. વસ્તુ અભેદ આહાહા ! આવા અનેક ક્રમરૂપ કે અક્રમરૂપ ભાવોથી ભેદરૂપ થતો નથી માટે હું એક અભેદ છું. આહાહા ! આહાહા ! આમ આત્માનું જ્ઞાન થયું એ આમ પોતાને અનુભવે છે. સમજાણું કાંઈ ? આહા !

હું એક છું. હવે "શુદ્ધો" ત્રીજો બોલ અહં, એક્કો, શુદ્ધો હવે ત્રીજા બોલની વ્યાખ્યા છે. આહા ! નર–મનુષ્ય, નારકી આદિ જીવના વિશેષો જુઓ ! આ જીવના આ વિશેષો, જીવની પર્યાય.... નવ તત્ત્વમાં જ્યારે લેવું હોય ભેદરૂપ, ત્યારે તેની પર્યાય જે વિશેષ છે ને, તેને જીવ લેવો, જીવ દ્રવ્ય ન લેવું. સમજાણું કાંઈ ? આહા... નારક આદિ જીવના વિશેષો જીવની વિશેષ પર્યાયો, ઈ એક બોલ. જીવની પર્યાયનો એક બોલ. 'અજીવ' અજીવનું જ્ઞાન થાય પર્યાયમાં તે અજીવ, અજીવ કાંઈ થતો નથી જીવ. 'પુણ્ય' દયા, દાન–આદિના શુભભાવ, લ્યો, આંહી તો શુભભાવ, આહાહાહાહા ! અરે ભગવાન ! 'પાપ' અશુભભાવ, બે થઈને 'આસ્રવ' નવાં આવરણનું કારણ. 'સંવર'– પર્યાયની સંવર દશા. આહાહાહાહા ! પર્યાયની નિર્મળ સંવર દશા, 'નિર્જરા', શુદ્ધિની વૃદ્ધિ ને 'બંધ' રાગમાં અટકવું અને 'મોક્ષ' – શુદ્ધિની પૂર્ણતા, એ વ્યાવહારિક નવતત્ત્વો, આહાહાહાહા... એ પર્યાયના વ્યાવહારિક નવ ભાવો. વ્યાવહારિક નવતત્ત્વો, છે ને ? ઓલામાં વ્યાવહારિક ભાવોથી હતું, પહેલાંમાં આ વ્યાવહારિક નવતત્ત્વો તેમનાથી, આહાહાહાહા... એ પર્યાયોથી, આહાહાહા ટંકોત્કીર્ણ એકરૂપ સ્વરૂપ ટંકોત્કીર્ણ એટલે ટાંકણાથી જેમ કાઢયું હોયને એકાકાર એવું શાશ્વત એક જ્ઞાયકસ્વભાવ, એક જ્ઞાયકસ્વભાવરૂપ આવ્યું હવે અહીંયાં, આહાહાહા... ઓલામાં ચૈતન્યજ્યોતિ લીધું આંહી જ્ઞાયક સ્વભાવ લીધું. એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે એ વ્યાવહારિક પર્યાયો, જીવના પર્યાયો અને રાગાદિ બધા ભેદો એનાથી જુદો છું. આહાહાહાહા ! આવી ગંભીર વાતું ! એ એમ ને એમ વાંચી જાય ને માની લે. આહાહા ! અરે રે ! આંહી સુધી વાત, કાલ તો આવી'તી લ્યો !

શ્રુતસાગરે લખ્યું છે કે અત્યારે તો શુભજોગ જ હોય, શુભઉપયોગ જ હોય. શુદ્ધ – શુદ્ધ હોય નહીં, અરે અરે પ્રભુ, પ્રભુ ! ભાઈ ? અત્યારે આત્મા ન જણાય એમ એનો અર્થ થ્યો. ( શ્રોતાઃ– આ બધું આ કાળનું લખેલું છે ને ! ) પંચમકાળના પ્રાણીને કહે છે ને પંચમકાળનો

પ્રાણી અનુભવે છે, એમ કહે છે. આહાહા ! અરે પ્રભુ ! ‘કોઇ એમ કહે છે’ કે એમ કરીને લખ્યું છે, રાત્રે નો વાંચ્યું ?

એ મુમુક્ષુ એમ કહે છે, એમ એ લખે છે કે શુદ્ધઉપયોગ પહેલો હોય ને પછી સમકિત થાય, ભાઈ એમ કોણે કહ્યું ? આવું લખ્યું ! પણ એ શુદ્ધઉપયોગથી સમકિત થાય, શુભથી ( થતું હોય તો ) શુભ તો આસ્રવ છે. આહાહા ! અરે પ્રભુ શું કરે છે ? લોકોમાં બહારના ત્યાગનો મહિમા નગ્નપણું ને એમાં હવે, આહા... લોકો ઝૂકી જાય એમાં... પણ પ્રભુ ! પ્રભુ મારગ તારા જુદા છે ભાઈ ! ( શ્રોતાઃ- લોકોપણ વેષમાં ઝૂકે છે ) વેષમાં ઝૂકે છે. અરેરે ! આહા.. હા ! પણ વેષ તો તારો એક જ્ઞાયકવેષ છે ને પ્રભુ ! આહાહા ! ( શ્રોતાઃ- એ તો નિશ્ચયે, આ તો વ્યવહારે ) એની તને ખબરું નથી ભાઈ, આ બધા પર્યાયના ભાવ મોક્ષાદિ બધા વેષ કીધા છે ને, તો એનો જ્ઞાયક ભેખ છે એકલો, ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ પ્રભુ જ્ઞાયકભાવ, એ તારો ભેખ છે. આ પર્યાયનો ભેખેય ( તારો ) નહીં. એમ કહે છે. આહાહાહાહા !

પ્રભુ ! આ તો સત્યની વાત છે પ્રભુ. એ લોકોને એવું લાગે છે કે અમને હવે સાધુ માનતા નથી, એથી આ રીતે ચલાવ્યું હવે, અરે ભાઈ, એમ રહેવા દે બાપુ ! ( શ્રોતાઃ- સાધુ બીજા માને કે ન માને એમાં એને શું ? ) એમાં વસ્તુ શું છે, એમ બાપુ સમજને ભાઈ ! આહાહા ! આંહી તો પરમાત્માએ કહેલી તત્ત્વની વાત શ્રોતાએ પોતાના સ્વભાવને જાણ્યો છે તે આંહી કહે છે. પંચમકાળનો પ્રાણી એમ કહે છે. પંચમકાળના સંતોએ, પંચમકાળના શ્રોતાને કહ્યું ’તું એ શ્રોતા આ રીતે અનુભવે છે. આહાહા ! આંહી ચોથા આરાની વાતું છે જ ક્યાં ? આહા !

છે ! ટંકોત્કીર્ણ, ઓલા નવ પર્યાયના ભેદ છે ને ? જીવની વિશેષ દશાઓ અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ પર્યાયો છે. આહાહા... એના ભેદભાવોથી વ્યાવહારિક નવતત્ત્વો તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવ, ઈ તો એવો ને એવો ભગવાન અદબદનાથ જ્ઞાયકસ્વભાવથી ભરેલો પ્રભુ એકલો, આહા... એ વડે, અત્યંત જુદો છું, - ઈ પર્યાયથી અત્યંત જુદો છું. આહાહાહા ! નારકી આદિ ને સંવર નિર્જરાની પર્યાયથી પણ અત્યંત જુદો છું. આહાહાહા ! આહા... મોક્ષની પર્યાયથી ય જુદો, મુક્તસ્વરૂપ છું, સ્વરૂપ જ મારું મુક્ત છે. પર્યાયથી મુક્તિ એ પણ નહીં. આહાહાહાહા ! સમજાણું ? બદ્ધથી તો રહિત છું, આસ્રવના રાગથી તો રહિત છું પણ મોક્ષની પર્યાય, જે નિર્મળ એક સમયની એમાં હું નથી આવતો, હું તો એનાથી જુદો છું. આહાહાહા !

હું એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, એકજ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું, અત્યંત જુદો છું. આહાહાહાહાહા ! એ આસ્રવ પુણ્ય પાપની પર્યાય ને સંવર, નિર્જરા ને મોક્ષની નિર્મળ પર્યાય, આહાહા... મારો ભગવાન દ્રવ્યસ્વભાવ તો એનાથી તદ્ન જુદો છે. આહાહાહા ! એ સાધકની પર્યાય ને સિદ્ધની પર્યાયથી પણ જુદો છું એમ કહે છે. સંવર -નિર્જરા એ સાધકની પર્યાય, આસ્રવ પુણ્ય પાપ બાધકની પર્યાય, મોક્ષ સાધ્ય પર્યાય. આહા... આહાહા ! એથી પણ અત્યંત જુદો છું. આહાહાહા ! આહા ! આવી વાતું છે.

ત્યારે એણે આત્મા જાણ્યો એમ કહેવાય, એમ કહે છે. પર્યાયના નવના ભેદોથી પણ અત્યંત જુદો છું, તે હું શુદ્ધ છું. છે ? માટે હું શુદ્ધ છું. શુદ્ધની વ્યાખ્યા આ કરી. ઓલામાં શુદ્ધની

વ્યાખ્યા એ કરી તોંતેર ( ગાથા ). કે પર્યાયમાં જે ષટ્કારકનું પરિણમન છે, આ જે સંવર નિર્જરા આદિ કીધા એ ષટ્કારકનું પરિણમન શુદ્ધ છે, એનાં પરિણમનથી પણ મારી અનુભૂતિ એટલે વસ્તુ છે તે તદ્દન ભિન્ન છે. આહાહાહા ! આવી વાતું છે. ઈ એમ જાણે છે, અનુભવે છે પર્યાય. આહાહાહા ! પણ કહે છે કે એ અનુભવની પર્યાયથી હું છું તે જુદો છું. આહાહા ! એ પર્યાયમાં આખી ચીજ આવતી નથી. આખી ચીજનું જ્ઞાન આવે, પણ એ ચીજ જે છે પર્યાયથી ભિન્ન, એ પર્યાય–નિર્ણય કરનારી પર્યાયમાં એ ચીજ આવતી નથી. આહાહા ! આહાહાહા ! શું શાસ્ત્ર ? આ સમયસાર !

આવા નવતત્ત્વના પર્યાયના ભેદો એટલે વ્યાવહારિક નવ તત્ત્વો, ઈ પર્યાયો વ્યવહાર થઈ નવ થયાને નવ વ્યવહાર તત્વો તેમનાથી, આહાહાહા... સંવર–નિર્જરા ને મોક્ષ પણ પર્યાય છે તે વ્યવહાર થઈ ગયો એ. આહાહાહા... આજ રવિવાર છે ને ? આવ્યા છે ને, અમારે કે' છે ને ચીમનભાઈ કે રવિવારે સારું આવે છે બધું, આવો મારગ છે આ. આહાહા ! આહાહા !

ઓલામાં એમ કહ્યું હતું ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી, આંહી એમ કહ્યું કે પર્યાયો આદિના વ્યાવહારિક નવ તત્વો તેમનાંથી એક સ્વભાવરૂપ ભાવ મારો અત્યંત જુદો છે. આહાહા. ( શ્રોતાઃ– એ જુદો જ છે ! ) ઓલામાં આવ્યું છે ને ભાઈ માટીનું સુડતાલીસ નયમાં માટીનાં વાસણની પર્યાયથી જુઓ તો એ અશુદ્ધતા છે કહે છે, માટીમાં માટીરૂપે જુઓ તો એ શુદ્ધ છે. એમ ભગવાન આત્માને, આહાહાહા... એની પર્યાયથી જુઓ તો એ અશુદ્ધ કહેવાય છે, આહાહા... સોળમીમાં આવી ગયું છે, મેચક. આહાહા... કેવી શૈલી તો જુઓ !

એ જ્ઞાન દર્શન ચારિત્રની પર્યાયથી જુઓ તો મલિન કહેવાય– વ્યવહાર કહેવાય. આહાહાહા ! ભેદરૂપ પર્યાયને વ્યવહાર ને મલિનતા કહેવાનો વ્યવહાર છે, કહે છે. આહાહા ! કો' સોળમીમાં એ કહ્યું આ નયમાંય એ કહ્યું ચારે કોરથી જુઓ તો વસ્તુ, પૂર્વાપર વિરોધ રહિત સિદ્ધ કરે છે. આવી શૈલી ક્યાંય બીજે છે નહીં દિગમ્બર સંતો સિવાય. આહાહા ! સમજાણું કાંઈ ? આહા !

'અહમેક્કો ખલુ સુદ્ધો' એ 'શુદ્ધ'ની વ્યાખ્યા થઈ, શુદ્ધ એને કહીએ કે પર્યાયના ભેદોથી ભિન્ન તેને 'શુદ્ધ' કહીએ. પર્યાય સહિત જો એને કહો તો તો એ અશુદ્ધતા છે એમ કહે છે. આહાહા ! આહાહા !

હવે 'દંસણનાણ સમગ્ગો' ત્યાંય ( તોંતેરગાથામાં ) એમ છે 'દંસણનાણ સમગ્ગો' તોંતેરમાં છે, આમાં 'દંસણનાણમઈઓ' છે કેમકે ન્યાં આસ્રવને નાશ કરવાનો ઉપાય બતાવવો છે એને એટલે હું આવો છું. એમ જાણીને, આસ્રવને ક્ષય કરું છું એમ છે ત્યાં તોંતેર ( ગાથામાં ) આંહી તો આવો છું. એમ જાણીને પર્યાયના ભેદો મારામાં નથી. આહાહા !

હવે ત્યાં તોંતેરમાં 'દંસણનાણ સમગ્ગો' હતું આહી 'દંસણનાણમઈઓ' છે.

ચિન્માત્ર હોવાથી, ભગવાન જ્ઞાયક સ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ, ચિન્માત્રજ્યોતિ ચૈતન્ય ધ્રુવ જ્યોતિ, એવા અનંતા અનંતા ગુણોનો ભંડાર ભગવાન એવો ચિન્માત્ર જ્યોતિને લઈને, સામાન્ય વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી. સામાન્ય નામ દર્શન, વિશેષ નામ જ્ઞાન, છે ને ? પાઠમાંય છે ને 'दंसण णाणं' દંસણ એટલે સામાન્ય ને જ્ઞાન એટલે વિશેષ બે છે ને ?

એટલે પહેલું સામાન્ય વિશેષ લીધું.

એક ચૈતન્યમાત્ર ભગવાન આત્મા પ્રકાશની મૂર્તિ, ચૈતન્યચંદ્ર, શીતળતાનો પિંડ પ્રભુ અને 'જ્ઞાનમૂર્તિ એકલો' પ્રભુ ! આહાહાહા ! એને લઈને સામાન્ય વિશેષ એવા જે ઉપયોગપણાને ઓળંગતો નથી, મારો સ્વભાવ દર્શન ને જ્ઞાન છે, એને ઓળંગતો નથી. આહાહા ! રાગાદિ એનો સ્વભાવ નથી ને એના સ્વરૂપમાંય નથી. આહાહા ! આંહી તો સંવર-નિર્જરા ને પર્યાયનો ભેદ પણ જેના સ્વરૂપમાં નથી. આહાહાહાહા ! અરે, પ્રભુ ! આહાહા... એનો અર્થ ઈ કે સંવર-નિર્જરાને લક્ષે મોક્ષ ન થાય, દ્રવ્યને લક્ષે થાય. આહા ! આહાહાહાહા !

ચિન્માત્ર હોવાથી આ ચોથો બોલ. સામાન્ય વિશેષ ઉપયોગાત્મકપણાને લીધે, સામાન્ય વિશેષનો જાણવા દેખવાના વેપારપણાને લીધે ઓળંગતો નથી, એને લઈને ઓળંગતો નથી. માટે હું દર્શનજ્ઞાનમય છું. આહાહાહા ! એમ પર્યાયની અનુભવદશા એમ કહે છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? સામાન્ય વિશેષ ચિન્માત્ર હોવાથી, મારા દેખવા જાણવાના ઉપયોગપણાને છોડતો નથી, ઓળંગતો નથી. માટે હું દર્શનજ્ઞાનમય છું, હું દર્શનજ્ઞાનવાળો છું એમેય નહીં, દર્શનજ્ઞાનમય છું. આહાહાહાહા !

આવી ટીકા તો હજારો વર્ષથી છે, એ કાંઈ નવી છે ? અમૃતચંદ્રાચાર્યનો આ શ્લોક ને ગાથા બે હજાર વર્ષ પહેલાંની અને ટીકા, હજાર વર્ષ પહેલાંની ( છે. )

ચૈતન્યસૂર્યને પ્રકાશવામાં ટીકા એની સ્પષ્ટતા કરી છે ટીકાએ. આહાહાહા !

'सदाडरुवी' સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં - શું કહે છે ? મારું જ્ઞાન સ્પર્શ, રસ, ગંધને જાણવારૂપે પરિણમેલું હોવા છતાં, આહાહા ! સ્પર્શ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ એવા એ જેમાં નિમિત્ત છે જડ. સ્પર્શ, રસ, ગંધ આદિ છે, એવા સંવેદનરૂપે પરિણમવું એ મારું ઉપાદાન. એનાં જાણપણારૂપે - વેદનરૂપે પરિણમ્યો એવો હું, એવો ( હોવા ) છતાં પણ, આહાહા ! સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી. એ સ્પર્શ, ગંધ, રસપણે આત્મા થતો નથી. આહાહાહા ! એ સ્પર્શ, ગંધ, રૂપ, રસ, સ્પર્શ એમાં જેમાં મારા જ્ઞાનના વેદનમાં એ નિમિત્ત છે. અને તે નિમિત્તનું જેમને વેદન છે એ નિમિત્તનું નથી. વેદન મારું છે, એમાં એ નિમિત્ત છે છતાં તે, તે રૂપે પરિણમ્યો નથી. આહાહાહા !

રૂપી પદાર્થના જ્ઞાનપણે પરિણમેલો હું, તે રૂપીપણે હું થતો નથી, માટે હું અરૂપી છું. આહાહાહા ! સમજાણું કાંઈ ? રૂપી પદાર્થને જાણવા છતાં વેદનપણે પરિણમ્યો છતાં તે રૂપીમાં પોતે પરિણમ્યો નથી રૂપીપણે પરિણમ્યો નથી. રૂપીના પોતાના જ્ઞાનરૂપે પરિણમ્યો છે. આહાહાહા ! માટે પરમાર્થે હું સદાય અરૂપી છું. પરમાર્થે હું ત્રિકાળ સદાય અરૂપી છું. આહાહાહા ! વિશેષ કહેવાશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં. ૧૧૦ ગાથા - ૩૮ તા. ૧૭-૧૦-૭૮ મંગળવાર આસો વદ-૧ સં. ૨૫૦૪

આડત્રીસ ગાથા. અહીં સુધી આવ્યું છે. પરમાર્થે હું સદાય અરૂપી છું, ત્યાં આવ્યું છે ને ? હું એક છું એની વ્યાખ્યા આવી ગઈ, શુદ્ધ છું એની આવી ગઈ, જ્ઞાનદર્શનમય છું આવી ગઈ,

સદાય અરૂપી છું હવે એ કહે છે.

અનાદિનો અપ્રતિબુદ્ધ અજ્ઞાની હતો, જેને આત્માનું જ્ઞાનસ્વરૂપ શું છે એની બિલકુલ ખબર નહોતી અને વિરોધ અજ્ઞાન હતું, આહાહા... એને પણ ગુરુદ્વારા એ સમજાવતાં, એ વારંવાર એનું રટણ કરતાં; એ સમજી ગયો અંદરથી. અરે ! હું તો પરમેશ્વરસ્વરૂપ છું. મુઠ્ઠીમાં જેમ સોનું હોય ને ભૂલી જાય એમ ભગવાન અંદર છે એને હું ભૂલી ગયો હતો. આહા ! એ મેં યાદ કર્યું હવે કે, ઓહો ! ચૈતન્યસ્વરૂપ પરમાત્મસ્વરૂપ ભગવાન પરમેશ્વર આત્મા એ હું. એમ એક અને શુદ્ધ.

આમ સર્વથી જુદા વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું જ્ઞાન થવા છતાં તેનાથી તે જુદો એ ચીજ આંહી આવતી નથી, તેમ તેનું જ્ઞાન ચીજમાં જતું નથી. એ રૂપી, વર્ણ, ગંધ, રસ, સ્પર્શને પોતાની સંવેદન શક્તિથી જાણવા છતાં આત્મા તે રૂપે થતો નથી અને તે જ્ઞેય જ્ઞાનમાં આવતું નથી. આહાહા ! આવી વાત છે. આવો ધર્મી જીવ પોતા માટે, એમ નિર્ણય કરીને અનુભવે છે એમ કહે છે. આહા ! એને– આંહી તો ત્રણેય ભેગાં લીધાં છે ને દર્શન જ્ઞાન ને ચારિત્ર. આહા ! આત્મા શુદ્ધ ચૈતન્ય, પરમેશ્વરરૂપ, એનું જ્ઞાન, એની પ્રતીતિ, અને એમાં આચરણરૂપ રમણતા એ ત્રણ થયાં, એ જીવની પૂરણતાને પામ્યો. આહા ! જેવું એનું પૂરણસ્વરૂપ છે એવું જ પ્રતીત જ્ઞાનમાં રમણતામાં આવ્યું. આહાહા !

આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો, પરથી બિલકુલ જુદો એવો હું આત્મા, શુદ્ધ ચૈતન્યઘન, આહાહા... એને સ્વરૂપને અનુભવતો પર્યાયમાં પ્રકાશમાં તેને અનુભવતો, આહાહા... મારો જે પર્યાય છે, એમાં એ સ્વરૂપને અનુભવતો. આહાહાહા ! આનું નામ આત્મા જાણ્યો માન્યો ને અનુભવ્યો, આવી વાત છે.

જો કે અનુભવતો આ હું, મારા સ્વરૂપને શુદ્ધ ચૈતન્ય, રાગથી ભિન્ન, રૂપી ચીજને, રૂપીને જાણતાં છતાં ભિન્ન, અને રાગને જાણતાં છતાં પણ રાગથી ભિન્ન, એવો જે ભગવાન મારો સ્વભાવ, એને અનુસરીને અનુભવતો, સન્મુખ થઈને એમ શબ્દ છે ને ભાઈ ! અભિગચ્છતિ અભિગચ્છતિ અભિગચ્છતિ શબ્દ છે પહેલાં.

શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય વસ્તુ એને હું મારી પર્યાયમાં, પરસન્મુખતાની જે ધારા હતી એ મિથ્યાત્વ હતું, એ જ્ઞાનની વર્તમાન પર્યાયને અભિગચ્છતિ – સ્વરૂપની સન્મુખ કરી. છે ક્યાં એ શબ્દ ? ક્યાં 'ક આવ્યું 'તું હવે ઈ તો પહેલાં આવ્યું 'તું અભિગચ્છતિ, ( શ્રોતાઃ– નવમામાં ) નવમામાં ને અભિગચ્છતિ ( શ્રોતાઃ– जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तुं केवलं सुद्धं ) હા, બસ ઈ, ગાથા– નવમાંનું પહેલું પદ જુઓ ! નવમી ગાથા जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तुं केवलं सुद्धं –છે ? શું કહ્યું મારા ભાવશ્રુતજ્ઞાન દ્વારા અભિગચ્છતિ – વસ્તુની સન્મુખ થઈને... આહાહાહા... अप्पाणमिणंतुं આ આત્મા કેવલ શુદ્ધ છે એમ હું જાણું છું. આહાહા ! અભિગચ્છતિ શબ્દ છે ને ?

છઠ્ઠી ગાથામાં પ્રમત્ત અપ્રમત્ત નથી તેવો હું જ્ઞાયક છું, અગિયારમીમાં ભૂતાર્થ જ્ઞાયક ભૂતાર્થ–સત્યાર્થ તે હું છું તેનો આશ્રય, આંહી એમ કહ્યું કે મારા ભાવશ્રુતજ્ઞાન દ્વારા ભગવાનની સન્મુખ થઈને હું અનુભવું છું. આહાહા ! અહીંયાં એ કહે છે, સ્વરૂપને અનુભવતો, આ તો એના

ઉપર જરી, ( વજન દેના ) વસ્તુ જે છે પરથી જુદી રાગથી, રૂપીથી એવી પૂરણસ્વરૂપ આનંદ પ્રભુ, એને હું મારા સ્વરૂપને અનુભવતો, 'આ' 'આ' પ્રત્યક્ષ છે કહે છે. જ્ઞાનની પયાર્યમાં 'આ' 'હું' પ્રતાપવંત રહ્યો. આહાહા !

ઓલી શક્તિ કાઢી ( કહી છે ) છે ને પ્રભુત્વ, 'પ્રભુત્વશક્તિ' તે આમાંથી ત્યાં એમ છે જેનો પ્રતાપ અખંડિત છે. એવો સ્વતંત્રતાથી શોભાયમાન મારો પ્રભુ, જેનો પ્રતાપ અખંડ છે. જેને કોઈ ખંડ કરી શકે એવી તાકાત કોઈમાં નથી. આહાહા !

જુઓ જેનો પ્રતાપ પ્રભુનો, એનામાં પ્રભુત્વ નામનો ગુણ છે, ભગવાન આત્મામાં ઈશ્વર, પ્રભુતા નામનો ગુણ છે, એ ગુણના ધરનારને ભગવાન આત્માને જાણ્યો એ કહે છે, કે મારો પ્રતાપ અખંડિત છે. એ મારા પ્રતાપને, સ્વતંત્રતાથી શોભાયમાનપણું છે. આહાહાહાહા ! એવો હું આત્મા પ્રતાપવંત રહ્યો એમ કહે છે. જોયું ! આહાહા ! અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. આહાહા ! અલૌકિક વાતું છે બાપુ, સમયસારે તો કેવળીના વિરહ ભૂલાવ્યા છે. આહાહાહા ! ધીમેથી શાંતિથી સાંભળે સમજે તો એને ખબર પડે. આહાહા !

આ પ્રકારે હું 'દંસણનાણમઈઓ' સદા અરૂપી, હું, એક, શુદ્ધ, એવો પરથી સર્વથા જુદો એવા સ્વરૂપને અનુભવતો સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો, આહાહા ! આ "હું" આ જ્ઞાયક ચૈતન્ય જ્યોતિપ્રભુ. આહાહા ! જેની જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ થયો. આહાહાહા ! સમજાણું કાંઈ ?

આ હું આત્મા આ હું પ્રતાપવંત રહ્યો. 'આ' 'હું' મારા અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભાયમાન રહ્યો. આહાહા ! 'જુઓ આ આત્માનું જ્ઞાન.' આહાહા ! આ હું ભગવાન આત્મા, એ સર્વથી જુદો, એનાં સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો, મારો ( સ્વભાવ ) પ્રતાપવંત હું છું. આહાહાહા ! મારા પ્રતાપને કોઈ ખંડન કરી શકતું નથી, એવો હું સ્વતંત્રતાથી શોભાયમાન, આહાહા ! એમ હું પ્રતાપવંત આ રહ્યો, એટલું લીધું. હવે એમ પ્રતાપવંત વર્તતા એવા મને, આહાહાહાહા !

આ પંચમઆરાના મુનિ ! એ પોતાની દશા વર્ણવતાં જગતને ઉપદેશ આ જાતનો આપે છે. આહાહા ! દિગમ્બર મુનિ છે, અંતર્અનુભવમાં દર્શન, જ્ઞાન, ચારિત્રને અનુભવે છે. મારા સ્વરૂપને હું અનુભવું છું. એ શુભજોગ હશે ? પ્રભુ, પ્રભુ, પ્રભુ, શું કરે છે નાથ ?

શુભજોગથી પણ સર્વથા હું જુદો. આહાહાહા ! ક્રમરૂપ ને અક્રમરૂપમાં નહોતું આવ્યું ? અને નવ ભેદો તત્ત્વના, એનાથી પણ જુદો. હેં ? આહાહાહા ! મારો પ્રભુ, પરથી જુદો એવા મારા સ્વરૂપને, ધર્મી એમ જાણે છે, અનુભવે છે. આહાહાહા ! કે આ હું પ્રતાપવંત રહ્યો, આ હું પ્રતાપવંત રહ્યો. આહાહાહાહા ! મારા પ્રતાપને કોઇ ખંડ કરી શકે, એવી કોઈની તાકાત નથી જગતમાં. આહા... મારા પ્રતાપની સ્વતંત્રતાની શોભાયમાન, એની સ્વતંત્રતાની અશોભા કોઈ કરી શકે ? આહાહાહા ! ગજબ છે ટીકા ! આહા ! વસ્તુને સ્પષ્ટ વ્યક્ત કરવાની સિદ્ધિ. આહાહાહાહા !

એમ આ હું પ્રતાપવંત રહ્યો, એટલે અસ્તિની વાત કરી. હવે પ્રતાપવંત વર્તતા એવા મને આ રીતે હું પ્રતાપવંત વર્તું છું એવા મને, આહાહાહા ! જો કે મારી બહાર અનેક પ્રકારની, પહેલાં

કહ્યું 'તું ને કે સદાય જુદા, સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો મારા હવે મારા સ્વરૂપથી બહાર, છે ને ? અનેક પ્રકારની સ્વરૂપની સંપદા, એ પણ અનેક પ્રકારની સ્વરૂપની સંપદાવાળા જગત છે. અનંત આત્માઓ, અનંત રજકણો હો જગતમાં કહે છે. આહાહા ! અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે, સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે, બધા અનંતા દ્રવ્યો છે, અસ્તિ ધરાવે છે, સ્ફુરાયમાન છે, પ્રગટ છે. આહાહા !

અનંત આત્માઓ, અનંત રજકણો, અસંખ્ય કાળાણુઓ, ધર્માસ્તિ, અધર્માસ્તિકાય ને આકાશ એ મારા સ્વરૂપથી, જુદા સ્વરૂપની સંપદાને ધરાવતા, આહાહાહા ! આહાહા ! એ પણ અસ્તિપણે બાહ્ય પદાર્થો પોતાની સંપદા વડે શોભાયમાનપણે રહેલાં છે. આહાહા ! એને કાંઈ મારી જરૂર નથી, એની મને જરૂર નથી. આહાહાહા !

એવો મારો ભગવાન પ્રતાપવંત રહ્યો થકો, પ્રતાપવંત વર્તતો થકો, આહાહાહાહા ! મને, જો કે બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા– એનાં સ્વરૂપની લક્ષ્મી પરમાણુની સ્વરૂપની લક્ષ્મી, આત્માના સ્વરૂપની લક્ષ્મી, સિદ્ધોની સ્વરૂપની લક્ષ્મી, અનંતા નિગોદના જીવોના સ્વરૂપની લક્ષ્મી, એના ( વડે ) સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે. એની સંપદા વડે તે સ્ફુરાયમાન છે. આહાહા !

મારા વડે એ નહીં, તેમ ઈશ્વર કર્તા છે માટે તે શોભાયમાન છે એમ નહીં એમ કહે છે. આહાહાહા ! એ પણ પોતાના સ્વરૂપની સંપદા વડે કરીને, આહાહાહાહા ! પરદ્રવ્યો સમસ્ત સ્ફુરાયમાન છે, તો પણ કોઈપણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી મને કહે છે. આહાહા ! ધર્મી જીવને, સમ્યગ્દૃષ્ટિ જીવને, આહાહા ! મારા સ્વરૂપના પ્રતાપવંતપણે રહ્યો, અને પ્રતાપપણે વર્તતા એવા મને, બહારના સમસ્ત પરદ્રવ્યો એની સંપદાથી સ્ફુરાયમાન છે, અસ્તિ છે, જેમ હું પોતે અસ્તિ છું એવા એ પણ અસ્તિ છે. છતાં આહાહા... કોઈપણ પરદ્રવ્ય કોઈપણ પરદ્રવ્ય સિદ્ધ હો કે નિગોદ હો કે રજકણ હો કે અચેત સ્કંધ હો, આહાહાહા... સ્ત્રી હો કે એનું શરીર હો કે પંચપરમેષ્ઠિ હો. આહાહાહાહા ! એ એનાં સ્વરૂપની સંપદાથી સ્ફુરાયમાન છે. આહાહા !

મને હું એક આત્મા ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, આહાહા.. મારી સ્વરૂપની સંપદાને અનુભવતાં, બધી સંપદાથી સ્ફુરાયમાન એ તત્ત્વો છે, એમાં કોઈપણ પરદ્રવ્ય, પરમાણુમાત્ર પણ, એક રાગનો કણ ને રજકણનો પદાર્થ, મારાપણે ભાસતું નથી. આહાહાહા...

જુઓ ! આ સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માના આત્માના અનુભવના લખણ. આહાહા ! આંહીયા ભલે ત્રણેય ભેગું લીધું છે, ત્રણેય ભેગું સમ્યગ્દર્શનમાંય દર્શનજ્ઞાન ચારિત્રમાં ત્રણેય ભેગું છે. અહીં પૂરણ લીધું છે. સમજાણું કાંઈ ? આહાહાહા !

ધર્મી જીવ અજ્ઞાની પ્રથમ હતો. આહાહા ! એને ગુરુએ સમજાવતાં એ પોતાના રટણમાં ગયો, આવ્યો, અને તેમાં સ્વરૂપની સંપદાને અનુભવી. આહાહા ! અરે, હું તો મારા પરમેશ્વરને ભૂલી ગયો હતો. આહાહા ! મારો પ્રભુ તો પૂર્ણાનંદથી બિરાજમાન છે અંદર. આહાહાહા ! એને મેં યાદ કરીને, સ્વરૂપની સ્મૃતિ કરીને આહાહાહા... યાદ કર્યો ક્યારે થાય ? કે એનો અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા થઈ હોય ત્યારે યાદ કર્યુ થાય. આહાહાહા ! એવો જે હું એને ( એવા

મને ) જો કે મારી બહાર પરમાણુ આદિ અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે પ્રકાશે છે પણ મારાપણે ( મને ) ભાસતું નથી. કોઈપણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી. આહાહાહા ! આડત્રીસ ગાથા ! ગજબ કામ છે.

મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે, કર્મ ભાવક, અને એનાં નિમિત્તે થતો વિકાર ભાવ્ય, એ મારાં છે એ હવે મને ભાસતું નથી. આહાહાહા ! આહાહા ! જુઓ આ સમ્યગ્દૃષ્ટિ ને સમ્યગ્જ્ઞાનીના આચરણવાળા. આહાહાહા ! એ આ પંચમઆરાના સંતોએ, પંચમઆરાના શ્રોતાને કહીને, શ્રોતા જાગી ઊઠયો, એની વાત છે. હેં ! આહાહાહા ! વિશેષ તો હવે આવે છે.

મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને, એ ભાવકપણે નહીં ને જ્ઞેયપણે નહીં, જ્ઞેય છે પણ મારાપણે ભાસે એ ભગવાન છે ઈ મારાં છે એવું ભાસે, એમ છે નહીં હવે એમ કહે છે. આહાહાહા !

અમૃત વરસ્યા રે પંચમકાળમાં ! આહા... આવી વાત ક્યાં છે પ્રભુ ! આહાહા ! અમૃતચંદ્રાચાર્ય છે ને ! આહાહા ! હજી તો વધારે આવે છે અલૌકિક વાતું ! આહાહા ! મને ભાવકપણે, જેને આત્મા સમ્યગ્દર્શનમાં ભાસ્યો, સમ્યગ્જ્ઞાનમાં આત્મા ભાસ્યો... આત્મા પૂર્ણાનંદનો નાથ ! આહાહા... એ સમકિતી એમ કહે છે કે મારા સ્વરૂપને અનુભવતો, આ પ્રતાપવંત રહ્યો હું, મારા પ્રતાપવંત વર્તતા એવા મને, સમસ્ત પરદ્રવ્યોમાં કોઈપણ ચીજ મારી છે એમ મને ભાસતું નથી. આહાહાહાહા ! પંચપરમેષ્ઠિ હોય તોય પણ એ મારાં છે એમ મને ભાસતું નથી, કહે છે. આહાહાહાહા ! એ તો ઠીક, હજી આવે છે.

ઈ ભાવકપણે અને જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે, આહાહાહા... મને જે મોહનો નાશ થયો છે, મિથ્યાત્વનો એ ફરીને હવે મોહ આવે, એ મને નથી રહ્યું હવે. આહાહાહા !

આ પંચમકાળના સંતો ને શ્રોતા આવા હોય એમ કહે છે, ગજબ વાત કરે છે પ્રભુ ! આહાહાહા ! પંચમકાળના સંત છે, દિગમ્બર સંત કહે છે. અમે જે આ મોહનો નાશ કર્યો એ ફરીને ઉત્પન્ન નહીં થાય, પણ પ્રભુ તમો કેવળી છો ? તમને કેવળજ્ઞાન છે ? તમે, કેવળી પાસે ગયાય નથી, હજી કુંદકુંદાચાર્ય તો ગયા હતા. આહાહાહા !

મારો નાથ અંદર પરમેશ્વર બિરાજે છે ને હું ત્યાં ગયો હતો, આહાહાહાહા ! અને મારો પોકાર છે. જગ જાહેર પોકાર છે કે મને જે આ મિથ્યાત્વનો મોહનો નાશ થયો, ભલે ચારિત્રથી અસ્થિર થઈશ, દર્શન જ્ઞાન ચારિત્રે પરિણમ્યો છે, એથી સ્વર્ગમાં જશે તેથી ચારિત્રથી અસ્થિર થશે, પણ જે મોહનો નાશ થયો છે એ ફરીને થશે એ નહીં, એમ કહે છે. આહાહાહાહા !

( શ્રોતાઃ- અપ્રતિહત ભાવ છે. ) અપ્રતિહત ભાવ છે બાપા ! આહાહા ! આહાહાહા ! ( શ્રોતાઃ- હવે પડવાની વાત નથી. ) દ્રવ્ય શું પડે ? અને જેની દૃષ્ટિ દ્રવ્યની થઈ એ શું પડે ? એમ કહે છે. આહાહા ! અમે તો જે કંઈ મિથ્યાત્વનો, મોહનો નાશ કર્યો અને જે સમ્યગ્દર્શનજ્ઞાન ઉત્પન્ન કર્યું, એ મોહ ફરીને ઉત્પન્ન થાય ? અમે પંચમઆરાના સંત કહીએ છીએ, અને સંતના શ્રોતાઓને અનુભવ થયો એ એમ કહે છે, એની વાત લીધી છે ને, અનાદિ ( અજ્ઞાની હતો તે ) સમજ્યો એની વાત છે ને. આહાહાહા !

પ્રભુ ! પણ કેવળજ્ઞાનેય તમને નથી ને આટલું બધું જોર ? કે અમે હવે આત્મજ્ઞાન પામ્યા છીએ, અનુભવ થયો છે ને મિથ્યાત્વનો નાશ કર્યો છે, એ મિથ્યાત્વ હવે અમને થવાનું નથી. આહાહાહા !

હવે અમે સાદી અનંત સમ્યગ્દર્શનમાં રહેવાના છીએ. આહાહાહા ! આહાહા ! ગજબ કામ કર્યાં છે, મુનિ પોતે તો કહે છે પણ જેને સમજાવ્યું એ ( શ્રોતા ) આમ કહે છે. એમ છે ને ભાઈ ! આહાહાહાહા ! એ પંચમકાળનો શ્રોતા, આહાહાહાહા ! જેને આ ગુરુગમે આ વાણી મળી... આહાહા... અને એ સમજ્યો, આહાહા... એ એમ કહે છે કે અમે તો આ પ્રતાપવંત રહ્યા અને પ્રતાપવંત વર્તતા મને કોઈ મારા પ્રતાપને મોહ ઉત્પન્ન કરીને ખંડ કરે એવું છે નહીં હવે. ફરીને મોહ ઉત્પન્ન થાય એ મારે છે જ નહીં. આહાહાહા ! ઓહોહો ! અમને જે દૃષ્ટિ ને દૃષ્ટિનો વિષય મળ્યો, એ દૃષ્ટિ હવે પડે, ત્રણકાળમાં નથી, કહે છે. આહાહાહા ! અપ્રતિહત ! આહાહાહા... આ લોકો કહે, પાંચમો આરો આવો છે ને એમાં શુભજોગ જ હોય, અરે પ્રભુ ! શું કરે છે ભાઈ !

( શ્રોતાઃ– અત્યારે શુદ્ધ ઉપયોગ ન હોય, પાંચમાં આરામાં શુભભાવથી ધર્મ થાય. શુભથી જ થાય. ) એને ખબર નથી ને ખબર નથી એમને. આહાહા ! ભાઈ, તારી સ્વરૂપની સંપદાને પ્રભુ. આહાહા ! ખબર નથી, એથી પંચમ આરામાં શુભજોગ જ હોય... પ્રભુ આ શું કહે છે આ મુનિ ? અરે મુનિ તો ઠીક, પણ એને સાંભળનારા આવા થાય એમ કહે છે. આહાહાહા... ! આહા ! ( શ્રોતાઃ– શ્રોતાય એવા છે ને ! ) એવાય શ્રોતા હતા. અને અમારી વાણી 'આ છે ' ને જેને કાને પડે... ને જે સમજે એ પણ અપ્રતિહતવાળો જીવ છે લે એમ કહે છે. આહાહાહા ! પ્રભુ ! આહાહા !

આવી વાતું છે બાપા ! જગતની હારે મેળ ખાવો કઠણ બહુ ભાઈ ! ( શ્રોતાઃ– દિવાળીના દિવસોમાં તો આવું જ હોય ને ! ) આવું જ હોય બાપા સાચી વાત છે. આહાહા... જ્યાં અંદરથી ઝબકારો જાગ્યો પ્રભુ. આહાહાહા... ( શ્રોતાઃ– પ્રકાશ... પ્રકાશ... પ્રકાશ ) પ્રકાશનો પૂંજ જ્યાં જાગ્યો અંદર પ્રકાશ. હવે અમે પાછા પડીએ ને અમને મિથ્યાત્વ ફરી ઉત્પન્ન થાય એવું અમારે રહ્યું નથી, અમે પંચમઆરાના શ્રોતા અને પંચમઆરાના ગુરુ. પંડિતજી ? આહાહાહા ! આ તો સમજ્યો ઈ એમ કહે છે ને ? "અહં એક્કો ખલુ સુદ્ધો" આહાહા !

પ્રભુ ! આહાહા ! અને પાંચમી ગાથામાં એમ કહ્યુંને પ્રભુએ કુંદકુંદાચાર્યે "તં એયત્તવિહત્તં દાએહં અપ્પણો સવિહવેણ જદિ દાએજ્જ પમાણં" આહાહાહા ! અંતરના અનુભવથી પ્રમાણ કરજે પ્રભુ. આહાહાહાહાહા ! ભગવાન ભગવાન ભગવાન બધા બિરાજે છે ને કહે. આહાહા !

ભગવાનને ઓળખીને કબૂલ કરજે, આહાહા ! પાટણીજી ! જુઓ આ વાત સાંભળી નથી ક્યાંય. ઈ તો પોતેય કહે છે ને ભાઈ બાપુ, આવી વાત છે ભાઈ. આહાહા ! આહાહાહા ! અમારું જે મિથ્યાત્વ –અનંત સંસાર, આહાહાહા... એ ગયો એ ગયો હવે હો, કહે છે હવે. ( શ્રોતાઃ– બળી ગયું ઈ પાછું આવે ? ) આહા.. ! એ રતિભાઈ ? આ રતિ ઉત્પન્ન થઈ અંદરમાં કહે છે. ઈ હવે જવાની નથી, એમ કહે છે. આહાહા ! પ્રભુ, પ્રભુ. આહા... હા !

એ મોહ આ ગજબ કર્યો છે ને ? મારી સાથે જ્ઞેય થઈ, જ્ઞેય પર છે ને તે મારા થઈ ભાવક ભાવે મારા થઈને એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે, ઈ મારે રહ્યું નથી. આહાહાહા !

કારણકે નિજરસથી જ, આહાહા... મિથ્યાત્વ, મોહને કેમ ઉત્પન્ન ન કરે ? કે મારા નિજ રસથી આત્માના આનંદના રસથી, આહાહાહા ! મારી નિજ શક્તિના સામર્થ્યથી, મારો ભગવાન નિજરસના સામર્થ્યથી, આહાહાહા... મોહને મૂળથી ઉખાડી, મોહને દાબ્યો છે ઉપશમ કર્યો એમેય નહીં. અહીંયા તો મોહને મૂળથી ઉખાડી, આહાહા... ગધેડા જેમ મૂળથી ખાય ઉખેડીને એમ જ્ઞાની મૂળથી ઉખાડી નાખે છે રાગને – મિથ્યાત્વને, આહાહા ! આહા ! ગજબ ગાથા છે. એમ મેં મારા આત્માના રસથી સ્વભાવના રસના સામર્થ્યથી મોહને, નિજરસથી જ, એમ કહ્યું જોયું ? કોઈ કર્મ મંદ પડયું ને ફલાણું થયું ને એમ નહીં પણ મેં મારા નિજરસથી જ. આહાહાહા... મારો ભગવાન આત્મા, નિજરસ, આનંદના રસથી મારા સામર્થ્યથી એમ કહે છે. નિજરસથી 'જ' બીજો કોઈ અંદર આશય રાગ નહીં. આહા ! આહાહા ! મોહને મૂળથી ઉખાડી, મૂળમાંથી ખોદી કાઢીને, આહાહાહા ! મૂળિયું તોડી નાખ્યું છે કહે છે. આ ફરીને ઉત્પન્ન ન થાય. આહાહાહાહા !

ઓહોહો ! શું સમયસારના કર્તા, શું એના ટીકાકાર. શું એના શ્રોતાઓ !! આહાહાહા ! આંહી એની વ્યાખ્યા છે ને ભાઈ ! જેને સંભળાવ્યું છે, એ સમજ્યો છે. એ એમ કહે છે કે, આહાહાહાહા ! મારા નિજરસથી જ મારો વીતરાગ સ્વભાવરસ, આહાહાહા ! પૂરણસ્વભાવમાં સાવધાનીના રસથી જ–મોહને મૂળથી ઉખેડી નાખ્યો. આહાહા ! મોહને દાબ્યો, ઉપશમ કર્યો એમેય નહીં. આહાહા ! ઓહોહોહો ! અરે કુંદકુંદાચાર્ય ! અમૃતચંદ્રાચાર્ય ! ચાલતા સિદ્ધ ! અને એ ભાવે સિદ્ધ થવાના. આહાહાહા !

મોહને મૂળથી ઉખાડીને, ફરી અંકુર ન ઊપજે. આહાહાહાહા... મિથ્યાત્વનો અંકુર ન ઊપજે અંકુર જરીએ ન ઊપજે. આહા ! ફૂલ તો નહીં, આહાહાહા... પણ મિથ્યાત્વનો અંકુર પણ ન ઊપજે જરીયે, આહાહા ! એવો નાશ કરીને, આહા ! ગજબ કર્યું છે ને ? ભગવાનને ભગવાનના ભેટા થયા અંતરમા ઈ કહે છે, હવે જાય નહીં. આહાહા ! મારો નાથ પૂર્ણાનંદનો પ્રભુ એના જ્યાં ભેટા થયા, હવે વિયોગ ન થાય કહે છે. આહાહાહાહા ! આહાહા !

ફરી અંકુર ન ઊપજે જોયું ? 'स्वरसत एवापुनः प्रादुर्भावाय समूलं मोहमुन्मूल्यं' – એમ છે ને મૂળસહિત મોહને ઉન્મૂલ્યં – મૂળથી ઉખેડી નાખ્યો. महतो 'ज्ञानोद्योतस्य प्रस्फुरितत्त्वात्'

ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ – મહાન જ્ઞાનપ્રકાશ, ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ, ઝળહળ જ્યોતિ. શીતળચંદ્ર પ્રકાશનો. એવો મારો પ્રભુ ચંદ્ર, આહાહાહા... એનો જ્ઞાનપ્રકાશ, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે. આહાહાહા ! જુઓ ! આ દિગમ્બર સંતોની વાણી ! આહાહા !

શ્રીમદ્ કહે છેઃ 'દિગમ્બરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે'ઈ કહેવા માગે છે. આહાહા ! 'શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો', બહુ આકરું કામ દુઃખ લાગે બીજાને શું થાય ? અરે, આ એક કડી છે, એવા બત્રીસ સૂત્રોમાં આ વાત મળે એવી નથી. આહાહાહા ! ( શ્રોતાઃ– બત્રીસ ને તેર પીસતાલીસમાંય ન મળે ! ) પીસતાળીસ તો નાનો સાધારણ, આ બત્રીસ ને બધાય જોયાં છે. છોંતેરની સાલમાં એ પીસતાળીસ સૂત્ર એક પાંચ મહિનામાં જોયા હતા. છોંતેર, છોંતેર. ( શ્રોતાઃ– અઠ્ઠાવન વરસ થયાં ) અઠ્ઠાવન વરસ પહેલાં, બત્રીસ સૂત્ર ને એનાં તેર સૂત્ર, પીસતાલીસ સૂત્ર ને એની ટીકાઓ, પાંચ મહિનામાં, ચોમાસુ

હતું દામનગર, પાંચ મહિનામાં પીસતાલીસ સૂત્ર વાંચ્યાં'તા. આંહી તો ધંધો એક જ કર્યો છે ને. અઠ્ઠાવન વરસ પહેલાં....ગજરથ પણ્ણતિ – સૂર્ય પણ્ણતિ બધું વાંચ્યું'તું.

આ વાત. આહાહાહા ! અઠયોતેરમાં સમયસાર હાથમાં આવ્યું, આવ્યું ને કહ્યું અંદરથી, આહાહાહા ! શેઠિયા હતા આગ્રહી સંપ્રદાયના, પણ એ વખતે તો ( અમે સ્થાનકવાસી સંપ્રદાયમાં ) હતા ને ! કીધું શેઠ, આ પુસ્તક અશરીરી છે, સિદ્ધ થવાને ને અશરીરી થવાને શરીર રહિત થવાને આ પુસ્તક છે કીધું. પાટણીજી ? અઠયોતેર, દામનગર, દામોદર શેઠ હતા ને અત્યારે પૈસા નથી પણ તે દિ' તો સાંઈઠ વરસ પહેલાં દસલાખ, દસલાખ રૂપિયા ને ચાલીસ હજારની ઊપજ ને દૃષ્ટિ વિપરીત ઘણી હતી. પણ એ વખતે તો આમાં હતો એટલે ન ઓલું લાગે ! આહાહાહા !

આની એક કડી, આડત્રીસમી ગાથાની, આહાહા.... બાર અંગમાં જે કહેવું છે 'અનુભૂતિ' આ એની વાત છે આંહી. આહાહાહા !

મોહનો 'અંકુર' શબ્દ છે. છે ને ? આહા ! છે ને ! આહા ! 'स्वरसत' एवापुनः प्रादुर्भावाय समूलं मोहमुन्मूल्य' – એમ મૂળમાંથી મોહનો ઉન્મૂલમ્, આહાહા ! ફેંકી દીધો છે કે નાશ કરી નાખ્યો છે. આહા ! મારો પ્રભુ, જ્ઞાનસ્વરૂપી ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ એનો પ્રકાશ મને થયો છે કહે છે. આહાહા ! અરે, તમે પંચમઆરાના જીવ, ભગવાન તો નથી આંહી ને, ભગવાન બિરાજે છે ત્યાં મહાવિદેહમાં બિરાજે છે પ્રભુ ભગવાન ! સીમંધર ભગવાન ! બાપુ, અમારા ભગવાન અમારી પાસે છે એ અમારો પોકાર છે, કહે છે. આહાહાહા ! આહાહા ! એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ. આહાહા... મહાન જ્ઞાનપ્રકાશ ! દ્રવ્યસ્વભાવનો જે જ્ઞાનસ્વભાવ જ્ઞાયકસ્વભાવ મહાન જ્ઞાનપ્રકાશ, મને પ્રગટ થયો છે. વાહ પ્રભુ ! આડત્રીસ ગાથાએ તો હદ વાળી નાખી છે !

( શ્રોતાઃ– જીવ અધિકાર પૂરો થયો છે. ) હા, પૂરો કર્યો ને... જીવ અધિકાર પૂરો થઈ ગ્યો, જીવનો અધિકાર આવી ગયો. એનો જે અધિકાર હતો એટલો આવી ગયો. આહાહાહા ! ( શ્રોતાઃ– આત્માનો અનુભવ થાય ત્યારે અધિકાર પૂરો થાય ને ! ) અરે, લોકો ક્યાં ચોંટયા છે, બહારની ક્રિયા, આ વ્રત કરો ને અપવાસ કરોને તપ કરોને... અરે ! ઈ તો રાગની ક્રિયા છે, આસ્રવ છે ન્યાં ક્યાં ધરમ હતો ? અરે ! ભગવાન, જ્યાં ભગવાન ( નિજાત્મા ) પડયો છે ત્યાં તું જોને એકવાર ! આહાહાહા ! ધર્મી એવો ભગવાન એમાં અનંત અનંત ધર્મ સ્વભાવ છે. તેવા સ્વભાવની સામું જોને ! આહાહા... તને ધરમ પ્રગટશે. એ ધરમ એવો પ્રગટશે કે ફરીને મિથ્યાત્વ આવે નહીં એવો પ્રગટશે. આહાહાહાહા !

ઉન્મૂલન નહીં એટલે અંકુર શબ્દ કાઢયો અંદરથી અંકુર શબ્દ નથી આમાં અંદર. ( શ્રોતાઃ– પ્રાદુર્ભાવ કહ્યું ) પ્રાદુર્ભાવ બસ એટલું, પછી એનો અર્થ કર્યો. આહાહાહા ! કો' આ. આમ સર્વથી જુદા આમ પાંચ લીટીમાં આટલું બધું ભર્યું છે. આહાહાહા !

આચાર્યો, મુનિઓ પોતે એમ કહે છે. કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય દિગમ્બર સંત, સંવત ઓગણપચાસ ભગવાન ત્રિલોકનાથ સીમંધર પ્રભુ બિરાજે છે. મહાવિદેહ ત્યાં ગયા હતા, આઠ દિન રહ્યા હતા. એ તો કહે, પણ આ તો એનાં ટીકાકાર પોકાર કરે છે, આહા... અરે ટીકાકાર કહે છે કે, અમે જેને કીધું, એનો પોકાર 'આ' છે. ભલે ઈ ભગવાન પાસે

ન ગયા હોય. આહાહાહા ! પણ એનો ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એની પાસે ગયા છે ને ઈ. આહાહાહા !

કો' અજીતભાઈ ? આ પૈસા બૈસામાં નથી આ કાંઈ, ધૂળમાંથી નથી ન્યાં, આ છે માલ ! ( શ્રોતાઃ માટે તો એ આંહી આવ્યા છે ) આહાહા ! આકરું લાગે લોકોને બહાર પ્રવૃત્તિમાં ચડાવી દીધા છે ને ? અપવાસ કરોને વ્રત કરોને તપ કરોને અપવાસ એ હવે રાગની ક્રિયાઓમાં ચડાવી દીધા, ધરમ એકકોર રહી ગયો. આહા ! ( શ્રોતાઃ અજૈનને જૈન મનાવી દીધા ) અજૈનપણામાં જૈન( પણું ) માન્યું છે. આહાહા !

આ તો વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ ! એ પરમેશ્વર એવો જ – આત્માનું પૂરણ વીતરાગ સ્વરૂપ પરમેશ્વર, એને પર્યાયમાં જ્યાં એનું ભાન થાય છે ત્યારે કહે છે કે આ જે મારી પર્યાય જે પ્રગટી નિર્મળ, હવે મને મિથ્યાત્વનો ઉદય થાય ને મલિન થાય, મારે એવું રહ્યું નથી. પડવાના, પડે એવું શાસ્ત્રમાં લખ્યું છે, આવે છે કે નહીં ? 'શુદ્ધનય પરિચ્યૂતા' એ તો જાણવા માટે છે, મારે માટે નથી એ. આહાહાહા ! આસ્રવમાં આવે છે શુદ્ધનય ( પરિચ્યૂતા ) – નય પરિચ્યૂતા છે ? નયનો અર્થઃ શુદ્ધનય કારણ નય એ જ નય છે વ્યવહાર ( નય ) તો કથનમાત્ર નય છે. આહાહાહા ! નય છે, એનો વિષય છે પણ ઈ તો સાધારણ, કથનમાત્ર ! 'નય પરિચ્યૂતા' નો અર્થ જ એવો કર્યો પાઠ તો નય છે ફકત એનો અર્થ એવો કર્યો કે 'શુદ્ધનય પરિચ્યૂતા' નય જ એને કહીએ. આહાહાહા !

જે શુદ્ધ ભગવાન પૂર્ણાનંદનો આશ્રય લીધો છે, એવી જે શુદ્ધનય, એનાથી જે ચ્યૂત થાય છે એ તો જ્ઞાન જગતને કરાવ્યું, આંહી તો કહે છે કે જે, આહાહાહા... જેણે શુદ્ધનયનો અંતર્ આશ્રય લીધો અને જેને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર આદિ પ્રગટ થયાં, એ હવે મિથ્યાત્વને પામે કે પડે એવું રહ્યું નથી. આહાહાહાહા ! ગજબ વાત છે.

મહાન જ્ઞાન પ્રકાશ એટલે ? આહાહાહા... શાસ્ત્રજ્ઞાન તો અનંતવાર થયું'તું અગિયાર અંગ ને નવ ( પૂર્વનું ) શાસ્ત્રનું, એ નહીં, આ તો મહાનજ્ઞાન, જ્ઞાનનો ભંડાર દરિયો પ્રભુ એમાંથી જ્ઞાન પ્રગટ થયું છે. આહાહા ! મારી પર્યાયમાં મહાન જ્ઞાનપરમાત્મસ્વરૂપ જે પ્રગટ આવી ગયો છે. આહાહાહા !

હવે, આમાં વાદવિવાદ કરે ઈ ક્યાં પાર પડે એવું છે ભાઈ ! ( શ્રોતાઃ માટે તો કુંદકુંદાચાર્યે વાદવિવાદની ના પાડી છે. ) ના પાડી છે. ઓલા કયે તમે ના પાડો છો તે તમને આવડતું નથી, તમે પાછા પડી ગયા માટે તમે ના પાડો છો એમ કહે છે. કહે બિચારા કહે એની.... અને તમે ચર્ચા કરવા આવો, ભઈ ચર્ચા તો થઈ ગઈ છે આંહી ખાનિયામાં તે ત્યાં અધૂરી રહી છે છેલ્લું અમારે પૂછવું જોઈએ એ બાકી રાખી દીધું છે, તમે પૂછયું ને તેનો જવાબ અમારો છેલ્લો નો આવ્યો, અરે પ્રભુ એ કર્યે પાર ન પડે બાપા !

આ ચીજ તે ક્યાં ભાઈ ? એ શાસ્ત્રના ભણતરેય તે મળે એવું નથી. આહાહા ! શું થાય ?

મને મહાનજ્ઞાનપ્રકાશ સરવાળો છેલ્લો. જીવ અધિકારનો, જીવનું જેવું અધિકારપણું હતું તેવું પ્રગટયું એ જીવ અધિકાર પૂરો થયો. આહાહાહા !

ભાવાર્થઃ – આત્મા અનાદિકાળથી, મોહના ઉદયથી અજ્ઞાની હતો મિથ્યાદૃષ્ટિ. દર્શનમોહનો

ઉદય ને તેમાં જોડાણ. આ સ્વભાવ તરફ જોડાણ થવું જોઈએ એ છોડી દઈને, એણે ભાવક જે મોહ, તેના તરફ જોડાણ કરીને, ભાવ્ય જે મિથ્યાત્વભાવ તે એને લઈને અજ્ઞાની હતો. આહાહાહાહાહા !

તે શ્રી ગુરુઓના ઉપદેશથી, આહાહા... એ તો ઓલામાં આવ્યું છે ને ? જીવ મરણતુલ્ય થઈ રહ્યો છે. ત્યાં એમ આવ્યું છે. જીવને મરણતુલ્ય કરી નાખ્યો છે કહે છે. દયા દાન વ્રતના પરિણામ, રાગથી મને લાભ થાય એ જીવને મારી નાખ્યો છે કહે છે. મરણતુલ્ય કર્યો છે, એમાં છે. એમાં પાછું એમ કહ્યું છે તીર્થંકરના ઉપદેશથી તે સમજાવ્યું છે એમ છે. સમજાણું ? ( શ્રોતાઃ– અઠ્ઠાવીસ ) અઠયાવીસ, અઠયાવીસ ( કળશ ) શરૂઆત, શરૂઆત. આ રહ્યું જુઓ અઠયાવીસ 'પરંતુ કર્મ સંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું'. ભગવાન જીવતી જ્યોત અંદર જ્ઞાન ને આનંદના નૂરના પ્રકાશના પૂંજવાળો, પણ એને મોહમાં રાગ મારો ને પુણ્ય મારું ને એવા ભાવથી એને મારી નાખ્યો એટલે જાણે હું છું જ નહીં અજીવ જ છે મારે તો બીજું કહેવું'તું આંહી ગુરુનો ઉપદેશ છે ને !

તે ભ્રાન્તિ પરમ ગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે. અહીં તો આ. આહાહા ! ગુરુ પણ તીર્થંકરનો ઉપદેશ છે એ જ કહે છે. આહાહાહા ! ભગવાન જીવતી જ્યોત ચૈતન્ય જાગ્રત અવસ્થાથી ભરેલો ભગવાન એને મેં રાગ ને દયા–દાનના વિકલ્પથી ને નિમિત્તથી મને લાભ થાય, એમ કરીને પોતાના જીવતરની જ્યોતને એણે હણી નાખી. આહાહા ! એવી જે મિથ્યાત્વદશા, એ ભ્રાન્તિ મિથ્યાત્વ એટલે ભ્રાંતિ પરમગુરુ શ્રી તીર્થંકર ત્રિલોકનાથ તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે. આહાહાહા ! સમજાણું ?

એ આંહી કહ્યું, ગુરુઓના ઉપદેશથી, અને પોતાની કાળલબ્ધિથી જ્ઞાની થયો એથી પુરુષાર્થ કરતાં કાળલબ્ધિ પાકી ગઈ. આહાહા ! અને પોતાના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું, પોતાના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું, આમ તો સ્વરૂપને શાસ્ત્રના ભણતરમાં આવ્યું'તું એને, અનંતવાર પણ એ પરમાર્થે જાણ્યું નહોતું. આહાહાહાહા ! સમ્યગ્દર્શન શું ચીજ છે એની મહત્તાની ખબર નથી લોકોને... એણે તો સાધારણ કરી નાખ્યું કે થઈ રહ્યું દેવગુરુની શ્રદ્ધા કરો, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો મરી ગયા કરી કરીને એ તો ! ( શ્રોતાઃ– વળી કહે ડરોમા, ડરોમા ) હા, એ તો વળી ભદ્રિકપણે કહે. બહારમાં વ્રત લઈ લ્યો ને લૂગડાં છોડી દો ને...

( પોતાના સ્વરૂપને ) પરમાર્થથી જાણ્યું કે હું એક છું, મૂળપાઠ છે ને ? શુદ્ધ છું, અરૂપી છું એ ત્રણેય લઈ લીધા, અને દર્શનજ્ઞાનમય છું. ગાથાનો ભાવ લીધો, આવું જાણવાથી – આવું જાણવાથી ( શ્રોતાઃ– સ્વસન્મુખ થઈને જાણવાથી ) મોહનો સમૂળ નાશ થયો – મોહનો 'સમૂળ' નાશ થયો, મૂળમાંથી મિથ્યાત્વનો નાશ થયો. આહાહાહા ! ( શ્રોતાઃ– નાશ થયો તે થયું શું ) ભાવકભાવ ને જ્ઞેયભાવથી ભેદજ્ઞાન થયું. ભાવકભાવ એટલે કર્મ ભાવક ને એના નિમિત્તથી થતી વિકારી પર્યાયો રાગ–દ્વેષની મિથ્યાત્વ આદિ એવો ભાવકભાવ અને જ્ઞેયભાવ એટલે પર જ્ઞેયો, એનાથી ભેદજ્ઞાન થયું. રાગથી અને જ્ઞેયથી જુદો પડયો. આહાહાહાહા ! પોતાની સ્વરૂપ સંપદા, પોતાની સ્વરૂપ સંપદા આનાથી જુદો પડયો, ત્યારે થયું શું ? પોતાની સ્વરૂપ સંપદા અનુભવમાં આવી. આહાહાહા ! ભગવાન અનંત આનંદની લક્ષ્મી,

અતીન્દ્રિયઆનંદનું જ્ઞાન, અતીન્દ્રિય શ્રદ્ધા, અતીન્દ્રિય શાંતિ વગેરે અંતર્ એનાં અનુભવમાં આવી. આહાહા... એ પોતાની લક્ષ્મીની સંપદા અનુભવમાં આવી. આહાહાહા ! એ દયા દાનની વૃત્તિ એ તો રાગ એ પોતાની સંપદા હતી એ તો વિકાર વિભાવ છે. આહાહાહાહા ! આકરું કામ. ( શ્રોતાઃ- ચોખ્ખુ કામ. ) એથી એ લોકો બિચારા એવું કહે છે એય સોનગઢવાળાએ તો વ્યવહાર ઉડાવી દીધો. વ્યવહારથી થાય એ ન રાખ્યું. ભગવાન વ્યવહાર તો રાગ છે બાપુ ! આહાહા ! રાગથી તો આંહી જુદો પડયો ત્યારે લાભ થયો. જેનાથી જુદું પડવું એનાથી લાભ થાય ?

બહુ આકરું કામ ! અત્યારે પ્રરૂપણા ફરી ગઈ બહુ, ઉપદેશ ફર્યો. વાણિયાને નવરાશ ન મળે વાણિયા નવરા ( ન થાય ) ધંધો આખો દિ' એય છોટાભાઈ ! આખો દિ' બાયડી છોકરાં ને ધંધો એમાં વખત ન મળે કલાક મળે ત્યારે સાંભળવા જાય, મગજ ન મળે, જે માથે કહે 'જયનારાયણ' ( શ્રોતાઃ- હુશિયાર કહેવાય છે ને વાણિયા ) સમજવા જેવા હુશિયાર બધાંય. આહાહા ! સંસારના ડાહ્યા હોય મોટી વાતું કરનારા, ધંધાના ને આમ મોટા ઉદ્યોગપતિ ને આમ ને આમ મૂર્ખાઈમાં મોટા છે એ બધાય. આહાહાહાહા ! કહો, ચંદ્રકાંતભાઈ !

લ્યો, આ બધા વાણિયા અઢી અઢી હજારના પગારને એસો... એસો એસોમાં છે ને એ ? એ કંપની ફરી ગઈ એસ. પી. સરકારની ફરી ગઈ.

આંહી પોતાની સ્વરૂપ સંપદા અનુભવમાં આવી, હવે ફરી મોહ કેમ ઉત્પન્ન થાય ? ન થાય. આ બધું ટીકાને ભાવાર્થ પૂરું થયું.

થઈ ગ્યો વખત લ્યો ! ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ! )

* સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પ સમૂહથી સર્વતઃ મુક્ત છે. અનેક પ્રકારના વિકલ્પનો સમૂહ તે સમ્યક્જ્ઞાનના આભૂષણ એવા પરમાત્મતત્ત્વમાં-ત્રિકાળી તત્ત્વમાં નથી. સર્વનય સંબંધી અનેક પ્રકારના વિચારો એ પણ પ્રપંચ છે. એ પણ ત્રિકાળી પરમાત્મતત્ત્વને વિષે નથી. એ વિકલ્પો નથી એ તો ઠીક પણ શુદ્ધ પર્યાયોની શ્રેણી-નિર્મળ પર્યાયની ધારારૂપ ધ્યાનાવલી એ પણ પરમાત્મતત્ત્વમાં નથી. ધ્યાનાવલીનું જે ધ્યેય છે એવા પરમાત્મતત્ત્વમાં ધ્યાનની પરિણતિરૂપ પર્યાયો-ધ્યાનાવલી નથી. ભાઈ ! તું તો સદાય આવો પરમાત્મસ્વરૂપે જ છો.

**( પરમાગમસાર - ૫૦૭ )**

## શ્લોક - ૩૨

(वसन्ततिलका)

मज्जन्तु निर्भरममी सममेव लोका
आलोकमुच्छलति शान्तरसे समस्ता:।
आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण
प्रोन्मग्न एष भगवानवबोधसिन्धु:।।३२।।

**હવે, એવો આત્માનો અનુભવ થયો તેનો મહિમા કહી પ્રેરણારૂપ કાવ્ય આચાર્ય કહે છે કે આવા જ્ઞાનસ્વરૂપ આત્મામાં સમસ્ત લોક નિમગ્ન થાઓ:-**

**શ્લોકાર્થ:-[ एष: भगवान् अवबोधसिन्धु: ] આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા [ विभ्रम-तिरस्करिणीं भरेण आप्लाव्य ] વિભ્રમરૂપ આડી ચાદરને સમૂળગી ડુબાડી દઈને ( દૂર કરીને ) [ प्रोन्मग्न: ] પોતે સર્વાંગ પ્રગટ થયો છે; [ अमी समस्ता: लोका: ] તેથી હવે આ સમસ્ત લોક [ शान्तरसे ] તેના શાંત રસમાં [ समम् एव ] એકીસાથે જ [ निर्भरम् ] અત્યન્ત [ मज्जन्तु ] મગ્ન થાઓ. કેવો છે શાંત રસ ? [ आलोकम् उच्छलति ] સમસ્ત લોક પર્યંત ઊછળી રહ્યો છે.**

**ભાવાર્થ:-જેમ સમુદ્રની આડું કાંઈ આવી જાય ત્યારે જળ નથી દેખાતું અને જ્યારે આડ દૂર થાય ત્યારે જળ પ્રગટ થાય; પ્રગટ થતાં, લોકને પ્રેરણાયોગ્ય થાય કે 'આ જળમાં સર્વ લોક સ્નાન કરો'; તેવી રીતે આ આત્મા વિભ્રમથી આચ્છાદિત હતો ત્યારે તેનું સ્વરૂપ નહોતું દેખાતું; હવે વિભ્રમ દૂર થયો ત્યારે યથાસ્વરૂપ ( જેવું છે તેવું સ્વરૂપ ) પ્રગટ થયું; તેથી 'હવે તેના વીતરાગ વિજ્ઞાનરૂપ શાંતરસમાં એકીવખતે સર્વ લોક મગ્ન થાઓ' એમ આચાર્યે પ્રેરણા કરી છે. અથવા એવો પણ અર્થ છે કે જ્યારે આત્માનું અજ્ઞાન દૂર થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય અને કેવળજ્ઞાન પ્રગટ થતાં સમસ્ત લોકમાં રહેલા પદાર્થો એકીવખતે જ જ્ઞાનમાં આવી ઝળકે છે તેને સર્વ લોક દેખો. ૩૨.**

## પ્રવચન નં. ૧૧૧ ગાથા ૩૮નો શ્લોક - ૩૨

**તા. ૧૮-૧૦-૭૮ બુધવાર આસો વદ-૨ સં. ૨૫૦૪**

मज्जन्तु निर्भरममी सममेव लोका आलोकमुच्छलति शान्तरसे समस्ता: ।
आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण प्रोन्मग्न एष भगवानवबोधसिन्धु: ।।३२।।

આ જીવ અધિકારનો છેલ્લો કળશ છે ને ? "એષ ભગવાન અવબોધ સિન્ધુ:" એષ આ ચૈતન્ય પ્રત્યક્ષ ભગવાન આત્મા, 'એષ' આ, ચૈતન્યપ્રત્યક્ષ, ચૈતન્યલોક ઐસા ભગવાન અવબોધ સિંધુ; ભગવાન એટલે આત્મા, છે ને ભગવાન આત્મા, જ્ઞાન સમુદ્ર અવબોધ સિંધુ: એ તો જ્ઞાનસિંધુ છે, જ્ઞાનનું પાત્ર છે. જ્ઞાન સ્વરૂપ જ છે. એષ પ્રત્યક્ષ પ્રભુ, ચૈતન્ય ભગવાન

આત્મા જ્ઞાનસમુદ્ર હૈ, જ્ઞાનસમુદ્ર છે. આહાહા ! "વિભ્રમ તિરસ્કરિણી ભરેણ આપ્લાવ્ય" એ વિભ્રમરૂપી આડી ચાદર હતી, જેમ મોટા સમુદ્રમાં કાંઠે એક ચાદર હોય ચાર હાથની, તો માણસ એ સમુદ્રને ન જોઈ શકે, કેમ કે પોતે ચાર હાથનો ઊંચો હોય અને ચાર હાથની ચાદર આડી હોય, એમ ભગવાન આત્મા વિભ્રમરૂપી આડી ચાદર હતી. રાગ ને પુણ્ય આદિ મારા છે એવા મિથ્યાત્વરૂપી પરિણમનની આડ હતી એને, આહાહા ! વિભ્રમરૂપી આડી ચાદર, ભ્રમ હતો એને એ.

બહિર્લક્ષી જે રાગાદિ ભાવ એ મારા છે ને એ જ મારું અસ્તિત્વ છે, એમ જે વિભ્રમ મિથ્યાત્વનું પરિણમન હતું, કર્મની અહીં વાત નથી, સ્વરૂપથી વિપરીત દૃષ્ટિ જે રાગ ને પુણ્ય આદિના વિકલ્પો એક સમયની પર્યાય જેટલી બુદ્ધિ હતી, તે વિભ્રમ હતો, મિથ્યાત્વરૂપી આડી ચાદર હતી. તેથી ભગવાન જ્ઞાનસમુદ્ર દેખાતો નહોતો. આહાહાહા !

એ વિભ્રમ, આડી ચાદરને 'ભરેણ આપલાવ્ય' "સમૂળગી ડુબાડી દઇને, આહાહા... નાશ કરી નાખ્યો એને. વિભ્રમ એ મિથ્યાત્વરૂપી પરિણામ એનો વ્યય કરીને, પ્રોન્મગ્નઃ પ્ર.– ઉન્મગ્ન, પ્ર.–ઉન્મગ્ન–પ્રકષ્ટે ઉન્મગ્નઃ જેવું સ્વરૂપ છે તેવું ઉન્મગ્ન, પર્યાયમાં બહાર ઊછળ્યો, આહાહા ! શું કહે છે ? ભગવાન આનંદ સ્વરૂપ જ્ઞાનસિંધુ એ વિભ્રમની આડી ચાદરને લઈને જણાતો નહોતો એ વિભ્રમની ચાદરને ભ્રમને ડુબાડી દીધું, વ્યય કરી દીધો, જે આમ ઉત્પાદ્ હતો આહાહા... એનો વ્યય કરી નાખ્યો. આહાહા ! પોતે જ ઉત્પાદ થયો હતો એમ હવે કહેવું છે, પ્રોન્મગ્નઃ પોતે સર્વાંગ પ્રગટ થયો. આહાહા ! શું શૈલી !

સ્વરૂપનાથ ચિદાનંદ ભગવાન પરમ પરમેશ્વર સ્વરૂપ જ આત્મા એને વિભ્રમ, રાગ પુણ્ય દયા–દાન વિકલ્પ આદિ મારાં છે એવો જે વિભ્રમ મિથ્યાત્વરૂપ પરિણમન, આહાહા... એને વ્યય કરી નાશ કરી, અને અવબોધ સિંધુઃ જ્ઞાનનો દરિયો પ્રભુ એ પર્યાયમાં, પ્ર.ઉન્મગ્ન પર્યાયમાં, પ્રકષ્ટે ઉન્મગ્ન બહાર આવ્યો. આહાહા ! જેવો એનો સ્વભાવ ભગવાન આત્માનો હતો. આહાહાહા... અતીન્દ્રિયઆનંદ, અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિયશાંતિ એના આશ્રયનું શરણ લેતાં, વિભ્રમની ચાદર નાશ થઈ ગઈ, અને પોતે પર્યાયમાં પ્ર.ઉન્મગ્ન, પ્ર.–વિશેષ ઉન્મગ્ન, ઉત્પાદ્ ઊછળ્યો, આહાહાહાહા... શાંતિ અને આનંદની દશા પ્ર.–વિશેષે ઉન્મગ્નઃ, પ્રગટ થઈ, વસ્તુ તો વસ્તુ હતી ધ્રુવ, એ ધ્રુવની દૃષ્ટિએ વિભ્રમનો નાશ થયો અને જેવું સ્વરૂપ એનું હતું, એવું પર્યાયમાં પ્ર. ઉત્કૃષ્ટ ઉન્મગ્ન આવ્યું, ઓલી નદી નથી આવતી ઉન્મગ્ન નિમગ્ન, વૈશાખ પર્વતમાં, એક નદી એવી છે નિમગ્ન એમાં જે કોઈ ચીજ પડે એને હેઠે લઇ જાય અને એક નદી એવી છે જે કોઈ ચીજ પડે એને ઉપર લાવે. આહાહા !

એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એની જ્યાં દૃષ્ટિ થઈ, ત્યારે એ વિભ્રમનો નાશ થયો, અને પર્યાયમાં પ્રકૃષ્ટે ઉન્મગ્ન ઊછળ્યો, ઉત્કૃષ્ટપણે પરિણમ્યો એમ ઊછળ્યો એટલે પ્રોન્મગ્નઃ આહાહા... ઉછલંતી પછી આવશે, પણ અહીં પ્રગટયો, અતીન્દ્રિય આનંદ ને ચૈતન્ય સિંધુ, પ્ર.– ઉન્મગ્ન, એકલો ઉન્મગ્નઃ નહીં, વિશેષે ઉન્મગ્ન. આહાહા ! આમ પર્યાયમાં મિથ્યાત્વની પર્યાયનો વ્યય થઈ અને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પર્યાય પ્રગટી એ ઊછળ્યો આત્મા અંદરથી. આહાહા... આવી વાતું. અધિકાર પૂરો થાય છે ને ! તે જેવું સ્વરૂપ છે તેવી પૂરણ પ્રાપ્તિ, તેનો અધિકાર પૂર્ણ થાય છે, આહાહા ! લખાણમાં આ પૂરો થાય છે, ને ભાવમાં આ પૂરો થાય

છે. આહાહાહા...

સર્વાંગ પ્રગટ થયો, અસંખ્ય પ્રદેશે પૂર્ણ સ્વરૂપ જે હતું. આહાહા ! એ સ્વરૂપના પૂર્ણાનંદના નાથની દૃષ્ટિ કરતા એ સર્વાંગ પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગયો. આહા ! આવી વાતું છે. આંહી વ્રત પાળતા ને દયા દાન કરતા ને તપ કરતા ને અપવાસ કરતા પ્રગટ થાય છે એમ નથી કહ્યું, એ તો બધી રાગની ક્રિયા છે. આહાહાહા ! ભગવાન આત્મા પૂર્ણ અવબોધ સિંધુઃ, અવબોધ સિંધુઃ જ્ઞાનનો દરિયો, "શુદ્ધચેતના સિંધુ હમારો રૂપ હૈ" આહાહા ! એવો જે શુદ્ધ ચૈતન્ય સમુદ્ર એ પર્યાયમાં ભરતી આવી ને ઊછળ્યો, ઉત્પાદ થયો, આહાહા... વિભ્રમનો વ્યય થયો, અહીં તો વિભ્રમને જ જૂદું પાડયું છે, નહીં તો ત્રણની ત્યાં પૂર્ણતા કરી છે.

શું કહ્યું એ ? ત્યાં તો દર્શન જ્ઞાન પામેલો હતો, એણે પૂછયું કે હવે આચરણ કેમ થાય એની પૂર્ણતા પ્રગટ કેમ થાય એ હતું. પણ પાછો આંહી ઉપાડયું છે ત્યાંથી પહેલેથી, આહાહા ! ચૈતન્ય સિંધુ અથવા ચૈતન્યનું પાત્ર એટલે જેમાં ચૈતન્યપણું જ રહ્યું છે. આહાહા... ભગવાન આત્મામાં ચૈતન્યપણું જ છે, ચૈતન્યનું એ પાત્ર છે, રાગનું એ પાત્ર નથી. આહાહાહા ! એવો ચૈતન્યસિંધુ, વિભ્રમને નાશ કરી અને સ્વના તીવ્ર આશ્રયથી, આહાહાહા... પર્યાયમાં ઊછળ્યો પ્રગટ થયો, આહાહા... વ્યય થયો, પ્રગટ થયો; ધ્રુવ તો છે. ચૈતન્યપાત્ર, જ્ઞાનના સ્વભાવને ધરનારો ચૈતન્ય તો છે. આહાહાહા ! આવો ઉપદેશ ઝીણો પડે જગતને શું થાય ? મારગ વીતરાગનો માર્ગ ઘણો સૂક્ષ્મ છે. આહાહા... એ અહીંયા સર્વાંગ પ્રગટ થયો.

'અમી સમસ્તઃ લોકાઃ' અરે આ સમસ્ત ભવ્ય જીવો, અધ્યાત્મ તરંગિણીમાં ભવ્ય જીવ લીધા છે, નહીંતર અહીં અમી એટલે બધા, પણ બધાય એટલે અભવી જીવો કંઈ પામી શકતા નથી, આહાહાહા... અમી આ ભવ્યલોક હે ભવ્ય જીવો ! આહાહાહા... સમસ્ત ભવ્ય જીવો, સાગમટે નોંતરું છે. આહાહા... 'અમી' આ પ્રત્યક્ષ જીવો જે ભવ્ય છે, તે 'સમસ્તઃ લોકાઃ' સમસ્ત લોક આખું, ભગવાન ચૈતન્ય સિંધુ જ્ઞાનનું પાત્ર અને જ્ઞાનસ્વરૂપ જ જેમાં છે, એમાં આવીને આવો, બધા આવો ભગવાન. આહાહાહાહા... બધા ભવ્ય જીવો આવો, સાગમટે નોતરું સમજો છો. પાટણીજી ! તમારી ભાષામાં કંઈ હશે, ( શ્રોતાઃ– સિગરી નોંતરું એટલે બધાને નોતરું. ) સાગમટે એ બધાનું અમારે ઈ ભાષા છે આખા ઘરને કોઈ માંદો હોય ને ન આવી શકે તે જુદી વાત છે, પણ બધાને જમવાનું, એમ કોઇ અભવી હોય તો ભલે ન આવે. આહાહા ! શું સંતોનો ધારાવાહી ઉપદેશ ! આહાહા...

ત્યાં તો કહ્યું 'તું ને આડત્રીસમાં અબુધ જે અપ્રતિબુદ્ધ હતો, અનાદિ અજ્ઞાની હતો, એને ગુરુએ ઉપદેશથી સમજાવ્યો, અને એ સમજણના રટણમાં લાગ્યો, જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક, આહાહા... અને તે સમજ્યો, આહાહા... સમ્યગ્જ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું. આંહી તો પૂર્ણ અધિકાર છે ને ? એનો જે અધિકારનો સ્વભાવ જેવડો હતો એવો જ એની પર્યાયમાં આચરણરૂપ થઇ ગયો. આહાહાહાહા ! શ્રોતાને કહ્યું તે શ્રોતા આમ થઈ ગયા એમ કહે છે, આહાહાહા... પંચમકાળના સંતો, પંચમકાળના શ્રોતાને, આહાહાહા... ભવ્ય જીવોની લાયકાતવાળા જીવોને કહે છે કે પ્રભુ તમે પરિણમી જાવ, હોં. આહાહાહા... આહાહા ! ચૈતન્યનો સમુદ્ર સિંધુ, ચૈતન્ય સ્વરૂપ જ જેના પાત્ર એટલે એના સ્થાનમાં ચૈતન્ય સ્વરૂપ જ છે. પુણ્ય અને

પાપના વિકલ્પો આદિ તેનાં સ્થાનમાં નથી. આહાહા ! વ્યવહાર જે કહેવાય છે, એ ચૈતન્ય પાત્રમાં એના સ્વરૂપના એના સ્થાનમાં નથી. એવા ચૈતન્ય સ્વરૂપને, જેણે જ્ઞાન દર્શન અને ચારિત્રથી પ્રાપ્ત કર્યો છે, એને ઇ કહે છે. આહા... અહીં મુનિ લીધા છે, અરે "સમસ્ત લોકા" અરે પ્રભુ, ખબર નથી એને ? કે ભવ્ય જીવ છે તેના અનંતમે ભાગે જ મોક્ષ થાય છે, પણ અહીં એ વાત નથી. અહીં તો પ્રભુ આવો ને ( શ્રોતાઃ- આમંત્રણ તો બધાને છે ) આહાહા ! આમંત્રણ આખાને છે, ભવ્ય જીવને, આહાહાહા... પ્રભુ અંદર આનંદ છે ને તારા સ્થાનમાં, તું આનંદનો પાત્ર છો દુઃખનું, રાગનું પાત્ર નહીં. આહાહાહા... પ્રભુ તું શાંતિનું પાત્ર છો ને ? તારામાં શાંતિ વસેલી છે. પ્રભુ તું પૂરણ પ્રભુતાનો પાત્ર છો ને ? આહાહાહા ! પ્રભુ તારામાં પૂરણતા પ્રભુતા વસી છે. આહા ! એનું એ પાત્ર એટલે સ્થાન જ એ તું છો. આહાહા ! ત્યાં નજર કરીને ત્યાં ઠરને પ્રભુ. આહાહાહા... આવો અધિકાર છે.

લોકો બિચારા બહારમાં પડીને એમને એમ જિંદગી કાઢે છે અજ્ઞાનમાં આ વ્રત કરવા ને તપ કરવા અને અપવાસ કરવા અરે પ્રભુ સાંભળને ભાઈ, વિકલ્પ છે એ તો તારા સ્વરૂપમાં, સ્થાનમાં નથી. તું જ્ઞાનપાત્ર છો, આનંદપાત્ર છો, શાંતિનુંપાત્ર છો એમાં રહેલું એ છે એમ કહે છે. જગતને માન મૂકી... અહીંયા પહેલો પ્રભુ છો ત્યાં આવી જા ને. આહાહાહા ! જ્યાં તારું સ્થાન છે, પાત્ર છો. આહાહા ! ત્યાં આવી જા. રાગ ને પુણ્ય પાપના સ્થાનમાંથી છુટી જા. આહાહા !

સમસ્ત લોકાઃ આ અમી આ, ભવ્ય જીવો. આહાહાહાહા... આ 'અમી' એટલે 'આ' સમસ્ત ભવ્ય જીવો, આહાહા... શાંતરસમાં અતીન્દ્રિય આનંદ ગર્ભિત શાંતરસ છે. જેમાં, આહાહાહા... અતીન્દ્રિય આનંદ ગર્ભિત શાંતસ્વરૂપ જ્યાં છે, આહાહા... શાંત રસમાં એકી સાથે, એકી સાથે, એક પછી એક એમ નહીં, તેમ થોડા નહીં, બધા, આહાહાહા... પોતે થઈ ગયો ને એટલે બધાં આમ જ કરોને પ્રભુ. આહાહાહા ! હવે આ બહારની તકરારોમાં આમનેઆમ રોકાઈને જિંદગી... અરે પ્રભુ ચૈતન્યદેવ છો ને નાથ ! તું તો ચૈતન્યનું પાત્ર, પાત્ર એટલે સ્થાન છો ને, ચૈતન્ય જ જેનો સ્વભાવ છે ને ? આહાહા ! અતીન્દ્રિય આનંદનો પાત્ર નામ સ્થાન છો ને ! અતીન્દ્રિય અકષાય શાંત સ્વભાવનો પાત્ર છો ને !

'અમી' આ સમસ્ત લોકાઃ, એ શાંત રસમાં વીતરાગી પરિણતિ શાંત રસ, આહાહા ! એકી સાથે નિર્ભરમ અત્યંત મગ્ન થાવ. આહાહાહા... જેમાંથી નીકળવું જ નથી એવો અત્યંત મગ્ન થાવ. આહાહાહા ! આવી વાણી છે જુઓ તો ખરા, રામબાણ છે. આહાહા ! દિગંબર સંતો, પરમાત્માને ઠેકાણે વાત કરે છે. આહાહા ! નહીં પામી શકે ને થોડા પામશે એ આંહી પ્રશ્ન જ અહીં નથી. હું પામ્યો તો બધા પામોને પ્રભુ. આહાહાહા !

'મજ્જન્તુ" છે ને ? હેં ? મગ્ન થાઓ મજ્જન્તુ સ્નાન કરો અંદર મગ્ન થઈ જાઓ. ભગવાન પૂર્ણાનંદનો નાથ જિનબિંબ, વીતરાગ સ્વરૂપ તેમાં મગ્ન થાઓ. આહાહાહાહાહા... શું શૈલી ! શું મીઠી મધુરી ! આનંદની ધારા પ્રગટ કર કહે છે. આહા ! આવી વાત છે. આકરું લાગે બાપુ અભ્યાસ નથી ને, વસ્તુ તો સ્વરૂપ જ આવું છે.

ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવે પૂરણ દશા પ્રગટ કરી અને લોકાલોકને જાણ્યો. અને એણે આ ઉપદેશ કર્યો જિનવાણીમાં 'રમન્તે' આવે છે ને ? એટલે ઓલા લોકો કહે છે

જિનવાણીમાં રમન્તે એટલે નિશ્ચય અને વ્યવહારમાં રમવું અરે ભાઈ બેયમાં ન રમાય ભાઈ, જિનવાણીમાં તો છે ને કળશ ટીકામાં ? ( શ્રોતાઃ– હા છે ને ૪ થો કળશ ) ભગવાને શુદ્ધ આત્મા પૂર્ણાનંદ પ્રભુ તેને જીવ દ્રવ્યને ઉપાદેય કહ્યો છે, એક જ આદરવા લાયક કહ્યો છે. આહા... વ્યવહારની પર્યાય ને રાગ ને એની ત્યાં વાત કરી જ નથી. એ તો જાણવા લાયક કીધું છે.

ભગવાન આત્મા એક સમયમાં પૂરણ પૂરણ પૂરણ ગુણોનું પાત્ર એટલે પૂરણ ગુણ જેમાં રહ્યા છે, એવો જે જીવદ્રવ્ય અનંત ગુણથી ભરપૂર ભરેલો ભગવાન, એને ભગવાને વાણીમાં એમ કહ્યું કે એ ઉપાદેય છે, એ આદરણીય છે, એ સ્વીકાર કરવા લાયક છે, એનો સત્કાર કરવા લાયક છે, એની પૂજા કરવા લાયક છે, એની આરતી ઉતાર. આહાહાહા... નિર્મળ ધારાથી એની આરતી ઉતાર. આહાહાહાહા...

સમસ્ત લોકાઃ અત્યંત મગ્ન, પાછો મગ્ન થાવ એટલો જ શબ્દ નથી. એવી રીતે મગ્ન થાઓ કે બહાર આવવું જ પડે નહીં. આહાહા... છેલ્લી ગાથા, આહાહાહા... શરીરને ન જોવું, શરીર છે તો માટી હાડકાંના પિંજરા, આહાહાહા... અંદર રાગ છે એને ન જોવો, કારણકે રાગ એ પાત્ર નથી આત્માના સ્થાનમાં. આહાહાહા... ( શ્રોતાઃ– ન જુઓ તો જોવું શું ) જોવું એ કે પર્યાય નિર્મળ છે એનાથી આત્મા જોવો. જે ચૈતન્યસિંધુ પાત્ર છે, આહાહા... એને જોવો. આવી વાત છે. ( શ્રોતાઃ– બીજા અપાત્ર ) રાગાદિ અપાત્ર છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે તે જ્ઞાનનું સ્થાન નથી, આનંદનું સ્થાન નથી, શાંતિનું પાત્ર નથી. આહાહાહા... આવો મારગ છે.

પરમાત્મા જિનેશ્વરદેવ દિવ્યધ્વનિમાં પરમાત્મા આમ કહેતા હતા. એ સંતો આડતિયા થઇને જગતને જાહેર કરે છે. આહાહા... આવી વાત પ્રભુ ક્યાંય બીજે નથી. આહાહા... આરે લાગે શું થાય ? ( શ્રોતાઃ– એ તો પોતે પોતાનું સ્વરૂપ નકકી કર્યા પછી જાણી શકે કે બીજે ક્યાંય નથી ) એ પોતે જ છે એને કરવાનું, એને કરવાનું પોતે જ છે ને, એને કરવાનું પોતાનું, બીજું છે શું ? આહાહાહા... એને કોઈ કરવા આવે છે અને કરી દે એવું છે ? પોતે જ મગ્ન થાય છે એમ કહ્યું છે. સર્વાંગ પ્રગટ થાય છે. ત્યાં કાંઈ દેવ, ગુરુ, શાસ્ત્ર મદદ કરતા નથી. કેમ કે પોતે જે સ્વભાવ પ્રગટ કરવો છે એ સ્વભાવનો તો પોતે પાત્ર સ્થાન છે. આહાહાહા... એવો સ્વભાવનો સમુદ્ર પ્રભુ એને પ્રગટ કર પર્યાયમાં, પ્રોન્મગ્ન ધ્રુવ પૂરું ( પૂર્ણ ) રાખ્યું, એનો આશ્રય લઇને પ્રોન્મગ્ન પર્યાય ઉત્પન્ન કરી, વિભ્રમનો નાશ કર્યો. આ ઉત્પાદ્, વ્યય અને ધ્રુવ સિધ્ધ કર્યાં. આહાહાહા ! આ 'ઉત્પાદ્, વ્યય અને ધ્રુવયુક્તમ સત્' આહાહાહાહા... અરેરે આવી વાતો છે, અને ઝઘડો કરે પ્રભુ ! અરે ભાઈ તારે ક્યાં જાવું છે ? વહેવારથી થાય ને નિમિત્તથી થાય ને, આહાહા... ( શ્રોતાઃ– કોઇક વાર થાય ) કોઈવાર ( નહીં ) ત્રણ કાળમાં ન થાય. આહાહા ! આહાહા !

ખરેખર તો એનો જન્મક્ષણ છે આ. સ્વભાવનો સિંધુ ભગવાન એની દૃષ્ટિ કરી જ્ઞાન કરીને ચારિત્ર પ્રગટ કર્યું, એ પર્યાયનો ઉત્પત્તિનો કાળ છે. ( શ્રોતાઃ– જન્મક્ષણ છે ) એની જન્મક્ષણ છે પ્રભુ. એને બીજાની જરૂર નથી. આહાહાહા !ઓહોહોહો ! એ ક્રમબદ્ધમાં પણ એ આવી ગયું. પર્યાયનો જ્યારે આવો ક્રમ છે તે કાળે અકર્તાપણું પ્રગટ કર્યું, એટલે કે દર્શન જ્ઞાન ને ચારિત્રને પ્રગટ કર્યું. આહાહા... ક્રમબદ્ધ પણ આવી ગયું અને વ્યવહારથી નિશ્ચય થાય એ

પણ ઊડી ગયું. કારણ કે વ્યવહાર રાગમાં આ સ્વભાવ નથી. આહા... આ તો સ્વભાવ છે એ તો ભગવાન પાત્રમાં પોતામાં છે, આહાહ... એટલે રાગથી થાય એ વાત રહી નહીં. નિમિત્તથી થાય એ રહ્યું નહીં કારણકે એનો ઉત્પત્તિનો કાળ છે એમાં નિમિત્તે કર્યું, આવીને શું કર્યું ? હો ! આહાહાહ ! આ પાંચ બોલનો વિરોધ છે. ક્રમબદ્ધનો, ઉપાદાન નિમિત્તમાં નિમિત્તથી થાય એનો, વ્યવહાર નિશ્ચયમાં વ્યવહારથી થાય એનો. અરે પ્રભુ મોટી ( ચર્ચા ) અત્યારે ચાલે છે ત્યાં હસ્તિનાપુરમાં શિક્ષણ શિબિર અહીંના વિરુદ્ધમાં, અરે ભગવાન ! ભગવાન તું આ શું કરે છે ભાઈ ! લોકો પણ બિચારા સાધારણ પ્રાણી છે. એને મળે નહીં સાંભળવા સાચી વાત, શેમાં મંથન કરવું ને શેમાંથી પ્રાપ્ત થાય, ખબરું નો મળે. આહાહ... મગ્ન થાઓ, શાંતરસમાં મગ્ન થાવ. અતીન્દ્રિય આનંદ ગર્ભિત શાંત રસની પર્યાય એમાં ત્યાં લીન થાઓ. આહાહ !

કેવો છે શાંતરસ ? આલોકમ્ ઉચ્છલંતી, સમસ્ત ઉચ્છલંતી ઉત્કૃષ્ટપણે વર્તે છે. એ શાંતરસ ઉત્કૃષ્ટપણે ઉચ્છલંતી ઉત્, ઉત્કૃષ્ટપણે ઊછળે છે અંદર પર્યાયમાં. આહાહાહ... સમજાણું કાંઈ ? એ સ્વની અપેક્ષાએ વાત કરી. "આલોકમ ઉચ્છલંતી" સમસ્ત લોકપર્યંત ઊછળી રહ્યો છે, ઉત્કૃષ્ટપણે પર્યાયમાં ઊછળી રહ્યો છે. આહાહાહ ! ( શ્રોતાઃ- ઉત્કૃષ્ટ શેનો અર્થ કર્યો ? ) એ ઉચ્છલંતીનો અર્થ કર્યો છે. ઉચ્છલંતી ઉત્કૃષ્ટપણે ઊછળ્યો. આલોકમ્ ઉચ્છલંતી, પૂરણ સ્વરૂપપણે ઉત્કૃષ્ટપણે પ્રગટ થઈ ગયો. આહાહાહ... અને બીજો સાધારણ અર્થ આમ છે, કે લોક ઊછળી રહ્યો છે. અથવા એ દશા એવી થઇ છે એ ઉર્ધ્વપર્યંત ચાલી જશે. અથવા પૂરણ લોકાલોકને જાણે એ રીતે ઊછળી રહ્યો છે. ઘણા પ્રકાર અંદર. સમજાણું કાંઈ ?

પૂર્ણાનંદનો નાથ અવબોધ સિંધુ ભગવાન, એમ શબ્દ છે ને ? "ભગવાન અવબોધ સિંધુઃ" આત્મા એ જ્ઞાનઆદિ અનંત શાંતરસ અને અનંત ગુણોનો પાત્ર, જેમાં રહ્યાં છે, એમાં રાગ ને વિકલ્પ ને સંસાર અને નિમિત્ત રહ્યાં નથી. આહાહ... એવા ભગવાનને તું દૃષ્ટિમાં લે, એનો આદર કર, એનો સત્કાર કર, રાગાદિનો સત્કાર છે અનાદિથી, એને છોડી દે. આહાહ. એ તો આ સત્કાર થયો એટલે ઓલો સત્કાર છૂટી ગયો. આહાહ... એ તને આત્મા આનંદ સ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદ ગર્ભિત શાંતરસ પ્રગટ થશે. શાંતરસને અંતરમાં અનંત આનંદ અતીન્દ્રિયશાંતપણું તે ચારિત્રની દશા અને એમાં અનંત આનંદ તે સુખની દશા. આહાહાહ... એવો ભગવાન આત્મા ઉત્કૃષ્ટપણે પરિણમી જશે અને ઉત્કૃષ્ટપણે થશે અને ઉત્કૃષ્ટપણે લોકાલોકને જાણશે. ઉચ્છલંતી નામ એનો સ્વભાવ પૂરણ થયો છે, અને એ ઉર્ધ્વ ચાલ્યો જશે. આહાહાહ... સમજાણું કાંઈ ? આવી વાતું છે ભાઈ ! બહુ ઝીણું બાપુ ! લોકોને સત્ય મળ્યું નથી, મળ્યું નથી અત્યારે તો આવી પ્રરૂપણા આવી કરે, મૂળ મૂકીને, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો ને મંદિર કરો ને પૂજા ભગવાન જાત્રા કરો ને... ( શ્રોતાઃ- ઈ તો એમ કહે છે કે સંયમ લ્યો ડરો મત ) એ શું બાપા એને બચારાને શું ખબર માણસ ભદ્રિક હતા એને ખબર નહીં ને, આ વ્રત લઈ લો, સંયમ લો, નગ્ન થઈ જાવ મત ડરો, એમ કહેતા 'તા, શાંતિસાગર માણસ બચારો જરી નરમ હતો ને શું થાય ? અહીં આવ્યા તા. ચોવીસ કલાક રહ્યા ૯૭ માં સાધુપણાની શરૂઆત ત્યાંથી થઈ. અરે બાપુ સાધુપણું તો ક્યાં હતું ? આ શું થાય ? પોતે જ કહેતા ને બિચારા આવી પ્રરૂપણા કરતાને પણ લોકો ન સમજી શકે કે અમે વસ્ત્ર છોડીને બેઠા

છીએ, પણ કર્મ ખસે ત્યારે થાય ને ? એમ કહેતાં ’તા, આંહી કહેતા ’તા પણ કોણ માને એ આમ કહેતા ’તા એ કોણ માને ? શું થાય ભાઈ ! દૃષ્ટિ રાખવી સંપ્રદાયનીને... આહાહાહા...

પ્રભુ અહીં તો સત્યની વાત છે. આહાહાહા... મારો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એ સત્ત ને આનંદ ને જ્ઞાનનું પાત્ર છે એ તો એમાં તો એ રહ્યાં છે. આહાહા... અને તેમાં તો રાગ તો રહ્યો નથી પણ અલ્પજ્ઞપણું ત્રિકાળ સ્વભાવમાં છે નહીં. આહાહા ! ( શ્રોતાઃ– અંદર રાગથી નગ્નપણું છે ) અંદર રાગથી રહિત, વિકલ્પથી રહિત નગ્ન દશા છે અંદર એની. એ સ્વરૂપને તું સત્કાર, ઉપાદેય જાણ, જેથી તને વિભ્રમનો નાશ થશે, અને તેની શક્તિનો જે સંગ્રહ છે, એ શક્તિનો સંગ્રહ જે કોઠીમાં છે એ ટાણે જેમ બહાર આવે છે, આહાહાહા... એમ પર્યાયમાં બહાર આવશે. આહાહાહા ! એને અહીંયા પ્રોનમગ્નઃ કહ્યું, વિભ્રમનો વ્યય કહ્યો, અને પર્યાયમાં ઊછળી ગયો જે ભાવ “ઉચ્છલંતી” દરિયો જેમ ભરતીમાં ઊછળે છેલ્લે પુનમને દિ’, પુનમને દિ’ પુરો ઊછળે, એમ આ પૂર્ણ પૂર્ણ ઊછળે છે. આહાહાહા... આ લોકમ્ સમસ્ત લોક આ છે ને આ, આ એટલે સમસ્ત લોકમ, આ લોક એમ શબ્દ છે ને ? આલોક એટલે સમસ્ત લોક, આ એટલે સમસ્ત લોક સમસ્ત ભવ્ય જીવો ઉચ્છલંતી, ઊછળી જાય છે, કહે છે. આહાહા ! આહાહા ! શું વાણી ? શું સમયસાર ? એનો એક શ્લોક એનું એક પદ. આહાહા !

( શ્રોતાઃ– વાક્ય અધુરું રહી ગયું ) થઈ ગયું એ અંદર. અંદરથી આવતું હોય એ આવે. આહા... એ વસ્તુ છે, જેમાં અનંતા ગુણો રહેલા છે વસેલા છે તેને અહીંયા સિંધુ અવબોધનો પાત્ર કહે છે. એ જ્ઞાનપાત્ર કહ્યું એવું એ અનંતા ગુણોનું એ પાત્ર છે હવે. આહાહા... એવા સમુદ્રને અંતર જોવા નજર કર કહે છે. આહાહા... જેથી તને અંતર જોતાં પર્યાયમાં શાંતરસ અતીન્દ્રિય આનંદ ગર્ભિત, અનંત ગુણની વ્યક્તતા પર્યાયમાં પ્રગટ થશે, વિભ્રમની ને મિથ્યાત્વ આદિની પર્યાયનો વ્યય થશે. આહાહાહા... ડુબાડી દઈને વ્યય થઈ ગયો પણ પાછો ગયો ક્યાં ? ( શ્રોતાઃ– દ્રવ્યમાં, પારિણામિક ભાવે થઈ ગયો ) દ્રવ્યમાં ગયો. આહાહાહા ! ગયો અંદર મિથ્યાત્વ ગયું નથી. એની એવી યોગ્યતા એક અંદરમાં રહી ગઈ. આહા..( શ્રોતાઃ– મિથ્યાત્વ ન જાય અંદરમાં મિથ્યાત્વ કયાંથી જાય ? ) એવી એક યોગ્યતા ગઈ અંદર અને નિર્મળ મોક્ષનો માર્ગ અથવા કેવળજ્ઞાન આદિ દશા બહાર આવી. આહાહાહા. આનું નામ જીવનો પૂર્ણ અધિકાર પ્રાપ્ત થયો. આહા... આવો છે આત્મા. ( શ્રોતાઃ– શુદ્ધરૂપે પરિણમે એને જ જીવ કહે છે ) એ જ જીવ છે, અશુદ્ધપણે પરિણમે એ તો રાગ છે વિકાર, સંસાર છે, તે જીવ ક્યાં છે ? વસ્તુ તો જીવ છે પણ ( શુદ્ધરૂપે ) પરિણમે ત્યારે એને જીવ કહેવામાં આવે છે ને ? ત્યારે એને ખ્યાલમાં આવે છે ને ? જીવ તો ત્રિકાળ કારણ પરમાત્મા શુદ્ધ જ છે. પણ સ્વીકાર કરે કે આ છે ત્યારે તો પર્યાયમાં શુદ્ધતા થઈ. શું કહ્યુ ઈ ? એને છે, એનો સ્વીકાર થાય તો તો ઈ પર્યાય શુદ્ધ થઈ ગઈ, એણે સ્વીકાર કર્યો. આહાહા... છે એ એને બેઠું છે ક્યાં ? છે તો છે ત્રિકાળી શુદ્ધ આનંદનો નાથ જ છે. શુદ્ધ પરમાત્મ સ્વરૂપ જ બિરાજે છે પોતે. નિગોદની પર્યાય કાળે પણ એ છે ને કેવળજ્ઞાનની પર્યાયના કાળે પણ પૂર્ણાનંદનો નાથ બિરાજે છે અંદર દ્રવ્ય સ્વભાવે એકરૂપ. આહાહાહા... પણ કોને ? જેને એ દ્રવ્ય સ્વભાવ પર્યાયમાં બેઠો એને. સમજાણું કાંઈ ? જેને એણે પૂંઠ દઈને અને રાગ અને વિકલ્પને પોતાના માની સ્વીકાર્યા છે. એને તો એ છે જ નહીં. છતી

ચીજ પણ તેને તો અછતી છે. આહાહા ! અછતી રાગાદિ ચીજ તેને અજ્ઞાનીને છતી દેખાય છે. આહાહાહા... આવું છે ઝીણું પ્રભુ. સમ્યક્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. આહા !

ભાવાર્થઃ- જેમ સમુદ્રની આડું કોઈ આવી જાય ત્યારે જળ નથી દેખાતું. સમુદ્ર તો મોટો ભર્યો છે અંદર પણ આમ ચાદર આડી આવી જાય તો એનું જળ નથી દેખાતું, જ્યારે આડ દૂર થાય, તોડી નાખે એને, ત્યારે જળ પ્રગટ થાય, જળ તો જળ છે જ, પણ તેની પર્યાયમાં ખ્યાલ આવે કે, ઓહોહો, આહાહા... પ્રગટ થતાં લોકને પ્રેરણાયોગ્ય થાય કે “આ જળમાં સર્વલોક સ્નાન કરો” આ જળમાં સર્વ સ્નાન કરો, મીઠું જળ હોં આ, ખારૂં જળ નહીં. ઇક્ષુરસનો આવે છે ને ? શેરડીના રસ જેવું પાણી ભગવાનને જે સ્નાન કરાવે. આહાહા ! ( શ્રોતાઃ- ક્ષીર સમુદ્રમાંથી દેવ પાણી લાવે છે ને ) લાવે છે ને ત્યાંથી, ત્યાંથી ઘડા ભરીને લાવે છે. ઈન્દ્રો ઇક્ષુરસ, ક્ષીરસમુદ્ર, ભગવાનને જ્યારે લઈ જાય છે મેરૂ પર્વત ઉપર ત્યારે ઇન્દ્રોની હાર ( પંક્તિ ) જામે છે. આમ દેવોની ઠેઠ સુધી, હેઠે મૂકે નહીં પાણી, ત્યાંથી ઈક્ષુરસના ઘડા ભરી આ આને આપે આ આને આપે, આહાહા... ભગવાનને સ્નાન કરાવે. ઈક્ષુરસથી પાછા હોં, લવણ સમુદ્રના પાણીથી નહીં. આહાહા...

એમ ભગવાન આત્મા આનંદરસથી ભરેલો ભગવાન એમાં સ્નાન કર, જા. આહાહા ! આનંદરસથી તને નવરાવ અને રાગને ધોઈ નાખ, આહાહાહા... આવી વાતું છે. વ્યવહારના રસિકમાં આખો સંપ્રદાય જ વ્યવહારનો રસિક છે. અત્યારે, બસ તપ કરો અપવાસ કરો આ કરો આ કરો અને ઉપદેશ પણ એવો આપે, કે આનાથી લાભ થશે, અરે અરે પ્રભુ પ્રભુ પ્રભુ શું થાય ? એથી બિચારા પ્રાણીને સત્ય મળતું નથી, સત્યની ઝાંખી પણ થવાનો પ્રસંગ એને નથી.

આંહી કહે છે કે, જેમ એ સમુદ્રનું પાણી બહાર દેખાય અને સ્નાન કરે એવી રીતે આ આત્મા વિભ્રમથી આચ્છાદિત હતો, તે રાગ દયા દાન વ્રત ભક્તિના પરિણામ રાગ એનાથી મને લાભ થશે એમ મિથ્યાત્વમાં હતો. આહાહા ! રાગની રુચિમાં જ રોકાઈ ગયો ’તો એથી ભગવાન આચ્છાદિત ઢંકાઈ ગયો હતો. ત્યારે તેનું સ્વરૂપ નહોતું દેખાતું, રાગની રુચિના પ્રેમમાં, ભગવાન આખો આનંદ જળથી ભરેલો નહોતો દેખાતો. બાહ્ય તરફના લક્ષવાળી વૃત્તિઓ, એના પ્રેમમાં રોકાતા ભગવાન આનંદ સ્વરૂપ સરોવર જળથી ભરેલો દેખાતો નહીં હતો. આહાહાહા !

હવે વિભ્રમ દૂર થયો, એ રાગ દયા દાનનો ચાહે તો ભગવાનની, આહાહાહા... ભક્તિનો હો, પણ એ રાગ છે એ કાંઈ ધર્મ નથી, એ આત્માના સ્વરૂપમાં એ નથી. આવું આકરું કામ ! લોકોને કહે છે કેટલાંક એ સોનગઢ તો નિશ્ચયાભાસી, એકલી નિશ્ચયની વાતો કરે છે એમ કહે છે. કેટલાક બિચારા. ( શ્રોતાઃ- નિશ્ચયની એટલે ખરી મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. ) આહાહાહા ! એજ પણ સત્ય છે ઓલો વ્યવહાર તો રાગ હોય છે એ જ્ઞાન કરવા માટે છે અને એનાથી કોઈ નિશ્ચય થાય છે, ( એમ નથી ). આહાહાહા ! ધર્મીને પણ આત્માનું જ્ઞાન દર્શન થતાં સ્થિરતા પૂર્ણ ન હોય તો રાગ આવે, ભક્તિ આદિનો પૂજાનો પણ એ તો બંધનું કારણ છે, હેય છે એ શરણ નથી. આહાહાહા... આવી વાતું આકરી બહુ. આહાહા !

વિભ્રમ દૂર થયો ત્યારે યથાર્થ સ્વરૂપ જેવું છે તેવું પ્રગટ થયું. આનંદનો નાથ આનંદસ્વરૂપ

અતીન્દ્રિય ગર્ભિત એ આનંદ પ્રગટયો, સમ્યગ્દર્શન જ્ઞાન થયું ત્યારે આનંદ પ્રગટયો. આહાહાહા ! તેથી હવે તેના વીતરાગ વિજ્ઞાનરૂપ શાંતરસમાં, આહાહા... વીતરાગ વિજ્ઞાન નથી આવતું ? વીતરાગ વિજ્ઞાન હુકમચંદજીનું પાઠશાળાની છે ને પુસ્તિકા. વીતરાગ વિજ્ઞાનરૂપ શાંતરસ, એકી વખતે, એક જ કાળમાં સર્વલોક મગ્ન થાઓ, આહાહાહા... પૂરણ આનંદ સ્વરૂપ ભગવાન, એનો જ્યાં આશ્રય લીધો, ત્યારે પર્યાયમાં પૂર્ણ આનંદદશા પ્રગટ થઈ, આહા... ત્યારે એ કહે છે કે આમાં બધા જીવો એક સાથે આવીને સ્નાન કરો પ્રભુ. આહાહાહા ! એ સંસારનો મેલ ધોઈ નાખો. આહાહાહા ! આવું છે આમાં કાંઈ મોટું વિદ્વત્તા ને મોટા ભાષણો કરે આમ છે તેમ છે ને ફલાણું છે ને બાપુ એ મારગડા જુદા નાથ, વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એના મારગડા જુદા છે ભાઈ. આહાહાહા ! એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાથી ધર્મ મનાવવો એ તો રાગથી ધર્મ મનાવો છો, એ જૈનધર્મ જ નથી. એ તો અજૈનને જૈન માન્યું છે એણે. આહાહા ! ( શ્રોતાઃ– જૈનના અગ્રેસરો એમ જ માને છે ને પ્રરૂપે છે ) શું થાય ભાઈ, બધાને અત્યારે, એને મળ્યું નથી, સાંભળવા મળ્યું નથી, શું મારગ છે, અમારે ગુરુ હતા સંપ્રદાયમાં એ બિચારા બહુ ભદ્રિક હતા, સજ્જન હતા ક્રિયા એવી કે અત્યારે દિગંબર સાધુ તો એને માટે બનાવેલ આહાર લે છે. આ તો પ્રાણ જાય તોપણ એને માટે પાણીનું બિંદુ બનાવ્યું હોય તો ન લે એવા હતા સંપ્રદાયનાં. ગામડામાં જઈએ સાત આઠ ઘર વાણીયાનાં હોય, જાઈએ કે તરત એ લોકો બિચારા પાણી બનાવે મહારાજ આવ્યા છે ને ઊનું પાણી મળે નહીં ગામડામાં જઈએ ત્યાં બહેન આ પાણી કેમ આમ ? મા'રાજ અમે સ્નાન કરતા વધાર્યું, આટલું બધું પાણી સ્નાન કરતા વધાર્યું ? ન લે. દિવસના દિવસ પાણી વિના કાઢયા'તા અમે પણ એ જ કર્યુ'તું એમાં હતા ત્યારે બહુ ક્રિયા આકરી હતી અમારી બધી. છાશ લઈ આવીએ પછી છાશ સમજેને મઠા કાઠી લોકોમાં બહુ મળે કાઠી હોય ને ગરાસિયા બહુ છાશ મળે તે લઇ આવીએ, પાણી નહીં પાણીનું બિંદુ આખા દિવસમાં ન પીધું હોય કેટલાય દિવસ એવા જાય, આંહી તો દરરોજ એના માટે પાણીના આહાર કરે દશ શેર પાણીને, – અરરર !

એને પણ બચારાને તત્ત્વની વાત કાને નહોતી પડી. અરેરે ! કે આ પરની દયાનો ભાવ એ રાગ છે ને એ હિંસા છે એ ધર્મ નહીં એ વાત ( એને ) કાને પડી નહીં. આહાહા ! બિચારા કાળ કરી ગયા, આરે ડચૂરો ચડયો રસ્તામાં, આહાહા ! કેવા હતા સજ્જન એની મીઠાશ, એની લૌકિક દૃષ્ટિ, આહાહાહા... નૈતિક એનું જીવન પણ આ વાત કાને નહોતી પડી, કે આ પરની દયા પાળવી એ રાગ છે અને રાગ છે તે હિંસા ( સ્વ ) જીવની છે. અરરર ! અત્યારે મશ્કરી કરે છે, અરે એ પરની દયાના ભાવને રાગ કહે છે. પણ હવે પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં કહે છે અમૃતચંદ્રાચાર્ય, અને ત્યાં હિંસા કહે છે આત્માની. સાંભળને પ્રભુ ? તેં સાંભળ્યું નથી ભાઈ, આહા... દયાનો ધર્મ તો આત્માની દયા, પૂર્ણાનંદનો નાથ છે જેવી જીવતી જ્યોત છે તેને તેવી રીતે માનવી તે તેની દયા છે. આહાહા... એને ઊણો ઓછો અધિકો માનવો એ ( નિજ ) આત્માની હિંસા છે. આહાહા ! શું જીવ અધિકાર આડત્રીસ ગાથા એનો આ કળશ. આહાહા ! અભિમાન ઊતરી જાય એવું છે. આહાહાહા !

વીતરાગ વિજ્ઞાન શાંતરસમાં, એક તો વીતરાગી વિજ્ઞાન શાંતરસ પર્યાયમાં આવ્યો એને

એકી કાળે સર્વલોક મગ્ન થાઓ, એમ આચાર્યે પ્રેરણા કરી છે. આહાહાહા! કુંદકુંદચાર્ય અમૃતચંદ્રાચાર્ય મહાસંતો પરમેષ્ઠિ, આહાહા... પંચપરમેષ્ઠિમાં પરમેષ્ઠિમાં હતા, આચાર્ય પરમેષ્ઠિ પ્રેરણા કરે છે પ્રભુ! આહાહા! વીતરાગ શાંતરસમાં મગ્ન થયેલા, જગતને વીતરાગ શાંતરસમાં એકી વખતે સર્વ જીવો, આહા... અમે કરી શક્યા છીએ તો પ્રભુ તમે કેમ ન કરી શકો ? તમે પણ પ્રભુ આત્મા છો ને ? આહા... એમ કહે છે. આહાહા! દુનિયાના માન અપમાનને છોડ. આહાહાહા... ભગવાન નિર્માન આનંદનો નાથ એનું જે માન આવ્યું પર્યાયમાં, વીતરાગી વિજ્ઞાન દશા, આહાહા! એમાં મગ્ન થાવ આચાર્યે પ્રેરણા કરી છે. અથવા એવો પણ અર્થ છે કે જ્યારે આત્માનું અજ્ઞાન દૂર થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય લ્યો અહીં તો એકદમ, (શ્રોતાઃ- પૂર્ણ પામે!) વિભ્રમ કીધો 'તો ને ? અજ્ઞાન દૂર થાય કારણકે હજી બારમાં સુધી હજી અજ્ઞાન એટલે વિપરીત નહીં પણ ઓછું જ્ઞાન છે ને એટલે અજ્ઞાન કીધું છે, આહાહા... અજ્ઞાન દૂર થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય અથવા એ મિથ્યાત્વ જાય તે અજ્ઞાન જાય એટલે કેવળજ્ઞાન થયા વિના રહે જ નહીં એને. આહાહાહા...

સમસ્ત લોકમાં રહેલા પદાર્થો આ લોકમ્ ઉછલન્તી કહ્યું 'તું ને એનો બીજો અર્થ કર્યો છે સમસ્ત, લોકમાં રહેલા પદાર્થો એકી વખતે જ જ્ઞાનમાં આવીને ઝળકે છે. (શ્રોતાઃ- પદાર્થો એમાં આવીને ઝળકે છે) એક સમયમાં જ્ઞાન બધું થાય ત્રણકાળ ત્રણલોક એક સમયમાં ઝળકે છે એ પણ વ્યવહાર છે, એટલે કે પર્યાયમાં જાણવામાં આવે છે. ભાષા તો ભાષા શું કરે ? આહાહા! તેને સર્વ લોક દેખો. લ્યો એ પૂરું થયું.

(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)

---

આ રીતે આ સમયપ્રાભૃતગ્રંથની આત્મખ્યાતિ નામની ટીકામાં ટીકાકારે પૂર્વરંગસ્થળ કહ્યું.

અહીં ટીકાકારનો એવો આશય છે કે આ ગ્રંથને અલંકારથી નાટકરૂપે વર્ણવ્યો છે. નાટકમાં પહેલાં રંગભૂમિ રચવામાં આવે છે. ત્યાં જોનારા નાયક તથા સભા હોય છે અને નૃત્ય (નાટય, નાટક) કરનારા હોય છે કે જેઓ અનેક સ્વાંગ ધારે છે તથા શૃંગારાદિક આઠ રસનું રૂપ બતાવે છે. ત્યાં શૃંગાર, હાસ્ય, રૌદ્ર, કરુણા, વીર, ભયાનક, બીભત્સ અને અદ્‌ભુત-એ આઠ રસ છે તે લૌકિક રસ છે; નાટકમાં તેમનો જ અધિકાર છે. નવમો શાંતરસ છે તે અલૌકિક છે; નૃત્યમાં તેનો અધિકાર નથી. આ રસોના સ્થાયી ભાવ, સાત્ત્વિક ભાવ, અનુભાવી ભાવ, વ્યભિચારી ભાવ અને તેમની દૃષ્ટિ આદિનું વર્ણન રસગ્રંથોમાં છે ત્યાંથી જાણવું. અને સામાન્યપણે રસનું એ સ્વરૂપ છે કે જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઈચ્છા ન રહે તે રસ છે. તે આઠ રસનું રૂપ નૃત્યમાં નૃત્ય કરનારા બતાવે છે; અને તેમનું વર્ણન કરતાં કવીશ્વર જ્યારે અન્ય રસને અન્ય રસની સમાન કરીને પણ વર્ણન કરે છે ત્યારે અન્ય રસનો અન્ય રસ અંગભૂત થવાથી તથા અન્યભાવ રસોનું અંગ હોવાથી, રસવત્ આદિ અલંકારથી તેને નૃત્યના રૂપે વર્ણવવામાં આવે છે.

અહીં પ્રથમ રંગભૂમિસ્થળ કહ્યું. ત્યાં જોનારા તો સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે તેમજ બીજા

મિથ્યાદૃષ્ટિ પુરુષોની સભા છે, તેમને બતાવે છે. નૃત્ય કરનારા જીવ-અજીવ પદાર્થ છે અને બન્નેનું એકપણું, કર્તાકર્મપણું આદિ તેમના સ્વાંગ છે. તેમાં તેઓ પરસ્પર અનેકરૂપ થાય છે, આઠ રસરૂપ થઈ પરિણમે છે, તે નૃત્ય છે. ત્યાં સમ્યગ્દૃષ્ટિ જોનાર જીવ-અજીવના ભિન્ન સ્વરૂપને જાણે છે; તે તો આ સર્વ સ્વાંગોને કર્મકૃત જાણી શાંત રસમાં જ મગ્ન છે અને મિથ્યાદૃષ્ટિ જીવ-અજીવનો ભેદ નથી જાણતા તેથી આ સ્વાંગોને જ સાચા જાણી એમાં લીન થઈ જાય છે. તેમને સમ્યગ્દૃષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી, તેમનો ભ્રમ મટાડી, શાંત રસમાં તેમને લીન કરી સમ્યગ્દૃષ્ટિ બનાવે છે. તેની સૂચનારૂપે રંગભૂમિના અંતમાં આચાર્યે **'मज्जन्तु'** ઇત્યાદિ આ શ્લોક રચ્યો છે. તે, હવે જીવ-અજીવનો સ્વાંગ વર્ણવશે તેની સૂચનારૂપે છે એવો આશય સૂચિત થાય છે. આ રીતે અહીં સુધી તો રંગભૂમિનું વર્ણન કર્યું.

નૃત્યકુતૂહલ તત્ત્વકો, મરિયવિ દેખો ધાય;
નિજાનંદ રસમેં છકો, આન સબૈ છિટકાય.

આ પ્રમાણે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્ય દેવપ્રણીત) શ્રી સમયસાર શાસ્ત્રની (શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત) આત્મખ્યાતિ નામની ટીકામાં પૂર્વરંગ સમાપ્ત થયો.

**✻ જેમ સ્ફટિક ધોળું છે, છતાં કાળા અને લાલ ફૂલના સંબંધે કાળી અને લાલ ઝાંય એમાં દેખાય છે, એ ઝાંય એની છે, એનામાં છે. પેલા ફૂલને લઈને નહીં. કાળા અને લાલ ફૂલ તો નિમિત્ત છે. પણ સ્ફટિકમાં પોતાની લાયકાતથી ત્યાં કાળી, લાલ ઝાંય છે. સમજાણું કાંઈ? આહાહા... આ લાકડા પાસે અહીં આમ લાલ ફૂલ મૂકશો તો એમાં ઝાંય નહિ દેખાય. કારણ કે એની પોતાની યોગ્યતા નથી. અને કાળા અને લાલ ફૂલના સંગે સ્ફટિકની પર્યાયમાં લાલ અને કાળું થવું એ પોતાની યોગ્યતાથી પોતામાં થાય છે. સમજાણું કાંઈ?**

**(પ્રવચન સુધા પાના નં. ૩૩૨ ભાગ-૨)**

ॐ

श्री सीमंधरदेवाय नमः।
श्री निज शुद्धात्मने नमः।

# સમયસાર સિદ્ધિ

## ભાગ-૩

અધ્યાત્મયુગપુરુષ
**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**
સમયસારજી શાસ્ત્ર ઉપરના ૧૯ મી વખતના
અજીવ અધિકારની ગાથા ૩૯ થી ૬૮ તથા તેના
શ્લોકો ઉપર થયેલા બત્રીસ મંગલમયી પ્રવચનો.

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ "સ્વરુચિ" સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ
રાજકોટ – ૩૬૦ ૦૦૫.
ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / ( ૦૨૮૧ ) ૨૪૭૭૭૨૮

| કહાન સંવત | વીરસંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
| --- | --- | --- | --- |
| ૨૫ | ૨૫૩૧ | ૨૦૬૧ | ૨૦૦૫ |

**પ્રકાશન**

પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૧૬મી જન્મજયંતિ નિમિત્તે
તા. ૧૦–૫–૦૫ વૈશાખ સુદ – ૨

**પ્રથમ આવૃત્તિ - ૧૦૦૦** **પડતર કિંમત - રૂા.૧૨૫/-** **મૂલ્ય - રૂા. ૪૦/-**

**પ્રાપ્તિ સ્થાન**

**રાજકોટ: શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦ ૦૦૧. ટેલી નં. ૨૨૩૧૦૭૩
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ "સ્વરુચિ" સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫. ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / ( ૦૨૮૧ ) ૨૪૭૭૭૨૮

**મુંબઇ : શ્રી શાંતિભાઈ ઝવેરી**
૮૧, નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ–૪૦૦૦૨૬. ટેલી નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨
**શ્રી મહેન્દ્રભાઈ મહેતા**
"સાકેત" સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી.ખોટ સ્કૂલ પાસે, બોરીવલી( વે )
મુંબઈ – ૪૦૦ ૦૯૨ ટેલી નં. ૨૮૦૫૪૦૬૬ – ૦૯૮૨૦૩૨૦૧૫૯

**કલકતા : શ્રી પ્રકાશભાઈ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર, કલકતા –૨૦.
ટેલી નં. ૨૪૮૫૩૭૨૩

**સુરેન્દ્રનગર : ડો. દેવેન્દ્રભાઈ એમ. દોશી**
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડીકલ સ્ટોર સામે, સુરેન્દ્રનગર.
ટેલી નં. ૨૩૧૫૬૦

**અમદાવાદ : વિનોદભાઈ આર. દોશી**
૨૦૫, કહાન કુટીર ફ્લેટ, દિગંબર જૈન મંદિર સામે, નવરંગપુરા, અમદાવાદ.
ટેલી નં. ૨૬૪૨૨૬૭૮

લેસર ટાઈપ સેટિંગ

**ઈન્ફોસોફ્ટ**

૭૦૮, સ્ટાર ચેમ્બર્સ,
હરિહર ચોક–રાજકોટ–૩૬૦૦૦૧.
E-Mail: abcinfy@hotmail.com
ફોન નં– ૨૨૯૪૫૦૦

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯ માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ શાસ્ત્ર છે. જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગત કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર સમયસારજી છે તેની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે “આત્મખ્યાતિ” નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયે; લોપ થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

જેમણે આ આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ

દીપકનો સુવર્ણમય ઉદય થયો. જેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રીએ જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ પ્રદાયક પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. વિરોધીઓના વિરોધનો પણ જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી વિરોધીઓ પણ 'ભગવાન આત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂ. ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં, સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠયું. અરે! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂ. કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં "સોનગઢ" મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂ. ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ ( ૧૩ ) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢયો અને ફરમાવ્યું કેઃ-

❀ સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
❀ સમયસાર તો સિદ્ધાંત શિરોમણિ-અદ્વિતીય અજોડ ચક્ષુ ને આંધળાની આંખ છે.
❀ સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘ શાસ્ત્ર છે.
❀ સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું શાસ્ત્ર બની ગયું. જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ. ધન્યકાળ!
❀ સમયસારની એક એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
❀ સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે.
❀ સમયસાર જેના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
❀ સમયસાર તો ભરતક્ષેત્રનો પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર શાસ્ત્ર કહેવાય.
❀ સમયસાર તો જગતના ભાગ્ય, સમયસારરૂપી ભેટણું જગતને આપ્યું. સ્વીકાર નાથ! હવે સ્વીકાર! ભેટ પણ દે, એ પણ સ્વીકારે નહીં ?
❀ સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
❀ સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડયા છે અમૃત વહેવરાવ્યા છે.

❀ સમયસાર એકવાર સાંભળીને એમ ન માની લેવું કે આપણે સાંભળ્યું છે. એમ નથી બાપુ ! આ તો પ્ર... વચનસાર છે એટલે આત્મસાર છે વારંવાર સાંભળવું.

❀ સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.

❀ સમયસારની મૂળભૂત એક એક ગાથામાં ગજબ ગંભીરતા પાર ન પડે એવી ચીજ છે. એક એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.

❀ સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ, ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂ. ગુરુદેવશ્રીએ પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે. જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે. ધર્મનો ધોધ એવો ધર્મી છે. ધ્રુવ પ્રવાહ છે. જ્ઞાનની ધારા છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે. વાસ્તવિક વસ્તુ છે. સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ-શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય વાડો ગચ્છ નથી વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂ. ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને કયાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂ. ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક એક ગાથાના અર્થ કરતાં પૂ. ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂ. બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂ. ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂ. ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય ? પૂ. ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂ. ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો

બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂ. બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂ. ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂ. નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂ. ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ. તેઓ ફરમાવે છે કે પૂ. ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂ. ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિં તો સાધક હોય તો પણ બધી તૈયારી કરવી પડે.

"શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ" ની રચના સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણઅર્થે બેન સરોજબેન ચંદુલાલ મહેતા પરિવાર રાજકોટ દ્વારા કરવામાં આવી છે. આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય કરવામાં આવશે.

આ પરિવારને આદરણીય પૂ. શ્રી લાલચંદભાઈ મોદી-રાજકોટ દ્વારા જ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશની પ્રેરણા તથા આધ્યાત્મિક મહામંત્રોનું રસપાન થયું હોય આ પરિવાર તેમનો અત્યંત ઋણી છે. પૂ. લાલચંદભાઈ હંમેશા આ પરિવારને કહેતા કે તમો બધા પૂ. ગુરુદેવશ્રીના ભવભ્રમણનો થાક ઊતારનારા મૂળતત્ત્વને સાંભળી ને સમજો. તેઓશ્રી ફરમાવતા કે તને "જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી" તેમ અમે જાણીએ છીએ, હવે તો સ્વીકાર કરી લે. આવા આવા ઘણા મહામંત્રો જેમાં બાર અંગનો સાર ભરેલો છે તેવા મહામંત્રો તથા પૂ. ભાઈશ્રીની અધ્યાત્મની સૂક્ષ્મ સિદ્ધાંતિક સચોટ શૈલીથી જ આ પરિવાર અધ્યાત્મમાં ઓતપ્રોત થયો હોય તેઓશ્રીનો અત્યંત આભારી છે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની અજીવ અધિકારની પૂર્ણતારૂપે ૩૯ થી ૬૮ ગાથા તથા તે ઉપરના શ્લોકો ઉપર પૂ. ગુરુદેવશ્રીના ૧૯ મી વખતના સળંગ પ્રવચનો નં. ૧૧૨ થી ૧૪૩ સમયસાર સિદ્ધિ ભાગ-૩માં અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ પ્રવચનોમાંના ૭ હિન્દી પ્રવચનોને ગુજરાતીમાં ભાષાંતર કરી પ્રકાશિત કરવામાં આવ્યા છે. તથા પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનોમાં જ્યાં જ્યાં આહાહા ! શબ્દ છે તે પેરેગ્રાફ પૂરો થયે જ લેવામાં આવેલ છે. પૂ. ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે. અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ કોઈવાર બે વર્ષ કોઈવાર અઢી વર્ષ તેમ ૧૯ વખત ૪૫ વર્ષમાં જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂ. ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ જેમ જ્ઞાનીની જ્ઞાન સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં

આવે તો નવા નવા ભાવો આવે છે. તેથી જ ૧૮ મી વારના પ્રવચનો પ્રકાશિત થયા હોવા છતાં આ અંતિમ પ્રવચનો પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે. ટોટલ ૪૮૭ પ્રવચનો ૧ થી ૧૧ ભાગમાં ક્રમબદ્ધ શૃંખલારૂપે પ્રકાશિત થશે.

પૂ. ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂ. ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઊતરાવવાનું કાર્ય તથા તેને ચેક કરવાનું કાર્ય આત્માર્થી ભાઈશ્રી ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી–સુરેન્દ્રનગર દ્વારા થયેલ છે. ભાષા તથા વ્યાકરણ શુદ્ધિ શ્રી દેવશીભાઈ ચાવડા–રાજકોટ દ્વારા થયેલ છે ત્યારબાદ સમગ્ર પ્રવચનો ફરીથી સી. ડી. ઉપરથી સાંભળી ચેક કરી સંપૂર્ણ પ્રૂફરીડિંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા–રાજકોટ દ્વારા પૂર્ણ થયેલ છે. તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

"સમયસાર સિદ્ધિ" ભાગ–૩ના પ્રવચનોનું સમગ્ર કૉમ્પ્યુટરાઈઝડ ટાઈપસેટિંગનું કાર્ય શ્રી નિલેશભાઈ તથા શ્રી દેવાંગભાઈ વારીયા–રાજકોટ દ્વારા તથા પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું સંપૂર્ણ કાર્ય શાર્પ ઓફસેટવાળા શ્રી ધર્મેશભાઈ શાહ–રાજકોટ દ્વારા તથા કલર પેઈજનું કામ ડોટ એડવાળા શ્રી કમલેશભાઈ સોમપુરા–રાજકોટ દ્વારા થયું હોય સંસ્થા તેમનો આભાર માને છે.

પૂ. ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિ અપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના ખૂબ જ સરળ ભાષામાં આચાર્યોના ગૂઢભાવોને રજૂ કરી મુમુક્ષુ જગત ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. "ભગવાન આત્મા" કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂ. ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

સમયસાર સિદ્ધિ ભાગ–૩ માટે સ્વ. શ્રી ચત્રભૂજભાઈ પાનાચંદભાઈ ગોડા – રાજકોટ હાલ મુંબઈ, હ. ભરતભાઈ ગોડા – મુંબઈ તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

ટ્રસ્ટી
શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
રાજકોટ

❖❖❖❖❖❖❖❖❖❖

# : અનુક્રમણિકા :


| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| શ્લોક-૩૩ | - | - | ૧ |
| | ૧૧૨ | ૧૯/૧૦/'૭૮ | ૨ |
| | ૧૧૩ | ૨૦/૧૦/'૭૮ | ૧૦ |
| ગાથા - ૩૯ થી ૪૩ | - | - | ૧૧ |
| | ૧૧૩ | ૨૦/૧૦/'૭૮ | ૧૪ |
| | ૧૧૪ | ૨૧/૧૦/'૭૮ | ૨૩ |
| ગાથા - ૪૪ | - | - | ૨૮ |
| | ૧૧૪ | ૨૧/૧૦/'૭૮ | ૩૦ |
| | ૧૧૫ | ૨૨/૧૦/'૭૮ | ૩૫ |
| | ૧૧૬ | ૨૩/૧૦/'૭૮ | ૪૪ |
| શ્લોક-૩૪ | - | - | ૫૨ |
| | ૧૧૬ | ૨૩/૧૦/'૭૮ | ૫૩ |
| | ૧૧૭ | ૨૪/૧૦/'૭૮ | ૫૩ |
| ગાથા - ૪૫ | - | - | ૬૧ |
| | ૧૧૮ | ૨૬/૧૦/'૭૮ | ૬૨ |
| ગાથા - ૪૬ | - | - | ૭૧ |
| | ૧૧૯ | ૨૭/૧૦/'૭૮ | ૭૨ |
| | ૧૨૦ | ૨૮/૧૦/'૭૮ | ૮૨ |
| ગાથા - ૪૭ - ૪૮ | - | - | ૯૩ |
| | ૧૨૧ | ૨૯/૧૦/'૭૮ | ૯૪ |
| ગાથા - ૪૯ | - | - | ૧૦૪ |
| | ૧૨૨ | ૩૦/૧૦/'૭૮ | ૧૦૮ |
| | ૧૨૩ | ૩૧/૧૦/'૭૮ | ૧૧૭ |
| | ૧૨૪ | ૧/૧૧/'૭૮ | ૧૨૮ |
| | ૧૨૫ | ૨/૧૧/'૭૮ | ૧૩૭ |
| | ૧૨૬ | ૨૮/૧૦/'૭૮ | ૧૪૭ |
| શ્લોક-૩૫ | - | - | ૧૪૭ |
| | ૧૨૬ | ૨૮/૧૦/'૭૮ | ૧૪૮ |
| શ્લોક-૩૬ | - | - | ૧૫૨ |
| | ૧૨૬ | ૨૮/૧૦/'૭૮ | ૧૫૨ |
| ગાથા - ૫૦ થી ૫૫ | - | - | ૧૫૪ |
| | ૧૨૬ | ૨૮/૧૦/'૭૮ | ૧૫૯ |
| | ૧૨૭ | ૪/૧૧/'૭૮ | ૧૬૩ |
| | ૧૨૮ | ૫/૧૧/'૭૮ | ૧૭૫ |
| | ૧૨૯ | ૬/૧૧/'૭૮ | ૧૮૫ |
| | ૧૩૦ | ૭/૧૧/'૭૮ | ૧૯૩ |
| | ૧૩૧ | ૯/૧૧/'૭૮ | ૨૦૨ |
| શ્લોક-૩૭ | - | - | ૨૧૦ |
| | ૧૩૧ | ૯/૧૧/'૭૮ | ૨૧૦ |
| ગાથા-૫૬ | - | - | ૨૧૩ |

| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| | ૧૩૨ | ૧૦/૧૧/'૭૮ | ૨૧૪ |
| ગાથા-૫૭ | - | - | ૨૨૨ |
| | ૧૩૨ | ૧૦/૧૧/'૭૮ | ૨૨૩ |
| ગાથા-૫૮ થી ૬૦ | - | - | ૨૨૫ |
| | ૧૩૩ | ૧૧/૧૧/'૭૮ | ૨૨૭ |
| | ૧૩૪ | ૧૨/૧૧/'૭૮ | ૨૩૬ |
| ગાથા-૬૧ | - | - | ૨૪૨ |
| | ૧૩૪ | ૧૨/૧૧/'૭૮ | ૨૪૩ |
| | ૧૩૫ | ૧૩/૧૧/'૭૮ | ૨૪૭ |
| ગાથા-૬૨ | - | - | ૨૫૦ |
| | ૧૩૫ | ૧૩/૧૧/'૭૮ | ૨૫૧ |
| | ૧૩૬ | ૧૫/૧૧/'૭૮ | ૨૫૯ |
| ગાથા-૬૩ - ૬૪ | - | - | ૨૬૧ |
| | ૧૩૬ | ૧૫/૧૧/'૭૮ | ૨૬૨ |
| | ૧૩૭ | ૧૬/૧૧/'૭૮ | ૨૭૦ |
| ગાથા-૬૫ - ૬૬ | - | - | ૨૭૪ |
| | ૧૩૭ | ૧૬/૧૧/'૭૮ | ૨૭૫ |
| શ્લોક-૩૮ | - | - | ૨૭૭ |
| | ૧૩૭ | ૧૬/૧૧/'૭૮ | ૨૭૭ |
| શ્લોક-૩૯ | - | - | ૨૭૯ |
| | ૧૩૭ | ૧૬/૧૧/'૭૮ | ૨૭૯ |
| ગાથા-૬૭ | - | - | ૨૮૨ |
| | ૧૩૭ | ૧૬/૧૧/'૭૮ | ૨૮૩ |
| શ્લોક-૪૦ | - | - | ૨૮૫ |
| | ૧૩૮ | ૧૭/૧૧/'૭૮ | ૨૮૫ |
| ગાથા-૬૮ | - | - | ૨૮૮ |
| | ૧૩૮ | ૧૭/૧૧/'૭૮ | ૨૮૯ |
| | ૧૩૯ | ૧૮/૧૧/'૭૮ | ૨૯૭ |
| શ્લોક-૪૧ | - | - | ૩૦૮ |
| | ૧૪૦ | ૧૯/૧૧/'૭૮ | ૩૦૮ |
| શ્લોક-૪૨ | - | - | ૩૧૭ |
| | ૧૪૧ | ૨૦/૧૧/'૭૮ | ૩૧૮ |
| | ૧૪૨ | ૨૧/૧૧/'૭૮ | ૩૨૭ |
| શ્લોક-૪૩ | - | - | ૩૩૩ |
| | ૧૪૨ | ૨૧/૧૧/'૭૮ | ૩૩૪ |
| શ્લોક-૪૪ | - | - | ૩૩૭ |
| | ૧૪૨ | ૨૧/૧૧/'૭૮ | ૩૩૮ |
| | ૧૪૩ | ૨૨/૧૧/'૭૮ | ૩૩૯ |
| શ્લોક-૪૫ | - | - | ૩૪૨ |
| | ૧૪૩ | ૨૨/૧૧/'૭૮ | ૩૪૩ |
| | ૧૪૪ | ૨૪/૧૧/'૭૮ | ૩૪૮ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરિણી)**

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રિડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.




ભગવાન કુંદકુંદાચાર્યદેવ વનમાં તાડપત્ર ઉપર શાસ્ત્ર લખે છે



# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુકહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુના.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત્ સત્ જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંત તિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું-મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

परमात्मने नमः।

श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेवप्रणीत

# શ્રી સમયસાર

## શ્લોક - ૩૩

अथ जीवाजीवावेकीभूतौ प्रविशतः।

( शार्दूलविक्रीडित )

जीवाजीवविवेकपुष्कलदृशा प्रत्याययत्पार्षदान्
आसंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।
आत्मारामममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं
धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत्।।३३।।

હવે જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય-એ બન્ને એક થઈને રંગભૂમિમાં પ્રવેશ કરે છે.

ત્યાં શરૂઆતમાં મંગળના આશયથી ( કાવ્ય દ્વારા ) આચાર્ય જ્ઞાનનો મહિમા કરે છે કે સર્વ વસ્તુઓને જાણનારું આ જ્ઞાન છે તે જીવ-અજીવના સર્વ સ્વાંગોને સારી રીતે પિછાણે છે. એવું ( સર્વ સ્વાંગોને પિછાણનારું ) સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે-એ અર્થરૂપ કાવ્ય કહે છેઃ-

શ્લોકાર્થઃ- [ ज्ञानं ] જ્ઞાન છે તે [ मनो ह्लादयत् ] મનને આનંદરૂપ કરતું [ विलसति ] પ્રગટ થાય છે. કેવું છે તે ? [ पार्षदान् ] જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષોને [ जीव अजीव-विवेक-पुष्कल-दृशा ] જીવ-અજીવનો ભેદ દેખનારી અતિ ઉજ્જ્વળ નિર્દોષ દૃષ્ટિ વડે [ प्रत्याययत् ] ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે; [ आसंसार-निबद्ध-बन्धन-विधि-ध्वंसात् ] અનાદિ સંસારથી જેમનું બંધન દૃઢ બંધાયું છે એવાં જ્ઞાનાવરણાદિ કર્મોના નાશથી [ विशुद्धं ] વિશુદ્ધ થયું છે, [ स्फुटत् ] સ્ફૂટ થયું છે-જેમ ફૂલની કળી ખીલે તેમ વિકાસરૂપ છે. વળી તે કેવું છે ? [ आत्म-आरामम् ] જેનું રમવાનું ક્રીડાવન આત્મા જ છે અર્થાત્ જેમાં અનંત જ્ઞેયોના આકાર આવીને ઝળકે છે તોપણ પોતે પોતાના સ્વરૂપમાં જ રમે છે; [ अनन्तधाम ] જેનો પ્રકાશ અનંત છે;

**[ अध्यक्षेण महसा नित्य-उदितं ] પ્રત્યક્ષ તેજથી જે નિત્ય ઉદયરૂપ છે. વળી કેવું છે ? [ धीरोदात्तम् ] ધીર છે, ઉદાત્ત ( ઉચ્ચ ) છે અને તેથી [ अनाकुलं ] અનાકુળ છે-સર્વ ઇચ્છાઓથી રહિત નિરાકુળ છે. ( અહીં ધીર, ઉદાત્ત, અનાકુળ-એ ત્રણ વિશેષણો શાંતરૂપ નૃત્યનાં આભૂષણ જાણવાં. ) એવું જ્ઞાન વિલાસ કરે છે.**

**ભાવાર્થઃ-આ જ્ઞાનનો મહિમા કહ્યો. જીવ-અજીવ એક થઈ રંગભૂમિમાં પ્રવેશ કરે છે તેમને આ જ્ઞાન જ ભિન્ન જાણે છે. જેમ નૃત્યમાં કોઈ સ્વાંગ આવે તેને જે યથાર્થ જાણે તેને સ્વાંગ કરનારો નમસ્કાર કરી પોતાનું રૂપ જેવું હોય તેવું જ કરી લે છે તેવી રીતે અહીં પણ જાણવું. આવું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ પુરુષોને હોય છે; મિથ્યાદૃષ્ટિ આ ભેદ જાણતા નથી. ૩૩.**

## પ્રવચન નં. ૧૧૨ તા. ૧૯/૧૦/૭૮ ગુરુવાર આસો વદ-૩ સં. ૨૫૦૪

**( શ્રી સમયસાર જીવ અધિકારની પૂર્ણતાના ૩૨ કળશ પછીના પારાનું પ્રવચન છે. )**

સમયસાર પહેલો જીવ અધિકાર. શબ્દ છે જીવઅજીવ અધિકાર નામે પણ ખરેખર એ જીવઅધિકાર છે, જીવનું છે પણ સ્વરૂપ વાસ્તવિક શું છે એ કહ્યું. આ રીતે આ સમયપ્રાભૃત ગ્રંથમાં પહેલાં જીવઅજીવ અધિકાર બે ભેગા લીધા છે. ને આમ તો જીવ અધિકાર છે કળશ ટીકામાં આને જીવ અધિકાર લીધો છે. આ અહીંથી અજીવ અધિકાર છે. અધિકારમાં ટીકાકારે પૂર્વરંગસ્થળ કહ્યું, સંસ્કૃતમાં છે ને, મૂળ સંસ્કૃત્તમાં આત્મખ્યાતો પૂર્વરંગઃ સમાપ્તઃ સંસ્કૃત્તમાં છેલ્લો શબ્દ છે.

જીવઅજીવ અધિકારમાં જીવનો પૂર્વરંગસ્થળ જીવનું વાસ્તવિક આનંદ પૂર્ણસ્વરૂપ જ્ઞાયકભાવ, એ વાસ્તવિક જીવનું સ્વરૂપ એનું અહીંયા વર્ણન કર્યું-ટીકાકારે એમ લીધું છે ને રંગસ્થળ પામ્યા છે. પૂર્વ રંગસ્થળ સમાપ્ત ટીકાકારે અમૃતચંદ્રાચાર્યે. અહીં ટીકાકારનો એવો આશય છે કે આ ગ્રંથને અલંકારથી નાટકરૂપે વર્ણવ્યો છે. નાટકમાં પહેલાં રંગભૂમિ રચવામાં આવે છે. જોયું, આ રંગ કીધું ને ? પાઠમાં છે ને અહીં સંસ્કૃત પૂર્વરંગ, રંગભૂમિ રચવામાં આવે છે જમીન. જ્યાં આગળ નાચ કરવો હોય એવી રંગભૂમિ અખાડો કહે છે ને અત્યારે "ત્યાં જોનારા નાયક અને સભા હોય છે" જોનારા નાયક સમકિતી અને સભા મિથ્યાદૃષ્ટિની હોય છે વિગેરે. નાટક કરનારા હોય છે ત્રીજા, જેઓ અનેક સ્વાંગ ધારે છે તથા શૃંગારાદિક આઠ રસનું રૂપ વર્ણવે છે. શૃંગાર ( આદિ ) આઠ રસ છે ને એનું વર્ણન નાટકમાં આવે છે. ત્યાં શૃંગાર, હાસ્ય, રૌદ્ર, કરૂણા, વીર, ભયાનક, બિભત્સ અને અદ્‌ભૂત એ આઠ રસ છે એ લૌકિક રસ છે.

બાકી તો ઉતાર્યા છે આઠ બનારસીદાસે લોકોત્તરમાં ઉતાર્યા છે પણ અહીં આ લૌકિકમાં અહીં શાંત રસ સિદ્ધ કરવો છે. શાંત શાંત શાંત એ અપેક્ષાએ લૌકિક છે, નાટકમાં તેમનો જ અધિકાર છે, નવમો શાંત રસ એ અલૌકિક છે. વીતરાગભાવ એવો શાંત રસ આત્માનો, એ અલૌકિક છે, જે શાંત સ્વભાવ જે ત્રિકાળી ભગવાન આત્મા જિનબિંબ, શાંતબિંબ એનો આશ્રય લઈને પરિણમનમાં શાંત-શાંત અકષાય સ્વભાવ વીતરાગ પરિણમન એને અહીંયા શાંતરસ કહે છે, એ શાંતરસ એ આનંદરસ એ સ્વરૂપરસ, એ અદ્‌ભૂતરસ એને પછી અનેક પ્રકારે ઉતાર્યા છે.

તે અલૌકિક છે નૃત્યમાં તેનો અધિકાર નથી, નાટકના અધિકારમાં શાંતરસનો અધિકાર નથી.

નાટક હોય છે ને ? ઘણાં જોયા છે ને નાટક અમે નાની ઉંમરમાં એમાં પહેલો નારદ આવે નારદ, નાટકમાં “બ્રહ્મા સુત હું નારદ કહાવું, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું” એવું આવે મોઢા આગળ. પાટણીજી ! નાટકેય જોયા છે બધુ ઘણું દુકાનના ધંધા હતા તે વેપાર કરવા જતા માલ લેવા, રાત્રે નવરાશ હોય નાટકમાં જઈએ પણ એ વખતે એ વૈરાગ્યના નાટક હતા હોં. આ નારદ આવે આમ કરીને જ્યાં કુસંપ હોય ત્યાં સંપ કરાવું એવો હું નારદ છું એમ કહે છે. અહીં તો જ્યાં સંપ હોય એનો નાશ કરાવીને શાંત રસ પ્રગટ કરાવું. આહાહા ! એવો આમાં અધિકાર છે.

આ રસોના સ્થાયીભાવ એ રસોની વ્યાખ્યા છે, સાત્વિક ભાવ. અનુભાવીક ભાવ, વ્યભિચારી ભાવ અને તેમની દૃષ્ટિ આદિનું વર્ણન રસ ગ્રંથમાં છે ત્યાંથી જાણવું, અહીં એનું કામ નથી.

સામાન્યપણે રસનું એ સ્વરૂપ છે, કે જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું, હવે આ રસ છે, જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું, ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, એમાં જે કાંઈ જ્ઞેય આવ્યું, સમુચ્ચય વાત છે, તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય, અને અન્ય ઈચ્છા ન રહે તે રસ છે. એ સમુચ્ચયની વાત છે આઠેય રસની. શૃંગારરસ આદિ હોય પણ જે જ્ઞાનમાં એ આવ્યું અને તેમાં લીન થઈ ગયો અને બીજા ભાવની ઈચ્છા ન રહી એનું નામ અહીંયા રસ કહેવામાં આવે છે. આઠ રસનું રૂપ નૃત્યમાં નૃત્ય કરનારા બતાવે છે. અહીં તેનું વર્ણન કરતાં કવીશ્વર જ્યારે અન્ય રસને અન્ય રસની સમાન કરીને પણ વર્ણન કરે છે ત્યારે અન્ય રસનો અન્ય રસ અંગભૂત થવાથી તથા અન્ય ભાવ રસોનો અંગ હોવાથી રસવત–રસવત આદિ અલંકારથી તેને નૃત્યના રૂપે વર્ણવવામાં આવે છે.

આંહી પ્રથમ રંગભૂમિ સ્થળ ( કહ્યું, ) ત્યાં જોનારા તો સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે. જીવ અને અજીવમાં જીવનું વાસ્તવિક સ્વરૂપ જ્ઞાતાદૃષ્ટા કહ્યું, ક્રમબદ્ધમાં એ આવ્યું ને ? ક્રમબદ્ધ, દરેક જીવની પર્યાય ક્રમબદ્ધ છે. જે સમયે જે થાય તે તે સમયે ક્રમબધ્ધ ( થાય ) તેને ક્રમમાં. હવે ત્યાં પણ વર્ણન કર્યું ક્રમબદ્ધમાં અકર્તાપણાનું. અકર્તા જે કાંઈ થાય તે કાર્યનો કર્તા નહીં. ત્યારે એનો અર્થ ઈ થયો કે જ્ઞાતાદૃષ્ટા થયો. ક્રમબદ્ધની પર્યાયમાં જ્ઞાતાદૃષ્ટા, કેમ કે કોઈપણ વાક્ય વીતરાગનું છે, તેનું તાત્પર્ય તો વીતરાગતા છે, તો ક્રમબદ્ધમાં તાત્પર્ય વીતરાગતા છે, ક્રમબદ્ધનો નિર્ણય જ્યાં થાય છે ત્યાં જ્ઞાતાદૃષ્ટા થઈ જાય છે, આવી વાત છે. અને જ્ઞાતાદૃષ્ટા થતાં, જે શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા તે ત્યાં પ્રગટ થાય છે. અને તે વીતરાગતા પ્રગટ થાય તે પહેલેથી આવી ગયું કે એ સ્વ ત્રિકાળી દ્રવ્ય છે તેને આશ્રયે થાય. એટલે ક્રમબદ્ધના નિર્ણયમાં પણ જ્ઞાતાનો નિર્ણય થવો તે તેનું તાત્પર્ય છે. આહાહાહા ! આવી વાત છે.

એ અહીં કહે છે. જોનારા સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે જ્ઞાતાદૃષ્ટા છે એમ કહે છે. સ્વાંગ અનેક પ્રકારના આવે પણ જોનારા સમ્યગ્દૃષ્ટિ તેને જાણનાર દેખનાર તરીકે દેખે જાણે છે. અજીવનો રંગસ્થળ આવે, કર્તાકર્મનો આવે, પણ તેમાં એણે એ બધામાંથી જાણનાર દેખનાર એવા ભાવને જાણે છે. સમ્યગ્દૃષ્ટિ ગમે તેવા પ્રસંગમાં હો, ગમે તેવા કર્તા કર્મ, અજીવ આદિ આસ્રવ બંધ આદિ કાળમાં હો. એ પોતે જ્ઞાતાદૃષ્ટા તરીકે સમ્યગ્દૃષ્ટિ તે સ્વાંગને જાણે છે. બંધના સ્વાંગને પણ જાણે, મોક્ષના સ્વાંગને પણ જાણે. જોનારા સમ્યગ્દૃષ્ટિ છે. ઓહોહો ! ત્યાં સમ્યગ્દૃષ્ટિ પુરુષ જોનારા છે.

એટલે કે જે કોઈપણ સ્વાંગ અજીવનો હોય, આસ્રવનો, બંધનો, મોક્ષનો હોય તેને તો ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ, રાગાદિનો ભાવ આવે પણ સમ્યગ્દૃષ્ટિ જીવ તેને જોનાર છે. એ જોનાર છે તે જ ખરેખર નાયક છે. સમજાણું પહેલાં કહ્યું હતું ને જોનારા નાયક, છે ને પહેલાં ? અને સભા છે મિથ્યાદૃષ્ટિની, હૈં ? છે ને એમાં આવી ગયું ! અહીં આવી ગયું જુઓને, તેમજ બીજા મિથ્યાદૃષ્ટિ પુરુષોની સભા છે, ત્યાં સભા શબ્દ લીધો 'તો ને પહેલો એનો અહીં ખુલાસો કરી નાખ્યો.

પહેલાં હતું ને જોનારા નાયક અને સભા હોય બે વાત. એ જોનારા સમ્યગ્દૃષ્ટિ એમ ન્યાં ખુલાસો કર્યો. ભાઈ હિંમતભાઈ ! જોનારા નાયક અને સભા. એનો અહીંયા ખુલાસો કર્યો, કે જોનારા સમ્યગ્દૃષ્ટિ અને સભા મિથ્યાદૃષ્ટિની, તેમને બતાવે છે. સમ્યગ્દૃષ્ટિ વાસ્તવિક સ્વાંગના જોનારા ને દેખનારા છે, એ મિથ્યાદૃષ્ટિની સભા છે તેને બતાવે છે. તેથી લીધું હતું ને અપ્રતિબુદ્ધ શિષ્યને ગુરુ સમજાવે છે. અહીં સમ્યગ્દૃષ્ટિ જીવ લીધો છે, શરૂઆતથી વાત લીધી છે. નૃત્ય કરનારા જીવઅજીવ પદાર્થ છે જીવ અને અજીવ બે,-બે નૃત્ય કરનારા, બદલનારા-પરિણમનારા પોતપોતાની અવસ્થાએ ત્યાં પરિણમનારા ત્યાં બે પદાર્થ છે. અને બંનેનું એકરૂપ. એવો સ્વાંગ આવે છે. જીવમાં પણ રાગ અને શરીર એનાં ભેગાં એવો સ્વાંગ આવે છે. કર્તા-કર્મપણું. પર કાર્ય અને જીવ કર્તા, રાગ કાર્ય અને જીવ કર્તા એવો સ્વાંગ આવે છે. આદિ તેમના સ્વાંગ છે તેમાં તેઓ પરસ્પર અનેકરૂપ થાય છે. આઠ રસરૂપ થઈ પરિણમે છે તે નૃત્ય છે. ત્યાં સમ્યગ્દૃષ્ટિ જોનાર જીવઅજીવના ભિન્ન સ્વરૂપને જાણે છે. આ વાત છે આંહી. ભલે કહે છે કર્તા કર્મનો સ્વાંગ આવે, રાગ કાર્ય અને આત્મા કર્તા એવો સ્વાંગ આવે છે. જીવની સાથે રાગનો-અજીવના સંબંધનો સ્વાંગ આવે બેને જુદા જાણે છે, ધર્મી જીવ, સમ્યગ્દૃષ્ટિ જીવ, ભિન્ન સ્વરૂપને જાણે છે. આંહી વજન અહીં છે. રાગ સમ્યગ્દૃષ્ટિને પણ આવે, આસ્રવ આવે પણ તે સ્વાંગને આત્માથી ભિન્ન જાણે છે. સમજાણું કાંઈ ? તે તો આ સર્વ સ્વાંગોને કર્મકૃત જાણી અજીવપણું અંદર આ દેખાય, રાગ દેખાય, એ બધું કર્મકૃત જાણી શાંત રસમાં મગ્ન છે. ચાહે તો જીવમાં રાગ આવે, દ્વેષ આવે, વિષયની વાસના આવે, દયા દાનનાં વિકલ્પ આવે તેને સમ્યગ્દૃષ્ટિ જીવ શાંતરસમાં રહીને જાણે છે. ભારે નાટકની ઉપમાથી કહ્યું ને ? રંગભૂમિ સ્થળ કહ્યું. એ સ્વાંગોને કર્મકૃત જાણી શાંતરસમાં મગ્ન છે. રાગાદિ દયા, દાન ને કામક્રોધનાં વિકલ્પો આવે, પણ તે બધો કર્મકૃત સ્વાંગ છે, મારો સ્વાંગ નહીં. હું તો જ્ઞાયક સ્વરૂપ છું. એવી એકાગ્રતામાં શાંત રસમાં રહી અને કર્મકૃત ભાવોને જાણે છે. આવી વાત છે. અજબ છે વાતું.

જ્યાં હોય રાગ અને દ્વેષના ભાવ એવા સ્વાંગને પણ સમકિતી, કર્મકૃત જાણીને, રાગને તે કર્મકૃત છે એમ જાણીને, પણ રહે છે શેમાં ? એ પોતાની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિમાં, આવી વાત છે. "સર્વ સ્વાંગોને કર્મકૃત જાણી શાંત રસમાં જ મગ્ન છે" ભગવાન આત્મા આનંદ ને શાંત રસનો પિંડ પ્રભુ એકલો જ્ઞાયક ને આનંદ એવો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ, એનું જેને સમ્યક પ્રત્તીત ભાન થયું અનુભવમાં, એ જીવ તો રાગાદિ આવે કર્મકૃત આવે અજીવનો સંયોગ દેખાય એ રાગ એ ખરેખર તો અજીવ છે, આત્માનું સ્વરૂપ વર્ણવ્યું. ને હવે વર્ણવશે કે આ આમાં નથી, આ આમાં નથી, અજીવ નથી, રાગ નથી, શરીર નથી, વાણી નથી, ગુણસ્થાન નથી, માર્ગણા સ્થાન નથી, એમ એ અજીવનું વર્ણન, જીવમાં આ નથી, એમ કરીને એનું વર્ણન કરશે. આહાહાહા !

પહેલાં જીવનું વર્ણન કરતાં એમ કહ્યું ભગવાન આત્મા જ્ઞાયક છે, આનંદ છે, શાંત છે, વીતરાગ છે એવું એનું સ્વરૂપ છે, એમ કરીને જીવની વિધિથી વાત કરી. હવે નિષેધથી ( વાત ) કરશે કે ભગવાન આત્મામાં રાગ નથી, માર્ગણાસ્થાન નથી, ગુણસ્થાન નથી, વિકાર એના સ્વરૂપમાં નથી, એમ જીવ સ્વરૂપ ભગવાન આત્મા એમાં આ નથી એમ વર્ણવીને એનો નિષેધ કરશે. આહાહાહા !

મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાદૃષ્ટિ, જીવઅજીવનો ભેદ નથી જાણતાં. શરીર જડ છે, અંદર દયા દાનના રાગ આવે હિંસા, જૂઠું, વિષયનો રાગ આવે, એ ખરેખર તો અચેતન જડ છે, એમ મિથ્યાદૃષ્ટિ જાણતા નથી. એ તો એમ જાણે છે કે આ રાગ મારો છે, પુણ્યના ભાવ મારા છે. શરીર મારું છે એમ મિથ્યાદૃષ્ટિ જીવ ને અજીવનો ભેદ જાણતા નથી. બેયને અભેદ તરીકે માને છે. આહાહાહા ! આકરી વાતું આવી બહુ.

ધર્મ એવી ચીજ ઝીણી છે, કે જ્યાં આત્મા જ્ઞાયક સ્વરૂપ એવું જ્યાં ભાન થયું, પછી એને પર્યાયમાં રાગાદિ આવે, અજીવનો સંયોગ ચક્રવર્તીના પદ જેવોય આવે પણ એ બધાને પોતાના જ્ઞાન સ્વભાવમાં રહી એટલે શાંત રસમાં રહી જાણે. “મિથ્યાદૃષ્ટિ જીવ અજીવનો ભેદ નથી જાણતા” અજ્ઞાની, જ્ઞાયક ભાવમાં રાગ છે એ મારો છે એમ અજ્ઞાની માને છે. એ આવી ગયું ને આપણે, એ ભાવકનો ભાવ છે, સ્વભાવનો એ ભાવ નથી. પર્યાયમાં થાય પણ એ સ્વભાવભાવ નથી, શુભ અશુભ રાગ એ કર્મકૃત છે, એમ આવ્યુંને અહીંયા ત્યાં ભાવકનો ભાવ છે એમ આવ્યું હતું. એમ ધર્મી જીવ એમ જાણે છે કે મારો તો સ્વભાવ જાણનાર શાંત રસમાં રહેવું એ છે. એ રાગાદિ ભાવ અજીવ છે, એ મારી ચીજ નથી. મિથ્યાદૃષ્ટિ એ અજીવકૃત ભાવને પોતાનો માની, મિથ્યાદૃષ્ટિપણાને અશાંત સ્વભાવને સેવે છે. આહાહાહા !

‘જેથી તે સ્વાંગોને સાચા જાણી એમાં લીન થઈ જાય છે’. ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યજયોત સ્વરૂપ પ્રભુ એમાં રાગ અને પુણ્યઆદિ પાપના ભાવ આવતાં અજ્ઞાની મારાં છે એમ લીન થઈ જાય છે એમાં. આવો ફેર છે. અજ્ઞાનીને એ વિષયવાસના મારી છે અને મને મજા પડે છે એમ અજ્ઞાની માને છે. જ્ઞાનીને એ રાગ આવે તેને પૃથક્ જાણી જ્ઞાનનું સ્વરૂપ મારું ભિન્ન પૃથક્ છે, એમાં જ્ઞાનમાં રહીને એને જાણે છે, અજ્ઞાની રાગ માં રહીને રાગ મારો છે એમ જાણે છે. આવું છે. ધર્મનું સ્વરૂપ ઝીણું બહુ બાપુ. આહાહાહા ! આંહી તો સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ બે નો આંતરો બતાવ્યો છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના સ્વરૂપને, જાણન દેખન આનંદસ્વરૂપ જાણતો પોતાની શાંતિની પર્યાયમાં રહે છે. અજ્ઞાની એ રાગાદિને મારો સ્વાંગ છે, મારું સ્વરૂપ છે એમ માનીને મિથ્યાદૃષ્ટિના આકુળતાના અશાંત ભાવમાં તે રહે છે. તેમને રાગાદિ પુણ્યાદિ શરીરાદિનો સ્વાંગ એ અજીવ છે, એ ભગવાન આત્માનો પહેરવેશ નથી, એનો એ ભેખ નથી. એમ જ્ઞાની જાણતો “અજ્ઞાનીને એ બતાવે છે” “તેમને સમ્યગ્દૃષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી” જોયું અહીં તો સમ્યગ્દૃષ્ટિથી જ વાત શરૂ કરી. આહાહાહા !

જે કોઈ આત્મામાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનાદિ ગુણનો પિંડ પ્રભુ, એમાં જેનું પોતાનું સ્વરૂપ છે એમ અનુભવ્યું છે અને રાગાદિ ભાવ તે મારા સ્વરૂપમાં નથી એમ જે

ધર્મી સમ્યગ્દૃષ્ટિએ જાણ્યું છે, એ પોતે પરને જાણતો પોતામાં રહેતો, શાંત રસમાં રહે છે. અજ્ઞાની એ સ્વાંગને પોતાના માની અને મિથ્યાદૃષ્ટિ ( થતો ) એટલે અશાંતિમાં રહે છે. તેમને સમ્યગ્દૃષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી તેમનો ભ્રમ મટાડી, આહાહાહા ! ( શ્રોતા:- સમ્યગ્દૃષ્ટિથી ભ્રમ જાય ? ) એ તો આમ શૈલી લીધી છે એને બતાવનાર કોણ ? કે આ, એમ. અજ્ઞાની એ રાગ અને અજીવ શરીર કર્મ આદિ આત્માના ચૈતન્યના સ્વાંગ માને છે એને જ્ઞાની સમજાવે છે. ભાઈ ! તારો સ્વાંગ એ નહીં, તારો સ્વાંગ તો આનંદ અને શાંતિ પ્રગટે, તે તારો સ્વાંગ છે. રાગ અને પુણ્યના પરિણામ અને શરીર ને કર્મનો યોગ એ બધું તારું સ્વરૂપ નહીં, એ તારામાં નહીં, તું તેમાં નહીં, આ તો અંતરની ધીરી વાતો છે ભાઈ. તેને સમ્યગ્દૃષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી, તેમનો ભ્રમ મટાડી, શાંતરસમાં તેમને લીન કરી, ૩૮ ગાથામાં એ આવ્યું'ને અજ્ઞાની હતો એને ગુરુએ સમજાવ્યો ત્યારે એ સમજી ગયો અને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર થયું સમ્યગ્દૃષ્ટિ. તેની સૂચનારૂપે રંગભૂમિના અંતમાં આચાર્યે મજ્જન્તુ, આ શ્લોક રચ્યો. આહાહાહા !

સમ્યગ્દૃષ્ટિ બતાવે છે ત્યારે કહે છે કે અરે ! જીવો આવો જે આનંદનો સાગર ભગવાન, ત્યાં જઈને ત્યાં રમને ત્યાં આવી જા ને અંદરમાં. સર્વ જીવો આવી જાવને પ્રભુ એમ કહે છે, ભલે ત્યાં ભવ્ય લીધા છે ટીકામાં, અધ્યાત્મ તરંગિણીમાં ભવ્ય લીધા છે, સમસ્ત જીવમાં. આ આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, અતીન્દ્રિય આનંદનો નાથ, અતીન્દ્રિય શાંત સ્વરૂપ ત્યાં સર્વ જીવો આવી જાવને અંદર, એમ કહે છે. જુઓ ! આ અધિકાર પૂર્ણનો અધિકાર આ. જીવના અધિકારની પૂર્ણતા અને બીજાને સમજાવીને પણ એને પૂર્ણ અધિકાર થયો જીવનો. ત્યારે એ અધિકાર સમાપ્ત થાય છે. સમજાણું કાંઈ ?

જીવનો અધિકાર એટલે એ રાગ ને પુણ્ય ને શરીર એ એનો અધિકાર નથી, એ એનો સ્વામી નથી એ એના અધિકારમાં નથી. એના અધિકારમાં તો જ્ઞાન દર્શન આનંદ અને શાંતિ એ એના અધિકારના તાબામાં છે. એ અધિકાર જે સમજતા નથી ! જીવનો જે સ્વરૂપનો અધિકાર છે તેને તે જાણતા નથી અને અધિકાર બહારના ભાવને એ પોતાના જીવના અધિકારમાં માને છે. એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. ભગવંત તારો સ્વાંગ એ રાગ ને પુણ્ય ને શરીર એ તારો સ્વાંગ નહીં. તું તો જાણક સ્વભાવી આનંદ સ્વભાવી એની પર્યાયમાં પણ જાણક અને શાંતરસ આવે એ તારું સ્વરૂપ છે. એમ કહીને ઓલો સમજી જાય છે. ( એ ) એમ કહે છે. અહીંયા તો આડત્રીસમાં પણ એ લીધું ને ? આહાહાહા !

લીન કરી, જોયું તેમને લીન કરી નાખે છે. કરે છે એટલે શું ? લીન થાય છે. ભારે મારગ ભાઈ, ધર્મ એ કોઈ દયા દાન વ્રતના પરિણામ એ કોઈ ધર્મ નથી. ( શ્રોતા:- એ ક્યાં લખ્યું છે ? ) એ આમાં આ લખ્યું ને અજીવ, એ અજીવનો સ્વાંગ છે. એ હવે કહેશે. ભગવાન આત્માના સ્વાંગમાં એ ન આવે જ્ઞાયક સ્વરૂપ માં ( શ્રોતા:- પર્યાયમાં આવે ને ? ) પર્યાયનો સ્વાંગ એ એનો નહીં, દ્રવ્યનો સ્વભાવ જેણે જાણ્યો એણે, રાગ સ્વાંગ મારો પર્યાયમાં એ પણ મારો સ્વાંગ ( છે એમ ) નહીં. આહાહાહા !

"શાંત રસમાં તેમને લીન કરી" એને ઉપદેશ આપ્યો એ અપેક્ષાએ આમ બાકી લીન તો એ પોતે થાય છે. ભાષા તો એમ ( આવે ને ) શાંત રસમાં તેમને લીન કરી, શાંત રસમાં તેમને

લીન કરી, સમ્યગ્દૃષ્ટિ બનાવે છે. ભાષા એવી છે ને ? નિમિત્તથી કથન છે. એટલે કે જે આત્મા આનંદનો નાથ પ્રભુ એવું જેને બતાવ્યું, એ જાણનાર આનંદના નાથમાં સમાઈ જાય છે અંદર, રાગથી ખસીને સ્વરૂપમાં આવી જાય છે એને સમકિતીએ જણાવ્યું હતું માટે એને સમકિત બનાવ્યું એને લીન કર્યો. આહાહાહા ! સમજાણું કાંઈ ? વાતું આવી છે બહુ ભાઈ.

"મજ્જન્તુ" ઇત્યાદિ શ્લોક કીધું ને ? અરે ભગવંત ! ચૈતન્ય સ્વરૂપ આત્મા શુદ્ધ ચૈતન્ય જ્યાં જાગૃત થયો તો કહે છે કે હે જીવો તમો ત્યાં આવીને ન્હાવને–સ્નાન કરો ને. અંદર ડૂબકી મારો ને. ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ, જગતના જીવોને સમ્યગ્દૃષ્ટિ કહે છે, અહીંયા આચાર્ય કહેતા હતા પણ અહીં આટલું લીધું છે, કે પુણ્ય ને પાપના ભાવ ને અજીવના પ્રેમમાં પડયો પ્રભુ તું એ તારું સ્વરૂપ નહીં, એ તો દુઃખનું સ્વરૂપ, એ તો અજીવનું સ્વરૂપ. આ બાજુમાં ભગવાન આનંદનો નાથ એ અતીન્દ્રિય આનંદનું જ્ઞાન કરીને ન્યાં ઠરને, રાગમાં ઠરવું છોડી દે ને પ્રભુ. એમ સમ્યગ્દૃષ્ટિ બીજાને આ પ્રમાણે બોધ આપીને લીન કરે છે, એમ કહે છે ને ? સમ્યગ્દૃષ્ટિ બનાવે છે. ઓલો બન્યો એટલે આને બનાવે છે એમ કહેવામાં આવે છે. આહાહા !

આમાં શું કરવું હાથ આવે નહીં બહારનું કાંઈ કરવાનું હાથ આવે નહીં આમાં. વ્રત પાળવા કે "ઈચ્છામિ પડિકકમણું ઈરિયા વહિયા ગમણા ગમણે" એ તો બધો વિકલ્પ રાગ છે. એ વિકલ્પ છે એ "ઈચ્છામિ અને તસ્સ ઊતરી ને લોગસ્સનો" વિકલ્પ કરે છે એ રાગ છે પ્રભુ તને ખબર નથી. એ રાગ એ તારી ચૈતન્યની જાત નથી, એ કજાત છે એટલે એ અજીવ છે. એમાંથી ખસી અને ચૈતન્ય ભગવાન જ્ઞાન ને આનંદ સ્વરૂપ ( છે ) ત્યાં જા તને શાંતિ મળશે અને અશાંતિ ટળશે. આવું સ્વરૂપ છે. અજાણ્યા માણસને તો એવું લાગે આ શું કહે છે. એ ધર્મની રીતું બાપા, અલૌકિક છે અલૌકિક. આંહી તો કરે છે ને, બનાવે છે, એમ ભાષા, તેની સૂચનારૂપે રંગભૂમિના અંતમાં મજ્જન્તુ ઇત્યાદિ શ્લોક રચ્યો તે. હવે જીવ અજીવનો સ્વાંગ વર્ણવશે તેની સૂચનારૂપે છે, એવો આશય સૂચિત થાય છે. આ રીતે અહીં સુધી તો રંગભૂમિનું વર્ણન કર્યું, રંગ પહેલી ભૂમિ જીવ એનું વર્ણન કર્યુ. આહાહાહા !

નૃત્યકુતુહલ તત્ત્વકો મરિયવિ દેખો ધાય
નિજાનંદ રસમેં છકી, આન સબૈ છિટકાય.

નૃત્યના કુતુહલનાં રાગ વિકાર આદિ તત્ત્વોને મરિયવિ મહાકષ્ટને પુરૂષાર્થથી પણ દેખો. મરીને પણ દેખો. રાગને મારી નાખીને, પુરૂષાર્થ કરો, પુરૂષાર્થ, કહે છે. કુતુહલનો નાચ રાગ અને વિકારને એવા તત્ત્વોને "મરિયવિ" મારી નાખીને દેખો, નાશ કરીને દેખો. નિજાનંદ રસમેં છકો આત્મા નિજાનંદ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરે કહ્યો એ આ આત્મા નિજાનંદ, નિજ આનંદ સ્વરૂપ પ્રભુ. નિજાનંદ રસમેં છકો, રાગના રસને છોડી દે પ્રભુ, મારી નાખ એને રાગને. જીવતા જીવને જીવતો જો. ચૈતન્ય જીવનથી જીવતો ભગવાન એને જોઈને રાગને મારી નાખીને જો. નિજાનંદ રસમેં છકો, હે પ્રભુ, આત્મા નિજાનંદ આત્મામાં અતીન્દ્રિય આનંદ છે, એમાં છકો, ત્યાં છેલ, રમત કરો. નિજાનંદ રસમેં છકો, ટૂંકી ભાષા. નિજાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા. ભગવાન સંતો ને જ્ઞાની ને સમકિતી ને કેવળી બધું આ કહે છે. નિજાનંદ રસમેં છકો બહુ ટૂંકું પણ બહુ ઉંચું પરમ સત્ય.

ભગવાન રાગ ને પુણ્ય ને પાપના ભાવ એ દયા, દાન વ્રત ભક્તિના ભાવ પણ રાગ છે, એ દુઃખ છે, આકુળતા છે, એ રસમાં તને રસ આવે છે ( તે ) છોડી દે. નિજાનંદ પ્રભુ આત્મા ભગવાન તીર્થંકર સર્વજ્ઞદેવે જે જોઈને અનુભવીને પૂર્ણ કર્યો "તે આત્મા તું" નિજાનંદ રસમેં પોતાનો રસેય લીધો ભેગો. શાંત રસ નિજાનંદ રસમેં છકો એટલે શાંત રસમાં રહો, છકો, એમાં ભરપૂર થઈ જાવ. છકી જાવ ભાષા તો બહુ, વસ્તુ તો વસ્તુ કાંઈ બીજી છે બાપા ભાષામાં કંઈ. "નિજાનંદ રસમેં છકો" લીન થાવ "આન સબૈ છિટકાય" અનેરું વિકલ્પ આદિ દયા દાન રાગ આદિના વિકલ્પો એને છોડી દે. આન અનેરું સબૈ છિટકાય, અનેરું સબૈ છિટકાય, ચાહે તો ભગવાનની ભક્તિનો રાગ હો, નમો અરિહંતાણંનો વિકલ્પ હો પણ એ રાગ છે પ્રભુ. એને છોડી, "સર્વ છોડી દઈને" નિજાનંદ રસમાં છકી જાવ એમાં લીન થાવ. શું ભાષા ટૂંકી.

આ પ્રમાણે જીવ અજીવ અધિકારમાં એણે એવું લીધું છે, એકલો જીવ અધિકાર ને એકલો અજીવ એમ નહીં. જીવ અજીવ અધિકાર બેય સ્વરૂપ ભેગા કર્યા છે.

પૂર્વરંગ સમાપ્ત થયો. પૂર્વરંગ જીવનો રંગ સ્વાંગ પૂરો કર્યો ત્યાં.

## શ્લોક - ૩૩ ઉપરનું પ્રવચન

હવે જીવ દ્રવ્ય ને અજીવ દ્રવ્ય એ બંને એક થઈને અખાડામાં રંગભૂમિમાં પ્રવેશ કરે છે. ત્યાં શરૂઆતમાં મંગળના આશયથી આચાર્ય, જ્ઞાનનો મહિમા કરે છે. જ્ઞાન એટલે આત્મ સ્વભાવ જ્ઞાન સ્વભાવ તેનો મહિમા કરે છે. સર્વ વસ્તુઓને જાણનારું આ જ્ઞાન છે. ભગવાન આત્માનું જ્ઞાન સ્વને જાણે દ્રવ્યનેય જાણે ગુણનેય જાણે પર્યાયને જાણે રાગનેય જાણે, ને ભિન્ન અજીવનેય જાણે, એ જાણનારું એ જ્ઞાન છે. એ સર્વ સ્વાંગોને સારી રીતે પિછાણે છે. એવું સર્વ સ્વાંગોને પિછાણનારું સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે. એ કળશ કહે છે લ્યો.

जीवाजीवविवेकपुष्कलदृशा प्रत्याययत्पार्षदान्
आसंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।
आत्मारामनन्तधाम महसाध्यक्षेण नित्योदितं
धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत्।।३३।।

જ્ઞાન કેવું પ્રગટ થાય છે કે આનંદ લેતું જ પ્રગટ થાય છે. આનંદ અને જ્ઞાન મુખ્ય બે વર્ણન બતાવ્યા છે. જ્ઞાન એટલે જીવ, શુદ્ધ જીવદ્રવ્ય સ્વરૂપ, તે મનને આનંદરૂપ કરતું. અહીં જ્ઞાન કીધુંને એટલે કરતું જીવને આત્મસ્વભાવ તેને મનને એટલે આત્માને આનંદરૂપ કરતું પ્રગટ થાય છે. જ્ઞાન તો એને કહીએ અને જ્ઞાન પ્રગટ થતાં તેને આનંદ ભેગો હોય તેને જ્ઞાન કહીએ. આહાહાહા ! આવી મોટી શરતું છે.

मनो ह्लादयत् છે ને મનને આનંદરૂપ કરતું, મનને એટલે મૂળ આત્માને પર્યાયમાં મનને આનંદરૂપ કરતું જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, પ્રગટ થાય છે. કેવું છે તે ? 'પાર્ષદાન' જીવ અજીવના સ્વાંગને જોનારા, 'પાર્ષદાન' છે ને ? જીવ અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષો પાર્ષદાનની વ્યાખ્યા આટલી. પાર્ષદાન એટલે મહાપુરુષ, ગણધરાદિ, છે ઓલામાં ગણધર અર્થ

કર્યો છે. પાર્ષદાન જીવ અજીવના સ્વાંગને જોનારા ગણધરો આદિ મહાપુરુષો "જીવ અજીવ વિવેક પુષ્કળ દશા" જીવ અજીવનો ભેદ દેખનારી, અતિ ઉજ્જવળ નિર્દોષ દૃષ્ટિ વડે. આહાહાહા !

ભગવાન ચૈતન્ય સ્વરૂપ એ જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે, એમ બતાવતું અને રાગાદિ શરીરાદિ અજીવ સ્વરૂપ છે એમ જ્ઞાન બતાવતું, ભેદ દેખનારી અતિ ઉજ્જવળ નિર્દોષ દૃષ્ટિ વડે. ચૈતન્ય સ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ ઉજ્જવળ દૃષ્ટિ થઈ, નિર્મળ થઈ. નિજ નિધાનને જોવાની જે દૃષ્ટિ, એ ઉજ્જવળ છે. નિર્દોષ દૃષ્ટિ વડે "પ્રત્યાયત" ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે. એ જ્યાં જ્ઞાન અંદરથી રાગથી ભિન્ન પડીને (સમ્યક્) થયું તે આત્માને ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે. રાગ ને શરીરથી ભગવાન ભિન્ન છે તેમ એ જ્ઞાન બતાવી રહ્યું છે. આહાહાહા !

"આસંસાર નિબદ્ધ, બંધન, વિધિધ્વંસાત" આ સંસાર એટલે અનાદિ સંસાર એમ 'આ' છે ને ? અનાદિ સંસાર જેમનું બંધન દૃઢ બંધાયું છે, જ્ઞાનાવરણી આદિ કર્મ અને ભાવકર્મ જ્ઞાનાવરણાદિ કર્મોના નાશથી, ભાવકર્મને દ્રવ્યકર્મના નાશથી, ભગવાન આત્મા આઠેય કર્મથી રહિત અને આઠેય કર્મના નિમિત્તથી થતા ભાવોથી પણ રહિત, એવા શુદ્ધ સ્વભાવને પ્રગટ કરતું જ્ઞાન આનંદ સહિત પ્રગટ થાય છે. ભલે અહીંયા નીચે હો, પણ એ આઠ કર્મ ને ભાવથી ભિન્ન જ છે એ. જેનો જ્ઞાયક સ્વભાવ આનંદ સ્વભાવ, દ્રવ્ય સ્વભાવ એ તો આઠ કર્મથી અને કર્મના નિમિત્તના ભાવકભાવથી અત્યારે ભિન્ન છે. આઠ કર્મ રહિત થઈ જાય ત્યારે સિદ્ધ થાય એ તો વળી પર્યાયની વાત છે. આહાહાહા !

આઠેય કર્મનું અજીવપણું એ જીવદ્રવ્યના સ્વભાવમાં તેનો અભાવ છે. એ આઠેય કર્મથી ભિન્ન ભગવાન અને તેના નિમિત્તે થતા વિપરીત ભાવ, તેનાથી ભિન્ન, તેને નાશ કરતું વિધિ એટલે કર્મ "નિબદ્ધ બંધન વિધિ ધ્વંસાત્" એ આઠ કર્મ અને તેના નિમિત્તે થતા વિકારી ભાવો દ્રવ્યકર્મ, નોકર્મ અને ભાવકર્મ બધું, તેના નાશથી વિશુદ્ધ થયું છે. જ્ઞાન એટલે આત્મા. આઠેય કર્મ છે અજીવ એનાથી ભિન્ન ભાવકર્મ છે, વિકૃત એનાથી ભિન્ન, એનું ભાન કરીને તેને નાશ કરતું, છે ને ? ધ્વંસાત્–ધ્વંસાત્ ધ્વંસ કરીને થઈ જાય પણ શૈલી તો આમ જ હોય ને, સ્વભાવ સન્મુખ થાય છે એટલે વિકાર અને કર્મ બેય જુદા પડી જાય છે. એને નાશ કરે છે એમ કહેવામાં આવે છે. આહાહાહા !

"સ્ફુટમ્" સ્ફૂટ થયું થકું. ફૂલની કળી ખીલે તેમ વિકાસ ખીલ્યો છે. કળી જેમ ખીલે, લાખ પાંખડીનું ગુલાબ જેમ ખીલી ઊઠે એમ ભગવાન અનંત ગુણના ગુલાબજળથી પર્યાયમાં ખીલી નીકળ્યો છે. અનંત ગુણોનો વિકાસ થઈ ગયો છે. સમ્યગ્દર્શનમાં પણ અનંત ગુણોનો વિકાસ પર્યાયમાં થઈ ગયો છે. "સર્વ ગુણાંશ તે સમકિત" એમ કીધું છે ને. સ્ફુટમ્' સ્ફૂટ થયું થકું પ્રગટ થયું થકું એમ–જે શક્તિરૂપે છે. ભગવાન આનંદ ને જ્ઞાન આદિની શક્તિ સ્વભાવના સામર્થ્યરૂપે છે, એ પર્યાયમાં પ્રગટ થયો. આહાહાહા !

વળી તે કેવું છે ? "આત્મ–આરામમ્" જેનું રમવાનું ક્રીડાવન આત્મા છે. જ્ઞાનનું કહે છે કે જે ભગવાન આત્મા રાગ અને અજીવથી જ્યાં ભિન્ન પડયો પ્રભુ એટલે અનંતા ગુણો છે તે અંશે બધા ખીલી નીકળે છે, અને તે આત્મારામ, તે આત્મામાં આરામ પામે છે. છે ?

રમવાનું ક્રીડાવન આત્મા જ છે, જેમાં અનંત જ્ઞેયોના આકાર આવી ઝળકે છે. સમજાવે

છે, ઝળકે ઈ ક્યાં અહીં ઝળકે છે પણ અનંત જ્ઞેયોનું જ્ઞાન અહીં થાય છે, એ પોતાના સ્વભાવના સામર્થ્યથી થાય છે, તોપણ પોતે પોતાના સ્વરૂપમાં જ રમે છે. એ અનંત જ્ઞેયોનું અહીં જ્ઞાન થાય તે પોતે જ્ઞેયોમાં જતો નથી, પોતાના ક્ષેત્રમાં અને પોતાના ભાવમાં એ પોતે રમે છે. અનંત જ્ઞેયોને જાણવા છતાં પોતે પોતાના જ્ઞાનમાં રમે છે. આહાહાહા !

જ્ઞાનસ્વરૂપ ભગવાન પરથી જ્યાં ભિન્ન પડીને ખીલી નીકળ્યો, ત્યારે અનંત જ્ઞેયો જે છે ( તેને ) પોતાના માન્યા હતા તે છુટી ગયું. હવે રહ્યું એ છે તેનું અહીં જ્ઞાન થાય, એ મારાં હતા એમ માન્યતા છૂટી ત્યારે તેનું તે સંબંધીનું જ્ઞાન પોતાનું પોતામાંથી ખીલે છે.આહાહાહા !

બહુ શ્લોક ને ટીકા ને ગાથા ને ગજબની વાતું છે. કેટલી ગંભીરતા ભરી છે અંદર. એ બધા જ્ઞેયો જાણવામાં આવે તો પણ પોતે પોતાના સ્વરૂપમાં રમે છે. જેનો અનંતધામ, આત્મઆરામ "અનંતધામ" જેનો પ્રકાશ અનંત છે, ધામ એટલે પ્રકાશ, અનંત છે, અનંત અનંત અનંત અનંત પ્રકાશ છે. આહાહાહા !

અધ્યક્ષેણ પ્રત્યક્ષ તેજથી તે નિત્ય ઉદયરૂપ છે, ભગવાન જ્ઞાનસ્વરૂપ જ્યાં પ્રગટયું તો નિત્ય પ્રગટરૂપ જ રહે છે. આહા... કેવળજ્ઞાન થયું કે સમ્યગ્જ્ઞાન થયું એ પ્રગટ જ રહે છે સદા. 'ધીર' છે, અચંચળ છે, ચંચળ નથી, "ઉચ્ચ છે અને અનાકુળ છે" ઈચ્છાઓથી રહિત નિરાકુળ છે, ધીર, ઉદાત્ત, અનાકુળ એ ત્રણ વિશેષણો શાંતરૂપ નૃત્યના આભુષણ જાણવા પરિણમનની શોભા જાણવી એ આત્માના પરિણમનની ત્રણ શોભા. એવું જ્ઞાન વિલાસ કરે છે, લ્યો એવો ભગવાન આત્મા, જ્ઞાનની વિલાસની રમતેમાં રમે છે એને આત્મા કહીએ. વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૧૧૩ કળશ ૩૩ નો ભાવાર્થ તથા ગાથા-૩૯ થી ૪૩ તા. ૨૦/૧૦/૭૮ શુક્રવાર આસો વદ-૪

ભાવાર્થ છે ને ? ૩૩ કળશ એનો ભાવાર્થ. આ જ્ઞાનનો મહિમા કહ્યો. જ્ઞાનસ્વરૂપ આત્મા એણે બધું જાણીને સ્વતરફ ઢળીને પૂર્ણાનંદની પ્રાપ્તિ કરી એ જ્ઞાન સ્વરૂપ. જીવ અજીવ એક થઈ રંગભૂમિમાં પ્રવેશ કરે છે. જીવ અને અજીવ બે સંયોગે એક થઈને અખાડાની ભૂમિમાં જેમ નાચ કરે એમ રંગભૂમિમાં આવીને ઉભા છે. "તેમને આ જ્ઞાન જ ભિન્ન ભિન્ન જાણે છે" આ જ્ઞાનનો સ્વભાવ જ એવો છે, કે હું જ્ઞાન છું અને રાગાદિ તે ભિન્ન છે. રાગ એ અજીવ છે, એ ચૈતન્યના શકિતના સ્વભાવમાંથી થયેલું નથી. એ તો રાગ અજીવ, ચૈતન્યના સ્વભાવનો જેમાં અભાવ છે એમ જ્ઞાન ભિન્ન ભિન્ન જાણે છે.

"જેમ નૃત્યમાં કોઈ સ્વાંગ આવે તેને જે યથાર્થ જાણે" બહુરૂપીઓકા સ્વાંગ પહેરે છે ને "સ્વાંગ કરનારો નમસ્કાર કરી પોતાનું રૂપ જેવું હોય તેવું જ કરી લે છે" એવી રીતે અહીં પણ જાણવું. "આવું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ પુરુષોને હોય છે" જેને જ્ઞાયક સ્વભાવ ધ્રુવ, તેની દૃષ્ટિ થઈ છે જેથી તેને સમ્યગ્જ્ઞાન થયું છે એને આ યથાર્થ વિવેક અને ભેદજ્ઞાન હોય છે. મિથ્યાદૃષ્ટિ આ ભેદને જાણતા નથી. અજ્ઞાની આ રાગાદિ ભાવ મારી ચીજનો નથી એમ એ જાણતો નથી. એ રાગ છે તે હું છું, પુણ્ય આદિના ભાવ તે હું છું એમ માનીને મિથ્યાદૃષ્ટિ ભેદ જાણતા નથી.

## ગાથા - ૩૯ થી ૪૩

अप्पाणमयाणंता मूढा दु परप्पवादिणो केई।
जीवं अज्झवसाणं कम्मं च तहा परूवेंति।।३९।।
अवरे अज्झवसाणेसु तिव्वमंदाणुभागगं जीवं।
मण्णंति तहा अवरे णोकम्मं चावि जीवो त्ति।।४०।।
कम्मस्सुदयं जीवं अवरे कम्माणुभागमिच्छंति।
तिव्वत्तणमंदत्तणगुणेहिं जो सो हवदि जीवो।।४१।।
जीवो कम्मं उहयं दोण्णि वि खलु केइ जीवमिच्छंति।
अवरे संजोगेण दु कम्माणं जीवमिच्छंति।।४२।।
एवंविहा बहुविहा परमप्पाणं वदंति दुम्मेहा।
ते ण परमट्ठवादी णिच्छयवादीहिं णिद्दिट्ठा।।४३।।

आत्मानमजानन्तो मूढास्तु परात्मवादिनः केचित्।
जीवमध्यवसानं कर्म च तथा प्ररूपयन्ति।।३९।।
अपरेऽध्यवसानेषु तीव्रमन्दानुभागगं जीवम्।
मन्यन्ते तथाऽपरे नोकर्म चापि जीव इति।।४०।।
कर्मण उदयं जीवमपरे कर्मानुभागमिच्छन्ति।
तीव्रत्वमन्दत्वगुणाभ्यां यः स भवति जीवः।।४१।।
जीवकर्मोभयं द्वे अपि खलु केचिज्जीवमिच्छन्ति।
अपरे संयोगेन तु कर्मणां जीवमिच्छन्ति।।४२।।
एवंविधा बहुविधाः परमात्मानं वदन्ति दुर्मेधसः।
ते न परमार्थवादिनः निश्चयवादिभिर्निर्दिष्टाः।।४३।।

---

इह खलु तदसाधारणलक्षणाकलनात्क्लीबत्वेनात्यन्तविमूढाः सन्तस्तात्त्विकमात्मानमजानन्तो बहवो बहुधा परमप्यात्मानमिति प्रलपन्ति। नैसर्गिकरागद्वेषकल्माषितमध्यवसानमेव जीवस्तथाविधाध्यवसानात् अङ्गारस्येव कार्ष्ण्यादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। अनाद्यनन्तपूर्वापरीभूतावयवैकसंसरणक्रियारूपेण क्रीडत्कर्मैव जीवः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। तीव्रमन्दानुभवभिद्यमानदुरन्तरागरसनिर्भराध्यवसानसन्तान एव जीवस्त-

तोऽतिरिक्तस्यान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। नवपुराणावस्थादिभावेन प्रवर्तमानं नोकर्मैव जीवः शरीरादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। विश्वमपि पुण्यपापरूपेणाक्रामन् कर्मविपाक एव जीवः शुभाशुभभावादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। सातासातरूपेणाभिव्याप्तसमस्ततीव्रमन्दत्वगुणाभ्यां भिद्यमानः कर्मानुभव एव जीवः सुखदुःखातिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। मज्जितावदुभयात्मकत्वादात्मकर्मोभयमेव जीवः कार्त्स्न्यतः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। अर्थक्रियासमर्थः कर्मसंयोग एव जीवः कर्मसंयोगात्खट्वाया इवाष्टकाष्ठसंयोगादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। एवमेवंप्रकारा इतरेऽपि बहुप्रकाराः परमात्मेति व्यपदिशन्ति दुर्मेधसः, किन्तु न ते परमार्थवादिभिः परमार्थवादिन इति निर्दिश्यन्ते।

कुतः-

---

હવે જીવ-અજીવનું એકરૂપ વર્ણન કરે છેઃ-

**કો મૂઢ, આત્મતણા અજાણ, પરાત્મવાદી જીવ જે,**
**'છે કર્મ, અધ્યવસાન તે જીવ' એમ એ નિરૂપણ કરે! ૩૯.**
**વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષણ-મંદ જે,**
**એને જ માને આતમા, વળી અન્ય કો નોકર્મને! ૪૦.**
**કો અન્ય માને આતમા કર્મો તણા વળી ઉદયને,**
**કો તીવ્રમંદ-ગુણો સહિત કર્મો તણા અનુભાગને! ૪૧.**
**કો કર્મ ને જીવ ઉભયમિલને જીવની આશા ધરે,**
**કર્મો તણા સંયોગથી અભિલાષ કો જીવની કરે! ૪૨.**
**દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,**
**તે સર્વને પરમાર્થવાદી કહ્યા ન નિશ્ચયવાદીએ.૪૩.**

---

**ગાથાર્થઃ-** [ आत्मानम् अजानन्तः ] આત્માને નહિ જાણતા થકા [ परात्मवादिनः ] પરને આત્મા કહેનારા [ केचित् मूढाः तु ] કોઈ મૂઢ, મોહી, અજ્ઞાનીઓ તો [ अध्यवसानं ] અધ્યવસાનને [ तथा च ] અને કોઈ [ कर्म ] કર્મને [ जीवम् प्ररूपयन्ति ] જીવ કહે છે. [ अपरे ] બીજા કોઈ [ अध्यवसानेषु ] અધ્યવસાનોમાં [ तीव्रमन्दानुभागगं ] તીવ્રમંદ અનુભાગગતને [ जीवं मन्यन्ते ] જીવ માને છે [ तथा ] અને [ अपरे ] બીજા કોઈ [ नोकर्म अपि च ] નોકર્મને [ जीवः इति ] જીવ માને છે. [ अपरे ] અન્ય કોઈ [ कर्मणः उदयं ] કર્મના ઉદયને [ जीवम् ] જીવ માને છે, કોઈ '[ यः ] જે [ तीव्रत्वमन्दत्वगुणाभ्यां ] તીવ્રમંદપણારૂપ ગુણોથી ભેદને પ્રાપ્ત થાય છે [ सः ] તે [ जीवः भवति ] જીવ છે' એમ [ कर्मानुभागम् ] કર્મના અનુભાગને [ इच्छन्ति ] જીવ ઇચ્છે છે ( -માને છે ). [ केचित् ] કોઈ [ जीवकर्मोभयं ] જીવ અને કર્મ [ द्वे अपि खलु ] બન્ને મળેલાંને જ [ जीवम् इच्छन्ति ] જીવ માને છે [ तु ] અને [ अपरे ]

અન્ય કોઈ [ कर्मणां संयोगेन ] કર્મના સંયોગથી જ [ जीवम् इच्छन्ति ] જીવ માને છે. [ एवंविधाः ] આ પ્રકારના તથા [ बहुविधाः ] અન્ય પણ ઘણા પ્રકારના [ दुर्मेधसः ] દુર્બુદ્ધિઓ-મિથ્યાદૃષ્ટિઓ [ परम् ] પરને [ आत्मानं ] આત્મા [ वदन्ति ] કહે છે. [ ते ] તેમને [ निश्चय- वादिभिः ] નિશ્ચયવાદીઓએ ( -સત્યાર્થવાદીઓએ ) [ परमार्थवादिनः ] પરમાર્થવાદી ( -સત્યાર્થ કહેનારા ) [ न निर्दिष्टाः ] કહ્યા નથી.

ટીકાઃ-આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા, તાત્ત્વિક ( પરમાર્થભૂત ) આત્માને નહિ જાણતા એવા ઘણા અજ્ઞાની જનો બહુ પ્રકારે પરને પણ આત્મા કહે છે, બકે છે. કોઈ તો એમ કહે છે કે સ્વાભાવિક અર્થાત્ સ્વયમેવ ઉત્પન્ન થયેલા રાગદ્વેષ વડે મેલું જે અધ્યવસાન ( અર્થાત્ મિથ્યા અભિપ્રાય સહિત વિભાવપરિણામ ) તે જ જીવ છે કારણ કે જેમ કાળાપણાથી અન્ય જુદો કોઈ કોલસો જોવામાં આવતો નથી તેમ એવા અધ્યવસાનથી જુદો અન્ય કોઈ આત્મા જોવામાં આવતો નથી. ૧. કોઈ કહે છે કે અનાદિ જેનો પૂર્વ અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે એવી જે એક સંસરણરૂપ ( ભ્રમણરૂપ ) ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું જે કર્મ તે જ જીવ છે કારણ કે કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. ૨. કોઇ કહે છે કે તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત ( જેનો અંત દૂર છે એવા ) રાગરૂપ રસથી ભરેલાં અધ્યવસાનોની જે સંતતિ ( પરિપાટી ) તે જ જીવ છે કારણ કે તેનાથી અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી. ૩. કોઇ કહે છે કે નવી ને પુરાણી અવસ્થા ઇત્યાદિ ભાવે પ્રવર્તતું જે નોકર્મ તે જ જીવ છે કારણ કે શરીરથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. ૪. કોઈ એમ કહે છે કે સમસ્ત લોકને પુણ્યપાપરૂપે વ્યાપતો જે કર્મનો વિપાક તે જ જીવ છે કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. ૫. કોઈ કહે છે કે શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદત્વગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ તે જ જીવ છે કારણ કે સુખ-દુઃખથી અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી. ૬. કોઈ કહે છે કે શિખંડની જેમ ઉભયરૂપ મળેલાં જે આત્મા અને કર્મ, તે બન્ને મળેલાં જ જીવ છે કારણ કે સમસ્તપણે ( સંપૂર્ણપણે ) કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. ૭. કોઈ કહે છે કે અર્થક્રિયામાં ( પ્રયોજનભૂત ક્રિયામાં ) સમર્થ એવો જે કર્મનો સંયોગ તે જ જીવ છે કારણ કે જેમ આઠ લાકડાંના સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો જોવામાં આવતો નથી તેમ કર્મના સંયોગથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. ( આઠ લાકડાં મળી ખાટલો થયો ત્યારે અર્થક્રિયામાં સમર્થ થયો; તે રીતે અહીં પણ જાણવું. ) ૮. આ પ્રમાણે આઠ પ્રકાર તો આ કહ્યા અને એવા એવા અન્ય પણ અનેક પ્રકારના દુર્બુદ્ધિઓ ( અનેક પ્રકારે ) પરને આત્મા કહે છે; પરંતુ તેમને પરમાર્થના જાણનારાઓ સત્યાર્થવાદી કહેતા નથી.

ભાવાર્થઃ-જીવ-અજીવ બન્ને અનાદિથી એકક્ષેત્રાવગાહસંયોગરૂપ મળી રહ્યાં છે અને અનાદિથી જ જીવની પુદ્‌ગલના સંયોગથી અનેક વિકારસહિત અવસ્થાઓ થઈ રહી છે. પરમાર્થદૃષ્ટિએ જોતાં, જીવ તો પોતાના ચૈતન્યત્વ આદિ ભાવોને છોડતો નથી

**અને પુદ્‌ગલ પોતાના મૂર્તિક જડત્વ આદિને છોડતું નથી. પરંતુ જે પરમાર્થને જાણતા નથી તેઓ સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે; કારણ કે પરમાર્થે જીવનું સ્વરૂપ પુદ્‌ગલથી ભિન્ન સર્વજ્ઞને દેખાય છે તેમ જ સર્વજ્ઞની પરંપરાનાં આગમથી જાણી શકાય છે, તેથી જેમના મતમાં સર્વજ્ઞ નથી તેઓ પોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી કહે છે. તેમાંથી વેદાંતી, મીમાંસક, સાંખ્ય, યોગ, બૌદ્ધ, નૈયાયિક, વૈશેષિક, ચાર્વાક આદિ મતોના આશય લઈ આઠ પ્રકાર તો પ્રગટ કહ્યા; અને અન્ય પણ પોતપોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી અનેક પ્રકારે કહે છે તે ક્યાં સુધી કહેવા ?**

**પ્રવચન નં. ૧૧૩** **ગાથા ૩૯ થી ૪૩ ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન**
**તા. ૨૦/૧૦/૭૮ શુક્રવાર આસો વદ-૪**

હવે જીવ-અજીવનું એકરૂપ વર્ણન કરે છેઃ-

अप्पाणमयाणंता मूढा दु परप्पवादिणो केई।
जीवं अज्झवसाणं कम्मं च तहा परूवेंति।।३९।।
अवरे अज्झवसाणेसु तिव्वमंदाणुभागगं जीवं।
मण्णंति तहा अवरे णोकम्मं चावि जीवो त्ति।।४०।।
कम्मस्सुदयं जीवं अवरे कम्माणुभागमिच्छंति।
तिव्वत्तणमंदत्तणगुणेहिं जो सो हवदि जीवो।।४१।।
जीवो कम्मं उहयं दोण्णि वि खलु केइ जीवमिच्छंति।
अवरे संजोगेण दु कम्माणं जीवमिच्छंति।।४२।।
एवंविहा बहुविहा परमप्पाणं वदंति दुम्मेहा।
ते ण परमट्ठवादी णिच्छयवादीहिं णिद्दिट्ठा।।४३।।

કો મૂઢ, આત્મતણા અજાણ, પરાત્મવાદી જીવ જે,
'છે કર્મ, અધ્યવસાન તે જીવ' એમ એ નિરૂપણ કરે! ૩૯.
વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષ્ણ-મંદ જે,
એને જ માને આતમા, વળી અન્ય કો નોકર્મને! ૪૦.
કો અન્ય માને આતમા કર્મો તણા વળી ઉદયને,
કો તીવ્રમંદ-ગુણો સહિત કર્મો તણા અનુભાગને! ૪૧.
કો કર્મ ને જીવ ઉભયમિલને જીવની આશા ધરે,
કર્મો તણા સંયોગથી અભિલાષ કો જીવની કરે! ૪૨.
દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,
તે સર્વને પરમાર્થવાદી કહ્યા ન નિશ્ચયવાદીએ. ૪૩.

દુમ્મેહા શબ્દ છે ને દુમ્મેહાનો દુર્બુદ્ધિ અર્થ કર્યો,
દુમ્મેહા શબ્દ છે ને ૪૩ માં એનો અર્થ દુર્બુદ્ધિ કર્યો, દુમ્મેહા-દુર્બુદ્ધિ.

**ટીકા:** “આ જગતમાં” આ જગતમાં એમ કરીને જગત સિદ્ધ કર્યું. જગત છે એ આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે, ભગવાન આત્માનું અસાધારણ લક્ષણ જે બીજે ન હોય એવું, આનંદ અને જ્ઞાન જેનું લક્ષણ છે, એવું નહિ જાણનારા “નપુંસક પણે” એનું વીર્ય નપુંસક છે કહે છે. નપુંસકપણે રાગને પોતાનું માને એ નપુંસક છે. પાવૈયા, હીજડા છે એમ કહે છે. શું કરુણાની ભાષા છે ભાઈ. અરે ! ભગવાન પૂરણ જ્ઞાન, આનંદના લક્ષણથી સ્વાભાવિક વસ્તુ પડી છે. એને તું માનતો નથી અને આ રાગાદિને પોતાના માને છે, એ નપુંસક છો તું. નપુંસકને જેમ ધર્મ પ્રજા ન હોય. એમ રાગને પોતાનો માનનારને ધર્મપ્રજા ન હોય. નપુંસકને વીર્ય ન હોય તેથી પ્રજા ન હોય આને વીર્ય જે નપુંસકપણે થયું છે રાગાદિમાં એને સમ્યગ્દર્શનની પ્રજા ન હોય એને મિથ્યાદર્શનની દશા હોય. આહાહાહા !

જગતમાં ભગવાન આત્મા એનું અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે નપુંસકપણે, વીર્યનો ગુણ લીધો છે ને ત્યાં ? આત્મામાં એક વીર્ય નામનો પુરુષાર્થ નામનો અનંત અનંત અનંત સામર્થ્યવાળો ગુણ છે. એ ગુણનું કાર્ય તો એવું હોય, ( કે ) પોતાના શુદ્ધ સ્વભાવની રચના કરે એને વીર્ય કહીએ. એને પુરુષાર્થ કહીએ, કે જે વીર્ય પોતાના અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ એની વર્તમાન નિર્મળ પર્યાયને રચે તેને વીર્યગુણ કહીએ. રાગને અને દયા દાનના વિકલ્પને પોતાના માને એનો અર્થ એ કે રાગાદિ ક્રિયાથી મને લાભ થશે, એમ માનનારા રાગને પોતાનો માને, પોતાના સ્વભાવથી લાભ થાય, એમ આ રાગથી લાભ થાય એમ માનનારાઓ નપુંસકપણે છે. એનું વીર્ય નપુંસક છે કહે છે. આહાહાહા !

“અત્યંત વિમૂઢ” બીજી ભાષા, શુભઅશુભ રાગ, ન્યાલભાઈને એટલું જ કહ્યું ’તું ન્યાલભાઈ આવ્યા ’તા ને સોગાની, એટલું કહ્યું ’તું. ભાઈ ! રાગ અને આત્મા, જ્ઞાન બે જુદી ચીજ છે. બસ એટલું જ સાંભળ્યું સમિતિના રસોડે ચાલ્યા ગયા, સાંજથી સવાર સુધી રાત આખી, બસ આ રાગ અને ભગવાન બે ભિન્ન છે પ્રભુ, ચાહે તો રાગ દયા, દાન વિકલ્પનો હોય, કે ગુણી ને ગુણના ભેદનો રાગ વિકલ્પ હોય એના રાગથી ભગવાન અંદર જુદી ચીજ છે. એમણે એક રાત વિચાર મંથન કર્યું, અને દિવસ ઉગ્યા પહેલાં નિર્વિકલ્પદશા પ્રગટ કરીને ઉભા થઈ ગયા. આ સમિતિમાં સોગાની જેમનું “દ્રવ્ય દૃષ્ટિ પ્રકાશ” પુસ્તક બહાર પડયું છે ને ? જોયું છે કે નહીં ત્રિલોકચંદજી ? “દ્રવ્ય દૃષ્ટિ પ્રકાશ” જોયું છે ? ( હા ) ઠીક. એક રાતમાં રાગ અને જ્ઞાન બે જુદા પ્રભુ. ઈ ઘોલન કરતાં કરતાં કરતાં રાત્રી આખી હોં, એ રાગથી ભિન્ન ભગવાન જ્ઞાનસ્વરૂપ એનો નિર્વિકલ્પ અનુભવ કર્યો, અહીંયા એ કહે છે કે જેને રાગને, એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ તો રાગ છે, એ રાગથી મને સમકિત થશે, એ રાગથી મને ધર્મ થશે, એ માનનારા પ્રભુ આકરી વાત છે પ્રભુ હોં ! કહે છે કે એનું વીર્ય નપુંસક છે. આહાહાહા !

ભગવાન આત્મા રાગથી ભિન્ન છે, અહીં તો પ્રકાર ઘણાં લેશે પણ મુખ્ય વસ્તુ આંહી છે. જેટલાં વિકલ્પ માત્ર વૃત્તિ ઊઠે છે, એ ચૈતન્યદળ, જ્ઞાયકદળમાં એ નથી. એમ ન માનતા જે રાગ છે તે મારો છે અથવા રાગ છે તે મને લાભકર્તા માન્યો. એનો અર્થ જ એ કે રાગ પોતાનો માન્યો. ઝીણી વાત પડે, લોકો કહે છે ને વ્યવહાર રત્નત્રય કરતા નિશ્ચય પમાય, પ્રભુ એ રાગથી નિશ્ચય પમાય, તો એનો અર્થ એ થયો કે રાગ જ જીવનો સ્વભાવ છે. અને સ્વભાવથી

સ્વભાવની પ્રાપ્તિ થાય. ધીરાના કામ છે બાપા. આ કાંઈ એ નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા રાગના કણને શુભરાગને અરે પ્રભુ જુઓ. અહીં તો એમ કહ્યું કે શુભજોગ જ અત્યારે હોય પ્રભુ, તો શુભજોગ જ એ ધર્મ છે ? એ શુભ જોગ એ રાગ છે અને રાગ છે ઈ મારો છે એમ માનનારા નપુંસક છે, હીજડાઓ છે, પાવૈયા છે. એ આત્મા નહીં એ આવી વાતું. હેં ? ( શ્રોતાઃ- પરમ સત્ય ) આહાહાહા !

પછી બધા ઊતરશે, આઠ બોલ છે ને ? "અત્યંત વિમૂઢ થયા થકા" ભગવાન જ્ઞાન સ્વરૂપી પ્રભુ, એ ભિન્ન ચીજ છે, એમાં અત્યંત વિમૂઢ થયા થકા, એ રાગની કણિકાને પોતાની માને છે, એ વીર્યહીન, અત્યંત વિમૂઢ છે. "તાત્વિક આત્માને નહીં જાણતા" તાત્વિક "પરમાર્થભૂત" ભગવાન આત્મા એ રાગની ક્રિયાના પરિણામથી ભિન્ન છે. કેમ કે કોઈ ચૈતન્યના અનંત ગુણમાં કોઈ ગુણ એવો નથી, અનંત અનંત અનંત અનંત અનંત અપાર ગુણ, એવા ગુણ અનંત અપાર અપાર અનંતનો અંત નહીં એટલા ગુણ પણ એટલા ગુણમાં કોઈ ગુણ એવો નથી કે વિકાર કરે. રાગ કરે, એવા અનંત અનંત ગુણમાં કોઈ એકેય ગુણ નથી. આહાહા ! સમજાય છે કાંઈ ?

એથી એ રાગ સ્વભાવના લક્ષ વિના, પરના લક્ષે થયેલો વિકાર રાગ એ પરમાર્થના જાણનારાઓ નથી. એ રાગને પોતાનો માને. એ શુભજોગથી આત્માને લાભ માને, પ્રભુ પ્રભુ આકરી વાત ભાઈ, એ તાત્ત્વિક આત્મા,આત્મા તાત્ત્વિક એટલે ? રાગ છે એ તો વિકૃત અવસ્થા એ કાંઈ તાત્ત્વિક આત્મા નથી. પરમાર્થભૂત ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ જેનું સ્વરૂપ છે, એવો તાત્ત્વિક ભગવાન આત્મા એને નહીં જાણતા એવા, નહિ જાણતા એવા, ઘણાં અજ્ઞાનીજનો થોડા નથી કહે છે ઘણાં અજ્ઞાનીજનો. બહુ પ્રકારે ઘણાં પ્રકાર લેશે ને ? પરને પણ આત્મા કહે છે, કહે છે એનો અર્થ માને છે. રાગાદિ પ્રકાર આઠ લેશે ઘણાં, બહુ પ્રકારે પરને પણ, પોતાને તો ઠીક પણ પરને પણ પોતાનું માને છે એમ કહે છે.

જે ભગવાન આત્મા રાગ અને કર્મ એનાથી ભિન્ન છે, કર્મ, કહેશે કર્મ મારા છે, એટલે શું કે કર્મથી મને રાગ થાય, અને રાગથી મને લાભ થાય. એટલે આઠ કર્મ મારા છે. પછી કહેશે. અંદર આત્માને નહિ જાણતા એવા ઘણાં અજ્ઞાનીજનો, ઘણે પ્રકારે પરને પણ આત્મા કહે, પોતાને તો કહે જ એ માની શકાય, આ તો પરને પણ કહે એમ કહે છે. જે પર તે રાગાદિ પર આત્મા નથી. પરને પણ આત્મા કહે છે. આહાહાહા ! બકે છે, એમ નહિ લ્યો.

પ્રલપન્તિ છે ને ? પ્રલપન્તિ-પ્રલપન્તિ પ્રકૃષ્ટે લવે છે. સંસ્કૃત ટીકામાં છે લવે છે, શબ્દ તો એક જ છે એ હોં. કહે છે કે બકે છે બધું એક જ છે. 'પ્રલપન્તિ' બકે છે ઈતો. ગાંડો માણસ જેમ બકે એમ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ એને રાગવાળો છું, કર્મવાળો છું, એમ બકે છે માળા. "પ્રલપન્તિ" છે ને ભાઈ ? એનો અર્થ છે એ. 'પ્રલપન્તિ' પરમ આત્માનમ્ ઈતિ પ્રલપન્તિ, બહુ બહુધા પરમ આત્માનમ ઈતિ પ્રલપન્તિ આત્માનમ્ ઈતિ ત્યાંથી 'પણ' કાઢ્યું લાગે છે. આત્માનમ્ ઈતિ 'અપિ' શબ્દ છે ને ? પ્રલપન્તિ, ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ એને અજ્ઞાની બધા મૂંઢ, એ રાગના પરિણામ જે છે, પુણ્ય પાપના ભાવ છે, એ મારા છે, મારામાં છે, એમ બકે છે, કહે છે. પ્રરૂપે છે એમ ન લેતા બકે છે. આવું આકરું કામ માણસને લાગે.

કોઈ તો એમ કહે છે કે હવે બોલ ઉપાડયો. સ્વાભાવિક સ્વયમેવ ઉત્પન્ન થયેલા રાગદ્વેષ વડે મેલું જે અધ્યવસાન રાગ અને દ્વેષ પુણ્ય ને પાપનો વિકલ્પ, એ વડે મેલું જે અધ્યવસાન, મિથ્યા અભિપ્રાય સહિત વિભાવ પરિણામ-મિથ્યા અભિપ્રાય સહિત વિભાવ પરિણામ, એ પુણ્ય ને પાપના પરિણામ એ રાગદ્વેષ વડે મેલાં છે. એવો જે અધ્યવસાય એકત્વબુદ્ધિ છે એને એમ કહે છે. મિથ્યાઅભિપ્રાય સહિત વિભાવ પરિણામ તે જ જીવ છે, તે જીવ છે એની પર્યાયમાં થાય છે માટે હું જીવ છું. આહાહા ! એ શુભ-અશુભ ભાવ દયા, દાન, વ્રત ભક્તિ આદિનો ભાવ, આ મેલ છે રાગના મેલવાળો જીવ છે આકરી વાત એવો અધ્યવસાન તે, તે જ જીવ છે, એમ પાછું તે જ જીવ છે, રાગની એકતાબુદ્ધિ તે જ જીવ છે.

ભગવાન આનંદનો નાથ પ્રભુ ભિન્ન છે, એને અત્યંત મૂઢ જીવો જાણતા નથી. ( શ્રોતાઃ- એમાં શું ભૂલ થઈ ) મિથ્યા અભિપ્રાય મહા જુઠ્ઠો, જે રાગનો ભાવ સ્વભાવભાવ નથી વિભાવભાવ છે, કૃત્રિમ છે, ક્ષણિક છે, મેલો છે, દુઃખ છે, એને ભગવાન આત્માની સાથે માને છે. એ બધા નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા, પરમાર્થ ભગવાનને નહિ જાણતા થકા આને પોતાનો છે એમ માને છે. એ શું કીધું ? કે સ્વાભાવિક સ્વયમેવ ઉત્પન્ન થયેલા રાગદ્વેષ વડે એ સ્વયમેવ ઉત્પન્ન થયો છે મારા સ્વભાવની પર્યાયમાં, આહાહા ! એમ દાખલો આપશે.

"કારણકે કાળાપણાથી અન્ય જુદો કોઈ કોલસો જોવામાં આવતો નથી" જુઓ ! કેવો દાખલો, કોલસો-કોલસો કાળો છે ને ? તો એની પર્યાય પણ કાળી છે તો કોલસો કાળાપણાથી જુદો દેખવામાં આવતો નથી. આહાહાહા ! દૃષ્ટાંત તો જુઓ, કોલસો જેમ કાળાપણાથી જુદો નથી, એમ મારો ભગવાન આત્મા, ભગવાન એને ક્યાં ખબર છે ? આત્મા, મેલા પરિણામથી જુદો નથી. ( શ્રોતાઃ- પરિણામ તે દ્રવ્ય છે એવું ઘણાં ઠેકાણે આવે છે ) પરિણામ એના છે એ તો પરથી જુદું પાડવા માટે પણ એ પરિણામ રાગદ્વેષના છે, એની ચીજના નથી, એ વસ્તુના નથી. આહાહાહા !

વસ્તુ તો કહ્યું ને પહેલું તેમાં અનંતા અનંતા અનંતા અપાર ગુણો છે પ્રભુમાં. પણ કોઈ એક ગુણ વિકાર કરે એવો કોઈ ગુણ નથી. એનો ગુણનો ગુણ વિકાર કરે, ગુણનો ગુણ રાગને કરે એવા ગુણનો ગુણ નથી. ( શ્રોતાઃ- બીજો આવીને કરી જાય છે રાગ ? ) એ પોતે અજ્ઞાનપણે ઊભો કરે છે, એમ કહે છે. આહાહાહા !

ભગવાન જ્ઞાનસ્વરૂપ આનંદ પ્રભુ એને નહિ જાણતા થકા, નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા એ રાગના એકત્વબુદ્ધિના પરિણામ મારા છે, જેમ કોલસાની કાળપ કોલસાથી જુદી ન હોય એમ મેલા પરિણામ મારાથી જુદા ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ ? ઓહોહો ! આત્મખ્યાતિ ટીકા છે આ. જેમ, એ અજ્ઞાનીનું દૃષ્ટાંત દે છે, કાળાપણાથી કાળાપણાની દશા એનાથી કોલસો જુદો છે કહે છે ? કાળાપણાની દશા અવસ્થા હોં એનાથી કોલસો જુદો છે ? અન્ય જુદો કોઈ કોલસો જોવામાં આવતો નથી એમ અજ્ઞાની કહે છે. એમ રાગદ્વેષના પરિણામ મારા આત્માથી જુદા હોય એમ જોવામાં આવતું નથી. વાતેય સાચી છે ત્યાં જુએ છે ને મેલને જુએ છે અને દૃષ્ટાંત કોલસાનો આપ્યો કોલસાની કાળપ જેમ કોલસાથી જુદી નથી, એમ મેલા પરિણામ આત્માથી જુદા નથી. આહાહાહા !

ભગવાન આત્માને પણ મેલો ઠરાવ્યો આખો. મેલો ભગવાન એનાથી મેલા પરિણામ જુદા નથી. ( શ્રોતાઃ- દાખલો એવો મૂકયો છે. ) દાખલો – એ મૂકયો છે. તેથી તો પોતે આચાર્યે એ રીતે મૂકયો છે. એ કાળાપણાથી, કાળપ – કોલસો જુદો જોવામાં આવતો નથી. કાળાપણું એ દશા અને કોલસો એ વસ્તુ, તો એની કાળાપણાંની દશાથી કોલસો જુદો તો દેખાણો નહીં –એમ પુણ્ય ને પાપના મેલા પરિણામથી ભગવાન જુદો તો દેખવામાં આવતો નથી. એમ અજ્ઞાનીની દલીલ છે. આહાહાહા !

ભાઈ ! આ તો અધ્યાત્મની વાતો છે. ભાઈ આ કાંઈ કથા વાર્તા કથા નથી. આહાહાહાહા ! તેમ એવા અધ્યવસાનથી જુદો એટલે કે રાગને એકતાબુદ્ધિ એવું જે અધ્યવસાન, એથી જુદો અન્ય કોઈ આત્મા જુદો જોવામાં આવતો નથી. અમને તો રાગ દેખાય છે એ જ આત્મા. આહાહા ! એ દયા–દાન–વ્રતના પરિણામ દેખાય છે શુભજોગ એ જ આત્મા. અમારે બીજો જુદો આત્મા દેખાતો નથી. અરરર ! ( શ્રોતાઃ- પંચમકાળમાં તો એમ જ હોયને ) અરે ! પંચમકાળમાં એટલે શું કાંઈ પંચમકાળમાં શેરો કરે તો એ સાકર નાખ્યા વગર – કાદવ નાખતા હશે ? આહાહાહા ! પંચમકાળના આવા અજ્ઞાનીઓ આમ માને છે એમ કહે છે, પંચમકાળનાં જ્ઞાનીઓ એમ માનતા નથી એમ કહે છે. સમજાણું કાંઈ ? બેય પંચમકાળનાં છે. અધ્યવસાનથી અન્ય કોઈ જુદો આત્મા જોવામાં આવતો નથી ઈ એક બોલ થયો. એક બોલ.

કોઈ કહે છે કે અનાદિ જેનો પૂર્વ અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે, એવી જે એક સંસરણરૂપ ક્રિયા તે રૂપે ક્રીડા કરતું કર્મ, તે જીવ છે કર્મ જ જીવ છે. ભવિષ્યકાળમાં પણ કર્મ જ હતું આત્માની સાથે સંબંધ ભવિષ્યમાં, પણ એ સંબંધી રાગની ક્રિયા કર્મની ક્રિયા એથી જુદો નથી, અનંત જેનો ભવિષ્યનો અવયવ છે, કર્મનો હોં, એવી જે એક ભ્રમણરૂપી ક્રિયા, ભ્રમણાની ક્રિયા તે રૂપે ક્રીડા કરતું કર્મ, એ કર્મ ક્રીડા કરે છે. ભ્રમણામાં કર્મ ક્રીડા કરે છે. પરિભ્રમણમાં આહાહા એ. કારણકે કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. આહાહા ! આંહી તો પરિભ્રમણ જે છે ને જીવને પર્યાયમાં એ પરિભ્રમણનું કારણ કર્મ છે, તો એ કર્મનો જે અવયવ છે પૂર્વમાં, એ પણ પરિભ્રમણનો છે, ભવિષ્યમાં પણ પરિભ્રમણનું કારણ એ કર્મ છે, એ કર્મથી ભગવાન જુદો કાંઈ જોવામાં આવતો નથી અમારે તો. આહાહાહા !

બીજી રીતે કહીએ તો એમ કહે છે કે જે કર્મ છે ને ? એનાથી જે પરિભ્રમણ ઉભું થયું છે, અને એ પરિભ્રમણ ભૂતકાળમાં પણ હતું અને ભવિષ્યમાં પણ એ કર્મને લઈને પરિભ્રમણ ઉભું થયું છે. માટે કર્મ છે એ જ આત્મા છે, આહા... એમ ઈ કહે છે. પૂર્વ અવયવ અનાદિ જેનો અવયવ એટલે કર્મનો ભાગ ક્રિયા છે ને ક્રિયા ભ્રમણની, એનું કારણ કર્મ છે એ પૂર્વ અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અનંત અનંતકાળ એમ જ રહેશે. કારણકે કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. કર્મે જ્ઞાનની દશાને હીણી કરી, કર્મે જ્ઞાનની દશા હીણી કરી ( કર્મ )ને રખડાવે છે એમ કહે છે. આહાહાહા ! ( શ્રોતાઃ- કર્મે રાજા, કર્મે રંક કર્મે વાળ્યો આડો અંક ) એ બધી વાતો. દર્શનમોહનીય કર્મ છે એનાથી મિથ્યાત્વ થાય છે ભૂતકાળમાં પણ એને લઈને થયું છે ને ભવિષ્યમાં પણ એને લઈને થશે એ જ વસ્તુ છે, આત્મા એનાથી કોઈ જુદો છે એમ નથી. જ્ઞાનાવરણી કર્મને લઈને ગયા કાળમાં પણ જ્ઞાનની હીણી અવસ્થા પરિભ્રમણની

થઈ એ કર્મને લઈને છે અને એમને એમ હીણી અવસ્થા ભવિષ્યમાં રહેશે એ પરિભ્રમણનું કારણ એનું કારણ પણ કર્મ જ છે. ભારે પણ આ કર્મકાંડનો ખુલાસો કર્યો છે. એ ચારિત્રમોહનું કર્મ છે એ અહીંયા ચારિત્રદોષ ઉત્પન્ન કરાવીને, કરાવ્યું છે ને કરશે, એટલા માટે જીવ એ જ છે. (આવું માનનાર અજ્ઞાની છે) આહાહાહા!

વેદનીયકર્મ એને લઈને સુખ દુઃખના સંયોગો અને પછી અંદર સુખ દુઃખની બુદ્ધિ મોહને લઈને કરે છે એ બધું કર્મને લઈને છે. ભૂતમાં હતું ને ભવિષ્યમાં રહેશે પણ એનાથી કોઈ સુખદુઃખની કલ્પનાથી ને સુખદુઃખના સંયોગથી કોઈ જુદો આત્મા છે એમ છે નહીં કાંઈ. આહાહાહા! (શ્રોતાઃ– શાસ્ત્રમાં આવે છે ને કમ્મો બળીયો ધમ્મો બળીયો) એ નથી. કમ્મો બળીયો એ તો ભાવ કર્મ બળીયાની વાત કરી છે કોઈ વખતે વિકૃત અવસ્થા છે એનું બળ છે ને કોઈ વખતે સ્વભાવની અવસ્થાનું બળ છે, એમ કહ્યું છે. આહાહાહા!

કર્મ જડ છે, અજીવ છે જે આત્માને અડતાય નથી, આત્મા એનેય અડતો નથી. “કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ” આવતું નથી? (શ્રોતાઃ– એતો એકાદ ઠેકાણે આવે છે.) ઠેક ઠેકાણે એ જ છે. મારી ભૂલ મેં કરી છે, કર્મે કરાવી નથી. મલિનતાની પર્યાય જે છે એ મેં મારા સ્વભાવથી વિપરીત મેં કરી છે. કર્મે કરાવી નથી. ઓલો કહે છે કર્મે કરાવી છે અને એ કર્મનો અંશ છે એમને એમ એ કર્મનો અંશ રહેશે, એમને એમ પરિભ્રમણ રહેવાનું છે, કર્મને કારણે માટે કર્મ તે જીવ છે. આવું છે. ક્યાં પણ આમાં નવરાશ હોય, આવો બધો નિર્ણય કરવાનો. શાસ્ત્રમાં આવે લ્યો કે જ્ઞાનાવરણી કર્મ જ્ઞાનને રોકે, દર્શનાવરણી દર્શનને રોકે, નિંદ્રાવરણીને કારણે નિંદ્રા આવે. લ્યો ઠીક, એ તો નિમિત્તના કથન છે, એનાથી થાય છે એમ નથી. નિંદ્રામાં પ્રમાદ છે એ તો પોતાનો દોષ છે એ નિંદ્રાવરણીએ કરાવ્યો નથી. (શ્રોતાઃ– ઉદીરણાથી આવે છે) ઉદીરણા એટલે પોતે ઊંધાઈ કરે છે. પર્યાયમાં ઊંધાઈ કરે છે માટે, કર્મને લઈને નહીં. આહાહાહા!

એ જ વાંધો ઉઠયો'તો ને અમારે ૭૧ માં પહેલો લાઠી ચોમાસામાં ૭૧ ચારે મહીના ઉપવાસ હતા એકાંતરા, એક દિવસ ઉપવાસ ચોવીહારો અને બીજે દિ'એક ટંક ખાવું ચારેય મહિના હોં લાઠી, શાસ્ત્રનું ઉપધાન કરતો. હું પછી એને લઈને અમારે ગુરુ હીરાજી મહારાજ અને મુળચંદજી ત્રણેય ઉપવાસ કરતા ચારેય મહિનાના. એમાં ભગવતી વાંચતો'તો એમાંથી આ આવ્યું મેં કીધું જો કર્મથી આત્મામાં વિકાર થાય એ વાત જૂઠી છે, ખોટી છે (શ્રોતાઃ– ભગવતી માંથી કાઢયું) ભગવતી, એમાંથી કાઢયું'તું સંશય મિથ્યાત્વ છે એ કર્મને લઈને છે એમ નથી કીધું જુઓ, એ પોતાની વિપરીત શ્રદ્ધાને લઈને મિથ્યાત્વ છે, કર્મને લઈને નહીં અને ઉલટી શ્રદ્ધાથી મિથ્યાત્વ છે અને સવળા પુરૂષાર્થથી મિથ્યાત્વનો નાશ કરીને સમકિત પામી શકે છે. એને કોઈ કર્મની અપેક્ષા મિથ્યાત્વમાં નથી અને સમકિતમાં કર્મના અભાવની અપેક્ષા પણ એને નથી. આહાહા! ખળભળાટ થઈ ગયો'તો ૭૧ની સાલ છે, ૬૩ વર્ષ થયા, ખળભળાટ–ખળભળાટ એ અમારા ગુરુજી હતા હીરાજી મહારાજ એ કાંઈ ન બોલ્યા બિચારા, પણ દામોદર શેઠ હતા એક ગૃહસ્થ તે દિ' દસ લાખની મૂડી ખળભળાટ આ વગર દોરાની પડાઈ ઉડી, એમ અમારા ગુરુ કહેતા નથી, આવું અમે કોઈ દિ' સાંભળ્યું નથી. આ નવું ક્યાંથી કાઢયું? કાંઈ નવું નથી ભાઈ એ વસ્તુના સ્વરૂપની વિપરીતતા પોતે કરે છે, કર્મથી નહીં, બિલકુલ નહીં કીધું કિંચીત્

માત્ર નહીં, ઉલટા પુરૂષાર્થથી વિકાર કરે સુલટા પુરૂષાર્થથી વિકારને ટાળે, બસ આ વાત છે.

શ્વેતાંબરના શાસ્ત્રમાં બધો ગોટો છે. ઈ જ વાત થઈ હતી ને રામવિજયની સાથે જેઠાભાઈ ખેડાવાળા આંહીંનું સાંભળ્યું, ઓય માળી વાત બીજી લાગે છે. પચાસ પ્રશ્ન કાઢયા શ્વેતાંબર સાધુ અને આચાર્ય માટે કે જો આપણામાંથી આ મળી રહે તો પછી મારે સંપ્રદાય ફેરવવો મટે. પચાસ પ્રશ્ન મૂકયા, એક જણે જવાબ આપ્યો પણ ઊંધો. તો પછી રામવિજય પાસે ગયા. રામવિજય ને જેઠાભાઈએ ચર્ચા કરી. રામવિજયે કહ્યું પહેલું તમારે આ માન્ય છે કે કર્મથી જીવને વિકાર થાય એ માન્ય છે ? પછી ચર્ચા કરીએ. કહો આ આચાર્ય મોટા રામવિજય. આ કહે ભાઈ અમારે એ માન્ય નથી, કર્મથી વિકાર થાય એ વિકાર પોતાથી થાય. ત્યારે આપણે ચર્ચા કરીને શું કામ છે ? કર્મથી વિકાર થાય એમ માનો તો ચર્ચા કરીએ કહો. આહાહાહા !

એમ લીંબડીમાં આવ્યા 'તા સાધુ ઓલા કેવા ? ચંદ્રશેખર બે સાધુ હતા ને ? બે સાધુ હતા ને બે ત્રણ ગૃહસ્થો હતા. ગૃહસ્થો નરમ હતા બિચારા ઉભા હતા હારે એ કહે કે આપણે ચર્ચા કરીએ કહે. મેં કહ્યું જો ભાઈ અમે કોઈની હારે ચર્ચા કરતા નથી. ત્યારે એ બોલ્યા જો આ ચશ્મા વગર દેખાય ? આ ચર્ચા થઈ ગઈ કીધું. આ ચશ્મા છે તો દેખાય છે કે નહીં ? આ પરદ્રવ્ય આંહી છે તો સુમન દેખાય છે કે નહીં ? કીધું એમ નથી બાપુ ! દેખવાની પર્યાય જીવ પોતે પોતાથી કરે છે ત્યારે આને તો નિમિત્ત કહેવાય છે. આહાહાહા ! આને તો ઘણાં વર્ષ થયાં. પહેલી સાલ હશે ? પહેલાં વિહારમાં ભાઈ ત્યાં હતા તે દિ' ત્રંબકભાઈ ઉભા 'તા. આહાહા અરે તમે ચર્ચા નહીં કરો તો તમારી મહત્તા શું રહેશે ? કીધું ભાઈ અમારી મહત્તા કાંઈ નથી, અમે તો જ્યાં છીએ ત્યાં છીએ ( કે ) એમ કહે છે. એમ કહ્યું કે તમે સિંહ છો તો હું સિંહનું બચ્ચું છું ભાઈ અમે કંઈ કહેતા નથી બાપા અમે સિંહ છીએ.

ચંદ્રશેખર છે ને જીવા પ્રતાપનો ભત્રીજો દીક્ષા લીધી છે, બધી શ્રદ્ધા ભ્રષ્ટ. આહાહા ! ઝીણી વાત છે બહુ આ તો શ્વેતાંબર આખો સંપ્રદાય જ ગૃહિત મિથ્યાત્વથી ઊભો થયો છે. આકરી વાત છે બાપુ, આહાહાહા કર્મથી થાય બસ એ કર્મથી થાય. આંહી કહે છે કર્મથી થાય અને એને લઈને હું રખડું છું એમ માને તો એ મિથ્યાદૃષ્ટિ છે. તદ્દન જુદું છે પેલાએ એમ કીધું કે આને લઈને આમ થાય, આને લઈને આમ થાય, અહીં ના પાડે છે કે અજ્ઞાનીઓ એમ માને છે, કર્મને લઈને હું રખડયો. એ કર્મનો અવયવ જે રખડાવે છે, કર્મ રખડાવશે એ કર્મ છે એમ માને છે એ મૂઢ ને અજ્ઞાની છે એમ સિદ્ધ કર્યું. આકરી વાતું છે બાપુ. અને સ્થાનકવાસી તો એમાંથી નીકળ્યા છે. શ્વેતાંબરમાંથી એ તો વળી વધારે ભ્રષ્ટ છે. એમાં વળી તેરાપંથી નીકળ્યા છે એ વળી વધારે ભ્રષ્ટ તુલસી તમારા ગામનો છે ને લાડનુ( નો ) શું કરે બિચારા એને મળ્યું નથી ને જે પરંપરા મળી, એ રીતે માન્યું. આહાહાહા !

અરે આંહી એ કહે છે, અજ્ઞાની એમ માને છે કે પૂર્વ અવયવ એ કર્મનો જ ભાગ છે. આહા ! રખડવાનો અને ભવિષ્યમાં પણ રખડવાનો ભાવ એ કર્મનો જ ભાગ છે એને કર્મને લઈને રખડે અને એ કર્મ છે તે જ જીવ છે. છે ? બહુ ગજબ વાત કરી અમૃતચંદ્રાચાર્યે મૂળ શ્લોકનો પાઠ છે એમાં એની ટીકા કરી છે ને ? ભગવાન કુંદકુંદાચાર્યના શ્લોકમાં એ છે. આહાહા ! છે ને ઈ ? "જીવં અજઝવસાણં કમ્મં ચ તહા પરુવેંતિ"

પહેલી ગાથાનું ચોથું પદ "કમ્મં ચ તહા પરુવેંતિ" કર્મને આત્મા માને છે એટલે પરિભ્રમણનું કારણ કર્મ છે અને પરિભ્રમણને કારણે પરિભ્રમણ છે માટે કર્મ તે જીવ છે. હવે શું થાય ભાઈ, આકરી વાત છે બાપા કાંઈ એવા જીવને ઓલું નથી, એ જાતનું એને મળ્યું છે ને ?

અહીં એમ કહે છે કે કર્મ છે એ જ પરિભ્રમણનું કારણ છે અને પરિભ્રમણ કરે છે એ પણ કર્મને લઈને, માટે કર્મ જીવ છે. એમ અજ્ઞાની, નપુંસક જીવો, અત્યંત વિમૂઢ જીવો, આહા... બે શબ્દ છે, નપુંસકપણે છે ને ? "કલીબત્વેન–અત્યંત વિમૂઢાઃ" બે શબ્દ સંસ્કૃતમાં છે "કલીબત્વેન અત્યંત વિમૂઢાઃ" સંસ્કૃત્ત છે પહેલી લીટી, છે ને ? નપુંસકપણે અત્યંત વિમૂંઢ એમ શબ્દ છે. આહા... અહીં તો શબ્દે શબ્દનો અર્થ છે ને ? સંસ્કૃતમાં છે.

બસ ઈ રામવિજય કહે કર્મથી વિકાર થાય એમ તમે માનો તો ચર્ચા કરીએ એ આ વાત છે. અને આ પ્રશ્ન થયો 'તો ન્યાં સુમનભાઈ ને આપણે જજ કનુભાઈ જજ–જજ હમણાં રીટાયર્ડ થઈ ગયા. સરકારે રદ કર્યા અમદાવાદમાંથી કંઈ ખટપટ હશે. એ બેય જણા પહેલાં અહીં હતાં ને ? ઘણાં વર્ષ પહેલાંની વાત છે, પછી અહીંથી સાંભળીને ગયા રામવિજયજી પાસે એના ગુરુ પાસે એને કહે કે આત્મા પરનું કાંઈ કરે નહીં એ કહે કે પરમાણુનું ન કરે, શરીરનું કરે પરમાણુ નાનો ખરોને એમ ઝીણું છે ને એને ન કરી શકે એમ પણ આ જે શરીર છે તેનું કરી શકે, એમ ભગવાન પણ એમ કે વાણી ગ્રહે છે ને પછી કાઢે છે. ભાષા, આ કહે એ અમારી માન્યતા નથી એ લોકોમાં ચીજ જ એવી છે કર્મનું જ આખું લખાણ છે. સૂયગડાંગની પહેલી ગાથા છે. "બુજેવ જટીમટીજા" કર્મને જાણે એમ ત્યાં છે, "બંધનમ્ પરિહિયાણયાં" એમ છે ત્યાં પહેલી ગાથા "બંધને જાણ" "કર્મના બંધનને જાણ" ( શ્રોતાઃ– દ્રવ્યકર્મ લેવો કે ભાવકર્મ ) જડ, જડનું બંધન છે એને જાણે.

શબ્દો ભૂલી ગયા મોઢે હતું તે દિ 'બધું કંઠસ્થ. કીધું આમાં આ ભૂલ છે આમાં વાત એવી છે ભાઈ ભૂલ કરે છે જીવ પોતાની પર્યાયમાં પોતાને ભૂલીને. કર્મને લઈને છે, તો ઈ કર્મને લઈને વિકાર કર્મને લઈને પરિભ્રમણ, કર્મને લઈને ચોર્યાસીનો અવતાર તો ઈ કર્મને લઈને છે એમ એ લોકો માને છે. ભારે કર્મી જીવ જ ભારે કર્મી મિથ્યાત્વ સેવે એ ભારે કર્મી છે. છે ? એ ક્રિયા તે રૂપે ક્રીડા કરતું તે પરિભ્રમણની ક્રિયા એમ તે રૂપે ક્રીડા કરતું ( જે ) કર્મ તે જ જીવ છે, કારણકે પરિભ્રમણના કારણના કર્મ વિના કોઈ જુદો જીવ જોવામાં આવતો નથી. એમ કહે છે. બે ( બોલ થયા ).

"કોઈ કહે છે તીવ્ર મંદ અનુભવથી ભેદરૂપ થતાં, રાગરૂપ રસથી ભરેલાં મંદ અને તીવ્ર" મંદ અને તીવ્ર, બસ એ જ આત્મા છે. રાગની મંદતા તે આત્મા અને રાગની તીવ્રતા તે આત્મા. તીવ્ર મંદ અનુભવથી ભેદરૂપ થતાં જેનો અંત દૂર છે, વિકારનો અંત ક્યાં છે કહે છે, અંત ન થઈ શકે એવો જે મંદ તીવ્ર ભાવ, રાગરૂપ રસથી ભરેલા અધ્યવસાનોની જે સંતતિ ( પરિપાટી ) તે જ જીવ છે. મંદભાવ શુભજોગ ને તીવ્રભાવ અશુભજોગ બસ એ જીવ છે. ( શ્રોતાઃ– પર્યાયને એ જીવ માને છે ) એ વિકૃતને જીવ માન્યો. આકરું કામ બહુ ભાઈ ! અનંત અનંત પુરુષાર્થ જોઈએ. એ રાગના પરિણામ મંદ હોય તો ય હું નહીં ને તીવ્ર હોય તો ય હું નહીં, એ કાંઈ સાધારણ વાત નથી બાપા. "હું તો એક જ્ઞાયક ચૈતન્ય જ્યોતસ્વરૂપ છું" એમાં તીવ્ર મંદ રાગનો કોઈ અવકાશ જ નથી. આહાહા... તો અહીં તો એ કહે છે કે શુભજોગ જ પંચમકાળમાં હોય, મંદ રાગ એ પંચમકાળમાં હોય એટલે અજીવપણું પંચમકાળમાં હોય,

વસ્તુની સ્થિતિ આમ છે હોં. કોઈ વ્યક્તિનું આપણે કામ નથી આ તો એનું સ્પષ્ટીકરણ થાય છે, દૃષ્ટિનો મોટો ફેર. દૃષ્ટિ જ જ્યાં વિપરીત છે ત્યાં પછી વ્રત ને તપ આવ્યા ક્યાંથી ન્યાં ? તીવ્ર મંદ રાગરૂપરસથી ભરેલો, ચાહે તો તીવ્ર અશુભ રાગ હો કે મંદ રાગ હો, પણ એ રાગનો રસ છે એમાં, આત્મરસ નથી એમાં, એ જ આત્મા છે અમારે તો બસ શુભજોગથી કલ્યાણ થશે એમ માનનારા શુભજોગને આત્મા માને છે, રાગની મંદતાને આત્મા માને છે. કહો, ચંદુભાઈ ! આવું ઝીણું છે જરી. અરે ભવનો અંત લાવવાની વાતું બાપા. અંદર ભગવાન રાગની મંદતાથી પણ પ્રભુ તો ભિન્ન છે, એને આત્મા કહીએ રાગની મંદતા એ આત્મા નહીં. એ તો પુદ્‌ગલના ખરેખર તો પરિણામ છે. રાગને પુદ્‌ગલ પરિણામ કહ્યા છે ને અચેતન, આ અપેક્ષાએ હોં. ઓલો કહે કર્મને લઈને થાય એમ નહીં, સ્વભાવમાં નથી અને તેથી રાગ મંદ થાય છે તે પુદ્‌ગલના પરિણામ આ અપેક્ષાએ. પાછા કોઈ એમ કહે કે પુદ્‌ગલને લઈને થયા માટે એના કારણે રખડવું થાય છે એમ નથી.

આરે આ ! કહો, પંડિતજી ! આવા બધા ભંગ ને ભેદ એકકોર એમ કહે કે મંદ પરિણામ પણ મારા પુરૂષાર્થ ને ઉલટા પુરૂષાર્થથી થાય છે, એ કર્મથી નહીં અને તે મંદ પુરૂષાર્થથી થાય તે મારું સ્વરૂપ નથી. એવું જે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન એ ચૈતન્યને અવલંબીને થાય, ઈ એમ માને છે કે રાગની મંદતા એ મારી નથી. રાગની મંદતાથી મને લાભ થાય એ હું નહીં. આહાહા... એમ કે આ વ્રત ને તપ ને ભક્તિ કરીએ ને એ શુભભાવ છે. એ શુભભાવથી શુદ્ધતા થશે, તો એનો અર્થ એ થયો કે રાગનો તીવ્રરસ ને મંદરસ એનાથી અરાગીપણું થશે. આહાહા... હેય માને તો ઈ તો થઈ રહ્યું એ મારું નથી, થાય છે છતાંય જ્ઞાન જાણે છે કે મારી વસ્તુની ચીજ નથી, પર્યાયની કમજોરીથી થયો છે, તે કર્મને લઈને થયો નથી. અહીંયા તો સર્વસ્વ રાગની તીવ્રતા ને મંદતા તે સર્વસ્વ છે. વળી કોઈક રાગ રહિત ભગવાન આત્મા છે, એ અમે નથી જાણતા કહે છે. બધી રાગની રમતું છે. મંદ રાગ કે તીવ્ર રાગ જે આ રાગમાં રાગનો રસ પડ્યો છે, બસ, એ જ આત્મા છે. એનાથી વળી જુદો આત્મા અમે જાણતા નથી, માનતા નથી. આહા !

એક શબ્દ આવે છે. બેનના ઓલામાં કે "રાગથી રહિત થઈશું તો શૂન્ય થઈ જઈશું" શુભ જોગ છોડી દઈશું તો શૂન્ય થઈ જઈશું, છે ને ? "શુભરાગ છોડીશ તો શૂન્ય થઈ જઈશ" એમ નથી પ્રભુ ! શુભરાગ છૂટશે તો ત્યાં નિવડતા (પ્રગટતા) જ્ઞાન ને આનંદની થશે. શૂન્યતા નહીં થાય એમ કહે છે શુભ જ ભાવ છે આખો આ હવે એને છોડી દઈશું તો શૂન્ય થઈ જઈશું એમ આંહી કહે છે, એ જ કહે છે કે શુભભાવ છે એ જ પોતે છે. એને છોડી દેશો તો શૂન્ય થશે. પણ એને છોડી દઈશ તો દૃઢતા જ થશે આનંદની શુભથી જાણે હું છું ઓલા શુભથી અને એને છોડી દઉં તો હું શૂન્ય થઈ જઈશ. ભાઈ જુદો જ છે. છોડવું નથી, છૂટો જ છે. શુભરાગ જ્ઞાયકભાવથી છૂટો જ છે, એક થયો જ નથી એને અહીં એ કહે છે અમારે તો મંદ ને તીવ્ર રાગ રસ બસ, એ એક મંદ ને તીવ્ર, મંદ ને તીવ્ર બસ, વળી રાગનો અભાવ કરવો અને આવો આત્મા, એ અમને નથી. (બેસતું) આવું કામ છે, વિશેષ કહેશે લ્યો. (શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૧૧૪** ગાથા-૩૯ થી ૪૩ શનિવાર આસો વદ-૫ તા. ૨૧/૧૦/૭૮

સમયસાર ગાથા ૩૯ થી ૪૩ છે ને ત્રણ બોલ ચાલ્યા ત્રણ. શું ચાલે છે ? કે આ અંદર આત્મા છે એ જ્ઞાનાનંદ સહજાત્મ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, એને નહીં જાણનારાઓ, રાગના ભાવની એકતાબુદ્ધિ એવો જે અધ્યવસાય તેને આત્મા માને છે અજ્ઞાની. ( શ્રોતાઃ– વિકારની પર્યાયને આત્મા માને છે ) રાગની પર્યાય છે ને અધ્યવસાય એકત્વબુદ્ધિ, એ રાગથી ભિન્ન છે ભગવાન અંદર તો, એ તો સચ્ચિદાનંદ શુદ્ધ ચૈતન્યઘન એવું તત્ત્વ છે, પણ ખબર નથી એની અને આ વસ્તુ ચાલતી નથી. આ તો ક્રિયાકાંડ કરો ને આ કરો ને તે કરો. એથી અહીં કહે છે ભગવાન આત્માને. કેટલાક એમ માને છે કે એ રાગ ને પુણ્ય પાપથી મલિન એકતાબુદ્ધિ એ આત્મા, એનાથી જુદો આત્મા અમને તો કાંઈ જણાતો નથી માટે એ જ આત્મા એમ કહે છે. અજ્ઞાની એમ માને છે. ત્રણ બોલ ચાલી ગયા છે.

બીજો બોલ. અમારે તો એ કર્મ છે એનાથી ક્રિયા થાય છે પરિભ્રમણની એ કર્મ તે આત્મા છે, બીજો કોઈ આત્મા જુદો છે એ અમને તો જણાતો નથી, એમ અજ્ઞાનીઓની અંતરની કુદલીલ છે. કર્મનો એક અવયવ અંશ પૂર્વનો પરિભ્રમણનું કારણ થયું એનો અંશ પરિભ્રમણનું કારણ થશે માટે તે કર્મ તે જ આત્મા એનાથી વળી પરિભ્રમણથી જુદી ક્રિયાવાળો આત્મા એવો અમને જણાતો નથી, એમ અજ્ઞાની અનાદિથી મિથ્યાશ્રદ્ધાપણે માની રહ્યો છે. ( શ્રોતાઃ– આ વ્યાખ્યાની એને ખબરેય નથી ને.... ) વિચારેય કર્યો નથી ને, આવો અંદર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ જ્ઞાન ને આનંદનું સ્વરૂપ શાશ્વત એવી ચીજ અંદર ભિન્ન છે, એ રાગની ક્રિયા અને એક સમયની વર્તમાન પર્યાય, જે છે ને પર્યાય અવસ્થા એથી અંદર સમીપ અંદર તત્ત્વ જે છે, એ અખંડાનંદ પ્રભુ ભિન્ન છે. એને નહિ જાણતા, કર્મને જ આત્મા માનનારાઓ મૂઢ જીવો મિથ્યાદૃષ્ટિ અનાદિથી પરિભ્રમણ કરે છે, બે બોલ થયા. આ ( હવે ) ત્રીજો બોલ.

રાગની મંદતા કે તીવ્રતા તે આત્મા, અમને વળી આત્મા મંદ રાગ, રાગ મંદ હો શુભભાવ તરીકે, ત્રીજો બોલ છે ત્રીજો, રાગ મંદ હો કે તીવ્ર હો, એનાથી ભરેલો ભાવ તે જ જીવ છે, એ રાગની મંદતા ને તીવ્રતા, આ અમને તો દેખાય છે. એ રાગની મંદતા ને તીવ્રતાથી જુદો કોઈ આત્મા અમને તો જણાતો નથી. ત્રણ બોલ તો થઈ ગયા છે.

આ તો ચોથો બોલ જરી. ચોથો કોઈ એમ કહે છે, છે ? કે નવી ને પુરાણી અવસ્થા આ શરીર–શરીર, જીર્ણ અવસ્થા થાય જુવાન અવસ્થા થાય નવીન, એ અવસ્થા તે આત્મા છે હવે આત્મા એનાથી જુદો છે, શરીર એ આત્મા કેમકે શરીરની બધી ક્રિયાઓ અમારા આત્માથી થાય છે. માટે શરીરની ક્રિયાઓ જે કાંઈ શરીર જીર્ણ હો કે પુષ્ટ હો પણ એ આત્મા શરીર છે. આત્મા શરીરથી જુદો એમ અમને તો જાણવામાં પણ આવતું નથી. એમ અજ્ઞાનીની માન્યતા છે. અનાદિથી આમ માની રહ્યો છે. આ તો શરીર તો માટી છે, ધૂળ છે, અજીવ છે, જડ છે, ભગવાન તો અંદર ચૈતન્ય મંદિરમાં આનંદકંદ પ્રભુ બિરાજે છે. એની એને ખબર નથી, એથી આ શરીરને જ આત્મા ( માને છે ) એ પરદેશી રાજાના અધિકારમાં આવે છે એવું. ભાઈ ! એમ કે શું કહેવાય ? તીર તીર તીર જો જીર્ણ હોય તો જીર્ણ કામ કરે, ભલે એ આત્મા અંદર હોય પણ

જીર્ણ કામ કરી શકે બરાબર કામ કરી શકે નહીં. અને બરાબર તીર પાકુ હોય તો આત્મા અંદર જે હોય મારી શકે, માટે તીર તે જ આત્મા, એમ આ શરીરની અવસ્થા જીર્ણ મંદ થાય તે જ આત્મા, ઈ પરદેશીમાં આવે છે. ભાઈ તે દિ' તો વ્યાખ્યાન બહુ ચાલ્યુ'તું રાજકોટમાં બહુ ૮૯ માં ઘણાં વર્ષ થઈ ગયા. ત્રણ ત્રણ હજાર માણસ ૮૯ ની સાલ સંપ્રદાયમાં પરદેશી રાજાનું વ્યાખ્યાન ચાલતું'તું ને ૮૯ રાજકોટ-રાજકોટ બહાર દશા શ્રી માળીની ભોજનશાળામાં, ત્રણ ત્રણ હજાર માણસ માંય નહીં એટલું હતું, ૮૯ માં, ૪૫ વર્ષ થયા. તે દિ' આ દૃષ્ટાંત આપ્યું'તું ભોજનશાળા છે ને આપણી દશા શ્રીમાળીની બહાર, વંડો કહેવાય છે ને, વંડો. એ આંહીં એમ કહે છે કે, આ શરીર મોળુ હોય તો આત્મા વધારે કામ કરી શકતો નથી. માટે એ જ આત્મા છે. શરીર લઠ હોય તો કામ એકદમ કરી શકે આત્મા, માટે એ જ આત્મા છે. ( એમ દેખાય છે ) મૂંઢ એમ માને છે. શરીર જીર્ણ હોય કે શરીર પુષ્ટ હોય, ભગવાન તો અંદર આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનનો સાગર, આનંદનો સાગર બિરાજે છે. ભાઈ, તને ખબર નથી. અને એના ભાન વિના તારા જનમમરણ મટે એવા નથી. ૮૪ નો અવતાર કરી કરીને બાપુ ઠરડ નીકળી ગયો છે બાપુ, એ આવી શ્રધ્ધા ને આવી માન્યતાથી. આહા ! ત્રણ બોલ થઈ ગયા છે. આ ચોથો.

પુરાણી અને નવીન અવસ્થાથી પ્રવર્તતું એવા ભાવે, એ નોકર્મ તે જીવ છે. કારણકે શરીરથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી, એમ અજ્ઞાની માને છે. છે ને ?

ચોથો બોલ. ભાઈ દરબાર અમારા જૂના જાણીતા છે. ચૂડામાં દિવાન હતા ત્યારે ગયેલાને વ્યાખ્યાનમાં પહેલાં વહેલા ગયેલાને ૯૯ ની સાલમાં, ત્યારે દિવાન હતા ને ત્યાં ચૂડામાં. ૯૯ માં પહેલાં નીકળ્યાં'તા વિહારમાં પરિવર્તન કરીને, ત્યારે દરબાર આવતા નામ ભુલાઈ ગયું. આ તત્ત્વ ક્યાં ( બીજે ક્યાં છે. ) આજે જગતની પ્રવૃત્તિ આડે અને એનાથી પણ આગળ વધીને હવે બીજું કહે છે.

કોઈ એમ કહે છે પાંચમો બોલ ચોગડા પછી, સમસ્ત લોકને પુણ્યપાપરૂપ વ્યાપતો કર્મનો વિપાક તે જ જીવ છે. અમને તો અંદર શુભભાવ ને અશુભભાવ થાય એ સિવાય જુદો આત્મા જણાતો નથી, એ આત્મા છે, એમ કહે છે, શુભભાવ તે પુણ્ય છે. દયા-દાન-વ્રત-ભક્તિ આદિ ભાવ તે પુણ્ય છે, હિંસા જૂઠું ચોરી વિષય ભોગ વાસના આદિ પાપ ભાવ છે, તો અમને તો એ પુણ્યપાપરૂપી ભાવ જે શુભાશુભ છે, તેનાથી આત્મા જુદો છે એમ તો અમને જણાતો નથી. આહાહાહા ! છે ? સમસ્ત લોકને પુણ્યપાપરૂપે વ્યાપતો, પુણ્ય કરે તો એને સ્વર્ગાદિ મળે, પાપ કરે તો નરકાદિ પણ એ પુણ્ય ને પાપમાં રહેલો એ આત્મા છે. પુણ્યપાપના ભાવથી ભિન્ન છે એમ અમને જણાતો નથી. જુઓને અત્યારે આવ્યુ'તું ને સુખસાગર એક દિગંબર છે એ કહે કે અત્યારે પંચમકાળમાં તો શુભજોગ જ છે. અરરર ! શુભજોગથી જુદી ચીજ અત્યારે છે જ નહીં. દિગંબર શાંતિસાગરની પરંપરામાં થયેલ, પ્રભુ ! આવું કર્યું છે. એ તો દલીલ છે આની પહેલેથી એ તો ચાલી આવે છે. ભાઈ શુભભાવ દયા દાન વ્રત એ પરિણામ અને હિંસા ચોરી જૂઠું વિષય ભોગ વાસના કામ ક્રોધ એ પાપ બેથી જુદો કોઈ આત્મા અમને તો દેખાતો નથી. બે-તે આત્મા છે. આહાહા... છે ?

સમસ્ત લોકને પુણ્યપાપ આખા લોકમાં આખું બધું વ્યાપેલું છે, પુણ્યપાપથી સ્વર્ગ, નર્ક મળે છે ને તે જ આત્મા છે. પુણ્યપાપરૂપે વ્યાપતો જુઓ આ કર્મનો વિપાક એ કર્મનો પાક, ફળ શુભઅશુભ ભાવ એ પુણ્યપાપ એ કર્મનો પાક છે, એ જ અમને તો આત્મા છે એમ લાગે છે. કહે છે અત્યારે કહે છે ને કે દયા, દાન, વ્રત ભક્તિ આદિના ભાવ એ ધર્મ છે એ ધર્મનું કારણ છે એને જ એ જીવ માને છે. એ આ દલીલ છે આ. બધા ઉત્તર આપશે હોં પાછળ, આ તો હજી એની ( અજ્ઞાનીની ) દલીલ છે. પુણ્યપાપરૂપે વ્યાપતો, કર્મનો વિપાક બસ. આહા... ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનના નૂરના પૂરથી ભરેલો એને ન જાણતાં ઈ પુણ્યપાપના ભાવને જ આત્મા માને છે, એ અનાદિનું આમ છે. પુણ્યપાપરૂપે શુભાશુભ ભાવથી અન્ય જુદો, જોયું ? શુભાશુભભાવ શુભ નામ દયા, દાન, વ્રત, ભક્તિ પૂજાનો ભાવ એ શુભ અને હિંસા ચોરી જૂઠું વિષય ભોગ વાસના તે અશુભ, એનાથી કોઈ જુદો આત્મા છે એ તો અમને જણાતું નથી અમને તો એ શુભાશુભ ભાવ છે એ જ જીવ છે. ( એમ જણાય છે ) આહા ! એ પાંચમો બોલ. થયો ને ?

કોઈ કહે છે કે શાતા, અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્ર મંદત્વ ગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ તે જ જીવ છે. અંદરમાં સુખદુઃખની કલ્પનાથી જે વેદાય છે એ જીવ છે, બીજો વળી સુખદુઃખની કલ્પનાથી ભિન્ન અંદર કોઈ ચીજ છે એ અમને જણાતો નથી. શાતાવેદનીયથી અનુકૂળ સંયોગ મળે ને એમાં કલ્પના થાય કે મને ઠીક છે, અશાતાના ઉદયથી પ્રતિકૂળ સંયોગ મળે એમાં થાય મને ઠીક નથી, એ સુખદુઃખની કલ્પના એ સિવાય જુદી ચીજ અમને તો ભાસતી નથી. અરે ભગવાન શું કરે છે તું આ ? આચાર્યો ખુલાસો કરે છે. બધો કરશે ભાઈ તું આ માને છે એ અજીવને તું જીવ માને છો. એ શુભ અશુભ ભાવ એ ખરેખર તો આસ્રવ છે, ભાવબંધ છે, અજીવ છે. નિશ્ચયથી તો તે પુદ્‌ગલના પરિણામ છે. ભગવાન તારા પરિણામ નહીં, તું તો શુદ્ધ આનંદનો નાથ છો ને નાથ પ્રભુ, તું તો જ્ઞાનનું પૂર છો. અંદર પાણીનું જેમ પૂર હોય તે આમ ( ઉલ્ટું ) હોય આ જ્ઞાન જ્ઞાન જ્ઞાન જ્ઞાન જ્ઞાન જ્ઞાન આનંદ આનંદ આનંદ આનંદ એમ ધ્રુવ પૂર છે તું. અરેરે કોણે એ વિચાર કર્યો છે, નવરાશેય ક્યાં છે. ફૂરસદેય કયાં છે ? અંદર ભગવાન જાણક સ્વભાવરૂપી દળ ચૈતન્ય રસકંદ એને આત્મા માનવો, એને ઠેકાણે આ કહે છે અમારે તો પુણ્યપાપના ભાવની શાતા અશાતાની કલ્પના, સુખદુઃખની ભાવસુખ એટલે આ કલ્પનાનું સુખ એ આત્મા લાગે છે, અમને તો એનાથી જુદો વળી આનંદસ્વરૂપ આત્માને ( તે ) અમને તો ક્યાંય દેખાતો નથી. આહાહા !

કોઈ કહે છે કે શિખંડની જેમ ઉભયરૂપ મળેલા આત્મા ને કર્મ તે બંને મળેલા જ જીવ છે. અમારે તો આત્મા ને કર્મ બે થઈને જીવ છે. વળી કર્મ જુદાં ને આત્મા જુદો. છે ? શિખંડમાં જેમ દહીં ને ખાંડ, દહીં ને ખાંડ હોય ને શિખંડમાં એમ દહીં સમાન કર્મ, ખાંડ સમાન આત્મા, બે થઈને અહીં તો આત્મા છે, કર્મથી વળી જુદો અંદર આત્મા ભગવાન. આ ક્રિયાકાંડીઓ એ જ માને છે ને શુભભાવની ક્રિયાઓ તે આત્મા અને તે આત્માનો ધર્મ. એ દલીલ અજ્ઞાનીઓની આ જ છે કહે છે, એવું છે. શિખંડની જેમ આત્મા ને કર્મ બંને મળેલા સમસ્તપણે, કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. સાત બોલ થયા.

કોઈ કહે છે અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ, એ આઠેય કર્મનો સંયોગ એ જીવ છે, કારણકે એમાં આઠ લાકડાના સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો જોવામાં આવતો નથી. ખાટલો હોય ને ખાટલો ચાર એના પાયા અને ચાર ઈસ શું કહેવાય એ ? બે બાજુ બે લાકડા એમ ચાર લાકડા ને ચાર પાયા આઠ વસ્તુ છે એ ખાટલો એમાં સુનારો વળી જીવ જુદો છે. અમારે તો આઠ કર્મ છે એનો સંયોગ જે છે એ જ આત્મા. ( શ્રોતાઃ- સંયોગ સિવાય બીજો કોઈ પદાર્થ જોયો નથી ) જોયો નથી તેથી જ તો કહે છે ને ? તેથી જ માને છે ને એને ? ભાઈ કર્મના રજકણો જડ છે પ્રભુ તારી ચીજ તો અંદર જુદી છે. વસ્તુ છે એ તો કર્મને અડતી નથી એવી ચીજ છે. અંદર જ્ઞાનાનંદ પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ પ્રભુ છે. પ્રજ્ઞા નામ જ્ઞાન અને બ્રહ્મ નામ આનંદ અતીન્દ્રિય, એ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ સ્વરૂપ તે પ્રભુ છે આત્મા. તો એને ઠેકાણે તું આઠ કર્મના સંયોગને જ આત્મા માને છો, કહેશે આગળ જવાબ આપશે.

ખાટલો આઠ લાકડા મળીને ખાટલો થયો, થયો ને ઓલા બે આડા બે ઉભા ચાર ને ચાર પાયા એનાથી અન્ય જુદો જીવ જોવામાં આવતો નથી. આ પ્રમાણે આઠ લાકડા મળીને ખાટલો થયો છે ત્યારે અર્થ ક્રિયામાં સમર્થ થયો, અર્થક્રિયા એટલે સુવામાં કામ આવ્યો, તે રીતે અહીં પણ જાણવું. એ આઠ કર્મની સ્થિતિ છે ભેગું એ જ આત્મા. આ પ્રમાણે આઠ પ્રકાર તો આ કહ્યા.

એવા એવા અન્ય પણ અનેક પ્રકારે દુર્બુદ્ધિઓ આહાહા... જેની બુધ્ધિ મેહાવી દુર્મેહાવી દુર્બુદ્ધિ છે એ રીતે આ આત્માને એમ માને છે. ઓલાયે કહ્યું ને કે વ્યવહાર છે, સિદ્ધને નિશ્ચય હોય, પણ પછી ૧૫૬ ગાથામાં તો એમ કહ્યું એને વ્યવહારે વિદ્વસ વટ્ટંતિ વિદ્વાનો વ્યવહારમાં વર્તે પણ તેમનો મોક્ષ નહીં. આ બધું ભારે ઘણું ભર્યુ કરે છે કામ અને એ સમયસારના વખાણ કરે બહુ બધાય કારણકે વ્યવહાર રાખ્યો ખરો ને વ્યવહાર. એક તુલસીએ વખાણ કર્યા'તા સ્થાનકવાસીએ વખાણ કર્યા. દેરાવાસીએ વખાણ કર્યા દિગંબરે કર્યા. પુસ્તક છે ને ? ત્યાં છે. ત્યાં છે. પણ એ વસ્તુ જ તદ્દ્ન ઊંધી કરી છે અર્થ જ તે. જે સમયસારનો ભાવ છે તેનાથી તદ્દ્ન ઉંધી. હવે અહીં કહે છે સ્વામીજી અમને કાંઈ બતાવે એમ કે અમે કર્યું એના માટે શું કહે છે ? ભાઈ અમે કેમ કહીએ તને ખોટું ધતિંગ એમ અમારે કેમ કહેવું. અહીં પુછવા આવ્યા'તા પંડિત, આ પુસ્તક એમ કે સ્વામી પાસે આવ્યું હશે તો એને માટે બધા વખાણ કરે છે તો શું કહે છે સ્વામીજી, શું કહીએ બાપા ? એ રાગ અને રાગની ક્રિયા જે છે, એ તો વ્યવહાર ને બંધનું કારણ છે, એ વ્યવહાર રાખ્યો છે ને, નિશ્ચય તો સિદ્ધમાં રાખ્યો છે. તો પછી અહીં શું કીધું ? વ્યવહારે વટ્ટંતિ એ મૂઢ જીવ છે. "નિશ્ચય નયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની" તો નિશ્ચય સિદ્ધ ને જ છે કે અહીં છે નિશ્ચય ?

ભગવાન આત્મા પાણી ને કાદવ જેમ છે એ કાદવથી પાણી ભિન્ન છે. એમ એ પુણ્ય પાપના રાગના મલિન પરિણામ એનાથી ચૈતન્ય ઝળહળ જ્યોતિ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન ભિન્ન છે. અરે શું થાય ભાઈ. અભ્યાસ ન મળે અને માથે કહેનારા મળે એ હા હા પાડીને, નિર્ણય કરવાનો વખત ન મળે. મારું શું થશે ? હું અહીંથી ક્યાં જઈશ ? અહીંથી આત્મા તો ચાલ્યો જશે, આત્મા તો નિત્ય રહેશે, એ કાંઈ નાશ થઈ જાય છે ? તો, મેં જો આ રીતે પરને આત્મા માન્યો તો હું તો ત્યાં પરના સંયોગમાં જ રહીશ ભવિષ્યમાં, પણ એ કહે છે પરંતુ તેમને

પરમાર્થના જાણનારાઓ સત્યાર્થવાદી કહેતા નથી. ધર્મી સંતો નિશ્ચયના જાણનારા આવું માનનારને સત્યાર્થવાદી કહે છે કે સાચું કહેનારા નથી જૂઠું કહેનારા છે. આહાહાહા !

**ભાવાર્થ:-** ભાવાર્થ છે ને ? જીવ અજીવ બંને અનાદિથી એક ક્ષેત્રમાં રહ્યા છે. આમ જ્યાં ભગવાન આત્મા છે ત્યાં કર્મ ને શરીર રહ્યા સાથે, છતાં કાંઈ એક થયા નથી. સમજાણું કાંઈ ? સંયોગરૂપ મળી રહ્યા છે. અનાદિથી જીવની પુદ્‌ગલના સંયોગથી અનેક વિકારસહિત અવસ્થાઓ, જોયું ? એ કર્મના સંયોગથી વિકાર અવસ્થા અનાદિથી થઈ રહી છે એનામાં. આહા ! "પરમાર્થ દૃષ્ટિએ જોતાં જીવ તો પોતાના ચૈતન્યત્વ આદિ ભાવોને છોડતો નથી" ભગવાન છે એ ચૈતન્ય છે આનંદ છે જ્ઞાન છે શાંત શાંત અવિકારી સ્વભાવ છે એની પર્યાયમાં ભલે વિકાર હો, અવસ્થામાં, વસ્તુ પોતે પોતાના સ્વરૂપને છોડતી નથી. આહા ! સમજાય છે કાંઈ ?

અને પુદ્‌ગલ પોતાના મૂર્તિક જડત્વ આદિને છોડતું નથી. પુદ્‌ગલ જડ છે, વિકારી ભાવ પણ નિશ્ચયથી તો જડ છે. એ એના સ્વભાવને છોડતું નથી અને આ પ્રભુ ચૈતન્યમૂર્તિ ભગવાન પોતાના સ્વભાવને છોડતો નથી. આવું ક્યાં ભેદજ્ઞાન ? પરંતુ જે પરમાર્થને જાણતા નથી, તેઓ સંયોગથી થયેલા ભાવોને, સંયોગ એટલે કર્મના સંયોગ એનાથી થયેલા ભાવોને જ જીવ કહે છે. એ પુણ્યના પરિણામ એ જીવ દયા, દાન, વ્રતના પરિણામ એ આત્માને લાભદાયક, એમ અજ્ઞાનીઓ જડને પુદ્‌ગલના સંયોગને અથવા સંયોગથી થતાં ભાવને જીવ માને છે. આહાહાહા !

કારણકે પરમાર્થ જીવનું સ્વરૂપ પુદ્‌ગલથી ભિન્ન સર્વજ્ઞને દેખાય છે. સર્વજ્ઞ સ્વભાવી પરમાત્મા થાય એને આ રાગથી ભિન્ન સર્વજ્ઞસ્વરૂપી દેખાય છે. આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. સર્વજ્ઞ સ્વભાવ, સર્વને જાણનાર દેખનાર સ્વભાવવાળો આત્મા છે. એવું સર્વજ્ઞ ભગવાન જાણે છે.

હવે એને જાણ માટે કહેશે, તેમજ સર્વજ્ઞની પરંપરાના આગમથી જાણી શકાય છે, આગમના વચનોથી અંદર અનુભવ કરે તો એને જાણી શકાય છે કે આ રાગથી આત્મા ભિન્ન છે. ચાહે તો એ દયા, દાન, વ્રત ભક્તિ પૂજાનો ભાવ હો, પણ એ તો રાગ છે, વૃત્તિનું ઉત્થાન છે, વિકાર છે, વિભાવ છે, દુઃખરૂપ છે. એનાથી ભગવાન જુદો છે. તેથી જેમના મતમાં સર્વજ્ઞ નથી જેને કાંઈ સર્વજ્ઞ જેના મતમાં નથી એને એ જાણ્યું નથી. કલ્પનાથી બધી વાતો કરી છે. તેઓ પોતાની બુદ્ધિથી અનેક જાણી શકાય છે, અનેક કલ્પના કરી કહે છે. તેમાંથી વેદાંતિ–વેદાંતિ એક જ આત્મા સર્વવ્યાપક, એ જુઠી વાત છે. આઠ બોલ આવ્યા છે ને એમાં નાખ્યા છે આઠ મીમાંસક, સાંખ્ય, યોગદર્શન, બોદ્ધદર્શન, નૈયાયિકદર્શન, વૈશેષિકદર્શન, ચાર્વાક, નાસ્તિકદર્શન આદિ મતોના આશય લઈ આઠ પ્રકાર તો પ્રગટ કહ્યા, અહીં એમ કહ્યું એમણે અને અન્ય પણ પોતપોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી અનેક પ્રકારે કહે છે, તે ક્યાં સુધી કહેવું ?

એવું કહેનારા સત્યાર્થવાદી કેમ નથી, આમ માનનારા જૂઠાં છે, સાચા નથી એનો ઉત્તર દેવામાં આવે છે.

## ગાથા - ૪૪

એવું કહેનારા સત્યાર્થવાદી કેમ નથી તે કહે છેઃ-

एदे सव्वे भावा पोग्गलदव्वपरिणामणिप्पण्णा।
केवलिजिणेहिं भणिया कह ते जीवो त्ति वुच्चंति।।४४।।

एते सर्वे भावाः पुद्गलद्रव्यपरिणामनिष्पन्नाः।
केवलिजिनैर्भणिताः कथं ते जीव इत्युच्यन्ते।।४४।।

यतः एतेऽध्यवसानादयः समस्ता एव भावा भगवद्भिर्विश्वसाक्षिभिरर्हद्भिः पुद्गलद्रव्यपरिणाममयत्वेन प्रज्ञप्ताः सन्तश्चैतन्यशून्यात्पुद्गलद्रव्यादतिरिक्तत्वेन प्रज्ञाप्यमानं चैतन्यस्वभावं जीवद्रव्यं भवितुं नोत्सहन्ते; ततो न खल्वागमयुक्तिस्वानुभवैर्बाधितपक्षत्वात् तदात्मवादिनः परमार्थवादिनः। एतदेव सर्वज्ञवचनं तावदागमः। इयं तु स्वानुभवगर्भिता युक्तिः-न खलु नैसर्गिकरागद्वेषकल्माषितमध्यवसानं जीवस्तथाविधाध्यवसानात्कार्तस्वरस्येव श्यामिकाया अतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्य-मानत्वात्। न खल्वनाद्यनन्तपूर्वापरीभूतावयवैकसंसरणलक्षणक्रियारूपेण क्रीडत्कर्मैव जीवः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु तीव्रमन्दानुभवभिद्यमानदुरन्तरागरसनिर्भराध्यवसानसन्तानो जीवस्ततोऽतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु नवपुराणावस्थादिभेदेन प्रवर्तमानं नोकर्म जीवः शरीरादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु विश्वमपि पुण्यपापरूपेणाक्रामन् कर्मविपाको जीवः शुभाशुभभावादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु सातासातरूपेणाभिव्याप्तसमस्ततीव्रमन्दत्वगुणाभ्यां भिद्यमानः कर्मानुभवो जीवः सुखदुःखातिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु मज्जितावदुभयात्मकत्वादात्मकर्मोभयं जीवः कार्त्स्न्यतः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खल्वर्थक्रियासमर्थः कर्मसंयोगो जीवः कर्मसंयोगात् खट्वाशायिनः पुरुषस्येवाष्टकाष्ठसंयोगादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वादिति।

---

**પુદ્‌ગલ તણા પરિણામથી નીપજેલ સર્વે ભાવ આ**
**સહુ કેવળીજિન ભાખિયા, તે જીવ કેમ કહો ભલા ? ૪૪.**

**ગાથાર્થઃ-** [ एते ] આ પૂર્વે કહેલાં અધ્યવસાન આદિ [ सर्वे भावाः ] ભાવો છે તે બધાય [ पुद्गगलद्रव्यपरिणामनिष्पन्नाः ] પુદ્‌ગલદ્રવ્યના પરિણામથી નીપજ્યા છે એમ

[ केवलिजिनैः ] કેવળી સર્વજ્ઞ જિનદેવોએ [ भणिताः ] કહ્યું છે [ ते ] તેમને [ जीवः इति ] જીવ એમ [ कथं उच्यन्ते ] કેમ કહી શકાય ?

ટીકા:- આ અધ્યવસાનાદિ ભાવો છે તે બધાય, વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા ભગવાન (વીતરાગ સર્વજ્ઞ) અર્હંતદેવો વડે, પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી, તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી કે જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્‌ગલદ્રવ્યથી અતિરિક્ત (ભિન્ન) કહેવામાં આવ્યું છે; માટે જેઓ આ અધ્યવસાનાદિકને જીવ કહે છે તેઓ ખરેખર પરમાર્થવાદી નથી કેમ કે આગમ, યુક્તિ અને સ્વાનુભવથી તેમનો પક્ષ બાધિત છે. તેમાં, 'તેઓ જીવ નથી' એવું આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે અને આ (નીચે પ્રમાણે) સ્વાનુભવગર્ભિત યુક્તિ છે:-સ્વયમેવ ઉત્પન્ન થયેલા એવા રાગ-દ્વેષ વડે મલિન અધ્યવસાન છે તે જીવ નથી કારણ કે, કાલિમા (કાળપ) થી જુદા સુવર્ણની જેમ, એવા અધ્યવસાનથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે. ૧. અનાદિ જેનો પૂર્વ અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે એવી જે એક સંસરણરૂપ ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું કર્મ છે તે પણ જીવ નથી કારણ કે કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૨. તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત રાગરસથી ભરેલાં અધ્યવસાનોની સંતતિ પણ જીવ નથી કારણ કે તે સંતતિથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૩. નવી પુરાણી અવસ્થાદિકના ભેદથી પ્રવર્તતું જે નોકર્મ તે પણ જીવ નથી કારણ કે શરીરથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૪. સમસ્ત જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક છે તે પણ જીવ નથી કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૫. શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ તે પણ જીવ નથી કારણ કે સુખ-દુઃખથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૬. શિખંડની જેમ ઉભયાત્મકપણે મળેલાં જે આત્મા અને કર્મ તે બન્ને મળેલાં પણ જીવ નથી કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૭. અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ તે પણ જીવ નથી કારણ કે, આઠ કાષ્ટના સંયોગથી (-ખાટલાથી) જુદો જે ખાટલામાં સૂનારો પુરુષ તેની જેમ, કર્મસંયોગથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૮. (આ જ રીતે અન્ય કોઈ બીજા પ્રકારે કહે ત્યાં પણ આ જ યુક્તિ જાણવી.)

**[ ભાવાર્થઃ-ચૈતન્યસ્વભાવરૂપ જીવ, સર્વ પરભાવોથી જુદો, ભેદજ્ઞાનીઓને અનુભવગોચર છે; તેથી જેમ અજ્ઞાની માને છે તેમ નથી. ]**

## ગાથા - ૪૪ ઉપર પ્રવચન

આ અધ્યવસાનાદિ ભાવો છે તે બધાય, આઠ કીધાને આઠ એ બધાય, વિશ્વને સમસ્ત પદાર્થને સાક્ષાત્ દેખનારા ભગવાન સર્વજ્ઞ વીતરાગ જૈન પરમેશ્વર અર્હંતદેવો વડે પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી એ શુભઅશુભ ભાવ એ પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ, જીવના નહીં. એ સુખદુઃખની કલ્પના એ પુદ્‌ગલના પરિણામ છે, પ્રભુ જીવના નહીં, એના હોય તો જુદા પડે નહીં, જુદા પડે તે એના નહિ. લોજીકથી ન્યાયથી પકડવું પડશે કે નહિ ? અરેરે ! અનંતવાર મનુષ્યપણા મળ્યા, અનંતવાર સાધુ દિગંબર મુનિ પણ થયો, પણ આ આત્મા અંદર રાગથી ભિન્ન ચિદાનંદ પ્રભુ એવી દૃષ્ટિ કરી નહીં. આહાહા ! એ કહે છે

પુદ્‌ગલદ્રવ્યના પરિણામ જોયું, પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય એમ કહ્યું છે ! આહાહા... એ ચૈતન્યમય નહીં, શુભઅશુભ ભાવ, પુણ્ય-પાપના ભાવ એ પુદ્‌ગલદ્રવ્યના પુદ્‌ગલમય પરિણામ, જડના પરિણામ છે એ. ભગવાન ચૈતન્ય જ્યોતના નહીં, આકરી વાત છે ભાઈ. ભગવાન જિનેશ્વરદેવ, સર્વજ્ઞ પરમેશ્વરે એમ કહ્યું છે, એમ તો ભગવાનનો આધાર આપીને કહે છે, એને તો પુદ્ગલ દ્રવ્યના પરિણામમય એ શુભઅશુભ ભાવ, શરીર, આઠ કર્મ એ બધા પુદ્‌ગલમય પરિણામ છે. એ ચૈતન્યના પરિણામ નહીં. એ ચૈતન્યની જાત નહીં. એ પુણ્ય-પાપ ને શરીર એ તો કજાત છે. એ તો પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય, નિમિત્ત પુદ્‌ગલ છે ને ? નિમિત્તને આધીન થયેલા ભાવ, એ બધા પુદ્‌ગલમય છે એમ કીધું છે અહીં, શરીર જેમ પુદ્‌ગલ, આઠ કર્મ પુદ્‌ગલના પરિણામ, એમ શુભઅશુભ ભાવ પણ પુદ્‌ગલના જ પરિણામ જડના તેમ સુખદુઃખની કલ્પના એ પણ પુદ્‌ગલ જડના જ પરિણામમય, પરિણામમય. આહાહાહા !

તેઓ ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય, તેઓ એટલે પુણ્ય પાપના ભાવ, શુભઅશુભ ભાવ, કર્મ, શરીર એ ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી. ભગવાન ચૈતન્ય જ્યોતિ જાણક દેખન સ્વભાવનો પ્રભુ. એ જીવદ્રવ્ય થવા ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય, જીવદ્રવ્ય કેવો ? ચૈતન્ય સ્વભાવમય, ભગવાન આત્મા કેવો ? કે ચૈતન્ય સ્વભાવમય ચૈતન્ય સ્વભાવવાળો એમેય નહીં, ચૈતન્ય સ્વભાવમય, જાણક દેખન સ્વભાવમય ભગવાન આત્મા છે અંદર. અને એ પુણ્યપાપના ભાવ પુદ્‌ગલ પરિણામમય આ ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય તો આ પુણ્યપાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના એ પુદ્‌ગલ પરિણામમય બે ભિન્ન પાડી દીધા. આહાહાહા !

છે એની પર્યાયમાં થતાં, પણ એનો સ્વભાવ નથી ને ? ભગવાન આત્મામાં અનંત ગુણો છે, આત્મામાં સચ્ચિદાનંદ જ્ઞાન દર્શન આનંદ શાંતિ સ્વચ્છતા પ્રભુતા એવા અનંત ગુણો છે પણ તે કોઈ ગુણ વિકારપણે થાય એવો કોઈ ગુણ નથી. એથી એમ કહ્યું કે જીવદ્રવ્ય તો, ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય, તે પુદ્‌ગલદ્રવ્યમય પરિણામ થવાને સમર્થ નથી. આવું ઝીણું પડે લોકોને. નવ્વાણું ( ની સાલ ) ૩૫ વરસ થયા દરબાર, ચુડા પહેલાં, તમે પણ ચુડા કેવા છો ? અટક પણ એવી છે ચુડાસમા. ( રાખેંગારના વંશવાળા છે )

"આ તો સિદ્ધ સમાનના વંશવાળો છે પ્રભુ" સિદ્ધની જાત છે ને ! નમો સિદ્ધાણં એના કુળની જાતવાળો છે પ્રભુ તો. એ તો શરીરની વાત છે ને વ્યાખ્યા, વાત એવી બહુ મીઠી મધુરી બહુ.

ભગવાન ચૈતન્યમય જીવદ્રવ્ય જ્ઞાન સ્વભાવી જીવદ્રવ્ય, આનંદમય જીવદ્રવ્ય એ સુખ દુઃખના પરિણામ પુદ્‌ગલપરિણામમય એ જીવદ્રવ્ય એ રીતે થવાને સમર્થ નથી, બહુ સરસ વાત છે બે. એકકોર રામ ને એકકોર ગામ. એકકોર આત્મરામ આનંદનો ધામ ચૈતન્યમૂર્તિ ભગવાન. ભગવાન એક વાર સાંભળ તો ખરો પ્રભુ એ ચૈતન્યમય, ચૈતન્ય સ્વભાવમય જીવ–દ્રવ્ય, એ પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી તે ચૈતન્ય સ્વભાવ જીવદ્રવ્ય એ રૂપે થવાને સમર્થ નથી. આહાહાહા ! એ પુણ્યના પરિણામપણે ચૈતન્યમય જીવદ્રવ્ય, પુણ્યના પરિણામ દયા, દાનના, એ પુદ્‌ગલ પરિણામમય એ જીવ પોતે ચેતન્યમય દ્રવ્ય તે પુદ્‌ગલના પરિણામમય થવાને લાયક નથી. સાંભળવા જ હજી માંડ કોક દિ' મળે, આખો દિ' કડાકૂટા ધર્મને બહાને પણ આ કરો ને આ કરો, દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, અરે પ્રભુ કહે છે અહીં કુંદકુંદાચાર્ય, સર્વજ્ઞની વાણીથી, એ કીધુંને સર્વજ્ઞ ભગવાને એમ કહ્યું છે, ત્રિલોકનાથ સીમંધર ભગવાન બિરાજે છે, વર્તમાનની વાત છે ને ! વર્તમાન સંત મુનિ કહે છે ને ! કે એ સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ એની વાણીમાં આમ આવ્યું છે પ્રભુ એ શુભઅશુભ ભાવ અને સુખ–દુઃખની કલ્પનાનો ભાવ એ પુદ્‌ગલ પરિણામમય, પુદ્‌ગલ પરિણામમય, પુદ્‌ગલ સાથે તન્મય એ પરિણામ ચૈતન્યમય જીવદ્રવ્ય થવાને સમર્થ નથી. કહો પાટણીજી !

( શ્રોતાઃ– એ બધા વિકારી ભાવોને પુદ્‌ગલ કહે છે ). એકકોર રામ આત્મારામ સચ્ચિદાનંદ પ્રભુ, એક બાજુ પુણ્ય પાપ કામ ક્રોધ શરીર બધા પુદ્‌ગલ જડ જડ, કેમ કે એ શુભભાવ હો. દયા, દાન, વ્રતનો પણ એ રાગ કાંઈ પોતાને જાણતો નથી કે અમે રાગ છીએ, જાણે છે ઈ ? રાગ જાણે ? રાગમાં જાણવાની તાકાત ક્યાં છે ? તો ચૈતન્યમય જીવદ્રવ્ય રાગમાં જાણવાની તાકાત નથી એવો જડ એ ચૈતન્યમય જીવદ્રવ્ય થવાને સમર્થ નથી. ન્યાયથી લોજીકથી. આહાહાહા !

ફરીને, આમાં કાંઈ પુનરુક્તિ ન લાગે. સર્વ વિશ્વને દેખનારા સર્વજ્ઞ ભગવાન વીતરાગ પરમાત્મા, વર્તમાનમાં તો ભગવાન સીમંધર પ્રભુ મહાવિદેહમાં બિરાજે છે, આ સામાયિક વખતે આજ્ઞા લે છે ને પણ ક્યાં એને ખબર છે ભગવાન કોણ છે ? ( શ્રોતાઃ– આ શ્વેતાંબરના શાસ્ત્રમાં સીમંધરનું નામ નથી ). શ્વેતાંબરમાં નથી. સીમંધર પરમાત્મા મહાવિદેહમાં સમવસરણમાં વર્તમાન બિરાજે છે. ૫૦૦ ધનુષ્યનો દેહ છે. એ ભગવાન સર્વને વિશ્વને દેખનારા વિશ્વ નામ સમસ્ત પદાર્થ લોકાલોકને દેખનારા, સાક્ષાત્ દેખનારા, સમસ્ત પદાર્થોને સાક્ષાત્, પ્રત્યક્ષ દેખનારા ભગવાન વીતરાગ, વીતરાગ, વીતરાગ સર્વજ્ઞ, અર્હંતદેવો વડે. ઓહોહો ! સંતો ભગવાનનો આશ્રય લઈને વાત કરે છે, પોતે કહે છે પણ આ તો સર્વજ્ઞ ભગવાન જેણે ત્રણકાળ ત્રણલોક જોયા એવા સર્વજ્ઞ ભગવાન, દેખનારા ભગવાન અર્હંતદેવો વડે અરિહંત પરમાત્મા, પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી એ પુણ્યને શુભઅશુભ ભાવ. અરે ગજબ નાથ, લોકોને બેસવું કઠણ, આ પંચમકાળ, હલકો કાળ એમ એને નડે છે એમ એ માને છે. તારી વિપરીત દૃષ્ટિ નડે છે. આહાહાહા !

એ પુણ્યપાપના ભાવ, શુભાશુભભાવ એ પુદ્‌ગલદ્રવ્યના, પુદ્‌ગલદ્રવ્ય, પુદ્‌ગલવસ્તુ, અજીવ વસ્તુ એના પરિણામમય એ અજીવ સાથે પરિણામમય તન્મય છે એ તો, એ અજીવ સાથે તન્મય છે એમ કહેવામાં વીતરાગ ભગવાને અર્હંતદેવોએ કહ્યું છે ને પ્રભુ !? તેઓ ચૈતન્ય સ્વભાવમય, જોયું ? ઓલું પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય, તો ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવમય. એ રાગાદિ અચેતન સ્વભાવ પુદ્‌ગલમય, આમ ઓલા માનનારને ઉત્તર આપે છે. ઓલો કહે કે ભાઈ પુણ્ય ને પાપના ભાવ રાગબુદ્ધિ ને એકત્વ અધ્યવસાય તે જીવ, અમારે વળી રાગ ને એકત્વબુદ્ધિથી ભિન્ન છે આત્મા એમ અમે દેખતા જાણતા નથી, તો સાંભળ ભાઈ. આહાહાહા !

વિશ્વને દેખનારા અરિહંત પરમાત્મા "નમો અરિહંતાણ" કહે પણ એને અરિહંત કોણ અને કેવા તેનું જ્ઞાન એની કાંઈ ખબર ન મળે. એ કોઈ પક્ષનો શબ્દ નથી નમો અરિહંતાણં જેણે રાગ અને દ્વેષ ને અજ્ઞાનરૂપી અરિ નામ વેરીને હણ્યા અને જેણે વીતરાગ અને કેવળજ્ઞાન પ્રગટ કર્યું તેને અરિહંત પરમાત્મા કહે છે, તે અરિહંત પરમાત્મા સર્વને દેખનારા ભગવાનોએ એમ કહ્યું, એમણે એમ કહ્યું કે પુણ્ય-પાપના ભાવ પુદ્‌ગલદ્રવ્યમય હોવાથી અને ભગવાન ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય હોવાથી, એ પુદ્‌ગલમય પરિણામ થવાને ચૈતન્યમય જીવદ્રવ્ય યોગ્ય નથી. આહાહાહા !

દરબાર ! આવી વાતું છે. ક્યાંય આ તો મળે એવું નથી અત્યારે તો બધું, અરેરે ન્યાં સુધી ચાલ્યા ગયા. જૈન દિગંબર સાધુ નામ ધરાવીને કે શુભજોગ જ છે પંચમકાળમાં એટલે જડ જ છે અત્યારે. અરેરે ! પ્રભુ પ્રભુ પ્રભુ ! (શ્રોતાઃ- એ સર્વજ્ઞને માનતા નથી ?) નથી માનતા. સર્વજ્ઞની ખબર નથી બાપુ. ભાઈ ત્રણલોકનો નાથ સર્વજ્ઞ ભગવાન બિરાજે છે ભાઈ એ રાજવી હતા, સંત થઈને કેવળજ્ઞાન પામ્યા છે પ્રભુ. તીર્થંકરો હોય છે એ બધા ક્ષત્રિય જ હોય છે. વાણીયા તીર્થંકર ન થાય. વાણીયા કેવળ પામે, પણ તીર્થંકર ન થઈ શકે. ક્ષત્રિય થાય, વાણીયો મરીને ક્ષત્રિય થાય એ તીર્થંકર થાય. ભગવાન રાજવી છે. સીમંધર ભગવાન બિરાજે છે આમ સીધા મહાવિદેહમાં અત્યારે બિરાજે છે હોં, બહુ દૂર છે. એ સર્વજ્ઞ ભગવાન સર્વ વિશ્વના જાણનારા ત્યાં કુંદકુંદાચાર્ય ગયા હતા, આ ગાથાના કરનારા. હવે એય ના પાડે છે લ્યો કે ના એ વિશ્વસનીય નથી. પ્રભુ શું કરે છે તું ભાઈ ? આચાર્યો પોકાર કરે છે પોતે જયસેન આચાર્ય, દેવસેન આચાર્ય, ભગવાન કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા અને એ આવીને એમણે જો આ ઉપદેશ ન આપ્યો હોત તો, અમે મુનિપણું કેમ પામત ? ત્રણલોકના નાથ પરમાત્મા સર્વજ્ઞદેવ બિરાજે છે. તેની પાસે કુદકુંદાચાર્ય ગયા ન હોત તો અમને આ ઉપદેશ કોણ આપત એમ કહે છે, દર્શનસાર પુસ્તક છે શાસ્ત્ર, અરેરે.

આંહી કહે છે અમૃતચંદ્રાચાર્ય એનો અર્થ કરે છે કુંદકુંદાચાર્યનો. "એદે સવ્વે ભાવા પોગ્ગલ દવ્વપરિણામનિપ્પન્ન" કેમ એમણે કહ્યું "કેવળીજિણેહિ ભણીયા" છે ને ? કેવળીજિણેહિ ભણીયા, સર્વજ્ઞ પરમેશ્વર કેવળી જિનેશ્વર અરિહંતદેવ એને ભણિયા, છે ? ત્રીજું પદ છે. એનો અર્થ આ કર્યો છે. એ પુણ્યપાપના શુભઅશુભ ભાવ, શરીર અને આઠ કર્મ એને પુદ્‌ગલમય પરિણામ કહ્યા, પુદ્‌ગલના પરિણામમય કહ્યા, એમ જિનેશ્વરદેવે કહ્યું, સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું, તો કહે છે પરમાત્મા કે જે પુદ્‌ગલમય છે તેને ચૈતન્યમય જીવદ્રવ્ય તેરૂપે થવાને કેમ લાયક હોય ? આહાહાહા !

એવો ભગવાન આત્મા જ્ઞાયક સ્વભાવ જ્ઞાનથી ભરેલો પ્રભુ, ચૈતન્ય સ્વભાવથી ભરેલો ભગવાન એ પુદ્ગલના પરિણામમય થવાને કેમ લાયક હોય બાપુ ? પ્રભુ, ભગવાન એ પુણ્યપાપના પરિણામ પુદ્ગલમયથી પ્રભુ તારી ચીજ જુદી છે અંદર. ચૈતન્યના સ્વભાવથી ચૈતન્યના નૂરના તેજથી પૂર જેનું ભર્યું છે આખું. ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય ઓલું પાણીનું પૂર આમ ( ઊલટું ) ચાલે આ ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય ધ્રુવ નિત્ય ધ્રુવ જેનો પ્રવાહ છે ચૈતન્યનો એવો જે ભગવાન ચૈતન્ય જીવદ્રવ્ય, એ ભગવાને તો એમ કહ્યું કે એ પુદ્ગલના પરિણામ છે, વ્યવહાર રત્નત્રયના પરિણામ છે એ પુદ્ગલ પરિણામ છે. અરરર ! ગજબ વાત છે. હવે અત્યારનો એ પોકાર છે આ લોકોનો કે વ્યવહાર રત્નત્રય કરતાં કરતાં થાય. અરે એ તો વ્યવહાર રત્નત્રય જ અત્યારે તો ધર્મ છે બસ ! શુભરાગ પ્રભુ પ્રભુ પ્રભુ બાપુ. વિશ્વને દેખનારા ત્રણ લોકના નાથના વિરહ પડયા ભરતમાં એમણે પરમાત્માએ તો આમ કહ્યું. ચૈતન્ય સ્વભાવમય આત્મા એ પુદ્ગલમય પરિણામ, પુદ્ગલના પરિણામમય શુભઅશુભ ભાવ થવાને લાયક આત્મા કેમ હોય ?

સંતો અને કેવળી ભગવાન કહે છે, એનો આધાર દેવો પડયો, "કેવળી જિણેહિં ભણિયા" છે ને ? ત્રીજું પદ, મૂળ શ્લોક ગાથા. પ્રભુ સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ એણે એમ કહ્યું છે કે પુણ્ય ને પાપના શુભઅશુભ ભાવ એ પુદ્ગલના પરિણામમય હોવાથી ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય તે પરિણામરૂપે કેમ થાય ? આહાહા ! આવી વાતું છે.

અનંત અનંત કાળ થયો રખડતાં, અનાદિ અનાદિ અનાદિ આદિ વિનાનો કાળ, ભવ ભવ ભવ ભવ ભવ ભવ ભવ આમ ક્યાંય અંત ન મળે ભવ વિનાનો, એવા અનંતા ભવ પ્રભુ, આવી ભ્રાંતિ અને ભ્રમણાને લઈને કર્યાં. એ પુણ્ય ને પાપના ભાવ મારા અને એ ચૈતન્યની જાતના એમ માનીને પ્રભુ તેં અનંત ભવ કર્યા પરિભ્રમણના. હવે અત્યારે સર્વજ્ઞ ત્રિલોકનાથ વર્તમાનમાં એમ કહે તને કે પુદ્ગલદ્રવ્યના પરિણામમય જે પુણ્ય પાપના ભાવ તે ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય થવાને સમર્થ નથી. આહાહા !

આત્મારામ ચૈતન્ય સ્વભાવથી ભરેલો પ્રભુ ! જેના બાગમાં જેમ ઝાડ ફુલેલા હોય છે, એમ જેના ઘરમાં અનંતા ગુણો ફુલેલા ભર્યા છે અંદર, ભગવાનમાં એવો ચૈતન્યમય જે અનંતગુણમય પ્રભુ એવા ચૈતન્યના અનંત ગુણમય ભગવાન, એ પુદ્ગલમય, જે જીવના પરિણામ, જડનાં એ રીતે કેમ થાય પ્રભુ ? તને ભ્રમ થઈ ગયો છે. ધીરો થઈને એનો વિચાર કરવો જોઈએ. આ બાપુ અનંત કાળથી પરિભ્રમણ કરે છે ભાઈ. એ દુઃખી છે. એ આનંદમૂર્તિ દુઃખી છે એના સ્વરૂપની ખબર નથી, તેથી એ પુણ્ય પાપના ભાવમાં રહ્યો એ દુઃખી છે. એ દુઃખનાં પરિણામ એ પુદ્ગલના પરિણામ છે, ભગવાન તો અતીન્દ્રિય આનંદમય સચ્ચિદાનંદ પ્રભુ, તેના પરિણામ તો આનંદમય, શાંતમય આવે. બરફના ઢગલામાંથી તો ઠંડી આવે, એમ ચૈતન્ય અતીન્દ્રિય આનંદનો ઢગલો ભગવાન નિત્ય શાશ્વત પ્રભુ છે, એનો આશ્રય લે તું તો પર્યાયમાં આનંદ આવે. એનું નામ ધર્મ છે. હેં ? આવું છે દરબાર ! ઝીણું બહુ બાપુ.

અરે ! સંતોને એમ કહેવું પડયું, હેં ? મહામુનિ સંત છે ભાવલિંગી, નિજ વૈભવ અતીન્દ્રિય આનંદની મહોરછાપ જેને પ્રગટી છે. અતીન્દ્રિય આનંદમાં ઝુલે છે. સંત છે દિગંબર મુનિ, અને

આચાર્ય છે, મુનિ છે, પરમેષ્ટિપદમાં છે એને પણ જગતને બતાવવા માટે કે ભાઈ, એ શુભજોગના પરિણામ જે છે એ પુદ્‌ગલના પરિણામમય છે એમ જિનેશ્વરે પ્રભુએ કહ્યું છે ને ભાઈ ! અરેરે ! જેના શાસ્ત્રમાં એ વાત નથી એ સર્વજ્ઞના શાસ્ત્ર નહીં. એમ કહ્યુંને અહીંયા ? સર્વજ્ઞનું આગમ આમ કહે છે સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ. આહાહા ! ગજબ કર્યો છે.

એ સવ્વે ભાવા પોગ્ગલ દવ્વપરિણામનિષ્પન્ના એ પુદ્‌ગલ જડથી પ્રાપ્ત છે એ વિકાર એ વિકાર અચેતન છે તો અચેતનથી પ્રાપ્ત છે, ભગવાન ચૈતન્ય છે તેનાથી તે પ્રાપ્ત કેમ હોય ? જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય, શું કીધું ? ભગવાન જીવદ્રવ્ય જે ચૈતન્ય સ્વભાવમય છે, તે ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્‌ગલદ્રવ્યથી અતિરિક્ત. ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્‌ગલ દ્રવ્ય, એટલે પુણ્ય પાપ કર્મ આદિ, એનાથી ભિન્ન કહેવામાં આવ્યું છે. ભગવાને એમ કહ્યું છે. દિવ્યધ્વનિ દ્વારા ઓમધ્વનિ એ દ્વારા ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ એમ કહ્યું છે કે ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્‌ગલદ્રવ્ય, એ શુભ અશુભભાવ, કર્મ, શરીર એ બધા ચૈતન્ય સ્વભાવથી શૂન્ય છે એમાં ચૈતન્ય સ્વભાવ જાણક સ્વભાવ નથી. આહાહાહા !

ભગવાન ચૈતન્ય સ્વભાવથી ભરેલો પદાર્થ છે અને પુણ્ય પાપના ભાવ, શરીર, કર્મ, ચૈતન્યભાવથી શૂન્ય છે. અહીં જ્યારે ચૈતન્ય સ્વભાવથી ભરેલો છે, ત્યારે પુણ્યપાપના ભાવ ચૈતન્યભાવથી શૂન્ય છે, સમજાય એવું છે. સમજાણું કાંઈ ? પહેલાં એક જવાબમાં ગજબ કર્યો છે. હજી તો આવશે બધુ ઘણું.

એ પુદ્‌ગલદ્રવ્ય પરિણામ કહ્યા ને પાઠમાં ? પોગ્ગલ દવ્વ પરિણામ નિષ્પન્ના, એનાથી પરિણામ નિષ્પન્ના પ્રાપ્ત એ દયા, દાન, વ્રત ભક્તિ, પૂજાનો ભાવ એ પુદ્‌ગલ દ્રવ્યથી નીપજેલા ભાવ છે. પ્રભુ પ્રભુ પ્રભુ જગતને આકરું પડે બહુ. કેમ કે એ ચૈતન્ય સ્વભાવથી શૂન્ય છે, એ રાગમાં ચૈતન્યનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ ? આહાહાહા !

એ ચૈતન્યભાવથી શૂન્ય એવા શુભઅશુભ ભાવ, શરીર, કર્મ રાગની એકતાબુદ્ધિનો અધ્યવસાય એ બધા પુદ્‌ગલદ્રવ્યથી અતિરિકત, ચૈતન્યભાવથી શૂન્ય એ એવા જે પુદ્‌ગલ દ્રવ્ય ઓલા પુદ્‌ગલદ્રવ્યના પરિણામ કહ્યા 'તા એને હવે પુદ્‌ગલદ્રવ્યમાં નાખી દીધા એ પુદ્‌ગલદ્રવ્ય જ છે. ચૈતન્ય ભાવથી શૂન્ય એવા પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન કહેવામાં આવ્યા છે. આહાહા !

શાંતિથી આ તો બાપુ આ કાંઈ વાર્તા કથા નથી, આ તો ભગવત્‌સ્વરૂપ ભગવાનની ભાગવતકથા છે. અનંત અનંત કાળથી એણે કોઈ દિ' આ રીતે વાત સાંભળી નથી પ્રેમથી. શ્રુત પરિચિત આવે છે ને ? એનો વળી ઓલાએ અર્થ કર્યો છે ભાઈ શ્રુત-પરિચિત અનુભૂતા, શ્રુત એટલે જ્ઞાન, પરિચિત એટલે દર્શન ને અનુભૂતા એટલે ચારિત્ર એવો અર્થ કર્યો છે, આણે બળભદ્રે. એ તો રાગ દ્વેષને તેં સાંભળ્યો છે, તેનો પરિચય કર્યો છે, એનો અનુભવ તને છે એમ કહેવું છે. તેં રાગને કરવું એ સાંભળ્યું છે, રાગના પરિચયમાં તું અનંતવાર આવી ગયો છે અને અનુભૂતિ રાગની તને અનુભવ છે પણ રાગથી ભિન્ન ભગવાન આત્મા પ્રભુ ! તેં સાંભળ્યો નથી. તે તને રુચ્યો નથી, પરિચય કર્યો નથી અને તેનો અનુભવ તેં કર્યો નથી, અનંત કાળમાં. આહા ! સમજાણું કાંઈ ? આવી વાતું છે.

માટે જેઓ આ અધ્યવસાન આદિને જીવ કહે છે તેઓ ખરેખર પરમાર્થવાદી નથી. કેમ

કે આગમ, યુક્તિ અને સ્વાનુભવથી તેમનો પક્ષ બાધિત છે. ભગવાનની વાણીરૂપી આગમ, યુક્તિ નામ તર્ક અને ન્યાય. એ પુદ્‌ગલ છે ઈ પુદ્‌ગલના પરિણામ છે, સ્વાનુભવ અને અનુભવથી તેમનો પક્ષ બાધિત છે, ત્રણથી વિરોધ છે એનો. વિશેષ કહેશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૧૫ ગાથા - ૪૪ રવિવાર આસોવદ - ૬ તા. ૨૨/૧૦/૭૮

સમયસાર ૪૪ ગાથા ચાલે છે, ફરીને ટીકા શરૂઆતથી, ટીકા છે ને ? આ અધ્યવસાનાદિ ભાવો છે, એટલે શું કહ્યું કે અંદરમાં રાગની એકતાબુદ્ધિ એવો જે અધ્યવસાય, મિથ્યાત્વ એ પુદ્‌ગલના પરિણામ છે, જીવના નહીં, એમ અંદર, દયા, દાન, પૂજા ભક્તિ આદિ વ્રત તપનો ભાવ રાગ છે એ રાગ છે તે બધાય પુદ્‌ગલના પરિણામ ભગવાને કહ્યા છે. છે ?

“બધાય વિશ્વને સાક્ષાત્ દેખનારા ભગવાન” સમસ્ત પદાર્થોને સાક્ષાત્ જ્ઞાનની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોકના પદાર્થને દેખનારા ભગવાન વીતરાગ સર્વજ્ઞ અરિહંતદેવો વડે, પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી, એ અંદર જે શુભઅશુભ રાગ થાય એને ભગવાને દિવ્યધ્વનિ દ્વારા ( કહ્યું ) કે એ પુદ્‌ગલના પરિણામ છે આત્માના નહીં. આ શરીર, વાણી, મન જડ એ તો આત્માના નહીં એ તો માટી પુદ્‌ગલના જડ છે. પણ અંદરમાં હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ વાસના એવા જે પાપના પરિણામ અને દયા, દાન, વ્રત, ભક્તિ પૂજા ભગવાનનું સ્મરણ એ ભાવપુણ્ય રાગ છે, એ રાગને ભગવાન તીર્થંકરોએ એને પુદ્‌ગલદ્રવ્ય ( ના ) પરિણામ કહેવામાં આવ્યા છે. આ લોકોને ખબર ન મળે ને અમે ધર્મ કરીએ છીએ, છે ? તેઓ ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી, કોણ ? અંદર જે દયા, દાન, વ્રત, ભક્તિ પૂજા ભગવાનનું સ્મરણ એવો ભાવ એ પુદ્‌ગલ દ્રવ્યના જડના પરિણામ છે. એ આત્માના નહીં. આહાહાહા !

એ ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી. શુભજોગની જે ક્રિયા રાગની એ ચૈતન્ય સ્વભાવ એવો જે જીવદ્રવ્ય તે થવા સમર્થ નથી. આકરી વાત છે ભાઈ. શરીર વાણી મન બાયડી છોકરા કુટુંબ વેપાર ધંધો એ તો પર ચીજ છે, એ તો આત્માની પર્યાયમાં પણ નથી. આંહી તો અરિહંતદેવ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા એમ કહે છે, કે એ પુણ્ય ને પાપના ભાવ પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી. ચૈતન્યસ્વભાવ, જ્ઞાયકસ્વભાવ, જ્ઞાયકભાવ, સત્યાર્થભાવ, ભૂતાર્થભાવ, જ્ઞાયકભાવ, શુદ્ધભાવ એવો જે જીવભાવ એ વિકાર, જીવભાવ થવાને સમર્થ નથી. અરે ! આવી વ્યાખ્યા હવે. છે ? આ તો કાલ આવી ગયું છે.

જે જીવદ્રવ્ય ભગવાન આત્મા કોણ છે ? ભગવાન એમ કહે છે. અંદર જીવ વસ્તુ આત્મ પદાર્થ અનંત અનંત જ્ઞાન આનંદનો ભંડાર પ્રભુ એ જીવદ્રવ્ય, ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્‌ગલ દ્રવ્યથી અતિરિકત છે. જે પુદ્‌ગલ, પુણ્યને પાપના દયા, દાન ને વ્રતના ભાવ પુદ્‌ગલ દ્રવ્યનાં પરિણામ કહ્યાં, તે ચૈતન્ય ભાવથી શૂન્ય છે, ઈ એવા પુદ્‌ગલદ્રવ્યથી તો ભિન્ન છે

જીવદ્રવ્ય. પાટણીજી ! ઝીણી વાતું છે. ( શ્રોતાઃ- ભાવ કરતો તો જીવ દેખાય છે ) જીવમાં છે નહીં. માને છે. અનાદિથી પાગલપણું છે. આહાહાહા !

આંહી તો એમ કહે છે, આ શરીર વાણી આ તો માટી જડ ધૂળ એ તો આત્માની નહીં, પણ આત્મામાં થતા પુણ્ય ને પાપના ભાવ એ પણ પુદ્‌ગલદ્રવ્યથી નીપજેલા પરિણામ છે એના, તે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય એવો પુદ્‌ગલદ્રવ્ય એનાથી તો જીવદ્રવ્યને ભિન્ન કહેવામાં આવ્યો છે. આહાહાહા !

નવ તત્ત્વ છે ને ? નવ તત્ત્વ જીવ-અજીવ-પુણ્ય-પાપ-આસ્રવ-સંવર-નિર્જરા-બંધ અને મોક્ષ. જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુણ્ય તત્ત્વમાં જાય છે, હિંસા જૂઠું ચોરી કામ ભોગ આ રળવું રળવાનો ભાવ આદિ જે એ પાપમાં જાય છે, એ બે થઈને આસ્રવ છે એ પણ પુદ્‌ગલના પરિણામમાં જાય છે, અને તે રાગમાં અટકે છે એવો ભાવબંધ એ પણ પુદ્‌ગલ પરિણામમાં જાય છે. આવું ઝીણું છે. એ પુદ્‌ગલદ્રવ્યને જીવદ્રવ્યથી ચૈતન્યભાવથી શૂન્ય એવા જે પુદ્‌ગલદ્રવ્ય અથવા એના જે પરિણામ એનાથી તો ભિન્ન જીવદ્રવ્યને કહેવામાં આવ્યો છે. ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ પરમેશ્વર અરિહંત સર્વજ્ઞ ભગવાન ત્રણકાળ ત્રણલોકને સાક્ષાત્ દેખનાર, એમણે તો આ કહ્યું છે ને પ્રભુ ! જેના શાસ્ત્રમાં રાગથી આત્માને લાભ થાય અને રાગ આત્માનો એ શાસ્ત્ર ભગવાનના નહીં, એ ભગવાનની વાણી નહીં, એ ભગવાનના શાસ્ત્ર નહીં અને જે ગુરુ નામ ધરાવીને એમ કહે કે રાગ આત્માનો છે, એ દયા, દાન આદિ અને એનાથી આત્મા જુદો નથી, એ પણ મિથ્યાદૃષ્ટિ, જૈન નથી. આહાહા આકરી વાતું છે. થોડી લીટીમાં બધું ઘણું ભર્યું છે. આહાહાહા !

જીવદ્રવ્ય ભગવાન આત્મા, ચૈતન્યસ્વરૂપ પ્રભુ, જ્ઞાયકભાવ અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનનો પિંડ પ્રભુ આત્મા. જેમ સ્ફટીકમણિ નિર્મળ છે, એમ ભગવાન આત્મા નિર્મળ શુદ્ધ પવિત્ર ભગવાન છે. એવો જે જીવદ્રવ્ય એ ચૈતન્યભાવથી શૂન્ય કોણ ? પુદ્‌ગલ, જે પુદ્‌ગલમાં ચૈતન્યસ્વભાવ નથી એ રાગમાં પણ ચૈતન્યસ્વભાવ નથી. આવું છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ તપનો વિકલ્પ ઊઠે છે અપવાસ કરવો આદિનો એ રાગ એ ચૈતન્યભાવથી શૂન્ય છે. અરે ! થોડી થોડી સમજતે હૈ ન ગુજરાતીને ? અહીં તો આ સબ ગુજરાતી હૈ ને ? આંહી તો કહે છે ભગવાન, ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એમ કહે છે ત્યારે હવે અત્યારે એમ કહે છે કે શુભજોગ જ અત્યારે છે એટલે આત્મા નથી. એમ પ્રભુ, પ્રભુ શું કરે એને બુદ્ધિ ( માં ન બેસે તો ) આહાહા !

જીવદ્રવ્ય વસ્તુ એ પુણ્ય ને પાપના ભાવ જે પુદ્‌ગલદ્રવ્યના પરિણામ, તે ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્‌ગલદ્રવ્યથી અતિરિકત જીવદ્રવ્યને કહેવામાં આવ્યું છે. આવું તો સ્પષ્ટ છે. એવો જે આ ભગવાન આત્મા, ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુ, શુદ્ધ વીતરાગ સ્વભાવી આત્મા, એવો જે ચૈતન્ય સ્વભાવ જીવદ્રવ્ય, એનાથી-ચૈતન્યથી શૂન્ય એવા પુણ્ય પાપના ભાવ જે પુદ્‌ગલદ્રવ્ય છે, એનાથી તો ભગવાન આત્માને, અતિરિકત-ભિન્ન કહેવામાં આવ્યો છે. શશીભાઈ ! આ તો કાલ થઈ ગયું 'તું. શરૂઆતથી લીધું, કેટલાક નવા છે ને ? અંદર ભગવાન જીવદ્રવ્ય જે છે, એ તો ચૈતન્ય સ્વભાવી, વીતરાગ સ્વભાવી, જિનબિંબ જિનસ્વરૂપી પ્રભુ છે, કેમ બેસે ? એવા જિન સ્વરૂપી, જીવદ્રવ્ય એ અજૈન સ્વભાવી એવો પુણ્ય ને પાપનો ભાવ, જે પુદ્‌ગલદ્રવ્ય છે એનાથી

જીવદ્રવ્યને અતિરિક્ત ભિન્ન કહેવામાં આવ્યો છે. આહાહાહા !

( શ્રોતાઃ– પાંચ મહાવ્રત એ જૈન છે ) પાંચ મહાવ્રતભાવ એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે, જીવદ્રવ્યથી શૂન્ય છે એ આકરી વાત છે બાપા. એ જૈન ધર્મ કોઈ સમજવો વાડામાં પડયા ને માને કે અમે જૈન છીએ, ભાઈ આત્મા જિનસ્વરૂપી વીતરાગ બિંબ આત્મા છે અત્યારે હોં, એવો જિન, "ઘટઘટ અંતર જિન વસે ને ઘટઘટ અંતર જૈન, પણ મત મદિરાકે પાનસોં મતવાલા સમજે ન" ને અભિમાની દારૂના પીધેલા મિથ્યાત્વના એ પુણ્ય ને પાપના ભાવ એ જીવદ્રવ્યના છે એમ માને છે. એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. શરીર વાણી મારા માને એ તો વળી મહામૂઢ છે, આ તો પર વસ્તુ માટી છે. આહાહા પૈસા, બાયડી, છોકરા, કુટુંબ એ તો પર તદ્દ્‌ન જુદા, એની હારે તો કાંઈ સંબંધ નથી, પણ અંદરમાં પુદ્‌ગલના ભાવકભાવના નિમિત્તના સંબંધે થયેલા જે શુભ અશુભ ભાવ એ ચૈતન્યભાવથી શૂન્ય છે. તેથી તે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય એવા ભાવથી, જીવદ્રવ્ય જુદો છે. આહાહાહા !

રતીભાઈ ! ઓલા તમારા કારખાના ને રૂપીયા પૈસા ક્યાં ગયા ? એ અજીતભાઈ ! આ બધા પૈસાવાળા મોટા બેઠા છે સાંઈઠ લાખ સીત્તેર લાખ કરોડપતિ ધૂળના પતિ( શ્રોતાઃ– ધૂળનાય પતિ તો છે ને ? ) એ માને છે, છે ક્યાં ? આંહી તો રાગનો પતિ માને કે રાગનો હું સ્વામી છું અને રાગ મારો, પ્રભુ વીતરાગ સર્વજ્ઞદેવ એમ કહે છે કે પ્રભુ એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એને અમારા જૈનની આજ્ઞાની ખબર નથી. આહાહાહા !

જૈન પરમેશ્વરે અનંત તીર્થંકરોએ વર્તમાન બિરાજતા પ્રભુ સીમંધર ભગવાન એ એણે એમ કહ્યું, પોતે ત્યાં ગયા'તા ને કુંદકુંદાચાર્ય દિગંબર સંત, ભગવાન બિરાજે છે અત્યારે ત્યાં ગયા'તા સંવત–૪૯ તો કહે છે કે સર્વજ્ઞ તીર્થંકરો તો એમ કહે છે ને ! "કેવળી જિણેહિ ભણિયા" કીધું ને ? પદમાં "કેવળીજિણેહિં ભણિયા" સર્વજ્ઞ ત્રિલોકનાથ, કેવળજ્ઞાની એમ કહેતા હતા, કે જે દયા દાન વ્રત ભક્તિના પરિણામ પર લક્ષથી થયેલા એ પરના છે, પુદ્‌ગલના છે, તારા નહીં. અરે સાંભળવું કઠણ પડે, ત્રંબકભાઈ ! આવી વાત છે. ભગવાન ! દુનિયાથી ફેર છે એ તો ખબર છે ને ! ચાર લીટીમાં તો કેટલું.. હવે પછી વધારે છે.

એક તો એ કહ્યું કે શુભ અશુભ પુણ્યપાપના ભાવ એ પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી જીવથી ભિન્ન છે, અને જીવ એ ચૈતન્યભાવથી શૂન્ય એવા પરિણામથી જીવ ભિન્ન છે. ચૈતન્ય જ્યોતિ અંદર ઝળહળ જ્યોતિ ભગવાન આત્મા ચૈતન્યના નૂરના તેજના પૂર ભર્યા છે ભાઈ તને ખબર નથી પ્રભુ ! અંદર આત્મા ચૈતન્યના નૂર નામ તેજનું પૂર છે. એ અંદર, એવો ચૈતન્ય તત્ત્વ જે ભગવાન એનાથી આ પુણ્ય ને પાપના પરિણામ પુદ્‌ગલમય કહ્યા, તે ચૈતન્ય સ્વભાવથી શૂન્ય હોવાને લીધે, તે પરિણામને જીવદ્રવ્યથી ભિન્ન કહ્યાં છે. જીવદ્રવ્ય તે પરિણામથી ભિન્ન કહ્યો છે. તે પરિણામથી જીવ દ્રવ્યને ભિન્ન કહ્યો છે. આહાહાહા !

આ તો એક બે લીટીમાં આટલું ભર્યું છે, વાંચે નહીં ભાઈ. અરે અનાદિથી ચોર્યાસી લાખમાં અવતાર કરી કરીને દુઃખી છે એ. ભલે અબજોપતિ, કરોડોપતિ હોય શેઠીયાઓ એ બધા દુઃખી છે. ભાઈ એનો આનંદનો નાથ ભગવાન છે, એની એને ખબરું નથી. એને આ લક્ષ્મી આદિ મારી એમ માનીને મમતાના દુઃખને વેદે છે એ, જેને અહીંયા પુદ્‌ગલના પરિણામ કહ્યાં

છે. અને જે મમતાના પરિણામ જીવદ્રવ્યથી, જીવદ્રવ્ય એ ચૈતન્યથી શૂન્ય એનાથી જીવદ્રવ્યને ભિન્ન કહ્યો છે. એક તો એ જીવદ્રવ્યથી ભિન્ન પુણ્યપાપના પરિણામ કહ્યાં, અને જીવદ્રવ્ય પુણ્યપાપના પરિણામથી ભિન્ન કહ્યો છે. ભગવંત તો એમ કહે છે કે, અમારું સ્મરણ કરો નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં એ એક વિકલ્પ ને રાગ છે પ્રભુ. એ રાગ એ પુદ્ગલના પરિણામ પ્રભુ તારા નહીં, તારા હોય તો જુદા પડે નહીં, ને જુદા પડે ઈ તારા નહીં. અરે ! આવું સાંભળવા મળે નહીં અને જિંદગી એમને એમ જાય. આ વ્રત કરીએ છીએ ને અપવાસ કરીએ છીએ ને તપ કરીએ છીએ. ત્રિલોકચંદજી ! આવું સાંભળવા નથી મળતું ત્યાં દિલ્હીમાં-દિલ્હીમાં નહીં ? આવી વાતું છે બાપા !

માટે જેઓ આ અધ્યવસાનાદિકને, માટે જેઓ અધ્યવસાય એટલે રાગની એકતાબુદ્ધિ અને રાગ, દયા, દાનનો રાગ, જીવ કહે છે જેઓ એને જીવ કહે છે, તેઓ ખરેખર પરમાર્થવાદી નથી, એ સાચું માનનારા, સાચા માનનારા નથી, એ જૂઠા માનનારા છે. છે ભાઈ અંદર ? આ ચોપડો જુદી જાતનો છે તમારાથી, એમાં પાઠમાં ધ્યાન રાખે તો સમજાય એવું છે, ઓલા તમારા ચોપડા રૂપીયાના હોય ને ધૂળના એની જાતના ચોપડા જુદા છે આ. ( શ્રોતાઃ- પાનું ફરે અને સોનું ઝરે ) ઝરે ? ધૂળમાંય નહીં. શું કહે છે ? કે જેઓ આ અધ્યવસાનાદિકને જીવ કહે છે જેઓ એ પુણ્યના પરિણામ દયા, દાનના રાગને જીવના કહે છે જે, તેઓ ખરેખર પરમાર્થવાદી નથી, એ સાચા માનનારા નથી, એ પરમાર્થના તત્ત્વને જાણતા નથી. આહાહાહા !

કેમ કે, હવે ન્યાય આપે છે, આગમ સર્વજ્ઞની વાણીરૂપી આગમ, ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણી, ઓમ ધ્વનિ "ઓમ ધ્વનિ સૂની અર્થ ગણધર વિચારે રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે" એવા તો ભગવંત ત્રિલોકનાથ વર્તમાન તો બિરાજે છે પ્રભુ, મહાવીર આદિ તો મોક્ષ પધાર્યા સિદ્ધ થઈ ગયા. આ તો અરિહંતપદે બિરાજે છે, સીમંધર ભગવાન. એમની જે વાણી આગમ એ પણ એમ કહે છે. કહે છે ભગવાને દીઠું ભગવાન તો એમ કહે છે. કહે છે પણ વાણી દ્વારા કહે છે ને ? ભગવાન એમ કહે છે, આગમ એમ કહે છે, યુક્તિ એમ કહે છે. અને સ્વાનુભવથી પણ એમ જણાય છે. કે રાગ આત્માનો નહીં. આહાહા ! ઝીણો વિષય છે ભાઈ !

અરેરે ! એમ ને એમ જિંદગીઓ, અનંત કાળ ગાળ્યો છે ભાઈ. એ નરક ને નિગોદમાં ગયો છે. ભગવાન પરમાત્મા નિગોદમાં એક શ્વાસમાં અઢાર ભવ કરે છે. આ બટાટા, શકરકંદ, મૂળા, ગાજર, એમાં એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવ એક શ્વાસમાં અઢાર ભવ, મરે ને જન્મે, મરે ને જન્મે. ભાઈ એ અનંતા દુઃખી છે એને સંયોગ અનુકૂળ પ્રતિકૂળ નથી માટે નહીં, એની દશામાં જ હીણી દશાએ પરિણમી ગયેલા નિગોદના જીવ, એને દુઃખનો પાર નથી, એ દુઃખના વેદનારા નિગોદના જીવ, પ્રભુ તેં એક શ્વાસમાં અઢાર ભવ, ક્યાં પણ કોને જોવું છે. અનંતકાળ ક્યાં ગાળ્યો અનંત. એવા અનંતવાર ભવ કર્યા એક વાર નહિ. એ ભવથી નિવર્તવું હોય અને જેને આત્માનું જ્ઞાન કરવું હોય એને આ જાણવું પડશે એમ કહે છે. ત્રણલોકના નાથ સો ઇન્દ્રોથી પૂજનીક પ્રભુ, જિનેશ્વરદેવની એ વાણી, એ આગમ એટલે આ જે આગમમાં પુણ્યના પરિણામને જીવના કહ્યા હોય એ આગમ નહીં, એ શાસ્ત્ર નહીં, અથવા જે આગમમાં એ શુભભાવથી જીવને લાભ થાય, એમ મનાવ્યું હોય એ આગમ નહીં, એ

સિદ્ધાંત નહીં, એ વીતરાગની વાણી નહીં. આગમ, યુક્તિ, યુક્તિથી પણ એ બેસે છે કે રાગ તે આત્માનો સ્વભાવ નથી. આહાહા ! દૃષ્ટાંત કહેશે.

'સ્વાનુભવ' અને રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન કરનારા ધર્મી જીવોને એ રાગથી ભિન્ન જાણવામાં આવે છે. ભેદજ્ઞાનીઓને એટલે સમકિતી જીવને, એટલે કે ધર્મની પહેલી સીઢીવાળા જીવને સ્વાનુભવ, એ રાગથી ભિન્ન જાણવામાં આવે છે. રાગથી ભેદ કરીને આત્મા અનુભવ કરે, એવા સમકિતી ભેદજ્ઞાનીને રાગથી ભિન્ન અનુભવમાં આવે છે. આગમે કહ્યું છે, યુક્તિથી બેસે. હમણાં કહેશે, અને સ્વાનુભવ ગર્ભિત યુક્તિ પણ સાથે છે એમ. એક રાગનો કણીયો જે વ્રત ને તપ ને ભક્તિનો, વૃતિ ઊઠે છે. એનાથી તો ભેદજ્ઞાની સમકિતી જીવ એને ભિન્ન પાડીને અનુભવે છે. એના અનુભવમાં એ રાગ આવતો નથી. આવી વાતું. હવે કોઈ દિ' સાંભળી ન હોય કોની હશે આ તે વીતરાગનો માર્ગ આવો હશે ! ભાઈ અનાદિ તીર્થંકર પરમાત્મા એનો આ જ માર્ગ છે, આ ત્રિકાળ અનાદિ તીર્થંકરો થયા, અનંત થશે એનો આ માર્ગ છે.

અહીંયા કહે છે, કે એ ત્રણથી તો એનો પક્ષ વિરોધ પામે છે. કોનો ? કે જે કાંઈ દયા, દાન, વ્રતના પરિણામ જીવનાં છે એમ જે માને છે, તે આગમથી વિરુદ્ધ છે, યુક્તિથી વિરુદ્ધ છે, સ્વાનુભવ ગર્ભિત અનુભવથી પણ વિરુદ્ધ છે. આરે આવી વાતું. તેમાં તેઓ જીવ નથી. છે ? કોણ ? તેઓ એટલે ? રાગની એકતાબુદ્ધિરૂપી મિથ્યાત્વભાવ અને દયા, દાન, આદિના રાગ ભાવ એ જીવ નથી, એ આત્મા નહિ, એવું આ સર્વજ્ઞનું વચન છે. છે ? એ આગમ, સર્વજ્ઞનું વચન આ આગમ. જે આગમમાં એ રાગનો શુભભાવ એ જીવ નથી, એ તો વિકારી પરિણામ છે, ભગવાન તો નિર્વિકારી ભિન્ન જુદી ચીજ છે એમ ભગવાનની વાણી આમ કહે છે. અરેરે ! દુનિયાની આ મજૂરીયું કરી કરી આખો દિ' ધંધા ને બાયડી, છોકરા સાચવવા એકલી પાપની મજૂરી, મોટા પાપની મજૂરી, હવે એને સાંભળવું આવું કઠણ પડે. આહાહાહા !

અહીંયા તો કહે છે કે, એ તારા પાપના પરિણામ તો જીવના નથી, એમ વીતરાગે કહ્યું છે, પણ શુભભાવ દયા, દાન, વ્રત અપવાસ કરું આદિ જે વિકલ્પ ઊઠે છે, એ રાગ જીવદ્રવ્યમાં નથી, એમ ભગવાને કહ્યું છે. ભગવાન આવ્યા, એની વાણી આગમ આવ્યું બે અને ગુરુ પોતે આ મુનિ કહે છે. પ્રભુ તને ક્યાં મીઠાશ ચડી ગઈ નાથ ! એમ કહે છે. તારો અમૃતસાગર ભગવાન દરિયો એને અનુભવવું મૂકી દઈને એ રાગના અનુભવમાં ક્યાં, ઝેરના પ્યાલે ક્યાં ચડી ગયો તું ? એ પુદ્ગલના પરિણામ તારા જીવથી જુદા એમ ભગવાનની વાણી કહે છે, ભગવાન કહે છે, અને વાણી એટલે આગમ કહે છે અને ગુરુ ત્રણેય એમ કહે છે. જે ગુરુ એમ કહે કે રાગ કરતાંઆત્માને લાભ થાય, એ ગુરુ નહીં. જે ગુરુ એમ કહે કે એ દયા, દાનના પરિણામ એ જીવના છે, એ ગુરુ નહીં. જે આગમ રાગને આત્માના કહે કે રાગથી આત્માને લાભ થાય એમ કહે એ આગમ નહીં, અને જે કોઈ ભગવાન ત્રિલોકનાથ નામ ધરાવે અને એમ કહે કે રાગથી જીવને લાભ થાય, એ ભગવાન નહીં. આવી વાતું છે. હેં ?

( શ્રોતાઃ– ખતવણી જ જુદી જાતની છે. ) વાત એવી છે બાપા. ઉધાર ખાતાને જમે ખાતે લગાવી દે છે. નામું–નામું, ઉધાર ખાતું હોય એને જમે ખાતું કરી નાખે. પુણ્ય પાપનો ભાવ દેણા ખાતું, ઉધાર ખાતું એને આત્માના છે લેણું એમ ખતવી નાખે છે. આવી વાત છે. અરે આવો

કેવો ઉપદેશ આ ? બાપુ માર્ગ આવો છે અનાદિનો ! ભાઈ ! તીર્થંકર જિનેશ્વરનો.

એવું સર્વજ્ઞનું વચન છે તે તો આગમ. જોયું ? એ દયા, દાન, વ્રતના પરિણામ એ શુભ એ જીવના નથી એમ આગમનું વચન છે. જે આગમ એમ કહે કે એ શુભભાવથી જીવને લાભ થાય એ ભગવાનના આગમ નહીં, કલ્પિત બનાવેલા શાસ્ત્રો આહાહા અને આ નીચે પ્રમાણે સ્વાનુભવગર્ભિત યુક્તિ બે ભેગાં લે છે. આગમ, યુક્તિ અને સ્વાનુભવ એમ ત્રણ કહ્યાં છે ને ? ભગવાનના આગમ, જૈન તીર્થંકર ત્રિલોકનાથના આગમ "ઓમકાર ધ્વનિ સૂની અર્થ ગણધર વિચારે" અને એ ગણધર શાસ્ત્રને રચે, એ વીતરાગની વાણી, તેમાં આમ કહ્યું છે. અને નીચે પ્રમાણે સ્વાનુભવગર્ભિત યુક્તિ શું ?

"સ્વયમેવ ઉત્પન્ન થયેલા એવા રાગદ્વેષ વડે મલિન અધ્યવસાન" એ શુભ અશુભ ભાવ એ તો સ્વયં ઉત્પન્ન થયેલા છે. દ્રવ્યથી નહીં. પુદ્‌ગલનાં પરિણામ એ પરના લક્ષે થયેલા છે, સ્વયમેવ ઉત્પન્ન થયેલા, એવા જે રાગદ્વેષ વડે મલિન એવા અધ્યવસાયથી જુદો, અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ, શું કહે છે, બાપુ આ તો ભગવાનની વાણી એ કાંઈ કથા વાર્તા નથી. આ તો ભગવત કથા ત્રિલોકનાથ આત્માની છે પ્રભુ. એમાં એમ કહ્યું છે, કે રાગદ્વેષ વડે મલિન એવો જે ભાવ અધ્યવસાય તે જીવ નથી, કારણકે કાલિમાથી જુદા સુવર્ણની જેમ, પહેલાં દાખલો એવો આપ્યો 'તો કે કોલસાની કાળપ કોલસાથી જુદી નહીં, એમ પુણ્ય ને પાપ જીવથી જુદા ભાવ નહીં એમ કહ્યું 'તું એણે. ત્યારે અહીં કહે છે સાંભળ કે કોલસાની કાળપ એ કોલસામાં ગઈ, એ અહીં નહીં. પણ સુવર્ણમાં જે કાંઈ મેલપ દેખાય છે, એ મેલથી સુવર્ણ જુદી ચીજ છે. એ મેલમાં જે કાળપ દેખાય છે સુવર્ણમાં, સુવર્ણની જેમ કાલિમાથી જુદું સુવર્ણ એટલે સોનું એમાં જે મેલ દેખાય છે એનાથી સુવર્ણ જુદું છે, જુદું કાલિમાથી જુદું સુવર્ણની જેમ ભગવાન આનંદનો નાથ પ્રભુ એ સુવર્ણ સમાન છે પ્રભુ આત્મા ! એમાં આ પુણ્ય પાપના મેલ કાળપ જેવો મેલ છે, એ સુવર્ણની જાત નહીં. આહાહાહા !

કાલિમાથી જુદા સુવર્ણની જેમ એમ રાગથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ એ દયા, દાન ને વ્રતના વિકલ્પથી જુદો જીવ અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે, રાગથી ભિન્ન કરનારાઓ ભેદજ્ઞાની વડે, રાગથી ભિન્ન કરનારા સમકિતી વડે, સ્વયં ઉપલભ્યમાન, એનાથી જુદો જીવ, ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન, રાગથી પ્રાપ્ત થતો નથી, રાગ ભિન્ન છે, એનાથી સ્વયં આત્માનો લાભ થાય છે. રાગરૂપી મેલ એને ભેદજ્ઞાની ધર્મી જીવ, એને જુદો પાડીને જીવનો અનુભવ કરે છે. એથી જીવના સ્વભાવથી તે રાગ ભિન્ન છે. રાગથી ભેદજ્ઞાન કરનારાઓને રાગ, ભેદજ્ઞાનમાં રાગ ભેગો આવતો નથી. આહાહાહા !

આરે આવી વાત. હવે આવો જૈન માર્ગ હશે ! અત્યાર સુધી તો અમે આ છ કાયની દયા પાળો ઈચ્છામી પડિકમણં ઈરિયા વહીઆ તસ્સ ઊતરી કરણેણં માણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ તાઊં કાય ઠાણેણં.. જયંતિભાઈ ! બાપુ બધી ખબર છે બાપુ ! અમે પણ બધું કર્યું 'તું ને, બીજો માર્ગ બાપા ભાઈ તને ખબર નથી. આહાહાહા !

ત્રણ ન્યાય આપ્યા. એક તો પુણ્ય ને પાપના ભાવ જીવ નથી એમ ભગવાનની વાણી કહે છે, હવે યુક્તિ અને સ્વાનુભવ બે. કે સોનાની મેલપ જેમ સોનાથી જુદી છે એ યુક્તિ, એમ

ભગવાન આત્માથી પુણ્ય પાપના ભાવ જુદા છે એ યુક્તિનો ન્યાય, ત્રીજું સ્વાનુભવગર્ભિત, ધર્મી જીવ તેને કહીએ કે જે દયા દાનના રાગથી ભિન્ન જીવને અનુભવે એ ભેદજ્ઞાની વડે સ્વયં રાગના અવલંબન વિના, ચૈતન્યના અવલંબનથી સ્વયં અનુભવ થાય છે એ રાગથી ભિન્ન જુદાને અનુભવે છે. આવી વાતું હવે, છે ?

એક તો ભગવાને એમ કહ્યું કે એ પુણ્યપાપ એ જીવ નથી. કારણકે કાલિમાથી જુદા સુવર્ણની જેમ, એ રાગથી જુદો અન્ય ચિત્‌સ્વભાવ જીવ ભેદજ્ઞાની વડે સ્વયં ઉપલભ્યમાનમ્ એટલે કે રાગનો જે વિકલ્પ છે એના અવલંબન વિના, ચૈતન્યના અવલંબનથી સ્વયમેવ આત્મા રાગથી ભિન્ન અનુભવમાં આવે છે, માટે તે રાગ આત્માનો નથી. આવી વાતું છે. કરવું પડશે બાપુ. દુનિયા માને ને મનાવી બેસે એથી કાંઈ તને લાભ નહીં થાય ભાઈ. આ દેહ છૂટીને જાઈશ ક્યાં પ્રભુ ? આત્માનો નાશ થાય એવો છે ? ભગવાન તો નિત્ય અનાદિ અનંત છે વસ્તુ અંદર. એને જો રાગથી લાભ થાય એમ માન્યું તો પ્રભુ મિથ્યાભ્રમ એમાં તું જઈશ અને રહીશ ને રખડીશ. આહાહા !

ભગવાને એમ કહ્યું અને કહ્યું તે આગમે એમ કહ્યું, અને આગમમાં ગુરુ એમ પોતે કહે છે અમૃતચંદ્રાચાર્ય પંચમકાળના સંતો–ગુરુ એમ કહે છે કે અરેરે પ્રભુ, એ કહે છે કે પંચમકાળમાં તો શુભજોગ જ હોય, પ્રભુ ઘણો અન્યાય થાય છે, અન્યાય. પંચમકાળના સંતો મુનિઓ ભેદજ્ઞાનીઓ એ શુભજોગથી ભિન્ન આત્માને અનુભવે છે. આ તો પંચમકાળના સંત છે, આ કાંઈ ચોથા આરાના નથી કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય. અરેરે ! આવી વાત ક્યાં ? માથામાં ભેજામાં કામ કરે નહીં. દુનિયાના ડાહ્યા રખડી મર્યા છે. આ ચૈતન્યનું જે જ્ઞાન ભગવાન કહે છે, એક સેકંડ પણ અનંતકાળમાં કર્યું નથી. એક સેકંડ પણ રાગથી ભિન્ન ભેદજ્ઞાનને અનુભવે, એને અનંત ભવનો અંત આવી ગયો. સમજાણું કાંઈ ?

પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે. એ ચૈતન્ય સ્વભાવ જે અનંત ગુણ ગંભીર ભગવાન એના તરફના જોરના પુરૂષાર્થથી, ધર્મીજીવ રાગથી જુદો અનુભવે છે. માટે તે રાગ આત્માનો નથી, જડનો છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, એ ભાવ જડ છે, એમ કહે છે. અહીં તો રાજી રાજી થઈ જાય, ભાઈ એ શુભભાવ છે. સોનામાં જેમ એ કાલિમા દેખાય, એમ ચૈતન્યમાં એ મેલ દેખાય છે, એ ચૈતન્યની ચીજ નહીં. એ જિનવચન એમ કહે, એટલે ભગવાન અને ભગવાનની વાણી એમ કહે, કે દયા, દાન, વ્રતના પરિણામ એ જીવ નથી. પુદ્‌ગલના પરિણામ છે. ભગવાનના ( આત્માના ) પરિણામ તો નિર્મળ હોય, પોતે નિર્મળ પવિત્ર છે માટે તેના પરિણામ તો વીતરાગી નિર્મળ હોય, એ નિર્મળ પરિણામ દ્વારા ધર્મી જીવ રાગથી ભિન્ન જીવને અનુભવે, માટે તે રાગ એનો નથી. આટલી શરતું ને આટલી જવાબદારી, આવું છે પ્રભુ !

એ લોકો પાછો એમ પ્રશ્ન કરે હમણાં સાંભળ્યું છે ન્યાં, શિવનીમાં પ્રશ્ન કર્યા છે કે ઓલા શિબિર કરીને પાંચસો માણસ ઘાસીલાલજી ગયા'તા ને ! તમે સાધુને માનો છો ? તમે ચાર અનુયોગને માનો છો ? અને કોકે ક્યાંય કહ્યું હશે કોણ જાણે શું કહ્યું હશે ને શું માન્યુ હશે ? આ લોકો તો એમ કહે છે કે આ સાધુઓ તો કૂતરા જેવા છે અત્યારે એવી ભાષા વાપરી છે. એવું કોઈએ કહ્યું ન હોય ને છતાં લોકોએ શિવનીમાં આ વાત સાંભળી હતી. ઘાસીલાલ ગયા'તા

ને ત્યાં એવું થયું 'તું. પછી આણે તો સમાધાન કર્યું આજ્ઞા પ્રમાણે માર્ગ હોય સાધુ તો સાધુ. સાધુ તો અમે સાધુને માનીએ છીએ, સાધુ હોય એને ને ? આગમથી વિરુદ્ધ હોય એ સાધુ ક્યાં ? ચારેય અનુયોગને માનીએ છીએ. દ્રવ્યાનુયોગમાંથી એની દૃષ્ટિ થઈ એ ત્રણેય અનુયોગને જાણે છે, બીજામાં આ વ્રત ને તપ ને વિકલ્પ આવ્યા એને વાત કરે છે. પણ એ પોતે ધર્મ નથી, એમ દ્રવ્યાનુયોગની દૃષ્ટિથી ત્યાં વાંચે ને તો એનો સાર એ દેખાય. એ મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે ને, કે દ્રવ્યાનુયોગની દૃષ્ટિ થયા પછી વાંચે ચરણાનુયોગને તો એની દૃષ્ટિની ખબર પડે તત્ત્વની, મોક્ષમાર્ગ પ્રકાશક. આહાહાહા !

અરે ભગવાન ! અહીંયા ભગવાન રહ્યા નહીં, ભગવાન રહ્યા ત્યાં. હવે ભગવાન એમ કહે છે દુનિયાને કહેવું– એક નહિ પણ અનંત ભગવંતો, તીર્થંકરો અનંતા થઈ ગયા અનંતા થશે, સંખ્યાતા વિચરે છે તીર્થંકરો છે વીસ, પણ એ સિવાય કેવળીઓ, લાખો કરોડો મહાવિદેહક્ષેત્રમાં વર્તમાનમાં વિચરે છે. એ બધાજ કેવળીઓનું વચન છે આગમ, કે એ શુભરાગ મેલ છે, નિર્મળાનંદ પ્રભુથી તે જુદી ચીજ છે, અને મેલથી નિર્મળાનંદ ભગવાન પણ જુદો છે. એમ ભગવાનની વાણી કહે છે ભગવાન કહે છે. અને કાલિમા જેમ સોનાની જુદી છે, એ યુક્તિ એમ સોનાસમાન ભગવાન ચૈતન્યમૂર્તિ, એનાથી પુણ્યના પરિણામ મેલ તે જુદાં છે, અને સ્વાનુભવ રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાની ધર્મી જીવ એને કહીએ એ રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાની જીવો વડે ચૈતન્ય સ્વયંમેવ રાગના અવલંબન વિના અનુભવમાં આવે છે. માટે કેટલાક કહે છે ને કે વ્યવહાર નિશ્ચયનું કારણ છે. આંહી તો કહે છે કે એના અવલંબન વિના ભેદજ્ઞાની વડે જુદો દેખાય છે. કહો શશીભાઈ ! આ તમારા વેદાંત–ફેદાંતમાં તો આવું કાંઈ નથી. જૈન દર્શનના નામે ગોટા ઉઠયા છે ત્યાં.

'સ્વયં ઉપલભ્યમાનમ્' આત્મા તો સ્વયં, સ્વના અવલંબનની દૃષ્ટિ કરતાં, રાગથી ભિન્ન સ્વયં અનુભવમાં આવે, માટે પણ રાગ એને જીવ નથી એમ ભગવાન કહે અને આગમ એમ કહે અને અનુભવી જીવ પણ રાગથી ભિન્ન અનુભવે છે, માટે રાગથી જુદો છે. હવે આટલી વાત કરે, હવે એ પહેલો બોલ થયો. આઠ બોલ છે ને ?

અનાદિ જેનો પૂર્વ અવયવ છે કર્મ, કર્મ અનંત જેનો ભવિષ્યનો અંશ છે અંશ. કર્મનો એક ભાગ એવી જે સંસરણરૂપ ક્રિયા રખડવાની ક્રિયા ચોર્યાસીમાં એનું કારણ તો કર્મ છે, એમ કહે છે અજ્ઞાની, કર્મને લઈને એનો એક ભાગે રખડયો અને એક ભાગથી રખડશે માટે કર્મ જ જીવ છે અમારે જુદો જીવ છે, એ અમે જાણતા નથી. અનાદિ જેનો પૂર્વ ભાગ છે એટલે અવયવ કર્મનો એક અંશ, અનંત જેનો ભવિષ્યનો અવયવ છે, એવી એક સંસરણરૂપ. અનાદિ અનંત લીધું આમ અનાદિ આમ અનંત. એક સંસરણરૂપી ક્રિયા તે રૂપે ક્રિડા કરતું કર્મ તે પણ જીવ નથી. ઈ કહે છે કે જીવ છે આ, અમારે તો કર્મની ક્રિયાથી રખડવું, રખડે છે એનાથી જુદો અમને તો દેખાતો નથી, અજ્ઞાની એમ કહે છે. એના ઉત્તરમાં આ કહે છે કે એ જીવ નથી. કર્મના કારણે જે પરિભ્રમણની ક્રિયા દેખાય એ જીવ નથી. કારણકે કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવ જીવ એ રખડવાની ક્રિયાના રાગભાવથી ચૈતન્યસ્વભાવ જીવ જુદો, અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાની વડે સ્વયં ઉપલભ્યમાન છે. કર્મને કારણે જે થતી વિકૃતિ પરિભ્રમણનો ભાવ એનાથી

ભેદજ્ઞાની વડે ભિન્ન આત્મા છે, એમ જ્ઞાની ધર્મી જીવ વડે, એ કર્મના અવયવરૂપી જે ક્રિયા, એનાથી ભિન્ન ભેદજ્ઞાની વડે, ધર્મી વડે, સમકિતી વડે, ભિન્ન અનુભવાય છે. આવી વાતું. સ્વયં પ્રત્યક્ષ અનુભવે છે. બે બોલ થયા.

ત્રીજો "તીવ્ર મંદ અનુભવથી ભેદરૂપ થતા દૂરંત રાગરસથી ભરેલા અધ્યવસાનોની સંતતિ", રાગ મંદ અને તીવ્ર એની જે એકતાબુદ્ધિરૂપ અધ્યવસાય, છે ? દૂરંત રાગરસથી ભરેલા, રાગથી ભરેલો જેનો અંત મુશ્કેલ છે, એવા જે અધ્યવસાય એની સંતતિ પણ જીવ નથી, શું કહે છે ? રાગની મંદતા અને રાગની તીવ્રતાની સંતતિ, પ્રવાહ ચાલે છે, એ જીવ નહિ. કેમકે પરિભ્રમણનું કારણ જીવદ્રવ્ય નહીં, એ કર્મના નિમિત્તે પરિભ્રમણ થયેલું એ જીવસ્વરૂપ નહીં. છે ? તીવ્ર મંદ અનુભવથી ભેદરૂપ થતા દૂરંત, જેનો અંત આકરો છે, એવા રાગરસથી ભરેલા અધ્યવસાનોથી જીવ ભેદજ્ઞાની વડે સ્વયં ઉપલભ્યમાન છે. અર્થાત્ તેવો તેને પ્રત્યક્ષ અનુભવ છે. આહાહાહા !

ચોથો, આ શરીર, શરીર છે એ જડ માટીનું છે, એમ કે નવી દશા જુવાન અવસ્થા અને પુરાણી અવસ્થા વૃદ્ધ અવસ્થા બધાં હાડકાં નબળા પડી ગયા, અજ્ઞાની કહે છે કે અમારે તો એ શરીર છે એ જ આત્મા છે. શરીર મોળું હોય તો અમે આકરું કામ કરી શકતા નથી, શરીર જયારે મજબૂત હોય ત્યારે કામ કરી શકીએ છીએ. માટે અમારે તો શરીર એ જ આત્મા છે. એમ અજ્ઞાની શરીરની ક્રિયાઓ અમે કરીએ છીએ, આ હલનચલન એ અમારી ક્રિયા, પણ એ તો જડની ક્રિયા છે, ભાઈ તને ખબર નથી. એનો ઉત્તર આપે છે. નવી પુરાણી અવસ્થા, નવી અને પુરાણી, તાજી અવસ્થા આમ બાળક જન્મેને, જુવાન અવસ્થા આમ લઠ જેવું શરીર દેખાય, અને એ શરીર નબળું પડી જાય ચામડી લટકે, એ નવી અને પુરાણી અવસ્થા જે શરીર એ અમે છીએ, અજ્ઞાનીઓ એમ કહે છે એને જવાબ આપે છે. એ પુરાણી અવસ્થાથી ભેદથી પ્રવર્તતું જે નોકર્મ શરીર, તે પણ જીવ નથી. એ જુવાની અને વૃદ્ધ અવસ્થા એ તો શરીરની અવસ્થા છે, એ તારી નહીં, તું નહીં. આહાહાહા !

તારી અવસ્થાના ત્રણ પ્રકાર બાળ અવસ્થા, યુવાન અવસ્થા અને વૃદ્ધ અવસ્થા. એ રાગની ક્રિયા ને પોતાની માનવી એ બાળ અવસ્થા એની છે. બાળક છે એ ચાહે તો લાખ વર્ષની ઉંમરવાળુ શરીર હોય પણ એ રાગને પોતાનો માને છે તો એ બાળક છે. અને રાગથી ભિન્ન જાણીને અંતરાત્માને જે ઓળખે છે એ અંતરનો યુવાન છે. અને અંતરમાં જઈને સ્થિરતા કરીને કેવળજ્ઞાન પામે છે એ વૃદ્ધ છે. આ ત્રણ અવસ્થા એની છે. આ નહીં. આવું ક્યાં બેસે માણસને ? આખો દિવસ શરીરથી કામ કરતો હોય આ લાવો આ લાવો, પૈસા ગણે, આપે, લે, દે, આ બધી ક્રિયા મારી છે આ બધી, પણ પ્રભુ એ તો જડ છે. જડની ક્રિયા એ તારામાંથી નહીં અને તારાથી નહીં. છે ? કારણકે શરીરથી અન્ય જુદો ચૈતન્ય સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે, અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે. આહાહાહા !

( પાંચમો બોલ ) સમસ્ત જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો, જોયું ? પુણ્યપાપ આવ્યા, શુભ– અશુભ રાગ એનાથી કર્મનો વિપાક છે, એ આત્માનો પાક નહીં. આત્માનો પાક તો આનંદ અને શાંતિ એમાં પાકે છે. આ તો ખેતર એવું છે કે જેમાંથી અતીન્દ્રિય આનંદ અને શાંતિ

પાકે. આ પુણ્યપાપરૂપે વ્યાપતો તે પણ જીવ નથી, કારણ શુભાશુભ ભાવથી અન્ય જુદો એ શુભાશુભ ભાવથી જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે, અરેરે ! પ્રભુ પ્રભુ પ્રભુ, અહીં તો કહે અત્યારે શુભભાવ પંચમકાળમાં તો શુભભાવ જ હોય. અરે પ્રભુ ! તો પંચમકાળમાં ધર્મ ન હોય ? અરે આવું સારું કર્યું, ચોખવટ કરી. એ શુભાશુભ ભાવથી અન્ય જુદો ભગવાન તો અંદર પુણ્યપાપના ભાવથી જુદો, ચૈતન્ય સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે, સમકિતી ભેદજ્ઞાની એવો પોતે તેને પ્રત્યક્ષ રાગના અવલંબન વિના મતિશ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ અનુભવે છે, માટે તે પુણ્ય ને પાપના શુભ અશુભ ભાવ જીવ નહીં. ચાર બોલ થયા. વિશેષ કહેશે.

**પ્રવચન નં. ૧૧૬ ગાથા - ૪૪ તથા શ્લોક - ૩૪ આસોવદ - ૭**
**સોમવાર. તા. ૨૩/૧૦/૭૮**

સમયસાર ૪૪ ગાથા. ચાર બોલ ચાલ્યા છે. છે ને ! આઠ બોલમાં ચાર બોલનો ઉત્તર આપ્યો. પાંચમો. "સમસ્ત જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો એ કર્મનો વિપાક છે તે પણ જીવ નથી." કર્મનો વિપાક પુણ્યપાપરૂપના ભાવથી વ્યાપતો એ જીવ નથી. કારણકે શુભાશુભભાવથી અન્ય જુદો, શુભ ને અશુભ ભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગ, વાસના, રળવું,કમાવું વગેરે ભાવ પાપ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વગેરે પુણ્ય, એ શુભઅશુભભાવથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ, આ કર્તાની વ્યાખ્યા છે, જે શુભઅશુભભાવ થાય છે એ ખરેખર કર્મનો વિપાક છે. એ આવી ગયું બત્રીસમાં, કર્મ ભાવક છે અને શુભઅશુભ ભાવ એ ભાવકનો ભાવ્ય છે. એ કર્મના વિપાકનો ભાવ છે. ચૈતન્યનો વિપાક એ ન હોય. શુભઅશુભભાવ એ કર્મના ભાવકનો ભાવ એ કર્મનો વિપાક છે, એ જીવ નહીં. કેમ કે સમ્યગ્દૃષ્ટિ અને ભેદજ્ઞાનીઓ વડે એ શુભઅશુભભાવથી જુદો આત્મા અનુભવમાં આવે છે. આહાહાહા !

શુભાશુભભાવથી અન્ય જુદો, ભાવથી અન્ય જુદો, ઝીણી વાત બહુ ભાઈ ! સૂક્ષ્મજ્ઞાનનો ઉપયોગ થઈને જે સ્વભાવ તરફ ઢળ્યો છે, એવા ભેદજ્ઞાનીઓ વડે, એ શુભાશુભભાવથી અન્ય જુદો અનેરો જુદો, ચૈતન્ય સ્વભાવરૂપ જીવ, એ શુભઅશુભભાવ, એ કર્મના વિપાકનું કાર્ય છે, જીવનું નહીં. એ કર્તાકર્મનો કર્મ વિપાક છે તેનું એ કર્તાનું કાર્ય છે. અહીંયા અજ્ઞાનીએ એમ કહ્યું હતું ને કે શુભાશુભભાવ એ અમારું કાર્ય છે, એનાથી જુદો જીવ અમને તો દેખાતો નથી. આકરી વાત બહુ ભાઈ ! અતીન્દ્રિય આનંદનો ઢીમ પ્રભુ, એને પુણ્ય ને પાપના શુભાશુભભાવથી અનેરો જીવ છે, એ જીવ છે. એને ભેદજ્ઞાનીઓ, ધર્મી જીવો, સમકિતી જીવ, એ શુભાશુભભાવથી જુદો આત્મા છે. છે ? ભેદજ્ઞાની વડે સ્વયં ઉપલભ્યમાન છે. સ્વયં પ્રાપ્ત, પોતાથી પ્રાપ્ત છે. એ શુભભાવ હતો માટે તેનો અભાવ કરીને પ્રાપ્ત થયો છે એટલે સ્વયં પ્રાપ્ત થયો છે. એ આમ કહે છે ને કે ભાઈ દયા દાન વ્રતાદિના આચરણનો ભાવ હોય એ ભાવથી શુદ્ધતા પ્રગટે, એ અહીંયા ના પાડે છે કે એમ નથી. ભાઈ તને ખબર નથી, જેનાથી જુદો અનુભવવો એનાથી તે થાય ? આહાહાહા !

અરે રે ! એને જન્મ મરણ રહિત થવાના પંથ કોઈ અલૌકિક છે પ્રભુ. એ શુભ ને અશુભ

દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જે જૈન ધર્મ નથી, એવા ભાવથી જુદો સ્વયં પોતાના જ્ઞાનની પર્યાય દ્વારા અનુભવમાં આવે છે. માટે તે શુભઅશુભભાવ ( તે ) જીવ અને જીવનું સ્વરૂપ નથી. એ કર્તાપણાની વ્યાખ્યા છે. શુભાશુભભાવ એ આત્માનું કર્તવ્ય છે અને આત્મા કર્તા છે એમ નથી. શુભાશુભભાવ, ભાવક કર્મ કર્તા છે અને તેનું તે કાર્ય છે. ઝીણી વાત છે ભાઈ, જે જ્ઞાનની પર્યાય વર્તમાન અંતર સ્વરૂપમાં ઢળે છે, તે પુણ્ય ને પાપના ભાવથી ભિન્ન પડીને ઢળે છે. એ પુણ્યના શુભભાવ, એને સાથે રાખીને અંદરમાં જાય છે કે એની મદદથી અંદર જાય છે એમ નથી. આવી વાતું ભાઈ !

એ કોનો અર્થ થયો ? એ "સ્વયં ઉપલભ્યમાન છે" અર્થાત્ તેઓ પોતે ભેદજ્ઞાની જીવ સમ્યગ્દૃષ્ટિ જીવ, પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. "સ્વયં"નો અર્થ પ્રત્યક્ષ કર્યો. જ્ઞાનાનંદ ભગવાન આત્મા એ જ્ઞાનાનંદની જ્ઞાનની પર્યાય, સ્વયં પ્રત્યક્ષ થઈને તેને અનુભવે છે. આનું નામ આત્મા જાણ્યો અને આત્મા માન્યો એણે આત્મા અનુભવ્યો. આવી વાત ઝીણી છે ભાઈ ! આહાહાહા ! આ પાંચમો બોલ થયો.

( બોલ છઠ્ઠો. ) હવે છે ઈ. હવે ભોકતાની વાત છે. શાતા–અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો એ વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ છે ઈ. કલ્પના થઈ કે આ સુખ આ સંયોગો અનુકૂળ છે માટે હું સુખી છું, પ્રતિકુળ સંયોગ માટે દુઃખી એવી જે કલ્પના એ સુખ દુઃખનો જે અનુભવ એ જીવનો નથી. એ જીવ તેનો ભોકતા નથી. તીવ્રમંદપણારૂપ ગુણો તે વડે ભેદરૂપ થતો, એ તો મંદભાવ હોય રાગનો કે તીવ્ર હોય, પણ એનો ભોકતા આત્મા નથી. રાગની મંદતાનું સુખરૂપ વેદન કલ્પનાનું કે તીવ્ર રાગરૂપી દુઃખનું વેદન એ જીવનું નથી. એ તીવ્ર મંદપણારૂપી ભેદ, એથી થતો કર્મનો અનુભવ એ છે. અમે સુખી છીએ, પૈસે ટકે અનુકૂળતાથી અમે સુખી છીએ એમ માનનાર એ કર્મના વિપાકને પોતે અનુભવે છે. અમે દુઃખી છીએ, પૈસા ન મળે, આ ન મળે. આહાહાહા !

અહીં આવ્યો 'તો ને એક માણસ મંદસૌરનો હું તીર્થંકર છું, નામ ભૂલી ગયો. પાટણીજી ! અહીં આવ્યો 'તો. વ્યાખ્યાન સાંભળ્યું કાગળ આવ્યો 'તો પહેલો મહીના પહેલાં હું તીર્થંકર છું, કેવળી છું, ચાર ઘાતીકર્મ મારે નાશ થયા છે. ભગવાનને પણ ચાર ઘાતીકર્મ નાશ થયા હતા પણ પૈસા નહોતા એની પાસે, એમ મારી પાસે પણ પૈસા નથી. અરેરે ! એ દુઃખનું વેદન છે નિર્ધનતાનું, અનાદિ એ વેદન તો કર્મના પાકનું વેદન છે. કહો, હવે ઈ કહે કે ઘાતીકર્મનો મને નાશ થયો છે અને હું બતાવું બધું એમ કે. પછી તો મેં કીધું બાપુ ! આ શું છે ભાઈ ! દૃષ્ટિ વિપરીત થઈ ગઈ ભાઈ બહુ, એ સાંભળે ( નહીં ) પાછું અહીં તો મધ્યસ્થથી કહેવાય, કોઈનો અનાદર નથી, પાછા ઉભા થઈને પગે બરાબર લાગે. અરે ભાઈ, દુઃખનું આ નિર્ધનતા ને સાધન નહીં એનું વેદન. દુઃખનું, એ તો કર્મનું વેદન છે. એ મિથ્યાદૃષ્ટિ એને વેદે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ, ભેદજ્ઞાની જીવ, એ રાગના વેદનથી ભિન્ન પડેલો ભગવાન એને સ્વયં વેદતાં, તે તેનાથી જુદો રહી જાય છે. રાગનું વેદન એ જુદું રહી જાય છે, આત્મામાં આવતું નથી. આવી વાતું હવે, આ તે. અરેરે ! એક તો બાહ્યની પ્રવૃત્તિ આડે નિવૃત્તિ ન મળે, અને બાહ્યની પ્રવૃત્તિ છોડે અને નિવૃત્તિ લે બાહ્યથી, તો અંદરના પુણ્ય પાપના પરિણામથી નિવૃત્તિ ન મળે. આહાહાહા !

અહીંયા કહે છે ઓલો અજ્ઞાની એમ કહેતો હતો કે અમારે તો કર્મનો વિપાક એવો જે શુભઅશુભભાવ એ જ અમારું વેદન છે અને એ જ અમે જીવ છીએ. એનો ઉત્તર દીધો અહીંયા આચાર્યે, ભાઈ ! તને ખબર નથી એ સુખદુઃખનું વેદન, એ તો જડનું વેદન છે, પ્રભુ તું એનાથી ભિન્ન છો ને ? એ ભેદજ્ઞાની વડે સુખ દુઃખથી જુદો, છે ને આ વેદનનું છે આ, એ કર્મના નિમિત્તથી પૈસા થયા પાંચ પચીસ કરોડ કે ધૂળ કરોડ, અમે સુખી છીએ, એ મૂઢ જીવ રાગના સુખને નામે વેદે છે. અને એ એમ કહે છે, કે સુખદુઃખના વેદનથી જીવ જુદો અમને તો કાંઈ દેખાતો નથી, ક્યાંથી દેખાય ? ભાઈ ! તારી દૃષ્ટિ જ પર્યાય ઉપર સુખદુઃખના વેદન ઉપર પડી છે. ભગવાન ત્યાં છે નહીં. ભગવાન આત્મા તો અંદર સુખદુઃખના વેદનથી ભિન્ન જાત છે અંદર, આવી વાતું હવે. હેં ? ( શ્રોતાઃ- અલૌકિક વાત છે. ) આવી વાત છે ભાઈ. તે અનુભવ કર્મનો સુખદુઃખનો અમે સુખી છીએ, કહ્યું'તું ને એક ફેરી અહીંયા ઓલા વઢવાણના નાનાલાલભાઈને એ બધા પૈસાવાળા ખરાને કરોડપતિ પૈસાવાળા એના વેવાઈ એ વ્યાખ્યાન ચાલતું'તું સ્વાધ્યાય મંદિરમાં અમારા વેવાઈ સુખી છેં. મેં કીધુંઃ ભાઈ સુખીની વ્યાખ્યા શું ? બે પાંચ લાખ પચાસ લાખ કરોડ બે કરોડ મળ્યા, એટલે સુખી ? એ પૈસા તરફ લક્ષ જાય છે, એ તો દુઃખ છે અને એ વેદન દુઃખનું છે, પૈસાનું નહીં. અને એ વેદન જડનું વેદન છે, ભગવાન ચૈતન્યનું નહિ. એ જડ છે, રાગ છે એ અચેતન છે એનું એને વેદન છે. આહાહાહા !

અહીંયા કહે છે શાતા અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદ અશાતામાં તીવ્ર અને આમાં મંદ હોય શાતામાં, એવા ગુણભેદરૂપ થતો કર્મનો વિપાક છે ભાઈ ! એ તો શાતાના ઉદયે મળેલી સામગ્રીઓ એમાં તને સુખ ભાસે, એ તો કર્મના પાકની કલ્પના છે. એમાં પ્રભુ આત્મા આવ્યો નથી અંદર. અને નિર્ધનતા થાય પાઈ મળે નહિ માંડમાંડ માગીને રોટલા ખાતો હોય વિગેરે... એ પણ દુઃખના પરિણામ, એ કર્મનો પાક છે એ જીવનો સ્વભાવ નથી. આહાહાહા !

અમારે ઘણાં વર્ષ પહેલાં એક સાધુ આવેલા ત્યાં પાલેજ એવી વાતું કરે આવી બધી વૈરાગ્યની "કૂતરાના ભવમાં મેં વીણી ખાધા કટકા" કૂતરાના ભવમાં, કારણકે કાંઈ જોળી ન મળે કપડું ન મળે પાત્ર ન મળે લોટો ન મળે ત્યાં કટકા મળે, "કૂતરાનાં ભવમાં મેં વીણી ખાધા કટકા" "મેં ભૂખના વેઠયા ભડકા ભૂદરજી તમને ભૂલ્યો" એવું બોલે એ વખતે એને તો બીજું ક્યાં ? કહે છે કે જે ભૂખના વેઠયા ભડકા એવું જે દુઃખ, એ તો કર્મનો પાક છે. સમજાણું કાંઈ ? ભેદજ્ઞાની જીવોએ, એ સુખદુઃખના વેદનથી ભગવાન આત્મા ભિન્ન સ્વરૂપે બિરાજે છે. એને સુખ દુઃખથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ, એનો અર્થ એ થયોને કે શુભઅશુભનું વેદન એ ચૈતન્ય સ્વભાવ નહિ. અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે, એ સુખદુઃખની કલ્પનાના વેદનથી ભિન્ન પડેલા ભેદજ્ઞાની જીવો, સ્વયં ઉપલભ્યમાન છે. પ્રત્યક્ષ અનુભવે છે પ્રાપ્તિ છે, એમ કહે છે. આહાહાહા !

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનની ખાણ, એ જેને જ્ઞાનમાં જણાણું એ સુખદુઃખના વેદનથી અન્ય જુદો પ્રભુ, તેને ચૈતન્યસ્વભાવને તે અનુભવે છે, ભેદજ્ઞાની વડે સ્વયં પ્રત્યક્ષ પ્રાપ્ત છે. આવી વાત હવે. વીતરાગ-વીતરાગ મારગ ઝીણો ભાઈ. તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વરે માથે કહ્યું હતું, તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું છે કે એ જીવ નહીં. પહેલો

બોલ આવ્યો 'તો એ સુખ દુઃખનું વેદન એ જીવ નહીં. એમ સર્વજ્ઞ ભગવાન તીર્થંકરોએ કહ્યું છે. આહાહાહા !

આ તો એક ગાથા એવી આવે છે ઉત્તરાધ્યયનમાં, વીસમા અધ્યયનમાં "અપ્પાસ કત્તા વિકત્તા દોહાણિએ સોહાણીઆ, સોહાણી," આત્મા કર્તા સુખદુઃખનો છે અને એનો ભોકતા છે એમ આવે છે. અનાથી મુનિનું વીસમું અધ્યયન છે, વ્યાખ્યાન થઈ ગયેલાને બહુ ત્યાં તો ઘણાં, એમાં એ વાત સ્પષ્ટ છે જ નહીં. આંહી તો આત્મા કર્તા અને ભોકતા એ પોતાની નિર્મળ શુદ્ધ પર્યાયનો કર્તા ને તેનો ભોકતા, વિકારી પરિણામનો કર્તા ભોકતા એ આત્મા નહીં. કેમ કે એ સુખ દુઃખની કલ્પનાનો ભાવ, એને તો ભગવાને અજીવ કીધો છે. આવ્યું 'તું ને પહેલું ? છે જીવની પર્યાય, પણ એ કર્મના પાકથી થયેલી માટે તેને અજીવ કીધો છે. આહાહાહા !

ભગવાન આત્મા અતીન્દ્રિય શાંતિનો ભરેલો, અતીન્દ્રિય આનંદનો ભરેલો પ્રભુ, એવા જીવનું આત્માનું જેને એ સુખદુઃખના વેદનથી અનેરો ભગવાન, વેદનમાં આવ્યો, એ પ્રત્યક્ષ આનંદને ને શાંતિને વેદે છે, એ સુખદુઃખને વેદતો નથી. બીજે ઠેકાણે પાછું એમેય આવે, અહીં તો આ ભેદ ફકત પરથી પાડવો છે, બાકી ધર્મી જીવ પણ પોતાના આનંદને પણ વેદે છે અને કંઈક હજી બાકી રહ્યો છે તે રાગને વેદે છે એટલે દુઃખને વેદે છે. અહીં તો દુઃખ એ કર્મના વિપાકનું ફળ ગણી જીવથી જુદો ગણીને તેને વેદતો નથી એટલું સિદ્ધ કરવું છે. જીવ અજીવ અધિકાર છે ને આ ? પણ એમાંથી પાછો એકાંત તાણી લે કે ધર્મી આત્મજ્ઞાનીને દુઃખ હોય જ નહીં પર્યાયમાં, એમ નથી. આ તો જીવ અજીવની ભિન્નતા બતાવતા તે અજીવનું વેદન તેને નથી. પણ જ્યારે ધર્મી જીવ છે, રાગ ને રાગના વેદનથી ભિન્ન પડેલાનું વેદન છે, એની સાથે થોડી હજી આસકિત રાગની છે તેનું વેદન દુઃખનું છે. હવે આવી વાતું. અહીં પકડે ને ત્યાં એમ કહે કે નહિ એમ નહિ અને ન્યાં કીધું હોય તો પાછો અહીં મેળ ન ખાય. આહાહાહા !

કઈ અપેક્ષાએ કહ્યું છે પ્રભુ ! પ્રવચનસારના સુડતાલીસ નય અધિકારમાં તો તેણે ત્યાં સુધી કહ્યું કે આત્મા શુદ્ધ ચૈતન્યઘન એનું ભાન થયું, એનું જેને જ્ઞાન અને આનંદ વર્તે છે તેને હજી રાગ ને દુઃખ વર્તે છે એનો એ સ્વામી છે અધિષ્ઠાતા છે. આંહી ના પાડે છે. આ તો જીવ અજીવને જુદા પાડવાની અપેક્ષાએ વાત છે. અહીંયા તો સુખદુઃખની વેદન દશા એ જીવની નથી, એ અજીવની છે એમ કહીને જુદું પાડયું છે. ત્યાં આગળ સમ્યગ્દૃષ્ટિ થયો છે, ભેદજ્ઞાની છે, એને પણ પૂરણ વીતરાગ ને પૂર્ણાનંદની દશા નથી, ત્યાં સુધી આનંદને પણ વેદે છે અને દુઃખ જે કર્મનો વિપાક, પાક અહીં કહ્યો એવા દુઃખને પણ વેદે છે. રતીભાઈ ! આવી વાતું છે. ( શ્રોતાઃ– બેમાંથી સાચું કયું ? ) હેં ? બેય સાચું છે. આ જડ ને ચૈતન્યના વિપાકને જુદા બતાવવા છે અને ત્યાં જુદા બતાવેલા હોવા છતાં, એની પર્યાયમાં જેટલું સુખદુઃખની કલ્પના થાય છે, તેનો એ વેદનાર છે, ભાઈ મોહનલાલજી ! આવી વાત છે ભાઈ ! આ શું થાય ?

અરેરે ! દુનિયા કાંઈ દુઃખી થઈને રખડી રહી છે પાગલ થઈને પરમાં સુખ છે એમ માને છે. ભગવાન તીર્થંકર સર્વજ્ઞદેવ તો પોકાર કરે છે, અમે કહીએ છીએ પ્રભુ એ સુખદુઃખની કલ્પના જે છે તે અજીવ છે. ( શ્રોતાઃ– એ પોતામાંથી નીકળી જાય છે માટે ) એનું ચિતસ્વરૂપ નથી ને ? એના દ્રવ્યગુણમાં છે એ ચીજ ? કોઈગુણ–કોઈગુણ વિકૃત થાય એવો કોઈ ગુણ છે ? કોઈ ગુણ

સુખદુઃખને વેદે એવો કોઈ ગુણ છે ? પર્યાયની વ્યાખ્યા જ્યારે ચાલે ત્યારે, પ્રવિણભાઈ ! આવી વાત છે, ભગવાન આત્મા અપાર અપાર ગુણોનો સાગર છે, એ અનંતા અનંતા અનંતા અનંતા અનંતા અનંતા અનંતા ગમે તેટલા અનંત કરો તોપણ જેના ગુણની સંખ્યાનો પાર નથી, પણ એ બધા ગુણોમાં એટલા ગુણોમાં કોઈ ગુણ એવો નથી કે વિકાર કરે. કોઈ ગુણ એવો નથી કે વિકારને વેદે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

જ્યાં શક્તિનો અધિકાર ચાલ્યો, ત્યાં તો બધા ગુણો છે ભગવાન આત્માના તેથી તેનું પરિણમન ક્રમસર પણ નિર્મળ જ છે. ક્રમ પણ નિર્મળ છે અને અક્રમ જે ગુણો છે તે પણ નિર્મળ છે. શક્તિનો અધિકાર જ્યાં ચાલ્યો, ત્યાં વિકારનું રહેવું કે વેદવું કે થવું એ એનામાં છે જ નહીં. કેમ કે શક્તિઓ જે છે ભગવાન આત્મામાં ગુણો, મોરબી પાસે છે ને એક ? વિહાર કરીને ગયા'તા ને તે દિ' ત્યાં એક શક્તિનું મંદિર છે મોટું. શક્તિનું દેવળ અન્યમતિનું મોરબી પાસે સનાળા ( છે ) દલીચંદભાઈના ભાઈના વહુ એના મકાન છે ત્યાં, પછી આહાર કરીને હું ફરવા નીકળ્યો ત્યાં એ શક્તિનું મંદિર હતું ત્યાં ગયો, ઓલા બિચારા બાવા પધારો પધારો, મેં કીધું ભાઈ શક્તિ આ નહીં, શક્તિ દેવી ખરી પણ આ નહીં. અંતરમાં જ્ઞાન દર્શન આદિ શક્તિ એ જ દેવી છે. એ એમ કહેતા ' તા કે ઈશ્વરને શક્તિ વિના પણ ચાલે નહીં, એ પોપટભાઈ આ તમારી વાત હાલે છે આ પૂર્વની બધી, ઈશ્વરને શક્તિ વિના હાલે નહીં, એ આ અમારી શક્તિ છે કહે છે. કીધું એ નહીં. આ ઈશ્વર ભગવાન છે એના ગુણરૂપીશક્તિ વિના ચાલે નહિં એને, આવી વાત છે કીધું. ભાઈ ત્યાં મકાન છે મોરબી પાસે સનાળા છે કે કાંઈ દલીચંદભાઈના ભાઈના વહુનું મકાન છે ત્યાં ઉતર્યા'તા. આહાહાહા !

આંહી કહેવું છે પ્રભુ આત્મા છે, એમાં અનંત અનંત શક્તિરૂપગુણ છે, પણ કોઈ ગુણ વિકૃતપણે પરિણમે એવો કોઈ ગુણ નથી, એ તો પર્યાયમાં પરને આધીન થઈને વિકૃત થાય છે. એ ગુણને આધીન થતો નથી માટે થાય છે. હવે એના પણ પ્રકાર બે, કે જ્યારે એ રાગ ને દુઃખનું વેદન અજીવ કહીને ભેદજ્ઞાનીઓને એ નથી ત્યારે તેને જીવના સુખદુઃખનો, આત્માના સુખનું વેદન છે એમ સિદ્ધ કરવું છે. અને જ્યારે નયનો અધિકાર ચાલે ત્યારે તો પર્યાયમાં જેટલું અંદર સમકિતીને જ્ઞાનીને પણ વિષય વાસના આવે એ દુઃખ છે. દયા, દાન, ભક્તિના પરિણામ આવે એ દુઃખ છે અને એ દુઃખને અને આનંદને બેયને એક પર્યાયમાં બે ભાગ બેયને વેદે છે. આવી વાત પ્રભુ ! વીતરાગ સિવાય ક્યાંય મળે એવી નથી. અત્યારે તો વીતરાગના વાડામાંય ખબર પડતી નથી. આહાહાહા !

એ આંહી કહે છે, એ સુખદુઃખ અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ એનાથી સુખ દુઃખની કલ્પના જે છે, એ કર્મના પાકનો પાક ગણી એનાથી અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાની વડે સ્વયં ઉપલભ્યમાન છે. સ્વયંનો અર્થ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. સ્વયંનો અર્થ એ કર્યો. એ સુખદુઃખની જે કલ્પના અમે સુખી છીએ, અમે હમણાં હેરાન હેરાન દુઃખી છીએ, એમ કહે છે ને કેટલાક બે ચાર વર્ષથી એક પછી એક માંદો પડતો હોય ઘરમાં કોઈ છોકરો માંદો પડીને ઊઠે ત્યાં વહુ-વહુ માંદી થઈને ઊઠે ત્યાં પોતે માંદો પડે, એમ વારાફરતી પાંચ વર્ષથી ખાટલો ખાલી થતો નથી. હમણાં હેરાન હેરાન થઈ ગયા, એમ કહે છે.

એ હેરાન એટલે શું પણ, એ તો દુઃખની કલ્પનામાં હેરાન થઈ ગયો છે. અમે અત્યારે દુઃખી છીએ, દુઃખી છીએ. કોઈ અમને મદદ કરો, અમે દુઃખી છીએ એમ કહે છે. કહે છે કે દુઃખી છે એ પર્યાય વિકૃત છે એથી અહીંયા તેને અજીવ કહી ભગવાને તેને અજીવ કહી, એનાથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવ ભેદજ્ઞાની વડે અનુભવાય છે. (શ્રોતાઃ– આની હારે એનો અનુભવ તો છે) એ છે પણ અત્યારે અહીંયા જુદા પાડવા છે તેમાં ગણવું નથી. પણ જ્યારે એની પર્યાય એની છે એમ જ્યારે કહેવું છે, એ સુખદુઃખની પર્યાય પણ છે તો જીવની ને ? એ કાંઈ જડની ને જડથી થઈ નથી. ત્યારે એને એમ કહ્યું કે જેટલા નયોના સુખદુઃખ કર્તા, સુખદુઃખનો ભોકતા એ બધાનો સ્વામી અધિષ્ઠાતા તો પ્રભુ પોતે છે કર્મને લઈને નહીં. એ જ્ઞાનપ્રધાન કથનની શૈલીમાં એમ આવે, દૃષ્ટિપ્રધાન શૈલીમાં એ વેદન આત્માનું નથી એમ આવે. શું થાય ? ભગવાન પરમાત્મા જિનેશ્વરદેવ એણે કહેલો અપૂર્વ માર્ગ છે ભાઈ. અરે એ સત્ય વાત સાંભળવા મળે નહિ, એ સત્યને શરણે ક્યારે જાય ? એ છઠ્ઠો બોલ થયો.

શરીર વાણી મન તો અજીવ છે, એ તો ચોકખી વાત છે. આ માટી છે એ અજીવ જડ ધૂળ છે, વાણી ધૂળ જડ છે. કર્મ જડ છે પણ અહીં તો પુણ્યપાપનું વેદન છે તે જડ છે. ચૈતન્યસ્વભાવની જાત નથી એ અપેક્ષાએ. આહાહાહા ! આવી વાત છે.

સાતમો બોલ, "શિખંડની જેમ ઉભયાત્મકપણે મળેલાં જે આત્મા ને કર્મ તે બંને મળેલા પણ જીવ નથી", એ કહે છે કે કર્મ ને આત્મા બેય થઈને આત્મા છે. કારણકે કર્મ વિના કોઈ દિ' રહ્યો નથી, માટે કર્મ અને આત્મા બેય થઈને આત્મા છે, એમ અજ્ઞાની કહે છે. એમ અહીંયા શિખંડમાં જેમ દહીં અને સાકર ઉભયપણે મળેલાં જે, એમ આત્માને કર્મ બંને મળેલા પણ જીવ નથી. સાકર તે સાકર છે ને દહીં તે દહીં, બે ભિન્ન ચીજ છે. એમ ભગવાન આત્મા સાકર સમાન આનંદકંદ પ્રભુ જુદો છે અને સુખદુઃખની આ જે વેદન દશા અથવા કર્મનું ફળ એ બધું જડ છે, બેય એક નથી, દહીં ને ખાંડ–સાકર એક નથી. શિખંડમાં કહેવાય કે બેય એક છે, પણ એક નથી. એમ ભગવાન આત્મા ચૈતન્યઘન અનાકુળ આનંદનું સ્વરૂપ એ ભિન્ન છે અને કર્મનું સ્વરૂપ તદ્દન ભિન્ન છે એ ખાટું દહીં જેમ ભિન્ન છે અને મીઠી સાકર ભિન્ન છે. એમ ભગવાન મીઠો આનંદનો નાથ એ ભિન્ન છે અને કર્મ તે દહીંની પેઠે ખટાશ છે, તે ભિન્ન છે. આરે આવી વાત ! આ શું કરવા કહ્યું ? અમારા બંધાયેલા કર્મ અમારે ભોગવવા પડે એમ કહે છે ને ? અમે બાંધ્યા એવા ભોગવીએ પણ એ બાંધ્યાય તેં નથી અને એનો ભોગવનારેય તું નથી.

એ આવે છે ને સ્થાનકવાસીમાં વ્યાખ્યાન શરૂ કરે ને ત્યારે આ બોલે બાંધ્યા કર્મ ભોગવવા પડે ને એવું કાંઈક બોલે અમે ભૂલી ગયા અમેય બોલતા "કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક", એય સ્થાનકવાસીમાં એમ બોલતા વ્યાખ્યાનની શરૂઆતમાં પાંચ મિનિટ સ્તુતિ આવી કરે. હવે ઈ એમ કે જાણે હવે બધું ભૂલી ગયા.

કર્મને લઈને આ બધું થાય, કર્મને લઈને આ બધું થાય, તત્ત્વની વાત જ ન મળે. એ સ્તુતિ પહેલાં વ્યાખ્યાન શરૂ કરે ને પાંચ મિનિટ પહેલાં આવી સ્તુતિ કરે. આંહી કહે છે કર્મ ને આત્મા તદ્દન જુદી ચીજ છે. ખાંડ અને દહીં જેમ જુદા છે, એમ કર્મ જે છે તે ઝેરના ઝાડ છે, આ પાછળ આવે છે ને ૧૪૮ પ્રકૃત્તિ, ઝેરના ઝાડ અને ભગવાન તે અમૃતનું ઝાડ છે. લીમડો આવડો

મોટો જુઓ, પણ લીંબોળી નાની આટલી થાય. હૈં? અને કોળાં અધમણ, અધમણના કોળા હોય છે ને કોળા એનો વેલો પાતળો હોય નાનો, કોળા આવડા (મોટા) પાકે નાળિયેર લ્યો, નાળિયેરી આવી લાંબી લાંબી માથે આવડાં નાળિયેર પાકે સો બસો અંદર મીઠા, એમ ભગવાન નાળિયેરી સમાન છે, એની પર્યાયમાં તો આનંદ પાકે છે. (શ્રોતાઃ- શ્રીમદ્‌માં આવે છે.) ઈતો હશે પણ આપણે અત્યારે અહીંની વાત છે. એ તો નાળિયેરી છે એમ કહેતા અમારે તો આખી નાળિયેરી છે એટલું કીધું'તું. આ નહીં આ નથી આવું. એમ કહે કે લોકોએ નાળિયેરને વખાણી માર્યા છે, પણ અમારી પાસે તો આખી નાળિયેરી છે, આખો આત્મા છે એમ મૂળ તો કહેવું છે. ખબર છે એ વાતની.

આ કહે છે કે આત્મામાં જે સુખદુઃખની કલ્પના થાય તે કર્મ છે અને આત્મા બેય ભેગાં છે, એમ નથી, કેમકે એ જીવ નથી, કારણકે સમસ્તપણે સંપૂર્ણપણે કર્મથી જુદો, સંપૂર્ણ કર્મ આઠ કર્મથી તદ્દન જુદો ભગવાન આત્મદ્રવ્યમાં આઠ કર્મના દ્રવ્યનો અભાવ છે, ભગવાન આત્મ દ્રવ્યસ્વરૂપ છે, આવે એવું પાછું ગોમ્મટસારમાં કે આટલા આઠ કર્મ જીવને હોય આને સાત હોય ને આને છ હોયને, છઠ્ઠે છ બંધાય, પાંચમે ને ચોથે સાત આઠ બંધાય આયુષ્ય સહિત. આંહી કહે છે પ્રભુ સૂન એકવાર સાંભળ. કઈ અપેક્ષાએ એ તો જોડે હતા એટલું બતાવ્યું. બાકી એ આઠ કર્મથી જુદો, પૂરણ જુદો, સંપૂર્ણપણે કર્મથી જુદો ચૈતન્ય સત્તાસ્વરૂપ ભગવાન એ આઠેય કર્મના સ્વભાવના ભાવથી અભાવ સ્વરૂપ છે. એ સાકરનો સ્વાદ શિખંડમાં, દહીંના સ્વભાવના સ્વાદથી બિલકુલ ભિન્ન જુદો છે. આહાહાહા! સમજાણું કાંઈ? એ મળેલાં જીવ નથી એમ ભગવાને કહ્યું છે. એ તો પહેલાં આવી ગયું છે.

કારણકે સંપૂર્ણપણે કર્મથી જુદો પૂરણ-પૂરણ કર્મથી બધા કર્મથી જુદો, ભગવાન ચૈતન્ય તત્ત્વ-ચૈતન્ય સ્વભાવરૂપ ભગવાન એ તો આઠ કર્મથી તદ્દન જુદો એવો અન્ય ચૈતન્ય સ્વભાવરૂપ જીવ, કર્મથી અન્ય ચૈતન્ય સ્વભાવરૂપ જીવ, ભેદજ્ઞાનીઓ વડે, દેખો અહીંયા તો નીચે સમ્યગ્દર્શનમાં પણ આઠ કર્મથી ભિન્ન આત્મા જણાય છે, એમ કહે છે. કેમકે જ્યાં જ્ઞાનની પર્યાય જ્યાં સ્વ તરફ ઢળી વળી ત્યારે તો આઠેય કર્મનો તેની પર્યાયમાં તો અભાવ છે, દ્રવ્યમાં તો અભાવ છે, દ્રવ્યગુણમાં તો કોઈ દિ' આવરણ નથી, કર્મનો એને સંબંધેય નથી દ્રવ્યને તો, પણ એક સમયની પર્યાયમાં જે સંબંધ છે નિમિત્ત-નૈમિત્તિક એ આ બાજુ ઢળતા એ સંપૂર્ણ કર્મથી ભિન્ન ભગવાન છે. આહાહાહા!

આવો ઉપદેશ હવે કઈ જાતનો આ? ક્યાંથી આવ્યું આવું? જૈન ધર્મનું આવું સ્વરૂપ હશે? કહે છે ઓલા તો અમે સાંભળતા અપવાસ કરવા ને આ કરવું વ્રત કરવાને. ત્યાં ક્યાંક અપવાસ થયા છે ક્યાંક જમશેદપુર છાપામાં આવ્યું'તું ને પૈસા કાંઈક ખર્ચ્યા'તા ભાઈએ પ્રફુલ્લ, નરભેરામનો છે ને? ક્યાંય બિચારાને ખબર ન મળે, એ તો બધા ઓલ્યાને ય માને સાંઈબાબો અરે' રે બિચારા શું કરે? કાંઈ ખબર ન પડે. અને એમાં ભાગ લે બધા, એની માને તો આંહી પૂરો પ્રેમ હતો અહીં હેમકુંવરબેન પૈસા આટલા આપ્યા ફલાણું, ભાગ લીધો. અરેરે! આંહી કહે છે કે પ્રભુ એક વાર સાંભળ તો ખરો એ પૈસા દીધા એ જુદી ચીજ થઈ તારાથી પણ એમાં જે રાગ થયો, એનાથી પણ તું જુદો છો. એવો ભેદજ્ઞાની વડે પ્રત્યક્ષપણે ઉપલભ્યમાન છે.

ઉપલભ્યમાન એટલે ? પ્રાપ્ત થવાને લાયક જ છે, એમ કહે છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? ઈ સાતમો બોલ થયો.

આઠમો ! હેં ! આઠ કહ્યા આઠ. અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ, આઠેય કર્મનો સંયોગ, એમ કે આઠ કર્મનો સંયોગ એ જ આત્મા, જેમકે ખાટલો ચાર પાયા ને ચાર બેય આઠનો, આવે ને બે લાકડાને ચાર આઠ એ–એ ખાટલો, એમાં સુનારો છે એ જુદો. આંહી તો કહે છે એ આઠ કર્મ છે એ જ આત્મા. આ લોકો કહે છે ને આ દયાનંદ સરસ્વતીવાળા જીવનો મોક્ષ થાય ને ત્યાંથી પણ પાછો આવે અને રખડે, સર્વથા કર્મ રહિત થાય એવું કોઈ સ્વરૂપ છે જ નહીં, એમ કહે છે. મોક્ષ થાય, જાય પણ પાછો હારે કર્મ છે બાકી થોડા, એ વિના તો થઈ શકે જ નહીં એકલો, વળી પાછો અવતાર ધારણ કરે. એ આ એમ કહે છે આઠ કર્મ રહિત આત્મા હોય જ નહીં, અજ્ઞાની એમ કહે છે. બહુ ઝીણી વાતું બાપુ. અરે જગતના મતોને આઠમાં ઘણાં પ્રકાર નાખી દીધા છે. આહાહાહા !

એ અર્થક્રિયામાં સમર્થ, એટલે પદાર્થની પ્રવૃત્તિ કરવામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ તે જીવ નથી, એમ ભગવાન કહે છે. કારણકે આઠ કાષ્ટના સંયોગથી જુદો, ખાટલામાં સુનારો પુરૂષ એની જેમ, ખાટલામાં સૂતો છે એ પુરુષ ખાટલાથી જુદો છે. અત્યારે આ ખાટલા કરે છે ને નવા નવી કાથીના કરે ને ? કાથી સાંભળ્યું છે ને કાથી, નવા અમારે રિવાજ છે અહીંયા પહેલો સુવે નહીં આદમી, પહેલો કૂતરાને બેસાડે ન્યાં રોટલી નાખીને કૂતરાને ખવરાવે એટલે પછી, પછી સૂવે નહીં તો પહેલો સુવે તો એ ઠાઠડીમાં સૂઈ ગયો કહેવાય. આંહી તો કહે છે કે એ ખાટલામાં સુતેલો પુરુષ, ખાટલાથી જુદો છે લે. એમ આઠ કર્મના સંબંધમાં દેખાય છે છતાં ભગવાન તો આઠ કર્મથી તદ્‌ન જુદો છે. આહાહાહા !

અરેરે ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ! એને શું કહેવું છે, એ સાંભળવા મળે નહીં, અરે ભાઈ અને સત્ય બહાર આવે ત્યારે તેનો વિરોધ કરે કે હે, એ તો એકાંત છે એકાંત છે. કરો પ્રભુ તુંય ભગવાન છે ભાઈ ! ( શ્રોતાઃ– સત્ય બહાર આવે ત્યારે સત્યને સમજનારા હોય જ છે. ) હોય છે ને વિરોધ કરનારાએય હોય છે. ( શ્રોતાઃ– એ તો અનાદિથી છે ) એ છે એ તો અનાદિથી છે. ( શ્રોતાઃ– બેય વાત અનાદિથી ચાલી આવે છે સત્યને માનનારા ને વિરોધ કરનારા ) આ બહુ, મારગ આવો છે ભાઈ. પહેલાં આત્મા અને કર્મ એ બેય તદ્‌ન જુદી ચીજ છે. આત્મા આઠ કર્મ બાંધે અને આઠ કર્મ છોડે એ બધી વ્યવહારની વ્યાખ્યા છે. કર્મ એને લઈને બંધાય અને એને લઈને છૂટે. ભગવાન આત્મા ચૈતન્યના તેજથી ભરેલો પ્રભુ એ આઠ કર્મથી તદ્‌ન જુદો છે. ખાટલામાં સૂતેલો પુરુષ ખાટલાથી જુદો છે. એમ આઠ કર્મના સંબંધમાં રહ્યા છતાં તે આઠ કર્મથી નિરાળો, ભિન્ન છે. આઠ કાષ્ટના સંયોગથી જુદો છે. ખાટલામાં સૂતેલા પુરુષની જેમ કર્મ સંયોગથી જુદો, કર્મનો તો સંયોગ છે, સંયોગ કહેતા ભિન્ન ચીજ છે. સંયોગ કહેતાં એ ભિન્ન ચીજ છે. હેં ? સ્વભાવ કહેતા તે એનાથી ( સંયોગ ) ભિન્ન ચીજ છે. આહાહાહા !

અન્ય ચૈતન્યસ્વભાવ જીવ ભેદજ્ઞાની વડે સ્વયં ઉપલભ્યમાન છે. તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. આઠ કહ્યા 'તા ને આ રીતે અન્ય કોઈ બીજા પ્રકારે કહે. જે પ્રકારે લોકો કહેતા હોય એનાથી વિરૂદ્ધ તો એને સમજી લેવું કે એ તત્ત્વથી વિરુદ્ધ છે, ત્યાં પણ આ જ યુક્તિ જાણવી.

ભાવાર્થઃ- ચૈતન્ય સ્વભાવરૂપ જીવ સર્વ પરભાવોથી જુદો. સર્વ પરભાવ પુણ્ય-પાપ-શરીર બધું લઈ લેવું ભેદજ્ઞાનીઓને અનુભવગોચર છે, તેથી જેમ અજ્ઞાની માને છે તેમ નથી. અહીં પુદ્‌ગલથી ભિન્ન આત્માની ઉપલબ્ધિ પ્રત્યે વિરોધ કરનાર પુદ્‌ગલને જ આત્મા જાણનાર પુરુષને તેના હિતરૂપ આત્મપ્રાપ્તિની વાત કહી. મીઠાશથી તેને સમભાવથી તેને પ્રેમથી એને સમજાવે છે. ભાઈ ! શું કરે છે તું આ ? પુણ્ય ને પાપના ભાવ એ જીવના છે ? તું શું કરે છે પ્રભુ આ તને, એને મીઠાશથી કહે છે પ્રેમથી કહે છે. આહાહાહા !

શ્રીમદ્‌માં આવે છે ને "કોઈ ક્રિયા જડ થઈ રહ્યા ને શુષ્ક જ્ઞાનમાં કોઈ એ માને મારગ મોક્ષનો કરુણા ઉપજે જોઈ" કરૂણા ઉપજે છે દ્વેષ ન કરે એના પ્રત્યે દ્વેષ ન કરે વિરોધ ન કરે. અરેરે ! શું થાય ? ભાઈ, તું આ શું કરે છો આ ? શુભભાવ એ જડના ફળ એને આત્માનું કાર્ય તું માન ભાઈ અને એનાથી ધર્મ થાય ભગવાને તો એ શુભભાવને અજીવ ને જડ કહ્યો છે. પ્રભુ તું શું કરે છે આ. એમ મીઠાશથી એને સમજાવે છે. જગતમાં સત્ત્વેષુ મૈત્રી, બધા ભગવાન જીવ છે, કોઈ પ્રત્યે મૈત્રી ન જાય કોઈ ગમે તેવો વિરોધી દૃષ્ટિવાળો હોય પણ એના પ્રત્યે મૈત્રી ન જાય, જીવદ્રવ્ય છે ને એ ? જીવદ્રવ્ય તે સાધર્મી દ્રવ્ય છે, આવી વાત છે એને અહીંયા મીઠાશથી, છે ને ? સમભાવથી જ આ પ્રમાણે ઉપદેશ કરવો એમ કાવ્યમાં કહે છે.

---

**અહીં પુદ્‌ગલથી ભિન્ન આત્માની ઉપલબ્ધિ પ્રત્યે વિરોધ કરનાર ( -પુદ્‌ગલને જ આત્મા જાણનાર ) પુરુષને ( તેના હિતરૂપ આત્મપ્રાપ્તિની વાત કહી ) મીઠાશથી ( અને સમભાવથી ) જ આ પ્રમાણે ઉપદેશ કરવો એમ કાવ્યમાં કહે છે :-**

## શ્લોક - ૩૪

इह खलु पुद्गलभिन्नात्मोपलब्धिं प्रति विप्रतिपन्नः साम्नैवैवमनुशास्यः।

( मालिनी )

विरम किमपरेणाकार्यकोलाहलेन
स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम्।
हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किंचोपलब्धिः।। ३४।।

**શ્લોકાર્થઃ**-હે ભવ્ય ! તને [ अपरेण ] બીજો [ अकार्य-कोलाहलेन ] નકામો કોલાહલ કરવાથી [ किम् ] શો લાભ છે ? [ विरम् ] એ કોલાહલથી તું વિરક્ત થા અને [ एकम् ] એક ચૈતન્યમાત્ર વસ્તુને [ स्वयम् अपि ] પોતે [ निभृतः सन् ] નિશ્ચળ લીન થઈ [ पश्य षण्मासम् ] દેખ; એવો છ મહિના અભ્યાસ કર અને જો ( -તપાસ ) કે એમ કરવાથી [ हृदय-सरसि ] પોતાના હૃદયસરોવરમાં [ पुद्गगलात् भिन्नधाम्नः ] જેનું તેજ-પ્રતાપ-પ્રકાશ પુદ્‌ગલથી ભિન્ન છે એવા [ पुंसः ] આત્માની [ ननु किम् अनुपलब्धिः भाति ] પ્રાપ્તિ નથી થતી [ किं च उपलब्धिः ] કે થાય છે.

**ભાવાર્થઃ-જો પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ અવશ્ય થાય; જો પરવસ્તુ હોય તો તેની તો પ્રાપ્તિ ન થાય. પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે, પણ ભૂલી રહ્યો છે; જો ચેતીને દેખે તો પાસે જ છે. અહીં છ મહિનાનો અભ્યાસ કહ્યો તેથી એમ ન સમજવું કે એટલો જ વખત લાગે. તેનું થવું તો અંતર્મૂહૂર્તમાત્રમાં જ છે, પરંતુ શિષ્યને બહુ કઠિન લાગતું હોય તો તેનો નિષેધ કર્યો છે. જો સમજવામાં બહુ કાળ લાગે તો છ મહિનાથી અધિક નહિ લાગે; તેથી અન્ય નિષ્પ્રયોજન કોલાહલ છોડી આમાં લાગવાથી જલદી સ્વરૂપની પ્રાપ્તિ થશે એવો ઉપદેશ છે. ૩૪.**

## શ્લોક - ૩૪ ઉપર પ્રવચન

હે ભવ્ય જીવ, તને બીજો અકાર્ય કોલાહલ કરવાથી, તે અકાર્ય છે, વિકલ્પ આદિ કાર્ય તારું નથી પ્રભુ, એ મિથ્યાત્વના પરિણામ એ તારું કાર્ય નથી. અકાર્ય કોલાહલ તારા કાર્યથી પ્રભુ એ અકાર્યનો કોલાહલ છે. પ્રેમથી એને કહે છે, પ્રભુ તું ચૈતન્યમૂર્તિ છો ને નાથ. આનંદનો નાથ પ્રભુ તું છો અંદર, એ આ પુણ્ય ને પાપના ભાવને તારા માનો છો, એ અકાર્ય છે, એ તારું કાર્ય નથી. 'અકાર્ય કોલાહલેન' એ અકાર્યના કોલાહલથી બસ થાવ, બસ થાવ. આહાહા ! સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. પ્રભુ તું એને આ રાગવાળો ને પુણ્યવાળો માને છો. પ્રભુ તું શું કરે છે આ. એ અકાર્યના કોલાહલમાં ક્યાં પડયો તું. અંદર ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ આત્મા છે ને ભાઈ ! એને આ દયા, દાન, વ્રત ભકિતના પરિણામ પુણ્યના વિકારના એ મારા માનીને એ પ્રભુએ અકાર્ય કોલાહલ એ કાર્ય તારું નહિ એ કોલાહલમાં ગરી ગયો છો તું. સમજાણું કાંઈ ? આવી વાત છે. છે ? અકાર્ય કોલાહલેન. અકાર્ય નામ નકામો કોલાહલ એટલે એ પુણ્ય મારા છે ને દયા દાનના વિકલ્પ મારા છે એ અકાર્ય કોલાહલ છે એ કાર્ય તારું નહીં, અકાર્ય કોલાહલેન. પ્રભુ એ છોડી દે તું. તારો નાથ અંદર ચેતન્ય આનંદ સ્વરૂપ બિરાજે છે. એને તું માન અને એને તું જાણ. બાકી આવા એ પરિણામ વિકારને પોતાના માની અકાર્ય કોલાહલ મફતનો તું કોલાહલ કરી રહ્યો છું. વિશેષ કહેશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૧૭ શ્લોક - ૩૪ તા. ૨૪/૧૦/૭૮ મંગળવાર આસો વદ - ૮

હે ભવ્ય ! એમ સંબોધન કર્યું છે. તું આમ કર એમ કીધું છે ને એટલે ભવ્ય લીધું. હે ભવ્ય ! તને બીજો અકાર્ય કોલાહલેન, રાગ એ મારું કાર્ય છે, રાગ એ હું છું. એવું અકાર્ય–કોલાહલેન, છોડી દે. શુભરાગ જે છે એ પણ નકામો અકાર્ય કોલાહલ, એ મારો છે, એ કાર્ય તારું નથી, એ તારું સ્વરૂપ જ નથી. ( શ્રોતાઃ– સ્વરૂપ નથી એ તો બરાબર છે પણ કાર્ય કોનું છે ? ) એનું કાર્ય નથી. રાગ એ અકાર્ય છે, અકાર્ય શબ્દનો અર્થ અહીં નકામો કર્યો છે, પણ એનો અર્થ, એ કામ એનું નથી. રાગ જે છે, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો હો કે ગુણગુણીના ભેદનો વિકલ્પ રાગ હો, એ અકાર્ય છે. એ નકામી ચીજ છે. જેને હિત કરવાનું હોય એની વાત છે બાપુ, બાકી તો રખડી રહ્યો છે અનંત કાળથી. અકાર્ય કોલાહલેન, કોલાહલ કરવાથી શો લાભ છે પ્રભુ તને.

એ શુભરાગ મારો છે અને શુભરાગ મારું કાર્ય છે એવા નકામા કોલાહલથી એવા અકાર્યથી તને શું કાર્ય થાય ? તને શું લાભ થાય ? એ કોલાહલથી તું વિરકત થા. આહાહાહા !

ઉપદેશ તો શું કહે નહિ તો ખરેખર તો કોલાહલથી વિરકત થાવું એમેય ત્યાં નથી. ત્યાં તો દ્રવ્ય સ્વભાવ ચૈતન્ય અમૃતનો સાગર ભગવાન ધ્રુવ, એની દૃષ્ટિ કરતાં કોલાહલથી વિરકત થઈ જાય છે. આવો મારગ ઉપદેશમાં શું આવે ? એ કોલાહલથી વિરકત થા. ( શ્રોતાઃ- પુણ્યપાપને કોલાહલ કીધો ) એ પુણ્યના પરિણામના કાર્યથી છૂટો થા, એમ કહે છે. એ કોલાહલથી વિરકત થા. એક ચૈતન્યમાત્ર વસ્તુ દેખો "નિભૃતઃસન" નિશ્ચય લીન થઈ, 'ષણમાસમ્' દેખ, "પશ્ય ષણ્માસમ્", 'પશ્ય' દેખ એવો છ મહિના અભ્યાસ કર આમ કહે છે. એ દ્રવ્ય સ્વભાવ એકરૂપ ચૈતન્યમાત્ર વસ્તુ એને દેખ, દેખે છે એ પરિણામ, પણ એને દેખ, પરિણામને દેખ એમ નહીં. આવી વાતું છે.

એ ભગવાન અંદર પરમાત્મ સ્વરૂપ બિરાજે છે ને પ્રભુ. અનંત અનંત અનંત ગુણનો મહાપ્રભુ અનંત ગુણનો એકરૂપ, આ ગુણી અને ગુણ એમ પણ નહીં, અનંત ગુણસ્વરૂપ દ્રવ્ય, તેથી એક ચૈતન્યમાત્ર વસ્તુ કીધી'ને ? અનંત ગુણના ભેદ પણ નહીં ત્યાં એમ કહે છે. એક ચૈતન્યમાત્ર વસ્તુ છે. ભગવત્ સ્વરૂપ, પરમેશ્વર સ્વરૂપ એને દેખ, પરને દેખવાની ક્રિયા તો તેં અનંતવાર કરી, પણ દેખનારને તેં દેખ્યો નહીં. આવી વાતું ( છે ). દેખનાર એ પર્યાય છે, પણ પર્યાયે પરને દેખી પણ આ વસ્તુ અખંડ ચૈતન્ય છે તેને ન દેખી, આવી વાતું છે ભાઈ.

( શ્રોતાઃ- દેખનેકી વિધિ કયા હૈ ) આ કહતે હૈ ને, એ સ્વરૂપ છે ચૈતન્યમાત્ર વસ્તુ તેને દેખ, પરિણામથી એને દેખ, પરિણામને પરિણામથી દેખ એમ નહીં. ઝીણી વાત છે ને બાપુ આ તો વચનમાં એનું કેટલું આવે. આંહી તો પ્રભુ એક સમયમાં પ્રભુ પૂર્ણાનંદનો નાથ પોતે બિરાજે છે. એ સિદ્ધની પર્યાયથી પણ અનંતગુણી તાકાતવાળું એ તત્ત્વ છે, પોતે ભગવાન આ આત્મા હોં. એવી એક ચૈતન્યમાત્ર વસ્તુ, આ ગુણી છે અને આ ગુણ છે, એ પણ ભેદ થઈ ગયો, એકરૂપ ચૈતન્ય વસ્તુ છે, એને પરિણામ જે વર્તમાન તેનાથી એને દેખ, પરિણામને પરિણામથી દેખ એ નહીં, ઝીણી વાતું બાપુ દુનિયાથી નિરાળી વાતું છે ભાઈ. આહાહાહા !

ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ્ સત્ છતાં, એ ઉત્પાદ્ વ્યયની પર્યાયથી ધ્રુવને દેખ, પર્યાયથી પર્યાયને ન દેખ, પર્યાયથી પરને ન દેખ, એ તો કોલાહલથી વિરકત થા એમ કહ્યું છે, પણ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ તીર્થંકર પરમેશ્વરે જે કેવળજ્ઞાનમાં જોયું કે તારું આત્માનું સ્વરૂપ તો પૂર્ણ આનંદકંદ ધ્રુવ છે. એવો જે અંદર ભગવાન એને તું જો, દૃષ્ટિ તારી ત્યાં લગાવ, એ તો ભેદથી કથન છે. દૃષ્ટિ અને લગાવ, કથન શું આવે ? હેં ? દેખ એમ કહ્યું બીજું શું આવે ? તો દેખનારી તો પર્યાય છે. પણ દેખે કોને ? ધ્રુવ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ પર્યાયમાં પર્યાયને પણ ન દેખ, પર્યાયમાં રાગાદિ આવે તેને ન દેખ એ પર્યાયમાં ધ્રુવને દેખ, બહુ સૂક્ષ્મ વાત છે. ભાઈ અનંત અનંત કાળમાં એક સેકંડ પણ ધ્રુવને દેખ્યો નથી, અને એના વિના રખડી મરે છે. ચોર્યાશીના અવતારમાં એ દુઃખથી દઝાયેલો છે. એને દુઃખથી દઝાયેલો પર્યાયમાં હોં, વસ્તુ દુઃખથી દઝાઈ નથી, એને દેખ.

આચાર્ય કરુણાથી કહે છે. છ માસ તો પ્રભુ અભ્યાસ કર. તારા અંગ્રેજીના ને એલ.એલ.બી.ના

ને એમ.એ.ના પુંછડા દસ દસ વર્ષ કરી ને ન્યાં પાપના પોથા બાંધીને ન્યાં ભણે છે રહે છે. આ છે ને અભ્યાસ બી. એ.નો શું કહેવાય ? એ બધા વેપારીનો અને ફલાણાનો એ બધો આવે છે ને ? એવા અભ્યાસ પાંચ સાત દસ દસ વર્ષ કરે, ધૂળનો પાપનો એકલો, એક છ માસ તો પ્રભુ આ બાજુ લે આવ, તારું ઘર છે એને જોવા છ માસ તો અભ્યાસ કર. એનો અર્થ જયચંદ પંડિત કરશે, છ મહિના અભ્યાસ કર અને તપાસ, એનો અર્થ કર્યો છે જરી.

ધ્રુવ વિદ્યમાન પરમાર્થ પ્રભુ ! તારો નાથ પરમાત્મ સ્વરૂપે પ્રભુ બિરાજે છે એને તપાસને, બહુ તપાસણી કરી તેં બીજી, એ શાસ્ત્ર વાંચનથી પણ તે મળે એવું નથી, એમ કહે છે. શાસ્ત્ર સાંભળવાથી પણ એ મળે એવો નથી. એ તો અંતર્મુખ તત્ત્વ છે અને અંતર્મુખના પરિણામથી અંતર્મુખને જ દેખ, બીજું શું કરે ત્યાં ? આ પરિણામ છે અને એનાથી આમ દેખું છું એવું ત્યાં નથી, પણ સમજાવવામાં શું આવે ? અંતરમાં વસ્તુ પડી છે પ્રભુ પરમેશ્વર, પોતે પરમેશ્વર છો. ભગવંત ભગવંત સ્વરૂપ છો ! તું એને એકવાર છ માસ તો તપાસ કે શું છે પણ આ ? બીજી ચપળાઈ અને ચંચળાઈ છોડી દઈ, નિભૃત કીધું છે ને ?

અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, સિદ્ધ સમાન સદા પદ મેરો, એ પર્યાયની અપેક્ષા નથી, સિદ્ધ સમાન દ્રવ્યસ્વભાવ સિદ્ધ સમાન ત્રિકાળ છે. સમજાણું કાંઈ ? ભાઈ આ તો ધર્મોપદેશ છે, આ તો વીતરાગ ત્રણલોકનો નાથ તીર્થંકરદેવ એની આ વાણી છે, એનો આ ભાવ છે, ભગવાનની વાણીમાં એમ આવ્યું. પ્રભુ ! તારી પ્રભુતાથી ભરેલી ચૈતન્ય વસ્તુ, જેમાંથી તો અનંતી સિદ્ધની પર્યાય પ્રગટ થાય એવા તો અનંત ગુણનો સાગર પ્રભુ છો ને. તો ત્યારે સિદ્ધ થયેલા ઉપર પણ નજર કરવાની નથી. સિદ્ધ જે ભાવે થયા એ ભાવ ઉપર પણ તારે નજર કરવાની નથી, એ સિદ્ધ જેને અવલંબીને થયા, એવો જે ભગવાન આત્મા એને તું દેખને પ્રભુ, છ મહિના તો ત્યાં જા ને એકવાર, એને માટે છ મહિના તો કાઢ. આહાહાહા !

એમ કરવાથી, છે ? હૃદયસરસી અંતર જ્ઞાન સરોવર ભગવાન ભર્યો છે અંદર, અંતરના પરિણામથી અંદર જો તો અંતરના પરિણામમાં હૃદયમાં ભરેલો ભગવાન હૃદયસરોવરમાં પુદ્ગલાત ભિન્નધામ્નઃ જેનું તેજ ભિન્ન ધામ્નઃ છે ને ધામ્નઃ એટલે તેજ જેમાં ચૈતન્યના તેજ જેમ સૂર્યનાં તેજ, જેમ ચંદ્રના તેજ, એ તો જડ છે, ચૈતન્યનો તેજથી ભરેલો ભગવાન એ પણ ભેદ થયો. ચૈતન્યથી ભરેલો ચૈતન્યસ્વરૂપ જ ભગવાન પુદ્ગલાત ભિન્નધામ્નઃ જે તેજ પ્રતાપ એ ધામ્નઃ ની વ્યાખ્યા છે. તેજ પ્રતાપ ને પ્રકાશ પુદ્ગલથી એટલે રાગાદિ જે પુણ્ય, દયા દાનનો વિકલ્પ છે એ પુદ્ગલ છે. આવી વાત આકરી પડે ને પછી શું કરે ? ભાઈ પણ આ તારું કર્તવ્ય તો આ છે. જો હિત કરવું હોય તો, રખડવું બંધ કરવું હોય તો, બાકી રખડવાના કામ તો કરી રહ્યો છે અનાદિથી, એ કોઈ નવી ચીજ નથી. એકએક દિવસના લાખોની પેદાશું કરોડોની પેદાશું એવા અનંત વાર ભવ થયા છે પણ આ કરવા તરફ વલણ નહીં. ઓહોહો !

પોતાના હૃદય સરોવરમાં તેજ પ્રતાપ પ્રકાશ એ ધામ્નઃ નો અર્થ છે ત્રણેય, પુદ્ગલથી ભિન્ન છે એવા પુંસઃ પુંસઃ, પુરુષ આત્મા, એવો જે પુંસઃ એટલે પુરુષ એટલે આત્મા અંદર પૂર્ણાનંદથી ભરેલો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ ભરેલો, એવો આત્માની "અનુપલબ્ધિઃ ભાતિ" ન પામે એવી એની શોભા છે ? પામે એવી એની શોભા છે. "અનુપલબ્ધિઃ" પ્રાપ્તિ થતી નથી

કે થાય છે ? એનો અર્થ એવો છે, કે અંતર વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ, એને દેખ તો પ્રાપ્તિ ન થાય એમ કેમ બને કહે છે, પર વસ્તુને પોતાની કરવી હોય તો ન બને, પણ જે પોતે છે એની અપ્રાપ્તિ કાંઈ શોભે એને અનુપલબ્ધિ.

વસ્તુ ભગવાન પૂર્ણઆનંદ સ્વરૂપ ચૈતન્ય વસ્તુ એને દેખ, છ માસ અભ્યાસ કર, ન પ્રાપ્તિની શોભા એને ન હોય, પ્રાપ્ત થાય તે એની શોભા છે, પ્રાપ્ત થાય જ એમ કહે છે. જેની હારે છ છ મહિના જોવાની નજરું કરી, નજરુંની નજરું છોડી, નજરુંએ નજરે નિધાનને જોયો, આવી વાતું છે. બાપુ દુનિયાથી આખી ફેરફાર, બધી ખબર છે ને બાપુ અહીં તો. ભિન્ન છે એ રાગના પરિણામ એ પુદ્‌ગલ છે. એનાથી ચૈતન્ય પ્રકાશ ધામ્નઃ નામ પ્રકાશ પુંજ તદ્‌ન જુદો છે એ પ્રાપ્ત થશે જ, “અનુપલબ્ધિઃ ભાતિઃ” ન પ્રાપ્ત થાય એ શોભા નહીં ત્યાં, પ્રાપ્ત થાય એ જ એની શોભા છે. ભાષા તો છે, પણ ભાવ બાપા આકરા છે. એ ધામ્નઃ પુદ્‌ગલાત ચૈતન્યના તેજ પ્રભુ એ રાગના પુદ્‌ગલથી તદ્‌ન ભિન્ન, રાગ છે એ દયા, દાનનો વિકલ્પ પ્રભુ, એકકોર આત્મારામ અને એકકોર પુદ્‌ગલ હરામ, એવા શુભભાવ જે છે, એ પુદ્‌ગલ છે. ભગવાન આત્મા એનાથી ભિન્ન ચૈતન્યના તેજથી ભરેલો પ્રભુ, તને પ્રાપ્ત થશે. તેમાં જ તેની શોભા છે. વસ્તુ છે તેની ઉપર આવી નજરું છ છ મહિના કરે, એ એની શોભા છે, પ્રાપ્ત થાય જ. આવો ઉપદેશ હવે, અજાણ્યા નવા માણસને તો, શું કહે છે, આ પાગલ જેવી વાતું છે આ બધી, સાચી બાપા. આહાહાહા !

અરે એને જોવાને છ મહિના તો વખત લે એમ કહે છે, એનો ખુલાસો કરશે એ તો અંતર મુહુર્તમાં જ પમાય છે, પણ કોઈને આકરું લાગે તો છ મહિનાની મુદત આપી. અરે સંસારને માટે અનંતકાળ આપ્યોને પ્રભુ તેં, રખડવાના રસ્તામાં તો તેં અનંતકાળ આપ્યો, હવે છૂટવાના રસ્તે પરમાત્મા તરફ જવાના રસ્તે છ મહિના તો કાઢ. પોપટભાઈ ! આવી વાત છે. ઉપલબ્ધિ થશે જ થાય જ, એમ આંહીં કહે છે. અરે પંચમકાળ છે ને ? પંચમકાળમાં તો શુભભાવ જ હોય એમ કહે છે. શુભજોગ ! અરે ભગવાન શું થયું ભાઈ. સુખસાગર છે ને એક સાધુ મોટા એણે બહાર પાડયું છે, પંચમકાળમાં તો શુભજોગ જ હોય. અરે ભગવાન ! ભગવાન તને શોભે છે એ કહેવું ? આંહી શુભજોગને તો પુદ્‌ગલ કીધા. હેં ? અને અહીં પંચમઆરાના શ્રોતાને કહ્યું પંચમઆરાના સંતોએ પંચમઆરાના શ્રોતાને કહ્યું, એ આડત્રીસ ગાથામાં આવી ગયું ને ભાઈ ? આડત્રીસમાં, પંચમઆરાના સાધુએ પંચમઆરાના શ્રોતાને કહ્યું. ગુરુએ વારંવાર સમજાવ્યો, કેવળીએ સમજાવ્યો એ અત્યારે અહીં નથી એટલે એ વાત અહીં ક્યાં ! અહીં કાંઈ કેવળી નથી અત્યારે તો મુનિની વાત છે આ.

સંત જેને ભવના આવી ગયા અંત, અને જેને મોક્ષ વર્તે છે સમીપ, એવા સંતોએ શ્રોતાને સમજાવ્યો, અનાદિથી અપ્રતિબુદ્ધ અજ્ઞાની હતો. પહેલી લીટી છે અનાદિથી અપ્રતિબુદ્ધ મૂઢ હતો, એવા પંચમઆરાના શ્રોતા એને પંચમઆરાના સંતે સમજાવ્યો. ત્યારે ત્યાં આવ્યું'તું આપણે આડત્રીસમાં એ શ્રોતા પોતે સમજી ગયો પંચમઆરામાં. આહાહાહા ! હું શુદ્ધ ચૈતન્યઘન એનું દર્શન, જ્ઞાન અને ચારિત્રનું આચરણ કર્યું, અને એ શ્રોતા એમ કહે છે કે હવે હું આ રીતે જે પામ્યો એમાં હું પડવાનો નથી હવે, ચારિત્રની વાત જુદી, પણ વસ્તુ જે પ્રાપ્ત થઈ, એ કોલકરાર, શ્રોતા એમ કોલકરાર કરે છે, અમે પડવાના નથી. અમે આગમકુશળ અને સ્વરૂપની પ્રાપ્તિ જે કરી, એ

પંચમથી શુભજોગની પ્રાપ્તિ કરી ? શુભજોગને તો પુદ્‌ગલ કહી દીધાં છે. કાળ ક્યાં એને નડે છે. ત્રિકાળી ચીજમાં પરિણામનો જ્યાં પ્રવેશ નથી ત્યાં વળી કાળ ફાળની ક્યાં વાતો કરવી. પંચમ કાળ હોય કે નરકનું ક્ષેત્ર હોય, ક્ષેત્ર–ક્ષેત્ર અને શરીરની રોગથી ઘેરાયેલી અવસ્થા હો, કાળ, નરક ક્ષેત્ર અને આ, એ ચીજને પામવાને કોઈ વિઘ્ન કરે એવું નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ? આવી વાત છે. આહાહાહા !

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવે એ ઉપદેશ કર્યો છે. ત્યાં તો એમ કહ્યું'તું અને આંહીં પણ એ જ કહ્યું. 'વિરમ' પામી જઈશ કહે છે. અરે પંચમઆરામાં શુભભાવથી આગળ નહીં જઈ શકે ને પ્રભુ, એમ નથી ભાઈ, રહેવા દે. એ પંચમઆરામાં શુભભાવ જે બંધનું કારણ અને પુદ્‌ગલ એનાથી ભિન્ન પડીને પ્રાપ્ત થાય એ પંચમકાળના આત્માનો એક પ્રકાર અને પ્રભાવ છે, એને કાળ નડતો નથી. સમજાણું કાંઈ ? આવી વાત ક્યાં છે ? ( શ્રોતાઃ– ક્યાંય ન હોય તો અહીં તો છે ને ) ભગવાનમાં પડી છે ને અંદર. એવા આત્માની પ્રાપ્તિ થતી નથી કે થાય છે. એક એક એ શબ્દ લીધો એટલે કે આ રીતે થાય નહિ એમ બને જ નહિ, અને તે પણ એવું વર્ણન કરે છે અહીંયા તો, એ પ્રાપ્તિ થઈ એ અપ્રતિહત ભાવે થઈ છે કહે છે. એનો ભાવ પ્રાપ્ત થયો એ પડશે કોઈ દી' એ વાત ત્રણકાળમાં છે નહીં. જોયું ? આ શ્લોક, આ શ્લોકની શ્લાઘા, આ શ્લોકમાં સ્તુતિ આવી છે. થોડું હો, સમજે એનું કાંઈ નહિ પણ મૂળ વસ્તુ જોઈએ ને ? જેને આત્મા જે મૂળ મોક્ષના મૂળીયા જેમાં પડયા છે. અરે જે મુક્ત સ્વરૂપ પ્રભુ છે.

( શ્રોતાઃ– પ્રભુ અભ્યાસ કરે ને પ્રકાશ કરે એમાં શું ફેર ? ) અભ્યાસ એટલે અંદર જોવાનું આમ વાંચવાનું ઈ નહિ. ત્રિકાળી જ્ઞાયકને જોવાનો છ મહીના તો અભ્યાસ કર. અભ્યાસ એટલે આ વાંચવું ભણવું એ કાંઈ નહિ. આહાહાહા ! આવી વાત છે.

અજાણ્યા માણસને તો એવું લાગે કે આ શું કહે છે. આ બાપુ તમે કોણ છો અને શું છો એ અમને ખબર નથી ? આખી દુનિયાને અમે જાણીએ છીએ, કેવી જાત છે. વીતરાગ સ્વરૂપ આમ કહે છે. ભાઈ તને સાંભળવા મળ્યું નથી માટે તેને નવાઈ લાગે એમ છે નહીં.

ભગવાન અનંત અને તીર્થંકરોના સમવસરણની સભામાં આવો પોકાર કરે છે. એ પોકાર સંતો લઈને આવ્યા. અને જગતને જાહેર કર્યું, પરમાત્મા આમ કહે છે. તારો પ્રભુ અંદર બિરાજે છે એનો જો છ મહીના અભ્યાસ કર, જઘન્ય અંતર્મુહૂર્તમાં જ પ્રાપ્ત થાય છે એ. પણ કોઈ આકરું લાગે ને પંચમકાળ અને તારી બુદ્ધિ થોડી એમ લાગે તો છ મહિના લાગશે. આહાહાહા !

**ભાવાર્થઃ-** લોકોની દલીલ શું છે ? કે આ બધું દયા, દાન, વ્રત, ભક્તિ, તપ એ કાંઈ ઉપાય છે કે નહીં ? આંહી તો કહે છે કે એ બધા ભાવો તો પુદ્‌ગલના છે ને પ્રભુ ? એને ઉપાયમાં નાખવા છે તારે ? આહાહાહા ! શું થાય ભાઈ ?

જો પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે એટલે કે પોતે છે ચૈતન્ય સ્વરૂપ ભગવાન છે, એનો જો અભ્યાસ કરે તો તેની તો પ્રાપ્તિ અવશ્ય થાય, પ્રાપ્તની પ્રાપ્તિ છે, છે તેને પ્રાપ્ત કરવો છે. એ તો છે, છે એને પ્રાપ્ત કરવો છે ને એ તો છે. આવી વાતું છે. પોતાના સ્વરૂપનો અભ્યાસ પોતાનું સ્વરૂપ જે ચૈતન્યસ્વરૂપ જે કાયમી ત્રિકાળ છે, છે, છે, એનો અભ્યાસ કરે, એ તરફની એકાગ્રતાનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ જરૂર થાય જ. પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે તેની પ્રાપ્તિ થાય છે. આહાહાહા !

"જો પરવસ્તુ હોય તો તેની તો પ્રાપ્તિ ન થાય." ખરેખર તો કહે છે કે રાગને તારો કરવા માગ, તો નહિ થાય, શરીરને કરવા માગ તો તો નહિ થાય, પણ રાગને તારો કરવા માગ અંદર નિત્યમાં, તો રાગ તો છે વિકૃત અને પુદ્ગલ સ્વભાવ, એ નહિ થાય. પણ છો તેને પ્રાપ્ત કરવો પ્રભુ એમાં ક્યાં ન થાય એમ હોય. આહાહા ! શું સંતોની ભાષા, દિગંબર મુનિઓ કેવળીના કેડાયતો એક બે ભવે કેવળ લેવાના કેટલાક તો મોક્ષ જવાના મોક્ષ, સિદ્ધપદ. એની આ વાણી એમ વ્યવહારથી કહેવાય. વાણીમાં એમનું નિમિત્ત હતું ને એટલે, નિમિત્તનો અર્થ એ વાણીના કર્તા નથી, ત્યારે નિમિત્ત કહેવાણું ને ? એમાં એ આવ્યું, ભગવંત તારી ચીજ છે ને અંદર બિરાજમાન અતીન્દ્રિય આનંદ સ્વરૂપે પ્રભુ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય વીતરાગતા, અતીન્દ્રિય પ્રભુતા, અતીન્દ્રિય સ્વચ્છતા, એવા સ્વભાવસ્વરૂપ પ્રભુ છે ને તું. એની પ્રાપ્તિ તો જરૂર થાય, પર વસ્તુ હોય તો તેની ન થાય. રાગને તું તારો કરવા માગ તો નહીં, કોઈ દી' નહિ થાય. શરીર, વાણી, બાયડી, છોકરા તો ક્યાંય ધૂળ રહી ગયા. એ તો ક્યાંય છે એ ક્યાં તારા હતા એ. આહાહાહા !

પણ રાગ જે છે અંદર, પર્યાયમાં નિમિત્તને આધીન થયેલો રાગ એ તારા ગુણ સ્વભાવમાં તેને કરવા માગ તો નહિ થાય, કારણકે એના ગુણો બધા પવિત્ર છે. એ પવિત્રમાં રાગ એનો કોઈ રીતે નહિ થાય. આહાહાહા ! સમજાણું કાંઈ ? વ્યવહાર રત્નત્રય એને શુભજોગ કહ્યો છે પરમાત્મ પ્રકાશમાં, શુભજોગ છે એ, શુભજોગ તો પુદ્ગલ છે અહીં તો એને ( પુદ્ગલ ) કહ્યા. વીતરાગ કેવળી પરમેશ્વરે એને પુદ્ગલ કહ્યા છે. તો એને પોતાનો કરવા માગ તો નહિ થાય. ચૈતન્ય ભગવાનમાં એ પુદ્ગલના પરિણામ પોતાના કરવા માગે તો એ નહિ થઈ શકે. પણ ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ એની ધખશ ને લગની લાગી હોય અંદર તો એ તો પ્રાપ્ત થાય જ. આહાહાહા !

પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે ને ? જોયું. ભગવાન અંદર ચૈતન્ય સ્વરૂપે મોજૂદ છે ને ? હૈયાતિ છે ને ? મોજૂદ છે ને ? હૈયાતિ ધરાવે છે ને ? અસ્તિપણે છે ને ? અસ્તિપણે સત્ સત્ અસ્તિપણે પોતે છે ને ? પણ ભૂલી રહ્યો છે. ભગવત્ આત્મસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, અંદર મોજૂદ છે. પણ એના તરફની નજરું ન કરી અને એનો અનાદર કરીને રાગને પુણ્ય ને પાપ ને આ ને આ, એ મારા કરીને માન્યા, પણ મારા કરીને થયા નહિ. સમજાણું કાંઈ ? આહાહાહા !

પણ ભૂલી રહ્યો છે જો ચેતીને દેખે, ચેતીને દેખે, જ્ઞાયકભાવ છે તેને ચેતીને જાણનાર ભાવથી દેખે. જે જાણક સ્વભાવ છે તેને જાણક ભાવથી ચેતીને દેખે, ભાષા તો થોડી છે ટૂંકી બાપુ, ઓલા બચારા ભવ્યસાગર લખે છે ને. અરેરે ! અમે આત્મજ્ઞાન વિના સાધુપણું લઈ લીધું, કાલે વાંચ્યુ'તું ને બપોરે કાગળ, તમે ન હતા બપોરે, લખે છે અમે આત્મજ્ઞાન વિના સાધુપણું લઈ લીધું એમ બિચારા. અમને બોલાવો ત્યાં. ઘણું લખે છે કાલે કાગળ આવ્યો છે. એવા તો ઘણાં કાગળ આવે છે કાલે છેલ્લો કાગળ આવ્યો છે, આખો કાગળ બોલાવો બોલાવો કોણ બાપા અહીં ક્યાં બોલાવે ? અહીં કોઈને બોલાવતા નથી અને અહીં તો પાછુ હમણાં રહેવાનુંય નથી, બહાર જવાનું થાશે. અમે આત્મજ્ઞાન પામ્યા નથી અને આત્મજ્ઞાન વિના અમે સાધુપણું આપી દીધું લઈ લીધું. એ બિચારા આ કલ્યાણનો પંથ અમે ત્યાં લેવા સાંભળવા કામી છીએ. સાધુ બિચારા ૨૦ વર્ષની દીક્ષા દિગંબર, શીઘ્ર કવિ છે. વારંવાર લખે છે. પણ ખરેખર તો આવવું હોય તો એની મેળાએ આવે, અહીં જવાબદારી કોઈની ( નથી લેતા ) !

ચેતીને દેખે તો પાસે જ છે. જાગૃત થઈને જાગૃતને દેખે, તો ત્યાં જ છે. જાગૃત થઈને દેખે તો ત્યાં જ છે જાગૃત, આખું ચૈતન્ય સ્વરૂપ ત્યાં જ છે. ભાષા ઘણી સહેલી, ભાવ ઘણાં ગંભીર બહુ ઊંચા, આ કોઈ વિદ્વતાની વસ્તુ નથી. ચેતીને દેખે તો પાસે જ છે, માળે જયચંદ્ર પંડિતે તો જુઓ. રાગને જોતાં જોતાં મારા માનીને અનંતકાળ ગયો પણ થયા નહિ તારા, પણ ચેતીને અંદર રાગથી ભિન્ન પડીને ચેતીને જો, તો વસ્તુ તું પોતે જ છે. ચેતીને જો તો ચેતનારો જાગૃત સ્વભાવ તું જ છો. આહાહાહા !

અહીં છ મહિનાનો અભ્યાસ કહ્યો તેથી એમ ન સમજવું કે એટલો જ વખત લાગે. એમ નથી કાંઈ. તેનું થવું તો અંતર્મુહૂર્ત માત્રમાં જ છે. 'અંતર્મુહૂર્ત' ઉપયોગ છે ને એવો એટલે કહે છે. બાકી તો એક સમયમાત્રમાં થાય છે. પણ ઉપયોગ છદ્મસ્થનો ખ્યાલમાં આવે એ અંતર્મુહૂર્તે જ ખ્યાલમાં આવે છે. એટલે અંતર્મુહૂર્ત એટલે ૪૮ મિનિટની અંદર બે ઘડીની અંદર મુહૂર્ત છે ને બે ઘડીનું એટલે એની અંતર અંદર. બી.એ.નો અભ્યાસ અને એલ.એલ.બી. નો અભ્યાસ બે ઘડીમાં ન થાય. હેં ? અને આ અભ્યાસ તો બે ઘડીમાં અંતર્મુહૂર્તમાં થઈ જાય છે. ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ અન્યમતમાં કહે છે. "મેં નજરને આળસે રે મેં નિરખ્યા ન નયને હરિ, મારી નજરને આળસે રે મેં નિરખ્યા નયને હરિ." હરિ એટલે ભગવાન રાગ ને દ્વેષ ને અજ્ઞાનને હરે એ હરિ એવો પ્રભુ તે આત્મા. મારી નયનને આળસે, આવે છે પોપટભાઈ ! મારી નયનું પરમાં રહી ગઈ, પણ નયનને આળસે મેં અંદરના ભગવાનને ન જોયો અને જોવાને અંતર્મુહૂર્ત જ કાળ લાગે છે. આહાહાહા !

પરંતુ શિષ્યને બહુ કઠિન લાગતું હોય તો તેનો નિષેધ કર્યો છે, જો સમજવામાં બહુ કાળ લાગે તો છ મહિનાથી અધિક નહિ લાગે. પ્રભુ લગની લગાડ એની. જ્ઞાયક ભગવાનની લગની લગાડ. તેથી અન્ય નિષ્પ્રયોજન કોલાહલ છોડી, એ શુભભાવ પણ નિષ્પ્રયોજન કોલાહલ છે. એ શુભભાવમાં પ્રયોજન નથી. નિષ્પ્રયોજન કોલાહલ છોડી આમાં લાગવાથી, ભગવાન પૂર્ણાનંદ વસ્તુ છે, મોજૂદ છે, હૈયાતિ છે એને એમાં લાગવાથી જલદી સ્વરૂપની પ્રાપ્તિ થશે જ. જલદી સ્વરૂપની પ્રાપ્તિ થશે જ. કહો આવો ઉપદેશ છે. વર્તમાન શ્રોતાને પણ એમ કહે છે. પંચમકાળના શ્રોતાને પંચમકાળના સંતો કહે છે, કે જરૂર તને એ ચૈતન્યમૂર્તિનો અભ્યાસ કર અંદર જોવાને, જરૂર મળશે તને, શુભજોગથી જુદો મળશે તને. ( શ્રોતાઃ– ખાત્રી આપે છે ) હેં ? ત્યારે આ કહે પંચમકાળમાં શુભજોગ જ હોય, અરે પ્રભુ પ્રભુ શું કર્યું તેં પ્રભુ આ તે ? વીતરાગમાર્ગ લજ્જા પદ પામે છે. આહાહાહા !

અહીંયા કહે છે કે મોજૂદ ચીજ છો ને પ્રભુ, વીતરાગ સ્વરૂપી ચૈતન્ય પ્રભુ જિનબિંબ મોજૂદ છે ને ? છે તેને પ્રાપ્ત કરવી છે ને ? મોજૂદ છે ને ? પણ એને વિશ્વાસમાં ક્યાં આવે છે. રાગ હોવા છતાં, પર્યાયમાં પર્યાય હોવા છતાં, આ વસ્તુ પૂર્ણ છે, એવો એને વિશ્વાસ આવતો નથી. કારણ કે કામ લેવું છે પર્યાયથી અને વિશ્વાસ લેવો છે ત્રિકાળીનો. હેં ! તો પર્યાયમાં તેના સ્વભાવ સન્મુખ થાય ત્યારે તેને વિશ્વાસ આવે કે આ તે વસ્તુ પૂર્ણ આનંદ સ્વરૂપ ભગવાન છે. સ્વરૂપની પ્રાપ્તિ થશે એવો ઉપદેશ છે, દેખો આવો ઉપદેશ છે.

આ તો ગૃહસ્થાશ્રમમાં રહેલા જયચંદ પંડિત લખે છે ઓલી તો મુનિરાજની વાત છે. એમ

નથી કહેતા કે તમને શુભજોગ જ રહેશે. તમે પંચમકાળમાં પણ શુભજોગથી ભિન્ન પડીને જો ચેતશો તો શુભજોગથી ભિન્ન તમને પ્રાપ્ત થશે જ, શુભજોગ જ રહેશે એમ નહિ. પુદ્‌ગલ જ રહેશે એમ નહીં. ચૈતન્ય આવશે. પ્રવીણભાઈ ! આવો પોકાર છે.

( શ્રોતાઃ- જાગતો જીવ ઊભો છે ) જાગતો જીવ ઊભો છે. બેનની વાત છે ને, જાગતો જીવ ઊભો છે ને ? ક્યાં જાય. બેનનું વાક્ય પહેલું છે ને ? જાગતો જીવ, જાગૃત સ્વરૂપ જીવ ઊભો છે ને ! ઊભો એટલે ધ્રુવ છે ને ! ઉભાની વ્યાખ્યા એમ છે. જાગતો જીવ ધ્રુવ છે ને એ ક્યાં જાય ? જરૂર પ્રાપ્ત થશે.

હવે આવો ઉપદેશ ઓલા ક્રિયાકાંડીઓને આકરો લાગે. ભગવાન બાપુ તારા સ્વરૂપની વાત છે ને પ્રભુ ક્રિયાકાંડમાં તો રાગ છે. એ તો પુદ્‌ગલ છે ભાઈ તને ખબર નથી. એનાથી ભિન્ન ધામ્નિ શુભજોગ પુદ્‌ગલ છે તેનાથી જુદું ભિન્ન ધામ્નિ ચૈતન્યના તેજ તને પ્રાપ્ત થશે. ચૈતન્યના તેજ પ્રકાશ, છે ને ? પ્રતાપ ત્રણ બોલ લીધા છે. તેજ, પ્રતાપ ને પ્રકાશ. એ ચોત્રીસ કળશ થયો.

હવે શિષ્ય પૂછે છે કે આ અધ્યવસાનાદિ ભાવો જીવ ન કહ્યા, ભગવાને એને જીવ ન કહ્યા, શુભભાવ થાય દયા, દાનનો એને જીવ ન કહ્યો અને અન્ય ચૈતન્ય સ્વભાવ જીવ કહ્યો, તો આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે. એ શુભભાવ રાગ એ દયા દાનનો વિકલ્પ રાગ એ ચૈતન્યની સાથે સંબંધ દેખાય છે. એ કાંઈ પરમાણું સાથે સંબંધ છે એમ દેખાતું નથી. સમજાણું કાંઈ ? ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે, ચૈતન્ય સિવાય જડને તો દેખાતા નથી, છતાં તેમને પુદ્‌ગલના સ્વભાવ કેમ કહ્યા ? ભગવાન આનંદનો નાથ પ્રભુ એની પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ તો દેખાય છે, ચૈતન્યની સાથે સંબંધવાળા દેખાય છે. એ પુદ્‌ગલ જડ હારે સંબંધવાળા તો દેખાતા નથી. છતાં પ્રભુ એને તમે પુદ્‌ગલના સ્વભાવ કેમ કહ્યા ? ચૈતન્યની પર્યાયમાં સંબંધવાળા શુભઅશુભ દેખાય અને તમે કહો કે એ જડ છે ઈ શી રીતે અમારે સમજવું ? આહાહાહા !

આવો શિષ્યનો અંતરનો સમજવાનો પ્રશ્ન છે. શંકા નથી આશંકા છે. શું આપ કહો છો પ્રભુ આમાં ? શુભ-અશુભભાવ એ જડ ? અમને તો શુભ-અશુભભાવ ચૈતન્યની પર્યાયનાં સંબંધમાં હોય છે, એ શુભઅશુભ ભાવ એ પરમાણું કે કર્મમાં જડમાં હોતા નથી. જુઓ શ્રોતા યોગ્યતાવાળો અહીં લીધો છે, એ શ્રોતા એવો છે કે અંદર પકડવું છે કે આ શું તમે કહો છો પ્રભુ ? શુભઅશુભભાવ એ તો ચૈતન્યની પર્યાયમાં સંબંધવાળા દેખાય છે ને ? એ કોઈ કર્મ ને જડ ને શરીરના સંબંધમાં એ નથી, છતાં તમે તેને જડ કહો. પુદ્‌ગલના સ્વભાવ કેમ કહ્યા ? તેના ઉત્તરનું ગાથા સૂત્ર કહે છે. તેનો ઉત્તર છે આ સંસ્કૃત છે હો ! છે ને માથે-“कथं चिदन्वय प्रतिभासेडप्यध्य, वसानादयः पुद्‌गलस्वभावा ईति चेत” સંસ્કૃત્ત છે ઉપર, પોતે અમૃતચંદ્રાચાર્યે પોતે જ પ્રશ્ન મૂકીને શિષ્યનો પ્રશ્ન કહ્યો છે. શિષ્ય આવો હોય જેને સમજવું હોય એ, પ્રભુ તમે ચૈતન્યની સાથે પુણ્ય-પાપના ભાવનો સંબંધ હોવા છતાં તમે એને પુદ્‌ગલ કહ્યા એ શી રીતે અમને પકડાતું નથી કહે છે ? એનો ઉત્તર આવશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

❄ ❄ ❄

## ગાથા - ૪૫

कथं चिदन्वयप्रतिभासेऽप्यध्यवसानादयः पुद्गलस्वभावा इति चेत्-

अट्ठविहं पि य कम्मं सव्वं पोग्गलमयं जिणा बेंति।
जस्स फलं तं वुच्चदि दुक्खं ति विपच्चमाणस्स।।४५।।

अष्टविधमपि च कर्म सर्वं पुद्गलमयं जिना बुवन्ति।
यस्य फलं तदुच्यते दुःखमिति विपच्यमानस्य।।४५।।

अध्यवसानादिभावनिर्वर्तकमष्टविधमपि च कर्म समस्तमेव पुद्गलमयमिति किल सकलज्ञज्ञप्तिः। तस्य तु यद्विपाककाष्ठामधिरूढस्य फलत्वेनाभिलप्यते तदनाकुलत्व-लक्षणसौख्याख्यात्मस्वभावविलक्षणत्वात्किल दुःखं। तदन्तःपातिन एव किलाकुलत्व-लक्षणा अध्यवसानादिभावाः। ततो न ते चिदन्वयविभ्रमेऽप्यात्मस्वभावाः, किन्तु पुद्गल-स्वभावाः।

---

હવે શિષ્ય પૂછે છે કે આ અધ્યવસાનાદિ ભાવો જીવ ન કહ્યા, અન્ય ચૈતન્યસ્વભાવ જીવ કહ્યો; તો આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે, (ચૈતન્ય સિવાય જડને તો દેખાતા નથી,) છતાં તેમને પુદ્‌ગલના સ્વભાવ કેમ કહ્યા ? તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છેઃ-

રે ! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્‌ગલમય કહે,
પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે. ૪૫.

ગાથાર્થઃ- [ अष्टविधम् अपि च ] આઠે પ્રકારનું [ कर्म ] કર્મ છે તે [ सर्व ] સર્વ [ पुद्गलमयं ] પુદ્‌ગલમય છે એમ [ जिनः ] જિનભગવાન સર્વજ્ઞદેવો [ ब्रुवन्ति ] કહે છે- [ यस्य विपच्यमानस्य ] જે પક્વ થઈ ઉદયમાં આવતા કર્મનું [ फलं ] ફળ [ तत् ] પ્રસિદ્ધ [ दुःखम् ] દુઃખ છે [ इति उच्यते ] એમ કહ્યું છે.

ટીકાઃ-અધ્યવસાન આદિ સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે તે બધુંય પુદ્‌ગલમય છે એવું સર્વજ્ઞનું વચન છે. વિપાકની હદે પહોંચેલા તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે તે (એટલે કે કર્મફળ), અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી, દુઃખ છે. તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે; તેથી, જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે તોપણ, તેઓ આત્માના સ્વભાવો નથી પણ પુદ્‌ગલસ્વભાવો છે.

ભાવાર્થઃ-કર્મનો ઉદય આવે ત્યારે આ આત્મા દુઃખરૂપ પરિણમે છે અને દુઃખરૂપ ભાવ છે તે અધ્યવસાન છે તેથી દુઃખરૂપ ભાવમાં (-અધ્યવસાનમાં) ચેતનતાનો ભ્રમ ઊપજે છે. પરમાર્થે દુઃખરૂપ ભાવ ચેતન નથી, કર્મજન્ય છે તેથી જડ જ છે.

## પ્રવચન નં. ૧૧૮ ગાથા - ૪૫ તા. ૨૬/૧૦/૭૮ ગુરુવાર આસો વદ-૧૦

સમયસાર ૪૫ ગાથા. શિષ્ય પૂછે છે, કે જે અધ્યવસાન આદિ ભાવ એટલે શું ? રાગની એકતાનો જે અભિપ્રાય અધ્યવસાય અને શુભઅશુભ રાગ એ બધા જ ચૈતન્ય સ્વભાવ નથી. શબ્દનો અર્થ તો એ છે કે મથાળું છે "कथं चिदन्वयप्रतिभासेऽप्यध्यवसानादय: पुद्गलस्वभावा इति चेत्–" એનો અર્થ એ થયો કે શિષ્યનો એ પ્રશ્ન છે કે રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ કે એની એકતાબુદ્ધિનો ભાવ એ બધા જીવ ન કહ્યા, ચૈતન્ય સ્વભાવ જીવ કહ્યો. એટલું એમાંથી કાઢયું. પુદ્ગલ સ્વભાવ કહ્યાને એટલે જીવ સ્વભાવ નથી, એમ કાઢયું એમાંથી, શાંતિથી સમજવા જેવી ચીજ છે ભાઈ આ તો. આહાહાહા !

એ અન્ય ચૈતન્યસ્વભાવ જીવ કહ્યો, અન્ય ચૈતન્ય એટલે ? એ કામ ક્રોધ શુભાશુભભાવ એનાથી અનેરો જીવ સ્વભાવ કહ્યો. જીવ સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ એ વિભાવભાવથી અનેરો ચૈતન્યસ્વભાવ આપે કહ્યો. સમજાણું કાંઈ.. ? આહાહા ! તો આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે. એ રાગદ્વેષ પુણ્યપાપના ભાવ મિથ્યા અધ્યવસાય એ જીવની પર્યાય સાથે સંબંધ દેખાય છે. એ જડની સાથે સંબંધ દેખાતો નથી. ચૈતન્ય સિવાય જડને તો દેખાતા નથી. છતાં તેમને પુદ્ગલના સ્વભાવ કેમ કહ્યાં ? આવા સ્વભાવ, રાગ શુભ હો કે અશુભ હો, એ ચૈતન્યસ્વભાવ એનાથી અન્ય છે અને ચૈતન્ય સ્વભાવથી એ રાગ ભાવ અન્ય છે તેથી તમે એને જીવ સ્વભાવ ન કહ્યો, એને પુદ્ગલ સ્વભાવ કહ્યો. પણ જીવની સાથે સંબંધ તો રાખે છે, એ કાંઈ જડમાં થતા નથી. આહાહાહા !

જીવની પર્યાયમાં સંબંધ તો રાખે છે તો આપે એને પુદ્ગલ સ્વભાવ કેમ કહ્યાં ? ચૈતન્ય સ્વભાવ એને કેમ ન કહ્યો ? ઝીણી વાતું છે ઘણી. છતાં તેને પુદ્ગલ સ્વભાવ કેમ કહ્યા તેના ઉત્તરની ગાથા.

अट्ठविहं पि य कम्मं सव्वं पोग्गलमयं जिणा बेंति।
जस्स फलं तं वुच्चदि दुक्खं ति विपच्चमाणस्स।।४५।।
રે ! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્ગલમય કહે,
પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે. ૪૫.

ટીકાઃ– અધ્યવસાન આદિ સમસ્ત ભાવો, આઠ કહ્યા'તા ને ? આઠ બોલ ( ભાવો ) ને ઉત્પન્ન કરનારું, રાગની એકતાબુદ્ધિ અને રાગ એ સમસ્તભાવોને, રાગની એકતાબુદ્ધિ ઉત્પન્ન કરનારું અને રાગને ઉત્પન્ન કરનારું જે આઠેય પ્રકારનું જ્ઞાનાવરણાદિ કર્મ છે. મિથ્યાત્વ અને રાગદ્વેષને ઉત્પન્ન કરનારો કોઈ જીવ ચૈતન્યસ્વભાવ નથી. ચૈતન્ય સ્વભાવ ભગવાન આત્મા અને અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય વીતરાગતા સ્વભાવ, એ વિકારને ઉત્પન્ન કરે એવો કોઈ સ્વભાવ નથી. માટે જે આઠેય કર્મનું જે ફળ ઉત્પન્ન કરનારું આઠેય પ્રકારનું કર્મ તે, બધુંય પુદ્ગલમય છે, એ એવું સર્વજ્ઞનું વચન છે. આહાહાહા !

શુભ અને અશુભ ભાવ, શુભભાવની અહીં તો અત્યારે વધારે મુખ્યતા છે અને એની એકતા બસ બે, તો શુભભાવની એકતા એ પણ કર્મ વસ્તુ છે, એ જ્યારે પાકપણે આવે છે,

વિપાકની હદે પહોંચેલા એમ છે ને ? કર્મ તો પડયું છે અંદર જડ આઠ, પણ એના પાકપણે વિપાકફળની મર્યાદાએ જ્યારે આવે છે. સમજાય છે કાંઈ ? આઠ કર્મ છે એ તો પડયા છે અજીવ દ્રવ્યગુણ પર્યાયપણે, હવે એની સત્તાપણે, પણ એના વિપાકની મર્યાદાએ જ્યારે પાક આવ્યો એનો આઠ કર્મ તે બધું પુદ્‌ગલમય છે એવું સર્વજ્ઞનું વચન છે. "કેમકે વિપાકની હદે પહોંચેલા એ કર્મનાં ફળપણે કહેવામાં આવે છે." આહાહા !

ભગવાન આત્મામાં એવો કોઈ ગુણ કે શક્તિ નથી કે એનો પાક થાય, સત્તામાં જે સ્વભાવ છે એનો પાક થાય, તો વિકાર થાય એવો કોઈ સ્વભાવ નથી. પણ કર્મ જે છે એની હદે જ્યારે પાકની મર્યાદાએ આવ્યું, ત્યારે આત્માની પર્યાયમાં, કેવા છે એટલે કે કર્મફળ અનાકુળતા લક્ષણ સુખ નામનો આત્મસ્વભાવ, શું કહે છે ? કે એ કર્મનો પાક થયો. સત્તામાં તો ભલે પડયું'તું, પણ પાક થયો ત્યારે જીવમાં જે રાગદ્વેષ અને દયા, દાન વિકલ્પ ને એકતાબુદ્ધિ કે રાગાદિ એ પુદ્‌ગલમય કહ્યાં, કેમ ? કે કર્મફળ એ અનાકુળલક્ષણ જે સુખ, ભગવાન આત્માનું તો અનાકુળ લક્ષણ સુખ છે. ભગવાન આત્મા એને એમ કહેવામાં આવે છે ને કે ભાઈ એને પકડવો, ગ્રહવો, આલંબન લ્યો એનો અર્થ એટલો કે જે વસ્તુ છે તેમાં અહંપણું કરો, અહીંયા જે અહંપણું છે રાગમાં અહંપણું છે, અને જ્ઞાનનો ક્ષયોપશમ જેમ વધતો જાય છે, તેમ તેમ ત્યાં એનું અહંપણું અભિમાન વધતું જાય છે કારણકે ત્યાં અહંપણું છે ને ? આહાહા !

ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવી અનાકુળ આનંદ સ્વરૂપ એવું જે સુખ એ નામનો આત્મ સ્વભાવ. જોયું ? અનાકુળ જે આત્મ સ્વભાવ સુખ, એ ચૈતન્ય સ્વભાવનો પાક ચૈતન્ય સ્વભાવ અનાકુળ આનંદ સ્વરૂપ એનો પાક તો અનાકુળ સુખ પર્યાયમાં આવવું જોઈએ. આહાહા ! સમજાણું કાંઈ ? અનાકુળ સુખ નામનો આત્મ સ્વભાવ તેનાથી તો વિલક્ષણ હોવાથી, કોણ ? કર્મના પાકની મર્યાદાએ થયેલા ભાવો એ રાગ, પુણ્ય, દયા, દાન, કામ, ક્રોધાદિ એ આત્મસ્વભાવ જે સુખરૂપ હોવાથી તેનાથી વિલક્ષણ, શું શૈલી ? ભગવાન આત્મા અનાકુળ આનંદ લક્ષણ સ્વરૂપ, અનાકુળ સ્વરૂપ એનો પાક પણ અનાકુળ સુખ હોવો જોઈએ. એવા સુખથી વિપરીત કર્મ એક પદાર્થ છે વસ્તુ, અહીં તો આઠેય કર્મને દુઃખનું ફળ કહે છે. આઠેય કર્મનું ફળ દુઃખ છે એમ કહે છે. પ્રતિજીવીને પણ અપેક્ષાથી કહે છે. સમજાણું ? પ્રતિજીવી ગુણ છે એ કાંઈ આનંદને રોકતા નથી, પણ એ આનંદને ચાર ઘાતી( કર્મ )નાં ફળ આનંદનો અભાવ કરે છે ફળમાં, સ્વભાવની દૃષ્ટિ નથી અને તેની દૃષ્ટિ ત્યાં પર ઉપર છે, તો કર્મ આઠ ચાર ઘાતી ( કર્મ )નાં ફળ તરીકે તો ત્યાં અનાકુળ સુખથી વિલક્ષણ દુઃખની ઉત્પત્તિ થાય છે. આહાહાહા !

કહો, એ શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ એ દુઃખ છે એમ કહે છે, કેમ ? કે અનાકુળ આત્માનું સુખ જે સ્વભાવ એનાથી વિલક્ષણ, વિપરીત લક્ષણવાળું એ દુઃખ છે. વિલક્ષણ હોવાથી દુઃખ છે. જેણે અતીન્દ્રિય અનાકુળ આનંદ સ્વરૂપ, એમાં જેનું અહંપણું આ હું એવું આવ્યું નથી, ગ્રહ્યું નથી, કહો કે પણ એનું અહંપણું "આ હું" એમ આવ્યું નથી. એને એ કર્મનાં પાકને વિપાકે ચડેલા ભાવ શુભ અને અશુભ આદિ તે હું છું એમ એ દુઃખ છે, છતાં એ હું છું એ કર્મનો પાક છે એ જીવનો પાક નથી. બહુ વાત એવી છે બાપુ, પછી ખુલાસો કરશે

આગળ છેતાલીસમાં. આહાહા !

આહીં તો ભગવાન આત્મા અનાકુળ લક્ષણ એવું જે સુખ તે સ્વરૂપ પ્રભુ છે, અને તે સુખને અહંપણું અંદર આવતાં આ હું છું એમ થતાં એની પર્યાયમાં અનાકુળ સુખની દશા આવે. એવા સુખથી વિપરીત લક્ષણનું કર્મનાં પાકની હદે ચડેલો મર્યાદે પાક વિકાર એ અનાકુળ સુખથી વિપરીત દુઃખ છે. કહો આ વાતો છે. જ્ઞાનીને પણ જે કાંઈ રાગ આવે છે, એ કહે છે એ ભાવકનો ભાવ દુઃખ છે. કર્મ ભાવક છે એના લક્ષે થયેલો પુણ્યપાપનો ભાવ એ દુઃખરૂપ છે, દુઃખ છે. આહાહા !

“તે દુઃખમાં આકુળતા લક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે” હવે આવી ક્યાં વાત ? આ તો દયા કરો, વ્રત પાળો અને ભક્તિ કરો અને આ કરો ને તે કરો. અરેરે ! વળી એક એમ કહે છે કે શુભજોગ જ અત્યારે છે પ્રભુ, પ્રભુ, પ્રભુ આત્મા છે જ નહીં અત્યારે ? હેં ! શુભજોગ જે છે તે અનાકુળ લક્ષણ જે સુખ તેથી વિલક્ષણ કર્મનાં પાકનું ફળ તો દુઃખ છે. એ દુઃખ જ છે અત્યારે ધર્મ છે જ નહીં ? આકરું કામ ! એ જાતની સુઝ છે ને ! એટલે અહીં પરમાત્મા તીર્થંકર જિનેશ્વરદેવ, એની વાણીમાં આ આવ્યું એ સંતો જગતને જાહેર કરે છે. આમ આવ્યુંને સર્વજ્ઞ વચન આવ્યુંને, સર્વજ્ઞ વચન આમ છે. કહો ભાઈ ! ત્રિલોકનાથ જિનેશ્વરદેવ ધર્મ પિતા એવા સર્વજ્ઞદેવનું એ વચન છે કે કર્મના હદે, મર્યાદાએ પાકની એની મર્યાદા છે ને ? એમાં આવેલો જે રાગ શુભ એ અનાકુળ લક્ષણ સુખ પ્રભુ એનાથી વિલક્ષણ દુઃખમાં જાય છે એ તો. આહાહાહા !

આકુળતા લક્ષણ આદિ ભાવો બધા આઠે કહ્યાંને ? રાગની એકતારૂપ અધ્યવસાય રાગ તીવ્રમંદ ભાવવાળો રાગ કે કર્મ કે આઠેય કર્મ થઈને આત્મા અને કર્મને આત્મા, થઈને આત્મા, એવા જે આઠેય ભાવો એ તો અધ્યવસાન આદિ ભાવો દુઃખ આકુળતા લક્ષણ દુઃખમાં જ સમાવેશ પામે છે. એ દુઃખમાં જ જાય છે. આવી વાત. હેં ? અનાકુળ લક્ષણ આનંદ એનું જેને અહંપણું આવ્યું નથી. એને એ જ્ઞાનના ક્ષયોપશમમાં અહંપણું આવ્યા વિના રહે જ નહિં. તેમ તેમ એને અભિમાન વધતું જાય એમ કહે છે. છે તો એ કર્મનો પાક હોં, એ ક્ષયોપશમ છે એ પરલક્ષી છે ને ? આકરી વાત છે ભાઈ ! જેમ રાગાદિ દુઃખમાં સમાવેશ પામે છે, તેમ સ્વઉપયોગ સિવાય પરમાં ઉપયોગ જાય છે એટલે એનો અર્થ એ થયો કે પરમાં ઉપયોગ જાય છે જેટલો રાગનો, આદિનો ભાવ એ પણ અનાત્મા છે. પંડિતજી ! આવી વાતું છે બાપુ. એ અનાત્મા છે એ કર્મનાં ફળરૂપી દુઃખમાં જાય છે.આહાહાહા !

હવે ક્યાં જગત, દયા કરો, દાન કરો, ભક્તિ કરો, વ્રત કરો, અપવાસ કરો એ બધો શુભ વિકલ્પ એ તો કહે છે કે દુઃખમાં જાય છે, કર્મનાં પાક તરીકે દુઃખમાં જાય છે, અનાકુળ સુખ એનાથી વિલક્ષણ એ છે. આવો મારગ આકરો લાગે ને ? અરે ! જેણે આત્માને પકડયો એટલે કે અહંપણું “હું શુદ્ધ ચૈતન્યઘન છું” એ હું છું એવું જેને થયું આવ્યું, એને પણ જેટલો હજી રાગ થાય છે. એ કર્મના પાકનું ફળ દુઃખ છે. કર્મ જડ છે એનો પાક તો જડ હોય અને આ તો દુઃખનો, દુઃખ કીધું. દુઃખ તો આત્માની સુખથી ઉલ્ટી પર્યાય છે. પણ એનો અર્થ એ થયો કે ચૈતન્ય સ્વભાવ દુઃખરૂપે પરિણમે એવો કોઈ સ્વભાવ જ નથી. ત્યારે તે દુઃખરૂપ જે દશા છે તે કર્મના

પાકના ફળરૂપે દુઃખમાં જાય છે એ બધું. કહો, નવરંગભાઈ ! આવી વાતું છે "એ પ્રભુનો મારગ છે શૂરાનો, એ કાયરના ત્યાં કામ નથી" ત્યાં. આહાહાહા !

અહીં કહે છે અભિમાનીના એકવાર પાણી ઊતરી જાય તેવું છે. અમે દયા પાળીએ છીએ અને વ્રત કરીએ છીએ, અમને જ્ઞાનનો ક્ષયોપશમ થયો છે, એ તો બધો જડનો ક્ષયોપશમ છે પરનો. એય જ્ઞાનાવરણી આવ્યું'ને ? જ્ઞાનાવરણીનો પાક આવે ને મંદ અહીંયા ક્ષયોપશમ થાય. અહીં કહે છે પ્રભુ આત્મા એ તો અનાકુળ સુખ સ્વરૂપ પ્રભુ એને જેને અહંપણું આ મારું આ સ્વરૂપ છે એમ અહં આવ્યું એને તો પર્યાયમાં આનંદનો પાક થાય, તે જીવ સ્વભાવ છે. સમજાણું કાંઈ ? અને એણે પૂછયું'તું એમને શિષ્યે ? પુદ્‌ગલ સ્વભાવ ઈતિ કિં ? એમ એટલે કે ચૈતન્ય સ્વભાવ નહીં એમ પછી એમાંથી કાઢયું. આહાહાહા !

ભગવાન ! એ પુણ્ય ને પાપના શુભઅશુભ ભાવો એને પુદ્‌ગલ સ્વભાવ કહ્યા એને ચૈતન્ય સ્વભાવથી અન્ય કહ્યા અથવા એ સ્વભાવથી જીવ ચૈતન્ય સ્વભાવ અન્ય કહ્યો. તો અમને તો પ્રભુ પર્યાયમાં એનો સંબંધ પુણ્યપાપના વિકારી ભાવનો સંબંધ દેખાય છે ને ? એને તમે પુદ્‌ગલના સ્વભાવ કેમ કહો ? પર્યાયમાં એના દેખાય છે તેને પુદ્‌ગલનાં સ્વભાવ કેમ કહો ? ત્યારે કહ્યું પ્રભુ એક વાર સૂન, ચૈતન્ય સ્વભાવ એવો જે અનાકુળ આનંદ એનું જે અહંપણું આ હું એવી જે અંદર દૃઢ પ્રતીત અનુભવ થયો એનાં ફળ તરીકે તો એને અનાકુળ આનંદનુ વેદન આવે. તો આ એ વેદન નથી અને તે વસ્તુ તરફનું અહંપણું "આ હું જીવ સ્વભાવ" એમ નથી અને છે એને પણ જરી જે રાગ થાય છે. એ પણ કર્મનાં પાકનું દુઃખ છે.

પ્રવચનસારમાં એમ કહે નય અધિકારમાં કે રાગાદિ છે એનું પરિણમન મારું માટે હું કર્તા છું. જ્ઞાની એમ કહે હોં ! અને રાગાદિ થાય છે એ મારામાં છે, એનો હું સ્વામી છું, એનો હું ભોકતા છું એમ ગણધર પણ એમ કહે. એ જ્ઞાનની શક્તિના વિકાસની અપેક્ષાએ વાત કરી છે. અને અહીં દૃષ્ટિનાં સ્વભાવની અપેક્ષાથી લઈને તેનો પાક એ કર્મનો પાક છે એ જીવ તારો નહિં. કહો, શાંતિભાઈ ! આ બધું ત્યાં કાંઈ સમજાય એવું નથી ત્યાં જરીયામાં ને અરે મારગ તે મારગ.

એ અધ્યવસાન આદિ કહ્યા ને ? આદિ એટલે ઓલ્યા આઠેય ભાવો કહ્યા પાછા, ભાવ છે ઈ, પણ એ દુઃખમાં સમાવેશ પામે છે બાપુ ! એ ભગવાન અનાકુળ આનંદનાં ફળમાં એનો સમાવેશ નથી. પ્રભુ તો આત્મા તો અતીન્દ્રિય આનંદનો સાગર છે ને ! અહીં તો ઓલ્યું દુઃખ કહેવું છે ને એટલે આનંદ લીધો અહીંયા. પ્રભુ તું તો અતીન્દ્રિય અનંત અપરિમિત હદ વિનાના આનંદનો સાગર છો ને પ્રભુ ! એવા આનંદના સાગરનો ઉછાળો આવે મીઠા પાણીનો ઉછાળો આવે. જેમ ઈક્ષુરસ સમૂદ્ર છે ને ! ઈક્ષુરસનો સમૂદ્ર છે એનો ઉછાળો આવે તો ઈક્ષુરસ આવે અંદર કે ખારું પાણી આવે ? લવણ સમુદ્રનો ઉછાળો આવે તો ખારા પાણીનો ઉછાળો આવે એમ પ્રભુ, તારો અનાકુળ આનંદ સ્વભાવ છે ને ? અહીં તો ઓલું દુઃખ કહેવું છે ને એટલે આનંદ સ્વભાવ લીધો. જ્ઞાનની પરિણતિ કહેવી હોય તો અંતર જ્ઞાનસ્વભાવ તું છો. ભગવંત તારું સ્વરૂપ તો પ્રભુ અનાકુળ આનંદ સ્વરૂપ છે ને ? એ અનાકુળ આનંદ સ્વરૂપનો પાક તો અનાકુળ આનંદ આવે, એવું જે સ્વરૂપ એનાથી આ દુઃખ રાગાદિ ભાવ એ વિલક્ષણ છે, એ

દુઃખમાં સમાવેશ પામે છે, ભગવાન આત્માના આનંદમાં સમાવેશ પામતા નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ?

એ સમાવેશ પામે છે, તેથી જો કે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે. ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત સ્વરૂપ આનંદ સ્વરૂપ પ્રભુ એની સાથે આ રાગાદિ મારા એ તો ભ્રમ ઉપજાવે છે કહે છે. હવે શરીર વાણી મન તો ક્યાંય રહી ગયા. આ બધુંય ધૂળ, પણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિ ને તપ ને જાત્રાનો ભાવ આવે રાગ, ભગવાનનું વચન છે સર્વજ્ઞનું કે એ ભાવકર્મનો પાક એ દુઃખમાં જાય છે. છે ને એમાં, સર્વજ્ઞનું વચન છે. પોતે મુનિ, મુનિ કહે છે તો પોતે પણ એનો આશ્રય ભગવાનનો લઈને કહે છે. ભાઈ ! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર જિનેશ્વરદેવે એ રાગને, એ દયા, દાન, વ્રત, ભક્તિનો આદિનો ભાવ આવે એ રાગ એને ભગવાને તો દુઃખમાં નાખ્યા છે. પોપટભાઈ ! રાડ નાખે એવું છે આ તો. આહાહાહા !

અહીંયા મુનિરાજ દિગંબર સંત એમ કહે છે કે સર્વજ્ઞ પરમેશ્વરનું તો આ વચન છે પ્રભુ ! કે જેટલો એ શુભઅશુભ ભાવ થાય એ કર્મનો પાક છે, એ જીવના સ્વભાવનો પાક નહીં. કર્મનાં સ્વભાવનો પાક છે અને તેથી તેને દુઃખ કહેવામાં આવે છે. એય ગોવિંદરામજી ! મારગડાં એવા છે ભાઈ. અહીં તો રાગની સાથે ક્ષયોપશમ ઉપયોગ છે ને પરલક્ષી એમાંય દુઃખ આવે છે કહે છે, આનંદ નથી આવતો ત્યાં. કહો ઘીયા ? ઘીનાં સ્વાદમાં કહે છે ઝેરનો સ્વાદ ન હોય એમ કહે છે અહીં. આહાહાહા !

ભગવાન આત્મા એનો તો અનાકુળ સ્વભાવ સ્વાદ છે. એ કેમ કે એ અનાકુળ આનંદ સ્વરૂપથી ભરેલો ભગવાન છે. સચ્ચિદાનંદ પ્રભુ છે. એ, સત્ નામ શાશ્વત, ચિત્ત નામ જ્ઞાન અને આનંદથી શાશ્વત ભરેલો પ્રભુ છે. એનાં પાકમાં જીવનાં સ્વભાવના પાકમાં તો અતીન્દ્રિય આનંદ પાકે. તેથી આઠ કર્મના પાકમાં થયેલા જે પુણ્ય-પાપના ભાવ તે દુઃખમાં જાય છે-દુઃખમાં જાય છે. અનાકુળ આનંદમાં જાતા આવતા નથી. હવે ઈ વ્યવહાર રત્નત્રયનો રાગ છે એ દુઃખમાં જાય છે એમ કહે છે, અહીં ગજબ વાતું છે. ભગવાન માર્ગ વીતરાગનો, સર્વજ્ઞનું એમ વચન છે, એમ સંતો સર્વજ્ઞની સાક્ષી લઈને વાત કરે છે. કે જેટલો વ્યવહાર રત્નત્રયનો જે દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું ભણતર કે નવતત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ કે પંચમહાવ્રતનાં પરિણામ એ બધા દુઃખમાં જાય છે. ( શ્રોતાઃ- દેવ ગુરુની શ્રદ્ધા ) હેં ? એ કીધું નહીં ? એ દુઃખમાં જાય છે એ કીધું પહેલું એ. સમજાણું કાંઈ ? આહાહાહા !

એથી કહ્યુંને એમાં "મુનિવ્રતધાર અનંતબેર ગ્રૈવેયક ઉપજાયો, પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો" તો એનો અર્થ શું થયો ? એ પંચમહાવ્રતનાં પરિણામ, દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, નવતત્ત્વના ભેદવાળો રાગ અને છકાયની દયાનો ભાવ, એ બધો દુઃખરૂપ છે. એ છોટાભાઈ ! ત્યાં કલકતા ફલકતામાં આ ન મળે કાંઈ. અજીતભાઈ ! ભગવાન ! શું પણ કુંદકુંદાચાર્ય ! અમૃતચંદ્રાચાર્ય ! સંતો ભાવલિંગી સંતો જેને આનંદના વેદન વર્તે છે. અતીન્દ્રિય આનંદનું વેદન ઉગ્ર વર્તે છે, એને અહીંયા મુનિ કહીએ. એ મુનિરાજ એમ કહે છે, કે સર્વજ્ઞપ્રભુ આમ કહે છે ને ભાઈ ! અમે ગુરુ છીએ તો એમ કહીએ છીએ, અને સર્વજ્ઞ એમ કહે છે અને વાણી કહે છે તેમ શાસ્ત્ર પણ એમ કહે છે. એ આવી ગયું ને પહેલા ચુમાલીસમાં આવી ગયું,

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહેતે હૈ એનું આગમ એમ કહે અને પોતે કહે છે કે અમે ગુરુ છૈયે એ અમે સર્વજ્ઞની આજ્ઞા લઈને વાત કહીએ છીએ. અમને પણ જેટલો પંચ મહાવ્રતનો વિકલ્પ ઊઠે છે એ દુઃખરૂપ છે. એ અમારા જ્ઞાતાનું પરજ્ઞેય તરીકે છે. મારા સ્વજ્ઞેય તરીકે એ નથી. આવી વાત છે, હેં ? એવી વાતું છે. આહાહાહા !

આઠેય કર્મનુ ફળ, મેં એક વાર તો કહ્યું હતું, એક વાર પહેલાં કે અહીં ચાર અઘાતી કર્મનું ફળ દુઃખ કેમ કહ્યું. નહીંતર અઘાતી કર્મ છે. જેમ ભગવાનને ત્યાં તો અનંત આનંદ આવ્યો છે, અનંત આનંદ આવી ગયો છે, પણ ત્યાં અપેક્ષિત અવ્યાબાધ આનંદ નથી. અનંત સુખ છે એની પૂર્ણતા બારમે થાય છે. અનંત સુખની પ્રાપ્તિ તેરમે છે અને સિદ્ધ થતાં એને અનંત અવ્યાબાધ સુખની પ્રાપ્તિ છે. એટલે અવ્યાબાધનો જ્યાં અંદર હજી વિરોધ છે એ અપેક્ષાએ ત્યાં વાત કરી છે. એ કહ્યું'તું થોડા દિવસ પહેલાં. આહાહાહા ! સમજાણું કાંઈ ?

અરે પ્રભુ ! ભાઈ આ કોઈ મોટી પંડિતાઈ કરી નાખે વાતું કાંઈ એવી વાતું નથી કાંઈ બાપા. અંતરનો ભગવાન આત્મા અનાકુળ આનંદનો નાથ, એને જેણે મેંપણે મારાપણે માનીને અનુભવ્યો. એને તો અતીન્દ્રિય આનંદનો સ્વાદનો અનુભવ આવે, એ એનો વિપાક છે. પણ પર્યાયમાં જેટલાં આઠ કર્મનાં લક્ષે, એનાં પાકનાં ફળમાં જે જોડાઈ જાય છે, રાગાદિમાં એ બધું દુઃખ છે. સમજાણું કાંઈ ? આહાહાહા !

ચાર અઘાતી કર્મ તો પ્રતિજીવી ગુણને રોકે છે, નિમિત્ત તરીકે પ્રતિજીવી ગુણ રોકાય છે પોતાની પર્યાયથી, કેવળીને પણ પ્રતિજીવી ગુણનો ઉદયભાવ છે તો તેને કારણે અટકયું છે ઈ. જો કે કેવળીને તો ઈ જ્ઞાનનું જ્ઞેય છે. કેવળજ્ઞાનમાં જેમ જાણ્યું છે એમ એ જાણ્યું છે કે આ છે. પણ ત્યાં સુધી એને હજી અસિદ્ધભાવ છે. સિદ્ધ નહિ. ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધભાવ એ એટલો ભાવ ઉદય છે. અઘાતી કર્મ હજી પરિણતિમાં એટલો હજી ઉલટી દશા છે. સમજાણું કાંઈ ? કેવળીને હોં ? એને દુઃખ નથી ભલે પણ અવ્યાબાધપણું જ્યાં નથી, સંયોગનો જે અભાવ થઈને અવ્યાબાધપણું આવવું જોઈએ એ નથી, એ અપેક્ષાએ એને ઉપચારથી દુઃખ કહેવામાં આવ્યું છે. ખરેખર તો દુઃખ છે નહિ. આહાહાહા !

હવે આમાં કેટલું યાદ રાખવું બધી વાતું જુદી જાતની છે. હોં ? ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવ પરમાત્મા એમ કહે કે જેટલો તારામાં દયા, દાન, વ્રત, ભક્તિ દેવગુરુશાસ્ત્રનો પ્રેમ ને રાગ એ બધો દુઃખ છે, હવે આ કહે છે કે એ બધા સાધન છે. અરે ! પ્રભુ ! પ્રભુ ! પ્રભુ ! ભાઈ થોડે ફેરે મોટો ફેર છે. ઉગમણો આથમણો ફેર છે. એ રાગભાવ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ પૂજા જાત્રા આદિનો ભાવ, દેવ ભગવાનના દર્શન દેવ મંદિર એના રથયાત્રા કાઢવા આ બધો ભાવ રાગ છે, એ દુઃખ છે. ( શ્રોતાઃ– અભ્યાસ કરવો એ દુઃખ છે એમ ) અભ્યાસમાં વિકલ્પ એ દુઃખ છે. અહીં તો અણઉપયોગ કહ્યો એને દુઃખ કીધું છે. પરસત્તાવલંબી જ્ઞાન એમાં સુખ નથી, તેથી તેને મોક્ષનો માર્ગ કહેતા નથી. આવ્યું છે ને ભાઈ ? પરમાર્થ વચનિકા છે, છે ને બધું છે. આહાહાહા !

નિજ સત્તામાંથી જ્યાં આવ્યું નથી જ્ઞાન, એટલું બધું ભલે અગિયાર અંગ અને નવ પૂર્વનું ઉઘડી ગયું હોય જ્ઞાન એને ત્યાં અહંપણુંવર્તે છે કે આ મને થયું અને આ મારું છે. ઝીણી વાત

છે પ્રભુ ! જેમાં અનાકુળ આનંદની દશા ન આવે, એ જ્ઞાન કેવું ? ભલે લાખો માણસને સમજાવવા માટે ક્ષયોપશમ ઘણો ઉઘડેલો હોય પણ એ કાંઈ જ્ઞાન નથી. જ્ઞાન તો એને કહીએ કે જ્યાં સ્વભાવ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! એ હું છું એમ જ્યાં આવ્યું, સમજાવવામાં શું આવે ? આ હું છું એવોય એ ભેદ છે. પણ જે પર્યાયની બુદ્ધિ અનાદિની છે, એક સમયની પર્યાય ઉઘડેલી છે અને રાગ એની બુદ્ધિ છે અહંપણે. એ મિથ્યાબુદ્ધિ છે, મિથ્યાત્વ છે અને એક સમયમાં ભગવાન પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન ધ્રુવ અખંડ અભેદ એમાં અહંપણું, આ હું એવી પ્રતીતિ આવવી. આ હું ! પર્યાય નહિ, રાગ નહિ, નિમિત્ત નહિ. એવો જે ભગવાન આત્માનાં જ્ઞાયકભાવનો અહંપણાનાં પ્રતીતનો ભાવ, તો એની પર્યાયમાં એની સાથે એને આનંદ આવે. કેમકે અનાકુળ સ્વરૂપ પ્રભુ છે. અને જેટલો ભાવ રાગાદિ થાય છે, અજ્ઞાનીને એકત્વબુદ્ધિ થાય છે, જ્ઞાનીને અસ્થિરતા બુદ્ધિથી થાય છે, પણ છતાં એ દુઃખ છે. આવું પકડાય નહિ એટલે પછી એય એકાંત છે– એકાંત છે. એકાંત કહો પ્રભુ ! સમ્યક્એકાંત તો આ છે, તમે જે મિથ્યાએકાંત માનો છો એ અનેકાંત એ મિથ્યા છે. એ રાગની ક્રિયા કરતા કરતા કલ્યાણ થાય અને નિશ્ચયથી પણ થાય એ અનેકાંત માને છે અજ્ઞાની. આહાહાહા ! સમજાણું કાંઈ ?

એક ઔર આત્મરામ અને એકકોર આઠ કર્મનાં ફળ તરીકે દુઃખ. અરે ! વીતરાગ સિવાય કયાં વાત છે, આ બાપુ ! એ પણ દિગંબર જૈન દર્શન સિવાય કયાંય બીજે આવી વાત નથી. નાગા બાદશાહથી આઘા અંતરમાં આનંદમાં ઝુલનારા એ આમ શબ્દોમાં વિકલ્પ આવ્યો છે એને દુઃખરૂપ જાણે છે. ઓહો ! ટીકા તો શબ્દોથી થઈ ગઈ છે. એ દુઃખમાં સમાવેશ પામે છે પ્રભુ એમ કહે છે, સર્વજ્ઞદેવ એમ કહે છે અને ગુરુ પોતે સર્વજ્ઞ કહે છે એમ કહે છે એટલે ગુરુ ભેગા આવી ગયા, અને કહે છે એ વાણી એટલે આગમ પણ ભેગું આવી ગયું. વીતરાગના આગમ એમ કહે છે, કે વીતરાગી સર્વજ્ઞદેવ એમ કહે છે, કે વીતરાગી સંતો સાચા મુનિઓ એમ કહે છે, કે એ જેટલો રાગ થાય છે અંદરમાં, એ બધો કર્મનો વિપાક દુઃખ છે, ભગવાન પાકયો નથી, ત્યાં તો કર્મ પાકયું છે. એ કેરી પાકી નથી, એ લીંબોળી પાકી છે. લીંબોળી કડવી હોય છે ને ? કેરી તો મીઠી હોય છે. ભગવાન પાકે ત્યાં તો મીઠાશ આવે. આહાહાહા !

આવું ઝીણું પડે માણસને અને નવરાશ ન મળે. અને મારગ બહુ સૂક્ષ્મ અને અત્યારે તો એ ચાલતો નથી, અત્યારે તો ઉંધું જ ચાલે છે. બધું પ્રરૂપણા પણ એવી ચાલે. અરે પ્રભુ શું થાય ભાઈ ? સર્વજ્ઞનું વચન અહીં કહે છે. ત્રણ લોકના નાથ તીર્થંકરો એમ કહે છે કે જેટલો પર્યાયમાં રાગ થાય છે એ બધો કર્મનો પાક દુઃખરૂપ છે. ભગવાન તારા આનંદનો વિપાક ફળ નહિં એ, એ તો કર્મનાં ઝેરનાં ઝાડનાં ફળ છે. ૧૪૮ પ્રકૃત્તિને ઝેરનાં ઝાડ કહ્યાં છે ને પાછળ છેલ્લે. એ લીંબડે લીંબોળીયું પાકી છે, કહે છે. કર્મ જે આઠ કર્મ છે એનાં પાકમાં ઝેર પાકયા છે. રાગ થયો છે તે ઝેર પાક આવ્યો છે. મોક્ષ અધિકારમાં કહ્યું છે, શુભભાવ છે તે ઝેરનો ઘડો છે. ભગવાન અમૃતનો ઘડો છે. એ અમૃતના કુંભની આગળ કર્મના જડના પાકના વિકલ્પને રાગને દુઃખ કહીને ઝેર કહીને તેને સમજાવ્યું છે. એક એક ગાથા એક એક પદ આખું શાસન ઉભું કરી દે છે. આહાહાહા !

તેથી જો કે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે, એ રાગ જે આવે છે એ

જાણે ચૈતન્યનો છે, ચૈતન્યની સાથે છે એમ કીધુંને ? ચૈતન્ય સાથે સંબંધ હોવાનો હોં ! સંબંધ હોવાનો, ખરેખર તો કર્મ સાથે એનો સંબંધ છે. છે છેલ્લે. જોકે તેઓ ચૈતન્ય સાથે, ચૈતન્ય સ્વભાવ જે ભગવાન અનાકુળ આનંદ સ્વભાવ એની સાથે રાગનો સંબંધ દુઃખનો, એ ભ્રમ ઉપજાવે છે કહે છે. તોપણ તેઓ આત્માના સ્વભાવો નથી. બસ આ ચૈતન્ય સ્વભાવ જે આનંદ સ્વભાવ ત્યાં રાગ તે આત્માનો સ્વભાવ નથી. ભલે ચૈતન્ય સાથે સંબંધનો ભ્રમ–સંબંધનો ભ્રમ ઉપજાવે. ( શ્રોતાઃ– પર પદાર્થ શી રીતે ભ્રમ ઉપજાવે ? ) પોતે ભ્રમ કરે છે એમ કહે છે. ભ્રમ પોતે કરે છે, એ કર્મનો પાક છે એ પણ ભ્રમ છે, વસ્તુમાં નથી. આહાહાહા !

ભગવાન તો સચ્ચિદાનંદ પ્રભુ એમાં ભ્રમ નથી પણ ભ્રમ ઉત્પન્ન કરે છે એ, કે આ મારા છે, એ ભ્રમ એ ખરેખર તો પુદ્‌ગલનાં પરિણામ છે કહે છે. એક એક ગાથા ! આ તો પરમ સત્ય પ્રભુની વાત છે ભાઈ ! લોકો કલ્પનાથી વાતું કરે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય, એ દેવગુરુ શાસ્ત્રની ભકિત કરતાં કરતાં આત્મા થાય ને સમકિત થાય એ તદ્દન મિથ્યાભ્રમ છે, ( શ્રોતાઃ– શાસ્ત્રમાં એમ આવે છે કે ભગવાનની પ્રતિમા જોતા સમ્યગ્દર્શન થાય. ) એ તો પોતે જિનબિંબ દેખે, આ જિનબિંબ દેખે એમ કહે છે. આમ ભગવાનને દેખે કે નિષ્ક્રિય બિંબ ઠરી ગયા છે આમ એવું અંદરમાં થાય કે, ઓહો ! પ્રભુ મારો સ્વભાવ પણ નિષ્ક્રિયબિંબ જેમાં રાગેય નથી અને પરિણમનેય નથી એવી નિષ્ક્રિય ચીજ છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? એ જિનબિંબ આ. ( પોતે ભગવાન ). આવે છે ધવલમાં. એ છે એ તો પર રહ્યાં અને એનાં પર લક્ષ જતાં તો રાગ થશે રાગ થશે એટલે દુઃખ થશે એમ કહે છે અહીં તો. પરમાત્મા ત્રણલોકનો નાથ એમ કહે છે જિનેશ્વરદેવનો ઈન્દ્રોની સમક્ષમાં પોકાર આમ છે. જે ઈન્દ્રો ભક્તિ કરતા હતા. સમજાય છે કાંઈ ? આહાહા ! અષ્ટાનિકામાં નંદીશ્વરમાં ભક્તિ કરવા જાય છે ને દેવો ? તો ભગવાન કહે છે કે એ ભક્તિ કરવાનો રાગ છે તે દુઃખ છે. આવે પણ છે દુઃખ, એ દુઃખમાં સમાવેશ પામે છે એમ કીધુંને ? દુઃખમાં એનો સંગ્રહ થાય છે. આત્માના પર્યાયમાં કે આત્માના ગુણમાં એનો સમાવેશ છે નહિ. આહાહાહા ! આવી વાતું છે.

તેથી જો કે તેઓ ચૈતન્ય સાથે સંબંધચૈતન્ય સાથે સંબંધ, સંબંધ નથી ખરેખર એને ભાવ બંધેય નથી. સંબંધ એટલે બંધભાવ એ એમાં આત્માને નથી. રાગનો સંબંધબંધ ભાવબંધ એ હોવાનો ભ્રમ ઉપજાવે છે, તોપણ તેઓ આત્માના સ્વભાવો ભલે ભ્રમ હો, પણ આત્માના સ્વભાવો નથી પણ પુદ્‌ગલ સ્વભાવ છે. સ્વભાવ નથી ને આમ ત્રિકાળી જ્ઞાયક આનંદ સ્વભાવ એ નથી, માટે તે પુદ્‌ગલ સ્વભાવ છે. અજીવ અધિકાર છે આ એટલે અજીવ સ્વભાવ છે એ. રાડ પાડે એકાંત છે એમ કરે લોકો બિચારા, ખબર નથી ને ખબર નથી. એ સાંભળ્યું નથી એણે. અરે પ્રભુ તારી મોટપ ! અને તારી હીનતાની દશા કેમ છે એ તેં સાંભળી નથી. આહાહાહા !

“હોશીંડા મત હૌંશ ન કીજે” એક સજ્જાય આવે છે, એ રાગ અને પરના ઉઘાડમાં હોંશ ન કર પ્રભુ કાંઈક હું વધી ગયો છું એમ ન માન. આકરું કામ છે પ્રભુ ! એને તો ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે. એ આત્મસ્વભાવ નથી પુદ્‌ગલ સ્વભાવો છે. મિથ્યાત્વભાવ, પુણ્યભાવ, પાપભાવ એ બધાને તો ભગવાને પુદ્‌ગલ સ્વભાવ કહ્યા છે. સ્વભાવ શબ્દ કીધો છે ને ? પુદ્‌ગલના પરિણામ એમ ન લીધું. અહીં જીવ સ્વભાવ નહીં, માટે પુદ્‌ગલ સ્વભાવ આમ ભાષા વાપરી છે. સમજાણું કાંઈ ? ઝીણું છે ભાઈ ! આહાહાહા !

**ભાવાર્થ :-** "કર્મનો ઉદય આવે ત્યારે આ આત્મા દુ:ખરૂપ પરિણમે છે" જોયું ? એને લઈને નહીં પણ પોતે દુ:ખરૂપ પરિણમે છે. ચાહે તો રાગ શુભ હો દયા, દાનનો હો કે ચાહે તો પાપ હોય પણ બેય દુ:ખરૂપે છે અને દુ:ખરૂપ ભાવ છે તે અધ્યવસાન છે, એકતાબુદ્ધિ છે તેથી દુ:ખરૂપ ભાવમાં અધ્યવસાનમાં ચેતનાનો ભ્રમ ઉપજે છે. ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ ( શ્રોતાઃ- ત્યાં કહે છે ઉપજાવે છે અને અહીં કહે ઉપજે છે ) એ એક જ થયું ભ્રમ ઉપજે છે ને પોતે ઉપજાવે છે, ભ્રમ ઉપજે છે એને એમ. પરમાર્થે દુ:ખરૂપ ભાવ એ શુભાશુભભાવ, પરમાર્થે દુ:ખરૂપ ભાવ એ ચેતન નથી. ચેતનનો દુ:ખરૂપ ભાવ હોય નહીં. કેમ ચૈતન્ય તો અતીન્દ્રિય આનંદ સ્વભાવી વસ્તુ છે. આવી વાત ! પરમાર્થે એ દુ:ખરૂપ ભાવ ચેતન નથી. એ શુભભાવ જે રાગ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ એ પરમાર્થે દુ:ખરૂપ ભાવ એ ચેતન નથી. ચેતનને નુકસાન ઉપજાવે છે કહે છે. હવે એનાથી લાભ થાય એમ માને અરે પ્રભુ શું કહે છે ? ભાઈ તું કયાં જઈશ બાપુ ?

અનાકુળ આનંદનો નાથ નિત્યાનંદ પ્રભુ ધ્રુવ એનો સ્વિકાર નહીં કરીને આના દુ:ખનો સ્વિકાર તે મારું લાભ કરે એ રાગની ક્રિયા મને લાભદાય છે. દુ:ખની ક્રિયા મને મારા આનંદના નાથમાં લાભકારી છે. ભ્રમ છે અજ્ઞાનીનો. એ ભ્રમ તોડવા માટે તો આ વાત કરે છે વાત એનો ભ્રમ રાખવા માટે નથી. ભ્રમ છે એને તોડવા માટે વાત છે. એ કર્મજન્ય છે તેથી તે જડ જ છે એ રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ એ જડ છે, ચૈતન્ય સ્વભાવ નહિ. આહાહા !

વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

મુમુક્ષુ :- દ્રવ્યથી પર્યાય જુદી છે ?

સમાધાન :- જુદી છે ! દ્રવ્યથી પર્યાય જુદી છે. એક થઈ નથી. એક થાય તો આખું દ્રવ્ય મલિન થઈ જાય. મલિન થાય એટલે દ્રવ્ય જ રહે નહિ. દ્રવ્ય જો વિકારરૂપે થાય તો દ્રવ્ય વસ્તુ જ રહે નહિ. આત્મા જ રહે નહિ. આહા..હા... ! આવું સમજવા માટે વખત કેટલો કાઢવો ? મારગ તો આવો છે, પ્રભુ ! આહા..હા... !

ત્રિકાળી વસ્તુ છે એ શુદ્ધ છે અને વર્તમાન પર્યાય એટલે અવસ્થા તે અશુદ્ધ છે, બંને એના ધર્મ છે એનામાં બંને છે. પરને લઈને છે નહિ. પર તો નિમિત્તમાત્ર છે. મલિનતા થવાની પણ પર્યાયમાં યોગ્યતા છે અને નિર્મળપણું તો ત્રિકાળ શુદ્ધ છે. બંને વસ્તુ છે. બંને વસ્તુને જ્ઞાનપણે ( જ્ઞાનમાં ) જાણી અને પર્યાયની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરવી, એનું નામ સમ્યગ્દર્શન ધર્મનો પહેલો પાયો છે. આહા...હા... !

( સમયસાર દોહન - પૂ. ગુરુદેવશ્રીના નાઈરોબીના પ્રવચન પાના નં. ૧૪ )

## ગાથા - ૪૬

यद्यध्यवसानादयः पुद्गलस्वभावास्तदा कथं जीवत्वेन सूचिता इति चेत्-

**ववहारस्स दरीसणमुवएसो वण्णिदो जिणवरेहिं।**
**जीवा एदे सव्वे अज्झवसाणादओ भावा।।४६।।**

व्यवहारस्य दर्शनमुपदेशो वर्णितो जिनवरैः।
जीवा एते सर्वेऽध्यवसानादयो भावाः।।४६।।

---

सर्वे एवैतेऽध्यवसानादयो भावाः जीवा इति यद्भगवद्भिः सकलज्ञैः प्रज्ञप्तं तदभूतार्थस्यापि व्यवहारस्यापि दर्शनम्। व्यवहारो हि व्यवहारिणां म्लेच्छभाषेव म्लेच्छानां परमार्थप्रतिपादकत्वादपरमार्थोऽपि तीर्थप्रवृत्तिनिमित्तं दर्शयितुं न्याय्य एव। तमन्तरेण तु शरीराज्जीवस्य परमार्थतो भेददर्शनात्त्रसस्थावराणां भस्मन इव निःशङ्क मुपमर्दनेन हिंसाऽभावाद्भवत्येव बन्धस्याभावः। तथा रक्तद्विष्टविमूढो जीवो बध्यमानो मोचनीय इति रागद्वेषमोहेभ्यो जीवस्य परमार्थतो भेददर्शनेन मोक्षोपायपरिग्रहणा-भावात् भवत्येव मोक्षस्याभावः।

---

હવે પૂછે છે કે જો અધ્યવસાનાદિ ભાવો છે તે પુદ્‌ગલસ્વભાવો છે તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે? તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છેઃ-

**વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,**
**આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યા. ૪૬.**

**ગાથાર્થઃ**- [ एते सर्वे ] આ સર્વ [ अध्यवसानादयः भावाः ] અધ્યવસાનાદિ ભાવો છે તે [ जीवाः ] જીવ છે એવો [ जिनवरैः ] જિનવરોએ [ उपदेशः वर्णितः ] જે ઉપદેશ વર્ણવ્યો છે તે [ व्यवहारस्य दर्शनम् ] વ્યવહારનય દર્શાવ્યો છે.

**ટીકાઃ**-આ બધાય અધ્યવસાનાદિ ભાવો જીવ છે એવું જે ભગવાન સર્વજ્ઞદેવોએ કહ્યું છે તે, જોકે વ્યવહારનય અભૂતાર્થ છે તોપણ, વ્યવહારનયને પણ દર્શાવ્યો છે; કારણ કે જેમ મ્લેચ્છભાષા મ્લેચ્છોને વસ્તુસ્વરૂપ જણાવે છે તેમ વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે તેથી, અપરમાર્થભૂત હોવા છતાં પણ, ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે ( વ્યવહારનય ) દર્શાવવો ન્યાયસંગત જ છે. પરંતુ જો વ્યવહાર ન દર્શાવવામાં આવે તો, પરમાર્થે ( -પરમાર્થનયે ) શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે તેમ, ત્રસસ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન ( ઘાત ) કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે અને તેથી બંધનો જ અભાવ ઠરશે; વળી પરમાર્થ દ્વારા રાગ-દ્વેષ-મોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, 'રાગી,

**દ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે તેને છોડાવવો'-એમ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે અને તેથી મોક્ષનો જ અભાવ થશે. ( આમ જો વ્યવહારનય ન દર્શાવવામાં આવે તો બંધ-મોક્ષનો અભાવ ઠરે છે. )**

**ભાવાર્થ:-પરમાર્થનય તો જીવને શરીર તથા રાગદ્વેષમોહથી ભિન્ન કહે છે. જો તેનો એકાંત કરવામાં આવે તો શરીર તથા રાગદ્વેષમોહ પુદ્‌ગલમય ઠરે અને તો પછી પુદ્‌ગલને ઘાતવાથી હિંસા થતી નથી અને રાગદ્વેષમોહથી બંધ થતો નથી. આમ, પરમાર્થથી જે સંસાર-મોક્ષ બન્નેનો અભાવ કહ્યો છે તે જ એકાંતે ઠરશે. પરંતુ આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી; અવસ્તુનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ અવસ્તુરૂપ જ છે. માટે વ્યવહારનયનો ઉપદેશ ન્યાયપ્રાપ્ત છે. આ રીતે સ્યાદ્‌વાદથી બન્ને નયોનો વિરોધ મટાડી શ્રદ્ધાન કરવું તે સમ્યક્‌ત્વ છે.**

## પ્રવચન નં. ૧૧૯ ગાથા - ૪૬ તા. ૨૭/૧૦/૭૮ શુક્રવાર આસો વદ-૧૧

હિંમતભાઈ ! પહેલાં જે કહ્યું હતું ને ? રાગાદિ અધ્યવસાન જીવના નથી, એ સર્વજ્ઞે કહ્યું છે, ત્યાં શબ્દ સંસ્કૃતમાં એટલો વાપર્યો છે. "સકલજ્ઞ-જ્ઞપ્તિઃ" એટલું બસ અને અહીંયા વ્યવહારમાં એવું વાપર્યું છે કે "સકલજ્ઞૈઃ પ્રજ્ઞપ્તં" કથન કથની સંસ્કૃતમાં બેનાં શબ્દોમાં ફેર પાડયો છે. શું કહ્યું સમજાણું ? કે જ્ઞપ્તિઃ અને પ્રજ્ઞપ્તં એ બેમાં ફેર પાડયો છે. કે આત્મામાં રાગ નથી એ પુદ્‌ગલના છે એ સકલજ્ઞ-જ્ઞપ્તિઃ જણાવ્યું કથન, કથન, જ્ઞપ્તિ વચન છે, અને રાગાદિ જીવના છે એમ આગમમાં કહ્યું છે તે "પ્રજ્ઞપ્તં" કહ્યું છે એમ શબ્દમાં બેમાં ફેર છે. જરી આ અધિકાર છેતાલીસ ગાથા ઝીણી છે બહુ.

ગાથા છેતાલીસ. હવે પૂછે છે કે અધ્યવસાનાદિ ભાવ એટલે શું ? કે રાગની એકતાબુદ્ધિ એવો અધ્યવસાય જે મિથ્યાત્વ અને દયા, દાનનો ભાવ જે રાગ તે પુદ્‌ગલ સ્વભાવો છે. એમ કહ્યું તમે તો. સર્વજ્ઞનાં આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા-જીવપણે કેમ કહેવામાં આવ્યા ? એમ વજન છે. ઓલામાં વચન ફકત સર્વજ્ઞ જ્ઞપ્તિઃ વચન છે એનું અને આ છે તે કથન કર્યું છે, એમ બેમાં ફેર છે બેમાં. ( શ્રોતાઃ- કહેવા માત્ર આ છે ) કહેવા માત્ર એમ બસ આ છે. જાણવા માત્ર છે, વસ્તુ છે વાસ્તવિક તો ભગવાન આત્મા શુભાશુભરાગ એ ચૈતન્ય સ્વભાવ નથી એ પુદ્‌ગલ સ્વભાવ છે, એ તો "સર્વજ્ઞેજ્ઞપ્તિ" એટલું કહ્યું છે, અને અહીંયા હવે કહે છે શિષ્ય કે ત્યારે અધ્યવસાનાદિને આગમમાં જીવપણે કેમ કહેવામાં આવ્યા છે ? છે ને ? જરી ઝીણી વાત છે થોડી. તેના ઉતરની ગાથા છે.

ववहारस्स दरीसणमुवएसो वण्णिदो जिणवरेहिं।
जीवा एदे सव्वे अज्झवसाणादओ भावा।।४६।।

વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,
આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યા. ૪૬.

એની ટીકા શાંતિથી આ વ્યવહારનો અધિકાર છે એ જાણવા લાયક છે, એ ન હોય તો

તો બધો ફેરફાર થઈ જાય એટલી વાત કહી. બંધ પણ વ્યવહારે છે, નિશ્ચયમાં તો બંધેય નથી અને મોક્ષેય નથી પરમશુદ્ધમાં, પણ વર્તમાન બંધ રાગાદિનો સંબંધ છે એ વ્યવહારનયનો વિષય છે. એ જાણવા લાયક છે, નથી જ કાંઈ એ એમ નહીં આશ્રય કરવા લાયક કોણ છે એ પ્રશ્ન બીજો. સમજાય છે કાંઈ ? આહાહા !

( શ્રોતાઃ– આશ્રય કરવાનો પ્રશ્ન બીજો એટલે શું ? ) એ પહેલાં કહેવાય ગયું ઈ આત્મા જ્ઞાયક સ્વરૂપ, ધ્રુવ, અખંડ, અભેદ ભૂતાર્થ તે આશ્રય કરવા લાયક છે. એનો આશ્રય કરવા લાયક છે. અથવા એ જે ત્રિકાળી જ્ઞાયકભાવ છે. એમાં અહંપણું માનવાલાયક છે. સમજાણું કાંઈ ? ( શ્રોતાઃ– શાસ્ત્રમાં તો એમ છે ભૂતાર્થનયને આશ્રયે થાય ) એ કીધુંને ભૂતાર્થ કહો કે અખંડ જ્ઞાયક કહો બધી અપેક્ષા એક જ છે. એ તો એની એ વાત આવે કહ્યું હતું શબ્દ આવ્યો 'તો વચમાં બેય કહ્યું હતું હમણાં જ કહ્યું હતું. અખંડ કહો, ભૂતાર્થ કહો, જ્ઞાયક કહો બધા શબ્દો હમણાં જ લીધા હતા, ખ્યાલ ન રહ્યો. એક ત્રિકાળી જ્ઞાયક છે પ્રમત્તઅપ્રમત્ત પર્યાય વિનાની ચીજ છે. જેમાં પ્રમત્તઅપ્રમત્ત પર્યાય પણ જેમાં નથી, એવો જ્ઞાયક, એ છઠ્ઠી ગાથાની વાત છે. અગિયારમી ગાથામાં ભૂતાર્થ કહ્યો એ બધા શબ્દો હમણાં જ કહ્યા હતા, પહેલાં કહ્યા 'તા.

સત્યાર્થ ત્રિકાળ જે જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, એકલો જ્ઞાયક સ્વભાવભાવ અનંત ગુણનું એકરૂપ તે જ આશ્રય કરવા લાયક છે. આશ્રયનો અર્થ ? વર્તમાન પર્યાયને ત્યાં વાળવા લાયક છે. એ પણ એક અપેક્ષિત શબ્દ છે, પર્યાય ઉપર લક્ષ રાખીને પર્યાયને વાળવા જેવી છે એમ નહિ, ઝીણી વાત છે ભાઈ ! એ વસ્તુ છે તેમાં અહંપણું આ હું છું એમ એને માનવા જેવું છે. માને છે પર્યાય–માને છે પર્યાય, કાર્ય છે પર્યાયમાં પણ એ પર્યાય એમ માને છે કે હું ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ છું, તે હું છું.

( શ્રોતાઃ– પર્યાય પોતાને દ્રવ્ય માને ? ) હા, પર્યાય પોતે પોતાને ધ્રુવ માને, એ જ આ છે. ભૂયત્થં અસ્સિદો ખલુ અને ન્યાં ૩૨૦ ગાથામાં પણ એમ આવ્યું છે ૩૨૦ ( ગાથા ). જયસેન આચાર્યની ટીકા. ધ્યાતા પુરુષ એમ ધ્યાવતો નથી કે હું ખંડ ખંડ જ્ઞાન પ્રગટ છે, તે હું છું. ધ્યાતા પુરુષ કોને ધ્યાવે છે અને માને છે ? ધ્યાવે છે એટલે ધ્યાનમાં તેનો વિષય શું છે ? જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મ તત્ત્વ દ્રવ્ય તે હું છું. આશ્રય અને અવલંબન એનું છે, પણ હવે અહીં પર્યાયની વાત છે, એકાંત એમ કહે છે કે બંધ અને મોક્ષ છે જ નહીં, રાગાદિ જીવમાં છે જ નહીં, એ કીધુંને ? એ તો નિશ્ચયના સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ વ્યવહાર જે રાગાદિ એનામાં છે પર્યાયમાં એ દ્રવ્યમાં નથી. ચૈતન્ય સ્વભાવમાં નથી એમ કહ્યું હતું, હવે અહીં કહે છે કે એની પર્યાયમાં છે. વ્યવહારેય જાણેલો પ્રયોજનવાન છે ૧૨મી ગાથા, એ વાત અહીં સિદ્ધ કરે છે હવે. અટપટી વાત છે. આહાહાહા !

**ટીકાઃ-** આ બધાય અધ્યવસાનાદિ બધાય એટલે આઠ બોલ લીધા હતા. આઠ બોલ છે ને ? રાગની એકતાબુદ્ધિ તે અધ્યવસાય, કર્મ જે પર છે તે મારા છે એવો ભાવ, એ બધાને ભિન્ન કહ્યાં હતા, એ જીવ છે એવો અહીંયા હવે અધ્યવસાનાદિ ભાવો એ શુભ જે ભાવ છે, કે અશુભ જે ભાવ છે, એ જીવ છે પર્યાયમાં, પર્યાય એ જીવ છે. દ્રવ્યે જીવ એ ત્રિકાળ છે એમાં એ નથી.

આરે ! આવી વાતું છે. ભગવાન સર્વજ્ઞદેવે કહ્યું છે એમ કહ્યું. જોયું ભાષા "પ્રજ્ઞપ્તં" બસ. વ્યવહારનય કથનમાત્ર એમ આવે છે ને ઘણે ઠેકાણે, કથનમાત્ર એટલે જાણવા લાયક છે. એમાં પહેલાંમાં કહ્યું 'તું એ તો ભગવાને સર્વજ્ઞદેવે શુભ રાગાદિને પુદ્ગલનો સ્વભાવ છે એમ કહ્યું 'તું એ ચૈતન્યનો સ્વભાવ જે છે, એ સ્વભાવમાં ( રાગાદિ ) નથી, પર્યાયમાં છે એ પ્રશ્ન અત્યારે એ સિદ્ધ કરે છે. આહાહાહા !

ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવી જે વસ્તુ, એમાં પર્યાયમાં રાગાદિ જે છે, એ ચૈતન્ય સ્વભાવી નથી, એમ કહીને ત્યાં પુદ્ગલ સ્વભાવી કહ્યાં હતા, એ પરમાર્થે સ્વનો આશ્રય લેનારને એનો આશ્રય લેવા લાયક નથી. ભેદનો આશ્રય લેવા લાયક નથી તો રાગનો પણ આશ્રય લેવા લાયક નથી, એ અપેક્ષાએ તેને જીવનો ચૈતન્ય સ્વભાવ તે એમાં આ નથી. એ પુદ્ગલ સ્વભાવી છે એમ ઓલા સ્વભાવની, ત્રિકાળી સ્વભાવની શક્તિની અપેક્ષાએ એને ચૈતન્ય સ્વભાવ નથી તો દયા, દાનના વિકલ્પો પુદ્ગલ સ્વભાવી છે, એમ કહ્યું હતું. પણ કોઈ એમ જ માની લે કે એની પર્યાયમાં રાગાદિ નથી જ. વસ્તુના ચૈતન્ય સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ ? આહાહા ! આવી વાતું હવે. આમાં ક્યાં નવરાશ... ગોદીકાજી આવો છે બાપા માર્ગ ભાઈ ! આહાહાહા !

ભાષા કેટલી સંસ્કૃત ટીકાકારે. રાગાદિ પુણ્ય આદિ ભાવ જીવમાં નથી. પુદ્ગલ સ્વભાવી છે ત્યાં 'જ્ઞપ્તિ' બસ, સર્વજ્ઞે 'જ્ઞપ્તિ' કહ્યું છે બસ એટલું. અને અહીંયા રાગાદિ છે એનાં એમ જે આગમમાં કહ્યું છે એ સર્વજ્ઞે કહ્યું છે, "પ્રજ્ઞપ્તં" ઓલામાં "જ્ઞપ્તિ" એટલું કહ્યું બસ, આ પ્રજ્ઞપ્તં કહ્યું છે, કહ્યું છે એમ. બાબુભાઈ ! આવો મારગ છે. ઝીણો બહુ બાપા ! કહો, નવરંગભાઈ ! ભગવાન સર્વજ્ઞે ન્યાંય પણ એ કહ્યું હતું ભગવાને ત્યાં કહ્યું. જ્ઞપ્તિ બસ એ વચન છે. આ રાગ પુણ્ય-પાપ દયા, દાન, વ્રત, ભક્તિ. કામ, ક્રોધ, ભાવ કે મિથ્યાત્વભાવ એ ભગવાને સર્વજ્ઞે કહ્યું છે કે એ "જીવમાં છે" એ કહ્યું છે એ વ્યવહારનયનું કથન છે. વ્યવહારનયનો એ વિષય છે. કથન છે પણ એનું 'વાચ્ય' એનામાં છે. એની પર્યાયમાં રાગાદિ છે, એમ ભગવાને કહ્યું છે વ્યવહારનયથી. બહુ આકરી વાત છે. આહાહાહા !

જો કે વ્યવહારનય અભૂતાર્થ છે. જોયું ? એ શુભઅશુભભાવ આખી પર્યાય માત્રને અભૂતાર્થ કહ્યો છે. ત્રિકાળી વસ્તુની દૃષ્ટિ કરાવવા, જ્ઞાયકની દૃષ્ટિ ને ધ્યેય એ છે. દૃષ્ટિનો વિષય ગુણભેદ કે પર્યાય કે રાગ કે નિમિત્ત નથી. સમ્યગ્દર્શનનો વિષય એ જ્ઞાયકભાવ એકલો પૂરણ સ્વરૂપ જેમાં ગુણ ભેદેય વિષય નથી, પર્યાય વિષય નથી. રાગ તો નથી અને નિમિત્ત તો નથી. એટલું કહીને તેને ત્રિકાળી જ્ઞાયકભાવ ( છે ) ત્યાં દૃષ્ટિને સ્થાપ. એ ધ્યાનમાં સ્થપાય છે. આમાં સ્થાપ એવો જ્યાં વિકલ્પેય નથી. એવું જે કહ્યું હતું એ તો સ્વનો ત્રિકાળીનો આશ્રય લેતાં તેને સમ્યગ્દર્શન થાય છે. પણ એ સમ્યગ્દર્શન એ પર્યાય છે, મોક્ષનો માર્ગ પણ પર્યાય છે, એ પર્યાય છે એ વ્યવહાર છે. બંધ છે એ પણ વ્યવહાર છે અને બંધનો છેદ કરવો એ પણ વ્યવહાર છે. વ્યવહારથી બંધ છેદ થાય એ અહીંયા પ્રશ્ન નથી. છેદ તો ત્રિકાળી આ જ્ઞાનના આશ્રયે જ થાય. પણ બંધ છે, અને એને છેદવાનો પર્યાયમાં ઉપાય છે, એ ઉપાય જો ન માનો તો મોક્ષ જ ન થાય અને બંધ નથી એમ માનો તો બંધને છેદવો એવો મોક્ષનો ઉપાય પણ રહેતો નથી. આહાહાહા !

સમજાણું કાંઈ ?

"વ્યવહારનય અભૂતાર્થ છે" એટલે કે પર્યાય અને રાગાદિ જે એના કહ્યાં, એ ખરેખર તો અસત્યાર્થ છે. ત્રિકાળી જ્ઞાયકભાવની અપેક્ષાએ ભગવાન જ્ઞાયકભાવ વસ્તુ છે તે સત્યાર્થ છે, તે ભૂતાર્થ છે. એની અપેક્ષાએ પર્યાયમાત્રને, રાગાદિ તો ઠીક પણ પર્યાયમાત્રને ગૌણ કરીને અભૂતાર્થ કહેવામાં આવ્યું છે, ( પર્યાય ) નથી કહીને અભૂતાર્થ એમ નહીં. આહાહા ! સમજાણું કાંઈ ?

જો કે વ્યવહારનય અભૂતાર્થ છે તોપણ વ્યવહારનયને પણ જોયું ? 'પણ' કેમ કહ્યું ? ઓલું જે નિશ્ચયથી કીધુ'તું કે રાગાદિ જીવના નથી. એની પર્યાયનો પણ આશ્રય લેવા લાયક નથી. એમ જે સમ્યગ્દર્શનના વિષયને બતાવતા ભગવાન પૂર્ણાનંદની શ્રદ્ધા કરી જેણે એને તો પૂર્ણાનંદનો જ આશ્રય અવલંબન છે. પણ હવે આ લીધું, વ્યવહારનય પણ ઓલું કહ્યું ને તેથી આ 'પણ' 'પણ' તો કહેવાઈ ગયું છે ( ને ), ત્યાં બીજું આ પણ વ્યવહારનય પણ દર્શાવ્યો– દર્શાવ્યો, દેખાડયો એમ કીધું. સમજાણું કાંઈ ? ઝીણું છે. હસમુખભાઈ ! આ તમારા લાદીના ધંધામાં ને ક્યાંય મળે એવું નથી ધૂળમાંય ન્યાં. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એનો નિશ્ચય સ્વભાવ શું અને પર્યાય ને રાગનો ભાવ શું, બેનું અહીં જ્ઞાન કરાવ્યું. વિષય તો ત્રિકાળી એક જ છે. પણ જે વિષય કરે છે એવી પર્યાય એનામાં છે, અને રાગ એનામાં છે, છે તો પછી રાગનો નાશ કરવાનો ઉપાય પણ છે, એ બધો વ્યવહાર થયો. વ્યવહારથી રાગ છેદાય એમ પ્રશ્ન નથી. છેદાય છે તો દ્રવ્યના આશ્રયે જે મોક્ષનો માર્ગ પર્યાય થયો એના આશ્રયે, પણ ત્રિકાળી જે છે તેને નિશ્ચય કહીએ અને મોક્ષમાર્ગ પર્યાયને વ્યવહાર કહીએ. અભૂતાર્થ હોવા છતાં તેને વ્યવહાર કહીએ. અટપટી વાત છે. જેમ, કારણ કે કેમ દર્શાવ્યો છે કહે છે, વ્યવહાર પણ નિશ્ચયની સાથે આ પણ દર્શાવ્યો છે કેમ ? આહાહાહા !

"જેમ મ્લેચ્છ ભાષા મ્લેચ્છોને" મ્લેચ્છ ભાષા મ્લેચ્છોને. એ આઠમી ગાથામાં આવી ગયું છે. અનાર્યને અનાર્ય ભાષામાં એને સમજાવી શકાય એ કુંદકુંદાચાર્ય વખતે અનાર્ય ભાષા હતી અને અમૃતચંદ્રાચાર્ય વખતે એને મ્લેચ્છ થઈ ગઈ ભાષા. સમજાણું કાંઈ ? જેમ ભાષા અનાર્ય વિના સમજાવી શકાય નહિ, ત્યારે અહીં તો મ્લેચ્છને મ્લેચ્છોએ એમ ભાષા જરી વાપરી એટલે જરી હલકો કાળ થઈ ગયો. સમજાણું કાંઈ ? મ્લેચ્છ ભાષા મ્લેચ્છોને, ન્યાં અનાર્ય ભાષા અનાર્યોને મૂળ કુંદકુંદાચાર્ય, "મ્લેચ્છ ભાષા મ્લેચ્છોને વસ્તુસ્વરૂપ જણાવે છે" જણાવે છે, આદરણીય છે કોણ એ પ્રશ્ન અહીં નથી.

"તેમ વ્યવહારનય, વ્યવહારનય એટલે મ્લેચ્છ ભાષાના સ્થાને મ્લેચ્છોને એટલે વ્યવહારી જીવોને" મ્લેચ્છ ભાષા મ્લેચ્છોને "એમ વ્યવહારનય વ્યવહારી જીવોને" વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે તેથી, પરમાર્થને પ્રગટ કરાવે છે તેથી એમ નહીં, પરમાર્થનો કહેનાર છે કે જો આ વસ્તુ એમાંય લ્યે છે ને ઘણાં કે જુઓ આ વ્યવહારનય વિના પરમાર્થ જણાય નહીં, માટે વ્યવહારથી પરમાર્થ જણાય, એમ નથી અહીં પહેલાં એ ભાષા કરી હતી. ચીમનલાલ ચકુ છે ને સ્થાનકવાસી, સ્થાનકવાસીમાં ત્યાં એ અહીંયા મહીનો રહ્યા હતા. ૯૭ ની સાલ ( માં ) કહે આમાં આ કહ્યું છે જુઓ કહે છે વ્યવહાર વિના પરમાર્થ પમાય નહીં, ( કહ્યુંઃ ) એમ નથી.

વ્યવહાર વિના નિશ્ચય જણાવાય નહીં. આહાહા ! સમજાય છે કાંઈ ?

છતાં ત્યાં કહ્યું છે ને આઠમી ગાથામાં વ્યવહારનયથી જણાવ્યું છે, પણ સાંભળનારને અને કહેનારને એ વ્યવહાર અનુસરવા લાયક નથી. જાણવા લાયક છે પણ અનુસરવા લાયક નથી. સમજાણું કાંઈ ? ગહન વિષય છે ભાઈ ! આ તો નિશ્ચય અને વ્યવહાર બેય છે, પરમાર્થને પમાડનાર છે એમ નહીં, પણ પરમાર્થનો કહેનાર છે. દર્શન જ્ઞાન ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. પણ છતાંય વ્યવહારથી કહ્યું પણ શ્રોતાને અને કહેનારને એ વ્યવહાર અનુસરવા લાયક નથી, જાણવા લાયક છે. આહાહાહા !

( શ્રોતાઃ- ઘણું સ્પષ્ટ ) આવું છે. વ્યવહારનય વ્યવહારી જીવને, વ્યવહારી જીવને પર્યાય ઉપર લક્ષ છે જાણવાનું એને જીવોને પરમાર્થનો કહેનાર છે. તત્ત્વની વાસ્તવિક સ્થિતિ બતાવનાર વ્યવહારનય છે. વાસ્તવિક સ્થિતિ વ્યવહારનયથી પ્રાપ્ત થાય છે, એ જુદી વસ્તુ છે એમ નથી. વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે તેથી અપરમાર્થભૂત હોવા છતાં, દેખો કહ્યું છે, એ વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર હોવાથી, અપરમાર્થભૂત હોવા છતાં પણ પરમાર્થભૂત દ્રવ્ય છે તેને તો કહ્યું, પણ આને પણ, પરમાર્થ ભગવાન ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ પ્રભુ, ત્યાં દૃષ્ટિ સ્થાપ તો તને સમ્યગ્દર્શન થાય એ વિના સમ્યગ્દર્શન નથી થતું.

એવું પરમાર્થ જે કહ્યું હતું. પરમાર્થનો સ્વભાવ બતાવ્યો હતો, એમાં આ વ્યવહાર પણ, છે ને ? "અપરમાર્થભૂત હોવા છતાં પણ ધર્મતીર્થની પ્રવૃત્તિ માટે" પર્યાયમાં પર્યાયપણું પ્રગટ થાય છે તે બતાવવા માટે ચોથું પાંચમું છઠ્ઠું સાતમું એ બધો ભેદ છે, પર્યાય છે, એ ધર્મતીર્થ એટલે એનાથી ધર્મતીર્થ થાય છે એમ પ્રશ્ન નથી. પણ અહીંયા ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું એવો જે પર્યાય ભેદ છે એ પર્યાય ભેદને જણાવવા માટે, ધર્મતીર્થની પ્રવૃત્તિ માટે એટલે ઈ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર પર્યાય છે ચોથે, પાંચમે, છઠ્ઠે એવી ભેદવાળી એને એ ધર્મની તીર્થની પ્રવૃત્તિ છે, પરિણતિ છે એ. સમજાણું કાંઈ ?

શું કહ્યું પણ અહીંયા ? વ્યવહાર પરમાર્થને જણાવે છે. વ્યવહાર પરમાર્થને પમાડે છે એમ નથી, મોટો ફેર છે. વાત જ આ ફેર છે ને આખો. ધર્મતીર્થની પ્રવૃત્તિ માટે એમ કે ધર્મતીર્થ એ વ્યવહારથી થાય છે એમ નથી. પર્યાયનો ભેદ છે તેને ધર્મતીર્થની પ્રવૃત્તિ કીધી છે, એ પર્યાયનો ભેદ છે ને ? ચોથું, પાંચમું, છઠ્ઠું અરે ચૌદગુણસ્થાન વગેરે એ પર્યાયનો ભેદ છે, એ તીર્થની પ્રવૃત્તિ છે. એ તીર્થ મોક્ષમાર્ગ કેમ થાય એ અત્યારે વાત નથી અહીંયા, એ તો દ્રવ્યને આશ્રયે જ થાય. એ પ્રશ્ન જુદી વાત છે. પણ અહીંયા પર્યાયના ભેદો વર્તે છે. એ ધર્મની તીર્થની પ્રવૃત્તિ વર્તે છે. ચોથું, પાંચમું, છઠ્ઠું.

"ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે" એટલે કે પર્યાયનો ભેદ છે આ ચોથે આ પાંચમે, આ છઠ્ઠે તેવો "દર્શાવવો ન્યાયસંગત છે." પર્યાયમાં આ ચોથું છે, આ પાંચમું છે. આ છઠ્ઠું છે, આ સાતમું છે એવું બતાવવું એ ન્યાયસંગત છે. કેમ ? સમ્યગ્દર્શન મોક્ષનો માર્ગ કેમ પ્રગટ થાય એ અત્યારે પ્રશ્ન નથી, પણ પ્રગટ થયેલી પર્યાયો જે છે એને બતાવવું છે કે જો આ છે, આ છે, આ છે. કહો, પ્રવીણભાઈ ! આવું છે. અહીં તો કીધું હતું ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે, એટલે મોક્ષના માર્ગની પરિણતિ કરવા માટે. એટલે કે પરિણતિ જે થાય છે એને જણાવવું છે. એ

વ્યવહારનય જણાવે છે. સમજાણું કાંઈ ? વ્યવહારનય દર્શાવવો ન્યાયસંગત જ છે. જણાવવો જાણવો એ ન્યાયસંગત છે એમ કહે છે. જાણવા લાયક છે એ તો ન્યાય સંગત છે, આદરવા લાયક છે કે કેમ એ પ્રશ્ન અત્યારે અહીં નથી. આહાહાહા !

હવે આવી નિવૃત્તિ ક્યાં માણસને નવરાશ છે ? બિચારા ચડી જાય વ્યવહારમાં આ દયા, દાન, વ્રત, તપ ને ભક્તિ કરો, આવું કોણ સમજવા માગે ? ધર્મતીર્થની પ્રવૃત્તિ વ્યવહારથી થાય માટે વ્યવહાર કરો. ( શ્રોતાઃ– આવી પ્રવૃત્તિ ઘણી ચલાવી ? ) અને ધર્મ તો સ્વને આશ્રયે થાય છે. એની પરિણતિનો ભેદ જણાવવો છે કે પરિણતિ આવી આવી છે, એ ન્યાયસંગત જણાવવું છે. બાબુભાઈ ! આહાહા ! આવું છે.

“પરંતુ જો વ્યવહાર ન દર્શાવવામાં આવે તો” એ પર્યાયના ભેદો છે એ નથી જ, ન જણાવવામાં આવે, દર્શાવવામાં આવે એમાં રાગ છે. એવો સંબંધ છે બંધ, એમ ન જણાવવામાં આવે, એ રાગ છે તેને છેદવાનો ઉપાય છે, એ પણ વ્યવહાર છે એમ ન જણાવવામાં આવે, ઉપાય કેમ પ્રગટે છે એ પ્રશ્ન અત્યારે ( અહીં ) નથી. એ તો નિશ્ચયને આશ્રયે જ છે. “પરંતુ જો વ્યવહાર ન દર્શાવવામાં આવે તો પરમાર્થે, પરમાર્થનયે, શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી” પરમાર્થે તો જીવ ને શરીર ભિન્ન છે. નિશ્ચયમાં તો નિમિત્ત–નિમિત્ત સંબંધેય નથી એમ કહે છે. આત્મા નૈમિતિક શરીર નિમિત્ત, શરીર નૈમિત્તિક આત્માની પર્યાય નિમિત્ત, હોં, પર્યાય એ પરમાર્થમાં તો એ છે જ નહિ. આ જરી કઠણ છે તેથી ધીમેથી કહેવાય છે ને ? હેં ? આ કાંઈ એકદમ, આજ વળી બધા આવ્યા છે તાકડે. આ સમજવા જેવું છે આ ગોદિકાજી. આહાહાહા !

પરમાર્થે શરીરથી જીવ ભિન્ન દેખાડવામાં આવતો હોવાથી “જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે. તેમ ત્રસ સ્થાવર જીવોનું નિઃશંકપણે” અહીં વજન ક્યાં છે, કે ત્રસ અને સ્થાવરના જીવોને ને શરીરને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે, જો એ માનવામાં ન આવે, સમજાણું કાંઈ ? વ્યવહાર છે ને એટલો, “તો નિઃશંકપણે મર્દન કરવામાં આવતા” નિઃશંકપણે હું શરીરનો નાશ કરતો નથી. શરીર અને જીવ બેય ભેગા છે એનો હું નાશ કરું છું. આથી બીજાનો નાશ કરી શકે છે એ અહીં પ્રશ્ન નથી, અને બીજાને જીવાડી શકે છે એ અહીં પ્રશ્ન નથી. અહીંયા તો શરીર અને આત્મા તદ્દન જુદા છે, એને નિમિત્ત–નિમિત્ત સંબંધ પણ નથી. તો તો ત્રસ સ્થાવરને ચોળી નાખવાનો જે નિઃશંક ભાવ છે, નિઃશંકથી આને મારી નાખું એ ભાવ જૂઠો છે. એ ભાવ રહેતો નથી. આહાહાહા !

શરીર નિમિત્ત છે નૈમિત્તિક જીવની પર્યાય છે, અને જીવની પર્યાય નિમિત્ત છે અને શરીરની પર્યાય નૈમિત્તિક છે. એવો વ્યવહાર સંબંધ છે. જો એવો વ્યવહાર ન હોય તો, નિઃશંકપણે જેમ ત્રસ સ્થાવરને મારી નાખવામાં તોડી નાખવામાં કાંઈ નિઃશંકપણું એને કાંઈ છે જ નહીં, જીવ છે જ નહીં. જીવને ને શરીરને કાંઈ સંબંધ છે જ નહીં. ( શ્રોતાઃ– જીવ મરે છે ક્યાં ? ) મરવાનો પ્રશ્ન ક્યાં છે. આ તો નિઃશંકપણે બેનો સંબંધ જ નથી કાંઈ, તો તો એને ચોળી નાખવામાં જીવને મારી નાખવું કાંઈ રહેતું નથી. આહાહા !

આજ ગાથા જરી એવી છે આજ બધા આવ્યા છે. બધા વાત સાચી. આવી વાત બાપુ

બહુ આકરી છે, અત્યારે તો બધો ગોટો ઉઠયો છે. ( શ્રોતાઃ- ગોટો આપે સમાવી દીધો છે ) ઓલ્યું ભાઈ સાંભળ્યું હતું ને ભાઈ પંડિતજી, સુખસાગરે બહાર પાડયું છે, વાંચ્યું નહિ હોય ? સુખસાગર જે ધર્મસાગરની હારે હતા. શાંતિસાગરની પેઢીના એણે બહાર પાડયું છે કે અત્યારે પંચમકાળમાં શુભજોગ જ હોય. એ રંગુલાલજી ! સુખસાગર નથી ? ( શ્રોતાઃ- મૈં જાણતા હું માલૂમ હૈ ) ધર્મસાગર એની પરંપરામાં આવ્યા. શાંતિસાગર, હિતસાગર, શિવસાગર ને ધર્મસાગર અને ધર્મસાગરમાં ભેગા હતા, પણ એણે કાંઈક આ વાંચેલુ આચાર્યપદ ન આવ્યું તો જુદા પડી ગયા. એણે હમણાં બહાર પાડયું છે છાપામાં, જ્ઞાનચંદજી ! વાંચ્યુ છે કે નહીં ? ( શ્રોતાઃ- જૈન ગેઝેટમાં ) ક્યાંક આવ્યું છે. ખ્યાલ નથી, જૈન ગેઝેટમાં હશે. અત્યારે પંચમકાળમાં શુભજોગ જ છે અને તે શુભજોગ જેમ "અધઃકરણ, અપૂર્વકરણ અને અનિયતકરણમાં જેમ નિર્જરા થાય છે, ત્યાં શુભભાવ છે, ત્યાં શુદ્ધ નથી, માટે શુભભાવમાં જ નિર્જરા છે. એવું ભાઈ આવ્યું છે. વાંચ્યુ છે કે નહીં. વાંચવા જેવું છે એણે ભલે સ્પષ્ટ કર્યું બીજો જે ગોટો હાલે છે એ કરતાં સ્પષ્ટ કર્યું એણે કે ભાઈ અત્યારે શુભજોગ જ હોય. એને જે ભાસ્યું એટલું સ્પષ્ટ કર્યું ને એણે બિચારાએ ( શ્રોતાઃ- ઊંધાઈનું સ્પષ્ટીકરણ કર્યું ) એમ કે શુદ્ધતા અત્યારે હોય જ નહિ પંચમકાળમાં શુભભાવ, શુભજોગ જ બધો હોય. આહાહાહા !

( શ્રોતાઃ- અત્યારે શુભજોગથી ધર્મ થાય ? ) એ શુભજોગથી નિર્જરા થાય એમ કહેવું છે ને ? કીધુંને ઓલા અનિયતિકરણનો દાખલો આપ્યો છે ને ? પંડિતજી ! અધઃકરણ, અપૂર્વકરણ, અને અનિયતિકરણ હોય છે ને ? અપૂર્વકરણમાં જિન કહ્યા છે. અપૂર્વકરણ છે, હજી તોપણ એ શુદ્ધઆત્મા સન્મુખ થયો છે એથી જરી શુભભાવ છે. મિથ્યાત્વી છે, પણ સમકિતની સન્મુખ છે, પણ છતાં સન્મુખ થયો ને એ અપેક્ષાએ જરી અપૂર્વ કરણવાળાને પણ જિન કહ્યો, ત્યાં તો આ એમ લે છે કે જુઓ ત્યાં શુભજોગ છે, હજુ શુદ્ધ તો થયો નથી, શુભથી નિર્જરા છે ને ? માટે અમારે શુભજોગમાં પણ નિર્જરા છે. અરે ! પ્રભુ શું કરે છે બાપા ! ભગવંત્ ! એ ભગવાન છે ભાઈ ! ભાઈ અહીં તો શુભભાવ જીવમાં નથી, એમ સિદ્ધ કર્યું છે, અને હવે અહીં પર્યાયમાં છે એટલું સિદ્ધ કરવું છે, છે એટલું, એનાથી લાભ થાય કે નહીં એ પ્રશ્ન અહીંયા છે જ નહિ. વાત સમજાય છે ( હૈ ) બસ છે એટલું. અસ્તિ સિદ્ધ કરવી છે.

ત્રિકાળના અસ્તિત્વના ભગવાન જ્ઞાયક સ્વભાવનો ભાવ જ્યાં છે એકલો ત્યાં તો રાગેય નથી, પર્યાય પણ નથી ને ત્યાં તો જે શ્રદ્ધા કરે છે પર્યાય એ પણ ત્યાં એમાં નથી. પર્યાય ભિન્ન રહીને એની શ્રદ્ધા કરે છે, તો અહીંયા શુભજોગથી લાભ થાય વ્યવહાર, એ અહીં પ્રશ્ન નથી. લાભ તો ચૈતન્ય ભગવાન પૂર્ણનંદનો નાથ, નિશ્ચય ધ્રુવ ચૈતન્ય એના આશ્રયે, એના અવલંબે એના ભેટા થયે લાભ થાય છે. પણ એની પર્યાયમાં સમ્યગ્દર્શનનો વિષય તો ગુણભેદેય નથી, ને પર્યાયેય નથી તો રાગ તો વિષય ક્યાં આવ્યો ? પણ કહે છે કે રાગ વિષય નથી છતાં, પર્યાયમાં રાગ છે એમ એણે જાણવું જોઈએ. આહાહા ! સમજાણું કાંઈ ? એ શુભજોગ છે માટે વ્યવહાર છે અને વ્યવહાર છે માટે એનાથી પમાય છે, એ પ્રશ્ન અહીં નથી. અરેરે ! આવું છે. ( શ્રોતાઃ- જરા કઠણ તો છે ) તેથી તો ધીરે ધીરે લેવાય છે બધા આવ્યા છે આ પંડિતો, શેઠિયાઓ આવ્યા છે આ. આ ધીમે ધીમે બાપા સમજવા જેવી વાત છે. બાપા આ કોઈ પક્ષની

વાત નથી આ તો તત્ત્વની વાત છે, અત્યારે તો કઠણ પડે જગતને. આહાહાહા !

જ્યારે એમ કહ્યું કે રાગાદિભાવ જીવના નહિ, જીવ સ્વભાવ નહિ, એ તો પુદ્ગલ સ્વભાવ છે. કઈ અપેક્ષાએ ? કેમકે એ સ્વભાવમાં નથી અને એ નીકળી જાય છે. એ અપેક્ષાએ દૃષ્ટિના વિષયને સિદ્ધ કરવા એનો વિષય તો એ નથી પણ એની પર્યાયમાં રાગેય નથી, ત્યાં તો એમ સિદ્ધ કરવું છે, જીવનો સ્વભાવ નથી ને ? સ્વભાવ કીધો છે ને, ન્યાં ચૈતન્યમાં એમ નથી લીધું, ત્યાં ચૈતન્ય સ્વભાવમાં એ નથી એમ છે તેથી ચૈતન્ય સ્વભાવનો ત્રિકાળી જ્ઞાયક અનંત ગુણોનો પિંડ એ તો અનંતગુણ તો સ્વભાવ શુદ્ધ છે. અનંતગુણમાં કોઈ એવો એકેય ગુણ નથી કે વિકાર કરે ?

શું કીધું ? અપરંપાર ગુણો છે, જેનો અંત નહિ. આ અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત છેલ્લો આ અનંત એમ છે જ નહિ, અને એ છેલ્લા અનંતમાં છેલ્લો આ, એટલા બધા અનંત અનંતના ગુણમાં કોઈ ગુણ એવો નથી કે વિકાર કરે, તેથી તેના જીવ સ્વભાવમાં રાગ તે પુદ્ગલ સ્વભાવ કહીને એમાં નથી એમ કહ્યું, પણ જ્યારે એની પર્યાયનું જ્ઞાન કરાવવું છે. આહાહા ! સમજાણું કાંઈ ? ઝીણું પડે થોડું વિચારવું. આહાહાહા !

તદ્દ્ન જો શરીર ને જીવ, તદ્દ્ન જુદા હોય, નિમિત્ત નિમિત્ત સંબંધ પણ ન હોય તો તો, "જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે" કેમકે ભસ્મમાં કાંઈ જીવનું નિમિત્તપણું કે નૈમિત્તિકપણું એમાં છે નહીં, સમજાણું ? નિમિત્ત નિમિત્ત સંબંધ છે એ વ્યવહાર છે. એ નિમિત્ત–નિમિત્ત સંબંધ જ જો ન હોય તો તો જેમ ભસ્મને ચોળે અને શરીરને ચોળે બેય એક થઈ ગયું આત્મા ભેગો છે એને મેં મારી નાખ્યો એમ કે, એ ન આવે અરે આવી વાતું છે. વિશેષ નો સમજાય તો રાત્રે પ્રશ્ન કરવા, જુઓ અમારે હુકમચંદજી આવ્યા છે. અમારે આ જ્ઞાનચંદજી છે. બે( ય ) નો પ્રભાવનામાં ભાગ છે મોટો અને ત્રીજા અમારા આ છે, બાબુભાઈ છે. માર્ગ પ્રભુ આવો છે ભાઈ. આહા !

વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે, કહ્યું છે ને જે બારમીમાં એ અહીંયા સિદ્ધ કરે છે. છે કે નહિ ? જાણવાનો વિષય છે કે નહીં. વ્યવહારનય છે, નય છે તો વિષયી છે, તો એનો વિષય છે કે નહિ ? આહાહાહા !

"પરમાર્થે" શરીરથી જીવ ભિન્ન દેખવામાં આવતો હોવાથી, જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે તેમ ત્રસ સ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન કરવામાં કારણકે શરીર અને જીવ એક જ છે, જુદા છે જ નહિ "એમ માનીને એને મર્દન કરવામાં હિંસાનો અભાવ થશે અને તેથી બંધનો જ અભાવ ઠરશે" હિંસાનો ભાવ છે એ બંધ છે. એટલે શરીરને ચોળવામાં જેમ કાંઈ નથી એમ શરીરને જીવ એક જ છે, જુદા ન હોય અને એક જ માને, વ્યવહારનય તો એક કહે નિમિત્ત–નિમિત્ત સંબંધને લઈને, તો એને ચોળી નાખવામાં પણ જીવને કાંઈ નુકશાન એને થતું નથી અને નિઃશંકપણે એને ચોળે તો એને કાંઈ પાપ નથી. માર્ગ પ્રભુનો અલૌકિક છે બાપુ. આહાહાહા !

વ્યવહારનયનો વિષય છે. નય છે તો એનો વિષય છે, એ કથનમાત્ર છે, હોવા છતાં વ્યવહારનયને કથનમાત્ર કહ્યું છે. અહીં એમ કહ્યુંને 'પ્રજ્ઞસં' કળશટીકામાં છે. આ કળશટીકા

છે ને ? વ્યવહારનય પાંચમો છે ને શ્લોક વ્યવહારનય જુઓ "વ્યવહારનયઃ સ્યાદ્યદ્યપિ પ્રાક્પદવ્યામિહ હસ્તાવલંબઃ ત્યાં વ્યવહારનય હસ્તાવલંબઃ અપિ સ્યાદ્" વ્યવહારનય એટલે જિતના કથન-કથન અહીં પ્રજ્ઞસં કેવી શૈલી છે જુઓ તો, વ્યવહારનય એટલે કથન. જીવ વસ્તુ નિર્વિકલ્પ છે તે જ્ઞાનગોચર છે, તે જે વસ્તુને કહેવા માગે તો એમ જ કહેવામાં આવે જેટલા ગુણ દર્શન જ્ઞાન ચારિત્ર એ જીવ બહુ સાધિક કહેવા માગે તો પણ આમ જ કહેવું પડે "જ્ઞાન દર્શન ચારિત્ર તે આત્મા" એમ ભેદથી કહ્યો. વ્યવહારથી કહ્યો, કથનમાત્રથી કહ્યો, રાજમલ્લે બહુ સારી ટીકા કરી છે. ઓલામાં આવે છે ને ? દ્રવ્ય સંગ્રહમાં આવે છે દ્રવ્ય સંગ્રહ, વ્યવહારનય એટલે લૌકિક માત્ર. ભાઈ ! દ્રવ્ય સંગ્રહમાં વ્યવહારનય એટલે લૌકિક માત્ર, લોક મૂકે પોક એવી વાતો કરે છે કહે છે, પણ જાણવાલાયક છે કહે છે. દ્રવ્ય સંગ્રહમાં છે. શરૂઆતમાં વ્યવહારનયની વ્યાખ્યા કરી છે ને ત્યાં. આહાહાહા !

અહીં વ્યવહાર કથનમાત્ર કહ્યું. અહીં વ્યવહાર પ્રજ્ઞસં કહ્યું. હવે આવી વાત આ તો કહે દયા પાળો, વ્રત કરો થઈ રહ્યું જાવ. આ પૈસા ખર્ચો કાંઈક પાંચ પચીસ લાખ, ગજરથ કાઢો ને ધૂળમાંય નથી કાંઈ ન્યાં સાંભળને, ન્યાં એનો ભાવ હોય તો શુભ છે. પણ એ શુભનું જ્ઞાન કોને હોય ? જેને શુદ્ધતાનો આશ્રય લઈને સમ્યગ્દર્શન આદિ પ્રગટયું છે, એને પર્યાયમાં શુભ છે એવું જ્ઞાન એને હોય ભાઈ ! આવું છે. આ ગાથામાં ઘણાં ગોટા વાળે છે અર્થમાં. ખબર છે ને જાુઓ આ વ્યવહાર કહ્યો "કે જુઓ આ વ્યવહાર પરમાર્થને પમાડે છે" એ ક્યાં કહ્યું છે બાપુ. એ તો પરમાર્થ આ સ્વરૂપ અભેદ છે તેને જ્ઞાન દર્શન ચારિત્રથી બતાવવું એ ભેદ છે, એ વ્યવહારનું કથન છે. આહાહાહા !

હિંસાનો અભાવ થશે તેથી બંધનો જ અભાવ થશે, એક વાત. બીજી "વળી પરમાર્થ દ્વારા રાગદ્વેષ મોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી" પરમાર્થે તો ભગવાને એમ કહ્યું કે રાગદ્વેષ મોહથી તો ભગવાન ભિન્ન છે. રાગીદ્વેષી મોહી જીવ કર્મથી બંધાય છે તેને છોડાવવો એ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે. કારણકે જ્યારે પરમાર્થે રાગદ્વેષ, મોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી એને રાગદ્વેષ, મોહ છે જ નહીં પર્યાયમાં, એમ જો માને, છે ? પરમાર્થે રાગદ્વેષ, મોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી રાગીદ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે. બંધાય છે એમ પહેલું તો કીધું હિંસામાં, બંધભાવ હવે એને છોડાવવો, એ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે. કારણકે રાગ છે, બંધન છે, એ નથી જ તો એનો અભાવ કરવાની પર્યાય પણ છે, એ નહિ સિદ્ધ થાય. કારણકે અભાવ કરવો એ પણ પર્યાય છે. બંધ પણ પર્યાય છે, અને એનો અભાવ મોક્ષમાર્ગ એ પણ પર્યાય છે. એ વ્યવહાર છે. આહાહાહા !

જ્યારે પરમાર્થે રાગદ્વેષ, મોહથી ભિન્ન કહેવામાં આવ્યો અને જો એમ જ હોય તો બંધ પર્યાયમાં છે એ સિદ્ધ નહિ થાય, એ તો વસ્તુની દૃષ્ટિએ કહ્યું. પણ પર્યાયમાં એનો રાગદ્વેષ, મોહ નથી. તો તો રાગદ્વેષ મોહથી છુટવું એટલે કે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પર્યાયથી તેનો નાશ કરવો એ ઉપાય રહેતો નથી. વ્યવહાર છે રાગદ્વેષ, મોહ, માટે છેદવાનો ઉપાય, મોક્ષનો માર્ગ એ પર્યાય છે. તો બંધની પર્યાય જો નથી, તો મોક્ષની પર્યાય પણ ત્યાં છે નહિ, એમ એને એવું થયું. મોક્ષમાર્ગની પર્યાય એ પણ વ્યવહાર છે. ત્રિકાળી જ્ઞાનવસ્તુ છે એ નિશ્ચય છે. બંધ ને મોક્ષ

એ જીવમાં કહેવા એ વ્યવહારનયનો વિષય છે. દૃષ્ટિ તો એ બંધમોક્ષના પર્યાયને સ્વીકારતી નથી. પર્યાય છે ને ? બે ભેદ પડયા ને ? સમજાણું કાંઈ ?

એમ નથી સ્વીકારતી છતાં જો બંધમોક્ષ જો પર્યાયમાં ન હોય તો બંધ નથી તો છેદવાનો ઉપાય પણ નથી, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જે પર્યાય છે, તેનાથી તે બંધનો નાશ થાય છે, તે પર્યાય સિદ્ધ નહિ થાય, બંધ સિદ્ધ નહિ થાય. ઝીણું તો છે આજનું એય, ગોદીકાજી ! તમારા નામામાં આ આવે નહિ કાંઈ ન્યાં, તમારે શેઠના નામામાં ક્યાં હતું આ કાંઈ નામું ? આહાહા !

પ્રભુ તું કોણ છો કહે છે કે, હું છું તો ત્રિકાળી જ્ઞાયક ચૈતન્ય, પણ હવે તારી પર્યાયમાં કાંઈ છે કે નહીં ? કે પર્યાયમાં રાગ જ નથી ? રાગ છે એમ જાણવું જોઈએ, અને રાગને છેદવાનો ઉપાય જો રાગ નથી તો રાગને છેદવાનો ઉપાય પણ આવતો નથી. તો એણે જાણવું જોઈએ કે રાગ છે, એને મોક્ષના માર્ગની પર્યાયથી બંધની પર્યાયનો નાશ થાય છે, બેય વ્યવહાર છે. સમજાણું કાંઈ ? ઘણાં પડખા, આમ યાદ રાખવા કેટલાં કહે છે. આહાહાહા !

"રાગીદ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે, તેને છોડાવવો એમ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે" મોક્ષનો ઉપાય કરવો એનો અભાવ થશે. મોક્ષનો ઉપાય કોને આશ્રયે થાય એ બીજી વાત છે. એ તો નિશ્ચય દ્રવ્યને આશ્રયે થાય પણ આ પર્યાયમાં મોક્ષનો ઉપાય થાય, જો બંધ નથી તો ઉપાય ક્યાંથી આવ્યો ? બંધેય વ્યવહારનય છે અને મોક્ષનો ઉપાય પણ વ્યવહારનય છે, અરે ! મોક્ષ પોતે વ્યવહાર છે. આ બે ભેદની અપેક્ષાએ હોં. બાકી તો સિદ્ધમાં વ્યવહાર નથી એમ આવે છે ને ? પરમાર્થ વચનિકામાં 'પરમાર્થ વચનિકા' છે ને ? એમાં આવે છે. અહીં તો ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધપણું કહેવું પછી ત્યાં સિદ્ધમાં વ્યવહાર કહેવો નથી. પૂર્ણ દશા થઈ ગઈને 'પરમાર્થ વચનિકામાં' છે. આહાહાહા !

અહીંયા કહે છે. રાગીદ્વેષી, મોહી પર તરફનું સાવધાનપણું જેટલું છે. એ કર્મથી બંધાય છે, તેને છોડાવવો એટલે કે મોક્ષના ઉપાયનો ગ્રહણનો અર્થ છોડાવવો, એ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે. વ્યવહારનયનો વિષય છે. પર્યાયમાં રાગ છે એને છોડાવવાનો ઉપાય પણ છે. વ્યવહારનયનો વિષય છે. નય છે ને ? નય છે તો એ તો વિષયી છે તો એનો વિષય હોય ને ? નિશ્ચયનય છે એ વિષયી છે, તો એનો વિષય ત્રિકાળી જ્ઞાયક છે. સમજાણું કાંઈ ?

એ પ્રશ્ન ચાલ્યો'તો અમારે ઘણાં વર્ષ પહેલાં ૮૩, ૮૩, ૮૩ અત્યારે કેટલા વર્ષ થયા, એકાવન. હુકમીચંદજીના જન્મ પહેલાં એકતાલીસ ચાલે છે એને, એના દસ વર્ષ પહેલાં, એવો પ્રશ્ન ચાલ્યો, કે મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી મૂર્તિની પૂજા હોય એવો પ્રશ્ન ચાલ્યો, સ્થાનકવાસી ખરાને ! પછી શેઠ હતા એક, સમ્યગ્દર્શન થયા પછી પૂજા ને મૂર્તિ એવું ન હોય પ્રતિમાને, ત્યારે મેં કહ્યું. સૂનો, સાંભળો કીધું એને તો ન બેસે, એ તો અભિમાની હતા. પણ બીજા માણસને કહીને એ દ્વારા વાત પહોંચાડી. કીધું જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે એની સાથે ભાવશ્રુતજ્ઞાન થાય છે. ભાવશ્રુતજ્ઞાન થતાં તેના બે ભેદ પડે છે નિશ્ચય ને વ્યવહાર, તો ભાવશ્રુતજ્ઞાની જે છે તેને વ્યવહાર આવે, વ્યવહાર હોય વિકલ્પ, ત્યારે એને જ્ઞેયના જે ભેદ છે નામ સ્થાપના ભેદ, આ જ્ઞાનનો ભેદ નય છે, અને જ્ઞેયનો ભેદ સ્થાપના છે, એટલે ખરેખર તો શ્રુતજ્ઞાનીને જ વ્યવહારનયનો વિષય એ હોય છે. તદ્દન ઉડાવી દો તમે એમ ન ચાલે કીધું, એય નવરંગભાઈ !

આમાં હતા ખરાને ( સંપ્રદાયમાં હતા ને ) એટલે એ જાણે કે કીધું ના એમ નહીં, આમાં આવી ગયા એટલે આ માનીએ એમ નથી. અહીં તો સત્ય હોય તે માનીએ. જ્ઞાનચંદજી ! સમ્યગ્દર્શન સ્વરૂપની દૃષ્ટિ થઈ ત્યારે તેની સાથે ભાવશ્રુતજ્ઞાન થયું. ભાવશ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાનના બે ભેદ, ભાવશ્રુતજ્ઞાન અવયવી છે પ્રમાણ છે, એનો અવયવ એ ભેદ છે. નિશ્ચય અને વ્યવહાર એનો અવયવ છે. તો એને વ્યવહારનય હોય. અજ્ઞાનીને વ્યવહારનય કેવી, અને એ વ્યવહારનયનો વિષય ભગવાનની મૂર્તિ આદિ એને હોય છે. નવરંગભાઈ ! છે વ્યવહાર, છે શુભરાગ એનો વિષય પણ એને નિશ્ચયવાળાને આ હોય છે. પૂર્ણ ન થાય ત્યાં સુધી આ હોય છે એને તમે ઉથાપી નાખો એમ ન હાલે, કીધું.

અહીં એમ કહે છે, જો બંધ નથી જ તો પછી છૂટવાનો ઉપાય પણ નથી. માટે બંધ છે એમ એને જાણવો જોઈએ અને છૂટવાનો ઉપાય એનો છે એ પણ એણે જાણવું જોઈએ. એ વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૨૦ ગાથા - ૪૬ તા. ૨૮/૧૦/૭૮ શનિવાર આસો વદ-૧૩

**ભાવાર્થઃ** "પરમાર્થનય તો જીવને, શરીર અને રાગદ્વેષ મોહથી ભિન્ન કહે છે." પરમાર્થનય તો જીવને એમ લેવું. નિશ્ચયનય યથાર્થ દૃષ્ટિએ જીવને, શરીર ને રાગદ્વેષ મોહથી ભિન્ન કહે છે. "જો તેનો એકાંત કરવામાં આવે." શરીર અને જીવને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે એ ન માને તો એકાંત થઈ જાય છે. વ્યવહારનયનો વિષય શરીર અને જીવને એક માને એ વ્યવહારનયનો વિષય છે, જાણવા લાયક છે. શરીર ને રાગદ્વેષ, મોહ પુદ્‌ગલ ઠરે, તો તો શરીર અને રાગદ્વેષ મોહ પુદ્‌ગલ જડ ઠરે. શું કહ્યું એ ? શરીરમાં આત્મા છે અને આત્મા અને શરીર તદ્‌ન ભિન્ન છે એમ કહે તો એ તો નિશ્ચયથી એ બરાબર છે. સમ્યગ્દર્શનનો વિષય, ધર્મની પહેલી શરૂઆતનો વિષય તો ભગવાન આત્મા, શરીરથી ભિન્ન રાગદ્વેષ મોહ દયા, દાન આદિ વિકલ્પથી પણ ભિન્ન અને જેનો વિષય તો પર્યાય પણ નથી. સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી, એનો વિષય તો સમ્યગ્દર્શનની પર્યાય પણ એ એનો વિષય નથી, ઝીણી વાત છે બાપુ.

સમ્યગ્દર્શનનો વિષય, ધ્યેય તો અખંડ જ્ઞાયકભાવ પૂર્ણાનંદ પ્રભુ દ્રવ્ય સ્વભાવ જે પૂર્ણ છે, એ સમ્યક્‌નો વિષય છે, એ નિશ્ચયનયનો એ વિષય છે. હવે જો એને એકાંત જ કરવામાં આવે કે એને શરીર ને જીવને વ્યવહારે પણ સંબંધ નથી, તો તો જ્ઞાન એનું વ્યવહારે જૂઠું છે, ઝીણી વાત છે થોડી, શરીર અને આત્મા એક જ છે એમ માને, તો તો શરીરને મારતા જીવ મરે એમાં કાંઈ પાપ લાગતું નથી, પણ એમ છે નહિ. શરીર અને જીવ વ્યવહારથી એક છે, એથી શરીરને ચોળતા જીવ ભેગો આવે છે. માટે એને પાપના પરિણામ થાય છે, અને એને એકાંત જ માને કે શરીરથી પ્રભુ તદ્‌ન જુદો છે, એ નિશ્ચયથી બરાબર છે, પણ વ્યવહારથી શરીરને અને જીવને નિમિત્ત-નિમિત્ત સંબંધ પણ ન હોય તો શરીરને ચોળતા પુદ્‌ગલને મારતા જેમ પાપ નથી, એમ શરીરને ચોળતા પણ જીવનું મરણ થાય તો એનું પાપ નથી એમ થાય. ઝીણી વાત છે ભાઈ, વીતરાગ માર્ગ સમજવો બહુ કઠણ છે ભાઈ ! આહાહાહા !

શરીર ને રાગદ્વેષ પુદ્‌ગલમય ઠરે, કેમ કહ્યાં છે તો એમ જ. પરમાર્થે તો શરીરને જડ કહ્યું

અને અંદર દયા, દાન, વ્રત, ભક્તિ કામ ક્રોધ શુભાશુભ ભાવ થાય, એને પણ અજીવ અને જડ કહ્યાં છે ચૈતન્યની દૃષ્ટિએ, જેને સમ્યગ્દર્શનનો આશ્રય દ્રવ્ય છે, એ દ્રવ્યમાં તો પુણ્ય ને પાપના ભાવ પણ નથી. શરીર તો નથી પણ દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પો પણ એમાં નથી. એમાં એ તો નથી પણ એક સમયની જે સમ્યગ્દર્શનની પર્યાય છે એ વસ્તુમાં નથી. આવું આકરું કામ છે પ્રભુ. આહાહાહા !

જૈન દર્શન સમજવું એ કોઈ અલૌકિક વાત છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા શરીરથી તો ભિન્ન, શરીરને પુદ્‌ગલ કહ્યું જડ, અને શુભઅશુભ રાગ થાય છે જે દયા ને વાંચનના ને શ્રવણ ને મનનના એ રાગને પણ પુદ્‌ગલ કહ્યાં છે પરમાર્થ દૃષ્ટિએ તો, કેમ કે એ જીવનો કોઈ સ્વભાવ અનંત ગુણ છે ભગવાન આત્મામાં અનંતા અનંત ગુણો છે ભગવાન આત્મામાં, કેટલા અનંત કે જે અનંતનો છેડો નહિ કે આ અનંત ને હવે આ છેલ્લો અનંત અને એનો છેલ્લો ગુણ એટલા અનંતા અનંતા અનંતા અનંતા અનંતા અનંતને અનંતે ગુણો તો ય અનંતા રહે છે બાકી એટલા અનંતા આત્મામાં ગુણ છે, પણ એ માંયલો કોઈ ગુણ વિકૃત કે વિકાર કરે એવો ગુણ નથી. આહાહાહા !

તેથી જે વિકાર થાય છે એ પુદ્‌ગલ કર્મ જે ભાવક છે, તેનાં લક્ષે થયેલો વિકારી ભાવ, તેને પણ અહીંયા તો પુદ્‌ગલ કીધા છે. કેમકે એ રાગનો વિકલ્પ જે છે. આ શ્રવણ કરવું, વાંચવું, કહેવું એવો જે વિકલ્પ ઊઠે છે એ અચેતન છે, જડ છે. કેમ કે એમાં ચૈતન્ય સ્વભાવનો અંશ નથી. એ રાગ સ્વયં પોતે પોતાને જાણતો નથી તેમ રાગ સ્વયં ભગવાન જોડે છે એને જાણતો નથી, એ રાગ ચૈતન્ય વડે જણાય છે માટે તે રાગને પુદ્‌ગલ ને અચેતન ને જડ કહ્યો છે. પણ જો એને એકાંત જ માની લે કે રાગદ્વેષ, મોહ એ પુદ્‌ગલના છે અને જીવની પર્યાયમાં વ્યવહારથી નથી, તો એકાંત થાય છે, એકાંત મિથ્યાત્વ થાય છે. આહાહાહા !

ભગવાન જીવ સ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘન, એમાં ય રાગને માનવો તોય મિથ્યાત્વ થાય છે, ( શ્રોતાઃ– ત્રણેયમાં માનવો એ મિથ્યાત્વ ? ) દ્રવ્યમાં માનવો એ, સ્વભાવમાં કીધુંને ? સ્વભાવમાં. પણ પર્યાયમાં રાગ નથી એમ માનવું તે પણ એકાંત છે. પંડિતજી ! આકરી વાતું છે. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ ચૈતન્ય સ્વભાવથી ભરેલો, ચૈતન્ય રત્નાકર છે એ, ચૈતન્ય રત્નાકર છે એ ચૈતન્યના રત્નોનો દરિયો છે પ્રભુ તો, એમાં રાગ માનવો એ મિથ્યાત્વ છે, પણ તેની પર્યાયમાં પણ રાગ ન માનવો એ પણ મિથ્યાત્વ એકાંત છે, આવી વાત છે પ્રભુ ! માર્ગ પ્રભુનો ઝીણો ભાઈ.

એ જીવનું સ્વરૂપ જ એવું પ્રભુનું છે, અહીં કહે છે કે પરમાર્થે તો પ્રભુને, શરીર ને રાગ દ્વેષને પુદ્‌ગલ કહીને તેનાથી પ્રભુને ભિન્ન કહ્યો છે સમ્યગ્દર્શનનો વિષય, પણ એટલેથી કોઈ એમ જ માની લે કે એના દ્રવ્ય સ્વભાવમાં વસ્તુની દૃષ્ટિનો વિષય છે તેમાં રાગદ્વેષ ને શરીર નથી, પણ તેની પર્યાયમાં પણ રાગ ને દ્વેષ નથી તો તો બંધનો જ અભાવ થાય, અને બંધનો અભાવ થતાં તેને છોડવાનો મોક્ષનો ઉપાય પણ એ વ્યવહાર છે. શું કહ્યું ઈ ? રાગદ્વેષ ને મોહ એની પર્યાયમાં ભાવબંધપણે જો ન હોય તો બંધનો અભાવ થાય છે. અને તેને છોડવાનો બંધ છે, તેને છોડવાનો ઉપાય, એ પણ મોક્ષનો ઉપાય છે, એ પણ પર્યાય છે, તે વ્યવહાર છે. મોક્ષનો

ઉપાય કોને આશ્રયે થાય એ જુદી વસ્તુ છે. એ તો ત્રિકાળી ભગવાન પરમાનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન તેને અવલંબે મોક્ષનો માર્ગ થાય. પણ અહીંયા જે કહેવું છે એ કે મોક્ષનો માર્ગ જે છે એ તો પર્યાય છે. જો બંધ જ ન માનો, પર્યાયમાં બંધ ન માનો, વસ્તુમાં બંધ ને મુક્તિ બેય નથી. જે સમ્યગ્દર્શનનો વિષય જે ભગવાન પૂર્ણાનંદનો નાથ અનુભવમાં આવે, એવા દ્રવ્યમાં તો બંધ ને મોક્ષની પર્યાય પણ એમાં નથી. કેમકે બંધ ને મોક્ષ તો પર્યાય છે, ને ભગવાન તો બંધ ને મોક્ષની પર્યાયથી રહિત ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ છે આત્મા. આહાહાહા !

એનો વિષય કરીને જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, એને પણ રાગદ્વેષના પરિણામ બંધના પર્યાયમાં છે, એમ એણે જાણવું જોઈએ. આદરવું કે નહિ એ પ્રશ્ન નથી અહીંયા. અને એ રાગદ્વેષના પરિણામને બંધ તરીકે અટકતી દશાને ન માને તો એને છોડવાનો જે ઉપાય છે, મોક્ષનો માર્ગ એ પણ સિદ્ધ થતો નથી. આરે આરે આવું અટપટું છે. ( શ્રોતાઃ- બહુ સારું છે ) અધિકાર જ એવો છે બાપુ, શું થાય ? અરેરે લોકો સાધારણ જાણપણું કરીને માની બેસે કે આપણે સમજી ગયા. બાપા એ મારગડા કોઈ જુદા છે ભાઈ. અનંત અનંત કાળમાં જેણે વાસ્તવિક એક સેકંડ પણ વાસ્તવિક તત્ત્વ દ્રવ્ય અને પર્યાય બે શું છે એનું જ્ઞાન એણે યથાર્થ કર્યું જ નથી. આહાહાહા !

એકાંત એમ માને કે રાગ ને દ્વેષ જીવમાં છે, એ પણ મિથ્યાદૃષ્ટિ છે. તેમ એકાંત એમ માને કે જીવમાં નથી વસ્તુમાં માટે પર્યાયમાં પણ નથી એમ( એ ) પણ એકાંત મિથ્યાત્વ છે. હસુભાઈ ! આ ઝીણું છે. ત્યાં તમારા કરોડ રૂપિયામાં ધૂળમાં કાંઈ હાથ આવે એવું નથી. એય બધા કરોડપતિઓ કાલે આવ્યા 'તા ને રતનલાલજી કલકત્તાના પાંચ-છ કરોડ, આજ સવારમાં ગયા. આય પાંચ-છ કરોડ રૂપીયા છે એની પાસે, કોક તો કહેતું 'તું એકેક છોકરા પાસે એકેક કરોડ રૂપીયા છે. છ છોકરા છે ને પોપટભાઈના એને એકેક પાસે એકેક કરોડ અને આના બાપના જુદા કોક કહેતુ 'તું. અહીંયા ક્યાં અમે ગણવા જઈએ છીએ. પણ એ ધૂળ ક્યાં આત્માની હતી બાપા ? જેમાં રાગદ્વેષ થાય એ પણ જીવનો નથી અને પૈસા ને બાયડી ને છોકરા મારા મૂંઢ છે. મૂર્ખાઈ ભરેલી દૃષ્ટિ છે એની, ચીમનભાઈ ! મોટા કારખાના ને બધા મોટા, એ તો નથી રાગ દયાનો ને દાનનો અરે ગુણ ગુણી ભેદનો વિકલ્પ જે થાય, ગુણી એવો જે ભગવાન એના જે અનંતગુણ એવો ભેદનો વિકલ્પ ઊઠે, ઝીણી વાત છે પ્રભુ. એ વિકલ્પ પણ સ્વરૂપમાં નથી. એ પરમાર્થ દૃષ્ટિએ, પરમાર્થ દૃષ્ટિ સ્વીકાર કરવા એમ કહ્યું પણ તે દૃષ્ટિમાં એકાંત માની લ્યે, કે મારી પર્યાયમાં પણ રાગ નથી તો અટકેલો ભાવબંધ તો છે અને ભાવબંધ ન હોય તો એને છેદવાનો મોક્ષનો ઉપાય પણ નિરર્થક જાય છે. ખરેખર તો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર એ જે મોક્ષનો માર્ગ છે, એ પ્રગટે છે ત્રિકાળી દ્રવ્યને આશ્રયે, પણ પ્રગટેલી પર્યાય છે તે વ્યવહાર છે. જ્ઞાનચંદજી ! જો તમે રાગને પર્યાયમાં નથી જ એમ માનો, તો પછી રાગ છેદવાનો મોક્ષનો ઉપાય પણ નથી. બંધ ને મોક્ષની પર્યાય દશા છે જ નહિ એમ થાય પર્યાયમાં. આવું ઝીણું હવે નવરાશ ક્યાં આમાં માણસને, આખો દિ' બાયડી છોકરા પાપ, એકલા પાપના ધંધા, ધર્મ તો નહિ પણ પુણ્યેય નહિ ત્યાં તો. કહો હસુભાઈ મોટા પૈસાવાળાને વધારે ઉપાધિનો પાર ન મળે. આહાહાહા !

હવે એને કહેવું કે પ્રભુ સાંભળ ભાઈ એ શરીર વાણી મન સ્ત્રી કુટુંબ પરિવાર એ તો પર દ્રવ્ય છે એ તો તારામાં નથી, તારા નથી ને તેમાં તું નથી. પણ અંદર રાગદ્વેષ થાય એ તારામાં નથી, તું એમાં નથી દ્રવ્ય–વસ્તુ દૃષ્ટિએ. સમજાણું કાંઈ ? પણ એટલું માનીને પણ જો પાછું પર્યાયમાં રાગ નથી અને શરીરને અને જીવને નિમિત્ત–નિમિત્ત સંબંધ પણ નથી તો જીવને ને શરીરને નિમિત્ત સંબંધ વ્યવહાર છે. એટલું જો ન માને તો શરીરને ચોળવાથી જેમ ભસ્મને ચોળવાથી પાપ નથી, એમ શરીર અને આત્મા અંદર ભેગો છે એ બેય એક માને, જુદા અંદર ન માને, પર્યાયમાં જુદો છે પણ શરીરને ( પર્યાય ) વ્યવહાર બેય ( વચ્ચે ) નિમિત્ત સંબંધ છે, એટલું ન માને તો એને મારતા નિઃશંકપણે મારતા એને પાપ નહિ લાગે. શું કહે છે આ કઠણ છે ભાઈ. ( શ્રોતાઃ– કઠણ તો હતો પણ હવે આપે રહેવા દીધો નથી કઠણ ) વસ્તુ તો આવી છે બાપા. આહાહાહા !

એ અહીં કહે છે તો તો પુદ્‌ગલને ઘાતવાથી હિંસા થતી નથી, કારણ શરીર પુદ્‌ગલ, રાગ દ્વેષના પરિણામ એ પુદ્‌ગલ, એમ તો નિશ્ચયથી તો એમ છે, પણ પર્યાયમાં એના નથી અને વ્યવહારનયનો વિષય જ નથી. નિશ્ચયનયનો વિષય જે પરમાત્મસ્વરૂપ ભગવાન એ પૂર્ણાનંદનો નાથ જે સમ્યગ્દર્શનનો વિષય, અને જેને આશ્રયે સમ્યગ્દર્શન થાય એટલો જ માને અને પર્યાયને ન માને અને શરીરને અને જીવને નિમિત્ત–નિમિત્ત સંબંધ ન માને, તો તો પુદ્‌ગલને ઘાતવાથી હિંસા થતી નથી અને રાગદ્વેષ મોહથી બંધ થતો નથી, આમ પરમાર્થથી જે સંસાર મોક્ષ બંનેનો અભાવ કહ્યો, શું કહ્યું એ ?

ખરેખર જે રાગદ્વેષથી ભિન્ન કહ્યો છે પરમાર્થથી અને મોક્ષની પર્યાયથી પણ ભિન્ન છે ભગવાન અંદર, સિદ્ધની પર્યાય છે ને કેવળની પર્યાય, એ તો વર્તમાનમાં છે, પણ એ પર્યાયનો દ્રવ્યમાં અભાવ છે, એ રીતે જે કહ્યું છે પરમાર્થે તો એ સિદ્ધ થાય પછી ઓલો વ્યવહાર તો રહેશે જ નહિ એને. જો રાગદ્વેષ મોહ છે પર્યાયમાં એમ ન માનો અને શરીરને અને જીવને નિમિત્ત–નિમિત્ત સંબંધ છે એમ ન માનો તો પરમાર્થે જેમ બંધ–મોક્ષ રહિત કીધો એ સિદ્ધ થશે. વ્યવહારે બંધ ને મોક્ષ પર્યાયમાં છે એ સિદ્ધ થતું નથી. આવો માર્ગ છે. સમજાણું કાંઈ ? કાંઈ એટલે કઈ પદ્ધતિથી કહેવાય છે એમ, સમજાય જાય તો તો ઠીક, પણ કઈ પદ્ધતિથી કહેવાય છે, એય હસમુખભાઈ ! આ જુદી પદ્ધતિ છે, પ્રભુ ભગવાનનો માર્ગ સ્યાદ્‌વાદ છે. અપેક્ષિત કથન છે, ત્રિકાળમાં રાગ નથી. દયા, દાનનો વિકલ્પ પણ નથી, શરીર તો નથી, વર્તમાન પ્રગટ પર્યાય છે, વ્યક્ત છે. તે પણ ત્રિકાળમાં તો નથી, એ તો ભિન્ન દ્રવ્ય આખું અખંડાનંદ પ્રભુ છે અને એ જ સમ્યગ્દર્શનનો વિષય છે, પણ એનું એકાંત કરવા જાય, શરીરને અને જીવને નિમિત્ત–નિમિત્ત સંબંધ છે, એ ન માને, તો તો જેમ શરીરને મારવાથી પુદ્‌ગલને મારવાથી કાંઈ આત્માને પાપ ન લાગે. આહાહાહા ! અને રાગ દ્વેષમોહ છે, એ બંધ સિદ્ધ ન થાય પર્યાયમાં, તો એને મોક્ષમાર્ગનો પર્યાય પણ સિદ્ધ થતો નથી એને છેદનારો આવું છે. આમાં કોઈ વિદ્વતાની જરૂર નથી, આમાં વાસ્તવિક તત્ત્વ શું છે, દૃષ્ટિનો વિષય શું છે, અને વ્યવહારનયનો વિષય શું છે. બેને અહીંયા બરોબર જાણવું જોઈએ. સમજાણું કાંઈ ? ગાથા એવી જ આવી ગઈ, કાલેય એવી આવી હતી. આહાહાહા !

"આમ પરમાર્થથી જે સંસાર મોક્ષ બંનેનો અભાવ કહ્યો" શું કીધું ઈ, નિશ્ચયથી પરમાર્થથી તો બંધ-મોક્ષનો અભાવ જ જીવમાં છે. દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિએ તો ભાવબંધ ને ભાવમોક્ષ એનાથી તો રહિત જ ભગવાન છે. પરમાર્થથી સંસાર મોક્ષ બંનેનો અભાવ કહ્યો છે. તે જ એકાંતે ઠરશે, એકાંત ઠરશે પછી પર્યાયમાં રાગદ્વેષ છે અને શરીરનો નિમિત્ત-નિમિત્ત સંબંધ છે એ વાત નહિ રહે એને. આહાહાહા !

આ ત્રણેય બેઠા મોટા અમારે અત્યારે, ધર્મની પ્રભાવનામાં મોટા હથીયાર છે આ, આ હુકમચંદજી ૧૫-૧૫ હજાર છોકરાઓની પરીક્ષા લે છે. તેંતાલીસ વર્ષની ઉંમર લખી છે ઓલામાં. તેંતાલીસ છે ? એમ ! ઓલામાં ૪૩ લખ્યું છે હું ૪૧ સમજતો, ૪૩ વર્ષ છે. ક્ષયોપશમ બહુ ઘણો. ( શ્રોતાઃ- બધાય એમ કહે છે આપનો પ્રભાવ અને પ્રતાપ છે ) એ તો ઠીક છે. ( શ્રોતાઃ- એ તો નિમિત્તનું કથન છે, ઉપાદાન એનું )

શું કીધું આ ? કે પરમાર્થથી, નિશ્ચયથી તો જીવને ભાવબંધ ને ભાવમોક્ષ છે નહિ. ભાવમોક્ષ પણ પર્યાય છે, ભાવબંધ પણ વિકારી પર્યાય છે. તો વસ્તુની દૃષ્ટિએ જોતાં વસ્તુમાં તો એ ભાવબંધ અને ભાવમોક્ષ બેય નથી. એ કહ્યું.

પરમાર્થથી જુઓ તો, સંસાર-મોક્ષ બંનેનો અભાવ કહ્યો છે, તે જ એકાંતે ઠરશે રાગનો બંધ છે અને તેને છૂટવાનો ( ઉપાય ) મોક્ષનો માર્ગ પર્યાય છે એ સિદ્ધ નહિ ઠરે, પરંતુ આવું એકાંત વસ્તુનું સ્વરૂપ નથી. વ્યવહારનયનો વિષય છે, પણ એથી વ્યવહારનય સાધન છે અને નિશ્ચય સાધ્ય છે એમ નથી. ઈ શું કહ્યું વળી ? વ્યવહારનયનો વિષય છે. ભાવબંધ અને મોક્ષની પર્યાય ભાવ બેય પર્યાયો છે ને ? વિષય વ્યવહારનો છે, પણ વ્યવહાર સાધન છે ને નિશ્ચય સાધ્ય છે એમ નથી, આમાં તો નથી ને પુસ્તક ? એમાં તો એવું લખ્યું છે માળે આ નવું આવ્યું છે ને સમયસાર સાધકને તો વ્યવહાર જ હોય સિદ્ધને નિશ્ચય હોય એમ ( એની ) ખોટી વાત છે તદ્દન.

( શ્રોતાઃ- સિદ્ધને કાંઈ વ્યવહાર હોય ? ) અરે એ તો સિદ્ધ પર્યાય છે, એ સમ્યગ્જ્ઞાન શ્રુતજ્ઞાનની અપેક્ષાએ તો સિદ્ધ ને સંસાર બેય વ્યવહારનયનો વિષય છે એને ( સિદ્ધને ) નથી, પણ જે સાધક જીવ છે જેને શ્રુતજ્ઞાન પ્રગટયું છે, દ્રવ્ય ત્રિકાળી જ્ઞાયકને આશ્રયે, જ્ઞાયક સ્વભાવ ભગવાન જે પૂર્ણાનંદનો નાથ એને આશ્રયે જે સમ્યગ્દર્શન થયું છે. એની હારે જે ભાવશ્રુતજ્ઞાન થયું છે, એ ભાવશ્રુતજ્ઞાનના બે ભેદ છે અવયવ, ભાવશ્રુતજ્ઞાન છે એ પ્રમાણ છે. હવે નય છે તે પ્રમાણનો અંશ અવયવ છે. હવે એ પ્રમાણના અંશ બે, નિશ્ચય અને વ્યવહાર તો એ શ્રુતજ્ઞાનમાં નિશ્ચય જે છે એ તો ત્રિકાળને સ્વીકારે છે. પણ શ્રુતજ્ઞાનમાં વ્યવહારનય જે છે એ બંધને મોક્ષ બેયને સ્વીકારે છે. એથી એમ નથી કે વ્યવહાર સાધન છે ને નિશ્ચય સાધ્ય છે એમ નથી. અહીં વ્યવહાર જાણવા લાયક છે એવી બે પર્યાયો છે. આવું છે જરીક ફરે તો બધુંય ફરી જાય એવું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

હવે વાણીયાને નવરાશ ન મળે. ઓલા બિચારાએ લખ્યું છે ને ? ઐતિહાસિક જાપાનનો મોટો છે, મોટો ઐતિહાસિક મોટી ઉંમરનો છે અને એક છોકરો નાનો છે. એ છોકરાને એ બેયને ઈતિહાસનો રસ, ખૂબ જોયા પુસ્તકો હજારો લાખો, પછી એણે લખ્યું છે કે જૈન ધર્મ "અનુભૂતિ" છે. જૈન ધર્મ તે અનુભૂતિ, આત્માના આનંદનો અનુભવ થવો તે જૈન ધર્મ છે. પર્યાય છે ને

જૈનધર્મ, કોને આશ્રયે થાય એ વળી જુદી વસ્તુ. જૈન ધર્મ એ અનુભૂતિ એટલે ત્રિકાળી આનંદનો નાથ ભગવાન એનો પર્યાયમાં અનુભવ થવો એ જૈનધર્મ પણ એણે લખ્યું છે. દાકતર ! ઉદાણી ! મોટા દાકતર છે રાજકોટના, મુંબઈમાં મોટા પહેલા નંબરના દાકતર આ દાંતના છે. એણે એમ કહ્યું કે પણ આ ધર્મ આવો ધર્મ વાણીયાને મળ્યો. એમ લખ્યું છે એણે, અને વાણીયા વેપાર આડેથી નવરા થાતા નથી માળા. એય ચીમનભાઈ ! એણે લખ્યું છે છાપામાં, આવો અનુભૂતિ માર્ગ જે જૈનદર્શન પણ વાણીઆને મળ્યો ને વાણીયા વેપારમાં રોકાઈ ગયા આનો નિર્ણય કરવાની ફુરસદ ન મળે. થોડું ઘણું વાંચીને કરે તો ય એ કાંઈ વસ્તુ નથી. આહાહાહા !

શાસ્ત્રનું જ્ઞાન થયું શાસ્ત્રથી કે આ આવું છે ને તેવું છે એ શાસ્ત્રજ્ઞાન એ કાંઈ જ્ઞાન નથી એ તો અજ્ઞાન છે. ( શ્રોતાઃ– આપની હાજરીમાં તો વેપાર થાય નહીં અને આપ અમારી દુકાને કાંઈ આવો નહીં હવે અમારે કરવું શું ? ) વકીલાત કરીને સ્પષ્ટીકરણ કરાવે છે. પ્રભુનો માર્ગ છે શૂરાનો એ કાયરના કામ નહીં ત્યાં, અન્યમતિમાં પણ કહે છે ને “હરિનો રે મારગ છે શૂરાનો એ કાયરના નહીં કામ જો ને” હરિ એટલે આત્મા. રાગ, દ્વેષ ને અજ્ઞાનને હરે એવો પ્રભુ હરિ એનો મારગ છે શૂરાનો એ કાયરના નપુંસકના કામ નથી ત્યાં. જે કાંઈ પુણ્ય પાપને રચે છે, એ નપુંસક, પાવૈયા, હીજડા છે. પરને તો કરી શકતો નથી, અરે પ્રભુ સાંભળ તો ખરો એક વાર ( શ્રોતાઃ– પાડોશીનો મઠ યાદ આવે છે. ) ભાઈને ત્યાં પાવૈયાનું હતું ને ? ગોંડલમાં પાવૈયાની શેરી હતી, ત્યાં રહેતા’તા, હીજડાની શેરી હતી. અમારે એ વખતે અમારે ત્યાં પાલેજમાં હતું પાલેજમાં પાવૈયાનો મઠ હતો ને પહેલાં પાવૈયા બહુ હતા. અમારે દુકાન હતી ત્યાં પાવૈયા આવતા ઓલું લેવા, ભિક્ષા લેવા. બધું જોયેલું પાંચ વર્ષ દુકાન ચલાવી હતી ને સત્તર વર્ષથી બાવીશ, બધુંય જોયું એકે એક વાત. હીજડા માળા આવે, જો વાર લગાડે તો માળા લૂગડું ઊંચું કરે. અરરર ! આપી દો આપી દો, પાવૈયા માગવા શું કહેવાય આ દરરોજ આવે ને ભિક્ષા માગવા. આહાહાહા !

આંહી તો પ્રભુ એમ કહે છે કે આત્માનું વીર્ય એને કહીએ, કે જે અંદર શાંતિ ને આનંદની રચના કરે તેને વીર્ય કહીએ, પરની રચના કરી શકું છું એમ માને એ તો નપુંશક પાવૈયો હીજડો છે, અમે આ કરીએ છીએ વ્યવસ્થા–વેપારની ને ધંધાની પણ અંદરમાં થતા પુણ્ય–પાપના ભાવને રચે એને ભગવાન કહે છે કે એ નપુંસક છે. કેમકે નપુંસકને જેમ પ્રજા ન હોય, એમ શુભઅશુભ ભાવની રચના કરનારને ધર્મની પ્રજા ન હોય, આવી વાતું છે આ વીતરાગ માર્ગમાં. બાપુ ! વીતરાગ માર્ગ કોઈ જુદી ચીજ છે. આહાહાહા !

આહીં એ કહે છે કે વસ્તુ સ્થિતિએ તો સ્વરૂપની રચના કરે તે વીર્ય, પણ તેની પર્યાયમાં રાગની રચના હીણી દશાથી થાય એ ન માને તો એને એકાંત કહેવામાં આવે છે. જાણવા માટે હોં, આદરવાનો અહીં પ્રશ્ન નથી. આહાહાહા !

આ વાંધા છે ને ? બારમી ગાથામાં એમ કહ્યું ને કે વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. સંસ્કૃત ટીકામાં તદાત્વે છે ‘તદાત્વે’ સંસ્કૃત શબ્દ પડયો છે. ‘તદાત્વે’ એટલે તે તે કાળે ભગવાન આનંદનો નાથ પ્રભુ પૂર્ણાનંદનો જેને અંતર સ્વીકાર દૃષ્ટિની થઈ છે અને સમ્યગ્દર્શન

થયું છે, એવા જીવને નિશ્ચયનો વિષય તો તેનો અખંડ અભેદ આત્મા છે, પણ પર્યાયમાં હજી શુદ્ધતા થોડી છે અશુદ્ધતા છે, સમકિતીને, જ્ઞાનીને તેને તે જાણવું એ પ્રયોજનવાન છે, છે એમ જાણવું. તદાત્વે એટલે તે તે સમયે તે-તે પ્રકારની શુદ્ધતાનો અંશ અને અશુદ્ધતાનો અંશ સમયે સમયે ભિન્ન ભિન્ન છે તેથી તે તે કાળે તે જાણવું પ્રયોજનવાન છે. 'તદાત્વે' શબ્દ છે ને સંસ્કૃત્તમાં આ તો એકેક અક્ષરની વાતું છે આ તો બધી. આહાહાહા !

એ જાણેલો પ્રયોજનવાન છે પણ આદરેલો પ્રયોજનવાન છે એમ નહીં.એમ અહીંયા પર્યાયમાં રાગ છે તેમ જાણવું જોઈએ અને તે એમને છેદવાનો ઉપાય મોક્ષની પર્યાય છે. મોક્ષનો માર્ગ એમ જાણવું જોઈએ, જાણવું જોઈએ. એ જાણવાનો નિષેધ કરે અને એકાંત કરે કે મારે ભાવબંધેય નથી અને મોક્ષનો ઉપાય નથી, કારણ ભાવબંધ નથી એટલે મોક્ષનો ઉપાય નથી. મિથ્યાત્વ છે એકાંતે મિથ્યાત્વ છે. ( શ્રોતા:- વ્યવહારને ન માને એય મિથ્યાત્વ ) વ્યવહારને પર્યાયને ન માને તો એકાંત થઈ ગયો ને ? તો અજ્ઞાની છે અને વ્યવહારને આદરણીય માને તોય મિથ્યાત્વી છે. વ્યવહારનયનો વિષય છે અને તે જાણવા લાયક છે એમ ન માને તોય મિથ્યાત્વ છે. મારગ બાપા બહુ પરિચય કરે તો સમજાય એવું છે. આ એવી ચીજ છે.

એ અહીં કહ્યું કે પરમાર્થે જે સંસાર મોક્ષનો અભાવ કહ્યો છે અને એમ છે પરમાર્થે, તે જ એકાંતે ઠરશે. ભાવબંધ અને ભાવમોક્ષની પર્યાય છે એ વાત સિદ્ધ નહિ થાય. પર્યાયનયમાં ભાવબંધ ને ભાવમોક્ષ એ વ્યવહારનયનો વિષય છે, એ જાણવું નહિ સિદ્ધ થાય. હવે આમાં બાઈયુ-બાઈયુ બિચારી ક્યાં નવરાશ આખો દિ' રોટલા કરવા રોટલીયું કરવીને છોકરાને સાચવવા. એવી વાતું એમ કે બહેનોને રોટલી સિવાય વખત મળે અને આ ધંધાવાળાને વખત નથી મળતો. અરે બહેનુંને તો ભાગ્યવાન મળ્યા છે ને બહેન ભગવતીસ્વરૂપ, ધર્મરત્ન જગતમાં સ્ત્રીઓમાં પાક્યું છે. એ સ્ત્રીઓનાં ભાગ્ય છે. આહાહાહા !

અહીં કહે છે પરંતુ આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી. એટલે શું કહ્યું ? કે પરમાર્થે રાગ અને શરીરથી ભગવાનને ભિન્ન જણાવ્યો એવું એક જ માને અને પર્યાયમાં રાગ અને શરીરનો સંબંધ છે. એવું ન માને તો તો એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી, એ વસ્તુનું સ્વરૂપ એકાંત એવું નથી.

અવસ્તુનું શ્રદ્ધાન ! ત્રિકાળી પરમાર્થને માને અને વ્યવહારનો વિષય વર્તમાન પર્યાયમાં રાગ એને છૂટવું છે એ ન માને, તો અવસ્તુનું શ્રદ્ધાન એ તો અવસ્તુ થઈ. વસ્તુ તો ત્રિકાળી જ્ઞાયકને જાણે સમ્યક્ અને વર્તમાન ભાવબંધ અને ભાવમોક્ષને જાણે, એ વસ્તુનું સ્વરૂપ. એકાંત એ વસ્તુનું સ્વરૂપ નથી. અવસ્તુનું શ્રદ્ધાન, પર્યાયમાં રાગનો સંબંધ છે અને અભાવ થાય છે, એવી પર્યાયોને ન માને તો તે અવસ્તુ થઈ. આહાહાહા !

અવસ્તુનું શ્રદ્ધાન ! બાબુભાઈ ! બહુ સરસ ગાથા છે. નવરંગભાઈ ! આવું છે. અવસ્તુ એટલે ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપમાં રાગદ્વેષ નથી, શરીર નથી એ એક પડખું અને પર્યાયમાં રાગાદિ ને શરીર છે એ બીજું પડખું એમ થઈને વસ્તુ છે આખી પ્રમાણનો વિષય, નિશ્ચયનયનો વિષય તો ત્રિકાળી જ્ઞાયકભાવ રાગ ને શરીર રહિતનો એ વસ્તુ, પણ એ નિશ્ચયનયનો વિષય થયો, હવે વ્યવહારનયનો વિષય રાગ છે. શરીરનો સંબંધ નિમિત્ત-નિમિત્ત સંબંધ છે, એ વ્યવહારનો વિષય બેનો વિષય થઈને પ્રમાણજ્ઞાન થયું, ઓલો નિશ્ચય ને આ વ્યવહાર.

તો પ્રમાણજ્ઞાનની વસ્તુ છે દ્રવ્ય ને પર્યાય, એ રીતે જો ન માને તો એ અવસ્તુને માને છે, હવે આમાં નવરાશ ક્યાં વેપારીને બિચારાને, કલાક બે કલાક મળે બાકી તો બાયડી છોકરા સાચવવા ને ધંધો એકલો પાપ, ધર્મ તો નથી પણ પુણ્યેય ત્યાં તો નથી. ( શ્રોતાઃ– પાપ કરીને પૈસો મળે એવું હોય ) પૈસો ધૂળ મળે. પૈસો તો પુણ્ય હોય તો મળે પાપ તો લાખ કરેને ? એ તો પૂર્વના પુણ્ય હોય તો પૈસો મળે, મળે એટલે શું ? એને મળે છે ? એને દેખાય એટલે મને મળ્યા એવી મમતા એને મળે છે. આકરી વાતું છે પ્રભુ. મારગડા જુદા બાપા.

એ જૈન દર્શન અલૌકિક કોઈ વસ્તુ છે. અહીં કહ્યું કે અવસ્તુનું શ્રદ્ધાન એટલે કે વસ્તુ ત્રિકાળી શુદ્ધ છે અને પર્યાયમાં અશુદ્ધતા અને મોક્ષનો માર્ગ છે, એ રીતે વસ્તુ છે. હવે એ રીતે વસ્તુને ન માનતા, અવસ્તુનું શ્રદ્ધાન, અવસ્તુનું જ્ઞાન, અવસ્તુનું આચરણ અવસ્તુરૂપ જ છે. મિથ્યાત્વરૂપ અજ્ઞાનરૂપ છે, આવું ઝીણું છે. એની એકેક ગાથા ગજબ છે. કેવળજ્ઞાનીના કેડાયતો સંતોએ જગતને જાહેર કર્યું છે. દિગંબર સંત, એ વિના બીજે ક્યાંય આ વાત નથી. અન્યમતમાં તો નથી પણ શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં આ વાત નથી. એય, હવે તો ૪૪ વર્ષ થયા હવે એનું બાહ્ય, હેં ? અહીં ૪૪ થયા ૪૫ વર્ષે આવ્યા ’તા. શરીરને હોં ! ને ૪૪ વર્ષ થયા. ૮૯ વર્ષ થયા એકકોર ૪૫ ને એકકોર ૪૪ હવે બહાર તો પાડવું જોઈએ ને કે ભાઈ આ છે. સ્થાનકવાસી અને શ્વેતાંબરને, તો મોક્ષમાર્ગ પ્રકાશકમાં જૈન જ નથી એમ કહ્યું છે. અજૈન છે, અન્યમતિઓ છે. કેમકે જૈનની પદ્ધતિની રીત જ એનામાં નથી, એય વિમલચંદજી ! નિશ્ચય વ્યવહારની વાત જ ક્યાં છે ન્યાં, આ તો દયા પાળો ને વ્રત કરો, ભક્તિ કરો ને પૂજા કરો, સામાયિક કરો, પોષા કરો ને પડિકમણાં કરો, શેના સામાયિક તારે ? મિથ્યાદૃષ્ટિને સામાયિક કેવી ને પોષા કેવા ? એય ! ઘણાં તો સ્થાનકવાસી આવ્યા છે ને ઓલું સ્થાનકવાસીમાં હતું ને એટલે સ્થાનકવાસી આવ્યા છે. ( શ્રોતાઃ– સ્થાનકવાસીમાં લાયક વધારે જીવો હતા ) વાત તો સાચી છે, વાત તો સાચી છે ભાઈની. આવો માર્ગ બાપા ! જયચંદ પંડિત પોતે આવો ખુલાસો કરે છે ટીકાનો– હેં !

કે અવસ્તુ એટલે શું ? કે ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ જે છે તેમાં રાગદ્વેષ નથી તેમાં બંધ, ભાવબંધ આદિ નથી. મોક્ષેય નથી એ વસ્તુ છે, નયનો એક વિષય. બીજી નયનો વિષય પર્યાયમાં રાગ છે, બંધ છે, શરીરને ને જીવને નિમિત્ત–નિમિત્ત સંબંધ છે એ વ્યવહારનયનો વિષય, બે થઈને આખી વસ્તુનો વિષય થયો. આ રીતે જે વસ્તુને ન માને તે અવસ્તુને માને છે. હેં ? વસ્તુ નથી એવી રીતે એણે માની છે. આહાહાહા !

શાંતિભાઈ ! આવી વાત છે. આ દૂધ, દહીંમાં રખાય એવું નથી આમાં. આમાંય થોડો ભાગ લ્યો અને આમાંય થોડો ભાગ લ્યો. માળે ખુલાસો કેવો કર્યો છે. જુઓને, જયચંદ પંડિત છે ગૃહસ્થ, સાદી ભાષામાં ચાલતી ભાષામાં એ વિના સમજાય નહિ એવું છે. વાત તો સાચી છે. આહાહાહા !

દ્રવ્ય તરીકે ત્રિકાળી એકરૂપ શુદ્ધ છે અને પર્યાય તરીકે પર્યાય છે, રાગ અને રાગના અભાવરૂપ પર્યાય છે. બે થઈને પ્રમાણનો વિષય આખી ચીજ છે. નિશ્ચયનયનું દ્રવ્ય એ ધ્રુવ છે, નિશ્ચયનયનું દ્રવ્ય એ ધ્રુવ છે, અને પ્રમાણનું દ્રવ્ય ધ્રુવ અને પર્યાય બે થઈને દ્રવ્ય કહેવાય એ પ્રમાણનું દ્રવ્ય છે. માળે પંડિતજી ! ( શ્રોતાઃ– દ્રવ્યય બે પ્રકારના ) ધ્રુવ જે છે ભગવાન નિત્યાનંદ

પ્રભુ એ નિશ્ચયનયનું દ્રવ્ય કહેવાય છે, છે તો એક અંશ, પણ નય છે તે અંશને જ બતાવે છે. નય પ્રમાણની આખી ચીજને બતાવતી નથી. અરે આ એ શું હશે ? નિશ્ચયનય છે, નય છે તે અંશને બતાવે છે તો જે ત્રિકાળી દ્રવ્ય છે જ્ઞાયક ધ્રુવ છે તો એક અંશ પ્રમાણ માંયલો એક અંશ છે. પર્યાય સિવાયનો એક અંશ છે, પણ તેને નિશ્ચયનયનું દ્રવ્ય કીધું છે. અને પ્રમાણનયનો વિષય પર્યાય છે, બંધ આદિ છે એ એનો વિષય છે. બેનો વિષય થઈને પ્રમાણનો વિષય છે. પણ પ્રમાણ ઓલું નિશ્ચય રાખીને આ રાખ્યું છે મગજમાં. નહીંતર પ્રમાણ નહિ થાય, શું કીધું ઈ ? પ્રમાણ, પ્રમાણજ્ઞાને બેને લક્ષમાં લીધા, પણ પ્રમાણે ઓલું નિશ્ચય છે, અભેદ છે તેને તો રાખ્યું છે લક્ષમાં, અને એ ઉપરાંત પર્યાયને ભેળવી છે માટે તેને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. પ્રમાણજ્ઞાન કરતાં જે અભેદ છે તેનો નિષેધ થઈ ગયો એમાં, એમ નથી. આરે અરે આવી વાતું હવે, હેં ? ( શ્રોતાઃ- બહુ સરસ ) આ નય ને આ પ્રમાણ ને શું છે આ તે કાંઈ ? આહાહાહા !

અહીં એ કહે છે. વસ્તુ જે છે આત્મા એ દ્રવ્ય સ્વરૂપ ધ્રુવ પણ છે અને પર્યાયસ્વરૂપ અધ્રુવ પણ છે, હવે જે ત્રિકાળી ધ્રુવ છે એનો નિર્ણય અધ્રુવ કરે છે. સમ્યગ્દર્શન આદિ અનિત્ય છે એ નિત્યનો નિર્ણય કરે છે. પણ નિત્યનો નિર્ણય કરવા છતાં એ પર્યાય પર્યાયરૂપે છે એમ જે ન જાણે તો વસ્તુનું સ્વરૂપ ત્રિકાળી અને વર્તમાન બેને એણે જાણ્યું નહિ. આ તો ઝીણો અભ્યાસ કરે તો સમજાય એવું છે. ઉપર ટપકે નથી કે બે ચાર દિ' આવે ને. જાવ હાલો, ભાગો.

( શ્રોતાઃ- ઘડીકમાં કહો કે અંતર્મુહૂર્તમાં થાય ઘડીકમાં કહો કે પુરૂષાર્થ એક સમયમાં થાય ) ઉગ્ર પુરૂષાર્થ એક સમયમાં જ થાય છે. પણ અહીં તો અત્યારે તો શિથિલતા અને વિપરીતતાના શલ્યો ઘણાં ગરી ગયા છે ને ? એ ઘણાં કાઢવા માટે એને ઘણો અભ્યાસ જોઈએ. એમ થોડું ઘણું સમજી લીધુંને જાણે આવડી જાય એમ નથી. વેદાંત છે તે એકલા નિશ્ચયને માને છે. બૌદ્ધ છે તે એકલી પર્યાયને માને છે. જૈનદર્શન છે તે બેયને માને છે, દ્રવ્ય ને પર્યાય બેય થઈને વસ્તુ છે. એમાં જૈનદર્શનમાં પણ નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય તો ધ્રુવ ને અભેદ અખંડાનંદ પ્રભુ છે. એના અવલંબે સમ્યગ્દર્શન થાય, બાકી પર્યાયને લક્ષે ન થાય, નિમિત્તને લક્ષે ન થાય, રાગને લક્ષે ન થાય. પર્યાયને લક્ષે સમ્યગ્દર્શન ન થાય. આ તો હજી ધર્મની પહેલી સીઢી. એથી તે નિશ્ચયનયનો વિષય ધ્રુવ તેને દ્રવ્ય એટલે કે નયનું દ્રવ્ય, હવે જો આખી ચીજ લઈએ દ્રવ્ય પ્રમાણનો વિષય તો પર્યાય ભેગી ભળે ત્યારે તે પ્રમાણનું દ્રવ્ય થાય, એવી જે વસ્તુ એ રીતે જે વસ્તુ છે, એ રીતે ન માને એ અવસ્તુને માને છે. કીધું ને ? અવસ્તુનું શ્રદ્ધાન, અવસ્તુનું એટલે આ દ્રવ્ય અને પર્યાય બે રૂપે વસ્તુ છે, એ રીતે ન માને તો અવસ્તુ થઈ. આહાહાહા ! કહો સમજાય છે કાંઈ ?

અવસ્તુનું શ્રદ્ધાન ને આચરણ અવસ્તુરૂપ જ છે, એ તો મિથ્યાત્વરૂપ જ છે. ભાવાર્થ પણ કેટલો સરસ ભર્યો છે. પંડિતેય પણ પહેલાંના પંડિત ! માટે વ્યવહારનો ઉપદેશ-વ્યવહારનો ઉપદેશ ન્યાયપ્રાપ્ત છે. ઉપદેશ ન્યાયપ્રાપ્ત છે. પર્યાય છે, બંધ છે, મોક્ષનો માર્ગ છે, એવો વ્યવહારનો ઉપદેશ ન્યાયપ્રાપ્ત છે. આદરણીય છે એ અહીં પ્રશ્ન નથી. વ્યવહારનયનો જે વિષય છે, ભેદ ને પર્યાય તેને જણાવવી તે ન્યાયપ્રાપ્ત છે એમ કહે છે. સમજાણું કાંઈ ? સોગાની તો એવું કહે છે એના "દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ" માં અમે તો દ્રવ્ય છીએ ધ્રુવ, પર્યાય અમારું ધ્યાન કરે તો કરે

અમારે કયા. હૈ ? છે ? "દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ" સોગાની ! પર્યાય અમારા ધ્યાન કરે તો કરે એમ કરીને પર્યાયની અસ્તિ તો રાખી, હમ કિસકા ધ્યાન કરે, હમ તો ધ્રુવ હૈ ને ? હમારા ધ્યાન પર્યાય કરે તો કરો એથી ધ્યાન પર્યાય કરે તો પર્યાયમાં હમ આ જાતા હૈ, ઐસા નહિ. છે ને ભાઈ "દ્રવ્ય દૃષ્ટિ પ્રકાશ" નથી અહીંયા ? નથી, પુસ્તક હોત તો કાઢીને બતાવત. આહાહાહા !

માટે વ્યવહારનયનો ઉપદેશ ન્યાય પ્રાપ્ત છે, આ રીતે–આ રીતે એટલે જે રીત કીધી, તે આ રીતે, સ્યાદ્વાદથી પરમાર્થથી તે રાગદ્વેષ અને શરીર વિનાનો છે, પર્યાયનયથી વ્યવહારનયથી તે રાગદ્વેષ અને શરીર સહિત છે. એવો સ્યાદ્વાદ છે. અપેક્ષાથી તેનું કથન છે. એકાંત કથન ભગવાનનું નથી. સમજાણું કાંઈ ? સ્યાદ્વાદથી બંને નયોનો વિરોધ મટાડી શ્રદ્ધાન કરવું. બંને નયોનો વિરોધ મટાડી, નિશ્ચય કહે કે રાગદ્વેષ અને બંધ આદિ છે જ નહિ, પર્યાય કહે કે મારામાં રાગદ્વેષ અને મોક્ષનો ઉપાય છે, એવો બંનેનો વિરોધ છે, એને મટાડી દેવો છે. નિશ્ચયથી આ બરાબર છે, પર્યાયથી આ બરાબર છે, ઓલામાં આવ્યું છે ને કળશટીકામાં, નહીં ? "ઉભયનય વિરોધ ધ્વંસિની જિન વચંસી રમંતે" એ આવ્યું છે કળશમાં છે, ત્યાં એવો અર્થ કર્યો આ લોકોએ અત્યારના, જિન વચંસિ રમંતે એટલે ? જિન વચનમાં બે નય કીધાને ? માટે બે નયમાં રમવું, એવો અર્થ અત્યારે કરે છે ઈ. સમયસારનો ચોથો શ્લોક છે.

અહીંયા તો જિનવચનમાં રમંતેનો અર્થ એ કે જિનવચને એ કહ્યું છે કે ભગવાન પૂર્ણાનંદનો નાથ તે પૂજ્ય શુદ્ધ ચૈતન્યઘન છે, તે ઉપાદેય છે, તેમ જિનવચનમાં કહ્યું છે, તેમાં રમવું, રમવું એ પર્યાય થઈ પણ રમવું ત્રિકાળમાં એ દ્રવ્ય થયું. છે ને આવી ગયું છે ને ? કળશમાં છે આ કળશટીકા છે ને ? એની અંદર છે. જિન વચંસિ રમંતે એટલે કાંઈ વાણીમાં રમવું છે, પણ જિનવચને કહ્યું જે ઉપાદેય ત્રિકાળી આનંદનો નાથ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન, અભેદ, અખંડ, એને દૃષ્ટિમાં લઈને ત્યાં રમવું, એને ઉપાદેય જાણવો. જાણવો એ પર્યાય થઈ ગઈ, અને જણાણો એ દ્રવ્ય છે. આવી ગયું બેય. વ્યવહારમાં રમવું એમ ન આવે, ત્યાં પર્યાયમાં રમવું એ ન આવે, છતાં આમાં રમે ત્યાં પર્યાય આવી ગઈ, આવું છે. આવો માર્ગ સંપ્રદાયમાં તો ક્યાંય સાંભળવા મળે એવું નથી. તેથી સોનગઢનું એમ કહે છે ને ? સોનગઢનું એકાંત છે–એકાંત છે. વ્યવહારથી થાય એમ માનતા નથી, પણ વ્યવહાર છે, પણ વ્યવહારથી થાય એ વાત નથી. વ્યવહારનય છે, એનો વિષય છે. સમજાણું કાંઈ ?

એ કાલે કહ્યું'તું ને, નહોતું કહ્યું ? ૮૩ ની સાલ કેટલા વર્ષ થઈ ગયા, ઘણાં અમારે દામોદર શેઠ હતા ને હઠાગ્રહિ હતા બહુ. ૮૩ની વાત છે હોં, ૫૧ વર્ષ થયા. એ કહે કે મૂર્તિને માનવું ભગવાનની એ મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી માને, સમ્યગ્દૃષ્ટિ નહિ. એવું કહે બીજાને હોં મારી પાસે નહિ હોં, મારાથી ડરે. કારણકે હું કાંઈ કહેવા જઈશ તો છોડી દેશે હું કાંઈ વાડામાં આવી ગયો માટે તમારું માનું એમ નથી કીધું– અહીં તો સત્ય હોય ઈ માનીશ. ત્યારે એણે આમ કહેવા માંડયું વારંવાર, ત્યારે મેં એને નહિ પણ બીજાને કહ્યું, એણે પહોંચાડયુ હશે ત્યાં. સાંભળો કીધું– આત્માને સમ્યગ્દર્શન થાય છે શુદ્ધ ચૈતન્ય અખંડાનંદ પ્રભુનું, પ્રતીત અને અનુભવ થાય છે, ત્યારે તેને ભાવશ્રુતજ્ઞાન થાય છે. તે ૮૩ ની વાત છે, સમ્યગ્દર્શન થતાં ભાવશ્રુતજ્ઞાન થાય છે અને ભાવશ્રુતજ્ઞાન થતાં એ ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ છે અને નય છે તે પ્રમાણનો અંશ છે. એટલે

જેને ભાવશ્રુત થયું એને નિશ્ચય અને વ્યવહાર બે નય હોય છે. એ વ્યવહારનયનો વિષય ભગવાનની મૂર્તિ છે ત્યાં, એટલે ખરેખર તો શ્રુતજ્ઞાનીને જ આવો વ્યવહાર હોય સમકિતીને જ પૂજા ભગવાનની હોય અને વ્યવહાર એવો હોય. મિથ્યાદૃષ્ટિને હોય નહીં.

અહીં તો ભાઈ વસ્તુ સત્ય હોય એ માનીએ અમે વાડામાં આવી ગયા માટે તમારું માનીએ એમ આંહી નથી. શ્રુતજ્ઞાન થતાં સમ્યગ્દર્શન થતાં તેના ભેદ શ્રુતનો વ્યવહાર અને નિશ્ચય એને વ્યવહારનય હોય અને સામે જ્ઞેયનો ભેદ-નામ, સ્થાપના, દ્રવ્ય, એ જ્ઞેયનો ભેદ છે. નય છે એ જ્ઞાનનો ભેદ છે, એને હોય છે. છે વ્યવહાર, છે શુભભાવ પણ સમ્યગ્દૃષ્ટિને જ એવી પૂજાનો ભાવ શુભ હોય છે. એ જ વાસ્તવિક મૂર્તિને માને છે. શુભભાવને માને છે, વ્યવહારને માને છે. આહાહાહા !

એ અહીંયા કહે છે, સ્યાદ્વાદથી બંને નયોનો વિરોધ મટાડી, નિશ્ચયથી તો છે તેમ છે અને પર્યાયથી જેમ છે તેમ છે, એમ જાણવું જોઈએ. શ્રદ્ધાન કરવું એનું નામ અહીં સમકિત કહેવામાં આવે છે. વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

મુમુક્ષુ :- અનુભવ કો હી આત્મા કહા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ આત્મા છે ! પર્યાય( માં ) વેદન થાય, અતીન્દ્રિય આનંદનું વેદન આવે તે આત્મા ! જોકે તેનો વિષય ભલે ધ્રુવ દ્રવ્ય છે— ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. ઝીણી વાત છે, ભગવાન ! પણ એ દ્રવ્યનો અનુભવ હોઈ શકે નહિ, કેમકે દ્રવ્ય છે એ ધ્રુવ છે. ધ્રુવ છે એનો અનુભવ ન હોઈ શકે. ધ્રુવના લક્ષે વર્તમાન પર્યાયમાં, અતીન્દ્રિય આનંદનું વેદન આવે, અને તેથી આનંદની વેદનદશા, તે દ્રવ્યને અડતી નથી. આહા...હા... ! 'છૂતી નહિ હૈ !' 'છૂતી નહિ હૈ' એમ કહેને તમારે હિન્દીમાં ? એ આનંદની વેદનદશા... આ..હા..હા... ! ત્રિકાળી દ્રવ્યને સ્પર્શતી નથી, એને અહીંયા 'આત્મા' કહેવામાં આવે છે. દ્રવ્ય ( ઉપર દૃષ્ટિ ) મૂકીને જે અનુભવ થયો... આહા...હા... ! ઝીણી વાત, પ્રભુ ! ત્રિકાળી દ્રવ્ય જ્ઞાયકસ્વરૂપને ધ્યેય બનાવી અને જે અનુભવ થયો, એ અનુભવ છે એ દ્રવ્યને અડતો નથી. કારણ કે દ્રવ્ય એ ધ્રુવ છે. ધ્રુવનું વેદન હોઈ શકે નહિ, આહા..હા... ! આ અનુભવે છે એ પર્યાયની વાત છે. ઝીણી વાત છે, ભાઈ ! ભાષા ટૂંકી છે પણ ભાવ અંદર ઘણાં ગંભીર છે ! આહા... !

આત્મા ! અંદર આત્મદ્રવ્ય અને પર્યાય બે થઈને આત્મા છે—પ્રમાણનો વિષય ! ત્રિકાળી દ્રવ્ય-ધ્રુવ ( અને ) વર્તમાન દશા-બે પ્રમાણનો વિષય છે. પણ એમાંથી નિશ્ચયનયનો વિષય ધ્રુવ છે—ત્રિકાળી ધ્રુવ ! નિત્યાનંદ પ્રભુ ! તેને ધ્યેય બનાવીને જે પર્યાયમાં રાગનું વેદન અનાદિથી હતું. વિકારના દુઃખનું વેદન હતું, એના સ્થાનમાં, દ્રવ્યને ધ્યેય બનાવીને, આનંદનું વેદન પર્યાયમાં આવ્યું, એ આનંદનું વેદન તે આત્મા છે, એમ કહ્યું. ધ્રુવ આત્મા છે એને એકકોર રાખી દીધું. આહા..હા... ! સમજાય છે કાંઈ ? વાત ઝીણી બાપુ ! અગિયારમી ગાથા જૈનદર્શનનો પ્રાણ છે.

( સમયસાર દોહન - પૂ. ગુરુદેવશ્રીના નાઈરોબીના પ્રવચન પાના નં. ૬૧ )

## ગાથા - ૪૭-૪૮

अथ केन दृष्टान्तेन प्रवृत्तो व्यवहार इति चेत्-

राया हु णिग्गदो त्ति य एसो बलसमुदयस्स आदेसो।
ववहारेण दु वुच्चदि तत्थेक्को णिग्गदो राया।।४७।।
एमेव य ववहारो अज्झवसाणादिअण्णभावाणं।
जीवो त्ति कदो सुत्ते तत्थेक्को णिच्छिदो जीवो।।४८।।

राजा खलु निर्गत इत्येष बलसमुदयस्यादेशः।
व्यवहारेण तूच्यते तत्रैको निर्गतो राजा।।४७।।
एवमेव च व्यवहारोऽध्यवसानाद्यन्यभावानाम्।
जीव इति कृतः सूत्रे तत्रैको निश्चितो जीवः।।४८।।

यथैष राजा पंच योजनान्यभिव्याप्य निष्क्रामतीत्येकस्य पंच योजनान्यभिव्याप्तुमशक्यत्वाद्व्यवहारिणां बलसमुदाये राजेति व्यवहारः, परमार्थतस्त्वेक एव राजा; तथैष जीवः समग्रं रागग्राममभिव्याप्य प्रवर्तत इत्येकस्य समग्रं रागग्राममभिव्याप्तुमशक्यत्वाद्व्यवहारिणामध्यवसानादिष्वन्यभावेषु जीव इति व्यवहारः, परमार्थतस्त्वेक एव जीवः।

હવે શિષ્ય પૂછે છે કે આ વ્યવહારનય કયા દૃષ્ટાંતથી પ્રવર્ત્યો છે ? તેનો ઉત્તર કહે છેઃ-

'નિર્ગમન આ નૃપનું થયું'-નિર્દેશ સૈન્યસમૂહને,
વ્યવહારથી કહેવાય એ, પણ ભૂપ એમાં એક છે; ૪૭.
ત્યમ સર્વ અધ્યવસાન આદિ અન્યભાવો જીવ છે,
-સૂત્રે કર્યો વ્યવહાર, પણ ત્યાં જીવ નિશ્ચય એક છે. ૪૮.

ગાથાર્થઃ- જેમ કોઈ રાજા સેના સહિત નીકળ્યો ત્યાં [ राजा खलु निर्गतः ] 'આ રાજા નીકળ્યો' [ इति एषः ] એમ આ જે [ बलसमुदयस्य ] સેનાના સમુદાયને [ आदेशः ] કહેવામાં આવે છે તે [ व्यवहारेण तु उच्यते ] વ્યવહારથી કહેવામાં આવે છે, [ तत्र ] તે સેનામાં ( વાસ્તવિકપણે ) [ एकः निर्गतः राजा ] રાજા તો એક જ નીકળ્યો છે; [ एवम् एव च ] તેવી જ રીતે [ अध्यवसानाद्यन्यभावानाम् ] અધ્યવસાન આદિ અન્યભાવોને [ जीवः इति ] '( આ ) જીવ છે' એમ [ सूत्रे ] પરમાગમમાં કહ્યું છે તે [ व्यवहारः कृतः ] વ્યવહાર કર્યો છે, [ तत्र निश्चितः ] નિશ્ચયથી વિચારવામાં આવે તો

**તેમનામાં [ जीवः एकः ] જીવ તો એક જ છે.**

**ટીકાઃ- જેમ આ રાજા પાંચ યોજનના ફેલાવથી નીકળી રહ્યો છે એમ કહેવું તે, એક રાજાનું પાંચ યોજનમાં ફેલાવું અશક્ય હોવાથી, વ્યવહારી લોકોનો સેનાસમુદાયમાં રાજા કહેવારૂપ વ્યવહાર છે; પરમાર્થથી તો રાજા એક જ છે, ( સેના રાજા નથી ); તેવી રીતે આ જીવ સમગ્ર રાગગ્રામમાં ( -રાગનાં સ્થાનોમાં ) વ્યાપીને પ્રવર્તી રહ્યો છે એમ કહેવું તે, એક જીવનું સમગ્ર રાગગ્રામમાં વ્યાપવું અશક્ય હોવાથી, વ્યવહારી લોકોનો અધ્યવસાનાદિક અન્યભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે; પરમાર્થથી તો જીવ એક જ છે, ( અધ્યવસાનાદિક ભાવો જીવ નથી ).**

## પ્રવચન નં. ૧૨૧ ગાથા - ૪૭-૪૮ તા. ૨૯/૧૦/૭૮ રવિવાર આસો વદ-૧૪

૪૬ ગાથા થઈ ગઈ. ૪૭, ૪૮.

હવે શિષ્ય પૂછે છે, કે આ વ્યવહારનય કયા દૃષ્ટાંતથી પ્રવર્ત્યો છે ? તમે જ્યારે એમ કહ્યું કે નિશ્ચયથી તો દ્રવ્યનો આશ્રય તે વસ્તુ બરાબર છે. પણ પર્યાયમાં રાગદ્વેષ ને મોહ છે, એ નિશ્ચયથી નથી કહ્યાં. પણ પર્યાયમાં છે એવું એણે જાણવું જોઈએ, જો પર્યાયમાં રાગદ્વેષ ને મોહ ન હોય તો તેને છેદવાનો મોક્ષનો ઉપાય પણ ન હોય, નિશ્ચયમાં તો મોક્ષનો ઉપાય અને બંધ બેય નથી. અંતર વસ્તુ દૃષ્ટિ કરતાં વસ્તુમાં તો મોક્ષની પર્યાયેય નથી, મોક્ષનો માર્ગેય નથી. બંધેય નથી, બંધનો માર્ગેય નથી. જ્યારે એમ કહ્યું ત્યારે વળી તમે એમ કહી, બધું એકાંત માનશો, પર્યાયમાં રાગદ્વેષ છે અને શરીર અને જીવને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે, જો એટલું ન હોય તો ભસ્મને ચોળતા જેમ શરીરને ચોળતા જીવ મરે નહીં તો નિઃશંકપણે શરીરને ચોળી નાખવું તો એમાં પાપ નથી એમ સિદ્ધ થશે, અને પાપ નથી તો બંધ નથી એમ સિદ્ધ થશે, તો બંધ નથી તો એને બંધને છેદવો એવો એ મોક્ષનો ઉપાય એ પણ વ્યવહાર છે. પર્યાય છે ને ? એટલે વ્યવહારનયનો વિષય એણે જાણવો જોઈએ બરાબર, એકાંત કરે કે નથી જ એમાં, માટે પર્યાયમાં પણ નથી તો તે એકાંત મિથ્યાત્વ થાય છે. અવસ્તુ ઠરે છે. એ અવસ્તુ ઠરે છે, વસ્તુ નહીં, વસ્તુ તો ત્રિકાળી દ્રવ્યના સ્વભાવમાં એ નથી એક ( વાત ) અને પર્યાયમાં છે એ બીજી વાત, બે થઈને પ્રમાણ અને એનો વિષય સિદ્ધ થાય છે. આહાહાહા !

એટલે એકાંત એમ કહી દો કે આત્મામાં નથી એટલા માટે પર્યાયમાં પણ રાગદ્વેષ પુણ્યપાપ નથી, અને શરીરને અને જીવને નિમિત્ત નિમિત્ત સંબંધ પણ નથી, તો તો વ્યવહારનો નિષેધ થાય છે. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે ભાઈ. વસ્તુનો સ્વભાવ જે ચૈતન્ય જ્યોત એ દૃષ્ટિનો જે વિષય વસ્તુ છે, એમાં તો રાગેય નથી અને એમાં તો ક્ષયોપશમ અને ક્ષાયિકની પર્યાય પણ નથી. પણ એનો એકાંત તાણશો કે એમાં નથી માટે પર્યાયમાં પણ નથી, તો એકાંત થઈ જશે. ( શ્રોતાઃ- એકાંત થઈ જશે એટલે શું ? ) એટલે કહ્યુંને કે વસ્તુમાં નથી પણ પર્યાયમાં નથી, તો એકાંત થઈ જશે તો એકાંત ઠરશે, વસ્તુ એવી છે નહિં. વસ્તુ છે એ દ્રવ્ય અને પર્યાય એ બે તરીકે મળીને વસ્તુ છે, અને જો તમે દ્રવ્યને એમાં નથી એમ એકલો માનો, તો અવસ્તુ ઠરશે. ટીકામાં છે ને ભાવાર્થમાં છે. 'અવસ્તુ' એ તો જેમ અગિયારમીમાં એમ કહ્યું કે "ભૂયત્થં

અસ્સિદો ખલુ" ત્રિકાળી જ્ઞાયકભાવને આશ્રયે સમ્યગ્દર્શન થાય, આશ્રયનો અર્થ તેમાં અહંપણું "હું પણું," મારાપણું માને, તેને સમ્યગ્દર્શન થાય પણ પછી બારમી ગાથામાં કહ્યું પણ એ તો નિશ્ચયનો વિષય કહ્યો ( પણ ) હવે એની પર્યાયમાં કાંઈ અપૂર્ણતા અને શુદ્ધતાનો અંશ એ છે કે નહીં અને છે તો એ શું એ કંઈ નિશ્ચયનો વિષય નથી. નિશ્ચય તો પર્યાયને સ્વીકારતી ( નથી ) દૃષ્ટિ તો પર્યાયનેય સ્વીકારતી નથી, ગુણભેદને સ્વીકારતી નથી. આહાહાહા !

પર્યાયમાં છે કે નહિ ? પર્યાયમાં છે, રાગદ્વેષ છે અને બંધને છેદીને મોક્ષનો ઉપાય પણ છે. ઉપાય છે અને બંધ છે એ બેય વ્યવહારનયનો વિષય છે. આવી ઝીણી વાતુ છે. સમજાણું કાંઈ ? એથી તેને પર્યાયમાં રાગદ્વેષ છે એવું એણે જાણવું જોઈએ, આદરવાની અહીં વાત નથી. એ વ્યવહારનય આદરણીય છે એમ નથી, પણ વ્યવહારનયનો, નય છે તો એનો વિષય છે, નયનો વિષય, નય છે ને એનો વિષય ન હોય, તો એ નય જ ન કહેવાય. આહાહાહા ! સમજાણું કાંઈ ? તો તો વેદાંત થઈ જશે એકાંત, પર્યાય નથી, પર્યાયમાં પર્યાય નથી, પર્યાયમાં બંધ નથી, પર્યાયમાં મોક્ષનો ઉપાય જ નથી, તો પર્યાયને જે અભૂતાર્થ કીધી છે તો એ ગૌણ કરીને કહી 'તી એને ઠેકાણે તમે નથી જ એમ માની લ્યો, તો એકાંત મિથ્યાત્વ ઠરશે. ( શ્રોતાઃ– સમજવું ઘણું કઠણ છે ) કઠણ છે બાપા ! ભાઈ વસ્તુ એવી છે. વધારે સ્પષ્ટ કરાવે છે. આહાહાહા !

ભગવાન આત્મા ! દ્રવ્ય સ્વરૂપે દ્રવ્ય એટલે ? આ નિશ્ચયનયનું દ્રવ્ય, પ્રમાણનું દ્રવ્ય તો દ્રવ્ય અને પર્યાય બે ભેગું થઈને દ્રવ્ય થાય. પણ જે નિશ્ચયનયનો દ્રવ્ય તે અંશ છે તે ત્રિકાળ ધ્રુવ છે. આહાહાહા ! દ્રવ્યના બે પ્રકાર એક નિશ્ચયનું દ્રવ્ય એ ધ્રુવ અંશ છે, પર્યાય વિનાનું અને પ્રમાણનો વિષય છે એ ધ્રુવ અને પર્યાય, એ બે થઈને દ્રવ્ય એ પ્રમાણનો વિષય છે. આવુ બધું કયાં જાણવા નવરા બેઠા છીએ. ( શ્રોતાઃ– સહેલું કરી ઘો સહેલું ) તદ્દન ભાષા સાદી તો છે, ભાષા તો સાદી છે પણ ભાવ તો જે છે એ છે. આહાહા !

ત્યારે શિષ્યને પ્રશ્ન ઉઠયો કે તમે જ્યારે વ્યવહાર ને એનો વિષય છે એમ જે કહ્યું, તો એ વ્યવહારનયનું દૃષ્ટાંત શું છે ? જ્યારે તમે એમ કહ્યું કે નિશ્ચયનો વિષય તો ધ્રુવ જ્ઞાયકમૂર્તિ પ્રભુ કે જેમાં તો ઉદયભાવરૂપી રાગ તો નથી, પણ જેમાં ક્ષયોપશમ, ક્ષાયિક અને ઉપશમની પર્યાય પણ જેમાં નથી. ત્યારે પછી આ પર્યાયમાં છે એનું શું ? કે પર્યાયમાં છે એમ એણે જાણવું જોઈએ. પર્યાયમાં રાગ છે, વિકાર છે અને તેને છેદવાનો ઉપાય પણ છે. એ ઉપાય છે એ પણ પર્યાય છે અને એ વ્યવહાર છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? ત્યારે એ બધા પર્યાયોમાં વિકાર છે, એ વિકાર છેદાય તો મોક્ષનો ઉપાય પણ છે અને મોક્ષ પણ છે. એ બધો વ્યવહારનયનો વિષય થયો. તો શિષ્યને પ્રશ્ન ઉઠયો કે આ વ્યવહારનય કયા દૃષ્ટાંતથી પ્રવર્ત્યો ? કોઈ એનું દૃષ્ટાંત છે કે અમને ઝટ સમજાય, સમજાણું કાંઈ !.. આહાહાહા !

એ કહે છે–

राया हु णिग्गदो त्ति व एसो बलसमुदयस्स आदेसो।
ववहारेण दु पुवुच्चदि तत्थेको णिग्गदो शया।।४७।।

આદેશો છે ને ભાઈ, આદેશો મગજમાં એક એવું ઉઠયું, કે રાજાએ કહ્યું ને કે આ સમુદાયને, અહીં તો આદેશ એટલે કથન છે. પણ એટલો સંબંધ થયો ને ? રાજાએ સેનાને કહ્યું,

એ વ્યવહાર થયો. સેનામાં રાજા આવતો નથી. એમ ભગવાન આત્માની પર્યાયમાં દ્રવ્ય આવતું નથી, પણ પર્યાય પર્યાય તરીકે છે એમ કથન, વ્યવહારનયના કથને કહ્યું છે. આ તો 'દ્રવ્યસંગ્રહ'માં જોયું કાલે પણ હાથ ન આવ્યું. જુનું દ્રવ્યસંગ્રહ છે ને એમાં વ્યવહાર એટલે 'લૌકિક કથન' એવો પાઠ છે જુનું દ્રવ્યસંગ્રહ છે ને જુનું ગ્રંથ છે એમાં નવામાં હાથ ન આવ્યું. બે ત્રણ જોયા, ભાઈએ હિંમતભાઈએ બધાએ વ્યવહાર એટલે લૌકિક કથન અમથું. આપણે આવે છે ને 'કળશટીકા' માં આવે છે ને- પાંચમાં કળશમાં 'વ્યવહારનય એટલે કથનમાત્ર' પણ કથનનો અર્થ ?.. એ તો વાચક છે, પણ એનું વાચ્ય ( શું ) છે. પર્યાયમાં એનું વાચ્ય છે. આહાહાહા ! આવી વાતું હવે. એ અહીં કહે છે. બે ગાથા છે ને ?

एमेव य ववहारो अज्झवसाणादि अण्णभावाणं।
जीवो त्ति कदो सुत्ते तत्थेक्को णिच्छिदो जीवो।।४८।।

'નિર્ગમન આ નૃપનું થયું આ નિર્દેશ સૈન્યસમૂહને,
વ્યવહારથી કહેવાય એ, પણ ભૂપ એમાં એક છે. ૪૭.
એમ સર્વ અધ્યવસાન આદિ અન્યભાવો જીવ છે,
સૂત્રે કર્યો વ્યવહાર, પણ ત્યાં જીવ નિશ્ચય એક છે. ૪૮.

**ટીકા :-** ધનતેરસ છે આજ. મેં સવારે આ કહ્યું કે લૌકિકમાં ધનતેરસ કહે છે પણ આપણે આત્મામાં ધનતેરસ એટલે શું ? એટલે સર્વજ્ઞ ભગવાન અમાસે મોક્ષ પધારવાના છે ને ? શ્વેતાંબરમાં એવું છે કે રાજાઓ છઠ કરીને રહ્યા હતા, આપણે દિગંબરમાં નથી, એટલે એ વાત, એક. પણ એના પહેલા એમ કહે કે આ જ્ઞાનની પૂજા, સર્વજ્ઞ પરમાત્મા મોક્ષ પધારવાના છે એથી એ લક્ષ્મી સર્વજ્ઞસ્વરૂપ ભગવાન આત્મા, એની પૂજા સર્વજ્ઞ સ્વભાવી આ આત્મા હોં ! આહાહાહા ! એની પૂજાનો આ દિવસ છે. ભગવાન સર્વજ્ઞ સ્વરૂપ લક્ષ્મી, લક્ષ્મીની પૂજા કહે છે ને રતીભાઈ આ તમારે બધા લક્ષ્મીની પૂજા કહે ધનતેરશને દિ' એ કઈ લક્ષ્મી પ્રભુ ? અનંત અનંત સર્વજ્ઞ "જ્ઞ" સ્વભાવ જેનો અનંત અનંત અનંત એવો જે સર્વજ્ઞ સ્વભાવ તેનો સ્વીકાર કરવો, આદર કરવો, તેનું બહુમાન કરવું, તેની પૂજા એટલે એમાં એકાગ્ર થવું એનું નામ અહીં ધનતેરસ છે. ધૂળની ધનતેરસ નહીં અહીં. એ અહીં એ કહે છે. જુઓ, જેમ આ રાજા પાંચ જોજનના ફેલાવથી નીકળી રહ્યો છે, એમ કહેવું એટલું અહીં તો કહ્યું.

રાજાએ કહ્યું છે કે એટલું આંહી નહીં, પણ ફકત આમ કહેવું. શું કહ્યું સમજાણું ? ઓલો સંબંધ કેમ વ્યવહાર કહ્યો ? કે રાજાએ કહ્યું હતું કે સમુદાય છે આવો પણ એ કાંઈ રાજા નથી કંઈ સેના સમુદાય અહીં એમ કહ્યું, કે પાંચ જોજનના ફેલાવથી નીકળી રહ્યો. એ પણ પાંચ જોજન, પાંચ લીધા ! રાજાનો સમુદાય સેના પાંચ જોજનના ફેલાવથી નીકળી રહ્યો છે. જ્ઞાનના પાંચ ભેદો છે ને ? મતિ, શ્રુત અવધિ વગેરે એ પણ વ્યવહારનયનો વિષય છે. એકલો જ્ઞાયક સ્વરૂપ ત્રિકાળ તે નિશ્ચયનો વિષય છે... આહાહાહા ! અહીંયા કહે છે કે રાજા પાંચ જોજનના ફેલાવથી નીકળી રહ્યો છે. એમ કહેવું, એક રાજાનું પાંચ જોજનમાં ફેલાવું અશક્ય હોવાથી, રાજા એક એ પાંચ જોજનના સમુદાયમાં આવી જાયને એનો વિસ્તાર પામવો અશક્ય છે. પોતે એક

રાજા પાંચ જોજનમાં, સેનામાં ક્યાં જાય છે? સમજાણું કાંઈ? વ્યવહારી લોકોનો સેના સમુદાયમાં રાજા કહેવારૂપ વ્યવહાર છે. ભાષા કેવી છે? વ્યવહારી લોકોનો, વ્યવહાર કહેવાનો, વ્યવહાર છે. પરમાર્થથી તો રાજા એક જ છે, સેના રાજા નથી. આ તો દૃષ્ટાંત થયો.

હવે આ ભગવાન આત્મા, તેવી રીતે આ જીવ સમગ્ર રાગગ્રામ, ભાષા દેખો! સમગ્ર રાગના સમૂહ દ્વેષના પુણ્યપાપ આદિ બધો સમુદાય શરીર, વાણી, કર્મ એ બધા રાગનાં જે સ્થાનો છે, એમાં વ્યાપીને પ્રવર્તી રહ્યો છે. ભગવાન જીવદ્રવ્યસ્વરૂપ જ્ઞાયક એકરૂપ પ્રભુ એ રાગાદિના વિસ્તારમાં વિકારની વ્યવસ્થાની અનેકતામાં એ જીવદ્રવ્ય વ્યાપ્યો છે, એમ કહેવું તે, ભાષા દેખો અહીં એકલો રાગ લીધો, ઉપાડયો છે, કારણકે રાગ છેલ્લે નાશ થાય છે. પહેલો દ્વેષ નાશ થાય છે, પછી રાગ નાશ થાય છે. એથી અહીં રાગની આદિ બધી સામગ્રી રાગ–દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, કર્મ, શરીર, વાણી, મન, આખું એકકોર ભગવાન આત્મારામ અને એકકોર રાગનું ગામ રાગગ્રામ, ગ્રામ એટલે સમૂહ છે સ્થાન, એમાં વ્યાપીને પ્રવર્તી રહ્યો છે. ભગવાન આત્મા! ચૈતન્ય ધ્રુવ, જ્ઞાયક સ્વભાવ પરમાનંદની મૂર્તિ પ્રભુ! જીવદ્રવ્ય એને કહીએ એ જીવદ્રવ્ય જ્ઞાયક સ્વરૂપ ભગવાન અનંત, અનંત, અનંત, લક્ષ્મી જ્ઞાનાદિનો ભંડાર ભગવાન ધ્રુવ. એક જીવનું સમગ્ર રાગગ્રામમાં, વ્યાપવું અશક્ય છે. દ્રવ્ય સ્વભાવ જે છે રાગાદિમાં વ્યાપવું તે અશક્ય છે. સમજાણું કાંઈ?

પણ જેમ રાજાએ હુકમ કર્યો હતો એટલો સંબંધ સમુદાયનો છે. એમ આત્મામાં રાગાદિ પર્યાયમાં છે, એટલો ત્યાં સંબંધ છે નિમિત્તનો, શુદ્ધ ઉપાદાનમાં તો એ વસ્તુ નથી. ત્રિકાળી જે જ્ઞાયકભાવ પરમાનંદ પ્રભુ એ રાજા જીવ, રાગાદિમાં વ્યાપ્યો છે તે સમુદાયમાં એ તો વ્યવહારનું કથન છે. દ્રવ્ય તો દ્રવ્યમાં છે. પર્યાયમાં વ્યાપ્યું નથી, પર્યાયમાં તો એની છે એટલી અવસ્થા કહીને વ્યવહારે એને એનું છે, એમ કહેવામાં આવ્યું છે. જેને અગિયારમી ગાથામાં અભૂતાર્થ કહ્યો છે. પર્યાયમાત્ર અસત્યાર્થ છે. એને અહીં સત્યાર્થ તરીકે પર્યાયમાં વર્ણવ્યો છે, એ ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ ને ત્રિકાળી એમાં વ્યાપતો નથી. પણ તેનો એક અંશ છે, રાગાદિનો સમુદાય એમાં એની દશામાં છે એ વસ્તુ તો વસ્તુ, વસ્તુ ત્યાં જતી નથી પણ એની દશામાં રાગાદિ છે એથી ગ્રામમાં વ્યાપવું અશક્ય હોવાથી વ્યવહારી લોકોનો અધ્યવસાનાદિ અન્યભાવોમાં જીવ કહેવારૂપ રાગદ્વેષ પુણ્યપાપ એવા જે અન્યભાવો, અન્યભાવો એ પોતે અન્યભાવો જેને પુદ્ગલ કહ્યાં છે, એ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એને પુદ્ગલ કહ્યાં છે. જીવ ચૈતન્ય સ્વભાવથી અન્યભાવ છે, ચૈતન્ય સ્વભાવથી ચૈતન્ય સ્વભાવ, જ્ઞાયક સ્વભાવથી અન્યભાવ છે તેથી એને પુદ્ગલ કહ્યા, પણ અહીં જીવ એમાં વ્યાપ્યો કહ્યો છે. એ વ્યવહારનયથી કહ્યું છે. એની પર્યાય છે ને એ અપેક્ષાએ કહ્યું છે. દ્રવ્યની વ્યવહારે પર્યાય છે ને? નિશ્ચયે તો દ્રવ્યમાં એ પર્યાય છે જ નહિ. આહાહાહા!

એ અધ્યવસાન આઠ બોલ છે ને આઠ? ( ગાથા ) ચુમાલીસમાં આઠ બોલ આવી ગયા છે, અધ્યવસાન આદિ. તીવ્ર, મંદ ભાવ, કર્મ, આઠે કર્મનો સમૂહ, એમ કરીને જીવ છે એમ કહ્યું. એ તો વ્યવહારનયથી વ્યવહારી લોકોને વ્યવહારથી જાણવામાં આવે છે, પર્યાયમાં છે માટે એટલે વ્યવહારથી જાણવામાં આવતાં, વ્યવહારમાં આવેલાને એ મારા જાણવાલાયક છે એમ

કહ્યું છે. આહાહાહા !

( શ્રોતાઃ- વ્યવહારને જાણવું એ તો બહિર્લક્ષ થયું ) છે. બહિર્લક્ષ નહીં. પર્યાય એની છે ને, ત્રિકાળની અપેક્ષાએ બહિર્લક્ષ છે પણ પર્યાય એની છે માટે એનું લક્ષ છે. વ્યવહારી કહ્યોને ? ત્રિકાળ દ્રવ્યની દૃષ્ટિની અપેક્ષાએ તો બહિર છે. પણ એની પર્યાયની અપેક્ષાએ જેમ બાહ્ય ચીજ છે એમ નથી. એની પર્યાયમાં છે આ. ( શ્રોતાઃ- અશુદ્ધ નિશ્ચયનયે છે ) અશુદ્ધ નિશ્ચયનયે કહો કે વ્યવહારનયે કહો એ બે એક જ છે. ( શ્રોતાઃ- પર્યાયમાં અશુધ્ધતા છે ? ) એ છે એનામાં એટલું જ્ઞાન એણે બરાબર કરવું પડશે. એ આત્મા ત્યાં વ્યાપ્યો નથી દ્રવ્ય તરીકે, પણ પર્યાય તરીકે છે એમ તેનું જ્ઞાન એને બરાબર જાણવું જોઈશે. આમ છે. ( શ્રોતાઃ- વ્યવહાર જ્ઞાનને હેય જાણીને છોડી દેવા જેવું છે ? ) એ છોડી દેવા જેવું છે પણ છે કે નહીં ? છે એને છોડવા જેવું હોય કે ન હોય એને. આકરી વાત છે ! છે એ અંશમાં, ત્રિકાળમાં નથી, માટે જીવદ્રવ્ય જે ત્રિકાળી છે એ બધી પર્યાયમાં વ્યાપેલો નથી, પણ તેની તેના અંશમાં એક ભાગમાં એ બધી વસ્તુ રહેલી છે, એથી વ્યવહારી જીવનું જાણવું કહે છે, પર્યાયમાં છે એમ એણે જાણવું જોઈએ. આહાહાહા !

( શ્રોતાઃ- ત્રિકાળી દ્રવ્યમાં એવો ક્યો ભાગ છે ? ) ભાગ છે એક અંશ ! ત્રિકાળી દ્રવ્ય નહીં, પ્રમાણનો અંશ જે દ્રવ્ય તેનો એક ભાગ છે. એ તો પહેલું કહ્યુંને પ્રમાણનું દ્રવ્ય અને નિશ્ચયનું દ્રવ્ય એ બે જુદી ચીજ છે. નિશ્ચયનયનું દ્રવ્ય તો ધ્રુવ છે, છે તો એક અંશ. નયનો વિષય જ અંશ છે. ચાહે તો નિશ્ચય હો કે પરમાર્થ શુદ્ધનો વિષય પણ છે એક અંશ આખું દ્રવ્ય નહીં. નય છે ને ? આવું વળી જાણવું. પ્રમાણ જે છે, એ પર્યાયને પણ ભેગું ભેળવીને આ દ્રવ્ય છે, એમ જાણે છે. છતાં પ્રમાણ પણ નિશ્ચય આ છે, આમાં નથી, એમ રાખીને પર્યાયમાં છે એમ ભેળવે છે. ઓલાને ઉડાવી દઈને ભેળવે છે એમ નહિ ભાઈ, ત્યારે તો પ્રમાણ કહેવાય. નિશ્ચયથી દ્રવ્ય તો દ્રવ્ય જ છે એ પર્યાયમાં વ્યાપ્યું નથી. એવું પ્રમાણમાં એક અંશનો ભાવ તો પ્રતીતમાં છે. જ્ઞાનમાં છે, પણ હવે પર્યાયમાં એ દ્રવ્ય વ્યાપ્યું નથી પણ પર્યાય છે એવા અંશને પ્રમાણજ્ઞાન નિશ્ચયની સાથે ભેળવીને પ્રમાણનું દ્રવ્ય સિદ્ધ કરે છે. આવું છે પ્રભુ ! શું થાય ? એવો માર્ગ વીતરાગનો છે, કે એ બીજે ક્યાંય નથી. ( શ્રોતાઃ- બીજે કયાંય નથી એકલા સોનગઢમાં છે ) સોનગઢમાં ભગવાન પાસે છે. બાપુ ન્યાંથી અહિં આવ્યું છે. આહાહાહા !

અહીં તો કહે છે કે પર્યાયના ભેદોમાં એકલું જ્ઞાન વ્યાપે એ વસ્તુ નથી, પણ એ દ્રવ્ય તો દ્રવ્ય તરીકે જ ત્યાં રહ્યું, હવે સાથે પર્યાયને ભેળવીને પ્રમાણ કરાવે છે. અરે આવી વાતું હવે. તત્ત્વજ્ઞાનનો વિષય અને પછી પર્યાયનું અસ્તિત્વ બેય સિદ્ધ કરવું છે. એમ જ પર્યાય નથી જ એમ માની લે તો તો એકાંત વેદાંત થઈ જાય છે. વેદાંત નિશ્ચયાભાસી છે એમ થઈ જશે, અને એકાંત પર્યાય જ છે અને દ્રવ્ય નહીં માને, તો એકાંત બૌદ્ધમતી થઈ જશે. આહાહાહા !

( શ્રોતાઃ- પર્યાયને સર્વથા ભેદરૂપ માને તો ? ) ભેદ છે. સર્વથા ભેદ છે દ્રવ્યથી, પણ છે કે નહીં એનામાં દ્રવ્ય છે એ સર્વથા નિત્ય છે, અને પર્યાય છે એ સર્વથા અનિત્ય છે, સર્વથા અનિત્ય છે. શું કહ્યું એ ? આ વળી નિત્ય... વસ્તુ જે છે એ સર્વથા નિત્ય છે. કથંચિત્ નિત્ય છે અને કથંચિત અનિત્ય છે એમ નહીં અને પર્યાય છે એ સર્વથા અનિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે એમ નહીં, સર્વથા અનિત્ય છે. એય ચમનભાઈ ! અને એમાં આવ્યું છે ને ? ચિદ્વિલાસમાં

નહીં ? અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે. પર્યાયે એમ કહ્યું, ત્યાં આવે છે ને ૩૨૦ ગાથામાં કે "હું તો ધ્રુવ છું" પણ હું ધ્રુવ છું એ જાણ્યું કોણે ? એ પર્યાયે જાણ્યું. "હું ધ્રુવ છું" એમ જાણે છે કોણ ? ધ્રુવ જાણે છે ? પર્યાય જાણે છે. પર્યાય એમ કહે છે, "હું ત્રિકાળી ધ્રુવ તે હું છું." એનો અર્થ બેય આવી ગયા ભેગા. ધ્રુવ છું હું એવું જાણ્યું પર્યાયે માટે પર્યાય આવી ગઈ, પણ પર્યાય એમ કહે છે કે આ હું છું.

( શ્રોતાઃ– પર્યાય એમ કહે છે કે હું દ્રવ્ય જ છું ) હું દ્રવ્ય છું એટલે પર્યાય આવી ગઈ ભેગી. હું ધ્રુવ છું એમાં પર્યાય ભળી નહીં ગઈ, પણ દ્રવ્ય એમ નહીં એનું લક્ષ ત્યાં છે. એથી પણ લક્ષ જ્યાં છે, ત્યાં પર્યાય નથી. પણ પર્યાયમાં આ હું છું એવી પર્યાયમાં છે. વસ્તુ સમજાય છે એમ નથી એ તો સોગાનીમાં આવે છે. પર્યાય મારું ધ્યાન કરે તો કરો હું કોનું ધ્યાન કરું ? પણ એ જાણે છે કોણ ? આવે છે ? તમારા લખાણ છે બધા એ. લાલભાઈ અને શશીભાઈના નહીં ? ( શ્રોતાઃ– પર્યાયને સાથે ભેળવ્યા વિના છૂટકો નહીં ને પર્યાય દ્રવ્યમાં નથી એમ પણ છે. ) વસ્તુમાં નથી. ત્રિકાળી જે નિશ્ચયનો વિષય છે તેમાં નથી, અને તે નથી એવો નિર્ણય કોણ કરે છે ? નથી એ નિર્ણય ધ્રુવ કરે છે ? સમજાય છે કાંઈ ? એ આ ધર્મ આમ છે.

કે હું ત્રિકાળી છું એવું સમ્યગ્દર્શન કરવું એ સમ્યગ્દર્શનનો વિષય પૂર્ણ એક જ છે, છતાં સમ્યગ્દર્શન એનો નિર્ણય કરે છે તે પર્યાય છે. આવું ક્યાં ? હવે ઓલા તો "ઈચ્છામિ પડિકમણં ઈરિયા વહિયાએ ગમણાગમણે તસ્સઊતરીકરણેણં થઈ ગઈ સામાયિક, તસ્સઉતરી કરણેણં." એય, જયંતિભાઈ સંઘવી ! આ સામાયિક કરીને પોષા કર્યા અરે ભગવાન બાપા ! એ વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વર એણે કહ્યું દ્રવ્ય ને એણે કહ્યું પર્યાય એ કોઈ અલૌકિક વાતું છે. એકાંત દ્રવ્યને જ માને અને પર્યાયને ન માને તો નિશ્ચયાભાસી થઈ જશે. અને એકાંત પર્યાયને માને અને દ્રવ્યને ન માને તો વ્યવહારાભાષી બૌદ્ધ થઈ જશે, ક્ષણિક મત થઈ જશે. એ અહીં કહે છે. એક જીવનું ભાષા જુઓ, ઓલું એક રાજાનું સમુદાયમાં વ્યાપવું અશક્ય છે, એમ એક જીવ દ્રવ્યનું ત્રિકાળી જે છે તેને સમગ્ર ( રાગગ્રામમાં વ્યાપવું અશક્ય છે. )

ઓલા આડત્રીસ ગાથામાં ભાઈ આવ્યું છે ને, પહેલી ગાથા આડત્રીસમી નિયમસાર– "જીવાદિ બહિ તચ્ચમ્ હેયમ્." એ જીવાદિ બહિતચ્ચમમાં જીવની પર્યાય લેવી છે. આડત્રીસમી ગાથા છે, શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ કહો કે ધ્રુવભાવ કહો, એકરૂપ ત્રિકાળી ભગવાન આત્મા એ શુદ્ધભાવ છે. શુદ્ધભાવ કહો, ભૂતાર્થ કહો, જ્ઞાયક કહો, સદૃશ કહો, નિષ્ક્રિય કહો, પર્યાય વિનાનું છે ને નિષ્ક્રિય ! આહાહાહા !

તે ''જીવાદિ બહિતચ્ચમ્ હેયમ્'' એ જીવની એક સમયની પર્યાય રાગદ્વેષ આદિ જીવાદિ તે હેય છે. ત્રિકાળી જીવ દ્રવ્ય છે, તે ઉપાદેય છે. જીવાદિમાં પર્યાયને જીવ તો કહ્યો ત્યાં, એને પર્યાય કહેવાય સમજાણું કાંઈ ?

જીવાદિ બહિતચ્ચમ્ તો જીવાદિ બહિતચ્ચમ્ તો જીવદ્રવ્ય લેવું ન્યાં હવે ? એક સમયની પર્યાય જીવની તેને જીવ કહી. અજીવનું જ્ઞાન કર્યું એને અજીવ કહી, અજીવ ક્યાં આંહી આવી જાય છે અને આ પુણ્યપાપ. પુણ્યપાપ ને આસ્રવ આદિની પર્યાય એ બધા બહિઃતત્ત્વ છે. મોક્ષ પણ બહિઃતત્ત્વ છે, અંતઃતત્ત્વમાં તો મોક્ષતત્ત્વેય નથી પણ છતાં મોક્ષતત્ત્વ, તત્ત્વ તરીકે છે.

સમજાણું કાંઈ ? સંવર, નિર્જરા, મોક્ષનો માર્ગ, માર્ગ તરીકે છે. પર્યાય તરીકે છે. મોક્ષ તરીકે છે, ત્યાં તો એમેય કહ્યું, કે જીવદ્રવ્ય છે એ મોક્ષને કરતું નથી, એ દ્રવ્ય કોણ ? ઓલો ધ્રુવ ! મોક્ષના માર્ગને પણ દ્રવ્ય-ધ્રુવ કરતું નથી, બંધને કરતું નથી ને બંધના અભાવને કરતું નથી, એ તો પરિણામ કરે છે. એનો અંશ દ્રવ્યથી જુદો કરીને એ કરે પર્યાય કરે તો કરો. મારે ક્યા હૈ ? કહો શશીભાઈ ! આ તમે લખ્યું છે એમાં ઓલામાં, બે ભાઈઓએ થઈને લખ્યું છે. લાલભાઈ અને ( શશીભાઈ )એ મહેનત સારી કરી છે આમાં ભાઈએ. આહાહાહા !

ત્યાંય એમ કહ્યું છે કે પર્યાય નથી જ એમાં, એમ કહો તો વેદાંત થઈ જશે, એ ખાતર પર્યાય છે એટલી સિદ્ધ કરી છે. ત્યાં આવે છે એમાં નહિંતર વેદાંત થઈ જશે- એટલી ખાતર છે એનામાં પર્યાય, એટલું સિદ્ધ કર્યું પણ એ પર્યાય છે એ વસ્તુનો દ્રવ્યનો વિષય છે, સમ્યગ્દર્શનનો વિષય છે, કે દ્રવ્ય છે તે પર્યાયમાં આવી જાય છે ? સમ્યગ્દર્શનમાં ત્રિકાળી દ્રવ્યની પ્રતીતિ થઈ, પણ પ્રતીતિમાં એ દ્રવ્ય આવી જાય છે, એમ નથી. આહાહાહા ! આવી વાતું.

પર્યાય પર્યાય તરીકે રહીને દ્રવ્યની પ્રતીતિ થાય છે. એ પર્યાય તરીકે લ્યો તો પર્યાય જ એ સર્વસ્વ છે. કારણકે પર્યાયે દ્રવ્યને જાણ્યું, ગુણને જાણ્યું, પોતાને જાણ્યું, છ દ્રવ્ય જે આદિ છે એને પણ જાણ્યું, એક સમયની પર્યાયમાં કયુ બાકી રહી ગયું ? જ્ઞાનની પર્યાય... છતાંય એ પર્યાય દ્રવ્યરૂપ નથી, છતાં એ પર્યાય, દ્રવ્ય પોતે દ્રવ્ય ત્યાં વ્યાપ્યું છે પર્યાયમાં એમ નથી, દ્રવ્ય તો દ્રવ્યમાં છે. આહાહાહા ! આવું ઝીણું છે !

એક જીવનું, જીવ એટલે ઓલો ત્રિકાળ એમ જીવનું ધ્રુવ એવું જીવાદિ બહિતચ્ચમ્ છે, એ જીવનું નહિ એ તો પર્યાયનું જીવ છે. એક જીવનું, ત્રિકાળી એકરૂપ રહેનાર જે છે, એવા એક જીવનું, સમગ્ર રાગગ્રામમાં બધા રાગના સમૂહના પ્રકારો, અસંખ્ય પ્રકારો રાગના શુભઅશુભના એમાં વ્યાપવું અશક્ય છે. સ્વભાવ વસ્તુ છે તે વિકારમાં કેમ વ્યાપે ? અરે, વિકારમાં શું, નિર્વિકારી પર્યાયમાં પણ ધ્રુવ કેમ વ્યાપે ? આવું છે ! સમગ્ર રાગગ્રામમાં વ્યાપીને પ્રવર્તી રહ્યો છે, જોયું ? દ્રવ્ય પોતે પર્યાયમાં વ્યાપીને પ્રવર્તી રહ્યું છે, એમ કહેવું તે એક જીવનું સમગ્ર રાગમાં વ્યાપવું અશક્ય છે. ધ્રુવદ્રવ્ય, જે ભગવાન ચૈતન્ય પરમપારિણામિક સ્વભાવભાવ, એ પર્યાયમાં આવતો નથી, હવે આવી બધી ભાષા ! ક્યાંની ભાષા આ બધી ? વાડામાં ક્યાંય મળે એવું નથી સાંભળવા. આ વ્રત કરો ને તપ કરો ને, દયા પાળો ને, સામાયિક કરો ને પોષા કરો, મરી ગયા કરી-કરીને રાગની ક્રિયા છે, રાગ વિનાનો આખો કોણ છે એ જીવદ્રવ્યની તો ખબર ન મળે ! આહાહાહા !

અશક્ય હોવાથી, વ્યવહારી લોકોનો એ વ્યવહારી લોકોનો અધ્યવસાન આદિ અન્ય ભાવમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે. ત્યારે ઓલો કહે છે, "સમયસાર" આવ્યું છે બહાર હમણા વિદ્યાનંદી છે ને ? એણે બનાવ્યું છે, બનાવ્યું છે બળભદ્રે એણે કહ્યું છે, કે વ્યવહાર સાધકને હોય છે, નિશ્ચય સિદ્ધને હોય છે. પાછો મારી પાસે કાગળ આવ્યો છે, કે સ્વામીજી આના માટે શું કહે છે ? આ પુસ્તક મૈં બનાવ્યું છે. આહીં નથી ને ? નથી. આ રહ્યું આ. વળી ભાઈ પૂનમભાઈ લાવ્યા. એમ કે બધાએ વખાણ્યું છે મારા પુસ્તકને, સ્થાનકવાસીએ, તેરાપંથીએ, શ્વેતાંબરે અને દિગંબરે, પણ બધાની દૃષ્ટિ જ વિપરીત છે એ વખાણે એને. નિશ્ચય તો સિદ્ધને હોય એ પહેલાં

સાધક જીવને તો વ્યવહાર જ હોય. અરે ! અને એણે દૃષ્ટાંત શું આપ્યું છે ? ઓલા જયસેન આચાર્યની ટીકામાં આવે છે ને ? વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, એમાં આવે છે, કે શ્રાવકને શુભભાવ આદિ અને પ્રમત્ત અને અપ્રમત્ત અવસ્થા છે ત્યાં સુધી, એમ કરીને, ત્યારે એમ કે એને વ્યવહાર જ હોય એને બસ ! પણ નિશ્ચય સ્વના આશ્રય વિના પર્યાય ભેદનો વ્યવહાર આવ્યો ક્યાંથી ? ત્યારે નિશ્ચય સિદ્ધને હોય માળે ગજબ કરી નાખ્યું અને આ વિદ્યાનંદસ્વામીએ એના વખાણ કર્યા. જેની સભામાં દસ-દસ હજાર માણસ ભરાય વીસ-વીસ હજાર, એમાં ધૂળમાં શું કીડીના નગરા ભેગા થાય. આહાહાહા !

આ તો ત્રણલોકનો નાથ જિનેન્દ્ર પરમેશ્વર, વીતરાગની વાણી શું છે એની ખબર નથી. ત્યાં તો કહે છે કે પ્રભુ, એક વાર સાંભળ. બીજી રીતે કહીએ, તો જે સ્વરૂપની દૃષ્ટિ થઈ છે, એને પણ વ્યવહાર એ પર્યાયમાં વ્યવહાર જાણવા લાયક છે એ વ્યવહારી જીવ થયો. શું કહ્યું ? સમજાણું કાંઈ ?

વ્યવહાર ઉપર લક્ષ થયું અને જાણ્યું એથી એ વ્યવહારી જીવ થયો. આઠમી ગાથામાં કહ્યું છે ને કે ગુરુ કહે છે કે અમે તને સમજાવ્યું કે આત્મા કોણ ? દર્શન, જ્ઞાન, ચારિત્રને ''અતતિ ગચ્છતિ'' પ્રાપ્ત થાય તે આત્મા. પણ અમે વ્યવહારમાં વિકલ્પમાં આવ્યા છીએ તેથી આ કહ્યું. પણ તે વ્યવહાર અમારે પણ અનુસરવા લાયક નથી, શ્રોતાને અનુસરવા લાયક નથી કહ્યું છે ને ભાઈ ? કહે છે શ્રોતાને. છતાં અમે જે દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદથી આ આત્મા એમ કહ્યું તો શ્રોતાએ તેના ભેદ ઉપર આશ્રય ન કરવું. એણે દૃષ્ટિ અભેદ ઉપર કરવી. અને શ્રોતાએ પણ આડત્રીસમી ગાથામાં એવું લીધું ૩૮ અપ્રતિબુદ્ધ હતો અજ્ઞાની, એને ગુરુએ સમજાવ્યો અને સમજ્યો એ પંચમઆરાનો શ્રોતા, પંચમઆરાના ગુરુએ એને સમજાવ્યું એ વાત છે અહીં. કેવળીએ કીધું નથી આમાં નથી લીધું એમાં ગુરુએ સમજાવ્યું છે. આમ લેવા જઈએ અમે તો આમ કહીએ છીએ- અમે તો જે કહીએ છીએ એ વાત છે અહીં. કેવળી કહે છે એ અત્યારે ક્યાં છે અમારી પાસે. પણ ગુરુએ એને સમજાવ્યું કે "પ્રભુ, તારું પરમેશ્વરપદ અલૌકિક, ભિન્ન છે." તે પંચમઆરાનો શ્રોતા એમ પછી કહે છે. "અમે તો દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે પરિણમ્યા છીએ તે આત્મા છીએ" છે ને એમાં ? ભાઈ ! એ શ્રોતા કહે છે હોં, ગુરુ કહે છે એ નહીં. ગુરુએ તો સમજાવ્યું એટલું જ. શ્રોતા છે એ પંચમઆરાનો શ્રોતા, એ અંદર રાગથી ભિન્ન ને પરથી ભિન્ન જાણ્યું, દર્શન, જ્ઞાન, ચારિત્ર થયું, એ એમ કહે છે કે હું તો આત્મા છું, અને જે મેં આત્મા જાણ્યો, એ હવે અમારે અપ્રતિહત છે. પંચમઆરાના શ્રોતા એમ કહે છે. ગુરુ કહે છે અને કેવળી કહે છે એ તો જુદી વાત. અમને આ જે ભાન થયું છે અનુભવ સમ્યગ્દર્શન જ્ઞાન, પડવાના નથી. ભલે અમારે કેવળીનો વિરહ હોય અત્યારે પણ અમારા આત્માનો વિરહ નથી અમને. આહાહા ! ચંદુભાઈ ! કોની વાત ચાલે છે આ ? શ્રોતાની. આવા તો શ્રોતા લીધા છે. અમારા શ્રોતા આવા હોય.

પાંચમીમાં કહ્યુંને કે અમે વિભક્ત કહેશું એ પ્રમાણ કરજે પ્રભુ હો ! એ પ્રમાણ અનુભવ કરીને કરજે એમ કહ્યું, પંચમઆરાના શ્રોતાને એમ કહ્યું. આરો એને ક્યાં નડે છે ન્યાં કાળ. આહાહાહા ! પ્રમાણ કરજે, આડત્રીસમાં કીધું કે પ્રમાણ કર્યું અમે. અમે આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થયા પ્રભુ. અમે એમ કહીએ છીએ કે આ અમારો મિથ્યાત્વનો નાશ થયો અમને

ફરીને આવવાનું નથી, થવાનું નથી. એમ અમે પંચમઆરાના શ્રોતા પણ પોકાર કરીને કહીએ છીએ. આહાહા ! ચંદુભાઈ !

ગજબ વાતું છે બાપા ! અરેરે સમયસાર એટલે શું ચીજ ભાઈ ! કેવળજ્ઞાનીના વિરહ ભૂલાવ્યા છે એને ! એક એક એના ન્યાય ને એક એક ભાવ, ગજબ છે ને ? આહીં એ શ્રોતા જે છે એ જ્યારે જ્ઞાન સમજયો છે, ભાન પછી. એને રાગાદિ છે, એ વ્યવહારમાં આવ્યો છે એ જાણવાલાયક છે, એમ જાણે. વ્યવહારી એટલે ઈ ? ભાઈ આવ્યું 'તું ને, આઠમીમાં આચાર્યે કહ્યું હતું ભાઈ કે અમે બે રથને ચલાવનારા નિશ્ચય અને વ્યવહાર એમાં કહેવા માટે વિકલ્પ ઉઠયો છે અમને અમે વ્યવહારમાં આવ્યા છીએ, જાણીએ છીએ. ભલે, પણ આવ્યા છીએ. તમને સમજાવીએ છીએ એ વ્યવહાર અને સાંભળનારાઓ પણ વિકલ્પથી સાંભળે છે એય વ્યવહાર. આવી વાતું ભાઈ ! બાપુ આ તો વીતરાગ પરમાત્મા ! આહાહાહ !

આંહીથી અહિંયા આવ્યું શું ? કે અંતર્દર્શન થયું નિશ્ચયનું, હવે પર્યાયમાં જ્ઞાન તરફના લક્ષવાળો છે એ વ્યવહારી જીવ છે, એ વ્યવહારી કહે છે કે છે પર્યાયમાં રાગાદિ છે. હું જાણું છું ( શ્રોતાઃ- મારી પર્યાયમાં છે એમ જાણું છું. ) એ પર્યાય-પર્યાય છે એમાં જાણું છું એ પર્યાય મારી એટલે ? એ દ્રવ્યની નહીં પણ પર્યાય પર્યાયની છે, એમાં એ મારી છે. આહાહાહ !

ધન્ય અવતાર ! આવી વાતું છે. એવી વાતું પ્રભુ ક્યાં છે ? ( શ્રોતાઃ- પ્રભુના વિરહ ભૂલાવે એવી ) એવી ચીજ છે- પ્રભુ, શું કહીએ ? વ્યવહારી લોકોનો વ્યવહારી એટલે આમાં શું યાદ આવ્યું સમજાણું ? ઓલું આઠમાં કે અમે વિકલ્પમાં વ્યવહારમાં આવ્યા છીએ. છે તો સમકિતી મુનિ, એમ અહીંયાં આત્માનું જ્ઞાન સ્વનું ચૈતન્યમૂર્તિ નિશ્ચયનું થયું છે પણ હવે એને રાગનું જ્ઞાન કરવા માટે લક્ષ ગયું એ વ્યવહારી થયો. ઝીણું પડે પ્રભુ પણ આ સાંભળવા જેવું છે. બાપુ વીતરાગનો માર્ગ આ છે ભાઈ ! અરે આવે કાળે આ મનુષ્ય દેહે એ નહિ સમજે પ્રભુ તો ક્યારે સમજશે. ક્યાં જશે ? આહાહાહ !

એ અધ્યવસાનાદિ અન્યભાવોને જીવ કહેવારૂપ વ્યવહાર છે. રાગાદિ મારા છે, એમ જાણવાનો વ્યવહાર છે. પરમાર્થથી તો જીવ એક જ છે. નિશ્ચયની દૃષ્ટિમાં તો જે વસ્તુ આવી છે એ જીવ એક જ છે. કાલે ખૂબ આવ્યું 'તું કાલે ભાવાર્થમાં ! ભાવાર્થમાં બધુ અવસ્તુ ને વસ્તુ ને પંડિત જયચંદ પંડિત, પહેલાંના પંડિતો પણ ! આહાહાહ !

હવે શિષ્ય પૂછે છે. આવી અલૌકિક ગાથા ૪૯ જુઓ આ દિવસ આવ્યા બધા સારા ને ગાથા આવી ઓગણપચાસ, આ ગાથા દરેક શાસ્ત્રમાં છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, અષ્ટપાહુડ, ધવલ દરેકમાં આ ગાથા છે. કોઈ એવી ગાથા છે આ, દરેક શાસ્ત્રમાં જેટલા સિદ્ધાંત આ છે. ધવલમાં તો વળી એક જ ઠેકાણે પણ ધવલમાં પણ આ ગાથા છે, અને જેટલા અધ્યાત્મના ( શાસ્ત્રો ) છે- આ સમયસાર, નિયમસાર, પ્રવચનસાર, અષ્ટપાહુડ બધાયમાં છે. હવે શિષ્ય પૂછે છે કે અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ નથી, ત્રિકાળી વસ્તુ નથી, તો તે એક ટંકોત્કીર્ણ એવા ભેદના પ્રકારથી રહિત એવો એક ટંકોત્કીર્ણ શુદ્ધરૂપ, પવિત્રરૂપ, ભેદ વિનાનો પર્યાયમાં ભંગ ભેદ વિનાનો, એવો જે ભગવાન આત્મા, શિષ્ય પૂછે છે આટલું તો આટલું સાંભળ્યું એટલે શિષ્યને આટલું પૂછવાનો પ્રયત્ન આવ્યો, એટલો તો તૈયાર થયો. ભાઈ ગયા

ઝમભાઈ ? હૈં ? બેઠા છે ઠીક, આ કયાંય એની મેળાએ વાંચે તો કાંઈ સમજાય એવું નથી આમાં કાંઈ. બધું છે ઈ છે. અમે જાણે વાંચ્યું ને સમજી ગયા છીએ. ઝીણી વાતું બાપુ ! બહુ ઝીણી વાતું છે. ઘણો પરિચય અને ઘણો અભ્યાસ હોય ત્યારે તેને ખ્યાલમાં આવે કે આ શું કહેવા માંગે છે ?

એ શિષ્ય પૂછે છે કે રાગાદિ ભાવો છે તે જીવ નથી. અહીં તો અધ્યવસાનથી લીધું'તું રાગની એકતાબુદ્ધિ અધ્યવસાન ન્યાંથી લીધું છે– પણ એકતાબુદ્ધિ તૂટી ગઈ, છતાં પણ રાગાદિ રહ્યો છે, એ જીવનો નથી. તો એક ટંકોત્કીર્ણ પરમાર્થરૂપ જીવ કેવો છે ? પ્રભુ ત્યારે જીવ છે કેવો ? જીવદ્રવ્ય જીવ હોં ! એ સમ્યગ્દર્શનનો વિષય પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ, જિનબિંબ, જિનસ્વરૂપ એવો જે આત્મા, પરમાર્થ સ્વરૂપ જીવ કેવો છે ? તેનું લક્ષણ શું છે ? એનું લક્ષણ શું છે ? કે જેનાથી એ જણાય ? એ પ્રશ્નનો ઉત્તર કહે છે, લ્યો શરૂઆત કરી દઈએ ઉપર સંસ્કૃત છે. અંદર ઉપર છે સંસ્કૃત હોં ઈ. અમૃતચંદ્રાચાર્ય પોતે આ રીતે શિષ્યના મુખમાં પ્રશ્ન મૂકે છે. यद्येवं तर्हि किंलक्षणोऽसावेकष्टङ्कोत्कीर्णः परमार्थजीव इति पृष्टः प्राह–

अरसमरुवमगंधं अव्वत्तं चदेणागुणमसद्द।
जाण अलिंगग्गहणं जीवमणिदि ट्ठसंठाणं।।४९।।

જીવ ચેતનાગુણ, શબ્દ–રસ–રૂપ–ગંધ–વ્યક્તિવિહીન છે,
નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.

એની ટીકા આવશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ. )

( શ્રોતાઃ– સમયસારના અપૂર્વ સ્વાગત કરી અંતરમાં મંગળ પધરામણી કરાવનાર સદ્ગુરુદેવનો જય હો. )

ત્રિકાળ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ! એ અભેદને જેણે વિષય નથી કર્યો ( એ ચોરાશીમાં ખોવાઈ જશે ). કેમકે શુદ્ધનયનો વિષય તો અભેદ છે. અભેદ એટલે એમાં પર્યાય પણ ન આવે, રાગ ન આવે પણ ગુણી આત્મા અને જ્ઞાનગુણ, એવો ભેદ પણ એમાં ન આવે. આહા.. હા... ! ગુણી ( એટલે ) ગુણનો ધરનાર પ્રભુ અને એનો આ જ્ઞાન અને આનંદ ગુણ, એવો ભેદ પણ સમ્યગ્દર્શનનો વિષય નહિ. આ..હા..હા... ! એને આશ્રયે સમ્યગ્દર્શન ન થાય. તેથી શુદ્ધનયનો વિષય અભેદ છે. આ..હા... ! માલ–માલ છે આ તો એકલો !!

( સમયસાર દોહન - પૂ. ગુરુદેવશ્રીના નાઈરોબીના પ્રવચન પાના નં. ૬૭ )

## ગાથા - ૪૯

यद्येवं तर्हि किंलक्षणोऽसावेकष्टङ्कोत्कीर्णः परमार्थजीव इति पृष्टः प्राह-

अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।४९।।

अरसमरूपमगन्धमव्यक्तं चेतनागुणमशब्दम्।
जानीहि अलिङ्गग्रहणं जीवमनिर्दिष्टसंस्थानम्।।४९।।

यः खलु पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानरसगुणत्वात्, पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमरसगुणत्वात्, परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावाद्द्रव्येन्द्रियावष्टम्भेनारसनात्, स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेन्द्रियावलम्बेना रसनात्, सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात्केवलरसवेदनापरिणामापन्नत्वेनारसनात्, सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधाद्रसपरिच्छेदपरिणतत्वेऽपि स्वयं रसरूपेणापरिणमनाच्चारसः। तथा पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानरूपगुणत्वात्, पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमरूपगुणत्वात्, परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावाद्द्रव्येन्द्रियावष्टम्भेनारूपणात्, स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेन्द्रियावलम्बेना-रूपणात्, सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात्केवलरूपवेदनापरिणामापन्नत्वेनारूपणात्, सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधाद्रूप-परिच्छेदपरिणतत्वेऽपि स्वयं रूपरूपेणापरिणमनाच्चारूपः। तथा पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानगन्धगुणत्वात्, पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमगन्धगुणत्वात्, परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावाद्द्रव्येन्द्रियावष्टम्भेनागन्धनात्, स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेन्द्रियावलम्बेनागन्धनात्, सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात्केवलगन्धवेदनापरिणामापन्नत्वेनागन्धनात्, सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधाद्गन्धपरिच्छेदपरिणतत्वेऽपि स्वयं गन्धरूपेणापरिणमनाच्चागन्धः। तथा पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानस्पर्शगुणत्वात्, पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमस्पर्शगुणत्वात्, परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावाद्द्रव्येन्द्रियावष्टम्भेनास्पर्शनात्, स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेन्द्रियावलम्बेनास्पर्शनात्, सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात्केवलस्पर्शवेदनापरिणामापन्नत्वेनास्पर्शनात्, सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधात्स्पर्शपरिच्छेदपरिणतत्वेऽपि स्वयं स्पर्शरूपेणापरिणमनाच्चास्पर्शः। तथा पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानशब्दपर्यायत्वात्, पुद्गलद्रव्यपर्यायेभ्यो भिन्नत्वेन स्वयमशब्दपर्यायत्वात्, परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावाद्द्रव्येन्द्रियावष्टम्भेन शब्दाश्रवणात्, स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेन्द्रियावलम्बेन शब्दाश्रवणात्, सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात् केवलशब्दवेदनापरिणामापन्नत्वेन शब्दाश्रवणात्, सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधाच्छब्द-

परिच्छेदपरिणतत्वेऽपि स्वयं शब्दरूपेणापरिणमनाच्चाशब्दः। द्रव्यान्तरारब्ध-शरीरसंस्थानेनैव संस्थान इति निर्देष्टुमशक्यत्वात्, नियतस्वभावेनानियत-संस्थानानन्तशरीरवर्तित्वात्, संस्थाननामकर्मविपाकस्य पुद्गलेषु निर्दिश्यमानत्वात्, प्रतिविशिष्टसंस्थानपरिणतसमस्तवस्तुतत्त्वसंवलितसहजसंवेदनशक्तित्वेऽपि स्वय-मखिललोकसंवलनशून्योपजायमाननिर्मलानुभूतितयात्यन्तमसंस्थानत्वाच्चानिर्दिष्टसंस्थानः। षड्द्रव्यात्मक लोकाज्ज्ञेयाद्व्यक्तादन्यत्वात्, कषायचक्राद्भावकाद्व्यक्तादन्यत्वात्, चित्सामान्यनिमग्नसमस्तव्यक्तित्वात्, क्षणिकव्यक्तिमात्राभावात्, व्यक्ताव्यक्तविमिश्र-प्रतिभासेऽपि व्यक्तास्पर्शत्वात्, स्वयमेव हि बहिरन्तः स्फुटम-नुभूयमानत्वेऽपि व्यक्तोपेक्षणेन प्रद्योत- मानत्वाच्चाव्यक्तः। रसरूपगन्धस्पर्शशब्दसंस्थानव्यक्तत्वाभावेऽपि स्वसंवेदनबलेन नित्यमात्मप्रत्यक्षत्वे सत्यनुमेयमात्रत्वाभावादलिङ्गग्रहणः। समस्त-विप्रतिपत्तिप्रमाथिना विवेचकजनसमर्पितसर्वस्वेन सकलमपि लोकालोकं कवलीकृत्या-त्यन्तसौहित्यमन्थरेणेव सकलकालमेव मनागप्यविचलितानन्यसाधारणतया स्वभाव-भूतेन स्वयमनुभूयमानेन चेतनागुणेन नित्यमेवान्तःप्रकाशमानत्वात् चेतनागुणश्च। स खलु भगवानमलालोक इहैकष्टङ्कोत्कीर्णः प्रत्यग्ज्योतिर्जीवः।

---

હવે શિષ્ય પૂછે છે કે એ અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ નથી તો તે એક, ટંકોત્કીર્ણ, પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે? તેનું લક્ષણ શું છે? એ પ્રશ્નનો ઉત્તર કહે છેઃ-

**જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યક્તિવિહીન છે,**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.**

**ગાથાર્થઃ**-હે ભવ્ય! તું [ जीवम् ] જીવને [ अरसम् ] રસરહિત, [ अरूपम् ] રૂપરહિત, [ अगन्धम् ] ગંધરહિત, [ अव्यक्तं ] અવ્યક્ત અર્થાત્ ઇંદ્રિયોને ગોચર નથી એવો, [ चेतनागुणम् ] ચેતના જેનો ગુણ છે એવો, [ अशब्दम् ] શબ્દરહિત, [ अलिङ्गग्रहणं ] કોઈ ચિહ્નથી જેનું ગ્રહણ નથી એવો અને [ अनिर्दिष्टसंस्थानम् ] જેનો કોઈ આકાર કહેવાતો નથી એવો [ जानीहि ] જાણ.

**ટીકાઃ**-જે જીવ છે તે ખરેખર પુદ્ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં રસગુણ વિદ્યમાન નથી માટે અરસ છે. ૧. પુદ્ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ રસગુણ નથી માટે અરસ છે. ૨. પરમાર્થે પુદ્ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી માટે અરસ છે. ૩. પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી માટે અરસ છે. ૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રસવેદનાપરિણામને પામીને રસ ચાખતો નથી માટે અરસ છે. ૫. ( તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો ( -એકરૂપ થવાનો ) નિષેધ

હોવાથી રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે રસરૂપે પરિણમતો નથી માટે અરસ છે. ૬. આમ છ પ્રકારે રસના નિષેધથી તે અરસ છે.

એ રીતે, જીવ ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં રૂપગુણ વિદ્યમાન નથી માટે અરૂપ છે. ૧. પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ રૂપગુણ નથી માટે અરૂપ છે. ૨. પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રૂપ દેખતો નથી માટે અરૂપ છે. ૩. પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રૂપ દેખતો નથી માટે અરૂપ છે. ૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રૂપવેદનાપરિણામને પામીને રૂપ દેખતો નથી માટે અરૂપ છે. ૫. (તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી રૂપના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે રૂપરૂપે પરિણમતો નથી માટે અરૂપ છે. ૬. આમ છ પ્રકારે રૂપના નિષેધથી તે અરૂપ છે.

એ રીતે, જીવ ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં ગંધગુણ વિદ્યમાન નથી માટે અગંધ છે. ૧. પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ ગંધગુણ નથી માટે અગંધ છે. ૨. પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ ગંધ સૂંઘતો નથી માટે અગંધ છે. ૩. પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ ગંધ સૂંઘતો નથી માટે અગંધ છે. ૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક ગંધવેદનાપરિણામને પામીને ગંધ સૂંઘતો નથી માટે અગંધ છે. ૫. (તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે. પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી ગંધના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે ગંધરૂપે પરિણમતો નથી માટે અગંધ છે. ૬. આમ છ પ્રકારે ગંધના નિષેધથી તે અગંધ છે.

એ રીતે, જીવ ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં સ્પર્શગુણ વિદ્યમાન નથી માટે અસ્પર્શ છે. ૧. પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ સ્પર્શગુણ નથી માટે અસ્પર્શ છે. ૨. પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ સ્પર્શને સ્પર્શતો નથી માટે અસ્પર્શ છે. ૩. પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ સ્પર્શને સ્પર્શતો નથી માટે અસ્પર્શ છે. ૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક સ્પર્શવેદનાપરિણામને પામીને સ્પર્શને સ્પર્શતો નથી માટે અસ્પર્શ છે. ૫. (તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી સ્પર્શના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે સ્પર્શરૂપે પરિણમતો નથી માટે

અસ્પર્શ છે. ૬. આમ છ પ્રકારે સ્પર્શના નિષેધથી તે અસ્પર્શ છે.

એ રીતે, જીવ ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં શબ્દપર્યાય વિદ્યમાન નથી માટે અશબ્દ છે. ૧. પુદ્‌ગલદ્રવ્યના પર્યાયોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ શબ્દપર્યાય નથી માટે અશબ્દ છે. ૨. પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી માટે અશબ્દ છે. ૩. પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી માટે અશબ્દ છે. ૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક શબ્દવેદનાપરિણામને પામીને શબ્દ સાંભળતો નથી માટે અશબ્દ છે. ૫. ( તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી શબ્દના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે શબ્દરૂપે પરિણમતો નથી માટે અશબ્દ છે. ૬. આમ છ પ્રકારે શબ્દના નિષેધથી તે અશબ્દ છે.

( હવે 'અનિર્દિષ્ટસંસ્થાન' વિશેષણ સમજાવે છેઃ- ) પુદ્‌ગલદ્રવ્ય વડે રચાયેલું જે શરીર તેના સંસ્થાન ( આકાર ) થી જીવને સંસ્થાનવાળો કહી શકાતો નથી માટે જીવ અનિર્દિષ્ટસંસ્થાન છે. ૧. પોતાના નિયત સ્વભાવથી અનિયત સંસ્થાનવાળા અનંત શરીરોમાં રહે છે માટે અનિર્દિષ્ટસંસ્થાન છે. ૨. સંસ્થાન નામકર્મનો વિપાક ( ફળ ) પુદ્‌ગલોમાં જ કહેવામાં આવે છે ( તેથી તેના નિમિત્તથી પણ આકાર નથી ) માટે અનિર્દિષ્ટસંસ્થાન છે. ૩. જુદાં જુદાં સંસ્થાનરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુઓનાં સ્વરૂપ સાથે જેની સ્વાભાવિક સંવેદનશક્તિ સંબંધિત ( અર્થાત્ તદાકાર ) છે એવો હોવા છતાં પણ જેને સમસ્ત લોકના મિલાપથી ( -સંબંધથી ) રહિત નિર્મળ ( જ્ઞાનમાત્ર ) અનુભૂતિ થઈ રહી છે એવો હોવાથી પોતે અત્યંતપણે સંસ્થાન વિનાનો છે માટે અનિર્દિષ્ટસંસ્થાન છે. ૪. આમ ચાર હેતુથી સંસ્થાનનો નિષેધ કહ્યો.

( હવે 'અવ્યક્ત' વિશેષણને સિદ્ધ કરે છેઃ- ) છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. ૧. કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. ૨. ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન ( અંતર્ભૂત ) છે માટે અવ્યક્ત છે. ૩. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે. ૪. વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. ૫. પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન ( પ્રકાશમાન ) છે માટે અવ્યક્ત છે. ૬. આમ છ હેતુથી અવ્યક્તપણું સિદ્ધ કર્યું.

આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યક્તપણાનો અભાવ હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે ( જીવને ) અલિંગગ્રહણ કહેવામાં આવે છે.

પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે

**તેથી ( જીવ ) ચેતનાગુણવાળો છે. કેવો છે ચેતનાગુણ ? જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો ( જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો ) નાશ કરનાર છે, જેણે પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે. જે સમસ્ત લોકાલોકને ગ્રાસીભૂત કરી જાણે કે અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો હોય તેમ ( અર્થાત્ અત્યંત સ્વરૂપ-સૌખ્ય વડે તૃપ્ત તૃપ્ત હોવાને લીધે સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુધમી હોય તેમ ) સર્વ કાળે કિંચિત્માત્ર પણ ચલાયમાન થતો નથી અને એ રીતે સદાય જરા પણ નહિ ચળતું અન્યદ્રવ્યથી અસાધારણપણું હોવાથી જે ( અસાધારણ ) સ્વભાવભૂત છે.**

**-આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે. જેનો પ્રકાશ નિર્મળ છે એવો આ ભગવાન આ લોકમાં એક, ટંકોત્કીર્ણ, ભિન્ન જ્યોતિરૂપ વિરાજમાન છે.**

## પ્રવચન નં. ૧૨૨ ગાથા - ૪૯ તા. ૩૦/૧૦/૭૮ સોમવાર આસો વદ-૧૪

સમયસાર ગાથા ૪૯. ગાથા તો ચાલી ગઇ છે.

**ટીકા :-** જે આ જીવ છે, જ્ઞાનાનંદ, સહજાત્મ સ્વરૂપ એ છે તે, ખરેખર પુદ્ગલદ્રવ્યથી અન્ય હોવાથી, એ પુદ્ગલદ્રવ્યથી અન્ય હોવાથી, ભગવાન આત્મા ! ( શ્રોતાઃ- ખરેખર એટલે શું ? ) ખરેખર એટલે યથાર્થ. નિમિત્તપણે સંબંધ છે વ્યવહાર તરીકે સંબંધ છે પરમાર્થે એ છે નહિં એમ કહેવું છે. સર્વે સંબંધો નિષિદ્ધ ૨૦૦ કળશમાં ( છે ) આમ તો આવી ગયું ને કાલે વ્યવહારથી જીવને ( અને ) શરીરને નિમિત્ત – નિમિત્ત સંબંધ છે. કર્મને અને જીવને પણ નિમિત્ત – નિમિત્ત સંબંધ છે એ વ્યવહાર છે. એ જાણવું જ્ઞાન કરવા લાયક છે. પણ આદરવા લાયક એ નથી. આદરવા લાયક તો આ ભગવાન આત્મા, જીવ છે. પહેલું તો અસ્તિ સિદ્ધ કરી.

ભગવાન આત્મા, જ્ઞાયક સ્વરૂપ ! એ તો ભગવાનની સ્તુતિ કરી છે જ્યારે ઇન્દ્રોએ ત્યારે તો એક હજારને આઠ નામથી એને પોકાર્યા છે. એક હજારને આઠ ! એ કહીને પણ એમ કહ્યું કે આ તો સામાન્ય વાત છે. બાકી આપ તો અનંતગુણથી ( શોભાયમાન છો. ) આ તો જીવ છે આવો. એક હજારને આઠ નામના લક્ષણ આપ્યા છે. આદિ પુરાણમાં આદિ પુરાણ કાઢયું ’તું, બીજામાં છે પણ ત્રણેય જુદું છે. એક હજારને આઠ નામ જિનસેનાચાર્યના છે. એક હજારને આઠ નામ આશાધરના છે. એક હજારને આઠ નામ હેમચંદ્રાચાર્યના છે. ઘણું કરીને ત્રણ છે કે પાંચ છે. બીજા એક બે હોય તો ખબર નથી. બનારસીદાસના થોડા નામ છે આમાં, નામ એવા છે. એક પુસ્તક છે જુદું પણ એ તો ભાઈને હિંમતભાઈને કહ્યું ’તું પણ હાથ આવ્યું નહીં. આહાહાહા !

એક હજારને આઠ નામ પ્રભુ આપના, આત્મા જ્ઞાન સંપન્ન છે, દર્શન સંપન્ન છે. આનંદ સંપન્ન છે, જીવતર શક્તિ સંપન્ન છે. ચિતિ – દશિ જ્ઞાન ૪૭ શક્તિ, એવો ભગવાન આત્મા અનંત, અનંત, અનંત, અનંત એવા ગુણોનો સંપન્ન છે. એમાં એકેક ગુણથી કહે તો અનંતા અનંતા અનંતા ગુણ થાય છે. એવો આ જીવ છે. એમ અત્યારે પહેલાં સિદ્ધ કરીએ છીએ. આહાહા !

ભગવાન આત્મા અનંત – અનંત જીવતરશક્તિ સંપન્ન, અનંત – અનંત ચિતિશક્તિ સંપન્ન, અનંત – અનંત, દશિશક્તિ, જ્ઞાનશક્તિ, સુખશક્તિ, વીર્યશક્તિ, પ્રભુશક્તિ, વિભુત્વશક્તિ,

સર્વદર્શી, સર્વજ્ઞ વિગેરે અનંત – અનંત જેનું સામર્થ્ય છે એવા અનંતશક્તિ સંપન્ન પ્રભુ તે જીવ છે. અત્યારે આટલી વાત કરી. આહાહાહા ! સમજાય છે કાંઈ ?

જીવ છે એટલે જીવ કહો કે આત્મા કહો બીજામાં એમ છે કે આત્મા તો નિર્લેપ છે. પણ જીવને અંતરકર્મ સહિત દોષ છે. એમ બે જુદા પાડે છે. એમ નથી. આ તો પોતાના જીવતર શક્તિ કાઢી છે ને ભાઈ પહેલી, પહેલાં જીવતર શક્તિ કાઢી ને પહેલી ! કેમ કે "જીવો ચરિત્ર – દર્શન – જ્ઞાન ઠિયો" ન્યાંથી ઉપાડયું. બીજી ગાથામાં કહ્યું છે ! શું શૈલી પ્રભુની ! એ તારી શૈલી શું ? જીવો બીજી ગાથા "ચરિત્ર દંસણ જ્ઞાન ઠિયો" એમાંથી જીવતર શક્તિ કાઢી છે પહેલી ! ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત, આનંદ ને અનંતી સત્તા એનાથી જેનું જીવન છે પ્રભુનું, એવી જીવતર શક્તિ એવી ચિતિ શક્તિ જુઓ એ બધામાં જ્ઞાન તો બધામાં આવશે. જીવતરમાંય જ્ઞાન આવ્યું – દર્શન આનંદમાં ચિતિમાંય જ્ઞાનને દર્શન બેય આવ્યા. પ્રભુ તું તો ચિતિ શક્તિ સંપન્ન છો ને પ્રભુ ! જીવ છે એ ચિતિ, દર્શન, જ્ઞાનનો પિંડ પ્રભુ તે ચિતિ શક્તિ છે. પછી એના ભેદ પાડયા. દર્શન શક્તિ પછી જ્ઞાન શક્તિ. જુઓ પાછું આવ્યું જીવતરમાં દર્શન– જ્ઞાન આવ્યું'તું, ચિતિમાં દર્શન– જ્ઞાન આવ્યું'તું. પછી દર્શન અને જ્ઞાન ભિન્ન પાડયા. આહાહાહા !

પાછી વીર્યશક્તિ, પ્રભુત્વશક્તિ, પણ એ પ્રભુત્વશક્તિ પણ જીવ છે એવા જે અનંતગુણો છે તેમાં એકેક શક્તિનું રૂપ છે, એવો જીવ છે. આ પહેલી જીવ છે એની વ્યાખ્યા ચાલે છે. પછી તો નથી એમાં એટલે 'નાસ્તિ' એમ કહે છે. ભગવાન આત્મા અનંત, અનંત જ્ઞાન, દર્શન સહિત ચિતિ દૃશિ જ્ઞાન સહિત, પ્રભુત્વ વિભુત્વ સહિત અને એ પ્રભુત્વશક્તિ પણ અનંત શક્તિમાં એનું રૂપ છે, અને દરેક શક્તિ પ્રભુત્વશક્તિ સ્વરૂપ છે. એવી વિભુત્વશક્તિ સર્વદર્શીશક્તિ એમાં પાછું દર્શન આવ્યું. સર્વજ્ઞશક્તિમાં જ્ઞાન આવ્યું, સ્વચ્છત્વશક્તિમાંય જ્ઞાન આવ્યું. પ્રકાશશક્તિમાં પાછું સ્વ–સંવેદન જ્ઞાન, એવા અનંત અનંત ગુણો અસંકુચિત, અકાર્યકારણશક્તિ અનંત, પરિણમન પરિણામ્યશક્તિ અનંત, ત્યાગ ઉપાદાન શૂન્યત્વ શક્તિ અનંત, અગુરૂલઘુ ગુણશક્તિ અનંત, ઉત્પાદવ્યયધ્રુવશક્તિ અનંત એકેક શક્તિમાં અનંતનું રૂપ માટે અનંત એમ કીધું. આહાહા !

એમ અગુરુલઘુશક્તિ અનંત, ઉત્પાદવ્યયશક્તિ અનંત, અસ્તિત્વ પરિણામની શક્તિ અનંત, એમાં એકેકમાં અનંતનું રૂપ, ઓહો ! એવો જીવ છે કહે છે અહિંયા તો. અમૂર્ત શક્તિ અનંત, અકર્તૃત્વશક્તિ અનંત, અભોક્તૃત્વશક્તિ અનંત એકેક શક્તિમાં પાછું દરેકમાં અકર્તૃત્વપણું અભોક્તૃત્વપણું દરેક ગુણના રૂપમાં છે. આહાહાહા !

ભગવાન તો અનંતગુણનો સાગર અનંતા અનંતા ગુણો પણ એ અનંતા અનંતા જેનો અંત નહિ એટલા ગુણો, પણ એ અનંતા ગુણનું એકેક ગુણમાં એનું રૂપ બધું પાછું. અનંતા, અનંતા, અનંતા, અનંતા ગુણ છે. એટલા અનંતાઅનંત જેનો અંત નહિ પાછા એના એટલા ગુણોનું એકેક ગુણમાં એનું રૂપ. ઓહોહો ! એક ગુણ એમાં નહિ, એક ગુણમાં બીજો ગુણ નહિ પણ ગુણનું સ્વરૂપ અંદર છે. જેમ કે કર્તૃત્વ ગુણ છે પણ અંદર કર્તૃત્વ ગુણ નહિં. પણ કર્તૃત્વ નામનું એમાં રૂપ છે ! એકેક જ્ઞાન, એકેક દર્શન એકેક આનંદ એવા અનંતા અનંતા ગુણો એમાં એકેક ગુણમાં અનંતા અનંતનું રૂપ. એવો જીવ છે.

( શ્રોતાઃ- એવું તો છ યે માં છે દ્રવ્ય ) એવો છે ! માટે એમ કહે છે ! એવો છે, હવે પરથી નથી એ સ્વથી છે આવા ગુણોથી, અરે અહીં તો દૃષ્ટિનો વિષય જે જીવ છે એને પહેલો વર્ણવ્યો. જીવ છે એમાં મોટી વ્યાખ્યા ઘણી છે. આ થોડી- થોડી લીધી. બાકી તો જીવ છે. ( શ્રોતાઃ- "જીવ" બે અક્ષરમાં અનંત ભર્યું છે ) 'જગત' ત્રણ અક્ષરમાં એકાકાર છે ત્રણેય. 'જ' ... 'ગ' .... 'ત' .... જગતમાં કેટલું ભર્યું છે ! અનંતા નિગોદ, અનંતા સિદ્ધો, અનંતા દ્રવ્યો, અનંતા ગુણો, અનંતી પર્યાય, જગત... 'જ' 'ગ' જ પછી ઝ કખગ "ગ" ત્રીજો આવે આ જ ઓલામાં પાંચ બોલમાં પહેલો 'જ' કખગઘ પછી જ આવેને પહેલો જ અને પછી ત્રીજો ગ પછી ઓલા તથદધન માં પહેલો ત પાંચ પાંચ બોલ છે ને 'જગત' ત્રણ અક્ષરમાં તો ચૌદ બ્રહ્માંડ લોકાલોક જગત શબ્દમાં આવી જાય છે. એમ જીવ છે એમાં ભાઈ અમારે ચંદુભાઈ કહે બે અક્ષર છે. 'જીવ' બે અક્ષર છે. "છે" એ એનું વિશેષણ થયું છે. આહાહાહા !

'જીવ' ભગવાન પરમાનંદનો નાથ, અનંતા અનંતા ગુણોમાં એકેક ગુણમાં અનંતાઅનંતા ગુણોનું રૂપ, વિશેષ વર્ણવ્યું છે એમાં "અધ્યાત્મ પંચ સંગ્રહ" છે ને ! એમાં પાછળથી બહુ વર્ણવ્યું છે ભાઈએ, આપણને તો બહુ પકડાય નહી એટલું વર્ણવ્યું છે ભાઈએ દિપચંદજીએ ગુણ ને એનું રૂપને એમાં તત્ત્વ અને વિશેષ એના પ્રકાર પાડી પાડી પાડીને એના એકેક ગુણમાં અનંતી અનંતી શક્તિનું વર્ણન કર્યું છે. એકેક ગુણમાં હો ! પુસ્તક નથી અહીં. અધ્યાત્મ પંચસંગ્રહ છે. દિપચંદજીનું કરેલું. પણ એણે તો ગજબ કામ કર્યાં છે માળાએ અને શક્તિના વર્ણનનો વિસ્તાર એણે જેવો કર્યો છે એવો બીજે ક્યાંય નથી. એટલી – એટલી શક્તિનું વર્ણન એણે પંચસંગ્રહમાં કર્યું છે. આહીં તો વર્ણવવું છે જીવ–જીવ–જીવ છે. એ અનંતા– અનંતા ગુણોનું સ્વરૂપ પ્રભુ એવો જીવ છે પ્રભુ ! તે છે તે ! ભગવાન તારા ઘરની વાતું આ છે. ખરેખર, નિમિત્તથી સંબંધ હોય એ કાંઈ ખરી વાસ્તવિક વસ્તુ નથી. ખરેખર, પુદ્‌ગલ દ્રવ્યથી એટલે જડ દ્રવ્યથી રજકણો જે પુદ્‌ગલના છે અનંતા. એનાથી એ અન્ય હોવાથી દ્રવ્યથી અન્ય હોવાથી – પહેલો શબ્દ એ છે. પછી બીજો આવશે ગુણથી અન્ય હોવાથી. આહાહા !

જીવ દ્રવ્ય જે છે તે પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી એમાં રસગુણ વિધમાન નથી કેમ કે પુદ્‌ગલનો, પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન છે માટે તેના આત્મામાં રસગુણ નથી. વર્ણ, ગંધ, સ્પર્શ ન લેતા, પહેલું આ કેમ ઉપાડયું ? ભગવાન અતીન્દ્રિય આનંદનો રસ પ્રભુ છે. ભાઈ આ જયસેનાચાર્યની ટીકા છે ને...

નિજ નિર્વિકલ્પ સમાધિ સંજાત ઉત્પન્ન સ્વાનુભૂતિ – એવી જે સ્વાનુભૂતિ ગિરિગુફા એ સ્વાનુભૂતિરૂપ ગિરિગુફામાં પ્રવેશ કરીને, આ ગિરિગુફામાં એ બહારની વાત છે. સમજાણું કાંઈ ? છે અહીંયાં, પુસ્તક નથી ? સમયસાર નથી, જુઓ, ૪૯ ગાથા જુઓ, અહીં તો ઘણીવાર આવી ગઈ છે વાત અહીં છે. ભગવાન આત્મા, પૂર્ણાનંદનો નાથ ઉપાદેય તરીકે દૃષ્ટિમાં લઇને "મત્વા" એમ જાણીને, નિર્વિકલ્પ, વિકલ્પ વિનાનો પ્રભુ, નિર્મોહ, મોહ રહિત પ્રભુ, નિરંજન – જેનું અંજન કોઇ નંથી, મેલ આવરણ નથી, નિજ શુદ્ધાત્મ નિજ શુદ્ધાત્મા, પોતાનો જે શુદ્ધ આત્મા ત્રિકાળી એની સમાધિ સંજાત, એને આશ્રયથી સમાધિ નામ આનંદની ઉત્પત્તિ થઈ, 'સમાધિ' આવે છે ને લોગસ્સમાં આવે છે. 'સમાધિવર મુત્તમંદન્તું' લોગસ્સમાં આવે છે પણ

એના અર્થની કયાં ખબર છે હાંકે જ રાખે ગાડા. અહીં તો નિર્વિકલ્પ સમાધિ શાંતિ, જે આનંદ, અતીન્દ્રિય સમાધિ આનંદ એનાથી સંજાત સુખામૃત એનાથી ઉત્પન્ન થયેલો સુખરૂપી અમૃત – એની જે રસાનુભૂતિ – અનુભૂતિનો રસનો અનુભવ 'એવે લક્ષણે ગિરિગૃહા ગુહરે' – આવા લક્ષણવાળી ગિરિગુફામાં પ્રવેશ કરીને પથ્થરની ગિરિગુફામાં નહિ. આહાહાહા !

એવી ઝીણી વાતું છે બાપુ ! સ્વાનુભૂતિ, સુખામૃત રસાનુભૂતિ લક્ષણ, આનંદનો નાથ એની અનુભૂતિરૂપી રસાયણ, અરસ એમાં પેસીને ગીરીગુફામાં પ્રવેશ્યા. આહાહાહા ! 'સર્વતાત્પર્યમ ધાતુયં' સર્વ તાત્પર્યનું તાત્પર્ય તેને ધ્યાન કરવું તેને ધ્યાવવો. ગિરિગુફા આવે છે. સમજાણું કાંઈ ? આહાહાહા !

એવો જે જીવ ભગવાન છે એ પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં રસગુણ વિદ્યમાન નથી માટે પ્રભુ અરસ છે. અનુભૂતિના રસની અપેક્ષાએ આ રસ વિનાનો છે એમ કીધું. આમાં આવ્યું'ને અનુભૂતિ. ( શ્રોતાઃ– છ દ્રવ્યમાંથી એકલું પુદ્‌ગલદ્રવ્યની સાથે જ કેમ કહ્યું ? ) એ પછી બીજા નાખી દેશે. એ મૂળ તો એની સાથે વાંધા છે ને, દેખાય છે અને એની સાથે આખો સંબંધ છે. ઓલા દેખાતા નથી – ધર્મ – અધર્મ – આકાશ –કાળ. જુઓને ખીમચંદભાઈ બચારા અસાધ્યમાં પડયા છે. બાહ્ય અસાધ્ય હોં, ઓલી અસાધ્ય એ તો વળી જુદી ચીજ એમને એમ પડયું છે. ભગવાન ! પુદ્‌ગલ દ્રવ્યને એને વધારે સંબંધ તો એ છે ને ? આ શરીર હું છું, વાણી હું છું, મન હું છું, મન, વચન ને કાયા, કૃત કારિત અનુમોદનાથી ભગવાન તો રહિત છે. ભાવનામાં આવે છે છેલ્લે બંધ અધિકાર અને સર્વ વિશુદ્ધમાં. તાત્પર્ય આવે છે આખો મોટો અધિકાર છે ! છે ઘણીવાર કહેવાઇ ગયું છે.

હું તો પુદ્‌ગલ દ્રવ્યથી અન્ય દ્રવ્ય હોવાથી તેના રસગુણ મારામાં નથી. મારો તો આત્મા આનંદરસ છે. એમ કહે છે, હું તો અતીન્દ્રિય આનંદ રસમય જીવ છું. આ જે પુદ્‌ગલનો રસગુણ છે તે મારામાં નથી એક વાત. આ રસ કેમ પહેલો લીધો એ આવ્યું. અનુભૂતિના આનંદના રસથી આ રસ નથી એમાં, આવું છે ! આહાહા !

અ... રે... રે ! દેહ છૂટવા ટાણે એને દેહ અને પોતાનું એકત્વ માન્યું હશે, એ ઓલા છોકરાઓ લીમડાને છોડીયું રમે છે ત્યાં લીમડાને અડીને એ વનસ્પતિ છે એને દુઃખ થાય હાથ અડે તો મરી જાય અસંખ્ય જીવો, લીમડાને જો છોડીયું અડીને ફરે છે ફેરા મારે છે. એને ખબર નથી. અહીં સાંભળવા આવ્યા ને વનસ્પતિને, રમે છે ચારેકોર મોટી છોડીયું જુઓ ફેરા ફરે છે. ગાંડપણ તે કાંઇ, હવે આવ્યા છે સોનગઢ ! લીમડાને એક હાથ અડાડતા અસંખ્ય જીવ મરી જાય છે. તરત જ પાંદડાને અડતા અસંખ્ય જીવ મરી જાય. એ અડતા નથી ખરેખર, પણ તે વખતે એને જીવને છુટવાનો પ્રસંગ હોય ને ત્યારે ઓલું નિમિત્ત આવું હોય.

બીજો બોલઃ– આ રસ કેમ લીધો એનો અર્થ કર્યો. ભગવાન આત્માનો અતીન્દ્રિય આત્માનો અનુભૂતિ રસ છે, એને જીવ કહીએ. એમ આ પુદ્‌ગલનો પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી પુદ્‌ગદ્રવ્યનો રસગુણ એમાં નથી. આત્માના આનંદનો રસ એમાં છે. આકરી વાતું ભાઈ ! આહાહાહા !

બીજો પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી લીધું. ઓલું દ્રવ્યથી લીધું હતું. પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ

ભિન્ન, પણ છે ને પણ પાછું. પણ પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી રસગુણ નથી. અને પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ, એકેક અક્ષર તે ભિન્ન હોવાથી પોતે પણ, પોતે પણ એમ છે ને ? રસગુણ નથી. પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી ભગવાન આત્મા ભિન્ન હોવાથી ભગવાન પોતે પણ રસગુણ નથી. એમાં છે ? પોતે પણ રસગુણ નથી માટે અરસ છે. આહાહાહા !

ત્રીજો બોલઃ– પરમાર્થે પુદ્‌ગલ દ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિં હોવાથી, આ દ્રવ્યેન્દ્રિયો છે ને આ જડ શરીર પરિણામને પ્રાપ્ત, શરીર પરિણામને પ્રાપ્ત, ચક્ષુ, નાક–ગંધ રસ, સ્પર્શ એ પુદ્‌ગલદ્રવ્યના દ્રવ્યનું 'સ્વામીપણું પણ તેને નથી. એ જડેન્દ્રિયનો ધણી આત્મા નથી. તેથી દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી. આ જડ છે માટી આ જીભ દ્રવ્યેન્દ્રિય આ, એનું કાંઈ જીભેન્દ્રિયનો સ્વામી કંઈ જીવ નથી કે જીભને હલાવે ને રસને ચાખે. ગાથા બહુ સારી આવી ગઇ છે. આહાહાહા !

ખરેખર પહેલું તો આમાં ખરેખર કહ્યું'તું આમાં પરમાર્થે કહ્યું પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ એમ. આ જડેન્દ્રિયનો એ ધણી નથી. આ જીભેન્દ્રિયનો એ આત્મા ધણી નથી. એનો એ સ્વામી નથી. ( શ્રોતાઃ– પૈસાનો ધણી છે ) પૈસાનો ધણી એ કે દી' ( હતો ) મૂરખ હોય એ માને પૈસા મારા એ મૂરખ હોય એ માને એ નિર્જરા અધિકારમાં આવ્યું છે ને ભાઈ. જો આ છે એને મારા માનું તો હું અજીવ થઈ જઉં. નિર્જરા અધિકાર છે ને. જો હું આ શરીર, વાણી, મન, પૈસા, સ્ત્રીના શરીર આદિ મારા માનું તો તો હું જડ થઈ જઉં. આવું આકરું કામ છે – આહીં તો જ્યાં હોય ત્યાં મેં કર્યુ. મેં કર્યુ. મે કર્યુ અને હું કરું છું. એ સ્વામી થઈને અભિમાન મિથ્યાત્વના સેવે છે. આહાહા !

ખરેખર આ દ્રવ્યેન્દ્રિય જે આ જીભ એના આલંબન વડે, એના આલંબનના આશ્રયે પણ રસ ચાખતો નથી. ભગવાન આ જીભેન્દ્રિયના આલંબનથી રસને ચાખતો નથી. કેમકે જીભેન્દ્રિય એ જડનો એ કંઈ સ્વામી નથી, એ કંઇ ધણી નથી. હવે એક જણો કહે કે આ સમયસાર હું પંદર દિવસમાં વાંચી ગયો – બહુ સારુ, બહુ સારુ. સારી વાત છે બાપા ! અરે બાપા ભાઈ એ વાતુ કોઈ બીજી છે. જીભનો સ્વામી જીવ નથી, આ જડ છે. તેથી આના દ્વારા આ રસને આત્મા ચાખતો નથી. ત્રણ થયાને.

હવે ચોથો બોલ. પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે, જીવ જે છે એ જ્ઞાનાનંદ સ્વભાવથી જોવામાં આવે, ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિથી એને જોઇએ ભગવાન આત્માને, કાયમી – ટકતા, શાશ્વત સ્વભાવથી એને જોઇએ તો ક્ષયોપશમ ભાવનો પણ તેને અભાવ છે. માટે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ ભાવેન્દ્રિય છે ને ક્ષયોપશમ, એ ભાવેન્દ્રિયનું આલંબન છે એ પણ જીવનું સ્વરૂપ નથી. આહાહા !

આરે આવી વાતું હવે, દ્રવ્યેન્દ્રિયનો સ્વામી નથી માટે એના સ્વામીપણે રસ ચાખતો નથી. અને ભાવેંન્દ્રિયનું સ્વરૂપ છે એ તેના સ્વભાવમાં નથી. એ તો પરમપારિણામિક સહજ સ્વભાવરૂપી અપરિણામી તત્ત્વ.... એવા ભગવાનના સ્વભાવથી જોઇએ તો ભાવેન્દ્રિયના ક્ષયોપશમથી આમ રસ જેમ જણાય છે એનાથી રસ જાણતો નથી આત્મા–ભાવેન્દ્રિયથી રસ જાણતો નથી. રસેન્દ્રિય તો જડ, માટી, ધૂળ, એનાથી તો રસ ચાખતો નથી. એનો સ્વામી નથી

માટે, પણ ભાવેન્દ્રિયનો જ્ઞાનનો જે ક્ષયોપશમ છે પર્યાયમાં, એને ભાવેન્દ્રિયથી જે આ રસ છે એમ જાણે છે. એ સ્વભાવની દૃષ્ટિથી જોઇએ તો ભાવેન્દ્રિયથી પણ રસ જાણતો નથી. આવું છે !

વીતરાગનું તત્ત્વ, પરમાત્માનું કહેલું એ કંઈ જુદી જાત છે. ભગવાન આત્માનો ચૈતન્ય સ્વભાવ, પરમપારિણામિક ત્રિકાળી સ્વભાવ, સહજાત્મ સ્વરૂપ એના સ્વભાવથી જોઇએ તો એ રસને જે ભાવેન્દ્રિય જાણે, ખ્યાલમાં આવે છે કે આ ગળ્યો છે આદિ તે ભાવેન્દ્રિય દ્વારા પણ જીવ જાણતો નથી. કેમ કે ક્ષયોપશમ ભાવનો પણ, ઓલ્યાનો તો અભાવ છે પણ ક્ષયોપશમ ભાવનો પણ તેને અભાવ છે. એની પર્યાયમાં જે કંઈ ભાવેન્દ્રિયના–ઉઘાડના અંશથી જે રસ જણાય છે તો ખરેખર તો ભાવેન્દ્રિયનો જે ક્ષયોપશમ ભાવ છે તે ( નો ) તો સ્વભાવમાં અભાવ છે. એના સ્વભાવમાં એ છે જ નહિ. આહાહાહા !

ક્ષયોપશમ ભાવના અભાવને લીધે ભાવેન્દ્રિયના આલંબન વડે, ઉઘાડમાં ભાવેન્દ્રિયના આલંબનથી પણ રસને ચાખતો નથી, માટે અરસ છે.

પાંચમો સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા કહે છે કે પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં સાધારણ એવું જે આત્માનું જ્ઞાન સર્વ વિષયોના વિશેષો, સર્વ વિષયોના વિશેષો, સર્વ વિષયોના ભેદભાવો, પાંચ ઇન્દ્રિયના, એના હાથમાં સાધારણ એક જ સંવેદન પરિણામ છે. આહાહા ! એક – એક ઇન્દ્રિયને જાણવાનો એમ નહિ. એ તો બધાને એકરૂપ સંવેદન–જાણવાનો પોતાનો સ્વભાવ છે. ઝીણી વાત છે થોડી ભાઈ. આ ગાથા બહુ ઊંચી છે. આ ગાથા બહુ જૂની છે– દરેક ગ્રંથમાં છે – સમયસાર, નિયમસાર, પ્રવચનસાર, અષ્ટપાહુડ, પંચાસ્તિકાય અને ધવલ બધેય છે. બહુ જૂની ગાથા છે – વીતરાગના, સર્વજ્ઞ પરમેશ્વરના પંથમાં એ ગાથા આજે આવી ગઈ છે.

એ કહે છે – સકળ વિષયોના વિશેષો પાંચેયના એ દરેકમાં એકરૂપ પોતાનું જ્ઞાન એવા એક જ સંવેદન પરિણામરૂપ, તેનો સ્વભાવ હોવાથી કેવળ એક સમસ્ત રસવેદના પરિણામને પામીને કેવળ એક રસના વેદને પામીને રસ ચાખતો નથી. એ તો બધાના જ્ઞાતા – દ્રષ્ટા તરીકે એકરૂપ પરિણામ છે પોતાના. ભારે ઝીણું ! અહીં શું કહે છે ? પાંચેઇન્દ્રિયના વિશેષો જે પ્રકાર છે તેનો તેના સ્વભાવમાં તો અભાવ છે. એ તો એક જ રૂપે, જાણવું – દેખવું, જાણવા દેખવાના પરિણામને એ તો પોતે કરે છે. સ્વ – સંવેદન કીધું ને ? સંવેદન પરિણામ, જાણવું દેખવું એવું વેદન બસ. પાંચેઇન્દ્રિયમાં એકેકમાં ખંડખંડ રૂપે જાણીને પાંચેયને ખંડ–ખંડને જાણે એમ એ નથી. ભગવાન આત્મા, પાંચેઇન્દ્રિયના વિષયોના વિશેષોમાં પણ, એકરૂપે સંવેદન જાણનાર દેખનાર જ્ઞાતા છે તેથી તે જાણે છે. એવો સ્વભાવ તે કેવળ રસવેદના પરિણામને પામીને, રસને જાણીને, રસના વેદને પામીને રસ ચાખતો નથી. અરે... આહાહા !

આંહી તો આ કેમ ઉપાડયું કે માણસ આમ રસ ચાખે છે ને આ રસ જે હોયને એ રસનું જ્ઞાન થાય છે ત્યારે એ જાણે છે કે આ રસથી મને જ્ઞાન થયું. ખાટું છે ને એ ખાટું મને જણાણું, ખાટું જણાણું નથી, ખાટું જણાઇ જાય, ખાટું જણાય તો અહીં એકલો થાય તો તો જ્ઞાન ખાટું થઈ જાય. પણ જ્ઞાન પોતે પોતામાં રહીને ખાટાને ભિન્ન રીતે જાણી અને સંવેદન પરિણામથી એ તો જાણે છે. આવા બધા નિયમો, આ શરતું. સમજાણું કાંઈ ?

એકલા રસવેદના પરિણામને પામીને રસ ચાખતો નથી માટે અરસ છે. તેને સમસ્ત જ્ઞેયનું જ્ઞાન થાય પરંતુ સકળ જ્ઞેય જ્ઞાયકના તાદાત્મ્યના, સકળ જ્ઞેયોને જાણે, શું કીધું ઈ ? રસ છે એ જ્ઞેય છે. તેમ બધા જ્ઞેયોને ભગવાન જાણે છતાં તે જ્ઞેય-જ્ઞાયકનો તાદાત્મ્ય સંબંધનો નિષેધ હોવાથી, એ પરજ્ઞેયો છે તેને એ જાણે, છતાં જ્ઞેયને જ્ઞાયક એકરૂપ થાય છે, એવું ત્રણ કાળમાં નથી. આહાહાહા !

આ સમયસાર ! ભગવાન જ્ઞાયક સ્વરૂપ અને અનંતા જ્ઞેયો, એ જ્ઞેય-જ્ઞાયકને, જ્ઞાયક જ્ઞેયને જાણે છતાં જ્ઞેયમાં તે જ્ઞાનનું અહીં જ્ઞાન કર્યું પણ જ્ઞેયમાં તન્મય નથી થતો તે જ્ઞાન જ્ઞેયમાં તન્મય થતું નથી. જ્ઞેયનું જ્ઞાન કર્યું તેમાં એ તન્મય છે. પણ જ્ઞેય-જ્ઞાયકનો વ્યવહાર સંબંધ જે કહ્યો તેથી તે જ્ઞેયને જાણ્યું માટે જ્ઞેયરૂપે જ્ઞાન થયું, જાણવાયોગ્ય પદાર્થમાં જ્ઞાન તાદાત્મ્યરૂપ થયું, તે રૂપે થયું એમ નથી. જ્ઞેયને જાણતા પણ જ્ઞાન – જ્ઞાનરૂપે રહીને જાણે છે. હવે આવું ક્યાં નવરા આમાં ? નવરાશ ન મળે ધંધાના પાપ આડે આખો દિવસ, એમાં આવું સમજવાનું, ધારવાનું એમાં કઠણ પડે એને. ભાઈ મારગ એવો છે બાપુ ! ચૌદશની ભારે તિથિ કહેવાય છે લોકમા હોં. આ રોગના રોગ માટે એવું સાંભળ્યું છે ભાઈ એમ કહે છે ને ! આ રોગાદિ હોયને બહુ એને આ એવું સાંભળ્યું છે આપણે તો, મરણની પથારીએ પડયા હોય એને આ ચૌદશ ભારે કહેવાય એમ કહે છે. આહાહાહા !

અહીં તો જીવતરના જીવનમાં જે આવ્યો છે, એને આ ચૌદશ ભારે છે. કાળી રાત નહિં પણ અંજવાળી રાત છે આ. શું કીધું ઈ ?

કે સકળ જ્ઞેય-જ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી, તે રસ, ગંધ, શરીર, વાણી, મન, ધર્માસ્તિ આદિ અનંત દ્રવ્યો. એ બધાંને જ્ઞેય તરીકે જ્ઞાયક જાણવા છતાં, તે જ્ઞાયક જ્ઞાયકરૂપે રહે છે. પણ તે જ્ઞાયક જ્ઞેયને જાણતાં, જ્ઞેયમાં તાદાત્મ્ય નામ તે રૂપે થતો નથી. મોટાણી ! આ ઝીણું છે. આજે બધું આ ૪૯ મી ગાથા એવી છે ને જરી. આ ઝીણું છે ને ભગવાન સૂક્ષ્મ છે ઈ કહેશે અંદર અવ્યક્તમાં, ટીકાકારે સૂક્ષ્મ લીધો છે. આ તો છ બોલ લેશે પણ જયસેનાચાર્યે તો એ લીધું છે, કે મનનો જે વિકલ્પ છે કામ ક્રોધાદિનો એનાથી અવ્યક્ત નામ સૂક્ષ્મ છે. મનના વિષયથી ને મનથી પણ જણાય એવો નથી પ્રભુ, માટે અવ્યક્ત છે ત્યાં એણે એમ લીધું છે. આ બોલ બહુ સૂક્ષ્મ લેશે. અમૃતચંદ્રાચાર્ય તો ગજબ કરશે ! આહાહાહાહા !

હવે જીવ આવો જેમ છે તેમ પણ હજી એના જાણવામાં ન આવે અને જાણવામાં આવે તો પણ એ કાંઈ વાસ્તવિક જ્ઞાન નથી. આવું તો પરલક્ષી યથાર્થ જ્ઞાન જ્યારે થાય, તો પણ તે કંઇ સમ્યગ્જ્ઞાન નથી. પણ હજુ આવું પરલક્ષી સત્યાર્થ છે એની હજી ખબરું નથી, એને સ્વલક્ષી જ્ઞાન તો ક્યાંથી થાય પ્રભુ. અને સ્વલક્ષી જ્ઞાન થયા વિના ભવના અંત નથી ક્યાંય. આહાહાહાહા !

સકળ જ્ઞેયોનું જ્ઞાન થાય છે. લોકાલોકનું જ્ઞાન થાય છે. છતાં તે જ્ઞેય-જ્ઞાયકનો એક થવાનો નિષેધ છે માટે પણ રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ, રસ છે તેના જ્ઞાનપણે પરિણમતાં છતાં પણ પોતે રસરૂપે થતો નથી. રસનું અહીં જ્ઞાન કરે એ જ્ઞેય છે માટે, છતાં તે રસરૂપે થતો નથી. રસના જ્ઞાનરૂપે ( જે ) પોતાનું જ્ઞાન ( છે ) તે રૂપે થાય છે. આહાહા ! આવી વાતું છે.

આ તો નિવૃત્તિ લઈને અંતરમાં અભ્યાસ પહેલો કરે ત્યારે બાહ્યલક્ષી જ્ઞાન થાય એ તો હજી બાહ્યલક્ષી એ અંતરનું નહિ. જે ભવના અંતનું જે જ્ઞાન એ તો... આહાહા... આવું જે જાણપણું થાય લક્ષમાં મગજમાં એનાથી પણ પાર પરમાત્મા પોતે જે ભિન્ન છે. એવો જ્ઞાયકભાવ તેને સ્પર્શીને અથવા તેમાં પોતાપણું માન્યતા થઈને જે જ્ઞાન થાય એ જ્ઞાન ભવના અંતનું કારણ છે. એ તો આ બાહ્ય છે આ રીતે છે એનું સ્વરૂપ આવું છે– આવું છે એવું એના ખ્યાલમાં એ જ્યાં હજી આવે નહિં હજુ, બાહ્યલક્ષી જ્ઞાનમાં એને અંતર્લક્ષી વાસ્તવિક જ્ઞાન તો ક્યાંથી થાય ? માની લે કે મને થયું છે કંઈક જ્ઞાન ! એ તો એક મગજમાં આવ્યું. અમે ભણતાં હતાં ત્યારે કવિ દલપતરામના ( ગીત ) માં એક શબ્દ હતો. "પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો મુજ રોગ લે હરી" એવું આવતું દલપતરામમાં અમારા વખતમાં ૭૦ ( સીત્તેર ) વર્ષ પહેલાંની વાત છે. પોણોસો વરસ પહેલાંની વાત છે. કવિ દલપતરામનું ગાયન હતું. ચોપડીમાં આવતું. દલપતરામ પોતે પરીક્ષા લેવા આવતા અમારી વખતે એને તો ઘણાં વર્ષ થયા. પોણોસો વર્ષ થયા.

પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો–મુજરો એટલે વિનંતી, મુજરો મુજ રોગ લે હરી !

કવિ છે ને એતો . આહાહાહા !

હું આનંદનો નાથ પ્રભુ, હું જ્યારે સ્વરૂપમાં અનુભવ કરીને, રાગ અને દ્વેષના અજ્ઞાનને હરીને નાશ કરું ત્યારે હું કરીને આત્મા કહેવાઉં. ત્યારે મારી પ્રભુતા પ્રસરી અને પ્રગટ થઈ ત્યારે કહેવાય. આહાહા !

અહીં કહે છે એ રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં, જ્ઞાનરૂપે પરિણમતાં હો. તો રસનું જ્ઞાન નથી, એ તો જ્ઞાન તો સ્વપરપ્રકાશક પોતાનું છે પણ એને સમજાવવું શી રીતે ? રસનું જ્ઞાન કીધું એ રસનું જ્ઞાન નથી, એ જ્ઞાન સ્વપરપ્રકાશક પોતાનું સામર્થ્ય છે તેનું છે. પણ લોકોને સમજાવવું શી રીતે ? રસના જ્ઞાનરૂપે પરિણમતા છતાં, શું કીધું એમાં ? કે જે રસ છે, એને જાણે છે. માટે રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં એ નિમિત્તથી કથન કર્યું, પણ ખરેખર તો તે સમયનું જ્ઞાન, પોતાને જાણે છે અને પોતાને જાણતા રસને જાણવાનું રસ છે માટે નહિં, પોતે સ્વપરપ્રકાશકરૂપે પરિણમતા એ પરિણતિ જાણે છે. એ શું કહ્યું ? એ શું કહ્યું ? કે રસ છે એનું જે અહીં જાણવાનું જ્ઞાન થયું. એ રસને લઈને નહિં. રસપણે તો થયો નહિં, પણ રસને લઈને એ જ્ઞાન નહીં. રસપણે તો થયો નહીં જ્ઞેયપણે, પણ જ્ઞેયનું જ્ઞાન થયું એ રસનું જ્ઞાન નહિં. પણ એને સમજાવવું છે તો શી રીતે સમજાવવું ? નવરંગભાઈ ! ( ગાથા ) ઝીણી છે બાપુ ! બહુ પ્રભુ ! કહેતા 'તાને ભાઈ અરે આવા ક્યારે ટાણાં આવે બાપા !

કહે છે, કે રસને દ્રવ્યેન્દ્રિય દ્વારા તો ચાખે નહિં કેમકે એનો સ્વામી નથી. ભાવેન્દ્રિય દ્વારા ચાખે નહિં, કેમકે તે તેનો સ્વભાવ નથી, પણ રસને પોતામાં, પોતામાં રહીને આ રસ છે તેનું જ્ઞાન કર્યું એ પણ રસને લઈને જ્ઞાન થયું એમ નહિં. રસરૂપે તો જ્ઞાન ન થયું પણ જ્ઞાન રસના જ્ઞાનરૂપે થયું એમેય નહિં. એ શું કહ્યું ? એ જ્ઞાન પોતે પોતાના સ્વપરપ્રકાશકના સ્વભાવને લઈને પોતાપણે થયું છે. ભાઈ ! આહાહાહા !

ઈશ્વરભાઈ ! આ ઈશ્વરતાનું વર્ણન ચાલે છે આ બધું. આખો ઈશ્વર પ્રભુ, પ્રભુત્વ ગુણથી ભરેલો એક પ્રભુત્વ ગુણ આવે છે ને ભાઈ એમાં "સ્વતંત્રતાથી શોભિત કયા પોતાના પ્રતાપથી

બીજાથી ખંડિત ન થાય એવો” એ પ્રતાપગુણની વ્યાખ્યા છે. જે કોઇથી ખંડિત ન થાય અને સ્વતંત્રતાથી શોભિત એવો પ્રભુત્વ નામનો ગુણ ભગવાનમાં છે. તેવો જ ગુણ દરેક ગુણમાં છે. જ્ઞાનગુણ પણ પોતાના પ્રતાપથી ખંડિત ન થાય અને એને કોઇ ખંડિત કરનાર છે નહિં અને સ્વતંત્રતાથી જ્ઞાનની પર્યાય પોતાથી પોતાને થાય એવો તે પ્રભુત્વગુણથી ભરેલો જ્ઞાન છે. આવો ઉપદેશ કઈ જાતનો ? આમાં શું કરવું કંઈ સૂઝ પડતી નથી. ભાઈ ! તું કોણ છો ત્યાં જો એને, તો તને ખબર પડશે બધી. આહાહાહા !

આહીં તો પરમાત્મા, ત્રણ લોકના નાથ કહે છે એ સંતો આડતિયા થઈને જગતને જાહેર કરે છે. ત્રણલોકના નાથ, સીમંધર પરમાત્મા સર્વજ્ઞદેવ પાસે ગયા હતા. મહાવીરને તો પ્રભુ કુંદકુંદાચાર્યદેવને છસો વર્ષ દૂર થયા હતા અંદરમાં હતા. મહાવીરનું જે કહેવું હોય ઈ, પણ ભગવાનથી તો વિરહ તેથી ત્યાં જઈને, સાંભળીને આવીને આ કહ્યું. ભગવાન આમ કહે છે, અમે તો ભગવાનનો માલ છે આડતિયા થઈને જગતને જણાવીએ છીએ. જેને પ્રત્યક્ષ ત્રણ કાળ, ત્રણલોક થઈ ગયા છે. એ કહેવું એય વ્યવહાર છે. એની પર્યાયમાં સ્વપરપ્રકાશકની પૂર્ણતા પ્રગટ થઈ ગઈ છે. એવો જે ભગવાન, ત્રણલોકનો નાથ સીમંધરપ્રભુ બિરાજે છે મહાવિદેહમાં, મોજૂદ છે. એમની પાસે અનુભવ તો હતો ચારિત્ર હતું પણ વિશેષ સ્પષ્ટતા કરીને આવ્યા અને જગતને જાહેર કર્યું. ભગવંત તને રસનું જ્ઞાન થાય એ તારું જ્ઞાન રસરૂપે થતું નથી, રસની સાથે તાદાત્મ્ય તો નથી પણ જે રસનું અહીં જ્ઞાન થાય, માટે રસ છે માટે અહીં જ્ઞાન થાય એમ નથી. એ રસને જાણે છે માટે રસનું જ્ઞાન, રસ છે માટે એનું જ્ઞાન થયું એમ નથી. તે સમયમાં સ્વના જ્ઞાન સહિત પરના જ્ઞાન તરીકે પોતાનો પરિણમનનો સ્વભાવ છે, તેથી સ્વપરપ્રકાશકપણે જીવ પરિણમે છે. અરે આવી બધી શરતું છે. સમજાણું કાંઈ ?

આમ અરસ છે. આમ છ પ્રકારે રસનાં નિષેધથી તે અરસ છે. એમ રૂપ લઈ લેવું. છયે બોલે એમ ગંધ લઈ લેવું. આ પ્રમાણે લેવું છ યે બોલે છ પ્રમાણે – હમણાં કીધા એ પ્રમાણે – એમ સ્પર્શ લઈ લેવું. સ્પર્શ તે પણ પુદ્‌ગલનો ગુણ છે. તેથી જીવમાં તે સ્પર્શગુણ નથી. તેથી ગુણ સ્પર્શથી રહિત છે. પુદ્‌ગલનો ગુણ હોવાથી તે ગુણ આમાં નથી, ઓલો દ્રવ્યનો ગુણ હોવાથી અને આ પુદ્‌ગલનો ગુણ હોવાથી નથી અને દ્રવ્યેન્દ્રિયના દ્વારા સ્પર્શને અડે છે આ, બીજા સ્પર્શને અડે – એ દ્રવ્યેન્દ્રિયનો કંઈ સ્વામી નથી કે પરને અડે. ભોગ વખતે દ્રવ્યેન્દ્રિય જે પરને અડે છે એમ કહેવાય, કે “ના” એ દ્રવ્યેન્દ્રિયનો સ્વામી નથી તે દ્રવ્યેન્દ્રિયથી એ અડે, એમ કેમ કહેવાય. અને ભાવેન્દ્રિયમાં જે ભાવ, સ્પર્શ જણાય છે. ભાવેન્દ્રિયથી એ એનું સ્વરૂપ નથી. સ્વભાવની દૃષ્ટિએ જોઇએ તો ભાવેન્દ્રિયથી એ સ્પર્શને જાણે તે એનું સ્વરૂપ નથી. છે ને છ બોલ.

એમ દરેક ઇન્દ્રિયના વિષયોમાં એક જ જ્ઞાનનું પરિણમન સ્વતંત્ર છે. માટે સ્પર્શના જ્ઞાનને અવલંબે છે એમ નથી. પછી સ્પર્શ છે ( એ ) જ્ઞેય છે અને ભગવાન આત્મા એનો જાણનાર છે. છતાં તે જાણનાર સ્પર્શના જ્ઞેયરૂપે થઈને તેને જાણતો નથી. એને તાદાત્મ્ય થઈને એને જાણતો નથી. તેમ સ્પર્શને જાણતા સ્પર્શ છે, માટે અહીં જ્ઞાન સ્પર્શનું થયું એમ પણ નથી. એ સમયે જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક પોતાના રૂપથી છે, માટે તે સ્પર્શને જાણે છે, એમ કહેવું એ વ્યવહાર છે. જાણે છે એ કહેવું એ વ્યવહાર છે. એનું તો સ્પર્શનું તો જ્ઞાન નથી. સ્પર્શપણે

થઈને જાણતો નથી. પણ સ્પર્શપણે રહીને પોતે જ્ઞાનપણે જાણે છે સ્પર્શને, સ્પર્શ સ્પર્શપણું રહ્યું, આહીં જ્ઞાનપણે રહીને સ્પર્શને જાણે છે. છતાં સ્પર્શપણે થયો નથી, છતાં તે સ્પર્શ છે માટે જ્ઞાનનું અહીં પરિણમન જ્ઞાન થયું એમેય નથી. આવું છે ! ભાષા તો સાદી છે પ્રભુ ! બહુ કાંઇ ભાષા આકરી નથી. કોઈ વ્યાકરણ સંસ્કૃતને, વસ્તુ તો આવી છે. એમ સ્પર્શના છ બોલ લેવા. એમ શબ્દના લેવા. છે ને ? શબ્દમાં આ લેવા. આ શબ્દ છે એ જડનો પર્યાય છે. ઓલો એનો ગુણ લીધો હતો ભાઈ એ. રસ, ગંધ, સ્પર્શ એ ગુણ હતો. હવે આ શબ્દ તો પુદ્ગલની પર્યાય છે. સ્પર્શ શબ્દ એ છે ? જુઓ. જીવ ખરેખર પુદ્ગલ દ્રવ્યથી અન્ય હોવાથી તેમાં શબ્દ પર્યાય એમ ભાષા છે. ઓલામાં ગુણ હતો. ફેર છે. આહાહા !

ખરેખર પુદ્ગલ દ્રવ્યથી અન્ય હોવાથી તેમાં શબ્દપર્યાય ભગવાન આત્મામાં વિદ્યમાન નથી. માટે પ્રભુ તો અશબ્દ છે. પુદ્ગલદ્રવ્યના પર્યાયોથી પણ ભિન્ન ઓલો પુદ્ગલદ્રવ્યથી અન્ય હોવાથી શબ્દપર્યાય, હવે અહીં પુદ્ગલદ્રવ્યની પર્યાયથી પણ ભિન્ન પોતે પણ શબ્દપર્યાય નથી. ભગવાન આત્મામાં શબ્દની દશા જ નથી. જરી ઓલા ચાર કર્તામાં વિસ્તરે છે ને ? પોતે શબ્દપર્યાય નથી. પરમાર્થે પુદ્ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી, દ્રવ્યના આલંબન વડે શબ્દ સાંભળતો જ નથી. આ કાનના આલંબને આત્મા શબ્દને સાંભળતો નથી. ગજબ વાતું ( છે ). કેમ કે કાન તો જડ છે આ બધું. એ જડનો કાંઇ આત્મા સ્વામી નથી કે આના આલંબને સાંભળે. ભારે વાતું છે ભાઈ જગતથી ઉંધી. શું કીધું ઈ ? પુદ્ગલદ્રવ્યનું ધણીપત્તુ નથી. પણ દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે કાનના આલંબન વડે આત્મા શબ્દને સાંભળતો નથી માટે અશબ્દ છે. આહાહા !

પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષયોપશમિક ભાવનો પણ તેને અભાવ છે, ભાવેન્દ્રિય દ્વારા પણ આલંબન વડે શબ્દને સાંભળતો નથી. આ વડે તો નહીં પણ જે ક્ષયોપશમ જ્ઞાન છે જે ભાવેન્દ્રિયનું એ વડે પણ શબ્દને આત્મા સાંભળતો નથી. છે ? માટે તે અશબ્દ છે. વિશેષ છે બે બોલ.

## પ્રવચન નં. ૧૨૩ ગાથા – ૪૯ તા.૩૧/૧૦/૭૮ મંગળવાર આસો વદ અમાસ

આજે દિવાળીનો દિવસ છે. ભગવાન મહાવીર પરમાત્માને આજે પૂર્ણ આનંદની પર્યાય પ્રગટ થઈ હતી. પહેલાં પણ અનંતગુણમાં જે પ્રતિજીવી ગુણનો વિકાર હતો એનો પણ નાશ કરીને આજ મોક્ષ પધાર્યા છે. જેને અનંત અનંત આનંદ, શાંતિ, જ્ઞાન ( સર્વગુણોની ) સિદ્ધપદની પર્યાય પ્રાપ્ત થઈ, ચૌદમે ગુણસ્થાને હતા ત્યાં સુધી હજુ ઉદયભાવ હતો, ત્યાં સુધી તો હજી સાંસારિક કહેવામાં આવતા હતાં. આહાહાહા !

( શ્રોતા:– ચૌદમા ગુણસ્થાને પણ અસિદ્ધ ? ) પ્રતિજીવી જેટલા પોતાનામાં ગુણ છે અનંતાઅનંત બધાની પૂર્ણ પર્યાય પ્રગટ થાય અને પ્રાપ્ત થાય એનું નામ મોક્ષ અને સિદ્ધપદ, પ્રભુ કહેવાય છે. અનાદિ સંસાર ( પર્યાયનો ) અંત કર્યો અને સિદ્ધપદની શરુઆત કરી. સાદી અનંત અનંત સમાધિ સુખમાં ! એ મોક્ષનો દિવસ છે આજે, ખરેખર તો દિવાળી છે. ( દિવાળી

એટલે ) ખરેખર તો દિવસ જેણે વાળ્યા – જેની જેણે આત્માની દશા પૂર્ણ પ્રગટ કરી, એને અહીં દિવાળી કહેવામાં આવે છે.

સમયસાર, ( ટીકાના ) શબ્દમાં આવ્યું છે ને ! ચાર બોલ ( હવે ) પાંચમો બોલ, જરી ટૂંકું ટૂંકું કરીને લઈએ અને પછી અવ્યક્તના બોલ પર જઈએ.

પાંચમો બોલ છે. આત્મા જે છે એ શબ્દની પર્યાયનો કરવાવાળો નથી. અવાજ જે છે એ પુદ્‌ગલની પર્યાય છે તો આ આત્મા એનો કરવાવાળો નથી પણ એની દ્રવ્યેન્દ્રિયનો સ્વામી નથી અને ( દ્રવ્યેન્દ્રિયથી ) સાંભળવાવાળો પણ નથી. અને ભાવેન્દ્રિયથી પણ સાંભળવાવાળો નથી. આવો આત્મા ! ખબર નહીં શું ચીજ છે ? આ ચાર બોલ તો આવી ગયા ( છે. )

આ પાંચમો બોલ – સકલ વિષયોમાં વિશેષોરૂપમાં સાધારણ જગતમાં જેટલા વિષયો છે એને ભગવાનનો આત્મા જ્ઞાનસાધારણ ( હોવાથી ) બધાને જાણનારો એક છે. અમુકને જાણે અને અમુકને ન જાણે એવું નથી. અત્યારે હોં વર્તમાન ! સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સાધારણ સંવેદન પરિણામ ( તેનો સ્વભાવ હોવાથી ) તેનો સ્વભાવ જાણવું – દેખવું એકલો સ્વભાવ તેનો આત્માનો ( આવું ) સમ્યગ્દર્શનમાં પ્રતીત કરવી એનું નામ ધરમની પહેલી સીડી કહેવામાં આવે છે. આ પાંચમો બોલ, આ ( આત્મા ) આવો થઈને શબ્દને સાંભળતો નથી.

હવે, તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે, સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે. ભગવાન આત્મા પણ જ્ઞાન છે, સર્વ જ્ઞેયનું જ્ઞાન કરે છે, કોઇ જ્ઞેયને બનાવે નહીં અને ( કોઇ ) જ્ઞેયને પોતાનામાં લાવે નહીં અને ( સર્વ ) જ્ઞેયનું જ્ઞાન થાય છે, તો જ્ઞેયરૂપ થઈને જ્ઞાન થાય છે એવું નથી. આવો માર્ગ છે. સકલ જ્ઞેયના તાદાત્મ્યનો નિષેધ હોવાથી શબ્દની પર્યાયને જાણે છે, આત્મા અત્યારે છતાં શબ્દની પર્યાયમાં ( જ્ઞાન ) તાદાત્મ્ય નથી – એકરૂપ નથી. એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. આ છઠ્ઠો બોલ છે. આ પ્રકારે શબ્દના પ્રકાર ( છ બોલ ) થયાં.

આહા ! ( હવે ) અનિર્દિષ્ટ સંસ્થાન ( વિશેષણ સમજાવે છે. )

( ૧. પુદ્‌ગલદ્રવ્ય વડે રચાયેલું જે શરીર તેના સંસ્થાન ( આકાર ) થી જીવને સંસ્થાનવાળો કહી શકાતો નથી માટે જીવ અનિર્દિષ્ટ સંસ્થાન છે. )

આ આત્મા જે છે, આત્મા અંદર ! વર્તમાન હોં ! એ પુદ્‌ગલદ્રવ્ય રચિત શરીર – આ શરીર પુદ્‌ગલદ્રવ્યથી રચાયેલ છે, જડ – માટી – આ ધૂળ છે, માટી – પુદ્‌ગલ છે. આ પુદ્‌ગલથી રચાયેલ શરીર છે. તેથી જીવને સંસ્થાનવાળો કહેવામાં આવતો નથી. શરીરના આકારને કારણે તે તો જડનો આકાર છે તેથી એને આત્માનો આકાર એ છે એમ કહેવામાં આવતું નથી. શરીરના આકારથી ભિન્ન ભગવાન છે. શરીરની પર્યાય જડ છે, ભગવાન આત્મા અંદર જ્ઞાનસ્વરૂપ છે. એનો આકાર છે પણ શરીરનો આકાર છે એ એનો ( આત્માનો ) આકાર છે એવું નથી. પ્રદેશત્વગુણ છે ને તો ( આત્માને ) આકાર તો છે. આકરી વાત બહુ !

આકાશ નામનો ( અરૂપી ) પદાર્થ છે, એનો અંત નથી તો પણ એનો ( ય ) આકાર તો છે. શું કીધું ? કહે છે એમ ભગવાન આત્મા અનંત અનંત ગુણનો પિંડપ્રભુ એ શરીરથી તો ભિન્ન છે, કર્મથી ભિન્ન છે અત્યારે, અને દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ – પુણ્યપાપના ભાવ

એનાથી પણ આ ( ભગવાન આત્મા ) ભિન્ન છે. એનાથી તો ભિન્ન છે પણ શરીરના આકારથી પણ ભિન્ન છે. એક બોલ – ( જુઓ ટીકામાં ) અહીં છે, એટલા માટે જીવને સંસ્થાનવાળો કહી શકાતો નથી.

( ૨ ) પોતાના નિયત સ્વભાવથી અનિયત સંસ્થાનવાળા અનંત શરીરોમાં રહે છે માટે અનિર્દિષ્ટ સંસ્થાન છે. )

આહા ! પોતાના નિયત સ્વભાવથી – ભગવાન આત્મા નિયત ( સ્વભાવી ) અસંખ્યપ્રદેશી જે પોતાનો નિયત સ્વભાવ આકાર છે. એ ( આત્મા ) અનિયત સંસ્થાનને અનુસરીને રહે છે. જેને એકરૂપ આકાર છે એવો અનંત અનંત શરીરમાં રહે છે છતાંય જે નિયત, એને કોઇ સંસ્થાન ન હોય. અનંત શરીરમાં હોય તો પણ સંસ્થાન શરીર આત્મામાં છે એમ કહેવામાં આવતું નથી, એ તો અનિર્દિષ્ટ સંસ્થાન છે. સમ્યગ્દષ્ટિને શરીરનો આકાર તે આત્માનો આકાર એવું ભાસતું નથી. ધર્મી જીવ – ધર્મ કરવાવાળા ધર્મીજીવને શરીરનો આકાર તે મારો આકાર છે એવું ભાસતું નથી, એને ( ધર્મીને ) મારામાં પુણ્ય – પાપ ( ભાવકર્મ ) છે એવું પણ ભાસતું નથી. હું તો પુણ્ય – પાપને શરીરના આકારથી જુદો છું. બે બોલ થયા.

( ૩ ) સંસ્થાન નામકર્મનો વિપાક ( ફળ ) પુદ્‌ગલોમાં જ કહેવામાં આવે છે ( તેથી તેના નિમિત્તથી પણ આકાર નથી ) માટે અનિર્દિષ્ટસંસ્થાન છે.

( ૪ ) જુદાં જુદાં સંસ્થાનરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુઓનાં સ્વરૂપ સાથે જેની સ્વાભાવિક સંવેદનશક્તિ સંબંધિત ( અર્થાત્ તદાકાર ) છે એવો હોવા છતાં પણ જેને સમસ્ત લોકના મિલાપથી ( સંબંધથી ) રહિત નિર્મળ ( જ્ઞાનમાત્ર ) અનુભૂતિ થઈ રહી છે. એવો હોવાથી પોતે અત્યંતપણે સંસ્થાન વિનાનો છે માટે અનિર્દિષ્ટ સંસ્થાન છે.

( શું કહે છે ? ) જુદાં જુદાં સંસ્થાનરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુઓનાં સ્વરૂપની સાથે ( એટલે કે ) અનેક આકારવાળી ચીજો છે એને જાણે છે, જાણવા છતાં પણ પરના આકારના સંબંધથી ( મિલાપથી ) રહિત છે. ( જુઓને ! ) આ આકાર છે – પુસ્તકનો આકાર છે, અનેક આકારો છે એ બધા આકારોને આત્મા જાણે છે, પણ પરના આકારોથી મિલાપ – સંબંધ નથી. આવા આત્માનો અંદરમાં અનુભવ થવો, એનું નામ સમ્યગ્દર્શન ધરમની પહેલી સીડી છે. આહાહાહા !

સંસ્થાન નામકર્મનો વિપાક ( ફળ ) પુદ્‌ગલોમાં જ કહેવામાં આવે છે. આ એક આકારમાં કહી દીધું – આ કરમ જે નામકર્મ થયું તો એ શરીરમાં આવ્યું છે, આત્મામાં તો એ છે નહીં. સંસ્થાન ( આકાર ) થી પરિણમિત સમસ્ત વસ્તુનો એ રૂપ નહી. ચાર જ ( બોલ છે. ) આ ચાર હેતુથી સર્વથા અનિર્દિષ્ટ સંસ્થાન છે ( આમ ચાર હેતુથી સંસ્થાનનો નિષેધ કહ્યો. )

હવે, 'અવ્યક્ત' ( વિશેષણ ) – જાણવાની મહા ચીજ છે. ભગવાન આત્મા અંદર જે છે આત્મા, એ છ દ્રવ્યસ્વરૂપ લોક ( ૧ ) છ દ્રવ્ય સ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. )

આ જગતમાં ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે છ દ્રવ્ય જોયા છે. ( તેમાં ) અનંત આત્માઓ, અનંત પરમાણુંઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ ( કાય ) એક અધર્માસ્તિ ( કાય ) અને એક આકાશ, એ છ દ્રવ્યસ્વરૂપ જે લોક છે. એ તો જ્ઞેય છે. અનંત સિદ્ધો પણ જ્ઞાનમાં પર જ્ઞેય

છે. ( જ્ઞેય છે એ ) વ્યક્ત છે – બાહ્ય છે. એનાથી જીવ ( દ્રવ્ય ) અન્ય છે. છ દ્રવ્યસ્વરૂપ લોકથી તો ભગવાન આત્મા અન્ય ( જુદો ) છે. શું કહે છે ? સાંભળો, સૂક્ષ્મ વાત છે ભાઈ !

છ દ્રવ્યસ્વરૂપ લોક જે છે. એક બાજુ આખો લોક ને અલોક એ જ્ઞેય છે અને વ્યક્ત છે પોતાનાથી ( આત્માથી ) પર, એનાથી ભગવાન આત્મા અવ્યક્ત છે ( અર્થાત્ ) એનાથી ( લોકથી ) ભિન્ન છે. ધર્મદાસ ક્ષુલ્લકે ( કહ્યું છે કે ) સપ્તમ થઈ જાય છે. એવું કહ્યું ! ઝીણી વાત છે ભાઈ ! આ આત્મા સપ્તમ ( સાતમું દ્રવ્ય ) થઈ જાય છે. છ દ્રવ્ય છે તો ( આત્મા ) છ દ્રવ્યમાં જ છે, પણ છ દ્રવ્ય જે છે. અનંતસિદ્ધ, અનંતનિગોદ, અનંતપરમાણુંના સ્કંધ ( આદિ ) એ બધા જ્ઞાનના પરજ્ઞેય છે, એક વાત. અને પોતાનાથી ( આત્માથી ) બાહ્ય ચીજ છે, માટે વ્યક્ત છે, બે વાત પણ એનાથી ભગવાન આત્મા અત્યારે – હાલ ભિન્ન છે.

જીવ અન્ય ( જુદો ) છે એ છ દ્રવ્યસ્વરૂપ જે લોક જે જ્ઞેય છે – જે બાહ્ય છે – પ્રગટ એથી ભગવાન આત્મા ભિન્ન છે. એવા આત્માની દૃષ્ટિ, અનુભવ થવો એનું નામ ધર્મની પહેલી સીડી સમ્યગ્દર્શન છે. આહાહા ! સમજાણું કાંઈ ?

બાકી તો... વ્રત, તપ, ભક્તિ, પૂજા ને યાત્રા કરે એ કોઈ ધર્મ નથી, એ તો શુભભાવ છે રાગ. સમજાણું કાંઈ ? એક તરફ રામ અને એક તરફ ગામ એક તરફ રામ ( એટલે ) ભગવાન આત્મા જ્ઞાયક સ્વભાવથી ભર્યો પડયો છે પ્રભુ ! ( અને ) એક તરફ ગામ નામ જ્ઞેય – અનંત સિદ્ધો, અનંત નિગોદ આદિ છ દ્રવ્ય સ્વરૂપ ( આખો લોક ! ) એ આત્માનું – જ્ઞાયકનું પરજ્ઞેય છે, અને પર – વ્યક્ત છે, એનાથી ભગવાન ( આત્મા ) તો ભિન્ન છે. એ જ્ઞેયોથી – વ્યક્તથી આત્મા સ્વજ્ઞેય અને સ્વ, પરથી ( જ્ઞેયોથી ) ભિન્ન અવ્યક્ત ! આવું સ્વરૂપ છે એનું ( આત્માનું ) છ દ્રવ્ય સ્વરૂપ જ્ઞેય, એનાથી ભિન્ન જ્ઞાયક ! છ દ્રવ્યસ્વરૂપ વ્યક્ત છે એનાથી ભિન્ન અવ્યક્ત ( આત્મા ) ! આહાહાહા !

એવા દ્રવ્યનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય છે. એ સપ્તમદ્રવ્ય ( સ્વરૂપ ) આત્મા પરથી ભિન્ન છે ( એની અનુભૂતિ થાય ) ત્યારે તેનાં ભવનો અંત આવે છે. બાકી તો લાખ ક્રિયા-કાંડ કરે પૂજાને ભક્તિ, દયાને દાન, વ્રત ને જાત્રા એથી કાંઇ ભવનો અંત થતો નથી. એ શુભભાવ પોતે ભવસ્વરૂપ છે. આવી વાતું આકરી જગતને !

અહીંયા તો ભગવાન આત્મા ( ને ) અનંતા સિદ્ધો પણ જ્ઞેય છે અને આત્મા એને જાણવાવાળો ભિન્ન છે. અનંત અનંત પંચપરમેષ્ઠિ જે ત્રિકાળી છે, ત્રિકાળી જે અરિહંતો – ભૂત ( કાલમાં ) જે થઈ ગયા, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં થશે, એ બધા અરિહંતો, એ સર્વ જ્ઞાયકમાં જ્ઞેય તરીકે ભિન્ન છે. એમ અનંતા સિદ્ધો થઈ ગયા, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં થશે – એ ત્રિકાલી સિદ્ધો જે છે એ પોતાના આત્માને પરજ્ઞેય તરીકે છે – જ્ઞાન કરવા લાયક છે. ( સર્વનું ) પોતાના જ્ઞાનમાં જ્ઞાન થાય છે તો તે રૂપે આત્મા થઈ જાય છે એમ નથી.

છ દ્રવ્યની વ્યવસ્થા આત્મા કરી શકે – મંદિરો બનાવી શકે – શાસ્ત્ર બનાવી શકે, એ વસ્તુમાં છે નહીં, એ આત્મામાં છે નહીં.... બનાવે છે તો ? બનાવી શક્તા તો નથી પણ એ ચીજ પોતાનામાં – પોતાનાથી પરજ્ઞેય તરીકે છે મોજૂદ છે. પોતાનો ભગવાન ( આત્મા ) તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ પ્રભુ પોતાનામાં રહીને અનંત જ્ઞેયોને જાણવાનો પોતાનો સ્વભાવ

હોવાથી, સ્વપરપ્રકાશક જ્ઞાનનો સ્વભાવ હોવાથી જાણે છે. ઝીણી વાત છે ભાઈ !

જૈનદર્શનનું વાસ્તવિક તત્ત્વ સમજવું એ તો અલૌકિક વાત છે. એ આંહી કહે છે, ભગવાન આત્મા – પોતાની પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે તેને છ દ્રવ્યનું જ્ઞેયથી પણ પોતે ભિન્ન માલૂમ પડે છે અને જે દ્રવ્ય જે વ્યક્ત છે એનાથી પણ મારી ચીજ ( સ્વાત્મા ) અવ્યક્ત ( એટલે ) જ્ઞેય પર્યાયમાં આવ્યા નથી. એ અપેક્ષાથી અવ્યક્ત ( આત્માને કહે છે ) પણ વસ્તુ તરીકે વ્યક્ત પ્રગટ છે.

એવો જે ભગવાન ( આત્મા ) અંદર ચૈતન્ય પરમાત્મસ્વરૂપ વર્તમાનમાં હું છું એ તરફની દૃષ્ટિ કરી તો આત્મા પરથી ( જ્ઞેયથી ) ભિન્ન થઈ ગયો ! સપ્તમ ( સાતમો ) થઈ ગયો. ધર્મદાસ ક્ષુલ્લકે એમ લખ્યું છે નામ નથી લખ્યું પણ એનો અર્થ અહીંથી કાઢયો છે.

ભગવાન આત્મામાં રાગાદિભાવ થાય છે એ પણ છ દ્રવ્યમાં છે, દયા – દાન – વ્રત – ભક્તિના ભાવ થાય છે એ પોતાના આત્મામાં આવતા નથી, એ તો પરમાં આવે છે એ જ્ઞેય તરીકે છે. એને જાણવાવાળો જ્ઞાયક, જ્ઞેયથી ભિન્ન છે, એક વાત ! અને રાગ આદિ પરપદાર્થ વ્યક્ત છે. બાહ્ય છે – પ્રગટ છે, એનાથી ભગવાન આત્મા અવ્યક્ત નામ પર્યાયમાં – બાહ્યમાં આવ્યો નથી. બાહ્યમાં આવ્યો નથી ( એટલે કે ) પર્યાયમાં આવ્યો નથી. ( આ ) એક બોલ સમજવો કઠણ છે ભાઈ ?

એવો જ ભગવાન આત્મા એવો, એની અંતરમાં દૃષ્ટિ કરવી અને પર્યાયમાં જે ( નિર્વિકલ્પ ) આનંદનો અનુભવ થવો એ વ્યક્ત ( નામ પ્રગટ ) છે. એને પણ જ્ઞેય તરીકે જાણવું.... દ્રવ્ય તો એને પણ જાણવાલાયક નહીં, ભિન્ન છે. પોતાની પર્યાયમાં સમ્યગ્દર્શન – જ્ઞાનાદિ થયા, પોતાના ચૈતન્ય ( દ્રવ્યના ) અવલંબનથી તો એને પણ પર્યાયને જ્ઞેય તરીકે જાણીને, આત્મા જ્ઞાતા છે. ઝીણી વાત છે ભાઈ !

આ દિવાળીનો દિવસ છે આજે ભાઈ ! ભગવાન ( મહાવીર સ્વામી ) મોક્ષ પધાર્યા છે આજ. પ્રભુ ! તારી ચીજ ( આત્મદ્રવ્ય ) જે અંદર છે એને ત્રિલોકનો નાથ એમ ફરમાવે છે – સંતો કહે છે એ એની જ વાત કરે છે ભગવાન ! તારું જે જ્ઞાયકસ્વરૂપ જે પ્રભુ છે. આહાહા ! સમજાણું કાંઈ... ?

એ પરથી – જ્ઞેયથી ( ભિન્ન ), જ્ઞાન કરવાવાળો ભિન્ન રહીને પોતાનામાં, એનાં કારણથી નહી, પોતાનામાં પોતાના કારણથી સ્વપરપ્રકાશક જ્ઞાન કરવાવાળો એ આત્મા, પરથી તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઇ... ? ઝીણી વાત છે ભાઈ ! લોકોએ તો કંઈ ( કંઈ ) બહાર દયા, દાન, વ્રત, પૂજા, જાત્રામાં ધર્મ માની લીધો છે, એને ધર્મ માનવો એ તો મિથ્યાત્વ – અજ્ઞાન છે. આત્મા એવો છે જ નહીં.

આત્મા તો એ રાગાદિ પરિણામ ( અને ) છ દ્રવ્યમાં જાય છે ( પર ) જ્ઞેય તરીકે જાય છે. અને એ રાગાદિ ભાવ છે એ ભગવાન ( આત્માથી ) બાહ્યમાં પ્રગટ છે–બાહ્યમાં પ્રગટ છે. ભગવાન આત્મા અંતરમાં અત્યારે રાગના જ્ઞેયથી ભિન્ન છે અને રાગ પ્રગટ છે એનાથી પણ ભિન્ન છે. બાહ્ય પદાર્થની પ્રસિદ્ધિ દેખાય છે, રાગ આદિ દયા આદિ, વ્યવહાર રત્નત્રય આદિ જે બાહ્ય પદાર્થની પ્રસિદ્ધિ દેખાય છે, એ જ્ઞેયથી ભગવાન ( આત્મા તો ) જ્ઞાયક પ્રસિદ્ધ ભિન્ન્ન છે.

રાગાદિ બાહ્ય પદાર્થ, અનંત સિદ્ધો છે, અનંત પરમેષ્ઠિ છે, એ વ્યક્ત છે. વ્યક્ત નામ પ્રગટ બાહ્ય છે. અને આ આત્મા તે અપ્રગટ બાહ્ય ચીજથી અને અવ્યક્ત નામ એમાં ( પર્યાયમાં ) આવ્યો નથી. પર્યાયમાં આવ્યો નથી. એમાં આવ્યો નથી માટે અવ્યક્ત કહે છે ( પરંતુ ) પોતાની અપેક્ષાએ વ્યક્ત ( પ્રગટ ) છે. ઝીણી વાત બાપુ ! વીતરાગ પરમેશ્વર એમણે આત્મા કહ્યો, એમણે કોને ( આત્મા ) કહ્યો ? સમજાણું કાંઈ ?

"પ્રભુ તુમ જાણગ રીતિ, પ્રભુ તુમ જાણગ રીતિ" "સૌ જગત દેખતા હો લાલ" – હે નાથ ! આપ સૌ જગતને દેખો છો. "નિજ સત્તાએ શુદ્ધ" – પોતાનું હોવાપણું ભગવાન આત્માનું, એને તો આપ હે નાથ ! શુદ્ધ ( સત્તા ) તરીકે – જ્ઞાયક તરીકે – પરજ્ઞેયના જાણવાવાળા તરીકે – વ્યક્ત ને પ્રગટ ( બાહ્યથી ) ભિન્ન અવ્યક્ત તરીકે, પરની અપેક્ષા વિનાના એવા અવ્યક્ત તરીકે આપ ( હે સર્વજ્ઞ ) આત્માને દેખો છો, એમ જ અમે દેખીએ ત્યારે આત્મા દેખ્યો ને સમ્યગ્દર્શન થશે. સમજાણું ?

ભગવાન ( સર્વજ્ઞ – તીર્થંકર ) જેમ દેખે છે પ્રભુ આત્માને, એ પૂર્ણાનંદનો નાથ, પરજ્ઞેયથી ભિન્ન – વ્યક્તથી ભિન્ન અવ્યક્ત છે. બાહ્યમાં આવ્યો જ નથી. સર્વજ્ઞ આદિ ( જે જે ) પદાર્થ છે એમાં એક આત્મા આવ્યો નથી, અરે ! પોતાની એક સમયની પર્યાય જે છે એમાં પણ આત્મા આવ્યો નથી ! એવો ભગવાન આત્મા જે ધ્રુવ ચૈતન્ય ( બિમ્બ ) છે. એને અહીં પરની પ્રસિદ્ધિની અપેક્ષાથી અપ્રસિદ્ધ – અવ્યક્ત એમ કહેવામાં આવ્યું છે. બહુ સૂક્ષ્મ છે. સમજાણું કાંઇ ?

જયસેનાચાર્યે આનો અર્થ બીજો કર્યો છે જરી, આ અમૃતચંદ્રાચાર્યનો અર્થ છે. જયસેનાચાર્યે અવ્યક્ત એટલે મનના વિષય જે રાગાદિ – ક્રોધાદિ છે એનાથી ભિન્ન સૂક્ષ્મ – અતિસૂક્ષ્મ છે. મનના વિષય રાગ આદિ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા ( આદિના ભાવ ) એ મનના વિષય છે. એ આત્માના વિષય છે નહીં. તો એ સ્થૂલનો વિષય છે. એનાથી ભિન્ન ભગવાન ( આત્મા ) અંદર અતિસૂક્ષ્મ છે. એ ( અતિસૂક્ષ્મ ) મનથી પણ જાણવામાં આવતું નથી. વિકલ્પથી પણ જાણવામાં આવે નહીં, દેવ, ગુરુ ને શાસ્ત્રની મદદથી પણ જાણવામાં આવે નહીં. સમજાણું કાંઈ... ?

'અકિંચિત્કર' કહે છે, કહ્યું હતું ને ! બંધ અધિકારમાં ( સમયસાર ગાથા–૨૬૭ ભાવાર્થઃ – જે હેતુ કાંઈ પણ ન કરે તે અકિંચિત્કર કહેવાય છે. ) એમ કે બીજો બીજાને બંધ કરાવી ધે – બીજાને મોક્ષ કરાવી ધે ! શી રીતે કરાવી ધે ? એને બંધ તો એની દશાથી – અધ્યવસાનથી અજ્ઞાનદશાથી બંધ થાય છે. અને એની વીતરાગદશાથી એનો મોક્ષ થાય છે, તું શું કરી શકે છે પરની ( દશાને ) ? પરનું કરવામાં તો હું અકિંચિત્કર છું એવો પાઠ છે. સંસ્કૃત ટીકામાં ૨૬૭ ગાથા બંધ અધિકારની. તું બીજાને મોક્ષ કરાવી દે છે ? બીજાને સમ્યગ્દર્શન કરાવી દે છે ? બીજાને સમ્યગ્જ્ઞાન કરાવી દે છે ? બીજાને ( સમ્યક્ ) ચારિત્ર કરાવી દે છે ? એ વાત બિલકુલ જૂઠી છે.

બીજાને સમ્યગ્જ્ઞાન તું કરાવી દે છે, ઉપદેશ દ્વારા જ્ઞાન થાય છે કે નહીં એને ઉપદેશથી જાણવામાં જે આવે છે જ્ઞાન ! જ્ઞાનની પર્યાય તો પોતાથી પર્યાય થાય છે, શબ્દ સાંભળ્યા માટે થઈ એમ છે નહીં. અને એ પર્યાય પણ સમ્યગ્જ્ઞાન નથી. એ ( શબ્દજ્ઞાન ) બાહ્યમાં જાય છે – વ્યક્તમાં જાય છે, અને જ્ઞેયમાં જાય છે. શાસ્ત્રનું જ્ઞાન અને સાંભળવાથી પોતાની પર્યાયમાં

પોતાના ઉપાદાનથી જે જ્ઞાન થયું તે પરજ્ઞેયમાં જાય છે. આવી વાત છે. ( શ્રોતાઃ– આ પ્રવચન થાય છે એ શું છે ? ) પ્રવચન જડની ભાષા છે આ કોણ કરે પ્રવચન ? ( શ્રોતાઃ– સાંભળે તો ખરાને ) સાંભળે કોણ ? એ તો પહેલાં ના પાડી, એ શબ્દોમાં એ દ્રવ્યેન્દ્રિય જે જડ છે એનો સ્વામી આત્મા નહીં, આત્માએ એ કર્યું નથી. ( એ શબ્દોને ) જે દ્રવ્યેન્દ્રિયથી જાણે અને માને ? અને ભાવેન્દ્રિય જે અંદર છે જે જ્ઞાનનો પર્યાય શબ્દને જાણે એવી ભાવેન્દ્રિય, તો ભાવેન્દ્રિયનો સ્વામી આત્મા નહીં. ભાવેન્દ્રિય એનું વાસ્તવિક સ્વરૂપ નહીં. ત્રિકાળી જ્ઞાયક સ્વભાવની અપેક્ષાથી ભાવેન્દ્રિય એનો વાસ્તવિક સ્વભાવ જ નથી, તો ભાવેન્દ્રિયથી જાણે છે એવું છે નહીં. જુઓ ! આ દિવાળી ! તો ભાવેન્દ્રિયથી જાણે છે એ પણ નહીં. આહાહા ! સમજાણું કાંઈ... ?

લોકો કંઈક કંઈક માનીને બેસી ગયા છે, આપણે કંઈક ધર્મ સમજ્યાં ને ધર્મ કરીએ છીએ ! બાપુ, જૈન ધર્મની પદ્ધતિ એ કોઈ અલૌકિક છે. પદ્ધતિ એટલે રીત ( રીત એટલે ) વિધિ... આહાહાહા !

અહીં એ કહે છે, છ દ્રવ્યસ્વરૂપ લોક ! જુઓ, વસ્તુ – દ્રવ્ય છ છે જગતમાં. શ્વેતાંબરે છ દ્રવ્ય માન્યા નથી, ભાઈ ! એણે તો પાંચદ્રવ્ય જ માન્યા, કાળદ્રવ્ય તો માન્યું નથી. તો હજી તો એની છ દ્રવ્યસ્વરૂપ ( લોક ) જ્ઞેય છે એમાં ય એની ભૂલ ! ઝીણી વાત છે.

છ દ્રવ્યસ્વરૂપ લોક ( વિશ્વ ), અનંત આત્માઓ, અનંત પરમાણુંઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ ને એક આકાશ વ્યાપક સર્વવ્યાપક ( આકાશ જેનો ) અંત નહીં એવું જે દ્રવ્ય અંત નહીં ( ક્યાંય ) આકાશનો. એ છદ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય, એનો આત્મા જ્ઞાયક જાણનારો, જ્ઞેયના અવલંબન વિના ( જાણે છે. ) સમજાણું કાંઈ... ?

વર્તમાન જ્ઞાનની પર્યાયમાં લોક ને અલોક – જેનો અંત નહીં, એને પણ જ્ઞેય પરજ્ઞેય તરીકે સ્વજ્ઞેયમાં – પોતાનું જ્ઞાન કરવાથી પરનું જ્ઞાન – સ્વપરપ્રકાશક થઈ જાય છે. એ પરનું જ્ઞાન નથી, એ જ્ઞેયનું જ્ઞાન નથી, એ જ્ઞાનનું જ્ઞાન છે. સમજાણું કાંઈ... ?

છ દ્રવ્ય સ્વરૂપ લોક, લોક, લોક ! લોક શબ્દે અલોકે ય આવી ગયું હોં અંદર... જે જ્ઞેય છે, ફક્ત પરજ્ઞેય તરીકે જ્ઞેય છે. ( ખરેખર ) સ્વજ્ઞેય સ્વરૂપ ભગવાન ( નિજાત્મા ) એને ( લોક ) પરજ્ઞેય તરીકે જ્ઞેય છે. ભગવાનની મૂર્તિ ને પ્રતિમા ને મંદિર ( અરે ! ) ભગવાન સાક્ષાત્ ( તીર્થંકરદેવ ) ત્રણ લોકના નાથ, એ પણ પરજ્ઞેય તરીકે છે. સમજાણું કાંઈ... ?

અને તે ( પરજ્ઞેય ) વ્યક્ત છે, પોતાનું જે સ્વરૂપ અવ્યક્ત ( કેમકે ) બાહ્ય આવ્યું નથી, એ અપેક્ષાએ સર્વ બાહ્ય છે – પર્યાય પણ બાહ્ય છે –વસ્તુ પણ બાહ્ય છે, ભગવાન ( આત્મા ) અભ્યંતર ચીજ અવ્યક્તપણે છે એ પર્યાય અને પરથી ભિન્ન છે.

આ શું આવો ઉપદેશ ! કેવો હશે ! આ કંઈ જૈનનો હશે ! જૈનનો હોય તો તો સામાયિક કરો, પોષા કરો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો અરે ! દયા કરો ! એ બધી ક્રિયાકાંડ જૈનધર્મ નથી, એ તો રાગ ( ભાવ ) છે. સાંભળને ! સમજાણું કાંઇ ? ભાઈ ! વીતરાગ મારગ ( જુદો છે )

ઓહોહો ! શું અમૃતચંદ્રાચાર્યે અવ્યક્તમાંથી અર્થ કાઢ્યા ! હવે કેટલા ' ક એમ કહે છે કે ગાથા તો ઘણી સરળ અને સીધી છે પણ અર્થ કરનારે ( ટીકા કરનારે ) ગૂઢ – ગૂઢ કરી નાખી ! ગૂઢ – ગંભીર એટલે શું કહેવાય છે ? દુરુહ – દુરુહ અર્થ કરી નાખ્યો ! આ ખુલ્લું કર્યું એણે દુરુહ

– દુરુહ અર્થ કરી નાખ્યો ! હમણાં આવ્યું છે ને આ પુસ્તક, અહીં નથી ? હમણાં આવ્યું છે ને વિદ્યાનંદજી રચિત ! વિદ્યાનંદજી છે ને એક એમના તરફથી છપાણું છે એક પુસ્તક, તદ્દન જ ઊલટું ઊંધું ! આવી વાત છે.

ઓહો ! આચાર્યો ! આ અર્થ ( અમૃતચંદ્ર ) આચાર્યે કરેલ છે. જેમ કુંદકુંદાચાર્ય આચાર્ય હતા મહાસંત હતા, તેમ આ અમૃતચંદ્રાચાર્ય મહાસંત આચાર્ય હતા. એમણે જે અંદરમાં ( મૂળગાથામાં ) ભાવ છે એને ખુલ્લો વ્યક્ત પ્રગટ કરીને સ્પષ્ટ કર્યું છે. ત્યારે એ લોકો કહે છે કે એણે અર્થ કરીને ( ટીકા રચીને ) અર્થ દુરુહ – દુરુહ કરી નાખ્યો છે. પકડાય નહીં એવું કરી નાખ્યું છે. ( એની બુદ્ધિમાં ન પકડાય ) પણ નો પકડાય માટે એ કાંઈ.... આ 'ઈંદ્રિય જિણિતા' એમ કીધું ભગવાને કુંદકુંદાચાર્યે ! હવે એનો અર્થ દુરુહ કરી નાખ્યો ! ( કારણકે ) દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય ને ભગવાન ( તીર્થંકરની ) વાણીને ભગવાન પોતે ઇન્દ્રિય ! આંહી સુધી ( અર્થ કરીને ) દુરુહ કરી નાખ્યો છે.

અરે, ભગવાન ! સાંભળને ભાઈ ! એમણે એનો ભાવ જે હતો એને સ્પષ્ટ કર્યો છે. ટીકા કરી છે તો ટીકામાં અર્થ સ્પષ્ટ કર્યો છે. માણસ નથી કહેતા તમે મારી ટીકા કરો છો ! એમ આ અંદર ( જે ) ભાવ છે તેની સ્પષ્ટતા કરીને ટીકા કરી છે. અમૃતચંદ્રાચાર્ય ગજબ છે ! !

કુંદકુંદાચાર્ય દિગમ્બર સંત, પંચમ આરાના... તીર્થંકર જેવું કામ કર્યું છે અને અમૃતચંદ્રાચાર્યે એમના ગણધર તરીકે કામ કર્યું છે. હવે એને એમ કહેવું કે ( દુરુહ કરી નાખ્યું છે ) કારણકે પોતાને પકડાણું નથી, અજ્ઞાનભાવ !

સીધું કહે ઇંદ્રિયોને જીતવી પણ ઇન્દ્રિયોને જીતવી એટલે શું ? સમજાણું કાંઈ ? તો અન્યમતમાં ય ઓલા સૂરદાસમાં નથી આવતું – આમ દેખીને, ઓલું ( ન દેખાય માટે ) આંખ્યું ફોડી નાખવી, એટલે આંખ્યું ફોડી નાખ, એ ( કાંઇ ) ઇન્દ્રિય જીતી કહેવાય ? કાનમાં લાકડા નાખે, ન સંભળાય માટે એ શું ઇન્દ્રિય જીતી કહેવાય ? અને ( સ્પર્શ ) ઇન્દ્રિય છે પુરુષની જે એને કાપી નાખે એ ( ઇન્દ્રિય ) જીતી કહેવાય ?

બાપુ ! કોને ઇન્દ્રિય જીતી કહેવાય, કે જે જડ પદાર્થ, આ ઇન્દ્રિયો, શરીર પરિણામને પ્રાપ્ત જડ અને ભાવેન્દ્રિયો જે એક એક – ખંડ ખંડ ( વિષયના ) જ્ઞાનને બતાવનારો જે ભાગ અને જે ( ઇન્દ્રિયોના વિષય ) જે પરદ્રવ્ય જે ભગવાન ( તીર્થંકર ) ત્રણલોકના નાથ અને એની વાણી ( દિવ્ય ધ્વનિ ) એ બધું ઇન્દ્રિયના વિષય હોવાથી તે ઇન્દ્રિય છે. તેને પણ ઇન્દ્રિય કીધી, એને જીતવી એટલે તેનું લક્ષ છોડી દેવું. આ જ્ઞેય કીધું ને ! પરજ્ઞેય, તો પરજ્ઞેયનું લક્ષ છોડી દેવું કારણકે પરજ્ઞેયમાં તું નથી તે વ્યક્ત છે તેનું લક્ષ છોડી દેવું કેમ કે વ્યક્તમાં તું અવ્યક્ત આવતો નથી. આવું સ્વરૂપ છે.

એ ઇન્દ્રિયને જીતવી એટલે કે શરીર પરિણામને પ્રાપ્ત જડ ( દ્રવ્યેન્દ્રિય ) ને ભાવેન્દ્રિય અને ભગવાનની વાણી ને ભગવાન, દેવ-ગુરુ-શાસ્ત્ર અને સ્ત્રી, કુટુંબ અને પરિવાર એ બધાંને ઇન્દ્રિય કહેવામાં આવી છે કેમ કે અણિન્દ્રિય એવો જે પ્રભુ – આત્મા એનાથી ભિન્ન છે. માટે તેને બધાંને ઇન્દ્રિય કહેવામાં આવી છે. આ અણિન્દ્રિય અને તેનું લક્ષ છોડીને ( બીજે લક્ષ કરવું તેથી તે ઇન્દ્રિય ) કહેવામાં આવેલ છે.

અણિન્દ્રિય એવો ભગવાન આત્મા, આનંદનો નાથ એનું શરણ લેવું – એને આશ્રયે જવું એના ભેટા કરવા – એમાં અહંપણાનો અનુભવ થવો. અહંપણાનો ( અનુભવ ) અહંકાર નહીં. આ હું છું એવો અર્થ, પરિભાષા એવી છે. પકડવો – આત્માને અને આમ કરવું – આમ કરવું એ બધી ભાષાઓ તો સમજવાને માટે છે, બાકી તો ખરેખર તો જે અસ્તિ તત્વ મહાપ્રભુ આવો છે આત્મા, એનું અહંપણું– આ હું છું એમ માન્યતા કરવી ને અનુભવ કરવો. હેં ? કેમ કરવો ? આ છે મહાપ્રભુ – મહાઅસ્તિત્વ પ્રભુ ત્યાં ઉપર દૃષ્ટિ મૂકવી એ તે કંઈ વાત છે ! આ એ ( વચન અગોચર ) એ કંઈ વાતે કંઈ સમજાય એવું છે ? વાણીમાં કેટલું આવે ? જરીયે ન આવે ખરેખર તો.... ઈશારો આવે ઈશારો.. કંથચિત્ વક્તવ્ય કીધું છે ને કથંચિત્ અવકતવ્ય કથંચિત્ વકતવ્ય એ અપેક્ષા છે.

જ્ઞાનાનંદ, સહજાનંદ પ્રભુ આત્મા એનો અંતરમાં પર્યાયે એનો આશ્રય લેવો એટલે કે તેને અહંપણે – આ મારું છે એમ માનવું – અનુભવવું એનું નામ સમ્યગ્દર્શન ને ધર્મની પહેલી સીડી છે. આમાં તો ઘણું નાખ્યું છે આ પહેલાં બોલમાં તો હોં ?

ઓહોહો ! સમ્મેદશિખરને ગિરનાર ને શેત્રુંજય એ બધાં પરજ્ઞેય છે. કહે છે સિદ્ધ પરજ્ઞેય છે, અરે ! આ શાસ્ત્ર છે ને, આ પાનાં એ પરજ્ઞેય છે. એનાથી ભગવાન આત્મા ( ન જણાય ) આત્મા એમાં આવ્યો નથી, એનાથી ભિન્ન ભગવાન ( આત્મા ) છે. આ શાસ્ત્ર જડ છે એ પરજ્ઞેય છે, એનાં વાંચનથી જ્ઞાન થાય છે એ જ્ઞાન નહીં. ( શ્રોતાઃ– આપ કહો શાસ્ત્રનું વાંચન કરવું વિનય કરવો પાછા કહો કે એ જ્ઞાન નહીં ) એ વ્યવહાર – વિનય તો વ્યવહારથી છે. વિકલ્પ છે. એ આ વિનય બહારનો વિનય એટલે વિકલ્પ, અંદરનો વિનય એ નિર્વિકલ્પ ! આહાહાહા !

( શ્રોતાઃ– શાસ્ત્રનો વિનય એ નહીં ને ? ) શાસ્ત્રનો વિનય એ શુભભાવ, ભગવાન ત્રિલોકના નાથ ( તીર્થંકર દેવ ) નો વિનય એ શુભભાવ, એ આત્મા નહીં. આકરી વાતું ભાઈ ! નવ તત્ત્વમાં એ તો પુણ્ય તત્ત્વમાં જાય છે, ભગવાન ( આત્મા ) તો એનાથી નવતત્ત્વથી – પુણ્ય – પાપ તત્ત્વથી જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. એ તો વાત અહીં ચાલે છે.

એ છ દ્રવ્ય જે એક બાજુ – આખો લોક ને અલોક ( જેમાં ) અનંતા કેવળીઓ જે જ્ઞેય તરીકે – પરજ્ઞેય તરીકે છે. મારાં એ દેવ છે એ તરીકે એ નથી, એમ કહે છે.

અનંતા સંતો, ગુરુ એ આત્માના ગુરુ છે એમ નથી. એ મારા ગુરુ છે એવું વસ્તુમાં નથી, એમ કહે છે. એય મીઠાભાઈ ! આવી મીઠી વાતું છે. શું વીતરાગી સંતોના કથનો ! કહે છે અમે તારા ગુરુ છીએ એ વાત તું માન તો એ વાત જૂઠી છે, અમે તો પરજ્ઞેય તરીકે તારા છીએ ! ( છપદના પાઠમાં શ્રીમદે એમ લખ્યું છે ! ) હા, એને ય પર છે ને ! એમાં એમ કહ્યું છે કે એ પાંચે ઉત્તરથી થયું સમાધાન, સર્વાંગનું થાશે, મોક્ષના ઉપાયની એ પ્રતીત – સહજ, સહજ પાંચે ઉત્તરથી થઈ સમાધાન, પ્રતીત થાશે મોક્ષ ઉપાયનો સહજ સહજ પ્રતીત એ રીત.

ભગવાન આત્મા અંતર અતીન્દ્રિય આનંદનો ( નાથ ! ) અતીન્દ્રિય જ્ઞાયકની મૂર્તિ પ્રભુ છે ને એ છ દ્રવ્ય જે જ્ઞેય છે એ તો એનાં પરજ્ઞેય છે. સ્વજ્ઞેય નહીં. એ ( પરજ્ઞેય ) વ્યક્ત છે એ બાહ્ય છે, અંતરમાં નહીં. આહાહાહા !

આહા ! અરે, જીવ આદિ બહિર્‌તત્ત્વ કીધા – એ બહિર્તત્વ છે કહે છે. સંવર–નિર્જરા ને

મોક્ષની પર્યાય પણ બહિર્‌તત્ત્વ છે, અંતઃતત્ત્વ જે જ્ઞાયક ત્રિકાળ છે, તેનાથી એ ( પર્યાયમાત્ર ) બહિર છે. કેવળજ્ઞાનની પોતાની પર્યાય ને સંવર – નિર્જરાની પર્યાય પણ બહિર્‌તત્ત્વ છે. ભગવાન ( આત્માને ) એ પરજ્ઞેય તરીકે છે. સ્વજ્ઞેય ( એકજ્ઞાયકભાવ ) તો એનાથી ભિન્ન છે. આવી વાત છે.

અરે રે ! વાસ્તવિક તત્ત્વ શું ? ત્યાંયે કાંઈ સમજણમાં આવતું નથી –કથનમાં આવતું નથી અત્યારે તો.... ( અહા ! ) આ પ્રરૂપણા – આમ કરો, આમ આ કરો, આવું કરો !

ભગવાન ત્રણલોકના નાથ ( તીર્થંકરદેવ ) સર્વજ્ઞદેવ કહે છે એ જ સંત કહે છે. સંતની ટીકા કરવાવાળા પણ સંત છે. દુરુહ નથી કર્યું સ્પષ્ટ કર્યું છે. જેમ ગાય અને ભેંસના આંચળમાં ( આઉમાં ) દૂધ હોય છે ને આઉમાં રહેલ દૂધ બળૂકી બાઈ હોય છે તે એમાંથી કાઢે છે, એમ પાઠના ભાવમાં આ ભાવ છે. એને ( ટીકા કરીને ) કાઢે છે, પોતાની ( આચાર્યની ) ટીકા છે માટે એ ભિન્ન છે અને ભાવમાં અંદર નથી એવું છે નહીં. ઝીણી વાત છે ભાઈ !

અનંત કાળ ગયો પરિભ્રમણ કરતાં કરતાં. હજી આવ્યા નહીં હોય બાળીને ? આવી ગયા ! હૈં હૈં ક્યાં છે ? ઠીક ! આવી ગયા છે, બીજા બધા નહીં આવ્યા હોય, પોણા છ એ કહે છે કાઢયા ’તા. એ મુખ્ય, બીજાં તો ગયેલા આવી ગયાને ત્યાંથી રજા લઈને, બાળે ત્યાં સુધી ત્યાં ( બધા તો ) ન રોકાય ! ગયા તે પરગતિએ ચાલ્યા ગયા. આંહી બેસતા ’તા, આંહી સાંભળવા સવારમાં નહોતા આવી શકતા બપોરે આવતા ’ તા.... આવી દેહની સ્થિતિ બાપા !

એ તો જ્ઞાનનું જ્ઞેય છે, જે જે સ્થિતિ થાય તે જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે છે એમાં આત્માને કાંઈ આઘાતે ય નથી ને, આત્મામાં એને કારણે કોઈ નુકસાનેય નથી. દેહ છૂટવાના પ્રસંગે જ્ઞાનીને તો તેનું જ્ઞેય તરીકે જ્ઞાન થાય છે. છ દ્રવ્ય આવ્યા ને ! ( પરજ્ઞેય તરીકે ) મારું મરણ થાય છે – હું દેહથી છુટું છું એમ નથી.

( શ્રોતાઃ– દેહથી છૂટો તો પડે છે ) છૂટે ? એ તો છૂટો જ છે હું તો ત્રિકાળ છું – છૂટો જ છું તો છૂટો થાઉં ક્યાંથી ? ( શ્રોતાઃ– સંયોગ છે તેનો વિયોગ થાય છે ) એ તો વ્યવહારનયની અપેક્ષાએ બાકી અંદરમાં તો ત્રિકાળી છૂટો જ છે. અરે ! રાગથી પણ એ તો ભિન્ન મુક્તસ્વરૂપ ભગવાન આત્મા છે. જેને ( ગાથા ) ચૌદ પંદરમીમાં કહ્યો અબદ્ધસ્પૃષ્ટ ! ! ભગવાન કુંદકુંદાચાર્યે !

ભગવાન કુંદકુંદાચાર્ય દિગમ્બર સંત ! જે ( મંગલાચરણમાં ત્રીજું સ્થાન છે ) મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો ( જૈન ધર્મોસ્તુ મંગલં ) પહેલાં ભગવાન પછી ગણધર પછી ત્રીજા કુંદકુંદાચાર્ય, એ કુંદકુંદાચાર્ય કહે છે. સમજાણું કાંઈ... ?

( કહે છે કુંદકુંદાચાર્ય ) કે પર્યાયમાત્ર છે એ આત્માને પર – જ્ઞાયકનું જ્ઞેય છે. વાત બેસવી કઠણ જગતને ! અંતઃ તત્ત્વ છે એ બાહ્ય તત્ત્વથી ભિન્ન છે. ઓહોહો ! બાહ્ય તત્ત્વ કહ્યુંને ભાઈ ? ઓલા નિયમસાર, શુદ્ધભાવ અધિકારમાં તો કેવળજ્ઞાન બાહ્ય તત્ત્વ ! અને મોક્ષનો માર્ગ જે પ્રગટયો છે અંતર્‌તત્ત્વના અવલંબે એ–પણ બાહ્ય તત્ત્વ છે. ભગવાન ( આત્મા ) તો અંદર જ્ઞાયક તત્ત્વ જે ચૈતન્યમૂર્તિ પ્રભુ ! એ અંતઃ તત્ત્વ છે, બહિરતત્ત્વથી ભિન્ન છે. ઓહોહો ! અંતર્‌તત્ત્વથી બહિર્‌તત્ત્વ ભિન્ન છે કેવળજ્ઞાનની પર્યાય પણ અંતઃતત્ત્વથી ભિન્ન છે.

હજી શરીરથી ( આત્માને ) ભિન્ન માનવામાં પરસેવા ઊતરે ! આ દેહ મારો, હું છું તો

ચાલે છે – બોલે છે. ( પણ ભાઈ ) એ તો જડની ક્રિયા, તારાથી થઈ શું ? આંહી તો ( કહે છે ) છ દ્રવ્યસ્વરૂપ ( લોક પરજ્ઞેય છે. ) ઘણું ગજબ કરી નાખ્યું છે.

એક કોર સત્યનું જ્ઞાયકસ્વરૂપ જ્યાં દૃષ્ટિ થઈ, પર્યાય જ્યાં અંતરમાં વળીને એ છદ્રવ્યનું જ્ઞાન –સ્વદ્રવ્યનું જ્ઞાન થયું ત્યાં તો હું તો છ દ્રવ્યથી અને છ દ્રવ્યના ગુણોથી ને છ દ્રવ્યોની પર્યાયથી ( ભિન્ન છું ) અને છ દ્રવ્યનું જે જ્ઞાન થાય છે એ જ્ઞાનથી પણ હું તો ભિન્ન છું. એય નવરંગભાઈ ! આવું છે. જીવ અન્ય છે એટલા માટે અવ્યક્ત છે. એક બોલ થયો, છ બોલ છે. આ દિવાળીને બેસતા વર્ષે બે મોટા ( બોલ ) અવ્યક્તના બરાબર આવી ગયા છે.

બીજો બોલઃ– ( કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે ) ( શું કહે છે ? ) જે કંઈ અંદરમાં પુણ્યને પાપ, દયા– દાન–વ્રત– ભક્તિ પૂજા – કામ – ક્રોધ – માન – માયા – લોભ ઉત્પન્ન થાય છે એ ભાવક નામ કર્મ જે ભાવક છે એનાં ભાવ છે. આત્મા ભાવક અને એનાં એ ભાવ નથી. કષાયોનો સમૂહ – ચાહે તો દયાના ભાવ, દાનના ભાવ, ભક્તિના ભાવ, પૂજાના ભાવ, જાત્રાના ભાવ, ભગવાનની ભક્તિમાં લાખો રૂપિયા દાનમાં ( આપવા ) એ બધો કષાયનો સમૂહ છે – રાગ છે.

( જુઓ ! ) બત્રીસમી ગાથામાં કષાયનો સમૂહ ભાવકભાવ આવી ગયો છે. એક છત્રીસમી ગાથામાં 'નાસ્તિ નાસ્તિ મમ કશ્ચન મોહઃ' – ભાવકભાવ આવી ગયો છે. આ ત્રીજો અહીં આવ્યો એ ત્રણ ભાવકભાવ, બીજો મેં પહેલાં કહ્યો' તો ૪૭ શક્તિમાંથી ત્યાંય ભાવકભાવ છે. ૪૭ શક્તિમાં કર્તૃત્વશક્તિ છે ને ! આમાં છે ને ! કર્તૃત્વશક્તિ બેંતાલીસમી શક્તિ – થવાપણારૂપ અને સિદ્ધરૂપ ભાવના ભાવકપણામયી કર્તૃશક્તિ.

શું કહે છે ? કે આ જે ભાવકભાવ આપણે ચાલે છે અત્યારે એ તો પુણ્ય – પાપના વિકારીભાવ, ભાવક કર્મનો ભાવ છે, પોતાનો ( આત્માનો ) નહીં. હવે પોતાનો ભાવકભાવ શું ? કે પોતાના આત્મામાં એક કર્તૃત્વ નામનો ત્રિકાળી ગુણ છે. આત્મા જે વસ્તુ છે એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ છે એમાં એક કર્તૃત્વ નામનો ગુણ છે. કર્તૃ હોં ? કર્તૃ એ શબ્દ એ ભાઈને પંડિતને કીધું આ કર્તૃ કેમ આવ્યું કર્તા કેમ ન આવ્યું ? કર્તૃ કેમ આવ્યું તો એ છે શબ્દ સંસ્કૃતની શૈલી છે કહે છે. એ પ્રશ્ન પૂછયો 'તો મેં ભાઈને, કર્તા ન આવ્યું ને કર્તૃ કેમ આવ્યું છે ? છે ને કર્તૃ છે ને ! જુઓને ! કર્તૃત્વ છે ને ? કર્તા ન આવ્યું કર્તૃત્વ આવ્યું એટલે કે એ આવે સંસ્કૃતની શૈલીમાં આવે !

૪૨, શું કહે છે ? કે આત્મામાં એક કર્તૃત્વ નામનો ગુણ છે અનાદિ–અનંત પડયો છે, એ કર્તૃત્વ ગુણનું કાર્ય શું કે જે નિર્મળ પર્યાયભાવ છે એનો ભાવક એ કર્તૃત્વ શક્તિ – ( ગુણ ) એ ભાવક છે ને એનું ( કાર્ય–ભાવ ) નિર્મળ પર્યાય આદિ ભાવ છે. અને આ જે વિકારી ભાવ અત્યારે ચાલે છે એ ભાવક, કર્મનો ભાવક એનો ભાવ છે. આ ગુણનો ભાવકનો ભાવ છે. વીતરાગ મારગ, ઝીણો બહુ બાપા ! એમાં ય તે દિગમ્બર ધર્મ, એ જૈનધર્મ છે. બહુ સૂક્ષ્મ ! સમજાણું કાંઈ... ?

અહીંયા કહ્યું, આત્મામાં કર્તૃત્વ નામનો ગુણ છે. તો એ ગુણનો ધરનારો ભગવાન આત્મા જ્ઞાયક, એ જ્ઞાયકની દૃષ્ટિ કરવાથી જે નિર્મળ પર્યાય થાય છે, એનો ભાવક એ

કર્તૃત્વગુણ છે અથવા ભાવકદ્રવ્ય અભેદથી કહેવામાં આવે છે. દ્રવ્ય જે ભાવક છે એ નિર્મળપર્યાય એનો ભાવ છે સમ્યગ્દર્શન જ્ઞાન – ચારિત્રની પર્યાયના ભાવનો ભાવક આ દ્રવ્ય છે. એટલે એમાં ગુણ છે. એમ લઈને...

એ જે નિર્વિકારી પર્યાય થાય છે. સમ્યગ્દર્શન -જ્ઞાન – ચારિત્રની શુદ્ધિ, એ પૂર્વની પર્યાયથી નહીં, નિમિત્તથી નહીં, રાગનો અભાવ થયો માટે નહીં, એ કર્તૃત્વ નામનો ભગવાનમાં ( આત્મામાં ) ગુણ અનાદિ – અનંત પડયો છે તો તેના કારણે એ ભાવક થઈને સમ્યગ્દર્શન આદિ પર્યાયના ભાવનો ભાવ એ છે. પૂર્વની પર્યાયનો ભાવ નહીં – ભાવકનો ભાવ નહીં. આહાહાહા !

જેમ કેવળજ્ઞાન થયું તો ય મોક્ષના માર્ગની પર્યાયથી એ ભાવ નહીં, એ કેવળજ્ઞાનની પર્યાય થઈ એ કર્તૃત્વગુણના – ભાવકનો ભાવ છે, આમ સીધો... સમજાણું કાંઈ... ? આ મારગ બહુ સૂક્ષ્મ ભાઈ ! અત્યારે તો લોકોને બહારમાં એક તો બાવીસ કલાક ધર્મ નહીં ને પાપ કરે આખો દિ' ધંધો ને વેપાર ને પાપ, બાયડી છોકરાને સાચવવા એમાં કલાક મળે તો આ બહારની પ્રવૃત્તિમાં રોકાય, આ કરો ! આ કરો, આ કરો. સમજાણું ?

અહીં કહે છે કે કર્મ જે જડ છે, એ નિમિત્ત છે એને ભાવક કહ્યું અને ભાવ એનાં વિકાર પરિણામ – દયા, દાન, વ્રત, શુભ – અશુભ ( ભાવ ) વ્યવહાર રત્નત્રયનો ભાવ, એ ભાવકનાં ભાવ છે. ભગવાન આત્મામાં ભાવક જે ગુણ છે એનાં એ ભાવ નહીં, આવી વાત છે. આમાં પડયું છે કે નહીં આ બધું અંદર ! એ છે ને !

ભાવક એ–મય સિદ્ધરૂપ ભાવ કે સિદ્ધ એટલે સિદ્ધ એમ નહીં, એ વખતે થવાવાળી પર્યાય જે નિર્મળ છે. સિદ્ધ નામ એ સમયે થવાવાળી પ્રાપ્ય છે. ઓલો પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વત્ય વીતરાગી આત્માની પર્યાય – શુદ્ધની પર્યાય, જે ભાવ એ ભાવનો ભાવક એ સિદ્ધ છે. સિદ્ધ નામ એ સમયે થવાવાળી છે. ત્યાંય એ આવ્યું જન્મક્ષણ છે, એ ઉત્પત્તિની જન્મક્ષણ, ક્રમબદ્ધમાં એ છે. જન્મક્ષણમાં એ છે અને સિદ્ધ નામ તે સમયે થવાવાળી છે. એનો ભાવક, આત્મામાં કર્તૃત્વ નામનો ઉપાદાન અંદર શક્તિ – ગુણ છે. એનાથી એ સમ્યગ્દર્શનની પર્યાય શુદ્ધિની વૃદ્ધિ થાય છે. એ પણ ભાવકના ભાવના કારણે, પૂર્વની પર્યાયના કારણે નહીં. સમજાણું કાંઈ ?

એ ભાવકભાવથી આ ભાવકભાવ જુદો – ભિન્ન છે. કષાયોના સમૂહ ભાવકભાવ એ પુણ્ય – પાપના ભાવ વ્યક્ત છે એનાથી જીવ અન્ય છે. એ પુણ્ય – પાપના ભાવ, વ્યવહાર રત્નત્રયનો રાગ, જે ભાવકનો ભાવ છે એનાથી આત્મા ભિન્ન છે. એને અહીંયા આત્માને અવ્યક્ત નામ સમ્યગ્દર્શન – જ્ઞાનનો વિષય ( – ધ્યેય ) કહેવામાં આવેલ છે.

વિશેષ કહેશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં. ૧૨૪ ગાથા - ૪૯ તા. ૧/૧૧/૭૮ બુધવાર કારતક સુદ-૧

શ્રી સમયસારઃ– ૪૯ ગાથાનો અવ્યક્ત બોલ છે. બહુ સરસ માંગલિકનું આ છે. પહેલો બોલ તો એમ કહ્યો કે છ દ્રવ્ય જે છે લોક એ તો જ્ઞેય છે વ્યક્ત છે, છતાં તેનાથી જીવ અન્ય છે, એ કોણ નિર્ણય કરે છે ? પર્યાય એમ નિર્ણય કરે છે. 'હું' છ દ્રવ્ય જ્ઞેય અને વ્યક્ત એનાથી હું

( જુદો ) જ્ઞાયક અને અવ્યક્ત એટલે વસ્તુ, તે જીવ છું. શબ્દ એમ છે ને ? એક બોલ થઈ ગયો છે.

બીજો કષાયોનો સમૂહ જે ભાવકભાવ જે પર્યાયમાં ભાવક જે કર્મ એનાથી થતાં વિકલ્પો જે શુભ અશુભ એ વ્યક્ત છે, પ્રગટ છે, હું તેનાથી અન્ય છું, પર્યાય એમ જાણે છે, કે આ કષાયનો સમૂહ જે ભાવકભાવ એનાથી હું ભિન્ન છું. બે ની વચ્ચે પડેલી પર્યાય. પર્યાય એમ જાણે છે, અનુભૂતિ. ભાષા તો શું કરે ? કે હું એક જીવદ્રવ્ય છું અવ્યક્ત એટલે પર્યાયમાં આવ્યું નથી ને પરમાં આવ્યું નથી એ અપેક્ષાએ બાકી છે તો વ્યક્ત. એ અપેક્ષાએ હું આત્મા, જીવ કષાયના સમૂહ વિકલ્પોની જાત ગમે તે હો ગુણગુણીના ભેદનો વિકલ્પ હો રાગ, શાસ્ત્રને લખવાનો વિકલ્પ હો એ વિકલ્પના સમૂહથી એ ભાવકભાવ કર્મનો એ ભાવ છે, શાસ્ત્ર લખતા વખતે વિકલ્પ છે ને ? કર્તા નથી. આ જે કર્તા થઈને લખે છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

અહીંયા તો વિકલ્પ આવ્યો છે એ કષાયનો સમૂહ છે અને ભાવકનો ભાવ છે, મારા ભાવકનો ભાવ એ નહિ. મારો ભાવ તો એ વિકલ્પથી ( જુદો છે ) હેં ? લખવા વખતે પણ આચાર્ય એમ કહે છે કે એ વિકલ્પ જે છે એ તો કર્મના ભાવકનો ભાવ છે, મારા દ્રવ્યનો ભાવ એ નથી, મારી વસ્તુ છે એનો એ ભાવ નથી. હેં ? આવી વાત છે પ્રભુ ! આહાહા ! ઓહોહો કષાયોનો સમૂહ ભાવકભાવ પ્રગટ છે, પ્રભુ હું તો એનાથી ભિન્ન, આંહી અવ્યક્ત કહ્યો, અવ્યક્તનો અર્થ કે પર્યાયમાં આવતો નથી, દ્રવ્ય બહારમાં આવતું નથી એ અપેક્ષાએ, વસ્તુ તરીકે તો વ્યક્ત પ્રગટ જ છે દ્રવ્ય. એ બે બોલ તો ચાલી ગયા છે.

હવે આ ત્રીજો "ચિત્સામાન્યમાં" બહુ અલૌકિક વાત છે બાપા, જ્ઞાયકભાવ ચિત્સામાન્ય એટલે દર્શનજ્ઞાનરૂપી ચિત્ એવું જે સામાન્ય સ્વરૂપ, ચિત્સામાન્ય ચિત્ એટલે જ્ઞાન ને દર્શન એવું જે કાયમી સ્વભાવ સામાન્ય એમાં બીજા બધા ગુણો આવી જાય છે. હું કોણ છું એમ નિર્ણય સમ્યગ્દર્શનની પર્યાય અથવા જ્ઞાનની પર્યાય એમ નિર્ણય કરે છે, એ ચિત્સામાન્યમાં જ્ઞાયક દર્શન ને જ્ઞાન એવું સામાન્ય નામ ધ્રુવ, એમાં ચૈતન્યની સર્વ વ્યકિતઓ, ચૈતન્યની સર્વ પ્રગટ અવસ્થાઓ ભૂતની અને ભવિષ્યની એમાં અંતર્મગ્ન છે, એટલે કે એ અંતર્મગ્ન છે એટલે કે એ ગુણરૂપ છે. આહાહા !

પૂર્વે અને પછી મતિશ્રુતજ્ઞાનની પર્યાય પ્રગટી છે વર્તમાન એ એમ કહે છે, વર્તમાન, બાહ્ય એ એમ કહે છે કે ભૂતકાળની મારી મતિશ્રુતજ્ઞાનની પર્યાયો અને ભવિષ્યમાં પણ મતિશ્રુત ને કેવળજ્ઞાનની પણ પર્યાય, આ તે એક જ્ઞાનથી વાત લીધી છે એવી અનંતગુણની. હું આત્મા કોણ છું ? કે ચિત્સામાન્ય જે વસ્તુ છે તેમાં ચૈતન્યની સર્વ પ્રગટ દશાઓ પ્રગટ તો પર્યાય હતી ત્યારની અપેક્ષા છે. ભૂતકાળમાં હતી, ભવિષ્યમાં થશે એ અપેક્ષાએ પ્રગટ કીધું, પણ મારા સ્વરૂપમાં એ નથી અત્યારે, ભેદ એમાં નથી એકલો જ્ઞાયકભાવ જેને અહીંયા પર્યાય અને પરની અપેક્ષાએ અવ્યક્ત કહ્યો, પણ પર્યાયમાં તે વ્યક્ત થાય છે. આહાહા ! આવી વાત છે, પ્રવિણભાઈ ! આહાહાહા !

હું ચૈતન્ય જે સામાન્ય જે કાયમી ચીજ છું, એમાં જે એક આંહી તો મેં મતિશ્રુતની પર્યાય જ્ઞાનની લીધી, એમ શ્રદ્ધાની એમ ચારિત્ર એટલે શાંતિની થઈ ગઈ અને થશે એ બધી પર્યાયો વર્તમાન સિવાય, કેમકે વર્તમાન પર્યાયે તો એ નિર્ણય કર્યો કે હું આ છું. મારું સ્વરૂપ સામાન્ય

જે છે, તેમાં બધી અવસ્થાઓ નિમગ્ન છે, અવસ્થારૂપે અવસ્થા અંદર નથી ભાઈ. શું કીધું ઈ ? કે મતિશ્રુતજ્ઞાનની મારી પર્યાય થઈ ગઈ એ તો ક્ષયોપશમભાવની હતી અને અમુક સુધી થશે તે ક્ષયોપશમની છે, અને પછી થશે એ ક્ષાયિકની છે. પણ મારો ભગવાન એ ભૂત અને ભવિષ્યની પર્યાય અંદર નિમગ્ન એટલે પારિણામિકભાવે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

(શ્રોતાઃ- પારિણામિક ભાવે છે એટલે શું ?) એટલે પ્રગટ પર્યાયનો જે ભાવ હતો, એ ભાવ અંદરમાં નથી હવે, જે ત્રિકાળી ધ્રુવ સ્વભાવ છે એમાં સામાન્ય સ્વભાવ એનું થઈ ગયું છે, પારિણામિક સ્વભાવ એટલે કે એકરૂપ સ્વભાવ, એ વ્યક્ત જે પર્યાય છે એ તો અનેક પ્રકારે ભિન્ન ભિન્ન કોઈ ક્ષયોપશમની, કોઈ ક્ષાયિકની, મતિશ્રુત ક્ષયોપશમની, સમકિત ક્ષાયિક હોય છે એની, ચારિત્રના સ્વરૂપના આચરણની પ્રગટ અવસ્થા છે તે, થઈ ગઈ તે, થશે તે. એવી એવી જ્ઞાનની દર્શનની ચારિત્રની આનંદની, આનંદની પર્યાય પણ હું સાધક છું, તો મારી જે આનંદની પર્યાય વીતી ગઈ એ અંતરમાં ગઈ, ભલે એ આનંદની પર્યાય ક્ષયોપશમભાવે હો પણ અંતર ગઈ ત્યાં પારિણામિકભાવે થઈ ગઈ. પારિણામિક એટલે સહજ જ્ઞાયકભાવ, ધ્રુવભાવમાં એ આવી ગઈ. ત્યાં આગળ એ પર્યાય ક્ષયોપશમભાવે રહે છે અંદર,( એમ નથી. ) આમ તો ભાષા એમ ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યકિતઓ, નિમગ્ન અંતર્ભૂત છે ત્યારે એ જે ક્ષયોપશમભાવ છે એ અંતર્ભૂત છે ? સમજાણું કાંઈ ? ચંદુભાઈ ! આવું ઝીણું છે.

હવે આવું વર્ષ બેસતું છે. ૨૦૩૫ ને થઈ. પાંચ ને ત્રણ આઠ ૨૦૦૦ આ તો આંકડો બીજો આવ્યો. આઠ તો બીજું રહ્યું આઠ કર્મથી અને એના ભેદોથી પણ ભિન્ન ભગવાન છે. એમ કહે છે, ચિત્સામાન્યમાં, એટલે કે જેટલી શક્તિઓ મલિનરૂપે થઈ ગઈ અને નિર્મળરૂપે પણ થઈ અને હજી પણ ભવિષ્યમાં થોડી કેટલીક મલિનરૂપે રહેશે અને કેટલીક વ્યક્ત નિર્મળ થશે એ બધી મારા સ્વરૂપમાં અંદરમાં એકાકાર છે. એમ પ્રગટ જ્ઞાનની પર્યાય, પ્રગટ શ્રદ્ધાની પર્યાય, પ્રગટ આનંદની પર્યાય, પ્રગટ સ્વરૂપ આચરણની સ્થિરતાની પર્યાય, એવી અનંતી પર્યાયોનું એકરૂપ પ્રગટ તે આ જીવ છું એમ નક્કી કરે છે. ભાષા ( માં ) તો એક પર્યાયને લીધી પણ એની પર્યાયમાં અનંતી પર્યાય ભેગી છે ને ? એક સમયમાં અનંતી પર્યાયો પ્રગટ વ્યક્ત છે, એ અંતરમાં ગઈ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? માળે કેવું સમાડયું છે જુઓ ને ટૂંકી ભાષામાં.

હું એક જ્ઞાયક સામાન્ય સ્વભાવ, ધ્રુવસ્વભાવ, એકરૂપ સ્વભાવભાવ એમાં ભૂત અને ભવિષ્યની પર્યાયો કોઈ મલિન, મલિન ગઈ તે પણ અંતર્મગ્ન થઈ, ઉદયભાવની પર્યાય અંતર્મગ્ન થઈ, ત્યાં અંતરમાં ઉદયભાવે ન રહી ત્યાં તો પારિણામિક સ્વભાવ થઈ. આવો મારગ વીતરાગ સર્વજ્ઞનો ઓહોહો એમાં ય આદિ પુરાણ એમાં ૧૦૦૮ નામ આપ્યા છે. આજ અડધો કલાક સ્વાધ્યાય થઈ ગયો ૧૦૦૮ નો છ થી સાડા છ, ઓહોહોહો ! ગજબ કામ કર્યું, મુનિઓએ. એ વખતે જે વિકલ્પ આવ્યો છે શક્તિના વર્ણનનો, એ વિકલ્પ કષાયનો સમૂહ છે, એનાથી મારી ચીજ ભિન્ન છે અને પછી ભૂતકાળ અને ભવિષ્યમાં અનંતી પર્યાયો થઈ ગઈ એક એક ગુણની, એવા અનંતા ગુણની અનંતી પર્યાયો થઈ ગઈ, એમ ભવિષ્યમાં એક એક ગુણની એક પર્યાય એવા અનંતા ગુણની અનંત પર્યાય થશે એને આંહી વ્યકિતઓ કીધી, સર્વ વ્યક્તિ કીધી ને ? આ વ્યકિત આ વ્યક્તિ નથી કહેતા લોકો, આ વ્યક્તિ એક આવી એમ આ પ્રગટ અવસ્થાઓ એ

ચિત્સામાન્યમાં નિમગ્ન છે, એકલી મગ્ન નથી કહ્યું, નિમગ્ન. સ્વભાવભાવરૂપ થઈ ગઈ છે, શું કીધું સમજાણું ? અલૌકિક વાત છે બાપા ! ત્રીજો બોલ આવ્યો છે. આહાહાહા !

વર્તમાનમાં અનંતગુણની પર્યાય વ્યક્ત છે, એ વ્યક્ત પર્યાય એમ નિર્ણય કરે છે, કે મારું સ્વરૂપ જે જ્ઞાયકભાવ જે છે, એમાં સમજાવવામાં શું કહે, હું જ્ઞાયક છું ને આ અંતર્મગ્ન છે, એ પણ એ બધો વિકલ્પ છે. પણ સમજાવે, શું સમજાવે ? વર્તમાનમાં જેટલા ગુણો છે, અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત એ બધા ગુણોની વર્તમાન પર્યાય વ્યક્ત પ્રગટ છે મારે, એક જ પર્યાય છે એમ નહિ, અનંતી પર્યાય છે, તે અનંતી પર્યાય અંતરમાં ગઈ નથી. એકવાર ચંદુભાઈને પુછયું'તું ને કે એલા સામાન્યમાં અંતર્મગ્ન શું થઈ ગયું'તું વર્તમાન ગઈ કે નહિ અંતરમાં ? કહે કે 'ના'. એ તો વ્યાખ્યા થઈ ગઈ ને. (શ્રોતાઃ– મારા ગુરુ તો વર્તમાન પર્યાયથી પણ અંતર્નિમગ્ન થઈ ગયા છે) પણ એ નિમગ્ન થયું છે, એ કોણે નિર્ણય કર્યો ? (શ્રોતાઃ– નિમગ્ન થઈને નિર્ણય કર્યો/થઈ ગયો.) શું બોલ આવ્યો છે ને ?

કે આત્મા એક વસ્તુ ને એમાં અનંત અનંત ગુણો, અનંત અનંત ગુણો એટલે ? જેની સંખ્યાની કોઈ મર્યાદા હદ જ ન મળે. જેમ લોકનો અંત નહીં કોઈ હદ છે ? કે હવે આકાશ અહીં થઈ રહ્યું શું છે આ તે, આ ચૌદ બ્રહ્માંડનો અંત છે, અસંખ્ય જોજન બસ, પણ પછી ખાલી જગ્યોનો આમ ક્યાંય અંત (નથી). એવો જે અલોકનો આકાશ છે એનો ક્યાંય અંત નહિ. એના અંત વિનાના આકાશના અનંત અનંત પ્રદેશો, એથી પણ ભગવાન એક આત્મામાં અનંતા અનંતા અનંતા અનંતથી અનંતા અનંત ગુણોનો પિંડ શું કહે છે આ ? એકવાર નાસ્તિક હોય તોપણ એને વિચારમાં આવી જાય કે આ શું છે. આ તે આ, અને તે અસ્તિરૂપે છે. વળી તેનો અંત નથી, છતાં તેને પ્રદેશત્વગુણને લઈને આકાર છે, આ શું ? કોને ? આકાશને. એવા આકાશના પ્રદેશનો આકાર છે તે અનંત અનંત પ્રદેશ છે, એથી અનંત અનંત ગુણા ભગવાન આત્મામાં વર્તમાનમાં ગુણ છે અને તેટલી જ અનંતાગુણની જેટલા અપાર અપાર ગુણ છે તેટલી જ વર્તમાન પર્યાયમાં અપાર અપાર પર્યાય પ્રગટ છે. જે પ્રગટ પર્યાય અનંત છે, એને આ આ આ આ આ આ આ આ અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત તો એ પર્યાયની વર્તમાન પ્રગટનો કોઈ પર્યાયનો છેડો છે, એ વસ્તુ નથી. ચંદુભાઈ ! આહાહા !

પ્રગટ પર્યાય જે છે એટલી અનંતી છે, ક્ષેત્રથી આમ અંત આવી ગયો આમ એટલામાં. હેં ? પણ એની જે સંખ્યા પ્રગટ દશાઓ જે સામાન્યમાં વર્તમાન ભળી જ નથી. અનંતી અનંતી પર્યાય, અનંતી અનંતી અનંતી જેટલા ગુણો તેટલી પર્યાય એ અનંતી અનંતી પર્યાય એમાં પ્રધાનપણે જ્ઞાનની પર્યાય એમ નિર્ણય કરે છે, કે આ ચિત્સામાન્ય વસ્તુ જે છે વસ્તુ, એમાં એ બધી પર્યાયો ભલે મલિન, મલિન થઈ ગઈ, થોડો વખત મલિન રહેશે. પણ જ્યાં સુધી સાધક છે એટલે. આહાહાહા !

અમૃતચંદ્રાચાર્યે કહ્યું ને "કલ્માષિતાયા" મારી પર્યાયમાં કલુષિત ભાવ છે, મારી પર્યાયમાં દુઃખરૂપ ભાવ છે, હું એ નથી. હું તો ત્રિકાળી આનંદ સ્વરૂપ છું, પણ આની ટીકા કરતાં, એ વિકલ્પ છે, તેનો ય હું કર્તા નથી, એ તો (વિકલ્પ) આવી ગયો અને અક્ષરો લખાઈ ગયા. એ તો જડને કારણે લખાઈ ગયા, મેં લખ્યા નથી, મારા અક્ષર નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ?

એવી અનંતી અનંતી પર્યાયો થઈ ગઈ કેટલીક એની વર્તમાન અનંતી પર્યાય ને આ પર્યાય છેલ્લી છે એક બે ત્રણ અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત એ હવે અનંતનો છેલ્લો અનંત આ છે, છેલ્લો અનંત એય નથી, છેલ્લો અનંતેય નથી અને છેલ્લા અનંતનો છેલ્લો ભાગ એ એમાં નથી. ( કહે છે ) એટલી તો આ પ્રગટ અવસ્થાઓ છે. એ પ્રગટ અવસ્થામાં જ્ઞાન અને શ્રદ્ધાની પર્યાય, સામાન્ય સ્વભાવ સન્મુખ દૃષ્ટિ થઈ છે, એમાં આ નિર્ણય થયો છે વર્તમાન પર્યાયમાં. કે પૂર્વની અને ભવિષ્યની પર્યાયો બધી અંતર્મગ્ન નહીં, નિમગ્ન, નિમગ્ન નામ એ તો પારિણામિકભાવે થઈ ગઈ બસ. આરે આરે આવી વાત છે. ગહન દ્રવ્યસ્વભાવ ભાઈ ! સ્વયંભૂ ભગવાન આત્મા, સ્વયંભૂ પોતાથી પોતે છે અને પોતાથી પોતે પ્રગટ થાય છે. એક એક આત્માની વાત હોં એવા તો અનંત આત્માઓ ( શ્રોતાઃ- પર્યાય ને ગુણમાં ફેર છે ? ) પર્યાય અવસ્થા છે, ગુણ ત્રિકાળી છે. ઝીણી વાત બહુ હોં. પર્યાય અવસ્થા વર્તમાન એક સમયની અને ગુણ છે ત્રિકાળ ધ્રુવ છે. ઝીણી વાત બાપુ ! એક એક વાત, હેં ? ( શ્રોતાઃ- બહુ ગહન ) કેટલું સમાડયું છે. આહાહાહા !

ચિત્સામાન્યમાં મારો પ્રભુ જે સામાન્યરૂપ છે જે ધ્રુવ. એ ધ્રુવમાં ભૂત અને ભવિષ્યની અનંતી અનંતી અનંતી અનંતી એક સમયની અનંતી, એવી એવી અનંત સમયની અનંતી, ભવિષ્યમાં પણ એક સમયની અનંતી એવી અનંતા સમયની અનંતી. હૈં ( શ્રોતાઃ- એ અંદરમાં જાણવાપણે જણાયને રહેલી છે. ) એ નહિ, એ જાણે ગુણ જાણે એને. પર્યાય તો ગુણ તરીકે જાણે. સર્વજ્ઞના જ્ઞાનમાં આવે, કે આ અંશ છે એ આમાં પરિણામીરૂપે થયો, અને આ અંશ છે એ આ પ્રગટશે, એ ભગવાનના જ્ઞાનમાં હોય છે. અહીંયા તો ગુણ ગુણરૂપે છે, સામાન્યરૂપે છે. અંતર્મગ્ન થઈ ગઈ છે. નિમગ્ન થઈ ગઈ છે, ભાષા જુઓને, નિમગ્ન છે. આહાહા !

નિમગ્ન. ઉન્મગ્ન અને નિમગ્ન નામની નદીઓ બે છે, વૈચાક પર્વતમાં આ સાધવા જાય છે ચક્રવર્તી તીર્થંકર પોતે ચક્રવર્તી સાધવા જાય છે, વચ્ચે બે નદીઓ આવે છે, એક નદી ઉન્મગ્ન છે, એક નિમગ્ન છે. તે એક નદીમાં જે કાંઈ પડે વસ્તુ એને બુડાડી દે અંદર નિમગ્ન અને એક નદીની અંદર વસ્તુ પડે એને બહાર કાઢી નાખે ઉન્મગ્ન, ઓલી નિમગ્ન છે ઓલી ઉન્મગ્ન છે, એમ આ ભગવાન આત્મામાં ભૂત અને ભવિષ્યની અનંતી અનંતી અનંતી અનંતી અનંતી એક સમયમાં અનંતી અનંતીનો પાર નહિ એવી અનંતી સમયની પર્યાયો અને ભવિષ્યની અનંતકાળની પર્યાયો. આહાહાહા ! કેવળજ્ઞાનની પર્યાય વ્યક્ત થશે ત્યારે તે અનંત અનંત થશે અને તે તે પર્યાયમાં અનંતા અનંતા કેવળીઓ જાણે એટલી એક સમયના અવિભાગ પ્રતિચ્છેદની તાકાત છે, એ બધી પર્યાયો, મારો સામાન્ય સ્વભાવ ધ્રુવ નિમગ્ન છે. છે ? એટલે અંતર્ભૂત છે, પણ અંતર્ભૂત છે એ પર્યાયરૂપે અંતર્ભૂત નથી. અંતરમાં ભૂત છે એ તો ગુણરૂપે પારિણામિકભાવરૂપે સહજ સહજ સહજાત્મ સ્વરૂપ એ રૂપે અંદર છે. અરે આવો ઉપદેશ ને આ ધર્મ છે. ( શ્રોતાઃ- અલૌકિક ) હેં ? ( શ્રોતાઃ- નવી વસ્તુ હોય તો નવો ધર્મ હોય ને ) નવું એટલે આવું. આહાહાહા !

હવે આખી જિંદગીમાં આજ અડધો કલાક ૧૦૦૮ નામનો સ્વાધ્યાય થયો અડધો કલાક તે સંતોના કરેલા. હેં ? નામો, એવા બધા નામથી ભાવથી ભરેલો ભગવાન છે. એવા અનંત નામ છે એ દરેક નામનો ગુણ સ્વભાવ છે, ભાવ છે એ બધા ભાવથી ભરેલો ભગવાન છે.

આહાહાહા !

તે છે માટે અવ્યક્ત છે, શું કીધું ? પ્રગટ અવસ્થાઓ ભૂતકાળની ને ભવિષ્યકાળની અંતર્નિમગ્ન છે માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. કોને ? ત્રિકાળી સામાન્યને, કેમ કે એ ત્રિકાળી અવ્યક્ત છે, એ પર્યાયમાં અનંતી પર્યાયોનો નિર્ણય કરે. શ્રદ્ધાની સાથે અનંતી પર્યાય ઢળી છે ને શ્રદ્ધા, પણ છતાં એ ભૂત ને ભવિષ્યની પર્યાય અંતર્નિમગ્ન છે છતાં તેને અવ્યક્ત કહેવામાં આવે છે. કોને ? કાયમી ચીજને, કેમકે એ કાયમની ચીજ છે એ નિર્ણય કરે છે એ પર્યાયમાં પણ એ આવતી નથી ચીજ, પર્યાય તેને જાણે–પર્યાય તેને જાણે, કે આ પૂર્ણ આખો છે, છતાં પૂર્ણસ્વરૂપ પર્યાયમાં આવે નહિ, એનું જ્ઞાન આવે. શ્રદ્ધાની પર્યાયમાં પૂર્ણ જેટલું છે તેની પ્રતીતિ આવે પણ પ્રતીતિમાં એ વસ્તુ છે એ આવે નહિ. આહાહા ! ઓહોહો આવી વાત આગળ ક્યાં બીજી વાતું. હેં ? સંસ્કૃત છે ને એ, જુઓ "ચિત્સામાન્ય નિમગ્નમ્, સમસ્ત વ્યક્તિત્ત્વાત્" સંસ્કૃત છે, એટલો શબ્દ છે, "ચિત્સામાન્ય, નિમગ્ન, સમસ્ત વ્યક્તિત્ત્વાત્, અવ્યક્ત." અનંતી અનંતી પર્યાય પ્રગટ છે, વ્યક્ત છે અને અનંતી અનંતી પર્યાય એમાં ગઈ છે, માટે તે વસ્તુને અવ્યક્ત કહેવાય છે, વ્યક્ત હતી તે ગઈ તેને અહીંયા અવ્યક્ત કહેવામાં આવે છે. આહાહાહા !

આમ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની પર્યાય, આ વસ્તુ અવ્યક્ત છે, એટલે સામાન્ય છે, તેમ ત્યાં દૃઢપણે સ્થિર થાય છે, સ્થિર ચીજમાં દૃષ્ટિ સ્થિર થાય છે, એ સ્થિર છે, સ્થિર સામાન્ય અંદર અંતર નિમગ્ન થઈ ગઈ એ બધું સ્થિર છે ત્યાં. પર્યાયપણે હતું ત્યારે અસ્થિર હતું, કંપન હતું, સક્રિયપણું હતું પર્યાયપણે જ્યારે છે તે સક્રિયપણું હતું, ચાહે તો સમ્યગ્દર્શનની પર્યાય પણ એ સક્રિય છે, પર્યાય છે ને ? એય ! એમાં નિષ્ક્રિય ગુણ છે ને ? ૪૭ માં એક નિષ્ક્રિય ગુણ છે. એ પર્યાયો સમ્યગ્દર્શન આદિની વર્તમાન સિવાયની વર્તમાન પર્યાય સક્રિય છે. સક્રિય છે એ નિષ્ક્રિયનો નિર્ણય કરે છે. આહાહા ! સમજાણું કાંઈ ? એ અનંતી પર્યાયો જે પ્રગટરૂપે હતી, અત્યારે છે, થશે એ બધીને સક્રિય કહેવામાં આવે છે, પણ ભગવાન આત્મા એ સક્રિય પર્યાય અંદર ગઈ માટે ( તો પણ ) એ ચીજને તો નિષ્ક્રિય કહેવામાં આવે છે. આવો દ્રવ્યસ્વભાવ છે. અને એની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે. આહાહા ! સમજાણું કાંઈ ? અને એનું જ્ઞાન કરવું એ સમ્યગ્જ્ઞાન છે, અને એ ચિત્સામાન્ય જે અંતર્નિમગ્ન પૂર્વ ભવિષ્ય પર્યાયો, તેમાં લીનતા થવી તે ચારિત્ર છે. આ મોક્ષનો મારગ છે. એ ત્રીજો બોલ થયો.

ચોથો "ક્ષણિક વ્યક્તિમાત્ર નથી" ( માટે અવ્યક્ત છે ) એક સમયની અવસ્થા ક્ષણિક છે. કેવળજ્ઞાનની પર્યાય પણ ક્ષણિક છે એક સમયની છે. આ તો બહુ સાદી ભાષા, અને વસ્તુ અલૌકિક ! વર્તમાનમાં પ્રગટરૂપ અનંતી પર્યાયો વ્યક્તરૂપ છે તે ક્ષણિક વ્યક્તિમાત્ર એ વસ્તુ નથી. એક સમયની અનંતી પર્યાયો વ્યક્ત છે, અનંતગુણની અપાર જેનો પાર નથી, એવી ક્ષણિક વ્યક્તિમાત્ર પ્રભુ નથી. એ દૃષ્ટિનો વિષય ભગવાન આત્મા એ ક્ષણિકમાત્ર વ્યક્તિરૂપે નથી. ક્ષણિક વ્યક્તિ એનો નિર્ણય કરે છે, પણ તે નિર્ણય, પર્યાય પૂરતો આત્મા નથી. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી, ક્ષણિક વ્યક્તિ 'માત્ર' જોર આપ્યું છે, એક સમયની ભલે અનંતી પર્યાય છે, પણ ક્ષણિક છે. જેને શુદ્ધભાવ અધિકાર નિયમસારમાં, એ ક્ષણિક વ્યક્તિઓને પ્રગટ દશાઓને

નાશવાન કહી છે, કારણકે એક સમય પૂરતી છે ને ? ભલે કેવળજ્ઞાન હોય પણ એક સમય પૂરતી છે, એ નાશવાન છે. અને ભગવાન આત્મા, એ ત્રિકાળ જે અવ્યક્ત જ્યાં કહ્યો અહીંયા, એ તો અવિનાશી છે. પલટનમાં આવતો નથી, બહારમાં આવતો નથી, પોતે પલટતો નથી. આહાહાહા !

ક્ષણિક વ્યક્તિમાત્ર, કુદરતે અવ્યક્તનો બોલ આવી ગયો આ દિવાળીને વર્ષ બેસતે "ક્ષણિક વ્યક્તિમાત્ર નથી" રાગ તો નથી, પર તો એમાં નથી પણ એની ક્ષણિક પર્યાય-મોક્ષ માર્ગની જે નિર્ણય કરે છે ક્ષણિક પર્યાય, એ નિર્ણય કરે છે પર્યાય એટલો એ પોતે નથી. આવું સ્વરૂપ છે આ કઈ જાતનો ઉપદેશ હશે ? ઓલું તો એવું અપવાસ કરો, વ્રત કરો. ( શ્રોતાઃ- વિચાર કરવાની વાત છે ) આ તો વિચાર કરવાની વાત છે. "કર વિચાર તો પામ" એ વિચાર એ પર્યાય છે. શ્રીમદ્‌માં આવે છે ને. હેં ? ( શ્રોતાઃ- સવિકલ્પ કે નિર્વિકલ્પ ) નિર્વિકલ્પ. જો કે રાજમલ ટીકામાં તો વિચારને વિકલ્પવાળો લીધો છે, ખબર છે ? ટીકામાં. પણ આ વિચાર એમ નહિ, આ વિચાર એટલે જ્ઞાનની પર્યાય નિર્વિકલ્પ તેને આંહી વિચાર કહેવો. ને રાજમલ ટીકામાં વિચાર આ તે મંથન ફલાણું ફલાણું એ બધું વિકલ્પ છે, છે ને એ બધું કહ્યું છે, ખબર છે ને ? આહાહાહા !

અહીંયા તો એમ કહે છે, પ્રભુ તું રાગરૂપે તો નથી, પરરૂપે તો નથી, પણ ક્ષણિક વ્યક્તિમાત્ર પણ તું નથી. મોક્ષના માર્ગની પર્યાય છે, એ ક્ષણિક છે, કેવળજ્ઞાન પોતે ક્ષણિક છે પછી આની વાત શું કરવી. એ ક્ષણિક વ્યક્તિ પ્રગટ દશારૂપ અસ્તિપણે છે તેટલું તારું સ્વરૂપ નથી તેટલો તું અસ્તિ નથી. એક પર્યાયની અસ્તિપણે પ્રગટ છે, અસ્તિ છે, પણ તેટલુ તારું અસ્તિપણું નથી. ( શ્રોતાઃ- થોડું અસ્તિત્વ પર્યાયનું ખરું કે નહીં. ) જરીયે નહિ, અહીં નહિ. અસ્તિ છે, પર્યાય તરીકે છે. પણ આ હું એ અસ્તિ તરીકે એટલો નથી, મારું અસ્તિત્વ તો તદ્દન ભિન્ન છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એ સત્તાનો સાહેબો પોતાની સત્તા, ક્ષણિક સત્તાથી ભિન્ન રાખે છે. એવી અંતર ક્ષણિક સત્તા વ્યક્તિમાત્ર નથી એવો નિર્ણય કોણ કરે છે ? એ નિર્ણય તો ક્ષણિક વ્યક્તિ જ કરે છે. ચિદ્‌વિલાસમાં આવ્યું છે, અનિત્ય નિર્ણય નિત્યનો કરે છે, નિત્યનો નિર્ણય નિત્ય કોણ કરે ? ક્ષણિક વ્યક્તિ છે એ અનિત્ય છે, એ ત્રિકાળ હું છું આટલો નથી એમ નિર્ણય ક્ષણિક વ્યક્તિ કરે છે. એવો મારગ છે. એવો મારગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ. ઇન્દ્રની સભામાં પરમાત્મા આમ વર્ણવતાં હતા. એ ચોથો બોલ થયો.

ભલે, ક્ષણિક વ્યક્તિ અનંત છે વર્તમાન, અનંત છે ને ? પણ એક સમયનું અસ્તિત્વ છે, એટલા અસ્તિત્વ પૂરતો હું નથી, મારું અસ્તિત્વ પૂર્ણાનંદનું પૂર્ણ પૂરું અસ્તિત્વ છે, એ પર્યાયમાં આવતું નથી માટે એને અવ્યક્ત કહ્યું. વસ્તુ તરીકે તો વ્યક્ત પ્રગટ જ છે. એવો હું પર્યાયની વ્યક્તતાની અપેક્ષાએ અવ્યક્ત હું છું. આહાહાહા !

પાંચમો બોલ. વ્યક્તપણું પ્રગટ અવસ્થાઓ અનંતી અને અવ્યક્તપણું ત્રિકાળી ધ્રુવ જે છે. પર્યાયમાં આવતું નથી એ અપેક્ષાએ અવ્યક્તપણું વ્યક્તમાં આવતું નથી માટે અવ્યક્તપણું. આહાહા ! "એક ક્ષણિક માત્ર વ્યક્તપણું અને અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવામાં

આવતાં છતાં" જ્ઞાનમાં તો વ્યક્તપણું અને અવ્યક્તપણું બેય જ્ઞાન થાય છે, 'જ્ઞાન', પ્રગટ દશાઓ અને દશામાં આવ્યું નથી એવું અવ્યક્ત પ્રગટ વસ્તુ, બેયનું એક સમયમાં વ્યક્ત પર્યાયમાં જ્ઞાન હોવા છતાં તે, છતાં પણ એટલે કેમ કહ્યું ? કે અવ્યક્ત ને વ્યક્તનું જ્ઞાન તો બેયનું એકહારે છે, "આવું હોવા છતાં પણ વ્યક્તને સ્પર્શતું નથી દ્રવ્ય" હેં ? ગજબ વાત છે. આહાહા !

ફરીને, વ્યક્ત પ્રગટ દશાઓ અને અવ્યક્ત પર્યાયમાં આવ્યું નથી એવું અવ્યક્ત દ્રવ્ય બેયનું એક સમયમાં મિશ્રિતપણે જોયું મિશ્રિતરૂપે જ્ઞાન છે, પર્યાયનું ય જ્ઞાન છે, દ્રવ્યનું ય જ્ઞાન છે. એને મિશ્રિત કીધું, એવું મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં, જ્ઞાનની પર્યાયમાં પર્યાયનું જ્ઞાન ને દ્રવ્યનું જ્ઞાન એમ મિશ્રિતરૂપે ભાસ પ્રતિભાસ, જ્ઞાનમાં પ્રતિભાસ, દ્રવ્યનો ને પર્યાયનો જ્ઞાનમાં પ્રતિભાસ. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પોતાની પર્યાયનો પ્રતિભાસ અને બીજી પર્યાયનો પ્રતિભાસ અને તે પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યનો પ્રતિભાસ. વસ્તુ છે એ તો વસ્તુમાં રહી, પણ જેમ બિંબ છે સામે તેમ અરિસામાં પ્રતિબિંબ એ પ્રતિબિંબપણે છે એ અરીસો છે, અહીં બિંબપણે એ નથી. એમ અંહી વ્યક્તપણે પર્યાય છે અને અવ્યક્તપણે વસ્તુ છે, એટલે કે આ પર્યાયમાં આવ્યું નથી માટે, એ બેનું એક ક્ષણે મિશ્રિત જ્ઞાન હોવા છતાં એ વ્યક્તને દ્રવ્ય સ્પર્શતું નથી, આ તો હજી બીજાને અડવું ને સ્પર્શવાની વાતું હાલે છે. હેં ? આહાહાહા !

ઓલુ છે ને ચુંબન ને આલિંગન કરવું. અરેરે ! પ્રભુ શું કરે છે તું આ ? શું કર્યું પ્રભુ ? તું કયાં ગયો. ( શ્રોતાઃ- એ રખડવા ગયો ) અરેરે ! આ શું કર્યું ભાઈ ? અંહી તો દ્રવ્યસ્વભાવ છે એ પર્યાયને સ્પર્શતો નથી. અરેરે ! ત્રીજી ગાથામાં તો એમ કહ્યું કે જીવદ્રવ્ય છે એ પોતાના દ્રવ્ય ગુણ પર્યાય ત્રણને સ્પર્શે છે, ઈ તો પરને ચુંબતું નથી એટલુ બતાવવા, પરને અડતું નથી, સ્પર્શતું નથી એટલું બતાવવા, પોતાનો ભગવાન આત્મા પોતાના દ્રવ્ય ગુણ પર્યાયને સ્પર્શે છે, અહીંયા જરી ઝીણું છે પણ છે અલૌકિક વાત છે આ. માણસો ય આવ્યા છે. જુદા જુદા છે વધારે કંઈક આજ. ( શ્રોતાઃ- બધા બોણી લેવા આવ્યા છે ) બધાં બોણી લેવા આવ્યા છે, સાચી વાત ભાઈ વાત તો સાચી ભાઈ છે. આહાહાહાહા !

ભગવાન આત્મા તેની પર્યાયમાં લોકાલોકનું જ્ઞાન થાય ને પોતાના દ્રવ્યનું પણ જ્ઞાન થાય. પણ એ વાત અહીં ન કરી ફક્ત પર્યાયનું ને દ્રવ્યનું જ્ઞાન તો પર્યાયમાં લોકાલોકનું જ્ઞાન તો છે, એને પર્યાય કહીએ, જ્ઞાનની પર્યાયમાં, ભલે શ્રુતજ્ઞાનની પર્યાય હો પણ એ પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી તે પર્યાયમાં શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ પરપ્રકાશકપણું આવી જાય છે, એવી જે એક સમયની પર્યાય જેનું જ્ઞાન સ્વપરપ્રકાશક સ્વભાવ છે, ૧૭ મી ગાથામાં એમ આવ્યું કે એ પર્યાય સ્વને જાણે જ છે પણ એની દૃષ્ટિ ત્યાં નથી. શું કહ્યું એ ? કે ક્ષણિક જે જ્ઞાનની પર્યાય છે એ પર્યાયનો સ્વભાવ જ સ્વપરપ્રકાશક છે, એથી એ પરને પ્રકાશે છે એમ એને જણાય છે પણ તે સ્વને પ્રકાશે જ છે પર્યાય, કેમકે પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે એકલો પર પ્રકાશક છે એમ નહિ, તેમ એકલો સ્વપ્રકાશક છે એમ નહિ. એ પર્યાયનું સામર્થ્ય જ એટલું છે, કે સ્વને ય પ્રકાશે ને પરને એટલે સ્વને પ્રકાશે જ છે, અજ્ઞાનીની પર્યાય પણ. પણ તેની નજરું ત્યાં નથી. વર્તમાન પર્યાય ત્રિકાળને પ્રકાશે છે, એવો પર્યાયનો સ્વભાવ હોવાથી તે સ્વદ્રવ્યને પર્યાય પ્રકાશે છે, પણ પર્યાયદૃષ્ટિવંતની દૃષ્ટિ પર્યાય ઉપર છે, અંતર્મુખદૃષ્ટિ ઉપર

નથી, માટે તેને જણાતા છતાં તેને જાણતો નથી. ( શ્રોતાઃ- જણાતા છતાં જાણતો નથી ) જાણતો નથી. હેં ?

અને આંહી તો બીજું સિદ્ધ કરવું છે, કે એની જે પર્યાય છે, એ વ્યક્ત ક્ષણિક છે અને ત્રિકાળ છે તે ધ્રુવ છે અવ્યક્ત છે, તેનું એક સાથે જ્ઞાન, એ પર્યાયમાં લોકાલોકનું જ્ઞાન થયું તેને અહીં પર્યાય કહીએ, પર્યાય એને અહીં પર્યાય કહીએ, અને એ પર્યાયનું જ્ઞાન અને દ્રવ્યનું જ્ઞાન મિશ્રિત એક સમયમાં હોવા છતાં, તે દ્રવ્ય જે છે અવ્યક્ત એ પર્યાયમાં આવતું નથી એટલે પર્યાયને સ્પર્શતું નથી. એને જાણનારી પર્યાયને જાણનારો સ્પર્શતો નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ?

જાણે તો છે એમ કીધું. ક્ષણિક વ્યક્તિમાત્ર વ્યક્તપણું, અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે એટલે સમજાવવું છે મિશ્રિતપણું. બાકી તો પર્યાયનો ધર્મ જ એવો છે, સ્વને ય જાણે ને પર્યાયને ય જાણે પરને જાણે એ તો પર્યાયના જ્ઞાનમાં આવી ગઈ વાત એટલે પર્યાયને ય જાણે અને દ્રવ્યને જાણે, એ તો પર્યાયનો સ્વતઃ સ્વયં સિદ્ધ સ્વભાવ છે, છતાં એવડી જે પર્યાય કે જે સ્વને જાણે, પોતાને જાણે પરને જાણે એવી પર્યાયને દ્રવ્ય અડતું નથી. બહુ સારો અધિકાર આવી ગયો છે. હેં ? આહાહાહા !

જેની પર્યાય એક ગુણની એવી અનંતી ગુણની પર્યાયો, જેમ એક પર્યાયમાં લોકાલોકને એક પર્યાયમાં જાણવાની તાકાત એમ શ્રદ્ધાની પર્યાયમાં એ બધાને શ્રદ્ધવાની તાકાત, એવી અનંતી અનંતી પર્યાયમાં અનંતી અનંતી તાકાત છે એવી અનંતી અનંતી તાકાતવાળી પર્યાયને, પર્યાય જાણે, અને તે પર્યાય ત્રિકાળને જાણે, જાણવા છતાં તે જ્ઞાયકસ્વરૂપ પર્યાયને અડતું નથી. પર્યાય એને જાણે, પૂર્ણ જાણે છતાં, તે પૂર્ણ જાણનારો તે પર્યાયમાં આવતો નથી. શું આવી વ્યાખ્યા છે. આહાહાહા !

સાધારણ જાણપણું થાય ત્યાં આપણે જાણે કે જાણી ગયા હવે, બાપુ એ મારગડા કોઈ અલૌકિક છે. અંતરના પંથ, એના પથિકની પંથની દશા કોઈ અલૌકિક છે. અહીં એ કહ્યું પર્યાયમાં મિશ્રિત-મિશ્રિત છે એટલે ? છે તો એક સમયની એટલી તાકાત શક્તિ પણ પર્યાયનું જ્ઞાન ને દ્રવ્યનું જ્ઞાન એમ ‘બે’ નું કીધું ને એટલે મિશ્રિત કીધું, મિશ્રિત કાંઈ, એક પર્યાય છે ને જ્ઞાનની પર્યાય દ્રવ્યની છે ને પર્યાયની પર્યાય, એમ ત્યાં મિશ્રિત થઈ ગયું છે એમ નથી. પણ બેનું સાથે જ્ઞાન છે માટે મિશ્રિત કહેવામાં આવે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

હવે આમાં વ્રત પાળવા ને અપવાસ કરવા ને એવાઓને તો મારગ બેસે નહિ કોઈ રીતે, ભગવાનની ભક્તિ કરો ગુરુની ભક્તિ કરો મળી જશે ધૂળેય નથી. સાંભળને. હેં ?

( શ્રોતાઃ- નથી એ આપ કહો છો એ સહેલું લાગે છે પણ છે એ જરા કઠણ છે ) છે, પણ વસ્તુ છે કે નહિ. જેના ઉપર ને જેની ભૂમિકા ઉપર પર્યાય થાય છે એ કોઈ ચીજ છે કે નહીં. જેના ઉપર પર્યાય થાય છે એ કોઈ ધ્રુવ ભુમિ છે કે નહીં. જેના ઉપર પર્યાય તરે છે, ઉપર તરે છે તો અંદર કોઈ ચીજ છે કે નહિ ? અરે અંતરમાં માહાત્મ્ય આવવું. આહાહાહા ! જેની ધરતીમાં જે ખડ ઉગ્યું, તો ધરતી છે કે નહિ ? એમ જેની ભૂમિકામાંથી પર્યાય ઉગી, થઈ એની કોઈ ભૂમિ નક્કોર ભૂમિ, ધ્રુવ છે કે નહિ ? અંહી તો કહે છે કે એનું અને પર્યાયનું જ્ઞાન થવા છતાં “છતાં પણ” એમ કીધું ને ? એમ કેમ કીધું, કે બેયનું જ્ઞાન હોવા છતાં પણ દ્રવ્ય તે પર્યાયને અડતું નથી.

બેયનું જ્ઞાન એક હારે હોવા છતાં પણ એ તે દ્રવ્ય પર્યાયને અડતું નથી. પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થાય, પર્યાયમાં પરનું જ્ઞાન થાય, એવી જે પર્યાય તેમાં સ્વપરનું મિશ્રિતજ્ઞાન કહેવામાં આવ્યું છતાં, એમ હોવા છતાં પણ જેમાં દ્રવ્યનું જ્ઞાન આવ્યું, પર્યાયનું જ્ઞાન આવ્યું, છતાં એ દ્રવ્ય, જે જ્ઞાને નિર્ણય કર્યો છે તે પર્યાયને, તે દ્રવ્ય અડતું નથી. આવી વાત છે.

ભેળાં મિશ્રિતરૂપે હોવા છતાં પણ વ્યક્તપણાને સ્પર્શતો નથી, પર્યાયને તે અડતો નથી. પર્યાયમાં તેનું જ્ઞાન થવા છતાં તે આ જ્ઞાન જેનું થયું, એ વસ્તુ તે પર્યાયને અડતી નથી. પર્યાયમાં તે વસ્તુનું જ્ઞાન થયું, છતાં તે જ્ઞાન થયું એ પર્યાયને તે વસ્તુ અડતી નથી. આવી વાતું છે. લ્યો ત્રણ, ચાર ને પાંચ થયા ને. માટે તે અવ્યક્ત કહેવામાં આવે છે. વિશેષ કહેશે.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૨૫ ગાથા - ૪૯ તા. ૨/૧૧/૭૮ ગુરુવાર કારતક સુદ-૨

શ્રી સમયસારઃ– ૪૯ ગાથા.

છઠ્ઠો બોલ છે ને અવ્યક્તનો ? ઝીણો અધિકાર છે પાંચ બોલ ચાલ્યા છે અવ્યક્તના. અવ્યક્ત એટલે શું ? કે એક તો એ કે છ દ્રવ્યસ્વરૂપ જે જગત છે લોક, એ જ્ઞેય છે, એ વ્યક્ત છે. તેનાથી ભગવાન આત્મા ભિન્ન અવ્યક્ત છે, એ સમ્યગ્દર્શનનો વિષય. ( શ્રોતાઃ– એમાં પોતે ના આવ્યો ) ના. એમાં ના આવ્યો. છ દ્રવ્ય સ્વરૂપ લોક જ્ઞેય છે, ત્યારે ભગવાન આત્મા જ્ઞાયક છે, 'આ' હોં, છ દ્રવ્યસ્વરૂપ વ્યક્ત છે, ત્યારે આ આત્મા અવ્યક્ત અંદર ભિન્ન છે એનાથી, એને અવ્યક્ત નામ દર્શનનો વિષય અત્યારે કહેવામાં આવે છે. ( શ્રોતાઃ– લોકાલોકમાં પોતાનો જીવ તો આવી ગયો જુદો કેવી રીતે કહેવો ? ) હૈં ! લોકાલોકને આ જુદું સપ્તમું. નહિ, નહિ, સપ્તમ્ હો જાતા હૈ. એકકોર રામ ને એકકોર ગામ. કહ્યું'તું ને એ આવી ગઈ છે વાત. એકકોર ભગવાન જ્ઞાયકસ્વરૂપ અને એકકોર એની પર્યાયમાં છ દ્રવ્ય આદિ જાણે એ બધું છ દ્રવ્યને જાણવું એ સમયની પર્યાય એ બધી જ્ઞેય ને વ્યક્તમાં જાય છે. પ્રગટ છે બહાર. અંતર તત્ત્વ જે ધ્રુવ જ્ઞાયક તત્ત્વ છે, તે આત્મા એમ આંહી તો કહેવામાં આવ્યું છે. ઝીણી વાત ભાઈ. એ વાત તો આવી ગઈ છે.

બીજો બોલ. કષાયો જે પુણ્ય ને પાપના વિકારભાવ છે, એ ભાવક જે કર્મ છે તેનો એ ભાવ છે, એ આત્માનો સ્વભાવ નહિ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ ભાવકનો ભાવ છે, કર્મ છે તેનાથી નિમિત્ત થયેલો વિકાર તે તેનો ભાવ છે, એનાથી ભગવાન ભિન્ન છે. ઝીણી વાત છે ભાઈ. કભી એણે સમ્યગ્દર્શન શું ચીજ છે, અને કેમ થાય એની એને ખબર જ નથી.

ત્રીજું. ચિત્સામાન્યમાં ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ જે સામાન્ય છે, એમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ અંતર્ભૂત છે. ભગવાન આત્મા જ્ઞાયક સામાન્ય જે ધ્રુવ જે અસલ એકરૂપ છે. એમાં ભૂત ને ભવિષ્યની જે વ્યક્ત પર્યાયો જ્ઞાનઆદિ અનંત દ્રવ્યની ગુણની એ બધી અંતર્મગ્ન છે. એ બાહ્યનો પ્રગટ જે પર્યાય છે, અનંત એક સમયમાં અનંત ગુણની અનંત પર્યાય પ્રગટ વ્યક્ત છે, તેનાથી પણ એ ભગવાન ભિન્ન છે. આંહી તો એ પૂર્વ, ભૂત અને ભવિષ્યની જેટલી પર્યાયો થઈ ગઈ અનંત, એ બધી વર્તમાન જ્ઞાયકમાં અંતર્મગ્ન છે, હવે એ વર્તમાન પર્યાય રહી એ એનો નિર્ણય

કરે છે, પણ એ વર્તમાન પર્યાય જે છે એ પણ અંતરમાં નથી, દ્રવ્યમાં નથી. આવું ક્યાં સાંભળવું, નવરાશ ક્યાં ? દુઃખને પંથે અનાદિથી દોરાઈ રહ્યો છે, એ શુભ ને અશુભભાવ એ મારા અને આ કર્તવ્ય બધાના કરું છું ને કરી શકું એવો જે મિથ્યાત્વભાવ એ તો દુઃખને પંથે દોરાયેલો અનાદિથી છે. જેને સુખને પંથે જવું હોય તો એ શું છે ? શું રસ્તો છે ? કહે છે કે આ ભગવાન આત્મા એકરૂપ વસ્તુ જે છે ચૈતન્ય, એમાં ભૂત ને ભવિષ્યની પર્યાયો અંતર્મગ્ન છે ને વર્તમાન પર્યાય એનો નિર્ણય કરે છે. એ સુખનો પંથ છે. આવી વાત છે આ બધું આવી ગયું છે આપણે.

ચોથો. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી, એક સમયની પર્યાય જે વ્યક્ત છે તેટલોય આત્મા નથી. જે સમ્યગ્દર્શનની પર્યાય ત્રિકાળને જે પ્રતીત કરે છે તે સમ્યગ્દર્શનની પર્યાય ક્ષણિક છે, તે એમાં નથી. એનાથી ભિન્ન ભગવાન છે. સંભળાય છે કાંઈ ? થોડું, થોડું. ના એ અત્યારે ઓલું હોય ને અવાજ હોય છે ને ત્યાં એટલે પુછયું. “ક્ષણિક વ્યક્તિમાત્ર નથી” શું શૈલી ! જે પર્યાય જેનો નિર્ણય કરે છે, જે સમ્યગ્દર્શનની પર્યાય વ્યક્ત છે, તે તેનો નિર્ણય કરે છે. અખંડ આનંદકંદનો પણ તે વ્યક્તિ એટલો માત્ર આત્મા નથી. ભગવાન તો એનાથી ભિન્ન અખંડ આનંદઘન કંદ છે. આ તો આવી ગયું છે આપણે.

પાંચમું. પ્રગટ પર્યાય અને અવ્યક્ત દ્રવ્ય બેનું એક સાથે જ્ઞાન હોવા છતાં તે વ્યક્તપણાને સ્પર્શતો નથી. વર્તમાન જે પર્યાય પ્રગટ છે અને ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ દ્રવ્ય અપ્રગટ નામ પર્યાયની અપેક્ષાએ અપ્રગટ છે, પર્યાયમાં નથી આવ્યું, વસ્તુની અપેક્ષાએ પ્રગટ છે, એવું વ્યક્ત જે પર્યાય અને અવ્યક્ત જે દ્રવ્ય તેનું એક સાથે જ્ઞાન હોવા છતાં, તે દ્રવ્ય જે છે એ પર્યાયને સ્પર્શતું નથી. આવી ઝીણી વાતું. સમજાણું કાંઈ ? આત્મા શરીર, વાણી, કર્મને તો અડતો નથી, બીજા બધા પદાર્થ છે તેને અડતોય નથી, અડતો જ નથી ભિન્ન છે, પણ આંહી તો હવે એમ કહે છે કે એની જે પર્યાય છે, નિર્મળ વ્યક્ત પર્યાય જે છે, સુખના પંથની જે પ્રગટ થઈ, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર આદિ એ વ્યક્ત પર્યાય છે અને વસ્તુ અવ્યક્ત આખી છે, બેયનું એક સાથે જ્ઞાન હોવા છતાં જે દ્રવ્ય છે અવ્યક્ત એ પર્યાયને અડતું નથી. સમજાણું કાંઈ ? આ પાંચ બોલ તો આવી ગયા છે. આ તો છઠ્ઠો છે. પાંચનો વિસ્તાર થઈ ગયો છે, આ તો દસ મિનિટમાં ઉકેલ્યું.

છઠ્ઠો બોલ. હવે પોતાથી જ બાહ્ય અભ્યંતર સ્પષ્ટ અનુભવાય રહ્યો હોવા છતાં, ભગવાન આત્મા પોતે પોતાથી જ, પરની અપેક્ષા વિના રાગ ને નિમિત્તની અપેક્ષા વિના પોતે પોતાથી જ બાહ્ય નામ વ્યક્ત પર્યાય અને અભ્યંતર અંતરતત્ત્વ ભગવાન પરમાત્મ તત્ત્વ, એક સમયની પર્યાય એ બાહ્ય તત્ત્વ અને ત્રિકાળી વસ્તુ છે એ અભ્યંતર તત્ત્વ, એને સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં બે નો સાધકને પર્યાયનો ને દ્રવ્યનો પ્રત્યક્ષ અનુભવ હોવા છતાં પણ વ્યક્તપણા પ્રત્યે ઉદાસીન, પર્યાયમાં તેની દૃષ્ટિ ટકતી નથી. સાધકની દૃષ્ટિ પર્યાયમાં ટકતી નથી, દૃષ્ટિ દ્રવ્ય ત્રિકાળ ઉપર છે. ઝીણું ઘણું બાપુ. વીતરાગ મારગ જ કોઈ અલૌકિક છે, અત્યારે તો બાહ્ય પ્રવૃત્તિમાં જ લોકોને મનાઈ ગયું છે. આહાહાહા !

અહીંયા તો કહે છે, કે આ પર્યાય જે પ્રગટ છે, સમ્યગ્દર્શન જ્ઞાન આદિની સાધકની વાત છે ને અહીંયા ? એ પર્યાય છે તે વ્યક્ત છે. એ બાહ્ય છે અને અંતરતત્ત્વ જે જ્ઞાયક ત્રિકાળી છે તે અભ્યંતર છે, એ બેયનો સ્પષ્ટ અનુભવ બેયનો પ્રત્યક્ષ અનુભવ સાધકને છે, ધર્મીને,

સમ્યગ્દષ્ટિને, ધર્મી જેને કહીએ, સમ્યગ્દષ્ટિ કહીએ, જ્ઞાની કહીએ તેને વર્તમાન પર્યાય અને ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ બેયનો એક સાથે અનુભવ હોવા છતાં, પહેલાંમાં તો એમ કહ્યું 'તું બેયનું એકસાથે જ્ઞાન હોવા છતાં તે આત્મા પર્યાયને સ્પર્શતો નથી. હવે આહીં એમ કહે છે કે વ્યક્ત જે પર્યાય બાહ્ય, બાહ્ય કહો કે ( પર્યાય ) અને અભ્યંતર તત્ત્વ જે જ્ઞાયક પૂર્ણાનંદ ધ્રુવ, બેનો એક સમયમાં સાધકને અનુભવ હોવા છતાં, સાધકની દૃષ્ટિ ત્યાં ટકતી નથી, પર્યાય ઉપર ટકતી નથી. મનસુખભાઈ ! આવું બધું ઝીણું છે. આ ક્યાં ધંધા આડે આ સૂઝે ક્યાં આવી વાત, આખો દિ' પાપ બાવીસે કલાક ધંધો, ધંધો, ધંધો કાં નવરો થાય તો બાયડી, છોકરા સાચવે, એકલું પાપ એકલું પાપ ધર્મ તો નહિ પણ પુણ્યેય નહિ ત્યાં તો. હવે એમાં એને પુણ્યનો પ્રસંગ આવે ને જ્યારે સાંભળવાનો તો એને વખત થોડો રહે. એમાં પણ આ તત્ત્વ શું છે ? આહાહાહા !

બાહ્ય એટલે કે વર્તમાન પ્રગટ પર્યાય ધર્મી જીવને, પ્રગટ પર્યાયનો અનુભવ અને અપ્રગટ અભ્યંતર તત્ત્વનો પણ અનુભવ, અનુભવ શબ્દે અનુભવ તો પર્યાયમાં છે, પણ જ્ઞાયક તરફના વલણવાળી દશા, તે જ્ઞાયકનોય અનુભવ અને પર્યાયનોય અનુભવ એમ. આવો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રત્યે ઉદાસીનપણે, પર્યાય પ્રત્યે તેની દૃષ્ટિ ટકતી નથી, ટકતી તો ત્રિકાળ ઉપર જાય છે આમ, સાધકની દૃષ્ટિ સમકિતીની દૃષ્ટિ વર્તમાન પ્રગટ થયેલી નિર્મળ પર્યાયનો અનુભવ હોવા છતાં, અને ત્રિકાળીનો અનુભવ હોવા છતાં, સાધકની દૃષ્ટિ વ્યક્તપણે ટકતી નથી, દૃષ્ટિ તો ત્યાં જાય છે, દ્રવ્યસ્વભાવ, દ્રવ્યસ્વભાવ, દ્રવ્યસ્વભાવ. આરે ! આવી વાતું છે. હેં ! ( શ્રોતાઃ– ઉદાસીનતાનો ખુલાસો ) કીધુંને ઉદાસીન એના પ્રત્યે ટકતો નથી એ કીધુંને એમાં, ત્યાં ટકતો નથી, દૃષ્ટિ ત્યાં થંભતી નથી, દૃષ્ટિ તો આ બાજુ ઢળી ગઈ છે. આવી વાતું ક્યાં છે ?

હજી તો સમ્યગ્દર્શન કેમ થવું એ પછી, સમ્યગ્દર્શન છે એ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ વસ્તુ છે તેને આશ્રયે સમ્યગ્દર્શન થાય, એનાય બે પ્રકાર છે. એક ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ છે પ્રભુ ધ્રુવ તેને આશ્રયે તેને અવલંબે સમ્યગ્દર્શન થાય નિશ્ચય. બીજી વાત છે એક પર્યાય બહિર્તત્ત્વ છે, અને પરમાત્મા અંતર અભ્યંતર તત્ત્વ છે, 'બે' ની શ્રદ્ધા એ પણ વ્યવહાર સમકિત છે, એ રાગ છે એમ કહે છે. ફરીને, અહીં જે બહિર ને અભ્યંતર કહ્યું ને એ બાહ્ય જે પર્યાય છે ને અભ્યંતર જે તત્ત્વ છે, એને અનુભવાવા છતાં પર્યાયમાં દૃષ્ટિ નથી, એ દૃષ્ટિ ત્યાં જોર તો દ્રવ્ય ઉપર છે. હવે અહીંયા બાહ્યતત્ત્વ જે છે પર્યાય અને અભ્યંતર તત્ત્વ છે ધ્રુવ એ બેની શ્રદ્ધા તે તો હજી વિકલ્પ ને રાગ છે. વ્યવહાર સમકિત એટલે રાગ છે. ત્રીજી રીતે જ્ઞેય છે અને જ્ઞાયક છે, પરજ્ઞેય છે ને સ્વ જ્ઞાયક છે, 'બે' ની પ્રતીતિ તે નિશ્ચય સમ્યગ્દર્શન છે, એ જ્ઞાનપ્રધાન કથન છે. ઝીણી વાત છે ભાઈ ! ૨૪૨ માં આવે છે ને ભાઈ ૨૪૨ ( પ્રવચનસાર ) ચરણાનુયોગ. શું કહે છે બાપુ ! જૈન ધર્મ કોઈ અલૌકિક છે ત્યાં એમ કહે છે કે જે જ્ઞેયતત્ત્વ છે જેટલા અને જ્ઞાયક પોતે એ 'બે' ની શ્રદ્ધા જ્ઞેય અને જ્ઞાયકની એને નિશ્ચય સમ્યગ્દર્શન કહેવું, ૨૪૨ કીધુંને, એ કહ્યુંને, એ જ્ઞાનપ્રધાન કથન છે. સમજાય છે કાંઈ ?

આમ કહેવું કે એ નવતત્ત્વની શ્રદ્ધા છે એ સમ્યક આવે છે ને એ મોક્ષમાર્ગ પ્રકાશક એ જ્ઞાનપ્રધાન કથન છે. જ્ઞાયક ત્રિકાળ અને પર્યાય બેની શ્રદ્ધા એ જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનનું કથન છે. અને અહીંયા તો પર્યાય ને દ્રવ્યની 'બે' ની શ્રદ્ધા જ્ઞાન અનુભવ હોવા છતાં દૃષ્ટિ પર્યાય ઉપર

રહેતી નથી. આહાહાહા !

આ સુખનો પંથ, બાકી તો બધા દુઃખના પંથમાં દોરાઈ ગયા છે, આખા, આખી દુનિયા. સમજાય છે કાંઈ ? એક બાજુ એમ કહેવું નવતત્ત્વની, તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ તે સમ્યગ્દર્શન, એ તત્ત્વાર્થ સૂત્રની અપેક્ષાએ. એ જ્ઞાનપ્રધાન કથન છે. જે ત્રિકાળી જ્ઞાયક છે અને વર્તમાન જે પર્યાયમાં છે, એ બે જે સંવર, નિર્જરા આદિ મોક્ષ આદિ એ બધી શ્રદ્ધા છે, છે એકરૂપ ભેદ નહિ, તો એ તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શન એ પણ જ્ઞાનપ્રધાન દર્શનની વ્યાખ્યા છે, અને અહીંયા એકલો જ્ઞાયકભાવ જે છે અવ્યક્ત અને વ્યક્ત છે એ 'બે' નો અનુભવ હોવા છતાં દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર ઢળી ગયેલી છે. આ દર્શનપ્રધાન કથન છે અને નિયમસારમાં તો એમ કહ્યું, કે જ્ઞેયતત્ત્વ બાહ્યતત્ત્વ અને અભ્યંતરતત્ત્વ 'બે' ની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે, અને ૨૪૨માં કહ્યું કે 'જ્ઞેય' તત્ત્વ અને 'જ્ઞાયક' તત્ત્વ 'બે' ની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. એ જ્ઞાનપ્રધાન કથનમાં એ છે. જ્ઞાન તો બધું જાણે છે ને ? દર્શનમાં તો નિર્વિકલ્પતા છે, એટલે દર્શનમાં તો ત્રિકાળી જ્ઞાયકને જ દૃષ્ટિમાં લીધો છે. આહાહા ! આવી વાતો હવે. સમજાણું કાંઈ ?

આ તો છઠ્ઠો બોલ આવ્યો ને ? બાહ્ય અભ્યંતર બે આવ્યા, તો બાહ્ય નામ પર્યાય વ્યક્ત તે બાહ્ય છે, નિર્મળ પર્યાય હોં એ બાહ્ય છે અને અભ્યંતર ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ આનંદનો નાથ પરમાત્મ સ્વરૂપ જે, 'બે' નો એક સમયમાં સાધકને અનુભવ હોવા છતાં, સાધકની દૃષ્ટિ પર્યાયના અનુભવ તરફ ટકતી નથી, દ્રવ્ય ઉપર છે. સમજાણું કાંઈ ? ચીમનભાઈ ! આવી વાતું છે. આહાહાહા !

આ નવા વર્ષની બીજ છે. એ બાપુ વીતરાગ માર્ગ કોઈ જુદો છે. અરેરે ! જેને સત્ય છે એ સાંભળવા મળે નહિ, એ કેદિ' વિચારે ને કેદિ' માને એના પરિભ્રમણના અંત કેદિ' આવે ? ૮૪ના અવતાર કરી કરી કરીને દુઃખી છે ઈ, મહા દુઃખના ડુંગરમાં ગરકાવ છે. સનેપાતીયો છે એ ત્યાં રાજી થાય છે, અમે ઠીક છીએ, અમે સુખી છીએ, ધૂળ સનેપાતિયો છે. એને મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર ત્રણેયનો સનેપાત થઈ ગયો છે. ( શ્રોતાઃ- આખુ જગત સનેપાતમાં ) આખું જગત સનેપાતમાં પડયું છે. જૈન વાડામાં પણ જે કાંઈ રાગને પોતાનો માને અને એક સમયની પર્યાય જેટલો પણ આત્માને માને એ પણ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સમજાય એટલું સમજો પ્રભુ ! વીતરાગનો મારગ મહા ગંભીર છે. સમજાણું કાંઈ ? આહાહાહા !

ત્રણ વાત કરી. એક તો અહીંયા એમ કહ્યું કે, પર્યાયમાં વ્યક્ત છે નિર્મળ, સાધકની વાત છે ને અહીંયા, સમ્યગ્દર્શન ત્રિકાળી જ્ઞાયક છે, તેને અનુભવમાં લીધો છે, પર્યાયદૃષ્ટિ છોડી, રાગ દૃષ્ટિ છોડી, નિમિત્ત દૃષ્ટિ છોડી અને ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ એને પોતા તરીકે માનવાનો, સત્તાનો સ્વીકારનો, સ્વીકાર થઈ ગયો છે, સમ્યગ્દર્શનમાં. આહાહા ! નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્દર્શન છે, છતાંય કહે છે એ પર્યાયમાં નિર્મળતા પ્રગટ થઈ છે તેનોય અનુભવ છે ધર્મીને અને જ્ઞાયક તરફનું લક્ષ છે માટે તેનો પણ અનુભવ છે. અનુભવ તો પર્યાય છે, પણ એના તરફના જે જોરવાળી પર્યાય છે એનોય અનુભવ છે, પર્યાયનો અનુભવ છે. એ 'બે'નો અનુભવ હોવા છતાં ધર્મીની દૃષ્ટિ પર્યાયથી ઉદાસ છે. આવી વાત. આ તો આ કરો ને આ કરો ને વ્રત કરો ને અપવાસ કરો ને પડિમા લ્યોને, મરી ગયો લઈ લઈને. આહાહા !

ત્રણ લોકનો નાથ સર્વજ્ઞદેવ, પરમેશ્વર વીતરાગ એ આ એની વાણી છે આ, એ વાણીને સંતો સ્પષ્ટ કરીને જગત પાસે જાહેર કરે છે, ભગવાન આમ કહે છે. ત્રિલોકનાથ જિનેશ્વરદેવ આમ ફરમાવે છે, આમ કહે છે ભાઈ, કે તને, તને તારું સમ્યગ્દર્શન સુખનો પંથ ક્યારે થાય ? કે તારી દૃષ્ટિ નિમિત્તથી ઉઠી, રાગના દયા, દાનના વિકલ્પથી દૃષ્ટિ ઉઠી, એક સમયની પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠી, ત્રિકાળી ચૈતન્ય જ્યોત ભગવાન પરમાનંદ સ્વરૂપ એમ જિનેશ્વરનો પોકાર છે, એની દૃષ્ટિ કરતાં એને પર્યાયમાં આનંદનો સ્વાદ આવે, આંહી અનુભવનું કહેવું છે ને ? એ સ્વાદ આવે એને અનુભવે અને ત્રિકાળી વસ્તુને પણ લક્ષમાં લીધી માટે એને અનુભવે એમ કહેવામાં આવે. એ 'બેય' નો અનુભવ હોવા છતાં સાધકની દૃષ્ટિ વર્તમાન પર્યાયના અનુભવ ઉપર ટકતી નથી. ત્રણ લોકનો નાથ જ્ઞાયકભાવ હું છું ત્યાં દૃષ્ટિનું જોર ત્યાં છે. સમજાણું કાંઈ ? અનુભવની ઉપર પણ એની દૃષ્ટિનું જોર નથી.

આરે ! આરે ! આવી વાતું હવે, ભાઈ વીતરાગ મારગ આ છે ભાઈ. એ કોઈ સાધારણ વાત નથી અને એ મારગ આવો વીતરાગ સિવાય ક્યાંય, બીજે ક્યાંય નથી હવે ક્યાંય શું ? શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં પણ આ વસ્તુ નથી. ભાઈ ! આ તો અલૌકિક વાતું છે. કહે છે, આ પુનર્યુક્તિ ન લાગે આમાં.

સાધક જીવ ત્યારે કહેવાય કે ત્રિકાળી ચૈતન્યમૂર્તિ ભગવાન ઉપર દૃષ્ટિ પડી ને જેને આત્માનો સ્વાદ આવ્યો છે. એ સ્વાદને પણ અનુભવે અને ત્રિકાળીને પણ અનુભવે કેમકે લક્ષ ત્યાં છે ને એટલે ધારા ધ્રુવની ધારા, પરિણતિમાં આવે છે, ધ્રુવ તો ધ્રુવમાં રહે છે, પણ ધ્રુવનું જોર થયું દૃષ્ટિમાં એથી જાણે ધ્રુવનો અનુભવ છે, એમ કહેવામાં આવે છે. અલૌકિક વાતું છે બાપુ. આ તો ત્રણલોકના નાથ સીમંધર ભગવાન પ્રભુ બિરાજે છે, અહીં મહાવિદેહમાં આ ત્યાંથી વાત આવેલી છે. ( શ્રોતાઃ– અહીં તો આપની પાસેથી ) એમ. આહાહાહા ! અમે તો સાક્ષાત્ ભગવાન પાસેથી સાંભળ્યું છે ને એ વાત છે. બાપુ શું કહીએ ? આહાહાહા !

આમાં ત્રણ વાત કરી, એક તો બાહ્યને પર્યાય નિર્મળ છે એને બાહ્ય કહ્યું, અને ત્રિકાળી જ્ઞાયક છે તેને અભ્યંતર કહ્યું, એ બેયનો અનુભવ પર્યાયમાં હોવા છતાં સાધકની દૃષ્ટિ અનુભવની પર્યાય ઉપર ટકતી નથી, ત્યાંથી ઉદાસ થઈને દ્રવ્ય ઉપર જોર કરે છે. હવે લોકો ક્યાં પડયા ને ક્યાં માને છે કાંઈ ખબરું ન મળે, એક વાત. નિયમસારની પાંચમી ગાથામાં એમ કહ્યું કે બાહ્યતત્ત્વ ને અભ્યંતરતત્ત્વ એવો જે પરમાત્મ જ્ઞાયક સ્વરૂપ ભગવાન અને બાહ્યતત્ત્વ એટલે પર્યાય 'બે' ની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે, નિશ્ચય નહિ, બે આવ્યા ને ? એક ન આવ્યું. ત્રીજી વાત, ૨૪૨ ગાથામાં એમ કહ્યું કે જ્ઞેય અને જ્ઞાયકની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન છે એ જ્ઞાનની પ્રધાનતા કરીને જ્ઞેયનું જ્ઞાન છે જ્ઞાયકનું પણ જ્ઞાન છે, અને એમાં પ્રતીતિ યથાર્થ નિર્વિકલ્પ થવી તેને સમ્યગ્દર્શન, એ જ્ઞાનપ્રધાન કથન છે. તેમજ નવતત્ત્વની તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શન જે કહ્યું, એ પણ આ રીતે જ્ઞાનપ્રધાન કથન છે આવો મારગ વીતરાગનો છે. એ દિગંબર ધર્મમાં એ વાત છે, બીજે ક્યાંય છે નહિ, બાપુ પણ એમાં જન્મ્યા એનેય હજી ખબર ન મળે, વાડામાં જન્મ્યા પચાસ, સાંઇઠ–સાંઈઠ વરસ કાઢયા તોય શું જૈનદર્શન છે ને શું સમકિત છે. ( ખબર ન મળે ) આ તો પૂજા કરો વ્રત પાળો ને પડિમા લઈ લ્યો હવે એ તો બધી

રાગની ક્રિયા છે. આહાહાહા !

આંહીં પરમાત્મા ત્રિલોકનાથે કહેલું તે સંતો આડતિયા થઈને જગત પાસે જાહેર કરે છે. દિગંબર સંતો, જેને ભાવલિંગ પ્રગટયું છે, પ્રચૂર આનંદનો જેને સ્વાદ છે, ચોથે ગુણસ્થાને આનંદનો સ્વાદ થોડો છે, મુનિ જેને સાચા કહેવાય એને તો અતીન્દ્રિય આનંદનો પ્રચૂર ઉગ્ર આનંદ છે. એવા ઉગ્ર આનંદમાં રહેલા પ્રભુ, સંતો એને એક આ વિકલ્પ આવ્યો ગાથા કે ટીકા કરવાનો એ વિકલ્પના પણ તે કર્તા નથી, ને ટીકાના શબ્દો છે એના એ કર્તા નથી. એ એમ કહે છે કે, પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ તીર્થંકર એની જાહેર દિવ્યધ્વનિમાં આ આવ્યું છે કે એક સમયની પર્યાય નિર્મળ થઈ તેને જાણે વેદે, ત્રિકાળને વેદે છતાં તે સાધકની દૃષ્ટિ આ અનુભવ થયો ને આ પર્યાય થઈને એ ઉપર એનું જોર નથી.

મનસુખભાઈ ! ક્યાં ન્યાં સાંભળવા મળે એવું નથી. ન્યાં દુકાનમાં એમાં વળી ત્રણેય જુદા થયા ને એય મજૂર, શાંતિભાઈ ! આંહીં તો એવી વાત છે બાપા. અરેરે જિંદગી પૂરી થઈ જશે, આયુષ્યના મોતના નગારા માથે વાગે છે. તે સમયે દેહ છૂટી જશે ફડાક દઈને એ પહેલું કહેવા નહિ આવે કે હવે હું મૃત્યુ આવું છું, દેહનો સંયોગ છે તે વિયોગ યોગ્ય જ છે વસ્તુ, આ તો એક ક્ષેત્રે છે એટલે એમ કહેવાય. બાકી અત્યારે સંયોગ છે ને એ ક્ષેત્રથી છૂટો પડયો ત્યારે એને મરણ દેહનું કહેવાય છે, દેહ છૂટયો. મરણ તો નથી થતું પરમાણુંનું, મરણ નથી થતું આત્માનું, આ પર્યાયનો વ્યય થાય છે એથી એને મરણ કહેવામાં આવે છે. એ પહેલા પ્રભુ તું કોણ છો ? આહાહાહા !

નિયમસારમાં તો ત્યાં સુધી એને કહ્યું પાંચમી ગાથામાં બહિર્તત્ત્વ ને અંતર્તત્વ એવું જે પરમાત્મ તત્ત્વ બહિર્તત્ત્વ નામ પર્યાય એ તો ૩૮ ગાથામાં આવ્યું'તું ને બહિતચ્ચમ્ જીવાદિ બહિતચ્ચમ્ જીવની એક સમયની પર્યાય એ પણ બહિર્તત્ત્વ છે. જીવની એક સમયની નિર્મળ પર્યાય, સંવર નિર્જરાની, શુદ્ધ નિર્મળ પર્યાય એને પણ પ્રભુ બહિર્તત્ત્વ કહે છે. એક સમયની છે ને ? અને અંતરમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ તેને પરમાત્મા અંતઃતત્ત્વ કહે છે. ભાષા તો સાદી છે પ્રભુ માલ તો છે એ છે. એ બાહ્યતત્ત્વ ને અભ્યંતર તત્ત્વની શ્રદ્ધા એ પણ હજી વિકલ્પ ને વ્યવહાર સમકિત છે. કોને ? કે જેને જ્ઞાયક સ્વભાવની એકલી અનુભવ પ્રતીત થઈ છે, એને આ બાહ્યતત્ત્વ ને અભ્યંતર તત્ત્વની શ્રદ્ધા વ્યવહાર એને કહેવામાં આવે છે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

તેથી આ લોકો રાડો પાડે છે ને ? એય સોનગઢવાળાએ સમકિતને મોંઘુ કરી દીધું, ભાઈ મોંઘુ તો ભગવાન કહે છે, આ કાંઈ સોનગઢનું નથી આ. ભાઈ ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવની દિવ્યધ્વનિમાં આવ્યું તે આ છે, ભાઈ તેં સાંભળ્યું ન હોય માટે કાંઈ બીજું થઈ જાય તત્ત્વ ? વિકલ્પ જે છે દયા, દાન, ને ભક્તિનો વ્યવહાર સમકિતનો એ તો બાહ્યતત્ત્વ અશુદ્ધ એ તો ક્યાંય રહી ગયું બાહ્ય, પણ આંહીં તો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પર્યાય જે સ્વત્રિકાળને અવલંબે થઈ એનેય પણ બાહ્યતત્ત્વ કહી અને એનો અનુભવ છે અને અંતર અભ્યંતર તત્ત્વનો અનુભવ છે, છતાં સાધકની દૃષ્ટિ અનુભવ ને પર્યાયમાં રોકાતી નથી. ( શ્રોતાઃ- અલૌકિક વાતું છે ) આવી વાતું છે બાપુ. આહાહાહા !

ઘણાં માણસો આવ્યા છે આજે, કાલેય આવ્યા 'તા ત્રણ દિ'થી ઘણું માણસ આવે છે. આ

તો મારગ આવો છે બાપા ! જેના હજી જ્ઞાનેય સાચા નથી એને સમ્યગ્દર્શન થાય ક્યાંથી. આહાહા ! સમજાણું કાંઈ ?

એમ હોવા છતાં વ્યક્તપણે ઉદાસીનપણે એટલે કે પર્યાયથી ઉદાસ છે. પર્યાયમાં ત્યાં દૃષ્ટિ થંભતી નથી. ( શ્રોતાઃ- ઉદાસીન એટલે ? ) ઉદાસીન એટલે પર્યાયથી ઉદાસીન આસન છે ને દ્રવ્ય ઉપર એની દૃષ્ટિ છે. આ સમયસાર એક જણો કહે કે મેં પંદર દિ'માં વાંચી નાખ્યું. બાપા એ સમયસાર શું છે. હેં ? ( શ્રોતાઃ- અક્ષરો વાંચ્યા ) અક્ષરો પાના આ તો જડ છે પણ એનો ભાવ શું છે ? એ દિગંબર સંતો કુંદકુંદાચાર્ય અમૃતચંદ્રાચાર્ય કેવળીના કેડાયતો એનો આ પોકાર છે, ભગવાન આમ કહે છે ભાઈ. આહાહાહા !

આ તો જરી ઓલા ઉપર વિચાર ગયો'ને નિયમસારની ૫ મી ગાથા બહિર્તત્ત્વ ને અંતર્તત્ત્વ એની શ્રદ્ધાને વ્યવહાર સમકિત કહ્યું વિકલ્પ અને ત્યાં ૨૪૨ માં એમ કહ્યું કે જ્ઞેય ને જ્ઞાયકની પ્રતીતિ તે નિશ્ચય સમ્યગ્દર્શન છે, એ જ્ઞાનપ્રધાન કથન છે. આહાહાહા !

બહુ મારગ હજી. હેં ? અરે ! આવો મનુષ્યભવ મળ્યો એમાં જૈનસંપ્રદાયમાં જન્મ, એમાં દિગંબરમાં જન્મ એ તો પુણ્યશાળી હોય, એને આ દિગંબર ધર્મ શું છે એને જાણવો જોઈએ ભાઈ. માટે તે અવ્યક્ત છે. છે ? આ તો એક છેલ્લા બોલનો અર્થ હાલ્યો આ બધો.

ભગવાન આત્મા વર્તમાન પર્યાય પ્રગટ છે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની એનોય પર્યાયનોય અનુભવ છે અને ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપનો પણ અનુભવ છે, ધ્રુવ તો ધ્રુવ છે, અનુભવ કંઈ ધ્રુવનો ન હોય, અનુભવ તો પર્યાય છે. પણ ધ્રુવ તરફના જોરવાળી પર્યાય છે, એને ધ્રુવનો અનુભવ કહે છે ને પર્યાયનો અનુભવ છે વેદન પર્યાયનું કહે છે. કેટલી અપેક્ષા આવે આમાં ? કહો સોમચંદભાઈ ! આવું આ સ્વરૂપ છે આ. શું કહે ? ( શ્રોતાઃ- પર્યાય ઉપરથી દૃષ્ટિ હટાવી લે ) પર્યાય ઉપરની, કારણકે પર્યાય છે એ એક સમયમાત્રની છે. વિકાર છે એ તો જુદો પણ નિર્મળ પર્યાય છે ઈ એ એક સમયમાત્રની છે તેથી તે નાશવાન છે શુદ્ધપર્યાય, ધર્મ પર્યાય હોં, મોક્ષના મારગની પર્યાય એનું વેદન હો, અને ત્રિકાળી જ્ઞાયકનું પણ વેદન હો, છતાં તે જ્ઞાયક ધર્મી સાધકની દૃષ્ટિ અનુભવની પર્યાય ઉપર ટકતી નથી.. ગુલાંટ ખાય છે આમ અંતરમાં જઈ. દ્રવ્યસ્વભાવ ઉપર જેની દૃષ્ટિનું જોર છે. આહાહાહા !

શું કહે છે આ ? બીજાને કેટલું લાગે કે આ તે શું, આ તે જૈન ધર્મ આવો હશે ? એ બાપા જૈન ધર્મ કોઈ પંથ નથી, જૈન ધર્મ કોઈ પક્ષ નથી, જૈન ધર્મ વસ્તુનું સ્વરૂપ છે તે જૈન ધર્મ છે. આહાહાહા ! "જિન સો હિ ( હૈ ) આત્મા અન્ય સો હિ ( હૈ ) કર્મ એ ( હી ) વચનસે સમજલે જિન પ્રવચનકા મર્મ" ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, ઘટ ઘટ અંતર જિન વસે, ભગવાન જિન અંતર ઘટ ઘટમાં બિરાજે છે કહે છે, વસ્તુ દ્રવ્ય સ્વભાવ એ જિનસ્વરૂપ છે, ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, એ જિન સ્વરૂપની જે પ્રતીતિ અનુભવ થઈને થાય તેને જૈન કહેવામાં આવે છે, ઈ કોઈ પક્ષ નથી, એ તો વસ્તુનો સ્વભાવ છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? એ છ બોલ થયા. એક અવ્યક્તના છ બોલ છે, કાલે આપણે ત્રણ ચાલ્યા'તા, પરમ દિ' બે ચાલ્યા'તા અને આજે આ એકમાં આ બસ.

આ પ્રમાણે હવે બીજી લીટી છે ને ? આ પ્રમાણે રસ, ભગવાન રસ વિનાનો છે, એ આવી

ગયું, છ બોલ એક એકના છ છ બોલ, ગંધ, રૂપ વિનાનો, ગંધ વિનાનો, સ્પર્શ વિનાનો, શબ્દ વિનાનો, શબ્દની પર્યાય વિનાનો ભગવાન છે આત્મા, સંસ્થાન વિનાનો અને વ્યક્તપણાનો અભાવ એટલે અવ્યક્ત. એવો હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી પોતાના 'સ્વ' નામ આનંદનો નાથ પ્રભુ એનું સંવેદન વેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી આવા છ છ બોલે નિષેધ કરતા આવ્યા પણ છતાં કહે છે કે અસ્તિ તત્ત્વ કેવડું છે એ ? એ રસનો ને આદિનો અભાવ હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી આનંદનું વેદન અંદર થાય. સ્વ નામ પોતાનું વેદન એટલે અતીન્દ્રિય આનંદનું વેદન, અતીન્દ્રિય જ્ઞાનનું વેદન, અતીન્દ્રિય શ્રદ્ધા સમ્યગ્દર્શનનું વેદન, આદિ સ્વસંવેદનના બળથી, પોતે સદા પ્રત્યક્ષ હોવાથી, સદા પ્રત્યક્ષ છે એ તો, આહાહહા ! ચૈતન્યના તેજનું નૂરનું પૂર, ભગવાન ચૈતન્યના નૂરના તેજનું પૂર, સદા, પ્રત્યક્ષ પડયું છે, તારી નજરું ત્યાં ગઈ નથી. આહાહાહા !

બેનના શબ્દમાં આવ્યોને પહેલો બોલ, અનુપુર્વી ચૈતન્યના વચનામૃત બેનના "જાગતો જીવ ઊભો છે ને એ ક્યાં જાય ? " શું કહ્યું એમાં ? વચનામૃત વાંચ્યુ છે ? સોમચંદભાઈ ! વાંચ્યુ કે નહિ ? એક વાર ? આ તો પત્તો લ્યો, અત્યારે તો વચનામૃત તો ચારેકોર હિન્દુસ્તાનમાં, ઓલા પણે જાલના, છે એક જાલના ત્યાં દિગંબર સાધુ છે. વીસ વર્ષની દીક્ષાવાળો ભવ્યસાગર એને આ વાંચીને મારું એ તો પહેલાં વાંચન પહેલાં કે સ્વામીજી આ શું કર્યું તમે આ ? બસે વર્ષમાં આ વાત હતી નહિ તમે ક્યાંથી કાઢી આ ? વીસ વર્ષની દીક્ષા છે, શીઘ્ર કવિ છે આંહી આવવા બહુ માગે છે મને બોલાવો બોલાવો બાપા અમે તો કોઈને બોલાવતા નથી. પહેલેથી ઘણાં સાધુ આર્જા આવવા માગે છે, આંહી અમે કોણ તમારી ઉપાધિ કોણ કરે, આવીને ક્યાં સ્થાન ને ખાવાનું લઈ કોણ આ ઉપાધિ કરે. એ પોતે ભવ્યસાગર બેનના પુસ્તકો સાતસો મંગાવ્યા'તા સાતસો. એ મોટા છે ને બધે આપે છે વહેંચે છે, સ્થાનકવાસી ત્યાં સાધુ છે એક આચાર્ય મોટા આનંદઋષિ કરીને સ્થાનકવાસીના મોટા, એને પગે લાગવા હજારો માણસ આવે એ બધા આની પાસે આવે અને આપણે આ નામ બહાર પડી ગયું છે ને વચનામૃતનું તે માગે બધા સ્થાનકવાસી માગે છે બધા કે વચનામૃત અમને આપો. આ કહે કે હું એને વીસ મિનિટની શરતે આપું. વીસ મિનિટ હંમેશાં વાંચો. જાલના છે ને ?

ત્યાં મહારાષ્ટ્રમાં ઘણો પ્રચાર થયો છે. ચારે કોર હવે તો, આ તો લંડનમાં આનો પ્રચાર છે વાંચન ચાલે છે આ, ત્યાં આફ્રિકામાં તો આ મોટું પંદર લાખનું મંદિર થયું ને ? જેઠ સુદ અગિયારસે, પંદર લાખનું મુરત કર્યું છે. દોઢેક વરસમાં તૈયાર થશે આફ્રિકામાં બે હજાર વર્ષથી કોઈ દિ' મંદિર ત્યાં નહોતું, એ દિગંબર મંદિર એ આ ભાઈ આ બેઠા છે ને એ જાુઓને એ ને બધા ગૃહસ્થો અજીતભાઈ પૈસાવાળા છે, સાંઈઠ સીત્તેર લાખ રૂપિયા છે, એવા તો ઘણાં આપણા સાંઈઠ ઘર છે, બધા શ્વેતાંબર, બધા દિગંબર થઈ ગયા. અને પંદર લાખનું મંદિર નાખ્યું છે. હવે આ બાપુ આ તો મારગ પરમાત્માનો ત્રિકાળ સત્ય છે ભાઈ એને પહેલાં જાણો તો ખરા. આહાહાહા ! એ આંહીં કહે છે કે પોતાના સ્વસંવેદનના બળથી, જોયું ? પોતે સદા પ્રત્યક્ષ હોવાથી એમ રાગને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ. આહાહાહા ! દેવગુરુની સહાયતાને લઈને નહિ, પોતે સદા પ્રત્યક્ષ હોવાથી ભગવાન ચૈતન્ય જ્યોત, મતિ અને શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ

થયો ત્યારે સદા પ્રત્યક્ષ આ હતો. આહાહાહા !

છે ? આ તો અધ્યાત્મ ટીકા છે ભાઈ આ કાંઈ કથા વાર્તા નથી, આ તો ભગવાન ભગવત્ સ્વરૂપ ભગવાન આત્મા ભાગવત્ કથા છે. આ ઓલા ભાગવત્ કથા કહે છે એ તો જુદી આ તો આ તો શાશ્વત ભાગવત્ કથા છે. સદા પ્રત્યક્ષ આટલા શબ્દમાં બહુ નાખ્યું છે, આનો અભાવ હોવા છતાં, વ્યક્તપણાનો અભાવ હોવા છતાં, હવે પ્રત્યક્ષ અસ્તિ કહે છે, સ્વસંવેદનના બળથી, એ જ્ઞાન અને આનંદનું વર્તમાન સ્વનું વેદન એના બળથી પોતે સદા, સદા પ્રત્યક્ષ છે. વર્તમાન પ્રત્યક્ષ થયો, તો એ વસ્તુ સદા પ્રત્યક્ષ જ હતી. આહાહાહા !

અરે આવું મૃત્યુ પહેલાં જો આ વાત નહિ જાણે, કરે ભાઈ ક્યાં જશે ? એ વંટોળીયાના તરણાં ઉડીને ક્યાં પડશે ? એમ જેણે મિથ્યાભાવ પડયો છે. અરર એ ઉડીને કયે ભવે, ક્યાં જશે ? એથી આ ભવમાં એણે અનંત અનંત પુરૂષાર્થ કરીને, બહારથી નિવૃત્તિ લઈને, આનો એણે નિર્ણય કરવો પડશે. દુનિયા માને ન માને, વખાણે ન વખાણે, આ દુનિયા કાંઈ ભાન વિનાની છે લ્યો આત્મા આત્મા કરે છે, કહો દુનિયા ભલે કહે.

આંહીં કહે છે, પોતે સદા પ્રત્યક્ષ હોવાથી, અનુમાનગોચરમાત્રપણાનો અભાવ, શું કહે છે ? કે જ્ઞાન ત્યાં આત્મા ને આત્મા ત્યાં જ્ઞાન એવું જ્યાં અનુમાન એનો પણ આંહીં તો અભાવ છે, વ્યક્તપણાનો તો અભાવ છે. આહાહા ! સમજાણું કાંઈ ? અનુમાનગોચરમાત્રપણાનો અભાવ છે. અનુમાનથી જણાય એવો આત્મા છે નહિ. સમજાણું કાંઈ ? ઓલામાં તો એમ આવ્યું છે, “રહસ્યપૂર્ણ ચિઠ્ઠિ” એમકે અનુમાન થયું એનો પછી અનુભવ કરે છે. પાંચ અંગ વર્ણવ્યા છે ને ? ખબર છે, આગમ આદિ છે પાંચ અંગ એ તો એમ પહેલાં અનુમાન કર્યું છે એ અનુમાન તે વ્યવહાર છે. કે આ જ્ઞાન તે આત્મા, આત્મા તે જ્ઞાન ને પછી આમ અંદર પ્રત્યક્ષ થાય છે ત્યારે અનુમાનને વ્યવહાર કહેવામાં આવે છે. એનાથી થયું નથી. આહાહાહા ! આવું સ્વરૂપ !

જિનેશ્વર ત્રણલોકના નાથનો પંથ અલૌકિક છે. પ્રથમ સમ્યગ્દર્શનનો પંથ જ અલૌકિક છે. ચારિત્ર તો પછી હજી એ ચારિત્ર તો ક્યાં છે બાપા. આહાહા ! સમજાણું કાંઈ ? અનુમાન ગોચરમાત્રપણાનો અભાવ એટલે અનુમાન એકલું અનુમાન માત્ર નથી એમ કહે છે, અનુમાન હો, પણ અનુમાન માત્ર નથી, એમ કહે છે એ તો પ્રત્યક્ષ થાય છે. આવો ઉપદેશ હવે, બાપુ મારગ છે આ ભાઈ એ જન્મમરણના દુઃખમાં તણાઈ ગયો છે એ એનાથી છૂટવાનો પંથ તો પ્રભુ “એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ” આ એક પંથ છે. આહાહાહા !

કહે છે, જીવને અલિંગગ્રહણ કહેવામાં આવે છે, અનુમાનગોચર નથી માટે અલિંગગ્રહણ એમ, લિંગ અનુમાન લિંગ છે એનાથી જાણવામાં આવતો નથી, માટે અલિંગગ્રહણ. આ સંકેલ્યુ આંહીં પ્રવચનસારમાં અલિંગગ્રહણના વીસ બોલ. આહાહાહા !

હવે, “પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે” જાણનારો બીજાને જાણનારો પણ જાણનારો તો પોતે જાણનારમાં છે. બીજાને જાણે છે તે કાળે પણ જાણનારો જાણનારમાં છે. બીજાને જાણે છે, કે આ છે, આ છે, આ છે, પણ એ જાણનારો જાણનારમાં રહીને જાણે છે. એમ જાણનારો જાણનારમાં રહીને પોતે કોણ છે ? એ જાણનારને જાણવો. જાણનાર, જણાય છે તેને જાણવું નહિ. આવી વાતું છે. “ચેતના ગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે” આહાહાહા !

પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે, તો કોઈ એમ કહે કે મને હું જણાતો નથી, મને હું જણાતો નથી, એવો નિર્ણય શેમાં કર્યો ? એ ચૈતન્યસત્તામાં નિર્ણય કર્યો. આહાહાહા ! ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં—અંતરંગમાં હોં ત્રિકાળ પ્રકાશમાન છે. તેથી જીવ ચેતનાગુણવાળો છે. છે ને ? મૂળ પાઠમાં એમ લીધું છે ચેતના ગુણવાળો છે. આ તો આત્માનું છે ને એટલે, નહિ તો ચેતના સ્વરૂપ જ છે, એ. પણ આ તો આંહીં નથી એટલે આ વાળો છે એમ સિદ્ધ કહેવું છે. આહાહાહા !

ચેતનાગુણવાળો છે, કેવો છે એ ચેતનાગુણ કે જે "સમસ્ત વિપ્રતિપત્તિઓનો જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓ એનો નાશ કરનાર છે" જીવને એમ માનવો કે પરનો કર્તા છે, ને રાગવાળો છે, ને પુણ્યવાળો છે ને. આહાહાહા ! એ બધા ચેતનાગુણને સમજે તો બધા ઝઘડા ટળી જાય છે. એ તો જાણનારો ભગવાન છે, એ કોઈનું કરનારો એ નથી, રાગનોય કર્તા ચેતનાગુણ નથી. ચેતનાગુણ સ્વપરને પ્રકાશનારો ભગવાન પ્રત્યક્ષ છે એને ચેતનાગુણ વડે સમસ્ત વિપ્રત્તિપત્તિઓનો, વિરોધ કરનારાઓનો જે ભાવ એના ઝઘડાનો નાશ કરનાર છે. રાગ આત્મા ને પરઆત્મા ને અજીવઆત્મા ને પરનું કરે ને, એ બધા ઝઘડાનો ચેતનાગુણ વડે કરીને નાશ થાય છે. એ તો જાણનાર, દેખનાર ભગવાન ચંદ્ર શીતળ પ્રકાશ જેમ છે. એમ જાણનાર, દેખનાર, શાંત, પ્રશાંત રસનો પિંડ પ્રભુ છે. આહાહાહા !

જેણે પોતાનું સર્વસ્વ. કોણે ? ચેતનાગુણે, ચેતનાગુણ એણે સમસ્ત પોતાનું સર્વસ્વપણું ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે. જે કોઈ રાગથી ભિન્ન કરે છે, તેને ચેતનાગુણનું સર્વસ્વપણું આપી દીધું છે, કે આ ચેતના છે ને આ રાગ નહિ, ભેદજ્ઞાનીને સોંપી દીધું છે. ચાહે તો દયા, દાનને, વ્રતનો વિકલ્પ હો, પણ એ આત્મા નહિં. એ તો ચેતનાગુણવાળો ભગવાન છે. ભેદજ્ઞાનીએ રાગથી ભેદ કરનારને આ વાત સોંપી દીધી છે કહે છે. આહાહા ! આરે આરે આવી વાતું છે.

"જે સમસ્ત લોકાલોકને ગ્રાસીભૂત કરી જાણે, અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો હોય" શું કહે છે ? કે ચેતનાગુણ છે તે તેની પર્યાયમાં પણ ગુણમાં પણ લોકાલોકને જાણે અને તેની પર્યાયમાં લોકાલોકને જાણે સાધકની પર્યાય, એવા ચેતનાગુણ જે લોકાલોકને પર્યાયથી જાણે, શક્તિથી જાણે બેય છે, લોકાલોકને તો ગ્રાસીભૂત કોળીયો કરી જાય, મોઢું મોટું ને કોળીયો નાનો, એમ જ્ઞાનની પર્યાયની તાકાત અનંતી અને લોકાલોકનો તો કોળીયો કરી જાય એ. ત્રિકાળી ગુણમાં તો છે એ શક્તિ, પણ ત્રિકાળી ચેતનાગુણને જેણે જાણ્યો એની પર્યાય પણ લોકાલોકને કોળીયો કરી જાય છે. કોળીયો નાનો હોયને મોટું મોઢું હોય, એમ જાણનારની પર્યાય લોકાલોકને જાણે છતાં પર્યાયની તાકાત અનંતગુણી છે. આહાહાહા ! "જાણે કે અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો હોય" જેમ લાડવા ખાય ને બ્રાહ્મણ જેમ ઠરી ગયો જાણે એમ, આ આત્માની તૃપ્તિ વડે તૃપ્ત તૃપ્ત થઈ ગયો. શાંતિ અને જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જાણે છતાંય એ તો કોળીયો કરી ગયો એવી જે જ્ઞાનની પર્યાય ને શાંતિની પર્યાય થઈ, અત્યંત તૃપ્તિ થઈ ગઈ, સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને અંતર પર્યાયમાં તૃપ્તિ થઈ ગઈ. મારો નાથ કૃતકૃત્ય પ્રભુ પૂર્ણ છે, એને મેં જાણ્યો એ પર્યાય પણ કૃતકૃત્ય થવાને લાયક થઈ ગઈ, પૂર્ણ કૃતકૃત્ય કેવળજ્ઞાન એને લાયક થઈ ગઈ. આહાહાહા !

તેમ અત્યંત સ્વરૂપ સૌખ્ય વડે તૃપ્ત હોવાને લીધે સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી હોય. અંતરના આનંદના અનુભવમાંથી બહાર નીકળવું એને ગોઠે નહિં. સર્વ કાળે કિંચિત્માત્ર પણ ચલાયમાન થતો નથી, અને એ રીતે સદાય, જરી એમાં જોર આપ્યું છે. છે? જે જ્ઞાન પર્યાય પ્રગટી છે, એ હવે ફરીને ચલાયમાન થતી નથી એમ કહે છે. આડત્રીસમી ગાથા અન્ય દ્રવ્યથી અસાધારણપણું હોવાથી જે સ્વભાવભૂત છે તે ચેતનાગુણ. વિશેષ કહેશે.

(શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ.)

**પ્રવચન નં. ૧૨૬** **ગાથા ૪૯, શ્લોક - ૩૫ - ૩૬ તથા ગાથા ૫૦ થી ૫૫**
**તા. ૨૮/૧૦/૭૮ શુક્રવાર કારતક સુદ-૩**

શ્રી સમયસારઃ–

“આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે” પરથી ભિન્ન કહ્યો ને? સર્વસ્વ રાગાદિ ભાવથી સર્વસ્વ પૂર્ણ અભાવ છે. એનાથી પૂર્ણ અભાવ છે. એવો ચૈતન્યરૂપ– ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ પરમપદાર્થસ્વરૂપ જીવ છે. ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ પ્રભુ ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ એવો જીવ છે, “જેનો પ્રકાશ નિર્મળ છે” જાણકસ્વભાવ જેનો નિર્મળ છે. ત્રિકાળ તો નિર્મળ છે પણ પર્યાયમાં પણ નિર્મળ છે. એવો આ ભગવાન આ લોકમાં, “એવો આ ભગવાન”, આ ભગવાન આ આત્મા હોં. “આ લોકમાં એક” એકરૂપ છે જેમાં પર્યાયનો ભેદ પણ જેમાં નથી, એવો એક “ટંકોત્કીર્ણ” એવો ને એવો “ભિન્ન જ્યોતિરૂપ બિરાજમાન છે” રાગાદિથી. દયા, દાનના વિકલ્પ આદિથી પણ “ભિન્ન એવી જ્યોતિરૂપ બિરાજમાન છે” એની દૃષ્ટિ કરો તો સન્મુખ સમ્યગ્દર્શન થાય અને આનંદનું વેદન આવે. આહાહા! એવો આ આત્મા છે.

## શ્લોક - ૩૫

**હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહી એવા આત્માના અનુભવની પ્રેરણા કરે છેઃ-**

(मालिनी)

सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।
इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।३५।।

**શ્લોકાર્થઃ-** [ चित्-शक्ति-रिक्तं ] **ચિત્શક્તિથી રહિત** [ सकलम् अपि ] **અન્ય સકળ ભાવોને** [ अह्नाय ] **મૂળથી** [ विहाय ] **છોડીને** [ च ] **અને** [ स्फुटतरम् ] **પ્રગટપણે** [ स्वं चित्-शक्तिमात्रम् ] **પોતાના ચિત્શક્તિમાત્ર ભાવનું** [ अवगाह्य ] **અવગાહન કરીને,** [ आत्मा ] **ભવ્ય આત્મા** [ विश्वस्य उपरि ] **સમસ્ત પદાર્થ સમૂહરૂપ લોકના ઉપર** [ चारु चरन्तं ] **સુંદર રીતે પ્રવર્તતા એવા** [ इमम् ] **આ** [ परम् ] **એક કેવળ** [ अनन्तम् ] **અવિનાશી** [ आत्मानम् ] **આત્માનો** [ आत्मनि ] **આત્મામાં જ** [ साक्षात् कलयतु ]

**અભ્યાસ કરો, સાક્ષાત્ અનુભવ કરો.**

**ભાવાર્થ:-આ આત્મા પરમાર્થે સમસ્ત અન્યભાવોથી રહિત ચૈતન્યશક્તિમાત્ર છે; તેના અનુભવનો અભ્યાસ કરો એમ ઉપદેશ છે. ૩૫.**

## શ્લોક-૩૫ ઉપરનું પ્રવચન

શ્લોકઃ– આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહી એવા આત્માના અનુભવની–અનુભવની પ્રેરણા કરે છે.

सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।
इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।३५।।

"ચિત્તશક્તિરિક્તં" ચિત્શક્તિથી રહિત અન્ય સકળ ભાવોને મૂળથી ઉખેડીને, શું કહ્યું ? ચિત્શક્તિથી રહિત ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનશક્તિ છે, જ્ઞાનસ્વભાવ છે એનાથી રહિત, પુણ્ય ને પાપના આદિ ભાવો, એનાથી તે રિક્ત છે, રહિત છે. ચૈતન્યસ્વભાવ શક્તિરૂપ ચૈતન્ય એ એનાથી જે રહિત વસ્તુ છે એનાથી રહિત છે. એનાથી રહિત છે–એનાથીય રહિત છે. એ પુણ્ય ને પાપના ભાવ, ચાહે તો ગુણગુણીનો ભેદનો વિકલ્પ હો, એ ચિત્શક્તિથી રહિત છે. જેમાં ચૈતન્યનું સામર્થ્ય રાગ વ્યવહારના રાગાદિમાં પણ નથી, એવા ભાવને મૂળથી છોડીને, "સકળમ્ અપિ" મૂળથી છોડીને સકલ ભાવ ચાહે તો સૂક્ષ્મ પંચમહાવ્રતના વિકલ્પનો રાગ હો, અરે દ્રવ્ય, ગુણ ને પર્યાયના ભેદનો વિકલ્પ હો એ સકલમ્ અપિ, એ બધાને મૂળથી છોડીને, અને પ્રગટપણે 'સ્ફુટમ્' પ્રત્યક્ષપણે "સ્વં ચિત્-શક્તિમાત્રમ્" પોતાના ચિત્શક્તિમાત્ર ભાવનું "અવગાહ્ય" અવગાહન કર, અંતરમાં પ્રવેશ કર એમ કહે છે. સકલમ્ અપિ વિકલ્પ આદિના ભાવોને છોડીને, મૂળમાંથી છોડીને અને ચિત્શક્તિસ્વભાવ,એનું અવગાહન કર, અનાદિથી રાગમાં જે અવગાહન પ્રવેશ છે એને આંહીં પ્રવેશ કર, આવી વસ્તુ છે.

ભગવાન ચિત્શક્તિમાત્ર વસ્તુ છે, છે ને ચિત્શક્તિમાત્રમ્ ઓલુ ચિત્શક્તિ રહિતમ્ રાગ, દયા, દાન, પુણ્ય, પાપ ચિત્શક્તિ રહિતમ્ અને પોતે ચિત્શક્તિમાત્રમ્ એનું અવગાહન કર ઉંડે દરિયામાં જેમ પ્રવેશે એમ ભગવાન ચિત્શક્તિમાત્ર પ્રભુ એને તળિયે ઉંડે જા, અવગાહન કર. આવી વાત છે.

"અવગાહ્ય" ભવ્ય આત્મા, છે ને છે તો આત્મા શબ્દ, પણ અર્થકારે લાયક આત્મા "વિશ્વસ્ય ઉપરિ" સમસ્ત પદાર્થસમૂહરૂપ લોકના ઉપર રાગાદિ સમસ્ત પદાર્થના સમૂહ ઉપરથી, લોકના ઉપર એટલે ઉત્કૃષ્ટ વસ્તુ રાગાદિથી અધિક નામ ભિન્ન સર્વોત્કૃષ્ટ વસ્તુ લોકના ઉપર સુંદર રીતે, 'ચારુ' એટલે મનોહર, આનંદસ્વરૂપ પ્રભુ 'ચરન્તં' આનંદમાં પ્રર્વતતા એવો ભગવાન આત્મા ! અતીન્દ્રિય આનંદરૂપી ચારુ નામ મનોહર એવા પ્રવર્તતા એવા આ, એક શ્લોકે તો–એક કેવળ અવિનાશી, એક કેવળ અવિનાશી, એકલો આત્મા નિત્યાનંદ પ્રભુ એક

કેવળ એકલો જ્ઞાનસ્વભાવમાત્ર અવિનાશી, એવા આત્માનો, આત્માનો આત્મામાં જ એવા ચૈતન્યસ્વરૂપ પ્રભુ સર્વોત્કૃષ્ટ પરથી ભિન્ન પરિપૂર્ણ પ્રભુ, એમાં અવગાહન કરી આત્માનો આત્મામાં જ–આત્માનો આત્મામાં જ, આનંદસ્વરૂપ ભગવાન આનંદસ્વરૂપમાં જ, આવી વાતું છે.

જીવ–અજીવ અધિકાર છે ને ? એ રાગાદિ બધાને અજીવ કીધાં છે, ભગવાન એક જ્ઞાયકસ્વરૂપ, પૂર્ણ સ્વરૂપ વિશ્વની ઉપર એટલે ઉત્કૃષ્ટ તરતો રાગથી ભિન્ન, અધિક ઉત્કૃષ્ટ પ્રભુ એને એક કેવળને આત્મામાં જ "સાક્ષાત્ કલયતુ" પ્રત્યક્ષ અનુભવ કરો, એને પ્રત્યક્ષ ધ્યાન કરો, એને પ્રત્યક્ષ માનો, એને પ્રત્યક્ષ જાણો, કલયતુનો અર્થ છે આ, ધ્યાવો, માણો, જાણો, અનુભવો એ કલયતુનો અર્થ છે આ. આહાહાહા !

ભગવાન આત્મા આનંદ સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ પ્રભુ ત્રિકાળ અહીં ચિતિ શક્તિ લેવી છે, જ્ઞાન બાહ્ય પ્રગટ છે ને એટલે આખો ચિત્શક્તિ છે એમ બતાવે છે આંહીં. એવો જે પ્રભુ રાગ આદિથી સર્વોત્કૃષ્ટ રીતે ભિન્ન એવા આત્માને આત્મામાં જ ધ્યાવો અનુભવો જાણો, માનો. લ્યો આ સિદ્ધાંતનો આ સાર છે. આહાહાહા !

"કલયતુ" અભ્યાસ કરો એટલે કે અનુભવ કરો, એમ છે ને અર્થેય એ છે જુઓ ને અભ્યાસ કરો એટલે સાક્ષાત્ અનુભવ કરો, એમ અભ્યાસનો અર્થ એ, ભગવાન પૂર્ણ પરમાત્મસ્વરૂપ જ છે, ચિત્શક્તિ સ્વભાવ છે એનાથી ( રાગથી ) રહિત અભાવ છે. એવા સ્વભાવમાત્ર પ્રભુને આત્માને આવા આત્મા, આત્માને અંતર નિર્મળ પર્યાય દ્વારા અનુભવો, કહો આનું નામ જીવનું જ્ઞાન અને જીવનું ધ્યાન અને જીવને જાણ્યો માન્યો અનુભવ્યો કહેવામાં આવે છે. ( શ્રોતાઃ– પરમ સત્ય ) ( શ્રોતાઃ– ધર્મની શરૂઆત અહીંથી થાય ? ) અહીંથી આ ધર્મની શરૂઆત થાય છે. આહાહાહા !

બાકી તો રાત્રે રામજીભાઈએ માંડયુ નહોતું બધું ? વાત સાચી બધી પાપ ને પાપ, પાપ, પાપ. મનસુખભાઈ આખો દિ'પાપ, ભાઈ નથી આવ્યા ? અરેરે એ બાયડી, છોકરા કુટુંબ સાટું અને પોતાના પણ શરીરના ભરણપોષણ સાટું આખો દિ' પાપ ને પાપ કરે છે ( શ્રોતાઃ– પેટ શી રીતે ભરવું ) પેટ કોણ ભરે ? પેટ ભરવાનો ભાવ એ પાપ રાત્રે ભાઈએ બહુ કહ્યું'તું સ્પષ્ટીકરણ હતું પાપનું. લોકોને ખ્યાલ ( નથી ) બાપુ પાપ આખો દિ' પુણ્ય તો ન મળે પણ પાપ સાટું આખો દિ' ( પુરૂષાર્થ કરે ). એમાં આંહીં તો કહે છે કે એ તો છોડ, પણ કંઈ દયા, દાન, વ્રતનાં શ્રવણ–મનનના રાગ થાય એને પણ છોડ. આહાહાહા ! ભાઈ ! તારો આત્મા એ બધા પુણ્ય–પાપના વિકલ્પથી રહિત છે. તું તે છો, તે રાગાદિ તું તે નથી. ભગવાનની ભક્તિ ને જાત્રા ને એ બધો વિકલ્પ અને રાગ છે કહે છે, ભગવાન તો આત્મા એનાથી રહિત છે. શાસ્ત્ર શ્રવણ કરવું, શાસ્ત્ર કહેવું એ બધો વિકલ્પ છે કહે છે, એમ જ છે. એનાથી રહિત પ્રભુ છે, એ ચિત્શક્તિથી રહિત એ પુણ્યભાવ ચીજ છે, રાગાદિ જે દયા આદિ જે સાંભળવું એ ચિત્શક્તિથી રહિત છે અને ભગવાન એનાથી રહિત છે. સમજાણું કાંઈ ? આહાહાહા !

શુભ અશુભ વિકલ્પો જે છે, એ ચિત્શક્તિ ચૈતન્યસ્વભાવથી રહિત છે એ, અજીવ કીધો છે એને અને ભગવાન આત્મા ચિત્શક્તિમાત્ર છે. એવા ચિત્શક્તિમાત્ર આત્મા, એ આત્માને

જ, એની નિર્મળ પર્યાય દ્વારા એને અનુભવ કર, નિર્મળ પર્યાય દ્વારા એનું ધ્યાન કર, એને માન, એને જાણ, એને અનુભવ કર. આહાહા ! “કલયતુ” વાતે ગજબ કરી છે. આમ અભ્યાસનો અર્થ ઈ છે, અભ્યાસ એટલે આ આવો છે, આવો છે એમ નહિ. આહાહાહા ! જ્યાં ચિત્શક્તિ સંપન્ન પ્રભુ ! ક્યાં બહારથી આ બધું અંદર એમાં નથી અને રાગાદિ આ બધુ ધંધા ને બહાર બૈરી છોકરા એમાં તારી ચિત્શક્તિ એમાં નથી, એ બધા તારી ચિત્શક્તિથી રહિત છે. આહાહાહા ! અને તું ચિત્શક્તિ સહિત છું. આહાહાહા ! આ શરીર માટીનું પિંડ ધોળું આ રૂપાળા ને કાળા ને ઘઉંવર્ણાને એ બધા જડ માટી છે, એ બધા ચિત્શક્તિથી રહિત છે આ. આહાહાહા ! ( શ્રોતાઃ- છે તો મારાને ? ) મારા હોય તો જુદા પડે નહિ. એના નથી માટે જુદા પડી જાય છે. આહાહા !

બે વાત એકદમ લીધી, કે ભગવાન ચૈતન્ય શક્તિ સ્વભાવ માત્ર વસ્તુ અને રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ને કામ ક્રોધ આદિના ભાવ અને તેના ફળ તરીકે શરીર આદિ અનુકૂળ પ્રતિકૂળ આદિ ચીજો, અનુકૂળ પ્રતિકૂળ છે નહિ કોઈ, એ તો છે જ્ઞેય પણ એને એમ લાગે કે આ ઠીક નથી ને આ ઠીક છે, એ બધી ચીજોથી પ્રભુ તું તો રહિત છો ને ? એ બધી ચીજો તારી ચિત્શક્તિથી રહિત છે. રાગ અને દયા, દાન, વ્રતનો વિકલ્પ ઊઠે એ પણ ચિત્શક્તિથી રહિત છે અને તું તેનાથી રહિત છો. અને તું રહિત છો, છો કોણ ? “જ્ઞાન શક્તિ” જ્ઞાનની પ્રધાનતાથી વર્ણન છે, છે તો અનંતગુણ પણ જ્યાં જ્ઞાન અસાધારણ સ્વભાવ છે, કે જે સ્વપરને પ્રકાશે છે, બીજા બધા ગુણો પોતાની હૈયાતિ રાખે છે, પણ તે પોતે પોતાને જાણતા નથી. આ એક ચિત્શક્તિગુણ પોતે પોતાને જાણે ને પોતે પરને જાણે એવો અસાધારણ જે સ્વભાવભાવ તેવા ચિત્શક્તિમાત્ર પ્રભુ તું છો. ‘માત્ર’ કીધું છે ને ? ચિત્શક્તિમાત્ર, છે ? અને ઓલામાં ચિત્શક્તિ રિક્તં એને એમ કહ્યું કે ‘સકલમ્ અપિ’ મૂળથી છોડીને તારા ચિત્સ્વભાવ, જ્ઞાનસ્વભાવ, ધ્રુવ સ્વભાવ, નિત્ય સ્વભાવ, સર્વસ્વ સ્વભાવ, સર્વ-સ્વ-સ્વભાવ, ચિત્ જ્ઞાનમાત્ર વસ્તુ પ્રભુ એવા જ્ઞાનસ્વભાવથી શરીર, વાણી, મન, કર્મ સ્ત્રીકુટુંબ પરિવાર, દેવગુરુશાસ્ત્ર અને રાગ પુણ્ય પાપના ભાવ એ બધી ચિત્શક્તિથી તો બધી રહિત છે ઈ ચીજ. અને એ બધાથી રહિત તું ચિત્શક્તિમાત્ર છો. આહાહા !

આવી ફૂરસદ ક્યાં લેવી ? વરસ બેસે પછી એય ચોપડા લખે હવે નવું વરસ એવું સારું જાય, સુખે સુખે જાય બસ આમ, પૈસા પેદા થાય, પાપમાં જિંદગી જાય, અરર ! આંહીં એમ કે લાભ થાય એનો અર્થ શું હતો પાપનો થાય. લાભ સવાયા, પાપનો લાભ સવાયા, સવાયા આ ભવમાં એમ કે મળે પૈસા, સુખી થાવ, સુખી થાવ, સુખી એટલે શું પણ ? ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ તેનો અનુભવ કર ત્યાં સુખી થવાનો પંથ છે. આમ આત્માનો અવિનાશી આત્માનો એકરૂપ કેવળ આત્માનો આત્મામાં જ એકરૂપતાની વીતરાગદશામાં એનો અભ્યાસ અનુભવ કરો. આવું છે સ્વરૂપ, લોકોએ કંઈકનું કંઈક કરી નાખ્યું એટલે લોકોને, ( શ્રોતાઃ- આપે તો સહેલું બનાવ્યું છે ) વસ્તુ તો આ સીધી છે. આહાહાહા !

**ભાવાર્થઃ-** “આ આત્મા” ચેતનજી ગયા લાગે છે, છે ? ઠીક, એ તો ઓલું યાદ આવ્યું નરકનું એ આચાર્યે ભાઈ પોતે લખ્યું છે, દેવસેન આચાર્યે પોતે લખ્યું છે કે આ જે ગાથાઓ છે એ પૂર્વના આચાર્યોની છે એનો સંગ્રહ મેં કર્યો છે. મારું નથી, પૂર્વના આચાર્યો છે એનો સંગ્રહ

કર્યો છે. પૂર્વના સૂરિ આચાર્યોએ કહ્યું તે આ કહેવાય છે. એટલે છે તો પોતે નવસોની સાલમાં નવસોની સાલમાં પોતે, અમૃતચંદ્રાચાર્ય પછી. અને શ્વેતાંબર પંથ નીકળ્યો એ તો બે હજાર વર્ષ, હજાર વર્ષે એના પહેલાં, છતાંય પૂર્વના સૂરિઓએ કહ્યું છે, આચાર્યોએ તે હું આ કહું છું, તે ગાથાનો સંગ્રહ મેં કર્યો છે, એમ કહ્યું છે. પરંપરા હવે અંદર લખ્યું છે પોતે આચાર્યે પૂર્વ સૂરિઓએ કહ્યું છે, હું કહું છું એમનહીં, પૂર્વ આચાર્યોએ ગાથા કહી છે તે ગાથાનો મેં સંગ્રહ કર્યો છે, એમ છેલ્લે એમ લખ્યું છે, "પૂર્વ આયરિયં સંગ્રહ" પહેલાં પૂર્વ સૂરિઓએ કહેલું કહું છું એમ હતું, આજે જોયું સવારમાં. ધર્મના નામે આવીને પણ અભિમાન આવી જાય છે ને ? એટલે એણે એવા પંથ ઘણાં નિકળ્યા એમ લખ્યું છે અંદરથી, મરિચીથી માંડીને લખ્યું છે, મરિચી નહિ ? ભરતનો પુત્ર. આહાહાહા ! અમે પણ જાણનારા છીએ, અમે આ ધર્મને બરાબર પરખનારા છીએ એમ અભિમાનમાં આવી અને કંઈક મારગો કાઢયા. આહાહાહા !

આંહીં કહે છે પ્રભુ એ બધું ભૂલી જા હવે, કુંદકુંદાચાર્ય આદિ સંતોએ જે કહ્યું એ ભગવાનનું કહેલું કહ્યું છે. એમણે જે આ આત્મા કહ્યો એ આવો છે. ( શ્રોતાઃ– બીજા કહે છે અમારામાં આચાર્યો થયા છે ) એ આચાર્યો થયા બધા આ ઉલટા, આકરું કામ છે, શું થાય ? દુઃખ થાય બીજાને લાગે, વસ્તુ તો સ્થિતિ, છે એ છે. આ કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, દિગંબર સંતો કોઈપણ હોય એ તો અંદર ભાવલિંગી સંત છે, એ ભગવાનનું કહેલું, કહે છે ને પોતે અનુભવીને કહે છે. આહાહાહા !

**ભાવાર્થઃ-** "આ આત્મા પરમાર્થે સમસ્ત અન્યભાવોથી રહિત ચૈતન્ય શક્તિમાત્ર છે તેના અનુભવનો અભ્યાસ કરો" જોયું ? આહાહાહા ! વાંચો અને વાંચવાનું વિચારો એ બધું એકકોર વિકલ્પ છે કહે છે. એના અનુભવનો અભ્યાસ કરો, એમાં છે ને પાઠ આવ્યો છે ને સાક્ષાત્, અન્યભાવોથી રહિત ચૈતન્યશક્તિમાત્ર છે તેના અનુભવનો અભ્યાસ એમ ઉપદેશ છે. આહાહાહા !

"હવે ચિત્શક્તિથી અન્ય જે ભાવો છે હવે પછી કહેવાના છે ને તે બધા પુદ્ગલદ્રવ્ય સંબંધી છે" ચાહે તો વિકલ્પ લખવાનો, સાંભળવાનો, વાંચવાનો ઊઠે. અરેરે ! એ પુદ્ગલદ્રવ્યસંબંધી છે. ભગવાન આત્મામાં એ નથી. પુદ્ગલદ્રવ્યસંબંધી છે એ રાગ, દયા, દાનનો વિકલ્પ ગુણ ગુણી ભેદનો વિકલ્પ કહે છે કે એ પુદ્ગલદ્રવ્ય સંબંધી છે. ભગવાન ચૈતન્યના સંબંધવાળો એ નથી. એવો આગળની ગાથાની સૂચનિકા છે. હવેની ગાથા આવે છે ને એની આ સૂચનિકા આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્ય કહે છે.

## શ્લોક - ૩૬

**હવે ચિત્શક્તિથી અન્ય જે ભાવો છે તે બધા પુદ્ગલદ્રવ્યસંબંધી છે એવી આગળની ગાથાની સૂચનિકારૂપે શ્લોક કહે છેઃ-**

**( अनुष्टुभ् )**

**चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।**
**अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी।।३६।।**

**શ્લોકાર્થઃ- [ चित्-शक्ति-व्याप्त-सर्वस्व-सारः ] ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે એવો [ अयम् जीवः ] આ જીવ [ इयान् ] એટલો જ માત્ર છે; [ अतः अतिरिक्ताः ] આ ચિત્શક્તિથી શૂન્ય [ अमी भावाः ] જે આ ભાવો છે [ सर्वे अपि ] તે બધાય [ पौद्गलिकाः ] પુદ્ગલજન્ય છે-પુદ્ગલના જ છે. ૩૬.**

## શ્લોક - ૩૬ ઉપરનું પ્રવચન

चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।
अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी।।३६।।

"ચૈતન્યશક્તિથી વ્યાપ્ત" ભગવાન તો જાણક જાણક જાણક જાણક જાણકનો દરિયો, જાણક સ્વભાવથી વ્યાપ્ત નામ સહિત જેનો સર્વસ્વ સાર છે, સર્વસ્વ–સર્વસ્વ પૂર્ણ સ્વનો સાર એ છે. ચૈતન્યશક્તિથી વ્યાપ્ત છે પ્રભુ, રાગથી નહિ, શરીરથી નહિ, મનથી નહિ. હવે આવું આકરું પડે લોકો, બહિરે હાલી નીકળ્યા. ચૈતન્યશક્તિથી વ્યાપ્ત સહિત, વ્યાપ્ત છે ને ? આમ તો વ્યાપ્ય વ્યાપક આવતું નથી ? આત્મા વ્યાપક અને રાગ વ્યાપ્ય છે, આત્મા વ્યાપક ને આનંદની પર્યાય વ્યાપ્ય છે. વિકાર તરીકે રાગની પર્યાય વ્યાપ્ય છે, નિર્વિકાર તરીકે નિર્વિકારી પર્યાય વ્યાપ્ય છે, વ્યાપક દ્રવ્ય છે. આંહીં તો આખો ચૈતન્યશક્તિ વ્યાપ્ત છે. ચૈતન્ય શક્તિથી જેનું વ્યાપ્તપણું એટલે સર્વસ્વ હોવાપણું, જેનો સર્વસ્વ સાર છે. આ કાંઈ પંડિતાઈની આ ચીજ નથી. ઓહોહો ! તિર્યંચ પશુ પણ, ચૈતન્યસર્વસ્વસાર છે એનો પશુ પણ અનુભવ કરે. આહાહાહા !

એવો જે ભગવાન સર્વસ્વ બધું પોતાનું ચૈતન્ય સ્વરૂપ તે તેનો સાર છે. એવો આ જીવ એટલો જ માત્ર છે, 'ઈયાન્' એટલો જ માત્ર છે, "અતઃ અતિરિક્તાઃ" આ ચિત્શક્તિથી શૂન્ય, જાણક સ્વભાવના સામર્થ્યથી શૂન્ય, જાણક સ્વભાવનો ધ્રુવ પ્રવાહ એનાથી શૂન્ય "અમી ભાવાઃ" અમી ભાવાઃ આ ભાવા અસ્તિત્વ સિદ્ધ કરી, જે આ ભાવો છે આ ભાવો છે, આમ જાણે છે. રાગાદિ વિકલ્પ આદિ શરીર, વાણી બધા છે, એ ભાવો છે તે બધાય પુદ્ગલજન્ય છે. 'પૌદ્ગલિકાઃ' કહ્યાને ? એ બધા જડથી ઉત્પન્ન થયા એથી પાછા કોઈ એમ કહે કે જડ કર્મ છે એને લઈને આ રાગ થાય છે એમ આંહીં કહેવું નથી. આંહીં તો રાગ તો થાય છે એનામાં પણ નિમિત્ત જડ છે. તેને લક્ષે થાય છે માટે તેના છે. આહાહા ! સમજાણું કાંઈ ? આવો ઉપદેશ હવે.

આવા જે ભાવ, એ પુદ્ગલનાં જ છે. એમાંથી પછી કોઈ એમ કાઢે કે વિકાર તો કર્મથી જ પુદ્ગલથી જ થાય છે, આત્માથી નહિ, એમ આંહીં કહેવું નથી, એને આશ્રયે થાય છે માટે એના છે, આત્માના નથી, નીકળી જાય માટે તેના નથી, એ અપેક્ષાએ કહ્યું. આહાહા ! સમજાણું કાંઈ ?

અનંત અનંત ચોર્યાસીની પાટ અવતાર પડયા એમાંથી નીકળવાનો આ એક રસ્તો છે. જેનું સર્વસ્વ સાર છે, જેમ શીશમમાં સાર નથી હોતો ? શીશમના લાકડામાં વચલો સાર ચીકણો–ચીકણો એમ આ ભગવાન રાગાદિના વચમાં ભિન્ન સર્વસ્વ ચૈતન્યસાર વસ્તુ છે. બહુ અંદર કઠણ હોય છે, વચલો કઠણ ચીકણો, જોયું છે ને ? ઉપલા ભાગ કરતા એ વચલો ભાગ કઠણ ચીકણો પછી એને કાઢી નાખે ખાલી કરે તલવાર રાખવા કે એવા સાટું અંદર ગોળ બહુ ચીકણો હોય છે. શું કીધું ઈ ? એ શીશમનો એ સાર કહેવાય એમ આ ભગવાનનો સાર રાગાદિ વિકલ્પઆદિ જે વિકારથી અંદર ભિન્ન અંદર સર્વસ્વસાર ચૈતન્ય પિંડ છે. આહાહા ! અરે આઠ વર્ષના બાળક પણ આ અનુભવે અને કેવળજ્ઞાન પામે એ કાંઈ ચીજ કાંઈ બીજાની નથી કે ન પામે. છે તેને મેળવવો છે એમાં. આહાહાહા !

શું શ્લોકો ! ઓહોહો ! સંતોની વાણી દિગંબર સંતોની વાણી એની પાસે બીજા ભરે પાણી, એવી ચીજ છે. એક ચૈતન્ય સર્વસ્વ પ્રભુ, જેમ એ શીશમનો સાર હોય છે, એમ આ ભગવાન અંદર આ બધા રાગ ને પુણ્ય ને શરીર આદિથી ભિન્ન ચૈતન્ય સર્વસ્વસાર છે, ચૈતન્યનો કંદ, રસકંદ છે પ્રભુ. એનાથી ભિન્ન છે, એ બધા પુદ્ગલ છે. દયા, દાન, વ્રત, ભક્તિ જાત્રાનો ભાવ પણ આંહીં તો પુદ્ગલ છે, એમ કહે છે. પુદ્ગલજન્ય છે. 'પૌદ્ગલિકા'નો અર્થ કર્યો, પુદ્ગલજન્ય છે, એનો જ અર્થ કર્યો પુદ્ગલનાં જ છે. એનો જ અર્થ કર્યો, પુદ્ગલનાં જ છે. આહાહાહા ! એવા ભાવોનું વ્યાખ્યાન છ ગાથાથી કરે છે.

મુમુક્ષુ :– 'અલિંગગ્રહણ'ના ૨૦ મા બોલમાં અને આમાં શું ફેર છે ?

સમાધાન :– ત્યાં વીસમા બોલમાં આત્માનું વેદન તે આત્મા છે, એટલું, પણ ત્યાં દ્રવ્ય છે. અહીં એ દ્રવ્ય અનુભૂતિમાં છે પણ પર્યાય તે શુદ્ધનય છે. દ્રવ્યનો અનુભવ તે શુદ્ધનય છે અને શુદ્ધનયને અહીંયા આત્મા કહીએ. ત્યાં જે વેદનને આત્મા કીધું છે, અહીં અનુભૂતિને આત્મા કીધો છે.

મુમુક્ષુ :– અનુભૂતિ અને વેદનમાં શું ફેર છે ?

સમાધાન :– એક જ વાત છે. ઇ શું કહ્યું ? 'પ્રવચનસાર'માં ૧૭૨ ગાથામાં 'અલિંગગ્રહણ'ના ૨૦ બોલ છે. એમાં એક વીસમો બોલ એવો લીધો છે કે, આત્મા ત્રિકાળી દ્રવ્ય છે તેને એનું વેદન અડતું નથી. વેદન તો પર્યાયનું છે. અનુભૂતિ એ પર્યાયનું વેદન છે. આનંદનું વેદન એ પર્યાયનું છે. એ પર્યાયનું વેદન તે દ્રવ્યને અડતું નથી. કેમકે દ્રવ્ય તે ધ્રુવ છે. ભલે ધ્રુવને લક્ષે અનુભૂતિ થઈ, પણ અનુભૂતિ તે દ્રવ્યને અડતી નથી. થોડું ઝીણું પડે, બાપુ ! વસ્તુ એવી ઝીણી છે. આહા..હા... !

( સમયસાર દોહન – પૂ. ગુરુદેવશ્રીના નાઈરોબીના ગાથા ૧૧ના પ્રવચન પાના નં. ૯૩ )

## ગાથા - ૫૦ થી ૫૫

जीवस्स णत्थि वण्णो ण वि गंधो ण वि रसो ण वि य फासो।
ण वि रूवं ण सरीरं ण वि संठाणं ण संहणणं।।५०।।
जीवस्स णत्थि रागो ण वि दोसो णेव विज्जदे मोहो।
णो पच्चया ण कम्मं णोकम्मं चावि से णत्थि।।५१।।
जीवस्स णत्थि वग्गो ण वग्गणा णेव फड्डया केई।
णो अज्झप्पट्ठाणा णेव य अणुभागठाणाणि।।५२।।
जीवस्स णत्थि केई जोयट्ठाणा ण बंधठाणा वा।
णेव य उदयट्ठाणा ण मग्गणट्ठाणया केई।।५३।।
णो ठिदिबंधट्ठाणा जीवस्स ण संकिलेसठाणा वा।
णेव विसोहिट्ठाणा णो संजमलद्धिठाणा वा।।५४।।
णेव य जीवट्ठाणा ण गुणट्ठाणा य अत्थि जीवस्स।
जेण दु एदे सव्वे पोग्गलदव्वस्स परिणामा।।५५।।

जीवस्य नास्ति वर्णो नापि गन्धो नापि रसो नापि च स्पर्शः।
नापि रूपं न शरीरं नापि संस्थानं न संहननम्।।५०।।
जीवस्य नास्ति रागो नापि द्वेषो नैव विद्यते मोहः।
नो प्रत्यया न कर्म नोकर्म चापि तस्य नास्ति।।५१।।
जीवस्य नास्ति वर्गो न वर्गणा नैव स्पर्धकानि कानिचित्।
नो अध्यात्मस्थानानि नैव चानुभागस्थानानि।।५२।।
जीवस्य न सन्ति कानिचिद्योगस्थानानि न बन्धस्थानानि वा।
नैव चोदयस्थानानि न मार्गणास्थानानि कानिचित्।।५३।।
नो स्थितिबन्धस्थानानि जीवस्य न संक्लेशस्थानानि वा।
नैव विशुद्धिस्थानानि नो संयमलब्धिस्थानानि वा।।५४।।
नैव च जीवस्थानानि न गुणस्थानानि वा सन्ति जीवस्य।
येन त्वेते सर्वे पुद्गलद्रव्यस्य परिणामाः।।५५।।

---

यः कृष्णो हरितः पीतो रक्तः श्वेतो वा वर्णः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यः सुरभिर्दुरभिर्वा गन्धः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यः कटुकः कषायः

तिक्तोऽम्लो मधुरो वा रसः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यः स्निग्धो रूक्षः शीतः उष्णो गुरुर्लघुर्मृदुः कठिनो वा स्पर्शः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणामपत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यत्स्पर्शादिसामान्यपरिणाममात्रं रूपं तन्नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यदौदारिकं वैक्रियिकमाहारकं तैजसं कार्मणं वा शरीरं तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। सत्समचतुरस्रं न्यग्रोधपरिमण्डलं स्वाति कुब्जं वामनं हुण्डं वा संस्थानं तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यद्वज्रर्षभनाराचं वज्रनाराचं नाराचमर्धनाराचं कीलिका असम्प्राप्तासृपाटिका वा संहननं तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यः प्रीतिरूपो रागः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। योऽप्रीतिरूपो द्वेषः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यस्तत्त्वाप्रतिपत्तिरूपो मोहः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। ये मिथ्यात्वाविरतिकषाययोगलक्षणाः प्रत्ययास्ते सर्वेऽपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यद् ज्ञानावरणीयदर्शनावरणीयवेदनीयमोहनीयायुर्नामगोत्रान्तरायरूपं कर्म तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यत्षट्पर्याप्तित्रिशरीरयोग्यवस्तुरूपं नोकर्म तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यः शक्तिसमूहलक्षणो वर्गः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। या वर्गसमूहलक्षणा वर्गणा सा सर्वापि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि मन्दतीव्ररसकर्मदलविशिष्टन्यासलक्षणानि स्पर्धकानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि स्वपरैकत्वाध्यासे सति विशुद्धचित्परिणामातिरिक्तत्वलक्षणान्यध्यात्मस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि प्रतिविशिष्टप्रकृतिरस-परिणामलक्षणान्यनुभागस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्य-परिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि कायवाङ्मनोवर्गणापरिस्पन्दलक्षणानि योगस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि प्रतिविशिष्टप्रकृतिपरिणामलक्षणानि बन्धस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि स्वफलसम्पादनसमर्थकर्मावस्थालक्षणान्युदयस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि गतीन्द्रियकाययोगवेद-कषायज्ञानसंयमदर्शनलेश्याभव्यसम्यक्त्वसंज्ञाहारलक्षणानि मार्गणास्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि

प्रतिविशिष्टप्रकृतिकालान्तरसहत्वलक्षणानि स्थितिबन्धस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि कषायविपाकोद्रेकलक्षणानि संक्लेशस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि कषायविपाकानुद्रेकलक्षणानि विशुद्धिस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि चारित्रमोहविपाकक्रमनिवृत्तिलक्षणानि संयमलब्धिस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि पर्याप्तापर्याप्तबादरसूक्ष्मैकेन्द्रियद्वीन्द्रियत्रीन्द्रियचतुरिन्द्रियसंज्ञ्यसंज्ञिपञ्चेन्द्रियलक्षणानि जीवस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि मिथ्यादृष्टिसासादनसम्यग्दृष्टिसम्यग्मिथ्यादृष्ट्यसंयतसम्यग्दृष्टिसंयतासंयतप्रमत्तसंयताप्रमत्तसंयतापूर्वकरणोपशमक क्षपकानिवृत्तिबादरसाम्परायोपशमकक्षपकसूक्ष्मसाम्परायोपशमकक्षपकोपशान्तकषायक्षीणकषायसयोगकेवल्य योगकेवलिलक्षणानि गुणस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्।

એવા એ ભાવોનું વ્યાખ્યાન છ ગાથાઓમાં કરે છેઃ-

**નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,**
**નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનને નહીં; ૫૦.**
**નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,**
**નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં; ૫૧.**
**નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં,**
**અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ નહીં; ૫૨.**
**જીવને નથી કંઈ યોગસ્થાનો, બંધસ્થાનો છે નહીં,**
**નહિ ઉદયસ્થાનો જીવને, કો માર્ગણાસ્થાનો નહીં; ૫૩.**
**સ્થિતિબંધસ્થાન ન જીવને, સંકલેશસ્થાનો પણ નહીં,**
**સ્થાનો વિશુદ્ધિ તણાં ન, સંયમલબ્ધિનાં સ્થાનો નહીં; ૫૪.**
**નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં,**
**પરિણામ પુદ્‌ગલદ્રવ્યના આ સર્વ હોવાથી નક્કી. ૫૫.**

**ગાથાર્થઃ-** [ जीवस्य ] જીવને [ वर्णः ] વર્ણ [ नास्ति ] નથી, [ न अपि गन्धः ] ગંધ પણ નથી, [ रसः अपि न ] રસ પણ નથી [ च ] અને [ स्पर्शः अपि न ] સ્પર્શ પણ નથી, [ रूपं अपि न ] રૂપ પણ નથી, [ न शरीरं ] શરીર પણ નથી, [ संस्थानं अपि न ] સંસ્થાન પણ નથી, [ संहननम् न ] સંહનન પણ નથી; [ जीवस्य ] જીવને [ रागः नास्ति ] રાગ પણ નથી, [ द्वेषः अपि न ] દ્વેષ પણ નથી, [ मोहः ] મોહ પણ [ न एव

विद्यते ] વિદ્યમાન નથી, [ प्रत्यया: नो ] પ્રત્યયો ( આસ્રવો ) પણ નથી, [ कर्म न ] કર્મ પણ નથી [ च ] અને [ नोकर्म अपि ] નોકર્મ પણ [ तस्य नास्ति ] તેને નથી; [ जीवस्य ] જીવને [ वर्ग: नास्ति ] વર્ગ નથી, [ वर्गणा न ] વર્ગણા નથી, [ कानिचित् स्पर्धकानि न एव ] કોઈ સ્પર્ધકો પણ નથી, [ अध्यात्मस्थानानि नो ] અધ્યાત્મસ્થાનો પણ નથી [ च ] અને [ अनुभागस्थानानि ] અનુભાગસ્થાનો પણ [ न एव ] નથી; [ जीवस्य ] જીવને [ कानिचित् योगस्थानानि ] કોઈ યોગસ્થાનો પણ [ न सन्ति ] નથી [ वा ] અથવા [ बन्धस्थानानि न ] બંધસ્થાનો પણ નથી, [ च ] વળી [ उदयस्थानानि ] ઉદયસ્થાનો પણ [ न एव ] નથી, [ कानिचित् मार्गणास्थानानि न ] કોઈ માર્ગણાસ્થાનો પણ નથી; [ जीवस्य ] જીવને [ स्थितिबन्धस्थानानि नो ] સ્થિતિબંધસ્થાનો પણ નથી [ वा ] અથવા [ संक्लेशस्थानानि न ] સંકલેશસ્થાનો પણ નથી, [ विशुद्धिस्थानानि ] વિશુદ્ધિસ્થાનો પણ [ न एव ] નથી [ वा ] અથવા [ संयमलब्धिस्थानानि ] સંયમલબ્ધિસ્થાનો પણ [ नो ] નથી; [ च ] વળી [ जीवस्य ] જીવને [ जीवस्थानानि ] જીવસ્થાનો પણ [ न एव ] નથી [ वा ] અથવા [ गुणस्थानानि ] ગુણસ્થાનો પણ [ न सन्ति ] નથી; [ येन तु ] કારણ કે [ एते सर्वे ] આ બધા [ पुद्गलद्रव्यस्य ] પુદ્‌ગલદ્રવ્યના [ परिणामा: ] પરિણામ છે.

**ટીકા**:-જે કાળો, લીલો, પીળો, રાતો અથવા ધોળો વર્ણ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૧. જે સુરભિ અથવા દુરભિ ગંધ છે તે બધીયે જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૨. જે કડવો, કષાયેલો, તીખો, ખાટો અથવા મીઠો રસ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૩. જે ચીકણો, લૂખો, શીત, ઉષ્ણ, ભારે, હલકો, કોમળ અથવા કઠોર સ્પર્શ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૪. જે સ્પર્શાદિસામાન્ય-પરિણામમાત્ર રૂપ છે તે જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૫. જે ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અથવા કાર્મણ શરીર છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૬. જે સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડળ, સ્વાતિક, કુબ્જક, વામન અથવા હુંડક સંસ્થાન છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૭. જે વજ્રર્ષભનારાચ, વજ્રનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અથવા અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૮. જે પ્રીતિરૂપ રાગ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૯. જે અપ્રીતિરૂપ દ્વેષ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય

હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૧૦.

જે યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ ( અપ્રાપ્તિરૂપ ) મોહ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૧૧. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ જેમનાં લક્ષણ છે એવા જે પ્રત્યયો તે બધાય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૧૨. જે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાયરૂપ કર્મ છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૧૩. જે છ પર્યાપ્તિયોગ્ય અને ત્રણ શરીરયોગ્ય વસ્તુ ( -પુદ્‌ગલસ્કંધ ) રૂપ નોકર્મ છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૧૪. જે કર્મના રસની શક્તિઓના ( અર્થાત્ અવિભાગ પરિચ્છેદોના ) સમૂહરૂપ વર્ગ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૧૫. જે વર્ગોના સમૂહરૂપ વર્ગણા છે તે બધીયે જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૧૬. જે મંદતીવ્ર રસવાળાં કર્મદળોના વિશિષ્ટ ન્યાસ ( -જમાવ ) રૂપ ( અર્થાત્ વર્ગણાઓના સમૂહરૂપ ) સ્પર્ધકો છે તે બધાય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૧૭. સ્વપરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે ( વર્તતાં ), વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાપણું જેમનું લક્ષણ છે એવાં જે અધ્યાત્મસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૧૮. જુદી જુદી પ્રકૃતિઓના રસના પરિણામ જેમનું લક્ષણ છે એવાં જે અનુભાગસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૧૯. કાયવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ગણાનું કંપન જેમનું લક્ષણ છે એવાં જે યોગસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૨૦. જુદી જુદી પ્રકૃતિઓના પરિણામ જેમનું લક્ષણ છે એવાં જે બંધસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૨૧. પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ કર્મઅવસ્થા જેમનું લક્ષણ છે એવાં જે ઉદયસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૨૨. ગતિ, ઇંદ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞા અને આહાર જેમનાં લક્ષણ છે એવાં જે માર્ગણાસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૨૩. જુદી જુદી પ્રકૃતિઓનું અમુક મુદત સુધી સાથે રહેવું તે જેમનું લક્ષણ છે એવાં જે સ્થિતિબંધસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. ૨૪. કષાયના

વિપાકનું અતિશયપણું જેમનું લક્ષણ છે એવાં જે સંકલેશસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૫. કષાયના વિપાકનું મંદપણું જેમનું લક્ષણ છે એવાં જે વિશુદ્ધિસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૬. ચારિત્રમોહના વિપાકની ક્રમશઃ નિવૃત્તિ જેમનું લક્ષણ છે એવાં જે સંયમલબ્ધિસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૭. પર્યાપ્ત તેમ જ અપર્યાપ્ત એવાં બાદર ને સૂક્ષ્મ એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને સંજ્ઞી તથા અસંજ્ઞી પંચેંદ્રિય જેમનાં લક્ષણ છે એવાં જે જીવસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૮. મિથ્યાદૃષ્ટિ, સાસાદન સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ, અસંયતસમ્યગ્દૃષ્ટિ, સંયતાસંયત, પ્રમત્તસંયત, અપ્રમત્તસંયત, અપૂર્વકરણ-ઉપશમક તથા ક્ષપક, અનિવૃત્તિબાદરસાંપરાય-ઉપશમક તથા ક્ષપક, સૂક્ષ્મસાંપરાય-ઉપશમક તથા ક્ષપક, ઉપશાંતકષાય, ક્ષીણકષાય, સયોગકેવળી અને અયોગકેવળી જેમનાં લક્ષણ છે એવાં જે ગુણસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૯. (આ પ્રમાણે આ બધાય પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય ભાવો છે; તે બધા, જીવના નથી. જીવ તો પરમાર્થે ચૈતન્યશક્તિમાત્ર છે.)

## ગાથા ૫૦ થી ૫૫ ઉપરનું પ્રવચન

जीवस्स णत्थि वण्णो ण वि गंधो ण वि रसो ण वि य फासो।
ण वि रूवं ण सरीरं ण वि संठाणं ण संहणणं।।५०।।
जीवस्स णत्थि रागो ण वि दोसो णेव विज्जदे मोहो।
णो पच्चया ण कम्मं णोकम्मं चावि से णत्थि।।५१।।
जीवस्स णत्थि वग्गो ण वग्गणा णेव फड्डया केई।
णो अज्झप्पट्ठाणा णेव य अणुभागठाणाणि।।५२।।
जीवस्स णत्थि केई जोयट्ठाणा ण बंधठाणा वा।
णेव य उदयट्ठाणा ण मग्गणट्ठाणया केई।।५३।।
णो ठिदिबंधट्ठाणा जीवस्स ण संकिलेसठाणा वा।
णेव विसोहिट्ठाणा णो संजमलद्धिठाणा वा।।५४।।
णेव य जीवट्ठाणा ण गुणट्ठाणा य अत्थि जीवस्स।
जेण दु एदे सव्वे पोग्गलदव्वस्स परिणामा।।५५।।

એ તો પુદ્‌ગલના પરિણામ છે આહાહાહા!

નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,

નહિ રૂપ કે ન શરીર નહિ સંસ્થાન સંહનને નહીં. ૫૦
નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,
નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં. ૫૧
નથી વર્ગ જીવને, વર્ગણા નહિ સ્પર્ધકો કંઈ છે નહીં,
અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ નહીં. ૫૨
જીવને નથી કંઈ યોગસ્થાનો બંધસ્થાનો છે નહીં,
નહિ ઉદયસ્થાનો જીવને કો માર્ગણાસ્થાનો નહીં. ૫૩
સ્થિતિ બંધસ્થાન ન જીવને સંકલેશસ્થાનો પણ નહીં,
સ્થાનો વિશુદ્ધિતણાં ન સંયમલબ્ધિના સ્થાનો નહીં. ૫૪
નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં,
પરિણામ પુદ્‌ગલદ્રવ્યના આ સર્વ હોવાથી નક્કી. ૫૫.

આ છ ગાથા અમારા નારાયણભાઈ કહેતા ઉકરડો ઓગણત્રીસ બોલનો ઉકરડો કહેતા. આહાહાહા !

ટીકાઃ- જે કાળો, લીલો, પીળો, રાતો ને ધોળો એ વર્ણ છે. છે તો એ વર્ણની પર્યાયો. વર્ણ જે છે તેની આ પર્યાય છે. રંગ જે ગુણ છે તેની આ પાંચ પર્યાયો છે, તે બધોય જીવને નથી. ધોળો વર્ણ છે એ પર્યાય છે, રૂપાળું ધોળું શરીર છે એ વર્ણ ગુણ નથી. એ વર્ણ ગુણની ધોળી પર્યાય છે તે એ વર્ણ ગુણની ધોળી, આ ઘઉંવર્ણે શરીર ને એમ નથી કહેતા, લાલ હોય તો, ધોળું હોય તો એમાં કાળું હોય તો કહે એની મા( માતા ) કાળી માટે એના વર્ણે થયો. એનો બાપ ધોળો માટે એના વર્ણે થયો. એમ કહે છે માણસો એ બધી વર્ણ ગુણની પર્યાય છે. આહાહાહા !

તે બધોય જીવને નથી. કારણકે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ભાષા દેખો, પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી એમ નહિ. અમૃતચંદ્રાચાર્ય ! કુંદકુંદાચાર્યે કીધું કે પોગ્ગલદવસ પરિણામ એનો હેતુ કાઢયો અંદરથી એ તો પુદ્‌ગલપરિણામમય હોવાથી, ભગવાન ચૈતન્યસ્વરૂપથી એ તો ભિન્ન છે, એ પુદ્‌ગલમય છે પુદ્‌ગલમય અભેદ છે પુદ્‌ગલથી. આ ભેદજ્ઞાન કરાવ્યું. આહાહા !

એને ઠેકાણે હું રૂપાળો છું ને, હું કાળો છું ને, હું ઘઉંવર્ણે છું ને, એ તો પુદ્‌ગલના છે પરિણામ, એને તું તારા માને છો, શું કહે છે આ તને ? હું મારી મા ( માતા ) ને વર્ણે આવ્યો છું, મોટો ભાઈ બાપને વર્ણે આવ્યો છે, એમ કહે છે લોકો. એની મા ( માતા ) ઘઉંવર્ણે હોયને એ વર્ણે એ થયો હોય એનો બાપ ધોળો હોય તો એના વર્ણે એ થયો હોય, કહે અમારે, કોણવર્ણ બાપા. એ પર્યાય બધી વર્ણ ગુણની એ દશાઓ છે. એ તારી નહીં, તારામાં નહીં, તેમાં તું નહિ. આહાહાહા !

“પોતાની અનુભૂતિથી ભિન્ન છે” ભાષા દેખો, દ્રવ્યથી ભિન્ન એ આ અનુભવ કર્યો ત્યારે એનાથી એ ભિન્ન છે એમ. આમ ભિન્ન ભિન્ન છે એમ નહિ. એ કાળી, રાતી, પીળી, ધોળી પર્યાય એ પુદ્‌ગલમય છે, એનાથી આત્મા ભિન્ન છે, અને અનુભૂતિથી ભિન્ન છે. વર્તમાન તેનો અનુભવ કરતા તેનાથી તે ભિન્ન છે. દ્રવ્યથી તો ભિન્ન છે, પણ અનુભવ કરતાં તેનાથી પણ એ ચીજ ભિન્ન

છે. હજી આગળ તો વધારે આવશે. આહાહાહા !

અનુભૂતિ અતીન્દ્રિય આનંદનો અનુભવ એવી અનુભૂતિની દશાથી આંહીં ઓલી દશાઓ કીધી છે ને ? વર્ણની દશા પર્યાય કીધી છે, શું કીધું ? વર્ણની પર્યાયો કીધી છે, કાળો, ધોળો આદિ તો એ પર્યાય દ્રવ્યની અનુભૂતિની પર્યાયથી તે ભિન્ન છે. આહાહા ! સમજાણું કાંઈ ? વર્ણ ‘ગુણ’ છે, એની આ કાળો, લીલો, પીળો, રાતો, ધોળો એ પર્યાય છે, ત્યારે એ પર્યાયો, વર્ણની પર્યાયો છે, ત્યારે એને ભિન્ન છે એમ ક્યારે થાય ? કે ભગવાન આત્મા પોતાની અનુભૂતિની પર્યાયમાં જ્યારે આવે, એ વર્ણના ગુણની પાંચ પર્યાય છે, એનાથી ભગવાન ભિન્ન છે. કેમ ? કે એ અનુભૂતિથી ભિન્ન છે. એ પર્યાયથી વર્ણની પર્યાયથી ભગવાન આત્માની અનુભૂતિ છે એ પર્યાય એનાથી એ પર્યાય ભિન્ન છે, એ ભિન્ન છે એમ અનુભવ થયો, ત્યારે ભિન્ન છે એમ કહેવામાં આવ્યું એમ કહે છે. સમજાણું કાંઈ ? એમ વર્ણની પર્યાય મારી નથી ને એમ ધારી રાખ્યું છે, એ વસ્તુ નહિ એમ કહે છે. આહાહાહા !

એ વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરદેવની અનુભૂતિની દશા અને પર્યાય બે ભિન્ન છે દ્રવ્યથી ભિન્ન છે, પણ દ્રવ્યથી ભિન્ન એ અનુભવ કર્યા વિના ભિન્ન છે એમ ક્યાંથી આવ્યું કહે છે. સમજાણું કાંઈ ? આ વર્ણ ગુણની પાંચ પર્યાય એ ગુણની પર્યાય છે, પણ એ આત્માથી ભિન્ન છે એ ક્યારે જણાય ? કે આત્મા અનુભૂતિ કરે ત્યારે અનુભૂતિની પર્યાયથી તે પર્યાય ભિન્ન છે. જેમ વર્ણ ગુણની પાંચ પર્યાય, એમ ભગવાન આત્માની અનુભૂતિની પર્યાય એનાથી તે પ્રભુની અનુભૂતિની પર્યાયથી તે વર્ણની પર્યાય, વર્ણ ગુણની પર્યાય, દ્રવ્યની અનુભૂતિની પર્યાયથી તે વર્ણની પર્યાય ભિન્ન છે. આહાહા ! ચંદુભાઈ ! આવી વાતું છે. શરીરનું થાવું હોય તે થાય, એ તો થયા જ કરશે કહે છે. તું તારું કર, તું તારું સંભાળ. ઓહો ! શું ટીકા. એકકોર વર્ણગુણ એની પાંચ પર્યાય, એકકોર ભગવાન આત્મા એની અનુભૂતિની પર્યાય, ત્યારે એ ભિન્ન છે એમ થયું. સમજાણું કાંઈ ? છે ને ? આ તો સંતોની વાણી બાપા એ કાંઈ. આહાહાહા ! શું કહ્યું ઈ સમજાણું ?

જેમ એ વર્ણ ગુણ સામાન્ય છે, એની આ કાળો, લીલો, પીળો, રાતો એ વિશેષ પર્યાયો છે, પણ એ ભિન્ન છે એ ક્યારે ખ્યાલમાં આવે ? કે આત્મા જે સામાન્ય દ્રવ્ય છે, તેનો વિશેષ અનુભૂતિ કરે ત્યારે તે ભિન્ન છે તેમ અનુભવ સાચો થાય. શું એ સમયસાર ! શું એની ગાથાઓ ! વર્ણ ગુણની પર્યાયો પાંચ ભિન્ન છે, ભિન્ન છે, એમ ભિન્ન પડયા વિના ભિન્ન છે એમ ક્યાંથી તને ખ્યાલ આવ્યો કહે છે. ભગવાન આત્મા દ્રવ્ય નામ વસ્તુએ તો સામાન્ય છે ત્રિકાળ, એનો અનુભવ જ્યારે થયો, તેને અનુસરીને દ્રવ્યની પર્યાય જે શુદ્ધ અનુભૂતિ થઈ, એ અનુભૂતિની પર્યાયથી એ વર્ણની પાંચ પર્યાયો જુદી છે. એ બધી પુદ્‌ગલની પર્યાયો છે, ત્યારે અનુભૂતિ એ ભગવાન આત્માની શુદ્ધ પર્યાય છે. આહાહાહા !

હવે આવો ઉપદેશ હવે સાંભળવો કઠણ પડે. આખો દિ’ ધંધા, ધંધા, ધંધા નથી કીધું ઓલાએ કે માળા વાણીયાને આ જૈન ધર્મ મળ્યો, ને વાણીયા વેપારમાં ગુંચાઈ ગયા છે, એય ચીમનભાઈ ! ઓલો જાપાનનો ઐતિહાસિક છે, મોટો ઐતિહાસિક છોકરોય માળો એવો લાગે છે બેય એવા જૈન “અનુભૂતિ” કીધી ને ? એ જૈન ધર્મ અનુભૂતિસ્વરૂપ છે એમ કહ્યું છે એણે. છાપામાં આવ્યું’તું મોટો લેખ, પણ આ જૈન ( ધર્મ ) મળ્યો માળો વાણીયાને અને વાણીયા

વેપારમાં ઘુસી ગયા આખો દિ' આ ને આ ને, આ વેપાર કરવાને નવરા નથી. આ વેપાર એટલે અનુભૂતિ, આત્માનો વેપાર એ છે. એક બોલ થયો.

બીજો બોલ હવે સુરભિ અથવા દૂરભિ ગંધ, ગંધ છે એ સામાન્ય છે અને સુરભિ-દૂરભિ એ એની વિશેષ પર્યાયો છે. ગંધ જે છે એ ગુણ છે, પુદ્‌ગલનો એ ગુણ છે, અને એ ગુણની સુરભિ ને દૂરભિ, સુગંધ ને દુર્ગંધ એ ગંધ ગુણની પર્યાય છે, પુદ્‌ગલનો ગંધ ગુણ, જેમ પુદ્‌ગલનો વર્ણ ગુણ એની પાંચ પર્યાયો એમ ભગવાન આત્માનો આનંદગુણ, જ્ઞાનગુણ ત્રિકાળી, એની અનુભૂતિ તે એની પર્યાય છે. આહાહા ! સમજાણું કાંઈ ? એ સુરભિ અને દૂરભિ એ પર્યાય છે. કોની ? ગંધની, ગંધ ગુણ છે એને સુગંધ અને દુર્ગંધ એ પર્યાય છે. ગંધ ગુણ છે એ પુદ્‌ગલનો ગુણ છે, અને એની પર્યાય છે એ સુગંધ ત્રણેય આવી ગયું એમાં, પુદ્‌ગલદ્રવ્ય એનો ગુણ ગંધ એની પર્યાય સુરભિ ને દૂરભિ, સુગંધ ને દુર્ગંધ તે બધીયે જીવને નથી. કારણકે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી એ તો પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી પુદ્‌ગલ એનો ગંધ ગુણ એની સુગંધ-દુર્ગંધ એ પર્યાય એ પુદ્‌ગલપરિણામમય છે, એનાથી જુદી નથી, પરિણામમય છે. તે અનુભૂતિથી ભિન્ન છે, તે દ્રવ્ય વસ્તુ, એનો આનંદ જ્ઞાન આદિ ગુણ એની વર્તમાન શ્રદ્ધા ને અનુભવ આદિ એની પર્યાય. આહાહા ! સમજાણું કાંઈ ? દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેય સમાડી દીધા. ગજબ વાતું છે બાપા. આહાહા !

ભગવાન આત્મા દ્રવ્ય, એનો જ્ઞાન આનંદ આદિ ગુણ, એની અનુભૂતિ જ્ઞાનની પર્યાય, આનંદની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, શાંતિની પર્યાય, ચારિત્રની પર્યાય એ બધી અનુભૂતિ પર્યાય છે, એ પુદ્‌ગલ દ્રવ્ય, ગુણ ને પર્યાય એનાથી ભગવાન દ્રવ્ય, ગુણ ને અનુભૂતિની પર્યાયથી તે ભિન્ન છે. આવું છે. આહાહાહા !

પછી 'રસ', રસ, રસ છે એ ગુણ છે પુદ્‌ગલ દ્રવ્યનો, પુદ્‌ગલ વસ્તુ છે તેનો રસ એ ગુણ છે, તેની પાંચ પર્યાય છે. કડવો, એ કડવો એ ગુણ નથી એ રસની પર્યાય છે કષાયલો, તુરો, તુરો કહે છે ને, એ રસગુણની પર્યાય છે. પુદ્‌ગલદ્રવ્ય છે એનો રસ ગુણ છે એની આ કષાયલો એ પર્યાય છે. તીખો, તીખો ગુણ નથી, રસ ગુણ છે એની તીખી એ પર્યાય છે. ખાટો, ખાટો એ રસ ગુણની એક પર્યાય છે અને મીઠો આ ગોળ મીઠો, સાકર મીઠી, મેસુબ મીઠો, કેરી મીઠી એ બધી પર્યાય રસ ગુણની પર્યાય છે તે બધોય જીવને નથી, કારણકે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી એ તો પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે, પુદ્‌ગલદ્રવ્ય છે, એનો રસ ગુણ છે અને એની એ પર્યાય છે એટલે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી એની હારે અભેદ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

આ સમયસાર ! મીઠાલાલજી ! બાપુ સમયસાર એટલે શું ? સાક્ષાત્ ત્રણલોકના નાથ એની દિવ્યધ્વનિનો આ સાર છે. એને સમજવા માટે ઘણી નિવૃત્તિ જોઈએ, ભાઈ કેમકે એ રાગથી પણ નિવૃત્ત સ્વરૂપ છે એ પ્રભુ. આહાહાહા ! એને કહે છે, કે રસની જે પર્યાય છે પાંચ મીઠી, ખાટી, ગળી, લાગે છે ને ? એ તો જડની પર્યાય છે, એ જીવ તેને અડતો નથી, ફક્ત જાણવામાં આવે છે, ત્યાં એને એમ લાગે છે કે આ મીઠો આ છે, એ તો જ્ઞાન થાય છે, અને આ ઠીક છે, ત્યાં તો રાગ થાય છે, એ રાગ પણ જીવની પર્યાય નથી. મીઠી જે મીઠું ખ્યાલમાં આવી

સાકર, ગોળ. જ્ઞાનમાં ખ્યાલમાં આવ્યું કે મીઠું એ મીઠું પોતે જ્ઞાનમાં આવતું નથી, મીઠાશને આ જ્ઞાનની પર્યાય અડતીય નથી, ફક્ત મીઠાશને જાણતાં જ્ઞાન જાણે છે કે આ મીઠાશ છે. એને પછી રાગ થાય છે કે આ બહુ સારુ છે, એ રાગ છે એ રાગ ને મીઠી પર્યાય એનાથી ભગવાન આખો ભિન્ન છે. છે ? એ પોતાની અનુભૂતિથી ભિન્ન છે આત્મા અને એનો આનંદરસ, એ સામાન્ય, આત્મા અને આનંદરસ સામાન્ય, એની અનુભૂતિની વિશેષ રસ પર્યાય એનાથી એ પર્યાયો ભિન્ન છે. આવું ભેદજ્ઞાન કરાવ્યું છે. તારું સ્વરૂપ પ્રભુ દ્રવ્યથી ભિન્ન છે પણ દ્રવ્યથી ભિન્ન છે એવુ જાણ્યું કોણે જાણનારની પર્યાય અનુભુતિ થઈ એને જાણ્યું કે આ ભિન્ન છે. આહાહાહા !

## પ્રવચન નં. ૧૨૭ ગાથા ૫૦ થી ૫૫ તા. ૪/૧૧/૭૮ શનિવાર કારતક સુદ–૪

સમયસાર, ( ગાથા ૫૦ થી ૫૫ ) ચોથો બોલ છે. ત્રણ બોલ આવી ગયા, ટીકા, ટીકાનો ચોથો બોલ બાકી છે. ચીકણો નહીં ? ચીકણા, શું કહે છે. સૂક્ષ્મ અધિકાર છે.

( ગાથા–૫૦ થી ૫૫ ટીકાનો બોલ – ૪. ) જે ચીકણો, લૂખો, શીત, ઉષ્ણ, ભારે, હલકો, કોમળ અથવા કઠોર સ્પર્શ છે તે બધોય જીવને નથી કારણકે તે પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી ( પોતાની ) અનુભૂતિથી ભિન્ન છે. )

આ આત્મા છે આત્મા ! એ અનંત અનંત ગુણનો પિંડ વસ્તુ છે. અને જે અનંત ગુણ છે એ એની શક્તિ, એનું સત્ત્વ, એના ભાવ છે. અને જ્યારે એનો ( આત્માનો ) અનુભવ થાય છે, ત્યારે જ આ રાગ – ચીકાશ, સ્પર્શ, વર્ણ, રંગ, ગંધ આદિથી ભગવાન આત્મા ભિન્ન છે. તો જ્યારે પોતાનો અનુભવ થાય છે, તો પુદ્‌ગલદ્રવ્ય જે છે એનો સ્પર્શ નામનો ગુણ છે – ચોથો બોલ ચાલે છે.

પુદ્‌ગલ દ્રવ્ય છે, એનો સ્પર્શ નામનો ગુણ છે, એની આઠ ( પ્રકારે ) પર્યાય થાય છે, એ આત્મામાં નથી. જે ચીકાશ છે – ચીકાશ એ ગુણ નથી, ચીકાશ એ સ્પર્શગુણની પર્યાય છે, પર્યાય નામ અવસ્થા છે. ચીકાશ લૂખાશ એ પણ સ્પર્શગુણની લૂખ્ખી એક પર્યાય છે. ગુણ નથી. ગુણ તો સ્પર્શ છે. અને ઠંડા એ પણ સ્પર્શગુણની પર્યાય છે, ગરમ પણ પર્યાય છે, ભારે એ પણ સ્પર્શગુણની પર્યાય છે, હલકી – કોમળ ને કઠોર એ સ્પર્શ છે એ સર્વેય જીવના નથી. સમજાણું કાંઈ ?

જીવ, એ સ્પર્શને ક્યારે ય અડયો જ નથી. પોતાના દ્રવ્ય – ગુણ ને પર્યાયને આત્મા સ્પર્શે છે – ચૂંબે છે – અડે છે પણ પરદ્રવ્ય કે ગુણ કે પર્યાયને ક્યારે ય અડતો નથી. સમજાણું કાંઇ ? એ ત્રીજી ગાથામાં આવી ગયું છે. સમયસાર ત્રીજી ( ગાથા ) પોતાનો આત્મા પોતાના દ્રવ્ય – ગુણ – પર્યાયને ચૂંબે છે નામ સ્પર્શે છે – અડે છે પણ પરદ્રવ્ય – કર્મને – શરીરને ( કોઇ પર વસ્તુને ) ચૂંબતો નથી – સ્પર્શતો નથી– અડતો નથી. અનંતકાળમાં આત્મા પરદ્રવ્ય – કર્મને – શરીરને ચૂંબતો નથી– અડતો નથી– સ્પર્શતો નથી, કેમ કે તે તો પરદ્રવ્ય છે. અને પરદ્રવ્યનો પોતાની પર્યાયમાં અભાવ છે – પર દ્રવ્યના દ્રવ્ય – ગુણ – પર્યાયનો ( આત્મામાં ) અભાવ છે. પણ એનો અભાવ છે એમ અનુભવમાં ક્યારે આવે છે ? એ કહે છે કે એ ચીકાશાદિ જીવના નથી. કેમ કે એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી, જરી સૂક્ષ્મ વાત છે.

પુદ્‌ગલ જે જડ પુદ્‌ગલ છે એ દ્રવ્ય છે. અને એમાં સ્પર્શગુણ છે. એ ગુણ છે એમાં ચીકાશ આદિ પર્યાય છે. તો ( એમ ) દ્રવ્ય – ગુણ – ને પર્યાય ત્રણે પુદ્‌ગલમય છે. આહાહાહા ! એ આત્મામાં છે જ નહીં, પણ આત્મામાં છે નહીં ક્યારે ? એનું ( આત્માનું ) ભાન થાય છે ( ત્યારે ) એ કહે છે. આહાહા ! એ પુદ્‌ગલદ્રવ્યના હોવાથી પોતાની અનુભૂતિથી ભિન્ન છે. આ આત્મા જે દ્રવ્ય છે એથી તો એ ભિન્ન છે, પણ ભિન્ન ક્યારે અનુભવમાં આવે છે ? સમજાણું કાંઈ ? સૂક્ષ્મ છે વિષય !

જેમ સ્પર્શગુણ પુદ્‌ગલનો છે, પુદ્‌ગલ દ્રવ્ય છે અને સ્પર્શ તેનો ગુણ છે ચીકાશ આદિ પર્યાય છે ( એમ ) હવે આત્મામાં, આત્મા દ્રવ્ય છે, એના જ્ઞાન આનંદ આદિ ગુણ છે અને એની અનુભૂતિ એ તેની પર્યાય છે. અનુભૂતિ નામ આત્મા આનંદમૂર્તિ પ્રભુ આત્મા છે, એનો સમ્યગ્દર્શનના કાળમાં એનો અનુભવ થાય છે. તો એ આનંદનું વેદન થાય છે, એ અનુભૂતિ કહેવામાં આવે છે. એને સમ્યગ્દર્શન કહો, અનુભૂતિ કહો, સ્વરૂપ આચરણ કહો.... આત્મા ( શાંત સ્વભાવી ) શાંતિ જે સ્વભાવમાં હતી એ પર્યાયમાં વ્યક્ત થઈ એને અનુભૂતિ કહે છે. ઝીણો વિષય ભાઈ !

આહાહા ! ભગવાન આત્મામાં અહીં છ બોલ લેવા છે. એક પુદ્‌ગલદ્રવ્ય જડ, એનો સ્પર્શગુણ અને એની ચીકાશ લૂખ્ખી આદિ પર્યાય, એ ત્રણેય આત્માથી ભિન્ન છે. ક્યારે ? આહાહા ! કે અનંત ગુણનો પિંડ પોતાનો ભગવાન આત્મા, એમાં અનંતગુણ છે, એવી અંતર્દૃષ્ટિ થાય છે ત્યારે જે પર્યાયમાં અનુભૂતિ થાય છે, ત્યારે એને ભિન્ન છે એવું અનુભવમાં આવ્યું. પંડિતજી ? આવી વાત છે, ભગવાન વાત તો એવી ચીજ છે. આહાહાહા ! ભગવાન આત્મા !

( ઓહોહો ! ) ભગવાન કુંદકુંદાચાર્ય દિગમ્બર સંત ! પંચપરમેષ્ઠિમાં આચાર્ય ( પદમાં ) એ પંચપરમેષ્ઠિમાં આચાર્ય હતા. અને તેની ટીકા કરવાવાળા અમૃતચંદ્રાચાર્ય તે પણ પંચપરમેષ્ઠિમાં આચાર્ય હતા. જેમને સંત કહેવામાં આવે છે, સંત એને કહીએ કે જેમને પ્રચૂર સ્વસંવેદન આનંદની મહોરછાપ હોય અંદરમાં... પાંચમી ગાથામાં આવ્યું છે. કુંદકુંદાચાર્ય કહે છે અમારો વૈભવ શું છે ? આ જગતના વૈભવ માને છે પૈસા – ધૂળ ને શરીરને એ તો ધૂળ છે એ વૈભવ અમારો નહીં અમારો વૈભવ આત્મા કુંદકુંદાચાર્ય કહે છે. હું ( ચૈતન્ય ) દ્રવ્ય – ગુણ છું – હું અનંતગુણ છું અને એનો આશ્રય કરીને મારી જે અનુભૂતિ – પ્રચૂર સ્વસંવેદન પ્રગટયું. સમ્યગ્દર્શનમાં આનંદનો સ્વાદ આવે પણ થોડો – થોડો, સમ્યગ્દર્શન જે ધર્મની પહેલી સીડી, ધર્મની પહેલ – શરૂઆત, પહેલી કહે છે ને ! પહેલી શરૂઆતમાં ધર્મની ( જે ) દશા પ્રગટ જ્યારે થાય છે ત્યારે તો પહેલાં અતીન્દ્રિય આનંદનું વેદન પર્યાયમાં અનુભવમાં જે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એ સ્વાદ પર્યાય છે. આનંદ એ ગુણ છે અને દ્રવ્ય જે આનંદાદિ ધરનારો દ્રવ્ય છે. સમજાણું ?

તો.... આત્મા દ્રવ્ય છે, વસ્તુ આ પૈસા ( રૂપિયા ) દ્રવ્ય એ નહીં, હોં ? 'દ્રવતિ ઈતિ દ્રવ્યમ્' – જે દ્રવે છે – જે વસ્તુ કાયમ રહીને પર્યાયથી દ્રવે છે પરિણમે છે. એ દ્રવ્યઆત્મા જેણે દૃષ્ટિમાં લીધું તો દ્રવ્યમાં જે આનંદ જે ગુણ છે એ પર્યાયમાં – અનુભૂતિ તરીકે આનંદનો અનુભવ થયો, તો એ દ્રવ્ય – ગુણ ને પર્યાય ત્રણેય આત્માના છે. વચ્ચે જે રાગાદિ દયા–દાન

આદિ વિકલ્પ જે ઊઠે છે એ વિકાર છે. એનાથી ભગવાન આત્મા ભિન્ન છે. પણ ભિન્ન ક્યારે થાય છે કે દ્રવ્યની અનુભૂતિ કરે ત્યારે, ભિન્ન થાય છે, ભિન્ન છે એવું જ્ઞાન થાય છે. ઝીણી વાત છે પ્રભુ ! મારગ વીતરાગ – જૈન પરમેશ્વર ત્રિલોકનાથ ( તીર્થંકર દેવ ) બિરાજે છે મહાવિદેહમાં સીમંધર પ્રભુ ! ત્યાં ગયા હતા કુંદકુંદાચાર્ય સંવત ૪૯, બે હજાર વર્ષ પહેલાં ત્યાં ગયા હતા. આઠ દિવસ ત્યાં રહ્યા ને તેમને લબ્ધિ હતી ચાર તસુ જમીનથી ઊંચે ચાલવાની. ૮ દિવસ મહાવિદેહમાં રહ્યા ને ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. આહાહાહા !

એ શાસ્ત્ર બનાવ્યા એના પછી હજાર વર્ષ પછી એક અમૃતચંદ્ર આચાર્ય થયા, એમણે આ ટીકા બનાવી છે. બન્ને સંત હતા, બન્ને પંચપરમેષ્ઠિમાં અનુભૂતિનો વૈભવ – આનંદનો વૈભવ ( પ્રચૂર સ્વસંવેદન ) દશા અંદર જેમને પ્રગટ થઈ હતી. અતીન્દ્રિય આનંદની મહોરછાપ જેમની.... જેમ ( પોષ્ટ ) કાર્ડમાં મહોરછાપ લગાવે છે ને, કવર ઉપર પાડે છે એમ મુનિદશામાં પ્રચૂર અતીન્દ્રિય આનંદની મહોરછાપ પડે છે. આહાહા ! સમજાણું કાંઈ... ?

અહીંયા તો હજી અનુભૂતિની વાત ચાલે છે. એનાથી ( મુનિથી ) નીચલા દરજજાની વાત – મુનિના દરજ્જાથી અનુભૂતિની ચીજ ચોથા ગુણસ્થાનમાં નીચેની ચીજ છે. સમ્યગ્દર્શનની જ્યારે ઉત્પત્તિ થાય છે ત્યારે તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. જ્ઞાયક ચિદાનંદ ! નિમિત્તથી પણ હઠીને, રાગ – દયા – દાન – વ્રત – ભક્તિ આદિનો રાગ, એનાથી પણ હઠીને, પર્યાયથી પણ હઠીને ત્રિકાળ જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાય છે. સમજાણું કાંઈ ? ત્યારે એને સમ્યગ્દર્શન થાય છે, અને ત્યારે તેને અનુભૂતિ થાય છે આનંદની. ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે, અહીંયા આ વાત છે. પ્રભુ ! ( આત્મા ) એ અનુભૂતિથી ભિન્ન છે કહ્યું ને ! કેમ એવું કહ્યું ? આ તો ટીકા ગંભીર છે ! ચીકાશ આદિ એ સર્વ જીવના નથી, કેમ કે પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય – પરિણામમય એમ કહ્યું. કેમ ? કે જે ચીકાશ – લૂખાશ આદિ જે પર્યાય છે એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામવાળા ( એમ ) નહીં ( પરંતુ ) પરિણામમય – અભેદ છે એ સ્પર્શગુણાદિ છે. એની ચીકાશ – લૂખાશ ( આદિ ) જે છે એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય ( એટલે કે ) એની સાથે અભેદ છે.

આહાહા ! અને આત્મામાં આત્માની અનુભૂતિ છે એ આત્મદ્રવ્ય સાથે અભેદ છે. ઝીણી વાત છે ભાઈ ! આ તો સમયસાર છે, આ તો ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ એમની દિવ્યધ્વનિ ( છે ) એ સાંભળીને આવ્યા કુંદકુંદાચાર્ય, ( તેઓ ) સંત હતા – મુનિ ( રાજ ) હતા ભાવલિંગી ! એ પ્રભુ ( તીર્થંકર સીમંધરનાથ ) પાસે ગયા, ભગવાન તો ( મહાવિદેહમાં ) બિરાજે છે. અત્યારે ( વર્તમાન ) બિરાજે છે. સંવત ( ૪૯ ) બે હજાર વર્ષ પહેલાંની વાત છે. સમજાણું કાંઈ... ?

( આનો આધાર ) જયસેન આચાર્યની ટીકામાં છે – સંસ્કૃત ટીકા છે ને ! સમયસાર ( ટીકા ) જયસેન આચાર્યની ( તેમાં આધાર છે ) કે ભગવાન ( કુંદકુંદ ) ત્યાં ગયા હતા અને ( એક ) બીજું દર્શનસારમાં છે, એક દેવસેનાચાર્ય થયા, એનું દર્શનસાર ( ગ્રંથ ) પુસ્તક છે નાનું, ત્યાં શ્લોક છે કે એ પ્રભુ કુંદકુંદાચાર્ય મહાવિદેહમાં જઈને આ જે વસ્તુ ( તત્ત્વજ્ઞાન ) અમને આપ્યું, જો ન આપ્યું હોત તો અમને મુનિપણું શી રીતે પ્રાપ્ત થાત ! એમના દર્શનસારમાં છે, દર્શનસાર પુસ્તક ( અત્યારે ) અહીં નથી, રાત્રે કાઢયું ' તું કાલ, અહીંયા તો બધા હજારો પુસ્તક છે.

આહાહા ! એ કુંદકુંદાચાર્ય ભગવાન સંત હતા ભાવલિંગી – અનુભવી આનંદના વેદવાવાળા

-( આત્મ ) વૈભવ પોતાના અંતરમાં પ્રગટ થયો હતો, તેઓ ત્યાં ગયા હતા. અહોહો ! સાક્ષાત્ ભગવાન ( સીમંધરપ્રભુ ) ના દર્શન કર્યાં, કેટલું ' ક સમાધાન શ્રુતકેવળી પાસેથી કર્યું ( ત્યાં ) શ્રુતકેવળી ( ઓ ) બિરાજે છે ને અત્યારે ! આ તો બે હજાર વર્ષ થયાં... ! !

અત્યારે ભગવાન બિરાજે છે - વર્તમાન બિરાજે છે. આયુષ્ય ક્રોડપૂર્વનું છે પાંચસે ધનુષનો દેહ છે - બે હજાર હાથ, ભગવાન મનુષ્યપણે વર્તમાન ( દેહસહિત ) બિરાજે છે. ( કુંદકુંદાચાર્યે ) ત્યાંથી આવીને આ ટીકા ( સમયસાર આદિ ગ્રંથ ) બનાવ્યા, ટીકા અમૃતચંદ્રાચાર્યે બનાવી, તો ( તેઓશ્રી ) કહે છે, પ્રભુ ! એક વાર સાંભળતો ખરો ! ભગવાન તરીકે જ બોલાવે છે ( સૌ જીવને ) ૭૨ ગાથામાં આવ્યું છે.... ભગવાન આત્મા ! એમ જ કહે છે. ૭૨ ગાથામાં છે કે પુણ્ય ને પાપના ભાવ, દયા-દાન-વ્રત-ભક્તિ આદિના ભાવ એ બધા અશુચિ છે. ( સમયસાર ) કર્તા - કર્મ અધિકાર અશુચિ કહે છે. અમૃતચંદ્ર આચાર્ય ટીકામાં કહે છે. અને ભગવાન આત્મા શુચિ ( પવિત્ર ) છે. એ તો અશુચિથી ભિન્ન નિર્મળાનંદ છે. સમજાણું કાંઈ ?

આહાહા ! જેમને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય તો નિર્મળાનંદ પ્રભુ ( આત્માની ) દૃષ્ટિ કરવી પડશે. એની દૃષ્ટિ નિમિત્ત ઉપરથી હઠી જશે, રાગ-વિકલ્પ જે છે ભક્તિ આદિનો એનાથી પણ દૃષ્ટિ હઠી જશે. ભગવાનની ભક્તિ આદિના જે ( ભાવ ) એ તો રાગ છે. પોતાની સ્વરૂપ ભક્તિ - ( નિજમાં ) એકાગ્રતા એ નિશ્ચય ભક્તિ છે - એ વીતરાગી ભક્તિ છે. આહાહાહા ! સમજાણું કાંઈ... ?

એ આત્મામાં જ્યારે સ્પર્શગુણની પર્યાય નથી, ને ( પુદ્ગલ ) દ્રવ્ય જે છે એમાં સ્પર્શગુણ છે અને ચીકાશ આદિ લૂખાશ ( વગેરે ) પર્યાય છે એ પર્યાય પુદ્ગલથી પરિણામમય છે - પુદ્ગલથી તન્મય છે. આપણા જીવથી ભિન્ન છે, પણ ક્યારે ભિન્ન છે ? જ્યારે અનુભૂતિ ( આત્માની ) થાય છે તો ભિન્ન છે. નહિંતર ( એમને એમ ) માનવું ધારણા કરવી, ધારણામાં ( તો ) એમ કર્યું કે આ રાગાદિ - સ્પર્શાદિ આત્માથી ભિન્ન છે એ કાંઈ વસ્તુ નહીં, અનુભૂતિ આત્માની જ્યારે થાય છે ત્યારે ભિન્ન - યથાર્થ ભાનમાં આવે છે. આહાહા !

એ અહીં કહે છે દેખો ! એ પરિણામમય હોવાથી, છે ? એક-એક શબ્દમાં મહાન શક્તિ ( ભાવ ) છે. હજી તો ચોથા બોલની સ્પર્શની ( વાત ) ચાલે છે. ચોથો બોલ ચાલે છે - પરિણામમય હોવાથી, કોણ ? ચીકાશ, લૂખાશ આદિ જે ઠંડી - ગરમ એ બધી પુદ્ગલની પર્યાય પુદ્ગલમાં છે, પોતાની અનુભૂતિથી ભિન્ન છે, આપણી અનુભૂતિથી ભિન્ન છે, દ્રવ્યથી ભિન્ન છે એ નહીં. ( પણ ) જીવ દ્રવ્યથી ભિન્ન ( નથી કહ્યું ) કેમ કે ભિન્ન તો દ્રવ્યથી છે જ પણ એની અનુભૂતિ થયા વિના ભિન્ન છે એવું અનુભવમાં નથી આવતું. આહાહાહા !

આ સ્પર્શ છે ને ! ઠંડો - ગરમ, ભારે, હળવો, ચીકણો - લૂખ્ખો એ પુદ્ગલમાં પુદ્ગલના પરિણામમય એ પુદ્ગલથી પર્યાય અભેદ છે એની સાથે, પણ ( એ પર્યાયો ) આત્મામાં નથી. આત્મા ભગવાન આત્મામા નથી તો ક્યારે નથી ? કે જ્યારે એનો ( આત્માનો ) અનુભવ થાય છે - જ્ઞાયક શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ, પરમસ્વભાવભાવ, પારિણામિકભાવ, સહજાત્મસ્વરૂપ પ્રભુ ( આત્મ ) દ્રવ્ય, એની દૃષ્ટિ કરવાથી, ( એનું જ્ઞાન કરવાથી ) જ્ઞાનનું લક્ષ ત્યાં દોરવાથી, પર્યાયમાં જે અનુભવ આનંદનો હોય - જ્ઞાનની વ્યક્તતા હોય, જ્ઞાનની વ્યક્તતા - સમકિત

હોય – વીર્યની વ્યક્તતા હોય, સ્વરૂપ નિર્મળ એની રચના કરે એવી વ્યક્તતા હોય એને અહીંયા અનુભૂતિ કહે છે. અરે ! ભગવાન ! સમજાણું કાંઈ... ?

આ તો હિન્દી કહે છે ને ! આ તો હિન્દીમાં આવ્યું ને ! અમારે પંડિતજી આવ્યા છે ને ! મારગ આવો છે ભગવાન. આહાહાહા !

આહાહા ! અનુભૂતિથી ભિન્ન છે, પુદ્‌ગલમય જે ચીકાશ – લૂખાશ ( આદિ ) એ જીવદ્રવ્યથી ભિન્ન છે એમ ન કહ્યું કેમ કે જીવદ્રવ્યથી તો ભિન્ન જ છે પણ ભિન્ન ક્યારે અનુભવમાં આવે ? પોતાના આત્માનું અનુસરણ કરીને અનુભૂતિ... ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદ જિનબિમ્બસ્વરૂપ, જિનસ્વરૂપ "ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન" – ઘટ ઘટ અંતર જિન વસે ( એટલે કે ) ભગવાન જિનસ્વરૂપી જ અંદર બિરાજમાન છે. અત્યારે હોં ? ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન – એ ઘટમાં અંદર જિનસ્વરૂપ ( વીતરાગસ્વરૂપ ) છે, એની એકાગ્રતાથી અનુભૂતિ થાય છે, ત્યારે એને જૈન કહેવામાં આવે છે. આહાહા !

બાકી તો વાડામાં ( સંપ્રદાયમાં ) જૈન નામ ધરાવે એ કોઈ ચીજ નહીં. 'ઘટ ઘટ અંતર જિન વસે' ( આ પદ ) બનારસીદાસ ( નું ) સમયસાર નાટકકાર ( નું છે ) સમયસાર કળશ ટીકા ( માંથી બનાવેલ છે. ) ઓહોહો ! ઘટ ઘટ અંતર જિન વસે આ દેહ ( દેવળમાં ) મંદિરમાં ભગવાન ( આત્મા બિરાજે છે ) આ ( દેહ ) તો મસાણની ધૂળ છે – કર્મ અંદર ( સૂક્ષ્મ ) ધૂળ – માટી છે. આહાહાહા !

પુણ્ય ને પાપના શુભઅશુભ ભાવ એ તો પુણ્ય પાપતત્ત્વ ભિન્ન છે, આ નવ તત્ત્વ છે ને – તો શરીર – કર્મ અજીવ તત્ત્વ છે, દયા – દાન – વ્રત – ભક્તિ પુણ્ય તત્ત્વ, હિંસા – જૂઠ – ચોરી એ પાપ તત્ત્વ છે. ભગવાન આત્મા એ અજીવ ને પુણ્ય – પાપ તત્ત્વથી ભિન્ન જ્ઞાયક તત્ત્વ છે. એ જ્ઞાયક તત્ત્વનો જ્યારે અનુભવ થાય છે – એ ચિદાનંદ પ્રભુ સહજાત્મસ્વરૂપ – સહજાનંદ એ સહજ આનંદનો કંદ પ્રભુ, એનો આશ્રય કરીને – એનું અવલંબન લઈને જે પર્યાયમાં – દશામાં ( અવસ્થામાં ) આનંદનો અનુભવ થવો એનું નામ ( સ્વાનુભૂતિ – સમ્યગ્દર્શન છે. )

કોણ છે ? છોકરાંવને બહાર લઈ જાવ, છોકરાંવને બહાર લઈ જાવ છોકરાંવને.... ભાઈ ! આ તો સમયસાર છે અને એનો એક એક શ્લોક ( ગાથા ) અલૌકિક છે ! ભગવાન ! સમય નામ ( શુદ્ધ ) આત્મા એનો સાર ! એ દયા – દાન – વ્રત ના રાગથી પણ ભિન્ન ભગવાન છે. એ આત્મા આનંદ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા, સત્ નામ કાયમ રહેવાવાળો, ચિદ્ નામ જ્ઞાન ને આનંદ નામ સુખ– શાંતિ, એ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા અંદર, એના તરફનો ઝૂકાવ કરવાથી, અનાદિનો ઝૂકાવ તો રાગ અને પર્યાય ઉપર છે –અંશ ઉપરને રાગ ઉપર, પર્યાય એક અંશ છે, તે આખી ચીજ નહીં. તે અનાદિથી એક સમયની પર્યાય ને રાગ, દયા – દાનના વિકલ્પશુભ તે ઉપર દૃષ્ટિ અનાદિની છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. 'પર્યાય મૂંઢા પર સમયા' એક સમયની પર્યાય મારી છે એ પણ પર્યાયમૂઢ જીવ છે. અને રાગ – દયા – દાન તે મારા છે ( એવા અભિપ્રાયવાળો ) મહામૂઢ છે. આહાહા !

પણ એક સમયની પર્યાય જે છે એ તો નાશવંત છે ( ક્ષણભંગુર ) ભગવાન ( આત્મા ) અંદર ધ્રુવ – અવિનાશી – ત્રિકાળી ચૈતન્યઘન છે. એ ચૈતન્યઘનની દૃષ્ટિ કરવાથી, પર્યાયની દૃષ્ટિ

છૂટી જાય છે ત્યારે ( આત્માનો ) અનુભવ થાય છે, એ અનુભૂતિથી સ્પર્શગુણની પર્યાય ભિન્ન છે, ત્યારે જાણવામાં આવ્યું. સમજાણું કાંઈ... ? એક બોલ, આ ચોથો બોલ થયો.

( હવે ) પાંચમો ( બોલ ) સ્પર્શાદિ સામાન્ય પરિણામમાત્ર રૂપ છે. હવે શું કહે છે ? દેખો, સ્પર્શ, રસ, ગંધ વર્ણ, રંગ એ ચાર સામાન્ય છે, સ્પર્શ આદિ સામાન્ય પરિણામ માત્ર રૂપ – એને રૂપ કહે છે. કેમ ( રૂપ ) કહે છે ? કે રંગ – ગંધ, રસને સ્પર્શ એ ચાર સામાન્ય રૂપ જે છે એને રૂપ કહે છે. આ તો ઝીણી વાત છે, ભાઈ આ તો ભગવાનની વાણી સૂક્ષ્મ છે. કહે છે કે જે સ્પર્શાદિ, આદિ શબ્દ કહ્યો છે ને ! સ્પર્શ, ગંધ, રસને રંગ એ ચાર લેવા સ્પર્શાદિ સામાન્ય માત્ર એકરૂપ પરિણામમાત્ર એકરૂપ એને 'રૂપ' કહે છે ( આહા ! ) પરમાણું – પુદ્ગલમાં સ્પર્શ, ગંધ, રસ, વર્ણ – રંગ એ સામાન્યને અહીંયા 'રૂપ' કહે છે. એ રૂપ છે.

એ વર્ણ જીવનો નથી. એ રૂપ ( માં ) ચાર જે પર્યાય એકસાથે કહી, દ્રવ્યના ગુણની પર્યાય સામાન્ય, ઓલામાં એક એક ( પર્યાય ) લીધી હતી. રંગ, ગંધ, રસ, સ્પર્શ એક – એક ( પર્યાય ), હવે એ ચારનું એકરૂપ સામાન્ય તેને 'રૂપ' કહે છે. એ રૂપથી ભગવાન આત્મા ભિન્ન છે. હવે આ શરીરને હાડકાં ને માંસ એ તો હવે જડ છે – માટી છે, એ આત્મામાં નથી. આત્મામાં એ નથી એનામાં આત્મા નથી. શું કીધું ? આ તો હાડકાં – માંસ ( ચામડી ) છે જડ-પુદ્ગલની પર્યાય છે આ ઉપર દેખાય તો એમાં આત્મા નહીં અને આ આત્મામાં નહીં. આહાહા...

વીતરાગી જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન બહુ સૂક્ષ્મ છે ભાઈ ? એ બીજે ક્યાંય વીતરાગ સિવાય બીજે ક્યાંય છે નહીં. કોઇ પંથમાં એ માર્ગ છે નહીં. આહાહા !

એવો પંથ આ સૂક્ષ્મ ગજબ વાત છે, ભાઈ ! આવી સૂક્ષ્મ વાત શ્વેતાંબરમાંય નથી, કારણકે એ તો શ્વેતાંબર તો બે હજાર વર્ષ પહેલાં દિગમ્બરમાંથી જુદા પડી ગયા, દૃષ્ટિ વિપરીત થઈને પછી શાસ્ત્ર બનાવ્યા, ભગવાન એમાં આ વાત છે નહીં. આ તો સંતો ! દિગમ્બર ( ભાવલિંગી ) મુનિઓ ! કેવળીના કેડાયતો ! એમની ( સાક્ષાત્ તીર્થંકરની ) દિવ્ય ધ્વનિમાંથી જે ગ્રહણ કર્યું ને એમણે પોતાની વાણીમાં આવ્યું. ... ત્યાં તો આવું કહે છે કુંદકુંદાચાર્ય એમ કહે છે ( સમયસારમાં કહે છે કે ) હું મારો પોતાનો વૈભવ કહીશ, ભગવાન કહે છે માટે કહીશ એવું નથી – હું મારા અનુભવથી કહીશ, એમ કહ્યું છે. સમજાણું કાંઈ... ?

અને શ્વેતાંબરમાં તો એવું આવે છે, મેં તો સાંભળ્યું છે ( એમના શાસ્ત્રમાં ) સુધર્મ સ્વામી કહે છે, ભગવાન એમ કહેતા હતા, એમ કહે છે ( તેઓ ), આ કહે છે કુંદકુંદાચાર્ય હું તો મારા નિજવૈભવથી કહીશ, ભગવાન કહે છે માટે કહીશ એમ નહીં. મારી અનુભૂતિ આત્માની આનંદની, સ્વાદ મને પ્રચૂર આવ્યો છે. ચોથા ગુણસ્થાનમાં સમકિતીને આનંદ આવે છે પણ થોડો છે. પંચમ ગુણસ્થાનમાં સાચા શ્રાવક આ શ્રાવક છે તે તો શ્રાવક જ નથી, જેમને પંચમ ગુણસ્થાન દશા સમકિતસહિત અંદરની શાંતિની વૃદ્ધિ થઈ છે એવા પંચમગુણસ્થાનમાં જે અનુભૂતિ છે એ આનંદનો સ્વાદ ચોથા ( ગુણસ્થાન ) કરતાં વિશેષ છે. એનાથી પણ વિશેષ ( આનંદ ) મુનિરાજને છે અતીન્દ્રિય ! એટલે તો ( મુનિરાજ ) કુંદકુંદાચાર્યે પાંચમી ગાથા ( શ્રીસમયસાર ) માં કહ્યું અમને પ્રચૂર સ્વસંવેદન ( વર્તે ) છે. પ્રચૂર શબ્દ કહ્યો છે. પાંચમી ગાથા ( ની ) ટીકામાં છે. સમજાણું કાંઈ... ? આહા ! ઝીણી વાત પ્રભુ ! વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ

પ્રભુ ! આહાહા !

એ અનુભૂતિ ( આત્માની ) અતીન્દ્રિયઆનંદનો સ્વાદ ઉગ્ર ( વર્તે ) એને મુનિપણા છે, મુનિપણા કોઈ નગ્નપણાને કે પંચમહાવ્રતની ક્રિયા એ કાંઈ મુનિપણા નહીં. સમજાણું કાંઈ... ?

અહીં એ કહે છે, એ રૂપથી હું ભિન્ન છું. એ રૂપ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય, પરિણામવાળા નહીં. પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય એવા 'વર્ણ – ગંધ – રસ – સ્પર્શરૂપ એ બધું રૂપ' – એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય – પુદ્‌ગલદ્રવ્યની પર્યાયોનું ( એકપણું ) રૂપ – અભિન્ન, એવું હોવાથી પોતાની અનુભૂતિથી ભિન્ન છે. એકલા આત્માથી ભિન્ન એમ નહીં રૂપ મારાથી ભિન્ન છે રૂપ, હું અરૂપી ભગવાન ( આત્મા ) પ્રભુથી ભિન્ન એમ નહીં ( પરંતુ ) એની ( આત્માની ) અનુભૂતિ હો, આનંદનો સ્વાદ હો – એવી અનુભૂતિથી એ રૂપ ભિન્ન છે. આવું ભેદજ્ઞાન બતાવ્યું, ભગવાન આમ છે ભાઈ ! લોકો માને ન માને, વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ... ? બે બોલ થયા. થઈ ગયાને ! ( બોલ ) પાંચ થયાને !

જે ઔદારિક શરીર છે, આ ઔદારિક શરીર એનાથી ભગવાન આત્મા અંદર ભિન્ન છે. ( આ શરીર – દેહ ) એ તો માટી છે. પુદ્‌ગલ અસ્તિકાય, આટલામાં તો અનંતા સ્કંધ છે, રજકણ – પરમાણું અનંતા સ્કંધ તેમાં એક પરમાણું ને એક પરમાણુંમાં અનંતગુણ જેટલી સંખ્યાએ આત્મામાં ગુણ છે – અનંત ગુણ છે ચૈતન્ય, એટલી સંખ્યાએ એક પરમાણુંમાં જડ ગુણ છે. બધાં પુદ્‌ગલનું આ ઔદારિક શરીર છે એનાથી ભગવાન ( આત્મા ) ભિન્ન છે. ક્યારે ? કે ભિન્ન તો છે પણ આત્મદ્રવ્યનો અનુભવ હો – આનંદનો ત્યારે ભિન્ન છે, એવું ભાન થયું. આહાહા !

આ તો શૂરવીરના કામ છે. વીરનો માર્ગ છે શૂરાનો, કાયરનાં કામ નહીં ત્યાં. અહીંયા તો પરમાત્મા ( કહે છે ) એ સંત કહે છે – એ પરમાત્મા જ છે. પરમેષ્ઠિ છે અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય ( આદિ ) દિગમ્બર સંત, કોઈપણ હો ત્યારે પરમેષ્ઠિમાં આવે, એ એમ ફરમાવે છે કે ઔદારિક શરીરથી તમે ભિન્ન છો. એકવાત, ( બીજી વાત ) ઔદારિક શરીર જે છે એ પુદ્‌ગલની પર્યાય છે. આ પુદ્‌ગલની પર્યાય છે. પર્યાય હો, ગુણ નહીં, ગુણ તો ત્રિકાળ રહે છે અંદર, પુદ્‌ગલ ત્રિકાળ રહે છે એવા ગુણ પણ ત્રિકાળ રહે છે અને આ પર્યાય તો એક સમયની જુદી જુદી છે. તો આ ઔદારિક ( શરીર ) આ પર્યાય છે, એને હું ચલાવું કે હલાવું એ આત્મામાં છે જ નહીં, આત્મા ઔદારિક શરીરને હલાવી શકે છે ? કે દૂર કરી શકે છે ? હાથથી ( ચોપડીના ) પાનાં ફેરવી શકે છે ? એવી ( શક્તિ ) આત્મામાં છે જ નહીં. પંડિતજી જયપુરનાં પંડિતજી પ્રોફેસર જયપુર પ્રોફેસર છે, મોટા – બડા અહીંયા રહે છે, છોડી દીધું છોડીને ( અહીં છે. ) આહાહા !

શું કહે છે ? આ ઔદારિક શરીર જે પુદ્‌ગલની પર્યાય છે, આ ( દેહ ) તો પરમાણુની પર્યાય છે, એનાથી ભગવાન ( આત્મા ) ભિન્ન છે. ક્યારે ? કે આત્મા આનંદસ્વરૂપી છે એવી દૃષ્ટિ કરીને ચૈતન્ય જ્ઞાયક નિત્યાનંદ પ્રભુ એ ઉપરની દૃષ્ટિ કરીને જેને ( પોતાની ) પર્યાયમાં આનંદનો અનુભવ આવે, જેમાં શાંતિનો સ્વાદ આવે ત્યારે એને એ અનુભૂતિમાં ( આવ્યું કે ) એ ઔદારિક શરીર ભિન્ન જાણવામાં આવ્યું. સમજાય છે કાંઇ ? આહાહા ! આમ કહે કે આ ઔદારિક શરીર મારું નથી ( શરીર પર છે ) એ તો એક ધારણા કરી લીધી. સમજાણું કાંઈ ? આ શરીર મારામાં નથી – શરીર જડ છે પણ એ તો ( મનમાં ) ધારણા, એ વસ્તુ ( અનુભૂતિ ) – અનુભવ

ન થયો. એવું તો અનંત વાર કર્યું છે. અગિયાર અંગ ભણ્યો અનંત વાર ભણ્યો એ કોઈ ચીજ ( સ્વાનુભવ ) નહીં. ( મુદ્દો વિચારવાનો છે ! ) મુદ્દા – માલની વાત છે. અહીં એકે એક ( વાત ) કઠિન ! એકે એક શબ્દ ગજબ છે ! સમયસાર ભગવાન તીર્થંકરની સાક્ષાત્ વાણી ! અજોડ – અજોડ છે ! દિવ્યચક્ષુ કહેવાય છે. આહાહાહા !

કહે છે કે ઔદારિક શરીર એ જીવમાં નથી ક્યારે ? કે જ્યારે જીવનો અનુભવ થાય છે કે આ જીવ ( આત્મા ) છે ? જીવ તો ત્રિકાળી ( છે, ને છે ) પણ એની પર્યાયમાં એનો અનુભવ હો, ત્યારે એવું માલૂમ થાય છે ને ! છે તો ત્રિકાળી ! નિગોદના જીવમાં પણ પર્યાયમાં અક્ષરના અનંતમા ભાગે ( જ્ઞાન છે ) આવું હોવા છતાં દ્રવ્ય તો ત્યાં પરિપૂર્ણ છે. ભગવાન તો પરિપૂર્ણ દ્રવ્ય છે અને કેવળજ્ઞાન થયું પર્યાયમાં ત્યારે દ્રવ્ય તો પરિપૂર્ણ જ છે. એ દ્રવ્ય ( આત્મદ્રવ્ય ) પરિપૂર્ણ છે એમાં ક્યારેય ઓછા – વત્તા પણું કે વધઘટ થતી નથી. ત્રિકાળી જ્ઞાયકમૂર્તી ધ્રુવ પ્રભુ નિત્યાનંદ જ્ઞાયક, એમાં ઔદારિક શરીર નથી. એ ઔદારિકમાં ( જે જે ) ક્રિયા થાય છે એ મારામાં નહીં, એ ક્રિયા થાય છે એ મારાથી નહીં.

તો... હું કોણ છું ? કે હું તો અનુભૂતિ, ચૈતન્યસ્વરૂપ પ્રભુ ત્રિકાળ એનું અનુસરણ કરીને એને અનુસરીને થવાવાળો અનુભવ થયો, એ જ્ઞાન– આનંદ – શાંતિ આદિ જે અનંતગુણ છે જેટલા આત્મામાં અનંતગુણ કેટલા છે ? કે લોક ( અલોક ) ના આકાશનો અંત નથી, આ ચૌદ બ્રહ્માંડ છે એ તો અસંખ્ય જોજનમાં છે, અને પછી આકાશ – આકાશ – આકાશ, આહાહા ! અંત નહીં, અંત છે તો પછી શું પછી શું ? તો એવો અલોક – અંત વિનાનો, દશેય દિશામાં અનંત – અનંત આકાશ છે તો એનાં જેટલા પ્રદેશ છે એક પરમાણું જેટલી જગ્યામાં રોકાય તેનું નામ પ્રદેશ તો આવું જે અંતવિનાનું આકાશ એનો જે પ્રદેશ છે અનંત, તેનાથી અનંતગુણા એક આત્મામાં ગુણ છે, અરેરે ! સમજાણું કાંઈ ? એટલા અનંતગુણા એક પરમાણુમાં ગુણ છે.

એક આકાશ નામનો પદાર્થ છે જેનો ક્યાંય અંત નથી, દશેય દિશામાં ઉપર – ( નીચે ) ક્યાંય અંત નથી, ઉપર અંત છે ક્યાંય ? અંત વિનાના ( આકાશમાં ) એટલા પ્રદેશ અનંત – અનંત છે, એનાં અનંત ગુણ તો આકાશ પ્રદેશમાં છે, પ્રદેશ અનંત છે પણ એમાં અનંત ગુણા તો ગુણ છે. અને આ ભગવાન આત્મામાં જેટલા અનંતગુણા પ્રદેશથી ગુણ ( કહ્યા ) એ ( આકાશના ) અનંતગુણા ગુણથી અનંતગુણા ગુણ આત્મામાં છે. અનંત પ્રદેશ એ અનંતગુણ એનાથી પણ અનંત ગુણ છે. અનંત પ્રદેશ છે એક એક પ્રદેશમાં અનંત્તગુણ એમ આત્મામાં અહીંયા અનંત ગુણ છે. આવું ક્યાં ! ( આવું ઝીણું જાણવું જોઈએ ) હેં ! જાણવું બધું જોઈએ, જાણશે તો... નહિતર તો એને નિવેડા નહીં આવે બાપા !

આહા ! ભવના અંત ( લાવવા ), ભવ કરી–કરીને, એક નિગોદમાં એક શ્વાસમાં અઢાર ભવ ! બાપુ એ શું છે ભાઈ ! પ્રભુ તો એમ કહે છે, 'રત્નકરંડ – શ્રાવકાચાર' માં લખ્યું છે. નરકમાં પ્રભુ ! તેં એટલું દુઃખ સહન કર્યું કે તારી એક ક્ષણનું દુઃખ કરોડ જીભે ને કરોડ ભવે ન કહી શકાય, પ્રભુ ! તેં એટલું દુઃખ સહન કર્યું છે. એવું તો એક ક્ષણનું હોં ? એવું એવું તો તેંત્રીસ – તેંત્રીસ સાગર ! પ્રભુ ત્યાં તું રહ્યો !

એટલું દુઃખ સહન કર્યું તો પણ અંદર ( આત્મ ) દ્રવ્યમાં કોઈ કમી નથી થઈ. દ્રવ્ય તો

પૂર્ણાનંદનો નાથ ભર્યો છે ( પરિપૂર્ણ છે. ) અહીં તો એમ કહે છે કે આ ઔદારિક ( શરીરથી ) ભિન્ન છે પણ એ ભિન્ન છે. એ શું ? કે દ્રવ્ય છે ( આત્મદ્રવ્ય છે ) એમાં અનંતગુણા ગુણ છે. આકાશના પ્રદેશથી પણ અનંતગુણા ગુણ છે.

એ અનંતગુણા ગુણ એનો ધરનારો ભગવાન આત્મા, એની જ્યારે દૃષ્ટિ કરે છે, પરથી ( દૃષ્ટિ ) ઉઠાવીને, બધાથી ( દૃષ્ટિ ) હઠાવીને, ત્યારે પયાર્યમાં જેટલા ગુણ છે, એટલા ગુણમાંની પર્યાયમાં વ્યક્ત – પ્રગટ અંશ દશા પ્રગટ થાય છે. જેટલા અનંતગુણ છે એટલા અનુભૂતિમાં એ અનંતગુણની વ્યક્ત દશા, એક સમયમાં અનંતગુણની વ્યક્ત દશા અનંતી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ... ? અરે આવી વાતું વીતરાગ સિવાય ક્યાં છે બાપા ! વેદાંત ને ( બીજા ) ભલે વાતું ભલે બધી કરે, ( એ ) લોકો આત્મા, આત્મા... ( પણ ) કાંઈ છે નહીં. વીતરાગ સિવાય કોઈ કહી શકે નહીં ! સર્વજ્ઞોએ દેખ્યું છે, એમણે કહ્યું છે તે છે. જેનામાં સર્વજ્ઞ જ નથી, એણે તો વાતો કરી બધી કલ્પનાથી કરી છે બધી. આ તો ત્રણલોકના નાથ ત્રણલોકના જાણનાર સર્વજ્ઞ ! સર્વજ્ઞનો વિરહ જગતમાં ત્રણકાળમાં કદી હોતો નથી. ત્રણકાળમાં ત્રણલોકના જાણનારનો – કેવળીનો ત્રણકાળમાં વિરહ હોતો નથી. ભૂતકાળમાં રહ્યા ને અત્યારે છે ને ભવિષ્યમાં રહેશે. સમજાણું કાંઈ... ?

શું કહ્યું ? ત્રણકાળ ને ત્રણલોકમાં, ત્રણકાળને ત્રણલોકના જાણનારનો ક્યારે ય વિરહ હોતો નથી, ભૂતકાળમાં ભગવાન ( અરિહંત ) હતા, અત્યારે પણ છે ને ભવિષ્યમાં પણ રહેશે, સમજાણું કાંઈ ? એ સર્વજ્ઞ ભગવાને સર્વ જોયું – દેખ્યું એ વાણીમાં આવ્યું. એ સંતોએ અહીં વાત કહી, આડતિયા થઈને ( કહ્યું ) માલ સર્વજ્ઞનો છે એ સંતો – અનુભવીઓ, કેવળીના કેડાયતો, આડતિયા થઈને – આડતિયા સમજતે હો ? વેપારી... આડતિયા થઈને ( સંતો, સર્વજ્ઞનો માલ ) આપે છે, જગતને ! કે માર્ગ આ છે આ વસ્તુ છે. આહાહા ! માનવું પ્રભુ તારા અધિકારની વાત છે. વસ્તુ તો આ છે. આહાહા !

ઔદારિક, વૈક્રિયિક ( આદિ ) શરીર છે. નારકી, દેવોને વૈક્રિયિક શરીર હોય છે એ પણ પુદ્‌ગલની પર્યાય છે. ભગવાન ( આત્મા ) એનાથી ભિન્ન છે, અંદર !

એ ક્યારે ભિન્ન છે ? કે અનુભૂતિ હો ત્યારે ભિન્ન છે, એવી ( ખબર ) માલૂમ થાય છે. વિષય, બાપુ ! આ તો વીતરાગ ત્રણલોકના નાથ ( તીર્થંકર – સર્વજ્ઞ ) આહાહા ! ભાઈ, જેને ઇન્દ્રો સાંભળવા આવે. ઇન્દ્ર – સુધર્મ દેવલોકનો ઇન્દ્ર, એક ભવતારી છે, સુધર્મ દેવલોક છે ને બત્રીસ લાખ વિમાન, એક એક વિમાનમાં અસંખ્ય દેવ ! કોઈ ( વિમાનમાં ) થોડા પણ અસંખ્યવાળા છે. થોડા અસંખ્ય વિમાન થોડા, અસંખ્યવાળા ઘણાં છે. એનો સ્વામી, સુધર્મ ઇન્દ્ર અત્યારે છે, એક ભવતારી છે ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષમાં જવાવાળા છે એવો સિદ્ધાંતમાં લેખ છે. અને એની પટરાણી ઇન્દ્રાણી છે એ પણ એક ભવ કરીને મોક્ષ જવાવાળી છે, એ જ્યારે સાંભળવા આવે છે – સાંભળવા આવે છે તે વાણી કેવી હશે ! ત્રણ જ્ઞાન, એકાવતારી, બત્રીસલાખ વિમાનનો સાહેબો, ( એ બધું ) છોડીને ભગવાનની વાણી સાંભળવા આવે. તે વાણી કેવી હશે ! ભાઈ, લ્યો ! દયા પાળો, વ્રત કરો એવી ( હશે ? ) એવી તો કુંભારેય વાતું કરે છે. આહાહા !

અહીં તો પરમાત્મા ! એનું કહેલું સંતો કહે છે જગતને ! વૈક્રિયિક શરીરથી તું જુદો છો.

આહારક શરીરથી પણ તું ભિન્ન છે, આહારક શરીર મુનિને હોય છે. એ આહારક શરીરથી તું ભિન્ન છે. ક્યારે ? અનુભૂતિ થાય ત્યારે ! આત્મા, અનંત અનંત આનંદનો સાગર પ્રભુ ! જેમાં અતીન્દ્રિય આનંદ ઠસ્સોઠસ્સ ભર્યો છે. ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય શાંતિ અતીન્દ્રિય સ્વચ્છતા – અતીન્દ્રિય ઈશ્વરતા પૂર્ણ ભરી છે એવું દૃષ્ટિમાં અનુભવમાં – અનુભૂતિમાં હોય ત્યારે એ આહારક શરીરથી ભિન્ન ( છે ) એવું ભાન થયું. તેજસ શરીરથી ભિન્ન છે, તેજસ શરીર છે ને એક અંદર, એનાથી ( આત્મા ) ભિન્ન છે કાર્મણ શરીરથી ભિન્ન છે દેખો ! કાર્મણ શરીર છે. વિશેષ કર્મની પ્રકૃતિ ૧૪૮ હોય છે પણ સામાન્ય પ્રાણીને એકસો અડતાલીસ ન હોય. આહારકને એ ન હોય. તીર્થંકરપદ તેને થોડી હોય છે. પણ એ બધું કાર્મણ શરીર આખું પિંડ છે એની જે પર્યાય કાર્મણ શરીર છે એ જડની પર્યાય છે. ( પુદ્‌ગલ ) દ્રવ્ય છે અને દ્રવ્યના ગુણ છે એ તો કાયમી છે. પણ કાર્મણરૂપ પર્યાય થાય છે એ તો અવસ્થા છે.

શું કીધું ? કાર્મણ શરીરની પર્યાય કેમ કીધી કે વસ્તુ જે છે અંદર પરમાણું તો ( એ તો ) અંદર કાયમી ચીજ છે અને એમાં રંગ – ગંધ – વર્ણ – સ્પર્શ ( આદિ ) ગુણ એ – પણ કાયમી છે અને આ જે પર્યાય કર્મની એ તો પર્યાય છે, અવસ્થા છે. અવસ્થા બદલી જાય છે સમયે સમયે બદલે છે અને કોઈ તો કાર્મણ શરીરની પર્યાય બદલીને અકર્મરૂપ પર્યાય થઈ જાય છે. તો એ કાર્મણ શરીર પુદ્‌ગલની પર્યાય છે. આહાહાહા ! એનાથી ભગવાન આત્મા ભિન્ન છે. કાર્મણ શરીરથી ( આત્મા ) ભિન્ન છે. સમજાણું કાંઈ... ?

આત્મામાં કર્મ છે જ નહીં, કર્મમાં આત્મા છે જ નહીં. કર્મ, કર્મમાં રહ્યા ભગવાન ભગવાનમાં છે. લોકો કહે છે ને અમને કર્મ હેરાન કરે છે, બિલકુલ જૂઠ્ઠી વાત છે. કર્મ જડ છે, જડ આત્માને અડતુંય નથી, આત્મા જડને સ્પર્શતો ય નથી. તું તારી ઊંધી – ઊલટી દૃષ્ટિથી હેરાન થાય છે. સમજાણું કાંઈ ? તને તારું ભાન નથી કે હું કોણ છું ? હું રાગ છું કે હું એક સમયની પર્યાય છું, હું પુણ્ય કરવાવાળો છું – દયા, દાન કરવાવાળો છું ને પાપનો કરવાવાળો હું છું એવી માન્યતા ( અભિપ્રાય ) છે તો તારી દૃષ્ટિ વિપરીત છે, એ કર્મે કોઈ દૃષ્ટિ વિપરીત કરાવી છે, એવું છે નહીં. સમજાણું કાંઈ ?

ભક્તિમાં આવે છે – ભજનમાં આવે છે – ભક્તિ ( માં ) "કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ" – કોણ સમજે ! આ તો કર્મને લઈને વિકાર થાય– કર્મને લઈને ( જીવ ) રખડે છે આમ માન્યા કરે. અહીંયા તો કહે છે, કર્મ, શરીર જ તારી ચીજમાં ( આત્મામાં ) નથી. 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ' – મેં ભૂલ કરી એથી મારામાં દોષ થયો, કર્મથી કોઈ ભૂલ થતી નથી. સમજાણું કાંઈ ?

એમાં આવે છે ને ! 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત, લોહકી સંગત પાયી' – અગ્નિ એકલી હોય તો ( માથે ) ઘણ નથી પડતા, પણ અગ્નિ લોઢાના સંગમાં જાય છે તો ( માથે ) ઘણ પડે છે. ( એમ આત્મા ) કાર્મણ શરીરનું લક્ષ કરે છે તો એ આત્મા દુઃખી થાય છે. અત્યારે તો એવું ચાલ્યું છે કે કર્મને લઈને વિકાર થાય ને કર્મ હટે તો આત્મામાં ગુણ થાય, બિલકુલ જૂઠ્ઠી વાત, કર્મ તો જડ છે. એ આત્મામાં છે જ નહીં, આત્મામાં છે જ નહીં એ આત્માને નુકસાન કરે ? અને કર્મનો કંઈ ક્ષયોપશમ થાય તો આત્મામાં જ્ઞાન થાય, એ જૂઠ્ઠી

વાત છે. પોતાની – આપણી પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય તો ક્ષયોપશમ થાય છે, એ પોતાથી થાય છે. એ કહે છે દેખો ! કાર્મણ શરીર છે તે બધાય – પાંચ ( પ્રકારના ) શરીર છે, એ કહ્યું ને ! બધા ય જીવના નથી. એ બધા ય ( શરીર ) જીવના નથી. આહાહા ! કેમ ? કે એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી, એ કાર્મણ ( આદિ ) શરીર પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે. સમજાણું કાંઈ ?

( કર્મની ) ૧૪૮ પ્રકૃતિ છે ને પેટાભેદ – કર્મ ૮ નાં ૧૪૮ પેટાભેદ, ઉત્કૃષ્ટ હોય એનાં સમકિતીને, કોઈ મિથ્યાદૃષ્ટિને આહારક શરીરને તીર્થંકર પ્રકૃતિ પણ હોતી નથી, પણ ઉત્કૃષ્ટ કોઈને હોય તો એકસો અડતાલીસ બીજાને એકસોવીસ ને એકસો બાવીસ, એકસો બાવીસ સત્તામાં હો, એકસોવીસ ઉદયમાં હો, એ જરી ઝીણી વાત છે થોડી, અને સમકિતી હોય એને ૧૪૮ પણ પ્રકૃતિ હો. સમજાણું કાંઈ ? પણ એ બધી પ્રકૃતિ કાર્મણની પર્યાય છે. જેને ઝેરના ઝાડ કહ્યા છે, સમયસારમાં પાછળ ૧૪૮ પ્રકૃતિ ઝેરના ઝાડ છે. ઝેર છે એ પ્રકૃતિ, ભગવાન અમૃતના કલ્પવૃક્ષ છે. ભગવાન આત્મા તો અમૃતનો કામધેનૂ આત્મા છે જ્યારે જ્યારે ઈચ્છે ત્યારે ત્યારે અમૃત આનંદ આવે છે. પણ એ આત્મા પરથી ભિન્ન એવી પર્યાય દ્રવ્ય તરફ ઝૂકી અને પોતાનામાં અનુભવ થયો આનંદનો અને અનંતગુણની એક સમયમાં અંશરૂપ વ્યક્તદશા અનુભવમાં આવી, એકલા આનંદનો અનુભવ ( એમ ) નહીં – અનુભૂતિમાં જેટલા ગુણ છે અનંતા અનંત એ બધાની એકસમયમાં વ્યક્ત પર્યાયનો અનુભવ હો, એનું નામ ( આત્માની ) અનુભૂતિ કહેવામાં આવે છે. એવી અનુભૂતિમાં ભગવાન ( આત્મા ) પાંચે શરીરથી ભિન્ન છે, અનુભૂતિથી પાંચેય શરીરથી ભિન્ન છે. ( અનુભૂતિ વિના ) એકલા ભિન્ન ભિન્ન કરે એમ ભિન્ન છે નહીં. આવું છે, ભગવાન ! આહાહાહા !

આ ત્રણલોકના નાથ ( તીર્થંકરદેવ ) જેને એક સમયમાં ત્રણકાળ – ત્રણલોક જણાય ગયા છે એની દિવ્યધ્વનિનું શું કહેવું ! એ દિવ્યધ્વનિના કહેનારા આ સંતો છે ભગવંત છે. આંહી આચાર્ય ભગવાન છે 'ભગ' નામ આનંદ આદિ લક્ષ્મી 'વાન' નામ સ્વરૂપ એ ભગવાન છે. ભગ નામ લક્ષ્મી સત્ હોય છે આનંદ આદિ એનો વાન, એનું સ્વરૂપ છે એ ભગવાન છે આત્મા ! આહાહાહા !

શક્તિએ તો ( બધા ) ભગવાન છે, પણ આચાર્ય આદિ તો વ્યક્તિએ ભગવાન થઈ ગયા છે. આ વ્યક્તિ એટલે પ્રગટતા, પર્યાયમાં ભગવાન થયા છે. પ્રવચનસારમાં આખિરમાં પાંચ ગાથા છે એમાં તો એવું લીધું છે કે સંતો જે મોક્ષમાર્ગમાં આવ્યા, એને તો અમે મોક્ષતત્ત્વ કહીએ છીએ. આવું ( લખાણમાં ) છે. પાંચ રત્નની ગાથા છે. 'પ્રવચનસાર' આખિરમાં છે.

જે મુનિઓને આત્મજ્ઞાનને આનંદનો અનુભવ થયો – ઉગ્ર આનંદનો અનુભવ થયો તો એમને અમે મોક્ષ જ કહીએ છીએ, મોક્ષતત્ત્વ જ કહે છે. મોક્ષમાર્ગના તત્ત્વમાં આવ્યા તો મોક્ષતત્ત્વ જ કહીએ છીએ. ( શ્રોતાઃ– ચાલતા – ફરતા સિદ્ધ ) હો, એ સિદ્ધ ચાલે છે ક્યાં, એ તો અંદરમાં ( લીન ) છે. હાલે એ તો જડ છે. પોતાની પર્યાય અંદર ગતિ કરે છે પણ પોતાની ક્રિયાવતી શક્તિના કારણે હલે છે. આ શરીર હલ્યું માટે હાલે છે એવું છે નહીં. અહીંયા અંદર પ્રદેશ છે આમ ચાલે છે એ પોતાની ક્રિયાવતી શક્તિને કારણે કંપન છે અને કંપન છે આંહી એ પણ યોગગુણનું કંપન છે. એ શરીરને કારણે એને છે નહીં, અને એના કારણથી શરીરમાં કંપન

આવ્યુ એવું છે નહીં, આ આમ – આમ આ રીતે થાય છે એ જડની પર્યાય છે, જડમાં થાય છે. ઝીણી વાત છે પ્રભુ !

એ કહ્યું નથી આ પહેલું ( કે ) પગ ચાલે છે તો જમીનને અડે છે ચાલતાં – ચાલતાં એવું છે નહીં. ભાઈ ! કોઈ પદાર્થની વિસ્મયતા એવી છે પગ અડે છે જમીનને, બિલકુલ નહીં ( એમ નથી. ) પોતાના આધારથી પરમાણુંમાં આધાર નામનો ગુણ છે, પરમાણુમાં આધાર, કર્તા ( કર્મ – કરણ– સંપ્રદાન – અપાદાન ) અધિકરણ – આધાર, છ કારક ગુણ છે. એ ( પગ ) પોતાના આધારથી ચાલે છે. નીચેના આધારથી નહીં, આ વાત તો બાપુ જૈન વીતરાગનું તત્ત્વ ! એ વિસ્મયકારી છે. આહાહાહા !

હવે, આગળ કહે છે કે ( જમીનને પગ ) અડયા વિના હાલે છે ( કોઇ કહેશે ) ગાંડા છે, પાગલ છે ( પણ ભાઈ ! ) સાંભળને હવે એકવાર, એ તો કહ્યું ને ( સમયસાર ) ત્રીજી ગાથામાં ( આવ્યું કે ) દરેક દ્રવ્ય પોતાના ગુણ – પર્યાયને ચૂંબે છે, પરને ચૂંબતું નથી. એ આલિંગન કરતું નથી, એમ પગ નીચેની જમીનને અડતો નથી – આલિંગન કરે નહીં સ્પર્શે નહીં – અડતો નથી એમ લખ્યું છે ગુજરાતી ભાષામાં, તમારે છૂતે નહીં. આહાહા !

અહીં કહે છે કે પાંચેય ( પ્રકારના ) શરીર ભગવાન આત્મામાં નથી, કર્મ કર્મમાં રહ્યા, પોતાનો ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ ( આત્માની ) અનુભૂતિ થઈ, સમ્યક્દર્શન– જ્ઞાન – શાંતિ પ્રગટી ત્યારે તો એ પરથી ( પરદ્રવ્યોથી ) હું ભિન્ન છું અને મારાથી એ ભિન્ન છે એવો અનુભવ થયો. મારી અનુભૂતિમાં એ ( શરીર ) આવ્યા નહીં. કાર્મણ શરીર આદિ મારી અનુભૂતિમાં ન આવ્યું. આહાહા ! સમજાણું કાંઈ... ?

ભાઈ ! આ તો સંતોની – દિગમ્બર સંતોની વાણી ! આ કાંઈ કોઈ, અલૌકિક બાપુ ! એક એક પદ સમજવું – આ અંતરની ચીજ છે એ પાંચ શરીરથી ભિન્ન છે.

સમચતુરસ્ર સંસ્થાન ( એટલે ) એકદમ સરખું શરીર, સમચતુરસ્ર – ચારે બાજુથી સરખું જે સંસ્થાન, એ પણ આત્મામાં નથી. એ તો જડની પર્યાય છે. જેમ પોતાની અનુભૂતિની પર્યાય છે – અનુભૂતિ પર્યાય છે તેમ એ સમચતુરસ્ર પુદ્ગલની પર્યાય છે તો એનાથી હું ભિન્ન છું. ક્યારે ? કે મારી અનુભૂતિ પર્યાયથી એ ભિન્ન છે. માટે મારાથી એ ભિન્ન છે. પુદ્ગલ પર્યાયથી હું ભિન્ન છું. આહાહાહા ! આવી વાતું. કાંઈક અભ્યાસ – થોડો ઘણો જોઈએ. દ્રવ્ય – ગુણ – પર્યાય આ, તો ( કેટલાકે ) દ્રવ્ય – ગુણ – પર્યાયનું નામે ય ( ન સાંભળ્યું હોય ) નામે ય આવડે નહીં, હવે એને શી રીતે સમજાવવું !!

એ સમચતુરસ્ર સંસ્થાન, એ પુદ્ગલ જે દ્રવ્ય છે, એના ગુણ છે અને એની સમચતુરસ્ર એ પર્યાય છે. સમચતુરસ્ર એ ગુણ નહીં એ ત્રણ ( દ્રવ્ય – ગુણ – પર્યાય ) આવી ગયા, એ પુદ્ગલ દ્રવ્ય છે, એમાં ગુણ કાયમ રહેવાવાળા, સમચતુરસ્ર સંસ્થાન એ જે છે એ એની પર્યાય છે એ પર્યાય, પુદ્ગલ પરિણામમય છે. એ ત્રણે મારામાં નથી, કેમ કે હું ચૈતન્યદ્રવ્ય આનંદ છું ત્રિકાળ આનંદઆદિ ગુણ ત્રિકાળ અને મારી પર્યાય અનુભૂતિમાં આનંદની પર્યાય આવી એ ત્રણેમાં હું છું, એનામાં ( પુદ્ગલમાં ) હું નથી. એ ત્રણે મારામાં નથી. આવી ઝીણી વાત ! સંતોએ – પંચમઆરાના સંતો પંચમઆરાના શ્રોતા માટે તો આ કહે છે. એમ કોઈ કહે કે આ

વાત કોઈ ચોથા આરા માટે, તો આ કોને કહે છે ? પંચમઆરાના શ્રોતાને તે કહે છે. આહાહા ! સમજાણું કાંઈ... ?

( શ્રોતાઃ- એમ અપ્રતિબુદ્ધને સમજાવે ! ) આ તદ્દન અજ્ઞાની હોય એને સમજાવે છે, ( સમયસાર ) ૩૮ ગાથામાં એવો પાઠ છે. અને તે પંચમઆરાનો શ્રોતા તદ્દન અપ્રતિબુદ્ધ ( અનાદિ ) અજ્ઞાની એને સમજાવ્યો, પાઠ એવો આડત્રીસગાથા, અને એ સમજી ગયો ( અને પોતે કહે છે ) અરે ! હું તો દર્શન- જ્ઞાન – ચારિત્રના પરિણમન કરવાવાળો, આ મારી દશા છે. એવો ( પાઠ છે ) ૩૮ ગાથામાં, શ્રોતા હોં ? એટલે કોઇ એમ કહે કે પંચમઆરામાં અત્યારે શુભઆચાર હોય ( શુદ્ધ ન હોય ) સે સુખસાગર છે ને કોઈ એણે કહ્યું છે, પંચમઆરામાં શુભજોગ જ હોય છે. એમ કહે છે. અરરર ! છાપામાં આવ્યું છે. અરે, ભગવાન ! શુભજોગ જ હોય તો તો ધર્મ થતો નથી, ( અહીંયા ) આ તો કહે છે – અનુભૂતિ ! પંચમઆરાના શ્રોતાને પણ અનુભૂતિ ( આત્માની ) થાય છે, કરે તો.... કહેનારને તો છે જ ( અનુભૂતિ ) સંતો છે. એ સમચતુરસ્ર એ સંસ્થાન આત્મામાં નથી.

વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં. ૧૨૮ ગાથા - ૫૦ થી ૫૫ તા. ૫/૧૧/૭૮ રવિવાર કારતક સુદ ૫

સમયસાર ગાથા ૫૦ થી ૫૫. સંસ્થાન સુધી આવ્યું છે.

શું કહે છે જરી ઝીણી વાત છે. આ શરીરનો જે આકાર છે ને સંસ્થાન એ જડની પર્યાય છે. દ્રવ્ય પદાર્થ એનો કોઈ પ્રદેશત્વ આદિ ગુણ છે એની આ આકૃત્તિ એની એ પર્યાય છે. એ દ્રવ્ય ગુણ ને પર્યાય ત્રણ ભિન્ન છે. આત્મામાંથી એ ત્રણેય ભિન્ન છે. પુદ્‌ગલ છે જડ દ્રવ્ય એનો ગુણ ને એની આ પર્યાય આકાર, સંસ્થાન એ આત્માથી ભિન્ન છે. ક્યારે ? અનુભવ થાય ત્યારે. ભગવાન આત્મા દ્રવ્ય છે, એમાં આનંદ જ્ઞાન આદિ ગુણ છે, એની અનુભૂતિ થાય, એના દ્રવ્ય સ્વભાવની સન્મુખ થઈને આનંદનો અનુભવ થાય એ અનુભૂતિ એ પર્યાય છે. આત્મ દ્રવ્ય છે એના જ્ઞાન આનંદ આદિ ગુણ છે, એનો અનુભવ છે એ પર્યાય છે. એ પર્યાય જ્યારે અનુભૂતિ થાય ત્યારે તે જડના આકારની પર્યાય ભિન્ન છે, એમ જાણવામાં આવે છે. આહા ! આવી વાત છે. સમજાય છે કાંઈ ? એ છ સંસ્થાન છે. સમુચ્ચય મુકી દઈએ છીએ. સમચતુરસ્ત્ર, ન્યગ્રોધ, સ્વાતિક, કુબ્જક, વામન તથા હુંડક એ બધુંય જીવને નથી.

ભગવાન ! આહાહા ! આ શરીરના આકાર નાકના ને ઇન્દ્રિયના ને એ બધા આકારો જડની પર્યાય છે કહે છે. શરીરના દેખાયને આકાર ? પાછળ શરીરના આકાર, આમ મોઢા આગળના આકાર આ બધા જડની પર્યાય છે. એ અજીવની પુદ્‌ગલદ્રવ્યનાં ગુણની પર્યાય છે ઈ, એનાથી ભગવાન આત્મા ભિન્ન છે, એમ ક્યારે કહેવાય ? વસ્તુ છે ભગવાન આત્મા એનાથી તો એ ભિન્ન છે, પણ એ ભિન્ન ક્યારે કહેવાય ? ભગવાન આત્મા અંતરસ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એની પર્યાય અનુભૂતિ થાય ત્યારે તે અનુભૂતિથી ભિન્ન છે તેમ ભેદજ્ઞાન સાચું થાય. ઝીણી વાત છે ભાઈ ! આ શરીરના આકાર દેખાય છે ને ભિન્ન ભિન્ન આકાર આ આ આ આમ પાછળ બધું આમ એ બધા જડનાં આકાર છે. એ જડના આકાર એ જડના ગુણની પર્યાય છે.

એ ભગવાન આત્માનો ગુણેય નહિ, એની પર્યાયેય નહિ. આવો ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એના દ્રવ્ય અને ગુણને અનુસરીને જે નિર્મળ વીતરાગી અનુભૂતિ પર્યાય થાય ત્યારે તેને એનાથી આ ભિન્ન છે એમ જણાય.

એક બોલ છે સમુચ્ચય કરી નાખ્યો.

બીજો, સંહનન, ( આઠમાં ) છે ? સંહનન એટલે હાડકાની મજબુતાઈ એ પણ જડ ગુણની એક પર્યાય છે. આ મજબુતાઈ હાડકાની, એ છ પ્રકારની છે. આહાહાહા ! એ પણ એક જડ ગુણની આકૃત્તિની એ જાતની પર્યાય છે. તો એ જડ દ્રવ્ય, જડ ગુણ ને જડની પર્યાય, એનાથી ભગવાનના દ્રવ્ય ગુણ પર્યાય ભિન્ન છે. આવી વાત છે. એ દ્રવ્ય ચૈતન્ય ભગવાન અંતરમાં અનંત જ્ઞાન આનંદ આદિ ગુણો, કાલ આવ્યું 'તું ને બપોરે નહિ ? ચૈતન્ય લોક, તેમાં અનંત પ્રકારના ગુણો તે દર્શનીય છે, તે દેખવા લાયક છે, તેને દેખે. ભગવાન આત્મામાં અનંત અનંત પ્રકારના ગુણો છે, એ ગુણની પર્યાય અનુભૂતિ એ એની પર્યાય કહેવાય છે. જેની ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ ભગવાન એ આનંદનો સાગર આત્મા એની સન્મુખ થઈને જે અનુભૂતિ સમ્યગ્દર્શન અને અનુભવ થાય તેને અહીંયા ધર્મ કહે છે, તે ધર્મની પર્યાયથી જડની પર્યાય ભિન્ન છે. આટલી શરતું આટલી.

ભગવાન મારગ એવો છે અનંતકાળથી આ રખડે છે દુઃખી છે દુઃખી. આહાહા ! બહારના પદાર્થની હોંશુ હરખ એ મિથ્યાભ્રમ છે. અંતર પદાર્થને અંતર આનંદની વિસ્મયતા એવો જે આશ્ચર્યકારી ચૈતન્ય ચમત્કાર એને અવલંબીને જે અનુભૂતિ થાય તેને અહીંયા ધર્મ કહે છે, તેને અહીંયા જીવદ્રવ્યની પર્યાય કહે છે, તેને એ અનુભૂતિથી જડની પર્યાય સંહનન આદિ ભિન્ન છે. કોઈ કહે કે વજ્રનારાચ સંહનન હોય તો કેવળજ્ઞાન થાય ( શ્રોતાઃ- ના પાડે છે ) હેં ? એમ નથી ભાઈ. એ હો, પણ એને લઈને કેવળજ્ઞાન થાય એમ નથી. કેમકે જ્ઞાનની પર્યાયથી સંહનનની મજબુતાઈની પર્યાય તદ્દન ભિન્ન છે. એ ભિન્નને કારણે અહીંયા કેવળજ્ઞાન થાય એવું સ્વરૂપ નથી. કેવળજ્ઞાન તો ભગવાન આત્મા, ચૈતન્યના ચમત્કારના સ્વભાવથી અદ્‌ભૂતા અદ્‌ભૂત સ્વભાવથી ભરેલ, તેને અવલંબે કેવળજ્ઞાન થાય એ આત્માની પર્યાય છે. આત્મા દ્રવ્ય છે, જ્ઞાન ગુણ છે, કેવળજ્ઞાન એની પર્યાય છે. એ પર્યાયથી આ જડની પર્યાય ભિન્ન છે. આહાહા ! આવી વાત છે એ સમુચ્ચય લીધો છે.

હવે આંહી નવમો બોલ લેવો છે. "જે પ્રીતિરૂપ રાગ છે". જે અંદરમાં દેવગુરુશાસ્ત્રની ભક્તિનો ભાવ, પંચપરમેષ્ઠિના સ્મરણનો ભાવ એ બધો શુભરાગ છે. કેમકે એ રાગ પરદ્રવ્યના લક્ષે થાય છે, એ આત્માની ચીજ નથી. ચાહે તો પંચમહાવ્રતનો રાગ, ચાહે તો પરની દયા પાળવાનો રાગ, પણ એ રાગ છે, એ આત્માના સ્વરૂપની હિંસા છે. એ પ્રીતિરૂપ રાગ, શરીરનો પ્રેમ હો કે સ્ત્રીનો પ્રેમ હો, આબરુનો પ્રેમ હો કે દેવગુરુ ને શાસ્ત્રનો પ્રેમ હો, એ બધો રાગ છે. ભગવાન આત્માના આનંદનો પ્રેમ છોડી અને જે આ પરના પ્રેમમાં દોરાઈ જાય છે. આહાહાહા ! સમજાય છે કાંઈ ? વાત તો જુદી જાત છે પ્રભુ !

આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પ્રભુ, એમાં જેટલો પરના સંગે રાગ થાય, ચાહે તો દેવગુરુ ને શાસ્ત્ર પ્રત્યેનો પ્રેમ પણ એ રાગ છે. આહાહા ! એ રાગ તે બધોય જીવને નથી, ભગવાન આત્મામાં એ રાગ નથી. રાગનો વિકલ્પ જે છે, ચાહે તો ગુણી ભગવાન આત્મા અને

અનંત પ્રકારના ગુણો એવો ભેદનો વિકલ્પ ઊઠે એ પણ રાગ છે, એ રાગ જીવમાં નથી. છે ? "કારણકે તે પુદ્ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી" એ રાગ છે એ પુદ્ગલદ્રવ્યની પર્યાયમય હોવાથી, પુદ્ગલદ્રવ્યની સાથે અભેદ છે. આહાહાહા ! આવી વાત આકરી પડે જગતને.

ભગવાન આત્મા, એ રાગની પુદ્ગલમય પર્યાય છે, પરની દયાનો ભાવ એ પણ રાગ છે, એ રાગ તો પુદ્ગલ પરિણામમય છે એમ કહે છે. છે તો એની પર્યાયમાં, પણ કોઈ એવો એનો સ્વભાવ નથી. જીવના અનંત ગુણો છે, ભગવાન આત્મામાં અનંતા અનંતા અનંતા અનંતગુણા ગુણો છે પણ કોઈ ગુણ વિકાર કરે એવો કોઈ ગુણ નથી. એથી ભગવાન આત્મા અનંત ગુણનો સાગર પ્રભુ, એની પરિણતિ જે અનુભૂતિ એ દ્રવ્ય વસ્તુ અને એના અનંતા ગુણો અને એને અનુસરીને અનુભવ થવો. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનરૂપી અનુભૂતિ થવી, એ અનુભૂતિથી રાગનો પુદ્ગલમય પરિણામ ભાવ ભિન્ન છે. આહાહાહા !

હવે આ ક્યાં લોકોને જાવું. હેં ? પ્રભુ મારગ જુદો છે. એ ભવના અંતના ભવના ભવ, રાગ તો ભવ સ્વરૂપ છે–રાગ તો ભવ સ્વરૂપ છે. ચાહે તો શુભરાગ હો, સમજાય છે કાંઈ ? ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ પૂજાનો ભાવ હો, ચાહે તો દેવગુરુશાસ્ત્રની ભક્તિનો ભાવ હો પણ એ રાગ છે તે સંસાર છે એ ભગવાન આત્માની ચીજ નહિ. કેમકે ભગવાન આત્મા તો મુક્તસ્વરૂપ છે, મુક્તસ્વરૂપનો રાગ ન હોય. આહાહાહા ! ઝીણી વાતું ઘણી ભાઈ.

એ રાગ પુદ્ગલ પરિણામમય હોવાથી ભાષા દેખો. એકકોર રાગ આત્માની પર્યાય છે એમ કહે, એ એનામાં પરિણમન થાય છે તેવું જ્ઞાન કરાવવા, પણ જ્યારે દ્રવ્ય સ્વભાવનું વર્ણન અહીં હોય, ત્યારે તે પુદ્ગલ પરિણામમય રાગ ભગવાન અરિહંતદેવ પંચપરમેષ્ઠિ કે ગુરુ એના પ્રત્યેની ભક્તિનો ભાવ રાગ છે. એ રાગ પુદ્ગલ પરિણામમય હોવાથી જડની સાથે તેનું અભેદપણું છે એમ કહે છે. સમજાણું કાંઈ ? પુદ્ગલ પરિણામમય કીધાં ને ? પુદ્ગલવાળોય નહિ, પુદ્ગલ પરિણામમય. અરે એને વાત એના તત્ત્વની સાંભળી નથી. અંદર કોણ છે પ્રભુ અંદર. સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત જ્ઞાનાનંદ આદિ અનંત ગુણનો પિંડ પ્રભુ, એનો જે અનુભવ થવો, એની સન્મુખ થઈને, નિમિત્ત અને રાગ ને પર્યાયથી વિમુખ થઈને, વસ્તુ આવી છે પ્રભુ, ઝીણી પડે પણ માર્ગ તો આ છે. આહાહા !

નિમિત્ત સંયોગી ચીજ દેવ–ગુરુ–શાસ્ત્ર એના પ્રત્યેનો રાગ એ નિમિત્ત ઉપરથી લક્ષ ઉઠાવી, રાગ ઉપરથી ( લક્ષ ) ઉઠાવી અને રાગને જાણનારી જ્ઞાનની પર્યાય વર્તમાન છે તેનાથી દૃષ્ટિ ઉઠાવી અને ચૈતન્યસ્વભાવ ચૈતન્ય ચિંતામણિ પ્રભુ એના તરફની દૃષ્ટિ કરવી, જે પર્યાયની દૃષ્ટિ રાગ ઉપર ને પર ઉપર છે, તે પર્યાયને અંતરમાં ભગવાનના દર્શનમાં લઈ જવી. દર્શનીય જે અવલોકનીય છે તેમાં લઈ જવી, બહારની ચીજ દર્શનીય ને અવલોકનીય નથી. ખરેખર ભગવાન આત્મા એક સમયમાં અનંત અનંત ગુણો ભિન્ન ભિન્ન જાતના, એ બધાને દેખવાલાયક તો એ ચીજ છે, અવલોકન કરવા લાયક એ ચીજ છે, એ ચીજને દર્શનીય કરીને અવલોકન કર્યું, ત્યારે પર્યાયમાં અનુભૂતિ થઈ, ત્યારે પર્યાયમાં આનંદની દશા થઈ. પર્યાયમાં, પર્યાય એટલે અવસ્થા એમાં અનંતા ગુણની જેટલી સંખ્યા છે. તેટલી પર્યાયની વ્યક્તતા અંશની વ્યક્તતા પ્રગટ થઈ, તેને અહીંયા અનુભૂતિ કહે છે. આવી અનુભૂતિથી એ રાગના પરિણામ પુદ્ગલ

પરિણામમય એ અનુભૂતિમય ભગવાન આત્માથી ભિન્ન છે. આહાહાહા! આવો મારગ છે.

(શ્રોતાઃ- બહુ સુંદર) એવું છે. વસ્તુ એ આ વાસ્તુ આને કહીએ. રાગના પુદ્‌ગલના પરિણામ જાણીને, આ તો અપ્રશસ્ત રાગ છે બહારનો તો, એક ફેરી રાત્રે, નહોતું કહ્યું રામજીભાઈએ બહુ કહ્યું'તું લૂગડાં પહેરવા, ન્હાવું, ધોવું, આવું કરવું એ બધું પાપ છે. હેં? (શ્રોતાઃ- ખાવું પીવુ એ પાપ) ખાવાપીવાનો ભાવ એ પાપ, સંસારને માટે સંસારી તો પોતે શરીરના પોષણ માટે ખાય છે. એ સવારમાં ન્હાવું કપડા ધોવા ને ધોયેલા સરખા પહેરવા એને બધો ભાવ પાપ છે. આહાહા! એ તો ભિન્ન ચીજ છે, પણ દેવગુરુ ને શાસ્ત્રની ભક્તિનો ભાવ એ પ્રીતિરૂપ રાગ, એનાથી મને લાભ થશે એવી માન્યતા તો મિથ્યાત્વ છે. એ પુદ્‌ગલમય પરિણામ, પ્રભુના એ નહિ એ ચૈતન્ય ભગવાનના એ પરિણામ નહિ, કેમકે ચૈતન્યમાં અનંતા અનંતા અનંતા ગુણો ભરેલા છે. છતાં કોઈ એક ગુણ વિકાર કરે, પરિણમે એવો કોઈ ગુણ નથી. અનંતા અનંતા અનંતનો પાર નથી, પ્રભુ તારા ગુણની સંખ્યાનો એટલા અનંતા અનંતા અનંતા અનંતા અનંતને અનંતથી ગુણે અનંતી વાર ગુણે તોય પાર નહિ એટલા ગુણો તોય પણ એ ગુણનો અંત નથી. એટલા ગુણમાંયલો કોઈ ગુણ વિકાર કરે કે રાગ કરે એવો કોઈ ગુણ નથી. આહાહાહા! સમજાય છે કાંઈ? એ બધા ગુણો નિર્મળ છે, તેથી નિર્મળ પર્યાયને કરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એ પર્યાય પર્યાયને કરે નિર્મળને એનું નામ યથાર્થ છે. બહુ ઝીણી વાત બાપુ. વીતરાગ માર્ગ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ સર્વજ્ઞપ્રભુ એનો કોઈ પંથ જગતથી નિરાળો છે. કેટલાંક બાહ્યથી ધર્મ માને દયા, દાન આદિથી, તો કેટલાક ભક્તિથી ધર્મ માને દેવગુરુશાસ્ત્રથી બધી એક જાત છે. આહાહા!

એ આંહી કહે છે આ શબ્દમાં તો ઘણું ભર્યું છે. "પ્રીતિરૂપ રાગ" જેને ભગવાન આનંદનો નાથ, એનો પ્રેમ જેને નથી તેને પરના ઉપર પ્રેમ છે, એ પ્રેમનો જે રાગ છે, તે દુઃખરૂપ છે. ચાહે તો દેવગુરુશાસ્ત્રની ભક્તિનો રાગ એ પણ દુઃખરૂપ છે. એ પ્રીતિરૂપ રાગ છે, પણ છે ખરો, અસ્તિત્વ છે, આત્મામાં નથી માટે નથી, એમ નહિ. આહાહા! આત્મામાં કોઈ ગુણથી નથી માટે નથી, એમ નહિ પ્રીતિરૂપ રાગ છે, રાગ છે તે. આહાહા! રાગનો વિકલ્પ સૂક્ષ્મ છે પ્રભુ તારી પર્યાયમાં રાગ થાય છે, છે પણ એ છે એ પુદ્‌ગલના પરિણામ છે એમ કહે છે, એ તારી પર્યાય નહિ. તારી પર્યાય અનંત ગુણમાંથી કોઈ ગુણ રાગ કરે એવો ગુણ નથી પછી પર્યાય તારી ક્યાંથી આવી? એમ કહે છે. આહાહાહા!

ભગવાન આત્મા અનંત ગુણનો સાગર. શ્રીમદમાંય આવ્યુંને "મૂળ મારગ સાંભળો જિનનો રે કરી વૃત્તિ અખંડ સન્મુખ" વૃત્તિ નામ પરિણતિ વર્તમાન જે એની છે, તેને અખંડ દ્રવ્ય ઉપર વૃત્તિ કરી દે, મૂળ માર્ગ વીતરાગનો આ છે અનાદિ સનાતન, કરી વૃત્તિ નામ પરિણતિ જે વર્તમાન છે તેને અખંડ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી દે તો રાગના પરિણામ પુદ્‌ગલમય છે તે ભિન્ન પડી જશે. એનોય અર્થ સમજતાં નથી એને એમ કે આ ભક્તિ કરવી, આ ગુરુની ભક્તિ કરવી થઈ જશે ધર્મ, ધૂળેય નહિ થાય. આહાહા! સમજાણું કાંઈ? ધૂળેય નહિ થાય એટલે શું કીધું? એને પુણ્યાનુબંધી પુણ્યેય નહિ બંધાય. કેમકે એ રાગથી લાભ થાય એમ માને એ તો મિથ્યાત્વ છે અને મિથ્યાત્વમાં તો પુણ્યાનુબંધી પુણ્યે ય નથી, ત્યાં તો પાપાનુબંધી પુણ્ય છે. છે પુણ્ય રાગ

છે એ, પણ મને એનાથી લાભ થશે એવો જે મિથ્યાત્વનો મહાતીવ્ર પાપ, એ પાપના પોષણમાં જે રાગનું પુણ્ય છે એ તો પાપાનુબંધી પુણ્ય છે. હીરાભાઈ નથી આવ્યા ? નથી આવ્યા. સમજાણું કાંઈ ?

“પ્રીતિરૂપ રાગ છે” પ્રીતિરૂપ રાગ છે, છે તે બધોય જીવને નથી. અસંખ્ય પ્રકારના રાગ છે. રાગના ઘણાં પ્રકાર છે, કોઈ ગુણ ગુણી ભેદનો રાગ, કોઈ દેવગુરુશાસ્ત્રની ભક્તિનો રાગ, કોઈ દયાનો રાગ, કોઈ સત્ય બોલવાનો રાગ, કોઈ શરીરથી બ્રહ્મચર્ય પાળવાનો રાગ, એવા રાગના ઘણાં પ્રકાર છે. એ બધોય જીવને નથી, જેટલા પ્રકાર રાગના અસંખ્ય હો એ બધોય ભગવાન આત્મામાં નથી. કારણકે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી એ તો પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે કહે છે. આહાહાહા !

પાછું એવું ય લીધું છે એક ઠેકાણે, કે કર્મની પર્યાય થાય છે એ કોઈ ગુણ નથી તે ત્યાં થાય છે, પર્યાયમાં થાય છે એમ લખ્યું છે ચિદ્‌વિલાસમાં. રાગ જે થાય છે એ પુદ્‌ગલકર્મની પર્યાય થાય છે, કર્મની પર્યાય, કર્મની પર્યાય થાય છે. એ કોઈ પુદ્‌ગલમાં ગુણ નથી કે જેથી કરીને ( એ ) પર્યાય થાય પર્યાય સ્વતંત્ર થાય છે. આરે આવી વાતું હવે. આહાહાહા !

અહીંયા કહે છે, એ પુદ્‌ગલદ્રવ્ય એટલે જડ પદાર્થ છે તેનો ગુણ છે, વિકાર થવાને લાયક એમાં વિકાર પરિણામ ( પોતાથી ) થાય છે. અહીંયા તો ગુણ નથી એને એમ સિદ્ધ કરવું છે પાછું. શું કીધું ઇ સમજાણું ? કર્મની પર્યાયમાં જે રાગ થાય છે, તો એ દ્રવ્યમાં કોઈ એવો ગુણ નથી કે કર્મની પર્યાયરૂપે થાય. પર્યાયનો જ એવો સ્વભાવ છે એનો. પંડિતજી ! ઝીણી વાત છે ભાઈ. જેમ આત્મદ્રવ્યમાં કોઈ એવો ગુણ નથી કે વિકાર થાય, એમ પુદ્‌ગલમાં કોઈ ગુણ નથી કે કર્મરૂપી પર્યાય થાય. ઝીણી વાત છે બાપુ.

આ કાંઈ મારગ અને આ સમજ્યા વિના મરી જવાના છે ૮૪ ના અવતારમાં ગોથા ખાઈને ઢોરમાં. એક તો વાણીયા નવરા નથી ધંધા આડે પાપના આખો દિ’ ધંધા બાવીશ કલાક બાયડી ને છોકરા એકલું પાપ, ધર્મ તો નથી પણ પુણ્યેય નથી ત્યાં તો. આંહી તો કહે છે કે પુણ્યના પરિણામ કદાચિત્ થયા શુભરાગ, તો એ પુદ્‌ગલ પરિણામમય છે, પુદ્‌ગલનાં પરિણામ છે. આંહી તો એમ સિદ્ધ કરવું છે કે પુદ્‌ગલ છે એ દ્રવ્ય છે, એના ગુણ છે તો એ ગુણમાં પુદ્‌ગલનો કોઈ ગુણ નથી કે કર્મરૂપી પર્યાય થાય. પર્યાયનો જ એવો સ્વભાવ છે તે કર્મરૂપે થાય છે. ભાઈ ! એય વજુભાઈ ! શું સમજાણું ? આ પર્યાયની અવસ્થા છે. જેમ ભગવાન આત્મામાં કોઈ ગુણ એવો નથી કે રાગ થાય, વિકૃત થાય, એવો કોઈ ગુણ નથી, પર્યાયમાં થાય છે. એમ પુદ્‌ગલમાં કોઈ એવો ગુણ નથી કે કર્મરૂપી પર્યાય થાય, પર્યાય કોઈ ગુણની હોય ને ? ના એ તો કર્મની પર્યાય પર્યાયમાં પર્યાયથી થાય છે. એમ આંહી પુદ્‌ગલ પરિણામમય રાગને કહ્યા, તો પુદ્‌ગલમાં કોઈ એવો ગુણ નથી કે રાગની પર્યાય થાય. પણ રાગની પર્યાય પુદ્‌ગલની પર્યાયમાં સ્વતંત્ર થાય છે, તેથી તેને પુદ્‌ગલ પરિણામમય કહેવામાં આવ્યા છે. આવી વાત છે. કહો હસમુખભાઈ ! આ તો નિવૃત્તિ લઈને બરોબર અભ્યાસ કરે તો બેસે એવું છે, બાકી તો ધંધા આદિની મજૂરીયું કરીને મરી ગયા બધાં ભવ હારીને ક્યાંક ઢોરમાં હાલ્યા જશે કેટલાક તો, પશુ થાશે ઘણાં. આહાહાહા ! અરેરે !

આંહી તો રાગ થાય છે, કહે છે એને પોતાનો માને તો એ મિથ્યાદૃષ્ટિ એ મરીને તિર્યંચમાં કે નિગોદમાં જશે. તેથી એ પુદ્‌ગલમય પરિણામ હોવાથી પોતાની અનુભૂતિથી ભિન્ન છે. આત્મ દ્રવ્યથી ભિન્ન છે એમ ન કહ્યું, આત્મદ્રવ્યથી ભિન્ન છે પણ એ ભિન્નનું ભાન ક્યારે થાય ? કે એ અનુભૂતિ કરે ત્યારે આત્મા આનંદનો નાથ પ્રભુ છે, એનું સમ્યગ્દર્શન કરે, એનું સમ્યક્ અનુભવ કરે, ત્યારે તે દ્રવ્યમાં નથી, એમ અનુભૂતિમાં નથી, ત્યારે એને ખ્યાલ આવે. આહાહા ! આવી વાતું છે.

વીતરાગનો માર્ગ, સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર એનો પંથ કોઈ દુનિયાથી નિરાળો છે એટલે કે તારો પંથ, તારો મોક્ષનો પંથ જ કોઈ અલૌકિક છે. હજી તો બહારના શરીરનો પ્રેમ, સ્ત્રી, કુટુંબ, ધંધાના પ્રેમ એ તો મહાપાપ. શરીરની સુંદરતાને દેખીને વિસ્મય લાગે, એ પણ મહાપાપ. આ તો જડની પર્યાય છે માટી હાડકાં એમ રાગની પર્યાય પણ આંહી તો પુદ્‌ગલ પરિણામમય કીધી છે. આ પર્યાય થવામાં તો એનામાં ગુણ છે, આ પર્યાય થવામાં પ્રદેશત્વ નામનો ગુણ આકૃત્તિ થવામાં છે પુદ્‌ગલમાં, પણ કર્મની પર્યાય થવામાં કોઈ ગુણ નથી છતાં તે પર્યાયમાં વિકૃતરૂપી કર્મની અવસ્થા થાય, હવે આંહી તો કર્મની અવસ્થામાં પણ આપણે તો આંહી રાગની અવસ્થા સિદ્ધ કરવી છે, તો કર્મના પરમાણુ છે એમાં કોઈ ગુણ એવો નથી કે રાગરૂપે થાય, છતાં એ પર્યાયમાં રાગરૂપે થવાનો પુદ્‌ગલનો પર્યાયનો સ્વભાવ છે. આહાહા ! આવી વાતું છે.

એ અનુભૂતિથી ભિન્ન છે, ભગવાન આત્મા અનંત અનંત ગુણની ચમત્કારિક ચીજ જે છે, એનો અનુભવ એને અનુસરીને નિર્મળ પર્યાયનું થવું, ભગવાન આત્માને અનુસરીને સમ્યગ્દર્શનની પર્યાયનું થવું, એને અનુસરીને સ્વરૂપના આચરણરૂપ સ્થિરતા થવી, એ ત્રણેયને અહીંયા અનુભૂતિ કહે છે. અનુભૂતિ જેને થઈ, એને મોક્ષનો સુખનો પંથ આવ્યો. સુખના પંથે દોરાણો એ. સમજાણું કાંઈ ? એ સિવાય તો દુઃખના પંથે દોરાયેલા છે જગતો. આહાહા !

રાગ ને પુણ્ય પાપના ભાવને ૭૭ ગાથામાં તો એમે ય કહ્યું, પ્રવચનસાર, કાલ વળી એક આવ્યો 'તોને શુભભાવ-શુભભાવ હવે સાંભળને હવે કીધું, આ પાપના ભાવ છે બાયડી છોકરા કુટુંબ ધંધાના એ બધા અશુભભાવ એ શુભ અને અશુભ બેયમાં ફેર માને જરીયે, શુભ અને અશુભમાં બેયમાં વિશેષતા માને, એકરૂપ છે એમ ન માને અને વિશેષ ફેર છે એમ માને, પ્રવચનસાર ૭૭ ગાથા ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, હિંડંતિ ઘોર સંસાર મોહ સછન્નનો-મોહ સછન્નો એટલે ? એ મિથ્યાત્વથી ઢંકાઈ ગયેલો આત્મા, ઘોર સંસારમાં રખડશે, હિંડંતિ. ભાઈ મારગ વીતરાગનો છે આ ૭૭ ગાથામાં એને કહ્યું 'તું કાલે આવ્યો 'તો ને એક દાઢીવાળો, એ બધા માળા... એને કાંઈ ખાવું હશે મને કહે ગોચરી કરું કાંઈ ખવરાવશો ? મેં કીધું મારું કામ છે ? અહીંયા તો આ ઉપદેશનું છે એ સિવાય બાકી દુનિયામાં તમારું શું થાય એનું આંહી અમારે શું કામ છે. એને એમ કે કાંઈ કહે ભલામણ કરે. અહીંયા એ વાત ક્યાં. આંહી તો હજારો માણસ આવે છે ઘણી જાતના. આહાહા !

આંહી તો કહે છે કે સંસારના જેટલાં કામ છે એ બધા પાપમય છે. સવારથી ઉઠીને ન્હાવું ને ધોવું, ખાવું ને ચ્હા પીવી ને ભેગા બધા બેસારીને રાજી રાજી આજ આ ખાધું ને આ પીધું

ને બધું એકલું પાપ, એમાં પણ કહે છે કે કોઈ વખતે શુભભાવ આવે, દયા, દાન, વ્રત, આદિનો પણ એ પ્રીતિરૂપ રાગ તો પુદ્‌ગલ પરિણામ, પ્રભુ તારી જાત નહિ, તારી જાત હોય તો જુદી પડે નહિ જુદી પડે તે તારી નહિ, ને તારી હોય તે જુદી પડે નહિ. એ રાગના પરિણામ જો તારા હોય તો જુદા પડે નહિ, એના જ્ઞાન દર્શન આનંદના પરિણામ એ જુદા ન પડે, કારણકે એ તો એના ગુણની પરિણતિ છે. શું કહ્યું ઈ ? જે આત્માના ગુણ છે જ્ઞાન દર્શન આદિ અનંત એનાં જે પરિણામ છે એ કોઈ જુદા ન પડે એ તો અભેદ છે અને રાગાદિ પરિણામ તે જુદા પડી જાય છે, સિદ્ધમાં રહેતા નથી. કેવળજ્ઞાનમાં રહેતા નથી, અરે અનુભૂતિમાં રહેતા નથી, આંહી તો એમ કહે છે. સમજાણું કાંઈ ? આહાહાહા !

ભગવાન આત્મા આઠ વર્ષની બાલિકા પણ જ્યારે અનુભવ કરે. આત્મા છે ને ? આ તો હાડકા છે એ ક્યાં આત્મા, આ તો જડ છે. આત્મા જે અંદર છે, અનંત અનંત ગુણનો ચમત્કારિક પદાર્થ એના સ્વરૂપના આશ્રયે જ્યાં જાય છે અંદર, ત્યારે એને અનુભૂતિ થાય છે, એ અનુભૂતિથી બાળક કે આઠ વર્ષની બાળકી હોય, એ અંદર જાણે છે કે આ મારી અનુભૂતિથી રાગ ભિન્ન છે એટલું સમ્યગ્દર્શન ને અનુભૂતિનું માહાત્મ્ય છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એ અનુભૂતિથી ભિન્ન છે, પર્યાયથી ભિન્ન છે એમ કીધું, દ્રવ્ય ગુણથી ભિન્ન એમ ન કીધું. શું કીધું ઈ ? જે રાગ છે એ અનુભૂતિથી ભિન્ન છે. કારણકે દ્રવ્યગુણથી ભિન્ન છે, પણ દ્રવ્યગુણથી ભિન્ન છે એવું ભાન થયા વિના દ્રવ્યગુણથી ભિન્ન એને ક્યાં ખબર છે ? સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા નિજ સ્વરૂપમાં વાસ કરે છે, ત્યારે તેને અનુભૂતિ થાય છે. રાગમાં વાસ કરે છે ત્યારે તેને મિથ્યાત્વ ને ભ્રમણા ઉત્પન્ન થાય છે. અહીંયા એમ કહે છે, કે એ અનુભૂતિથી ભિન્ન છે. દ્રવ્ય ગુણથી ભિન્ન છે એમ ન કહ્યું. દ્રવ્ય એટલે વસ્તુ ને એના અનંતગુણો છે એનાથી ભિન્ન ન કીધું કેમ ? છે તો એનાથી ભિન્ન પણ એનું ભાન થયા વિના ભિન્ન છે એમ જાણ્યું કોણે ? લોજીકથી વાત સમજવી પડશે ને એને, ન્યાયથી. આહાહા ! સમજાણું કાંઈ ? ભિન્ન છે એ નવ થયો નવ.

હવે દશમો બોલ "જે અપ્રીતિરૂપ દ્વેષ છે તે બધોય જીવને નથી" અંદરમાં જે અણગમો ઉત્પન્ન થાય વીંછી કરડે, સર્પ કરડે, નિંદા થાય, લોકો એને પસંદ ન કરે, માન ન આપે, ત્યારે એને અપ્રીતિ એટલે અંદર દ્વેષનો અંશ આવે, એ અપ્રીતિ છે એ, અપ્રીતિરૂપ દ્વેષ છે, છે ? છે. આંહી તો સત્ય વસ્તુ છે, છદ્મસ્થ છે, સત્ય આ છે એમ સ્થાપે ત્યાં પણ રાગનો અંશ આવે છે, એમ કહે છે, પણ એ અનુભૂતિથી ભિન્ન છે. આ નથી આ ખોટું છે, છદ્મસ્થને હોં, કેવળીને તો કાંઈ નહિ, તો ત્યાં પણ એને દ્વેષનો એટલો અંશ આવે છે.

(શ્રોતાઃ– બીજા ધર્મો ખોટા છે એમ કહેવું એ દ્વેષ છે.) હેં ? એ અંદરમાં રાગી છે, છદ્મસ્થ છે એમ કીધું માટે તેને એટલો અંશ આવે છે, છતાં એ વસ્તુથી ભિન્ન છે. કેવળીને તો વીતરાગતા છે, એને તો દિવ્યધ્વનિમાં ગમે તે આવે એ તો સ્વતંત્ર છે. પણ છદ્મસ્થ છે, કર્તાકર્મમાં આવે છે ભાઈ ! છેલ્લો અધિકાર જયચંદ પંડિતે ભાવાર્થ લખ્યો છે, એમાં આવે છે આ "કે જ્ઞાનીને પણ સત્યનો જે રાગ હજી રાગ છે ને ?" સત્યનું સ્થાપન કરતાં પણ તેને રાગનો અંશ આવે છે, છતાંય એ રાગનો અંશ અનુભૂતિથી ભિન્ન છે. એટલે જ્ઞાનીને પણ જ્ઞાનના અનુભવથી રાગ

ત્યાં આવે પણ છે ભિન્ન એમ આ છદ્મસ્થ છે ને રાગી છે ને, રાગ છે ને એની દશામાં એમ તેથી કહ્યું ને, જ્યાં સુધી રાગ છે, ત્યાં સુધી એને અભેદ-દૃષ્ટિ કરાવે છે.

આવ્યું છે ને સાતમી ગાથામાં- સાતમી ગાથામાં પરદ્રવ્યને દેખવું એને લઈને રાગ નથી. પણ રાગી પ્રાણી છે માટે ભેદથી રાગ થાય છે. આત્મા દર્શનજ્ઞાનમય ચારિત્રમય છે એમ ભેદ કરે તો રાગી છે માટે રાગ થાય છે. ભેદ કરવો એ રાગનું કારણ નથી, ભેદ તો જ્ઞાની સર્વજ્ઞ બધું જાણે છે. પણ આ આનંદ છે, જ્ઞાન છે એમ ભેદ કરવો એ રાગી પ્રાણી છે માટે એને રાગ થાય છે. ભેદ કરતાં રાગી છે માટે રાગ થાય છે. ભેદ કરતાં રાગ થાય તો તો સર્વજ્ઞ પણ ભેદને અને બધાને જાણે છે. સમજાણું કાંઈ ? આહાહા ! આવી વાત છે. ભેદ, નીચે છદ્મસ્થ છે એ ભેદ કરવા જાય છે, કે આ દર્શન ને જ્ઞાનને ચારિત્ર તો રાગી છે માટે એને રાગ થાય છે, માટે તેને જ્યાં સુધી અભેદપણું પૂર્ણ ન થાય, ત્યાં સુધી ભેદનો નિષેધ કર્યો છે. આવી વાતું છે. આહાહા ! ઝીણી વાત બાપુ. મારગડા એવા ઝીણા છે. આહાહાહા !

"અપ્રીતિરૂપ દ્વેષ છે તે બધોય જીવને નથી" ત્યારે દ્વેષ જડને છે ? હા, કઈ અપેક્ષાએ ? કે એના અનંતગુણમાં કોઈ દ્વેષપણે થાય એવો કોઈ ગુણ નથી, એથી તે દ્વેષનાં પરિણામ તેમાં રહેતા નથી, એના હોય તો કાયમ રહે, એના નથી માટે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય છે, કોને ? એ દ્વેષનો અંશ, અપ્રીતિરૂપ દ્વેષ તે જીવને નથી, કોને ? કે અનુભૂતિ કરે એને. છે ? કારણકે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી એકકોર એમ કહે કે પુણ્ય ને પાપ ને મિથ્યાત્વ એ જીવનાં પરિણામ છે. એક બાજુ એમ કહે કે દ્વેષ આદિનાં પરિણામ એ પુદ્‌ગલ પરિણામ, એ કઈ અપેક્ષાએ, ઓલા જીવના પરિણામ છે તો એ એની જીવની પર્યાયમાં થાય છે, પરને લઈને નહિ, પરમાં નહિ એટલું જણાવવા ( કહ્યું ). હવે જ્યારે અહીંયા આત્માના અનુભવને જણાવવો છે, આત્માના દ્રવ્યગુણની શુદ્ધતાને જણાવવું છે ત્યારે એ શુદ્ધતાના આશ્રયે જે અનુભૂતિ થાય તેનાથી તે દ્વેષના પરિણામ ભિન્ન છે, માટે તેને પુદ્‌ગલ પરિણામ કહેવામાં આવ્યા છે. આહાહાહા !

એક બાજુ એમ કહેવાય કે, સમ્યગ્દૃષ્ટિને, જ્ઞાનીને, ગણધર પણ છે એને જેટલે અંશે રાગ આવે છે, એટલે અંશે પરિણમન એનું છે, અને એનો એ કર્તા છે. કર્તા એટલે ? કરવા લાયક એમ નહિ, પરિણમે છે તેટલો કર્તા છે અને જેટલો પરિણમે છે એટલો એ ભોક્તા છે. આવી વાણી વીતરાગની. એક બાજુ કહે કે એ પુદ્‌ગલનાં પરિણામ છે અને એક બાજુ કહે કે ગણધર જેવા ચાર જ્ઞાનના ધણી, ચૌદ પૂર્વ અને ચાર જ્ઞાન અંતર્મુહૂર્તમાં જેને પ્રગટ થાય છે એને પણ એ રાગના પરિણામ, એ પરિણમન એનું છે, એ કર્તા એનો છે, એ પુદ્‌ગલના નહિ. નયમાં આવ્યું ને ? ભોક્તા છે પણ એટલો દુઃખી કહો તો દુઃખ છે. આ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદને અનુભવે છે એની સાથે જરી રાગ થાય છે તેના દુઃખને પણ અનુભવે છે. આંહી કહે કે પુદ્‌ગલના પરિણામ છે એનો અનુભવ જીવને હોય ? બાપુ કઈ અપેક્ષા છે ? એ પુદ્‌ગલના પરિણામ અનુભૂતિથી ભિન્ન, જેમ દ્રવ્યસ્વભાવ અને ગુણમાં કાંઈ નથી. તેમ તેનો અનુભવ કરવાથી પણ તે રાગ ને દ્વેષ તેનામાં નથી. કેટલી અપેક્ષાઓ પડે, જ્ઞાનની ગંભીરતા છે પ્રભુ એ તો જ્ઞાનની ગહનતા છે એ, એ આંહી કહે છે.

ગણધર પણ જ્યારે સત્‌ને રચે અને અસત્યનો નિષેધ કરે ત્યારે પણ અંશ તો આવે અંદર, છતાં એ અનુભૂતિની અપેક્ષાએ એ દ્રવ્યગુણમાં નથી, તેથી તેનો અનુભવ થતાં તેનામાં નથી. સમજાણું કાંઈ ? તેમ દ્વેષની પુદ્‌ગલની પર્યાય એના દ્રવ્યગુણમાં કોઈ એવો ગુણ નથી, કે દ્વેષરૂપી પરિણામ થાય પુદ્‌ગલમાં–પણ અહીં જેમ પર્યાયમાં વિકૃત થાય છે તેમ એની પર્યાયમાં કર્મની પર્યાય એ વિકૃત થાય છે. પર્યાયનો એ સ્વભાવ છે. કોઈ દ્રવ્યગુણનો નથી. હવે આવું બધું ક્યારે યાદ રાખવું અને આખો દિ'ધંધા ને પાણી પાપના. આહાહા ! કાપડના ધંધાવાળા કાપડ ફેરવે આમ ને આમ ને આમ એકલા પાપના પોટલા સંકેલે ને પહોળા કરે ને ફલાણું ને ઢીંકણુ આ સાતમ આઠમ હોય ને ? રાજી રાજી થતા હોય, પાપ છે એકલું. આહાહા ! આંહી તો પ્રભુ એમ કહે છે કે એ પાપ છે ખરું, પણ જે પોતાના માને છે એમાં એને એનાં છે, પણ જે અનુભવ કરીને પરના માને એ એનાં નથી. આવી વાતું છે. આવો જૈન ધર્મ હશે ? અત્યાર સુધી તો ભાઈ અમે દયા પાળવી વ્રત કરવા ભક્તિ પૂજા, આ બધા ચાકળા હસમુખભાઈના હશે ? હેં ? એના છે ને ? આ ચાકળા આટલા બધા ક્યાંથી આવી ગયા કીધું ? આ વચનામૃતના ચાકળા છે. આહાહા !

અમૃતસાગર ભગવાન આત્મા જેનું કદી મૃત્યુ નથી એટલે જીવતી જ્યોત છે. જેની ચૈતન્યધાતુ, જેમાં પરિણતિ નથી, એવી ચૈતન્યધાતુ છે. એવા ચૈતન્યધાતુનો અનુભવ કરતા બહારથી બધા તરફથી ખસીને એ ચૈતન્ય, ચૈતન્ય–ચૈતન્યધાતુ ચૈતન્ય જેણે ધારી રાખ્યું છે. ચૈતન્ય સ્વભાવ જેણે ધારી રાખ્યો છે, એવા ચૈતન્યના અનુભવમાં, અનુભૂતિથી તે પુદ્‌ગલનાં દ્વેષનાં પરિણામ તે ભિન્ન છે, એને ભિન્ન છે. જે માને મારા એનાથી એ ભિન્ન નથી. સમજાણું કાંઈ ? મારા કરીને માને છે ને મને એનાથી લાભ થાય, એમ માનનારને પુદ્‌ગલનાં પરિણામ નથી, એ એના છે, પર્યાયમાં એના મિથ્યાદૃષ્ટિનાં. આહાહા ! સમજાણું કાંઈ ?

આવો ઉપદેશ હવે. એય હિંમતભાઈ ! અરે ભાઈ ચોર્યાસીના અવતાર કરી કરીને ઠડ નીકળી ગયો સાંભળ્યું નથી એણે. આ બધા અબજોપતિ ને કરોડોપતિ બધા દુઃખી બિચારા છે. ભિખારા છે ભિખારા માગે છે. આ દયો, આ લાવો ને આ લાવો અનંત અનંત આનંદગુણનો ધણી પ્રભુ એની માગણી નથી એને. જેમાં અનંતી લક્ષ્મી પડી છે પ્રભુમાં, આ તો ભિખારા મને તો બે કરોડ મળે ને પાંચ કરોડ મળે ને ધૂળ કરોડ મળે, રાજી રાજી પૈસા પેદા કરતાં હોય એમાં વધી જાય દસ લાખમાં વીસ લાખ મળી જાય કે તો કહે લાપસી કરો આજ. શેના ? મિથ્યાત્વના આંધણ છે ત્યાં.

આંહી પ્રભુ એમ કહે છે, પ્રભુ કહે સંતો કહે એ બધી એક જ વાત છે ને ? અપ્રીતિરૂપ દ્વેષ પરિણામ પ્રભુ જે દ્રવ્ય ને ગુણનો અનુભવ કરે એના એ નથી નટુભાઈ. આહાહા ! સમજાણું કાંઈ આ ? આવી વાતું છે. પ્રભુ ચૈતન્ય દ્રવ્ય અને એનાં અનંતા ગુણોની ભિન્નતા અનેક પ્રકારની ચમત્કારિક ચીજ, એની સન્મુખ થઈને અનુભવે, રાગ ને નિમિત્તથી વિમુખ થઈને, એની અનુભૂતિની અપેક્ષાએ એ પુદ્‌ગલ પરિણામ જડનાં છે. એમ ભિન્નતા ( થતા ) અનુભવમાં ભેગા આવ્યા નહિ, સમજાણું કાંઈ ? અનુભવમાં તો અનંતા ગુણની નિર્મળ પર્યાય આવી, સમ્યગ્દર્શનમાં અનંતા ગુણની નિર્મળ પર્યાય પ્રગટ થઈ પણ એ રાગ પ્રગટ થયો નહિ એમાં. આહાહાહા !

આવો મારગ વીતરાગનો, ત્રણલોકના નાથ સીમંધરપ્રભુ મહાવિદેહમાં બિરાજે છે. એમણે કહેલું આ બધું છે. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા 'તા આઠ દિ' રહ્યા 'તા. ( ત્યાંથી ) આવીને આ કહ્યું, પ્રભુનો આ સંદેશ છે, ત્રણલોકના નાથ સીમંધર પરમાત્મા સીમમ્+ધર પોતાની મર્યાદામાં રહેનારા છે એ, અતીન્દ્રિય આનંદ આદિમાં રહેનારા પ્રભુ છે, રાગમાં આવતા નથી, જતાં નથી, એવા પરમાત્મા એમનો આ હુકમ છે, એમની આ આજ્ઞા છે. કે જેણે ભગવાન આત્મા ને એના ગુણોને અનુસરીને જે અનુભવ થાય તે જીવને રાગ અને દ્વેષના અંશો પુદ્‌ગલના છે. કેમકે અનુભવમાં ભેગાં આવ્યા નહિ. શશીભાઈ ! આમ છે, શશી ચંદ્રની કળા ઉઘડી આ એમ કહે છે, એને પછી અંધકાર એનો ન હોય. ભગવાન છે. અરેરે ! એણે દરકાર કરી નથી અનંતકાળથી. જે કરવા જેવું છે એનું કર્યુ નથી ને નહિ કરવા જેવા કરીને હેરાન થઈને મરી ગયો છે. એ આવ્યું 'તું ને ઓલામાં કળશ-૨૮ કળશમાં આત્માને મરણતુલ્ય કરી નાખ્યો છે, મારી નાખ્યો છે, કહે છે મરણતુલ્ય કરી નાખ્યો છે. જાગતી જ્યોત અનંત ગુણના સત્તાના સ્વભાવનું સામર્થ્ય પ્રભુ પોતે એને આ રાગ કરું ને પુણ્ય કરું ને પાપ કરું ને આ કરું ને આ કરું તો મને એમ કર્તા થઈને ચૈતન્યજ્યોત જ્ઞાતાદૃષ્ટાને મરણતુલ્ય કરી નાખ્યો છે.

( શ્રોતાઃ- આપે તો ભિન્ન કરીને બતાવ્યો છે ને ? ) ભગવાન છે ને પ્રભુ તું ભાઈ ! આ કાંઈ કોઈ પક્ષની વાત નથી આ, આ તો વસ્તુનું સ્વરૂપ જ છે ને પ્રભુ, જૈન ધર્મ કોઈ પક્ષ નથી એ તો વસ્તુ એવી છે જિનસ્વરૂપ જ પ્રભુ છે, એને અનુસરીને જે દશા થાય એ જિનસ્વરૂપી અનુભૂતિ છે. એ અનુભૂતિમાં રાગાદિ આવતો નથી, માટે તે પુદ્‌ગલનાં કહેવામાં આવ્યા છે, ભાષા તો સાદી છે પણ ભાવ તો કાંઈક ( અલૌકિક છે ). આહાહા ! હેં ? અનુભૂતિથી ભિન્ન છે.

( અગિયારમો બોલ ):- "જે યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ ( અપ્રાપ્તિરૂપ ) મોહ છે- આ મોહ લીધો હવે મિથ્યાત્વ, યથાર્થ તત્ત્વની અપ્રત્તિ, અપ્રાપ્તિ ભગવાન આત્માની પ્રાપ્તિ છે એની અપ્રાપ્તિ. શેમાં ? મિથ્યાત્વભાવમાં, મિથ્યાશ્રદ્ધામાં સ્વરૂપની અપ્રાપ્તિ છે, એવો જે મિથ્યાત્વભાવ. "જે યથાર્થ તત્ત્વની અપ્રતિપતિ અપ્રાપ્તિ મોહ, મિથ્યાત્વ તે બધોય જીવને નથી". કેમ કે જીવના સ્વભાવમાં કોઈ મિથ્યાત્વ થવું એવી કોઈ શક્તિ નથી એ પર્યાયમાં ઉભું કરેલું પરને લક્ષે એવો જે મોહ એ જીવ( ના ) દ્રવ્ય ગુણમાં નથી. કોને ? કે જીવગુણની પર્યાયનો અનુભવ કરે તેને. આમ તો ધારી રાખે કે આ મારું નથી ને એવું તો અગિયાર અંગનું જ્ઞાન તો અનંત વાર થયું છે. આહાહાહા !

વાહ ! આ તત્ત્વ તો જુઓ. તે બધોય જીવને નથી, કારણકે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી, મિથ્યાત્વ છે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે, કેમકે કોઈ આત્માનો( એવો ) ગુણ નથી કે મિથ્યાત્વરૂપે થાય, એવો કોઈ ગુણ નથી. ખરેખર તો પુદ્‌ગલમાંય એવો કોઈ ગુણ નથી કે કર્મની અવસ્થારૂપ થાય. આ બેય પર્યાયમાં છે. ગજબ વાત છે પ્રભુનો મારગ તીર્થંકર સર્વજ્ઞનો. ઓહો ! અલૌકિક મારગ છે. જિનેશ્વરદેવ અનંત તીર્થંકરો થઈ ગયા, વર્તમાનમાં બિરાજે છે, અનંત થશે એની બધાની કથની આ છે. "એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ" એ મિથ્યાત્વભાવ જીવના નથી. કેમકે પુદ્‌ગલદ્રવ્યનાં પરિણામમય હોવાથી એતો પુદ્‌ગલની સાથે અભેદ છે, જીવની સાથે અભેદ નથી. આહાહા ! અનુભૂતિથી ભિન્ન છે. મિથ્યાત્વનો ભાવ

આત્માનો અનુભવ કરે ત્યારે ભેગો આવતો નથી, અત્યારે તો સમ્યગ્દર્શનની વાત છે માટે તે મિથ્યાત્વભાવ, ભાવ હોં, એ આત્માનો નથી. અનુભૂતિથી ભિન્ન રહે છે માટે. વિશેષ કહેશે.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં.૧૨૯ ગાથા - ૫૦ થી ૫૫ તા. ૬/૧૧/૭૮ સોમવાર કારતક સુદ-૬

૫૦–૫૫ ( ગાથા ) છે ને ? અગિયાર બોલ ચાલ્યા છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, પ્રમાદને કષાયમાં નાખી દીધો, જેમનાં લક્ષણ છે એવા પ્રત્યયો–આસ્રવો એ બધાય જીવને નથી. જીવ જ્ઞાયકસ્વરૂપ છે તેનો અનુભવ થતાં તે તેમાં નથી. ચૈતન્યસ્વરૂપ જ્ઞાયક સ્વરૂપ છે તેનો અતીન્દ્રિય આનંદનો અનુભવ થતાં તે મિથ્યાત્વ આદિ ભાવો જીવમાં નથી. તે અનુભૂતિથી ભિન્ન છે. આહાહા !

એ મિથ્યાત્વ, અવિરતિ, કષાય જેમનાં લક્ષણ, જેમના એટલે કે એવા જે પ્રત્યયો–આસ્રવો તે બધાય જીવને નથી. ભગવાન તો આત્મા ( શ્રોતાઃ– ત્રિકાળી દ્રવ્યમાં નથી– કે પર્યાયમાં નથી ? ) પર્યાયમાંય નથી એને અનુભૂતિના કાળમાં પર્યાયમાં પણ એ નથી. વસ્તુમાં તો નથી પણ વસ્તુમાં નથી એમ ક્યારે અનુભવ થાય ? આત્મદ્રવ્યમાં એ મિથ્યાત્વ, અવ્રત, કષાય નથી, એ તો શુદ્ધ ચૈતન્ય છે એમાં નથી પણ એમાં નથી એ ક્યારે થાય ? કે એ ચૈતન્ય જ્ઞાયકનો અનુભવ કરે, ત્યારે એને આમાં નથી એમ અનુભવ થાય. આવી વાત છે ભાઈ ! આવો માર્ગ વીતરાગનો.

ઉદાસ, ઉદાસ, ઉદાસ આત્મા. મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગ એ આસ્રવો તે જીવમાં નથી. કેમ કે, છે, તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી એ તો પુદ્ગલદ્રવ્યના પરિણામ છે, આત્માના નહિ. જીવના પરિણામ તો એનો સ્વરૂપનો અનુભવ કરે એ અનુભૂતિ તે જીવના પરિણામ છે. આવી વાત છે. બીજી રીતે કહીએ તો એ મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગ આત્માનું ક્ષાયિક સમ્યગ્દર્શન થતાં ક્ષાયિક સમ્યક્ થતાં અને મિથ્યાત્વ એને કષાયનો તો આસ્રવ છે જ નહિ, પણ તેટલા સંબંધીનો અવિરતિ ને યોગ પણ એને નથી, આવે છે ? આસ્રવ ! ( આસ્રવ અધિકાર ૧૭૪ થી ૧૭૬ ગાથા ) આત્મા આનંદસ્વરૂપ એવું ક્ષાયિક સમ્યગ્દર્શન થયું ઉપશમને પણ એમ છે તેટલો કાળ, ક્ષયોપશમને માટે પણ તેટલો કાળ, પણ આ ક્ષાયિકને માટે તો જોર છે. આત્મા અખંડ આનંદ સ્વરૂપ એનો પર્યાયમાં અનુભવ થતાં, તેને એ આસ્રવો તો નથી, મિથ્યાત્વ આદિ અનુભૂતિમાં, પણ ખરેખર તો અનુભૂતિ થતાં, ક્ષાયિક સમકિત થતાં, તેને તે સંબંધી અવિરતિ અને યોગનો પણ ક્ષય થઈ જાય છે. સમજાય છે કાંઈ ? લીધું છે ને ? ( બાળ સ્ત્રી ) એને જેટલું જોડાણ કરે તો થાય પણ જોડાણ નથી કરતો. પ્રભુ ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા, એનો અંતરમાં સમ્યગ્દર્શન સહિત એ અનુભૂતિ જે આચરણ થયું, દર્શન થયું, જ્ઞાન થયું ને આચરણ થયું અનુભૂતિ. તેથી તે અનુભૂતિમાં મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગ, કષાયમાં પ્રમાદ ગયો ભેગો, પાંચ છે ને ? મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ પણ અહીં પ્રમાદને કાઢીને યોગ કષાયમાં નાખી દીધો.

એ ચાર દ્રવ્યમાં નથી, એ તો છે, પણ ક્યારે દ્રવ્યમાં નથી ? ઝીણી વાત છે ભાઈ ! એ વસ્તુ

જે છે ચૈતન્ય દ્રવ્ય શુદ્ધ આનંદ પ્રભુ, એમાં આ ભાવ નથી. કારણકે એ તો શુદ્ધ છે, પણ ક્યારે ? શુદ્ધ તો ત્રિકાળ છે, કાયમ છે અને કાયમ એનામાં આ તો છે નહિ વસ્તુમાં તો, પણ એને નથી એમ અનુભવ ક્યારે થાય ? જે વસ્તુ શુદ્ધચૈતન્ય છે એની અનુભૂતિ, એને અનુસરીને અનુભવ થવો, એમાં અનંતા ગુણોનો અંશ વ્યક્ત છે તેનું વેદન થવું, અનંતા ગુણો છે તેનું વ્યક્તપણે વેદન થવું, તો એનો અર્થ એ આવ્યો, કે જોગ નામનો ગુણ છે, ચારિત્ર નામનો ગુણ છે, એનું વ્યક્તપણે શુદ્ધનું વેદન સાથે છે અને તેથી સમ્યગ્દ્રષ્ટિને તેટલા પ્રકારનો અવિરતિ, તે પ્રકારનો અવિરતિ અને તે પ્રકારનો યોગ, એનોય ક્ષય છે. ક્યારે ? કે દ્રવ્યમાં તો નથી પણ દ્રવ્યનો અનુભવ કરે ત્યારે. આવી વાતું છે આવો મારગ. આહાહાહા !

એ ભગવાન આત્મા ચૈતન્યલોક, જેમાં અનંતા અનંતા અનંત પ્રકારના ગુણોનું એકરૂપ તે આત્મા, એવા દ્રવ્ય સ્વભાવનો સન્મુખ થઈને અનુભવ થતાં એ અનુભૂતિથી તે મિથ્યાત્વ, અવ્રત, કષાયભાવનો અભાવ છે, પણ અનુભૂતિ થતાં તે પર્યાયથી તો ભિન્ન છે અનુભૂતિથી, દ્રવ્યથી તો ભિન્ન છે, પણ અનુભૂતિથી ભિન્ન છે. પણ અનુભૂતિ થતાં તેટલા પ્રકારનો અવિરતિ ને યોગ પણ ક્ષય થઈ જાય છે. આહાહા ! આવું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? જીવ દ્રવ્ય સ્વરૂપ ભગવાન આત્મા એ શુદ્ધ છે, પણ શુદ્ધ છે એ કોને ? વસ્તુ તો શુદ્ધ છે, પણ કોને ? એ શુદ્ધનો અનુભવ થયો એને. સમજાય છે કાંઈ ? આવી વાત છે અને અનુભવ થયો તેથી એ ચાર આસ્રવો તેમાં નથી, અનુભૂતિથી ભિન્ન છે, પણ અનુભૂતિ થતાં તે પ્રકારના અવિરતિ અને તે પ્રકારનો યોગ પણ ત્યાં ક્ષયપણાને પામે છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

આ કરવા જેવું આ છે, બાકી બધી દુનિયા માને ન માને, દુનિયા રાજી થાય ન રાજી થાય એ જગત એને કારણે, વસ્તુ આ છે. તેને છે જ નહિ પણ કહે છે, અનુભૂતિમાં છે નહિં કારણકે દ્રવ્ય સ્વભાવ જે ચૈતન્ય છે એની અનુભૂતિ થઈ એ તો શુદ્ધ થઈ. ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ છે. ત્રિકાળ શુદ્ધ છે એ તો, પણ ત્રિકાળ શુદ્ધ છે એવું કોને ખ્યાલમાં આવે ? જે શુદ્ધ સન્મુખ થઈને તેનો અનુભવ કરે તેને આ શુદ્ધ છે એમ ખ્યાલમાં આવ્યો. ઝીણી વાત છે ભાઈ ! શશીભાઈ ! અરે આ છોકરો કાલ ગયો ત્યાં આમ, મેં તો રોગી છે એમ સાંભળ્યું નહોતું એને રોગ થયો છે કાંઈ એ ય સાંભળ્યું નહોતું. જ્યાં સાંભળ્યું આમ એકદમ તો કહે એ તો ગુજરી ગયો. આહાહા ! આ નાશવાન દેહ જુઓ તો ૩૫ વર્ષની ઉંમર જુવાન, એક ક્ષણમાં દાકતરે કહ્યું કે સારું છે, હવે લઈ જાવ. આ કહે અમારે રાખવો છે અહીં, થોડો ઘણો પોપૈયો ખવરાવ્યો. ચા ને આમ આપે છે ત્યાં, આ નાશવાન ચીજ બાપા મોટું વૈરાગ્યનું કારણ છે. આહાહાહા !

આ પ્રભુ આત્મા પરથી ઉદાસ ત્રિકાળ છે અને મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગથી પ્રભુ ત્રિકાળ ઉદાસ છે, એ તો સમ્યગ્દર્શન જ્ઞાન ને ચારિત્રનો જ્યાં અનુભવ થયો સ્વરૂપ આચરણ એથી એ ચીજ જ એમાં નથી આવતી. એનાથી તો ઉદાસ એનું આસન પડયું છે. આ શરણ વિના કોઈ શરણ છે નહિ ક્યાંય. ભગવાન આત્મા પરમાનંદ સ્વરૂપ એજ એક શરણ છે, મંગળિક છે અને ઉત્તમ છે. અહીંયા તો બે વાત કરવી છે કે મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગ જેમના લક્ષણ એટલે આસ્રવો, પ્રત્યયો છે ને ? એ બધાય જીવને નથી, જીવદ્રવ્યને નથી એમ સમુચ્ચય કહ્યું, પણ જીવને નથી, કારણ કે એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી,

એ પુદ્‌ગલના પરિણામ હોવાથી જીવના નથી, પણ જીવના નથી ક્યારે ? કે પોતાની અનુભૂતિથી ભિન્ન છે, જીવના નથી, એ પુદ્‌ગલમય પરિણામમય એ જીવના નથી. ક્યારે ? કે જીવ જેવો છે, જેવડો છે, જેટલો છે, તેટલાનો આશ્રય લઈને અનુભૂતિ કરે, એનાથી તે ભિન્ન છે. એ પહેલો જીવમાં નથી કીધું, પછી એ જીવ છે એવી જે અનુભૂતિ થઈ તે અનુભૂતિથી ભિન્ન છે. હીરાભાઈ ! આવી વાત છે બાપા ! અરેરે !

ભગવાન આત્મામાં અજોગ નામનો ગુણ છે, ચારિત્ર નામનો ગુણ છે, જ્ઞાન ગુણ છે આનંદ ગુણ છે, ચારિત્ર એટલે અકષાય એ બધા ગુણોનો પિંડ પ્રભુ એનો આશ્રય લઈને જ્યારે અનુભવ થયો ત્યારે તેમાં જેટલા ગુણો છે તેની વ્યક્ત દશા, અંશે એ અજોગ ગુણનો પણ અંશ વ્યક્ત દશાનું વેદન આવ્યું એમ કહે છે. આહાહા ! સમજાય છે કાંઈ ? એ ભગવાન આત્મામાં અજોગ નામનો ગુણ છે, ચારિત્ર નામનો અકષાયભાવ છે ગુણ છે, સમ્યગ્દર્શન શ્રદ્ધા નામનો ગુણ છે. એ ગુણનો ધરનાર દ્રવ્ય છે, એ દ્રવ્યને અવલંબીને જે કંઈ અનુભવ થાય એને એ જીવમાં નથી, એને એની અનુભૂતિમાં નથી. આવી વાતું છે, અને એને અનુભૂતિ થનારને, સમ્યગ્દર્શન થનારને તેટલા પ્રકારનો મિથ્યાત્વ અને અનંતાનુબંધી તો આવતા નથી, એ તો ક્ષય થઈ ગયા. આંહી તો ક્ષયની જ વાત છે, અપ્રતિહત અને તેટલા પ્રકારની અવિરતિ અને યોગનો અંશે પણ ક્ષય થઈ ગયો. એમ કહે છે. એ ભૂમિકા ગઈ ને આ થઈ. એ–એ પ્રમાણે મિથ્યાત્વમાં જે યોગ અને અવિરતિની દશા હતી એ સમ્યગ્દર્શન થતાં એટલો અંદર એ સંબંધનો અવિરતિભાવ અને એ સંબંધનો કષાયભાવનો ક્ષય થઈ જાય છે. કેમ ? કે અનંતા ગુણોનો ધરનાર ભગવાન એકરૂપ એની અનુભૂતિ થતાં, અનંતા ગુણોનો અજોગ નામનો ગુણ છે, ચારિત્ર નામનો ગુણ છે, શ્રદ્ધા નામનો ગુણ છે, આનંદ નામનો ગુણ છે, એ બધા ગુણોનો એક અંશ અનુભૂતિમાં આવી ગયો. આહાહા !

એથી જોગ જે અજોગ હતો એનો અંશ પણ અનુભૂતિમાં આવી ગયો કહે છે. કેમકે સર્વ–ગુણાંશ તે સમકિત, એમ છે ને ? જેટલા ગુણો છે તો અજોગ નામનો એક ગુણ છે એમાં, તેટલા સંબંધીનો પ્રતિજીવી ગુણ બાકી છે પ્રગટ થવામાં, પણ એક અંશ તો એનો ય એટલો અંદર અભાવ થઈ જાય છે. મિથ્યાત્વ જતાં અને અનંતાનુબંધીનો નાશ થતાં અને અનુભૂતિ દશા થતાં, એનો નાશ થયો એટલે અનુભૂતિ અસ્તિ થઈ, એમાં જેટલાં ગુણોની અનંત અનંત અનંત અનંત અનંત ગુણો છે પ્રભુમાં, પ્રભુ એટલે આ આત્મા, એનો દરેક ગુણનો એક અંશ તો વ્યક્ત થઈ જાય છે. અજોગ નામના ગુણનો પણ એક અંશ વ્યક્ત થઈ જાય છે. આહાહાહા !

ખરેખર તો પ્રતિજીવી ગુણનો અભાવ થાય છે જ્યારે, પ્રતિજીવ બહારની ત્યારે તેમાં સંપૂર્ણપણે અભાવ થાય છે, પણ આ વખતેય પણ એક અંશ તો એમાં અભાવ થાય છે કહે છે. આહાહા ! સમજાય છે કાંઈ ? કેમકે જેટલા ગુણોની સંખ્યા છે જેટલા ભલે પ્રતિજીવી ગુણો અંદર હો, એટલા અનુભૂતિમાં એ તો આવતા નથી. પણ અનુભૂતિ થતાં, સમ્યગ્દર્શન થતાં તેનો અંશ જે અજોગનો અંશ અનુભવમાં આવ્યો એટલો જોગનો અંશ નાશ થયો છે. આહાહાહાહા ! આવી વાતું છે. ધીરાના કામ છે ભાઈ આ તો. એવો ભગવાન આત્મા અનંત ગુણનો ચૈતન્યલોક એને જ્યારે અવલોક્યો, જોયો, જાણ્યો, માન્યો, અનુભવ્યો. આહાહા ! છે તેવો

જાણ્યો, છે તેવો અનુભવ્યો, છે તેવો દેખ્યો, છે તેવો માન્યો. આહાહાહા !

એવી સ્થિતિમાં, એ ચાર આસ્રવો એ છે જ નહિ કહે છે અનુભવમાં. અસ્થિરતાના ભલે હો પણ અનુભૂતિમાં એ નથી, એ ધારા ભિન્ન રહી જાય છે પણ ભિન્ન રહી જાય છે એમાંય તે અંશે તો જોગનો અને અવિરતિનો ક્ષય થયો છે. એવી ધારા ભિન્ન રહી જાય છે, એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી, પોતાની અનુભૂતિ એટલે અનુભૂતિને પોતાની નાખવી પડયું કે અનુભવ કોનો ? કે પોતાનો. પોતાની અનુભૂતિથી ભિન્ન છે. ગજબ કામ કર્યું છે ને ? આ શાસ્ત્ર કહેવાય. જેમ આ શાશ્વતી વસ્તુ જ્ઞાનમાં જ્ઞેય તરીકે, શ્રદ્ધામાં પ્રતીત તરીકે આવી, એને તો અનંતા ગુણોની જેટલી સંખ્યા છે, એ બધાનો એક અંશ વ્યક્તપણે વેદનમાં આવી ગયો, તેથી તે અનુભૂતિમાં એ ચીજ તો નથી, પણ અનુભૂતિ યથાર્થ થઈ છે અપ્રતિહત ધારા, એથી તેટલા પ્રકારની અવિરતિ અને જોગનું પણ ધારા છે એમાં એટલી નથી ધારા, અસ્થિરતાની ધારા છે, એમાં જોગનો ક્ષય થયો છે ને હવે એક જોગ એટલો ક્ષય થયો એ ધારામાં નથી. ભાઈ શશીભાઈ ! આ સમયસાર ! ગજબ પ્રભુ કામ કર્યું છે ને ? એને પ્રસિદ્ધ કરવાની રીત આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. અમૃતચંદ્રાચાર્ય, આત્મખ્યાતિ છે, તો આત્મા પ્રસિદ્ધમાં જ્યાં આવ્યો. આહાહાહા !

આત્મા જેવો છે તેવો અનુભૂતિમાં આવ્યો, એ પ્રસિદ્ધમાં આવ્યો. ત્યાં આગળ આસ્રવોની અપ્રસિદ્ધિ થઈ ગઈ એકેએકની. હવે ધારામાં જરી રહી છે, તે એમાંય તે ખરેખર તો દરેક ગુણનો અંશ ત્યાં પ્રગટયો છે, તેટલો તો ત્યાં ક્ષય થઈ ગયો છે, એટલી અસ્થિર ધારા ભલે હો પણ અનુભૂતિથી ભિન્ન છે, અસ્થિરતાની ધારા છે ભેગી, પણ અનુભૂતિથી ભિન્ન ધારા છે, પણ એ ભિન્ન ધારાનાં પણ, ક્ષાયિક સમક્તિ આદિ થયું એની મુખ્યતા લીધી છે, આસ્રવમાં એ લીધું છે મુખ્ય. ક્ષાયિક સમકિત ને ઉપશમ ને ક્ષયોપશમ પણ એ મુખ્ય તો દર્શન શુદ્ધિ થઈ. આહાહાહા !

આંહી તો અનુભૂતિ તો એવી લીધી છે, અપ્રતિહત થઈ તે થઈ, પડે એવું નથી. એનાથી કેવળજ્ઞાન લેવાના છે. આહાહા ! ( શ્રોતાઃ- ૩૮ ગાથામાં આવે છે એમ ) એ છે, એ જ આ બધે લાગુ પડે છે. આહાહા ! અરે... પંચમ આરાના શ્રોતાઓને પણ, સંતો એમ કહે છે કે અમે તમને કહ્યું ને તમે પણ પરિણમી ગયા એમાં હોં ! આહાહા ! જે પરિણમ્યા એને કહે પરિણમી ગયા તમે તો હોં અને તમે તો એમ કહો છો કે અમને તો આ થયું એ હવે નહીં પડીએ એમ તમે તો કહો છો. આહાહા ! આવી ચીજ સાંભળવી દુર્લભ થઈ પડી. હેં ? ( શ્રોતાઃ- કોઈ જગ્યાએ નથી ) આહાહા !

આવો અનુભવ કર્યો હશે તો દેહ છુટવા ટાણે તેનું શરણ રહેશે. બાકી રાગની એકતામાં દેહની અનંત જ્યાં પીડા થાય અંદર ત્યાં ભિંસાઈ જશે હાય હાય અસાધ્ય, મિથ્યાત્વથી તો અસાધ્ય છે, મિથ્યાત્વને લઈને સાધ્ય નથી, જીવ કોણ છે, પણ આ તો દેહથી અસાધ્ય થઈ જશે. દુઃખની પરાકાષ્ટા થઈ જશે, એ નહિં સહન થાય એટલે બેભાન થઈ જશે. મિથ્યાત્વમાં તો બેભાન હતો, પણ આ ભીંસ પડી તે દુઃખ સહન ન થયું ને એટલી પરાકાષ્ટા થઈ ગઈ દુઃખની, કે બહારનો અસાધ્ય થઈ ગયો. બહારમાં જે જાણપણાનો સાધ્ય હતો એ અસાધ્ય થઈ ગયો. અને ધર્મી જીવને કદાચિત્ શરીર ને ઇન્દ્રિયોમાં સહેજ આ અસાધ્ય જેવું થાય, પણ અંદરમાં સાધ્ય ચુકાતું નથી એને. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા !

જે સાધ્ય, જે ધ્યેય પકડયું છે દૃષ્ટિમાં અને અનુભવમાં, એનું હવે અસાધ્ય થતું નથી. શરીરની ઇન્દ્રિયો આદિમાં કદાચ મોળપ થઈ જાય બહારથી પણ અણીન્દ્રિય એવો ભગવાન આત્મા એની જે દૃષ્ટિ ને અનુભવ થયો એ હવે અસાધ્ય નહિ થાય. શ્રીમદ કહ્યુંને છેલ્લું જુઓને, મનસુખ બાને દિલગીર થવા દઈશ નહીં. ૩૩ વર્ષની ઉંમર માતાજી જીવે પિતાજી જીવે દીકરાઓ, ભાઈ બાને દિલગીર થવા દઈશ નહિ, હું હવે સ્વરૂપમાં સાધવા જાઉ છું. આહાહા ! અક્ષરે અક્ષર સાચો હોં ! બહારનું લક્ષ હું હવે છોડી દઉં છું. મારો પ્રભુ અંદર છે ત્યાં હું જાઉં છું. હવે ઉપયોગથી હોં, વસ્તુ તો હતી પણ ઉપયોગ આમ બહાર હતો એ ઉપયોગ હવે ત્યાં લઈ જાઉ છું. આહાહા ! એ દેહ છુટવા ટાણે એને સમાધિ રહે, શાંતી રહે, ઓલા દેહ છુટવા ટાણે ભિંસાઈ જશે, આવી વાત છે. આ એક બોલની આટલી વ્યાખ્યા થઈ અડધો કલાક થયો અડધો. હેં ? ( શ્રોતાઃ– અડધો અધુરો રહી ગયો ) આટલું તો આવ્યું. આવે ત્યારે આવેને. આહાહા !

( શ્રોતાઃ– મિથ્યાત્વ જ્ઞાનની પર્યાયમાં નથી ને ? મિથ્યાત્વ, અવિરતિ, કષાય ને યોગ ? ) ચારેય નથી. અનુભૂતિમાં મિથ્યાત્વ તો નથી પણ અવિરતિ અને કષાયેય નથી. એ તો વાત કરીને. વાત કરીને ચારેય નથી, મિથ્યાત્વ તો નથી પણ અસ્થિરતા જે છે એ કષાયની એ અનુભૂતિમાં નથી. કદાચિત્ કોઈ સમક્તિ મોહનો ઉદય હોય ત્યાં તેથી ક્ષાયિકનું લીધું'તું ને, તેનો પણ ત્યાં અનુભૂતિમાં, અનુભૂતિથી તે ભિન્ન છે. અને તે સમકિત મોહનીયનો બંધ નથી, આવીને ખરી જાય છે. આવું શરણ છે તે, પ્રભુ ક્યાંય શરણ નથી બીજે. આહાહાહા !

તે હવે આઠેય કર્મ અનુભૂતિમાં નથી એમ કહે છે. આહાહા ! તેરમો બોલ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાયરૂપ કર્મ છે. એ કર્મ છે, તે બધું ય જીવને નથી. જીવદ્રવ્યમાં નથી, પણ એની અનુભૂતિમાં નથી એમ કહે છે ત્યારે જ એને દ્રવ્યમાં નથી એમ ભાન થાય. દ્રવ્યમાં નથી, દ્રવ્યમાં નથી પણ દ્રવ્ય જ્યારે દૃષ્ટિમાં આવ્યું છે, અનુભવમાં આવ્યું ત્યારે દ્રવ્યમાં નથી, તે અનુભૂતિમાં નથી. આહાહા !

આવી અમૃતધારા રહી ગઈ, જગતના ભાગ્ય સાક્ષાત્ ત્રણલોકના નાથ એની વાણી છે આ. સંતોએ કહી છે પણ વાણી એ દિવ્યધ્વનિ છે. ( શ્રોતાઃ– સંતો ભગવાન છે ને ) ઓહોહો ! એ ભગવાન છે, પરમેશ્વર છે, મોક્ષતત્ત્વ છે, મોક્ષતત્ત્વમાં છે ઈ. ભલે મોક્ષમાર્ગમાં છે, પણ એ મોક્ષતત્ત્વમાં છે, એમ કીધું ને પ્રવચનસાર કહે છે કે આઠેય કર્મ, આઠેય કર્મ કર્મમાં ભલે હો, છે એમ કીધું, પણ ચૈતન્ય ભગવાન જીવને નથી. આઠેય કર્મ કર્મમાં છે, પણ જીવમાં નથી. જીવમાં નથી, ક્યારે ? કે અનુભૂતિ કરે ત્યારે તે જીવમાં નથી એમ ખ્યાલ આવે. આહાહા ! સમજાણું કાંઈ ? આવી વાતું છે બાપા. જુવાન જુવાન જોદ્ધા કાંઈ ખબરે ય નહિ, હાલ્યા જાય છે, આને તો રોગ હતો કે નહિ એ ય સાંભળ્યું નહોતું. આવતો' તો દરરોજ છોકરાવને લઈને, આમ તરવરે છે આમ, આમ ત્યાં ખલાસ દેહની સ્થિતિ પુરી થઈ ગઈ બાપા મુદતની ચીજ છે એ જડની એ મુદતે ચાલી જશે. એવી ચીજ છે એ. આ તો ત્રિકાળી ચીજ છે એને મુદત જ ક્યાં ? આહાહાહા !

પણ એ ત્રિકાળી શાશ્વત ચીજ છે, એને મુદત નથી એવું ક્યારે ભાન થાય ? કે અનુભૂતિ કરે ત્યારે. એ અહીંયા કહે છે કર્મ છે તે બધુંય જીવને નથી ત્યારે એ કર્મ જડને હશે ? કે હા. એ

જડ છે, જડમાં છે, આત્મામાં નથી. ક્યારે ? કેમકે એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી, ઓલા પરિણામ લીધા એના, એથી આંહી અનુભૂતિના પરિણામમાં એ નથી. શું કહ્યું ઈ ? કર્મની પર્યાય જે છે એ પરિણામ છે, જોકે કર્મની પર્યાય થવી એવો કોઈ પરમાણુનાં સ્કંધમાં ગુણ નથી. સમજાણું કાંઈ ? કાલ કહ્યું 'તું. એ ધર્મની પર્યાય સ્કંધમાં પર્યાયમાં જે ઉત્પન્ન થઈ, એ પરિણામ તે દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણ થઈ ગયા. પરમાણુ દ્રવ્ય એના ગુણ એની શક્તિ, શક્તિ ગુણ અને પર્યાય થઈ તે એની પર્યાય. તે દ્રવ્ય, ગુણ ને પર્યાય. હવે આંહી ભગવાન આત્મામાં દ્રવ્યમાં નથી, તેના ગુણમાં નથી, આ તેની અનુભૂતિની પર્યાયમાં ત્રણ નથી. એ ત્રણમાં છે એ આ ત્રણમાં નથી. આ સમયસાર ! આહાહાહા !

દ્રવ્ય એટલે ભગવાન આત્મા અને ગુણ એટલે અનંતી શક્તિઓ અને પર્યાય એટલે એની પર્યાય એટલે અનુભૂતિ તે એની પર્યાય. અને ઓલા પુદ્‌ગલના પરિણામ એ પુદ્‌ગલની પર્યાય, પુદ્‌ગલ દ્રવ્ય એના ગુણો, વર્ણ, ગંધ આદિ અને આ પર્યાય અવસ્થા તે કર્મની તે એની પર્યાય. એ રીતે ત્યાં છે–એ રીતે ત્યાં છે. અહીંયા દ્રવ્ય ગુણ ને પર્યાયમાં એ નથી. પણ પર્યાયમાં અનુભવ થયો ત્યારે દ્રવ્ય ગુણમાં નથી અને તે તેનામાં છે, એમ ભાન થયું. આહાહા ! સમજાણું કાંઈ ? આવું છે.

જિનેશ્વરદેવ ત્રણલોકના નાથ એની આ પદ્ધતિ છે આ. એ સંતો એ પદ્ધતિને પ્રસિદ્ધ કરે છે. એ અનુભૂતિવાળો પોતાને પ્રસિદ્ધ કરે. હું એક ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એમાં અનંતાગુણો એ દ્રવ્યનો આશ્રય કરતાં જે અનુભૂતિ થાય તે તેની પર્યાય. રાગ ને વિકાર ને એ એની પર્યાય નહિ. ઓહોહો.... એ તો પુદ્‌ગલના પરિણામ છે. વહેંચી નાખ્યા બે. કહે છે કે એ કર્મની પર્યાય એ પુદ્‌ગલના પરિણામ અને અનુભૂતિ એ મારા જીવની પર્યાય. આહાહા ! સમજાય છે કાંઈ ? એ મારી અનુભૂતિથી એ ભિન્ન છે એટલે આવી ગયું. અનુભૂતિ દ્રવ્યની થઈ છે, તો દ્રવ્ય ગુણમાં નથી તો મારી પર્યાયમાં એ છે જ નહિ કર્મ. આહાહા ! સમજાય છે કાંઈ ? આવી વાતું ઝીણી છે.

પોતાની અનુભૂતિથી ભિન્ન છે, એનો અનુભવ નથી, આંહી એમ કહે છે. ઈ ભલે છે, પણ એનો અનુભવ નથી, છે ઈ છે અને આંહીં છે. આ છે, આંહીં છે પણ પ્રભુ જે છે દ્રવ્યગુણથી ભરેલો પ્રભુ, એની અનુભૂતિ થઈ એટલે મારી પર્યાયમાં નથી, તો પછી દ્રવ્યગુણની તો વાત શી કરવી. આવું સ્વરૂપ છે. અને તે નથી તે નથીપણે જ રહેવાનું હવે, એમ કહે છે. મારા દ્રવ્ય ગુણમાં તો નથી પણ પર્યાયમાં નથી, તે નથીપણે જ હવે રહેવાનો. હું નથીપણે જ થઈ જવાનો. ઓલામાં આવે છે ને, એ કોઈને પૂછવા જવું પડે નહિ, નિર્જરા અધિકારમાં આવે છે. ( શ્રોતાઃ– પોતાનું સુખ પ્રાપ્ત થયું તે ) પ્રાપ્ત સ્વરૂપ થાય તે અનુભૂતિ થાય એને કોઈને પૂછવા જવું પડે નહિ કે એલા મને આ થયું છે કે નહિ ? અને દુનિયા જાણે તો છે અને દુનિયા ન જાણે, તો નથી એમ છે ? આહાહા ! એ તેર બોલ થયા.

ચૌદમો બોલ."જે છ પર્યાપ્તિયોગ્ય અને ત્રણ શરીરયોગ્ય વસ્તુ એ નોકર્મ" શું કીધું ઈ ? આહાર યોગ્ય પરમાણુ, શરીર, ઇન્દ્રિય, ભાષા, શ્વાસ, મન એવી છ પર્યાપ્તિને યોગ્ય એ પુદ્‌ગલકર્મ. છ પર્યાપ્તિને યોગ્ય જે પુદ્‌ગલ કર્મ અને ત્રણ શરીરને યોગ્ય પુદ્‌ગલકર્મ. ઔદારિક,

વૈક્રિયિક અને તેજસ. આહારક શરીર એ તો એકકોર રહી ગયું. આંહી તો ત્રણ શરીર ઔદારિક, તેજસ ને કાર્મણ બસ. ઓલાને વૈક્રિયિક, તેજસ અને કાર્મણ, આહારક તો કોઈ વખત થાય તેનો પ્રશ્ન નથી. ત્રણ શરીરને યોગ્ય પુદ્ગલ સ્કંધરૂપ નોકર્મ છે, નોકર્મ છે, અસ્તિ તો સિદ્ધિ કરી. એ નથી જ. ઓલા વેદાંતની પેઠે આત્મા સત્ય અને બીજું ભ્રમ મિથ્યા. જગત મિથ્યા એમ નથી. જગત જગતપણે છે. આંહી તો આત્માની અપેક્ષાએ નથી, પણ એ નથી જ એમ કહે છે એ લોકો, તેથી આ પહેલું સિદ્ધ કરે છે કે એ છે. છ પર્યાપ્તિ યોગ્ય આહાર, શરીર, એ જીવ બાંધે છે, એમ કહેવું એ વ્યવહાર છે, બાંધે કોણ ? જીવ પર્યાપ્તિને બાંધે ? આહાહાહા !

એ શરીરને એ કર્મ પુદ્ગલને યોગ્ય જે છ પર્યાપ્તિ છે, એ પુદ્ગલ સ્કંધરૂપ નોકર્મ છે, એ બધુંય જીવને નથી, આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા, મન એ પર્યાપ્તિને યોગ્ય પુદ્ગલ છે એ મારામાં નથી, એનામાં છે. જીવ પર્યાપ્તિવાળો છે ને શ્વાસોશ્વાસવાળો છે, આહારક શરીર છે ને આહાર કરનારો છે, ઇન્દ્રિયવાળો છે, હું નથી કહે છે. છ પર્યાપ્તિને યોગ્ય પુદ્ગલ કર્મ, નોકર્મ અને ત્રણ શરીરને યોગ્ય નોકર્મ, તે બધુંય જીવને નથી, એ જીવદ્રવ્યમાં નથી, એ એનામાં છે, આમાં નથી. પણ ક્યારે ? મારામાં નથી ને એનામાં છે એવું ક્યારે ? કે અનુભૂતિ થાય ત્યારે. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનો અનુભવ થતાં મારી ચીજમાં જ્ઞાન ને આનંદ છે મારી ચીજમાં એ કાંઈ આહાર પરમાણુ છે નહિ. આહાહા ! સમજાણું કાંઈ ? ઓહોહો !

તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી, એ તો પુદ્ગલ દ્રવ્યની પર્યાય છે, પર્યાપ્તિ યોગ્ય જે પુદ્ગલ છે એ તો પુદ્ગલદ્રવ્યની પર્યાય છે, પુદ્ગલદ્રવ્ય છે, એના ગુણો છે અને આ એની પર્યાય છે. કહે છે આમ તો શ્વાસ ચાલે છે ને શ્વાસ ? એ પુદ્ગલદ્રવ્યની પર્યાય છે. પણ એ શ્વાસ આમ–આમ છે તેમાં આત્માના પ્રદેશ પણ ભેગાં છે, એકલો પવન હાલતો નથી, એમાં પ્રદેશ પણ છે ભેગા. જેમ આ અવયવમાં છે એ પણ એક અવયવ છે શ્વાસ, પણ એ મારો જે આત્મા છે એનો જે અનુભૂતિમાં એ શ્વાસનાં પરમાણુઓ અને આ પર્યાપ્તિના પરમાણુઓ મારામાં નથી. શ્વાસ ચાલે છે એમાં પ્રદેશ છે આત્માના, પણ છતાં કહે છે કે અનુભૂતિથી જોઈએ તો એ શ્વાસના પરમાણુઓ મારી પર્યાયમાં છે જ નહિ. આહાહા ! સમજાણું કાંઈ ? આવી વાતું છે.

આમ કહેને ઓલા ઉંડો શ્વાસ લ્યો, ફલાણું લ્યો, એમાં આત્માના પ્રદેશ છે, પણ કહે છે કે મારો આત્મા એની અનુભૂતિમાં આવ્યો, તેથી એ બધી પર્યાપ્તિયોગ્ય પુદ્ગલો, શ્વાસ જે આમ ચાલે છે એ મારામાં નથી. આહાહા ! સમજાણું કાંઈ ? એ શ્વાસને હલાવું છું, ઊંચો નીચો કરું છું, એ હું નહિ. દાકતર કહે ને જોવું હોય તો ઉંડો શ્વાસ લ્યો, હળવેથી લ્યો. પણ આંહી તો કહે છે કે પ્રભુ એ જીવમાં એ પર્યાપ્તિયોગ્ય ને ત્રણ શરીર યોગ્ય પુદ્ગલો નથી–નથી–નથી. કહે જીવમાં નથી એમ ક્યારે થાય ? કે જીવદ્રવ્યનો અનુભવ થાય, કે આ તો આનંદ ને જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે ત્યારે તેની અનુભૂતિમાં નથી, તેથી જીવમાં નથી. આવું સ્વરૂપ છે, અરે આવી ચીજ મૂળ વસ્તુ રહી ગઈ ને લોકો બહાર ચડી ગયા બધે, રસ્તો મુકીને ( શ્રોતાઃ– સમજાવનારાય વયા ગયા ) વસ્તુ એવી થઈ ગઈ, થઈ ગઈ એવી થઈ વાત સાચી છે. પોતાની અનુભૂતિથી ભિન્ન છે. ચૌદમો બોલ પૂરો થયો.

( પંદરમો બોલ ) હવે કર્મના રસની શક્તિઓ અર્થાત્ અવિભાગ પ્રતિચ્છેદો પરમાણુમાં

કર્મનો રસ અનુભાગ એ સમૂહરૂપ વર્ગ છે વર્ગ, એનાં પરમાણુઓનો સમૂહ છે, રસના પરમાણુનો સમૂહ છે તે બધોય જીવને નથી. એ છે કીધું સમૂહરૂપ વર્ગ છે ખરો. અસ્તિ છે પણ એ મારા જીવમાં નથી, જીવમાં નથી એ ક્યારે થયું ? કે જીવનું જ્ઞાન ને અનુભવ થયો, ત્યારે એ જીવમાં નથી એમ એને નિર્ણય થયો. ધારી રાખ્યું 'તું કે આત્મામાં આ નથી પણ એનો જીવમાં નથી એવો અનુભવ ન થયો. આહાહા ! સમજાણું કાંઈ ? કે આ પુદ્ગલ પરમાણુ જીવમાં નથી, આ કર્મનો રસ છે એ, અવિભાગ પ્રતિચ્છેદ એ ધારી રાખ્યું 'તું એ કર્મની વાતું ત્યાં સુધી એ ભિન્ન છે, એમ ભાન નહોતું એ જીવ ભગવાન આત્મા પોતાની અનુભૂતિ એનાથી તે ભિન્ન છે એમ ભાન થયું ત્યારે જીવમાં નથી એમ કહેવાણું. જીવનો અનુભવ થતાં આ તો આનંદ ને જ્ઞાન ને શાંતિનો સાગર છે, એવી અનુભૂતિ થતાં સમ્યગ્દર્શન ને અનુભવ થતાં આ વસ્તુ તો અનંત જ્ઞાનદર્શન ને આનંદનો કંદ પ્રભુ છે, તો એમાં નથી એટલે વર્તમાન મારી અનુભૂતિમાં પણ એ નથી. આહાહાહા !

કર્મનો અનુભાગ ભોગવવો પડશે એમ કહે છે ને લોકો ( શ્રોતાઃ- ફળને ભોગવવા પડે ) કોણ ભોગવે સાંભળ ભાઈ એ કર્મનો અનુભાગ એ તો પુદ્ગલના પરિણામ છે, એ પુદ્ગલ સાથે અભેદ છે, જીવમાં એ નથી. એટલે ? જીવ જે જાણવામાં આવ્યો, અનુભવમાં આવ્યો કે આ જીવ તો શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે, એમ જે અનુભવમાં આવ્યો તેથી તેને અનુભૂતિથી ભિન્ન છે, તે જીવમાં નથી એમ નક્કી નિર્ણય થયો. આહાહા ! સમજાણું કાંઈ ? અમારે નારાયણભાઈ હતા એ ૨૯ બોલનો ઉકરડો કહેતા, એ તો ઉકરડો છે ૨૯ બોલનો એનાથી ભિન્ન છે. આહાહા !

એ બધોય રસ છે ને કર્મના રસની શક્તિઓના અવિભાગપ્રતિચ્છેદો મૂળ શક્તિ એટલે એ સમૂહરૂપ વર્ગ છે તે બધોય જીવને નથી. આ વર્ગ નથી કહેતા એકડીયાનો વર્ગ બે નો વર્ગ ત્રણનો વર્ગ એમ આ પરમાણુના અનુભાગનો એક વર્ગ છે. એ મારી અનુભૂતિથી તે ભિન્ન છે. મારો વર્ગ છે એ તો અનંતગુણથી ભરેલો મારો વર્ગ છે એની અનુભૂતિ થતાં જીવમાં નથી એટલે એનું ભાન થયું. સમજાણું કાંઈ ? ૧૫ બોલ થયા.

( સોળમો બોલ ) જે વર્ગોનો સમૂહ ઘણાં વર્ગ પહેલો વર્ગ, બીજો વર્ગ કરીને સાત ચોપડીનો બધો ભેગો વર્ગ કરે છે ને સાતનો, એમ આ પરમાણુનો અનુભાગનો રસ એનો આખો સમૂહ બધાનો-બધાનો એ વર્ગણા તે બધીયે જીવને નથી. કેમકે પુદ્ગલદ્રવ્ય પરિણામમય હોવાથી અનુભૂતિથી તે ભિન્ન છે. આહાહા !

સત્તરમો. વિશેષ- મંદ તીવ્ર રસવાળા કર્મ દળોનાં મંદ અને તીવ્ર રસ છે એ કર્મ દળોના ખાસ જમાવરૂપ છે એ વર્ગણાઓના સમૂહરૂપ સ્પર્ધકો છે, વર્ગમાં નાનો ભાગ આવ્યો, વર્ગણામાં ઘણો ભાગ આવ્યો, ને સ્પર્ધકમાં બધું આવ્યું, તે બધાય જીવને નથી. એ બધી વિશેષ જાણવાની કર્મની વાત પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી મારી અનુભૂતિથી ભિન્ન છે. આહાહા !

અઢાર. સ્વપરના એકપણાનો અધ્યાસ સ્વપરના એકપણાનો અધ્યવસાય એકપણાનો અધ્યાસ એટલે અભ્યાસ હોય ત્યારે વિશુદ્ધ ચૈતન્ય પરિણામથી જુદાપણું-વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાપણું. મારો પ્રભુ વિશુદ્ધ ચૈતન્યપરિણામમાં આવ્યો. ચૈતન્યપરિણામથી જુદાપણું, જેમનું

લક્ષણ છે, એવા જે અધ્યાત્મસ્થાનો એટલે અધ્યવસાયના સ્થાનો હોં, અધ્યાત્મ એટલે આત્મા નહિ, અધ્યવસાયના તે બધાંય જીવને નથી. આહાહા! વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાપણું જેમનું લક્ષણ એવાં અધ્યવસાય સ્થાનો સ્વપરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે, વર્તતા હોય ત્યારે, એ વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાપણું જેમનું લક્ષણ છે, એવા જે અધ્યવસાયના સ્થાનો તે બધાય જીવને નથી. કારણકે તે પુદ્‌ગલદ્રવ્યનાં પરિણામમય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે. કર્મની અપેક્ષા છે એટલે જરી સૂક્ષ્મ છે થોડું. ઓલામાં સમુચ્ચય લીધુ'તું રસમાં.

હવે ઓગણીસ. આંહી જુદી જુદી પ્રકૃત્તિઓનાં રસના પરિણામ જેમનું લક્ષણ છે એવા જે અનુભાગસ્થાનો, દરેક પ્રકૃત્તિમાં અનુભાગ હોય છે ને ? પ્રકૃત્તિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ ચાર, એમ આ અનુભાગ સ્થાનો જે છે એ બધાય જીવને નથી, કર્મનો અનુભાગ એ તો પુદ્‌ગલનાં પરિણામ છે, એ જીવની અનુભૂતિના પરિણામથી તો ભિન્ન છે. અનુભવમાં કર્મનો રસ છે તે અનુભવમાં આવતો નથી એમ કહે છે, આત્માનો આનંદ છે, એ અનુભવમાં આવે છે એ રસ અનુભવમાં આવે છે. આહાહા! કર્મના અનુભાગ સ્થાનો એમાં નથી. એ પુદ્‌ગલ હોવાથી પોતાની અનુભૂતિથી ભિન્ન છે. ઓગણીસ થયા. વિશેષ કહેવાશે.

(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં.૧૩૦ ગાથા-૫૦ થી ૫૫ તા. ૭/૧૧/૭૮ મંગળવાર કારતક સુદ-૭

શ્રી સમયસાર ૫૦ થી ૫૫ ગાથા. ૧૯ બોલ ચાલ્યા છે.

વીસમો 'કાયવર્ગણા' આ કાયા છે ને એ પરમાણુનો સમૂહ, વચનવર્ગણા અને મનોવર્ગણા એનું કંપન જેમનું લક્ષણ છે એવા જે યોગસ્થાનો "કંપનના સ્થાન જે" તે બધાંય જીવને નથી. કંપે છે ને પ્રદેશ મનોવચન વર્ગણાના નિમિત્તથી ને કંપન પોતાનું પણ એ કંપન પુદ્‌ગલનું છે એમ કહે છે. એ પુદ્‌ગલના એ આત્માનો સ્વભાવ નથી. એ કંપન, યોગસ્થાનો તે બધાય જીવને નથી. કારણકે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી તેની અનુભૂતિથી ભિન્ન છે. એટલે ? કે ચૈતન્ય, જે સ્વરૂપ પ્રથમ વસ્તુ જે જ્ઞાયકસ્વભાવ ચૈતન્ય, આ ક, ખ, ગ, ઘ માં આવે છે ને ? પહેલો 'ક' એનો અર્થ આત્મા કર્યો છે. 'ક' એટલે આત્મા, અષ્ટ, ૧૦૦૮ લક્ષણો જેમ એમાં 'ક' પહેલો છે એમ અહીંયા 'ક' એ આ આત્મા એમ ભગવાન આત્મા 'ક' એટલે જ આત્મા એમ. અહીં તો કાય છે ને એટલે શરીર છે પણ અહીં તો 'ક' એટલે આત્મા એનો કાય એટલે જીવાસ્તિકાય, એ અનુભૂતિ તેની, જીવાસ્તિકાય જીવ અસ્તિકાય અસંખ્ય પ્રદેશ સમૂહ, તેની અનુભૂતિ તેના સ્વભાવ સન્મુખ થઈને જે અનુભવ આનંદની દશા આદિ જ્ઞાનની પર્યાય આદિ અનુભવ થાય એ અનુભૂતિથી ભિન્ન છે, દ્રવ્યથી પહેલું જીવમાં નથી એમ કહ્યું, છે ને ? એ જીવને નથી એમ કહ્યું, પછી કહ્યું કે એ જીવને નથી ક્યારે ? કે એને અનુભૂતિ થાય ત્યારે તે જીવને નથી. આહાહા! સમજાણું કાંઈ ?

એ અષ્ટ ૧૦૦૮ લક્ષણ છે ને ? ભગવાનને કપાલી કહ્યા છે, કપાલી, ઓલા કપાલી નથી આવતા. કપાલી! હે પ્રભુ આપ કપાલી છો 'ક' એટલે આત્મા! પાલી નામ પાળનારા, આત્માના પાળનારા માટે આપ કપાલી છો. અહીંયા કહે છે, આત્માનો પાળનાર એટલે પ્રભુ

પોતે નિમિત્તથી કહ્યું છે પણ અહીંયા આત્મા જે શુદ્ધ ચૈતન્યમૂર્તિ નવતત્ત્વમાં પણ એનું નામ પહેલું આવે છે ને ? 'જીવ' છ દ્રવ્યમાં એનું નામ છેલ્લું આવે છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, પુદ્‌ગલ ને જીવ. કારણ બધાનો જાણનાર એટલે છેલ્લો રાખ્યો. નવતત્ત્વમાં પહેલું. જેમ કકકામાં પહેલો' 'ક' એમ આ પહેલો ભગવાન આત્મા. એ શુદ્ધ ચૈતન્ય પહેલે નંબરે, જીવને એટલે દ્રવ્યને, આ યોગના કંપનો પુદ્‌ગલના પરિણામમય હોવાથી કંપન તો પર્યાયનું છે, પર્યાય પોતામાં, પણ એ કંપન એનો વાસ્તવિક સ્વભાવ નથી, એથી એને પુદ્‌ગલના પરિણામ કહી અને જીવને નથી, ક્યારે ? કે જીવની અનુભૂતિ કરે ત્યારે. આહાહા ! આવી વાત છે. આહાહાહા !

આ તો નંદીશ્વરદ્વીપનો પહેલો દિવસ છે ને આ ? અષ્ટાનિકાનો પહેલો દિવસ છે, ઇન્દ્રો ભગવાન પાસે ત્યાં જાય છે, ભલે ભક્તિનો શુભભાવ છે, પણ ઇન્દ્રો એકાવતારી પણ બાવન જિનાલયો, બધું અસ્તિ છે હોં, છે. ઇન્દ્રો પણ ભક્તિ કરવા, અઢીદ્વિપ બહાર આઠમુ જિન છે ત્યાં ય જાય છે ભાવ આવે, છતાં એ ભાવ આંહી કહેશે આગળ કે વિશુદ્ધિસ્થાનો એ જીવના નથી, એ શુભભાવના પ્રકાર એ આવશે હોં ! છવ્વીસમું એ જીવમાં નથી. આહાહાહા !

એક બાજુ એમ કહેવું, સર્વ વિશુદ્ધ અધિકારમાં પાછળ કે પુણ્ય ને પાપ પણ જીવ છે. આવે છે ને ? ધર્મઅધર્મ જીવ છે, એ ધર્મ અધર્મ એટલે પુણ્ય પાપ, ધર્માસ્તિ અધર્માસ્તિથી એ ભિન્ન છે, પણ ધર્મ અધર્મ સહિત છે, એ ધર્મ અધર્મ એટલે પુણ્ય ને પાપ, જીવ પુણ્ય ને પાપમય છે, ત્યાં એમ કહેવું અને આંહી એમ કહેવું કે એ પરિણામ પુદ્‌ગલના છે, એના સ્વભાવમાં એ નથી એ અપેક્ષાએ પુદ્‌ગલનાં ગણીને, પુદ્‌ગલ જીવનો સ્વભાવ અનુભૂતિ થતાં તે પરિણામ અનુભવમાં આવતા નથી, ભિન્ન રહી જાય છે. અને આંહી કંપન કહ્યું એટલો પણ અનુભૂતિ થતાં સમ્યગ્દર્શન થતાં, અંશે કંપનનો પણ ક્ષય થાય છે. કેમ કે એના અનંત જે ગુણ છે એમાં ગુણનો આધાર જે દ્રવ્ય છે, એવા દ્રવ્યની અનુભૂતિ થઈ એને ચૈતન્ય ચમત્કારની પરિણતિ થઈ તે પરિણતિમાં અનંતા પુદ્‌ગલાદિનાં પરિણામ નથી, કંપન એમાં નથી પણ છતાં કંપનનો જે અંશ છે, તે અનુભૂતિને કાળે તેનો નાશ થાય છે અંશ. આહાહાહા !

આપણે તો આંહી અનુભૂતિ અપ્રતિહત લેવી છે. આહાહા ! સમજાણું કાંઈ ? એટલે શું ? કે અનુભૂતિ થઈ તે થઈ, હવે એ જાય એવું નથી, એવો જે ભગવાન આત્મા, એના આ કંપન નથી કેમ કે પુદ્‌ગલના પરિણામ ગણીને, પણ ક્યારે નથી ? કે એ જીવની અનુભૂતિ કરે ત્યારે તેનામાં નથી એમ ભેદ પડે છે, એ વિના ભેદ પડતો નથી, છે તો જુદા, પણ જુદા હોવા છતાં, જુદાપણાનો અનુભવ હોય ત્યારે તે જુદા છે. આહાહા ! આવું સ્વરૂપ હવે, એ પુદ્‌ગલના પરિણામ છે. છે ? પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી પોતાની અનુભૂતિથી ભિન્ન છે. પોતે ભગવાન આત્મા એની અનુભૂતિ એમ કીધુંને ? પોતાની એટલે પોતાનું હોવાથી, અનુભૂતિ સ્વની અનુભૂતિ ચૈતન્યસ્વભાવ એની અનુભૂતિ, વર્તમાનમાં એટલે દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણેય આવી ગયા. દ્રવ્ય આત્મા ને ગુણો આનંદ આદિ અને એની અનુભૂતિ તે પર્યાય. જે કંપન એ પણ ખરેખર પુદ્‌ગલની પર્યાય ગણી છે. પુદ્‌ગલદ્રવ્ય એના ગુણો વર્ણાદિ અને કંપન એ પર્યાય એ ત્રણ દ્રવ્ય, ગુણ ને પર્યાય આ ભગવાન દ્રવ્ય ગુણ પર્યાયમાં નથી. હજી તો દ્રવ્ય, ગુણ ને પર્યાય નામ આવડતા ન હોય, એક જણો આવ્યો 'તો એક ફેરી ક્યાંકથી ઇન્દોરનો કે દ્રવ્ય, ગુણ,

પર્યાય શું ? શિક્ષણ શિબિરમાં ( આવ્યો તો ). આહાહા ! એ ૨૦ બોલ થયા.

એકવીસ. “જુદી જુદી પ્રકૃત્તિઓના પરિણામ જેમનું લક્ષણ છે, એવા બંધસ્થાનો જીવને નથી” બંધના પ્રકાર છે ને ભિન્ન ભિન્ન એ બધાં પરિણામ પુદ્‌ગલનાં છે. એ પુદ્‌ગલદ્રવ્યનાં પરિણામમય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે. જીવમાં એ નથી. પ્રકૃત્તિના જે પ્રકારો એના પરિણામ એ જડમાં છે પણ ક્યારે ? કે આ પરિણામ અનુભૂતિના કરે ત્યારે તેને જુદા છે, એમ જાણવામાં આવે. પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે. ૨૧ થયા.

બાવીસ. પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ કર્મ અવસ્થા જડ અવસ્થા “જેમનું લક્ષણ, કર્મ અવસ્થા જેમનું લક્ષણ છે, એવા જે ઉદયસ્થાનો તે બધાય જીવને નથી,” એ કર્મનાં ઉદયસ્થાનો અને પર્યાયમાં પણ જેટલા પ્રકાર વિકારાદિના ઉદય પ્રકાર થાય એ બધાય જીવને નથી. એ શું કહ્યું ? કે કર્મની પ્રકૃત્તિઓનાં જેટલા પ્રકાર છે એ તો જડનાં છે, હવે આ બાજુ એ તો ઉપાદાન એનું થયું, હવે એમાં નિમિત્ત છે આ બાજુમાં આત્મામાં, એટલા પ્રકૃત્તિના જેટલા પરિણામ છે ઉદયસ્થાનો એટલો એનો ભાવ અહીં પર્યાયમાં છે, પર્યાયમાં પણ એટલા જ પ્રકારના ભાવો જીવના એ તો એ ચીજ તો જડની થઈ ગઈ, હવે અહીંયા પણ એટલા પ્રકાર જીવની પર્યાયમાં છે, એને પણ જડના કહી દઈને.... સમજાણું કાંઈ ? એ શું કહ્યું ? કે જેટલા પ્રકૃત્તિના પ્રકારો છે, એ તો સ્વતંત્ર, હવે એમાં અહીંયા એમાં જીવ નિમિત્ત છે કે નહિ કોઈ પર્યાય એની ? એ પોતાના એટલા પ્રકૃત્તિના જે ભેદ છે એટલા જ પર્યાય અહીં પરિણામમાં હોય એટલા પ્રકાર પોતાને કારણે વિકૃત અવસ્થાનાં ભેદો છે. પણ બેયને ભેગા ગણી નાખ્યાં. ઉદયસ્થાન અને આ ભાવ બધોય એક ગણીને એ બધા પુદ્‌ગલના પરિણામ છે. આહાહા ! એ જીવને નથી.

એ પ્રશ્ન એક ફેરી ઉઠયો ’તો ભાઈએ વિરજીભાઈએ કર્યો ’ તો,રાણપુર ૮૪ નાં ચોમાસામાં, કે આ જેટલા પ્રકૃત્તિના પરમાણુઓ છે એ તો સ્વતંત્ર જડની પર્યાય, હવે આત્મામાં એનું નિમિત્તપણું થાય છે તેવા પ્રકાર છે કે નહિ ? આત્મામાં છે ને ? ન્યાં પ્રકૃત્તિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ જેટલા પ્રકારનાં છે એ તો એના, હવે એમાં અહીં નિમિત્તપણું છે એટલા પ્રકારનું અહીંયા પ્રકૃત્તિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ તેની વિકૃત અવસ્થા છે ને ? શું કીધું સમજાણું ? ( શ્રોતાઃ– વધારે સ્પષ્ટ કરો ) હેં ! હા, કરીએ છીએને ન્યાં તો બેને એક ગણશે હવે, પણ આંહી તો હજી કે જેટલી કર્મ પ્રકૃત્તિ છે એ પ્રકૃત્તિ સ્વભાવ એનાં પ્રદેશો, એની સ્થિતિ અને રસ એ ચાર પ્રકાર એમાં છે, એ તો એનામાં, હવે આંહી આત્મામાં એ નથી, અત્યારે નથી. બીજે કહેશે ઓલું તો એ વસ્તુ આત્મામાં નથી, આત્મામાં એનું નિમિત્તપણું થાય એવી કોઈ વસ્તુ છે કે નહિ ? ( શ્રોતાઃ– પર્યાયમાં ) પર્યાયમાં પ્રકૃત્તિ છે એ તો જડની જડમાં સ્વભાવ સ્થિતિ રસ અને પ્રદેશની સંખ્યા, એ તો જડની જડમાં પણ હવે એ તો ત્યાં એના ઉપાદાનમાં થયું, પણ આના ઉપાદાનમાં શું છે ? કે જેને એ નિમિત્ત થાય એ ઉપાદાનમાં શું છે ? ઝીણી વાત છે થોડી ભાઈ. એ તો વિરજીભાઈએ પ્રશ્ન કરેલો, કે અહીં તો કર્મ છે એ તો કર્મની અવસ્થા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એનામાં છે. પણ અહીંયા આત્મામાં એને એની જે છે યોગ્યતાના પ્રમાણમાં આંહી પર્યાય છે કે નહિ ? ભાઈ ! જેટલી પ્રકૃત્તિનાં સ્થાન છે, ઉદયના અનુભાગના પ્રકાર છે, સ્થિતિના પ્રકાર છે, પ્રદેશની સંખ્યાના, એટલા જ પ્રમાણમાં અહીં પર્યાયમાં પણ એવી યોગ્યતા પોતાની

પોતાને લઈને છે. સમજાણું કાંઈ ? હવે આવી વાતું છે. કારણકે એ તો પરમાં જડનું ગયું, હવે આત્મામાં કાંઈ એનું ઉપાદાન આમાં છે ને એને નિમિત્ત થાય એવું આમાં કાંઈ છે કે નહીં ? આહાહાહા !

કેમકે જડના પરમાણુની પર્યાય છે એ તો સ્વતંત્ર એનો પર્યાય છે એનો, હવે એમાં છે એમાં આનું નિમિત્તપણું અને પોતામાં ઉપાદાનપણું શું છે ? એમાં નિમિત્તપણું એને થાય અને પોતાનું ઉપાદાનપણું થાય એ શું છે ઈ ? હૈં ? ( શ્રોતાઃ- જીવની વિકારી પર્યાય ) જીવની એટલી યોગ્યતા જેટલા પ્રમાણમાં પ્રકૃત્તિ, સ્થિતિ, પ્રદેશ ને સંખ્યા એટલા જ પ્રમાણમાં એની યોગ્યતા પોતાની પર્યાયમાં છે વિકૃત. આહાહા ! ઝીણી વાત ભાઈ !

આંહીયાં તો બેયનાં ઉદયસ્થાન બેયને પુદ્‌ગલ પરિણામમાં નાખી દીધા. આહાહા ! સમજાણું કાંઈ ? એ નિમિત્ત નિમિત્ત સંબંધથી થયેલો ભાવ એને પુદ્‌ગલનાં પરિણામમાં નાખી દીધા એને. હતા તો આનાં એની પર્યાય એ તો ઉપાદાન જડનું સ્વતંત્ર છે, અને આંહી વિકૃત અવસ્થા પણ ઉપાદાનની પર્યાયમાં સ્વતંત્ર છે ત્યારે તેના પ્રમાણમાં નિમિત્ત થાય છે, છતાં અહીંયા તો હવે, ( શ્રોતાઃ- નૈમિતિક ભાવ પણ પર્યાયમાં ) હૈં ! ના, એ બધું. નૈમિતિક થાય એ પણ પુદ્‌ગલ ને એને નિમિત્ત થાય એ પણ પુદ્‌ગલ એ અપેક્ષા લેવી છે.

ઝીણી વાત ભાઈ વીતરાગ મારગનો કોઈપણ બોલ સૂક્ષ્મ બહુ કઠણ છે, આ તો ત્રણ લોકના નાથ, આજ તો એ વિચાર આવ્યો 'તો કે નવતત્ત્વમાં જીવતત્ત્વ પહેલું અને ધર્માસ્તિ છ દ્રવ્યના નામમાં જીવ છેલ્લો અને કર્મમાં 'ક' પહેલો અને બધામાં ભગવાન પહેલો આત્મા, દરેકને જાણવાના કાળમાં ઉર્ધ્વ આત્મા ન હોય તો જાણે કોને ? આહાહાહા !

એ આંહી જાણનારો ભગવાન આત્મા, એની પર્યાયમાં પ્રકૃત્તિ, સ્થિતિ, અનુભાગ ને પ્રદેશ યોગ્ય જે પુદ્‌ગલના પરિણામ છે તેને અહીંયા નિમિત્ત થાય એવી યોગ્યતા પોતાની પર્યાયમાં એટલા પ્રકારની યોગ્યતા સ્વતંત્ર સ્વયં સિદ્ધ છે એ એને લઈને નહિ, અને દ્રવ્ય ગુણને લઈને નહિ, અરે આવી આકરી વાત છે.

એ પર્યાયમાં એટલી યોગ્યતા જેટલા પ્રદેશો છે ત્યાં તેટલામાં નિમિત્ત થાય એવી વિકૃત્ત અવસ્થા પોતાની છે, જેટલો ત્યાં અનુભાગ રસ છે, સ્થિતિ છે, પ્રકૃતિ સ્વભાવ છે તેટલા જ પ્રમાણમાં અહીંયા યોગ્યતા વિકારની અવસ્થા અહીંયા આત્મામાં આત્માને લઈને છે. ઓલી ચીજ તો તદ્‌ન જુદી છે આ જુદી છે, એવું સિદ્ધ કર્યા પછી, આ મારગ ભાઈ ! આંહી તો જીવને નથી. જે પ્રકાર સામામાં જેટલા છે તેટલા પ્રમાણમાં નિમિત્ત થવાની યોગ્યતા હતી, એ જીવને નથી એમ અહીં તો સિદ્ધ કરવું છે. આહાહા ! સમજાણું કાંઈ ? આવી વાતું છે. બંધસ્થાનો તે જીવને નથી કારણકે તે પુદ્‌ગલદ્રવ્યનાં પરિણામમય હોવાથી પોતાની અનુભૂતિથી ભિન્ન છે.

હવે પોતાના ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ એવા ઉદયસ્થાન. અહીંયા ઉદયસ્થાન છે તો પર્યાયમાં એટલી યોગ્યતાનો પ્રકાર જેટલા ઉદય થાય ત્યાં, એટલો જ આંહી પ્રકાર પોતાની પર્યાયમાં છે. પણ એ બેનું નિમિત્ત નિમિત્તપણું વ્યવહારે છે, પરમાર્થે આત્મામાં નથી એમ કહીને એ બંધના ઉદયનાસ્થાનો જીવની પર્યાયમાં હોવા છતાં અને ઉદયસ્થાન જડનાં જડમાં હોવા છતાં બેના સંબંધને ગણીને એ પુદ્‌ગલનાં પરિણામ એને ગણીને જીવના સ્વભાવમાં એ નથી. આહાહા !

એ જીવના સ્વભાવમાં નથી, ( એ ) ક્યારે એને ખ્યાલ આવે ? કે ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એની અનુભૂતિ થતાં તે જીવમાં નથી, અનુભૂતિથી પણ ભિન્ન છે, જીવમાં નથી પણ અનુભૂતિથી પણ ભિન્ન છે. આહાહા ! આવો મારગ વીતરાગનો ક્યાંય નથી. બધા વાતો કરે રજનીશ ને ઓલો બધાં ગપ્પાગપ્પ મારે. આંહી તો કહે છે કે પ્રભુ આત્મા પર્યાયને આલિંગન કરતો નથી. આહાહા ! એને ઠેકાણે પરનું આલિંગન અને ચુંબન, અરે પ્રભુ ગજબ કર્યો નાથ. અરે આવી વાતું હિન્દુસ્તાનમાં આર્યદેશમાં, હૈં ? આહાહાહા !

આંહી તો ભગવાન આત્મા, વિકૃત અવસ્થાને તો સ્પર્શતો અડતો નથી, પણ અવિકૃત પર્યાયને પણ દ્રવ્ય આલિંગન કરતું નથી. અને એ નિર્મળ અવસ્થા ભગવાન આત્માને આલિંગન કરતી નથી. બે ચીજ ભિન્ન છે. હવે આ એને ધર્મ આવો ( રજનીશ ) માળો જૈનમાં હતો પ્રોફસર. ગજબ કરી નાખ્યો જેનો મોરારજીને પણ વિરોધ કરવો પડયો. આ આત્મા પ્રભુ પરને ચુંબે ને આલિંગન એ તો પરને અડતો જ નથી ને ત્રણ કાળમાં, ત્રીજી ગાથામાં ન આવ્યું એ ? પરને પર દ્રવ્યના ગુણ પર્યાયને, આત્મા પોતાના દ્રવ્ય ગુણ પર્યાયને ચુંબે પણ પરને તો ચુંબતો નથી, અડતો નથી, આલિંગન કરતો નથી. ત્રીજી ગાથામાં આવ્યું' ને. પોતાના દ્રવ્ય ગુણ પર્યાયને પોતે ચુંબે એટલે ત્યાં તેમાં હોય આમ, પણ પરને તો અડતોય નથી, પરને અડે ક્યાંથી ? પરનો તો અભાવ છે એમાં. અહિંયા તો જે કાંઈ પરને ચુંબે છે પર્યાયમાં એની જે વિકૃત અવસ્થા જે છે એનો દ્રવ્યસ્વભાવ તો એને ચુંબતો નથી, પણ એ દ્રવ્યસ્વભાવની અનુભૂતિથી એ વિકૃત્ત અવસ્થા તે ભિન્ન છે. એની પર્યાયની વિકૃત અવસ્થા જીવમાં નથી એ બધા પુદ્ગલના પરિણામ ગણવામાં આવ્યા. નિમિત્ત નિમિત્તનો આખો સંબંધ વ્યવહાર બધો પરમાં નાખી દીધો. સમજાય એટલું સમજવું બાપુ આ તો પાર ન મળે. ભગવાનના મારગનો પાર ન મળે. થોડું ઘણું જાણીને એમ થઈ જાય કે અમે જાણ્યું બહુ. બાપા પાર ન મળે પ્રભુ. આહાહાહા !

આંહી કહે છે, એ ઉદયસ્થાનો તે બધાય જીવને નથી, એક બાજુ કહે કે ઉદયસ્થાન પર્યાયમાં, પોતાની પર્યાયમાં છે. વિકૃતના ઉદયના જેટલા પ્રકાર છે તે બધાય, એ તો એની પર્યાયને પરથી ભિન્ન સિદ્ધ કરવા, પણ અહીં તો હવે પર્યાય વિકૃત અવસ્થાથી ભિન્ન સ્વભાવને સિદ્ધ કરવો છે. ઉદયસ્થાનો જીવમાં નથી, કારણકે તે પુદ્ગલદ્રવ્યનાં પરિણામમય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે. આ સ્વભાવનો અનુભવ થયો. એમાં એ આવતા નથી માટે ભિન્ન છે એમ. આહાહાહા !

ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, જ્ઞાયક સ્વરૂપ એનો અનુભવ થતાં જ્ઞાનનો, આનંદનો એમાં એ સ્થાનો વિકૃત છે તે ઉદયસ્થાનો આવતા નથી માટે તે પુદ્ગલમયનાં પરિણામ ગણીને અનુભૂતિથી તેને ભિન્ન ગણવામાં આવ્યા છે. આહાહાહા ! બાવીસ થયા.

ત્રેવીસ. 'ગતિ' એ ચાર ગતિ નથી આત્મામાં, એ માર્ગણાસ્થાન આ શરીર નહિ હોં, શરીર એ કાંઈ ગતિ નથી, આ શરીર મનુષ્ય ગતિ નથી. અંદર જે પર્યાયમાં યોગ્યતા જે ગતિની મનુષ્યની છે તે ગતિ. એ ગતિ ત્યાં ગમન એ જાતનું પરિણમન છે ને ? ચાર ગતિનું મનુષ્યનું દેવઆદિનું એ ગતિ પણ ચાર, જીવમાં નથી. ગતિની પર્યાય એનામાં છે, ગતિ એની પર્યાયમાં એનામાં છે, એ ગતિ કર્મને લઈને શરીરને લઈને. આ શરીર મનુષ્યગતિ આ શરીર મનુષ્યગતિ

નથી આ તો જડની પર્યાય છે. મનુષ્યગતિ તો એને કહીએ જે મનુષ્યને યોગ્ય દશા થઈ અંદર એને મનુષ્યગતિ કહીએ. હવે છે તો એની પર્યાયમાં એ, પણ આંહી તો જીવ સ્વભાવના વર્ણનની અંદર તો એ ચારેય ગતિઓ પુદ્‌ગલના પરિણામ છે એમ કહ્યું. તે જીવમાં નથી. એ ગતિ જીવમાં નથી. આહાહાહા !

ઓલામાં આવે છે ને પંચાસ્તિકાયમાં કર્મ પરાભવ કરીને ભાવ થાય છે, આવે છે ને ? આવે છે ક્યાંક ? ભાવનું જ્યાં વર્ણન કર્યું ને ૫૬–૫૭ એમાં. એમાં એમ આવ્યું છે. પંચાસ્તિકાયમાં હોં ! થાય છે જીવમાં છે એ જીવમાં એની પર્યાય કર્મ એનો નાશ એ બધી પર્યાયો પરાભવ કરે છે, પરાભવ કરે છે એમ. સ્વભાવનો નાશ કરીને ગતિ ઊભી કરે છે એમ નિમિત્તથી તેથી પછી ન્યાં લોકો કહેને જો કર્મને લઈને થાય છે એ તો બીજી વાત છે સાંભળને ? કર્મ પરાભવ કરે છે, એમ કહે પણ એ તો ત્યાં પોતે પરાભવ થવાને લાયક છે તેને કર્મ પરાભવ કરે છે એમ કહેવામાં આવ્યું છે. આવું છે. છે ને ? ૫૪–૫૫–૫૬ ગાથામાં પંચાસ્તિકાય, કર્મ એને પરાભવ કરીને આમ કરે છે. ગતિમાં પછી કરે છે. આંહી તો કહે છે કર્મ છે એ તો નિમિત્તરૂપે છે, નામકર્મની પ્રકૃત્તિ છે ને, એ ગતિ આદિની એ તો નિમિત્ત છે અને આત્મામાં ગતિની યોગ્યતા છે, એ આત્મામાં છે, પણ આંહી જીવના સ્વભાવના અનુભૂતિના કાળમાં તે ગતિની યોગ્યતાનો ભાવ તે અનુભૂતિમાં આવતો નથી. આહાહાહા !

આ તો હજી સાધારણ વાતો છે બધી. ચાર ગતિ એ માર્ગણા એ જીવને નથી, ચાર ગતિ જીવમાં નથી. એ પુદ્‌ગલના પરિણામ છે. કહે છે ભગવાન જ્ઞાયક સ્વરૂપ છે, ચૈતન્યસ્વરૂપ પ્રભુ એનો અનુભવ થતાં એ ગતિના પરિણામ એની અનુભૂતિમાં આવતા નથી. આહાહા ! સમજાણું કાંઈ ? એની ગતિની યોગ્યતા એનામાં હોવા છતાં એ જીવના સ્વભાવની અનુભૂતિના કાળમાં તે પર્યાય આ અનુભૂતિમાં આવતી નથી, આરે ! આવી વાતું છે પ્રભુ. એથી એ ગતિના પરિણામને પણ પુદ્‌ગલદ્રવ્યનાં પરિણામ કહી દીધા. આહાહા ! માર્ગણાસ્થાન આને કહે છે.

“ઇન્દ્રિય” ઇન્દ્રિયોની સ્થિતિ આત્મામાં નથી. પાંચ ઇન્દ્રિય છે ને ? ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિય એ બેય, બેય માર્ગણાસ્થાન છે એ તો, પર્યાયમાં શોધવાની યોગ્યતા સ્વભાવમાં નથી. ઇન્દ્રિય ભાવેન્દ્રિય પર્યાય તો આત્માની પર્યાયમાં છે. દ્રવ્યેન્દ્રિય જડની પર્યાયમાં છે. છતાં બેયને પુદ્‌ગલના પરિણામ ગણીને એ જીવમાં એ નથી. નહીં તો ભાવેન્દ્રિય આવી ગઈ છે ૩૧મી ગાથામાં ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય ને ઇન્દ્રિયનાં વિષયો જીવમાં નથી, જીવ એનાથી જુદો છે અધિક છે, પરિપૂર્ણ છે. ૩૧મી ગાથામાં આવ્યું છે, જે ઇન્દ્રિયં જિણીતા એ ઇન્દ્રિય આત્મામાં નથી. એ બધાં પુદ્‌ગલનાં પરિણામ છે. કેમ ? કે અણીન્દ્રિય એવો જે ભગવાન આત્મા તેનાં અનુભવની પર્યાયમાં એ ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિય આમાં આવતી નથી આમાં, ભિન્ન રહી જાય છે. એ તો ૪૯ માં આવી ગયું ને ભાવેન્દ્રિય ક્ષયોપશમ ભાવ જે છે એ પણ આત્માનો સ્વભાવ નથી. એમ આવ્યું ૪૯માં, દ્રવ્યેન્દ્રિય છે એનો એ સ્વામી નથી જીવ, કે જેથી દ્રવ્યેન્દ્રિય વડે કરીને રસને ચાખે ને સાંભળે અને ભાવેન્દ્રિય છે એ એનું સ્વરૂપ નથી. એ ક્ષયોપશમ ભાવ છે. એ એના સ્વભાવની દૃષ્ટિએ જોતાં એ ક્ષયોપશમભાવ પણ એનો નથી. એ ૪૯ માં આવી ગયું આના પહેલાં.

“કાય” ઔદારિક, વૈક્રિયિક, આહારક, તેજસ, કાર્મણ અને એનાં ભેદો બધાં એ આત્મામાં

નથી. ઔદારિક શરીર કાય, વૈક્રિયિક શરીર એ છે ત્યાં એની યોગ્યતા તો છે. ત્યારે ત્યાં છે. સંબંધમાં શરીરને ને એનો સંબંધ છે એટલો નિમિત્ત નિમિત સંબંધ, ત્યારે નિમિત્તની યોગ્યતા તો ત્યાં છે શરીર છે એટલે, સંબંધ પોતાની યોગ્યતાનો એ પણ આત્મામાં નથી. કેમકે જીવનાં સ્વભાવની અનુભૂતિની પર્યાયમાં એ આવતું નથી કાય. આહાહાહા !

"યોગ" મન વચન ને કાયાના યોગ, ઠીક, યોગ છે તો પર્યાયનું કંપન પણ એ કર્મના નિમિત્તના સંબંધે થયેલું પુદ્ગલના પરિણામ ગણીને આત્મામાં એ નથી. આહાહા !

"વેદ" દ્રવ્યવેદ અને ભાવવેદ બેય જીવમાં નથી. પર્યાયમાં ભલે ભાવવેદ હો, દ્રવ્યવેદ તો પર્યાયમાં ય નથી એ તો જડમાં છે. આ ઇન્દ્રિયો જે શરીરની, એ તો જડની પર્યાય છે, આ જડઇન્દ્રિય એને તો આત્મા અડતોય નથી. અજ્ઞાની પણ હોં, ફક્ત જે ભાવવેદ છે વિકલ્પ જે, એ પણ પુદ્ગલનાં પરિણામ ગણીને, સ્વભાવની અનુભૂતિમાં એ નથી, સ્વભાવમાં નથી, વસ્તુના સ્વભાવમાં નથી, પણ નથી ક્યારે થાય ? કે એનો અનુભવ કરે ત્યારે, કે આ આત્મા છે આવો. સમજાણું કાંઈ ?

આવી વાતું છે બાપુ. વીતરાગ મારગ લોકોને સાધારણ કરીને હલવ્યો છે, આ કરો ને વ્રત પાળો દયા કરો ને ( શ્રોતાઃ– ઓલા કહે કઠણ કરી નાખ્યો સાદો હતો ત્યાં ) વસ્તુ જ આ છે. કઠણ કહે કે સારી કહે જે કહે એ. વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્યાં. કહો હિંમતભાઈ ! કઠણ કર્યું કહે છે, લોકો કહે છે, વસ્તુ તો આ છે. આહાહાહા !

વેદની વાસના એની પર્યાયમાં થવા છતાં, તેના જીવને જીવનો સ્વભાવ ને તેની અનુભૂતિમાં તે આવતો નથી માટે તે ભિન્ન ગણવામાં આવ્યું છે. આહાહા ! સમજાણું કાંઈ ? વાસના છે તો એની પર્યાયમાં અને તે કર્મના વેદના ઉદયને લઈને નહિ. છતાં એ વિકૃત અવસ્થા છે, અલિંગગ્રહણમાં આવે છે ને ? દ્રવ્ય ને ભાવવેદ રહિત છે, અલિંગગ્રહણ છે. શૈલી તો જુઓ, દ્રવ્યવેદ ને ભાવવેદ લિંગ છે, તેનાથી અલિંગગ્રહણ છે, તેનાથી આત્મા ગ્રહવામાં આવતો નથી. આહાહા ! એ આંહી આમ કહ્યું એ જ અમૃતચંદ્રાચાર્યે ત્યાં અર્થ કર્યો. એ અહીંયા અમૃતચંદ્રાચાર્ય અહિંયા એ અર્થ કર્યો, કહે છે ને દુરુહ કરી નાખ્યું એમ કે આ નથી આ નથી, એટલું હતું એમાં આવું બધું વિસ્તાર કરીને માળે, હવે એનો છે એનો પાછા જગમોહનલાલજીએ વખાણ કર્યાં છે, એ પુસ્તકના હમણાં આવ્યું છે કાલ જગમોહનલાલજીએ વખાણ કર્યાં પુસ્તક બહુ સારું કર્યું છે. આહાહાહા !

"વેદ" વેદ એ દ્રવ્ય ને ભાવવેદ લિંગ છે, તેનાથી આત્મા જણાય એવો નથી માટે અલિંગગ્રહણ. અહીં કહે છે કે વેદ દ્રવ્ય ને ભાવવેદ, એ જીવના અનુભવમાં નથી આવતો. કારણકે જીવના સ્વભાવમાં નથી, તેથી સ્વભાવના અનુભવમાં એ આવતો નથી. માટે તે વેદભાવ ભિન્ન છે એ પુદ્ગલના પરિણામ ગણવામાં આવ્યા. આહાહા ! સમજાણું કાંઈ ? અહીં સુધી આવ્યું, વેદ સુધી આવ્યું, સ્ત્રી, પુરુષ કે નપુંસકનો વિકલ્પ જે ઊઠે છે, એ ભાવવેદ છે, છે તો એની પર્યાયમાં એને કારણે પણ વાસ્તવિક સ્વભાવમાં નથી. ત્રિકાળી ધ્રુવ સ્વભાવની અપેક્ષાથી જોઈએ તો તે અનુભૂતિમાં એ આવતો નથી, ત્રિકાળી સ્વભાવનું સમ્યગ્દર્શનજ્ઞાન થતાં તેમાં એ ચીજ આવતી નથી, માટે વેદને પુદ્ગલ પરિણામ ગણી અને ભિન્ન કહેવામાં

આવ્યા છે. આટલું નવરાશ ક્યાં હવે ? અરે આવો કાળ મનુષ્યપણાનો મળ્યો પ્રભુ, એમાં જૈનધર્મ વાડો મળ્યો. એમાં આ વાત સમજવાની ફુરસદ ન મળે તો કે દી' સમજશે ? આહાહા !

'કષાય' ક્રોધ, માન, માયા, લોભ એવા જે કષાયના ભાવ એને અહીંયા પુદ્‌ગલના પરિણામ કહ્યા. પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય પાછા એમ અભેદ, કેમકે તે જીવની પોતાની અનુભૂતિ, પોતાનો ભગવાન આત્મા આનંદકંદ શુદ્ધચૈતન્ય એને અનુસરીને થતી અનુભૂતિ એમાં આ અનુસરણ આવતું નથી, કષાયનો ભાવ એમાં આવતો નથી માટે તે પુદ્‌ગલના પરિણામ કહ્યાં છે, ભિન્ન ગણવામાં આવ્યો છે. આ ટીકા અમૃતચંદ્રાચાર્યની ટીકા. આહાહા !

"જ્ઞાન" એ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય આદિ ભેદો એ જીવના સ્વભાવમાં નથી. આહાહા ! ભેદ છે તે અભેદ અનુભવ થતાં તેમાં આ ભેદ નથી આવતો. શું કહ્યું ? એ ઝીણું છે. કે ભગવાન આત્મા અખંડ અભેદ ચૈતન્ય સ્વરૂપ, તેનો અનુભવ કરતા જ્ઞાનના પાંચ ભેદો તેમાં અનુભૂતિમાં આવતા નથી, અભેદમાં ભેદ આવતા નથી. માટે તે ભેદને ( પુદ્‌ગલનાં પરિણામ કીધા ) કેમકે ભેદ ઉપર લક્ષ જતાં, રાગ થાય છે અને તેથી તે ભેદનો ભાવ પુદ્‌ગલના પરિણામમાં નાખી દઈને. આહાહા ! હવે આવું ક્યાં ? નવા માણસ તદ્દન અજાણ્યા હોય એને આ શું કહે છે આવી વાતું ? એ જ્ઞાનના પાંચ પ્રકાર અને એમાં અજ્ઞાનના પણ પ્રકાર એ બધાય ભેદમાં જાય છે. અનુભૂતિના અભેદમાં એ ભેદો આવતા નથી. સામે છે ને પુસ્તક ? આવી વાત છે. એને સમજવી પડશે બાપુ. મોંઘી પડે તોપણ એણે સમજવી પડશે ભાઈ ! અરે આવા ટાણાં ક્યારે મળશે ? એને જાણવું પડશે, પહેલાં ખ્યાલમાં જ્ઞાનમાં તો નક્કી કરવું પડશે ને ? અનુભૂતિ પછી. સમજાય છે ? જ્ઞાનમાં, જ્ઞાનના એ ભેદો આત્મામાં નથી, અભેદની અનુભૂતિ થતાં પણ એમાં નથી, એથી એને પુદ્‌ગલના પરિણામ કહીને, અનુભૂતિથી ભિન્ન કહ્યાં છે. ગજબ વાત છે. માર્ગણાસ્થાન કહ્યાં ને ? આ જીવ કયા સ્થાનમાં છે, કયા પ્રકારમાં છે. કહે છે કે એ કયા પ્રકારમાં છે ને કયા સ્થાનમાં છે, એ વસ્તુમાં નથી. માર્ગણા છે ને ? માર્ગણા એટલે શોધવું. આ કઈ પર્યાયમાં છે, કયા વેદમાં છે, કઈ ગતિમાં છે, એમ છતાંય એ બધા સ્થાનો જીવ સ્વભાવમાં નથી. આહાહા ! આવી વાતું છે.

"સંયમ" સંયમ અસંયમ એના બધા ભેદ લેવા. સંયમ, સંયમાસંયમ, અસંયમ એટલા બધા ભેદ છે, એ સંયમસ્થાન પણ જીવમાં નથી, ભેદ છે તે નથી એટલું સિદ્ધ કરવું છે. છે તો ભેદ એની પર્યાયમાં પણ અહીંયા ચૈતન્ય સ્વભાવ એકરૂપ અખંડ, એનો અનુભવ થતાં તેની સન્મુખની દશા થતાં, આ બધી દશાઓ બધી બહાર રહી જાય છે. આહાહા ! સમજાણું કાંઈ ? અનુભૂતિ છે તો પર્યાય પ્રગટ પણ તે અનુભૂતિની પર્યાયમાં સ્વ તરફના વલણવાળી દશા છે, તેથી તે ભેદવાળી દશા અનુભૂતિથી ભિન્ન છે, અનુભૂતિ છે તો પર્યાય, એ નિશ્ચયથી તો એ અનુભૂતિની પર્યાય દ્રવ્યમાં નથી. સિદ્ધની પર્યાય પણ દ્રવ્યમાં નથી, પર્યાય દ્રવ્યમાં ક્યાં છે ? પર્યાય પર્યાયમાં છે. ( શ્રોતાઃ- દ્રવ્યનો પ્રતિભાસ તો ખરોને ? ) સાંભળો, સાંભળો પ્રશ્ન કરવા કરતા ( પહેલા ) સમજવું, જરી એમાં ધ્યાન રાખવું, એમાં બધા ઉત્તર આવી જાય છે, નહીંતર એમાં ફેરફાર થઈ જશે. સમજાણું કાંઈ ? આહાહા ! આવી વાત છે. એ સંયમના સ્થાન એ બધા

ભેદો, કયા સંયમની પર્યાયમાં આ જીવ છે એમ શોધવું, એ વસ્તુના સ્વરૂપમાં નથી. જીવનો સ્વભાવ પરિપૂર્ણ અભેદ, અખંડ “અ” આવે છે ને ઓલામાં “અ” પહેલો આવે છે. અ, આ, ઇ, ઉ, આમાં “ક” પહેલો આવે છે, આત્મા “અ” એટલે અખંડ ‘ક’ અને ‘અ’ એ સંયમના સ્થાનો પણ પુદ્‌ગલના પરિણામ સ્થાન ગણીને દ્રવ્યનો અભેદ અનુભવ થતાં, ભેદો એનામાં નથી માટે પુદ્‌ગલસ્થાન કહેવામાં આવે છે.

“દર્શન” ચક્ષુ અચક્ષુ અવધિ કેવળ એ દર્શન લેવું, સમકિતની પછી વાત આવશે, સમજાણું કાંઈ ? એ દર્શનના ભેદો પણ ભેદને પુદ્‌ગલ પરિણામ ગણીને, અભેદના અનુભવમાં એ આવતા નથી ભેદ, માટે તેને ભિન્ન ગણવામાં આવ્યા છે. આ ઝીણી વાતું. કષાયનો તો ઠીક પણ આ તો એના ભેદોય એમાં નથી, એમ કહે છે એવી વાત છે. ભગવાન અખંડ આનંદ અભેદ સ્વરૂપ એનો અનુભવ થતાં, એ આ દર્શનના ભેદો ચક્ષુ અચક્ષુ અવધિ કેવળ એ ભેદ એમાં આવતા નથી. આહાહા !

“લેશ્યા” છ લેશ્યા, કૃષ્ણ–નીલ–કાપોત–તેજો–પદ્મ–શુક્લ એ લેશ્યા તો પ્રત્યક્ષ મલિન છે, એને પણ અહીં પુદ્‌ગલના પરિણામ ગણીને અલેશ્યી પ્રભુ આત્માનો સ્વભાવની અનુભૂતિ થતાં એ લેશ્યા એમાં આવતી નથી. તેજો, પદ્મ ને શુક્લ લેશ્યા પણ અનુભૂતિમાં આવતી નથી. એનાથી અનુભૂતિ થતી નથી. દ્રવ્યનો અખંડાનંદ પ્રભુ સ્વભાવ એની અનુભૂતિમાં આ લેશ્યાના પરિણામથી અનુભૂતિ નહિ, દ્રવ્યના આશ્રયથી અનુભૂતિ થઈ છે, લેશ્યાના આશ્રયે અનુભૂતિ થતી નથી, તેમ તે અનુભૂતિમાં તે લેશ્યા આવતી નથી. એનાથી થતી તો નથી પણ એના અનુભવમાં એ આવતી નથી. શુક્લ લેશ્યા, ( શ્રોતાઃ– એ તો વિકારી પર્યાય છે ) એ વિકારી દશા છે વિકલ્પ છે લેશ્યા આત્મામાં આવતી નથી અનુભવમાં. અરે ભવ્ય અને અભવ્ય બે ભેદો પણ જીવના સ્વભાવમાં નથી. ઠીક પર્યાય છે. ભવ્યપણું અને અભવ્યપણું એ તો પર્યાય છે, એ દ્રવ્યના સ્વભાવમાં એ ભવ્યપણું અને અભવ્યપણું અહીં પુદ્‌ગલના પરિણામ ગણીને કાઢી નાખ્યાં છે. કેમકે સિદ્ધમાં હવે ભવ્યપણું રહેતું નથી, તો રહેતું નથી તો એનો સ્વભાવ હોય તો તો રહેવું જોઈએ. જે યોગ્યતા છે એ પ્રગટ થઈ ગઈ છે પૂરી. આહાહા !

સોગાનીમાંય આવે છે કે આત્મા ભવી છે કે અભવી ? એ ભવી અભવી રહેવા દે છોડી દે. સોગાનીમાં આવે છે, દ્રવ્યદૃષ્ટિપ્રકાશ આપણે તો આત્મા જ્ઞાયક સ્વરૂપ છે એ ભવ્ય અભવ્ય નહીં. આહાહા !

“સમકિતના પ્રકાર, ઉપશમ ને ક્ષાયિક ને ક્ષયોપશમ ને મિથ્યાત્વ ને સાસાદન અને એના બધાં ભેદો, એ ભેદો સ્વરૂપના અનુભવમાં નથી, જીવમાં નથી. જીવમાં નથી એટલે કે ક્યારે તેને નથી, કે એનો અનુભવ કરે ત્યારે એનામાં નથી જીવમાં એમ એને ખ્યાલ આવ્યો. સમકિત ક્ષાયિક સમક્તિની પર્યાય જીવમાં નથી, ઓલા સર્વ વિશુદ્ધમાં એમ કહે કે પુણ્ય ને પાપ જીવ છે આવે છે ને એ ? સૂત્રજ્ઞાન તે જીવ છે, પ્રવજ્યા તે જીવ છે. એની પર્યાય છે, એનું જ્ઞાન કરાવ્યું છે, આંહી તો એના જીવ સ્વભાવમાં એ ભેદ નથી, એ સમકિતના ભેદો જીવના સ્વભાવમાં અનુભૂતિ કરતા ભેદ અનુભવમાં આવતા નથી. આહાહાહા !

“સંજ્ઞા” સંજ્ઞી અસંજ્ઞી એ આત્મામાં નથી. “આહાર અણાહાર” જેમનાં લક્ષણ એવા

માર્ગણસ્થાનો માર્ગણા એટલે શોધવું કઈ પર્યાયમાં છે, કઈ ગતિમાં છે, કઈ લેશ્યામાં છે, કયા જ્ઞાનની પર્યાયમાં છે, એમ શોધવું, એ બધા શોધકની જે અવસ્થા તે બધાય જીવને નથી, એવા જેમનાં લક્ષણ છે, એવા માર્ગણાસ્થાનો શોધવાના પ્રકાર, તે બધાય જીવને નથી. કારણ કે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી, ભેદ ઉપર લક્ષ જતાં વિકલ્પ ઊઠે છે અને અભેદનો અનુભવ કરતાં ભેદ ભેગો આવતો નથી. આવી વાતું. અભેદનો અનુભવ છે તો પર્યાય, પણ એ અભેદનો અનુભવ એ પર્યાયમાં આ ભેદનો ભાવ આવતો નથી. ઝીણો વિષય છે. ૨૯ બોલનો ઉકરડો કીધો છે. આહાહા ! ત્રેવીસ થયા.

ચોવીસ. જુદી જુદી પ્રકૃત્તિઓનું અમુક મુદત સુધી સાથે રહેવું એવું જેનું લક્ષણ છે એ સ્થિતિબંધસ્થાનો, સ્થિતિ, સ્થિતિ કર્મની સ્થિતિ છે ને ? એ સ્થિતિ આટલી મુદત રહે કર્મ આત્મામાં પણ તેનું નિમિત્તપણું છે. આટલી સ્થિતિ ત્યાં રહે એવી આંહી આત્મામાં પણ એવી યોગ્યતાની એક સ્થિતિ છે, યોગ્યતા છે. ઓલો છે એ જડમાં છે અને આ સ્થિતિને યોગ્ય ત્યાં રહ્યું છે. અહીં નિમિત્તપણું છે એની યોગ્યતા પોતામાં છે, પણ એ બેયને પુદ્‌ગલ પરિણામ ગણી નાખ્યા. નિમિત્તના સંબંધે થયેલો ભાવ પણ નિમિત્તના ગણીને પુદ્‌ગલ પરિણામ ગણી નાખ્યા અને આત્માના અભેદના સ્વભાવથી જે અનુભવ થયો તે પરિણામ જીવનાં છે એમ કીધું. અનુભવ છે તો અનુભવ પરિણામ, પણ એ અનુભૂતિના પરિણામ જીવનાં છે આમ કે અને આ પરિણામ છે એ પુદ્‌ગલના છે. એવા જે સ્થિતિબંધસ્થાનો તે બધાય જીવને નથી, કારણ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે. આહાહાહા !

પચ્ચીસ. હવે કષાયના વિપાકનું અતિશયપણું કર્મનો કષાય છે એનું ફળ વિપાક વિશેષપણું જેનું લક્ષણ સંકલેશ. વિશેષપણું કહેવું છે ને ? સંકલેશ પરિણામ સંકલેશ અશુભભાવ, અશુભના સ્થાન એ બધા પુદ્‌ગલદ્રવ્યના વિપાકના અતિશયપણાથી થતાં સ્થાન, તે બધાંય જીવને નથી. એ અશુભભાવો સ્થાન છે અનેક પ્રકારના એ જીવના સ્વભાવમાં નથી તેથી તેના અનુભવમાં પણ તે નથી. આહાહા ! આવું છે. ત્યાં તો ઠીક હવે. ૨૬ મો આકરો–

છવ્વીસ. કષાયના વિપાકનું મંદપણું, ઓલું અતિશય હતું ને ? અતિશય એટલે વિશેષ આકરો ઉદય હતો, અને આંહી અશુભભાવ થયો એ બેયમાં ભેગું નાખી દીધું. અને હવે કષાયના વિપાકનું મંદપણું, એ જેમનું લક્ષણ એવા જે વિશુદ્ધિસ્થાનો, એ શુભ પરિણામના પ્રકાર શુભજોગના પણ પ્રકાર, શુભજોગના પરિણામના પ્રકાર, કષાયના વિપાકનું મંદપણું એ બધોય જીવને નથી. પુદ્‌ગલ પરિણામ હોવાથી અનુભૂતિથી ભિન્ન છે.

વિશેષ કહેવાશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૩૧

**ગાથા - ૫૦ થી ૫૫ તથા શ્લોક - ૩૭**
**તા. ૯/૧૧/૭૮ ગુરુવાર કારતક સુદ-૧૦**

સમયસાર ૫૦ થી ૫૫ ગાથા. ૨૬ મો બોલ ચાલે છે. શું કહે છે. ૨૬ માં એમ કહ્યું કે આત્મામાં જે કાંઈ શુભભાવ થાય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ એ બધું પુદ્‌ગલકર્મના મંદનો વિપાકનું ફળ છે. એ જીવના સ્વરૂપમાં નથી. કર્મના વિપાકનું મંદપણું એનું એ ફળ છે

શુભરાગ, વિશુદ્ધિસ્થાન કહ્યાં. એ રાગ આત્માના સ્વભાવમાં નથી. આત્મા જ્ઞાયક સ્વરૂપ પૂર્ણ અભેદ સ્વરૂપ તેમાં એ રાગ નથી. પણ અહીંયા તો હવે લબ્ધિસ્થાન પણ એમાં નથી એમ કહેવું છે. ઝીણી વાત છે ભાઈ. સમ્યગ્દર્શન જે ધર્મની પહેલી સીઢી એનો વિષય આત્મા અભેદ છે. સમ્યગ્દર્શન તે જીવમાં એનો વિષય અભેદ છે, અભેદની દૃષ્ટિ થતાં તેને સમ્યગ્દર્શન થાય છે. એથી એ રાગની ક્રિયા એ કોઈ સમ્યગ્દર્શનનો વિષય નથી, તેમ એ જીવમાં નથી. આહાહા !

આંહી તો વિશેષ કહે છે. ૨૭ મો બોલ. ચારિત્રમોહના વિપાકની ક્રમશઃ નિવૃત્તિ જેમનું લક્ષણ છે એવા જે સંયમલબ્ધિસ્થાનો સંયમ-સંયમ, જે આત્મામાં સમ્યગ્દર્શનજ્ઞાન સહિત સંયમ જે સ્થિરતા અંદર છે, એના લબ્ધિસ્થાન ભેદ સંયમના ભેદો, રાગ તો જીવમાં નથી પણ લબ્ધિસ્થાન છે સંયમનાં એ ભેદ છે, ભગવાન આત્મા અભેદમાં એ ભેદ નથી. સમ્યગ્દર્શન એ ત્રિકાળી અભેદને સ્વીકારે છે. એ સંયમલબ્ધિના સ્થાનને પણ એ દૃષ્ટિ સ્વીકારતી નથી. આવી વાતું છે. હજી તો અહીંયા દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિના પરિણામ એ ધર્મ છે એમ કહે છે અત્યારે તો, એ તો મહામિથ્યાત્વ છે. આંહી તો સંયમલબ્ધિના સ્થાન જે ભેદ, એ ભેદ પણ અભેદમાં નથી. આહાહાહા ! ભગવાન આત્મા જીવ જેને કહીએ, એ અનંતા અનંતા અનંતગુણનો પિંડ અને તે અભેદ છે. અભેદ એટલે સામાન્ય છે. એમાં લબ્ધિના સ્થાન પણ જીવમાં નથી. આહાહા ! આવી વાત છે. ( શ્રોતાઃ- અપૂર્વ વાત ) છે ?

ચારિત્રમોહના વિપાકની ક્રમશઃ નિવૃત્તિ જેમનું લક્ષણ એવા જે સંયમલબ્ધિસ્થાનો, સંયમની પ્રાપ્તિના ભેદો, એ બધા જીવને નથી, જીવમાં નથી, અભેદમાં એ ભેદ નથી, એમ સિદ્ધ કરવું છે. ભગવાન આત્મા જે સમ્યગ્દર્શન એનો વિષય જે અભેદ, એમાં રાગ તો નથી, પણ લબ્ધિના સ્થાન એના અભેદમાં એ નથી, આવી વાતું. દુનિયા ક્યાં પડી ને ક્યાં માને અને ધર્મ ક્યાં રહી ગયો. એ સંયમની નિર્મળતાના ચારિત્રમોહના ક્રમશઃ નિવૃત્તિથી અંદરમાં લબ્ધિના સંયમલબ્ધિના સ્થાન ભેદ એ જીવને નથી, એટલે કે જીવની અનુભૂતિ કરતા સમ્યગ્દર્શન ને અનુભવ કરતા, દ્રવ્ય સ્વભાવના અભેદથી દૃષ્ટિ કરતા અનુભવ કરતા તેમાં એના ભેદો આવતા નથી. આવી વાત છે. વીતરાગ સર્વજ્ઞદેવ, જિનેશ્વરદેવ એનું આ ફરમાન છે. આહાહા !

દયા, દાન ને વ્રત તપ ને ભક્તિ પૂજાના ભાવ ને જાત્રાના ભાવ, એ તો રાગ છે, એ તો આત્મામાં નથી. પણ ચારિત્રમોહના ક્રમે ક્રમે નિવૃત્તિરૂપ લબ્ધિસ્થાન સંયમના પ્રગટે, ભેદ એ જીવદ્રવ્યમાં નથી. એ ભેદ છે એ જીવમાં નથી. કેમ કે, કારણકે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી ભેદ છે એના પર લક્ષ જતાં રાગ થાય છે, તેથી એને પુદ્‌ગલદ્રવ્યનાં પરિણામ કીધાં છે. આહાહા ! સંયમની ક્રમે ક્રમે રાગનો અભાવ થઈને સંયમની પ્રાપ્તિના ભેદ થાય એને અહીંયા પુદ્‌ગલદ્રવ્યના પરિણામ કહ્યાં છે. કેમકે એનું લક્ષ કરવા જાય તો વિકલ્પ રાગ ઉત્પન્ન થાય છે અને તેથી તેને પુદ્‌ગલદ્રવ્યના પરિણામ કહેવામાં આવે છે. આવી વાત છે. જિનવરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર એમ કહે છે એ સંતો કુંદકુંદાચાર્ય અમૃતચંદ્રાચાર્ય કહે છે. આહાહા !

અહીંયા તો વ્રત ને તપનો, ભક્તિ ને પૂજા ને જાત્રાનો ભાવ એ તો રાગ છે, એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી ને આત્મામાં નથી, એ તો બંધના કારણ છે, પણ અહીંયા તો લબ્ધિના સ્થાન ભેદ છે, એના ઉપર દૃષ્ટિ કરવાથી તો વિકલ્પ થાય, એ માટે કહે છે કે લબ્ધિનાં સ્થાન જીવ

દ્રવ્યમાં નથી. કોને ? જીવમાં નથી એમ કોને ખ્યાલ આવે ? એ પોતાની અનુભૂતિ ભિન્ન છે, માટે તેને જુદા કહેવામાં આવે છે. ઓહોહોહો ! ભગવાન આત્મા ચૈતન્ય વસ્તુ જે જિનેશ્વર પરમેશ્વરે કહી એ વસ્તુ અભેદ છે એ અભેદનો અનુભવ કરતાં એ ભેદસ્થાન તેમાં આવતાં નથી. રાગ તો એમાં આવતો નથી, પણ સંયમની પર્યાયની લબ્ધિના ભેદો અભેદની દૃષ્ટિમાં પરમાર્થમાં એ ભેદ આવતા નથી, તેથી તેને પુદ્ગલદ્રવ્યના પરિણામ કહેવામાં ( આવ્યા છે ), પરમાત્મા એમ કહે છે.

( શ્રોતાઃ- પ્રાથમિક શિષ્યે શું કરવું જોઈએ ? ) આ કહ્યું ને આ પ્રાથમિક શિષ્યે આ કરવું. એ જીવ અભેદ છે તેના ઉપર દૃષ્ટિ કરવી, એ પ્રથમમાં પ્રથમ જીવનું કર્તવ્ય છે. શું થાય પણ ભાઈ ! આ પ્રથમમાં પ્રથમ આત્માને કરવા લાયક હોય તો ભગવાન આત્મા અભેદ સ્વરૂપ સામાન્ય જે ધ્રુવ છે, તેની દૃષ્ટિ કરવી અને તેના ભેદના સ્થાન ને રાગ ને એમાં નિષેધ કરવો, નિષેધ થઈ જાય છે કરવો ય નથી ત્યાં. ઝીણી વાત ભાઈ ! પ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનારને, પ્રથમ ધર્મની પહેલી સીઢી સમ્યગ્દર્શન, ઈ જેને પ્રાપ્ત કરવું હોય તો, જીવ છે તે એકરૂપ ત્રિકાળ જ્ઞાયકભાવ છે, તેની દૃષ્ટિ કરવી, એથી દૃષ્ટિના વિષયમાં અભેદમાં એ વ્યવહારના, દયા દાનના રાગ તો છે જ નહીં એની વસ્તુમાં, પણ આ ભેદસ્થાનેય એનામાં નથી. આવી વાતું છે. અરેરે ! ક્યાં જગત ધર્મને માની બેઠા અને ક્યાં ધર્મનું સ્વરૂપ છે. આહાહાહા ! સંપ્રદાયમાં તો આ કહે વ્રત પાળો, દયા પાળો, ભક્તિ કરો, પૂજા કરો, પંચમહાવ્રત પાળો એ તો બધો રાગ છે, એ તો જીવના સ્વરૂપમાં નથી. ભગવાન આત્મા, જેને પ્રથમ સમ્યગ્દર્શન કરવું હોય એને પહેલામાં પહેલું જીવદ્રવ્ય અભેદ છે તેની દૃષ્ટિ કરવી પડશે. એ વિના સમ્યગ્દર્શન ત્રણકાળ, ત્રણલોકમાં બીજી રીતે થશે નહીં. આવી વાત છે. શું થાય ?

( શ્રોતાઃ- તીવ્ર પુરૂષાર્થ કર્યો પણ કાંઈ હાથમાં આવતું નથી ? ) નજર ક્યાં નાખી છે એણે બહારમાં નજરું પડી છે એની, વિકલ્પમાં અને ભેદમાં ગુંચાઈને પડયો છે એ. કાલે કહ્યું નહોતું બપોરે આવ્યું નહોતું ? સુક્ષ્મ ઉપયોગમાં હાથ આવે, તો હાથ નથી આવતો ત્યાં સુક્ષ્મ ઉપયોગ કર્યો જ નથી. ઝીણી વાત છે બાપુ. વીતરાગ જિનેશ્વરદેવ એનો મારગ કોઈ જુદી જાત છે. આખી દુનિયાથી જુદો છે. અત્યારે તો સંપ્રદાયમાં ચાલે છે એનાથી તો જુદી વાત છે. વસ્તુ વીતરાગ ત્રિલોકનાથ સીમંધર ભગવાન બિરાજે છે, મહાવિદેહમાં એમણે આ કહ્યું છે એ સંતો ( એ ) ત્યાંથી લાવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. આહાહા !

ચારિત્રમોહના વિપાક, સંયમ છે ને ? દર્શનમોહનો વિપાક એવો જે મિથ્યાત્વ એ તો જીવમાં નથી પણ ચારિત્રમોહના વિપાકની નિવૃત્તિ, પ્રવૃત્તિ ચારિત્રમોહની પ્રવૃત્તિ એ તો રાગાદિ એ તો પહેલું કહ્યું, એ રાગ એ સ્વરૂપમાં નથી, સમ્યગ્દૃષ્ટિનો વિષય જે આત્મા તેમાં એ નથી. પણ સંયમલબ્ધિસ્થાન એ પુદ્ગલના પરિણામ ગણ્યા છે. જુઓ આ સંતોની, દિગંબર સંતોની વાણી, એ પરિણામ પુદ્ગલના હોવાથી પોતાની અનુભૂતિથી ભિન્ન છે. પોતાની અનુભૂતિ એટલે ? આનંદ સ્વરૂપ જે ભગવાન આત્મા એને અનુસરીને અનુભૂતિ થાય, સમ્યગ્દર્શન થાય, અનુભૂતિ જ્ઞાન થાય અને શાંતિનું વેદન થાય એવી અનુભૂતિથી તે લબ્ધિના સ્થાન પણ એમાં અનુભૂતિમાં આવતા નથી. આવી વાતું. હવે લોકોને તો એવું લાગે બિચારાને આ બધું

નિશ્ચય નિશ્ચય નિશ્ચય વાત સાચી છે એની. નિશ્ચય એટલે સત્ય અને વ્યવહાર એટલે અસત્ય અને ઉપચાર વાતું બધી છે. આંહી તો લબ્ધિના સ્થાન એ વ્યવહાર છે એનો પણ સ્વભાવમાં અભાવ છે, કેમ ગળે ઊતરે ? એમને એમ જિંદગીયું કાઢી નાખી અજ્ઞાનમાં ને અજ્ઞાનમાં અને હાલી જવાના. આહાહાહા !

આંહી પરમાત્મા જિનેશ્વરદેવ સર્વજ્ઞપ્રભુ એમ કહે છે, તે સંતો એમ આડતિયા થઈને સંતો જગતને જાહેર કરે છે. પ્રભુ તું આત્મા કોને કહીએ કહે છે, જીવ અજીવ અધિકાર છે ને ! આ આત્મા કહીએ કોને ? સામાન્ય અભેદ સ્વરૂપ છે આત્મા, જેમાં ગુણનો ભેદેય નથી પર્યાયનો ભેદેય નથી, જેમાં દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધા ને નવતત્ત્વની શ્રદ્ધા એવો રાગ, એ તો રાગ છે, એ તો એના સ્વરૂપમાં નથી પણ અહીંયા લબ્ધિસ્થાન જે રાગની નિવૃત્તિથી થતાં લબ્ધિના ભેદો, એ પર્યાયના ભેદ છે, એ સમ્યગ્દૃષ્ટિને અનુભૂતિ દ્રવ્યની અભેદની થતાં તેમાં ભેદ આવતા નથી. કહો દેવીલાલજી ! રાત્રે કોક આવ્યુ'તું ને ઉદેપુરથી. ( શ્રોતાઃ– હીરાભાઈના મહેમાન હતા ) હીરાભાઈ આવ્યા'તા એની હારે ઉદેપુરનું કોઈક આવ્યું હતું તમને યાદ કર્યાં'તા પણ નહોતા. આવી વાત સાંભળવાય મુશ્કેલ પડે એવું છે. આહાહાહા !

અહીં પરમાત્મા અને સંતો દિગંબર મુનિઓ એમ જાહેર કરે છે જગતને કે પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એમ કહે છે, કે જેને આત્મા દૃષ્ટિમાં લેવો છે, એ આત્મા અભેદ છે તેને દૃષ્ટિમાં લેતાં, તેમાં લબ્ધિના સ્થાનો તે અનુભૂતિમાં ભેગા આવતા નથી. એને અનુભૂતિ અને સમ્યગ્દર્શન કહીએ. વાત હજી તો સાંભળવાય મળે નહીં, અરરર ! જગતમાં એવું ઉંધું હાલે છે બધું, સંપ્રદાયમાં એકલું ઉંધું, બીજે તો છે નહીં ક્યાંય વીતરાગ સિવાય. આ વ્રત કરો ને અપવાસ કરો ને તપસ્યા કરો ને દાન કરો ને મંદિર બનાવો ને એ બધી રાગની ક્રિયા, એ બનાવી શકતો નથી, પણ એને ભાવ હોય છે તો એ શુભભાવ છે, રાગ છે. એ રાગ કંઈ ધર્મ નથી અને એ રાગ કાંઈ આત્માના સ્વરૂપમાં નથી. આહાહા !

( શ્રોતાઃ– આપના નિમિતે તો ઘણા મંદિર બન્યા ) કોણે બનાવ્યા ? રામજીભાઈએ કર્યું આ બધું. પ્રમુખની હેઠે હતા ને ? છવ્વીસ લાખનું આ મકાન, કોણ કરે પ્રભુ તને ખબર નથી, એ તો જડની પર્યાય તે કાળે થવાની તેનાથી તે થયા. રામજીભાઈએ કર્યા નથી, પ્રમુખ તો એ હતા. ( શ્રોતાઃ– પણ મને ૨૬ લાખ રૂપિયા આપે કોણ એક દોકડોય આપે નહીં ) કોણ આપે ને કોણ લે પ્રભુ ? એ પૈસા માટી જડ એ કોઈને આપે આત્મા એ વસ્તુમાં છે નહીં. જડને હું આપું એ તો એનો સ્વામી થયો. એ નોટું પૈસા સોનામહોર આપે આ હું આપું છું તમને, એ તો જડ છે, જડને તું આપી શકે ? અને જડને રાખી શકે ? આકરી વાત ભાઈ. એ અજીવ તત્ત્વ છે પૈસો, નોટ અજીવ તત્ત્વ છે. એ જીવ તત્ત્વ એનો સ્વામી નથી. અજીવનો સ્વામી અજીવ છે. એને ઠેકાણે જીવ એમ માને કે આ પૈસા મારા છે ને હું આપું છું એ તો મિથ્યાદૃષ્ટિ મૂંઢ છે. એ શાંતિભાઈ ! એને લાખ રૂપિયા આપ્યા'તાને એણે, ભાવનગર સસ્તુ સાહિત્યમાં એના ભાઈએ એક લાખ ને બીજા ત્રીસ હજાર અને બીજા ઘણાં કાઢયા છે, હીરાલાલે એંસી હજાર કાઢયા છે ને ? એંસી હજાર કાઢયા છે ને ? વીસ હજાર બીજા ને પચીસ હજાર બીજા ઘણાં કાઢયા છે. કાલે આવ્યા'તા ને રાત્રે ! એ કોણ આપે ને કોણ લે પૈસા ? બાપુ તને ખબર નથી. એ અજીવના પરમાણુઓ એક સ્થાનથી બીજે સ્થાન જાય

એ એની પોતાની ક્રિયાથી જાય છે. જીવ એમ માને કે હું આને આપું છું. બહુ ઝીણી વાત ભાઈ. એ પુદ્‌ગલનો સ્વામી થાય છે જડનો. એ જડનો સ્વામી છે એ જડ છે. નિર્જરા અધિકારમાં આવે છે ને એ જો રાગ મારો છે એમ માનું તો હું તો અજીવ થઈ જાઉં, એમ આ શરીરની ક્રિયા હું કરું છું, આ હાલવા ચાલવાની તો આત્મા જડ થઈ જાય એની માન્યતામાં ચૈતન્યને એ ભૂલી ગયો. પુદ્‌ગલનો સ્વામી ધણી થયો. આ તો માટી છે જગતની ધૂળ, એની ક્રિયા હાલવા ચાલવાની હું કરું છું, આ બોલવાની હું કરું છું, એ બધું મિથ્યાભ્રમ છે, અજ્ઞાન છે. આહાહાહા !

અહીં તો આગળ લઈ ગયા એથી, અજીવ તો આત્મામાં નથી તેથી અજીવનો એ સ્વામી નથી. પણ રાગ એનામાં નથી માટે રાગનો એ સ્વામી નથી. એ તો ઠીક પણ ભેદસ્થાન એનામાં નથી માટે ભેદનો સ્વામી નથી, એ તો અભેદનો સ્વામી છે. એય ! આવી વાતું બાપા. વીતરાગ મારગ ક્યાંય છે નહીં વીતરાગ સિવાય, જિનેશ્વર સિવાય કોઈ ઠેકાણે આ મારગ છે જ નહીં ક્યાંય. આહાહાહા !

એ પ્રભુ પોતે આત્મા જેનું ધ્રુવ સામાન્ય સ્વરૂપ છે, જેની સદૃશતા, અભેદતા જેનું સ્વરૂપ છે, એની દૃષ્ટિ કરતાં, અનુભૂતિ કરતાં એ ભેદસ્થાન એમાં આવતા નથી, માટે તે લબ્ધિના ભેદસ્થાનને પણ પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવ્યા છે. અરેરે ! અરે પ્રભુ જન્મ મરણ કરી કરીને સોથા નીકળી ગયા પ્રભુ તારા. અનંત અનંત અવતાર નિગોદના એ કૂતરાના કાગડાના ભવ કરીને અનંતા અવતાર કર્યા, આ મિથ્યાત્વને લઈને. એક જ વાત છે મિથ્યાત્વને લઈને, મિથ્યાત્વમાં અનંતા ભવ કરવાની એનામાં તાકાત છે. એ મિથ્યાત્વ શું છે એની ખબર નથી એને. આહાહા !

અહીં તો કહે છે કે લબ્ધિનાં સ્થાનભેદ એ મારું સ્વરૂપ છે અભેદનું એમ માને તો એ મિથ્યાત્વ છે. અને દયા, દાન ને વ્રત, તપ ને ભક્તિ ને જાત્રાના ભાવ થાય એ રાગ છે, ને એ મારું કર્તવ્ય છે, એમ માને એ મિથ્યાદૃષ્ટિ છે. આવું સ્વરૂપ છે. એ ૨૭ મો બોલ થયો. સત્યાવીસ. અઠયાવીસ, ઓગણત્રીસ બોલ છે. ઓગણત્રીસ બોલનો ઉકરડો એ આત્મામાં નથી. ભગવાન આત્મા આનંદઘન પ્રભુ, શુદ્ધ ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ એવો જે અભેદભાવ એમાં આ ભેદો અને રાગાદિ નથી, એવી દૃષ્ટિ થતાં તેને સમ્યગ્દર્શન થાય છે. ચારિત્ર તો ક્યાંય રહી ગયું હજી, એ તો બહુ આઘી વાતું બાપા. આહાહા !

અઠયાવીશ બોલ "પર્યાપ્ત તેમજ અપર્યાપ્ત એવા બાદર ને સૂક્ષ્મ એકેન્દ્રિય" એકેન્દ્રિય જીવ છે ને ? આ લીમડો, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ બધા એકેન્દ્રિય જીવ, એના અપર્યાપ્ત અને પર્યાપ્ત, એમ બે ઇન્દ્રિયના પર્યાપ્ત અને અપર્યાપ્ત, પંચેન્દ્રિયમાં આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન છ પર્યાપ્તિ હોય છે. એકેન્દ્રિયને મનને ભાષા નથી ૪ હોય છે એમ એ બધી પર્યાપ્ત કે અપર્યાપ્ત જે છે, બે ઇન્દ્રિય પર્યાપ્ત, પછી ત્રણ ઇન્દ્રિય ચાર ઇન્દ્રિયના પર્યાપ્ત પછી સંજ્ઞીના અને અસંજ્ઞીના એ પંચેન્દ્રિય જેમના લક્ષણ છે, એવા જીવ સ્થાનો એ બધા જીવને નથી, એ જીવના સ્થાનો, પર્યાપ્ત અપર્યાપ્ત આદિ એ જીવદ્રવ્યમાં નથી. પરમાત્મા જિનેશ્વરદેવ ઇન્દ્રોની સમક્ષમાં, ગણધરોની સમક્ષમાં આમ ફરમાવતા હતા. એ આ વાત છે. પ્રભુ તારામાં, જીવનાં જે પર્યાપ્ત અપર્યાપ્ત સ્થાન છે, ભેદ એ જીવના સ્થાન છે, એ જીવના સ્થાન જીવમાં નથી.

કહો શાન્તિભાઈ ! ક્યાં કોઈ દિ' સાંભળવાની દરકારે ય કરી છે. એમ ને એમ જિંદગી મજૂરી કરી કરીને આ ધંધા ને વેપાર મજૂરી છે મોટી પાપની. અને નવરો થાય તો બાયડી, છોકરા હારે રમે એ ય મજૂરી પાપની. પુણ્યનાય ઠેકાણાં નથી ત્યાં ધર્મ તો ક્યાં રહ્યો ? આહાહા !

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ અરિહંત પરમાત્માની વાણીમાં આમ આવ્યું. પ્રભુ ! જીવના જેટલા ભેદો પર્યાપ્ત અને અપર્યાપ્ત કહેવામાં ચૌદ બોલ આવે છે, એ બધા તારા જીવ દ્રવ્યમાં નથી. જીવના ભેદો જીવ દ્રવ્યમાં નથી. પર્યાય છે ને એ તો ! વસ્તુમાં નથી. એથી એને વસ્તુની દૃષ્ટિ કરે તો સમ્યક્ થાય, એ પર્યાપ્ત–અપર્યાપ્તની દૃષ્ટિ છે એ તો પર્યાય દૃષ્ટિ છે. એ પંચેન્દ્રિય જેમનાં લક્ષણ છે એવાં જીવસ્થાનો તે બધાય જીવને નથી, કેમ નથી ? કારણ, તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી એ તો ભેદ છે, ભેદનું લક્ષ જતા રાગ થાય માટે પુદ્ગલના પરિણામ છે એમ કીધું. જીવ પર્યાપ્ત છે ને અપર્યાપ્ત છે, પંચેન્દ્રિય પર્યાપ્ત છે અને અપર્યાપ્ત છે એવો જે લક્ષ જાય ત્યાં એને રાગ થાય છે. તેથી તેને પુદ્ગલના પરિણામ કહીને જીવની અનુભૂતિથી તે ભિન્ન છે. ભગવાન આત્માને અનુસરીને અભેદની અનુભૂતિ થતાં, સમ્યગ્દર્શન થતાં ને સમ્યગ્જ્ઞાન ને શાંતિનો અનુભવ થતાં, તે જીવનાં સ્થાનો જીવમાં નથી એમ અનુભૂતિમાં આવે છે. આવું છે. એક તો હજી પકડાવું કઠણ શું આ, વાતો એવી બાપુ ભવના અંત લાવવાની વાત છે પ્રભુ આ, પરિભ્રમણ કરી કરીને સોથા નીકળી ગયા છે એના.

મુનિવ્રતધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો. મુનિપણું લીધુ, પંચમહાવ્રત પાળ્યા, મુનિપણું એટલે બાહ્ય ક્રિયાકાંડ અઠયાવીસ મૂળગુણ પાળ્યા હજારો રાણીને છોડી પણ એ તો બધો રાગ હતો એ તો, શુક્લ લેશ્યા હતી બહુ તો, એનાથી સ્વર્ગ ગયો. “મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો” એ પંચમહાવ્રતના પરિણામ એ દુઃખ છે, આસ્રવ છે, રાગ છે. આકરું કામ. આત્મજ્ઞાન વસ્તુ જે આ અભેદ કીધી તે એ ભગવાન આત્માનો સામાન્યનો અનુભવ થવો, અભેદનો અનુભવ થવો, એનું નામ આત્મજ્ઞાન અને આત્મદર્શન કહેવામાં આવે છે. આહાહા !

છેલ્લો બોલ હવે ૨૯ બોલમાં છેલ્લો બોલ. મિથ્યાદૃષ્ટિપણું એ જીવદ્રવ્યમાં નથી. પર્યાયમાં છે. એ જીવદ્રવ્યમાં નથી, એ તો હજી સજોગીપણું જીવમાં નથી એમ કહેશે. આ તો વળી ઠીક, અલૌકિક માર્ગ છે પ્રભુનો. જિનેન્દ્રદેવ ઇન્દ્રો એકાવતારી જ્યાં સાંભળવા બેસતા હશે, એ વાત કેવી હશે ? દયા પાળો ને વ્રત કરો એવી વાતો કુંભારેય કહે છે એવી તો.

( શ્રોતાઃ– આ ઓગણત્રીસ બોલ ફરી એક વાર ટૂંકામાં કહી ધોને ) એ ગયા, ફરીને ન આવે. અહીં આવતા આવતા પાંચમો મહિનો ચાલે છે આ જેઠ અષાઢ શ્રાવણ ભાદરવો અને આસો છઠો મહીનો સાડા પાંચ મહીના થશે. ૫૫ ગાથા, એવી તો ૪૧૫ ગાથા એ તો ૧૮ વાર વંચાઈ ગયું છે વ્યાખ્યાનમાં. એક એક શબ્દનું અઢાર વાર આ તો ઓગણીસમી વાર ચાલે છે. તમારે ત્યાં રહેવું રખડવું અને અહીં ગયું એને ફરી લેજો પાછું. દેવાનુપ્રિયા ! એવું છે. અને આમાં બધું આવી જાય છે. એક એક લીટી ને એક એક ગાથાનો ભાવ એકમાં બધાનો ભાવ ન્યાં આવી જાય છે. આહાહા !

વર્ણ, જેમાં નથી ગંધ નથી, રસ નથી સ્પર્શ નથી, જેમાં ન્યાંથી તો ઉપાડયું છે, હવે એ તો અહીં લેતા લેતા ચૌદ ગુણસ્થાનેય પણ એમાં નથી. ભગવાન આત્મા જે સમ્યગ્દર્શનનો

વિષય અભેદ ચૈતન્યમૂર્તિ પ્રભુ ! આહાહા ! એમાં મિથ્યાદૃષ્ટિપણું નથી. એમાં સાસાદન સમકિત, સાસાદન બીજું ગુણસ્થાન એ એમાં નથી. છે ને ? સાસાદન સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ત્રીજું ગુણસ્થાન એ જીવદ્રવ્યમાં નથી, એ તો એની પર્યાયમાં છે, વસ્તુમાં નથી. પછી અસંયતસમ્યગ્દૃષ્ટિ ચોથું ગુણસ્થાન હજી અસંયત છે પણ સમ્યગ્દર્શન છે છતાંય અસંયત સમ્યગ્દૃષ્ટિ એ પર્યાય છે, એ દ્રવ્યમાં નથી. અસંયત સમ્યગ્દૃષ્ટિ એ પણ દૃષ્ટિનો વિષય નથી, દૃષ્ટિનો વિષય તો અભેદ ચિદાનંદ પ્રભુ છે. અરેરે ! આવા ભેદ શું ને ક્યાંની વાતું આ તે ? કેટલાકને તો એવું લાગે જૈનની વાતો હશે આવી ? પણ અમારે તો જૈનમાં એવું સાંભળ્યું 'તું. વ્રત પાળો, દયા પાળો, ચોવીહાર કરો, છપરબી બ્રહ્મચર્ય પાળો, છ પરબી કંદમૂળ ન ખાવા ને ઢીકણું. હવે સાંભળને બધી વાતું તારી એ તો બધી રાગની ક્રિયાની વાતું છે જડની ક્રિયા જડમાં, પણ અંદર રાગ મંદ હોય તો એ શુભભાવ છે. એ કંઈ ધર્મ નથી. અને એ ધર્મનું કારણેય નથી, ધર્મનું કારણ તો ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ તે ધર્મનું કારણ છે. આહાહાહા !

અસંયત સમ્યગ્દૃષ્ટિ પણ જીવ દ્રવ્યમાં નથી. સંયતાસંયત શ્રાવકપણું સાચા શ્રાવક હો, આ વાડાના શ્રાવક એ શ્રાવક નથી એ તો બધા છે. એનેય ખબરે ય કે દી' છે કે આ દયા શું વ્રત શું ને આત્મા શું ? આ તો સાચા સંયત અસંયત જે સમ્યગ્દર્શન સહિત જેને અંશે સ્થિરતા પણ આવી હોય શાંતિની અને કાંઈક અસંયત, સંયતાસંયત એવું પંચમ ગુણસ્થાન એ પણ જીવ દ્રવ્યમાં નથી, એ તો પર્યાય છે, ત્રિકાળ દ્રવ્યમાં એ નથી. તેથી તે દર્શનનો વિષય નથી. આહાહા !

પ્રમત્તસંયત સાચા મુનિ, સાચા મુનિ આત્મઅનુભવ આનંદનો અનુભવ સહિત જેને સ્થિરતા શાંતિની ઘણી જામી ગઈ હોય, અતીન્દ્રિય આનંદનો જેને અનુભવ હોય ઘણો, પ્રચુર એવા પ્રમત્તસંયત એ પણ મુનિપણાની દશા જીવદ્રવ્યમાં નથી. કેમકે એ તો પર્યાય છે, ભેદ છે એ જીવદ્રવ્યના અભેદમાં એ નથી. અનુભૂતિ આત્માની કરતાં એમાં એ આવતા નથી. આ પંચમગુણસ્થાન કે છઠ્ઠું ગુણસ્થાન એ અનુભૂતિમાં આવતું નથી. આહાહા ! આવી વાત.

એકલો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એ આગળ કહેશે શ્લોકમાં, બીજું કાંઈ દેખાતું જ નથી, ત્યાં એક જ ચૈતન્ય સ્વભાવ અભેદ દેખાય છે. કળશમાં કહેશે. એકલો અભેદ ચૈતન્ય, ધર્મી જીવને અંતર અભેદ સ્વરૂપ એકલું દેખાય છે એમાં આ બધા ભેદ બેદ રાગાદિ દેખાતા નથી, એ અજીવ છે. આહાહા !

અપ્રમત્તસંયત સાતમું ગુણસ્થાન જેને આનંદમાં લીન હોય, જેને પંચમહાવ્રતના વિકલ્પ પણ છૂટી ગયા હોય, એવી અપ્રમત્ત દશા પણ જીવદ્રવ્યમાં નથી એ તો પર્યાય છે. એ અપ્રમત્ત દશા પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. જ્ઞાન એને જાણે પણ દૃષ્ટિ છે એ અભેદ ઉપર છે એને ( અભેદને ) સ્વીકારે છે. એ ભેદને સ્વીકારતી નથી, આવી વાતું હવે. અજાણ્યા માણસને તો એવું લાગે આ તે પંથ નવો કાઢયો હશે ? નવો નથી બાપુ. અનાદિનો માર્ગ આ જ છે. મહાવિદેહમાં એ જ ચાલે છે, પરમાત્મા બિરાજે છે ત્યાં, ( શ્રોતાઃ- ત્યાંથી આ માર્ગ આવ્યો છે ) ત્યાંથી આ માર્ગ આવ્યો છે. આહાહાહા !

એ અપૂર્વકરણ આઠમું-આઠમું ગુણસ્થાન, અપૂર્વકરણ અથવા ઉપશમ અને ક્ષપક બેય ભેગાં અને ક્ષપક, અપૂર્વકરણમાં પણ ક્ષપક, એક ઉપશમ અને એક ક્ષપક બેય ભેગા, એ

આત્મામાં નથી, દ્રવ્ય સ્વભાવમાં એ નથી. ચૌદ ગુણસ્થાન જીવમાં નથી, ત્યારે જડમાં હશે ? એક જણો એમ કહેતો હતો, અરે સાંભળને પ્રભુ, એની પર્યાય છે, એ દ્રવ્યમાં નથી. દૃષ્ટિનો વિષય જે અભેદ છે, એમાં નથી, પર્યાયમાં હો. આહાહા ! આવું છે.

નવમું ગુણસ્થાન અનિવૃત્તિ બાદર સાંપરાય નવમું ગુણસ્થાન ઉપશમ અને ક્ષપક બે ભેદ છે ને એના, અને સૂક્ષ્મ સાંપરાય એનાય ઉપશમ અને ક્ષપક બે ભેદ છે, અને ઉપશાંતકષાય ૧૧ મું, ૧૧મી ગુણસ્થાન દશા ઉપશાંતકષાય એ જીવમાં નથી, અભેદ છે એમાં ક્યાં છે એ ? પર્યાયમાં છે એ તો ક્ષીણ કષાય બારમું ગુણસ્થાન, કષાયનો નાશ થઈને ક્ષીણ દશા પ્રગટ થઈ અકષાયની, પણ એ તો પર્યાય છે વસ્તુમાં નથી. સમ્યગ્દર્શનનો વિષય જે દ્રવ્ય છે એમાં નથી. સમ્યગ્દર્શન સાથે જ્ઞાન થાય એ જ્ઞાન જાણે કે આ પર્યાયમાં આ છે આવી જાતનું. આમાં કરવું શું આમાં ? ભગવાનને અને આત્માને ઓળખી, રાગાદિ પર્યાયને ઓળખી અને અભેદમાં જવું, એ કરવાનું છે એને. એ વિના ધર્મની શરૂઆત પણ નહીં થાય. લાખ તારા જાત્રા કર ને લાખ ભક્તિ કર ભગવાનની કરોડો, અબજો રૂપિયા ખર્ચીને મંદિર બનાવને, એમાં કાંઈ ધર્મ નથી. આહાહા !

સયોગીકેવળી જીવદ્રવ્યમાં નથી. તેરમું ગુણસ્થાન કેવળીનું, સયોગકેવળી પરમાત્મા એ પર્યાય છે, એ દ્રવ્યમાં નથી. ઓહો ! આપણે ગાતા લાઠીવાળા તલકચંદભાઈ તેરમું ગુણસ્થાન તારું નથી, જાડા હતા ને એ ગાતા ( હતા ) સયોગી કેવળી, યોગ સહિત જે કંપન સહિત કેવળી પરમાત્મા એ પર્યાય છે, એ દ્રવ્યમાં નથી, પર્યાય પર્યાયમાં છે તે દ્રવ્યમાં નથી અને તે પર્યાયદૃષ્ટિ છોડાવવા દ્રવ્યમાં નથી એ દ્રવ્યદૃષ્ટિ કરાવવા આ વાત છે. આહાહા ! અરે, અયોગીકેવળી ચૌદમું ગુણસ્થાન પાંચ અક્ષર રહે અ, આ, ઈ, ઉ, ઓ, એ પણ પર્યાય છે. આહાહા ! એ દ્રવ્યમાં નથી.

જેમના લક્ષણ એવા ગુણસ્થાનો તે બધાય જીવને નથી. એટલે ? કે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે. સ્વદ્રવ્યનો અનુભવ કરતાં તે ભેદો એમાં આવતા નથી. અરે આવી વાતું હવે. આ વીતરાગ જિનદેવ, જિનદેવ જિનેન્દ્ર પ્રભુ, એનો આ હુકમ છે. વાડામાં પચાસ પચાસ સાંઈઠ સીત્તેર સીત્તેર વર્ષ કાઢયા હોય એણે સાંભળ્યું ય ન હોય, સાચું સાંભળ્યું ન હોય એમ કીધું. સાચું છે તો નહીં. અરે રે જિંદગીયું અજ્ઞાનમાં ને અજ્ઞાનમાં આવા અવતાર અનંત કર્યાં, એના આરા ન આવ્યા. એ જીવદ્રવ્યમાં નથી એવી દૃષ્ટિ થતાં ભવનો અંત આવી જાય છે. ભગવાન આત્મા અભેદ ચૈતન્યઘન, ધ્રુવ સામાન્ય સદૃશ એકરૂપ તેની દૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શન થતાં ભવનો ત્યાં છેડો આવી ગયો. એ વિના ભવનો અંત ક્યાંય આવતો નથી. આહાહા !

એ પુદ્‌ગલ પરિણામમય ભાવો હોવાથી અનુભૂતિથી ભિન્ન છે. એ જીવદ્રવ્ય જે જ્ઞાયકભાવ એકલો જ્ઞાનસ્વભાવભાવ–સર્વજ્ઞ સ્વભાવભાવ તેની અનુભૂતિ થતાં તે અનુભૂતિ એ પર્યાય છે, છે એ પર્યાય પણ એ ત્રિકાળનો અનુભવ થતાં પર્યાયમાં તે ભેદો આવતા નથી. આવી વાતું છે. એટલે લોકો પછી એ ય સોનગઢનું નિશ્ચયાભાસ છે, બધી ખબર છે બાપા ! તમે બધા આખી દુનિયા શું કહો છો. એ વ્યવહારને માનતા નથી ને વ્યવહારથી થાય. વ્યવહાર આવ્યો નહીં ? છે નહીં ? પણ છે એનાથી ધર્મ થાય અને એના આશ્રયે લાભ થાય એમ નથી. વ્યવહાર આવ્યો ત્યારે એનો નિષેધ થાય છે. દેવીલાલજી ! ચૌદગુણસ્થાન છે, છે એમ કીધું. એ શું થયું ? પર્યાય

એ વ્યવહાર છે પણ એનો આશ્રય કરવા જેવો નથી. આ પ્રમાણે એ બધાય પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય ભાવો છે, પુદ્‌ગલ પરિણામમય ભાવો છે. જોયું ? એ બધા જીવના નથી જીવ તો પરમાર્થે ચૈતન્યશક્તિમાત્ર છે. આહાહાહા !

ચૈતન્ય સ્વભાવ, સ્વભાવ, સ્વભાવ, ચૈતન્યસ્વભાવ ધ્રુવસ્વભાવ, જ્ઞાયકસ્વભાવ, ચૈતન્યસ્વભાવ, એ જીવ છે. એને એવા જીવને અંતરમાં માનવો, અનુભવવો એનું નામ સમ્યગ્દર્શન ને જ્ઞાન છે.

## શ્લોક - ૩૭

**હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-**

( शालिनी )

वर्णाद्या वा रागमोहादयो वा
भिन्ना भावा: सर्व एवास्य पुंस:
तेनैवान्तस्तत्त्वत: पश्यतोऽमी
नो दृष्टा: स्युर्दृष्टमेकं परं स्यात्।।३७ ।।

**શ્લોકાર્થઃ- [ वर्ण-आद्या: ] જે વર્ણાદિક [ वा ] અથવા [ राग-मोह-आदय: वा ] રાગમોહાદિક [ भावा: ] ભાવો કહ્યા [ सर्वे एव ] તે બધાય [ अस्य पुंस: ] આ પુરુષથી ( આત્માથી ) [ भिन्ना: ] ભિન્ન છે [ तेन एव ] તેથી [ अन्त:तत्त्वत: पश्यत: ] અંતર્દષ્ટિ વડે જોનારને [ अमी नो दृष्टा: स्यु: ] એ બધા દેખાતા નથી, [ एकं परं दृष्टं स्यात् ] માત્ર એક સર્વોપરી તત્ત્વ જ દેખાય છે-કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ આત્મા જ દેખાય છે.**

**ભાવાર્થઃ-પરમાર્થનય અભેદ જ છે તેથી તે દૃષ્ટિથી જોતાં ભેદ નથી દેખાતો; તે નયની દૃષ્ટિમાં પુરુષ ચૈતન્યમાત્ર જ દેખાય છે. માટે તે બધાય વર્ણાદિક તથા રાગાદિક ભાવો પુરુષથી ભિન્ન જ છે.**

**આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત જે ભાવો છે તેમનું સ્વરૂપ વિશેષતાથી જાણવું હોય તો ગોમ્મટસાર આદિ ગ્રંથોમાંથી જાણી લેવું. ૩૭.**

## શ્લોક - ૩૭ ઉપર પ્રવચન

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહેશે.

જે વર્ણાદિક અથવા રાગમોહાદિક વર્ણ આવ્યા. એ દેવાનુપ્રિયા ! આ વર્ણ આવ્યું પહેલેથી આવ્યું. આ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંહનન અને સંસ્થાનથી માંડીને વર્ણ, ગંધ ને રાગદ્વેષ, મોહ. દયા, દાન, વ્રત આદિના પરિણામ એ ભાવો કહ્યા તે બધાય "અસ્ય પુંસઃ અસ્ય પુંસઃ" આ પરમાત્મા, પુંસ એટલે પુરુષ, અસ્ય પુંસઃ આ પુરુષથી, પુરુષ એટલે આત્મા ભગવાન, એનાથી ભિન્ન છે, ભિન્ન છે પણ વેદાંતની જેમ એ પર્યાય નથી જ એમ નથી, ભિન્ન છે, પણ જીવદ્રવ્યના અભેદમાં એ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આવી વાતું. લ્યો તેથી અંતઃ તત્ત્વતઃ પશ્યતઃ

અંતરદૃષ્ટિ વડે જોનારને, અંતર ભગવાન જ્ઞાયકસ્વભાવ જે છે એ અંતઃતત્ત્વને જોનારને એ તો બાહ્યતત્ત્વ છે, બધા કહે છે, પર્યાય તત્ત્વો છે. અંતરદૃષ્ટિ વડે જોનારને સમ્યગ્દૃષ્ટિ ને સમ્યગ્જ્ઞાનના અનુભવમાં અંતરદૃષ્ટિ વડે જોનારને "અમી નો દૃષ્ટાઃ સ્યુઃ" એ બધાં દેખાતા નથી. એ 'અમી' આ 'નો દૃષ્ટા' 'નો દૃષ્ટા' દેખાતા નથી. આહાહાહા !

શું કહ્યું એ ? કે વર્ણાદિ ગુણસ્થાનાદિ એ બધાં જીવમાં નથી. કોને ? ક્યાં ? કે જે અંતરદૃષ્ટિથી આત્માને દેખે છે અંદરમાં એને એનામાં એ દેખાતા નથી. આહાહાહા ! આવું સ્વરૂપ છે, પરમેશ્વર જિનેશ્વર ત્રિલોકનાથ એમ પોકારે છે પ્રભુ, જે આત્મા અંતર વસ્તુ છે એને અંતર જોનારને એ રાગાદિ ને ભેદો તેમાં દેખાતા નથી માટે તેને અજીવ કહેવામાં આવ્યા છે. થોડું પણ એને સત્ય હોવું જોઈએ, મોટી લાંબી લાંબી વાતું કરે અને સત્યના ઠેકાણાં ન મળે. આહાહા ! ઓહો.... શું કહ્યું ? અંતરદૃષ્ટિ વડે જોનારને "અંતઃ તત્ત્વતઃ પશ્યતઃ" અંતરનું તત્ત્વ જ્ઞાયકભાવ જે તત્ત્વ આત્મા, એને જોનારને, ઓલા અનુભૂતિથી ભિન્ન કીધું ને તે આ શબ્દ લીધો. 'અંતઃ તત્ત્વતઃ પશ્યતઃ' ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંતગુણનો બાદશાહ, એવો જે પ્રભુ આત્મા, આ આત્મા પ્રભુ હોં, એ "અંતઃ તત્ત્વતઃ દૃષ્ટિથી" જોનારને એટલે સમ્યગ્દૃષ્ટિને અંતર જોનારને એવા ભેદ તેમાં દેખાતા નથી. અંતરના અનુભવમાં તે આવતા નથી, તેથી એ દેખાતા નથી. આહાહા ! આવી વાતું છે.

અંતરદૃષ્ટિ ( વડે ) જોનારને, એકદમ ટૂંકું મુકી દીધું, કે આ બધા ભેદો કેમ નથી, કે એ અંતરદૃષ્ટિથી ભગવાનને જ્યાં અનુભવે છે. તેમાં એ આવતા નથી માટે એ જુદા છે, એમાં એ દેખાતા નથી, અભેદમાં ભેદ દેખાતા નથી, એ સાતમી ગાથામાં આવી ગયું છે અભેદમાં ભેદ દેખાતા નથી, ભેદ છે ખરા. એ અંતરદૃષ્ટિ વડે "અંતઃ તત્ત્વતઃ પશ્યતઃ" અંદરમાં તત્ત્વને જોનારને, અંદરના તત્ત્વને જોનારને, જ્ઞાયકસ્વભાવ જે ભગવાન પરિપૂર્ણ પ્રભુ વર્તમાન પરિપૂર્ણ પ્રભુ આત્મા, એવા અંતઃતત્ત્વ નામ સ્વરૂપને જોનારને "અમી નો દૃષ્ટાઃ સ્યુઃ" એ બધા દેખાતા નથી. આહાહાહા !

વેદાંત એમ કહે છે કે આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહીં. "જગત મિથ્યા" એમ નથી. અંતર અનુભવમાં એ દેખાતાં નથી, માટે એ નથી, બાકી એનામાં છે. વેદાંત એમ કહે એક જ આત્મા, સર્વવ્યાપક બસ, પર્યાય ફર્યાય એવું કાંઈ નહીં, એ વાત તદ્દન મિથ્યા છે. આ તો સર્વજ્ઞપરમાત્મા, જિનેશ્વરદેવે કહેલો માર્ગ એ બીજે ક્યાંય નથી. એ વેદાંતે વાત કરી મોટી મોટી આત્માની એટલી બધી કરી એ તો. આવો છે ને આવો છે, બધુ એકાંત છે, પર્યાય ને માયા, અનુભૂતિ થવી એ તો પર્યાય છે અને પર્યાયમાં છે તો અંતરદૃષ્ટિ ( વડે ) જોનારને તેમાં એ નથી, એમાં છે પર્યાયમાં. આહાહા ! આવું ઝીણું બહુ. દયા પાળવી હોય તો સમજાય, પૈસા દાન દેવું હોય તો સમજાય. પાંચ પચીસ હજાર એ ય લાખ બે લાખ આપી દઈ, એ ય કોક આપે, એ કાંઈ કરોડ હોય તો કાંઈ કરોડ આપી ન ધે, અમુક આપે લાખ બે લાખ બહુ થયું હોય તો તો એમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે એ આત્માનો સ્વભાવ નથી, એ આત્માનો ધર્મ નથી. આવી વાતું છે.

અંતરદૃષ્ટિ વડે જોનારને 'અમી' આ "નો દૃષ્ટાઃ સ્યુઃ" ન દેખાય છે, દેખાતા નથી "નો દૃષ્ટા સ્યુઃ" ત્યારે શું દેખાય છે ? અંતરદૃષ્ટિ જોનારને અંતઃતત્ત્વ ભગવાન આત્માને જોનારને

"એકં પરં દૃષ્ટં સ્યાત્" માત્ર એક સર્વોપરી તત્ત્વ જ દેખાય છે. માત્ર એકં પરં સ્યાત્ એક સર્વોપરી ભગવાન જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ તે જ પર્યાયમાં દેખાય છે, પર્યાયમાં દેખાય છે ને !

સર્વોપરી તત્ત્વ 'જ', જોયું એકાંત કર્યું. સર્વોપરી તત્ત્વ જ દેખાય છે. એટલે ? કેવળ એક ચૈતન્યભાવ સ્વરૂપ અભેદરૂપ ભાષા દેખો, કેવળ એક સર્વોપરી તત્ત્વનો અર્થ કર્યો એક કર્યો ને, એક કર્યોને, એક સર્વોપરી તત્ત્વ એનો અર્થ કર્યો, કેવળ એક ચૈતન્યમાત્ર સ્વરૂપ અભેદ, કેવળ એક ચૈતન્યભાવ, ચૈતન્યભાવ, ચૈતન્યભાવ, એવો અભેદરૂપ આત્મા જ દેખાય છે. અભેદરૂપ ભગવાન અંદર આત્મા અભેદ આત્મા જ દેખાય છે. કેટલી મીઠી સરળ ભાષા અંતર દેખનારને, કાંઈ બીજું દેખાતું નથી. એક આત્મા અભેદ છે તે દેખાય છે. આહાહાહા !

**ભાવાર્થઃ-** પરમાર્થનય અભેદ છે જોયું ? પરમાર્થનય ત્રિકાળ અભેદને જોવે છે, એ પરમાર્થનય જ અભેદ છે એમ અહીં તો કીધું. અભેદને દેખે છે એમેય નહીં ભાઈ ! પરમાર્થનય અભેદ સ્વરૂપ છે. "ભૂયત્થો દેશીયો શુદ્ધનયો" એ કહ્યું ને ૧૧મી ગાથા, ભૂતાર્થ તે શુદ્ધનય છે, શુદ્ધનયનો વિષય છે એમેય ન કહ્યું ત્યાં તો, અભેદ અભેદ વસ્તુ તે શુદ્ધનય છે, એમ અહીં કહે છે. પરમાર્થનય તે જ અભેદ છે, પરમાર્થનયનો વિષય અભેદ છે. એવા બે ભેદ ન પાડતાં તેથી તે દૃષ્ટિથી જોતાં ભેદ નથી દેખાતો. તે નયની દૃષ્ટિમાં પુરુષ ચૈતન્યમાત્ર દેખાય છે. દૃષ્ટિમાં પુરુષ પુંસ છે ને પુંસ લખ્યું છે ને પુંસ એટલે પુરુષ એટલે આત્મા ચૈતન્યમાત્ર-માટે તે બધા વર્ણાદિક તથા રાગાદિભાવ એટલે પુરુષથી આ આત્માથી ભિન્ન છે, પણ ભિન્ન છે. પણ અભેદમાં ભેદ દેખાતા નથી, માટે તેને આત્મામાં નથી એમ કહેવામાં આવ્યા છે. વિશેષ કહેવાશે.

'શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ...' એ એમ જરી ઝીણી વાત છે ! જ્ઞાનની પર્યાયમાં અનંતગુણી પર્યાય ખીલે કે ઓછી ખીલે એ બધા પર્યાયના ભેદો છે. 'અવિભાગ પ્રતિચ્છેદ' એટલે ? ઝીણી વાત છે, જ્ઞાનની જે પર્યાય છે, એની એટલી તાકાત છે કે, એના અવિભાગ ( એટલે ) જેના ભાગ ન પડે એવા અંશ જો ગણો, તો એ જ્ઞાનની પર્યાયના અંશો અનંત છે. એ ઝીણી વાત છે ! જ્ઞાનની એક સમયની પર્યાયમાં, એ પર્યાય અનંતને જાણે છે માટે તે પર્યાયમાં અવિભાગ નામ ભાગ ન પડે એવા પ્રતિચ્છેદ-અંશો જોવો, તો અનંત છે. પર્યાયદૃષ્ટિથી જોવો તો એ અનંત અંશો છે. છે ? '...એ વસ્તુનો સ્વભાવ છે તેથી તે નિત્ય-નિયત એકરૂપ દેખાતો નથી.' આહા..હા... ! 'એ વસ્તુનો સ્વભાવ છે' એમ કીધું ! શું કીધું ? પર્યાયમાં અનંત પ્રતિચ્છેદ અવિભાગ અંશો દેખાય છે એ વસ્તુનો-પર્યાયનો સ્વભાવ છે, પર્યાયનો ! એનો કોઈ ખોટી રીતે નિષેધ કરે, એમ પણ નહિ. એ પર્યાયમાં એ ભાગ છે. 'છે' કીધું ? 'શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ ( અંશ ) ઘટે પણ છે, વધે પણ છે' પર્યાયમાં વધે અને ઘટે એવું થયા જ કરે છે. એ વસ્તુનો સ્વભાવ છે. '...તેથી તે નિત્ય-નિયત એકરૂપ દેખાતો નથી.'

( સમયસાર દોહન - પૂ. ગુરુદેવશ્રીના નાઈરોબીના ગાથા ૧૪ના પ્રવચન પાના નં. ૧૩૮ )

## ગાથા - ૫૬

ननु वर्णादयो यद्यमी न सन्ति जीवस्य तदा तन्त्रान्तरे कथं सन्तीति प्रज्ञाप्यन्ते इति चेत्-

ववहारेण दु एदे जीवस्स हवंति वण्णमादीया।
गुणठाणंता भावा ण दु केई णिच्छयणयस्स।।५६।।

व्यवहारेण त्वेते जीवस्य भवन्ति वर्णाद्याः।
गुणस्थानान्ता भावा न तु केचिन्निश्चयनयस्य।।५६।।

---

इह हि व्यवहारनयः किल पर्यायाश्रितत्वाज्जीवस्य पुद्गलसंयोगवशादनादिप्रसिद्धबन्धपर्यायस्य कुसुम्भरक्तस्य कार्पासिकवासस इवौपाधिकं भावमवलम्ब्योत्प्लवमानः परभावं परस्य विदधाति; निश्चयनयस्तु द्रव्याश्रितत्वात्केवलस्य जीवस्य स्वाभाविकं भावमकलम्ब्योत्प्लवमानः परभावं परस्य सर्वमेव प्रतिषेधयति। ततो व्यवहारेण वर्णादयो गुणस्थानान्ता भावा जीवस्य सन्ति , निश्चयेन तु न सन्तीति युक्ता प्रज्ञप्तिः।

---

હવે શિષ્ય પૂછે છે કે જો આ વર્ણાદિક ભાવો જીવના નથી તો અન્ય સિદ્ધાંત ગ્રંથોમાં 'તે જીવના છે' એમ કેમ કહ્યું છે ? તેનો ઉત્તર ગાથામાં કહે છેઃ-

વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,
પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. ૫૬.

ભાવાર્થઃ- [ एते ] આ [ वर्णाद्याः गुणस्थानान्ताः भावाः ] વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યન્ત ભાવો કહેવામાં આવ્યા તે [ व्यवहारेण तु ] વ્યવહારનયથી તો [ जीवस्य भवन्ति ] જીવના છે ( માટે સૂત્રમાં કહ્યા છે ), [ तु ] પરંતુ [ निश्चयनयस्य ] નિશ્ચયનયના મતમાં [ केचित् न ] તેમનામાંના કોઈ પણ જીવના નથી.

ટીકાઃ-અહીં, વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી, સફેદ રૂનું બનેલું વસ્ત્ર જે કસુંબા વડે રંગાયેલું છે એવા વસ્ત્રના ઔપાધિક ભાવ (-લાલ રંગ)ની જેમ, પુદ્ગલના સંયોગવશે અનાદિ કાળથી જેનો બંધપર્યાય પ્રસિદ્ધ છે એવા જીવના ઔપાધિક ભાવ ( -વર્ણાદિક ) ને અવલંબીને પ્રવર્તતો થકો, ( તે વ્યવહારનય ) બીજાના ભાવને બીજાનો કહે છે; અને નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી, કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને પ્રવર્તતો થકો, બીજાના ભાવને જરા પણ બીજાનો નથી કહેતો, નિષેધ કરે છે. માટે વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત જે ભાવો છે તે વ્યવહારથી જીવના છે અને નિશ્ચયથી જીવના નથી એવું ( ભગવાનનું સ્યાદ્વાદવાળું ) કથન યોગ્ય છે.

❄ ❄ ❄

## પ્રવચન નં. ૧૩૨ ગાથા - ૫૬-૫૭ તા. ૧૦/૧૧/૭૮ શુક્રવાર કારતક સુદ ૧૧

૫૬ ગાથા. એ તો ગુણસ્થાન પર્યંતના ભાવો ગોમ્મટસાર ગ્રંથમાંથી જોઈ લેવું. હવે શિષ્ય પૂછે છે કે જો આ વર્ણાદિક ભાવો જીવના નથી. જુઓ અહીં જડની પર્યાયથી માંડયુ છે હોં, જડની પર્યાય, ચેતનની પર્યાય ને ભેદ ત્રણ એ જીવનાં નથી. તો અન્ય સિદ્ધાંતગ્રંથોમાં તે જીવના છે એમ કેમ કહ્યું છે તેનો ઉત્તર ગાથામાં કહે છે.

ववहारेण दु एदे जीवस्स हवंति वण्णमादीया।
गुणठाणंता भावा ण दु केई णिच्छयणयस्स।।५६।।
વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,
પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. ૫૬.

**ટીકાઃ-** અહીં વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી, જડની પર્યાય વર્ણ ગંધ રસ સ્પર્શ એને પણ અહીંથી રહિત, એ તો છે રહિત પણ એની પર્યાયમાં જે ગુણસ્થાન આદિના ભેદ પડે એ પણ પર્યાયનયનો વિષય છે. છે, પર્યાયાશ્રિત એ છે. અને એમાં લબ્ધિસ્થાનાદિના ભેદો, એ ભેદ છે. એટલે જડની પર્યાય પોતાની વિકારી આદિની અથવા ગુણસ્થાન આદિની પર્યાય અને લબ્ધિસ્થાન આદિના ભેદની પર્યાય ભેદ એ ત્રણેય પર્યાયાશ્રિત હોવાથી એમ કહે છે, એ ત્રણેય પર્યાયાશ્રિત છે. આહાહા ! શું કહ્યું સમજાણું ? વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંહનન-સંસ્થાન જડની પર્યાય પછી આત્માની પર્યાયમાં થતાં ગુણસ્થાન, જીવસ્થાન આદિ અને આત્મામાં લબ્ધિસ્થાન, ચારિત્રમોહની પ્રકૃત્તિની નિવૃત્તિરૂપ એ ભેદ છે, વિકાર નથી. છે ભેદ-ભેદ, વિકારી આદિ ભેદ અને નિમિત્ત પર્યાય, ત્રણેય પર્યાયાશ્રિત હોવાથી એમ કીધું અહીંયા તો. ( શ્રોતાઃ- પર્યાયાશ્રિતનો અર્થ શું ? ) પર્યાય કીધું ને ઈ ઓલી જડની પર્યાય પણ પર્યાયાશ્રિત, ગુણસ્થાન પણ પર્યાયાશ્રિત છે, અને ભેદ પડે છે જે એ પણ પર્યાયાશ્રિત, એથી તો ત્રણ લીધું. તેથી આવી ગયું ને એ ?

આ તો કહે છે ને કે નિશ્ચયનય સિદ્ધને હોય, તો આંહી તો કહે છે સ્વરૂપના આશ્રયે જે નિશ્ચય અનુભૂતિ કરે છે તો નિશ્ચયમાં એ નથી. અંદર ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયક, જ્ઞાયક કેમ કહ્યો ? આમ તો એ પારિણામિક ભાવ છે એ, પણ પારિણામિક ભાવ તો પરમાણુમાંય છે, ધર્માસ્તિકાયમાંય છે, એનાથી જુદું પાડવા જ્ઞાયક, જ્ઞાયક પારિણામિકભાવ એમ, જે ત્રિકાળી જ્ઞાયક, ધ્રુવજ્ઞાયકભાવ એનો એને આશ્રયે અનુભવ કરતાં એ અનુભૂતિમાં એ ભેદ પર્યાય જીવની અને જડની એ ત્રણેય એમાં નથી આવતા. આહાહા ! આવી વાત છે.

આવું હવે ક્યાં વિચારવા બહુ ઝીણી વાત છે. એ ચૈતન્ય જ્ઞાયકભાવ એની સન્મુખતાથી અનુભવ કરતાં એ નિશ્ચય થયો એ તો, ત્યારે ઓલા કહે કે નિશ્ચય સિદ્ધને હોય નીચે વ્યવહાર હોય ( શ્રોતાઃ- શ્રુતજ્ઞાન ક્યાં છે તે નય હોય ) આટલો બધો ફેર અને તે પુસ્તકને સ્થાનકવાસીએ વખાણ્યું, આ વિદ્યાનંદજી તરફથી છપાણું સમયસાર, એમ મારા પર લેખ આવ્યો છે. આવા. બળભદ્રે છપાવ્યું છે ને વિદ્યાનંદજીનું નામ છે વિદ્યાનંદજીનું, એમ કે આ પુસ્તકને સ્થાનકવાસીએ વખાણ્યું, તેરાપંથીએ વખાણ્યું, શ્વેતાંબરે, દિગંબરે વખાણ્યું, હવે તમે શું કહો છો ? હવે શું કહીએ

તારી ( વાત ) તદ્દન વિરૂદ્ધ તત્ત્વ છે – એ નિશ્ચયનય સિદ્ધને હોય એમ કહ્યું છે, વ્યવહારનય સાધકને હોય એમ કહ્યું, સાધકને વ્યવહાર જ હોય બસ, કહો હવે આવો મોટો ઉગમણો આથમણો ફેર.

આંહી તો કહે છે કે નિશ્ચયનય, એમ નિશ્ચયનય છે ને, પાઠ છે ને જુઓ ને. આવ્યો ને, "વ્યવહારેણ વણ્ણમાદીયા ગુણઠાણંતા ભાવા ન દુઈ નિશ્ચયનયસ્સ"–૫૬ ગાથા તો કોને– ? સિદ્ધને ? કારણ કે પાછો વ્યવહાર પર્યાયમાં છે એ તો જ્ઞાનીનેય છે. હેં ? વ્યવહાર છે એ જાણવા લાયક છે અને નિશ્ચય છે એ આદરવા લાયક છે. આમ સ્યાદ્વાદ વચન ભગવાનનું ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ ! પરમ પારિણામિક ભાવ ! એવું નિજ દ્રવ્ય, નિજ દ્રવ્ય કીધું'ને ત્યાં ૩૨૦ માં પરમપારિણામિકભાવ લક્ષણ એવું નિજ પરમાત્મ દ્રવ્ય તે હું છું. સકળ નિરાવરણ, ભગવાન દ્રવ્ય સ્વભાવ. ઝીણી વાત બહુ બાપુ જગતને, સકળ નિરાવરણ દ્રવ્ય જ્ઞાયકભાવ એ અખંડ એક અવિનાશી, અવિનશ્વર પ્રત્યક્ષ પ્રતિભાસમય શુદ્ધપારિણામિક પરમભાવ લક્ષણ એવું જે નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. એમ ધર્મી પોતાના આત્માને આમ ભાવે છે. આહાહાહા !

પર્યાયમાં વિકસીત ખંડ ખંડ નિર્મળ પર્યાય થઈ છે, પણ તે ખંડ ખંડ છે. તો નિર્મળ પર્યાયને પણ અહીં ભેદમાં નાખી દીધી છે, લબ્ધિસ્થાનઆદિ. જેને આત્મા વસ્તુ સ્વરૂપ એકલું પરમાનંદ પ્રભુ, એવી દૃષ્ટિ કરીને જ્યાં અનુભવ કરે તો એ અનુભૂતિ તે નિશ્ચયને આશ્રયે થઈ છે. હેં ? તો નીચે ચોથેથી નિશ્ચય છે. હવે પ્રભુ શું કરે, હવે આવા સમયસાર છાપે ને બધા સંપ્રદાયને ઠીક પડે. ( શ્રોતાઃ– નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની ) એ તો વળી એમ કહે, નિશ્ચયનયાશ્રિત આગળ જતાં, પણ આંહી તો આ સ્વાશ્રયે નિશ્ચય. અહીંયા સિદ્ધ શું કરવું છે ? માટે નિશ્ચનયનય ૫૬ માં પાઠ લીધો છે, તો નિશ્ચયનય કઈ ? કે જે ત્રિકાળી જ્ઞાયકભાવને અવલંબીને અનુભવ કરે, તે નિશ્ચયનય છે. આંહી તો ચોથેથી નિશ્ચય શરૂ થાય છે. અને આગળ આવે છે ને ઓલામાં સ્વ–આશ્રિત નિશ્ચય, પરાશ્રિત વ્યવહાર, તો સ્વાશ્રયે નિશ્ચય સિદ્ધને છે ? અરે પ્રભુ તને હજી એની વસ્તુની સ્વરૂપની સ્થિતિ છે તેનું જ્ઞાનેય જૂઠું. આહાહાહા !

ભગવાન આત્મા, આંહી તો પર્યાયને અને નિશ્ચયનયને બેને સિદ્ધ કરી છે ૫૬ માં. નિશ્ચયનયથી એના નથી એમ કહ્યું, પણ વ્યવહારનયથી એને વર્ણાદિની પર્યાયનો સંબંધ છે, વ્યવહારે નિમિત્ત અને ભેદ છે, ગુણસ્થાન જીવસ્થાન આદિનો અને લબ્ધિસ્થાન આદિ ભેદ છે, પણ એ અનુભવમાં એ ભેદ ને પર્યાય ને જડની પર્યાય આવતી નથી માટે અનુભૂતિથી ભિન્ન, જીવદ્રવ્યથી છે ભિન્ન પણ જીવદ્રવ્યથી ભિન્ન એને ક્યારે ખ્યાલ આવે ? કે એનો અનુભવ કરે સન્મુખ થઈને ત્યારે એને જીવદ્રવ્યમાં અનુભૂતિમાં નથી, તો જીવદ્રવ્યમાં નથી. સમ્યગ્દર્શન થતાં એ અખંડ અભેદનું દર્શન થતાં તે એમાં અભેદ ને પર્યાય ને રાગ ને સંહનનની પર્યાય છે નહીં. પણ પર્યાયનયથી જોઈએ તો એ આંહી આવ્યું ને અહીં જુઓને ટીકા, વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી, બહુ અલૌકિક વાતું છે બાપુ આ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ આ કહે છે, એ સંતો જગતને જાહેર કરે છે.

અરે રે ! સફેદ રૂનું બનેલું વસ્ત્ર છે, સફેદ રૂનું બનેલું વસ્ત્ર એ નિશ્ચય, કસુંબા વડે રંગાયેલું છે, દૃષ્ટાંત કેવો આપ્યો છે જુઓ, આ તો અમૃતચંદ્રાચાર્યે આપ્યું છે. ઓલા કહે છે કે માળા

અમૃતચંદ્રાચાર્યે ગૂઢ કરી નાખ્યો, દુરુહ કરી નાખ્યો. આ તો વધારે સ્પષ્ટ કરી નાખ્યું છે. (શ્રોતાઃ- મહાપુરુષનો અનાદર છે) આચાર્યોના વચનોનો પણ અનાદર અને પોતે ડહાપણવાળા જાણે અમે એનો ભાષા અર્થ સરળ કરીએ છીએ, અરે ભાઈ, અરે દુનિયામાં અત્યારે હાલશે અન્યાય. એ કુદરતના એના ફળમાં એને નહીં હાલે. કુદરતના એના ફળમાં પ્રભુ અન્યાય નહીં હાલે, એનું ફળ મિથ્યાત્વનું ફળ તો નિગોદ, નર્ક નિગોદ છે અને સ્વ આરાધનનું ફળ મોક્ષ છે. વચમાં શુભાશુભભાવ એ તો ગતિનું કારણ વચલી અવસ્થા થઈ. આહાહા!

ભગવાન આત્મા અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ, ઓલા એક હજાર ને આઠ નામ છે ને? એમાં અસંખ્યની વ્યાખ્યા કરી છે, સંખ્યા અસંખ્ય છે એમ ન જોઈએ, અસંખ્યનો અર્થ કર્યો છે. અસંખ્ય છે ખરેખર સંખ્યા રહિત છે, એટલે અસંખ્ય એ ભગવાન છે એમ જોઈએ. જ્યાં અનંત અનંતની સંખ્યા પણ જ્યાં અનંત નથી પણ એને જ્યાં લાગુ પડતી નથી, અસંખ્ય એટલે અસંખ્યાત કીધું છે એમ લખ્યું છે એમાં, ભગવાનના ૧૦૦૮ (નામ) ઇન્દ્રે બોલ્યા, પણ ઇન્દ્રનો અર્થ આ છે. પ્રભુ તો અસંખ્ય છો આપ તો, કોઈ સંખ્યા રહિત આત્મામાં ગુણ છે, અનંત અનંત અનંત એ સંખ્યાથી પણ પાર છે. આ તો એ વાંચતા વંચાવ્યું'તું. ઇન્દ્રો એકાવતારી સમકિતી એ ભગવાનના ગુણ કરે ૧૦૦૮. હૈં? છતાંય એ ગુણના ભેદો એ પર્યાયનયનો વિષય છે. એ વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી સફેદ રૂનું બનેલું. મારા પ્રભુ, આ તો માર્ગ અંદર, ભગવાન સફેદ નિર્મળાનંદ પ્રભુ એમ કહે છે. એનો અભેદનો અનુભવ તે નિર્મળનો અનુભવ છે અને એમાં વસ્ત્ર જેમ કસુંબા રંગથી રંગાયેલું એમ આત્માની પર્યાયમાં ભેદ પર્યાય ને રાગની પર્યાય અને પરની પર્યાય એ બધું સફેદ ચૈતન્યમૂર્તિ ભગવાન એમાં આ રંગ, કસુંબા રંગની પેઠે એ વ્યવહાર છે. આહાહાહા!

સફેદ રૂનું બનેલું વસ્ત્ર, કેટલું સ્પષ્ટ કર્યું છે, હવે એને કહે દુરુહ કર્યું છે કહો. આમ દાખલો આપ્યો ભાઈ, જેમ વસ્ત્ર છે રૂનું બનેલું એ તો સફેદ છે. પણ એને કસુંબાનો રંગ લાગે છે, એ રંગાયેલી દશા તો પર વ્યવહારની પર્યાયની છે, અને તે પણ વસ્ત્રના ઉપાધિક ભાવ, સફેદ છે પ્રભુ વસ્ત્ર, એમાં લાલ રંગનું તે ઉપાધિક ભાવ છે. રંગની જેમ, ઉપાધિ ભાવની જેમ, આંહી તો ઉપાધિભાવ લાગુ પાડશે, ભેદ, પર્યાય એટલે જરી અહીં. વસ્ત્ર જેમ સફેદ એને લાલ રંગની ઉપાધિનો ભાવને લઈને, જેમ પુદ્ગલના સંયોગવશે ભગવાન આત્મા એને પુદ્ગલ દ્રવ્યના સંયોગવશે, અનાદિકાળથી આ શું છે? પુદ્ગલદ્રવ્યના સંયોગને કારણે એમ ન કીધું, એને સંયોગને વશે, ભેદ ઉત્પન્ન થયો. આહાહા!

ભગવાન જેમ વસ્ત્ર સફેદ છે રૂનું બનેલું, રૂનું ને એવું એક બીજી જાત આવે છે ને કાંઈક વિલાયતી, ભાઈ લાવ્યા'તા ને શાંતિભાઈ લાવ્યા'તા શાંતિભાઈનો દિકરો લાવ્યો'તો. અઢીસો રૂપિયાનું એક હતું ગોદડું-ગોદડું અઢીસે રૂપીયાનું એક. પણ એ બીજી જાત કોઈક કહેવાય છે રૂ નહીં, એવી જાત આવે છે પોચું પોચું પોચું આમ અઢીસો રૂપીયાનું લ્યો મહારાજ મેં કીધું અમે એવું લેતા નથી. એક બાજુ લાલ અને એક બાજુ ધોળું અને સુંવાળું રેશમ જેવું, અઢીસો રૂપીયાનું હતું. શાંતિભાઈ આ છોટાભાઈના ભાઈ એનો દિકરો ઓલો નિરંજન લાવ્યો'તો. મોટું, મેં કીધું આ શું આંહી અમારે શું કરવું. એવું અંદર સફેદ કે બીજી જાત ભરી'તી કોઈક જેમ રૂ આવે છે ને એવું કાંઈક

નામ આવે છે બીજું. હેં ? ખબર નહીં. બીજુ નામ આવે છે. હેં ? ( શ્રોતાઃ– આંકોલીયાનું આવે છે ) રેશમ. બીજું કાંઈક, કાંઈક બીજા બોલતા 'તા પણ યાદ નથી આવતું કે ફલાણું એને કહેવું. છોકરો કહેતો હતો અંદરની ધોળાઈ ધોળું તદ્દન ધોળું બીજી જાત હોં, આ નહીં.

એમ એને રંગ લગાડયો છે, કહે છે કે એ તો ઉપાધિ છે. એ ઉપાધિભાવની જેમ પુદ્‌ગલના સંયોગવશે ભગવાન અભેદ ચિદાનંદ પ્રભુ એ સંયોગને વશે, અનાદિ કાળથી જેનો બંધ પર્યાય પ્રસિદ્ધ છે, બંધ પર્યાય સંબંધમાં આવેલી દશા પ્રસિદ્ધ છે. એવા "જીવના ઔપાધિક ભાવને અવલંબીને" જીવના જેમ ઓલા રૂને કસુંબા રંગની ઉપાધિ, આંહી બીજું કહેવું છે કે રૂમાં એ રંગની યોગ્યતા છે પર્યાયમાં, કાંઈ રંગ ચડે છે એ એની યોગ્યતા નથી ને રંગ ચડી જાય છે એમ નથી. યોગ્યતા છે, એમ જીવની પર્યાયમાં નિમિત્તને વશે થવાની યોગ્યતા છે. એવો જે ઉપાધિભાવ, જીવના ઉપાધિ ભાવને અવલંબીને, હવે ઉપાધિના ત્રણ પ્રકાર લીધા. ( ૧ ) શરીર સંહનનની જે અવસ્થા એ પણ ઉપાધિભાવ છે. ( ૨ ) ગુણસ્થાન અને જીવસ્થાન રાગાદિભાવ પણ ઉપાધિભાવ છે. અને ( ૩ ) એમાં ભેદભાવ જે લબ્ધિસ્થાન આદિ એ ઉપાધિ. આમ ભેદભાવ થયો ને ? ત્રણેયને નાખ્યું ને. આહાહાહા !

ભગવાન આત્મા નિર્મળાનંદ હોવા છતાં, જે સમ્યગ્દર્શનનો વિષય અભેદ જ્ઞાયકભાવ હોવા છતાં, તેને કર્મના સંયોગને વશે એ પર્યાય જડની, ભેદની ગુણસ્થાન આદિની અને ભેદની, એ બધી ઉપાધિ છે કહે છે. "એ ઉપાધિભાવને અવલંબીને પ્રવર્તતો થકો" એ સંયમના લબ્ધિસ્થાન, પણ ભેદને વશે, ભેદ પડયો ને ? એમ કહે છે, ભલે એ એની યોગ્યતાથી છે, પણ સંયોગને વશે ભેદ પડયો છે. અભેદમાં ભેદ પડયો એ સંયોગને વશે છે. આવી વાતું વીતરાગ એમ કહે છે કે એ "વ્યવહારનય બીજાના ભાવને બીજાનો કહે છે" એ જડની પર્યાય, રાગની પર્યાય, ગુણસ્થાનની પર્યાય અને લબ્ધિસ્થાનના ભેદ, એ બીજાનાં છે એમ કહે છે. બીજાના ભાવને બીજાનો કહે છે, છે એ બીજાના ભાવ એ જીવના કહે છે, એને શરીર છે, ને સંગ્રહણ છે ને સંસ્થાન છે ને, એને રાગ છે ને, ગુણસ્થાન ભેદ છે ને લબ્ધિસ્થાનના ભેદ છે. જુઓ તો ખરા કેટલું સ્પષ્ટ કરી નાખ્યું છે, રૂનું દૃષ્ટાંત આપીને. આહાહા !

ભગવાન આત્મા અંદર જ્ઞાયકભાવથી ભરેલો પ્રભુ, એનો અનુભવ થતાં એ ભેદભાવ ગુણસ્થાન અને રાગ અને સંહનન એ પર્યાયમાં આવતા નથી, માટે તેને જીવદ્રવ્યથી અનુભૂતિથી ભિન્ન કહેવામાં આવ્યા છે. ( વ્યવહારનય ) બીજાના ભાવથી બીજાનો કહે છે અને નિશ્ચયનય, જો આવ્યું અને ભાઈ આ ઓલો કહે કે નિશ્ચયનય સિદ્ધને હોય, હવે અહીં છે. આ પોકાર તો અહીંથી કરે છે, શું થાય ? વિદ્યાનંદજી ! દસ દસ હજાર માણસ ભરાય સભામાં, વીસ વીસ હજાર. ઓહોહો ! દિગંબરના માણસો સાંભળે કાંઈ ખબર ન મળે. એ વાંચનારો આવો કોઈ નીકળ્યો તો એમાં શું થયું ? આહાહા !

આંહી કહે છે પ્રભુ નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી, કોને આ થયો ? ચોથે ગુણસ્થાનથી થયો, નિશ્ચય અહીંયા છે, એ તો ત્યાંથી વ્યવહારો અભૂયત્થો કીધું. એનેય છઠ્ઠી ગાથામાં કીધું પ્રમત્ત–અપ્રમત્ત નથી. એ પણ સમ્યગ્દૃષ્ટિ અથવા મુનિને જ્ઞાયકભાવ તે નિશ્ચય એક છે. ભેદ છે એ વ્યવહારનય એ રૂમાં જેમ રંગ ચડે છે, રંગને વશે જે રંગ થાય છે. એ વ્યવહારનયનો

ઉપાધિભાવ છે. એમ ભગવાન આત્મામાં કર્મના નિમિત્તની યોગ્યતાના સંબંધમાં સંયોગને વશે થતાં જે કાંઈ પર્યાયમાં ભેદ વર્તે ગુણ અથવા સંયમની ભેદદશા વર્તે, અરે સમકિતના પાંચ ભેદની એવી ભેદ દશા, અરે જ્ઞાનના પાંચ ભેદ, જે મતિશ્રુત આદિ, એ બધા નિમિત્તને વશે બધા ભેદ કહેવામાં આવે છે. માર્ગણામાં આવી ગયું છે ને ? માર્ગણા છે. ભગવાન આત્મામાં એ માર્ગણાસ્થાન નથી. કહો, સમકિતના પ્રકાર ચાહે તો ઉપશમ, ક્ષયોપશમ, કે મિથ્યાત્વ બધા ભેદ લઈને, એ એમાં નથી. કેમકે ભેદ પડે છે એ બધા નિમિત્તને વશે ભેદ જાણવામાં આવે છે. વસ્તુને વશે એ ભેદ છે જ નહીં. આહાહા ! સમ્યગ્દર્શનમાં ત્રિકાળી જ્ઞાયકને વશે જે અનુભવ થયો, તે સ્વદ્રવ્યને આશ્રયે તે નિશ્ચયનય છે, અરે આટલો બધો ફેર !

પુસ્તક, પછી આજે કીધું આપણે પુસ્તકનો આંકડો કેટલો થયો છે ? આમાં ૧૩૪ આવ્યું છે, આમાં બેનમાં ૧૩૪, પછી ભાઈએ કહ્યું કે ૧૪૧, દોઢસો દોઢસો નંબરના પુસ્તકો, નંબર હોં. ઘણાં પુસ્તકો થઈ ગયા, એમાં આ છેલ્લું આવ્યું બેનનું એ તો એકદમ ટોચ આવ્યું, ટોચ, વસ્તુસ્થિતિ એકદમ ટૂંકામાં સંગ્રહ થઈને વસ્તુ સ્થિતિ.

આંહી કહે છે કે નિશ્ચયનય. જુઓ આમાં જ આવ્યું. ઇ દ્રવ્યના આશ્રયે હોવાથી કેવળ એક જીવના સ્વભાવ એક ભાવને અવલંબીને પ્રવર્તતો થકો, જોયું ? જ્ઞાયક જે ચિદાનંદ પરમપારિણામિક સ્વભાવભાવ, તેને આશ્રયે પ્રવર્તતો હોવાથી ( તેને ) અવલંબીને પ્રવર્તતો હોવાથી, જોયું ? ત્રિકાળી જ્ઞાયકભાવને અવલંબીને પ્રવર્તતો હોવાથી, બીજાના ભાવને જરા પણ બીજાનો નથી કહેતો, એ ગુણસ્થાન વર્ણ, ગંધ, રસ, રાગાદિ દયા, દાન આદિના વિકલ્પો વ્યવહાર રત્નત્રય એ બીજાના ભાવને બીજાનો એ નથી કહેતો. વ્યવહારનય બીજાના ભાવને બીજાનાં કહે છે. જેમ રંગ ભાવને લૂગડાંનો છે એમ કહે છે, એમ વ્યવહારનય ગુણસ્થાન રાગ અને ભેદ જીવના છે, એમ વ્યવહારનય કહે છે. આહાહા !

નિશ્ચયનય, યથાર્થ દૃષ્ટિનો વિષય એ નિશ્ચય, એ બીજાના ભાવને જરા પણ બીજાનો નથી કહેતો. જરા પણ એ ભેદ પડયો ને, ભેદ લબ્ધિસ્થાન અને ક્ષાયિકભાવ પણ જીવનો નથી લે ! ત્યાં એટલી નિમિત્તના અભાવની અપેક્ષા આવી ને ? એ ક્ષાયિકભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ એ પણ જીવમાં નથી, એ તો પર્યાયમાં છે. એવું બીજાના ભાવને, પર્યાયનો ભાવ તે વ્યવહારનયનો વિષયનો બીજો ભાવ એને આત્માના એ કહેતો નથી. આવી વાત છે. થોડું પણ સત્ય હોવું જોઈએ. મોટી લાંબી લાંબી વાતું અને મોટા... આહાહાહા !

આંહી તો કહે છે કે જેમ રૂનું બનેલું વસ્ત્ર સફેદ છે એને રંગનો ઉપાધિભાવ તે ઉપાધિભાવ છે, એ વ્યવહારભાવ છે. સફેદ છે તે નિશ્ચયભાવ છે ઓલો વ્યવહારભાવ છે. એમ ભગવાન આત્મામાં જ્ઞાયકસ્વભાવનો જે અનુભવ થવો એ સ્વદ્રવ્યને આશ્રયે પોતાનો ભાવ છે. અને એમાં ભેદ સંયમલબ્ધિના ભેદો રાગ અને ગુણસ્થાન ભેદો તે બીજાના ભાવ છે. એ વ્યવહાર બીજાને આત્મામાં છે એમ કહે છે. આહાહા ! હવે આવી વાતું છે. એકએક શ્લોક સમયસાર શાંતિથી ગંભીરભાવને એણે સમજવો પડશે. આહાહાહા !

જેમ એ સફેદ રૂનું બનેલું કપડું એને રંગનો ભાવ એ તો ઉપાધિ છે. એમ ભગવાન આત્મા, સ્વદ્રવ્યને આશ્રયે જ નિર્મળ અનુભૂતિ થાય, એમાં આ ભાવ એના છે એમ કહેવું એ

વ્યવહારનો ભાવ નિશ્ચયમાં નાખે એ ખોટું છે. કહો, દેવીલાલજી ! આવી વાત છે ભાઈ. આ તો વસ્તુસ્થિતિ છે. આ સમ્યગ્દર્શન એ સ્વદ્રવ્યને આશ્રયે થતી દશા, એ નિશ્ચયને આશ્રયે થતી દશા, તે દશામાં આ ભેદ ને ગુણસ્થાન આદિ છે નહીં, કેમ કે એ બધા વ્યવહારભાવ પરના છે. સ્વચૈતન્યના અભેદના એ ભાવ નથી. અભેદના એ ભાવ નથી. ભગવાન આત્મા, જ્ઞાયકસ્વભાવના અભેદના અનુભવમાં, એ ભાવો એમાં આવતા નથી, અભેદમાં ભેદ આવતો નથી, અભેદમાં રાગ આવતો નથી, અભેદમાં ગુણસ્થાનના ને જીવસ્થાનના ભેદો પણ આવતા નથી. માટે નિશ્ચયનય પરના ભાવો પરમાં કહેતો નથી, આત્મામાં છે એમ કહેતો નથી. વ્યવહારનય ભેદભાવ પરના છે, એ જીવના છે એમ કહે છે. આ તો બીજો હીરાનો ધંધો છે. ( શ્રોતાઃ– જ્ઞાનીને અજ્ઞાનીના ભેદની વાત છે આ ) ( શ્રોતાઃ– ચૈતન્ય હીરો. હૈં ! ) ચૈતન્ય હીરો, પરમ સ્વભાવભાવ જે ત્રિકાળ, એને આશ્રયે થતી દશા, એ નિશ્ચયને આશ્રયે થઈ છે, એનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શનની પર્યાયમાં સ્વનો આશ્રય છે, પરના ભેદો એમાં નથી. આહાહા ! આવી વાતું છે. એની એક એક ગાથા ( અપૂર્વ છે ).

જેમ રૂને રંગ લગાડયો તો રંગની યોગ્યતા તો એની છે ને ? એટલું સિદ્ધ કરવું છે. એમ પર્યાયમાં ભેદની યોગ્યતા ગુણસ્થાનની યોગ્યતા, નિમિત્તને વશે છે, નિમિત્તને વશે થવાની પોતાની યોગ્યતા છે. હીરાભાઈ ! આ બધા તમારા પૈસા બૈસામાં કાંઈ હાથ આવે એવું નથી એમાં તો ક્યાંય. ( શ્રોતાઃ– પૈસાને તો આપ ધૂળ કહો છો ) બધા પૈસાવાળા છે ને ? મારો નાથ ચૈતન્યસ્વરૂપ કહે છે. એ તો ઉજળો નિર્મળાનંદ પ્રભુ, એ નિર્મળાનંદનો અનુભવ થતાં તે અનુભવમાં એ ભેદ ને રાગ ને નિમિત્ત આવતા નથી, માટે તે જીવના નથી. આહાહા !

આ તો નિશ્ચય ચોથેથી શરૂ કર્યું, હવે ઓલા કહે છે કે નિશ્ચય સિદ્ધને હોય, અરે પ્રભુ શું કર્યું તેં આ ? આ સમયસારના અર્થ કરીને ગજબ કરી નાખ્યો ભાઈ. લોકો સભા ભરાય માણસ ભરાય, વિદ્યાનંદજી ! આમ દસ દસ હજાર માણસો ભરાય દિગંબરના માણસો પણ બિચારા ખબર વિનાના, બહારની વાતું સાંભળી સાંભળીને બસ રાજી રાજી થઈ જાય, આખું ઉંધુ તત્ત્વ છે આ. જૈનતત્ત્વ દર્શનથી તદ્દન ઉંધું છે. કે વ્યવહાર તે સિદ્ધને ન હોય, સિદ્ધને નિશ્ચય હોય. વ્યવહાર તો સાધકને જ હોય. આવા પુસ્તકને છાપીને બધા વખાણ કરે, અરે જગમોહનલાલજીએ ભાઈ વખાણ કર્યાં. કહો હવે આ તો ભાઈ બહુ સારું છાપ્યું. એકલું ઝેર છે. એય ! આવી વાત છે. પ્રભુ શું થાય ? અરે ભગવાનનો વિરહ પ્રભુ અને આવી વાતું જૈન ધર્મમાં ચાલે અને સાંભળનારાય બિચારા એવા ઠેકાણા વિનાનાં. ( શ્રોતાઃ– ભોળા છે ને ) ભોળા, તમને કહે છે ભોળા. શું ખુલાસો તો જુઓ, છપ્પન ગાથા. આહાહાહા !

ભગવાન આત્મા તો જ્ઞાનાનંદ સહજાત્મ સ્વરૂપ પૂર્ણ જ્ઞાયકભાવ અને તેને આશ્રયે થતી સમ્યગ્દર્શન દશા, એ એની એ અભેદમાં અભેદની દૃષ્ટિ થાય તે એની. છતાંય એ દૃષ્ટિ પર્યાય છે તે અભેદમાં નથી. પર્યાયનો વિષય અભેદ છે, સમ્યગ્દર્શનની પર્યાયનો વિષય અભેદ છે, પણ અભેદમાં પર્યાય નથી, એકલું દ્રવ્ય જ્ઞાયક શુદ્ધચૈતન્ય. પણ આહીં તો એ સિદ્ધ કરવું છે, કે સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શન થયું એ ત્રિકાળી દ્રવ્ય અભેદને આશ્રયે થયું, તેથી તે નિશ્ચયને આશ્રયે થયું, તેમાં પર્યાયાશ્રિત જે વ્યવહાર છે, એમ રંગની ઉપાધિ એ બધો ઉપાધિભાવ છે. ભેદ ઉપાધિ,

રાગ ઉપાધિ ( શ્રોતાઃ- નિમિત્ત ઉપાધિ ) નિમિત્ત તો ક્યાંય રહી ગયું. સંહનનની પર્યાય. આવી વાતું છે. અત્યારે તો મુશ્કેલી પડે એવું છે. વીતરાગ ત્રણલોકનો નાથ જિનેશ્વરનો પોકાર આ છે. અરે જગતને સાંભળવા મળે નહીં, એ ક્યાં જાય, શું થાય ? આહાહા !

આંહી કહે છે, બીજાના ભાવને બીજાનો જરાય કહેતો નથી, કોણ ? નિશ્ચયનય. નિશ્ચયનય એટલે સ્વજ્ઞાયક ભાવને આશ્રયે થયેલી દશા એ દશાનો વિષય અભેદ છે, તે નિશ્ચયનય અભેદને વર્ણન કરે છે અને તેમાં બીજાનો એટલે પર્યાયના ભેદો એ બીજાના ભાવ છે, તે બીજાના એટલે આત્માના છે એમ કહેતો નથી. અને ગુણસ્થાન આદિના ભેદો, પર્યાયનયને આશ્રયે, પરને આશ્રયે હોવાથી તે ભેદો વ્યવહારનય જીવના છે, એમ પર્યાયના ભેદને કહે છે. એમાં એમેય સિદ્ધ રાખ્યું કે પર્યાયનો ભેદ છે એ વસ્તુ છે, વ્યવહારનયનો એ વિષય છે. છે, નથી એમ નહીં. વેદાંતની પેઠે પર્યાય નથી જ એમ આંહી નથી. વેદાંતને ને આ વસ્તુને તો ઉગમણો આથમણો ફેર છે. લોકો કેટલાક એવું અહીંનું જાણીને કહે આ તો વેદાંત જેવું છે, અરે વેદાંત નથી સાંભળને, આમાં તો ગુણસ્થાન ભેદ આદિ વ્યવહારનયે છે એ પર્યાય છે. એ જાણવાલાયક છે, અસ્તિ છે. આદરવાલાયક નથી. ગુણસ્થાનના ભેદો, જીવસ્થાનના ભેદો, સંયમલબ્ધિસ્થાનના ભેદો છે, છે એને જાણવું જોઈએ. છે એમ જાણવું બસ. આ ત્રિકાળી ભગવાનને અવલંબે થતી દશા, એ ત્રિકાળી છે એને આશ્રયે જે દશા, તેને નિશ્ચય કહે છે. એ નિશ્ચય પરના ભાવને પોતાનો કહેતો નથી. આહાહા ! આવી વસ્તુ છે. ઓહોહો !

બીજાના ભાવને જરા પણ બીજાનો નથી કહેતો, નિષેધ કરે છે. નિશ્ચય ભગવાન આત્મા, પૂર્ણાનંદનો નાથ પરમ જ્ઞાયકભાવ, એની દૃષ્ટિ થતાં, એનો અનુભવ થતાં એ પર્યાયને નિષેધ કરે છે, ભેદને એ નિષેધ કરે છે. ઓલામાં આવે છે ને, કે ભાઈ પ્રમાણ જે છે, તે નિશ્ચય છે એ વ્યવહારનો નિષેધ કરે છે, અને વ્યવહાર છે એને પણ જાણે બેયને તો પ્રમાણ થાય. પ્રમાણમાં નિશ્ચયનો વિષય છે, પરનો નિષેધ એ પણ આવ્યું અને વર્તમાન છે એ પણ આવ્યું, એથી પ્રમાણ છે એ સદ્ભુત વ્યવહારનયનો વિષય થઈ ગયો. માટે એ પૂજ્ય નથી. જેમાં પર્યાયનો નિષેધ ન આવે, એ પૂજ્ય નથી. નિશ્ચયમાં તો, આ નિષેધ શબ્દ આવ્યો ને ? પર્યાયનો નિષેધ આવે છે એમાં, માટે નિશ્ચયનય પૂજ્ય છે. ઓહોહો !

અમૃતચંદ્રાચાર્ય સાધુ દિગંબર સંત, એકલા નયના સાગર ભર્યા છે, માટે વર્ણથી માંડીને આવ્યું 'તું ને ? વર્ણ-ગંધ-રસ-સ્પર્શ, કાળો લીલો પીળો એ પર્યાય લીધી 'તી ( વર્ણથી ) માંડીને ગુણસ્થાન પર્યંત, છેલ્લું લબ્ધિસ્થાન ને એ બધા આવી ગયા. જે ભાવો છે, જે ભાવો છે, છે, બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા એમ નથી. વેદાંત તો એમ કહે છે ને કે આત્મા. બસ, બાકી આ બધું છે નહીં. એમ નથી, છે તે વ્યવહારનયથી, વ્યવહારથી જીવના છે, પર્યાયનયના ભેદો વ્યવહારથી વ્યવહારનો વિષય છે તે વ્યવહારથી એના કહેવામાં આવે છે. અને નિશ્ચયથી જીવના નથી. વસ્તુ ત્રિકાળીની અનુભૂતિમાં નથી. એ ત્રિકાળમાં નથી, પણ એ ત્રિકાળમાં નથી, ક્યારે ? આમાં નથી એવું આંહી જ્ઞાન થાય એને આમાં નથી. આહાહા ! આવી વાતું છે.

"નિશ્ચયથી જીવના નથી એવું ભગવાનનું સ્યાદ્વાદવાળું કથન યોગ્ય છે." લ્યો ઠીક, "વર્ણાદયો ગુણસ્થાનાન્તા ભાવા જીવસ્ય સન્તિ, નિશ્ચયેન તુ ન સન્તીતિ યુક્તા પ્રજ્ઞપ્તિઃ" એ

યુક્ત છે એમ કહે છે સ્યાદવાદ્‌ની અપેક્ષાએ. કથંચિત્ નિશ્ચયનયમાં એ નથી કથંચિત્ વ્યવહારનયમાં એ છે. કથંચિત્‌નો અર્થ, ઓલી નયની અપેક્ષાએ. બાકી ખરેખર તો નિશ્ચયમાં એ છે જ નહીં. પણ વ્યવહારનયે એ છે, ન્યાંય કથંચિત્ છે અને કથંચિત્ નથી એમેય નહીં. આ તો જીવની અથવા બેયની અપેક્ષાએ નિશ્ચય ને વ્યવહાર બેયની અપેક્ષાએ, નિશ્ચયમાં નથી ને વ્યવહારમાં છે. એના બે ભાગ પાડતા કથંચિત્ નિશ્ચયમાં નથી એ ભાગ પાડતા, નિશ્ચયમાં નથી તો સર્વથા નથી પણ જીવની દ્રવ્ય ને પર્યાય બેયને ભેગી લઈને વાત કરતાં, નિશ્ચયમાં નથી, પર્યાયમાં છે.

જેમ નિશ્ચયથી આત્મા નિત્ય છે, પર્યાયથી અનિત્ય છે, એ આખા દ્રવ્યની અપેક્ષાએ કથંચિત્ નિત્ય ને કથંચિત્ અનિત્ય, પણ નિત્ય છે તે કથંચિત્ નિત્ય છે એમ નહીં, નિત્ય છે એ તો સર્વથા નિત્ય જ છે. પણ આખા દ્રવ્યની જ્યાં વાત કરે, કથંચિત્ નિત્ય છે, કથંચિત્ અનિત્ય છે, એ તો આખી વસ્તુનું વર્ણન કર્યું. પણ જ્યારે એને નિત્ય કહેવો હોય તો એ નિત્ય તો નિશ્ચયથી જ નિત્ય છે. કથંચિત્ નિત્ય છે એમ નહીં અને પર્યાય છે એ સર્વથા અનિત્ય જ છે પણ આખા દ્રવ્ય ને પર્યાય બેયને ભેગા લઈને કહેવું હોય તો નિશ્ચયનયના વિષયમાં એ છે જ નહીં એક ભાગ, એના જીવમાં નિશ્ચયનય એનામાં એ નથી, એની પર્યાયમાં છે, જીવના એના બે ભાગ પાડયા માટે. આહાહા ! આવું હવે ક્યાં નવરાશ માણસને. આખા જીવની અપેક્ષાએ કથંચિત્ નિશ્ચયમાં એ નથી. આખા દ્રવ્યને પર્યાયની અપેક્ષાએ, અને કથંચિત્ વ્યવહારમાં છે, પણ નિશ્ચયમાં સર્વથા નથી, પર્યાયમાં સર્વથા ભેદ છે પર્યાય છે ઈ. આહાહા ! આવી વાત છે. સમજાણું ?

એવું ભગવાનનું સ્યાદવાદ્‌વાળું કથન છે. આવી વાત સાંભળવી કઠણ પડે. સાંભળવા મળે નહીં. લ્યો એટલું થયું. પચાસ મિનિટ થઈ. ( શ્રોતાઃ– દસ બાકી રહી ને ) હવે નવ મિનિટ બાકી છે પણ આવી ગયું બધું એમાં, એમાં પાઠમાં તો આટલું જ છે કે “વવહારેણ દુ એદે” છે ને “જીવસ્સ હવંતિ, નિશ્ચયનયસ્સ ન” છે ને ? પણ એનું દૃષ્ટાંત આપીને સિદ્ધ કર્યું, એટલે લોકોને ખ્યાલમાં આવે કે રૂનું બનેલું વસ્ત્ર, એમ ભગવાન તો પરમજ્ઞાયકનો બનેલો આત્મા છે. જ્ઞાયકભાવે રહેલો આત્મા છે. એ તો જ્ઞાયક ત્રિકાળ ત્રિકાળ ત્રિકાળ એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા ! એવા ભાવે રહેલો પ્રભુ એ નિશ્ચય, એને પર્યાયના ભેદો એમાં નથી.

જીવમાં કથંચિત્ નથી એટલે શું ? નિશ્ચયમાં નથી અને કથંચિત્ છે એટલે વ્યવહારમાં છે, એમ કથંચિત્. પણ નિશ્ચયમાં પણ કથંચિત્ છે અને કથંચિત્ નથી એમ નહીં. ભાઈ ! સમજાણું ? શશીભાઈ ! આખા જીવને દ્રવ્ય ને પર્યાય બેયનું વર્ણન થાય તો કથંચિત્ નિશ્ચયમાં નથી, દ્રવ્યમાં બેયની અપેક્ષાએ અને કથંચિત્ વ્યવહારમાં છે. પણ એકલા નયની જ્યારે વાત કરે તો નિશ્ચયનયમાં સર્વથા ભેદ નથી, અને પર્યાય સર્વથા ભેદવાળી અને રાગવાળી છે. આહાહા ! આવું છે. ( શ્રોતાઃ– મર્મ હોય એવો મર્મને કહે છે. ) આવી વાતું છે. બહુ સરસ ગાથા આવી.

## ગાથા - ૫૭

कुतो जीवस्य वर्णादयो निश्चयेन न सन्तीति चेत्-

**एदेहिं य संबंधो जहेव खीरोदयं मुणेदव्वो।**
**ण य होंति तस्स ताणि दु उवओगगुणाधिगो जम्हा।।५७।।**

एतैश्च सम्बन्धो यथैव क्षीरोदकं ज्ञातव्यः।
न च भवन्ति तस्य तानि तूपयोगगुणाधिको यस्मात्।।५७।।

यथा खलु सलिलमिश्रितस्य क्षीरस्य सलिलेन सह परस्परावगाहलक्षणे सम्बन्धे सत्यपि स्वलक्षणभूतक्षीरत्वगुणव्याप्यतया सलिलादधिकत्वेन प्रतीयमानत्वादग्नेरुष्ण गुणेनेव सह तादात्म्यलक्षणसम्बन्धाभावात् न निश्चयेन सलिलमस्ति; तथा वर्णादिपुद्गलद्रव्यपरिणाममिश्रितस्यास्यात्मनः पुद्गलद्रव्येण सह परस्परावगाहलक्षणे सम्बन्धे सत्यपि स्वलक्षणभूतोपयोगगुणव्याप्यतया सर्वद्रव्येभ्योऽधिकत्वेन प्रतीयमानत्वादग्नेरुष्णगुणेनेव सह तादात्म्यलक्षणसम्बन्धाभावात् न निश्चयेन वर्णादिपुद्गलपरिणामाः सन्ति।

હવે વળી પૂછે છે કે વર્ણાદિક નિશ્ચયથી જીવના કેમ નથી તેનું કારણ કહો. તે પ્રશ્નનો ઉત્તર કહે છેઃ-

**આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીરનીરવત્ જાણવો;**
**ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭.**

**ગાથાર્થઃ-** [ एतैः च सम्बन्धः ] આ વર્ણાદિક ભાવો સાથે જીવનો સંબંધ [ क्षीरोदकं यथा एव ] જળને અને દૂધને એકક્ષેત્રાવગાહરૂપ સંયોગસંબંધ છે તેવો [ ज्ञातव्यः ] જાણવો [ च ] અને [ तानि ] તેઓ [ तस्य तु न भवन्ति ] તે જીવના નથી [ यस्मात् ] કારણ કે જીવ [ उपयोगगुणाधिकः ] તેમનાથી ઉપયોગગુણે અધિક છે ( -ઉપયોગગુણ વડે જુદો જણાય છે ).

**ટીકાઃ-**જેમ-જળમિશ્રિત દૂધનો, જળ સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં, સ્વલક્ષણભૂત જે દૂધપણું-ગુણ તે વડે વ્યાપ્ત હોવાને લીધે દૂધ જળથી અધિકપણે પ્રતીત થાય છે; તેથી, જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપ સંબંધ છે તેવો જળ સાથે દૂધનો સંબંધ નહિ હોવાથી, નિશ્ચયથી જળ દૂધનું નથી; તેવી રીતે-વર્ણાદિક પુદ્ગલદ્રવ્યના પરિણામો સાથે મિશ્રિત આ આત્માનો, પુદ્ગલદ્રવ્ય સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં, સ્વલક્ષણભૂત ઉપયોગગુણ વડે વ્યાપ્ત હોવાને લીધે આત્મા સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે; તેથી, જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપ સંબંધ છે તેવો વર્ણાદિક સાથે આત્માનો સંબંધ નહિ હોવાથી, નિશ્ચયથી વર્ણાદિક પુદ્ગલપરિણામો આત્માના નથી.

# ગાથા - ૫૭ ઉપર પ્રવચન

વળી પૂછે છે કે વર્ણાદિક નિશ્ચયથી જીવનાં કેમ નથી ? વર્ણ–ગંધ–રસ–સ્પર્શ–ગુણસ્થાન–લબ્ધિના ભેદો એ કેમ જીવના નથી ? તેનું કારણ કહો. આહાહા ! સંસ્કૃત છે. "कुत्तो जीवस्य वर्णादयो निश्चयेन न सन्तीति चेत्" અમૃતચંદ્રાચાર્ય એની પોતાની છે.

एदेहिं य संबंधो जहेव खीरोदयं मुणेदव्वो।
ण य होंति तस्स ताणि दु उवओगगुणाधिगो जम्हा।।५७।।
આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીરનીરવત્ જાણવો;
ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭.

ઉપયોગ ગુણથી લીધું. ભાષા દેખી, જ્ઞાયકભાવ એમ નહીં, ઉપયોગ છે જે ત્રિકાળ. આહાહા ! ઉપયોગ ગુણથી અધિક તેથી જીવના નહિ ભાવકો.

**ટીકા**:- જેમ જળ મિશ્રિત દૂધનો પાણી અને દૂધ બેય ભેગાં હોય આમ મિશ્રિતપણે, જળ સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ પાણી સાથે દૂધને એક ક્ષેત્રે અવગાહ, રહેવું, વ્યાપવું એક ક્ષેત્રે, ઓહોહો ! જળમિશ્રિત દૂધનો, જળ સાથે પરસ્પર અવગાહ, પરસ્પર અવગાહ જોયું ? જળ ને દૂધ ને દૂધને જળ પરસ્પર અવગાહ સ્વરૂપ સંબંધ હોવા છતાં સ્વલક્ષણભૂત દૂધપણું ગુણ તે વડે વ્યાપ્ત હોવાને લીધે પણ દૂધનો જે ગુણ ધોળો સફેદ ને મીઠો એવા ગુણને લીધે દૂધ જળથી અધિકપણે પ્રતીત થાય છે. દૂધ પાણીથી તદ્દન જુદું પ્રતીતમાં આવે છે. જુઓને એ પણ દાખલો, એ તો પાઠમાં જ છે. "ખીરોદયં" પાઠમાં છે જુઓ ઓલું પાઠમાં નહોતું દાખલો, આ પાઠ છે આખો. શું કહ્યું ? કે દૂધ અને જળ એક જગ્યોએ અવગાહપણે રહેવા છતાં દૂધના લક્ષણો અને જળના લક્ષણો તદ્દન ભિન્ન છે. દૂધ અને જળ એક જગ્યોએ રહેવા છતાં, દૂધનો ગુણ ને જળનો ગુણ એ તદ્દન ભિન્ન છે. આહાહાહા ! ક્યાં લઈ જશે એ જુઓ સાંભળજો.

તેથી જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મય સ્વરૂપ સંબંધ છે. અગ્નિ ને ઉષ્ણતાને તે રૂપે સંબંધ છે. તદ્રૂપ તેવો જળ સાથે દૂધનો સંબંધ નહીં હોવાથી, નિશ્ચયથી જળ દૂધનું નથી, ખરેખર એ જળ દૂધનું નથી. આહાહા !

તેવી રીતે વર્ણ–ગંધ–ગુણસ્થાન–લબ્ધિસ્થાન એવા પરિણામો સાથે એ વર્ણ પુદ્ગલદ્રવ્યના પરિણામો છે, ત્યાં એ કહ્યું'તું ને પુદ્ગલદ્રવ્યના પરિણામથી ભિન્ન છે. એ પુદ્ગલદ્રવ્યના પરિણામ સાથે મિશ્રિત આ આત્માનો, આત્મા અને ભેદ ગુણસ્થાન આદિ એક જગ્યોએ, એક ક્ષેત્રે વ્યાપવાપણે હોવા છતાં, આ આત્માનો ને પુદ્ગલદ્રવ્ય સાથે પરસ્પર અવગાહ સ્વરૂપ સંબંધ હોવા છતાં, ભગવાન જ્ઞાયક સ્વભાવ અને આ રાગાદિ, ભેદ આદિ સ્વભાવ એ પરસ્પર અવગાહ છે, પરસ્પર અવગાહ સંબંધ છે, પરસ્પર સ્વભાવ સંબંધ નથી. આહાહાહા !

સ્વલક્ષણભૂત ઉપયોગગુણ વડે, જેમ ઓલા દૂધ ગુણ વડે લીધુ'તું ને દૂધપણું ગુણ તે વડે, દૂધપણું છે ને ? દૂધપણું એટલે એનો ગુણ, એમ આ આત્માનુંપણું, ઉપયોગગુણવડે, જાણક દેખન જે ઉપયોગ ત્રિકાળી એને વર્તમાનના ઉપયોગ ગુણ વડે, વ્યાપ્ત હોવાને લીધે, આત્મા સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે.

ભગવાન આત્મા એ ગુણસ્થાનના ભેદો, લબ્ધિસ્થાનના ભેદો એનાથી ભિન્ન, અધિકપણે પ્રતીત થાય છે. ત્રિકાળી જ્ઞાયકભાવનો અનુભવ થતાં, વર્તમાન ઉપયોગને, ત્રિકાળી ઉપયોગ સાથે સંબંધ કરતાં તે ઉપયોગ અધિક છે. એ જીવનો સ્વભાવ, અને ભેદ છે તે પુદ્ગલનો સ્વભાવ જીવનો નહીં. એક જગ્યોએ રહ્યા એટલું કહ્યું, પણ એક ભાવ સ્વરૂપે નહીં એમ. જેમ દૂધ ને જળ એક જગ્યોએ રહ્યા છતાં એના બેયના ભાવ સ્વરૂપે નહીં, એમ ભગવાન જ્ઞાન સ્વભાવભાવે અને ભેદ આદિ પુદ્ગલ આદિ પુદ્ગલના સ્વભાવભાવે એક ક્ષેત્રે રહ્યા છતાં, ભાવ ભિન્ન છે. આત્મા સર્વ દ્રવ્યથી અધિકપણે પ્રતીત થાય છે તેથી જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્ય સ્વરૂપ સંબંધ છે એવો ગુણસ્થાન, ભેદ, વર્ણાદિક લબ્ધિસ્થાન એનો ( અને ) આત્માનો સંબંધ નહીં હોવાથી, નિશ્ચયથી વર્ણાદિક પુદ્ગલ પરિણામો આત્માના નથી. એ ગુણસ્થાન આદિ જીવના નથી, લબ્ધિસ્થાન આદિ જીવના નથી. વિશેષ કહેશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

ભગવાન ! તારી વાત છે ને, નાથ ! તારા અંતરની વાત છે ને, પ્રભુ ! આ..હા..હા... ! એ ભગવાન ( છે ) છતાં કેમ હાથ આવતો નથી ( તો કહે છે કે ) તેના તરફનું લક્ષ નથી પણ તેની પર્યાયમાં જ્ઞેય જે પૈસા, આબરૂ, કીર્તિ, લક્ષ્મી, શરીર, પુણ્ય અને પાપના પરિણામ, તેના ઉપર લક્ષ જતાં તે જ્ઞેયાકાર એટલે જે જાણવાયોગ્ય ચીજ છે તેને આકારે જ્ઞાન થઈ જાય છે અને એને આકારે જ્ઞાન થતાં જ્ઞાનસ્વભાવનો આકાર છૂટી જાય છે. તેથી તે જ્ઞેયાકાર જ્ઞાન તે અજ્ઞાન છે. આહા...હા... ! આવી વાતું છે, બાપુ ! આહા...હા... !

ભગવાનઆત્મા સ્વજ્ઞેય છે. તેની વર્તમાન જ્ઞાનદશાને સ્વજ્ઞેયમાં વાળતાં, પરના જ્ઞેયાકારની જ્ઞાનની પર્યાયનું લક્ષ છોડી દઈ, અંતર જ્ઞાનસ્વભાવમાં આવતાં એને જ્ઞાનનો જે અનુભવ થાય, એ સામાન્યનો અનુભવ ( છે ). એટલે જ્ઞેયના આકાર વિનાનો, એકલા જ્ઞાનના આકારનો અનુભવ, તે સામાન્યનો અનુભવ ( છે ). તેને જૈનધર્મ કહે છે. આ..હા..હા... ! કઈ જાતનો આ ઉપદેશ !

( સમયસાર દોહન - પૂ. ગુરુદેવશ્રીના નાઈરોબીના પ્રવચન પાના નં. ૧૭૬ )

## ગાથા - ૫૮ થી ૬૦

कथं तर्हि व्यवहारोऽविरोधक इति चेत्-

पंथे मुस्संतं पस्सिदूण लोगा भणंति ववहारी।
मुस्सदि एसो पंथो ण य पंथो मुस्सदे कोई।।५८।।
तह जीवे कम्माणं णोकम्माणं च पस्सिदुं वण्णं।
जीवस्स एस वण्णो जिणेहिं ववहारदो उत्तो।।५९।।
गंधरसफासरूवा देहो संठाणमाइया जे य।
सव्वे ववहारस्स य णिच्छयदण्हू ववदिसंति।।६०।।

पथि मुष्यमाणं दृष्ट्वा लोका भणन्ति व्यवहारिणः।
मुष्यते एष पन्था न च पन्था मुष्यते कश्चित्।।५८।।
तथा जीवे कर्मणां नोकर्मणां च दृष्ट्वा वर्णम्।
जीवस्यैष वर्णो जिनैर्व्यवहारत उक्तः।।५९।।
गन्धरसस्पर्शरूपाणि देहः संस्थानादयो ये च।
सर्वे व्यवहारस्य च निश्चयद्रष्टारो व्यपदिशन्ति।।६०।।

यथा पथि प्रस्थितं कंचित्सार्थं मुष्यमाणमवलोक्य तात्स्थ्यात्तदुपचारेण मुष्यत एष पन्था इति व्यवहारिणां व्यपदेशेऽपि न निश्चयतो विशिष्टाकाशदेशलक्षणः कश्चिदपि पन्था मुष्येत, तथा जीवे बन्धपर्यायेणावस्थितं कर्मणो नोकर्मणो वा वर्णमुत्प्रेक्ष्य तात्स्थ्यात्तदुपचारेण जीवस्यैष वर्ण इति व्यवहारतोऽर्हद्देवानां प्रज्ञापनेऽपि न निश्चयतो नित्यमेवामूर्तस्वभावस्योपयोगगुणाधिकस्य जीवस्य कश्चिदपि वर्णोऽस्ति। एवं गन्धरस-स्पर्शरूपशरीरसंस्थानसंहननरागद्वेषमोहप्रत्ययकर्मनोकर्मवर्गवर्गणास्पर्धकाध्यात्मस्थाना-नुभागस्थानयोगस्थान बन्धस्थानोदयस्थानमार्गणास्थानस्थितिबन्धस्थानसंक्लेश-स्थानविशुद्धिस्थानसंयमलब्धिस्थानजीवस्थानगुणस्थानान्यपि व्यवहारतोऽर्हद्देवानां प्रज्ञापनेऽपि निश्चयतो नित्यमेवामूर्तस्वभावस्योपयोगगुणेनाधिकस्य जीवस्य सर्वाण्यपि न सन्ति, तादात्म्यलक्षणसम्बन्धाभावात्।

હવે વળી પૂછે છે કે આ રીતે તો વ્યવહારનય અને નિશ્ચયનયને વિરોધ આવે છે; અવિરોધ કઈ રીતે કહેવામાં આવે છે? તેનો ઉત્તર દૃષ્ટાંત દ્વારા ત્રણ ગાથાઓમાં કહે છેઃ-

દેખી લૂંટાતું પંથમાં કો, 'પંથ આ લૂંટાય છે'-
બોલે જનો વ્યવહારી, પણ નહિ પંથ કો લૂંટાય છે; ૫૮.
ત્યમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,
ભાખે જિનો વ્યવહારથી 'આ વર્ણ છે આ જીવનો'. ૫૯.

**એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સંસ્થાન, દેહાદિક જે,**
**નિશ્ચય તણા દ્રષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦.**

**ગાથાર્થઃ-** [ पथि मुष्यमाणं ] જેમ માર્ગમાં ચાલનારને લૂંટાતો [ दृष्ट्वा ] દેખીને '[ एषः पन्था ] આ માર્ગ [ मृष्यते ] લૂંટાય છે' એમ [ व्यवहारिणः ] વ્યવહારી [ लोकाः ] લોકો [ भणन्ति ] કહે છે; ત્યાં પરમાર્થથી વિચારવામાં આવે તો [ कश्चित् पन्था ] કોઈ માર્ગ તો [ न च मुष्यते ] નથી લૂંટાતો, માર્ગમાં ચાલનાર માણસ જ લૂંટાય છે; [ तथा ] તેવી રીતે [ जीवे ] જીવમાં [ कर्मणां नोकर्मणां च ] કર્મોનો અને નોકર્મોનો [ वर्णम् ] વર્ણ [ दृष्ट्वा ] દેખીને '[ जीवस्य ] જીવનો [ एषः वर्णः ] આ વર્ણ છે' એમ [ जिनैः ] જિનદેવોએ [ व्यवहारतः ] વ્યવહારથી [ उक्तः ] કહ્યું છે. [ गन्धरसस्पर्शरूपाणि ] એ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, [ देहः संस्थानादयः ] દેહ, સંસ્થાન આદિ [ ये च सर्वे ] જે સર્વ છે, [ व्यवहारस्य ] તે સર્વ વ્યવહારથી [ निश्चयद्रष्टारः ] નિશ્ચયના દેખનારા [ व्यपदिशन्ति ] કહે છે.

**ટીકાઃ-**જેમ વ્યવહારી લોકો, માર્ગે નીકળેલા કોઈ સાર્થને ( સંઘને ) લૂંટાતો દેખીને, સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી તેનો ઉપચાર કરીને, 'આ માર્ગ લૂંટાય છે' એમ કહે છે, તોપણ નિશ્ચયથી જોવામાં આવે તો, જે આકાશના અમુક ભાગસ્વરૂપ છે એવો માર્ગ તો કોઈ લૂંટાતો નથી; તેવી રીતે ભગવાન અર્હંતદેવો, જીવમાં બંધપર્યાયથી સ્થિતિ પામેલો ( રહેલો ) કર્મ અને નોકર્મનો વર્ણ દેખીને, ( કર્મ-નોકર્મના ) વર્ણની ( બંધપર્યાયથી ) જીવમાં સ્થિતિ હોવાથી તેનો ઉપચાર કરીને, 'જીવનો આ વર્ણ છે' એમ વ્યવહારથી જણાવે છે, તોપણ નિશ્ચયથી, સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે અને જે ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક છે એવા જીવનો કોઈ પણ વર્ણ નથી. એ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન, સંહનન, રાગ, દ્વેષ, મોહ, પ્રત્યય, કર્મ, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્ધક, અધ્યાત્મસ્થાન, અનુભાગસ્થાન, યોગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણાસ્થાન, સ્થિતિબંધસ્થાન, સંકલેશસ્થાન, વિશુદ્ધિસ્થાન, સંયમલબ્ધિસ્થાન, જીવસ્થાન અને ગુણસ્થાન-એ બધાય ( ભાવો ) વ્યવહારથી અર્હંતદેવો જીવના કહે છે, તોપણ નિશ્ચયથી, સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે અને જે ઉપયોગગુણવડે અન્યથી અધિક છે એવા જીવના તે સર્વ નથી, કારણ કે એ વર્ણાદિ ભાવોને અને જીવને તાદાત્મ્યલક્ષણ સંબંધનો અભાવ છે.

**ભાવાર્થઃ-**આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત ભાવો સિદ્ધાંતમાં જીવના કહ્યા છે તે વ્યવહારનયથી કહ્યા છે; નિશ્ચયનયથી તેઓ જીવના નથી કારણ કે જીવ તો પરમાર્થે ઉપયોગસ્વરૂપ છે.

અહીં એમ જાણવું કે-પહેલાં વ્યવહારનયને અસત્યાર્થ કહ્યો હતો ત્યાં એમ ન સમજવું કે તે સર્વથા અસત્યાર્થ છે, કથંચિત્ અસત્યાર્થ જાણવો; કારણ કે જ્યારે એક દ્રવ્યને જાુદું, પર્યાયોથી અભેદરૂપ, તેના અસાધારણ ગુણમાત્રને પ્રધાન કરીને કહેવામાં

**આવે ત્યારે પરસ્પર દ્રવ્યોનો નિમિત્તનૈમિત્તિકભાવ તથા નિમિત્તથી થતા પર્યાયો-તે સર્વ ગૌણ થઈ જાય છે, એક અભેદદ્રવ્યની દૃષ્ટિમાં તેઓ પ્રતિભાસતા નથી. માટે તે સર્વ તે દ્રવ્યમાં નથી એમ કથંચિત્ નિષેધ કરવામાં આવે છે. જો તે ભાવોને તે દ્રવ્યમાં કહેવામાં આવે તો તે વ્યવહારનયથી કહી શકાય છે. આવો નયવિભાગ છે.**

**અહીં શુદ્ધનયની દૃષ્ટિથી કથન છે તેથી એમ સિદ્ધ કર્યું છે કે આ સર્વ ભાવોને સિદ્ધાન્તમાં જીવના કહ્યા છે તે વ્યવહારથી કહ્યા છે. જો નિમિત્તનૈમિત્તિકભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો તે વ્યવહાર કથંચિત્ સત્યાર્થ પણ કહી શકાય છે. જો સર્વથા અસત્યાર્થ જ કહેવામાં આવે તો સર્વ વ્યવહારનો લોપ થાય અને સર્વ વ્યવહારનો લોપ થતાં પરમાર્થનો પણ લોપ થાય. માટે જિનદેવનો ઉપદેશ સ્યાદ્વાદરૂપ સમજ્યે જ સમ્યગ્જ્ઞાન છે, સર્વથા એકાંત તે મિથ્યાત્વ છે.**

## પ્રવચન નં. ૧૩૩ ગાથા - ૫૮ થી ૬૦ તા. ૧૧/૧૧/૭૮ શનિવાર કારતક સુદ-૧૨

શું કહે છે. આ રીતે તો વ્યવહારનય અને નિશ્ચયનયને વિરોધ આવે છે, તો અવિરોધ કઈ રીતે કહેવામાં આવે છે. એનો ઉત્તર દૃષ્ટાંત દ્વારા ત્રણ ગાથાઓમાં કહે છે.

पंथे मुस्संतं पस्सिदूण लोगा भणंति ववहारी।
मुस्सदि एसो पंथो ण य पंथो मुस्सदे कोई।।५८।।
तह जीवे कम्माणं णोकम्माणं च पस्सिदुं वण्णं।
जीवस्स एस वण्णो जिणेहिं ववहारदो उत्तो।।५९।।
गंधरसफासरूवा देहो संठाणमाइया जे य।
सव्वे ववहारस्स य णिच्छयदण्हू ववदिसंति।।६०।।

દેખી લૂંટાતું પંથમાં કો, 'પંથ આ લૂંટાય છે'–
બોલે જનો વ્યવહારી, પણ નહિ પંથ કો લૂંટાય છે; ૫૮.
ત્યમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,
ભાખે જિનો વ્યવહારથી 'આ વર્ણ છે આ જીવનો'. ૫૯.
એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સંસ્થાન, દેહાદિક જે,
નિશ્ચય તણા દ્રષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦.

**ટીકા:-** જેમ વ્યવહારી લોકો માર્ગે નીકળેલા કોઈ સંઘને લૂંટાતો દેખીને સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી તેનો ઉપચાર કરીને આ માર્ગ લૂંટાય છે, એમ કહે છે. અમારે તો આ અનુભવ થયેલો ગારીયાધારથી ઉમરાળા જતાં એક આવે છે પાંદરડા ને એનું મોટું નહેરું આવે છે એ લુંટારું નહેરું કહેવાય છે. એટલું ઉંડુ છે, છે મોટું નહેરું પણ આમ ઉંડુ છે અને પાછું આમ ઉંડુ છે એટલે વચમાં કોઈ ચોર આવીને લૂંટે તો આસપાસના માણસને કાંઈ ખબર પડે નહીં. એવું પાંદરડા છે, ગારીયાધારથી ઉમરાળા જતાં અમારી હારે બીજા હતા, એ પછી અમે તો નાની ઉંમરના બેસી રહ્યા, બીજા હેઠે ઊતરી ગયા જોવા સારું. કેમ છે ? કે આ માર્ગ લૂંટાય છે. લૂંટારું

માર્ગ છે માટે આપણે ગાડું એકદમ હાંકો અને અમે હેઠે ઊતરી જઈએ અને એકદમ મોઢા આગળ જઈને ઉભા રહીએ. આ તો બનેલી વાત છે ઘણાં વર્ષ પોણોસો વર્ષ પહેલાંની. એ માર્ગ એમકે લૂંટાય છે મારગ લૂંટારો છે એમ બોલ્યા ' તા. કારણકે ત્યાં આગળ ઉંડું ઉંડું છે અને રસ્તો હોયને ઊંચો એટલે ઉંડું ઉંડું હોય એટલે ત્યાં ચોર લૂંટે તો કોઈ બહારમાં ઠેઠ સુધી આવે ત્યાં સુધી ખબર ના પડે. લૂંટારો મારગ, મારગ લૂંટારો, છે ? જુઓ તો પણ દૃષ્ટાંત, ઉપચાર કરીને આ માર્ગ લૂંટાય છે, એમ કહે છે, તોપણ નિશ્ચયથી જોવામાં આવે તો જે આકાશના અમુક ભાગ સ્વરૂપ, આકાશના અમુક ભાગ સ્વરૂપ માર્ગ છે, તે કાંઈ લૂંટાતો નથી, માર્ગ કાંઈ લૂંટાતો નથી. આહાહા !

તેવી રીતે ભગવાન અર્હંતદેવો, સર્વજ્ઞ પરમેશ્વર જીવમાં બંધપર્યાયની સ્થિતિ એક સમયની બંધપર્યાયની સ્થિતિ દેખી, એક સમયમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ કર્મનો સંબંધ આમ એક સમયની સ્થિતિ છે, ભગવાન તો ત્રિકાળી આનંદકંદ પ્રભુ, એમાં એ પરમાણુ આદિ બંધ આદિ ભેદ આદિ એક સમયમાં રહેનારા છે. જીવમાં બંધ પર્યાયની સ્થિતિ પામેલાં કર્મ ને નોકર્મનો વર્ણ દેખીને, વર્ણથી લીધું છે ને ? વર્ણ ગંધથી લીધું છે ને એટલે ? કર્મ નોકર્મના વર્ણની બંધપર્યાયથી જીવમાં સ્થિતિ એક સમયની હોવાથી તેનો ઉપચાર કરીને એ તો ગતિ કરતાં પરિણમન કરતાં કરતાં કરતાં આવ્યા છે. આત્માના સ્વભાવમાં પર્યાયમાં ગતિ કરતાં આમ પરમાણુ આવ્યા છે. એક સમય પણ એક સમયની સ્થિતિ દેખીને એ આત્માના છે, એમ કહેવામાં આવે છે એ તો વ્યવહાર છે. આહાહાહા !

અહીં તો ત્યાં સુધી કીધુંને નિયમસાર. ચાર ભાવ છે એ આવરણ સંયુકત છે એમ કીધું. એ દેવાનુંપ્રિયા ! તમારું બધું આમાં આવ્યા છે કે નહીં ? ક્ષાયિકભાવ, ઉપશમભાવ, કેવળજ્ઞાન, કેવળદર્શન એ ક્ષાયિકભાવ છે, એને ત્યાં આવરણ સંયુકત કીધાં, એવો ટીકામાં પાઠ છે. આવરણ સંયુકત એટલે કે એને કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા આવે છે ને ! માટે તે આવરણ સંયુક્ત ગણી અને તે ભાવની ભાવના ન કરવી. પંચમસ્વભાવભાવ, ધ્રુવભાવ, ધ્રુવભાવ એની ભાવના, છે એની ભાવના. એ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ પણ પંચમની ભાવના, એ ભાવનાની ભાવના નહીં. ક્ષાયિક ક્ષયોપશમ આદિ પર્યાય છે, પણ એની ભાવના નહીં. એ તો એક ક્ષણિક અવસ્થા છે, કેવળજ્ઞાન, કેવળદર્શન પણ એક સમય માત્ર સ્થિતિને પામીને ત્રિકાળી ભગવાનની પાસે માર્ગમાં લૂંટાતા દેખીને માર્ગ લૂંટાય છે, લૂંટાય છે, લૂંટાય એ તો ઉપચાર છે. એમ એની મેળે ગતિપણું, સ્થિતિપણું, ક્ષાયિકપણું, ક્ષયોપશમપણું આવ્યું છે ત્યાં, એને આત્માના કહેવા એ તો વ્યવહાર ઉપચાર છે. આહાહા ! બહુ ગજબ વાત છે.

જીવમાં એક સમયની સ્થિતિ બંધપર્યાયની સ્થિતિની અપેક્ષાથી જોઈએ તો તે ઉપચાર કરીને કહ્યું છે કે જીવનો આ વર્ણ છે, જીવના આ ગુણસ્થાન છે, એક સમયની પર્યાયની સ્થિતિ છે ત્યાં અબંધ સ્વરૂપ ભગવાન આત્મા, એ તો ત્રિકાળ એમને એમ પ્રવાહ ચાલ્યો આવે છે, આમ ધ્રુવ. એમાં આ એક સમયની પર્યાયની અવસ્થાઓ જે દેખાય એ ખરેખર તો એ પોતે અવસ્થાઓ તે સમયે આવવાની યોગ્યતાથી આમ થઈ છે બધી, રાગાદિ બધા, ભગવાન જ્ઞાયક સ્વરૂપની ઉપર એ તો આમ ગતિ કરતાં કરતાં એની સ્થિતિ પ્રમાણે આવ્યા છે. પણ એક સમયનો સંબંધ દેખીને જીવના ( કીધા ). બહુ ઝીણી વાતો બાપુ.

પરનું તો કરી શકે નહીં પણ ક્ષાયિકભાવની ભાવના પણ કરવાની નથી એમ કહે છે, ગજબ વાત છે. પરને કરી શકતો નથી, રાગ કરતો નથી, પણ ક્ષાયિકભાવની પર્યાયની ભાવના કરતો નથી, જીવ એ તો ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન અભેદ સ્વરૂપ એ તો અહીં ભેદને ઉપાધિ કીધી, અને ઓલામાં આવ્યું'તું "પર પરિણતિ ખંડયેત્ ભેદવાદાત્" ૪૭ મો શ્લોક "પર પરિણતિ ઉજ્જત" પણ "ભેદવાદાત ખંડયેત્" એનેય છોડી દીધું. કર્તાકર્મમાં છે, કર્તાકર્મમાં પર પરિણતિ. એક સમયની સ્થિતિ દેખીને, છે તો એ પોતે માર્ગે ચાલતા ચાલતા અંદર આવ્યા છે એમાં, એને માર્ગે હોં. પણ એક સમયની સ્થિતિની મુદત દેખીને, એના છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આ બધો સંબંધ જે શરીર, વાણી, કર્મ, ભેદ, ગુણસ્થાન એ તો પલટતા પલટતા પલટતા એને સમયે એ સમયની સ્થિતિ એને કારણે આમાં આવ્યા છે કહે છે. પણ આત્માની બંધ સ્થિતિની એક સમયમાં સ્થિતિ પામી દેખતાં દેખીને, છે તો એના ભેદ, ગુણસ્થાન છે તો એનાં, અજીવના, પણ ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પરમસ્વભાવભાવ એમાં તો એ નથી પણ એની પર્યાયમાં એક સમયની મુદત દેખીને, વ્યવહારથી એનાં છે એમ કીધાં છે, છે તો એનાં, આના નથી. રાગદ્વેષ, પુણ્યપાપ ગુણસ્થાન, જીવસ્થાન, માર્ગણાસ્થાન એ તો છે તો એનાં. શું શૈલી ! ભગવાન ત્રણલોકનો નાથ, ચૈતન્ય પરમ સ્વભાવભાવ, એ છે તો એના પણ અહીં એક સમયની બંધની પર્યાયની સ્થિતિનો સંબંધ દેખી, એના છે એમ વ્યવહારથી કહ્યા છે. આહાહા ! આવી વાત છે પ્રભુ. ઓહોહો ! ( શ્રોતાઃ- આપ તો ઘણી ઝીણી વાત ફરમાવો છો ) આ તો પણ આવી વાત જ સાદી ભાષામાં આવી આવે છે. આહાહા !

સંઘ લૂંટાય છે, એમ આ માર્ગ લૂંટાય છે એમ કહેવું એ તો ઉપચાર છે, એમ એ ચીજો જગતની અજીવ ચીજ છે બધી એને કારણે ત્યાં એ પ્રકારના ભાવને પામેલ છે. પણ આત્માને બંધની એક સમયની સ્થિતિ દેખીને આ સંબંધ સ્થાપ્યો. છે તો ભેદ ભેદનાં, રાગ રાગનાં, કર્મ કર્મનાં, સંહનન સંહનનનાં પણ એક સમયની આમ સ્થિતિ દેખીને, પ્રભુ ત્રણલોકનો નાથ, જ્ઞાયકભાવની એક સમયમાં પર્યાયમાં સંબંધ દેખી એને એના છે, છે તો એનાં, પણ આના છે એમ સમયની સ્થિતિ દેખીને કહેવામાં આવે છે. આહાહા ! ગજબ કામ કર્યું છે ને !

આ ટીકા ! હવે ઓલા લોકો કહે છે કે ટીકા કરીને દુરુહ કર્યું. ભગવાન ! ભાઈ ! એમ રહેવા દે ભાઈ, આવે ટાણે એમ તું અભિમાનમાં ન જા. ભાવલિંગી સંતો એમ કહે છે પ્રભુ, તું તો ત્રિકાળી ધ્રુવ, પરમપારિણામિક સ્વભાવભાવ તત્ત્વ છો. એ ખરેખર તો એ ક્ષાયિકભાવ ને ક્ષયોપશમ ભાવની પણ એક પર્યાય છે એની, પણ એક સમયની સ્થિતિની અપેક્ષા ગણીને, વ્યવહારથી એના કહ્યાં, ગજબ કામ કર્યું છે ને પ્રભુ. આહાહાહા !

ભગવાન આત્મા અભેદ સ્વરૂપ, અભેદ સ્વરૂપ, જેમાં પર્યાયનો ય ભેદ નથી, પણ એ ભેદ એક સમયની સ્થિતિ દેખીને, છે તો ભેદ ભેદનો, છે તો રાગ-રાગનો, છે તો વર્ણ-વર્ણનો, છે તો ગુણસ્થાન-ગુણસ્થાનમાં અજીવના. આહાહા ! ભગવાન ચૈતન્ય સ્વરૂપ પરમાનંદની મૂર્તિ પ્રભુ, અભેદ વસ્તુમાં એક સમયનો ભેદ દેખીને, છે તો ભેદ ભેદનો, ગુણસ્થાન ગુણસ્થાનનું, પણ અહીં એક સમયનો આમ સંબંધ દેખીને જીવનો વ્યવહારથી કહેવામાં આવે છે. આવી વાત છે પ્રભુ, શું થાય ? જેને આંહી ક્ષાયિકભાવ પણ આવરણવાળો કહ્યો, કેમકે એમાં નિમિત્તની

અપેક્ષા આવે છે. ભગવાનનો સ્વભાવ છે એમાં કોઈ નિમિત્તની અપેક્ષાનો કે અભાવ એવું છે નહીં, એવો જ્ઞાયકભાવ પંચમભાવ, પરમાત્મભાવ, એને ય ક્ષાયિકભાવને પણ, આવરણવાળા ગણીને, તે આત્મામાં નથી. આવ્યું'ને એમાં ક્ષાયિકભાવ ઠાણાં, ક્ષાયિકભાવના પ્રકાર, કેવળજ્ઞાન આદિ આત્મામાં નથી. પણ એક સમયની ક્ષાયિક આદિ ક્ષયોપશમની પર્યાયનો ત્રિકાળની સાથે એક સમયનો સંબંધ દેખી, બંધપર્યાયનો સંબંધ દેખી, અબંધસ્વભાવી ભગવાનમાં આ એક સમયની સ્થિતિ દેખીને એના છે એમ વ્યવહારથી કહ્યું છે. આહાહા ! આવો માર્ગ છે.

"જીવનો વર્ણ" એમ વ્યવહારથી જણાવે છે, તોપણ નિશ્ચયથી સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે, ભગવાન આત્મા એનો તો ત્રિકાળી અમૂર્ત સ્વભાવ, અમૂર્ત તો ધર્માસ્તિકાયમાંય છે, પણ ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક છે. જાણક દેખન સ્વભાવથી એ બધા ભેદ આદિથી અધિક નામ ભિન્ન છે. આહાહા ! ઉપયોગગુણ વડે અન્ય દ્રવ્યોથી અધિક છે. આ બધા અન્યદ્રવ્ય કહેવામાં આવ્યા. નિયમસારમાં તો ક્ષાયિકભાવને પણ પરદ્રવ્ય કીધું છે. ત્રિકાળી ભગવાન પરમાત્મ સ્વરૂપ એમને એમ બિરાજે છે એની અંદરમાં પર્યાયની એક સમયની સ્થિતિ દેખીને, એ ક્ષાયિકભાવ જીવનો છે એમ વ્યવહારથી કહ્યું. આહાહા ! આવી વાત છે. ઓહોહો !

શું જિનેશ્વર ત્રિલોકનાથની વાણી અને સંતોએ જગતને પંચમઆરાના પ્રાણીની સમક્ષ એ જાહેર કર્યું. હેં ! પ્રભુ ! તું તો જ્ઞાયકભાવથી ભરપૂર એવો અખંડાનંદ પ્રભુ છો ને ? એમાં એક સમયની આ બધી દશાઓ ક્ષાયિક ક્ષયોપશમદશા પણ એક સમયની અવસ્થા છે. એક સમયની અવસ્થાનો આમ સંબંધ ત્રિકાળીમાં દેખીને એ જીવના છે એમ કહ્યું છે. છે નહીં એના. રાગ અને દ્વેષ તો વિકારી દશા, કર્મ ને સંહનન ને સંસ્થાન તો જડની દશા, પણ અંદરમાં કર્મના નિમિત્તના અભાવથી થતી નિવૃત્ત દશા, એને પણ પરદ્રવ્યના ભાવ ગણી અને આત્મામાં એ નથી, ત્યારે એને કહ્યું કેમ ? કે એક સમયની, એક જ સમય, ભગવાન તો ત્રિકાળી પ્રભુ છે, એમાં એક સમયની સ્થિતિ દેખીને એના છે એમ વ્યવહારથી કહ્યું છે. નિશ્ચયથી એના નથી. જુઓ આ ત્રણલોકના નાથની વાણી આ દિગંબર સંતોની વાણી, ગજબ કામ કર્યું છે. કામ તો કરી ગયા પણ જગતને સમજાવવાની શૈલી ( અલૌકિક છે ). આહાહા !

જે વિકલ્પ આવ્યો એનો કર્તા નથી અને જે ક્ષયોપશમની પર્યાય થઈ છે તે કાળે તે મારામાં નથી. એવી દૃષ્ટિ ને અભેદની દૃષ્ટિ હોવા છતાં, પર્યાયમાં ક્ષયોપશમનો પર્યાય થાય, રાગ થાય, છે તો પરનો કહે છે. ભગવાન ! તારી મહિમાનો પાર નથી પ્રભુ ! તું અંદર કોણ છો ? સાક્ષાત્ ભગવાન સ્વરૂપ છો, સચ્ચિદાનંદ પ્રભુ છો ભાઈ. શાશ્વત જ્ઞાન ને આનંદનો ભંડાર પરમાત્મા છે એને આ પર્યાયવાળો અને આવો કહેવો એ તો એક સમયની મુદત એમાં દેખીને કહેવાય છે. કહે છે, નહીંતર તો એ પર્યાય ને રાગાદિ બધાં અજીવ કહેવામાં આવ્યા છે. ત્રિકાળી જીવની અપેક્ષાએ અને તે પણ અનુભૂતિના કાળે કહ્યું' ને ત્યાં, જ્યારે આમ જાણવામાં આવતા અખંડ અભેદ ચીજ આ, એમ જ્યારે અનુભવ થયો ત્યારે અનુભૂતિથી તે બધી વાત ભિન્ન રહી જાય છે. આહાહા !

આ 'સમયસાર' અજોડ ચક્ષુ છે. ( શ્રોતાઃ- કથંચિત્ વકતવ્ય ) કથંચિત્ વક્તવ્ય ને કથંચિત્ અવક્તવ્ય એ વકતવ્ય કહેવું એ પણ એક ઉપચારથી છે. વાણીને કાળે વાણી નીકળે છે,

એમાં આંહી જીવનું નિમિત્ત દેખીને, નિમિત્ત દેખીને એટલે કે એનું કાંઈ કર્તવ્ય નથી. બહુ વાત અલૌકિક છે. પ્રભુ ! ઓહોહો !

અહીંયા તો અભેદ ચીજની દૃષ્ટિમાં ભેદ છે એ પણ પરનો છે, અજીવનો છે, પુદ્‌ગલના પરિણામ. આહાહા ! ગજબ કામ કર્યું છે ને નાથ ! આંહી જાવું બાપા અહીં સુધી. એ કોઈ અપૂર્વ અનંત પુરૂષાર્થ છે, એ શાસ્ત્રે કાંઈ કામ પાર ન પડે, શાસ્ત્રના ભણતરે પણ એ પાર ન પડે. ત્રિકાળી ચીજ ભગવાન આત્મા ધ્રુવ એમાં એ સ્થિતિ પામેલા જગતના પદાર્થો પર છે કહે છે, પણ એક સમયની સ્થિતિનો સંબંધ દેખીને, વ્યવહારે, ત્રિકાળમાં તો છે નહીં, નિશ્ચયથી તો છે નહીં, પણ એક સમયની પોતે પરિણમન કરતાં કરતાં, એક સમયની મુદતવાળા આમ જોડે દેખાણાં એથી વ્યવહારથી એને જીવના કહ્યાં. આવું છે ભાઈ. એ કાંઈ શાસ્ત્રના ભણતરે આ મળે એવું નથી. અલૌકિક વાત છે. આહાહાહા !

આ દિગંબર દર્શન એ ક્યાંય જગતમાં છે નહીં બીજે, એ વસ્તુનો સ્વભાવ છે તે દિગંબર દર્શન છે. કેમકે ત્રિકાળી જે વસ્તુ છે એમાં એક સમયની મુદતવાળા એ થયા છે તો એને કારણે બધા, પણ અહીંયા એક સમયની સ્થિતિ દેખીને વ્યવહારથી કહ્યાં, અભૂતાર્થનયથી કીધાં. ભગવાન આત્મા ભૂતાર્થ પ્રભુ, ભગવાનના વિરહ પડયા પણ વિરહ ભૂલાવે એવી વાત છે આ. શું શૈલી ! શું પ્રવાહ ! વાણીનો પ્રવાહનો ધોધ ! આહાહા !

કહે છે પ્રભુ એક વાર શાંતિથી સાંભળ ભાઈ. તું તો અભેદ સ્વરૂપ છો તે તું છો, પણ આ બધા શરીર, વાણી, મન, ભેદ, ગુણસ્થાન આદિ, છે તો બધા અજીવ, એ છે તો બધા પુદ્‌ગલના પરિણામ, અખંડાનંદ પ્રભુ ત્રિકાળી જ્ઞાયકભાવની અપેક્ષાએ તો એ બધા અજીવ છે. ખરેખર તો ક્ષાયિક અને ક્ષયોપશમભાવ પર્યાય છે ને, એ ત્રિકાળીની અપેક્ષાએ એ અજીવ છે, વ્યવહાર જીવ થયો ને, એટલે નિશ્ચયે અજીવ છે. વાહ પ્રભુ વાહ! શું એની શૈલી ! ( શ્રોતાઃ– પુદ્‌ગલના પરિણામ ) પણ છે તો એના પરિણમતા એના કાળે એ છે તો અજીવ એનામાં છે એ તો, પણ અહીંયા ભગવાન ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ પ્રભુ એને એક સમયનો આમ સંબંધ છે ને એક સમયની મુદત માટે ટક્યો છે ને એટલી અપેક્ષાએ એને વ્યવહાર કીધો. એક સમય આમ, ( શ્રોતાઃ– પંચાસ્તિકાયમાં તેને સંયોગને વિયોગ કીધો છે ) એટલો સંબંધ છે ને એટલો, પર્યાય એક સમય રહે છે ને ? એટલો ઉપશમ ભાવ, ભેદભાવ પણ એક સમય પર્યાયમાં રહે છે ને, ત્રિકાળમાં નથી માટે નિશ્ચય છે પણ એક સમય આમ સંબંધ છે, એટલો ગણીને, એને વ્યવહારે એના કીધાં છે.

અરેરે ! આવું તત્ત્વ સાંભળવા મળે નહીં. હેં ? અને બહાર આવ્યું તો એનો વિરોધ કરે છે, પ્રભુ ! શું થાય ? ભાઈ દુનિયાને વ્યવહારથી થાય તો એમાં મજા પડે છે, અરે પ્રભુ ! વ્યવહાર આ ક્ષાયિકભાવ છે એ વ્યવહાર છે. પર્યાય માત્ર વ્યવહાર છે. ભાઈ ! એ વ્યવહારથી નિશ્ચય થાય એમ ત્રણકાળમાં નહીં. ભગવાન પંચમભાવની ભાવના, પાઠ તો એમ લીધો છે ને ભાઈ. ક્ષાયિક, ઉપશમ આદિ ચાર ભાવ આવરણ સંયુક્ત હોવાથી જીવના નથી. પછી કહ્યું કે માટે પંચમભાવની ભાવનાથી મોક્ષ પામે છે. ચારભાવથી મોક્ષ પામતા નથી. મોક્ષની પર્યાય, મોક્ષની પર્યાયથી પામતા નથી કહે છે, એ તો પંચમભાવ જે ભગવાન જ્ઞાયક પ્રભુ વીતરાગ

મૂર્તિ એકરૂપ વસ્તુ, અભેદ એની ભાવના પંચમભાવની ભાવના. ભાવના છે તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પણ ભાવના એની, ભાવનાની ભાવના નહીં. આહાહા ! આવી વાતું છે.

એક બાજુ એમ કહે કે ચાર ભાવ જીવના નથી, બીજી બાજુ કહે કે પંચમભાવની ભાવનાથી મુક્તિ થાય, એ ભાવના તો છે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પણ એની ( ત્રિકાળની ) ભાવના છે, પર્યાયની ભાવના નથી. ત્યાં અરે રે જિંદગીઓ જાય છે, શરીર ચાલ્યા જાય છે, ગતિ બદલાઈ જાય છે, એમાં આ વાતું નહીં સમજે તો બાપા એ બધાં કરોડોપતિ ને અબજોપતિ બાપા મરીને ક્યાં જશે ? જેને સાંભળવાનું આવું મળે નહીં. એને સમજવાનું તો ક્યાં રહ્યું ? આહાહા !

આંહી કહે છે, ગજબ વાત કરી, પંથનો માર્ગ આપી, લૂંટાય છે તો ઈ પણ પંથ લૂંટાય છે એમ ઉપચારથી, કેમકે એ પંથમાં એક સમયની સ્થિતિ છે ને સંઘની, એમ એ બધા ભાવો જેટલા ૨૯ બોલનાં ઉકરડા કીધા ને ? એ બધા છે તો અજીવનાં, ભેદભાવ છે એ અજીવ છે. અરેરે ! જીવદ્રવ્ય નહિ, એ અપેક્ષાએ અજીવ એમાં એક સમયનો પર્યાય છે એ જીવ દ્રવ્ય નહીં, આખું જીવદ્રવ્ય નહિ, એથી એક સમયની પર્યાયને પણ જીવદ્રવ્ય નથી, અજીવ છે એમ કીધું. બીજી ભાષાએ એને પરદ્રવ્ય કીધું. આહાહાહા !

એ પોતે તો ભગવાન અમૂર્ત છે અને ઉપયોગગુણ વડે અન્ય દ્રવ્યોથી અધિક છે. જાણક દેખન જે ત્રિકાળી સ્વભાવ ભગવાન એની વર્તમાન અનુભૂતિ એની થતાં, એ અન્ય દ્રવ્યો છે ગુણસ્થાનના ભેદ, લબ્ધિસ્થાનના ભેદ એ અન્ય દ્રવ્યો છે. ગજબ કરે છે ને ? ક્ષાયિકભાવ એ પણ અન્ય દ્રવ્ય છે, આ દ્રવ્ય નહીં એટલે અન્ય દ્રવ્ય એમ ત્રિકાળી જે જ્ઞાયકભાવ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો ભંડાર પ્રભુ એ ક્ષાયિકભાવ નહીં, માટે તે ક્ષાયિકભાવ જીવદ્રવ્ય નહીં પણ આત્માની ત્રિકાળી ચીજમાં એક સમયની મુદત છે ત્યાં સંબંધ, એમ દેખીને વ્યવહારે આત્માનો છે એમ કહેવામાં આવે છે. આહાહા !

અરે પ્રભુ, સંતો ને ગણધરો જે એના અર્થ કરતા હશે, અલૌકિક વાતું છે બાપા, એ જીવનો વર્ણ નથી, ગંધ નથી, છે ને ? એવા જીવનો કોઈ પણ વર્ણ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી, રૂપ નથી, શરીર નથી, સંસ્થાન નથી, સંહનન નથી. ઠીક, ત્યાં સુધી તો ઠીક, એ તો પરની પર્યાય, ત્યાં સુધી તો પરની પર્યાય, હવે રાગદ્વેષ, મોહ-મોહ એટલે મિથ્યાત્વ પ્રત્યય એટલે આસ્રવ, કર્મ, નોકર્મ એ ચાર કીધા એ પણ આત્માના નથી. જીવના કોઈપણ મોહ, રાગદ્વેષ જીવના નથી. આહાહા ! એ તો બધા અજીવના છે. કર્મ, નોકર્મ વર્ગ, વર્ગણા, સ્પર્ધક એ તો જડમાં ગયા.

હવે અહીં તો અધ્યાત્મસ્થાન, અધ્યવસાયના પ્રકાર જીવનાં, એ જીવમાં નથી. એક સમયની પર્યાય છે, એથી વ્યવહારે એના કીધા છે, વસ્તુમાં એ નથી. અનુભાગસ્થાન એ તો જડનાં એ નથી, યોગસ્થાન કંપન આદિ એ પણ આત્મદ્રવ્યમાં નથી. કંપન ભલે એની પર્યાયમાં છે પણ દ્રવ્યમાં નથી, એ અજીવમાં જાય છે. બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણાસ્થાન-માર્ગણાસ્થાન, સમક્તિ ને ઉપશમ ને ક્ષયોપશમ અને ક્ષાયિક એ બધા માર્ગણાસ્થાન એ જીવમાં નથી. આમ કહેવું કે એને શોધવું હોય તો કઈ સ્થિતિમાં છે, માટે માર્ગણા કીધી, પણ એ તો પર્યાયની માર્ગણા કીધી, ભલે જ્ઞાનના પાંચ ભેદ હોય, સમકિતના ભેદ હોં બધા આત્મામાં નથી અભેદમાં ભેદ નથી. ભેદને તો અહીંયા ઉપાધિમાં નાખી દીધું છે. આહાહા !

સ્થિતિબંધસ્થાન કર્મની મુદત, સંકલેષ સ્થાન અશુભભાવ એ અશુભભાવ છે તો જડનો પણ એક સમયમાં આમ સંકલેષની પર્યાયનો સંબંધ છે એમ દેખીને જીવના વ્યવહારે કહેવાય. આ ગળે ઊતરવું, આત્મામાં હોં, બેસવું. વિશુદ્ધિસ્થાન શુભરાગ એના પ્રકાર છે બધા અજીવ પણ જીવનાં ત્રિકાળી સમય સાથે એક સમયની આમ મુદત દેખી, સંબંધ એક સમય સ્થિતિ દેખીને, વ્યવહારથી એના કહ્યાં છે. આહાહા !

સંયમલબ્ધિસ્થાન, એક સમયની જે પર્યાય નિર્મળ થઈ, એક સમયની દેખીને એના છે એમ કીધા. બાકી એ સ્થાન જીવદ્રવ્યના નથી, સામે છે ને પુસ્તક. એ 'સંયમલબ્ધિસ્થાન' જીવના નથી, જીવદ્રવ્યનાં નથી. પણ એક સમયની સ્થિતિ દેખીને જીવના વ્યવહારથી કહેવાય છે. નહીંતર તો એ ક્ષયોપશમના ભાવ છે, છતાં પણ એ ક્ષયોપશમ પણ એક સમયની મુદતવાળા છે, ભગવાન ત્રિકાળીની સાથે એક સમયની મુદત દેખીને જીવના કહ્યા, બાકી જીવદ્રવ્યનાં નથી. આહાહાહા !

'જીવસ્થાન' ૧૪ જીવસ્થાન પર્યાપ્ત અપર્યાપ્ત આવ્યું'તું ને એકેન્દ્રીય, બેઇન્દ્રીય, ત્રણઇન્દ્રીય, ચૌઇન્દ્રીય, પંચેન્દ્રીય પર્યાપ્ત ને અપર્યાપ્ત સૂક્ષ્મ ને બાદર ચૌદ બોલ, એક સમયની સ્થિતિ દેખીને એનાં, બાકી વસ્તુમાં નથી. જીવ દ્રવ્યમાં નથી પણ એક સમયની મુદત દેખીને એના વ્યવહારથી કહેવાય છે. ગજબ ટીકા. અમૃતચંદ્રાચાર્યની ટીકા અમૃત રેડયા છે એકલા. આહાહાહા !

"ગુણસ્થાન" ચૌદ, એ અજીવ છે, અજીવના છે. પણ જીવની એક સમયની પર્યાય એક સમયની મુદત દેખીને જીવના વ્યવહારથી કહેવામાં આવે છે, પોતે ન કહેતાં અર્હંતદેવ, સર્વજ્ઞ, જિનેશ્વર, પરમાત્મા એ જીવના નથી, પણ એક સમયની મુદત દેખીને જીવના વ્યવહારથી કહ્યાં છે. હવે અહીં તો શુભભાવથી થાય, શુભભાવથી થાય, કાલે ભાઈ આવ્યા'તા ને મોરેનાવાળા ત્યાં કહે શુભભાવ કારણ છે. આ શુભભાવ કારણ છે ને ? અરે પ્રભુ પ્રભુ ! એ શુભભાવ છે એ અજીવના સ્થાન છે. પણ એક સમયની આમ પર્યાય દેખીને વ્યવહારે કહ્યા, એનાથી આત્માનું કલ્યાણ થાય ? કલ્યાણ તો પર્યાયને આશ્રયે ન થાય. ત્રિકાળી પંચમભાવ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની ભાવનાથી કલ્યાણ થાય. ભલે ઈ ભાવના ક્ષયોપશમ ઉપશમરૂપ હોય, ક્ષાયિક પણ ભાવના પંચમભાવ ત્રિકાળ ત્રિકાળ ત્રિકાળ જ્ઞાયકભાવ, એના આશ્રયથી કલ્યાણ થાય. પર્યાયને આશ્રયેથી પર્યાયમાં કલ્યાણ ન થાય. આવી વાત કયાં છે. આહાહાહા !

( શ્રોતાઃ– આ વાત સોનગઢની છે ) વીતરાગના ઘરની પ્રભુ છે હોં. બેયને સમજાવવાની રીતેય કેવી છે. જુઓને, દ્રવ્યમાં તો નથી, પણ ત્યારે એને વ્યવહારે કહેવો કેમ ? કે એક સમયનો આમ સંબંધ એટલો છે આમ, તેથી વ્યવહારે કહ્યાં, પણ આવી વાત સાંભળે કોણ ? રાજકીય માણસને બેસે શી રીતે આ ? ભાઈ આવ્યા'તા કાંતિભાઈ એમ કે મોરારજી દેસાઈ અહીં નીકળવાના છે આપણે એને કાંઈ કહેવું કે નહીં ? કીધું અમારું કામ નહીં. એની મેળે આવે તો ભલે આવે, અમે કહીએ નહીં કે અહીં આવો, આ ક્યાં મારગ બાપા ! અરે જૈનના વાડામાં પડયા એને સાંભળવું મુશ્કેલ પડે. આહાહાહા ! આકરી વાત છે બાપા !

"એ બધાય વ્યવહારથી અર્હંતદેવો" આહાહા ! પોતે કહે છે એમ નહીં કહેતાં, ભગવાન સર્વજ્ઞદેવ પરમેશ્વર જિનેશ્વરદેવે એમ કહ્યું છે કહે છે. જીવના અર્હંતદેવો વ્યવહારથી કહે છે તોપણ

આમ હોવા છતાં પણ નિશ્ચયથી સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે, ભગવાનનો તો અમૂર્ત સ્વભાવ છે. આ ભગવાન આત્મા હોં, અને ઉપયોગગુણ વડે અન્યથી અધિક છે, આ ઉપયોગગુણ વડે ભેદથી પણ ભિન્ન છે. જાણન દેખન ઉપયોગ વડે, ભલે જાણન-દેખન ઉપયોગ ત્રિકાળ છે પણ એને વર્તમાન ઉપયોગ વડે પાછું એના તરફના જોડાણથી અનુભૂતિથી, અન્યથી અધિક છે. એ ભેદથી જુદો છે, રાગથી જુદો છે, દ્વેષથી જુદો છે, જીવસ્થાનથી જુદો છે, માર્ગણાસ્થાનથી જુદો છે. આહાહાહા !

"એવા જીવના તે સર્વ નથી" તે જીવદ્રવ્યના એ નથી. એ જીવદ્રવ્યમાં નથી. કારણ કે એ વર્ણાદિ ભાવોને અને જીવને તાદાત્મ્યલક્ષણ સંબંધનો અભાવ છે. શું કહે છે ? રાગદ્વેષ, ગુણસ્થાન આદિ જીવના જેમ ઉષ્ણતાને ને અગ્નિને તાદાત્મ્ય સંબંધ છે એમ ભગવાન જ્ઞાયકસ્વભાવને ને આ ગુણસ્થાન ભેદને તાદાત્મ્ય સંબંધ નથી. એક સમયની મુદતનો સંબંધ છે, એ તાદાત્મ્ય સંબંધ નથી. એમ સંયમલબ્ધિનાં સ્થાન જે ભેદ છે, એને અને અભેદને તાદાત્મ્ય સંબંધ નથી. હવે આ સમયસાર એક જણો કહે હું પંદર દિવસમાં વાંચી ગયો. બાપા ભાઈ વાંચી ગયો. શું એ તો એમ કહે અમથું હું વાંચી ગ્યો, શું વાચ્યું બાપા ? એની એક કડી, એક ગાથા, ભગવાનની દિવ્ય ધ્વનિનો સાર છે આ, અજોડચક્ષુ છે આ.

કારણ કે એ વર્ણાદિ અથવા રંગ, ગંધને તો તાદાત્મ્ય સંબંધ નથી, તેમ રાગદ્વેષનાં પરિણામને અને જીવ દ્રવ્યને તાદાત્મ્ય સંબંધ નથી, તત્ સંબંધ પણ લબ્ધિસ્થાન આદિ જે ભાવ પર્યાયમાં છે તેને અને આત્માને ત્રિકાળ તાદાત્મ્ય સંબંધ નથી. એક સમયની પર્યાયનો અનિત્ય સંબંધ છે. આહાહા ! તાદાત્મ્ય લક્ષણ સંબંધનો અભાવ છે, ભગવાન જ્ઞાયકભાવ, એની જે અભેદ અનુભૂતિ, એમાં એ આવતા નથી, તેથી તેને તાદાત્મ્ય લક્ષણ સંબંધનો અભાવ છે. તાદાત્મ્ય સંબંધ હોય તો અનુભૂતિમાં પણ આવવા જોઈએ. આનંદને અને ભગવાનને તાદાત્મ્ય સંબંધ છે, જ્ઞાનને અને ભગવાન આત્માને તાદાત્મ્ય સંબંધ છે, જેથી અનુભૂતિમાં જ્ઞાન ને આનંદ આવે છે. સમજાણું કાંઈ ? ૫૬ માં કહ્યું નહીં ? રૂનો દાખલો આપીને ૫૬ માં દાખલો પાઠમાં નહોતો ગાથામાં નહોતો, ટીકામાં છે અને પાઠમાં તો ગાથામાં ૫૭ માં આવ્યું. ક્ષીર અને પાણી, દૂધ અને પાણી એક જગ્યોએ રહેવા છતાં બંનેના ભાવ ભિન્ન છે. એમ ભગવાન આત્મા અને આ ગુણસ્થાન આદિ ને આ લબ્ધિસ્થાન આદિ એક ક્ષેત્રે રહેવા છતાં, ભાવ ભિન્ન છે. આહાહાહા !

આંહી તો હવે એમ કહે કે, વ્યવહાર, સાધક જીવને વ્યવહાર જ હોય, આ વ્યવહાર જ હોય ? આ વ્યવહાર તો જ્ઞાયકનું ભાન થઈને, છે તેને જાણવા લાયક માટે કહ્યો. આહાહા ! એને ઠેકાણે સાધકને વ્યવહાર જ હોય, નિશ્ચય તો સિદ્ધને, અરે પ્રભુ શું કર્યું આ તેં, આખું અરે ! ( ઊંધું )

**ભાવાર્થ:-** "આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત ભાવો ઓગણત્રીસ સિદ્ધાંતમાં જીવનાં કહ્યા છે, તે વ્યવહારનયથી કહ્યા છે." એક સમયની પર્યાયનો સંબંધ દેખીને, નિશ્ચયનયથી તેઓ જીવનાં નથી, દ્રવ્ય સ્વભાવમાં એ નથી. કારણકે જીવ તો પરમાર્થે ઉપયોગ સ્વરૂપ છે. એ તો જ્ઞાનદર્શનના ઉપયોગસ્વરૂપ છે. એમાં ભેદ ક્યાંથી આવ્યા ? એમાં આ ગુણસ્થાન ને જીવસ્થાન ને માર્ગણાસ્થાન ક્યાંથી આવ્યા કહે છે. ગજબ ટીકા કરી છે ને. બહુ કુંદકુંદાચાર્ય, કુંદકુંદાચાર્યની મહા ગહન ગંભીર ગાથા, એનું ટીકાકારે ( અમૃતચંદ્રાચાર્યે ) સ્પષ્ટ કર્યું, ત્યારે આ કહે છે કે દુરુહ કરી નાખ્યું. ભગવાન ભગવાન ભગવાન પ્રભુ પ્રભુ તું શું કરે છે ભાઈ, એ આચાર્ય છે. સમર્થ

આચાર્ય, પરમેષ્ટિ છે એને પરમેષ્ટિ કુંદકુંદાચાર્યના કથનોનું પરમેષ્ટિએ સ્પષ્ટ કર્યું છે એને એમ ન કહેવાય, એને દુરુહ કરી નાખ્યું પ્રભુ એમ ન કહેવાય. એણે સ્પષ્ટ કરી નાખ્યું છે એમ કહેવાય. પ્રભુ પ્રભુ શું કરે છે ભાઈ. આહાહાહા !

આ દુનિયા માન ને સન્માન ને હા હો ને બાપા પડયા રહેશે ભાઈ ! એ શલ્ય જે લઈને પડયો છે એ હાલ્યો જશે અંદરથી. દુનિયા વખાણે ને દુનિયા માને કે આહા, આહા, આહા, એ કંઈ હારે નહીં આવે ન્યાં. આહાહા ! ( શ્રોતાઃ– આચાર્યે ઉપકાર માન્યો કે આપ મહાવિદેહ જઈને આવું લાવ્યા ) કીધુંને, કીધું નહીં ? દેવસેન આચાર્યએ કીધું. અહો ! ભગવાન પાસે કુંદકુંદાચાર્ય ન ગયા હોત તો આ અમે મુનિપણું કેમ પામત ? એ શૈલી ! અનુભવને ચારિત્ર તો હતું, પણ ત્યાં ભગવાન પાસે સાક્ષાત્ ગયા ક્ષાયિક ભલે ન થયું પણ અપ્રતિહત સમ્યગ્દર્શન જ્ઞાન થઈ ગયું. એના એ સમ્યગ્દર્શન જ્ઞાન એ આગળ જઈને કેવળ પામશે. એ આંહી કહે છે. અર્હંતદેવોએ વ્યવહારથી કહ્યા.

અહીં એમ જાણવું, પહેલા વ્યવહારનયને અસત્યાર્થ કહ્યો’તો જુઠો કહ્યો’તો તો અગિયારમીમાં ત્યાં એમ ન સમજવું કે સર્વથા જૂઠું એ પર્યાય નથી, ગુણસ્થાન નથી, પર્યાયમાં નથી જ એમ ન જાણવું. પર્યાય ( વ્યવહાર ) અસત્યાર્થ કહ્યો હતો એ તો ત્રિકાળની અપેક્ષાએ એને અસત્યાર્થ કહીને એને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યો છે. પર્યાયમાં ભેદો ગુણસ્થાન આદિના પર્યાય છે, વ્યવહાર જુઠો છે એટલે એ તો ત્રિકાળની અપેક્ષાએ તેને જુઠો કહ્યો છે. પણ વર્તમાનની અપેક્ષાએ વ્યવહાર છે, સત્ય છે એટલે સત હો આશ્રય કરવા લાયક છે એ પ્રશ્ન અહીં નથી. ત્યાં એમ ન સમજવું કે સર્વથા જૂઠું જ છે, પર્યાય નથી જ. ગુણસ્થાન ને એ બધા પણ પર્યાયમાં નથી જ એમ ન સમજવું. કથંચિત્ અસત્યાર્થ જાણવો.

કારણકે જ્યારે એક દ્રવ્યને જુદું પર્યાયથી પણ અભેદરૂપ, તેના અસાધારણ ગુણ માત્રને પ્રધાન કરી ત્રિકાળી ગુણને મુખ્ય ગણીને કહેવામાં આવે ત્યારે પરસ્પર દ્રવ્યોનો નિમિત્ત નૈમિતિક ભાવ, નિમિત્ત નૈમિતિક ભાવ રાગાદિ ભેદઆદિ અને નિમિત્તથી થતા પર્યાયો તે સર્વ ગૌણ થઈ જાય છે, ગૌણ થઈ જાય છે, અભાવ થઈ જાય છે ને નથી એમ નહીં. ગૌણ થઈને તેને જૂઠાં કહ્યા છે. જેવું ન્યાં લીધું’તું કે ભાઈ પર્યાયને અભૂતાર્થ કીધી એ તો ગૌણ કરીને કીધું’ તું, અગિયારમાં અર્થ લીધો’તો. અહીં એજ ભરનાર છે જયચંદ પંડિત. વેદાંતની જેમ પર્યાય નથી જ જીવમાં નથી, દ્રવ્યમાં નથી માટે પર્યાયમાં પર્યાય નથી એમ નથી. આહાહાહા !

પર્યાય તે અભેદરૂપ પરથી જુદું તેના અસાધારણ ગુણ માત્રથી ત્રિકાળી ઉપયોગ પ્રધાન કરીને કહેવામાં આવે. પરસ્પર દ્રવ્યોમાં નિમિત્ત નૈમિતિક ભાવ, નિમિત્તથી થતાં બધા ગૌણ થઈ જાય છે. અભાવ થઈ જાય છે એમ નહીં ગૌણ રહે છે. એક અભેદ દ્રવ્યની દૃષ્ટિમાં તેઓ જ્ઞાયકભાવના અનુભવમાં અભેદ દૃષ્ટિમાં તેઓ પ્રતિભાસતા નથી.. તે આવી ગયું ને ? કળશ આવી ગયો છે, આવ્યું’તું ને ઈ “નો દૃષ્ટાસ્યુ દૃષ્ટમ્ એકમ પરમ સ્યાત્” અભેદ ચૈતન્ય વસ્તુ એનો અનુભવ થતાં તેમાં અભેદમાં એ ભેદ દેખાતા નથી, માટે તે સર્વને દ્રવ્યમાં નથી એમ કથંચિત્ નિષેધ કરવામાં આવ્યા છે, પર્યાય નથી એમ નહીં, અભેદમાં ભેદ દેખાતો નથી એ અપેક્ષાએ એને કથંચિત્ નિષેધ કરવામાં આવ્યા છે, જો તે ભાવોને તે દ્રવ્યમાં કહેવામાં આવે

પર્યાય અપેક્ષાએ, પર્યાય અપેક્ષાએ તો તે વ્યવહારનયથી કહી શકાય. ગુણસ્થાન, જીવસ્થાન, માર્ગણા, ભેદસ્થાન વ્યવહારથી એનામાં કહેવાય. આ વ્યવહારથી અસત્યાર્થ કહ્યું'તું પણ વ્યવહારથી સત્યાર્થ એટલી સ્થિતિ છે એમ કહેવાય. "આવો નય વિભાગ છે" નયને અને વ્યવહાર ને નિશ્ચયની વહેંચણીનો આ અવિરોધતા છે. વિશેષ કહેશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૩૪ ગાથા-૫૮ થી ૬૦,૬૧ તા. ૧૨/૧૧/૭૮ રવિવાર કારતક સુદ-૧૩

સમયસાર ગાથા ૫૮, ૫૯, ૬૦ છે ને એનો છેલ્લો ભાગ છે. અહીં શુદ્ધનયની દૃષ્ટિથી કથન છે. શુદ્ધનય કહો, નિશ્ચયનય કહો કે શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહો એનું આ કથન છે. તેથી એમ સિદ્ધ કર્યું કે આ સર્વ ભાવોને સિદ્ધાંતમાં જીવના કહ્યા. શુભભાવ, અશુભભાવ, ગુણસ્થાન, જીવસ્થાન આદિ ભેદ, જીવના કહ્યા એ વ્યવહારથી કહ્યા છે. પર્યાયમાં કથંચિત્ છે એથી કહ્યા છે. જો નિમિત્ત નિમિત્ત ભાવની દૃષ્ટિથી જોવામાં આવે, એટલે કે કર્મ નિમિત્ત છે અને ભેદ પડે છે આત્માની પર્યાયમાં રાગાદિ, ગુણસ્થાન આદિ એ નિમિત્ત-નૈમિતિક ભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો વ્યવહાર કથંચિત્ સત્યાર્થ પણ કહી શકાય. કેમકે, પર્યાયમાં ગુણસ્થાન ભેદ શુભરાગાદિ છે, એ નિમિત્ત નૈમિત્તિકના સંબંધથી કહીએ તો નૈમિત્તિકમાં એ પર્યાય છે વ્યવહારથી, આવું છે.

કથંચિત્ સત્યાર્થ એટલે પર્યાયમાં છે એમ પણ યથાર્થ છે. જો સર્વથા અસત્યાર્થ કહેવામાં આવે, એ ગુણસ્થાન ભેદ શુભરાગાદિ બિલકુલ આત્મામાં નથી, એમ નિશ્ચયથી કીધું એમ કહેવામાં આવે તો સર્વ વ્યવહારનો લોપ થાય, તો પર્યાયમાં ગુણસ્થાન ભેદ શુભઅશુભભાવ સંયમ લબ્ધિસ્થાન છે એ સર્વથા લોપ થઈ જાય, જો સર્વથા નથી એમ કહો તો. સમજાય છે એમાં ?

( શ્રોતાઃ- વ્યવહારનો લોપ થાય તો પછી નિશ્ચય થાય ? ) ઈ અહીંયા ક્યાં વાત છે. અહીં તો વ્યવહાર છે કે નહીં પર્યાયમાં, એટલી વાત છે એને આશ્રયે સમકિત થાય કે નહીં એ પ્રશ્ન અહીં છે નહીં. અહીંયા તો એની પર્યાયમાં દ્રવ્યની દૃષ્ટિએ અને પર્યાયમાં તાદાત્મય સંબંધ નથી, ગુણસ્થાનનો શુભ-અશુભ ભાવનો તાદાત્મય સંબંધ નથી, તેથી તેને પુદગલના કહ્યા. આહાહા ! પુદગલની સાથે તેને કાયમ તાદાત્મય સંબંધ છે માટે તેને પુદગલના કહ્યા. આત્માના જ્ઞાયકભાવની સાથે આત્માને તાદાત્મય સંબંધ છે. એમ આ ભાવ સાથે તાદાત્મય સંબંધ નથી, પર્યાયમાં એક સમયનો સંબંધ છે. પર્યાયમાં એ નથી જ એમ હોય તો સર્વથા લોપ થઈ જાય, જો વ્યવહાર છે જ નહીં, અહીં વ્યવહારથી નિશ્ચય થાય એ અહીં પ્રશ્ન અહીં નથી. અહીં તો વ્યવહાર પર્યાયમાં ગુણસ્થાન ભેદ રાગાદિ છે. પહેલી ના પાડી હતી કે નિશ્ચયનયથી એ આત્માના નથી એ તો પુદગલના છે. આહાહા ! સમજાણું કાંઈ ?

વસ્તુનો તદ ( રૂપ ) દ્રવ્ય સ્વભાવ, જ્ઞાન આનંદાદિ જે તાદાત્મય સંબંધ છે, એ રીતે આ વિકારને ને વર્તમાન ભેદને તાદાત્મ્ય તદ્ ( રૂપ ) સંબંધ ઉષ્ણતા ને અગ્નિની પેઠે નથી. ઉષ્ણતાને ને અગ્નિને તદ્રૂપ સંબંધ, તાદાત્મ્ય સંબંધ છે, એમ આ પુણ્ય પાપના ભાવ ગુણસ્થાન, જીવસ્થાન આદિ એને આત્માની સાથે કાયમ, કાયમ તાદાત્મ્ય સંબંધ નથી. આવી વાત છે. પણ

પર્યાયમાં નથી એમ જે કહ્યું પુદ્‌ગલના કીધા, એ નિશ્ચયની અપેક્ષાએ તાદાત્મય સંબંધ નથી માટે. પણ એની પર્યાયમાં એ નથી વ્યવહારનયે એમ નથી. વ્યવહારનયે હોં, નિશ્ચયનયે તો તાદાત્મ્ય સંબંધ નથી માટે નથી. આહાહા ! આવી વાતું હવે.

પણ વ્યવહારનયે એની પર્યાયમાં શુભઅશુભ ભાવ એ લબ્ધિસ્થાન, જીવસ્થાન, ગુણસ્થાન પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી પણ પર્યાય દૃષ્ટિએ પર્યાયમાં છે. જો પર્યાયમાં નથી તો સર્વ વ્યવહારનો લોપ, વ્યવહાર એટલે સંસાર, રાગાદિ ભાવ છે જ નહીં એમ નથી. આવું અહીં શુદ્ધનયની દૃષ્ટિ કીધી છે, શુદ્ધનય કહો કે નિશ્ચય કહો, પાછું એમ નહીં કે અહીં શુદ્ધનય કહેવાનો આશય ત્રિકાળી શુદ્ધ છે તેને જોનારી દૃષ્ટિ તે શુદ્ધનય છે એમ. બાકી તેને જ આંહી નિશ્ચયનય કહીએ. ઓલામાં આવે છે ને અગિયાર–બાર જય જય મિણતો જહ: ત્યાં વ્યવહાર નિશ્ચય મુણેઈ છે એમ આવ્યું ત્યાં નિશ્ચય શબ્દ આવ્યો છે, એ તો અહીંયા ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ સ્વભાવ, બપોરે આવ્યુ'તું ને પૂરણ ગુણથી અભેદ પૂરણ આત્મદ્રવ્ય તે ચીજ છે વસ્તુ, નિશ્ચયથી તે છે અને તેથી તેની દૃષ્ટિ કરવાથી તેનો આશ્રય લેવાથી, પર્યાયની પૂર્ણતા પ્રગટ થાય છે. કાલે બપોરે ( તમે ) નહોતા, બહુ સરસ આવ્યું' તું ઘણું આખું ૧૭૬, પૂરણ ગુણોથી અભેદ, ગુણ છે એ અપૂર્ણ ન હોય, ચાહે તો ૪૭ શક્તિ કીધી, જીવતર, ચિતિ, દૃશિ જ્ઞાન એ અનંતગુણો તે પૂર્ણ છે. એ પૂર્ણ જે ગુણો છે અનંત, તેથી અભેદ એવું જે આત્મદ્રવ્ય તેના ઉપર દૃષ્ટિ દેવાથી પર્યાયમાં પૂરણ પર્યાયની પ્રાપ્તિ થાય છે. આહાહાહા !

ઘણી સાદી ભાષા, “પૂર્ણો ભવન્તી જીવન્તિ ભવન્તિ” આવે છે ને ? પાછળ નહીં. “પૂર્ણો ભવન જીવતી” એ આજ સવારમાં શ્લોક કાઢયો છે. દ્રવ્યનું અસ્તિત્વ છે ને ? ૧૪ બોલ પહેલાં તત્ અતત્, એક અનેક, સત્ અસત્–નિત્ય અનિત્ય સ્વથી છે ને પરથી નથી, પહેલાં બોલમાં પૂર્ણો ભવન્તિ પૂર્ણ થઈને એ જીવે છે રહે છે. એ પર્યાયમાં લીધું છે ત્યાં પાંચમો શ્લોક છે, ચૌદ, ચૌદ બોલનો સવારે કાઢયો'તો ઓલો પૂર્ણની હારે મેળવવા, ઉંડાણની હારે મેળવવા ઓલું કાઢયું'તું કાલે વિશતી.

અહીં ભગવાન આત્મા વસ્તુ દૃષ્ટિએ પૂર્ણ ગુણ અનંત અનંત અનંત છે પણ એ બધા પૂર્ણ છે, પર્યાયમાં હિનાધિકતા એ તો વ્યવહારનયનો વિષય છે. પૂર્ણ ગુણોથી અભેદ, પૂરણ આત્મદ્રવ્ય તેના ઉપર દૃષ્ટિ કરવાથી પર્યાયમાં પૂર્ણતા પ્રગટે છે. એ નિશ્ચયથી કહ્યું હતું, પણ એની પર્યાયમાં રાગદ્વેષ કે ગુણસ્થાન આદિ નથી એમ કહ્યું, એ તો શુદ્ધનયની, નિશ્ચયનયથી કહ્યું પણ પર્યાયમાં છે. અનિત્ય સંબંધ એને એક સમયનો છે ઈ તો આવ્યું'ને ઓલું બંધનું, પંથનું એક સમયની અવસ્થાએ, એથી વ્યવહારનો નકાર કરે કે, છે જ નહીં પર્યાયમાં, કથંચિત્ સત્યાર્થ છે, પર્યાયની અપેક્ષાએ છે એનામાં. આવી વાતું છે, ત્રિકાળની અપેક્ષાએ એનામાં નથી. આહાહાહા !

સર્વ વ્યવહારનો લોપ થતાં પરમાર્થનો પણ લોપ થાય. અહીં એમ નથી કહેવું કે, જે વ્યવહાર છે તો એનાથી નિશ્ચય થાય છે ઈ અહીં વાત નથી. વ્યવહાર શુભરાગ એ તો નિશ્ચયથી તો પુદ્‌ગલના પરિણામ કહ્યાં, અને પર્યાયમાં છે, એના રાગમાં એ તો છે એટલી વાત સિદ્ધ કરવી છે. પણ રાગથી આત્મ–સમ્યગ્દર્શન થાય, એ અહીં પ્રશ્ન અહીં છે નહીં. સમજાણું ? માટે

જિનદેવનો ઉપદેશ સ્યાદ્વાદરૂપ સમજવો, સમજયે જ સમ્યગ્જ્ઞાન છે. એટલે ? પર્યાયમાં એ ૧૪મી ગાથાના ભાવાર્થમાં ભર્યું છે, ૧૪મી ગાથાના કે પર્યાયમાં છે એવું એણે જ્ઞાન તો રાખવું જોઈએ, પછી દ્રવ્યાર્થિકનયે એ અંદરમાં નથી પણ પર્યાયમાં વિકાર છે એવું જ્ઞાન તો એણે લક્ષમાં રાખવું જોઈએ, રાખીને સ્વનો આશ્રય લેવો. "જો પસ્સઈ અપાણં" ૧૪ ગાથાનો અર્થ જયચંદ પંડિતે બહુ સારા અર્થ ભર્યા છે. આવો મારગ ભાઈ ! આહાહા !

એ તો આવી ગયું ૪૬ ગાથામાં કે જો પર્યાયમાં પણ રાગદ્વેષ મોહ નથી. તો પછી રાગદ્વેષ, મોહને છેદવાનો મોક્ષ ઉપાય પણ નથી. સમજાણું ? કારણકે એય વ્યવહાર છે, રાગ, દ્વેષ ને મોહ દ્રવ્યસ્વભાવમાં નથી, પણ પર્યાયમાં પણ જો નથી, તો તો રાગદ્વેષ રહિત છે, તો એને રાગદ્વેષ મોહ રહિત કરવાનું રહેતું નથી, રાગદ્વેષ મોહ સહિત છે પર્યાયમાં, બંધભાવ સહિત છે પર્યાયમાં, એથી એને સ્વને આશ્રયે મોક્ષનો માર્ગ પ્રગટ કરી, એ પણ મોક્ષ ઉપાય વ્યવહાર છે. સ્વને આશ્રયે પર્યાય પ્રગટે એ પણ એક વ્યવહાર છે, તો એ મોક્ષનો ઉપાય પણ સિદ્ધ થતો નથી, જો આત્માને એમ કહી દે કે એને કાંઈ રાગદ્વેષ છે જ નહીં. આહાહાહા !

આંહી તો કહે છે કે એના ત્રિકાળ સંબંધમાં નથી, ભગવાન આત્મા વસ્તુએ ચૈતન્યરતન પ્રભુ કે એના અનંતા ગુણો જે પૂર્ણ છે, એમાં એ નથી. રાગદ્વેષ પુણ્ય પાપ સંસારભાવ એમાં નથી, તેથી તો એને પુદ્ગલના પુદ્ગલ સાથે તાદાત્મ્ય સંબંધ કહીને પુદ્ગલના છે એમ કીધા, શુભરાગ ગુણસ્થાન ભેદ પુદ્ગલના જડના પરિણામ જડ કીધા, પણ એને સર્વથા આત્માની સાથે અનિત્ય પણ સંબંધ નથી, તદ્ન પુદ્ગલની હારે જ સંબંધ છે ને પુદ્ગલના જ છે એમ કહી દો, તો પર્યાયમાં એનામાં રાગદ્વેષ વિકાર છે એ પુદ્ગલમાં ઠરે અને પોતામાં છે એમ ઠરે નહીં. તો વ્યવહારથી છે અને તેથી તેને છેદવાનો ઉપાય પણ છે. આહાહા ! આવી વાત છે.

એમ વ્યવહાર સ્યાદ્વાદી, નિશ્ચય સ્વભાવ ભગવાન આત્મા એમાં એ વિકાર નથી તેથી તે વિકારને પુદ્ગલ કહી દીધાં, પણ તેની પર્યાયમાં છે કથંચિત્ સત્ય છે, છે, છે એટલી વાત. એવું સ્યાદ્વાદનું કથન સમજી અને સમ્યગ્જ્ઞાન કરવું જોઈએ. આહાહા ! પણ એનો અર્થ એવો નથી કે આત્મામાં એ વ્યવહાર રાગાદિ છે, માટે એનાથી આત્માનું કલ્યાણ થાય અને સમ્યગ્દર્શન થાય એ વાત અહીં નથી. એ 'છે' એટલી વાત સિદ્ધ કરવી છે, દ્રવ્યમાં નથી પર્યાયમાં છે વ્યવહારનયે એટલી વાત સિદ્ધ કરવી છે, પણ એમ કરીને એમ કહે કે જો વ્યવહાર પણ સત છે માટે વ્યવહારથી પણ સમ્યગ્દર્શન આત્માનું અવલંબન થાય એ વાત જુઠી છે. આહાહાહા !

અરેરે જેને અહીંયા પુદ્ગલના પરિણામ શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એને તો અહીં પુદ્ગલના પરિણામ કીધા, પુદ્ગલ કીધા, હવે ઈ પુદ્ગલ આત્માના સ્વરૂપમાં સાધનમાં મદદ થાય ? પણ એને એ સાધન મદદ થાય નહીં, પણ છતાં એ પર્યાયમાં નથી એમ અહીંયા સિદ્ધ કરવું છે કે પર્યાયમાં નથી, એમ નહીં. છે બસ એટલું જ. અરે અનંતકાળથી ભગવાન અંદર પૂર્ણાનંદ પ્રભુ અનંતા અનંતા અનંતગુણોથી પૂર્ણ ભરેલો પ્રભુ અભેદ વસ્તુ એની એણે દૃષ્ટિ કરી નથી. માટે દૃષ્ટિ કરાવવા પર્યાય દૃષ્ટિને ઉઠાવી અને ત્રિકાળ જ્ઞાયકભાવનું અનંત ગુણનું પૂર્ણ રૂપ એવું અભેદ દ્રવ્ય તેની દૃષ્ટિ કરાવવા પર્યાયમાં પણ એના નથી, એમ કહેવામાં આવ્યું 'તું. આહાહા ! સર્વથા એકાંત તે મિથ્યાત્વ છે, પર્યાયમાં જ રાગાદિ નથી એમ માને તો તો મિથ્યાત્વ

છે, એમ કહે છે. આહાહાહા !

આવું અટપટુ કથન. ત્યારે હવે એનો અર્થ એવો થઈ ગયો કે વ્યવહાર પર્યાયમાં છે. રાગાદિ એ છે માટે એનાથી સમ્યગ્દર્શન થાય એમ નથી. એનો અભાવ કરી અને ત્રિકાળી જ્ઞાયકભાવના સદ્ભાવમાં અવલંબન લે તો તેને સમ્યગ્દર્શન થાય. આહાહા ! આવી વાતું. હવે સમજવી, લોકોને નવરાશ ન મળે એકલા સંસારના ધંધામાં પાપમાં પચ્યા, હવે એમાં આવી વાતું એને સાંભળવા મળે નહીં, અરે શું કરે ઈ, નટુભાઈ છે ને, આ બધા તમારા વકીલ હોય તોય આવી વાતું હોતી નથી ત્યાં, ગપ્પા માર્યા છે બધા ન્યાં. આહાહાહા !

વસ્તુ ભગવાન આત્મા એમ તો ઓલા ૧૮૯ ગાથામાં કહ્યું ને પ્રવચનસારમાં શુદ્ધનયે રાગાદિ જીવના છે એમ ત્યાં કહ્યું છે. અહીં વ્યવહારનયથી કીધું છે. એ શુદ્ધનયે નિશ્ચયથી એના જીવમાં છે રાગ એમ કહ્યું છે. એ જ્ઞેય અધિકાર છે ને ? જ્ઞેયનું જ્ઞાન આત્મા, એની પર્યાયમાં ઈ છે ને ? રાગદ્વેષ પુણ્યપાપ એની પર્યાયમાં છે ને ? કે પરમાં છે ને પરથી છે ? એટલું સિદ્ધ કરવા ૧૮૯ ગાથામાં પ્રવચનસાર શુદ્ધનયથી એટલે નિશ્ચયનયથી પુણ્ય ને પાપના ભાવ જીવની પર્યાયમાં છે, પરને લઈને નહીં, પરમાં નહીં, એ તો એનામાં છે એટલું સિદ્ધ કરવા, નિશ્ચય કેમ કીધો કે, સ્વદ્રવ્યમાં છે માટે નિશ્ચય કીધો. પરમાં છે ને પરને લઈને છે એમ અશુદ્ધનયનું વ્યવહારનયનું એ કથન છે ત્યાં. અહીંયા જે કહેવું છે. એ તો દ્રવ્યદૃષ્ટિ કરાવવા, છે ઈ તો પર્યાયમાં છે, એ અહીં તો વ્યવહાર સિદ્ધ કરે છે. ત્યાં તો નિશ્ચયથી છે એમ કહ્યું છે, એટલે કે એની પર્યાયનો જે ભાવ તેનો તે નિશ્ચય છે, પરનો ભાવ જડનો તે વ્યવહાર છે. પોતાનો રાગાદિ તે નિશ્ચય છે. અશુદ્ધનિશ્ચય કહો પણ છે નિશ્ચય શુદ્ધનય લીધી ત્યાં અશુદ્ધ નથી લીધી. એય, ત્યાં અશુદ્ધ નિશ્ચય નથી લીધો, શુદ્ધનય નિશ્ચય લીધો છે એ અપેક્ષા સમજવી જોઈએને ? છે ?

૧૮૯ છે ૧૮૯ ને આવ્યું જુઓ, જોયું ? રાગ પરિણામ આત્માનું કર્મ છે, રાગ, રાગ જેને અહીં પુદ્ગલના કીધા'તા રાગ પરિણામ આત્માનું કાર્ય છે તે જ પુણ્ય-પાપરૂપ દ્વૈત છે, રાગ પરિણામનો આત્મા કર્તા છે, તેનો ગ્રહનાર છે, તેનો છોડનાર છે, આ શુદ્ધ દ્રવ્યના નિરૂપણરૂપ નિશ્ચયનય છે, શુદ્ધ દ્રવ્યનો અર્થ કે પર્યાય પોતાની છે ને ? પરની અપેક્ષા નથી ત્યાં. શુદ્ધ દ્રવ્યનાં નિશ્ચયનય કેવળ સ્વદ્રવ્યના પરિણામને દર્શાવતું હોવાથી તેને શુદ્ધદ્રવ્યનું કથન કરનાર કહ્યું છે. વ્યવહારનય પરદ્રવ્યના પરિણામને આત્મ પરિણામ દર્શાવતું હોવાથી તેને અશુદ્ધ દ્રવ્યનું કથન કરનાર ( કહ્યું છે ), શુદ્ધ દ્રવ્યનું કથન એક દ્રવ્યાશ્રિત પરિણામની અપેક્ષાએ, પરિણામની અપેક્ષાએ હોં, એ દ્રવ્યના પરિણામની અપેક્ષાએ જાણવું, અશુદ્ધ દ્રવ્યનું કથન એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યમાં આરોપવાની અપેક્ષાએ જાણવું. આવી વાત હવે કેટલા ભેદ પડે. શુદ્ધદ્રવ્યના નિરૂપણ સ્વરૂપ નિશ્ચયનય છે એમ કીધું છે. રાગ, દયા, દાન, પુણ્ય, પાપ કામ ક્રોધના ભાવ આત્માની પર્યાયમાં સ્વમાં હોવાથી નિશ્ચયનયથી એનામાં છે એમ કીધું. આ જ્ઞેય અધિકાર છે અને જ્ઞેય અધિકાર છે એ સમ્યગ્દર્શનનો અધિકાર છે. આહાહા !

આંહી કઈ અપેક્ષા છે ? અહીં તો ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા, અનંત અનંત ગુણનો ચૈતન્ય ચિંતામણિ રત્ન પ્રભુ તેનો આશ્રય કરવાથી ધર્મ અને સમ્યગ્દર્શન થાય છે. એ બતાવવા પર્યાયમાં રાગાદિ છે એ બધાં પુદ્ગલના છે એમ કરીને લક્ષ ત્યાંથી છોડાવ્યું

છે. પણ વ્યવહારથી એની પર્યાયમાં પણ નથી, એમ નહીં. આવી વાતું છે.

જિનદેવનો ઉપદેશ સ્યાદ્વાદરૂપ, સમજાયે સમ્યગ્જ્ઞાન છે, જોયું ? પર્યાયમાં છે એમ એને જ્ઞાન બરાબર રાખવું જોઈએ, તો તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. અહીંયા જે કહ્યું છે એ તો ત્રિકાળી જ્ઞાયકભાવ અને એનાં જે ગુણો જે છે, ભગવાન આત્મામાં અનંત ગુણો અનંતા અનંતા અનંતા અનંત એ બધા ગુણો પૂર્ણ છે. ગુણમાં અપૂર્ણતા ને આવરણ ને પરની અપેક્ષા એમાં હોઈ શકે નહીં. એવો જે ભગવાન આત્મા, એના અનંતા ગુણોનું રૂપ અભેદ તે શુદ્ધદ્રવ્ય છે અને તેનો આશ્રય કરવાથી જ ધર્મની પર્યાય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ ? એ ભૂદત્થમસ્સિદો ન્યાં આવ્યું 'તું પર્યાયમાં રાગાદિ હોવા છતાં તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય એ ત્રણકાળ ત્રણલોકમાં નથી. આવી વાતું છે. હવે આમાં ધંધા આડે નવરા કે દી' અને આટલી બધી વાતું. એ દેવાનુંપ્રિયા ! વીતરાગ ત્રણલોકના નાથ પરમેશ્વર એનો સ્યાદવાદ્ અપેક્ષાએ કથન છે એ ત્રિકાળમાં નથી એ અપેક્ષાએ પુદ્ગલના કીધાં, પર્યાયમાં છે માટે એના કહ્યા, એ સ્યાદવાદ્ કથન છે. પણ સ્યાદ્વાદ કથન છે માટે આત્માને શુભરાગથી પણ ધર્મ થાય અને સ્વભાવને આશ્રયે પણ થાય, એમ નથી. એમ સ્યાદ્વાદ નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

આંહી તો પુદ્ગલના પરિણામ શુભને કીધા, દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા ભગવાનનું સ્મરણ ભગવાનની પૂજા અને જાત્રા એ બધા શુભરાગ છે અને તે બધા તો પુદ્ગલના કીધાં આંહી તો, કેમ કે ત્રિકાળની હારે ત્રિકાળ તાદાત્મ્ય સંબંધ નથી, એ અપેક્ષાએ કહ્યા અને પુદ્ગલ સાથે ત્રિકાળ તાદાત્મ્ય સંબંધ છે એમ ખરેખર છે. આહાહા ! સમજાણું કાંઈ ? એથી એના નથી એમ કહીને, દ્રવ્યનો આશ્રય લેવા માટે પર્યાયમાં નથી માટે એ પુદ્ગલના છે એમ કીધાં. પણ પર્યાયમાં છે એવો એક નય વ્યવહારનય છે, એનું લક્ષમાં જ્ઞાન રાખીને દ્રવ્યનો આશ્રય કરવાનું કહ્યું છે. સમજાણું કાંઈ ? આવી વાતું. ( શ્રોતાઃ- આજનો વિષય તો ઝીણો છે ) વિષય તો આ જ છે બાપુ, પ્રભુ શું થાય ? આહાહાહા !

ત્યાં શુદ્ધનય નિશ્ચયનયથી જીવમાં છે એમ કહ્યાં, ઈ એની પર્યાય છે ને સ્વની એટલે નિશ્ચય, પર દ્રવ્ય તે વ્યવહાર. એમ ત્યાં એટલી અપેક્ષા લીધી. અહીં નિશ્ચય એટલે ત્રિકાળી જ્ઞાયકના સંબંધમાં એ નથી માટે તેને પુદ્ગલના પરિણામ કહીને, નિષેધ ( કરાવી ) લક્ષ છોડાવી દીધું. સમજાણું કાંઈ ? ધીમે ધીમે બાપા ! આવો મારગ ! જિનેશ્વર ત્રિલોકનાથ જે અપેક્ષાથી કહે છે તે અપેક્ષા એની જાણવી જોઈએ. ભગવાનનું કથન બે નયનું છે, આવે છે ને ? નિયમસાર, પંચાસ્તિકાય પહેલી ગાથાઓમાં. ભગવાનનું કથન બે નયનું છે. શરૂઆતમાં આવે છે પહેલું નિયમસાર અને પંચાસ્તિકાયમાં નિશ્ચય અને વ્યવહાર, નિશ્ચય કથન છે એ ત્રિકાળ જ્ઞાયકભાવને બતાવે છે, વ્યવહાર કથન છે એ વર્તમાન પર્યાય છે, રાગાદિ છે, અરે રાગાદિને પણ પર્યાય છે, એમ બતાવે છે. પર્યાય એ વ્યવહાર છે, દ્રવ્ય તે નિશ્ચય છે. આહાહા ! પંચાધ્યાયમાં લીધું છે. પર્યાય છે એ જ વ્યવહાર છે. ઓલો રાગ છે ઈ વ્યવહાર છે એ તો અસદ્ભૂત વ્યવહાર. શું કીધું ? રાગ જે છે એ અસદ્ભૂત વ્યવહાર ને અહીં તો નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે તે સદ્ભૂત વ્યવહાર, આટલા પડખા. અરે પ્રભુ શું થાય ? એકાંતમાં અનાદિથી ગુંચાઈ ગયો છે એ. અનેકાંત વાસ્તવિક સ્વરૂપ છે પ્રભુનું કાં દ્રવ્યને માનતાં પર્યાયને ન માને, પર્યાયને માનતાં દ્રવ્યને ન

માને, ( શ્રોતાઃ– એ તો અનાદિનું છે ) વેદાંતે દ્રવ્યને માન્યું, પર્યાયને ન માન્યું. બુદ્ધે પર્યાયને માની ને દ્રવ્યને ન માન્યું. એમ પણ જૈનમાં રહેલા જીવો પર્યાયને જ માને તો એ બુદ્ધ જેવા છે અને દ્રવ્યને માને અને પર્યાયને ન માને તો એ વેદાંતી જેવા નિશ્ચય છે, અજ્ઞાની. આહાહાહા !

શાંતિભાઈ ! આ તો આ આંખે મોતિયો ઉતારવાની વાત છે પ્રભુ ! અરે આવા ક્યાં ટાણાં મળે. પચીસ પચીસ વર્ષના ત્રીસ ત્રીસ વરસના જુવાન હાલ્યા જાય છે, કોઈ શરણ નથી ક્યાંય. શરણ ભગવાન આત્મા, પૂર્ણ ગુણોનો પિંડ પ્રભુ અંદર એ શરણ છે, એ માંગલિક છે અને એ ઉત્તમ છે. પર્યાય પણ શરણ નથી, માંગલિક નથી તે ઉત્તમ નથી. નથી છતાં, છે ખરી. આહાહા ! આવું સ્વરૂપ છે પ્રભુનું.

અત્યારે તો આ પોકાર જગતનો છે શુભભાવ, શુભભાવ, શુભભાવ કરો કરો કરો એનાથી કલ્યાણ થશે. અરરર ! એ પણ મિથ્યાત્વનું પોષણ છે. આહાહા ! તેમ દ્રવ્યમાંય નથી ને પર્યાયમાંય નથી એ પણ મિથ્યાત્વનું પોષણ છે. એકાંત આવ્યું ’ને છેલ્લું ? સર્વથા એકાંત એ મિથ્યાત્વ છે. જયચંદ પંડિતે પણ એ વખતના પંડિતો પણ, “જ્યાં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં સમજવું તે, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ” દેહ છૂટતાં રાગને દેહની એકતા હશે, એ ભિંસાઈ જશે મરી જશે પ્રભુ. ને આંહી જેને મરણના છેલ્લે ભાવ રહ્યા, એ ભાવનું ફળ એને ભવિષ્યમાં મળશે, હેં ? વર્તમાન તો મળ્યું છે પણ એનું ફળ ભવિષ્યમાં અવતાર થશે. અહીં કરોડોપતિ અબજોપતિ શેઠીયો હોય અને જેને રાગ ને દેહની એકતા છે, એ મરીને કાગડા કૂતરામાં જાય.

અરરર.... બાપુ એવા અવતાર પ્રભુ અનંત વાર કર્યા ભાઈ તને ખબર નથી, અહીં ખમ્મા ખમ્મા ક્ષણ થતો હોય દેવોમાં, બ્રહ્મદત્ત ચક્રવર્તી જેને મણિરત્નના ઢોલીયા, ઢોલીયા શું કહેવાય એ ? પલંગ એમાં સૂતો, દેવો સોળ હજાર સેવા કરે, છન્નુ હજાર સ્ત્રીઓ એ મરીને દેહ છૂટીને બાપુ સાતમી નરકે ગયો. જેના ક્ષણના દુઃખો કરોડો ભવને–કરોડો ભવ ને કરોડો જીભે ન કહેવાય, એવા દુઃખો એક ક્ષણનાં છે એવા ૩૩ સાગરનાં પ્રભુ એ શું હશે ? એમાંય પણ જીવ અનંતવાર ગયો છે પ્રભુ, આત્માના જ્ઞાન વિના ને સમ્યગ્દર્શન વિના મિથ્યાત્વને લઈને એવા અનંતા ભવ કર્યા પ્રભુ. ભૂલી ગયો એટલે નહોતા એમ કેમ કહેવાય ? પ્રભુ ! જન્મ્યા પછી છ મહિનામાં બાર મહિનામાં શું થયું, ખબર છે ? એની મા( માતા ) એ કેમ ધવરાવ્યો, કયાં સુવડાવ્યો. ખબર છે ? ખબર નથી માટે નહોતું એમ કોણ કહે એને ભાઈ ? એમ અનંતા અનંતા ભવ વીતી ગયા નાથ તારા ઉપર, ખબર નથી એટલે એ નહોતા. એમ કેમ કહેવાય ભાઈ ? એ ભવ ભ્રમણને ટાળવાનો ઉપાય અહીં બતાવે છે કે વસ્તુ જે ભગવાન આત્મા નિશ્ચય વસ્તુ છે. તેમાં એ પુદ્ગલના પરિણામ ગણીને એનામાં નથી. એવો ત્રિકાળીનો આશ્રય કરાવવા અને ત્રિકાળીને આશ્રયે ધર્મ થાય સમ્યક્ એ માટે કહ્યું, પણ તેના લક્ષમાં રહેવું જોઈએ કે પર્યાયમાં રાગાદિ છે, પુદ્ગલનાં જ છે એમ જે કહ્યું હતું, એ વ્યવહાર મારામાં છે એમ એણે જાણવું જોઈએ. દેવીલાલજી ! આહાહા ! આ એકાંત મનાય જાય અને વ્યવહારથી ધર્મ થાય એ પણ એકાંત મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ ? અને પર્યાયમાં રાગાદિ નથી, એ પણ એકાંત મિથ્યાત્વ છે. આહાહા ! એ ગાથા પૂરી થઈ.

## ગાથા - ૬૧

कुतो जीवस्य वर्णादिभि: सह तादात्म्यलक्षण: सम्बन्धो नास्तीति चेत्

**तत्थ भवे जीवाणं संसारत्थाण होंति वण्णादी।**
**संसारपमुक्काणं णत्थि हु वण्णादओ केई।।६१।।**

तत्र भवे जीवानां संसारस्थानां भवन्ति वर्णादय:।
संसारप्रमुक्तानां न सन्ति खलु वर्णादय: केचित्।।६१।।

---

यत्किल सर्वास्वप्यवस्थासु यदात्मकत्वेन व्याप्तं भवति तदात्मकत्वव्याप्तिशून्य न भवति, तस्य तै: सह तादात्म्यलक्षण: सम्बन्ध: स्यात्। तत: सर्वास्वप्यवस्थासु वर्णाद्यात्मकत्वव्याप्तस्य भवतो वर्णाद्यात्मकत्वव्याप्तिशून्यस्याभवतश्च पुद्गलस्य वर्णादिभि: सह तादात्म्यलक्षण: सम्बन्ध: स्यात्; संसारावस्थायां कथञ्चिद्वर्णाद्यात्मकत्वव्याप्तस्य भवतो वर्णाद्यात्मकत्वव्याप्तिशून्यस्याभवतश्चापि मोक्षावस्थायां सर्वथा वर्णाद्यात्मकत्व व्याप्तिशून्यस्य भवतो वर्णाद्यात्मकत्वव्याप्तस्याभवतश्च जीवस्य वर्णादिभि: सह तादात्म्यलक्षण: सम्बन्धो न कथञ्चनापि स्यात्।

---

હવે પૂછે છે કે વર્ણાદિક સાથે જીવનો તાદાત્મ્યલક્ષણ સંબંધ કેમ નથી ? તેનો ઉત્તર કહે છે:-

**સંસારી જીવને વર્ણ આદિ ભાવ છે સંસારમાં,**
**સંસારથી પરિમુક્તને નહિ ભાવ કો વર્ણાદિના. ૬૧.**

**ગાથાર્થ:-** [ वर्णादय: ] વર્ણાદિક છે તે [ संसारस्थानां ] સંસારમાં સ્થિત [ जीवानां ] જીવોને [ तत्र भवे ] તે સંસારમાં [ भवन्ति ] હોય છે અને [ संसारप्रमुक्तानां ] સંસારથી મુક્ત થયેલા જીવોને [ खलु ] નિશ્ચયથી [ वर्णादय: केचित् ] વર્ણાદિક કોઈ પણ ( ભાવો ) [ न सन्ति ] નથી; ( માટે તાદાત્મ્યસંબંધ નથી ).

**ટીકા:-** જે નિશ્ચયથી બધીયે અવસ્થાઓમાં યદ્-આત્મકપણાથી અર્થાત્ જે-સ્વરૂપપણાથી વ્યાપ્ત હોય અને તદ્-આત્મકપણાની અર્થાત્ તે-સ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત ન હોય, તેનો તેમની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ હોય છે. ( જે વસ્તુ સર્વ અવસ્થાઓમાં જે ભાવોસ્વરૂપ હોય અને કોઈ અવસ્થામાં તે ભાવોસ્વરૂપપણું છોડે નહિ, તે વસ્તુનો તે ભાવોની સાથે તાદાત્મ્યસંબંધ હોય છે. ) માટે બધીયે અવસ્થાઓમાં જે વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે અને વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતું નથી એવા પુદ્ગલનો વર્ણાદિભાવોની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ છે; અને જોકે સંસાર-અવસ્થામાં કથંચિત્ વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે અને વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતો નથી તોપણ મોક્ષ-અવસ્થામાં જે સર્વથા વર્ણાદિસ્વરૂપપણાની

**વ્યાપ્તિથી રહિત હોય છે અને વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોતો નથી એવા જીવનો વર્ણાદિભાવોની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ કોઈ પણ પ્રકારે નથી.**

**ભાવાર્થઃ-દ્રવ્યની સર્વ અવસ્થાઓને વિષે દ્રવ્યમાં જે ભાવો વ્યાપે તે ભાવો સાથે દ્રવ્યનો તાદાત્મ્યસંબંધ કહેવાય છે. પુદ્‌ગલની સર્વ અવસ્થાઓને વિષે પુદ્‌ગલમાં વર્ણાદિભાવો વ્યાપે છે તેથી વર્ણાદિભાવો સાથે પુદ્‌ગલનો તાદાત્મ્યસંબંધ છે. સંસાર-અવસ્થાને વિષે જીવમાં વર્ણાદિભાવો કોઈ પ્રકારે કહી શકાય છે પણ મોક્ષ-અવસ્થાને વિષે જીવમાં વર્ણાદિભાવો સર્વથા નથી તેથી વર્ણાદિભાવો સાથે જીવનો તાદાત્મ્યસંબંધ નથી એ ન્યાય છે.**

## ગાથા - ૬૧ ઉપર પ્રવચન

હવે પૂછે છે કે વર્ણ–ગંધ–રસ–સ્પર્શ–ગુણસ્થાન ભેદ એ જીવનો તાદાત્મ્ય લક્ષણ સંબંધ કેમ નથી ? શું કહે છે હવે. ભગવાન જે પૂર્ણ ગુણનો અભેદ દ્રવ્ય સ્વભાવ વસ્તુ, ભગવાન આત્મા અનંતા અનંતા ગુણો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યા, એવા જે આત્મામાં પૂરણ પૂરણ પૂરણ પૂરણ પૂરણ પૂરણ જીવતરશક્તિ પૂર્ણ, ચિતિશક્તિ પૂર્ણ, દશિશક્તિ પૂર્ણ, જ્ઞાનશક્તિ પૂર્ણ, સુખશક્તિ પૂર્ણ, વીર્યશક્તિ પૂર્ણ, પ્રભુત્વશક્તિ પૂર્ણ, વિભુત્વશક્તિ પૂર્ણ, સર્વજ્ઞ, સર્વદર્શીશક્તિ પૂર્ણ એવા એવા અનંતા ગુણો, પૂર્ણ પ્રભુમાં છે. એ અનંતા પૂર્ણ ગુણોનું રૂપ તે સ્વદ્રવ્ય છે. એમાં એ આ નથી એમ કહીને સ્વદ્રવ્યનો આશ્રય કરાવ્યો છે. સમજાણું કાંઈ ?

એના ત્રિકાળી જે ગુણો અને દ્રવ્યમાં તાદાત્મય સંબંધ છે. એટલે શું ? જેમ અગ્નિને ને ઉષ્ણતાને તદ્‌રૂપ, તાદાત્મ્ય સંબંધ છે, એમ આત્માને ને જ્ઞાનદર્શન આનંદ ગુણોને તાદાત્મ્ય સંબંધ છે, પણ આ રાગાદિના પરિણામને તાદાત્મ્ય સંબંધ ત્રિકાળ, જેમ બેનો તાદાત્મ્ય એકરૂપ સંબંધ છે, એવો પુણ્ય–પાપ, દયા–દાન કે ગુણસ્થાનભેદનો તાદાત્મ્ય સંબંધ નથી. એટલું બતાવવા અહીંયા પરના કીધાં છે. આહાહા !

ભગવાનના વિરહ પડયા પંચમઆરામાં, કેવળજ્ઞાનની દશા રહી નહીં, ને આવી વાત સમજવા માટે ઘણી દુષ્કરતા લાગે પણ એ સમજી શકાય એવી એની ચીજ છે. “તદવાર્તાપિ શ્રુતાઃ” અધ્યાત્મની આવી વાત પણ જેણે શ્રુતાઃ સાંભળી છે જેણે રુચિપૂર્વક એ ભવિષ્યમાં “ભાવિનિર્વાણ ભાજનમ્”. આહાહા !

જેને ઘા વાગ્યા છે દ્રવ્ય ઉપર આમ અખંડાનંદ છું, રાગાદિ નહીં, પુણ્ય આદિ નહીં બાપુ, એવાં જે સંસ્કાર અંદર પડે છે ને ? રુચિપૂર્વક હોં. પોતાને માટે કહે છે કે એ “ભાવિ નિર્વાણ ભાજનમ્” ભવિષ્યકાળમાં એ સર્વજ્ઞ થવાના એ ભવિષ્યમાં સિદ્ધની પર્યાયને પાત્ર થઈ જવાના. આહાહા !

અરે ! એવી વાત ભાઈ ! આંહી એ કહે છે, કે વર્ણાદિ અથવા રાગાદિ કે પુણ્ય–પાપના ભાવ, ગુણસ્થાનના ભાવ એને જીવના તાદાત્મ્ય લક્ષણ સંબંધ કેમ નથી ? ભગવાન આત્માની સાથે તદ્‌રૂપ જેમ અગ્નિ ને ઉષ્ણતા. એવો સંબંધ કેમ નથી ? સમજાણું ? અને તમે એને પુદ્‌ગલના

પરિણામ કહ્યા અને આત્મા હારે તાદાત્મ્ય સંબંધ નથી એમ કહ્યા. એનો ઉત્તર, એનો ઉત્તર એટલે ? આવી જેને જિજ્ઞાસાથી પ્રશ્ન ઉઠયો છે, એને ઉત્તર દેવામાં આવે છે. જેને અંદરથી પ્રશ્ન ઉઠયો છે પ્રભુ ! આપ જ્યારે રાગ ને દ્વેષ ને ગુણસ્થાન ભેદ ને ભગવાન આત્મા સાથે તાદાત્મ્ય સંબંધ નથી અને તાદાત્મ્ય સંબંધ તો પુદ્‌ગલની હારે છે એમ પ્રભુ આપે કહ્યું, સમજાણું કાંઈ ? એ કેમ નથી ? પ્રભુ કેમ નથી ? મને પ્રશ્ન ઊઠે છે. શંકા નહીં, પણ આશંકા મને સમજમાં આવતું નથી. એવો શિષ્યનો સમજવા માટે જિજ્ઞાસાનો પ્રશ્ન છે. એને ઉત્તર દેવામાં આવે છે. એમ કહીને સાંભળવા બેઠા અમથા ને સમજવું નથી અને આ અંતરમાં ધખશ નથી એના માટે આ ઉત્તર નથી કહે છે. આહાહા !

શું અમૃતચંદ્રાચાર્ય, શું કુંદકુંદાચાર્ય દિગંબર સંતો, કેવળજ્ઞાનીના વિરહ ભૂલાવ્યા એવી વાતું છે. સાક્ષાત્ જાણે ભગવાન કહેતા હોય, એવી વાત છે, એમ શિષ્યના મુખમાં એમ કહેવડાવ્યું પોતે, કે જે શિષ્યને આમ થાય કે પ્રભુ, એ રાગદ્વેષ પુણ્યપાપના ગુણસ્થાન ભેદો તે આત્માની હારે તાદાત્મ્ય ત્રિકાળ સંબંધ નથી અને તેનો સંબંધ પુદ્‌ગલની હારે છે. પુદ્‌ગલની હારે તાદાત્મ્ય સંબંધ છે, પ્રભુ એ સંબંધ કેમ નથી ? તેનો ઉત્તર કહેવામાં આવે છે. જુઓ એ વચન જુઓ.

तत्थ भवे जीवाणं संसारत्थाण होंति वण्णादी।
संसारपमुक्काणं णत्थि हु वण्णादओ केई।।६१।।

**સંસારી જીવને વર્ણ આદિ ભાવ છે સંસારમાં,**
**સંસારથી પરિમુક્તને નહિ ભાવ કો વર્ણાદિના. ૬૧.**

રાગાદિ બધુ હોં, ૨૯ બોલ લેવા બધાય, માટે તાદાત્મ્ય સંબંધ નથી એમ કહે છે. સમજાણું ? તાદાત્મ્ય સંબંધ હોય તો છૂટે નહીં. શું કહે છે ?

**ટીકા :-** જે નિશ્ચયથી બધી અવસ્થાઓમાં યદ્ આત્મપણે એટલે તેના સ્વરૂપપણે અર્થાત્ તે સ્વરૂપપણાથી, જોયું ? વ્યાપ્ત હોય જે નિશ્ચયથી દરેક અવસ્થામાં તે વ્યાપ્ત હોય, કોઈ અવસ્થામાં ન હોય એમ નહીં, આવા લોજીક ન્યાય મુકીને વાત કરે છે. કરુણાબુદ્ધિથી જગતને જાહેર કરે છે પ્રભુ, તારી કરુણા તેં કરી નથી નાથ. તું પૂર્ણાનંદનો નાથ, તારી હારે એનો સંબંધ નથી. જો સંબંધ હોય તો મુક્તિમાં પણ મુક્તિ થાય ત્યાં રહેવું જોઈએ, મુક્તિ થાય ત્યાં એ રહેતા નથી માટે તારા ત્રિકાળ હારે એનો સંબંધ છે નહીં. આ બાયડી છોકરા કુટુંબની વાત નથી હો અહીંયા. આ તો એની પર્યાયમાં નિમિત્તના સંબંધે નૈમિત્તિક દશાઓ થાય, તે તેના ત્રિકાળી સંબંધમાં નથી, કેમકે જો ત્રિકાળી સંબંધ હોય તો મુક્ત થતાં પણ ત્યાં રહેવા જોઈએ. આહાહા ! એ કહ્યું અહીંયા.

ખરેખર બધી અવસ્થાઓમાં તદ્ તે આત્મકપણાથી એટલે જે સ્વરૂપથી વ્યાપ્ત હોય અને તાદાત્મ્યપણાથી રહિત ન હોય કે તેના તે અવસ્થામાંથી રહિત ન હોય દરેક અવસ્થામાં હોય, ને કોઈપણ અવસ્થામાં ન હોય, એવું ન હોય, તેનો તેમની સાથે તાદાત્મ્ય સંબંધ હોય છે. દરેક અવસ્થામાં હોય ને કોઈપણ અવસ્થા વિના ન હોય એને અહીં તાદાત્મ્ય સંબંધ કહે છે. આરે... આવા વચન, એનો અર્થ કર્યો, કૌંસમાં સર્વ અવસ્થાઓમાં જે ભાવો સ્વરૂપ હોય પર્યાયમાં,

દરેક અવસ્થામાં ભાવ સ્વરૂપ હોય અને કોઈ અવસ્થામાં તે ભાવસ્વરૂપપણું છોડે નહીં, તે વસ્તુનો તે ભાવોની સાથે તાદાત્મ્ય સંબંધ હોય છે. આહાહા ! આવું છે. વાણીયાને આવું સમજવું ભાઈ !

શું કીધું ? જે દ્રવ્યની દરેક અવસ્થામાં હોય અને તેની કોઈપણ અવસ્થામાં ન હોય, તેને તાદાત્મ્ય સંબંધ કહે છે. આ તો અવસ્થા સંસાર અવસ્થામાં છે અને મોક્ષ અવસ્થામાં નથી માટે તાદાત્મ્ય સંબંધ છે નહીં. અહીં તો ઓલા વકીલો કાયદા કાઢેને એવા કાયદા છે આ તો બધા. ભગવાન ત્રણલોકનો નાથ, સંતો દ્વારા આ વાત કહેવડાવે છે. કે ભાઈ, જે વસ્તુ છે એની દરેક અવસ્થામાં હોય અને કોઈપણ અવસ્થામાં ન હોય એવું ન હોય, તેને તાદાત્મ્ય સંબંધ કહે છે, તો વિકાર આદિ ભાવ સંસાર અવસ્થામાં છે, પણ મુક્તિ અવસ્થામાં નથી માટે તેને તાદાત્મ્ય સંબંધ છે નહીં. આહાહા ! સુમનભાઈ ! આવી ગાથાઓ ઝીણી. આહાહા !

માટે બધી અવસ્થાઓમાં જે વર્ણાદિ સ્વરૂપપણાથી વ્યાપ્ત હોય અને વર્ણાદિ સ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતું નથી, એવા પુદ્‌ગલનું વર્ણાદિભાવ સાથે તાદાત્મ્ય સંબંધ, આંહી તો પર્યાયમાં છે પણ ત્રિકાળ તાદાત્મ્ય સંબંધ નથી, દરેક અવસ્થામાં હોતા નથી પણ પુદ્‌ગલની અવસ્થામાં તો દરેકમાં એ જ હોય કહે છે. ભેદ રૂપી આદિ ગુણભેદ બધા એ પુદ્‌ગલની અવસ્થામાં હોય અને પુદ્‌ગલની અવસ્થા રહિત ન હોય. ગજબ કામ કર્યું છે ને ? એ શુભરાગ છે, એ આવ્યું રાગાદિ સ્વરૂપપણાનો સંબંધ છે અને વ્યાપ્તિથી રહિત હોતું નથી. સર્વ અવસ્થામાં હોય એ વર્ણાદિ સ્વરૂપણાથી વ્યાપ્ત પુદ્‌ગલ અને વર્ણાદિ સ્વરૂપપણાથી વ્યાપ્તથી રહિત હોતું નથી એવા પુદ્‌ગલ, એ પુદ્‌ગલની હારે એને તાદાત્મ્ય સંબંધ છે એમ કહે છે. એય ! કેમકે નિમિત્ત–નિમિત્ત સંબંધ તે પુદ્‌ગલની હારે થયો, એ બેયને સંબંધ ગણીને એ પુદ્‌ગલ ગણ્યા એને. પુદ્‌ગલ જે જડ કર્મ છે એ નિમિત્ત છે, પણ એના લક્ષે એને આ નૈમિતિક દશા થઈ તે બધી દશાઓ પુદ્‌ગલ સાથે તાદાત્મ્ય છે એમ કહ્યું. ઝીણું તો છે ભાઈ ! વીતરાગ માર્ગ બહુ ઝીણો બાપુ, એ વીતરાગ સિવાય ક્યાંય આવી વાત જિનેશ્વર સિવાય ક્યાંય હોય નહીં. આહાહાહા !

સંતો કરૂણાથી જગતને જાહેર કરે છે. પ્રભુ એ ગુણસ્થાન ભેદ આ રાગ દયા, દાનનાં પરિણામ એ પુદ્‌ગલ સાથે વ્યાપ્ત છે અને પુદ્‌ગલથી વ્યાપ્ત ( હોય તે ) કોઈ દિ' રહિત હોય નહીં પુદ્‌ગલ. ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ સાથે સંબંધ નથી પણ પુદ્‌ગલની સાથે કાયમ સંબંધ છે એટલે જ્યાં જ્યાં પુદ્‌ગલ છે નિમિત્ત ત્યાં ત્યાં નૈમિત્તિક અવસ્થા તેની હારે સંબંધ છે. ગજબ વાત કરે છે ને ? આની એક લીટી એક કડી બાપા સમજવું ભારે. આ તો ભાગવત શાસ્ત્ર, ભગવાન પરમાત્માનું કહેલું ત્રિલોકનાથ, એની દિવ્યધ્વનિમાં આવ્યું, એ આ સંતો વાણીમાં કહે છે, ભાઈ તેં જે પ્રશ્ન કર્યો, કે પુણ્ય ને પાપ, દયા ને દાન આદિ ને ગુણસ્થાન ભેદ, જીવની હારે તાદાત્મ્ય સંબંધ કેમ નથી ? એમ તેં પૂછયું. તો એનો ઉત્તર એમ કહીએ છીએ કે આત્માને દરેક જે જેની અવસ્થામાં દરેક અવસ્થામાં હોય ને કોઈપણ અવસ્થા એના વિના ન હોય, તેને તાદાત્મ્ય સંબંધ કહે છે. તો એ પુદ્‌ગલની અવસ્થામાં છે ને પુદ્‌ગલની અવસ્થા વિના ન હોય એ કોઈ માટે પુદ્‌ગલના છે, પુદ્‌ગલ હારે તાદાત્મ્ય સંબંધ છે. આત્મા હારે એક સમયનો–એક સમયનો અનિત્ય સંબંધ છે એને અહીં ગૌણ કરી નાખીને પર હારે તાદાત્મ્ય સંબંધ છે એમ સિદ્ધ કર્યું.

શું કહ્યું ? કે આ પર્યાયમાં એક સમયનું છે એ તો સિદ્ધ કર્યું પણ એક સમયનું જે છે એ કર્મને જે જડ ભાવ નિમિત્ત છે, તેના સંબંધમાં એ છે. એટલે જ્યાં જ્યાં પુદ્‌ગલ ત્યાં ત્યાં છે ને જ્યાં જ્યાં પુદ્‌ગલ નથી ત્યાં ત્યાં આ નથી. આહાહા ! આ ઝીણું તો છે ભાઈ ! વીતરાગ માર્ગ બાપા ઝીણો બહુ ભાઈ. જન્મ મરણ કરીને એ મહાદુઃખી છે, એને ખબર નથી. આકુળતાની અગ્નિથી સળગી રહ્યો છે ભાઈ ! આહાહાહા !

શાંત સ્વભાવ ભગવાન આત્મા એની હારે, ભગવાન આત્માને તાદાત્મ્ય સંબંધ છે. પણ તેનું ભાન નથી, તે જેની હારે, પુદ્‌ગલની હારે તાદાત્મ્ય સંબંધ એના પરિણામને પોતાના માની અને અગ્નિ, કષાયની અગ્નિથી દુઃખી સળગી રહ્યો છે. એની એને ખબરેય નથી. એ અહીં કહે છે– કષાયની અગ્નિથી સળગી રહ્યો છે. એ પુદ્‌ગલની પર્યાયને પુદ્‌ગલ સાથે તાદાત્મ્ય સંબંધ છે અને એના સંબંધ વિના એ ન હોય પુદ્‌ગલ. આત્માની હારે દરેક અવસ્થામાં હોય અને કોઈ અવસ્થામાં ન હોય એ એની હારે તાદાત્મ્ય સંબંધ નથી. આવા લોજીકથી તો વાત કરે છે ન્યાયથી તો. આહાહાહા !

વર્ણાદિ સ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતું એવા પુદ્‌ગલનો વર્ણાદિ સાથે ઓલા સંયમલબ્ધિનાસ્થાન, શુભભાવ, ગુણસ્થાન, જીવસ્થાન, આ માર્ગણાસ્થાન એ બધો તાદાત્મ્ય લક્ષણ સંબંધ એક સંસાર અવસ્થામાં જો કે સંસાર અવસ્થામાં કથંચિત્ વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે જીવ, પર્યાયમાં, સંસાર અવસ્થામાં અને વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતો નથી, તોપણ મોક્ષઅવસ્થામાં જે સર્વથા વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત છે, એ ભેદભાવથી પણ મોક્ષ અવસ્થામાં તો રહિત છે. સંહનનની જડની પર્યાયથી રહિત છે, ગુણસ્થાનના ભેદથી રહિત છે અને જીવના ગુણની જે ભેદ અવસ્થા છે તેનાથી પણ રહિત છે એ તો. આહાહા !

સર્વથા વર્ણાદિસ્વરૂપ વ્યાપ્તિથી રહિત હોય છે. સર્વથા જોયું. ક્યાં ? મોક્ષ અવસ્થામાં અને "વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોતું નથી" એવો જીવનો વર્ણાદિભાવ સાથે તાદાત્મ્ય સંબંધ કાંઈ પણ પ્રકારે, કોઈ પણ પ્રકારે નથી. શું કહ્યું ઈ ? કે ભગવાન આત્માને સંસારઅવસ્થામાં પર્યાયમાં તેની અવસ્થાનો સંબંધ છે, પણ જ્યાં મોક્ષ અવસ્થા થાય ત્યારે તે સંબંધ રહેતો નથી, માટે તેની દરેક અવસ્થામાં સંબંધ હોય તે તેનું લક્ષણ તાદાત્મ્ય કહેવાય. ત્યારે દરેક અવસ્થામાં આ નથી માટે એનું તાદાત્મ્ય સંબંધ છે નહીં. કહો આ નટુભાઈ તમારી વકીલાતનું આ તો હાલે છે બધું. વીતરાગની વકીલાત છે આ તો. આહાહા !

ભાઈ તાદાત્મ્ય સંબંધ એને કહીએ કે દરેક અવસ્થામાં હોય ને કોઈ અવસ્થામાં ન હોય એને તાદાત્મ્ય અવસ્થા કહેવાય, તો રાગાદિના ભાવને જીવ સાથે સંસારમાં કથંચિત્ ( સંબંધ ) છે પણ મોક્ષ અવસ્થામાં નથી, માટે તાદાત્મ્ય સંબંધ નથી. અને તેથી તો એ પુદ્‌ગલની હારે તાદાત્મ્ય સંબંધ લઈ લીધો, આની ( જીવની ) હારે અનિત્ય છે, એની હારે નિત્ય છે. શું કહ્યું ઈ ? રાગાદિ ગુણસ્થાન ભેદ એક સમયની અવસ્થામાં સંસાર અવસ્થામાં અનિત્ય સંબંધ છે, સંયોગ સંબંધ અનિત્ય એક સમયનો અને પુદ્‌ગલ સાથે આનો કાયમ સંબંધ છે, એમ કીધું. જ્યાં જ્યાં પુદ્‌ગલ નિમિત્ત છે ત્યાં ત્યાં તેનો નૈમિત્તિક ભાવ એની સાથે હોય છે એમ કીધું. આહાહા !

અરે આવી વાતું, શું પણ કહેવાની પદ્ધતિ. હેં? તાદાત્મ્ય સંબંધ કેમ નથી એમ હજી શિષ્યનો પ્રશ્ન હતો, એનો આ ઉત્તર આપ્યો, કે તાદાત્મ્ય સંબંધ એને કહીએ કે જે વસ્તુની સાથે દરેક અવસ્થામાં હોય. કોઈપણ અવસ્થામાં ન હોય તેને તાદાત્મ્ય સંબંધ ન કહેવાય. દરેક અવસ્થામાં હોય તેને તો સંસાર અવસ્થામાં તો આ રાગદ્વેષ ને ગુણસ્થાન ભેદની અવસ્થા છે. પણ મોક્ષ અવસ્થામાં એ નથી માટે તાદાત્મ્ય સંબંધ નથી, તાદાત્મ્ય સંબંધ હોય તો કાયમ રહેવું જોઈએ. પણ પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય સબંધ છે, કેમકે એ નિમિત્તના આશ્રયે લક્ષે ભેદ પડયા છે, બધા રાગાદિ. એ જ્યાં જ્યાં એ છે ત્યાં ત્યાં ભેદ છે પુદ્‌ગલની હારે સંબંધ છે કહે છે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

આવી વાતું હવે. આ ઘરે સમજે તો આવું સમજાય એવું નથી આ. એય દેવાનુપ્રિયા ! એવું ઝીણું છે. આ તો શું બે ચાર દિવસે આવે સૂંધવા ? એ કહે છે ને સૂંધવા આવું છું. નોળીયો વઢે તો સર્પ હારે પછી જાય ત્યાં સૂંધવા વનસ્પતિ( નોળવેલ )નોળિયોને આવે છે, એમ એ દાખલો આપે છે. ભાઈ વીતરાગ માર્ગ પ્રભુ અલૌકિક માર્ગ છે ભાઈ ! અરે જેને સાંભળવાય મળે નહીં બિચારાને, એ શું કરે ? આવો કહે છે માર્ગ. આત્મા સાથે દરેક અવસ્થામાં હોય તો તાદાત્મ્ય આત્મા સાથે દરેક અવસ્થામાં નથી, ત્યારે પુદ્‌ગલની અવસ્થામાં દરેક અવસ્થામાં છે. જ્યાં જ્યાં નિમિત્ત પુદ્‌ગલ છે, ત્યાં ત્યાં તેના સંબંધનો ભેદભાવ આદિ ત્યાં હોય છે. એથી તેને પુદ્‌ગલ સાથે સંબંધ કીધો છે, આત્મા હારે સંબંધ છે નહીં. વિશેષ કહેશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૩૫ ગાથા-૬૧,૬૨ તા. ૧૩-૧૧-૭૮ સોમવાર કારતક સુદ-૧૪

( સમયસાર ) ગાથા–૬૧ ભાવાર્થ, ભાવાર્થ છે ને ! એકસઠ ગાથા. શું કહે છે. ? સાંભળો ! દ્રવ્યની સર્વ અવસ્થાઓને વિષે દ્રવ્યમાં જે ભાવો વ્યાપે છે તે ભાવો સાથે દ્રવ્યનો તાદાત્મ્યસંબંધ કહેવાય છે. શું કહ્યું ? દ્રવ્ય નામ વસ્તુ–પદાર્થ, એ દ્રવ્યની સાથે સર્વ અવસ્થામાં –દરેક અવસ્થા અનાદિ–અનંત જેટલી અવસ્થા છે. એ સર્વ અવસ્થાઓમાં દ્રવ્યમાં જે ભાવ –જે ભાવ વ્યાપ્ત હોય–રહે એ ભાવોની સાથે દ્રવ્યનો તાદાત્મ્યસંબંધ –તદ્‌રૂપ સંબંધ છે. જેવી રીતે આત્મા એની દરેક અવસ્થામાં જ્ઞાન–આનંદાદિ રહે છે. તો જ્ઞાન ને આનંદનો તાદાત્મ્ય સંબંધ છે, એને આત્મા કહે છે. અને રાગ–દયા–દાન આદિ ભાવ એ આત્માની દરેક અવસ્થામાં છે નહીં, માટે તે ( રાગભાવ ) પુદ્‌ગલ અવસ્થામાં પુદ્‌ગલની સાથે તાદાત્મ્યમાં જાય છે.

આંહી પહેલો સિધ્ધાંત તો આટલો કહ્યો કે કોઈપણ દ્રવ્ય જે છે– વસ્તુ ( પદાર્થ ) એની બધી અવસ્થામાં –સર્વ અવસ્થામાં રહે અને વ્યાપ્ત હો, તો એ દ્રવ્યની સાથે ( એ ) ભાવ તાદાત્મ્ય કહેવાય છે, પણ કોઈ વખતે હોય અને કોઈ સમયે ન હોય તો એ ભાવને દ્રવ્ય સાથે તાદાત્મ્ય સંબંધ નહીં. એ રાગ આદિ ભાવ–દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ છે, એ આત્માની દરેકે – દરેક અવસ્થામાં હોતા નથી– રહેતા નથી, સંસાર અવસ્થામાં છે છતાં મોક્ષ અવસ્થામાં નથી, તો એ ( રાગભાવ ) ને તાદાત્મ્ય સંબંધ આત્માની સાથે તદ્‌રૂપસંબંધ નથી. આહાહા ! એ રાગનો સંબંધ પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય સંબંધ છે. આવી વાત છે. ઝીણી વાત છે ભાઈ !

પુદ્‌ગલની સર્વ અવસ્થાઓમાં, પુદ્‌ગલમાં વર્ણ એટલે રંગ-ગંધ-રસ-સ્પર્શ, શુભભાવ-અધ્યવસાન, ગુણસ્થાન આદિ વ્યાપ્ત છે. પુદ્‌ગલમાં વ્યાપ્ત છે ( એમ ) કહે છે અહીં તો. શરીર, વાણી, મન, કર્મ, એ પર્યાય જડ છે પુદ્‌ગલ. અહીં કર્મ જે પુદ્‌ગલ છે એની સાથે એ પુણ્ય આદિ પરિણામ-શુભભાવ, જ્યાં જ્યાં કર્મ છે ત્યાં ત્યાં રાગ છે, રાગ છે ત્યાં કર્મ છે, એમ કર્મની સાથે રાગનો તાદાત્મ્ય સંબંધ છે. આહા ! આવી વાત છે. હવે અહીંયા તો એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ, એ ધર્મ છે ને ધર્મના કારણ છે એવું માને છે- ( એની ) દૃષ્ટિ વિપરીત-મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ ?

( કહે છે ) સર્વ અવસ્થામાં, પુદ્‌ગલની સાથે છે એનો અર્થ એ કે ભેદ જે પડે છે ને અંદર, ગુણની પર્યાયમાં ભેદ પડે છે- લબ્ધિસ્થાન ને સંયમ ( સ્થાન ) આદિ લીધા છે ને ! એ ભેદ પણ, આત્માના-અભેદની સાથે વ્યાપક નહીં-કોઈ વખતે હોય ને કોઈ વખતે ન હોય, એ આત્માની સાથે વ્યાપક નહીં. આહાહાહા !

શરીર, વાણી, મન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય સંબંધ, એમ શુભરાગ-દયા, દાનના ભાવ એને પુદ્‌ગલની સાથે સંબંધ છે-એમ જ સાધકની પર્યાય જે સંયમની ભિન્ન ભિન્ન અવસ્થા, લબ્ધિસ્થાન એને પુદ્‌ગલની સાથે સંબંધ છે. અભેદ આત્મા સાથે સંબંધ નહીં ! આવું કામ છે. અરે ! સમ્યગ્દર્શન આદિ પર્યાયો જે છે એ ભેદરૂપ છે તો એ અંતર ત્રિકાળજ્ઞાયક સાથે તેઓ અભેદ નથી. આકરી વાત ! માર્ગણા ચૌદ પ્રકારની જે છે - જ્ઞાનના ભેદો દર્શનના ભેદો, ચારિત્રના ભેદો, એ બધા ભેદો પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે એમ કહે છે. આહાહા !

આંહી કહ્યું પહેલું સાંભળ્યું નહીં ? જયંતીભાઈ ગોત્યા કરે છે. પણ ત્રણ વાર તો કહ્યું ૬૧મી ગાથાનો ભાવાર્થ, ધ્યાન ન રાખ્યું ? ૬૧મી ગાથાનો ભાવાર્થ ( ચાલે છે ) વચમાં મફતનું ગયું બધું, સાંભળનારને પણ હજી ( દરકાર નથી ) શું કીધું ? સમજાણું કાંઈ ? ( શ્રોતાઃ- સાંભળનારાએ પહેલેથી કાળજી રાખવી જોઈએ ) એને ધ્યાન રાખવું જોઈએ, પહેલેથી આ કોઈ. આ તો વીતરાગની વાણી છે, આતો સર્વજ્ઞ પરમાત્મા એનું કથન છે. એ દિગમ્બર સંતો, એ કથન કરે છે.

અહીંયા કહે છે કે દ્રવ્યની સર્વ અવસ્થાઓમાં -દ્રવ્યમાં - પદાર્થમાં જે ભાવ વ્યાપ્ત થતા રહે છે એ ભાવોની સાથે દ્રવ્યનો તાદાત્મ્યરૂપ -તદરૂપ સંબંધ કહેવાય છે. કેવી વાત ! હવે, આટલી વાત કહીને કહે છે કે પુદ્‌ગલની સર્વ અવસ્થાઓમાં -કર્મ જે પુદ્‌ગલ છે જડ એની સર્વ અવસ્થાઓમાં રંગ, ગંધ, શુભભાવ, ગુણસ્થાન, ભેદ, આદિ ભાવ વ્યાપ્ત છે. એટલા માટે વર્ણાદિક ભાવોની સાથે પુદ્‌ગલનો તાદાત્મ્ય સંબંધ છે. પુદ્‌ગલનો તાદાત્મ્ય સંબંધ છે, એ પુદ્‌ગલની સાથે ભેદ, રાગ, અને જડની પર્યાય એ બધાને પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય સંબંધ છે. જીવ-અજીવ અધિકાર છે ને ! ( જીવમાં ) એનામાં છે નહીં ભેદ પણ એનું ( સ્વરૂપ ) અભેદ છે. એ એનું તાદાત્મ્ય સંબંધ છે, ભેદ પડયો એ તાદાત્મ્ય સંબંધ નથી. ભેદ તો અમુક કાળ રહે ને પછી નથી રહેતો, એની દરેક અવસ્થામાં ભેદ દશા રહેતી નથી. એ કારણે પુદ્‌ગલમાં એ ભેદ અવસ્થા છે- રાગ પુદ્‌ગલમાં છે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ !

જૈન દર્શન ! સર્વજ્ઞ પરમાત્માએ કહેલું એ સમજવું બહુ સૂક્ષ્મ છે, સૂક્ષ્મ છે. અહીંયા જીવ-અજીવ અધિકાર લીધો છે. અહીં તો કહે છે કે આત્મામાં જે રાગઆદિ થાય છે-દયા, દાન આદિ અને જે ભેદ પડે છે પર્યાયમાં, એ બધું આત્માની દરેક અવસ્થામાં નથી રહેતા, માટે દરેક અવસ્થામાં ન રહેવાવાળા ( ભાવો ) ને પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય સંબંધ છે એમનો ! આહાહા ! સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે ભાઈ !

સંસાર અવસ્થામાં જીવમાં, ભેદ-રાગ-રંગ આદિ ભાવ, કોઈ પ્રકારથી-વ્યવહારનયથી, એ સમયની સ્થિતિ જોઈને કહેવામાં આવે છે વ્યવહારથી, પરંતુ મોક્ષ અવસ્થામાં જીવમાં વર્ણાદિ, ગુણસ્થાન આદિ ભેદ, રાગ, દયા, દાન આદિ, રાગ એ ભાવો સર્વથા મોક્ષ અવસ્થામાં નથી. એટલા માટે જીવને, રંગ, ગંધ, રાગ કે ભાવોની સાથે તાદાત્મ્ય સંબંધ નથી. જેમ અગ્નિને ઉષ્ણતાની સાથે તાદાત્મ્ય સંબંધ છે એવો ( સંબંધ ) ભગવાન આત્માની સાથે દયા, દાનનો રાગ અને ગુણસ્થાન આદિ ભેદ ( ને ) તાદાત્મ્ય સંબંધ નથી. આવી વાત છે. છે ? જીવનો વર્ણાદિ સાથે કે ( રંગ-રાગ ) ભાવોની સાથે તાદાત્મ્ય સંબંધ નથી, આ વાત ન્યાયપ્રાપ્ત છે- આ વાત ન્યાયથી સિધ્ધ છે. આહાહાહા !

જેને આત્મદ્રવ્ય, દૃષ્ટિમાં લેવું હોય, તો એ અભેદ છે એની દૃષ્ટિ કરવી. જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય -ધર્મની પહેલી સીડી પ્રાપ્ત કરવી હોય એણે આત્મદ્રવ્ય અભેદ-પૂર્ણ ગુણનો અભેદ આત્મદ્રવ્ય તે દૃષ્ટિમાં લેવાનું છે. ( ગાથા-૩૭૬ માં છે ) બપોરના ( વ્યાખ્યાનમાં ) પૂર્ણ ગુણોનો અભેદ પૂર્ણ દ્રવ્ય, તેને જ દૃષ્ટિમાં લેવું -દૃષ્ટિમાં લેવું. સમ્યગ્દર્શનનો વિષય પૂર્ણ ગુણથી પૂર્ણ ભરેલ દ્રવ્યસ્વભાવ એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શનનો વિષય વર્તમાન રાગ એ પણ નહીં, ભેદ એ પણ નહીં, મનુષ્યપણું આદિ, સંહનન, સંસ્થાન આદિ એ પણ નહીં. અભેદ ચિદાનંદ ભગવાન પૂર્ણસ્વરૂપ, જેની સાથે અનંતા ગુણોને તાદાત્મ્ય સંબંધ છે-ભગવાન આત્માની સાથે અનંતા જ્ઞાનાદિ ગુણોનો તદ્‌રૂપસંબંધ છે. તાદાત્મ્ય ( સંબંધ છે ) તો તેના ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે, હજી તો ધર્મની પહેલી સીડીની વાત છે. ચારિત્ર તો ક્યાંય. વાત પ્રભુ એ તો. આહાહા ! એ ૬૧ ગાથાનો ભાવાર્થ થયો.

ત્રિકાળી ભગવાન છે, અબદ્ધસ્પૃષ્ટ જે પાંચ ભાવસ્વરૂપ કહ્યો, એનું લક્ષ થતાં, તે સામાન્ય પ્રગટયું એમ કહેવામાં ( આવે છે ). અનુભવમાં આવ્યું એટલે પ્રગટયું એમ કહેવામાં આવ્યું. અને તે અનુભવમાં આવતાં જ્ઞાનની પર્યાયમાં પર જ્ઞેય આકાર થઈને ( જ્ઞાન ) પરાધીન થઈને રોકાઈ જતું એ જ્ઞેયાકાર ત્યાં નાશ થઈ ગયું. જ્ઞાનાકાર જ્ઞાન થતાં જ્ઞેયાકારનો નાશ થઈ ગયો. આહા..હા.. ! ગાથા તો એવી ઊંચી છે, બાપુ ! કાને પડવાને માટે ભાગ્ય જોઈએ છે ! આહા..હા... ! હજી તો આ બે લીટીમાં આ બધું... ! આહા..હા... !

( સમયસાર દોહન – પૂ. ગુરુદેવશ્રીના નાઈરોબીના પ્રવચન પાના નં. ૧૬૭ )

## ગાથા - ૬૨

जीवस्य वर्णादितादात्म्यदुरभिनिवेशे दोषश्चायम्-

**जीवो चेव हि एदे सव्वे भाव त्ति मण्णसे जदि हि।**
**जीवस्साजीवस्स य णत्थि विसेसो दु दे कोई।।६२।।**

जीवश्चैव ह्येते सर्वे भावा इति मन्यसे यदि हि।
जीवस्याजीवस्य च नास्ति विशेषस्तु ते कश्चित्।।६२।।

यथा वर्णादयो भावा: क्रमेण भाविताविर्भावतिरोभावाभिस्ताभिस्ताभिर्व्यक्तिभि: पुद्गलद्रव्यमनुगच्छन्त: पुद्गलस्य वर्णादितादात्म्यं प्रथयन्ति, तथा वर्णादयो भावा: क्रमेण भाविताविर्भावतिरोभावाभिस्ताभिस्ताभिर्व्यक्तिभिर्जीवमनुगच्छन्तो जीवस्य वर्णादितादात्म्यं प्रथयन्तीति यस्याभिनिवेश: तस्य शेषद्रव्यासाधारणस्य वर्णाद्यात्मकत्वस्य पुद्गललक्षणस्य जीवेन स्वीकरणाज्जीवपुद्गलयोरविशेषप्रसक्तौ सत्यां पुद्गलेभ्यो भिन्नस्य जीवद्रव्यस्याभावाद्भवत्येव जीवाभाव:।

---

હવે, જીવનું વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે એવો મિથ્યા અભિપ્રાય કોઈ કરે તો તેમાં આ દોષ આવે છે એમ ગાથામાં બતાવે છેઃ-

**આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,**
**તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી ! ૬૨.**

**ગાથાર્થઃ-** વર્ણાદિકની સાથે જીવનું તાદાત્મ્ય માનનારને કહે છે કેઃ હે મિથ્યા અભિપ્રાયવાળા ! [ यदि हि च ] જો તું [ इति मन्यसे ] એમ માને કે [ एते सर्वे भावा: ] આ વર્ણાદિક સર્વ ભાવો [ जीव: एव हि ] જીવ જ છે, [ तु ] તો [ ते ] તારા મતમાં [ जीवस्य च अजीवस्य ] જીવ અને અજીવનો [ कश्चित् ] કાંઈ [ विशेष: ] ભેદ [ नास्ति ] રહેતો નથી.

**ટીકાઃ-** જેમ વર્ણાદિક ભાવો, અનુક્રમે આવિર્ભાવ ( પ્રગટ થવું, ઊપજવું ) અને તિરોભાવ ( ઢંકાવું, નાશ થવું ) પામતી એવી તે તે વ્યક્તિઓ વડે ( અર્થાત્ પર્યાયો વડે ) પુદ્‌ગલદ્રવ્યની સાથે સાથે રહેતા થકા, પુદ્‌ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે-વિસ્તારે છે, તેવી રીતે વર્ણાદિક ભાવો, અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ પામતી એવી તે તે વ્યક્તિઓ વડે જીવની સાથે સાથે રહેતા થકા, જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે, વિસ્તારે છે-એમ જેનો અભિપ્રાય છે તેના મતમાં, અન્ય બાકીનાં દ્રવ્યોથી અસાધારણ એવું વર્ણાદિસ્વરૂપપણું-કે જે પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે-તેનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી, જીવ-પુદ્‌ગલના અવિશેષનો પ્રસંગ આવે છે, અને એમ થતાં, પુદ્‌ગલોથી ભિન્ન એવું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી, જીવનો જરૂર અભાવ થાય છે.

**ભાવાર્થઃ- જેમ વર્ણાદિક ભાવો પુદ્‌ગલદ્રવ્ય સાથે તાદાત્મ્યસ્વરૂપે છે તેમ જીવ સાથે પણ તાદાત્મ્યસ્વરૂપે હોય તો જીવ-પુદ્‌ગલમાં કાંઈ પણ ભેદ ન રહે અને તેથી જીવનો જ અભાવ થાય એ મોટો દોષ આવે.**

## ગાથા - ૬૨ ઉપર પ્રવચન

હવે ૬૨, ગાથા. યદિ જો કોઈ મિથ્યાઅભિપ્રાય પ્રાપ્ત, વ્યક્ત કરે, કોઈ એવો મિથ્યા શ્રધ્ધા અભિપ્રાય પ્રગટ કરે કે જીવનો વર્ણાદિક સાથે તાદાત્મ્ય ( સંબંધ ) છે. આત્મામાં રંગ ને રાગ–રંગને રાગની સાથે તાદાત્મ્ય છે– એકરૂપ ( સંબંધ ) છે. એવો મિથ્યા અભિપ્રાય કરે તો એમાં આ દોષ આવે છે, એમ આ ગાથા દ્વારા કહે છે. કોઈ એમ કહે કે આત્મા–ભગવાનજ્ઞાયક સ્વભાવની સાથે, રાગ, દયા, દાન, આદિ રાગ, ગુણસ્થાન આદિ ભાવ અને ભેદ પર્યાયના એને આત્મા સાથે તાદાત્મ્યસંબંધ છે, એવો કોઈ ભ્રમ કરે, એને અહીંયા દોષ બતાવે છે. આહાહાહા ! બાસઠ ગાથા–

जीवो चेव हि एदे सव्वे भाव त्ति मण्णसे जदि हि।
जीवस्साजीवस्स य णत्थि विसेसो दु दे कोई।।६२।।

હવે, જીવનું વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે એવો મિથ્યા અભિપ્રાય કોઈ કરે તો તેમાં આ દોષ આવે છે એમ ગાથામાં બતાવે છેઃ–

આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,
તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી ! ૬૨.

એ રાગ આદિ પુદ્‌ગલ આદિના બધા ( ભાવ ) પરિણામ તારા છે એમ માને, એ ભાવ બધા જીવ છે, એમ માને તો જીવ અને અજીવમાં કાંઈ ભેદ રહેતો નથી. આહાહા !

ટીકા, સૂક્ષ્મ ગાથાઓ છે, એ આખું સમયસાર સૂક્ષ્મ છે– ( શ્રોતાઃ– આખો આત્મા સૂક્ષ્મ ) સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભગવાન આત્મા ચૈતન્ય ભગવાન, અનંત ગુણોથી તાદાત્મ્યસ્વરૂપ પ્રભુ ( નિજાત્મા ) એના ઉપર દૃષ્ટિ દેવાથી ધર્મની –સમ્યગ્દર્શનની પહેલી શરૂઆત થાય છે. બાકી લાખ–કરોડ–અનંત દયા–દાન–વ્રત–ભક્તિ–પૂજા–જાત્રા કરે અનંત, એનાથી સમ્યગ્દર્શન નથી થતું ( કારણકે ) એ તો રાગ છે. એ તો પુદ્‌ગલના પરિણામની સાથે ( એનો ) તાદાત્મ્યસંબંધ છે.

જ્યાં–જ્યાં પુદ્‌ગલ ત્યાં–ત્યાં ભેદ ને રાગ, એ એમ કહે છે. ( અને ) જ્યાં–જ્યાં ભગવાન આત્મા ત્યાં–ત્યાં રાગ ને પુદ્‌ગલ ભેદ છે નહીં. આવું તો હજી સાંભળવું કઠણ પડે ! વીતરાગ જિનેશ્વરદેવ, પરમેશ્વર ત્રિલોકનાથ ( તીર્થંકરદેવ ) ની દિવ્યધ્વનિમાં એમ કહે છે, એ જ આ કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય–દિગમ્બર સંતો ! એ જ વાત જગત પાસે જાહેર કરે છે. આવી વાત ક્યાંય બીજે છે નહીં, અલૌકિક વાત છે ! પ્રભુ, શાંતિથી સમજવું !

જેમ વર્ણાદિ રંગ–ગંધ, રાગ આદિ ભાવ ક્રમશઃ આવિર્ભાવ–પ્રગટ થવું ને ઉપજવું અને તિરોભાવ –છુપાઈ જવું ને નાશ થઈ જવો –જેને પ્રાપ્ત થતી એવી એ વ્યક્તિઓ દ્વારા –પર્યાયો દ્વારા, પુદ્‌ગલદ્રવ્યની સાથે સાથે રહેતી થકી–એ તો કાલે એક વાર કહ્યું'તુંને ! કે નિમિત્તથી થયું છે

એ તો પોતાનાથી થયું છે. એ એ સમયમાં ગુણસ્થાન-ભેદ, રાગના ઉત્પન્ન થાય તે ( તેની ) જન્મક્ષણ છે, તો તેનાથી ઉત્પન્ન થયા છે. પણ એ ઉત્પન્ન થયા છે એ આત્મામાં ત્રિકાલ વ્યાપ્ત નહીં.

એ કારણે આ રંગ-ગંધને દયા-દાનના ભાવ, જે પુદ્‌ગલની સાથે પુદ્‌ગલ વ્યાપ્ત થાય છે ત્યાં ( પુદ્‌ગલ ) વ્યક્ત થાય છે ને એમાં વ્યાપ્ત રહે છે ! આવું કામ ! એક બાજુ એમ કહે કે આવું કહેવું કે પુણ્યને પાપના ભાવ આત્માની પર્યાયમાં થાય છે અને એનો કર્તા-ભોક્તા જીવ છે. એ જ્ઞાનપ્રધાન કથન છે. અહીં દૃષ્ટિપ્રધાન કથનમાં તો ચાહે તો દયા-દાન-વ્રત-ભક્તિ, પંચમહાવ્રતના ભાવ ( પુદ્‌ગલની સાથે વ્યાપ્ત છે. ) આંહી કહે છે પ્રભુ ! એ દિગમ્બર સંતો, પ્રભુ ( તીર્થંકરદેવ ) કહે છે એ તેઓ કહે છે, એ કેવળીના કેડાયતો, એ દિગમ્બર સંતો છે, એ કેવળી પરમાત્માએ ( જે ) કહ્યું, તેની સાક્ષીએ તેઓ કહે છે. આહાહા ! પ્રભુ ! એક વાર સાંભળ !

એ રાગને પુણ્ય-પાપના ભાવ આદિની પ્રગટતા થાય છે અને ઉપજે છે ને નાશ થાય છે, એ બધા ( ભાવ ) પુદ્‌ગલની સાથે છે. એ ઉત્પાદ-વ્યય, તારી સાથે ( આત્માની સાથે ) નહીં એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ. ? આવું ઝીણું તત્ત્વ ! એ દયા, દાન, વ્રત, શુભભાવ વાંચન આદિ કરવું તેનો રાગ આવવો આવા શ્રવણમાં જે રાગ આવે છે એ રાગ પુદ્‌ગલની સાથે ઉત્પન્ન થાય છે ને પુદ્‌ગલમાં વ્યય થાય છે. આત્માનો એ ઉત્પાદ વ્યય નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ?

અહીં દ્રવ્યસ્વભાવનું વર્ણન છે ને ! અને જીવદ્રવ્યનું વર્ણન છે. એમાં અજીવના ભેદ છે નહીં, તો એ ભેદ ને રાગ પણ અજીવ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા, શાસ્ત્રનું જ્ઞાન-વિકલ્પો, નવતત્ત્વની શ્રધ્ધાનો રાગ, છકાયની દયાનો રાગ, એ બધા કહે છે પુદ્‌ગલની સાથે ઉત્પન્ન થાય છે ને પુદ્‌ગલમાં નાશ થાય છે. ( પુદ્‌ગલમાં ઉત્પાદ-વ્યય ) પોતાની ( આત્માની ) સાથે નહીં. દેવીલાલજી ! આવી વાત ! દિગમ્બર સંત સિવાય ક્યાંય આવી વાત છે નહીં. સમજણમાં આવે છે ? વાત તે ક્યાં છે ? કેટલું સ્પષ્ટ કરી નાખ્યું છે. ઉત્પાદ વ્યય છે એ સમયે, પણ દ્રવ્યસ્વભાવમાં એ નથી. એ જ કારણે રાગની ઉત્પત્તિ અને રાગનો નાશ, પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે. આવિર્ભાવ -તિરોભાવ ! શું કહ્યું ? છે ? આવ્યું ને, આવિર્ભાવ રાગ આદિનું- ઉત્પન્ન થવું અને રાગ આદિનો તિરોભાવ -નાશ થવો, એ વ્યાપ્ત-પ્રાપ્ત હોતી થકી એ વ્યક્તિઓ દ્વારા પર્યાયો દ્વારા એ પુદ્‌ગલની સાથે સાથે રહેતી થકી, શુભ અશુભ રાગ જે ઉત્પન્ન થાય છે અને વ્યય નાશ થાય છે તો કહે છે ઈ પુદ્‌ગલની સાથે એનું વ્યાપ્તપણું છે. અને આવિર્ભાવ ને તિરોભાવ -પ્રગટ થવું ને છુપાઈ જવું એ બધું પુદ્‌ગલની સાથે. એ વ્યક્તિઓ દ્વારા પુદ્‌ગલદ્રવ્યની સાથે સાથે રહેતી થકી, પુદ્‌ગલના વર્ણાદિકની સાથે તાદાત્મ્ય, પ્રસિધ્ધ તો કરે છે એ પુદ્‌ગલની તાદાત્મ્ય પ્રસિધ્ધ કરે છે તો એ પુદ્‌ગલનો વિસ્તાર છે.

આહાહા ! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એનો એ વિસ્તાર નહીં-સ્વભાવનો વિસ્તાર નહીં, એ કહેવું છે અહીંયા. ભગવાન ચિદાનંદ પ્રભુ ( આત્મા ) અખંડાનંદ જિનસ્વરૂપી પ્રભુ-એ જિનસ્વભાવી ભગવાનનો એ રાગાદિ વિસ્તાર નહીં. રાગાદિની પ્રસિધ્ધિ ભગવાન સ્વરૂપ - જિનસ્વરૂપ ( આત્માની ) આ પ્રસિધ્ધિ નહીં. જુઓ ! આ સંતો સર્વજ્ઞ ( તીર્થંકર ભગવાન ) કહે છે એ દિગમ્બર સંતો કહે છે, અને તે પણ પંચમઆરાના પ્રાણીને કહે છે, ( પંચમઆરાના સાધુ

છે ) આ કાંઈ ચોથા આરાના સાધુ છે નહીં. અને ચોથા આરાને સમજાવતા નથી. પંચમઆરાના પ્રાણીઓને, પંચમઆરાના સંતો ( કહે છે ). કોઈ એમ કહે કે આ વાત તો ચોથા આરાની છે, ચોથા આરાના ( પ્રાણીઓને ) સમજવાની છે, એમ નથી પ્રભુ ! સાંભળ તો ખરો ! પંચમઆરામાં પણ તું આત્મા છો કે નથી ?

આત્મા કોણ છે ? એ પોતાના ( ચૈતન્ય ) ગુણથી અભેદ એવો જ આત્મા છે. અત્યારે એવો છે, તો અહીંયા કહે છે કે જેણે અભેદ આત્માની દૃષ્ટિ કરવી હોય તો આ રાગઆદિના પરિણામ એ અજીવના છે. હવે અત્યારે આંહી કહે કે શુભજોગ જ અત્યારે હોય, ધર્મ હોય નહીં. અરરરર ! એ શુભજોગ જ અત્યારે ધર્મનું કારણ છે ( એ લોકો આમ કહે છે ) અરે ! પ્રભુ શું કરે છે પ્રભુ ! હવે એ પુદ્ગલમાં વ્યાપનારા ભાવ એ આપણા ( આત્માના ) છે અને એનાથી પોતાને લાભ માનવો, એ તો મહા મિથ્યાત્વ–અજ્ઞાન છે. એ દેવાનુપ્રિયા ? છે કે નથી અંદર ? તો શું સાંભળી આવ્યા ? એ કહેતા'તા ને કે આવો મારગ છે બાપા ! કુંદકુંદાચાર્ય કહે છે, ( તેઓ ) ભગવાન પાસે ગયા હતા, સીમંધર પરમાત્મા ત્રિલોકનાથ મહાવિદેહમાં બિરાજે છે. એની પાસે ( કુંદકુંદાચાર્ય ) ગયા હતા, આઠ દિ' રહ્યાં હતા, ત્યાંથી આવીને શાસ્ત્રો બનાવ્યા. અને એના પછી હજાર વર્ષે અમૃતચંદ્રાચાર્ય ( થયા ), આ કુંદકુંદાચાર્ય ( નું શાસ્ત્ર ) અમૃતચંદ્રાચાર્યે એની આ ટીકા બનાવી તો કહે છે અહીંયા કે પ્રભુ ! શાંતિથી સાંભળ ! આહાહા !

એ શુભ અશુભ રાગની ઉત્પત્તિ ને વ્યય પુદ્ગલની સાથે સંબંધ રાખે છે. ભગવાન આત્માની સાથે એનો સંબંધ નહીં, એ ( તાદાત્મ્ય ) સંબંધ હોય તો ત્રિકાળ એમાં ( એ ભાવ ) રહેવા જોઈએ. રાગની ઉત્પત્તિ ને રાગનો વ્યય આત્મામાં ત્રિકાળ રહેવો જોઈએ, તો એ ( ભાવ ) આત્માની ચીજ નથી. પૈસા–શરીર–ધૂળ–લક્ષ્મી આદિ તો ક્યાંય પર ( દૂર ) રહી ગયા એ તો પુદ્ગલ, પર રહી ગયા એની હારે અહીં ( આત્માને ) કાંઈ સંબંધ જ નહીં. આ શરીર માટી–ધૂળ એ આવી ગયું શરીર, અંદર વજ્રનારાચ આદિ સંહનન, ઔદારિક, વૈક્રિયિક શરીર આદિ ( બધું ) આવી ગયું છે. એ તો બધું પુદ્ગલની સાથે આ પર્યાય ઉત્પન્ન થાય છે ને વ્યય થાય છે, એ પુદ્ગલની સાથે છે. પણ. અહીંયા તો રાગ ઉત્પન્ન થાય છે ને રાગ વ્યય થાય છે, એ સંબંધ ભગવાન ( આત્માની ) સાથે નહીં, જો આત્માની સાથે ( તાદાત્મ્ય સંબંધ ) હોય તો કાયમી અવસ્થામાં ( રાગ ) રહેવો જોઈએ ! અરે ! આ ક્યાં સાંભળવા મળે નહીં, આવા મનુષ્યપણા હાલ્યા જાય છે. ક્યાં જશે ? એ અવતાર ! આ જો સંસ્કાર ન પડયા અંદર ક્યાં ઉતારા થશે ભાઈ ? ચોરાશીના અવતારમાં ! ભગવાન ( આત્મા ) તો અનાદિ–અનંત નિત્ય રહેવાનો છે, રહેશે જ તો આ ભવ પલટીને ક્યાંય ( બીજે ) જશે તો ખરો, તો જેણે રાગ મારો છે ને રાગથી મને લાભ થશે એવી મિથ્યાદૃષ્ટિ ( છે તે ) ક્યાં જશે ? મિથ્યાત્વમાં નરક ને નિગોદના અવતારમાં જશે. આહાહાહા !

તેથી તો કહે છે પ્રભુ ! જે કારણથી તીર્થંકરગોત્ર બંધાય, પ્રભુ સાંભળો ! એ ભાવ રાગ છે. પુદ્ગલની સાથે ( તાદાત્મ્ય ) સંબંધ રાખે છે, એ પુસ્તક છે કે નહી ? છે. જે ભાવથી તીર્થંકર ( ગોત્ર ) પ્રભુ બંધાય એ ભાવ શુભરાગ છે. એ બંધનું કારણ છે. તે ( ભાવ ) ધર્મ નથી. છે તો એ રાગ, ષોડશકારણ ભાવના એ રાગ–અજીવ છે. જેના ફળમાં અજીવ ફળે છે. એ રાગ

પુદ્ગલની સાથે સંબંધ રાખે છે. એ ઉત્પન્ન ને વ્યય, પુદ્ગલદ્રવ્યની સાથે એનો ઉત્પાદ્ વ્યયનો સંબંધ છે. કહો ચીમનભાઈ ? આવી વાતું છે, ઝીણી !

એટલે સોનગઢનું એવું લાગે લોકોને, આ ( કહે છે તે ) સોનગઢનું છે કે ભગવાનનું છે ! પ્રભુ તારું ઘર તપાસવા માટેની વાત કરે છે, તારું ઘર જોવું, એમાં રાગ ને દ્વેષની ઉત્પત્તિ ને વ્યય છે નહીં, એમાં. તારો નાથ ભગવાન ( શુદ્ધાત્માં ત્યાં તો આનંદની ઉત્પત્તિ ને આનંદનો વ્યય, એની સાથે ( તાદાત્મ્ય ) સંબંધ છે, ભગવાન ( આત્માને ) તો, કહો શાંતિભાઈ ? એ રાગ ચાહે તો પંચમહાવ્રતનો-વિકલ્પનો રાગ હો,. ચાહે તો દયા-દાન-ભક્તિનો રાગ હો, એ રાગનું ઉપજવું-પ્રગટ થવું, વ્યય થવો-નાશ થવો, એવો ઉત્પાદ-વ્યયનો સંબંધ, આવિર્ભાવ-તિરોભાવ પુદ્ગલની સાથે સંબંધ રાખે છે.... બેસવું કઠણ જગતને, ( શ્રોતાઃ- આચાર્યને ભય નથી લાગ્યો કે કોઈ નિશ્ચયાભાસી આવું ( કહેવાથી ) થઈ જશે ! ) દુનિયા દુનિયાની જાણે એને શું 'નાગા તે બાદશાહથી આઘા' - એને શું પડી છે દુનિયાની મારગ આ છે. એ તો સંત ! એક ભવ આદિ કરીને મોક્ષ જવાવાળા છે. દિગમ્બર સંતો કુંદકુંદાચાર્ય, એને જગતની કાંઈ પડી નથી, સમાજ સમતોલ રહેશે કે નહીં ? આહાહાહા !

ત્રણલોકના નાથ સર્વજ્ઞ ( તીર્થંકર ) પરમાત્માએ કહ્યું એ જ આ સંતો કહે છે, જગતને. આવી વાણી ને આવો ભાવ, દિગમ્બર શાસ્ત્રો સિવાય ક્યાંય નથી, પ્રભુ ! પણ એનેય એના વાડામાં ( સંપ્રદાયમાં ) રહ્યા તોય તેની ખબર ન મળે ! ભગવાન અમૃતચંદ્રાચાર્ય કુંદાકુંદાચાર્યનો પોકાર છે. પ્રભુ ! તારી પ્રસિધ્ધિ રાગથી હોય ? રાગની પ્રસિધ્ધિ તો પુદ્ગલની પ્રસિધ્ધિ છે ( આમ ) કહે છે. ગજબ વાત કરે છે ને ! તારી પ્રસિધ્ધિ પ્રભુ ! જ્ઞાન ને આનંદની પર્યાયથી તારી પ્રસિધ્ધિ થાય છે, એ દ્રવ્ય સ્વભાવના અભેદ ઉપર દૃષ્ટિ પડતાં જે શાંતિ ને આનંદની પર્યાય ઉત્પન્ન ને વ્યય થાય, એ તારી પ્રસિધ્ધિ છે. ટીકાનું નામ 'આત્મખ્યાતિ' છે ને ! આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે, આ તો અલૌકિક વાતું છે. બાપા !

સમયસાર એટલે જગતચક્ષુ-અજોડચક્ષુ, હજી થયા કુંદકુંદાચાર્ય તો બે હજાર વર્ષ પહેલાં થયા. પંચમઆરાના સંતો અને આ ટીકાકાર પણ હજાર વર્ષ પહેલાં અને આ ટીકાકાર હજી એક હજાર વર્ષ પહેલાં. ( થયાં ) જગતની બેદરકારી કરી, સત્ય આ છે. સાચના ( સત્યના ) ડંકા માર્યા છે ! આહાહા ! પ્રભુ ! આહા ! એકવાર એ આવ્યું'તું નહીં ઓલું ( પદ ) 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો મુજ રોગ લે હરી',.... પ્રભુતા તારી પ્રભુતા તો ત્યારે કહીએ કે નિર્મળ પર્યાયની ઉત્પત્તિ ને વ્યય થાય એ તારી પ્રભુતા છે. રાગની ઉત્પત્તિ ને વ્યય થાય એ તારી પ્રભુતા નહીં નાથ ! ( પદરચના કરનાર ) ઓલે તો બીજું કહ્યું તું, મારે અંદર મેળવવા પ્રભુતા પ્રભુ તારી તો ખરી, હે નાથ પ્રભુ તારી પ્રભુતા તો ત્યારેજ ખરી છે. મુજરો મુજ રોગ લે હરી - રાગની ઉત્પત્તિ નહીં મારામાં. રાગની ઉત્પત્તિ ને વ્યય મારામાં નહી. એ શાંતિભાઈ ? બધા છોકરાવને ઉત્પન્ન કરતાં ને પૈસાને ઉત્પન્ન કરતાં ને શું છે ? આ તો બધું ભ્રમણાં ! અરે રે એને ક્યાં જાવું ? ( શ્રોતાઃ- ટોચની વાત છે ) હેં ? આવી વાતું છે ભાઈ ! ( શ્રોતાઃ- ટોચની નહીં સાચામાં સાચી ) !

એતો એનો વિસ્તાર છે. શું કહે છે ? શુભ-અશુભ, દયા-દાન-વ્રત-ભક્તિ આદિના ભાવ એ તો પુદ્ગલનો વિસ્તાર છે. પુદ્ગલની પ્રસિદ્ધિ, પુદ્ગલની પ્રસિદ્ધિ થાય છે, ભગવાન

(આત્મા) પ્રસિદ્ધ થતો નથી એમાં. આહા! શું એની ગંભીરતા! શું એ ટીકાના મર્મો! આહાહા! અમૃતવાણી અમૃતચંદ્રાચાર્યની –સંતો દિગમ્બર સંતો એટલે, ભગવાનના ૧૦૦૮ નામ આપ્યા છે ને ભાઈ? ભગવાનને એક હજારને આઠ નામ આપ્યા છે. જિનસેન આચાર્યે, આદિ પુરાણના કર્તા, ત્યાં પ્રભુને કહ્યું પ્રભુ! આહાહા! શું કહેવું 'તું? જિનસેન આચાર્યે૧૦૦૮ નામ આપ્યા છે એમાં પ્રભુને એમ કહ્યું ' તું પ્રભુ! તમે મુમુક્ષુ છો–પ્રભુ! તમે મનિષ છો (અમારે આ મનિષ નામ છે ને ભાઈનું પ્રવિણનાં દિકરાનું) મનિષ (નામ) કીધું છે મનિષ! પ્રભુ! આપ જ્ઞાનના ઈશ્વર છો, મનિષ એટલે! પ્રભુ, તારા વખાણ કઈ રીતે કરીએ! આહાહા! એવી વાત!

પરમાત્મા, જેની પર્યાયમાં અનંત અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ખીલી નીકળ્યાં છે–પરમાત્મા હજાર પાંખડીએ ખીલ્યો છે, ગુલાબ જેમ ખીલે હજાર પાંખડીએ આ તો અનંત પાંખડીએ ખીલ્યો પ્રભુ! એ એની પ્રસિધ્ધિ! અનંતાનંત જ્ઞાનની અનંતગુણની પ્રસિધ્ધિ–ઉત્પાદ–વ્યય થવો (એ) ગુણને આશ્રિત થવો તે આત્માનો સ્વભાવ છે. પરને આશ્રયે જે રાગ આદિ થાય તે આત્માનો સ્વભાવ છે નહીં. આહાહા! આવું આકરું પડે શું થાય પણ? ભાઈ! મારગ તો આ છે. ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, પરમેશ્વર (તીર્થંકરદેવ) ઇન્દ્રોને ગણધરોની વચ્ચે (સમક્ષ) આ કહેતા હતા. એ (વાત) આ સંતો કહે છે. ભગવાન (અરિહંત સીમંધરદેવ) મહાવિદેહમાં બિરાજે છે, ત્યાં આ કહેતા હતાં, એ વાત કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય અહીં કહે છે. કુંદકુંદાચાર્ય તો ત્યાં (સદેહે) ગયા હતા પણ અમૃતચંદ્રાચાર્ય ત્યાં નહોતા ગયા છતાં ભગવાન (નિજાત્માનાં) અંતર પાસે ગયા હતા, એથી આ પ્રસિધ્ધિ કરી અમે આવ્યા છીએ. આત્મા કોણ? આત્મા આનંદનો નાથ પ્રભુ! અનંત અનંત જ્ઞાન–અનંત દર્શન–અનંત આનંદ–અનંત શાંતિ–અનંત સ્વચ્છતા–અનંત પ્રભુતા, એવી એવી એક એક ગુણની પૂર્ણતા, એવા અનંતગુણનો પૂર્ણતાનો પ્રભુ હું આત્મા! આહાહા! એની ઉત્પત્તિ તો નિર્મળ પર્યાય થાય ને નિર્મળપર્યાયનો વ્યય થાય, એ એનો (આત્માનો) સ્વભાવ છે. સમજાણું કાંઈ?

અરે રે! પ્રભુ શું કરે છે? કેટલાક આ વ્રતને તપને ભક્તિથી ધર્મ માને, તો કેટલા'ક ગુરુદેવની ને શાસ્ત્રની ને દેવની ભક્તિ કરીએ તો ધર્મ (થાય) એમ માને, એ બધા એક જાતના (અભિપ્રાય) છે. દેવ–ગુરુ–શાસ્ત્રની ભક્તિ છે એ રાગ છે ને એ રાગ એ પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે, કહે છે. અરરર! (રાગ) જો આત્માની સાથે (તાદાત્મ્ય) સંબંધ રાખતો હોય તો આત્મા છે ત્યાં બધે (સર્વ અવસ્થામાં) હોવો જોઈએ. હેં? ભગવાન આત્મા તો જ્યારે (પરિપૂર્ણ) નિર્મળાનંદ થાય ત્યારે તે (રાગભાવ) હોતો નથી, માટે તે રાગની ઉત્પત્તિ ને વ્યય, ભગવાન આત્મા સાથે સંબંધ રાખતો નથી. (શ્રોતાઃ– પુણ્યથી પાપ ઠેલાય છે ને!) એ બધી વાતું બધી દુનીયાની–પાગલની! (શ્રોતાઃ– પુણ્યને પાપની જાત એકજ છે.) પુણ્ય કોને કહેવું? પાપ કોને કહેવું? એની (એને) ખબર નથી.

શુભભાવ ને અશુભભાવ એ બેમાં પુણ્ય ઠીક જ છે ને પાપ અઠીક છે, એમ માને એને કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર ગાથા–૭૭ માં કહે છે 'ઘોર હિંડંતિ સંસાર મોહ સછન્નો' –મિથ્યાત્વથી ઢંકાયેલો ઘોર સંસારમાં રખડશે. દેવાનુંપ્રિયા? અહીંયા કાંઈ હાલે એવું નથી, અહીંયા! (શ્રોતાઃ– ઝરીયામાં હાલે!) ન્યાં હાલે? શાંતિભાઈને બધા બેઠા હોય ને? જ્યાં ત્યાં હલવે તે! ૭૭

ગાથામાં પ્રવચનસાર, કુંદકુંદાચાર્ય ૭૭ ગાથામાં એમ કહે છે કે જે કોઈ, શુભ-અશુભ ભાવ છે, એમાં ( એકને ) વિશેષ માને કે શુભ ઠીક છે ને અશુભ અઠીક છે, તો બેમાં વિશેષ માનવાવાળા, ઘોર સંસારમાં -મોહથી મિથ્યાત્વથી ઢંકાયેલા રખડશે, 'મોહસછન્નો' એમ પાઠ છે. ભાઈ ? દિગમ્બર ધર્મ સમજવો એ કોઈ અલૌકિક વાત છે. એ કાંઈ વાડો ( સંપ્રદાય ) મળી ગયો માટે દિગમ્બર ધર્મ સમજી જાય ? દિગમ્બર ધર્મ એ કાંઈ પક્ષ નથી, એ વસ્તુનો સ્વભાવ છે. ( આહા ! ) વસ્તુનો સ્વભાવ છે, કે જેમાં દયા-દાનને ષોડશકારણ ભાવના, તીર્થંકરનામકર્મનો બંધ, એવા ( શુભ ) ભાવ પણ જ્યાં આત્મામાં નથી. એ ( ભાવો ) આત્માની સાથે સંબંધ રાખતા નથી. છે ? આવો માર્ગ છે ! આહાહાહા !

એ વર્ણાદિક ભાવ ક્રમશઃ, આવિર્ભાવ ને તિરોભાવ વડે પ્રાપ્ત થતાં એવી તે તે વ્યક્તિઓની સાથે, જીવની સાથે જ રહેતી હોવા છતાં. શું કહે છે ? પહેલાં પુદ્‌ગલની સાથે આવિર્ભાવ-તિરોભાવ, ઉત્પન્ન ને વ્યય થાય છે, એવું બતાવ્યું એમ આત્માની સાથે તે ઉત્પન્ન ને વ્યય હો, છે ? જીવની સાથે સાથે રહેતાં થકા જીવનો વર્ણાદિકની સાથે તાદાત્મ્ય પ્રસિધ્ધ કરે છે ( એમ કોઈ ) માને છે, એવો એનો અભિપ્રાય છે, એના મતમાં અન્ય શેષ દ્રવ્યોથી અસાધારણ એવા વર્ણાદિકસ્વરૂપતા કે જે પુદ્‌ગલનું સ્વરૂપ છે, એનો જીવમાં અંગીકાર કરવામાં આવ્યો, જે પુદ્‌ગલનું સ્વરૂપ ( છે ) એનો જીવદ્વારા ( જીવમાં ) અંગીકાર કર્યો. એટલા માટે જીવ, પુદ્‌ગલના અવિશેષનો પ્રસંગ આવે છે. જીવ અને પુદ્‌ગલ બેય એક છે એવો પ્રસંગ આવે છે. આહાહા ! શું ટીકા !

વિશેષ.. કે જેમ પુદ્‌ગલકર્મ જડ-અજીવ એની સાથે સાથે રાગ આદિ અજીવ ઉત્પન્ન થાય છે ને વ્યય થાય છે, એમની સાથે તાદાત્મ્ય સંબંધ છે. એમ કોઈ એવો અભિપ્રાય રાખે કે જીવની સાથે રાગનો -અજીવનો, ઉત્પન્ન થવું ને વ્યય થવું ( તેથી ) જીવની સાથે ( તાદાત્મ્ય ) સંબંધ છે તો એમાં ( એ મતમાં ) પુદ્‌ગલને જ જીવ માન્યા. જીવદ્રવ્ય ભિન્ન છે એમ ન માન્યું ! આહાહા ! આ વાત, વીતરાગમાર્ગ બાપા ! અને જીવ, વીતરાગમાર્ગ એક ક્ષણ સમજે ને સમજણમાં આવે, તો ભવનો અંત આવી જાય છે. આવી વાત છે ! શું કહે છે ? કે જેમ પુદ્‌ગલની સાથે-જડકર્મની સાથે, રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે ને વ્યય થાય છે, તેઓ સંબંધ ત્યાં રાખે છે, એમ જો આત્મા સાથે એ રાગને દ્વેષની ઉત્પત્તિનો સંબંધ રાખે તો આત્મા પુદ્‌ગલ થઈ જાય, તો જીવદ્રવ્ય તો રહેતું નથી. જેમણે પુણ્ય પાપના ભાવ, આત્માની સાથે સંબંધ માન્યો છે તો એમને જીવદ્રવ્ય તો રહ્યું નહીં. પુદ્‌ગલ થઈ ગયું એમ કહે છે. સૂક્ષ્મ વાત છે ભાઈ ! જે આત્માએ એવો અભિપ્રાય રાખ્યો કે મારી સાથે એ રાગની ઉત્પત્તિ ને રાગનો વ્યય થાય છે તો એણે પુદ્‌ગલને જ પોતાના માન્યા, આત્મા ભિન્ન છે એમ તો માન્યું નહીં. આહાહા ! આવી વાત છે !

અગાસ છે ને ! શ્રીમદ્‌નું -શ્રીમદ્‌માં વ્યાખ્યાન થયું એક કલાક, રાત્રે પ્રશ્ન થયા થોડા.... એમ કે આ ભક્તિ આદિ કરીએ એ સાધન ? અરેરે પ્રભુ ! ભક્તિ ભગવાનની ને ગુરુની અને શાસ્ત્રની, એ તો રાગ છે. રાગની ઉત્પત્તિ ને વ્યયનો સંબંધ નિશ્ચયથી તો પુદ્‌ગલ સાથે છે. વ્યવહારથી એક સમયની પર્યાયમાં સંસાર અવસ્થામાં હોય ( છતાં ) પણ તાદાત્મ્ય સંબંધ નહીં. એ વ્યવહારથી એક સમયની પર્યાયની અપેક્ષાથી ( છે પણ ) તાદાત્મ્ય સંબંધ નથી. કાયમ નથી ( રહેતા એ ભાવ ) એ માટે સંબંધ નહીં, એ કહેશે. ગાથાર્થ પછી, એ ગાથામાં કહેશે.

સંસારમાં છે ( એરાગભાવ ) એને પણ તું એમ માન કે આ મારું છે ( મારામાં છે ) તો એ પુદ્‌ગલ થઈ ગયું અને પુદ્‌ગલની મુક્તિ થઈ ! છે ? આહાહા ! શું આ વાત !

એ શ્વતાંબરમાં ૪૫, ૩૨, સૂત્ર વાંચે કરોડો, આ વાત નીકળે નહીં ત્યાંથી, આ તો ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવ ( તીર્થંકરસીમંધર સ્વામી ) પાસે ગયેલા અંતરમાં જિનેશ્વરપ્રભુ ( પોતાની ) પાસે ગયેલા, ( સ્વાનુભૂતિપ્રાપ્ત ) એની આ વાણી સંતોની છે. જ્યાં અમે ગયા ત્યાં તો આ રાગ ને દ્વેષ છે નહીં ને ! અમારો પ્રભુ જે આત્મા–શુદ્ધ ચિદાનંદ, જ્યાં અમે આમ ( અંતરમાં ) ગયા ત્યાં તો રાગ–દ્વેષ છે જ નહીં ને ! તે રાગ–દ્વેષનો સંબંધ આત્મા સાથે છે જ નહીં. આ તો અમૃતચંદ્રાચાર્ય ! કુંદકુંદાચાર્ય પછી હજાર વર્ષે થયેલા અને તે તો ભગવાન પાસે ગયા ય નહોતા, એ તો અહીંના ( નિજભગવાન ) પાસે ગયેલા ને ! ( શ્રોતાઃ– એ પછી હજાર વર્ષે આપ થયા ) વાણી સાંભળવી મુશ્કેલ પડી જાય એવી છે !

આહાહા ! એકકોર એમ કહે છે કે પુણ્ય–પાપ ને રાગ, જીવની પર્યાયમાં –જીવનું કર્તવ્ય, કર્તા–ભોક્તા ( જીવ ) છે, એ જ્ઞાનની અપેક્ષાએ કહે, એકકોર દૃષ્ટિની અપેક્ષાએ કહે કે રાગને દ્વેષની ઉત્પત્તિ પુદ્‌ગલ સાથે સંબંધ ( રાખે ) છે. સ્વભાવની દૃષ્ટિએ જોતાં તે ( ભાવો ) પરના છે. આહાહા ! આવી વાત છે.

જે એ પુણ્ય ને પાપના ભાવ, દયા–દાન આદિના ભાવ, જેમ પુદ્‌ગલની સાથે ઉત્પત્તિ–વ્યય ધારણ કરતા–વ્યાપ્ત દેખાય છે એમ જો આત્માની સાથે પણ ( ઉત્પાદ–વ્યય થતા ) દેખાય, તો તો ( આત્મા ) પુદ્‌ગલ થયો–આત્મા પુદ્‌ગલ થઈ ગયો, જીવ રહ્યો નહીં, રાગ વિનાનો અખંડાનંદપ્રભુ રાગરહિત એવા જીવદ્રવ્યનો તો નાશ થયો, અને પુદ્‌ગલદ્રવ્યની પ્રસિધ્ધિ થઈ. આહાહાહા !

ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર પ્રભુ અંદર બિરાજે છે ને પ્રભુ નાથ ! એને તું રાગવાળો માન, તો તો રાગવાળો ( થવાથી ) પુદ્‌ગલ થઈ ગયો એ આખો, એ જીવ ( આત્મા ) ન રહ્યો ત્યાં પ્રભુ ! અરે ! રાગના શુભભાવને તું ધર્મ માન ને એ રાગ મારો માન, પ્રભુ ! ત્યાં આત્મા ન રહ્યો. હોં ? એ પુદ્‌ગલની જાહેરાતને પ્રસિધ્ધિ થઈ ! કહો દેવાનુંપ્રિયા ! આમાં ના પડાય એવું નથી ક્યાંય, આવું છે. આ ધીરાના કામ છે બાપા ! શું પણ સંતોએ ગજબ ! ન્યાયપ્રાપ્ત શબ્દ આવ્યો છે ને ! હેં ? આવ્યું હતું ને ત્યાં પહેલાંમાં કે આ વાત ન્યાયપ્રાપ્ત છે. છેલ્લો શબ્દ છે લોજિકથી–ન્યાયથી પ્રાપ્ત છે. આહાહાહા !

ભગવંત ! તારા સ્વરૂપમાં જો રાગ–દ્વેષની ઉત્પત્તિ તારાથી થતી હોય તો તું પુદ્‌ગલમય થઈ ગયો, આત્મા રહ્યો નહીં. કેમ કે રાગ–દ્વેષની ઉત્પત્તિ તો ( પુદ્‌ગલમાં થાય છે ) રાગ–દ્વેષ તો અજીવ છે. સમજાણું કાંઈ ?

એ દયા–દાન–વ્રત–ભક્તિના પરિણામ અજીવ છે, એ તારાથી ઉત્પન્ન અજીવ હોય તો તું જીવ તો રહ્યો નહીં એય ? આ જીવ–અજીવ અધિકાર છે, ન્યાં ધનબાદમાં લેવા જાય ત્યાં નથી મળે એવુ ત્યાં ! ( શ્રોતાઃ– એટલે તો આવે છે–ત્યારે ( સોનગઢ ) આવે છે ને ! ) આવી વાત બાપુ અત્યારે તો ( સાંભળવા મળે નહીં ) બહુ ગરબડી કરી નાખી છે. પંડિત લોકો ને સાધુઓ એવી પ્રરૂપણા કરે કે આ વ્રતને–તપને–ભક્તિને એ કરો એથી ધર્મ થશે, પ્રભુ ! પ્રભુ ! પ્રભુ ! બીજું

ન હોય, શુભભાવ જ હોય ( અત્યારે ) એમ કહે છે. અરરર! પંચમકાળમાં બીજું ન હોય શુભભાવ જ હોય એમ કહે છે.

આત્મામાં શુભભાવ છે જ નહીં, એ શુભભાવ પુદ્ગલની સાથે સંબંધ રાખે છે. ( શ્રોતાઃ- આપ એકલા થઈ ગયા ! ) એકલા ? એકલા કોણ ને બેકલા કોણ ? ભગવાન અહીં તો છે ઈ છે. શું પણ સંતો-દિગમ્બર મુનિઓ, ગજબ કામ કર્યાં, પ્રભુ, કેવળજ્ઞાનીના વિરહ ભૂલાવ્યા પ્રભુએ-સંતોએ !

ભાઈ ! તું એમ કહે કે એ શુભરાગથી મનેલાભ થાય અને શુભરાગ મારો છે તો પ્રભુ ! એ તો પુદ્ગલની પ્રસિધ્ધિ થઈ નાથ ! એમાં તારી પ્રસિધ્ધિ ન આવી-એમાં તારી પ્રસિધ્ધિ નથી થતી એમાં તેં તો રાગને પ્રધાનપદ આપી દીધું છે, રાગ તો પુદ્ગલની સાથે સંબંધ રાખે છે- તાદાત્મ્ય સંબંધ ત્યાં છે. જ્યાં-જ્યાં કર્મ, ત્યાં-ત્યાં રાગ, ઈ 'આત્મઅવલોકન'માં આવ્યું છે, કે ભાઈ જ્યાં સુધી નિમિત્ત છે ત્યાં સુધી રાગ છે. એ શું કામ ( કહ્યું છે ? ) બેનો સંબંધ બતાવવો છે, એવું છે. આત્મ-અવલોકનમાં ( છે-કે ) જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી રાગ છે. કર્મ ન હોય ત્યાં રાગ નથી. એમ કહીને અનિત્યતા સ્થાપવી છે. અને ( રાગ ) પુદ્ગલના સંબંધના લક્ષે થાય છે. માટે, તે આત્માનું સ્વરૂપ નથી. એ આત્મ-અવલોકનમાં છે. એ તો તે દિ'વાંચ્યુ'તું-જોયું હતું-ચિહ્ન કરેલા, ભાઈ લાવ્યો'તો હિંમત ! આહાહા !

ભગવાન આત્મા અનંત અનંત જ્ઞાન-અનંત આનંદ- અનંત શાંતિ અનંત વીતરાગતાનો ભંડાર ભગવાન, એમાંથી ભંડારમાંથી નીકળે તો રાગ નીકળે ? એમાં છે રાગનો કોઈ ઉત્પત્તિનો ગુણ ? એમાં એવો કોઈ ગુણ જ નથીને. એવો જે ભગવાન અનંતગુણનો પિંડપ્રભુ, એનો જ્યાં સ્વીકાર થાય છે ત્યાં તો પર્યાયમાં અનંત આનંદ શાંતિ આદિની પર્યાય ફાટે છે, એ ઉત્પાદ-વ્યયનો સંબંધ ( આત્મ ) દ્રવ્ય હારે છે, કે જે ઉત્પાદ ને વ્યય સિદ્ધમાં પણ રહે છે. આહાહાહા !

એક એવું આવ્યું'તું મગજમાં... પ્રભુ મને અહીં ક્યાં મોકલ્યો તેં, એમ આવ્યું'તું -એનો અર્થ જ પ્રભુ તારા જ્ઞાનમાં હું આવ્યો એમ ક્યાંથી જ્ઞાનમાં આવ્યું-તારા જ્ઞાનમાં એવું આવ્યું પ્રભુ કે હું અહીં આવીશ એ તેં મોકલ્યો, એમ મેં કીધું. ભાઈ ! સમજાણું ? હેં ! એનો અર્થ ઈ કે પ્રભુ તારા જ્ઞાનમાં એમ હતું ને કે હું અહીં આવીશ, એ અપેક્ષા ! આવી વાત છે. અમૃતચંદ્રાચાર્યે અમૃત રેડયા છે. આહાહાહા !

આંહી કહે છે પ્રભુ ! એક વાર સાંભળ ! ચાહે તો જે ભક્તિનો રાગ, પરમાત્માના સ્મરણનો-પંચપરમેષ્ઠિના સ્મરણનો... વળી, એક જણે એમ કહ્યું છે. નામ નથી આપતો. એમ કે ભગવાનનું સ્મરણ છે એમાં કષાય ક્યાં આવ્યો ? એમ આવ્યું છે, ખબર નથી ( એને ) એ એમ ( કહે કે ) ન્યાં કષાય ક્યાં આવ્યો ? ભગવાનનું સ્મરણ કરવું ! ( એમાં કષાય ક્યાં છે ? )

હવે ઈ સ્મરણ કરવું એ જ વિકલ્પ-રાગ છે. ત્યાંથી ઈસરીથી આવ્યું છે એમાં આવ્યું છે એમ કે ગુણ સ્મરણ કરવા પરમાત્માના ગુણો, પણ એ પરદ્રવ્યના ગુણોનું સ્મરણ કરતાં વિકલ્પ ( ઊઠે ) છે. ભાઈ ? ત્યાં એમ કહે કે કષાય કયાં આવ્યો ? બાપુ એ પોતે કષાય છે, ભાઈ !

અને એ કષાયની ઉત્પત્તિ ને વ્યય પુદ્ગલ સાથે સંબંધ રાખે છે. પ્રભુ ! ગજબ વાત છે ભાઈ ! એ જ્યારે ભગવાન ત્રણલોકના નાથ ( તીર્થંકરદેવ ) એ આ અર્થો કરતા હશે ( આહા ! ) દિવ્યધ્વનિ દ્વારા અને ગણધરોને ઇન્દ્રો -એકાવતારી જ્યાં, ગણધર એ ભવે મોક્ષ જવાના, ઇન્દ્ર

એક ભવ પછી, એને પણ જ્યાં વિસ્મય થતું હશે ! એ કેવી વસ્તુ હશે ? આહાહા !

એ આંહીં કહે છે, જે પુદ્ગલદ્રવ્યનું લક્ષણ છે એ દ્રવ્યોનું અસાધારણ છે ને, આવો જેનો અભિપ્રાય છે તેના મતમાં અન્ય બાકીના દ્રવ્યોથી અસાધારણ એવું વર્ણાદિસ્વરૂપ કે જે પુદ્ગલદ્રવ્યનું લક્ષણ છે રાગાદિ તેનો જીવ વડે –જીવ સાથે અંગીકાર કરવામાં આવ્યો–એ પુદ્ગલના સ્વભાવની સાથે જીવની સાથે અંગીકાર કર્યો, એમાં જીવ–પુદ્ગલના અવિશેષ–જીવને પુદ્ગલની ભિન્નતાં રહી નહીં, એકરૂપનો પ્રસંગ આવી ગયો. એ શુભરાગથી આત્માને ધર્મ થાય છે એમ માન્યતા કરવાવાળાએ પુદ્ગલને આત્મા માન્યો, તેથી તેને જીવનો અવશ્ય અભાવ થઈ જાય છે. એ રાગના વિકલ્પ જે છે, એ આત્માની સાથે સંબંધ રાખે છે એવું જો માને તો ઈ તો ( રાગ ) પુદ્ગલનું –અજીવનું લક્ષણ છે એને તો અજીવની સાથે તાદાત્મ્ય ( સંબંધ ) ને અજીવનું લક્ષણ છે એ તો, કેમ કે રાગ પોતે અજીવ છે એ જીવસ્વરૂપ નહીં. અને જીવસ્વરૂપ નથી એનો સંબંધ ( જીવથી ) પોતાનાથી માને તો આત્મા પુદ્ગલ થઈ ગયો, જીવ તો ભિન્ન રહ્યો નહીં. ( તેથી ) જીવનો અવશ્ય અભાવ થાય છે.

આ લ્યો ! બહુ સરસ ટીકા આવી. વિશેષ કહેશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૩૬ ગાથા ૬૨ થી ૬૪ તા. ૧૫-૧૧-૭૮ બુધવાર કારતક વદ-૧

ગાથા – ૬૨ નો ભાવાર્થ અને ગાથા – ૬૩ – ૬૪.

( શું કહે છે ? ) જેમ વર્ણાદિ ભાવ–વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શુભ–અશુભ ભાવ, એ પુદ્ગલદ્રવ્યની સાથે તાદાત્મ્યસ્વરૂપે છે, રાગ આવે–આવે છે –દયા, દાન, વ્રત, આદિના વિકલ્પભાવ, એ પુદ્ગલદ્રવ્યની સાથે તાદાત્મ્યસ્વરૂપ છે, આત્માની સાથે તાદાત્મ્ય નહીં. આકરી વાત ! જીવ–અજીવ અધિકાર છે ને !

જીવસ્વભાવ તો અભેદ–અખંડ, આનંદ–પૂર્ણ આનંદસ્વરૂપ આદિ અભેદ, એમાં જે આ રાગ–ભેદ આદિ છે એ બધા પુદ્ગલની સાથે સંબંધ રાખે છે– અહીં સ્વભાવની દૃષ્ટિ બતાવવી છે.

તેમ જીવ સાથે પણ તાદાત્મ્યસ્વરૂપે હોય–એ દયા–દાન–રાગ આદિના ભાવ પુદ્ગલની સાથે સંબંધ રાખે છે, જીવની સાથે ( તાદાત્મ્ય ) સંબંધ રાખે તો જીવ પુદ્ગલમાં કોઈપણ ભેદ ન રહે ! એ રાગ અહીંયા અજીવને અચેતન ગણવામાં આવેલ છે. ચૈતન્ય ભગવાન આત્મા શુદ્ધસ્વભાવમાં રાગ છે જ નહીં, રાગનો સંબંધ પુદ્ગલની સાથે લઈને, આપણો ( પોતાનો ) સ્વભાવ ( આત્માનો ) અભેદ ભિન્ન કરી દીધો ( છે ). આહાહાહા ! ઝીણી વાત છે.

એ અહીંયા રાગ અને વર્ણ ગંધથી માંડીને રાગ–શુભરાગ એનો પુદ્ગલની સાથે તાદાત્મ્ય સંબંધ છે ( જો ) જીવની સાથે પણ તાદાત્મ્ય ( સંબંધ ) હોય તો ( તો ) જીવ–પુદ્ગલમાં કોઈ ભેદ ન રહ્યો, એવું થવાથી જીવનો જ અભાવ થઈ જાય ! રાગ–અચેતન–શુભરાગ છે એ જો આત્મા સાથે તાદાત્મ્ય કહો તો આત્મા અચેતન થઈ જાય ! આહાહા ! આવી વાત છે !

ભગવાન આત્મા ચૈતન્ય –ઝળહળ–જ્યોતિ–પ્રકાશની મૂર્તિ–પ્રભુ તો અંદર જ્ઞાયક ચૈતન્ય જ્યોત ભગવાન ( છે ) એ રાગની સાથે તાદાત્મ્ય હોયતો આત્મા અચેતન થઈ જાય ! આહાહા !

અહીં તો કહે છે, શરીર –કર્મ આદિ પુદ્ગલ અચેતન છે, એમ જ રાગ–શુભ એ અચેતન

છે, તો એમાં ચેતન સ્વભાવનો કોઈ અંશ નથી, એ કારણે રાગને અચેતન ( કહીને ) પુદ્‌ગલની સાથે તદ્રૂપ-તાદાત્મ્ય ( સંબંધ ) કહ્યો. આ વ્યવહાર રત્નત્રયનો રાગ ( પુદ્‌ગલ છે. ) ગજબ વાત છે ભાઈ ! કેમ કે રાગમાં ચૈતન્યપણાનો ( અભાવ છે. ) જ્ઞાનપ્રકાશનો પુંજ પ્રભુ ( આત્મા ) એક બાજુ ભગવાન ચૈતન્ય-પ્રકાશ બિરાજમાન છે, એની સાથે રાગનો- અચેતનનો સંબંધ થઈ જાય તો ભગવાન ( આત્મા ) અચેતન થઈ જાય, ( સમયસાર ) છઠ્ઠી ગાથામાં એ કહ્યું કે જ્ઞાયકસ્વભાવ ચૈતન્ય જ્યોત વસ્તુ એ જો શુભાશુભભાવરૂપ થાય તો જડ થઈ જાય, જુઓ ! ત્યાં એ કહ્યું, કેમ કે એ તો ચૈતન્ય-જ્ઞાનરસ, સ્વપરપ્રકાશક-સ્વભાવનો રસકંદ-ઝળહળ જ્યોતિ એ ચૈતન્ય છે અને ( જે ) રાગ છે-વ્યવહાર રત્નત્રયનો ( શુભ ) રાગ એ અચેતન છે. બોંતેર ગાથામાં ય ( આસ્રવોને ) જડ કહ્યાં, છઠ્ઠી ગાથામાં એ જ કહ્યું કે જે જ્ઞાયક છે એ શુભાશુભભાવ ( રૂપ ) થઈ જાય તો જડ થઈ જાય ! આહાહા ! આવી વાત છે.

( આત્મા રાગ સાથે તન્મય હો તો ) જડ થઈ જાય એમ દેખાડવું છે. છે ને ! ચૈતન્ય પ્રકાશની મૂર્તિ પ્રભુ ( માં ) રાગ કેમ હોય ? એમ કહે છે. રાગની પર્યાય, જડની સાથે સંબંધ રાખે છે, છે તો રાગની પર્યાય પોતાનામાં ચારિત્રગુણની વિપરીત પણ સ્વભાવની દૃષ્ટિથી દેખવાથી ત્રિકાળી ચૈતન્યજ્યોતિ-ઝળહળ-જ્યોતિ-પરમાત્મ સ્વરૂપ ધ્રુવ પ્રવાહ-ધ્રુવની ધારા ચૈતન્યધારા જોવાથી, રાગ તો અચેતન છે. આવી વાત છે.

એ રાગ જેમ પુદ્‌ગલની સાથે તદ્રૂપ ( તાદાત્મ્ય છે ) એમ જો આત્માની સાથે તદ્રૂપ હોય તો આત્મા અચેતન થઈ જાય. આહાહા ! સમજાણું કાંઈ ? ઝીણી વાત ભાઈ ! જૈનદર્શન, જૈન પરમેશ્વર એની વાત તો બહુ સૂક્ષ્મ છે ! કેમ કે ચૈતન્ય ઝળહળ જ્યોતિ-પ્રકાશ ચૈતન્યનાં નૂરનું પૂર ( અભેદ આત્મા ) એમાં રાગનો સદ્‌ભાવ થઈ જાય તો આત્મા અચેતન થઈ જાય- એ તો ચૈતન્યની પ્રકાશની મૂર્તિ છે. સમજાણું કાંઈ ?

એ દયા-દાન-વ્રત-ભક્તિ ( આદિના શુભભાવ ) રાગ, એ પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય ( સંબંધે ) છે. ગજબ પ્રભુ ! કેમ કે એમાં ( રાગભાવમાં ) ચૈતન્યપણું નથી, એ કારણે એ અચેતનની સાથે તાદાત્મ્ય સંબંધ, ચૈતન્ય પ્રકાશનું પૂર પ્રભુ ( એ ચેતન ) એની સાથે જો રાગ ( અચેતન ) નો તાદાત્મ્ય ( સંબંધ ) હો તો ચેતન પોતે સ્વયં અચેતન થઈ જાય ! આવી વાત ક્યાં ?

( આહા ! ) ચૈતન્યજ્યોત, પ્રકાશની મૂર્તિ પ્રભુ ! સ્વપરપ્રકાશકની મૂર્તિ આત્મા તો ત્રિકાળ રાગને પ્રકાશે-જાણે પણ રાગરૂપ ન થઈ જાય ! ઘણું પરથી ઉદાસ થવું જોઈએ, કહે છે, એ અચેતન રાગ અને પુદ્‌ગલ એક થઈને તાદાત્મ્ય સંબંધ છે, તો એનાથી ઉદાસ થઈ જાય. પ્રભુ ! તારી ચીજ ( એ રાગ ) નથી, છે ( અભેદ ) ત્યાં તારું આસન લગાવી દે ! જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યમૂર્તિ ( અભેદ ) માં ! જ્યાં ચૈતન્ય ઝળહળ જ્યોતિ, સ્વપરપ્રકાશકનું પૂર પ્રભુ-ધ્રુવપૂર, ચૈતન્યના નૂરના-તેજના પૂર પ્રભુ એ પોતે છે. એની સાથે રાગનો તાદાત્મ્ય સંબંધ કરી દે ( માની લે ) તો જીવ, અજીવ થઈ જાય- અચેતન થઈ જાય. આહાહા ! આકરી વાત છે. પ્રભુ ! જીવનો જ અભાવ થઈ જાય ! તો મહાદોષ આવે.

❄ ❄ ❄

## ગાથા - ૬૩-૬૪

संसारावस्थायामेव जीवस्य वर्णादितादात्म्यमित्यभिनिवेशेऽप्ययमेव दोषः-

अह संसारत्थाणं जीवाणं तुज्झ होंति वण्णादी।
तम्हा संसारत्था जीवा रूवित्तमावण्णा।।६३।।

एवं पोग्गलदव्वं जीवो तहलक्खणेण मूढमदी।
णिव्वाणमुवगदो वि य जीवत्तं पोग्गलो पत्तो।।६४।।

अथ संसारस्थानां जीवानां तव भवन्ति वर्णादयः।
तस्मात्संसारस्था जीवा रूपित्वमापन्नाः।।६३।।

एवं पुद्गलद्रव्यं जीवस्तथालक्षणेन मूढमते।
निर्वाणमुपगतोऽपि च जीवत्वं पुद्गलः प्राप्तः।।६४।।

यस्य तु संसारावस्थायां जीवस्य वर्णादितादात्म्यमस्तीत्यभिनिवेशस्तस्य तदानीं स जीवो रूपित्वमवश्यमवाप्नोति। रूपित्वं च शेषद्रव्यासाधारणं कस्यचिद्द्रव्यस्य लक्षणमस्ति। ततो रूपित्वेन लक्ष्यमाणं यत्किञ्चिद्भवति स जीवो भवति। रूपित्वेन लक्ष्यमाणं पुद्गलद्रव्यमेव भवति। एवं पुद्गलद्रव्यमेव स्वयं जीवो भवति, न पुनरितरः कतरोऽपि। तथा च सति, मोक्षावस्थायामपि नित्यस्वलक्षणलक्षितस्य द्रव्यस्य सर्वास्वप्यवस्थास्वनपायित्वादनादिनिधनत्वेन पुद्गलद्रव्यमेव स्वयं जीवो भवति, न पुनरितरः कतरोऽपि। तथा च सति, तस्यापि पुद्गलेभ्यो भिन्नस्य जीवद्रव्यस्याभावाद्भवत्येव जीवाभावः।

હવે, 'માત્ર સંસાર-અવસ્થામાં જ જીવને વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે' એવા અભિપ્રાયમાં પણ આ જ દોષ આવે છે એમ કહે છેઃ-

વર્ણાદિ છે સંસારી જીવના એમ જો તુજ મત બને,
સંસારમાં સ્થિત સૌ જીવો પામ્યા તદા રૂપિત્વને; ૬૩.
એ રીત પુદ્‌ગલ તે જ જીવ, હે મૂઢમતિ ! સમલક્ષણે,
ને મોક્ષપ્રાપ્ત થતાંય પુદ્‌ગલદ્રવ્ય પામ્યું જીવત્વને ! ૬૪.

**ગાથાર્થઃ-** [ अथ ] અથવા જો [ तव ] તારો મત એમ હોય કે [ संसारस्थानां जीवानां ] સંસારમાં સ્થિત જીવોને જ [ वर्णादयः ] વર્ણાદિક (તાદાત્મ્યસ્વરૂપે) [ भवन्ति ] છે, [ तस्मात् ] તો તે કારણે [ संसारस्थाः जीवाः ] સંસારમાં સ્થિત જીવો [ रूपित्वम् आपन्नाः ] રૂપીપણાને પામ્યા; [ एवं ] એમ થતાં, [ तथालक्षणेन ] તેવું લક્ષણ

**તો ( અર્થાત્ રૂપીપણું લક્ષણ તો ) પુદ્ગલદ્રવ્યનું હોવાથી, [ मूढमते ] હે મૂઢબુદ્ધિ ! [ पुद्गलद्रव्यं ] પુદ્ગલદ્રવ્ય તે જ [ जीवः ] જીવ ઠર્યું [ च ] અને ( માત્ર સંસારઅવસ્થામાં જ નહિ પણ ) [ निर्वाणम् उपगतः अपि ] નિર્વાણ પામ્યે પણ [ पुद्गलः ] પુદ્ગલ જ [ जीवत्वं ] જીવપણાને [ प्राप्तः ] પામ્યું !**

**ટીકાઃ- વળી, સંસાર-અવસ્થામાં જીવને વર્ણાદિભાવો સાથે તાદાત્મ્યસંબંધ છે એવો જેનો અભિપ્રાય છે, તેના મતમાં સંસાર-અવસ્થા વખતે તે જીવ અવશ્ય રૂપીપણાને પામે છે; અને રૂપીપણું તો કોઈ દ્રવ્યનું, બાકીનાં દ્રવ્યોથી અસાધારણ એવું લક્ષણ છે. માટે રૂપીપણા ( લક્ષણ ) થી લક્ષિત ( લક્ષ્યરૂપ થતું, ઓળખાતું ) જે કાંઈ હોય તે જીવ છે. રૂપીપણાથી લક્ષિત તો પુદ્ગલદ્રવ્ય જ છે. એ રીતે પુદ્ગલદ્રવ્ય જ પોતે જીવ છે, પણ તે સિવાય બીજો કોઈ જીવ નથી. આમ થતાં, મોક્ષ-અવસ્થામાં પણ પુદ્ગલદ્રવ્ય જ પોતે જીવ ( ઠરે ) છે, પણ તે સિવાય બીજો કોઈ જીવ ( ઠરતો ) નથી; કારણ કે સદાય પોતાના સ્વલક્ષણથી લક્ષિત એવું દ્રવ્ય બધીયે અવસ્થાઓમાં હાનિ અથવા ઘસારો નહિ પામતું હોવાથી અનાદિ-અનંત હોય છે. આમ થવાથી, તેના મતમાં પણ ( અર્થાત્ સંસાર-અવસ્થામાં જ જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય માનનારના મતમાં પણ ); પુદ્ગલોથી ભિન્ન એવું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી, જીવનો જરૂર અભાવ થાય છે.**

**ભાવાર્થઃ- જો એમ માનવામાં આવે કે સંસાર-અવસ્થામાં જીવનો વર્ણાદિક સાથે તાદાત્મ્યસંબંધ છે તો જીવ મૂર્તિક થયો; અને મૂર્તિકપણું તો પુદ્ગલદ્રવ્યનું લક્ષણ છે; માટે પુદ્ગલદ્રવ્ય તે જ જીવદ્રવ્ય ઠર્યું, તે સિવાય કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય ન રહ્યું. વળી મોક્ષ થતાં પણ તે પુદ્ગલોનો જ મોક્ષ થયો; તેથી મોક્ષમાં પણ પુદ્ગલો જ જીવ ઠર્યાં, અન્ય કોઈ ચૈતન્યરૂપ જીવ ન રહ્યો. આ રીતે સંસાર તેમ જ મોક્ષમાં પુદ્ગલથી ભિન્ન એવું કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય નહિ રહેવાથી જીવનો જ અભાવ થયો. માટે માત્ર સંસાર-અવસ્થામાં જ વર્ણાદિભાવો જીવના છે એમ માનવાથી પણ જીવનો અભાવ જ થાય છે.**

## ગાથા-૬૩/૬૪ ઉપર પ્રવચન

ટીકાઃ- જેમનો એવો અભિપ્રાય છે, અભિપ્રાય જેનો આ છે– આશય, શ્રધ્ધા આદિ આ છે કે સંસાર અવસ્થામાં ( વર્ણાદિભાવો–રાગભાવો ) જીવના છે, ભલે મોક્ષ અવસ્થામાં ન હો, પણ સંસાર અવસ્થામાં તો રાગઆદિનો સંબંધ છે કે નહીં તાદાત્મ્ય ? સંસાર અવસ્થામાં જીવનો, વર્ણાદિ–રાગાદિ ભાવોની સાથે તાદાત્મ્ય સંબંધ છે, ( તો ) એના મતમાં સંસારઅવસ્થાને સમયે હોય તો આ જીવ અવશ્ય–જરૂર રૂપિત્વને પામે !

આહાહા ! એક કોર રાગને અજીવ– અચેતન કહ્યો, રૂપી કહ્યો, ભગવાન ચૈતન્યસ્વરૂપ પ્રભુ– અરૂપી–ચૈતન્યસ્વરૂપ, એમાં રાગ તો રૂપી સ્વરૂપ છે, કહે છે. ચૈતન્ય સ્વરૂપથી, ( એ રાગ ) રૂપી વિપરીતસ્વરૂપે છે. શુભરાગ હોં ! મુખ્ય વાત તો એ વાત છે બાકી તો બધું ઠીક છે, ગુણસ્થાન–જીવસ્થાન આદિ. આહાહાહા !

સંસાર અવસ્થામાં, અવસ્થામાં હોં ! સંસારદશામાં, આત્માનો ભાવ ત્રિકાળમાં એ નહીં, આંહી તો પર્યાયની વાત છે. સંસારની અવસ્થામાં જીવનો રંગ ને રાગના ભાવોની સાથે તાદાત્મ્ય સંબંધ છે, રંગને રાગ લ્યો ઠીક ! બે.. હુકમચંદ ( ભારિલ્લના કાવ્યમાં ) આવે છે ને રંગ, રાગને ભેદ ( એ ત્રણ ) અહીં રંગ રાગ ને ભેદ ત્રણેય આવી ગયું. 'જ્ઞાનાનંદી' ( પદમાં ) છે. રંગ, રાગને ભેદ. આહાહાહા ! અહીં પણ રંગ, રાગને ભેદની વ્યાખ્યા છે. રંગ, રાગને ભેદ એનો પુદ્ગલની સાથે તાદાત્મ્ય સંબંધ છે, એમ છે. તમે એમ માનો કે સંસારદશામાં તો ( જીવનો ) સંબંધ છે ને ! ભલે મોક્ષ અવસ્થામાં એની સાથે સંબંધ નથી, તો આવો તારો અભિપ્રાય હોય તો–એવા મતમાં સંસાર અવસ્થામાં–એ સમય અવશ્ય–જરૂર ( જીવ ) રૂપિત્વને પ્રાપ્ત થઈ જાય છે. ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ રાગની સાથે તાદાત્મ્ય હોય સંસારદશામાં તો આત્મા રૂપિત્વને પ્રાપ્ત થઈ જાય છે. જીવ જરૂર રૂપિત્વને પ્રાપ્ત થાય છે. અને રૂપિત્વ તો કોઈ દ્રવ્યોનું શેષ અસાધારણ એવું લક્ષણ છે. જડનું –પુદ્ગલનું રૂપિત્વ લક્ષણ છે. કોઈ દ્રવ્યનું એટલે પુદ્ગલના શેષ દ્રવ્યોથી–જુદા પુદ્ગલ એ જીવ આદિથી ભિન્ન જુદા પુદ્ગલ એનું લક્ષણ છે. એટલા માટે રૂપિત્વ લક્ષણથી લક્ષિત જે કંઈ છે એ જ જીવ છે, એમ જો તું માની લે તો થઈ રહ્યું ! આત્મા રૂપી થઈ ગયો ! આહાહાહા !

અહીંયા તો હજી વ્યવહાર કરો, દયા–દાન–વ્રત–ભક્તિ–પૂજા–તપ એનાથી કલ્યાણ થશે. અરે, પ્રભુ ! શુભભાવ, અહીં તો શુભભાવ રાગ, રંગને ભેદ ત્રણેય પુદ્ગલની સાથે ( તાદાત્મ્ય ) સંબંધ છે ( એમ ) કહ્યું છે. નહીંતર તો આત્મા રૂપી થઈ જશે. ( આત્મા ) રંગરૂપ થઈ જાય ને રાગરૂપ થઈ જાય ને ભેદરૂપ થઈ જાય ને તો એ તો રૂપી થઈ જાય. ( શ્રોતાઃ– કથંચિત્ શબ્દનો પ્રયોગ કેમ ન કર્યો સાહેબ ! ) કથંચિત્ નહીં, બિલકુલ નહીં. અજ્ઞાન અવસ્થામાં તો ( એ ત્રણેભાવો ) પોતાના ( આત્માના ) છે એવું માને, પણ ( આત્મ ) વસ્તુમાં એ ( ભાવો ) છે નહીં. આહાહાહા !

પણ વસ્તુના સ્વરૂપની દૃષ્ટિથી એ અજ્ઞાન અવસ્થામાં જે માન્યું છે તે પણ પુદ્ગલનું છે. અજ્ઞાન અવસ્થામાં મારા છે, કર્તા હું ( છું ) એમ માને. સ્યાદવાદ્નો અર્થ એવો નથી કે આમ પણ છે ને આમ પણ છે. સ્યાદવાદ્ની અપેક્ષા પર્યાયમાં, એમાં છે એ અપેક્ષાથી, એક પર્યાય દૃષ્ટિથી માનવું પણ સ્વભાવની દૃષ્ટિથી એ છે રૂપી, તો પોતાનું તાદાત્મ્ય છે સ્વભાવની સાથે, તો એનું તાદાત્મ્ય છે નહીં, એમ છે. આકરો માર્ગ બાપા ! આહાહાહા ! ચૈતન્ય પ્રકાશનું પૂર પ્રભુ એને અહીં અરૂપી કહ્યો, અને રંગ–રાગને ભેદ એને રૂપી કહ્યા. તો રૂપી લક્ષણ તો પુદ્ગલનું છે, એ લક્ષણ આત્મામાં લગાવી દે તો આત્મા રૂપી થઈ જાય પુદ્ગલ થઈ જાય, ( તો તો ) જીવ ભિન્ન રહ્યો નહીં.

ચૈતન્યના પ્રકાશનો પૂર પ્રભુ, આહાહા ! એનેય એની સાથે જે રંગ–રાગને ભેદનો તાદાત્મ્ય સંબંધ અવસ્થામાં ( સંસાર અવસ્થામાં ) માની લે તો પણ આત્મા, રૂપી થઈ જાય–રૂપી તો પુદ્ગલનું લક્ષણ છે. કઈ દૃષ્ટિએ, આ જીવતત્ત્વનું વર્ણન છે અહીંયા–એકલું જીવતત્ત્વ ! એમાં રાગ આદિ અજીવ તત્ત્વનો સંબંધ છોડવો, એ સંબંધ તારો છે જ નહીં. સમજાણું કાંઈ. ? હવે આ વાત ( વાદવિવાદે ) ક્યાં પાર પડે ? ( શ્રોતાઃ– આત્મામાં જાય તો પાર પડે ! )

વાદવિવાદ કરે તો ! ભાઈએ કીધું ને ! કે કથંચિત્ કરો, કથંચિત્‌નો અર્થ છે, પર્યાયમાં એવું પર્યાયદૃષ્ટિએ છે એ કથંચિત્ પણ સ્વભાવદૃષ્ટિએ એમાં ( આત્મામાં ) એ ( ભાવો ) છે નહીં. અહીં તો ત્રિકાળી જ્ઞાયક સ્વભાવનું પૂર પ્રભુ. સમજાણું કાંઈ ? એમાં એ રાગ, રંગને ભેદ ત્રણેય નથી. રંગ, રાગને ભેદનો તો પુદ્‌ગલની સાથે સંબંધ લઈ લીધો છે. એવો જ જે પુદ્‌ગલની સાથે સંબંધ છે એવો જ આત્માની સાથે સંબંધ થઈ જાય તો આત્મા રૂપી થઈ જાય ! જીવનો અભાવ થઈ જાય, આવી વાત છે. ઓહોહો ! પહેલેથી ઉપાડયું છે ને ઈ-વર્ણ, રસ, ગંધ, સ્પર્શ આદિ, રાગાદિ ને ભેદ- રંગ, રાગ ને ભેદથી ભિન્ન ! એ આવે છે હુકમચંદજીનું શું કહેવાય એ ? 'જ્ઞાનાનંદ સ્વભાવી' ( એ પદ ) હા, ઈ એમાં નાખ્યું છે ( કહ્યું છે ) રંગ, રાગને ભેદ થી ભિન્ન ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ માળાએ સારું નાખ્યું છે હુકમચંદજીએ એમાં ટૂંકું બહુ સરસ નાખ્યું છે. ઈ આમાંથી ઈ નાખ્યું ( કહ્યું ) રંગ, વર્ણથી ઉપાડયું, રાગ-શુભાશુભ ભાવથી ઉપાડયું, ગુણસ્થાન આદિથી ઉપાડયું, ભેદ-નિવૃત્તિ કર્મની નિવૃત્તિ લબ્ધિસ્થાન એ ભેદ છે. ( આહા ! ) રંગ, રાગ અને ભેદથી નિરાળા પ્રભુ ( આત્મા ) છે. અરે રે ! આવું ક્યારે સાંભળે ! આવા ઝઘડા કરતા આ તો દેશસેવા કરો, કલ્યાણ થઈ જશે, કોની દેશની સેવા ? તારો દેશ તો અરૂપી ( જ્ઞાયકભાવ ) તારો દેશ તો, રૂપી ( જે ) રંગ, રાગને ભેદથી ભિન્ન, કોનાથી ભિન્ન ? રૂપીથી ભિન્ન તારો દેશ છે. ભગવાન આત્માનો દેશ અસંખ્ય પ્રદેશી અને અભેદ, એ તારા દેશમાં તો રંગ, રાગને ભેદનો અભાવ છે. ઓહોહો !

રૂપિત્વથી લક્ષિત પુદ્‌ગલદ્રવ્ય છે. રૂપીનું લક્ષણ તો પુદ્‌ગલદ્રવ્ય. રાગ પણ રૂપી છે, ભેદ પણ રૂપી છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ એ તો રૂપી ( છે જ પણ ) શુભ-અશુભ રાગ રૂપી ( ને ) ગુણસ્થાન, જીવસ્થાન, માર્ગણાસ્થાન રૂપી અને ભેદ છે એ પણ રૂપી. પર્યાયમાં ભેદ લખાય છે, એ ત્રિકાળી અભેદમાં નથી, એ અપેક્ષાએ ત્રિકાળીને અરૂપી કહ્યો, ત્યારે ભેદને રૂપી કહ્યાં. હવે અહીંયા હજી રાગથી જુદું માનતા નથી. અહીં તો કહે છે ભેદથી પણ ( આત્મદ્રવ્ય ) ભિન્ન. છે ? નિવૃત્તિ-કર્મની નિવૃત્તિ થતાં થતાં જે સંયમલબ્ધિ પ્રાપ્ત થાય એનેય ભેદમાં ને અહીંયા તો રૂપીમાં નાખી દીધા છે.

આહા ! એક કોર એમ કહેવું કે ભાઈ આ જ્ઞાનનો-ક્ષયોપશમનો અંશ છે, એ પોતે તો નિરાવરણને અંશ છે શુદ્ધ છે, એ શુદ્ધ વધી વધીને કેવળ થાય એમ કહે છે, એક બાજુ ઈ કઈ અપેક્ષાએ, એ તો અંશ છે એ ચોખ્ખું છે એ અપેક્ષાએ, પણ અહીંયા તો જે અંશ, ભેદ છે. એ તો પર્યાયની નયથી કહી વાત, પણ ત્રિકાળી જ્ઞાયકના નૂરમાં-પૂરમાં-તેજમાં એ અંબાર રાગઆદિનો અંબાર, એમાં છે જ નહીં, - અને ( જો ) હોય તો નીકળે નહીં, વીતરાગ માર્ગ અલૌકિક ભાઈ ! એમાં જૈનદર્શન- સમયસાર !! આહાહાહા !

પ્રવચનસારમાં એમ કહે કે જ્ઞાની ગણધર હોય એને પણ રાગનું પરિણમન છે માટે એનો કર્તા ઈ છે. ( અહીંયા ) એને રૂપીને પુદ્‌ગલ કહ્યો. એય ! એ જ્ઞાનની પ્રધાનતામાં જ્ઞાનનો સ્વભાવ સ્વ-પર બધું જાણવું ( છે ) એથી એની અપેક્ષા લઈને ત્યાં કહ્યું, આહીં તો કહ્યું કે રાગ છે એ રૂપી છે, ભેદ છે એ રૂપી છે એને જો આત્માના કહીશ ( માનીશ ) તો આત્મા અચેતન ને રૂપી થઈ જશે. કઈ અપેક્ષાએ કથન ( છે તે યથાર્થ સમજવું ) ભેદનું કથન આવ્યું નથી ? ( આવ્યું

છે ) ૧૧ મી ગાથા, એક તો ભેદની –વ્યવહારની શ્રધ્ધા છે જીવોને, ભેદની ને વ્યવહારની પરસ્પર પ્રરૂપણા પણ કરે છે અને ભેદનું–વ્યવહારનું કથન જૈન–દર્શનમાં વીતરાગે પણ કર્યું–ઘણું કર્યું છે, પણ એ ત્રણેયનું ફળ સંસાર છે. ગજબ વાત છે ! આહાહાહા !

આ વાત ( અભિપ્રાય ) ફેરવવો ભગવાન ! સમજાણું કાંઈ. ?

અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ, આનંદ સ્વરૂપ પ્રભુ તેની દૃષ્ટિમાં આ ભાવ–બધાભાવ, રંગ, રાગને રૂપીને ભેદરૂપી અને પુદ્‌ગલના લક્ષણ કીધા. આવું છે. કાંઈ વાદવિવાદે પાર પડે એવું નથી. ( કહે છે ) ભેદનું હસ્તાવલંબ જાણી, શાસ્ત્રમાં પણ ઘણું કથન આવે, ઘણું કથન, બહુ કથન આવે ! હવે આ વાત કરવા જાય ને એ સામે ( વ્યવહારની વાત ) ચર્ચામાં મૂકે ! ભાઈ એ તો પર્યાયનયે અંદર રાગાદિ છે એ જણાવ્યું, પણ એના ( આત્માના ) સ્વરૂપમાં નથી એવી દૃષ્ટિ કરવી છે અભેદમાં ! અને અભેદદૃષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન નહીં થાય, એ દૃષ્ટિ વિના સમ્યગ્દર્શન થતું નથી.

આહાહા ! સમ્યગ્દર્શન, ત્રિકાળી ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવી પ્રભુ એકરૂપી ત્રિકાળીસ્વભાવ, એનો સ્વીકાર સત્યનો, એ સત્યના સ્વીકારમાં, પર્યાયનો સ્વીકાર નહીં, એટલે ભેદનો સ્વીકાર નહીં–રાગનો સ્વીકાર નહીં– નિમિત્તનો સ્વીકાર નહીં ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આવી વાતું હવે ! અરે ! આહાહાહા !

એને એકાંત કહીને લોકો તરછોડી દે છે, આ રે ! પ્રભુ આવી તારી અભેદ ચીજમાં એ ( ભેદ ) છે નહીં, તો ( જે જેમાં ) નથી એનો નકાર કરવો એ તો યર્થાથતા છે. એ તો શ્લોકમાં આવ્યું ને ! કે ભેદજ્ઞાન થયા પહેલાં રાગનો કર્તા માનો અજ્ઞાનભાવમાં ! છે ને ? કળશ ? કઈ અપેક્ષા છે ( સમજવું જોઈએ ) પણ ભેદ, જ્ઞાન થતા તારી ચીજમાં ( આત્મામાં ) છે નહીં. આવી વાત છે. આકરું પડે ને મોંઘું પડે ( તેથી કરીને ) કાંઈ બીજી રીતે પલટી નખાય એને ? આનો અભ્યાસ કરવો જોઈએ પ્રભુ. અંદર ઝળહળ જ્યોતિ ચૈતન્ય ( અભેદ બિરાજે છે. )

( સવારે ) પાંચના પહેલે, પોણા પાંચે એક સ્વપ્નું આવ્યું જરી 'ક, ત્યાં એક છોકરો ગૃહસ્થનો મોટો, ગૃહસ્થનો મોટો, ગૃહસ્થના ઘરે ઊતરેલા–મોટા–પૈસાવાળા કો 'ક હતા, છોકરો નાનો, કીધુંઃ બાપુ જે આ આત્મા અંદર ચૈતન્ય પ્રકાશનું નૂર એ આત્મા હો ? આજ પાંચ વાગ્યે અંદર ચૈતન્યનો પ્રકાશ ભગવાન તે આત્મા છે બાપુ ! ( છોકરો ) દશ, બાર વરસનો કોઈ ગૃહસ્થનો હતો કીધું. આ શરીર–ફરીર નહિ હોં તું... બાળક હતો કીધુંઃ ભાઈ ! બાપુ. બાપા ! જે આ શરીર છે ને એ ( તું ) નહીં, અંદર ચૈતન્યનો પ્રકાશનું નૂર એ આત્મા છે. ગમે ઈ કો 'ક આવી ગયું હોય, કોઈક હતો ગૃહસ્થનો ત્યાં ઊતરેલા મોટા પૈસાવાળાનો ઈ છોકરો, આવ્યો ભાઈ ! અંદર ચૈતન્યના પ્રકાશનું નૂર છે– જાણે છે– જાણનાર.. જાણનાર.. જાણનાર ચૈતન્ય તે આત્મા છે. ( દેહ–શરીર ) આ તો માટી ધૂળ છે.

આંહી તો રાગને પણ રૂપી અને પુદ્‌ગલ કહી દીધું, અહીં તો ભેદને પણ રૂપીને અજીવને પુદ્‌ગલ –રૂપી, અજીવ, અચેતન ને રૂપી–પુદ્‌ગલ ( કીધા છે ) ભાઈ ! આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ ( તીર્થંકર ) પરમેશ્વર, સત્યની વાતને પ્રસિદ્ધ કરે છે. આત્મા પ્રસિદ્ધ ક્યારે થાય ? કે તે રૂપી, ભેદને, અચૈતન્ય રાગથી ભિન્ન પડીને, અભેદની દૃષ્ટિ કરે ત્યારે પ્રસિદ્ધ થાય ! આહાહાહા !

નહીંતર તો રંગ, રાગ અને ભેદ, ત્રણેને અચેતન કહ્યા, અજીવ કહ્યા, રૂપી કહ્યા, અને પુદ્ગલ કહ્યા ! અરે રે પુદ્ગલદ્રવ્ય જ છે. રૂપીત્વથી લક્ષિત તો પુદ્ગલ દ્રવ્યજ છે. પુદ્ગલદ્રવ્ય જ છે એમ કહ્યું દેખો ! હવે એ રાગ, ભેદને રંગ પુદ્ગલદ્રવ્યજ છે. છે ને ? સામે પુસ્તક છે. ( શ્રોતાઃ- એકાંત થઈ ગયું ! ) સમ્યક્ એકાંત છે ઈ-સમ્યક્એકાંત છે એ. રાત્રે પ્રશ્ન હતો ને ? સમ્યક્ એકાંત આવું છે, ત્યારે પર્યાયમાં રાગ અને અલ્પતા છે એનું જ્ઞાન થાય છે, એનું નામ અનેકાન્ત છે, પર્યાયમાં છે એવું જાણે છે નયના અધિકારમાં આવ્યું ને ! આવો માર્ગ ! સાંભળવામાં ઝીણો પડે ! વસ્તુ તો આ રીતે છે અંદર.

જેના-ચૈતન્યના પ્રકાશમાં, ભેદ ને રાગનો ક્યાં સંભવ છે ? રૂપીની વર્ણની તો વાત શું કરવી ? રાગ અને ભેદનો પણ ત્યાં અવકાશ ક્યાં છે ? અંદર ( શ્રોતાઃ- ભેદવસ્તુમાં કેવીરીતે હોય ) ( એ બધું ) પરમાં-પરમાં, અત્યારે જ્યારે એ અભેદના નથી માટે ભેદ ( આદિ ) પરમાં એમ લઈ લીધું. રૂપી લઈ લીધું-પુદ્ગલમાં લઈ લીધું-અચેતન કીધું ! આવી વાત છે ! ચોરાશીના અવતાર ઊતરી ગયા એમાંથી ( આત્મામાંથી ) જનમ-મરણ રહ્યા નહીં ત્યાં, કેમ કે રાગ-રંગ અને ભેદ પુદ્ગલમાં નાખી દીધા, પોતાના સ્વભાવમાં નથી, ( એવા ) પોતાના સ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ, ભવનો અંત થઈ ગયો. જનમ-મરણનાં અવતાર અનંત તે બંધ થઈ ગયા ! એ રાગ અને ભેદને પોતાના માનતો હતો, ત્યાં સુધી મિથ્યાત્વ હતું. અને ત્યાં સુધી, અનંત અનંત સંસારમાં રુલવાની ( રખડવાની ) એમાં ( મિથ્યાત્વમાં ) શક્તિ હતી ( પરંતુ ) જ્યારે આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, અભેદપ્રભુ આત્મા છે, એમા રંગ, રાગને ભેદ નથી, એને અચેતન - અજીવમાં નાખી દીધા, તો મારામાં ( નિજાત્મામાં ) છે જ નહીં, છે તો મારું સ્વરૂપ અભેદ છે. એવી જ્યાં દૃષ્ટિ થઈ, સંસારનો અભાવ થઈ ગયો ! આવી સમ્યગ્દૃષ્ટિની કિંમત છે. એની તો ખબર ન મળે ને બાહ્ય ત્યાગ કર્યા ને આ કર્યાંને ત્યાગી થયાને ! લોકો ય બચારા એ બાહ્યમાં પડયા છે ! શું કરે એ લોકો ? અંતરમાં આવા ભેદ, રંગ ને પણ જ્યાં ત્યાગ છે અને અભેદનું ગ્રહણ ( આશ્રય ) છે. એની કિંમત ન મળે ! છે ? બીજો પુરૂષાર્થ છે ( લોકોને તો ) શું થયું ? અંતર અભેદમાં રહેવું એ પુરૂષાર્થ છે. ( આહા ! ) એ જ પુરૂષાર્થ છે. અભેદ ( આત્મા ) જે દૃષ્ટિમાં આવ્યો ને એમાં લીન ( એકાગ્ર ) વિશેષ થવું એ ચારિત્ર છે. પણ પહેલાં સમ્યગ્દર્શનમાં શું છે, એની ખબર નથી ને ચારિત્ર તો ક્યાંથી થાય ? ( આવો અભેદાત્મા ) પ્રભુ ! ખ્યાલમાં લેવો બહુ કઠણ છે. અંદર જ્ઞાનપ્રકાશનું પૂર- ચૈતન્યની ઝળહળ જ્યોતિ ધ્રુવ-અભેદ, એવી દૃષ્ટિ કરવાથી, ભેદને રંગને રાગ એ જુદા પડી જાય છે. એની ( આત્માની ) પર્યાયમાં પણ હોતા નથી. સમ્યગ્દર્શનની પર્યાયમાં પણ ( એ ત્રણે ) આવતા નથી. આહાહા !

સમ્યગ્દર્શનની પર્યાયમાં તો ત્રિકાળી અભેદ ( આત્મા ) આવ્યો, એ સમ્યગ્દર્શનની પર્યાયમાં ભેદ, રંગને રાગ આવતા નથી પ્રભુ ! ( ત્યાગ થઈ ગયો ) આ કેવડો ( કેટલો ) ત્યાગ છે ? એવા ત્યાગની કિંમત નહી ! દેવાનુંપ્રિયા ? અને બહારથી લૂગડા ફેરવ્યાં ને આ કર્યુ-કંઈક કરે, નગ્ન થઈ ગયા ! કાંઈ ધુળેય નથી, બહારના ત્યાગ-ગ્રહણ આત્માના સ્વરૂપમાં છે જ નહીંને ! છે ? વિકારનો ત્યાગ એ પણ સ્વરૂપમાં નથી, ( એતો ) જ્યાં સ્વરૂપની દૃષ્ટિ થાય છે એમાં ( આત્મામાં ) સ્થિરતા ( એકાગ્રતા ) થતાં, વિકાર ઉત્પન્ન જ થતો નથી તો એણે ( રાગનો )

ત્યાગ કર્યો, એવું નામમાત્રથી કથન છે. કેમ કે જ્ઞાયકસ્વભાવ વિકારરૂપ થયો જ નથી, તો ત્યાગ કરવાનું ક્યાં રહે છે ત્યાં ? ( સમયસાર ) ૩૪ ગાથામાં આવે છે કે આ જ્ઞાન ( સ્વરૂપ ) આત્મા, રાગરૂપ થયો જ નથી, ( રાગરૂપ ) થયો જ નથી તો રાગનો ત્યાગ શી રીતે કરે ? આહાહા !

( આહા ! ) પોતાના જ્ઞાયકસ્વભાવમાં જ્યાં દૃષ્ટિ થઈ અને એમાં જ્યાં સ્થિર થયો તો એ રાગરૂપ થયો જ નહીં ને રાગ ( ઉત્પન્ન ) જ ન થયો, તો રાગનો ત્યાગ શી રીતે થયો ? એય ! આવી વાતું છે. ન્યાં સમજાય એવું નથી ન્યાં ઘરે ન્યાં ! આજ જવાના છે ! એક એક લીટી અલૌકિક છે. આહાહા ! સમજાણું કાંઈ. ?

એ પ્રકારે પુદ્ગલદ્રવ્ય જ સ્વયં જીવ છે એમ થઈ ગયું– જો રાગ, રંગને ભેદને જીવની સાથે તાદાત્મ્ય માનો, પુદ્ગલની સાથે ( તાદાત્મ્ય ) છે એમ જીવની સાથે માનો તો પુદ્ગલ દ્રવ્ય જ સ્વયં જીવ છે, ( એમ થયું ! ) ગજબ વાત છે ને ! ભેદ અને રાગ ને રંગ, એ પુદ્ગલના લક્ષણ છે. રૂપી છે– અજીવ છે–અચેતન છે–જડ છે, એને જો આત્મામાં જોડી દે તો આત્મા જડ થઈ જશે– આત્મા પુદ્ગલ થઈ જશે. અભેદ ભગવાન આત્મા, ભેદરૂપ થઈ ગયો ! આત્મા પુદ્ગલ થઈ ગયો, અભેદ ભગવાન ( આત્મા ) ભેદરૂપ થઈ ગયો ! આહાહાહા ! આ સમયસાર ! જેના પેટ ઉંડા બહું !! આહાહા !

એનાથી અતિરિક્ત બીજો કોઈ જીવ નથી, કેમ કે રાગ, ભેદને રંગ ને કેમ કે જ્યાં આત્માની સાથે તાદાત્મ્ય ( સંબંધે ) લીધા, તો પુદ્ગલ જ જીવ થઈ ગયો, જીવ તો ભિન્ન રહ્યો નહીં. ઝીણી વાત છે ભાઈ ! આ કાંઈ સાધારણ ગાથા નથી. આહાહાહા ! ભગવાન ચૈતન્યસ્વરૂપ પ્રભુ, એકલો ચૈતન્યરસ, સ્વપરપ્રકાશક સ્વભાવનો પિંડ ! ત્રિકાળી હો, પર્યાયમાં એ છે એ વાત નહીં, એવો ( અભેદ ) ભગવાન આત્મા છે. એમા ભેદ, રંગને રાગ છે જ નહીં, અને ભેદ, રંગ ને રાગ ( તો ) પુદ્ગલના અહીં કહ્યાં–રૂપી કહ્યો, એ–રૂપ આત્મા જો થઈ જાય તો આત્મા પુદ્ગલને રૂપી થઈ ગયો.

( આહાહા ! ) આત્મા જે ભિન્ન–અરૂપી આનંદકંદ છે ( એ તો રંગ, રાગ, ભેદરૂપ હો ) તો જીવ રહ્યો નહીં. ધીરાના કામ છે ભાઈ ! કાંઈ ઉતાવળે આંબા પાકી જાય એવી ચીજ નથી આ. આહાહાહા ! અને સર્વોત્કૃષ્ટ વસ્તુ જ તું છે, આવ્યું'તું ને કાલે. આતમ પદાર્થ મહાપ્રભુ ! સર્વોત્કૃષ્ટ જગતમાં જે સાર ( રૂપ ) છે તે તું જ છે. એવા આત્મામાં જો રાગને ભેદ અને રંગ લગાવી દે ( જોડી દે ) ( તેથી તો ) ભગવાન આત્મા, રૂપી અને અચેતન થઈ જાય, જીવપણું રહે નહીં. અરે રે ! એ પ્રકારે પુદ્ગલદ્રવ્ય જ સ્વયં જીવ છે. પરંતુ એનાથી અતિરિકત( જુદો ) બીજો કોઈ જીવ નથી રહેતો. એવું થવાથી–આમ થતાં મોક્ષઅવસ્થામાં –હવે મોક્ષમાં, મોક્ષઅવસ્થામાં પણ પુદ્ગલદ્રવ્ય જ પોતે જીવ ( ઠરે ) છે. ત્યાં ( મોક્ષમાં ) પણ પુદ્ગલ રહ્યાં ત્યાં, કારણકે પુદ્ગલની સાથે– રંગની સાથે ( ભેદની સાથે ) અભેદ ( જીવ ) હતો, એને તું જીવ કહે છે તો મોક્ષ થયો ત્યાં પણ એ પુદ્ગલ રહ્યાં, જીવ તો ભિન્ન રહ્યો નહીં.

આ સંસાર અવસ્થામાં પણ જો રૂપીત્વ જે પુદ્ગલનું લક્ષણ છે ( એ ) તારામાં ( આત્મામાં ) આવી જાય, તો એ આત્માનો મોક્ષ ( થાય ત્યારે ) મોક્ષમાં પણ એ ( રંગ, રાગને ભેદ ) આવે છે સાથે–સાથે, કારણકે ( તેઓ ) તાદાત્મ્ય છે તો ( જીવ તો ) ભિન્ન રહેતો નથી. હવે જેમ

અત્યારે પુદ્‌ગલ થયા એવી રીતે મોક્ષ થયો તો પુદ્‌ગલ ત્યાં ગયાં ત્યાં. આહાહાહા ! અહીં મોક્ષ ( અવસ્થા ) કેમ કહી ? કે અહીં ( અત્યારે ) સંસાર અવસ્થામાં એ રૂપી, રંગ, રાગને ભેદને પોતાના માને તો એનો જે તાદાત્મ્ય સંબંધ ( માને ) તો એ તો આગળ જતા-ત્યાં મોક્ષ જતાં પણ તાદાત્મ્ય સંબંધ ( તેમનો ) રહેશે, તો પુદ્‌ગલ જ ત્યાં રહેશે, ત્યાં આત્મા ( જીવ ) રહેશે નહીં. અહીં તો અવસ્થાનો વિચાર છે ને ! મોક્ષની અવસ્થા એટલે ? ઈ આંહી અત્યારે નહીં, અત્યારે તો સંસાર અવસ્થામાં પણ રાગ, રંગને ભેદ જે પુદ્‌ગલ લક્ષણ છે એને આત્મામાં લગાવી દે ( તાદાત્મ્ય સંબંધે ) સંસાર અવસ્થામાં, તો તેઓ મોક્ષ અવસ્થા પ્રગટ કરે તેનો મોક્ષ થાય છે. તો એ અવસ્થા પ્રગટ કરે ત્યારે મોક્ષ થાય છે એ તો ત્યાં-ત્યાં રહી ગયા, એ સ્થિતિમાં એમ સંસારઅવસ્થામાં જ્યાં તાદાત્મ્ય છે તો આગળ જતા પણ તાદાત્મ્ય ત્યાં રહેશે જ. આ સંસારઅવસ્થા અને મોક્ષ અવસ્થા બેની અપેક્ષાએ વાત લેવી છે. તદ્‌ન મોક્ષઅવસ્થા નિર્મળ એ આંહી વાત નહીં. ન સમજવી.

આંહી તો તું કહે કે સંસારદશામાં -અવસ્થામાં, દ્રવ્ય-ગુણમાં તો નહીં ભલે ! પણ સંસારની મલિન અવસ્થામાં એ આત્મા રંગને રાગને ભેદથી તન્મય છે, તો તો તન્મયપણા ( રંગ-રાગ-ભેદનું ) તો એ પુદ્‌ગલનાં લક્ષણ છે. ( જો એમ માન તો ) સંસાર અવસ્થામાં આત્મા, રૂપી-પુદ્‌ગલ થઈ ગયો ! અને સંસાર અવસ્થા પલટીને જ્યારે તું એમ કહે છે મોક્ષ થશે, તો મોક્ષ એનો થશે તો ત્યાં પણ પુદ્‌ગલ જ રહેશે. એમ કહે છે. સમજાણું કાંઈ. ? આ તો બે અવસ્થાની અપેક્ષાએ વાત છે. હોં ? મોક્ષ નિર્મળ અવસ્થા એ અત્યારે અહીં વાત નથી.

આહાહા ! શું કહે છે ? અહીં તો બે અવસ્થાની સાથે ( સરખામણી ) મિલાન કરી ( કહ્યું ) છે. કે એક આ અવસ્થામાં પણ જો રાગ-રંગને ભેદ તારો છે- તન્મય તાદાત્મ્ય લક્ષણે તો તે રૂપી થઈ ગયો ( આત્મા ) હવે તું એમ કહે છે ( માને છે ) કે આ ( સંસાર ) અવસ્થામાં એકમેક ( આત્મા એ ભેદથી ) છે એમ બીજી મોક્ષ અવસ્થા થશે ત્યાં પણ એકમેક ( તદ્‌રૂપ આત્મા ) રહેશે. મોક્ષ -અહીંયા નિર્મળ એ અત્યારે વાત નથી. આહાહા ! સમજાણું કાંઈ ? શું આચાર્યે ગજબ કામ કર્યાં છે ને ! દિગમ્બર સંતોએ, કેવળજ્ઞાનીના બધા કક્કા ઘુંટાવ્યા છે. 'ક' એટલે આત્મા થાય છે હો ! 'ક' 'ક' 'ક' એટલે આત્મા, આ આત્મા ! એ જો રાગ અને રંગ સાથે ( ભેદ સાથે ) એ અભેદ થઈ જાય તો આત્મા રહે નહીં ! આહાહાહા ! તેથી અન્ય ( ભિન્ન ) કોઈ જીવ સિદ્ધ થશે નહીં. એ તો જો કોઈ સંસાર અવસ્થામાં પણ-દશામાં-અવસ્થામાં પણ વિકાર અવસ્થામાં પણ વિકાર-રંગ, રાગને ભેદ જીવના ત્રિકાળ સાથે ( તાદાત્મ્ય ) માની લે તો આત્મા અત્યારે અહીંયા રૂપી થઈ ગયો ! અને એ આત્મા આગળ જ્યાં જાય, ત્યાં રૂપીને રૂપી રહેશે. મોક્ષ-નિર્મળ થઈ જાય એ પ્રશ્ન અત્યારે નથી. સમજાણું કાંઈ ?

તારો આત્મા સંસાર અવસ્થામાં, ભેદ-રંગને રાગરૂપ, એ આત્મા રહ્યો ! તો આત્મા રૂપી થયો અને એ જ રૂપીપણું એમાં તાદાત્મ્ય છે તો આગળ તાદાત્મ્યપણું-રૂપીપણું રહેશે, ત્યાં ! સમજાણું કાંઈ ? તારી મોક્ષદશા પણ આ રૂપીની થઈ ગઈ. આહાહા ! સમજાણું કાંઈ ? મોક્ષ એટલે આ નિર્મળ મોક્ષ અવસ્થા ઈ આંહી પ્રશ્ન નથી. અહીંયા તો આ બે અવસ્થાઓની સાથે મિલાન ( સરખામણી ) કરવી છે.

કે ત્રિકાળી દ્રવ્ય-ગુણમાં તો છે નહીં, પણ સંસાર અવસ્થામાં તું રૂપીપણું- રાગ, રંગને પોતાના માને તો તો આત્મા વર્તમાન રૂપી થયો, ભિન્ન તો રહ્યો નહીં. તો એ જ રૂપી આગળ જતા પણ રૂપીપણું જ રહેશે, ત્યાં અરૂપી આત્મા, ભિન્ન તો રહ્યો નહીં, આ તો અવસ્થા, બે અવસ્થાની અપેક્ષાએ વાત કરી છે. સમજાણું કાંઈ.... ? હવે આવો ઉપદેશ, હવે ( એને ) પકડતા વાર લાગે એવો ઉપદેશ ભાઈ ! માર્ગ આવો છે. આહાહા !

વસ્તુમાં તો છે નહીં, દ્રવ્ય-ગુણમાં તો છે નહીં ભલે ! એમ તું કહે છે પણ પર્યાયમાં તો છે ને રાગને રંગ ને ભેદ, સંસારદશામાં, તો રાગ ને રંગ સંસાર અવસ્થામાં છે. તો તો ( એમ માનવાથી ) આત્મા રૂપી થયો, ભિન્ન ચૈતન્ય ( અરૂપી ) તો રહ્યો નહીં, ને એ જ મોક્ષમાં જાય છે તો રૂપી ત્યાં રહ્યો ! આત્મા ( અરૂપી ) તો રહ્યો નહીં, પુદ્‌ગલનો મોક્ષ થયો ! પુદ્‌ગલનો મોક્ષ શું ? પુદ્‌ગલ રહ્યું ત્યાં.... ભારે કઠણ વાત, ગજબની વાત છે ! એક એક શ્લોક ! દિગમ્બર સંતો, કેવળજ્ઞાનના કેડાયતો છે, કેવળજ્ઞાનના ( આહા ! ) કેવળજ્ઞાનને ઘુંટાવે છે. કેવળજ્ઞાનના વિરહ ભૂલાવી દીધા છે. એ સર્વજ્ઞપરમાત્માને શું કહેવું હતું એ સંતોએ કહી દીધું, આવી વાત પ્રભુ ક્યાં છે, બીજે તો નથી પણ અત્યારે જૈન સંપ્રદાય નામ ધરાવે છે દિગમ્બર એમાંય આ વાત નથી. ન્યાં તો બસ આ ત્યાગ કરોને વ્રત પાળો, ભક્તિ કરો, ત્યાગ કર્યો ( તેથી ) પંચમહાવ્રત આવી ગયા ને પંચમહાવ્રત એ ધર્મ છે. ને એવા શુભભાવથી સંવર-નિર્જરા થાય છે, લ્યો !

આવ્યું હતું ને હમણાં શ્રુતસાગરનું-શ્રુતસાગર સાધુ છે ને એ દિગમ્બર ! શુભભાવ અનિયતિમાં શુભભાવથી નિર્જરા થાય છે, તો પછી આગળમાં શુભભાવથી નિર્જરા કેમ ન થાય ? અરેરે પ્રભુ ! શું કરે છે ભાઈ ? ( અહીંયા તો ) શુભભાવને પુદ્‌ગલ કહ્યા-રૂપી કહ્યા- અચેતન કહ્યા અજીવ કહ્યા. એનાથી સંવર-નિર્જરા થાય છે ? નિર્જરા થાય છે ? એનાથી ભિન્ન થઈને પોતાના જ્ઞાયક સ્વભાવને દૃષ્ટિમાં લીધો તો જ્ઞાયકરૂપ પરિણતિ થઈ એ સંવર-નિર્જરા છે. આકરી વાત છે. કારતક સુદ-૧૫ ( પુનમ ) વીતી ગઈ, અનંતી વીતી ગઈ ! આહાહા !

ઓહોહો ! ( આચાર્યદેવ ) ટીકા કરતા હશે જ્યારે એની, જે વિકલ્પ આવ્યો છે એ પણ મારો નથી. પુદ્‌ગલની સાથે ( એનો તાદાત્મ્ય ) સંબંધ છે. ટીકાની ક્રિયાનો હું કર્તા નથી. વિકલ્પ આવ્યો તેને પુદ્‌ગલની સાથે સંબંધ છે. અનિયતિમાં મારો સંબંધ છે જ નહીં તો એનાથી ભિન્ન રહીને એને જાણું-જાણવાવાળો છું અને પર્યાયમાં ભેદ પડે છે. મતિ-શ્રુત-અવધિ ને મનઃપર્યય ભેદ આદિ છે એનો હું જાણવાવાળો છું. મારામાં ભેદ નથી. નિમિત્તને જાણવાવાળો ભેદને જાણવાવાળો જેને જાણું એ-રૂપ હું નથી. ભેદને જાણું-રાગને જાણું- નિમિત્તને જાણું, ( પણ ) એ-રૂપ હું નથી. કહો દેવીલાલજી ? આવી વાત છે, તમારે ત્યાં છે સ્થાનકવાસીમાં ? ( શ્રોતાઃ- હિંદુસ્તાનમાં નથી ) સ્થાનકવાસી હતાને પહેલાં, આ તો દૃષ્ટાંત ! દેવાનુંપ્રિયા ! અરે આ ક્યાં હતું ( તત્ત્વ ) ભાઈ ! ભેદજ્ઞાન કરાવવાની કળા ! અલૌકિક આ છે.

આહાહા ! ભેદથી, રંગથી, રાગથી ભિન્ન. અભેદ, અરંગીને અરાગી પ્રભુ, એવા ચૈતન્યદ્રવ્યની દૃષ્ટિ-આવા આત્માની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યક્- યથાર્થ છે પણ રાગ અને એની સાથે આત્મા છે, એવી દૃષ્ટિ કરવી તો એ દૃષ્ટિ મિથ્યાત્વ છે.

( હવે કહે છે ) પરંતુ એનાથી અતિરિક્ત-અન્ય કોઈ જીવ રહ્યો નહીં, કેમ કે સદા પોતાના

સ્વલક્ષણથી લક્ષિત -શું કહે છે ? કે રાગ, રંગને ભેદ જો આત્માના છે તો એ સદા પોતાના સ્વલક્ષણથી લક્ષિત એવું દ્રવ્ય છે- બધી અવસ્થાઓમાં હાનિ ને ઘસારો નથી પામતું ! શું કહે છે ? કે રાગ-ભેદને રંગ પોતાની સાથે ( આત્માની સાથે ) નું લક્ષણ હોય તો, એ લક્ષણ ( આત્માનું ) તો ઘસારો કોઈપણ અવસ્થામાં નથી થતો ને હાનિ નથી પામતું ને ઘસારો નથી થતો, એ તો એવો ને એવો રહે છે. બહુ વાત ફેરવી છે. આહાહાહા ! શું કહે છે ? ભગવાન આત્મા જ્ઞાયકભાવ જે ચૈતન્ય રસકંદ છે, એની સાથે રાગ, ભેદને રંગનું જો તાદાત્મ્ય ( સંબંધ ) માની લે તો દ્રવ્યને લક્ષણથી લક્ષિત થયું અને એ લક્ષણનો કોઈ પણ વખતે ઘસારો ને ઘટાડો ( વધ-ઘટ ) થતા નથી. ( શ્રોતાઃ- સિદ્ધાંત બરાબર છે ) સદા પોતાના સ્વલક્ષણથી લક્ષિત એવું દ્રવ્ય ! વાહ ! ગજબ કરી છે ને વાત. પ્રભુ આત્માને તું રાગવાળો માન, ભેદવાળો માન, રંગવાળો માન તો એ લક્ષણ તો તારા ( આત્મ ) દ્રવ્યનું થયું. તો એ લક્ષણ આવ્યા એ ક્યારેય હાનિ-ઘસારો ને ઘટાડો પામતા નથી. અમૃતચંદ્રાચાર્ય દિગમ્બર સંત, હજાર વર્ષ પહેલાં થયા, આ ટીકા ( રચના થઈ ) અમૃત રેડયા છે.

જેનુ લક્ષણ જે છે ત્રિકાળ, રાગને રંગવાળો આત્મા તારો ( માનીશ ) તો રંગ, રાગને ભેદ તારા આત્માનું લક્ષણ થશે ને ત્રિકાળ રહેશે. કોઈ દિ' હાનિ ને ઘસારો એમાં માનીશ તો આત્મા તારો રહેશે નહીં. વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૩૭ ગાથા- ૬૩ થી ૬૭ તા.૧૬-૧૧-૭૮ ગુરુવાર કારતક વદ-૨

જીવ-અજીવ અધિકાર છે ને ! જીવ અહીં કોને કહેવામાં આવે, એ વાત છે. જીવ તો અનંત અનંત ગુણોથી અભેદ એ જીવ ! એમાં જેટલા રંગ, રાગને ભેદ ( એ ) ત્રણમાં કહી દીધું છે. ભાઈએ લઈ લીધું છે હુકમચંદજી, ( એના કાવ્યમાં કહ્યું ) રંગ ને રાગ ને ભેદથી ભિન્ન, એ આમાંથી ( આ ગાથાઓમાંથી ) કાઢયું. રંગમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શરીર, વાણી, મન, કર્મ એ બધું અને રાગમાં શુભાશુભરાગ એ આવ્યું. અધ્યવસાય વગેરે અને ભેદમાં નિમિત્તના લક્ષે ( જે ) ભેદ પડે છે અંદર, ત્યાં લબ્ધિસ્થાન કીધાં ને ! એ ભેદથી પણ નિરાળી ચીજ છે, જીવ એને કહીએ કે જે ભેદથી ( પણ ) ભિન્ન છે. રાગથી ભિન્ન, રંગથી ભિન્ન ( એ જીવ છે. )

જો એમ માનવામાં આવે કે સંસાર -અવસ્થામાં જીવની સાથે રંગ-રાગાદિ ભેદ સાથે તાદાત્મ્ય સંબંધ છે, એમ કોઈ કહે તો જીવ મૂર્તિક થયો, કેમ ? રંગ, રાગ ને ભેદ બધું મૂર્ત છે. એમ કહે છે અહીંયાં તો ! પુદ્ગલ કહેવા છે ને ! જીવ તો મૂર્તિક થયો અને મૂર્તિકપણું તો પુદ્ગલ દ્રવ્યનું લક્ષણ છે. જો આત્માને ( જીવને ) રંગવાળો, રાગવાળો, ભેદવાળો માનો, તો એ લક્ષણ તો પુદ્ગલનું છે. તો જીવ મૂર્તિક લક્ષણવાળો થયો-તો આત્મા મૂર્તિક થઈ જાય છે. બહુ સૂક્ષ્મ વાત કરી છે. ભેદ પણ મૂર્ત છે એમ કહે છે. રાગ તો ભેદ દયા-દાન-વ્રત આદિનો વિકલ્પ છે. એ તો પુદ્ગલ છે-મૂર્તિક છે રૂપી છે. અજીવ છે. એનાથી જીવ તો ભિન્ન છે. એને જો મૂર્તિક કહો તો મૂર્તિક લક્ષણ તો પુદ્ગલદ્રવ્યનું છે. એટલા માટે જીવદ્રવ્ય પુદ્ગલદ્રવ્ય જ થયું, એનાથી અતિરિક્ત ( ભિન્ન ) કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય રહ્યું નહીં-મૂર્તિકથી ભિન્ન કોઈ અરૂપી-અભેદ-ચૈતન્ય તત્ત્વ

રહ્યું નહીં. આહાહા !

આંહી તો હજી રાગના વિકલ્પો–દયા–દાન, એને પોતાના માને ! અહીં તો ત્યાં સુધી કાલ તો આવ્યું'તું સૂક્ષ્મ ! બેનની વાણીમાં નહીં ? જ્ઞેયનિમગ્ન ! ભાષા જુઓ એમની ! શાસ્ત્રજ્ઞાન એ પરજ્ઞેય છે એ કોઈ વસ્તુ–સ્વજ્ઞેય નથી. એને પણ અહીંયા તો મૂર્ત કહીને પુદ્‌ગલનું લક્ષણ કહ્યું ( છે. ) ભગવાન આત્મા તો અખંડ–અભેદ–જેમાં ગુણભેદેય નહીં, પર્યાય ભેદેય નહીં, રાગને રંગની તો વાતે ય શું કરવી ? કહે છે. એવો, જીવ તો અમૂર્ત પ્રભુ આત્મા ( અભેદાત્મા ) એને ભેદ અને રંગ–રાગવાળો માનવો તો તો રંગ, રાગ, ( ભેદ ) એ તો મૂર્તિકનું સ્વરૂપ છે, પુદ્‌ગલનું લક્ષણ છે, એ તો પુદ્‌ગલ થઈ ગયો આત્મા ! સૂક્ષ્મ, ભાઈરે.... એક બાજુ એમ કહેવું કે રાગ–દ્વેષ આદિ પર્યાય છે પોતાની–જીવમાં છે, નિશ્ચયથી જીવમાં છે એમ કહ્યું 'પ્રવચનસારમાં' એ પર્યાયને સિદ્ધ કરવી છે, જ્ઞેયના આત્માની પર્યાયમાં એની વાત છે, એ ( પર્યાય ) સિદ્ધ કરવા માટે, અહીં તો ત્રિકાળીસ્વભાવ સિદ્ધ કરવો છે. આહાહા ! સમજાણું કાંઈ.. ?

જે દૃષ્ટિનો વિષય જે અભેદ ચૈતન્ય, એ અહીં સિદ્ધ કરવો છે. તેથી તે કારણે જે મૂર્તિક પુદ્‌ગલનું લક્ષણ છે. એ જો જીવમાં આવી જાય તો જીવ તો ચૈતન્યદ્રવ્ય રહ્યું નહીં. મોક્ષ થતાં પણ તે પુદ્‌ગલોનો જ મોક્ષ થયો !

ભેદને રાગ, રંગ એ જો આત્માના થઈ જાય તો તે મૂર્તિક છે, તો તો મોક્ષમાં પણ એ રહ્યાં, આવી વાત છે. અન્ય કોઈ ચૈતન્ય ( સ્વરૂપ ) જીવ ન રહ્યો, આ પ્રકારે સંસાર અને મોક્ષમાં, પુદ્‌ગલથી ભિન્ન એવો કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય ન રહ્યું. ( તેથી ) જીવનો અભાવ થઈ જશે. રાગ, ભેદને રંગ આદિ સંહનન આદિ જો આત્માના છે એમ માનો તો આત્માનો તો અભાવ થઈ જશે !

( આહાહા ! ) આત્મા તો અભેદ ચૈતન્યમૂર્તિ ભગવાન છે, એનો તો અભાવ જ થશે. કેવી વાત કરી જુઓને ! હવે અત્યારે તો એમ કહે કે વ્યવહારનયનો જે રાગાદિ છે એનું આચરણ કરવાથી અનુગ્રહ–આત્માને લાભ થાય છે. ઘણોફેર. ગૌતમ સ્વામીએ પણ વ્યવહારથી એમ કહ્યું છે એમ કહે, પણ એ તો ભેદથી સમજાવ્યું છે. એવુ કહ્યું એથી કરીને, ( એના ) આશ્રયથી લાભ થાય ને ધર્મ થાય એમ કહ્યું છે ? વ્યવહારથી સમજાવ્યું, બીજા ( ન સમજે ) તેને ભેદથી સમજાવ્યું છે. જયધવલમાં ત્યાં ચિહ્‌ન તો પહેલેથી કર્યું છે, તે દિ'વાચ્યું, તે દિ' ત્યાં એક મેં કર્યું છે. એ તો ભેદથી સમજાવ્યા વિના, શિષ્યને સમજણમાં આવતું નથી. એ અપેક્ષાએ ( ભેદથી ) સમજાવ્યો, પણ એ ભેદ છે એ આશ્રય કરવાલાયક છે ને આત્માની ચીજ છે, એવું નથી. ભેદને તો અહીંયા પુદ્‌ગલમાં નાખી દીધા ( કહી દીધા ) આત્મામાં ( સદા ) રહેતા નથી, અભેદ એકલી રહેલી છે ચીજ ( આત્મા ) લોકો કંઈક કંઈક ગરબડમાં અટકી ગયા, કોઈ કાંઈક, કોઈક કાંઈ, કોઈક કાંઈ. આહાહાહા !

ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ, એમા તો રંગ નહીં, રાગ નહીં ને ભેદ નહીં, એને અહીં આત્મા કહે છે અને એવો ( અભેદ ) આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા ! આ પ્રકારે સંસાર– મોક્ષમાં પુદ્‌ગલથી ભિન્ન, એવો કોઈ ચૈતન્યરૂપ જીવ દ્રવ્ય તો ન રહેવાથી, જીવનો અભાવ થઈ જશે–થઈ જાય, થઈ જાય, થઈ જશે એમ નથી કીધું. એટલા માટે માત્ર સંસાર

અવસ્થામાં જ રંગ, રાગને ભેદભાવ જીવના છે, એવું માનવાથી પણ જીવનો અભાવ થઈ જાય છે. ઝીણી વાત બહુ ભાઈ ! આહાહા ! આવો ચૈતન્ય સ્વભાવ, એને પકડવાથી તો સૂક્ષ્મ ઉપયોગ ઘણો થાય છે. સ્થૂળ ઉપયોગથી એ જાણવામાં આવતો નથી. ઘણો સૂક્ષ્મ ( ઉપયોગ થાય ) સૂક્ષ્મ તો ઠીક છે પણ મતિજ્ઞાનનો ઉપયોગ તો આમ બહારમાં, પરમાં જાય છે પણ ઇ નહીં, અહીંયા તો જે ઉપયોગ પોતાને પકડે એ ઉપયોગ સૂક્ષ્મ છે. આહા ! સમજાણું કાંઈ ?

આહાહા ! રંગ ને રાગ ને ભેદ વિનાની ચીજ પ્રભુ, એને પકડનારો ઉપયોગ સૂક્ષ્મ ઘણો છે, એ વિના આત્મા પકડવામાં આવતો નથી. સમ્યગ્દર્શન થાય છે( ત્યારે ) સૂક્ષ્મ ઉપયોગ જ્યારે અંદરમાં જાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહાહા ! એવી વાત છે ભાઈ !

દેહની ક્રિયા, વાણીની ક્રિયા એ તો જડ છે એ જડની ક્રિયા આત્મા કરે છે એમ માનવું તો આત્મા જડ થઈ ગયો ! અને રાગ એ પણ જડ અને અજીવ છે, દયા–દાન–વ્રત–ભક્તિ–પૂજા–જાત્રાના ભાવ રાગ એ તો અજીવ છે, એ અજીવ આત્માનાં થઈ જાય તો આત્મા અજીવ થઈ જાય ! સમજાણું કાંઈ ? એવી રીતે ભેદજ્ઞાનની પર્યાયના ભેદ, દર્શનની પર્યાયના ભેદ, ચારિત્ર પર્યાયના ભેદ એ ભેદ પણ પોતાનું સ્વરૂપ નથી. જો છે તો ભેદ, તો તો કાયમ રહેવાવાળા આત્મામાં ( કાયમ ) રહેશે, તો સિદ્ધમાં તો એ ( ભેદ ) છે નહીં.

( કહે છે ) જો સંસાર–અવસ્થામાં ( રંગ, રાગ, ભેદ ) છે એમ કહો તો સંસાર અવસ્થામાં ભેદ આદિ ( છે તો એ ) પુદ્‌ગલદ્રવ્ય છે, એવુ કહ્યું તો એ ભેદ પુદ્‌ગલ આત્માના છે તો તો એ પુદ્‌ગલસહિત મોક્ષમાં પુદ્‌ગલ રહેશે. ( પુદ્‌ગલનો મોક્ષ થશે. ) આવી વાતું છે, ઝીણી વાત બહુ ભાઈ ! આ તો સાધારણ ભાષા, એ બહુ સાદી ( ભાષામાં ) છે. ઈ ત્રણ શબ્દ ભાઈએ કાઢયા ને ( કહ્યાને ) ઈ આમાંથી ( આ ગાથાઓમાંથી ) કહ્યા છે. રંગ, રાગ ને ભેદથી ભિન્ન–નિરાલા છું. બહુ ક્ષયોપશમ ઘણો છે એનો, ભાઈહુકમચંદજી છતાં આમ માણસ નિર્માન છે ને ! ઘમંડ રહિત ! આહાહાહા !

આત્મા જે છે એને જાણવો એનું ( નામ ) સમ્યગ્દર્શન ! તો એ આત્મા કેવો છે ? હજી તો પ્રથમ સમ્યગ્દર્શનની વાત છે, ધર્મ–ચારિત્ર– ચારિત્ર તો પછી દૂર રહી ગયું. અહીં તો પ્રથમ સમ્યગ્દર્શન થાય છે તો ક્યા પ્રકારથી થાય છે ? કે સમ્યગ્દર્શનનો વિષય અભેદ–ચૈતન્યમાં ભેદ નહીં–રંગ નહીં–રાગ નહીં. રંગ રહિત, રાગ રહિત, ભેદ રહિત ! આહાહાહા ! રંગ સહિત, રાગ સહિત, ભેદ સહિત એ પુદ્‌ગલ છે, ( સહિતને રહિત ) અરે, એને ઘણું ધીરું થવું પડશે ભાઈ ! શાસ્ત્રનું જ્ઞાન છે એ પણ રૂપી છે ખરેખર, એ પુદ્‌ગલ છે એમ કહે છે આંહી તો, એય ? આહાહાહા ! જો પોતાનું જ્ઞાન હોય તો તો સાથે આનંદ આવે છે. આ શાસ્ત્રનું જ્ઞાન તો પુદ્‌ગલ છે–દુઃખ છે.

શાસ્ત્રનું જ્ઞાન, દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વની શ્રદ્ધા, પંચમહાવ્રતનો ( શુભરાગ ), છ કાયની દયા લીધી પણ એનો અર્થ પંચમહાવ્રતના ભાવ બધુંય પુદ્‌ગલ છે. એ ( ભાવો ) જો આત્મા થઈ જાય, તો આત્મા પુદ્‌ગલ થઈ જાય ! બહુ ગજબ વાત કરી છે. યથાર્થ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. ( શ્રોતાઃ– શાસ્ત્રમાં તો આવે છે કે ભગવાન સોના, કંચન વર્ણન ) શાસ્ત્રમાં તો એ આવે છે ( પણ ) એ વસ્તુ નથી માટે એ તો શરીરના વખાણ છે. ત્યાં લીધું છે ( નિશ્ચયસ્તુતિમાં )

એથી એ તો આત્મા ( ની સ્તુતિ ) નથી. રાજાની ઋદ્ધિ આદિના વખાણ થાય, એ રાજાના નહીં– એમ સ્તુતિમાં તો આવ્યું છે, ( નિશ્ચય ) સ્તુતિ–સ્તુતિ આવ્યું ને ! આ જડઇન્દ્રિયો અને ભાવેન્દ્રિયો અને ભગવાનની વાણી ને ભગવાન, એ બધાને ઇન્દ્રિયમાં નાખી દીધા છે. આહાહાહા ! અને વાણીથી જે જ્ઞાન થયું પોતાની પર્યાયમાં, એ પણ ઇન્દ્રિય છે. ગજબ વાત છે ! એ પણ અહીં તો પુદ્ગલ કહી દીધા છે. ભાઈ ? એમ માનવાથી તો જીવનો અભાવ થઈ જાય છે, શાસ્ત્રનું જ્ઞાન એ આત્માનું જ્ઞાન, એમ( માનનારને ) માનવાથી જીવનો અભાવ થઈ જાય છે. આહાહા ! દયા–દાન–વ્રત–ભક્તિના ભાવ એ જીવના ( આત્માના ) ભાવ છે તો ( તેવી માન્યતાથી ) જીવનો અભાવ થઈ જશે. માર્ગણા ( સ્થાન ) લીધું ને ! જ્ઞાન માર્ગણા, દર્શન માર્ગણા, સંયમ માર્ગણા, એવી માર્ગણામાં ( આત્માને ) શોધવાથી, તો પર્યાયમાં છે એ માર્ગણા, ( પરંતુ માર્ગણાના ભેદ ) એ પુદ્ગલ પરિણામ છે. એમ કહે છે. જ્ઞાનના પાંચ ભેદ ત્રણ અજ્ઞાનના એ ( આઠ ) ભેદ ઉપર લક્ષ જશે તો રાગ થશે, એ ( રાગ ) પુદ્ગલની અવસ્થા એમ દર્શન ( ના ભેદ ) સમ્યગ્દર્શન, ક્ષાયિકદર્શન, ઉપશમદર્શન, ક્ષયોપશમ એવા ભેદ એને કહે છે. પુદ્ગલનાં પરિણામ ! આહા ! આ ત્રણમાં રંગ, રાગને ભેદમાં તો ઘણું સમાડી દીધું છે. સંતોની ગંભીર ભાષા, ઘણી ગૂઢ ! ગૂઢ ! આહાહાહા ! યથાર્થ !

આવું '... જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે...' શું કહ્યું ઇ ? આત્મા ચૈતન્યસ્વરૂપ દ્રવ્ય છે, એના તરફનો અનુભવ કરતાં પર્યાયમાં સામાન્યપણું એટલે જ્ઞેયોના આકારના ભેદથી ખંડ થાય છે, તે ખંડ ન થતાં, જ્ઞાનાકારનો જ્ઞાનસ્વભાવ પર્યાયમાં પ્રગટ થાય, તેને જ્ઞાનનો અનુભવ, તેને જૈનશાસન તેને સમકિત અને સમ્યગ્જ્ઞાન કહે છે. આહા...હા... ! આટલું બધું... ! છે ને '... ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે...' જ્ઞાનમાત્રનો અનુભવ કરતાં, સંયોગી ચીજથી લક્ષ છોડી અને અંદર દયા, દાન કે વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ તેનું પણ લક્ષ છોડી, એક સમયની પર્યાયને ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ તરફ ઝુકાવતાં, પર્યાયમાં સામાન્ય જ્ઞાન એટલે કે પર જ્ઞેયના આકારનો મિશ્રભાવ ન આવતાં, એકલો જ્ઞાનનો ભાવ આવે, એને અહીંયા સામાન્ય જ્ઞાન કહે છે. આહા..હા... ! એ સામાન્ય જ્ઞાનનો અનુભવ આવવો એનું નામ જૈનશાસન, જૈનધર્મ, અનુભૂતિ અને મોક્ષમાર્ગની શરૂઆત ત્યારથી થાય છે. સમજાય છે ? ઝીણી વાત છે ! આહા..હા... !

( સમયસાર દોહન – પૂ. ગુરુદેવશ્રીના નાઈરોબીના પ્રવચન પાના નં. ૧૬૯–૧૭૦ )

## ગાથા - ૬૫-૬૬

एवमेतत् स्थितं यद्वर्णादयो भावा न जीव इति-

एक्कं च दोण्णि तिण्णि य चत्तारि य पंच इंदिया जीवा।
बादरपज्जत्तिदरा पयडीओ णामकम्मस्स।।६५।।
एदाहि य णिव्वत्ता जीवट्ठाणा उ करणभूदाहिं।
पयडीहिं पोग्गलमइहिं ताहिं कहं भण्णदे जीवो।।६६।।

एकं वा द्वे त्रीणि च चत्वारि च पञ्चेन्द्रियाणि जीवाः।
बादरपर्याप्तेतराः प्रकृतयो नामकर्मणः।। ६५।।
एताभिश्च निर्वृत्तानि जीवस्थानानि करणभूताभिः।
प्रकृतिभिः पुद्गलमयीभिस्ताभिः कथं भण्यते जीवः।।६६।।

निश्चयतः कर्मकरणयोरभिन्नत्वात् यद्येन क्रियते तत्तदेवेति कृत्वा, यथा कनकपत्रं कनकेन क्रियमाणं कनकमेव, न त्वन्यत्, तथा जीवस्थानानि बादरसूक्ष्मैकेन्द्रियद्वित्रिचतुःपञ्चेन्द्रियपर्याप्तापर्याप्ताभिधानाभिः पुद्गलमयीभिः नामकर्मप्रकृतिभिः क्रियमाणानि पुद्गल एव, न तु जीवः। नामकर्मप्रकृतीनां पुद्गलमयत्वं चागमप्रसिद्धं दृश्यमानशरीरादिमूर्तकार्यानुमेयं च। एवं गन्धरसस्पर्शरूपशरीरसंस्थानसंहननान्यपि पुद्गलमयनामकर्मप्रकृतिनिर्वृत्तत्वे सति तदव्यतिरेकाज्जीवस्थानैरेवोक्तानि। ततो न वर्णादयो जीव इति निश्चयसिद्धान्तः।

આ રીતે એ સિદ્ધ થયું કે વર્ણાદિક ભાવો જીવ નથી, એમ હવે કહે છેઃ-

જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર્-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને
પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫.
પ્રકૃતિ આ પુદ્‌ગલમયી થકી કરણરૂપ થતાં અરે,
રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે ? ૬૬.

ગાથાર્થઃ- [ एकं वा ] એકેંદ્રિય, [ द्वे ] દ્વીંદ્રિય, [ त्रीणि च ] ત્રીંદ્રિય, [ चत्वारि च ] ચતુરિંદ્રિય, [ पञ्चेन्द्रियाणि ] પંચેંદ્રિય, [ बादरपर्याप्तेतराः ] બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત અને અપર્યાપ્ત [ जीवाः ] જીવો-એ [ नामकर्मणः ] નામકર્મની [ प्रकृतयः ] પ્રકૃતિઓ છે; [ एताभिः च ] આ [ प्रकृतिभिः ] પ્રકૃતિઓ [ पुद्गलमयीभिः ताभिः ] કે જેઓ પુદ્‌ગલમય તરીકે પ્રસિદ્ધ છે તેમના વડે [ करणभूताभिः ] કરણસ્વરૂપ થઈને [ निर्वृत्तानि ] રચાયેલાં [ जीवस्थानानि ] જે જીવસ્થાનો ( જીવસમાસ ) છે તેઓ [ जीवः ] જીવ [ कथं ] કેમ [ भण्यते ] કહેવાય ?

**ટીકા:-નિશ્ચયનયે કર્મ અને કરણનું અભિન્નપણું હોવાથી, જે જેના વડે કરાય છે ( -થાય છે ) તે તે જ છે- એમ સમજીને ( નિશ્ચય કરીને ), જેમ સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું ( -થતું ) હોવાથી સુવર્ણ જ છે, બીજું કાંઈ નથી, તેમ જીવસ્થાનો બાદર, સૂક્ષ્મ, એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેંદ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત નામની પુદ્ગલમયી નામકર્મની પ્રકૃતિઓ વડે કરાતાં ( -થતાં ) હોવાથી પુદ્ગલ જ છે, જીવ નથી. અને નામકર્મની પ્રકૃતિઓનું પુદ્ગલમયપણું તો આગમથી પ્રસિદ્ધ છે તથા અનુમાનથી પણ જાણી શકાય છે કારણ કે પ્રત્યક્ષ દેખવામાં આવતા શરીર આદિ જે મૂર્તિક ભાવો છે તે કર્મપ્રકૃતિઓનાં કાર્ય હોવાથી કર્મપ્રકૃતિઓ પુદ્ગલમય છે એમ અનુમાન થઈ શકે છે.**

**એવી રીતે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન અને સંહનન-તેઓ પણ પુદ્ગલમય નામકર્મની પ્રકૃતિઓ વડે રચાયાં ( -બન્યાં ) હોવાથી પુદ્ગલથી અભિન્ન છે; તેથી, માત્ર જીવસ્થાનોને પુદ્ગલમય કહેતાં, આ બધાં પણ પુદ્ગલમય કહ્યાં સમજવાં. માટે વર્ણાદિક જીવ નથી એમ નિશ્ચયનયનો સિધ્ધાંત છે.**

## ગાથા ૬૫-૬૬ ઉપર પ્રવચન

એ પ્રકારે આ સિદ્ધ થયું કે રંગ, રાગ અને ભેદ જીવ નહીં. એ હવે કહે છે.

एकं च दोणिण तिण्णि च चतारि य पंच इंदिया जीवा
वादरणज्जत्तिदरा पयडीओ णामकम्मस्स।।६५।।
एदाहि य णिव्वता जीवढाणा उ करणभूदाहिं
जयडीहिं णोग्गलमइहिं ताहिं कहं भण्णदे जीवो।।६६।।

અહીં જીવઠાણા નાખે છે ( કહે છે ), હવે જીવસ્થાન પણ પુદ્ગલ છે, જીવસ્થાન, માર્ગણાસ્થાન એ પુદ્ગલ છે ( આહા ! ) જીવસ્થાન, ગુણસ્થાન પુદ્ગલ છે. અહીં પાધરો દાખલો એ આપ્યો. હરિગીત.

જીવ એક–દ્વિ–ત્રિ–ચતુર–પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મને
પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫
પ્રકૃતિ આ પુદ્ગલમયી થકી કરણરૂપ થતા અરે,
રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે ? ૬૬

**ટીકા:-** નિશ્ચયનયથી કર્મ અને કરણનું અભિન્નપણું હોવાથી –કાર્યને કરણની અભિન્નતા હોવાથી, કરણ નામ સાધન અને કર્મ નામ કાર્ય, કર્મ ( કાર્ય ) ને કરણની અભિન્નતા હોવાથી– જે જેના વડે કરાય છે તે તે જ છે– એમ સમજીને નિશ્ચય કરીને, જેમ સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું ( –થતું ) હોવાથી સોનાનું પાંદડુ પત્ર, સોનાથી જ કરાય છે. પત્ર સુવર્ણપત્ર સુવર્ણથી, સુવર્ણપત્ર હો, સુવર્ણનુ પાનું પત્ર સુવર્ણથી કરાતું હોઈ સુવર્ણ જ છે. સુવર્ણથી પાનું થયું તો તે સુવર્ણ જ છે. બીજું કાંઈ નથી, તેમ જીવસ્થાનો બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, દ્વિન્દ્રિય, ત્રિંદ્રિય, ચતુરિંન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત નામની પુદ્ગલમયી નામકર્મની પુદ્ગલમયી

નામકર્મની પ્રકૃતિ હો, પુદ્‌ગલની એમ નહીં. પુદ્‌ગલમયી નામકર્મની પ્રકૃતિઓ વડે કરાતાં હોવાથી પુદ્‌ગલ જ છે, જીવ નથી. ચૌદ ભેદ પુદ્‌ગલ જ છે. એકેન્દ્રિય-બેઇન્દ્રિય-ત્રણઇન્દ્રિય-ચોઈન્દ્રિય- પંચેન્દ્રિય, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત એ ચૌદ, ચૌદેય પુદ્‌ગલ છે. પર્યાપ્ત ને અપર્યાપ્ત જીવ, જીવ નથી. પુદ્‌ગલમયી નામકર્મની પ્રકૃતિ કરણ થઈને એ કર્મ એટલે કાર્ય થયું એ કારણથી એ પુદ્‌ગલ જ છે. શું કહ્યું ? સમજાણું કાંઈ.. ?

નામકર્મ કરણ છે સાધન છે, એનાથી ( થયેલ ) આ ચૌદ ભેદ કાર્ય છે. તો કરણથી ( જે સાધનથી ) કાર્ય થયું ( અભિન્નતા હોવાથી ) એ પુદ્‌ગલ જ થયા, નામકર્મ પુદ્‌ગલ છે તો ( એ ) ભેદ પુદ્‌ગલથી થયા, ન્યાંથી ઉપાડયું છે. જીવસ્થાનો થી ( કહ્યું છે ) જીવ, જીવસ્થાન નથી. જીવ ભગવાન આત્મા, એ જીવસ્થાનમાં નથી. હવે જીવના ( જે, જે ) પ્રકાર ભેદમાં એ જીવ નહીં. એથી તો આ દૅષ્ટાંત લીધું કે નામકર્મ ( પ્રકૃતિ ) કરણ થઈને સાધન થઈને એ પર્યાપ્ત, અપર્યાપ્તનું કાર્ય થયું છે. એ તો પુદ્‌ગલ છે- નામકર્મ પુદ્‌ગલ છે તો એનું કાર્ય પણ પુદ્‌ગલ છે, જીવ નહીં.

નામકર્મની પ્રકૃતિઓને પુદ્‌ગલમયતા આગમથી પ્રસિદ્ધ છે, પુદ્‌ગલમયતા પુદ્‌ગલમય આગમથી પ્રસિદ્ધ છે. નામકર્મ છે ને પુદ્‌ગલ જડ આગમથી પ્રત્યક્ષ પ્રસિદ્ધ છે, ( એ ) પુદ્‌ગલ છે, એને જાણવાથી ( અનુભૂતિથી ) પુદ્‌ગલ છે, અનુમાનથી પણ જાણવામાં આવે છે. કેમ કે પ્રત્યક્ષ દેખાય- દેખાવાવાળા શરીર આદિ આ રહ્યું છે એ મૂર્તિક છે. તો એ કર્મ-પ્રકૃતિઓનું કાર્ય છે-જડનું કાર્ય છે.

આહા ! બાદરપણું, સૂક્ષ્મપણું, એકેન્દ્રિપણું, બેઇન્દ્રિયપણું, પંચેન્દ્રિયપણું, પર્યાપ્ત-અપર્યાપ્ત ( આદિ પ્રકાર ) એ તો પુદ્‌ગલ પ્રત્યક્ષ છે. એ પુદ્‌ગલનું કાર્ય છે, પ્રત્યક્ષ દેખાય એવું શરીર આદિ મૂર્તિકભાવ છે. એથી કર્મપ્રકૃતિઓનું કાર્ય છે. એથી કર્મપ્રકૃતિ પુદ્‌ગલમયી છે- પુદ્‌ગલમય છે ( માત્ર ) પુદ્‌ગલ છે એમ નહીં. ત્રણ વાર કહ્યું-પુદ્‌ગલમયપણું -પુદ્‌ગલમયતા ત્રણવાર આવ્યું.

એવું અનુમાન થઈ શકે છે, અનુમાન થઈ શકે છે, અને પ્રકૃતિ જડ છે તો એનું કાર્ય જડ-પુદ્‌ગલમય, એ પણ સિદ્ધ થાય છે. એ પ્રકારે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન, સંહનન ( હાડકાં ) એ પુદ્‌ગલમય, નામકર્મની પ્રકૃતિઓ દ્વારા રચિત ( -રચાયેલા ) હોવાથી પુદ્‌ગલથી અભિન્ન છે.

એ પુદ્‌ગલ એમય છે, એટલા માટે માત્ર જીવસ્થાનોને પુદ્‌ગલમય કહ્યા છતાં આ બધાને પણ પુદ્‌ગલમય સમજવા જોઈએ, આ ઉપરનો શબ્દ, એટલા માટે વર્ણાદિક જીવ નથી, એ નિશ્ચયનયનો સિદ્ધાંત છે. લ્યો ! આ તો નિશ્ચયનયનો સિદ્ધાંત ( કહ્યો ! ) ઓલા કહે નિશ્ચયનય સિદ્ધને હોય. આહાહા ! બહુ ફેર આખો ! વસ્તુ સ્થિતિ એવી છે. ત્યાં કહ્યું તેના પાછા વખાણ કર્યા લોકોએ બધાએ-વ્યવહાર સાધકને હોય ને નિશ્ચય હોય જ નહીં, નિશ્ચય તો સિદ્ધને હોય ( આવી પ્રરૂપણા ! ) અહીં તો કહે છે કે નિશ્ચયનયથી આ હોય નહીં, સમ્યગ્દર્શન પણ આ નિશ્ચયના આશ્રયથી-સ્વભાવના આશ્રયે થાય છે. એ નિશ્ચય છે. શુદ્ધનય આવ્યું ને ૧૧મી ગાથામાં-શુદ્ધનયને આશ્રયે-નિશ્ચયનયને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. ( ત્યાં ) શુદ્ધનય લીધો છે, શુધ્ધનય કહો કે નિશ્ચય( નય )-પરમ નિશ્ચય. તો તો અહીં સમ્યગ્દર્શન થાય છે એ જ

શુદ્ધનય નામ પરમ આત્મસ્વભાવના આશ્રયે થાય છે, એ શુદ્ધનયનો વિષય છે અગીયારમી (ગાથા)માં કહ્યું છે ને! 'વવહારોઽભુદત્થો ભુદત્થો દેસિદો દુ સુદ્ધણઓ' ભૂતાર્થ છે તે શુદ્ધનય છે. (વ્યવહારનય અભૂતાર્થ) એ શુદ્ધનય છે ત્રિકાળીવસ્તુ છે એ શુદ્ધનય છે એમ કહેવું છે. પછી લીધું ત્રીજું પદ 'ભુદત્થમસ્સિદો ખલુ સમ્માદિટ્ઠી હવદિ જીવો' લીધું પણ પહેલું તો એ કે જે ત્રિકાળીવસ્તુ છે એ જ નિશ્ચયનય છે અને એ જ શુદ્ધનય છે. આહાહા! સમજાણું કાંઈ ? ઝીણો વિષય બહુ, ગજબ કર્યું છે! સાદી ભાષામાં કેટલી ગંભીરતા! આવ્યું ને ઈ શ્લોક છે આડત્રીસ.

---

અહીં આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

## શ્લોક - ૩૮

(उपजाति)

निर्वर्त्यते येन यदत्र किञ्चित्
तदेव तत्स्यान्न कथश्चनान्यत्।
रुक्मेण निर्वृतमिहासिकोशं
पश्यन्ति रुकमं न कथश्चानासिम्।। ३८।।

**શ્લોકાર્થઃ- [ येन ]જે વસ્તુથી [ अत्र यद किच्चित् निर्वर्व्यते ] જે ભાવ બને, [ तत् ] તે ભાવ [ तद् एव स्यात् ] તે વસ્તુ જ છે [ कथच्चन ] કોઈ રીતે [ अन्यत् न ] અન્ય વસ્તુ નથી; [ इह ] જેમ જગતમાં [ रुक्मेण निर्वृत्तम् असिकोशं ] સોનાથી બનેલા મ્યાનને [ रुक्मं पश्यन्ति ] લોકો સોનું જ દેખે છે, [ कथच्चन ] કોઈ રીતે [ न असिम् ] (તેને) તરવાર દેખતા નથી.**

**ભાવાર્થ :-** વર્ણાદિક પુદ્‌ગલથી બને છે તેથી પુદ્‌ગલજ છે, જીવ નથી. ૩૮.

## શ્લોક ૩૮ ઉપર પ્રવચન

निर्वर्त्यते येन यदत्र किच्चित्
तदेव तत्स्यान्न कथश्चनान्यत्।
रुक्मेण निर्वृतमिहासिकोशं
पश्यन्ति रुकमं न कथश्चानासिम्।। ३८।।

આહાહા! જે વસ્તુથી જે ભાવ બને – જે વસ્તુથી જે ભાવ બને, તે વસ્તુથી તે ભાવ તે વસ્તુ જ છે. કોઈ રીતે અન્ય વસ્તુ નહીં. –કોઈપણ પ્રકારે અન્ય વસ્તુ નથી. એમ કહે છે. જેમ જગતમાં સોનાથી બનેલા (નિર્મિત થયેલા) મ્યાનને –સોનાથી મ્યાન થયું છે સોનાનું મ્યાન અને લોકો સુવર્ણ જ દેખે છે– સોનાના મ્યાનને સોના તરીકે દેખે છે, એમાં તલવાર રહી છે એને–તલવારને સોનામય દેખતા નથી. તલવાર ભિન્ન છે. સોનાનું મ્યાન ભિન્ન છે. આહાહા!

એવી રીતે રંગ, રાગ ને ભેદ એ પુદ્‌ગલથી થયા છે, એનાથી ભગવાન તો ભિન્ન છે. એમ કહે છે. ઈ તલવાર જેમ સોનાના મ્યાનમાં ભિન્ન છે ( એમ આત્મા ભિન્ન છે. )

સોનાનું મ્યાન લોકો સોનાને દેખે છે, સોનાના મ્યાનને દેખે છે ( ત્યારે પણ લોકો ) તલવારને ( સોના તરીકે ) નથી જોતા, એમ જ ભેદ, રંગ ને રાગ એ પુદ્‌ગલકર્મથી થયા છે, તો એને પુદ્‌ગલ ( તરીકે ) દેખે છે. ભેદ, રંગ ને રાગથી ભિન્ન અભેદને ( જીવને ) નથી દેખતા, અભેદ-તલવાર જેમ ( મ્યાનથી ) ભિન્ન છે એમ અભેદ ( આત્મા ) રંગ, રાગ ને ભેદથી ભિન્ન છે. હવે વાણિયાને આવો નિર્ણય કરવા વખત મળે નહીં, સંસાર આડે ! ( શ્રોતાઃ- વાણિયા જ સાંભળવા આવે છે ને ! ) વાણિયાને ( જૈનધર્મ ) મળ્યો છે ને અત્યારે તો !

શું કહ્યું ? કે મ્યાનમાં -સોનાનું મ્યાન છે તો લોકો મ્યાનને સોનાનું છે એમ જુએ છે, તલવારને નથી જોતા, સોનાની તલવાર છે એમ કહે છે પણ એ સોનાની તલવાર છે ? ( ના ) એવી રીતે ભગવાન આત્મા એને ભેદ, રંગ ને રાગ એ સોનાનું મ્યાન છે એ રીતે છે, એ પુદ્‌ગલના છે, પુદ્‌ગલથી થયા છે માટે પુદ્‌ગલ છે. એને આત્મા છે એવું નથી દેખતા. આહાહા ! સમજાણું કાંઈ ? સૂક્ષ્મ ભારે ભાઈ ! એક એક ગાથા ! સોનાની તલવારને લોકો સોનું છે ( એમ ) દેખે છે, તલવારને ( સોનાની છે ) એમ નથી જોતા, એમ આત્મામાં જે રંગ, રાગ ને ભેદ દેખાય છે એ પુદ્‌ગલ છે ને જેમ મ્યાનથી તલવાર ભિન્ન છે એમ આત્મા પુદ્‌ગલથી ( રંગ, રાગ ને ભેદથી ) ભિન્ન છે. કહો દેવીલાલજી ! આવી વાત ક્યાં છે ? આ પરમ સત્ય- આત્મખ્યાતિ છે ને આ ટીકાનું નામ ! આહાહા !

ભેદ, રંગ ને રાગ એ સોનાના મ્યાનની જેમ, તેને મ્યાન તો સોનાનું છે ( એમ લોકો ) દેખે છે, ઇ તલવાર છે સોનાની એમ નહીં. આહાહા ! એમ ભેદ, રંગ ને રાગ પુદ્‌ગલના છે, એ પુદ્‌ગલના છે એમ દેખે છે, એનાથી ભગવાન આત્મા ભિન્ન ( છે એને લોકો ) નથી દેખતા, ( પરંતુ ) આ આત્માના છે ભેદ આદિ એમ નથી જોતા. આવી વાતું ઝીણી, અરે ! કેટલું.... યોગ્યતા કેટલી અંદર જોઈએ !

કહે છે સોનાના મ્યાનને કોઈ તલવાર સોનાની કહે છે એ તો વ્યવહાર-ઉપચાર છે, એ વસ્તુ નહીં. એવી રીતે ભગવાન આત્મામાં, શરીર-વાણી-મન, રંગ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ અને ભેદ એ પુદ્‌ગલથી બન્યા છે તેથી પુદ્‌ગલના છે એમ દેખે છે, જીવના છે એવું નથી. આવી વાતું છે હવે ક્યાં પહોંચવું ભાષા એવી આવે શાસ્ત્રમાં એકેન્દ્રિયજીવ, બેઇન્દ્રિયજીવ, પર્યાપ્તજીવ, અપર્યાપ્તજીવ, જુઓ ! એ જીવ નથી. છ કાયના જે જીવ ( કહ્યાં છે એ ) જીવ નહીં, જીવ તો જ્ઞાનસ્વરૂપ છે કે નહી અંદર ? આહાહા ! હજી તો અહીં નવતત્ત્વમાં જીવતત્ત્વ કેવું છે, એની આ વાત ચાલે છે. આહાહા !

એ જીવતત્ત્વને, ભેદ, રંગ ને રાગથી જાણો તો એ પુદ્‌ગલ છે એમ કહે છે. ભગવાન તો એનાથી નિરાળો-ભિન્ન છે. વર્ણાદિ પુદ્‌ગલ રચિત છે. ભેદ, રંગ ને રાગ પુદ્‌ગલરચિત છે એટલા માટે એ પુદ્‌ગલ જ છે, જીવ નહીં.

( હવે ) બીજો કળશ, ૩૯ હવે આમાં તો ગુણસ્થાનનેય ભેગાં નાખ્યાં છે, તો ઓલામાં તો ત્રણેય આવ્યા પણ.... કળશ અગણચાલીશ.

## શ્લોક - ૩૯

( उपजाति )

वर्णादिसामग्र्यमिदं विदन्तु
निर्माणमेकस्य हि पुद्गलस्य।
ततोऽस्त्विदं पुद्गल एव नात्मा
यतः स विज्ञानघनस्ततोऽन्यः।।३९।।

**શ્લોકાર્થ:- અહો જ્ઞાની જનો! [ इदं वर्णादिसामडयम् ]આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો છે તે બધાય [ एकस्य पुद्गलस्य हि निर्माणम् ] એક પુદ્‌ગલની રચના [ विदन्तु ] જાણો; [ ततः ] માટે [ इदं ] આ ભાવો [ पुद्गलः एव अस्तु ] પુદ્‌ગલ જ હો, [ न आत्मा ] આત્મા ન હો; [ यतः ] કારણકે [ सः विज्ञानधनः ] આત્મા તો વિજ્ઞાનઘન છે, જ્ઞાનનો પુંજ છે, [ ततः ] તેથી [ अन्यः ] આ વર્ણાદિક ભાવોથી અન્ય જ છે. ૩૯**

### શ્લોક - ૩૯ ઉપર પ્રવચન

वर्णादिसामग्र्यमिदं विदन्तु
निर्माणमेकस्य हि पुद्गलस्य।
ततोऽस्त्विदं पुद्गल एव नात्मा
यतः स विज्ञानघनस्ततोऽन्यः।।३९।।

અહો જ્ઞાની જનો ! આ વર્ણાદિકથી લઈને પુદ્‌ગલ, ગુણસ્થાનપર્યંત, ૨૯ બોલ આવ્યાને અંદર ( ગાથા-૫૦ થી ૫૫ ) -બધું આવી ગયું, ગુણસ્થાન છેલ્લે-આખિર છે પહેલું વર્ણ છે- પહેલો વર્ણ છે. રંગ ( પહેલું છે ) આખિર ( છેલ્લે ) ગુણસ્થાન, ૨૯ બોલ આવી ગયા. ( એમાં ) શુભરાગ આવ્યો, સંયમલબ્ધિના ભેદ આવ્યા. હે જ્ઞાની જનો ! એ રંગ,રાગ ને ભેદ ગુણસ્થાનપર્યંત આદિ એ સમસ્તને એક પુદ્‌ગલની જ રચના જાણો, એ માર્ગણાસ્થાન, જીવસ્થાન, ગુણસ્થાન એ પુદ્‌ગલની રચના જાણો, ભગવાન એમાં આવ્યો નથી. ચૈતન્યભગવાન એમાં આવ્યો નથી. ભેદમાં આવ્યો નથી- રંગમાં આવ્યો નથી- રાગમાં આવ્યો નથી. છે ? ( શ્રોતા:- શ્રદ્ધા-જ્ઞાનમેં પૂરબ પશ્ચિમકા ફેર હૈ ! ) ફેર છે ને ! એ તો જાણકપર્યાય છે, એ તો પર્યાયની-સ્વની અપેક્ષાએ નિશ્ચય કહ્યું બાકી ત્રિકાળની અપેક્ષાએ એ ભેદ, વાસ્તવિક-અભેદની અપેક્ષાએ તો એ ( ભેદને ) પુદ્‌ગલના કહ્યા-પુદ્‌ગલ કહ્યા.

એક બાજુ તો એમેય કહે, ભેદ છે એ એમાં છે-જીવના છે, ભેદસ્વરૂપ જ છે. જ્ઞાનના પાંચ ભેદ આવે છે ને ! તો એનું જ્ઞાન કરાવવું છે, ભેદનું પણ અભેદની દૃષ્ટિ ( જેમને ) થઈ, એને જ્ઞાન કરાવવું છે. અને આંહી તો પહેલી હજી અભેદદૃષ્ટિ કરાવવી છે. ભગવાન આત્મા, એક સમયમાં રંગ, રાગ ને ભેદથી નિરાળો છે. એને અહીં આત્મા કહેવામાં આવે છે. ત્યાં એ શબ્દ પડયો છે

ત્યાં, 'જ્ઞાનાનંદ સ્વભાવી' ( પદમાં ) નિરાળો છે અને પછી અખંડ પૂર્ણ, એક છે એમ કહે છે. ભાઈએ સારુ કર્યું હુકમચંદજીએ, એ આની ( આ ગાથાઓની ) શૈલી લીધી છે. રંગ, ગંધ, ( આદિથી ) માંડીને ગુણસ્થાનપર્યંત એટલે ૨૯ બોલ, ૫૦ થી ૫૫ ગાથા.

એ સમસ્ત -બધાય "એકસ્ય પુદ્‌ગલસ્ય હિ નિર્માણમ"- આવ્યું દેખો ! એક પુદ્‌ગલની રચના જાણો- એક પુદ્‌ગલની જ રચના, આત્માની કાંઈ રચના નહીં કહે છે, કેટલું ચોખ્ખું કરી નાખ્યું છે. એ ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસ્થાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ એ ( બધુંય ) એક પુદ્‌ગલની રચના જાણો ! આહાહાહા ! આવી વાત છે. આખો જુદો જ્ઞાયક અભેદ ! આહાહા !

એક પુદ્‌ગલસ્ય હી, 'હી' પાછો-પાછો, શબ્દ તો એ છે એક પુદ્‌ગલની રચના જાણો, પણ આ પાઠમાં તો ( કહે છે ) "એકસ્ય પુદ્‌ગલસ્ય 'હી'" - આમ 'હી' પર જોર છે. એક પુદ્‌ગલની રચના એટલું આવ્યું પણ આમાં તો કહે છે કે એક પુદ્‌ગલની 'જ' નિર્માણ-રચના ( છે ) - નિશ્ચય, આ પુદ્‌ગલની 'જ' -એકાંત, કથંચિત્ પુદ્‌ગલની ને કથંચિત્ જીવની ( રચના એમ નહીં ) શું શૈલી ! "એકસ્ય પુદ્‌ગલસ્ય" પાછું એમ, "એકસ્ય પુદ્‌ગલસ્ય હી નિર્માણમ્"- રચના ગુણસ્થાન, માર્ગણાસ્થાનની એક જ-પુદ્‌ગલ જ એની રચના છે. આહાહા !

આમ ગાથામાં ( કળશમાં ) જોઈએ તો સાધારણ લાગે પણ કળશમાં કેટલું ( રહસ્ય ) ભર્યું છે, અંદર. ઓહોહો ! છે ? ( શ્રોતાઃ- આમાં સ્યાદ્‌વાદને દોષ નહીં લાગે ? ) સ્યાદ્‌વાદ ! અહીં સ્યાદ્‌વાદ, કહ્યું ને ! નિશ્ચયથી આ, ને પર્યાયમાં છે એટલે વ્યવહાર કહ્યો ! ( એ તો બધુંય વ્યવહારનું ) એ સ્યાદવાદ્ પણ આ નિશ્ચય જેને થયો ( પ્રગટયો ) એને પર્યાયનું જ્ઞાન સાચું થાય છે. ( આ ) સમ્યક્ એકાંત !

આહાહા ! સમ્યક્ અનેકાંત પણ સમ્યક્ એકાંત સિવાય, ( નિજપદની પ્રાપ્તિ સિવાય ) અભેદ સમ્યક્ એકાંત જ છે - એ સમ્યક્‌એકાંત છે, એનું ( દ્રવ્યનું ) જ્ઞાન થવાથી પર્યાયમાં રાગાદિ છે. એનું જ્ઞાન થઈ જાય છે. અનેકાંતિક રીતે સમ્યક્ એકાંતનું જ્ઞાન થયું તો એમાં અનેકાંતનું જ્ઞાન થઈ ગયું. આહાહા ! પણ પહેલા આ સમ્યક્‌એકાંતનું જ્ઞાન નથી એને પર્યાયમાં રાગ છે. આ પર્યાય મારી એવું જ્ઞાન ક્યાં છે ? વ્યવહાર જ્ઞાન એને કયાંથી આવ્યું ?

એ સમસ્તનું રંગથી માંડીને ગંધ, રસ, સ્પર્શ, અધ્યવસાય, સંહનન, સંસ્થાન, શુભપરિણામ, ગુણ ( સ્થાન ), સંકલેશ પરિણામ એ બધા જીવના નિવૃત્તિસ્થાન, લબ્ધિ ( સ્થાન ) આદિ એ પુદ્‌ગલ -એક જ પુદ્‌ગલની રચના જાણો. આ નિશ્ચયનયનો સિદ્ધાંત છે- પરમ શુદ્ધનય ! એક પુદ્‌ગલની રચના જાણો. એટલા માટે આ ભાવ પુદ્‌ગલ જ- અવસ્તુ, પુદ્‌ગલ એ પુદ્‌ગલ જ હો, એ વસ્તુ પુદ્‌ગલ, પુદ્‌ગલ જ હો ! આહાહા ! સમજાણું કાંઈ ? કેટલું સ્પષ્ટ ! આચાર્ય પાછા હીં અમૃતચંદ્રાચાર્ય ટીકા પોતે કરી ને પાછા ટીકા ઉપર કળશ રચ્યા !

નિયમસારમાં તો ક્ષાયિકભાવ ક્ષયોપશમ આદિને પરદ્રવ્ય કહી દીધા છે. ત્રિકાળી જ્ઞાયકભાવમાં એ( ભાવો ) નથી. એ અપેક્ષાએ જીવમાં છે નહીં. ક્ષાયિકભાવ જીવમાં છે નહીં. ગુણસ્થાન, માર્ગણાસ્થાન, માર્ગણાસ્થાનની તો વાત ક્યાં ? આને ત્યાં ( ક્ષાયિકભાવને ) પરદ્રવ્ય કહ્યા છે, એમ મારું કહેવું છે. ( આચાર્યદેવ કહે છે ) એ લક્ષણ જીવમાં છે નહીં એ તો

ઠીક, પણ ક્ષાયિકભાવ ને ક્ષયોપશમભાવને ઉપશમને પરદ્રવ્ય કહ્યા, સ્વદ્રવ્ય ભગવાન અખંડાનંદ અભેદને ( શ્રોતાઃ– કુંદકુંદાચાર્યદેવની વાતમાં અમૃતચંદ્રાચાર્યદેવ તથા પદમપ્રભમલધારીદેવે પુષ્ટિ કરી છે. ) બધાયે એક જ કહ્યું છે ને ! પદ્મનંદીએ કહ્યું છે એ નિશ્ચય ને વ્યવહાર નાખ્યો. 'जो पस्साणं अप्पाणं अबद्धअप्पाणं' – એમ નાખ્યું ( – કહ્યું છે ) ( ઓહો ! ) આચાર્યો – દિગમ્બર ( આચાર્યો ) ગમે તે આચાર્ય, એણે તો એક જ સિદ્ધાંત જે સિદ્ધ કર્યો છે એ બધાએ કર્યો છે. ક્યાંક વ્યવહારથી ભલે વાત કરી હોય પણ ( એ તો ) વ્યવહારથી જાણવા માટે કરી હોય, આશ્રય કરવા માટે એમ નહીં, ત્યાં પદ્મનંદીમાં તો વ્યવહારને પૂજ્ય કહ્યો છે, વ્યવહારથી વ્યવહાર પૂજ્ય, કારણ કે દેવ–ગુરુ– શાસ્ત્ર ભગવાન સાક્ષાત્ છે એ પૂજ્ય વ્યવહારથી ન હોય તો પૂજ્યપણું રહેતું નથી. ભગવાન વ્યવહારથી વ્યવહાર પૂજ્ય છે, નિશ્ચયથી નહીં. આહાહા !

આહા ! તો કેવો છે આત્મા ? ( કહે છે કે ) માટે આ ભાવો પુદ્ગલ જ હો, આત્મા ન હો; કારણ કે આત્મા તો વિજ્ઞાનઘન છે, જ્ઞાનનો પુંજ છે તેથી આ વર્ણાદિકભાવોથી અન્ય જ છે.... આત્મા વિજ્ઞાનઘન ! ભગવાન તો વિજ્ઞાનઘન છે, દેખો ! અભેદ લીધો એકલો વિજ્ઞાનઘન છે, જ્ઞાનનો પુંજ છે. એકલો જ્ઞાનનો પુંજ છે. આહા ! જ્ઞાનનો પુંજ છે. એને આત્મા કહે છે. તો ભેદેય નીકળી ગયા ને ! રંગ, રાગ તો નીકળી ગયા પણ ભેદેય નીકળી ગયા, સઃ વિજ્ઞાનઘન–સઃ એટલે તે, આત્મા તો વિજ્ઞાનઘન છે. મહા આત્મા – મહાત્મા ! ત્યારે તે આત્મા કોણ છે ? બધા, આત્મા આ ( એમ ) નહીં. ભેદ, રંગ, રાગ આદિ છે તો એ આત્મા છે શું ? સઃવિજ્ઞાનઘન– એ તો વિજ્ઞાનઘન છે. ન આત્મા પુદ્ગલદ્રવ્ય–અવસ્તુ ન આત્મા, બધા ભેદ આવી ગયા.

તો સઃઆત્મા વિજ્ઞાનઘન, પ્રભુ ભગવાન આત્મા તો વિજ્ઞાનઘન છે ને ! રાગ તો નહીં, રંગ તો નહી, પણ ભેદેય નહીં, એ તો વિજ્ઞાનઘન છે ને ! ( અભેદને ) અહીં તો આત્મા કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? જે દૃષ્ટિનો વિષય વિજ્ઞાનઘન છે તેને આત્મા કહે છે.

એટલા માટે અન્ય, વર્ણાદિક ભાવોથી અન્ય જ છે. છે ને ? સઃવિજ્ઞાનઘન તત્ અન્યઃ – તેનાથી બીજું–બીજી ચીજો બધી અન્ય ( જુદી ) છે.

વર્ણાદિક ભાવોથી અન્ય જ છે, ભેદ આદિથી અન્ય જ છે, રાગથી અન્ય જ છે. વર્ણાદિકભાવોથી અન્ય જ છે, એ અન્ય જ છે પાછું. સમજાણું ?

'પરમાત્મ પ્રકાશ'માં કહે છે— 'ધર્મીજીવ સૂક્ષ્મ વાત કરે, એ પાગલને પાગલ જેવું લાગે.' એવો પાઠ છે. પાગલ જીવોને પાગલ જેવું લાગે ! આ તે શું કહે છે આ ? સમજાય છે કાંઈ ? 'પરમાત્મ પ્રકાશ'માં છે કે, જ્યારે ( ધર્મીજીવ ) સૂક્ષ્મ વાત કરે અને સત્ય ( વાત ) કરે ત્યારે સાંભળનારને પાગલાઈ છે ( એટલે ) એને પાગલપણું લાગે. 'માળા આ શું પાગલ જેવી વાતું કરે છે ! ?' સમજાય છે ?

( સમયસાર દોહન – પૂ. ગુરુદેવશ્રીના નાઈરોબીના પ્રવચન પાના નં. ૧૦૯ )

## ગાથા - ૬૭

शेषमन्यद्व्यवहारमात्रम्-

पज्जत्तापज्जत्ता जे सुहुमा बादरा य जे चेव।
देहस्स जीवसण्णा सुत्ते ववहारदो उत्ता।।६७।।

पर्याप्तापर्याप्ता ये सूक्ष्मा बादराश्च ये चैव।
देहस्य जीवसंज्ञाः सूत्रे व्यवहारतः उक्ताः।।६७।।

यत्किल बादरसूक्ष्मैकेन्द्रियद्वित्रिचतुःपञ्चेन्द्रियपर्याप्तापर्याप्ता इति शरीरस्य संज्ञाः सूत्रे जीवसंज्ञात्वेनोक्ताः अप्रयोजनार्थः परप्रसिद्ध्या घृतघटवद्व्यवहारः। यथा हि कस्यचिदाजन्मप्रसिद्धैकघृतकुम्भस्य तदितरकुम्भनमिज्ञस्य प्रबोधनाय योऽयं घृतकुम्भः स मृण्मयो, न घृतमय इति तत्प्रसिद्ध्या कुम्भे घृतकुम्भव्यवहारः, तथास्याज्ञानिनो लोकस्यासंसारप्रसिद्धाशुद्धजीवस्य शुद्धजीवानभिज्ञस्य प्रबोधनाय योऽयं वर्णादिमान् जीवः स ज्ञानमयो, न वर्णादिमय इति तत्प्रसिद्ध्या जीवे वर्णादिमद्व्यवहारः।

હવે, આ જ્ઞાનઘન આત્મા સિવાય જે કાંઈ છે તેને જીવ કહેવું તે સર્વ વ્યવહારમાત્ર છે એમ કહે છેઃ-

પર્યાપ્ત અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી
કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી ૬૭.

ગાથાર્થઃ- [ ये ] જે [ पर्याप्तापर्याप्ताः ] પર્યાપ્ત, અપર્યાપ્ત [ सूक्ष्माः बादराः च ] સૂક્ષ્મ અને બાદર આદિ [ ये च एव ] જેટલી [ देहस्य ] દેહને [ जीवसंज्ञाः ] જીવસંજ્ઞા કહી છે તે બધી [ सूत्रे ] સૂત્રમાં [ व्यवहारतः ] વ્યવહારથી [ उक्ताः ] કહી છે.

ટીકાઃ- બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય પર્યાપ્ત, અપર્યાપ્ત-એ દેહની સંજ્ઞાઓને ( નામોને ) સૂત્રમાં જીવસંજ્ઞાપણે કહી છે, તે, પરની પ્રસિદ્ધિને લીધે, 'ઘીના ઘડા'ની જેમ વ્યવહાર છે-કે જે વ્યવહાર અપ્રયોજનાર્થ છે ( અર્થાત્ તેમાં પ્રયોજનભૂત વસ્તુ નથી ). તે વાતને સ્પષ્ટ કહે છેઃ-

જેમ કોઈ પુરુષને જન્મથી માંડીને માત્ર 'ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ ( જાણીતો ) હોય, તે સિવાયના બીજા ઘડાને તે જાણતો ન હોય, તેને સમજાવવા "જે આ 'ઘીનો ઘડો' છે તે માટીમય છે, ઘીમય નથી" એમ ( સમજાવનાર વડે ) ઘડામાં 'ઘીના ઘડા' નો વ્યવહાર કરવામાં આવે છે, કારણ કે પેલા પુરુષને 'ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ ( જાણીતો ) છે; તેવી રીતે આ અજ્ઞાની લોકને અનાદિ સંસારથી માંડીને 'અશુદ્ધ જીવ' જ પ્રસિદ્ધ છે, શુદ્ધ જીવને તે જાણતો નથી, તેને સમજાવવા (-શુદ્ધ જીવનું જ્ઞાન કરાવવા ) "જે આ

**'વર્ણાદિમાન ( વર્ણાદિવાળો ) જીવ' છે તે જ્ઞાનમય છે, વર્ણાદિમય નથી" એમ ( સૂત્ર વિષે ) જીવમાં વર્ણાદિમાનપણાનો વ્યવહાર કરવામાં આવ્યો છે, કારણ કે તે અજ્ઞાની લોકને 'વર્ણાદિમાન જીવ' જ પ્રસિદ્ધ છે.**

## ગાથા - ૬૭ ઉપર પ્રવચન

હવે, આ જ્ઞાનઘન આત્મા સિવાય જે કાંઈ છે તેને જીવ કહેવું તે સર્વ વ્યવહારમાત્ર છે એમ કહે છે. :–

पज्जत्तापज्जत्ता जे सुहुमा बादरा य जे चेव।
देहस्स जीवसण्णा सुत्ते ववहारदो उत्ता।।६७।।

**પર્યાપ્ત અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી**
**કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી**

( ઓહોહો ! ) શાસ્ત્રમાં તો આ કહ્યું !

**ટીકાઃ-** બાદર જીવ, સૂક્ષ્મ જીવ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોઇન્દ્રિય અને પંચેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત એ શરીરની સંજ્ઞાઓને–એ તો શરીરના નામ છે. એ આત્માના નહીં. એ શરીરની સંજ્ઞાઓને સૂત્રમાં જીવસંજ્ઞારૂપથી કહ્યું છે. આહાહા ! શું કહ્યું ? ( ફરમાવો ! ) કે બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચતુરઇન્દ્રિય, પંચેન્દ્રિય, જે એ કહ્યું એ તો શરીરની સંજ્ઞાઓને સૂત્રમાં કહ્યું, જીવસંજ્ઞારૂપથી –શરીરના નામથી જીવને નામ કહ્યા તે પરની પ્રસિદ્ધિને લીધે–કારણે, કયું કારણ કહ્યું ? કે એ પ્રસિદ્ધિ છે એકેન્દ્રિય ( જીવ ), બેઇન્દ્રિય ( જીવ ), બાદર ( જીવ ) પર્યાપ્ત ( જીવ ) એ'ઘીના ઘડા'ની જેમ વ્યવહાર છે. જેમ ઘીનો ઘડો પ્રસિદ્ધ છે, ઘી પ્રસિદ્ધ નથી, ( એમ ) 'ઘીના ઘડા' ની જેમ વ્યવહાર છે. કે જે વ્યવહાર અપ્રયોજનાર્થ છે. પ્રયોજનાર્થ નહીં. જાણવા માટે પણ એમાં પ્રયોજન કંઈ પણ છે નહીં.

'ઘીનોઘડો' કેમ ? ઘીનો ઘડો પ્રસિદ્ધ છે, ઘી પ્રસિદ્ધ છે ? ખબર નથી. ઘીનો ઘડો ( એની ખબર છે ) એવી રીતે શરીરનું નામ જીવના નામથી પ્રસિદ્ધ છે. એ માટે કહ્યું, વસ્તુ એવી નથી ! હજી તો એક જીવને કેવો કહેવો છે એની અહીંયા પહેલાં તત્ત્વની વાત છે. ઘીના ઘડાની જેમ કે જે વ્યવહાર અપ્રયોજનાર્થ એનાથી પ્રયોજન વસ્તુ ( સમજાતી ) નથી.

એ જ વાતને સ્પષ્ટ કરે છે, એમ કેમ કહ્યું ? જીવના નામને શરીરના નામથી કેમ કહ્યા ? પર્યાપ્ત, અપર્યાપ્ત ( આદિ તો ) એ શરીરની સંજ્ઞા ( નામ ) છે, એને જીવના નામથી કેમ કહ્યા ? કે જગત એને પ્રસિદ્ધ ( પણે જ ) એને જુએ છે. એને દેખે છે એટલા માટે કહ્યું ? જગત 'ઘીના ઘડા' ને દેખે છે, ઘી ( એમાં ભિન્ન છે ) એમ દેખતા નથી. ( જુઓને લોકો કહે છે ને ! ) પાણીનો ઘડો, ઘીનો ઘડો, દૂધનો ઘડો– એ પ્રસિદ્ધ છે ને અજ્ઞાનીઓને ! એવી રીતે ( લોકો માને છે ) બાદર જીવ, પર્યાપ્ત જીવ, ( એકેન્દ્રિયજીવ આદિ ) એ પ્રસિદ્ધ છે. બહારમાં એ પ્રસિદ્ધ છે એમ કે એ ચીજ પ્રસિદ્ધ છે એમ કે એ ચીજ પ્રસિદ્ધ થઈ.

જેમ કોઈ પુરુષને જન્મથી માંડીને માત્ર 'ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ ( જાણીતો ) હોય, તે

સિવાયના બીજા ઘડાને તે જાણતો ન હોય- જેમ કોઈ પુરુષને જન્મથી લઈને, હવે દૃષ્ટાંત દે છે, કોઈ પુરુષને જન્મથી માંડીને 'ઘીનો ઘડો' જ એને ખ્યાલમાં છે – પ્રસિદ્ધ ( જાણીતો ) છે.

દેખો ! કોઈ પુરુષને જન્મથી લઈને માત્ર 'ઘીનો ઘડો' – ઘીનો ઘડો જ પ્રસિદ્ધ છે જેમ ઘીનો ઘડો પ્રસિદ્ધ છે એ અનેરા ઘડાને જાણતો નથી ને ઘીને જાણતો નથી. એનાં સિવાય બીજા ઘડાને જાણતો નથી- ( આહા ! ) એનાં સિવાય તે બીજા ઘડાને નથી જાણતો, એ 'ઘીના ઘડા' સિવાય બીજા ઘડાને જાણતો જ નથી- ઘીનો ઘડો, ઘીનો ઘડો એમ કહે એને સમજાવવા માટે જો આ ઘીનો ઘડો ( કહેવાય છે ) એ ઘડો માટીનો છે. શું કહ્યું જોયું ? બીજા ઘડાને જે જાણતો જ નથી, ઘીનો ઘડો જ એને ( જાણીતો ) છે. પાણીનો ઘડો, દૂધનો ઘડો એ કાંઈ જાણતો નથી, જાણે છે માત્ર ઘીના ઘડાને, એને સમજાવવા માટે ( કહે છે કે ) આ ઘીનો ઘડો છે. પાછી ભાષા શું છે કે ઘીનો ઘડો છે તે માટીમય છે. ઓલી પ્રસિદ્ધિને કારણે એવું કહ્યું પહેલા કે ઘીનો ઘડો ( કારણકે ) એને ઘીનો ઘડો પ્રસિદ્ધ ( જાણીતો ) છે. જન્મથી માંડીને એ જ જાણીતો છે તો એને શબ્દથી કહ્યું કે આ ઘીનો ઘડો છે તે માટીમય છે. બીજા ઘડાને તો એ જાણતો નથી, બીજા ઘડા ( જેવા કે ) ઘીનો ઘડો, પાણીનો ઘડો એને તે જાણતો નથી, એક જ ( ઘીનો ઘડો ) દેખે છે. પણ એને કહ્યું ઘીનો ઘડો છે તે માટીનો છે ઘડો માટીનો છે, એ ઘડો ઘીમય ( ઘીનો ) નથી. ઘીનો ઘડો એ માટીમય છે, ઘીમય ( ઘીનો ) નથી.ઘડો ઘીનો નહીં માટીમય છે. સમજાવવા માટે આ રીતે કહ્યું છે.

આ પ્રકારે સમજાવવાવાળા દ્વારા, ઘડામાં ઘીનો ઘડાનો વ્યવહાર કરવામાં આવે છે. જોયું ? ઘડામાં, 'ઘીનો ઘડો' વ્યવહાર કરવામાં આવે છે- ઘડામાં 'ઘીના ઘડા' નો વ્યવહાર કરવામાં આવે છે, કારણકે પેલા પુરુષને 'ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ છે. પહેલાં વાત લીધીને જન્મથી લઈને માત્ર 'ઘીનો ઘડો' જ પ્રસિધ્ધ છે. આહાહા !

એવી રીતે આ અજ્ઞાની લોકોને અનાદિ સંસારથી લઈને અશુદ્ધ જીવ જ પ્રસિદ્ધ છે. બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત ( આદિ પ્રકારે ) જીવ છે એ રીતે જ જાણીતા છે ( જીવ ) અનાદિથી, એની દૃષ્ટિ ત્યાં છે ને ! અશુદ્ધ જીવ ( જ ) પ્રસિદ્ધ છે. શુદ્ધજીવને તો એ જાણતા નથી. ( ઘડામાં રહેલ ) ઘીને એ જાણતો નથી. ઘીનો ઘડો, ઘડો તો માટીનો છે ( પરંતુ ) એને ( ઘીને ) એ જાણતો નથી. ( એ તો બોલ્યા કરે છે ) ઘીનો ઘડો, ઘીનો ઘડો, ઘીનો ઘડો ત્યારે એને સમજાવવા એમ કહ્યું કે ઘડો માટીમય છે. એમ એ ઘીનો ઘડો ( જન્મથી માંડીને ) પ્રસિદ્ધ ( જાણીતો ) છે એ પ્રકારે અજ્ઞાની લોકોને અશુદ્ધ જીવ જ પ્રસિદ્ધ છે. શુદ્ધજીવને એ જાણતા નથી. એને સમજાવવા માટે શુદ્ધજીવનું જ્ઞાન કરાવવા માટે, આ વર્ણાદિમાન જીવ છે એ જ્ઞાનમય છે. વર્ણાદિમાન જીવ છે એમ કહીને ( કહ્યું કે ) જીવ તો જ્ઞાનમય છે. વર્ણાદિમાન ( જીવને કહ્યો ) જેમ ઘીનો ઘડો એને પ્રસિદ્ધ છે ( એમ વર્ણાદિવાળો જીવ ) અજ્ઞાનીઓને પ્રસિદ્ધ છે. તો એને કહ્યું કે વર્ણાદિમાન જીવ છે એ જ્ઞાનમય છે.

લ્યો ! આ તો ગૌતમે કહ્યું ભાઈ એય ચેતનજી ? ગૌતમે કહ્યું ઓલામાં ધવલમાં ( આવે છે ને ) માટે સમજાવવા કહ્યું છે, વ્યવહારથી-વ્યવહારથી કહ્યું છે. ત્યાં કહે જોયું ? વ્યવહારથી પણ લાભ થાય છે. શું થાય ? જગતના -સ્વચ્છંદના પાર ન મળે ! શુદ્ધજીવને જે જાણતા નથી એને સમજાવવા માટે-શુદ્ધજીવનું જ્ઞાન કરાવવા માટે ( કીધું કે ) એ વર્ણાદિમાન જીવ છે તે તો

જ્ઞાનમય છે. 'વર્ણાદિમાન જીવ' તે જ્ઞાનમય છે. એ વ્યવહાર બતાવ્યો, વર્ણાદિમય નહીં એ જ્ઞાનમય ભગવાન છે. ભેદ નહીં, રાગનહીં, રંગ નહીં– આ પ્રકારે જીવમાં વર્ણાદિનો વ્યવહાર કરવામાં આવ્યો છે– વર્ણાદિમાન એ તો વ્યવહાર કરવામાં આવ્યો છે. કેમ કે અજ્ઞાની લોકોને વર્ણાદિમાન જીવ જ પ્રસિદ્ધ છે. આ કારણે એ પ્રસિદ્ધ છે. માટે વર્ણાદિમાન કહીને એ જ્ઞાનમય છે એમ વ્યવહાર કહેવામાં આવ્યો. વ્યવહાર કહ્યો માટે એ સત્ય છે ને એથી લાભ છે એવું નથી. પણ જ્ઞાન થાય છે ને, જ્ઞાન થાય છે એ સમજાવવું છે– એ વર્ણાદિમાન નહીં, જ્ઞાનમય છે એ ( આત્મા–જીવ ), વ્યવહારથી જ્ઞાન થયું પણ વ્યવહાર આદરણીય અને અનુસરવા લાયક છે, એવું નથી. વિશેષ કહેશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## શ્લોક - ૪૦

( अनुष्टुभ् )

घृतकुम्भाभिधानेऽपि कुम्भो घृतमयो न चेत्।
जीवो वर्णादिमज्जीवजल्पनेऽपि न तन्मयः।।४०।।

**શ્લોકાર્થઃ-** [ चेत् ] જો [ घृतकुम्भाभिधाने अपि ] **'ઘીનો ઘડો' એમ કહેતાં પણ** [ कुम्भः घृतमयः न ] **ઘડો છે તે ઘીમય નથી ( -માટીમય જ છે ),** [ वर्णादिमत्-जीव-जल्पने अपि ] **તો તેવી રીતે 'વર્ણાદિવાળો જીવ' એમ કહેતાં પણ** [ जीवः न तन्मयः ] **જીવ છે તે વર્ણાદિમય નથી ( -જ્ઞાનઘન જ છે ).**

**ભાવાર્થઃ- ઘીથી ભરેલા ઘડાને વ્યવહારથી 'ઘીનો ઘડો' કહેવામાં આવે છે છતાં નિશ્ચયથી ઘડો ઘી-સ્વરૂપ નથી; ઘી ઘી-સ્વરૂપ છે, ઘડો માટી-સ્વરૂપ છે; તેવી રીતે વર્ણ, પર્યાપ્તિ, ઇન્દ્રિયો ઇત્યાદિ સાથે એકક્ષેત્રાવગાહરૂપ સંબંધવાળા જીવને સૂત્રમાં વ્યવહારથી 'પંચેન્દ્રિય જીવ, પર્યાપ્ત જીવ, બાદર જીવ, દેવ જીવ, મનુષ્ય જીવ' ઇત્યાદિ કહેવામાં આવ્યો છે છતાં નિશ્ચયથી જીવ તે-સ્વરૂપ નથી; વર્ણ, પર્યાપ્તિ, ઇન્દ્રિયો ઇત્યાદિ પુદ્ગલસ્વરૂપ છે, જીવ જ્ઞાનસ્વરૂપ છે. ૪૦.**

**પ્રવચન નં. ૧૩૮** શ્લોક-૪૦ તથા ગાથા- ૬૮
કારતક વદ-૩ શુક્રવાર તા. ૧૭-૧૧-૭૮

શ્લોકનો ભાવાર્થ છે. આ જ તો ગુજરાતી ચાલશે, હિન્દી ગયા.

ભાવાર્થઃ– ઘીથી ભરેલા ઘડાને વ્યવહારથી ઘીનો ઘડો કહેવામાં આવે છે, છતાં નિશ્ચયથી ઘડો ઘી સ્વરૂપ નથી, ઘી તો ઘી સ્વરૂપ છે, ઘડો તો માટી સ્વરૂપ છે. આ તો દૃષ્ટાંત તેવી રીતે રંગ, ગંધ, રસ, સ્પર્શ, પર્યાપ્તિ, અપર્યાપ્તિ, સંહનન, સંસ્થાન શરીર ઇત્યાદિ એકક્ષેત્રાવગાહરૂપ સંબંધવાળા જીવને સૂત્રમાં વ્યવહારથી, પંચેન્દ્રિય જીવ પર્યાપ્ત જીવ, બાદર જીવ, દેવ જીવ, મનુષ્યજીવ એમ કહેવામાં આવે છે. નિશ્ચયથી જીવ તે સ્વરૂપ નથી, એ તો બાહ્ય ચીજની વાત

કરી. શું એ કીધું ? વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શરીર, સંહનન એ તો બાહ્યની ચીજ. પર્યાપ્ત-અપર્યાપ્ત એ પણ બાહ્યની ચીજ એ અંતરમાં છે નહીં. વ્યવહારથી કહેવામાં આવ્યા તેથી વસ્તુ આત્માની નથી. આત્મા તેમય નથી. ઇત્યાદિ સ્વરૂપ જીવ જ્ઞાનસ્વરૂપ છે. એને કહ્યું કે પ્રભુ જીવ જ્ઞાનસ્વરૂપ જેમ ઘડો માટી સ્વરૂપ છે, એમ આ જીવ જ્ઞાનસ્વરૂપ છે. એમ કહ્યું.

હવે એટલું કહ્યું માટે એને જ્ઞાન થઈ ગયું સમજનારને, એમ નથી. એને કહ્યું કે જ્ઞાનસ્વરૂપ છે એનું એને લક્ષ કરાવ્યું, હવે એને ક્યારે અનુભવ થાય ? એ તો અંતર જીવદ્રવ્યનો આશ્રય કરે જ્ઞાનમય વસ્તુ તો એને જ્ઞાનમય છે એવો અનુભવ થાય. ગુરુએ, ભગવાને કે આચાર્યોએ કહ્યું કે ઘીનો ઘડો નથી, ઘડો માટીમય છે, એ તો ઠીક. એમ આ પર્યાપ્ત અપર્યાપ્ત આદિ સંહનન સંસ્થાન આદિ એ અજીવ છે, એ જીવ નહીં, જીવ તો જ્ઞાનમય છે. એટલું કહ્યું માટે તેને શિષ્યને જ્ઞાનમય જીવ સ્વભાવનો અનુભવ થયો એમ નથી, એમાં એ નીકળે છે ઈ. બાહ્યની વાત છે ને આ તો.

અભ્યંતરની હવે આવશે, ગુણસ્થાન રાગાદિ અભ્યંતર પણ જીવ સ્વરૂપ નથી. આ તો બાહ્યની વાત કરી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ. રંગ, રાગ એ પછી આવશે, અહીં તો રંગ, ગંધ, રસ, શરીર, સ્પર્શ, સંહનન, સંસ્થાન, પર્યાપ્ત, અપર્યાપ્ત એ બધાં જીવ નથી, જીવ જ્ઞાનસ્વરૂપ છે. એમ આ સંતોએ આચાર્યોએ કહ્યું, છતાં એને જ્ઞાનસ્વરૂપનો ખ્યાલ આવ્યો કે આ જ્ઞાનસ્વરૂપ છે એટલું, પણ એથી એને આત્માનો જ્ઞાનસ્વરૂપનો અનુભવ થયો એમ નથી. આ તો વ્યવહારથી એને સમજાવ્યું કે જ્ઞાનસ્વરૂપ છે આત્મા, ભાઈ. આચાર્યોએ પણ વ્યવહાર વિકલ્પમાં આવીને એને સમજાવ્યું અને સમજનારના ખ્યાલમાં આવ્યું એટલું કે આ જ્ઞાનસ્વરૂપ છે એમ કહે છે. બસ. ઈ લક્ષમાં આવ્યું, કે જ્ઞાનસ્વરૂપ છે. પણ એને જ્ઞાનસ્વરૂપનો અનુભવ ક્યારે થાય ? આહાહાહા ! એ અંતરના જ્ઞાયકસ્વભાવને અવલંબે. ત્રિકાળી દ્રવ્ય સ્વભાવનું અહીં વર્ણન છે ને ? દ્રવ્ય વસ્તુ, જે દ્રવ્ય વસ્તુ છે, ત્યાં બાહ્ય રંગ-રાગાદિ તો નથી, એ જ્ઞાનસ્વરૂપ છે એમ કહ્યું, પણ એ જ્ઞાનસ્વરૂપ એના ખ્યાલમાં આવ્યું કે હું જ્ઞાનસ્વરૂપ છું એટલું, પણ સાંભળનારને આત્મા જ્ઞાનસ્વરૂપનો અનુભવ થયો નથી. આહાહા ! કહ્યું માટે એને જ્ઞાન થઈ ગયું, અને સાંભળ્યું માટે એને જ્ઞાન થઈ ગયું એમ નથી. આહાહાહા !

એ જ્ઞાયકસ્વભાવ જે ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ દ્રવ્ય હોં, એ દ્રવ્ય સ્વરૂપની દૃષ્ટિ કરતાં આ તો સાંભળેલું ખ્યાલમાં આવ્યું કે એ તો જ્ઞાનમય છે એટલું. હવે શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે. એમ ગુરુ પણ દિશા દેખાડી અળગા રહે. જ્ઞાનમય છે એમ જ્યારે એ પોતે અંતરમાં જાય. આહાહા ! પર્યાયમાં જ્ઞાનમય છે એમ ખ્યાલ આવ્યો, એ તો વ્યવહાર થયો. ( શ્રોતાઃ- નિશ્ચય વગર વ્યવહાર ) નિશ્ચય નથી એ ઝીણી વાત છે ભાઈ. નિશ્ચય તો જ્ઞાયક સ્વરૂપ એનો અનુભવ કરે ત્યારે આ જ્ઞાયક સ્વરૂપ છે એવો એને ખ્યાલ આવે, ત્યારે સાચો નિર્ણય ( થાય ). આહાહા !

આ તો ઓલુ હાલ્યુંને આ તો ગૌતમ સ્વામીએ વ્યવહારનું કહેલું એ ઉપરથી આ વધારે આવ્યું, ગૌતમ સ્વામીએ વ્યવહારનો આશ્રય લઈને શિષ્યોની પ્રવૃત્તિ વ્યવહારે કરાવે લાભદાયક માટે, એમ છે નહિ. ગૌતમ ગણધરોએ જીવને ચૌદ ભેદસ્થાન દ્વારા એને શિષ્યને સમજાય, એ દ્વારા અનુગ્રહ કરીને કહ્યું, પણ એથી એને ખ્યાલમાં આવ્યું કે આ તો ભેદથી આ કહે છે, પણ

એ ભેદનું જ્ઞાન એને ક્યારે થાય ? કે એ અભેદ દૃષ્ટિ કરે ત્યારે આ ભેદનું જ્ઞાન અનેકાંતનું થાય. આવી વાત છે, મોટો ફેરફાર બહુ ફેરફાર, માળે આવું કરી નાખ્યું છે.

જુઓને વ્યવહારે સમજાવ્યું એટલે વ્યવહારની પ્રવૃત્તિ લાભદાયક છે, એમ ઠરાવ્યું. હેં ? ( શ્રોતાઃ– એનાથી કાંઈ લાભ થતો હશે કે નહીં ) લાભ કાંઈ નહિ એને ફક્ત ખ્યાલમાં આવે એટલી વાત. અહીં જાવું છે એટલું ખ્યાલમાં આવે છે. હાલવું છે ઈ તો એને પછી પોતાને. ઝીણી વાત છે ભાઈ. આંહી તો લીધું હવે બાહ્ય, હવે અડસઠમાં અભ્યંતરની વાત લે છે, શું કીધું ? ૨૯ બોલમાં કેટલાંક બાહ્ય છે ને કેટલાક અભ્યંતર છે. જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શરીર, સંહનન, સંસ્થાન એ બધા બાહ્ય છે, એ તો આત્માની પર્યાયમાં પણ નથી, એથી એને ભિન્ન કહ્યો, હવે એને જીવદ્રવ્ય વસ્તુ જે અખંડ છે, તે અભ્યંતરના રાગ–દ્વેષ, ગુણસ્થાન, માર્ગણાસ્થાનના ભેદ એનાથી રહિત છે, અભ્યંતરના ભેદથી પણ રહિત છે. આહાહા ! સમજાણું કાંઈ ? તેથી છેલ્લી ગાથા.

'...ચિન્માત્ર હોવાથી સામાન્ય–વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી...' શું કહે છે ? હું તો એક જાણનાર—વિશેષ ( ઉપયોગાત્મક ) અને દેખનાર–સામાન્ય ( ઉપયોગાત્મક સ્વરૂપ છું ) મારું સ્વરૂપ દર્શન અને જ્ઞાન ( સ્વરૂપ છે ). દર્શન કોઈ ચીજને ભેદ પાડીને જોતું નથી, ( માટે સામાન્ય ઉપયોગાત્મક છે ). જ્ઞાન દરેકને ભેદ પાડીને જોવે માટે વિશેષ ( ઉપયોગાત્મક છે ). ( પહેલાં જે ) નવ વિશેષ ( કહ્યાં તે ) જુદાં અને આ જ્ઞાન ( છે ). વિશેષ જુદું. ( અહીંયા ) જ્ઞાન વિશેષ ( કહ્યું તે ) ધ્રુવ ( છે ) અને ( પહેલાં ) નવ તત્ત્વ ( કહ્યાં ) તે પર્યાયના વિશેષ ( છે ) તે અનિત્ય અને અધ્રુવ ( છે ).

એ કહે છે જુઓ ! '...ચિન્માત્ર હોવાથી સામાન્ય...' સામાન્ય એટલે દર્શન આ સમકિતની વાત નથી. ( દર્શન એટલે ) દર્શનનો વિષય એવો છે કે, કોઈને ( પણ ) ભેદ પાડ્યા વિના દેખે. આખી દુનિયાની સત્તા છે એ સત્તાને ભેદ પાડ્યા વિના દેખે તેને 'સામાન્ય' કહીએ. એ સામાન્ય ( ની વ્યાખ્યા થઈ ) અને વિશેષ ( એટલે ) જ્ઞાન. ( જ્ઞાન ) દરેક ચીજને ભિન્ન પાડીને ( જાણે છે ). આ જીવ છે, આ અજીવ છે, આ ગુણ છે, આ પર્યાય છે, આ વિકાર છે આ અવિકાર છે એમ ભેદ પાડીને જે જાણે તેને 'વિશેષ' જ્ઞાન કહીએ. ( પહેલાં કહ્યાં એ ) નવ તત્ત્વનું વિશેષ જુદું અને આ વિશેષ જુદું. આહા..હા... ! સમજાય છે કાંઈ ?

( સમયસાર દોહન – પૂ. ગુરુદેવશ્રીના નાઈરોબીના પ્રવચન પાના નં. ૨૯૦ )

## ગાથા - ૬૮

एतदपि स्थितमेव यद्रागादयो भावा न जीवा इति-

मोहणकम्मस्सुदया दु वण्णिया जे इमे गुणट्ठाणा।
ते कह हवंति जीवा जे णिच्चमचेदणा उत्ता।।६८।।
मोहनकर्मण उदयात्तु वर्णितानि यानीमानि गुणस्थानानि।
तानि कथं भवन्ति जीवा यानि नित्यमचेतनान्युक्तानि।।६८।।

मिथ्यादृष्ट्यादीनि गुणस्थानानि हि पौद्गलिकमोहकर्मप्रकृतिविपाकपूर्वकत्वे सति, नित्यमचेतनत्वात्, कारणानुविधायीनि कार्याणीति कृत्वा, यवपूर्वका यवा यवा एवेति न्यायेन, पुद्गल एव, न तु जीवः। गुणस्थानानां नित्यमचेतनत्वं चागमाच्चैतन्यस्वभावव्याप्तस्यात्मनोऽतिरिक्तत्वेन विवेचकैः स्वयमुपलभ्यमानत्वाच्च प्रसाध्यम्।

एवं रागद्वेषमोहप्रत्ययकर्मनोकर्मवर्गवर्गणास्पर्धकाध्यात्मस्थानानुभागस्थानयोगस्थानबन्धस्थानोदयस्थानमार्गणास्थानस्थितिबन्धस्थानसंक्लेशस्थानविशुद्धिस्थानसंयमलब्धिस्थानान्यपि पुद्गलकर्मपूर्वकत्वे सति, नित्यमचेतनत्वात्, पुद्गल एव, न तु जीव इति स्वयमायातम्। ततो रागादयो भावा न जीव इति सिद्धम्।

હવે કહે છે કે ( જેમ વર્ણાદિ ભાવો જીવ નથી એ સિદ્ધ થયું તેમ ) એ પણ સિદ્ધ થયું કે રાગાદિ ભાવો પણ જીવ નથીઃ-

**મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,**
**તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં ? ૬૮.**

**ગાથાર્થઃ-** [ यानि इमानि ] જે આ [ गुणस्थानानि ] ગુણસ્થાનો છે તે [ मोहनकर्मणः उदयात् तु ] મોહકર્મના ઉદયથી થાય છે [ वर्णितानि ] એમ ( સર્વજ્ઞનાં આગમમાં ) વર્ણવવામાં આવ્યું છે; [ तानि ] તેઓ [ जीवाः ] જીવ [ कथं ] કેમ [ भवन्ति ] હોઈ શકે [ यानि ] કે જેઓ [ नित्यं ] સદા [ सचेतनानि ] અચેતન [ उक्तानि ] કહેવામાં આવ્યાં છે ?

**ટીકાઃ-**આ મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનો પૌદ્‌ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, કારણના જેવાં જ કાર્યો હોય છે એમ કરીને ( સમજીને, નિશ્ચય કરીને ), જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે એ ન્યાયે, પુદ્‌ગલ જ છે-જીવ નથી. અને ગુણસ્થાનોનું સદાય અચેતનપણું તો આગમથી સિદ્ધ થાય છે તેમ જ ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા તેનાથી ભિન્નપણે તે ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન હોવાથી પણ તેમનું સદાય અચેતનપણું સિદ્ધ થાય છે.

એવી રીતે રાગ, દ્વેષ, મોહ, પ્રત્યય, કર્મ, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્ધક, અધ્યાત્મસ્થાન,

**અનુભાગસ્થાન, યોગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણાસ્થાન, સ્થિતિબંધસ્થાન, સંકલેશસ્થાન, વિશુદ્ધિસ્થાન, સંયમલબ્ધિસ્થાન-તેઓ પણ પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, પુદ્‌ગલ જ છે-જીવ નથી એમ આપોઆપ આવ્યું ( -ફલિત થયું, સિદ્ધ થયું ).**

**માટે રાગાદિ ભાવો જીવ નથી એમ સિદ્ધ થયું.**

**ભાવાર્થઃ-શુદ્ધદ્રવ્યાર્થિક નયની દૃષ્ટિમાં ચૈતન્ય અભેદ છે અને એના પરિણામ પણ સ્વાભાવિક શુદ્ધ જ્ઞાન-દર્શન છે. પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો, જોકે ચૈતન્ય જેવા દેખાય છે તોપણ, ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપક નહિ હોવાથી ચૈતન્યશૂન્ય છે-જડ છે. વળી આગમમાં પણ તેમને અચેતન કહ્યા છે. ભેદજ્ઞાનીઓ પણ તેમને ચૈતન્યથી ભિન્નપણે અનુભવે છે તેથી પણ તેઓ અચેતન છે, ચેતન નથી.**

**પ્રશ્નઃ-જો તેઓ ચેતન નથી તો તેઓ કોણ છે? પુદ્‌ગલ છે? કે અન્ય કાંઈ છે?**

**ઉત્તરઃ-પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોવાથી તેઓ નિશ્ચયથી પુદ્‌ગલ જ છે કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે.**

**આ રીતે એમ સિદ્ધ કર્યું કે પુદ્‌ગલકર્મના ઉદયના નિમિત્તથી થતા ચૈતન્યના વિકારો પણ જીવ નથી, પુદ્‌ગલ છે.**

## ગાથા - ૬૮ ઉપર પ્રવચન

“હવે પૂછે છે કે વર્ણાદિ ભાવો જીવ નથી એ સિદ્ધ થયું, તેમ એ પણ સિદ્ધ થયું કે રાગાદિ ભાવો પણ જીવ નથી. રાગાદિ, ગુણસ્થાન, માર્ગણાસ્થાન વગેરે, એ જીવ નથી, સાંભળ.

मोहणकम्मस्सुदया दु वण्णिया जे इमे गुणट्ठाणा।
ते कह हवंति जीवा जे णिच्चमचेदणा उत्ता।।६८।।

મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,
તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં? ૬૮.

જેમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ને સંહનનને અચેતન કહ્યા, તેવા ગુણસ્થાન, માર્ગણાસ્થાનના ભેદોને પણ અચેતન કહ્યા. જીવની પર્યાયમાં થાય છે આ બધા ભેદો છતાં તેને જીવદ્રવ્ય ત્રિકાળ છે તે રૂપે નથી માટે તેને અચેતન કહ્યા. ( શ્રોતાઃ– ચેતનની પર્યાય અચેતન ? ) પર્યાય, એ આહીં ચૈતન્ય ત્રિકાળી છે તેનું એ સ્વરૂપ એ નથી. દૃષ્ટિનો જે વિષય કહેવો છે દ્રવ્ય સ્વભાવ, એ દ્રવ્ય છે એ તો કોઈ રીતે આ રીતે થયું નથી. ગુણસ્થાન, માર્ગણાસ્થાન ભેદરૂપે જીવદ્રવ્ય થયું નથી, પર્યાય થઈ, એ અહીં વ્યવહારમાં નાખી દીધી છે, એ પર્યાય એમાં નથી. આહાહા! સમજાણું કાંઈ? આ તો અલૌકિક વાતું છે બાપુ. આહાહા! સમયસાર એટલે. આહાહાહા!

**ટીકાઃ-** આ મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનો એ પહેલાં લીધું’તું. વર્ણ ગંધ, રસ, સ્પર્શ, શરીર, સંહનન, સંસ્થાન આદિ એ તો બાહ્ય ચીજ હતી, હવે આ તો અભ્યંતરમાં જેના ભેદ છે. સમજાય છે કાંઈ? મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનો પૌદ્‌ગલિક મોહકર્મની પ્રકૃત્તિના. જયસેન આચાર્યની ટીકામાં છે ને ભાઈ “મોહ જોગ ભવાઃ” જયસેન આચાર્યની ટીકામાં છે. ‘‘મોહ જોગ ભવાઃ”

હૈ ? ( શ્રોતાઃ- ગોમ્મટસારમાં છે ) ગોમ્મટસારમાં છે, પણ અહીં તો અહીં છે. આ ગોમ્મટસારનો શબ્દ છે એ અહીં મૂક્યો છે, જયસેન આચાર્યે ગોમ્મટસરનો ''મોહ જોગ ભવાઃ'' ગુણસ્થાન છે. મોહ અને જોગથી ભેદ રૂપે થયેલા છે, વસ્તુમાં નથી મિથ્યાત્વપણું. ઓહોહોહો... એ જીવદ્રવ્યમાં નથી, એમ તેરમું ગુણસ્થાન અને ૧૪ મું ગુણસ્થાન એ પૌદ્‌ગલિક મોહકર્મની પ્રકૃત્તિના ઉદયપૂર્વક થતાં હોઈને સદાય અચેતન હોવાથી, ભગવાન ચૈતન્ય દ્રવ્ય છે જ્ઞાયક ધ્રુવ, દ્રવ્ય છે. એમાં આ વસ્તુ ભેદ નથી, જે બધા ભેદ પડયા છે, એ મોહકર્મના ઉદયના નિમિત્તથી ભેદ પડયા છે. સ્વભાવના પ્રગટ થવાથી ભેદ પડયા છે એમ નથી. આહાહાહા !

અહીં એક જ લીધું, જોગ ઓલામાં જોગ લીધો ભેગો, મોહ જોગ, અહીં મોહકર્મની પ્રકૃત્તિના ઉદયપૂર્વક થતાં હોઈને પ્રકૃત્તિના ઉદય એટલે જડ છે, એના નિમિત્તે અહીં ભેદ પડયો કહે છે. મિથ્યાત્વ, સાસાદાન, મિશ્ર, અવિરતિ. સમક્તિ, વિરતા વિરતી, શ્રાવક વિરતી, પ્રમત્ત-પ્રમત્ત વિરતી અને અપ્રમત્ત વિગેરે ભેદ ઠેઠ સજોગી અને અજોગી. એ મોહકર્મની પ્રકૃત્તિ, મોહકર્મની પ્રકૃત્તિ, એનાં ઉદયપૂર્વક થતાં હોઈને સદાય અચેતન હોવાથી, કારણનાં જેવાં જ કાર્ય હોય છે. કારણ પુદ્‌ગલ પ્રકૃત્તિ છે માટે તેના કાર્ય પણ આ બધા તેવા જ છે, એમ કહે છે. ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસ્થાન, રાગદ્વેષ, પુણ્ય-પાપ આ લબ્ધિસ્થાન પણ એ કારણનાં જેવા કાર્ય હોય છે, કારણ પ્રકૃત્તિ છે મોહ કર્મની તેના ગુણસ્થાનો તેના ભેદ તે તેના કાર્ય છે કહે છે. આહાહા ભગવાન કારણ સ્વભાવ પ્રભુ, એનું એ કાર્ય નથી. આહાહાહા !

ચૈતન્યઘન, વિજ્ઞાનઘન ધ્રુવ એનું કાર્ય તો નિર્મળ કાર્ય થાય તે, આ બધા ભેદ છે એ તો મલિન અચેતન કાર્ય છે. એ ચૈતન્યની પર્યાય જ અચેતન છે, એમાં જ્ઞાનસ્વભાવ આવ્યો નથી, સજોગપણામાં અજોગપણામાં ક્યાંય જ્ઞાનસ્વભાવ તો આવ્યો નથી. અવિરતી સમ્યગ્દર્શન, અવિરતીભાવ એમાં જ્ઞાન સ્વભાવ આવ્યો નથી, ભગવાન ચૈતન્યજ્યોત છે, શું શ્લોક અને શું ગાથા ? કારણના જેવા મોહ, પ્રકૃત્તિ જે પુદ્‌ગલ કારણ છે એના એ કાર્ય છે માટે, એ પુદ્‌ગલ છે. આહાહા ! આકરી વાત છે ભાઈ.

અહીં તો ત્રિકાળી જીવદ્રવ્ય એમાં તો ઉદયભાવ તો નથી પણ ઉપશમ, ક્ષયોપશમેય એમાં નથી, આંહી તો હજી એ ઉદયભાવના પ્રકારના વર્ણન છે ભેદના. સમજાણું કાંઈ ? ભગવાન અંદર ચૈતન્ય પિંડ પ્રભુ આમ ભિન્ન અખંડ, ચૈતન્ય જ્યોતિ, ઝળહળ જ્યોતિ, ચંદ્ર, શીતળ, ધ્રુવ એવા ભગવાન દ્રવ્યમાં આ નથી, માટે દ્રવ્ય ચૈતન્ય સ્વરૂપ છે તો આ અચેતન સ્વરૂપ છે. એમ છે. આહાહાહા !

હવે અહીં તો મારે તો વળી ઓલું બીજુ કહેવું છે, કે આવું એને કહ્યું ગુરુએ, એને ખ્યાલમાં આવ્યું, કે આ ગુરુ ને શાસ્ત્ર આમ કહે છે, કે આ પ્રકૃત્તિના કારણે કાર્ય થાય તે બધા અચેતન છે, એ ચૈતન્ય દ્રવ્યનાં નહીં, એવું એને ખ્યાલમાં આવ્યું બસ એટલું, પણ ખ્યાલમાં આવ્યું વ્યવહારથી આવ્યું છે એ. ગુરુએ કહ્યું અને એને પરલક્ષે થયું એ ખ્યાલમાં વ્યવહારથી આવ્યું છે. ઝીણી વાતો બહુ બાપુ. ઓલા વળી ઝીણી વાત કરીને લ્યો, એમ મશ્કરી કરે છે માળા, ઝીણી ઝીણી કહીને બધું ઉડાવી દેવું છે આ બધું વાસ્તવથી. અરે ભગવાન ( ઊડાડે કોણ ) પ્રભુ ! તું પ્રભુ છો ભગવાન ! તને આ ન બેસે તો શું કરવાનું. આહાહાહા !

આંહી તો ભગવાન અંદર છે એ તો ગુણસ્થાનમાંય આવતો નથી એમ કહે છે. ભેદમાં આવતો નથી. તું પોતે પ્રભુ છો ને પ્રભુ, તારું દ્રવ્ય એ ભેદમાં આવતું નથી ને પ્રભુ એમ તને શું આ લાગે છે, આહિં ! ઓહો ! ગજબ વાત સંતોએ તો કેવળજ્ઞાનને ખડું કરી દીધું છે. જેને દયા, દાન, વ્રત, ભક્તિનાં પરિણામ કહે છે કે પ્રકૃત્તિના કારણે થયેલા માટે એ પ્રકૃત્તિનું કાર્ય છે, જીવનું નહીં. આહાહા ! વ્યવહાર રત્નત્રય દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ, શાસ્ત્રના ભણતરનો વિકલ્પ, નવતત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ, એ પ્રકૃત્તિના કારણે ઉત્પન્ન થયેલું કાર્ય પુદ્‌ગલનું છે કહે છે. વ્યવહાર રત્નત્રયની શ્રદ્ધાનો ભાવ, એ પુદ્‌ગલનો છે કહે છે. અરેરે ! દ્રવ્ય જ્ઞાયકસ્વરૂપ પ્રભુ છે એમાં ક્યાં છે એ ? નિમિત્તને આધિન થયેલો ભાવ નિમિત્તનો છે, પ્રકૃત્તિને આધિન થયેલો ભાવ પ્રકૃત્તિનો છે, પુદ્‌ગલને આધિન થયેલો ભાવ પુદ્‌ગલનો છે, સ્વાધીન આત્માનો ભાવ નથી. વીતરાગી સંતો સિવાય કોણ કહે ભાઈ ? જેને જગતની દરકાર નથી. સમાજ સમતોલ રહેશે કે નહીં. આ દિગંબર સંતો, નાગા બાદશાહથી આઘા, જેને કાંઈ સમાજની પડી નથી, સમાજને આ સમજાશે કે નહીં, સમાજ આમાં સમતોલ રહેશે કે નહીં, મશ્કરી તો નહીં કરે ને આ ? અરે સાંભળ પ્રભુ, સાંભળ ભાઈ !

એની પર્યાયમાં થતાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ અને એની પર્યાયમાં થતાં ગુણસ્થાન, માર્ગણાસ્થાનના ભાવ. પણ આંહી કહે છે કે એ પર્યાયમાં થતાં ભાવ એ દ્રવ્યથી થયેલા ભાવ નથી. ભગવાન જ્ઞાયક ચૈતન્ય મૂર્તિ પ્રભુ, એ વીતરાગ સ્વભાવનું બિંબ છે પ્રભુ તો આત્મા, એ વીતરાગ સ્વભાવના કાર્યો ક્યાં હોય આવા. આ તો અચેતન પ્રકૃત્તિ જે પુદ્‌ગલ એના કારણે કાર્ય થયેલાં માટે તે પુદ્‌ગલ છે. આહાહાહા !

આવું સ્વરૂપ છે. હજી તો લક્ષમાં આવું આવવું એ કઠણ, શાસ્ત્ર એમ કહે છે, પ્રભુ એમ કહે છે. એને ખ્યાલમાં આવ્યું છતાં ખ્યાલમાં આવવા છતાં એ વસ્તુનો અનુભવ નથી. એ પરલક્ષી જ્ઞાન થયું. એ ચૈતન્યદ્રવ્ય સ્વભાવ એ ભેદનું પણ લક્ષ છોડી દઈ, જે ખ્યાલમાં આવ્યું, લક્ષમાં આવ્યું, સંતો આચાર્યો મુનિઓ કેવળીઓ આમ કહે છે, છતાં તે લક્ષનું પણ લક્ષ છોડી દઈ, એ આઠ વરસના રાજકુમારો બાળકો, એ હીરા માણેકના મકાનો હોય સ્ફટીકમણિના, એમાં આ ભાન થાય, અરે અમે તો આનંદસ્વરૂપ છીએ, અમે તો જ્ઞાયકસ્વરૂપ પ્રભુ છીએ, જેને અંતરના આનંદના સ્વાદ આવ્યા, એ એનું કાર્ય, આ ભેદ એનું કાર્ય નહીં. એ વનમાં હાલ્યા જાય છે એકલા વાઘ અને સિંહની વચ્ચે કોઈ મને જાણે કે ઓળખે એનું કાંઈ રહ્યું નહી. મારો પ્રભુ પૂર્ણાનંદનો નાથ છે એને હું પર્યાયમાં પૂર્ણાનંદ પ્રગટ કરવા અમે જંગલમાં, બહારમાં નહીં પણ અંદરમાં જઈએ છીએ. ભાઈ એની ચમત્કારિક દશા એ વસ્તુ કેવી હશે એ ? આહાહાહા !

એ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એના ખ્યાલમાં ગુરુએ કહ્યું આવ્યું એટલે એ અટકે નહીં, એ એને સાધવા અંતરમાં જાય છે. આ છે તો અભ્યંતર ભાવ આ, પણ એ પર્યાયનાં અભ્યંતર ભાવ, સંહનન, સંસ્થાન શરીર તે બાહ્ય તદ્દન બાહ્યના ભાવ, અને આ એના પર્યાયના અભ્યંતર ભાવ, એ પણ તું નહીં, એ જીવદ્રવ્ય નહીં, એમ જ્યાં લક્ષમાં એને ખ્યાલમાં આવ્યું, ત્યાં એ અંતરમાં ઊતરી જાય છે. ઓલા અભ્યંતરના ભાવના ભેદથી છૂટી, અભ્યંતર

ભગવાન પૂર્ણાનંદનો નાથ જીવદ્રવ્ય છે ત્યાં ચાલ્યો જાય છે. આહાહા ! આવી વાતું છે પ્રભુ, માર્ગ તો એવો છે ભાઈ.

અરે સત્યને જગત અત્યારે આળ આપે છે માળા કે આ એકાંત છે, મહાવીરના માર્ગથી વિરુદ્ધ કરી નાખ્યું છે, અરે પ્રભુ સાંભળને ભાઈ. મહાવીર અને સંતો બધા એક જ વાત કરે છે આ. એને દયા, દાન, વ્રત, તપને, ભક્તિથી ધર્મ મનાવવો છે, એટલે એને ખટકે છે. આંહી તો એ તો નહીં, પણ ગુણસ્થાન ને માર્ગણાસ્થાનના ભેદેય જીવનાં નહીં તો એનાથી જીવને લાભ નહીં. એ ગુણસ્થાનના ભેદનો આશ્રય, લક્ષ કરે તો આત્માને લાભ થાય એ ત્રણકાળમાં નહીં. ઓલા રાગથી જેમ લાભ ન થાય, તેમ સંહનન સંસ્થાનથી અહીં લાભ ન થાય એમ અહીંયા ભેદ પડવાથી ગુણસ્થાનના ભેદ પડવાથી આત્માને લાભ ન થાય. આહાહા ! આવી વાત છે.

ભગવાન ત્રણલોકનો નાથ, જિનેશ્વરદેવ, ઈંદ્રોને ગણધરોની સમક્ષમાં ચક્રવર્તીઓ, છ ખંડના ધણી બેઠા હોય સાંભળવા, તેને એમ કહે પ્રભુ ! ભગવંત તારું સ્વરૂપ તો અખંડાનંદ પ્રભુ અંદર છે ને. આ ભેદ એ તારું સ્વરૂપ નહીં, એ અચેતન છે. અરેરેરે ! આ રાગ ફાગ ને બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા. હેં ! ત્રણલોકનો નાથ સીમંધર ભગવાન સભામાં આમ ફરમાવે છે. એ આ વાત છે. ( શ્રોતાઃ- મોક્ષમાર્ગથી મોક્ષની પ્રાપ્તિ છે. ) મોક્ષમાર્ગથી મોક્ષની પ્રાપ્તિ એ પણ વ્યવહાર છે, મોક્ષની પ્રાપ્તિ દ્રવ્યને આશ્રયે થાય છે. મોક્ષમાર્ગ છે એનો તો વ્યય થાય છે અને ઉત્પાદ્ થાય છે ભાવનો, તે ભાવ ત્રિકાળી કોઈ ભાવ છે, એના આશ્રયે થાય છે કે ગયો એના આશ્રયે થાય છે ? ભાઈ ! આવી વાત છે, આ.

કાલે એક વાત કરી હતી, ચોત્રીસ વરસની ઉંમરનો ચાર દિ' માં કમળી થઈને મરી ગયો, આ સંસાર, વિછીંયા આપણે વિછીંયા હરિભાઈ છે ને એક જાડા, વિછીંયામાં છે. એક ભાઈ એનો જસદણમાં છે, એક ભાઈ મુંબઈમાં છે, આ નાનો હતો તે ચોત્રીસ વરસનો કાંઈ ન મળે રોગ, ચાર દિ' માં કમળો થયો, કમળો આ કમળો એની થઈ ગઈ કમળી, ઉડી ગયો દેહ. એ તો પર વસ્તુ છે એની વાત થઈ, એ તો તારામાં નથી, તું ત્યાં નથી. પણ આહીં તો ભેદ પડયો તે તારામાં નથી ને ભેદમાં તું નથી. દેવીલાલજી ! પ્રભુ તું ક્યાં છો ? એ ગુણસ્થાનમાં ને માર્ગણાસ્થાનના ભેદમાં તું નથી. તારી મોજૂદગી અસ્તિત્વ તો એનાથી ભિન્ન છે.

અરે આ વાત ક્યાં હજી તો અહીં બાયડી, છોકરા ને પૈસાથી ખસવુંય કઠણને માળાને અરરર. એમાં વળી સંહનન અને સંસ્થાનની પર્યાય મારી નહીં, એમાંથી આગળ હાલતા ગુણસ્થાન ને રાગેય મારામાં નહીં એમાં હું નહીં, એ મારામાં નહીં. આવો વીતરાગ જિનેશ્વરના પંથનો આ માર્ગ છે, એવી રીત બીજે ક્યાંય, વીતરાગ સિવાય ક્યાંય નથી ભાઈ. આહાહા ! એને પૂર્ણ સ્વરૂપ છે, તે એને બતાવે છે, લક્ષ લેવા માટે, કે આમ લક્ષ તો કર, કે આ ભેદ છે એમાં તું નથી અને આ ભેદ છે તે અચેતન છે, ચૈતન્ય સ્વરૂપ દ્રવ્યસ્વભાવ તેમાં આવ્યો નથી અને દ્રવ્યસ્વભાવમાં એ છે નહીં. એમ સંતો ગુરુ ભગવાન લક્ષ કરાવે છે. છતાં તે લક્ષ થયું માટે ત્યાં એને અનુભવ થઈ ગયો ( એમ નથી. ) આહાહા ! આવો માર્ગ છે.

જગતની આ બાહ્યની આ પૈસા લક્ષ્મી, શરીર, વાણી, સંહનન, સંસ્થાન, એને તો અહીં

ઉડાડી દીધા, બહારની ચમક દેખાય, તને પ્રભુ એ તો બધા અચેતન માટી છે. આ શરીર ને વાણી ને પૈસા અને મકાન ને સંહનન મજબૂત હાડકાંને સંસ્થાન શરીરના આકાર, મજબૂત સંસ્થાન એ બધી ચમકો પ્રભુ એ તો બધી જડની દશાઓ છે, તેમાં તું નથી, તારામાં એ નથી. એથી અહીં તો આગળ લઈને અડસઠમાં તો, એ તો બાહ્યની ચમકનો નકાર કર્યો, હવે અભ્યંતરમાં જે ત્રિકાળી અભ્યંતર છે એ સ્વરૂપમાં નહીં પણ પર્યાયમાં અભ્યંતર આની અપેક્ષાએ અભ્યંતર, બાકી એ પર્યાયની અપેક્ષાએ અભ્યંતર તો ત્રિકાળ છે. આહાહાહા !

કહે છે કે બહારની આ બધી ચમકો સંહનન ને સંસ્થાન ને વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ રૂપાળા ને કાળા ને લીલા ને મીઠા રસને શ્વાસ સુગંધી આવેને, ગંધ મારે કેટલાકનો શ્વાસ ગંધ મારે હોય જુવાન ને ગંધ મારતો હોય શ્વાસ, એ ચીજો તો ક્યાંય રહી ગઈ કહે છે, એ ચીજ તો તારી નહીં ને તારામાં નહીં, અને તું ત્યાં નહિં. પણ તારી પર્યાયમાં જે ગુણસ્થાન ને માર્ગણાસ્થાન ને રાગ, દયા, દાન, વ્રત આદિના વિકલ્પો આવે, એ બાહ્યની અપેક્ષાએ અભ્યંતર છે અને એની અપેક્ષાએ તો ત્રિકાળી વસ્તુ તે અભ્યંતર છે, રાગ બાહ્ય છે. આહાહા ! સમજાણું કાંઈ ? આવો માર્ગ એટલે લોકોને લાગે હોં બિચારાને, સોનગઢવાળાનું એકાંત છે, આમ છે, હવે ચંદ્રશેખર કરે વિરોધ, બાપુ ! તેની દૃષ્ટિ મિથ્યાત્વ છે. તેથી તેમાં એ ભાવ સૂઝે છે એને. ચૈતન્ય અદ્‌ભૂતાઅદ્‌ભૂત, ચમત્કારનાં રત્નોથી ભરેલો ભગવાન, એ અભેદમાં પ્રભુમાં આ ભેદ નથી અને આવા ગુણસ્થાનઆદિ ભેદમાં તું આવતોય નથી. આહાહાહા !

“કારણના જેવાં જ કાર્યો થાય” આ એની વ્યાખ્યા આટલી ચાલી આ. પુદ્‌ગલકર્મ કારણ છે, પહેલાં પુદ્‌ગલથી, કર્મથી આવેલો સંયોગ–સંયોગ, સંહનન, સંસ્થાન, શરીર એ કર્મના નિમિત્તથી આવેલા સંયોગ, એ સંયોગથી ભિન્ન કહ્યો. હવે પ્રકૃત્તિના નિમિત્તે થતો પર્યાયમાં ભેદ ઓલી તો ચીજો મળી ’તી પ્રકૃત્તિના નિમિત્તે આ શરીર, વાણી, મન, સંહનન, સંસ્થાન, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એને કર્મના નિમિત્તથી મળેલી એ ચીજો, એ ચીજ તો તારી નથી. પણ હવે કર્મના નિમિત્તથી મળતો અંદરનો ભેદ, આ મળ્યો સંયોગ, અને આ મળ્યો ભેદ અંદરનો, આ કારણ ઉપર કાર્યની વ્યાખ્યા હાલે છે. સમજાણું કાંઈ ? એમાં ભગવાન કારણપરમાત્મા છે અને એ કાર્ય આવ્યું છે, ભેદનું એમ નથી. હૈં ? શું વાણી કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ, અમૃતચંદ્રાચાર્ય, અમૃત રેડયા છે. પંચમકાળનાં ભાગ્ય જગતના.

કહે છે કે કર્મ પ્રકૃત્તિ નિમિત્ત અને બાહ્ય સંયોગો મળે શરીર ને આ ને બધા, એ તો બાહ્ય ચીજ છે, એનાંથી તો તું ભિન્ન છો. પણ હવે પ્રકૃત્તિથી મળતો અંદર ભેદ, આમ ને આમ. હૈં ? આમ, આમ આવ્યું એનાથી જુદો કર્મને લઈને મળ્યું, આ શરીર સંહનન મળ્યું. સંસ્થાન મળ્યાને આ પર્યાપ્તપણું મળ્યું, પંચેન્દ્રિયપણું મળ્યું, મનુષ્યપણું મળ્યું, દેવપણું મળ્યું ને એટલું તો પહેલું કાઢી નાખ્યું. હવે પ્રકૃત્તિથી અંતરમાં મળ્યું ભેદ ઓલું બાહ્યમાં હતું. મોહકર્મની પ્રકૃત્તિ જે અભ્યંતરમાં જે ઓલી ચીજની અપેક્ષાએ અભ્યંતર અને એનાથી અભ્યંતર આ ભેદ પડે તે, આવી વાતું છે.

આમાં હવે પંકજ ને ફલાણો તો ક્યાંય રહી ગયો. પરના ફળ તરીકે તો એ ક્યાંય રહી ગયો પરમાં, સંયોગમાં રહી ગયો. એ આત્મામાં ક્યાં આવ્યો ન્યાં ? પણ એ મારો છે એવો જે

રાગ અને મિથ્યાત્વ એ પણ પ્રકૃત્તિનું કાર્ય છે, જડનું પ્રભુ તારું નહીં. મિથ્યાત્વ આવ્યું ને ? પહેલેથી છે ને ? મિથ્યાદૃષ્ટિથી માંડીને, એ સંતોના જ્ઞાન અને એમની ગર્જનાઓ ત્રણલોકના નાથની ગર્જના જેમ દિવ્યધ્વનિ ઊઠે છે, વાઘ અને મીંદડી બે સાથે બેઠા હોય, શાંત, શાંત. ઉંદર અને સર્પ કાળા નાગ ઉભા હોય એની જોડે ઉંદર, દિવ્યધ્વનિનો નાદ, પ્રભુનો સાંભળે, વાતાવરણ બહારનું શાંત થઈ જાય છે. એ તો સાંભળ્યું કહે છે, સાંભળ્યું જે છે એ જે જ્ઞાન થયું છે એ લક્ષ કરાવ્યું ભગવાને કીધું છે, આ તું નહીં એમ લક્ષ કરાવ્યું, પણ એથી તેને કાંઈ અનુભવ થઈ ગયો એમ નથી. આ તો વ્યવહારે કરીને સમજાવ્યું માટે એને લાભ થઈ ગયો આત્માનો અને આત્માના લાભ માટે એને કહ્યું. ફક્ત એને ખ્યાલમાં આવે વસ્તુ એટલું કરાવ્યું, વ્યવહારમાં આવીને સંતોએ, કારણકે આ પંચમઆરાની વાત છે ને ? એથી સંતોએ એમ લીધું ત્યાં આઠમીમાં આચાર્યે કહ્યું તે આચાર્યને વ્યવહારમાં વિકલ્પમાં આવીને, કેવળીએ કહ્યું એમ ત્યાં નથી આવ્યું.

આ તો પંચમઆરાના સંતોએ પંચમઆરામાં શાસ્ત્રો બનાવ્યા, પંચમઆરાના જીવ માટે, ન્યાં કેવળીએ કહ્યું કે તું આત્મા છો અને પછી કહ્યું કે આત્મા દર્શન જ્ઞાન ચારિત્રને પામે તે આત્મા છે, અને પછી કહે કે ભાઈ આત્મા તો અભેદ છે, એનું જ્ઞાન કરાવ્યું અહીં ભગવાને કીધું એમ નથી કીધું આંહી. શું શૈલી એની પ્રભુની ( શ્રોતાઃ- પણ આચાર્યે કીધું એ ભગવાને કહ્યું ) એ નહીં, નહીં. વિકલ્પ છે ને અહીંયા એ બતાવવું છે. વ્યવહારમાં આવ્યો એ વિકલ્પ છે, કેવળીને એ નથી ભાઈ ! અહીં તો નિશ્ચય અને વ્યવહાર બે પૈડામાં ઊભો છે, એ લેવો છે. કેવળીને વ્યવહાર છે નહીં, અને અહીં પંચમઆરાના સંતો કહે છે એટલે પોતાની જાતથી કહે છે એ, એને પોતાને વિકલ્પ ઉઠયો છે. એ શૈલીની અહીં વાત છે. કેવળીનું કહેલું છે એ જુદી વાત છે, પણ કહેનારો જે છે અત્યારે એ વિકલ્પના વહેવારનાં પૈડે આવ્યો છે, ઊભો છે, એ વાત કરે છે. આહાહાહા !

કેવળીએ કહેલું પણ છતાં પોતે એમ કહ્યુંને, હું મારા નિજ વૈભવથી કહીશ. તે પણ વિકલ્પમાં આવ્યો છે માટે કહીશ. નિર્વિકલ્પમાં પડયો હોય તો એને કહેવું છે, એ વાત આવતી નથી. શું કહ્યું એ ? અહીંયા વર્તમાન સાધુ સંત છે, એ કહે છે, એ અહીંયા લેવું છે. કેવળીએ કહેલું કહ્યું પણ કહેનાર વર્તમાન કોણ છે ? એ પણ સ્પષ્ટ કરી નાખ્યું પોતે. એ કહેનાર તો હું વર્તમાન વિકલ્પમાં આવ્યો છું, વ્યવહારમાં. એથી કહું છું પણ એ વ્યવહાર આવ્યો છે માટે મને લાભદાયક છે, અને વ્યવહારથી કહીશ બીજાને માટે એને આત્માના લાભ માટે છે, એમ નથી. એના ખ્યાલમાં આવવા માટે એટલું છે. ( શ્રોતાઃ- એ તો પરલક્ષી જ્ઞાન છે ) પરલક્ષી છે એટલા માટે જ આ વાત છે ને. અહીં તો લક્ષ કરાવીને અળગા રહી જાય છે એ તો. હવે તું અંદરમાં જા. આવા જે અભ્યંતર ભેદો છે એ પણ અચેતન છે પ્રભુ. આહાહાહા !

“કારણના જેવા જ કાર્યો હોય છે” એટલા ઉપરથી આ બધી વાત ચાલે છે એમ મુનિઓએ કહ્યું, કેવળીએ કહ્યું એ અત્યારે અહીં નથી. અહીંયા એ વિકલ્પમાં આવ્યા છે એમણે કહ્યું છે. માટે તે વિકલ્પ એને લાભદાયક છે, અને એને બીજાને લાભદાયક માટે વ્યવહાર કહે છે, એમ નથી. ફકત એને ખ્યાલમાં આવે એ ખાતર આ વાત કહે છે. આહાહાહા !

એ મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનો એ પૌદ્‌ગલિક મોહકર્મની પ્રકૃત્તિના ઉદયપૂર્વક થતાં હોય, જોયું ? એ પ્રકૃત્તિ સત્તારૂપ છે ત્યાં સુધીમાં અહીં ભેદ ન આવે. કહે છે ઉદયપૂર્વક, સમજાણું આમાં ? ઉદય થયો ત્યાં ભેદ પડયો, એમાં જોડાણો છે ને ? ઉદયપૂર્વક થતાં હોઈને, એ ચૌદ ગુણસ્થાન ઉદયપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી કેમકે પ્રકૃત્તિ પોતે ઉદય અચેતન છે. "કારણના જેવાં જ કાર્યો થાય છે" શું અમૃતચંદ્રાચાર્યની ટીકા ! શું ભગવાન કુંદકુંદાચાર્યના શ્લોકો ! ઓહોહોહોહો ! એની ક્ષયોપશમની દશા.

"એમ કરીને સમજીને નિશ્ચય કરીને" શું કરીને શું કહ્યું કારણનાં જેવા જ કાર્યો છે. પુદ્‌ગલ કારણ છે એથી ગુણસ્થાન ભેદ તેનાં કાર્ય છે માટે તે અચેતન છે, કોની પેઠે ? "જવપૂર્વક જવ થાય છે" જવ વાવે ને જવ થાય, ઘઉં વાવે ને જવ થાય ? જવપૂર્વક જ જવ થાય છે. એકાક્ષરી શબ્દ લીધો, ઓલો ઘઉં છે એ એકાક્ષરી નથી ને ? બાજરો, ઘઉં, દાળ, ચોખા એકાક્ષરી નથી. જવ એકાક્ષરી છે જવ. જવપૂર્વક, એ તો એનું કારણ બતાવ્યું, પણ વસ્તુ જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે. જવપૂર્વક થાય તેના ફળ જવ હોય છે. જવપૂર્વક થાય એના ફળ ઘઉંને બાજરો હોય છે ? જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે એ ન્યાયે પુદ્‌ગલ જ છે. પુદ્‌ગલપૂર્વક થતાં હોવાથી પુદ્‌ગલ છે એમ. ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસ્થાન. અરે રાગ, દયા, દાન, વ્રતનો રાગ, પ્રભુ આ તો શું કહે છે ભાઈ, હવે એ રાગથી ધર્મ મનાવવો પ્રભુ, પ્રભુ શું કરે છે ભાઈ ? ભગવંત તને આ ન શોભે, જે રાગ પુદ્‌ગલ પ્રકૃત્તિના કારણે થયેલો, માટે દયા, દાનના રાગને પણ પુદ્‌ગલ કીધો. આહાહાહા !

કહો, શાંતિભાઈ ! આ તમારા ધૂળના પૈસાને તો પુદ્‌ગલ કીધા ઝવેરાતને, પણ અહીંયા તો કહે છે કે ગુણસ્થાનનાં ભેદ પર્યાયમાં પડે, પ્રભુ તો અભેદ ચૈતન્ય દ્રવ્ય છે ને ? એ દ્રવ્યમાં આ ક્યાં છે ? દ્રવ્ય તો ત્રિકાળી, જે ગમે તે ગુણસ્થાને ગમે તે ગતિમાં હો, દ્રવ્ય તો પૂર્ણાનંદનો નાથ ત્યાં બિરાજે છે આખો. એમાં ઘસારો કે, કાંઈ આવ્યું ને ઓલું નહીં, બે બોલ નહોતા આવ્યા ? હીણો-હીણો હીણાપણું ને ઘસારો થાતો નથી. ઓલામાં આવ્યું'તું જુઓ ''હાનિ ને ઘસારો નહીં પામતો" એ ૬૩-૬૪ માં આવ્યું, ૬૩-૬૪. વસ્તુ છે, ગમે તે મિથ્યાત્વ આદિમાં હો, નર્ક નિગોદમાં હો, પણ વસ્તુ તો વસ્તુ છે, એમાં હીણી ને ઘસારો કાંઈ નથી, એ તો અખંડાનંદ પ્રભુ છે. આહાહાહા !

"પુદ્‌ગલ જ છે, જીવ નથી," પુદ્‌ગલ જ છે. પ્રકૃત્તિ પુદ્‌ગલ છે, તો એના કાર્ય તરીકે જે ભેદ છે એ પુદ્‌ગલ જ છે કહે છે. અરે આ લબ્ધિસ્થાન પણ કહે છે પુદ્‌ગલના નિમિત્તથી અહીં ભેદ થઈ ગયોને ? અહીં થોડું ઘટતું ગયું ને ? એ ભેદ પુદ્‌ગલમાં નાખી દઉં છું. ગુણસ્થાનનો ભેદ એ તો ઠીક, પણ સંયમની પર્યાયમાં ભેદની પ્રાપ્તિ, શરીર જડ, ગુણસ્થાન જડ, રાગ જડ, પણ આ ભેદ પડયો છે ને એટલો, એ જડ. આવી વાત બહુ આકરું બાપા. આહાહાહા !

અને ગુણસ્થાનોનું તો સદાય અચેતનપણું તો આગમથી સિદ્ધ થાય છે, જોયું. "મોહ જો ભવા" ઠીક, આગમથી સિદ્ધ થાય છે, ભગવાને આગમમાં એમ કહ્યું ગુણસ્થાનોનું સદાય અચેતનપણું તો આગમથી સિદ્ધ થાય છે. "તેમજ ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા" શું કીધું હવે ? એ ભેદ છે, વ્યાપ્ત છે એ પુદ્‌ગલનું વ્યાપ્ય છે. પુદ્‌ગલ વ્યાપક છે અને ભેદ તેનું વ્યાપ્ય છે,

એકકોર એમ કહે કે આત્મા વ્યાપક છે ને વિકારી પર્યાય તેનું વ્યાપ્ય છે અજ્ઞાનદશા. બીજી વાર એમ કહે કે કર્મ વ્યાપક છે અને વિકારી પર્યાય એનું વ્યાપ્ય છે, કર્તાકર્મમાં. અહીં પણ એ જ કહે છે કે એ પુદ્ગલ કર્મ જે વ્યાપક છે તેનો એ ભેદ રાગાદિ તે વ્યાપ્ય છે અને ગુણસ્થાનનું સદાય અચેતનપણું આગમથી તે, તેમજ ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ય જે આત્મા ભગવાન તો સદાય ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત છે, આવા ભેદ સ્વભાવથી વ્યાપ્ત નથી. આહાહાહા !

એ ભેદનું વ્યાપ્યપણું આત્મા વ્યાપક અને ભેદ વ્યાપ્ય એમ નથી, કહે છે. એ તો પુદ્ગલનું વ્યાપકપણું છે, પુદ્ગલની પર્યાય આ ભેદ આદિ વ્યાપ્ય અને રાગાદિ એનું વ્યાપ્ય છે, ભાષા તો સાદી છે, પણ ભાવ તો ભાઈ જે છે તે છે, આ તો ત્રણલોકના નાથ તીર્થંકર, એક વાર્તા કરનારો બારોટ હોય તો પણ ગંભીર વાર્તા કરે, બારોટ આવેને, પૈસા લેવા, જોયેલો ત્યાં એકવાર રાણપુર અપાસરાની જોડે છે ને, આવે છે ને ખત્રી પોપટભાઈ એના બારોટ હતા. પણ મોટા નાગર જેવા, ધોળાં કપડાં ને ગૃહસ્થ માણસ પણ બારોટ તરીકે ખત્રીના, એના શું કહેવાય ઈ માણસો સાધારણ બેઠા હોય ને ઓલો મોટો રાજા જેવો દેખાય, અપાસરાની જોડે પોપટભાઈ ખત્રી આવે છે ને, હવે તો અહીં આવી ગયા છે ગામ બહાર, તે વખતે તો વિશ્નુ, તેના બારોટ પાટલે બેસીને વાંચતા.

અહીં ભગવાન કહે છે, મુનિ અત્યારે તો કહે છે ને ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા, એ ભેદથી વ્યાપ્ત આત્મા, આત્મા વ્યાપક ને ભેદ ગુણસ્થાન વ્યાપ્ય એમ નથી. એ પુદ્ગલ વ્યાપક અને એ એનું વ્યાપ્ય છે. ૧૦૯, ૧૧૦ માં આપણે આ લીધું છે. ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨ પુદ્ગલ કર્મ વ્યાપક છે અને નવાકર્મ તેનું વ્યાપ્ય છે. આવે છે ? ૧૦૯, ૧૦, ૧૧, ૧૨ માં ચાર ગાથામાં. શું એની શૈલી ! એમાં ચૈતન્ય ભગવાન અંદર ચિંતામણિ રત્ન પૂર્ણાનંદનો નાથ એને પ્રસિદ્ધ કરવા, આત્મખ્યાતિ છે ને ? આહાહાહા !

કહે છે કે કર્મ જે છે એ કર્મ વ્યાપક પૂર્વના થઈને નવા કર્મ રજકણો નવી જાત છે, બીજી જાત છે, છતાંય એની જાતના છે તે એને કહે છે કે વ્યાપક કર્મ અને નવા કર્મ આવે તે તેનું વ્યાપ્ય, ઠીક. જૂના કર્મ છે તે વ્યાપક નવા કર્મ તેનું વ્યાપ્ય. હવે પરની સાથે વ્યાપ્ય ( ની તો વાત જ નથી ) તો આંહી તો કહે છે કે, કર્મ વ્યાપક અને ભેદ તેનું વ્યાપ્ય, ભગવાન આત્મા વ્યાપક અને ચૈતન્ય તેનું વ્યાપ્ય પણ આ વ્યાપ્ય તેનું નહીં. ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત જોયું આત્મા, હવે આ ક્રિયાકાંડીઓને રસ પડી જાય. આમ, મુશ્કેલી પડી જાય, બિચારાને દુઃખ થાય. ( શ્રોતાઃ- હજી સમજવાની લાયકાત ધરાવતા નથી ) આકરું પડે બિચારાને એ પછી કરે એમ, એ બિચારા શું કરે ? એની દૃષ્ટિમાં વિપરીતતા છે એમાં આવી વાત બેસે નહીં. ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત એ ભેદથી વ્યાપ્ત એ વ્યાપક કર્મનું છે તેનાથી તો ભિન્નપણે તે ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે, કારણકે ભેદનું લક્ષ છોડીને અભેદમાં જાય છે. ભેદ જ્ઞાનીઓ વડે જે સ્વયં ઉપલભ્યમાન હોવાથી પણ તેમનું સદાય અચેતનપણું સિદ્ધ થાય છે. ગુણસ્થાન આદિ ભેદ, જ્ઞાનના અનુભવમાં આવતા નથી, માટે તેનું અચેતનપણું સિદ્ધ થાય છે. વિશેષ કહેશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

❄ ❄ ❄

**પ્રવચન નં. ૧૩૯ ગાથા- ૬૮ કારતક વદ-૪ શનિવાર તા. ૧૮-૧૧-૭૮**

આ પ્રકારે રાગ.... પહેલાં કહ્યું ને ! કે ગુણસ્થાન જે ચૌદ ગુણસ્થાન છે. એ પુદ્ગલપૂર્વક હોવાથી અચેતન–પુદ્ગલ છે, આત્મા નહીં. 'જવપૂર્વક જવ' નું દૃષ્ટાંત દીધું હતું ને ! જવપૂર્વક જવ થાય છે. જવ થવામાં જવ કારણ છે અને જવ એનું કાર્ય છે. એવી રીતે આત્મામાં જેટલા ભેદ પડે છે, ગુણસ્થાન ( આદિના ) એ પુદ્ગલ કર્મના કારણે ભેદ પડે છે, તો એ ( ભેદ ) પુદ્ગલ જ છે, એ આત્મા નથી. એવી રીતે રાગ, રાગ પણ પુદ્ગલપૂર્વક થતો હોઈને ત્રીજી લીટી લેવી રાગ, પુદ્ગલપૂર્વક થતો હોઈને સદાય અચેતન હોવાથી, શુભ ને અશુભ રાગ– દયા–દાન–વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ કે હિંસા, જૂઠું, ચોરી, ( આદિનો ) રાગ, એ પુદ્ગલપૂર્વક થતા હોઈને, ત્રીજી લીટીમાં છે– એમાં સદાય અચેતન હોવાથી –રાગ અચેતન છે. રાગમાં ચૈતન્યજ્ઞાયક સ્વરૂપનો અંશ નથી. ભગવાન ( આત્મા ) ચેતન, અનાદિ–અનંત, નિત્યાનંદપ્રભુ, એનો અંશ રાગમાં નથી. – ચાહે તો વ્રત, તપ, ભક્તિ આદિનો રાગ હોય, ચાહે તો વિષય આદિનો રાગ હોય, કમાવા આદિનો રાગ હોય, એ રાગ પુદ્ગલપૂર્વક થતો હોવાથી – ( આહા ) પુદ્ગલપૂર્વક થતો હોવાથી રાગ હોં –એ રાગ પુદ્ગલપૂર્વક થતો હોવાથી સદાય અચેતન છે.

( કહે છે ) પુદ્ગલપૂર્વક થતો હોવાથી ( ને ) સદાય અચેતન હોવાથી, એ કારણે સદાય અચેતન છે. રાગ– અહીંયા અત્યારે તો રાગથી –શુભરાગ છે એનાથી થાય છે ધર્મ, લ્યો ! અરે રે, જે રાગ પુદ્ગલપૂર્વક થતો હોઈને સદા પુદ્ગલ–અચેતન છે. છે ? પુદ્ગલ જ છે. વિશેષ એટલું કહ્યું ! પુદ્ગલપૂર્વક થતો હોઈને –સદાય અચેતન હોવાથી પુદ્ગલ જ છે, જીવ નથી, એવુ સ્વતઃ સિદ્ધ થઈ ગયું. આહાહા ! આવી વાત છે.

એવી રીતે દ્વેષ, દ્વેષ જે થાય છે–અણગમો, પર પ્રતિકુળ હો ( ત્યારે ), અનુકૂળમાં રાગ, પ્રતિકુળમાં દ્વેષ, એ દ્વેષ પુદ્ગલકર્મપૂર્વક થવાથી સદા પુદ્ગલ જ છે. એ કારણે અચેતન હોવાથી પુદ્ગલ છે. આવી વાત છે.

( હવે કહે છે ) 'મોહ' – મિથ્યાત્વ અથવા પર તરફની સાવધાનીનો ભાવ, એ પણ પુદ્ગલપૂર્વક થતો હોવાથી–સદાય અચેતન હોવાથી પુદ્ગલ જ છે. પુદ્ગલ છે ( એમ નહીં પણ ) પુદ્ગલ જ છે, એમ કહ્યું અહીંયા ( કે ) પુદ્ગલ જ છે. કથંચિત્ આત્મા ને કથંચિત્ પુદ્ગલ એમ નહીં, કેમ કે ભગવાન આત્મા તો અનાદિ–અનંત ચેતન દ્રવ્ય છે, એ તો અભેદ છે. એમાં જેટલા ભેદ દેખાય છે એ બધા અચેતન છે, જીવ નહીં.

એમ પ્રત્યય –આસ્રવ, મિથ્યાત્વ–અવ્રત–કષાય–જોગ, એ ચાર ( આસ્રવ ) ભાવ છે એ પુદ્ગલપૂર્વક થતાં હોઈને, પુદ્ગલ છે, એ કારણે સદા પુદ્ગલ છે ( આહા ! ) અચેતન હોવાથી પુદ્ગલ છે એ પુદ્ગલપૂર્વક થતાં હોઈને–સદા અચેતન હોવાથી પુદ્ગલ જ છે. એમ ત્રણ બોલ સિદ્ધ કર્યા. મિથ્યાત્વ, કષાય, અવ્રત ને જોગ એ આસ્રવ છે. એ આસ્રવ પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને સદાય અચેતન છે. પુદ્ગલ જ છે જીવ નહીં.

આ જીવ–અજીવ અધિકાર છે ને ! જીવ ( નું સ્વરૂપ ) તો કહેશે આગળ ( ઓહોહો ! )

અનાદિ-અનંત, નિત્યાનંદ, પ્રભુ સ્વસંવેદન -પોતાની નિર્મળદશા દ્વારા જાણવામાં આવે છે. વેદનમાં આવે છે. આવી વાત છે. શ્લોક છે પછી ( નો તેમાં ) કહેશે.

કર્મ, કર્મ તો જડ છે, એ તો પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને ( પુદ્‌ગલ જ છે ) નોકર્મ – મન, વાણી, દેહ એ પણ કર્મપૂર્વક ( થતાં હોઈને ) જડ છે, એ-પણ પુદ્‌ગલપૂર્વક થતાં હોઈને જડ છે, 'વર્ગણા' એ તો જડ છે, 'સ્પર્ધક' – 'અધ્યાત્મ સ્થાન' -અધ્યવસાયના પ્રકાર રાગાદિમાં એકત્વબુદ્ધિના જે અધ્યવસાય, એનાં જે સ્થાન અસંખ્ય ( પ્રકારના છે ) એ બધા પુદ્‌ગલપૂર્વક થતાં હોઈને સદા અચેતન હોવાથી પુદ્‌ગલ જ છે. જીવ એને કહેવાય નહીં, એમ કહે છે. સાંભળ્યું છે ? આંહી તો કહે છે એ જાત્રાના ભાવ, ભગવાનની ભક્તિના ભાવ, આસ્રવ-આસ્રવ, એ અધ્યવસાય-એકત્વબુદ્ધિ એ બધા ( ભાવો ) પુદ્‌ગલપૂર્વક થતાં હોઈને સદા અચેતન હોવાથી પુદ્‌ગલ જ છે. ( આહા ! ) પુદ્‌ગલ 'જ' છે. છે ? ( શ્રોતાઃ- બધા શુભાશુભ ભાવ પુદ્‌ગલ છે. ) એ પછી આવશે-હવે આવશે.

આંહી તો હજી અધ્યાત્મસ્થાન, અનુભાગસ્થાન, એ જડમાં, યોગસ્થાન- કંપન, કંપનના-યોગના પ્રકાર, 'બંધ સ્થાન' – 'ઉદયસ્થાન' લ્યો ! ઠીક, જેટલા ઉદયસ્થાન છે રાગઆદિના અનેક પ્રકાર, એ બધા પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદા અચેતન હોવાથી પુદ્‌ગલ જ છે.

'માર્ગણાસ્થાન', ઠીક ! ચૌદ માર્ગણાસ્થાન પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને પુદ્‌ગલ સદા અચેતન હોવાથી પુદ્‌ગલ જ છે. 'સ્થિતિબંધસ્થાન' -કર્મમાં સ્થિતિ પડે ને ! એ તો પુદ્‌ગલ છે જ, હવે 'સંકલેશસ્થાન' -અશુભજોગ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ આદિના ભાવ જે અશુભ છે-એ પુદ્‌ગલપૂર્વક થતાં હોઈને -પુદ્‌ગલકર્મપૂર્વક થવાથી, સદા અચેતન હોવાથી પુદ્‌ગલ જ છે. બધું પુદ્‌ગલ, આવું હોં ? ! જેટલો વ્યવહાર-પંચમહાવ્રત અને દયા, દાન, વ્રત આદિના ભાવ એ બધા પુદ્‌ગલપૂર્વક થતાં હોઈને -સદા અચેતન હોવાથી, એટલે પુદ્‌ગલ ( કર્મ ) પૂર્વક થયા એમ કહ્યું, પછી બધા અચેતન, એટલે એમાં ચેતનનો ભાવ નહીં, એ કારણે પુદ્‌ગલ જ છે. શાંતિથી ! શું ચીજ છે ! એ સમજતા નથી ને ઝઘડા- ઝઘડા- ઝઘડા ! એની બુદ્ધિ પર ઉપરને વ્યવહારનયથી ( લાભ માને ! )

વ્યવહારનયથી ( શુભ છે ) અસંકલેશ પરિણામ પણ નિશ્ચયથી સ્વભાવની દૃષ્ટિથી જોવાથી એ પુદ્‌ગલ ( કર્મ ) પૂર્વક થવાથી સદા અચેતનના કારણે થવાથી પુદ્‌ગલ જ છે જીવ નહીં. એ અશુભભાવ જીવ નહીં. આવી વાત છે. એની ચીજ જ ક્યાં છે ? ( એની હોય તો ) એ ચીજો ( એ ભાવો ) વસ્તુ એમાં રહેવી જોઈએ કાયમ ! એ તો પહેલાં આવી ગયું છે ને ! દરેક અવસ્થામાં હોય ને કોઈ અવસ્થામાં ન હોય એ એની ચીજ ( નહીં ), આ ( ભાવો ) તો નિર્મળ અવસ્થા થતાં એ, એ ( ભાવો ) રહેતાં નથી, એ ચીજ એની નથી. સમજાણું કાંઈ.. ?

હવે આંહીં તો આંહી લેવું 'વિશુદ્ધિસ્થાન' – એ રાગની મંદતાના, દયાના, દાનના, વ્રતના, ભક્તિના, પૂજાના, નામસ્મરણના, વાંચનનાં એવા જે શુભભાવ, વિશુદ્ધિસ્થાન – શુભના અસંખ્ય પ્રકાર, શુભરાગનાં અસંખ્ય પ્રકાર, એ પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોવાથી એકલા પુદ્‌ગલ નહીં, પુદ્‌ગલકર્મ લેવા છે ને અહીં, પુદ્‌ગલકર્મપૂર્વક એમ- પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોવાથી-સદાય અચેતન હોવાથી કેમ કે પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને -સદા અચેતન હોવાથી એ કારણે

પુદ્ગલ જ છે. કહો પંડિતજી ?

આ પંચમહાવ્રતના પરિણામ પુદ્ગલ એમ કહે છે, શાસ્ત્રનું જ્ઞાન એ શબ્દજ્ઞાન એ પુદ્ગલ ! નવતત્ત્વની શ્રદ્ધા ( એ ) રાગ એ પુદ્ગલ ! છે ? છકાયની દયાને પંચમહાવ્રતનો ભાવ, ( એ ભાવ ) ચૈતન્યપૂર્વક–ચૈતન્યના સ્વભાવપૂર્વક થયા હોય છે ? ( ના. ) ભગવાન ચૈતન્યસ્વભાવ તો નિર્મળ શુદ્ધ આનંદ છે, એ ચૈતન્યપૂર્વક કોઈ વિકાર થાય છે ? ( કદી નહીં ) આહાહાહા !

એ કારણે શુભભાવ એ બધા પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને –થતાં હોવાથી – આમ સદા અચેતન હોવાથી, એ પુદ્ગલ જ છે. હવે આવી વાત લોકોને આકરી પડે ! ( શ્રોતાઃ– તો કરવું શું હવે ? ) આ કરવું –ત્રિકાળીદ્રવ્ય છે એની જ દૃષ્ટિ કરવી, આ કરવાનું છે. એમ કહે છે. ચૈતન્યદ્રવ્ય ભગવાન ઝળહળ જ્યોતિ ! હમણાં આવશે, પ્રકાશની મૂર્તિ પ્રભુ અંદર છે ત્રિકાળ આહા ! જેમાં પર્યાયના ભેદ નથી, ( એવો અભેદ ) ત્યાં દૃષ્ટિ દેવી છે, તો એણે આત્મા જાણ્યો ને માન્યો છે, એમ કહે છે– કહેવામાં આવે છે. આવી વાતું છે. આહાહાહા !

'વિશુદ્ધિસ્થાન' અને 'સંયમલબ્ધિસ્થાન' ઠીક ! રંગ, રાગ અને ભેદ, ભાઈએ ત્રણ નામ આપ્યા, ત્રણ જ આમાં છે– રંગ, રાગને ભેદ, ભગવાન આત્મા નિરાળો છે એનાથી પ્રભુ ! આત્મા અંદર નિરાળો છે. આહાહાહા !

( રંગ, રાગને ભેદ ) વ્યવહારનયે પર્યાયમાં એના છે, પર્યાયનયે પર્યાયમાં એના છે પણ દ્રવ્યદૃષ્ટિએ –સ્વભાવની અપેક્ષાએ, એ સ્વભાવપૂર્વક નથી થયા, ( આત્મ ) સ્વભાવ કારણ ને શુભ, લબ્ધિસ્થાન આદિ થયા, એમ નથી. એમ ( કહ્યું છે ) સમજાણું કાંઈ.... ?

ભગવાન આત્મા પૂર્ણાનંદપ્રભુ ! એ આનંદપૂર્વક, એ સંયમલબ્ધિસ્થાન નથી, કારણ આ ( આત્મદ્રવ્ય ) એમ નથી, એમ કહે છે. એ તો સંયમલબ્ધિસ્થાન કે ઠેઠ ( સુધી ) લઈ ગયા. ( એ બધા ભાવો ) પુદ્ગલકર્મપૂર્વક થતાં હોવાથી –અભેદમાં ભેદ છે નહીં, એ બતાવવું છે. ભેદ જે કાંઈ પર્યાયમાં દેખાય છે, એ વ્યવહારનયનો વિષય છે, પરમાર્થદૃષ્ટિથી એ ( ભેદભાવો ) પુદ્ગલના છે. એ પુદ્ગલ( કર્મ )પૂર્વક લબ્ધિસ્થાન પણ એમ, એટલે પૂર્વે જે ગુણસ્થાન કહ્યાં એમાં ( આવી ગયા ), આ બધા–સ્થાન–રાગ–આદિ બધાંય પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને–સદાય અચેતન હોવાથી, પુદ્ગલ જ છે, જીવ નહીં, એમ સ્વતઃ ( આપોઆપ ) સિદ્ધ થઈ ગયું. આનાથી આ સિદ્ધ થયું કે રાગઆદિ ભાવ જીવ નથી. રાગ– દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ જીવસ્વરૂપ નહીં, પર્યાયમાં છે પણ જીવસ્વરૂપ જે ત્રિકાળી છે તેના એ નથી. કેમ કે ભગવાન ચૈતન્યસ્વભાવ આત્મા ! એ ચૈતન્યસ્વભાવપૂર્વક ભેદ પડયો છે ? ( ના ) ચૈતન્યસ્વભાવપૂર્વક ભેદ પડે તો ભેદ સદાય ( આત્મામાં ) રહે ! આહાહાહા !

બધે ઠેકાણે લોકોને અત્યારે બસ, શુભભાવ કરતાં કરતાં– સંયમ, વ્રત, તપ, પડિમાં ( પ્રતિજ્ઞા ) લેતાં લેતાં – કરતાં કરતાં નિશ્ચય ( આત્મદ્રવ્ય ) શુદ્ધ થઈ જશે ! આંહી તો કહે છે ( એ ભાવો ) કરતાં કરતાં પુદ્ગલ થઈ જશે. – કર્મબંધન થઈ જશે, તો પુદ્ગલ થઈ જશે ! સાદડી–બાદડીમાં નથી, ન્યાં કાંઈ. સાદડીમાં સાદડી છે મુંબઈની ! આ તો બધેય, આ તો વસ્તુ ખરી. ઓહોહો !

અહીંયા તો આ પરમાત્મસ્વરૂપ ચૈતન્ય, અનાદિ–અનંત, નિત્યાનંદ ચૈતન્ય સ્વભાવ

અને તે સ્વસંવેદ્ય-પોતાનાથી જાણવામાં આવે છે, એ રાગ આદિ-પુદ્‌ગલ ( સ્વરૂપ ) છે, એનાથી જાણવામાં આવતો નથી. બહુ સ્પષ્ટ,બહુ સ્પષ્ટ ! ઓહો ! સૂરજના ચમત્કાર જેવી વાત કરી છે. સ્પષ્ટ ! ! ભગવાન તું તો ચૈતન્યસ્વભાવી વસ્તુ છે ને પ્રભુ ! એ ચૈતન્ય સ્વભાવપૂર્વક શું થાય છે ? ચૈતન્ય સ્વભાવપૂર્વક તો નિર્મળદશા થાય છે. ભેદ દશા નહીં. આહાહા ! કહેશે અંદર.

**ભાવાર્થઃ-** શુદ્ધ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિમાં- શું કહે છે ? શુદ્ધ દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી, એના પ્રયોજનની નયથી, ભગવાન આત્મા શુદ્ધ ત્રિકાળ તેના દ્રવ્ય એટલે વસ્તુ, તેના અર્થ એટલે પ્રયોજનની દૃષ્ટિએ ચૈતન્ય અભેદ છે. વસ્તુ અભેદ છે- રાગેય નહીં ને, દયા, દાનેય આદિ નહીં- લબ્ધિસ્થાન આદિ નહીં,શુદ્ધદ્રવ્ય-આર્થિક ( એટલે ) શુદ્ધ દ્રવ્યના પ્રયોજનની દૃષ્ટિએ જુઓ તો એ ચૈતન્ય તો અભેદ છે, ચૈતન્ય અભેદ અને આ ભેદને ! આ કઈ જાતનો ઉપદેશ ! આ જુઓ તો ( ખરા ) ઓલું તો આ એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, ત્રિઈન્દ્રિયા આવતું'તું નહીં. સપાણી ? ઈચ્છામિ પડિક્કમણું તસ્સ ઉતરિ કરણેણં, તાઉ કાઉ ઠાણેણ. આંહી તો પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ ( તીર્થંકર પ્રભુએ ) કહ્યું, એ સંતો, જગતને જાહેર કરે છે. 'આત્મખ્યાતિ' પ્રસિદ્ધ કરે છે.

પ્રભુ ! તું તો શું ( કોણ ) છે ? શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિએ તો અભેદ છે ને ! અને ત્યાં દૃષ્ટિ દેવાલાયક છે ને ! આ કરવું આ ! આહા ! શુદ્ધ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિમાં- દૃષ્ટિમાં ! ચૈતન્ય અભેદ છે અને એના પરિણામ પણ સ્વાભાવિક શુદ્ધ જ્ઞાન- દર્શન છે. દેખો ! ઓલો ભેદ છે ઈ એના પરિણામ ( નહીં ) એકદમ અભેદથી જ્ઞાન-દર્શન થયા છે. શુદ્ધ સ્વભાવના પરિણામ-જ્ઞાતાદ્રષ્ટાના પરિણામ-આનંદના પરિણામ એ એના થાય. આહાહા ! સમજાણું કાંઈ.... ? આહા !

એ એના પરિણામ, કોના ? કે જે ચૈતન્ય અભેદ છે-વસ્તુઅભેદ છે એના પરિણામ, જ્ઞાન-દર્શન પરિણામ આદિ છે. એ દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ એ જીવના નહીં- ચૈતન્યસ્વભાવનું પરિણમન એ નહીં. આવી વાતું ! હવે નવરાશ ન મળે, એક તો આખો દિ' ધંધા ને પાપમાં પડયા ! એમાં ધર્મની વાત સાંભળવા જાય ત્યાં મળે પાપનું બધું- આ વ્રત કરોને, અપવાસ કરોને, ભક્તિ કરોને, જાત્રા કરોને - એ તો બધો રાગ છે. અને રાગને ( તો ) પુદ્‌ગલના પરિણામ અહીં તો કહેવામાં આવ્યા છે. અને એમાં આ ધર્મ માને છે ! ! પુદ્‌ગલ જ છે ઈ. આહાહાહા !

ભગવાન આત્મા તો ચૈતન્યસ્વભાવ -જાગ્રતસ્વભાવ-જાગતી જ્યોત સ્વરૂપ પ્રભુ અભેદ ! એ શુદ્ધદ્રવ્યની દૃષ્ટિએ તો અભેદ છે. અને એના પરિણામ પણ જાણન-દેખન-આનંદ આદિ પરિણામ છે. ઓલા સંયમલબ્ધિસ્થાન તો ભેદ હતા. આ તો અભેદને અવલંબે જે જ્ઞાન-દર્શન થાય, એ એનાં પરિણામ છે એમ એના પરિણામ પણ સ્વભાવિક શુધ્ધ જ્ઞાન-દર્શન છે. દેખો ! પર નિમિત્તથી થવાવાળા ચૈતન્યનો વિકાર આત્માની પર્યાયમાં રાગ-દ્વેષ, દયા-દાન-કામ-ક્રોધ વિકલ્પ જે દેખાય છે રાગ, એ ચૈતન્યનો વિકાર છે. ચૈતન્યસ્વભાવનો ભાવ નથી. ચૈતન્યસ્વભાવ એનાં ભાવ ( એ વિકાર ) નથી. વિકાર છે એમ કહે છે. ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવનું પૂર, નૂરનું તેજ, એના પરિણામ એના તો રાગ વિનાના પરિણામ જ્ઞાન-દર્શન પરિણામ હોય છે. સમજાણું કાંઈ ? આહા !

પર નિમિત્તથી ચૈતન્યનો વિકાર, શું કહે છે ? ચૈતન્ય સ્વભાવથી જે પરિણામ થાય છે એ

તો જ્ઞાન–દર્શન ને આનંદ. હવે એની પર્યાયમાં જે પરનિમિત્તથી વિકાર થાય છે. કારણ વિકાર કરવાનો કોઈ ગુણ નથી ( આત્મામાં ) કોઈ સ્વભાવ નથી. ત્યારે એ વિકૃતપર્યાય આત્મામાં જે થાય છે એ પર નિમિત્તથી થાય છે. નિમિત્તનો અર્થ ? થાય છે પોતાની પર્યાયમાં પણ નિમિત્તના લક્ષથી–ભેદથી થાય છે. એ કારણે યદ્યપિ ચૈતન્ય જેવા દેખાય છે એ શુભને અશુભભાવ, દયા–દાન–વ્રત–ભક્તિ– પૂજાના ભાવ, હિંસા–જૂઠું–ચોરી, વિષય ભોગવાસના –કામનો ભાવ, એ પર્યાયમાં ચૈતન્યનો વિકાર છે. એ ચૈતન્યનાસ્વભાવના પરિણામ નહીં– ચૈતન્યસ્વભાવ નહીં, અને ચૈતન્યસ્વભાવના એ પરિણામ નથી, તો એ વિકૃત જે અવસ્થા થાય છે એ કર્મના નિમિત્તથી વિકૃત અવસ્થા જે છે એ ચૈતન્ય જેવા દેખાય છે– જાણે ચૈતન્ય છે ( એવા ) ચૈતન્યની પર્યાયમાં ( ચૈતન્ય જેવા ) એમ દેખાય છે. તો પણ ચૈતન્યની સર્વ અવસ્થામાં વ્યાપક ન હોવાથી –ભગવાન ચૈતન્યસ્વરૂપ પ્રભુ એની પ્રત્યેક અનાદિ–અનંત અવસ્થામાં નહીં રહેવાવાળા એ ( વિકૃત ) વિકાર તો અનાદિ–અનંત જે સ્વભાવ છે એની પર્યાયમાં અનાદિ–અનંત એ રહેવાવાળા નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આવો ઉપદેશ હવે ! આહા !

કહે છે તથા ચૈતન્યની દરેક અવસ્થામાં વ્યાપક એટલે રહેવાવાળા નથી. તેથી ચૈતન્યશૂન્ય છે. એ પુણ્ય ને પાપ– શુભ ને અશુભભાવ, ગુણસ્થાન આદિ બધું ચૈતન્યથી શૂન્ય છે. ચૈતન્યનો એમાં અભાવ, અભાવ છે. એ કારણે કર્મપૂર્વક થતાં હોઈને એને પુદ્‌ગલમાં નાખી દીધા છે. આહાહા ! આવો વીતરાગ ધર્મ !

પહેલાં સમ્યગ્દર્શન ને એનો વિષય ( –ધ્યેય ) શું છે, એ સમજવાની જરૂર છે. બાકી તો ( બીજી વાત ) બધી ઠીક છે ! સમ્યગ્દર્શન ! પ્રથમ ધર્મની શરૂઆત.. તો એનો વિષય ( ધ્યેય ) ચૈતન્યસ્વભાવી અભેદ વસ્તુ ( અભેદાત્મા ) એનો તે વિષય છે. એને શુદ્ધદ્રવ્યાર્થિક નયનો વિષય કહો કે સમ્યગ્દર્શનનો વિષય કહો કે પૂર્ણસ્વરુપ ભગવાન ( અભેદાત્મા ) એનાં જે પરિણામ જે સમ્યગ્દર્શન આદિ છે એ એનાં પરિણામ હોવાથી એ જીવ છે. રાગ આદિને ભેદ આદિ એ સ્વભાવપૂર્વક ન હોવાથી, નિમિત્તપૂર્વક થતાં હોવાથી, પુદ્‌ગલકર્મના નિમિત્તપૂર્વક થવાથી –સદાય અચેતન હોવાથી પુદ્‌ગલ છે. આહાહા ! આવી વાત છે લ્યો !

આંહી તો.... દયા–દાન–વ્રત–ભક્તિને પૂજાના ભાવ કર્યાં ( માન્યું કે ) ધર્મ થઇ ગયો ! મૂંઢ છે–મિથ્યાદૃષ્ટિ છે એ તો, જૈનધર્મની એને ખબર નથી. છે ? ( શ્રોતાઃ– ખબરેય નહી ને ગંધેય નહીં ) બંધ છે, પાકું બંધ છે, ખબર નહીં, ખબર નથી. ( આહા ! ) એને ખબર નથી એથી કાંઈ સત્ય થઈ જાય ? જુઓ ને ! જયચંદ પંડિતે કેટલો ખુલાસો કર્યો છે, કે પરનિમિત્તથી થવાવાળો ચૈતન્યનો વિકાર, કેમ કે ચૈતન્યસ્વભાવથી થવાવાળો એ વિકાર નહીં– જે કાંઈ ગુણસ્થાન, પુણ્ય–પાપના ભાવ, એ ચૈતન્ય સ્વભાવપૂર્વક થવાવાળા નથી. એથી એ ચૈતન્ય સ્વભાવપૂર્વક ( જે ભાવ ) હોય એ તો નિર્મળ આનંદ ને જ્ઞાન–દર્શનના પરિણામ થાય છે. આ ( વિકાર ) ચૈતન્ય સ્વભાવપૂર્વક ન હોવાથી, પુદ્‌ગલ કર્મપૂર્વક થતાં હોવાથી, એને અચેતન કહેવામાં આવ્યા છે. હવે અચેતન રાગ જે ( વિકાર ) અને દયા–દાન–પડિમાના–વ્રતના પરિણામ એનાથી આત્માનો ધર્મ હોય છે ? ત્રણકાળમાં નહીં. આહાહા ! સમજાણું કાંઈ ?

પુદ્‌ગલથી જીવને લાભ થાય છે ? એવું થયું, ( તો તો ) જડથી ચૈતન્યની જાગૃતિમાં લાભ

થયો. એવા ભાવ થયા, એવું છે નહીં, ઘણો ફેર ! જડ છે ( એ ભાવ ) એ તો પુણ્યને પાપના ભાવ, દયા-દાનને-વ્રત ભક્તિના ભાવ ચૈતન્યસ્વભાવથી શૂન્ય હોવાથી અને પુદ્‌ગલ કર્મપૂર્વક -એ કારણથી વિકૃત અવસ્થા એની છે, પણ એના કારણે થવાથી જ ચૈતન્યસ્વભાવથી રાગ શૂન્ય છે. શૂન્યને કારણે એ જડ છે. ચૈતન્યસ્વભાવથી, દયા-દાન-વ્રત-ભક્તિના ભાવ, એ રાગ, ચૈતન્યસ્વભાવથી શૂન્ય હોવાથી જડ છે. અરે, અરે, આવી વાત ! શાંતિભાઈ ? આ શ્વાસ નીકળી જાય, એવું છે બધું ! આ ઝવેરાતના ધંધાને, બાયડી- છોકરાને સાચવવાના ભાવ, એકલા પાપ, એ ચૈતન્યસ્વભાવથી ઉત્પન્ન નથી થયા. એ પુદ્‌ગલ કર્મપૂર્વક થવાથી, અચેતન હોવાથી જડ-પુદ્‌ગલ ને જડ છે. આહાહાહા !

અને આગમમાં પણ એને અચેતન કહ્યા છે. જોયું ? શુદ્ધ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિમાં એને વિકૃત ( કહ્યા છે ), આવે છે. તો ચૈતન્યની પર્યાયમાં વિકાર એમ કહે છે. ( પર્યાયમાં ) હોવા છતાં આગમમાં એ વિકારને અચેતન કહ્યા છે. બે વાત ( થઈ ), ભેદજ્ઞાનીઓ પણ એનો ચૈતન્યથી ભિન્ન અનુભવ કરે છે. ત્રીજી વાત. પહેલાં તો ન્યાયથી વાત સિદ્ધ કરી, ( કહ્યું ) કે ભગવાન આત્મા જે છે એ તો ચૈતન્ય-નિર્મળાનંદ-અભેદ, એમાં જે પર્યાયમાં વિકાર થાય છે, એ ચૈતન્ય સ્વભાવપૂર્વક ( થતા ) નથી. ચૈતન્ય ( આત્મામાં ) શું વિકાર છે કે એનાંપૂર્વક થાય ? માટે એ પુણ્યને પાપ, દયા-દાન-રાગ- આદિના ભાવ, એ બધા કર્મપૂર્વક થવાથી, ચૈતન્યનો અભાવ ( એમાં ) હોવાથી, પુદ્‌ગલને જડ કહેવામાં આવ્યા છે. આહાહાહા !

અને આગમમાં પણ એમ કહ્યું છે- યુક્તિથી પહેલું સિદ્ધ કર્યું. હવે આગમમાં પણ એમ કહ્યું છે. બે વાત ( થઈ ) અને ભેદજ્ઞાનીઓ પણ ભેદનો આશ્રય ન લઈને અભેદનો આશ્રય લઈને અનુભવે છે તેમાં ભેદ અને રાગ આવતા નથી. છે ? આગમ, યુક્તિ અને ભેદજ્ઞાન - ત્રણેયથી સિદ્ધ છે ( એમ ) કહે છે. આવી વાતું હવે, લોકોને એકાંત લાગે ! ( પરંતુ ) આ કોણ કહે છે, આ તો ભગવાન કહે છે, આગમ કહે છે ભગવાન કહે છે અને ભેદજ્ઞાન કરવાલાયકને પણ એ દેખાય છે. કેમ કે ( ભેદ ) એમાં ( અનુભવમાં ) આવતો નથી. રાગથી ભેદથી ભિન્ન, અભેદનો અનુભવ કરવાથી, એમાં ( અનુભવમાં ) ભેદ ને રાગ આવતા નથી, માટે એ જડને અચેતન છે. અરે ! આહાહા !

અમારે ગુરુ હતા સંપ્રદાયના ( સ્થાનકવાસીના ) ઈ તો બસ આટલું જ કહે, સભા, હજારો માણસો- અહિંસા-પરજીવની દયા પાળવી, પરને ન મારવા, એ જ જિનસિદ્ધાંતનો સાર છે, અને જેણે એવું જાણ્યું એણે બધું જાણ્યું ! એમ કહેતા હતા, બહુ પ્રસિદ્ધ હતા ક્રિયાકાંડમાં ને કાઠિયાવાડમાં તો હીરો કહેવાતા, પણ વસ્તુ નહીં. અરેરે ! સાંભળ્યું નહોતું-આ વસ્તુ નહોતી. ભગવાન એકવાર સાંભળ તો ખરો પ્રભુ ! તારો સ્વભાવ શું છે પ્રભુ ! એકવાર ( સાંભળ પ્રભુ ) ત્રિકાળી-કાયમી સ્વભાવ શું છે ?

એ તો ચૈતન્યસ્વભાવી કાયમ છે, તો ચૈતન્યસ્વભાવી કાયમ છે એ સ્વભાવપૂર્વક વિકાર થાય છે ? ( ના. ) સ્વભાવપૂર્વક તો સ્વભાવની પર્યાય થાય છે નિર્મળ. ન્યાયથી કાંઈ સમજવું પડશેને ! જિંદગી ચાલી જાય છે. એક પછી એક જુઓને માણસ ચાલ્યા જાય છે. આ મરી ગયા ને આ મરી ગયાને ! અને મર્યા એ કોણ ? આ ભવમાંથી બીજા ભવમાં ગયા. આવો મનુષ્યભવ

એમાં તીર્થંકર–ત્રણલોકના નાથ, જિનેશ્વરદેવ એ આત્માને કેવો કહે છે એ.... સમજણમાં ન આવે ! આહા ! એ જિંદગી નિષ્ફળ, પશુને મનુષ્યપણું મળ્યું નથીને આને મળ્યું પણ કર્યું નહીં, ( મનુષ્યપણું ) નિષ્ફળ છે.

આહા ! ત્રણ વાત લીધી, ચૈતન્યસ્વભાવ અસલી–કાયમી જ્ઞાન–આનંદ–શાંત–વીતરાગસ્વભાવ, એ સ્વભાવપૂર્વક વિકાર થતો નથી, કેમ કે સ્વભાવ તો શુધ્ધ નિર્મળ છે. તો એ સ્વભાવપૂર્વક વિકાર થતો નથી, તો વિકાર તો છે ખરો પર્યાયમાં, પર્યાયમાં વિકાર છે તો ખરો, તો એ શું છે ? વ્રત–દયા–દાન–કામ–ક્રોધના ભાવ તો છે.

( અહીંયા તો કહે છે ) એ પુદ્‌ગલ કર્મપૂર્વક ( થયેલા છે ), પુદ્‌ગલથી નહીં–પુદ્‌ગલ કર્મ પૂર્વક થવાથી આ શુભ–અશુભ ભાવ અને ભેદભાવ, એ બધા પુદ્‌ગલ–કર્મપૂર્વક થવાથી, એમાં ચૈતન્યનો તો અભાવ છે, એ કારણે એને પુદ્‌ગલ કહ્યા, અને ચૈતન્યની પર્યાયમાંથી નીકળી જાય છે– જો એનો ( ચૈતન્યનો ) ભાવ એ હોય તો કાયમ રહે, ચીજમાં તો એ છે નહીં. એનો ( આત્માનો ભાવ ) હોય તો, તો સદાય રહે. પર્યાયમાં ત્રિકાળ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી, પર્યાયમાં જે વિકૃત ( વિકાર ) અવસ્થા ( છે ), એ સ્વભાવપૂર્વક નહી થવાથી–કર્મપૂર્વક થવાથી, સદા અચેતન કહેવામાં આવ્યા, એ કારણે એ જડ છે. – લોજિકથી–ન્યાયથી, આગમથી ને અનુભવથી–ત્રણેયથી વાત કરે છે. આહાહા !

ભેદજ્ઞાની જીવ ધર્મી, એ આત્માનો અનુભવ કરે છે તો એમાં રાગ અને ભેદ નથી આવતા, એ કારણે રાગ અને ભેદ, આત્માના નથી. આત્માના હોય તો આત્માના અનુભવમાં એ–પણ આવવા જોઈએ. આવી વાત છે. અજાણ્યા માણસને તો એવું લાગે, આ તે શું ? આવો ધર્મ ? આ બધું –વ્રતને–તપને–અપવાસ કરવાને ભક્તિ કરવી–જાત્રા કરવી– ભગવાનના દર્શન કરવા–ભગવાનની મૂર્તિ સ્થાપવી–રથયાત્રા કાઢવી, ( એ ધર્મ નહીં ! ) અરે, સાંભળને ભાઈ ? એ ક્રિયા તો પરની છે અને તારો ભાવ જો હોય તો એ રાગ છે, અને એ રાગ, ઈ સ્વભાવપૂર્વકનો, સ્વભાવનું એ કાર્ય નથી. આહાહા ! એ તોપુદ્‌ગલ ( કર્મ ) પૂર્વકના થતાં હોવાથી પુદ્‌ગલનું કાર્ય છે. ગજબ વાત કરી છે ! અરે, આવું નહી મળે સાંભળવા ક્યાં જાવું એને ! ? અરે, ( આ ) ભવને બદલીને જાશે ક્યાંક ! આહાહાહા !

જેણે આત્મા–અભેદ, પુદ્‌ગલ કર્મપૂર્વકના વિકારથી રહિત, ( નિર્વિકાર ) એવા સ્વભાવની દૃષ્ટિ ને જ્ઞાન કર્યું નથી, એ મરીને રખડી જશે, નિગોદ ને નર્ક આદિમાં જશે. એક એક ગાથા ! કેટલા લોજિક–ન્યાય, આગમ અને અનુભવી ( ના અનુભવપૂર્વક ! ) –અનુભવીને સોપ્યું ’તું. હે ? એ આવ્યું છે ને ! ઓલામાં ૪૯ માં નહીં ! ભેદજ્ઞાનીને સર્વ સોપ્યું છે. છે ને ! એટલે શું ? કે જે આત્મા અખંડાનંદ સ્વરૂપ પ્રભુ ! એનો જે અનુભવ કરે છે ( એવા તે ) ભેદજ્ઞાનીઓને એ રાગને ભેદ ( અનુભવમાં ) આવતા નથી. તો તેને સર્વસ્વ સોપી દીધું કે તારી ચીજમાં ( આત્માનુભવમાં ) એ નથી. અનુભવમાં આવે છે તો ત્યાં આનંદને જ્ઞાનને શાંતિ આવે છે. ત્યાં રાગને એ ( ભેદ ) અનુભવમાં નથી આવતા, માટે તે ભેદ છે ( રાગ છે ), ભેદજ્ઞાનીઓને બધું સોપી દીધું ! આહાહા !

આ તો હા–હો, હા–હો આમ થાય ને મોટી જાત્રાયું ને માણસ ( ભેગાં થાય ) લાખ !

લાખ ! આંહી શેત્રુંજયમાં કેટલા'ય ભેગાં થયા હશે ને ! ન્યાં ક્યાં ધર્મ હતો ! એ તો બધો શુભરાગ છે. એ રાગ છે એ આત્માના સ્વભાવનો નથી, એ તો પુદ્ગલના કારણનું કાર્ય છે. આકરું પડે ! પ્રભુ !

પ્રશ્નઃ- જો તેઓ ચેતન નથી- પુણ્ય-પાપ, દયા-દાન-વ્રત-કામ-ક્રોધના ભાવ એ ચૈતન્ય આપ નથી કહેતા હે પ્રભુ ! તો તેઓ કોણ છે ? તેઓ પુદ્ગલ છે ? કે અન્ય કાંઈ છે ?

ઉત્તરઃ- પુદ્ગલ કર્મપૂર્વક થતા હોવાથી તેઓ નિશ્ચયથી પુદ્ગલ જ છે કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે- વ્યવહારથી પર્યાયમાં છે તો ( તેના ) કહેવામાં આવે છે પણ પર્યાયમાં રહે છે એ કાયમ રહેતા નથી. દ્રવ્યમાં, દ્રવ્ય-ગુણમાં તો નથી, પણ પર્યાયમાં પણ કાયમ રહેતા નથી. પુદ્ગલ ( કર્મ )પૂર્વક થાય છે એટલા માટે નિશ્ચયથી પુદ્ગલ જ છે. કેમકે કારણ જેવું જ કાર્ય થાય છે. આ પુદ્ગલ કારણ છે ને રાગાદિ કાર્ય છે તો એના કારણનું આ કાર્ય પાછા એવું કોઈ લગાવી દ્યૈ કે જુઓને ! કર્મને લઈને રાગ થાય છે, એમ આંહી ( કહેવાનું ) નથી. અહીંયા તો જીવદ્રવ્યમાં પર્યાયમાં વિકાર થાય છે તો એના પોતાના કારણે પણ ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિમાં એ નથી, એ કારણે પુદ્ગલ ( કર્મ ) પૂર્વક થવાથી વિકાર, પુદ્ગલમાં નાખી દીધો ( છે. ) પણ ( તેથી કરીને ) કોઈ એમ જ માની લ્યે કે કર્મ છે ને એને કારણે રાગ થાય છે કર્મના કારણે રાગ થાય છે, એવું છે નહીં, અમારે તો અંદર પુણ્ય-પાપના ભાવ જે થાય છે એ કર્મના કારણે ( થાય છે ) એમ નહીં. ( થાય ) છે તો તારા અપરાધથી થાય છે, પણ અપરાધ કોઈ સ્વભાવનું કાર્ય નથી. સમજાણું કાંઈ. ?

ભગવાન નિરપરાધી, ભગવાનસ્વરૂપ પ્રભુ અનાકુળ આનંદ ને અનાકુળ જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એનો એ અપરાધ એનું કાર્ય નહીં, નિરપરાધી ભગવાન, અપરાધ એનું કાર્ય નથી. એ કારણે, દૃષ્ટિના વિષયમાં-અભેદમાં એ છે નહીં. કેમ કે દૃષ્ટિનો વિષય તો અભેદ-ચૈતન્યસ્વભાવ છે. સમ્યગ્દર્શનનો વિષય-ધ્યેય તો ત્રિકાળ અભેદ છે.

તો અભેદની દૃષ્ટિમાં એ સ્વભાવ છે, એનો ભેદ થાય છે પર્યાયમાં પણ એ અભેદને કારણ-સ્વભાવ અભેદને કારણ, રાગને ભેદ થાય છે એવું નથી. એની પર્યાયમાં થતાં હોવા છતાં પણ... છે ? ગજબ છે ને ! એ પુદ્ગલ જ છે-નિશ્ચયથી પુદ્ગલ જ છે. જોયું ? કેમ કે કારણ જેવું જ કાર્ય છે. જવમાંથી જવ થાય છે. જવ કારણ ને બાજરો કાર્ય એમ થાય છે ? જવ ( વાવ્યા ) તે કારણને બાજરો ઉગી ગયો બહાર, બાજરો કહે છે ને ? શું કહે છે ? ( બાજરા. ) જવપૂર્વક જવ-જવ કારણ ને એનું કાર્ય પણ જવ, એવી રીતે પુદ્ગલ કર્મપૂર્વક થાય છે વિકાર, તો પુદ્ગલકર્મના કારણપૂર્વક ( વિકાર ) થતો હોઈને ( એભાવ ) પુદ્ગલ જ છે. પણ આ કારણે હો ? આમ એવું કોઈ માની લ્યે કે વિકાર તો પોતાથી નથી થતો, પરથી થાય છે, એ વાત અહીંયા નથી. વિકારની ઉત્પત્તિ તો પોતાની પર્યાયમાં, એ ક્ષણ જન્મક્ષણ છે વિકારની ઉત્પત્તિનો કાળ છે તો પોતાનામાં અપરાધથી ઉત્પન્ન થાય છે. પણ અહીંયા તો સ્વભાવની દૃષ્ટિથી નહીં અથવા સ્વભાવનું કાર્ય નથી, ( વિકાર કરે ) એવો સ્વભાવ નથી સ્વભાવનું કાર્ય ( એ ) નથી.

એ કારણે પુદ્ગલ કારણ છે, અને વિકાર કાર્ય છે એમ કહીને ભેદ ( જ્ઞાન ) કરાવ્યું ( છે ). સમજાણું કાંઈ.... ? અરે.. રે, આ ક્યાં ( આવી વાત ! ) લ્યો, શું કહેવાય તમારે મોટું, મોટું પર્વત !

( શ્રોતાઃ- હિમાલય, ) હિમાલય નહીં, આ જાત્રાનું શિખરજી.. 'એકવાર વંદે જો કોઈ'. સમ્મેદશિખર ! પણ એ શું છે ? એને વાંદવાનો ભાવ, એ તો શુભભાવ ( છે ) એ કોઈ ધર્મ નહીં, કેમ કે પરલક્ષી ભાવ છે. આહાહાહા !

એ શુભભાવ, કોઈ ભગવાન આત્મા ત્રિકાળી સ્વભાવ, ચૈતન્યસ્વરૂપ ભગવાન એ ધ્રુવસ્વભાવપૂર્વક, એ વિકાર ( શુભરાગ ) અત્યારે આવ્યો છે ? ( ના ) બસ, ત્યારે એ રાગ, ધ્રુવસ્વભાવપૂર્વક નથી થયો, તો પર્યાયમાં વિકાર કર્મપૂર્વક થયા છે. એ અપેક્ષાએ એનો કહેવાય છે, છે તો એનો અપરાધ, એના સ્વતંત્ર ઉપાદાનથી થાય છે પણ નાખવો ( ખતવવો ) ક્યા અર્થમાં એ વાત છે. કર્મ કરાવે છે માટે વિકાર છે–થાય છે એ તો પ્રશ્ન જ છે નહીં, પણ અહીં વિકાર છે એ ત્રિકાળી જ્ઞાનાનંદ–સહજાનંદ પ્રભુ એનું કાર્ય એ નથી, એનું કાર્ય તો આનંદને શાંતિને જ્ઞાન–દર્શનનું કાર્ય આવવું જોઈએ, એ કારણે ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વભાવનું એ ( વિકાર ) કાર્ય નથી, તો પર્યાયમાં તારા અપરાધથી થાય છે છતાં ઈ ( પુદ્ગલ ) કર્મપૂર્વક થયા તો કર્મમાં નાખી દીધા. સમજાણું કાંઈ ? આહાહાહા ! અરેરે ! ક્યાં માણસને પહોચવું ! અહીં તો હજી જીવ કોને ( કહેવો ને ) કેવો છે, એ વાત છે.

અંતઃતત્ત્વ ભગવાન આત્મા, જે પરમાત્મસ્વરૂપ છે, એ અંતઃતત્ત્વ જે પરમાત્મસ્વરૂપ ભગવાન અત્યારે છે, ( વર્તમાન ) હોં ? ( એવો ) આત્મા પરમાત્મસ્વરૂપનું કાર્ય, રાગ છે ? છે તો એની પર્યાયમાં, પોતાના અપરાધથી, પણ એ કાર્ય કાંઈ પરમાત્મ સ્વભાવનું કાર્ય નહીં, એ કારણે પર્યાયમાં અદ્ધરથી ઉત્પન્ન થયો ( વિકાર ) અદ્ધરથી ગુણદ્રવ્યના આશ્રય વિના અદ્ધરથી ઉત્પન્ન થયો તો પુદ્ગલનું કાર્ય ( છે એમ ) ગણવામાં આવ્યું ! ઉપર–ઉપર ( રાગ–પર્યાય ઉપર ઉપર છે ) જો કે નિર્મળ ભગવાન આત્મા–શુદ્ધચૈતન્યઘન, એના પરિણામ નિર્મળ, એ–પણ ઉપર ઉપર રહે છે. કાંઈ અંદર ( અંતઃતત્ત્વમાં ) પ્રવેશ નથી કરતા, સમજાણું કાંઈ ? પણ આ પરિણામ જે છે એ ઉપર ઉપર કર્મના કારણે –નિમિત્તસંબંધે નિમિત્ત–નિમિત્ત સંબંધથી ઉત્પન્ન થયેલા છે. સ્વભાવથી ઉત્પન્ન થયેલા નથી. આવી વાત સાંભળવા મળે નહીં, ક્યાં જાય ? દેહ હાલ્યા જાય છે એક પછી એક, આ સંસ્કાર અંદર ન પડયા તો, જાશે ક્યાં ભાઈ ? આહાહાહા !

આહા ! બહુ સરસ ! જીવ–અજીવ અધિકાર પૂરો થાય છે ને અહીં, જીવ–અજીવ અધિકાર પૂરો થાય છે અહીં. ૬૮ ( ગાથા ) છેલ્લી ગાથા છે ને ! છેલ્લી સમજ્યાને ? આખિર, આ રીતે એમ સિદ્ધ કર્યું કે પુદ્ગલકર્મના ઉદયના નિમિત્તથી થતા –ત્યાં ઓલા આ પ્રશ્ન ઉઠાવે કે જુઓ ! નિમિત્તથી થયું કે નહીં ? કઈ અપેક્ષાએ વાત છે ?

એ નિમિત્ત પુદ્ગલ છે, એના આશ્રયથી, એનાથી ( વિકાર ) ઉત્પન્ન થયો, થયો છે તો પોતાની પર્યાયમાં, પોતાના કારણે પણ નિમિત્તના આશ્રયથી થયો તો સ્વભાવનું કાર્ય નથી, નિમિત્તનું કાર્ય છે ( તેથી ) એમ કહેવામાં આવ્યું. વાંધા આંહી વાંધા આંહી વાંધા ! ઝઘડા, ઝઘડા ઉઠાવે છે.

પુદ્ગલકર્મના ઉદયના નિમિત્તથી થવાવાળો ચૈતન્યનો વિકાર, લ્યો ! એ અહીં સ્વભાવનો આશ્રય નથી– છે નહીં, તો આ પુદ્ગલનો આશ્રય કહેવામાં આવ્યો ! આવી વાતું હવે. આ પ્રકારે સિદ્ધ કર્યું છે કે પુદ્ગલ કર્મના ઉદયના નિમિત્તથી, અહીં તો એ વિકાર છે તો ચૈતન્યની પર્યાયમાં

પણ એ કાર્ય સ્વભાવનું નથી. એ અપેક્ષાએ, નિમિતના લક્ષથી–આશ્રયથી ( વિકાર ) છે તો એ નિમિત્તનો છે, ચૈતન્યનો વિકાર પણ જીવ નથી એમ. જડ તો જડ છે જ, કર્મ જડ છે–શરીર જડ છે, એ તો ઠીક ! પણ આ તો પુદ્ગલકર્મ( ના નિમિત્તે ) વિકાર થયો, એ ( વિકાર ) પુદ્ગલ છે, આ કારણે, વિકૃત અવસ્થા નિમિત્તને આધિન થવાથી પર્યાયમાં ત્રિકાળનો –સ્વભાવનો આશ્રય નથી ને એ કારણે પરના આશ્રયથી થયો, તો પરથી થઈ ( અવસ્થા વિકારની ) તો પરનો કહેવામાં આવ્યો. આહાહા ! ભારે વાંધા !

કહે છે કે પુદ્ગલકર્મ તો જડ છે, પણ એના નિમિત્તથી થવાવાળો ચૈતન્યનો વિકાર પણ જીવ નહીં, એમ. કર્મ જે પુદ્ગલ છે, ઈતો પુદ્ગલ છે જ, પણ એના નિમિત્તથી અહીં પર્યાયમાં, દ્રવ્યગુણમાં તો છે નહીં, પર્યાયમાં વિકૃત અદ્ધરથી ઉત્પન્ન થયા, તો એ પુદ્ગલ જ છે. આ અપેક્ષાથી સમજવું જોઈએ. એમાં આવી અપેક્ષા લગાવી દે કે દેખો ! ઉપાદાનથી–ઉપાદાન થાય છે, નિમિત્તથી નહીં ને અહીં કહ્યું નિમિત્તથી થાય છે. કઈ અપેક્ષા પ્રભુ ! ઉપાદાનથી જ થાય છે– જીવમાં વિકાર અવસ્થા ઉપાદાનથી ( થાય છે. ) પર્યાયના ઉપાદાનથી હો ! દ્રવ્ય ગુણનું ઉપાદાન નહીં. પર્યાયના ઉપાદાનમાં પોતાનાથી વિકૃતભાવ ( થાય છે ), કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, ( અપાદાન, અધિકરણ ) એ ષ્ટકારકથી પર્યાયમાં વિકાર થાય છે. પણ એ વિકાર સ્વભાવનું કાર્ય નથી અને કાયમ રહેવાવાળી ચીજ નહીં માટે પુદ્ગલ કર્મપૂર્વક હોવાથી, એનું કાર્ય માટે પુદ્ગલ કહેવામાં આવ્યો. હવે આટલી બધી વાતું. આહાહાહા !

માણસ મધ્યસ્થથી સાંભળે નહીં, વિચારે નહી, વાંચે નહીં, અને પોતાની દૃષ્ટિ રાખીને વાંચે છે. શાસ્ત્રને શું કહેવું છે એવી દૃષ્ટિ પોતાનામાં ન કરે, પોતાની દૃષ્ટિએ શાસ્ત્રનો વિચાર કરે–શાસ્ત્રનો ઉકેલ પોતાની દૃષ્ટિથી ( પોતાના અભિપ્રાયથી ) કરે, પણ શાસ્ત્રની શું દૃષ્ટિ છે એ દૃષ્ટિથી પોતાની દૃષ્ટિ નથી કરતા, પંડિતજી ? આહાહાહા !

એ પ્રશ્ન ઉઠયો 'તો ને તે દિ' તેરની સાલ, બાવીસ વર્ષ થયા, વર્ણીજી હારે વિકાર છે એ પોતાની પર્યાયમાં એ પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે. પર કારકથી નિરપેક્ષ છે. જુઓ ! બાંસઠ ગાથા ( પંચાસ્તિકાયની ) બધા બેઠેલાને હિંમતભાઈ અને રામજીભાઈને બધા, ફુલચંદજી– કૈલાસચંદજી બધા હતા. તમે હતા ? નહીં. આ દેખો આ બાંસઠ ગાથામાં તો એમ કહે છે કે આત્મામાં–દ્રવ્ય–ગુણમાં તો વિકાર નથી, પણ પર્યાયમાં જે વિકાર છે, એ વિકારી પર્યાય ષટ્કારકથી, પોતાનાથી ઉત્પન્ન થઈ છે, દ્રવ્ય–ગુણથી નહીં, પરકારક–નિમિત્તકારકથી નહીં. આહાહાહા !

અરે ! વિકૃત પર્યાય, દ્રવ્ય–ગુણના કારણે નહીં, કેમ કે દ્રવ્ય–ગુણમાં ક્યાં વિકાર છે ? અને પરથી શું ? પરને તો અડતોય નથી. પરથી–પરલક્ષ, કર્મ જે નિમિત્ત છે એનો તો અહીં વિકારમાં અભાવ છે અને વિકાર છે એનો કર્મની પર્યાયમાં અભાવ છે. જ્યારે એની પર્યાય જ્ઞેય, એ જ્ઞેય અધિકાર છે ને આ તો અહીં, પંચાસ્તિકાય, પંચાસ્તિકાયમાં જીવાસ્તિકાય સિદ્ધ કરવું છે.

તો એ જીવાસ્તિકાયમાં જે પુણ્ય–પાપ ( આદિ ) વિકાર છે, એ જીવાસ્તિકાયનો છે. પર્યાયનો વિકાર પર્યાયમાં પોતાનાથી છે. શું થાય ? શુભઆચરણથી જીવને ધર્મ થાય, આ વાત એણે એવી ડખલ કરી નાખી 'તી ! મોટા માંધાતાને પણ ત્યાંથી ખસવું કઠણ પડે છે. આહાહા !

( તેઓ બોલે ) ત્યારે ત્યાં શુભભાવ ધર્મ તમે ન કહો તો શું ખાવું–પીવું છે તમારે ? એમ કહે છે.

અરે ! ભગવાન ઈ ક્યાં વાત છે, અહીંયા. એમ કે અપવાસ કરવો ને વ્રત કરવા એ તો તમે અહીં કહ્યું કે ધર્મ નથી, ત્યારે તમારે હવે ખાન–પાન એ ધર્મ છે ? અરે પ્રભુ શું કરે તું આ ? ખાન–પાન ને ધર્મ કોણ કહે છે–કહી શકે છે ? એમાં આવે છે રાગ, રાગ એ અશુભ છે ( અને ) આ જે વ્રત, તપના ભાવ છે એ શુભરાગ છે. બંન્ને પર્યાયમાં પોતાથી થવા છતાં પણ, ચૈતન્યે વિકાર કર્યો છે ? ચૈતન્યની પર્યાયમાં વિકાર છે. એવું હોવા છતાં પણ, પોતાથી થયો ( વિકાર ) છતાં પણ સ્વભાવની દૃષ્ટિથી દેખો તો પર્યાયમાં વિકાર છે પોતાથી, પણ સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો ત્રિકાળ ભગવાન જ્ઞાયક સ્વરૂપ પ્રભુ ( શુદ્ધાત્મા ) એ અભેદની દૃષ્ટિથી દેખો, તો વિકાર અવસ્થા પોતાનામાં પોતાની છે નહીં. સ્વભાવ ભગવાન અનંત અનંત અનંત અનંત ગુણનો પિંડપ્રભુ ! જે એકલો પવિત્ર ને શુદ્ધ –કોઈ શક્તિ ને કોઈ ગુણ વિકૃત નથી. આહાહા ! એ કારણે અનંતા અનંતા ગુણનો પિંડ પ્રભુ, એ સ્વભાવનું કાર્ય, રાગ નહીં.

એ પર્યાયમાં ( જે ) રાગ થાય છે, એ દ્રવ્ય–ગુણથી નહીં અને એ પર્યાયમાં થાય છે તો પોતાના અપરાધથી થાય છે. એમાં દ્રવ્ય–ગુણ કારણ નહીં. નિમિત્ત કારણ નહીં. પરકારકની અપેક્ષા નહીં, હવે અહીંયા તો સ્વભાવની દૃષ્ટિ સિદ્ધ કરવી છે. ભગવાન તું ત્રિકાળી, તારો સ્વભાવ શું છે ? કાયમ રહેવાવાળો –કાયમ રહેવાવાળો–કાયમ રહેનાર, એ તો જ્ઞાન–દર્શન–આનંદ–શાંતિ–સ્વચ્છતા–પ્રભુતા એવા કાયમ રહેવાવાળા ( ગુણોનો ભંડાર ) દ્રવ્યનો સ્વભાવ તો આ છે. તો એ સ્વભાવનું કાર્ય વિકાર છે ? વિકાર એ સ્વભાવનું કાર્ય છે ? પહેલાં તો કહ્યું હતું કે વિકાર તો વિકારથી છે, ગુણ–દ્રવ્યથી નહીં. સમજાણું કાંઈ. ?

લ્યો, દ્રવ્યસ્વભાવથી એ ( વિકારનું ) કાર્ય નહીં, પર્યાયનું કાર્ય અદ્ધરથી કાર્ય છે. પણ હવે અહીંયા ચૈતન્ય સ્વભાવની અભેદ દૃષ્ટિ કરાવવી છે ને ! તો એની પર્યાયમાં થવા છતાં પણ, પોતાના ત્રિકાળસ્વભાવનું એ કાર્ય નહીં એ કારણે, કાઢી નાખવા માટે પુદ્ગલ ( કર્મ ) પૂર્વક થવાથી ( વિકારને ) પુદ્ગલ કહ્યો છે. આવી વાત છે પ્રભુ ! આહાહા ! વખત થઈ ગયો.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

વળી પરમાર્થથી વિચારીએ તો......... જે જ્ઞાન જ્ઞેયાકાર દ્વારા જાણવામાં આવતું ( હતું ) તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. જ્ઞાન તો એનું એ છે જ્ઞેયાકારમાં જે જ્ઞાન રોકાતું હતું, તે જ્ઞાન આ બાજુ જોતાં, તે જ જ્ઞાન પરથી જુદું પડી જાય છે. જે જ્ઞેયાકારથી જ્ઞાન જાણવામાં આવતું, તે જ જ્ઞાન જ્ઞાનાકારથી જાણવામાં આવે તો, જ્ઞાન તો તે જ છે. આહા...હા... ! ઝીણી ભાષા બહુ ! એકલો ન્યાયનો વિષય છે ને ! એકલો સિદ્ધાંત ! સંતો ! મુનિઓ અંતરની વાતું કરતાં, એને દૃષ્ટાંત દઈને પણ સરળ કરી નાખ્યું છે, છતાં સમજવું, અભ્યાસ ન હોય એને સમજવું કઠણ પડી જાય છે. આહા... !

( સમયસાર દોહન – પૂ. ગુરુદેવશ્રીના નાઈરોબીના પ્રવચન પાના નં. ૧૮૩ )

## શ્લોક - ૪૧

तर्हि को जीव इति चेत्-

( अनुष्टुभ् )

अनाद्यनन्तमचलं स्वसंवेद्यमिदं स्फुटम्।
जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते।।४१।।

હવે પૂછે છે કે વર્ણાદિક અને રાગાદિક જીવ નથી તો જીવ કોણ છે? તેના ઉત્તરરૂપ શ્લોક કહે છે:-

**શ્લોકાર્થઃ-** [ अनादि ] જે અનાદિ છે અર્થાત્ કોઈ કાળે ઉત્પન્ન થયું નથી, [ अनन्तम् ] જે અનંત છે અર્થાત્ કોઈ કાળે જેનો વિનાશ નથી, [ अचलं ] જે અચળ છે અર્થાત્ જે કદી ચૈતન્યપણાથી અન્યરૂપ-ચળાચળ-થતું નથી, [ स्वसंवेद्यम् ] જે સ્વસંવેદ્ય છે અર્થાત્ જે પોતે પોતાથી જ જણાય છે [ तु ] અને [ स्फुटम् ] જે પ્રગટ છે અર્થાત્ છૂપું નથી-એવું જે [ इदं चैतन्यम् ] આ ચૈતન્ય [ उच्चैः ] અત્યંતપણે [ चकचकायते ] ચકચકાટ પ્રકાશી રહ્યું છે, [ स्वयं जीवः ] તે પોતે જ જીવ છે.

**ભાવાર્થઃ-**વર્ણાદિ અને રાગાદિ ભાવો જીવ નથી પણ ઉપર કહ્યો તેવો ચૈતન્યભાવ તે જ જીવ છે. ૪૧.

## પ્રવચન નં. ૧૪૦ શ્લોક - ૪૧ કારતક વદ-૫ રવિવાર તા. ૧૯/૧૧/૭૮

સમયસાર! કળશ–૪૧–૪૧મો કળશ છે. હવે પૂછે છે ને ઉપર. આવું જે પૂછે છે એને ઉત્તર છે એમ કહેવું છે એક વાત. શું પૂછે છે? રંગ, ગંધ, રસ, સ્પર્શ, સંહનન, સંસ્થાન, શરીર, વર્ગ, વર્ગણા, કર્મ એ બધા રંગમાં જાય છે, અને અધ્યવસાય રાગ, દ્વેષ સંકલેષ ને વિશુદ્ધ પરિણામ એ બધા રાગમાં જાય છે, અને સંયમલબ્ધિસ્થાન, ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસ્થાન એ ( બધા ) ભેદમાં જાય છે. એ રંગ, રાગ ને ભેદથી ભિન્ન, ત્રણમાં આવી ગયા ૨૯ બોલ. જીવ પૂછે છે કે વર્ણાદિ એટલે જડ, રાગાદિ એટલે જીવના વિકારી પરિણામ આદિ, આદિ નામ ગુણસ્થાન જીવસ્થાન આદિ ભેદ એ જીવ નથી, તો જીવ કોણ છે? એમ જેને પ્રશ્ન ઉઠયો અંદરથી, કે આ રંગ, રાગ અને ભેદ જીવ નથી, તો જીવ છે કોણ? આવું જેને લક્ષમાં આવ્યું છે, એ પ્રશ્ન પૂછે છે, એનો ઉત્તર કહેવામાં આવે છે, આવા પ્રશ્નકારને આ ઉત્તર કહેવામાં આવે છે. આહાહા! આમ, સમજવા માગે છે એને આ કહેવામાં આવે છે એમ કહે છે.

अनाद्यनन्तमचलं स्वसंवेद्यमिदं स्फुटम्।
जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते।।४१।।

કોણ છે ત્યારે આ ભગવાન આત્મા? કે ( એ ) ચૈતન્યસ્વભાવ સ્વરૂપ આત્મા છે. ચૈતન્ય ચેતન સ્વભાવ સ્વરૂપ આત્મા છે. એ રંગ, રાગ ને ભેદથી ભિન્ન ચૈતન્યસ્વભાવ સ્વરૂપ

ભગવાન આત્મા છે. એ ચૈતન્યસ્વભાવ કેવો છે ? કે અનાદિ છે. એ ચૈતન્યસ્વભાવ જે આત્મા, જીવઅજીવ અધિકાર છે ને ? જીવ એ ચૈતન્યસ્વભાવ તે જીવ અને આ રંગ, રાગ ને ભેદ એ બધાં પુદ્ગલ–પુદ્ગલ. આહાહા !

ચૈતન્યસ્વભાવ જે ભગવાન આત્મા એ અનાદિ છે. કોઈ કાળે ઉત્પન્ન થયું ચૈતન્ય સ્વરૂપ એવું નથી. અનંત છે કોઈ કાળે ચૈતન્યસ્વભાવ ભગવાન આત્મા એ ચૈતન્યસ્વભાવનો નાશ કોઈ કાળે થાય તેવું નથી. અચળ છે. એ વર્તમાનમાં એ અચળ છે, આદિ નથી ને અંત નથી ને વર્તમાનમાં એ કંપન આદિ ચળતું નથી, એ તો ધ્રુવ ધ્રુવ પડયું છે. આહાહા ! 'અચળ' છે. વર્તમાન એ જ્ઞાયક ચૈતન્યસ્વભાવ ભગવાન આત્મા, એ ચૈતન્યસ્વભાવ જે આદિ અંત વિનાનો વર્તમાન ચળાચળતા વિનાનો છે, એટલે કે પરિણમન વિનાનો, કંપન વિનાનો, એવો એ ચૈતન્યસ્વભાવ ભગવાન આત્મા અનાદિ અનંત વર્તમાન અચળ ચળાચળ રહિત "ચૈતન્યપણાથી અન્યરૂપ ચળાચળ" અન્યરૂપ કોઈ રીતે થાય, પર્યાયરૂપ થાય કે રાગરૂપ થાય એ તો છે નહીં. એ ચૈતન્ય સ્વરૂપ રંગરૂપે થાય નહીં. રાગરૂપે થાય નહિ ને ભેદરૂપે થાય નહીં. વળી, 'સ્વસંવેદ્ય' એ પોતે પોતાથી જણાય એવો છે. એટલે કે એ રંગ રાગ ને ભેદથી તે જણાય એવો નથી એ તો એનાથી ભિન્ન ચીજ છે. પણ ચૈતન્યસ્વભાવ આત્મા એ ચૈતન્યસ્વભાવની પરિણતિથી જણાય એવો છે. આમ છે. "સ્વસંવેદ્ય" છે. એ ચૈતન્યસ્વભાવ ચૈતન્ય પ્રકાશની મૂર્તિ પ્રભુ એ ચૈતન્યસ્વભાવ આત્મા એ "સ્વસંવેદ્ય" છે, એ ચૈતન્ય સ્વભાવથી જણાય એવો છે પર્યાયમાં. ચૈતન્યસ્વભાવ એ ત્રિકાળ વર્તમાન ચૈતન્ય પરિણતિથી જણાય એવો છે આહાહાહા !

(શ્રોતાઃ– ભેદથી અભેદ જણાય) એ પર્યાયથી જ અભેદ જણાય, અનિત્યથી જ નિત્ય જણાય, અનિત્ય તે જ નિત્યને જાણે. નિત્ય નિત્યને ક્યાં જાણે ? આહાહા ! સમજાણું કાંઈ ? આવી વાતું છે ભાઈ ! "સ્વસંવેદ્ય" છે, એટલે એને અનાદિ, અનંત ને અચલ સિદ્ધ કર્યું, ચૈતન્યસ્વભાવ ભગવાન આત્મા, પણ એ ચૈતન્યસ્વભાવ વર્તમાનમાં જણાય શી રીતે ? વર્તમાન ચળાચળ રહિત છે એ ચીજ, ત્યારે હવે વર્તમાન જણાય શી રીતે ? કે "સ્વસંવેદ્ય" છે. એ જ્ઞાન ને નિર્મળ આનંદની પર્યાય દ્વારા જાણી શકાય છે. એ ચૈતન્ય સ્વભાવ જે અનાદિ અનંત ને અચળ એવો જે આત્મા, મૂળ તો આત્મા કહેવો છે ને ? ચૈતન્યસ્વભાવની વાત કરવી છે ને ? આત્મા જ્યારે આવો નથી, રંગ રાગ ને ભેદ નથી, ત્યારે ચૈતન્યસ્વભાવ છે એમ સિદ્ધ કરવું છે. આહાહા ! સમજાણું કાંઈ ? એ ચૈતન્યસ્વભાવ 'સ્વસંવેદ્ય' છે, સ્વયં આત્મા પોતાથી જ તે જણાય એવો છે, એમ કહીને અનાદિ અનંત ને અચળ ચૈતન્ય સ્વભાવ એ આત્મા. ભેદ, રાગથી ભિન્ન એ પોતાની અંતર નિર્મળ ચૈતન્ય પરિણતિ સ્વ પોતાના વેદનથી તે જણાય એવો છે. આહાહા ! આવી વાત છે.

એટલે કોઈ એમ કહે કે આ વ્યવહાર રત્નત્રયથી જણાય આ આત્મા એમ નથી. (શ્રોતાઃ– પુદ્ગલ છે) પુદ્ગલ છે, પુદ્ગલ જ છે. પર્યાય કહી પરિણામ કહ્યા પણ તે પુદ્ગલ, જીવદ્રવ્ય આ છે તો પુદ્ગલદ્રવ્ય એ છે. રંગ, રાગ ને ભેદ એ પુદ્ગલ છે. ૨૯ બોલને ત્રણ બોલમાં સમાડી દીધા, ભાઈમાં આવે છે હુકમીચંદજી, "જ્ઞાનાનંદ સ્વભાવી હું" એમાં આ ત્રણ બોલ

લીધા છે. રાગ રંગથી ભિન્ન, ભેદથી ભિન્ન એમ લીધું છે. એ ત્રણ બોલ આ નાખ્યા છે, હુકમીચંદજી ! પછી તો એને પૂર્ણ છું, નિરાલો છું એટલું લીધું, નિરાળો એનાથી ને અહીં પૂર્ણ છું ચૈતન્ય એટલે કે આત્મા ચૈતન્યસ્વભાવથી સંપન્ન છે. એ ચૈતન્યસ્વભાવ અનાદિ અનંત વર્તમાન ચળાચળ રહિત, છતાંય તે બીજી રીતે કહીએ તો તેની પ્રતીતિ જ્ઞાન ને રમણતા જે ચૈતન્યની, એનાથી તે જણાય એવો છે. આહાહાહા ! આવી વાતું છે ભાઈ આકરી.

એ ક્રિયાકાંડ લાખ કરોડ ક્રિયાકાંડ કરે તો એનાથી એ જણાય એવો નથી એમ કહે છે. વ્યવહાર રત્નત્રયનો રાગ એ તો રાગમાં જાય છે, રંગ, રાગ અને ભેદ, એમાં દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતનાં પરિણામની શ્રદ્ધા પંચ ( મહાવ્રત ) આદિ એ બધું રાગમાં પુદ્ગલમાં જાય છે, એ પુદ્ગલથી આત્મા જણાય એમ નથી. ક્યાંક એમ કહ્યું છે સાધ્યસાધકમાં ભાઈએ દિપચંદજીએ કે શુભભાવ પરંપરા સાધક છે, સાધ્યસાધક બોલમાં આવે છે, એમાં આવે છે ? દિપચંદજીના ચિદ્વિલાસમાં આવે છે. બાકી એનાં "આત્મ અવલોકન"માં આવે છે. "આત્મ અવલોકન" છે ને ? દિપચંદજીનું એમાં શુભભાવ સાધક છે પરંપરા, એમ કહ્યું, એનો અર્થ એ, કે સાધક તો શુદ્ધ ચૈતન્ય તે જ એનાથી જણાય, પણ શુભભાવ સાથે છે એને ટળીને પછી જાણશે એટલે પરંપરા એમ આરોપ કર્યો છે. આહાહાહા !

"સ્વસંવેદ્ય છે" ઓહોહો ! એક શ્લોકમાં તો, એનું વર્તમાન રૂપ અનાદિનું, અનંતકાળનું રહેનારું અને વર્તમાન પણ ચળાચળ વિનાનું, એવું જે ધ્રુવ ભગવાન આ ચૈતન્યસ્વભાવ આત્મા, એ વર્તમાન ચળાચળ રહિત વસ્તુ છે, પણ વર્તમાન જણાય વર્તમાન નિર્મળ પરિણતિથી તે જણાય એવો છે. આહાહાહા ! આવી વાત છે. એટલે કે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ત્રણેય એક છે, ત્રણેય હોય છે ભેગાં. કળશટીકામાં પૂછયું છે કે, તમે જ્યારે એમ કહો છો કે આત્મા દર્શન જ્ઞાનથી જણાય અને મોક્ષમાર્ગ તો દર્શન જ્ઞાન ને ચારિત્ર છે. મિથ્યાત્વ ગયા પછી, સમકિતને જ્ઞાન થયું પણ ચારિત્ર તો થયું નથી. તો કહે એ ચારિત્ર આવી ગયું સાંભળ. કળશટીકામાં કહ્યું છે, બે ત્રણ વાર કહ્યું છે. એ ચૈતન્ય ભગવાન, આત્મસ્વભાવ ચૈતન્યસ્વભાવ આત્મા એની સન્મુખની પ્રતીતિ, એના સન્મુખનું જ્ઞાન, અને એના સન્મુખની સ્થિરતા એ ત્રણેય ભેગાં છે. ચૈતન્ય પરિણતિથી સ્વસંવેદ્યમાં જણાય એમાં ત્રણેય ( ભેગા ) છે. નિર્વિકલ્પ સમ્યક્ , રાગ વિનાનું જ્ઞાન અને અસ્થિરતા વિનાની સ્થિરતાનો અંશ એનાથી પ્રભુ ચૈતન્યસ્વભાવ આત્મા, જણાય એવો છે. આહાહાહા !

"જે સ્ફૂટમ" જેને ૪૯ ગાથામાં અવ્યક્ત કહ્યો 'તો, એને અહીંયા સ્ફૂટ કહ્યો છે. એ તો પ્રગટ છે. ચૈતન્ય ચમત્કાર, ચૈતન્યની ચમક એ તો પ્રગટ છે વસ્તુ. કોને ? કે જાણે છે એને. સમજાણું કાંઈ ? ભગવાન ચૈતન્ય જ્યોત ચૈતન્ય લક્ષણ સ્વરૂપ, ચૈતન્યસ્વભાવ સ્વરૂપ. અહીં તો, એવો જે ભગવાન આત્મા પ્રગટ છે, 'સ્ફુટ' છે, વ્યક્ત છે. પર્યાયની અપેક્ષાએ ગુપ્ત છે, પણ સ્વભાવની અપેક્ષાએ પ્રગટ, વ્યક્ત છે. પર્યાય છે તેને વ્યક્ત કહીએ ત્યારે વસ્તુને અવ્યક્ત કહીએ, કેમકે પર્યાયમાં આવતું નથી માટે. આહાહા ! આવી વાતું છે. પણ જ્યારે વસ્તુને જ કહેવી હોય, વસ્તુ ચૈતન્ય સ્વભાવ ભગવાન એની સત્તા ચકચકાટમય વર્તમાન મૌજુદ પ્રગટ છે. કોને ? જેણે તેને જાણ્યો તેને. સમજાણું કાંઈ ? છે ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવ સ્વરૂપ

પ્રભુ પ્રગટ છે, જાજવલ્યમાન જ્યોત પ્રગટ છે, વ્યક્ત છે, પ્રસિદ્ધ છે, એ ચકચકાટ ચૈતન્યનો ચકચકાટમય ભાવ દ્રવ્યપણે પ્રગટ છે. આહાહાહા !

( શ્રોતાઃ– દ્રવ્યપણે એટલો શબ્દ શા માટે વાપર્યો ) દ્રવ્યપણે એટલે પ્રગટ છે એ કોને ? પ્રગટ છે એ પણ કોને ? જેણે જાણ્યું છે એને એ પ્રગટ છે. ફેર છે શબ્દોમાં જરી. આ તો વીતરાગ ત્રણલોકના નાથની વાણી છે, એ સંતો એ વાણી દ્વારા જગતને જાહેર કરે છે. આહાહાહા !

વસ્તુ તો વસ્તુ તરીકે તો પ્રગટ પ્રસિદ્ધ મૌજુદ છે. આહાહા ! એ તો પર્યાયબુદ્ધિમાં અપ્રસિદ્ધ હતો, ઢંકાઈ ગયેલો હતો, પર્યાયબુદ્ધિમાં એ નહોતો જ એને. સમજાણું કાંઈ ? વર્તમાન અંશ અને રાગબુદ્ધિમાં એ મરણતુલ્ય કરી નાખ્યો'તો. આવે છે ને ? એને અહીં જાણવામાં આવ્યો તે જીવતી જ્યોત પ્રગટ છે કહે છે. સમજાણું કાંઈ ? આવી વાતું છે. જૈનદર્શન અલૌકિક છે એમાં આ વાણીયાને હાથ આવ્યું તે વાણીયા વ્યાપારમાં ઘુસી ગયા છે, નવરા નથી આ નિર્ણય કરવામાં, તુલના કરવામાં, આવ્યું છે ને ભાઈ ચંદુભાઈ, જાપાનનું જાપાનનો એક ઐતિહાસિક છે જૂનો ઐતિહાસિક છે. ૬૭ વર્ષની ઉંમર છે. ઈતિહાસ બહુ પુસ્તકો વાંચ્યા અને એનો છોકરો ય પણ એવો છે ઐતિહાસિક બહુ શોધ્યો એમાંથી, જૈનધર્મ એટલે શું ? એમ કહ્યું, કે "જૈન ધર્મ એ અનુભૂતિ સ્વરૂપ છે" એટલે વીતરાગ પર્યાય સ્વરૂપ છે એમ, વીતરાગ પર્યાય સ્વરૂપ જૈન, જૈન ધર્મ, જૈનને ? જેણે રાગને જીત્યો છે ને વીતરાગ પર્યાય પ્રગટ કરી છે તે જૈન ધર્મ, પણ પાછું એણે કહ્યું પણ છે અંદર ( શ્રોતાઃ– અત્યારે તો બધા વાણીયાને હાથ આવ્યો છે. ) આવો માર્ગ આ વાણિયાને હાથ આવી ગયો, વાણીયા વ્યાપારમાં કુશળ ડાહ્યા ન્યાં ગરી ગયા, પ્રાણભાઈ ! એમ કહ્યું છે ઓલા ઈતિહાસવાળાએ હોં ! હમણાં લેખ આવ્યો છે જાપાનનો. વાણીયા વ્યાપાર આડે નવરા ન પડે, આ કર્યું ને આ કર્યું ને, આ કર્યું ને હોળી સળગી આખી સળગાવે અજ્ઞાનની એને આ તુલના કરવાનો અવસર ક્યાં છે એમ કહે છે. ઓલાએ મશ્કરી કરી છે માળાએ, ઐતિહાસિક જાપાનવાળાએ. આહાહાહા !

આવો જે ભગવાન આત્મા રંગ, રાગ ને ભેદથી ભિન્ન ચૈતન્યસ્વભાવથી અભિન્ન, ચૈતન્યસ્વભાવ તે આત્મા એમ કહેવો છે ને અહીં તો ? સમજાય છે કાંઈ ? રંગ રાગ ને ભેદથી ભગવાન આત્મા ભિન્ન, એ ત્રણેય તો પુદ્‌ગલ છે એમ કીધું છે, ત્યારે છે કોણ એ ? એમ શિષ્યનો પ્રશ્ન હતો, એનું અસ્તિત્વ શી રીતે છે ? તો આનાથી તો નકાર કર્યો' તો, તો એની હૈયાતિ કઈ રીતે છે ? કે એની હૈયાતિ ભગવાન ચૈતન્યસ્વભાવથી ભરેલો આત્મા ચૈતન્યસ્વભાવ સ્વરૂપ આત્મા. આંહી તો ત્યાં સુધી પહેલાં કહ્યું'તું ''ચૈતન્ય સ્વભાવ વ્યાપ્ત આત્મા" આત્મા ચૈતન્ય સ્વભાવને વ્યાપ્ત એમ નહીં. ચૈતન્યસ્વભાવ વ્યાપ્ત આત્મા, કાયમ રહેલો ચૈતન્ય સ્વભાવ એમાં વ્યાપેલો આત્મા છે. સમજાણું ? પહેલાં આવી ગયું'તું જુઓ ૬૮ ગાથામાં ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત જે આત્મા" ૬૮ ગાથા હેઠલાની ત્રીજી લીટી ૬૮ ગાથા ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા, છે ? આત્મા ચૈતન્ય સ્વભાવને વ્યાપ્ત, એમ નહીં. ચૈતન્ય સ્વભાવથી આત્મા વ્યાપ્ત. ગુંલાટ ખાધી છે. એટલે ? એ અહીં સિદ્ધ કરવું છે અહીં. એ ચૈતન્ય સ્વભાવ એ કાયમ રહેલો છે આત્મા એમાં એ વ્યાપ્ત છે, વ્યાપક ચૈતન્યસ્વભાવ છે આત્મા વ્યાપ્ય છે. ચેતનામાં આવે છે પાછળ, સર્વવિશુદ્ધમાં ચેતના આવે છે ને ? ચેતનાથી વ્યાપ્ત આત્મા છે. આત્મા ચેતનાથી વ્યાપ્ત

છે એમ નહીં. આહાહાહા !

જ્યારે આત્મા રાગ, રંગ ને ભેદથી ભિન્ન છે વ્યાપ્ત નથી, ત્યારે શું છે એ ? કે એ ચેતનાસ્વભાવથી આત્મા, વ્યાપ્ત છે. એવો જે ચૈતન્યસ્વભાવ એ પ્રગટ છે, છે ? 'સ્ફુટમ' પ્રત્યક્ષ છે. ભગવાન ચૈતન્ય પરિણતિથી જણાય એવો એ પ્રત્યક્ષ વર્તમાન પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ ? એ ચૈતન્ય મતિશ્રુતની પરિણતિથી જણાય એવો એ વર્તમાન પ્રત્યક્ષ છે, પ્રગટ છે, પ્રસિદ્ધ છે, છે એવો બિરાજમાન, બિરાજમાન છે, એવું અહીંયા ભાન થાય છે કહે છે. સ્ફુટ છે, છૂપું નથી, એ ગુપ્ત નથી. રાગની પર્યાયની અપેક્ષાએ ચૈતન્યસ્વરૂપ આત્મા ગુપ્ત છે ત્યાં, એ આવ્યો નથી એમાં રાગમાં–આહાહાહા પણ નિર્મળ પરિણતિ દ્વારા તે સ્ફુટ, પ્રગટ, છૂપું નથી. એ નિર્મળ પરિણતિ દ્વારા છૂપું રહે એવું નથી તત્ત્વ. રાગ અને દયા, દાનના વિકલ્પના કાળે વસ્તુ ગુપ્ત છે ત્યાં, એ સ્વભાવ રાગરૂપ થયો જ નથી. રાગ ને દયા, દાનના વિકલ્પ ને અશુભના કાળે, એ ચૈતન્ય ગુપ્ત છે, એ એમાં આવ્યો નથી, એથી એની અપેક્ષાએ ત્યાં ગુપ્ત છે. પણ શુદ્ધ પરિણતિની અપેક્ષાએ તે પ્રત્યક્ષ પ્રગટ છે. શૈલી તો જુઓ ! ગજબ વાત છે. કેટલી સ્પષ્ટ ! આહાહાહા !

જુઓ આત્મા આમ જણાય અને એ જણાય એમાં એ પ્રત્યક્ષ અને પ્રગટ છે, એમ જણાય. પરોક્ષ છે ને, અપ્રગટ છે, એ રાગની રમતુંમાં બેઠો હોય એને છે. હેં ? જે વ્યવહાર રત્નત્રયના રાગમાં રમતુંમાં પડયો છે, એને તો ભગવાન અપ્રત્યક્ષ છે, ગુપ્ત છે, પણ છતાં તે વસ્તુ રાગરૂપે થઈ નથી, રાગકાળે ગુપ્ત ચીજ છે એ રાગરૂપ થઈ નથી અને જ્યારે જ્ઞાનની શુદ્ધ પરિણતિ દ્વારા, સ્વસંવેદન દ્વારા જણાય ત્યારે તે ગુપ્ત રહેતો નથી. આહાહા ! આવું સ્વરૂપ છે. જિનદેવનો આત્મા એટલે જિનદેવનો એટલે જિનસ્વરૂપી આત્મા એમ. "ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, મત મદિરાકે પાનસો મતવાલા સમજે ન" કહો શશીભાઈ ! આવું સ્વરૂપ છે. એ પ્રગટ છે, છૂપું નથી. એ ઢંકાયેલું નથી, એ ગુપ્ત જે હતું તેને અહીંયા પ્રગટ થઈ ગયું છે કહે છે. રાગ અને દયા, દાનના વિકલ્પની પરિણતિમાં એ વસ્તુ ગુપ્ત હતી. પણ જેનો ભગવાન આત્માનો સ્વભાવ ચૈતન્ય છે એવી સ્વપરિણતિના વેદનથી જોયું, જાણ્યું એને પ્રત્યક્ષ અને પ્રગટ છે. આવી ચીજ છે બહુ ટૂંકા શબ્દમાં, ઘણાં જ થોડા શબ્દોમાં, પ્રસિદ્ધ કર્યો છે. ટીકાનું નામ આત્મખ્યાતિ છે ને ? આહાહાહા !

એ ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવી વસ્તુ, એ ચૈતન્યસ્વભાવ સ્વરૂપ એ પોતાની પરિણતિથી, રાગ-દ્વેષ એ પોતાની પરિણતિ નથી, એ તો પુદ્‌ગલ છે કહે છે, એમાં એને લઈને તો એ ગુપ્ત છે. કારણકે એમાં નથી, પણ ચૈતન્યસ્વભાવ આત્મા એની પોતાની વેદન સ્વપરિણતિ જ્ઞાન દર્શન ચારિત્રની સ્વપરિણતિથી એ પ્રત્યક્ષ છે, પ્રગટ છે. છે તો એ છે. રાગ વખતે પણ છે એ તો છે. પણ જાણવાને કાળે તે છે તે છે, તે પ્રત્યક્ષ ને પ્રગટ છે, એમ કહે છે. આહાહાહા !

શું શૈલી ? સંતોના થોડા શબ્દોમાં એને જાહેર કર્યો, કોણે ? એની જાતની પરિણતિએ એને જાહેર કર્યો, કજાતથી તે જાહેર થઈ શકે એવો નથી. અત્યારે એ રાડ આખી છે ને ? શુભભાવથી થાય, શુભભાવથી થાય, અરે ભગવાન, એ રાગથી ભિન્ન, રાગને તો પુદ્‌ગલ કીધાંને પ્રભુ ? એ ચૈતન્યની જાત નથી, અને રાગમાં ચૈતન્યનો કોઈ અંશ નથી, ચાહે તો દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધાનો રાગ ભક્તિ આદિ, એમાં ભગવાન ચૈતન્ય જ્યોત પ્રભુ છે, એનો કોઈ અંશ નથી રાગમાં, માટે

તો એને અચેતન કહીને પુદ્‌ગલ કહી દીધા. જેમ પુદ્‌ગલ અચેતન છે એમ રાગ અચેતન છે. આહાહા ! સમજાણું કાંઈ ?

ગાથા, આ ૨૯ બોલ પછી આ ગાથા આવી છે. સંસાર અવસ્થામાં પણ જો એ રાગથી એક હોય તો રૂપી થઈ જાય એમ કરીને કાઢી નાખ્યું છે, રૂપી થાય તો મોક્ષ થતાં પણ રૂપી હારે રહે, કારણ એનો સ્વભાવ હોય તો ? કર્તા, કર્તા કાઢીને હવે આંહી નાખ્યો આ, કળશ ચડાવ્યો કળશ, મંદિર બનાવીને સોનાનો કળશ ચડાવે છે ને ? સોનાનો એટલે કાટ વિનાનો એમ આ રાગ વિનાનો ચૈતન્યનો ચમત્કાર નિર્મળ પરિણતિ એ દ્વારા જણાય છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

અરે ! આવા ટાણાં ક્યારે આવે બાપા ! આ પ્રકાર ! એ પુરૂષાર્થ કરે તો મળે એવું છે, સૂક્ષ્મ ઉપયોગ કરે તો તે મળે એવું છે. એનો અર્થ એ થયો, કે સૂક્ષ્મ ઉપયોગ એટલે જ્ઞાનની પરિણતિ સ્થૂળ ઉપયોગે એ નહીં મળે. સ્થૂળ ઉપયોગ એ પર્યાય પુદ્‌ગલમાં જાય છે. મતિશ્રુતનો ઉપયોગ સૂક્ષ્મ કરીને જણાય એવો છે, એનો અર્થ એ થયો કે એની પરિણતિ જ મતિશ્રુતજ્ઞાનની જે નિર્મળ છે એનાથી તે પ્રગટ સ્ફુટ પ્રત્યક્ષ, ગુપ્ત ન રહે તેવી પ્રસિદ્ધિ થાય, એવો એ આત્મા છે. આહાહા !

આવી વાતું. હવે માણસને એકાંત લાગે પછી. ભાઈ ! માર્ગ આ છે બાપુ. હેં ? ( શ્રોતાઃ– એકાંત છે નહીં પણ એકાંત લાગે છે ) સમ્યક્ એકાંત જ છે. સમ્યક્, શ્રીમદે્ કહ્યું "અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજ પદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી" એણે એ કહ્યું છે, ત્યાં સમ્યક્ એકાંત છે. સમ્યક્ એકાંતનું ભાન થાય ત્યારે પર્યાય ને રાગ છે એનું જ્ઞાન થાય, એ અનેકાંત, આમ સમ્યક્ એકાંત તરફ ઢળ્યો છે, ત્યારે એને જે જ્ઞાન થાય એ જ્ઞાન સ્વનું પણ થાય અને રાગ બાકી છે એનું એને જ્ઞાન થાય, અનેકાંત ત્યારે થાય. અને અનેકાંતમાં પણ એ સમ્યક્ એકાંત છે એને રાખીને, રાગનું જ્ઞાન થાય ત્યારે અનેકાંત કહેવાય છે. અને પ્રમાણજ્ઞાનમાં પણ ત્રિકાળી સમ્યગ્જ્ઞાન એકાંત નિશ્ચય થયો, અને પછી પર્યાય અને રાગને જાણવો એ પ્રમાણજ્ઞાન થયું. બેયનો ભેદ, બે–બે થયાને ? પણ એ પ્રમાણજ્ઞાન એ પણ ખરેખર તો વ્યવહારનયનો એ વિષય છે. બે થયા ને ? તો સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય થયો, તેથી પ્રમાણ તે પૂજ્ય નથી એમ કીધું છે. જેમાં પર્યાયનો નિષેધ આવતો નથી, એ પૂજ્ય નથી, નિશ્ચયમાં પર્યાયનો નિષેધ આવે છે માટે એ પૂજ્ય છે. છતાં પ્રમાણજ્ઞાનમાં પણ નિશ્ચયથી અભેદ છે, એવું જ્ઞાન તો ત્યાં છે જ એને રાખીને, એને રાગ ને પર્યાયનું જ્ઞાન ભેળવ્યું છે. એને ઉડાડીને ભેળવ્યું છે એમ નહીં. નહીં તો પ્રમાણજ્ઞાન ન રહે આ છે એમ રાખ્યું છે, એ ઉપરાંત આનું જ્ઞાન કર્યું ત્યારે તો એને પ્રમાણ કહેવાય છે. ઓલું નિશ્ચય એકાંત છે એને ઉડાવીને રાગનું જ્ઞાન થાય એ પ્રમાણજ્ઞાન જ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આવો ઝીણો મારગ ને ઝીણી નહીં એ જ વાત છે, ઝીણી કહો, સૂક્ષ્મ કહો વસ્તુ આ જ છે. આહાહાહા !

'સ્ફુટ' છે "ઈદમ્ ચૈતન્યમ્" હવે આવ્યું, કોણ ? કે આ બધું કીધું એ ચેતન અનાદિ અનંત, વર્તમાન ચળાચળતા રહિત, સ્વસંવેદ્યમ્, પ્રગટ એ શું ? કે ''ઈદમ્ ચેતન્યમ્" એ ચૈતન્યસ્વભાવ, ચૈતન્યસ્વભાવ હોં. ચૈતન્યસ્વભાવ તે આત્મા એમ પછી ઓલો જ્યારે આત્મા નથી. રંગ, રાગ

ને ભેદ આત્મા નથી ત્યારે ચૈતન્યસ્વભાવ તે આત્મા એમ સિદ્ધ કરવું છે. એક કળશે તો ગજબ કરી છે ને ? હેં ? સંતોની શૈલી જ એવી છે, દિગંબર સંતો એટલે એ ચૈતન્ય ઈદં ચેતન્યમ્ આ બધું કીધું એ, અનાદિ અનંત, ચળાચળ રહિત, સ્વસંવેદ્યમ, સ્ફુટમ, પ્રગટ, શું ? કે ઈદં આ ચૈતન્ય સ્વરૂપ, જોયું આ ચૈતન્યસ્વરૂપ પ્રત્યક્ષ કીધું. આ ચૈતન્યસ્વરૂપ ઈદં છે ને શબ્દ ? આહાહા !

દિગંબર સંતોની બલિહારી છે, જેણે કેવળજ્ઞાનના વિરહ ભુલાવી દીધા છે. હેં ! કેવળજ્ઞાનીના અભાવમાં પણ કેવળજ્ઞાનીને જે કહેવું છે તે પ્રસિદ્ધ કરી નાખ્યું છે. ઝીણી વાત પડે બાપુ પણ માર્ગ તો આ છે ભાઈ. આમ બધાં જાત્રા કરવી, ને ભક્તિ કરવી ને પૂજા કરવી વ્રત પાળવા અને અપવાસ કરવા એ કોઈ ધર્મ નથી હોં. ( શ્રોતા- આપ એને ઝીણી વાત કહો છો ને બીજા ટીકા કરે છે ) કરે કરે એને ન બેઠું હોય તો કરે એમાં શું છે ? એને જે વાત બેઠી છે એની હારે ન બેસે તો કરે, એમાં કાંઈ વિશેષતા નથી. હોય એમાં કાંઈ, ન બેસે એટલે બોલે, એમ જ બોલે. આહાહાહા !

ભગવાન જિનેશ્વરદેવ ચૈતન્યસ્વભાવ, આત્મા પરમાત્મા ત્રિલોકનાથ કહે છે એ કેમ જણાય ? કે ચૈતન્યસ્વભાવ સ્વરૂપ છે એ તેને ચૈતન્યની પરિણતિ દ્વારા જણાય એમ. કેમ કે વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ છે એ એમ કહે છે કે સર્વજ્ઞ વીતરાગ સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ જે આત્મા, ચૈતન્યસ્વરૂપ એટલે સર્વજ્ઞ ને વીતરાગ સ્વરૂપ આત્મા, ચૈતન્ય સ્વરૂપનો અર્થ 'જ્ઞ' સ્વરૂપ અને ચૈતન્ય છે એટલે વીતરાગ સ્વરૂપ છે. ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરો પણ ઇન્દ્રની સમક્ષ આમ કહેતા હતા, એ વાત આ છે. પ્રભુ ? અમે વીતરાગ છીએ તો તને કહીએ છીએ કે તારું સ્વરૂપ જે છે એ વીતરાગ સ્વરૂપ છે. કારણકે અમે પણ વીતરાગ થયા એ ક્યાંથી થયા ? વીતરાગ સ્વભાવમાંથી થયા છીએ. તો અમે વીતરાગ સ્વભાવ કેમ થાય ? તો કહીએ છીએ કે તું વીતરાગ ચૈતન્યસ્વરૂપ આત્મા છો, કેમ બેસે ? અને તેની પરિણતિ દ્વારા, તેની દશા દ્વારા તે જણાય, વીતરાગ પરિણતિ દ્વારા વીતરાગ જણાય, આ વીતરાગનું કથન છે. હેં ? આહાહાહા !

જિનેશ્વરદેવ ત્રણલોકનો નાથ તીર્થંકર પ્રભુ એની વાણીમાં આ આવ્યું કે અમે વીતરાગ સર્વજ્ઞ છીએ. તારું સ્વરૂપ, પણ સર્વજ્ઞ ચૈતન્ય અને વીતરાગસ્વરૂપ છે એટલે સ્વભાવ શક્તિ આ પ્રગટ તો વીતરાગ ચૈતન્ય સ્વરૂપ, જિનસ્વરૂપ તેને જાણવાની પરિણતિ પણ વીતરાગી હોય, વસ્તુ વીતરાગ, પરિણતિ વીતરાગ, વીતરાગે વીતરાગપણું બતાવ્યું છે. આહાહા ! સમજાણું કાંઈ ? આકરું પડે લોકોને, શું આમ લોકોને નવરાશ ન મળે અને એકાદ કલાક હોય તો આ જરીક સામાયિક કરો, પોહા કરવા પડિકમણા કર્યા, નવરો થાય તો વળી ભક્તિ-ભક્તિ શેત્રુંજ્યની જાત્રા ને ગિરનારની એમાં છે ક્યાં ધર્મ ?

કારતક સુદ પૂનમ હોય કે, હોળીની પૂનમ હોય, ફાગણ સુદ પૂનમ, એની હારે શું સંબંધ છે ? પ્રભુ તું કોણ છો ? ક્યાં છો ? એમ પરમાત્માએ એમ કહ્યું પ્રભુ તું તો જિનસ્વરૂપ છો, ચૈતન્ય સ્વરૂપ છો, વીતરાગ સ્વરૂપ છો. પ્રભુ તું જિન સ્વરૂપ જો ન હોય, તો જિનપણું પર્યાયમાં ક્યાંથી આવશે ? ક્યાંય બહારથી આવે છે ? ભાઈ તને ખબર નથી. એ ચૈતન્ય ઈદં આત્મા. એમ કહ્યું ને ? ઈદં ચૈતન્યમ્, ઈદં ચૈતન્યમ્ આ ચૈતન્ય, એટલે કે સર્વજ્ઞ સ્વભાવી, આ ચૈતન્ય એટલે કે વીતરાગ સ્વભાવી, તે ચૈતન્ય "અનાદિ અનંત" છે, "ચળાચળ રહિત છે" વર્તમાન શુદ્ધ

પરિણતિ વીતરાગ પરિણતિ દ્વારા વીતરાગ સ્વરૂપ જણાય એવું છે. સમ્યગ્દર્શનજ્ઞાન એ શરૂઆત એ પણ વીતરાગી પર્યાય છે, કોઈ સમયગ્દર્શનને રાગવાળું કહે પણ બાપુ ઈ તો જ્યારે દોષવાળું બતાવવું હોય તો ચારિત્રનો દોષ છે ઈ. સમ્યગ્દર્શન છે એ તો વીતરાગી પરિણતિ છે, પરિણતિ એટલે પર્યાય એ ભગવાન જ્યારે ચૈતન્ય સ્વરૂપ વીતરાગ સ્વરૂપ જિન બિંબ છે, પ્રભુ અત્યારેય એવો છે, અત્યારે એમ હોં. એને વીતરાગી પરિણતિ દ્વારા સ્વસંવેદન થઈ શકે છે. ચૈતન્ય સ્વભાવ, ચૈતન્યની પરિણતિ દ્વારા જણાય એવો છે. ચૈતન્ય સ્વભાવ, વીતરાગ સ્વરૂપ જિનબિંબ, ભગવાન જિનબિંબ આત્મા, એ વીતરાગી પરિણતિના અંશ દ્વારા જણાય એવો છે. આહાહા ! આવો ભગવાનનો પોકાર છે. અનંત તીર્થંકરો અનંત કેવળીનો ( આ પોકાર છે )

અત્યારે તો ગોટા ઉઠયા છે બધા, પ્રાણભાઈ ! આ ધંધા આડે નવરા ન મળે અને આ બધા કાં તો બહારની ક્રિયા કરે કાંઈ થોડી એટલે થઈ ગયો ધર્મ. અરે ભાઈ ? ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે પ્રભુ. એ વીતરાગ સ્વરૂપ ચૈતન્યસ્વભાવ એ વીતરાગી પરિણતિ દ્વારા જણાય તે વીતરાગી પરિણતિ એ તે ધર્મ છે, સમજાય છે કાંઈ ? આહાહાહા !

ચૈતન્ય “ઉચ્ચેઃ” અત્યંતપણે વિશેષથી ખાસ ચકચકાયતે, ચકચકાટ પ્રકાશી રહ્યું છે. સૂર્યનો પ્રકાશ આ શું આવે છે તમારે સર્ચ લાઈટ સર્ચ લાઈટ નહી ? ત્યાં ? બાહુબલીમાં મુકે છે ને સર્ચ લાઈટ બેય આમ, એમ આ ચકચકાટ ચૈતન્યની ચકચકાટ સર્ચ લાઈટ છે. જેમાંથી ચૈતન્યનો ચકચકાટ પ્રકાશ આવે છે, કહે છે. એમાં પુણ્ય પાપ, દયા, દાનના રાગ એમાંથી આવતા નથી એમાં છે નહીં. “ઉચ્ચૈઃ” એ ચૈતન્ય ઉચ્ચૈઃ, એ તો ઊંચો અધિક અત્યંતપણે બિરાજમાન “ચકચકાયતે,” ચકચકાટ પ્રકાશી રહ્યો છે. ભાઈ તને અંધારામાં રાગના અંધારામાં દેખાતો નથી. રાગના અંધારામાં એ તો અચેતન છે એમાં દેખાય ક્યાંથી ચૈતન્ય ? ચાહે તો ભગવાનની ભક્તિનો જાત્રાનો રાગ, દયા દાનનો રાગ, દાન કરોડો રૂપીયા આપ્યા હોય તેમાં રાગ મંદ કર્યો હોય કદાચિત્ એ રાગ, એ રાગ બધો અંધારું છે. એય ! ( શ્રોતાઃ– એ અંધારું અને રાગ પ્રકાશ સ્વરૂપ આત્માને ઢાંકતું હશે ) એ અંધારું છે એનું જ્ઞાન ક્યારે થાય ? કે ચકચકાટ એવો જ્ઞાન સ્વભાવ તેની પરિણતિ દ્વારા જણાય ત્યારે તેનું વ્યવહારે જ્ઞાન થાય. આહાહાહા !

આવો માર્ગ વીતરાગનો બાપા અરે લોકોએ કંઈકનો કંઈક કરી નાખ્યો ને બિચારા જીવનને અફળ કરીને ચાલ્યા જશે. શું શ્લોક ? તાકડે આવી ગયો આજ વળી રવિવારે, અને ચકચકાટ પ્રકાશી રહ્યું છે એ સ્વયં જીવ છે. ચૈતન્ય સ્વભાવ ચૈતન્ય સ્વયં પ્રકાશ સ્ફૂટ જે ચકચકાટ રહ્યું છે, એ જીવ છે. ચૈતન્યસ્વભાવ આવો, આવો તે જીવ છે એમ સિદ્ધ કરવું છે ને અહીં તો ? ઓલા રંગ, રાગ ને ભેદથી સહિત એ તો પુદ્ગલ છે, જ્યારે ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવથી ચકચકાટ પ્રકાશી રહ્યો સ્વયં, તે જીવ છે. સમજાય એવી છે ભાષા બહુ કાંઈ કડક એવી નથી, ભાઈ ! વાત તો એમ ભગવાન ! તારી શું કહેવી મહિમા. ઓહોહો... ભાઈ તું અંદર ચૈતન્યસ્વભાવ એવો જીવ સિદ્ધ કરવો છે ને આંહી ? હેં ! ચૈતન્યસ્વભાવ એકલો સિદ્ધ નથી કરવો, જેમ રંગ રાગ ને ભેદથી પુદ્ગલ સિદ્ધ કર્યું, એમ આ જીવ સિદ્ધ કરવો છે પ્રભુ, એ ચૈતન્યસ્વભાવી જીવ કે જે ચૈતન્યસ્વભાવ અનાદિ અનંત ચળાચળતા રહિત પોતાથી વેદાય અને પ્રગટ ને ઊંચામાં ઉંચી અધિક ચીજ છે એ, એવો જે ચૈતન્યસ્વભાવ, તે સ્વયં જીવ છે, તે પોતે જીવ છે. આહાહા ! સમજાય છે કાંઈ ? આહાહાહા !

આ વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. વસ્તુસ્થિતિ એવી છે. અત્યારે ઝઘડા ઝઘડા વ્યવહારના. આંહી તો કહે છે, કે તું જે વ્યવહાર કહેવા માગે છે તે બધો પુદ્‌ગલ છે સાંભળને ? ભલે છે રાગ અંદર, પણ રાગ એ નિશ્ચયથી ચૈતન્યનો, ચૈતન્યસ્વભાવ જીવ એનો અંશ એ રાગમાં નથી માટે તે અચેતન છે, અચેતન છે માટે પુદ્‌ગલ છે, પુદ્‌ગલ છે માટે જડ છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

સ્વયં જીવ છે, એ પોતે જીવ છે. એ ચૈતન્યસ્વભાવ અનાદિ અનંત ચળાચળ રહિત, વર્તમાન વીતરાગ પરિણતિથી, સ્વવેદનથી જણાય એવો પ્રગટ, ચકચકાટ ઊંચો અતિશય વિશેષ એ પોતે સ્વયં જીવ છે. આને આત્મા કહીએ. આ તો કહે હાલે તે ત્રસ અને સ્થિર રહે તે સ્થાવર એ જીવ. અરે ભગવાન એ વ્યાખ્યા જ ખોટી છે બધી. સમજાણું કાંઈ ? એ તો અગ્નિ અને વાયુને ત્રસમાં નાખ્યા છે પંચાસ્તિકાયમાં. અગ્નિ ને વાયુ ભાઈ જરી આમ ગતિ કરે છે ને ? એકેન્દ્રિય છે છતાં ત્રસ કીધા પંચાસ્તિકાયે યાદ છે. પ્રભુ તું ત્રસેય નહીં, સ્થાવરેય નહીં, રાગીય નહીં, દ્વેષીય નહીં, પુણ્યવાળો નહીં, પાપવાળો નહીં, કર્મવાળો નહીં, શરીરવાળો નહીં, આબરુવાળો નહીં ત્યારે છો કોણ તું પ્રભુ ? કે હું તો ચૈતન્યસ્વભાવી જીવ છું, મારું જીવન તો ચૈતન્ય સ્વભાવે જીવવું ટકવું છે. એમ જેને અંતર પ્રતીતમાં અને જ્ઞાનમાં જણાય, ત્યારે તેને જીવ યથાર્થ જાણ્યો કહેવામાં આવે છે. આ આત્મા ત્યારે નવ તત્ત્વમાં આત્મા જાણ્યો ત્યારે કહેવાય. કેમકે નવ તત્ત્વમાં અજીવ તત્ત્વ તો ભિન્ન તત્ત્વ છે, કહ્યું ? પુણ્ય પાપ એ ભિન્ન તત્ત્વ છે નવમાં, આસ્રવ બંધ એ ભિન્ન તત્ત્વ છે. ત્યારે આત્મા શું છે ? આત્મા કહો કે જીવ કહો, કે એ તો ચૈતન્ય સ્વભાવી સ્વયં જીવ પોતે છે.આહાહાહા એ સમ્યગ્દર્શનનો વિષય છે એમ જ્યારે જણાણું, ત્યારે પછી રાગાદિ ભાગને વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એ બારમી ગાથાનો અર્થ છે. આહાહાહા !

**ભાવાર્થઃ-** સ્વયં જીવ, ભાષા તો જુઓ એ ચૈતન્યસ્વભાવ છે... છે... અને છે. અનાદિ અનંત ને વર્તમાન છે, ચળાચળ રહિત એમ એ ચૈતન્યસ્વભાવ છે, છે અને છે, જે છે તે સ્વસંવેદન પોતાથી જણાય એવો છે. ઊંચી ચીજ છે, એ મહાઅતિશય ઊંચી ચીજ છે, અતિશય વિશેષ છે, ખાસ. જગતનો એ સૂર્ય છે, કે જે બીજી ચીજને પણ છે, એમ એ જણાવે છે ધર્માસ્તિ, અધર્માસ્તિ ને રાગાદિ છે એ આ ચકચકાટ ભગવાન જણાણો, એ જાણે, જણાવે છે કે આ છે બીજી ચીજ, પરજ્ઞેય તરીકે હોં ઈ. રાગાદિ પરજ્ઞેય તરીકે. આહાહાહા !

હમણાં તો એ પણ આવ્યું 'તું બેનના બોલમાં કે શાસ્ત્રજ્ઞાન છે, એમાં જે છે એ તો જ્ઞેય નિમગ્ન છે, પરજ્ઞેય નિમગ્ન છે. શાસ્ત્રનું જ્ઞાન છે ને ! શાસ્ત્રનું. એમાં એને બંધ અધિકારમાં શબ્દ જ્ઞાન કહ્યું છે, શબ્દજ્ઞાન કહો કે પરજ્ઞેય કહો અને જે પરજ્ઞેયમાં નિમગ્ન છે, એ સ્વજ્ઞેયનો અનાદર કરે છે. ગજબ વાત છે, એમાં ઓલાને તો એમ થઈ જાય કે આટલું મને આવડયું. આ મને જણાણું, આટલા શાસ્ત્ર જાણું. અરે ભાઈ સાંભળ બાપા ! ઈ પરજ્ઞેયમાં જે નિમગ્ન છે, એ સ્વજ્ઞેયનો અનાદર કરે છે, આવી વાતું છે. રાગ તો ઠીક પણ જ્ઞાનને પરજ્ઞેય કહી દીધું.

એવો જે ભગવાન જે વર્ણાદિ અને રાગાદિભાવો જીવ નથી, પણ ઉપર કહ્યો એવો ચૈતન્યભાવ આંહી લેવું છે લ્યો, તે જ જીવ છે, એ જીવ છે. એમ અંતર દૃષ્ટિમાં લે, એને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવ ત્યારે એ જીવ આવો છે, એમ તને જણાશે. વિશેષ કહેશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## શ્લોક - ૪૨

હવે, ચેતનપણું જ જીવનું યોગ્ય લક્ષણ છે એમ કાવ્ય દ્વારા સમજાવે છેઃ-

( शार्दूलविक्रीडित )

वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्यजीवो यतो
नामूर्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः।
इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा
व्यक्तं व्यञ्जितजीवतत्त्वमचलं चैतन्यमालम्ब्यताम्।।४२।।

શ્લોકાર્થઃ- [ यतः अजीवः अस्ति द्वेधा ] અજીવ બે પ્રકારે છે- [ वर्णाद्यैः सहितः ] વર્ણાદિસહિત [ तथा विरहितः ] અને વર્ણાદિરહિત; [ ततः ] માટે [ अमूर्तत्वम् उपास्य ] અમૂર્તપણાનો આશ્રય કરીને પણ ( અર્થાત્ અમૂર્તપણાને જીવનું લક્ષણ માનીને પણ ) [ जीवस्य तत्त्वं ] જીવના યથાર્થ સ્વરૂપને [ जगत् न पश्यति ] જગત દેખી શક્તું નથી;- [ इति आलोच्य ] આમ પરીક્ષા કરીને [ विवेचकैः ] ભેદજ્ઞાની પુરુષોએ [ न अव्यापि अतिव्यापि वा ] અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દૂષણોથી રહિત [ चैतन्यम् ] ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે [ समुचितं ] તે યોગ્ય છે. [ व्यक्तं ] તે ચૈતન્યલક્ષણ પ્રગટ છે, [ व्यञ्जित-जीव-तत्त्वम् ] તેણે જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે અને [ अचलं ] તે અચળ છે-ચળાચળતા રહિત, સદા મોજૂદ છે. [ आलम्ब्यताम् ] જગત તેનું જ અવલંબન કરો ! ( તેનાથી યથાર્થ જીવનું ગ્રહણ થાય છે. )

ભાવાર્થઃ- નિશ્ચયથી વર્ણાદિભાવો-વર્ણાદિભાવોમાં રાગાદિભાવો આવી ગયા-જીવમાં કદી વ્યાપતા નથી તેથી તેઓ નિશ્ચયથી જીવનાં લક્ષણ છે જ નહિ; વ્યવહારથી તેમને જીવનાં લક્ષણ માનતાં પણ અવ્યાપ્તિ નામનો દોષ આવે છે કારણ કે સિદ્ધ જીવોમાં તે ભાવો વ્યવહારથી પણ વ્યાપતા નથી. માટે વર્ણાદિભાવોનો આશ્રય કરવાથી જીવનું યથાર્થ સ્વરૂપ ઓળખાતું જ નથી.

અમૂર્તપણું જોકે સર્વ જીવોમાં વ્યાપે છે તોપણ તેને જીવનું લક્ષણ માનતાં અતિવ્યાપ્તિ નામનો દોષ આવે છે, કારણ કે પાંચ અજીવ દ્રવ્યોમાંના એક પુદ્‌ગલદ્રવ્ય સિવાય ધર્મ, અધર્મ, આકાશ અને કાળ-એ ચાર દ્રવ્યો અમૂર્ત હોવાથી, અમૂર્તપણું જીવમાં વ્યાપે છે તેમ જ ચાર અજીવ દ્રવ્યોમાં પણ વ્યાપે છે; એ રીતે અતિવ્યાપ્તિ દોષ આવે છે. માટે અમૂર્તપણાનો આશ્રય કરવાથી પણ જીવનું યથાર્થ સ્વરૂપ ગ્રહણ થતું નથી.

ચૈતન્યલક્ષણ સર્વ જીવોમાં વ્યાપતું હોવાથી અવ્યાપ્તિદોષથી રહિત છે, અને જીવ સિવાય કોઈ દ્રવ્યમાં નહિ વ્યાપતું હોવાથી અતિવ્યાપ્તિદોષથી રહિત છે; વળી તે પ્રગટ છે; તેથી તેનો જ આશ્રય કરવાથી જીવના યથાર્થ સ્વરૂપનું ગ્રહણ થઈ શકે છે. ૪૨.

**પ્રવચન નં. ૧૪૧ શ્લોક-૪૨ કારતક વદ-૬ સોમવાર તા. ૨૦/૧૧/૭૮**

( शार्दूलविक्रीडित )

वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्यजीवो यतो
नामूर्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः।
इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा
व्यक्तं व्यञ्जितजीवतत्त्वमचलं चैतन्यमालम्ब्यताम्।।४२।।

શું કહે છે ( યતઃ અજીવઃ અસ્તિ દ્વેધા ) "અજીવ બે પ્રકારે છે" આ ચૈતન્યને અનુભવવામાં આ કામ ન કરે એ વાત કરે છે. રાગ, દ્વેષ, પુણ્ય-પાપ એ ચૈતન્યના અનુભવનું લક્ષણ નથી. એ ચૈતન્યનું લક્ષણ નથી, એમ એને અમૂર્તપણું કહેવું એ પણ જીવનું ખરું લક્ષણ નથી, કારણકે અમૂર્ત તો ધર્માસ્તિ આદિ બીજા પણ અમૂર્ત પદાર્થ છે. એ વાત કરે છે. જરી ઝીણી વાત છે. વર્ણાદ્યૈઃ સહિત વર્ણ ગંધ રાગાદિ અને વર્ણાદિ રહિત અમૂર્ત માટે અમૂર્તપણાનો આશ્રય કરીને પણ અમૂર્તપણાને જીવનું લક્ષણ માનીને પણ જીવના યથાર્થ સ્વરૂપને જગતના પ્રાણી જાણી શકતા નથી.

આ જીવ ભગવાન આત્મા એ તો જ્ઞાન લક્ષણે લક્ષિત છે. જ્ઞાનથી જણાય એવી એ ચીજ છે એને રાગથી જણાય એવું નથી અને અમૂર્તથી જણાય ( એવું નથી ) કારણ અમૂર્ત તો પરદ્રવ્ય પણ છે, રાગથી જણાય નહીં. અને અમૂર્તપણાથી જણાય નહીં. એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાનના પરિણામથી જણાય એવો છે. આવી વાત છે. ત્યારે તેને ધર્મ થાય, જ્ઞાન દ્વારા આત્માને જાણે રાગથી નહીં, પુણ્ય દયા દાનના વિકલ્પથી નહીં, એ વિકાર છે એનાથી ન જણાય, કેમ કે વિકાર બધી અવસ્થામાં વ્યાપતા નથી. અને અમૂર્તપણું એ તો બીજામાં પણ છે તો એનાથી જીવને ભિન્ન જાણી શકાતો નથી.

જીવને ભિન્ન જાણવા માટે જેને જીવ ચૈતન્ય છે, એને જેણે જાણવો છે, એને જ્ઞાન લક્ષણ વડે, ચૈતન્ય લક્ષણ વડે જાણી શકશે. એ ચૈતન્ય વડે તેનો અનુભવ કરી શકશે. સમજાય છે કાંઈ ? એટલે કે ચૈતન્ય જ્ઞાન લક્ષણ ચૈતન્ય એ દ્વારા તે જણાશે, ત્યારે તેને આત્મા જાણવામાં આવશે, ત્યારે તેને આત્માનો અનુભવ ચૈતન્યથી જણાશે, અનુભવ થશે. આવી વાતું છે. આમ પરીક્ષા કરીને હે જગતના જીવો, જગત ન પશ્યતિ એનો અર્થ ઇ જગતના પ્રાણીઓ, રાગાદિથી પણ આત્માને નહીં જાણી શકે. અમૂર્તપણાથી પણ આત્માને નહીં જાણી શકે. માટે હે જગતના પ્રાણીઓ ન પશ્યતિ એ રીતે આત્મા નહીં જાણી શકાય. આમ પરીક્ષા કરીને જોયું ? વિવેચકે ભેદજ્ઞાની પુરુષોએ એટલે કે જેને રાગથી અને અમૂર્તથી પણ ભિન્ન એવું ચૈતન્ય લક્ષણ છે એમ જે ભેદજ્ઞાની ધર્મી, ધર્મની શરૂઆતવાળા જીવ, ધર્મની પહેલી સીઢીમાં રહેલા જીવ, એ રાગથી અને અમૂર્તપણાના લક્ષણથી પણ ભિન્ન એમ વિચારીને, ભેદજ્ઞાની પુરુષોએ અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દૂષણોથી રહિત, રાગાદિ છે એ સર્વે અવસ્થામાં વ્યાપતા નથી માટે અવ્યાપ્તિ છે અને અમૂર્તપણું છે, એ બીજામાં પણ છે, માટે તે અતિવ્યાપ્તિ છે. એવા અવ્યાપ્તિ હવે આવી

ભાષા વાણીયાને ક્યાંથી આવડે ? પુસ્તકમાં આવે નહીં અને એના ઉપદેશમાં આવું કાંઈ આવે નહીં, દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો, એ તો બધી રાગની ક્રિયાઓ છે, અને રાગ કરવો અને રાગને અનુભવવો એ તો મિથ્યાત્વભાવ છે. તેમાં ધર્મ નથી, ધર્મ તો રાગથી રહિત ભગવાન અને અમૂર્તપણાથી પણ જાણી શકાય નહીં, કારણ કે અમૂર્તત્ત્વ તો બીજામાં પણ છે.

જ્ઞાનમાં જ્ઞાન જાણવું એવો સ્વભાવ લક્ષણ, એનાથી તે અનુભવી શકાય છે. અહીંયા તો વ્યવહાર દયા, દાન, વ્રત ભક્તિ એનાથી પણ આત્મા જાણી શકાય કે અનુભવી શકાય નહીં. તેમ અમૂર્તપણાથી પણ તેનું બીજા દ્રવ્યથી ભિન્નપણું જાણી ન શકાય, અમૂર્ત તો બીજામાં ય છે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ.

એથી આમ જાણીને ચૈતન્યપણાને જીવનું લક્ષણ કહ્યું, જોયું ? આ સાર આવ્યો. જાણક સ્વભાવ જે જાણવું જાણવું જાણવું, એ ચૈતન્ય તત્ત્વનું લક્ષણ એ જ્ઞાનના લક્ષણ વડે, આત્માનું લક્ષ કરીને અનુભવ થઈ શકે. એ સમ્યગ્દર્શન પામી શકે છે. ધર્મની પહેલી શ્રેણી જ્ઞાન તે આત્મા એમ લક્ષણથી લક્ષને પકડે, રાગની કોઈ ક્રિયા દયા દાન વ્રત ભક્તિ એ કોઈ આત્માનું લક્ષણ નથી, એ તો રાગ છે અત્યારે તો એજ હાલે અહીંયા તો કહે છે, પ્રભુ રાગ છે તે અવ્યાપ્તિ છે, આત્માની દરેક અવસ્થામાં રહેલ નથી. સંસાર અવસ્થામાં હો, પણ મોક્ષ અવસ્થામાં નથી. માટે તે અવ્યાપ્તિ છે આત્મામાં દરેક અવસ્થામાં વ્યાપ્તિ રહેલી નથી, માટે તે રાગ તે આત્માનું લક્ષણ નથી. તેથી તે રાગથી આત્મા જણાય એવો નથી, કેમ ! અમૂર્ત આત્માને જાણે તો અમૂર્તપણું પણ અતિવ્યાપ્તિમાં જાય છે, પોતામાં પણ છે અને પરમાં પણ છે, આ ધર્માસ્તિ અધર્માસ્તિમાં અતિવ્યાપ્તિ થઈ જાય છે. એનાથી પણ ભગવાન આત્મા જાણી શકાતો નથી, એમ વિચારીને ભેદજ્ઞાની જીવોએ, ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે, આવી વાત છે. જાણવાની જે દશા છે, એ લક્ષણ છે, અને એ દ્વારા આત્મા અનુભવી શકાય છે. એ ચૈતન્યના જ્ઞાનના પરિણામથી ચૈતન્ય ત્રિકાળી છે તેમ જાણી શકાય છે. એનું નામ ધાર્મિક ક્રિયા કહેવામાં આવે છે.

ચૈતન્ય લક્ષણે લક્ષને પકડવું એવી જે જ્ઞાનની ક્રિયા તે ધર્મ છે. તે યોગ્ય છે. ચેતનપણાને જીવનું લક્ષણ સમુચિતં, સમ્ ઉચિતં, એમ બરાબર વ્યાજબી છે એમ કહે છે. આત્માને રાગથી જણાવવો એ ન જણાય, અમૂર્તથી જણાવવો ન જણાય. એ ચૈતન્યના જ્ઞાનના લક્ષણે જણાય એ સમુચિત છે, સમ્યક્ પ્રકારે વ્યાજબી છે. ઓલું ગેરવ્યાજબી હતું. રાગથી જણાય એ ગેરવ્યાજબી હતું, કારણકે રાગ એની દરેક અવસ્થામાં નથી, અમૂર્તથી જણાય એ અતિવ્યાપ્તિ પરમાં પણ હતું માટે એનાથી પણ જણાય નહીં. ( શ્રોતાઃ– ન્યાયશાસ્ત્રમાં પણ આમ છે. ) ન્યાયશાસ્ત્રની આ યુક્તિ વાત કરી છે ભાઈ ! પ્રભુ તું કોણ છો ? એ જ્ઞાનના જાણપણા દ્વારા જણાય એવો એ તું છો. એ રાગની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો બધો રાગ છે, એ રાગ તારી દરેક દશામાં નથી. માટે તે રાગ તારું લક્ષણ નથી. લક્ષણ એને કહીએ કે દરેક અવસ્થામાં જે હોય. આહાહાહા ! સમજાણું કાંઈ ? આવી વાતું હવે. આહાહા !

ભગવાન વીતરાગ સર્વજ્ઞદેવ, પરમેશ્વરનો આ હુકમ છે, સંપ્રદાયમાં તો બસ આ દયા પાળો ને વ્રત કરો ને એ. આ શ્વેતાંબરમાં હોય તો ભક્તિ કરો શું કહેવાય ? પૂજા ને શેત્રુંજ્યની

જાત્રા, સમેતશિખરની ને ગિરનારની લ્યો એ તો બધો રાગ છે. એ તો બધી રાગની ક્રિયા છે. એ રાગની ક્રિયા આત્મામાં દરેક અવસ્થામાં વ્યાપ્તિ નથી માટે તે તેનું લક્ષણ નથી તેથી તે રાગથી જણાય એવો નથી. એનામાં ત્રણેયકાળે જ્ઞાનસ્વરૂપ છે, માટે જ્ઞાન તેનું લક્ષણ છે અને જ્ઞાનથી તે જણાય એવો છે. આવી વાત છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરનો માર્ગ કોઈ અપૂર્વ છે, એની તો અત્યારે પ્રરૂપણા બધી ફરી ગઈ, હેં ? જે વ્રત ને તપ ને એ રાગ છે એનાથી તમને ધર્મ થશે, આખી પ્રરૂપણા ફરી ગઈ, ઉપદેશ ફરી ગયો. ઓહોહો !

આંહી તો કહે છે કે પ્રભુ અંદર ચૈતન્ય બિંબ પ્રભુ, જ્ઞાનનો ગાંગડો એતો જ્ઞાનનો ગાંઠડો છે. જેમાંથી અનંત અનંત અનંત કેવળજ્ઞાન આદિ પ્રગટે તોપણ તે ખૂટે નહીં એવો એ જ્ઞાનનો કંદ છે. જ્ઞાન જેનું મૂળ છે. એ વર્તમાન જ્ઞાન જાણવું જે છે, રાગથી ભિન્ન અમૂર્તપણાથી ભિન્ન એવું જે જ્ઞાન વર્તમાન જ્ઞાન, સમ્યગ્જ્ઞાન એના દ્વારા આત્મા જાણી શકાય, અનુભવી શકાય. કારણકે એ એનું લક્ષણ સમુચિતં છે. સમ્‌ઉચિત બરાબર વ્યાજબી છે. નિર્દોષ આ છે. સમજાય છે કાંઈ ? આહાહા ! આવી વાતું હવે.

ઓલા તો ઈચ્છામિ પડીકમણુ ઈરીયા વિરાણાએ ગમણાગમણે કરતા લ્યો થઈ ગયો ધર્મ ધૂળમાં ય નથી. તસ્સ ઉત્તરી કરણેણં કાઉ ઠાણેણં મોણેણં, માણેણં અપ્પાણં વોસિરામિ, અર્થેય ખબર ન હોય અરે માર્ગ પ્રભુનો કંઈ રહી ગયો. લોકોએ કંઈક કલ્પાવી દીધો, પ્રભુ એટલે તું હોં, પ્રભુએ તો કહ્યું છે પણ તું તેવો છો, જ્ઞાનલક્ષણે જણાય એવો તું પ્રભુ છો, એ રાગની ક્રિયાથી અમૂર્તપણાથી બીજામાં પણ અમૂર્ત છે એમ એનાથી પણ તું જુદો તને પાડી શકતો નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

તે યોગ્ય છે તે ચૈતન્ય લક્ષણ પ્રગટ છે. કારણકે જાણવાની પર્યાય પણ પ્રગટ છે એના દ્વારા એ જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છે તેમ જાણી શકાય છે, ગજબ વાતો છે. કાલે આવ્યું'તું ને ? આત્મા અજાયબ ઘર છે એમાં અનંત ગુણો રૂપ અજાયબથી ભરપૂર છે ઈ. વર્તમાન જ્ઞાનથી તેને જાણે પણ જણાય તે જ્ઞાન તો અનંત ને અમાપ છે અંદર. સમજાણું કાંઈ ? આમાં મોં માથું હાથ આવે નહીં એટલે બિચારા શું કરે, અરેરે અનંત કાળથી આમ અંતર ઇન્દ્રિયોને બંધ કરી અને ઇન્દ્રિયોથી વિષય થાય તેનું પણ લક્ષ છોડી દઈ, અને મનના લક્ષે જે રાગાદિ થાય તેનું પણ લક્ષ છોડી દઈ અને અંતરના ચૈતન્ય સ્વભાવી ભગવાન એને ચૈતન્ય લક્ષણે અનુભવવો, એ સમ્યગ્દર્શન પામવાની આ રીત છે. આ વસ્તુ છે. કેમ કે એ ચૈતન્યબિંબ છે પ્રભુ એને ચૈતન્યની પ્રગટ દશા છે તે તેનું જ્ઞાન લક્ષણ છે, એ લક્ષણ દ્વારા અંદર જા. જો તો તને અનુભવ થશે. આહાહા ! અને એ જ્ઞાનની પર્યાય સ્વને જાણશે તો અંદરમાં તો અદ્‌ભૂત અનંતગુણનો પિંડ અનંત ગુણો ભર્યા છે એને પણ એ જ્ઞાન એને દેખશે. અરે આવી વાતું છે.

આખો ફેરફાર ફેરફાર, માર્ગ એવો છે બાપુ, વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે, તે મુનિ એમ કહે છે, ભાઈ તને તું પકડીને અનુભવી ક્યારે શકીશ ? કે જ્ઞાનના પર્યાયને પકડી લક્ષણને ને ત્યાં જઈશ તો અનુભવ કરી શકીશ. કોઈ રાગની ક્રિયાથી દાનની ક્રિયા, કરોડોના દાન આપ્યા હોય એમાં રાગ મંદ થયો કર્યો હોય તો.... એનાથી પણ ભગવાન નહીં જણાય. એ શાંતિભાઈ ! શું ત્યારે પછી આ બધું ? દાન કરવું કે નહીં ત્યારે ? એ ભાવ હોય છે, રાગ( ની )

મંદતાનો પણ એથી આત્મા જણાય એનાથી અથવા એનાથી આત્મા પ્રાપ્ત થાય, એનાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય, એ વસ્તુ નથી. આહાહાહા !

માટે ચૈતન્ય લક્ષણ પ્રગટ છે. વ્યક્ત કીધુંને વ્યક્ત “વ્યંજિત જીવ તત્ત્વમ્” તેને જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે જાણવાની જે દશા છે લક્ષણ, એ પ્રગટ છે એણે આખા તત્ત્વને પ્રગટ કરાવ્યું છે. જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે એણે, એ જ્ઞાનની પર્યાયને જ્ઞાયકભાવ તરફ વાળતાં, તેણે જ્ઞાયકને પ્રગટ કર્યો છે. પર્યાય જ્ઞાનની જે છે, આરે ! આકરી પકડ, એને અંતરમાં વાળતાં, ચૈતન્યબિંબનો એને અનુભવ થાય. તેથી વ્યંજિત એના જીવના યથાર્થ સ્વરૂપને જ્ઞાન લક્ષણે પ્રગટ કર્યું છે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

વાસ્તવિક જે ભગવાન આત્મા, જ્ઞાન ને આનંદનો કંદ પ્રભુ, વસ્તુ અનાદિ એવી જ છે ઈ એને વર્તમાન જ્ઞાનલક્ષણે કરીને આ ચીજ આ છે તેમ પ્રગટ કરે છે. દેવ, ગુરુ ને શાસ્ત્રની ભક્તિ એ રાગ છે, એનાથી પણ આત્મા જાણી નહીં શકાય. ગજબ વાતું છે. ભગવાન ત્રણ લોકના નાથ સાક્ષાત્ બિરાજતા હોય સમવસરણમાં એની ભક્તિ, સાક્ષાત્ સર્વજ્ઞ પરમેશ્વર એ પણ રાગ છે. પરદ્રવ્ય તરફનું છે ને વલણ એ રાગ છે, એનાથી આત્મા નહીં જાણી શકાય એમ કહે છે. પણ રાગ રહિત જે અંદર જ્ઞાન છે, એ જ્ઞાનના લક્ષણે કરીને જીવ પ્રગટ દેખાશે તને. આહાહાહા ! ગજબ વાત છે. આહા !

દેવ, ગુરુ ને શાસ્ત્ર એની ભક્તિથી પણ જણાય એવો નથી, પ્રભુ તો એવો છે. કારણકે પર તરફની ભક્તિનું વલણ તો રાગનું છે એ, સ્વતરફનું વલણ નથી એ. ચૈતન્યનું વલણ ચુકવવું હોય તો જ્ઞાન લક્ષણે વલણ ચૂકવાશે. આવો માર્ગ અત્યારે તો ફેરફાર બગાડી મૂકયું અરે, (શ્રોતાઃ– બહાર દેખને સે તો હમેં સબકુછ દીખાઈ દેતા હૈ, અંદર દેખને સે કુછ દીખાઈ નહીં દેતા હૈ તો વિશ્વાસ કૈસે આવે ?) અંદર દેખવા જાય છે ક્યાં ? દેખવા જાય ત્યારે દેખાયને ? આંખ્યું ઉઘાડે ત્યારે દેખાયને ? એમ જ્ઞાનનેત્ર ઉઘાડે અને અંદર જોવે તો દેખાયને ? નથી દેખતો એવો પણ નિર્ણય કોણે કર્યો ? હું દેખાતો નથી, એ શેમાં નિર્ણય કર્યો ? એ જ્ઞાનની પર્યાયમાં નિર્ણય કર્યો, એ જ જ્ઞાન છે. સમજાણું કાંઈ ? આ તો અપૂર્વ વાતું છે બાપા, જન્મમરણના ચકરાવામાં પડયો અનાદિથી એના અંત લાવવાની વાતું છે અહીં બાપા. બાકી તો બધું ઘણું કર્યું, ભક્તિ કરી ને વ્રત પાળ્યા ને. આહાહા !

આંહી કહે છે ભગવાન આત્મા ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છે, તેની વર્તમાન પર્યાયમાં પણ જ્ઞાન અંશ પ્રગટ છે, એ જ્ઞાનઅંશ જે પ્રગટ છે તે લક્ષણ વડે કરી અને ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ છે તેને પકડ એનો અનુભવ કર, એનાથી અનુભવ થઈ શકશે, કારણકે એ એનું વાસ્તવિક લક્ષણ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

જાણવાની પર્યાય પ્રગટ છે કે નહીં ? હેં ? આ રાગ છે, આ શરીર છે, એમ જાણે છે કોણ ? એ જ્ઞાનની પર્યાય. આ રાગ છે, આ શરીર છે આ ઉનું છે, આ ટાઢું છે, આ સ્ત્રી છે, આ પુરુષ છે, આ મનુષ્ય છે, આ લુખ્ખું છે, એ જાણે છે કોણ ? જ્ઞાનની પર્યાય, પણ એ પર્યાય એને જાણે છે, તો એ પર્યાય (જેને જાણે છે) એનું લક્ષણ નથી, પર્યાય તો આ દ્રવ્યનું લક્ષણ છે, આવી વાતેય સાંભળવા મળે નહીં બિચારાને. કાલે ન્યાં ગયા'તા ને પાલીતાણા. કચ્છમાં એક બાઈ

છે આર્જા. એ શું કહેવાય ? ગરણીજી મોટું લઠ જેવું શરીર, ધીરજશ્રી જાય છે ન્યાં કોઈ વખતે એમ કહેતા'તા. તેથી એને બિચારાને લાગણી હતી. ઘણાં વખતથી દશ વરસથી એમાં બરાબર બારોટ મળી ગયો. મહારાજ એક ગરણીજી છે દશ વર્ષથી, બાપુ માર્ગ કીધું ભાઈ આ બીજો છે, એ રાગથી ને શરીરથી ભિન્ન પડેલી જ્ઞાનની પર્યાય એ દ્વારા આત્મા જણાય એ સિવાય કોઈ ઉપાય છે નહીં. બે પુસ્તક આપ્યા પછી. શું કરે ? નરશી કેશવજીની છે ને ધર્મશાળા બે પુસ્તક આપ્યા. એક બેનનું ને એક કાલનું આપણું ? સોગાની ? સોગાનીનું આર્જા બિચારી બેઠી'તી બીજી એક બેઠી'તી જુવાન હતી. શું કરે બિચારા મળ્યું ન મળે. આહાહા !

અરે અમારા ગુરુ સંપ્રદાયના હીરાજી મહારાજ હતા બિચારા બહુ સજ્જન નરમ પણ આ વાત સાંભળવા મળેલી નહોતી. અરેરે ! શું કરે ? એ એમ પ્રરૂપતા હજારો માણસની વચ્ચે રાજકોટમાં મોટા મોટા અને જામનગર ભાઈ અહિંસા પરમો ધરમ, કોઈપણ જીવને ન મારવો એ ધર્મ એ સારા સિદ્ધાંતનો સાર છે, એમ કહેતા. મળ્યું નહોતું શું કરે બિચારા ? અરેરે ! અહિંસા સમયં ચેવ એતા વિતં વિયાણીયા. જેણે પર દ્રવ્યની દયા પાળી એણે બધું જાણ્યું, આંહી કહે છે, પર જીવની દયા, આત્મા પાળી શકતો નથી, અને પરજીવની દયાનો ભાવ છે તે રાગ છે, એ રાગ છે તે બંધનનું કારણ છે, રાગથી આત્મા જણાશે નહીં. અરરર ! પરજીવની દયાના ભાવથી આત્મા નહિ જણાય. હવે આ વાતું ક્યાં નાખવી ? એય સપાણી ! ક્યાં હતું તમારે વાડામાં ત્યાં ( નહીં ) નહીં. મોટાભાઈ ના પાડે છે. ( શ્રોતાઃ- આત્મા શબ્દ જ નહોતો સાંભળ્યો ) ખબર છે અમને તો આંહીં બધી. અરેરે ! આવી વાતું બાપા. પરજીવની દયા પાળવાનો ભાવ છે, એ રાગ છે અને રાગ છે તે દુઃખરૂપ દશા છે, આકુળતા છે, એ આકુળતા જીવનું સ્વરૂપ નહીં. એનાથી નિરાકુળ ભગવાન પ્રાપ્ત થાય નહીં પણ તે રાગના કાળે જે જ્ઞાનની પર્યાય રાગને જે જાણે છે, તો એ રાગનું જ્ઞાન લક્ષણ નથી, જ્ઞાનનું રાગ લક્ષણ નથી અને રાગનું જ્ઞાન લક્ષણ નથી, એ જ્ઞાન લક્ષણ તો ચૈતન્ય દ્રવ્ય ભગવાન. આહાહા ! એવી વાત છે.

એ તેણે ''વ્યંજિત જીવ તત્ત્વમ્'' એણે પ્રગટ કર્યું છે. જીવ તત્ત્વને એ જ્ઞાનનો જે પર્યાય છે. આ વાત ચોટીલામાં રતનચંદજીના એક ગુરુ હતા લીંબડી સંઘાડાના રતનચંદજી, શતાવધાની એના ગુરુ હતા, તાકડે ભેગા થઈ ગયા અમે. અમે પાછા સાધુ કોઈને માનતા નહીંને એટલે ભેગા ઊતરતા નહિ. એ વખતે અમે સાધુ કોઈને માનતા નહિ. પણ ભેગા ઉતર્યા તો બહુ ખુશી થઈ ગયા. પછી વાત થઈ આ કે "આ જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષ" કહ્યું છે ને ? કીધું "જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ" એટલે શું ? આત્મા જે જ્ઞાનસ્વરૂપ છે તેનું જ્ઞાન કરવું અને તે જ્ઞાનમાં ઠરવું એ જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ છે. વાત થઈ'તી ચોટીલામાં. અપાસરો છે ને ઉપર મેડી ઉપર વાત થઈ હતી, કબુલ્યું કે વાત તો સાચી લાગે છે. મેં કીધું ભાઈ બાપુ. માર્ગ તો આ છે, વાત તો સાચી લાગે છે. એક વાત અને બીજી વાત આ કરી એણે પોતે હોં. મેં કીધું ભાઈ મૂર્તિ છે સિદ્ધાંતશાસ્ત્રમાં, મૂર્તિપૂજા શાસ્ત્રમાં છે એ વાત છે, અમને ખબર છે પણ હવે શું કરીએ જે શિષ્યો વાંચશે તો એને અમારી શ્રદ્ધા નહીં રહે, શાસ્ત્રમાં છે મૂર્તિપૂજા. બે વાત થઈ'તી ચોટીલાના અપાસરામાં, સંપ્રદાયમાં હોં હજી. પણ મૂકવું કઠણ પડે. આહાહા !

આંહી તો પરમાત્મા અથવા સંતો અહીંયા એમ જાહેર કરે છે પ્રભુ, તું તને જાણી શક તેનું

સ્વરૂપ તો જ્ઞાનની પર્યાય છે, એ જ્ઞાનની પર્યાયથી જણાય તે તારું સ્વરૂપ છે. લાખ વાતની વાત અને કરોડ વાતની વાત, એ જ્ઞાન જે પરને જાણવાની પર્યાય કામ કરે છે, એ જ્ઞાન કાંઈ પરનું લક્ષણ નથી, માટે જે જાણવાનું કામ કરે છે જે પર્યાય, જેનું લક્ષણ છે ત્યાં એને વાળ. તો તેનાથી જીવનું સ્વરૂપ વ્યંજિત પ્રગટ થશે, અને જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે, આનંદ સ્વરૂપ છે એવું જ્ઞાનની વ્યંજિત પર્યાય દ્વારા જાણતા તને આત્મા પ્રગટ દેખાશે. આહાહા ! કહો શાંતિભાઈ ! ક્યાં આમાં નવરાશ ક્યાં હતી ન્યાં ? છોકરાવને સાચવવા ને બાયડી સાચવવા ને પૈસા ભેગા કરવા. ઓલો ન્યાં સલવાણો, આ આંહીં સલવાણાં, નાનો ન્યાં હોંગકોંગ, લાખો રૂપિયા પેદા કરે, હમણાં એક લાખ રૂપિયા આપ્યા'તા ત્યાં ભાવનગર, એમાં શું થયું પણ રાગનો મંદ ભાવ કર્યો હોય તો એ શુભભાવ છે એ કાંઈ ધર્મ નથી તેમ તેનાથી આત્મા જણાય એવી કાંઈ ચીજ નથી. આહાહાહા !

આંહી તો બે વાત લીધી, કે જીવનું તત્ત્વ જે છે તેને ચૈતન્ય લક્ષણે કરીને જાણો, કેમકે ચૈતન્યપણાનું લક્ષણ કહ્યું છે તે યોગ્ય છે, અને તે લક્ષણ પ્રગટ છે એમ બે વાત કરીને ? શું કીધું એ ? જાણવાના પરિણામથી આત્મા જણાશે એ જાણવાની પર્યાય પ્રગટ છે, છે ને ? અને તેનાથી તે જણાશે અને પ્રગટશે. આહાહા ! બે વાત કરી.

ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપી પ્રભુ એની વર્તમાન પર્યાયમાં જ્ઞાનનો વ્યક્ત પર્યાય પ્રગટ છે, શક્તિરૂપે છે એ એકકોર રાખો, આ તો પ્રગટ છે, એ દ્વારા, એ પ્રગટ છે એ દ્વારા જાણતાં જે શક્તિરૂપે છે. અપ્રગટ છે, એ પ્રગટ તને જણાશે, કેટલું સમાડયું છે. દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યાં છે, કેવળીના કેડાયતો પરમાત્મા જિનેશ્વરના કેડાયત એ જિનેશ્વરપદ અલ્પભવમાં પામી જવાના છે. આહાહા !

બે વાત કરી. કે ચૈતન્ય લક્ષણ એને અમે કહ્યું એ ચૈતન્ય પર્યાય પ્રગટ છે. સમજાય છે કાંઈ ? અને એ ચૈતન્ય પર્યાયથી તું તારા આત્માને જાણ તો એ તને પ્રગટ જણાશે. પ્રગટ પર્યાયથી પ્રગટ તત્ત્વ જણાશે. હવે આનાથી કેટલું સહેલું કરે ? ગજબ કામ કર્યાં છે. એટલા થોડા શબ્દોમાં ગાગરમાં સાગર ભરી દીધો છે. પ્રભુ તને રાગથી તું નહીં જણાય, કારણકે રાગ તારું સ્વરૂપ નથી, અમૂર્ત છો પણ અમૂર્ત તો પરમાંય છે માટે એ અમૂર્તથી તારું ભિન્નપણું નહીં પડે, કારણકે અમૂર્ત તો બીજા દ્રવ્યો પણ છે તો ત્યાં તો બધું એક થઈ જશે. અમૂર્તપણાથી પણ તું પરથી તને ભિન્ન નહીં પાડી શક. એક ચૈતન્ય લક્ષણે કરીને ભિન્ન પાડી શકીશ તું. અને તે ચૈતન્ય લક્ષણ પ્રભુ કહીએ છીએ ને તને, પ્રગટ છે ને ? નથી કાંઈ પર્યાયમાં જ્ઞાન ? એ સમુચિતં એ ચૈતન્ય પ્રગટ છે એ પ્રગટ તે "વ્યંજિત જીવ તત્ત્વમ્" તે જીવના સ્વરૂપને પ્રગટ કરે છે, કર્યું છે. એમ કહે છે પ્રભુ, કે જીવનું લક્ષણ જે ચૈતન્ય પર્યાયમાં તને છે અત્યારે, પ્રગટ છે અને તે દ્વારા જો આત્માને જાણ તો તે 'વ્યંજિત' તે દ્રવ્ય પ્રગટ થશે તને. આહાહા !

શું વાત કરી છે. ભાષા સાદી પણ આખું તત્ત્વ ભરી દીધું છે. ઝઘડા બધા છોડી દે. ઓલામાં આવે છે ને ? ભેદજ્ઞાનીને સોંપી દીધું છે. ૪૯ ગાથામાં ( શ્રોતાઃ- સર્વસ્વ ) સર્વસ્વ, રાગથી નહીં, અમૂર્તપણાથી નહીં, ( તેનાથી ) ભિન્ન નહીં પડી શકે એમ કહે છે. રાગથી નહીં જણાય કેમ કે એ એનું સ્વરૂપ નથી, અમૂર્તપણાથી નહીં જણાય કેમકે અમૂર્તપણું તો ઘણાંમાં છે માટે જુદું પાડી

નહીં શકે, હવે જ્ઞાનની પર્યાય જે પ્રગટ છે, જે વ્યક્ત છે, તે દ્વારા લક્ષ જે દ્રવ્ય વસ્તુ તેનો અનુભવ કર, તો તે વસ્તુ પ્રગટ તને જણાશે, પ્રગટ પર્યાયથી વસ્તુને જાણીશ તો વસ્તુ પ્રગટ જણાશે. આહાહાહા !

જ્ઞાનની વર્તમાન પર્યાય, પર્યાયની ખબર ન હોય હજી કેટલાંકને તો. એ વર્તમાન જે જ્ઞાનની પર્યાય પ્રગટ છે, એનું લક્ષણ પ્રગટ છે કહે છે. એ લક્ષણ દ્વારા, લક્ષ નામ દ્રવ્યને પકડ, તો તે દ્રવ્ય પ્રગટ થશે તને, આવું દ્રવ્ય છે એવું તને જ્ઞાનની પર્યાયમાં ભાસશે. ( શ્રોતા- આત્મા ધારણા જ્ઞાનમાં તો પકડાય પણ ઉપયોગ અંદર વળતો નથી ) પણ એને પુરૂષાર્થ નથી ને ઉંધો છે, એને એની ગરજ ક્યાં છે એની એટલી. જે ઉપયોગથી પકડાય એટલો ઉપયોગ કરે છે ક્યાં ? સ્થૂળ ઉપયોગે પકડાય નહીં, અને સૂક્ષ્મ ઉપયોગે પકડાય, સૂક્ષ્મ ઉપયોગ તો કરતો નથી. વાત લોજીકથી છે. ( શ્રોતાઃ- સૂક્ષ્મ ઉપયોગથી સૂક્ષ્મ વસ્તુ કેમ પકડાય તે સમજાવો ) સૂક્ષ્મ ઉપયોગ જે મતિજ્ઞાનનો શ્રુત જ્ઞાનનો જે પર્યાય છે એ સૂક્ષ્મ ઉપયોગથી પકડાય અને એ સૂક્ષ્મ ઉપયોગથી દ્રવ્ય પકડાય. ( શ્રોતાઃ- સૂક્ષ્મ દ્રવ્ય તરફ ઉપયોગ જાય ત્યારે પકડાયને ? ) પણ એ ત્યારે જાય, સૂક્ષ્મ ઉપયોગ કરે એટલે એ દ્રવ્ય ઉપર જ જાય. એનો અર્થ એ થયો કે દ્રવ્યને આશ્રયે જે પર્યાય પ્રગટી, અનુભવની હોં એ સૂક્ષ્મ છે અને સૂક્ષ્મથી જ તે પકડાણું છે. આહાહા ! આવી વાતું છે.

કેટલાક વ્રત અને તપસ્યાઓમાં અટકયા, કેટલાક દેવગુરુ ને શાસ્ત્રની ભક્તિ કરતા કરતા કલ્યાણ થશે એ અટકયા, બધા એક જાતમાં અટકયા છે મિથ્યાત્વમાં. કેમકે જ્ઞાન જે પર્યાય છે તે લક્ષણ તો પ્રગટ છે, જેનું જે લક્ષણ છે એ તો પ્રગટ છે. એ ભગવાન ચૈતન્ય સ્વરૂપનું એ લક્ષણ છે પર્યાય, ચૈતન્ય દ્રવ્યનું એ તો પ્રગટ છે. હવે પ્રગટને આ બાજુ ઢાળી દે- નાખે, જેનું એ લક્ષણ છે એ બાજુ ત્યાં વાળી દે એને પ્રગટ થશે આત્મા. પર્યાય તો પ્રગટ છે, એને આ બાજુ વાળે દ્રવ્ય પ્રગટ થઈ જશે. આવી વાતું છે. અરે આવી વાતું મળવી મુશ્કેલ છે. બાપા જિનેશ્વર ત્રિલોકનાથ પરમેશ્વરનો આ હુકમ છે. સર્વજ્ઞ પરમેશ્વર એની વાણીમાં એમ આવ્યું, પ્રભુ તારું લક્ષણ તો પ્રગટ છે ને ? એ લક્ષણ વડે કરીને જે અપ્રગટ છે, વસ્તુ ગુપ્ત છે, જે પર્યાયમાં આવી નથી, પર્યાયની વ્યક્ત અપેક્ષાએ વસ્તુ જે આખી પૂર્ણાનંદનો નાથ જે ગુપ્ત છે, એ લક્ષણ વડે જો પકડીશ તો તે ગુપ્ત પ્રગટ થશે. આથી હવે બીજું શું કહે ? પ્રભુ તું આત્મા છો ને નાથ. તું સ્ત્રી નહીં, પુરુષ નહીં, રાગ નહીં, દ્વેષ નહીં, કર્મ નહીં ભાઈ. આહાહાહા !

એમ જ્ઞાનના લક્ષણની પર્યાય જેટલો ય નહીં, કારણકે જેનું લક્ષણ છે એવું જે લક્ષ્ય વસ્તુ તો પૂર્ણ પડી છે અંદર. આ એને કરવાનું તો આ છે. બાકી બધું તો ઠીક છે. ( શ્રોતાઃ- બીજું બધું સરળ લાગે, વાળવું મુશ્કેલ પડે ) ઈ જ કહે છે ને એ કર્યું નથી એટલે મુશ્કેલ છે. અનાદિનો અભ્યાસ જ નથી. કોઈદિ' શ્રુત પરિચિત, રાગથી ભિન્ન છે, એ સાંભળ્યું નથી. તે કહ્યું ને ચોથી ગાથામાં, સાંભળ્યું ક્યારે કહેવાય કે તને ખ્યાલમાં આવે કે તે રાગથી ભિન્ન છે, ત્યારે જ્ઞાનની પર્યાયથી અભિન્ન છે. જો કે જ્ઞાનની પર્યાયને લક્ષણ કીધું, એનાથી લક્ષને પ્રગટ કરી શકે છે. છતાં તે પર્યાયમાં લક્ષ વસ્તુ આવતી નથી. પર્યાયમાં તે વસ્તુનું સામર્થ્ય કેટલું તે જ્ઞાનમાં આવે છે. આહાહા !

હવે આવી વાતું. એનું લક્ષ કરે છે એમ કહે છે, જ્ઞાનની પર્યાય લક્ષણ છે જેનું, તેનું લક્ષ

કરે છે. લક્ષ કર્યું, છતાં તે ચીજ કાંઈ પર્યાયમાં આવી નથી. પર્યાયમાં તે ચીજનું સામર્થ્ય કેટલું છે એ પ્રગટ પર્યાયમાં ભાસ્યું. ( શ્રોતાઃ– આમ તો પર્યાયમાં પ્રાપ્ત કરવાનું છે ને ? ) પર્યાયમાં, એ પર્યાય આ બાજુ વાળવી ત્યારે પ્રગટ થયું, ખ્યાલમાં ન હતું. ગુપ્ત હતું તે પ્રગટ થઈ ગયું, છતાંય એ દ્રવ્ય પર્યાયમાં આવ્યું નહીં, દ્રવ્ય પર્યાયમાં આવી જાય તો તો એ તો ધ્રુવ છે અને પર્યાય એ તો અંશ છે. આહાહાહા !

ધન્યકાળ, ધન્ય અવસર બાપા, આવી વાત. જેનું એ લક્ષણ છે, તે તેને પકડે, અને તે લક્ષણ છે એ તો પ્રગટ તો છે પ્રભુ. બિલકુલ પ્રગટ જ ન હોય તો તેનાથી જણાવવું એને મુશ્કેલ પડે. શું શ્લોક છે. એ શ્વેતાંબરના ૩૨ સૂત્ર વાંચે તો ય એમાંથી આવો શ્લોક નીકળે એવું નથી. ૩૨ સૂત્ર તો કેટલીય વાર વાંચ્યા. આઠ મહિનામાં હંમેશાં ૩૦ સૂત્રો સંપ્રદાયમાં કાયમ, ચંદપન્નતી–સૂર્ય પન્નતિ એકવાર વાંચ્યા'તા છોંતેરમાં, આ વાત ન મળે. આહાહાહા !

અહીંયા કહે છે, એક તો એ વાત કરી કે પ્રભુ તું તો રાગરૂપ નથી. કેમ રાગરૂપ હોય તો, કાયમ રાગ રહેવો જોઈએ, સિદ્ધપણામાં રાગ રહેતો નથી માટે તું રાગરૂપ નહીં, એ તારું સ્વરૂપ જ નહીં. હવે તું અમૂર્ત છો એમ જો કહેવા માગે તો અમૂર્ત તો બીજી ચીજો પણ છે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ, તો એનાથી તું જુદો નહીં પાડી શક તારા આત્માને, અમૂર્તપણામાં તો બધું ભેગું થઈ જશે. આહાહાહા !

હવે તારે જુદું પાડવું હોય તો તો જ્ઞાન પર્યાય જે લક્ષણ છે એ લક્ષ્યનું લક્ષણ છે, એ બીજે ક્યાંય નથી ! સમજાણું કાંઈ ? સમજાય એટલું સમજવું બાપુ, આ તો પરમાત્માના ઘરની વાતું છે. વીતરાગ સીમંધર ભગવાન બિરાજે છે પ્રભુ મહાવિદેહમાં આ એની વાણી છે આ બધી, સંતો દ્વારા આવી છે આ. આમાં વાદ ને વિવાદ ને ઝઘડાં ઉભા કરે, વ્યવહારથી થાય ને વ્યવહારથી થાય ઓલો ત્યાં સુધી કહે છે. વળી જ્ઞાનસાગર છઠ્ઠાં ગુણસ્થાન સુધી વ્યવહાર જ હોય એમ કહે છે. અરરર ! આ જ્ઞાનસાગર છે ને, સમયસાર એમાં વાંચ્યું'તું, છઠ્ઠા ગુણસ્થાન સુધી વ્યવહાર હોય. અરે પ્રભુ ! વ્યવહાર બારમા સુધી હોય પણ નિશ્ચય હોય એને ને ? જેણે જીવનો આશ્રય લીધો છે, જ્ઞાનલક્ષણે જ્ઞાનને પકડયું છે, એને જે કંઈ અધુરી રાગ દશા રહી તેને વ્યવહાર કહેવામાં આવે છે, પણ એને એકલો વ્યવહાર જ છે, ( તોએ ) મિથ્યાદૃષ્ટિ છે. નિશ્ચય વિનાનો વ્યવહાર કેવો ? ચોથે ગુણસ્થાનથી નિશ્ચય સ્વનો આશ્રય શરૂ થઈ જાય છે. પછી પૂર્ણ આશ્રય નથી એથી રાગનો ભાવ આવ્યા વિના રહેતો નથી, છતાં તે વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહારે કરેલો પ્રયોજનવાન છે, અને વ્યવહારથી આત્માને લાભ થશે માટે પ્રયોજનવાન છે એમ નથી. આહાહા !

( શ્રોતાઃ– તીલતુસ માત્ર પરિગ્રહ હોય તો તેને શુધ્ધોપયોગ કેમ કહેવાય ) એ ત્યાં સુધી મુનિપણું માને તો મિથ્યાદૃષ્ટિ છે. એક વસ્ત્રનો ટુકડો રાખીને અમે મુનિ છીએ એમ માને ( તોએ ) નિગોદમાં જવાના છે. ભગવાનનું વચન છે, કુંદકુંદાચાર્યનું. નવેય તત્ત્વની ભૂલ, વસ્ત્રનો ટુકડો રાખીને મુનિપણું માને ત્યાં નવેય તત્ત્વની વિપરીત ભૂલ છે. એ કાકડીના ચોરને ફાંસીની સજા એમ નથી. એણે નવેય તત્ત્વનો મોટો ગુન્હો કર્યો છે એણે. આવો માર્ગ આકરો બહુ બાપુ ! પણ વસ્તુ તો વસ્તુ ઈ છે. આહાહાહા !

ચૈતન્યપણાને જીવનું લક્ષણ કહ્યું તે યોગ્ય છે એક વાત, તે લક્ષણ પ્રગટ છે બે વાત. ચૈતન્યલક્ષણ કહ્યું તે યોગ્ય છે એક વાત, તે ચૈતન્ય લક્ષણ પ્રગટ છે તે બે વાત. એને ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરી તેથી ચૈતન્ય દ્રવ્ય પ્રગટ થાય છે એ ત્રીજી વાત. પ્રગટ થાય છે એનો અર્થ કે છે, એ છે એવું પર્યાયમાં ભાસ્યું. નહીંતર તો છે તો છે. એને પ્રગટ પર્યાયમાં ભાસ્યું. ઓહોહો ! આ વસ્તુ મહાપ્રભુ આનંદનું દળ જ્ઞાયકભાવ આખો પ્રગટ છે. પર્યાય જ્યાં આમ વળી એટલે એને પ્રગટ દેખાય છે. આવી વાત છે. એક મધ્યસ્થથી સાંભળે ને, મારગ તો આ છે. આહાહાહા !

વળી તે અચળ છે. એ પર્યાયે જે દ્રવ્યને પકડયું એ દ્રવ્ય અચળ છે. અને ચળાચળતા રહિત છે. જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે એમ કીધું ને ? અને તે અચળ છે ત્રિકાળી વસ્તુ ધ્રુવ, ચળાચળ રહિત છે, એ સદા મોજૂદ છે. જગત તેનું આલંબન કરો. જગત એટલે જગતના હે ભવ્ય જીવો, એ ભગવાનનું આલંબન કરો. અરેરે ! ક્યાં વખત મળે નહીં, નિવૃત્તિ મળે નહીં ને આવો અપૂર્વ માર્ગ, આંહીં પરમાત્મા, સંતો એ પરમાત્માની જ વાત કરે છે.

હે જગતના જીવો ! ઓલું આવ્યું'તું ને પહેલું "જગત ન પશ્યંતિ" પહેલાં આવ્યું'તું ને રાગથી જગતના જીવો નહીં જોઈ શકે, પણ જ્ઞાનથી જગતના જીવો જોઈ શકશે. સમજાણું કાંઈ ? માથે આવ્યુ'તું ને "જગત ન પશ્યંતિ" અમૂર્તપણાનો, રાગનો આશ્રય કરીને જગત જીવને નહીં જોઈ શકે, ત્યારે કે જ્ઞાનપણાના લક્ષણે તે જોઈ શકશે, માટે હે જગતના જીવો તેનું આલંબન કરો. લક્ષણની પર્યાયને આલંબન દ્રવ્યનું આપો. પર્યાય ત્યાં થંભી રહી છે, તેને દ્રવ્યનું આલંબન આપો, જેનું લક્ષણ છે તેનું તેને આલંબન આપો. આવી વાતું છે. અરે પ્રભુ ! જગતના જીવો તેનું જ આલંબન કરો, તેનાથી યથાર્થ જીવનું ગ્રહણ થાય છે, ચૈતન્ય પર્યાય દ્વારા અંતરમાં યથાર્થ લક્ષ્ય જાણી શકાય છે. યથાર્થ જીવનું ગ્રહણ થાય છે. જોયું ? પર્યાય, જ્ઞાનની પર્યાય દ્વારા અંદર જતાં, એ યથાર્થ જીવનું ગ્રહણ થાય છે. આખો જીવ કેવો છે તે લક્ષણ દ્વારા પકડાઈ જાય છે, ગ્રહણ થાય છે. આહાહાહા !

લ્યો એક શ્લોક થયો, કલાક થયો, ત્રણ મિનિટ બાકી રહી લ્યો. આહાહા ! ( શ્રોતાઃ- ઘૂંટવા જેવો શ્લોક છે )

**ભાવાર્થઃ-** નિશ્ચયથી એટલે ખરેખર રંગ, રાગાદિ, વર્ણાદિ ભાવમાં રાગાદિ ભાવ આવી ગયા, રંગ ને રાગ આવી ગયા, જીવમાં કદી વ્યાપતા નથી, રંગ ને રાગ સંહનન, સંસ્થાન આદિ અને રાગ દ્વેષ પુણ્ય ને પાપના ભાવ એ જીવમાં કદી વ્યાપતા નથી, જીવમાં કદી કાયમ રહેતા નથી. તેથી તેઓ નિશ્ચયથી જીવનાં લક્ષણ છે જ નહીં. જીવમાં કદી વ્યાપતા નથી એટલે જીવમાં સદાય રહેતા નથી. માટે તે ખરેખર જીવનાં લક્ષણ છે જ નહીં. વ્યવહારથી તેમને જીવનાં લક્ષણ માનતા પણ અવ્યાપ્તિ નામનો દોષ આવે છે, કારણકે સિદ્ધ જીવોમાં એ ભાવો વ્યવહારથી પણ વ્યાપતા નથી. સિદ્ધ જીવમાં પર્યાયમાં પણ એ રાગ નથી. વ્યવહારથી ય નથી. માટે વર્ણાદિ ને રાગાદિનો આશ્રય કરવાથી જીવનું યથાર્થ સ્વરૂપ ઓળખાતું નથી. રંગ અને રાગનો આશ્રય કરવાથી, ભગવાન આત્મા ઓળખી શકાતો નથી.

હવે અમૂર્તપણું જો કે સર્વ જીવમાં વ્યાપે છે, ઓલું એકમાં નાખ્યું'તું રંગ ને રાગ, હવે ત્રીજું જુદું લીધું. એક અમૂર્તપણું જો કે સર્વ જીવોમાં વ્યાપે છે તોપણ તેને જીવનું લક્ષણ માનતા

અતિવ્યાપ્તિ નામનો દોષ આવે, કારણકે આત્મામાં પણ અમૂર્તપણું છે અને ધર્માસ્તિમાં પણ છે. તો અતિવ્યાપ્તિ થઈ ગયું. એ કાંઈ વ્યાજબી, ઉચિત લક્ષણ ન થયું, ધર્મ અધર્મ આકાશ ને કાળ એ ચાર દ્રવ્યોમાં અમૂર્તપણું હોવાથી અમૂર્તપણું જીવમાં વ્યાપે છે, તેમજ ચાર અજીવ દ્રવ્યોમાં પણ વ્યાપે છે, એ રીતે અતિવ્યાપ્તિ દોષ આવે છે, અતિવ્યાપ્તિ એટલે પોતા સિવાય પણ બીજામાં પણ હોય છે. પહેલામાં અવ્યાપ્તિ એટલે પોતાની દરેક અવસ્થામાં વ્યાપતું નથી, એ અવ્યાપ્તિ છે. અને પોતા સિવાય પરમાં પણ છે એને અતિવ્યાપ્તિ કહે છે, માટે અમૂર્તપણાનો આશ્રય કરવાથી પણ જીવનું યથાર્થ સ્વરૂપ ગ્રહણ થતું નથી... વિશેષ કહેવાશે.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં.૧૪૨ શ્લોક-૪૨,૪૩,૪૪ તા.૨૧/૧૧/૭૮ મંગળવાર કારતક વદ-૭

શ્રી સમયસાર, ૬૮ ગાથાના કળશ ( ૪૨ ) નું છેલ્લું છે. ( છેલ્લો પેરેગ્રાફ છે )

ચૈતન્યલક્ષણ સર્વ જીવોમાં વ્યાપતું હોવાથી ( અવ્યાપ્તિદોષથી રહિત છે, ) ત્યાંથી છે. શું કહે છે ? કે આ આત્મા જે છે, એ દયા–દાન–વ્રત–ભક્તિના પરિણામ છે. એ રાગ છે, એનાથી આત્મા જાણવામાં આવતો નથી. આત્મા તો ચૈતન્યલક્ષણ છે. એ જ્ઞાનસ્વભાવે છે, જ્ઞાનસ્વભાવની પરિણતિથી એ આત્મા જાણવામાં આવે છે. સૂક્ષ્મ વાત છે.

આ દેહ છે જડ, વાણી છે એ પણ જડ છે પણ અંદરમાં વ્રત–ભક્તિ–પૂજા આદિના ભાવ, એ પણ રાગ છે–જડ છે–અચેતન છે–એ પુદ્‌ગલ છે, એવું કહ્યું છે અહીંયા તો, આ આત્મા તો જ્ઞાનસ્વરૂપી–ચૈતન્યમૂર્તિ પ્રભુ, એ તો જ્ઞાનના લક્ષણથી –જ્ઞાનની પરિણતિથી, લક્ષ દ્રવ્યનું કરે, ત્યારે અનુભવ થાય છે. આવી વાત સૂક્ષ્મ છે પ્રભુ !

આ શરીરની ક્રિયાથી તો પ્રભુ ભિન્ન છે આત્મા ! પણ એ શુભ–અશુભ ભાવ, હિંસા–જૂઠું–ચોરી–વિષયભોગ વાસના પાપ, દયા–દાન– વ્રત–ભક્તિ–પૂજાના ભાવ પુણ્ય, બેય પુદ્‌ગલ છે, ( એમ ) અહીંયા તો કહે છે. કેમ કે ચૈતન્યની દરેક અવસ્થામાં એ રહેતા નથી. આકરી વાત છે ! એ ચૈતન્ય લક્ષણ આવ્યું ને ! ચૈતન્ય લક્ષણ સર્વ જીવોમાં વ્યાપતું હોવાથી જાણન. જાણન. જાણન. જે જ્ઞાનપર્યાય – જાણન લક્ષણ જે છે, એ લક્ષ દ્રવ્યનું કરે તો ( આત્મા ) અનુભવમાં આવે છે, તો સમ્યગ્દર્શન થાય છે. ધર્મની પહેલી સીડી સમ્યગ્દર્શન, જેને જિનેશ્વરદેવ–પરમેશ્વર 'સમકિત' કહે છે.

આ સમ્યગ્દર્શન શી રીતે થાય છે ? કે આ ચૈતન્યલક્ષણથી લક્ષિત આત્માને કરે, અનુભવ કરે તો એને સમકિત થાય છે. વ્રત–તપને ભક્તિ કે પૂજાના ભાવ બધા રાગ છે, એ રાગથી આત્મા પ્રાપ્ત થતો નથી, એનાથી તો બંધ થાય છે. સૂક્ષ્મ વાત છે ભાઈ ! રાગને તો અહીં પુદ્‌ગલ કહેવામાં આવ્યો છે. ભગવાન કુંદકુંદાચાર્ય, દિગમ્બર સંત તેનો શ્લોક છે તેની ટીકા અમૃતચંદ્રાચાર્યે કરી છે. હજાર વર્ષ પહેલાં દિગમ્બર સંત થયા એ એમ જાહેર કરે છે કે પ્રભુ ! તું તો આવો છો–જ્ઞાનથી ( જણાય ), જ્ઞાન. જ્ઞાન.... જ્ઞાન એ જ્ઞાન, આત્માની પ્રત્યેક અવસ્થામાં રહે છે, એ કારણે જ્ઞાનલક્ષણથી આત્મા અંદરમાં અનુભવમાં આવે છે. આહાહાહા !

જેટલા ભગવાનનું સ્મરણ, વ્રતના, તપના, ભક્તિના, અપવાસના, જાત્રાના ભાવ ( એ ) બધો રાગ છે, બધા પુદ્‌ગલ છે. આ વાત છે ! એ જીવ નથી. એને ભગવાન આત્મા નથી કહેતા, એને તો પુદ્‌ગલ કહે છે. શું કરે ? બહુ ફેર !

એ તો ચૈતન્યલક્ષણ દ્વારા-સર્વ જીવોમાં એ લક્ષણ છે, રાગ ને એ કાંઈ એનું લક્ષણ નહીં. એની જાત નહીં, ચૈતન્યની જાત નહીં, રાગ તો કજાત-અજીવ છે. મહાવ્રતના પરિણામ પણ અજીવ-રાગ-વિકલ્પ અજીવ છે. આ વાત છે ! બધો ય વ્યવહાર અજીવ છે ! !

ભગવાન આત્મા તો રાગથી ભિન્ન, ચૈતન્યજ્ઞાન લક્ષણથી-જ્ઞાનની વર્તમાન પરિણતિથી જ્ઞાયક ત્રિકાળી જીવ જાણવામાં આવે છે. આ વાત છે, આકરી જગતને !

અને જીવ સિવાય કોઈ અન્ય દ્રવ્યમાં નહિ વ્યાપતું હોવાથી. આત્મા સિવાય જ્ઞાન બીજા કોઈ દ્રવ્યમાં છે નહીં. આહાહાહા !

( ચૈતન્ય લક્ષણ ) શરીરમાં નથી, વાણીમાં નથી, ધર્માસ્તિ ( કાય ) માં નથી, અધર્માસ્તિ ( કાય ) માં નથી, આકાશ ને કાળ અને પુદ્‌ગલમાં નથી, અને રાગ આદિ ભાવ, એમાં પણ નથી. અહીં આ જીવનો અધિકાર પૂર્ણ થાય છે, તો આમાં આ પૂર્ણ શક્તિનું વર્ણન કરે છે. અતિવ્યાપ્તિદોષથી રહિત છે, કેમ કે અન્ય દ્રવ્યોમાં એવું જાનન જાનન જાનન જાનન જે સ્વભાવ એ આત્મા સિવાય બીજા દ્રવ્યોમાં નથી. એ કારણે એ અતિવ્યાપ્તિદોષથી રહિત છે. અને એ ( લક્ષણ ) પ્રગટ છે. શું કહે છે ? જ્ઞાન, ત્રિકાળીપ્રભુ ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપી ( જ્ઞાનની ) જ્યોત ! એની પર્યાયમાં જ્ઞાન પ્રગટ છે, એ જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા છે. ચૈતન્ય બ્રહ્મ ! સર્વજ્ઞસ્વરૂપી ! પ્રભુ આત્મા છે. એ એની પર્યાયમાં જ્ઞાનની અવસ્થા પ્રગટ છે. એનું લક્ષણ જ્ઞાનનું, એ જ્ઞાનલક્ષણ પર્યાયમાં પ્રગટ છે. આવી વાતું હવે, ( શ્રોતાઃ- અત્યારે ! ! ) અત્યારે ત્રિકાળ જ્ઞાનની પર્યાય પ્રગટ છે, રાગ હો તો રાગ ભિન્ન છે. શરીર ભિન્ન છે અને રાગને જાણનારી પર્યાય છે એ જ્ઞાનલક્ષણ પ્રગટ છે. આહાહા ! માર્ગ અલૌકિક છે !

'મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' - મુનિવ્રત પંચમહાવ્રત નગ્નપણું અનંતવાર લીધું, અઠાવીસ મૂળગુણ જે સાધુના કહેવાય છે એ અનંત વાર લીધા, એ તો રાગ છે, એ ( કાંઈ ) જીવ નથી, એ જીવનું સ્વરૂપ નહીં. 'મુનિવ્રત ધાર' અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' - એ પંચમહાવ્રત છે, અઠાવીસ મૂળગુણ એ રાગ છે, આકુળતા છે, દુઃખ છે, પુદ્‌ગલ છે, દુઃખ છે આકુળતા છે, જડ છે, અજીવ છે. ભગવાન આત્મા, ચૈતન્યલક્ષણથી જે લક્ષિત થાય છે, એવું ક્યારેય કર્યું નહીં. આહા ! એવો દિગમ્બર સાધુ પણ અનંત વાર થયો, નગ્નપણું અનંતવાર, અઠાવીસ મૂળગુણ અનંત વાર પાળ્યા, એ તો રાગ છે, એ તો અજીવ છે, એ તો પુદ્‌ગલ છે. ભગવાન આત્મા ચૈતન્યલક્ષણથી લક્ષિત છે એવું ( ધ્યાનમાં-સમજણમાં ) લીધું નહિ ક્યારેય !

જાણન-જાણન જે પર્યાય પ્રગટ છે, આનંદની પર્યાય તો પ્રગટ નથી, આનંદ તો અંદર સ્વભાવમાં શક્તિરૂપ આનંદ છે પણ જ્ઞાનની પર્યાય તો પ્રગટ છે, એમ કહે છે. એ જ્ઞાનની પર્યાય દ્વારા દ્રવ્યનું લક્ષ કરવાથી, દ્રવ્ય પ્રગટ થાય છે- એ કાલે આવી ગયું- કાલે આવી ગયું' તું. સમજાણું કાંઈ. ? આહાહાહા !

વ્યક્તં–વ્યક્તં છે ને ! આ ચૈતન્યલક્ષણ પ્રગટ છે અને એમાં જીવના યથાર્થસ્વરૂપને પ્રગટ કર્યું છે. કાલ આવ્યું ' તું કાલ. ઝીણી વાત છે પ્રભુ ! આ ભગવાન આત્મા, સર્વજ્ઞ પરમેશ્વરે જે કહ્યો, એ અન્યમતિઓમાં નહીં એ જે આત્મા, આત્મા કરે છે એવો આત્મા નહીં. અહીં તો પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જેને આત્મા કહે છે એવા આત્માની જ્ઞાનની પર્યાય પ્રગટ છે, એ પર્યાય દ્વારા અંદરમાં લક્ષ કરવાથી, આત્મા છે એવું જ્ઞાનમાં પ્રગટ ભિન્ન દેખવામાં આવે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

પ્રગટ, જે રાગ આદિ પ્રગટ છે પણ એ તો પુદ્‌ગલ છે– જડ છે. અહીંયા તો ચૈતન્ય સ્વરૂપી ભગવાન આત્મા એની પર્યાયમાં–અવસ્થામાં, ચૈતન્યનો અંશ વ્યક્ત–પ્રગટ છે. એ ચૈતન્યનો અંશ જે પ્રગટ છે એના દ્વારા અંતરદ્રવ્યમાં લક્ષ કરવાથી, ત્રિકાળીજ્ઞાયક ભાવનું લક્ષ કરવાથી, જે પર્યાય પ્રગટ છે, એના દ્વારા લક્ષ કરવાથી, અંતરમાં વસ્તુ પ્રગટ થાય છે. જ્ઞાનની પર્યાયમાં શક્તિરૂપ ગુપ્ત ભગવાન છે, એ જ્ઞાનમાં પ્રગટ દેખાય છે. આવી વાત છે. આવો વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ ! અપૂર્વમાર્ગ છે આવો ( માર્ગ ) ક્યાંય, કોઈ પંથમાં, કોઈ માર્ગમાં, આ માર્ગ છે નહીં. આહાહાહા !

સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર સર્વજ્ઞને વીતરાગ દશા પૂર્ણ થઈ તો એ ( દશા ) આવી ક્યાંથી ? અંતરમાં સર્વજ્ઞસ્વભાવ ને વીતરાગસ્વભાવ ભર્યો છે એમાંથી એ પર્યાય આવે છે ! કોઈ રાગની ક્રિયા મહાવ્રતની, દયા–દાનની–અપવાસ કરવા દેવ ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ બધા ( ભાવ ) તો રાગ છે, એ રાગમાંથી સર્વજ્ઞપણું ને વીતરાગતા થતા નથી. આહાહાહા ! આવી વાત છે. ઉગમણો આથમણો ફેર છે.

એ રાગમાંથી, વીતરાગતા નથી આવતી અને રાગમાંથી, સર્વજ્ઞપણું નથી આવતું સર્વજ્ઞ, એકસમયની પર્યાયમાંથી સર્વજ્ઞપણું નથી આવતું. એ સર્વજ્ઞપર્યાય જે વર્તમાન અવસ્થા પ્રગટ જે જ્ઞાન લક્ષણ છે, એ ત્રિકાળીજ્ઞાયકને પકડે ધ્રુવને, ત્યારે એમાં સર્વજ્ઞસ્વભાવ છે ને વીતરાગ સ્વભાવથી ભરપૂર ભગવાન છે. ત્યારે એની દૃષ્ટિ જ્યારે થઈ કે હું તો જ્ઞાયક છું–ચિદાનંદ શુદ્ધ પૂર્ણ છું પર્યાય એમ પ્રતીત કરે છે. વર્તમાન જ્ઞાનનીપર્યાય, એમ પ્રતીત કરે છે કે હુ તો પૂર્ણ–શુદ્ધ–અખંડ આનંદકંદ છું. ત્યારે એ પર્યાયમાં શક્તિરૂપ ગુપ્ત ભગવાન હતો, પર્યાયની અપેક્ષાથી ગુપ્ત હતો, એ પર્યાયની દૃષ્ટિ ત્યાં ગઈ તો ગુપ્ત હતો તે પ્રગટ થઈ ગયો. આવી વાતું છે બાપુ ! બહુ આકરી વાત છે. આહાહા ! આ તો ભાષા તો સાદી પણ હવે ભાષા, ભાષાથી નીકળે ! આવું સ્વરૂપ, ભગવાન જિનેશ્વરદેવ એમ ફરમાવે છે એ આ સંતો, દિગમ્બર સંતો– કેવળજ્ઞાનના કેડાયતો, આહાહા ! એ માર્ગને પ્રસિદ્ધ–પ્રગટ કરે છે.

આ આંહી સુધી આવ્યું છે કે એટલા માટે એનું જ ગ્રહણને આશ્રય, કરવાથી. કોનું ? કે જાણન લક્ષણ જે પ્રગટ છે, એને ગ્રહણ કરવાથી અથવા એને અંતરમાં ( સ્વસન્મુખ ) લઈ જવાથી–આંહી તો પ્રગટ છે એને ગ્રહણ કરવાથી, ઓલા રાગને ગ્રહણ ન કરવો, સમજાણું કાંઈ ?

રાગને અને નિમિત્તને ગ્રહણ કરવો નહીં, જે જ્ઞાનપર્યાય પ્રગટ લક્ષણ છે, એનાથી ગ્રહણ કરીને, જીવના ( યથાર્થ ) સ્વરૂપનું ગ્રહણ થઈ શકે છે. કેટલું ? એ જયચંદ પંડિત ! શું કહે છે કે રાગને એ નિમિત્તોને ગ્રહણ કરવાથી એ લક્ષણ આત્માના છે નહીં, એનાથી આત્મા પ્રાપ્ત નથી

થતો. એ તો જડ છે. આહાહા ! પણ ભગવાન આત્માનું પ્રગટ લક્ષણ જાણન જે પર્યાયમાં પ્રગટ વ્યક્ત છે. એ દ્વારા અંદર વ્યક્તને પકડવાથી, એનો અર્થ આ છે કે એ તરફનો ઝૂકાવ કરવાથી, જ્ઞાનની પર્યાયને પકડવાથી એટલે ? રાગને પકડવાનું છોડીને, જ્ઞાનની પર્યાયને પકડી તો તત્કાલ અંદરમાં ગયો ! આહાહા ! ઝીણી વાતું બહુ બાપુ ! આહાહાહા !

એનું જ ગ્રહણ એટલે શું ? ચૈતન્યલક્ષણ, ચૈતન્યલક્ષણનું ગ્રહણ કરવાથી એમ કહ્યું છે. પર્યાય કાયમ છે ને ! કાયમ, ચૈતન્ય ચૈતન્ય.... ચૈતન્ય પર્યાય, જ્ઞાનની પર્યાય તો કાયમ અનાદિ છે ને અનંત છે. પણ એ પર્યાયને ગ્રહણ કરવાથી, રાગને નહીં, અતિવ્યાપ્તિ અમૂર્તને નહીં. આહાહાહા !

રાગ અવ્યાપ્તિ છે. અમૂર્તપણું અતિવ્યાપ્તિ છે અને ચૈતન્યલક્ષણ યથાર્થવસ્તુ વ્યાપ્તિ છે. અરે, પ્રભુ માર્ગ બહુ-સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે ! અને એ સમ્યગ્દર્શન વિના બધું થોથા છે- એ વ્રતને તપને ભક્તિને સાધુપણા બધી ક્રિયા બધું સંસાર ખાતે છે. આંહી પરમાત્મા તીર્થંકરદેવે કહ્યું ( જે ) એ દિગમ્બર સંતો-મુનિઓ જગતને વાસ્તે કહે છે.

પ્રભુ ! એકવાર સાંભળ તો સહી-ખરો, તો તું છે, તારામાં દરેક અવસ્થામાં વ્યાપ્ત હોય તો તે જ્ઞાન છે, રાગ દરેક અવસ્થામાં વ્યાપ્ત નથી, માટે એ તારું સ્વરૂપ, લક્ષણ નથી. તારો જ્ઞાન પર્યાય છે એ તો દરેક અવસ્થામાં વ્યાપ્ત છે, તે કારણે જ્ઞાનની પર્યાયને ( આત્માનું ) લક્ષણ કહે છે. અને એને ગ્રહણ કરવાથી/રાગને નહીં, નિમિત્તને નહીં, જ્ઞાનની પર્યાયને ગ્રહણ કરવાથી દૃષ્ટિ ત્યાં જાય છે, આવી વાત છે ભાઈ, સાંભળવી કઠણ પડે, લોકો કંઈકને કંઈક માનીને બેઠા બહારથી. આહાહાહા !

એટલા માટે એનો જ આશ્રય ગ્રહણ કરવાથી એટલે કે જ્ઞાનલક્ષણને લક્ષમાં લેવાથી અને એનાથી લક્ષ્ય જે દ્રવ્ય, એનું યથાર્થ સ્વરૂપનું ગ્રહણ થઈ શકે છે. સમજાણું કાંઈ ? કેટલી સરસ ભાષા છે, સાદી ! કહે છે કે શરીરની ક્રિયાનું લક્ષ છોડી દે એ તો જડ છે, આ હલન-ચલન એ તો જડની ક્રિયા છે, અંદરમાં દયા-દાન-વ્રત-ભક્તિ-કામ-ક્રોધના ભાવ થાય છે એ પણ પુદ્ગલ છે જડ છે, તારામાં જે જ્ઞાનની પર્યાય જે લક્ષણ પ્રગટ છે એ ચૈતન્યસ્વભાવનું લક્ષણ છે, તો એ લક્ષણને તું ગહણ કરીને અંદરમાં જા. તો તારો સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્મા ચૈતન્યના લક્ષણથી ઈ વસ્તુ વ્યાપ્ત થઈ જાય છે, એટલે પ્રગટ થાય છે. આવી વાત ક્યાં ? વીતરાગ.... વીતરાગ વીતરાગ... આહાહાહા !

બીજી ભાષાથી કહીએ તો એ ચૈતન્ય લક્ષણ જે પર્યાય છે, એ રાગવાળી નહીં એ વિકારવાળી નહીં, છે તો પર્યાય ભલે, પણ વિકાર નહીં, એવી નિર્વિકારી ચૈતન્ય પર્યાયથી, પર્યાય આત્માનું કાયમી લક્ષણ હોવાથી, એને ગ્રહણ કરવાથી, જીવની પ્રાપ્તિ થાય છે. કહો દેવીલાલજી ? આવી વાતું છે બાપુ. આ વસ્તુ સાંભળવા મળે તેમ નથી બીજે કયાંય. જુઓ જયચંદપંડિતે.... ( શ્રોતાઃ- અત્યારે તો માનસિક જ્ઞાન છે ) માનસિક જ્ઞાન પર્યાય/જ્ઞાનની પર્યાય છે એ તો જ્ઞાનના ગુણની પર્યાય છે, ચિંતા-વિકલ્પ એ તો આત્મામાં નહીં, એ તો આત્માથી દૂર કરી દીધા. અહીં તો જ્ઞાનની જે પર્યાય છે એ, એ ચૈતન્યદ્રવ્યનું લક્ષણ છે. કેમ કે ત્રિકાળ-કાયમ જ્ઞાનની પર્યાય -પર્યાયજ્ઞાન રહે છે રાગ એનું લક્ષણ નથી. દયા-દાન-વ્રત-

ભક્તિ– રાગ, એ તો બંધના કારણ છે. રાગ પુદ્ગલ છે, અરરરરરર ! એને છોડીને, જ્ઞાન જે પ્રગટ છે, ભલે પર્યાય છે પણ છે તો જ્ઞાન, આ જ્ઞાન–જ્ઞાનની પ્રગટ પર્યાયને અરે, એને ગ્રહણ કરવાથી એ કે દિ' ગ્રહણ ( કરી છે ) એણે ક્યારેય ( આ કર્યું નથી ), અનાદિથી રાગની ક્રિયા –દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા રાગ છે. – આ કરો, મંદિર બનાવો, આ બનાવો તે બનાવો, એ તો ધૂળ છે પર છે. આહાહા ! સમજાણું કાંઈ ?

જયચંદ પંડિતે પણ અંદર આચાર્યે જે ગાથામાં કહ્યું'તું વ્યાપ્ત–છે ને ! 'વ્યક્તં' ( લક્ષણ ) એને જીવનું કહેવું ( કહીને ) યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે. છે ને અંદર ? કળશમાં, કાલ આવ્યું હતું, આ યોગ્ય, એ ( લક્ષણ ) પ્રગટ છે. ચૈતન્ય, તત્ત્વનું–જીવનું લક્ષણ કહ્યું એ યોગ્ય છે. યોગ્ય છે એટલે પ્રગટ છે. બે આવ્યા શ્લોક, છે ? ૪૨ શ્લોક.

ચૈતન્યતત્ત્વને જીવનું લક્ષણ કહ્યું છે. એ યોગ્ય છે. સમુચિત–સમ્યક્ બરાબર છે અને એ ચૈતન્યલક્ષણ પ્રગટ છે. આ ૪૨, ૪૨ કળશ નીચે છે, નીચેની ત્રણ લીટી એ કળશમાં છે, એને અહીંયા પ્રગટ કરે છે. છે ?

અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ દુષણથી રહિત, ચૈતન્યતત્ત્વને જીવનું લક્ષણ કહ્યું, એ યોગ્ય છે. –વ્યાજબી છે, કેમ કે એ –ચૈતન્યલક્ષણ પ્રગટ છે પર્યાયમાં એક વાત, અને "व्यगजितजीवतत्त्मय" અને એ લક્ષણથી જીવતત્ત્વ જે છે એ પ્રગટ થાય છે–ખ્યાલમાં પ્રગટ વસ્તુ છે ( એમ ) ખ્યાલમાં આવે છે. છે કે નહીં ?

બેતાલીસ કળશની છેલ્લી ત્રણ લીટી–આખિરની ત્રણ લીટી ( છે ) કાલે ( સ્પષ્ટીકરણ ) આવી ગયું'તું. બહુ વિસ્તારથી આજે ( પાછો ) એનો આ વિસ્તાર છે, કાલ આવ્યું હતું એનો જ આ વિસ્તાર છે. ( શ્રોતાઃ– લક્ષ્યને પકડે તો લક્ષણ કહેવાયને ) પણ ત્યારે પકડે, લક્ષણને પકડે, તો લક્ષ્યમાં જાય–જેનું લક્ષણ છે એને પકડે તો લક્ષ્યમાં જાય ! આ રાગને તો પકડયો છે અનાદિથી, કહે છે. એવા રાગ–પંચમહાવ્રતના પણ અનંતવાર લીધા છે. અનંત વાર મુનિ નગ્ન ( થયો ) અનંત વાર થયો છે અને પંચમહાવ્રતની ક્રિયા, પ્રાણ જાય તો–પણ એના માટે કરેલો આહાર ન લ્યે ! ચોકા કરીને ( બનાવે ) એ તો ન લ્યે ! ! એવી ક્રિયા રાગની તો એણે અનંતવાર કરી ( છે. ) સમજાણું કાંઈ ? આહાહાહા !

આ તો ચોકા કરે છે ને ( આહાર ) લે છે, એ તો વ્યવહારેય નથી સાચો, તો એવી રાગની ક્રિયા, એના માટે પાણીનું બિંદુ બનાવ્યું હોય તો લ્યે નહીં, એવી એવી રાગની ક્રિયા એણે અનંત વાર કરી, પણ અંદર ચૈતન્યલક્ષણથી લક્ષિત, ચૈતન્ય એ લક્ષણ ચેતનનું છે. એ રાગ, એનું લક્ષણ નથી. આવું ચૈતન્ય લક્ષણ ( જે ) છે એને ગ્રહણ કરીને, ચૈતન્યનું ગ્રહણ કરવું તે વસ્તુનું સ્વરૂપ છે. ( શ્રોતાઃ– પહેલા લક્ષણ ગ્રહણ કરવું ? ) હા, રાગથી ભિન્ન ચૈતન્ય લક્ષણ પકડે તો એ લક્ષણ દ્રવ્યનું છે. તો ત્યાં દૃષ્ટિ જાય. અરે વાતું આવી વીતરાગ માર્ગમાં બાપા ! આહાહાહા !

જિનેશ્વર ત્રિલોકનાથ ( તીર્થંકરદેવ ) એમ ફરમાવે છે, એ સંતો ફરમાવે છે–દિગમ્બર સંતો ! ( શ્રોતાઃ– સાચું લક્ષણ તો અનુભવ થાય ત્યારે કહેવાયને ) ઈ લક્ષણ પ્રગટયું ત્યારે અંદરમાં ગયો, ત્યારે અનુભવ થયો એને ! તેથી કહ્યું ને, એનો ખુલાસો કર્યો છે. જે ચૈતન્યલક્ષણ છે તે વ્યાજબી છે પર્યાયમાં લક્ષણ છે, એ વ્યાજબી છે, એમ કહેવું છે ને અહીં ! અને તે

ચૈતન્યલક્ષણ પ્રગટ છે. ચૈતન્યલક્ષણ જે જાણન પર્યાય છે તે પ્રગટ છે. અને તેણે જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે. – કાલ તો વાત ઘણી આવી ગઈ હતી. આહાહા !

ભગવાન આત્મા, એની ચૈતન્ય પર્યાય જે જાણન.. જાણન.. જાણન, એ તો ત્રણેય કાળમાં જાણન પર્યાય રહે છે, માટે એનું લક્ષણ આ છે. રાગ એનું લક્ષણ નથી, શરીરની ક્રિયા એનું લક્ષણ નહીં, એ તો પુદ્‌ગલના લક્ષણ છે. અને આ ચૈતન્યલક્ષણ, રાગથી ભિન્ન, સૂક્ષ્મપર્યાય પકડવી ઈ કાંઈ સાધારણ વાત છે !? આહાહાહા !

ઇન્દ્રિયોના વિષય બંધ થઈ જાય અને રાગ તરફનું લક્ષ છૂટી જાય ! એ શું, શું છે ? એ ચૈતન્યલક્ષણ જે પર્યાયમાં છે ત્યાં લક્ષ થઈ જાય, દૃષ્ટિ ત્યાં ગ્રહણ કરી લ્યે, તો એનાથી ચૈતન્ય પ્રગટ થાય છે. જેનું લક્ષણ છે, એ લક્ષણને પ્રગટ કરવાથી– લક્ષણ જેનું છે એવું લક્ષ્ય પ્રગટ થઈ જાય છે. વાત તો એવી છે. પ્રભુ ! આ વાત દિગમ્બર સંતો સિવાય ક્યાંય છે નહીં, ક્યાંય વાત આ છે નહીં. આહાહાહા !

લક્ષણ પ્રગટયું ત્યારે એ લક્ષ્યમાં ગયું અંદરમાં, ( કેમ કે ) જેનું લક્ષણ છે એનું લક્ષણ પ્રગટયું ત્યારે એનામાં ગયું. ( શ્રોતાઃ– બેયનો કાળ એકજ છે ? ) અંદરમાં સમય એક જ છે પણ ભાષામાં તો કેમ કહેવું ? ( ભાષામાં તો ભેદ પડે ! ) આ.... આ.... આ.... ચેતન્ય છે રાગ નહીં નિર્મળપર્યાય હો. એમ લક્ષ ગયું તો ત્યાં એ લક્ષમાં દ્રવ્ય આવી ગયું, લક્ષમાં આવી વાતું છે. આહાહા ! શું શ્લોક ! શું શ્લોક !! ( અલોકિક ! )

એ શ્વેતાંબરના ૪૫ સૂત્ર વાંચે–કરોડો શ્લોકો વાંચે પણ આ વાત એમાં નહિ નીકળે. અમે તો બધા જોયા છે ને ! કરોડો શ્લોકો જોયા છે શ્વેતાંબરના, આ ચીજ ! આ ચીજ ! ( એમાં નથી ) ( શ્રોતાઃ– શ્વેતાંબરના કરોડો શ્લોકોમાં રાગ પુદ્‌ગલ એમ ન આવ્યું ) શું ? એ અહીં આવ્યું ને પુદ્‌ગલ એમાં ક્યાંય કાંઈ આવ્યું નથી, એ તો શુભયોગથી કલ્યાણે ય થાય અને બંધેય થાય– બેય ( વાત ) આવે છે. એ પછી આનંદઘનજીએ થોડુ પકડયું છે પણ એ બધું પછી, મૂળ ચીજને. ઝીણી વાત છે બાપુ ! આનંદઘનજીએ સૂત્રને ટીકાને માન્ય રાખી છે, એવી વાત છે. ( શ્રોતાઃ– શ્વેતાંબરપણું કાયમ રાખ્યું છે ? ) કાયમ રાખ્યું છે ! ઝીણી વાત છે પ્રભુ !

એ શ્વેતાંબર મત છે તે ગ્રહિત મિથ્યાત્વથી ઉત્પન્ન થયેલો છે. દિગમ્બરમાંથી બે હજાર વરસ પહેલાં નીકળ્યો, દુકાળ–બારવરસનો દુકાળ પડયો. તો એ સ્વભાવથી ભ્રષ્ટ બનીને, નવાં શાસ્ત્રો બનાવ્યાં. એમાંથી આ બધું લઈ લીધું આ વાત એમાં નહીં. હવે કોઈ ( કોઈ ) અત્યારે કહે છે જરી, બીજાનું સાંભળીને, અહીંયાનું દિગમ્બરનું સાંભળીને, પણ આ ચીજ ન્યાં છે નહીં, ત્યાં તો વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે, વ્યવહાર પણ સાધનને મોક્ષનો માર્ગ છે, એમ કહે છે. આંહી સંપ્રદાયમાં એમ કહે છે અત્યારે, દિગમ્બર સંપ્રદાય પણ એ શ્વેતાંબરની જાત થઈ ગયો છે. વ્રત–તપ–ભક્તિ–પૂજા ખૂબ કરો, ( એ ) સાધન, એનાથી ધર્મ થશે. સાધ્ય–નિશ્ચય ( એનાથી ) થશે. બિલકુલ જૂઠ છે. કેમ કે એ તો બધા ( ભાવોને ) પુદ્‌ગલ કહ્યાંને ! અહીં તો ( કહ્યું કે ) પુદ્‌ગલના ( ભાવો ) છે, ભગવાન કુંદકુંદાચાર્યે ( કહ્યું છે. ) આહાહાહા !

એ ( દિગમ્બર સંત ! ) કુંદકુંદાચાર્ય, બે હજાર વરસ પહેલાં થયા ( સંવત–૪૯માં ) એ ભગવાન ( સીમંધરસ્વામી ) પાસે ગયા હતા, સીમંધર પ્રભુ ( બિરાજે છે ) ત્યાં, આઠ દિવસ

( ત્યાં ) રહ્યાં અને ( ત્યાંથી આવીને ) આ બનાવ્યા શાસ્ત્ર ! ઓહોહો ! રાગ એનું લક્ષણ નથી, કેમ કે દરેક અવસ્થામાં રાગભાવ રહેતો નથી. ( અને ) શરીર આદિ જડ એનું લક્ષણ નથી, કેમ કે ( જીવની ) દરેક અવસ્થામાં શરીર રહેતું નથી. એ કહ્યુંને ૫૦ થી ૫૫ ગાથામાં કે રંગ, રાગથી ભિન્ન ભેદથી ભિન્ન રંગ નામ ગંધ રસ સ્પર્શ, સંહનન, સંસ્થાન એનાથી ભિન્ન, પણ રાગથી ભિન્ન અને રંગ રાગથી ભિન્નને ભેદથી અને રંગ, રાગથી ભિન્નને ભેદથી ભિન્ન ! ભગવાને ૫૦ થી ૫૫ ગાથામાં એમ કહ્યું, કુંદકુંદાચાર્ય દિગમ્બર સંત, જગતને જાહેર કરે છે, પરમાત્માનું આ ફરમાન છે, ભાઈ ! તારું લક્ષ જે રાગને નિમિત્ત ઉપર છે એ કાંઈ ચૈતન્યનું લક્ષણ નથી, ત્યાંથી એ લક્ષ છોડી દે ! જાણક. જાણક. જાણક. જાણક. જાણક જે દશા એ ચૈતન્ય વસ્તુનું લક્ષણ છે. તો એને પકડ ગ્રહણ કર, અને એનાથી ચૈતન્ય ( તત્ત્વ ) પ્રગટ થઈ જાય છે. જેનું લક્ષણ છે, લક્ષણને પકડયું તો ચૈતન્ય પ્રગટ થઈ જાય છે. ત્યાં ( લક્ષણમાં ) લક્ષ કરીને એમ કહે છે. આવી વાત છે બાપુ શું થાય ઝઘડા અત્યારે તો ઉભા એટલા થયા છે– કોઈ કહે આ એકાંત છે– ફલાણું છે. વ્યવહારથી પણ થાય છે એમ માનતા નથી ! ! પણ વ્યવહાર પુદ્‌ગલ છે ક્યાંથી માનીએ ! સાંભળ તો ખરો !

આંહી તો ભગવાન કુંદકુંદાચાર્ય, વ્યવહાર–ક્રિયાકાંડને પુદ્‌ગલ કહ્યા ! તારા છ છ મહિનાના અપવાસ કર્યા હોય, તે તો રાગની ક્રિયા છે એ ક્યાં આત્મા છે. લાખ–કરોડ સમ્મેદશિખરની યાત્રા કરે ને ગિરનારની અને એ તો શુભરાગ છે. પરલક્ષી ( ભાવ ) એ તો રાગ છે. એ કોઈ ચૈતન્ય વસ્તુ નહીં.

---

**હવે, ‘જો આવા લક્ષણ વડે જીવ પ્રગટ છે તો પણ અજ્ઞાની લોકોને તેનું અજ્ઞાન કેમ રહે છે ?’ —એમ આચાર્ય આશ્ચર્ય તથા ખેદ બતાવે છે :-**

## શ્લોક - ૪૩

[ वसन्ततिलका ]

जीवादजीवमिति लक्षणतो विभिन्नं
ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।
अज्ञानिनो निरवधिप्रविजृम्मितोऽयं
मोहस्तु तत्कथमहो बत नानटीति।।४३।।

**શ્લોકાર્થ:-** [ इति लक्षणत: ] **આમ પૂર્વોક્ત જુદાં લક્ષણને લીધે** [ जीवात् अजीवम् विभिन्नं ] **જીવથી અજીવ ભિન્ન છે** [ स्वयम् उल्लसन्तम् ] **તેને ( અજીવને ) તેની મેળે જ ( -સ્વતંત્રપણે, જીવથી ભિન્નપણે ) વિલસતું-પરિણમતું** [ ज्ञानी जन: ] **જ્ઞાની પુરુષ** [ अनुभवति ] **અનુભવે છે,** [ तत् ] **તો પણ** [ अज्ञानिन: ] **અજ્ઞાનીને** [ निरवधि-प्रविजम्मित: अयं मोह: तु ] **અમર્યાદપણે ફેલાયેલો આ મોહ ( અર્થાત્ સ્વપરના એકપણાની ભ્રાન્તિ )** [ कथम् नानटीति ] **કેમ નાચે છે -** [ अहो बत ] **એ અમને મહા આશ્ચર્ય અને ખેદ છે ! ૪૩.**

## શ્લોક - ૪૩ ઉપર પ્રવચન

હવે જો આવા લક્ષણ વડે જીવ પ્રગટ છે તો પણ અજ્ઞાની લોકોને તેનું અજ્ઞાન કેમ રહે છે ? શું કહે છે હવે ? કે આ ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ– જ્ઞાનાનંદસ્વરૂપ, એની પર્યાયમાં ચૈતન્યલક્ષણ તો પ્રગટ છે, છતાં અજ્ઞાની કેમ એને નથી જાણતો ? અને રાગને પુણ્યની ક્રિયાને –દયા, દાન, વ્રતાદિને ધર્મ માને છે, શું થયું તારું અજ્ઞાન ? આવી વાતું પ્રભુ ! આ પ્રકારે આચાર્યદેવ આશ્ચર્ય અને ખેદ પ્રગટ કરે છે– ૪૩ છે ને ! શ્લોક ૪૩ છે.

जीवादजीवमिति लक्षणतो विभिन्नं
ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।
अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं
मोहस्तु तत्कथमहो बत नानटीति।।४३।।

શ્લોકાર્થઃ– ( ईति लक्ष्णतः ) એ પૂર્વોક્ત, જીવ ભિન્ન લક્ષણના કારણે શું કીધું ? રાગ નહીં, પુણ્ય પાપના ભાવ નહીં, શરીર, વાણી, રંગ નહીં–રંગને રાગથી ભિન્ન ભગવાન એવા ભિન્ન લક્ષણથી, કારણકે ભગવાનનું– ચૈતન્યપ્રભુ તો જાનન ચૈતન્ય લક્ષણ છે. એ લક્ષણને કારણે 'जीवात् अजीवम् विभिन्नं' – જીવથી અજીવ ભિન્ન છે. ચૈતન્યલક્ષણથી લક્ષિત પ્રભુ, એ કારણે જીવને અજીવ ભિન્ન છે. આહાહા

તેથી અજીવને તેની મેળે જ –સ્વતંત્રપણે, જીવથી ભિન્નપણે વિલસિત થતું –શું કહે છે ? પોતાની મેળે જ ( સ્વતંત્રપણે ) જીવથી ભિન્નપણે ( વિલસતું–પરિણમતું ) ધર્મી જીવને પોતાના જ્ઞાનલક્ષણથી લક્ષિત અનુભવ કરવાથી અજીવ –રાગાદિ તો ભિન્ન થઈ જાય છે, ભિન્ન જ ( એ ) રહે છે. સમજાણું કાંઈ ? ઝીણી વાત ભાઈ ! અનંત કાળથી કોઈ એક સેકન્ડ ધર્મ કર્યો નથી ક્યારેય ! એ ચીજ કોઈ અલૌકિક હશે ને ! અને એનું ફળ પણ અલૌકિક છે ને !

એ પૂર્વોક્ત જુદાં લક્ષણથી 'ईति लक्षणतः' કહ્યું ને ! રાગને પરના લક્ષણથી ભિન્ન લક્ષણને કારણે ( લક્ષણને લીધે ) જીવથી અજીવ ભિન્ન છે. – ભગવાન જ્ઞાન લક્ષણથી લક્ષિત છે, તો અજીવ, અજીવ રાગાદિ એ ભિન્ન છે. 'स्वयं उल्लसन्तम्' તેને–અજીવને તેની મેળેજ –અપને આપ જ રાગાદિ –અપને આપ ( પોતાની મેળે જ સ્વતંત્ર ) જીવથી ભિન્ન–આહા ! રાગ, દયા, દાન, વ્રતના વિકલ્પ છે એ જ્ઞાનીને સ્વયં ભિન્ન ભાસે છે. પોતાના જ્ઞાનલક્ષણથી અનુભવ કરવાથી એ રાગાદિ લક્ષણ ભિન્ન રહે છે, આત્મામાં આવતા નથી. સ્વતંત્રપણે જીવથી ભિન્ન વિલસિત– ( પરિણમતા ) થકા ભિન્ન પરિણમિત થાય છે, જ્ઞાનીજન ( ભિન્નપણે ) અનુભવ કરે છે. સમજાણું કાંઈ ? જીવથી અજીવનો ભિન્ન ( પણે ) અનુભવ કરે છે. ચૈતન્ય લક્ષણથી લક્ષિત ભગવાનનો અનુભવ કરવાથી, રાગાદિ ક્રિયાઓને ભિન્ન જાણે છે. 'જાણેલો પ્રયોજનવાન' – એ આવ્યું, એ શૈલી લીધી છે. ભિન્ન જાણે છે, એ શૈલી લીધી છે.

ચૈતન્ય લક્ષણ, એ બીજાં ( જે લક્ષણો ) અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ લક્ષણોથી ભિન્ન, એ ચૈતન્ય લક્ષણથી ભગવાન જાણવામાં આવ્યો, તો ધર્મીજીવને ચૈતન્યલક્ષણથી આત્માનો અનુભવ

થવાથી, અજીવના ભાવને ભિન્ન અનુભવે છે. એ પોતાના અનુભવમાં આવતા નથી. બીજી રીતે કહીએ તો.. ચૈતન્ય લક્ષણે લક્ષિત ભગવાનનો અનુભવ કરવાથી, જે રાગ બાકી છે, એ ભિન્ન અનુભવમાં નામ જુદાપણે–ભિન્ન જાણવામાં આવે છે. 'જાણેલો પ્રયોજનવાન' જે બારમી ગાથામાં કહ્યું ( છે. ) સમજાણું કાંઈ ? ભિન્ન જ્ઞાન–એનું ભિન્ન જ્ઞાન થાય છે. આવી વાતું આકરી ભારે, પરમ સત્ય તો આ છે ભાઈ ! આહાહાહા !

હવે, જ્ઞાનીજન અનુભવ કરે છે તો પણ અરેરે ! એવું હોવા છતાં પણ–જ્ઞાનના લક્ષણથી અંતર અનુભવ આત્માનો હોવા છતાં પણ, જ્ઞાનીને રાગ સ્વતંત્રપણે એનાં કારણે ત્યાં ઉત્પન્ન થાય છે, એ ( રાગ ) પોતાના અનુભવમાં આવતો નથી. એવું વસ્તુનું સ્વરૂપ છે. છતાં અજ્ઞાનીને "निरवधिप्रविजृम्भित: अयं मोह: तु" અમર્યાદપણે ફેલાયેલો મોહ અરે, રાગમાં મારી ચીજ છે ને રાગથી લાભ થયો, એવી એકત્વબુદ્ધિ મિથ્યાત્વની કેમ નાચે છે એમાં ? એમ કહ્યું ને 'निरवधि' – અરરે ! મોહ મારો છે ને રાગથી લાભ ( થાય છે ) નિરવધિ– મર્યાદારહિત મોહ છે– મહામિથ્યાત્વ મોહ છે, એમ કહે છે. આહાહાહા !

એ અમર્યાદરૂપથી ફેલાયેલો મોહ, સ્વ–પરની એકત્વબુદ્ધિ–ભ્રાંતિ, ( કેમ નાચે છે ) ચૈતન્યલક્ષણથી લક્ષિત અનુભવમાં આવવાવાળો, અજ્ઞાનીને અજીવ ભિન્ન રહે છે તો પણ અજ્ઞાનીને અજીવ અને આત્માના છે રાગ, આત્માનો છે રાગ, એવી ભ્રાંતિ મર્યાદારહિત મિથ્યાત્વ કેમ ઉત્પન્ન થાય છે ? કથનમાત્રથી –કેમ નાચે છે કેમ મોહ થાય છે. પણ અહીં તો કહે ઈ નાચે છે કેમ કે અજ્ઞાની નાચી કેમ રહ્યાં છે મિથ્યાત્વમાં–એકત્વબુદ્ધિ છે ને ! ભગવાને કહ્યું મહાઆશ્ચર્ય ને ખેદ ( અમને છે. ) પછી કહે છે કે એ તો નાચે છે તો નાચો પુદ્ગલ, જીવને ( એમાં ) શું છે ? પણ અહીં તો પહેલાં અજ્ઞાની રાગથી એકત્વ માને છે તો મિથ્યાત્વથી નાચે છે ! આહાહાહા !

રાગ તો જ્ઞાનીઓને પણ આવે છે, પણ એ રાગ પર તરીકે જાણવામાં આવે છે પોતાનો છે એમ નહીં. સ્વપરની ભ્રાંતિ એકત્વ ( બુદ્ધિની ) કેમ નાચે છે ? એ અમને મહા આશ્ચર્ય છે, કેમ કે ચૈતન્યલક્ષણથી લક્ષ્ય પ્રત્યક્ષ પ્રગટ છે, એને છોડીને રાગની એકતાબુદ્ધિમાં મોહ કેમ નાચે છે ? કેમ પરિણમે છે ? આહાહાહા !

ઓહો ! આશ્ચર્ય છે અને ખેદ છે. મુનિ છે ને જરી રાગ છે. તો ખેદ છે. હવે આ ( અજ્ઞાની ) શું કરે છે ? ભગવાન અંદર ચૈતન્યલક્ષણે લક્ષિત બિરાજમાન, અને એને છોડીને આ રાગ–દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ એ મારો છે, એનાથી મને લાભ થશે, ( એમ માનીને ) નાચે છે ( – પરિણમે છે ) આ મિથ્યાત્વ કેમ નાચે છે ? આશ્ચર્ય ! આવી વાત છે.

જ્યારે જ્ઞાની ચૈતન્યલક્ષણનું ( લક્ષ કરીને ) ચૈતન્યલક્ષણે ( આત્માને ) અનુભવે છે, તો અજીવ ભિન્ન રહી જાય છે. તો આ અજ્ઞાની અજીવને એક માનીને મોહમાં કેમ નાચે છે ? પોતાના ચૈતન્યલક્ષણથી લક્ષિત આત્માને કેમ ભૂલી જાય છે ? આ તો મોટો સિદ્ધાંત છે– સિદ્ધ થયેલો સિદ્ધાંત–સિદ્ધાંત છે. જેમાં સિદ્ધપદની પ્રાપ્તિ હો એ સિદ્ધાંત છે– સમજાણું કાંઈ ? આનાથી સિદ્ધાંત એવો સિદ્ધ ( થાય છે કે ) સિદ્ધપદની પ્રાપ્તિ હો, સંસારની પ્રાપ્તિ હો ( –થાય ) એ સિદ્ધાંત જ નહીં. આચાર્ય છે, સંત છે–દિગમ્બર ( સંત ! ) આનંદના અનુભવની ( જેમની )

મહોર છાપ પડી છે- અતીન્દ્રિય આનંદ નામ મુનિને-સાચા સંત હોય એને તો અતીન્દ્રિય પ્રચુર આનંદ ( હોય છે ) આનંદની મહોરછાપ ( જેમની છે ) અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન ( વર્તે ) છે. આ મુનિને રાગ છે થોડો તો ( કહે છે મુનિરાજ કે ) અરે, અજ્ઞાનીને કેમ ( રાગ નાચે છે ) અરે, આવી ચીજ પડી છે, ચૈતન્યલક્ષણથી લક્ષિત ! પ્રગટ ચૈતન્ય થવાવાળી ચીજ છે, એને છોડીને, આ રાગ મારો છે, રાગ લક્ષણ જીવનું છે ( એમ ) માનીને આ કેમ મોહમાં નાચે છે ? કહો, અમને આશ્ચર્ય થાય છે ! ચૈતન્ય-જ્ઞાન લક્ષણથી લક્ષિત, અનુભવમાં આવવાવાળો આત્મા, ધર્મીને તો એનો અનુભવ હોય છે, સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને, જ્ઞાનથી આત્મા જાણવામાં આવ્યો ત્યારે અનુભવ આત્માનો થાય છે. રાગનો નહીં, રાગ ભિન્ન છે. આહાહાહા ! ચોથા ગુણસ્થાનથી આંહી વાત છે.

અહીં તો મુનિ કહે છે, છઠ્ઠે ગુણસ્થાને મુનિ બિરાજે છે, આનંદમાં ઝૂલે છે, તો એમને વિકલ્પ આવ્યો, આ ( કળશો ) બનાવ્યા, એમાં કહે છે કે અરેરે પ્રભુ ! આ તારો ( આત્મા ) ચૈતન્યલક્ષણથી લક્ષિત પ્રભુ અંદર બિરાજે છે ત્યાં કેમ જતો નથી અને આ રાગ જે તારી કોઈ અવસ્થામાં, એ સકળ અવસ્થામાં વ્યાપ્ત નથી રહેતો, કોઈમાં છે, એવા રાગને પકડીને અજીવનો અનુભવ કેમ કરે છે ? આવી વાત છે. આવો ઉપદેશ જ સાંભળવો કઠણ પડે ! છે ? ઓલું તો એમ સહેલું ! અપવાસ કરો, વ્રત કરો, બાર વ્રત લ્યો ! પંચમહાવ્રત લ્યો ! એય સહેલું સટ, છે અજ્ઞાન ! આહાહાહા !

આંહી તો પરમાત્માએ કહેલી વાત, સંતો-દિગમ્બર સંતો, આડતિયા થઈને માલ દુનિયાને આપે છે. માલ લેવો હોય તો લ્યો પણ માલ તો આ જ છે. આહાહાહા ! ખેદ છે ને ! આંહી બીજે ક્યાં'ક ખુલાસો કર્યો છે ખેદનો... એમ કે જરી રાગ છે ત્યાં એમ કહ્યું છે. આમાં ખુલાસો નથી. એમ કે મુનિને પણ આમ થાય છે કેમ ? બીજે ક્યાંક આવ્યું છે, આવ્યું હતું ખેદ થાય છે કેમ ? એ તો છે મુનિ ! આત્મા ( ના ) આનંદનો અનુભવ ( પ્રચુર વર્તે છે ) પણ જરી વિકલ્પ છે.

તો.. આ શું કરે છે ? આહા ! પ્રભુ આ રાગનો અનુભવ કરીને, રાગનું વેદન કરીને, ( રાગથી ) આત્માને લાભ થાય છે એવું કેમ માનો છો ? આવા મોહમાં કેમ તમે નાચો છો ? દેવીલાલજી ? છે ? કરૂણા રાગ છે, પણ ત્યાં વિકલ્પ આવ્યો છે ને છદ્મસ્થ છે ને, વીતરાગ સર્વજ્ઞ હોય તો કાંઈ આવે નહીં ! આને ( સાધક ) એવું જાણે છે કે ( રાગ ) ભિન્ન છે, મારી ચીજ નહીં ( છતા ) પણ અજ્ઞાની એવું માને ? આવો આત્મા ભગવાન અંદર ચિદાનંદ પ્રત્યક્ષ બિરાજે છે અને જેની જ્ઞાનની પર્યાય, પ્રગટ લક્ષણ છે તો એ પ્રગટ લક્ષણના નમૂનાથી અંદર જવાય છે, એવો અનુભવ આ કરતા નથી ને આ એકલા રાગનો અનુભવ કરે છે, આશ્ચર્ય છે ! આહા ! ભગવાન ત્રિલોકનાથ ચૈતન્ય પ્રભુ બિરાજે છે અંદર, સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનગંજ ! આનંદનો ગંજ ! પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મ ! – જ્ઞાન અને આનંદનો પુંજ પ્રભુ આત્મા તો છે. આહા !

એમાં ( આત્મામાં ) રાગ કેવો ? નવતત્ત્વ છે ને ! તેમાં રાગ તો પુણ્ય તત્ત્વ છે. તથા ( અશુભરાગ ) પાપ તત્ત્વ છે, ભગવાન જ્ઞાયક તત્ત્વ ( આત્મા ) છે. બીજા તત્ત્વથી, બીજા તત્ત્વમાં મેળવી દે છે તો તત્ત્વ ભિન્ન રહેતા નથી, વ્રત-તપ-ભક્તિ પૂજા આદિ ભાવ એ કોઈ જૈન

ધર્મ છે નહીં, એ તો રાગ છે. આહાહાહા ! એ રાગને પોતાનો માનીને, ચૈતન્યના લક્ષણનો અનુભવ કેમ ભૂલી જાય છે તું ? સાક્ષાત ( પ્રગટ ) બિરાજે છે એને ભૂલી જાય છે ને ! આ શું ? તારી ચીજમાં નથી, એને પોતાના માનીને તું અનુભવ કરે છે મિથ્યાત્વભાવ છે, આશ્ચર્ય છે ! પ્રભુ તારી ચીજ પડી છે ને એને ભૂલીને ( રાગને અનુભવે છે ) આશ્ચર્ય થાય છે. અહીંયા તો એમ કહે છે. ( આહા ! ) ક્ષણિક વિકૃત અવસ્થાને પોતાની માનીને, ત્રિકાળીને ( નિર્મળાનંદને ) ભૂલી જાય છે, આશ્ચર્ય છે ! આવી વાતું છે. આ સંતો કહે છે, દિગમ્બર મુનિઓ ભગવાન ત્રણ લોકનો નાથ કહે છે તે સંતો કહે છે. અહો બત અહો નામ આશ્ચર્ય અને બત નામ ખેદ ! 'અહો બત' – અહો ! આશ્ચર્ય ( ને ) બત–ખેદ, આ બે શબ્દો ! ( કળશ–૨૨૨ માં ખેદનું આવ્યું છે ) બસો બાવીસમાં છે ઠીક ! ખ્યાલમાં છે ને ! આંહી એ ( ખેદ શબ્દનો ) ખુલાસો નથી કર્યો, ત્યાં એ ખુલાસો કર્યો છે.

---

વળી ફરી મોહનો પ્રતિષેધ કરે છે ને કહે છે 'જો મોહ નાચે છે તો નાચો'! અમે તો આત્મા આનંદસ્વરૂપ–જ્ઞાનસ્વરૂપ છે. કેટલામું આવ્યું ? ૪૪

વળી ફરી મોહનો પ્રતિષેધ કરે છે અને કહે છે કે 'જો મોહ નાચે છે તો નાચો ! તોપણ આમ જ છે' :–

## શ્લોક - ૪૪

( वसन्त-तिलका )

अस्मिन्ननादिनि महत्यविवेकनाट्ये
वर्णादिमान्नटति पुद्गल एव नान्यः।
रागादिपुद्गलविकारविरुद्धशुद्ध-
चैतन्यधातुमयमूर्तिरयं च जीवः।।४४।।

**શ્લોકાર્થઃ- [ अस्मिन् अनादिनि महति अविवेक-नाटये ] આ અનાદિ કાળના મોટા અવિવેકના નાટકમાં અથવા નાચમાં [ वर्णादिमान् पुद्गलः एव नटति ] વર્ણાદિમાન પુદ્‌ગલ જ નાચે છે, [ न अन्यः ] અન્ય કોઈ નહિ; ( અભેદ જ્ઞાનમાં પુદ્‌ગલ જ અનેક પ્રકારનું દેખાય છે, જીવ તો અનેક પ્રકારનો છે નહિ; [ च ] અને [ अयं जीवः ] આ જીવ તો [ रागादि-पुद्गल-विकार-विरुद्ध-शुद्ध-चैतन्यधातुमय-मूर्तिः ] રાગાદિક પુદ્‌ગલ વિકારોથી વિલક્ષણ, શુદ્ધ ચૈતન્યધાતુમય મૂર્તિ છે.**

**ભાવાર્થઃ- રાગાદિ ચિદ્‌વિકારને ( -ચૈતન્યવિકારોને ) દેખી એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્ય જ છે, કારણ કે ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપે તો ચૈતન્યના કહેવાય. રાગાદિ વિકારો તો સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી–મોક્ષઅવસ્થામાં તેમનો અભાવ છે. વળી તેમનો અનુભવ પણ આકુળતામય દુઃખરૂપ છે. માટે તેઓ ચેતન નથી, જડ છે. ચૈતન્યનો અનુભવ નિરાકુળ છે, તે જ જીવનો સ્વભાવ છે એમ જાણવું. ૪૪.**

❄ ❄ ❄

## શ્લોક - ૪૪ ઉપર પ્રવચન

अस्मिन्ननादिनि महत्यविवेकनाट्ये
वर्णादिमान्नटति पुद्गल एव नान्यः।
रागादिपुद्गलविकारविरुद्धशुद्ध–
चैतन्यधातुमयमूर्तिरयं च जीवः।।४४।।

આહાહા ! अस्मिन अनादिनि महति अविवेक–नाटये – અરેરે અનાદિ કાળના મહા અવિવેકના નાટકમાં અથવા નાચમાં વર્ણાદિમાન પુદ્‌ગલ જ નાચે છે न अन्यः અન્ય કોઈ નહિ; વર્ણને રાગ બધા વર્ણાદિ ( માન ) પુદ્‌ગલ ( છે ) એ નાચે છે, ચાર ગતિમાં પરિણમન કરે છે ( એમાં ) રાગ અને પુદ્‌ગલ નાચે છે, ભગવાન તો એ રાગમાં ને પુદ્‌ગલમાં છે નહીં આત્મા ! છે ? આત્મા જે આનંદસ્વરૂપ, ભગવાન આત્મા એ તો જ્ઞાનસ્વરૂપ છે, એ તો રાગ અને પુદ્‌ગલમાં આવતો નથી, તો કહે છે કે અનાદિ કાળથી, એ શરીર–વાણી–મન–પુદ્‌ગલ જડ છે એમ જ પુણ્ય–પાપના ભાવ, દયા–દાન–વ્રતાદિના ભાવ પણ પુદ્‌ગલ છે, તો એ પુદ્‌ગલ નાચે છે તો નાચો ! આત્મા એમાં તો આવતો નથી. આહાહાહા ! આવી વાતું છે.

અનાદિ કાળથી મોટા અવિવેકનું નાટક, અવિવેકનું નાટક ! ભગવાન આનંદસ્વરૂપ–જ્ઞાનસ્વરૂપ પ્રભુ ! એને છોડીને શુભ–અશુભ ભાવ રાગ–જે દયા–દાન–વ્રત–ભક્તિ–તપાદિના ભાવ થાય છે, એ પુદ્‌ગલ છે. એ જીવદ્રવ્ય નહીં. તો એ પુદ્‌ગલ નાચે તો નાચો, એમાં આત્મામાં શું આવ્યું ? આ વાણી તો જુઓ સંતોની. આહાહાહા !

વર્ણાદિમાન પુદ્‌ગલ –વર્ણાદિમાં રંગ, રાગ ને ભેદ બધું લઈ લેવું. વર્ણાદિમાન પુદ્‌ગલ જ નાચે છે, અન્ય કોઈ નહિ– એમાં આત્મા આવ્યો નથી. અભેદ જ્ઞાનમાં પુદ્‌ગલ જ અનેક પ્રકારનું દેખાય છે. શું કહે છે ? ભગવાન આત્માનો જ્ઞાનસ્વભાવનો અનુભવ થયો– અભેદજ્ઞાનનો અનુભવ થયો, તો રાગ આદિ પુદ્‌ગલપણે દેખાય છે–અનેક પ્રકારના દેખાય છે એ પુદ્‌ગલ દેખાય છે. ભગવાન છે એક, ( એ ) અનેક પ્રકારે નથી થતો. ભગવાન એટલે આત્મા હોં આ ! એ એકરૂપ જ્ઞાનાનંદ સ્વભાવથી બિરાજમાન છે. એનાથી વિરુદ્ધ રાગાદિભાવ–દયા–દાન–વ્રત–ભક્તિ, કામ–ક્રોધાદિ ભાવ એ પુદ્‌ગલ છે. અભેદજ્ઞાનમાં એ પુદ્‌ગલ જ અનેક પ્રકારના દેખાય છે એમ કહ્યું ને ! જીવ, અનેક પ્રકારનો નથી. આહાહા !

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એકરૂપે–અભેદ, એમાં રાગાદિ ભેદ, એમાં દેખાતા નથી. આહા ! આવી વાતું થાય, પકડવી કઠણ પડે ! હજી આ ઉપદેશ જ વિરલ થઈ ગયો છે. 'વિરલા જાણે તત્ત્વને, વિરલા સાંભળે કોઈ' – વિરલા જાણે કોઈ, વિરલા શ્રદ્ધે કોઈ, વિરલા સમજે કોઈ' જીવ અનેક પ્રકારનો નથી, આ જીવ તો રાગઆદિથી –પુદ્‌ગલ વિકારથી વિલક્ષણ ( છે. ) ચૈતન્ય તત્ત્વ ભગવાન આત્મા–જ્ઞાયક–સ્વભાવભાવ આ પ્રભુ રાગઆદિ વિકારરૂપ ક્યારેય થતો નથી. પુદ્‌ગલ વિકારથી વિલક્ષણ છે, શુદ્ધ ચૈતન્યની મૂર્તિ – ચૈતન્યધાતુમય છે પ્રભુ ! શુદ્ધચૈતન્યધાતુમય– સહજાનંદપ્રભુ એ આત્મા છે, આ તો પુદ્‌ગલ–રાગાદિ નાચો તો નાચો, એમાં આત્માને શું છે ? વિશેષ આવશે. ( શ્રોતા– પ્રમાણ વચન ગુરુદેવ )

**પ્રવચન નં. ૧૪૩ શ્લોક-૪૪ તથા ૪૫ કારતક વદ-૮ બુધવાર તા. ૨૨/૧૧/૭૮**

૪૪ કળશનો ભાવાર્થઃ– "રાગાદિ ચિદ્‌વિકારને દેખી એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્ય જ છે" શું કહે છે ? કે એની પર્યાયમાં રાગ અને દ્વેષ અને વિકારની દશા દેખી એના ઉપર લક્ષ ન કરવું, એ ભ્રમ ન કરવો કે એ ચૈતન્યનું સ્વરૂપ છે એમ. એના ઉપરથી લક્ષ છોડી ને જ્ઞાનની પરિણતિ દ્વારા દ્રવ્યનું લક્ષ કરવું અને એનો અનુભવ કરવો એ ચૈતન્ય છે. પર્યાયમાં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ એ ચિદ્‌વિકાર છે, પણ એ દેખીને એમ ભ્રમ ન કરવો કે આ મારી ચીજ છે. કારણકે એ રાગ અને દ્વેષ, દયા–દાન આદિના પરિણામ આત્માની પ્રત્યેક અવસ્થામાં વ્યાપતા રહેતા નથી માટે તે રાગાદિ ચિદ્‌વિકાર દેખીને ત્યાં લક્ષ ન બાંધવું, જ્ઞાનની પર્યાય દ્વારા ત્રિકાળી દ્રવ્યનું લક્ષ કરવું એનો અનુભવ કરવો એ ચૈતન્ય છે. આહાહા !

"કારણકે ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપે" ભગવાન જ્ઞાન સ્વરૂપી પ્રભુ એની દરેક અવસ્થામાં રહે તો એની ચીજ કહેવાય. "રાગાદિ વિકારો તો સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી" એ વિકલ્પ જે છે રાગાદિ એ કાંઈ આત્માની દરેક અવસ્થામાં રહેતા નથી. છે ને ? મોક્ષ અવસ્થામાં તેમનો અભાવ છે, સિદ્ધ શું કરવું છે કે વિકારની દશા હો પણ એ ચૈતન્ય સ્વરૂપની નથી એટલે કે વિકાર દશા હો, પણ ત્યાં લક્ષ કરવા જેવું નથી એમ કહે છે. આહાહા ! લક્ષ તો ચૈતન્ય પરિણતિ દ્વારા ચૈતન્ય સ્વરૂપનું દૃષ્ટિ કરીને અનુભવવા જેવું છે. આહાહા ! આવી વાત છે. એક વાત, તેની દરેક અવસ્થામાં વ્યાપતા નથી, માટે તે ચૈતન્યનું સ્વરૂપ નથી માટે તેને લક્ષમાં લેવા જેવું નથી. પ્રથમ એને લક્ષમાં જ્ઞાયક સ્વરૂપ છે તેને લક્ષમાં લઈ, અને જે જ્ઞાન અનુભવ થાય પછી રાગ છે તેને જાણે, કે મારામાં નહીં. આહાહા ! આવી વાત છે. એક વાત.

વળી તેમનો અનુભવ પણ આકુળતામય દુઃખરૂપ છે. ચાહે તો એ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિનો હો પણ એ આકુળતામય દુઃખરૂપ છે, પહેલું એમ કહ્યું કે એ પુણ્ય ને પાપ, દયા, દાન, રાગ વિકાર એ ચૈતન્યના વિકાર ભાસે છે પણ એ ચૈતન્યના નથી, કેમકે એની દરેક અવસ્થામાં રહેતા નથી માટે તેના નથી, માટે તેનું લક્ષ છોડી જ્ઞાયક તરફનો અનુભવ કરવો. આહાહા !

હવે બીજી વાત કરે છે. એમનો ચિદ્‌વિકાર દરેક અવસ્થામાં નથી પણ જે અવસ્થામાં છે તેનો અનુભવ પણ આકુળતામય છે. એ દરેક અવસ્થામાં નથી માટે તેના નથી, પણ એની જ્યારે અવસ્થામાં છે ત્યારે તે આકુળતામય દુઃખરૂપ છે. ચાહે તો એ વિકલ્પ શુભરાગ હો કે અશુભ હો ઈ તો આકુળતામય છે. ભગવાન આત્મા આકુળતાસ્વરૂપ નથી એ તો અનાકુળ આનંદ સ્વરૂપ છે. જુઓ આને જુદાને સિદ્ધ કર્યા. એ રાગનો વિકલ્પ ચાહે તો ભક્તિનો હોય કે પૂજાનો હોય કે દયાનો હોય કે દાનનો હોય, પણ એ રાગ આત્માની દરેક અવસ્થામાં નથી માટે તે આત્માના નથી, કેમકે મોક્ષ અવસ્થામાં તેનો અભાવ થઈ જાય છે માટે અભાવ થઈ જાય એ ચીજ એની નથી. એક વાત.

હવે અવસ્થામાં જ્યાં છે, અવસ્થામાં જ્યાં રાગાદિ વિકલ્પ છે એનો અનુભવ પણ

આકુળતામય છે. દરેક અવસ્થામાં નથી માટે તે એના નથી પણ જે અવસ્થામાં છે ત્યાં પણ તે આકુળતામય છે. આવી વાત છે. તેમનો અનુભવ પણ એમ, એની અવસ્થામાં છે ત્યાં, નથી ત્યાં નથી માટે એ તો એનો સવાલ નથી, પણ હવે એની અવસ્થામાં જ્યાં છે ત્યાં પણ એમ, આકુળતામય દુઃખરૂપ છે. આહાહાહા ! સમજાય છે કાંઈ ? દરેક અવસ્થામાં નથી માટે તેના નથી એક વાત, અને તેની અવસ્થામાં જ્યારે એ જે જે અવસ્થામાં છે, ત્યાં પણ તે આકુળતામય દુઃખરૂપ છે. જુઓને ભિન્ન ભિન્ન. આહાહાહા !

ચૈતન્ય ભગવાન આત્મા એની દરેક અવસ્થામાં તો જ્ઞાન ને દર્શન આદિ હોય છે પણ રાગાદિ દરેક અવસ્થાઓમાં હોતા નથી. એક વાત. પણ બીજી વાત જ્યારે અવસ્થામાં ( રાગાદિ ) છે ત્યારે એમનો અનુભવ પણ, એ રાગનું વેદન આકુળતામય, આકુળતામય દુઃખરૂપ. ગજબ વાત છે. કઈ રીતે સિદ્ધ કરે છે ? કે ભગવાન તો અણાકુળ આનંદ સ્વરૂપ છે ને ? એની અવસ્થામાં થાય છે, છતાં તે તો દુઃખરૂપ છે ને ? એ શુભરાગ પણ દુઃખરૂપ છે. તેથી તેના આનંદ સ્વરૂપથી જુદી જાત છે, માટે તેનાથી ભિન્ન છે ભગવાન. સમજાય છે કાંઈ ?

જુઓ જયચંદ પંડિત ! એ પણ આટલું સ્પષ્ટ, તદ્દન સાદી ભાષામાં એની ભિન્નતાનું ભાન કેમ થાય. એની અવસ્થામાં જ્યાં છે, દરેકમાં તો નથી, પણ જ્યાં છે, ત્યાં પણ એ રાગ છે, એ આકુળતામય દુઃખરૂપ છે. એ આકુળતામય દુઃખરૂપ( છે ) માટે તેઓ ચૈતન્ય નથી. આકુળતા અને દુઃખરૂપ રાગ છે, માટે તેઓ ચેતન નથી. કેમ ? કે જડ છે એ. કેમ ? કે "ચૈતન્યનો અનુભવ તો નિરાકુળ છે". ભગવાન આત્મ સ્વરૂપ જે છે, એ આનંદ સ્વરૂપ છે અને એનો અનુભવ પણ આનંદસ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? એ આકુળતામય છે માટે તે જીવસ્વરૂપ નહીં, દરેક અવસ્થામાં વ્યાપતો નથી માટે તે જીવસ્વરૂપ નહીં, આવી સાદી ભાષામાં, ભગવાન અંદર ભિન્ન છે. વર્તમાન હોય ત્યારે પણ તે દુઃખનો અનુભવ છે. અને આત્મા ચૈતન્યનો અનુભવ, રાગનો અનુભવ હોય ત્યારે પણ દુઃખરૂપ છે અને ત્યારે ભગવાન ચૈતન્યનો અનુભવ તે નિરાકુળ છે. આહા ! આમ છે. ચૈતન્ય ભગવાન આનંદ સ્વરૂપ એની વર્તમાન દશામાં પણ આનંદનો અનુભવ છે એ એની દશા છે. સમજાય છે કાંઈ ? એની દશામાં રાગાદિ છે, એ તો દુઃખરૂપ છે, તેથી તે આકુળતા છે અને ભગવાન તે સમયે પણ ચૈતન્યનો અનુભવ તો અનાકુળ ને આનંદ છે. આહાહા !

ચૈતન્યસ્વરૂપ જે ભગવાન આત્મા એ આનંદસ્વરૂપ એનો અનુભવ તો અનાકુળ આનંદરૂપ અનુભવ છે, એની અવસ્થામાં હોવા છતાં એ દુઃખરૂપ છે અને આની અવસ્થા ભગવાનની અવસ્થા એ અનુભવ આનંદરૂપ છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? આવી વાતું, ધર્મને નામે લોકોએ કાંઈક કાંઈક કરાવી નાખ્યું છે. ચૈતન્ય આનંદ સ્વરૂપ પ્રભુ તો તેની અવસ્થામાં થતો રાગ દુઃખરૂપ અને ચૈતન્યનો અનુભવ સુખરૂપ, માટે તે જીવનો નથી. આહાહા !

તે જીવનો સ્વભાવ છે જોયું, ચૈતન્યનો અનુભવ નિરાકુળ છે, અનુભવ નિરાકુળ છે જ્ઞાનની પરિણતિની પ્રગટ દશા છે તેને અંતરમાં વાળતાં પર્યાયમાં અનાકુળતાનો અનુભવ થાય, આનંદનો અનુભવ થાય, એમ કહે છે. અને તેથી ચૈતન્યનો અનુભવ આનંદ છે. અને રાગનો અનુભવ દુઃખ છે, તેથી તે જીવનો નથી. આવી વાતને અંતરમાં પહોંચે એ અંતરમાં ગતિ

કર્યા વિના એ મળે એવું નથી. આહાહાહા !

જ્યાં જ્ઞાનની પર્યાય, વર્તમાન પ્રગટ છે એનું લક્ષ કરીને અંતર વળે, રાગ ત્યાં છે તેનું લક્ષ છોડી દે એમ કહે છે. સમજાણું કાંઈ ? જ્ઞાનની વર્તમાન દશા જે પ્રગટ છે તેનું લક્ષ લઈને અંદરમાં જા, તેના લક્ષણથી અંદરમાં જા, તેથી તને આનંદનો અનુભવ થશે, અને આ રાગ એ તો દુઃખરૂપ છે, આકુળતા છે માટે તે ચૈતન્યના સ્વભાવથી રાગ આકુળતામય માટે ભિન્ન છે, અજીવ સ્વભાવ છે. આહાહા ! આવું સ્વરૂપ માણસને આકરું પડે, અભ્યાસ ન કરે અને આ સમ્યગ્દર્શન વિના પાધરા વ્રત લઈ લેવું પાંચમું ગુણસ્થાન થઈ ગયું. શું પ્રભુ થાય ? ભાઈ એ વ્રતનો વિકલ્પ છે એ પણ દુઃખરૂપ છે. એ વિકલ્પ દરેક અવસ્થામાં તો નથી, પણ જ્યારે છે ત્યારે પણ તેના ઉપર લક્ષ કરવા જેવું નથી કેમ કે એ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ ? છે ત્યારે પણ તે દુઃખરૂપ છે માટે તેનું લક્ષ કરવા જેવું નથી. આનંદરૂપ ભગવાન છે આત્મા ત્યાં લક્ષ કરીને અનુભવ કરવા જેવું છે. આવો માર્ગ છે. વીતરાગ સર્વજ્ઞના સંતો આમ જાહેર કરે છે, છદ્મસ્થ પ્રાણી, પંચમકાળમાં આમ જાહેર કરે છે. ભાઈ તું પ્રભુ આત્મા છો, કેમકે આત્મા છે એની પર્યાય તો કાયમ નિર્મળાદિ કાયમ રહે છે. એ રાગરૂપ નથી ભાઈ ! અને એ રાગ છે જ્યારે, ત્યારે પણ એ દુઃખરૂપ છે માટે તું આનંદરૂપ છો એ આનંદના અનુભવની પાસે એ તો દુઃખરૂપ છે. આહાહા !

તે જ જીવનો સ્વભાવ છે એમ જાણવું. જે આનંદ સ્વભાવ છે ત્રિકાળી એ જીવ, પણ એનો અનુભવ થાય ત્યારે એને જણાય કે આ જીવ છે. સમજાણું કાંઈ ? એને રાગ ઉપરનું લક્ષ છોડીને એનો અનુભવ થતાં જે પર્યાયમાં સ્વાદ આવે ત્યારે તે જાણે કે ઓહોહો ! આ તો આનંદ સ્વરૂપ જ ભગવાન છે. આવી વાત છે. શું થાય ? આ કોઈ પંડિતાઈની ચીજ નથી. આહાહા !

( શ્રોતાઃ– નમુના પરથી માલનો ખ્યાલ આવે ) હેં ! નમુનો કે રાગ એની દરેક અવસ્થામાં નથી માટે એનો નથી એક વાત, પણ જ્યારે છે ત્યારે દુઃખરૂપ છે અને ભગવાન જે આત્મા છે એ આનંદસ્વરૂપ છે અને એનો અનુભવ થાય એ આનંદરૂપ છે. આહાહા ! સમજાય છે કાંઈ ? આ તો ઉતાવળાના કામ નથી બાપા, આ તો ધીરાના કામ છે. ધીર બુદ્ધિ, ધીર પ્રેરતિ જે જ્ઞાનને બુદ્ધિ અંદરમાં પ્રેરે જાય એને ધીર કહે છે. ધી બુધ્ધિ ર પ્રેરે જે જ્ઞાન પર્યાય અંતરમાં જાય તેને ધીર કહે છે. કેવળજ્ઞાનનેય બુદ્ધિ કીધી છે. કેવળજ્ઞાનને બુદ્ધિ કીધી છે. જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન છે ને ? એને અહીં બુદ્ધિ શબ્દ વાપર્યો છે. શાસ્ત્રમાં આવે છે ઘણે ઠેકાણે ૧૦૦૮ માં તો બહુ આવે છે. જ્ઞાન ધીર આનંદ ધીર. આહાહા !

જ્યારે રાગ છે ત્યારે પણ તેનામાંથી લક્ષ છોડી, કેમકે એ તો દુઃખરૂપ છે અને ભગવાન આત્મામાં દૃષ્ટિ કર કે જેથી તને તે જ પર્યાયમાં આનંદનો અનુભવ થાય, એ જ જીવ છે. આહાહા ! સમજાણું કાંઈ ? આટલો ભાવાર્થ આવ્યો ૪૪નો, સિદ્ધાંત તો આને કહીએ કે થોડામાં ઘણું ગાગરમાં સાગર ભર્યો હોય. આહાહા !

❄ ❄ ❄

હવે, ભેદજ્ઞાનની પ્રવૃત્તિ દ્વારા આ જ્ઞાતાદ્રવ્ય પોતે પ્રગટ થાય છે એમ કળશમાં મહિમા કરી અધિકાર પૂર્ણ કરે છેઃ-

## શ્લોક - ૪૫

( मन्दाक्रान्ता )

इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा
जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।
विश्वं व्याप्य प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या
ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे।।४५।।

**શ્લોકાર્થઃ-** [ इत्थं ] આ પ્રમાણે [ ज्ञान-क्रकच-कलना-पाटनं ] જ્ઞાનરૂપી કરવતનો જે વારંવાર અભ્યાસ તેને [ नाटयित्वा ] નચાવીને [ यावत् ] જ્યાં [ जीवाजीवौ ] જીવ અને અજીવ બન્ને [ स्फुट-विघटनं त एव प्रयातः ] પ્રગટપણે જુદા ન થયા, [ तावत् ] ત્યાં તો [ ज्ञातृद्रव्यं ] જ્ઞાતાદ્રવ્ય, [ प्रसभ-विकसत्-व्यक्त-चिन्मात्रशत्त्या ] અત્યંત વિકાસરૂપ થતી પોતાની પ્રગટ ચિન્માત્રશક્તિ વડે [ विश्वं व्याप्य ] વિશ્વને વ્યાપીને, [ स्वयम् ] પોતાની મેળે જ [ अतिरसात् ] અતિ વેગથી [ उच्चैः ] ઉગ્રપણે અર્થાત્ અત્યંતપણે [ चकाशे ] પ્રકાશી નીકળ્યું.

**ભાવાર્થઃ-**આ કળશનો આશય બે રીતે છેઃ-

ઉપર કહેલા જ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં જ્યાં જીવ અને અજીવ બન્ને સ્પષ્ટ ભિન્ન સમજાયા કે તુરત જ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો-સમ્યગ્દર્શન થયું. ( સમ્યગ્દૃષ્ટિ આત્મા શ્રુતજ્ઞાન વડે વિશ્વના સમસ્ત ભાવોને સંક્ષેપથી અથવા વિસ્તારથી જાણે છે અને નિશ્ચયથી વિશ્વને પ્રત્યક્ષ જાણવાનો તેનો સ્વભાવ છે; માટે તે વિશ્વને જાણે છે એમ કહ્યું. ) એક આશય તો એ પ્રમાણે છે.

બીજો આશય આ પ્રમાણે છેઃ જીવ-અજીવનો અનાદિ જે સંયોગ તે કેવળ જુદો પડયા પહેલાં અર્થાત્ જીવનો મોક્ષ થયા પહેલાં, ભેદજ્ઞાન ભાવતાં ભાવતાં અમુક દશા થતાં નિર્વિકલ્પ ધારા જામી-જેમાં કેવળ આત્માનો અનુભવ રહ્યો; અને તે શ્રેણિ અત્યંત વેગથી આગળ વધતાં વધતાં કેવળજ્ઞાન પ્રગટ થયું. પછી અઘાતીકર્મનો નાશ થતાં જીવદ્રવ્ય અજીવથી કેવળ ભિન્ન થયું. જીવ-અજીવના ભિન્ન થવાની આ રીત છે. ૪૫.

---

इति जीवाजीवौ पृथग्भूत्वा निष्क्रान्तौ।

इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ जीवाजीव-प्ररूपकः प्रथमोऽङ्कः।।

**ટીકાઃ-**આ પ્રમાણે જીવ અને અજીવ જુદા જુદા થઈને ( રંગભૂમિમાંથી ) બહાર નીકળી ગયા.

**ભાવાર્થ:-જીવ-અજીવ અધિકારમાં પહેલાં રંગભૂમિસ્થળ કહીને ત્યાર પછી ટીકાકાર આચાર્યે એમ કહ્યું હતું કે નૃત્યના અખાડામાં જીવ-અજીવ બન્ને એક થઈને પ્રવેશ કરે છે અને બન્નેએ એકપણાનો સ્વાંગ રચ્યો છે. ત્યાં, ભેદજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષે સમ્યગ્જ્ઞાન વડે તે જીવ-અજીવ બન્નેની તેમના લક્ષણભેદથી પરીક્ષા કરીને બન્નેને જુદા જાણ્યા તેથી સ્વાંગ પૂરો થયો અને બન્ને જુદા જુદા થઈને અખાડાની બહાર નીકળી ગયા. આમ અલંકાર કરીને વર્ણન કર્યું.**

જીવ–અજીવ અનાદિ સંયોગ મિલૈ લખિ મૂઢ ન આતમ પાવૈં,
સમ્યક્ ભેદવિજ્ઞાન ભયે બુધ ભિન્ન ગહે નિજભાવ સુદાવૈં;
શ્રી ગુરુકે ઉપદેશ સુનૈ રુ ભલે દિન પાય અજ્ઞાન ગમાવૈં.
તે જગમાંહિ મહંત કહાય વસૈં શિવ જાય સુખી નિત થાવૈં.

**આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં જીવ-અજીવનો પ્રરૂપક પહેલો અંક સમાપ્ત થયો.**

## શ્લોક - ૪૫ ઉપર પ્રવચન

હવે ભેદજ્ઞાનની પ્રવૃત્તિ દ્વારા આ જ્ઞાતા દ્રવ્ય, શું કીધું ઈ ? ભેદજ્ઞાનની પ્રવૃત્તિ દ્વારા એટલે રાગનું લક્ષ છોડીને અંતરમાં લક્ષ જવાનો અભ્યાસ કરતા ભેદજ્ઞાનની પ્રવૃત્તિ દ્વારા એ રાગ આકુળતા છે, એ રાગ દરેક અવસ્થામાં નથી માટે તેનાથી ભિન્ન પડતા એના ભિન્નનો અભ્યાસ કરતાં, ભેદ જ્ઞાનની પ્રવૃત્તિ દ્વારા આ આત્મદ્રવ્ય પોતે પ્રગટ થાય છે. ભગવાન આત્મા પર્યાયમાં પ્રગટ થાય છે. શક્તિરૂપે અનંત ગુણનો ધામ ભગવાન, પણ એને વિકલ્પ જે રાગાદિ એનાથી ભિન્ન અભ્યાસ કરતા, કેમ કે ચૈતન્યદ્રવ્ય રાગથી ભિન્ન છે તેથી રાગથી ભિન્ન અભ્યાસ કરતા, ભેદજ્ઞાનનો અભ્યાસ કરતા, છે ? ત્યારે પ્રભુ પ્રગટ થાય છે. શક્તિમાં જે છે, એ ભેદજ્ઞાન દ્વારા પર્યાયમાં પ્રગટ થાય છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? એ શ્લોક કહે છે, એમ કળશમાં મહિમા કરી, એમ કળશમાં મહિમા કરી આ અધિકાર પૂરો કરે છે.

इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा
जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।
विश्वं व्याप्य प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या
ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे।।४५।।

આહા ! આ પ્રમાણે "જ્ઞાન–ક્રકચ કલના–પાટનં" જ્ઞાનરૂપી કરવતનો જે વારંવાર અભ્યાસ, જ્ઞાનની પર્યાયને અંતરમાં રાગથી ભિન્ન કરવાનો અભ્યાસ. આ પ્રમાણે જ્ઞાન ક્રકચ જ્ઞાનરૂપી કરવતનો કલના, કલના પાટનં, કલના એટલે વારંવાર અભ્યાસ, કલના એટલે અભ્યાસ પાટનં એટલે વારંવાર જ્ઞાનરૂપી કરવતનો, જ્ઞાન છે ને, પછી ક્રકચ એટલે કરવત. રાગ અને જ્ઞાન સ્વભાવ વચ્ચે ભેદ પાડવાની કરવત જ્ઞાન છે. પ્રજ્ઞાછીણી કીધી 'તીને, કહેશેને આગળ. જેમ કરવતથી બે લાકડાના ટુકડા થઈ જાય છે, એમ રાગથી જ્ઞાન સ્વભાવને ભિન્ન કરતાં, બેય ભિન્ન

પડી જાય છે. આવી વાત જ્ઞાનરૂપી કરવતનો કલના નામ અનુભવ કરતાં, અભ્યાસ કરતાં, અનુભવ કરતાં 'પાટનં' એટલે વારંવાર, જ્ઞાનની પર્યાયને અંતરમાં રાગથી ભિન્ન કરતાં કરતાં, નચાવીને એટલે કે પરિણમાવી ને ભગવાન આત્માની રાગથી ભિન્ન દશાને પરિણમાવીને જ્યાં જીવ અને અજીવ બન્ને, જ્યાં જીવ અને અજીવ બન્ને પ્રગટપણે જુદાં ન થયા, એટલે પૂર્ણ ન થયા, એમ જુદા પ્રગટ ન થયા એમ છે. પ્રગટપણે જુદા એટલે કેવળ જ્ઞાનપણે જુદા ન થયા એ કહેશે. અર્થમાં ત્યાં તો "જ્ઞાતૃદ્રવ્યં પ્રસભ વિકસત વ્યક્ત ચિન્માત્રશકત્યા" બે અર્થ કરશે. અત્યંત વિકાસ થતી પોતાની પ્રગટ ચિન્માત્ર શકિત વડે વિશ્વને વ્યાપી એટલે જ્ઞાનની પર્યાય લોકાલોકને જાણતી પર્યાય પ્રગટ થાય છે. આહાહાહાહા !

સમ્યગ્દર્શનમાં પણ જે જ્ઞાન થયું એ વિશ્વને પ્રકાશતું જ્ઞાન પ્રગટ થાય છે, પોતાનું તો પ્રકાશ્યું પણ શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ એ વિશ્વ આખું છે લોકાલોક તે પ્રકાશ નામ જણાય છે. ભલે ઉપયોગપણે એને ખ્યાલમાં ન આવે પણ એના જ્ઞાનની પર્યાયનું વિશ્વને સમસ્તને જાણવું એવું પ્રગટ થઈ જાય છે. અત્યંત વિકાસરૂપ થતી પોતાની પ્રગટ ચિન્માત્રશક્તિ વડે, વિશ્વને પ્રગટ થતી ચિન્માત્રશક્તિ હોં, ચિન્માત્રશક્તિ તો ત્રિકાળ છે પણ એમાંથી પ્રગટ થતી, અત્યંત ચિન્માત્રશક્તિ વડે વિશ્વને વ્યાપીને પોતાની મેળે એટલે સ્વયમ્ જ તે 'અતિરસાત્' અતિ વેગથી જ્ઞાન સ્વભાવને રાગથી ભિન્ન પાડતા, જે જ્ઞાન સ્વભાવ પર્યાયમાં પ્રગટ થયો, એ અતિ વેગથી વિશ્વને જાણે એવો એનો સ્વભાવ છે, એટલે કે એક સમયમાં જાણે એવો એનો સ્વભાવ છે. એક તો રાગથી ભિન્ન પડીને જ્ઞાનસ્વરૂપ પ્રકાશી નિકળ્યું અને બીજું રાગથી ભિન્ન કરીને પૂર્ણ પ્રકાશી નીકળ્યું. એકએક ગાથા એકએક કળશ અલૌકિક છે. અમૃતચંદ્રાચાર્યે અમૃત, અમૃત વર્ષાવ્યા છે.

આ કળશનો આશય બે રીતે છે. જોયું ? ઉપર કહેલા જ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં એટલે ? રાગ જે પર્યાયમાં છે તેનું લક્ષ છોડીને, જે તે ટાણે જ્ઞાનની પર્યાય છે તેને જ્ઞાયક તરફ વાળતાં અભ્યાસ કરતાં આમ રાગથી ભિન્ન પડયો ને પર્યાય દ્રવ્યમાં ઢળે છે. એ જીવ અને અજીવ બંને સ્પષ્ટ ભિન્ન સમજાયા, કે તુરત જ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો, એમ કહે છે પહેલું તો. રાગથી ભેદજ્ઞાન સ્વભાવને ભિન્ન પાડતા પાડતા જ્યાં આત્મા સમજાયો, આત્માનું ભાન થયું કે તુરત જ નિર્વિકલ્પ અનુભવ થયો. તે ક્ષણે જ નિર્વિકલ્પ અનુભવ થાય છે. આહાહા !

( શ્રોતાઃ – ભિન્ન પાડતા પાડતા એ તો સવિકલ્પ ભેદજ્ઞાન છે ને પાડતા પાડતા ! ) નહીં ભેદ પાડતા પાડતા સવિકલ્પ નહીં રાગથી ભિન્ન પાડતા. વિકલ્પ નહીં એ તો પણ ભેદનો વિકલ્પ પણ આ પાડું છે એ વિકલ્પ એમ અત્યારે અહીં ન લેવો, અહીંયા તો રાગથી જ્ઞાન તરફને ભેદ પાડતા બસ. આમેય એ ભેદજ્ઞાન વિકલ્પ છે એ આવે છે એ અપેક્ષા બીજે આમ બે પાડતા રાગ અને આમ ભેદ પડે એટલું પણ, અહીં તો આ બાજુમાં ઢળતાં. સમજાણું કાંઈ ? આવો માર્ગ જેના ફળ વર્તમાનમાં શાંતિ અને આનંદ અને જેના પૂર્ણ ફળમાં પરમ આનંદ ને પૂર્ણ શાંતિ એવા ભેદજ્ઞાનની વાતું શું કરવી ? અરે આ ચીજ ન મળે અને એ વિના આ વ્રત ને તપ ને અપવાસ કર્યા ને થઈ ગયા પાંચમાં ગુણસ્થાને, ભાઈ એ ચીજ જે છે, રાગથી ભિન્ન છે ને ? ઉપર

કહેલા જ્ઞાનનો અભ્યાસ કરતા, જ્ઞાનનો એટલે રાગથી ભિન્ન પાડવાનો અભ્યાસ કરતા, અહીં તો ભિન્ન એમેય નથી કહ્યું. જ્ઞાનનો અભ્યાસ કરતા, જ્યાં જીવ અને અજીવ બંને સ્પષ્ટ ભિન્ન સમજાયા કે તુરતજ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો. સમ્યગ્દર્શન થયું. આહાહા !

રાગ તે અજીવ છે, ભગવાન ચૈતન્યમૂર્તિ તે જીવ છે. એમ અજીવથી ભિન્ન જ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં જ્યાં આત્મા જ્ઞાયકસ્વરૂપ છે એમ સમજાયું તે જ ક્ષણે નિર્વિકલ્પ અનુભવ થાય છે. આમ છે ભાઈ ! હેં ? ( શ્રોતાઃ– સમજાયોનો મતલબ સ્પષ્ટ પ્રતિભાસમાં આવ્યો ) સમજાયું ને તુરત અનુભવ થયો એમ. આ જ્ઞાયક એમ જાણ્યું તે ક્ષણે જ અનુભવ થયો. શબ્દમાં એમ છે ખરું ને ? પ્રગટપણે જુદા ન થયા એમ કીધું ને ? એટલે, આમ તદ્દન પૂર્ણ જુદા થયા નથી. પણ આહીંયા રાગથી ભિન્ન પડીને જ્ઞાનાનંદમાં અનુભવ થયો, તદ્દન પૂર્ણ પ્રગટ જુદા થયા નથી એક વાત, અને અત્યારે પણ રાગથી ભિન્ન પાડીને જ્યાં જણાણું ત્યાં અનુભવ થયો. સમ્યગ્દર્શન. આહાહા ! ! આનું નામ સમ્યગ્દર્શન. લ્યો.

જ્ઞાનનો અભ્યાસ કરતાં એમ કીધું ને ? એટલે જ્ઞાન જે દશા છે ને ? એને અંતરમાં વાળતાં એમ, વિકલ્પ તો રહી ગયો બહાર. આવું છે. રસિકભાઈ ! કલકત્તા, ફલકત્તામાં ક્યાંય મળે એવું નથી કયાંય. કહો અજીતભાઈ ! ( શ્રોતાઃ– વિકલ્પ હોવા છતાં વિકલ્પથી જ જુદું પાડવાનું છે ) જુદો જ પડયો છે અહીં તો, જ્ઞાનનો અભ્યાસ જ્ઞાનનો અભ્યાસ કરતાં એમ કીધું છે ને ? જ્યાં જીવ ને અજીવ બંન્ને સ્પષ્ટ ભિન્ન સમજાયા કે તુરત જ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો. સમ્યગ્દર્શન થયું. આહાહા ! હવે સમ્યગ્દષ્ટિ આત્મા શ્રુતજ્ઞાન વડે વિશ્વને પ્રકાશે એમ આવ્યું છે ને ? “વિશ્વના સમસ્તભાવોને સંક્ષેપથી અથવા વિસ્તારથી જાણે છે એને પૂર્ણ છે એમેય જાણે છે અને ટુંકામાંય જાણે છે. એને ઉપયોગ ભલે આમ કામ ન કરે આમ પણ ઉપયોગનું સ્વરૂપ એવું છે, કે એને આખું વિશ્વ જણાઈ જાય છે. જ્યાં સ્વ જણાણું તેથી તેની પર્યાયમાં પર જણાઈ જાય એવું એનું સ્વરૂપ છે, એમ કહે છે. ભગવાન આત્મા એની જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ પૂર્ણ પૂર્ણ પૂર્ણ ભગવાન છે, એમ જ્યાં જણાણું ત્યારે તે જ પર્યાયમાં આ બાજુ પૂર્ણ છે એ પણ જણાઈ જાય છે. પૂર્ણ એટલે આખું વિશ્વ. સમજાણું કાંઈ ? આહાહા !

જ્ઞાનનો અભ્યાસ કરતાં જ્યાં જીવ અને અજીવ બેય ભિન્ન પડી ગયા એકલો જીવ જ્ઞાયકભાવ ખ્યાલમાં આવ્યો, તે ક્ષણે જ તે નિર્વિકલ્પ અનુભવ થાય છે. અને તેથી જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ પૂર્ણ પૂર્ણ પરમાત્મા પૂર્ણ સ્વરૂપ ભગવાન એવું જ્ઞાન થયું, તેથી તેની પર્યાયમાં આ બાજુનું પૂર્ણ વિશ્વ છે તેનું પણ જ્ઞાન થાય છે, ભલે પરોક્ષ છે. મૂળ કહેવાનો આશય આ છે, કે ભગવાન જ્યાં પૂર્ણ દ્રવ્ય સ્વભાવ, જ્ઞાનનો અભ્યાસ કરતાં જ્યાં જણાય ગયો, જણાણો, તે જ ક્ષણે તેને અનુભવ થાય છે, અને તે જ ક્ષણે તે જ્ઞાનની પર્યાય છે, એ આંહી ‘પૂરા’ને જાણી ત્યાં આમ ‘પૂરા’ને જાણવાનો પર્યાય ત્યાં પ્રગટ થયો છે. ( શ્રોતાઃ– અલૌકિક વાતું છે ) હેં ? આવી વાતું છે. આ મૂળ ચીજ આ છે. હવે તેને પ્રગટયા વિના, જાણ્યા વિના બાકી બધું વ્રત ને તપ ને કરે ને પંચમગુણસ્થાન થઈ જાય, અરે ભગવાન બાપુ ભાઈ તને લાભ નહીં થાય. આહાહા ! ખોટને રસ્તે જતાં લાભ થાય માને પ્રભુ. હેં ? એમ કે વ્રત ને તપ ને લીધા એટલે પંચમ ગુણસ્થાન થઈ ગયું. હજી સમ્યગ્દર્શન શું ચીજ છે એની તો ખબર ન મળે. આહાહા !

જુઓ આ છેલ્લી ગાથા છે ને આ ? જીવ-અજીવની. એટલે બહુ સરસ વાત ટુંકામાં ( ગાથામાં ) કળશમાં ભર્યું છે બધું એનું સ્પષ્ટ કર્યું છે. આહા ! એમ કીધું ને જુઓને જ્ઞાનરૂપી કરવતનો અભ્યાસ કરતાં એમ કીધું' ને ભાઈ ! જ્ઞાનની જે પરિણતિ પહેલાં આવી ગયું છે કે જ્ઞાનની પરિણતિ છે એ પ્રગટ છે, રાગ ભલે હોય એનું લક્ષ છોડી દે, કારણકે એ એનામાં નહીં, એનો નથી, હોય છે છતાંય દુઃખરૂપ છે એ માટે એ જીવ નહીં, એ જ્ઞાનની પરિણતિને આમ અંતરમાં વાળતાં, જાણનારની દશાને જાણનાર તરફ વાળતાં, એને જ્ઞાન સ્વભાવી ભગવાન આત્મા જાણવામાં આવી ગયો, આવી ગયો એટલે તરત જ, તે જ ક્ષણે નિર્વિકલ્પ અનુભવ થાય, અને તે જ ક્ષણે તે જ્ઞાનની પર્યાય સ્વને પૂર્ણને જ્યાં જાણી, આ આત્મા સમજાયો જણાણો આ આત્મા સમજાયો જણાયો, તે જ સમયની પર્યાયમાં વિશ્વને જાણવાનો પણ સ્વભાવ પર્યાયમાં પ્રગટ થયો. આહાહાહા !

( શ્રોતા:- અનુભવ પહેલાં ખ્યાલ આવી જાય છે. ) એની પર્યાયમાં એટલી તાકાત આવી એ જણાણું, ભલે એ પર તરફ એનું લક્ષ ન જાય પણ એની પર્યાયમાં તાકાત આખા વિશ્વને જાણવાની ખીલી નીકળી. આહાહા ! આવી વાતું છે. કેમ ? કે જ્ઞાનનો અભ્યાસ કરતાં જ્યાં જ્ઞાયક જણાણો, તો જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપર પ્રકાશક છે, એટલે કે જ્યારે જ્ઞાતા જ્ઞાયક જણાણો એ સ્વપ્રકાશક થયો, તેજ ટાણે પર પ્રકાશક વિશ્વનું પણ જ્ઞાન આવ્યું ભેગું. પછી ભલે વિશ્વના ભાવોને સંક્ષેપથી કે વિસ્તારથી, "નિશ્ચયથી વિશ્વને પ્રત્યક્ષ જાણવાનો તેનો સ્વભાવ છે." વિશ્વને પ્રત્યક્ષ જાણવાનો તેનો સ્વભાવ છે. કેમકે પોતાને જ્યાં પ્રત્યક્ષ જાણે છે, ત્યારે તે પર્યાયનો સ્વપરપ્રકાશકનો પ્રત્યક્ષ જાણવાનો સ્વભાવ છે, માટે તે વિશ્વને જાણે છે એમ કહ્યું, એક આશય તો એ પ્રમાણે છે. બે આશય છે ને ? આહાહાહા !

આ ધર્મકથા છે. બીજો આશય ! જીવ અજીવનો અનાદિ જે સંયોગ તે કેવળ જુદા પડયા પહેલાં, તે કેવળ જુદા એટલે મોક્ષ, એમ, એક ભાવ આ લીધો. જીવ અને અજીવ એટલે રાગાદિ અને ભગવાન આત્મા, અજીવ શબ્દે રાગ, જીવ અને રાગાદિનો અનાદિ જે સંયોગ તે કેવળ જુદા પડયા પહેલાં, જુદો તો છે, પણ પૂર્ણ પર્યાયમાં જુદા પડયા વિના પહેલાં, જીવનો મોક્ષ થયા પહેલાં, એટલે કે જીવનો મોક્ષ થયા પહેલાં, ત્યાં આવ્યું'તું ને અંદર, પ્રગટપણે જુદાં ન થયા એમ આવ્યું'તું ને અંદર આવ્યું'તું "સ્ફુટમ્ વિઘટન ન એવ પ્રયાતઃ" પ્રત્યક્ષ પ્રગટપણે જુદા ન થયા. એટલે કે કેવળજ્ઞાન ન થયું એમ કહે છે. માળા સંતોની વાણી તો જુઓ એના એકએક શબ્દમાં એક એક પદમાં. આહોહોહો ! શું ગંભીરતા ! શું ભરપૂર ભાવથી ભરેલું, વાચ્ય ને વાચક શબ્દમાં, કહ્યું તું ને ઈ ? પ્રગટપણે જુદા ન પડયા ત્યાં, અત્યંત વિકાસ થતી પ્રગટ ચિન્માત્રશક્તિ વડે વિશ્વને વ્યાપતી પ્રગટ થઈ છે, એટલે કે પૂર્ણ પ્રગટ થયું નથી, કેવળજ્ઞાન એ પહેલાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રગટ થઈ ગયું. આહાહાહા !

ભાઈ આ કાંઈ વાર્તા નથી, ( શ્રોતા:- પ્રયોગ કરવા જેવો છે ) જીવનો મોક્ષ થયા પહેલાં, ભેદજ્ઞાન ભાવતાં, જ્ઞાનની પરિણતિને જ્ઞાયક તરફ ઢાળતાં અમુક દશા થતાં, એટલે નિર્વિકલ્પ ધારા જામી અનુભવ થયો જેમાં કેવળ આત્માનો અનુભવ રહ્યો, જેમાં કેવળ આત્માનો અનુભવ રહ્યો, અને તે શ્રેણી અત્યંત વેગથી આગળ વધતાં, વધતાં, વધતાં કેવળજ્ઞાન પ્રગટ

થઈ ગયું. આહાહા ! પછી પણ કહ્યું છે ને ? કે જ્ઞાનનું ભાન થયું, ભેદથી, પછી પણ ભેદ–અભ્યાસ કરતાં કરતાં ચારિત્ર થાય છે, આવે છે ને ? આહાહાહા !

એ રાગથી ભિન્ન જ્ઞાયક સ્વભાવનો અનુભવ ચૈતન્યનો થયો, હવે ત્યાં તો દર્શન ને જ્ઞાન ને સ્વરૂપ આચરણ સ્થિરતા થઈ, હવે જ્યારે ચારિત્ર પ્રગટ કરવું છે, તો એને વર્તમાનની પર્યાયથી પણ આખી વસ્તુ જુદી છે એમ અંદરમાં અભ્યાસ કરતાં કરતાં એને ચારિત્ર થાય છે. અને ઉગ્ર અભ્યાસ કરતાં કરતાં કેવળજ્ઞાન થયું, ભેદ અભ્યાસ, ગાથામાં આવે છે સમયસારમાં ચારિત્ર માટે, પાછળ અધિકાર આલોચના ને છે ને ત્રણ બોલ એમાં આવે છે. આહાહા ! આટલેથી તો થયું જ્ઞાન, પણ હવે હજી ચારિત્ર પ્રગટ કરવું છે, તો એને પણ અંદરમાં આશ્રય આમ અંદર ભેદ પાડતા પાડતા દ્રવ્યનો આશ્રય ઉગ્ર લેતા, એટલે ? કે આટલી આ પર્યાય ખીલી એટલો હું નથી, એને પૂર્ણ જ્ઞાયક તરફમાં અભ્યાસ કરતાં, ચારિત્ર થાય છે, અને તેના અભ્યાસમાં ઉગ્રપણે કરતાં કેવળજ્ઞાન થાય છે. શુ શૈલી ! ચારેકોરથી જુઓ તો સિદ્ધાંત જ અવિરોધ ઉત્પન્ન થાય છે. આનું નામ સિદ્ધાંત હોય જેમાં સિદ્ધપણું પ્રાપ્ત થાય, એવા સિદ્ધાંતને સિદ્ધાંત કહેવામાં આવે છે. જેનો સરવાળો અંતે સિદ્ધ થાય તેવા શબ્દોને સિદ્ધાંત કહેવાય છે. આહાહાહા !

વાણી દ્વારા, વાચ્ય તો એ સિદ્ધાંત અંદર છે. રાગથી ભિન્ન પડીને અનુભવ થયો, પણ જ્યાં સુધી પૂર્ણ જુદો થયો નથી, તો પણ અનુભવ તો થઈ ગયો એમ કહે છે. એટલે ? કે ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ છે એ જ્ઞાન પરિણતિ દ્વારા રાગથી ભિન્ન પડીને આ બાજુમાં અનુભવ થયો તો એ તો પૂર્ણનો અનુભવ થયો અને તેથી પર્યાયમાં વિશ્વનું પ્રકાશકપણું એવું જણાણું, પણ હજી પૂર્ણ ભેદ પ્રગટ થયો નથી ભેદ પડયો નથી. આહાહા !

આ તો પરોક્ષપણે પરને અને સ્વને વેદનથી ને પરને જાણવાથી એટલું પ્રગટયું, પણ એને પૂર્ણ કેવળજ્ઞાન જે છે, એ જ્ઞાનનો અંતરમાં એકાગ્ર અભ્યાસ કરતા કરતા કેવળજ્ઞાન થાય છે, એ પહેલાં અનુભવ થઈ ગયો એમ કીધું છે. જુદા ન પડયા પહેલાં અનુભવ થયો ઈ કહે છે. સમજાણું કાંઈ ? આમાં તો એવું છે એક શબ્દ પણ ફેરફાર થાય, તો બધું ફરી જાય. ત્રણ લોકના નાથ એની વાણી અને સંતોની વાણી, ગર્વ ઊતરી જાય એવું છે, બીજા સાધારણ–માણસને તો. આહાહા !

ભેદજ્ઞાન ભાવતાં ભાવતાં પહેલાં જ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં એમ શબ્દ હતો, સમજાણું ? હવે કહે છે કે એ જ્ઞાનનું ભાન થયું, એને ભાવતા ભાવતા ધારા જામી નિર્વિકલ્પ ધારા જામી, અંતરસ્થિરતા જામી, જેમાં કેવળ આત્માનો અનુભવ રહ્યો, અને તે શ્રેણી દશા અત્યંત વેગથી. આહાહા ! ધારાવાહિક શ્રેણી એટલે ધર્મધારા, વીતરાગ ધારા. વીતરાગ સ્વભાવને આશ્રયે જે વીતરાગ ધારા ચાલી, વધતાં વધતાં કેવળજ્ઞાન પ્રગટ થયું. પાછું એમ પણ સિદ્ધ કર્યું કે ઈ ભેદજ્ઞાન થતાં થતાં એનો અભ્યાસ કરતાં જ કેવળ થયું, કોઈ રાગની ક્રિયા હતી અને વ્યવહાર હતો માટે કેવળજ્ઞાન થયું, ( એમ નથી ) એ વખતે પણ જે રાગ હતો એનાથી ભિન્ન પડયું, પણ હજી રાગ રહ્યો છે, એનાથી પણ ભેદ પાડતાં પાડતાં પાડતાં અંદરમાં જામી દશા, આ નિર્વિકલ્પ દશા જ્યાં જામી, અભેદ દશા, ત્યાં કેવળ આત્માનો અનુભવ રહ્યો. આહાહા !

આ વાત છે ( શ્રોતાઃ– નિર્વિકલ્પ ધારા જામી એટલે શ્રેણી શરૂ થઈ ગઈ ) હેં ? નિર્વિકલ્પ

ધારા થઈ તેનો જ અર્થ સ્થિરતા જામી ત્યાં. આનંદના નાથમાં પર્યાયમાં સ્થિરતા જામી, આ વીતરાગતા વીતરાગતા વીતરાગતા જામી. આહાહાહા ! વીતરાગ સ્વભાવના ઉગ્ર આશ્રયથી વીતરાગતા જામી, એ વીતરાગતા જામતા કેવળજ્ઞાન થયું, બારમે વીતરાગ થાય છે ને ? શું શૈલી મીઠી, શું ટૂંકી ગાગરમાં સાગર ભરી દીધું છે. પછી અઘાતીકર્મનો નાશ થતાં, બે જુદા તદ્દન પડયા નથી પહેલાં એમ કહ્યું'તું ને, એટલે અહીં પછી જુદા પડે છે તેમ તદ્દન પહેલા જુદા અનુભવથી પડે છે ત્યાં હજી સર્વથા પરથી જુદો પડયો નથી. તેથી અનુભવ થયો જુદા પડયા પહેલાં એમ હતું ને ? ઈ પૂર્ણ જુદા થવા પહેલાં, પછી અઘાતી કર્મનો નાશ થતાં જીવદ્રવ્ય અજીવદ્રવ્યથી કેવળ ભિન્ન થયું.

ભગવાન આત્મા, પ્રતિજીવી ગુણની પણ જે વિપરીતતા હતી, એ પણ અજીવ હતું. કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? પ્રતિજીવી ગુણની જે વિપરીતતા હતી, તે પણ અજીવ છે. અહીંયા જ્યાં અંદરમાં જામી અંદરમાં સ્થિરતા આમ નિર્મળધારા ત્યાં ઓલાની પૂર્ણ થઈ ગઈ. પછી અઘાતીનો નાશ થઈને કેવળ ભિન્ન થયું, જીવદ્રવ્ય અજીવથી તદ્દન જુદું થયું. જીવ-અજીવના ભિન્ન થવાની આ રીત છે. કેવી શૈલી ! પહેલેથી ઠેઠ સુધીનું પણ ધારા એક ધારી છે. ( શ્રોતાઃ-પહેલી ભાવ ભિન્નતા થઈ પછી ક્ષેત્ર ભિન્નતા થઈ ) અરેરે આવી વાતું પણ સાંભળવા ન મળે એને બિચારાને જાવું ક્યાં ? માની બેસે કે અમે ધર્મ કર્યો છે ને. આહાહાહા !

**ટીકાઃ**- આ પ્રમાણે જીવ અને અજીવ જુદા જુદા થઈને રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા, અજીવ જુદો પડી ગયો ને જીવ એકલો પૂર્ણ થઈ ગયો. જોયું એ વિપરીત પર્યાય છે, એ બધી અજીવ છે. એકલું જ્યાં પૂર્ણ સ્વરૂપ પ્રગટ થયું, ત્યાં અજીવ જુદો પડી ગયો. આહાહાહા !

**ભાવાર્થઃ**- જીવ અજીવ અધિકારમાં પહેલાં રંગભૂમિસ્થળ કહીને ત્યાર પછી ટીકાકાર આચાર્યે એમ કહ્યું. ઓલો જીવ નાખ્યો' તો ને પહેલો, જીવ અધિકાર આડત્રીસ એ રંગભૂમિ એ નૃત્યના અખાડામાં જીવ-અજીવ બંન્ને એક થઈ પ્રવેશ કરે છે અને બન્નેએ એકપણાનો સ્વાંગ રચ્યો છે, ત્યાં ભેદજ્ઞાની સમ્યગ્દૃષ્ટિજીવ પુરુષ સમ્યગ્જ્ઞાન વડે - સમ્યગ્જ્ઞાન વડે તે જીવ અજીવ બન્નેની તેમના લક્ષણભેદથી પરીક્ષા કરી, રાગનું લક્ષણ આકુળતા છે. ભગવાનનું લક્ષણ અનાકુળતા, આહાહા પરીક્ષા કરીને બન્નેને જુદાં જાણ્યાં, તેથી સ્વાંગ પૂરો થઈ ગયો, થઈ રહ્યું અને બન્ને જુદાં જુદાં થઈને અખાડાની બહાર નીકળી ગયા, આમ અલંકાર કરીને વર્ણન કર્યું છે. વિશેષ આવશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૪૪ કારતક વદ-૯ શુક્રવાર તા. ૨૪/૧૧/૭૮

શ્રી સમયસાર :- છેલ્લા બોલ છે. હિન્દી થોડુંક ચાલશે.

જીવ-અજીવ અનાદિ સંયોગ મિલૈ લખિ મૂંઢ ના આતમ પાવૈ,
સમ્યક ભેદ-વિજ્ઞાન ભયે બુધ ભિન્ન ગહે નિજભાવ સુહાવૈ,
શ્રી ગુરુકે ઉપદેશ સુનૈ ભલે દિન પાય અજ્ઞાન ગમાવૈ,
તે જગમાહિં મહંત કહાય વસૈ શિવ જાય સુખી નિત થાવૈ,

જીવ–અજીવ અધિકાર પૂરો કર્યો છે ને. જીવ–અજીવ અનાદિ સંયોગ. ભગવાન પરમ જ્ઞાયકભાવ એવો જે પારિણામિક સ્વભાવ ભાવ એની સાથે અજીવનો નિમિતનો સંયોગ છે. અનાદિ સંયોગ મિલૈ, એને લખિ જાણીને રાગ–દ્વેષ ભેદ આદિનો સંયોગ લખીને મૂંઢ ન આતમ પાવૈ. બે સંયોગને દેખે પણ જુદું દેખતો નથી, મૂંઢ ન આતમ, આતમ પરમ–સ્વભાવભાવ પારિણામિકભાવ, દ્રવ્યભાવ, સ્વભાવભાવ એને એ ન જાણી શકે. કર્મને રાગને ને ભેદને એ સંયોગી ચીજ છે. આહાહા ! એ અજીવનો સંયોગ છે. એને જોતા ભિન્ન આત્મા ભગવાન શુદ્ધ ચૈતન્ય એને એ જોતો નથી.

સમ્યક્ ભેદ વિજ્ઞાન ભયે પણ સમ્યક્ ભેદવિજ્ઞાન રાગ, દયા, દાનના રાગ, કર્મ, અને ભેદ એનાથી સમ્યક્ ભેદવિજ્ઞાન ભયે, સમ્યક્ એટલે સત્ય ભેદવિજ્ઞાન, ખ્યાલમાં આવે કે આ રાગ છે એમ નહીં. આહાહા ! અંતરના જ્ઞાયકભાવને પકડી અને પરથી ભેદજ્ઞાન કરે તો બુધ ભિન્ન ગહે, તો જ્ઞાની આત્માને જુદો ગહે. આહાહા ! સમ્યક્ ભેદ–વિજ્ઞાન ભયે બુધ, ધર્મી, જ્ઞાની. ભિન્ન ગહે નિજ ભાવ–નિજ ભાવ, પરમ સ્વભાવભાવ તેને પોતાના સુહાવૈ, દાવ પેચથી નિજને પકડે. શ્રી ગુરુ કે ઉપદેશ સુનૈ શ્રી ગુરુનો આ ઉપદેશ છે એમ કહેવું છે. એને ભેદ પાડીને સ્વભાવને પકડવો એ ઉપદેશ છે. સૌ ભલે દિનપાય. આહાહા ! એવા સ્વકાળને પ્રાપ્ત કરતાં ભલે દિન પાય અજ્ઞાન ગમાવૈ, તે જગમાહિં મહંત કહાય, તે જગમાં મહાત્મા અથવા મહંત કહેનેમેં આતા હૈ, વસૈ શિવ જાય શિવમાં જાયને મોક્ષ–માર્ગમાં 'સુખી નિત થાવૈ' મોક્ષ થઈને સુખી નિત થાય. આ જીવ અધિકાર પૂરો થયો.

આ સમયસારની શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર પરમાગમની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત આત્મખ્યાતિ નામની ટીકા જીવ–અજીવનો પ્રરૂપક પહેલો અંક સમાપ્ત થયો.

જુઓ ! એક વાત એવી છે કે, આ ત્રિકાળ જ્ઞાન છે ને, તેની વર્તમાન પર્યાય છે ને– અવસ્થા ! એમાં આ જે ( પર ) જણાય છે, એ જણાતું નથી, જ્ઞાનની પર્યાય જણાય છે. કારણ કે જ્ઞાનની પર્યાય અહીં જ્ઞાનમાં છે અને જે જ્ઞેયો જણાય છે તે જુદાં છે. તેથી તે જ્ઞેયોનું જે જ્ઞાન થાય છે એ ( ખરેખર તો ) જ્ઞાનનું જ્ઞાન થાય છે. શું કીધું ઇ ? જે આ કપડાં ને લૂગડાં ને દાગીના ને ઢીકણાં ને ફીકણાં ને બાયડી ને છોકરાં ને... એનું જે આમ જ્ઞાન થાય છે, તે જ્ઞાન જ્ઞાનની પર્યાયમાં પોતાથી પોતાનું થાય છે, એનું નહિ. એના સંબંધીનું જ્ઞાન પોતાને, પોતાથી, પોતા વડે, પોતામાં થાય છે, પણ અજ્ઞાનીને એમ લાગે છે કે, એ વસ્તુ છે તેથી મને જ્ઞાન થાય છે. પણ એ વસ્તુમાં આ જ્ઞાન કયાં છે ? આહા... ! પર વસ્તુમાં આ જ્ઞાન નથી, છતાં એને એમ લાગે છે કે, 'આ પર વસ્તુ દેખું છું ને તેથી જ જણાય છે. તેથી મને જ્ઞાન થાય છે. ગોળ છે ( તેને ) જાણું છું માટે ગોળને લઈને ગળપણનું જ્ઞાન થાય છે.' પણ અહીં પર્યાયમાં ગળપણનું ( જે ) જ્ઞાન ( થયું, તે ) ગોળની અપેક્ષા વિના ( થયું છે ). પોતાને કારણે થવાનો ( જ્ઞાનનો ) સ્વભાવ છે તેને અજ્ઞાની ભૂલી જાય છે. આ..હા..હા... ! આજે આખો કલાક ઝીણો આવ્યો !

( સમયસાર દોહન – પૂ. ગુરુદેવશ્રીના નાઈરોબીના પ્રવચન પાના નં. ૧૮૫ )

ॐ

श्री सीमंधरदेवाय नमः।
श्री निज शुद्धात्मने नमः।

# સમયસાર સિદ્ધિ

## ભાગ-૪

અધ્યાત્મયુગપુરુષ

**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

સમયસારજી શાસ્ત્ર ઉપરના ૧૯ મી વખતના કર્તા-કર્મ અધિકારની ગાથા ૬૯ થી ૯૩ તથા તેના શ્લોકો ઉપર થયેલા ૪૪ મંગલમયી પ્રવચનો.

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**

યોગીનિકેતન પ્લોટ "સ્વરુચિ" સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ
રાજકોટ – ૩૬૦ ૦૦૫.
ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / ( ૦૨૮૧ ) ૨૪૭૭૭૨૮/૨૪૭૭૭૨૯

| કહાન સંવત | વીરસંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
| --- | --- | --- | --- |
| ૨૬ | ૨૫૩૨ | ૨૦૬૨ | ૨૦૦૫ |

**પ્રકાશન**

પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૨૫મી પુણ્યતિથિ
તા. ૨૩-૧૧-૦૫ કારતક વદ-૭ -નિમિત્તે

**પ્રથમ આવૃત્તિ - ૧૦૦૦** **પડતર કિંમત - રૂા.૧૫૦/-** **મૂલ્ય - રૂા.૫૦/-**

**પ્રાપ્તિ સ્થાન**

**રાજકોટ: શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ટેલી નં. ૨૨૩૧૦૭૩
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ "સ્વરુચિ" સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૫. ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / ( ૦૨૮૧ ) ૨૪૭૭૭૨૮

**મુંબઇ : શ્રી શાંતિભાઈ ઝવેરી**
૮૧, નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ-૪૦૦૦૨૬. ટેલી નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨
**શ્રી મહેન્દ્રભાઈ મહેતા**
"સાકેત" સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી.ખોટ સ્કૂલ પાસે, બોરીવલી( વે )
મુંબઈ - ૪૦૦ ૦૯૨ ટેલી નં. ૨૮૦૫૪૦૬૬ - ૦૯૮૨૦૩૨૦૧૫૯

**કલકતા : શ્રી પ્રકાશભાઈ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર, કલકતા -૨૦.
ટેલી નં. ૨૪૮૫૩૭૨૩

**સુરેન્દ્રનગર : ડો. દેવેન્દ્રભાઈ એમ. દોશી**
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડીકલ સ્ટોર સામે, સુરેન્દ્રનગર.
ટેલી નં. ૨૩૧૫૬૦

**અમદાવાદ : વિનોદભાઈ આર. દોશી**
૨૦૫, કહાન કુટીર ફ્લેટ, દિગંબર જૈન મંદિર સામે, નવરંગપુરા, અમદાવાદ.
ટેલી નં. ૨૬૪૨૨૬૭૮

| લેસર ટાઈપ સેટિંગ | મુદ્રક | જેકેટ અને મલ્ટીકલર ફોટા |
| --- | --- | --- |
| **ઈન્ફોસોફ્ટ** | **શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ** | **ડોટ એડ** |
| ૭૦૮, સ્ટાર ચેમ્બર્સ,<br>હરિહર ચોક-રાજકોટ-૩૬૦૦૦૧.<br>E-Mail: abcinfy@hotmail.com<br>ફોન નં- ૨૨૯૪૫૦૦ | ૩૧૨, હિરાપન્ના કોમ્પલેક્ષ,<br>ડૉ. યાજ્ઞિક રોડ,<br>રાજકોટ-૩૬૦ ૦૦૧.<br>ફોન નં - ૯૮૨૫૦૭૫૦૬૧ | ૨૩૪, રાજ ચેમ્બર્સ,<br>માલવિયા પેટ્રોલ પંપ સામે,<br>ગોંડલ રોડ, રાજકોટ.<br>ફોન નં - ૫૫૨૬૦૭૩ |

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯ માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ શાસ્ત્ર છે. જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગત કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર સમયસારજી છે તેની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે "આત્મખ્યાતિ" નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયે; લોપ થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાય: થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

જેમણે આ આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ

દીપકનો સુવર્ણમય ઉદય થયો. જેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રીએ જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ પ્રદાયક પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. વિરોધીઓના વિરોધનો પણ જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી વિરોધીઓ પણ 'ભગવાન આત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂ. ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં, સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠયું. અરે! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂ. કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં "સોનગઢ" મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂ. ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ ( ૧૩ ) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢયો અને ફરમાવ્યું કેઃ-

❀ સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
❀ સમયસાર તો સિદ્ધાંત શિરોમણિ-અદ્વિતીય અજોડ ચક્ષુ ને આંધળાની આંખ છે.
❀ સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘ શાસ્ત્ર છે.
❀ સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું શાસ્ત્ર બની ગયું. જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ. ધન્યકાળ!
❀ સમયસારની એક એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
❀ સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે.
❀ સમયસાર જેના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
❀ સમયસાર તો ભરતક્ષેત્રનો પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર શાસ્ત્ર કહેવાય.
❀ સમયસાર તો જગતના ભાગ્ય, સમયસારરૂપી ભેટણું જગતને આપ્યું. સ્વીકાર નાથ! હવે સ્વીકાર! ભેટ પણ દે, એ પણ સ્વીકારે નહીં?
❀ સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
❀ સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડયા છે અમૃત વહેવરાવ્યા છે.

❀ સમયસાર એકવાર સાંભળીને એમ ન માની લેવું કે આપણે સાંભળ્યું છે. એમ નથી બાપુ ! આ તો પ્ર... વચનસાર છે એટલે આત્મસાર છે વારંવાર સાંભળવું.

❀ સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.

❀ સમયસારની મૂળભૂત એક એક ગાથામાં ગજબ ગંભીરતા પાર ન પડે એવી ચીજ છે. એક એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.

❀ સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ, ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂ. ગુરુદેવશ્રીએ પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે. જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે. ધર્મનો ધોધ એવો ધર્મી છે. ધ્રુવ પ્રવાહ છે. જ્ઞાનની ધારા છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે. વાસ્તવિક વસ્તુ છે. સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ-શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય વાડો ગચ્છ નથી વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂ. ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને કયાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂ. ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક એક ગાથાના અર્થ કરતાં પૂ. ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂ. બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂ. ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂ. ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય ? પૂ. ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂ. ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો

બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂ. બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂ. ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂ. નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂ. ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ. તેઓ ફરમાવે છે કે પૂ. ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂ. ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિં તો સાધક હોય તો પણ બધી તૈયારી કરવી પડે.

"શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ" ની રચના સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણઅર્થે બેન સરોજબેન ચંદુલાલ મહેતા પરિવાર રાજકોટ દ્વારા કરવામાં આવી છે. આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય કરવામાં આવશે.

આ પરિવારને આદરણીય પૂ. શ્રી લાલચંદભાઈ મોદી-રાજકોટ દ્વારા જ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશની પ્રેરણા તથા આધ્યાત્મિક મહામંત્રોનું રસપાન થયું હોય આ પરિવાર તેમનો અત્યંત ઋણી છે. પૂ. લાલચંદભાઈ હંમેશા આ પરિવારને કહેતા કે તમો બધા પૂ. ગુરુદેવશ્રીના ભવભ્રમણનો થાક ઊતારનારા મૂળત્ત્વને સાંભળી ને સમજો. તેઓશ્રી ફરમાવતા કે તને "જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી" તેમ અમે જાણીએ છીએ, હવે તો સ્વીકાર કરી લે. આવા આવા ઘણા મહામંત્રો જેમાં બાર અંગનો સાર ભરેલો છે તેવા મહામંત્રો તથા પૂ. ભાઈશ્રીની અધ્યાત્મની સૂક્ષ્મ સિદ્ધાંતિક સચોટ શૈલીથી જ આ પરિવાર અધ્યાત્મમાં ઓતપ્રોત થયો હોય તેઓશ્રીનો અત્યંત આભારી છે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની કર્તા-કર્મ અધિકારની ૬૯ થી ૯૩ ગાથા તથા તે ઉપરના શ્લોકો ઉપર પૂ. ગુરુદેવશ્રીના ૧૯ મી વખતના સળંગ પ્રવચનો નં. ૧૪૪ થી ૧૮૭ સમયસાર સિદ્ધિ ભાગ-૪માં અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ પ્રવચનોમાંના ૧૧ હિન્દી પ્રવચનોને ગુજરાતીમાં ભાષાંતર કરી પ્રકાશિત કરવામાં આવ્યા છે. ભાષાંતર શ્રી દેવશીભાઈ ચાવડા દ્વારા થયેલ છે. તથા પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનોમાં જ્યાં જ્યાં આહાહા ! શબ્દ છે તે પેરેગ્રાફ પૂરો થયે જ લેવામાં આવેલ છે. પૂ. ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે. અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ કોઈવાર બે વર્ષ કોઈવાર અઢી વર્ષ તેમ ૧૯ વખત ૪૫ વર્ષમાં જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂ. ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ જેમ જ્ઞાનીની જ્ઞાન સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ તેમ

એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા નવા ભાવો આવે છે. તેથી જ ૧૮ મી વારના પ્રવચનો પ્રકાશિત થયા હોવા છતાં આ અંતિમ પ્રવચનો પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે. ટોટલ ૪૮૭ પ્રવચનો ૧ થી ૧૧ ભાગમાં ક્રમબદ્ધ શૃંખલારૂપે પ્રકાશિત થશે.

પૂ. ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂ. ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઊતરાવવાનું કાર્ય તથા તેને ચેક કરવાનું કાર્ય આત્માર્થી ભાઈશ્રી ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી–સુરેન્દ્રનગર દ્વારા થયેલ છે. ભાષા તથા વ્યાકરણ શુદ્ધિ શ્રી દેવશીભાઈ ચાવડા–રાજકોટ દ્વારા થયેલ છે ત્યારબાદ સમગ્ર પ્રવચનો ફરીથી સી. ડી. ઉપરથી સાંભળી ચેક કરી સંપૂર્ણ પ્રૂફરીડિંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા–રાજકોટ દ્વારા પૂર્ણ થયેલ છે. તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

"સમયસાર સિદ્ધિ" ભાગ–૪ના પ્રવચનોનું સમગ્ર કૉમ્પ્યુટરાઈઝડ ટાઈપસેટિંગનું કાર્ય શ્રી નિલેશભાઈ તથા શ્રી દેવાંગભાઈ વારીયા–રાજકોટ દ્વારા તથા પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું સંપૂર્ણ કાર્ય શાર્પ ઓફસેટવાળા શ્રી ધર્મેશભાઈ શાહ–રાજકોટ દ્વારા તથા કલર પેઈજનું કામ ડોટ એડવાળા શ્રી કમલેશભાઈ સોમપુરા–રાજકોટ દ્વારા થયું હોય સંસ્થા તેમનો આભાર માને છે.

પૂ. ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિ અપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના ખૂબ જ સરળ ભાષામાં આચાર્યોના ગૂઢભાવોને રજૂ કરી મુમુક્ષુ જગત ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. "ભગવાન આત્મા" કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂ. ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

સમયસાર સિદ્ધિ ભાગ–૪ માટે એક મુમુક્ષુ ભાઈ તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

ટ્રસ્ટી
શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
રાજકોટ

# : અનુક્રમણિકા :



| ગાથા/કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| શ્લોક-૪૬ | - | - | ૧ |
| | ૧૪૪ | ૨૪/૧૧/૭૮ | ૨ |
| ગાથા - ૬૯/૭૦ | - | - | ૮ |
| | ૧૪૪ | ૨૪/૧૧/૭૮ | ૧૦ |
| | ૧૪૫ | ૨૫/૧૧/૭૮ | ૧૩ |
| | ૧૪૬ | ૨૬/૧૧/૭૮ | ૨૨ |
| | ૧૪૭ | ૨૭/૧૧/૭૮ | ૩૧ |
| ગાથા - ૭૧ | - | - | ૩૫ |
| | ૧૪૭ | ૨૭/૧૧/૭૮ | ૩૬ |
| | ૧૪૮ | ૨૮/૧૧/૭૮ | ૪૧ |
| | ૧૪૯ | ૨૯/૧૧/૭૮ | ૫૧ |
| ગાથા - ૭૨ | - | - | ૫૫ |
| | ૧૪૯ | ૨૯/૧૧/૭૮ | ૫૭ |
| | ૧૫૦ | ૩૦/૧૧/૭૮ | ૬૩ |
| | ૧૫૧ | ૦૨/૧૨/૭૮ | ૭૧ |
| | ૧૫૨ | ૦૩/૧૨/૭૮ | ૮૦ |
| | ૧૫૩ | ૨૭/૧૨/૭૮ | ૯૦ |
| | ૧૫૪ | ૨૮/૧૨/૭૮ | ૯૮ |
| શ્લોક - ૪૭ | - | - | ૧૦૯ |
| | ૧૫૫ | ૩૦/૧૨/૭૮ | ૧૦૯ |
| ગાથા - ૭૩ | - | - | ૧૧૬ |
| | ૧૫૫ | ૩૦/૧૨/૭૮ | ૧૧૭ |
| | ૧૫૬ | ૩૧/૧૨/૭૮ | ૧૨૦ |
| ગાથા - ૭૪ | - | - | ૧૩૦ |
| | ૧૫૭ | ૧૦/૦૧/૭૯ | ૧૩૨ |
| | ૧૫૮ | ૦૨/૦૧/૭૯ | ૧૪૧ |
| | ૧૫૯ | ૦૩/૦૧/૭૯ | ૧૪૯ |

| ગાથા/કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| શ્લોક - ૪૮ | - | - | ૧૫૧ |
| | ૧૫૯ | ૦૩/૦૧/૭૯ | ૧૫૧ |
| ગાથા - ૭૫ | - | - | ૧૫૪ |
| | ૧૫૯ | ૦૩/૦૧/૭૯ | ૧૫૫ |
| | ૧૬૦ | ૦૪/૦૧/૭૯ | ૧૬૦ |
| | ૧૬૧ | ૦૫/૦૧/૭૯ | ૧૭૦ |
| | ૧૬૨ | ૦૭/૦૧/૭૯ | ૧૮૦ |
| | ૧૬૩ | ૦૮/૦૧/૭૯ | ૧૯૦ |
| શ્લોક - ૪૯ | - | - | ૧૯૪ |
| | ૧૬૩ | ૦૮/૦૧/૭૯ | ૧૯૪ |
| ગાથા - ૭૬ | - | - | ૨૦૨ |
| | ૧૬૪ | ૦૯/૦૧/૭૯ | ૨૦૩ |
| | ૧૬૫ | ૧૦/૦૧/૭૯ | ૨૧૩ |
| ગાથા - ૭૭ | - | - | ૨૨૦ |
| | ૧૬૫ | ૧૦/૦૧/૭૯ | ૨૨૧ |
| | ૧૬૬ | ૧૧/૦૧/૭૯ | ૨૨૫ |
| ગાથા - ૭૮ | - | - | ૨૨૯ |
| | ૧૬૬ | ૧૧/૦૧/૭૯ | ૨૩૦ |
| ગાથા - ૭૯ | - | - | ૨૩૮ |
| | ૧૬૭ | ૧૨/૦૧/૭૯ | ૨૩૯ |
| | ૧૬૮ | ૧૪/૦૧/૭૯ | ૨૫૦ |
| શ્લોક - ૫૦ | - | - | ૨૬૦ |
| | ૧૬૯ | ૧૫/૦૧/૭૯ | ૨૬૧ |
| | ૧૭૦ | ૧૬/૦૧/૭૯ | ૨૭૧ |
| ગાથા - ૮૦ | - | - | ૨૭૩ |
| થી ૮૨ | ૧૭૦ | ૧૬/૦૧/૭૯ | ૨૭૪ |
| ગાથા - ૮૩ | - | - | ૨૮૫ |
| | ૧૭૧ | ૧૭/૦૧/૭૯ | ૨૮૬ |

| ગાથા/કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| | ૧૭૨ | ૧૮/૦૧/૭૯ | ૨૯૭ |
| ગાથા - ૮૪ | - | - | ૨૯૯ |
| | ૧૭૨ | ૧૮/૦૧/૭૯ | ૩૦૦ |
| | ૧૭૩ | ૧૯/૦૧/૭૯ | ૩૧૦ |
| ગાથા - ૮૫ | - | - | ૩૧૨ |
| | ૧૭૩ | ૧૯/૦૧/૭૯ | ૩૧૩ |
| ગાથા - ૮૬ | - | - | ૩૨૨ |
| | ૧૭૩ | ૧૯/૦૧/૭૯ | ૩૨૩ |
| | ૧૭૪ | ૨૧/૦૧/૭૯ | ૩૨૪ |
| | ૧૭૫ | ૨૨/૦૧/૭૯ | ૩૩૫ |
| શ્લોક - ૫૧ | - | - | ૩૩૭ |
| | ૧૭૫ | ૨૨/૦૧/૭૯ | ૩૩૭ |
| શ્લોક - ૫૨ | - | - | ૩૪૨ |
| | ૧૭૫ | ૨૨/૦૧/૭૯ | ૩૪૨ |
| શ્લોક - ૫૩ | - | - | ૩૪૮ |
| | ૧૭૫ | ૨૨/૦૧/૭૯ | ૩૪૯ |
| | ૧૭૬ | ૨૩/૦૧/૭૯ | ૩૪૯ |
| શ્લોક - ૫૪ | - | - | ૩૫૮ |
| | ૧૭૬ | ૨૩/૦૧/૭૯ | ૩૫૮ |
| શ્લોક - ૫૫ | - | - | ૩૫૯ |
| | ૧૭૬ | ૨૩/૦૧/૭૯ | ૩૬૦ |
| | ૧૭૭ | ૨૪/૦૧/૭૯ | ૩૬૨ |
| શ્લોક - ૫૬ | - | - | ૩૬૭ |
| | ૧૭૭ | ૨૪/૦૧/૭૯ | ૩૬૭ |
| ગાથા - ૮૭ | - | - | ૩૬૯ |
| | ૧૭૭ | ૨૪/૦૧/૭૯ | ૩૭૦ |
| ગાથા - ૮૮ | - | - | ૩૭૪ |
| | ૧૭૮ | ૨૫/૦૧/૭૯ | ૩૭૪ |

| ગાથા/કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ગાથા - ૮૯ | - | - | ૩૮૪ |
| | ૧૭૮ | ૨૫/૦૧/૭૯ | ૩૮૫ |
| | ૧૭૯ | ૨૬/૦૧/૭૯ | ૩૮૮ |
| ગાથા - ૯૦ | - | - | ૪૦૧ |
| | ૧૮૦ | ૨૮/૦૧/૭૯ | ૪૦૨ |
| ગાથા - ૯૧ | - | - | ૪૧૩ |
| | ૧૮૧ | ૨૯/૦૧/૭૯ | ૪૧૪ |
| | ૧૮૨ | ૩૦/૦૧/૭૯ | ૪૨૭ |
| ગાથા - ૯૨ | - | - | ૪૩૫ |
| | ૧૮૨ | ૩૦/૦૧/૭૯ | ૪૩૬ |
| | ૧૮૩ | ૩૧/૦૧/૭૯ | ૪૪૦ |
| | ૧૮૪ | ૦૧/૦૨/૭૯ | ૪૫૧ |
| ગાથા - ૯૩ | - | - | ૪૬૩ |
| | ૧૮૫ | ૦૨/૦૨/૭૯ | ૪૬૪ |
| | ૧૮૬ | ૦૪/૦૨/૭૯ | ૪૭૫ |
| | ૧૮૭ | ૦૫/૦૨/૭૯ | ૪૮૪ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરિણી)**

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રિડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.




ભગવાન કુંદકુંદાચાર્યદેવ વનમાં તાડપત્ર ઉંપર શાસ્ત્ર લખે છે



# શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુકહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુના.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત્ સત્ જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંત તિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું-મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

ॐ

परमात्मने नमः।

श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेवप्रणीत

# શ્રી સમયસાર

## - ૨ -
## કર્તા–કર્મ અધિકાર

### શ્લોક - ૪૬

अथ जीवाजीवावेव कर्तृकर्मवेषेण प्रविशतः।

( मन्दाक्रान्ता )

एकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी
इत्याज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम्।
ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यन्तधीरं
साक्षात्कुर्वन्निरुपधिपृथग्द्रव्यनिर्भासि विश्वम्।।४६।।

કર્તાકર્મવિભાવને, મેટી જ્ઞાનમય હોય,
કર્મ નાશી શિવમાં વસે, નમું તેહ, મદ ખોય.

પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે જીવ-અજીવ જ એક કર્તાકર્મના વેશે પ્રવેશ કરે છે.' જેમ બે પુરુષો માંહોમાહે કોઈ એક સ્વાંગ કરી નૃત્યના અખાડામાં પ્રવેશ કરે તેમ જીવ-અજીવ બન્ને એક કર્તાકર્મનો સ્વાંગ કરી પ્રવેશ કરે છે એમ અહીં ટીકાકારે અલંકાર કર્યો છે.

હવે પ્રથમ, તે સ્વાંગને જ્ઞાન યથાર્થ જાણી લે છે તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- '[ इह ] આ લોકમાં [ अहम् चिद् ] હું ચૈતન્યસ્વરૂપ આત્મા તો [ एकः कर्ता ] એક કર્તા છું અને [ अमी कोपादयः ] આ ક્રોધાદિ ભાવો [ मे कर्म ] મારાં કર્મ છે' [ इति अज्ञानां कर्तृकर्मप्रवृत्तिम् ] એવી અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે તેને [ अभितः शमयत् ] બધી તરફથી શમાવતી (-મટાડતી) [ ज्ञानज्योतिः ] જ્ઞાનજ્યોતિ [ स्फुरति ]

**સ્ફુરાયમાન થાય છે. કેવી છે તે જ્ઞાનજ્યોતિ ? [ परम-उदात्तम् ] જે પરમ ઉદાત્ત છે અર્થાત્ કોઈને આધીન નથી, [ अत्यन्तधीरं ] જે અત્યંત ધીર છે અર્થાત્ કોઈ પ્રકારે આકુળતારૂપ નથી અને [ निरुपधि-पृथग्द्रव्य-निर्भासि ] પરની સહાય વિના જુદાં જુદાં દ્રવ્યોને પ્રકાશવાનો જેનો સ્વભાવ હોવાથી [ विश्वम् साक्षात् कुर्वत् ] જે સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે-પ્રત્યક્ષ જાણે છે.**

**ભાવાર્થઃ- આવો જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, પરદ્રવ્ય તથા પરભાવોના કર્તાપણારૂપ અજ્ઞાનને દૂર કરીને, પોતે પ્રગટ પ્રકાશમાન થાય છે. ૪૬.**

## પ્રવચન નં. ૧૪૪ શ્લોક-૪૬ તા. ૨૪/૧૧/૭૮ શુક્રવાર કારતક વદ-૯

શ્રી સમયસાર, છેલ્લા બોલ છે. હિન્દી થોડુંક ચાલશે.

જીવ-અજીવ અનાદિ સંયોગ મિલૈ લખિ મૂંઢ ન આતમ પાવૈં,
સમ્યક્ ભેદ-વિજ્ઞાન ભયે બુધ ભિન્ન ગહે નિજભાવ સુદાવૈં,
શ્રી ગુરુકે ઉપદેશ સૂનૈરુ ભલે દિન પાય અજ્ઞાન ગમાવૈં,
તે જગમાંહિ મહંત કહાય વસૈં શિવ જાય સુખી નિત થાવૈં,

જીવ-અજીવ અધિકાર પૂરો કર્યો છે. જીવ-અજીવ અનાદિ સંયોગ. ભગવાન પરમ જ્ઞાયકભાવ, એવો જે પારિણામિક સ્વભાવભાવ-એની સાથે અજીવનો-નિમિત્તનો સંયોગ છે. અનાદિ સંયોગ મિલૈ, એને લખી જાણીને, રાગ-દ્વેષ ભેદ આદિનો સંયોગ લખીને 'મૂંઢ ન આતમ પાવૈ' બે સંયોગને દેખે પણ જુદું દેખતો ( નથી ), મૂંઢ ન આતમ, આતમ પરમ-સ્વભાવભાવ પારિણામિકભાવ, દ્રવ્યભાવ, સ્વભાવભાવ એને એ ન જાણી શકે, કર્મ ને રાગ ને ભેદ ને એ સંયોગી ચીજ છે. આહાહા ! એ અજીવનો સંયોગ છે એ, એને જોતાં ભિન્ન આત્મા ભગવાન શુદ્ધ ચૈતન્ય એને એ જોતો નથી. સમ્યક્ ભેદ વિજ્ઞાન ભયે, સમ્યક્ ભેદવિજ્ઞાન રાગ, દયા, દાનના રાગ, કર્મ, અને ભેદ એનાથી સમ્યક્ ભેદવિજ્ઞાન-ભયે, સમ્યક્ એટલે સત્ય ભેદવિજ્ઞાન, ખ્યાલમાં આવે કે આ રાગ છે એમ નહીં. આહાહા..... ! અંતરના જ્ઞાયકભાવને પકડી અને પરથી ભેદજ્ઞાન કરે તો બુધ ભિન્ન ગહે. તો જ્ઞાની આત્માને જુદો ગહે, આહાહા ! સમ્યક્ ભેદવિજ્ઞાન ભયે બુધ, ધર્મી જ્ઞાની ભિન્ન ગહે નિજભાવ-નિજભાવ, પરમ સ્વભાવભાવ તેને પોતાના સુદાવૈ-દાવ પેચથી નિજને પકડે. 'શ્રી ગુરુ કે ઉપદેશ સૂનૈ' શ્રી ગુરુનો આ ઉપદેશ છે એમ કહેવું છે, એને ભેદ પાડીને સ્વભાવને પકડવો એ ઉપદેશ છે. સૌ ભલે દિન પાય એવો સ્વકાળને પ્રાપ્ત કરતાં સૌ ભલે દિન પાય. અહો ! અજ્ઞાન ગમાવૈ, તે જગમાહિં મહંત કહાય. તે જગતમાં મહાત્મા અથવા મહંત કહેવામાં આવે છે. વસૈ શિવ જાય શિવમાં જાય મોક્ષમાર્ગમાં 'સુખી નિત થાવૈ' મોક્ષ થઈને સુખી નિત થાય. આ જીવ અધિકાર પૂરો થયો.

આ સમયસારની શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર પરમાગમની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત આત્મખ્યાતિ નામની ટીકા જીવ અજીવનો પ્રરૂપક પહેલો અંક

સમાપ્ત થયો. પહેલો ભાગ થયો જીવ અજીવ અધિકારનો. એકમાં જીવ છે ને એકમાં અજીવ છે બેને ભેગો કરીને ( હવે બીજો કર્તા-કર્મ )

કર્તા-કર્મ વિભાવને, મેટી જ્ઞાનમય હોય,
કર્મ નાશી શિવમાં વસે, નમું તેહ, મદ ખોય.

આત્મા કર્તા અને વિકારી પરિણામ અથવા દ્રવ્યકર્મ, ભાવકર્મ ને દ્રવ્યકર્મ એ એનું કાર્ય એ મેટી. ભાવકર્મ ને દ્રવ્યકર્મ મારું કાર્ય ને હું કર્તા એ મિથ્યાત્વભાવ છે. આહાહા ! મેટી જ્ઞાનમય હોય, જ્ઞાનસ્વરૂપમય તદ્‌રૂપે અભેદ જ્ઞાનને જ અનુભવે, કર્મ નાશી શિવમાં વસે, એ કર્મનો નાશ કરી મોક્ષ નામ નિરુપદ્રવ કલ્યાણ પરિણતિ પુરી તેમાં વસે, "નમું તેહ મદ ખોય" -એવા પરમાત્માને અભિમાન છોડીને, મદ ખોય-નિર્માનપણે એમ કહે છે. પરમાત્માને છોડીને, હું એવા ભગવંતને જેણે આત્મા જ્ઞાનમય પ્રાપ્ત કર્યો, કર્મનો નાશ કર્યો એવા ભગવાનને નમન કરું છું નિર્માનપણે, ગર્વ છોડીને, એટલે માન છોડીને, એ ટીકા ( ગુજરાતી ) આ હિન્દી કરનાર એમની આ ટીકા માંગલિક છે.

પ્રથમ ટીકાકાર કહે છે જીવ-અજીવ એક કર્તા કર્મના વેશે. જીવ ને અજીવ જાણે કર્તા આત્મા અને કર્મ રાગાદિ કર્મઆદિ એનો એક ભેખ લઈને રંગભૂમિમાં આવે છે, પ્રવેશ કરે છે, જેમ બે પુરુષો માંહો માંહે કોઈ એક જ સ્વાંગ કરી નૃત્યના અખાડામાં પ્રવેશ કરે, તેમ જીવ-અજીવ બન્ને એક કર્તાકર્મનો સ્વાંગ કરી, આત્મા કર્તા અને રાગ આદિ અજીવ કે કર્મ-જડ એનો સ્વાંગ કરી પ્રવેશ કરે છે. કર્તાકર્મનો સ્વાંગ કરી પ્રવેશ કરે છે એમ અહીં ટીકાકારે અલંકાર કર્યો છે.

હવે એ સ્વાંગને જ્ઞાન યથાર્થ જાણી લે છે. જ્ઞાનના મહિમાનું વર્ણન કાવ્ય કહે છેઃ-

एक: कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी
इत्यज्ञानां शमयदभित: कर्तृकर्मप्रवृत्तिम्।
ज्ञानज्योति स्फुरति परमोदात्तमत्यन्तधीरं
साक्षात्कुर्वन्निरुपधिपृथग्द्रव्यनिर्भासि विश्वम्।।४६।।

આ લોકમાં હું ચૈતન્ય સ્વરૂપ આત્મા તો એક કર્તા છું અને આ ક્રોધાદિ ભાવો મારું કામ છે એમ અજ્ઞાની અનાદિથી માને છે. આહાહા ! ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન-સ્વરૂપ એનું કર્મ તો જ્ઞાન ને આનંદ એ કર્મ છે. જ્ઞાન-આનંદ એનું કર્મ એને છોડીને હું કર્તા અને એ રાગાદિ પુણ્ય-પાપના ભાવ ને જડ કર્મ એ મારું કાર્ય એ અજ્ઞાન છે. ક્રોધાદિ ભાવો તે મારાં કર્મ છે, "ઈતિ અજ્ઞાનાં કર્તૃકર્મપ્રવૃત્તિમ્ કરોતિ" એમ અજ્ઞાનીની કર્તાકર્મની પ્રવૃત્તિ. હું એક આત્મા એક એમ લીધું છે ને ? આત્મા તો એક કર્તા, હું એકલો કર્તા. રાગનો, કર્મનો હું એકલો કર્તા, એકલો બીજો એનો કર્તા ને હું કર્તા નહીં એમ નહીં, હું એક જ કર્તા. આહાહા ! શું કહ્યું ઈ ? હું આત્મા, ક્રોધ શબ્દે વિકાર, વિકારી ભાવનો હું એકલો કર્તા છું. વિકારી ભાવ વિકારથી થયો છે ને હું કર્તા નથી એમ નહીં, એમ અજ્ઞાની માને છે. આહાહાહા ! આમાં એકલો વિકાર લીધો છે, અર્થમાં દ્રવ્યકર્મ બેય લીધા છે. ઓલાએ તો એકલું જડ લીધું છે, કળશ ટીકાકારે કર્મ જડ લીધું છે, આંહીં

વિકાર લીધો છે, પરમ અધ્યાત્મ તરંગિણીમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ બેય લીધાં છે પણ એ તો એક છે ત્યાં બીજું હોય છે.

એટલે એ શું કહે છે ? કે હું એક આત્મા, એક રાગાદિનો હું એક કર્તા છું. રાગાદિનો કર્તા પર ને હું કર્તા નહીં એમ નહીં. આહાહા ! રાગ, દયા, દાન, પુણ્ય-પાપના ભાવ એનો હું એક કર્તા, હું મારાં જ્ઞાનનો કર્તા ને એનો કર્તા પર એમ નહીં, એમ અજ્ઞાની માને છે. આવી વાત છે બહુ ઝીણી ! શબ્દ આમ છે ને ? "એક કર્તા" એ શબ્દ પડયો છે ને ? એનો અર્થ ? કે રાગ, પુણ્ય-પાપ એ બીજી ચીજ છે અને હું આત્મા બીજી ચીજ છું એમ ન માનતાં, હું એક આત્મા જ વિકારનો કર્તા છું. વિકારનો કર્તા પર ને હું અકર્તા એમ નહીં. હું એકલો વિકારનો કર્તા છું. વિકારનો કર્તા પર ને હું એનો જાણનાર-દેખનાર એમ ન માનતાં, આવી વાત છે, હું એક ચૈતન્યમૂર્તિ ભગવાન ! એને ઈ ખબર નથી પણ હું એક આ વિકારનો, હું એક આનો કર્તા, હું એક જડ કર્મનો કર્તા, જડ કર્મનો કર્તા કર્મ અને હું કર્તા નહીં એમ નહીં. સમજાણું કાંઈ ? આવી વાતું ઝીણી છે. આહાહાહા !

આમ સંયોગે છે ભેદ રાગાદિ સંયોગે તો છે તેથી સંયોગનો હું એકલો કર્તા છું, સંયોગી ચીજોનો સંયોગ કર્તા ને હું કર્તા નહિ એમ નહીં, એમ અજ્ઞાની માને છે. આહાહા ! આ લોકમાં હું ચૈતન્ય સ્વરૂપ આત્મા,'અહમ્ ચિદ્' છે ને ? 'અહમ્ ચિદ્' તો એક કર્તા હું, કોનો ? પુણ્ય ને પાપ ક્રોધાદિ, આંહી ક્રોધ કેમ લીધો ? કે સ્વભાવની રુચિ નહીં અને વિકારની રુચિ છે એને સ્વભાવ પ્રત્યે ક્રોધ થયો છે, આવું છે. અને ઉત્તમ ક્ષમાઆદિથી વિરુદ્ધ એ ક્રોધ છે ને ? એવા ક્રોધ આદિ માન, માયા, લોભ, એનો હું એકલો કર્તા છું. એમ અજ્ઞાની માને છે. હું એનો જાણનારો-જાણવાનું મારું કર્મ, કાર્ય અને એ રાગનું કાર્ય પરનું એમ એ માનતો નથી. આવી વાત છે. હું ચૈતન્યસ્વરૂપ આત્મા ચિદ્ છે ને ચિદ્, હું ચિદ્ સ્વરૂપ આત્મા એક જ કર્તા છું, વિકારનો, જડનો, કર્મનો હું એક કર્તા છું અને આ ક્રોધાદિભાવો મારાં કાર્ય છે. એ ક્રોધાદિભાવ એ જડ કર્તા ને તેનું કાર્ય એમ ન માનતાં, હું એક જ એનો કર્તા છું બે નહીં વચ્ચે. આવું જે અજ્ઞાન એ પરનો કર્તા માને છે. આહા !

"અમી" અમી એટલે આ. 'આ' વિદ્યમાન છે ક્રોધાદિ એમ કહે છે, છેને ? ઓલો 'અહમ્' આ 'અમી' આ. હું ચૈતન્ય આત્મા 'અમી' આ. વિકારીભાવ ક્રોધ, માન આદિ મારાં કાર્ય છે. "ઈતિ અજ્ઞાનાં કર્તૃકર્મપ્રવૃત્તિમ્" એવી અજ્ઞાનીઓને કર્તાકર્મની પ્રવૃત્તિ છે. એ વિકાર ભાવ સંયોગી છે, એ સ્વભાવભાવ નથી, છતાં એ સ્વભાવ મારો આત્મા એ વિકારીભાવનો હું એકલો કર્તા છું. વિકારીભાવ એ મારું કાર્ય છે, એમ અજ્ઞાની માને છે. ખરેખર તો વિકારીભાવ તેનું જાણવું એ મારું કાર્ય છે. આવી વાત છે. ભગવાન આત્માનું કાર્ય તો જાણવું-દેખવું એ એનું કાર્ય છે અને રાગાદિ કાર્ય તો એ કર્મનું કાર્ય છે પરનું અજીવનું, એમ ન માનતાં હું એક જ એનો કર્તા છું, બે નહિ. ( એમ અજ્ઞાની માને છે ) આહાહા ! આવું ઝીણું છે.

એવી કર્તાકર્મની પ્રવૃત્તિ પરિણામમાં તેને હવે બસ ત્યાં રહી ગયું. "અભિતઃ શમયત્" બધી તરફથી શમાવતી ( મટાડતી ) જ્ઞાનજ્યોતિ. હું તો જ્ઞાનજ્યોતિ સ્વરૂપ છું. મારું કાર્ય વિકાર એ મારું કાર્ય જ નહિ. મારું કાર્ય તો વિકારને અડયા વિના જાણવું દેખવું મારું એવું એ કાર્ય મારું

છે. વિકારના પરિણામને અડયા વિના, સ્પર્શ્યા વિના અને એની હૈયાતી છે માટે જાણવાના પરિણામ અહીંયા થયા એમેય નહિ, મારાં જાણવાના પરિણામ એ મારાથી, સ્વ અને પરને જાણવાના પરિણામ એ મારું કાર્ય છે અને હું એનો કર્તા છું. આવી વાતું છે. આહાહા! સમયસાર!

તેને “અભિતઃ” ચારે બાજુથી શમાવતી, કોઈ પડખે પણ જ્ઞાતા રાગનો કર્તા એમ વ્યવહારથી નહીં અને નિશ્ચયથી નહીં એમ. નિશ્ચયથી નહિ પણ વ્યવહારથી તો ખરો કે નહીં કહે? કહે ના, બધી રીતે પરથી છૂટો પડી ગયો છે. બધી તરફથી શમાવતી જ્ઞાનજ્યોતિ, ચૈતન્યજ્યોતિ ઝળહળ પ્રભુ. એવા ચૈતન્યજ્યોતિના અસ્તિત્વને દૃષ્ટિમાં લેતાં, એ દૃષ્ટિ રાગના કર્તાકર્મપણે હતી, એ દૃષ્ટિને ત્રિકાળી જ્ઞાયક ઉપર સ્થાપતાં, એ જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે. કર્તા કર્મમાં વિકાર સ્ફુરાયમાન હતો. અજ્ઞાનીને કર્તાકર્મમાં વિકાર પ્રગટ સ્ફુરાયમાન એ છે મારું કાર્ય. એ જ્ઞાનજ્યોતિ થતાં, ચૈતન્યજ્યોતિની અંતરદૃષ્ટિ થતાં એ જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે, તે તેનું કાર્ય છે, એમ કહે છે. સમજાણું? આહાહા! આવું ઝીણું છે. આહાહા! પ્રભુનો મારગ છે શૂરાનો એ કાયરના ત્યાં કામ નથી. આહા!

શું કહ્યું એ? એમ કહેતો કે હું એક વિકારનો એકલો કર્તા છું, એ અજ્ઞાન હતું. એ અજ્ઞાનને ચારેકોરથી શમાવતાં એ નિશ્ચયથીયે નહીં ને વ્યવહારથીયે નહીં. હું તો જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન તે રાગને જાણતું જ્ઞાન, પોતાને જાણતું ને રાગને જાણતું એ વ્યવહારથી, એવું જ્ઞાન સ્ફુરાયમાન થાય છે. એ જ્ઞાનના પરિણામ તે મારું કાર્ય અને હું કર્તા, આવી વાત છે. અરેરે! એણે સંસારના ઉદ્ધારનો મારગ આ છે. આહા!

સ્ફુરાયમાન થાય છે. એટલે શું કહે છે? શક્તિરૂપે તો હતું, ઓલાયે એમ લખ્યું છે કે પારિણામિક શક્તિ તો હતી, કેવળજ્ઞાન થાય ત્યારે એ વ્યક્તરૂપે થાય છે એમ લખ્યું છે ઓલા સાગરે, જ્ઞાનસાગરે અરે ભાઈ! અહીંયા તો જ્ઞાન સ્વભાવ, સ્વભાવ એનું સત્ત્વ ત્રિકાળી શું હતું એને એના ઉપર ભેદજ્ઞાનથી દૃષ્ટિ પડતાં એ જ્ઞાનના પારિણામિક ભાવ છે એની પર્યાયમાં વ્યક્તતા પ્રગટ થાય છે. એ પારિણામિક ભાવ જે શક્તિરૂપ હતો જ્ઞાનરૂપ, વસ્તુરૂપ એને રાગથી ભિન્ન પાડતાં એ જ્ઞાનજ્યોતિ શક્તિમાંથી વ્યક્તતાની સ્ફૂરાયમાન થઈ, આંહીં સ્ફુરાયમાન કહ્યું ને? આહાહાહા! ઓહોહો!

સંતો તારી વાત ક્યાંય મળે એવી નથી પ્રભુ અને મીઠી મધુરી સીધી વાત. આહાહા! એમ કે વ્યવહાર રત્નત્રયનો વ્યવહારે તો કર્તા છું ને? નિશ્ચયથી નહિ, એમ નહિં, બધી રીતે કહે છે. આમ જ્ઞાનજ્યોતિ ચૈતન્યસ્વરૂપ વસ્તુ જે ત્રિકાળ તેને રાગથી ભિન્ન પાડતાં જ્યાં ભાન થયું ત્યાં જ્ઞાન શક્તિરૂપે જે સ્વભાવ હતો તેની વ્યક્તિરૂપે પર્યાય પ્રગટ થઈ, એ મારું કાર્ય ને હું એનો કર્તા એ તો એક ભેદથી એ સમજાવવું છે. આહાહાહા! સમજાણું કાંઈ? આહાહાહા!

આવી ચીજ અમૃત ભર્યા છે, અમૃતચંદ્રાચાર્યે પંચમઆરામાં, પંચમઆરાના સાધુ છે. આહાહા! આત્માને ક્યાં આરો છે? આહાહા! એનો ક્યાં છેડો છે આરો છે એટલે? આહાહાહા!

પરમસ્વભાવભાવ ભગવાન આત્મા, રાગાદિને શમાવતી એ મારું કાર્ય નહીં. અને મારું કાર્ય તો સ્ફુરાયમાન ચૈતન્યની શક્તિમાંથી પ્રગટ અવસ્થા, જે રાગને જાણનારી ને પોતાને જાણે

એ મારું કાર્ય છે. આહાહાહા ! ઓહોહો !

કેવી છે જ્ઞાનજ્યોતિ ? પરમ ઉદાત્ત. પરમ આ તો ઉદાત્ત, કોઈને આધીન નથી. આહાહા ! ઓહોહો ! એ રાગને આધીન નથી, એ રાગને આધીન હતી તે છુટયું એમેય નથી કહે છે. એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન, છે એવી પર્યાયમાં પરમ ઉદાત્ત પ્રગટ થઈ છે, કોઈને આધીન નથી. અત્યંત ધીર છે. કોઈ પ્રકારે આકુળતારૂપ નથી. ઓલામાં અર્થ એ કર્યો છે ધીર, ધીર છે, શાશ્વત છે ત્રિકાળી. ભાન આવ્યું ત્રિકાળીનું એમ એ ત્રિકાળી જ્યોતિ, શાશ્વત છે, શાશ્વત છે. ધીર, ધીર, ધીર અત્યંત ધીર છે અને "નિરૂપધિ-પૃથગ્દ્રવ્ય-નિર્ભાસિ" પરની સહાય વિના, રાગાદિ મંદતાની સહાય વિના, દેવગુરુની શાસ્ત્રની સહાય વિના, આવી વાતું છે! અમૃતના ખજાના ખોલી મુકયા છે. આહાહા !

ભગવાન આત્મા અમૃતના સ્વભાવથી ભરેલો પ્રભુ ! એ અત્યંત ઉદાર છે, ઉદાત્ત આધીન નથી-આકુળતા નથી. આહાહાહા ! "નિરૂપધિ-પૃથગ્દ્રવ્ય-નિર્ભાસિ" પરની સહાય વિના, નિરૂપધિનો અર્થ કર્યો, ઉપધિ નથી એટલે પરની સહાય નથી, પૃથ્થક જુદા જુદા દ્રવ્ય નિર્ભાસિ, જાુદાં જાુદાં દ્રવ્યોને પ્રકાશવાનો જેનો સ્વભાવ. આત્મદ્રવ્ય અને રાગાદિ પરદ્રવ્ય, એને જાુદાં જાુદાં પ્રકાશવાનો જેનો સ્વભાવ. આહાહાહા ! વાહ ! પ્રભુ તું કેમ છો કે, તારો સ્વભાવ, તારું સ્વદ્રવ્ય અને આ રાગાદિ પરદ્રવ્ય એને ભિન્ન ભિન્ન પ્રકાશવાનો પ્રભુ તારો સ્વભાવ છે. આહાહા ! પરની સહાય વિના જાુદા જાુદા દ્રવ્યોને પ્રકાશવાનો, કર્મ દ્રવ્ય પર છે, રાગ પર છે, ભગવાન જ્ઞાયકસ્વરૂપ સ્વ છે, એમ જાુદાં જાુદાં દ્રવ્યોને અહીંયા તો બે દ્રવ્ય લીધા. રાગ, પુણ્ય-પાપના ભાવકર્મ એ બધું પરદ્રવ્ય છે, પરદ્રવ્ય. જાુદાં જાુદાં દ્રવ્યોને પરની સહાય વિના પ્રકાશવાનો જેનો સ્વભાવ હોવાથી. આહાહાહા !

"વિશ્વમ્ સાક્ષાત્ કુર્વત્" જે સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે. શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ સાક્ષાત્ કરે છે અને પૂર્ણ જ્ઞાનમાં એ થાય છે ત્યારે પ્રત્યક્ષ સાક્ષાત્ થાય છે. આહાહા ! શ્રુતજ્ઞાનમાં પર્યાયમાં રાગને પરદ્રવ્ય તરીકે જાુદાં રાખતાં, સ્વદ્રવ્યને પોતાના સ્વભાવમાં સ્થાપતાં, આહાહાહા ! અરેરે ! વિશ્વને સાક્ષાત્ કુર્વત્ બધા પદાર્થને તે પર્યાય જાણવામાં તાકાતવાળી છે, નીચે પરોક્ષ છે કેવળજ્ઞાન થતાં પ્રત્યક્ષ છે. આહાહા !

આવો ઉપદેશ, માણસને પકડવો કઠણ લોકો( ને )બાપુ પણ સત્ય જ આ છે ભાઈ. સત્યને કોઈ કાળ નડતો નથી. એ સત્ય તો સત્ય ત્રિકાળ જેને કાળ નડતો નથી જેને સંયોગ નડતા નથી, જેને સંયોગભાવ અડતા નથી. નડતા નથી ને અડતા નથી. આહાહા ! એવો ચૈતન્ય સ્વભાવી ભગવાન સ્ફુરાયમાન વિશ્વને જાણતા વિશ્વ સ્ફુરાયમાન થાય છે, સ્વ ને પરને જાણતો સ્ફુરાયમાન થાય છે. પરનો કર્તા હતો એ સ્વપરને જાણતા સ્ફુરાયમાન થાય છે. આહાહા !

અજ્ઞાનમાં જે રાગ આદિનો કર્તા હતો - દયા, દાન, વ્રત, ભક્તિ જાત્રાનો ભાવ એ શુભ એ મારું કર્તવ્ય છે એમ માનતો એ તો અજ્ઞાન છે ભાઈ ! તને ખબર નથી એ બે દ્રવ્યનો કર્તા થયો. તારો અને એનો બે થઈને તું કર્તા થયો. આહાહાહા ! આવી વાત છે.

આમાં તો ધીરાનું કામ છે ભાઈ, એક શ્લોક તો જુઓ આ દિગંબર સંતો ! આહાહાહા !

તે હજાર વર્ષ પહેલાં થયાં છે, ભગવાન પછી તો પંદરસો વર્ષ, હેં ? છતાં, અમૃત રેડયા છે, દિગંબર સંત ! આહાહા ! એક એક અક્ષરમાં એક-એક શબ્દમાં એનું વાચ્ય અલૌકિક છે. આહાહા ! આ માંગલિક કર્યું, કર્તાકર્મ અધિકાર શરૂ કરતાં, જે અજ્ઞાનપણે રાગ ને જડ કર્મનો કર્તા માનતો હતો, માનતો હતો, એથી માને એ રીતે કાંઈ સ્વભાવમાં નહોતું, શું કીધું ઈ ? સ્વભાવમાં એ માન્યતા નહોતી, માનતો તો એ અજ્ઞાની. રાગ મારું કાર્ય છે, વ્યવહારરત્નત્રય દયા, દાન, દેવગુરુ શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ એ બધો રાગ છે, એ રાગ મારું કાર્ય છે, એમ એ ( અજ્ઞાની ) માનતો હતો, માન્યતા એ કાંઈ સ્વભાવમાં નહોતી. સ્વભાવ તો એ માન્યતાથી પર ભિન્ન છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા !

એ એક સ્વભાવનો કર્તા હતો, બે નહીં એક માનતો હતો અજ્ઞાની, એ એક મારા સ્વભાવનો કર્તા એ પરનો નહીં, એમ જ્ઞાન સ્ફુરાયમાન થયું અને સ્ફુરાયમાન થતાં વિશ્વને સાક્ષાત્ કર્યું. વિશ્વ નામ સમસ્ત પદાર્થ. પોતાને જાણ્યો, વિશ્વને પણ જાણ્યું એમ કીધું, જે વિશ્વ નામ પર કાર્ય તરીકે માનતો હતો. એ વિશ્વને જાણવા તરીકે પ્રત્યક્ષ કર્યું. આહાહા ! કહો રાજમલ્લજી ! આવી વાતું છે. આહાહા ! ઓહોહો ! આવી વાત તો અબજો રૂપિયા આપે તોય મળે એવું નથી. આ એવી ચીજ છે. આહાહા ! અત્યારે તો બહુ ગરબડી થઈ ગઈ છે બહુ ગરબડી થઈ છે પ્રભુ. આહાહા !

કુંદકુંદાચાર્યની ગાથા એનો અર્થ કરવા પહેલાં અમૃતચંદ્રાચાર્યે આ માંગલિક કર્યું. ઘણું ભર્યું એક કળશમાં ઘણું ભર્યું. એક ગાથામાં ને એક પદમાં ઘણું ભરે છે. શ્રીમદ્‌માં આવે છે ને ? જ્ઞાનીના એક વાક્યમાં અનંત આગમ રહ્યાં છે. શ્રીમદ્‌માં આવે છે, જ્ઞાનીના એક વાક્યમાં અનંત અનંત આગમ રહ્યા છે. સાચી વાત છે, એની ખીલવટ કરતાં કરતાં કર્તા તો પાર ન આવે એવા ભાવ ભર્યા છે અંદર, એક એક શ્લોકમાં ને એક એક પદમાં. આહાહા !

**ભાવાર્થઃ-** આવો જ્ઞાનસ્વરૂપ આત્મા છે, એવું જ્ઞાનસ્વરૂપ આત્મા છે. રાગનો કર્તા છે નહિ, જ્ઞાનસ્વરૂપ આત્મા છે. તે પરદ્રવ્ય તથા પરભાવોના બેય લીધું એમાં, ઓલામાં કોપાદય નાખ્યું છે ને પાછું પરદ્રવ્ય કર્મ આદિ પરભાવ-પુણ્ય-પાપના ભાવ, એ કર્તાપણાના અજ્ઞાનને દૂર કરી, કેમ કે એ તો જ્ઞાન સ્વરૂપ પ્રભુ છે, એ પરદ્રવ્ય અને રાગાદિના કર્તાપણાને દૂર કરી, પોતે પ્રગટ પ્રકાશમાન થાય છે, પર્યાયમાં પ્રકાશમાન થાય છે. શક્તિરૂપે તો હતો પણ પર્યાયમાં પ્રગટ પ્રકાશમાન થાય છે. સમ્યગ્દર્શનજ્ઞાનમાં પ્રકાશમાન થાય છે અને પૂર્ણ કેવળજ્ઞાનમાં પ્રકાશમાન થાય છે. આહાહા ! આકરું કામ બહુ બાપુ.

## ગાથા - ૬૯-૭૦

जाव ण वेदि विसेसंतरं तु आदासवाण दोण्हं पि।
अण्णाणी ताव दु सो कोहादिसु वट्टदे जीवो।।६९।।
कोहादिसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदि।
जीवस्सेवं बंधो भणिदो खलु सव्वदरिसीहिं।।७०।।

यावन्न वेत्ति विशेषान्तरं त्वात्मास्रवयोर्द्वयोरपि।
अज्ञानी तावत्स क्रोधादिषु वर्तते जीवः।।६९।।
क्रोधादिषु वर्तमानस्य तस्य कर्मणः सञ्चयो भवति।
जीवस्यैवं बन्धो भणितः खलु सर्वदर्शिभिः।।७०।।

यथायमात्मा तादात्म्यसिद्धसम्बन्धयोरात्मज्ञानयोरविशेषाद्भेदम पश्यन्नविशङ्कमात्मतया ज्ञाने वर्तते, तत्र वर्तमानश्च ज्ञानक्रियायाः स्वभावभूतत्वेना-प्रतिषिद्धत्वाज्जानाति, तथा संयोगसिद्धसम्बन्धयोरप्यात्मक्रोधाद्यास्रवयोः स्वयमज्ञानेन विशेषमजानन् यावद्भेदं न पश्यति तावदशङ्कमात्मतया क्रोधादौ वर्तते, तत्र वर्तमानश्च क्रोधादिक्रियाणां परभावभूतत्वात्प्रतिषिद्धत्वेऽपि स्वभावभूतत्वाध्यासात्क्रुध्यति रज्यते मुह्यति चेति। तदत्र योऽयमात्मा स्वयमज्ञानभवने ज्ञानभवनमात्रसहजोदासीनावस्थात्यागेन व्याप्रियमाणः प्रतिभाति स कर्ता; यत्तु ज्ञानभवनव्याप्रियमाणत्वेभ्यो भिन्नं क्रियमाणत्वेनान्तरुत्प्लवमानं प्रतिभाति क्रोधादि तत्कर्म। एवमियमनादिरज्ञानजा कर्तृकर्मप्रवृत्तिः। एवमस्यात्मनः स्वयमज्ञानात्कर्तृकर्मभावेन क्रोधादिषु वर्तमानस्य तमेव क्रोधादिवृत्तिरूपं परिणामं निमित्तमात्रीकृत्य स्वयमेव परिणममानं पौद्गलिकं कर्म सञ्चयमुपयाति। एवं जीवपुद्गलयोः परस्परावगाहलक्षणसम्बन्धात्मा बन्धः सिध्येत्। स चानेकात्मकैकसन्तानत्वेन निरस्तेतरेतराश्रयदोषः कर्तृकर्मप्रवृत्तिनिमित्तस्याज्ञानस्य निमित्तम्।

---

હવે, જ્યાં સુધી આ જીવ આસ્રવના અને આત્માના વિશેષને ( તફાવતને ) જાણે નહિ ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો, આસ્રવોમાં પોતે લીન થતો, કર્મોનો બંધ કરે છે એમ ગાથામાં કહે છેઃ-

આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,
ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.
જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,
સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦.

ગાથાર્થઃ- [ जीवः ] જીવ [ यावत् ] જ્યાં સુધી [ आत्मास्रवयोः द्वयोः अपि तु ]

આત્મા અને આસ્રવ-એ બન્નેના [ विशेषान्तरं ] તફાવત અને ભેદને [ न वेत्ति ] જાણતો નથી [ तावत् ] ત્યાં સુધી [ सः ] તે [ अज्ञानी ] અજ્ઞાની રહ્યો થકો [ क्रोधादिषु ] ક્રોધાદિક આસ્રવોમાં [ वर्तते ] પ્રવર્તે છે; [ क्रोधादिषु ] ક્રોધાદિકમાં [ वर्तमानस्य तस्य ] વર્તતા તેને [ कर्मणः ] કર્મનો [ सञ्चयः ] સંચય [ भवति ] થાય છે. [ खलु ] ખરેખર [ एवं ] આ રીતે [ जीवस्य ] જીવને [ बन्धः ] કર્મોનો બંધ [ सवदर्शिभिः ] સર્વજ્ઞદેવોએ [ भणितः ] કહ્યો છે.

**ટીકાઃ-** જેમ આ આત્મા, જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે એવાં આત્મા અને જ્ઞાનમાં વિશેષ ( તફાવત, જુદાં લક્ષણો ) નહિ હોવાથી તેમનો ભેદ ( જુદાપણું ) નહિ દેખતો થકો, નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે, અને ત્યાં ( જ્ઞાનમાં પોતાપણે ) વર્તતો તે, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી માટે, જાણે છે-જાણવારૂપ પરિણમે છે, તેવી રીતે જ્યાં સુધી આ આત્મા, જેમને સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં પણ, પોતાના અજ્ઞાનભાવને લીધે, વિશેષ નહિ જાણતો થકો તેમનો ભેદ દેખતો નથી ત્યાં સુધી નિઃશંક રીતે ક્રોધાદિમાં પોતાપણે વર્તે છે, અને ત્યાં ( ક્રોધાદિમાં પોતાપણે ) વર્તતો તે, જોકે ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત હોવાથી નિષેધવામાં આવી છે તોપણ તે સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ હોવાથી, ક્રોધરૂપ પરિણમે છે, રાગરૂપ પરિણમે છે, મોહરૂપ પરિણમે છે. હવે અહીં, જે આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે, [1]જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન ( જ્ઞાતાદ્રષ્ટામાત્ર ) અવસ્થા તેનો ત્યાગ કરીને અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે તે કર્તા છે; અને જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં, જે [2]ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે, એવાં ક્રોધાદિક તે, ( તે કર્તાનાં ) કર્મ છે. આ પ્રમાણે અનાદિ કાળની અજ્ઞાનથી થયેલી આ ( આત્માની ) કર્તાકર્મની પ્રવૃત્તિ છે. એ રીતે પોતાના અજ્ઞાનને લીધે કર્તાકર્મભાવ વડે ક્રોધાદિમાં વર્તતા આ આત્માને, તે જ ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર કરીને પોતે પોતાના ભાવથી જ પરિણમતું પૌદ્ગલિક કર્મ એકઠું થાય છે. આ રીતે જીવ અને પુદ્ગલનો, પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે. અનેકાત્મક હોવા છતાં ( અનાદિ ) એક પ્રવાહપણે હોવાથી જેમાંથી ઇતરેતરાશ્રય દોષ દૂર થયો છે એવો તે બંધ, કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન તેનું નિમિત્ત છે.

**ભાવાર્થઃ-** આ આત્મા, જેમ પોતાના જ્ઞાનસ્વભાવરૂપ પરિણમે છે તેમ જ્યાં સુધી ક્રોધાદિરૂપ પણ પરિણમે છે, જ્ઞાનમાં અને ક્રોધાદિમાં ભેદ જાણતો નથી, ત્યાં સુધી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે; ક્રોધાદિરૂપ પરિણમતો તે પોતે કર્તા છે અને ક્રોધાદિ તેનું કર્મ છે. વળી અનાદિ અજ્ઞાનથી તો કર્તાકર્મની પ્રવૃત્તિ છે, કર્તાકર્મની પ્રવૃત્તિથી બંધ છે અને તે

૧. ભવન = થવું તે; પરિણમવું તે; પરિણમન.

૨. ક્રિયમાણ = કરાતું હોય તે.

**બંધના નિમિત્તથી અજ્ઞાન છે; એ પ્રમાણે અનાદિ સંતાન ( પ્રવાહ ) છે, માટે તેમાં ઇતરેતર-આશ્રય દોષ પણ આવતો નથી.**

**આ રીતે જ્યાં સુધી આત્મા ક્રોધાદિ કર્મનો કર્તા થઈ પરિણમે છે ત્યાં સુધી કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને ત્યાં સુધી કર્મનો બંધ થાય છે.**

## પ્રવચન નં. ૧૪૪ ગાથા ૬૯-૭૦ તા. ૨૪/૧૧/૭૮

હવે જ્યાં સુધી આ જીવ આસ્રવના અને આત્માના વિશેષને જાણે નહીં. શું કહે છે ઈ ?

ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ અને પુણ્ય-પાપ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ આસ્રવ છે. આહાહાહા ! એ પરદ્રવ્ય છે, એ પરભાવ છે, એવા જીવ અને આસ્રવના ને આત્માના વિશેષને આ જીવ, આસ્રવના ને આત્માના તફાવતને ન જાણે, એ પુણ્ય ને પાપનો ભાવ તે આસ્રવ છે અને ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, એ બેના તફાવતને ન જાણે, બેની જાતની જુદી જાતને ન જાણે, ત્યાં સુધી એ અજ્ઞાની રહ્યો થકો, આસ્રવમાં પોતે લીન થતો, કેમ કે બેની જુદાઈને જાણી નહીં, એટલે બેને એક માન્યા એટલે આસ્રવમાં લીન થઈ આ રાગાદિમાં લીન થયો થકો અજ્ઞાની કર્મોનો બંધ કરે છે. આહાહા ! એમ ગાથામાં કહે છે.

जाव ण वेदि विसेसंतरं तु आदासवाण दोण्हं पि।
अण्णाणी ताव दु सो कोहादिसु वट्टदे जीवो।।६९।।
कोहादिसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदि।
जीवस्सेवं बंधो भणिदो खलु सव्वदरिसीहिं।।७०।।

બે કીધાં, જોયું ? આસ્રવ ને આત્મા બેય એક થઈ ગયા. "કમ્મસ્સ સંચઓ હોદિ" ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા, જિનેશ્વરદેવે એ અજ્ઞાનીને બંધનું કારણ છે એમ કહ્યું. આહાહા ! એની ટીકા.

જેમ આ જ આત્મા, જેમ આ આત્મા, જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે, જેને તદ્‌રૂપ સ્વભાવ સાથે આત્માને સંબંધ છે, એવા આત્મામાં અને જ્ઞાનમાં, આત્મા અને જ્ઞાન બે( યને ) તાદાત્મ્ય સંબંધ છે. અગ્નિ ને ઉષ્ણતાનો તાદાત્મ્ય સંબંધ છે, એમ ભગવાન આત્માને અને જાણક ગુણ સ્વભાવને તાદાત્મ્ય સંબંધ છે, તદ્‌રૂપ સંબંધ છે. એ આત્મા ને જ્ઞાન બેય એક જ ચીજ છે. રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પરદ્રવ્ય છે. આહાહા !

અરે આવી વાતું છે, આકરું કામ બાપુ ભાઈ ! પછી લોકો આમ બહાર આવે ને વાત, ( એટલે કહે ) એય એકાંત છે એકાંત છે. કરો પ્રભુ ! મારગ તો આ છે બાપુ. શું થાય ? શરૂઆતનો મારગ આ છે, શરૂઆતનો હોં ? આહાહા !

ઓલા કહે કે વ્યવહાર કરો પહેલાં પછી નિશ્ચય થશે, રાગ કરો પછી અરાગપણું પ્રગટશે એમ કહે છે. એમ વસ્તુ સ્વરૂપ ભગવાનના સ્વભાવમાં નથી. છે ? એ આત્મા જ્યાં સુધી આ આત્મા, જેમને તદ્‌રૂપે તે રૂપે સ્વભાવરૂપે સંબંધ છે એવા આત્મા ને જ્ઞાનમાં તફાવત જુદાં લક્ષણો નહિ હોવાથી તેમનો ભેદ નહિ દેખતો, જ્ઞાન અને આત્મા બે તદ્‌રૂપે છે, તેથી તેનો ભેદ

નહિ દેખતો, એમ કેમ કહ્યું કે આમ જ્ઞાન અને આત્મા એટલે જાણે બે થઈ ગયા ? એમ નથી. જ્ઞાન અને આત્મા તદ્રૂપે એક સંબંધ છે. એમ જેણે, તેમનો ભેદ નહિ દેખતો સમ્યગ્દષ્ટિ જીવ, ધર્મની પહેલી સીઢીવાળો જીવ, એમ કે આમ આત્મા ને આ જ્ઞાન છે એમ જણાય ને ? જ્ઞાન તે આત્મા, પણ તેથી તે જ્ઞાન અને આત્મા બેય જુદા નથી, તદ્રૂપ છે. આવું છે, તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે. તાદાત્મ્ય સંબંધ છે એમ ન લીધું. તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે, ચોક્કસ તે સંબંધ છે.

ભગવાન ( આત્મા ) અને જ્ઞાન, આત્મા ને જ્ઞાન તદ્રૂપસિદ્ધ સંબંધ છે. ચોક્કસ થયેલો તદ્રૂપ સંબંધ છે. “એવો આત્મા ને જ્ઞાનમાં તફાવત, જુદા નહિ જાણતો જ્ઞાની” “તેમનો ભેદ નહિ દેખતો નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે” એ કેમ કહ્યું ? કે જ્ઞાન આ જાણવું જ્ઞાન અને આત્મા, જ્ઞાન આ શાસ્ત્રનું જ્ઞાન એ નહિ, અંદર જે જ્ઞાન અને આત્મા બે તદ્રૂપ છે. એથી જ્ઞાની એને જ્ઞાનમાં નિઃશંક રહે છે, એ આત્મામાં નિઃશંક રહ્યો છે. આત્મા નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે. આહાહા !

ધર્મી જીવ, સમ્યગ્દષ્ટિ જીવ, જ્ઞાન ને આત્મા તાદાત્મ્ય માનતો, જ્ઞાનમાં નિઃશંકપણે વર્તે છે, એ આત્મા જ વર્તે છે. નિઃશંક રીતે જ્ઞાનમાં, એમ કે વળી આ જ્ઞાન ને આમ આત્મા બે થઈ ગયા ને ? માટે જુદાં છે ઈ ? ના–ના, જ્ઞાન ને આત્મા બેય એક જ વસ્તુ છે. તાદાત્મ્ય સ્વરૂપ છે, તેથી તે જ્ઞાનમાં નિઃશંકપણે વર્તતો, કેમ કે જ્ઞાન ને આત્મા તાદાત્મ્ય છે. નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તતો ભાષા છે. જ્ઞાન એ હું છું, જાણક્ જાણક્ પ્રકાશનું પૂર–નૂર, જાણકસ્વભાવ તે હું છું એમ નિઃશંક રીતે પોતાપણે વર્તે છે. જ્ઞાનમાં પોતાપણે વર્તે છે, જ્ઞાન તે આત્મા એમ નિઃશંક છે, માટે તે જ્ઞાનમાં નિઃશંકપણે પોતાપણે વર્તે છે. અરે, આવો મારગ હવે, અને ત્યાં જ્ઞાનમાં પોતાપણે વર્તતો, તે જ્ઞાનક્રિયા દેખો હવે–પોતાપણે વર્તતો કીધું ને ? આ જ્ઞાન, જ્ઞાન ને આત્મા તદ્રૂપ છે તેથી જ્ઞાનમાં નિઃશંકપણે પોતાપણે વર્તતો, વર્તતો ત્યાં પર્યાય થઈ ગઈ, એ જ્ઞાન ક્રિયા થઈ એ જ્ઞાનની ક્રિયા. “તે જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે” જ્ઞાન ને આત્મા એ તદ્રૂપ હોવાથી નિઃશંકપણે જ્ઞાનમાં વર્તતા પોતાપણે વર્તે છે, તેથી તે જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે, એ જ્ઞાનમાં એકાગ્રતા, એવી જે જ્ઞાનક્રિયા, એ સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી. એ જ્ઞાનક્રિયા નિષેધવામાં આવી નથી. આહાહાહા ! ( શ્રોતાઃ– વિકારી ક્રિયા નિષેધવામાં આવી છે. ) એ પછી કહેશે.

રાગ જે ક્રિયા રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ રાગની ક્રિયા છે, તેને નિષેધવામાં આવી છે. કહ્યું ’ તું ને તે દિ ’ ઘણાં વર્ષ પહેલા ચોટીલા ગુલાબચંદજી હતા. ઘણાં વર્ષની દીક્ષા તે દિ ’ હતી, રતનચંદજીના ગુરુ, ભેગા થઈ ગયા તો બહુ ખુશી થયા ને પછી ખાનગી વાત હાલી. મેં કીધુંઃ જો ભાઈ જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ શું છે ? એ જ્ઞાન એટલે શાસ્ત્રનું જ્ઞાન ને ક્રિયા એટલે આ રાગની એમ નહિ. તે દિ ’ તો હજી આમાં ( સ્થાનકવાસીમાં ) હતા ને ભેગાં ઉતર્યા ’ તા ચોટીલા. ત્યારે ? જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન અને તેમાં એકાગ્રતા એ જ્ઞાનની ક્રિયા, એ ક્રિયા ધર્મનું કારણ, મોક્ષનું કારણ છે. સાચી વાત છે કહે કબુલ્યું. પણ હવે જાવું ક્યાં વાડા મુકાય નહીં મારી નાખ્યાં. ‘મૂર્તિ’ શાસ્ત્રમાં છે એમ કબુલ્યું, સ્થાનકવાસી, બત્રીસ સૂત્રમાં મૂર્તિની પૂજા ને મૂર્તિ છે. છે એ સાચી વાત છે કહે. શું કરવું ? અમને તો નિઃશંક, શંકા શંકા શંકા શિષ્ય જોશે તો આમાં મૂર્તિ

છે તો અમને નહિ માને એમ બોલ્યાં બિચારા ૫૫ વર્ષની દીક્ષા હતી, તે દિ' પછી વધી હશે. આકરું કામ બાપુ બહુ. માન મૂકવું ! મારી ભૂલ છે આ, આ મારગ નથી એય.

અહીંયા એ કહે છે જુઓ. એ જ્ઞાનક્રિયા, જ્ઞાનક્રિયા એટલે શું ? કે આત્મા ને જ્ઞાન, જેમ સાકર અને ગળપણ તદ્રૂપે છે મીઠાશ, એમ ભગવાન ને જ્ઞાન તદ્રૂપે છે, માટે આત્મામાં એકાગ્ર ન કહેતાં જ્ઞાનમાં એકાગ્ર થઈ એ જ્ઞાનક્રિયા એ ધર્મનું કારણ એ મોક્ષનું કારણ છે. અહીંયા અત્યારે તો બસ આ આત્માનું મૂકીને વાત, સમ્યગ્દર્શન ને જ્ઞાન નહિં ફક્ત વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો, અરે પ્રભુ ! એ તો રાગને આસ્રવની ક્રિયા છે, એ કાંઈ આત્માની ધાર્મિક ક્રિયા નથી. આકરું કામ બહુ બાપુ. ભાષા કેવી વાપરી છે જુઓ ને ? જ્ઞાનક્રિયા એટલે જ્ઞાયકસ્વરૂપ જે ભગવાન એમાં નિઃશંકપણે વર્તતા જે પરિણતિ થઈ એ જ્ઞાન ક્રિયા છે. આહાહા !

એ ૮૨ માં આ વાત થઈ હતી તમારે લોકાશાનો ઉપાશ્રય છે ને ત્યાં ઉતર્યા'તા અમે પહેલાં ૮૨-૮૨ તમે તે દિ' નહિ, ૮૨ ની સાલ કેટલા થયા ? ૪૨ વરસ થયા ? હૈં ? ત્રેપન-ત્રેપન વરસ થયા. બીયાસીની સાલ. એ તારાચંદભાઈ હતા ને વારિયા, એ કહે કે મહારાજ આમાં આ બધું તમે તો કહો છો કે રાગ છે એ આત્માનો નહિ. રાગ દયા, દાન, વ્રતનો રાગ એ તો પુણ્ય-બંધનું કારણ, આ તો લોકોને આકરું પડશે ધર્મ, લોકાશાના અપાસરે વાત થઈ'તી પહેલાં ૮૨ની સાલમાં આવેલા. ૧૮ ને ૩૫ ( ત્રેપન ) ૫૩ થયા નહિ ? ( ત્રેપન ) ૫૩ કીધું તમે જુઓ, એ પુનાતર ? તમારા પુનાતર તરફથી નથી, જ્ઞાનસાગર તમારા પુનાતર તરફથી છપાયેલું છે. જુઓ એમાં કીધું. મનની સરળતા, કાયાની સરળતા, વચનની સરળતા, અવિસંવાદ એ ભાવ શુદ્ધ એ નામકર્મ બંધનું કારણ છે. નથી ? તમારા પુનાતર તરફથી જુઓ આમાં ! આ તો ૮૨ ની સાલની વાત છે કારણ એ બધા ક્રિયા ક્રિયા ક્રિયા કર્યા જ કરે આ પોષાઓ કરે ને ચૌદસ પૂનમ આવે ત્યારે આવે વહેલા ચૌદસની સાંજથી આવે વહેલા અને પોષા કરે. વીરજીભાઈ ને એ બેય હોં આ તે દિ' આ એક આવ્યા'તા ભાઈ એ ક્રિયા નહિં બાપુ. આહાહા ! આહાહા !

ભગવાન આત્મા વસ્તુ છે, તેનો કોઈ સ્વભાવ ત્રિકાળ રહેનારો હોય કે નહિ ? જેમ પોતે ત્રિકાળ છે પ્રભુ તો એનો જ્ઞાનસ્વભાવ ગુણ ત્રિકાળ છે. તદ્-રૂપે એ જ્ઞાનની ક્રિયા સ્વભાવભૂત પ્રગટ થાય, રાગથી ભિન્ન પડી અને જ્ઞાનમાં નિઃશંકપણે વર્તે ત્યારે આત્મા ને જ્ઞાન બે થયા, ગુણ ને ગુણી અભેદ એમાં નિઃશંકપણે વર્તે તે પર્યાય થઈ. દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણેય આવી ગયા. આત્મા વસ્તુ તેનો જ્ઞાન તાદાત્મ્ય ગુણ ત્રિકાળ એ જ્ઞાનમાં નિઃશંકપણે વર્તતા તે આત્મા જ વર્તે છે. કારણકે આત્મા ને જ્ઞાન એક છે, જ્ઞાનમાં નિઃશંકપણે વર્તતા જે જ્ઞાનક્રિયા થઈ, એ સ્વભાવભૂત હોવાથી એ તો સ્વભાવભૂત છે ક્રિયા. જે સ્વભાવમાં હતી શક્તિ તે પર્યાયમાં જ્ઞાનરૂપે પરિણમી શ્રદ્ધારૂપે, શાંતિરૂપે એ જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં, એ ક્રિયા નિષેધવામાં આવી નથી, એ ક્રિયા તો હોય છે. માટે જાણે છે, જાણવારૂપે પરિણમે છે. એ જાણનક્રિયા એ જ્ઞાનમાં નિઃશંકપણે વર્તતા જે ક્રિયા થઈ એ જાણનક્રિયા નિષેધવામાં આવી નથી. પણ તે જાણવારૂપે પરિણમે છે માટે જાણવારૂપે પરિણમે છે તે સ્વભાવભૂત ક્રિયા છે-રાગરૂપે પરિણમતો નથી, પણ જાણવારૂપે પરિણમે એ જ્ઞાનક્રિયારૂપ સ્વભાવ છે. આહાહાહા !

આટલો બધો આંતરો ફેર ક્યાં પાડવો ? બહુ ગરબડ અત્યારે, અત્યારે તો આ દેશ સેવા કરો ને ભગવાનની સેવા કરો ને આ કરો ને આ કરો. અરરર ! ( શ્રોતાઃ- આ જ્ઞાન ક્રિયાભ્યામ મોક્ષ ) આ જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ, એ નિષેધવામાં આવી નથી. માટે તે, છે ? જાણે છે, જાણવારૂપે પરિણમે છે, એમ જાણે છે એટલે, જાણવાની ક્રિયા, જાણવાની ક્રિયા, જાણે છે, એટલે કે જાણવાપણે પરિણમે છે. આહાહાહા !

દ્રવ્ય જે આત્મા એનો જ્ઞાનગુણ જે ત્રિકાળ તાદાત્મ્યરૂપ તેથી જ્ઞાનમાં નિઃશંક વર્તતા તે આત્મામાં જ વર્તે છે. અને નિઃશંકપણે વર્તતા જે ક્રિયા જાણવાપણે થઈ તે પણે ઈ પરિણમ્યો છે. એ દ્રવ્ય, ગુણ તે પર્યાયપણે પરિણમ્યો છે, એ પરિણમન છે તે ધર્મક્રિયા છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહા ! માટે જાણવારૂપે પરિણમે છે, લ્યો !

"तत्र वर्तमानश्च ज्ञानक्रियाया: स्वभावभूतत्त्वेनाप्रतिषिद्धत्वाज्जानाति" જોયું ? અપ્રતિષિદ્ધ-ત્વાજ્જાનાતિ બસ લ્યો ! જાણે છે એટલો જ શબ્દ છે ને ? શું કહ્યું ? કે આત્મા ને જ્ઞાન બે તદ્રૂપે છે, તેથી જ્ઞાનમાં નિઃશંકપણે વર્તતા તે આત્મામાં જ વર્તે છે. કારણ બેય એક છે, એ નિઃશંકપણે વર્તતા જાણપણારૂપે જે પરિણમન થયું એ સ્વભાવિક ક્રિયા ધાર્મિક છે, શુદ્ધ પરિણમન છે તે ધાર્મિક ક્રિયા છે તેને નિષેધવામાં આવી નથી, તેને તે આ ક્રિયા ને પરિણતિ છે માટે નિષેધ પર્યાય એમ નથી, પર્યાય થઈને ? એમ કે પર્યાય થઈ ને ? માટે નિષેધ, એમ નથી. પર્યાય એ શુદ્ધ પરિણમન છે માટે નિષેધવામાં આવી નથી. એમ કે ક્રિયા તો થઈ, પર્યાય તો થઈ, તો નિષેધ તો, પર્યાયનો નિષેધ છે કે નહિ ? એ દ્રવ્યદૃષ્ટિમાં પર્યાય આવતી નથી, દ્રવ્ય દૃષ્ટિ એને ઘરે પણ એની પરિણતિ જે છે એ તો સ્વભાવભૂત ક્રિયા છે. આહાહા ! માટે તેને નિષેધવામાં આવી નથી. વિશેષ કહેશે-

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૧૪૫ ગાથા-૬૯-૭૦ તા. ૨૫/૧૧/૭૮ શનિવાર કારતક વદ-૧૦

શ્રી સમયસારઃ- ૬૯-૭૦ ગાથા : કર્તાકર્મ અધિકાર.

અહીં સુધી આવ્યું છે. જાણવારૂપે પરિણમે છે. શું કહ્યું ? કે જે આ આત્મા છે અને તેનો સ્વભાવ જે જ્ઞાન છે તે જ્ઞાન અને આત્માને તાદાત્મ્યસંબંધ છે, અભેદ સંબંધ છે, તદ્રૂપ સંબંધ છે. એથી જે કોઈ પ્રાણી અંતરમાં જ્ઞાનમાં એકાગ્ર થઈ નિઃશંકપણે 'જ્ઞાન તે હું' એમ અંતરમાં વર્તે એને જાણનક્રિયા શુદ્ધ સ્વાભાવિક ક્રિયા પ્રગટ થાય તે ક્રિયા ધાર્મિક ક્રિયા છે. આવી વાત છે. આ આત્મા અને જ્ઞાન, જાણવું એ જ્ઞાન એટલે આ શાસ્ત્રનું જ્ઞાન એ નહીં. અંદર જ્ઞાન સ્વભાવ, સ્વભાવવાન આત્મા અને એનો જ્ઞાન સ્વભાવ તે તદ્રૂપ સંબંધ છે માટે જ્ઞાનમાં પોતાપણે વર્તતો નિઃશંકપણે જ્ઞાનમાં વર્તતો, જે જ્ઞાનની ક્રિયા નિર્મળ થાય એ સ્વભાવભૂત છે તે ક્રિયા નિષેધવામાં આવી નથી. આહાહાહા ! આવી વાતું ઝીણી. વીતરાગ મારગ.....

કેમકે એ આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્ય સ્વરૂપ એ વીતરાગી જ્ઞાન છે ત્રિકાળ. વીતરાગી દ્રવ્ય સ્વભાવ છે. એવા જ્ઞાનમાં એટલે સ્વભાવમાં નિઃશંકપણે પોતાપણે જ્ઞાનમાં વર્તતો જે જ્ઞાનની ક્રિયા સ્વભાવભૂત પ્રગટ થાય તે ક્રિયાનો નિષેધ નથી, એ તો એની ક્રિયા છે, સ્વ-

સ્વભાવની, એને અહીંયા ધાર્મિક ક્રિયા કહેવામાં આવે છે. આમાં ક્યાં પકડવું શું ? અનંત કાળથી ખબર વિના એ રખડે છે. આમ બે વાત કરી'તી હમણાં પૂછયું'તું, પાછું વિશેષ અંતર છે ને ? શબ્દમાં વિશેષ અંતર જાણતો એટલે વિશેષ એટલે તફાવત લક્ષણ અને અંતર એટલે તેમનો ભેદ એમ, બે. આત્મા અને જ્ઞાન એની વિશેષ નામ તફાવત જુદાં લક્ષણો અને તેનો ભેદ નહિ જાણતો આહાહા ! આવી વાતું હવે ! એ જ્ઞાન સ્વભાવ ભગવાન આત્મા એને જ્ઞાનમાં ને આત્મામાં તફાવત ને જુદાં લક્ષણ ન જાણતો, તેથી તેને ભેદ નહિ દેખતો, આહાહાહા !

એ જ્ઞાનસ્વભાવ જે ભગવાન આત્મા એમાં પોતાપણે એટલે આત્મા જેમ પોતે છે પોતાપણે એમ જ્ઞાન પણ પોતાપણે છે કેમકે જ્ઞાન અને આત્મા બેય તન્મય છે. એ જ્ઞાન સ્વભાવ જે છે, તેમાં પોતાપણે નિ:શંકપણે આત્મા ને જ્ઞાનમાં જુદાપણું નથી, તેથી ભેદ નથી. એમ આત્માના જ્ઞાનસ્વભાવમાં નિ:શંકપણે પોતાપણે 'આ હું છું' એમ વર્તતો, તે ક્રિયા જ્ઞાન સ્વભાવિક નિર્મળ ક્રિયા, રાગ વિનાની વીતરાગી ક્રિયા થઈ, એ ક્રિયા એ ધાર્મિક ક્રિયા છે. જ્ઞાનમાં પોતાપણે વર્તતો એમ છે ને ? જ્ઞાનમાં પોતાપણે વર્તે છે સ્વભાવ. આત્મા ને જ્ઞાન એક છે માટે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે એમ. તે ક્રિયા નિષેધવામાં આવી નથી, કેમ કે એ ક્રિયા તો આત્માની છે, આત્મા ધર્મી અને જ્ઞાન એનો ધર્મ સ્વભાવ, એ જ્ઞાનમાં પોતાપણે વર્તીને જે એકાગ્ર થાય તેને જ્ઞાનની ક્રિયા નિર્મળ થાય, વીતરાગી પર્યાય થાય એને નિષેધવામાં આવી નથી, એ ક્રિયા પોતાની છે. આહાહાહા !

આવું હવે ક્યાં ! નવરાશ ન મળે એક તો ધંધાના સંસારના પાપ આડે આખો દિવસ હવે એમાં આવી વાતું સાંભળવા મળે નહિ, અરે શું થાય અનંત અનંત કાળથી વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જે ધાર્મિક ક્રિયા કહે છે એને સાંભળવાય મળે નહિ, એ શું કરે ? આહાહા !

અહીંયા એ વાત તો આવી ગઈ આપણે, તેથી તે જાણવાપણે એટલે જાણવારૂપે પરિણમે છે, રાગરૂપે નહિ. કેમકે જ્ઞાન ને આત્મા એક અભેદ છે, બેના લક્ષણો જ એક છે, તેમ બે નો ભેદ નથી, તેથી જ્ઞાનમાં પોતાપણે વર્તતો તે સ્વભાવિક ક્રિયા જે છે, તે જાણે છે જાણવારૂપે પરિણમે છે એ ક્રિયા જાણવાની છે. આટલા બધા શબ્દો ને હવે આમાં ક્યાં ? એ ત્યાં સુધી આપણે આવી ગયું છે.

"તેવી રીતે" હવે અહીંથી નવું છે, આ તો કાલ આવ્યું'તું ભાઈ ! એ વીતરાગ મારગ બાપુ ઝીણો છે ભાઈ, પ્રભુ ! તું સૂક્ષ્મ ચીજ છો અંદર. એટલે એને સમજવા માટે તો ઘણી ધીરજ જોઈએ. આહા !

જેવી રીતે આત્મા જ્ઞાનના સ્વભાવથી અભેદ છે તેથી એમાં વર્તતો થકો, જે ક્રિયા નિર્મળ વીતરાગી પર્યાય થાય તે તો આત્માની ક્રિયા છે, ધાર્મિક ક્રિયા છે એ ક્રિયા નિષેધવામાં આવી નથી. આહાહા !

તેવી રીતે જ્યાં સુધી આ આત્મા, છે ને ? પાંચમી લીટી છે, તેવી રીતે જ્યાં સુધી આ આત્મા જેમને સંયોગસિદ્ધ સંબંધ છે એવો આત્મા ને ક્રોધ. આહાહા !

ભગવાન આત્મા, જ્ઞાન અને આત્માનો સ્વભાવ સંબંધ તાદાત્મય સંબંધ છે અને આત્માને અને પુણ્ય-પાપના ભાવને દયા, દાન, વ્રત, ભક્તિ આદિ ભાવ, એ રાગ છે એને

અહીંયા ક્રોધ કીધો છે, કેમ કે આત્માના સ્વભાવનો, પ્રેમ જેને સ્વભાવનો નથી અને જેને રાગનો પ્રેમ છે, તેને આત્મા પ્રત્યે ક્રોધ છે. આહાહા !

ભગવાન આત્મા ! આનંદ ને જ્ઞાન સ્વભાવમાં તન્મય છે, એને છોડીને જે રાગ થાય ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો અશુભ રાગની તો વાત શું કરવી, પણ શુભરાગ જે છે. એમાં જેમને સંયોગસિદ્ધ સંબંધ છે, એ રાગને અને આત્માને સંયોગસિદ્ધ સંબંધ છે, સ્વભાવસિદ્ધ સંબંધ નથી. જેમ જ્ઞાનને ને આત્માને સ્વભાવસિદ્ધ સંબંધ છે તેમ રાગને ને આત્માને સંયોગસિદ્ધ સંબંધ છે–સંયોગી ભાવ છે એનો સ્વભાવભાવ નથી. આહાહા !

આવું ઝીણું હોય માણસો શું કરે. કહો પુનાતરજી ! આવી વાત બાપા ! પ્રભુ શું થાય ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરદેવનો આ હુકમ છે, પ્રભુ તું આત્મા છો ને ? આત્માનો સ્વભાવ તો જ્ઞાન અને આનંદ છે ને ? જ્ઞાન મુખ્ય કેમ કહ્યું છે કે જ્ઞાનનો પર્યાય પ્રગટ છે તેથી તેને સમજવો ઠીક પડે. જ્ઞાન જાણવું જાણવું જાણવું જાણવું–એવું સ્વરૂપ એને અને આત્માને તદ્‌રૂપ સંબંધ છે, તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે, તદ્‌રૂપે નક્કી સ્વભાવ છે, એમ આત્માને અને પુણ્ય–પાપના ભાવને તાદાત્મ્ય સંબંધ નથી પણ સંયોગ સંબંધ છે. સંયોગી ભાવ છે એ તો, એ આત્માનો ભાવ નથી. આહાહાહા !

જ્યાં સુધી આ આત્મા, જેમને સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્માને ક્રોધાદિક્રોધ, માન, માયા, લોભ એ એને અહીંયા રાગદ્વેષના ભાવમાં ખતવ્યા, રાગના બે ભાગ–માયા અને લોભ, દ્વેષના બે ભાગ–ક્રોધ અને માન. એ રાગ અને દ્વેષના ભાગ ચાર આમ કષાય, કષાય એના બે ભાગ રાગ અને દ્વેષ, રાગદ્વેષના બે ભાગ, રાગ–માયા અને લોભ, દ્વેષ–ક્રોધ ને માન એવો જે કષાયભાવ, છે ? એને અને આત્માને સંયોગસિદ્ધ સંબંધ છે, સંયોગ–સંયોગ સંબંધ છે એમ નથી આંહીં કીધું ઓલામાં એમ તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે, એમ આને સંયોગસિદ્ધ સંબંધ છે, એની ચીજ નથી એ સંયોગી ચીજ છે. આહાહા !

જેમને સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્માને પુણ્ય–પાપના ભાવને આસ્રવો, એ આસ્રવ છે, શુભ ને અશુભ ભાવ એ આસ્રવ છે, એ ક્રોધ, માન, માયા, લોભનો ભાગ છે. આસ્રવોમાં પણ, પણ કેમ કીધું ? કે આત્મા ને જ્ઞાનસ્વભાવમાં વર્તે છે એ તો યથાર્થપણું છે, પણ પુણ્ય ને પાપના આસ્રવભાવમાં જે વર્તે છે એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. અરે આવું ક્યાં સમજવું કઠણ પડે ! એ ક્રોધાદિ આસ્રવોમાં એટલે કે પુણ્ય ને પાપ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ બધા આસ્રવ છે. આસ્રવ એટલે ? કે જેનાથી નવાં કર્મ આવે, એ ધર્મ છે એમ નહિ, ધર્મમાં તો સ્વભાવિક ધાર્મિક ક્રિયા જે વીતરાગી થાય તે ધર્મ અને આ રાગની ક્રિયાઆદિ જે છે એ ધાર્મિક ક્રિયા નથી–આસ્રવ છે, એનાથી તો નવા બંધ પડે છે. ભાષા સાદી પણ ભાવ પ્રભુ, બહુ ઝીણો બાપુ. એમાં અત્યારે તો ગરબડ બહુ થઈ ગઈ. આહાહા !

જેમ એક લોઢામાં કે લાકડામાં લાખ ચોડે છે લાખ, એ તો સંયોગી ચીજ થઈ, એનો સ્વભાવ નહિ, એમ ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી વસ્તુ પ્રભુ આત્મા, એને આ પુણ્ય–પાપના ભાવ એ સંયોગસિદ્ધ સંબંધ–આસ્રવ છે. સંયોગસિદ્ધ સંબંધ એવા આત્માને, ક્રોધાદિ આસ્રવોમાં પણ પોતાપણે, પોતાના અજ્ઞાનભાવને લીધે, કોઈ કર્મને લઈને એમ નહિ. આહાહા !

ભગવાન આત્મા જ્ઞાન આનંદ સ્વભાવી ચીજના અજ્ઞાનને લીધે, પોતાનો જે જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ જે સ્વભાવ ભગવાન આત્માનો, તેના અજ્ઞાનને લીધે, એનું જ્ઞાન ન મળે. છે ? બાપુ, આ તો ધાર્મિક વાત, અધ્યાત્મની ઝીણી છે ભાઈ ! વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવનું કથન બહુ સૂક્ષ્મ છે. કહે છે કે એ આસ્રવમાં પણ પોતાના અજ્ઞાનભાવને લીધે, વિશેષ નહિ જાણતો થકો, વિશેષ અંતર બે શબ્દ પડયા છે ને ? એ રાગની ક્રિયા અને આત્મા, બેને જુદા ન જાણતો, વિશેષ ન જાણતો, બેના લક્ષણ જુદા છે એમ ન જાણતો, તેમનો ભેદ દેખતો નથી. અંતર તેમનો ભેદ જુદાઈ તે અજ્ઞાની દેખતો નથી. આહાહા ! ( શ્રોતાઃ- લક્ષણ દેખે તો ભેદ દેખે ) લક્ષણનો વિશેષ ભેદ, લક્ષણ એ તો વિશેષમાં ગયું પણ હવે આ ભેદ દેખતો નથી, એમ કે બેના અલગ અર્થ કર્યા. આહાહા ! સમજાણું કાંઈ ? આવી ઝીણી વાતું કહેવી ને વળી સમજાણું કાંઈ કહેવું પાછું. મારગ પ્રભુ શું થાય ! એ તો વાતું અનંતકાળથી સાંભળી છે ભાઈ સંપ્રદાયમાં તો એ જ ચાલે છે અત્યારે, આ કરો ને આ કરો ને આ કરો, વ્રત કરો ને અપવાસ કરો. અરે ભગવાન બાપુ ! મારગડા જુદા ભાઈ ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એ કહે છે તે સંતો જગતને જાહેર કરે છે, દિગંબર સંતો ! આહાહા !

એ ભગવાન આત્મા, જ્ઞાન ને આનંદ સ્વભાવી પ્રભુ, એને આ રાગનો ભાવ, એ તે સંયોગસિદ્ધ સંબંધ, આસ્રવરૂપ છે એ તો. પુણ્ય ને પાપના ભાવ-ચાહે તો દયાનો હોય, દાનનો હોય, વ્રતનો હોય, અપવાસનો હોય એ બધો વિકલ્પ રાગ છે. એ રાગભાવ આત્માની સાથે સંયોગે સંબંધ છે, સંયોગસિદ્ધ સંબંધ છે, સ્વભાવસિદ્ધ સંબંધ નથી. એ આસ્રવમાં પણ પોતાના અજ્ઞાનભાવને લીધે, વિશેષ નહિ જાણતો થકો, જુદા લક્ષણ અને તફાવતને ન જાણતો થકો તેમનો ભેદ દેખતો નથી. ભારે ઝીણી વાતું બાપુ, આવી વાતું. જેનાથી જનમ મરણ મટી જાય એ પ્રભુ, એ ક્રિયા કોઈ અલૌકિક છે. બાકી આ ક્રિયા તો જનમ મરણના કારણની છે. આહાહા !

એ તેમનો ભેદ દેખતો નથી, કોનો ? આત્માનો અને પુણ્ય-પાપના ભાવનો, વિશેષતાના લક્ષણનો નથી ભેદ જાણતો, તેમ ભેદ છે એમ નથી જાણતો, બેના લક્ષણો જુદા છે તેમ ભેદ જુદા છે, બેય એક નથી અને ભેદ દેખતો નથી ત્યાં સુધી નિઃશંક રીતે એ પુણ્ય-પાપનો ભાવ, જે ક્રોધઆદિ, ભગવાન આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ પ્રભુ એનાથી પુણ્યના પરિણામનો પ્રેમ એ ક્રોધ છે. એ સ્વભાવ પ્રત્યે વિરોધ ક્રોધ છે. પરની દયાનો ભાવ એ રાગ છે અને રાગ છે તેનો જેને પ્રેમ છે એને સ્વભાવ પ્રત્યે ક્રોધ છે.

અરરર ! આવી વાતું, એને સ્વભાવ પ્રત્યેનું માન નથી એને વિકારનું માન છે કે એ હું છું. એવા ક્રોધાદિભાવનો ભેદ દેખતો નથી ત્યાં સુધી નિઃશંક રીતે, જેમ ઓલામાં આમ આવ્યું 'તું, જ્ઞાન અને આત્મા એકરૂપ તદ્રૂપ છે માટે જ્ઞાનમાં નિઃશંકપણે વર્તતા પોતાપણે વર્તે છે, ત્યાં સુધી નિઃશંક રીતે પુણ્ય-પાપના ભાવમાં પ્રેમમાં પોતાપણે વર્તે છે. ત્યાં ક્રોધઆદિ( માં ) પોતાપણે વર્તતો, એટલે કે પુણ્ય-પાપના ભાવને અહીંયા ક્રોધ કીધો, સ્વભાવ પ્રત્યે તે વિરોધ છે માટે તેને ક્રોધ કીધો. આંહીં તો કહે કે પરની દયા પાળવી એ ધર્મ એમ જગત કહે છે. ત્યારે આંહીં તો કહે છે કે પરની દયા પાળી શકતો 'તો નથી, પણ પરની દયાનો ભાવ તને આવે એ રાગ છે, એ રાગ ને આત્માને સંયોગ-સિદ્ધ સંબંધ છે. આહાહાહા ! આવી વાતું.

અમારે તો એ હાલતું સંપ્રદાયમાં, હીરાજી મહારાજ હતા બિચારા એ વાત કરે, ખબર ન મળે કાંઈ તત્ત્વની, હીરાજી મહારાજ કહેતા પરની દયા અહિંસા, એ પરમ ધર્મ બસ એ વાત કરે. કાંઈ, એ તત્ત્વ હતું જ નહિ. ૭૦, ૭૧, ૭૨, ૭૩ ચાર વરસ. ગુજરી ગયા બિચારા. 'અહિંસા પરમોધર્મ' પરજીવની દયા પાળવી એ જ સિદ્ધાંતનો સાર છે. એ અહિંસા ધરમ છે એવું જેણે જાણ્યું એણે બધું જાણ્યું એમ કહેતાં. આંહીં કહે છે કે બાપુ એ તારી વાત જુદી તદ્દન છે. અહિંસા તો એને કહીએ, કે જે જ્ઞાનસ્વભાવી આત્મા, એવો જેવડો છે તેટલો પ્રતીતમાં લઈને એમાં એકાગ્ર થાય તેને દયા અને અહિંસા કહીએ. આવી વ્યાખ્યા. ઊગમણો આથમણો ફેર! આહાહા!

અહીંયા તો કહે છે પ્રભુ તારો જ્ઞાન ને આનંદ જેમ સ્વભાવ છે, એમ આ રાગ એ તારો સ્વભાવ નથી. એ તો સંયોગી–સંબંધે ઉપાધિભાવ આવ્યો છે. હીરાજી મહારાજને જોયા છે કે નહિ તમે હિંમતભાઈ ? હેં! જોયા'તા ? (શ્રોતાઃ–ના નથી જોયા) આ હિંમતભાઈને, નાની ઉંમરમાં જોયા હશે, આ હિંમતભાઈએ નો જોયા હોય, ૭૩ માં ગુજરી ગયા. તોંતેરના ચૈત્ર વદ આઠમ રસ્તામાં ગુજરી ગયા. ખેરાળી અને (વઢવાણ) કાંપ વચ્ચે, ખેરાળી ને કાંપની વચ્ચે ૭૩ ના ચૈત્ર વદ આઠમ, આટલા વરસ થયા, હેં? ૬૨ વરસ થયા. આહાહા!

અરેરે! પોતાના અજ્ઞાનભાવને લીધે, કર્મને લઈને એ એમ નહિ. પોતાનો જ્ઞાન ને આનંદ સ્વભાવ પ્રભુ, એને જાણ્યા વિના અજ્ઞાનને લીધે, શું છે ટીકા તે અમૃત છે ને! વિશેષ નહિ જાણતો થકો, બે ના લક્ષણો ને તફાવતને ન જાણતો થકો એ ક્રોધાદિપણે વર્તતો, ક્રોધપણે વર્તતો, પુણ્ય ને પાપના ભાવ એમાં પોતાપણે વર્તતો, પોતાના સુધી નિઃશંક રીતે ક્રોધાદિમાં વર્તે છે, અને એ ક્રોધાદિમાં વર્તતો જો કે ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત હોવાથી નિષેધવામાં આવી છે. આહાહાહા!

ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન સ્વભાવી પ્રભુ! એમાં જે આ રાગ થાય છે, એ ક્રિયાને ક્રોધ ગણી અને ભગવાને નિષેધી છે. એ ક્રિયા કાંઈ તારું સ્વરૂપ નથી. નિઃશંક રીતે પુણ્ય–પાપના ભાવમાં પોતાપણે વર્તે, જોયું? એ રાગ છે એ મારો છે. છે સંયોગી ચીજ, છતાં અજ્ઞાની સ્વભાવના અજ્ઞાનને લઈને, એ રાગને પોતાપણે માનતો વર્તે છે, અને એ ક્રોધાદિમાં વર્તતો થકો, જો કે ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત છે, એ વિભાવિક ક્રિયા છે, વિકારી ક્રિયા છે એ આત્માના સ્વભાવથી વિરુદ્ધ ક્રિયા છે, નિષેધવામાં આવી છે, ભગવાને એનો નિષેધ કર્યો છે. આહા!

ભાઈ! દયા દાનના પરિણામ એ રાગ એ ક્રોધ છે ખરેખર તો, સ્વભાવ પ્રત્યેનો વિરોધ છે એમાં, એ ક્રિયાને ભગવાને નિષેધી છે, એટલે એ ક્રિયા તારી નહિ. એ ક્રિયા તો બંધનું કારણ– આસ્રવનું કારણ, નવા આવરણો આવે એનું કારણ, એ ક્રિયા તારી નહિ. આહાહા!

તો પણ, નિષેધવામાં આવી છે તો પણ, ભગવાન સર્વજ્ઞ જિનેશ્વરનાથ, પરમેશ્વર ત્રિલોકનાથ એણે એ રાગની ક્રિયા પરભાવભૂત હોવાથી નિષેધી છે કે એ તારું સ્વરૂપ નહિ. એનાથી તને ધર્મ નહિ, અધર્મ છે એ તો. આહા! આકરું ભારે પડે જગતને! આહાહા! સ્વભાવભૂત હોવાનો, તેને સ્વભાવભૂત હોવાથી તેનો અધ્યાસ હોવાથી, અજ્ઞાનીને એ શુભ– અશુભ ભાવ એ મારો સ્વભાવ છે તેનો એને અધ્યાસ થઈ ગયો છે, મારો સ્વભાવ અંદર જ્ઞાન

ને આનંદ છે તેને ભૂલી અને એ પુણ્ય ને પાપના ભાવ તેનો તેને અધ્યાસ ટેવાઈ ગયો છે, સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ છે, એ મારી ક્રિયા છે, મારા આત્માની ક્રિયા છે, એમ સ્વભાવભૂત માનીને, ગજબ ટીકા છે ને ! હેં ? મળવું મુશ્કેલ પડે એવું છે બાપા ! ( શ્રોતાઃ- છતાં દૂરુહ કહે છે. ) દૂરુહ એ તો વળી બીજું-આ તો સ્પષ્ટ કર્યું પછી ભાઈ કહે છે એમ ઓલા લોકો કહે છે સમયસારની ભાષા સીધી હતી. બેને જુદા કર્યાં, હવે એમ કે ટીકાકારે દૂરુહ કરી નાખી છે. અરે બાપુ સ્પષ્ટીકરણ કર્યું પ્રભુ ! તને ટૂંકી ભાષામાં ન સમજાય તેનું સ્પષ્ટીકરણ કરીને વિશેષ કર્યું છે ભાઈ ! અરરર ! સાચી વાત છે ભાઈએ કીધું એમ ( એ લોકો ) કહે છે. આહાહા !

આંહી તો એમ કહે કે “जाव ण वेदि विसेसंतरं तु आदासवाण दोण्हं पि।” આટલું હતું એમાંથી બસ, પણ એ સ્પષ્ટીકરણ છે. એટલી ભાષામાં ન સમજે એની ટીકા, એટલે સ્પષ્ટીકરણ કરીને સમજાવ્યું છે. આવો મારગ છે પ્રભુ ! ( શ્રોતાઃ- મહિમા આવવો જોઈએ એને બદલે આવા શબ્દો ) એ એમાં શું થાય ? વિદ્વાનોએ એનો દૂરુહ કરી નાખ્યો. અરરર ! એવું કરી નાખ્યું, આચાર્યોએ આ કર્યું છે ને, આચાર્ય છે આ. કુંદકુંદાચાર્યના શબ્દો એ આચાર્ય છે અને આ ટીકા છે અમૃતચંદ્રાચાર્ય મહા સંત ! હજાર વર્ષ પહેલાં ભરતક્ષેત્રમાં ચાલતા સિદ્ધ જેવા હતા. એ કહે છે પ્રભુ તું ક્યાં ભૂલ્યો છો ભાઈ ! માણસ નથી કહેતા કે ભીંત ભૂલ્યો, નીકળવું જોઈએ બારણે, એને ઠેકાણે ભીંતમાં નીકળવા માગે આમ માથું ભેરવીને, હૈં ? એમ નીકળવું જોઈએ સ્વભાવથી અંદર એને ઠેકાણે વિભાવથી જાણે હું ધર્મ કરીને નીકળી જઈશ, મરી જઈશ બાપા ! ભાઈ તારા હિતની વાત છે ને પ્રભુ ! આહાહા !

એ ભગવાન આત્મા, એ ત્રિકાળ જેમ વસ્તુ છે તેમ તેનો જ્ઞાન ને આનંદ આદિ ત્રિકાળ સ્વભાવ છે તો એ સ્વભાવમાં નિઃશંકપણે પોતાપણે વર્તે ઈ તો આત્મામાં વર્તે છે. અને તે તો સ્વાભાવિક ક્રિયા નિર્મળ વીતરાગી છે. એ નિષેધવામાં આવી નથી. એ તો ક્રિયા યથાર્થ છે. એ કાલ કહ્યું નહોતું ઈ ચોટીલામાં રતનચંદજી હતા ને ? લીંબડી સંઘાડાના શતાવધાની એના ગુરુ હતા ગુલાબચંદજી તે ભેગાં ઉતર્યા હતા તેમાં આ વાત નીકળી હતી. ત્યારે તો આમાં ( સ્થાનકવાસીમાં ) હતા, નેવાસી કે નેવુંની સાલ હશે લગભગ. અમે બેઉ ભેગા ઉતર્યા એમની ઉંમર મોટી ૫૫ વર્ષની તો દીક્ષા પછી તો ઘણાં વર્ષ જીવ્યા. પછી આ વાત નીકળી કે જ્ઞાનક્રિયાભ્યામમોક્ષ એટલે શું ? કીધું ઈ તો ( કહે ) આ શાસ્ત્રનું જાણવું ને આ રાગની ક્રિયા એ જ્ઞાનક્રિયાભ્યામમોક્ષ, એમ નથી કીધું ભાઈ ! આત્મા આનંદમૂર્તિ પ્રભુ એનું જ્ઞાન અને એ જ્ઞાનમાં એકાગ્રતા થવાની ક્રિયા-એ ક્રિયા, એ જ્ઞાનક્રિયાભ્યામમોક્ષ. માણસ નરમ જરી, કહે કે વાત સાચી લાગે છે. બાપુ ! મારગ આ છે કીધું, નેવુંની સાલની વાત લગભગ નેવુંની હશે. કારણ સદરમાં આવવુ'તું ને રાજકોટ તે દિ' હશે એમ લાગે છે. કેટલા વર્ષ થયા ? ૪૫ વર્ષ પહેલાંની વાત છે. વાત સાચી છે કહે, પણ આ તો બહાર આવી વાત નથી ને ? ન હોય તો શું કરવું કીધું. આહા !

અને મૂર્તિની વાત નીકળી હતી. સ્થાનકવાસી ખરાને કે મૂર્તિ શાસ્ત્રમાં છે કીધું, છે, કબૂલ્યું એણે ગુલાબચંદજી, રતનચંદજીના ગુરુ હતા. છે, મૂર્તિ પૂજા છે, શાસ્ત્રમાં છે. પણ સ્થાનકવાસી માને નહીં એટલે કોઈ શિષ્ય ડાહ્યો હશે ને આ વાંચશે તો મૂર્તિ આમાં છે તો

ગુરુની અમારી શ્રદ્ધા ઉઠાડી દેશે. બિચારાએ કબૂલ કર્યું, શું થાય બાપા મારગ તો આ છે ભાઈ ! આહાહાહા ! એ શુભભાવ આવે ત્યારે મૂર્તિની પૂજા અને તેનું નિમિત્તપણું હોય, ધરમ નહીં. પણ અશુભથી બચવા જ્ઞાનીને પણ શુભનો ભાવ આવે. છતાં આંહી તો કહે છે કે એ શુભભાવને પોતાનો માનીને વર્તે, જ્ઞાનીને એ આવે પણ પર તરીકે જાણવા માટે આવે. અજ્ઞાનીને એ શુભભાવમાં પોતાપણે વર્તતો, આહાહાહા ! અરે આવું આકરું પડે માણસને આમાં.

જો કે ક્રોધ, માન, માયા, રાગદ્વેષની લોભની ક્રિયા નિષેધવામાં આવી છે. તો એ પરભાવભૂત હોવાથી, ઓલામાં એમ હતું ને સ્વભાવભૂત હોવાને લીધે, નિષેધવામાં આવી તો પણ તે સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ, અજ્ઞાનમાં અનાદિથી રાગની ક્રિયાનો અધ્યાસ હોવાથી, સ્વભાવભૂત હોવાનો અધ્યાસ હોવાથી એ જાણે કે મારી, મારી સ્વાભાવિક ક્રિયા છે એ, કારણકે સ્વભાવ છે એ તો જોયો નથી, જાણ્યો નથી. તેથી રાગની ક્રિયા તેને સ્વભાવભૂત હોવાનો અધ્યાસથી તેને ક્રોધરૂપે પરિણમે છે એટલે કે સ્વભાવથી વિરુદ્ધ એવા રાગરૂપે થાય છે, એ રાગરૂપે થયો એ ક્રોધરૂપે થયો. આહાહા !

અરેરે ! આવી વાતું સાંભળવી પણ મળે નહિ, એ બિચારાની જિંદગી ક્યાં જાય બાપા ! ભવિષ્યનો અનંતકાળ રખડવામાં એને જાય ! આવું અંતરતત્ત્વસ્વરૂપ એને સાંભળવા મળે નહિ તો એ વિચારે ક્યારે ને અંદરમાં જાય ક્યારે ? ક્રોધરૂપે પરિણમે છે, એટલે દ્વેષ થયો, રાગરૂપે પરિણમે છે એ માયા ને લોભ થયો, મોહરૂપે એટલે પરમાં સાવધાનરૂપ મિથ્યાત્વપણે પરિણમે છે. આહાહાહા !

ભગવાન આત્મા તો જ્ઞાનાનંદ સ્વભાવી પ્રભુ એ રાગની ક્રિયાથી તદ્દન ભિન્ન છે, એવા ભગવાનના જ્ઞાન સ્વરૂપને ન જાણતો, ભગવાન બીજો નહિ હોં, આ ( નિજ )ભગવાન ! એના સ્વરૂપને ન જાણતો રાગની ક્રિયા મારી છે એમ સ્વભાવભૂતે વર્તતો, એ મિથ્યાત્વપણે પરિણમે છે. એ રાગપણે, દ્વેષપણે, મિથ્યાત્વરૂપે, ત્યારે આત્મા ને જ્ઞાન બે એકમેક તદ્રૂપ છે, એમ જ્ઞાનમાં વર્તતો એ વીતરાગી પર્યાયપણે વર્તતો ને સમ્યગ્દર્શનપણે વર્તતો એ સ્વભાવભૂત ક્રિયા છે. આહાહાહા !

આમ દસ–વીસ હજાર માણસ હોય આવી વાતું કરે, ત્યાં પાગલ જેવી વાતું લાગે એમ આ, ( ઓલું તો કહે ) ઓલી તો વાતું આમ ઝપાટા મારતા એ તો આમ કરવું, આમ કરવું ને આમ કરવું. હૈં ? દયા પાળવી, ભક્તિ કરવી, મંદિરો બનાવવા આમ કરવું, તેમ કરવું. હવે સાંભળને પરને તો કોણ કરે ? અરરર ! આહાહાહા ! રાત્રે તો કહ્યું 'તું જરી ઝીણું. આ પગ છે ને પગ, એ પરમાણું છે આ જડ, આમ જે ગતિ થાય છે ને શરીરની પર્યાય, એ પર્યાયનો કર્તા આત્મા નથી, તેમ એ પર્યાયનો કર્તા એ પરમાણુંય નથી. ઝીણી વાત છે પ્રભુ ! આહાહા ! એ પર્યાય જે આમ થાય છે આમ, આ લ્યો જુઓ ને આ લ્યો આમ થાય છે ને આમ, આ પર્યાય છે આમ, પરમાણું તો કાયમ રહીને આ અવસ્થા થાય છે, એનો આત્મા કર્તા નથી. આત્મા કર્તા તો નથી પણ તે પર્યાયનો એના પરમાણુંય કર્તા નથી. પર્યાય પોતે કર્તા થઈને હાથ ચાલે છે ગતિ કરે છે. આહાહા ! હવે આવી વાતું રાતે જરી ઝીણું નીકળ્યું 'તું થોડું. આહાહાહા !

હવે આંહીં તો કહે કે આ બધું શરીરની ક્રિયા, વાણીની ને આ ને આ પૈસા લેવા ને દેવા

ને મકાન માલ લેવા, દેવા ને વેચવા ને દેવા એ બધી ક્રિયા મારી છે, મૂઢ છે. એ પૈસો જે છે આ નોટ. આમ આમ જાય છે એ એની પર્યાય છે એ પર્યાયને હું કરું છું એમ માન્યતા તદ્દન મૂઢ ને જડને આત્મા માનનારો છે. પણ એ નોટની પર્યાય જે છે આમ આમ જાય એ પર્યાયનો કર્તા એના રજકણોય નથી, પર્યાયનો કર્તા પર્યાય છે. આવી વાતું. આહાહા !

અરે ભગવાન ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવનો આ હુકમ છે. અને આ જૈનના નામ ધરાવનારને ભગવાન શું કહે છે એની ખબરું ન મળે ! અરે ! જેમ કીધુંને ( પંચાસ્તિકાયની ) ૬૨ મી ગાથામાં ભાઈ ! કે આત્મામાં જે રાગ અને દ્વેષ થાય છે, એ રાગદ્વેષની ક્રિયાનું પરિણમન ષટ્કારકથી, એ રાગનો કર્તા રાગ, કર્મ રાગ, સાધન રાગમાં બધુંયે છે, આત્મા કર્તા-બર્તા નહિ. હવે અહીંયા જે રાગાદિની ક્રિયા ષટ્કારક કર્તા કર્મ કરણ સંપ્રદાન થાય છે, તેમ કર્મની પર્યાય જે થાય છે જ્ઞાનાવરણી ને દર્શનાવરણી આદિ પર્યાય, એનો કર્તા આત્મા તો નહિ, પણ એનો પર્યાય એનો જ્ઞાનાવરણી આદિ કર્મરૂપ પર્યાય થઈ, એનો કર્તા એ પરમાણું નહિ. આહાહા ! આવી વાત પરમાત્મા સિવાય, વીતરાગ સર્વજ્ઞદેવ સિવાય ક્યાંય નથી. આહા ! કાંતિભાઈ ! સાંભળ્યું નહોતું કોઈ દિ' ત્યાં. ( શ્રોતાઃ- હતું જ ક્યાં ) હેં ? આહાહા !

ભગવાન પરમાત્મા સીમંધર ભગવાન બિરાજે છે ત્યાં એ આ વાત કરે છે પ્રભુ, એ આ અહીંયા આવી છે આ. ભગવાન એમ કહે, કે દરેક છ દ્રવ્ય છે જ્ઞેય, એની જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની તે ષટ્કારકના કારણે પરિણમે છે, દ્રવ્યથી નહિ, પરથી તો નહિ. પણ એ પર્યાય જે રાગાદિની થાય એ આત્મદ્રવ્ય ને ગુણથી તો નહિ, પરકર્મને કારણથી નહિ, કારણકે કર્મ તો જડ પરદ્રવ્ય છે, એમાં રાગાદિ થાય તે કર્મને લઈને નહિ, તેમ દ્રવ્યગુણને લઈને નહિ. એની પર્યાયના કર્તા કર્મ કરણ સંપ્રદાન એ પર્યાય રાગનો કર્તા પર્યાય રાગ કર્મ રાગ સાધન રાગ અપાદાન રાગમાંથી રાગ થયો છે. આહાહાહા !

આ પાનું ઊંચું થાય છે ને આમ જુઓ ! એ એની પર્યાય છે. પરમાણું છે માટી, આ તો માટી છે પુદ્ગલ, એ આ આંગળીએ ઊંચુ કર્યું એ તો નથી, આત્માએ એને ઊંચું કર્યું એ તો નથી, પણ એ પર્યાય આમ થઈ એના પરમાણુંએ આમ કરી એમેય નથી, દેવીલાલજી ! રાતે નહોતા ? હેં ! હતા ! બહુ ઝીણું આવ્યું'તું. જિંદગીમાં ન સાંભળ્યું હોય એવું હતું કાલે, એટલું બધું સ્પષ્ટીકરણ અત્યારે ન આવે, રાતે બહુ આવ્યું'તું પોણો કલાક. આહાહા ! વીતરાગ ! વીતરાગ ! વીતરાગ ! સર્વજ્ઞ પરમાત્મા એનું જે તત્ત્વજ્ઞાન, અલૌકિક છે ! વીતરાગ સિવાય ક્યાંય એ વાત ( નથી. ) અરે એના સંપ્રદાયમાંય નામ ધરાવે છે જૈન એમાંય નથી. અરરરર ! આહાહા !

આંહી કહે છે, એ અજ્ઞાની પોતાના દ્રવ્ય ગુણને જાણતો નથી અને તે પરને લઈને રાગ થયો છે એમેય નથી, પોતાના અજ્ઞાનને લઈને રાગની પર્યાયને મારી છે એમ પોતે ક્રોધપણે સ્વભાવના વિરોધપણે પરિણમે છે, જો કે એ ક્રિયા નિષેધવામાં આવી છે, એ કાંઈ તારી ક્રિયા સ્વાભાવિક નથી પણ એને, છે ? આહાહા.....

હવે એ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન ક્રિયા અવસ્થા, આ આત્મા, ભાઈ ! આ તો શબ્દો છે અધ્યાત્મના. આ કાંઈ વાર્તા નથી ભાઈ ! આ તો ત્રણલોકનો નાથ ભગવાન, વિશ્વદર્શી પ્રભુ એની પર્યાયની વિકારીની ને અવિકારીની

ક્રિયાની વાત છે આ. આહાહા !

એ પોતાના અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનભવનમાત્ર જે સહજ ( ઉદાસીન અવસ્થા ) છે ? જ્ઞાનનું થવું એટલે જ્ઞાનસ્વરૂપ પ્રભુ એ જ્ઞાનનું થવું એમાં જ્ઞાનનું થવું જ હોવું જોઈએ જ્ઞાનરૂપે પરિણમન જ થવું જોઈએ. જ્ઞાનનું થવું પર્યાય હોં, જ્ઞાન–જ્ઞાન તો ત્રિકાળ છે પણ જ્ઞાનનું થવું જે વર્તમાન પર્યાય થવી જોઈએ તેની. “જ્ઞાનભવનમાત્ર” નીચે અર્થ છે. ભવન=થવું, થવું તે; પરિણમવું તે; “પરિણમન જે સહજ ઉદાસીન” આહાહાહા ! જ્ઞાતાદૃષ્ટા માત્ર અવસ્થા, થવું તો આ જોઈએ કહે છે. ભગવાન આત્મા અને એનો જ્ઞાનસ્વભાવ તે જ્ઞાનની જે અવસ્થા, ઉદાસીન–રાગથી ને પરથી ભિન્ન એવી જ્ઞાતાદૃષ્ટાની પર્યાય તે જ્ઞાનદર્શનના સ્વભાવવાળી થવી જોઈએ. આહાહાહા !

જ્ઞાન ને દર્શન ને આનંદનો સ્વભાવ તદ્‌મય એવો પ્રભુ એની પર્યાયમાં તેના જ્ઞાતાદૃષ્ટાની પર્યાય થવી જોઈએ. છે ? તેનો ત્યાગ કરીને, જોયું ? એ અવસ્થા તેની, ભગવાન આત્મા જ્ઞાતાદૃષ્ટાનો કંદ પ્રભુ પૂર્ણ, તેની તો રાગથી ઉદાસીન ભિન્ન અને જ્ઞાતાદૃષ્ટાની અવસ્થા થવી જોઈએ, એને ઠેકાણે તે અવસ્થાનો ત્યાગ કરીને, અવસ્થા થઈ ’તી ને ત્યાગ કરીને એમ નહિ. શું કીધું ઈ ? એ ભગવાન આત્મા દ્રવ્ય ને ગુણ જે જ્ઞાનાનંદથી તાદાત્મ્ય છે અને તેની જે પર્યાય થવી જોઈએ, તેની પર્યાય તો જ્ઞાતાદૃષ્ટા થવી જોઈએ, એ એની અવસ્થા છે, દ્રવ્ય અને ગુણો તેનું તાદાત્મ્ય છે એમ સમજે ત્યારે તેની પર્યાયમાં તો રાગથી ને પરથી ભિન્ન ઉદાસીન, જ્ઞાતાદૃષ્ટાની પર્યાય થવી જોઈએ, એ થવી જોઈએ એનો ત્યાગ કરીને, અજ્ઞાની તેનો ત્યાગ કરીને, એટલે કરી જ નહિ એણે, હવે આવી વાત હવે. આહાહા !

સામયિક કરો, પોષા કરો, પડિકમણા કરો, ચોવિહાર કરો થઈ ગયો ધર્મ, ધૂળમાંય નથી એ સાંભળને હવે ? હજી તો રાગ શું, દેહ શું, પર શું, સ્વ શું, એ તો ભાન ન મળે ! આહા !

આંહીં કહે છે. એ અવસ્થા થતી ’તી ને છોડી છે એમ નહિ, પણ ખરેખર તો દ્રવ્ય જે વસ્તુ છે, અને એનો જ્ઞાન ને આનંદ જે સ્વભાવ છે, તેની પર્યાય જ્ઞાતાદૃષ્ટાપણે પર્યાયમાં થવી જોઈએ, એને ઠેકાણે તે અવસ્થા ન કરતાં, એ અવસ્થા ન કરતાં, એ અવસ્થાનો ત્યાગ કરીને, છે ને ? અવસ્થા થઈ છે ને ત્યાગ કરીને એમ નહિ. પણ જે એનું જ્ઞાતાદૃષ્ટા સ્વરૂપ છે, તેની પર્યાય તો જ્ઞાતાદૃષ્ટાપણે થવી જોઈએ, એમ ન થતાં, “તેનો ત્યાગ કરીને અજ્ઞાનભવનવ્યાપારરૂપ, ( અર્થાત્ ) ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે.” આહાહાહા ! એટલે ?

કે ભગવાન આત્મા ત્રિકાળી એમ એનો જ્ઞાન–આનંદ ત્રિકાળી સ્વભાવ, તો એની પર્યાય તો જ્ઞાતાદૃષ્ટાપણાની થવી જોઈએ. એનો ત્યાગ કરીને અજ્ઞાની, એ અજ્ઞાનભવન માત્ર એટલે રાગપણું મારું છે એવો અજ્ઞાનભાવ એ રાગ એ અજ્ઞાનભાવ છે એ આત્મભાવ નહિ, છે ને ? અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન જ્ઞાતાદૃષ્ટા અવસ્થા, તેનો ત્યાગ કરીને, અજ્ઞાનભવનમાત્રરૂપ ક્રોધાદિ વ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે. અજ્ઞાનીને રાગમાં પ્રવર્તું છું એમ ભાસે છે, હોવું જોઈએ તો જ્ઞાતાદૃષ્ટાની પર્યાય જ્ઞાતા–દૃષ્ટાપણે નિર્મળ હોવી જોઈએ, એને છોડીને એનો ત્યાગ કરીને એટલે નહિ કરીને, રાગની ક્રિયામાં પ્રવર્તતો અજ્ઞાનીને ભાસે છે. આહાહા..... અજ્ઞાનભવન વ્યાપાર વિકારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે તે

કર્તા છે, આહાહાહા ! એ વિકારી રાગાદિની ક્રિયા કરતો પ્રતિભાસે છે એ અજ્ઞાનભવનમાત્ર, તેનો તે કર્તા પર્યાય છે, દ્રવ્ય કર્તા કહો એ ઉપચારથી છે. પણ એ પર્યાય તેનો એ કર્તા છે. આહાહાહા !

અમૃતચંદ્રાચાર્ય ! કે તેની અવસ્થા તો જ્ઞાતાદૃષ્ટાપણે થવી જોઈએ, વસ્તુ છે જ્ઞાન ને આનંદનો કંદ પ્રભુ તો તેની અવસ્થા તો તેના પ્રકારની જ્ઞાતા-દૃષ્ટા ને આનંદની થવી જોઈએ. તેનો ત્યાગ કરીને એટલે ન કરીને રાગની ક્રિયાના પરિણમનમાં પ્રવર્તતો, હું રાગમાં પ્રવર્તું છું એમ ભાસતો એ રાગનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ ? આહાહા !

ઝીણું ઝીણું કહેવું ને સમજાય છે ? બાપુ મારગ એવો ભાઈ, અનંતકાળથી એણે જોયો કે એક સમય જાણ્યો નથી એને. મુનિ થયો 'તો અનંતવાર, પંચમહાવ્રત પાળ્યા, શાસ્ત્રના અગિયાર અંગના જ્ઞાન કર્યાં. ભાઈ, પણ તે વસ્તુ પર છે. એ આત્માની અવસ્થા નહિ. આહાહા..... આત્માની અવસ્થા પર્યાય તો દ્રવ્યગુણ પર્યાય-પર્યાય શુદ્ધપણે પરિણમે તે એની પર્યાય છે, પણ એનું તો એને લક્ષ નથી, દ્રવ્યગુણનો જે સ્વભાવ છે તેનું તો તેને લક્ષ નથી, તેથી તેની જે પર્યાય શુદ્ધ હોવી જોઈએ એનાં સ્થાનમાં એને છોડીને રાગની ક્રિયામાં પ્રવર્તતો, રાગ તે મારું કાર્ય છે એમ કર્તા થઈને માને છે. આહાહાહાહા !

હવે આમાં યાદ રાખવું કેટલું ? છે ? પ્રવર્તતો પ્રતિભાસે છે તે કર્તા છે. રાગમાં હું પ્રવર્તુ છું ને રાગ મારી ક્રિયા છે તેનો તે પોતે કર્તા છે. ખરેખર તો એ પર્યાય જ કર્તા છે. સમજાણું કાંઈ ? આહાહાહા ! -વિશેષ કહેશે (શ્રોતા- પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૧૪૬ ગાથા-૬૯-૭૦ તા. ૨૬/૧૧/૭૮ રવિવાર કારતક વદ-૧૧

(આ પ્રવચનમાં એક પેરેગ્રાફ C.D. કેસેટમાં નથી જે મૂળ ઓડીયો કેસેટમાં છે.)

શ્રી સમયસાર, કર્તા કર્મ અધિકાર ૬૯ ને ૭૦ પહેલી ગાથા લીધી છે અહીંથી લેવું. "હવે અહીં" ત્યાંથી ફરીને, છે વચમાં ?

આ આત્મા, કર્તાકર્મનો અધિકાર છે ને ! અજ્ઞાની કર્તા થઈને રાગને કેમ કરે છે. ભગવાન આત્મા તો આનંદ ને જ્ઞાનસ્વરૂપ, એની દશા તો વીતરાગી ઉદાસ દશા પ્રગટ હોય, આત્મા અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય અનંતગુણનો પિંડ એ તો દ્રવ્યગુણ, એની અવસ્થા વીતરાગી થવી જોઈએ. કેમ કે વીતરાગી દ્રવ્ય છે, વીતરાગી ગુણ છે, તો એની દશા અવસ્થા જ્ઞાતાદૃષ્ટાની અવસ્થા, વીતરાગી પર્યાય પ્રગટ થવી જોઈએ, વસ્તુ આ છે. આહાહા !

છતાં અહીં આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે, પોતે અનંત અનંત જ્ઞાન ને અનંત આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્ય, એવા સ્વભાવના અજ્ઞાનને લઈને, છે ? અજ્ઞાનભાવને લીધે "આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે" કર્મને લીધે નહિ, ભગવાન આત્મા આનંદ ને શાંતસ્વરૂપ અકષાય વીતરાગ મૂર્તિ પ્રભુ તેના અજ્ઞાનને લીધે પોતાના સ્વભાવના ભાનનો અભાવ એવા અજ્ઞાનને લીધે, જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન અવસ્થા, ખરેખર તો જ્ઞાતાદૃષ્ટા એવો એનો સ્વભાવ, તેથી એની જ્ઞાતાદૃષ્ટાની દશા થવી જોઈએ. આહાહાહા !

છે? જ્ઞાનભવનમાત્ર જે સહજ, જ્ઞાનભવન એટલે આત્માનો સહજ સ્વભાવ એ–રૂપ થવું. જ્ઞાનભવનનો અર્થ એ. આત્માનો જે ત્રિકાળી વીતરાગી સ્વભાવ, તેની દશા તેની પર્યાય થવી જોઈએ. આરે! આવી વાતું, જ્ઞાનભવનમાત્ર એટલે આત્માના સ્વભાવ ભવન થવા માત્ર, જે સહજ ઉદાસ, રાગ અને નિમિત્તથી તો પ્રભુ ઉદાસ છે (એવો) એનો સ્વભાવ છે. એવો સહજ જ્ઞાતાદૃષ્ટા! છે? અવસ્થા તેનો ત્યાગ કરીને, એટલે? કે ભગવાન આનંદ ને જ્ઞાન, આનંદસ્વરૂપ પ્રભુ એ જ્ઞાન ને દર્શનનો પિંડ પ્રભુ! એની અવસ્થા જ્ઞાતાદૃષ્ટાની થવી જોઈએ. એવી અવસ્થાનો પોતાના સ્વભાવના અજ્ઞાનને લીધે, એ અવસ્થાનો ત્યાગ કરી, શું કહ્યું એ? ઝીણી વાત છે પ્રભુ આમાં. આહા!

એ ચૈતન્ય વસ્તુ ભગવાન પરમાનંદ વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞે જે જોયો–કહ્યો, એવો એ અનંતગુણનો સાગર પ્રભુ! એની દશા તો જાણવા દેખવાની એટલે કે જ્ઞાતાદૃષ્ટાની એટલે કે વીતરાગ અવસ્થા ત્યાં થવી જોઈએ. કેમ કે વીતરાગ સ્વરૂપ દ્રવ્ય, વીતરાગસ્વરૂપ ગુણ, તેની અવસ્થા વીતરાગ, રાગરહિત જ્ઞાતાદૃષ્ટાની અવસ્થા થવી જોઈએ. પણ અજ્ઞાની, એ પોતાના વીતરાગી આનંદના સ્વભાવના અજ્ઞાનને લઈને, તે અવસ્થા ન થાય અને અવસ્થાનો ત્યાગ એટલે થતી નથી, એનો ત્યાગ કરીને એમ અર્થ. આહાહાહા! શું શૈલી! આહાહાહા! અમૃત રેડયા છે અમૃતચંદ્રાચાર્યે. આહાહા!

ભગવાન! તું તો પરમાત્મ સ્વરૂપ છો ને પ્રભુ! તો પરમાત્મસ્વરૂપ, વીતરાગસ્વરૂપ, આનંદસ્વરૂપ, જિનસ્વરૂપ, એની દશા તો જિનપર્યાયપણે, વીતરાગીપણે થવી જોઈએ, એ એનું કાર્ય છે અને એ આત્મા એનો કર્તા છે, એમ થવું જોઈએ. એને એ જ્ઞાતાદૃષ્ટાની અવસ્થા સ્વભાવના અજ્ઞાનને કારણે, તે અવસ્થાનો ત્યાગ કરીને, છે? સહજ ઉદાસીન અવસ્થા ઉદાસીન અવસ્થા, કેમ કે ઉદાસ વસ્તુ જ પરથી ભિન્ન તદ્દન ઉદાસ છે. રાગ અને પુણ્યમાં પણ આવે નહિ એવી એ ચીજ છે. એવી સહજ જ્ઞાતા–દૃષ્ટાની અવસ્થાનો સ્વભાવના અજ્ઞાનને લઈને, તે અવસ્થાને ઉત્પન્ન કરતો નથી. તે અવસ્થાનો ત્યાગ કરીને, અરે આવી વાતું હવે, હવે આમાં નવરા ધંધા આડે થાય નહિ એને આ સમજવું, એ ચીમનભાઈ! આહાહા!

કહે છે કે ભગવાન આત્મા તો જ્ઞાન દર્શન ને આનંદનો કંદ પ્રભુ છે. તે તો જ્ઞાન ને દર્શનને ધરનારો ભગવાન છે એવા આત્માની દશા તો સહજ, ઉદાસીન, જ્ઞાતાદૃષ્ટાની અવસ્થા થવી જોઈએ. પણ, તે આત્માના વીતરાગી સ્વભાવને ન જાણતા, અજ્ઞાનભવનમાત્રથી, છે? અવસ્થા તેનો ત્યાગ કરીને, અવસ્થા છે એનો ત્યાગ કરીને એમ નહિ, પણ અવસ્થા થવી જોઈએ, એનો ત્યાગ કરીને, ઝીણી વાત છે ભાઈ! આહાહાહા!

ભગવાન આત્મા અનંતગુણ સંપન્ન દ્રવ્ય પદાર્થ, તો એની અવસ્થા તો સહજ.... જ્ઞાતાદૃષ્ટા, જાણવા દેખવાના પરિણામરૂપ વીતરાગ અવસ્થારૂપ હોવી જોઈએ, એને ઠેકાણે પોતાના એવા સ્વભાવના અજ્ઞાનને કારણે તે જ્ઞાતાદૃષ્ટાની અવસ્થાને ઉત્પન્ન નહિ કરતો, તે જ્ઞાતાદૃષ્ટાની અવસ્થાનો ત્યાગ કરીને, રમણીકભાઈ? આ બધું ઝીણું છે ન્યાં તમારા પૈસામાં કાંઈ સમજાય એવું નથી ન્યાં ધૂળમાં. શું અમૃતચંદ્રાચાર્ય! આત્માને કઈ રીતે પ્રસિદ્ધ કરે છે, અને એ પ્રસિદ્ધ કેમ એને થતો નથી? આત્મખ્યાતિ ટીકા છે ને? આહા! ભગવાન! તું પૂર્ણ આનંદ

ને જ્ઞાન, દર્શનથી ભરેલો પ્રભુ છો ને ! તો પ્રભુ તારી અવસ્થા, પરને કરવાપણાની તો ન હોય, રાગને કરવાપણાની પણ ન હોય, તારી અવસ્થા, જાણવા-દેખવાના વીતરાગ પરિણામરૂપે અવસ્થા તારી હોય. આહાહા !

તેને પોતાનો આનંદસ્વરૂપ ભગવાન ! એના અજ્ઞાનને કારણે, એ જ્ઞાતાદૃષ્ટાની અવસ્થા થવી જોઈએ, તેનો ત્યાગ કરીને અજ્ઞાનભવનવ્યાપારરૂપ એટલે રાગનો પુણ્ય-પાપનો ભાવ એ અજ્ઞાન છે, એમાં જ્ઞાન નથી. સમજાય છે કાંઈ ? જ્ઞાનભવનમાત્ર સહજ અવસ્થાનો, ઉત્પત્તિનો ત્યાગ કરીને, અજ્ઞાની અજ્ઞાનભવનમાત્ર. એ પુણ્ય ને પાપ રાગાદિભાવ તે અજ્ઞાન છે એ આત્માનું એમાં જ્ઞાન નથી. "અજ્ઞાનભવન-વ્યાપારરૂપ ક્રોધાદિવ્યાપારરૂપે પ્રવર્તતો" એને અંદરમાં સ્વભાવનો અનાદર અને રાગનો પ્રેમ તેને અહીંયા ક્રોધ કહે છે. આહાહા ! "ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે" એને તો આ રાગમાં પ્રવર્તુ છું એમ એને ભાસે છે. અજ્ઞાનીને આત્મા પૂર્ણાનંદનો નાથ તેની અવસ્થા જ્ઞાતાદૃષ્ટાની આનંદની, શાંતિની, વીતરાગ દશા થવી જોઈએ, પણ તેનો ત્યાગ કરીને એટલે તેના સ્વભાવના અજ્ઞાનને લઈને, અજ્ઞાનપણાનો વ્યાપાર એટલે રાગ ને પુણ્યઆદિના પરિણામમાં પ્રવર્તતો પ્રતિભાસે છે અજ્ઞાનીને, તે રાગમાં પ્રવર્તતો પ્રતિભાસે છે તે, "તે આત્મા તે રાગનો કર્તા છે" આહાહા ! આવી વાતું છે. સમજાય છે કાંઈ ?

જે જ્ઞાતાદૃષ્ટા વીતરાગી સ્વરૂપ પ્રભુ ! તેના જ્ઞાનના અભાવને લઈને, એને જ્ઞાન ને આનંદની દશા થવી જોઈએ, તેના અભાવમાં એટલે કે તેનો ત્યાગ કરીને, જાણે કે એની દશા તો વીતરાગી હોય એમ કહે છે. એનો ત્યાગ કરીને, રાગાદિ ભાવ જે અજ્ઞાનભાવ જેમાં જ્ઞાન નથી. આહાહા ! જેના ચૈતન્યના નૂરના-પૂરના-પ્રકાશનો જેમાં અંશ નથી. એવો જે પુણ્ય-પાપનો રાગાદિ ભાવ એમાં પ્રવર્તતો હું જાણે એમાં પ્રવર્તું છું એમ અજ્ઞાનીને પ્રતિભાસે છે, તે અજ્ઞાની તે રાગનો કર્તા છે. આવી ગાથા છે ! આહાહાહા ! સમજાણું કાંઈ ?

અનાદિથી આમ કરી રહ્યો છે એમ કહે છે. પરના કામ કરે છે એ પ્રશ્ન અહીં છે જ નહિ. રમણીકભાઈ ? આ તમારે કારખાના ને ચીમનભાઈના કારખાના, કાંતિભાઈનું ઓલું શું મોટું છે એને પાવડર, એની ક્રિયા કરતો પ્રતિભાસે છે એ તો અહીં છે જ નહિ. કારણકે એ ક્રિયા એ કરતો જ નથી. પણ અહીંયા તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે તે સંતો જગતને જાહેર કરે છે. ભાઈ ! તું તો વીતરાગ મૂર્તિ જિન સ્વરૂપ છો ને ! આહાહા !

"ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન" તું જિન સ્વરૂપ છો તો એની દશા જૈનની વીતરાગી દશા થાય તે જૈન છે. આવી વાતું હવે. આ ક્રિયાકાંડીઓને કાંઈ સૂઝે નહિ આમાં. આ સામાયિક કરી ને પોષા કર્યા ને પડિકમણા કર્યા એ ધૂળેય નથી સાંભળને ! બધી અજ્ઞાનભાવની ક્રિયા છે. આહાહા !

આંહીં કહે છે પ્રભુ ! ઈન્દ્રો ને ગણધરોની સમક્ષમાં ત્રણ લોકના નાથ, તીર્થંકરની આવી દિવ્યધ્વનિ હતી, એને ગણધરે ઝીલી અને શાસ્ત્ર રચ્યા, એ માહ્યલું આ શાસ્ત્ર છે. કુંદકુંદાચાર્યે રચ્યા એ તો, પ્રભુ તું કોણ છો ? તું શરીર નહિ, વાણી નહિ, મન નહિ, દયા દાનના રાગાદિના ભાવ નહિ, અરે ! એક સમયની અવસ્થા પણ તું નહિ. આહાહા ! તું તો અનંત અનંત અનંત

અનંતગુણનો ગોદામ છો. એવા અનંતગુણના ગોદામ નામ સ્વભાવને ન જાણતાં, એ ભગવાન પૂર્ણાનંદને આમ ધ્યેયમાં લેવો જોઈએ અંદર, એને ન લેતાં રાગની ક્રિયા ચાહે તો દયા, દાન, વ્રત આદિની હોય, એ પોતાના ત્રિકાળી સ્વભાવના અજ્ઞાનને લીધે તે અવસ્થા નિર્મળ થવી જોઈએ, તેનો ત્યાગ કરી અને રાગમાં પ્રવર્તતો પ્રતિભાસે છે, તે આત્મા રાગનો કર્તા છે. સુમનભાઈ ! એ તમારે કાયદા ફાયદામાં આવું ક્યાંય આવતું ન હોય એમાં એ, તમારે તો કાયદાનું ક્યાં હતું એ તો રામજીભાઈને. આહાહા ! આહાહા ! ગજબ વાત કરે છે ને ! ટૂંકી ભાષામાં કેટલું સમાડી દીધું છે ! હેં ? એનું દ્રવ્ય, એનો ગુણ, એની પર્યાય વીતરાગી થવી જોઈએ, એને ઠેકાણે તે વસ્તુના સ્વભાવનો અજાણ–અજ્ઞાની અનાદિથી જે દશા આનંદ ને શાંતિની થવી જોઈએ તેને ઉત્પન્ન નહિ કરતો એટલે કે તેનો ત્યાગ કરતો, આહાહા ! આવી વાત ક્યાં હવે, વાણિયાને નવરાશ ન મળે !

એ વાત આવી છે સાંભળી છે તમે રમણીકભાઈ ? જાપાનમાં એક ઐતિહાસિક મોટો છે ઐતિહાસિક મોટો જૂનો ૬૭–૬૮ વર્ષની ઉંમરનો છે. ઘણાં લાખો પુસ્તકોનો ઐતિહાસિક ઈતિહાસનો અને એનો છોકરો છે એ બેયને આ રસ છે. એને છાપામાં આપ્યું છે બહુ જૂનો ઐતિહાસિક કે અરે જૈન ધર્મ તો અનુભૂતિરૂપ ધર્મ છે, આંહીં એ કીધું ને, કીધું ને જે આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એટલી બધી તો એને ખબર ન હોય પણ એની અનુભવ દશા થવી જોઈએ, “એ અનુભૂતિ તે જૈન ધર્મ છે” એમ કહ્યું છે. આંહીં કીધું ને જ્ઞાતાદૃષ્ટાની અવસ્થાનો ત્યાગ કરીને, એટલે એની અનુભૂતિની દશાનો ત્યાગ કરીને. એણે તો એમ કહ્યું છે કે આવો જૈન ધર્મ, પણ વાણિયાને હાથ મળ્યો. વાણિયા વેપારમાં ગૂંચાઈને પડયા છે એને આ સૂઝે ક્યાંથી એમ લખ્યું છે. એય ! રમણીકભાઈ ? ઓલો ઐતિહાસિક ઠપકો આપે છે, જાપાનનો ! આહાહા..... સાંભળે છે ને લોકો બધાય. આહા ! હીરાભાઈ ? ઓલો જાપાની એમ કહે છે કે વાણિયાને આ મળ્યો ને વાણિયા વેપાર આડે નવરાશ નથી કે આમાં શું ચીજ છે. આહાહાહા !

આંહીં આવ્યું ને ? આંહીં શું આવ્યું જુઓ ! ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો, છે ને ? એટલે ? કે ભગવાન આત્મા વીતરાગી જિનસ્વરૂપી બિંબ આત્મા છે. તેની જિન અવસ્થા એટલે વીતરાગી અવસ્થા, ઉદાસ અવસ્થા થવી જોઈએ, તેનો ત્યાગ કરીને, સ્વભાવનો અભાવરૂપ, પુણ્ય–પાપના પ્રેમરૂપ, સ્વભાવ પ્રત્યેના ક્રોધરૂપ, સ્વભાવ પ્રત્યેના ક્રોધરૂપ અવસ્થાના વેપારમાં પ્રવર્તતો, રમણીકભાઈ ? એ તમારા ચોપડામાંય ન મળે એ બેન એ ન્યાં બધું ધ્યાન રાખે પણ આ ન મળે ક્યાંય, બેન ધ્યાન રાખે છે ને, એમ સાંભળ્યું છે ને. આહા ! આહા ! પ્રભુ, પ્રભુ વીતરાગ માર્ગ તો જુઓ. આહાહા !

આંહી તો એમ સિદ્ધ કરે છે કે ભગવાન આત્મા વીતરાગ મૂર્તિ છે–જિન સ્વરૂપી એનો ગુણ પણ વીતરાગ સ્વભાવસ્વરૂપ છે અને તેની પર્યાય વીતરાગભાવની રાગથી ઉદાસ ને પરથી ઉદાસ ભિન્ન એની વીતરાગદશા ઉત્પન્ન થવી જોઈએ. દ્રવ્યગુણ વીતરાગ તો અવસ્થા વીતરાગ થવી જોઈએ. એનો તે અજ્ઞાની, પોતાના ત્રિકાળી સ્વભાવના જ્ઞાનનો અભાવ, અરે લાલભાઈ ન આવ્યા એને જરી પગનું છે ને ? આહાહા !

પોતાનો જે વ્યાપાર જ્ઞાતાદૃષ્ટાનો જોઈએ અને તેના પરિણામ જે વીતરાગી પરિણામ તે

તેનો વ્યાપાર જોઈએ, એને ઠેકાણે, વેપાર શબ્દ પડયો છે ? આ તમારો વેપાર આવ્યો આ બધો, છતાંય એ વ્યાપાર આ, એ કારખાનામાં કામ કરે એ વ્યાપાર ઈ એનો નહિ. કારખાનાની જે અવસ્થા થાય છે, એનો વ્યાપાર આત્મા કરે એ તો અજ્ઞાનમાંય નહીં. એની જે અવસ્થા કારખાનાની થાય છે તે અવસ્થાના કર્તા એ પરમાણું પુદ્‌ગલ પણ નહિ, એ પર્યાય તેની કર્તા, પર્યાય પર્યાયની કર્તા. આહાહાહા !

ત્યાં ગયા 'તા ને એક ફેરી ઉજ્જૈન-ઉજ્જૈન, લાલચંદભાઈનું છે ને ઓલું મીલ મીલ, ત્રણ કરોડનું, ત્યાં ગુજરી ગયા, પણ ભ્રમણામાં બધા એવું બધું હાલતું હોય ને બ્રાહ્મણ પાસે જપાવે એમ કાંઈક એમ લાભ થાય. ન્યાં લઈ ગયા ' તા એક ફેરી પગલાં કરવા. તે આખો સંચો એકલો માણસ એક જ ઊભો હોય બસ ! ( ઓટોમેટિક ) એ એની મેળાયે હાલે. રૂ નાખે ત્યાં આમ કપડું થઈને બહાર નીકળે એવો સંચો ત્રણ કરોડનો, પણ એ પર્યાય જે થાય છે એ જોડે માણસ ઊભો હોય એણે કરી તો નથી પણ એ પર્યાય જે આમ-આમ થાય છે, એનો કર્તા એ પરમાણું જે પુદ્‌ગલ છે ઈ એનો એ કર્તા નહિ, એનો આત્મા તો એનો કર્તા નહિ, એને રાગ થાય એ પણ એનો કર્તા નહિ, રાગ એનો કર્તા નહિ, અને એ પર્યાય થાય એનો એનાં પરમાણું છે એય કર્તા નહિ, અરેરે ! આંહીં સુધી જાવું, વીતરાગ માર્ગની ઊંડપ ઘણી બાપા. આહાહા ! એની પર્યાયનો કર્તા એ પર્યાય છે.

આંહી કહે છે કે આ પર્યાયનો કર્તા કોણ ? આ રાગની અજ્ઞાની સ્વભાવના અજ્ઞાનને લઈને જે રાગાદિમાં પ્રવર્તે છે એ પર્યાયનું કાર્ય કોનું ? એ અજ્ઞાનીનું, ખરેખર તો એ પર્યાયનું કાર્ય છે અજ્ઞાન પર્યાય. આહાહા ! દ્રવ્યગુણ નહીં. આહાહા !

એ સહજ ઉદાસીન, જ્ઞાતાદૅષ્ટા માત્ર, જ્ઞાતાદૅષ્ટા માત્ર ! રાગેય નહિ એમાં જોઈએ, વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ રાગ એ પણ એની અવસ્થા નહિ. એ તો જ્ઞાતાદૅષ્ટાની વીતરાગ અવસ્થામાત્ર. તેનો ત્યાગ કરીને, એટલે કે તેને ઉત્પન્ન નહિ કરતો. આવો સહજ માર્ગ ઊંડો, વાણિયાને હાથ આવ્યો પણ વાણિયા-નવરાશ ન મળે, એય ચીમનભાઈ ? ( શ્રોતાઃ- એ વાત સાચી પણ કરી શકે તો એ વાણિયા જ કરશે ) એ વાત સાચી છતાંય કરશે તો એ જ કરશે. હૈં ? આહાહા ! આવો મારગ !

તીર્થંકર સર્વ અનંત તીર્થંકરો, અનંત કેવળીઓએ આ કહ્યું, ભગવાન ( તીર્થંકરદેવ ) બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં, એ ( સીમંધર ) ભગવાને કહ્યું એ પોતે ઝીલ્યું, જાણ્યું અને આંહી આવીને રચના થઈ આ શાસ્ત્રની. અરેરે ! એ શાસ્ત્રની ટીકાની રચના થઈ એનો કર્તા કહે છે કે એ આત્મા નહિ. અરેરે ! એ પર્યાયોનો કર્તા એના પરમાણું નહિ. અરરર ! આવી વાતું. પર્યાય જે પરમાણુંની જે આ ટીકા થઈ એ પર્યાય પર્યાયનો કર્તા. અહીંયા આત્મામાં પર્યાય તો વીતરાગી થવી જોઈએ કારણકે પોતે વીતરાગમૂર્તિ પ્રભુ છે. પણ તેના સ્વભાવના જ્ઞાનના અભાવને લઈને, હું આવો આત્મા પૂર્ણાનંદ ને અનંતગુણનો પિંડ છું, તેના સ્વભાવના ભાનના અભાવને લીધે, તેની-દશાનો ત્યાગ કરી અને રાગના વ્યાપારમાં પ્રવર્તતો એને સ્વભાવથી વિરુદ્ધ જે ક્રોધ, એ ક્રોધમાં પ્રવર્તે છે. ક્રોધ કેમ કહ્યો ? કે રાગનો જેને પ્રેમ છે એને સ્વભાવ પ્રત્યે ક્રોધ છે. અરેરે ! આવી વાતું હવે. કહો કાંતિભાઈ ? આવું સ્વરૂપ છે. આહાહા !

જેને એ શુભરાગ હોય એનો પણ જેને પ્રેમ છે, રુચિ છે, એને ભગવાન અનંત આનંદનો કંદ વીતરાગમૂર્તિ પ્રભુ તેના પ્રત્યે તેને દ્વેષ છે, દ્વેષનો ભાગ ક્રોધ અને માન છે. આહાહાહા ! એવા વ્યાપારરૂપ પ્રવર્તતો થકો પ્રતિભાસે છે. એમ શું કીધું ઈ ? અજ્ઞાની સ્વભાવના અજ્ઞાનને લઈને રાગના અજ્ઞાનરૂપ વેપારમાં પ્રવર્તતો, એનો કર્તા હું છું એમ પ્રતિભાસે છે. આ રાગનો કર્તા હું છું એમ અજ્ઞાનપણે તેને પ્રતિભાસે છે. તે કર્તા છે, એટલું તો કાલ આવી ગયું 'તું. આ તો ફરીને આ બધા નવા આવ્યા છે ને ? આંહીં સુધી તો કાલે આવ્યું 'તું...

અને હવે કર્મ, એ કર્તા પ્રતિભાસે છે એમ લીધું, હવે એનું કર્મ શું ? કર્તાનું કાર્ય શું ? અને જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં, ન્યાં એ નાખ્યું છે ( કહ્યું છે ) જોયું ? ને પાછું ઓલું જ્ઞાનભવનમાત્રસહજ ઉદાસીન અવસ્થા તેનો ત્યાગ કરીને કીધું, કર્તા સિદ્ધ કરવો છે. હવે અહીંયા જ્ઞાનભવનવ્યાપારરૂપ, આત્માના સ્વભાવનો વ્યાપાર થવો જોઈએ. ભગવાન આત્મા અનંત અનંત ગુણનો સ્વભાવિક વસ્તુ, એ સ્વભાવની અવસ્થા થવી જોઈએ. એ જ્ઞાનભવનવ્યાપાર એટલે એ, આત્માના સ્વભાવનું થવું પર્યાયમાં, એના વ્યાપારરૂપ પ્રવર્તનથી જુદા, જ્ઞાતાદૃષ્ટાના વીતરાગી પરિણામનું જ્ઞાન ભવન એટલે આત્માનું થવું એવો જે આત્માનો વ્યાપાર, તેનાથી પ્રવર્તનથી જુદાં. આહાહાહા !

ઓલામાં એમ કહ્યું 'તું કે જ્ઞાતાદૃષ્ટાની સહજ દશાનો ત્યાગ કરીને, કર્તા ભાસે છે. હવે અહીં કર્મ ભાસે છે, એમ કહ્યું છે. આહાહા..... ગજબ વાત ટીકા તે કંઈ. આહાહા ! જ્ઞાન એટલે આત્માનું થવું એટલે કે વીતરાગી પર્યાયરૂપી વ્યાપાર થવો, એના પ્રવર્તનથી જુદા, વીતરાગી કાર્ય થવું જોઈએ, વીતરાગી દ્રવ્યગુણ છે માટે વીતરાગી પર્યાય થવી જોઈએ, પણ એ પ્રવર્તનથી જુદું એની મેળાએ આ બધું બેસે એવું નથી ન્યાં ! આ બેનનું પુસ્તકનું પૂછયું છે એ બેનના પુસ્તકના તો મોટા અમલદાર અધિકારીઓ અત્યારે વાંચે છે કેટલી વાર બબ્બે, ચચ્ચારવાર વંચાઈ ગયા ને તમને પૂછયું કે વાંચ્યું નથી હજી કહો. આહા ! વાંચ્યું છે તમે ? કેટલી વાર એક ? ( શ્રોતાઃ– બે વાર. ) આહાહા ! ટીકા છે આ જુઓને કહે છે. દ્રવ્યગુણ ને પર્યાય આમ નિર્મળદ્રવ્ય, નિર્મળગુણ તો એની નિર્મળ અવસ્થા થવી જોઈએ, તેનો તેને ખ્યાલ નથી, એથી અજ્ઞાનભાવે રાગમાં પ્રવર્તતો પ્રતિભાસે છે. તે પર્યાય તેની કર્તા, દ્રવ્ય કર્તા કહેવું એ ઉપચારથી. આહાહાહા !

આંહીં હવે કર્મ, જ્ઞાનનું ભવન થવું આત્માના સ્વભાવનું વીતરાગભાવરૂપે થવું, એવો જે વ્યાપાર તેના પ્રવર્તનથી જુદા, ક્રિયમાણપણે કરાતું હોય એમ અંતરંગમાં ઉત્પન્ન થતાં કરાતું હોય એમ અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે, આ મારાથી થયું છે એમ એને પ્રતિભાસે છે. મેં કર્યું એ કર્તા પહેલું પાછું થયું, હવે આ રાગ છે એ મારાથી થયો એમ એને પ્રતિભાસે છે, એ રાગ એનું કાર્ય છે. આ કારખાનાના કામ ને વેપારધંધાના ને એ નહિ. ( શ્રોતાઃ– મુંબઈમાં તો ખરું ને ! ) એ ધૂળમાંય નહિ, મુંબઈમાં ક્યાં હતો. ભાષા સાદી છે ભાવ ભરેલા છે ગંભીર ( શ્રોતાઃ– એટલે તો આપ ખોલીને બતાવો છો ) આહાહાહા ! બહું ઝીણું એટલે. આહાહા !

"ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે." પર્યાયમાં રાગ ઉત્પન્ન થાય છે એમ અજ્ઞાનીને કાર્ય ભાસે છે. અંતરંગમાં લીધું ને બહારનું કોઈ કાર્ય છે નહિ અંદર, એ હાથ હલાવી શકે નહિ ને ભાષા બોલી શકે નહિ, પાંપણ ફેરવી શકે નહિ, દાળ–ભાત ખાઈ

શકે નહિ, દાઢ દાંતને ( ખોતરી ) આમ કરી શકે નહિ. કહો છોટાભાઈ ? આવું ઝીણું છે બાપા. આહાહા ! આ જૈનદર્શન ! આ દિગમ્બરદર્શન. આહાહાહા ! અરેરે ! સાંભળવા મળે નહીં, સાંભળવાનો વખત લ્યે નહિ એને કેદિ' સમજાય ભાઈ ! જિંદગી ચાલી જાય છે. આહાહા !

જુઓને ચંદુભાઈ ચાલ્યા ગયા ને બિચારા, આંહીં બેસતા આંહીં લાવોને આંહીં આવો ને એમ કહેતા ત્યારે ત્યાં પેશાબ ( સાટુ દૂર બેસતા ) દેહની સ્થિતિ પૂરી થાય ત્યાં શું થાય ? અમદાવાદમાં વાંચનારો બહુ મુખ્ય માણસ જબ્બર માણસ, એ હાલ્યા ગયા. ( શ્રોતાઃ– સંસ્કાર લઈને ગયા છે ) સંસ્કાર લઈને ગયા–સંસ્કાર લઈને ગયા છે, અને મારા હિસાબમાં તો એ સ્વર્ગ સિવાય બીજે જાય નહિ, એવો એ માણસ હતો. શરીરની નબળાઈ થઈ ગયેલી પણ..... આહાહા !

શું કીધું ? કર્તા ને કર્મ સિદ્ધ કરવું છે, કર્તા સિદ્ધ કર્યું કે અજ્ઞાની જ્ઞાનભવનમાત્રના પરિણામને નહિ ઉત્પન્ન કરતો, તેને છોડી અને રાગનો કર્તા છું, રાગમાં હું કરું છું એવો અજ્ઞાનીને કર્તા પ્રતિભાસે છે. ત્યારે કર્મ ? જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં એટલે એ પ્રવર્તન છે નહિ ત્યાં. આત્મભવનવ્યાપારરૂપ, જ્ઞાન શબ્દે આત્મા, આત્માના થવારૂપ વ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં, કેમ કે આત્માના ભવનરૂપ વ્યાપાર તો વીતરાગ ભાવ છે, એ વીતરાગી ભાવ તેનું કર્મ છે. આહાહાહા ! આત્મભવન વ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં, કરાતું હોય જાણે મારાથી એમ અંતરંગમાં ઉત્પન્ન થતાં રાગને પોતે કર્મ તરીકે ભાસે છે. રાગ મારું કાર્ય છે તેમ અજ્ઞાનીને ભાસે છે. પણ આ રાગ એનું કાર્ય એમ પ્રતિભાસે છે, આ પરના મેં કામ કર્યા એ તો વાત જ જુદી છે. સુમનભાઈ ! આહાહાહા..... આ સિદ્ધાંત ! કરાતું હોય જાણે મારાથી એમ ક્રિયમાણ એટલે, એ રાગ કરાતું હોય મારાથી એમ એને કર્મ ભાસે છે. આહાહા ! ( શ્રોતાઃ– એ મારું કર્તવ્ય છે એમ ભાસે છે. ) એવી વાત છે. કેટલું સમાડી દીધું કર્તાકર્મ બેમાં. આહાહા !

એવા ક્રોધાદિ તે કર્તાના કાર્ય છે. અજ્ઞાનીનું કર્તા અજ્ઞાની, અને તેના પુણ્ય–પાપના ભાવ સ્વભાવથી વિરુદ્ધભાવ, એવા ક્રોધાદિનું કાર્ય તેને થાય છે એમ ભાસે છે. હું તો ક્રોધ કરું છું. આ કરું છું એ નહિ, હું તો ક્રોધ કરું છું, માન કરું છું, રાગ કરું છું એમ ભાસે છે. આવી વાત છે ક્યાં ? દિગંબર સંતો સિવાય, માળે ગજબ કામ કર્યું છે. હૈં ! ( શ્રોતાઃ– અહીં તો અમે આપની પાસેથી સાંભળીએ છીએ, ) આ ત્રણ ચાર લીટીમાં કેટલું ભર્યું છે ! આહાહા ! આહાહા ! તારી ગંભીરતાનો પાર નથી પ્રભુ ! તું તને ભુલ્યો એની ગંભીરતાનો પાર નથી, ઓલામાં આવ્યું છે અનુભવપ્રકાશમાં– તારી શુદ્ધતા તો બડી, પણ તારી અશુદ્ધતાય બડી છે. કે તીર્થંકર જેવાના સમવસરણમાં ગયો પણ તેં અશુદ્ધતા છોડી નહિ. અનુભવ પ્રકાશમાં આવે છે, દિપચંદજી. આહાહા !

પર્યાયમાં દ્રવ્યને ધ્યેય તરીકે લઈને જ્ઞાતાદૃષ્ટાની અવસ્થા થવી જોઈએ તે તેનું કર્મ ને કાર્ય છે, એને છોડી દઈને, જ્ઞાનભવનમાત્રવેપારના પ્રવર્તનથી જુદાં, એટલે ? કે વસ્તુ અને વસ્તુનો સ્વભાવ, અવિકારી વીતરાગમૂર્તિ તેનું કાર્ય તો વીતરાગ–પ્રવર્તન જોઈએ. એ વીતરાગ પ્રવર્તનના કાર્યથી જુદાં, આવી વાતું છે. અરે ન્યાં શું ? ફાડ પાડી નાખે અંદરથી આર–પાર ! ભગવાન અંદર ભિન્ન ત્રિલોકનાથ છે ને આ શું તને થયું છે ? આહાહા !

એવા ક્રોધાદિક, ક્રોધ–કેમ કીધું, કહ્યું ? સમજાણું ને ? કે એ રાગ ને દયા દાન વ્રત કે કામ ક્રોધના પરિણામ થયા એની રુચિ છે, ને એને એની દૃષ્ટિ છે અને એ એને પોષાય છે. ભગવાન એને પોષાતો નથી. જે કંઈ વિકલ્પ થયો, શુભ–અશુભ ભાવનો એનું એને પોષાણ છે, પોષે છે–પોષે છે, રુચિ છે તેથી ભગવાનનો એને અનાદર છે. પરમાત્મ પ્રકાશમાં કહ્યું છે કે રાગના ભાવને જેણે ઉપાદેય તરીકે સ્વીકાર્યો એણે ભગવાન ત્રણલોકનો નાથ પરમાત્મા પોતે તેને હેય છે. આહાહા ! આત્મા હેય છે. શશીભાઈ ! અનાદિથી હેય કર્યો તેં પ્રભુ ! આહાહાહા ! ભગવાન સ્વરૂપ પરમાત્મા એનો આદર નહીં કરતાં અજ્ઞાનભાવે એટલે કે તે સ્વરૂપના મહાત્મ્યના અભાવે, રાગના મહાત્મ્ય તને આવ્યા, એ વિકારી પર્યાયના પ્રભુ તને મહાત્મ્ય આવ્યા. તેથી વીતરાગી પ્રવર્તનથી તે રાગ પ્રવર્તન જુદી જાત છે. આહાહા ! હીરાભાઈ ? આવું છે ! આહાહા !

શું ટીકા, શું એની ગંભીરતા ! શું એના ભાવ. અમૃતચંદ્રાચાર્ય એક હજાર વર્ષ પહેલા દિગંબર સંત, જિન નહિ પણ જિન સરીખા, એની આ ટીકા બાપુ, જિન છે ને ? મોક્ષ તત્વ કહ્યું છે ને ? એને તો મોક્ષ કહ્યું છે, મોક્ષમાર્ગમાં પરિણમેલા મુનીઓને મોક્ષતત્વ છે એમ કહ્યું છે. આહા ! અહીંયા એ સંતો વિકલ્પ આવ્યો છે તેના એ કર્તા તો નથી, અને આ ટીકા થાય તો એના કર્તા તો ત્રણ કાળમાંય નથી, પણ એમાં વાણી આવી રચાઈ ગઈ. આહાહા !

પ્રભુ ! તું કર્તા તો વીતરાગી પર્યાયનો હોવો જોઈએ એને ઠેકાણે રાગ પર્યાયનો કર્તા તને પ્રતિભાસે છે, એ અજ્ઞાન છે, અને વીતરાગી પરિણામ તે તારું કાર્ય છે એમ ભાસવું જોઈએ. તેને છોડીને, રાગમાં પ્રવર્તનરૂપ, વીતરાગ પ્રવર્તનથી જુદી જાત જે રાગ તેમાં પ્રવર્તતો તને ભાસે છે, કહે છે એ તારું કાર્ય છે અજ્ઞાનીનું. આહાહાહા ! એ હાથ હલાવી શકે છે, એ તો નહિ. ગજબ વાત છે. હેં ? કહ્યું'તું ને અહીંયા. પગ–પગ જે હાલે છે આ જમીનને અડતો નથી પગ, હવે આ કોને બેસે ? અડતો નથી, અડે તો બેય એક થઈ જાય. અને તે પગ હાલે છે એ આત્માથી નહિ, આત્માને વિકલ્પ આવ્યો કે આમ થાય એનાથી નહિ, તેમ જે પગ આમ હાલે છે એ પરને અડયા વિના, એ હાલવાની ક્રિયા એના પરમાણુંથી નહિ. એની પર્યાય( નો ) પર્યાય કર્તા છે એની.

ભાષા જુઓ ને જ્ઞાનભવન વ્યાપારરૂપ આત્માના સ્વભાવના વ્યાપારરૂપ વીતરાગ પરિણામ તેના પ્રવર્તનથી જુદાં ક્રિયમાણપણે જાણે કે કરાતું હોય, હું કરું છું એમ અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે એવા એ વિકારીભાવ એનું કાર્ય છે કર્મ એટલે કાર્ય છે. આહાહા ! શ્લોક બહુ સારો આવી ગયો છે, અત્યારે તમારે દાક્તર આવ્યા છે ને. આંહીં કહો જાંઝરી, જાંઝરી અત્યારે આવ્યા છે આજ. આહાહાહા ! શું એની શૈલી, શું એની ધારા–આહાહા ! પ્રભુ તું તને ભૂલીને રાગનો કર્તા તું થાશ ભાઈ ! વીતરાગી પ્રવર્તનના કાર્યને છોડી દઈને, પ્રભુ તેં રાગના કાર્ય મારાં માન્યા છે એમ કહેવું છે. આ કર્તા કર્મની સિદ્ધિ કરી. અરે ! આ ક્યાં પકડે સાધારણ માણસ. આહાહા !

'આ પ્રમાણે અનાદિ કાળથી' અનાદિ કાળના અજ્ઞાનથી. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક ગયો અનંતવાર, જૈન દિગંબર સાધુ થયો, પંચમહાવ્રત પણ એ બધા રાગ છે એ મારું કાર્ય છે તેમ એને ભાસ્યું છે. આહાહા ! "આ પ્રમાણે અનાદિ કાળની, અજ્ઞાનથી થયેલી આત્માની કર્તા કર્મની પ્રવૃત્તિ છે." લ્યો. આ રીતે અજ્ઞાનથી કર્તાકર્મની પ્રવૃત્તિ છે. આહાહાહા !

હવે આ બધા ગૃહસ્થો મોટા મરી જાયને કરોડપતિને પચાસ લાખ ને ધૂળ લાખવાળા, એ ઉદ્યોગપતિ હતા એણે ઉદ્યોગ બહુ કર્યો, છાપામાં એમ આવે, ઉદ્યોગપતિ હતા, ઉદ્યોગપતિ આ ધૂળના ? ( શ્રોતાઃ- માનવા તો પડે ને ) માને છે એ તો અજ્ઞાન થયું. આહા ! એમ કે જન્મ્યા ત્યારે મા-બાપ પાસે કાંઈ નહોતું પછી પોતે યુવાન અવસ્થા થઈ પોતાના ડહાપણે ઉદ્યોગ વધાર્યો અને ઉદ્યોગપતિ થયા અને ચાલીસ-ચાલીસ કરોડ ભેગાં કર્યાં. આહાહા ! આંહીં તો કહે છે કે રાગનો ઉદ્યોગપતિ થાય એ પણ મિથ્યાદૃષ્ટિ છે. એય ! વીતરાગ પર્યાયનો ઉદ્યોગપતિ થાય એ ધર્મી છે. આહાહા !

"એ રીતે પોતાના અજ્ઞાનને લીધે" પાછું આ એવું આ કેમ થયું છે કે કર્મનું જોર છે માટે થયું છે એમ નહિ, એના સ્વરૂપનું એને ભાન નથી માટે થયું છે. "પોતાના અજ્ઞાનને લીધે કર્તાકર્મભાવ વડે ક્રોધાદિમાં વર્તતા" એટલે પુણ્ય-પાપના ભાવ જે આત્માના સ્વભાવથી વિરુદ્ધ તેમાં વર્તતા, આ આત્માને તે ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર કરી, અજ્ઞાનીના તે ક્રોધ, માન, માયાના અથવા રાગના પ્રેમરૂપી જે ક્રોધ, સ્વભાવ પ્રત્યેનો અનાદર તેની પરિણતિનું નિમિત્તમાત્ર કરીને પોતે પોતાના ભાવથી પરિણમતું કર્મ, આ તો ફક્ત નિમિત્ત છે, તે સમયે પરમાણુંઓ કર્મ થવાને લાયક એ પોતાના ભાવથી પરિણમતું આ તો નિમિત્તમાત્ર છે, નિમિત્ત-નિમિત્ત કેમ કહ્યું કે એ કાંઈ એના કર્મના પુદ્‌ગલને પરિણમાવતું નથી. કર્મની પર્યાયને તે પરિણમાવતું નથી. નિમિત્તમાત્રે એમ, નિમિત્તમાત્ર અજ્ઞાનીના રાગના કર્તાપણાના નિમિત્તમાત્રને પામી પરમાણુંઓ કર્મની અવસ્થાને ધારણ કરે છે. આહાહાહા ! પોતે પોતાના ભાવથી, પર્યાયથી, પરિણમતું પૌદ્‌ગલિક કર્મ એકઠું થાય છે. ત્યાં પરમાણુંઓ કર્મના એકઠા થાય છે, આ તો પરિણામ આમાં તો નિમિત્તમાત્ર છે, તે સમયે તે પરમાણુંઓમાં કર્મની અવસ્થા થવાને લાયકવાળા પરિણમે છે, એ પોતાના ભાવથી પરિણમે છે, આ આત્માના રાગના ભાવને લઈને નહિ. આહાહાહા ! સમજાણું કાંઈ ?

બીજી રીતે કહીએ તો ભગવાન આત્મા એમાં વિકાર થવાનો કોઈ ગુણ નથી. આત્મામાં અનંતગુણો છે, અનંતા અનંત ગુણો અનંતા અનંત ગુણો, એમાં કોઈ એક ગુણ વિકાર કરે એવો કોઈ ગુણ નથી, પણ પર્યાયની બુદ્ધિવાળા અજ્ઞાનીઓ કર્મ-વિકારને પર્યાયમાં કરે છે. સમજાય છે કાંઈ ? એમ કર્મની અવસ્થા પુદ્‌ગલમાં થવાની અવસ્થા પુદગલમાં એવો કોઈ ગુણ નથી કે કર્મરૂપી અવસ્થા થાય. સમજાય છે કાંઈ ? પુદ્‌ગલમાં એવો કોઈ ગુણ નથી કે કર્મની અવસ્થા થાય, પણ તેની પર્યાયમાં અધ્ધરથી કર્મની અવસ્થા પરમાણુંમાં થાય છે. આહાહાહા !

પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર કરીને, પોતે પોતાના ભાવથી પર્યાયથી પરિણમતું-પર્યાયથી પરિણમતું ભાવથી પરિણમતું એમ, પરમાણુંઓ કર્મ થવાને લાયક છે પર્યાયમાં, તે પોતાના ભાવથી, પર્યાયથી પરિણમતું એના દ્રવ્યગુણના ભાવથી પરિણમતું એ નહિ, આહાહાહા ! ગજબ ટીકા કરે છે ને ? આહાહા ! પોતે પોતામાં પર્યાયથી જ પરિણમતું, હેં ! પોતે પોતાની પર્યાયથી જ પરિણમતું, પૌદ્‌ગલિક કર્મ એકઠું થાય છે તેને પરમાણુંઓ ત્યાં બંધાય છે, એની પોતાની પર્યાયની લાયકાતથી. આ તો નિમિત્તમાત્ર છે.

આ રીતે જીવ ને પુદ્‌ગલનો પરસ્પર અવગાહ, બસ ! એક ક્ષેત્રમાં રહેવું એટલો અવગાહ

સંબંધ. આહાહાહા ! ભગવાન આત્મા પોતાના સ્વભાવને ભૂલી, અજ્ઞાનભાવે રાગનો કર્તા ભાસે અને રાગ તેનું કાર્ય ભાસે તેટલું રાગનું નિમિત્તમાત્ર કરી તે વખતના પરમાણુંની પર્યાય પોતાપણે પરિણમે અને એના એકક્ષેત્રાવગાહે રહે, જ્યાં આત્મા છે ત્યાં કર્મ રહે. આહાહા ! પરસ્પર અવગાહ જેનું, પરસ્પર અવગાહ જેનું લક્ષણ જોયું ! પરસ્પર, આત્મા પોતાના રાગદ્વેષથી પડયો છે, કર્મ એની અવસ્થાથી પરસ્પર એકબીજાના અવગાહ એક ક્ષેત્રમાં રહેલાં છે. આહા ! સમજાણું કાંઈ ?

હવે આ એક જણો કહે કે હું પંદર દિ'માં સમયસાર વાંચી ગયો, બાપુ હેં ! ગંભીરતાનો પાર નથી... બાપુ આ તો ત્રણ લોકના નાથ સંતોની વાણી છે આ, સંત, સંત છે એ વીતરાગ મૂર્તિ છે. દિગંબર સંત, એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે. આવા સંબંધરૂપ બંધ એક ક્ષેત્રાવગાહે રહેવું, જોયું ? સંબંધરૂપ બંધ, ત્રણ વાત થઈ, વખત થઈ ગયો છે. ત્યાં એમ કીધું 'તું કે પુણ્ય ને પાપ સંયોગસિદ્ધ સંબંધ છે. સમજાણું ? અને આ એક અવગાહરૂપી સંબંધરૂપ બંધ સિદ્ધ છે, બાકી કાંઈ સંબંધ એને છે નહીં, સૌ સૌ પોતપોતાથી રહ્યાં છે, "અનેકાત્મક હોવા છતાં" એટલે કે અનેકપણાની ભિન્નતા હોવા છતાં "એક પ્રવાહપણે હોવાથી જેમાંથી ઇતરેતરાશ્રય દોષ દૂર થયો છે આનું વ્યાખ્યાન થોડું બાકી છે થોડું કાલે કહેવાશે. ( શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૪૭ ગાથા-૬૯-૭૦-૭૧ તા. ૨૭/૧૧/૭૮ સોમવાર કારતક વદ-૧૨

શ્રી સમયસાર ૬૯ ને ૭૦ છેલ્લી વાત છે. આ રીતે જીવ અને પુદ્ગલનો, છે ને છેલ્લું. પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે. શું કહ્યું ? કે જેમ આત્માને અને જ્ઞાનને તાદાત્મ્ય સંબંધ સિદ્ધ છે તેમ આત્માને ને રાગને સંયોગસિદ્ધ સંબંધ છે. આહાહા ! આત્મા ને જ્ઞાન એ તદ્રૂપ, અગ્નિ ને ઉષ્ણતા જેમ તદ્રૂપ સંબંધ છે, તે રૂપ સંબંધ છે, એમ ભગવાન આત્માને ને જ્ઞાનને, તે રૂપ તદ્રૂપ સંબંધ છે. તેને તાદાત્મ્યસિદ્ધ સંબંધ કહ્યો. અને પુણ્ય ને પાપના ભાવને આત્માની સાથે સંયોગસિદ્ધ સંબંધ છે. ઓલો સ્વભાવસિદ્ધ સંબંધ છે, આ સંયોગસિદ્ધ સંબંધ છે. આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ એને પુણ્ય ને પાપના ભાવ સંયોગે-સિદ્ધ સંબંધ છે સ્વભાવ નહિ. આવું ઝીણું છે, તાદાત્મ્યસિદ્ધ સંબંધ ને સંયોગસિદ્ધ સંબંધ ને આંહીં અવગાહ આંહીં તો અવગાહ ઉપર લેવું છે ને છેલ્લું. આહાહા ! ત્રણ સંબંધ છે. એ બે થયા.

ત્રીજો, આત્મા જ્યારે રાગદ્વેષરૂપે પરિણમે છે ત્યારે કર્મના પરમાણુંઓ તે પોતાને કારણે તે રીતે પરિણમવાની લાયકાતવાળા પરિણમે છે. પરમાણુંઓ તો અનંત છે, પણ તે કાળે ત્યાં રાગદ્વેષ જેટલા થયા, તેના પ્રમાણમાં એની અપેક્ષા વિના, નિમિત્ત છે ને એ તો ? કર્મના પરમાણુંઓ પોતાની લાયકાતથી કર્મરૂપે થવાને યોગ્ય હતા તે કર્મરૂપે થાય છે અને જ્યારે રાગદ્વેષરૂપે થાય છે ત્યારે નવા કર્મો સંયોગ સંબંધે જે આવે છે, ભાવસંયોગ, તો આયે સંયોગ છે પણ એક ક્ષેત્રાવગાહ સંબંધ છે બસ. આત્માને અને કર્મના પરમાણુંઓને એકક્ષેત્રે રહેવું એટલો સંબંધ છે. આહાહાહા !

આવું બધું ઝીણું લ્યો. હવે વાણીયા નવરા ક્યારે થાય આ બધું નિર્ણય કરવા ? ચીમનભાઈ !

( શ્રોતાઃ- સમજવું પડશે ) સમજવું પડશે લ્યો ભાઈ કહે છે. હેં ? પોતા માટે ( શ્રોતાઃ- સમજવાનું પોતાના માટેજ છે ને ? ) પોતા માટે જ છે ને ? વાત સાચી.

આ કર્તાકર્મની પ્રવૃત્તિ આની અનાદિથી આમ છે. એ કહેશે કે એ જીવ જ્યારે પોતાના સ્વભાવને ભૂલી અજ્ઞાનભાવરૂપ રાગદ્વેષરૂપે થાય છે તે કાળે કર્મના પરમાણુંઓ કર્મ રૂપે થવાને લાયક હતા તે કર્મરૂપે થાય છે, એમ બેને એકક્ષેત્રે રહેવાનો સંબંધ છે. એકક્ષેત્રે એકબીજાનો સ્વભાવ સંબંધ છે એમ નહિ. આહાહા ! આ રીતે જીવ અને પુદ્‌ગલનો પરસ્પર અવગાહ- પરસ્પર અવગાહ, જ્યાં કર્મના પરમાણુંઓ છે, ત્યાં આત્માના રાગદ્વેષના પરિણામવાળો જીવ છે. એમ પરસ્પર અવગાહ સંબંધ છે. જ્યાં આત્મા છે, રાગદ્વેષના પરિણામ, તે જ કાળે કર્મના પરમાણુંનો તે જ ક્ષેત્રે અવગાહ રહેલા છે. એવો સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે. સમજાય છે કાંઈ ? આહાહા !

અનેકાત્મક હોવા છતાં, હવે શું કહે છે ? કે આત્મા ને પરમાણુંઓ કર્મ અનેક છે, એક નથી ભિન્નભિન્ન છે બેય, આત્મા ભિન્ન દ્રવ્ય છે, કર્મના પરમાણુંઓ ભિન્ન દ્રવ્ય છે એ અનેકાત્મક અનેક સ્વરૂપે હોવા છતાં, અનાદિ એક પ્રવાહપણે હોવાથી, એટલે ? કે આત્મા પણ પોતાને ભૂલીને રાગદ્વેષરૂપે પરિણમે છે, એ પણ અનાદિ પ્રવાહ છે, અને કર્મ પણ કર્મરૂપે પ્રવાહ છે એ પણ અનાદિ પ્રવાહ છે. આને લઈને આ ને આને લઈને આ, એમ નથી. આહાહાહા ! ઝીણી વાત છે એકદમ.

એવા અનેક નામ બેપણું ભિન્ન ભિન્ન હોવા છતાં એકપ્રવાહપણે હોવાથી પ્રવાહ એક જ છે. વિકારપણે આત્મા પોતે સ્વતઃ અનાદિ પરિણમે છે અને કર્મના પરમાણુંઓ કર્મરૂપે પણ અનાદિ પોતાથી પરિણમે છે. આ હોય તો આ પરિણમે, આ હોય તો આ પરિણમે, એમ ઇતર ઇતર દોષ એમાં આવતો નથી. આહાહાહા ! આવી વાતું ન્યાયના ગ્રંથની વાતું છે આ તો.

જેમાંથી ઇતરેતરાશ્રય દોષ દૂર થયો. એટલે ? કે જીવ રાગદ્વેષરૂપે પરિણમ્યો ત્યારે કર્મના પરમાણુંઓ પરિણમ્યા એના આશ્રયે એમ નથી, એ ત્યાં પરિણમવાને લાયકવાળા પરમાણુંઓ અનાદિથી એમ પરિણમે છે, આંહીં રાગદ્વેષને લાયકવાળા જીવ રાગદ્વેષરૂપે અનાદિથી પરિણમે છે, એમ બે ભિન્ન હોવા છતાં, એકબીજાને આશ્રયે થાય છે, એવું નથી, બેય સ્વતંત્ર છે. આહાહાહા ! આવું બધું. એમ કહીને કર્તાકર્મની પ્રવૃત્તિ સિદ્ધ કરી. પોતે આત્મા વિકારી પર્યાય કર્તા, વિકારી પર્યાય, કર્મ પરની સાથેનો સંબંધ નહિ અજ્ઞાનભાવે. એમ જેમાંથી ઇતર ઇતર એટલે એકબીજાને આશ્રયે છે એવો પ્રવાહ નથી. સ્વતંત્ર પ્રવાહ છે. આહાહાહા ! નહીંતર તો એમ થાય કે રાગદ્વેષ થાય ત્યારે કર્મ કર્મરૂપે પરિણમે એટલો સંબંધ રહે છે આશ્રય ? કે "ના" એ તો એ કર્મરૂપે થવું પ્રવાહમાં એ એને કારણે. રાગદ્વેષરૂપે થવું જીવને જીવને કારણે, એવો તે બંધ કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન, તેનું નિમિત્ત છે. આહાહાહા !

જ્યાં જીવે રાગદ્વેષ કર્યો અજ્ઞાનભાવે તે કાળે જ ત્યાં કર્મના પરમાણુંપણે પરિણમનારા પરિણમ્યા એવો બંધ સિદ્ધ થાય છે. અને તે બંધ, કર્તાકર્મ પ્રવૃત્તિનું નિમિત્ત અજ્ઞાન. આત્મામાં જે કર્તાકર્મ રાગાદિનો કર્તા ને એનું કર્મ એવું જે અજ્ઞાન તેનું નિમિત્ત છે, કોણ ? બંધ પૂર્વનો જે બંધ છે એ આંહીં કર્તાકર્મનું જે અજ્ઞાન તેમાં એ નિમિત્ત છે. અને એ બંધમાં પણ એ રાગદ્વેષના

પરિણામ નિમિત્ત છે, બસ એટલું છે. ન્યાયના માર્ગ છે આ તો ભાઈ વાણીયાને ન્યાયમાં ક્યાં હવે આવું, સમજવું પડે બાપુ. પાછું જે બંધ થયો એ વળી આ બાજુ અજ્ઞાનનું નિમિત્ત, એ બંધ થયો છે એ અજ્ઞાની જે અજ્ઞાન છે કરશે તેમાં એ નિમિત્ત છે અને બંધ થયો એમાં અજ્ઞાનભાવ જે થયો તે એને નિમિત્ત છે. આહાહા ! આવું છે.

ભાવાર્થઃ- આ આત્મા, જેમ પોતાના જ્ઞાનસ્વભાવરૂપ પરિણમે છે, પોતાના આનંદ ને જ્ઞાનરૂપે પરિણમે છે, થાય છે, તેમ જ્યાં સુધી વિકારરૂપપણે પરિણમે છે, ક્રોધ એટલે જ્ઞાનમાં અને ક્રોધાદિમાં ભેદ જાણતો નથી. જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્માનું થવું, અને રાગરૂપે થવું એ બે નો ભેદ અજ્ઞાની જાણતો નથી. બેનું અંતર જાણતો નથી. તેમ બેની ભિન્નતા જાણતો નથી. વિશેષ અંતર છે ને બે શબ્દ. વિશેષ અંતર, બે માં વિશેષપણું અને અંતર નામ ભેદપણું. સમજાય છે કે નહિ ? ભેદ જાણતો નથી, ત્યાં સુધી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે. આત્માની પર્યાય કર્તા ને રાગ તેનું કર્મ પણ આત્મા કર્તા ને વિકારપણું કર્મ એમ અહીંયા કહેવાય છે, ખરેખર તો અજ્ઞાનભાવ એવો જે પર્યાય એ કર્તા અને રાગાદિ ભાવ તેનું કર્મ, પણ અજ્ઞાન આત્માએ કર્યું એમ કહીને અજ્ઞાનભાવનો કર્તા આત્મા અને અજ્ઞાનભાવ તેનું કાર્ય, રાગાદિનું. જોયું, ત્યાં સુધી તેને ક્રોધાદિરૂપ પરિણમતો તે પોતે કર્તા જોયું અને ક્રોધાદિ તેનું કર્મ.

ખરેખર તો એ વિકારી પરિણામ પોતે જ કર્તા અને વિકારી પરિણામ પોતે જ કર્મ છે. તેમ ભગવાન આત્મામાં દ્રવ્યગુણ કોઈ એવો નથી કે વિકારનો કર્તા થાય, શું કીધું ઈ ? ભગવાન આત્મામાં એટલા ગુણો છે અમાપ પણ એવો કોઈ ગુણ નથી કે જે રાગનો કર્તા થઈને પરિણમે, એવો કોઈ ગુણ નથી. પણ એવું સ્વરૂપ જે છે જ્ઞાતાદૃષ્ટા, તેના અજ્ઞાનને લઈને જે પર્યાય થઈ તે અજ્ઞાનની પર્યાય કર્તા ને એ અજ્ઞાન પર્યાય રાગ તેનું કાર્ય. આહાહા ! આવો મારગ હવે.

“અનાદિ અજ્ઞાનથી તો કર્તાકર્મની પ્રવૃત્તિ છે, અજ્ઞાનથી કર્તાકર્મની પ્રવૃત્તિથી બંધ છે, એ તો અનાદિથી છે”. એમાં કાંઈ પહેલાં આણે આ થયું ને પછી આ થયું એમ કાંઈ છે નહિ. એમ કે જીવે અજ્ઞાન કર્યું અને પછી બંધન થયું તે જ કાળે એમ કંઈ નથી એ તો આંહીં બંધનો પ્રવાહ છે ને આંહીં અજ્ઞાનનો પ્રવાહ એમ અનાદિથી ચાલે છે. હવે આમાં ધંધા મુંબઈના ધંધા આડે એમા આ વાત. ( શ્રોતાઃ- આ વાત વિચારવી પડશે ) વિચારવી. આહાહા !

આંહીં તો એ સિદ્ધ કરવું છે, કે ભગવાન આત્મા પોતાના સ્વભાવરૂપે પરિણમે એ તો એનું સ્વરૂપ છે. સમજાણું ? પણ એ પોતાના સ્વભાવને પર્યાયમાં ન જાણતા અજ્ઞાનભાવરૂપી ભાવકર્મનો કર્તા થાય એ રાગ તે એનું કાર્ય ને અજ્ઞાનભાવ તે તેનું કર્તા. દ્રવ્ય તો દ્રવ્ય ને ગુણ તો છે એ છે. આહાહાહા ! આવો મારગ, વીતરાગ સિવાય ક્યાંય ન મળે, ગપ્પા માર્યા છે બધાએ આ તો ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ પરમેશ્વરે સર્વજ્ઞપણામાં બધું જાણ્યું, ઇચ્છા વિના વાણી નીકળી, એ વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે આત્મામાં સ્વપરને જાણવાની તાકાત છે. વાણીમાં સ્વપરને જાણવાની તાકાત નથી. આહાહા ! આત્મામાં સ્વપરને કહેવાની તાકાત નથી.

શું કીધું ? ભગવાન આત્મા સ્વપરને કહે એવી એનામાં તાકાત નથી, સ્વપરને જાણે એવી એની તાકાત છે. વાણીમાં સ્વપરને કહેવું એવી તાકાત છે પણ વાણીમાં સ્વપરને જાણવું એવી તાકાત નથી. આહાહાહા ! અનાદિ અજ્ઞાનથી તો કર્તાકર્મની પ્રવૃત્તિ( છે ) એ કર્તાકર્મની પ્રવૃત્તિથી

બંધ છે અને તે બંધના નિમિત્તથી પાછું તે બંધ થયો ને ? એના નિમિત્તથી અજ્ઞાન છે. એ પ્રમાણે અનાદિ પ્રવાહ સંતાન છે. માટે તેમાં એકબીજાનો આશ્રય-દોષ પણ આવતો નથી. એમ કે આણે રાગ કર્યો ને ત્યારે બંધન થયુ, ને બંધનનું નિમિત્ત થયું તેથી આંહી અજ્ઞાન થયું એવો એકબીજાના આશ્રયે ( નથી ) સ્વતંત્ર છે. પ્રવાહરૂપે અનાદિ એ રીતે સ્વતંત્ર છે એકબીજાને આશ્રયે થાય એવું અનાદિ પ્રવાહમાં ઇતર-ઇતર દોષ આવતો નથી. આહાહાહાહા ! એ ગાથાઓ ઝીણી. પહેલી ગાથા કર્તાકર્મની ઝીણી ભાઈ. આહા !

"આ રીતે જ્યાં સુધી આત્મા ક્રોધાદિ કર્મનો કર્તા થઈ" વિકારી પરિણામનો કર્તા થઈ, કે જે વિકારી પરિણામ જીવને સંયોગસંબંધે છે, સ્વભાવસંબંધે નથી. એવા સંયોગી સંબંધના પુણ્ય-પાપના ભાવ એનો કર્તા થઈ પરિણમે છે, ત્યાં સુધી કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને ત્યાં સુધી કર્મનો બંધ થાય છે. આ તમારી મેળાએ વાંચ્યું છે કે નહિ કોઈ દિ'આ. ચીમનભાઈ ? હેં ? નવરાશ નથી ભાઈ. મોટાભાઈ કહે છે, આ ભાઈને કાલ પૂછ્યું નહિ ? ઓલા રમણીકભાઈને કીધું આ બેનનું પુસ્તક વાંચ્યું ? તો કહે વાંચ્યું જ નથી, કહો હવે. આરે ! આરે ! હવે મારી નાખે જગતને. આવું બહાર નીકળ્યું પુસ્તક તે ભેટ તો આપ્યું છે ને ? આત્મધર્મ જે મંગાવે છે એને ભેટ આપ્યું છે. ઘણાં વખતથી આવી ગયું છે તોય વાંચ્યું નથી કહે. ચોપડા વાંચ્યા છે મુંબઈમાં, મોહનગરી કીધીને ? અરે રે ! ચાલ્યો વખત ચાલ્યો જાય છે, પોતાનું જે કર્તવ્ય છે એ સમજે નહિ આ જીવ, અવતાર ચાલ્યા જાય છે બાપુ. આહાહા ! ઘડી ઘડી જાય તે મૃત્યુને સમીપે જાય છે. આહાહા ! બે ઘડી, ચાર ચાર ઘડી ચાલ્યો જાય છે, તેમ તેમ દેહને છૂટવાના સમીપમાં જાય છે. છૂટવાનો તો છે જ, છૂટો તો છે જ, પણ બાહ્ય ક્ષેત્રાંતર આઘો જવાનો કાળ, એને સમીપ આવે છે. આહાહા !

**❁ દ્રવ્ય તેની પોતાની પર્યાયને કે જે તેના જન્મક્ષણે-સ્વકાળે ક્રમબદ્ધ થવાની છે તેને આડી-અવળી કે આઘી-પાછી કરી શકે એમ પણ નથી ❁**

દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે. દરેક જીવ કે જડની પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ સમયે તે પર્યાય ક્રમબદ્ધ થાય છે, તેને ઇન્દ્ર, નરેન્દ્ર, કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. આહાહા ! જીવ એકલો જ્ઞાતા છે. અહીં અકર્તાપણાની ઉત્કૃષ્ટતા બતાવે છે કે ઇશ્વર જગતનો કર્તા છે એ વાત તો જૂઠી છે જ અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે એ પણ જૂઠું છે અને તે તે દ્રવ્ય તેની પોતાની પર્યાયને કે જે તેના જન્મક્ષણે-સ્વકાળે ક્રમબદ્ધ થવાની છે તેને આડી-અવળી કે આઘી-પાછી કરી શકે એમ પણ નથી. જે સમયે જે પર્યાય ક્રમબદ્ધ થવાની છે તેને અન્ય નિમિત્તની અપેક્ષા તો નથી જ પણ એના દ્રવ્યની પણ અપેક્ષા નથી. આવી વસ્તુની સ્થિતિ છે. **( આત્મધર્મ, અંક ૭૨૬, વર્ષ-૬૦, પાના નં. ૭ )**

# ગાથા - ૭૧

कदाऽस्याः कर्तृकर्मप्रवृत्तेर्निवृत्तिरिति चेत्-

जइया इमेण जीवेण अप्पणो आसवाण य तहेव।
णादं होदि विसेसंतरं तु तइया ण बंधो से।।७१।।

यदानेन जीवेनात्मनः आस्रवाणां च तथैव।
ज्ञातं भवति विशेषान्तरं तु तदा न बन्धस्तस्य।।७१।।

इह किल स्वभावमात्रं वस्तु, स्वस्य भवनं तु स्वभावः। तेन ज्ञानस्य भवनं खल्वात्मा, क्रोधादेर्भवनं क्रोधादिः। अथ ज्ञानस्य यद्भवनं तन्न क्रोधादेरपि भवनं, यतो यथा ज्ञानभवने ज्ञानं भवद्विभाव्यते न तथा क्रोधादिरपि; यत्तु क्रोधादेर्भवनं तन्न ज्ञानस्यापि भवनं, यतो यथा क्रोधादिभवने क्रोधादयो भवन्तो विभाव्यन्ते न तथा ज्ञानमपि। इत्यात्मनः क्रोधादीनां च न खल्वेकवस्तुत्वम्। इत्येवमात्मात्मास्रवयोर्विशेषदर्शनेन यदा भेदं जानाति तदास्यानादिरप्यज्ञानजा कर्तृकर्मप्रवृत्तिर्निवर्तते; तन्निवृत्तावज्ञाननिमित्तं पुद्गलद्रव्य-कर्मबन्धोऽपि निवर्तते। तथा सति ज्ञानमात्रादेव बन्धनिरोधः सिध्येत्।

---

હવે પૂછે છે કે આ કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય છે? તેનો ઉત્તર કહે છેઃ-

**આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું,**
**જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧.**

**ગાથાર્થઃ-** [ यदा ] જ્યારે [ अनेन जीवेन ] આ જીવ [ आत्मनः ] આત્માના [ तथा एव च ] અને [ आस्रवाणां ] આસ્રવોના [ विशेषान्तरं ] તફાવત અને ભેદને [ ज्ञातं भवति ] જાણે [ तदा तु ] ત્યારે [ तस्य ] તેને [ बन्धः न ] બંધ થતો નથી.

**ટીકાઃ-** આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે, અને 'સ્વ' નું ભવન તે સ્વ-ભાવ છે ( અર્થાત્ પોતાનું જે થવું-પરિણમવું તે સ્વભાવ છે ); માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે અને ક્રોધાદિકનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે. વળી જ્ઞાનનું જે થવું-પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું-પરિણમવું નથી, કારણકે જ્ઞાનના થવામાં ( -પરિણમવામાં ) જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી; અને ક્રોધાદિકનું જે થવું-પરિણમવું તે જ્ઞાનનું પણ થવું-પરિણમવું નથી, કારણકે ક્રોધાદિકના થવામાં ( -પરિણમવામાં ) જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે છે તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી. આ રીતે આત્માને અને ક્રોધાદિકને નિશ્ચયથી એકવસ્તુપણું નથી. આ પ્રમાણે આત્મા અને આસ્રવોનો વિશેષ ( -તફાવત ) દેખવાથી જ્યારે આ આત્મા તેમનો ભેદ ( ભિન્નતા ) જાણે છે ત્યારે આ આત્માને અનાદિ હોવા છતાં પણ અજ્ઞાનથી

**ઉત્પન્ન થયેલી એવી ( પરમાં ) કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે; તેની નિવૃત્તિ થતાં અજ્ઞાનના નિમિત્તે થતો પૌદ્‌ગલિક દ્રવ્યકર્મનો બંધ પણ નિવૃત્ત થાય છે. એમ થતાં, જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.**

**ભાવાર્થઃ- ક્રોધાદિક અને જ્ઞાન જુદી જુદી વસ્તુઓ છે; જ્ઞાનમાં ક્રોધાદિક નથી, ક્રોધાદિકમાં જ્ઞાન નથી. આવું તેમનું ભેદજ્ઞાન થાય ત્યારે તેમના એકપણારૂપ અજ્ઞાન મટે અને અજ્ઞાન મટવાથી કર્મનો બંધ પણ ન થાય. આ રીતે જ્ઞાનથી જ બંધનો નિરોધ થાય છે.**

## પ્રવચન નં. ૧૪૭ ગાથા-૭૧ તા. ૨૭/૧૧/૭૮

હવે પૂછે છે–શિષ્યે આવું જ્યારે સાંભળ્યું ત્યારે, હવે એને જિજ્ઞાસા ઉત્પન્ન થઈ એમ લીધું છે ને ? આ રીતે જ્યારે સાંભળ્યું કે આત્મા અજ્ઞાનભાવે વિકારનો કર્તા થાય અને વિકાર તેનું કાર્ય થાય, તે કાળે કર્મના પરમાણું થવાને લાયક પોતાની પર્યાયપણે પરિણમે તે બંધ કહેવાય, એ બંધનું નિમિત્ત આ પરિણામ, અને એ બંધનું નિમિત્ત ભવિષ્યના અજ્ઞાનનું નિમિત્ત. સમજાણું કાંઈ ? આહાહા !

હવે પૂછે છે કે પ્રભુ આ કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય ? અરેરે ! આ તો અજ્ઞાનભાવે આ કરે છે અને બંધન થાય છે એ દુઃખી છે. એ દુઃખમાં ઘેરાઈ ગયો છે. આહાહા !

અજ્ઞાનભાવે વિકારનો કર્તા થાય છે એ દુઃખના ભાવમાં પ્રભુ, એ ઘેરાઈ ગયો છે. એ એનો અભાવ ક્યારે થાય ? એવી જેને અંતરમાંથી સમજવાની જિજ્ઞાસા થઈ છે એને આ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આહાહાહા ! એને ખ્યાલમાં આવ્યું કે આત્મા પોતાના સ્વભાવનો અજાણ અજ્ઞાનભાવે એના સ્વભાવમાં નથી એવા સંયોગસિદ્ધ સંબંધવાળા રાગાદિ એ કર્તા થાય અને રાગાદિ એનું કાર્ય થાય, એ તો દુઃખની દશા થઈ. તો એવી કર્તાકર્મની પ્રવૃત્તિ અજ્ઞાનભાવ કર્તા ને રાગ તેનું કાર્ય, એવી કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ પ્રભુ ક્યારે થાય ? કર્તાકર્મની પ્રવૃત્તિનો સિદ્ધ અંત તો અમે જાણ્યો. હેં ? પણ એ અજ્ઞાનભાવ કર્તા ને રાગદ્વેષ કાર્ય, એનો અભાવ શી રીતે થાય પ્રભુ ?

કેમ કે ભગવંત અને ગુરુ જે કહે છે ભલે આ વાત આમ, પણ એ કહે છે વીતરાગભાવ પ્રગટ કરવા માટે આ કહે છે, આમાં રોકાવા કહે છે, એમ નહિ. સમજાણું કાંઈ ? એથી શિષ્યનો પ્રશ્ન ઉઠયો, પ્રભુ ત્યારે અમને આ કહોને તમારે જે કહેવાનો આશય તો આચાર્યને પાછો વીતરાગ ભાવ આમ થાય, એમ તમારે તો સરવાળો લાવવો છે. સમજાણું કાંઈ ? તો એ શી રીતે થાય ? આહાહા !

આવી વાતું, ઉપદેશ લોકો હવે મોટા ધંધા ને એમાં ગુંચાઈ ગયા. જે સંપ્રદાયમાં જન્મ્યા જે કુળમાં જન્મ્યા, જેનો સંગ રહ્યો એ વાત એને બેસી ગયેલી. હેં ? જેશીં કુળે સમુપન્ને–જે કુળમાં ઉપજ્યો, અને તે કુળમાં જે એની જાત ધર્મ હોય એનો એને એવા ધર્મી એનો સંગ થયો એની વાત એને બેઠેલી. હેં ! નવું શું છે સત્ય, વિચાર કરવાનો અવસર ન મળે. શિષ્યને તો આ પ્રશ્ન ઉઠયો છે. પ્રભુ જ્યારે આત્માના અજાણ સ્વભાવમાં અજ્ઞાનભાવમાં કર્તા અજ્ઞાન થઈને દુઃખના

ભાવ જે રાગાદિ તેનું કાર્ય કરે અને તે રીતે અનાદિથી પરિભ્રમણ કરી રહ્યો છે તેને લઈને નિમિત્તથી સામે બંધ થાય છે એ બંધનો પાછો ઉદય થાય ત્યારે એ અહીંયા અજ્ઞાન કરે એને નિમિત્ત થાય, કરે એને નિમિત્ત થાય. સમજાણું કાંઈ ? તો હવે ન કરે એ શી રીતે છે ? હેં ? ૭૧ ગાથા.

આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું,
જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧.

આહાહાહા ! કુંદકુંદાચાર્યની વાણી ભગવાનની દિવ્યધ્વનિનો સાર છે. આહાહા !

ટીકાઃ- 'આ જગતમાં' એક તો આ જગત છે એમ સિદ્ધ કર્યું. વસ્તુ છે જગત, જ-ગ-ત ત્રણ અક્ષર છે, એકાક્ષરી. કાનો, માત્ર, મીંડુ કાંઈ ન મળે. ભગવાનની વાણી જેમ નિરક્ષરી છે. એમ આ "જગત" ત્રણ અક્ષર નિરક્ષરી છે એટલે એને કાનો માત્ર નહિ. જ-ગ-ત જે આખું જગત જે પોતે પોતાની સ્થિતિમાં રહીને પરિણમે છે એને જગત કહે છે. આ જગત, એની અસ્તિ સિદ્ધ કરી. વસ્તુ છે એ જગતમાં જે વસ્તુ છે, આ જગત છે અને "એમાં જે વસ્તુ છે, તે સ્વભાવમાત્ર જ છે" આહાહાહા ! વસ્તુ છે એ તો સ્વભાવમાત્ર જ છે. જીવનો સ્વભાવ જ્ઞાનાનંદ તે સ્વભાવમાત્ર જ વસ્તુ છે, એમ કહે છે. આ જગતમાં, વસ્તુ છે, શબ્દ જ 'વસ્તુ' શબ્દ વાપર્યો, કેમ કે જેમાં અનંતા ગુણ વસેલા છે. જગત છે તેમાં અનંતા દ્રવ્યો રહેલાં છે. એમ આ વસ્તુ ભગવાન છે તેમાં અનંતા ગુણો વસેલા છે. એ પણ ગુણનો એક મહાજગત છે. આહાહા !

આંહીં કહે છે કે એ સ્વભાવમાત્ર જ છે, વસ્તુ છે એ તો જે સિદ્ધાંત પહેલો, પછી આત્મામાં ઉતારશે. વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ હોય તે વસ્તુ અને 'સ્વ'નું ભવન તે સ્વ-ભાવ છે. વસ્તુ સિદ્ધ કરી, પછી એ વસ્તુ સ્વભાવમાત્ર જ છે એમ સિદ્ધ કર્યું. હવે એનો 'સ્વ'નું ભવન તે સ્વભાવ છે. એની જે પર્યાય પરિણમે છે એનું નામ સ્વભાવ છે. આહાહા ! આ તો સમયસાર છે, ભગવાનની વાણી છે, કુંદકુંદાચાર્યની વાણી બાપુ, 'સ્વભાવમાત્ર જ' પાછું છે એમ, જોયું ? અને સ્વનું ભવન તે સ્વભાવ છે, તે સ્વભાવ જ છે, વસ્તુ છે એ સ્વભાવમાત્ર જ છે, અને એ સ્વભાવનું ભવન થવું. ભવન થવું તે સ્વભાવ છે. "પોતાનું જે થવું પરિણમવું તે સ્વભાવ છે" એટલું સિદ્ધ સાધારણ કર્યું. માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું કેમ કે આત્મા જ્ઞાન સ્વભાવ વસ્તુ છે, હવે એ જ્ઞાન સ્વભાવ છે તેનું થવું, શું કહ્યું ? પહેલો તો સિદ્ધાંત સિદ્ધ કર્યો, કે આ જગતમાં વસ્તુ છે એ સ્વભાવમાત્ર છે, બસ સામાન્ય બસ, અને તે સ્વભાવનું પરિણમવું તે સ્વભાવ છે. આહાહા !

તેમ આ ભગવાન આત્મા વસ્તુ છે તેનો જ્ઞાન સ્વભાવ ત્રિકાળ છે. અને તે વસ્તુ છે તે જ્ઞાનસ્વભાવ છે અને તે જ્ઞાનસ્વભાવનું જ્ઞાનરૂપે પરિણમવું તે એનો સ્વભાવ છે. શું વાત, શું વાત ? ગજબ વાત છે. લોજીક-ન્યાયથી, વસ્તુ છે એમ સિદ્ધ કર્યું, અને એ વસ્તુ સ્વભાવમાત્ર જ છે, તેમ આત્મા આત્માપણે જ છે તે આત્મા જ્ઞાનસ્વભાવમાત્ર જ છે. આહાહા ! જ્ઞાનની હારે અનંતગુણો ભલે રહ્યા અને તે જ્ઞાનનું પર્યાયમાં જ્ઞાનરૂપે પરિણમવું આત્માના સ્વભાવનું સ્વભાવરૂપે પરિણમવું, છે ? થવું, સ્વનું થવું, સ્વ...ભાવ કીધો ને તો સ્વ જે જ્ઞાનસ્વરૂપ ભગવાન એનું ભવન, સ્વભાવનું સ્વનું ભવન, તે સ્વભાવ છે. અર્થાત્ પોતાનું જે થવું એટલે કે જે સ્વભાવ પોતાનો છે તે રૂપે પરિણમવું, તે સ્વભાવ છે. માટે નિશ્ચયથી જ્ઞાનનું પરિણમવું

તે આત્મા છે. જોયું ? કેમ કે ભગવાન આત્મા તે જ્ઞાનસ્વભાવ વસ્તુ છે અને તે જ્ઞાનસ્વભાવનું પર્યાયમાં જ્ઞાનરૂપે, આનંદરૂપે, શાંતિરૂપે પરિણમવું તે તેનો સ્વભાવ છે. આહાહાહા !

ખરેખર ભગવાન જ્ઞાનનું થવું કેમ કે આત્મા જ્ઞાનસ્વભાવ છે. આત્મા વસ્તુ છે એનો જ્ઞાન સ્વભાવ છે અને તેથી જ્ઞાનનું પરિણમવું થવું તે આત્મા છે, ક્રોધાદિનું થવું પરિણમવું તે ક્રોધાદિ છે. વિકારરૂપે થવું તે વિકાર છે, એ આત્મા નથી. પુણ્ય ને પાપના ભાવરૂપે થવું તે વિકારરૂપ થવું, તે વિકાર છે તે આત્મા નથી. આહાહા ! વળી જ્ઞાનનું જે થવું પરિણમવું છે, એટલે કે ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપી, જ્ઞાન સ્વભાવી મુખ્ય લેવું છે ને ? બાકી તો અનંત સ્વભાવ પણ-જ્ઞાન તે મુખ્ય વસ્તુ છે. "માટે જ્ઞાનનું જે થવું પરિણમવું છે તે ક્રોધાદિનું પરિણમવું નથી." આહાહાહા ! ભગવાન આત્મા જ્ઞાન સ્વભાવી છે, તેનું જ્ઞાન ને આનંદ ને શાંતિનું થવું તે આત્મા. પણ તેનું રાગરૂપે થવું એ નહિ, એ આત્મા નહિ. શું વાત ? સમયસાર તો આ ભરતક્ષેત્રમાં અલૌકિક વાત છે. એની એક એક ગાથા એક એક પદ !

કહે છે કે વસ્તુ જગતમાં છે, અને તે વસ્તુ સ્વભાવમાત્ર જ છે, અને તે સ્વભાવનું પરિણમવું માત્ર તે આ વસ્તુ છે, એમ ભગવાન આત્મા છે અને તેનો જ્ઞાન, આનંદ આદિ સ્વભાવમાત્ર છે, અને તે જ્ઞાન ને આનંદ સ્વભાવમાત્રનું જ્ઞાન ને આનંદરૂપે થવું તે આત્મા છે. પણ તેનું વિકારરૂપે પણ થવું એ નહિ. એ વસ્તુ નહિ, એમ કહે છે. એનો અર્થ એમ છે કે જેણે આત્મા છે, એવું જેણે દૃષ્ટિમાં લીધું તો તો એ આત્માનો જ્ઞાન ને આનંદ સ્વભાવ છે, અને જ્યાં એ લીધું દૃષ્ટિમાં એટલે જ્ઞાન ને આનંદરૂપે થવું એ આત્મા છે. પણ તેના આનંદ ને જ્ઞાનરૂપે થવું એની સાથે રાગરૂપે થવું એ આત્મા નહિ. આહાહાહાહા !

પરનું કરવાપણાની તો વાત અહીં છે જ નહિ. અહીંયા તો એનો સ્વભાવ જે છે ભગવાન આત્મા ! જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવો જે વસ્તુનો સ્વભાવ છે, તે વસ્તુનો સ્વભાવ ત્રિકાળ છે, એ દ્રવ્ય ત્રિકાળ છે, પણ વર્તમાનમાં એ સ્વભાવનું થવું, જ્ઞાનરૂપે, આનંદરૂપે, શાંતિરૂપે, સ્વચ્છતારૂપે, પ્રભુતારૂપે એ સ્વભાવનું થવું તે આત્મા છે, તે દ્રવ્ય ગુણ ને પર્યાય ત્રણ થઈને આત્મા કીધો. સમજાણું કાંઈ ? અને તે વખતે રાગના પ્રેમપણે પરિણમવું તે આત્મા નહિ, એ આત્માનો સ્વભાવ નહિ અને સ્વભાવરૂપે પરિણમ્યા સિવાય આ પરિણમવું એ આત્મા નહિ. આહાહાહા !

"જ્ઞાનનું પરિણમવું તે ક્રોધાદિકનું પણ પરિણમવું નથી કારણ કે જ્ઞાનના થવામાં જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે" શું કહે છે કે ભગવાન આત્મા જ્ઞાન ને આનંદસ્વભાવ વસ્તુ છે અને જ્યારે જ્ઞાન ને આનંદરૂપે પરિણમે છે ત્યારે તેને આનંદ ને જ્ઞાનરૂપે થવું તે ભાસે છે. છે ? જ્ઞાનનું પરિણમવું માલૂમ પડે છે, એટલે ? આત્મા આનંદ ને જ્ઞાનપણે પરિણમે છે તેવું પર્યાયમાં માલુમ પડે છે. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ છે સ્વભાવ અને તે શુદ્ધરૂપે પરિણમે છે એમ માલૂમ પડે છે, તે વખતે ક્રોધરૂપે પણ પરિણમું છું એમ માલૂમ પડતું નથી. શું શૈલી ! શું ટીકા ! ગજબ વાત છે ભાઈ, ભગવાન-ભગવાનની સાક્ષાત્ વાણીમાં આવી હોય એ સંતોએ એવી વાતું કરી છે ભાઈ પણ એને સાંભળવાને માટે પાત્રતા જોઈએ. આહાહાહાહા !

આત્માના સ્વભાવપણે પરિણમવામાં જેમ સ્વભાવ થતું માલૂમ પડે છે. શાંતિ થઈ,

આનંદ થયો એમ માલૂમ પડે છે, તે વખતે ક્રોધાદિક પણ માલૂમ પડતાં નથી, તે વખતે રાગરૂપે થઉં છું તે તેને દેખવામાં આવતું થતું નથી, કારણકે એ છે નહિ. જેમ સ્વભાવનું થવું વસ્તુની દ્રષ્ટિ કરતાં વસ્તુનો જે સ્વભાવ છે, તે સ્વભાવરૂપે થવું જેમ ભાસે છે. છે ? તેમ વિકારરૂપે થવું ત્યાં ભાસતું નથી એટલે વિકારરૂપે થવું છે જ નહિ. આહાહાહા ! સુજાનમલજી ! આવી વાતું છે આ, આવી વાતું છે. આહા ! કર્તાકર્મની વ્યાખ્યા છે ને ?

ભગવાન આત્મા વસ્તુ જ્ઞાન આનંદ આદિ સ્વભાવની ચીજ, તે પોતે પોતાની દ્રષ્ટિમાં લઈ, અને જ્ઞાનરૂપે સ્વભાવરૂપે થવું એમ અંદર માલૂમ પડે છે. આત્મા આનંદરૂપે પરિણમે છે, જ્ઞાનરૂપે પરિણમે છે, એમ દ્રષ્ટિ-દ્રવ્ય ઉપર થઈ છે, એનો સ્વભાવ આમ પરિણમે છે તેમ માલૂમ પડે છે, તેમ એને ખ્યાલમાં આવે છે એમ કહે છે. કેટલાંક કહે છે ને કે ભાઈ આત્માને સમ્યગ્દર્શન થાય તે ખબર કેમ પડે ? અરે પ્રભુ શું તું કહે છે આ ? આહા ! એ આંહી કહે છે. સમજાણું કાંઈ ?

વસ્તુ છે તે સ્વભાવમાત્ર છે એમ પહેલી ઠરાવી, પછી સ્વભાવ સ્વ-ભાવ છે તે સ્વનું થવું પરિણમનમાં એ એની ચીજ છે. એમ ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવમાત્ર એ વસ્તુ છે, અને તેથી સ્વભાવમાત્ર વસ્તુ છે તો તે સ્વનું થવું તે આત્મા છે. એટલે ? કે તે સમયે જ્ઞાન ને આનંદરૂપે થવું તે આત્મા છે. અને તે સમયે જ્ઞાન ને આનંદ થવું માલૂમ પડે છે, ખ્યાલમાં આવે છે, એમ રાગરૂપે થવું એ એમાં હોતું નથી એટલે માલૂમ પડતું નથી. આહાહાહા ! એકલા ન્યાય ભર્યા છે. આહા !

આંહી તો એમ કહે છે, જ્યારે ભગવાન આત્મા વસ્તુ છે, અને એ સ્વભાવમાત્ર વસ્તુ છે, એવી દ્રષ્ટિ થઈ ત્યારે તેનું સ્વનું ભવન થયું, એ જે વસ્તુસ્વભાવ છે તેનું સ્વ, સ્વભવન તે સ્વભાવ એના પરિણમનમાં સ્વનું શાંતિનું, જ્ઞાનનું આનંદનું થવું, તે સ્વનું ભવન છે, અને તેથી તે સ્વનું ભવન માલૂમ પડતાં, ખ્યાલમાં આવતાં વેદનમાં જણાતાં, એ વખતે રાગ પણ થયો છે એમ માલૂમ પડતું નથી. કેમ કે રાગરૂપે થયો નથી. આહાહાહા !

ગજબ કામ કર્યું છે. પંચમ આરાના મુનિઓ, થોડા શબ્દોમાં કેટલું ભર્યું છે. શિષ્યનો એમ પ્રશ્ન હતો કે પ્રભુ રાગ કાર્ય ને કર્તા અજ્ઞાની, એવી પ્રવૃત્તિ ક્યારે બંધ પડે ? એ પ્રવૃત્તિ ક્યારે ન થાય ? ત્યારે એનો ઉત્તર આપ્યો કે, પ્રભુ તું એક વસ્તુ છો કે નહિ ? અને વસ્તુ છે તેમાં વસેલા જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ છે કે નહિ ? અને સ્વભાવ છે તો તેનું પરિણમન સ્વભાવરૂપે થાય કે વિભાવરૂપે થાય ? આહાહાહાહા ! માંધાતા એકવાર હોય તો ગર્વ ઉતરી જાય એવું છે એને. હેં ? આહાહા ! એવી વાત છે બાપુ ?

કહે છે કે વસ્તુ છે તો એમાં અનંતા સ્વભાવો વસેલા છે, તો એ વસ્તુ સ્વભાવમાત્ર જ છે, અને સ્વભાવ એને કહીએ, કે એ સ્વભાવ છે, પણ એ જાણ્યું શેમાં ? કે સ્વનું ભવન થાય તેમાં તે સ્વભાવમાત્ર વસ્તુ છે તેમ જણાય. આહાહાહાહાહા ! કહો શુકનલાલજી ! આ શુકનના કાયદા. આહાહા ! આવી વાત.

એ પ્રભુ પોતે આત્મા છે, વસ્તુ છે, તો તેનો સ્વભાવમાત્ર છે એટલે કે તેમાં વસેલા ગુણો છે તે માત્ર છે એમ વસ્તુ છે એ સ્વભાવમાત્ર છે. એમાં જે ત્રિકાળી વસેલા ગુણો તે સ્વભાવમાત્ર તે વસ્તુ છે અને તે સ્વભાવમાત્ર વસ્તુ છે એવું ખ્યાલ ક્યારે આવે ? કે એ સ્વભાવમાત્ર વસ્તુ

સ્વભવનપણે પરિણમે ત્યારે ખ્યાલમાં આવે, ત્યારે આત્મા શુદ્ધપણે પરિણમે છે એ મારું કાર્ય છે એમ ખ્યાલમાં આવતાં વસ્તુમાં અનંત સ્વભાવ હતો એનો ખ્યાલ આવ્યો, એનું પરિણમન થતાં એનો ખ્યાલ આવ્યો, અને પરિણમનમાં સ્વભાવનું પરિણમન ખ્યાલમાં આવે છે. આહાહા ! આહાહાહા !

જેમ સ્વભાવનું થવું, પર્યાયમાં સ્વભાવનું થવું જેમ માલૂમ પડે છે, એ જ્ઞાનમાં જણાય છે, કે આ સ્વભાવ શુદ્ધપણે પરિણમ્યો, એમ જ્ઞાન જાણે છે, તેમ તે રાગપણે પરિણમવું એ છે નહિ, માટે તેને રાગપણે થવું માલૂમ પડતું નથી. એ વખતે જરી રાગાદિ હો, પણ છતાં સ્વાભાવિક વસ્તુ જે અનંત ગુણનો પિંડ પ્રભુ એનો જ્યાં સ્વીકાર થયો એટલે પરિણમનમાં સ્વનું ભવન થાય, સ્વના ભવનમાં જ્ઞાન ને આનંદનું થવું માલૂમ પડે, એ વખતે રાગ હો, છતાં રાગનું જ્ઞાન થાય તે માલૂમ પડે છે. હેં ? ( શ્રોતાઃ– રાગ માલૂમ પડતો નથી ) આહાહાહા ! આવી વાતું છે. કહો કાંતિભાઈ ! આ કાંતિની વ્યાખ્યા હાલે છે આત્માની કાંતિ અંદરખાને, આત્માની કાંતિ માલૂમ પડે ત્યારે રાગની અકાંતિ માલૂમ પડતી નથી, કહે છે. એ વખતે રાગ હો, છતાં સ્વનું પરિણમન થતાં પોતે પોતાને જાણવારૂપે પરિણમે છે તેમ તે વખતે રાગને રાગપણે છે ભલે, પણ તેના જાણવાપણે એ પરિણમે એ તો પોતાનો સ્વભાવ જ એવો છે સ્વપરપ્રકાશક સ્વભાવપણે થવું તે તેનો સ્વભાવ છે. આહા ! સમજાણું કાંઈ ? આહાહાહા !

અમૃત રેડયા છે, દિગંબર સંતોએ જગતનો ઉદ્ધાર, દોષ કેમ નીકળી જાય, એની વાતું કરી છે. આહાહા ! કર્તા કર્મની પ્રવૃત્તિ કેમ અટકી જાય, હેં ? અજ્ઞાનપણે કર્તા કર્મ છે એમ કહીને પણ તાત્પર્ય તો પાછું એને વીતરાગતા બતાવવી છે ને ? ન્યાં રોકવો છે એમ નથી. સમજાણું કાંઈ ? આહાહાહા ! આહાહા !

જેમ આત્માનો સ્વભાવ માલૂમ પડે છે તેમ વિકારી પણ થતાં માલૂમ પડતા નથી એક વાત. અને ક્રોધાદિનું જે થવું પરિણમવું જ્ઞાનનું પણ થવું પરિણમવું નથી.” એટલે ? સ્વભાવથી વિરુદ્ધ વિભાવ એનું પરિણમવું, જે પરિણમવું તે જ્ઞાનનું પણ પરિણમવું એમ નથી. વિકારનું પરિણમનું એ જાુદી ચીજ છે ને જ્ઞાનનું પરિણમવું એ જાુદી ચીજ છે. આહાહાહા ! ભારે વાતું ભાઈ, કહો રસિકભાઈ આ થોડે ઘણે સાંભળીને નથી બેસે એવું આ, મોટો અભ્યાસ કરવો પડશે. આહાહા !

ક્રોધાદિકનું જે થવું તે જ્ઞાનનું પણ થવું, એટલે ? વિકારપણે થવું એમ ભાસે, ત્યાં જ્ઞાન પણ થવું ભાસે એમ નથી. સમજાણું કાંઈ ? ક્રોધાદિકનું જે થવું એ આત્માનું પણ સ્વભાવનું પણ થવું નથી, કારણ ક્રોધાદિના થવામાં ક્રોધાદિ થતાં માલૂમ પડે છે, એ માલૂમ પડે છે જોયું. અજ્ઞાનીના અજ્ઞાનમાં વિકારપણે થવું માલૂમ પડે છે કે આ વિકાર થાય છે, આનંદ નથી ત્યાં. વિકારપણે એટલે દુઃખપણે પરિણમવું જેમ માલૂમ પડે છે તેમ આત્માના સુખપણે પણ પરિણમવું માલૂમ પડે છે એમ નથી એને. જેને રાગના દુઃખના ભાવનું પરિણમવું માલૂમ પડે છે એને આત્માનું થવું એને છે જ નહિ, માટે માલૂમ પડતું નથી. સમજાણું કાંઈ ? આહાહાહાહા !

જેમ ભગવાન આત્મા ! આમાં પુનર્યુક્તિ લાગે એવું નથી. આત્મપ્રભુ વસ્તુ છે, તેથી વસ્તુ શબ્દ વાપર્યો, કેમ કે તેમાં અનંતા સ્વભાવો વસેલા છે અને તે સ્વભાવમાત્ર તે વસ્તુ છે.

બે, હવે સ્વભાવમાત્રમાં સ્વનું હવે પર્યાયમાં સ્વનું થવું, જેવો એનો સ્વભાવ છે. જ્ઞાન, આનંદ, શાંત, વીતરાગ આદિ, તેવું જ સ્વનું પર્યાયમાં થવું, એ એનું આત્માનું થવું, અને જે આનંદ ને જ્ઞાનનું થવું વેદનમાં અનુભવમાં આવે એને રાગનું થવું પણ છે નહિ, માટે રાગનું, માલૂમ રાગ પડતો નથી. રાગ હોવા છતાં જ્યારે જ્ઞાનનું પરિણમન સ્વપરપ્રકાશકપણે પરિણમે છે, ત્યારે પરિણમનમાં સુખ છે જ્ઞાન છે એમ માલૂમ પડે છે, ભેગો રાગ છે એમ માલૂમ પડતું નથી. આહાહાહા ! આ સમયસાર ! આહાહાહા !

શું કહ્યું ઈ ? કે ભગવાન આત્મા જ્ઞાન ને ( આનંદ ) આદિ અનંત ( ગુણો ) જ્ઞાનની મુખ્યતા લીધી છે, પણ એ બધા સ્વભાવનું જે થવું, સ્વભાવનું રહેવું તે આત્મા. હવે એ સ્વભાવનું સ્વનું ભવનમ્ સ્વ વસ્તુ જે સ્વભાવ છે, તેનું થવું પર્યાયમાં એ જે માલૂમ પડે ને ખ્યાલમાં આવે, એ વખતે ક્રોધ પણ પરિણમે છે, એમ ખ્યાલમાં આવે એમ હોતું નથી. આ તો હજી યાદ રાખવું કઠણ. ચીમનભાઈ ! ઓલા લોઢાના બધાં ધમ ધમાધમ બધું યાદ રહે માળું. આહાહાહા !

"ક્રોધાદિપણે થવું પરિણમવું નથી, કેમ ? કે ક્રોધાદિના થવામાં જેમ ક્રોધાદિ થતાં માલૂમ પડે છે" એટલે કે વિકારની પર્યાયબુદ્ધિમાં વિકાર જેમ ખ્યાલમાં આવે છે, તેમ જ્ઞાન પણ થતું માલૂમ, તે વખતે તે આત્મા સ્વભાવરૂપે પરિણમ્યો એવું એને છે જ નહિ. આહાહાહા !

રાગના, પુણ્ય-પાપના પરિણામપણે પરિણમતું જ્યાં ભાસે છે ત્યારે તેનો આત્મા આનંદરૂપે પરિણમતો નથી માટે તે આનંદરૂપે ભાસતો નથી. આહાહા ! આવી વાતું. એક શ્લોકમાં પણ ગજબ કર્યું છે ને ? ક્રોધાદિ થતાં માલૂમ પડે. વિકાર થાય છે, દુઃખ થાય છે, દુઃખનું વેદનના ખ્યાલમાં, ભગવાનનો આત્મા પણ પોતે આત્માને આનંદરૂપે પરિણમે છે એવું ત્યાં છે જ નહિ, છે જ નહિ એટલે માલૂમ પડતું નથી. એમ કહે છે સમજાણું કાંઈ વિશેષ કહેશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૪૮ ગાથા-૭૧ તા. ૨૮/૧૧/૭૮ રવિવાર કારતક વદ-૧૩

સમયસાર, ગાથા-૭૧ છે.

ટીકાઃ- "આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે"-જે કોઈ વસ્તુ છે એ પોતાના સ્વભાવમાત્ર જ છે. "અને 'સ્વનું' ભવન તે સ્વભાવ છે" વસ્તુ છે એ આત્મા પર ઉતારશે, વસ્તુ જે પદાર્થ છે એ દરેક પદાર્થ પોતાના સ્વભાવમાત્ર સ્વરૂપ છે. અને તે સ્વનું ભવન, સ્વ સ્વભાવ જે છે-એનું પરિણમન થવું-સ્વનું ભવન, સ્વભાવનું ભવન( એટલે ) સ્વભાવનું પરિણમન થવું એ એની પર્યાય છે, એ ધર્મ છે અહીં આત્મામાં ! વિશેષ કહેશે.

માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે. શું કહે છે ? કે આત્મા જે છે તે જ્ઞાનસ્વરૂપ છે-આનંદ સ્વરૂપ-શુદ્ધસ્વરૂપ છે, એ આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ પર્યાયમાં થવું ( -પરિણમવું ) જ્ઞાનનું થવું-શુદ્ધસ્વરૂપનું પરિણમન થવું તે આત્મા ! આવી વાતું છે. નિશ્ચયથી જ્ઞાનનું થવું એ આત્મા છે. શું કીધું એ ? કે આત્મા તો જ્ઞાન-પ્રજ્ઞા, જ્ઞાનસ્વરૂપ છે, એ આત્મા

છે-વસ્તુ એનો જ્ઞાનસ્વભાવ છે, વસ્તુ છે આત્મા એનો જ્ઞાનસ્વભાવ છે-જ્ઞાન જ સ્વભાવ છે એ જ્ઞાનનું ભવન-પરિણમન થવું એ સ્વભાવનું પરિણમન છે, એ આત્મા છે. આરે ! આમ છે !

ધર્મીને ધર્મ શી રીતે થાય છે ? કે ધર્મી એવો જે આત્મા, એનું જે જ્ઞાન-આનંદ આદિ જે સ્વભાવ, એ જ્ઞાન-આનંદ આદિ સ્વભાવનો ધરવાવાળો આત્મા, એ આત્મા ઉપર દૃષ્ટિ થવાથી, એનું જ્ઞાન ને આનંદપણે થવું એ એનો ધર્મ ને પર્યાય છે. આવી વાત છે, ઝીણી વાત છે ભાઈ !

આહાહા ! ત્રણ વાત કરીને ! કે જે વસ્તુ છે-જેમ વસ્તુ આત્મા તો એ સ્વભાવમાત્ર વસ્તુ છે. એ વિકાર-ફિકાર એમાં છે નહીં. એમાં પોતાનું જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા( આદિ ) જે સ્વભાવ છે, એ સ્વભાવમાત્ર વસ્તુ છે, અને એ સ્વ-ભાવનું સ્વ-ભવનમ્-પોતાની પર્યાયમાં-અવસ્થામાં સ્વ-ભાવનું પરિણમન-દશાનું થવું એ આત્મા છે. આવું છે, કર્તાકર્મ અધિકાર છે ને !

( કહે છે ) આત્મા જ્ઞાન-પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પ્રભુ એ સ્વભાવમાત્ર જ એ આત્મા અને સ્વનું ભવનમ્ ( એટલે કે ) એ જ્ઞાનને પકડીને, વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે એવી પર્યાયમાં પકડ કરીને, પર્યાયમાં જે જ્ઞાનનું-શ્રદ્ધાનું-શાંતિનું-આનંદનું પરિણમન થવું એ એનું કાર્ય છે. સમજાણું કાંઈ... ?

"અને ક્રોધાદિકનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે."-શું કહે છે ? આહાહા ! એ સ્વભાવ જે ભગવાન આત્માનો, સર્વજ્ઞ પરમેશ્વરે જોયો તો આત્મા જ્ઞાન-આનંદસ્વરૂપ છે, ( હવે ) જેની આવી દૃષ્ટિ નથી અને જે પુણ્ય-પાપના ભાવ ( જે ) સ્વભાવથી વિરુદ્ધ ભાવ એની રુચિથી જે પરિણમન કરે છે ત્યાં વિકાર દેખાય છે ત્યાં આત્મા ( દેખાતો ) નથી. આહાહાહા ! વીતરાગ મારગ બહુ અલૌકિક ! આહાહાહા ! પર્યાયમાં સ્વ-ભાવનું ભવન-( પરિણમન ) ન થવું અને પર્યાયમાં પુણ્ય-પાપના-વિકારના ભાવ થવા ( તો એને ) એ જ ભાસે છે, તે આત્મા નથી. આહાહા ! વાત સૂક્ષ્મ છે ભાઈ... ! આહાહા !

'ક્રોધ'-ક્રોધ એટલે ( આત્મ ) સ્વભાવ જે ચૈતન્ય જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવ, એની રુચિ ન થઈને, પુણ્ય-પાપના ભાવમાં રુચિ થવી, એનું નામ ક્રોધ છે. એનું નામ સ્વભાવ પ્રત્યે અનાદર છે. આહાહા ! આવી વાત ! ભગવાન આત્મા આનંદમૂર્તિ, સચ્ચિદાનંદ પ્રભુ એ પોતાનો સ્વભાવ, એ સ્વભાવથી વિરુદ્ધ વિકારની રુચિ થવી-ચાહે તો દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ હો એ રાગ છે અને રાગની રુચિ થવી એ ક્રોધ છે. સ્વભાવ જ્ઞાયક ચૈતન્ય પ્રભુ, એનાથી વિરુદ્ધ વિકારની રુચિ થવી એ સ્વભાવથી વિરુદ્ધ ક્રોધભાવ છે. આવી વાતું છે !

"ક્રોધાદિકનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે." જ્ઞાનનું થવું-પરિણમવું તે ક્રોધાદિકનું થવું એવું છે નહીં. શું કહે છે ? બહુ સૂક્ષ્મ વાત છે ભાઈ ! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી -આનંદસ્વરૂપી પ્રભુ છે તો એ જ્ઞાનની પક્કડ કરીને જ્ઞાનનું થવું શુદ્ધ સ્વભાવનું થવું, અને વિકારનું પણ થવું એવું છે નહીં. આહાહા ! જ્ઞાનનું થવું પરિણમવું તે ક્રોધાદિનું પણ થવું ( એમ નથી. ) એટલે શું કહે છે ? કે આત્મસ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ, એની દૃષ્ટિથી જે પરિણમન-જે શુદ્ધનું થયું અને એ જ ( પરિણમન ) શુદ્ધનુંય થવું ને વિકારનુંય થવું, એવું થતું નથી. આહાહા ! આવો મારગ છે ! દુનિયાને બહારથી ધર્મ માનવો, ધર્મ કોઈ અલૌકિક ચીજ છે ભાઈ !

( કહે છે ) ધર્મી એવો ભગવાન આત્મા એનું જ્ઞાન-આનંદ આદિ ધર્મ-સ્વભાવ, એની પર્યાયમાં સ્વભાવનું પરિણમન થવું એ તો આત્મા અને એ સ્વભાવનું પરિણમન થવું અને તે જ વખતે ( એક જ સમયે ) સ્વભાવથી વિરુદ્ધ વિકારનું પણ પરિણમન થવું, એવું થતું નથી. આવી વાત છે. આહાહા ! છે ?

જ્ઞાનના પરિણમન સમયે ક્રોધાદિકનું પણ થવું નથી, આહાહા ! ગહન વાત ! જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે. ( શું કહે છે ? ) કે ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ-અતીન્દ્રિયસ્વરૂપ છે તો જ્યારે જ્ઞાન ને આનંદનું પરિણમન થતું માલૂમ પડે છે તે જ સમયે રાગનું-વિકારનું થવું માલૂમ પડતું નથી. એટલે ( આત્મા-જ્ઞાન ) વિકારરૂપ થતું નથી તો વિકારરૂપ થતું માલૂમ પડતું નથી. ભારે ન્યાય ! વાત સમજાય છે ? આ તો એકોતેર ગાથા ( સમયસાર-કર્તાકર્મ અધિકાર ) કુંદકુંદાચાર્ય ! ( તેઓ ) ભગવાન ( સીમંધરનાથ ) પાસે ગયા, આઠ દિવસ રહ્યા, ત્યાંથી આવીને ( આ શાસ્ત્ર ) બનાવ્યું ને એની ટીકા અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત છે, એની આ ટીકા છે. આહાહા !

કહે છે કે જેમને આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે, એનું પરિણમન સ્વભાવરૂપ થતું એ માલૂમ પડે છે તેવી રીતે રાગનું પણ થવું માલૂમ પડે એવું છે નહીં. "એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી" આહાહા ! એમ જ્યારે ભગવાન આત્મા શુદ્ધ પવિત્ર આનંદકંદ પ્રભુ ! પોતાના શુદ્ધ આનંદપણે જ્યારે પરિણમે છે ત્યારે વિકારપણે પણ પરિણમે છે એવું હોતું નથી. સમજાણું કાંઈ... ? આવો મારગ બાપુ બહુ ( આહા ! ) શુદ્ધ ચૈતન્યઘન આત્મા, એ શુદ્ધ ચૈતન્યઘનનું પરિણમન પર્યાયમાં શુદ્ધ વીતરાગી પર્યાય-આનંદની પર્યાય-જ્ઞાનની પર્યાયપણે થવું તો એ તો આત્મા છે, પણ તે જ સમયે રાગનું પણ પરિણમન થવું, એવું થતું નથી. સમજાણું કાંઈ... ? આહાહા ! આવી વાતું છે.

"તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી"-જેમ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એનું પરિણમન શાંતિનું થવું માલૂમ ( પડે છે ) નામ જ્ઞાનમાં જાણવામાં આવે છે. તેથી એનાથી વિરુદ્ધ વિકારના ભાવ માલૂમ પડતા નથી. કેમ કે વિકાર થતો જ નથી. આહાહાહા ! છે ? ઝીણી વાત છે ભાઈ, આ તો અધ્યાત્મ ગ્રંથ-શાસ્ત્ર ! એમાં દિગમ્બર સંતો, કેવળીના કેડાયતો, કેવળી પરમાત્માએ કહ્યું એ વાત જગત પાસે જાહેર કરે છે. જગતને બેસે ન બેસે, સ્વતંત્ર છે. વસ્તુ આ છે. આહા ! અને ક્રોધાદિકનું થવું-પરિણમવું જ્ઞાનનું પણ થવું નથી.

શું કહે છે ? સ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય ભગવાન ( આત્મા ), એની રુચિ છોડીને, પુણ્ય-પાપની રુચિમાં આવ્યો, ત્યારે આત્મા પ્રત્યે ( સ્વભાવથી ) વિરુદ્ધ ક્રોધ થયો, તો ક્રોધમાં ક્રોધ માલૂમ પડે એ સમયે આત્માનું જ્ઞાનનું પરિણમન છે એવું છે નહીં. આવી વાતું છે બાપા ! ભગવાન તીર્થંકરદેવ જિનેશ્વરદેવે જે કહ્યું તે સંતો જગત પાસે જાહેર કરે છે. આહાહા ! દિગમ્બર મુનિઓ આત્મજ્ઞાની-ધ્યાની આનંદમાં રહેવાવાળા, એ કહે છે કે જ્યારે આત્માના સ્વભાવથી વિરુદ્ધના ભાવ પુણ્ય ને પાપના ( ભાવ ) એનો પ્રેમ છે ( એની રુચિ છે ) તો એને સ્વભાવ પ્રત્યે ક્રોધ થયો, તો ક્રોધનું થવું માલૂમ પડે, ( પરંતુ ) ત્યારે આત્માના અનુભવનો આનંદ થતો દેખાય એવું છે નહીં. જેને વિકારની રુચિ છે તો વિકારની રુચિવાળાને વિકાર ( જ ) ભાસે છે એને

આનંદની તો રુચિ નથી તો આનંદ ભાસે એવું છે નહીં. આવો મારગ કેવી જાતનો ! કર્તાકર્મ અધિકાર સિદ્ધ કરવો છે ને !

જ્યારે આત્મા ! અરે રે એનું જ્ઞાને ય ન મળે ! ઓળખાણેય ન મળે કયાં જશે ? આંહી ( કહે છે ) ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદનો સ્વભાવ જેનો છે-એ વસ્તુ અતીન્દ્રિય આનંદસ્વભાવમાત્ર છે. જ્ઞાનમાત્રની મુખ્યતા લીધી છે પણ એ ( આત્મદ્રવ્ય ) બધા ગુણના સ્વભાવમાત્ર છે. તો અતીન્દ્રિયઆનંદના સ્વભાવમાત્ર એ વસ્તુ ! એ અતીન્દ્રિય આનંદ સ્વભાવનું ભવન ( -પરિણમન ), અતીન્દ્રિય આનંદ-સ્વભાવ આત્મા ! એ અતીન્દ્રિય આનંદસ્વભાવ, એ સ્વભાવનું-સ્વનું ભવનમ્- ( એટલે કે ) પર્યાયમાં ( -પરિણમનમાં ) આનંદ થવો એ આત્મા છે. અને એ સમયે રાગની-પુણ્યઆદિના ભાવની રુચિ ( હોતી ) નથી, રુચિ નથી તો એની રુચિવાળાના ભાવ ( પુણ્ય-પાપના ) તો સ્વભાવ પ્રત્યે ક્રોધ, એ છે નહીં. આહાહાહા ! સમજાય એટલું સમજવું બાપુ ! આ તો વીતરાગ જિનેશ્વરનો મારગ કોઈ અલૌકિક છે ! આહા ! આંહી તો લોજિક-ન્યાયથી પણ સિદ્ધ કરે છે. આહાહા !

( કહે છે ) ક્રોધ નામ સ્વભાવની રુચિ છોડીને, પુણ્ય અને પાપના વિકારી-ભાવની રુચિ થઈ એ ક્રોધ છે-સ્વભાવનો અનાદર છે, ભગવાન ત્રિકાળી આનંદસ્વરૂપ પ્રભુ ( નિજાત્મા ) એની રુચિનો અભાવ એટલે કે અનાદર છે અને રાગની રુચિના ભાવનો આદર છે. ત્યારે રાગની રુચિનો ભાવ ક્રોધ, ( તો ) જ્યારે ક્રોધ માલૂમ પડે છે એ વખતે આત્મસ્વભાવનું પરિણમન છે એવું માલૂમ પડે એવું છે નહીં. શાંતિભાઈ ? આહાહા ! આવું છે. ગમે તેટલી ભાષા સાદી કરે પણ વસ્તુ તો ( જે ) હોય એ હોય ને ! બીજું કયાંથી આવે ? આહાહા !

અને કેમ કે ક્રોધાદિક થવાના સમયે.......શું કહે છે ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવમય-આનંદસ્વભાવમય, એનાથી વિરુદ્ધ ( ભાવ ) જે પુણ્ય-પાપના ભાવ એની રુચિથી “જ્યારે ક્રોધાદિક થવાના સમયે” એ વિકારની રુચિના સમયે જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે છે- ત્યાં તો સ્વભાવ પ્રત્યે વિરુદ્ધભાવનો પ્રેમ માલૂમ પડે છે. સમજાણું કાંઈ... ?

ભગવાન આત્મા ! આહાહા ! સર્વજ્ઞ જિનેશ્વર ત્રિલોકનાથે જે આત્મા કહ્યો, એ આત્મા, પોતાનું જ્ઞાન-આનંદ આદિ સ્વભાવમાત્ર એ આત્મા ! અને એ સ્વભાવમાત્રમાં એ આનંદ ને જ્ઞાન, સ્વભાવ એનાં, એનું ભવન-પરિણમન થવું એ આત્મા છે પણ એની રુચિ છોડી દઈને, પુણ્ય-પાપના ભાવની રુચિ હોવી, એ ક્રોધાદિક કહેવામાં આવે છે. ( શ્રોતા વિષે ) એ અસ્થિરતા બહુ છે એમની બહાર જોયા જોય કરે છે ઘણીવાર મેં એને કહ્યું પહેલેથી, કેટલાંકને એમ કે આપણને આવડે છે ને ! અને એ જાતનું આવડે છે બીજે ભલે રખડયા કરે મગજ, નથી એને નથી આવડયું કાંઈ ! આહાહા ! બાપુ, મારગડા જુદા ભાઈ ! આહાહાહા !

ઓહોહો ! શું કહે છે ? ભગવાન પ્રભુ આ આત્મા ! ભગવાન તરીકે ( તો ) બોલાવે છે આચાર્ય ! આ આત્માને બોંતેર ગાથામાં આવશે હમણાં, ભગવાન આત્મા ! ભગ( નામ ) જ્ઞાન-આનંદ આદિ લક્ષ્મી ભરી છે જેમાં, આ તમારી ધૂળની નહીં, એ લક્ષ્મી ( તો ) પથ્થરા છે. આ તો આત્મામાં જ્ઞાન-આનંદ-શાંતિ, ભગ એટલે સ્વ નામ લક્ષ્મી, વાન એ સ્વ-લક્ષ્મીવાન અંદર ભગવાન આત્મા છે. આહાહાહા !

એવો જે ભગવાન પોતાનો સ્વભાવ સંપન્ન છે એ સ્વભાવનું ભવનમ્–( સ્વ–ભાવ ) એ તો દ્રવ્ય ને ગુણ કહ્યા, પહેલી વસ્તુ કીધી, શું ? એને સ્વભાવ કહ્યો, એ ગુણ કહ્યા, હવે એ સ્વભાવનું પરિણમન થવું એ પર્યાય, એને આત્મા કહે છે. અને ક્રોધાદિકના થવા સમયે આત્માનો જે સ્વભાવ ચૈતન્યમૂર્તિ, એની રુચિ છોડીને જેણે દયા–દાન–વ્રત–ભક્તિ આદિના ભાવ કર્યાં ( –ભાવ આવ્યા ), એ પુણ્ય ( ભાવ ) રાગ છે, એની જેને રુચિ છે– ( પુણ્યભાવની ) જેમને રુચિ છે, એ ક્રોધાદિક થવા સમયે–એની રુચિના સમયે ક્રોધ થયો તો એ ( ભાવ ) તો સ્વભાવ પ્રત્યે વિરુદ્ધભાવ થયો ! વાત પકડવી કઠણ પડે ! એ વીતરાગ જિનેશ્વરનો પંથ કોઈ અલૌકિક છે ! આહાહાહા !

જેમ કે સ્વભાવ જે ત્રિકાળી ભગવાન આત્માનો, એની રુચિ નહીં ને એનાથી વિરુદ્ધ ( ભાવ જે ) પુણ્ય–પાપના ( પરિણામ ) એની રુચિ તો એને અહીંયા ક્રોધ કહેવામાં આવ્યો છે. ( આત્માનો ) સ્વભાવ ક્ષમાનો દરિયો ભગવાન–ઉત્તમક્ષમા આદિનો દરિયો એ ક્ષમાપણે પરિણમે તો એ આત્મા, પણ એનાથી વિરુદ્ધના રાગની રુચિમાં પરિણમે એ અનાત્મા–ક્રોધ ! આહાહાહા ! “એ ક્રોધાદિ માલૂમ પડે છે એ સમયે ક્રોધાદિ થતાં માલૂમ પડે છે તેવી રીતે જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી”–એ સમયે આત્મા( ની ) આનંદરૂપ દશા છે નહીં. રાગની રુચિનું પરિણમન ( છે તે ) કાળમાં આનંદની રુચિનું પરિણમન છે નહીં. ઝીણી વાત છે પ્રભુ ! આ તો... વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એ ફરમાવે છે એ સંતો–દિગમ્બર મુનિઓ, આડતિયા થઈને, વીતરાગનો મારગ દુનિયાને પ્રસિદ્ધ કરે છે. આહાહા !

જેમ કે સ્વભાવ જે જ્ઞાતા–દૃષ્ટા–આનંદ આદિ એની રુચિ જેમને નથી ને જેને પુણ્ય–પાપના ભાવની રુચિના ભાવ છે, તો એને ક્રોધ માલૂમ પડે છે–સ્વભાવથી વિરુદ્ધભાવ માલૂમ પડે છે, એ વિરુદ્ધભાવ માલૂમ પડે છે એ સમયે પણ જ્ઞાનસ્વભાવનું માલૂમ પડવું છે જ નહીં. ( જો છે જ નહીં ) તો માલૂમ પડે ક્યાંથી ? ( એ ક્યાંથી આવ્યું ? ) પંડિતજી ? આવી વાતું છે. શું કરે ? દુનિયા ક્યાં પડી છે ને ક્યાં રહી ગયો મારગ ! શું ગાથા !! ( શ્રોતાઃ– અમૃતના સાગર ભર્યા છે ) સાગર ભર્યા બાપા ! ભગવાન ! તું તો અતીન્દ્રિયઆનંદનો સાગર છે ને પ્રભુ ! તારામાં તો અતીન્દ્રિયઆનંદ સ્વભાવ ( પૂર્ણ ભર્યો ) છે ને !

ભગવાનના ( અરિહંત ભગવાનના ) દર્શન છે એ તો શુભભાવ છે અને શુભભાવની જેને રુચિ છે એને ( નિજ ) સ્વભાવ પ્રત્યે ક્રોધ છે. જગત ! વાત આકરી બાપા ! વીતરાગ મારગ કોઈ અલૌકિક છે. દુનિયાએ સાંભળ્યોય નથી. આંહી તો કહે છે અમૃતચંદ્રાચાર્ય, હજાર વર્ષ પહેલાં થયા, દિગંબર સંત ! બે હજાર વર્ષ પહેલાં થયા કુંદકુંદાચાર્ય, એમના ( શાસ્ત્રની ) ટીકા કરે છે. કુંદકુંદાચાર્ય, એમ કહે છે કે જેમને ભગવાન આત્મા–અતીન્દ્રિય( આનંદ ) સ્વભાવનો પિંડપ્રભુ, એની જેને રુચિ નથી–એનું અવલંબન નથી–એનો આશ્રય નથી અને એ પુણ્ય–પાપના પરિણમનનું અવલંબન કરે છે–પુણ્ય પરિણામની રુચિ છે એ વખતે ( એને ) આત્મા પ્રત્યે ક્રોધ છે. એ આત્માનો અનાદર કરે છે. આહાહા ! ગજબ વાત છે ભાઈ !

( કહે છે કે ) શુભભાવ જે એની જેને રુચિ છે, એને સ્વભાવ પ્રત્યે અનાદર છે એટલે ( આત્મા ) સ્વભાવ પ્રત્યે એને ક્રોધ છે અને જેને પુણ્ય પરિણામની રુચિ છે એને ક્રોધ છે તો

એ રુચિમાં ક્રોધ માલૂમ પડે છે, સ્વભાવથી વિરુદ્ધ ભાવ માલૂમ પડે છે એ સમયે સ્વભાવથી અવિરુદ્ધ પરિણમન છે નહીં, તો ( તે ) માલૂમ ક્યાંથી પડે ? ચંદુભાઈ ? આવો મારગ છે પ્રભુ શું થાય ? દુનિયાથી નિરાળો છે. આહા ! દુનિયાને અંતર આત્મધર્મ શું ચીજ છે એની ખબર નથી. આહા ! આંહી કહે છે કે જેને ક્રોધાદિ માલૂમ પડે જે સમયે એ સમયે જ્ઞાન પણ થતું માલૂમ નથી પડતું કેમ કે એ શુભભાવની રુચિના પ્રેમ, સ્વભાવ પ્રત્યેનો અનાદર-ક્રોધ, એ ક્રોધ પરિણમન ભાસે છે. એને જ્ઞાનનું પરિણમન -ધર્મનું પરિણમન છે નહીં, નથી તો ક્યાંથી ભાસે ? આહાહાહા !

અને જેને આત્મા આનંદસ્વરૂપ ! શું થાય ? "અનંત કાળથી આથડયો વિના ભાન ભગવાન." વસ્તુ શું છે એની ખબર નથી. તો એ કહે છે કે જેને શુભભાવ જે છે દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાના ભાવ એ શુભ છે. એ શુભની જેને રુચિ છે એને ( નિજ ) સ્વભાવ પ્રત્યેનો અનાદર એવો ક્રોધ માલૂમ પડે છે. ગજબ વાત છે ! અને જેને ક્રોધ માલૂમ પડે છે એને એ સમયે સ્વભાવની રુચિનું પરિણમન છે નહીં, ( છે નહીં ) તો એ માલૂમ પડતું નથી. આહાહાહા ! સમજાણું કાંઈ... ?

( શ્રોતાને ) ત્યાં બેઠા સામા પાછા કો'ક બેસવા દો, અજાણ્યા બાપુ કો'ક દિ' આવે. સમજાણું ? ઝીણી વાત બાપુ ! એ ધર્મ કોઈ અલૌકિક ચીજ છે, એક સેકન્ડ પણ ધર્મ કર્યો નથી, અનંતકાળમાં. આહા ! "મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો"-મુનિ થયો-દિગંબર મુનિ ! અઠ્ઠાવીસ મૂળગુણ, પંચ મહાવ્રત ( પાળ્યા ) પણ એ તો આસ્રવ ને રાગ ( અને ) એની રુચિ છે. એને સ્વભાવ પ્રત્યે ક્રોધ છે. આહાહા ! ઝાંઝરી ? જેને સ્વભાવ ચૈતન્ય પ્રભુ વસ્તુ જે આત્મા છે એ સ્વભાવમાત્ર વસ્તુ છે વિભાવ-બિભાવ એમાં છે નહીં-ગુણમાં નથી, ગુણ તો એકલો સ્વભાવ આનંદ-જ્ઞાન-શાંતિના સ્વભાવની મૂર્તિ પ્રભુ ! એ સ્વભાવનું ભવનમ્-એ સ્વભાવનું પર્યાયમાં ભવનમ્ ( -પરિણમન ) તો સ્વભાવ શુદ્ધ છે-પવિત્ર છે. 'છે' તો ભવનમ્ પવિત્ર થાય છે-વીતરાગી પર્યાય થાય છે. તો એ વીતરાગી પર્યાય હો એ આત્મા ! પણ એ સમયે સ્વભાવની રુચિથી વિરોધ-વિભાવની રુચિ ક્રોધ માલૂમ પડતો નથી. એમાં છે નહીં. આહાહાહા ! આવો માર્ગ છે.

જેમ જ્ઞાન થતું માલૂમ નથી પડતું આ પ્રકારે ક્રોધાદિક ને આત્માને નિશ્ચયથી એકત્વ-એકવસ્તુપણું નથી. આહાહા ! ભગવાન ! સંતો આમ કહે છે. આહા ! ગજબ વાત કરી છે ને !

કર્તા-કર્મ ( અધિકાર છે ને ! ), જેને એ શુભભાવ જે દયા-દાન-વ્રત-ભક્તિના ભાવ ( જે ) શુભ છે, એની જેને રુચિ છે એને ( નિજ ) સ્વભાવ પ્રત્યે ક્રોધ છે. એને ભગવાન ( આત્મા ) અનંતગુણનો પિંડ રુચતો નથી. એ સમયે શુભભાવની રુચિમાં, સ્વભાવનો અનાદર એવો ક્રોધ માલૂમ પડે છે-વિકાર માલૂમ પડે છે. વિકાર રહિત ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ ( નિજાત્મા ) એની રુચિનો અભાવ છે. આહાહા ! સમજાણું કાંઈ... ?

શુભભાવ છે-શુભ દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા આદિના ભાવ, નામ સ્મરણ, જાત્રાના ભાવ એ બધા શુભ ( ભાવ ) છે. આંહી પરમાત્મા ( સંતો ) એમ કહે છે કે એ શુભભાવની જેને રુચિ છે એને આત્મા પ્રત્યે ક્રોધ છે. આહાહા ! એને ભગવાન નિર્મળાનંદ પ્રભુ રુચતો નથી. શુદ્ધ

ચૈતન્યઘન એની રુચિમાં-પોષાણમાં આવ્યો નહીં. આહાહા ! આવી વાત દિગંબર સંતો સિવાય કયાંય છે નહીં ! એનાં સંપ્રદાયવાળાનેય ખબર ન મળે, ત્યાં બીજે તો કયાં હતી ? કહો, સુરેન્દ્રજી ? ( કહે છે ) ક્રોધ એટલે કે વિકાર ભાવની રુચિ એ ક્રોધ-વિકારભાવની રુચિ તે ક્રોધ-તે માન-તે માયા ને તે લોભ ! આહા ! શું ટીકા !

"આ રીતે આત્માને અને ક્રોધાદિકને નિશ્ચયથી એકવસ્તુપણું નથી."-બે એક વસ્તુ નથી. શુભ-અશુભ રાગની રુચિ એ ક્રોધ એ બીજી ચીજ છે અને ભગવાન આત્મા આનંદને જ્ઞાન-સ્વરૂપનું પરિણમન એ બીજી ચીજ છે. ચીજ બેય ભિન્ન છે. નિશ્ચયથી આત્મા( નો ભાવ ) અને ક્રોધાદિક( ના ભાવ ) એક વસ્તુ નથી. જેમ ઝેર અને સાકર એક વસ્તુ નથી એમ પુણ્ય-પાપના પરિણામની રુચિનો ભાવ, એ અન્ય વસ્તુ છે, અને ભગવાનની ( નિજાત્માની ) રુચિનું પરિણમન અન્ય ચીજ છે. આવી વાતું છે. જિંદગિયું જગતની ચાલી જાય છે આમ બફમમાં ને બફમમાં ! કાંઈ તત્ત્વની-વસ્તુની ખબર વિના, આવી ચીજ ભગવાનની-પરમેશ્વરની વાણીમાં આવી છે.

"આ પ્રમાણે આત્મા અને આસ્રવોનો વિશેષ ( તફાવત ) દેખવાથી" દેખો ! શું કીધું ? આત્મા એ તો આનંદ ને જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! અને એનાથી વિરુદ્ધ પુણ્ય-પાપના પરિણામભાવ આસ્રવ, પુણ્ય પરિણામના ભાવ ( પણ ) એ આસ્રવ ( છે ) એ ધર્મ નથી, એ તો નવા કર્મ આવવાનું કારણ એવો આસ્રવ અને આત્મા ! છે ? આહાહા ! આત્મા અને આસ્રવોનો અંતર ( -તફાવત ) દેખવાથી, વિશેષની વ્યાખ્યા કરી હવે અંતરની ( તફાવત ) ની પછી કરશે. આમ ભગવાન આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ વસ્તુ અને રાગની રુચિનો ભાવ ( એ ) ક્રોધ, એ અન્યવસ્તુ એ આસ્રવ અન્યવસ્તુ ! જ્યારે આત્મા એનો ભેદ દેખે છે. એ અંતર થયું. વિશેષ ને અંતર ( બે ) શબ્દ પડયા છે ને ! મૂળ શબ્દમાં વિશેષ, અંતર બેની વિશેષ નામ જુદાઈને અને એનો ભેદ. આહાહાહા !

આત્મા અને આસ્રવોના-આસ્રવ શબ્દ જે ઓલા સ્વભાવની રુચિ છોડીને, પુણ્ય-પાપની રુચિનો ભાવ એ મિથ્યાત્વ ને રાગદ્વેષ એ આસ્રવ, સમજાણું કાંઈ... ? અને આંહી ભગવાન આત્મા એનાથી ભિન્ન, એ બેયને ભિન્ન( ભિન્ન ) ન દેખવાથી, ને જ્યારે આ આત્મા ને એની ભિન્નતા જાણે છે-વિશેષ અંતર દેખે છે. આહા ! જોયું ? ઓલા અંતર નહીં દેખવાથી એ અજ્ઞાન, બેયનું અંતર દેખવાથી ( એ જ્ઞાન ) આહા ! આ આત્મા જ્યારે એ ભેદ જાણે છે કે પુણ્ય-પાપના ભાવ એ આસ્રવ છે-વિકાર છે-રુચિ પર છે અને ભગવાન આત્મા આનંદસ્વરૂપ એનું પરિણમન ભિન્ન છે.

"ત્યારે આ આત્માને અનાદિ હોવા છતાં પણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી ( પરમાં ) કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે."-શું કીધું એ ? એ પુણ્ય-પાપના જે ભાવ એ આસ્રવ છે, એ ધર્મનથી-સંવર નથી-આત્મા નથી. આહાહા ! એ પુણ્ય ને પાપના ભાવ આસ્રવ છે, અને મારી ચીજ( આત્મા ) ભિન્ન છે, એમ અંતર-ભેદ કરીને, પોતાના સ્વરૂપનું જ્ઞાન કરે છે. "ત્યારે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી પરમાં"-અનાદિથી રાગ મારું કાર્ય ને હું તેનો કર્તા, એવી જે અજ્ઞાનની પ્રવૃત્તિ અનાદિની હતી, આહાહા ! સમજાણું કાંઈ... ? એ શુભભાવ છે-રાગ, એ મારું

કાર્ય ને હું એનો કર્તા, એ અનાદિ અજ્ઞાન છે. કર્તાકર્મ અધિકાર છે ને ! આહાહાહા !

"કરે કરમ સોહી કરતારા, જો જાને સો જાનનહારા, જાને સો કર્તા નહિ હોઈ કર્તા સો જાને નહિ કોઈ"–અનાદિથી ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યધનને ભૂલીને જે રાગ–જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગ છે, એની રુચિ છે એ આસ્રવની રુચિ છે, એ અનાદિનો કર્તા( ભાવ ) અજ્ઞાન અને એ આસ્રવની રુચિ એ એનું કાર્ય, અનાદિનું છે. વાત સાંભળવી કઠણ પડે ! શું કહે છે ! અરે, પ્રભુ એ કયારેય સાંભળ્યું જ નથી. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ કોને ધર્મ કહે છે ને કોને આસ્રવ કહે છે ખબર નહીં. આહાહાહા !

અહીંયા કહે છે, અનાદિની અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી, પોતાના આનંદ ને જ્ઞાન સ્વરૂપનું જેને અજ્ઞાન છે અને રાગ જે પુણ્ય–પાપના પરિણામ એ આસ્રવ છે. એ મારું કાર્ય છે–એવી અનાદિની કર્તાકર્મની પ્રવૃત્તિ મિથ્યાત્વમાં હતી. છે ? એ ( પ્રવૃત્તિ ) નિવૃત્ત થાય છે–એ નિવૃત્ત થાય છે ( શી રીતે ? ) હું તો આનંદ ને જ્ઞાન સ્વરૂપી શુદ્ધ એ શુદ્ધ પરિણમન મારું, વીતરાગી પરિણમન એ હું, એવી જ્યારે દૃષ્ટિ ( થઈ ) અને ભાન થયું, તો રાગનું મારું કર્તવ્ય ને રાગ મારું કાર્ય એ દૃષ્ટિ અજ્ઞાનની છૂટી જાય છે. છે કે નહીં અંદર ? છે એનો અર્થ કરીએ છીએ. આ ટીકા તો હજાર વરસ પહેલાંની છે. શ્લોક ( મૂળગાથાઓ ) બે હજાર વરસ પહેલાનાં છે. ભગવાન કુંદકુંદાચાર્ય દિગમ્બર સંત, એમના શ્લોક ( મૂળગાથાઓ ) છે. આ ટીકા અમૃતચંદ્રાચાર્ય, ( દિગંબર સંત ! ) એમની ટીકા છે. સમજાણું ? આરે ! આહાહાહા ! છે ?

શું કીધું ? કે આત્મા જે પરમાત્મસ્વરૂપ જ બિરાજે છે "જિન સો હી આત્મા, અન્ય સો હી કર્મ"–એહી વચનસે સમજ લે, જિનપ્રવચનકા મર્મ" કેમ બેસે ? પણ અત્યારે પ્રવૃત્તિની આડે નવરાશ ન મળે ! નિર્ણય કરવાનાય ટાણાં–વખત ન મળે ! જિન સો હી આત્મા–વીતરાગી સ્વભાવથી ભર્યો ભર્યો ( પરિપૂર્ણ ) તે આત્મા, એનું જેને ભાન થયું–હું તો આનંદ ને જ્ઞાનસ્વરૂપી પરિણમન કરવાવાળો હું અને રાગની રુચિ છૂટીને રાગનું પરિણમન મારું નહીં એ કાર્ય મારું નહીં.

અજ્ઞાનથી અનાદિથી કર્તા ( થતો હતો ), અજ્ઞાન ને રાગ મારું કાર્ય એવી જે બુદ્ધિ મિથ્યાત્વમાં હતી ( અને ) એ આનંદકંદ હું પ્રભુ હું–હું તો શુદ્ધ પરિણમન કરવાવાળો શુદ્ધ પરિણમન એ મારું કાર્ય છે, એની( આસ્રવોની ) રાગની એકતાબુદ્ધિ, કરવાના ભાવની બુદ્ધિ હતી એ છૂટી ગઈ. આહાહા ! ભાઈ, ધર્મ કોઈ અલૌકિક ચીજ છે ! !

અનંતઅનંત વાર મુનિ( પણું ) લીધું, દિગમ્બર મુનિ અનંત વાર થયો છે મિથ્યાદૃષ્ટિ ! અઠાવીસ મૂળગુણ ( શું ) નથી પાળ્યા ? "મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો", છઢાળામાં આવે છે પણ "આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો"–આત્મજ્ઞાન, રાગથી ભિન્ન મારી ચીજ ! અને મારી ચીજ તો શુદ્ધ–પૂર્ણ સ્વભાવથી ભરેલ છે એવા જ્ઞાન વિના લેશ ( જરીએ ) સુખ ન મળ્યું. પંચમહાવ્રતના પરિણામ એ દુઃખ છે–આસ્રવ છે. આહાહાહા ! અરે રે ! ખબર ન મળે ! આહા ! ખબર ન મળે !

અનાદિથી અજ્ઞાનમાં રાગ મારું કાર્ય છે ને હું એનો કર્તા છું, એ અજ્ઞાનબુદ્ધિ, ( પરંતુ ) જ્યારે આત્મા જ્ઞાનસ્વભાવી–શુદ્ધસ્વભાવી, એ શુદ્ધનું પરિણામનું કાર્ય એનું, એવું ભાન થયું

ત્યારે રાગનું કાર્ય મારું છે એવી અનાદિની અજ્ઞાનબુદ્ધિનો નાશ થઈ ગયો. અને ( આત્મ ) જ્ઞાનના પરિણમનની ઉત્પતિ થઈ, આત્માના શુદ્ધ પરિણમનની ઉત્પત્તિ અને રાગ મારું કાર્ય છે ને હું તેનો કર્તા છું એવી અજ્ઞાનબુદ્ધિનો નાશ. ધ્રુવ ( આત્મદ્રવ્ય ) તો છે જ. સમજાણું કાંઈ... ? આહાહા ! આવું ઝીણું છે. બાપુ ! બહુ, અજાણ્યા માણસને તો એવું લાગે કે આ શું કહે છે ? શું હવે આવું તો કાંઈ આ કરવું–આ કરવું ( એવું ) તો કહેતા નથી. વ્રત કરવા ને અપવાસ કરવા ને તપસ્યાયું કરવી ને, એ અરે ! સાંભળને ભાઈ ! એ મંદિર બનાવવા ને એ તો બધી ક્રિયા પરની, થવાવાળી એ તો થાય છે, તારો ભાવ ત્યાં હોય તો કહે છે શુભભાવ છે, શુભભાવ એ રાગ છે–આસ્રવ છે. આહાહાહા !

ભગવાન કુંદકુંદાચાર્ય ( કહે છે મૂળ ગાથામાં ) “જઈયા ઈમેણ જીવેણ” એ શબ્દો પડયા છે ને ! ( ગાથા ) એકોતેર “જઈયા ઈમેણ જીવેણ”–એનો અર્થ ચાલે છે. આ જયસેન આચાર્યની ટીકામાં ભાઈએ એમ લીધું છે ‘જઈઆ’ એનો અર્થ ‘જઈ’ ‘આ’ નો અર્થ ધર્મ લબ્ધિકાળ–કાળલબ્ધિ નહીં. છે ? ૭૧ છે ને ! છે ને એ તો પહેલાં વાત થઈ ગઈ છે ઘણી, જઈયા–જઈયા–જ્યારે શ્રી ધર્મ લબ્ધિકાળે આમ ( પણ ) કાળલબ્ધિ એમ નહીં. શ્રી ધર્મ લબ્ધિકાળે. આહાહાહા ! ‘જઈયા’નો અર્થ કર્યો એટલો “જ્યારે જેને ધર્મલબ્ધિકાળ” એટલે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધચૈતન્યઘન ( નિજાત્મા ) જ્યારે દૃષ્ટિમાં આવ્યો અને ત્યારે એને ‘ધર્મલબ્ધિકાળ’–શાંતિ ને વીતરાગપર્યાય થઈ એ ધર્મલબ્ધિકાળ છે. ટીકા છે સંસ્કૃત, જયસેનઆચાર્યની, આ અમૃચચંદ્રાચાર્યની ટીકા ચાલે છે. સમજાણું કાંઈ... ?

આહા ! “જઈયા ઇમેણ જીવેણ” એટલે ? શું કહે છે ? કહેવાનું અર્થાત્ આત્મામાં જ્યારે ધર્મલબ્ધિકાળ હોય છે. અર્થાત્ પૂર્ણ સ્વભાવ–ભરપૂર ભગવાન આત્મા, એવી દૃષ્ટિ થાય છે ત્યારે ધર્મલબ્ધિકાળ કહેવામાં આવે છે. ત્યારે એને રાગનો કર્તા હું ને રાગ મારું કાર્ય એવી અજ્ઞાનબુદ્ધિ છૂટી જાય છે. આહાહાહા ! છે ને ? ‘અપ્પણો આસવાણ ય તહેવ’ બે ભેદ પડયા ત્યારે ધર્મલબ્ધિકાળમાં ! આહાહા ! આવું ઝીણું હવે કયાં માણસને નવરાશ ન મળે, આખો દિ’ પાપમાં પડયા, પાપ–ધંધા એને એમાં વળી આવી પુણ્યની વાતું ય સાંભળવા મળે નહીં, ધર્મ તો કયાંય રહી ગયો ! એકકોર. આહાહા !

આંહી તો પ્રભુ એમ કહે છે સાંભળતો ખરો એકવાર ! એ જ્યારે આત્મા અને આસ્રવોનું અંતર ( ભેદ ) દેખવાથી ( એટલે કે ) એ પુણ્ય–પાપના ભાવ આસ્રવ છે–મલિન છે– દુઃખ છે–અચેતન છે અને ભગવાન આત્મા આનંદ છે–ચેતન છે–શુદ્ધ છે–પવિત્રતાનો પિંડ છે, એ બન્ને ભિન્ન–ભિન્ન માલૂમ પડે છે. છે ? એનો ભેદ જાણે છે ત્યારે એ આત્માને અનાદિ હોવા છતાં પણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે. ત્યારે રાગ મારું કર્તવ્ય ને હું ( રાગનો ) કરવાવાળો એવી અજ્ઞાનબુદ્ધિનો સર્વનાશ થાય છે.

જ્યારે આત્મા આનંદસ્વરૂપની પ્રતીતિ કરે છે, અનુભવ કરે છે હું તો આનંદ ને શુદ્ધ ચૈતન્યઘન છું. આહાહાહા ! એવા સમ્યગ્દર્શનના કાળમાં–ધર્મલબ્ધિકાળમાં, ત્યારે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી રાગની કર્તાકર્મની બુદ્ધિનો ત્યારે નાશ થાય છે. સમજાણું કાંઈ ? બાકી કોઈ વાત કરવાથી, વ્રત કરવાથી, ટીકા કરવાથી ( કર્તાબુદ્ધિનો નાશ ) થતો નથી, એ તો રાગ છે. સમજાણું કાંઈ... ?

“ત્યારે આ આત્માને અનાદિ હોવા છતાં,” શું કહે છે એ ? જેમ ભગવાન આત્મા અનાદિનો એનો શુદ્ધસ્વભાવ પિંડ પ્રભુ અનાદિ હોવા છતાં આ રાગ મારું કાર્ય( -કર્તવ્ય ) ને રાગનું અમારું કાર્ય છે એવી અજ્ઞાનબુદ્ધિ પણ અનાદિની છે પર્યાયમાં-સમજાણું કાંઈ ? રાગ ચાહે તો શુભ હો કે અશુભ પણ એ રાગ મારું કર્તવ્ય છે ને હું એનો કર્તા છું એ અજ્ઞાનબુદ્ધિ અનાદિની ચાલી આવે છે, આ કર્તા-કર્મ અધિકાર છે-એકોતેર ગાથા છે. આહાહા ! સમજાણું કાંઈ... ?

અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ, કર્મથી ઉત્પન્ન થયેલ એવું નહીં-“કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, ( અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ” ) કર્મ તો જડ છે-માટી ધૂળ છે. પોતાનો સ્વભાવ ચૈતન્ય, પૂર્ણાનંદ પ્રભુ ! એનાં અજ્ઞાનથી, એનું જ્ઞાન નહીં હોવાથી. રાગનું કાર્ય મારું ને હું એનો કરવાવાળો, એવી અજ્ઞાનબુદ્ધિ ઉત્પન્ન ( અનાદિની ) થઈ છે. એવું અજ્ઞાન પરિણમન કર્તાકર્મની પ્રવૃત્તિ, સમ્યગ્દર્શન થયું-શુદ્ધચૈતન્ય વસ્તુ હું છું, હું તો પુર્ણાનંદ સ્વરૂપ છું એવી પરિણતિ શ્રદ્ધા-જ્ઞાનમાં થઈ ત્યારે અનાદિની જે કર્તાકર્મની પ્રવૃત્તિ હતી તેનાથી નિવૃત્ત થાય છે-અનાદિની કર્તાકર્મની બુદ્ધિનો નાશ થયો. એની નિવૃત્તિ થવાથી, અજ્ઞાનના નિમિત્તથી થતો-એ અજ્ઞાનના નિમિત્તથી પુદ્ગલ( નો સંબંધ ) બનતો હતો, એ રોકાઈ ગયો. આહાહા !

શું કીધું એ ? કે જ્યારે આત્મા આનંદ ને અતીન્દ્રિયજ્ઞાનસ્વરૂપ એનો સ્વભાવ, એ સ્વભાવની દૃષ્ટિ માલૂમ પડી, તો પરિણમનમાં-પર્યાયમાં પણ અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનની પર્યાય સ્વરૂપમાં થઈ સમ્યકની તો તે જ સમયે અનાદિની ( માન્યતા હતી કે ) રાગનું કર્તવ્ય મારું અને રાગનો કરવાવાળો હું એ ( અભિપ્રાય ) અજ્ઞાનબુદ્ધિનો નાશ થાય છે. અજ્ઞાનના નિમિત્તથી જે પુદ્ગલ કર્મનો બંધ અનાદિથી થતો હતો, એ અનાદિનો કર્મનો બંધ પણ નિવૃત થયો-એને ( હવે ) બંધ થતો નથી. આહાહાહા !

અજ્ઞાનની નિવૃત્તિ થઈ તો અજ્ઞાનથી બંધાવાવાળા કર્મ પણ બંધાતા નથી. શું થાય ? એમ થવાથી જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે. છે ? સંસ્કૃત છે-એમ થતાં, જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થઈ જાય છે. જ્ઞાન શબ્દે, એ આત્મા ! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે એવું પરિણમન થયું જ્ઞાનનું એ જ્ઞાનના પરિણમન માત્રથી બંધ રોકાઈ જાય છે, જ્ઞાન એટલે આ શાસ્ત્રના જાણપણા એ જ્ઞાન નહીં ( પરંતુ ) જ્ઞાનસ્વરૂપ ચિદ્ઘન જ્ઞાતાદૃષ્ટા ભગવાન આત્મા ! એની પર્યાયમાં આત્માનું પરિણમન એટલે જ્ઞાનનું પરિણમન કે સ્વભાવનું પરિણમન, આવા જ્ઞાનમાત્રથી અજ્ઞાનની નિવૃત્તિ થઈ, અને અજ્ઞાનથી બંધ હતો એ બંધ રોકાઈ ગયો, સમજાણું કાંઈ ? આહાહા ! આવી ઝીણી વાતું હવે, કેટલી યાદ રાખવી એક કલાકમાં !

ભાઈ, ઓલું તો કંઈક કહે ( કરવાનું કે ) આ વ્રત કરો, જાત્રા કરો, અપવાસ કરો, ભક્તિ કરો, મંદિર બનાવો તો સમજાય તો ખરું-અનાદિથી અજ્ઞાન છે એમાં શું સમજવું ’તું ! આ વાત નિરાળી પ્રભુ વીતરાગમાર્ગની ! આહા !

એ કારણે જ્ઞાનમાત્રથી જ-એ સ્વરૂપનું જ્ઞાન થયું, રાગની રુચિ છૂટી ગઈ, ત્રિકાળ જ્ઞાયક-ભાવનું પોષાણ-રુચિ થઈ તો સમ્યગ્જ્ઞાન થયું તો સમ્યક-જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થઈ

જાય છે. છે છેલ્લે ? "જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે." આહાહા ! આ આત્માનો અનુભવ–જ્ઞાન થયું એ જ્ઞાન હોં, આ શાસ્ત્રનું જ્ઞાન ( એ જ્ઞાન ) નહીં, ચૈતન્ય ભગવાન આત્મા–જ્ઞાનનું સરોવર–સાગર પ્રભુ ! એ પોતાના જ્ઞાનગુણનાં બંધનો નિરોધ થઈ ગયો ! એ સંબંધી ( નો ). સમજાણું કાંઈ... ? એ વિશેષ કહેશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં. ૧૪૯ ગાથા-૭૧-૭૨ તા. ૨૯/૧૧/૭૮ બુધવાર કારતક વદ-૧૪

શ્રી સમયસારઃ– ગાથા ૭૧ એનો ભાવાર્થ છે. ગાથા થઈ ગઈ.

"ક્રોધાદિક અને જ્ઞાન જુદી જુદી વસ્તુઓ છે;" શું કહે છે. એ જે કંઈ પુણ્ય ને પાપના ભાવ થાય દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપ એનો જે ભાવ થાય એ શુભરાગ છે. અને એ શુભરાગ છે, એની જેને રુચી છે એને ક્રોધી કહેવામાં આવે છે. આત્મા પૂર્ણ–સ્વરૂપ, અતીન્દ્રિય આનંદ સ્વરૂપ વીતરાગમૂર્તિ આત્મા એની રુચી છોડી અને એ શુભ–અશુભ ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ, એમાં જેની રુચી છે એને આત્મા પ્રત્યે અનાદર ક્રોધ છે. આરે ! આવી વાત છે. એને આત્મા પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધ અનંત અનંત ગુણનો પિંડ એ મહાપ્રભુ મહાત્મા, મહસ આત્મા એની જેને રુચી નથી, એને આ પુણ્યના પરિણામની રુચી છે, એને અહીંયા આત્મા પ્રત્યે અરુચી છે, એટલે ક્રોધ છે એમ કહેવામાં આવે છે. આહાહા ! આકરી વાત. ( શ્રોતાઃ– પરમ સત્ય પ્રભુ )

જે શુભ ને અશુભ ભાવ એ તો ગાથામાં આવ્યું ને ભાવ પાહુડમાં પૂજા, વ્રત, તપ, ભક્તિ, વંદન, સ્તુતિ એ બધો ભાવ રાગ છે. કે એ કોઈ જૈન ધર્મ નથી. એ રાગ છે એને જે ધર્મ માને છે એથી એને રાગ પ્રત્યે પ્રેમ છે અને તેથી તેને નિર્વિકારી, અરાગી સ્વભાવ ભગવાન આત્મા એના પ્રત્યે એને અણગમો છે. આહાહાહા ! આવી વાત. એ ક્રોધાદિ એટલે ? શુભ–ભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવમાં પ્રેમ છે તેને ક્રોધ કહે છે, એ ક્રોધ એ બીજી ચીજ છે અને જ્ઞાન એટલે આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એ જુદી ચીજ છે, એ બે ચીજ એક નથી. છે ? ક્રોધ, માન, માયા, લોભ એટલે, સ્વભાવથી વિરુદ્ધભાવ, એવો ભાવ અને જ્ઞાન એટલે આત્મા શુદ્ધ ચૈતન્ય વીતરાગ મૂર્તિ પ્રભુ એ બે જુદી જુદી વસ્તુઓ છે, કહો. આહાહાહા !

શરીર, વાણી, મન આ તો જુદી છે, જડ છે, એ તો એની નથી, એનામાં નથી. પણ પુણ્ય ને પાપના ભાવ એ સ્વરૂપમાં નથી. એ આત્મા એમાં નથી છતાં તેનો જેને પ્રેમ છે એને જડનો પ્રેમ છે. એને ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, ભગવાને જેને આત્મા કહ્યો એ પૂર્ણાનંદ સ્વરૂપ છે એની પ્રત્યે તેને દ્વેષ છે એટલે દ્વેષ અને આત્મા બે જુદી ચીજ છે. જ્ઞાનમાં ક્રોધાદિ નથી એટલે જ્ઞાનસ્વરૂપ જે ભગવાન આત્મા, જ્ઞાન એટલે આ શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ, જેમ સાકરમાં ગળપણ છે એમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. સાકર જેમ ગળપણ સ્વરૂપ છે, એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ આત્મા અને એનાથી વિરૂદ્ધ વિકાર એ બે એક નથી. જ્ઞાનમાં ક્રોધાદિ નથી. આહાહાહાહા !

ચૈતન્ય તત્ત્વ જેને ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરે શુદ્ધ આત્મા, નવતત્ત્વ છે ને ?

નવતત્ત્વમાં જે પુણ્ય ને પાપનું તત્ત્વ એ તો વિકારી તત્ત્વ છે, અને નવતત્ત્વમાં આત્મા એ તો જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. નહિંતર નવ થાય નહિ. એ જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા ત્રિકાળી જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ એમાં વિકારનો ભાવ છે નહીં. જે વિકારનો પ્રેમ છે તે ભાવ જ્ઞાન સ્વરૂપમાં નથી. આહાહા ! આવો ઉપદેશ હવે.

છે ? જ્ઞાન એટલે આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞા-બ્રહ્મસ્વરૂપ પ્રભુ, એમાં રાગનો પ્રેમ એવો જે ક્રોધ, એ સ્વરૂપમાં નથી અને ક્રોધાદિમાં જ્ઞાન નથી, અને આત્મા જે જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એ આત્મા છે એ ચૈતન્યવસ્તુ એમાં એ ક્રોધ નથી. સમજાણું ? અને ક્રોધાદિમાં જ્ઞાન નથી. એને એ પુણ્ય ને પાપના ભાવનો પ્રેમ છે, એમાં આત્મા નથી. આવું છે. ( શ્રોતાઃ- આવું જ શોધવા જેવું છે ) હેં ! આવું જ સ્વરૂપ છે બાપુ શું થાય ? આહાહા !

અનંત કાળથી રખડી મર્યો ચોરાસીના અવતાર કરી કરીને, કાગડાના કૂતરાના નરકમાં, એ એની વ્યાખ્યા ભગવાન કરે, ત્યારે સાંભળી ન જાય, એવા એણે દુઃખ સહન કર્યા છે, એ પોતાના સ્વરૂપને રાગથી ભિન્ન જાણ્યા વિના. એ રાગ સ્વરૂપ છે તે જ મારું છે, અને રાગ છે તે મારું કર્તવ્ય છે, એ મિથ્યાદ્રષ્ટિ ત્યાં રોકાઈ ગયો એને જૈન ધર્મની ખબર નથી.

જૈન ધર્મ એને કહીએ કે જે રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ રાગ છે એનાથી ભિન્ન આત્મા આનંદકંદ જ્ઞાનસ્વરૂપ છે એનો અનુભવ થાય, વીતરાગી પર્યાયમાં એનો અનુભવ થાય, એને ધર્મ જૈન ધર્મ કહે છે. અરે આવી વ્યાખ્યા. ઓલા તો કહે કે અહિંસા પરમો ધર્મ. પરની દયા પાળવી, એ અહિંસા જ નથી. એ તો હિંસા છે. પરની દયાનો ભાવ એ રાગ છે ને એ હિંસા છે. આકરી વાત બાપુ. વીતરાગ પરમેશ્વર જે આત્મા કહે છે, જેને ભગવાન પુણ્ય તત્ત્વ કહે છે નવ તત્ત્વમાં, એ પુણ્ય તત્ત્વના પ્રેમમાં આત્મા નથી અને આત્મા જ્ઞાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં એ રાગ ને રાગનો પ્રેમ એમાં નથી. આહાહા ! આવી વાત છે.

'આવું તેમનું ભેદજ્ઞાન થાય' છે ? આવું તેમનું ભેદજ્ઞાન થાય, એટલે ? જેટલો પૂજા, ભક્તિ, દાન, દયા, વ્રત, તપ એનો ભાવ છે એ બધો રાગ છે અને તેનો પ્રેમ છે તે મિથ્યાત્વ છે. કેમ કે એ આસ્રવ છે, એ આસ્રવનો જેને પ્રેમ છે તે મિથ્યાદૃષ્ટિ છે, અને જેને આસ્રવથી રહિત ભગવાન ચૈતન્ય વીતરાગસ્વરૂપ છે આત્મા, એનો જેને પ્રેમ છે, એકાગ્રતા છે, તેને ધર્મ છે. કહો દેવીલાલજી ! આવી વાત છે બાપુ. દુનિયાથી તો ફેરફાર.

આવું તેમને ભેદજ્ઞાન થાય એટલે કે એ રાગની ક્રિયાના પરિણામ છે તે આસ્રવ છે તે હું નહીં. હું એમાં નહીં એ મારામાં નહીં. મારામાં તો જ્ઞાન ને આનંદસ્વરૂપ તે હું એવું એ રાગના ભાવથી ભિન્ન જે ભેદજ્ઞાન થાય, "ત્યારે તેમના એકપણારૂપ અજ્ઞાન મટે" આહાહાહા ! એ રાગ અને ભગવાન આત્મા બે ભિન્ન છે, એવું અંદર ભેદજ્ઞાન થાય, ભેદજ્ઞાન ભિન્ન, ત્યારે તેને રાગની એકતા તૂટી જાય છે. રાગ તે હું છું ને રાગ તે મારું કર્તવ્ય તે છૂટી જાય ( છે ). આહાહા ! ભાષા તો સાદી છે, ભાવ તો બાપુ ઊંડા છે. અત્યારે વીતરાગ માર્ગને વીંખી નાખ્યો છે, રાગ ને ક્રિયાકાંડમાં આ વ્રત કરો ને અપવાસ કરો ને દાન, દયા, કરો ને એમાં ધર્મ માન્યો એ રાગમાં ધર્મ માન્યો. મિથ્યાત્વને લઈને રખડી મરશે એ, ૮૪ ના અવતારમાં ક્યાંય પત્તો નહિ ખાય. આહાહાહા !

જેને આવો અંતરમાં, શરીરથી તો જુદો પ્રભુ આત્મા અંદર, પણ આવી ક્રિયાઓ જે દયા, દાન, વ્રત, પૂજાની જે રાગ છે એનાથી પ્રભુ જુદો છે, તેમ શરીર, કર્મ, પૈસા એ તો અજીવ તત્ત્વમાં જાય અને આ પુણ્ય-પાપના ભાવ એ આસ્રવ તત્ત્વમાં જાય, ભગવાન આસ્રવ તત્ત્વ અને અજીવ તત્ત્વથી જુદી ચીજ છે અંદર. આહાહાહા ! આવું ક્યારે નવરો પડે માણસ આખો દિ' પાપમાં પ્રપંચમાં પડયા વેપાર, વેપાર, વેપાર એકલું પાપ ધર્મ તો કાંઈ નથી પુણ્યેય નથી. આહાહા !

આંહીં કહે છે કે એકવાર એ રાગની ક્રિયા જે અંદર થાય પુણ્યની અને ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે એવી બે વચ્ચેની જુદાઈનું જ્ઞાન થાય, બેની એકતાનું જ્ઞાન તૂટી અને જુદાઈનું જ્ઞાન થાય, ત્યારે રાગની એકતાનું જે અજ્ઞાન હતું એ નાશ થયું. આહાહા ! મારગ આવો પ્રભુ. છે ભાઈ ! અનંત કાળમાં એણે મુનિવ્રત લીધા, પાંચ મહાવ્રત પાળ્યા, ૨૮ મુળગુણ, નગ્નમુનિ હોં, આ વસ્ત્ર સહિત છે એ તો કુલિંગી છે, એ તો લિંગેય નથી ભગવાનનું, આ તો નગ્નમુનિ દિગંબર થયો. પંચમહાવ્રત પાળ્યા, હજારો રાણીનો ત્યાગ કર્યો, પણ એ રાગની ક્રિયા છે એ ધર્મ છે એમ માન્યું એણે. એ રાગથી ભગવાન અંદર નિત્ય નિરાવરણ, નિરાવરણ નિર્લેપ ચીજ અંદર પડી છે, એને એણે જાણી નહીં, એણે એનો આશ્રય લીધો નહીં. તેથી એકત્વબુદ્ધિથી રખડી મર્યો છે ચાર ગતિમાં, જેને આવું ભેદજ્ઞાન થાય, 'તેને એકપણારૂપ અજ્ઞાન મટે' અને અજ્ઞાન મટવાથી કર્મનો બંધ પણ ન થાય, એ સંબંધી જે મિથ્યાત્વ ને અનંતાનુબંધીથી બંધ થાય એ ન થાય. સમજાણું કાંઈ ? આહાહા ! પા કલાક હાલ્યું ગયું કેટલું સરસ હતું. હાલ્યું, ગયું માંડ કોક દિ' હોય એને પા કલાક મળે નહીં. આહાહાહા ! ઘણી વાત સરસ ચાલી ગઈ.

"આ રીતે જ્ઞાનથી જ બંધનો નિરોધ થાય છે," છેલ્લો શબ્દ. આહાહા ! એટલે ? કે આત્મા અંદર જ્ઞાન ને આનંદસ્વરૂપ પ્રભુ એ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ રાગ, એ રાગથી ભિન્ન આત્માનું જ્ઞાન થાય, ત્યારે તેને રાગની એકતાનું અજ્ઞાન ટળે અને એકતાનું અજ્ઞાન ટળતા તેને બંધન થાય નહિ. આહાહાહા ! આવી વાત છે. શું થાય ? અનંત કાળથી રખડે છે, ૮૪ના અવતાર, નરક ને નિગોદ કાગડા ને કૂતરા ને કંથવાના ભવો કરી કરીને સોથા નીકળી ગયા છે. આહાહા ! ( શ્રોતાઃ- અનાદિનું દુઃખ જ ભોગવતો આવ્યો છે ) દુઃખ જ, એકલો દુઃખી છે. આ બધા કરોડોપતિ ને અબજોપતિ બચારા ભિખારા દુઃખી છે. ભિખારી છે, પૈસો મને આપો, આબરૂ મને દો, દિકરા થાવ, માગણ મોટા ભિખારા છે. આહાહા ! અહીં પરમાત્મા કહે છે કે એ તો વરાકા, રાંકા, ભિખારી છે. આહાહા !

જેને આ આત્મા અંદર 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવું જે સ્વરૂપ અંદર છે એમાં અનંતી આનંદ ને જ્ઞાનની લક્ષ્મી પડી છે, એની તો જેને પિપાસા નથી, અને આ ધૂળની બહારની બાયડી છોકરા પૈસા, જે એનામાં નથી, જેમાં એ નથી. હેં ! ધૂળેય નથી સગપણ માને તો એ અજ્ઞાન છે, કોની હારે સગપણ કર્યું છે ? આંહી તો સમકિત સાથે સગપણ કર્યુ, નિજ પરિવાર થયું ગાઢું. આહાહા !

ભગવાન આત્મા સર્વજ્ઞ કેવળી જિનેશ્વરદેવ કહે એ હોં, બીજા આત્મા આત્મા કરે વીતરાગ સિવાય એ બધા આત્મા જાણતા નથી. સર્વજ્ઞ જિનેશ્વરદેવ પરમેશ્વરે જે અંદર આત્મા અનંત-અનંત ગુણનો પિંડ પ્રભુ, અંતરની સ્વલક્ષ્મીનો સાગર છે એ. આનંદ, જ્ઞાન, શાંતિ આદિ લક્ષ્મીનો સાગર છે, એને ન માનતા, એને ન સ્વીકારતા રાગની ક્રિયા ને રાગના ફળ તરીકે સંયોગને સ્વીકારે છે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રઝળવાનો અભિલાષી છે. આહાહા ! આવી વાત છે ભાઈ ! ભાવાર્થમાં ઘણું ગયું. આહાહા !

**ક્રમબદ્ધની વાત વિચારે તો બધાં ઝગડા મટી જાય**

અરે ભાઈ ! તું વિચાર તો કર કે તું કોણ છો ? તું જ્ઞાનસ્વરૂપ છો. જે થાય તેને જાણ ! તું કરનાર નહિ, જાણનાર છો. ક્રમબદ્ધની વાત વિચારે તો બધાં ઝગડા મટી જાય. પોતે પરદ્રવ્યનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી, અકર્તા સ્વરૂપ છે. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમાં જ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય તરફ વાળવી આ એક જ વસ્તુ છે, એ ખરેખર જૈન દર્શન છે. આહાહા ! જૈનદર્શન આકરું બહુ ! પણ અપૂર્વ છે અને તેનું ફળ મહાન છે. સિદ્ધ ગતિ એનું ફળ છે. પરનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી પણ નિર્મળ પર્યાયનો કર્તા નથી. કેમ કે પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. એનામાં ભાવ નામની એક શક્તિ છે તેના કારણે પર્યાય થાય જ છે, કરું તો થાય એમ નથી. આહાહા ! ભાઈ ! માર્ગ આકરો છે, અચિંત્ય છે, અગમ્ય છે, અગમ્યને ગમ્ય કરાવે એવો અપૂર્વ માર્ગ છે. પર્યાય ક્રમસર થાય છે, દ્રવ્યગુણ પણ એનો કર્તા નહિ—એમ કહીને એકલી સર્વજ્ઞતા સિદ્ધ કરી છે. અકર્તાપણું એટલે કે જ્ઞાતાપણું સિદ્ધ કર્યું છે.

**( આત્મધર્મ, અંક ૭૨૬, વર્ષ-૬૦, પાના નં. ૬ )**

## ગાથા - ૭૨

कथं ज्ञानमात्रादेव बन्धनिरोध इति चेत्-

णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च।
दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो।।७२।।

ज्ञात्वा आस्रवाणामशुचित्वं च विपरीतभावं च।
दु:खस्य कारणानीति च ततो निवृत्तिं करोति जीव:।।७२।।

जले जम्बालवत्कलुषत्वेनोपलभ्यमानत्वादशुचय: खल्वास्रवा:, भगवानात्मा तु नित्यमेवातिनिर्मलचिन्मात्रत्वेनोपलम्भकत्वादत्यन्तं शुचिरेव। जडस्वभावत्वे सति परचेत्यत्वादन्यस्वभावा: खल्वास्रवा:, भगवानात्मा तु नित्यमेव विज्ञानघनस्वभावत्वे सति स्वयं चेतकत्वादनन्यस्वभाव एव। आकुलत्वोत्पादकत्वाद्दु:खस्य कारणानि खल्वास्रवा:, भगवानात्मा तु नित्यमेवानाकुलत्वस्वभावेनाकार्य-कारणत्वाद्दु:खस्या-कारणमेव। इत्येवं विशेषदर्शनेन यदैवायमात्मात्मास्रवयोर्भेदं जानाति तदैव क्रोधादिभ्य आस्रवेभ्यो निवर्तते, तेभ्योऽनिवर्तमानस्य पारमार्थिकतद्भेदज्ञानासिद्धे:। तत: क्रोधाद्यास्रवनिवृत्त्यविनाभाविनो ज्ञानमात्रादेवाज्ञानजस्य पौद्गलिकस्य कर्मणो बन्ध-निरोध: सिध्येत्।

किञ्च यदिदमात्मास्रवयोर्भेदज्ञानं तत्किमज्ञानं किं वा ज्ञानम्? यद्यज्ञानं तदा तदभेदज्ञानान्न तस्य विशेष:। ज्ञानं चेत् किमास्रवेषु प्रवृत्तं किं वास्रवेभ्यो निवृत्तम्? आस्रवेषु प्रवृत्तं चेत्तदापि तदभेदज्ञानान्न तस्य विशेष:। आस्रवेभ्यो निवृत्तं चेत्तर्हि कथं न ज्ञानादेव बन्धनिरोध:। इति निरस्तोऽज्ञानांश: क्रियानय:। यत्त्वात्मास्रवयोर्भेदज्ञानमपि नास्रवेभ्यो निवृत्तं भवति तज्ज्ञानमेव न भवतीति ज्ञानांशो ज्ञाननयोऽपि निरस्त:।

---

હવે પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છેઃ

**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

**ગાથાર્થઃ-** [ आस्रवाणाम् ] આસ્રવોનું [ अशुचित्वं च ] અશુચિપણું અને [ विपरीतभावं च ] વિપરીતપણું [ च ] તથા [ दु:खस्य कारणानि इति ] તેઓ દુઃખના કારણ છે એમ [ ज्ञात्वा ] જાણીને [ जीव: ] જીવ [ तत: निवृत्ति ] તેમનાથી નિવૃત્તિ [ करोति ] કરે છે.

**ટીકાઃ-** જળમાં શેવાળ છે તે મળ છે-મેલ છે; તે શેવાળની માફક આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે (-અપવિત્ર છે) અને ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે (-પવિત્ર

જ છે; ઉજ્જ્વળ જ છે ). આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે ( -કારણકે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે- ) માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે; અને ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, પોતે જ ચેતક ( -જ્ઞાતા ) છે ( -પોતાને અને પરને જાણે છે- ) માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે ( અર્થાત્ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો નથી ). આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુ:ખનાં કારણો છે; અને ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુ:ખનું અકારણ જ છે ( અર્થાત્ દુ:ખનું કારણ નથી ). આ પ્રમાણે વિશેષ ( -તફાવત ) દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે, કારણકે તેમનાથી જે નિવર્તતો ન હોય તેને આત્મા અને આસ્રવોના પારમાર્થિક ( સાચા ) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી. માટે ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિ સાથે જે અવિનાભાવી છે એવા જ્ઞાનમાત્રથી જ, અજ્ઞાનથી થતો જે પૌદ્‌ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.

વળી, જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન છે ? જો અજ્ઞાન છે તો આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ. અને જો જ્ઞાન છે તો ( તે જ્ઞાન ) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે ? જો આસ્રવોમાં પ્રવર્તે છે તોપણ આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ. અને જો આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો કેમ ન કહેવાય ? ( સિદ્ધ થયો જ કહેવાય. ) આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું ખંડન થયું. વળી જે આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય તો તે જ્ઞાન જ નથી એમ સિદ્ધ થવાથી જ્ઞાનનો અંશ એવા ( એકાંત ) જ્ઞાનનયનું પણ ખંડન થયું.

ભાવાર્થ:- આસ્રવો અશુચિ છે, જડ છે, દુ:ખનાં કારણ છે અને આત્મા પવિત્ર છે, જ્ઞાતા છે, સુખસ્વરૂપ છે. એ રીતે લક્ષણભેદથી બન્નેને ભિન્ન જાણીને આસ્રવોથી આત્મા નિવૃત્ત થાય છે અને તેને કર્મનો બંધ થતો નથી. આત્મા અને આસ્રવોનો ભેદ જાણ્યા છતાં જો આત્મા આસ્રવોથી નિવૃત્ત ન થાય તો તે જ્ઞાન જ નથી, અજ્ઞાન જ છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે અવિરત સમ્યગ્દ્રષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધી પ્રકૃતિઓનો તો આસ્રવ નથી થતો પણ અન્ય પ્રકૃતિઓનો તો આસ્રવ થઈને બંધ થાય છે; તેને જ્ઞાની કહેવો કે અજ્ઞાની ? તેનું સમાધાન:- સમ્યગ્દ્રષ્ટિ જીવ જ્ઞાની જ છે કારણકે તે અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી નિવર્ત્યો છે. તેને પ્રકૃતિઓનો જે આસ્રવ તથા બંધ થાય છે તે અભિપ્રાયપૂર્વક નથી. સમ્યગ્દ્રષ્ટિ થયા પછી પરદ્રવ્યના સ્વામિત્વનો અભાવ છે; માટે, જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય છે ત્યાં સુધી તેના ઉદય અનુસાર જે આસ્રવ-બંધ થાય છે તેનું સ્વામીપણું તેને નથી. અભિપ્રાયમાં તો તે આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત થવા જ ઇચ્છે છે. તેથી તે જ્ઞાની જ છે.

જ્ઞાનીને બંધ થતો નથી તેમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે:- મિથ્યાત્વસંબંધી

**બંધ કે જે અનંત સંસારનું કારણ છે તે જ અહીં પ્રધાનપણે વિવક્ષિત (-કહેવા ધારેલો) છે. અવિરતિ આદિથી બંધ થાય છે તે અલ્પ સ્થિતિ-અનુભાગવાળો છે, દીર્ઘ સંસારનું કારણ નથી; તેથી તે પ્રધાન ગણવામાં આવ્યો નથી. અથવા તો આ પ્રમાણે કારણ છેઃ- જ્ઞાન બંધનું કારણ નથી. જ્યાં સુધી જ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હતો ત્યાં સુધી તે અજ્ઞાન કહેવાતું હતું અને મિથ્યાત્વ ગયા પછી અજ્ઞાન નથી, જ્ઞાન જ છે. તેમાં જે કાંઈ ચારિત્રમોહ સંબંધી વિકાર છે તેનો સ્વામી જ્ઞાની નથી તેથી જ્ઞાનીને બંધ નથી; કારણકે વિકાર કે જે બંધરૂપ છે અને બંધનું કારણ છે, તે તો બંધની પંક્તિમાં છે, જ્ઞાનની પંક્તિમાં નથી. આ અર્થના સમર્થનરૂપ કથન આગળ જતાં ગાથાઓમાં આવશે.**

## પ્રવચન નં. ૧૪૯ ગાથા-૭૨ તા. ૨૯/૧૧/૭૮

હવે પૂછે છે કે-"જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે ?" શું કીધું ઈ ? આ આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ છે, જ્ઞાન-એટલે આ શાસ્ત્રનું જાણવું એ, એ જ્ઞાન નહિ, અંતર પોતે સાકર જેમ ગળપણનો પિંડ છે, એમ આ ભગવાન જ્ઞાન સ્વભાવનો પિંડ છે. એ સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે. એવા સ્વરૂપનું રાગથી ભિન્ન પડીને, સ્વરૂપનું જ્ઞાનનું જ્ઞાન થયું, જ્ઞાન સ્વરૂપ એવો આત્મા તેનું જ્ઞાન થયું, રાગથી ભિન્ન કરીને, અને તે જ્ઞાનમાત્રથી અજ્ઞાન ટળીને કર્મનો બંધ તૂટી જાય છે.

ત્યારે શિષ્ય પૂછે છે, એ જ્ઞાન માત્રથી જ, બસ ? જયાં જ્ઞાન થયું એનાથી જ બંધ અટકી ગયો. જ્ઞાનમાત્રથી જ, રાગના વિકલ્પથી ભિન્ન પડ તું પ્રભુ, એને જ્ઞાન કહેવામાં આવે છે. સંસારના ડહાપણ ને વકીલાતના ને દાક્તરના ને એ જ્ઞાન નથી. એ તો બધું કુજ્ઞાન છે. જ્ઞાન તો એને પ્રભુ કહે કે, જે જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચૈતન્યઘન એને રાગના વિકલ્પથી ભિન્ન પાડી અને જ્ઞાનમાં એકાગ્ર થઈને શક્તિમાંથી વ્યક્તતા જ્ઞાનની પ્રગટ થઈ તેને અહીંયા જ્ઞાન કહેવામાં આવે છે. આહાહાહા !

ભાષા તો સાદી પણ ભાવ તો છે એ છે બાપા. અરેરે ! શિષ્યનો આ પ્રશ્ન છે, કે તમે તો ફક્ત આત્મા છે, રાગથી ભિન્ન, એ વિકલ્પ જે છે શુભ-અશુભ દયા, દાન, વ્રત, પૂજાના, એ ભાવ રાગ છે ને એનાથી પ્રભુ ભિન્ન છે, એવું ભેદજ્ઞાન થયું, અને એ ભેદજ્ઞાન માત્રથી એને કર્મબંધન અટકી ગયું ? તો જ્ઞાન માત્રથી કર્મ અટકી ગયું ? એમ પ્રશ્ન છે. આહાહા !

અરેરે સાંભળવા મળે નહિ એવી વાત છે બિચારા જિંદગીમાં, હેં ? પરમાત્માની સત્ય વાત સાંભળવા જ મળે નહીં, એ જિંદગી શું કહેવાય ? ઢોર જેવી જિંદગી છે એ તો. આહાહા ! આવી વાત, શિષ્યને જ્યારે એમ કહેવામાં આવ્યું, કહેવામાં એમ આવ્યું ને ત્યારે પ્રશ્ન ઉઠયો ને ? કે જ્યારે આ ભગવાન અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ય, શાશ્વત જ્ઞાન ને આનંદનો સાગર ભગવાન, જેમાં અતીન્દ્રિય આનંદ જ છલોછલ ભર્યો છે, જેમાં અતીન્દ્રિય જ્ઞાન ભરપુર ભર્યું છે, જેમાં શાંતિનો એ સાગર છે. એવા ભગવાન આત્માનું જેને રાગના પરિણામથી ભિન્ન જ્ઞાન થયું, તો એ વસ્તુનું જ્ઞાન થયું, વાસ્તવિક છે એનું જ્ઞાન થયું અને એના જ્ઞાનથી કર્મબંધન અટકી

ગયું, એ શી રીતે ? એમ પૂછે છે. સમજાણું કાંઈ ?

બંધનો નિરોધ કઈ રીતે છે ? આ શું કહે છે ? જેને અંદરમાં જિજ્ઞાસા એવી થઈ આ સાંભળ્યા પછી, એને એમ જિજ્ઞાસા થઈ કે પ્રભુ આત્મા સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપી પ્રભુ, સચ્ચિદાનંદ એટલે અન્યમતિ સચ્ચિદાનંદ કહે એ નહિ હોં, આ તો સત્ શાશ્વત, જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ અંદર છે ભાઈ. આહાહા ! એવો જે ભગવાન પરમેશ્વર જિનેશ્વરે કહ્યો, એવો જે ભગવાન આત્મા, એનું જેને રાગથી ભિન્ન પડીને જ્ઞાન થયું, અને તેને કર્મબંધન અટકી ગયું એવું શિષ્યે સાંભળ્યું, ત્યારે એને પ્રશ્ન ઉઠયો આવા જીવને, આમ સાધારણ સાંભળવા આવે છે ને એના માટે આ નથી. આહાહાહા !

જેને અંતરથી એમ પ્રશ્ન ઉઠયો, કે પ્રભુ આપે તો રાગની ક્રિયા જે છે બંધની, આસ્રવની એનાથી ભિન્ન આત્માનું જ્ઞાન ભેદજ્ઞાન થયું, તેટલા જ્ઞાનમાત્રથી તે અજ્ઞાન ટળીને કર્મબંધન અટકી ગયું, એ શી રીતે પ્રભુ ? એમ એને અંતરમાંથી જિજ્ઞાસા આવી છે. છે ? પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધનો, જોયું માત્રથી જ, આહાહા..... બંધનું અટકી જવું નિરોધ કઈ રીતે છે ? તેનો ઉત્તર કહે છે, આવી જેને જિજ્ઞાસા પ્રશ્નમાં ઉઠી છે એને આ ઉત્તર દેવામાં આવે છે. આહાહાહા.....

णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च।
दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो।।७२।।
અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,
વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.

ટીકાઃ- જળમાં શેવાળ છે આ પાણી પાણી શેવાળ, લીલ, ફૂગ, જળમાં જેમ શેવાળ છે, મેલ-મળ છે, એ મેલ છે, જળમાં જે શેવાળ છે એ મળ છે, એ મેલ છે, તે શેવાળની માફક આસ્રવો, આહાહાહાહા..... એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ, અને અશુભભાવ, એ બેયને આસ્રવ અહીં કીધા. આસ્રવ, જેનાથી નવા આવરણો આવે, વહાણમાં છિદ્ર હોય ને જેમ પાણી ગરે, એમ જેના પરિણામમાં આવા પુણ્ય ને પાપના ભાવરૂપી છિદ્ર છે, તેને નવા આવરણ આવે છે. માટે તે પરિણામને આસ્રવ કહેવામાં આવે છે. આહાહાહા ! આવી વાતું હવે.

શુભ ને અશુભભાવ એ શેવાળની માફક મેલ છે આત્મામાં. આહાહાહા ! કહે છે કે અંદરમાં દયાનો, દાનનો, વ્રતનો, તપનો, અપવાસનો જે ભાવ ઊઠે છે એ રાગ છે. અરરર ! એને ધર્મ માનનારાને એમ કહેવું, અને એ રાગ એ આસ્રવ છે, અને એ આસ્રવ છે એ મેલ છે એ આસ્રવ છે, એ મળ છે, મેલ છે. ભાષા તો સાદી છે પ્રભુ, મારગડા કોઈ જુદા છે. આહાહાહા !

શિષ્યને પ્રશ્ન ઉઠયો એનો આ ઉત્તર છે, અને તે ઉત્તર બરાબર સાંભળે છે, ભગવાન ! આત્માને ભગવાન તરીકે બોલાવશે હમણાં. જળમાં જેમ શેવાળ છે એ મળ છે, મેલ છે. શેવાળની માફક પુણ્ય ને પાપના ભાવ એ શેવાળની માફક મળ છે, જેમ જળમાં શેવાળ, મળ ને મેલ છે, એમ ભગવાન આત્મામાં એ શુભ-અશુભભાવ એ મળ છે, મેલ છે અને મેલપણે અનુભવાતા હોવાથી, ભાષા તો જુઓ. ઓહોહોહો..... જેમ પાણીમાં શેવાળ મળ છે ને મેલ છે એમ આ ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ, જ્ઞાનનો સાગર આત્મા, એમાં એ પુણ્ય ને

પાપના ભાવ મળ છે, મેલપણે અનુભવાય છે, એમ કહે છે. ભારે વાતું. પંચમહાવ્રતના પરિણામ ને બારવ્રતના ભાવ એ બધો વિકલ્પ છે, રાગ છે, મળ છે, મેલ છે, મેલપણે અનુભવાય છે કહે છે. આહાહાહા !

ક્યાં માણસને રખડતા બિચારા ચાર ગતિમાં પ્રાણી. અરેરે ! માણસપણું થયું ને મરીને જશે ઢોરમાં કેટલાંક તો, કારણકે ધર્મ શું છે એ હજી સાંભળવા મળ્યો નથી. આહાહા !

આંહી કહે છે પ્રભુ એક વાર સાંભળ, તારો નાથ આત્મા જે છે એમાં જે આ પુણ્યના પરિણામ ઊઠે છે, દેખાય છે, તે મેલ છે હોં. આહાહાહા ! હવે અહીંયા એ એને ધર્મ માને, હેં ? આવી દ્રષ્ટિની ઊંધાઈને વિપરીતતા, જેના ફળ નિગોદ છે, એક શરીરમાં અનંતા જીવ, એમાં એ નિગોદમાં વાસ કરે છે અનાદિથી. એ મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે, કોણ ? એ શુભ-અશુભભાવ અને અશુભ તો ઠીક પણ આપણે આંહી વધારે વજન શુભમાં છે, હજી તો શુભના ઠેકાણાં નથી એકલા અશુભના પાપમાં પડયા એની તો વાત શું કરવી ? પણ આંહી તો શુભમાં આવ્યો એ પણ અશુચિ ને મેલ છે. આહાહા ! જળમાં જેમ શેવાળ મેલ છે એમ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં પરમાત્મા આમ ફરમાવતા હતા. એ આ ભાષા છે. આહાહા !

સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે એ, એ ત્યાંથી આ વાણી આવી છે. આહાહાહા ! ભગવાન એમ કહે છે. આ આજ્ઞા નથી માગતા સામાયિક ને ઉપવાસ ને આમ સીમંધર સ્વામી પાસે હતી કે દિ' સામાયિક, મિથ્યા છે. હેં ! ( શ્રોતાઃ- આજ્ઞા માગવી એ કાંઈ મિથ્યાત્વ છે ? ) આજ્ઞા માગવી એ શુભ છે ને શુભમાં ધર્મ માને એ મિથ્યાત્વ છે. આહાહા ! કહો દેવીલાલજી ! બાપુ મારગડા નાથ બહુ જુદા છે ભાઈ. અરેરે ! અત્યારે તો સાંભળવા મળવા મુશ્કેલ પડી ગયા. ભગવાન ત્રણલોકના નાથ સીમંધર પ્રભુ ત્યાં મુનિરાજ આઠ દિ' ગયા હતા. આ કુંદકુંદાચાર્ય, ત્યાંથી લાવીને આ શાસ્ત્ર બનાવ્યા. ભગવાન આમ કહેતા હતા, શ્રોતાને જિજ્ઞાસા, જેને રાગથી ભિન્ન થતાં જ્ઞાનમાત્રથી કર્મ કેમ અટકી જાય, એવી જેને જિજ્ઞાસા છે, એને આ ઉત્તર દેવામાં આવ્યો છે. કેમ એ અટકી જાય છે કર્મ ? કે જળમાં જેમ શેવાળ છે, એમ ભગવાન આત્મા પવિત્રનો પિંડ છે, એમાં એ પુણ્યના પરિણામ મળ અને મેલપણે અનુભવાય છે. મેલપણે છે તેટલી વાત ન લીધી, એ મેલપણે અનુભવાય છે. આહાહાહા !

છે ? મેલપણે અનુભવાતા હોવાથી, કેમ એને અશુચિ કીધા ? આહાહાહાહા ! શું સંતોની દિગંબર મુનિઓની વાણી છે એ કેવળીના કેડાયતો એ કેવળી થવા માટે આ પોકાર છે. આહા..... પ્રભુ એક વાર સાંભળ. આહાહા ! કે જેમ જળમાં શેવાળ મેલ અને મળ છે, મળ અને મેલ છે એમ કહ્યું, એમ ભગવાન આત્મા આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપી આત્મા પ્રભાવ છે સ્વભાવ છે આત્માનો, કેમ બેસે ? આહાહા ! એ પૈસા પાંચ પચીસ હજાર પેદા થાય, ત્યાં માંડો લાપસી આજ. અરે આવા ગાંડા પાગલ બધાં છે. ( શ્રોતાઃ- પાગલ ને ડાહ્યા બનાવવાના છે ને આપે ) આહાહા ! ડાહ્યા તો આ કરે ત્યારે ડાહ્યા થાય.

આત્મામાં રાગનો ભાવ જે દેખાય છે, પૂજાનો, ભક્તિનો, દયાનો, દાનનો, વ્રતનો, તપનો, વૈયાવચ્ચનો, ભક્તિનો, ભગવાનની સ્તુતિનો એ બધો રાગ છે, ને એ રાગ મળ છે,

ભગવાન નિર્મળાનંદમાં એ રાગ મળ છે, એ મેલપણે અનુભવાય છે. બહુ સારી ગાથા છે. તેથી તે અશુચિ છે. એ પુણ્ય ને પાપના ભાવ અશુચિ છે, અપવિત્ર છે. પંચમહાવ્રતના પરિણામ એ રાગ છે એ અશુચિ છે, એ અપવિત્ર છે, મેલપણે અનુભવાય છે તે. આહાહાહા ! ( શ્રોતાઃ- આપ ચોખ્ખું કરો છો ને એટલે જરી રાડ પડે છે ) એ વિના પકડાય નહિ ને. અરેરે ! આ બધું સાંભળી સાંભળીને કાન ફૂટી ગયા'તા એક તો દુકાનના ધંધા ને બાઈડી છોકરાના પાપ એમાં સાંભળવા જાય તો ઓલો હવે સંભળાવે કુગુરુ, શ્રીમદ્ કહે છે કલાક મળે સાંભળવા જાય ત્યાં કુગુરુ લુંટી લ્યે વ્રત કરો ને અપવાસ કરો ને તમારે કલ્યાણ થશે, લુંટી નાખે લૂંટારા. આહાહાહા ! સમજાણું કાંઈ ? શ્રીમદ્ એમ કહે છે. આહાહા !

શ્રીમદ્ એક ફેરી શ્રીમદ્‌ને કોઈ બોલતું'તું અવગુણ એનો અમુક શ્રીમદ્‌નો એ ચુડામાં હતા રાયચંદ દોશી, રાયચંદ દોશી હતા, ઘણાં વૃદ્ધ ( શ્રોતાઃ- આપે જોયેલા ) રાયચંદ દોશીને જોયેલા અમે તો આંહી અમે ૭૧ માં ચુડા આવ્યા'તા પહેલાં, એ પહેલાં તો હું ૬૯ માં ચુડા ગયેલો, ગુલાબચંદજી ત્યાં હતા ૬૯ની સાલ, ગુલાબચંદજી હતા એ ઓલી છે ને માર્કેટ બજારમાં નહિ ! મકાનમાં ? હેઠે શાકભાજી ને ઉપર ત્યાં ઉતર્યા'તા, ૬૯ ની સાલ ચુડા ગયેલો પહેલાં વહેલા તેદિ' સૌભાગ્યચંદ ડાકટર હતા. આ તો ઘણાં વરસની વાતું છે. ૬૯ હેં ? ૬૬ વર્ષ પહેલાં, પછી ફરીવાર ગયેલા ૭૧માં દીક્ષા લઈને ગયેલા તે પછી ત્યાં ગુલાબચંદભાઈ વોરા હતા, તેણે બાધા લીધી'તી બ્રહ્મચર્યની-જાવજીવની અને એનો બાપ હતા, ૭૧ની વાત છે દીક્ષા લઈને ગયેલા.

આંહી તો કહેવું છે કે એ રાગ છે એ મેલ છે અશુચિ છે, ઓલા સૌભાગ્યભાઈ હતો તે આમ હતો ઓલો, એનો એક દિકરો મરી ગયેલો, પણ છતાં કોઈને રોવા ન દે, ભગવાન ભગવાન કરો છતાંય એ તો બધો શુભભાવ છે. આહાહા ! સમજાણું કાંઈ ? પણ તેદિ' એને ધર્મ માનતા. સૌભાગ્યભાઈ હતા બહાર દવાખાને, ઘણાં વર્ષો થઈ ગયા ૬૬ વર્ષ. આહાહા ! અરે ભગવાન શું કરે પ્રભુ પરમાત્મા જિનેશ્વરદેવનો આ પોકાર છે પ્રભુ તને પુણ્ય ને પાપના ભાવ જે થાય છે, એ મેલપણે અનુભવાય છે એને આત્માના કહેવા એ કેમ કહેવાય બાપુ ? એ કહે છે જુઓ, એ અશુચિ છે ને અપવિત્ર છે. આહાહાહા !

હવે આવ્યું. ભગવાન આત્મા ! આમ જુઓ ભાષા તો જુઓ આત્મા અંદર જે છે તેને અહીં ભગવાન તરીકે બોલાવ્યો છે. એ પુણ્યના પરિણામને અશુચિ ને મેલ બતાવીને, ભગવાન અંદર જે આત્મા એનાથી ભિન્ન છે. અરે ! ભગવાન આત્મા તો, આચાર્ય મહારાજ સંત દિગંબર આત્મધ્યાની જ્ઞાની, અનુભવી જંગલમાં વસનારા સંત છે આ, એ એમ કહે છે કે ભગવાન આત્મા તો, ભાઈ તને જે પુણ્યના પરિણામ થયા દયા, વ્રત, ભક્તિ આદિ એ તો મેલ છે અને આ ભગવાન આત્મા તો, એનાથી ભિન્ન છે એ આસ્રવથી ભિન્ન છે નવતત્ત્વ છે ને ? એમાં આ પુણ્ય-પાપનો ભાવ એ આસ્રવ છે ને આત્મા, આત્મા જીવ જ્ઞાયક તેથી ભિન્ન છે. આહાહાહા !

"આત્મા" ભગવાન આત્મા તો સદાય અતિ નિર્મળ, એમ કેમ ભાષા વાપરી ? કે પુણ્ય-પાપનો ભાવ તો ક્ષણિક છે, મેલ છે, મેલપણે અનુભવાય છે, ત્યારે આ તો ભગવાન સદા અતિ નિર્મળ, ત્રિકાળ નિર્મળ છે. આહાહા ! સમજાણું કાંઈ ? ભગવાન આત્મા તો, સદાય, ઓલું પુણ્ય ને પાપના ભાવ ક્ષણિક છે, અશુચિ છે, વર્તમાન પુરતાં છે મેલ. અને ભગવાન આત્મા તો સદા

અતિ નિર્મળાનંદ છે. અરેરેરે ! કેમ બેસે ? આહાહા ! ( શ્રોતાઃ- વિચાર કરે તો બેસે ) ઓહોહોહો ! આ તો બેસે શું ? બેસારીને વયા ગયા અનંતા મોક્ષે ગયા. આહાહાહા ! ભગવાન આત્મા તો સદાય અતિ નિર્મળ, ત્રિકાળ નિર્મળાનંદ પ્રભુ અંદર બિરાજે છે, જેમ સ્ફટિક નિર્મળ હોય.

"જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે
તે જિનવરે રે ધર્મ પ્રકાશ્યો, પ્રબળ કષાય અભાવ રે"

કેમ કે ભગવાન અતિ નિર્મળાનંદ પ્રભુ છે, એની જેને શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા થઈ એને ધર્મ ભગવાને કીધો. બાકી દયા દાન વ્રત આદિના પરિણામ છે, એ અધર્મ છે. અરરર ! આ સાંભળ્યા જાય નહિ, શું કરે ? અનંતકાળથી રખડે છે. એ ૮૪ના અવતાર કરી કરીને, આહાહા..... આ ભગવાન આત્મા તો સદાય અતિ નિર્મળ, ચૈતન્યમાત્ર સ્વભાવપણે, એ તો ચૈતન્યમાત્ર, જાણવું દેખવું સ્વભાવ, જાણવું જાણવું જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ એવા માત્ર, માત્ર નામ જ્ઞાતાદ્રષ્ટાપણું જ એનું સ્વરૂપ છે બધું. જેમ સ્ફટિક નિર્મળ છે એમ આ ભગવાન આત્મા સદા અતિ નિર્મળાનંદ ચૈતન્યમાત્ર વસ્તુ છે. આહાહા !

પોતે પોતાને જાણે નહિ અને પરને જાણવાની ડહાપણની વાતું કરીને મરી ગયો, ભગવાન આત્મા તો, ભાષા જોયું ? આચાર્ય તો "ભગવાન આત્મા" એમ બોલાવે છે, તારો આત્મા એ ભગવાન આત્મા છે. આહાહા..... ભાઈ, સદાય તું નિર્મળ, અતિ નિર્મળ એકલો નિર્મળ નહિ, અતિ નિર્મળાનંદ પ્રભુ, શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ આત્મા, અત્યારે હોં, ત્રણેય કાળે. અતિ નિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી, એ તો જાણનાર દેખનાર છે પ્રભુ તો. એમાં રાગ ને પુણ્ય ને પાપ એ વસ્તુમાં છે જ નહિ. એ તો મલિનપણે દશામાં આવ્યા એને તું પોતાના માન, મરી જઈશ ૮૪ ના અવતારમાં રખડી મરીશ. આહાહા !

"જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ છે, અત્યંત શુચિ જ છે," ઓલા પુણ્ય ને પાપના ભાવ અત્યંત અશુચિ, આવ્યું છે ને ? આ અત્યંત શુચિ છે એમ લેવું. સમજાણું કાંઈ ? 'નિર્મળ છે' ભગવાન તો અંદર નિર્મળ છે' પવિત્ર જ છે' ઉજ્જવળ જ છે' એને અંદરમાં રાગથી ભિન્ન પાડીને આનો અનુભવ કરવો, એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ધર્મ છે બાકી બધા થોથાં છે. આહાહા ! એ રાગના પરિણામ જે છે એ અશુચિ, આસ્રવ, મેલ એનાથી અતિ નિર્મળાનંદ પ્રભુ આમ એનો અંદર આશ્રય લઈને નિર્મળનો અનુભવ કરવો એને અહીંયા જૈન ધર્મ ને મોક્ષનો માર્ગ કહે છે. એને સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર એને કહે છે. આહાહાહા !

આ બહુ ફેર પણ, વાતે વાતે ફેર, ઓલા માણસ કહે છે ને ? "આણંદા કહે પરમાનંદા, માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક ત્રાંબિયાના તેર" એમ ભગવાન ને જગતની વાણીને વાતે વાતે ફેર છે. અરેરે ! આ તો અતિ નિર્મળ, અત્યંત શુચિ છે, આ બે બોલ લીધા. એટલે શું ? કે રાગ છે એ દુઃખ છે મેલ છે અશુચિ, આ પ્રભુ અંદર શુચિ છે એમ જેણે ભેદજ્ઞાન કર્યું એને સમ્યગ્જ્ઞાન થયું એ સમ્યગ્જ્ઞાનથી એને બંધ કર્મનું બંધન અટકી જાય એમ એક બોલ કહ્યો.

બીજોઃ- આસ્રવોને, એ પુણ્ય ને પાપના ભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વૈયાવચ્ચ. ભગવાન સ્મરણ સ્તુતિ એ ભાવ આસ્રવ છે, "એ આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી, શાંતિથી

( સમજવું ) એ રાગ છે એ આસ્રવ છે, એ જડ છે. કેમ કે જુઓ કેમ કે જડ સ્વભાવપણે હોવાથી તેઓ બીજા વડે જણાવા યોગ્ય છે. રાગ પોતે શું છે એ રાગ જાણતો નથી, રાગ તો અજીવ છે અચેત એમાં ચૈતન્ય પ્રભુ એનો અંશ એમાં નથી. જે ભાવે પુણ્ય બંધાય એવો ભાવ તે જડ છે કહે છે. કેમ કે એ પોતે બીજા દ્વારા જણાય છે, પોતા દ્વારા પોતે જાણી શકતો નથી રાગ. આસ્રવોને જડ સ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવા યોગ્ય છે, એ ચૈતન્યસ્વભાવ વડે જણાવા યોગ્ય છે, એ પોતે પોતાને જાણતા નથી કે હું આ રાગ છું. આહાહાહા ! સમજાણું કાંઈ ?

કારણકે જે જડ હોય તે પોતાને ને પરને જાણતું નથી. રાગ પોતાને જાણતો નથી તેમ રાગ જોડે ચૈતન્ય ભગવાન છે એને એ રાગ જાણતો નથી, તેમ રાગ વડે જણાય એવો નથી. આહાહા ! આવી વાતું છે.. ઘણો ફેરફાર, ઘણો ફેરફાર. અહીં દયા, દાન, વ્રત, પૂજાના ભાવ એને અહીં ભગવાન કહે છે કે એ રાગ છે, ને રાગ છે તે જડ છે, એ ચૈતન્યનું નૂરનું પૂર જે ભગવાન આત્મા એનો એક અંશ એમાં નથી. એ તો અચેતન અંશ છે. બીજાઓ દ્વારા જણાવાયોગ્ય છે, કારણકે જે જડ હોય તે પોતાને ને પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે. આહાહા !

"માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે" શું કીધું ઈ ? વિકલ્પ જે ઉઠયો છે દયા, દાન, વ્રત, રાગ એ ચૈતન્ય સ્વભાવથી જણાય એવો છે, છે ? તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે, માટે ચૈતન્ય એ નથી. આ ટીકા, એ પોતાને ને પરને રાગ જાણતું નથી, તેથી તેઓ રાગ જે ક્રિયા દયા, દાન, વ્રતના પરિણામ તે ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે. ચૈતન્યનો સ્વભાવ જાણવું દેખવું એનાથી અન્ય સ્વભાવવાળા અજાણ ને અદેખું, જડ છે, એ તો. સાંભળ્યા જાય નહિ, એમાં સંપ્રદાયના આગ્રહમાં પડયા હોય એને તો, વસ્તુ કોઈ નિરાળી છે. ભગવાન સર્વજ્ઞ કહે છે કે, એને તો રુચિથી એણે સાંભળી નથી. આહાહા ! માટે તે પર છે. આહાહા !

"ભગવાન આત્મા તો" હવે એની સામે લે છે. જોયું પાછું ભગવાન આત્મા તો જયારે પુણ્ય ને પાપ ભાવ જડ છે ચૈતન્ય સ્વભાવથી અન્ય સ્વભાવવાળા છે, ત્યારે ભગવાન આત્મા કેવો છે ? પોતાને સદાય વિજ્ઞાનઘન સ્વભાવપણું હોવાથી, પ્રભુ આત્મા તો સદાય પોતાને સદાય વિજ્ઞાનઘન સ્વભાવ, એ તો વિજ્ઞાનઘન સ્વભાવ, એ તો ઘન સ્વભાવ, એમાં વિકલ્પનો પ્રવેશ નથી. આસ્રવનો જે રાગાદિ છે, એ વસ્તુમાં પ્રવેશ નથી. વિજ્ઞાનઘન સ્વભાવ ભગવાન આત્મા અંદર બિરાજે છે. અરેરે ! આહાહા !

એ તો સદાય અને પોતાને સદાય વિજ્ઞાનઘન, ઘન, પહેલાંના ઘી એવા થતાં ઘી, હવે તો બધું ગરબડ થઈ ગયું છે, પણ પહેલાંના પચાસ-સાંઈઠ વરસ પહેલાંના ભેંસના ઘી એવા થતાં કે તાવેથો પેસવો મુશ્કેલ પડે, આંગળી તો શેની પેસે ? અરે નીકળે ઓલી ફાંસ વાગે, એવા ઘી હતા, સાંઈઠ વરસ પહેલાં, ફાંસ વાગે પછી છ મહીને એનું દુઃખે, એમાં આંગળી પેસે નહિ, એમ આ ભગવાન વિજ્ઞાનઘન પ્રભુ એમાં એ દયા, દાનનો વિકલ્પ પ્રવેશ ન કરી શકે ઘનમાં. આહાહાહા ! આવી વાતું હવે, આ તો શું જૈન વીતરાગની આવી વાતું હશે ?

ભાઈ અમે તો જૈન માર્ગમાં તો દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો ને ચોવીહાર કરો ને એવું સાંભળીએ છ પરબી દયા પાળો બ્રહ્મચર્ય પાળો, આવું તો સાંભળ્યું, અરે પ્રભુ સાંભળને હવે, સાંભળ્યુ છે ને ખબર નથી અમને ? ઓલા દેરાવાસીમાં તો ભક્તિ કરો ને પૂજા

કરો. જાત્રા કરો ને અરે ભાઈ બાપુ એ તો બધી રાગની ક્રિયા. એને આત્મજ્ઞાન થાય ને આત્મજ્ઞાન થતાં તેને સમ્યગ્દર્શન થાય સમ્યગ્દર્શન થતાં તેને મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો જે બંધ છે એ બંધ અટકી જાય એટલો બંધ એને થાય નહીં, એટલે નિરાળો એકલો થઈ જાય. વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૫૦ ગાથા-૭૨ તા. ૩૦/૧૧/૭૮ ગુરુવાર કારતક વદ-૦ાા

સમયસાર ગાથા ૭૨. બે બોલ ચાલ્યા છે.

શું બે ચાલ્યા ? કે જેમ આત્મામાં ( પાણીમાં ) શેવાળ છે, એ મળ છે, એ મેલ છે, એમ પુણ્ય-પાપના ભાવ જે આસ્રવ છે, એ મળ છે મેલપણે અનુભવાય છે. આ ભગવાન આત્મા નિર્મળાનંદ પ્રભુ, શુદ્ધ આનંદઘન છે, એ આસ્રવથી ભિન્ન છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ હો, એ ભાવ આસ્રવ છે, એ અશુચિ છે, એ અપવિત્ર છે, મળ અને મેલપણે અનુભવાય છે. ભગવાન આત્મા, સદા અતિ નિર્મળ છે. એ આસ્રવ તત્ત્વથી ભિન્ન, સદાય અતિ નિર્મળાનંદ પ્રભુ, ચૈતન્યમાત્ર સ્વભાવથી જ્ઞાયક છે. એમાં આસ્રવ છે નહિ એ આસ્રવથી ભિન્ન છે, એક બોલ થયો.

બીજો બોલ : એ આસ્રવ જે છે શુભ-અશુભ ભાવ એ જડ છે, કેમ કે એ પોતે પોતાને જાણતાં નથી, અને બીજા દ્વારા જણાય છે માટે તે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એને અહીંયા જડ કહ્યાં છે. ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે. વિજ્ઞાનઘન સ્વભાવ હોવાથી પોતે ચેતક છે, પોતાને જાણે અને રાગને પણ એ જાણે, આસ્રવનો જે રાગ છે એ ન જાણે પોતાને ન જાણે પરને, પરવડે જણાય માટે જડ છે. આહાહાહા ! બે બોલ તો થઈ ગયા છે કાલ.

હવે ત્રીજો બોલ : “આસ્રવો” ભગવાન આત્મા તો આનંદ સ્વરૂપ છે એમાં જે આ પુણ્ય-પાપનાં ભાવ એ આકુળતાના ઉપજાવનારા છે. એ શુભ ને અશુભ ભાવ આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણ છે. એ શુભ-અશુભ ભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાનો ભાવ કે દયા, દાન, પૂજા, ભક્તિનો ભાવ, એ આકુળતાના ઉપજાવનાર છે, તેથી એ દુઃખના કારણ છે, એ દુઃખના કારણો છે. આહાહા ! અને ભગવાન આત્મા, ત્રીજો બોલ છે. ભગવાન આત્મા એમ કરીને બોલાવ્યો છે પ્રભુને. ભગ નામ આનંદ ને જ્ઞાન આદિ લક્ષ્મીનો વાન એનું રૂપ છે. એવો જે આ ભગવાન આત્મા, દ્રવ્યસ્વરૂપ છે. આહાહા !

ભગવાન આત્મા તો “સદાય નિરાકુળતા સ્વભાવને લીધે” એનો સ્વભાવ તો સદાય નિરાકુળ સ્વભાવ, અતીન્દ્રિય આનંદ સ્વભાવ, આવા કારણે એને લીધે એમ છે ને ? સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમ કોઈનું કારણ નહિ હોવાથી દુઃખનું અકારણ છે. એ શુભ ને અશુભ ભાવ, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પણ દુઃખરૂપ છે કહે છે, આકુળતાનું ઉપજાવનાર છે. ત્યારે ભગવાન આત્મા નિરાકુળતા સ્વભાવને લીધે, આનંદના સ્વભાવને લીધે, કોઈનું કાર્ય નથી. એટલે ? કે એના દ્રવ્યગુણ ને પર્યાય, દ્રવ્ય આનંદ, ગુણ આનંદ ને પર્યાય આનંદ, એના આનંદની પર્યાય કોઈનું કાર્ય નથી, એટલે કે વ્યવહાર રત્નત્રયનો રાગ એ કારણ અને આત્માની

આનંદ પર્યાય કાર્ય એમ નથી. આવી વાતું છે. સમજાણું કાંઈ ? આવું એને ભેદજ્ઞાન કરવું પડશે. આહાહા !

એ ભગવાન આત્મા અણાકુળ આનંદ સ્વભાવને લીધે તે કોઈનું કાર્ય નથી. એ દ્રવ્યગુણ કાર્ય નથી, પણ તેની પર્યાય પણ કોઈનું કાર્ય નથી. કેમ કે એ ભગવાન આત્મા આનંદ સ્વરૂપ એનો જ્યાં દૃષ્ટિમાં સ્વીકાર થતાં આનંદની પર્યાયરૂપે થાય એ કાર્ય, આનંદરૂપી આત્મા એનું એ કાર્ય છે. એ આનંદની ધર્મની સમ્યગ્દર્શન જ્ઞાનની પર્યાય, એ રાગનું કાર્ય નથી. રાગ છે એ આકુળતા છે, ત્યારે પ્રભુ આત્મા છે એ અનાકુળતા છે એના લક્ષણો જ તદ્દ્ન જુદા છે. તેથી જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણ, પંચ પરમેષ્ઠીનું સ્મરણ આદિ જે ભાવ એ બધો રાગ ને આકુળતાનું કારણ છે. આહાહા !

ત્યારે ભગવાન આત્મા અણાકુળ આનંદ સ્વરૂપ હોવાને લીધે, એ રાગની મંદતાનું એ કાર્ય નથી, એની ધર્મ પર્યાય, દ્રવ્યગુણ તો નથી પણ એની ધર્મ પર્યાય આનંદની એ રાગનો વ્યવહાર રાગ કષાય મંદ એ કારણ અને આનંદની પર્યાય કાર્ય એમ નથી. આહા ! આવી વાતું. તેમ કોઈનું કારણ નહિ. ભગવાન આત્મા અણાકુળ આનંદ સ્વરૂપ એની દ્રષ્ટિ કરવાથી એ આનંદની પર્યાયનું કારણ છે, પણ એ રાગનું કારણ નથી. આનંદની પર્યાયના કાર્યનું દ્રવ્ય કારણ છે. એટલે ? સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જે નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય, એનું કારણ દ્રવ્ય વસ્તુ, કારણપરમાત્મા પોતે કારણ છે, પણ એનું કારણ રાગ ને પર્યાયની મંદતા એ એનું કારણ નથી. તેમ એ આનંદનો પર્યાય આત્મા અણાકુળ આનંદ સ્વરૂપ એવું જ્યાં ભાન થયું તો એની પર્યાય આનંદની, એ રાગનું કારણ નથી. જેમ એ રાગ આકુળતા એ આનંદની પર્યાયનું કારણ નથી, તેમ આનંદની પર્યાય રાગનું કારણ નથી. આહાહાહાહા ! આવી વાત છે.

અનંત અનંત ગુણો છે પ્રભુમાં એ અનંત ગુણમાં એક એક ગુણનું અનંતનું રૂપ છે. એમાં રાગનું રૂપ નથી. ભગવાન આત્મા અનંત ગુણ સ્વરૂપ પ્રભુ, એ પોતે પોતાના એક-એક ગુણમાં, અનંત અનંત ગુણ એમાં એનું રૂપ છે, પણ એમાં રાગનું રૂપ નથી. આહાહા ! હૈં ? ભગવાન આત્મા એક સમયમાં અનંત અનંત ગુણનો સાગર પ્રભુ, એ અનંતા ગુણ છે, એટલી સંખ્યાએ અનંતા અનંતા અનંતા અનંતા અનંતા અનંતા અનંતાનો પાર નહિ એ બધા ગુણો, એના એક એક ગુણમાં એનું રૂપ છે, જેમકે આત્મામાં જ્ઞાનગુણ છે અને એક અસ્તિત્વ ગુણ છે તો અસ્તિત્વગુણ જ્ઞાનગુણમાં નથી. એક ગુણ બીજા ગુણમાં નથી, પણ એક ગુણનું રૂપ એમાં છે એટલે જ્ઞાનગુણ અસ્તિત્વપણે છે, એ અસ્તિત્વનું રૂપ છે. આહાહા ! આવી વાતું છે. પણ એમાં કોઈ રાગ, વ્યવહાર, દયા, દાન, વ્રત, આદિ એનો રાગ એ એનો ગુણ નથી. તેથી એનું રૂપ એના કોઈ ગુણમાં નથી, તેથી તે રાગનું કારણ નથી, તેમ રાગનું એ કાર્ય નથી. અરે આવો ભગવાન આત્મા અંદર બિરાજે છે. પહેલું કહ્યું હતું, બહુ વિચાર કર્યા ઘણાં પણ સર્વદર્શી ને સર્વજ્ઞશક્તિ એનું અનંતા ગુણમાં રૂપ છે. કઈ રીતે ? અગમ્ય વાત થઈ પડે છે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

અનંત ભગવાનના અનંતા ગુણો સ્વભાવ, ધર્મ એ એક એક ગુણમાં અનંતા ગુણનું રૂપ છે, હવે એમાં અસ્તિત્વ ગુણમાં સર્વદર્શી ને સર્વજ્ઞનું રૂપ, કોઈ અજબ પ્યાલા છે. આહાહા ! ભગવાન આત્મા એનામાં જ્ઞાન ગુણ છે, પણ એમાં અસ્તિત્વ ગુણ જે છે એ એમાં નથી, છતાં

અસ્તિત્વનું રૂપ છે એટલે કે જ્ઞાન પોતે છે અસ્તિત્વપણે એ પોતાને લઈને અસ્તિત્વ છે, એ અસ્તિત્વ ગુણને લઈને અસ્તિત્વ નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ?

અજર પ્યાલા છે બાપા આ તો, વીતરાગનો મારગ આત્મા, એટલે ? કે ગમે તેટલી રાગની મંદતાનો ભાવ હોય પણ છતાં એનું એ કારણ આત્માના દ્રવ્ય, ગુણ ને પર્યાય એનું કારણ નથી. ત્રણેય હોં એક દ્રવ્ય ગુણ નહિ હોં. સમજાણું કાંઈ ? તેમ તે રાગનું કાર્ય નથી દ્રવ્ય ગુણ પર્યાય. દ્રવ્ય-ગુણ તો ન હોય રાગનું કાર્ય ભલે, એ તો કાયમી ચીજ છે. પણ એની જે પરિણતિ થઈ ધર્મની, સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રની પર્યાય થઈ, તેનું એ રાગ કારણ નથી. હવે આ મોટા વાંધા છે અત્યારે. પંડિતજી ! આહાહા ! વ્યવહારરત્નત્રય કારણ સાધક, નિશ્ચય સાધ્ય છે એમ કહે છે. અરે ભાઈ ! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આંહી તો ચોખ્ખી વાત છે આ.

પ્રભુ અનંતગુણની પ્રભુતાથી ભરેલો પ્રભુ એનામાં એક પ્રભુત્વ નામનો ગુણ છે પ્રભુમાં, તો એના અનંત ગુણમાં એની પ્રભુતાનું રૂપ છે, એનો જ્ઞાન ગુણ પ્રભુ, દર્શન ગુણ પ્રભુ, ચારિત્ર ગુણ પ્રભુ, અસ્તિત્વગુણ પ્રભુ, પ્રમેયત્વ ગુણ પ્રભુ, એવા અનંતા ગુણોમાં પ્રભુત્વનું રૂપ શક્તિ છે, પણ એનામાં એવી શક્તિ નથી કોઈ કે રાગનું કારણ થાય.. ભારે આકરું. એનામાં કોઈ એવો ગુણ નથી કે રાગનું કારણ થાય, તેમ તે રાગનું કાર્ય થાય એવી એનામાં શક્તિ નથી. રાગ કારણ ને ધર્મની પર્યાય કાર્ય એવું છે નહિ. આહાહાહા ! હવે આવો એને નિર્ણય કરવો પડશે પ્રભુ ! આહા !

આખો દિ' વ્યવસાય વ્યવસાય ધંધા પાપના એમાં ખુંચીને ગરી ગયો છે. એમાં પુણ્યના શુભ ભાવનો અવસર પણ થોડોક સાંભળવું કે,( શ્રોતાઃ- એમાં સમજાણું નહી આપ શું કહેવા માગો છો. ) હૈ ? એમ કહ્યું કે વાણીયાને વેપારના ધંધા આડે પુણ્યનીય નવરાશ ન મળે, આખો દિ' આ કર્યું ને આ કર્યું આ બાઈડી છોકરાં સાચવ્યા, ધંધો અને ઘરાકને સાચવ્યા ને આ દીધું ને આમ દીધું ને આ એક દિવસમાં બે હજારની પેદાશ થઈ ને, આવું આખો દિ' પાપ બાવીસ કલાક, હૈં ? ( શ્રોતાઃ- પાપની પેદાશ થઈ ) ભાઈ ! પણ એ પાપના ભાવ કોઈ આત્મામાં ગુણ છે ને એને લઈ થયા છે એમ નથી. એ પર્યાયમાં ઉભા કર્યા એણે અને નવરો થાતો નથી પાછો એનાથી, નવરો થાય તો એકાદ કલાક સાંભળવા કે દર્શન દેવ દર્શન એકાદ કલાક એ શુભ ભાવ. એરણની ચોરી ને સોયના દાન. આહાહા !

ભગવાન તારું સ્વરૂપ એવું છે ત્રિકાળી એની દ્રષ્ટિ થયા વિના એને ધર્મની પર્યાય નહિ પ્રગટે, એ શુભ-અશુભ ભાવ તો દુઃખરૂપ છે, એ તો ખૂબ કષાયની મંદતાના શુભ ભાવ કર્યા એથી એને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર થાય એમ નથી. આહાહાહા ! જુઓ આ વીતરાગ મારગ જિનેશ્વર ત્રિલોકનાથ, રાત્રે તો કહ્યું 'તું ને એ વીતરાગ ઉપરથી કહ્યું 'તું, આત્મામાં અનંતા ગુણો છે એ બધા વીતરાગ ભાવે છે બધા, જીવતર શક્તિ ચિતિ, દશિ, જ્ઞાન, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ એમાં બધામાં વીતરાગતા ભરી છે એમાં રાગ નથી ભર્યો એમ ( કહે ) સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? આહાહા ! એ રાગનું કાર્ય નથી, તેમ રાગનું એ કારણ નથી. કેમ કે એ વસ્તુ ભગવાન આત્મા જેટલા અનંત અમાપ અમાપ અમાપ ગુણોની સંખ્યા વિનાનું અનંત અનંત અનંત અનંતને અનંતગુણા કરી નાખો તોય પણ પાર નહિ એટલા ગુણો એનામાં છે, તે બધા ગુણો

વીતરાગ સ્વભાવે છે. એ વીતરાગ સ્વભાવી ગુણ, એનો ધરનાર ભગવાન વીતરાગી આત્મા, એ વીતરાગી પર્યાયનું કારણ દ્રવ્ય છે, પણ એ રાગનું કારણ નથી, તેમ રાગનું, એ વીતરાગી ધર્મની પર્યાય રાગનું કાર્ય નથી. આહાહાહા ! નવરાશ ન મળે દુનિયામાં ખુંચી ગયા. અરેરે ! એને જનમ મરણના અંતના આરા આ સ્થિતિ વિના આવે એવું નથી પ્રભુ. આહા !

અનંત અનંત સંખ્યાનો પાર નથી એટલા એટલા ગુણો આત્મામાં, આંહી તો વિચાર એ આવ્યો 'તો વીતરાગ થયા એ વીતરાગી સ્વભાવ બધા થયા એમાંથી થયા છે. એ બધા અનંત અનંત ગુણો વીતરાગ સ્વભાવે છે. એવો જે વીતરાગ સ્વભાવ અણાકુળ આનંદ સ્વભાવ એવો જે ભગવાન આત્મા, એ રાગ જે આકુળતા છે તેનું એ કારણ નથી. ( રાગ ) અધ્ધરથી ઉત્પન્ન થાય છે, પર્યાયબુદ્ધિથી. એ તો કહ્યું 'તું ને એકવાર, કે જે વિકાર થાય છે, એવો અનંતા અનંતા ગુણમાંયલો કોઈ એવો ગુણ નથી કે જે વિકારનું કારણ થાય. એમ પુદ્‌ગલમાં પણ અનંતા પરમાણુંઓમાં એવો કોઈ ગુણ નથી કે કર્મની વિકારી અવસ્થાપણે થાય. કર્મની અવસ્થાપણે થાય એવો કોઈ પરમાણુંમાં ગુણ નથી. પણ એ પર્યાયમાં જ વિકૃત અવસ્થા થાય એવો એનો ભાવ છે. આહાહા !

એમ ભગવાન આત્મા અનંતા અનંતા ગુણનો પ્રભુ, એવો કોઈ ગુણ નથી કે વ્રતના પરિણામનું કારણ થાય. વ્રત એટલે આસ્રવ. એનો કોઈ અનંતા અનંતાનું માપ નથી, જેમ અલોકનો અંત નથી, કે ક્યાં અલોક પુરો થયો ? ચારે બાજુ અલોક, લોક તો પુરો થયો અસંખ્ય જોજનમાં પછી અલોક ક્યાં પુરો થયો ? એનો જ્યાં અંત નથી, એમ ભગવાનના અનંત ગુણોમાં છેલ્લો અનંત આ અનંતા અનંતમાંથી છેલ્લો અનંત આ, અંત નથી. એવા અનંત ગુણો માંયલો, એક કોઈ પણ ગુણ એવો નથી કે રાગને કરે. અજ્ઞાની નિમિત્તને વશ થઈને પર્યાયમાં વિકારને કરે છે. એ વિકારની દશાનું કારણ આત્મદ્રવ્ય નહિ એમ કહે છે. આવો વીતરાગ માર્ગ છે. આહાહા !

લોકો ક્યાંક ને ક્યાંક ભરાઈ પડે છે. એ રાગનું કારણ તો નથી, પણ એના અનંતા ગુણો જે નિર્મળ છે એનું કાર્ય તો નિર્મળ છે, એ રાગનું કાર્ય નથી. સમજાણું કાંઈ ? જેમ એ રાગનું કારણ નથી, તેમ રાગનું એ કાર્ય નથી. આહાહાહા ! શું વાત કરે છે.

પર્યાયબુદ્ધિમાં નિમિત્ત આધીન થઈને, અધ્ધરથી વિકૃત અવસ્થા ઊભી કરે છે એ. એ અવસ્થાનું કારણ એ દ્રવ્ય સ્વભાવ નથી. છે ? ભગવાન આત્મા ભગવાન તરીકે તો બોલાવ્યો છે. પામરને પ્રભુ તરીકે પોકાર્યો છે. પર્યાયમાં પામર પણ વસ્તુમાં પ્રભુ છે પ્રભુ. આહાહા ! એવો જે ભગવાન આત્મા, ત્રણ ઠેકાણે આવ્યું, ભગવાન, ભગવાન, ભગવાન, સદાય નિરાકુળ, ત્રણેય કાળ, જેમ આદિ ને અંત વિનાનું તત્ત્વ છે, એમ આદિ ને અંત વિનાનો એનો નિરાકુળ સ્વભાવ છે. અને વસ્તુ પોતે અનાદિ અનંત છે એમ એનો અનાકુળ ગુણ પણ અનાદિ અનંત છે. એવા સદાય, સદાય છે ને ? નિરાકુળતા સ્વભાવને લીધે, આહાહાહા !

શું આચાર્યોએ દિગંબર સંતોએ કામ કર્યા જગતના. કેવળજ્ઞાનના કેડાયતો કેવળીની વાત આમ મુકી દીધી સાદા શબ્દોમાં મુકી છે. એ વખતની એની દશા આનંદમાં રમતા, આ વિકલ્પ આવ્યો તો કહે છે કે એ વિકલ્પનું કારણ અમે નથી, તેમ વિકલ્પના કારણે અમારું આ

કાર્ય જ્ઞાન આનંદનું છે એમ નથી. એ કોઈનું કાર્ય નથી એટલે કે કોઈ દેવ, ગુરુ ને શાસ્ત્રની કૃપાથી તે કાર્ય થાય આત્માનું એમ નથી, એના કારણે અહીં કાર્ય થાય એમ નથી, તેમ કોઈના કાર્યનું પોતે કારણ છે એમ નથી. કોઈનું કાર્ય નથી-કોઈનું કાર્ય નથી, તેમજ કોઈનું કારણ નથી. કેટલું સમાડયું છે ? અકાર્યકારણ નામનો ગુણ ૪૭ ( શક્તિ ) માં આવે છે ને ? અકાર્યકારણ એમાં અકાર્યકારણ નામનો ગુણ છે પ્રભુમાં તો એના જ્ઞાનગુણમાં પણ અકાર્યકારણનું રૂપ છે, કે જેથી એ રાગનું કાર્ય નહીં, અને રાગનું જ્ઞાન પર્યાય કાર્ય નહીં, રાગનું કારણ કાર્ય નહીં ને રાગનું કાર્ય પોતે રાગનું કારણ નહિ. આહાહાહા ! ઝીણી વાત છે ભાઈ વીતરાગ છે આ તો મારગ. આહાહાહા !

જેના ઇન્દ્રો એકાવતારી, દેવો જેની પાસે, ગલુંડિયાની જેમ સાંભળવા બેસે એ ચીજ કેવી હોય બાપુ. બત્રીસ લાખ વૈમાનનો લાડો ઇન્દ્ર શકેન્દ્ર, એકાવતારી એકભવે મોક્ષ જનાર છે, ત્યાંથી નીકળી મનુષ્ય થઈને મોક્ષ જનાર છે. ભગવાનની વાણી સાંભળે જ્યારે સમોશરણમાં, એ વાણી કેવી હોય ? આ વાણી એ છે. આહાહા ! ભગવાનના શ્રીમુખે નીકળેલી છે વાણી, એ સંતો જગતને જાહેર કરે છે. પ્રભુ તું કોણ છો ? તું અનંતા અનંતા પવિત્ર ગુણનો પિંડ છો, તારો કોઈ ગુણ રાગને કરે એવો તારો કોઈ ગુણ, નથી તેમ કોઈ ગુણ, રાગનું કારણ થાય એમ નથી. રાગનું કાર્ય થાય એ તો નહિ પણ રાગનું કારણ થાય એવો ગુણ જ નથી. દુઃખનું અકારણ જ છે. પ્રભુ તો આસ્રવના દુઃખનું અકારણ છે. આહાહાહાહા ! આવું છે.

શુભ-અશુભ ભાવ થાય જીવની પર્યાયમાં કંઈ જડમાં થતો નથી, છતાં એ વસ્તુ ભગવાન આત્મા એ પુણ્ય-પાપના આસ્રવનું કારણ નથી. છે ? દુઃખનું અકારણ જ છે, દુઃખ એટલે આસ્રવ. અરેરે ! મારગ વીતરાગનો કંઈક કંઈક કરી નાખ્યો લોકોએ, મારગ શું છે એને સાંભળવા મળે નહિ, એ કે દિ' સમજે ને કે દિ' જાય. આહાહા !

આંહી કહે છે, એ શુભ ને અશુભ ભાવ એનું ભગવાન કારણ નથી, અકારણ છે. સમજાય છે ? એ આત્માની પર્યાયમાં થતાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ દુઃખ છે, એ દુઃખનું ભગવાન અકારણ છે આત્મા. અરેરે ! આવી વાતું, અરેરેરે ! છે ? આહાહા !

પર્યાયમાં જે કાંઈ શુભ-અશુભ ભાવ થાય એ દુઃખરૂપ છે, ચાહે તો તીર્થંકરગોત્ર બંધાય જે ભાવે એ ભાવ દુઃખરૂપ છે, રાગ છે, આકુળતા છે. પ્રભુ તો એમ કહે છે એનું પણ કારણ આત્મા નથી કહે છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનું કારણ આત્મા નથી. અરેરેરે ! આહાહા..... ! સમજાય છે કાંઈ ? આવો મારગ છે. સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વર એમ ફરમાવે છે, તે સંતો દિગંબર સંતો જગતને જાહેર કરે છે. આહાહાહા ! કે જે ભાવે વ્રત થાય વ્રત, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એવા પાંચ મહાવ્રત એ વિકલ્પ છે, એ રાગ છે, એ આસ્રવ છે, એ દુઃખ છે અરરર ! આ વાત. એ આ વ્રતના પરિણામ એ આસ્રવ દુઃખ છે, તેનું આત્મા કારણ નથી. છે કે નહિ અંદર ? વસ્તુ ક્યાં બિચારા લોકોને બિચારાને કાંઈ ખબર ન મળે, શું ચીજ છે ? સાંભળવામાં મળે નહિ. આહાહા !

આંહી પરમાત્મા, કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. શાસ્ત્ર બનાવ્યું એમાં આ વાત આવી છે, કે અહીંયા જે વ્રતનો

વિકલ્પ ઊઠે, પંચમહાવ્રતનો વિકલ્પ એટલે રાગ ઊઠે એ દુઃખ છે આસ્રવ છે એનું આત્મા કારણ નથી. શું કહે છે ? સાંખ્યું જાય એવું નથી સાધારણ માણસને બિચારાને જૈન ધર્મ શું છે એ સાંભળ્યો નથી. અજૈનને જૈનપણું માનીને જીંદગી ગાળે છે બધા. આહાહા !

આંહી પરમાત્મા જિનેશ્વરદેવે કહેલું એ કુંદકુંદાચાર્યના હજાર વર્ષ પહેલાંના અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત એની આ ટીકા છે. ગજબ છે શું કહ્યું આંહી ? દુઃખનું અકારણ જ છે. એટલે ? એ વ્રતના પરિણામ તીર્થંકર ગોત્ર બાંધવાના પરિણામ એ બધા આસ્રવ છે. અને તે દુઃખરૂપ છે તેનું અકારણ, ભગવાન કારણ નથી આત્મા. આહાહાહા ! સમજાણું કાંઈ ? છે કે નહિ અંદર ? એની શું વાત પ્રભુ કરવી. જેની ગંભીરતાનો પાર નથી, એની એક એક કડી એક એક ગાથા. ગજબ વાત છે પ્રભુ ! આ શું કહે છે જુઓને, અમૃતચંદ્રાચાર્ય મહારાજ દિગંબર સંત એ કુંદકુંદાચાર્યની ગાથાની ટીકા કરે છે, કે આ ગાથામાં આમ ભર્યું છે. આહાહાહા !

એક ફેરી સમેતશિખરમાં આ બોલ ચાલ્યો'તો એક કલાક, સમેતશિખર ગયા'તા ને જાત્રા. આ બોલ એક કલાક ચાલ્યો'તો. અજાણ્યા માણસ બચારા સાંભળેલું ન હોય બસ આ જાત્રા કરવી ને ભક્તિ કરવી ને પૂજા કરવી એ ધર્મ, એમ માનીને પડયા હોય બિચારા, એમાં આંહી કહે કે એ પૂજા ને ભક્તિ ને મહાવ્રતનો ભાવ એ આસ્રવ છે, એ દુઃખ છે, એ દુઃખનું કારણ આત્મા નથી, આત્મા તો અનાકુળ આનંદસ્વરૂપ છે, આનંદસ્વરૂપ એ દુઃખનું કારણ કેમ થાય ? આહાહાહા ! ( શ્રોતાઃ- જ્ઞાનીને દુઃખ લાગે છે ) હૈં ? દુઃખની ખબર નથી એને દુઃખ શું ? આ તો એનું સ્વરૂપ જ આવું છે, જ્ઞાની જાણે ત્યારે એને એમ લાગે, ધર્મી જ્યારે જાણે છે ત્યારે રાગ તે આસ્રવ છે ને દુઃખ છે. એનું કારણ મારો પ્રભુ આત્મા એનું કારણ નથી. અધ્ધરની દશા વિકૃત ઉત્પન્ન થઈ છે. આ આમાં તો ઘણું સમાડી દીધું છે, અત્યારે આ કારણ કાર્યના ઝઘડા હાલે છે ને ? વ્યવહાર કારણ ને નિશ્ચય કાર્ય ને, વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય ને, એ બધાના ખુલાસા આમાં આવી જાય છે. આહાહા ! એક બોલમાં તો આખો ખુલાસો બધો છે. આહાહા !

આંહી કહે છે કે તું વ્યવહાર સાધન જેને કહે છે, એ તો રાગ ને આકુળતા ને દુઃખ છે. અરરર ! એ દુઃખ કારણ ને આત્માની નિર્મળ દશા કાર્ય. મોટા ઝઘડા ઊઠે છે. સોનગઢનું એકાંત છે એમ કહે છે. કહો પ્રભુ કહો ! અહીંયા તો આ એક જ લીટીમાં, તું અનંત ગુણનો પિંડ પ્રભુ સર્વજ્ઞ વીતરાગે જોયો, કેવળી જિનેશ્વર વીતરાગ, એ અનંતા ગુણો અનાકુળ સ્વરૂપ છે બધા ગુણો, જ્યારે એમ લઈએ કે સુખ છે આ, સુખ-સુખ તો દરેક ગુણમાં સુખનું રૂપ છે. એવો જે અનાકુળ સુખનો સાગર ભગવાન આત્મા એ રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ, એનું એ ભગવાન કારણ નથી. આહાહાહા ! સાંભળવું કઠણ પડે છે. સાંભળ્યું ન હોય જૈનના ધર્મમાં આવીને, અમે સ્થાનકવાસી છીએ, અમે દેરાવાસી છીએ અમે જૈન છીએ, બાપુ એ જૈનપણું અલૌકિક વાત છે. જૈન કોઈ સંપ્રદાય નથી, જૈન તો વસ્તુનું સ્વરૂપ છે એ કહ્યું'ને અણાકુળ સ્વરૂપ એ જિન સ્વરૂપ છે. આહાહા..... !

ભગવાન આત્મા અનંતા અનંતા ગુણો એ બધા વીતરાગ સ્વરૂપે ગુણો છે, તેથી ભગવાન આત્મા જિન સ્વરૂપે છે. એનો એક અસ્તિત્વ ગુણ, જીવતર ગુણ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય ગુણ દરેક ગુણ વીતરાગ સ્વભાવથી ભરેલો છે, અને તેથી તેને 'જિન સો હિ આત્મા'

'ઘટ ઘટ અંતર જિન વસે', ઘટ ઘટ અંતરમાં જિન અનાકુળ આનંદ અને અણાકુળ સ્વભાવ વીતરાગ સ્વભાવનો પિંડ આત્મા ઘટ ઘટમાં વસે છે પ્રભુ. એવો જે અણાકુળ વીતરાગી સ્વભાવ આત્મા, તે રાગનું કાર્ય નથી, વીતરાગ દશા એ રાગનું કાર્ય કેમ હોય ? વીતરાગી ગુણ, વીતરાગી દ્રવ્ય ને વીતરાગી પર્યાય, આહાહા..... કે વીતરાગી ગુણ છે એ ત્રણેમાં વ્યાપે છે. એવી જે વીતરાગી શક્તિનો સાગર ભગવાન, એની જે વીતરાગી નિર્દોષ ધર્મ પર્યાય, તે રાગનું કારણ નથી, તેમ તે રાગનું કાર્ય નથી. એમ એવા અણાકુળ અનંત વીતરાગી ગુણ એનાથી રાગ ઉત્પન્ન થયો નથી, તેમ તે ગુણની પર્યાય રાગથી ઉત્પન્ન થતી નથી. આહાહાહા ! "અર્થાત્ દુઃખનું કારણ નથી." આ એક બોલ આમાં પોણો કલાક ગયો આવો લ્યો. આહાહાહા ! આવી વાત છે.

આ તો ભગવાન જિનેશ્વરદેવની વાણી છે ભાઈ પરમાત્મા ત્રિલોકનાથ, તારે જો ધર્મ કરવો હોય તો, અણાકુળ ગુણથી ભરેલું દ્રવ્ય છે એની દ્રષ્ટિ કર એમ કહે છે. અને એ દ્રષ્ટિનું કારણ તો અણાકુળ દ્રવ્ય છે, એ દ્રષ્ટિનું કારણ રાગ કારણ ને દ્રષ્ટિ કાર્ય સમ્યગ્દર્શન કાર્ય એમ છે નહિ. એમ સમ્યગ્જ્ઞાન એનું કારણ દ્રવ્ય સ્વભાવ જે અણાકુળ વીતરાગી સ્વભાવ, તે સમ્યગ્જ્ઞાનની પર્યાયનું તે કારણ છે. તે સમ્યગ્જ્ઞાનની પર્યાયનું કારણ, જ્ઞાન કરવું શાસ્ત્રનું એ કારણ તેનું સમ્યગ્જ્ઞાન કાર્ય છે એમ નથી. આરે ! આરે ! ઓહોહો ! ( શ્રોતાઃ– અલૌકિક વાતું છે ) હૈં ! અલૌકિક વાતું છે, બાપુ. એમ આત્માના અણાકુળ વીતરાગી ગુણો છે તેનું કારણ થઈને ચારિત્ર પર્યાય વીતરાગી પર્યાય થાય, એ વીતરાગી પર્યાય રાગનું કારણ નથી, તેમ એ વીતરાગી ચારિત્ર રાગનું કાર્ય નથી. આવી વાતું શું હશે આ તે ? જૈન ધર્મ તો આ દયા પાળવી, વ્રત કરવા ભક્તિ ને જાત્રા ને દોડાદોડ કરે છે ને ? આ થઈ ગયો ધર્મ, ધૂળેય નથી સાંભળને. જ્યાં ધર્મનો સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા, તેને કારણ બનાવ તો તેને ધર્મની પર્યાયનું કાર્ય થાય, પણ રાગને કારણ બનાવીને ધર્મની પર્યાયનું કાર્ય થાય એમ નથી. આહાહા ! આ ત્રણ બોલ થયા. આજ એક બોલ થયો, કાલ બે બોલ થયા'તાને.

"આ પ્રમાણે વિશેષ દેખીને" એટલે ? કે રાગના ભાવ ને સ્વભાવ ભાવ બે ભિન્ન છે, એ રાગ ચાહે તો મહાવ્રતનો હો કે ભક્તિ, પૂજા, દાનનો હો, એ રાગ અને આત્મ સ્વભાવ 'બે' ને 'બે' ના વિશેષ જાણીને 'બે' ની જુદાઈ જાણીને, બે તદ્દન જુદી જાતના છે. આહાહાહા !

હવે આમાં બાઈડીયું ને નવરાશ ન મળે બિચારાને આખો દિ' રાંધવું ને આ છોકરા, ને હવે આવી વાતું કાને, ઓલું સહેલું સટ હતું કે સામાયિક કરો ને પોહા કરો ને પડિકમ્મણા કરો. અરેરે ! જિંદગીયું ચાલી જાય છે. આવી ચીજ અંદરમાં જાણ્યા ને ઓળખ્યા વિના એનું પરિભ્રમણ મટતું નથી ભાઈ. ૮૪ના અવતારમાં ઘાણીમાં પિલાય છે એ. આહાહા !

જ્યાં અહીંયા રાગને દુઃખ કીધું, તો વળી સંયોગો છે એ તો નિમિત્ત છે દુઃખના. સમજાણું કાંઈ ? અંદરમાં જે પુણ્ય ને પાપનો ભાવ થાય એ દુઃખ છે, બહારની લક્ષ્મી ને પ્રતિકૂળતા એ દુઃખ નથી, એ તો દુઃખનું નિમિત્ત છે. અંદર ઘા વાગે છરાનો શરીરમાં એ દુઃખ નથી, એમાં જે દ્વેષ થાય એ દુઃખ છે ને એમાં એ તો નિમિત્ત છે એ ચીજ તો, હૈં ? ઓહોહોહો ! કેટલું સમાડયું છે. હૈં !

અલૌકિક વાત છે બાપુ જિનેશ્વર મારગ તીર્થંકર દેવોનો, વાડામાં તો સાંભળવા મળે એવું નથી બાપુ. વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો આ પંથ છે, એ તો અંદર વીતરાગી ધર્મ દશા, વીતરાગી ધર્મ દશા જેને ધર્મ કહીએ વીતરાગ ભાવને, એ દશાનું કારણ તો વીતરાગી ગુણથી ભરેલું દ્રવ્ય તે કારણ છે. એ કારણપરમાત્મા તે કાર્યનું કારણ છે. એ રાગની ક્રિયા લાખ, કરોડ, અબજ કરે તો એ કારણ છે અને અંદર ધર્મની પર્યાય કાર્ય છે, એવું વસ્તુના સ્વરૂપમાં નથી. કહો અજીતભાઈ ! ન્યાં નૈરોબીમાં કાંઈ મળે એવું નથી ન્યાં તો ધૂળેય નથી, પૈસા છે ત્યાં. એ ભારમલભાઈ ! મીણો ચડી જાય એવું છે. આહાહા !

સ્વભાવ અણાકુળ આનંદ ને અણાકુળ વીતરાગ સ્વભાવથી ભરેલા અનંતા ગુણો એના તરફનો ઝુકાવ થઈ જાય, એ આ વસ્તુ છે. આહાહા..... સમજાય છે કાંઈ ? એને બહારના કોઈ કારણોની અપેક્ષા ગોતવી પડે, એ તો આવે છે ને ? સોળમી ગાથામાં પ્રવચનસાર ! એ તો એક જ ચારે કોરની શૈલી, દિગંબર સંતો ને આચાર્યોની કથનની શૈલી, ગમે ત્યાંથી મેળવવા જાય તો અવિરોધી ભાવ ઉભા થાય છે. આહાહાહા !

તો આ રીતે “આ પ્રમાણે વિશેષ દેખીને” વિશેષ દેખીને, રાગાદિ દુઃખરૂપ છે, એનું કારણ આત્મા નથી. અને દુઃખનું એ કાર્ય નથી આત્મા. એમ ‘બે’ની જુદાઈ દેખીને, આરેરે ! ‘બે’ની વિશેષતા દેખી તફાવત દેખીને, જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે, આ રીતે દેખીને આંતરો બેના સ્વભાવનો દેખીને, જ્યારે આ આત્મા, આત્મા ને આસ્રવોનો ભેદ જાણે છે, અણાકુળ અણાસ્રવી પ્રભુ પરમાત્મ વીતરાગી મુર્તિ અને રાગ, રાગ ને આસ્રવ દુઃખ ‘બે’ નો ભેદ જાણે છે, ‘બે’ ના ભાવ ને ભેદ જુદાં જાણે છે, ત્યારે તે આત્મા આસ્રવોથી, આસ્રવોનો ભેદ જાણે તે જ વખતે ક્રોધ આદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે. આહાહા !

જ્યારે એ આત્મા આવા આસ્રવના ભાવને ને સ્વભાવભાવને, ‘બે’ ને જુદા જાણે છે, તફાવત જાણે છે તે વખતે આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે, તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે. એટલે ? ભગવાન આત્મા આનંદસ્વરૂપ એનાથી વિરુદ્ધ જે આસ્રવ તેનો જે પ્રેમ તેનું નામ ક્રોધ કહે છે. આહાહાહા !

મહાપ્રભુ બિરાજે છે, એનો અનાદર કરી અને રાગના પ્રેમમાં જાય છે, એને આત્મા પ્રત્યે ક્રોધ છે, તે વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે. ( શ્રોતાઃ- એટલે ? ) એ શુભભાવની રુચિનો ભાવ એ ક્રોધ છે, એ જ્યારે બે નો તફાવત જાણે છે, ત્યારે તે ભાવથી નિવૃત્ત થાય છે. અને સ્વભાવ સન્મુખ જાય છે. આહાહા ! આવું છે.

બેનો તફાવત દેખીને, જ્યારે આ આત્મા ને આસ્રવોનો ભેદ, જુદાઈ તફાવત દેખીને પછી ‘બે’ ને વિશેષ અંતર હતું ને ? ભાઈ, વિશેષ અંતર એટલે વિશેષ ને અંતરના બે ભાગ પાડયા, એટલે વિશેષમાં એમ કીધું કે જ્યારે આ પ્રમાણે વિશેષ દેખીને એ ‘વિશેષ’ જ્યારે આ આત્મા ને આત્માનો ભેદ જાણે છે, એ ‘અંતર’ વિશેષ અંતર આહાહાહા ! શું વાણી ? મંત્રો છે એકલા. આહાહા ! તે જ વખતે સ્વભાવથી વિરુદ્ધ એવા આસ્રવો એનો જે પ્રેમ હતો એ ક્રોધ હતો તેનાથી તે નિવૃત્ત થાય છે. આહાહા ! હવે એની વિશેષ વાત કહેશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૫૧ ગાથા-૭૨ તા. ૦૨/૧૨/૭૮ શનિવાર માગશર સુદ ૨

સમયસાર ગાથા-૭૨. આંહી સુધી આવ્યું છે, પાછળ "આ પ્રમાણે વિશેષ દેખીને" સરદારજીને બતાવો, બતાવ્યું ? શું કહે છે ? આ પ્રમાણે તફાવત દેખીને એટલે ? પહેલું આવી ગયું છે. કે આ આત્મા જે છે એ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે અને એમાં જે આ શુભ-અશુભ ભાવ થાય છે, આ શરીર તો માટી જડ છે, પણ અંદરમાં જે કંઈ હિંસા જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાના ભાવ થાય તે પાપ વાસના છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ થાય એ પુણ્ય વાસના છે, બેય વિકાર છે. બેય નવા કર્મના આવવાનું કારણ આસ્રવ છે, વહાણમાં જેમ છિદ્ર પડે, એમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન હોવા છતાં, જેની દશામાં પુણ્ય ને પાપ શુભ ને અશુભ ભાવ થાય તે છિદ્ર છે, એનાથી નવા આવરણ આવે છે. એથી એ આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ અને એ પુણ્ય ને પાપના ભાવ મેલ અશુચિ, પ્રભુ આત્મા પૂર્ણાનંદનો શુચિ પવિત્ર, પુણ્ય ને પાપના ભાવ જડ કેમ કે એ શુભ-અશુભ ભાવ પોતાને જાણતાં નથી, ચૈતન્યસ્વભાવ વડે જણાય છે, માટે તે શુભ-અશુભ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એને અહીંયા જડ કહેવામાં આવ્યા છે. બહુ આકરી વાત છે બાપા. આહાહા ! અને.. બે બોલ થયા.

એ શુભ-અશુભ ભાવ અશુચિ મેલ, ભગવાન પૂર્ણાનંદ નિર્મળાનંદ અતિ નિર્મળ સ્વરૂપ ભગવાન છે આત્મા. પુણ્ય-પાપ ભાવ જડ અચેતન સ્વભાવમાં ચૈતન્યનો સ્વભાવ એમાં અભાવ ત્યારે એનાથી ભિન્ન ભગવાન વિજ્ઞાનઘન છે આત્મા, જ્ઞાનનો ઘન છે, ચૈતન્યનો પિંડ છે. બે.

ત્રીજી વાત પુણ્ય ને પાપના ભાવ, શુભ-અશુભની વૃત્તિઓ જે આસ્રવ છે એ દુઃખરૂપ છે. શરીર, વાણી, મન આ તો પર છે, જડ છે અજીવ છે એ તો કાંઈ આત્મામાં છે નહિ, પણ એમાં જે આ પુણ્ય ને પાપના શુભ-અશુભ ભાવ થાય એ આકુળતા છે, દુઃખ છે, આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એ અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે. એમ બેની વચ્ચેનો તફાવત જાણીને, ઝીણી વાત છે ભાઈ જગતથી જુદી છે. આહાહા ! એ પુણ્ય ને પાપના ભાવ, ચાહે તો દયાના, દાનનો, વ્રત, ભક્તિ, તપનો પરમાત્માના સ્મરણનો ભાવ પણ એ રાગ છે. એ વૃત્તિનું ઉત્થાન છે એ આસ્રવ છે, મલિન છે, જડ છે, દુઃખ છે. આહાહાહા ! ભગવાન આત્મા અંદર શુચિ નામ પવિત્ર છે ચૈતન્ય વિજ્ઞાનઘન છે અને અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. આહાહા ! આમ બેની વચ્ચેનો તફાવત ભેદ જાણીને ઝીણી વાત છે ભાઈ. આહાહા !

છે ? આ પ્રમાણે તફાવત દેખીને એ એનો અર્થ થયો, આ ત્રણ બોલ કહ્યા ને ? એ પ્રમાણે બેનો તફાવત દેખીને "જ્યારે આ આત્મા, આત્મા ને આસ્રવોનો ભેદ જાણે છે," એ અંતર થયું, ઓલું વિશેષ હતું, આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પ્રભુ અને પુણ્ય-પાપના ભાવ અશુચિ, દુઃખ ને જડ, એ બે વચ્ચેનો અંતરમાં અંતર તફાવત જાણે છે ત્યારે બે માંથી ભેદ પાડી, આત્મા ને આસ્રવોનો ભેદ જાણે, ભાઈ વાતું ઝીણી બહુ બાપુ. અનંતકાળમાં એણે આતમજ્ઞાન શું ચીજ છે, એનું એને જ્ઞાન કર્યું જ નથી. અનાદિથી, અનાદિનો ભગવાન આત્મા તો છે, એ કાંઈ નવો

નથી, છે છે ને છે એ રખડે છે ૮૪ની યોનિમાં અવતારમાં એ પુણ્ય ને પાપના ભાવ આસ્રવ છે, મલિન છે, તેને મારા માને છે તેથી તે રખડી મરે છે. અરરર ! આવી વાતું છે.

એવો જ્યારે ભેદ જાણે છે, કે હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ અતીન્દ્રિય આનંદ એ આસ્રવ જે રાગ ભાવ પુણ્ય-પાપના ભાવ તેનું હું કારણ નહિ, તેમ તે પુણ્યના દયા, દાન, વ્રતના પરિણામનું હું કાર્ય નહીં. હું તો શુદ્ધ ચૈતન્યઘન છું. આહાહાહા ! જેમ ઘઉંમાં કાંકરા જુદાં છે, બોલે ત્યારે એમ કહે કે, શું વીણો છો ? ઘઉં વીણીએ છીએ એમ કહે. ઘઉં વીણતા નથી, કાંકરા વીણે છે. ઘઉં તો ઘણાં એ ક્યાં વીણે ? પણ ભાષા એવી છે કે ઘઉં વીણું છું, આ તો કાંકરા વીણે છે, એમ આત્મામાં શુભ અને અશુભભાવ એ કાંકરા જેવા મેલ છે. ભગવાન આત્મા આનંદનું, વસ્તુ છે ને ? તત્ત્વ છે ને ? તત્ત્વ આત્મા, તત્ત્વ છે તો એ વસ્તુ છે તો એમાં સ્વભાવ છે એનો અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન એનો સ્વભાવ છે, એવા સ્વભાવને અને આ પુણ્ય-પાપના વિભાવ આસ્રવને બેને અંદરમાં ભિન્ન પાડે કાંકરા ને ઘઉં જેમ જુદા પાડે, આવી વાતું હવે. નવરાશ ન મળે જગતને ને આવી વાતું. બાપુ મારગ તો આ છે.

અંદર ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ત નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન ને આનંદનો સાગર એ છે, એને આ પુણ્ય-પાપના ભાવથી ભિન્ન જાણે "ત્યારે તે તેનાથી નિવૃત્ત થાય છે" એવી વાતું છે બાપુ, જગતને કઠણ પડે સમજવી, કરી નથી કોઈ દિ' એમ, એ જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે. એ શુભને અશુભ જે ભાવ છે તે મલિનભાવ છે ને હું નિર્મળ છું એમ બે વચ્ચેનો તફાવત ને ભેદ અંતર જાણે છે જ્યારે "તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે." એટલે ? જે વસ્તુ આત્મા છે તે સચ્ચિદાનંદ પ્રભુ આનંદકંદ જ્ઞાનઘન છે, એમાં પુણ્ય ને પાપના ભાવ એનો જેને પ્રેમ છે એને આત્માના સ્વભાવ પ્રત્યે, અણગમો ક્રોધ છે.

ફરીને, ભગવાન આત્મા વસ્તુ છે-તત્ત્વ છે-અસ્તિ-મોજૂદગી ચીજ આત્મા એ તો અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો કંદ છે, એમાં જે આ પુણ્ય ને પાપના ભાવ થાય છે, એ મલિન છે, દુ:ખરૂપ છે, આસ્રવ છે, નવા આવરણનું કારણ છે, એ બેની વચ્ચેનો અંતરમાં તફાવત જાણે, ભેદ જાણે બે જુદા છે તેમ જાણે. આહાહા..... હવે આ આવો મારગ છે દુનિયાને..... ત્યારે તે જ વખતે ક્રોધ એટલે સ્વભાવનું ચૈતન્યસ્વરૂપ જે આનંદકંદ પ્રભુ એનાથી વિરુદ્ધ જે પુણ્યના ભાવ, તેનો તેને પ્રેમ છે, એને આત્મા પ્રત્યે ક્રોધ છે. આહાહાહાહા ! ઝીણી વાત છે ભગવાન, આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ જ્ઞાનઘન એનો જેને પ્રેમ નથી અને એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ થાય પુણ્ય એનો જેને પ્રેમ છે, એને આત્મા પ્રત્યે દ્વેષ છે, ક્રોધ છે. અરેરે ! અને જેને રાગના પરિણામથી એ શુભ-અશુભ ભાવથી ભિન્ન છું એમ જ્યાં ભાન થયું, ત્યારે તેના પ્રત્યે જે પ્રેમ હતો અને સ્વભાવ પ્રત્યેનો અણગમો ને અનાદર હતો એ ભાવથી નિવૃત્ત થાય છે, આવી કઈ વાત આવી.

હવે કોઈ દયા પાળવાનું કહે, વ્રત પાળવાનું કહે ભક્તિ કરવાનું કહે તો સમજાય તો ખરું. હવે એ તો અનંતકાળથી સમજે, શું છે એમાં કાંઈ ? અનંતકાળથી કરી રહ્યો છે અજ્ઞાન. આહાહાહા ! પ્રજ્ઞા બ્રહ્મ પ્રભુ, જ્ઞાનનો સાગર અતીન્દ્રિય આનંદનો પૂર્ણ બ્રહ્મ પ્રભુ. એવું એ મારું

સ્વરૂપ છે અને એનાથી આ પુણ્ય ને પાપના શુભ-અશુભ ભાવ, ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિ, ભગવાનની ભક્તિનો ભાવ પણ રાગ ને આસ્રવ છે. એવી વાત છે બાપા. આહાહા ! એ વિકારી ભાવ અને અવિકારી ચૈતન્યમૂર્તિ પ્રભુ બે વચ્ચેનો જ્યારે ભેદ જાણેને ભેદ કરે છે, ત્યારે તે શુભ-અશુભ ભાવ મારાં છે એમ જે માન્યતા હતી, તેનાથી નિવૃત્ત થાય છે. આહાહા ! આવી વાતું છે.

ફરીને, આ આત્મ જે વસ્તુ છે પદાર્થ તત્ત્વ એ અસ્તિપણે મોજુદગી ચીજ છે, એ જ્ઞાન ને આનંદનો કંદ છે, પિંડ છે અને એમાં જે આ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધના ભાવ અને દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો ભાવ, એ બેય આસ્રવ છે, મલિનભાવ છે, એવા મલિનભાવના લક્ષણને જાણી અને ભગવાન આત્મા નિર્મળાનંદ ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય છે એમ જાણી અને બે ને ભેદ જાણી અને રાગના પ્રેમમાં જે હતો, તે રાગના પ્રેમથી નિવૃત્તે છે. આવું છે. દુનિયામાં શું ચાલે છે બધી ખબર છે. આ મારગ કોઈ જુદી જાત છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

ત્યારે એ સ્વભાવ પ્રત્યે જે વિરુદ્ધભાવ હતો એ વિરુદ્ધભાવ ને સ્વભાવભાવ બેની જ્યાં અંદર વહેંચણી ને જુદાઈ જાણી ત્યારે તે આત્માથી વિરુદ્ધ જે પુણ્ય-પાપના ભાવ હતા તેનાથી અભિપ્રાયમાં નિવૃત્ત થાય છે, શ્રદ્ધામાં એ નિવૃત્ત થાય છે, એ મારાં હતા એમ જે માનતો હતો, એનાથી નિવૃત્ત થાય છે. આહા ! સમજાય છે કાંઈ ? તે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે એટલે ? જ્યાં આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્ય બ્રહ્મ, ચૈતન્ય આનંદ, અને એ પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ ને મલિન. શરીર, વાણી આ તો જડ છે માટી ધૂળ છે આ તો એને કાંઈ સંબંધ છે નહીં. એમાં થતાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ, એ મલિન અને દુઃખરૂપ છે, હું એક અણાકુળ નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્ય છું, એવું બે વચ્ચે ભેદજ્ઞાન થયું, જુદાપણાનું ભાન થયું, તે વખતે તે આત્મા પુણ્ય-પાપના ભાવ મારાં છે એમ જે માનતો હતો તે તેનાથી નિવૃત્ત થાય છે. આવી વાત છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા !

તે જ વખતે ભાષા છે, જોઈ ? આ તો મંત્રો છે, આ કાંઈ કથા નથી. આત્મા આમ જ્ઞાન જ્ઞાન જ્ઞાન જાણનાર જાણનાર જાણનાર જાણનાર જાણનાર, જાણનાર સ્વભાવ આત્મા અને પુણ્ય-પાપના ભાવ અજાણ ભાવ વિકાર બે ને અંતરમાં જ્યાં જુદાઈપણે જાણે છે, તે જ વખતે તે પુણ્ય-પાપના ભાવથી, મારાં છે તેવા અભિપ્રાયથી નિવૃત્ત થાય છે. આવી વાતું છે. દુનિયાથી તો ગાંડા જેવી લાગે એવી છે. છે ને, ખબર છે ને, દુનિયાને જાણીએ છીએ ને. આહાહા ! સમજાણું કાંઈ ? સમજાણુ કાંઈ એટલે ? સમજાય તો તો ઠીક પણ કાંઈ કઈ પદ્ધતિથી કહેવાય છે તે ગંધ આવે છે ? આહાહાહા ! ઝાંઝરીજી ! આવી વાતું છે બાપુ. આહા.....

ફોતરા અને દાણો બે જ્યાં જુદા જાણે તો ફોતરાંને કાઢી નાખે. એમ આ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એ દાણો કસ છે અને એ પુણ્ય ને પાપના ભાવ જે ઉત્પન્ન થાય, એ ફોતરાં છે. એ બે ને અંદરમાં જ્યાં ભેદ જણાય, ત્યારે એ ફોતરાંથી નિવૃત્ત થાય છે. એ પુણ્ય ને પાપના ભાવ એ મારાં નહિ, હું તો એક જ્ઞાનસ્વરૂપી સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ છું એમ અંતર્દૃષ્ટિ થતાં એ પુણ્ય ને પાપના ભાવથી પાછો વળી તેનાથી નિવૃત્ત થાય છે, આરે આરે

આવી વાતું છે, કહો પંડિતજી! અત્યારે તો આ ધમાલ હાલે છે જગતમાં. આહાહાહા! હેં? ( શ્રોતાઃ- અનાદિથી હાલે છે ) અનાદિથી છે, અનાદિથી. ભગવાન આત્મા તો અનાદિ છે. છે એની ઉત્પત્તિ હોય ? છે એની આદિ હોય ? છે અંદર આત્મા, એ તો છે એ અનાદિથી છે. છે તે વર્તમાનમાં છે, અને છે તે ભવિષ્યમાં પણ રહેવાનો છે, એ અનાદિ અનંત પ્રભુ આત્મા છે, પણ તેના ભાન વિના, જે એની ચીજમાં નથી, જે એના સ્વભાવમાં નથી, એવા પુણ્ય ને પાપના ભાવ એને પોતાના માની તેમાં મીઠાશ વેદી તેના દુઃખના દાડા કાઢે છે એ. એ ચાર ગતિમાં આ રીતે રખડે છે. આહાહાહા!

જ્યારે એને બે વચ્ચેનો આંતરો જણાય, બદામનું ફોતરું ઉપરનું જુદું અને બદામ જુદી એમ ભગવાન આત્મા બદામની જેમ આનંદ ને જ્ઞાનનો ગાંગડો મીઠાશનો પિંડ છે એ, એ સુખનો સાગર છે, કેમ બેસે ? એ સુખના સાગરની મીઠાશનો પિંડ પ્રભુ, એ પુણ્ય-પાપના ભાવ શુભ-અશુભ એ ફોતરાં ઉપરની છાલ છે. એ છાલ છે ને મારી ચીજ ભિન્ન છે, એમ જ્યાં અંદર જ્ઞાન યથાર્થ ભેદજ્ઞાન એ પુણ્ય-પાપના ભાવથી મારી ચીજ જુદી એવું ભેદજ્ઞાન થતાં, તે પુણ્ય-પાપના ભાવ અભિપ્રાયથી મારા હતા એમ માન્યું હતું એ અભિપ્રાયથી એ મારાં છૂટી જાય છે, શ્રદ્ધામાં એ મારાં છે એ છૂટી જાય છે. આહાહા!

આવી વાતું હવે, આ તે જાણે શું હશે, આવો ક્યો ધર્મ ? બાપુ! હેં! વીતરાગી સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એનો આ હુકમ છે, જેને આત્મા સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ છે. જેમાં જ્ઞાન સ્વભાવ પૂર્ણ ભર્યો છે, એવું જેને ભાન થઈને દશામાં સર્વજ્ઞ દશા થઈ, "જ્ઞ" સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ સ્વરૂપ છે, પ્રભુનો-આત્માનો, એને અંતરમાં એકાગ્ર થઈને જે દશામાં સર્વજ્ઞ થયા, ત્રણકાળ ત્રણલોક જેણે જાણ્યાં, એવા સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આ આવ્યું. ઇચ્છા વિના વાણીનો ધ્વનિ ઓમ્ નીકળ્યો. એમાં આ આવ્યું કે પ્રભુ તું કોણ છો ? અને તારામાં આ ઉપાધિના ભાવ શું છે આ ? શરીર, વાણી ને મન એ તો જડ છે ભિન્ન છે, પણ અંદર જે હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ ક્રોધ, માન, માયા, મોહ, લોભ એ વાસનાનો ભાવ અને દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, ભગવાનનું સ્મરણ આદિનો ભાવ એ બધો રાગ છે, વિકાર છે. અરેરે! એ વિકાર ભાવથી તારી જાત, તારી નાત, તારું સ્વરૂપ ભિન્ન છે. આહાહાહા..... એમ જેને અંદરમાં.....આહાહા!

ઓલો કપડાનો દાખલો આવે છે ને ? કે પોતાનું કપડું હતું, એ ધોબીને આપેલું પણ એ લેવા ગયો ત્યાં એ કપડું ન આવ્યું ને બીજાનું કપડું આવી ગયું. આ કોટ, બોટ આપે છે ને ? પછી અંદરમાં નામ લખે છે પાછળમાં મુકે છે ને 'એમ' કે એનું કે કંઈ નામ લખે છે, પોતાનું નામ 'એમ' કે જે જે નામ હોય એ આંહી પાછળ એમાં જ્યાં બીજું આવી ગયું કપડું એમાં ઓઢીને સુતો એમાં ઓલો મૂળ કપડાવાળો આવ્યો કે એલા ભાઈ આ કપડું તો મારું છે તારું નથી જો. તારા કોટમાં તો ફલાણું નામ હશે. આ મારું નામ છે આમાં. આમ જોતાં હા આ કપડું મારું નહિ; એ કપડું મારું નહિ એમ જ્યાં નિર્ણય થયો ત્યાં કપડાનો ત્યાગ થઈ ગયો દ્રષ્ટિમાંથી. ભલે હજી ઓઢયું પડયું હોય. સમજાણું કાંઈ ? પણ અભિપ્રાયમાંથી આ મારું નહિ, એમ છૂટી ગયું, ત્યાગ થઈ ગયો, પછી છોડીને પછી ભલે આપી દે. એમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ, જ્ઞાનાનંદ,

સહજાનંદ પ્રભુ આત્મા, એ પુણ્ય ને પાપના ભાવ કપડાં જેવા બીજાના ઓઢીને બેઠો, એને ધર્માત્માએ જણાવ્યું, ભાઈ એ શુભ ને અશુભભાવ કપડું એ તારું નહિ, એ તારી ચીજ નહિ. તારી ચીજ તો અંદર આનંદકંદ પ્રભુ જ્ઞાતાદ્રષ્ટા જાણક સ્વભાવનો સાગર પ્રભુ, એ તું છો, આ તો કપડું ભિન્ન ચીજ છે, છોડી દે. આહાહા ! આવી વાતું છે.

હજુ ઓલી તો દુનિયામાં હાલે કે આમ કરો, ભક્તિ કરો, આ કરો, વ્રત પાળો, અપવાસ કરો અરે પ્રભુ સાંભળને, એ બધી વાતું છે એ બધી રાગની ક્રિયાની વાતું છે. અંદર સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનનો ચંદ્ર શીતળ છાયા, શીતળ સ્વરૂપ પ્રભુનો એમાં આ પુણ્ય ને પાપના ભાવ વિકારી અશીતળ, દુઃખ ને ઝેર જેવા છે. આહાહાહા !

એમ બે વચ્ચે અંતરમાં બેના લક્ષણોને જુદા જાણી, બેના ભાવના સ્વભાવને ભિન્ન જાણી, એ પુણ્ય ને પાપના ભાવથી પાછો ફરે છે, એ અભિપ્રાયમાં એ મારાં નહિ એમ નિવૃત્ત થાય છે, ત્યારે તેને સમ્યગ્દર્શન ને જ્ઞાન થાય છે. આહાહાહાહા ! આ ક્યાં ? કહો અજીતભાઈ આમ ઓલા રૂપિયા બુપીયામાં કાંઈ સૂઝે પડે એવું નથી આમાં કાંઈ. અરે આ કઈ જાતની વાત ! બાપુ એ અંતરની વાતું છે. ભગવાન એ તારા ઘરની વાતું છે, પણ તેં કોઇ દિ' સાંભળી નથી, માથાકૂટ કરીને મરી ગયો અનાદિથી. વસ્તુ છે ને અંદર ? આત્મા વસ્તુ છે ને ? તો વસ્તુ છે તો એમાં કોઈ અંદર અંદર અંદર શક્તિઓ, ગુણો વસેલા છે ને ? જેમ સાકર છે એ વસ્તુ છે ને ? તો સાકરમાં મીઠાશ ને સફેદાઈ આદિ ગુણો વસેલા છે ને ? એમ ભગવાન આત્મા વસ્તુ છે ને ? વસ્તુ છે તો વસેલા અનંત જ્ઞાન, દર્શન આદિ ગુણો વસેલા છે અંદર. એ પુણ્ય ને પાપના ભાવ એમાં વસેલા નથી. એ અધ્ધરથી કૃત્રિમ નવા વિકાર થાય છે. આહાહાહા !

( કહે છે ) એને જ્યારે નિવૃત્ત થાય છે "કારણ, કે તેમનાથી જે નિવૃત્ત ન હોય," હવે આમાં જરી તકરાર છે બે માં, શું કહે છે કે જ્યાં અંદર એ શુભ-અશુભ ભાવને મેલ તરીકે જાણ્યા ને નિર્મળાનંદ પ્રભુને જાણ્યો ત્યારે અભિપ્રાય શ્રદ્ધામાંથી એ મારાં છે એ શ્રદ્ધામાંથી નિવૃત્તિ ગયો. મારાં નહિ અને શ્રદ્ધામાંથી જો ન નિવૃત્તે, તો તેણે આસ્રવને જાણ્યા જ નથી. આસ્રવને જુદાં બે જાણ્યા જ નથી. આહાહાહાહા ! તે જ વખતે ક્રોધાદિથી નિવૃત્ત થાય છે કેમ કે તેમનાથી જે નિવૃત્ત ન હોય તેને આત્મા ને આસ્રવોના પરમાર્થિક ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી. આહાહા ! શું મંત્રો છે એકલા. આહાહા ! શું કીધું ? આહાહા !

નાકનો મેલ છે ને ગુંગો, એ ગુંગો જુદી ચીજ છે ને આત્મા જુદી ચીજ છે અંદર. એમ આત્મામાં શુભ ને અશુભ ભાવ, પુણ્ય-પાપ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ નાકના મેલ એવા ગુંગા છે. આહાહાહા ! એ એકવાર આ વાત થઈ'તી, આ તો પોણોસો વર્ષ પહેલાંની વાત છે, અત્યારે તો નેવ્યાસી વર્ષ થયા શરીરને, શરીરને નેવ્યાસી વર્ષ થયા છે, નેવું-નેવું આ વૈશાખ સુદ બીજે નેવું બેસસે જનમના, ગર્ભના તો નેવું હાલે છે, કારણ માતાના પેટમાં આવ્યો ત્યારથી આંહીનું આયુષ્ય છે ને ? આહાહા ! પણ આ તો પોણોસો વર્ષ પહેલાં જ્યારે ભણતા નિશાળમાં ત્યારે એક ભાવસાર હતો. સુંદરજી રૂપા નામનો ભાવસાર હતો. મિત્રો ભણતાં હારે, એ એવો હતો કે નાકમાંથી ગુંગો કાઢી દાંત હેઠે દાબે એટલેથી સંતોષ ન થાય એને, ( તો ) જીભનું ટેરવું અડાડે અને સ્વાદ લ્યે ગુંગાનો ! અરે પણ શું તું કરેશ સુંદરજી ? એનું નામ

સુંદરજી હતું, એના બાપનું નામ રૂપા, ભાવસાર હતા, આ ઉમરાળા, આ દેહનો જનમ છે ને ઉમરાળા અહીંથી અગિયાર માઈલ, દેહ ત્યાંનો મેં એને કીધું એલા સુંદરજી આ શું કરેશ તું આ ? વળી કાઢી નાખે, વળી આડી અવળી નજર થાય ત્યાં બીજો કાઢે, દાબે ને અરે ભાઈ આ શું કરે છે તું ? ભાઈ મને ટેવ પડી ગઈ છે, એમ બિચારો કહેતો. મને આ ટેવ પડી ગઈ છે, અરે પણ અમે અહીં બેઠા છીએ આ વાણીયાના દીકરા ચોખ્ખા શરીર એમાં તું આ ગુંગા સ્વાદ લે છો, એમ આ આત્મા સુંદર રૂપા છે, આ તો બનેલું છે હોં, સુંદરજી રૂપા એના બાપનું નામ રૂપો ઉમરાળા જન્મ સ્થળ અગિયાર માઈલ છે ને અહીંથી. તેર વર્ષ અહીં રહેલાને જનમ સ્થાનમાં, નવ વર્ષ દુકાન પાલેજ, ભરૂચ ને વડોદરા વચ્ચે પાલેજ છે ત્યાં નવ વર્ષ દુકાન ઘરની હતી પિતાજીની નવ વર્ષ ત્યાં, પણ આ એંસી વર્ષની અઠયોતેર વર્ષ પહેલાંની વાત છે, અગિયાર વર્ષની ઉંમર તે દિ' હતી. આહાહાહા !

આંહી પ્રભુ કહે છે કે તું સુંદર રૂપા તારું આનંદરૂપ ને જ્ઞાનરૂપ પ્રભુ છો. એમાં પુણ્ય ને પાપના ગુંગાના કાઢીને સ્વાદ લ્યે છો, પ્રભુ તને શોભતું નથી. અંદર પ્રભુ તું સચ્ચિદાનંદ પ્રભુ છો ને ભાઈ વસ્તુ હોય, જે વસ્તુ હોય, તે દુઃખરૂપ ન હોઈ શકે, પહેલું ન્યાય સમજો લોજીક. જે વસ્તુ હોય, આત્મા છે એ વસ્તુ છે, તો એ પોતે દુઃખરૂપ ન હોઈ શકે, વસ્તુ હોય તે તો આનંદરૂપ ને જ્ઞાનરૂપ હોઈ શકે. એવી ચીજ જે અંદર આત્મા જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ એને ભૂલી જઈ અને આ પુણ્ય-પાપના ભાવના ગુંગાના સ્વાદ લ્યે છે, એ રખડવાના લખણ છે બધા, ૮૪ યોનીમાં અવતારના કારણ છે. આહાહાહા !

એકવાર તો છોડ. આરે પ્રભુ તને ટાણાં આવ્યા મનુષ્યપણું મળ્યું, સાચો ઉપદેશ તને કાને પડે. એ જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ પ્રભુ, વસ્તુ છે-વસ્તુ છે, તત્ત્વ છે એમાં જે આ પુણ્ય-પાપની વિકૃત દશાઓ ભાવ થાય છે, એ દુઃખરૂપ છે, અભિપ્રાયમાં એને જુદાં જાણી અને અભિપ્રાયથી ત્યાંથી પાછો ફર, શ્રદ્ધાથી પાછો ફર, અભિપ્રાયથી પાછો ફર એ પુણ્ય ને પાપના ભાવ દુઃખરૂપ છે મારું સ્વરૂપ અંદર આનંદ છે. એવું છે, એવું જ્યાં જાણે છે, ત્યારે તે પુણ્ય-પાપના ભાવને અહીં ક્રોધ કીધા છે એને, એનાથી નિવૃત્ત થાય છે. આહાહાહા !

હાથમાં દોરડુ પકડયું છે એમ જાણ્યું હોય, અને આવી ગયો હોય સર્પ, દોરડું દોરી રાતે જાણે દોરી પડી છે એમ લીધી આમ પછી જાણે આ તો સર્પ પછી છોડી દે છે. એમ ભગવાન આનંદનો નાથ પ્રભુ, જ્ઞાનપ્રજ્ઞાનો સાગર આત્મા, એ પુણ્ય-પાપના ઝેરના પ્યાલા હાથમાં લીધા એણે અંદર પણ જાણ્યું છે કે આ તો દુઃખ ને વિકાર છે, છોડી દે છે. ભાઈ આવી વાતો થાય. આ સાદામાં સાદી ભાષા છે આમાં કોઈ સંસ્કૃત ને વ્યાકરણને એવું કોઈ નથી. સરદારજી ! ભગવાન બહુ સાદી ભાષા પ્રભુ તારી છે. આહાહાહા ! આહાહા !

"એ આત્મા આસ્રવોથી પારમાર્થિક નિવૃત્ત ન થાય તો આત્મા ને આસ્રવોના પારમાર્થિક ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી." શું કહ્યું ? કે શુભ-અશુભ ભાવ એ મેલ છે ને પ્રભુ છે નિર્મળાનંદ અંદર એ બે ની ભેદજ્ઞાન સિદ્ધિ થાય તો તો એનાથી નિવૃત્ત થાય જ તે, પણ જો નિવૃત્ત ન થાય તો એને ભેદજ્ઞાનની સિદ્ધિ જ નથી. આ તો મંત્રો છે આ કાંઈ કથા નથી બાપા. આ તો સર્પના ઝેર ચડયા હોય એને મંત્રથી ઉતારે છે ને ? વીંછીના ઝેર વીંછી, મંત્ર એમ આ

ઝેર ચડેલા છે અનાદિના. આહાહાહાહા !

એ શુભ ને અશુભ ભાવ એ અશુભભાવ તો ઠીક પણ શુભ આકરો લાગે છે એને, પરની દયા પાળવાનો ભાવ એ શુભ છે, રાગ છે, આહાહા ! ગાંધી વ્યાખ્યાનમાં આવ્યા'તા ને રાજકોટ મોહનલાલ ગાંધી ૯૫ માં વ્યાખ્યાનમાં આવ્યા'તા ત્યારે આ કહ્યું'તું, કે પરની દયાનો વિકલ્પ ઊઠે છે એ રાગ છે અને પરની દયા પાળી શકું છું એ ક્રિયાનું અભિમાન મિથ્યાત્વ છે, આકરી વાત છે પ્રભુ. આહાહા ! હું બીજાને જીવાડી શકું છું, બીજાને સુખની સામગ્રી દઈ શકું છું, એ મિથ્યા અભિપ્રાય છે. એ આંહીથી તો છૂટયો, પરની ક્રિયા તો મારી નહિ શરીરની કે આ લેવા દેવાની, પણ અંદરમાં ભાવ થાય છે શુભ ને અશુભ, એને જો સુખી થવું હોય, એ પુણ્ય ને પાપના ભાવ મારાં છે એ દુઃખને પંથે પડયો છે, દુઃખને રસ્તે છે. જેને એ દુઃખના પંથ છોડવા હોય ને સુખને પંથે આવવું હોય, તો એ શુભ–અશુભ ભાવ મારું સ્વરૂપ નહીં, એ તો કૃત્રિમ વિકૃત ઊભો થયો છે ભાવ, અકૃત્રિમ મારો ત્રિકાળી આનંદકંદ સ્વરૂપ પ્રભુ, એ એનાથી ભિન્ન છે, એમ એનાથી પાછો વળી અને ભેદજ્ઞાન કરે, અને પાછો ન વળે તો એને ભેદજ્ઞાનની સિદ્ધિ થઈ જ નથી. એને દુઃખરૂપ જાણી અને પાછો ન વળે, તો એને પાછા વળવાનું ભેદજ્ઞાન થયું જ નથી. આહાહાહાહા ! આવું છે.

આ દુનિયાથી જુદી જાત લાગે આખી, ધર્મના નામે જ્યાં વાતું હાલતી હોય એથી જુદી, સંસારને નામે તો એકલું પાપ બાઈડી, છોકરાં ને ધંધા ને, ધર્મના નામે દયા ને દાનને વ્રત ને ભક્તિ ને પૂજા ને ધમાલ હાલે છે. એ પણ વૃત્તિ છે, એક રાગ છે. આહાહા ! એ અને મારી ચીજ અંદર કાયમી અનાદિ અનંત નિત્યાનંદ સહજાત્મસ્વરૂપ પ્રભુ ભિન્ન છે, એમ જેને ભાન થાય એ પુણ્ય ને પાપના ભાવથી નિવૃત્ત થાય, અભિપ્રાયમાંથી છૂટી જાય, એ મારાં છે એ અભિપ્રાય છૂટી જાય છે. ભલે અસ્થિરતા રહે, પણ અભિપ્રાયમાં એ મારાં હતા એ અભિપ્રાય છૂટી જાય, અને જો એનાથી અભિપ્રાય ન છૂટે તો એને ભેદજ્ઞાન નથી થયું.

આરે ! આરે ! આવી વાતું છે. પોણો કલાકમાં તો આવી વાતું એમાં આ બધી હાલે છે વાતું સંપ્રદાયમાં એ માયલી તો કંઈ વાત આવી જ નહિ બધી ખબર છે બાપા, બધી તમારી આખા સંપ્રદાયની આખા હિન્દુસ્તાનને જોયો છે દસ દસ હજાર માઈલ તો આ ત્રણ વાર ફર્યા છીએ આખા હિન્દુસ્તાનમાં, આ વાત જુદી છે બાપુ. આહાહા !

( શ્રોતાઃ– પરમાત્મા થવાનો મારગ તો જુદી જાતનો જ હોયને ? ) જુદી જાત છે ભાઈ અનંત અનંત કાળ વીત્યો. આ ૮૪ના અવતારમાં આ આત્મા તો અનાદિનો છે, એને આ ૮૪ લાખ યોનીમાં અવતાર કરી કરીને અનંતો કાળ ગયો છે ભાઈ. પણ ક્યાંય એ આત્મા રાગથી ભિન્ન છે એવું એણે જ્ઞાન ન કર્યું, ત્યાં રોકાઈ ગયો, કાં દયા પાળીને વ્રત કર્યા ને અપવાસ કર્યા ને તપસ્યાઓ કરી ને ભગવાનનું ભજન કર્યું, હવે એ બધો રાગ છે, ત્યાં રોકાઈ ગયો પણ અંદર ભગવાન ભિન્ન છે, આત્મા એટલે ભગવાન હોં આંહી. આહાહા ! એ આવી ગયું. આમાં આપણે, ત્રણ વાર ભગવાન ભગવાન કીધું. ભગ નામ લક્ષ્મી અનંત જ્ઞાન ને અનંત આનંદ ને અનંત શાંતિ એ જેમાં લક્ષ્મી 'ભગ' પડી છે, 'ભગ' એટલે લક્ષ્મી એનો વાન એ લક્ષ્મીવાન છે પ્રભુ. આ ધૂળની નહિ હોં, ધૂળની લક્ષ્મીના ધણી તો જડ છે. લક્ષ્મીપતિ એમ કહે છે ને ?

ઉદ્યોગપતિ ને નરપતિ ને એ તો બધા જડ મૂંઢ છે. આહાહા !

અંદર લક્ષ્મી અંદર અનંત જ્ઞાન, અનંત આનંદ જેનો સ્વભાવ છે તેને હદ શી ? જેનું સ્વરૂપ છે કાયમી તેને મર્યાદા શી ? એવી અપરિમિત, અમર્યાદિત જ્ઞાન ને આનંદ ને શાંતિનો સાગર ભગવાન, એનાથી જ્યાં વિરુદ્ધ ભાવને જ્યાં ઓળખ્યા, એ અભિપ્રાયથી પાછો ન ફરે તો એણે ઓળખ્યા જ નથી. સમજાણું કાંઈ ? સમજાણું કાંઈ એટલે વિસામાનું વાક્ય છે. વિસામાનું વાક્ય છે ને ? કોઈને એમ કહે છે, એમ કહે છે વાત કરતાં કરતાં કાંઈક વચ્ચે આવે એમ કે ત્યાં એને સમજાય છે ? એવું આમ વિસામાનું વાક્ય છે. અને એ વિસામો ત્યારે મળે એને કે પુણ્ય ને પાપના ભાવથી પાછો ફરીને નિત્યાનંદ પ્રભુમાં આવે તો વિસામો મળે, બાકી વિસામો મળે એવું નથી. આહાહાહાહા ! સમજાય છે ? ભગવાન આત્મા અંદર છે ને બાપુ, આહાહા !

આહાહા ! આત્મા અને આસ્રવોના પારમાર્થિક ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી "માટે ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિની સાથે અવિનાભાવી" એટલે ? એ શુભ-અશુભના ભાવથી નિવર્ત્યો અને આત્માના સ્વભાવમાં આવ્યો એની સાથે એવા જ્ઞાનમાત્રથી, એ જ્ઞાન થયું જ્યાં હું આત્મા શુદ્ધ ચૈતન્ય છું ને રાગાદિ વિકાર છે, એ અંદર જ્ઞાન ભાન થયું, એ જ્ઞાનમાત્રથી જ અજ્ઞાનથી થતો પૌદ્‌ગલિક કર્મનો બંધ નિરોધ થઈ જાય છે એને નવા આવરણ આવતા નથી. આહાહાહાહા.....

ફરીને, જ્યારે પુણ્ય ને પાપ, ક્રોધ એટલે પુણ્ય-પાપ ભાવ એના આસ્રવોથી એટલે બંધનના કારણો એનાથી નિવૃત્તિની સાથે અભિપ્રાયથી જ્યાં નિવર્ત્યો તો એની સાથે અવિનાભાવી જે જ્ઞાન, આહાહાહા..... રાગથી નિવર્ત્યો ત્યારે અવિનાભાવી જે જ્ઞાન એ જ્ઞાનમાત્રથી અંદર બંધ રોકાઈ ગયો. જાણ; જ્ઞાન થયું જ્યાં આત્માનું ને રાગનું ભિન્ન ત્યાં બંધન અટકી ગયું અજ્ઞાનથી બંધન થતું તે બંધન થતું નથી. આહાહાહા ! ભાન થયું ને ભાન !

એક મા-દીકરો હતા, મા નવી હતા, નવી મા અને પોતે જાુનીનો, એ નવી મા જુવાન અવસ્થામાં જરી એમાં એની વહુ છે એ નહાવા ગયેલા અને વહુના કપડા એની બાએ પહેરેલા નવી મા, કપડા. આ બનેલું છે. ઓલી એની વહુ છે તે લુંગડા ને કપડા ધોવા ગયેલી, અને એના કપડા વહુના છે એ એની નવી મા ઓઢીને સુતેલી, એમાં ઓલા છોકરાને વિષયની વાસના આવી, થઈ, એટલે આમ ઠેબું માર્યું એ જાણે કે વહુ છે, ત્યાં ઓલી જાગી, કેમ ભાઈ ? વહુ નહાવા ગયા છે, આમ જ્યાં કીધું ત્યાં દૃષ્ટિ ફરી ગઈ, ફડાક દઈને, આ ભાન થયું ત્યાં આ તો કહે મારી નવી મા, આ કપડાને લઈને હું મુંઝાઈ ગયો'તો. ઓલી સમજી ગઈ, કેમ ભાઈ ! બા, વહુ નહાવા ગયા છે. આમ જયાં કીધું ત્યાં, અરે ! આ તો મા. દૃષ્ટિ ફરી ગઈ. એમ પુણ્ય ને પાપના ભાવ મારાં છે એમ માનીને સુતો છે, એને ભગવાન ને જ્ઞાનીએ એને જણાવ્યું બાપા એ ભાવ તારા નહિ. જાગ રે જાગ તારા નહિ. ત્યાં અભિપ્રાયમાંથી છૂટી ગયો, મારાં જે માન્યા'તા એ અભિપ્રાય છૂટી ગયો, મારી વહુ છે એમ જે અભિપ્રાય હતો ત્યાં મારી મા છે એમ થઈ ગયું. આ બોટાદમાં બન્યું છે. આંહી તો ઘણાં વરસ થઈ ગયા ને ૬૬ વરસ તો દીક્ષા લીધે થયા છે દુકાન છોડયા ૬૬ વર્ષ ૬૭ વર્ષે બધું ઘણું જોયું જગતને. આહાહા ! અરેરે ! પ્રભુ તું કોણ છો ? તારી કાયમની ચીજ અસલી શું છે ? તું તારી કાયમની અસલી ચીજ શું છે ? કે કાયમની અસલી

ચીજ તો જ્ઞાન ને આનંદ તારામાં છે. આ તો વિયોગ થઈ જાય છે શરીર છૂટી જાય છે હાલ્યો જાય ને બીજે જાય છે, પણ અંદરમાં જે શુભ ને અશુભ ભાવ એ એની ચીજ નહિ એ અસલી ચીજ નહિ એ નકલી ચીજ નવી ઉત્પન્ન થઈ. સમજાણું કાંઈ ? આહાહાહા !

એમ જ્યાં બે ના વચ્ચેના લક્ષણ ને સ્વભાવના ભેદ જાણ્યા એથી એ અભિપ્રાયમાંથી શ્રદ્ધામાંથી મારા માન્યા'તા એ છૂટી જાય છે એને, અને જો છૂટે નહિ, છોડે નહિ તો તેને ભેદજ્ઞાન થયું નથી. 'બે' ને જુદાં જાણ્યા નથી. આંહી ભાઈ બીજા એમ કહે છે કે પૂર્ણ આસ્રવથી છૂટી જાય તો એને, એ આંહી વાત નથી. આંહી એની વાત નથી અહીંયા, એમ કે આસ્રવથી નિવૃત્તિ ન હોય, પણ એ અભિપ્રાયથી નિવર્ત્યો ન હોય, અભિપ્રાય જે મારાં હતા એમાંથી છૂટી જાય અને છૂટે નહિ તો ભેદજ્ઞાન નથી. ( શ્રોતાઃ– ભાવાર્થમાં તો ચોખ્ખું લખ્યું છે ) કર્યું છે પણ એ માનતા નથી એ લોકો એ પંડિતો છે ને ઓલા રતનચંદજી ને આ બધે આ ગાથાના અર્થ પણ કરનારા ક્યાં ?

આંહી તો ઓગણીસમી વાર હાલે છે આ, સભામાં આખું સમયસાર અઢાર વાર તો પુરું થઈ ગયું છે એક એક શબ્દનો એક એક અક્ષરનો અર્થ પણ એ લોકો ઊંધા અર્થ કરે છે કેટલાંક, પૂર્ણ પૂર્ણ પુણ્ય–પાપના ભાવથી છૂટી જાય તદ્દન તો તેને ભેદજ્ઞાન કહેવાય. ( શ્રોતાઃ– પણ ભેદજ્ઞાનથી સંવર થયો સંવર, ચોથે ગુણસ્થાને તો થાય છે ) છે એ, પણ એ ન માને ઈ, એ તો કહે પૂર્ણ જોઈએ ત્યાગ. આંહી તો એ વાત છે અર્થમાં એમ લ્યે છે પોતે. મારા તરીકે માનતો તે અભિપ્રાય છૂટી ગયો, પણ હજી પુણ્ય–પાપના ભાવ રહ્યા ખરા, અસ્થિરતાના જ્યાં સુધી અંતરસ્વરૂપમાં રમણતા ન થાય ત્યાં સુધી એ ભાવ હોય, પણ મારાં તરીકે હતા એ વાત છૂટી ગઈ. આહાહાહા !

બળખો આવ્યો એ કાઢતા વાર લાગે જરીક મોટો હોય તો, પણ અભિપ્રાયમાંથી થઈ ગયો કે આ છોડવો, આ છોડવા જેવો છે પછી છૂટતા જરીક વાર લાગે એને આમ લાંબો હોય, તો પણ અભિપ્રાયમાં એ મારો છે એમ નહિ. આહાહાહા ! આવી વાતું છે. એમ અંદર શ્રદ્ધામાં શુભ–અશુભ ભાવ મારાં છે એ ભાવ છૂટી ગયો, છતાં હજી શુભભાવ હોય ખરો. પૂર્ણ વીતરાગ પૂર્ણ પરમાત્મ દશા ન થાય ત્યાં સુધી હોય, પણ અભિપ્રાયમાંથી મારાં હતા એ અભિપ્રાય છૂટી ગયો. આહાહાહાહાહા ! સરદારજી ! ભાષા તો સાદી છે હોં છે તો ઊંચી વસ્તુ બાપા. આ દુનિયા. આહાહા !

"આસ્રવોથી નિવૃત્તિ સાથે જે અવિનાભાવી છે" એટલે જ્ઞાનમાત્ર, એમ આસ્રવોથી નિવૃત્ત થયો ત્યાં જ્ઞાનમાત્ર થયું જ છે અંદર. આહાહાહા ! ભગવાન આત્મા જ્ઞાનનો પિંડ પ્રભુ, જ્ઞાન જ્ઞાન એટલે જાણવું હોં જ્ઞાન એટલે આ શાસ્ત્રના પાના એ નહિ, અંદર જાણક સ્વભાવ જેમ સાકરનો મીઠો સ્વભાવ, એમ ભગવાન આત્માનો જ્ઞાન સ્વભાવ કાયમી ત્રિકાળી સ્વભાવ, એ જ્ઞાનસ્વભાવનું જ્યાં રાગથી ભિન્ન થયું, ત્યાં જ્ઞાનસ્વભાવથી જ બંધ અટકી ગયો. એનું જ્ઞાન થયું તેમાં બંધ અટકી ગયો, અસ્થિરતાની વાત થોડી રહી એ વાત જુદી છે. હજી એટલો બંધ થોડો હોય, પણ એ મારાં છે એવા અભિપ્રાયમાં જે મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો બંધ હતો તે બંધ ત્યાં અટકી જાય છે. આ ભાષા જરી શાસ્ત્રની છે. આહાહા !

એવા જ્ઞાનમાત્રથી જ, આ સર્પ છે એમ જ્યાં પકડાઈ ગયો છે ઈ મારા હાથમાં દોરડી, ને સર્પ છે એમ જ્ઞાન થયું ત્યાં છુટી ગયો છે. ભલે આમ છોડતા હજી વાર લાગે આમ, પણ અભિપ્રાયમાંથી તો છૂટી ગયો. "અને અભિપ્રાયમાંથી ન છૂટે તો તેને રાગ અને સ્વભાવ વચ્ચેનું ભેદજ્ઞાન થયું નથી." આ વાત સમજાય એવી છે પ્રભુ. તારા ઘરની સાદી ભાષા પ્રભુ છે, એ સાદો છે આત્મા ને સાદી ભાષા છે. આમાં કોઈ સંસ્કૃત ને મોટી વ્યાકરણની( વાત નથી ). આહાહાહા ! એવું સ્વરૂપ છે. વિશેષ કહેવાશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૫૨ ગાથા-૭૨ તા. ૦૩/૧૨/૭૮ રવિવાર માગશર સુદ-૩

ગાથા-૭૨ સમયસાર. છેલ્લો પેરેગ્રાફ છે ને ટીકાનો, સૂક્ષ્મ અધિકાર છે જરી.

આંહીંયા એમ કહે છે કે આ દેહમાં, જે દેહ છે એ તો જડ છે માટી પણ અંદરમાં આત્મા જે ચીજ છે, એ જાણક સ્વભાવથી ભરેલો જ્ઞાનસ્વરૂપી જેનો જ્ઞાન સ્વભાવ જેમાં કર્મેય નથી, શરીરેય નથી અને જેમાં પુણ્ય ને પાપના ભાવ, શુભ-અશુભ ભાવ થાય છે એ બંધના કારણો વિકાર છે, એ ભગવાન સ્વરૂપમાં એ નથી. ચૈતન્યબિંબ પ્રભુ જ્ઞાયકસ્વભાવ જેના સ્વભાવમાં જ્ઞાન ને આનંદ આદિ પરિપૂર્ણ ભર્યા છે. આકરી વાત છે ભાઈ, એવો આત્મા અને એની દશામાં વર્તમાનમાં હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ પાપ બંધનના કારણ છે. અને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ એ ભાવ પુણ્ય બંધનનું કારણ છે એ ધર્મ નથી. એ મેલ છે કાલે આવ્યું' તું ને ? શુભ ને અશુભ ભાવ અશુચિ છે, મેલ છે. ભગવાન જ્ઞાયકસ્વરૂપ તત્ત્વ ચૈતન્ય એ નિર્મળાનંદ પ્રભુ છે. એ બેનું જેને ભેદજ્ઞાન થાય છે, ઝીણી વાત છે ભાઈ. એ મલિન ભાવ, જડ ભાવ એ દુઃખ ભાવ એનાથી આત્મા જ્ઞાનભાવ, ચૈતન્યભાવ, સુખભાવ બે વચ્ચેનું જેને અંતરમાં જુદાઈનું જ્ઞાન થાય છે. બીજી દ્રષ્ટિએ કહીએ તો વર્તમાન દશામાં જે થતા પુણ્ય-પાપના ભાવ એની ઉપર જે દૃષ્ટિ છે પર્યાય દ્રષ્ટિ, અવસ્થા, વિકાર દ્રષ્ટિ એ દ્રષ્ટિ છૂટી ને ત્રિકાળી આનંદ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા તત્ત્વ એના ઉપર જેની દૃષ્ટિ જાય છે, એ પુણ્ય-પાપના ભાવથી નિવૃત્ત થાય છે, આવી વાતું છે ભગવાન. આહા !

જેને પોતાના જ્ઞાનસ્વરૂપ ( એવો ) પ્રભુ આત્મા પ્રજ્ઞા-પ્રજ્ઞાબ્રહ્મ, જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ આત્મા છે, એની દશામાં વર્તમાન હાલતમાં અનાદિથી શુભ ને અશુભ ભાવ થયા કરે છે, એ દુઃખરૂપ છે એનાથી ( જુદો ) આત્મા આનંદસ્વરૂપ છે. આહાહા ! વસ્તુ છે એ કોઈ દુઃખરૂપ ન હોય, દુઃખ એ વિકૃત છે અને ભગવાન અંતઃસ્વરૂપ છે. અવિકૃત આનંદ સ્વરૂપ છે. એ બેનું જેને અંતરમાં જુદાઈનું ભાન થાય છે, કે આત્માના સ્વભાવથી જુદા જે પુણ્ય-પાપના ભાવ તેનાથી અભિપ્રાયથી તે નિવૃત્તિ જાય છે, એ મારાં છે એમ જે માન્યું છે એવી જે શ્રદ્ધા ને અભિપ્રાય એનાથી છૂટી જાય છે અને પોતાનો જ્ઞાનસ્વભાવ ચૈતન્ય શાશ્વત આત્મા શાશ્વત વસ્તુ છે, નવો થયો નથી. અનાદિનું તત્ત્વ છે એ, સત્ત છે-સત્ત છે, છે એની આદિ શું ? છે તેનો નાશ શું ? છે તેના સ્વભાવથી ખાલી શું એ ? એવો જે આત્મા એને જેણે પુણ્ય ને પાપના ભાવથી વર્તમાન બુદ્ધિની વિકૃત બુદ્ધિથી છૂટી અને નિર્વિકારી ભગવાન આત્મા એવી જેને દૃષ્ટિ થઈ, તે

શ્રદ્ધામાંથી પુણ્ય-પાપના ભાવ( થી ) નિવર્ત્યો એ મારા નહિ આવી વાત છે બાપુ, જગતથી જુદી જાત છે. આહાહા ! કહો પંડિતજી ! મોટો પ્રોફેસર છે, પંડિત છે સંસ્કૃત ( ના ) આ સંસ્કૃતનું આંહી કામ નથી.

આંહી તો ભગવાન ચૈતન્યસ્વરૂપ અંદર ઝળહળ જ્યોતિ શાશ્વત વસ્તુ છે એને જેણે અશાશ્વત નામ કૃત્રિમ જે પુણ્ય ને પાપના ભાવ એનાથી શાશ્વત ચીજને જેણે જુદી જાણી એ અભિપ્રાયથી, આશયથી, શ્રદ્ધાથી એ પુણ્ય-પાપના ભાવથી નિવૃત્તિ જાય છે, એ મારાં નહિ. ત્યારે તેને આત્માનું જ્ઞાન થાય છે અને એ જ્ઞાન થતાં આત્મામાં જે અતીન્દ્રિય આનંદ છે, તે અતીન્દ્રિય આનંદનો એને ત્યાં સ્વાદ આવે છે. આહાહા ! જે અનાદિ કાળથી, પુણ્ય ને પાપના શુભ-અશુભ ભાવ જે રાગ છે એનો એને અનાદિથી સ્વાદ છે, અનુભવ છે, એ વિકારનો સ્વાદ અને અનુભવ છે, એ દુઃખનો અનુભવ છે. એનાથી પાછો વળે છે અંદરમાં, ત્યારે તેને આત્મજ્ઞાન થાય છે કે આ આત્મા તો પરિપૂર્ણ વસ્તુ છે ત્યારે તેને આત્મામાં જ્ઞાન થતાં, આસ્રવોથી નિવૃત્ત થતાં, અંતરમાં અતીન્દ્રિય આનંદનો જે સચ્ચિદાનંદ પ્રભુ આત્મા આનંદસ્વરૂપ છે, એનો એને અંશે સ્વાદ આવે છે. અરે ! અરે ! આ શું હશે ?

આ બહારના જે મેસુબ ને એ ખાય છે એનો સ્વાદ નથી જીવને, કેમ કે એ તો જડ છે, અને આત્મા તો અરૂપી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે એ મેસુબ, પેંડા, લાડવા એને એ ખાતો નથી, ફક્ત એનું લક્ષ ત્યાં જાય છે અને આ ઠીક છે એવો રાગ ઉત્પન્ન કરે છે, એ રાગનો સ્વાદ અને રાગને અનુભવે છે. આરે ! આરે ! એમ સ્ત્રીનું શરીર, આ માંસ ને હાડકાં, ચામડા એને જીવ ભોગવતો નથી, કેમ કે એ તો જડ ધૂળ છે ને આ પ્રભુ તો અરૂપી છે, આત્મા તો રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે પણ અનાદિથી એ ચીજ ઉપર લક્ષ જઈ અને આ મને ઠીક પડે છે, એવો જે રાગભાવ ઉત્પન્ન કરે છે, એ રાગને અનુભવે છે, શરીરને નહીં. આહાહા ! સમજાય છે કાંઈ ? આહાહાહા !

સરદારજી, સમજાય એવું છે. ભાષા સાદી છે ભગવાન ! આ તો અલૌકિક પરમ સત્ય છે પ્રભુ. શું કહીએ ? સર્વજ્ઞ પરમેશ્વર એનાથી સિદ્ધ થયેલી વાત છે આ, પણ જગતને સાંભળવા મળવી મુશ્કેલ પડે એવું છે. આહાહા !

કહે છે એ આવ્યું ને ? છેલ્લો પેરેગ્રાફ "વળી, જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે" છે લીટી ? બીજો પેરેગ્રાફ, શું કીધું ઈ ? કે આ આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ છે, અને પુણ્ય ને શુભ-અશુભ ભાવ એ આસ્રવના દુઃખના કારણ છે એ બેનું જેને ભેદજ્ઞાન થાય છે, "બેનું જેને જુદાપણાનું જ્ઞાન થાય છે, તે અજ્ઞાન છે કે જ્ઞાન છે ? " હવે વાતને સિદ્ધ કરે છે, શું સિદ્ધ કરે છે ? કે જે આત્મા છે જ્ઞાન ને આનંદસ્વરૂપ અને પુણ્ય-પાપના મલિનભાવ દુઃખરૂપ એનાથી ભિન્ન થઈને જે આત્માનું જ્ઞાન થયું એ જ્ઞાનમાત્રથી જ તેને કર્મ બંધન અટકી જાય છે. હું તો ચૈતન્ય સ્વરૂપ છું. આનંદ ને જ્ઞાન અને આ રાગાદિ દુઃખરૂપની દશા વિકૃત છે એવું બે વચ્ચેનું ભેદજ્ઞાન થતાં તેને આનંદનો અનુભવ થાય છે, અને આસ્રવથી નિવર્તે છે, અભિપ્રાયમાંથી.

હવે આંહીં એ સિદ્ધ કરે છે કે એ તો જ્ઞાન જ્યાં થયું જ્ઞાનભાવ કાલ દાખલો નહોતો આપ્યો સ્ત્રીનો નવી માનો સ્ત્રી છે એમ જાણ્યું 'તું જ્યાં અરે આ તો માતા ભલે નવી મા પણ

માતા જનેતા એમ જ્યાં જ્ઞાન ખ્યાલમાં આવી ગયું, ત્યાં જે વિકારબુદ્ધિ હતી એ ટળી ગઈ ફડાક દઈને, જ્ઞાન થયું જ્યાં આ તો માતા, એ મારી જનેતા છે આ શરીરની જનેતા હોં આત્માની જનેતા નહીં હો, આત્મા તો અનાદિ છે. આ ધૂળ, એમ જ્યાં ખ્યાલ આવ્યો સ્ત્રી છે એમ ધાર્યું'તું ત્યારે એને વિકારની બુદ્ધિ ઉત્પન્ન થઈ'તી, આ તો માતા, વિકારબુદ્ધિ ગઈ. આહાહા !

એમ પુણ્ય ને પાપના ભાવ એ મારાં છે એમ માન્યું'તું ત્યાં સુધી તો તેનું અજ્ઞાન હતું, ને તેને દુઃખનું વેદન હતું. મારાં હોય એ જુદા પડે નહિ જુદાં પડે એ મારાં નહિ, એ શુભ ને અશુભ ભાવ વિકાર છે એ જુદા પડી જાય છે, જુદા પડે એ મારી ચીજ નહિ. આહાહાહા ! અરે આવી વાતું.

મારો ભગવાન તો આત્મા જાણક ને આનંદ એ સ્વભાવથી કોઈ દિ' જુદો ન પડે, જેનો ભાવ સ્વભાવ છે જેનો, તેનાથી તે જુદો ન પડે ને પુણ્ય-પાપના ભાવથી તો જુદો પડી જાય છે. આહાહા ! પાપના ભાવ વખતે પુણ્ય નથી. દયા, દાન, વ્રત એ વખતે નથી. હિંસા, જૂઠું, ભોગ, વિષય, વાસનાના ભાવ વખતે, ત્યારે પછી જ્યારે દયા, દાન આવે ત્યારે ઓલા ભાવ નથી ત્યારે છૂટી જાય છે, એ નથી એટલે અને દયા, દાનનો ભાવ આવે ત્યારે પાપભાવ છૂટી જાય છે પાપ ભાવ છૂટી જાય છે ત્યારે દયા, દાન પુણ્યભાવ આવે, બેય છૂટવા લાયક ચીજ છે. બેય પોતાની જો હોય તો છૂટી શકે નહિ, માટે પોતાની નથી માટે છૂટી જાય છે. આહાહા ! આવી વાતું ભાઈ.

એમ જેણે અંદરમાં આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન થતાં કર્મબંધન અટકી જાય છે અને એ પ્રકારનું અનંત સંસારનું બંધન થાય એટલું અટકી જાય છે, અસ્થિરતાનું છે એને અહીં ગણ્યું નથી, અનંત સંસારમાં રખડવાનું જે બંધન છે, એ વિકાર અને નિર્વિકારી ચીજ બે વચ્ચેના ભેદજ્ઞાન, જ્ઞાનમાત્ર થતાં એ વિકારનું બંધન અટકી જાય છે, જો એ જ્ઞાનમાત્રથી વિકારનું બંધન ન અટકે તો અમે તને પૂછીએ છીએ, લોજીકથી કે એ આત્મા ને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન ? આ વકીલાત જેમ વકીલ કરે ને પ્રશ્ન એમ કર્યો છે અત્યારે, શું કીધું ઈ ? કે આ આત્મા અંદર શાશ્વત વસ્તુ છે. છે છે છે છે છે છે છે અનાદિની છે, અત્યારે છે, ભવિષ્યમાં રહેશે, છે. એવો જે આત્મા અને પુણ્ય-પાપ જે કૃત્રિમ જે પર્યાયમાં અવસ્થામાં થતાં વિકાર એનું ભેદજ્ઞાન થતાં માત્ર જ્ઞાનમાત્રથી બંધન અટકી જાય છે. અને જો જ્ઞાનમાત્રથી બંધન ન અટકે તો અમે તને પ્રશ્ન કરીએ છીએ કહે છે. આહાહા ! આવી વાત છે. કે એ ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન ? એ શુભ-અશુભ ભાવથી જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ જુદો પડયો એવું જે જ્ઞાન, તે જ્ઞાન, અજ્ઞાન છે કે જ્ઞાન ?

આંહી જ્ઞાનમાત્રથી બંધન અટકે છે તે વાત સિદ્ધ કરવી છે. જ્યાં ભાન થઈ ગયું જ્યાં કે અરે હું તો ચૈતન્યમૂર્તિ અને આ વિકાર છે એ તો મલિન અને દુઃખરૂપ, એવું જ્યાં અંદર ભેદજ્ઞાન નામ ભિન્ન પડી ગયું જ્ઞાન, તે એ જ્ઞાનમાત્રથી જ એને સંસારનું અનંત સંસારનું બંધન અટકી જાય છે. એને રખડવું અનંત સંસાર તૂટી જાય છે. જો ન તૂટતો હોય તો અમે પ્રશ્ન કરીએ છીએ કહે છે સાંભળ કે જે આત્મા અંદર વસ્તુ છે શાશ્વત, અને પુણ્ય-પાપ જે કૃત્રિમ ક્ષણિક છે એનાથી ભેદ પડયો એ જ્ઞાન છે કે અજ્ઞાન ? આ વકીલને પૂછે ને ઓલા મોટા હોય, હેં ! પૂછે કોર્ટમાં અમનેય પુછતા'તા.

કીધું'તું ને હમણાં અમારા ઉપર તો બહુ વીતી ગઈ છે, બહુ બધુ વીતી ઘણી વીતી ગઈ છે ૬૩ની સાલમાં મોટો કેસ ચાલતો અમારા ઉપર અફીણનો ૬૩ ની સાલ, કેટલા વર્ષ થયાં ? ૭૨ વરસ. દુકાન ઉપર હતા દુકાન છે ને અમારી તો પાલેજમાં, ભરૂચ ને વડોદરા વચ્ચે મોટી દુકાન છે ને ત્યાં અત્યારેય ચાલીસ લાખ રૂપિયા છે, ત્રણ ચાર લાખની પેદાશ છે, ત્યાં હવે જવાના છીએ હમણાં. છોકરાઓએ માગણી કરી છે ને, કાલે સોમવાર અમદાવાદ છે, પરમ દિ' વડોદરા છે પાંચ દિ' વડોદરા ને પછી આઠ દિ' ત્યાં પાલેજમાં છોકરાંઓ છે માગણી છે. આહાહાહા !

આંહી શું કહેવું'તું, ( શ્રોતાઃ- વડોદરાનો કેસ ) વડોદરાનો કેસ હતો, અફીણનો એટલે દુકાનમાં ઓપીયમ નહિ ઓલા પોલીસ અફીણ રાખે. બક્ષિસ લેવા આવ્યા બક્ષિસ તે અમારા પિતાજી કહે ભાઈ તમારી હારે અમારે શું સંબંધ છે અમારે તો વેપાર એટલે વેપારી હારે સંબંધ હોય અથવા માસ્તરો જે છે રેલના એની અને પોર્ટર હોય એની હારે સંબંધ હોય માલ આવે જાય એટલે તમારી હારે સંબંધ ન હોય એટલે આઠ આના લ્યો. ઓલો કે રૂપિયો લઉં આ ૬૩ની વાત છે, સંવત ૧૯૬૩. એ થઈ તકરાર. એમાં મોટા વાંધા આવ્યા.

એ કોર્ટમાં ગયા તે કોર્ટમાં એણે ફરિયાદ કરી ત્યાં વડોદરા અમે ફરિયાદ કરી'તી ભરૂચ અમે વકીલ રાખ્યો'તો તે દિ' ૧૭ વર્ષની ઉંમર શરીરની ૧૭, ૧૦ ને ૭, આ તો ૭૨ વર્ષ પહેલાંની વાત છે ૮૯ અત્યારે છે, ત્યારે એ માળો પ્રેસીડેન્ટ હતો વડોદરામાં આમ ગામ બહાર છે મોટો પ્રેસીડેન્ટ, તે ત્રણ હજારનો પગાર તે દિ' ૬૩ ની સાલમાં ત્રણ હજારનો પગાર પ્રેસીડેન્ટ જજ એ જજ ભાઈ કહે છે પ્રેસીડેન્ટ, મેં તો ત્યાં જોયેલોને સવા મહિનો અમારે કેસ ચાલ્યો તો. અમને આમ જોયા, માળો હોંશિયાર માણસ ને ત્રણ હજારનો પગાર તે દિ' હોં, ૬૩ ની સાલ, આમ જોયા, કહે આ અફીણના ગુનેગાર, વાણીયાના મોઢા તો જુઓ, કહે છે. ( શ્રોતાઃ- થરથરતા તા, કાંપતા હતા તમે ત્યાં ? ) કોણ, કોણ કાંપે ક્યાં, એ જ કહું છું એ ત્રણ કલાક આમ મારી સાક્ષી લીધી મોટી કોર્ટ ત્રણ હજારનો પગાર, તે દિ' ત્રણ હજારનો એટલે પચીસ-ત્રીસ ગણો થઈ ગયો અત્યારે તો, હેં ! આહા ! પોણો લાખ, લાખ નહિ હોં, એ કોર્ટમાં એ અને એનો શિરસ્તેદાર હતો મુખ્ય, લાકડાનું ઓલું અંદર રહેતા હોય ઓલું બેઠક અને પછી અમને ગુનેગાર તરીકે પાંજરામાં બેસાડે, તો નહિ અંદર પ્રેસીડેન્ટે કહ્યું ઉભા રાખો બહાર, બિલકુલ આ લોકો તો વાણીયા એના મોઢા સામું જોવો તો અફીણ( ના ગુનેગાર નથી લાગતા ) ભાઈ ત્રણ કલાક સુધી લીધું મારું કોર્ટમાં એ પ્રેસીડેન્ટ અંગ્રેજી બોલતા હોય પણ એનો શિરસ્તેદાર હતો તે હિન્દીમાં હું ગુજરાતી બોલતો. ત્રણ કલાક ૧૭ વર્ષની ઉંમરની વાત છે ૭૨ વર્ષ પહેલાં પણ સત્ય હતું તે ત્રણ કલાક એવું કહ્યું લોકોને એમ થઈ ગયું મારાં સગાવહાલા હારે હતા એમને કાનજી કેમ થયું, કંઈ ધ્રુજ- ને કાંઈ નહિ ધ્રુજ, સત્ત છે એ કહી દીધું આપણે તો કોર્ટનો ત્રણ હજારનો પગાર હોય કે ધૂળ હોય અમારે શું છે ?

આંહી અમારે ગાંડાભાઈ હતા ફાવાભાઈના બાપા છે ને અત્યારે છોકરો ત્યાં સુરત એંસી લાખ રૂપિયા છે એની પાસે અત્યારે એંસી લાખ સુરતમાં છે એના બાપને ગુન્હેગારમાં ભેગા ગણ્યા'તા ત્રણ કલાક આમ સાક્ષી આપી. મારી ઉંમર ૧૭ વર્ષની ને રૂપાળું શરીર અત્યારે તો

૮૯ વર્ષ, બહાર નીકળ્યા ને પૂછયું ભાઈ કેમ થયું તને ? આવી કોર્ટમાં ત્રણ કલાક, કાંઈ થયું નથી કીધું, સત્ય હતું તે મેં તો મુક્યું છે, સત્યને આંચ શી છે, સત્ય મેં તો કીધું છે કે બિલકુલ વાત જુઠી છે. અફીણ-બફીણ અમે વેપારી લાવ્યા નથી ને કાંઈ છે નહિ, બધું આ ગુનો ખોટો કર્યો છે. ઓલાને હા પાડી ગયો, પ્રેસીડેન્ટને કરવું શું ? છેવટે એ કોર્ટ લાવ્યા, વડોદરાની કોર્ટ પાલેજમાં લાવ્યા. જ્યાં કેસ થયો તો ને પાલેજ ? આ ભરૂચની પાસે પાલેજ છે ને ? ભરૂચ અને વડોદરા વચ્ચે ત્યાં એ કેસ કોર્ટ લાવ્યા. ચુકાદો આપી દીધો.

પ્રેસીડેન્ટે ચુકાદો આપ્યો, મારી ત્રણ કલાકની સાક્ષી, બિલકુલ ગુનેગાર નથી આ, કેસ ખોટો ઊભો કર્યો છે. અને ત્યાં સુધી કીધું એણે કે જે પોલીસે આ કેસ કર્યો છે તમારા ઉપર, અમને સાતસેંનો ખર્ચ થયો તો, સાતસેં રૂપીયાનો ખર્ચ તે દિ' ની વાત છે હોં, આ ૬૩ની સાતસેંનો ખર્ચ થયો તો સવા મહિનો જાવું આવવું ને, તમે એ પોલીસ પાસેથી સાતસેં રૂપિયા લઈ શકો છો કારણકે કેસ તમારો ખોટો છે. હવે કીધું બિચારાને જવા દે ને ગરીબ માણસ, આંહીં તો કુદરતે એવું બની ગયું કોઈ એવો માણસ નીકળ્યો કે એ પોલીસને મારી નાખ્યો, કોઈ એનો દુશ્મન હશે કોઈ, મારી નાખ્યો અમે તો કીધું નહિ ગરીબ માણસ બિચારા આ એમ કે મારા સાતસેં ગયા તો, આંહી તે મારે ક્યાં તુટો પડવાનો છે આંહી શું કહેવું છે, કે ત્રણ કલાક સાચી વાત હતી તે જોવામાં ધ્રુજ નહોતી કાંઈ, મોટી કોર્ટ છે વડોદરાની બહાર છે મોટા ઝાડ ને મોટી પ્રેસીડેન્ટની ઓલી એનો ઓલો પંખો હોય છે ને મોટો આવો આ પંખો નહિ, પણ લુગડાનો મોટો જબ્બર બહારથી દોરી ખેંચે ને ત્યાં ત્રણ કલાક સુધી ઉભું રહેવું પડયું, પણ સત્ય હતું. એમ આ સત્ય વાત છે. એમ આ ભગવાન પરમાત્મા સંતો જગતને સત્‌ની જાહેરાત કરે છે માર્ગ આ છે બીજો નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા !

કહે છે પ્રભુ એક વાર સાંભળ, ભગવાન તું આત્મા છો ને આનંદ ને જ્ઞાનસ્વરૂપ, એવું જેને પુણ્ય ને પાપના ભાવથી જુદાઈનું ભાન થયું, તો એ જ્ઞાનમાત્રથી જ બંધન અટકી ગયું એને, ન અટકે તો હું પ્રશ્ન તને કરું છું કહે છે, એમ કહે છે, કોર્ટ ચલાવી છે આ. ઓલી કોર્ટ તો મોટી કોર્ટ હતી, આ આત્મા ને આસ્રવોનું ભેદજ્ઞાન છે એ અજ્ઞાન છે કે જ્ઞાન ? આ પ્રશ્ન પડયો, પૂછયો, ત્યારે કહે છે કે જો અજ્ઞાન છે એમ તું કહે, તો તો એ પુણ્ય ને પાપના ભાવથી જુદો પડયો નથી માટે તે અજ્ઞાન પ્રવર્તે છે એમાં, જુઓ આ કોર્ટના ન્યાય આ વીતરાગ સર્વજ્ઞની કોર્ટ છે કોલેજ છે, આ કોલેજ છે સર્વજ્ઞની.

અમે પૂછીએ છીએ, ભગવાન ચૈતન્ય જ્યોત પ્રભુ આત્મા જ્ઞાન સાગર, શાશ્વત વસ્તુ એવું જેને પુણ્ય ને પાપના વિકલ્પની લાગણીથી ભિન્ન ભાન થયું, એ ભાનવાળાને બંધન અટકી ગયું, એ જ્ઞાનમાત્રથી બંધન અટકી ગયું. જ્યાં ભાન થયું કે અરે, હું તો ચૈતન્ય શુદ્ધ ને આ તો અશુદ્ધતા ભિન્ન એવા ભાન માત્રથી એને સંસારનું રખડવું અટકી ગયું અને જો રખડવું અટકે નહીં તો અમે તને પૂછીએ છીએ કે જે પુણ્ય ને પાપના ભાવથી ભિન્ન જ્ઞાન થયું આત્માનું, એ જ્ઞાન છે કે અજ્ઞાન ? ઓલો કહે કે અજ્ઞાન છે, તો આત્મા અને આસ્રવોના અભેદ જ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ. જો અજ્ઞાન છે તો પુણ્ય ને પાપના ભાવને આત્માની જુદાઈ તો કાંઈ ન થઈ, એ ભેદજ્ઞાન જ થયું નથી, ન્યાય સમજાય છે ? ન્યાયમાં 'નિ' ધાતુ છે, ન્યાય કોર્ટ

આ ન્યાય સર્વજ્ઞના ઘરનો ન્યાય છે, ન્યાય એટલે 'નિ' ધાતું છે. વસ્તુનું જેવું સ્વરૂપ છે તેમાં તેને લઈ જવું દોરી જવું. એનું નામ ન્યાય, આ સરકારના ન્યાય એ તો જગતના ઘડેલા એના સરકારે. આ તો વસ્તુનો ન્યાય 'નિ' ધાતુ ન્યાયમાં લઈ જવું, જેવું સ્વરૂપ છે તેમાં જ્ઞાનને દોરી જવું અને વિકારથી ખસી જવું. આહાહાહા !

આંહી પૂછે છે કે, ભેદજ્ઞાન થતાં કર્મનું બંધન અટકી જાય, જ્ઞાનમાત્ર થતાં, ઓળખાણ જ્યાં થઈ કે આ તે મારી મા, ત્યાં વિકારની લાગણીથી આવ્યો'તો એકદમ બંધ એમ જે પુણ્ય ને પાપના વિકૃત ભાવ એનાથી ભગવાન ચૈતન્ય શાશ્વત ભિન્ન છે એમ ભાનમાત્ર જ્ઞાન થતાં જ એને સંસારનું રખડવું અટકી જાય છે, જો અટકતું ન હોય તો હું પ્રશ્ન કરું છું. સંત કહે છે, આચાર્ય કહે છે, કે એ ભેદજ્ઞાન અજ્ઞાન છે કે જ્ઞાન ? જો તું અજ્ઞાન કહે તો તું પુણ્ય-પાપમાં પ્રવર્તે છે એ ભેદજ્ઞાન તો થયું નહિ. એ શુભ-અશુભ ભાવમાં પ્રવર્તે છે એને ભેદજ્ઞાન તો થયું નહિ માટે આ જ્ઞાન છે એ ખોટું છે, અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા નથી. પુણ્ય ને પાપના ભાવ વિકારી અને નિર્વિકારી પ્રભુ બેની એકતા જે છે એમાં જુદાઈ તો પડી નહિ અભેદજ્ઞાન બેનું અભેદ થઈ ગયું. પુણ્ય-પાપ ને આત્મા બે ય એક થયા અજ્ઞાનમાં તો એને જુદાઈ થઈ નહીં

બીજો પ્રશ્ન "જો એ જ્ઞાન છે શુભ-અશુભ ભાવ જે છે વિકૃત અવસ્થા એનાથી જ્ઞાનાનંદ નિત્ય શાશ્વત પ્રભુ ભિન્ન છે એવું જો જ્ઞાન છે" તો એ જ્ઞાન છે એ આસ્રવમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે ? આ તો કોર્ટના કાયદા છે મોટા, જો એ જ્ઞાન છે, તો એ પુણ્ય-પાપના ભાવમાં પ્રવર્તે છે કે નિવર્ત્યું છે ? જો પ્રવર્તતું હોય તો તે જ્ઞાન નથી. એને જ્ઞાન થયું જ નથી. આહાહાહા ! આવી વાતું છે બાપા !

અરેરે ! હિન્દુસ્તાનની આત્મવિદ્યા લોપ કરી નાખ્યો લોકોએ, આ વસ્તુ સ્થિતિ છે. વિદ્યમાન વસ્તુ ભગવાન એની વિદ્યા નામ આત્મવિદ્યા ત્રિકાળી ભગવાન આત્મા વિદ્યમાન એક નિત્ય વસ્તુ શાશ્વત છે, અણકરેલી, અવિનાશી એવી એ ચીજ આત્મા શાશ્વત છે, એનું જે જ્ઞાન તે આત્મવિદ્યા, એ હિન્દુસ્તાનની મૂળ એ ચીજ હતી એ ચીજ અત્યારે ગોટે ઉઠી ગઈ છે. અન્યમાં તો છે જ નહિ વિલાયત ને લંડન ને બધે આફ્રિકા ને, એય ! આ અમારે આફ્રિકામાં રહ્યા. આંહીનું આફ્રિકામાં મંદિર થયું છે ને હમણાં જેઠ સુદ અગિયારસે પંદર લાખનું મંદિર કરાવ્યું છે આ લોકોએ આ બધા ગૃહસ્થ છે સાંઈઠ સીત્તેર લાખ રૂપિયા છે એની પાસે એવા એવા ન્યાં સાંઈઠ ઘર છે, નૈરોબી આફ્રિકા, આ ન્યાંથી આવ્યા છે ભાઈ પંદર લાખના મંદિરનું જેઠ સુદ અગિયારસે મુરત કર્યુ છે પંદર લાખનું મંદિર કરવાના છે, વિનંતી કરવા આવવાના છે હવે થાય, ( તે ખરું ) શરીર તો હવે મોળું પડી ગયું છે પ્લેનમાં જાવું પાછું પાંચ કલાક.

આંહી તો શું કહેવું છે ? એ વિકારભાવ ને આત્મસ્વભાવ સ્વદેશ, આહાહા..... ઝીણી વાત છે પ્રભુ, એ આપણે આવી ગયું છે, બેનમાં કે ચૈતન્ય બપોરે પછી વાંચતો'તો ને આ આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ આનંદ, શ્રદ્ધા, શાંતિ આદિનો સ્વભાવ એ એનો સ્વદેશ છે, એ એનો સ્વદેશ છે અને પુણ્ય ને પાપના વિકલ્પો આવે એ પરદેશ છે. આહાહાહા ! અરે ભગવાન આનંદનો નાથ પ્રભુ સત્ શાશ્વત ચિદ્ જ્ઞાન ને આનંદ, એ અમારો દેશ છે, એ અમારું સ્થાન છે, એ અમારી જમીન છે, એ અમારી ભૂમિ છે. એ અમારો ત્યાં પરિવાર વસે છે. આ જ્ઞાન

આનંદ શાતિ આદિ પરિવાર વસે છે અંદરમાં. અરરર ! એમાંથી જ્યાં પુણ્યનો ભાવ આવે દયા દાનનો એ પણ વિકાર છે ત્યાં એમ થાય છે, અરેરે ! અમે અમારા સ્વદેશમાંથી નિકળીને પરદેશમાં ક્યાં આવ્યા ? આકરું કામ છે.

એ આપણે વાત આવી ગઈ છે. ૪૦૧ ( બોલ ) બેનના વચન છે ને ? ૪૦૧ હોં, લ્યો ૪૦૧ છે. “આ વિભાવભાવ અમારો દેશ નથી.” કોણ ? પુણ્ય ને પાપ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગનો ભાવ એ આત્માનો સ્વભાવ નથી આ અમારો, બેન છે એક અહીંયા, સરદારજી, બેન છે, એમના વચનો છે આ બધા હમણાં પુસ્તક થઈ ગયા છે. છે ને ઉપર ? આ વિભાવ અમારો દેશ નથી, છે ? આ પરદેશમાં અમે ક્યાં આવી ચડયા. અંદરમાં શુભભાવ આવે એ પરદેશ છે વિભાવ છે, સ્વદેશ નહિ. છે ? અમને અહીં ગોઠતું નથી. શુભ ને અશુભ ભાવ પણ અમને ગોઠતો નથી, એ તો વિકાર છે. અમારો દેશ તો આનંદસ્વરૂપ જ્ઞાન શ્રદ્ધા આનંદ પડયો છે અંદર, અરેરે ! આ વિકલ્પમાં ક્યાં આવી પડયા ? છે ? અહીં અમારું કોઈ નથી જ્યાં જ્ઞાન, આત્મામાં જ્ઞાન, શ્રદ્ધા, આનંદ ચારિત્ર, સ્થિરતા ને આનંદ, વીર્ય, પુરુષાર્થ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે અંદર. આત્મામાં અનંત શક્તિ ને ગુણરૂપ પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે સ્વરૂપ સ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. આહાહા !

એક પુસ્તક આપજો એમને હવે આવ્યા તો આપો તો ખરા એક વાંચશે સરદારજીને. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને, મૂળ વતન અંદર જ્ઞાન, દર્શન ને આનંદ એ અમારું મૂળ વતન છે. એ અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે એ અમારું વતન નહીં. અમારા વતનમાં જઈ નિરાંતે વસવું છે જ્યાં અમારા બધા છે. ઝીણી વાત છે બાપા. મારગ કોઈ, અત્યારે તો બહુ વીંખાઈ ગયો છે બહુ, બધું જોયું છે ને ? અમે તો બધા મોટા મોટા મહાત્માને મળ્યા છીએ ને બધાયને. આહાહા !

આંહી કહે છે પ્રભુ એકવાર સાંભળ, વસ્તુ જે વસ્તુ જે આત્મા વસ્તુ છે શાશ્વત જેમાં જ્ઞાન, આનંદ ને શાંતિ ભર્યા છે, એ ચીજ એ સ્વદેશ છે અને એમાંથી પુણ્ય ને પાપના વિકલ્પો ઊઠે છે વૃત્તિઓ ઊઠે છે, એ પરદેશ વિભાવ છે. એ વિભાવનું ને સ્વભાવનું જ્યાં ભેદજ્ઞાન થયું, જુદું ભાન થયું એ જ્ઞાન છે કે અજ્ઞાન ? કે જુઓ એને અજ્ઞાન કહે તો તો એ પુણ્ય-પાપમાં વર્તે છે, એમાં કાંઈ ભેદ પડયો નથી. જો તેને જ્ઞાન કહે તો એ જ્ઞાન પુણ્ય-પાપમાં વર્તે છે કે ભિન્ન પડીને વર્તે છે ? કે પુણ્ય ને પાપમાં વર્તે છે તો એ જ્ઞાનેય નહિ. આહાહાહાહા ! છે ?

આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે ? આસ્રવમાં પ્રવર્તે છે તોપણ તે આત્મા અને આસ્રવોના અભેદત્વથી અભેદ થઈ ગયું, ભેદ તો રહ્યું નહિ. તું એને જ્ઞાન કહે અને વળી પુણ્ય-પાપના બંધમાં ને આસ્રવમાં વિકારમાં વર્તે તો એ જ્ઞાન ન રહ્યું, એ જ્ઞાન ન થયું, ન્યાય સમજાય છે ? આ તો લોજીકથી વાત છે બાપુ આ તો. અરેરે ! એ વાતો ક્યાં છે ભાઈ. જો તું એને જ્ઞાન કહે, અને છતાંય એ જ્ઞાન પુણ્ય-પાપમાં વર્તે, તો એ જ્ઞાન જ નથી. જો અજ્ઞાન કહે તો તો પુણ્ય-પાપમાં વર્તે છે તો ભેદજ્ઞાન તો છે જ નહિ ત્યાં, જ્ઞાન કહે અને પુણ્ય-પાપમાં વર્તે તોય એ જ્ઞાન નથી. અને જો આસ્રવોથી નિવર્ત્યું છે, જો એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્ય છું, જ્ઞાનસ્વભાવી વસ્તુ મારો સ્વભાવ જાણક પ્રજ્ઞાસ્વરૂપ એવું જે જ્ઞાન થયું એ જો આસ્રવમાં પ્રવર્તે

તો એ જ્ઞાન નહિ, અને નિવર્ત્યું છે. આહાહાહા..... આસ્રવથી નિવર્ત્યું છે આ તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થઈ ગયો.

જ્ઞાનસ્વભાવી ભગવાન આમ જ્યાં રાગથી ભિન્ન પડયું જ્ઞાન એ જ્ઞાન આસ્રવમાં પ્રવર્તતું નથી તે તો જ્ઞાન-જ્ઞાનમાં પ્રવર્તે છે, તેથી તે જ્ઞાનમાત્રથી કર્મબંધન અટકી જાય છે. આવી વાતું. દુનિયાની જાતમાં હવે એને એ વાતું કરે કોક આમ કરે ને કોઈ આમ બાકી મારગડા જુદા ભાઈ. પરમ સત્ય એના ભણકારા જુદી જાતના છે ભાઈ. આહાહાહા !

આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું ખંડન થયું. શું કીધું ઈ ? કે અંદર દયા, દાન ને વ્રત ભક્તિના પરિણામ કરતાં કરતાં કલ્યાણ થશે, એનો નિષેધ કર્યો. કારણ કે એ અજ્ઞાનનો અંશ છે એ રાગ છે એમાં જ્ઞાન નથી, એ ક્રિયા રાગની છે. શું લોજીક ને ન્યાયથી સિદ્ધ કરી છે વાત. જો એ જ્ઞાનમાત્ર થયું, એમાં રાગ ને પુણ્ય-પાપના પરિણામ જે છે એ ક્રિયા છે રાગની અને એનાથી ભિન્ન પડેલું જ્ઞાન એમાં પ્રવર્તે નહિ, પ્રવર્તે આ પોતામાં એથી જે કોઈ રાગની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી કલ્યાણ થાય એમ માને તો એ અજ્ઞાનનો અંશ ક્રિયાનયનું ખંડન કર્યું. એ ચીજ ખોટી છે, એનાથી કલ્યાણ છે નહિ. આરે ! આહાહાહા ! અજ્ઞાન ને ક્રિયાનયનું ખંડન, ક્રિયા એટલે રાગ એ રાગ છે ને દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને ભગવાનનું સ્મરણ એ બધી વિકલ્પની વૃત્તિનું ઉત્થાન છે-ઉત્થાન છે એ રાગ છે. એ રાગની ક્રિયાનું ખંડન કર્યું એ કાંઈ ધર્મ નથી. એક વાત.

વળી જે આત્મા ને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવથી નિવર્ત્યું ન હોય તો તે જ્ઞાન જ નથી, શું કહ્યું એ ? કાંકરા ને ઘઉં બે જુદા પાડયા, એ ઘઉં ઘઉંમાં રહ્યા કાંકરા ભિન્ન, એમ પુણ્ય-પાપના વિકલ્પોની વૃત્તિઓ રહી એ કાંકરામાં પાડ ( રાખ ) અને ભગવાન જ્ઞાનસ્વરૂપ પોતે ચૈતન્ય છે તેમાં ઠર્યો. એવા જ્ઞાનથી જ આસ્રવોથી નિવૃત્તિ થઈ ગઈ. "અને જો આસ્રવથી નિવૃત્ત ન હોય તો તે જ્ઞાન જ નથી." એ શું કહ્યું ? ધારણામાં આવ્યું કે આ પુણ્ય-પાપના ભાવ જુદા છે અને આત્મા જુદો છે એવી ધારણા થઈ પણ એ ધારણા થઈ પણ એ જ્ઞાન પાછું પ્રવર્તે છે પુણ્ય-પાપમાં. આહાહાહા ! ઝીણી વાત છે પ્રભુ. આહાહા !

કહે છે કે એ શુભ-અશુભની લાગણીઓની વૃત્તિઓ ઊઠે એમાં જો જ્ઞાન પ્રવર્તતું હોય તો તો અજ્ઞાન છે એ તો, ભલે જાણપણું થયું એના ખ્યાલમાં આવ્યું પણ ખ્યાલમાં આવ્યા છતાં પ્રવર્તે છે તો રાગમાં, પુણ્ય-પાપમાં તો એ જ્ઞાન જ નહિ. આહાહાહા ! શું કહે છે ?

ફરીને બે ત્રણ વાર ચાર વાર કહીએ ત્યારે માંડ ( પકડાય ). ચૈતન્યસ્વરૂપ વસ્તુ ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા શાશ્વત અને પુણ્ય-પાપના કૃત્રિમ વિકલ્પ ભાવ, એણે જાણ્યા ખ્યાલમાં આવ્યા, પણ ખ્યાલમાં આવ્યા છતાં એ જ્ઞાન, ન્યાં ને ન્યાં વર્તે છે તો એ જ્ઞાન જ નથી, એટલે જાણપણું થયું એટલે કે મને હવે જ્ઞાન સમ્યક્ થયું એવા એકાંત જ્ઞાનનયનું ખંડન કર્યું. શું કહ્યું ? પહેલું એમ કહ્યું કે શુદ્ધ ચૈતન્યમૂર્તિ ધ્રુવ વસ્તુ અને પુણ્ય-પાપના કૃત્રિમ વિકારી ભાવ એનો એનાથી ધર્મ માને કોઈ તો એનો આંહી નિષેધ કર્યો પણ દયા, દાન, વ્રત આદિના વિકલ્પો છે એ તો રાગ છે અને રાગથી પ્રભુ ભિન્ન છે તો ભિન્નનું ભાન નથી ને રાગમાં પ્રવર્તે છે, એ તો ધર્મ નથી. એક વાત.

હવે કોઈ કહે કે ક્રિયાનયનું ખંડન કર્યું, હવે જ્ઞાનનયનું ખંડન એટલે ? કે એ જે શુભ-અશુભ ભાવ છે અને આ હું જુદો છું એવો એક જાણપણામાં, ખ્યાલમાં આવી વાત પણ ખ્યાલ રાખી વર્તે છે પાછો તેમાં ને તેમાં, તો એ જ્ઞાન નથી. ન્યાય સમજાય છે ? આ તો કોર્ટ મુકી છે કોલેજની. કેટલુંક ભણેલો હોય પછી કોલેજમાં જાય ને ? કેટલુંક-કેટલુંક જાણપણું હોવું જોઈએ તો આ પકડાય એવી વાત છે. શું કહ્યું ઈ ? કે આત્મા જે શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ અને પુણ્ય-પાપના વિકલ્પો વિકાર, એ વિકારથી કોઈ ધર્મ માનતા હોય તો ત્યાંથી નિવર્ત્તે તો ધર્મ થાય એમ કહી ને એનું ખંડન કર્યુ.

બીજી વાત. એ કોઈ જાણપણાનું નામ ધરાવી અને અમને જ્ઞાન છે પણ અમે શુભ-અશુભ ભાવમાં પ્રવર્તીએ છીએ તો એ જ્ઞાન એકાંત જ્ઞાન ખોટું છે, તો એ જ્ઞાનનયનું ખંડન કરી નાખ્યું. આહાહા ! ( શ્રોતાઃ- જ્ઞાનનય અને નિશ્ચયાભાસ એમાં કાંઈ ફેર ખરો ) એ એક જ થયું. એક જ.

"કોઈ ક્રિયા જડ થઈ રહ્યા અને શુષ્ક જ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો ને કરૂણા ઉપજે જોઈ,"

આ શ્રીમદ્‌નું વાક્ય છે, શ્રીમદ્ રાજચંદ્ર, કોઈ ક્રિયા જડ થઈ રહ્યાં, કોઈ દયા, દાન, વ્રત, તપ ને ભક્તિભાવથી ધર્મ માનનારા એ ક્રિયા જડ છે અને શુષ્ક જ્ઞાનમાં કોઈ, અને જ્ઞાનની વાતો કરે પણ પુણ્ય ને પાપથી ભિન્ન પાડતો નથી ને સ્વભાવમાં આવતો નથી, તે શુષ્ક જ્ઞાની, લુખો જ્ઞાની, ખોટો છે. આહાહાહા !

( શ્રોતાઃ- ધારણા જ્ઞાનની આવી કિંમત ? ) હા, એવું તો અગિયાર અંગનું જાણપણું અનંતવાર થયું છે, એમાં આવ્યું નહોતું એને ખ્યાલમાં અનંતવાર-અનંતવાર ભણ્યો છે. ખ્યાલમાં તો આવ્યું'તું ને કે રાગ ને આ બે જુદા કહે છે. એટલું જ્ઞાનની ધારણામાં આવ્યું'તું, પણ જ્ઞાન રાગથી નિવર્ત્તિને અંદરમાં પ્રવર્તે છે એ પ્રગટયું નહોતું, ભેદ કરીને એ જ્ઞાનનયનું ખંડન કર્યું એકલો જાણપણું નામ ધરાવે અને અંદર જ્ઞાનમાં ન જાય અને પુણ્ય-પાપમાં પ્રવર્તે તો એ જ્ઞાન નથી. એય !

આ તો ( શ્રોતાઃ- વારંવાર નક્કી કરવા જેવું છે ) બાપા કરવા જેવું એ છે ભાઈ. આવો મનુષ્ય દેહ મળ્યો અરે આ નહિ કરે તો ક્યાં જઈશ તું ? તું તો આત્મા અનાદિ રહેવાનો છું, દેહ છુટીને પણ કયાંક તો જાશે ભાન નથી તો ક્યાંક જાશે રખડવા, માટે આ તો એને શબ્દનું ભાન કરવું પડશે. કરવું પડશે નહિ ? વસ્તુનું સ્વરૂપ જ છે એ રીતે જાણવું પડશે. આહાહા ! એ કલ્યાણ છે ભાઈ, દુનિયા તો અનેક પ્રકારે આમ લોકની સેવા કરવી લોકનું આ કરવું, બધાને કરૂણા કરવી બીજાને આહારપાણી દેવા, ભૂખ્યાને આહારપાણી દેવા, તરસ્યાને પાણી દેવું, મકાન ન હોય એને મકાન દેવા, એ બધી ક્રિયામાં ધર્મ નથી. એ રાગની ક્રિયા પુણ્યની છે. આકરી વાત છે ભાઈ. હોં માર્ગ તો પરમ સત્ય જ આ છે. "એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ" મારગ દુનિયાને કાને ન પડે ને સાંભળવામાં મળ્યો નથી માટે કાંઈ સત્ત થોડું પલટી જાય એવું છે ? આહા !

આંહી એ કહે છે જો તેને તું જ્ઞાન કહે અને એ જ્ઞાન આસ્રવમાં પુણ્ય-પાપમાં પ્રવર્તે, તો એ જ્ઞાન જ નથી. આહાહાહા ! આવું સ્વરૂપ છે, સાંભળવામાં મુશ્કેલ પડે, ઓલો ઉપદેશ એવો હોય કે આમ કરો, આમ કરો, દેશ સેવા કરો, દેશ માટે શહિદ થઈ જાવ, મરે છે ને ? આ દેશ

માટે નહિં મરે ને ? બધું ઘણું જોયું છે. આહાહા ! ( શ્રોતાઃ- આપ પુણ્યને ઉડાવો છો કેમ, પુણ્યથી આગળ વધવાનું કહો. ) એ પુણ્ય છે એ રાગ છે માટે ભિન્ન પાડ તો આગળ વધ્યો કહેવાય. આવી વાત બાપુ. આહાહાહા !

આખી દુનિયા સલવાઈ ગઈ છે ક્યાંક-ક્યાંક-ક્યાંક-ક્યાંક સાંગો ફાગો કહે સલવાણા, ક્યાંક કોઈ પુણ્યમાં સલવાણા ને કોઈ દેશસેવામાં ને આમાં ને તેમાં અમે દુનિયાની સંભાળ રાખીએ છીએ ને દેશને સુખી કરવાના પંથે છીએ ને બધી ભ્રમણા છે અજ્ઞાનીની. આહાહા ! સુખી થવાનો પંથ તો પ્રભુ તારામાં છે. આહા ! એ પુણ્ય-પાપના ભાવથી રહિત પ્રભુ આત્મા આનંદસ્વરૂપ છે. વસ્તુ છે એ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, એ આનંદ સ્વરૂપમાં રાગથી ભિન્ન પડીને અંદરમાં આનંદમાં આવવું આ એનું નામ ધર્મ છે, બાકી બધી વાતું થોથા છે, પછી કરોડો રૂપિયા ખર્ચે ને કરોડોના મંદિર બનાવે ને પ્રતિમાઓ બનાવે ને મોટા વીર રથયાત્રા ને ગજરથ કરે છે ને ? ગજરથ કરે છે, દિગંબરમાં પાંચ પાંચ લાખ ખર્ચીને, કરોડ ખરચે ને ધૂળમાં ન્યાં ક્યાં ધર્મ હતો ? આહાહાહા ! ભાવ શુભ હોય ત્યાં, પુણ્ય થાય, પુણ્ય એ બંધનનું કારણ છે. કહો દેવીલાલજી !

બેય વાત આવી, રાગથી ધર્મ માનનારાઓ એ ક્રિયાનયવાળાનું ખંડન કર્યું, અને જ્ઞાન ને જાણપણું કરે અને રાગમાં પ્રવર્તે, તો એ જ્ઞાન એકાંત જ્ઞાનનું ખંડન કર્યું, એ જ્ઞાન એને કહીએ કે જે રાગથી નિવર્તિ અને પ્રવૃત્તિ છોડીને અંદરમાં જાય તેને જ્ઞાન કહીએ. નહીંતર તો જ્ઞાન લુખા-શુષ્ક જ્ઞાની છે. આહાહાહા ! કહો શાંતિભાઈ ! આવું છે. આટલી લીટીમાં કેટલું ભર્યું છે આ તો. આ તો સિદ્ધાંતો છે ને મંત્રો છે પ્રભુ. જાગતે જાગતી જ્યોતિ પ્રભુને જગાડવાના મંત્રો છે આ તો. પણ આકરા પડે બહુ પ્રવૃત્તિ અત્યારે એટલી વધી ગઈ. ઓહોહોહો..... જાણે કોઈ ને વસ્ત્ર ન હોય તેને વસ્ત્રના ઢગલા આપીએ, ગાડાના ગાડા ભરીને વસ્ત્ર આપે છે ને અહીંયા પાલીતાણામાં એવું બહુ કે સાધુઓ માટે ગાડાના ગાડા ભરીને લઈને આપે છે. હા છે ને આંહી છે બધું જોયું છે એ શુભભાવની ક્રિયા જે છે એને ધર્મ માને છે તે તો મિથ્યાદૃષ્ટિ, જૂઠી દૃષ્ટિવાળો છે. આહાહાહા !

એ રાગની ક્રિયાથી દેહની ક્રિયા તો જડ છે આ તો માટી છે. આમ હાલે ચાલે એ તો જડની એને કારણે ચાલે છે, આત્માથી આમ આમ થાતું નથી કાંઈ, એની પર્યાય છે. ઝીણી વાત છે જરી. પરમાણું છે અસ્તિ જગતનું તત્ત્વ છે પરમાણું અજીવ એની અવસ્થા આમ આમ થાય એ એની પર્યાય છે અહીં. આત્મા એની પર્યાય કરી શકતો નથી. એની વાત તો એકકોર રાખો, પણ અંદરમાં જે કાંઈ શુભ ને અશુભ ભાવ થાય, એ મારું કર્તવ્ય છે ને હું એનો કર્તા છું ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મૂઢ છે. સમજાણું કાંઈ ? આહાહા ! એ પ્રભુ અંદર શાશ્વત ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો પુંજ છે, આનંદનો સાગર છે સ્વભાવનો, અનંત અનંત શક્તિનો સંગ્રહાલય, મકાનનું સ્થાન છે, અનંત, અનંત શાંતિ આદિનો એ ગોદામ આત્મા છે. અરેરે ! એ કેમ બેસે રે. એક બીડી બે સરખી પીવે જ્યારે સીગારેટ આમ ત્યારે ભાઈ સાહેબને દસ્ત ઉતરે પાયખાને, આટલા તો અપલખણ છે. હવે આપણે તો જીંદગીમાં બીડી પીધી નથી પણ બધા પાયખાને જાય બે પીવે ત્યારે દસ્ત ઉતરે આવા તો અપલખણ હવે એને એમ કહેવું ભગવાન તારું સ્વરૂપ અંદર આનંદ

ને જ્ઞાનનો સાગર છે હોં. આહાહા ! એ પુણ્ય-પાપના પરિણામ પ્રભુ તારા નહિ, તારી ચીજ નહિ, તો વળી આ ચીજ બહારની બાઈડી, છોકરા ને કુટુંબ ધૂળ ધમાહ, પૈસા કરોડપતિ ને અબજપતિ ને એ તો બધા જડપતિ છે. આહાહાહા.....

આ તો આનંદનો સાગર ભગવાન પુણ્ય ને પાપથી ભિન્ન એનો જે સ્વામી થાય તે આત્મસ્વામી છે. સ્વસ્વામી સંબંધ, ભાઈ આવે છે ને ? આત્મામાં એક ગુણ છે, સ્વઆત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંતજ્ઞાન આદિ સ્વ એનો સ્વામી એનો આત્મા સ્વામી છે, પરનો નહિ, આહાહા..... પત્નિ પતિને પતિદેવ કરીને બોલાવે ત્યાં ઓલો રાજી રાજી થઈ જાય. પતિદેવ, પતિ એને ધર્મપત્ની કરીને બોલાવે ધર્મ ક્યાં હતો ધૂળમાં પણ ધર્મપત્ની તરીકે બોલાવે. આ બધા પાગલના લખણ છે, એય કદી પત્નિ હતી કે દિ' તારી, એ તો પરઆત્મા છે, પરવસ્તુ છે. અને પતિ તારો ક્યાં હતો એ તો પર આત્મા પર છે એની તો કાઢી નાખી વાત પણ અંદરમાં એની ભૂલથી જે પુણ્ય ને પાપના ભાવ થાય, એનો સ્વામી થાય એ પણ મિથ્યાબુદ્ધિ અજ્ઞાન છે. આહાહાહા ! આરે આવી વાતું હવે, શું થાય ? વસ્તુ તો સત્ય તો આ રીતે છે ભાઈ, એ સત્યને બીજી રીતે કોઈ રીતે ખેંચીને ઉંધુ કરે તે થાય એવું નથી. આહાહાહા !

એ આંહી કહ્યું. ક્રિયાનયનું ખંડન કર્યું એ રાગની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ સેવા કરવાથી આપણું કલ્યાણ થશે, એ અજ્ઞાનીઓનો નિષેધ કર્યો કે એ તારી વાત ખોટી હતી. એમ જાણપણાનું નામ ધરાવી અને વળી પુણ્ય ને પાપમાં પ્રવર્તે એ નિવર્તે નહિ, તો એ જ્ઞાનનયનું ખંડન કર્યું કે એ તારું જાણપણું જૂઠું પડયું. આહાહાહા ! "કોઈ ક્રિયા જડ થઈ રહ્યા" એ રાગની ક્રિયા કરીને ધર્મ થઈ ગયો, ધર્મ થઈ ગયો, ભગવાનની પૂજા કરી ને ભગવાનની સેવા કરી ને આરતી ઉતારી આરતી જય નારાયણ. એમાં શું થયું દાળીયા ? એ તો રાગ છે, વૃત્તિનું ઉત્થાન છે. એમાં ધર્મ માનવો એ તો મહા અજ્ઞાન છે. આકરી વાત પ્રભુ ! સમજવા માટે વખત જોઈશે પ્રભુ. એને આવી ચીજ તો અપૂર્વ-અપૂર્વ વાત છે, પૂર્વે કદી કર્યું નથી, સાંભળ્યું નથી. આહાહાહા ! એ ક્રિયાનય ને બેયનું ખંડન કર્યું-વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૫૩ ગાથા-૭૨ તા. ૨૭/૧૨/૭૮ બુધવાર માગશર વદ ૧૩

સમયસાર કર્તા કર્મ અધિકાર ગાથા ૭૨.

હવે પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે, પહેલું એ આવી ગયું છે, કે આત્મા અનાદિથી રાગદ્વેષના જે પરિણામ છે તેનો કર્તા થઈ અને તેનું તે કર્મ છે એમ માને છે અને જ્ઞાતાદૃષ્ટાની જે અવસ્થા છે, તેનો ત્યાગ કરીને, એટલે કે અવસ્થા હતી થઈ છે ને એનો ત્યાગ કરીને એમ નહિ પણ આત્મા તો જ્ઞાન, દર્શન ને આનંદનો કંદ છે, તો એની અવસ્થા તો ખરેખર તો જાણવું દેખવું એ અવસ્થા થવી જોઈએ, પણ એ અવસ્થાનો ત્યાગ કરી એટલે કે એ અવસ્થાને ઉત્પન્ન ન કરતાં પુણ્યના પરિણામ આદિના ભાવ તેનો કર્તા પ્રતિભાસે છે અને એ રાગ મારું કર્મ છે તેમ તેને ભાસે છે અજ્ઞાનપણામાં, બેની જુદાઈને ન જાણતાં રાગનો ભાવ ને સ્વભાવભાવ બેનો વિશેષ અંતર ભિન્ન ન જાણતાં બેમાં એકપણે જે પ્રવર્તે છે, એ અજ્ઞાની

વિકારના કર્તાપણે ભાસે છે ને વિકાર તેનું કાર્ય છે.

પછી ૭૧માં એમ કહ્યું કે જ્યારે આત્મા સ્વભાવની સન્મુખ થઈને વિભાવથી વિમુખ થઈને જ્ઞાતાદૃષ્ટાપણે ભાસે છે, ત્યારે તેને ક્રોધરૂપે ભાસતો નથી. શું કહ્યું ઈ ? જ્યારે આત્મા રાગથી ભિન્ન પડી અને આત્માના જ્ઞાન, દર્શન ને આનંદના પરિણામને કરે છે ત્યારે તેને જ્ઞાતાદૃષ્ટાના પરિણામ માલૂમ અનુભવમાં માલૂમમાં આવે છે, ત્યારે તેને સ્વભાવથી વિરુદ્ધ એવો જે વિભાવ તેનું કર્તાપણું ત્યાં ભાસતું નથી એટલે હોતું નથી, ભાસતું નથી પાઠ એવો શબ્દ છે અંદર, એનો અર્થ કે હોતું નથી. આહાહા !

રાગનો વિકલ્પ જે પર્યાયબુદ્ધિમાં છે તેનાથી ભિન્ન પડીને ચૈતન્યસ્વભાવનું જ્યાં પરિણમન થાય છે ત્યારે તેને જ્ઞાતાદ્રષ્ટાના અનુભવનાં પરિણામનું વેદન, ભાસ કર્તા કર્મ તે તેને ભાસે છે, તે કાળે રાગનું કર્તાપણું સ્વભાવથી વિરુદ્ધ એવો રાગ, રાગનો પ્રેમ એવો જે સ્વભાવ પ્રત્યે ક્રોધ, એ ક્રોધ પ્રત્યેનું મારાપણું ત્યાં હોતું નથી. સ્વભાવના ભાનના કાળમાં સ્વભાવથી વિરુદ્ધ જે રાગનો પ્રેમ અને ક્રોધ તેનું પરિણમન તે વખતે હોતું નથી માટે તે ભાસતું નથી. આહાહાહા ! આવી વાત છે. તેથી તેને રાગથી ભિન્ન એવા જ્ઞાતાદ્રષ્ટાના પરિણામ માત્રથી બંધનો નિરોધ થાય છે, એને બંધન અટકી જાય છે. ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો આ હવે પૂછે છે કે આ પ્રશ્ન કેમ ઉઠયો ? કે જ્યારે એ રાગથી ભિન્ન પડી અને સ્વભાવની દ્રષ્ટિ ને અનુભવ કરે છે એટલે કે જ્ઞાતાદૃષ્ટાનો અનુભવ કરે છે તે જ્ઞાનમાત્રથી જ તેને બંધન અટકી જાય છે. એ જ્ઞાન એટલે રાગથી ભિન્ન પડીને આનંદ, જ્ઞાન સ્વરૂપમાં એકાગ્રતા તે જ્ઞાન. આહાહાહા !

એ જ્ઞાનસ્વરૂપ આત્મા તેમાં એકાગ્ર થતાં એ જ્ઞાન થયું આત્માનું ને રાગથી ભિન્ન પડયું એવા જ્ઞાનમાત્રથી એટલે સ્વભાવની એકાગ્રતારૂપી જ્ઞાનની ક્રિયામાત્રથી તેને બંધન અટકી જાય છે. આહાહાહા ! સમજાય છે કાંઈ ? એથી શિષ્યનો પ્રશ્ન ઉઠયો છે. હવે શિષ્ય પૂછે છે જ્ઞાનમાત્રથી જ, જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે ? બસ તમે તો એ જ્ઞાનમાત્ર થયું ત્યાંથી એને બંધ અટકી ગયું, કઈ રીતે કહો છો, શું કહો છો. ( શ્રોતાઃ- ક્રિયા ક્યાં ગઈ ? ) હેં ! એ જ્ઞાનમાત્રથી એટલે રાગની જે પરિણતિની ક્રિયા છે તેનાથી તો બુદ્ધિ ઉઠાવી લીધી છે. ધર્મી જીવે ત્યાંથી બુદ્ધિ ઉઠાવીને આત્મા આનંદસ્વરૂપ છે, આ જ્ઞાનસ્વરૂપ છે ત્યાં બુદ્ધિને સ્થાપી છે, એથી ત્યાં બુદ્ધિનું જ્ઞાનમાં એકાગ્રપણું છે એકલું જાણપણું ધારણા છે એમ નહિ એમ કહે છે. આહાહાહા ! દેવીલાલજી ! આવી ઝીણી વાત છે. આહાહા !

અરે જગતને ક્યાં, સત્ય શું છે ? જે સ્વરૂપ જ્ઞાતાદૃષ્ટા નામ અનંતગુણનો સાગર પ્રભુ એને રાગનો ચાહે તો શુભ વિકલ્પ હો એનાથી પણ રુચી ફેરવીને એટલે કે પર્યાયબુદ્ધિને છોડીને વર્તમાન રાગના અંશ ઉપર જે રુચી હતી, તેને છોડીને જેને ત્રિકાળી જ્ઞાતાદૃષ્ટા પ્રત્યેની રુચી ને પરિણમન થયું એને એ જ્ઞાનમાત્રથી જ બંધનું અટકી જવું થાય છે એથી એનો પ્રશ્ન છે. એમાં જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે ? સ્વરૂપ ભગવાન આત્મા એનું જ્ઞાન થયું, રાગથી ભિન્ન પડીને, એવા જ્ઞાનમાત્રથી તેને તે પ્રકારનો બંધ અટકી જાય છે, બધો બંધ અટકી જાય છે એમ નહિ, એમાંય તકરાર છે આગળ આવશે ૭૨ ગાથા,

આ તો એનું મથાળું કર્યું. આહાહાહા ! અરે મારગ તે મારગ છે.

णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च।
दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो।।७२।।

અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,
વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.

ટીકાઃ- જળમાં શેવાળ છે એ મળ છે, જળમાં શેવાળ છે એ મળ છે, મેલ છે, મળ છે એ અહીં કૌંસ કર્યું એટલે કે મળ છે એટલે શું કે મેલ છે એમ. તે શેવાળની માફક પાણીમાં જેમ શેવાળ, મળ અને મેલ છે, એમ શેવાળની માફક આસ્રવો શુભ-અશુભ ભાવો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ હિંસા, જૂઠું, ચોરી, એ તો ઠીક અશુભ, આવો જે શુભભાવ એ આસ્રવો છે તે મળપણે એટલે ? મેલપણે અનુભવવામાં આવતું હોવાથી, અનુભવાતા હોવાથી, અનાદિના એ પુણ્ય ને પાપના ભાવ મેલપણે અનુભવાય છે, મેલ છે એ. ચાહે તો એ વ્રત ને તપ ને ભક્તિ આદિનો ભાવ હો પણ એ આસ્રવ છે, એટલે નવા આવરણનું કારણ છે તે, એ મળપણે એટલે પુણ્યના ભાવ મેલપણે વેદાય છે, મેલપણે અનુભવમાં આવે છે, તેથી તે અશુચિ છે.

શું કીધું ? જળમાં જેમ શેવાળ મળ અને મેલ છે, એમ ભગવાન આત્મામાં શુભ અને અશુભભાવ શેવાળની માફક મેલપણે અથવા મળપણે અનુભવાતા હોવાથી, એ મેલપણે વેદાતા હોવાથી એ આત્મા નહિ, તે અશુચિ છે. આહાહાહા ! ચાહે તો એ ગુણ ગુણીનો ભેદનો જે વિકલ્પ ઊઠે, એ પણ મળ છે અને તે મેલપણે-મળપણે અનુભવાતા હોવાથી તે શુભરાગ એ અશુચિ છે. આહાહાહા ! હવે આમાં તો બધું અત્યારે કમઠાણ માંડયું છે, એ ક્રિયા તે ધર્મ છે એ શુભભાવ. ( શ્રોતાઃ- આ કાળે તો શુભભાવ જ હોય ) હેં ! એમ કહે છે. આરે પ્રભુ શું કરે છે ભાઈ તું. આ શ્રુતસાગર એક સાધુ છે, શાંતિસાગરની પેઢીએ આવનારા પરંપરામાં આવેલા છે એ કહે છે કે પંચમકાળમાં તો શુભજોગ જ હોય. અરરર ! પ્રભુ ! પ્રભુ ! પ્રભુ ! શુભજોગ તો આસ્રવ છે, મળ છે, મેલ જ છે, અત્યારે ધર્મ સમ્યગ્દર્શન જ્ઞાન છે જ નહીં ? આહાહા ! શું થાય ? એ મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે, એનું કૌંસમાં લખ્યું અશુચિ એટલે અપવિત્ર છે એ શુભભાવ પર્યાયમાં થાય છે, દ્રવ્યગુણમાં તો નથી, પર્યાયમાં અવસ્થામાં થાય છે, તે અશુચિ છે, અપવિત્ર છે.

અને ભગવાન આત્મા, જુઓ આચાર્યોએ ભગવાન તરીકે સંબોધ્યો છે. એ આસ્રવના ભાવથી ભિન્ન, ત્યારે આસ્રવ છે એ પુણ્ય તત્ત્વ છે ને પાપ તત્ત્વ છે, ત્યારે તેનાથી ભિન્ન જ્ઞાયક ભગવાન આત્મા એમ, નવતત્ત્વમાં આવે છે ને એટલે પુણ્ય-પાપ તત્ત્વ એમાં ગયા, ત્યારે એક તત્ત્વ જ્ઞાયક રહી ગયું. એ ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ, એકલું નિર્મળ નથી લીધું, અતિ નિર્મળ, ચૈતન્યમાત્ર સ્વભાવ એનો તો ચૈતન્ય જાણવું, દેખવું માત્ર, રાગાદિ માત્ર તેમાં નથી. માત્ર શબ્દ વાપર્યો છે ને ? ચૈતન્ય અતિ નિર્મળ ચૈતન્ય માત્ર સ્વભાવ જાણક દેખન માત્ર સ્વભાવ, માત્ર સિવાય એટલે કે એમાં કાંઈ રાગનો રજકણ કે અંશ નથી. કેમ કે રાગ તો અચેતન છે, ભગવાન તો ચૈતન્યમાત્ર સ્વભાવ છે. આહાહાહાહા !

ભગવાન આત્મા તો, સદાય અતિનિર્મળ, ત્રિકાળ, અતિ નિર્મળ એકલો નિર્મળ નથી

લીધો પર્યાયની નિર્મળતા છે, તો આંહી તો ત્રિકાળીની અતિનિર્મળતા. સમજાણું ? પર્યાયમાં નિર્મળતા આવે ધર્મની એ નિર્મળ છે પ્રભુ તો અતિ નિર્મળ છે. આહાહાહા ! ( શ્રોતાઃ- અતિનિર્મળતાનો પિંડ લખ્યું છે. ) અતિ નિર્મળ વસ્તુ જ અતિ પવિત્રનો પિંડ છે. એમ પૂછયું અતિનિર્મળ કેમ કહ્યું ? એમ કહ્યું કે પરિણતિમાં નિર્મળતા થાય પણ આ પ્રભુ તો ત્રિકાળી અતિનિર્મળસ્વરૂપ છે. સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્ર સ્વભાવ સ્વ.....ભાવ એનો તો ચૈતન્ય જાણવું દેખવું સ્વ પોતાના ભાવપણે અતિનિર્મળ ભગવાન સદાય ચૈતન્યમાત્ર સ્વ.....ભાવપણે જ્ઞાયક હોવાથી, ચૈતન્યમાત્ર સ્વભાવપણે જ્ઞાયક હોવાથી, દ્રવ્ય લીધું, સ્વભાવ આવો છે માટે તે જ્ઞાયક છે. ૭૨મી ( ગાથા ) ફરીને લીધું છે એમ કીધું'તું ને રામજીભાઈએ રાત્રે નહીંતર વંચાઈ ગયું છે. આહાહા ! આહાહાહા !

ભગવાન આત્મા એકકોર પુણ્ય ને પાપના ભાવની અશુચિતા બતાવી ને અપવિત્રતા બતાવી અને આ બાજુ ભગવાન આત્મા સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્ર સ્વભાવપણે જાણવા દેખવાના સ્વભાવપણે જ્ઞાયક હોવાથી, આવી રીતે જ્ઞાયક હોવાથી, અત્યંત શુચિ અતિનિર્મળ લીધું'તું ને પહેલું, તેથી અતિશુચિ છે, એકલી શુચિ એમ નહિ, અતિ શુચિ છે. શું ટીકા ? આહાહાહા ! અમૃતચંદ્રાચાર્યની ટીકા એક એક શબ્દ. ( શ્રોતાઃ- શું ટીકાની ટીકા ! ) આવી વાત છે એણે સમજવા માટે બાપુ બહુ એકાગ્રતા જોઈએ પહેલાં. અતિ, આ અત્યંત શુચિ છે, એ એટલો શબ્દ નથી, અત્યંત શુચિ જ છે. એકાંત કરી નાખ્યું. ભગવાન આત્મા, ચૈતન્યમાત્ર સ્વભાવપણે સદાય અતિ નિર્મળ હોવાથી નિર્મળ જ્ઞાયક હોવાથી, અતિ શુચિ જ છે. અતિ નિર્મળ પવિત્રતાનો પિંડ પ્રભુ છે. પવિત્ર જ છે, એનો ખુલાસો કર્યો છે શુચિનો, શુચિ જ છે એટલે પવિત્ર જ છે, પણ ન્યાંય 'જ' છે, અને ઉજ્જવળ છે, આહાહાહા ! એક બોલ લીધો, અશુચિનો એક લીધો.

"ણાદુણં" એને જાણીને એમ છે ને શબ્દ પહેલો ? "ણાદુણં" જાણીને. આ રીતે આસ્રવોને જાણીને એમ, ભિન્ન જાણીને, ધીરાના કામ છે ભાઈ આ તો. આહાહા !

બીજો બોલ. આસ્રવો ચાહે તો ભગવાનની ભક્તિ આદિનો સમવસરણના દર્શન આદિનો આ વાણી સાંભળવાનો ભાવ આદિ જે છે, એ શુભભાવ "આસ્રવોને જડ સ્વભાવપણું હોવાથી" એ રાગમાં જડપણું છે. કેમ ? રાગ પોતે જાણવાના સ્વભાવના અભાવસ્વરૂપ છે. આસ્રવોને જડસ્વભાવ, જડભાવપણું એમ ન લીધું જડ સ્વભાવપણું, જડભાવ એમેય ન લીધું. એનો એક રાગ જે છે શુભરાગ એનો જડ સ્વભાવ એનો સ્વભાવ જ જડ છે. હવે અહીંયા એને ધર્મનું કારણ માનવું છે જગતને. નહિંતર એકાંત થાય છે એમ કહે છે, પ્રભુ ! પ્રભુ ! તું શું કહે છે ભાઈ ! તારા ઘરના હિતની વાત છે એને તું અનાદર કરશ ભાઈ ! આહાહા ! ભગવાન અતિ શુચિ જ છે અતિ પવિત્ર જ છે અતિ ઉજ્જવળ જ છે એની સામે હવે કહે છે કે આસ્રવ તે જડ છે બીજો બોલ આ.

એ શુભ ને અશુભ ભાવ શરીર અશુચિ, મેલ મળ છે એની વાત અહીં નથી. આ જે જડ છે માંસ, હાડકાં, ચામડા, અશુચિ એતો જડના છે, એની આંહી વાત નથી. પુદ્‌ગલના એની અહીં વાત નથી, એમાં થતાં પુણ્ય ને પાપના શુભ ને અશુભ ભાવ એને જડ સ્વભાવપણું, જડ સ્વભાવપણું, એનું સત્ત્વપણું જડસ્વભાવપણું સત્ત્વ છે, એમ કીધું. એનું પણું જડ સ્વભાવપણું

છે. જડ સ્વભાવપણે એમ નથી લીધું પાછું, જડ સ્વભાવપણું એનું હોવાથી તેઓ બીજાવડે જણાવા યોગ્ય છે. આહાહા ! આકરું લાગે જગતને ભાઈ પણ મારગ તો આ છે. ચાહે તો ભગવાનની ભક્તિ ને વ્રત ને તપનો ભાવ આવે, એ બધો જડ સ્વભાવ છે કેમકે એ વિકલ્પ છે એ અચેતન સ્વભાવી છે, એ પોતે જાણવાના સ્વભાવનો અભાવ સ્વભાવ છે. આહાહા !

તેઓ બીજાઓ વડે જણાવા યોગ્ય છે, એટલે ? રાગ જે દયા, દાન, વ્રત આદિ છે એનું જડ સ્વભાવપણું હોવાથી તે તેને જાણતાં નથી પણ તે બીજા વડે જણાવા યોગ્ય છે. તેઓ બીજાઓ વડે એટલે કે જાણનાર સ્વભાવ વડે તે જણાવા યોગ્ય છે. આહાહાહા..... જાણનાર સ્વભાવ એવો ભગવાન આત્મા એ વડે તે જાણવા યોગ્ય છે. રાગ વડે, રાગ જણાવા યોગ્ય છે નહિ, કેમ કે તે જડ ને અચેતન સ્વભાવપણે હોવાથી, આ અમૃત રેડયા છે એકલાં. ટીકા તે ટીકા છે ને ? ગમે તેટલી વાર વાંચો તો તેમાં ભાવ-ભાવ ભરેલા અનંત છે. આહાહાહા !

તેઓ બીજાઓ વડે જણાય એટલે ? કારણકે જે જડ હોય તે પોતાને ને પરને જાણતું નથી એ, રાગ-રાગ છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો તે રાગ પોતે રાગ છે તેમ જાણતું નથી તેમ તે રાગ ચૈતન્યસ્વરૂપને જાણતું તો નથી તે રાગ બીજાઓ વડે જણાવા યોગ્ય પદાર્થથી જણાવા યોગ્ય છે. જણાવા યોગ્ય પદાર્થથી જણાવા લાયક છે. આહાહા ! આવો ઉપદેશ હવે. ઓલું તો દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો કેટલું સહેલું સટ. એવું તો અનંત વાર કર્યું છે બાપુ ! એ તો સંસાર છે. અહીં તો સંસારના પરિણામથી ભિન્ન ભગવાન છે તેને બતાવવો છે. જેમાં સંસારના પરિણામ ઉદય જ નથી, જનમ મરણ તો નથી પણ જનમ મરણના કારણના ભાવરૂપભાવ તેનામાં નથી. કારણકે જડ હોય તે પોતાને એટલે રાગને રાગ જાણે, તે રાગ પરને જાણતું નથી, રાગ રાગને જાણતું નથી. રાગ આત્માને જોડે છે ચૈતન્ય પ્રભુ. રાગ છે દયા, દાન, વ્રતનો એ રાગ રાગને જાણતો નથી, રાગ જોડે ચૈતન્ય છે તેને જાણતો નથી. સ્વપર પ્રકાશક અહીં છે ને એટલે અહીં સ્વપર અપ્રકાશક થયું કહે છે. આહાહાહા !

કારણકે જે જડ હોય તે પોતાને ને પરને જાણતું નથી. તેને બીજો જ જાણે છે. એ રાગ જડ છે, એ પોતાને જાણતું નથી, પરને જાણતું નથી. આંહીં સ્વપરપ્રકાશક છે પણ સ્વપર અપ્રકાશક છે. છે ને ? ગજબ વાત છે. તે રાગ જાણતું નથી એટલેથી ન લીધું પણ રાગ પોતાને જાણતો નથી ને રાગ પરને જાણતો નથી. પંડિતજીએ આટલો ખુલાસો કર્યો. અરેરે ! એમાં બધું મનાઈ ગયું છે અત્યારે તો. જાત્રા ને ભક્તિ ને, અરેરે ! પ્રભુ ! શું છે ભાઈ ! એના સરવાળા બાપા વર્તમાનમાં નહિ દેખાય, સરવાળા આવશે આકરા પડશે પ્રભુ, એમાં ધર્મ માનીને રોકાઈ ગયો છો, એના ફળ રાગની એકતાબુદ્ધિમાં દબાઈ જઈશ ભાઈ. અને એ રાગની એકતામાં એનાથી લાભ થાય છે એમ માન્યું છે તેથી તેની એકતામાં દબાઈ જઈશ પ્રભુ. તારી જુદી ચીજને તું નહિ રાખી શક. આહા ! આહાહા !

દેહના છૂટવાના કાળે તો પ્રભુ રાગથી એકત્વ જેણે તોડયું છે તેને રાગથી ભિન્નપણે દેહ છૂટશે. જેને રાગની એકત્વબુદ્ધિથી, નહિ જાણનારને જાણનારની સાથે એકત્વ કરતાં, રાગનો ભાવ જે શુભ છે તે નહિ જાણનારો હોવાથી, એને નહિ જાણનારો હોવાથી ને પરને નહિ જાણનારો હોવાથી, બે વાત અને પરવડે જણાવા યોગ્ય હોવાથી ત્રણ વાત. ભાઈ તેથી તેને પ્રભુ

એમ કહે છે કે તેને જડપણું છે પ્રભુ, એ આંધળા છે. રાગનો ભાવ એ આંધળો છે. અંધ નથી પોતાને દેખતો, અંધ નથી પરને દેખતો, અંધ છે તે ચૈતન્યથી સ્વભાવવાળા છે. આહાહા !

આટલું સિદ્ધ કરીને ભગવાન ચૈતન્યસ્વભાવ જે છે, જાણક દેખન ચૈતન્ય સ્વભાવ છે, એવો જે ભગવાન ચૈતન્યસ્વભાવ છે. તેઓ ( પુણ્ય-પાપ ) ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે. તેઓ ચૈતન્યથી જાણક દેખન સ્વભાવ એવો ચૈતન્ય-ચૈતન્ય સ્વભાવ ચેતનનો ચૈતન્ય સ્વભાવ, ચેતનનો ચૈતન્યસ્વભાવ એ રાગ પુણ્ય-પાપના ભાવ એનાથી અન્ય સ્વભાવવાળા છે. આહાહા !

હવે આવ્યું ભગવાન આત્મા ! ભગવાન આત્મા તો, તો આવો કીધો ત્યારે ભગવાન આત્મા તો એમ, જ્યારે આને જડ સ્વભાવપણું હોવાથી સ્વપરને જાણતું નથી, તેથી આત્મા તો એનાથી જુદી જાત છે કહે છે. આહાહાહા ! પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, ભગવાન આત્મા પોતાને સ્વયં, સદાય, સ્વયં સદાય વિજ્ઞાનઘનસ્વભાવ, જેમાં વિકલ્પનો પ્રવેશ થઈ શકે નહિ, એવો એનો સ્વભાવ છે. વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, જેમ શિયાળાના ઘી, પાકા ઘી થતાં પહેલાં, અંગુળી પેસે નહિ અંગુળી, ફાંસ વાગે, એમ પ્રભુ પોતે સ્વયં, પોતાથી એમ કહે છે. સદાય વિજ્ઞાનઘન-વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, આત્માને હોં, એ આત્માને વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી એમ. છે ને ?

ભગવાન આત્મા તો એમ. વસ્તુ લીધી, સ્વયં, સદાય વિજ્ઞાનસ્વભાવપણું હોવાથી. સ્વયં સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું સ્વ-પોતાનું ભાવપણું એ છે, વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી પોતે જ ચેતક છે, પોતે જ જ્ઞાતા છે ભગવાન આત્મા ! સ્વયં સદાય વિજ્ઞાનઘન-સ્વભાવપણું હોવાને લીધે, આત્મા તો સ્વયં પોતે વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, ચેતક છે.

એ તો જાણનાર દેખનાર છે. ચેતક જ જ્ઞાતા જ છે, એ તો જ્ઞાતા જ છે પ્રભુ. પોતાને ને પરને જાણે છે. ઓલામાં નાખ્યું 'તું ને પોતાને ને પરને જાણતું નથી, એમ નાખ્યું ' તું. પોતાને ને પરને જાણે છે. પોતે આનંદઘન વિજ્ઞાનઘન છે તેનેય જાણે છે અને રાગાદિને પણ પોતામાં રહીને અડયા વિના પણ જાણે છે. પોતાને ને પરને જાણે છે, માટે આત્મા, આત્મા છે ને લીધું છે ને અહીં, ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે. માટે આત્મા, ચૈતન્યથી જાણક દેખન સ્વભાવથી અનન્ય નામ અનેરા અનેરાપણે નથી પણ અનન્ય સ્વભાવવાળો છે. અભેદસ્વભાવ છે એમ કહે છે, છે ને, અનન્ય છે ને ? માટે આત્મા સદાય વિજ્ઞાનઘનસ્વભાવ પોતે હોવાથી ચેતક છે. માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે એ, અભેદ સ્વભાવ છે. આત્મા ચૈતન્ય સ્વભાવ અભેદ છે, અનન્ય છે, અનેરા અનેરા નથી, અનન્ય છે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ અનન્ય છે. અનેરા અનેરાપણે નહિ પણ એકપણે છે. એમ કહે છે. આહાહા ! આવી વાત છે. લ્યો આ બીજી વાર ભાઈએ લેવરાવ્યું. આહાહા ! ( શ્રોતાઃ- કાલ હતું એથી વધારે આવ્યું ) એ તો ભાઈ એનું એ જ કંઈ આવે એવું છે ? આહાહા !

ચૈતન્યથી આત્મા, અનન્ય સ્વભાવવાળો 'જ' છે. કૌંસમા કહ્યું છે કે ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો નથી એમ, અનેરા ભાવપણું નથી પણ અનન્ય ભાવપણે આત્મા છે. આહાહા ! આ તો બહુ ભાઈ આ તો આત્માની વાત છે ભગવાન, એને તો બહુ ધ્યાન રાખે તો પકડાય એવું છે. આહાહા ! એમાં એક એક અક્ષરના શબ્દોમાં મોટો ફેર છે. બે બોલ થયા.

( શ્રોતાઃ- જાણે છે કે જાણવાની શક્તિરૂપે સ્વભાવવાળો છે ) સ્વભાવ ? પણ સ્વભાવ કહો કે શક્તિ કહો એ તો એકનું એક થયું, શું અર્થ ? એ કીધું છે એનો અર્થ શું થયો શક્તિ કહો, ગુણ કહો કે સ્વભાવ કહો બધું એકનું એક છે. જાણવાની પર્યાય કરે છે એમ અહીંયા પ્રશ્ન નથી. અહીંયા તો જાણવાના સ્વભાવવાળો જાણક સ્વભાવ ચૈતન્ય સ્વભાવ, શક્તિ સ્વભાવ, ગુણ સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ બધું એક જ ( સ્વરૂપ ) છે. ચૈતન્ય સ્વભાવપણું હોવાથી તે જે આત્માને અનન્યપણું છે, અનેરાપણું નથી પણ અભેદ છે એમ. શક્તિ કહો કે સ્વભાવ કહો કે ગુણ કહો બધુ તો એકનો એક અર્થ થાય છે. આંહીં તો વધારે તો સ્વભાવસિદ્ધ કરવો છે ને. પુણ્ય-પાપનો ભાવ એનો સ્વભાવ નથી. એ તો વિભાવરૂપી જડ સ્વભાવ છે, એમ સિદ્ધ કરવા, તેને અહીં ચૈતન્ય સ્વભાવવાળો હોવાથી ચેતક છે, જ્ઞાતા છે. આહાહાહા !

"આસ્રવો." ત્રીજો બોલ શુભ ને અશુભ ભાવ, જેને દુનિયા અત્યારે વ્રત ને તપ ને ભક્તિ ને ધર્મ માને, જેને ધર્મનું કારણ માને, "એ આસ્રવો, આકુળતાના ઉપજાવનારા છે." એ શુભભાવ આકુળતાનો ઉપજાવનાર છે, પ્રભુ નિરાકુળ છે, એનાથી વિરુદ્ધ ભાવ, સ્વભાવવાળો હોવાથી, આકુળતાના સ્વભાવવાળો છે. આસ્રવો પુણ્ય ને પાપના શુભ-અશુભ ભાવો આકુળતાના ઉપજાવનારા હોવાથી, એ આત્માની શાંતિને ઉપજાવનારા હોવાથી, વ્યવહારથી નિશ્ચય થાય, ( એમ નથી ) આહાહાહા ! આમ કેમ શબ્દ આવ્યો છે ? એ આસ્રવો આકુળતાના ઉપજાવનારા છે. એ આસ્રવો પુણ્ય શુભભાવો આત્માની શાંતિના ઉપજાવનારા, ધર્મને ઉપજાવનારા નથી. આહાહાહાહા ! સમજાણું કાંઈ ? એ છે ને મોટો મૂળ વાંધો ઈ છે ને ? એટલે. આકુળતાના ઉપજાવનારા છે. ભાઈ ! એ શુભભાવ હો ચાહે તો દયા, દાન, વ્રત, આદિનો વિકલ્પ હો, એ આકુળતાના ઉપજાવનારા છે. એ ભગવાનની શાંતિ અનાકુળતાની પર્યાયને ઉત્પન્ન કરનારા નથી. એટલે વ્યવહારનો ભાવ, રાગનો ભાવ, એ આકુળતાના ઉપજાવનારા છે, એ વ્યવહારનો રાગનો ભાવ અનાકુળ એવો ભગવાન આત્માના સુખને ઉપજાવનારો નથી, એ સુખને ઉપજાવનારા નથી. આહાહાહા !

( શ્રોતાઃ- ભક્તિમાં તો શાંતિ લાગે છે ) શાંતી દેખાય અજ્ઞાનીને, રાગની મંદતા દેખાય ને. એ રાગ અણાકુળ એવો જે ભગવાન આત્મા સુખસ્વરૂપ લેશે, એને ઉપજાવનારો નથી. એ શુભભાવ આકુળતાના ઉપજાવનારા હોવાથી, કારણ આપ્યું દુઃખના કારણો છે. બે ભાષા લીધી છે. એક શુભભાવ શુદ્ધતાના કારણ છે, એમ નિષેધ કરાવવામાં, એમ કે શુદ્ધની ઉત્પત્તિ શુભથી થાય છે, એમ નથી. આહાહા !

શુભભાવ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આકુળતાના ઉપજાવનારા છે. ( શ્રોતાઃ- અપરાધ છે ) અપરાધ છે, દોષ છે. એક પણ વાત એને સત્ય હોવી જોઈએ ને ? એમનેમ મોટી લાંબી વાતું કરે ને એના મૂળ તો હાથ આવે નહિ. આહાહા ! આહાહા ! ભગવાન આત્મા કોણ છે એ પછી કહેશે.

આંહીં તો પુણ્ય ને પાપના ભાવ, શુભ-અશુભ ભાવ આકુળતાના ઉપજાવનારા એમ સિદ્ધ કરીને આત્માની શાંતિ જે સુખ છે તેના ઉપજાવનારા નથી. શુભ છે તે શુદ્ધને ઉપજાવનારા નથી. આહાહાહા ! શું થાય ? લોકો તકરાર કરે, વાંધા ઉઠાવે, એકાંત છે બાપુ, બહુ પ્રભુના-

પ્રભુના વિરહ પડયા નાથ એમાં આવો મારગ આવ્યો છે, એમાં આ વખતે ન બેસે એથી તેને વિરોધ કરવો એ કાંઈ. આહાહાહા..... દુઃખના કારણ છે, કારણ મુક્યું આંહીં તો, એ શુભભાવ જે દયા, દાન, વ્રત ભક્તિના પરિણામ એ દુઃખનું કારણ છે, એટલે કે એ આત્માના શાંતિ ને સુખનું કારણ નથી. આહાહા !

અરેરે ક્યાં મળે એને, અનંતકાળથી રખડતો, દુઃખી–દુઃખી–દુઃખી–દુઃખી પ્રાણી, જે દુઃખ તેનો સ્વભાવ નથી અને એ દુઃખ તે તેના સ્વભાવની શુદ્ધિનું કારણ નથી, એ દુઃખના કારણ છે. આમ ભાષા આમ કરી, દુઃખરૂપ છે એટલું ન મૂકતા આકુળતાના ઉપજાવનારા દુઃખરૂપ છે–એમ ન કહેતા, દુઃખના કારણો છે એમ સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ ? આહાહા ! એટલે કે એ આત્માની શાંતિ ને ધરમના કારણ એ નથી. સમ્યગ્દર્શનજ્ઞાન–ચારિત્રના પરિણામના કારણ એ શુભભાવ નથી. એ દુઃખરૂપ છે એમ ન કહેતા દુઃખના કારણ છે એમ કહ્યું. આહાહાહા !

"આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખના કારણ છે" આહાહાહા ! જે દુઃખના કારણ છે એ સમકિતના કારણ કેમ થાય ? જે દુઃખના કારણ છે એ ધર્મની જે મોક્ષમાર્ગની પર્યાય તેના એ કારણ કેમ થાય ? કહો, દેવીલાલજી ! આ ભાઈએ ફરીને કીધું'તું ને લેવાનું જ્યારે લેવાય ત્યારે એ વાત. આ તો એક એક શબ્દો આ તો ટીકા સંતોની ટીકા છે. આચાર્યની ટીકા છે, એ કોઈ વાર્તા નથી. એને પણ સાંભળનારના ભાગ્ય જોઈએ છે. ભાઈ ! બાકી દુનિયાના પૈસાના ભાગ્ય હોય ના હોય એની હારે કાંઈ સંબંધ નથી. આ ભાગ્યવાન તો આ છે ભવિ ભાગન જોગ. "કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નથી," એ શુભભાવનું એ આત્મા કારણેય નથી. ગજબ વાત છે. એ શુભભાવ તો નિમિત્ત આધીન પર્યાયમાં અંશમાં બહારથી થાય છે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા તો આમ ભગવાન તરીકે તો બોલાવ્યો છે ને. આત્મ તત્ત્વ ને જ ભગવાન તરીકે બોલાવ્યો છે, બોલાવ્યો છે એટલે કહ્યો છે, કહ્યો છે એટલે કે છે. આહાહા ! સદાય નિરાકુળ સ્વભાવને લીધે કોઈનું કાર્ય અકારણ કાર્યશક્તિ છે ને ? અકાર્ય કારણ શક્તિ અહીંથી કાઢી છે. ૪૭, જીવતર શક્તિ, "જીવોચરિત દંસણનાણં ઠિદો" ન્યાંથી કાઢી પહેલી. ભગવાન આત્મા એમાં અકાર્યકારણ નામનો એક ગુણ છે, તેથી તે શુભનું કારણેય નથી અને શુભનું તે કાર્ય નથી. આહાહાહા !

સમેતશિખરમાં એક વાર પહેલાં વહેલા ગયા'તા ને કલાક એક કલાક ચાલ્યો હતો ( તમે હતા ? ) આ બોલ ઉપર એક કલાક ચાલ્યું'તું, તેરમી નહિ પણ પંદરમાં, તેરમાં તો સમેતશિખર ભાઈ હતા ને વરણીજી હતા પંદરમાં નહોતા ત્યારે હાલી'તી એક કલાક, પંદર, પંદર ( પાંત્રીસ, ચાલે છે ) વીસ વર્ષ થયા. આહાહા ! કોઈનું કાર્ય, શુભભાવ તીર્થંકર ગોત્રનો પણ આત્મા કાર્ય નહિ, એનું કાર્ય નહિ ને કારણેય નહિ. એ શુભભાવ જે તીર્થંકર ગોત્ર બંધાણું તેનું આત્મા કાર્ય નહિ તેમ શુભભાવનું આત્મા કારણ નહિ. આહાહાહા !

પાંચ મહાવ્રતના પરિણામ જે છે તેનું આત્મા કારણ નહિ અને તે મહાવ્રતના પરિણામનું આ આત્મા કાર્ય નહિ. "કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી દુઃખનું અકારણ જ છે" પ્રભુ તો દુઃખનું અકારણ છે. એ પુણ્ય ને પાપના ભાવ તે દુઃખના કારણ ને આકુળતાને

ઉપજાવનારા છે, જેમાં દુનિયા આ ઠીક છે ને સુખી છે એમ માને છે. અશુભ ભાવમાં પણ સુખ ઠીક છે, ને મજા માને છે. આહાહા ! પૈસા, આબરૂ, કીર્તિ આંહીં તો એથી આગળ જઈને વાત માને છે શુભભાવમાં પણ અમે સુખી છીએ, એ માનનારા મિથ્યાદૅષ્ટિ છે, એને વસ્તુ સ્વરૂપ જે દુઃખનું કારણ નથી ને દુઃખનું કાર્ય નથી તેની ખબર નથી, તેના પરિણામમાં શુભભાવમાં સુખ માને છે તે આકુળતાના કારણને સુખ માને છે, અને સુખનું કારણ માને છે. એ મિથ્યાદૅષ્ટિ છે અર્થાત્ દુઃખનું કારણ નથી. વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૫૪ ગાથા-૭૨ તા. ૨૮/૧૨/૭૮ ગુરુવાર માગશર વદ-૧૪

( જુઓ ! ) પહેલા પેરેગ્રાફની ચોથી લીટી છે, પહેલો પેરેગ્રાફ છે ને !

આ પ્રમાણે... ત્યાંથી શરૂ થાય છે. આ પ્રમાણે વિશેષ ( તફાવત ) દેખીને, શું કહે છે ? કે આ આત્મામાં શુભ-અશુભ ભાવ જે ઉત્પન્ન થાય છે એ અશુચિ છે, ( અને ) ભગવાન આત્મા શુચિ-પવિત્ર છે. ( એ ) બેય વચ્ચેનો તફાવત જાણીને અને શુભાશુભ ભાવ છે એ જડ છે, કેમ કે શુભ ( અશુભ ) રાગ આદિ પોતાને જાણતા નથી, પરને જાણતા નથી ( પરંતુ ) પર દ્વારા જાણવામાં આવે છે, એ કારણે શુભ-અશુભ ( ભાવો ) -દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ ( છે જે ) શુભ-અશુભ ભાવને અહીં જડ કહ્યા છે, અને ચૈતન્ય ભગવાન ( આત્મા ) વિજ્ઞાનઘન છે-ચૈતન્યઘન ( છે. )

( આહાહા ! ) શુભ-અશુભ ભાવ છે એ આકુળતાને ઉપજાવનારા છે, આત્મા અનાકુળ આનંદસ્વરૂપ છે-એવો બે વચ્ચે વિશેષ નામ અંતર-તફાવતને જોઈને, બેય વચ્ચે તફાવત-અંતર જોઈને...આહાહા ! શુભ-અશુભ ભાવ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિના હો એ શુભ છે ( અને ) હિંસા, જૂઠું, ચોરી આદિ( ના ભાવ ) અશુભ છે-બેય અશુચિ છે, જડ છે, આકુળતા ઉત્પન્ન કરવાવાળા ( ભાવો ) છે. ભગવાન આત્મા ચેતન પવિત્ર છે, વિજ્ઞાનઘન છે આનંદસ્વરૂપ છે. આહા ! એ પ્રકારે વિશેષ-અંતરને ( તફાવતને ) જોઈને-અંતરમાં બેયનો ભેદ-અંતર નામ ભિન્નતા જાણીને, આહાહા ! ઝીણી વાત છે ભાઈ !

જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે-જ્યારે આ આત્મા બન્નેને ભિન્ન ( ભિન્ન ) જાણીને અર્થાત્ પર્યાય ઉપર દૅષ્ટિ છે ત્યાં તો શુભ-અશુભ ભાવ અશુચિ છે, દુઃખ છે ને જડ છે અને દ્રવ્યદૅષ્ટિ કરવાથી આત્મા પવિત્ર છે-વિજ્ઞાનઘન છે અને સુખનો પિંડ છે-આનંદનું કારણ છે. આહાહાહા !

આવો બન્નેની વચ્ચે અંતર( તફાવત ) જોઈને -બેય ભાવમાં ભિન્નતા જોઈને-બન્નેના ભાવમાં અન્યત્વ ( જુદાઈ ) જોઈને, જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે-જ્યારે આ આત્મા એટલે કે આ આત્મા-આત્મા અને આસ્રવો ( એટલે કે ) આત્મા અને પુણ્ય-પાપના ભાવ જે અશુચિ, જડ ને દુઃખ છે અને આત્માને ( આસ્રવોથી ) ભિન્ન ચીજ જાણે છે અંદરમાં, એ જ વખતે -પુણ્ય-પાપના ભાવ બંનેય દુઃખરૂપ છે, ભગવાન ( આત્મા ) આનંદસ્વરૂપ છે. આવો બન્નેની વચ્ચે અંતર-તફાવત-ભિન્નતા-અન્યતા જોઈને ( જાણીને ) આહા ! તે જ

સમયે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે.

શું કહે છે ? ( કે ) જે રાગ છે- શુભ રાગાદિ છે એના પ્રત્યે પ્રેમ છે, એને આત્મા પ્રત્યે ક્રોધ છે-દ્વેષ છે. જેમને રાગ-શુભરાગ ( પ્રત્યે ) રુચિ છે એને આત્મા પ્રત્યે અરુચિ છે-અરુચિ કહો કે ક્રોધ કહો. આહાહા ! આવી વાત ઝીણી છે બહુ ભાઈ !

'તે જ વખતે' જ્યારે જાણે છે 'તે જ વખતે' ( આસ્રવોથી નિવૃત્ત થાય છે. ) આહાહા ! આત્મા વિજ્ઞાનઘનસ્વરૂપ-આનંદસ્વરૂપ, પવિત્ર અને આ પુણ્ય-પાપના ભાવ મેલ, જડ ને દુઃખ-આકુળતાને ઉત્પન્ન કરવાવાળા-( એમ ) બન્નેની વચ્ચે અંતર, અંતર નામ ભેદ ( જુદાઈ ) જાણે છે ત્યારે-જ્યારે જાણે છે તે જ વખતે, છે ? એ પુણ્ય-પાપના ભાવ ( આસ્રવો ) પોતાના સ્વભાવથી વિરુદ્ધભાવ છે એ સ્વભાવથી વિરુદ્ધને ક્રોધ કહ્યો ! તો જ્યારે ક્રોધ અને સ્વભાવને ભિન્ન જાણે છે-( ભિન્નતાનું ) ભાન ( થયું ) ત્યારે ક્રોધથી નિવૃત્ત થાય છે. આહાહા ! મલિન પરિણામથી પોતાનો આત્મા ભિન્ન ચીજ છે, એવું જ્યારે જાણવામાં આવે છે એ જ સમયે વિકારની રુચિથી હઠી જાય છે. આહાહા ! સમજાણું કાંઈ ?

( કહે છે ) જે સમયે વિજ્ઞાનઘન ભગવાન આત્મા અને પુણ્ય-પાપના ભાવ ( આસ્રવો ) મલિન અને અશુચિને જડ-એવો બન્ને વચ્ચે અંતર-ભેદ, વિશેષ તફાવત જોતા વેંત, તફાવત જોતાંવેંત ધર્મીનો આત્મા, આત્માના સ્વભાવથી વિરુદ્ધભાવ જે પુણ્ય-પાપ( ના ભાવો ) છે એની રુચિથી ( પાછો ) હઠી જાય છે-અભિપ્રાયમાં ( એ ભાવો ) મારાં છે એનાથી હટી જાય છે. આહાહા ! આવી વાત છે. તે જ સમયે વિકાર-ક્રોધાદિક એટલે પુણ્ય-પાપના ભાવ, ક્રોધ ( કહ્યા ) સ્વભાવથી વિરુદ્ધ ( ભાવ ) છે માટે, એ આસ્રવોથી નિવૃત્ત થાય છે.

( આહા ! ) અંતરમાં વિકારીભાવ-શુભાશુભ બધાય અને અવિકારી સ્વભાવ ભગવાન ( આત્મા ), બેયની વચ્ચે અંતર ( જુદાઈ ) જોઈને, પરથી જ્યારે નિવૃત થાય છે. છે ? એનાથી નિવૃત્ત નામ ( એટલે કે ) પોતાનો અભિપ્રાય ત્યાંથી હટાવી લે છે. પુણ્ય ને પાપના ભાવ અશુચિ, મેલ, જડ ને દુઃખરૂપ છે-આકુળતાને ઉત્પન્ન કરનારાં છે. ભગવાન ( આત્મા ) અનાકુળ આનંદનો કંદ છે-આવું બન્ને વચ્ચેનું અંતર જોઈને વિકારી પરિણામથી, અભિપ્રાયથી નિવૃત્ત થાય છે. ( પહેલાં ) અભિપ્રાયમાં વિકારી પરિણામ મારા હતા એવી જે માન્યતા હતી, એ અભિપ્રાયમાં વિકારી પરિણામથી નિવૃત્ત થાય છે. આહાહાહા ! છે ?

( શું કહે છે ? ) કેમ કે એનાથી જે નિવૃત્ત નથી-અંદરમાં એ વિકારી પુણ્ય-પાપ, શુભાશુભભાવ બેય, એનાથી જો નિવૃત્ત ન હોય, નિવૃત્ત નથી તો એને આત્માના ( અને ) આસ્રવના પારમાર્થિક ભેદજ્ઞાનની સિદ્ધિ થઈ નથી. આહાહાહા ! જેમ ઘઉંથી કાંકરા જુદા છે કાંકરાથી ઘઉં જુદા છે ( ઘઉં વીણે છે તેમાં ) કાંકરા ઉઠાવે છે-( વીણે છે ) એમ અહીંયા ભગવાન આત્મા પર તરફના લક્ષવાળા પુણ્ય-પાપના ભાવ ( કાંકરા સમાન ) અને મારી ચીજ ( નિજાત્મા ) અંદર એનાથી જુદી છે, એવું ભેદજ્ઞાન થાય છે ત્યારે પરથી નિવૃત્ત થાય છે. આહાહા ! આવી વાત છે.

પરથી નિવૃત્ત થાય છે એનો અર્થ ? અભિપ્રાયમાં જે વિકાર મારો એવી બુદ્ધિ હતી, એ વિકારપરિણામોથી ( મારાપણાનો ) અભિપ્રાય દૂર થઈ જાય છે, અને પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ

ત્યાં અભિપ્રાય જામી જાય છે, ત્યાં અહંપણું સ્થાપી દ્યે છે-પૂર્ણાનંદના નાથ ઉપર, એ હું એવું સ્થાપી દે છે. અને પુણ્ય-પાપના ભાવથી હઠી જાય છે. આવી વાત છે ભાઈ ! કહો, દેવીલાલજી ! આહા !

( આસ્રવોથી ) નિવૃત્ત ન થવાથી, આત્મા અને આસ્રવોના પારમાર્થિક ભેદજ્ઞાનની સિદ્ધિ થઈ નથી. શું કહે છે ? જો એ શુભ-અશુભ ભાવથી નિવૃત્તિ ન હોય અને એનાથી હઠીને સ્વભાવમાં ન આવ્યો હોય તો પુણ્ય-પાપના ભાવથી નિવૃત્તિ નથી થઈ તો ભેદજ્ઞાન જ નથી. એ પુણ્ય-પાપના ભાવ અને આત્માનું ભેદજ્ઞાન છે જ નહીં એને. આહાહા ! સૂક્ષ્મ વાત છે ભાઈ !

આહાહા ! આત્મા અંતર અનાકુળ આનંદસ્વરૂપ પ્રભુ અને શુભ-અશુભ ભાવ આકુળતા-દુઃખ છે.-આવું બન્નેનું ( અંદર ) અંતર ( ભેદ ) જોઈને પરથી ( આસ્રવોથી ) નિવૃત્ત જો ન હોય, તો પરથી ભિન્ન ભેદજ્ઞાન થયું જ નથી. આહાહા ! સમજાણું કાંઈ... ?

આહાહા ! નિવૃત નથી થયો તો એ આત્માને આસ્રવોથી યથાર્થ ભેદજ્ઞાનની સિદ્ધિ જ નથી થઈ. એ શુભ-અશુભ ભાવથી આત્મા ભિન્ન છે, એવું જો ભેદજ્ઞાન હોય તો, પુણ્ય-પાપના ભાવથી, અભિપ્રાયથી હટી જાય છે અને અભિપ્રાયથી જો ન હટે તો પુણ્ય-પાપના ભાવ અને આત્માનું ભેદજ્ઞાન થયું જ નથી. આહાહા ! સમજાણું કાંઈ... ? અનેક છે એવા અનેકપણાનું ભેદજ્ઞાન થયું નહીં. બેનો એકપણાનો રાગ છે અજ્ઞાનીને-રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પ ( જે છે ) રાગ, એ પણ શુભરાગ છે, એ દુઃખરૂપ છે. આહાહાહા ! ભગવાન ( આત્મા ) આનંદ ને જ્ઞાનઘન છે. એવો બન્નેની વચ્ચે તફાવત જોઈને, અભિપ્રાયમાં વિકારથી હટી જાય છે અને સ્વભાવમાં જામી જાય છે. જે આવા વિકારથી હટે નહીં, તો વિકાર ને સ્વભાવનું ભેદજ્ઞાન થયું નથી. આહાહાહા ! આવું છે સ્વરૂપ !

( શું કહે છે ? ) "( સાચા ) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી,"-આસ્રવોની પારમાર્થિક-યથાર્થ ભેદજ્ઞાનની સિદ્ધિ થઈ નથી. ભલે એનાં ખ્યાલમાં લઈ લીધું હોય ( ધારણામાં હોય વાત ) કે રાગભાવ છે એ દુઃખરૂપ છે ને આત્મા છે એ આનંદરૂપ છે, એવું ખ્યાલમાં-જાણપણામાં લઈ લીધું ( હોય ) પણ, અંદરથી નિવૃત્ત ન થયો-યથાર્થપણે એનાથી ( આસ્રવોથી ) નિવૃત્ત ન થયો, ( તો ) એ ખ્યાલ-ખ્યાલનું ભેદજ્ઞાનેય યથાર્થ નથી. આહાહાહા ! સમજાણું કાંઈ... ? ઝીણી વાત છે ભાઈ !

પ્રથમ સમ્યગ્દર્શનમાં-ભેદજ્ઞાનમાં, રાગથી ભિન્ન થઈને પોતાની ( નિજાત્માની ) પ્રતીતિ કરે છે તો એ સમ્યગ્દર્શન થાય છે. તો સમ્યગ્દર્શનની પર્યાય ભેદજ્ઞાન, અહીંયા જ્ઞાનપ્રધાન કથન છે. ( તેથી ) તો ભેદજ્ઞાનમાં પરથી ભિન્ન હટીને ( થઈને ) સ્વભાવની તરફ એની દૃષ્ટિ થઈ તો પરથી એની રુચિ હઠી ગઈ, અને પરથી હઠે નહીં તો વિકાર અને સ્વભાવની વચ્ચે તો અનેકતા છે-ભિન્નતા છે તો ભેદજ્ઞાન એને થયું જ નથી. આહાહા ! સમજાણું કાંઈ... ? ( અહો ! ) આ ચોથા ગુણસ્થાનની વાત છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ, શુભાશુભ ભાવને-મલિનભાવને જોઈને એનાથી હટીને ( નિજ ) સ્વભાવમાં દૃષ્ટિ સ્થાપે છે એવું જો ન હોય તો ( બે ) વચ્ચેનું અંતર ભેદજ્ઞાન થયું જ નહીં.

આહાહાહા ! સમજાણું કાંઈ... ? એટલા માટે ક્રોધાદિક આસ્રવોથી –એ શુભ–અશુભ ભાવરૂપી આસ્રવ છે એ બંધના કારણ છે, દુઃખ છે. આહાહાહા !

એ ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિની સાથે ( જ ) આ શુભ–અશુભ ભાવથી હઠીને સ્વભાવમાં દૃષ્ટિ આવી તો એ વિકારથી હઠી ગયો, એની સાથે અવિનાભાવી છે એવા જ્ઞાનમાત્રથી જ–એની સાથે જ્ઞાન અવિનાભાવી છે. પુણ્ય–પાપના ભાવથી હઠયો તો સ્વભાવનું જ્ઞાન થયું–એ એની સાથે ( જ્ઞાન–સાથે ) અવિનાભાવ છે. આહાહા !

અવિનાભાવ એટલે ? શુભ–અશુભ ભાવ એનાથી હઠીને પોતાનામાં આવ્યો તો સાથે ભેદજ્ઞાન થયું જ–જ્ઞાનમાત્ર થઈ ગયો ત્યાં એ પરથી હઠયો અને પોતાનામાં આવ્યો, તો એની સાથે અવિનાભાવી જ્ઞાનમાત્ર સિદ્ધ થઈ ગયું, એ જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થઈ ગયો. આહાહા ! સૂક્ષ્મ વાત છે ભાઈ !

મૂળ વાત છે પ્રભુ ! અત્યારે તો આખી પ્રવૃત્તિમાં એ ધર્મ ! વ્રત ને ભક્તિ ને પૂજામાં ધર્મ માને છે. તો અહીં તો કહે છે એમાં જ્યાં સુધી ધર્મ માને છે ત્યાં સુધી અજ્ઞાની છે. અવિરુદ્ધ જ્ઞાની છે. અભેદ એટલે રાગ અને આત્માને એક માને છે. પણ રાગ અને આત્માને અંદરમાં ( બન્નેના ) લક્ષણભેદથી વિકારીભાવ શુભ હો કે અશુભ હો, એનું લક્ષણ આકુળતા છે, ભગવાનનું ( આત્માનું ) લક્ષણ અણાકુળ–આનંદ છે. બેયની વચ્ચે અંતર ( તફાવત ) જોઈને, જે પ્રાણી અભિપ્રાયમાં વિકારથી નિવૃત્ત ન હોય તો એને વિકાર અને ( આત્મ ) સ્વભાવના ભેદજ્ઞાનનો અભાવ છે, અને જ્યારે વિકારથી નિવૃત્ત થયો તો એની સાથે ( આત્મ )જ્ઞાન થયું, વિકારથી નિવૃત્ત થયો તો એની સાથે આત્માનું જ્ઞાન થયું. તો જ્ઞાનમાત્રથી બંધ રોકાઈ ગયો. મિથ્યાત્વથી જે બંધ હતો તે જ્ઞાનમાત્રથી મિથ્યાત્વનો બંધ રોકાઈ ગયો. આહાહા ! બહુ ઝીણું ભાઈ ! છે ?

"અવિનાભાવી એવા જ્ઞાનમાત્રથી ( જ ),"–એટલે ? શુદ્ધચૈતન્ય–જ્ઞાયકભાવના જ્ઞાન–માત્રથી જ–એનું જે જ્ઞાન થયું રાગથી ભિન્ન ચૈતન્યસ્વભાવ–આનંદસ્વરૂપ ભગવાન ( આત્મા ), એનું જ્ઞાન થયું, તો જ્ઞાનમાત્રથી જ, આહાહા ! અજ્ઞાનજન્ય–અજ્ઞાનજન્ય–અજ્ઞાનથી જે બંધ હતો–મિથ્યાત્વથી જે બંધ હતો. "અજ્ઞાનજન્ય એવો જે પૌદગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે."–મિથ્યાત્વથી જે બંધન થતું હતું એ ભેદજ્ઞાનીઓ–સમ્યગ્દૃષ્ટિઓને, મિથ્યાત્વથી જે બંધ થતો હતો, એ બંધ છે નહીં. આહાહા ! સમજાણું કાંઈ... ? એ ત્રણ લીટીમાં આટલું છે !

બીજો પેરેગ્રાફ, "વળી, જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન છે ?–હવે સિદ્ધ કરે છે કે જ્ઞાનમાત્ર–જ્ઞાનમાત્રથી જ બંધનો શા માટે નિરોધ હોય છે–એ પ્રશ્ન હતો, હતોને માથે ? "જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ કેવી રીતે હોય છે"–ગાથા ઉપર ( છે ). તો જ્ઞાનમાત્ર થયો–ચૈતન્ય સ્વરૂપ, આનંદસ્વરૂપનું ( નિજાત્માનું ) જ્ઞાન થયું અને રાગના જ્ઞાનથી હઠી ગયો.–રાગની રુચિથી હઠી ગયો અને સ્વભાવની રુચિમાં આત્માનું જ્ઞાન થયું. આહાહા !

એ જ્ઞાનમાત્રથી મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો જે બંધ હતો એ ભેદજ્ઞાનીને રોકાઈ ગયો ! અને જો ( બંધ ) ન રોકાય તો અમે પ્રશ્ન કરીએ છીએ- કહે છે ( કે ) જ્ઞાનમાત્રથી જ્યાં ( આત્મ )જ્ઞાન થયું. અને "એ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તેથી ( એ ) અજ્ઞાન છે કે જ્ઞાન ?"–ભગવાન આત્મા, આનંદકંદ પ્રભુ ! અને પુણ્ય–પાપના ભાવ દુઃખરૂપ, બન્નેનું ભેદજ્ઞાન

છે-બેયની ભિન્નતાનું ભાન છે-જ્ઞાન છે, એ અજ્ઞાન છે કે જ્ઞાન છે? આવો પ્રશ્ન કરે છે.

"જો અજ્ઞાન છે તો આત્મા અને આસ્રવોના ભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ."-અજ્ઞાન છે તો રાગ અને આત્માની એકતા છે ત્યાં તો કોઈ ભેદજ્ઞાન તો છે નહીં. રાગ-પુણ્ય-પાપના ભાવ અને સ્વભાવની જે એકતા છે ત્યારે ભેદજ્ઞાન થયું જ નથી. અજ્ઞાન છે એ તો! (આત્મ)સ્વરૂપનું જ્ઞાન નહીં ને રાગનું જ્ઞાન નહીં, તો તો રાગને પોતાનો માનવો (તે તો) સ્વભાવનું અજ્ઞાન છે. આહાહા! આવું ઝીણું પડે અને (આત્મા) ઝીણો અરૂપી વસ્તુ!

અરૂપીમાં પણ શુભ વિકલ્પ છે એ સ્થૂળ છે-દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ પણ સ્થૂળ-અત્યંત સ્થૂળ!! ભગવાન (નિજાત્મા) તો એનાથી તદ્‌ન ભિન્ન છે. -આવા ભેદજ્ઞાન માત્રથી-જ્ઞાનમાત્રથી એ બંધ રોકાઈ જાય છે. મિથ્યાત્વ ને અજ્ઞાનનો અનંતાનુબંધી (કષાય) રોકાઈ જાય છે. અને જો ન રોકાય તો અમે પૂછીએ છીએ, પ્રશ્ન તો આ હતો ને જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ થાય છે? કે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે-પુણ્ય-પાપના ભાવ અને ભગવાન આત્મા એનું જે ભેદજ્ઞાન છે, બન્ને ભિન્ન પડયા એ જ્ઞાન છે.

(શું કહે છે?) એ અજ્ઞાન છે કે જ્ઞાન છે? જો અજ્ઞાન છે તો આત્મા અને આસ્રવોનું અભેદજ્ઞાન (રહ્યું) એ તો અભેદ રહ્યા, તો પુણ્ય-પાપના ભાવ ને આત્માને એક માન્યા ત્યાં ભેદજ્ઞાન તો છે નહીં. અજ્ઞાનમાં ભેદજ્ઞાન કયાંથી આવ્યું? આહાહા! આસ્રવોને (આત્માના) અભેદ જ્ઞાનથી એની કોઈ વિશેષ -જુદાઈ તો ન થઈ, પુણ્ય-પાપના ભાવ ને આત્મા બેય (એક માનવાથી) તમારામાં અજ્ઞાન છે તો પુણ્ય-પાપના ભાવથી હઠયો નહીં-વિશેષતા તો થઈ નહીં-અંતર પડયું નહીં. આહાહાહા!

"અને જો જ્ઞાન છે તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે? જો એ પુણ્ય-પાપના ભાવ અને આત્માનું ભેદજ્ઞાન થયું છે તે જ્ઞાન છે તો તે જ્ઞાન પુણ્ય-પાપમાં પ્રવર્તે છે કે પુણ્ય-પાપના (ભાવોથી) નિવૃત્ત છે? જો એ જ્ઞાન છે તો તે આસ્રવોમાં પ્રવૃત્ત છે કે એનાથી નિવૃત્ત છે?

એ શુભ-અશુભ ભાવને જો તમે જ્ઞાન કહો છો તો એ જ્ઞાન એમાં પ્રવર્તે છે મારા તરીકે માનીને કે એનાથી નિવર્તે છે? જો આસ્રવોમાં પ્રવર્તે છે તો પણ આત્મા ને આસ્રવોના અભેદજ્ઞાનમાં, એનાથી કોઈ અંતર (તફાવત) ન થયો. જ્ઞાન પણ જો પુણ્ય-પાપમાં પ્રવર્તે છે તો ભેદજ્ઞાન નથી, તો એ જ્ઞાનેય નથી. આહાહા! ઝીણી વાત છે ભાઈ! આ બોતેર ગાથા બહુ. આહા!

(આત્મા) આસ્રવોથી નિવૃત્ત નથી થતો તો તો આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન નથી તો (બન્ને) અભેદ થયા-પુણ્ય ને પાપમાં જ્ઞાનસ્વરૂપ ભગવાન (આત્મા) પ્રવર્તે એમાં (તો) અભિપ્રાયમાં (એ ભાવો) મારા છે એમ રોકાઈ જાય તો તો ભેદજ્ઞાન છે જ નહીં. તો એ જ્ઞાનેય છે નહીં. સમજાણું કાંઈ...?

અને જો તે આસ્રવોથી નિવૃત્ત છે, જ્ઞાનનો પ્રશ્ન હતો ને? (શું) કે શુભ-અશુભ ભાવ અને ભગવાન આત્મા, એનું ભેદજ્ઞાન છે એ જો જ્ઞાન છે, તો એ જ્ઞાન એમાં (આસ્રવોમાં) પ્રવૃત્ત જો છે તો પણ જ્ઞાન નથી અને જો એ જ્ઞાન એમાં પ્રવૃત્ત નથી, નિવૃત્ત છે, તો (એ જ્ઞાન) આસ્રવોથી

રોકાઈ ગયું છે. જ્ઞાન ( આસ્રવોથી ) ભિન્ન થઈ ગયું ! "અને જો આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો." પુણ્ય–પાપના ભાવોથી હઠીને ( આત્મ ) સ્વભાવનું જ્ઞાન થયું, તો જ્ઞાનમાત્રથી –જ્ઞાન, પુણ્ય–પાપમાં પ્રવર્ત્યું નહીં–પોતાના માનીને એમાં ( આસ્રવોમાં ) જતું નથી, તો તો ભેદજ્ઞાન થયું–તો યથાર્થ જ્ઞાન થયું–( તેથી ) જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ ( સિદ્ધ ) થઈ ગયો. આહાહા ! આ તો વકીલાતની પેઠે કોર્ટ મૂકી છે. ( શ્રોતાઃ– જ્ઞાનની સાથે સ્વરૂપ આચરણ ચારિત્ર પણ સાથે છે ? ) એ, એ જ્ઞાનમાત્ર એને જ કહ્યું.

આહા ! આંહી તો રાગ–પુણ્ય–પાપના ભાવથી હઠીને ભેદજ્ઞાન થયું તો જ્ઞાન–દર્શન–આચરણ–સ્વરૂપઆચરણ, એ ત્રણેય એક જ છે. એ જ્ઞાનમાત્ર કહેવામાં એ ( ત્રણે ) આવ્યા. એ જ્ઞાનમાત્ર છે ને ! એમાં રાગ ન આવ્યો. આહાહા ! કહો પંડિતજી ? આવી વાત ! અહીંયા તો કહે છે ચાહે તો જાત્રાના ભાવ હો, ભક્તિના ભાવ હો, વ્રતના ભાવ હો, અપવાસના ભાવ હો, ભગવાનના ( નામ ) સ્મરણના ભાવ હો, એ શુભ છે અને શુભ છે એ આસ્રવ છે અને આસ્રવ છે તે દુઃખરૂપ છે અને ભગવાન આત્મા, એનાથી ભિન્ન આનંદરૂપ છે–આવું બન્ને વચ્ચે જો ભેદજ્ઞાન થયું, તો એ જ્ઞાન છે કે અજ્ઞાન છે ? જો અજ્ઞાન કહો તો તો પ્રવૃત્તિ–પરમાં પ્રવર્તે છે તો પણ ભેદજ્ઞાન છે નહીં અને જો એને જ્ઞાન કહો ને જ્ઞાન એમાં ( આસ્રવોમાં ) પ્રવર્તે છે તો પણ ભેદજ્ઞાન છે નહીં. આહાહા ! સમજાણું કાંઈ ? અભેદજ્ઞાનથી એની કોઈ વિશેષતા ન થઈ. જો આસ્રવોથી નિવૃત્ત છે તો જ્ઞાનથી જ –ભગવાન આત્મા ને શુભ–અશુભ ભાવ, મલિનતા અને નિર્મળતા બન્નેનું ભેદજ્ઞાન થયું, એ જ્ઞાન, આસ્રવોથી નિવૃત્ત થયું તો જ્ઞાનમાત્રથી બંધ રોકાઈ ગયો–જ્ઞાનમાત્રથી જ બંધ અને અનંતાનુબંધીનો ભાવ સંસાર હતો એ રોકાઈ ગયો, હજુ પ્રમાદનો થોડો બંધ છે એની અહીંયા ગણતરી ગણી નથી. જ્ઞાનથી જ –( માત્ર ) જ્ઞાનથી જ ( બંધનો નિરોધ સિદ્ધ થયો. ) આહાહા !

એ શુભરાગની રુચિથી હઠીને, ( આત્મ ) સ્વભાવની રુચિ–દૃષ્ટિ અભિપ્રાય થયો તેનાથી એમાં જ્ઞાન થયું આત્માનું–રાગથી ભિન્ન પોતાનું જ્ઞાન થયું ને જ્ઞાનમાત્રથી ( આસ્રવોથી ) નિવૃત્ત થઈ ગયો– પુણ્ય–પાપના પરિણામ ( મારાં ) એવા અભિપ્રાયથી નિવૃત્ત થઈ ગયો, જો આસ્રવોથી નિવૃત્ત છે તો જ્ઞાનથી ( જ ) બંધનો નિરોધ સિદ્ધ થયો.

"અને જો આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો કેમ ન કહેવાય ? સિદ્ધ થયો જ કહેવાય. આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું ખંડન થયું"–શું કહે છે ? કોઈ એમ માને કે આપણે દયા–દાન–વ્રત–ભક્તિ કરતાં કરતાં ( આપણું ) કલ્યાણ થઈ જશે તો એ ક્રિયાનય–અજ્ઞાનનું ખંડન કરી દીધું, કે એનાથી આત્માનું કલ્યાણ થઈ જશે એવી ક્રિયાને માનવાવાળા ક્રિયાનયનું ખંડન થયું, કે તારી ( આ ) વાત સાચી નથી. આહાહાહ ! અજ્ઞાનનો અંશ હશે એવી માન્યતાવાળા ક્રિયાનયનું ખંડન કરી દીધું, એનાથી તો ભિન્ન થઈને ( ભેદજ્ઞાન થઈને ) કલ્યાણ હોય છે, એમાં રહીને કલ્યાણ થતું નથી.

"વળી જે આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય તો તે જ્ઞાન જ નથી."–શું કહે છે ? પુણ્ય ને પાપના ભાવ અને ભગવાન આત્મા, બન્નેનું જો ભેદજ્ઞાન થયું ને એ જ્ઞાન, પુણ્ય–પાપથી જો નિવૃત્ત ન હોય તો એ જ્ઞાન જ નથી. એ તો જ્ઞાનમાં ધારણા

કરી લીધી-જ્ઞાનમાં ધારણા કરી લીધી કે પુણ્ય-પાપ પર છે, સ્વભાવ પર છે-ભિન્ન છે, એવી ધારણા કરી, પણ જ્ઞાન પુણ્ય-પાપમાં પ્રવર્તે છે, તો એ જ્ઞાન જ નથી. આહાહાહા ! એ જ્ઞાનનયનું ખંડન થયું-એકાંત જ્ઞાનનયનું ખંડન કરી દીધું. સમજાણું કાંઈ... ?

( શ્રોતાઃ- ધારણા જ્ઞાનથી અર્ધું કામ તો થઈ ગયું ! ) ધારણા જ્ઞાનથી કાંઈ કામ થતું નથી એ તો કહે છે એ પ્રવર્તમાન તો હજુ અંદર થયો નથી. ( શ્રોતાઃ- અર્ધું કામ થયું પૂરું નહીં ! ) ધારણામાં તો અનંત વાર અગિયાર અંગ ભણ્યો એમાં શું ? અહીં એ જ કહ્યું કે જો પરિણામમાં પુણ્ય-પાપથી હઠયો નહીં, જ્ઞાન હઠીને આત્મામાં આવ્યું નહીં, તો એ ધારણાનું જ્ઞાનમાત્ર ( હોવાથી ) એ ક્રિયાનયનું ખંડન કર્યું એ તો શુષ્કજ્ઞાન છે. આવે છે ને !

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ.

રાગથી ધર્મ માનવાવાળાને, રાગથી ભિન્ન થઈ ( ભેદજ્ઞાનથી ) આત્માને લાભ થશે, એમ કહેવાથી, ક્રિયાનયનું ખંડન કર્યું અને જ્ઞાનના એકાંત જાણપણા-જાણપણામાત્રથી રાગથી હઠયા વિના, જ્ઞાનમાત્રથી બંધ રોકાઈ જશે, એમ માને તો એ-પણ જ્ઞાન જ નથી-એ તો અજ્ઞાન છે-શુષ્કજ્ઞાન છે. આહાહા ! જે જ્ઞાન, શુભ-અશુભ ભાવથી હઠીને ( આત્મ )સ્વભાવમાં આવ્યું નહીં, તો એ જ્ઞાન જ નથી. તો આવું ધારણાનું જ્ઞાન કરવાવાળાનું અહીં ખંડન કરી દીધું. સમજાણું કાંઈ... ? ઝીણી વાત છે ભાઈ ! અત્યારે તો મળવી મુશ્કેલ પડે એવી છે ને ! આહાહા !

( જો આસ્રવોથી નિવૃત ન હોય તો તે ) જ્ઞાન જ નથી એમ સિદ્ધ થવાથી જ્ઞાનનો અંશ એવા-એટલે જાણપણાનું નામ ધરાવ્યું પણ જ્ઞાન, રાગથી હઠયું નહીં-પુણ્ય-પાપના પરિણામથી જ્ઞાન હઠીને ( નિજ ) સ્વભાવમાં આવ્યું નહીં, તો એ એકલા ધારણાના જ્ઞાનનો અંશ ( તેનો ) નિષેધ કરી દીધો, એ તારું જ્ઞાનેય સાચું નથી. આહાહા ! ભાષા તો સાદી છે પણ હવે ભાવ તો જે હોય એ હોયને ! શું થાય ? એ બીજો પેરેગ્રાફ થયો.

હવે એનો ભાવાર્થઃ-ભાવાર્થ છે ને ! ચાલતી સાદી ભાષામાં, ટીકા ને સંસ્કૃત છે એનો ખુલાસો ( ટીકામાં ) થઈ ગયો, હવે ચાલતી ભાષામાં ખુલાસો ( કરે છે ) "આસ્રવો અશુચિ છે"-આસ્રવ જે પુણ્ય ને પાપના ભાવ, દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા-કામ-ક્રોધ-માન-માયા-લોભ આદિ ( ભાવ ) એ આસ્રવ છે ( એ ) અશુચિ છે-એ મેલ છે-એ જડ છે ( કેમ કે ) એ પોતાને જાણતા નથી, બીજા દ્વારા જાણવામાં આવે છે માટે જડ છે. દુઃખના કારણ છે એ આકુળતાને ઉત્પન્ન કરવાવાળા છે-એ પુણ્ય ને પાપના ભાવ ( આકુળતાને ઉત્પન્ન કરે છે. ) અને આત્મા શુચિ છે અશુચિની સામે પવિત્ર છે-જડની સામે જ્ઞાતા છે-દુઃખની સામે સુખસ્વરૂપ છે. આ પ્રકારે લક્ષણભેદથી જુઓ તો બેયના લક્ષણો જુદા છે-બેયના ચિન્હ જુદા ( જુદા ) છે. આહાહાહા !

પુણ્યને પાપના ભાવનું લક્ષણ દુઃખરૂપ છે, ભગવાન ( આત્માનું ) લક્ષણ આનંદરૂપ છે. આહાહા ! પુણ્ય-પાપનું લક્ષણ અશુચિ ને મેલ છે, ભગવાનનું લક્ષણ શુચિ-પવિત્ર ને નિર્મળાનંદ છે, પુણ્ય-પાપના ભાવ જડ છે કેમ કે એમાં ચૈતન્ય સ્વભાવના અંશનો અભાવ છે અને ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ વિજ્ઞાનઘન છે. એવા બન્નેના લક્ષણભેદથી-આત્મા અને આસ્રવના

લક્ષણભેદથી ( એટલે કે ) લક્ષણની જુદાઈથી–બન્નેના લક્ષણની જુદાઈથી, બન્નેને ભિન્ન ( ભિન્ન ) જાણીને– બન્ને પ્રકારના લક્ષણભેદથી બન્નેને જુદા જાણીને, આસ્રવોથી આત્મા નિવૃત થાય છે.

એ પુણ્ય ને પાપના પરિણામ મારા હતા અને મને લાભદાયક, એવો જે મિથ્યાત્વભાવ ( હતો ) એનાથી હઠી ગયો–નિવૃત્ત થયો, એ પરિણામ મારા નહીં– મારી જાતના નહીં ( એ તો ) કજાત છે. આહાહા ! આવી વાત છે.

"એ રીતે લક્ષણભેદથી બન્નેને ભિન્ન જાણીને આસ્રવોથી આત્મા નિવૃત્ત થાય છે અને તેને કર્મનો બંધ થતો નથી."–મિથ્યાત્વ અને અનંતાનુબંધીથી જે બંધ હતો એ બંધ એને થતો નથી– સર્વથા બંધ થતો નથી એવું અહીંયા નહીં, આત્મા અને આસ્રવોનો ભેદ જાણ્યા છતાં જો આત્મા આસ્રવોથી નિવૃત્ત ન થાય તો તે જ્ઞાન જ નથી, ( અજ્ઞાન જ છે )–શુભભાવમાં જ્ઞાન પ્રવર્તે અને માને કે આસ્રવ હું છું તો એ જ્ઞાન જ નથી. આહાહાહા !

જ્ઞાન તો પુણ્ય–પાપના ભાવથી હઠીને, લક્ષણભેદથી જાણીને એનાથી હઠી જાય છે અને ( એ ભાવો ) મારા છે એવું માનતા નથી. ઓહોહો ! તેને કર્મનો બંધ થતો નથી.

શુભ–અશુભ ભાવમાં જે પ્રવર્તી રહ્યા છે, તો એ ભેદજ્ઞાન જ નથી, એ તો અજ્ઞાન છે, એને જ્ઞાનેય નથી પરંતુ અજ્ઞાન જ છે. આહાહાહા ! અહીં કોઈ પ્રશ્ન કરે કે અવિરત સમ્યગ્દૃષ્ટિને–ચોથે ગુણસ્થાને જે છે અવિરત સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને છે એ અવિરત સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધી પ્રકૃતિઓનો તો આસ્રવ થતો નથી, એમને તો મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો આસ્રવ નથી–બંધ નથી, પરિણામ નથી તો તેને ( તે પ્રકારનું ) બંધન છે નહીં. "પરંતુ અન્ય પ્રકૃત્તિઓનો આસ્રવ થઈને બંધ થાય છે"–સમ્યગ્દૃષ્ટિને રાગથી હઠીને આત્માનું સમ્યગ્દર્શન થયું તો એને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો તો બંધ થતો ન હોવા છતાં પણ અન્ય પ્રકૃત્તિઓનો તો બંધ છે ( થાય છે ); અભિપ્રાયપૂર્વક–( અભિપ્રાયમાં ) આસ્રવોથી નિવૃત્ત થયેલ છે ( છતાં ) બંધ થાય છે જેથી એને જ્ઞાની કહેવો કે અજ્ઞાની ? એમ કહે છે.

શું કહ્યું ? કે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, પુણ્ય–પાપના પરિણામથી હઠીને ભેદજ્ઞાન થયું–આત્માનો અનુભવ થયો તો ( તેથી ) એને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો બંધ નથી, પણ બીજો બંધ છે– બીજા ( પ્રકારે ) બંધ છે તો એને જ્ઞાની કહેવો કે અજ્ઞાની ? આહાહા ! છે ? તમે કહો છો કે જ્ઞાનમાત્રથી બંધ રોકાઈ જાય છે તેથી એમાં હજી બધો બંધ રોકાઈ ગયો નથી, બંધ છે અવ્રતનો, પ્રમાદનો, કષાયનો બંધ તો છે અને તમે તો કહો છો કે જ્ઞાનીને તો બંધ છે જ નહીં, તો આ અવિરત સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહેવા કે અજ્ઞાની કહેવા ? આહાહા !

તેનું સમાધાનઃ– સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાની જ છે, ચાહે તો અવિરત ચોથે ગુણસ્થાને હો ! આહાહા ! "જ્ઞાની જ છે કારણ કે તે અભિપ્રાયપૂર્વકનાં આસ્રવોથી નિવર્ત્યો છે." આંહી જુઓ આ, અભિપ્રાયમાં પુણ્ય–પાપ( ના ભાવો ) મારા છે( એવી માન્યતાથી ) હઠી ગયો છે, અસ્થિરતાના ભાવ છે–સમ્યગ્દૃષ્ટિને અસ્થિરતાના પુણ્ય–પાપ ભાવ છે પણ અભિપ્રાયથી હઠી ગયો છે, એ પુણ્ય–પાપ મારા છે એવા ( અભિપ્રાયથી ) હઠી ગયો છે. આહાહા ! સમજાણું કાંઈ... ? આવી વાતું ઝીણી છે.

( સમ્યગ્દૃષ્ટિ ) અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી નિવૃત્ત થયા છે, એને પ્રકૃત્તિઓનો જે

આસ્રવ-બંધ થાય છે તે અભિપ્રાયપૂર્વક નહીં-અભિપ્રાયથી નહીં. સમ્યગ્દૃષ્ટિ થયા પછી પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ છે. પુણ્ય-પાપના ભાવથી હઠીને સ્વભાવનું ભાન સમ્યગ્દર્શન થયું તો એ પરદ્રવ્યના સ્વામીપણાનો તો ( એને ) અભાવ છે. રાગ આવે છે એનું સ્વામીપણું નથી. આહાહા ! સમજાણું કાંઈ... ?

સમ્યગ્દૃષ્ટિને રાગ તો થાય છે, અશુભ પણ થાય છે, શુભ પણ થાય છે. પણ સ્વામી( પણું ) નથી, ( તે ) પર છે હું એનો સ્વામી નથી. એવા અભિપ્રાયમાં સમ્યગ્દૃષ્ટિને પરનું સ્વામીપણું હોતું નથી. એટલે જ્યાં સુધી એને ચારિત્ર મોહનો ઉદય છે, સમ્યગ્દૃષ્ટિ થયો, પુણ્ય-પાપના પરિણામથી અભિપ્રાયમાં ( તેનાથી ) હઠીને સ્વભાવનો અનુભવ-આનંદનો થયો તો અભિપ્રાયથી તો હઠી ગયો પણ અસ્થિરતાના પરિણામ રહ્યા ( છતાં પણ ) તે એનો સ્વામી નથી, એક વાત. અને એ ચારિત્રમોહનો જે ઉદય છે ત્યાં સુધી એના ઉદયાનુસાર આસ્રવ-બંધ હોય છે. એટલે તો આસ્રવ, બંધ થાય છે જ્ઞાનીને પણ, દશમા ગુણસ્થાન સુધી લોભનો ઉદય છે ને ! તો બંધ છ કર્મનો બંધ છે, એનું સ્વામીત્વ એને નથી. ચારિત્રમોહના ઉદયનો જે ભાવ છે એનો એને આસ્રવ, બંધ હોય છે પણ એનો એ ( સમ્યગ્દૃષ્ટિ ) સ્વામી નથી ઘણી નથી. સ્વામી તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન ( નિજાત્મા )નો સ્વામી છે. આહાહા !

જ્ઞાની( સમ્યગ્દૃષ્ટિ ) અભિપ્રાયમાં તો આસ્રવ-બંધથી સર્વથા નિવૃત જ થવા ઇચ્છે છે. શું કહે છે ? કે ધર્મી જીવ, પુણ્ય-પાપથી હઠીને પૂર્ણ સ્થિર થવાની ભાવના છે, અભિપ્રાયથી તો નિવૃત્ત થયો પણ પછી પુણ્ય-પાપથી પૂર્ણપણે હઠી ( પોતાનામાં પૂર્ણ ) સ્થિર એવી ભાવના છે. પુણ્ય-પાપમાં પ્રવર્તવું એ ઠીક છે, એવું છે નહીં. આહાહા ! અભિપ્રાયમાં તો આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત જ થવાનું ચાહે છે. એ શુભ-અશુભભાવથી નિવૃત્ત તો થયા દૃષ્ટિથી, પણ એનાથી પણ હવે તદ્દન અસ્થિરતાથી પણ નિવૃત્ત થવાની ભાવના છે, એ ( ભાવો ) રાખવા ઇચ્છતા નથી. આહાહાહા ! આવી વાત છે !

( જ્ઞાની-ધર્મી-ધર્માત્મા )અભિપ્રાયમાં તો તેઓ આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત જ થવા માગે છે-અભિપ્રાયમાં તો ચારિત્રમોહનો જે ઉદય છે એનાથી પણ સર્વથા નિવૃત્ત થવા ચાહે છે. આહાહા ! ભારે અધિકાર ! આહાહા ! એટલા માટે જ્ઞાની છે.

એ ઓલામાં આવે છે જ્ઞાનસાગરમાં, એ જ્ઞાન-જ્ઞાન, શું આ નહીં, વિદ્યાસાગરના ગુરુ જ્ઞાનસાગર, એમાં ( એના લખાણમાં ) આવે છે કે પૂર્ણ આસ્રવો અને બંધથી નિવૃત્ત હોય તો જ જ્ઞાની કહેવા, એમાં એ આવે છે ( તેમણે ) સમયસાર અલગ છપાવ્યું છે ને ! જયસેન આચાર્યની ટીકા. ( તે લખે છે )એમ કે ત્યાં સુધી, નહિતર અજ્ઞાની કહેવાય એમ, એમ લખ્યું છે એમાં ત્યાં ! આહા ! આંહી તો જયચંદ્ર પંડિત કહે છે કે જ્યારે પુણ્ય-પાપના ભાવ અસ્થિરતાથી હોવા છતાં પણ અભિપ્રાયમાં સ્વામીપણું છૂટી ગયું છે અને અભિપ્રાયમાં મારા( પણું ) એવું છૂટી ગયું તો એટલા પ્રકારે મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો બંધ છે નહીં, તો એમને જ્ઞાની કહે છે, બીજું ચારિત્રમોહના ઉદયથી ( જે ) આસ્રવ, બંધ છે છતાં એમના અભિપ્રાયમાં તો સર્વથા ભિન્ન થવા ચાહે છે તેથી ( તે ભાવ ) ભલે હો, તો પણ જ્ઞાની છે. આહાહા ! આંહી તો ચોથે ગુણસ્થાને જ્ઞાની કહ્યા છે.

એ ત્યાં જ્ઞાનસાગરે એવો અર્થ લીધો ( કે ) સર્વથા વીતરાગી ભાવ હોય તે જ બંધથી રહિત છે ( અને ) તેને જ જ્ઞાની કહેવાય, એમ લખ્યું છે. આહાહા ! અરેરે ! ભાઈ શું થાય ! છે ? ( શ્રોતાઃ– નીચેવાળા અલ્પજ્ઞાની ને કેવળજ્ઞાની પૂર્ણજ્ઞાની ! ) બેય જ્ઞાની છે. અલ્પજ્ઞાની પણ એ જ્ઞાની જ છે, એ અજ્ઞાની નથી. આહાહા ! અસ્થિરતાના રાગ–દ્વેષ છે માટે તે અજ્ઞાની છે, એમ નથી. ત્યારે એણે એમ કહ્યું છે કે અસ્થિરતાના પણ બધા રાગાદિ છૂટી જાય તો જ તેને જ્ઞાની કહેવાય, એમ કહ્યું છે. અરે ! શું થાય ?

આંહી તો ચોથા ગુણસ્થાનમાં, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની ને સંજવલનનો કષાય હોય છે–ઉદયમાં હોય છે, સત્તામાં તો હો પણ ઉદયમાં–પ્રવૃત્તિમાં હોય છે, છતાં એનું ( એને ) સ્વામીપણું નથી ને ! એનાથી અભિપ્રાયમાં તો એ નિવૃત્ત થવા જ માગે છે, રાખવા ઇચ્છતા નથી. આહાહા ! એથી ચોથે ગુણસ્થાને આવા અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, ( સંજવલન )ના કષાય થવા છતાં પણ, એને જ્ઞાની કહેવામાં આવે છે. એ ( આ વાત ) જયસેન આચાર્યની ટીકામાં આવે છે ને ભાઈ ! પંચમગુણસ્થાન ઉપરથી વાત ત્યાં, એ તો ચારિત્રની અપેક્ષાએ વાત ને લીધી છે–મુનિની અપેક્ષાએ વાત લીધી છે ત્યાં. આવે છે ને એમ કે પંચમગુણસ્થાન ઉપરની આમાં વાત લેવી એમ, એ તો ચારિત્રની પ્રધાનતાથી કથન વિશેષ છે એમાં, પણ આ ચોથેગુણસ્થાને શુભ–અશુભભાવ હજી ચારિત્રમોહના ઉદયથી થાય છે માટે તે અજ્ઞાની છે એમ નહીં. આહાહાહા !

"અભિપ્રાયમાં તો તે આસ્રવ–બંધથી નિવૃત્ત થવા જ ઇચ્છે છે તેથી તે જ્ઞાની જ છે."– ભાવના તો આ છે, અસ્થિરતાનો રાગ છે એનાથી પણ વર્તમાનમાં અભિપ્રાયથી નિવૃત્ત છે પણ અસ્થિરતામાંથી પણ સ્થિરતા કરવાનો અભિપ્રાયમાં ભાવ છે–એને છોડીને સ્થિરતા કરવાનો ભાવ છે, એને રાખવાનો ભાવ નથી. આહાહા ! આવું છે.

જે આ કહ્યું કે જ્ઞાનીને બંધ થતો નથી એમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે–મિથ્યાત્વ સંબંધી બંધ કે જે મિથ્યા અભિપ્રાયથી જે બંધ હતો તે અનંત સંસારનું કારણ છે, એ બંધ–રાગની રુચિ છે એ મિથ્યાત્વભાવ છે અને એ મિથ્યાત્વભાવ અનંત સંસારનું કારણ છે. તે જ અહીં પ્રધાનપણે વિવક્ષિત ( –કહેવા ધારેલો ) છે. તે જ અહીં–આ ઠેકાણે, બીજે ઠેકાણે ભલે બીજી અપેક્ષા લીધી હોય ( પરંતુ ) અહીં પ્રધાનતા એટલે મુખ્યપણે કથન કરવામાં આવ્યું છે.

શું કીધું ? કે સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ સંબંધી બંધ નથી, એ અપેક્ષાએ એને જ્ઞાની જ કહ્યા, ભલે એને રાગાદિ છે–ચારિત્રમોહનો ઉદય છે ( છતાં ) એના સ્વામી નથી, અભિપ્રાયમાં તો સર્વથા એનાથી છૂટવા ચાહે છે એ કારણે એને જ્ઞાની કહેવામાં આવે છે. એ અહીં મુખ્યપણે કથન છે–જ્ઞાની ( કહેવાનું ) આ અપેક્ષાએ મુખ્યપણે કથન છે. પાંચમાં ગુણસ્થાન ( વર્તી ) ઉપરના જે જ્ઞાનીની વાત છે એ વળી વિશેષ ચારિત્રની અપેક્ષાએ ( વાત છે ) પણ અહીં મુખ્યતઃ આ વાત છે.

"અવિરતિ આદિથી જે બંધ થાય છે તે અલ્પ સ્થિતિ–અનુભાગવાળો છે." સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અભાવ હોવાથી, એને જ્ઞાની કહ્યા અને એને આ પ્રકારનો– મિથ્યાત્વ, અનંતાનુબંધીનો બંધ નથી, હા, એને અવિરતિ સંબંધી બંધ છે. આહાહા ! અવિરતિ આદિ કહ્યું ને ! અવિરતિ ભાવ છે અવ્રત–પ્રમાદભાવ છે, કષાયભાવ છે, જોગ છે. આહાહા !

( અવિરતિ ) આદિથી જે બંધ થાય છે તે અલ્પ સ્થિતિ ને અનુભાગવાળો છે-અલ્પસ્થિતિ ને અનુભાગ અલ્પ પડે છે. આહાહા ! જ્યાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અભાવ થઈને, ભેદજ્ઞાન થયું છે ત્યાં આગળ અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાન ( સંબંધી ) મિથ્યાત્વ નથી, અવિરતિના પરિણામ છે તો એનાથી અલ્પસ્થિતિ અને અલ્પ અનુભાગનો બંધ થાય છે. "દીર્ઘ સંસારનું કારણ નથી" અનંત સંસાર ( દીર્ઘ સંસાર ) શબ્દ પડયો છે, કાલે આવ્યું હતું ને અનંત સંસારનું કારણ છે, તો એની સામે અલ્પ સ્થિતિ ને અલ્પ અનુભાગનો બંધ છે. આહાહાહા ! આવું હવે કયાં ?

"દીર્ઘ સંસારનું કારણ નથી" દેખો ! સમ્યગ્દ્રષ્ટિને પુણ્ય-પાપનું સ્વામીપણું છૂટી ગયું છે અને સ્વભાવનું સ્વામીપણું થયું છે છતાં એ ( અસ્થિરતાના ભાવ ) છે એનાથી અલ્પસ્થિતિનો બંધ પડે છે પણ એ દીર્ઘ સંસારનું કારણ નથી અનંતસંસારનું કારણ નથી. સમજાણું કાંઈ... ? આહાહા ! મિથ્યાત્વ છે એ અનંતસંસારનું કારણ છે એને અનંત સંસારનું કારણ કહ્યું ને પહેલાં, એ અનંત સંસારનું કારણ, સમ્યગ્દ્રષ્ટિને ( નથી, ભલે ) અવિરતિ આદિ હો-પ્રમાદ-કષાયભાવ છે એનાથી અલ્પસ્થિતિ, અલ્પબંધ પડે છે અને દીર્ઘ સંસાર નથી. દીર્ઘ સંસારનું કારણ નથી, એટલા માટે એ ( ભાવો ) પ્રધાન નથી-એ માટે એને મુખ્યપણે ગણવામાં આવ્યા નથી. આહાહા ! પ્રધાન નહીં નામ મુખ્યપણે ગણવામાં આવ્યા નથી.

આહા ! "અથવા તો આ પ્રમાણે કારણ છેઃ- જ્ઞાન બંધનું કારણ નથી"-આ રાગથી ભિન્ન થયા, આત્મજ્ઞાન છે એ બંધનું કારણ નથી. દેખો ! એક વાત આ છે, જ્યાં સુધી જ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હતો ત્યાં સુધી અજ્ઞાન કહેવાતું હતું. છે ને ? ( આત્મા ) જ્ઞાનસ્વરૂપ જે રાગથી ભિન્ન થઈને પોતાનું જ્ઞાન થયું, એ ( આત્મ ) જ્ઞાન બંધનું કારણ નથી. જ્યાં સુધી જ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હતો ત્યાં સુધી એ અજ્ઞાન કહેવાતું હતું અને મિથ્યાત્વના જવાથી, ( મિથ્યાત્વ ) ગયા પછી અજ્ઞાન નથી પરંતુ જ્ઞાન જ છે. આહાહા !

"તેમાં જે કાંઈ ચારિત્રમોહ સંબંધી વિકાર છે તેનો સ્વામી જ્ઞાની નથી ઘણી નથી તેથી જ્ઞાનીને બંધ નથી"- કેમ કે વિકાર જે બંધરૂપ છે અને બંધનું કારણ છે તે તો બંધની પંક્તિમાં ગયા, આ બે વાત છે. જ્ઞાનની પંક્તિમાં ન આવ્યા, આહાહાહા ! રાગથી ભિન્ન ભેદજ્ઞાન થયું એ પંક્તિમાં બંધ ન આવ્યો, રાગનો બંધ એ બંધ પંક્તિમાં ગયો. આ બે ભાગ પાડી નાખ્યા ! આહાહા ! તર્કથી બંધનું કારણ છે આ બંધ તો બંધપંક્તિમાં છે-જ્ઞાનની પંક્તિમાં નહીં.

આ અર્થના સમર્થનરૂપ કથન આગળ જતાં ગાથાઓમાં કહેશે. પછી વિશેષ આવશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ! )

# શ્લોક - ૪૭

(मालिनी)

परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-
निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-
रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः।।४७।।

અહીં કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ परपरिणतिम् उज्झत् ] પરપરિણતિને છોડતું, [ भेदवादान् खण्डयत् ] ભેદનાં કથનોને તોડી પાડતું, [ इदम् अखण्डम् उच्चण्डम् ज्ञानम् ] આ અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન [ उच्चैः उदितम् ] પ્રત્યક્ષ ઉદય પામ્યું છે, [ ननु ] અહો ! [ इह ] આવા જ્ઞાનમાં [ कर्तृकर्मप्रवृत्तेः ] (પરદ્રવ્યનાં) કર્તાકર્મની પ્રવૃત્તિનો [ कथम् अवकाशः ] અવકાશ કેમ હોઈ શકે ? [ वा ] તથા [ पौद्गलः कर्मबन्धः ] પૌદ્‌ગલિક કર્મબંધ પણ [ कथं भवति ] કેમ હોઈ શકે ? (ન જ હોઈ શકે.)

(જ્ઞેયોના નિમિત્તથી તથા ક્ષયોપશમના વિશેષથી જ્ઞાનમાં જે અનેક ખંડરૂપ આકારો પ્રતિભાસમાં આવતા હતા તેમનાથી રહિત જ્ઞાનમાત્ર આકાર હવે અનુભવમાં આવ્યો તેથી 'અખંડ' એવું વિશેષણ જ્ઞાનને આપ્યું છે. મતિજ્ઞાન આદિ જે અનેક ભેદો કહેવાતા હતા તેમને દૂર કરતું ઉદય પામ્યું છે તેથી 'ભેદનાં કથનોને તોડી પાડતું' એમ કહ્યું છે. પરના નિમિત્તે રાગાદિરૂપ પરિણમતું હતું તે પરિણતિને છોડતું ઉદય પામ્યું છે તેથી 'પરપરિણતિને છોડતું' એમ કહ્યું છે. પરના નિમિત્તથી રાગાદિરૂપ પરિણમતું નથી, બળવાન છે તેથી 'અત્યંત પ્રચંડ' કહ્યું છે.)

**ભાવાર્થઃ-** કર્મબંધ તો અજ્ઞાનથી થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિથી હતો. હવે જ્યારે ભેદભાવને અને પરપરિણતિને દૂર કરી એકાકાર જ્ઞાન પ્રગટ થયું ત્યારે ભેદરૂપ કારકની પ્રવૃત્તિ મટી; તો પછી હવે બંધ શા માટે હોય ? અર્થાત્ ન હોય. ૪૭.

**પ્રવચન નં. ૧૫૫ શ્લોક-૪૭ તથા ગાથા-૭૩** તા. ૩૦/૧૨/૭૮ શનિવાર પોષ સુદ-૧

બોંતેર ગાથાનો કળશ છે.

परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा–निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते–रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः।।४७।।

શું કહે છે ? કે આ આત્મા જે છે એ પુણ્ય-પાપના ભાવ જે અશુચિ છે. (આત્મા) અશુચિથી ભિન્ન છે-પવિત્ર છે, ચૈતન્યઘન છે. પુણ્ય-પાપના ભાવ અશુચિ છે, જડ છે, દુઃખરૂપ

છે. આત્મા પવિત્ર છે, ચૈતન્ય છે ને આનંદરૂપ છે- આવું જેમને બેય વચ્ચેનું ભેદજ્ઞાન થયું એને જ્ઞાની અને ધર્મી કહેવામાં આવે છે. આહાહા ! ધર્મી એટલે કે આત્મા આનંદસ્વરૂપ ( છે ) એનો અંતરમાં રાગથી ભિન્ન થઇને અનુભવ થવો-આનંદનું વેદન થવું-અખંડજ્ઞાનનું ભાન થયું, એનું નામ ભેદજ્ઞાન-સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે.

આ એનો શ્લોક જરી છે.

( કહે છે ) કે જેમને અંતરમાં શુભ-અશુભ ભાવથી ભિન્ન, આત્માનું ભાન થયું, એ સમ્યગ્દૃષ્ટિ છે-સમ્યગ્જ્ઞાની છે અને જેમને એ પુણ્ય-પાપના ભાવ મારા છે-મારું કાર્ય છે એવું માનવાવાળાને મિથ્યાદૃષ્ટિ કહે છે. તો ( કળશમાં ) કહે છે કે "પર પરિણતિ ઉજઝત"-પર પરિણતિને છોડતો થકો. શું કહે છે ? આત્મા આનંદસ્વરૂપનું જેમને અંતરમાં, રાગના વિકલ્પથી ભિન્ન ( પણે ) ભાન થયું, એ રાગને છોડતો થકો, પરપરિણતિ નામ રાગ, ચાહે તો શુભ ( રાગ ) હો, અશુભ હો- એ છોડતો થકો ! આહાહા ! ઝીણી વાત છે ભાઈ !

"ભેદનાં કથનોને તોડી પાડતું"-ભેદને તોડતો થકો- અંદરમાં જે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન આદિ જે ભેદ છે ( એ ) ભેદનું લક્ષ પણ છોડતો થકો, અભેદજ્ઞાયકસ્વભાવ-ચૈતન્યમૂર્તિની અભેદની દૃષ્ટિથી, ભેદને છોડતો થકો-અંદરમાં જે મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન આદિ જે ભેદ છે એ ભેદનું લક્ષ છોડતો થકો, ઝીણી વાત છે ભાઈ ! આહાહા ! ( નિજ ) સ્વભાવ શુદ્ધ ચૈતન્ય એનો આશ્રય લઇને, જે પરિણતિ શુદ્ધ નિર્મળ થઇ, એ પરપરિણતિને છોડે છે. આહાહા ! આવો ધર્મ ! એ ભેદવાદથી પણ છૂટે છે. અભેદ ચૈતન્ય-અખંડ છે એની દૃષ્ટિ ત્યાં છે. આહાહા !

"ભેદનાં કથનોને તોડતો"—તોડતાનો અર્થ- કથનોનો અર્થ, ભેદનાં ભાવને તોડતો થકો, ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાયક જે અભેદ છે, એવી દૃષ્ટિ જ્યારે થઈ ત્યારે ભેદનું લક્ષ એમાં ( એને ) રહેતું નથી. ભેદને તોડતો થકો ! આહાહા ! આવી વાત છે.

"ઈદમ્ અખંડમ્ ઉચ્ચંડમ્ જ્ઞાનમ્" આ ભગવાન આત્મા જ્ઞાયકભાવરૂપી જે અખંડજ્ઞાન છે- જ્ઞાયકભાવ છે- અખંડ જ્ઞાયક ભાવ ! આ અખંડ અને અત્યંત પ્રચંડ-ઉગ્ર જ્ઞાનની દશા પ્રગટ થઈ, ધર્મ ત્યારે થાય છે કે રાગથી ભિન્ન થઇને સ્વભાવ અભેદને અખંડજ્ઞાનની પ્રતીત-અનુભવ થયો, તો ( ત્યારે ) એ અખંડજ્ઞાનમાં-પ્રચંડજ્ઞાનમાં પ્રતીતિ થાય છે. આહાહા ! આવ્યો છે આજ ( અલૌકિક ) એ બોંતેર ગાથાનો કળશ છે ને !

જેમને અંદરમાં શુભ-અશુભ ભાવ મેલ તરીકે અનુભવમાં આવ્યા, તો તેમને ભગવાન આત્મા નિર્મળાનંદ તરીકે અનુભવમાં આવે છે, ત્યારે તે એ મેલને છોડે છે અને જ્યારે અખંડ જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવ્યો તો પર્યાયના ભેદનું લક્ષ ( પણ ) છૂટી જાય છે. આહાહા ! આવી વાત છે. અને અખંડ પ્રચંડ જ્ઞાન ધ્યાનમાં આવે છે- અખંડ જ્ઞાયકભાવ, પરિપૂર્ણસ્વરૂપ એવું અખંડ જ્ઞાન પ્રચંડ-મહા ઉગ્રસ્વભાવ, જેવો વિશેષ-અતિશય છે એવું જ્ઞાન અનુભવમાં આવે છે. આહાહાહા ! આવી વાત છે.

આવા જ્ઞાનમાં પ્રત્યક્ષ ઉદયને પ્રાપ્ત પામ્યું છે. જ્ઞાનસ્વરૂપ જ્ઞાયકભાવ જ્યારે એની દૃષ્ટિમાં આવ્યો અને પર્યાયબુદ્ધિ, ભેદબુદ્ધિ અને રાગબુદ્ધિ છૂટી ગઈ, તો પ્રત્યક્ષજ્ઞાન-અખંડ એ પ્રત્યક્ષ ઉદયમાં આવ્યો ! આહાહા ! એ જ્ઞાયકભાવ જે અખંડ-અભેદ છે એ પ્રત્યક્ષ-પ્રગટમાં

આવ્યો ! ભાષા.....અને અહો ! આવા જ્ઞાનમાં, જ્યાં ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપમાં આવ્યો, પોતાની પ્રતીતિમાં અખંડજ્ઞાનની પ્રતીતિ થઈ– અખંડજ્ઞાન દ્રવ્યસ્વભાવ એ જ્ઞાનમાં શ્રદ્ધામાં આવ્યો, ( એટલે કે ) પોતાની પ્રતીતિમાં અખંડજ્ઞાનની પ્રતીતિ થઈ– અખંડજ્ઞાનદ્રવ્યસ્વભાવ ( પોતાના ) જ્ઞાનમાં–શ્રદ્ધામાં આવ્યો, તો એને કર્મબંધન કેમ હોઈ શકે ? ( ન જ હોઈ શકે ) ભેદ હોય નહીં, પરપરિણતિ છૂટી જાય છે એને કર્મબંધન કયાંથી હોય ? ( ન હોય ) એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઇ ? આવી વાત છે.

"આ જ્ઞાનમાં પરદ્રવ્યના કર્તાકર્મની પ્રવૃત્તિ"–રાગ મારું કાર્ય છે ને હું તેનો કર્તા છું– એવું કયાં આવ્યું ત્યાં ? જ્ઞાનસ્વરૂપનું–અખંડજ્ઞાયકનું ભાન થયું ત્યાં રાગનું કાર્ય મારું ને હું તેનો કર્તા છું એવું કયાં આવ્યું ? એવું હોતું નથી. ઝીણી વાત છે ભાઈ ! શ્લોક જ ઝીણો છે ને ! સમ્યગ્જ્ઞાન થયું તો શી રીતે થયું અને થયું તો કેવી એની દશા હોય છે, એ વાત કહે છે. આહાહા !

જ્યાં જ્ઞાયકભાવ, વર્તમાન પર્યાય જે છે તેને ( આત્મ ) દ્રવ્ય તરફ ઝૂકાવવાથી જે વર્તમાન પર્યાય છે તેને ત્રિકાળ ભગવાન પૂર્ણ દ્રવ્ય–તત્ત્વ જે છે ત્યાં પર્યાયને મગ્ન કરવાથી– જોડવાથી, પરપરિણતિ છૂટી જાય છે. આહાહા ! ભેદ ઉપરનું લક્ષ પણ છૂટી જાય છે અને અખંડ, પ્રચંડજ્ઞાન પ્રગટ પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. ચીમનભાઈ ? આવી વાત છે, બાપુ ! અરે રે ! અનાદિથી એની વર્તમાન પર્યાય છે ને પ્રગટ ( છે ) એ પર્યાય ઉપર એની રુચિ ને રમતું છે અનાદિથી પણ એ પર્યાયની સમીપમાં અંતરમાં આત્મતત્ત્વ આખું–પૂર્ણ આનંદકંદ જ્ઞાયક છે, એ ઉપર તો દૃષ્ટિ કદી કરી નહીં. આહાહા !

વર્તમાન પ્રગટ જે પર્યાય છે જ્ઞાનનો વિકાસ અને રાગ, એ ઉપર અનાદિની રમતું–રુચિ છે, તો એ રુચિ છોડીને, જ્ઞાયક જે પર્યાયની સમીપમાં પૂર્ણાનંદ પ્રભુ ( નિજાત્મા ) એ બાજુ પર્યાય ઝૂકવાથી, અખંડજ્ઞાન પ્રત્યક્ષ પ્રતીતમાં અનુભવમાં આવે છે. એમાં કર્તાકર્મની પ્રવૃત્તિનો કયાં અવકાશ રહ્યો ? એમ કહે છે. રાગ મારું કાર્ય છે ને હું તેનો કર્તા છું–જ્ઞાયક તેનો કર્તા એ શી રીતે કહેવાય ? આહાહા... ઝીણી વાત છે ભાઈ !

( "આવા જ્ઞાનમાં ( પરદ્રવ્યનાં ) કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે ? ) કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે ? અખંડ જ્ઞાયકભાવ, પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ ! રાગથી ભિન્ન થઇને, પ્રતીતમાં–અનુભવમાં–જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવ્યો, હવે એને રાગ કાર્ય ને રાગનો કર્તા હું– એવું એમાં અવકાશ ( જ ) છે નહીં, આવી વાત છે. તથા પૌદ્ગલિક કર્મબંધ પણ કેમ હોઈ શકે ? ( ન જ હોઈ શકે. ) આહાહા !

ભગવાન આત્મામાં જ્યાં દૃષ્ટિ લગાવી, જ્ઞાયકસ્વરૂપમાં જ્યાં પર્યાયે દૃષ્ટિ લગાવી, ( આત્મ ) દ્રવ્ય ઉપર પર્યાયે ( દૃષ્ટિ લગાવી ) તો આવું દ્રવ્ય જ્યાં પ્રતીતમાં અનુભવમાં આવ્યું, એને ( હવે ) કર્તાકર્મ કયાંથી હોય ? રાગ કર્તા ને રાગનું કાર્ય અને પુદ્ગલનો બંધ કેમ થાય ? આહાહા ! સમજાણું કાંઇ ? ઝીણી વાત છે ભાઈ ! વીતરાગ મારગ ! આહાહાહા ! આખો દ્રવ્યસ્વભાવ–પૂર્ણસ્વભાવ, અખંડ–અભેદ સ્વભાવ, એ પર્યાયદૃષ્ટિમાં ખ્યાલમાં નથી આવતો એને, એવી પર્યાયદૃષ્ટિ છોડીને, પૂર્ણ અખંડ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ લગાવવાથી જ્ઞાયકભાવ પ્રતીતમાં અનુભવમાં આવે છે એનું નામ સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન છે. આહાહા ! એમાં

( પરદ્રવ્યની ) કર્તાકર્મની પ્રવૃત્તિ કેમ હોય ?

જ્ઞાયકભાવ જ્યાં પ્રતીતમાં અનુભવમાં આવ્યો એ જ્ઞાયકભાવ કર્તા ને રાગ કર્મ, એમ શી રીતે હોઈ શકે ? અને આવો જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવ્યો, એને કર્મબંધન શી રીતે હોઈ શકે ? કર્મબંધન થતું નથી. સમજાણું કાંઇ... ? કયારેય થઇ શકતું નથી. કળશ સૂક્ષ્મ છે. સમ્યગ્જ્ઞાન થયા પછી શું હોય છે તેની વાત છે. કેમકે પાઠમાં આમ આવ્યું ને કે આત્મા છે એ તો જ્ઞાયકસ્વરૂપ છે, અને પુણ્ય-પાપના ભાવ મલિન, અશુચિ, અપવિત્ર છે. તો ભગવાન આત્મા, સમીપમાં પડયો છે એ મહાપ્રભુ પવિત્ર છે ( અને ) એ પુણ્ય-પાપના ભાવ અચેતન, જ્ઞાયકભાવનો એમાં અંશ નથી ( તેથી ) તે શુભ-અશુભ ભાવ અચેતન જડ છે. તો ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય વિજ્ઞાનઘન છે. ( વળી ) પુણ્ય ને પાપના ભાવ આકુળતાને ઉત્પન્ન કરવાવાળા છે તો ભગવાન આત્મા તો અનાકુળ-આનંદકંદ છે. આહાહા ! આવું બેયની વચ્ચેનું ભેદજ્ઞાન થવાથી, એમાં કર્તાકર્મની પ્રવૃત્તિ કેમ હોઈ શકે ? અને પુદ્‌ગલનો બંધ કેમ હોય ? ( કદી ન હોય. )

એ તો અખંડ જ્ઞાયકભાવ જ્યાં અનુભવમાં આવ્યો ત્યાં બંધેય નહીં ને ભેદેય નહીં ને કર્તાકર્મની પ્રવૃત્તિય નહીં. સમજાણું કાંઈ... ? શ્લોક ઝીણા છે, ભાઈ ! આહાહાહા ! વીતરાગસ્વરૂપ પ્રભુ ! આ વીતરાગસ્વરૂપ પ્રભુ આત્મા ! એ વીતરાગ બિમ્બ ! પ્રભુ જિનબિમ્બ !

"ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન,
મત મદિરાકે પાનસોં, મતવાલા સમજે ન."

( શું કહે છે ? ) ઘટ ઘટ અંતર વીતરાગસ્વરૂપી ભગવાન ( આત્મા ) બિરાજમાન છે એવો રાગથી ભિન્ન થઈને, વીતરાગસ્વભાવી, આત્માનું જ્ઞાન થયું, એ અખંડજ્ઞાનની પ્રતીત-ભાનમાં આવ્યો, એને કર્તાકર્મની પ્રવૃત્તિ કેમ હોય ? રાગ કાર્ય ને રાગનો કર્તા આત્મા, ( એવું ) જ્ઞાયકસ્વભાવમાં શી રીતે હોય ? અને આવો જ્ઞાયકભાવ, અબંધસ્વરૂપ-મુક્તસ્વરૂપ-વીતરાગસ્વરૂપ દૃષ્ટિમાં આવ્યો એને બંધ કેમ હોય ? કેમ કે એ તો અબંધસ્વરૂપ છે, એને બંધ શી રીતે નવો હોય ? આહાહા ! સમજાય છે ? આહાહા ! આવી વાત છે કળશમાં !

વર્તમાન પર્યાય જે પ્રગટ છે એ તો અંશ છે અને એ આઘે જાય છે-દૂર તો રાગ આવે છે, તો એ રાગ ને અંશ બુદ્ધિને છોડીને, નિરંશ જે ભગવાન ( આત્મા ) પૂરણ અખંડ આનંદ પ્રભુ ! એના ઉપર પોતાનું અહંપણું ( સ્થાપી ) શ્રદ્ધાનું ભાન થયું, ત્યાં કર્તાકર્મની પ્રવૃત્તિ કેમ હોય ? અને પુદ્‌ગલ કર્મનો બંધ કેમ હોય ? આહા ! આવી વાત છે. જ્યાં સુધી રાગ મારું કાર્ય છે અને રાગનો હું કર્તા છું ( એવી માન્યતા ) એ તો અજ્ઞાન છે, જ્ઞાનસ્વરૂપી ભગવાન ( જ્ઞાયકભાવ ) રાગનો કર્તા કેમ હોય ? એવો જ્ઞાયકભાવ જ્યારે દૃષ્ટિમાં આવે છે ત્યારે રાગનું કર્તૃત્વ છૂટી જાય છે, પુદ્‌ગલ કર્મનો બંધ થતો નથી, ઝીણી વાત છે- મુદ્દાની વાત છે ભાઈ ! આહાહાહા !

વર્તમાનમાં તો બધી રમતું માંડી છે બધી આત્મદ્રવ્ય છોડીને, ભગવાન આખો દ્રવ્ય ( આત્મા ) ભગવાન પરિપૂર્ણ પરમાત્મા છે, હેં ? ( શ્રોતાઃ- મુદ્દાની વાત છે ) એ ઉપર તો દૃષ્ટિ નહીં ને એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ ને રાગ ઉપર દૃષ્ટિ હોવાથી મિથ્યાત્વથી પરિભ્રમણ કરે છે એ ( અજ્ઞાની ). આહાહાહા !

એ એક સમયની પર્યાય-રાગ ચાહે તો શુભ હો, એ તરફની રુચિ અને દૃષ્ટિ છે તેને

છોડીને, ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ કરવાથી અખંડ જ્ઞાયકભાવ પ્રતીતમાં ( અનુભવમાં ) આવે છે, એને કર્મબંધન છૂટી જાય છે ને કર્તાકર્મની પ્રવૃત્તિ હોતી નથી, કહો સમજાણું આમાં ? આહાહા ! આવી વાત પહેલી સાંભળવી કઠણ પડે ! પરિચય કરે, સમજે તો સમજાય એવી ચીજ છે. પોતે જ્ઞાનપિંડ છે ને ! એ તો સમજણનો પિંડ છે એ જ્ઞાયકભાવ એકલો જ્ઞાનરસથી ભરેલો– પરિપૂર્ણ જ્ઞાનરસથી ભરેલો ભગવાન ( આત્મા ), એની અંતરના સત્ત્વની, સત્ એવો જે આત્મા તેનું સત્ત્વ એકલું જ્ઞાયકભાવરસ તેના ઉપર દૃષ્ટિ પડતાં તેની પર્યાય બુદ્ધિ–રાગબુદ્ધિ છૂટી જાય છે. સમજાણું કાંઇ... ? કહો, પુનાતર ? આવી વાતું છે. આહાહાહા !

એનો કૌંસ હવે, એ શબ્દાર્થ કર્યો ને ! કૌંસમાં નીચે ( જુઓ ! )

જ્ઞેયોના નિમિત્તથી જાણવાના નિમિત્તથી, જે આત્મામાં ખંડ ખંડ થાય તથા ક્ષયોપશમના વિશેષથી જ્ઞાનમાં જે અનેક ખંડરૂપ આકારો–પર્યાયમાં ક્ષયોપશમરૂપ અવસ્થાથી ખંડ ખંડ જ્ઞાન એ આકારો પ્રતિભાસમાં આવતા હતા, શું કહે છે ? જ્ઞેયના નિમિત્તથી ખંડખંડ ભેદ અને ક્ષયોપશમની જ્ઞાનની પર્યાયમાં ( જે ) ખંડખંડ પોતાને કારણે થતા હતા, એ ખંડખંડ જ્ઞાન, લક્ષમાં અનાદિથી હતું અર્થાત્ એ પર્યાય જે છે ખંડવાળી, એનાં ઉપર દૃષ્ટિ અનાદિની છે. આહાહાહા !

એનાથી રહિત જ્ઞાનમાત્રનો એકલો જ્ઞાનસ્વભાવ, ખંડજ્ઞાન નહીં, પર્યાયમાં ભેદજ્ઞાન એય નહીં, એકલો જ્ઞાનઆકાર સ્વરૂપ ભગવાન ચૈતન્ય, પૂર્ણ જ્ઞાયકભાવ ! ! એવો આકાર હવે અનુભવમાં આવ્યો ! ભાવ તો જરી ઝીણાં છે, પણ હવે ભાષા તો સાદી છે. પર્યાયમાં ખંડખંડ જ્ઞાન, અનાદિથી ખ્યાલમાં આવતું હતું એને છોડીને અખંડ જ્ઞાયકભાવ–આકાર જ્યાં આકાર એકરૂપ ખ્યાલમાં આવ્યો ! એકરૂપ જ્ઞાયકભાવ ખ્યાલમાં ( જ્ઞાનમાં ) આવ્યો અનુભવમાં આવ્યો. આહાહાહા ! એટલા માટે જ્ઞાનને અખંડ વિશેષણ આપ્યું, જ્ઞાનને અખંડ વિશેષણ કેમ દીધું ? કે જ્ઞાનની પર્યાયમાં ખંડખંડ જ્ઞાન જ્યાં હતું, એની દૃષ્ટિ છોડીને, અખંડ જ્ઞાયકમાં દૃષ્ટિ થઈ તો એને અખંડજ્ઞાન ખ્યાલમાં આવ્યું, માટે અખંડ વિશેષણ આપ્યું, જે પર્યાયમાં ખંડખંડ ( જ્ઞાન હતું ) એ દૃષ્ટિ છૂટીને અખંડજ્ઞાયક ઉપર દૃષ્ટિ થઈ તો અખંડ વિશેષણ કહેવામાં આવ્યું. આહા ! મારગ આવો છે ભાઈ ! આહાહાહા !

–મતિજ્ઞાન આદિ અનેક ભેદ કહેવામાં આવતા હતા, 'ભેદને તોડતું' એમ આવ્યું ને ? કળશમાં એમ લીધું છે. કર્તાકર્મ કરણ ( આદિ ) ભેદને તોડતું રાગ કર્તા ને રાગ મારું કાર્ય ને રાગ સાધન, એવા કર્તાકર્મના રાગના ભેદને છોડતું. અહીં કહે છે મતિજ્ઞાન આદિના ( જે ) અનેક ભેદ કહેવામાં આવતા હતા– પર્યાયમાં ભિન્ન–ભિન્ન જ્ઞાનની પર્યાય જે કહેવામાં આવતી હતી, એને ( ભેદને ) દૂર કરતો થકો, ખંડ–ખંડ જ્ઞાનને દૂર કરતો થકો, અખંડજ્ઞાનમાં દૃષ્ટિ દેતો થકો, આહાહાહા ! આવી વાત આવો ધર્મ હવે ! માણસને પછી બહારની પ્રવૃત્તિઓને ( ધર્મ ) માનનારાઓને તો એકાંત લાગે આ ! ધમાલ, ધમાલ આ બહારથી...આમ જાત્રાને માણસોને પ્રવૃત્તિ વ્રતની ને નિયમની ને તપની ને, પ્રભુ ! એ તો પરલક્ષી વાતું છે બાપુ ! આહાહાહા !

ભગવાન આત્મા અખંડ આનંદ પ્રભુ ! એ લક્ષમાં આવ્યા વિના, એને ભેદજ્ઞાન સાચું થતું નથી. અખંડજ્ઞાન–પૂર્ણજ્ઞાન–જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવ્યા વિના, ખંડજ્ઞાન અને રાગથી ભિન્ન

થતો નથી. આહાહા ! આવી વાતું ! ઓલા તો કહે, વ્રત કરો, તપસ્યા કરો, અપવાસ કરો, જાત્રા કરો, કરવું ત્યાં તો રાગનું કરવું થાય છે. ભગવાન ( આત્મા ) તો અબંધસ્વરૂપ રાગરહિત છે, એવા અબંધસ્વરૂપ ( મુક્તસ્વરૂપ )ની દૃષ્ટિમાં રાગનું કર્તૃત્વ પણ છે નહીં, તો એને બંધન પણ છે નહીં. આહા ! સમ્યગ્દર્શનમાંથી લીધું એ તો આ જોર !

મતિજ્ઞાન આદિ અનેક ભેદો કહેવાતા હતા, એને દૂર કરતો થકો એટલે કે એકરૂપ જ્ઞાયકભાવ દૃષ્ટિમાં લેતો થકો, ખંડ-ખંડ જ્ઞાનને દૂર કરતો-કરતો, ઉદયને પ્રાપ્ત-ઉદય પામ્યું છે 'તેથી ભેદનાં કથનોને તોડી પાડતું' એમ કહ્યું છે.-અભેદ જ્ઞાયકભાવ પ્રગટ થયો, ઉદય નામ પ્રગટ થયો, જે ખંડજ્ઞાન પ્રગટ હતું એ હવે અખંડજ્ઞાન પ્રગટ થયું પર્યાયમાં ! આહાહાહા !

"તેથી ભેદનાં કથનોને તોડી પાડતું" એમ કહ્યું છે. પરના નિમિત્તથી રાગાદિરૂપ, પહેલો શબ્દ છે-પરપરિણતિ-પરના નિમિત્તથી રાગ-દ્વેષ આદિ ( રૂપે ) પરિણમિત થતો હતો, એ પરિણતિને છોડતો થકો, પહેલો શબ્દ છે ને ! "પરપરિણતિ ઉજ્ઝત્" એનો અર્થ પછી લીધો. આહાહા ! બહુ કામ ઊંડા ! બાપા ! પર પરિણતિને છોડતો થકો, ઉદયને પામ્યું છે તેથી "પર પરિણતિને છોડતું" એમ કહ્યું છે. ઉદયને પામ્યું છે ( એટલે કે ) જ્ઞાયકભાવ પ્રગટ થયો છે. જે ખંડ-ખંડ જ્ઞાન પ્રગટ હતું, હવે ( અખંડ ) જ્ઞાયકભાવ પ્રગટ થયો ! આહાહા !

ચૈતન્યજ્યોત અભેદ-અખંડ જ્ઞાયક પ્રગટ થયો, એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે, એટલા માટે પર પરિણતિને છોડતો થકો, એમ કહ્યું છે. પરના નિમિત્તથી રાગાદિરૂપ પરિણમિત થતો નથી-હવે રાગરૂપે પરિણમિત નહીં. અખંડ જ્ઞાયકભાવની દૃષ્ટિ થઈ તો નિર્મળ પરિણતિપણે પરિણમન થાય છે, અખંડ જ્ઞાયકભાવની દૃષ્ટિ થઈ, પર્યાય ને ભેદબુદ્ધિ છૂટી ગઈ ત્યારે અખંડ નિર્મળ પરિણતિપણે પરિણમિત ( પરિણામ ) કરે છે, રાગનું પરિણમન કરતો નથી. આહા ! આવો શ્લોક આવ્યો છે આ લ્યો !

"પરના નિમિત્તથી રાગાદિરૂપ પરિણમતું નથી, બળવાન છે." એટલે જ્ઞાયકસ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ, જોરદાર જ્ઞાયકભાવ છે, કે ( તેથી ) જ્ઞાયકભાવમાં રાગની પરિણતિ થતી નથી, એવો બળવાન જ્ઞાયકભાવ છે ! આહાહા ! આવી છે વસ્તુ તો ! આ બહારની પ્રવૃત્તિમાં ( ધર્મ ) માનનારાને આ તો એવું લાગે કે... બળવાન છે, શું કહે છે એ ? રાગના ( ભાવોને ) છોડવાથી અને ભેદ ઉપરથી લક્ષ છોડવાથી...બળવાનનો અર્થ એ થાય છે. રાગના વિકારની રુચિ છોડવાથી અને અબદ્ધસ્વભાવની દૃષ્ટિ થવાથી, ભેદની દૃષ્ટિ ( પણ ) છોડવાથી અભેદની દૃષ્ટિ કરવાથી આત્મા બળવાન થયો, ( તેથી ) રાગરૂપે પરિણમતો નથી. આહાહા ! હજી તો વાત પકડવી કઠણ પડે ! આહાહા !

પર્યાયબુદ્ધિની આડમાં ભગવાન ( નિજાત્મા ) અંદર પડયો છે, સંતાઈને પડયો છે. એની વાત કરે છે અહીંયા ( કે ) રાગબુદ્ધિ અને પર્યાયબુદ્ધિ વર્તમાન રાગબુદ્ધિ અને કાં પર્યાયબુદ્ધિ એ બુદ્ધિમાં ભગવાન અખંડ આનંદ-અરાગી અને વીતરાગી અખંડ, એથી સ્વભાવ ઢંકાઈ ગયો છે. રાગબુદ્ધિ અને પર્યાય-અંશ બુદ્ધિમાં, અરાગી-વીતરાગને અખંડજ્ઞાન એ ઢંકાઈ ગયા છે. કહો, પંડિતજી ? આહાહા !

( ઓહોહો ! ) અને અખંડ દ્રવ્યબુદ્ધિ અને પૂર્ણજ્ઞાયક બુદ્ધિમાં, ખંડબુદ્ધિને ભેદબુદ્ધિ છૂટી

ગઈ છે. આહાહા ! આવું છે. જેથી અખંડ-અબંધ સ્વભાવની બુદ્ધિ થઈ-ભેદજ્ઞાન અંતરમાં થયું, તો તેથી રાગના કર્તાકર્મની પ્રવૃત્તિ અથવા મતિજ્ઞાન, ( શ્રુતજ્ઞાન ) આદિ ભેદની પ્રવૃત્તિ છૂટી ગઈ, અને કર્મબંધન પણ છૂટી ગયું ! કહો, સમજાણું આમાં ? આવું છે આ !

ભાવાર્થ :- “કર્મબંધ તો અજ્ઞાનથી થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિથી હતો.” શું કહે છે ? જે નવું બંધન થતું હતું એ તો અજ્ઞાનથી ( થતું હતું ) અજ્ઞાનથીનો અર્થ ? કે જે વસ્તુ અખંડજ્ઞાયકસ્વરૂપ, ચૈતન્ય બ્રહ્મ, જિનસ્વરૂપ, એનું અજ્ઞાન-એનું જ્ઞાન ન હતું. આહાહાહા ! જિનસ્વરૂપી અબંધ સ્વભાવી-મુક્તસ્વરૂપ ભગવાન ( આત્મા ) એનું જ્ઞાન નહોતું- અજ્ઞાનના કારણે કર્મબંધન હતું ને કર્તાકર્મની પ્રવૃત્તિ હતી -રાગનો કર્તા ને રાગનું કર્મ, એ પ્રવૃત્તિ ત્યાં રહી, ( પણ ) એ વસ્તુ ( આત્મા ) છે નહીં. આહાહા ! બહુ ઝીણું !

હવે જ્યારે ભેદભાવને, હવે જ્યારે ભેદભાવને પર્યાયથી ભિન્ન થઈને, અભેદભાવને પ્રાપ્ત કર્યો અને પરપરિણતિને દૂર કરીને-રાગને દૂર કરીને, અરાગી સ્વભાવનો અનુભવ-દૃષ્ટિ થઈ, એકાકાર જ્ઞાન પ્રગટ થયું, ભેદ પણ છૂટી ગયા ને રાગ પણ છૂટી ગયો. આહાહા ! એકાકાર જ્ઞાયકભાવ એક સ્વરૂપી પ્રભુ દૃષ્ટિમાં આવ્યો ! ઝીણી વાતો છે. ગમે તેટલી હળવી ભાષા કરે તો પણ એનાં ભાવ રહીને એમ થાય ને ! એ ભાવ સચવાઈને ભાષા હળવી થાયને ! ભાવને કાંઈ મોળા પાડીને ભાષા થાય છે ? આહાહા ! “ત્યારે પછી હવે બંધ શા માટે હોય ?” અર્થાત્ ન હોય. અહીં સમ્યગ્દૃષ્ટિને ( નિજાત્માનું ) ભાન થયું એ અપેક્ષાએ વાત છે, અસ્થિરતાનો બંધ છે એને અહીંયા ગણવામાં આવ્યો નથી. આહાહાહા !

અહીં તો અખંડ જ્ઞાયક-અબંધસ્વરૂપી પ્રભુ-વીતરાગ સ્વરૂપી-અરૂપી-અબંધ-મુક્તસ્વરૂપી-જ્ઞાયકસ્વરૂપી, એવો જે ભેદ અને રાગની પ્રવૃત્તિથી ભિન્ન થઈને અનુભવ થયો, ત્યાં રાગની પ્રવૃત્તિ ને બંધ કેમ હોય ? આહાહા ! આવો મારગ છે. આમાં ધંધા આડે એક તો નવરાશ ન મળે અને સાંભળવા મળે તો પછી બહારની બધી પ્રવૃત્તિ આ કરો-ને આ કરો-આ કરો અને જે એની દૃષ્ટિમાં ( અભિપ્રાયમાં ) છે એની વાતું કરે, દૃષ્ટિમાં તો પર્યાય ને રાગ છે અનાદિથી, આહાહા ! ( એમાં ) એને સૂઝ પડે ! ત્યાં પર્યાય ને રાગ સૂઝે છે. ત્યાં રાગ કરવો ( ઇચ્છા કરવી ) ને આ કરો ને આ કરો ને આ કરો ! એમાં રોકાઈ ગયો, અને પર્યાય ને રાગથી ભિન્ન, ( આત્મ ) દ્રવ્ય ને વીતરાગી સ્વભાવ, એ તો દૃષ્ટિમાં ઓઝલ થઈ ગયો ! આહાહાહા ! આવી વાત છે બાપુ, શું થાય ! આહાહા ! એ શ્લોકનો અર્થ થયો.

## ગાથા - ૭૩

केन विधिनायमास्रवेभ्यो निवर्तत इति चेत्-

**अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो।**
**तम्हि ठिदो तच्चितो सव्वे एदे खयं णेमि।।७३।।**

अहमेकः खलु शुद्धः निर्ममतः ज्ञानदर्शनसमग्रः।
तस्मिन् स्थितस्तच्चित्तः सर्वानेतान् क्षयं नयामि।।७३।।

अहमयमात्मा प्रत्यक्षमक्षुण्णमनन्तं चिन्मात्रं ज्योतिरनाद्यनन्तनित्यो दित-विज्ञानघनस्वभावभावत्वादेकः,सकलकारकचक्रप्रक्रियोत्तीर्णनिर्मलानु-भूतिमात्रत्वाच्छुद्धः, पुद्गलस्वामिकस्य क्रोधादिभाववैश्वरूपस्य स्वस्य स्वामित्वेन नित्यमेवापरिणमनान्निर्ममतः, चिन्मात्रस्य महसो वस्तुस्वभावत एव सामान्यविशेषाभ्यां सकलत्वात् ज्ञानदर्शनसमग्रः, गगनादिवत्पारमार्थिको वस्तुविशेषोऽस्मि। तदहमधुनास्मिन्नेवात्मनि निखिलपरद्रव्य प्रवृत्तिनिवृत्त्या निश्चलमवतिष्ठमानः सकलपरद्रव्यनिमित्तकविशेषचेतनचञ्चल कल्लोलनिरोधेनेममेव चेतयमानः स्वाज्ञानेनात्मन्युत्प्लवमानानेतान् भावानखिलानेव क्षपयामीत्यात्मनि निश्चित्य चिरसंगृहीतमुक्तपोतपात्रः समुद्रावर्त इव झगित्येवोद्वान्तसमस्तविकल्पोऽकल्पितमचलित-ममलमात्मानमालम्बमानो विज्ञानघनभूतः खल्वयमात्मास्रवेभ्यो निवर्तते।

હવે પૂછે છે કે કઈ વિધિથી ( -રીતથી ) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે ? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે:-

**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.**

**ગાથાર્થ:-** જ્ઞાની વિચારે છે કે: [ खलु ] નિશ્ચયથી [ अहम् ] હું [ एकः ] એક છું, [ शुद्धः ] શુદ્ધ છું, [ निर्ममतः ] મમતારહિત છું, [ ज्ञानदर्शनसमग्रः ] જ્ઞાનદર્શનથી પૂર્ણ છું; [ तस्मिन् स्थितः ] તે સ્વભાવમાં રહેતો, [ तच्चित्तः ] તેમાં ( -તે ચૈતન્ય-અનુભવમાં ) લીન થતો ( હું ) [ एतान् ] આ [ सर्वान् ] ક્રોધાદિક સર્વ આસ્રવોને [ क्षयं ] ક્ષય [ नयामि ] પમાડું છું.

**ટીકા:-** હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ-અનાદિ-અનંત નિત્ય-ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું; ( કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ ) સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું; પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું ( અનેકરૂપપણું ) તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું; ચિન્માત્ર જ્યોતિનું ( આત્માનું ), વસ્તુસ્વભાવથી

**જ, સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું ( આખાપણું ) હોવાથી, હું જ્ઞાનદર્શન વડે પરિપૂર્ણ છું. -આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુ વિશેષ છું. તેથી હવે હું સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો, સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે આને જ ( આ ચૈતન્યસ્વરૂપને જ ) અનુભવતો થકો, પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા જે આ ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય કરું છું-એમ આત્મામાં નિશ્ચય કરીને, ઘણાં વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે એવો, નિર્વિકલ્પ, અચલિત નિર્મળ આત્માને અવલંબતો, વિજ્ઞાનઘન થયો થકો, આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.**

**ભાવાર્થ:- શુદ્ધનયથી જ્ઞાનીએ આત્માનો એવો નિશ્ચય કર્યો કે 'હું એક છું, શુદ્ધ છું, પરદ્રવ્ય પ્રત્યે મમતારહિત છું, જ્ઞાનદર્શનથી પૂર્ણ વસ્તુ છું'. જ્યારે તે જ્ઞાની આત્મા આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો તેના જ અનુભવરૂપ થાય ત્યારે ક્રોધાદિક આસ્રવો ક્ષય પામે છે. જેમ સમુદ્રના વમળે ઘણાં કાળથી વહાણને પકડી રાખ્યું હોય પણ પછી જ્યારે વમળ શમે ત્યારે તે વહાણને છોડી દે છે, તેમ આત્મા વિકલ્પોના વમળને શમાવતો થકો આસ્રવોને છોડી દે છે.**

## પ્રવચન નં. ૧૫૫ ગાથા-૭૩ તા. ૩૦/૧૨/૭૮

હવે પ્રશ્ન કરે છે કે આ આત્મા કઈ વિધિથી આસ્રવથી નિવૃત્ત થાય છે.

ભગવાન આત્મા ! એ પુણ્ય-પાપના અશુચિભાવ-મળભાવ-જડભાવ-દુઃખભાવ એનાથી નિવૃત્તિની રીત શું છે ? એનાથી હઠવાની વિધિ શું છે ? સમજાણું કાંઇ ? આહાહાહા ! પ્રશ્નકારને આટલે સુધી આવ્યો પ્રશ્ન ! કે એ પુણ્ય-પાપના ભાવ મલિન ને દુઃખરૂપ ને જડ છે અને ભગવાન નિર્મળ ચૈતન્ય ને આનંદ( સ્વરૂપ ) છે, તો એ આસ્રવોથી નિવૃત્તિની રીત-વિધિ-મારગ શું છે ?- આમ શિષ્યનો પ્રશ્ન છે. શિષ્યને એટલું તો મગજમાં આવ્યું કે આસ્રવથી નિવૃત્તિ તે લાભ છે. આહાહા ! સમજાણું કાંઈ.. ?

હવે પ્રશ્ન કરે છે આ-આ આત્મા, 'આ' આત્મા કઈ વિધિથી, કઈ રીતથી, કઈ પદ્ધત્તિથી, આસ્રવોથી નિવૃત્ત થાય છે ? એ બંધના કારણ દુઃખરૂપ ભાવથી શી રીતે નિવૃત્ત થાય છે ? એની વિધિ શી છે ? આ પૂછે છે. આસ્રવો કેમ થાય એવું ( શિષ્ય ) પૂછતો નથી. આહાહાહા ! દયા-દાન-વ્રત-પૂજા-ભક્તિ ( ના ભાવ ) કેમ કરવા એમ પૂછતો નથી. શિષ્ય એટલી તો તૈયારીમાં આવ્યો કે એ પુણ્ય-પાપના આસ્રવોથી નિવૃત્તિની રીત શું છે ? એ તો પ્રવૃત્તિ ( છે ) એ દુઃખરૂપ છે, તો એનાથી નિવૃત્તિની વિધિ શી છે ? આંહી સુધી તો પ્રશ્નકાર આવ્યો છે. સમજાણું કાંઈ... ?

શું કીધું ? કે જેના હૃદયમાં-જ્ઞાનમાં એમ આવ્યું કે આ પુણ્ય-પાપના ભાવ આસ્રવ છે-દુઃખરૂપ છે, તો એનાથી હઠવાની નિવૃત્તિની વિધિ શું છે ? એ ( ભાવો ) કરવાની વિધિ તો અનાદિથી છે હવે, પણ એનાથી નિવૃત્તિની વિધિ શું છે ? આટલો તો પ્રશ્ન શિષ્યનો અંતરથી

આવ્યો છે. જેને આસ્રવથી નિવર્તવું છે. આસ્રવમાં પ્રવર્તવું છે એ વાત છૂટી ગઈ, આમ વ્રત પાળવા ને એનાં અતિચાર આમ ટાળવાને આમાં આમ ભક્તિ કરવીને આમાં આમ કરવું, એ આંહીં તો કહે છે કે એ આસ્રવોથી નિવૃત્તિની હવે કઈ વિધિ એ કહો- પ્રવૃત્તિની વિધિ તો અમે અનાદિથી જાણીએ છીએ. છે ? આહાહાહા !

ભગવાન આત્મા ! આહાહા ! આ આત્મા કહ્યું ને ! આ આત્મા, એ પુણ્ય-પાપના ભાવ, જે આસ્રવો છે ને દુઃખ છે, એનાથી નિવૃત્તિની રીત શું છે ? વિધિ શું છે ? એવો પ્રશ્નકારનો પ્રશ્ન છે, એને ઉત્તર આપે છે. સાધારણ પ્રાણી સાંભળવા આવ્યા ને એમ ( ને એમ ) સાંભળે એમ નહીં, એમ કહે છે. આહાહા ! ( આ તો ) જેને અંતરમાં શુભ-અશુભ ભાવ દુઃખરૂપ આસ્રવ મલિન છે એ તો ખ્યાલમાં આવ્યું ( છે. ) પણ એનાથી નિવૃત્તિની વિધિ શું ? હવે અમારે તો આ કામ છે. આવો જે પ્રશ્નકાર છે ( એના પ્રશ્નનો ) એને ઉત્તર દેવામાં આવે છે. આહાહાહા !

अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो।
तम्हि ठिदो तच्चितो सव्वे एदे खयं णेमि।।७३।।

છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;
એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.

આહાહા ! પાછા આમ તું ક્ષય કરે એમ નહીં આમ ક્ષય કરું એમ લીધું છે. એમ કે આ રીતે ક્ષય કરવું એમ નહિ, આ તો આ રીતે ક્ષય કરું. એટલે કે ક્ષય કરવાને યોગ્ય જીવ જ લીધો છે આંહીં તો. આહાહા ! સમજાય છે કાંઈ ? આમ ક્ષય કરું એમ એણે ન કહ્યું અહીં તો કહે છે કે આમ ક્ષય કરું છું. આહાહાહા !

ટીકાઃ- 'હું' તું આમ વિચાર કર એમ નહીં આંહીં તો કીધું, "હું આ,આ, હું, આ, પ્રત્યક્ષ આ હું આત્મા પ્રત્યક્ષ છું. જ્ઞાનમાં પ્રત્યક્ષ છું, એ પરોક્ષ રહે નહિ. 'હું' આ પ્રત્યક્ષ અખંડ, હું અખંડ છું. એમ નિર્ણય કરજે. એમ પહેલું, પછી કહેશે કે આમ નિર્ણય કરવો, વિકલ્પથી પણ કરવો પછી કહેશે, પછી વિકલ્પ છોડી દેવાનું કહેશે, પણ તું પહેલેથી આવો છો. આહાહા ! હું 'આ' હું પ્રત્યક્ષ અખંડ જેમાં ખંડ નથી, ભેદ નથી તે વસ્તુ હું છું. આહાહા ! ચિન્માત્ર જ્યોતિ આ અનંત ભાવની વ્યાખ્યા છે આ. અનંત કાળ રહેશે એ પછી લેશે, પણ અહીંયા તો પહેલો 'અનંત' શબ્દ ભાવવાચક છે. અનંત ભાવ મારો અનંત છે. અખંડ, અનંત ચિન્માત્ર જ્યોતિ આ અનંત જ્ઞાનમાત્ર જ્યોતિ પ્રત્યક્ષ અખંડ, જ્ઞાનમાત્ર જ્યોતિ અનંત. આહાહા ! અનંત અહીં કાળ અનંત રહેવાની આ વાત નથી, એનો મારો ભાવ અનંત છે. સમજાણું કાંઈ ? બે અનંત આવશે. અનંત ચિન્માત્ર જ્યોતિ. જ્ઞાનમાત્ર અનંત, અનંત, અનંત, અમાપ એવું જે જ્ઞાનમાત્ર જ્યોતિ, જેનું માપ નહીં અનંત છે. આહાહા ! માપ કરી શકાય છે એ જુદું પણ એ વસ્તુ એવી છે, અનંત છે. અનંત જ્ઞાનમાત્ર જ્યોતિ, એવો આત્મા અનાદિ અનંત, હવે કાળ લીધો. આવો આત્મા હું અનાદિ છું, મારી શરૂઆત નથી, છે અને છે અનાદિ છે, અનંત છે, ભવિષ્ય પણ અનંત રહેશે. આહાહાહા !

"અનાદિ અનંત" આ કાળની અપેક્ષાએ વાત છે. પહેલો અનંત હતો એ ભાવની અપેક્ષાએ વાત હતી. અનંત જ્ઞાનમાત્ર વસ્તુ આત્મા, ચિન્માત્ર એ ભાવ હતો, આ કાળ છે. હું

અનાદિ, આદિ નથી મારી, છે છે એને આદિ શી ? અને અનંત, ભવિષ્યમાં પણ મારો અંત નથી. એમ નેમ અનંત છે. આમ પહેલો નિર્ણય કર વિકલ્પથી એમ કહે છે. છે વિકલ્પ પણ રાગ મિશ્રિત વિચાર, આંગણે ઊભો આમ વિચાર કર, અંદરમાં પ્રવેશ કરવાનું પછી, આહાહાહા..... અનાદિ અનંત ભૂત અને ભવિષ્ય બેય લીધા, હવે વર્તમાન લ્યે છે નિત્ય ઉદયરૂપ છું, હું તો કાયમ પ્રગટરૂપ-પ્રગટરૂપ નિત્ય ઉદયરૂપ વર્તમાન. આહાહાહા ! આ તો અધ્યાત્મના શબ્દો છે, એક એક શબ્દમાં ઘણી ગંભીરતા એમાં અમૃતચંદ્રાચાર્યની ટીકા એટલે, નિત્ય પ્રગટરૂપ છું. કાયમ પ્રગટરૂપ જ છું વસ્તુ. આહાહાહાહા !

જ્ઞાયક જ્યોત ચૈતન્યબિંબ પ્રભુ આદિ નહિ, અંત નહિ ને વર્તમાન નિત્ય પ્રગટરૂપ છું. વિજ્ઞાનઘન-સ્વભાવભાવના કારણે ભાવત્વને કારણે 'પણું' લેવું છે ને ? વિજ્ઞાનઘન સ્વભાવભાવત્વને કારણે આ 'આત્મા' એમ છે ને ? આત્મા અનાદિ અનંત નિત્ય ઉદયરૂપ ને આત્મા વિજ્ઞાનઘનસ્વભાવભાવત્વને કારણે, વિજ્ઞાનઘનસ્વભાવભાવત્વ સ્વભાવભાવપણું વિજ્ઞાનઘનસ્વભાવભાવપણા, એનું સત્ત્વ લીધું. સત્ત એવો આત્મા એનું વિજ્ઞાનઘન સ્વભાવપણું એવું એનું સત્ત્વ છે. આહાહાહાહા !

વિજ્ઞાનઘનસ્વભાવભાવત્વને કારણે સ્વભાવભાવપણાને કારણે "એક હું" વિજ્ઞાનઘન છું ને માટે "એક હું" એમ. ભેદ ને એમાં કંઈ છે નહીં. આહાહાહા ! વિજ્ઞાનઘન આત્મા, વિજ્ઞાનઘન આત્મા અનાદિ અનંત નિત્ય ઉદયરૂપ વર્તમાન વિજ્ઞાઘનસ્વભાવભાવત્વને કારણે સ્વભાવભાવપણાને કારણે, એક હું. પર્યાય ભેદે ય નહીં આંહીં તો. આહાહાહા !

વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે, એક છું, એક છું. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર પ્રાપ્ત, અહીંયા તો અંતરની વાત લેવી છે, પણ પહેલી એમ લઈએ કે આત્મા જે છે આ વિજ્ઞાનઘન સ્વભાવ એ પરનો કર્તા કે પરનું કાર્ય એ ષટ્કારક એનામાં નથી, શરીર ને વાણી મનની ક્રિયાના કર્તા-કર્મ-કરણ-સંપ્રદાન છ કારકો એનામાં એ પરના નથી, તેમ રાગનો કર્તા-કર્મ ષટ્કારક એ પણ એનામાં નથી.

હવે ત્રીજા, હવે જે એની જે એક સમયની જે પર્યાય છે, એનું જે પર્યાયમાં કર્તાપણું પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય સાધન-કરણ, પર્યાય સંપ્રદાન રાખી, અપાદાન પર્યાયથી પર્યાય થઈ, પર્યાયના આધારે પર્યાય થઈ, એવા પર્યાયના ષટ્કારકથી પણ પાર મારી ચીજ છે. આહાહાહા ! દ્રવ્યસ્વરૂપ લેવું છે ને ? એટલે પરના કારકોની તો વાત છે જ નહિ, રાગના કારકોની વાત છે જ નહિ, પણ એની એક સમયની જે પર્યાય છે નિર્મળ પર્યાય છે, જ્ઞાનની પર્યાય છે, એ પર્યાયમાં ષટ્કારક જે છે-પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય કરણ-સાધન, પર્યાય સંપ્રદાન પર્યાય કરીને રાખી, પર્યાયથી પર્યાય થઈ એ અપાદાન, પર્યાયના આધારે પર્યાય, એવી એક સમયની પર્યાયના ષટ્કારકથી પાર મારી ચીજ એનાથી ભિન્ન છે. આહાહાહા !

હજી તો બહારના કર્તાકર્મ ન માને તો જૈન નથી એમ ઓલા માળા કહે છે, અરે ભગવાન ! બાપુ ! શું કરે છે ? પ્રભુ ! એમકે પરદ્રવ્યનો કર્તા કર્મ ના માને તો દિગંબર જૈન નથી એમ કહેવામાં આવે છે લ્યો. અરરર ! આંહીં તો એક સમયના પર્યાયનું કર્તાકર્મપણું જે છે સ્વતંત્ર એક પર્યાય ( જે ) ષટ્કારકે પરિણમે છે તેનાથી ભિન્ન મારી ચીજ છે. આહાહાહા !

પરના કર્તાકર્મની તો વાત ગંધેય નથી, રાગના કર્તાકર્મની વાત તો અહીંયા કરીયે નથી, કેમકે એ છે જ નહીં. પણ પર્યાયમાં ષટ્કારકનું પરિણમન થાય, આહાહાહા..... છે ?

સર્વ કારકો એટલે છ, એવી જે ક્રિયાના કારકોની સમૂહની પ્રક્રિયા જોયું પરિણતિ એટલે પર્યાય એનાથી 'પારથી પ્રાપ્ત' એ ષટ્કારકની પર્યાયની પરિણતિથી ભિન્ન મારી ચીજ છે. આવું છે. જ્ઞાયકસ્વરૂપ જે ધ્રુવ નિત્યાનંદ પ્રભુ અબદ્ધ સ્વરૂપ, મુક્ત સ્વરૂપ, જ્ઞાયક સ્વરૂપ એ પર્યાયના ષટ્કારકની પરિણતિથી ભિન્ન છે, એમાં એ છે નહીં. પર્યાયના ષટ્કારકો એમાં છે નહીં કહે છે. આહાહાહાહા !

મોક્ષમાર્ગની પર્યાયના ષટ્કારક છે, એ એમાં નથી કહે છે. આવુ સાંભળવું કઠણ પડે. આ પ્રભુ તારો માર્ગ કોઈ જુદો અલૌકિક છે. આહાહાહા ! મોક્ષમાર્ગની પર્યાયમાં કર્તા કર્મ આદિ એક સમયની પર્યાય છે, એથી પ્રક્રિયાથી પાર, ભિન્ન, પ્રાપ્ત, પર્યાયથી ભિન્ન પ્રાપ્ત વસ્તુ છે. નિર્મળ અનુભૂતિ, નિર્મળ અનુભૂતિ એ ત્રિકાળની વાત છે. નિર્મળ અનુભૂતિ એટલે પર્યાય નહીં, પર્યાયના ષટ્કારકની પ્રક્રિયાથી પાર અનુભૂતિ, અનુભૂતિ એટલે વસ્તુ ત્રિકાળ. કેમ કે જે અનુભૂતિ થાય છે એ તો એક પર્યાયમાં, પણ આ તો ત્રિકાળ અનુભૂતિસ્વરૂપ છે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા ! "સર્વકારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઉતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું" ષટ્કારકની પર્યાયની પરિણતિથી ભિન્ન એ શુદ્ધ હું, એને આંહીં શુદ્ધ કહ્યો છે. આહાહાહા ! ત્રિકાળી વસ્તુ જે જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ જે નિત્યાનંદ પ્રભુ એ પર્યાયના ષટ્કારકથી ભિન્ન તેને આંહીં શુદ્ધ કહેવામાં આવે છે. ત્રિકાળી ચીજને પ્રક્રિયા પર્યાયની પારથી એને શુદ્ધ કહેવામાં આવે છે. આહાહા ! અહમ, એકો, શુદ્ધો, એટલો અર્થ થયો અહમ્, એકો, શુદ્ધો, વિશેષ આવશે. (શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૫૬ ગાથા-૭૩ તા. ૩૧/૧૨/૭૮ રવિવાર પોષ સુદ-૨

શિષ્યનો પ્રશ્ન છે એનો આ ઉત્તર છે. શિષ્યનો એ પ્રશ્ન છે કે આ જે પુણ્ય ને પાપના ભાવ છે, એ આસ્રવ છે, દુઃખરૂપ છે, મેલ છે, તો એનાથી કઈ વિધિએ નિવર્તાય ? પુણ્ય-પાપના ભાવથી કઈ રીતે નિવૃત્ત થાય ? એનો ઉત્તર માગે છે. પણ જેને આ ધખશ અંદર થઈ છે એને. શુભ ને અશુભ બેય ભાવ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ હો, ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષય આદિનો ભાવ હો, બેય ભાવથી નિવૃત્તની રીત શું છે ? એની વિધિ શું છે ? એમ શિષ્ય પૂછે છે, એનો ઉત્તર છે.

પહેલાં તો એ કહ્યું કે તું એમ વિચાર કર કે હું તો અનાદિ અનંત નિત્ય-દ્રવ્યસ્વભાવ છું, શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનઘન છું, એક છું, હું એક છું, અહીંયા આ કર્તા કર્મનો અધિકાર છે ને ? એટલે એ રીતે લીધું છે, ૩૮ ગાથામાં 'એક' આવે છે ને ભાઈ, ત્યાં એ આવે છે, ત્યાં તો જીવની પરિપૂર્ણતાની વ્યાખ્યા પૂરી થાય છે, તેથી ત્યાં જીવને ક્રમ ને અક્રમ પડતા જે ભાવો એનાથી ભિન્ન એવા ભાવથી ભેદભાવ થતો નથી. એવો હું એક છું, ત્યાં એ લીધું છે. આડત્રીસ. કારણ ત્યાં જીવની છેલ્લી ગાથા આડત્રીસમી છે, એટલે ત્યાં એમ લીધું કે હું ક્રમે ક્રમે થતાં ગતિ આદિ

અને અક્રમે થતાં જોગ, લેશ્યા આદિ એનાથી હું ભેદરૂપ થતો નથી, એવો હું એક છું. અહીં કર્તા કર્મમાં એમ લીધું, કે હું અખંડ જ્ઞાન ચિન્માત્ર જ્યોતિ છું, માટે હું એક છું. સમજાણું કાંઈ ? એણે ત્યાં જીવની પૂર્ણતાનું વર્ણન કર્યું, આંહીં કર્તાકર્મમાં અભાવનું વર્ણન છે.

ત્યાં શુદ્ધ લીધું છે આડત્રીસમાં, ત્યાં નવતત્ત્વના ભેદથી જ્ઞાયકભાવપણે હું તદ્દન જુદો છું, એમ લીધું છે, શુદ્ધ, આડત્રીસ. જીવના વિશેષો, મનુષ્ય, નર્ક, દેવ, આદિ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, એવા જે ભેદ નવના ભેદભાવ વ્યાવહારિકભાવ, એનાથી હું જ્ઞાયકભાવે જુદો છું એમ ત્યાં બતાવ્યું છે, અહીંયા કર્તાકર્મઆદિ પર્યાયમાં ષટ્કારક જે થાય છે, એનાથી હું જુદો છું. આહાહા ! ઝીણી વાત છે, ભાઈ ! પરના કર્તાકર્મની વાત તો છે જ નહિ, પણ તારી પર્યાયમાં એક સમયની પર્યાયમાં કર્તા, કાર્ય, કરણ-સાધન, રાખવું, થકી-થવું, આધારથી એવી છ પર્યાયનો એક ષટ્કારક એ પર્યાયના ષટ્કારકથી પણ અનુભૂતિ એટલે મારી ચીજ ભિન્ન છે. આહાહા ! આહાહાહા ! આમ છે.

જેને આસ્રવથી નિવર્તવું હોય એટલે કે દુઃખના ભાવથી નિવર્તવું હોય એણે આ પ્રકારે આત્માનો નિર્ણય કરવો. આહાહાહા ! હું શુદ્ધ છું, મારી પર્યાયમાં ષટ્કારકનું પરિણમન છે, એ પર્યાયમાં છે, એનાથી પાર ઉતરેલી મારી ચીજ અનુભૂતિ ત્રિકાળ તે તદ્દન ભિન્ન છે. આહાહાહા ! કર્તાકર્મ છે ખરુંને એટલે ષટ્કારકના પરિણમનથી ભિન્ન લીધું, અને ત્યાં લીધું નવતત્ત્વના ભેદભાવ વ્યવહારભાવોથી મારો જ્ઞાયકભાવ જુદો છે. ૩૮માં એમ લીધું. શુદ્ધમાં શુદ્ધ. આહાહાહા ! આ તત્ત્વદૃષ્ટિ ઝીણી બહુ ભાઈ ! એ બે બોલ તો થયા.

હવે આ ત્રીજો બોલ “મમતા રહિત છું” કેમ કે એ પુણ્ય-પાપના ભાવ એ મારાં નથી-એથી મમતા રહિત છું. એટલે કે એવો નિર્ણય કર, ભલે વિકલ્પ સહિત પેલો નિર્ણય છે, કે પુદ્ગલ દ્રવ્ય જેનું સ્વામી છે, શું કહે છે ? એ પુણ્ય ને પાપના ભાવ શુભ-અશુભ ભાવ જે તેં પૂછયું કે એનાથી કેમ નિવર્તાય ? તો પહેલો એ નિર્ણય કર કે પુણ્ય-પાપના ભાવનો ધણી સ્વામી પુદ્ગલ છે. આહાહાહા ! સમજાય છે કાંઈ ?

પુદ્ગલ તે હજી સ્વામી છે એ પાછું વિશેષ કહે છે પુદ્ગલ દ્રવ્ય જેનું સ્વામી છે, એટલે એવો જે ક્રોધાદિ ભાવ એટલે ? સ્વભાવથી વિરુદ્ધભાવ ચાહે તો દયા, દાન, વ્રતનો ભાવ હો, પણ એ સ્વભાવથી વિરુદ્ધ છે, તેથી તેને ક્રોધમાં નાખ્યું છે. એ ક્રોધાદિભાવનું વિશ્વરૂપપણું જેનું સ્વામીપણું પુદ્ગલ છે, મારું સ્વામીપણું નહિ, સ્વામીપણું હોય તો છૂટે નહિ, એ પુણ્ય-પાપથી નિવર્તવું છે, તેથી તે પુણ્ય-પાપના શુભાશુભ ભાવ એનો સ્વામી જડ પુદ્ગલ છે. આહાહાહા ! કેમ ? એવું જે ક્રોધાદિભાવો જેનું પુદ્ગલદ્રવ્ય સ્વામી છે, એવા જે ક્રોધ, માન, માયા, લોભ ને પુણ્ય-પાપના ભાવ અનેકરૂપ છે, અનેકરૂપ છે શુભ ને અશુભભાવ અનેકરૂપ છે એકરૂપ નથી. તેના સ્વામીપણે, પુદ્ગલદ્રવ્ય જેનો સ્વામી છે એમ પેલું લીધું. તેથી હવે પછી પણ એ પુદ્ગલદ્રવ્યના સ્વામીપણે, એટલે વિકારના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી, હું એવો છું કે પુણ્ય-પાપના સ્વામી પુદ્ગલ છે અને હવે પછી પણ તેના સ્વામીપણે નહિ થનારો હું, પુણ્ય-પાપ થશે ખરા, પણ સ્વામીપણે સદાય નહિ થનારો હું, આહાહાહાહા..... સમજાય છે કાંઈ ? ભાષા આ તો અધ્યાત્મની વાતું છે બાપા. આહાહા ! એ અનેકરૂપ

વિકારભાવ તેના ધણીપણે પોતે સદાય નહિ પરિણમતો, ભવિષ્યમાં રાગાદિ થશે પણ સ્વામીપણે નહિ થાય. આહાહા ! એવો હું છું.

પહેલું તો એમ કહ્યું કે શુભ-અશુભ ભાવનું સ્વામીપણું પુદ્‌ગલનું છે. હવે હું ભવિષ્યમાં પણ તે પુણ્ય-પાપના સ્વામીપણે નહિ થનારો, તે હું છું. આહાહાહાહા ! ઝીણી વાત છે ભાઈ ! આ તો અંતરની વાતું છે. આહા ! તેના સ્વામીપણે પોતે સ્વયં સદાય નહિ પરિણમતો હોવાથી, એ પુણ્ય-પાપના ભાવ થશે છતાં સ્વામીપણે નહિ પરિણમતો હું તેનાથી મમતા રહિત છું. એટલે ? એ પુણ્ય-પાપ મારાં છે એવું મને નહિ રહે હવે. એનાથી હું મમત્વ-રહિત છું. આહાહા !

ભાષા ટૂંકી પણ ભાવ જરી ગંભીર છે બાપુ. આ તો સમયસાર એટલે, જેને કળશમાં તો ત્યાં સુધી કીધું છે ને ? અજોડ છે. આ ચીજ જ કોઈ અલૌકિક છે. લોકોત્તર ચીજ છે. આહાહા !

શિષ્યના પ્રશ્નને ખ્યાલમાં રાખીને એને ઉત્તર, એને આપે છે કે ભાઈ, તારે જો પુણ્ય-પાપના ભાવ એટલે દુઃખ, દુઃખથી નિવર્તવું હોય તો, એ પુણ્ય-પાપના ભાવ દુઃખનો સ્વામી પુદ્‌ગલ છે, એમ સદાય સ્વામીપણે હું નહિ થનારો તે દુઃખના પરિણામ મારાં છે એમ નહિ થનારો, આહાહા ! સમજાય છે કાંઈ ? આહાહા ! સદાય નહિ પરિણમતો હોવાથી, સ્વામીપણે સદાય નહીં પરિણમતો હોવાથી, પરિણમન થશે, વીતરાગપણું જ્યાં સુધી નહિ આવે ત્યાં સુધી શુભ-અશુભ ભાવ પરિણમન થશે, પણ તેના સ્વામીપણે સદાય નહીં પરિણમતો હોવાથી, એ મારાં છે તેમ નહીં પરિણમતો હોવાથી, હું, વર્તમાનમાં તો સ્વામી પુદ્‌ગલ છે, પણ ભવિષ્યમાં પણ તે સ્વામીપણે નહીં થનારો તે હું છું. આહાહા ! સમજાય છે કાંઈ ? આહાહા ! આવી વાત છે.

હવે આવી વાત સાધારણ માણસને અભ્યાસ નહિ કાંઈક અભ્યાસ કહેતા'તા ને કાલ કહેતા'તા ને ભાઈ ! પુનાતર ! થોડોક અભ્યાસ હોય તો આ સમજાય એવું છે આ, કાલ બપોરે એવો શ્લોક હતો ને પરપરિણતિ ઉજ્ઝેત ભેદભાવ. આહાહા ! આંહીં કહે છે પ્રભુ તું એવો નિર્ણય વિકલ્પ દ્વારા પણ કર કે પુણ્ય ને પાપના ભાવ તેનો સ્વામી પુદ્‌ગલ છે અને મારું ભવિષ્યમાં પરિણમન થશે, પણ તેના સ્વામીપણે પરિણમન નહિ થાય, એના ધણીપણે હું પરિણમન નહિ પરિણમું માટે હું મમતારહિત છું. સમજાય છે કાંઈ ? ભાષા ટૂંકી બાપા પણ ભાવ બાપા બહુ ઊંચા છે ભાઈ. આહાહા ! તારી પ્રભુતા, એ પ્રભુતાના દર્શન કરાવવા આસ્રવથી નિવર્તવાની આ રીત છે. સમજાય છે કાંઈ ?

'હું' આત્મા તે પુણ્ય-પાપના ભાવનું ધણીપત્તુ પુદ્‌ગલનું છે ત્યારે કોઈ એમ કહે કે પુદ્‌ગલથી થાય છે માટે પુદ્‌ગલ છે માટે, તમે એમ કહો છો કે પર્યાયમાં ઉપાદાન પોતાથી થાય છે, એય ! અહીંયા તો સ્વભાવ એનો નથી, તેથી નિમિત્તને આધીન થાય છે, માટે તેનાં છે એમ કહ્યાં છે, સ્વભાવને ભિન્ન બતાવવો છે ને ? થાય છે તો તેની પોતાની ઉપાદાનની પર્યાયમાં, આંહીં જ્યાં કરે ત્યાં પાછું ઉપાદાનની પર્યાયમાં જુઓ તમે કહેતા'તા ને કે વિકાર તો પોતાથી થાય છે, કર્મથી ન થાય, એય ! કર્મથી ન થાય, પણ અહીંયા પુણ્ય-પાપના ભાવ એની ઉત્પત્તિનો કોઈ સ્વભાવ નથી જીવનો, કોઈ ગુણ નથી. એથી તે ગુણનો સ્વભાવ નથી માટે, અનંત ગુણ છે પ્રભુમાં, આત્મામાં અનંત અનંત અનંત અનંત અપારગુણ છે, પણ કોઈ ગુણ વિકાર કરે

એવો કોઈ ગુણ નથી, એ અપેક્ષાએ લઈને તે પુણ્ય ને પાપના ભાવ, તેનો સ્વામી પુદ્‌ગલ અને હું સદાય સ્વામીપણે, ધણીપત્તે નહિ પરિણમનાર તે હું છું. આહાહા ! પુણ્ય-પાપ થશે પણ એ મારાં છે તેમ હું નહીં પરિણમું. આહાહા ! હું એનો જાણનાર તરીકે રહીશ. સમજાણું કાંઈ ? આહાહાહા !

( શ્રોતા:- આ વાત તો અહીં જ ચાલે ) હૈં ? મારગ તો આ બાપા મારગ તો આ છે, પ્રભુ શું થાય ? તારી મહત્તાની વાત શું થાય ? એ એની મહત્તા બતાવવા કહે છે, પ્રભુ તારી મહત્તા એટલી છે, કે જેમાં વિકાર થવાનો કોઈ ગુણ જ નથી, નિર્વિકાર થવાના ગુણો છે. એથી તું એમ નિર્ણય કર વિકલ્પ દ્વારા પણ પછી વિકલ્પ છોડાવશે પણ પહેલી ભૂમિકામાં શરૂઆતમાં એકદમ નિર્વિકલ્પ થઈ શકે નહિ, એથી પહેલે આંગણે ઊભો, રાગ મિશ્રિત વિચારમાં આવો તો નિર્ણય કર. કે હું એક જ્ઞાયકભાવ સ્વરૂપ પ્રભુ એ પુણ્ય-પાપના સ્વામીપણે ધણીપત્તે મારાં છે તે રીતે હું નહીં પરિણમનારો છું. આહાહાહા ! સમજાય છે કાંઈ ? આ તો અધ્યાત્મ ભાષા છે, બાપુ ! આહાહાહા !

તેના સદાય, તેના સ્વામીપણે પોતે, હું એનો સ્વામી થઈને પરિણમું એ હું નહીં, માટે તે મમતા રહિત છું. વર્તમાનમાં તો પુદ્‌ગલ સ્વામી છે, પણ ભવિષ્યમાં જે પુણ્ય-પાપના ભાવ થશે, તેના સ્વામીપણે, ધણીપણે, મારાંપણે નહિ પરિણમનારો માટે તેનાથી તો હું મમતા રહિત છું. આહાહા ! કહો સમજાય છે કાંઈ ? આ તો સાદી ભાષા છે પણ હવે ભાઈ વસ્તુ તો ભાઈ જે હોય એની ગમે તેટલી ભાષા કરે હળવી, પણ એની ચીજ હોય એટલી રાખીને થાય ને. હૈં ? આહાહા ! એ વસ્તુની મર્યાદા રાખીને ભાષા થાય ને ? ભાષા હળવી કરે તો કાંઈ એનાથી વિપરીત થાય ? આહાહાહા ! એ ત્રીજા બોલની વાત કરી. પહેલી અહમ્ એકો, પછી શુદ્ધો, પછી મમતા રહિત, ત્રીજા બોલની વ્યાખ્યા થઈ. આહાહા !

હવે ચોથો “નાણ દંસણ સમગ્ગો” એની વ્યાખ્યા હવે. હવે હું છું કેવો ? ઓલા તો એની નાસ્તિથી વાત કરી, આ નહિ આ સ્વામીપણે નહિ, ધણીપણે નહિ, છું કેવો ? ચિન્માત્ર જ્યોતિ ચેતન ચેતન ચેતનમાત્ર જ્યોતિ, ચિન્માત્ર જ્યોતિ એમાં બેય આવ્યું. જ્ઞાન, દર્શન ભેગું હોં, ચેતનમાત્ર જ્યોતિ-ચેતનમાત્ર જ્યોતિ, એવું આત્માનું જ્યોતિનું એટલે આત્માનું, જ્ઞાનમાત્ર જ્યોતિનું એટલે જ્ઞાનમાત્ર ચેતનમાત્ર આત્માનું, વસ્તુ સ્વભાવથી જ, વસ્તુના સ્વભાવથી, વસ્તુનો સ્વભાવ જ એવો છે કે સામાન્ય અને વિશેષવડે પરિપૂર્ણપણું, દર્શન અને જ્ઞાનવડે પરિપૂર્ણપણું, વસ્તુના સ્વભાવથી દર્શન અને જ્ઞાનપણું, પહેલું ચિન્માત્ર લીધું' તું. એ ચિન્‌ના બે ભાગ પાડયા, ચેતના હતી ને તેના બે ભાગ પાડયા, દર્શન ને જ્ઞાન. આહાહા !

ચિન્માત્ર જ્યોતિનું એટલે જ્ઞાનમાત્ર આત્માનું, એટલે ચેતનામાત્ર આત્માનું. વસ્તુ સ્વભાવથી જ, મારો સ્વભાવ જ એવો છે કે, સામાન્ય ને વિશેષવડે, દર્શન અને જ્ઞાનવડે અહીં સામાન્ય એટલે કે દ્રવ્ય ને વિશેષ એટલે કે પર્યાય એમ નહિ આંહીં. સમજાણું કાંઈ ? સામાન્ય એ દ્રવ્ય ને પર્યાય વિશેષ એ આંહીં નહિ. આંહીં તો ચૈતન્ય, ચેતન ચેતન માત્ર જે વસ્તુ, એમાં જે દર્શન ને જ્ઞાન, સામાન્ય તે દર્શન ને વિશેષ તે જ્ઞાન, છે તો બેય ત્રિકાળ, વિશેષ માટે પર્યાય છે એમ નહીં. આહાહાહા ! સમજાણું કાંઈ ?

સામાન્ય અને વિશેષવડે, વિશેષવડે પરિપૂર્ણપણું, આખાપણું હોવાથી, હું તો પરિપૂર્ણ, ચેતનમાત્ર જ્યોતિ આત્માની, તેના વડે કરીને વસ્તુના સ્વભાવથી જ, ભગવાન આત્માના સ્વભાવથી દર્શન સામાન્ય ને જ્ઞાન વિશેષ એવા સ્વભાવથી હું પરિપૂર્ણ છું. એ વડે હું પરિપૂર્ણ છું. પર્યાય એય નહીં. આહાહા !

વસ્તુ બતાવવી છે ને ? વસ્તુ એનો સ્વભાવ ચૈતન્ય જ્યોતિ, આત્મજ્યોતિ, એ ચેતન એનો વસ્તુસ્વભાવથી જ સામાન્ય ને વિશેષપણે, દર્શન ને જ્ઞાનપણે પરિપૂર્ણ હું છું. આહાહા ! છે ને ? હું જ્ઞાન દર્શન વડે પરિપૂર્ણ છું આવો હોવાથી એમ, દર્શન ને જ્ઞાનનું પરિપૂર્ણપણું હોવાથી, આ કારણ આપ્યું, "હું જ્ઞાન દર્શન વડે પરિપૂર્ણ છું," આહાહા ! શું કહ્યું સમજાણું ? વસ્તુ સ્વભાવથી જ સામાન્ય ને વિશેષવડે પરિપૂર્ણપણું હોવાથી પરિપૂર્ણપણું હોવાને કારણે, હું જ્ઞાન, દર્શન વડે પરિપૂર્ણ છું. પહેલાંમાં સામાન્ય ને વિશેષ મુક્યા 'તા શબ્દો, દર્શન ને જ્ઞાન અહીં પહેલું જ્ઞાન ને દર્શન મુક્યું. સમજાણું કાંઈ ? હું સામાન્ય ને વિશેષ વસ્તુના સ્વભાવથી સામાન્ય ને વિશેષવડે પરિપૂર્ણ છું તેથી હું જ્ઞાન દર્શનથી પરિપૂર્ણ છું. પર્યાય પણ નહીં. આહાહાહા ! સમજાણું કાંઈ ?

છે ને સામે પુસ્તક છે ને ? આ તો ભગવત્ કથા, ભાગવત કથા ભગવાન આત્માની કથા ભાઈ, આ કાંઈ વાર્તા નથી. આહાહા ! આહા ! ભગવત્સ્વરૂપ પ્રભુ, વસ્તુના સ્વભાવથી જ વસ્તુના સ્વભાવથી જ સામાન્ય ને વિશેષપણે પરિપૂર્ણ હોવાથી, હું જ્ઞાન દર્શને પરિપૂર્ણ છું. એ, ચીમનભાઈ ! આમ છે બાપુ બહુ શાંતિથી વાત છે આ તો. વિરલના કામ છે આ તો. આહાહા ! કોને કહે છે આ ? જે દુઃખથી નિવર્તવા માગે છે તેને, નિવર્તવું હોય તો આ રીતે અંદર નિર્ણય કર. આહાહાહા !

આવો હું, "આવો હું આકાશઆદિ દ્રવ્યની જેમ" જેમ આકાશ પદાર્થ છે, પરમાણું પદાર્થ છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ પદાર્થ છે, એમ હું પણ આકાશાદિ દ્રવ્યની જેમ એટલે બીજા પણ પાંચ દ્રવ્ય સ્થાપ્યા. આહાહા ! જેમ એ વસ્તુ સ્વતંત્ર છે, આકાશાદિ તેમ, જેમ "આકાશાદિ દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું." ખરેખર વસ્તુ ખાસ મારી બીજાથી જુદી વિશેષ છે, વિશેષનો અર્થ સમજાણો. બીજાથી વસ્તુ વિશેષ ખાસ વસ્તુ મારી જુદી છે. વિશેષ એટલે આંહીં પર્યાય ને સામાન્ય એમ અત્યારે નહિ. આહાહાહા ! સમજાણું કાંઈ ?

ધીમેથી કહેવાય છે બાપુ આ તો ધર્મકથા ચૈતન્યની છે પ્રભુ. આહાહા ! આહાહા ! ચિન્માત્ર જ્યોતિનું વસ્તુસ્વભાવથી જેમ સામાન્ય વિશેષવડે પરિપૂર્ણ હોવાથી હું જ્ઞાન દર્શન વડે પરિપૂર્ણ છું. આવો હું, દ્રવ્ય લેવું છે. આહાહા ! આકાશ આદિ દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુ વિશેષ છું. ખરેખર આત્મા ખાસ બીજા દ્રવ્યની જેમ ખાસ વસ્તુ વિશેષ છું. સમજાણું કાંઈ ? આહાહા ! આવી વાતું છે. આહાહા ! હેં ? ( શ્રોતાઃ- એવી નથી વાતું બીજે ક્યાંય ) એવી નથી બાપુ ભાઈ શું થાય એણે રુચીથી સાંભળ્યું નથી. સાંભળી છે પણ અંદર રુચીથી સાંભળી નથી. આહાહાહા ! ( શ્રોતાઃ- જડ પદાર્થ સાથે સરખામણી કેમ કરી ) હેં ? દ્રવ્ય છે, દ્રવ્યની અપેક્ષાએ કહે છે, જેમ એ દ્રવ્ય છે એમ, હું એક ખાસ વિશેષ દ્રવ્ય છું એમ, જેમ એ આકાશ આદિ પદાર્થ છે, વસ્તુ છે, દ્રવ્ય છે, સ્વતંત્ર છે, સ્વયં સિદ્ધ છે, એમ હું પણ એક આકાશાદિ દ્રવ્યની જેમ વસ્તુ

વિશેષ ખાસ જુદી છું. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ ખરેખર એટલે પારમાર્થિક, પારમાર્થિક, પારમાર્થિક વિશેષ કાલ્પનિક નહિ, આ તો પારમાર્થિક વિશેષ. વસ્તુ વિશેષ છું. તેથી, હવે હું આવો હોવાથી. “હવે હું સમસ્ત પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિ વડે,” એ પુણ્ય-પાપને પરદ્રવ્ય કીધાં, જેણે પુદ્‌ગલદ્રવ્ય સ્વામી કીધું’તું, એને આંહીં કહે છે પરદ્રવ્ય પ્રવૃત્તિથી નિવૃત્તિ વડે એ શુભ-અશુભ ભાવ પરદ્રવ્યની પ્રવૃત્તિ છે. મારાં સ્વદ્રવ્યની પ્રવૃત્તિ નહિ. આહાહાહા !

“હું સમસ્ત પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિ વડે, આ જ આત્મ સ્વભાવમાં આ જ આત્મ સ્વભાવમાં” નિશ્ચળ રહેતો થકો હજી તો નિર્ણય કરે છે હોં, આત્મસ્વભાવમાં નિશ્ચળ પણ પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિ વડે, પ્રવૃત્તિથી નિવૃત્તિ વડે, આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો ખરેખર આત્મ સ્વભાવમાં રહેતો થકો, આ નિશ્ચળ નિશ્ચળ એટલે ચળ્યા વિના. હું આત્મસ્વભાવમાં નિશ્ચળ, ચળ્યા વિના, આ નિશ્ચળ રહેતો થકો, “સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતાં”, જુઓ હવે ખુલાસો પાછો, ઓલો પહેલાંમાં એમ કહ્યું’તું શુભાશુભભાવનું પુદ્‌ગલ સ્વામી, પછી કહ્યું કે હું તેના સ્વામીપણે નહિ પરિણમનારો, પછી કહ્યું કે પરદ્રવ્યના નિમિત્તથી, પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિ વડે શુભાશુભથી, હવે કહ્યું કે શું પરદ્રવ્ય એ ? કે સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતાં, આહાહા..... પાછું પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે એમ કીધું, વળી પરદ્રવ્યની પ્રવૃત્તિ એને કીધી, હવે કહે છે કે, એ સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતાં એ પરદ્રવ્યના નિમિત્તથી મારી પર્યાયમાં વિશેષરૂપ ચેતનમાં થતાં જે ચંચળ કલ્લોલો પુણ્ય-પાપભાવ, ચંચળ કલ્લોલ, પણ ભાષા જોઈ ?

સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતાં, પહેલા એમ કહ્યું’તું કે પુદ્‌ગલદ્રવ્યનો સ્વામી છે અને તેના સ્વામીપણે હું નહિ થનારો, તે મમતા રહિત છું, હવે એ ચીજ શું છે ? કે પરદ્રવ્યના નિમિત્તથી થતાં વિશેષરૂપ ચેતનમાં થતાં, જોયું ? વિશેષરૂપ ચેતનમાં થતાં, સામાન્ય જે જ્ઞાયકભાવ દ્રવ્યસ્વભાવ છે, એમાં નહિ, પણ પર્યાયમાં વિશેષરૂપ થતાં, પાછું સિદ્ધ એ કર્યું કે ઓલા એનાથી થાય છે. આહાહા !

સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ, વિશેષરૂપ એટલે ? પર્યાયમાં જે મારા સ્વભાવમાં, સામાન્યમાં ત્રિકાળમાં નથી. તે રીતે વિશેષરૂપ ચેતનમાં થતાં, મારાં ચેતનમાં જ, પર્યાયમાં વિશેષરૂપ થતાં, “જે ચંચળ કલ્લોલો તેમનો આ નિરોધ વડે” તેને રોકીને, તેને... અટકાવીને, સંવર લેવો છે ને ? આસ્રવ વિરુદ્ધ સંવર છે ને ? આહા ! એટલે નિરોધ શબ્દ વાપર્યો છે, તેમના નિરોધ વડે આને જ, એટલે આ ચૈતન્યસ્વરૂપને જ અનુભવતો થકો લ્યો, “તમ્હિ ઠિદો તચ્ચિતો સવ્વે,” તેમના નિરોધ વડે, આસ્રવના રોકાવા વડે, મારાં આત્મ સ્વભાવમાં આત્માને અનુભવતો થકો, ચૈતન્યસ્વરૂપને અનુભવતો થકો, આહાહાહાહા..... ભાષા વિશેષ લીધી. ચારપટી વાત લીધી. પોતાના અજ્ઞાનવડે આત્મામાં ઉત્પન્ન થતાં, આ જોયું, પાછું ઓલું પુદ્‌ગલદ્રવ્ય સ્વામી કીધું’તું એટલે પુદ્‌ગલને લઈને થાય છે, આહાહા ! પહેલું પુદ્‌ગલદ્રવ્ય સ્વામીપણે કીધું’તું, પછી પરદ્રવ્યની પ્રવૃત્તિ કીધી’તી એના નિવૃત્તિ વડે, પછી પરદ્રવ્યના નિમિત્તથી ચેતનમાં થતાં કલ્લોલ કહ્યાં’તાં, વળી પાછો ચોથે પોતાના અજ્ઞાનવડે આત્મામાં, આહાહા.....

વસ્તુ ભગવાન આત્મા ચૈતન્ય દર્શન, જ્ઞાનસ્વરૂપ એના અજ્ઞાનવડે, એના અજ્ઞાન ભાનવિના એટલે અજ્ઞાન. પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતાં પાછા કોઈ એમ લઈ લ્યે કે પુદ્‌ગલને લઈને થતા 'તા, કેટલો ખુલાસો કરે છે, અમૃતચંદ્રાચાર્યની ટીકા, આહાહાહા..... એ પોતાના અજ્ઞાનવડે, આત્મામાં ઉત્પન્ન થતાં આ જે ક્રોધાદિ ભાવો એટલે પુણ્ય-પાપના ભાવો સ્વભાવથી વિરુદ્ધ છે માટે ક્રોધાદિ કહ્યા, એ ક્રોધાદિભાવો તે સર્વને ક્ષય કરું છું, ઉપશમાવું છું. એમ નહિ, ક્ષય કરું છું, છે ને પાઠ એ ? "સવ્વે એદે ખયંણેમિ" મૂળમાંથી કાઢી નાખ્યા. આહાહા ! ( શ્રોતાઃ- ક્ષય તો બારમે થાય છે ) હૈં ? એ ક્ષય થઈ જાય છે ચોથે, એ ક્ષય જ થઈ ગયો છે, એ રહ્યો છે અસ્થિરતાએ પછી ચારિત્રદોષ છે, એ વસ્તુ તો પોતાના દ્રવ્યથી તો ભિન્ન કરી નાખ્યો છે. સમજાણું કાંઈ ? આહાહાહાહા !

મારા સ્વભાવમાં અનુભવતો, ચૈતન્યને અનુભવતો થકો એ એમ છે ને ? પોતાના અજ્ઞાનવડે આત્મામાં ઉત્પન્ન થતાં, આહાહા ! શું ટીકા ? જે વિકારી ભાવો તે સર્વેને, તે સર્વને ક્ષય કરું છું આવું તો હજી નિર્ણય કર એમ કહે છે. સમજાણું કાંઈ ? આહાહા ! વિકલ્પ સહિત એકદમ અંતર જઈ શક નહિ માટે પહેલી ચીજ સર્વજ્ઞ પરમાત્માએ આત્મા કહ્યો અને એણે જે આસ્રવ કહ્યા, એવી વાત બીજામાં નથી, તેથી બીજાથી જુદું પાડવા, આ રીતે ભગવાને કહેલો આત્મા અને આસ્રવ એને આ રીતે સમજીને વિકલ્પથી. સમજાણું કાંઈ ? આહા ! એવી વાત સર્વજ્ઞ સિવાય, પરમાત્મા સિવાય, બીજે ક્યાંય નથી, એથી સર્વજ્ઞે કહેલો આત્મા ને સર્વજ્ઞે કહેલા અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા આસ્રવો એનાથી નિવર્તવા માટે પહેલું બીજાઓ કરતાં સર્વજ્ઞે કહેલો આત્મા ને આસ્રવનો આ રીતે નિર્ણય કરવો. આહાહાહા !

આકરું લાગે તેવું છે, કાલ પરપરિણતિનું આકરું લાગ્યું 'તું પુનાતર ! ભાઈ ! ગાથા એવી આવે છે તે શું થાય ? જે વસ્તુ આવે એનો અર્થ થાય ને ? આહાહા ! ભેદજ્ઞાનની વ્યાખ્યા હતી બપોરે. ભેદજ્ઞાન થાય ત્યારે શું થાય છે એમ હતું. આંહીં હવે આસ્રવોથી નિવર્તવું છે તો કઈ રીતે નિવર્તાય ? એનો ભગવાને કહેલો આત્મા, ભગવાને કહેલા આસ્રવો, એનું સ્વરૂપ જે વીતરાગે કહ્યું છે, તે રીતે બીજા કરતાં જુદું પાડવા વિકલ્પથી આવો નિર્ણય કરવો. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

"એમ આત્મામાં નિશ્ચય કરીને" જોયું ? એ ક્ષય કરું છું, પણ એવો નિશ્ચય કરીને, "એમ આત્મામાં નિશ્ચય કરીને, આત્મામાં નિશ્ચય કરીને" આહાહા ! ઘણાં વખતથી પકડેલું જે વહાણ, સમુદ્રના ભ્રમરમાં ભમરીમાં આવેલું વહાણ ત્યાં ને ત્યાં રહ્યા કરે. સમુદ્રમાં ભ્રમર થાય ને ચક્કર વમળ, ત્યાં વહાણ રહે, ન્યાં ને ન્યાં રહ્યા કરે. "ઘણાં વખતથી પકડેલું વહાણ, તેને જેણે છોડી દીધું છે, કોણ ? વમળ ઘણાં વખતથી પકડેલું જે વહાણ વમળ, તેને જેણે છોડી દીધું છે, એવા સમુદ્રના વમળ, વમળ છૂટી ગયા એમ કહે છે. "એવા સમુદ્રના વમળની જેમ, જેણે સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે." આહાહાહાહા ! પહેલાં વિકલ્પથી નિર્ણય કર્યો તો, હવે વિકલ્પમાં જે વમળમાં જે વહાણ પકડાઈ ગયું 'તું, એમ આ વિકલ્પમાં જે આત્મા રોકાઈ ગયો 'તો એણે સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા. જલ્દી અને વમી નાખ્યા, બે શબ્દ છે.

ભગવાન આત્માના આનંદના સ્વભાવમાં આશ્રય લેતાં, એ આસ્રવની ઉત્પત્તિ ન થાય

તેને જલ્દી વમી નાખ્યા એમ કહેવામાં આવ્યું છે, અને એ વમી નાખ્યા એટલે ? જેમ ઓકે છે ને ? શું કહેવાય વમન ? ( શ્રોતાઃ- વોમિટ ) વોમિટ એ ફરી ન લ્યે, એ વમનને ફરી ન લ્યે, કૂતરા લ્યે, માણસ તો વમનને ફરી ન લ્યે. એમ જેણે સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા, આહાહાહાહા..... અપ્રતિહત ભાવ બતાવ્યો છે. આહા ! જેણે વિકલ્પોને છોડી દીધા છે, ઓલું વમળ છૂટે ત્યારે વહાણ છૂટે, આ વિકલ્પ પોતે છોડે ત્યારે છૂટે, એટલો ફેર. વિકલ્પ વમી નાખ્યા છે પોતે. વમી નાખ્યા છે એમ કીધું' ને ? ઓલું તો વમળ છૂટયું ત્યારે વહાણ છૂટયું, અહીં તો વિકલ્પો પોતે છોડયા ત્યારે છુટયું. આહાહાહા ! સમજાણું કાંઈ ?

હવે આ એક ગાથાનો અર્થ સમજવામાં પણ કેટલી, આહાહાહા..... જેણે સર્વ વિકલ્પોને, સર્વ વિકલ્પ એક અંશ પણ વિકલ્પનો નહિ જેમાં, નિર્વિકલ્પ દૃષ્ટિ થતાં, સર્વ વિકલ્પો જલ્દી એકદમ ઉગ્ર પુરુષાર્થે છોડી દીધા છે, વમી દીધા છે, એ વમ્યા એ વમ્યા બસ. હવે ફરીને એ થવાના નહીં. આહા ! આંહીં સુધી લીધી છે વાત. જેમ ૩૮ ( સમયસાર ) માં લીધી'તી ફરીને અંકુર ન થાય, ૯૨ ( પ્રવચનસાર )માં લીધું' તું એમ અહીં નાખ્યું છે. એટલે ? ચૈતન્ય સ્વભાવમાં અનુભવતો વિકલ્પને જલદી નામ એકદમ પુરુષાર્થથી, સ્વભાવમાં રમતા જેણે વિકલ્પને છોડી દીધા નામ વિકલ્પ ઉત્પન્ન થતાં નથી એણે વિકલ્પને વમી નાખ્યા છે. વમી નાખ્યા એ વમન ફરીને ન લ્યે. એમ ધર્મી જીવ, એવા જીવને આંહીં લીધો છે. એવી વાત જ આંહીં કરી છે આચાર્યે. આહા !

જેણે વિકલ્પને વમી નાખ્યા છે તે ફરીને વિકલ્પમાં આવતો નથી. એ રીતે એણે વમી નાખ્યા છે. આહાહા ! ( ઢોર ) ઓકેલું ખાય, માણસ ન ખાય, એમ રાગને ઓકી નાખ્યો છે. આહાહા ! આહાહાહા..... વીતરાગ સ્વભાવમાં લીન થતાં એ વિકલ્પને જલદી નામ ઉત્પન્ન થયા ને એણે જલદી વમી નાખ્યા એમ કીધું. હવે ઉત્પન્ન થતાં નથી ને એ ઉત્પન્ન થવાનાં જ નથી. આહાહા ! આહાહા..... એવો જીવ જ લીધો છે. આંહીં એવી જીવની ધારા જ લીધી છે આંહીં તો. અને ક્ષય કર્યો એમ કીધું છે ને ? નાશ કરી નાખ્યો છે, સ્વભાવમાંથી ભિન્ન કરી નાખ્યા છે તદ્દન. ભિન્ન કરી નાખ્યા છે, એ નાશ કરી નાખ્યા છે. આહાહા !

આ રીતે આસ્રવોથી નિવર્તવાની વિધિ છે, કરતાં કરતાં એમ કે આપણે દયા, દાન, વ્રત, ભક્તિ કરીએ કરતાં કરતાં અશુભ ટળશે ને પછી શુભ ટળશે, એમ કહે છે ને લોકો તો, એમ નથી બાપુ. તને ખબર નથી ભાઈ. આહાહા ! એ કૃત્રિમ ઉત્પન્ન થતા વિકારો અકૃત્રિમ સ્વભાવ વસ્તુ ભગવાન એનો જેણે આશ્રય લીધો. જેમ દ્રવ્ય પાછું ન પડે એમ એને પર્યાયમાં પાછો વિકલ્પ ન થાય એને. એકત્વબુદ્ધિથી ન થાય, થાય ખરો પણ સદાય સ્વામીપણે નહિ પરિણમતો થાય. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

જેમ જેણે, જેણે એટલે વમળે, વિકલ્પોને જલદી, ઓલા કીધું ને, ઘણાં વખતથી પકડેલું વહાણ તેને જેણે એટલે વમળે છોડી દીધું છે, તેમ જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે પોતે, ઓલું વમળ છૂટયું ત્યારે ( સમુદ્રમાં ) વહાણ છૂટયું, આંહીં પોતે વિકલ્પને છોડયા છે એ નાસ્તિથી વાત કરી છે, આંહીં પણ પહેલે કીધું'તું ને અનુભવતો થકો, ચૈતન્યસ્વરૂપને અનુભવતો થકો અસ્તિથી ત્યાં લીધું છે, આમ થતાં એને આમ થાય છે એમ. ચૈતન્યસ્વરૂપને અનુભવતો

થકો, સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા એવો, નિર્વિકલ્પ અભેદ, વિકલ્પ વિનાનો ભગવાન, નિર્વિકલ્પ અચલિત, લ્યો ન્યાંય આવ્યું અચલિત, ઓલામાં નિશ્ચલ હતું ને ? ચળે નહિ એવું. આહાહા ! નિર્મળ આત્માને અવલંબતો, નિર્મળ પૂર્ણાનંદનો નાથ પ્રભુ તેને અવલંબતો, એનો આશ્રય કરતો, તેના સન્મુખ થતો, તેને અવલંબતો, વિજ્ઞાનઘન થયો થકો-વિજ્ઞાનઘન થયો થકો, ભલે વિશેષજ્ઞાન ન હો, પણ જે આસ્રવથી નિવૃત્તિને અનુભવમાં આવ્યો એ વિજ્ઞાનઘન થયો છે હવે. આહાહા ! સમજાણું કાંઈ ?

વિજ્ઞાનઘન થયો થકો, આ આત્મા આસ્રવોથી નિવર્તે છે, આ વિધિ. શેરો કેમ કરવો ? કે પહેલું ઘી માં લોટ શેકવો, પછી ગોળ ને સાકર નાખવું. એમ પહેલો આત્માનો આવો નિર્ણય કરવો, નિર્ણય કરતાં અનુભવ થતાં વિકલ્પ છૂટી જશે. અને વિકલ્પ છૂટતાં વિજ્ઞાનઘન થયો થકો, જ્ઞાનમાં-સ્વરૂપમાં એકાગ્ર થતાં ઘન થયો, પિંડ થયો, જે આમ અસ્થિર થતો તો જે રાગને લઈને, એ અસ્થિરતા છૂટીને વિજ્ઞાનઘન થયો થકો, 'આ' આત્મા, 'આ' આત્મા એમ પાછો, બીજો આત્મા નહિ, આસ્રવોથી નિવર્તે છે. લ્યો આ આસ્રવને નિવર્તવાની આ વિધિ. અરે ! અરે ! પહેલી તો સાંભળવી કઠણ પડે, બાપુ મારગ તો આ છે ભાઈ "એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ." આહાહા !

આસ્રવ એટલે દુઃખ ને આસ્રવ એટલે મેલ, એનાથી નિવર્તવાની આ વિધિ ને આ રીત છે. આહાહા ! ( શ્રોતાઃ- પાત્ર શુદ્ધિની વાત તો આવી નહીં ) એ થઈ ગઈ, પાત્ર શુદ્ધિ. એટલે આ પહેલો આવો વિકલ્પથી નિર્ણય કરે છે એ પાત્ર થઈ ગયો, હવે છોડે છે એટલે સ્થિર થઈ ગયો. એટલે ? આવો જે નિર્ણય કરે છે એને પાંચ ઇન્દ્રિયમાંથી નિરોધ થઈ ગયો છે અંદર, પાંચ ઇન્દ્રિય તરફથી તો અટકી ગયો છે, હવે અંદર નિર્ણય કરે છે ને મન સાથે, સમજાણું કાંઈ ? પાંચ ઇન્દ્રિય તરફના વલણવાળું તો અટકી ગયું છે ત્યાં, કારણકે આમ નિર્ણય કરે છે જ્યારે, મનનો વિકલ્પ હજી છે પણ પાંચ ઇન્દ્રિય તરફનું વલણ તો અટકી ગયું છે ત્યારે અંદરથી આવો નિર્ણય કરે છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

પાંચ ઇન્દ્રિય તરફના વલણનો ભાવ તો છૂટી ગયો છે, એક મનના વિકલ્પનો ભાવ રહી ગયો છે, એમાં આ નિર્ણય કર્યો છે, એ વિકલ્પે. બહુ વાત અસલ અસલી ચીજ છે આ. આહાહા ! 'આ' આત્મા એમ પાછો બીજો આત્મા એમ નહિ એ. 'આ' 'આ' આત્મા, આસ્રવોથી નિવૃતે છે. આ વિધિએ દુઃખથી નિવતે છે આસ્રવોથી કહો, દુઃખથી કહો, મેલથી કહો, મળથી કહો, નિવર્તે છે, આ વિધિ છે. ( શ્રોતાઃ- આ નિર્ણય સવિકલ્પ નિશ્ચય ખરો ) હા, સવિકલ્પ છે એ પણ એ સવિકલ્પ એવો છે કે એને છોડવું જ છે હવે એ, ત્યાં રહેવું છે એમ નહિ. ફક્ત પાંચ ઇન્દ્રિય તરફનું વલણ ઘટાડી અને મનના વિકલ્પમાં આવ્યો છે, પહેલો ન્યાં સુધી એકદમ ખસી શક્યો નથી માટે પણ એ ખસવા માટે એ વિકલ્પમાં આવ્યો છે, છોડવા માટે, આવ્યો છે એ. આહાહાહા ! કહો, પંડિતજી ! આવું છે.

( શ્રોતાઃ- એ જીવ અંતર્મુહૂર્તમાં પામી જાય ? ) અંતર્મુહૂર્તમાં, એક સમયમાં. વિકલ્પમાં અંતર્મુહૂર્ત લાગે, નિર્ણય કરતાં, છૂટવામાં એક સમય. આહાહા ! આવી વાતું છે બાપુ. આહા ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો આ હુકમ છે આથી બીજી રીત કરવા જાય તો નહિ છૂટે. આહા !

આંહીં તો કહે કે આવું કરો, ભક્તિ કરો, વ્રત કરો, જાત્રા કરો, વ્રત પાળો, અપવાસ કરો, આમ કરતાં કરતાં આગળ જવાશે. કાલે એમ કહેતા'તા આવ્યા તે-બધા લોકો, આ મંદિરો ને એ બધા તરવાના ઉપાય છે એમ કહેતા'તા કાલ ઓલા આવ્યા'તા ને બધા, શું કહેવું એને બાપુ ? એ બધા મંદિરોને આદિ તો શુભભાવના નિમિત્ત છે, હૈં ? તરવાના એ ઉપાય નથી એમ કહે આવા મોટા મકાન માટે આ તરવાના ઉપાય છે. આહાહાહા ! તરવાનો ઉપાય તો આ છે.

ભાવાર્થ:- "શુદ્ધનયથી જ્ઞાનીએ આત્માનો આવો નિશ્ચય કર્યો, કે હું એક છું આવ્યું ને હું એક છું. શુદ્ધનયથી એવો નિર્ણય કર્યો, કે હું એક છું, શુદ્ધ છું, આવ્યું'તું ને એકનું, શુદ્ધનું ષટ્કારક પરિણતિ રહિત છું, પરદ્રવ્ય પ્રત્યે મમતા રહિત છું, એ પુણ્ય-પાપના પરિણામ મારાં છે એનાથી રહિત છું, પુણ્ય-પાપના ભાવ એ મારાં નથી. આહાહા ! એ પરદ્રવ્યની પ્રવૃત્તિ ચૈતન્યના અજ્ઞાનભાવથી ભલે ઉત્પન્ન થતાં, આહાહા..... જ્ઞાન દર્શનથી પૂર્ણ વસ્તુ છું. હું તો જ્ઞાન ને દર્શનથી પરિપુર્ણ આત્મદ્રવ્ય વસ્તુ છું.

"જ્યારે તે જ્ઞાની આત્મા આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો," જ્યારે તે ધર્મી જીવ-આત્મા આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો "તેના જ અનુભવરૂપ થાય, ભગવાન આત્માના અનુભવરૂપ થાય, શુદ્ધ ચૈતન્ય છે તેને અનુસરીને અનુભવ થાય," ત્યારે ક્રોધાદિ આસ્રવો ક્ષય પામે છે", ત્યારે તેને પુણ્ય-પાપના ભાવો નાશ પામે છે. આહાહાહા ! આંહીં તો ક્ષયની જ વાત લીધી છે. જેમ સમુદ્રના વમળે ઘણાં કાળથી વહાણને પકડી રાખ્યું હોય, પણ પછી જ્યારે વમળ વમે, વમળ વમે ત્યારે તે વહાણને છોડી દે છે, તેમ આત્મા વિકલ્પોના વમળને શમાવતો થકો પોતે, વિકલ્પને છોડતો થકો, શમાવતો થકો, આસ્રવોને છોડી દે છે. આહાહા !

આ વિધિ પુણ્ય-પાપના આસ્રવથી, દુઃખથી, મેલથી નિવર્તવાની આ રીત છે બાપુ. બાકી બીજી વિધિ કહે કે આમ કરો, કરતાં કરતાં થશે, જાત્રા કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને મંદિરમાં ભગવાનના દર્શન કરો ને કરતાં કરતાં થશે આસ્રવોની નિવૃત્તિ એ વાત તદ્દન જૂઠી છે. આહાહા ! આ વિધિ છે. નરોતમભાઈ આવી વાત છે. આહાહા !

હવે પૂછે છે લ્યો-કે જ્ઞાન થવાનો આત્માનુભવ થવાનો જ્ઞાનનો અને આસ્રવોની નિવૃત્તિનો, અને એ શુભ-અશુભ ભાવનો છૂટવાનો સમકાળ, એક કાળ કઈ રીતે છે ? એક કાળ કઈ રીતે છે ? અહીં આસ્રવથી નિવર્તે અને આત્માના આનંદના, જ્ઞાનનો અનુભવ થાય એનો સમકાળ કેવી રીતે છે ? એવો શિષ્યનો પ્રશ્ન છે. જે કાળે આત્મા આનંદનો અનુભવ કરે, તે જ કાળે આસ્રવથી નિવર્તે છે, કાળ ભિન્ન નથી કોઈ, એવો શિષ્યનો પ્રશ્ન છે. તેનો આ ઉત્તર છે. વિશેષ કહેવાશે. (શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)

## ગાથા - ૭૪

कथं ज्ञानास्रवनिवृत्त्योः समकालत्वमिति चेत्-

जीवणिबद्धा एदे अधुव अणिच्चा तहा असरणा य।
दुक्खा दुक्खफल त्ति य णादूण णिवत्तदे तेहिं।।७४।।

जीवनिबद्धा एते अध्रुवा अनित्यास्तथा अशरणाश्च।
दुःखानि दुःखफला इति च ज्ञात्वा निवर्तते तेभ्यः।।७४।।

जतुपादपवद्वध्यघातकस्वभावत्वाज्जीवनिबद्धाः, खल्वास्रवाः, न पुनरविरुद्ध-स्वभावत्वाभावाज्जीव एव। अपस्माररयवद्वर्धमानहीयमानत्वादध्रुवाः खल्वास्रवाः, ध्रुवश्चिन्मात्रो जीव एव। शीतदाहज्वरावेशवत् क्रमेणोज्जृम्भमाणत्वादनित्याः खल्वास्रवाः, नित्यो विज्ञानघनस्वभावो जीव एव। बीजनिर्मोक्षक्षणक्षीयमाणदारुणस्मर-संस्कारवत्त्रातुमशक्यत्वादशरणाः खल्वास्रवाः, सशरणः स्वयं गुप्तः सहजचिच्छक्तिर्जीव एव। नित्यमेवाकुलस्वभावत्वाद्दुःखानि खल्वास्रवाः, अदुःखं नित्यमेवानाकुलस्वभावो जीव एव। आयत्यामाकुलत्वोत्पादकस्य पुद्गलपरिणामस्य हेतुत्वाद्दुःखफलाःखल्वास्रवाः, अदुःखफलः सकलस्यापि पुद्गलपरिणामस्याहेतुत्वाज्जीव एव। इति विकल्पानन्तरमेव शिथिलित-कर्मविपाको विघटितघनौघघटनो दिगाभोग इव निरर्गलप्रसरः सहजविजृम्भमाण-चिच्छक्तितया यथा यथा विज्ञानघनस्वभावो भवति तथा तथास्रवेभ्यो निवर्तते, यथा यथास्रवेभ्यश्च निवर्तते तथा तथा विज्ञानघनस्वभावो भवतीति। तावद्विज्ञानघनस्वभावो भवति यावत्सम्यगास्रवेभ्यो निवर्तते, तावदास्रवेभ्यश्च निवर्तते यावत्सम्यग्विज्ञानघनस्वभावो भवतीति ज्ञानास्रवनिवृत्त्योः समकालत्वम्।

---

હવે પૂછે છે કે જ્ઞાન થવાનો અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ ( એક કાળ ) કઈ રીતે છે ? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે:-

આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,
એ દુ:ખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.

**ગાથાર્થ:-** [ एते ] આ આસ્રવો [ जीवनिबद्धाः ] જીવની સાથે નિબદ્ધ છે, [ अध्रुवाः ] અધ્રુવ છે, [ अनित्याः ] અનિત્ય છે [ तथा च ] તેમ જ [ अशरणाः ] અશરણ છે, [ च ] વળી તેઓ [ दुःखानि ] દુ:ખરૂપ છે, [ दुःखफलाः ] દુ:ખ જ જેમનું ફળ છે એવા છે, - [ इति ज्ञात्वा ] એવું જાણીને જ્ઞાની [ तेभ्यः ] તેમનાથી [ निवर्तते ] નિવૃત્તિ કરે છે.

**ટીકા:-** વૃક્ષ અને લાખની જેમ વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી આસ્રવો જીવ સાથે બંધાયેલા છે; પરંતુ અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી તેઓ જીવ જ નથી.

( લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે. લાખ ઘાતક અર્થાત્ હણનાર છે અને વૃક્ષ વધ્ય અર્થાત્ હણાવાયોગ્ય છે. આ રીતે લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે માટે લાખ વૃક્ષ સાથે માત્ર બંધાયેલી જ છે; લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે આસ્રવો ઘાતક છે અને આત્મા વધ્ય છે. આમ વિરુદ્ધ સ્વભાવો હોવાથી આસ્રવો પોતે જીવ નથી. ) આસ્રવો વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે; ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે. આસ્રવો શીતદાહજ્વરના આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી અનિત્ય છે; વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે. જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય તે ક્ષણે જ દારુણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે, કોઈથી રોકી રાખી શકાતો નથી, તેમ કર્મોદય છૂટી જાય તે ક્ષણે જ આસ્રવો નાશ પામી જાય છે, રોકી રાખી શકાતા નથી, માટે તેઓ અશરણ છે; આપોઆપ ( પોતાથી જ ) રક્ષિત એવો સહજ ચિત્શક્તિરૂપ જીવ જ શરણસહિત છે. આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે; સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ અદુઃખરૂપ અર્થાત્ સુખરૂપ છે. આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલપરિણામના હેતુ હોવાથી દુઃખફળરૂપ છે ( અર્થાત્ દુઃખ જેમનું ફળ છે એવા છે ); જીવ જ સમસ્ત પુદ્ગલપરિણામનો અહેતુ હોવાથી અદુઃખફળ છે ( અર્થાત્ દુઃખફળરૂપ નથી ). -આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે એવો તે આત્મા, જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે એવા દિશાના વિસ્તારની જેમ અમર્યાદ જેનો વિસ્તાર ( ફેલાવ ) છે એવો, સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે જેમ જેમ વિજ્ઞાનઘન-સ્વભાવ થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે, અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે; તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે. અને તેટલો આસ્રવોથી નિવર્તે છે જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે. આ રીતે જ્ઞાનને અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે.

ભાવાર્થઃ- આસ્રવોનો અને આત્માનો ઉપર કહ્યો તે રીતે ભેદ જાણતાં જ, જે જે પ્રકારે જેટલા જેટલા અંશે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે તે તે પ્રકારે તેટલા તેટલા અંશે તે આસ્રવોથી નિવર્તે છે. જ્યારે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે ત્યારે સમસ્ત આસ્રવોથી નિવર્તે છે. આમ જ્ઞાનનો અને આસ્રવનિવૃત્તિનો એક કાળ છે.

આ આસ્રવો ટળવાનું અને સંવર થવાનું વર્ણન ગુણસ્થાનોની પરિપાટીરૂપે તત્ત્વાર્થસૂત્રની ટીકા આદિ સિદ્ધાંતશાસ્ત્રોમાં છે ત્યાંથી જાણવું. અહીં તો સામાન્ય પ્રકરણ છે તેથી સામાન્યપણે કહ્યું છે.

'આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે' એટલે શું? તેનો ઉત્તરઃ- 'આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે એટલે આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે.' જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી જ્ઞાનને-ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય તોપણ-અજ્ઞાન કહેવામાં આવે છે અને મિથ્યાત્વ ગયા પછી તેને-ભલે જ્ઞાનનો ઉઘાડ થોડો હોય તોપણ-વિજ્ઞાન

**કહેવામાં આવે છે. જેમ જેમ તે જ્ઞાન અર્થાત્ વિજ્ઞાન જામતું-ઘટ થતું-સ્થિર થતું જાય છે તેમ તેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે અને જેમ જેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે તેમ તેમ જ્ઞાન (વિજ્ઞાન) જામતું-ઘટ થતું-સ્થિર થતું જાય છે, અર્થાત્ આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે.**

## પ્રવચન નં. ૧૫૭ ગાથા-૭૪ તા. ૦૧-૦૧-૭૯ સોમવાર પોષ સુદ-૩

સમયસાર ૭૪ ગાથા. હવે પૂછે છે કે, ઝીણી વાત છે. આત્માનું જ્ઞાન થાય એટલે કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્ર થાય અને આસ્રવોથી નિવર્તે. આસ્રવ એટલે પુણ્ય ને પાપના ભાવ, શુભ–અશુભ ભાવ જે દુઃખરૂપ છે, મલિન છે, ચૈતન્યના સ્વભાવથી વિરુદ્ધ ભાવ પુણ્ય–પાપના ભાવ છે, તો એનાથી નિવૃત્તિ અને આત્મામાં જ્ઞાનની એકાગ્રતા એનો સમકાળ છે ? કઈ રીતે; એમ કહે છે. ઝીણી વાત છે ભાઈ ! સોમવાર છે આજ રજા હશે છોકરાઓને. શેની. હૈં ? (શ્રોતાઃ– ૧ લી જાન્યુઆરી) ૧ લી તારીખ ઠીક હા, છોકરા આવ્યા છે. હૈં ? આ પહેલી તારીખ થઈ છોકરા આવ્યા છે.

શુ કહ્યું ? આ આત્મા જે આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એનાથી પુણ્ય ને પાપના ભાવ તે વિરુદ્ધ ભાવ દુઃખરૂપ છે. તો જ્યારે એ આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપમાં આવે અને તે જ કાળે તેને આસ્રવની નિવૃત્તિ થાય અને આસ્રવની નિવૃત્તિ એટલે છુટવું અને આત્મામાં એકાગ્ર થવું એ બધું એક જ કાળ છે ? કેમ ? એમ પૂછયું છે. સમજાણું કાંઈ ? આહાહા !

શિષ્યના પ્રશ્નમાં જ આ છે, કે જે પુણ્ય ને પાપ. શરીર, વાણી, મન તો જડ છે, પર છે, એનો કાંઈ ત્યાગ ગ્રહણ આત્મામાં છે જ નહિ. અંદરમાં જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ભાવ કે હિંસા, જૂઠું, ચોરી વિષયઆદિના ભાવ એ બેય ભાવ આસ્રવ છે, મેલ છે અને દુઃખ છે, એ દુઃખથી નિવર્તવું અને આત્માના આનંદમાં એકાગ્ર થવું એનો સમકાળ છે કઈ રીતે ? એમ પૂછે છે. આહાહા ! ઝીણી વાત છે.

અનંતકાળમાં એણે આત્મા શું ચીજ છે અને વિકાર શું છે એનું એણે ભેદજ્ઞાન કર્યું નથી. અનાદિથી ચારગતિમાં દુઃખની દશામાં રખડે છે, દુઃખી છે એ. (શ્રોતાઃ– પૈસાવાળા તો સુખી છે.) પૈસાવાળા એ મોટા દુઃખી છે. રાજા અને શેઠિયાઓ અને દેવ, મોટા દુઃખી છે. કેમ કે આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ એવા ભાવના કરનારા છે, તે દુઃખી છે. આવી વાત છે (શ્રોતાઃ– લોકોનો મત ને ભગવાનનો મત જુદો પડયો.) ભગવાનનો સત્યનો મારગ જ અસત્યથી તદ્દન જુદો છે. આહાહા !

આંહીં તો શિષ્યનો પ્રશ્ન આ છે. નિવૃર્તવા જેવું છે. પુણ્યના પાપના ભાવ શુભ–અશુભ છે એ દુઃખરૂપ છે, પરિભ્રમણનું કારણ છે, આકુળતા છે, એનાથી નિવૃર્તવા જેવું તો છે પણ તેનાથી નિવૃર્તવું અને સ્વભાવમાં પ્રવર્તવું એનો એક કાળ છે કઈ રીતે એમ પૂછે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એનો ઉત્તર–આવું જેને પ્રશ્નની જિજ્ઞાસા છે એને આ ઉત્તર દેવામાં આવે છે. સાધારણ

જેને કંઈ ખબર જ નથી, ગરજ જ નથી કાંઈ, એ શુભ-અશુભભાવ જે દુઃખરૂપ છે તેનાથી નિવૃત્તિની જેને હજી ગરજ જ નથી અને આત્મા આનંદસ્વરૂપ છે તેમાં રહેવાની જેને દરકાર જ નથી એને ઉત્તર દેવામાં આવતો નથી. આહાહાહા! જેને આ ભગવાન આત્મા અણાકુળ આનંદકંદ પ્રભુ અને પુણ્ય-પાપના ભાવ એ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કમાવું, ધંધાના ભાવ એ તો પાપ છે તદ્દન, તીવ્ર દુઃખ છે. પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ પણ દુઃખરૂપ છે કેમ કે એ રાગ છે એ આસ્રવ છે. આહાહાહા..... એ આસ્રવથી નિવૃર્તવું અને સ્વભાવમાં પ્રવૃર્તવું એનો સમકાળ કઈ રીતે છે એવો એનો પ્રશ્ન છે. એનો ઉત્તર કહેવામાં આવે છે.

जीवणिबद्धा एदे अधुव अणिच्चा तहा असरणा य।
दुक्खा दुक्खफल त्ति य णादूण णिवत्तदे तेहिं।।७४।।
આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,
એ દુઃખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.

ટીકાઃ- આ તો અંતરની વાત છે ને પ્રભુ. અનંત કાળમાં એણે ચાર ગતિના ભવો અનંતા કર્યા, નરકના અનંતભવ કર્યા, તિર્યંચના અનંત કર્યા, મનુષ્યનાય અનંત કર્યા અને સ્વર્ગનાય અનંત કર્યા, એ ચાર ગતિમાં દુઃખી થઈને પરિભ્રમણ કરે છે. એ એને અહીંયા પ્રશ્ન ઉઠયો એનો જવાબ છે કે દુઃખથી નિવૃર્તવું અને આનંદમાં પ્રવૃર્તવું એ એક સમકાળ સાથે એક સમય સાથે કેમ છે? એનો ઉત્તર છે. આહા!

ટીકાઃ- "વૃક્ષ અને લાખની જેમ," જેમ પીપરઆદિ વૃક્ષ છે, એમાં લાખ થાય છે ઝાડમાં, એ વૃક્ષ અને લાખની જેમ "વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી," લાખ છે તે ઘાતક છે અને વૃક્ષ છે તે ઘાત થવાને લાયક છે પર્યાયમાં. ઝીણી વાત છે ભાઈ! એણે અનંતકાળમાં કદી સત્ય વાત સાંભળીયે નથી. રુચીથી એણે સાંભળી નથી. આહાહા!

આંહીંયા કહે છે કે જેમ પીપળનું ઝાડ હોય જો કે લાખ તો બાવળમાં જ થાય છે પણ મુખ્યપણે પીપરનું જેમ ઝાડ અને એમાં લાખ થાય એ લાખ છે તે ઝાડની ઘાતક છે અને ઝાડ વધ્ય નામ ઘાતક થવાને લાયક છે. સમજાણું કાંઈ? એવું હોવાથી વધ્ય ઘાતકસ્વભાવપણું હોવાથી, લાખ ઘાતક સ્વભાવવાળું છે, અને વૃક્ષ તેનાથી ધાત્ય થવાને લાયક સ્વભાવવાળું છે. આહાહા! આ તો હજી દૃષ્ટાંત છે. તેમ આસ્રવો લાખ ને વૃક્ષની જેમ શુભ ને અશુભ, પુણ્ય ને પાપના ભાવો એ આસ્રવો જીવ સાથે બંધાયેલા છે, જેમ વૃક્ષની સાથે લાખ બંધાયેલ છે, વૃક્ષનું સ્વરૂપ નથી. આહાહા!

એમ ભગવાન આત્મા એની સાથે પુણ્ય ને પાપના ભાવ 'નિબદ્ધા' શબ્દ છે ને? બંધાયેલા છે, સ્વભાવ નથી એનો એ. ભગવાન આત્મા અણાકુળ આનંદ સ્વભાવની સાથે પુણ્ય ને પાપના ભાવ બંધાયેલા નિબદ્ધ સંબંધવાળા છે, સ્વભાવવાળા નથી. એ પુણ્ય ને પાપના ભાવ ભગવાન આત્માની સાથે વૃક્ષ અને લાખની જેમ નિબદ્ધ નામ સંબંધમાં સંયોગે આવેલી ચીજ છે, એ એનો સ્વભાવ નથી. આહાહા!

બહારની વાત તો અહીંયા છે જ નહિ લક્ષ્મી, શરીર, વાણી, કુટુંબ, કબીલા એ તો પર

ક્યાંય રહી ગયા. એની સાથે કાંઈ સંબંધ છે નહીં. ફક્ત અહીંયા આત્માને લાખ ને વૃક્ષની જેમ સંબંધ છે, એ લાખ એ વૃક્ષનું સ્વરૂપ નથી. ફક્ત એને ઘાતક સ્વભાવવાળો સંબંધ છે. એમ ભગવાન આત્મા આનંદ ને અણાકુળ શાંત રસનો કંદ પ્રભુ એને આ પુણ્ય-પાપના ભાવ, નિબદ્ધ નામ સંબંધથી બંધાયેલા છે, એનો સ્વભાવ નથી, એનું એ સ્વરૂપ નથી. શરીર, વાણી, મન, જડ ને એ તો ક્યાંય રહી ગયા. એ તો એના ઘરે ક્યાંય રહી ગયા. એમાં ક્યાં એની પર્યાયમાંય નથી એમ કહે છે. આહાહાહા !

આ તો એની વર્તમાન પર્યાયમાં ત્રિકાળી ભગવાન આનંદનો નાથ પ્રભુ, સચ્ચિદાનંદ સ્વરૂપ એવો જે આત્મા એની સાથે એ પુણ્ય ને પાપ, શુભ ને અશુભ-હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, ધંધો કમાવું વ્યાજ ઉપજાવવું એવા જે ભાવ એકલું પાપ અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પુણ્ય બેય આસ્રવ છે, એ સ્વભાવની સાથે સ્વભાવરૂપ નથી. સ્વભાવમાં નિબદ્ધા નામ બંધરૂપ છે. સંયોગરૂપ છે. એકલા બદ્ધા નથી કહ્યા, નિબદ્ધા. આહાહા ! એ પુણ્ય ને પાપના ભાવ ભગવાન આત્મા દ્રવ્ય વસ્તુ છે આનંદનો નાથ પ્રભુ ! એ તો શુદ્ધ આનંદકંદઘન છે. એની વર્તમાન પર્યાયમાં જે શુભ ને અશુભ ભાવ એ વસ્તુને નિબદ્ધ છે, સંબંધવાળા છે, બંધવાળા છે, એનો સ્વભાવ નથી. આહાહાહા ! છે ? જીવ સાથે બંધાયેલા છે. આહાહાહા !

શરીર, વાણી, કર્મ ને પરવસ્તુ તો ક્યાંય જુદી રહી ગઈ. એમાં તો એની પર્યાયમાંય એ નથી. પણ આની પર્યાયમાં, અવસ્થામાં ત્રિકાળી ભગવાન આત્માના પર્યાયમાં વર્તમાન એ શુભ ને અશુભ ભાવ દુઃખરૂપ છે, મલિન છે, જડ છે ચૈતન્યના સ્વભાવથી વિરુદ્ધ ભાવવાળા છે, એ જીવ સાથે બંધાયેલા છે. આવું સ્વરૂપ છે પ્રભુ ! આહાહા !

પરંતુ ભગવાનની સાથે, આ આત્મા ભગવાન છે અનંત અનંત ભગ નામ જ્ઞાન ને આનંદની લક્ષ્મી એવી અનંત જ્ઞાન ને આનંદની લક્ષ્મીવાળો વાન એટલે એનું રૂપ એ છે એવા ભગવાનની સાથે એ શુભ-અશુભ ભાવ, એ નિબદ્ધ નામ બંધાયેલા છે, સંયોગે બંધાયેલા છે, પરંતુ અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી, એ પુણ્ય ને પાપના ભાવ એ ભગવાન આત્માનો જે અવિરુદ્ધ સ્વભાવ છે. જ્ઞાન, દર્શન, આનંદ, એ અવિરુદ્ધ સ્વભાવ છે પ્રભુનો આત્માનો સ્વભાવ, સ્વ.... ભાવ, સ્વ... ભાવ, પોતાનો ભાવ આત્માનો એ જ્ઞાન, દર્શન, આનંદ એ અવિરુદ્ધ સ્વભાવ છે. એ પુણ્ય-પાપના ભાવમાં અવિરુદ્ધ સ્વભાવનો અભાવ છે. આહાહાહાહા ! સમજાણું છે કાંઈ ? નિબદ્ધાયેલા છે. આહાહાહા !

જેમ લાખ ઝાડને બંધાયેલી છે, ઘણાં વર્ષની વાત છે એકવાર દેશમાં આવેલ ને ભાવનગરમાં છે ને પીપરના ઝાડ બહુ હતા, શું કહેવાય એ તળાવને જોયેલું નામ ભૂલી જઈએ છીએ એ પીપરની આખી લાઈન હતી એ બીજી વાર આવ્યો ત્યારે કાંઈ ન મળે પીપર, એકેય પીપર ન મળે. પૂછયું કે આ પીપર ક્યાં ગઈ ? એટલી બધી મોઢા આગળ છે ને શું કહેવાય એ ? ઘોઘાના દરવાજે, ઓલા તળાવ છે એની આ બાજુ. કીધું આ બધી પીપરો ગઈ ક્યાં ? પેલા એકવાર દેશમાં આવ્યો પાલેજથી ત્યારે બહુ જોયું 'તું, આમ લાઈન બંધ હતી બીજે વખતે જોયું તો એકેય નહિ, કે લાખ થઈ 'તી. આ તો પાંસઠ-છાસઠ, સડસઠ ની વાત છે લાખ થઈ 'તી તે પીપર બધી ખલાસ થઈ ગઈ, પીપર સમજે છે પીપર ? આ લીંડી પીપર નહિં હોં, પીપરનું ઝાડ. આહાહા !

એમ આ ભગવાન આત્મા ચૈતન્ય ઝાડ આનંદનો નાથ પ્રભુ પૂર્ણ આનંદ ને પૂર્ણ શાંતિથી ભરેલો ભગવાન છે. એમાં પુણ્ય ને પાપના ભાવ તે ઘાતક છે અને આત્માની વર્તમાન પર્યાય તે ઘાત થવાને લાયક છે, પર્યાય હોં, વસ્તુ તો વસ્તુ છે. આહાહાહા ! શુભ ને અશુભ ભાવ લાખ જેમ ઘાતક છે ઝાડની અને ઝાડ તેની પર્યાયમાં વધ્ય નામ હણાવાને લાયક છે, એમ પુણ્ય ને પાપના ભાવ ઘાતક છે, અને ભગવાનની પર્યાય આત્માની પર્યાય ત્યાં ઘાત થવાને લાયક છે. આવું છે. અરેરે ! કરે શું કરે ? એણે અનંત કાળમાં કદી સત્ય વાતને સાંભળી નથી રુચિથી. એ રખડતો રખડતો, નરક ને નિગોદ અનંતા અનંતા ભવ કર્યા પ્રભુ. એ કેમ ? આહાહાહા !

કે જે શુભ ને અશુભ ભાવ જે સંબંધમાં બંધમાં આવેલા છે, એને પોતાના માન્યા હતા, અને પોતાનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય છે, તેને માન્યું ન હતું અનાદર કર્યો હતો. આહાહાહા ! જે વિકારભાવ પુણ્ય ને પાપ સંયોગી બંધરૂપ તેનો આદર કર્યો'તો ત્યારે ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ અનંત ગુણનો પિંડ એનો એણે અનાદર કર્યો'તો છે. એથી તેની પર્યાયમાં ઘાત થવાને લાયક એની પર્યાય અને પુણ્ય-પાપના ભાવ તેને ઘાત કરનારા છે. આ પુણ્યનો ભાવ ઘાત કરનારો છે. દયા, દાન, વ્રત, તપ, અપવાસ, ભક્તિ, પૂજા, એ રાગ છે ભાઈ ! તને ખબર નથી. એ વૃત્તિનું ઉત્થાન છે, એ ઘાત કરનારા છે. આહાહાહાહા !

જીવની વર્તમાન નિર્મળ પર્યાયનો જે પુણ્ય ને પાપનો ભાવ ઘાત કરનાર છે, ભાષા તો સાદી છે પ્રભુ ! ભાવ તો જે છે ઈ છે. ભાષા કોઈ એવી વ્યાકરણ ને સંસ્કૃત ને એવી નથી. સહેલી ભાષા છે, પ્રભુ તું કોણ છો ? કહે એ તો આનંદ ને શાંતિનો સાગર પ્રભુ છે. એમાં પુણ્ય-પાપ શું છે ? કે એ એને દુઃખરૂપ, એને ઘાતક છે, એને લાભદાયક માને તો તે મિથ્યાત્વભાવ, મહા અજ્ઞાન પાપ છે આવું છે. એ લાખની જેમ ભગવાન આત્માની સાથે વૃક્ષને જેમ લાખનો સંબંધ છે એ લાખ ઘાતક છે ને ઝાડ ઘાતક થવાને પર્યાયમાં લાયક છે, એમ આત્મા એને પુણ્ય-પાપનો ભાવ એના સ્વભાવથી વિરુદ્ધ ભાવવાળા છે, એનો સ્વભાવ છે એ જ્ઞાન આનંદ શાંતિ એ અવિરુદ્ધ સ્વભાવ ભગવાન આત્માનો છે એવા અવિરુદ્ધ સ્વભાવનો શુભ-અશુભ ભાવમાં અભાવ છે. આહાહા ! સમજાણું કાંઈ ? "એ અભાવ હોવાથી તેઓ જીવ જ નથી." જેમ લાખ તે પીપર ઝાડ જ નથી, એમ પુણ્ય ને પાપનો ભાવ, શુભ-અશુભ ભાવ, વ્રત ને ઉપવાસ ને ભક્તિ ને પૂજા આદિનો ભાવ, હિંસા, જૂઠું, ચોરી એ તો પાપ ભાવો છે જ તીવ્ર પણ આ પુણ્ય ભાવનો પણ આત્માના અવિરુદ્ધ સ્વભાવથી એમાં અભાવ છે, માટે તે વિરુદ્ધ છે. તેથી તે જીવ નથી. આહાહા !

ભગવાન આત્માનો જ્ઞાન, આનંદ, શાંતિ સ્વભાવ એવો જે અવિરુદ્ધ સ્વભાવ તેનો પુણ્ય-પાપના પરિણામમાં અભાવ હોવાથી તે જીવ નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ? ભાષા તો સાદી છે પણ હવે ભાવ તો જે હોય એ હોય બીજું શું થાય ? આહાહા ! અરેરે ! એણે આત્માની દયા કરી નથી અનંતકાળમાં. દયા એટલે ? પુણ્ય ને પાપના ભાવથી રહિત અનંતગુણનો પિંડ છું એવું જીવતરનું જીવન એણે માન્યું નથી. હૈં ! આહાહાહા ! એણે તો આ પુણ્ય ને પાપવાળો છું એમ માનીને આત્માનું એણે મરણ કર્યું છે આત્માની એણે હિંસા કરી છે. આહાહા ! પરની હિંસા ને દયા તો પાળી શકતો નથી, પણ પોતાની, એ પુણ્ય ને પાપના ભાવ નિબદ્ધ નામ

સંબંધવાળા, સ્વભાવથી વિરુદ્ધ છે, એને પોતાના માની અને પોતાના આનંદ જ્ઞાનસ્વભાવનો એણે અનાદર કર્યો છે. આહાહા ! આવી વાત છે પ્રભુ, મારગ આવો છે. આહા ! અરેરે ! એને સાંભળવા મળે નહિ, એ કે દિ' સમજે અને કે દિ' અંદર દૃષ્ટિમાં જાય અંદર. આહાહા !

એ આંહીં કહે છે. એ પુણ્ય ને પાપના ભાવ જીવ સાથે, વૃક્ષ અને લાખની જેમ બંધાયેલા છે. પરંતુ અવિરુદ્ધ સ્વભાવપણાનો–અવિરુદ્ધ સ્વભાવપણાનો, ભગવાન આત્મા જે છે સ્વભાવવાન એમાં અવિરુદ્ધ સ્વભાવ જે છે જ્ઞાન ને આનંદ ને શાંતિ અવિરુદ્ધ સ્વભાવપણું છે તેમાં એ પુણ્ય–પાપમાં તે અવિરુદ્ધ સ્વભાવનો અભાવ છે. તેથી તેઓ જીવ જ નથી. એ શુભ ને અશુભ ભાવ એ આત્મા નથી, લાખ જેમ ઝાડ નથી એમ પુણ્ય ને પાપના ભાવ એ આત્મા નથી, જીવ નથી. શરીર, વાણી, મન તો અજીવ જડ છે આ તો માટી છે જગતની ચીજ, પણ પુણ્ય ને પાપના ભાવ જીવ નથી એટલે એ અજીવ છે. આહાહાહાહા !

ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ, શાંતિનો સાગર પ્રભુ તેના સ્વભાવથી પુણ્ય ને પાપનો ભાવ એ અવિરુદ્ધ સ્વભાવનો, તે પુણ્ય–પાપના ભાવમાં અભાવ હોવાથી, એ જીવ નથી. ગજબ વાત છે. ભગવાનની સ્તુતિ કરવી એ ભાવ પણ કહે છે કે આસ્રવ ને જીવ નથી. અરરર ! હેં ? ( શ્રોતાઃ– પરલક્ષી ભાવ છે ને ) પરલક્ષી છે ને પ્રભુ ! એ પુણ્ય શુભભાવ છે શુભભાવ તે જીવ નથી. બેસવું કઠણ પડે. શું થાય ? ભાઈ ! અનંત કાળનો દુઃખિયારો ચાર ગતિમાં રખડે છે, ભિખારી થઈને ભિખ માગે છે, ભગવાન થઈને ભિખ માગે છે, મને કોઈ પુણ્ય આપો, પાપ આપો, મને કોઈ મોટો કરો, મને કોઈ મોટો માનો, હું કાંઈ બીજામાં અગ્રેસર થાઉં, ભિક્ષા માગે છે માળો, ભિખારી. આહાહાહા ! એ આંહીં કહે છે પ્રભુ એ ભિક્ષા માગનારો ભાવ જે પુણ્ય–પાપ છે એ ઝેર છે, અજીવ છે. એ જીવના સ્વરૂપમાં નથી પ્રભુ ! આહાહા ! ભાષા તો સાદી છે પ્રભુ ! આહાહા !

લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો પીપળ આદિ એટલે બાવળમાં પણ લાખ થાય છે બાવળ છે ને એમાંય લાખ થાય છે. પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે. લાખના નિમિતથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે. લાખ ઘાતક હણનાર છે અને વૃક્ષ વધ્ય હણાવવા યોગ્ય છે, પર્યાય હોં. આ રીતે લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે, માટે લાખ વૃક્ષ સાથે માત્ર–માત્ર બંધાયેલી જ છે, એ વૃક્ષનું સ્વરૂપ નથી. આહાહાહા ! લાખ પોતે વૃક્ષ નથી. આહાહા !

તેવી રીતે એ તો દૃષ્ટાંત થયો, આસ્રવો પુણ્ય ને પાપના ભાવ, ગજબ વાત છે, આ દયાનો, દાનનો, વ્રતનો, અપવાસનો એ વિકલ્પ બધો છે કહે છે કે, એ આસ્રવો ઘાતક છે, લાખ જેમ ઘાતક છે એમ આસ્રવો ઘાતક છે અને આત્મા વધ્ય છે, આત્મા એટલે એની પર્યાય હોં, દ્રવ્ય નહિ. દ્રવ્ય કોઈ દી' વધ્ય થાતું નથી. વધ્ય દ્રવ્ય તો ત્રિકાળી શુદ્ધ અખંડાનંદ પ્રભુ છે. આહાહા !

આત્મા વધ્ય છે એટલે કે એની પર્યાય વધ્ય થવાને લાયક છે અને વિકારભાવ તે ઘાતક છે. આહાહાહા ! આવું સ્વરૂપ છે. ( શ્રોતાઃ– છે એને ઘાત કરે છે કે ઉત્પન્ન થવા નથી દેતું ) એ પર્યાય ઘાતક જ છે એટલે થતી જ નથી. એ પર્યાય શાંતિની થતી જ નથી, એ ઘાતક છે, ઘાત

કરે છે. એ તો ૬૯–૭૦ માં ન આવ્યું ? ઉદાસીન અવસ્થાનો ત્યાગ કરીને ૬૯–૭૦માં ભાઈ આવ્યું ' તું. તે હતી ને ત્યાગ કરીને એમ નહિ, થવા જ દીધી નહિં. પુણ્ય ને પાપનો ભાવ થતાં એની શાંતિની પર્યાય થવા ન દીધી એનો ત્યાગ કરીને એમ કીધું છે. પહેલી જ વાત છે ૬૯–૭૦. આહાહાહા ! આમ વિરુદ્ધ સ્વભાવો હોવાથી આમ વિરુદ્ધ સ્વભાવ પુણ્ય ને પાપના ભાવ આત્માના અવિરુદ્ધ સ્વભાવથી વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી આસ્રવો પોતે જીવ નથી. એ જીવ નથી, એ અજીવ છે અને એ અજીવને મારાં માનવા, એ જીવને અજીવ માનવો, અજીવને જીવ માનવો મિથ્યાત્વ છે. આહાહા ! એક વાત થઈ. જીવનિબદ્ધાની વ્યાખ્યા કરી, જીવનિબદ્ધા એ એનો એટલો અર્થ થયો.

હવે અધ્રુવા. એ શુભ ને અશુભ ભાવ તે અધ્રુવ છે ક્ષણે થાય ને નાશ થાય છે. આહાહા... “આસ્રવો વાઈના વેગની જેમ” વાઈ આવે છે ને માણસને એકદમ વાઈ આવે વળી બેસી જાય. એમ પુણ્ય–પાપના ભાવ “વાઈના વેગની જેમ વધતા ઘટતા હોવાથી,” એ પુણ્યનો ભાવ વધે, વળી ઘટે, પાપનો ભાવ વધે અને ઘટે. આહાહાહા ! આસ્રવો એટલે પુણ્ય–પાપના ભાવ શુભ–અશુભ ભાવ વાઈના વેગની જેમ વેગ, વધતા ઘટતા એકદમ વેગ આવે વાઈનો વળી બેસી જાય, એમ એકદમ પુણ્યભાવ વળી વધે, વળી ઘટી જાય. પાપ ભાવ વધે વળી ઘટી જાય, પણ બધા વધતા ઘટતા વાઈની જેમ પર છે. વધતા ઘટતા હોવાથી અધ્રુવ છે, એ ધ્રુવ નથી કાયમ રહેવાવાળી ચીજ નથી, વધે ઘટે, વધે ઘટે, વધે ઘટે. આહાહા !

એકદમ શુભભાવ થઈ જાય, ભાઈ બે પાંચ કરોડ રૂપિયા ભેગા કર્યાં પાપ કરીને, મરતાં એને એમ થાય કંઈક લાવ ને આ બે પાંચ દસ લાખ આપું, એવો ભાવ થાય. છોકરાંને કહે કે પણ આ પાંચ લાખ આપો પણ જીભ હજી અટકી જાતી હોય, છોકરા, છોકરા, છોકરા દસ લાખ દસ લાખ ત્યાં ઓલો છોકરો સમજે, કાંઈક કહેશે આ બધા બેઠા છે ને કહેશે, બાપુ અત્યારે પૈસા ના સંભારીએ, ઓલાને વાત, વેગ આવ્યો 'તો દસ લાખ દેવાનો એમ કે કાંઈક શુભ તો થાય પુણ્ય, ને ત્યાં ઓલો છોકરો હવે સામે પડે, જોવા આવ્યા હોય ને બીજા એમાં બોલે આ દસ–દસ–દસ–દસ–દસ–લાખ બાપુ અત્યારે યાદ ન કરીએ, ભગવાન–ભગવાન કરો. ( શ્રોતાઃ– છોકરા એમ કરે ) છોકરાવ ઈ કરશે બધા એમ કરે છે એ. એય !

આંહીં તો બીજું કહેવું છે. શુભભાવ આવ્યો વળી પાછો બેસી જાય જ્યારે ઓલો માને નહિ, એમ પાપનો ભાવ એકદમ આવે હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, ક્રોધ, મોહ, ભોગ, માયા, વળી કાંઈક ઘટે પણ એમાં ને એમાં રહે એ વધતા ઘટતા પુણ્ય–પાપના ભાવ હોવાથી વાઈની જેમ તે અધ્રુવ છે, કાયમ રહેનારા એકરૂપે છે નહિ. આહાહાહા ! સમજાય છે કાંઈ ? આહાહાહાહા !

આ શરીર વાણી મનની તો વાતું ક્યાં એ તો પર છે ને પર પણે રહે છે ને પરથી નાશ થાય છે એ તો એના કારણે એમાં કાંઈ છે નહીં. પણ અહીંયા તારી પર્યાયમાં અધ્રુવ અને અનિત્યને બેય જુદા પાડશે, અધ્રુવમાં વધતા ઘટતા કરીને, અધ્રુવ બતાવે છે. આહાહા ! એ પુણ્ય–પાપના ભાવ વેગે ચડે, વળી આવે. આહાહા ! આમ ખરડો થાતો હોય અને બધા પાંચ પચીસ ગૃહસ્થો ભેગાં થયા હોય અને ખરડામાં લખાવતા હોય, એમાં વળી વેગ આવી જાય

વધારે તો હા કરો બાબુભાઈએ બે લાખ આપ્યા તો એમના પાંચ લાખ એમ દેવાના ભાવ વેગે આવે, વળી ઘરે આવે ને કીધું કે મેં તો ત્યાં લખાવ્યા પણ તમે પાંચ લાખ લખાવ્યા એટલું બધું ? એ ભાવ મોળો થઈ જાય. ઢીલો પડી જાયને, પાછો વધે ને પાછો ઢીલો પડી જાય. હમણાં પાંચ લાખ આપ્યા છે ને એ ઓલો મિસરીલાલ ગંગવાલ નહિ કલકતા મિસરીલાલ ગંગવાલ છે ને પચીસ કરોડ રૂપિયા હશે, પચીસ ત્રીસ હમણાં પાંચ લાખ આપ્યા છે ક્યાંક. આપે પણ એ શું છે ? એ રાગની કોઈ મંદતા કે ભાવ થયો હોય વળી પાછો તીવ્ર થઈ જાય. આહાહા ! એ કાંઈ કાયમની ચીજ નથી. આહાહાહાહા !

પુણ્ય ને પાપના ભાવ આસ્રવો વાઈના વેગની જેમ, વેગ છે એ તો, હા. વધે ને ઘટે, વેગ કીધો ને ? વધતા ઘટતા હોવાથી અધ્રુવ છે, ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે. એ જાણનારો-દેખનારો ચૈતન્યપ્રભુ એ ધ્રુવ છે, ત્યારે આ પુણ્ય ને પાપ બેય અધ્રુવ છે. આહાહા ! આમ જાણીને નિવૃર્તે છે એમ કહેવું છે. સમજાણું કાંઈ ? આહાહા !

પહેલાં એમ કીધું કે અવિરુદ્ધ સ્વભાવનો અભાવ હોવાથી, એનાથી નિવૃર્તે છે, ત્યારે સ્વભાવમાં પ્રવર્તે છે. આહાહા ! ભગવાન આત્મા આનંદ પ્રભુ એમાં આનંદમાં રમે છે એટલો આસ્રવથી નિવર્તે છે, અને જેટલો આસ્રવથી નિવર્તે છે તેટલો અહીંયા આનંદમાં રમે છે. આહાહાહાહા ! આવી વાતું છે આ તો.

અરરર ! અરેરે ! આવા માણસપણાં મળ્યાં, પણ તત્ત્વની વાત એને કાને ન પડે સમજે નહિ, અરે, પશુ જેવા અવતાર છે એ. આહાહા ! એ આસ્રવો અધ્રુવ છે, ત્યારે ચૈતન્યમાત્ર પ્રભુ કાયમની ચીજ છે તે ધ્રુવ છે. જ્ઞાયકભાવથી ભરેલો અનંત આનંદથી ભરેલો પ્રભુ, એ ચૈતન્યમાત્ર પોતે વસ્તુ, ચૈતન્ય માત્ર કેમ કહ્યું કે એમાં આસ્રવ છે જ નહિ, એકલો ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે, એમ અધ્રુવ અને ધ્રુવનું ભેદજ્ઞાન કરી અને જેટલો અધ્રુવથી નિવર્તે છે તેટલો ધ્રુવમાં એકાગ્ર થાય છે. જેટલો ધ્રુવમાં એકાગ્ર થાય છે તેટલો અધ્રુવમાંથી નિવૃર્તે છે. આહાહાહા ! આવી વાતું છે.

પહેલાં અવિરુદ્ધ સ્વભાવમાં જેટલો પ્રવૃર્તે છે તેટલો વિરુદ્ધ સ્વભાવથી નિવૃર્તે છે પહેલાં બોલમાં, અહીંયા જેટલો અધ્રુવ સ્વભાવથી નિવર્તે છે તેટલો ધ્રુવ સ્વભાવમાં એકાગ્રતાથી પ્રવર્તે છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? આવી વાત છે ધર્મની બાપુ ધર્મ કોઈ ( અલૌકિક ચીજ છે ).

ત્રીજો બોલ. અધ્રુવ કીધું ને ? હવે “અનિત્ય” કહે છે. અધ્રુવ અને અનિત્યમાં ફેર છે. આસ્રવો શીતદાહજ્વરના આવેશની જેમ, એટલે ? ઓલામાં વધઘટ હતી અને આમાં એક પછી એક છે. ટાઢીયો તાવ હોય ત્યારે ઉનો ન હોય, ઉનો તાવ હોય ત્યારે ટાઢીયો તાવ ન હોય એકદમ ઉનો તાવ આવે પહેલો એકદમ લુંગડા કાઢી નાખે. કાઢો કાઢી નાખો, વળી બેસી જાય ટાઢીયો થઈ જાય તો વળી પાછા ઓઢાડો, એ ટાઢો તાવ ને ઉનો તાવ એક પછી એક હોય છે, એને અહીં અનિત્ય કીધું છે. ઓલાને અધ્રુવ કીધું' તું વધઘટને અને આને એક પછી એક હોય એને અનિત્ય કીધું છે. આહા !

આસ્રવો શીત નામ ઠંડો તાવ, ટાઢીયો તાવ, દાહ નામ ઉનો તાવ, શીતદાહજ્વરના આવેશની જેમ એ પણ આવેશ છે એક. અનુક્રમે ઉત્પન્ન થતાં હોવાથી, આટલો ફેર છે. ટાઢીયો

હોય ત્યારે ઉનો ન હોય, ને ઉનો હોય ત્યારે ટાઢીયો ન હોય, એમ પાપના પરિણામ હોય ત્યારે પુણ્યના ન હોય ને પુણ્યના હોય ત્યારે પાપના ન હોય, આમ બતાવે છે. છે તો બેય અનિત્ય, પણ પાપના પરિણામ વખતે પુણ્ય નો હોય ને પુણ્યના વખતે પાપ ન હોય તેથી તે અનુક્રમે ઉત્પન્ન થતાં હોવાથી અનિત્ય છે. આહાહા !

( શ્રોતાઃ- એમ રાગ વખતે દ્વેષ નહીં ને દ્વેષ વખતે રાગ નહીં ) એમ નહિ, અહીં એ કામ નથી. અહીં તો પુણ્ય વખતે પાપ નહિ ને પાપ વખતે પુણ્ય નહિ, અહીં તો આસ્રવમાં અનિત્યપણું સિદ્ધ કરવું છે ને ? તો પુણ્ય ને પાપ બેય દુઃખરૂપ ને આસ્રવ છે બંધના કારણ છે તે પાપ વખતે પુણ્ય નહિ ને પુણ્ય વખતે પાપ નહિ અનિત્ય સિદ્ધ કરવું છે ને ? અધ્રુવ સિદ્ધ કરવામાં વધ ઘટમાં વધતું'તું ને ઘટતું'તું, આમ વધે ને ઘટે એમ કીધું. ને આ તો એક પછી એક થાય એને અનિત્ય કીધું છે. હવે આ તો સિદ્ધાંત છે. આ કાંઈ વાર્તા નથી. એના એક એક શબ્દમાં ભગવાનની ત્રિલોકનાથ પરમાત્માની વાણી છે, સંતોની વાણી એ છે. આહાહાહા !

એ આસ્રવ નામ પુણ્ય-પાપના ભાવ શીતદાહજ્વરના આવેશની જેમ, આવેશ છે એ. પુણ્યનો આવેશ આવ્યો ત્યારે પાપ નથી ને પાપનો આવેશ આવ્યો ત્યારે પુણ્ય નથી. ( આમ ) હોવાથી અનુક્રમે ઉત્પન્ન થતાં ઓલામાં અનુક્રમ નહોતો, એમાં વધઘટ હતી. અધ્રુવ અને અનિત્યમાં 'બે' માં ફેર પાડયો. અનુક્રમે ટાઢીયા તાવ વખતે ઉનો નહિ ને ઉના વખતે ટાઢિયો નહિ, એમ પુણ્યભાવ વખતે પાપભાવ નહિ ને પાપભાવ વખતે પુણ્ય નહિ, બેય આસ્રવો અનુક્રમે ઉત્પન્ન થાય છે, એમ કહે છે. એથી તે અનિત્ય છે, કોણ ? એ શુભ ને અશુભ ભાવ બેય એક પછી એક ઉત્પન્ન થતાં હોવાથી, તે અનુક્રમે ઉત્પન્ન થતાં હોવાથી, તે અનિત્ય છે. ઓલી તો વાર્તા કથા માંડી હોય ને એક રાજા ને રાણી ને આને રાજી રાજી થઈ જાય કથા સાંભળીને હાલી જાય, અરે ભાઈ, આ તો ધર્મ કથા છે પ્રભુ. આહાહા !

ભગવાન આત્માના પરિણામ જે પુણ્ય-પાપના છે, તે અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી તેને અનિત્ય કહેવામાં આવે છે. "ત્યારે ભગવાન આત્મા વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે" જોયું ? ઓલામાં ચૈતન્યમાત્ર જીવ ધ્રુવ છે એમ હતું. વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે. જેમ શિયાળાના જૂના ઘી હતા ને ? એવા ઘન ઘી હતાં આંગળી પેસે તો ફાંસ વાગતી, અત્યારે તો બધું સમજવા જેવું બધું ગરબડ થઈ ગઈ બધી. પહેલાંના ઘી જે હતા પચાસ સાંઈઠ વરસ પહેલાંના, એ એવા હતા કે આંગળી પેસે તો ફાંસ વાગે, તાવેથો તો માંડ માંડ પેસે, એમ આ આત્મા પુણ્ય ને પાપના ભાવ અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી તે અનિત્ય છે. ભગવાન આત્મા વિજ્ઞાનઘન હોવાથી નિત્ય છે. તેમાં પુણ્ય ને પાપના વિકલ્પનો પ્રવેશ નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ?

આ તો બાપુ ધર્મની વાત છે, વીતરાગ, પરમેશ્વર ત્રિલોકનાથ જિનવરદેવની વાણી ને માર્ગ છે આ તો. આ કોઈ હાલી દુવાલીની વાત નથી. જેને ઇન્દ્રો તળીયા ચાટે જે ઇન્દ્રો જેની સભામાં ગલુડીયાની જેમ બેસે આમ, એ વાણી કેવી હોય ભાઈ, એ વાણી સંતો પોતે આડતિયા થઈને વાત કરે છે. આહાહાહા !

વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે. ભગવાન આત્માનો વિજ્ઞાનઘન સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે, નિત્ય ત્રિકાળ અનિત્યની સામે નિત્ય. અનિત્યને જાણીને નિત્યમાં જ્યાં આવે છે,

જેટલો વિજ્ઞાનઘન સ્વભાવમાં એકાગ્ર થાય છે એટલો અનિત્ય પુણ્ય-પાપથી નિવૃર્તે છે, જેટલો પુણ્ય-પાપથી નિવૃર્તે છે એટલો વિજ્ઞાનઘન સ્વભાવમાં પ્રવૃર્તે છે, એકાગ્ર થાય છે. એનો એક કાળ છે એમ સિદ્ધ કરવું છે. એમ કે આસ્રવથી નિવૃર્તે ને આત્મામાં પ્રવૃર્તે એનો કાળ ભિન્ન છે એમ નથી. શુભ-અશુભ ભાવ એનાથી નિવૃર્તે, એટલો ભગવાન વિજ્ઞાનઘન સ્વભાવમાં પ્રવૃર્તે, એમાં એકાગ્ર થાય જ્ઞાનમાં, જ્ઞાન જામતું જાય, આનંદ ને જ્ઞાન સ્થિર, સ્થિર જામતું જાય એ શબ્દ છે. પાછળ જામતું ઘટ થતું સ્થિર થતું જાય પાછળ છે છેલ્લા અર્થમાં, ભાવાર્થના પછીના છેલ્લા શબ્દમાં છે, જ્ઞાન જામતું ઘટ થતું, સ્થિર થતું જાય છે. છે ? આહાહાહા !

ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ જે છે તેમાં ઘટ્ટ ને સ્થિર ને જામતો જાય છે તેટલો આસ્રવોથી નિવૃર્તે છે અને જેટલો આસ્રવથી નિવૃર્તે છે એટલો જ્ઞાનઘન આત્મામાં સ્થિર જામતો જાય છે સ્થિર. આહાહા ! જેમ દૂધનું દહીં થાય છે ને ? એમ ભગવાન આત્મા ધર્મની દૃષ્ટિવંતની વાત, ભેદજ્ઞાનની વાત છે. જેણે પુણ્ય ને પાપના ભાવને અનિત્ય જાણ્યા અને આત્મા વિજ્ઞાનઘનને નિત્ય જાણ્યો એ એનાથી નિવૃર્તે છે, જેટલો નિવૃર્તે તેટલો સ્વભાવમાં પ્રવૃર્તે છે. આહાહાહાહા ! એ અનિત્યની સામે વાત કરી.

"વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે" જીવ જ નિત્ય છે. એ વિજ્ઞાનઘન અહીંયા અત્યારે કહેવો છે. ત્રિકાળ વિજ્ઞાનઘન પ્રભુ, જ્ઞાન ને આનંદનો ઘન પ્રભુ છે, પિંડ છે તે જીવ છે. એ જીવ છે. પુણ્ય ને પાપના ભાવ એ જીવ નહિ. એ અનિત્ય છે માટે એ જીવ નહિ, નિત્ય છે તે જીવ છે. આહાહા ! અનિત્ય ( થયું. )

"અશરણાઃ" હવે ચોથો બોલ છે "અશરણાઃ" જેમ કામ સેવનમાં વીર્ય છૂટી જાય, વિષય લેતાં જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય, એ રાખ્યું ન રહે. દૃષ્ટાંત આપ્યો છે, સંતો તો વીતરાગી છે એને તો દૃષ્ટાંત દઈને જગતને સત્ય સમજાવવું છે. કામસેવનમાં જેમ વીર્ય છૂટી જાય છે એ રાખ્યું ન રહે, તે ક્ષણે જ દારુણ કામનો સંસ્કાર નાશ પામે છે. તે કામનો સંસ્કાર ત્યાં નાશ પામે છે, કોઈથી રોકી રાખી શકાતો નથી. તેમ કર્મોદય છૂટી જાય, પુણ્ય ને પાપના ભાવ જે ઉદય છે, એ ઉદય છૂટી જાય તે જ ક્ષણે આસ્રવો નાશ પામી જાય છે. કર્મનો ઉદય છે એ નાશ પામે છે, છૂટી જાય છે, ત્યારે તેના નિમિત્તથી થયેલા, આસ્રવો એ નાશ પામી જાય છે, રાખી-રખાતા શરણ નથી કે પુણ્ય ભાવ રાખો ઘણો, કે રાખો રાખો. શું રાખે ? એ કર્મનો ઉદય જેમ નાશ થાય તેમ પુણ્ય-પાપ ભાવ પણ સાથે નાશ થઈ જાય છે, એ શરણ નથી. આહાહા !

એમ કે પુણ્ય કરો ખૂબ કરો પુણ્ય એથી આત્માને શરણ મળશે, કહે છે કે એ પુણ્ય તો નાશવાન છે ને ? આહાહા ! કર્મનો ઉદય છૂટતાં પુણ્યના શુભભાવ પણ નાશ પામી જાય છે ને ? એ રાખ્યા રખાતા નથી, જેમ વીર્ય છૂટતાં વીર્યને રાખી શકાતું નથી. એમ કર્મોદય છૂટતાં આસ્રવને રાખી શકાતા નથી, માટે તેઓ અશરણ છે. શુભ ને અશુભ ભાવ બેય અશરણ છે. આહાહા ! અરિહંતા શરણં, સિદ્ધા શરણં એ પણ હજી તો બાહ્ય વિકલ્પથી વાત છે. આંહીં તો નિર્વિકલ્પ શરણની વાત છે. આહાહાહા ! માટે તેઓ અશરણ પુણ્ય ને પાપ, કર્મનું નિમિત્તપણું છે તેથી ત્યાં થયા છે, એ નિમિત્ત છૂટી જાય છે, તો એ પણ છૂટી જાય છે, માટે તે પુણ્ય-પાપ રાખી શકાતા નથી, શરણ નથી. આહાહાહા !

"આપોઆપ રક્ષિત એવો સહજ ચિતશક્તિ જીવ જ છે" આહાહાહા ! ભગવાન તો પોતે રક્ષિત જ છે, એને રાખવો પડે એવો નથી એ તો રક્ષિત જ છે. આપોઆપ રક્ષિત એવો સહજ સ્વભાવે આનંદઘન આત્મા એવો સહજ સ્વભાવ જ ચિત્શક્તિરૂપ, એ તો જ્ઞાન શક્તિરૂપ જીવ જ શરણ સહિત છે. કાયમ ટકતું છે તો ત્યાં શરણ મળશે, ટકતું નથી ત્યાં શરણ છે નહિ. આહાહા !

આંહીં તો આત્મા શરણ લેવો છે, હોં ? અરિહંત શરણ એ નહીં. ચિત્શક્તિરૂપ જીવ શરણસહિત છે, ઓલામાં તો કેવળીપણંતો ધમ્મો શરણં, પર્યાય શરણ એમ હતું. આંહીં તો જીવ પોતે ત્રિકાળ કાયમ ટકનારો ભગવાન ચિત્શક્તિ જ્ઞાનમાત્ર એવો સ્વભાવ પિંડ એ શરણ છે. આવું છે લ્યો. એ શરણની વ્યાખ્યા કરી, "અશરણાઃ" વિશેષ કરશે દુઃખપણાની વ્યાખ્યા.

(શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૫૮ ગાથા-૭૪ તા. ૦૨-૦૧-૭૯ મંગળવાર પોષ સુદ-૪

શ્રી સમયસાર ૭૪ ગાથા છ બોલ છે, એમાં ચાર બોલ ચાલ્યા છે. શુભ–અશુભ ભાવ એ જીવની સાથે બંધાયેલા છે, એનો સ્વભાવ નથી. તેથી તે શુભ–અશુભ ભાવ અવિરુધ્ધ જે ચૈતન્યસ્વભાવ તેનો એમાં અભાવ છે, માટે તે જીવ નથી, એમ આવ્યું પહેલું. બીજું 'અધ્રુવ' પુણ્ય ને પાપના ભાવ વધઘટ થાય છે, વેગે–વેગે આવે ને વળી ઘટે, માટે તે અધ્રુવ છે, ચૈતન્યસ્વભાવ ભગવાનઆત્મા તે ધ્રુવ છે. 'અનિત્ય' ટાઢીયો અને ઉનો તાવ અનુક્રમે આવે તેથી તેને અનિત્ય કહેવામાં આવે છે, એમ આત્મામાં પુણ્ય પરિણામ વખતે પાપ ન હોય અને પાપ પરિણામ વખતે પુણ્ય ન હોય, એ અનુક્રમે ઉત્પન્ન હોવાથી પુણ્ય–પાપ તે અનિત્ય છે, ભગવાન ચૈતન્ય તે કાયમ નિત્ય છે. પુણ્ય ને પાપના ભાવ, કર્મનો ઉદય હોય તેથી થાય. ઉદય ટળે એટલે નાશ થઈ જાય, એથી પુણ્ય–પાપના ભાવ શરણ રહિત છે, શરણ નથી. છે ને ? આહા ! ભગવાન આત્મા આપોઆપ રક્ષિત છે, પોતે પોતાથી રક્ષાયેલો જ છે, એવો જે આત્મા પોતે શુદ્ધ શરણ છે. પંચપરમેષ્ટિનું શરણેય નહિ, એમનો કહેલો ધર્મ જે છે પર્યાય એનુંય શરણ નહિ, (એમ) આંહીં તો કહે છે. આહાહા ! આંહીં તો આત્મા જે નિત્ય કાયમવસ્તુ ચિત્શક્તિરૂપ, છે ને ? જીવ જ શરણ, એ જીવ ત્રિકાળી જ્ઞાયકભાવ એ શરણ છે. આહાહાહાહા.... આવી વાત છે. ચાર બોલ તો આવી ગયા.

પાંચમો. આસ્રવો એટલે કે શુભ–અશુભ ભાવ સદાય "આકુળસ્વભાવવાળા" હોવાથી, ભગવાનની સ્તુતિનો ભાવ શુભ એ પણ આકુળ સ્વભાવ છે, કહે છે. આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે. વસ્તુ દુઃખરૂપ છે પ્રતિકૂળ અનુકૂળ એ આંહીં વાત નથી, એ પુણ્ય ને પાપના ભાવ એ પોતે દુઃખરૂપ છે, કેમકે ભગવાન આનંદસ્વરૂપ છે એનાથી વિરુદ્ધ છે. આહાહા !

"દુઃખ" સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ એની સામે લીધું, શુભભાવ કે અશુભ ભાવ, આહાહાહા.... આંહીં લોકો એમ કહે છે કે શુભભાવ એ શુદ્ધતાનું કારણ છે. આંહીં કહે છે

કે શુભ ભાવ એ આકુળતાના ઉપજાવનારા છે, દુઃખરૂપ છે. ત્યારે અત્યારે તો એ કહે છે ચાલે છે એ શુભભાવથી શુદ્ધતા થાય, આવો મોટો ફેર છે, અંતર દૃષ્ટિનો મોટો ફેર છે. સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ સુખરૂપ છે, અદુઃખરૂપ એટલે સુખરૂપ છે. આહાહા ! સદાય નિરાકુળ સ્વભાવવાળો આનંદ સ્વભાવવાળો એમ, જીવ જ સુખરૂપ છે. એની સામે ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હોય એ દુઃખરૂપ છે. આહાહા ! આ વાત. એ પાંચમો બોલ કહ્યો.

હવે છઠ્ઠો "આસ્રવો શુભ ને અશુભ ભાવ, આહાહાહા... આગામી કાળમાં, ભવિષ્યકાળમાં "આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલ પરિણામનો હેતુ" કર્મ છે એ પુદ્‌ગલપરિણામ છે એનો હેતુ, એ પુદ્‌ગલપરિણામ જે છે એ ભવિષ્યમાં આકુળતાના ઉત્પન્ન કરનાર છે. આહાહાહા ! ઝીણી વાત છે. આસ્રવો પુણ્ય ને પાપના ભાવો આગામી કાળમાં, ભવિષ્યના કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા, એવા પુદ્‌ગલ પરિણામ વર્તમાન બંધન એનો એ હેતુ છે. એ પુદ્‌ગલ પરિણામ એ ભવિષ્યમાં આકુળતાના ઉત્પન્ન કરનારા છે. આહાહાહા !

પુદ્‌ગલ પરિણામથી સંયોગ મળશે એમ કહે છે, અને સંયોગ ઉપર લક્ષ જશે તો એને રાગ અને આકુળતા થશે. આહાહા ! અશુભ આસ્રવથી પુદ્‌ગલ પરિણામ જે પાપના એમાં એ નિમિત્ત છે હેતુ અને એ પાપના પુદ્‌ગલ પરિણામ ભવિષ્યમાં પ્રતિકૂળતાનું નિમિત્ત થશે. અને પ્રતિકૂળતાના નિમિત્ત ઉપર લક્ષ જશે તો દ્વેષ થશે. અને શુભભાવ વર્તમાન પુદ્‌ગલપરિણામના હેતુ, પણ એ પુદ્‌ગલપરિણામ છે કેવા બંધાય એ ? ભવિષ્યમાં સંયોગ આપશે. સંયોગ ઉપર લક્ષ જશે એટલે એને રાગ થશે. આહાહા ! આવી વાત છે. તો શુભભાવથી પુદ્‌ગલપરિણામનો એ હેતુ ને પુદ્‌ગલ પરિણામ ભવિષ્યમાં સંયોગ આપનારા ભલે ને વીતરાગ મળે ને વીતરાગની વાણી મળે પણ એ પરદ્રવ્ય છે તેના ઉપર લક્ષ જશે એટલે રાગ જ થશે, દુઃખ થશે. આહાહાહા ! આવી વાત છે. જગતને સહન થવી. આહાહા !

( શ્રોતાઃ- વીતરાગની વાણી કહી છે ને ) વીતરાગની વાણી પણ પરદ્રવ્ય છે ને ? પરદ્રવ્ય ઉપર લક્ષ જશે એટલે એને રાગ જ થશે એને સ્વદ્રવ્યનો આશ્રય છૂટીને જેટલો પરદ્રવ્યનો આશ્રય થશે, સ્વઆશ્રય નિશ્ચય પરાશ્રય તે વ્યવહાર. આહાહાહા..... આકરી વાત છે ભાઈ ! દુનિયાને વાત બેસવી અંદરથી શુભભાવ વર્તમાન પુદ્‌ગલ પરિણામના હેતુ, એ પુદ્‌ગલપરિણામ કેવા છે ? કે ભવિષ્યમાં આકુળતાનું કારણ થશે, એટલે કે પુદ્‌ગલ પરિણામ બંધન છે તે સંયોગ આપશે, પાપના બંધન એ પ્રતિકૂળ સંયોગ આપશે, પુણ્યનું બંધન એ અનુકૂળ સંયોગ આપશે, પણ સંયોગ આપશે. અને સંયોગનો આશ્રય લક્ષ જશે તો એને રાગ ને દુઃખ આકુળતા થશે. આહાહા ! આકરી વાત છે. બહુ સહન કરવું કઠણ બાપા. આહાહા....

શુભભાવ વર્તમાન દુઃખરૂપ છે એ તો પાંચમામાં ગયું, પણ અશુભભાવ ભવિષ્યમાં દુઃખના ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલના પરિણામ વર્તમાન એનું એ નિમિત્ત છે બંધનમાં, અને એ પુદ્‌ગલના પરિણામ બંધ છે એ ઉદય આવશે જ્યારે ત્યારે એને સંયોગ મળશે, કેમ પુદ્‌ગલપરિણામથી સ્વભાવ મળે એ તો છે નહિ. આહાહાહા ! આવી વાત છે. કેમકે જે સંયોગ મળશે ને પરાશ્રિત લક્ષ જશે એથી એને રાગ જ આકુળતા થશે, પ્રતિકૂળતાના સંયોગમાં લક્ષ જશે તો દ્વેષ થશે, અનુકૂળતાના સંયોગમાં લક્ષ જશે તો રાગ થશે, પણ બેય

દુઃખ છે. આહાહાહા !

( શ્રોતાઃ- અનુકૂળતા તો લાભ છે ) અનુકૂળ એટલે કે વાણી એને ભગવાન સાક્ષાત્ મળે અને બાહ્યમાં લક્ષ્મી આદિ મળે, અનુકૂળ સામગ્રી મળે, એ બેય પર સંયોગી ચીજ છે. આહાહાહાહા ! આકરું કામ છે ભાઈ, મૂળ ચીજને સમજવી એ બહુ અલૌકિક વાતું છે. કલ્પનાથી માની લેવું એ જુદી વાત છે. આહાહાહા !

કહો, પંડિતજી ! શું કીધું પણ આ ? શુભભાવ વર્તમાન પુદ્‌ગલ પરિણામનો હેતુ એ પુદ્‌ગલપરિણામ આગામી આકુળતાના ઉત્પન્ન કરનારા છે. કહો એ બોલ તો પહેલાં આવી ગયો છે ઘણી વાર. આ તો ઓગણીસમી વાર વંચાય છે. પહેલાં આ કહેવાઈ ગયું છે બધું. ચાહે તો સંયોગમાત્ર ચીજ પર છે અને પરનો આશ્રય કરશે તો એને રાગ જ થશે, પ્રતિકૂળ સંયોગ હોય તો દ્વેષ થશે. આહાહા ! હૈં ? ( શ્રોતાઃ- દુઃખી થાય કે સુખી થાય ) દુઃખી થશે. આહાહા ! પુણ્યના પરિણામથી પુણ્ય બંધન થાય અને એના ફળ તરીકે લક્ષ્મી આદિ મળે તો એના ઉપર એનું લક્ષ જશે તો દુઃખી જ થશે એ. હૈં ! ( શ્રોતાઃ- લક્ષ્મીવાળા દુઃખી એ તો જરા કઠણ પડે ) લક્ષ્મીવાળા દુઃખી એ કઠણ પડે, લક્ષ્મીવાળા. આહાહા !

આંહીં તો ત્રણલોકનો નાથ ને વાણી મળે આંહીં તો, વાતું બાપુ. એ પરદ્રવ્ય છે ને પરદ્રવ્યનો આશ્રય લક્ષ કરશે તો એને પરદ્રવ્ય આશ્રિત વ્યવહાર રાગ થશે. આહાહાહા ! ( શ્રોતાઃ- રાગથી દુઃખી શું થાય ? ) રાગ છે તે દુઃખ છે. શુભરાગ વર્તમાન દુઃખ છે અને શુભરાગ ભવિષ્યમાં દુઃખના ફળનું કારણ છે, એમ કહે છે. સમજાય છે ? આહાહા !

( શ્રોતાઃ- દેવ શાસ્ત્ર ગુરુની પ્રાપ્તિથી પણ રાગ થશે ? ) એ દેવગુરુશાસ્ત્રની પ્રાપ્તિ પણ પરદ્રવ્ય છે ને ( શ્રોતાઃ- તો સૂણ્યા વગર નિર્ણય કેવી રીતે કરવો ) નિર્ણય સ્વદ્રવ્યથી થાય છે, પરથી નહિ. સ્વઆશ્રયથી જ નિર્ણય સમ્યક્ થાય છે પરાશ્રયથી નહિ. આહાહા ! આવી વાતું છે. સમયસાર કોઈ અલૌકિક ચીજ છે. એની હારે કોઈ મેળ ખાય એવું નથી બીજા કોઈ હારે. આહાહા !

( શ્રોતાઃ- દેશના લબ્ધિ મફત જાશે. ) મફત જ જાય તે દેશનાલબ્ધિ મળે એથી શું છે ? દેશના લબ્ધિ મળે એ તો રાગ છે. હો ભલે પણ એ તો રાગ છે. એ દેશનાલબ્ધિ તો અનંતવાર મળી છે, પણ અંતરદ્રવ્યનો આશ્રય કરે નહિ ત્યાં સુધી એને ધર્મ ન થાય. આહાહાહા ! સ્વઆશ્રય એ નિશ્ચય ને પર આશ્રય એ વ્યવહાર, આ સિદ્ધાંત મોટો આ. ચાહે તો ત્રણલોકના નાથ એ તો પોતે કહ્યું 'ને પ્રભુજીએ કુંદકુંદાચાર્યે મોક્ષ-પાહુડમાં, સોળમી ગાથા, તેરમી ગાથાથી લીધું છે પરદ્રવ્યમાં રક્ત તે રાગ છે, પર દ્રવ્ય તરફનું લક્ષ છે ત્યાં રાગમાં, રક્ત છે સોળમાં ત્યાંથી તેરથી ઉપાડયું છે, સોળમાં તો એમ કહ્યું કે પરદવ્વાઓ દુગ્ગઈ. આહાહાહા ! શું ચાહે તો પરદ્રવ્ય ભગવાન હોય અને એની વાણી હોય એના તરફના લક્ષથી તો રાગ જ ચૈતન્યની દુર્ગતિ છે, એટલે ચૈતન્યની ગતિના પરિણામ નથી. આહાહા ! આવો માર્ગ.

આંહીં તો ભગવાન પૂર્ણાનંદનો નાથ ! એમેય કહ્યું ને ? કે પરને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે. આત્મા જ્ઞાતા ને પરજ્ઞેય એ પણ વ્યવહાર છે, એ નહિ. પોતે જ્ઞાતા, પોતે જ્ઞેય ને પોતે જ્ઞાન, પરજ્ઞેય એ ( નહીં ), એવી વાત છે. વર્તમાન જ્ઞાનની પર્યાય, જાણનારને જાણે, તે

જાણનારને જાણતાં પર્યાયમાં પરનું પણ જ્ઞાન થાય પણ તે પોતે જ્ઞેય, પર્યાય જ્ઞેય છે તેને એ જાણે છે. જીરવવું કઠણ સાધારણ પ્રાણી બિચારાને વ્યવહાર, જેને વ્યવહાર ઉપર લક્ષ છે ને ? એને આ વાત બેસવી કઠણ બહુ.

આંહીં તો કહે છે, આસ્રવો એટલે પુણ્ય ને પાપ બેય, આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા, કોણ ? પુદ્‌ગલ પરિણામ એટલે બંધન એનું એ નિમિત્ત છે પરિણામ. બંધનનું એ નિમિત્ત છે, પુણ્ય બંધનમાં શુભભાવ નિમિત્ત છે, પાપ બંધનમાં અશુભભાવ નિમિત્ત છે અને એ પુદ્‌ગલના પરિણામ જે છે, એ ઉદય આવશે ત્યારે સંયોગ આપશે. સંયોગીભાવથી બંધાયેલું કર્મ તે સંયોગને આપશે અને સંયોગ ઉપર લક્ષ જશે એટલે એને પછી દ્વેષ પ્રતિકૂળ હોય તો દ્વેષ ને અનુકૂળ હોય તો રાગ, બાકી રાગ જ દુઃખ જ થશે. આહાહાહા !

વીતરાગ માર્ગ સિવાય આ વાત, સાંખ્યી જાય એવી નથી જગતને. અત્યારે તો એ કહે શુભથી આમ થાય, 'સર્વ તત્વારં' ઓલામાં આવે છે ને 'જ્ઞાતારં સર્વ તત્વારં તદ્‌ગુણ લબ્ધએ' ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે અમને તો ગુણની પ્રાપ્તિ થાય, એ અર્થ કરે છે ને એ ? છે ને ખબર છે ને ? એ અર્થ આવ્યો'તો એ બાજુથી એ તો વ્યવહારની વાતું છે બાપા. પોતાના ગુણની પ્રાપ્તિ તો સ્વદ્રવ્યના આશ્રયે થાય છે. પરના ગુણોની વિચારણા કે પર ગુણનું લક્ષ એ બધો રાગ છે. આહાહાહા !

અહીંયા કહે છે કે, આસ્રવો એટલે શુભભાવ મુખ્ય વધારે ત્યાં નડતર આ વાંધો જગતને ત્યાં છે, એ આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલ પરિણામનો હેતુ છે. વર્તમાન પુણ્યબંધન જે પુદ્‌ગલ પરિણામ થાય તેનો શુભભાવ હેતુ છે અને તે પુદ્‌ગલપરિણામ જે બંધાય એ ભવિષ્યમાં આકુળતાના ઉત્પન્ન કરનારા છે. સ્વઆશ્રય કરનારા નથી. આહાહા ! આવી વાતું છે, જીરવવી અંતરને એ વાતું, ને દૃષ્ટિમાં ફેર છે ને, એને કયાંક કયાંક વ્યવહારના આશ્રયથી લાભ થાય એવું મનાઈ જાય એને. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા !

આંહીં કહે છે કે એ વ્યવહારથી પરથી, અરે પર્યાયને આશ્રયે લાભ ન થાય. પરદ્રવ્યના કારણે લાભ થાય એમ નહિ. શાસ્ત્રનો અભ્યાસ કરવો હોય તો શાસ્ત્ર પર છે પણ સ્વલક્ષે કરે એ. સ્વલક્ષે કરે એટલે સ્વનો આશ્રય છે ત્યાં. આહા... આકરી વાતું બહુ ભાઈ ! એક ન્યાય ફરતા આખો મોટો ફરી જાય, આખી લાઈન ફરી જાય દૃષ્ટિ. આહાહા !

ભગવાનની સ્તુતિ કરવી છે એ પણ રાગ છે. ( શ્રોતાઃ- આપ તો દુઃખ છે એમ ફરમાવો છો ) એ રાગ છે તે દુઃખ છે. પરદ્રવ્યની સ્તુતિ છે ને ? પરાશ્રિત વ્યવહાર છે ને રાગ છે એ તો. ચીમનભાઈ ! આવી વાતું ઝીણી છે. આહાહા ! થોડું પણ સત્ય હોવું જોઈએ બાપા. દૃષ્ટિમાં ફેર હોય એને આખો પર ઉપર વજન ગયા વિના રહે નહીં એને. આહાહા !

દુઃખફળરૂપ છે, છે ને ? પુદ્‌ગલપરિણામના હેતુ હોવાથી એ શુભભાવ દુઃખફળરૂપ છે. વર્તમાન દુઃખ તો છે, પણ ભવિષ્યમાં દુઃખનું ફળ આવશે, એય છે. આહાહાહા ! દુઃખ છે તો ભવિષ્યમાં પણ દુઃખનું ફળ આવશે, એમાં આત્માનો આનંદ આવશે નહિ. આહાહાહા ! સમજાણું કાંઈ ? આ વાત તો ઘણી વાર થઈ ગઈ છે. ગાથા વંચાણી છે ને. આ તો ઓગણીસમી વાર વંચાય છે. પહેલી વાર વંચાણું ત્યારથી તો કહેલું ( શ્રોતાઃ- અમને તો પહેલીવાર લાગે છે )

વધારે સ્પષ્ટ થાય એટલે બાકી તો પહેલેથી એ વાત કીધી છે. આહાહા !

હવે જીવ 'જ' જીવ 'જ' સમસ્ત પુદ્‌ગલ પરિણામનો અહેતુ, જીવ એવો છે કે કોઈપણ બંધનમાં હેતુ થાય એ જીવ નહિ. તીર્થંકરગોત્ર બંધાય એમાં જીવ હેતુ, જીવ નહિ. જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ એટલે તીર્થંકર બંધન થાય એમાં જીવ હેતુ નથી. જીવના એ શુભ પરિણામ હેતુ એ શુભ પરિણામ, જીવ નથી. આહાહાહા ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આસ્રવ છે એટલે જીવ નથી. એનાથી તીર્થંકર પ્રકૃતિ બંધાય છે, જીવ નથી એના ભાવથી. આહાહાહા ! આવી વાત છે. કર્તાકર્મની વ્યાખ્યા છે ને ? રાગ છે એ મારું કાર્ય છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. પણ રાગ કાર્ય ન માને અને રાગ થાય તો પણ દુઃખરૂપ છે. આહાહાહા ! શું કહ્યું એ ? રાગનો વિકલ્પ છે, એ આત્માનું કાર્ય છે એ તો મિથ્યાત્વ છે, કારણકે આ જ્ઞાયકસ્વરૂપ ભગવાન એમાં રાગનું કરવું, એ કયો ગુણ ને કઈ દશા છે ? એ વિકૃત દશાનું કાર્ય મારું એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા !

એ તીર્થંકર ગોત્ર જે બંધાય તે ભાવ પણ વિકૃત ને રાગ એ જીવ નહીં. જીવ જ સમસ્ત પુદ્‌ગલ પરિણામનો અહેતુ, સમસ્ત પુદ્‌ગલપરિણામ કીધું ને ? તીર્થંકર પ્રકૃત્તિ શું કહેવાય ? આહારક શરીરની પ્રકૃત્તિ બંધાય આદિ, આહારક તો મુનિને જ હોય છે ને ? આહારક શરીર, તીર્થંકર પ્રકૃત્તિ આદિ પુદ્‌ગલ પરિણામનો જીવ અહેતુ છે. જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામ, સમસ્ત એકસો ને અડતાલીસ પ્રકૃત્તિ જે કર્મની એ પુદ્‌ગલ પરિણામનો જીવ હેતુ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? ચીમનભાઈ ! આવું ઝીણું એટલે લોકોને બિચારાને એવું લાગે. આહાહા !

( શ્રોતાઃ- તીર્થંકર ગોત્રનો બંધ સમ્યગ્દૃષ્ટિને જ હોય ) સમ્યગ્દૃષ્ટિને હોય પણ છતાંય એ જીવપણું નથી. એ તો કીધું ને પહેલું એ જીવ નથી. જીવનો અવિરુદ્ધ સ્વભાવ તેમાં અભાવ છે, માટે તે જીવ નથી. બંધનનો હેતુ તે અજીવ છે. જીવ ભગવાન આત્મા જે પર્યાયથી જાણનારને જાણે છે, શાસ્ત્રથી નહિ. પર્યાય વર્તમાન જે છે, એ દ્રવ્યને જ્ઞેય બનાવીને જાણે છે. તે જ્ઞાન, તે જ્ઞાન તે તેનું જ્ઞેય, તે જ્ઞાન તેનું જ્ઞાન ને તે તે જ્ઞાતા. આહાહાહા ! બંધન તે પરજ્ઞેય છે અને રાગ છે એ પણ પરજ્ઞેય છે. અરે શાસ્ત્રનું જ્ઞાન છે, એ પણ પરજ્ઞેય છે. એ આવી ગયું છે ને આપણે વચનામૃતમાં "જ્ઞેય નિમગ્ન" શાસ્ત્રજ્ઞાન છે એ પરજ્ઞેય છે, એ પરજ્ઞેયમાં નિમગ્ન છે, એ પરસત્તાવલંબી જ્ઞાન બંધનું કારણ છે. એ પરમાર્થ વચનિકામાં એ આવ્યું છે ભાઈ ! પરમાર્થ વચનિકામાં. આહાહાહા !

દિગંબર ગૃહસ્થ સમકિતી હો કે મુનિ હો વસ્તુની સ્થિતિ તો બધાને એક જ પ્રકારની સ્થિરતા-અસ્થિરતામાં ફેર હોય એ જુદી વસ્તુ છે. એ મૂળ અભિપ્રાયમાં ફેર નથી. આહાહા ! સમ્યગ્દૃષ્ટિ હોય, તેને બધાને ઉદય એક સરખો જ હોય એવું કાંઈ નથી, દૃષ્ટિ અભિપ્રાય છે એ તો નિર્મળ જ છે, પણ ઉદયનો પ્રકાર એક સરખો જ બધાને હોય એવું નથી. એ "પરમાર્થ વચનિકા" માં આવ્યું છે. એમ છઠ્ઠું ગુણસ્થાન છે તેને ઉદય એક જ પ્રકારનો હોય, ઉદય છે ભલે પર, પણ એક જ પ્રકારનો જીવ ભિન્ન છે તેને હોય એમ નથી-એમ જેણે જાણ્યું એણે જીવદ્રવ્ય જાણ્યું નથી એમ આવ્યું છે ને એમાં. આહાહા ! દૃષ્ટિ અને અભિપ્રાય એકસરખો છે પણ ઉદયના

ભાવમાં ફેર પડે છે. કેવળીને પણ કોઈને સમુદ્‌ઘાતનો ઉદય હોયને કોઈને બીજો. પરિણામમમાં કેવળજ્ઞાન છે. એમ સમકિતીના પરિણામમમાં નિર્મળ સમ્યગ્દર્શન છે પણ પરિણામ જે છે ઉદયના એક પ્રકારના ન હોય. અભિપ્રાયમાં જરીયે ફેર નથી. પણ અસ્થિરતામાં ઘણો ફેર હોય છે. આહાહાહા ! એમ અહીંયા શુભ પરિણામની અસ્થિરતા, સમ્યગ્દષ્ટિને હોય છે, પણ તેનું કર્તવ્ય છે એમ માનતો નથી, છતાં તે શુભભાવ આવે એ પુદ્‌ગલપરિણામનો હેતુ છે. આત્માના નિર્મળ પરિણામ થવાનો હેતુ એ નથી. આહાહાહાહા ! સમજાણું કાંઈ ?

જીવ જ ! એ ઓલામાં આવે છે ને ૧૦૫ ગાથામાં સમયસારમાં આવે છે ને ૧૦૫ ગાથામાં, એકસો પાંચ, 'લોકમાં આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં' છે ? ૧૦૫, આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં, અજ્ઞાનને લીધે છે એ જીવ પોતે જીવનો સ્વભાવ નથી. કોઈપણ પુદ્‌ગલ બંધન થાય એનું નિમિત્ત થાય એ જીવ નહીં. આહાહા ! સમજાણું કાંઈ ? એ એકસો પાંચમાં છે. આહા !

અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં જોયું ? પૌદ્‌ગલિક કર્મ ઉત્પન્ન થાય છે, અને એ પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યું એવું નિર્વિકલ્પ વિજ્ઞાનઘન સ્વભાવથી ભ્રષ્ટ વિકલ્પ પરાયણ અજ્ઞાનીઓનો વિકલ્પ છે, તે વિકલ્પ ઉપચાર છે. આહાહાહા ! સમયસારની આખી વાત જ જુદી છે, એ જ આંહીં કહ્યું. જીવ જ સમસ્ત શુભજોગ પરિણામનો હેતુ જોયું ? ન્યાંય કીધું ને એ જ આંહીં કહ્યું એ ન્યાં કીધું'તું એકસો પાંચમાં એમ કીધું' તું ને. જીવ કોઈપણ પુદ્‌ગલપરિણામ બંધાય તેનો જીવ હેતુ છે જ નહિ એને જીવ કહીએ. આહાહાહા ! સમજાણું કાંઈ ? જેનો સ્વભાવ જ્ઞાતાદૃષ્ટા છે એ જીવ પુદ્‌ગલપરિણામનું નિમિત્ત થાય જ નહીં. પણ તે જ્ઞાતાદૃષ્ટાના સ્વભાવને ભૂલી અજ્ઞાનપણે રાગનો કર્તા થાય તેને પુદ્‌ગલકર્મનું નિમિત્ત થાય, બંધનને નિમિત્ત થાય, જીવ નહિ. આહાહાહા ! સમજાણું કાંઈ ? આ તો ધીમેથી ઓગાળવા જેવું છે. આ કાંઈ એકદમ દયા પાળી ને વ્રત પાળ્યા ને અપવાસ કર્યા ને શાસ્ત્ર ભણ્યા ને એ આ વાત નથી આંહીં. આહાહા !

જીવ ભગવાન આત્મા જ ! આહાહા ! એને જીવ કહીએ, કે જે સમસ્ત પુદ્‌ગલ પરિણામનો અહેતુ. એકસો ને અડતાલીસ કર્મની પ્રકૃત્તિ છે એનો જીવ અહેતુ છે. આહાહા ! સમજાણુ કાંઈ ? આહારક શરીર બંધાય, તીર્થંકરપ્રકૃત્તિ બંધાય એ પોતે જીવ એનો હેતુ નથી, એના પરિણામ જે એ તો અજીવ થયા. આહાહાહા ! સમ્યગ્દષ્ટિને પણ જે પરિણામ થયા તીર્થંકર ગોત્રના એ જીવ નથી એ તો અજીવ છે, એ બંધનમાં નિમિત્ત થયા. આહાહા !

જીવ જ 'જ' હોં પાછો 'જીવ જ' અનેકાંત નહિ, જીવ બંધનનો હેતુ પણ હોય અને જીવ બંધનનો હેતુ ન હોય. એ બંધનનો હેતુ જ જીવ નથી, બસ એક જ, એકાંત છે. છે ? જીવ જ, એકાંત જીવ જ, સમસ્ત પુદ્‌ગલ પરિણામનો અહેતુ હોવાથી એ અદુઃખફળ છે. એ જીવનો સ્વભાવ સુખરૂપ છે અને ભવિષ્યમાં પણ જેના પરિણામ થાય તે સુખનું કારણ છે. મોક્ષનું કારણ થાય છે ને ? મોક્ષ અનંત આનંદનું કારણ સુખરૂપ પરિણામ જે આનંદના છે. આહાહા ! એ સુખફળ છે. સમજાણું કાંઈ ?

( શ્રોતાઃ- બંધનો હેતુ નથી તો સંવર નિર્જરાનો હેતુ છે ને ? ) એ અત્યારે આંહીં કામ નથી, એ પર્યાય છે એ પાછી, એ પર્યાય પણ દ્રવ્યને આશ્રયે થાય છે, પર્યાય પર્યાયને આશ્રયે

નહિ એમ કહેવું છે. પર્યાય શુભથી તો નહિ પણ પર્યાયને આશ્રયે પર્યાય નહિ. ત્રિકાળી દ્રવ્યને આશ્રયે પર્યાય, કીધું ને મોક્ષમાર્ગથી મોક્ષ થાય છે એમ કહેવું એ વ્યવહાર છે. દ્રવ્યના સ્વભાવથી મોક્ષ થાય છે એમ કહેવું એ પણ એક અપેક્ષિત વ્યવહાર છે. બાકી તો મોક્ષના પરિણામ જે છે કેવળના એ સ્વતંત્ર ષટ્કારકે પરિણમતા થાય છે. આવી વાતું છે બાપુ ! આકરી વાતું બહુ દુનિયાથી. આહાહા ! દુનિયા હારે મેળ ખાવો.

"જીવ જ" શબ્દ છે ને ? "અદુઃખફળઃસકળ સ્યાપિ પુદ્ગલ-પરિણામસ્યાહેતુત્વાજજીવ એવ" છે ને ? જીવ એવ છે ને શબ્દ અંદર છેલ્લો સંસ્કૃતમાં 'જીવ એવ' એમ સંસ્કૃત છે, એથી જીવ જ એમ કાઢયું એમાંથી 'એવમાંથી' સંસ્કૃત છે. છે ? ચોથી લીટી છે-આમાં "જીવ એવ" જીવ જ જીવ ભગવાન જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ વીતરાગી સ્વભાવ જીવ એ અદુઃખફળ છે, એનું ફળ દુઃખ નથી એનું ફળ આનંદફળ છે. શુભભાવનું ફળ દુઃખફળ છે, જીવના સ્વભાવનું ફળ વર્તમાન આનંદ અને ભવિષ્યમાં પણ એ આનંદના ફળને ઉત્પન્ન કરનારું છે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ?

"જીવ જ" એટલે જીવનો જે જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ, વીતરાગી સ્વભાવ એ વર્તમાન છે, આ સુખરૂપ એ પાંચમામાં આવ્યું, પાંચમામાં આવ્યું, અને આ ભવિષ્યમાં સુખરૂપ છે એ છઠ્ઠામાં. શું કહ્યું સમજાણું ? પાંચમામાં એમ કહ્યું કે આસ્રવો દુઃખરૂપ છે, ત્યારે ભગવાન પોતે સુખરૂપ છે. એટલું બસ, પાંચમામાં. છઠ્ઠામાં શુભાશુભ ભાવ ભવિષ્યમાં આકુળતાના ઉત્પન્ન કરનારા એવા જે વર્તમાન પુદ્ગલપરિણામ બંધન એનો એ હેતુ છે અને એ બંધન છે એ ભવિષ્યમાં આકુળતાના ઉત્પન્ન કરનારા છે. આહાહાહા !

અહીંયા કહે છે કે, જીવ જ વર્તમાન સુખરૂપ છે અને ભવિષ્યમાં પણ અદુઃખફળ છે, એ દુઃખફળ નથી એનું સુખફળ છે. આહાહાહા ! જીવ જે જ્ઞાતાદ્રષ્ટા છે, એવો જે વર્તમાન ભાવ તે આનંદરૂપ છે, અને તે આનંદરૂપનું પરિણમન ભવિષ્યમાં પણ આનંદના ફળનું કારણ છે. આહાહાહા ! આવી વાત છે. ભગવાનની હાટડી બીજી જાતની છે. આહાહાહા !

'જીવ' એટલે આત્મા, એ વર્તમાન આનંદરૂપ છે, છે ને ? અને પુદ્ગલ પરિણામનો હેતુ નથી. કોઈપણ પુદ્ગલ પરિણામ પ્રકૃત્તિ છે, એનો "જીવ જ" વસ્તુ સ્વભાવ, વસ્તુ જીવ છે, એ હેતુ નથી. ત્યારે ? કે આસ્રવો છે દુઃખફળરૂપ છે, ત્યારે આ અદુઃખફળ અથવા દુઃખફળ નહિ. ભગવાન આત્મા ! જ્ઞાતા, દ્રષ્ટા ને આનંદ સ્વરૂપ, વર્તમાન પણ આનંદરૂપ અને ભવિષ્યમાં પણ અદુઃખફળ, દુઃખફળ નહિ આવે એને સુખફળ આવશે. આહાહા ! સમજાણું કાંઈ ? એ આનંદના ભાવથી આનંદ આવશે અને આસ્રવના ભાવથી સંયોગો મળશે, તેમાં દુઃખ થશે તેને લક્ષમાં. આ તો ભગવાનની કથા આત્મકથા છે ભાઈ, આ કાંઈ.... અલૌકિક વાતું છે. આહાહા !

આમ આસ્રવોનું હવે છ યે નું કહી દીધું. છ બોલ થઈ ગયા ને ? "આમ આસ્રવોનું અને જીવનું" છ યે બોલનું કીધું ને ? "ભેદજ્ઞાન થતાંવેંત" પુણ્ય-પાપના ભાવ અને ભગવાન આત્મા બેનું ભિન્નપણું ભાન, ભેદજ્ઞાન થતાં, એનાથી જુદું ભેદજ્ઞાન થતાં તો પછી એમ નહિ કે ત્યારે શુભભાવનો સાથ લઈને ત્યાં ભેદજ્ઞાન થાય છે એનાથી તો જુદું પડવું છે. આહા..... કે શુભભાવ જરી સહાયક છે. હેં ? જેનાથી તો જુદું પડવું છે એ સહાયક કેમ હોય ? આહાહા ! સમજાણું કાંઈ ? આરે ! આવો ઉપદેશ હવે. સાધારણ પણ આંહીં તો વળી માણસ સાંભળનારા ઘણાં કાળથી

અજાણ્યામાં જાય તો શું વાત માંડી છે, આ કહે છે, ભાઈ તારા ઘરની વાત છે. બાપુ, તારું ઘર કોઈ જુદી જાતનું છે. એ જીવ જ કીધો ને ? આહાહા ! આહાહા !

"આમ આસ્રવોનું અને જીવનું" એટલે કે પહેલું આસ્રવો નિબદ્ધ છે, એ જીવ નથી. આસ્રવો 'અધ્રુવ' છે, ધ્રુવથી ભિન્ન છે, આસ્રવો 'અનિત્ય' છે, નિત્યથી ભિન્ન છે. આસ્રવો "અશરણ" છે, જીવસ્વરૂપ શરણ છે. આસ્રવો "દુઃખરૂપ" છે જીવ સુખરૂપ છે. આસ્રવો "દુઃખફળરૂપ" છે, આ આત્મા દુઃખફળરૂપ નથી, એટલે આનંદ ફળરૂપ છે. આહાહાહાહા ! આમ આસ્રવોનું આ રીતે અને જીવનું ભેદજ્ઞાન થતાંવેંત, થતાંવેંત જ સમકાળ બતાવવો છે ને ? પૂછયું છે ઈ ને એણે ? સમકાળ શી રીતે છે એ પૂછયું છે એણે એનો ઉત્તર છે આ. આહા !

આમ આસ્રવોનું એટલે શુભભાવઆદિનું અને જીવનું ભેદજ્ઞાન થતાંવેંત જ "જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે" કર્મનો પાક ફળ ઢીલો પડી ગયો છે. મોળો પડી ગયો છે, અભાવ થઈ ગયો છે. શિથિલ થતાં અભાવ થઈ ગયો છે. આહાહા ! આહાહા ! જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે. એવો તે આત્મા, જેના કર્મના ફળ અભાવરૂપ થઈ ગયા છે, એમ કહે છે. છેલ્લું આવે છે ને નીચે છેલ્લી ગાથામાં શિથિલ આ પ્રવચનસારમાં આવે છે ને ? અભાવ થઈ ગયો છે. ખરી રીતે તો એમ કહે છે, ભગવાન આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન થતાંવેંત કર્મનો પાક ત્યાં છે જ નહીં. ભગવાન પાકયો અંદર, એનો પાક આવ્યો ત્યાં અહીં કર્મનો પાક ત્યાં છે જ નહીં હવે.

"એવો તે આત્મા જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે" દૃષ્ટાંત છે જથ્થાબંધ વાદળાની રચના જેમાં ખંડિત થઈ ગઈ એવા દિશાના વિસ્તારની જેમ દિશા ખુલતી જાય છે ને ? જથ્થાબંધ વાદળાંની રચના ખંડિત થતાં દિશાના વિસ્તારની જેમ અમર્યાદ જેનો વિસ્તાર, એવો જેનો અમર્યાદ વિસ્તાર એવો ફેલાવ છે ભગવાન આત્માનો, સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે, સ્વાભાવિકપણે વિકાસ પામતી, શક્તિઓમાંથી પ્રગટ વિકાસ પામતી, ચિત્શક્તિ વડે જેમ જેમ વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે, જેમ જેમ વિજ્ઞાનઘન જામી જાય છે જ્ઞાન-જ્ઞાનમાં પરથી ભિન્ન પડીને જ્ઞાન આત્મા-આત્મામાં જામી જાય છે, ઘટ થાય છે સ્થિર થાય છે. "તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે." જેટલો અહીં એકાગ્ર થાય છે તેટલો આસ્રવોથી નિવૃત્ત છે અને જેટલો આસ્રવોથી નિર્વૃત્યો છે એટલો આંહીં વિજ્ઞાનઘન થાય છે. આહાહાહા ! આ એનો સમકાળ છે, અહીં સમકાળ સિદ્ધ કરવો છે ને ? આહાહાહાહા !

"સ્વાભાવિકપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે" ચિત્શક્તિ વિકાસ પામે છે કહે છે. જ્ઞાનાનંદ સ્વભાવ વિકાસ પામે છે, ખિલતો જાય છે. જેમ જેમ વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે, ભલે જ્ઞાનની પર્યાયમાં વિશેષજ્ઞાન ન હો, પણ જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે તેને જ અહીં વિજ્ઞાનઘન કીધો છે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

જ્ઞાન સ્વરૂપી ભગવાન ચિત્શક્તિ એ પોતાના વિકાસને પામતી ઘન થતી જાય છે, જે તરળ હતું, અસ્થિર હતું, જે આસ્રવને લઈને, એનાથી જે ભિન્ન થયું, તેથી જ્ઞાનઘન સ્થિર થતું જાય છે, ઘન થતું જાય છે, જામતું જાય છે, સ્વભાવ થતો જાય છે, "તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે" ન્યાંથી પહેલું આમથી લીધું જોયું, આંહીંથી લીધું આસ્રવોથી નિવર્તે છે એનું

ભેદજ્ઞાન બતાવ્યું પહેલું. આહા..... પણ સહજપણે વિકાસ પામતી જ્ઞાનશક્તિ વડે આત્મસ્વભાવ શક્તિ વડે, જેમ જેમ વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે, એ નાસ્તિથી વાત કરી છે. આહાહા !

જ્ઞાનસ્વભાવ આસ્રવોથી ભેદ થઈને જ્યાં આસ્રવોમાં રહિત થયું એ જ્ઞાનશક્તિનો વિકાસ થતાં જ્ઞાન જામે છે અંદર, સ્થિર થાય છે, આનંદ જામે છે. તેટલા પ્રમાણમાં આસ્રવોથી નિવૃર્તે છે અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે પાછું આમથી લીધું પાછું પહેલું આંહીંથી લીધું' તું, અને જેમ જેમ સમકાળ પૂછયો 'તો ને એણે પૂછયું 'તું ને સમકાળ. આહાહા ! "જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તેમ તેમ વિજ્ઞાન સ્વભાવ થતો જાય છે" સમકાળ છે. "તેટલો વિજ્ઞાનઘન સ્વભાવ થાય છે" તેટલો વિજ્ઞાનઘન "જેટલો સમ્યક્પ્રકારે આસ્રવથી નિવૃર્તે છે" જોયું ? સમ્યક્પ્રકારે યથાર્થપણે આસ્રવોથી નિર્વર્ત્તે છે એમ ભાષામાં ધારી રાખ્યું 'તું કે આસ્રવો આમ છે, એમ નહીં. વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે તેટલો વિજ્ઞાનઘન સ્વભાવ થાય એટલો સમ્યક્પ્રકારે આસ્રવોથી નિવર્તે છે, અને તેટલો આસ્રવોથી નિવર્ત્તે છે જેટલો સમ્યક્પ્રકારે વિજ્ઞાનઘન સ્વભાવ થાય છે." આ રીતે જ્ઞાનને અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે. કાળ બતાવવો છે. આહાહા ! સમજાણું કાંઈ ? એનો ઉત્તર આવ્યો. વિશેષ ભાવાર્થ આવશે. (શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૫૯ ગાથા ૭૪-૭૫ શ્લોકનં.૪૮ તા. ૩/૦૧/૭૯ બુધવાર પોષ સુદ-૫

સમયસાર ૭૪ ગાથા. પ્રશ્ન હતો ને કે આસ્રવોથી નિવૃત્તિ અને આત્માના સ્વભાવમાં એકાગ્રતા એનો સમકાળ છે ? એ કઈ રીતે. એ પ્રશ્ન હતો.

આસ્રવોનો અને આત્માનો ઉપર કહ્યો તે રીતે ભેદ જાણતા એ નિબદ્ધ છે, ઉપાધિ છે, અધ્રુવ છે, અનિત્ય છે, અશરણ છે, દુઃખ છે, દુઃખરૂપ છે. અને આત્મા એનાથી ભિન્ન જ્ઞાન-સ્વરૂપ છે શુદ્ધ ચૈતન્યઘન છે સુખ સ્વરૂપ છે. એમ બેના ભેદ જાણીને જાણતાં જ, ભેદ જાણતાં જ જે જે પ્રકારે-જેટલા જેટલા અંશે જે જે પ્રકારે ને જેટલા જેટલા અંશે આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ થાય છે, એટલે કે આત્મા જ્ઞાનઘન તો છે જ વસ્તુ તરીકે પણ પર્યાયમાં એ ઘન નામ નિરંતર એકાગ્ર થાય છે. વિજ્ઞાનઘન સ્વભાવ થાય છે પર્યાયમાં. રાગથી, આસ્રવથી ભિન્ન જાણતા જ વિજ્ઞાનઘન સ્વભાવ વસ્તુ તેમાં એકાગ્ર થતાં જ એ વિજ્ઞાનઘન પર્યાયમાં થાય છે, તે તે પ્રકારે, તે તે પ્રકારે તેટલા તેટલા અંશે તે આસ્રવથી નિવર્તે છે. આમાં અસ્તિથી લીધું પહેલું. વિજ્ઞાનઘન સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ કહો, વિજ્ઞાનઘન કહો, સર્વજ્ઞ સ્વભાવ, વસ્તુ સર્વજ્ઞ સ્વભાવ એમાં એકાગ્ર થતાં, વિજ્ઞાનઘનમાં એકાગ્ર થતાં જે વિજ્ઞાનઘનપણું પર્યાયમાં પ્રગટ થાય છે. તે તે પ્રકારે આસ્રવોથી નિવર્તે છે. આહાહા !

જ્યારે સંપૂર્ણ વિજ્ઞાનઘન સ્વભાવ થાય, પર્યાયમાં હોં, ત્યારે સમસ્ત આસ્રવોથી નિવર્તે છે. આમ જ્ઞાનનો ને આસ્રવ નિવૃત્તિનો એક કાળ છે. સમકાળ છે. આહા ! (શ્રોતાઃ- તે તે પ્રકારે ને તે તે કાળે એટલે) તે તે પ્રકારે, જે જે પ્રકારે એકાગ્ર થાય તે તે પ્રકારે એમ, તેટલા અંશે એમ.

જે જે પ્રકારે એટલે જ્ઞાનમાં જેટલા પ્રકારે એકાગ્ર થાય તેટલા અંશે એમ. વિજ્ઞાનઘન સ્વભાવ ચૈતન્ય, એમાં પર્યાયમાં કેટલા પ્રકારે એકાગ્ર એમ. પૂરણ પ્રકાર જેટલા જેટલા પ્રકારે તેટલા તેટલા પ્રકારે આસ્રવોની નિવૃત્તિ થાય છે એમ. આહાહા !

આસ્રવોને ટળવાનું અને સંવર થવાનું વર્ણન ગુણસ્થાનોની પરિપાટીરૂપે તત્ત્વાર્થ સૂત્રની ટીકા આદિ સિદ્ધાંત શાસ્ત્રોમાં છે ત્યાંથી જાણવું વિશેષ. અહીં તો સામાન્ય પ્રકરણ છે તેથી સામાન્યપણે કહ્યું.

આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે એટલે શું ? તેનો ઉત્તરઃ– આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે એટલે આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે. જ્ઞાનસ્વરૂપ એવો જે ભગવાન જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વભાવ એમાં સ્થિર થતો જાય છે. આહાહા ! જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી જ્ઞાનનો ઉઘાડ ભલે ઘણો હોય નવપૂર્વ ને અગીયાર અંગ ભણ્યો હોય, પણ જ્યાં જ્ઞાન સ્વભાવમાં એકાગ્રતા નથી અને એ જ્ઞાનનો ઉઘાડ એટલો હોય તોપણ એ વિજ્ઞાનઘન કહેવાતો નથી. અજ્ઞાન કહેવામાં આવે છે. આહા.....જ્યાં સુધી મિથ્યાત્વ એટલે જ્ઞાનની પર્યાય પરલક્ષી અને રાગ એમાં એકત્વબુદ્ધિ જ્યાં સુધી છે, ત્યાં સુધી તેને જ્ઞાનનો ઉઘાડ ભલે ગમે તેટલો હો, પણ અજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

વિજ્ઞાનઘન સ્વભાવ ત્રિકાળી એનું જ્યાં સુધી અજ્ઞાન ને મિથ્યાત્વ છે એટલે કે પરસંબંધી જ્ઞાન ને રાગમાં એકત્વ છે ત્યાં સુધી ભલે તે જ્ઞાનનો ક્ષયોપશમ ઘણો થઈ ગયો હોય છતાં તે અજ્ઞાન છે. અને મિથ્યાત્વ ગયા પછી તેને ભલે જ્ઞાનનો ઉઘાડ થોડો હોય. જોયું ? વિકાસ સ્વતરફનો ક્ષયોપશમ થોડો હોય છતાં વિજ્ઞાન કહેવામાં આવે છે. આત્મા જ્ઞાન–જ્ઞાનસ્વભાવ તેમાં એકાગ્ર થાય છે, મિથ્યાત્વ ગયા પછી, તેથી તે એકાગ્રતાને જ વિજ્ઞાન કહેવામાં આવે છે. જુઓ આ વિજ્ઞાન છે ને અત્યારે આ, એ વિજ્ઞાન નહીં એમ કહે છે. વિજ્ઞાન કહેવામાં આવે છે. આહા !

જેમ જેમ તે જ્ઞાન વિજ્ઞાન જામતું ઘટ્ટ, જ્ઞાન સ્વભાવ જ્ઞાયક સર્વજ્ઞ સ્વભાવ એવો આત્મા એ સર્વજ્ઞ સ્વભાવ નામ જેટલો ઘટ્ટ ને સ્થિર ને જામતો જાય છે, તેમ તેમ આસ્રવોથી નિવૃત્તે, છુટી જાય છે. અને જેમ જેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે તેમ તેમ વિજ્ઞાન જ્ઞાન એકાગ્રતા, સ્વરૂપમાં એકાગ્રતા જામતું જાય છે, ઘટ્ટ થતું જાય છે, સ્થિર થતું જાય છે. આહાહા ! આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે. આવી વાત છે.

જે વસ્તુ છે ભગવાન આત્મા તે તો વિજ્ઞાનઘન એટલે પિંડ નિરંતર વિજ્ઞાન સ્વરૂપ જ છે. એમાં એનું જેને જ્ઞાન નથી ને મિથ્યાત્વ છે, તે મિથ્યાત્વના પ્રસંગમાં ગમે તેટલો ઉઘાડ જ્ઞાનનો હોય તોપણ તેને અજ્ઞાન કહેવામાં આવે છે. અને ભગવાન વિજ્ઞાનઘન સ્વરૂપ છે તેમાં એકાગ્ર થતો જાય છે ભલે તેને જ્ઞાનનો ઉઘાડ થોડો હોય તોપણ તેને વિજ્ઞાનઘન કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ ? આહાહા !

હવે આ જ અર્થના કળશરૂપ અને આગળના કથનની સૂચનિકારૂપ કાવ્ય કહે છે.

## શ્લોક - ૪૮

( शार्दूलविक्रीडित )

इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्तिं परां
स्वं विज्ञानघनस्वभावमभयादास्तिघ्नुवानः परम्।
अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं
ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।। ४८।।

**શ્લોકાર્થઃ- [ इति एवं ] એ રીતે પૂર્વકથિત વિધાનથી, [ सम्प्रति ] હમણાં જ ( તુરત જ ) [ परद्रव्यात् ] પરદ્રવ્યથી [ परां निवृत्तिं विरचय्य ] ઉત્કૃષ્ટ ( સર્વ પ્રકારે ) નિવૃત્તિ કરીને [ विज्ञानघनस्वभावम् परम् स्वं अभयात् आस्तिघ्नुवानः ] વિજ્ઞાનઘનસ્વભાવરૂપ એવા કેવળ પોતાના પર નિર્ભયપણે આરૂઢ થતો અર્થાત્ પોતાનો આશ્રય કરતો ( અથવા પોતાને નિઃશંકપણે આસ્તિકયભાવથી સ્થિર કરતો ), [ अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशात् ] અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલા કલેશથી [ निवृत्तः ] નિવૃત્ત થયેલો, [ स्वयं ज्ञानीभूतः ] પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો, [ जगतः साक्षी ] જગતનો સાક્ષી ( જ્ઞાતાદ્રષ્ટા ), [ पुराणः पुमान् ] પુરાણ પુરુષ ( આત્મા ) [ इतः चकास्ति ] અહીંથી હવે પ્રકાશમાન થાય છે. ૪૮.**

## પ્રવચન નં. ૧૫૯ શ્લોક-૪૮

તા. ૩/૦૧/૭૯

આહાહાહા ! એકેક પદ અને એકેક ગાથા અલૌકિક છે. એ રીતે પૂર્વકથિત વિધાનથી હમણાં જ, તુરત જ પરદ્રવ્યથી ઉત્કૃષ્ટ સર્વ પ્રકારે નિવૃત્તિ કરીને, પરદ્રવ્ય એટલે રાગાદિ. સ્વ-દ્રવ્યરૂપ ભગવાન વિજ્ઞાનઘન, એ પરદ્રવ્ય સ્વરૂપ જે આસ્રવ વિકલ્પાદિ પુણ્ય-પાપના એનાથી ઉત્કૃષ્ટ સર્વ પ્રકારે નિવૃત્તિ કરીને "વિજ્ઞાનઘન સ્વભાવમપરમ મભયાદાસ્તિદનુવાન" વિજ્ઞાનઘન સ્વભાવરૂપ એવા કેવળ પોતાના પર નિર્ભયપણે વિજ્ઞાનઘનમાં પર્યાયને વાળીને ત્યાં સ્થિર થયો છે કહે છે. એ નિર્ભયપણે આરૂઢ થતો, પોતાનો આશ્રય કરતો, જ્ઞાયક સર્વજ્ઞ સ્વભાવી ભગવાન તેનો આશ્રય કરતો પોતાને નિઃશંકપણે આસ્તિકયભાવથી સ્થિર કરતો પૂરણ સત્તાનું અસ્તિત્વ જે પૂરણ છે, તેટલું આસ્તિકત્વમાં આરૂઢ થતો, એવા આસ્તિકયમાં સ્થિર થતો, પૂરું જે અસ્તિત્વ છે, પૂરું જે અસ્તિત્વ જ્ઞાનઘન પૂરણ છે. તેમાં આસ્તિકયભાવથી સ્થિર કરતો એટલે નિઃશંકપણે પોતાનું અસ્તિત્વ એટલું છે તેમ માનીને અંદર સ્થિર થાય છે. આવી વાત છે.

"અજ્ઞાનોત્થિત્ કર્તૃ કર્મકલનાત્ કલેશાત્" અજ્ઞાનથી ઉત્પન્ન થએલી કર્તાકર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલો કલેશ, એનાથી નિવૃત્ત થયેલો. જયચંદ પંડિતે જરીક ભેદથી કથન કર્યું છે. શું ભેદ ? અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ એમ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની

પ્રવૃત્તિ, અને ટીકાકારે અજ્ઞાન સ્વરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ. સમજાણું કાંઈ ? અજ્ઞાન સ્વરૂપ જ કર્તાકર્મની પ્રવૃત્તિ. અજ્ઞાનથી ઉત્પન્ન થઈ એવો ભેદ વ્યવહાર છે અજ્ઞાનથી. અજ્ઞાન સ્વરૂપ જ કર્તાકર્મની પ્રવૃત્તિ છે. આહાહા ! એ રાગનો કણ શુભઆદિ હો, એનું કર્તાકર્મપણું અજ્ઞાનથી છે. અજ્ઞાનથી ઉત્પન્ન થયું છે. અજ્ઞાન સ્વરૂપ જ છે એ. અજ્ઞાનથી ઉત્પન્ન થયું છે એ કરતા અજ્ઞાન સ્વરૂપ એ છે. શું કીધું ઈ ? રાગનો કર્તા અને રાગ એનું કાર્ય એવો ભેદેય નહીં, એ અજ્ઞાનસ્વરૂપ જ કર્તાકર્મની પ્રવૃત્તિ છે. જ્ઞાનસ્વરૂપ જ અકર્તાકર્મની પ્રવૃત્તિ છે. આહાહાહા ! શું કહ્યું ?

"અજ્ઞાનથી ઉત્થિત" એ ભેદ પાડયો જરી. બાકી "અજ્ઞાનસ્વરૂપ કર્તૃકર્મકલનાત કલેશાત્" અજ્ઞાન સ્વરૂપ રાગનું કરવું એ અજ્ઞાન સ્વરૂપ એવો જે કલેશ તેનાથી નિવૃત્ત થયેલો પોતાનો વિજ્ઞાનઘન સ્વભાવ છે તેનો અભાવ અજ્ઞાન સ્વરૂપ થયેલું, એ કર્તાકર્મની પ્રવૃત્તિ રાગ, કર્તા ને કર્મ એ અજ્ઞાન સ્વરૂપ જ છે. અને જ્ઞાન સ્વરૂપ, એનાથી નિવર્તિને ઠરે છે એ જ્ઞાન સ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? આહાહા !

ભગવાન આત્મા ! જ્ઞાયક સ્વભાવ કહો, વિજ્ઞાનઘન કહો, સર્વજ્ઞ સ્વભાવી કહો, તેના અજ્ઞાનથી એટલે મિથ્યાત્વથી અજ્ઞાન સ્વરૂપ ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ, એથી અજ્ઞાન સ્વરૂપ જ કર્તાકર્મની પ્રવૃત્તિ છે. રાગનું કાર્ય મારું શુભ હો દયા દાન વ્રતાદિનો, એનો કર્તા અને એ કાર્ય અજ્ઞાન સ્વરૂપ જ છે અને ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપ થયો થકો તે અજ્ઞાન સ્વરૂપ કર્તાકર્મથી નિવૃર્તે છે. સમજાણું કાંઈ ? આહાહા ! વિજ્ઞાનઘન સ્વભાવ એ વિજ્ઞાનઘનમાં જ્ઞાન સ્વરૂપ થયો થકો કર્તાકર્મના કલેશથી નિવૃર્તે છે અને અજ્ઞાનસ્વરૂપ કર્તાકર્મના કલેશમાં, એમાં પ્રવૃર્તે છે. સમજાણું કાંઈ ?

નિવૃત્ત થયેલો સ્વયં જ્ઞાનીભૂત, પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો એમ. આહાહાહા ! નિવૃત્ત થયો છે પણ પોતે સ્વયં જ્ઞાનસ્વરૂપ થયો થકો, રાગાદિભાવથી અજ્ઞાનસ્વરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિથી નિવૃત્ત થયો છે. નિવૃત્ત થયો છે એટલે પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો એમ. આહાહા ! નિવૃત્ત થયો એ અપેક્ષાથી કથન કર્યું, પણ પોતે જ સ્વયં જ્ઞાનસ્વરૂપ થયો થકો, નિવૃત્ત થયો છે માટે થયો ને ( એમ નહીં ) પણ પોતે સ્વયં જ્ઞાનસ્વરૂપ થયો થકો. સમજાણું કાંઈ ? આહા.....આવું સ્વરૂપ છે. આહાહા !

જે અજ્ઞાન સ્વરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ હતી તેનાથી નિવૃત્ત થયેલો સ્વયં જ્ઞાનસ્વરૂપની પ્રવૃત્તિ થાય છે. સ્વયં જ્ઞાનસ્વરૂપ થયો થકો, સ્વયં જ્ઞાનસ્વરૂપ થયો થકો, પોતાથી કર્તાકર્મપણું જ્ઞાનનું ઉત્પન્ન થયું. આહાહા ! સ્વયં જ્ઞાનીભૂત, પોતે જ જ્ઞાનસ્વરૂપ પર્યાયમાં હોં, આહાહા ! આવું છે. ભાષા તો સાદી પણ વસ્તુ તો એનું વાચ્ય જે છે, જગતનો સાક્ષી થાય છે. આંહીંથી હવે જગતનો સાક્ષીથી વાત લેશે પંચોતેરથી. જ્ઞાનીભૂત જ્ઞાનસ્વરૂપ એમ, થયો થકો અહીંયાથી હવે જગતનો એટલે રાગાદિ ભાવનો સાક્ષી થાય છે. ધર્મી થયો, સમ્યગ્દષ્ટિ થયો, અજ્ઞાન સ્વરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિથી નિવૃત્ત થયો. જ્ઞાન સ્વરૂપ જ્ઞાનીભૂત કીધું છે ને ? જ્ઞાનીભૂતઃ વિજ્ઞાનસ્વરૂપ થયો થકો પર્યાયમાં આનંદ ને જ્ઞાનસ્વરૂપ થયો થકો. અહીંયાથી રાગાદિ ભાવનો સાક્ષી થાય છે. આહાહાહા ! આવી વાત છે.

સાક્ષી જ્ઞાતાદૃષ્ટા છે. જ્ઞાતાદૃષ્ટા થાય છે. રાગ છે, હો પણ જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાતાદૃષ્ટા

થાય છે, સાક્ષી થાય છે. એ રાગ મારાપણે અજ્ઞાનથી માન્યું 'તું તે છૂટતાં પ્રભુ જ્ઞાનસ્વરૂપ થયો થકો સારા-જગતનો રાગથી માંડીને સારી ચીજનો, અરે દેવ-ગુરુ-શાસ્ત્રનો પણ એ સાક્ષી થાય છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

ઝીણી વાત પડે ભાઈ પણ મારગ બીજો છે નહીં. વસ્તુની સ્થિતિ જ મર્યાદા જ આવી છે. ત્યાં બીજી રીતે કઈ રીતે એને હળવું કરવું. પુરાણ પુમાન અનાદિનો ભગવાન. અનાદિનો વિજ્ઞાનઘન પ્રભુ. જાુનો છે એ તો કહે છે. વસ્તુ જાુની છે. અનાદિની છે એ તો, પુરાણ પુરુષ આત્મા, અહીંથી હવે પ્રકાશમાન થાય છે. જાણવા દેખવામાં હવે આવે છે. ચક્રવર્તીનું રાજ્ય હોય સમકિતીને, આહાહા ! છતાં ત્યાં કયાંયથી સાક્ષી થતો નથી.

જ્ઞાનીભૂત થયો થકો એટલે જ્ઞાનસ્વરૂપ પર્યાયમાં થયો થકો, ત્યાંથી હવે સાક્ષી રહે છે, ગમે તેટલા ભાવ હોય ને ગમે તેટલો સંયોગ હો પણ તેનો તે ધર્મી જ્ઞાની સાક્ષી રહે છે. કહો, ચીમનભાઈ ! આવું છે બાપા. આહા ! અહીંથી હવે પ્રકાશમાન થાય છે. ઇતઃ ચકાસ્તિ ઇતઃ- અહીંથી એટલે અજ્ઞાનસ્વરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ અને જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં એકાગ્ર થઈ અને જ્ઞાની થયો, જ્ઞાતાદૃષ્ટાના પરિણામ પ્રગટ કર્યા, ત્યાંથી તે જગતનો સાક્ષી થાય છે. આહાહાહા ! કોઈપણ રાગાદિ કે પરનો એ કર્તા થતો નથી.

**તારી જે સમયે જે પર્યાય થાય તેનો તું કર્તા કેમ થાય છે ?**

જીવને જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય અને જે પર્યાય થાય તેનો તે ઉત્પત્તિનો કાળ છે, તે જન્મક્ષણ છે, તે કાળલબ્ધિ છે. જે પર્યાય થાય તેને વ્યયની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી ને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી, પર્યાયના ષટ્કારકો વડે તે પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. તેથી તારી જે સમયે જે પર્યાય થાય, બાપુ ! તેનો તું કર્તા કેમ થાય છે ? એક પછી એક કમે અને નિશ્ચયથી જે પર્યાય થવાની હોય તે જ થાય, બીજે સમયે જે પર્યાય થવાની હોય તે થાય, એમ અનાદિ અનંત ક્રમસર નિશ્ચિતપણે પર્યાયો થાય છે.

**( આત્મધર્મ, અંક ૭૨૬, વર્ષ-૬૦, પાના નં. ૧૪ )**

## ગાથા - ૭૫

कथमात्मा ज्ञानीभूतो लक्ष्यत इति चेत्-

**कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।**
**ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी।।७५।।**

कर्मणश्च परिणामं नोकर्मणश्च तथैव परिणामम्।
न करोत्येनमात्मा यो जानाति स भवति ज्ञानी।।७५।।

यः खलु मोहरागद्वेषसुखदुःखादिरूपेणान्तरुत्प्लवमानं कर्मणः परिणामं स्पर्शरसगन्धवर्णशब्दबन्धसंस्थानस्थौल्यसौक्ष्म्यादिरूपेण बहिरुत्प्लवमानं नोकर्मणः परिणामं च समस्तमपि परमार्थतः पुद्गलपरिणामपुद्गलयोरेव घटमृत्तिकयोरिव व्याप्यव्यापकभाव सद्भावात्पुद्गलद्रव्येण कर्त्रा स्वतन्त्रव्यापकेन स्वयं व्याप्यमान-त्वात्कर्मत्वेन क्रियमाणं पुद्गलपरिणामात्मनोर्घटकुम्भकारयोरिव व्याप्यव्यापकभावाभावात् कर्तृकर्मत्वासिद्धौ न नाम करोत्यात्मा, किन्तु परमार्थतः पुद्गलपरिणामज्ञान पुद्गलयोर्घटकुम्भकारवद्व्याप्य व्यापकभावाभावात् कर्तृकर्मत्वासिद्धावात्मपरिणामात्मनो-र्घटमृत्तिकयोरिव व्याप्यव्यापकभावसद्भावादात्मद्रव्येण कर्त्रा स्वतन्त्रव्यापकेन स्वयं व्याप्यमानत्वात्पुद्गलपरिणामज्ञानं कर्मत्वेन कुर्वन्तमात्मानं जानाति सोऽत्यन्त-विविक्तज्ञानीभूतो ज्ञानी स्यात्। न चैवं ज्ञातुः पुद्गलपरिणामो व्याप्यः पुद्गलात्मनोर्ज्ञेयज्ञायकसम्बन्धव्यवहारमात्रे सत्यपि पुद्गलपरिणाम-निमित्तकस्य ज्ञानस्यैव ज्ञातुर्व्याप्यत्वात्।

---

હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય ? તેનું ચિહ્ન ( લક્ષણ ) કહો. તેના ઉત્તરરૂપ ગાથા કહે છે:-

**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે,**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

**ગાથાર્થ:-** [ यः ] જે [ आत्मा ] આત્મા [ एनम् ] આ [ कर्मणः परिणामं च ] કર્મના પરિણામને [ तथा एव च ] તેમ જ [ नोकर्मणः परिणामं ] નોકર્મના પરિણામને [ न करोति ] કરતો નથી પરંતુ [ जानाति ] જાણે છે [ सः ] તે [ ज्ञानी ] જ્ઞાની [ भवति ] છે.

**ટીકા:-** નિશ્ચયથી મોહ, રાગદ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ, અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ, સંસ્થાન, સ્થૂલતા, સૂક્ષ્મતા આદિરૂપે બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ, તે બધુંય પુદ્ગલપરિણામ છે. પરમાર્થે, જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો ( વ્યાપ્યવ્યાપકપણાનો ) સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે તેમ પુદ્ગલપરિણામને અને પુદ્ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ

હોવાથી કર્તાકર્મપણું છે. પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા છે અને પુદ્ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી ( વ્યાપ્યરૂપ થતું હોવાથી ) કર્મ છે. તેથી પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ તેને જે આત્મા, પુદ્ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, પરમાર્થે કરતો નથી, પરંતુ ( માત્ર ) પુદ્ગલપરિણામના જ્ઞાનને ( આત્માના ) કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે, તે આત્મા ( કર્મનોકર્મથી ) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે. ( પુદ્ગલપરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે તે સમજાવે છે:- ) પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે અને જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે તેમ આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે અને પુદ્ગલપરિણામનું જ્ઞાન તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી ( વ્યાપ્યરૂપ થતું હોવાથી ) કર્મ છે. વળી આ રીતે ( જ્ઞાતા પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી ) એમ પણ નથી કે પુદ્ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે; કારણ કે પુદ્ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં પણ પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે. ( માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે. )

## પ્રવચન નં. ૧૫૯ ગાથા-૭૫ તા. ૦૩/૦૧/૭૯

હવે પૂછે છે જોયું. શિષ્યની એવી શૈલી લીધી. શિષ્યે એવું સાંભળ્યુ કે આત્મા જ્ઞાનસ્વરૂપ થયો થકો એમ કઇ રીતે ઓળખાય ! જણાય શી રીતે એના લખણ શું ! એના ચિન્હ શું ! એના એંધાણ શું ? એના લક્ષણ, એંધાણ, ચિન્હ શું ! એમ શિષ્યનો પ્રશ્ન છે. એને ઉત્તર દેવામાં આવે છે.

कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।
ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी।। ७५।।
પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે,
તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.

આહાહાહા ! આ ઓલા જ્ઞાનસાગરે ભાઇ એમ લીધું છે એમ કે નિર્વિકલ્પ વીતરાગ સમાધિ હોય ત્યારે જ્ઞાની એનાથી ખસે તો અજ્ઞાની એવું લખ્યું છે એણે. આંહીં તો આંહીંથી છે, પાઠ શું છે ! આંહીંથી બોલે છે ભલે જયચંદ પંડિતે બીજો અર્થ કર્યો છે કે સમકિત દ્રષ્ટિ તે જ્ઞાની પણ આ પાઠ શું કહે છે ? એ એવું કહે છે કે નિર્વિકલ્પ વીતરાગ સમાધિમાં હોય ત્યારે જ્ઞાની એનાથી ખસી ગયો તો પછી એને અજ્ઞાની કહેવાય. પેલું બારમા ગુણસ્થાને અજ્ઞાન લીધું છે

ને પણ એ બીજાું છે. અજ્ઞાન એટલે ઓછું જ્ઞાન છે અને આંહીં અજ્ઞાન તે વિપરીત જ્ઞાન, વિપરીતથી નિવર્ત્યો છે. ચોથે ગુણસ્થાનેથી જગતનો સાક્ષી થાય છે. આહાહાહા !

ટીકાઃ- નિશ્ચયથી મોહ, આઠે કર્મ જડ છે એમ લેવું, સનાવદવાળા કહે છે પ્રેમચંદ છે ને એક-

અહીંયા તો નિશ્ચયથી અંદર જે મોહના પરિણામ થાય ( શ્રોતાઃ- આત્માના પરિણામ ) હા, ઇ ઓલો કહે છે કર્મ લેવા જડ, જડના લેવા. અરે બાપુ કીધું ભાઇ ! ( શ્રોતાઃ- ભાવકર્મ લેવા ) અંદરમાં થતો જે મોહ મિથ્યાત્વ ન લેવું, અહીંયા પર તરફ થતો જે સાવધાનીનો ભાવ લેવો. રાગદ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું અહીં મોહ એટલે મિથ્યાત્વ ન લેવું. પરતરફની જરી સાવધાની થાય છે અસ્થિરતા એનો જ્ઞાની સાક્ષી છે. આહાહાહા !

નિશ્ચયથી મોહ એટલે રાગ, પર તરફના પરિણામ એનો વિસ્તાર કે રાગદ્વેષ, સુખ, દુઃખ આદિ અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ. ઇ કહે છે કે કર્મ એટલે જડના પરિણામ અહીં લેવા, એમ નથી. કર્મનું પરિણામ છે એ પોતે જડ છે ઇ, આહાહાહા ! લોકો કંઇક-કંઇક પોતાની કલ્પનાથી અર્થ કરે ત્યાં વસ્તુસ્થિતિ કાંઇક રહી જાય છે. આહા.... ( શ્રોતાઃ- અહીંયા ભાવકર્મ ને નોકર્મની વાત છે ) ભાવકર્મ પણ એ જડ-જડ લેવો. અહીં અંતરંગ છે ને આવું કર્મનું પરિણામ છે ને અને નોકર્મમાં શરીર આદિ એમ. આહાહાહા !

( શ્રોતાઃ- મારું તો એમ કહેવું છે કે ભાવકર્મ દ્રવ્યકર્મ ને નોકર્મ તો ત્રણમાંથી બેજ કેમ આવ્યા ભાવકર્મ ને નોકર્મ ) એ નોકર્મ પછી આવે છે પણ આવી ગયુંને બધું- આવી ગયું એમાં આવી ગયુ. દ્રવ્યકર્મ, નો કર્મ અને તેનું પરિણામ બધું કર્મમાં જાય છે. એ કર્મનું પરિણામ છે એ જડનું પરિણામ છે એ જડમાં જાય છે. એટલે કર્મેય આવી ગયું ને આયે આવી ગયું. આહાહા ! આહાહાહા !

ભગવાન આત્મા ! એ અહીંયાથી જગતનો સાક્ષી થાય છે, એમ કહેવું છે ને ? તો હવે કર્મ નોકર્મ ને ભાવકર્મ ત્રણેય આવી ગયા એમાં. કર્મ છે અને કર્મના નિમિત્તથી થતા મોહ આદિના પરિણામ છે એ બેયનો એ સાક્ષી છે. આહાહાહા ! ઝીણું છે ભાઈ ! આહાહા ! અંતરંગ મારગ અલૌકિક છે. આહાહા ! એમાં આ સમયસાર ! આહાહા ! આ વાત થઈ'તી ત્યાં સનાવદમાં આવ્યો'તો ત્યાં આને કર્મ લેવું, જડ લેવું એમ કે અજીવ લેવા એકલા પરિણામ જીવના ન લેવા. અહીંયા તો એ જીવના પરિણામ છે એ પણ કર્મના જ પરિણામ છે. જીવના નહીં આત્માના. આત્મા તો જ્ઞાયક સ્વરૂપ છે. એના પરિણામ આ નથી. આહાહાહા ! ૭૫ ગાથા લીધી'તી એને અર્થ કર્યો'તો ત્યાં એ ન્યાં થઇ'તી સનાવદમાં વાત થઇ'તી વાત ! અરે કંઇક, કંઇક લોકો પોતાની કલ્પનાથી સમયસારને પણ ફેરવી નાખે છે કહે છે. આહાહા ! હૈં, આહાહા ! સમયસાર એટલે તો બાપુ શું ચીજ છે. આહાહા !

અહીંયા તો ભગવાન આત્મા અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો અને અજ્ઞાન સ્વરૂપ જે રાગ આદિ છે તેનાથી જ્ઞાનસ્વરૂપ થયો થકો, વસ્તુ તો વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે. પણ જ્ઞાનસ્વરૂપ પર્યાયમાં થયો થકો, એનાથી નિવર્તે છે. અને પોતે સ્વયં જ્ઞાનભૂત જ્ઞાનસ્વરૂપ પર્યાયમાં થાય છે, એમ કહેવું છે. સમજાણું કાંઇ ? આવી વાત છે. આહાહા !

લ્યો વીરચંદભાઈ આવું આફ્રિકામાં મળે એવું નથી ન્યાં કયાંય કાલ કહેતા'તા. ( શ્રોતાઃ-

ભાગ્યશાળીને મળે ) ભાગ્યશાળીને મળે વાત સાચી છે. આહાહા ! ઓલો બારોટ છે ને એ માણસ લઇને આવે ને એ બધાને ભાગ્યશાળી કહે એ. હા એ. વ્યાખ્યાનમાં આજે આવ્યા ત્યારે એ આજેય કંઇક કહે પહેલા આવ્યા ત્યારે કહે ભાગ્યશાળી છે. આ ભાગ્યશાળીએ સંઘ કાઢયો તો ને એમ કહે, એ તો ઠીક કીધું પણ આ વાત આવી ચીજ સાંભળે એ ભાગ્યશાળી છે. ઓલો સંઘ કાઢે ને પાંચ પચાસ હજાર લાખ બે લાખ ખર્ચે ને અને બારોટને કંઇક આપે એ લોકો ( તો ) કહે છે ભાગ્યશાળી છે. આહાહા !

ભગવાનની ધારા સર્વજ્ઞ પરમાત્માએ કહેલું તત્વ છે આ ભાઈ. એ કર્મનું પરિણામ છે. એ ભાવકર્મ અને દ્રવ્યકર્મ બેય આવી ગયા એમાં અને સ્પર્શ, રસ, ગંધ, રંગ, શબ્દ, બંધ શબ્દ જોયું શબ્દ આવ્યો. બંધ જડ, સંસ્થાન, સ્થૂળતા ને સૂક્ષ્મતા આદિ રૂપે બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ તે બધુંય પુદ્‌ગલપરિણામ છે. આંહીં વાંધો, વિકાર છે એ બધાય પુદ્‌ગલપરિણામ છે એમ કહેવું છે. આહાહા !

ભગવાન વિજ્ઞાનઘનના આ પરિણામ કયાં છે ? એ અજ્ઞાનપણે માન્યુ હતું ત્યાં સુધી એના હતા. માન્યા 'તા એ છતાં એ માન્યતા એ પણ કાંઇ સ્વરૂપમાં નથી. એ તો માન્યતા ઉભી કરી 'તી. આહાહાહા ! એ અજ્ઞાનપણાનું સ્વરૂપ વિજ્ઞાનઘન ભગવાનમાં જ્ઞાન સ્વભાવને પકડયો અનાદિથી રાગને પકડયો 'તો. તેથી ભગવાન જ્ઞાનસ્વભાવ રહી ગયો 'તો એ જ્ઞાનસ્વભાવને પકડયો અને રાગ સ્વભાવને છોડી દીધો. આહાહાહા ! આવો મારગ છે બાપા. આ વાદવિવાદે કાંઇ પાર આવે એવું નથી.

અગિયારમી ગાથામાં કહ્યું છે ને પેલું. જિનવાણીમાં પણ નિમિત્તને આ હસ્તાવલંબ જાણીને ઘણું કહ્યું છે બધું, પણ એનું ફળ સંસાર છે. આ વાત છે ને જિનવાણીમાં હસ્તાવલંબ જાણીને, પરદ્રવ્ય જાણી કરવા ને વ્રત પાળવા ને અતિચાર પાળવા ને એવી વાતો આવે ને બધી, આમ હાલવું ને, જોઇને હાલવું ને વિચારીને બોલવું એવા કથનો જિનવાણીમાં આવે, પણ એનું ફળ સંસાર છે. આહાહાહા ! તે બધુંય પુદ્‌ગલ પરિણામ છે. એ દયા, દાન, વ્રત પરિણામ આદિ આવે પણ એ બધા પુદ્‌ગલ પરિણામ છે. આહાહાહા !

આંહીં તો કર્તા-કર્મની પ્રવૃત્તિનો નિષેધ કરવો છે ને અજ્ઞાનપણાનો કે એ રાગ મારું કાર્ય છે અને હું એનો કર્તા છું એ તો અજ્ઞાનભાવ છે. સ્વરૂપ છે જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાન એ શું કરે ? એ તો જાણવા દેખવાનું કરે એ અભેદથી કથન છે. રાગને કરે એ આત્મા નહીં, કર્મને કરે એ ચૈતન્ય કયાં રહ્યો રાગ તો અજીવ છે જીવ નથી. આહાહા ! પણ માણસને આકરું પડે ને ?

પરમાર્થે, જેમ ઘડાને અને માટીને, જોયું ? ઘડાને અને માટીને જ, વ્યાપ્યવ્યાપક ભાવનો સદ્‌ભાવ હોવાથી, માટી વ્યાપક છે અને ઘડો તેનું વ્યાપ્ય છે. માટી કર્તા છે, ઘડો તેનું કાર્ય છે. આવું રે ! આહાહાહા ! કુંભારનું કાર્ય નથી ઘડાને અને માટીને વ્યાપ્ય ઘડો છે ને એ વ્યાપ્ય છે માટી તે વ્યાપક છે. વ્યાપ્ય-વ્યાપક ભાવનો, વ્યાપ્ય-વ્યાપકપણાનો સદ્‌ભાવ હોવાથી માટી તે કર્તા છે. ઘડો તે તેનું કાર્ય છે. વ્યાપક માટી તે કર્તા છે અને ઘડો તેનું કાર્ય છે. અત્યારે એટલું સિદ્ધ કરવું છે ને ? નહીંતર તો ઘડાની પર્યાય ષટકારકરૂપે પરિણમે છે. આકરી વાત બાપા.

પણ અહીં સમજાવવું છે એને તો પરથી ભિન્ન પાડીને એટલે આ રીતે કહ્યું છે બાકી માટી

છે એ ઘડાની પર્યાયને કરે, એ પર્યાયને પ્રવચનસારનું ભાઈ લીધું છે ને અશુદ્ધનય માટીનું- માટીને શુદ્ધનય માટીને જેટલી પર્યાયો થાય તે અશુદ્ધ કહેવામાં આવે, વ્યવહારનય થયો ને એ તો. આહાહાહાહા ! એમ દ્રવ્ય છે એ આટલી વસ્તુ તે શુદ્ધ તેના પર્યાયના ભેદો પાડવા તે અશુદ્ધ છે. હવે નિર્મળ પર્યાયના ભેદ પાડો વ્યવહાર છે ને, એ વ્યવહાર છે ને મેચક, મેચક કહ્યું છે ને સોળમી ગાથા, મેચક મેલ એટલે કંઇ રાગ છે એને એમ, એમ કહ્યું 'તું પણ એ ભેદ છે એ જ મેચક મેલ છે ભેદ કહે છે એમ કથન કરવાનો વ્યવહાર છે, આવે છે ને અર્થમાં કળશ ટીકામાં આવે છે. પરમાર્થે વ્યવહારે ભલે ઘડો કહે. કર્તા કુંભાર ને ઘડો કાર્ય કહેવામાં આવે પણ એ કાંઇ વસ્તુ નથી. આહાહા !

પરમાર્થે જેમ ઘડા ને માટીને જ, ઘડાને માટીને જ, એ માટી વ્યાપક છે ઘડો તેનું વ્યાપ્ય, કાર્ય છે. માટી કર્તા છે અને ઘડો તેનું કાર્ય છે. આંહીં એટલું પરથી ભિન્ન પાડવું છે ને એટલું ? આહા ! ઓહોહોહો ! ગંભીરતા સમયસારના એક-એક શ્લોક એક-એક ટીકા એય આ બાપુ કંઇક. આહાહા ! ( શ્રોતાઃ- પરમાર્થે એમ કેમ કહ્યું ) હૈ. કીધું ને ઓલો વ્યવહારે કહેવાય છે. એ માટી એ ખોટું એમ કીધું ને કહી દીધું વાત આવી ગઇને વ્યવહારે કહેવાય. જ્યાં ઘડો કાર્ય ને કુંભાર કર્તા એ નહીં એ તો કથનમાત્ર છે આ તો પરમાર્થ છે, ( શ્રોતાઃ- માટીએ કર્યો ) હા. એ સાચી વાત કે માટીએ ઘડો કર્યો એ સત્ય છે. ઘડો કુંભારે કર્યો એ વાત અસત્ય છે. આહાહાહા !

આ રોટલી લોટે કરી એ બરાબર છે પણ રોટલી સ્ત્રીએ કરી, તાવડીએ કરી અગ્નિએ કરી એ અસત્ય છે. આ શરીરના પરિણામ જે આમ થાય છે એ શરીર એ પરમાણુંએ કર્યા, એ કર્તાકર્મ ખરું પણ એ પરિણામ જીવે કર્યા એવું વ્યવહારે કહેવામાં આવે એ કથન જૂઠું છે. આહાહાહાહા ! ભાષાની પર્યાય જીવ બોલે છે એમ કહેવું એ તો કથનમાત્ર છે, પણ ભાષાની પર્યાય એનું કાર્ય તે ભાષાની વર્ગણા તે એનો કર્તા છે એ ભાષાની પર્યાય તેનું કાર્ય એ પરમાર્થ છે. આહાહા..... ! મેં ટીકા કરી નથી હોં અમૃતચંદ્રાચાર્ય ! મેં ટીકા કરી નથી હો. હું તો સાક્ષી છું. હું તો જ્ઞાનસ્વરૂપમાં ગુપ્ત છું, આવે છે ને ત્યાં. પ્રભુ ગુપ્ત છે તે ટીકા કરવામાં ક્યાં જાય. આહાહાહા !

( શ્રોતાઃ- જીવ એમાં વ્યાપે તો કરી શકે ) હૈં ? વ્યાપે પણ, વ્યાપે જ નહીં ને પછી કરે શી રીતે ? વ્યાપક તો દ્રવ્ય છે ને વ્યાપ્ય તો એની પર્યાય કાર્ય છે. એનાં વ્યાપકમાં બીજો વ્યાપક આવે ક્યાંથી ન્યાં. આહાહાહા ! પરમાર્થે જેમ ઘડાને અને માટીને, દ્રષ્ટાંતેય કેવું આપ્યું છે. હૈં ? એ અમૃતચંદ્રાચાર્યે આપ્યું છે, આમ તો "कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी" પણ એ ન કરે એ એમાં દૃષ્ટાંત કહીને સિદ્ધ કર્યું. તેમ ઘડાને અને માટીને જ, માટીને જ, ઘટમૃતિકા યો ઇવ છે ને ? घटमृत्तिकयोरिव व्याप्यव्यापकभाव सद्भावात्पुद्गलद्रव्येण कर्त्रा स्वतन्त्रव्यापकेन स्वयं હવે, એ કહે છે. તેમ પુદ્‌ગલ પરિણામને, ઓલું કર્મનું પરિણામ આદિ બધું કહ્યું 'તું ને પુદ્‌ગલ પરિણામ રાગઆદિને પુદ્‌ગલના પરિણામ, શરીરને પુદ્‌ગલના પરિણામ તેમ પુદ્‌ગલપરિણામને અને પુદ્‌ગલને વ્યાપ્ય વ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. આહાહાહા !

એ રાગ પુદ્‌ગલપરિણામ અને એનો પુદ્‌ગલકર્તા છે. ત્યારે એ નાખે કે-જુઓ ઉપાદાન

આત્માથી થાય છે નિમિત્તથી થતું નથી એ તમારું ખોટું પડે છે કહે છે, એ બીજી વાત છે બાપુ. એ વાત તો એવી છે એ વાત તો સિદ્ધ રાખીને છે. જે સમયે જે પરિણામ જે દ્રવ્યના થાય તે સમયે તે ષટકારકરૂપે પરિણમીને થાય. એ વાત સિદ્ધ રાખીને હવે ભિન્ન પાડવાની વાત છે. કે સ્વભાવની દૃષ્ટિ બતાવવી છે ને અહીંયા તો. ઓલી વાત તો કહી કે છ એ દ્રવ્યનો જ્ઞેય છે તે દર્શનનો અધિકાર છે પ્રવચનસાર. છતાં તે તે જ્ઞેયના તે સમયના તે સમયના તે જ પરિણામ ક્રમબદ્ધમાં થવાના તે થાય. ભલે નિમિત્ત હો પણ તે તે સમયના તે પરિણામ થાય તે વાતને રાખીને હવે અહીંયા એને પુદ્‌ગલ કર્તા ને રાગ આદિ પરિણામ તેનું કાર્ય બતાવવું છે. આંહી સ્વભાવની દૃષ્ટિ સિદ્ધ કરવી છે. આહાહાહા ! ત્યાં તો જ્ઞેયપણું જગતના પદાર્થો આવા છે એમ સિદ્ધ કર્યા છે. હૈં ! આહાહા !

હવે એ પદાર્થમાં પણ વાસ્તવિક સ્વરૂપ એનું જે છે ચૈતન્યનું એ વિજ્ઞાનધન છે. એ વિજ્ઞાનધન વ્યાપક ને વિજ્ઞાનધનની પર્યાય તેનું વ્યાપ્ય કાર્ય ખરું પણ રાગદ્વેષના પરિણામ, દયા–દાનના પરિણામ, અરે ભગવાનની ભક્તિના, સ્તુતિના પરિણામ તે પુદ્‌ગલ પરિણામને અને પુદ્‌ગલને જ વ્યાપ્ય–વ્યાપકનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. એ પુદ્‌ગલપરિણામ જે રાગ ભક્તિ ભગવાનની સ્તુતિનો રાગ એ પુદ્‌ગલ પરિણામનો પુદ્‌ગલ કર્તા છે. પુદ્‌ગલ વ્યાપક થઇને એ વ્યાપ્ય થયું છે. આહાહાહાહા ! હૈં ! ( પુદ્‌ગલ યાને દ્રવ્યકર્મ ) દ્રવ્ય કર્મ જડ. આહાહા ! આ શરીરનું નોકર્મ એ બેય, બેય છે ને આંહીં તો બેયને પુદ્‌ગલ પરિણામ કીધાં છે ને ? આહાહા !

( શ્રોતાઃ– એ વિકાર બધાંય પુદ્‌ગલ પરિણામ જ છે ) એ વિકાર પુદ્‌ગલ જ છે. અજીવ પુદ્‌ગલના પરિણામ અહીંયા તો ગણ્યા પણ આગળ પુદ્‌ગલ કહેશે. આમાં ને આમાં કહેશે આગળ. આહા ! સમજાણું ? આ કહેશે જુઓ જ્ઞાન ને પુદ્‌ગલને ઘટ–કુંભારની જેમ એને પુદ્‌ગલ કહી દીધા. આંહીં પરિણામ લીધા છે ત્યાં પછી એને પુદ્‌ગલ કહેશે. આહાહાહા !

પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી ત્યાં રાગનો કર્તા જ્યાં કીધો ૬૨ ગાથા, પંચાસ્તિકાય. ત્યાં તો અસ્તિકાય સિદ્ધ કરવું છે ને ? તો કહે છે કે રાગના પરિણામ ને દ્વેષના પરિણામ વિકારી પરિણામ એ સ્વતંત્ર ષટ્‌કારકથી જીવની પર્યાયમાં થાય છે. કર્મય કર્તા નહીં ને એનો દ્રવ્યગુણેય કર્તા નહીં. આહાહાહા ! એ ચર્ચા થઇ'તી ને તે દિ' વરણીજી હારે તેરની સાલ, બાવીસ વર્ષ થયા. આહાહા ! આકરું કામ એ વિકારી પરિણામ તેનો કર્તા કર્મેય નહીં ને તેનો કર્તા દ્રવ્ય–ગુણેય નહીં. આંહીં કહે છે કે વિકારી પરિણામનો કર્તા પુદ્‌ગલ. એ સ્વભાવની દૃષ્ટિ અહીંયા બતાવવી છે. પરનું કર્તાકર્મપણું વિકારનું છૂટીને જ્ઞાન થયું એ સ્વરૂપ જે છે તે વિજ્ઞાનધન છે. એનું જ્ઞાન થયું ત્યાં એના પરિણામ વિકારી એનું કાર્ય એ છે નહીં, એથી વિકારી પરિણામનું કર્તાપણું પુદ્‌ગલનું નાખી અને એ પુદ્‌ગલનું કાર્ય છે સ્વતંત્રપણે પુદ્‌ગલ કરે છે એમ કહે છે. આહાહા !

કર્તા એને કહીએ કે સ્વતંત્રપણે કરે, ત્યારે રાગ જે દયા દાનનો થાય વ્રતનો ભક્તિ ભગવાનની સ્તુતિનો, એય ! એ રાગ પુદ્‌ગલ સ્વતંત્ર થઇને રાગના પરિણામને કરે છે. આહાહાહા ! ( શ્રોતાઃ– જીવ નથી કરતો એમ બતાવવું છે ) જીવ, કાંઇ જીવ સ્વભાવ નથી. એમ બતાવવું છે. આહાહા ! આવી વાત આકરી પડે માણસને, લોકોએ એય પછી વાદ–વિવાદ, ઝઘડા ઉભા કરે. બાપુ જેમ છે એમ છે ભાઈ, આહાહાહા !

આંહીં તો ભગવાનની સ્તુતિ છે તે રાગ છે અને રાગ તે પુદ્ગલ વ્યાપક થઇને, સ્વતંત્રપણે થઇને રાગને કરે છે. રાગ કરે છે. આહા ! કહો ચેતનજી આવું છે. ન્યાલ કરી નાખે એવું છે. શું કીધું ? પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી શરીરના પુદ્ગલોને કર્મના કર્મ બેય પુદ્ગલ સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલ પરિણામનો કર્તા છે. એટલે કે કર્મ સ્વતંત્ર પોતે રાગનો કર્તા છે. શરીરની પર્યાયનો પરમાણું સ્વતંત્ર પર્યાયનો કર્તા છે. આ તો ધીરા થઇને વિચારે બેસે તો બેસે એવું છે. બાપા આ કોઇ વિદ્વતાની ચીજ નથી આ. આહાહા !

એ પુદ્ગલપરિણામ સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલ, પુદ્ગલ પરિણામનો કર્તા છે, એટલે કે દયા, દાન, વ્રતના પરિણામનો પુદ્ગલ સ્વતંત્ર થઇને તે પરિણામને કરે છે. પરમાર્થે અસ્તિનું તત્ત્વ છે ને એ, આહાહાહાહા ! ( શ્રોતાઃ- અશુદ્ધ નિશ્ચયનય ) અશુદ્ધ નિશ્ચયનય છે પણ એ એનો વ્યવહાર છે. તેથી વ્યવહારનો કર્તા કર્મ છે, પરમાર્થે આત્મા નહીં. આહાહા !

આંહીં તો જગતનો સાક્ષી સિદ્ધ કરવો છે ને હવે તો, હૈં ! જ્ઞાતાદ્રષ્ટા છે એ એના રાગના પરિણામનો એ કર્તા નથી ત્યારે એ પુદ્ગલ સ્વતંત્ર થઇને દ્રવ્ય પોતે સ્વતંત્ર થઇને રાગને કરે એવું નથી. દ્રવ્ય સ્વતંત્ર થઇને તો નિર્મળ પરિણામને કરે એટલો ભેદ કહેવાય, એ વ્યવહાર. બાકી દ્રવ્ય પરિણામને નિર્મળને કરે એય કયાં છે ? પર્યાય પર્યાયને કરે. ગજબ વાતું છે બાપા. આહાહા ! સ્વતંત્ર વ્યાપક હોવાથી કર્તા અને પુદ્ગલ-પરિણામ તે વ્યાપક વડે, એ પુદ્ગલકર્મ નામ વ્યાપક વડે રાગ ને દયા, દાનના ભક્તિના સ્તુતિના પ્રભુના પરિણામ, એ પરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી એ કર્મનું વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી વ્યાપ્યરૂપ થતું હોવાથી કર્મ છે. આહાહા..... ! વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૧૬૦ ગાથા-૭૫ તા. ૦૪/૦૧/૭૯ ગુરુવાર પોષ સુદ-૬

અહીંથી પુદ્ગલ દ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી, છે ને શું કહે છે, કર્મ અને નોકર્મ જે પુદ્ગલ છે એ સ્વતંત્રપણે વ્યાપક કર્તા હોવાથી, સ્વતંત્રપણે વ્યાપક એટલે કર્તા હોવાથી પુદ્ગલ પરિણામનો કર્તા છે. એ રાગઆદિનો કર્તા પુદ્ગલ છે. આહાહા !

અહીંયા તો એ સિદ્ધ કરવું છે કે નહીંતર તો રાગાદિ છે એ આત્માની પર્યાયમાં આત્માની પર્યાયથી ષટ્કારકના પરિણમનથી થાય છે. એ તો એની પર્યાયનું સિદ્ધ કરવું હોય ત્યારે અને એના ક્ષણે એ થવાનું છે એમ જ્યારે સિદ્ધ કરવું છે ત્યારે, પણ તે વિકાર એના ક્ષણે આત્માની પર્યાયમાં આત્મામાં થાય છે એટલું સિદ્ધ કરીને હવે, આત્મા જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ છે એ વિતરાગ સ્વરૂપ છે, એ વિતરાગસ્વરૂપનું વ્યાપકપણું થઇને વ્યાપ્ય એ રાગ એ એનું કાર્ય ન હોય, સમજાણું કાંઇ ! એ બે વાત કીધી એ રાખીને વાત છે.

પણ અહીંયા હવે આત્મા વીતરાગ સ્વરૂપ છે જિન સ્વરૂપ છે એટલે જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ સ્વરૂપ છે તેનું વ્યાપક એટલે પ્રસરીને વ્યાપ્ય જે થાય એ વિકાર ન થાય. એ જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ એ કર્તા થઇને અથવા વ્યાપક થઇને કાર્ય થાય એ જાણવા દેખવાના અને આનંદના પરિણામ એના કાર્ય થાય. સમજાણું કાંઇ ! આહાહા ! આવી વાત છે. એથી અહીંયા કહે છે કે વિકારી

પરિણામ જે થાય અને શરીરની આ પર્યાય થાય એ પુદ્‌ગલ પરિણામને પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્‌ગલ પરિણામનો કર્તા છે. કર્તા સ્વતંત્રપણે કરે છે એમ કહે છે. કર્મ પોતે સ્વતંત્ર થઇને વિકારના પરિણામનો કર્તા થાય છે. આહાહા !

અહીંયા સ્વભાવ એનો જે આત્માનો એ તો જિનસ્વરૂપી વીતરાગ સ્વરૂપી પ્રભુ છે. વીતરાગ–સ્વરૂપી પ્રભુના તો પરિણામ વીતરાગી થાય. આહાહા ! એમ સ્વભાવની દ્રષ્ટિ રાખીને જે સ્વભાવ વીતરાગપણે પરિણમે એ સ્વભાવ રાગપણે ન પરિણમે એમ સિદ્ધ કરવું છે. આહાહા ! તેથી તે પર્યાયદ્રષ્ટિમાં જે રાગાદિ થાય છે, એ સ્વતંત્રપણે પુદ્‌ગલના નિમિત્તના સંબંધે થાય છે માટે તે પુદ્‌ગલકર્મ તે કર્તા વ્યાપક અને વિકારી પરિણામ તેનું કાર્ય એટલે વ્યાપ્ય. આવું છે.

કેટલા પ્રકાર ! અપેક્ષા ન સમજાય અને ઉપાદાનની જ્યાં વાત આવે તો આત્મા અશુદ્ધ ઉપાદાનપણે એટલે વ્યવહારપણે પર્યાયપણે વિકારપણે પરિણમે છે પોતે, કર્મ તો નિમિત્ત માત્ર છે, કર્મને તો એ વિકાર થતાં કર્મને તો એ વિકાર અડતોય નથી તેમ કર્મનો ઉદય જે છે એ રાગને અડતોય નથી. આહાહા ! ત્યારે તે રાગના પરિણામ એની પર્યાયમાં સ્વતંત્ર ષટ્કારકના પરિણમનથી થાય એમ એની પર્યાય એનાથી છે એમ સિદ્ધ કરવું છે. પણ અહીંયા તો સ્વભાવ એનો એ નથી. આહાહા ! સ્વભાવ જે આત્મા છે એ તો જિનસ્વરૂપી વીતરાગસ્વરૂપી. જિનસ્વરૂપી પ્રભુ તેના પરિણામ સમ્યગ્દર્શનના પણ વીતરાગી પર્યાય થાય કોઈ કહે છે ને કે સમ્યગ્દર્શન સરાગી હોય એ વસ્તુ બીજી અપેક્ષાએ.

વીતરાગ જિનસ્વરૂપી પ્રભુ વીતરાગ સ્વરૂપીની પર્યાય વીતરાગ થાય તો સમ્યગ્દર્શન પણ વીતરાગી પર્યાય છે અને આગળ જતાં ચારિત્ર થાય એ પણ વીતરાગી પર્યાય છે. આહાહા ! એ વીતરાગ સ્વભાવનું કાર્ય વીતરાગસ્વભાવ વ્યાપક અને વ્યાપ્ય અવિકારી પર્યાય એટલો ભેદ પાડીને કથન કરવું એ પણ ઉપચારથી છે. આહાહાહા ! એ અવિકારી પરિણામ તેનો કર્તા ને કર્મ પરિણામમાં છે પણ આત્મા એનો વ્યાપક એટલે એ પ્રસરીને થાય છે એ પણ એક ભેદનયનું કથન છે. વિકારી પરિણામનો કર્તા આત્મા ને વિકારી પરિણામ કાર્ય એ પણ ઉપચારથી કથન છે. આહાહાહા ! એમ દ્રવ્યકર્મનો પરનો કર્તા તો ઉપચારથી પણ નથી. તેમ કર્મ અને શરીર કે આત્માના વિકારી પરિણામનો ઉપચારથી પણ કર્તા નથી. આહાહા ! પણ અહીંયા સ્વભાવની દ્રષ્ટિથી કથન કરવું છે, તો ભગવાન આત્માના અનંત ગુણો છે, એમાં કોઈ ગુણ વિકારપણે પરિણમે એવો કોઇ ગુણ નથી. તેથી એ સ્વભાવી વસ્તુ સ્વભાવના પરિણામપણે પરિણમે અને એનું એ કાર્ય વ્યાપ્ય છે એમ કહેવાય. પણ વિકારી પરિણામનું કાર્ય આત્માનું છે સ્વભાવ દ્રષ્ટિએ એમ નહીં. આહાહાહા ! હવે આટલી બધી અપેક્ષાઓ રાખીને સમજવું...

અહીં પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક એટલે કર્તા થઇને સ્વતંત્ર એ કર્તા છે કર્મ સ્વતંત્રપણે કર્તા થઇને પુદ્‌ગલ પરિણામનો એટલે કે રાગદ્વેષ, પુણ્ય–પાપના ભાવનો કર્તા છે આ દ્રષ્ટિએ. આહાહા ! સમજાણું કાંઇ ! અને પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે તે રાગ ને દ્વેષ ને પુણ્ય–પાપના ભાવ એ પુદ્‌ગલ પરિણામને તે વ્યાપક વડે એટલે કર્મના વ્યાપક વડે સ્વયં વ્યપાતું સ્વયં થતું સ્વયં કાર્ય થતું હોવાથી તે–તે પુદ્‌ગલ પરિણામનું પુદ્‌ગલપરિણામ તે પુદ્‌ગલનું કાર્ય છે.

આહાહા ! ( શ્રોતાઃ- વિકાર તે પુદ્‌ગલનું કાર્ય ) આવી વાત છે. કઈ અપેક્ષાએ કથન છે, એ જાણે નહીં એક જ પકડે કે બસ કર્મથી વિકાર થાય કર્મથી વિકાર થાય ભાઇ પરદ્રવ્યથી થાય એ ત્રણ કાળમાં ન હોય, પર્યાય તો સ્વતંત્ર તે સમયની પોતાથી થાય છે પણ તે ગુણ ને સ્વભાવ નથી તેથી ગુણ અને સ્વભાવની જ્યાં દ્રષ્ટિ થઇ ત્યારે તે વિકારના પરિણામનું કાર્ય તે સ્વભાવ નથી. ત્યારે તેનું કાર્ય પણ કર્તાકર્મ છે એમ કહીને ભિન્ન જાુદુ પાડી દીધું પરથી એને જુદો પાડી દીધો. જ્ઞાતા છે ને પરિણમન તરીકે ભલે કર્તા કહો પણ કર્તાપણે કરવા લાયક છે એવી બુદ્ધિપણે કર્તા નથી. આહાહા ! કેટલી અપેક્ષા.

૪૭ નયમાં એમ કહ્યું કે પરિણમનની અપેક્ષાએ તો જ્ઞાની કર્તા છે એનો અધિષ્ઠાતા છે. કઇ અપેક્ષાએ ? આ પ્રવચનસાર નય અધિકાર, એ જ્ઞાન-પરિણમન એનું છે એટલું બતાવવા કર્તા તે પરિણમે તે કર્તા છે એમ કહ્યું પણ અહીંયા તો સ્વભાવની દ્રષ્ટિમાં પરિણમન એ સ્વભાવનું હોય છે એનું પરિણમન વિકૃત છે એ કર્મનું કાર્ય છે એમ કહીને એને સ્વભાવના પરિણમનથી જુદું પાડી દીધું. કહો દેવીલાલજી ! આવું હવે આટલુ બધું યાદ રાખવું.

ઓલી વાત ભાઇએ કીધી ઓલા છોકરાઓની વાત છે ને, એ કહે ધામણવાળાને એને ખબર છે બધાને અને માનતા નથી કહે છે, એવું લાગે છે એ લોકો કહે છે પણ એ લોકો માનતા નથી. ભાઇ કહેતા'તા હિંમતભાઈ કહે છે ધામણવાળા તે નહીં, આ વસ્તુને કાંઇ મેળ ખાવો જોઇએ ને એમનેમ કહે કથન પદ્ધતિનો અર્થ શું ? અહીંયા તો ભગવાન એમ કહે શુદ્ધ નિશ્ચયસ્વભાવની દ્રષ્ટિએ કે જે ભગવાન આત્માનો સ્વભાવ તો વીતરાગ છે ને, અકષાય સ્વભાવ છે ને, શુદ્ધસ્વભાવ દરેક ગુણ શુદ્ધ છે ને, એ શુદ્ધ વ્યાપક થઇને વિકારી પર્યાય વ્યાપ્ય થાય એ છે નહીં. એટલું સિદ્ધ કરવા એ વિકારી પરિણામનું વ્યાપક કર્મ છે અને વિકારી પરિણામ તેનું વ્યાપ્ય નામ કાર્ય છે. આવું છે હવે કયાં હજી તો એને પુદ્‌ગલ કહી દેશે પુદ્‌ગલપરિણામને પુદ્‌ગલ કહેશે ચૈતન્યના નહીં. પુદ્‌ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયક છેલ્લું છે એ પુદ્‌ગલ જ છે કહે છે, જીવ દ્રવ્ય નહીં. આહાહાહા !

ભગવાનની ભક્તિ અને સ્તુતિનો રાગ છે એનો કર્તા કહે છે કે કર્મ છે એમ અહીંયા કહે છે. આહાહા ! હૈં ! ( શ્રોતાઃ- એનો કર્તા જ્ઞાની કેમ હોઇ શકે ? ) જ્ઞાનસ્વરૂપમાં કયાં પણ વિકારનું પરિણમવું થાતું હશે. એના અનંતાઅનંતા ગુણો છે કોઇ ગુણ વિકારપણે પરિણમે એવો કોઇ ગુણ નથી એટલે પર્યાયમાં થાય છે માટે પરના લક્ષે થયેલું તેથી તે વ્યાપક અને તે તેનું વ્યાપ્ય. આહાહાહા ! ભગવાન આત્મા નિર્મળ અનંતગુણ વ્યાપક એટલે કર્તા અને વિકારી પર્યાય વ્યાપ્ય એટલે કાર્ય એ બંધ બેસતું નથી. કહો ચેતનજી ! આવી બધી અપેક્ષાઓ અને આ બધું ( શ્રોતાઃ- ગુરુગમથી જણાયું એવું છે ) ગંભીર વસ્તુ વાત સાચી છે. આહાહા !

સ્વયં વ્યપાતું એટલે સ્વયં થતું સ્વયં કાર્ય થતું કર્મને લઇને પુણ્ય-પાપના ભાવ ભક્તિઆદિના ભાવ, ભગવાનની સ્તુતિ આદિના ભાવ એ કર્મ વ્યાપક થઇને વ્યપાતું એટલે થતું કાર્ય હોવાથી તે પુદ્‌ગલનું કાર્ય છે. કહો ચીમનભાઇ ! આવી ગંભીર વસ્તુ છે બાપુ. આહાહાહા !

તેથી પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઇને જોયું ? પુદ્‌ગલકર્મ વડે કર્તા થઇને એ કર્મપણે કરવામાં

આવતું જે સમસ્ત કર્મ અને નોકર્મરૂપ પુદ્ગલ પરિણામ જોયું એ કર્મના પરિણામ અને નોકર્મના પરિણામ શરીરાદિના ભાષા આદિના પુદ્ગલ પરિણામ તેને જે આત્મા પુદ્ગલ પરિણામને અને આત્માને ઘટ-કુંભારની જેમ. આહાહાહા ! દાખલો જુઓ પુદ્ગલ પરિણામને અને આત્માને તે રાગના અને દ્વેષના પરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ કુંભાર વ્યાપક અને ઘટ એનું વ્યાપ્ય નથી. આહાહાહાહા ! હવે આ ઘડો નથી કરાતો કહે છે કુંભારથી નથી થતો માટીથી થાય છે બાપુ. પરદ્રવ્યને શું સંબંધ છે. પરદ્રવ્ય નિમિત્તમાત્ર હો પણ એથી કરીને કાર્ય એનું એ કેમ કરે !

ઘટ અને કુંભારની જેમ એટલે રાગ-દ્વેષના પરિણામ અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્ય-વ્યાપકભાવના અભાવને લીધે, કેટલી ટીકા ઓહોહોહો..... ગંભીર શું કહ્યું કે દયા, દાન, વ્રત આદિના કે ભગવાનની સ્તુતિના જે પરિણામ છે તે પરિણામને અને આત્માને તે પરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ ઘટ વ્યાપ્ય અને કુંભાર વ્યાપક એમ નથી. તેથી તે પરિણામ વ્યાપ્ય ને આત્મા વ્યાપક તેમ નથી. ઘટ કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે. કુંભાર વ્યાપક થઇને પ્રસરીને ઘટનું કાર્ય કરે એવો અભાવ છે એમ આત્મા વ્યાપક થઇને પ્રસરીને વિકારના પરિણામ કરે એમ એનો અભાવ છે. બહુ આવી વાતું છે. ( શ્રોતાઃ- જ્ઞાનીની વાત છે ) સ્વભાવની વાત કીધી છે. વસ્તુ-સ્વભાવ છે ને તેની દ્રષ્ટિ થઇ છે સ્વભાવ છે એની દ્રષ્ટિ થઇ છે એ સ્વભાવનું પરિણમન તો વિકારી પરિણમન ન હોય એ અહીંયા વાત લેવી છે. આગળ તો લેશે હજુ મિથ્યાત્વ અને અવ્રત ને પ્રમાદ પરિણામ જીવના છે અને એક જડના છે બેય જુદા છે એમ આવશે ૮૭ ગાથા.

પણ અહીંયા તો વસ્તુનો સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન રાગના પરિણામથી ભિન્ન પ્રભુનો સ્વભાવ એવું જ્યાં અંતરજ્ઞાન થયું તે જ્ઞાનીને રાગ તેનું વ્યાપ્ય અને આત્મા તેનો વ્યાપક નથી. કોની પેઠે ઘટ અને કુંભારની પેઠે. કુંભાર વ્યાપક અને ઘટ એનું વ્યાપ્ય કાર્ય નથી, તેમ આત્મા વ્યાપક સ્વભાવ અને વિકારી પરિણામ વ્યાપ્ય ઘટ કુંભારની જેમ નથી. આહાહાહા ! કેટલું યાદ રાખવું. એ મહાપ્રભુ છે ચૈતન્યસ્વભાવ જેનો છે. પર્યાયનો અંશ છે વિકૃત એ વસ્તુ જુદી ભિન્ન કરી નાખી. ભગવાન આત્મા ઘટ અને કુંભારની જેમ એટલે કુંભાર કર્તા અને ઘટ કર્મ, કુંભાર વ્યાપક અને ઘટ વ્યાપ્ય નથી તેમ આત્મા વ્યાપક અને વિકારી પરિણામ વ્યાપ્ય એમ નથી. આહાહાહા ! આવો મારગ વસ્તુનું સ્વરૂપ આવું છે.

ઘટ કુંભારની જેમ વ્યાપ્યવ્યાપક ભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, ઘટનો કર્તા કુંભાર એની અસિદ્ધિ હોવાથી એમ વિકારી પરિણામનો કર્તા આત્મા એ અસિદ્ધિ હોવાથી પરમાર્થે કરતો નથી. ઘટને જેમ કુંભાર પરમાર્થે કરતો નથી એમ વિકારી પરિણામને આત્મા સ્વભાવથી પરમાર્થે કરતો નથી. ભાષા તો સાદી પણ બાપુ ભાવ તો જે છે એ છે. ભાવ શું થાય. આહાહાહા !

પરંતુ માત્ર પુદ્ગલ પરિણામના જ્ઞાનને એટલે કે રાગાદિ, ભક્તિ આદિ સ્તુતિઆદિનો વિકલ્પ થાય પણ તેના જ્ઞાનને, પુદ્ગલ પરિણામના જ્ઞાનને એ પણ નિમિત્તથી કથન છે. જે પરિણામ થયા તેના જ્ઞાનને તેનું જાણવું તેના તે સમયે જ્ઞાનની પર્યાય ષટ્કારકરૂપે પરિણમતી

જ્ઞાનની પર્યાય ઉભી થાય છે. આહાહાહા ! તે પરિણામના જ્ઞાનને આમાં પરિણામના જ્ઞાનને ભાષા આમ છે પણ ખરેખર તો તે જ્ઞાનની પર્યાય પોતાથી ષટ્કારકરૂપે પરિણમે છે જેને રાગના પરિણામનું જ્ઞાન એવી પણ એને અપેક્ષા નથી ભાઇ. પણ અહીંયા એને સમજાવવું છે જરી એટલે કે પુદ્ગલ પરિણામના જ્ઞાનને એટલે કે જે કંઇ દયા, દાન, ભક્તિ, સ્તુતિનો વિકલ્પ થયો તે કાળે અહીંયા જ્ઞાન પોતે સ્વપરપ્રકાશકમાં પોતાપણે પોતાથી પરિણમે છે તેને અહીંયા રાગના પરિણામના જ્ઞાનને, રાગના ભાવના જ્ઞાનને, જ્ઞાનના પરિણામને કરતો આત્મા. આહાહાહા ! છે ? રાગના પરિણામના જ્ઞાનને કર્મપણે કરતો એ પણ ઉપચારથી છે ભાઈ એમાં આ કળશ છે ને કળશ ઓગણપચાસમાં ભાઈએ નાખ્યું છે કળશ ટીકામાં.

જ્ઞાનની પર્યાયનો કર્તા આત્મા, કર્મ એ પણ ઉપચારથી ભેદ છે ને, એમાં છે ભાઈ કળશ ટીકામાં છે. પરનો તો ઉપચારથીય કર્તા નથી, રાગનો આત્મા ઉપચારથી પણ કર્તા નથી સ્વભાવ દ્રષ્ટિએ, પણ રાગનું જે જ્ઞાન કહેવામાં આવે છે એ પણ અપેક્ષિત સમજાવવા માટે એ વખતે જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશકપણે સ્વતઃ પરિણમનનો સ્વભાવ છે તેથી ષટ્કારકપણે તે જ્ઞાન પરિણામ પરિણમે છે. તે જ્ઞાન પરિણામને પુદ્ગલના પરિણામના જ્ઞાનને એમ કીધું. સમજાણું કાંઇ ! બહુ ગંભીર વસ્તુ છે બાપુ. આહાહા ! એ પુદ્ગલ પરિણામના જ્ઞાનને આત્માના કર્મપણે, એ આત્મા તે જ્ઞાનના કાર્યપણે પરિણમે છે એ જ્ઞાનનું કાર્ય તે પણે પરિણમે છે રાગનું કાર્ય તે પણે પરિણમતું નથી. આહાહાહા ! સમજાય છે. ભાષા તો બહુ સાદી પણ ભાવ તો જે છે તે છે ભાઈ. આહાહા !

અહીંયા તો પ્રભુની પ્રભુતાનું વર્ણન છે. પામરતા જે દેખાય છે એ પ્રભુતાનું કાર્ય નહીં એમ બતાવવું છે. આહાહાહા ! પ્રભુ પ્રભુત્વગુણે ભરેલો ભગવાન અનંતાગુણના પ્રભુત્વથી ભરેલો પ્રભુ એ પોતે રાગના પરિણામને વ્યાપકપણે કર્તા થઇને કરે એ કેમ બને ! કેમકે ( રાગ ) એના કોઇ દ્રવ્યમાં નથી એના ગુણમાં નથી. આહાહાહા ! સમજાણું કાંઇ ? આહાહા ! એ પુદ્ગલ પરિણામના જ્ઞાનને, ભાષા ખરેખર તો એ જ્ઞાન જે છે એ પુદ્ગલ પરિણામનું જ્ઞાન છે એ કહેવું એ વ્યવહાર છે. એ જ્ઞાનનો પર્યાય તે કાળે ષટ્કારકપણે સ્વતંત્ર સમયનો પરિણમે છે જેને પરની અપેક્ષા તો નથી પણ દ્રવ્યગુણની અપેક્ષા નથી. એય ! આહાહાહા !

અરે આવું તત્ત્વ અને લોકો કંઇક કંઇક દ્રષ્ટિએ વીંખી-પીંખીં નાખે છે પોતાની દ્રષ્ટિએ એને. આહાહાહા ! એ કળશમાં લીધુ છે હોં આમાં પછીનો કળશ આવશેને ઓગણપચાસ એમ કે પોતાના જ્ઞાનના પરિણામને કરે એ પણ ઉપચારથી છે ભેદ થયો ને એટલો, પરિણામ પરિણામને કરે તે યથાર્થ છે શું કીધું એ ! રાગનું જ્ઞાન એ તો નિમિત્તથી કથન છે એ જ્ઞાનના પરિણામને આત્મા કરે એ પણ ઉપચાર ભેદથી, બાકી જ્ઞાનના પરિણામને પરિણામ ષટ્કારરૂપે પોતે પર્યાય કરે છે એ નિશ્ચય છે. આહાહાહા ! કહો પંડિતજી સમજાય છે ? વાત આવી ભાષા તો સાદી છે ભગવાન તારી મહત્તાની વાતું છે. આહાહા !

એ તો પ્રભુત્વગુણથી ભરેલો ભગવાન એ પામર રાગના પરિણામમાં કેમ વ્યાપે. એ રાગના પરિણામનું જ્ઞાન તે આત્માનું કાર્ય એ પણ ભેદથી કથન છે, પરિણામ પરિણામનું કર્તા-કાર્ય પરિણામ કારણ અને પરિણામ કાર્ય એના એ પરિણામ કર્તા કહો, કારણ કહો, કાર્ય કહો,

કર્મ કહો. આહાહાહા ! ( શ્રોતાઃ- તો જ સ્વતંત્રતા રહેને ) સ્વતંત્ર જ છે એક સમયનો પર્યાય સત છે તેને હેતુ ન હોય. છે એને હેતુ શો છે. એ પોતાથી જ છે અને પરથી છે એમ કહેવું ?

એ રાગ થયો એનું જે જ્ઞાન થયું એમ કહેવું એ વ્યવહાર છે અને એ જ્ઞાનના પરિણામને આત્મા કરે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહાહા ! ( શ્રોતાઃ- રાગનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે ) અને આ જ્ઞાનના પરિણામને આત્મા કરે છે એ પણ વ્યવહાર છે. પરિણામ પરિણામને કરે છે રાગની અપેક્ષા વિના દ્રવ્ય ગુણની અપેક્ષા વિના. આહાહાહા ! તેથી કળશકારે લીધું છે એનો કળશ છે ને ૪૯ વ્યાપ્યવ્યાપક છે ને દ્રવ્યપરિણામી પોતાના પરિણામનો કર્તા હોય છે. વ્યાપ્ય અર્થાત્ તે પરિણામ દ્રવ્યે કર્તા એમાં એક સત્વમાં આવો ભેદ કરવામાં આવે તો થાય છે ન કરવામાં આવે તો નથી થતો.

જીવ સત્વથી પુદ્‌ગલદ્રવ્યનું સત્વ ભિન્ન છે તેથી વ્યાપ્ય-વ્યાપકતા નથી. ભાવાર્થ આમ છે કે જેમ ઉપચારમાત્રથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે. રાગનો કર્તા તો નહીં પણ રાગ સંબંધીનું જ્ઞાન કહેવું એ નિમિત્તથી છે અને એ જ્ઞાનના પરિણામનો આત્મા કર્તા કહેવો એ પણ ઉપચારથી છે. કારણકે પરિણમન પર્યાય ષટ્‌કારકથી સ્વતંત્ર પરિણમે છે. સ્વતંત્રપણે પરિણમે કર્તા થઇને એને બીજો કોઇ કારણ હોઇ શકે નહીં. આહાહાહાહા ! સમજાય છે કાંઇ ? ઝીણું છે બહુ. ( શ્રોતાઃ- દ્રવ્ય ને ગુણ હેતુ નહીં ) નહીં. એ કીધું ને કીધું ને ઉપચારમાત્રથી જીવ પોતાના પરિણામનો જ્ઞાનના પરિણામનો માત્ર ઉપચારથી છે. તે જ પરિણામનો જ્ઞાનના પરિણામનો માત્ર ઉપચારથી છે તે જ પરિણામ દ્રવ્યથી કરાયેલું છે, એમ અન્ય દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય ઉપચારમાત્રથી પણ નથી. એમ રાગના પરિણામનું અહીં જ્ઞાન થયું એ તો જ્ઞાનનું જ્ઞાન છે રાગના પરિણામનું નથી. છતાં એને સમજાવવું છે એટલે કે રાગ થયો ભગવાનની સ્તુતિઆદિનો, તે રાગનું અહીં જ્ઞાન થયું એ નિમિત્તથી કથન છે. બાકી જ્ઞાન-જ્ઞાનથી થયું છે એ રાગથી નથી, દ્રવ્યગુણથી નથી. આહાહાહા ! એવા જ્ઞાનપરિણામનો સ્વતંત્રપણે ષટકારકરૂપે પર્યાય પરિણમે છે એને દ્રવ્ય એનો કર્તા કહેવો. દ્રવ્ય સ્વભાવ કર્તા કહેવો એ પણ ઉપચાર અને વ્યવહાર છે. સમજાય એવું છે હોં ઝીણું છે એટલે ન સમજાય એવું નથી.

જાુદુ પાડીને લખે છે ને, પરંતુ પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને ભાષા છે ! ખરેખર તો એ પરિણામ જ્ઞાન-આત્માનાય નથી. પરિણામ પરિણામના છે. પણ આંહીં સમજાવવું છે એટલે શી રીતે સમજાવવું એને રાગનો કર્તા નથી એમ સમજાવવું છે ત્યારે શું શેનો કર્તા છે ? રાગ સંબંધીનું જે જ્ઞાન પોતાથી પોતામાં થયું તેનો તે કર્તા કહેવામાં આવે છે તે પણ ભેદથી. ગજબ વાત છે. આવી વાત સર્વજ્ઞ સિવાય અને વીતરાગી સંતો સિવાય કયાંય હોઇ શકે નહીં. આહા !

પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને આત્માના કર્મપણે કર્તા એવા પોતાના આત્માને જાણે છે. જોયું, પછી ઓલા રાગને જાણે છે એમય નહીં. રાગના પરિણામને આત્મા કરતો પરિણામને જાણે છે રાગને જાણે છે એમ નહીં. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન આવે છે ને એ આંહીં ઉડાડી દીધું છે. આ તો બાપા એક એક અક્ષર સર્વજ્ઞની વાતો છે. સર્વજ્ઞના કેડાયતો સંતોની વાતું છે બાપા આ કંઇ કથા નથી, વાર્તા નથી. એવા પોતાના આત્માને જાણે છે જોયું ! એ ઓલા પરિણામને જાણે છે એમ કહ્યું રાગને જાણે છે એમ નહીં. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠયો તેનું

અહીંયા જ્ઞાતાપણે જ્ઞાન કરે છે પર્યાયમાં તે પણ વ્યવહાર છે અને તે પરિણામ પોતાના આત્માને જાણે છે એ પરિણામ પોતાના છે રાગના નહીં. રાગથી થયા નથી એ રાગને જાણતો નથી. એ પરિણામને જાણે છે. આહાહાહા ! સમજાણું કાંઇ !

એવા પોતાના આત્માને જાણે છે ઇ પર્યાયને જાણે છે, એમ આત્માને જાણે છે એમ નહીં કે રાગને જાણે છે એ આત્મા કર્મનોકર્મથી અત્યંત ભિન્ન રાગ અને શરીરના પરિણામથી અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો-જ્ઞાન સ્વરૂપ થયો થકો, જાણવાના સ્વભાવપણે થયો થકો જ્ઞાની છે. આહાહાહા !

આ એની મેળે વાંચે તો કાંઇ બરાબર બેસે એવું નથી. કયાંયનું કયાંય ખતવી નાખે એવી વાત છે. ( શ્રોતાઃ- જ્ઞાન પરિણામને જાણે છે જ્ઞાની ? ) એ ! ઈ જ્ઞાન-પરિણામને જાણે આત્માને જાણે છે એ આત્માના પરિણામ છે માટે આત્માને જાણે છે એમ. અહીં તો રાગને જાણતો નથી એમ બતાવવા આત્મા પોતાના પરિણામને આત્મા જાણે છે તે આત્મા-આત્માને જાણે છે એમ કીધું-પરિણામ થયા ને એના પોતાના આત્માને જાણે છે. કેમકે તે જ્ઞાનના પરિણામ સ્વજ્ઞેયને જાણે છે અને પર જ્ઞેયનેય જાણે છે એમ ન કહેતા એ પરિણામ સ્વજ્ઞેયને જાણે છે અને પરિણામ પરિણામને જાણે છે તેથી આત્માને જાણે છે એમ કીધું. શું કહ્યું ઇ ! તે પરિણામ સ્વજ્ઞેયને જાણે છે અને તે પરિણામ પરિણામને જાણે છે તેથી આત્માને જાણે છે એમ કહેવામાં આવ્યું છે. આહાહાહા ! આકરું છે. ગાથા જ અલૌકિક છે. આહા !

હિંદીમાં સમજમાં આવે છે કે નહીં. હિન્દી ભાઇને આપો જરી ( પુસ્તક ).અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે. આહાહાહા ! રાગથી ભિન્ન પણ રાગનું જે જ્ઞાન પરિણામ થયું એ પોતાથી થયું છે. એવો જ્ઞાની થયો થકો આત્મા તે જ્ઞાની છે. આહાહાહા ! સમજાણું કાંઇ ? ટીકા ઘણી ગંભીર છે. ઘણી ગંભીર છે બહુ ઉંડુ. ઓહોહોહો !

પુદ્ગલ પરિણામનું જ્ઞાન, ભાષા આવે છે આત્માનું કર્મ કઇ રીતે છે એ રાગનું થયું એ જ્ઞાન, છે તો જ્ઞાનનું જ્ઞાન પણ અહીંયા નિમિત્ત સમજાવવું છે ને. પુદ્ગલ પરિણામનું જ્ઞાન એટલે કે દયા, દાન, વ્રત, ભક્તિ, સ્તુતિનો જે વિકલ્પ ઉઠયો એનું જ્ઞાન, એનું જ્ઞાન એને અહીં થાય છે ને એટલે છે તો પોતાથી સ્વપરપ્રકાશક આ છે એમ થયું. લોકાલોકનું જ્ઞાન એમ કીધુંને એ લોકાલોકનું જ્ઞાન નથી ખરેખર તો જ્ઞાન-જ્ઞાનનું છે. સમજાણું કાંઇ ? આહાહાહા !

( શ્રોતાઃ- પરપ્રકાશક કહેવામાં વાંધો નહીં ને ) પરપ્રકાશક પણ પોતાનો સ્વભાવ છે ઇ પરને લઇને પ્રકાશક સ્વભાવ એમ નથી. ( શ્રોતાઃ- પર સંબંધીનું જ્ઞાન ) એ પરસંબંધીનું પોતાનું-પોતાનું પરસંબંધીનું જ્ઞાન છે. સર્વજ્ઞ સ્વરૂપમાં આત્મજ્ઞ કીધું છે ત્યાં શક્તિમાં ભાઇએ લીધું ને સર્વજ્ઞ એ આત્મજ્ઞ છે એ પરજ્ઞ નહીં. આહાહાહા ! સર્વજ્ઞ સ્વભાવ જ સ્વનો સ્વતઃ છે એ પર્યાયમાં સર્વજ્ઞપણું આવ્યું. સર્વ એટલે કે પર છે એમ નહીં એ આત્મજ્ઞ છે એ આત્મજ્ઞ સર્વજ્ઞને આ આત્મજ્ઞ કહેવામાં આવે છે. આહાહાહા ! હવે આવી વાતુ કયાં. આહાહા !

પુદ્ગલ પરિણામનું જ્ઞાન એટલે કે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એનું અહીં જ્ઞાન કારણ કે જ્ઞાન જ્ઞાનનું છે ને જ્ઞાન રાગનું કે પરનું નથી છતાં પરનું જ્ઞાન કહ્યું એટલે એને સમજાવે છે પરિણામનું જ્ઞાન એટલે જ્ઞાન પરિણામનું નથી જ્ઞાન તો જ્ઞાનનું છે. એ સંબંધીનું ત્યાં

લોકાલોક જાણવામાં આવ્યું એટલે લોકાલોકનું જ્ઞાન કહ્યું પણ લોકાલોકનું નથી જ્ઞાન જ્ઞાનનું છે. આહાહા !

પુદ્‌ગલપરિણામનું જ્ઞાન આત્માનું કાર્ય કઇ રીતે છે તે સમજાવે છે. પરમાર્થે પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્ય-વ્યાપક ભાવનો અભાવ હોવાથી, પુદ્‌ગલપરિણામના જ્ઞાનને એટલે રાગનું જે જ્ઞાન અહીં થયું તેને અને પુદ્‌ગલને એટલે રાગને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્ય-વ્યાપક ભાવનો અભાવ છે. આહાહાહા ! કુંભાર વ્યાપક અને ઘટ વ્યાપ્ય નથી એમ રાગનું જ્ઞાન એ આત્માનું વ્યાપક છે પણ રાગનું જ્ઞાન છે માટે રાગ વ્યાપક છે અને જ્ઞાન પરિણામ તેનું વ્યાપ્ય એમ નથી, એ રાગ કહો કે કર્મ કહો. કર્મ વ્યાપક છે માટે અહીં જ્ઞાન થયું વ્યાપ્ય એમ નથી. આહાહા !

પરમાર્થે પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને ઘટ-કુંભારની જેમ વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે. જેમ કુંભાર ઘટનો કર્તા નથી એમ રાગના પરિણામનો આત્મા કર્તા નથી. વ્યવહારરત્નત્રયના રાગનો આત્મા કર્તા નથી. એમ કહે છે કથંચિત તે વ્યવહાર. નિયમસારમાં કહ્યું છે ને કે આત્મા સ્વને જાણે છે ને લોકાલોકને જાણતો નથી એમ કહે તો એમાં શો દોષ આવે છે ને વ્યવહારથી-વ્યવહારથી પરને જાણે છે વ્યવહારથી સ્વને ન જાણે પણ વ્યવહારથી સ્વને ન જાણે તન્મય થઇને, આવી વસ્તુ છે બાપુ. સમયસાર તો સમયસાર છે, કયાંય એવી વાત બીજે નથી. આહાહાહા !

પરમાર્થે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને જોયું ! રાગને, જ્ઞાનને અને રાગને ઘટ-કુંભારની જેમ વ્યાપ્ય-વ્યાપક ભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે. કર્મ કર્તા અને જ્ઞાનના પરિણામ તેનું કાર્ય એનો અભાવ છે. પુદ્‌ગલકર્મ કર્તા, રાગ કર્તા અને રાગનું પરિણામ તેનું કાર્ય તેનો અભાવ છે. આહાહાહાહા ! ઝીણો વિષય છે આજનો ઘણો. આહાહા ! આવું છે, શાંતિથી આ તો પકડાય એવી વાત છે.

( કહે છે ) તેમ આત્મ પરિણામને અને આત્માને વ્યાપ્ય-વ્યાપક ભાવનો સદ્‌ભાવ હોવાથી, જોયું ! આત્માના પરિણામને એટલે જે જ્ઞાનના પરિણામ થયા તેને અને આત્માને વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી, આત્મા વ્યાપક છે અને જ્ઞાનના દર્શનના આનંદના પરિણામ છે તે એનું વ્યાપ્ય છે એનો સદ્‌ભાવ છે. કર્તાકર્મપણું છે એટલું સિદ્ધ કર્યું. આત્મા કર્તા અને જ્ઞાનના પરિણામનું કાર્ય એનું વ્યાપ્ય એટલું છે ભેદથી. આહાહાહા !

આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી, ભગવાન આત્મા કર્તા એટલે સ્વતંત્રપણે કર્તા હોવાથી સ્વતંત્રપણે વ્યાપક એટલે પ્રસરતો હોવાથી, કર્તા હોવાથી વ્યાપક એટલે કર્તા આત્મ પરિણામનો એટલે કે આત્મ પરિણામનો એટલે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે, આહાહાહા ! એમ સમજાવવામાં શું આવે. આહાહા ! આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામ એટલે વીતરાગી પરિણામ જ્ઞાનના પરિણામ, શ્રદ્ધાના પરિણામ, શાંતિના પરિણામ, આનંદના પરિણામ, જ્ઞાનના પરિણામ એટલે આ પરિણામ બધા એટલે પુદ્‌ગલ પરિણામના જ્ઞાનનો કર્તા છે. એ રાગના જ્ઞાનનો આત્મા કર્તા છે. રાગના જ્ઞાનનો આત્મા કર્તા છે. રાગનો નહીં. આહાહા ! અને પુદ્‌ગલ પરિણામનું જ્ઞાન એટલે રાગનું જે અહીં જ્ઞાન સમજાવવું છે ને, તે

વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી કર્મ છે, એ આત્માનું કાર્ય છે.

પુદ્‌ગલપરિણામનું જ્ઞાન એટલે ભગવાનની સ્તુતિ આદિના રાગનું જ્ઞાન તે વ્યાપકવડે સ્વયં વ્યપાતું હોવાથી આત્મા વડે સ્વયં કરાતું હોવાથી વ્યાપ્યરૂપ થતું હોવાથી એટલે કે કાર્યરૂપ થતું હોવાથી કાર્ય છે. કાર્યરૂપ થતું હોવાથી કાર્ય છે એટલે કર્મ છે. આહાહા ! ઝીણું ભારે આવ્યું ભાઇ આજ તો. આવે છે તો શબ્દ-શબ્દનો અર્થ. આહાહા ! આવું છે.

વળી આ રીતે જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે. ભગવાન આત્મા રાગનું જ્ઞાન કરે છે, તેથી એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે. એ રાગનું જ્ઞાન કરે છે માટે રાગ, એ પુદ્‌ગલપરિણામ જે રાગ એ જ્ઞાતાનું વ્યાપ્ય એમ નથી. આહા ! ફરીને, આ રીતે જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી એમ પણ નથી કે પુદ્‌ગલ પરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે. રાગનું જ્ઞાન કરે છે માટે રાગ વ્યાપ્ય છે આત્માનું એમ નથી. રાગનું આંહીં જ્ઞાન કરે છે માટે આત્માનું રાગ વ્યાપ્ય છે કે વ્યાપક છે અને આ જ્ઞાન છે તે એનું વ્યાપ્ય છે એમ નથી, રાગ વ્યાપક છે. કર્મ વ્યાપક છે ને જ્ઞાનના પરિણામ વ્યાપ્ય છે, એમ નથી. આહાહાહા !

આ સમયસાર..... વ્યાપ્યરૂપ થતું હોવાથી આ રીતે જ્ઞાતા-આત્મા પુદ્‌ગલ પરિણામનું એટલે કે રાગનું જ્ઞાન કરે છે, તેથી એમ પણ નથી, રાગનું જ્ઞાન કરે છે માટે પુદ્‌ગલપરિણામ આત્માનું વ્યાપ્ય છે રાગનું જ્ઞાન કરે છે માટે રાગ આત્માનું પરિણામ વ્યાપ્ય છે એમ નથી. રાગનું જ્ઞાન કરે છે માટે રાગ આત્માનું કાર્ય છે વ્યાપ્ય છે એમ નથી. કહો ચીમનભાઈ આવું ઝીણું છે. આહાહા !

સમયસાર-સમયસાર ! આ રીતે આત્મા રાગનું જ્ઞાન કરે છે તેથી એમ પણ નથી કે રાગ જે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે એમ નથી. જ્ઞાતાનું વ્યાપ્ય તો જ્ઞાનના પરિણામ છે, રાગનું જ્ઞાન માટે જ્ઞાતાનું એ વ્યાપ્ય એમ નથી. આહાહા ! (શ્રોતાઃ- રાગ તો પુદ્‌ગલના પરિણામ છે એ કેમ હોઇ શકે) હવે પુદ્‌ગલ કહેશે અત્યાર સુધી પરિણામ-પરિણામ કીધું અત્યાર સુધી, હવે ટૂંકું કરી નાખીને પુદ્‌ગલદ્રવ્ય કહી દેશે એને. આહાહાહા ! (શ્રોતાઃ- રાગ કર્મ થતું નથી તો વ્યાપ્ય કેવી રીતે થઈ શકે ?) છે જ નહીં ને કાર્ય એનું. અહીંયા રાગનું જ્ઞાન કરે છે એમ કીધું ને, રાગનું જ્ઞાન છે ને ? રાગનું જ્ઞાન છે ને ? તો રાગ એનું વ્યાપ્ય થયું કે નહીં ? ના. (શ્રોતાઃ- લોકાલોકનું જ્ઞાન થયું હોય તો લોકાલોક વ્યાપ્ય છે) કહો આમાં નૈરોબીમાં કયાં સંભળાય એવું છે આવું. (શ્રોતાઃ- નૈરાબી નહી ભારતમાં કયાં સંભળાય એવું છે) આહાહા !

મને તો ઓલા છોકરાને કીધું છોકરાને કે તું મહાવિદેહમાં ગયો હોય તો મહાવિદેહમાં મુનિને કેવળીને, એય લંગોટી છે કે નહીં ? તેં લંગોટી જો ભાળી હોય તો તું મહાવિદેહમાં ગયો જ નથી. એય ! આહાહાહા ! લંગોટી કહે છે ને ભાઇ એ લોકો તીર્થંકરને લંગોટી કહે છે. પ્રતિમા પર તો લંગોટી નાખે છે પણ (શ્રોતાઃ- કંદોરો અને લંગોટી બેય) હૈં કંદોરો અને લંગોટી ભગવાનને લંગોટી કહે છે છદ્મસ્થ છે ને એમ કહે. આહા ! જો ભગવાનને લંગોટી ભાળી હોય ને સાધુને વસ્ત્ર ભાળ્યા હોય તો તે મહાવિદેહ જોયું જ નથી. એ વાત બધી બનાવટી મારા હિસાબે તો કોક માણસોએ ગમે તે રીતે એને તૈયાર કર્યો લાગે છે. આ તો બધું તરકટ છે એના માણસોએ જ ના પાડી એના માણસો ધામણવાળાને એ કહે છે પણ અમે માનતા નથી એને

માનતા નથી. એય ! કેટલાકને તો એ વાત હોય બરાબર બરાબર. આહાહાહા !

( શ્રોતાઃ– અતિશયથી કપડું દેખાય એમ કહે છે ) એ વાત ખોટે અતિશયથી. આહા ! તો પછી અહીંયાથી બરાબર જોયું હોય તો ન્યાં અગાસને બધાને કહી દેવું જોઇએ કે આ કાઢી નાખો બે ભાગ છે ઈ. ભગવાન દિગંબર ઉપર અને નીચે શ્વેતાંબર થઇ રહ્યું તો પછી તે જોયું જ નથી અને જોયું હોય તો કહે એ ને મારગ આ છે બીજો મારગ નથી. આવી વાતું છે બાપુ. આ તો મારગમાં ન્યાયમાં જરી પણ ફેર પડે તો આખું તત્ત્વ ફરી જાય એવું છે. આહા ! જુઓ હવે ખૂબી.

પુદ્‌ગલ પરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે ( એમ નથી ). કારણ, એમ પણ નથી કે પુદ્‌ગલ પરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે. સમજાણું ? એ હવે પરિણામ–પરિણામ કહેતા હતા અત્યાર સુધી હવે પુદ્‌ગલ કહી દીધા એને. ભગવાનની ભક્તિનો ને સ્તુતિનો ભાવ પુદ્‌ગલ છે. પુદ્‌ગલના પરિણામ કીધા પુદ્‌ગલ છે એમ અભેદ કરીને અભેદથી ( શ્રોતાઃ– પરિણામમાં દ્રવ્ય બતાવવું જોઇએ ) કારણ કે પુદ્‌ગલને અને આત્માને એટલે કે પુદ્‌ગલના પરિણામને એટલે પુદ્‌ગલને એમ એને પુદ્‌ગલ કીધા અને આત્માને જ્ઞેય–જ્ઞાયક સંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં, રાગને એટલે કે પુદ્‌ગલને અને આત્માને જ્ઞેય, જ્ઞેય છે રાગ અને આત્મા જ્ઞાયક છે એવો સંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં પણ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે. કોનું ? જ્ઞાનનું. જ્ઞાન થાય છે એમાં નિમિત્ત છે. એવું જે જ્ઞાન પુદ્‌ગલ પરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન, રાગ એ પુદ્‌ગલ એ જ્ઞાનના પરિણામને નિમિત્ત છે, એવું જે જ્ઞાન, તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે તેજ જ્ઞાતાનું કાર્ય અને વ્યાપ્ય છે. આહાહા... તે તેની પર્યાય છે, તે તેનું કાર્ય છે, તે તેનું વ્યાપ્ય છે. આહાહા... માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે લ્યો. આહા ! ઘણું ઝીણું આવ્યું હોં આહાહા..... શું કીધું સમજાણું ?

કે આત્મા જ્ઞાતા છે અને રાગનું જ્ઞાન છે માટે તે રાગનું વ્યાપકપણું ને જ્ઞાનપર્યાય–વ્યાપ્ય એમ નથી. રાગને જાણે છે એમ કહેવું ને, માટે તે રાગ વ્યાપક છે અને અહીંયા જાણવાનું કાર્ય વ્યાપ્ય છે એમ નથી. આત્માનું વ્યાપ્ય તો જ્ઞાતાના પરિણામ છે તે આત્માનું વ્યાપ્ય છે એનું વ્યાપ્ય એ છે, એ પણ ભેદથી... એ પણ ભેદથી બાકી તો પરિણામ જે જ્ઞાતાના છે એ રાગના નથી તેમ દ્રવ્યગુણના નથી. તે પરિણામ પરિણામના છે છતાં જ્ઞાતાનું એ વ્યાપ્ય છે એમ કહેવું એ વ્યવહારથી છે. આહાહાહા !

રાગ એનું વ્યાપ્ય છે એ તો છે જ નહીં. કહો બહુ સરસ. ઓહો ! આહાહા ! ટીકા તે ટીકા છે ને અમૃતચંદ્રાચાર્ય ! વસ્તુની સ્થિતિ, વસ્તુની મર્યાદા, મર્યાદા પુરુષોત્તમ પુરુષ આત્મા. જ્ઞાનપરિણામનો કર્તા રાગનું જ્ઞાન માટે રાગનું વ્યાપ્ય જ્ઞાન એમ નહીં. એ પોતાના રાગનું જ્ઞાન એમ કીધું ને ! વ્યવહારરત્નત્રય છે તેનું જ્ઞાન કીધું ને એટલે કે રાગ તે વ્યાપક અને જ્ઞાનપરિણામ વ્યાપ્ય એમ નથી. આહાહા ! એ તો જ્ઞાનપરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એ રીતે સિદ્ધ કર્યું છે પાછું વ્યવહારથી, ઓલું તો વ્યવહારથી ય નહીં.. લ્યો વિશેષ કહેવાશે.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૬૧ ગાથા-૭૫ તા. ૦૫/૦૧/૭૯ શુક્રવાર પોષ સુદ-૭

સમયસાર-૭૫ ગાથા.

હવે પૂછે છે કે, ત્યાંથી કે આત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાની થયો એમ કઇ રીતે ઓળખાય, અહીં તો જ્ઞાની થયો એ કઇ રીતે ઓળખાય એમ કહ્યું, અને તે જ્ઞાનીને પણ પુદ્ગલ કર્મના નિમિત્તના ભાવથી રાગાદિ થાય છે તેનો પણ જાણનાર છે એવો લીધો છે ને ? એટલે ઓલા કહે છે ને જ્ઞાનસાગર કે નિર્વિકલ્પ સમાધિ હોય ત્યારે જ એને જ્ઞાની કહેવાય. અહીં તો જ્ઞાની ચોથે ગુણસ્થાનથી ઉપાડયું છે સમ્યગ્જ્ઞાન થયું છે, આત્મા રાગથી ભિન્ન છે અને વર્તમાન પર્યાય જ્ઞાનની એને રાગથી ભિન્ન કરીને એ પર્યાયને દ્રવ્યમાં વાળી છે અને જેને અંતર સમ્યગ્જ્ઞાન થયું છે. જ્ઞાનની પર્યાયમાં પૂરણ જ્ઞેય જ્ઞાનમાં જણાણું છે એને અહીંયા જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું ?

( કહે છે ) એટલે અહીં નિર્વિકલ્પ સમાધિમાં હોય ત્યારે જ જ્ઞાની કહેવાય અને વિકલ્પ ઉઠે, ( શ્રોતાઃ- જેટલો વિકલ્પ ઊઠે તેટલો રાગ હોય ) છતાંય એ તો રાગ એને હોય જ નહીં એમ કહે છે અબુદ્ધિપૂર્વક હોય રાગ બુદ્ધિપૂર્વક હોય જ નહીં એને જ્ઞાની કહેવો એમ કહે છે એમ નથી. અહીં તેથી પહેલો પ્રશ્ન આ છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાની થયો, ધર્મી થયો, એમ કેમ ઓળખાય ? એના ચિન્હ શું ? એના એંધાણ શું ? એનું લક્ષણ શું ? તેનું ચિન્હ કહો. તેના લક્ષણ કહો એમ પૂછયું છે, અમૃતચંદ્રાચાર્ય છે જુઓ, कथमात्मा ज्ञानीभूतो लक्ष्यत इति चेत संस्कृत છે જુઓ, જયચંદપંડિતનું નથી કાંઇ ઝીણી વાત છે.

જ્ઞાની થયો થકો કેમ ઓળખાય એનું લક્ષણ શું ? એટલે ચોથાગુણસ્થાનથી જ્ઞાનીને ગણવામાં આવ્યો છે. આહાહાહા ! એ વાત પાઠ સિદ્ધ કરે છે.

कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।<br>
ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी।।७५।।

શું કીધું ? સમજાણું ? રાગાદિ થાય છે નિર્વિકલ્પમાં જ પડયો છે તો એને જ્ઞાની કહેવો એમ નહીં. રાગાદિ થાય છે પણ તે રાગનો જાણનાર રહે છે. રાગ મારો સ્વભાવ નથી હું એનાથી ભિન્ન છું એવો જાણનાર રહે છે એને રાગ હોય છે, તેથી રાગનો જાણનાર ને રાગનું જ્ઞાન તે આત્માનું જ્ઞાન એમ આવ્યું ને ? તો આંહીં તો રાગ છે બુદ્ધિપૂર્વક રુચિપૂર્વક નહીં. આહાહા ! ધર્મી, સમ્યગ્દૃષ્ટિ એટલે કે જ્ઞાની થાય એને કેમ ઓળખાય એનું શું લક્ષણ છે એમ પૂછયું છે. સમજાણું કાંઇ ? આ તો રામજીભાઇએ કીધું 'તું ને ફરી વાર લેવું. ( શ્રોતાઃ- એ તો જ્ઞાનીને ઓળખવા છે ને આમાં ) આ બધા નવા પ્રેમચંદભાઈને એ બધા આવ્યા છે ને તે સાંભળે તો ખરા કાંઇક, લંડનથી આવ્યા છે. માત્ર જાણે કે આ વિકલ્પ છે એમ નહીં. છે ખરું જાણે.

પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે,<br>
તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.

વાત સમજાણી ? હવે ટીકા એની ટીકા. નિશ્ચયથી ખરેખર મોહ એટલે કે પરતરફની જરી રાગની દશા મોહ હોય. પહેલો સમુચ્ચય મોહ લીધો છે. મોહ મિથ્યાત્વ આ ન લેવું પરતરફનો જરી હજી ભાવ હોય છે એ મોહ સમુચ્ચય કહી, એ ચારિત્રમોહની વાત છે, દર્શન-મોહની વાત નથી આ. એ અંદર પરિણામમાં પરતરફના વલણવાળો રાગ હોય છે, એ મોહ એના પેટા ભેદ રાગ અને દ્વેષ અને સુખદુઃખ કલ્પના થાય સુખદુઃખની એ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ દ્રવ્યકર્મ ને ભાવકર્મ બેય ભેગા લીધા. જડ કર્મ જે છે એ દ્રવ્યકર્મ છે અને એના નિમિત્તથી થતા પર્યાયમાં મોહ, રાગદ્વેષ, સુખ, દુઃખ છે એ અંતરંગ પરિણામ એ કર્મના પરિણામ છે. એ પુદ્ગલના પરિણામ છે. આહાહા ! આવી વાતું. અને તમારો પ્રશ્ન હતો ને દ્રવ્યકર્મ આમાં કયાં આવ્યું ? દ્રવ્યકર્મ-ભાવકર્મ બેય આવી ગયું આમાં.

ભગવાન આત્મા જ્યાં પોતે રાગથી તો ભિન્ન પડી ને પર્યાયની જ્ઞાન પર્યાયને અંતરમાં સામાન્યમાં પર્યાયને વાળી છે એટલે વિશેષ પણ આવી ગયું ને સામાન્ય ( પણ ) આવી ગયું. શું કીધું ? રાગ ના આવ્યો. રાગથી ભિન્ન પડી અને જ્ઞાનની પર્યાય વિશેષ છે, ગુણની વિશેષ એ પર્યાયને આમ વાળી સામાન્યમાં એટલે વિશેષને સામાન્ય બેય આવી ગયું. રાગ ભિન્ન રહી ગયો. આહાહાહા ! સમજાય છે ? ઝીણી વાત છે ભાઈ.

વિશેષ જે જ્ઞાન પર્યાય છે, એને રાગથી તો ભિન્ન છે એ પર્યાય એટલે રાગથી તો ભિન્ન કરીને જ્ઞાન પર્યાય ઉપર લક્ષ કરી અને તે પર્યાયને વાળી ધ્રુવમાં ઉત્પાદ્વ્યયની જે પર્યાય જ્ઞાનની છે એને ધ્રુવમાં વાળી એટલે કે ધ્રુવ સામાન્ય છે અને પર્યાયને વિશેષને એમાં વાળી એટલે વિશેષ ને સામાન્ય બેય થઇ ગયું. એટલે ઓલા વેદાંતી એમ કહે કે વિશેષ છે જ નહીં એકલો કુટસ્થ છે, તો કુટસ્થનો નિર્ણય કરનાર કોણ ? સમજાણું કાંઇ ? વેદાંત સર્વવ્યાપકનો મોટો ભાગ અત્યારે છે ને પણ એ નિશ્ચયાભાસ છે. કેમકે જે વસ્તુ છે એક સમયમાં ત્રિકાળ એનો નિર્ણય કરનાર ધ્રુવ કયાં છે ? એનો નિર્ણય કરનાર વિશેષ પર્યાય છે. આહાહાહા ! એ અનિત્ય છે, પર્યાય છે એ અનિત્ય છે એ અનિત્ય છે તે નિત્યને જાણે છે. અનિત્ય છે તે નિત્યનો નિર્ણય કરે છે. આહાહાહા !

( શ્રોતાઃ- ન્યાય સભર છે ) એટલે કહે છે કે જે ખરેખર આમ આગળ ૮૭ ગાથામાં કહેશે કે મિથ્યાત્વના બે ભેદ છે અહીં પરિણામ મિથ્યાત્વના અને દર્શનમોહના રજકણ એમ મિથ્યાત્વના બે ભેદ અવ્રતના બે ભેદ, અજ્ઞાનના બે ભેદ, ક્રોધાદિના બબ્બે ભેદ એમ જીવ ને અજીવ લેશે. અહીં છે ત્યાં તો ફક્ત બેની ભિન્નતા સિદ્ધ કરવી છે. અહીં તો હવે રાગની ભિન્નતા કરીને જ્ઞાન થયું છે તે જ્ઞાન કેવું હોય એને અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઇ ? ૮૭ ગાથા છે ને કાલ ૮૫ કીધી ’તી ૮૭, ૮૮ બેય છે, ૮૭ માં કહે છે બે. સમજાણું કાંઇ ? કમ્મ દુવિયં છે ને પ્રશ્ન, મિથ્યાત્વ બે પ્રકારના એક આત્માના પરિણામ મિથ્યાત્વ અને એક દર્શનમોહ જડના પરિણામ મિથ્યાત્વ જડના અજીવ ને આ જીવ એમ બે ભિન્ન પાડીને ત્યાં ભિન્ન સિદ્ધ કરવું છે.

અહીંયા તો ભિન્ન પડેલું જેને જ્ઞાન થયું છે. રાગથી ભિન્ન પડેલી જ્ઞાન પર્યાય અને એ પર્યાયને જેણે આમ સામાન્યમાં વાળી છે તેને જ્ઞાન થયું છે એ જ્ઞાનનું લક્ષણ એંધાણ શું ? સમજાણું કાંઇ.. ? આહાહાહા ! ગાથા બહુ ઊંચી છે. ભાઇએ ફરીવાર કહ્યું એટલે ફરીને, પછી

એનું એ જ આવે એવું કાંઇ છે ? આહા ! ( શ્રોતાઃ- નિર્વિકલ્પમાં હોય તો જ જ્ઞાની એ બરોબર નહીં, તો તો પછી છટ્ઠુ ગુણસ્થાન, ચોથુ, પાંચમું, છટ્ઠું એ કેવી રીતે સિદ્ધ થાય અને તે પ્રત્યક્ષ અહીં એ સિદ્ધ કરે છે. કે રાગાદિ હોય છે અને તે સંબંધીનું અહીં જ્ઞાન જ્ઞાની કરે છે. એ છે તો પોતાનું જ્ઞાન એ સંબંધીનું જ્ઞાન એ તો નિમિત્તથી કથન છે, છતાં ત્યાં રાગ છે તેને અહીં તે જાણે છે. એટલે કે બુદ્ધિપૂર્વક રાગ છે તેને જાણે છે, એટલે કે ખ્યાલમાં આવે છે કે આ રાગ છે અસદ્‌ભૂત ઉપચાર, ખ્યાલમાં આવે છે રાગ છતાં જ્ઞાની, ધર્મી જીવ તે રાગને જાણનારો રહે છે કેમકે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એવું જ્યાં અંતર ભાન થયું તેથી તેને પર્યાયમાં જ્ઞેય જે પૂરું જ્ઞાયક છે તેનું જ્ઞાન થયું તે જ્ઞાનની પર્યાયના કાળમાં રાગ જે હોય છે એનું પણ એ સ્વપરપ્રકાશક પર્યાય હોવાથી જ્ઞાનની પર્યાય ષટ્‌કારકરૂપે પરિણમતી ઉત્પન્ન થાય છે, અરે આવું છે, ઝીણો માર્ગ, ભાઈ ( શ્રોતાઃ- વીરોનો માર્ગ છે એ તો ઝીણો જ હોયને ) કયાંય રાગથી પાર અને એક સમયની પર્યાયથી પાર ભિન્ન અંદર, ૭૩માં આવ્યું 'ને, એ અનુભૂતિ ભિન્ન છે. આહાહા !

ખરેખર અહીંયા જ્ઞાની-જ્ઞાનનું ભાન થયું આત્માનું જેને રાગથી ભિન્ન પડી અને પર્યાયને જ્ઞાયક ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ ધ્રુવ સ્વભાવ, ત્રિકાળી એકરૂપ જ્ઞાયકસ્વભાવ એનું જેને વર્તમાન પર્યાયમાં તે તરફ વળીને જ્ઞાન થયું છે તેને અહીંયા જ્ઞાની કહેવામાં આવે છે. અહીં કોઇ સાતમે ઠરી જાય આમ તો જ જ્ઞાની છે એમ નહીં. ( શ્રોતાઃ- એમ હોય તો કુંદકુંદાચાર્ય શાસ્ત્ર લખતી વખતે કયાંથી ઠરે ) તોય અજ્ઞાની એને તેથી તો એ કહે છે અજ્ઞાની અજ્ઞાનથી કહે છે બારમા સુધી અજ્ઞાન છે ને પણ એ તો અજ્ઞાનનો અર્થ અજાણપણું ઓછું જ્ઞાન એમ છે. અજ્ઞાનનો અર્થ વિપરીત જ્ઞાન છે એમ નથી. સમજાણું કાંઇ ?

બારમા સુધી અજ્ઞાન કહ્યું છે એ તો ઓછું જ્ઞાન છે એમ કીધું છે વિપરીત જ્ઞાન નથી. એમ આ ચોથે સમ્યગ્દર્શન અહીં તો જ્ઞાની કેમ ઓળખાય એમ પ્રશ્ન કર્યો છે ને ! નિર્વિકલ્પ સમાધિમાં રહેલો વીતરાગી કેમ ઓળખાય એમ નથી પૂછયું. આહા ! જેને આત્મધર્મ વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન એવું જેને રાગથી ભિન્ન પડી અને પર્યાયને અંતરમાં વાળી છે એ પણ પર્યાય છે ને ( અંદર ) વાળું છું એવોય ત્યાં ભેદ નથી, પણ સમજાવવામાં શું આવે ? સમજાણું કાંઇ ? પર્યાય જે પરલક્ષમાં છે એ પર્યાય તો ત્યાં રહી ગઈ, પછીની પર્યાય દ્રવ્યમાંથી થાય અને દ્રવ્ય તરફ ઢળે એ સમય તો એક જ છે. આરે ! આરે ! આવી વાતું છે. વીતરાગ મારગ બાપા અલૌકિક છે ભાઈ. આહા !

કહે છે કે એ પરિણામ જે કર્મનું છે પુણ્ય ને પાપ દયા અને દાન, વ્રત ને ભક્તિ આદિના પરિણામ થયા પણ એ પરિણામ કર્મનું પરિણામ છે જીવનું નહીં. કેમકે જીવ જે છે એ અનંતગુણનો પિંડ સ્વભાવ શુદ્ધ છે તો જે અનંતગુણ છે એ શુદ્ધ છે તો શુદ્ધના પરિણામ શુદ્ધ હોય, એમ અહીં સિદ્ધ કરવું છે ને ? પર્યાયમાં અશુદ્ધતા છે એ પછી સિદ્ધ કરશે. સમજાણું કાંઇ ? એનામાં પર્યાયમાં અશુદ્ધિ એ પછી સિદ્ધ કરશે, પણ અહીં તો જે વસ્તુ છે અનંત, અનંત, અનંત ગુણનો પિંડ સાગર પ્રભુ એ બધા અનંતા ગુણો શુદ્ધ છે અને તેથી તેનું પરિણમન પણ શુદ્ધ છે, આહાહા ! એ ગુણનું પરિણમન કોઇ વિકૃત છે એમ હોઇ શકે નહીં. તેથી વિકૃત જે છે એ નિમિત્તને આધીન થઇને થાય છે એવું હોવા છતાં અજ્ઞાની મારા છે એમ એ માને છે અને જ્ઞાની નિમિત્તને આધીન થયેલા

છતાં તેને તેનામાં રાખીને પોતે તેનું જ્ઞાન તેની હૈયાતિ છે માટે કરે છે, એમેય નહીં. તેનું જ્ઞાન એની જ્ઞાનની પર્યાયમાં સ્વનું અને પરનું જ્ઞાન પોતાથી પોતામાં થયું છે તેને તે જાણે છે. રાગને જાણે છે એમ કહેશે પણ ખરેખર તો એને (જ્ઞાનને) આમ જાણે છે. (શ્રોતાઃ- રાગ સંબંધી પોતાના જ્ઞાનને જાણે છે) જ્ઞાનને જાણે છે. આહાહા !

સમજાય એટલું સમજવું બાપુ, આ તો ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ, જિનેશ્વરદેવની સાક્ષાત્ વાણી છે. આહા ! સંતો એ કેવળીના કેડાયતો એ જગતને આડતિયા થઇને જાહેર કરે છે. આહાહા ! એટલે કહે છે અહીં શું કીધું કે આ પરિણામ કર્મના છે એવા પરિણામ જ્ઞાનીને થાય છે, એ અહીં લેવું છે ભાઇ, બુદ્ધિપૂર્વક થાય છે એવાને અહીં લેવું છે. અબુદ્ધિપૂર્વક થાય છે આ નિર્વિકલ્પ સમાધિમાં એ નહીં, ભાઈ. આહાહાહાહા ! એના ખ્યાલમાં આવે છે પણ એ ભિન્ન છે રાગ, જ્ઞાનીને રાગ, ક્રોધ, માન, આદિના પરિણામ કહ્યા એ બધા કર્મ જડ એનું વ્યાપક પ્રસરીને એના વિકારના પરિણામ થયા છે માટે તે જડના અને કર્મના છે એના સંબંધીનું અહીં જ્ઞાન થાય એ પોતાનું છે. આહાહાહા ! આવી વાત છે.

નિશ્ચયથી ખરેખર મોહ, રાગદ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં, અંતરંગમાં જોયું ! એ કહેતા'તા ને કાલે ન્યાં ખંડવામાં એક પ્રેમચંદ છે સનાવદના એ કહે કે આ પરિણામ જડના લેવા, જીવના વિકારી પરીણામ ન લેવા એમ કહેતો'તો કીધું નહીં એમ નથી. આ તો અંતરંગમાં ઉત્પન્ન થતાં જીવના પરિણામ વિકારી છે. મોહ, રાગદ્વેષ, સુખ, દુઃખઆદિ એ કર્મનું પરિણામ છે જીવનું નહીં. એ જીવના પરિણામ નહીં. આહાહાહા !

જીવ તો શુદ્ધ વસ્તુ છે શુદ્ધ તો એના પરિણામ શુદ્ધ હોય એ અહીં સિદ્ધ કરવું છે કર્તાકર્મ સિદ્ધ કરવું છે ને અહીં ? આત્મા કર્તા થઇને કર્મ થાય. એ તો શુદ્ધ થાય. કારણ કે શુદ્ધ એનાં ગુણો શુદ્ધ, પવિત્ર આનંદકંદ છે. એ અનંત અનંત ગુણોનો પાર નથી એવો એ ભંડાર છે છતાં અનંતા ગુણમાં કોઇ એક ગુણ, કોઇ ગુણ અનંતા, અનંતા, અનંતા, અનંતા, અનંતા માયલો કોઇપણ ગુણ રાગપણે થાય એવો કોઇ ગુણ જ નથી. આહાહા ! અને રાગપણે થાય દ્રવ્ય અને ગુણ તો તો મટે જ નહીં. બેનમાં આવ્યું છે ઇ કે અશુદ્ધ જો દ્રવ્ય થાય તો કોઈ દી' મટે જ નહીં. આહાહાહા ! પર્યાયની અશુદ્ધતા હોય તો મટે છે એ પલટે છે માટે ધ્રુવ અશુદ્ધ હોય તો ધ્રુવ મટે નહીં અશુદ્ધ, ધ્રુવ તો કાયમ રહે છે આહાહાહા ! ધીમેથી સમજવાની વાત છે બાપુ. આ તો વીતરાગ મારગ છે ભાઈ. પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરની વાણી સીધી છે આ સંતો દ્વારા બહાર આવી છે આહાહાહા !

એ કર્મનું પરિણામ કીધું. કોને ? જીવમાં થતાં જ્ઞાનીને રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પરમાત્માની સ્તુતિ એ બધા રાગ અંતરંગ કર્મના પરિણામ છે. (શ્રોતાઃ- કર્મમાં ભાવકર્મ, દ્રવ્યકર્મ બેય ભેગા લેવા) અહીંયા દ્રવ્યકર્મ, ભાવકર્મ બેય ભેગું. ભાઇએ પ્રશ્ન કર્યો હતો કે જીવ ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી તો રહિત છે તો પછી એમાં ભાવકર્મ અને નોકર્મથી રહિત આવ્યું ને દ્રવ્યકર્મથી તો આવ્યું નહીં પણ દ્રવ્યકર્મ જ ભાવકર્મરૂપે પરિણમે છે એમ લેવું છે અહીં. એટલે દ્રવ્ય, ભાવ અને નોકર્મ ત્રણેય આવી ગયા. આહાહા ! અરેરે ! આવી વાત લોકોને મળવી મુશ્કેલ પડે સમજવી તો !

ભગવાન આત્મા રાગથી ભિન્ન પડી અને પર્યાયને દ્રવ્યમાં વાળી છે, જેની જ્ઞાનની પર્યાયમાં આખું પૂરણ જ્ઞેયનું જ્ઞાન થયું છે તે જ્ઞાનીને જ્ઞાનનું લક્ષણ શું હોય ? એમ પૂછયું છે. આહાહાહા ! તો કહે છે કે સાંભળ પ્રભુ એ કર્મ જડ છે અને એના નિમિત્તથી થયેલા ઉપાદાન, અશુદ્ધ ઉપાદાનથી પર્યાયમાં આત્મામાં છે. પણ અહીં અશુદ્ધ ઉપાદાનનું કાર્ય, કર્મના નિમિત્તથી થતા કર્મમાં નાખી દેવું છે અને અહીં શુદ્ધ ઉપાદાન ભગવાન આત્મા, એના તો શુદ્ધ વીતરાગી પરિણામ હોય, એનોય કર્તા કહેશે એ ઉપચારથી છે. વિકારના પરિણામનો કર્તા તો ઉપચારથી પણ નહીં. સમજાણું કાંઇ ? આહાહાહા ! આ તો ગંભીર વાણી છે પ્રભુ. એ કર્મ પરિણામ કીધું.

અને સ્પર્શ આ શરીરમાં સ્પર્શ, રસ, ગંધ, રંગ અને શબ્દ-વાણી, બંધ અંદર એ સંસ્થાન સ્થૂલતા સ્થુળ અને સૂક્ષ્મ અંદર પરમાણુંઓ આદિરૂપે બહાર ઉત્પન્ન થતું. કર્મરૂપે પર્યાય જે થાય, શરીરરૂપે જે પર્યાય થાય, મનના પરમાણુંરૂપે જે પર્યાય થાય. વાણીના પરમાણુંરૂપે જે પર્યાય થાય, એ બધું બહાર ઉત્પન્ન થતું, ઓલું અંતરંગ પરિણામમાં આ બહારમાં જે નોકર્મનું પરિણામ શરીર આદિ વાણી આદિના પર્યાય તે બધુંય પુદ્ગલ પરિણામ છે. બેય પહેલા કર્મના પરિણામ કીધાં અને આ નોકર્મના બેય પુદ્ગલના પરિણામ છે આત્માના નહીં, જ્ઞાનીની વ્યાખ્યા છે ને અહીં. આહા ! જ્ઞાનીએ તો જ્ઞાન સ્વભાવને જાણ્યો છે તે રાગથી તો ભિન્ન જાણ્યું છે, ભિન્ન જાણ્યું છે એટલે રાગના પરિણામ છે તે જીવના પરિણામ છે એમ અહીં નથી. આહાહાહા ! એ બહાર થતું નોકર્મનું પરિણામ એ બધુંય એટલે કર્મ પરિણામ અને નોકર્મ પરિણામ, તે બધુંય પુદ્ગલ પરિણામ છે એ પુદ્ગલના પરિણામ છે. જડના પરિણામ છે. આહાહાહા !

પરમાર્થે ખરેખર ઓલું નિશ્ચયથી લીધું'તું ને પહેલું, એના પરિણામ પરના છે એમ પરમાર્થે જેમ ઘડાને અને માટીને વ્યાપ્ય, વ્યાપક ભાવનો સદ્ભાવ હોવાથી, શું કહે છે ? માટી છે તે પોતે કર્તા છે એટલે વ્યાપક છે અને ઘડો છે તે વ્યાપ્ય છે તે તેનું કર્મ છે, તેનું કાર્ય છે. સમજાણું કાંઇ ? માટી છે એ વ્યાપક છે એટલે પ્રસરે છે એમ અત્યારે કહેવું છે ને પર્યાયને, બાકી તો પર્યાય પ્રસરે છે પણ માટી વ્યાપક છે એટલે કર્તા છે એટલે કે બદલનાર છે, એવી એ માટી એ વ્યાપક છે અને ઘડો તેનું વ્યાપ્ય કાર્ય, કર્મ એની દશા છે. ઘડો એ માટીની દશા છે. એ કુંભારની દશા નહીં, કુંભારનું કાર્ય નહીં. આહાહાહા ! સમજાય છે ?

કાલે આવ્યું'તું એ જ આવે એવું કાંઇ છે ? જેમ ઘડાને અને માટીને વ્યાપ્ય, દેખો ઘડો છે તે વ્યાપ્ય છે, વ્યાપ્ય એટલે કાર્ય છે. વ્યાપ્ય પહેલું લીધું છે ઘડો તે વ્યાપ્ય છે, વ્યાપ્ય એટલે કાર્ય છે, કાર્ય એટલે કે પર્યાય છે. કોની ? તે વ્યાપક માટીની એ વ્યાપક એટલે માટી, માટી કર્તા અને માટી વ્યાપક એનો ઘડો વ્યાપ્ય, કર્મ અને કાર્ય એનું છે ઇ કર્મ કહો કે કાર્ય કહો, એ ઘડો એ માટીનું કાર્ય છે. ઘડો એ કુંભારનું કાર્ય નથી. આહાહાહાહા ! આવો માર્ગ છે.

( શ્રોતાઃ- ઘડો કુંભારનું કાર્ય નથી એમ માનવું ) કુંભારના પરિણામનો કર્તા કુંભાર પોતે ઘડાના પરિણામનો કર્તા એ કયાંથી આવે ? પર્યાયને અડતોય નથી ત્યાં કુંભાર એ ઘડાની પર્યાયને છૂતો અડતોય નથી, એકબીજામાં તો અભાવ છે. આહાહાહા ! એ તો ખરેખર તો કર્મનો ઉદય છે એને રાગ અડતો નથી તેમ રાગ ઉદયને અડતો નથી પણ એને અહીં સ્વભાવમાં

એ નથી માટે તે વિભાવની ઉપરથી ક્રિયા થતી તે કર્મની થઇ છે એમ કહ્યું છે, બાકી કર્મનો ઉદય છે અને અહીંયા રાગ થયો એ રાગને કાંઇ ઉદય અડતો નથી. રાગ છે તે ઉદય, જડના ઉદયને અડતો નથી, છતાં સ્વભાવનું એ કાર્ય નથી માટે તે વિભાવનું કાર્ય એ કર્મનું કાર્ય છે એમ કહીને કર્મના પરિણામ કીધાં છે. આહાહાહાહા ! સમજાણું કાંઇ ? છે ને સામે પુસ્તક આ પ્રેમચંદભાઈને સાંભળવાનું મળ્યું આ કાલે કહેવાઇ ગયું તું ને ફરીને લીધું આ. આહાહાહાહા !

શરીરની જે ચેષ્ટાઓ અને શરીરની જે આકૃતિ છે એ બધા પરમાણુંનું પરિણામ છે, નોકર્મ જે શરીર છે તેનું એ પરિણામ છે. આ સુંદરતા દેખાય, આકર્ષિત દેખાય, એ બધા પરિણામ પર્યાય કાર્ય શરીરના રજકણો છે તેનું એ કાર્ય છે. હેં ? એનું કાર્ય છે. એ એને આકર્ષે છે અજ્ઞાનીને આ સુંદર છે શરીરને આ છે ને આ છે રૂપાળું છે. સુંદર છે નમણું છે, પણ એ તો જડની પર્યાય છે ને પ્રભુ એ તો પુદ્‌ગલ, જડ નોકર્મની પર્યાય છે અને રાગદ્વેષ, દયા, દાન, વ્રત ભક્તિ આદિના પરિણામ એ કર્મના પરિણામ છે, કેમકે પર્યાયમાં ઉત્પન્ન થયેલા ગુણમાં કે દ્રવ્યમાં એ નથી. એટલે પર્યાયમાં ઉત્પન્ન થાય છે તે નિમિત્તને આધીન થયેલા તે નિમિત્તના છે એમ કહેવામાં આવ્યું છે. શુદ્ધ ઉપાદાનને આધીન થયેલા એ નથી. આહાહા !

શુદ્ધ જે જ્ઞાતાદ્રષ્ટા અનંત ગુણનો જે પવિત્ર પ્રભુ એને આધિન થયેલા તો શુદ્ધ હોય તેથી અશુદ્ધતાના પરિણામ જે છે અશુદ્ધ નિશ્ચયનયે તેને અહીં વ્યવહાર કહીને, તેને નિમિત્ત આધિન થયેલા કહીને પરમાં નાખી દીધા છે. આહાહાહા ! ચેતનજી ! આવું છે, આહાહા ! આ તો ઓગાળવા જેવું છે બાપુ. આ તો અનંત કાળમાં એણે આ કર્યું નથી. અરેરે ! આવો મનુષ્યનો ભવ અનંતકાળે મળે એની કિંમતું કરીને કરવા જેવું તો આ છે બાકી તો બધી અજ્ઞાન દશાથી કર્તાકર્મ માને બહારના રખડશે.

પરમાર્થે જેમ ઘડાને અને માટીને ઘડો તે વ્યાપ્ય એટલે કામ છે, કાર્ય છે માટી તે કારણ છે એટલે વ્યાપક છે. એ કાર્યકારણ ભાવનો સદ્‌ભાવ હોવાથી, ઘડો તે કાર્ય છે ને માટી તે કારણ છે, એ સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. માટી કર્તા ને ઘડો તેનું કાર્ય, કુંભાર કર્તા અને ઘડો તેનું કાર્ય એમ નથી. આહાહાહા ! આવી વાતું હવે બેસવી. રોટલી થાય છે રોટલી એ રોટલીના પરિણામ જે લોટ છે તેના છે એ, એ વેલણું છે એનાથી એ રોટલીના પરિણામ થયા નથી. કારણકે વેલણું છે એ લોટને અડતુંય નથી. કેમકે લોટના પરમાણુંઓ અને વેલણાના પરમાણુંઓ બે વચ્ચે અત્યંત અભાવ છે. અભાવ છે તેથી તેને અડતા નથી. આહાહાહા ! તેથી તે રોટલીના પરિણામ રોટલી પર્યાય છે ને ? એ પરિણામનો કર્તા એ લોટના પરમાણું છે એ સ્ત્રી કર્તા નહીં, તાવડી કર્તા નહીં, અગ્નિ કર્તા નહી. વેલણું કર્તા નહીં. આહાહા ! આવી વાતું આવી છે. વીતરાગ માર્ગ બાપા. આ તો સર્વજ્ઞ સિવાય બીજે કયાંય છે નહીં. વીતરાગ સર્વજ્ઞ સિવાય અન્યમતમાં એ વાતની ગંધેય નથી. આહાહા ! જેના મતમાં ઉપજ્યા છે એનેય એની ખબર નથી કે આ શું છે આ માર્ગ.

ઘડાને અને માટીને વ્યાપ્ય વ્યાપકભાવનો વ્યાપ્યવ્યાપકપણાનો એમ લીધું, સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે તેમ પુદ્‌ગલ પરિણામને એટલે પુણ્ય–પાપના પરિણામ, દયા, દાન, રાગ આદિના પરિણામને અને શરીરના પરિણામને અને પુદ્‌ગલને વ્યાપ્ય–વ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી, જેમ માટીને અને ઘડાને કર્તાકર્મપણું છે એમ રાગ–દ્વેષના, પુણ્ય–પાપના ભાવને અને

પુદ્‌ગલને કર્તાકર્મપણું છે. પુદ્‌ગલ કર્તા અને એ રાગ-દ્વેષ તેનું કાર્ય પુદ્‌ગલ વ્યાપક અને પુણ્ય-પાપના દયા, દાન, વ્રતના વિકલ્પ તે વ્યાપ્ય એ એનું કાર્ય છે. અહીં તો રાગથી ભિન્ન પડયું એવું જે જ્ઞાન એ જ્ઞાનીનું લક્ષણ શું એમ પૂછવું છે ને ? ધર્મી જે થયો સમ્યગ્દષ્ટિ થયો એનું શું લક્ષણ જ્ઞાનનું કે આને જ્ઞાન થયું એનું એંધાણ શું ? કે જે રાગાદિના પરિણામ થાય અને શરીરના પરિણામ થાય, એ બધા પુદ્‌ગલના પરિણામ છે તેને જ્ઞાની જ્ઞાનમાં રહીને રાગને અડયા વિના સ્વપરપ્રકાશકપણે પરિણમે છે એ જ્ઞાનનું પરિણામ તે જ્ઞાનીનું કાર્ય છે. જ્ઞાનીનું રાગ કાર્ય છે એમ નથી. આહાહાહા !

પુદ્‌ગલદ્રવ્ય, આ પુદ્‌ગલ પરિણામને એટલે પુણ્ય-પાપના ભાવને અને શરીરના પરિણામને બેયને પુદ્‌ગલ પરિણામ કીધા અને પુદ્‌ગલને એટલે કર્મના પરમાણુંને અને શરીરના પરમાણુંને વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. પુદ્‌ગલ જે કર્મ, જડ છે તે કર્તા છે અને પુણ્ય, દયા, દાન, વ્રત ભક્તિ આદિના પરિણામ તે કર્તાનું કાર્ય છે. આહાહાહા ! ( શ્રોતાઃ- રાગદ્વેષ રૂપી થઈ ગયા ) રૂપી શું જડ કીધું ને ? એ પુદ્‌ગલ અહીં તો હજુ કહેશે. પુદ્‌ગલ પરિણામ અહીં તો હજુ લીધા છેલ્લે કીધું 'તું ને કાલ પુદ્‌ગલ છે. પુદ્‌ગલ જીવ દ્રવ્ય જુદો, નિર્મળ પર્યાય સહિતનો જુદો અને આ પરિણામ સહિતનો જડ જુદો એ પુદ્‌ગલ છે. આહાહાહા ! એવી વાતું બાપા. એ વીતરાગ આમાં લંડનમાં કયાં મળે. ( શ્રોતાઃ- આવી વાત કયાંય પણ સાંભળવા મળે એવું નથી ) ભાગ્યશાળીને તો કાને પડે એવી વાત છે બાપા, આ વસ્તુસ્થિતિ છે. ( શ્રોતાઃ- કોઇ દેશમાં કયાંય જાણવા મળે એવું નથી ) નથી વાત સાચી છે લંડનમાં વાંચે છે વાત તો સાચી બાપા. આહાહાહા !

પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્રપણે એ કર્મ જે પુદ્‌ગલ છે, ને શરીર જે પુદ્‌ગલ છે બેય, એ સ્વતંત્રપણે વ્યાપક હોવાથી એ કર્મ પુદ્‌ગલ છે અને શરીરના પરમાણું પુદ્‌ગલ છે, બેય સ્વતંત્રપણે પુદ્‌ગલ પરિણામનો કર્તા છે. આત્મામાં જ્ઞાનીને જે રાગદ્વેષ થાય તે જ્ઞાનીને થતાં નથી. એ પુદ્‌ગલ પરિણામ છે તે પુદ્‌ગલથી થયેલાં છે. આહાહા ! છે એ પુદ્‌ગલ, સ્વતંત્રપણે કર્તા લેવું છે ને ? " કર્તા એને કહીએ કે જે સ્વતંત્રપણે કરે " તો કર્મના પુદ્‌ગલ સ્વતંત્રપણે પુણ્ય-પાપ ને દયા, દાન અને ભક્તિના પરિણામ કરે " કર્તા સ્વતંત્રપણે કરે તેને કર્તા કહેવાય " આહાહા... સમજાણું કાંઇ ?

અરે દેહ છૂટી જશે, એકલો ચાલ્યો જશે. જો આ વાત સાચી નહીં સમજે એને સમ્યગ્જ્ઞાન નહીં થાય તો એ કયાં રહેશે ભવિષ્યમાં, ૮૪ ના અવતારમાં અજાણ્યા ઘરે, અજાણ્યા ક્ષેત્રે, અજાણ્યા કાળે, આહાહા ! માટે કહે છે કે એકવાર જાણ તું તારા આત્માને. આહાહા ! એ ભગવાન આત્મા શુદ્ધ ગુણ સંપન્ન પ્રભુ છે ને ભાઈ. એ શુદ્ધ ગુણ સંપન્નનું વિકારી કાર્ય શી રીતે હોય ! એ વિકારી કાર્ય જે છે, છે વ્યવહારનયે અને અશુદ્ધનયે છે એનામાં પણ એ વ્યવહારનયનો વિષય જે છે એ કર્મથી થયો છે એમ અહીં સિદ્ધ કરવું છે. આત્માના શુદ્ધ ગુણોથી વિકાર શી રીતે થાય ? એટલે પુદ્‌ગલ સ્વતંત્રપણે એમ કીધું પાછું કર્મના પુદ્‌ગલો સ્વતંત્રપણે કર્તા થઇને એ દયા, દાન અને ભક્તિના ભાવ થાય છે. આહાહાહા ! સમજાણું કાંઇ ?

કર્તા સિદ્ધ કરવો છે ને " કર્તા સ્વતંત્રપણે કરે તે કર્તા અને કર્તાનો ઇષ્ટ તે કર્મ, કર્તાનું ઇષ્ટ, પ્રિય તે તેનું કાર્ય " તો કર્મ કર્તા સ્વતંત્રપણે છે તેના પુણ્ય-પાપના ભાવ ઇષ્ટ તે તેનું કાર્ય છે.

આત્માને પુણ્ય–પાપ ઇષ્ટ નથી. ધર્મીને પુણ્ય–પાપ ઇષ્ટ નથી. તેથી ધર્મીને તે ઇષ્ટ કાર્ય જે કર્મનું છે, તેનો તે જાણનાર કહેવો એ પણ વ્યવહાર છે, એના જ્ઞાનના પરિણામને તે જાણે છે, રાગને નહીં. આવું સ્વરૂપ છે. થોડું પણ એને સત્ય હોવું જોઇએ ને બાપુ.. પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમેશ્વરનું આ વચન છે. ઇન્દ્રો ને ગણધરોની સમક્ષમાં ભગવાન બિરાજે છે, તે વાણી આ રીતે કરી રહ્યા છે, એ કુંદકુંદાચાર્ય ગયા, બધું સાંભળ્યું જ્ઞાની તો હતા, વિશેષ સ્પષ્ટ થયું આવીને આ શાસ્ત્ર બનાવ્યા આ ભગવાનનો આ સંદેશ છે. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પ્રભુ એનો આ સંદેશ છે કે જે કોઇ ધર્મી અને જ્ઞાની થાય તેને જે રાગના પરિણામ થાય તે રાગના પરિણામનો કર્તા પુદ્‌ગલ છે અને તે પણ આત્માની કંઇપણ અપેક્ષા રાખ્યા વિના પુદ્‌ગલ સ્વતંત્રપણે કર્તા થઇને તે ભગવાનની સ્તુતિનો ભાવ ભક્તિનો ભાવ રાગનો ભાવ સ્વતંત્રપણે કરે છે. આહાહાહા ! સમજાણું ?

એ પુદ્‌ગલપરિણામ, પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક હોવાથી પુદ્‌ગલ પરિણામનો કર્તા છે. સ્વતંત્ર કીધુંને અને પુદ્‌ગલ પરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી, એ દયા, દાન, વ્રતના, સ્તુતિના, ભક્તિના, ભગવાનની સ્તુતિનો જે રાગ એ પુદ્‌ગલ પરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી ઇ પુદ્‌ગલ પરિણામ ભાવ રાગ એ વ્યાપક એવો જે પુદ્‌ગલ એનાથી સ્વયં વ્યપાતું હોવાથી, સ્વયં કાર્ય થતું હોવાથી પુદ્‌ગલમાં સ્વયં કાર્ય થતું હોવાથી, કાલે તો આવી ગયું છે આ. ( શ્રોતાઃ– વિશેષ આવ્યું ) વિશેષ આવ્યું. આહા ! અમારે જીવરાજજી નહોતા કાલે, કાલે નહોતા ઠીક નહોતું. આહાહા ! શું કહ્યું ? કે જ્ઞાની ધર્મી એને કહીએ કે જેને રાગાદિના પરિણામ દયા, દાન, ભક્તિના આવે તે પરિણામનો સ્વતંત્રપણે કર્મ કર્તા હોવાથી તે કર્મનું તે પુણ્ય–પાપના ભાવ કાર્ય છે એ ધર્મીનું કાર્ય નહીં. આહાહા...આહાહાહા ! એ સમ્યગ્દૃષ્ટિ જીવનું એ કાર્ય નહીં.

એક બાજુ એમ કહેવું પંચાસ્તિકાયમાં કે જેટલા દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ થાય તે ષટ્‌કારકપણે જીવની પર્યાયમાં પર્યાયથી થાય છે. ત્યાં અસ્તિકાય એનું સ્વતંત્રપણું સિદ્ધ કરવું છે પરથી ભિન્નપણું ૬૨ ગાથા એ વિકારના પરિણામ ષટ્‌કારકપણે દ્રવ્યગુણની અપેક્ષા નહીં. નિમિત્તની અપેક્ષા તો નહીં. એ વિકારના પરિણામ પર્યાયમાં સ્વતંત્રપણે કર્તા, વિકાર પરિણામ કર્તા વિકારી કાર્ય, વિકાર એ સાધન, વિકાર એ અપાદાન એનાથી વિકાર થઇને રાખ્યું વિકારના આધારે વિકાર થયો એવા ષટ્‌કારકપણે પંચાસ્તિકાયની ૬૨ ગાથા જે મોટી ચર્ચા વરણીજીની હારે થઇ’તી ૨૨ વર્ષ પહેલા ઇસરી. કીધું આ પ્રમાણે છે ત્યાં એ કહે નહીં, નહીં એમ નહીં એ તો અભિન્નની વાતો છે પણ અભિન્નની એટલે શું ?

એ વિકારી પરિણામ એક સમયના મિથ્યાત્વના થાય છે તે પણ રાગદ્વેષના પરિણામને ષટ્‌કારકનું પરિણમન એ પર્યાયનું પર્યાયમાં છે, એ પર્યાયને દ્રવ્યગુણની અપેક્ષા નથી તે વિકારીને કર્મના નિમિત્તની અપેક્ષા નથી એટલું સિદ્ધ કરવું છે, ત્યાં એનામાં થયું એ. પ્રવચનસારના ૧૦૨ ગાથામાં એ વિકારી પરિણામ થાય તે તે સમયે તેનો તે ઉત્પન્ન થવાનો કાળ છે. જીવમાં જે સમયે જે કંઇ મિથ્યાત્વ આદિ રાગદ્વેષ થાય તે સમયે તે ઉત્પન્ન થવાનો તેનો જન્મક્ષણ છે. ઉત્પત્તિનો એ કાળ છે એમ ત્યાં સિદ્ધ કર્યું છે બે. આહાહાહા ! ત્રીજું કે કાળલબ્ધિને કારણે તે તે જીવને તે તે પ્રકારના રાગના પરિણામ તે તે કાળે થાય તે કાળલબ્ધિ છે એની ત્રણ, ચોથું આ

કે એ તો એનું અસ્તિત્વ એનામાં છે એટલું સિદ્ધ કર્યું.

હવે જ્ઞાની જે થયો, એ જ્ઞાની છે તે રાગના પરિણામથી ભિન્ન પડીને પોતાની જ્ઞાનની પર્યાયને જ્ઞાયકમાં વાળીને, આહાહાહા.... એ કાંઇ ઓછો પુરુષાર્થ છે ? ( શ્રોતાઃ-અનંતો પુરુષાર્થ છે ) જેની દશાની દિશા ફરી ગઇ. જેની જ્ઞાનપર્યાયની દશા, એની દિશા ફરી ગઇ અંદર ગઇ, એવા જ્ઞાનીને જે કંઇ રાગ એના પરિણામમાં દેખાય છે દયાના, દાનના, ભક્તિના, વ્રતના, સ્તુતિના, પૂજાના એ પરિણામને પુદ્‌ગલકર્મ સ્વતંત્રપણે વ્યાપક હોવાથી પરની એને કોઇ અપેક્ષા નથી. નબળાઇ કર્મની છે આત્માની છે માટે થયા એમ અપેક્ષા અહીં નથી. આહાહા... આવું છે બાપુ.

આ રામજીભાઈ કહે ફરીને લેવું તો ફરીને આ. આહાહા... આહાહા... અને તે પણ ભાઇ અહીંયા જ્ઞાનીથી વાત લીધી છે ભાઇ નિર્વિકલ્પ સમાધિવાળો છે એ વાત અહીં નથી લીધી. કર્તાકર્મમાં એ અધિકાર છે અને ઓલો જ્ઞાનસાગર કહે નહીં નિર્વિકલ્પ સમાધિમાંથી ખસે એટલે જ્ઞાની નહીં અજ્ઞાન થઇ ગયું. હવે એનો વિદ્યાસાગર શિષ્ય છે અત્યારે બહુ વખણાય છે. અત્યારે નાની ઉંમર છે ૩૦-૩૨-૩૩ વર્ષનો જુવાન છે. ભણેલો વ્યાકરણનો ભાઈ મારગડા અંદર જુદા બાપુ ! આહા !

પુદ્‌ગલપરિણામ તે વ્યાપકવડે સ્વયં વ્યપાતું હોવાથી, શું કીધું ? પહેલું કર્તા કહ્યું કે પુદ્‌ગલદ્રવ્ય જે કર્મ છે તે સ્વતંત્રપણે વ્યાપક થઇને પુદ્‌ગલ પરિણામનો કર્તા થાય છે. હવે કર્મ સિદ્ધ કરવું છે. ઇ પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે એટલે કર્મના પુદ્‌ગલના પ્રસરવા વડે કર્તા વડે સ્વયં વ્યાપ્ત હોવાથી એ રાગાદિ, પુણ્ય, દયા, દાનના વિકલ્પ આદિ ભાવ એ સ્વયં પોતે પોતાનું કાર્ય થયું હોવાથી વ્યાપ્યરૂપ થવાથી તે કર્મ છે. આહાહાહાહા..... હેં ? એ પુદ્‌ગલનું કાર્ય છે. આહા ! ભગવાનની સ્તુતિ કરવી કહે છે, પર છે ને ? એનો રાગ એ કર્મનું કાર્ય છે એ કર્મ સ્વતંત્રપણે કરીને કર્તા થયેલો છે. જીવની નબળાઇ છે માટે તે અપેક્ષા પણ અહીં નહીં. આહાહા... !

અહીંયા તો જ્ઞાનીને જ્ઞાનની સબળાઇ છે જાણનાર, દેખનાર ઉભો થયો છે તેથી તે રાગના પરિણામને કર્મનું કાર્ય ગણી અને રાગનું જ્ઞાન કરનારો જ્ઞાની છે એમ કહેવું એ પણ હજી વ્યવહાર, તે જ્ઞાનના પરિણામને કરે છે એમ કહેવું એ હજી વ્યવહાર છે. જ્ઞાનના પરિણામ જ્ઞાન કરે છે તે નિશ્ચય છે. આવું છે બાપુ મારગ. બહુ ઉંડો મારગ છે. ઉંડો અને ગંભીર છે. આહાહા.... હેં ? ( શ્રોતાઃ- એક વખત આપે જગમોહનલાલજીને કીધું પણ એને બેઠું નહીં ) એણે અમૃતકળશમાં લખ્યું છે વ્યવહારથી નિશ્ચય થાય એમ લખી નાખ્યું. પોતે પડિમા લઇને બેઠા છે ને, ફૂલચંદજીએ ના પાડી નિષેધ કર્યો હોય, થાય જગતમાં અત્યારે બધુ ઘણું છે. અનેક સંઘાડા અનેક ઘણાં પ્રકારે અનેક હોય છે ભિન્ન ભિન્ન, એનું કયાં આપણે આલોચન કેટલું કરીએ. આહાહાહા !

આંહીં તો પરમાત્મા ત્રણલોકના નાથ વીતરાગની વાણીમાં આવ્યું એ સંતો જગતને આડતિયા થઇને જાહેર કરે છે. માલ ભગવાનના ઘરનો છે. તીર્થંકરદેવ પરમેશ્વર એ સંતોએ માલને કેટલોક લીધો છે અને એ અનુભવી થઇને વાત કરે છે પૂર્ણ તો સર્વજ્ઞનું છે. આહાહા !

પુદ્‌ગલ પરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી જોયું ! એ વિકારના પરિણામ સ્વયં કાર્ય કર્મનું થાય છે. ચોવીસ તીર્થંકરની સ્તુતિ કરી સ્વયંભૂ સ્તોત્રમાં ભાઇએ સમંતભદ્રઆચાર્ય, એ પણ છે કહે છે કે એ પરની સ્તુતિ છે તે વિકલ્પ છે રાગ. ત્યાં લખ્યું છે

એ રાગના પરિણામનું સ્વયંપણે વ્યાપ્ત થવાથી વ્યાપક પુદ્ગલનું તે કાર્ય છે. આહા... અરેરે ! હેં ? છે માર્ગ એવો બાપા શું થાય ? આહા.... કહો કાળીદાસભાઈ સમજાય છે આ ? કયાંય મુંબઇ-મુંબઈમાં ન મળે ત્યાં વ્યાપાર ધંધામાં કયાંય પૈસા-બૈસા બધાય ઘણાં કરોડપતિ કહેવાય કરોડોપતિનું ( બિરૂદ ) આપી લાંબુ મોટું લપસીંદર હોયને પચ્ચીસ-પચાસ લાખ હોય તો લોકો કરોડપતિ કહી દીએ. પતિને પણ એ ? કરોડનો ને જડનો ને ? જડનો પતિ તો જડ હોય ભેંસનો ધણી પાડો હોય. ( શ્રોતાઃ- દુનિયામાં એની બોલબાલા છે ) દુનિયામાં ગાંડા પાગલમાં તો બોલબોલા જ હાલે ને. આહાહાહાહા !

સ્વયં વ્યપાતું હોવાથી કર્મ છે. તેથી પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઇને એ કર્મ વડે કર્તા થઇને શરીર વડે કર્તા થઇને કર્મપણે કરવામાં આવતું કાર્યપણે કરવામાં જે આવતું સમસ્ત કર્મ-નોકર્મરૂપ પુદ્ગલપરિણામ સમસ્ત રાગાદિના પરિણામ એ કર્મના અને શરીરના પરિણામ તે નોકર્મના એ પુદ્ગલપરિણામ તેને જે આત્મા પુદ્ગલકર્મપરિણામને અને આત્માને બાકી રહેશે થોડું પરમ દિ' પાછા આવવાના છે ને કાલ તો સજ્જાય છે. આઠમ છે ને કાલ પરમ દિ' આવવાના છે ને આ બધાય એના સાટું બાકી છે ને કાંઇક. આહાહા !

શું કીધું ? કર્મ-નોકર્મરૂપ પુદ્ગલપરિણામ એટલે રાગના, દયાના, ભક્તિના, સ્તુતિના પરિણામ એ કર્મના પરિણામ, આત્માના નહીં, અને શરીરની હાલવા-ચાલવાની પર્યાય, બોલવાની પર્યાય એના કર્તા પરમાણું એનો એ પુદ્ગલપરિણામ, તેને જે આત્મા પુદ્ગલ-પરિણામને અને આત્માને ઘટ-કુંભારની જેમ વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ. જોયું પહેલા સદ્ભાવ કહીને પછી અભાવ સિદ્ધ કર્યો છે. જેમ માટીને અને ઘડાને સદ્ભાવ કર્તાકર્મપણું છે એમ આત્માને અને રાગને કર્તાકર્મપણું સદ્ભાવ નથી. આહાહા !

અરેરે ! વાતે વાતે ફેર ? આવો માર્ગ. આ મનુષ્યપણું હાલ્યું જશે બાપા એની સ્થિતિ પુરી થઇ જશે એટલે પછી ખલાસ થઇ જશે પછી શું તેં કર્યું એ પરિણામ તારા તારી હારે રહેશે. અહીંયા તો પાંચ, પચીસ, પચાસ વર્ષ ધૂળમાં, અનંતકાળ ભવિષ્યમાં રહેવું છે એ આ રાગના પરિણામ મારું કાર્ય છે ને હું એનો કર્તા એ અજ્ઞાનભાવ છે. કેમકે સ્વરૂપ શુદ્ધ છે ત્યાં કર્તાપણું કર્મનું કયાંથી આવે રાગનું ? આહાહાહા... શુદ્ધ છે પણ શુદ્ધ ને કાર્ય અશુદ્ધ હોય શી રીતે એ અપેક્ષાએ અશુદ્ધનું કાર્ય અશુદ્ધ નિશ્ચયનું વ્યવહાર કહી વ્યવહાર કહીને નિમિત્તનું પુદ્ગલ સ્વતંત્રપણે કરીને રાગ કરે છે. આહાહા..... !

ઘટ અને કુંભારની જેમ એ પુદ્ગલ પરિણામને અને આત્માને એ દયા, દાન, વ્રત, ભક્તિ, સ્તુતિના પરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ હોવાથી, એ વ્યાપ્ય નામ જેમ ઘટ વ્યાપ્ય અને કુંભાર વ્યાપક નથી એમ પુદ્ગલપરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ નથી. એ પુદ્ગલ વ્યાપક અને રાગાદિ પરિણામ તેનું વ્યાપ્ય છે. આહાહાહા ! સમજાણું કાંઇ ?

કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, પરમાર્થે આત્મા કરતો નથી. એ દયા, દાન, વ્રત, ભક્તિ, સ્તુતિના પરિણામને જીવ પરમાર્થે સાચી દ્રષ્ટિથી કરતો નથી. વિશેષ કહેવાશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૬૨ ગાથા-૭૫ તા. ૦૭/૦૧/૭૯ રવિવાર પોષ સુદ-૧૦

શ્રી સમયસાર ગાથા-૭૫.

અહીં સુધી તો આવ્યું છે. આત્મામાં- જ્ઞાની કેમ ઓળખાય એ પ્રશ્ન છે. આ જીવને જ્ઞાન થયું કે સમ્યક્ થયું એના એંધાણ શું એના લક્ષણ શું એના ચિન્હ શું ? એમ પ્રશ્ન કરવામાં આવ્યો છે. એના ઉત્તરમાં અહીંયા કહ્યું.

છેલ્લું – "સમસ્ત કર્મનોકર્મ પુદ્ગલ પરિણામ" નીચેથી છે. જેટલા આત્મામાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ થાય એ બધા પરિણામ પુદ્ગલના છે. કેમકે અહીંયા આત્મા છે એ તો અનંતગુણનો પિંડ પ્રભુ તેમાં કોઈ ગુણ વિકાર કરે એવો ગુણ નથી. તેથી અનંતગુણ જે શુદ્ધ છે તેનું જેને જ્ઞાન થયું ભાન, એ જીવને એનું કાર્ય-રાગ એનું કાર્ય નહીં.

કેમ કે દ્રવ્ય જે સ્વભાવ છે એ શુદ્ધ ચૈતન્ય પવિત્ર સ્વભાવથી ભરેલો ભગવાન એની જેને દ્રષ્ટિ થઈ છે તેને શુદ્ધ પરિણામનો કર્તા એ કહેવાય એ ઉપચારથી. શુદ્ધપરિણામ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના એ પરિણામને સ્વભાવની દ્રષ્ટિવંતને ઉપચારથી કર્તા કહેવાય અને એ શુદ્ધપરિણામ ઉપચારથી તેનું કાર્ય કહેવાય. ભેદ પડયો ને ? ખરેખર તો એ શુદ્ધપરિણામ જે છે શુદ્ધ ચૈતન્ય દ્રવ્યની દૃષ્ટિ થતાં, જે શુદ્ધ પરિણામ છે તે ષટ્કારકરૂપે પરિણમતા ઉભા થાય છે. આહાહા ! શું કહ્યું ઈ ? શુદ્ધદ્રવ્ય ને શુદ્ધગુણસ્વભાવ છે એવી દૃષ્ટિ થઈ તો એ દૃષ્ટિના જે પરિણામ છે એ ખરેખર તો ષટ્કારકપણે પરિણમતા ઉત્પન્ન થાય છે એ પરિણામને દ્રવ્યગુણની અપેક્ષા નથી. નિમિત્તની અપેક્ષા નથી. ઝીણું છે ભાઈ.

અજ્ઞાનમાં પુણ્ય અને પાપના ભાવ અશુદ્ધનિશ્ચયથી એટલો વ્યવહાર તે એની પર્યાયમાં છે. અને તેના જન્મક્ષણે તે કાળે વિકાર તેમાં થાય તે ઉત્પન્ન થાય તેનો અજ્ઞાની કર્તા છે અને અજ્ઞાનીનું તેમાં તે કાર્ય છે, કેમકે એને દ્રવ્યસ્વભાવ જે ગુણ પવિત્ર છે એની દૃષ્ટિ થઈ નથી. અને દૃષ્ટિ ત્યાં રાગના પરિણામ ઉપર હોવાથી, અજ્ઞાની રાગનો કર્તા અને રાગ તેનું કાર્ય અને ખરેખર તો રાગનું કાર્ય પર્યાયનું છે એનો કર્તા રાગ છે. રાગનો કર્તા રાગ છે, રાગનું કાર્ય રાગ છે; રાગનું સાધન રાગ છે. જેની દૃષ્ટિ રાગ ઉપર અને વિકાર ઉપર છે તેના પરિણામ વિકારના ષટ્કારકપણે પરિણમતા ઉત્પન્ન થાય છે.

જેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર છે. આહાહા ! ભગવાન આત્મા શુદ્ધ અનંત અનંત અનંતનો પાર નહીં એટલા ગુણો પણ તે કોઈ ગુણો વિકારને કરે એવો કોઈ ગુણ નથી. તેથી તે ગુણના ધરનાર દ્રવ્યને જેણે દૃષ્ટિમાં લીધું તેનું કાર્ય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ એનું કાર્ય નથી. એ પુદ્ગલ સ્વતંત્રપણે કર્તા થઈને, કર્મ સ્વતંત્રપણે કર્તા થઈને એ વિકારી પરિણામનું કર્મ કાર્ય તેનું છે. ચંદુભાઈ ! આવું છે આ.

એકકોર એમ કહેવું કે અશુદ્ધ ઉપાદાનથી વિકાર જીવમાં થાય એ તો એની પર્યાયની સિદ્ધિ કરવા પણ જ્યારે આત્માની દૃષ્ટિ જ્યાં પર્યાય ઉપરથી હટી અને જે પર્યાય જ્ઞાનની છે તેને અંતર-તળિયામાં લઈ જઈ, ધ્રુવમાં લઈ જઈને અનુભવ થયો, તેને દૃષ્ટિના વિષયમાં જે દ્રવ્ય

સ્વભાવ આવ્યો તેનું કાર્ય તો નિશ્ચયથી તો એ શુદ્ધપરિણામ પણ એનું કાર્ય નિશ્ચયથી નથી. શુદ્ધ પરિણામ–પરિણામનું કાર્ય છે, પણ જેની દૃષ્ટિ રાગ ઉપર છે અને સ્વભાવ ઉપર નથી તેનાય રાગનો કર્તા, કર્મ અને સાધન પર્યાયનું રાગમાં છે.

ધર્મીને સમસ્ત કર્મ–નોકર્મ રૂપ પુદ્‌ગલપરિણામ, પુદ્‌ગલ પરિણામમાં અહીંયા દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, પૂજા બધા લેવા. તેને જે આત્મા પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ, આહાહા ! જેમ કુંભાર ઘટનો કર્તા નથી એટલે કુંભાર વ્યાપક થઈને ઘટનું વ્યાપ્ય કાર્ય એનું નથી. એ તો માટી પોતે કર્તા થઈને વ્યાપક થઈને ઘડો એનું વ્યાપ્ય નામ કર્મ નામ કાર્ય છે, એમ પરિણામ પુણ્ય–પાપના જે છે, પુદ્‌ગલ પરિણામ અને આત્માને, છે ? આ પુદ્‌ગલપરિણામ અને આત્માને ઘટ અને કુંભારની જેમ, જેમ ઘટનું વ્યાપ્ય કાર્ય કુંભારનું નથી. તેમ જીવમાં થતાં વિકારી પરિણામ અને જ્ઞાનીનું વ્યાપ્ય કાર્ય નથી. આહા ! હવે આવી વાતું. સમજાણું કાંઈ ?

પુદ્‌ગલપરિણામ તેને આત્મા–પુદ્‌ગલ પરિણામ શબ્દે દયા, દાન, રાગદ્વેષ ગમે તે પરિણામ વિકાર તેને અને આત્માને પુદ્‌ગલ પરિણામને અને આત્માને ઘટ ને કુંભારની જેમ, જેમ કુંભાર ઘટનું કાર્ય કરનાર નથી તેમ ધર્મી પુણ્ય–પાપના પરિણામના કાર્યનો કર્તા નથી. કુંભારને વ્યાપ્ય–વ્યાપકભાવનો અભાવને લીધે કર્તાપણાની અસિદ્ધિ હોવાથી પરમાર્થે કરતો નથી. આહાહા !

જેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર પડી, તે દૃષ્ટિવંતને જે કંઈ પુણ્ય અને પાપના ભાવ થાય, તેનું તેને વ્યાપ્ય–વ્યાપકપણું કર્તાકર્મપણું નથી. તેનું વ્યાપ્ય–વ્યાપકપણું પુદ્‌ગલમાં જાય છે. આહાહા ! ઉપાદાનવાળા વિરોધ કરે કે ઉપાદાન તો તમે કહો છો. ઉપાદાન તો પર્યાયમાં થાય ને વળી અહીં કહો છો કે કર્મને લઈને થાય. આહા ! ભાઈ થાય છે તેના ઉપાદાનની પર્યાયમાં જ પણ એ અશુદ્ધ ઉપાદાન છે તેથી જેની દૃષ્ટિ શુદ્ધઉપાદાન ઉપર ગઈ છે તેના તે પરિણામને વિકારના પરિણામનો કર્તા તે દ્રવ્ય સ્વભાવવંત નથી, એમ કહેવું છે. તેથી જે પર્યાયમાં ઉત્પન્ન થાય અધ્ધરથી તે પુદ્‌ગલ સ્વતંત્રપણે કરીને તેનું વ્યાપ્ય–કાર્ય વિકાર એનું કાર્ય છે. આહાહા ! ( શ્રોતાઃ– જીવની પર્યાયનું કામ પુદ્‌ગલ કરે )એ કહ્યું નહીં કે પર્યાયમાં અશુદ્ધ ઉપાદાન છે તે એનામાં છે, પણ દૃષ્ટિ સ્વભાવ ઉપર પડી છે જ્યાં તેથી જે પર્યાયમાં ઉત્પન્ન થાય તે કોઈ ગુણનું કાર્ય નથી. તેથી એને કર્મનું સ્વતંત્રપણે કાર્ય કહી, અને વિકાર તેનું વ્યાપ્ય નામ કર્મ નામ કાર્ય છે. ચંદુભાઈ ! આવું છે. આવો માર્ગ છે બાપા.

એકકોર એમ કહેવું કે જ્ઞેય જે છ–છ પ્રકાર–જ્ઞેય છે તેની તે–તે પર્યાય તે કાળે થાય તે પર્યાયનો તે ઉત્પત્તિનો જન્મક્ષણ એનો છે, પરથી નહીં. એકકોર એમ કહેવું કે–પુણ્ય ને પાપનું પરિણમન ષટકારકપણે પર્યાયમાં, ષટકારકપણે પર્યાયથી થાય છે દ્રવ્યગુણથી નહીં નિમિત્તથી નહીં. આહા ! એકકોર એમ કહેવું કે દરેકના સમયની જે પર્યાય છે તે તેની કાળલબ્ધિ છે. તે–તે કાળે થવાનો તે કાળ–લબ્ધિ છે. ત્રણ, એકકોર એમ કહેવું. આહાહા ! નવરંગભાઈ આ બધી આવી વાતું છે આ. હૈ ? ( શ્રોતાઃ– ગુંચવણમાં પડે તેવી વાત છે ) ગુંચવણ નીકળે એવી વાત આ. આહાહા !

જેની પર્યાય ઉપર દૃષ્ટિ છે તેના જે વિકાર થાય છે તે ષટકારકપણે પરિણમતું તે જીવનું કાર્ય છે એમ વ્યવહારે કહેવાય છે. નિશ્ચયથી તો પર્યાયનું કાર્ય છે. પણ જેની દૃષ્ટિ પર્યાય ઉપરથી હટી અને એ પર્યાય જે રાગમાં જતી હતી તે પર્યાયને દ્રવ્યમાં વાળી છે, દ્રવ્ય જે જ્ઞાયકભાવ છે તેમાં તે પર્યાયને અંતર વાળી છે તેવા ધર્મી જીવને દયા, દાન, વ્રતના પરિણામ પણ તે તેના પુદ્‌ગલના પરિણામ છે જીવના નહીં. ( શ્રોતાઃ– આમ જ્ઞાની માને છે ? ) જ્ઞાની એમ જાણે છે ને એમ જ છે. કેમ છે એ કારણ તો કહ્યું નહીં, કે દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. દ્રવ્યસ્વભાવમાં કોઈ એવો ગુણ નથી કે વિકાર કરે. આહાહા !

ભાઈ મારગડા જુદા છે પ્રભુ, આહા ! એ વાત સર્વજ્ઞ વીતરાગ સિવાય કયાંય છે નહીં સંપ્રદાયમાંય એવી વાત છે નહીં અત્યારે તો. આહા..... કહો દેવીલાલજી ! આહા !

એકકોર એમ કહેવું કે ઉપાદાન એનું છે તો એનાથી થાય છે વિકાર, એ પર્યાયમાં એની પર્યાયની સિદ્ધિ કરવી છે, અસ્તિકાય સિદ્ધ કરવું છે. પંચાસ્તિકાયમાં જ્યાં ૬૨ ગાથામાં ત્યાં વિકારના પરિણામનું ષટકારકનું પરિણમન વિકારનું વિકારમાં છે પર નહીં, દ્રવ્યગુણ નહીં. પણ અહીંયા તો પ્રશ્ન એ છે કે જ્ઞાનીના એંધાણ ને લક્ષણ ને ચિન્હ શું ? એટલે કે જેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર ગઈ છે અને પર્યાયની દૃષ્ટિ જેને ઊઠી ગઈ છે, એવો જે ધર્મી એના જે પરિણામ રાગ ને દ્વેષનાં છે તે પુદ્‌ગલકર્મ સ્વતંત્રપણે કર્તા થઈને સ્વતંત્રપણે તે વિકારનું કાર્ય તેનું છે. આહાહા ! સમજાય છે કાંઈ ? અટપટી વાત છે કહે છે. મારગ તો એ છે ભાઈ. આહાહા !

એમ હોવાથી પરમાર્થે કરતો નથી. જોયું દ્રવ્યસ્વભાવની દૃષ્ટિવંત જ્ઞાની તે રાગના પરિણામને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્ય અને વ્યાપકનો અભાવ હોવાથી તે વિકારને પરમાર્થે જ્ઞાની કરતો નથી. આહાહા..... કહો રતિભાઈ આવું છે. કહો, હૈં ? ( શ્રોતાઃ–વધારે ચોખવટ કરો ) ભાષા તો આવે છે, કહ્યું ને કે જેની દૃષ્ટિ અનંતગુણ જે પવિત્ર છે એવો જે પ્રભુ એના ઉપર દૃષ્ટિ ગઈ નથી એનો સ્વીકાર થયો નથી, એને તો વર્તમાન પર્યાયમાં થતા રાગ અને દ્વેષનો સ્વીકાર છે. તેથી તેનું વ્યાપ્ય–વ્યાપક વિકારનું તેનામાં તેનાથી છે. પાણીની ગળવાની ક્રિયાની આ વાત નથી હો. નવરંગભાઈ ! એ પૂછ્યું 'તું એ શરીરના નોકર્મના પરિણામ પણ અહીં તો કર્મના પરિણામ જે અંદર મેં કર્યા, શુભ અને અશુભ જે દયા, દાન, વ્રત, ભક્તિ પૂજા અપવાસનો વિકલ્પ જે છે એ રાગ દૃષ્ટિ–દ્રવ્ય દૃષ્ટિવંતને એ રાગનો સ્વભાવ એનો નથી. એની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે, તેથી તે રાગનું વ્યાપ્ય કર્મ પુદ્‌ગલ સ્વતંત્ર થઈને કર્તા વ્યાપક થઈને કરે છે. સમજાણું કાંઈ ? અરેરે ! હવે આવી વાતું છે. લોકોને સત્ય મળ્યું નથી, આ વાડા બાંધીને બેઠા એ પોતાનો પંથ કરવાને, આ એ નથી આ. આહાહા !

વ્રત અને તપ અને અપવાસ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને એવા પરિણામ અપવાસના ને એ પરિણામ બધા રાગ છે, અને રાગનું વ્યાપ્યપણું વ્યાપક છે કર્મ છે, અહીં દ્રવ્યસ્વભાવ છે એ એનું વ્યાપક કયાંથી હોય ? દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ છે, તે જ્ઞાનીને દ્રવ્યસ્વભાવનું એ વિકારી કાર્ય કયાંથી હોય ? હજી તે દ્રવ્યસ્વભાવની દૃષ્ટિવંતને નિર્વિકારી પરિણામનું કાર્ય પણ વ્યવહારથી કહેવાય છે. ઉપચારથી કહેવાય છે. સમજાય છે કાંઈ ?

ભાષા તો સાદી છે ને પ્રભુ. ભાવ તો જે છે એ છે, આમાં કોઈ સંસ્કૃત ને વ્યાકરણ ને

એવા કોઈ શબ્દ નથી. ઘણી સાદી ભાષામાં, એ તત્ત્વ જ આવું છે. એની ખબરૂં નથી એ અજ્ઞાનમાં એ રાગ અને દ્વેષના પરિણામ પુણ્ય-પાપના પરિણામ મારું કાર્ય છે ને હું એનો કર્તા છું, એ વ્યાપ્ય-વ્યાપકપણે અજ્ઞાની પરિણમે છે. સમજાય છે કાંઈ ? આહાહાહા !

પણ ધર્મી જીવ એટલે કે દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિવંત, એને જે પરિણામ થાય નિર્મળ એ નિર્મળ-પરિણામનો પણ કર્તા ઉપચારથી કહેવામાં આવે છે. બાકી તો પર્યાય-પર્યાયની કર્તા અને પર્યાય પર્યાયનું કાર્ય, અને તે ધર્મીને દ્રવ્ય દૃષ્ટિના સ્વભાવના જોરને લઈને જે કંઈ પર્યાયમાં કમજોરીને લઈને રાગ-દ્વેષ, દયા, દાન થાય તે પરિણામ સ્વતંત્રપણે કર્મ કર્તા થઈને કરે છે. કર્તા થઈને તે કરે છે, આત્મા તેનો કર્તા નથી. આહાહા ! આવું છે. તાકડે વળી આજ આ આવ્યું છે, રતિભાઈ ! આવું છે માર્ગ બાપા, આમ કરતો નથી. આંહીં સુધી તો આવ્યું છે કાલ.

પરંતુ હવે આવ્યું છે "પરંતુ માત્ર પુદ્‌ગલપરિણામના જ્ઞાનને" જોયું ! જેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડી ગઈ છે, એને જે રાગ થાય છે એ રાગનું જ્ઞાન થાય છે, એ જ્ઞાન એનું કાર્ય છે. છે ? પુદ્‌ગલ-પરિણામના જ્ઞાનને એટલે કે, અહીં તો કેટલીક કાલે વાત, વાત કરી હતી કે કેટલાક કહે છે કે નિર્વિકલ્પ સમાધિ હોય ત્યારે જ તેને જ્ઞાની કહેવો, નીચે ઉતરી જાય વિકલ્પમાં આવી જાય તો તેને જ્ઞાન ન કહેવું, એમ નથી. અહીં તો ચોથે ગુણસ્થાનથી ઉપાડી છે વાત. જ્ઞાની કેને કહેવો ? કે જેને દ્રવ્ય વસ્તુ ભગવાન પૂર્ણાનંદ અનંતગુણનો પિંડ જેની દૃષ્ટિમાં આવી ગયો છે, જેની વર્તમાન પર્યાયે પર્યાયવાનને સ્વીકારી લીધો છે, જેને વર્તમાન પર્યાય જ્ઞાનની છે એ તો કહ્યું'તું કાલે નહીં કે જ્ઞાનની પર્યાયમાં સ્વદ્રવ્ય જણાય છે, ૧૭ મી ગાથા. આહાહા ! એ જ્ઞાનની પર્યાયનો જ એવો સ્વભાવ છે કે તેમાં સ્વદ્રવ્ય ભગવાન પૂર્ણાનંદ અનંતગુણનો પિંડ તે જ્ઞાનની પર્યાયમાં જણાય છે, અજ્ઞાનીને જ્ઞાનમાં જણાય છે, કેમકે પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી તે સ્વને જાણે છે છતાં અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં ( દ્રવ્ય ) ઉપર નથી, એની દૃષ્ટિ અંદર રાગ અને અંશ વર્તમાન અંશ ઉપર દૃષ્ટિ હોવાથી, તેને જાણવામાં આવતો હોવા છતાં જાણતો નથી. અને તે રાગના પરિણામનો કર્તા અજ્ઞાનપણે પર્યાયબુદ્ધિમાં અટકી ગયો છે. આહાહા !

પર્યાયમાં સારું દ્રવ્ય અજ્ઞાનીને પણ પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી, આત્મા પૂર્ણાનંદનો નાથ તેની પર્યાયમાં એને જણાય છે, છતાં જાણનાર ઉપર એની દૃષ્ટિ નથી. એની દૃષ્ટિ અંશ અને રાગ ઉપર છે, તેથી તે જાણવામાં આવતો છતાં તેને જાણતો નથી. આહાહા ! આવી વ્યાખ્યા હવે આકરી પડે માણસને, શું થાય ભાઈ માર્ગ તો આ છે. આહા ! અહીં એ કહે છે પુદ્‌ગલ પરિણામને એટલે પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને એટલે એ દયા, દાન, વ્રતના પરિણામ છે એ પુદ્‌ગલ પરિણામ છે, કેમકે જ્ઞાયકસ્વભાવના પરિણામ એ નથી. દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ તે જ્ઞાયકના એ પરિણામ નથી. આહાહા ! એ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને, એ હજી વ્યવહાર સિદ્ધ કર્યો છે. વ્યવહારે જાણેલો પ્રયોજનવાન આવ્યું ને ૧૨મી ગાથામાં એ હજી વ્યવહાર કીધો. અહીંયા ફેરવી નાખશે એને. આહાહા !

ધર્મી દ્રવ્યદૃષ્ટિવંતને પુદ્‌ગલપરિણામના જ્ઞાનને એ રાગ થાય વ્યવહાર રત્નત્રયનો દયા, દાન, ભક્તિ, દેવગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પંચમહાવ્રતના પરિણામ એ બધા પુદ્‌ગલપરિણામ એનું જ્ઞાન અહીં થાય એય વ્યવહાર છે. જ્ઞાનના પરિણામમાં જ્ઞાન થાય છે પોતાથી સ્વપરપ્રકાશકના

સામર્થ્યથી થાય છે. એ રાગ છે માટે રાગનું જ્ઞાન થયું એમ કહેવું એ તો વ્યવહાર છે. ચંદુભાઈ ! ભાઈ માર્ગ તો કાંઈ ઝીણો છે પ્રભુ. આહાહા ! અરે એને સાંભળવા મળે નહીં એ કે દિ' વિચારમાં પ્રયોગમાં મૂકે હા, ને એ પર્યાયને દ્રવ્ય તરફ કયારે ઢાળે અને એ ઢળ્યા વિના એનું કાર્ય થાય નહીં. આહાહા !

એ પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને એટલે શું કીધું ? જે કંઈ જ્ઞાનીને અંદર વિકલ્પ કમજોરીને લઈને રાગ, દયા, દાન વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ આવે પણ તેના જ્ઞાનને, એનું જ્ઞાન કહેવું એ તો સમજાવવું છે એને. બાકી તો જ્ઞાન જ્ઞાનનું છે. પર્યાયનું જ્ઞાન ષટ્‌કારકપણે જ્ઞાનના પરિણામ ષટ્‌કારકપણે જ્ઞાનકર્તા જ્ઞાન તેનું કાર્ય, જ્ઞાનનું સાધન જ્ઞાન, પર્યાયમાં. એ ષટ્‌કારકપણે પરિણમતું જ્ઞાન એને અહીંયા રાગનું જ્ઞાન એ નિમિત્તથી સમજાવ્યું છે, સમજાણું કાંઈ ? આરે આવી વાતું છે બાપા ! આ તમારે મોટું આવ્યું ને આવી વાત રતિભાઈ ! આહાહાહા !

એ પુદ્‌ગલના પરિણામના જ્ઞાનને કર્મપણે કર્તા, પર્યાય પર્યાયથી કરે છે પણ અહીંયા દ્રવ્યને કરે છે એમ ઉપચારથી કહેવામાં આવે છે. આહા ! શું કહ્યું એ ? જ્ઞાનીને એટલે જેને દ્રવ્યસ્વભાવ પરિપૂર્ણ પરમાત્મા, જેની દૃષ્ટિમાં આવ્યો, એને જે રાગ છે તેનું જ્ઞાન થાય, તે જ્ઞાન તેનું કાર્ય છે એમ કહેવાય વ્યવહારે, ખરેખર તો એ પરિણામના જ્ઞાનને કીધું એ નિમિત્તથી કથન છે, બાકી તો તે કાળે તે જ્ઞાનના પરિણામ સમ્યક્ ષટ્‌કારકપણે પરિણમતા પોતાથી ઉભા થાય છે, તેને નથી રાગની અપેક્ષા તેને નથી દ્રવ્યગુણની અપેક્ષા. સમજાય છે કાંઈ ? આહાહાહા ! આવો માર્ગ છે. ઇશ્વરભાઈ ! આ ઇશ્વરતાની વાત હાલે છે મોટી. આહાહાહા !

જેને પ્રભુ જણાણો એમ કહે છે એમાં પ્રભુત્વ નામનો ગુણ છે ને એક અને એ પ્રભુત્વ ગુણ છે તો અનંતગુણમાં એનું પ્રભુત્વનું રૂપ છે. આહાહાહા ! જ્ઞાનમાં પ્રભુત્વ, દર્શનમાં પ્રભુત્વ, આનંદમાં પ્રભુત્વ, ચારિત્રમાં પ્રભુત્વ, અસ્તિત્વમાં પ્રભુત્વ એવા અનંતગુણમાં એક એક ગુણોનું અનંતરૂપ છે અને એક એક ગુણમાં પ્રભુતાનું રૂપ પડયું છે. એવો જે અનંત ગુણનો સંગ્રહાલય ભગવાન આત્મા એ જેને દૃષ્ટિમાં આવ્યો, એવા ધર્મીને પુદ્‌ગલ-પરિણામનું જે જ્ઞાન થાય છે તે જ્ઞાન તેનું કાર્ય છે. એ દયા, દાન, વ્રતના પરિણામ તે તેનું કાર્ય નથી. તે પરિણામનું કાર્ય સ્વતંત્ર પુદ્‌ગલ કરીને પુદ્‌ગલવ્યાપક થઈને, કેમકે પર્યાય દૃષ્ટિ ત્યાં છે એટલે પુદ્‌ગલ વ્યાપક થઈને, વિકારના પરિણામને ત્યાં કરે છે, પર્યાય દૃષ્ટિવંતને નહીં, પણ અહીં તો દ્રવ્યદૃષ્ટિવંતને પણ આમ છે. આહાહાહા ! સમજાય છે કાંઈ ? હવે આવું છે લ્યો.

પુદ્‌ગલપરિણામના જ્ઞાનને, વ્યવહારરત્નત્રયનો ભાવ છે એ શુભરાગ છે. હવે દુનિયા એમ કહે છે કે શુભરાગથી શુદ્ધતા થાય. અહીં કહે છે કે શુભરાગનું જ્ઞાન છે તે પરિણામ તે શુભરાગને લઈને પણ થયા નથી જ્ઞાનનાપરિણામ, શુદ્ધપરિણામ તે જ્ઞાનનાપરિણામ જ્ઞાનને લઈને થયા છે પોતાથી થયા છે. એ રાગથી તો પણ આંહીં જ્ઞાન થયું નથી. એ તો રાગથી શુદ્ધતા થાય શુભભાવ કરતા કરતા એને શુદ્ધતા થાય ઘણો ફેરફાર ઘણો ફેરફાર ભાઈ. સમજાણું કાંઈ ?

પુદ્‌ગલરિણામના જ્ઞાનને એટલું પણ ઢીલું કરીને સમજાવવું છે. શું કરે ? પણ હવે કેવળજ્ઞાનીને લોકાલોકનું જ્ઞાન છે એમ કહેવું એ વ્યવહાર છે પરદ્રવ્યનું. એ તો જ્ઞાનનો પર્યાય જ પોતાથી પોતામાં એવડો થયો છે, કેવળજ્ઞાનની પર્યાય પણ ષટકારકપણે, કેવળજ્ઞાનની

પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય સાધન, એ જ પર્યાય સાધન, એ પર્યાય રાખે એ પર્યાયથી થાય ને પર્યાયના આધારે થાય લોકાલોકથી નહીં ને દ્રવ્યગુણથી નહીં. આહાહાહા ! સમજાણું કાંઈ ?

ઝીણું પડે પણ સમજવા જેવું છે બાપુ આ. કયાંય કોઈ દિ' સાંભળવા મળે એવું નથી બાપા ! શું કરીએ ? લોકો કયાંય સલવાઈને પડયા છે. ભાઈ તું ભગવાન છો ને ? ભગવાન તરીકે તો અહીં બોલાવે છે ૭૨ ગાથા. પ્રભુ તને પુણ્ય–પાપના, દયા, દાનના, વ્રત–ભક્તિના તપના વિકલ્પ થાય રાગ એ અશુચિ છે એ જડ છે એ ચૈતન્યના સ્વભાવનો એમાં અભાવ છે અને તે દુઃખરૂપ છે. તે પરિણામનું દ્રવ્ય દૃષ્ટિવંતને, એ પરિણામનું જ્ઞાન થાય એ જ્ઞાનનો એ કર્તા છે, પણ એ પરિણામનો કર્તા એ જ્ઞાની નથી. આહાહાહા ! સમજાય છે કાંઈ ? ભાષા તો પ્રભુ સાદી છે. ભાવેય સાદા છે અંદર. આહાહાહા !

( શ્રોતાઃ– જ્ઞાનની પર્યાયમાં વ્યાપક તો જ્ઞાનીનું દ્રવ્ય તો ખરું ને ! ) દ્રવ્યવ્યાપક નથી, નિશ્ચયથી નથી. ( શ્રોતાઃ– વ્યાપ્યવ્યાપકપણું તો ખરું ને ? ) નહીં. એ તો વ્યવહારથી કહે છે, પર્યાય–વ્યાપ્યવ્યાપક પર્યાયમાં છે. ( શ્રોતાઃ– જ્ઞાન થાય પણ એ જ્ઞાનના પરિણામને કોણ જાણે છે ) કોણ જાણે ? જ્ઞાની જાણે, ધર્મી જાણે. પરિણામ પોતાને છે ને એમ ને અહીં તો હજી આખી વાત, આખી વાત હજી એથી આઘી કહેશે, અત્યારે તો આટલો અર્થ હાલે છે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને એટલે કે આત્માના કર્મપણે કર્તા છે ? એ રાગ થયો છે તેનું અહીં જ્ઞાન થયું છે. જ્ઞાનીને એ જ્ઞાનના પરિણામને આત્મા કર્મપણે કરતા, દ્રવ્યથી વાત સિદ્ધ કરવી છે એટલી વાત, પરથી ભિન્ન પાડવું છે. ઝીણી વાત છે બાપુ. એ શબ્દેશબ્દના અર્થ તો બધા કઈ જાતના અંદર હોય છે બધા ખ્યાલ, તો બધા હોય છે એ વખતે કહેવા વખતે હો, પણ કઈ શૈલીથી વાત ચાલે છે એ શૈલીએ પહેલું કહેવું જોઈએ ને ?

એ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને કાર્યપણે કર્તા એવા, હવે ફેરવે છે જુઓ પાછું પોતાના આત્માને જાણે છે. જોયું ? રાગનું જ્ઞાન કીધું'તું કે રાગને જાણે છે એમ કહીને ફેરવી નાખ્યું પાછું. શું કહ્યું એ પ્રભુ ? એ રાગનું જ્ઞાન કહ્યું'તું એ જ્ઞાનીનું જ્ઞાન, જ્ઞાનીના પરિણામ એને કર્તા થઈને કરે છે, છતાં એ રાગને જાણે છે એવું જ કાર્ય એ નહીં. એ જાણે છે તો આત્માને જાણે છે. સમજાણું કાંઈ ? શ્રીપાલજી દિલ્હીમાં કયાંય મળે એવું નથી ત્યાં. ત્યાં આપણા કર્તા છે બહુ રસ લે છે. અરેરે ! પ્રભુ ! તારો પ્રભુત્વ સ્વભાવ જેને દૃષ્ટિમાં આવ્યો પ્રભુ. એના જે રાગ છે તેનું જ્ઞાન કરે એ જ્ઞાનનું પરિણામ તેનું કાર્ય છે. એટલું કહીને પણ રાગને જાણે છે એમ કહ્યું અહીંયા. પણ પાછું ફેરવી નાખ્યું. કીધું પોતાના આત્માને જાણે છે એ તો ફક્ત ઓલો રાગ નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવ્યું. પ્રેમચંદભાઈ લંડનમાં વાંચે છે આઠ દસ માણસ ભેગા કરીને વાંચે છે. લાયબ્રેરી ભેગી કરી છે. પુસ્તક અહીંના લઈ ગયા છે લોકો આવે છે જોવા. અરે બાપા આ વસ્તુ ભાઈ એ કરોડો–અબજો રૂપીયે કાંઈ મળે જેને અણમોલ ચીજ એવી ચીજ નથી કાંઈ આ. આહાહા !

અહીંયા તો એટલું લીધું એક લીટીમાં કે દ્રવ્યદૃષ્ટિવંતને એટલે જ્ઞાનીને, એટલે કે ધર્મીને એ રાગના દયા, દાન, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાના પ્રેમનો રાગ આવ્યો એ રાગના જ્ઞાનના પરિણામને કરતો આત્મા–આત્માને જાણે છે. રાગને જાણે છે એ કાઢી નાખ્યું પાછું. ફક્ત સિદ્ધ એટલું કરવું'તું કે રાગ થયો છે તે કાળે જ્ઞાન પોતે પોતાથી પરિણમ્યું છે સ્વપરપ્રકાશકપણે. રાગ

થયો છે તે કાળે પણ જ્ઞાનના પરિણામ પોતાથી સ્વપરપ્રકાશકપણે પરિણમ્યા છે પોતાથી, એને રાગનું જ્ઞાન એ નિમિત્તથી કથન કર્યું છતાં તે રાગના જ્ઞાનના પરિણામને કરતો એવો આત્મા, આત્મા પોતાને જાણે છે રાગને નહીં. આહાહા ! રતિભાઈ ! આવી વાતું છે. આહાહા !

એ પ્રભુનો મારગ છે શૂરાનો એ કાયરના ત્યાં કામ નથી. એ વીરોના કામ છે બાપા, જેનું વીર્ય વિશેષે ઈર્ય પ્રેરણા, દ્રવ્ય તરફ જેનું વીર્ય વળ્યું છે એને વીર્યવાન કહીએ, સમજાય છે કાંઈ ? એવા જે વીરના પુત્રો જેનું વીર્ય વિશેષે ઈર્ય પ્રેરતી દ્રવ્યમાં પ્રેરાણું છે એવા વીર્યનું જે રાગ થાય તેનું તે જ્ઞાન, તેના જ્ઞાનને કરતો એવો આત્મા, એ આત્માને જાણે છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહા !

એ પ્રશ્ન એક આવ્યો છે તમારો નહોતો હિંમતભાઈ, ઓલા કારણ પરમાત્માનો ત્યારે હમણા એક પ્રશ્ન, પ્રશ્ન ઓલો આવ્યો છે કારણ પરમાત્માને કારણ પરમાત્મા કહેવાય નહીં કારણ. પર્યાય ને કારણ કહેવાય, દ્રવ્યને કારણ ન કહેવાય, એવો પ્રશ્ન આવ્યો છે, છાપામાં અરે ભગવાન કેમકે ઓલું કારણ કીધું'તું કાર્ય કીધું માટે પર્યાય થઈ ગઈ, એમ નથી પ્રભુ. વસ્તુ ત્રિકાળી છે તેનું કાર્ય જે સમ્યગ્દર્શન થાય એ પર્યાય છે, એથી એને કારણ તરીકે કીધું એને રાગ કારણ છે અને પર કારણ છે એમ નથી. સમજાય છે કાંઈ ? આહાહા !

એ જ્ઞાનના પરિણામને, રાગ કારણ છે નિમિત્ત કારણ છે એ નથી, એમ કહીને તે સમ્યગ્દર્શન પરિણામ આદિના કાર્યનું કારણ દ્રવ્ય છે એના ઉપર લક્ષ ગયું છે, માટે દ્રવ્યમાં એ પરિણામ ગયા નથી. ફક્ત લક્ષ થયું છે આ બાજુ એથી એણે આશ્રય લીધો એમ કહેવામાં આવે છે. "ભૂયથ્થમ અસ્સિદો ખલુ" બહુ કામ આકરા બાપા આરે મનુષ્ય ભવ આવો. એ હાલ્યો જાય છે. આ ભવ ભવના અભાવ માટે ભવ છે. તેમાં ફરીને ભવ ન રહે તો અવતાર, એવી ચીજ જે ભગવાન આત્મા પર્યાયને જ્ઞાયક તરફ વાળી છે, જ્ઞાયકનો આશ્રય લીધો છે એમ કહ્યું કહેવાય. એનો અર્થ એટલો કે ત્યાં લક્ષ કર્યું છે. કાંઈ પર્યાય જ્ઞાયકમાં ભળી જતી નથી. એ પર્યાય જે રાગ તરફના વલણવાળી આમ હતી હવે એ તે કાંઈ વાત છે પ્રભુ, એ જ્ઞાનની પર્યાયને પર્યાયવાન તરફ અંદર ઢાળવી, અને જે ઢળેલી પર્યાય થઈ તે જ્ઞાનની થઈ, તે કાળે રાગ થાય છે તેનું આ જ્ઞાનની પર્યાય કાર્ય છે. રાગનું કાર્ય છે એમ તો નથી પણ રાગ છે માટે જ્ઞાન થયું એમેય નથી, પણ એને બતાવવું છે કે રાગનું જ્ઞાન તેના પરિણામને કરતો આત્માને જાણે છે. આવું કયાંય લંડનમાં મળે એવું નથી કયાંય. અનાર્ય દેશમાં અને અહીંયા આર્ય દેશમાંય ફેરફાર થઈ ગયો પ્રભુ. જ્યાં વીરનો મારગ પ્રવર્તે છે ત્યાં ફેરફાર થઈ ગયો છે આર્ય દેશમાં.

આહા ! એ જ્ઞાની રાગના પરિણામને કરતો નથી વ્યાપ્ય-વ્યાપકથી પરંતુ એમ છે ને ? પુદ્‌ગલપરિણામના જ્ઞાનને, તે વ્રત ને પુણ્યના તપનો વિકલ્પ ઉઠયો અપવાસનો એ રાગનું અહીંયા જ્ઞાન થાય ધર્મીને એમ કહેવું એ પણ ફક્ત બતાવવું છે કે એ તો રાગનું જ્ઞાન છે, પણ તેથી તે રાગ કર્તા અને જ્ઞાનના પરિણામ કાર્ય એમ નથી. રાગનું જ્ઞાન થયું માટે રાગ કર્તા અને જ્ઞાનના પરિણામ કર્મ એમ નથી, ફક્ત જ્ઞાન થયું એટલું બતાવવું છે એમ બતાવીને, કર્મપણે કર્તા એવા પોતાના આત્માને જાણે છે. ગજબ ટીકા છે ને. હૈં ? આ એક લીટી સમયસાર એટલે, બીજું કોઈ છે જ નહીં એની હારે એની જોડમાં કયાંય. લોકોય હવે કહે છે જે સમજદાર છે એ. આહા !

એવા પોતાના આત્માને જાણે છે તે આત્મા અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો, તે આત્મા રાગના પરિણામરૂપ જ્ઞાનને કરતો એવા આત્માને જાણતો, એ કર્મ-નોકર્મથી અત્યંત ભિન્ન એટલે રાગ પરિણામ અને શરીરના પરિણામથી અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો આ થયો થકો, કર્તા સિદ્ધ કરવું છે ને ? રાગથી નહીં એમ. એ જ્ઞાનસ્વરૂપ થયો થકો ધર્મી જ્ઞાની છે. કહો ચીમનભાઈ ! ભાષા તો સાદી છે પ્રભુ ! ઝાઝા માણસ આવ્યા છે બધા છોકરાય આવે છે આજે રવિવાર છે ને-બાપુ મારગ તો આ છે ભાઈ ધીમેથી એને પચાવવો પડશે ભાઈ. અરેરે ! આવે વખતે નહીં કરે તો પ્રભુ કે દિ' કરશે. દુનિયા દુનિયાનું જાણે.આહા !

અહીંયા કહે છે, કે તે જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે. રાગસ્વરૂપ થયો થકો જ્ઞાની છે એમ નહીં, તેમ રાગનું જ્ઞાન કર્યું એથી રાગને જાણતો'તો એમેય નહીં, રાગનું જ્ઞાન થયું પણ એ આત્માને જાણે છે. આહાહાહા ! ક્યાંય સાંભળવા મળે એવું નથી ત્યાં વાડામાં ક્યાંય. ( શ્રોતાઃ- રાગને જાણતોય નથી ને એ આત્માને જાણે છે ) એ આત્માને જાણે છે રાગ છે એ પર છે ને પરને જાણે એ કહેવું એ અસદ્ભૂત વ્યવહાર છે. અને જ્ઞાન, જ્ઞાનને જાણે છે એ સદ્ભૂત વ્યવહાર છે, એ વ્યવહાર હો આ આત્મા આત્મા છે. આહાહાહા ! સમજાય છે કાંઈ ?

હવે કૌંસમાં પુદ્ગલપરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે ? એ રાગ થયો દયા, દાન, વ્રતનો એનું અહીંયા જ્ઞાન થયું એ પુદ્ગલપરિણામનું જ્ઞાન, એ રાગ પુદ્ગલનાપરિણામ કીધા. અહીંયા તો ભગવાનના નહીં, ભગવાન તો પવિત્રનો પિંડ એના પરિણામ રાગ કેવા ? આહાહાહા ! કહો પંડિતજી, આહાહાહા ! પુદ્ગલપરિણામનું જ્ઞાન એ ઉલટું માથે કહ્યું'તું ને એટલે સમજાવે છે નહીંતર છે એ આત્માનું જ્ઞાન, આત્માનું કર્મ કઈ રીતે છે તે સમજાવે છે.

પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને, એ શરીરની અવસ્થા નો કર્મની એ પુદ્ગલના પરિણામ અને આંહીં દયા, દાન, વ્રતના પરિણામ થાય એ પણ પુદ્ગલના પરિણામ, કર્મથી આમ થાય અને પુદ્ગલથી શરીરથી આમ થાય બેય પુદ્ગલના પરિણામ. પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને ઘટ કુંભારની જેમ વ્યાપ્ય-વ્યાપક ભાવનો અભાવ હોવાથી, પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને ઘટ-કુંભારની જેમ, કુંભાર વ્યાપક અને ઘટ વ્યાપ્ય તેનો અભાવ છે. એમ પુદ્ગલ પરિણામના જ્ઞાનને અને પુદ્ગલને કુંભાર-ઘટની માફક વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ છે તે જ્ઞાનપરિણામ છે. એ પુદ્ગલનું પરિણામ છે, એનો અભાવ છે. રાગનું જ્ઞાન રાગના કારણે છે, એનો અભાવ છે એમ કહે છે. છે ? પરમાર્થે પુદ્ગલપરિણામ એટલે રાગાદિ દ્વેષઆદિ, પુણ્ય, દયા, દાન આદિ એના જ્ઞાનને અને પુદ્ગલને એના જ્ઞાનને અને પુદ્ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ છે. આહાહાહા ! શું કીધું ઈ ? કે પુદ્ગલપરિણામ જે રાગાદિ એનું જે જ્ઞાન, અને રાગાદિ પુદ્ગલ બેનો વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ છે. ઘટ અને કુંભારની જેમ. શું કીધું ઈ ?

કુંભાર અને ઘટમાં કર્તાકર્મપણું નથી. કુંભાર વ્યાપક પ્રસરનારો અને ઘડો તેનું વ્યાપ્ય એમ નથી. એમ રાગ પુદ્ગલના પરિણામને અને પુદ્ગલને, પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને ઘટ-કુંભારની જેમ, રાગ છે તે વ્યાપક છે, અને જ્ઞાન આત્માનું થયું તે વ્યાપ્ય છે, એ ઘટ-કુંભારની જેમ અભાવ છે. ઘટ જેમ વ્યાપ્ય છે કાર્ય છે કુંભારનું એમ રાગનું આ જ્ઞાન કાર્ય

છે એનો અભાવ છે. આવી વાતું છે.

પહેલું તો એમ કહ્યું’તું રાગનું જ્ઞાન પછી એમ કહ્યું કે રાગનું જ્ઞાન એ કાર્ય છે, એનો અભાવ છે. જેમ-ઘટ-કુંભારનો અભાવ છે, એમ રાગનું આ જ્ઞાનપરિણામ કીધું એ કાર્ય એનું છે એનો અભાવ છે. ધીમેથી સમજવું બાપુ ! આ તો ગાથા એવી આવી છે, પહેલી આવી’તીને પણ ફરી વાર લીધી, રામજીભાઇ કહે ફરીવાર લેવી છે, અડધી તો હાલી ગઇ’તી પરમ દિ’ અડધી બાકી હતી આ. ધીમેથી સમજવું, નો સમજાય એના પ્રશ્નો કરવા. હૈં ( શ્રોતાઃ- પ્રશ્નમાં જરી બીક લાગે છે ) બીક, નથી આવડતું એમ બીક લાગે એમ એમાં બીક લાગે એમ એમાં બીક શેની ? આશંકા તો થાય ને, સમજવા માટે આશંકા હોય, શંકા નહીં કે તમારું કહેવું ખોટું છે એમ નહીં, પણ તમે કહો છો એ મને સમજાતું નથી એમ, એમ કહે છે વાંધો શું છે ?

ત્રણલોકના નાથ એ વાણી કરતા હશે વાણી અને એ ગણધરો અને ઇન્દ્રો સાંભળતા હશે એ કેવું હશે બાપુ. ત્રણલોકનો નાથ બિરાજે છે સીમંધર ભગવાન ! દિવ્ય ધ્વનિમાં ઇન્દ્રો બેસે છે ગણધરો બેસે છે એકાવતારી ઇન્દ્ર એકભવતારી ઇન્દ્ર-ઇન્દ્રાણી બાપુ એ વાત કેવી હોય. એ ત્રણ જ્ઞાનના ધણી એકાવતારી ઇન્દ્રો પણ જેને વાણી સાંભળવા ગલુડીયાની જેમ બેસતા. બાપુ એ અલૌકિક વાતું છે ભાઇ વીતરાગની વાણી કોઇ અલૌકિક છે. આહા !

અત્યારે તો રાગને નામે વીતરાગ માર્ગને ખતવી નાખ્યો છે. અજૈનને જૈન નામે ખતવી નાખ્યો છે. આહાહાહા ! ઝીણું પડે ભાઇ. શ્વેતાંબર અને સ્થાનકવાસીને અજૈન અન્યમતિ કહ્યા છે અને આ તો આ સંપ્રદાયમાં રહ્યા છે એનેય રાગના નામે ખતવી નાખે એ પોતે અજૈન છે. નવરંગભાઈ ! આહાહાહા ! પુદ્‌ગલપરિણામના જ્ઞાનને એટલે રાગના જ્ઞાનને અને પુદ્‌ગલને એટલે રાગને ઘટ-કુંભારની જેમ વ્યાપ્ય-વ્યાપકનો અભાવ છે. રાગ-વ્યાપક છે અહીં રાગનું જ્ઞાન કીધું’તું તેથી રાગ વ્યાપક છે, રાગ કર્તા છે, અને અહીં જ્ઞાન તેનું કર્મ છે એમ નથી. સમજાણું કાંઇ ? આપણે તો આંહીં આવી ગયું છે પરમ દિ’ પહેલે દિ’ આવ્યું છે વધારે પહેલે દિ’. આહાહાહા ! બાપુ વીતરાગ વાતું એવી છે શું ચીજ છે. પ્રભુ એ કાંઇ સાધારણ વાત નથી.

વચનામૃત વીતરાગના પરમ શાંત રસ મૂળ
ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ

આહા ! નપુંસકને વીર્ય ન હોય પ્રજા ન હોય એમ જે રાગના પરિણામનો કર્તા થાય તેને ધર્મની પ્રજા ન હોય, રાગને રચે તે વીર્ય નહીં નપુંસક કહ્યો છે. એય ! આહાહાહા ! હૈં ? ( શ્રોતાઃ- કિલબ કીધો છે ને ) કિલબ કીધો છે કિલબ બે ઠેકાણે પુણ્ય-પાપમાં અને અજીવ અધિકારમાં છે ને બધી ખબર છે. નપુંસક છે પાવૈયા, હીજડાઓ છે. હિજડાના હિજડાને વીર્ય ન હોય પુત્ર ન થાય. એમ રાગના પરિણામમાં ધર્મ માનનારાઓ હિજડા છે એને ધર્મ ન થાય. હૈં ? ( શ્રોતાઃ- ભાષા બહુ આકરી વાત છે ) આકરી ટીકામાં અમૃતચંદ્રાચાર્યે કહ્યું છે, કિલબ નપુંસક. આહાહાહા ! ભાઈ તું મહા, વીર છો ને પ્રભુ ? આહાહાહા ! તારી વીરતાની શું વાતું કરવી, કહે છે ? આહા ! વીર્યગુણ છે એ પણ એનું જ્ઞાનગુણમાં એક એક ગુણમાં રૂપ પડયું છે. વીર્ય ગુણનું રૂપ એક એક ગુણમાં પડયું છે. એકએક ગુણમાં પણ વીર્ય રૂપ છે.

એવો જે વીર ભગવાન આત્મા ! એની જ્યાં દૃષ્ટિ સમ્યગ્દર્શન થયું, એવા અનંતાગુણનો

સ્વીકાર ને સત્કાર થયો અને રાગનો સ્વીકાર ને સત્કાર ગયો, તેને રાગનું જ્ઞાન થવું કહ્યું, એ પણ રાગ વ્યાપક છે અને જ્ઞાનના પરિણામ વ્યાપ્ય છે ઘટ અને કુંભારને જેમ અભાવ છે. રાગના પરિણામને અને રાગનો બે નો એ અભાવ છે રાગ વ્યાપક છે અને જ્ઞાનના પરિણામ અહીંયા એને લઇને થયા છે એમ નથી. આહાહાહા ! સમજાણું કાંઇ ?

( શ્રોતાઃ– પહેલા સમજવાની ઇચ્છા થાય તો સમજાય ) ઇચ્છા થાય એ વ્યવહારથી કહેવાય છે, બાકી તેરમી ગાથાના હિસાબે એમ કહેવાય છે નય–નિક્ષેપ પ્રમાણથી નવતત્ત્વને તે જાણે છે પછી છોડી દેવું અને ૧૭મી ગાથામાં તો એ વાતેય છોડી દીધી. પહેલું આત્માને જાણવો, પહેલા નવને જાણવાને એ વાત મૂકી છોડી દીધી. ભગવાન પહેલો આત્માને જાણવો અને એને અનુભવવા એ વાત એમ પાધરી વાત ૧૭ મી ગાથા, બાપુ સમયસાર તો કોઇ અલૌકિક ચીજ છે. આહાહાહા ! સમજાણું કાંઇ ? આહાહાહા !

જગતના ભાગ્ય એવી પળે રચાઇ ગયું છે ને એવી પળે રહી ગયું છે આ. ( શ્રોતાઃ– અને એવી પળે સમજાવવામાં આવે છે ) આહાહાહા ! છે. પુદ્‌ગલ પરિણામનું જે જ્ઞાન કીધું ’તું એને અને રાગને એટલે પુદ્‌ગલને ઘટ–કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે. આહાહાહા ! પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને, જોયું ઓલા બધાને પુદ્‌ગલ પરિણામ કીધાં ’તા અને અહીં નાખી દીધા પુદ્‌ગલ. શું કીધું ? પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને એટલે રાગના જ્ઞાનને અને પુદ્‌ગલને એટલે રાગને ઘટ–કુંભારની જેમ વ્યાપ્ય–વ્યાપકભાવનો અભાવ હોવાથી, રાગ કર્તા અને જ્ઞાન પરિણામ કર્મ એનો અભાવ છે. આહાહાહા !

અને જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી, ઘડો કાર્ય છે ને માટી કર્તા છે તેને કર્તાકર્મપણું છે, તેમ આત્મપરિણામને અને આત્માને આત્મ પરિણામ એટલે જે જ્ઞાન–પરિણામ થયા તે અને આત્માને વ્યાપ્ય–વ્યાપકભાવનો સદ્‌ભાવ છે, આત્મા વ્યાપક છે અને જ્ઞાન પરિણામ વ્યાપ્ય છે, અપેક્ષાથી સમજાવવું છે. અહીં પણ પરિણામ તો સ્વતંત્ર છે પણ અહીંયા પરથીજુદું બતાવવું છે ને એટલે આવી શૈલી છે. કહેતા વખતે ખ્યાલ તો બધો હોય છે પણ જે ચાલતું હોય એ પ્રમાણે કહેવાયને. આહાહાહા !

( શ્રોતાઃ– આત્માને વ્યાપક કહેવો જ પડે ) આત્મા દ્રવ્યે નહીં એનો, પણ આત્માના પરિણામ છે ને એનો માટે એને આત્મા કીધો છે એમ આત્મપરિણામને અને આત્માને વ્યાપ્ય–વ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે, એટલે આત્મા કર્તા અને નિર્વિકારી પરિણામ જ્ઞાનના તે તેનું કાર્ય પણ તે પરિણામ રાગથી થયું ને રાગનું જ્ઞાન થયું માટે રાગકર્તા અને જ્ઞાનપરિણામ કર્મ એમ છે નહીં. વિશેષ કહેશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૬૩ ગાથા-૭૫ તા. ૦૮/૦૧/૭૯ સોમવાર પોષ સુદ-૧૧

૭૫, ગાથા. નીચેની ચાર લીટી છે, આહીંથી છે. 'આ રીતે' છે ને ?

જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે એટલે જ્ઞાયકસ્વભાવ જેની દૃષ્ટિમાં અનુભવમાં આવ્યો એ જ્ઞાયકસ્વભાવ ( નો ) તો જાણવાનો-દેખવાનો સ્વભાવ છે. એ જાણવા-દેખવામાં કહે છે કે 'પુદ્‌ગલના પરિણામનું જ્ઞાન' તે વખતે ત્યાં આગળ રાગઆદિ, દ્વેષઆદિ, ભક્તિ આદિ, સ્તુતિ આદિનો રાગ થાય તે 'પુદ્‌ગલ પરિણામ' કહેવામાં આવે છે. તેનું જ્ઞાન કરે છે ( જ્ઞાની ) – એનું જ્ઞાન કરે છે ! જ્ઞાયકસ્વભાવ હોવાથી, 'જાણનાર-દેખનાર' હોવાથી-અનુભવમાં જાણનાર-દેખનાર આવ્યો હોવાથી, તે રાગાદિ થાય, દયા-દાન-ભક્તિ આદિ, સ્તુતિ આદિનો રાગ, તેને એ જાણે ! ઝીણી વાત છે !

છે ? 'પુદ્‌ગલપરિણામ' એટલે રાગ. ચાહે તો ભગવાનની ભક્તિનો સ્તુતિનો, પંચમહાવ્રતનો એ રાગ, જે રાગ પુદ્‌ગલપરિણામ છે ! એનું જ્ઞાન કરે છે એને જાણે છે જ્ઞાની !!

'તેથી એમ પણ નથી' એટલે શું ? કે આત્મા જ્ઞાયકસ્વભાવ છે એમ જ્યાં જણાણો અનુભવાણો, દૃષ્ટિમાં આવ્યો ! પર્યાયમાં-જ્ઞાનપર્યાયમાં જ્ઞેય પૂર્ણ છે તેનો અનુભવ થયો તે ધર્મીને.. રાગઆદિના પરિણામ થાય તેને એ જાણે છે ! કેમકે તેનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ હોવાથી, ધર્મીને રાગ કે પુણ્ય-પાપના ભાવ થાય તેને 'પુદ્‌ગલપરિણામ' કહીને તેને અહીં જાણે છે ! જાણવા છતાં... 'એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે.' આહાહા ! શું કીધું ઈ ? રાગ અને દયા-દાનના વિકલ્પોને જાણે, જાણતાં છતાં એમ નથી રાગ છે તે આત્માનું કાર્ય છે ! આહાહા ! આવું છે !

ભગવાન આત્મા ! જ્ઞાયક સ્વભાવ ! વસ્તુસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ જ છે. એવું જ્યાં ભાન થયું ત્યારે તેને રાગાદિના પરિણામ ( છે ) વીતરાગ પૂરણ નથી, એથી તેને દયા-દાન-વ્રત-ભક્તિ-સ્તુતિ, એવો રાગ આવે ! તેથી તે રાગને જાણે ! જાણવા છતાં, રાગ આત્માનું કાર્ય છે એમ નથી.

( શ્રોતાઃ- તો એ કોનું કાર્ય છે ? ) પુદ્‌ગલનું કાર્ય છે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! આહાહા ! છે ? જાણનારો જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે ! એ રાગને જાણવાનું કામ કરે ! તેથી એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ એ રાગાદિ છે એ જ્ઞાતા નામ-જાણનારનું એ કાર્ય છે એમ નથી. દેવીલાલજી ! સમજાય છે આમાં ? આહાહા !

( શ્રોતાઃ- રાગને જાણે કે રાગ સંબંધીના પોતાના જ્ઞાનને જાણે ? ) રાગને જાણે એ તો વ્યવહાર કહ્યો ને ! પહેલો પોતાને જાણે છે, પણ રાગનું જ્ઞાન થયું પહેલું એવું બતાવ્યું ! ( જ્ઞાની ) જાણે છે તો પોતાને !! પણ આંહી ઈ પાછું સિદ્ધ કરવું છે કે ઈ કે ઈ રાગને જાણે છે. 'જાણવાની પર્યાય તો પોતાથી, સ્વપરપ્રકાશકસ્વભાવ હોવાથી જાણે છે' એ જ્ઞાનની પર્યાય, ષટ્‌કારકપણે પરિણમતી, પોતે કર્તા-પર્યાયનો પોતે કાર્ય પોતાનું એ રાગનું કાર્ય નહીં ! આહાહા ! પણ રાગને જાણે છે તેથી રાગ વ્યાપ્ય નામ આત્માનું કાર્ય છે એમ નથી ! કહો મોટાણી ! ઝીણું છે ! તમને

કાંઈ પ્લાસ્ટીકનું શું છે ભુકો છે ને ! આહાહા !

આહાહા ! ભગવાન આત્મા જાણનાર-દેખનાર જેનો (સ્વભાવ છે) આવ્યું'તું ને કાલ 'હું સ્વસંવેદન-દર્શન-જ્ઞાન-સામાન્ય છું બસ ! આહાહાહા..... એવું જ્યાં ભાન થયું એની જ્ઞાનની પર્યાયમાં રાગનો કાળ હોય તો રાગ આવે ! પણ રાગને જાણવાનું કાર્ય તે જીવનું છે. તો રાગને જાણવાનું કાર્ય જીવનું છે તો રાગ એનું કાર્ય આત્માનું છે એમ કેમ નહીં ? એમ પ્રશ્ન છે.

રાગને જાણે છે-તો જાણવાનું કાર્ય તો એનું છે તો રાગને જાણે છે તો રાગ એનું વ્યાપ્ય કાર્ય છે કે નહીં ? સમજાણું કાંઈ... ? પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે એમ પણ નથી, એમ રાગ જાણનારનું કાર્ય છે એમ નથી ! આરે આવી વાતું છે !

'કારણ કે પુદ્‌ગલને' ઈ પુદ્‌ગલના પરિણામને હવે 'પુદ્‌ગલ' કહી દીધા ! અંદર દયા-દાન-વ્રત-ભક્તિ-સ્તુતિનો રાગ થાય તેને પહેલાં પુદ્‌ગલના પરિણામ કહ્યાં હતાં, હવે એને 'પુદ્‌ગલ' કહી દીધાં. આહાહા..... સમજાણું કાંઈ... ?

"એ પુદ્‌ગલને અને આત્માને'-આખાદ્રવ્ય લીધાં ને બેય ! 'જ્ઞેયજ્ઞાયક સંબંધનો વ્યવહાર માત્ર હોવા છતાં' એ પુદ્‌ગલના પરિણામ કહો કે પુદ્‌ગલ કહો, રાગઆદિ. વ્યવહારરત્નત્રયનો રાગ એ પુદ્‌ગલ કીધો આંહી. આહા..... પુદ્‌ગલનું વ્યાપ્ય-કાર્ય છે તેથી તે પુદ્‌ગલ છે એમ કીધું !

'તે પુદ્‌ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધનો વ્યવહાર માત્ર' આહાહા ! એ રાગને જાણનારો જે જણાય એ જ્ઞાયક-જ્ઞેયનો, વ્યવહાર માત્ર સંબંધ ! નિશ્ચય સંબંધ તો છે નહીં 'જ્ઞેય-જ્ઞાયકને' રાગ જ્ઞેય અને આત્મા જ્ઞાયક એવો જે જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ, એ વ્યવહાર માત્ર છે. આહાહા ! પરમાર્થે તો પોતે જ્ઞાનનો પર્યાય જે થયો તે દ્રવ્ય-ગુણ ને પર્યાય તે જ્ઞેય અને તેનો 'જાણનાર' !! આહાહા આવું ઝીણું છે !

'પુદગલને અને આત્માને' ભગવાનની ભક્તિનો ભાવ, સ્તવન.. આમ ચાલતું હોય.. (શ્રોતાઃ- એ તો વિકલ્પ !) વાંચન ચાલે વિકલ્પ ! પણ આ તો સમંતભદ્ર આચાર્ય યાદ આવ્યા છે ! ચોવીસ તીર્થંકરની સ્તુતિ કરી છે ને (સ્વયંભૂસ્તોત્રમાં) સમંતભદ્ર આચાર્ય કહે છે કે પ્રભુ ! મને આપની ભક્તિનું વ્યસન પડી ગયું છે એમ કહે છે. છે એમાં.. ? ચોવીસમાં છે સ્તુતિ કરી છે ભાઈએ અર્થ કર્યા છે ને જુગલકિશોરે. પોતે સ્તવનમાં કહ્યું છે 'મારે એ જાતનું વ્યસન છે' ચોવીસ તીર્થંકરની સ્તુતિ કરી ! પણ એમ કહ્યું પ્રભુ ! મને વ્યસન છે. (શ્રોતાઃ- વ્યસન તો છોડવા જેવું છે) એ રાગ છે, છોડવા જેવું છે. આહાહા..... કેમકે એ તો પરદેશ છે. શ્રીમદ્‌માં આવ્યું ને... શ્રીમદ્‌માં 'જાશું સ્વરૂપ સ્વદેશ' આ બેનના શબ્દ સાથે મેળવ્યું.

આહા.. હા ! અરે, અમારે હજી રાગ બાકી છે, પરદેશ ! "શેષ કર્મનો ભાગ છે, ભોગવવો અવશેષ રે" એટલો હજી પરદેશ રાગ બાકી છે, આહા.. હા ! 'તેથી દેહ એક ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ..' ઈ રાગ જે બાકી છે ભક્તિ આદિનો ઈ પરદેશ છે. આહા.. હા ! અંતર્ ભગવાન સ્વરૂપ સ્વદેશ અનંત.. અનંત.. ગુણનો સાગર-દરિયો એ અમારો સ્વદેશ છે, એમાં અમે જવાના છીએ. આહાહાહા ! એય ! પુંજાભાઈ.. ! આવી વાતું છે.

આ તો બહેને (ચંપાબેને) 'પરદેશ' શબ્દ (બોલમાં) વાપર્યો છે અને શ્રીમદેય

( શ્રીમદ્‌રાજચંદ્રે ) 'સ્વદેશ' શબ્દ વાપર્યો છે.

આહા... હા ! ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ આદિ ગુણનો દરિયો છે તે પોતે સ્વદેશ છે. અને ચાહે.. તો ભગવાનનું સ્મરણ આવવું, પંચ પરમેષ્ઠિની ભક્તિ-સ્તુતિ થવી એ રાગ તે પરદેશ છે. હજી એકાદ ભવ પરદેશમાં રહેવાનું છે ! પછી તો.. અમે સ્વરૂપમાં-સ્વદેશમાં ચાલ્યા જશું !! આહાહા !

બહુ વાત આકરી બાપા ! મારગ સમયસારનો મારગ કોઈ અલૌકિક છે. સમયસાર એટલે આત્મા, એનો મારગ એમ. ( શ્રોતાઃ- અલૌકિક મારગ તો સહેલો હોવો જાઈ ) મારગ સહેલો છે, અણ અભ્યાસે દુષ્કર થઈ ગ્યો છે. દુર્લભ કીધું છે ને... ! સમ્યગ્દર્શન દુર્લભ કીધું છે ! એ અપેક્ષાએ સત્.. જ્ઞાયક સ્વભાવ છે ! 'છે' તેને પામવું 'છે' તેને પામવું એ તો સરળ છે ! એ શ્રીમદેય કહ્યું છે ને.. ! 'સત્ સરળ છે, સત્ સહજ છે, સત્ સર્વત્ર છે ! આહાહા !

આહાહાહા ! એમ.. ભગવાન આત્મા સત્ છે ! સર્વત્ર છે ! સરળ છે ! પોતે છે ! આહાહાહા..... જ્ઞાયકસ્વભાવભાવ ભગવાન !! એને કહે છે કે જ્ઞાનમાં રાગના પરિણામનું જ્ઞાન થાય તેથી તે જ્ઞાતાનું રાગ કાર્ય છે ? એમ પ્રશ્ન છે. આહા.. હા ! છે ? "પુદ્‌ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયક-સંબંધનો વ્યવહાર માત્ર હોવા છતાં' પણ... છતાં 'પણ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે' એટલે કે જે દયા-દાન-ભક્તિ-વ્રત-તપનો વિકલ્પ ઊઠયો છે રાગ તે પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે તે કોણ 'એવું જે જ્ઞાન' આહાહા ! જ્ઞાન થયું છે તો ઉપાદાન પોતાથી... જુઓ પાછું રાગનું જ્ઞાન થયું છે તો પોતાથી એમાં રાગ નિમિત્ત છે. રાગના જ્ઞાનમાં એ ( રાગ ) નિમિત્ત છે. જ્ઞાન થયું છે રાગનું જ્ઞાન થયું છે ઈ પોતાના ઉપાદાનથી થયું છે ! આહાહા ! બહુ ઝીણું બાપુ ! મારગડા... ઝીણા ભાઈ... ! આહાહા !

"જ્ઞાયક" કહેતાં એમાં બધાં સિદ્ધાંત સમાઈ જાય છે, એ 'જાણનારો' પણ જાણનારો છતાં...ઈ આવી ગયું છે ને.. છઠ્ઠીગાથામાં 'જ્ઞાયક' ण वि होदि अप्पमत्तो, ण पमतो जाणगो दु जो भावो ! एवं भणंति शुद्धं, णादो तो सो हु सो चेव !! જાણનાર જાણનારને જાણે છે !

આંહી કહે છે કે 'જાણનાર જાણનારને જાણે છે એ વાત બરાબર છે, હવે ઈ જાણનારમાં-જાણવાની પર્યાયમાં રાગ નિમિત્ત છે, નિમિત્ત છે એટલે કાંઈ કરતું નથી એમ એનો અર્થ છે. આહાહા ! છે ? 'પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે' 'એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે' - તે જ આત્માનું કાર્ય છે. આહાહા ! રાગનું જ્ઞાન થયું માટે રાગનું એ કાર્ય છે અથવા રાગનું કાર્ય આત્માનું છે એમ નથી. આહાહા !

ઈ તો પહેલાં આવી ગયું છે, જ્ઞાન થયું માટે રાગનું કાર્ય છે ઈ એમ તો નથી. પણ રાગ આત્માનું કાર્ય છે, રાગનું આંહી જ્ઞાન થયું માટે આત્માનું કાર્ય રાગ છે એમ નથી. આહા.. હા ! આવું છે ! પ્રેમચંદભાઈ... ? ઝીણી વાતું છે બાપા ! બરાબર પણ આવી ગયા આ ભાગ્યશાળી બરાબર ગાથા એવી આવી છે ને !

પુદ્‌ગલ.. જ્ઞેય ! એ રાગ આદિ, ભક્તિ આદિ, સ્તુતિ આદિનો રાગ, તે જ્ઞેય અને આત્મા જ્ઞાયક એવો વ્યવહાર માત્ર હોવા છતાં, વ્યવહાર માત્ર હોવા છતાં આહાહા ! 'પણ... પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે ( એવું જે જ્ઞાન તે ) આંહી જાણવાની પર્યાય થઈ છે પોતાથી,

રાગથી થઈ નથી. રાગને જાણવાનું જ્ઞાન રાગથી થયું નથી. થયું છે પોતાથી. એ પોતાના જ્ઞાનમાં રાગ નિમિત્ત છે, છતાં તે રાગનું કાર્ય, જીવનું નથી. આહા.. હા ! છે ?

'એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે.' રાગનું જ્ઞાન, એમાં એ ( રાગ ) નિમિત્ત છે, ( જ્ઞાન ) તો, પોતાનું પોતાથી થયું છે રાગને જાણવાનું જ્ઞાન પણ જ્ઞાન પોતે પોતાથી થયું છે. એના જ્ઞાનમાં રાગ નિમિત્ત માત્ર છે અને તે જ્ઞેય–જ્ઞાયકનો વ્યવહાર માત્ર હોવા છતાં તે રાગ આત્માનું કાર્ય નથી.

રાગનું કાર્ય નથી આત્માનું– પરિણામ ઈ તો પહેલાં આવી ગયું છે. આંહી તો હવે આત્માનું જ્ઞાન થયું અને રાગનું જ્ઞાન થયું, એ જ્ઞાન થયું છે પોતાના ઉપાદાનથી, એમાં રાગ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ નિમિત્ત છે. નિમિત્તનો જ્ઞેયજ્ઞાયક સંબંધનો વ્યવહાર માત્ર હોવા છતાં તે રાગ આત્માનું કાર્ય નથી.

ભાષા તો સાદી છે પણ હવે, ભાવ તો ભઈ ભાવ તો જે હોય તે આવે એમાં એને કંઈ હળવા કરી નંખાય કાંઈ ? ... આહાહા ! આવું સ્વરૂપ છે !

'માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે' લ્યો ! સરવાળો. એ આત્મા જ્ઞાયક છે, એણે સ્વને જાણ્યો અને રાગ થાય છે તેને પરને જાણ્યો, એવું જે જ્ઞેયજ્ઞાયક ( પણું ) તો વ્યવહાર માત્ર ! છતાં તે રાગનું કાર્ય આત્માનું નથી. માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કાર્ય છે–રાગ આત્માનું કાર્ય નથી, પણ રાગસંબંધી જ્ઞાન જે પોતાથી જ્ઞાન થયું છે તે જ્ઞાતાનું કાર્ય છે. આહાહા ! છે ? 'માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કાર્ય છે.' એ પણ હજી ભેદ છે. એ આંહી પરથી જુદું બતાવવું છે ને, નહિંતર તો રાગસંબંધીનું જ્ઞાન ને પોતાસંબંધીનું જ્ઞાન, એ જ્ઞાન પોતાથી થયું છે, એ જ્ઞાન જ્ઞાતાનું કાર્ય છે એ પણ વ્યવહાર કીધો ! ( ખરેખર તો ) એ જ્ઞાતાના પરિણામ જે થયા પરિણામ, એ પરિણામ કર્તા અને પરિણામ એનું કાર્ય ( છે ), એને આત્માનું કાર્ય ( કહ્યું એ તો ) પરથી જુદું પાડવાને કહ્યું છે. આહાહાહા !

આટલા બધા ભેદ, ક્યાં સમજવા ! વીતરાગ મારગ એવો છે ભાઈ ! બહુ સૂક્ષ્મ–ઝીણો છે ! ! આહાહા !

હવે, આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે. લ્યો ! ગાથા પૂરી થઈ, ટીકા ( પૂરી થઈ )

## શ્લોક - ૪૯

( शार्दूलविक्रीडित )

व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि
व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।
इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिन्दंस्तमो
ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।।४९।।

હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ व्याप्यव्यापकता तदात्मनि भवेत् ] વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય, [ अतदात्मनि अपि न एव ] અતત્સ્વરૂપમાં ન જ હોય. અને [ व्याप्यव्यापक-भावसम्भवम् ऋते ] વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના [ कर्तृकर्मस्थितिः का ] કર્તાકર્મની સ્થિતિ કેવી ? અર્થાત્ કર્તાકર્મની સ્થિતિ ન જ હોય. [ इति उद्दाम-विवेक-घस्मर-महोभारेण ] આવો પ્રબળ વિવેકરૂપ, અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે એવો જે જ્ઞાનપ્રકાશ તેના ભારથી [ तमः भिन्दन् ] અજ્ઞાન-અંધકારને ભેદતો, [ सः एषः पुमान् ] આ આત્મા [ ज्ञानीभूय ] જ્ઞાનસ્વરૂપ થઈને, [ तदा ] તે કાળે [ कर्तृत्वशून्यः लसितः ] કર્તૃત્વરહિત થયેલો શોભે છે.

**ભાવાર્થઃ**- જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે તે તો વ્યાપક છે અને કોઈ એક અવસ્થાવિશેષ તે, ( તે વ્યાપકનું ) વ્યાપ્ય છે. આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે અને પર્યાય વ્યાપ્ય છે. દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે. જે દ્રવ્યનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ તે જ પર્યાયનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ. આમ હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે. આવું વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ ( અર્થાત્ અભિન્ન સત્તાવાળા પદાર્થમાં જ ) હોય; અતત્સ્વરૂપમાં ( અર્થાત્ જેમની સત્તા-સત્ત્વ ભિન્ન ભન્નિ છે એવા પદાર્થોમાં ) ન જ હોય. જ્યાં વ્યાપ્યવ્યાપકભાવ હોય ત્યાં જ કર્તાકર્મભાવ હોય; વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મભાવ ન હોય. આવું જે જાણે તે પુદ્ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે. આમ જાણતાં તે જ્ઞાની થાય છે, કર્તાકર્મભાવથી રહિત થાય છે અને જ્ઞાતાદ્રષ્ટા- જગતનો સાક્ષીભૂત-થાય છે. ૪૯.

## પ્રવચન નં. ૧૬૩ શ્લોક-૪૯ તા. ૦૮/૦૧/૭૯

व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि
व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।
इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिन्दंस्तमो
ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।।४९।।

આહાહા ! 'व्याप्यव्यापकता तदात्मनि भवेत्' – વ્યાપ્યવ્યાપકપણું એટલે કર્તાકર્મપણું તત્સ્વરૂપમાં હોય' –રાગ એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. તેથી 'વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં હોય.' આત્મા વ્યાપક અને એના જ્ઞાનપરિણામ તે વ્યાપ્ય હોય. પરથી જુદું પાડીને બતાવવું છે ને અત્યારે ! આહા..હા ! તે વ્યાપક ( નું ) વ્યાપ્ય, એટલે જ્ઞાનનાપરિણામ, અને વ્યાપક તે આત્મા. તે તત્સ્વરૂપમાં જ હોય. રાગ-દયા-દાન-વ્રત-ભક્તિનો, સ્તુતિનો રાગ, એ કાંઈ તત્સ્વરૂપ નથી, એ કાંઈ આત્મસ્વરૂપ નથી. આહાહાહા !

તેથી વ્યાપ્યવ્યાપકપણું એટલે કે કર્તાકાર્યપણું તત્સ્વરૂપમાં હોય. એટલે આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે સ્વરૂપમાં કર્તાકર્મપણું હોય ( તેથી ) કર્તા આત્મા અને જ્ઞાનપરિણામ કાર્ય. આહા ! 'અતત્સ્વરૂપમાં ન જ હોય' ( એટલે ) રાગ જે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠે છે તે અતત્સ્વરૂપ છે. આહાહાહા ! આવી જાતનો ઉપદેશ હવે નવા અજાણ્યા માણસને તો એવું થાય કે શું આ તે કહે છે !! એક જણો કહેતો તો હો ઓલો છોકરો આ આવ્યા 'તાને રાજકોટવાળા-છોકરો કોક મહારાજ શું છે આ આમાં સમજાતું નથી કહે તો તો છોકરા આવ્યા 'તા ને કાલે એમાં કોઈ મોટો છોકરો હતો બહાર નીકળાને પગથીયે કાંઈ સમજાતું નથી. પણ કે દિ' સમજાય સાંભળવા મળ્યું નથી અને પરિચય નથી. આહાહા ! છોકરો હતો પાઠશાળાના આવ્યા છે ને બધા. આહાહા !

'વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં હોય' એક વ્યાખ્યા એટલે ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ-આનંદસ્વરૂપ ( છે ), એના પરિણામ પણ જ્ઞાનસ્વરૂપ ને આનંદસ્વરૂપ, એ આત્મા વ્યાપક અને જ્ઞાનપરિણામ વ્યાપ્ય એ એનું તત્સ્વરૂપ છે. ઈ તત્સ્વરૂપમાં કર્તા-કર્મપણું હોય, તત્સ્વરૂપમાં વ્યાપ્યવ્યાપકપણું હોય, તત્સ્વરૂપમાં કારણ-કાર્યપણું હોય. આહાહા ! ( શ્રોતાઃ- દ્વાદશાંગજ્ઞાન એ તત્સ્વરૂપ કહેવાય કે નહીં ? ) બહારનું... બહારનું જ્ઞાન, એ જ્ઞાન નથી. ઈ પરજ્ઞાન છે ! પરસત્તાવલંબી !

એ આવી ગયું છે આપણે જ્ઞેયનિષ્ઠ-જ્ઞેયનિમગ્ન ! બેનના પુસ્તકમાં આ લખ્યું છે. આમેય અગ્યાર અંગનું ( જ્ઞાન ) અનંત વાર કર્યું છે. નવ પૂર્વ અનંતવાર થયાં છે ! એ સ્વજ્ઞેય હોય તો તો કલ્યાણ થઈ જાય ત્યાં, એનાથી એક ભવ ઘટયો નથી. આહાહા ! ( શ્રોતાઃ- વધ્યો ખરો ! ) એ ભવ જ છે ત્યાં વધવાનું શું ? ઈ પોતે જ ભવસ્વરૂપ છે, જેમ રાગ ભવસ્વરૂપ છે એમ 'પરસંબંધીનું જે જ્ઞાન સ્વનું મૂકીને એ ભવસ્વરૂપ જ છે ! આહા !

ઝીણી વાત છે પ્રભુ ! આહાહા ! આવો વીતરાગ મારગ ! સર્વજ્ઞ પરમેશ્વરના મુખથી નીકળેલી છે વાણી એ 'આ' વાણી છે સાર ! આ તો સમયસાર છે ! ઓલું-પ્રવચનસાર દિવ્યધ્વનિનો સાર ! 'આ' તો આત્માનો સાર !! આહાહા !

'વ્યાપકવ્યાણકપણું તત્સ્વરૂપમાં જ હોય' – જોયું ? તત્સ્વરૂપમાં 'જ' હોય ! એકાંત કરી નાખ્યું. કથંચિત્ તત્સ્વરૂપમાં અને કથંચિત્ અતત્સ્વરૂપમાં એમ નહીં. આહાહા ! એ અસ્તિથી કહ્યું. હવે 'अतदात्मनि अपि न एव' 'અતત્સ્વરૂપમાં ન જ હોય.' અને વ્યાપ્યવ્યાપક ભાવના સંભવ વિના 'कर्तृकर्मस्थितिः का:' – કર્તાકર્મની સ્થિતિ કેવી ? આહાહા ! રાગનું કાર્ય આત્માનું ને કર્તા આત્મા એમ અતત્સ્વરૂપમાં એમ ક્યાંથી આવ્યું ? સમજાણું કાંઈ... ?

'તત્સ્વરૂપમાં આવે, આત્મા કર્તા અને એના શુદ્ધસ્વભાવના-મોક્ષમાર્ગના પરિણામ

( તેનું કર્મ હોય. ) આત્મા વ્યાપક અને મોક્ષમાર્ગના પરિણામ વ્યાપ્ય એ તત્સ્વરૂપમાં કર્તાકર્મપણું હોય. પણ... રાગ તે વ્યાપ્ય અને આત્મા વ્યાપક-કર્તા તેનું કાર્ય રાગ એમ નથી. અતત્સ્વરૂપમાં વ્યાપ્યવ્યપકપણું નથી. આહાહા ! એ પુદ્‌ગલપરિણામમાં વ્યાપક આત્મા અને વ્યાપ્ય પુદ્‌ગલપરિણામ એમ નથી. આહા ! પુદ્‌ગલ વ્યાપક અને એ ( રાગ-વ્યાપ્ય છે ) આહા... ! ગજબ વાતું છે ને... !

ભગવાનની ભક્તિ-ભગવાનની સ્તુતિ એ પણ પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલ વ્યાપકનું વ્યાપ્ય છે. આહાહા..... ! પુદ્‌ગલ પોતે પરિણમીને તે રાગ-વ્યાપ્ય તેનું થયું છે. સમજાય છે ને ભાઈ... ? પ્રેમચંદભાઈ ! આહાહા.... આવો મારગ ! અરે...

અસ્તિ-નાસ્તિ કરી. ( હવે ) ત્રીજી વાત, 'વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના 'कर्तृकर्मस्थिति: का' એ ત્રીજું ! જ્યાં વ્યાપ્યવ્યાપકપણું નથી ત્યાં કર્તાકર્મપણું કેવું ? રાગ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એ અતત્‌સ્વરૂપમાં તો છે નહીં... સમજાણું કાંઈ... ? આહાહાહા ! દેહની ક્રિયાની તો વાતું ક્યાં ગઈ ? આહા.. ! શરીર, વાણી, મનની પર્યાય, એનો વ્યાપક પરમાણું ને એનું વ્યાપ્ય એની એ પર્યાય !

આંહી તો આત્મામાં થતા રાગના પરિણામ-ભક્તિના પરિણામ સ્તુતિના પરિણામ, પરમાત્મા પરદ્રવ્ય છે ને. એ પરિણામની સાથે અતત્‌સ્વરૂપ હોવાથી આત્માને તેનું કર્તાકર્મપણું નથી. આહાહાહા..... સમજાણું કાંઈ.. ? છે ને... એમાં છે ને... ? ત્રણ વાત થઈ.

કર્તાકર્મપણું એટલે કારણ-કાર્યપણું, વ્યાપ્યવ્યાપકપણું તત્‌સ્વરૂપમાં હોય, અને વ્યાપ્યવ્યાપક સિવાય અતત્ સ્વરૂપમાં કર્તાકર્મપણું હોય નહીં. માટે 'વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના કર્તાકર્મની સ્થિતિ કેવી ?' આહાહા ! આવું ઝીણું છે પ્રભુ ! આહાહા ! 'અર્થાત્ કર્તાકર્મની સ્થિતિ ન જ હોય' એટલે ? વ્યવહાર-રત્નત્રયનો જે વિકલ્પ છે તે આત્માનું વ્યાપ્ય અને આત્મા વ્યાપક ઈ અતત્‌સ્વરૂપમાં હોઈ શકે નહીં. ઈ અતત્ સ્વરૂપ છે ! આહાહા ! કો' વીરચંદભાઈ ! આવું છે ! ! આહાહા !

( કહે છે કે: ) 'इति उद्दाम-विवेक-धस्मर-महोभारेण' -ઓહોહો ! શું કહે છે, શું કળશ.. તે કળશ ! ! ઓહો... ! 'આવો પ્રબળ વિવેકરૂપ' આવો પ્રબળ વિવેકરૂપ ! એટલે... ? રાગાદિના પરિણામ અતત્‌સ્વરૂપ છે ભગવાન જ્ઞાતાના પરિણામ તે તત્સ્વરૂપ છે. આવો પ્રબળ વિવેક છે ! આહાહાહા !

'આવો પ્રબળ વિવેકરૂપ' – આવો પ્રબળ ભેદરૂપ. આહાહાહા ! આવો પ્રબળ ભેદજ્ઞાનરૂપ ! 'અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે' -પ્રબળ વિવેકરૂપ-ભેદરૂપ અને જે જ્ઞાનને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે 'એવો જ્ઞાનપ્રકાશ.' આહાહાહા ! રાગના પરિણામ તે પુદ્‌ગલના પરિણામ તે પુદ્‌ગલનું વ્યાપ્ય તે અતત્‌સ્વરૂપ તે તત્‌સ્વરૂપમાં હોય શકે નહીં. ભગવાન આત્મા જ્ઞાતા-દ્રષ્ટા તે કર્તા, અને તેના પરિણામ જે સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્ર થાય, તે પરિણામ તેનું વ્યાપ્ય ! આહા.. હા ! એ પણ ભેદથી.. આવી વાત છે ! નિશ્ચયથી તો એ મોક્ષમાર્ગના પરિણામ ષટ્‌કારકથી પરિણમતાં પોતાથી છે. આહાહા ! ભગવાન ( આત્મદ્રવ્ય ) ધ્રુવ છે એ ક્યાં પરિણામે છે ? આહાહા ! શું... કળશ ! !

( કહે છે ) વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં હોય ! તો તત્સ્વરૂપ તો.. ભગવાન જ્ઞાન ને આનંદસ્વરૂપ છે પ્રભુ ! તે તત્સ્વરૂપમાં એનાં જ્ઞાન ને આનંદના પરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ કહી શકાય. પણ... રાગ વ્યાપ્ય અને વ્યાપક આત્મા એમ કોઈ રીતે વિવેકથી–ભેદથી છે ત્યાં ન કરાય... ! આહા... !

દૃષ્ટિ ફેરે બધો ભાવ ફેર પડી જાય છે. હેં ? આહાહા ! દૃષ્ટિ એવી સૃષ્ટિ ! ! જ્ઞાયકની દૃષ્ટિ થઈ તેને જાણવા–દેખવા ને મોક્ષનાં માર્ગ ને આનંદના પરિણામ, એ તેનું ( આત્માનું ) વ્યાપ્ય થાય છે. આહાહા ! અને તે જ્ઞાનમાં રાગ નિમિત્ત હોવા છતાં તે રાગ આત્માનું કાર્ય નહીં અને રાગથી જ્ઞાન થયું તે રાગનું, જ્ઞાન કાર્ય નહીં. આહાહા ! ઝીણી વાત છે ભાઈ... !

આ તો વિતરાગ સર્વજ્ઞ પરમાત્મા, ત્રિલોકનાથ કેવળીના વચનો છે ઈ સંતો જગતને જાહેર કરે છે. આહાહા ! 'આવો પ્રબળ વિવેકરૂપ' છે. ઉદ્દામ્ વિવેક ! ઉદ્દામ્ વિવેક ! એમ.

પ્રબળ વિવેક ! ! ધસ્મરનો અર્થ વિવેક કર્યો 'અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે' ( એટલે ) જ્ઞાન તો સ્વને જાણે–પરને જાણે ઈ 'જાણવાનું કાર્ય' પોતાનું પોતાથી થાય, એ બધાને જાણવાનો–ગ્રાસીભૂત–કોળિયો કરી જાય ! લોકાલોક છે તે પણ જ્ઞાનની પર્યાયમાં કોળિયો થઈ ગ્યો છે નિમિત્તરૂપે ! 'ગ્રાસીભૂત' – એ જ્ઞાનની પર્યાયનો એટલો સ્વભાવ છે કે લોકાલોક ભલે એમાં નિમિત્ત હો પણ એ જ્ઞાનની પર્યાય પોતાના ઉપાદાનથી થઈ છે. તેથી તે પર્યાયનો સ્વભાવ સર્વને કોળિયો કરી જવું ( એવો છે ) ! કોળિયો નાનો ને મોઢું મોટું ! એમ જ્ઞાનનો પ્રકાર મોટો ને જ્ઞેય લોકાલોક તે ( નાનો ) કોળિયા સમાન છે. આહા.. હા !

ભાષા તો સાદી છે પ્રભુ ! આ વસ્તુ તો પણ હવે બીજું શું થાય ? આહા.. ! એને બીજી રીતે કરે તો કાંઈ.. આહા.. હા ! ખરેખર, મુનિઓનો શુદ્ધ ઉપયોગ જે છે તે તેનું વ્યાપ્ય છે અને આત્મા વ્યાપક છે ઈ પરથી ભિન્ન પાડવાની અપેક્ષાએ.. ભાઈ ? શું કીધું ? આતો ઓલું શુદ્ધઉપયોગનું આવ્યું ને બપોરે એનો અર્થ એવો કર્યો અભિમુખ એમ નથી બાપા ! આહાહા ! મુનિ એનો આત્મા કર્તા કહેવો અને મોક્ષમાર્ગના પરિણામ તેનું કાર્ય કહેવું– એ પરથી ભિન્ન પાડવાની અપેક્ષાએ, પણ રાગ તેનું કાર્ય છે–વ્યવહાર રત્નત્રયનો રાગ એનું આત્માનું કાર્ય છે એમ નથી ! આહાહા !

( શ્રોતાઃ– અશુદ્ધનયે તો કહેવાય ને... ! ) હેં ? અશુદ્ધનયે તો પર્યાયમાં એની થાય છે ઈ અપેક્ષાએ, પણ સ્વભાવદૃષ્ટિએ અને સ્વભાવમાં નથી માટે તો એને પરનાં પરિણામ કીધાં. એમ કહેવું છે ને આહીં ! એ તત્સ્વરૂપ નથી એનું ! એનું સ્વરૂપ તો ચૈતન્ય સ્વરૂપ છે, ભગવાનનું જ્ઞાયકસ્વરૂપ છે, એ તત્સ્વરૂપમાં રાગનું કાર્ય ક્યાંથી આવે ? આહાહા.....

આહાહા ! તો બપોરે આવી ગયું હતું ને ચૈતન્યસ્વરૂપ, ચારે કોરથી જુઓ તો સંતોની વાણીમાં અવિરોધપણું ઊભું થાય છે. પણ ધીરાના કામ છે ભાઈ... ! એ વાતને ઝીલવી એ પણ એક પાત્રતા હોય છે. આહાહા... આવી વાત ! આહા !

ભગવાન આત્મા ! એ રાગથી ભિન્ન પડેલો ને એકરૂપ ભેદજ્ઞાનમાં એવું જે જ્ઞાન ( કે ) 'જેનો સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે એવો જે જ્ઞાનપ્રકાશ તેના ભારથી' જ્ઞાનપ્રકાશના ભારથી અજ્ઞાન–અંધકારને ભેદતો, રાગ તે અજ્ઞાન છે તેને તોડતો ભેદતો, આ

આત્મા જ્ઞાનસ્વરૂપ થઈને' (અર્થાત્) જ્ઞાયક છે તે જ્ઞાયકસ્વરૂપ થઈને' દ્રવ્યસ્વભાવ! ગુણસ્વભાવ! જ્ઞાયકસ્વભાવ! સર્વજ્ઞસ્વભાવ હોવાથી જેની શક્તિ જ પોતે... પોતાને ત્રિકાળીને પોતાથી 'જાણે ને દેખે' એવો એનો સ્વભાવ છે. ત્રિકાળજ્ઞાનદર્શનનો, ત્રિકાળી પોતાના સ્વરૂપને જાણવા-દેખવાનો સ્વભાવ છે! એ... જયારે પર્યાયમાં આ તો ગુણમાં વાત કરી, હવે પર્યાયમાં જ્ઞાન થયું એનો પણ સર્વને ગ્રાસીભૂત કરવાનો સ્વભાવ છે. શું કહ્યું ઈ..? કે જે આત્માનો ત્રિકાળી જ્ઞાનદર્શન જે સ્વભાવ છે એ પોતાના ત્રિકાળીને જાણવા-દેખવાનું, શક્તિવાળું એ તત્ત્વ છે! આહા! 'નિયમસાર' માં આવ્યું છે ને.

એ ત્રિકાળી જ્ઞાનદર્શન ને ત્રિકાળીદ્રવ્યને, જ્ઞાનદર્શન-જાણવા-દેખવાના સ્વભાવવાળું છે. એ જયારે પર્યાયમાં પ્રગટ થાય તત્સ્વરૂપ! રાગથી ભિન્ન પડી સ્વભાવની દૃષ્ટિ થઈ ને આત્માનો આશ્રય આવ્યો ત્યારે જે પર્યાય પ્રગટ થાય છે મોક્ષના માર્ગની, એ જીવનું વ્યાપ્ય નામ કાર્ય છે. આ વ્યવહારરત્નત્રય એ જીવનું કાર્ય નહીં. આહાહા..... નવરંગભાઈ! આવું છે!! છે એમાં? આહા..! 'વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થાય.' અરે ભગવાન! શાસ્ત્રમાં કહ્યું છે ને એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે (એને નિશ્ચય સમજીશ) તો એ તત્ત્વનો વિરોધ થઈ જશે! આહા!

'આ આત્મા જ્ઞાનસ્વરૂપ થઈને,' આ પર્યાયની વાત છે હોં! એ ભગવાન જ્ઞાયકસ્વરૂપ તો છે! પણ હવે પર્યાયમાં 'જ્ઞાનસ્વરૂપ થઈને' 'તે કાળે' કર્તૃત્વરહિત થયેલો શોભે છે.' 'જાણવાના' પરિણામ જે થયા તે પરિણામ થયો થકો-પરિણામરૂપે થયો થકો એમ. રાગરૂપે થયો થકો નહીં. તત્સ્વરૂપે જ્ઞાનપરિણામરૂપે થયો થકો થઈને 'તેકાળે- તેજ સમયે' એમ. 'કર્તૃત્વ રહિત થયેલો શોભે છે.' – રાગના કાર્યના કર્તા રહિત થઈને જ્ઞાનસ્વરૂપ થઈને શોભે છે!

બહુ ગાથા સારી આવી છે, પ્રેમચંદભાઈ! તમે લંડનથી આવ્યાને. લંડનમાં વાંચે છે. એક કળશમાં કેટલું નાખ્યું છે!! આહા! એક, એક ગાથા ને...! એક, એક પદને...! એક, એક કળશ!! આખું સ્વરૂપ ભરી દેવાની તાકાત છે!! આહાહા.....

ભાવાર્થઃ 'જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે તે વ્યાપક' (એટલે કે) દરેક અવસ્થામાં રહેલો હોય તેને વ્યાપક કહીએ. અને કોઈ એક અવસ્થા વિશેષ ખાસ તે વ્યાપકનું વ્યાપ્ય-કાર્ય કહીએ.

આત્મા જ્ઞાયક! એની દરેક અવસ્થામાં વ્યાપક છે અને તેની જ્ઞાન પર્યાય તેનું વ્યાપ્ય છે. અવસ્થાવિશેષ-અવસ્થા ઈ એનું કાર્ય છે. વ્યાપક જ્ઞાયક ત્રિકાળી બધી અવસ્થામાં વ્યાપનારો છે અને કોઈ એક જ અવસ્થા તેને વિશેષ પર્યાય છે-કહે છે વ્યાપ્ય કહે છે. એ વ્યાપક બધી અવસ્થામાં વ્યાપનારો જ્ઞાનની પર્યાયમાં વ્યાપે છે. આહાહાહ..... સમજાણું કાંઈ...?

આહા! 'આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે' આંહી તો દ્રવ્યને સિદ્ધ અત્યારે કરવું છે ને પરથી ભિન્ન! 'દ્રવ્ય તો વ્યાપક છે' આત્મા જ્ઞાયકદ્રવ્ય તો વ્યાપક છે! 'અને પર્યાય વ્યાપ્ય છે' એ મોક્ષમાર્ગની જે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પર્યાય એ વ્યાપ્ય છે, કાર્ય છે. આહાહાહા!

ઈ જ્ઞાયક છે તે કારણ પરમાત્મા છે, દરેક અવસ્થામાં ઈ હોય છે અને અવસ્થા-એકસમયનું વિશેષ તે તેનું કાર્ય છે. દ્રવ્ય વ્યાપક છે ને પર્યાય વ્યાપ્ય છે. નિર્મળ પર્યાય વ્યાપ્ય છે ઈ કહેવું છે હોં! રાગ એનું વ્યાપ્ય છે ઈ આંહી છે નહીં. ઈ પુદ્ગલમાં જાય છે. આહાહા!

'દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે' આંહી તો... ઈ સિદ્ધ કરવું છે ને...! પરથી ભિન્ન સિદ્ધ કરવું છે ને...! રાગ આદિ પુદ્‌ગલના ભાવ એનાથી ભિન્ન સિદ્ધ કરવું છે ને એથી આંહી કહે છે કે 'દ્રવ્યને પર્યાય અભેદરૂપ જ છે.' દ્રવ્ય જે જ્ઞાયકભાવ અને નિર્મળ પર્યાય તે અભેદ છે. સ્વના આશ્રયે થયેલી તે અભેદ છે. અભેદનો અર્થ પર્યાય દ્રવ્યરૂપ થઈ ગઈ છે એમ નથી. પણ.. પર્યાય આમ.. જે ભેદરૂપ હતી ( પરસન્મુખ ) એ પર્યાય આમ ( સ્વસન્મુખ ) થઈ તે અભેદ થઈ !

આહાહા ! એક.. એક શબ્દના અર્થ આવા પણ પકડાઈ એવું છે, ભાષા તો સાદી છે પ્રભુ ! પણ તું એવો છો અંદરમાં અલૌકિક ચીજ ! આહાહા.....

એ જ્ઞાયક છે તે વ્યાપક છે અને એના નિર્મળ પરિણામ-મોક્ષના મારગના તે વ્યાપ્ય છે. આમ દ્રવ્ય ને પર્યાય અભેદરૂપ જ છે. આંહી ઓલા દ્રવ્ય ને પર્યાય જુદા છે એ આંહી નથી સિદ્ધ કરવું. સંવર અધિકારમાં તો ઈ પર્યાયનું ક્ષેત્ર ભિન્ન છે ! પર્યાયનો ભાવ ભિન્ન છે ! દ્રવ્યનો ભાવ ભિન્ન છે !! અહીંયા તો પુદ્‌ગલના પરિણામથી ભિન્ન બતાવ્યો એવાં જે જ્ઞાનના પરિણામ થયાં તે તે જ્ઞાતાનું વ્યાપ્ય છે, જ્ઞાતા તેનો કર્તા છે ! આહાહા !

આમાં ધરે એની મેળે સમજે તો શું એમાંથી કાઢે ? એય મોટાણી ? પ્લાસ્ટીકનો ભુક્કો કાઢે ( કર્તાપણાના ) ભાવ કરે ! બીજું શું છે. પ્લાસ્ટીકનો ભુક્કો કાઢી શકતા નથી. આહાહા ! ભારે કામ બાપુ આહા.....

જુઓ ! પાછું શું કહે છે ? કે જે દ્રવ્યનો આત્મા સ્વરૂપ અથવા સત્ત્વ તે પર્યાયનો આત્મા, અથવા જોયું ? જે દ્રવ્યનો આત્મા એટલે સ્વરૂપ દ્રવ્યનો આત્મા સ્વરૂપ ! સ્વરૂપ અથવા સત્ત્વ ! ( એટલે ) દ્રવ્યનો આત્મા, દ્રવ્યનું સ્વરૂપ, દ્રવ્યનું સત્ત્વ તે જ પર્યાયનો આત્મા, પર્યાયનું સ્વરૂપ, પર્યાયનું સત્ત્વ ! ફરીને વધારે લેવાય છે હોં ? ફરીને... વસ્તુ છે જે ભગવાન આત્મા આપણે અત્યારે એના ઉપર લેવું છે ને... !

એનું-દ્રવ્યનું સ્વરૂપ આત્મા, એટલે સ્વરૂપ મૂળ તો આ વ્યાખ્યા કરી કે, દ્રવ્યનો આત્મા એટલે દ્રવ્યનો ભાવ તે દ્રવ્યનું સ્વરૂપ ! તે દ્રવ્યનું સત્ત્વ ! સત્... સત્, પ્રભુ જ્ઞાયક ! સત્ સત્‌દ્રવ્ય, તેનું જ્ઞાયકપણું તે તેનું સત્ત્વ !! સત્‌નું સત્ત્વ ! તે જ પર્યાયનો આત્મા, પર્યાયનો ભાવ, તે જ પર્યાયનું સ્વરૂપ ને તે જ પર્યાયનું સત્ત્વ ! દ્રવ્યનું-સત્‌નું સત્ત્વ અને પર્યાયનું સત્ત્વ બેય એક છે આ અપેક્ષાએ ! પરનું સત્ત્વ જુદું પાડવું છે ને અત્યારે ! આહાહા !

દયા-દાન-ભક્તિ-સ્તુતિનો રાગ છે તે પુદ્‌ગલનું-સત્‌નું સત્ત્વ છે ! આ નિર્મળપર્યાય ને નિર્મળ ભગવાન ( આત્મદ્રવ્ય ) કે જે દ્રવ્યનો આત્મા ! દ્રવ્યનો જે સ્વભાવ ! તે જ સ્વરૂપ તે તેનું સત્ત્વ ! તે જ પર્યાયનો આત્મા ! આહાહાહા ! આ એવું -ત્રિકાળીનું સ્વરૂપ એનું છે ને.. ! પર્યાયનો આત્મા તે ત્રિકાળીસ્વરૂપ અને સત્ત્વ ! 'આમ હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપી છે' દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે. દ્રવ્ય નિર્મળપર્યાયમાં વ્યાપે છે. આહા... હા ! કઈ અપેક્ષાનું કથન છે ! એક બાજુ કહે છે કે પર્યાય ષટ્‌કારકથી પરિણમે છે તેને દ્રવ્યગુણની અપેક્ષા નથી, આંહી તો.. પરથી પુદ્‌ગલનાપરિણામથી ( જે ) રાગ-દયા-દાન-વ્રતાદિ એનાથી ભિન્ન બતાવવા દ્રવ્યનું સ્વરૂપ તે પર્યાયનું સ્વરૂપ છે એમ કીધું છે. કેવી અપેક્ષા વીતરાગમાર્ગની ! આહાહા !

કહો લાભભાઈ ? સમજાય છે કે નહીં 'આ' , ત્યાં તમારે વડોદરામાં કાંઈ સમજાય એવું

નથી એક્કેય લીટી ન્યાં...આહાહા ! ( શ્રોતાઃ- સમજવા તો આવ્યા છે ! ) વાત સાચી કરી. આહાહાહા.....

આહાહા ! દ્રવ્યનો આત્મા એટલે દ્રવ્યનો ભાવ એમ. દ્રવ્યનું સ્વરૂપ, દ્રવ્યનું સત્ત્વ-તે પર્યાયનો આત્મા અને પર્યાયનો ભાવ ! એનું સ્વરૂપ-સત્ત્વ ! એટલે આંહી રાગના દ્રવ્ય-સત્ત્વ, એની હારે કોઈ સંબંધ નથી. આહાહાહા ! સમજાણું કાંઈ... ?

ઝીણું બહુ બાપુ ! આહાહા..... વીતરાગ મારગ ! સર્વજ્ઞ પરમેશ્વર.. આરે... ! આહાહા ! જેને લોકાલોકનું જ્ઞાન કહેવું ઈ કહે છે વ્યવહાર છે. અને એ જ્ઞાન લોકાલોકને કોળિયો કરી ગ્યું ! 'પ્રવચનસારમાં' તો આવે છે ને.. કોતરાઈ ગયું, જ્ઞાનમાં કોતરાઈ ગયું ! ખોડાઈ ગયું. પ્રવચનસારમાં પહેલા ભાગમાં આવે છે ને.. આવશે આગળ ! આ તો સમયસાર છે. પ્રવચનસારમાં છે 'એ બધા જાણે અંદરમાં જ્ઞાનમાં કેમ ન હોય !' કારણ કે એ સંબંધી જ્ઞાન થયું ને... ! એટલે જ્ઞાનમાં છે એમ કહેવામાં આવ્યું ! આહાહા !

'આમ દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે' દ્રવ્ય વસ્તુ છે તે અવસ્થામાં વ્યાપે-દ્રવ્ય જે વસ્તુ છે ઈ પોતાની નિર્મળ અવસ્થામાં વ્યાપે, ઈ એની અવસ્થા કહેવાય. રાગ એની પર્યાય જ નથી. આહાહા ! ( શ્રોતાઃ- એ પુદ્ગલ છે રાગ ? ) પુદ્ગલ !

દ્રવ્ય-વસ્તુ પર્યાયમાં રહે-વ્યાપે કાર્ય થાય 'અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે' કાર્ય થઈ જાય-દ્રવ્ય વડે કાર્ય થાય. પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય ! આવો મારગ વીતરાગનો. આમાં.. લંડનમાં ક્યાં બીજે ક્યાં.. અનાર્ય દેશ, લંડનમાં ! ( શ્રોતાઃ- એમાં આ સાંભળવાય ન મળે ! ) સાંભળવા ન મળે ? સાચી વાત બાપા ! અરે... ! આવી વાત બાપા ! પ્રભુ તું કોણ છે ? આહાહાહાહા.....

તારા દ્રવ્યનું ને પર્યાયનું સત્ત્વ તો એક છે, કહે છે. અને ઓલા રાગનું ને પુદ્ગલનું સત્ત્વ ( તારાથી ) ભિન્ન છે ! પુદ્ગલની હારે ( એનું સત્ત્વ ) ગયું ! પુદ્ગલ દ્રવ્ય છે ઈ એનો આત્મા ઈ એનું સ્વરૂપ ને એનું સત્ત્વ ! તેવો જ રાગ, એનું સ્વરૂપ ઈ એનો આત્મા સ્વરૂપ ને સત્ત્વ ! આહાહાહા !

ધીમે...થી.. કહેવાય છે પ્રભુ ! થોડો વિચાર કરવાનો વખત મળે ! અરે ! પરમાત્માના વિરહ પડયા, ત્રણલોકનો નાથ ભગવાન બિરાજે છે, એની 'આ વાણી છે' શબ્દો તો ભગવાન પાસેથી ( સાંભળીને ) લાવીને 'આ' ગાથા બનાવી, ( અને ટીકાકાર અમૃતચંદ્રાચાર્યે ) કહે છે ને તે પણ જાણે કુંદકુંદાચાર્યના પેટમાં પેસીને.. આહાહા..... ટીકા એણે કરી છે.

( કહે છે કે ) 'આવું વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય છે ને ઈ અભિન્ન સત્તાવાળા પદાર્થમાંજ હોય, પર્યાયને દ્રવ્ય એ અભિન્ન સત્તા થઈ 'અતત્સ્વરૂપમાં અર્થાત્ જેમની સત્તા-સત્ત્વ ભિન્ન છે એવા પદાર્થોમાં ન જ હોય' -ભગવાન આત્માનું સત્ત્વ દ્રવ્ય ને પર્યાયનું સત્ત્વ છે. પણ જે વ્યવહાર-રત્નત્રયનો રાગ, ભગવાનની સ્તુતિનો રાગ, તેનું સત્ત્વ ને સત્ તદ્દન ભિન્ન છે. આહા... હા.. હા ! એ.. ભાગ્યશાળીને કાને પડે એવી વાત છે બાપા ! પરમાત્માની વાણી છે, ભગવાનની- ત્રણ લોકના નાથ તીર્થંકરદેવની છે આ તો વાત. આહા !

'જ્યાં વ્યાપ્યવ્યાપકભાવ હોય ત્યાં કર્તાકર્મ ભાવ હોય, જ્યાં વ્યાપ્યવ્યાપક ભાવ વિના,

કર્તાકર્મભાવ ન હોય?' વ્યવહારરત્નત્રયમાં વ્યાપ્યવ્યાપકપણું આત્માનું નથી માટે તેમાં કર્તાકર્મપણું નથી. આહાહાહા!

'આવું જે જાણે છે તે પુદ્‌ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે' -ઈ પુદ્‌ગલપરિણામ-રાગ આદિ છેલ્લે ( ટીકામાં ) કહ્યું હતું ને... ! 'આવું જે જાણે છે તે પુદ્‌ગલને એટલે રાગાદિના પરિણામ પુદ્‌ગલ અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે. ભગવાન આત્મા કર્તા ને દયા, દાનના ને ભક્તિના ને સ્તુતિના પરિણામ તે કાર્ય એમ જ્ઞાની માનતો નથી એમ કહે છે. આહાહા ! છે ? 'પુદ્‌ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે. 'એમ જાણતાં તે જ્ઞાની થાય છે' આહા.. હા ! કર્તાકર્મભાવથી રહિત થાય છે. અને જ્ઞાતા દૃષ્ટા જગતનો સાક્ષીભૂત થાય છે. વિશેષ કહેવાશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

**❀ પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી,**
**જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે ❀**

જુઓ એક વિચાર સવારે આવ્યો હતો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એની કેવળજ્ઞાન આદિ પાંચ પર્યાયો છે. કેવળજ્ઞાન પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે, તેમ મતિજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે, પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. તેમ શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે અને પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. વ્યવસ્થિત જાણવું એ જ એનો સ્વભાવ છે. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે એટલે એની પર્યાય, ગુણ અને દ્રવ્ય બસ જાણનાર જ છે, ફેરફાર કરનાર નથી. પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી. જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે. આહાહા ! જુઓ તો ખરા ! વસ્તુ જ આમ છે. અંદરમાં તો ખૂબ ગંભીરતાથી ચાલતું હતું પણ કહેવામાં તો...

**( આત્મધર્મ, અંક ૭૨૬, વર્ષ-૬૦, પાના નં. ૧૦ )**

## ગાથા - ૭૬

पुद्गलकर्म जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्मभाव: किं भवति किं न भवतीति चेत्-

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।।७६।।**

नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये।
ज्ञानी जानन्नपि खलु पुद्गलकर्मानेकविधम्।।७६।।

यतो यं प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं पुद्गलपरिणामं कर्म पुद्गलद्रव्येण स्वयमन्तर्व्यापकेन भूत्वादिमध्यान्तेषु व्याप्य तं गृह्णता तथा परिणमता तथोत्पद्यमानेन च क्रियमाणं जानन्नपि हि ज्ञानी स्वयमन्तर्व्यापको भूत्वा बहि:स्थस्य परद्रव्यस्य परिणामं मृत्तिकाकलशमिवादिमध्यान्तेषु व्याप्य न तं गृह्णाति न तथा परिणमति न तथोत्पद्यते च, तत: प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य पुद्गलकर्म जानतोऽपि ज्ञानिन: पुद्गलेन सह न कर्तृकर्मभाव:।

---

હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી ? તેનો ઉત્તર કહે છેઃ-

**વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.**

**ગાથાર્થઃ-** [ ज्ञानी ] જ્ઞાની [ अनेकविधम् ] અનેક પ્રકારના [ पुद्गलकर्म ] પુદ્‌ગલકર્મને [ जानन् अपि ] જાણતો હોવા છતાં [ खलु ] નિશ્ચયથી [ परद्रव्यपर्याये ] પરદ્રવ્યના પર્યાયમાં [ न अपि परिणमति ] પરિણમતો નથી, [ न गृह्णाति ] તેને ગ્રહણ કરતો નથી અને [ न उत्पद्यते ] તે-રૂપે ઊપજતો નથી.

**ટીકાઃ-** પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું (વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું) પુદ્‌ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય), તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું, તે-રૂપે પરિણમતું અને તે-રૂપે ઊપજતું થકું, તે પુદ્‌ગલપરિણામને કરે છે; આમ પુદ્‌ગલદ્રવ્ય વડે કરવામાં આવતા પુદ્‌ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત (બહાર રહેલા) એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી; માટે, જોકે જ્ઞાની પુદ્‌ગલકર્મને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને

**નિર્વત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**

**ભાવાર્થઃ- જીવ પુદ્‌ગલકર્મને જાણે છે તોપણ તેને પુદ્‌ગલ સાથે કર્તાકર્મપણું નથી.**

**સામાન્યપણે કર્તાનું કર્મ ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે-નિર્વત્ય, વિકાર્ય અને પ્રાપ્ય. કર્તા વડે, જે પ્રથમ ન હોય એવું નવીન કાંઈ ઉત્પન્ન કરવામાં આવે તે કર્તાનું નિર્વત્ય કર્મ છે. કર્તા વડે, પદાર્થમાં વિકાર-ફેરફાર કરીને જે કાંઈ કરવામાં આવે તે કર્તાનું વિકાર્ય કર્મ છે. કર્તા, જે નવું ઉત્પન્ન કરતો નથી તેમ જ વિકાર કરીને પણ કરતો નથી, માત્ર જેને પ્રાપ્ત કરે છે તે કર્તાનું પ્રાપ્ય કર્મ છે.**

**જીવ પુદ્‌ગલકર્મને નવીન ઉપજાવી શકતો નથી કારણકે ચેતન જડને કેમ ઉપજાવી શકે? માટે પુદ્‌ગલકર્મ જીવનું નિર્વત્ય કર્મ નથી. જીવ પુદ્‌ગલમાં વિકાર કરીને તેને પુદ્‌ગલકર્મરૂપે પરિણમાવી શકતો નથી કારણકે ચેતન જડને કેમ પરિણમાવી શકે? માટે પુદ્‌ગલકર્મ જીવનું વિકાર્ય કર્મ પણ નથી. પરમાર્થે જીવ પુદ્‌ગલને ગ્રહણ કરી શકતો નથી કારણ કે અમૂર્તિક પદાર્થ મૂર્તિકને કઈ રીતે ગ્રહણ કરી શકે? માટે પુદ્‌ગલકર્મ જીવનું પ્રાપ્ય કર્મ પણ નથી. આ રીતે પુદ્‌ગલકર્મ જીવનું કર્મ નથી અને જીવ તેનો કર્તા નથી. જીવનો સ્વભાવ જ્ઞાતા હોવાથી જ્ઞાનરૂપે પરિણમતો પોતે પુદ્‌ગલકર્મને જાણે છે; માટે પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવનો પરની સાથે કર્તાકર્મભાવ કેમ હોઈ શકે? ન જ હોઈ શકે.**

## પ્રવચન નં. ૧૬૪ ગાથા-૭૬ તા. ૦૯/૦૧/૭૯ મંગળવાર પોષ સુદ-૧૨

હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મને જાણતા એટલે કે આત્મામાં થતા દેવગુરુશાસ્ત્રની ભક્તિના પરિણામ, કે પંચમહાવ્રતના પરિણામ, કે ભગવાનની સ્તુતિના પરિણામ એ પરિણામ પુદ્‌ગલ કર્મનું કાર્ય છે. આહાહા! આવી વાત છે. પુદ્‌ગલ કર્મનું એ કાર્ય છે. એ પુદ્‌ગલ કર્મના પુદ્‌ગલના કાર્યને જાણતા એવા જીવને, એ શુભ-અશુભ ભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ, એ બધા પુદ્‌ગલનું કાર્ય છે, જીવનું નહીં. એ પુદ્‌ગલના કાર્યને પુદ્‌ગલકર્મ એટલે કાર્ય, એ આકરી વાત પડે, ભગવાનની ભક્તિ, દેવગુરુની ભક્તિ, દેવગુરુની પ્રશંસા તથા વિનય આદિનો ભાવ, એ બધો રાગ છે અને એ રાગ પુદ્‌ગલનું કાર્ય છે. આહાહા!

કેમ કે ભગવાન આત્મા તો જ્ઞાયક છે. એ જ્ઞાયકને વિકારી પરીણામ કેમ હોય? અવિકારી ભગવાન આત્મા એને વિકારી પરિણામનું કાર્ય કેમ હોય? એ વિકારી પરિણામનું કાર્ય તો પુદ્‌ગલનું છે કહે છે. ગજબ વાત છે ને? એ પુદ્‌ગલ છે, વિકારી પરિણામ એ પુદ્‌ગલનું કાર્ય છે એમ, પછી પુદ્‌ગલ અભેદ કરીને કહે છે. આહાહા! એને જાણતાં એવા જીવને પુદ્‌ગલ સાથે કર્મનું કર્તાકર્મપણું છે કે નથી. એટલે કે શું પૂછ્યું? કે જ્યારે પુણ્યના ભાવ દયા, દાન, ભક્તિ, વ્રતાદિના ભાવ થાય છે એ પુદ્‌ગલનું કાર્ય છે એમ જાણે તો છે આત્મા, એટલો તો સંબંધ છે કહે છે. જાણતાં એવા જીવને, જાણે છે એવા જીવને, પુદ્‌ગલ સાથે કર્તા કર્મ, જાણે છે ને એની સાથે, એને જાણે છે, તો જાણતાં એવા જીવને પુદ્‌ગલ સાથે એટલે શુભ-અશુભ ભાવ સાથે કર્તાકર્મપણું છે કે

નથી ? આવો ઉત્તર છે. આવી વાત છે બાપા. આહાહા !

એનો ઉત્તર :- આવી જેને અંદરમાં, જિજ્ઞાસા પ્રશ્નની થઇ છે આ શું કહો છો આ તમે કહે ? અરે ! દેવગુરુશાસ્ત્રની ભક્તિ, સ્તુતિ, વંદન એ પરિણામ પુદ્‌ગલના કાર્ય ? અને તેને જાણતો, જાણવાનો સંબંધ તો છે, જાણતા, જાણવાનો સંબંધ તો છે તો, જાણવાનો સંબંધ છે તો એની સાથે કોઈ કર્તાકર્મ છે કે નહીં એમ શિષ્યનો આવો ગંભીર પ્રશ્ન છે.

"**णवि परिणमदि न गिन्हदि**" વિકાર્યથી લીધું છે, પરિણમઈ એ વિકાર્યથી લીધું છે. ગિન્નહીં એ પ્રાપ્ય છે, ઉપજઈ એ નિર્વત્ય છે. પણ અહીં સામાન્ય કર્તાકર્મમાં કહ્યું એમાં નિર્વત્ય વિકાર્ય ને પ્રાપ્ય કહ્યું છે. ભાવાર્થમાં ભર્યું છે ને જરી, "**णवि परिणमदि**" એ પુણ્યના પરિણામ છે એ પરદ્રવ્ય પર્યાય છે. આહાહાહા ! પ્રેમચંદભાઈ ! આવી વાતું છે બાપા ! એ દયા, દાન, ભક્તિ, વ્રત ભગવાનના પરિણામ સ્તુતિ, વંદન એ પરદ્રવ્ય પર્યાય છે. આહાહા ! "णाणी जाणंतो" જ્ઞાની એને જાણવાનો વ્યવહાર જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. "जाणंतो विहु पोग्गलकम्मं अणेयविहं" આને જાણતો પણ તે પરદ્રવ્યમાં પોતે ઉપજતો નથી. પરદ્રવ્યની પર્યાયને જાણતા છતાં પરદ્રવ્યની પર્યાયને કરતો નથી.

વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે.

ટીકા:- ગાથામાં પહેલું વિકાર્ય લીધું છે, પછી પ્રાપ્ય લીધું છે અને પછી નિર્વત્ય લીધું છે. ગાથામાં સમજાય છે કાંઈ ? અને ટીકામાં એનું યથાર્થપણું એવું છે કે પહેલું પ્રાપ્ય લીધું છે, એટલે કે પુદ્‌ગલ જે છે કર્મ ને શરીર બેય આંહી તો લીધું છે ને ? કર્મ ને શરીર એના જે સમયે પર્યાય થવાની રાગની, ભક્તિની સ્તુતિની રાગ, તે તેનું પ્રાપ્ય છે. એટલે ? તે પુદ્‌ગલ છે તે તેના રાગના ભક્તિના ભાવને પ્રાપ્ય નામ ગ્રહે છે. એ એને ગ્રહે છે, ઝીણી વાત છે આજની. આ દરરોજની ઝીણી છે અહીં તો. આહાહા ! પ્રાપ્ય એ પુદ્‌ગલ જે છે. શરીર અને કર્મ એની જે પર્યાય અહીંયા રાગ ભક્તિ આદિ ભગવાનની એના જે પરિણામ એ પુદ્‌ગલનું પ્રાપ્ય છે, પુદ્‌ગલનું ધ્રુવ છે, પુદ્‌ગલનો તે સમયે રાગ તે ધ્રુવ ઉત્પન્ન થવાનો બરાબર ઉત્પન્ન થાય, ધ્રુવ છે તેને પુદ્‌ગલ ગ્રહે છે. આહાહાહા !

પ્રાપ્ય એટલે તે સમયે તે પુદ્‌ગલનું કર્મનું શુભભાવરૂપે થવું એ પુદ્‌ગલનું પ્રાપ્ય છે એટલે ધ્રુવ છે. ધ્રુવ એટલે તે સમયે તે નિશ્ચય થવાના તે થયા છે. આહાહાહાહા ! ઝીણું બહુ ભાઈ. અને તેથી તે પુદ્‌ગલ તેને પ્રાપ્ય નામ તે સમયે તે થવાના પરિણામ પુદ્‌ગલને લઈને તે તેથી તેનું એ પ્રાપ્ય એટલે પુદ્‌ગલ તેને ગ્રહે છે. આહાહાહાહા ! ઝીણી વાત છે ધીમેથી સમજવી. આ ગાથાઓ જ ઝીણી છે બધી.

પ્રાપ્ય, નિર્વત્ય, વિકાર્ય જે પુદ્‌ગલ છે તેમાં વ્યય થાય છે. આમ ફેરફાર થાય છે એ પુદ્‌ગલને લઈને અંદર રાગની ઉત્પત્તિનો વ્યય થવો પૂર્વની પર્યાયનો વ્યય થવો, એ પુદ્‌ગલને લઈને છે. રાગ અને ભક્તિ આદિના પરિણામ થાય, તે પરિણામને પુદ્‌ગલ પ્રાપ્ય ધ્રુવપણે ત્યાં તે જ થવાના તે થયા તેને ગ્રહ્યું અને પૂર્વની પર્યાયનો ફેરફાર થયો તે પણ વિકાર્ય પણ પુદ્‌ગલે કર્યું છે. પૂર્વની પર્યાયનો વ્યય વિકાર્ય એ પુદ્‌ગલે કર્યું છે. આહાહાહા... ઝીણું બહુ બાપુ.

અને નિર્વત્ય અને પુદ્‌ગલના તે સમયે તે જ ઉપજવાનું હતું પહેલું ધ્રુવ કીધું પછી ફેરફાર કીધો પછી નિપજ્યો છે કીધું, આહાહા ! કાંતિભાઈ ! આવું તમારે ક્યાંય સાંભળવા મળે એવું નથી. આહાહા... એ પુદ્‌ગલ જે કર્મ છે તેણે તેનાથી એ ભક્તિ આદિ સ્તુતિ વિનયઆદિ પરમાત્માનો એ પુદ્‌ગલથી ઉપજ્યો છે. છે ? પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વત્ય. ધ્રુવ, વ્યય અને ઉત્પાદ સાદી ભાષાએ કહીએ તો. પર્યાયનું ધ્રુવ જે સમયે તે રાગ થવાનો હતો ને થયો તે ધ્રુવ તે પ્રાપ્ય તેને પુદ્‌ગલ ગ્રહે છે, અને તે રાગ પહેલાં જે ફેરફાર થયો એ પણ પુદ્‌ગલ ફેરફાર વ્યય કરે છે. અને જે ઉપજ્યો છે રાગ, એને પુદ્‌ગલે ઉપજાવ્યું છે નિર્વત્ય. છે ને સામે પુસ્તક ? આહાહાહા !

પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું વ્યાપ્ય લક્ષણવાળું એટલે વ્યાપ્ય નામ કાર્યરૂપી, કર્મરૂપી લક્ષણવાળું એ પુદ્‌ગલનું કર્મ છે. દેવીલાલજી ! હવે અત્યારે તો એ શુભભાવ કરતાં કરતાં નિશ્ચય થાય. અરેરે ! ક્યાં પુદ્‌ગલના પરિણામ કરે, તેને આત્માના જ્ઞાનપરિણામ થાય. ( શ્રોતાઃ- એની સન્મુખ થાય ) સન્મુખેય બિલકુલ નહીં. આહાહા ! ઝીણી વાત છે ભાઈ.

એવું વ્યાપ્ય એટલે કાર્ય, કાર્ય લક્ષણવાળું પુદ્‌ગલના પરિણામ સ્વરૂપ, એ તો પુદ્‌ગલના પરિણામ સ્વરૂપ કર્મકાર્ય, વ્યાપ્ય કહો કે કાર્ય કહો, એ પુદ્‌ગલ નામ કર્મના પુદ્‌ગલ જે છે, કેમકે ભગવાન આત્મા તો જ્ઞાયક છે, જ્ઞાયકમાંથી પરિણામ થાય એ તો નિર્મળ થાય. ભગવાન આત્મા જ્ઞાયક છે. એ જ્ઞાયકમાંથી તો જાણવાના પરિણામ થાય. એ વિકાર પરિણામ ક્યાંથી એમાંથી થાય ? સમજાણું કાંઈ ? ભાષા સમજાય છે થોડી ? તમે તો ગુજરાતી છો. કાલ ઓલા ભાઈ હતા થોડું નહોતા સમજતા. આહાહા !

એ પુદ્‌ગલ પરિણામસ્વરૂપકાર્ય, એ પૂજા ભક્તિ વંદન, વૈયાવચ્ચ એના પરિણામ એ પુદ્‌ગલ પરિણામ છે, એ તો પુદ્‌ગલનું કાર્ય છે. એ પુદ્‌ગલનું વ્યાપ્ય છે. આહાહાહા ! કર્તાનું કાર્ય, એ પુદ્‌ગલસ્વરૂપ કર્મ કર્તાનું કાર્ય, એ પુદ્‌ગલનું કાર્ય છે. અહીં પુદ્‌ગલ તેનો કર્તા અને તેનું તે કાર્ય છે, ભાઈ આ તો શબ્દો, અધ્યાત્મનું આ શાસ્ત્ર છે આ તો. આની તોલે આવે એવું અત્યારે કોઈ ( શાસ્ત્ર ) નથી એવી એ ચીજ છે. આહાહાહા ! ભગવાન આત્મા, એ જ્ઞાયકભાવથી ભરેલો જ્ઞાયકસ્વભાવ છે તેના પરિણામ તો એ રાગાદિ જે પુદ્‌ગલના પરિણામ થયા તેને જાણવાના સંબંધ તરીકે વાત કરી. એટલું જ્ઞેય જાણે, એ દયા, દાન, વંદન, ભક્તિ, વૈયાવચ્ચ, પૂજા, આદિ ભાવ એ પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલ તેનું વ્યાપ્ય છે. પુદ્‌ગલ કર્તા અને તેનું તે કાર્ય છે. આહાહા !

તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, શું કહે છે ? કે જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ કે વિનય પરમાત્માનો, નામ સ્મરણઆદિ પ્રભુનું કે સ્તુતિ ભગવાનની એવો જે રાગ, એ રાગ જેનામાં પુદ્‌ગલદ્રવ્ય અંતર્વ્યાપક થાય છે. એમાં અંતર્વ્યાપક પ્રસરે છે પુદ્‌ગલ, એ આત્મા પ્રસરતો નથી. આહાહાહાહા ! આવી વાત બાપા આકરી છે ભાઈ. એ ચેતનજી ! શું કહ્યું પ્રભુ ? જે કાંઈ ભગવાનની ભક્તિ, દેવગુરુની ભક્તિ, એ પરિણામ પુદ્‌ગલનું કાર્ય છે. આહા ! અરરર ! કેમકે જ્ઞાયક સ્વભાવ ભગવાન એનું કાર્ય રાગ કેમ હોય ? આહા.... ઝીણી વાત છે ભાઈ. એ પુદ્‌ગલદ્રવ્ય પોતે, પુદ્‌ગલ દ્રવ્ય સ્વયં એમ, પરની અપેક્ષા નથી જેમાં, કમજોરી

આત્માની થઈ માટે રાગ થયો એટલી અપેક્ષા આમાં નથી. આહાહાહા !

પુદ્‌ગલદ્રવ્ય પોતે સ્વયં અંતર્વ્યાપક થઈને, જોયું– વ્યાપક કહેવું છે ને ? અને ઓલું તો વ્યાપ્ય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, સ્તુતિ, વંદનના પરિણામ એ તો વ્યાપ્ય છે અને આ પુદ્‌ગલદ્રવ્ય અંતર્વ્યાપક થાય છે, પ્રસરે છે. આહાહાહા... ( શ્રોતાઃ– પુદ્‌ગલ દ્રવ્યનો મતલબ અપ્રત્યાખ્યાનાવરણી પ્રકૃતિનો ઉદયપણ ? ) બધું–બધું પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે, પ્રત્યાખ્યાન શું ?

આંહી ભગવાનની સ્તુતિ અને વંદન સુધી લઈ લીધું પછી. એ કીધું નહીં ૮૩ ગાથામાં, ભાવપાહુડમાં પૂજા, ભક્તિ, વંદન ને વૈયાવચ્ચ આદિ એમ લીધું છે, એ બધા એ જૈન ધર્મ નથી. એ જૈન ધર્મ નથી. એ તો રાગ છે, જૈન ધર્મ તો વીતરાગ ભાવ છે. અરેરે ! આકરું કામ ? ભાઈ પુદ્‌ગલનું કાર્ય છે એ તો. એ જૈન ધર્મનું કાર્ય નથી. જૈન એવો વીતરાગ આત્મા ! “ઘટ ઘટ અંતર જિન વસે” એવો જિનસ્વરૂપ વીતરાગ તેનું કાર્ય તે રાગ નથી. શ્રીમદ્‌માંય આવે છે ને ? “જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, કર્મ કટે જિન વચનસે એ તત્ત્વજ્ઞાનીનો મર્મ”

એ રાગ છે એ જિનસ્વરૂપ ભગવાન જિન સોહી યે આત્મા, એ રાગ છે એ જિનનું આત્માનું સ્વરૂપ પરિણામ નથી. વીતરાગ સ્વરૂપ આ ભગવાન આત્મા છે ત્રિકાળી વીતરાગ મૂર્તિ પ્રભુ છે, એનું કાર્ય રાગ ન હોય. આહાહાહા ! પુંજાભાઈ ! આવી વાત છે ઝીણી. આહાહાહા !

પર્યાયદૃષ્ટિવાળાને આ વાત બેસવી કઠણ ભારે, જેની દૃષ્ટિમાં પર્યાય છે ને એ, આંહી કહે છે જેની દૃષ્ટિમાં જ્ઞાયક નથી ને ! ભાઈ, જ્ઞાયક જે છે તેની દૃષ્ટિમાં નથી ને ? એને આ પરિણામ આત્માના છે એમ લાગે, છે પુદ્‌ગલનું કાર્ય એ. એ જ્ઞાયક દૃષ્ટિ હોય તેને એ પુદ્‌ગલના પરિણામ એને લાગે, તેને એ જાણે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ?

“એ અંતર્વ્યાપક થઈને આદિ મધ્ય અંતમાં” શું પણ ટીકા ? શું કહે છે ? એ ભગવાનની સ્તુતિ ને ભક્તિનો ભાવ એની આદ્યમાં કર્મ છે, એની મધ્યમાં કર્મ છે અને અંતમાં કર્મ છે. આદ્યમાં કાંઈ પણ આત્માની નબળાઈ છે એ આદ્યમાં છે એમ નહીં. આહાહા ! ( શ્રોતાઃ– મોટા મોટા પંડિત ભડકી જાય એવું છે ) ભડકી જાય એવું છે વાત સાચી છે. શું થાય ? અને આ ભક્તિથી ધર્મ થાય એવું માનનારાય ભડકી ઊઠે એવું છે. દેવગુરુની ભક્તિ તે ધર્મ છે અને દેવગુરુની ભક્તિથી ધર્મ થશે, આહા..... બાપુ આકરી વાતું છે ભાઈ, છે ને સામે પુસ્તક છે કે નહીં ? આહાહા ! ( શ્રોતાઃ– પણ પુસ્તક તો કાંઇ બોલતું નથી એટલે સમજાય નહીં ) આ એનો અર્થ તો થાય છે સ્પષ્ટ કરીને. આહા !

કહે છે કે આત્માની પર્યાયમાં નહીં, એ તો પુદ્‌ગલની પર્યાય છે. પરદ્રવ્ય પર્યાય કીધીને ભાઇ ગાથામાં છે ને પરદ્રવ્ય પર્યાય. એ દયા, દાન, વ્રત, ભક્તિ સ્તુતિના ભાવ એ પરદ્રવ્ય પર્યાય છે. એ પુદ્‌ગલદ્રવ્યની દશા છે. એ આત્માની પર્યાય નહીં, પાઠ બોલે છે ને ? “નવી પરિણમઈ” એ વિકાર્ય છે “ન ગિન્નહી” એ પ્રાપ્ય છે “ન ઉપજઈ” એ નિર્વત્ય છે “ન પરદ્રવ્ય પરજાયે” એ રાગાદિના પરિણામ જે છે એ પરદ્રવ્ય પર્યાયમાં, આત્મા પરિણમતો નથી, વિકાર્ય ને ઉપજતો નથી ને એને પકડતો નથી. આહાહાહા ! બહુ ધીરેથી સમજવા જેવું છે, આ તો વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એની દિવ્યધ્વનિ એ સંતોએ અનુભવી ચારિત્રમાં અનુભવી હોં, એકલો અનુભવ સમ્યગ્દર્શન નહીં. આહાહા ! એમણે આ બનાવ્યું.

કહે છે, કે જે કાંઈ વિકલ્પ ગુણગુણી ભેદનો વિકલ્પ ઊઠે, એ વિકલ્પના પરિણામનું કાર્ય કર્તા તો પુદ્‌ગલ છે, એ પરદ્રવ્યની પર્યાય છે. ભગવાન જ્ઞાયક સ્વરૂપ સ્વદ્રવ્ય એની એ વિકારી પર્યાય, સ્વદ્રવ્યની કેમ હોય ? આહાહાહા ! સમજાણું કાંઈ ? કાંતિભાઈ ! સમજાય છે ? આ બહુ ઝીણું છે તમારા ભુક્કા કરતા તો આ અખંડની વાતું છે. આહાહા... ( શ્રોતાઃ- એ તો પુદ્‌ગલની વાતો છે ) આ તો રાગ થાય એ પુદ્‌ગલનો ભુક્કો છે. ભુક્કો એટલે પુદ્‌ગલની પર્યાય છે. આહાહાહાહા !

અરે પ્રભુ ! કુંદકુંદાચાર્યનો પોકાર છે અને તીર્થંકરોનો પોકાર છે, ભગવાન ! તને તારી પર્યાયમાં જે રાગાદિ થાય, એ તારી પર્યાય નહીં. પ્રભુ તું તો દ્રવ્ય જ્ઞાયકસ્વરૂપ છો ને ? એ જ્ઞાયક સ્વરૂપથી ભરેલો ભગવાનના પરિણામ તો જાણવા દેખવાના જ્ઞાયકના પરિણામ હોય. અરે આ રાગના પરિણામ પ્રભુ એ તારું અંતર્વ્યાપક નથી, તું એમાં આદિમાં નથી. એ રાગના પરિણામની આદિમાં તું નથી એની આદિમાં પુદ્‌ગલ છે. આહાહા.. ગજબ વાત છે. કાળીદાસભાઈ ! આહાહા !

ઓલા બચારા પૂર્વના મા બાપો બચારા સાંભળ્યા વગર વયા ગયા. આવી તત્ત્વની વાત સાંભળ્યા વિના. હેં ? મળ્યું નથી શું થાય ? અને તે લોજીક ન્યાયથી સિદ્ધ કરે છે. પ્રભુ તું તો જ્ઞાયકભાવ છો ને ? તું સ્વરૂપ તારું તો જ્ઞાયક છે. એ જ્ઞાયક સ્વરૂપના પરિણામ તો જાણવા દેખવાના હોય કે એ જ્ઞાયક સ્વરૂપના પરિણામ એ દયા, દાન, વિકલ્પ સ્તુતિ આદિના પરિણામ એના ? આહાહાહાહા... બરાબર આવી ગયા છો હોં. પ્રેમચંદભાઈ ! ભાગ્યશાળી છે ને તાકડે આવી ગાથામાં આવી ગયા છે. છેટેથી આવ્યા છે લંડનથી, આવી વાત છે બાપુ, આહાહા... એ નવરંગભાઈ ! આહાહા !

એ તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને આદિમાં, એ કર્મ જ તે ભગવાનની સ્તુતિ, વંદન વૈયાવચ્ચના પરિણામની આદિમાં કર્મ છે એની આદિમાં આત્મા બિલકુલ નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ? એની મધ્યમાંય પણ કર્મ છે. એની શરૂઆત પણ ત્યાંથી થઈ છે મધ્યમાં પણ તે છે, અંતમાં પણ તે જ છે પુદ્‌ગલ. એની મેળાયે ઝીણું પડે એવું છે. પ્રેમચંદભાઈ ! એની મેળાયે ઝીણું પડે એટલે એવું છે આવી ગયા છો ને બરાબર ઠીક ગાથાના ઓલામાં આવી ગયા ભાગ્યશાળી કહેવાય. આહા...

આરે ભાઈ ! આ તો ત્રણલોકનો નાથ જ્ઞાયકભાવ ભગવાન ! એનું એ કાર્ય કેમ હોય રાગ ? એ રાગની આદિમાં-મધ્યમાં અને અંતમાં કર્મ છે, એની આદિમાં શરૂઆત તારી છે ને મધ્યમાં પછી ઈ છે અને છેડામાં ઈ છે એમ નહીં. આદિમાં જ કર્મ છે મધ્યમાંય કર્મ છે અને અંતમાંય કર્મ છે. આહાહા ! કહો, સમજાય છે આમાં ?

આદિ મધ્ય અંતમાં વ્યાપીને, કોણ ? ભગવાન એમ કહે છે કે અમારી ભક્તિના પરિણામ તને થાય, સ્તુતિના જે પરિણામ થાય, પ્રભુ એની આદિમાં તું નહીં હોં, એ પુદ્‌ગલ એની આદિમાં મધ્યમાં અને અંતમાં એ ( પુદ્‌ગલ ) છે. શરૂઆતેય ત્યાં મધ્યમાંય ત્યાં ને અંતમાંય એ ત્યાં. આહાહા ! બાપુ એ દૃષ્ટિ અને વિષય જે દૃષ્ટિનો છે એ તો બહુ અલૌકિક વાત છે. આહાહાહા !

કહો બાબુભાઈ ! આ બરાબર આવ્યા છો. ઠીક આ સરખાઈમાં, છોકરો નથી આવ્યો ? ( શ્રોતાઃ- ના ) ઠીક. આહાહાહા !

ભગવાન તું તો ભગવાન છો ને ? ભગવાનના પરિણામ વિકાર કેમ હોય એમ કહે છે. ( શ્રોતાઃ- ન જ હોય ) એના પરિણામ તો પર્યાયમાં ભગવાન થાય એવા હોય. શું કીધું ? ભગવાન આત્મા જ્ઞાયક સ્વભાવ એનાં પરિણામ તો પર્યાયમાં ભગવાન થાય તેના કારણરૂપ પર્યાય હોય. આહાહાહા !

ધીમે ધીમે સમજવું ભાઈ, આ કાંઈ કોઈ પ્રોફેસર મેટ્રિકનો આવે ને વાત કરે ને ઈ આ વાત નથી, આ તો ભગવાનની કોલેજ છે. તીર્થંકરદેવ ત્રિલોકનાથ એની સાક્ષાત્ વાણી છે, પ્રભુ ! તને સંભળાવે છે, કે ભાઈ ? આહાહાહા !

કહે છે કે એ પરિણામમાં આદિ મધ્ય અંતમાં વ્યાપીને, કોણ ? પુદ્‌ગલ, તેને ગ્રહતું એટલે પ્રાપ્ય, તેને ગ્રહતું એટલે પુદ્‌ગલ છે, તે તે ટાણે જે ભગવાનની વિનય ને સ્તુતિના ભાવ થયા રાગ, તેને પુદ્‌ગલ ગ્રહે છે. પ્રાપ્ય થઈને પ્રાપ્ય એને પકડે છે પુદ્‌ગલ. એ પુદ્‌ગલનું પ્રાપ્ય છે. પ્રાપ્ય એટલે તે વખતે થવાના પરિણામ તે પુદ્‌ગલના છે. એને ગ્રહતું, તે રૂપે પરિણમતું એટલે વિકાર્ય એ કર્મ જ પોતે ને પૂર્વની પર્યાય બદલીને તે રૂપે નિપજે છે. તે કાળે જે રાગાદિ થયો ભગવાનની ભક્તિ વિનય સ્તુતિનો, તે રાગ તે કર્મનો પ્રાપ્ય છે. કર્મનું તે ધ્રુવ છે, ધ્રુવ એટલે તે પર્યાય તે સમયે તે જ થવાની હતી તે એનું ધ્રુવ છે. એ કર્મનું પ્રાપ્ય છે કર્મ તેને ગ્રહે છે. ધ્રુવ તે જ સમયે તે જ પરિણામ કર્મના થવાના છે, તેને કર્મ તે સમયે તેને ગ્રહે છે. આહાહાહા !

છે ? તેને ગ્રહતું તે રૂપે પરિણમતું, તે રૂપે પરિણમતું બદલીને, પૂર્વનો જે રાગ છે તેને પલટીને આ પોતે પરિણમતું, એ પુદ્‌ગલ પોતે પરિણમે છે પૂર્વનો વ્યય કરીને, પુદ્‌ગલ જે પૂર્વનો રાગ હતો એનો વ્યય કરીને પોતે વ્યય કરે છે, એ વિકાર્ય છે. પરિણમતું અને પોતે તે રૂપે ઉપજતું, નિપજતું એ ઉત્પાદ થયો. પુદ્‌ગલનું પ્રાપ્ય, પુદ્‌ગલનું વિકાર્ય ને પુદ્‌ગલનું ઉત્પાદ નિર્વત્ય. આહાહાહાહા !

આવી વાત સાંભળવી કઠણ પડે. ઓલા લોકો કહે કે વ્રત કરો ને અપવાસ કરો ને એનાથી કલ્યાણ થશે. આ ભગવાનની ભક્તિ, દેવગુરુની ભક્તિ કરો એનાથી કલ્યાણ થશે. આ બધા એક જાતના મિથ્યાદૃષ્ટિ છે. આહાહાહા ! ( શ્રોતાઃ- બેમાંથી આત્માની નજીક કોણ ? ) હેં ? દૂર, આત્માની નજીક તો આત્માનો જ્ઞાયકભાવના પરિણામ જાણનારા હોય એ આત્માની નજીક છે. છે ને માથે ? આવું છે ભગવાન ! ભગવાન ! તું જ્ઞાયક સ્વરૂપે પ્રભુ જિનસ્વરૂપી છો ને ? આહાહા ! કઈ શૈલીથી જુઓને વાત કરે છે ! પ્રભુ તું જિનસ્વરૂપ છો ને ? ભગવંત તરીકે તો તને બોલાવે છે. ભગવાનના, જ્ઞાયક ભગવાનના પરિણામ રાગ પામરતા આવા હોય ? ભગવાન જિનસ્વરૂપી આત્મા એ વીતરાગના પરિણામ તો વીતરાગી પરિણામ હોય. એ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના પરિણામ એ વીતરાગી પરિણામ છે એ આત્માનું પ્રાપ્ય વિકાર્ય ને નિર્વત્ય છે. આહાહાહા.... એ પછી કહેશે. ચીમનભાઈ ! આવી વાતું છે.

આવી ચીજ અંદર ભગવાન, સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત, જ્ઞાયક સ્વભાવ ને આનંદ સ્વભાવવાળો પ્રભુ, એની આધમાં રાગ કેમ હોય કહે છે, એ રાગની આધમાં તો કર્મ અને પુદ્‌ગલ છે મધ્યમાં વ્યાપક ઈ છે. પુદ્‌ગલ દ્રવ્ય ગ્રહતું એ રૂપે પરિણમતું એ વિકાર્ય અને પુદ્‌ગલદ્રવ્ય તે રૂપે ઉપજતું થકું એ નિર્વત્ય. તે પુદ્‌ગલ પરિણામને કરે છે, કોણ ? પુદ્‌ગલદ્રવ્ય

પોતે અંતર્વ્યાપક થઈને, એ પુદ્‌ગલ પરિણામને કરે છે, ન્યાં લઈ લેવું. ( શ્રોતાઃ- ભોગવે છે કોણ ? ) ભોગવે ઈ જડ, કોણ આત્મા, આત્માની વાત છે ને ? ભોગવે છે પુદ્‌ગલના પરિણામ, અત્યારે તો દ્રવ્યસ્વભાવ સિદ્ધ કરવો છે ને ? એ આવશે, એ આવશે, હમણાં સુખદુઃખ પરિણામનું પુદ્‌ગલકર્મના પરિણામને ભોગવતો. સુખદુઃખને ભોગવે છે કોણ ? કે પુદ્‌ગલ, એ આવશે હમણાં ગાથા પછી. આહાહાહા !

અહીંયા તો આપણે જેટલું ચાલે એટલું અત્યારે આંહીથી લેવું. તે પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વત્ય એવું જે વ્યાપ્ય લક્ષણવાળું કાર્ય, તેનામાં પુદ્‌ગલદ્રવ્ય અંતર્વ્યાપક થઈને આદિ મધ્ય અંતમાં વ્યાપીને તે પુદ્‌ગલ પરિણામને કરે છે, એમ લઈ લેવું. સમજાણું કાંઈ ? છે ને એમાં અક્ષરે અક્ષર પડયા છે જુઓ. આ ટીકા તો કાંઈ અત્યારની નથી, સોનગઢની ટીકા નથી. ( શ્રોતાઃ- સોનગઢથી તો સ્પષ્ટીકરણ થાય છે ) એને કોઈ કહે કે ભાઈ સોનગઢથી છપાણું માટે સોનગઢમાં ફેરફાર, આ તો કુંદકુંદાચાર્યના શબ્દો છે ને અમૃતચંદ્રાચાર્યની આ ટીકા છે. આહાહા ! બહુ ફેરફાર છે બાપુ, દૃષ્ટિમાં મોટો ફેરફાર છે. આહાહા !

આમ પુદ્‌ગલદ્રવ્ય વડે કરવામાં આવતા એટલે કર્મ અહીં આપણે રાગનું વિશેષ, નહીંતર શરીરના પરિણામ પણ આમાં લીધા છે ને, શરીરના પરિણામ નોકર્મ પરિણામ અને રાગાદિ કર્મના પરિણામ પણ આમ પુદ્‌ગલદ્રવ્ય પોતે કરવામાં આવતા પુદ્‌ગલ પરિણામને એટલે પુદ્‌ગલથી કરવામાં આવતા એવા રાગને, એટલે પુદ્‌ગલ પરિણામ એટલે રાગને, જ્ઞાની જાણતો હોવા છતાં, આટલો કહે છે સંબંધ થયો. કેટલો ? કે જ્ઞાની જાણે છે, અને એ જણાય છે. આહાહાહા ! ધર્મી તેને જાણે છે અને એ વિનય આદિના રાગ સ્તુતિના પરિણામ તેનું જણાવા યોગ્ય થયું. એટલો સંબંધ થયો પણ આટલો સંબંધ છે ને ? એમ કહે છે.

તો જ્ઞાની જાણતો હોવા છતાં, ગજબ ટીકા છે. એકેક ગાથા આખા સિદ્ધાંતનો મર્મ ખોલી નાખે છે. આહા.... શું કીધું ? આમ પુદ્‌ગલદ્રવ્ય એટલે કર્મ જડ, આપણે રાગ હારે મેળવ્યું. એના વડે કરવામાં આવતા પુદ્‌ગલ પરિણામને એટલે ભગવાનની ભક્તિ વંદન સ્તુતિ આદિના ભાવને, જ્ઞાની જાણતો હોવા છતાં, જ્ઞાની જાણે છે પુદ્‌ગલ પરિણામને જ્ઞાની જાણે છે એટલો સંબંધ થયો. એ રાગના પરિણામ તે જ્ઞેય છે. અને જ્ઞાનીના પરિણામ તેના જાણનાર, જ્ઞાન છે, એ જાણતો હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, માટી પોતે ઘડાના પર્યાયમાં અંતર પ્રસરીને, માટી પોતે ઘડામાં ઘડાની પર્યાયનું વ્યાપ્ય અને માટી પોતે વ્યાપક, અંતર્વ્યાપક માટી અંતર્વ્યાપક થઈને ઘડાની પર્યાયને ઘડામાં અંતર્વ્યાપક આદિમાં, એ માટી જ પોતે ઘડાની આદિમાં, ઘડાની મધ્યમાં અને ઘડાના અંતમાં વ્યાપીને, કુંભાર બિલકુલ નહીં એમ કહે છે. આહાહાહા ! કુંભાર માટીના ઘડાના કાર્યને બિલકુલ કરતો જ નથી. આહાહાહા ! આ સમયસાર.

જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, માટી અંતર્વ્યાપક છે, એ ઘડાને આદિ મધ્ય અંતમાં વ્યાપીને, ઘડાની પર્યાયમાં માટી, આદ્યમાં માટી. આદ્યમાં કુંભાર, મધ્યમાં માટી, છેડે માટી એમ નહીં. આદ્યમાં કુંભાર હતો માટે ઘડાની પર્યાય થઈ એમ બિલકુલ નથી. આહાહાહા... હવે આવી મુંબઈ જેવી મોહનગરી, ઉપાધિનો પાર ન મળે. એમાં આવી વાતું. માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, અંતર્વ્યાપક જોયું ને ? વ્યાપક માટી કહેવી છે ને ? પ્રસરનાર, આદિ મધ્ય

અંતમાં, ઘડાની આદિમાં મધ્યમાં અને અંતમાં તેની તે વ્યાપીને ઘડામાં માટી જ તેની આદિ મધ્ય અંતમાં ઘડામાં છે. ઘડાની પર્યાયમાં આદ્યમાં કુંભાર આવ્યો, માટે ઘડાની પર્યાય થઈ એમ નથી.

( શ્રોતાઃ- ચાકડા વિના થઇ ? ) ચાકડા વિના થઈ, માટીની પર્યાયમાં અંતર્વ્યાપક માટી થઈ છે. ચાકડો નહીં, કુંભાર નહીં, ( શ્રોતાઃ- જમીન રહી ) જમીન તો ક્યાંય રહી ગઈ હેઠે, આહાહા... આવી વાત છે. આ લોકોને આકરું લાગે છે, આંહીની આ વાત એટલે એકાંત લાગે છે ને ? એટલે પછી એ લોકો બિચારા વિરોધ કરે, એ તો એની દૃષ્ટિમાં બેઠું નથી એનો વિરોધ છે. અહીંનો વિરોધ નથી. એની દૃષ્ટિનો વિરોધ છે, એને બેસે ? કોઈ રીતે, આ શી રીતે બેસે પણ આ ?

કહે છે કે ભગવાનની ભક્તિ ને સ્તુતિના પરિણામની આદ્યમાં પુદ્ગલ કર્મ છે. એની મધ્યમાંય કર્મ અને અંતમાંય કર્મ છે. જેમ માટી ઘડાની આદિ મધ્યમાં અંતમાં માટી છે, એમ એ વિકારી પરિણામની આદિ મધ્ય અંતમાં કર્મ પુદ્ગલ છે. માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને ઘડાની આદિ મધ્ય અંતમાં કેટલું સ્પષ્ટ કર્યું છે, આદિ મધ્ય અંત નાખ્યા. ત્રણ પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વત્ય એ રાખ્યા એને આદિ મધ્ય અંતમાં નાખ્યા. એ જ્ઞાની જાણતો ઘડાને ગ્રહે છે માટી, માટી ઘડાને ગ્રહે છે એટલે ઘડાનું પ્રાપ્ય છે તેને માટી ગ્રહે છે. તે સમયે ઘડાની પર્યાય નિશ્ચયથી થવાની હતી, તે તેનું પ્રાપ્ય છે માટીનું. ઘડાની પર્યાય એ પ્રાપ્ય છે, એ વખતે નિશ્ચયથી તે જ પર્યાય માટીમાંથી થવાની હતી. આહાહાહા !

કેટલી વાત સ્પષ્ટ કરે છે. ( શ્રોતાઃ- બધાને લૂલાં કરી નાખ્યા ) કેવા ? લૂલાં નહીં. મહાભગવાન સ્વરૂપ છે. એ તો આનંદના ને જ્ઞાનના પરિણામને કરતો પરિણમે છે ઇ. આહાહાહા... આવું છે ભાઈ. બહુ સારી ગાથા. અમારે ભાઈ આવ્યા છે ને અમારા પ્રેમચંદભાઈ બરાબર લાગમાં આવ્યા છે. આહાહાહા ! આવી વાત છે બાપુ ! આહાહાહા.... પ્રભુ તું કોણ છો ? શું વિકારનું પુતળું છો તું, તે વિકારના પરિણામ તારાથી થાય ? ભગવાન તું તો જ્ઞાયક છો ને પ્રભુ. જાણક સ્વભાવનો ભંડારનો ભંડાર છો તું, તો એમાંથી ખુલે તો જાણવાના દેખવાના આનંદના પરિણામ આવે, પણ એ પ્રસરીને વિકાર પરિણામ આવે બાપુ એ નહીં. આહાહાહાહા.... ઓહોહો ! શું શૈલી ?

એ માટી ઘડાને ગ્રહે છે ઈ પ્રાપ્ય, એ માટીનું એ પ્રાપ્ય છે, તે વખતે ઘડાની પર્યાય તે જ વખતે થવાની જ છે ક્રમબદ્ધ, નિયતને કેટલું સિદ્ધ કરે છે. હવે એ બેસતું નથી લોકોને. હેં ? ઓલા વરણીજી સાથે ચર્ચા થઈ 'તી કે નહીં, એક પછી એક થાય, પણ આ પછી આ જ થાય એમ નહીં, આ તો આ પછી આ જ થાય, તે વાત હતી નહીં એટલે શું, કે એમને આત્માનું બગાડવાનું તો હોય નહીં, પણ બિચારાને એ વાત મળી નથી ને. એ વાત આવી નહોતી. સાંભળવામાં આવી નહોતી ને પૂર્વના કોઈ સંસ્કાર નહોતા એટલે આ વાત કઠણ પડે બાપુ. આહાહા !

કહે છે કે માટી પોતે જ ઘડાને ગ્રહે છે એટલે કે પ્રાપ્ય છે. એ ઘડાની પર્યાય પ્રાપ્ય તે થવાની છે તેને માટી ગ્રહે છે પકડે છે બસ. ઘડાની પર્યાય તે જ સમયે તે જ પ્રકારે થવાની જ હતી. એ એનું પ્રાપ્ય છે, એને માટી ગ્રહે છે. છે તેને ગ્રહે છે, વાત તો જુઓ. ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે માટી વિકાર્ય. ઘડારૂપે ઉપજે છે એ નિર્વત્ય. ઘડો તે વખતે ઉપજવાનો નિર્વત્ય છે. એને આગળ પાછળ કોઈ સમયની જરૂર નથી એને નિમિત્તનીય જરૂર નથી. અરે ખરેખર તો

એને દ્રવ્યની જરૂર નથી એમ. પણ અહીં તો અત્યારે.. એ પર્યાય તે ઘડાની તે સમયે ષટ્કારકરૂપે પરિણમતિ તે સમયનો તે કાળે ઉપજે છે, આવું છે પ્રભુ ! એટલે સોનગઢવાળાનું એવું લોકો કરે એય એકાંત છે કહે પ્રભુ ભાઈ તને બેઠું નથી ને ખબર નથી ને. છે તો સમ્યક એકાંત જ. આહાહાહા !

ભગવાન આત્મા આનંદનો સાગર પ્રભુ એના પરિણામમાં વિકાર કેમ હોય ? એના પરિણામમાં તો આનંદ હોય, અતીન્દ્રિય આનંદ હોય. અને આંહી તો જ્ઞાનથી લીધું છે, અતીન્દ્રિય જ્ઞાયક ભગવાન એના પરિણામ અતીન્દ્રિય જ્ઞાન પરિણામ હોય, કે જે કર્મથી ગ્રહાયેલા પરિણામ છે રાગ છે, તેને જાણે. આટલું નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા.... ઝીણી વાત છે. પ્રભુ શું કરીએ ? ભગવાન ત્રણલોકના નાથ જિનેશ્વરદેવનો આ પોકાર છે, સંતો આડતિયા, દિગંબર સંતો આડતિયા થઈને આ વાત જગતને જાહેર કરે છે. દુનિયાને બેસે કે ન બેસે, વિરોધ કરે કે ન કરે, પાગલ માને ન માને, તમારી સ્વતંત્રતા પ્રભુ. ગજબ કર્યું છે ને ? શું જ્ઞાયકભાવને સિદ્ધ કર્યો છે. આહાહાહા !

ઉપજે છે તેમ જ્ઞાની પોતે, ધર્મી જ્ઞાની પોતે બાહ્યસ્થિત, એ રાગાદિ છે એ બાહ્યસ્થિત છે. અંતરના પરિણામમાં નથી, દ્રવ્યગુણમાં તો નથી પણ એના પરિણામમાંય એ નથી. શું થાય ? કહ્યા કહું કહાં કરું રંજન, એમ આનંદઘનજીમાં આવે છે કોને કરૂ રાજી પ્રભુ આ વસ્તુમાં. આહાહા.... થોડું પણ સત્ય હોવું જોઈએ, મોટી લાંબી લાંબી વાતું પંડિતોની વાતું ને પંડિતાઈ આહાહાહા ! મંગળવાર છે. આ મંગળવાર છે આજ. આહા !

એ જ્ઞાની એટલે સમકિતી ધર્મી જેને જ્ઞાયકની દૃષ્ટિ થઈ છે, અને પર્યાય દૃષ્ટિ જેને ઉઠી ગઈ છે. એવો જે જ્ઞાની પોતે, પોતે સ્વયં બાહ્યસ્થિત એમ, બહાર રહેલા એવા પુદ્ગલ દ્રવ્યના પરિણામમાં, છે ? બહાર રહેલા એવા પરદ્રવ્યના પરિણામમાં પરદ્રવ્ય છે ને શબ્દ ઓલો પરદ્રવ્યપર્યાયે એ નાખ્યું છે. એ પરદ્રવ્યનીપર્યાય છે. ગજબ વાત છે. આહાહા ! આહાહા ! મુનિઓની મુનિને વૈયાવચ્ચ કરવાનો ભાવ, કહે છે કે એ પરદ્રવ્ય છે. ભગવાન ત્રણલોકના નાથ સમોસરણમાં બિરાજતા હોય, એના હીરાના થાળ, મણિરતનના દિવા અને કલ્પવૃક્ષના ફુલ, જય નારાયણ એ સ્તુતિ કરતા હોય કહે છે કે એ સ્તુતિ કરનારના પરિણામ એ વિકારી કર્મના છે, આત્માના નહીં. અરે પ્રભુ ! આ કેમ બેસે ? આહાહાહા !

ધર્મી જીવ, જ્ઞાયકમાં જેની દૃષ્ટિ થઈ છે, તેથી તેના પરિણામ જ્ઞાનના થાય છે, તેથી તે જ્ઞાનના પરિણામને બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને એને જાણે છે. પણ તે રાગાદિના પરિણામ જે પુદ્ગલનું વ્યાપ્ય વ્યાપક આદિ છે તેને પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, જ્ઞાયક એવો ભગવાન આત્મા, જ્ઞાનના સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા એ દેવગુરુ ને શાસ્ત્રની ભક્તિ ને સ્તુતિના પરિણામને એ પુદ્ગલના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિમાં એના નથી, એ મધ્યમાં અને અંતમાં વ્યાપીને એને ગ્રહતો નથી. એ પ્રાપ્ય લીધું. એ પુદ્ગલનું પ્રાપ્ય છે જે રાગાદિ, તેને જ્ઞાની ગ્રહતો નથી એટલે એ પ્રાપ્ય એનું નથી તે એને પકડે, એમ કહે છે. એ સમયે જાણવાના જે પરિણામ છે એ પ્રાપ્ય છે, એને એ ગ્રહે છે, પણ રાગના પરિણામને જ્ઞાની પોતાના પરિણામથી ગ્રહતો નથી. આહાહાહા ! સમજાય

એટલું સમજવું પ્રભુ, આ તો ભગવાનનો માર્ગ. આહાહા ! અત્યારે તો ફેરફાર ઘણો થઈ ગયો.

આદિ મધ્ય અંતમાં વ્યાપીને તેને ગ્રહતો નથી. આહાહાહા ! તે જ સમયનો ક્ષણિક, ૧૦૨ ગાથામાં, તે સમયના ઉત્પન્ન થતા રાગના પરિણામ તે તેનો કાળ છે, એને આંહી કહે છે એ પરિણામનું પ્રાપ્યનું, પ્રાપ્યનું ગ્રહણ તો કર્મને છે, આત્મા એને પ્રાપ્ય કરતો નથી. આહાહા.. ( શ્રોતાઃ- અણુવ્રત મહાવ્રતની દીક્ષા કોણે લીધી હતી ) કોઈએ લીધી નથી, લે કોણ ? એણે શુદ્ધ ઉપાદાનની દીક્ષા લીધી હતી. ( શ્રોતાઃ- કુંદકુંદાચાર્યે દીક્ષા લીધી 'તી ) શુદ્ધ ઉપાદાનની દીક્ષા લીધી હતી. આ એની જ વાત ચાલે છે આ.

શુદ્ધ ઉપાદાન, કાલે નહોતું આવ્યું ? શુદ્ધ પરમશુદ્ધ ઉપયોગરૂપ પરિણામને પ્રાપ્ત છે, એ એનું ધ્રુવ છે. પરમશુદ્ધ ઉપયોગના પરિણામને પ્રાપ્ત મુનિઓ છે, તે પરમશુદ્ધ ઉપયોગના પરિણામ તે એનું પ્રાપ્ય એટલે ધ્રુવ છે. પર્યાયનું ધ્રુવ હોં, તે સમયે તે પરિણામ ધ્રુવ નિશ્ચલથી થવાના હતા. આહાહાહા ! સમજાણું કાંઈ ?

વ્યવહારની વાત આવે ત્યારે કથન આવે, પણ છતાં વસ્તુ એમ નથી. દીક્ષા ગ્રહણ કરી, મુનિઓએ દીક્ષા આપી, આવે છે ને, એ બધી વ્યવહારની વાતું છે. આહાહાહા ! એ દીક્ષા એ આત્માના વીતરાગી પરિણામની દીક્ષા લીધી 'તી. નો કીધું સામ્ય અંગીકાર કર્યું. નો આવ્યું, બપોરે નો આવ્યું, સામ્ય અંગીકાર કર્યો. વીતરાગ પરિણામને ગ્રહણ કર્યા. એ વીતરાગ પરિણામ છે તેનું પ્રાપ્ય નામ ધ્રુવ છે તે સમયે તે જ પરિણામ નિશ્ચલથી થવાના તેને આત્માએ ગ્રહ્યા, આહાહા ! બહુ સારી વાત છે હોં, પ્રશ્નોમાં સ્પષ્ટ થાય એમાં શું વાંધો છે. એમાં કાંઈ........ આહાહાહા !

એ પુદ્ગલના પરિણામને એટલે દયા, દાન, વ્રત, વંદન, ભક્તિ, પૂજા સ્તુતિ એ પરિણામની આદિ મધ્ય અંતમાં વ્યાપીને પુદ્ગલ હોય છે, જીવ તેને ગ્રહતો નથી. એ ધ્રુવ પ્રાપ્ય, તે રૂપે પરિણમતો નથી એ વિકાર્ય, એને તે ફેરવતો નથી પરને, અને એ રૂપે ઉપજતો નથી. આહાહાહા ! એ દ્રવ્યદૃષ્ટિના કથનો સમયસારના અલૌકિક છે, ક્યાંય કોઈ હારે મેળ ખાય એવું નથી. આહાહાહા !

માટે જો કે જ્ઞાની પુદ્ગલકર્મને જાણે છે, એ રાગ થયો જે વ્યવહારનો પંચમહાવ્રતનો આદિ, એને જાણે છે તો પણ પ્રાપ્ય નામ તે પ્રકારના રાગનો કાળ જે હતો પુદ્ગલનો, પ્રાપ્ય થવાનો રાગને ફેરવી નાખ્યો, વિકારને રાગપણે ઉપજતો- એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ, એવા વ્યાપ્ય નામ કાર્ય સ્વરૂપ જે પુદ્ગલનું છે, તે પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ એટલે કાર્ય તેને નહીં કરતા એવા જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મ ભાવ નથી. આહાહાહા !

રાગ એનું કાર્ય અને આત્મા તેનો કર્તા એમ નથી, રાગનું જ્ઞાન છે તે આત્માનું પ્રાપ્ય વિકાર્ય નિર્વિર્ત્ય છે ને ગ્રહે-ઉપજે ને ફેરવે છે તેનો એ આત્મા અંતર્વ્યાપક આદિ મધ્ય અંતમાં છે. આહાહાહા ! પુદ્ગલ સાથે કર્તાકર્મ ભાવ નથી. આહાહાહા !

ભાવાર્થઃ- જીવ પુદ્ગલ કર્મને જાણે છે તો પણ જાણે છે ને એટલો સંબંધ છે ને, એમ કહે છે તો પછી કર્તાકર્મ ભેગું છે કે નહીં, એમ કે ના-જાણે છતાં પુદ્ગલ સાથે કર્તાકર્મપણું નથી.

વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૬૫ ગાથા-૭૬-૭૭ તા. ૧૦/૦૧/૭૯ બુધવાર પોષ સુદ-૧૩

શ્રી સમયસાર–૭૬ ગાથા. એનો ભાવાર્થ છે ને.

ગાથામાં પહેલું વિકાર્ય પછી ધ્રુવ અને પછી નિર્વત્ય એમ લીધું છે. એ તો પદ્ય છે ને ગોઠવવા સારુ. શું કીધું ઈ ? આ તો પદ્ય છે ને ? એટલે પહેલું લીધું છે વિકાર્ય પરિણમવું એ, પછી લીધું છે ધ્રુવ ગિન્હઈ પછી લીધું છે ઉપજ્જઈ. ટીકાકારે લીધું છે પહેલું ધ્રુવ પછી વિકાર્ય પરિણમવું ઈ અને પછી નિર્વત્ય એમ લીધું છે. અને અર્થકારે હવે તત્ત્વાર્થ સૂત્રની અપેક્ષાથી ઉત્પાદવ્યયધ્રુવ એમ લીધું છે, તત્ત્વાર્થ સૂત્રમાં એમ છે ને ઉત્પાદ વ્યય ધ્રુવ યુક્તં સત્ એ અર્થકાર આ રીતે લેશે. ત્રણનો ફેર છે અપેક્ષાથી.

સામાન્ય પણે કર્તાનું કર્મ ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે. છે ? પહેલું નિર્વત્ય લીધું, જોયું ? ઉત્પાદ, પછી વિકાર્ય વ્યય, ઉત્પાદ વ્યય અને પ્રાપ્ય ધ્રુવ એમ લીધું છે. તત્ત્વાર્થ સૂત્રમાં છે ને ઉત્પાદ વ્યય ધ્રુવ યુક્તં સત્, એ શૈલીએ સમજાવ્યું.

શું કહ્યું ? સામાન્યપણે ટૂંકામાં કર્તાનું કાર્ય ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે એ નિર્વત્ય નામ ઉપજવું. આત્મામાં કર્તાપણું એ કે જ્ઞાનની પર્યાયનું ઉપજવું અને પૂર્વની પર્યાયનો વ્યય થવો અને ધ્રુવપણે કાયમ રહેવું. કારણકે જ્ઞાનની પર્યાય જાણે છે ને ધ્રુવને જાણવામાં તો જ્ઞાનની પર્યાય ધ્રુવને જાણે છે, આ અપૂર્વ અનંતકાળમાં નહીં કહેલી વાત છે. કે જ્ઞાનની પર્યાય અંતરમાં વળે છે ત્યારે ધ્રુવને તે જાણે છે, એથી તેને ઉત્પાદ પહેલો લીધો, ઉત્પાદ વ્યયની અપેક્ષાએ, આમ તો ટીકાકાર તો ધ્રુવનું લક્ષ થાય તેને ઉત્પાદ ને વ્યય થાય એમ લીધું. એવી ઝીણી વાત છે.

આંહી કહે કર્તાનું કર્મ ત્રણ પ્રકારનું ઉપજવું, બદલવું, ધ્રુવ શબ્દે પર્યાયની ધ્રુવતા હોં પર્યાયની ધ્રુવતા કર્તા વડે જે પ્રથમ ન હોય એવું નવીન કાંઈ ઉત્પન્ન કરવામાં આવે તે કર્તાનું નિર્વત્ય કર્મ છે. આહાહાહા !

અહીંયા તો આત્મામાં જ્ઞાનની પર્યાય ઉત્પન્ન ધ્રુવને લક્ષે કરે તે કર્તાનું ઉત્પન્ન તે કાર્ય છે. આંહી છે ઈ તો કહે છે કે જે કર્મ છે તેનાથી ઉત્પન્ન થયેલો રાગ છે, એ રાગનો ઉત્પાદનો કર્તા કર્મ છે. સમજાણું કાંઈ ? ( શ્રોતાઃ– રાગનો ઉત્પાદક કર્મ છે ) કર્મ છે અને કર્મ પોતે જ વ્યય પામીને પૂર્વની અવસ્થાનો વ્યય પામીને રાગને કરે છે. આહાહાહા ! ઝીણી વાત છે ભાઈ. વસ્તુ તત્ત્વ એવું ઝીણું છે. અત્યારે તો ગરબડી બહુ થઈ ગયું છે ઘણો ફેરફાર. આહાહાહા !

નિર્વત્ય નામ ઉપજાવે છે, કોણ ? કર્મ, કોને ? રાગને. ( શ્રોતાઃ– કર્મ તો જડ છે પ્રભુ ) જડ છે તે પર્યાય ઉપજાવે છે રાગની. રોટલીનો પ્રશ્ન નહોતો તમારો ભાઈ પ્રેમચંદભાઈ ! રોટલીની પર્યાય જે છે ઉપજે છે એ ઉત્પાદ છે, એ ઉત્પાદનો કર્તા કોણ છે ? પરમાણુંઓ રોટલીના પરમાણુંઓ, વેલણું નહીં, સ્ત્રી નહીં, તાવડી નહીં. ભાઈએ કીધું'તું ને સવારે પ્રશ્ન કર્યો'તો ને આવી વાત છે. લોટ છે લોટ એની રોટલીનો પર્યાય છે તે ઉત્પાદ છે, એ લોટ એનો કર્તા છે. ( શ્રોતાઃ– લોટને એ ક્યાં જ્ઞાન છે ? ) જ્ઞાનનું શું કામ છે ? જ્ઞાન હોય એને જ કર્તાપણું કર્મપણું હોય તો તો જડને કર્તાકર્મપણું હોય નહીં. આહાહા... આંહી તો જડની વાત છે ને ? અરે પરની. આહાહા !

જુઓ ! આ પાનું ઊંચુ થાય છે ને જુઓ આમ, એ ઉત્પાદ છે. એ ઉત્પાદનો કર્તા કોણ છે ? કે ઈ પરમાણું એના, આંગળી નહીં. આંહીયા એમ સિદ્ધ કરવું છે કે જે રાગ થાય છે ચાહે તો દયાનો, દાનનો, ભક્તિનો એ રાગ કર્મ કર્તાનો ઉત્પાદ છે. ભગવાન જ્ઞાયક સ્વભાવનો ઉત્પાદ તો જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ હોય. એ રાગને જાણે એવી જે જ્ઞાનની પર્યાય, એ પર્યાયનો કર્તા જ્ઞાયક છે. સમજાય છે ?

ઝીણી ગાથાઓ છે આ બધી. ૭૫ થી માંડીને ઓગણાએંસી ( ૭૯ ) સુધી. આ લાકડી ઊંચી થાય છે આમ આમ, એ એની પર્યાય છે ઉત્પાદ, એનો કર્તા ઈ પરમાણું છે એના, આ આંગળી નહીં. એમ આત્મામાં થતાં રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, સ્તુતિ, વંદન, વિકલ્પ એ પુદ્‌ગલ તેનો ઉત્પાદક છે, નિપજાવે છે, ઉપજે છે. ચીમનભાઈ ! આવી વાતું છે બાપુ, માર્ગ કોઈ એવો છે. નિર્વત્ય જે ન હોય એવું નવીન કાંઈ ઉત્પન્ન કરવામાં આવે, રાગ નહોતો ને રાગ થયો, તે કર્તાનું નિર્વત્ય કર્મ છે, એ પુદ્‌ગલનું ઉપજાવેલું કર્મ છે. આહાહા !

ભગવાન જ્ઞાયક સ્વભાવ છે એ જ્ઞાયક સ્વભાવનો કર્તા થઈને પર્યાય થાય તો જ્ઞાનની–આનંદની પર્યાય થાય, તે એનું ઉપજન, પહેલું નહોતું ને થયું કર્મને એ ઉત્પાદ, કર્મ એમાં ઉપજ્યું કર્મ એ રાગમાં, કર્મ એનો કર્તા ને નિપજ્યું એ એનું કાર્ય. એ આત્માનું કાર્ય નહીં. આત્માનું કાર્ય તો તે રાગનું જ્ઞાન કરે તે જ્ઞાન આત્માનું કાર્ય, જેમાં જ્ઞાનમાં રાગ નિમિત્ત છે, નિમિત્ત છે એટલે એક ચીજ પર છે એટલું બસ. એવા જ્ઞાનના પરિણામને કર્તા જ્ઞાયક છે અને એ જ્ઞાનની પર્યાય નહોતી ને ઉત્પન્ન કરી એ નિર્વત્ય એનું છે, આવી છે વાત.

( શ્રોતાઃ– રાગ પુદ્‌ગલે ઉત્પન્ન કર્યો ) પુદ્‌ગલે ઉત્પન્ન કર્યો. પર્યાયમાં છે, વસ્તુમાં નથી. વસ્તુનો ગુણ નથી, એ આંહી સિદ્ધ કરવું છે ને ? પર્યાયની વ્યાખ્યા જ્યારે કરે ત્યારે બતાવે, પ્રવચનસાર ! કે જ્ઞાનીને પણ જે પરિણમન રાગનું છે, એટલો એ કર્તારૂપે પરિણમે છે, કરવા લાયક છે એ રીતે, એમ નહીં. પરિણમે છે માટે કર્તા અને તેને ભોગવે છે પર્યાયમાં, પર્યાયને સમજાવવી છે ને અત્યારે ? એ ભોક્તા એ જ્ઞાની છે. આહાહાહા !

( શ્રોતાઃ– આંહી શું સમજાવવું છે ? ) આંહી તો જ્ઞાતા દૃષ્ટાનો સ્વભાવ સમજાવવો છે. દૃષ્ટિનો વિષય જે જ્ઞાયક સ્વરૂપ ત્રિકાળ, દૃષ્ટિ છે પર્યાય, એનો વિષય છે ઈ ત્રિકાળી ધ્રુવ, એમ જ્ઞાનની પર્યાય છે, એ એને વિષય કરે છે ધ્રુવને, અને તેથી તે જ્ઞાયક ધ્રુવનું જ્ઞાન પરિણમન પર્યાય એ તેનું નિર્વત્ય નામ ઉત્પન્ન કર્મ છે. પહેલી પર્યાયમાં નહોતું અને થયું માટે એને નિર્વત્ય ઉત્પન્ન કર્યું. ધ્યાન રાખે તો પકડાય એવું છે બાપું આ તો. આહાહા ! આવું તો લંડનમાંય કયાંય મળે એવું નથી. ( શ્રોતાઃ– કયાંય સાંભળવા મળે એવું નથી ) ફેરફાર બહુ છે. ( શ્રોતાઃ– લંડનમાં આવું ? ) બહુ પ્રેમ છે એને ગળગળા થયા, થઈ ગયા'તા. આહા !

અહીંયા અર્થકારે ઉત્પાદ વ્યય ધ્રુવ યુક્તં સત્ એમ લીધું. જગતને ઓલું પહેલું ઉપજે છે ને આમ, તે અપેક્ષાએ બતાવ્યું. નવીન કાંઈ ઉત્પન્ન કરવામાં આવે તે કર્તાનું નિર્વત્ય કર્મ, રાગ છે, દ્વેષ છે, ભક્તિનો ભાવ છે, ભગવાનની સ્તુતિનો ભાવ છે, એ ભાવ પહેલો પહેલી પર્યાયમાં નહોતો પછી થયો તે કર્તા પુદ્‌ગલ છે, તેનું ઉપજાવેલું નિર્વત્ય ઉત્પન્ન કામ છે. આહાહાહાહા !

છે ? કર્તા વડે પદાર્થમાં વિકાર, વ્યય, કર્તા વડે પદાર્થમાં વિકાર ફેરફાર કરીને જે કાંઈ

કરવામાં આવે તે કર્તાનું વિકાર્ય કર્મ, વ્યય. ફેરફાર થયો ને વ્યય આમ, ફેરફાર થયો ને ? એ વ્યયનો કર્તા, રાગના પૂર્વનો વ્યયનો કર્તા એ પુદ્‌ગલ છે. આહાહા ! સમજાણું કાંઈ ? ઝીણી વાત બાપુ એ તત્ત્વની અંદર દૃષ્ટિ થવી, એ કોઈ અલૌકિક વાત છે, એ કોઈ સાધારણ નથી. માની લે કોક પોતે પણ એ વસ્તુ એમ નથી, વસ્તુ તો બીજી આખી ચીજ જુદી છે. આહાહા !

પદાર્થમાં એટલે કે આત્માની પર્યાયમાં વિકાર જે થાય, રાગ તેનો વ્યય થાય, એનો ફેરફાર કરીને એ કાંઈ કરવામાં આવે, એ કર્તાનો વિકાર્ય કર્મ, તે પુદ્‌ગલનું વિકાર્ય કર્મ છે. એ પરની દયાનો ભાવ, આ ગજબ વાત છે, આ તો કહે દયા એ ધર્મ છે. આંહી તો કહે પરની દયાનો ભાવ એવો જે રાગ એ સ્વરૂપની હિંસા છે, અને એ રાગનું કરવું કરનાર કર્મ છે, અને તે રાગનો ફેરફાર થઈને થયો, પલટીને થયો એ એનું વિકાર્ય, એ એનું કર્તા એ કર્મ છે. આ આત્મામાં ફેરફાર થઈને, એ રાગ વખતે પહેલું જે રાગનું જ્ઞાન નહોતું, એનો ફેરફાર થયો અને પછી રાગનું ઉત્પન્ન થયું, એ વ્યય અને ઉત્પાદ તેનો કર્તા જ્ઞાનની પર્યાયનો આત્મા છે. અરે ! આવું છે. સમજાણું કાંઈ ?

જાણ, અલિંગગ્રહણ કીધુંને ભાઈ–૪૯ ગાથા એ તો એકેએક ગ્રંથમાં છે સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય–અષ્ટપાહુડ ને ધવલ.

अरसमरुवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।। ४९।।

તો અરસને પણ જાણનાર પર્યાય છે. વર્તમાન રૂપનેય જાણનારી પર્યાય છે વર્તમાન જ્ઞાન, એમ ગંધની, એમ સ્પર્શની એમ અવ્યક્તની એમ અનિર્દિષ્ટ સંસ્થાનની, એ અવ્યક્ત જે વસ્તુ છે દ્રવ્ય, તેને જાણનારી વર્તમાન પર્યાય જે છે પ્રગટ, તે તેને જાણે છે. તે તેનો ખરેખર તો ઉત્પાદ છે. આહાહાહા ! અવ્યક્ત એવો જે સ્વભાવ જ્ઞાયકભાવ, એનો જે પર્યાય જેણે એ પર્યાયે જાણ્યું, એ પર્યાયનું કાર્ય થયું એનો કર્તા જ્ઞાયક છે, અને એ પર્યાય તે એને જાણ્યો માટે જ્ઞાનની પર્યાયનો જ્ઞેય દ્રવ્ય થયો. આહા ! પ્રગટ પર્યાય તે, અંદર ગરી ગયેલી ભૂત ભવિષ્યની એ પર્યાય કાંઈ બહાર એને જાણવાની નથી. વર્તમાન પ્રગટ પર્યાય બાહ્ય છે, જે જ્ઞાનની પર્યાયનો વિષય તે જ્ઞાયક કરે છે. આહાહાહા !

( શ્રોતાઃ– પર્યાયને બાહ્ય કેમ કહી ) પર્યાય એ બાજુ ઢળી છે ને ? એટલે એનો વિષય ઈ કર્યો. ભૂયત્થં અસ્સિદો ખલુ, બધી ચારે કોર જુઓ તો એક જ વાત સ્થિતિ જ્ઞાનની પર્યાયને આ બાજુ જે રાગ તરફ વળેલી છે તે તો ત્યાં રહી, ઘણીવાર કહેવાય છે આ તો. પછીની પર્યાય ઉત્પન્ન થાય છે દ્રવ્યમાંથી છતાં પર્યાયથી પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહાહા ! અને એ પર્યાય સ્વજ્ઞેય ત્રિકાળીને જાણે છે. આહા ! સમજાણું કાંઈ ? ઝીણું છે ભાઈ, આ તો વીતરાગ માર્ગ બાપા સર્વજ્ઞ, એવી વાત ક્યાંય છે નહીં, વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સિવાય, એના વાડાવાળાનેય સમજાતું નથી, ત્યાં બીજાને બિચારા શું કરવું ? આહાહા !

આંહી કહે છે અવ્યક્ત એવું જે દ્રવ્ય છે, તે પોતે નિર્મળ પર્યાયપણે ઉપજે છે. અને નિર્મળ પર્યાય તેને જાણે છે, માટે તે નિર્મળ પર્યાય તે કાર્ય છે અને એનો કર્તા તે જ્ઞાયકભાવ, અવ્યક્તભાવ છે. આહાહા ! ભાઈ ! સમજાય છે કાંઈ ? એય નવરંગભાઈ !

અહીંયા એ કહે છે, કે જે રાગ થયો, વ્યય થઈને થયો, તેનો કર્તા તે કર્મ છે, હા, તે વખતના રાગનું અહીં જ્ઞાન થયું એ પોતાથી થયું છે, રાગ છે માટે ઈ જ્ઞાન થયું છે એમ નહીં. આહાહાહા ! એ જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્મા, રાગનું જ્ઞાન કહેવું એ અપેક્ષિત છે પણ એ જ્ઞાનનું જ્ઞાન છે. સ્વપરપ્રકાશકનો ઉત્પાદ છે તે નિર્વત્ય છે, તેનો કર્તા જ્ઞાયક ભાવ છે, રાગના પલટવાનો કર્તા તે પુદ્‌ગલ છે. આહાહા ! કાળીદાસભાઈ ! આ બધુ ઝીણું છે. તમારા બાપે તો કોઈ દિ' સાંભળ્યું નહોતું ન્યાં. આહાહા !

બચારા હિરાજી મહારાજ ! અરેરે ! હિરાજી મહારાજને બિચારા એવા હતા લૌકિક સજ્જન પણ એને કાને પડયું નહીં વાત. અરરર ! સંપ્રદાયના ગુરુ બોટાદ ( ના ) બહુ સજ્જન હતા. લૌકિક એ તો ભાઈ નરમાશ એની. આહાહા.... અરેરે ! આ શબ્દો કાને એમને પડયા નહીં અને હિન્દુસ્તાનનો હીરો કહેવાતા, એને એનું કાંઈ માન નહોતું હોં, હા પણ લોકો કહે હિન્દુસ્તાનનો હીરો. બહુ નરમ માણસ, બહુ નરમ. ગુજરી ગયા તે લોકો રોતા હોં સાધુ રોવે, આર્જા રોવે, લાખોપતિ રાયચંદ ગાંધી જેવા રોવે, કાંપમાં બાળ્યા 'તા, તમારે કાંપમાં. અરેરે ! પણ આ શબ્દો કાને ન પડયા, આહા ! કહે આ તો પરની દયા પાળવી એ સિદ્ધાંતનો સાર છે એમ કહેતા. "અહિંસા સમય ચેવ એત્તાવન વિયાણીયા" શાંતિથી બોલે, ધીરજથી બોલે કોઈ નજર નહિ આમ સભા ઉપર, ગંભીરતા ! ભાઈ ભગવાન એમ કહે છે, અહિંસા પરની અહિંસા એ સિદ્ધાંતનો સાર છે. આખા સિદ્ધાંતનો સાર છે. એ જેણે કર્યું એણે બધું જાણ્યું, એમ કહેતા "અહિંસા સમયં ચેવ એતાવન વિયાણીયા વિ, એવ તું નાણીનો સાર," આ જ્ઞાનીનો સાર એમ કહેતા. શાંતિથી જ હોં. કાંઈ અભિમાન નહીં આમ. પણ આ બેઠેલી નહીં વાત. હિરાભાઈએ જોયા 'તા કે નહીં. હીરાજી મહાજને જોયા 'તા કે નહીં તમે ૭૪, ૭૪ ( શ્રોતાઃ- સારી રીતે જોયા છે ) ૭૪માં ગુજરી ગયા. આહાહા ! અરે પ્રભુ પ્રભુ.

અહીંયા કહે છે કે પરની દયાનો ભાવ જે રાગ, એ રાગ છે એનો ઉત્પાદક કર્મ, કર્મ છે. એય ! આહાહા ! ( શ્રોતાઃ- જીવની પર્યાયમાં કર્મ આવ્યા કઈ રીતે ? ) એ પર્યાય, કર્મ આવ્યા નથી. પર્યાયના નિમિત્ત ને સંબંધ થઈને દ્રવ્ય ને ગુણમાં એ નથી, આંહી દ્રવ્ય સ્વભાવ સિદ્ધ કરવો છે ને ? આંહીં તો દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિની પ્રધાનતાએ સમયસારનું કથન છે. આહાહા ! એથી એના દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિમાં, ભગવાન જ્ઞાયક સ્વરૂપ એ શું કરે ? એનામાં પવિત્રતા ભરી છે, તો પવિત્રતાની પર્યાયને કરે અને પવિત્રતાની પર્યાયને બદલે, વ્યય થાય અને પવિત્રતાના ધ્રુવપણે રહે. આહાહાહાહા ! આવી વાત છે. ઝીણી બાપુ બહુ ભાઈ. અરેરે ! જનમ મરણ રહિતની વાતું છે આ તો બાપુ. આહાહાહા !

( શ્રોતાઃ- પવિત્રતા ધ્રુવપણે રહે કે પર્યાયને કરે ? ) પર્યાય જ ધ્રુવ છે એક ન્યાયે કીધુંને પ્રાપ્યની અપેક્ષાએ ( શ્રોતાઃ- જે છે એને પહોંચી વળે છે ને ? ) ઈ પ્રાપ્ય કીધું' ને, કહ્યું' ને પ્રાપ્ય, પ્રાપ્ય ધ્રુવ છે ધ્રુવ એટલે તે સમયે તે થવાનું નિશ્ચય નક્કી ધ્રુવ છે તેને પ્રાપ્ય એટલે ગ્રહણ કરે છે, તેને પહોંચી વળે છે. આહાહાહા ! વાત તો ઘણી કહેવાઈ ગઈ પહેલેથી ઘણી.

( શ્રોતાઃ- શુદ્ધ પર્યાયને પ્રાપ્ત કરે ) શુદ્ધ પર્યાય. એ રાગને જાણવો છે તે જ્ઞાનની પર્યાય તે શુદ્ધ પર્યાય, તે પર્યાયનો ઉત્પાદક જ્ઞાયક છે એમ વ્યવહારથી કહેવાયું છે, બાકી તો ઉત્પાદક,

ઉત્પાદનો છે. આવ્યું'ને ૧૦૧ ( પ્રવચનસાર )માં ઉત્પાદને ધ્રુવની અપેક્ષા નથી. બાપુ ઝીણી વાતું બાપા. એ રાગનું જ્ઞાન થાય, તેનો ઉત્પાદક આત્માને કહેવો એ અપેક્ષિત છે, બાકી રાગનું જે જ્ઞાન છે એ જ્ઞાનનો પર્યાય સ્વતંત્ર પોતાથી ઉત્પન્ન થયો છે, એ ઉત્પન્ન થયેલો જે જ્ઞાનનો પર્યાય, એ એનું કર્મ ને કર્તા પર્યાય છે, એનો કર્તા જ્ઞાયક કહેવો એ ઉપચારથી. ફક્ત આ તરફ ઢાળવું છે બસ એટલે. આહાહા !

શું કહ્યું એ ? ધ્રુવ-ધ્રુવ પણ એ લેવું છે આંહી જુઓ આવે છે, પદાર્થમાં વિકાર કરીને કાંઈ કરવામાં આવે તો એ વિકાર્ય છે. હવે કર્તા જે નવું ઉત્પન્ન કરતો નથી, જોયું ? નિર્વત્ય તરીકે તેમજ વિકાર કરીને કરતો નથી, વિકાર કરીને પણ કરતો નથી. માત્ર જેને પ્રાપ્ત કરે, પર્યાયને હોં. એ પુદ્ગલ કર્તા એ રાગનું પ્રાપ્ય ધ્રુવ તેને પ્રાપ્ત કરે છે, અને આત્મા તેનું જે જ્ઞાન ધ્રુવ એટલે તે જ કાળે તે જ પર્યાય સ્વતંત્ર પોતાથી થઈ છે, એથી તેને પ્રાપ્યને આત્મા ગ્રહણ કરે છે. બસ. આહાહા... ઝીણું છે ભાઈ.

આ તો ઓગણીસમી વાર વંચાય છે, અઢાર વાર તો વંચાઈ ગયું છે બધું. આ વધારે સ્પષ્ટ થતું જાય છે. કર્તા જે નવું ઉત્પન્ન કરતો નથી તેમજ વિકાર કરીને પણ કરતો નથી એટલે ઉપજાવતો નથી અને ફેરફાર કરતો નથી માત્ર જેને પ્રાપ્ત કરે છે. રાગ થયો છે તે વખતે ધ્રુવપણે, પર્યાયનું ધ્રુવ એટલે નિશ્ચયપણે તે તે કાળનું નિશ્ચય ધ્રુવ તે જ પર્યાય તે જ નિશ્ચય છે બરાબર, તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે, આત્મા નહીં. અને આત્માને લઈએ તો, એ રાગ સંબંધીનું જ્ઞાન એમ કહીને પણ વ્યવહાર, તે સમયનો જ્ઞાન પર્યાય છે ધ્રુવ છે, પ્રાપ્ય છે તેને તે આત્મા ગ્રહણ કરે છે. આહાહાહા !

ભાઈ વીતરાગ માર્ગ કોઈ સાધારણ નથી, સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, એ વસ્તુ બીજે ક્યાંય નથી. અને એ વસ્તુનું સ્પષ્ટીકરણ તો એ સંતોએ કર્યું છે. દિગંબર સંતોએ, કેવળીના કેડાયતો છે એને સમાજની પડી નથી કે સમાજ આની સમતોલતા રાખશે ને માનશે કે નહીં ? આહા... વસ્તુ સ્થિતિ આ છે. માત્ર તેને પ્રાપ્ત કરે તે કર્તાનું કર્મ છે.

હવે પુદ્ગલ, જીવ પુદ્ગલકર્મને નવીન ઉપજાવી શકતો નથી, શું કીધું ? ભગવાન જ્ઞાયક આત્મા એ રાગને નવીન ઉત્પન્ન કરી શકતો નથી. ભાઈ ! આ તો દ્રવ્ય સ્વભાવનું વર્ણન છે ભાઈ. આહાહા ! જીવ એટલે આત્મા, પુદ્ગલકર્મને એટલે રાગને નવીન ઉપજાવી શકતો નથી. બરાબર ટાણે આવ્યા છો હોં પ્રેમચંદભાઈ ને જેવી લાગણી હતી એવું આંહી તાકડે ગાથાયું એવી આવી બધીય. બાપુ આ તો સમજવાની ચીજ છે માન મુકી દઈને. આહાહા ! જીવ એટલે ભગવાન આત્મા પુદ્ગલકર્મને એટલે રાગને દયાના, દાનના ને ભક્તિ ને વ્રતના વિકલ્પને રાગને દયાના, દાનના ને ભક્તિને વ્રતના વિકલ્પને રાગને નવીન ઉપજાવી શકતો નથી. આહાહા ! કારણકે ચેતન જડને કેમ ઉપજાવી શકે ? એ જ્ઞાયક ભાવ તે રાગ જડ છે તેને કેમ, જ્ઞાન ભાવનો અભાવ છે જેમાં, ચેતન, જ્ઞાયક ચૈતન્ય એ જડ એટલે રાગ જેમાં અચેતનપણું છે, એને કેમ ઉપજાવે ? એ દયાનો રાગ જે જડ છે એને ચૈતન્ય કેમ ઉપજાવે.

એમ કહે છે ને તમારે ત્યાં “દયા તે સુખની વેલડી ને દયા તે સુખની ખાણ” કાળીદાસભાઈ ૮૧માં અમારું ગઢડે ચોમાસુ હતું ને ત્યાં સાંભળ્યું હતું. દયા તે સુખની અરે કઈ દયા બાપા.

આહાહા ! આ તો પોતાની દયા એટલે પૂર્ણાનંદનો નાથ જેવડો જેટલો છે તેટલો પ્રતીત ને જ્ઞાનમાં લેવો એ જીવની દયા છે, અને એનાથી ઓછો અધિક માનવો એ જીવની હિંસા છે, પોતાની હોં. આહાહાહા ! સમજાણું કાંઈ ? સામે છે ને પુસ્તક છે ને ?

કારણકે ચેતન જડને એટલે કે જેમાં જ્ઞાન નથી એ દયા, દાન, વ્રત વ્યવહાર રત્નત્રયનો જે રાગ, તેમાં કાંઇ જ્ઞાન નથી, એ તો અજ્ઞાન છે, જ્ઞાનનો એમાં અભાવ છે એવા જડને કેમ ઉપજાવી શકે ? આહાહાહાહા ! ગજબ વાતું છે ને. કહો, નૌતમભાઈ ! આહા ! માટે પુદ્‌ગલકર્મ જીવનું નિર્વત્ય કર્મ નથી. માટે રાગ જે પુણ્ય દયા દાન ભક્તિનો પરિણામ તે પુદ્‌ગલકર્મ તે જીવનું નિપજાવેલું કર્મ નથી. એનું નિર્વત્ય ઉપજાયેલું નથી. આહાહાહા !

ઉત્પાદથી લીધું છે ને પહેલું ઉત્પાદ-વ્યય ને ધ્રુવ લીધું છે ને જીવ પુદ્‌ગલમાં વિકાર કરીને તેને પુદ્‌ગલકર્મરૂપે પરિણમાવી શકતો નથી. જીવ રાગમાં ફેરફાર કરીને, રાગને બદલાવી શકતો નથી. પૂર્વના રાગનો વ્યય કરીને એ ફેરવી શકતો નથી. આહાહાહાહા !

જીવ એટલે જ્ઞાયકભાવ ભગવાન, એ પુદ્‌ગલમાં વિકાર કરીને રાગમાં ફેરફાર કરીને, રાગને પરિણમાવી શકતો નથી. વિકાર કરી શકતો નથી ને ફેરફાર નથી કરી શકતો કારણકે ચેતન જડને કેમ પરિણમાવી શકે ? જ્ઞાયક ચૈતન્ય ભગવાન રાગના જડને કેમ ફેરવી શકે ? આહાહાહા... માટે પુદ્‌ગલ કર્મ જીવનું વિકાર્ય કર્મ પણ નથી, માટે રાગ ફેરફાર કરે એ જીવનું વિકાર્ય કર્મ પણ નથી, એ જીવનું ફેરફારવાળું કાર્ય નથી. આહાહાહા !

પરમાર્થે જીવ પુદ્‌ગલને ગ્રહણ કરી શકતો નથી. એ રાગ જે ધ્રુવપણે જે પુદ્‌ગલના ધ્રુવપણે ઉપજ્યો તે કાળે બરાબર રાગ થયો તે ધ્રુવ છે, છે પર્યાય તે સમયે તે થયો તે ધ્રુવને, પરમાર્થે જીવ પુદ્‌ગલને ગ્રહણ કરી શકતો નથી. એ રાગનું ધ્રુવપણું જે થયું તેને આત્મા ગ્રહણ કરી શકતો નથી. આહાહા.... ધીમે ધીમે સમજવું બાપુ આ તો ત્રણલોકના નાથની વાતું અંદરમાંથી છે. આહાહા !

જીવ પુદ્‌ગલને ગ્રહણ કરી શકતો નથી. એટલે ? જ્ઞાયકભાવ એ જીવ એ રાગને, રાગના કાળે રાગ થયો છે, પુદ્‌ગલનું એ ધ્રુવ છે, તેને એ ગ્રહણ કરી શકતો નથી. એ તો તે કાળે તે રાગના પરિણામનું જ્ઞાન ધ્રુવપણે થયું છે, તે વખતે તે જ પરિણામ બરાબર રાગને જાણવાના ને સ્વને જાણવાના પરિણામ જે થયા છે તે ધ્રુવ છે, તેને આત્મા ગ્રહણ કરે છે, પર્યાયનું ધ્રુવ હોં. આહાહાહા.... સમજાય છે આમાં ?

કારણકે અમૂર્તિક પદાર્થ, ભગવાન અમૂર્ત સ્વરૂપ, એ મૂર્તિક કર્મ એ રાગ આ તો મૂર્ત સ્વરૂપ છે, તેને કઈ રીતે પકડે ? ભગવાન જ્ઞાયક અમૂર્ત છે, એ રાગ મૂર્ત છે એને કેમ પકડે ? અરૂપી તે રૂપીને કેમ પકડે ? માટે પુદ્‌ગલ કર્મ જીવનું પ્રાપ્ય કર્મ પણ નથી. માટે પુદ્‌ગલ કર્મ જીવનું એટલે જે ધ્રુવપણે રાગ થયો અનુકંપાનો, ભક્તિનો, સ્તવનનો, ધ્રુવપણે તે ત્યાં થવાનો જ હતો, કર્મનો ધ્રુવ હોં. આહાહા ! તે પુદ્‌ગલ કર્મ જીવનું પ્રાપ્ય કર્મ પણ નથી, જીવનું પ્રાપ્ય નામ ધ્રુવ, એ જડનું છે, તેનું આ ચૈતન્યનું એ ધ્રુવ કાર્ય નથી. આહાહા ! આ રીતે પુદ્‌ગલકર્મ જીવનું કર્મ નથી. એ રાગદ્વેષ આદિ ભાવ તે નિશ્ચયથી જીવનું કાર્ય નથી. અને જીવ તેનો કર્તા નથી. જીવ ભગવાન જ્ઞાયકનું રાગ કાર્ય નથી, તેમ એનો એ કર્તા નથી, આવી વાત છે. શબ્દો સાદા છે

પકડાય એવું છે. શું કહે છે એ પકડાય એવું નથી એમ નથી. આમાં તો કાંઈ વ્યાકરણ ને સંસ્કૃતને બહુ જાણેલું હોય તો જણાય એવું કાંઈ છે નહીં. આહાહા !

જીવનો સ્વભાવ જ્ઞાતા હોવાથી જુઓ હવે ભગવાન આત્માનો સ્વભાવ તો જ્ઞાયક છે જ્ઞાતા છે. જીવનો સ્વભાવ સ્વભાવવાન, પણ એનો સ્વભાવ જ્ઞાતા છે ને ? પ્રભુનો સ્વભાવ તો જાણવું દેખવું છે ને ? કેવળ જ્ઞાતા છે ને ? એ જોવાથી જ્ઞાનરૂપે પરિણમે, એ જ્ઞાનની પર્યાયપણે ઉપજે, જ્ઞાનની પર્યાયને ફેરવે અને જ્ઞાન જે થયું છે ધ્રુવ તેને ગ્રહણ કરે, જીવનો સ્વભાવ જ્ઞાતા હોવાથી જ્ઞાનરૂપે થાય, પોતે પુદ્‌ગલકર્મને જાણે છે. આહાહાહા ! એ વ્યવહારથી કહ્યું છે.

ભગવાન આત્મા જ્ઞાતા ચૈતન્ય સ્વભાવ તે રાગને કાળે, રાગ થયો તેના જાણવાની પર્યાય તેના કાળે જાણવાની પર્યાય થઈ, રાગને લઈને નહીં, તે કાળે જાણવાની પ્રાપ્ય જે થવાની તે થઈ. પુદ્‌ગલકર્મને જાણે છે, માટે પુદ્‌ગલકર્મને જાણતાં એવા જીવને, પરની સાથે કર્તાકર્મપણું કેમ હોઈ શકે ? શું કીધું ? એ રાગ છે તેને જાણનારો છે ભગવાન, પોતે પોતાને જાણે ને પરને જાણે એવું તો સ્વતઃ સ્વરૂપ છે, એવું જે જાણનારો એવા જીવનો પરની સાથે એટલે દયા, દાન, વિકારની સાથે કર્તાકર્મભાવ કેમ હોઈ શકે ? ન જ હોઈ શકે. આહાહા !

આકરું કામ બહુ બાપુ. સમજાય છે કાંઈ ? એક ભાઈનો કાલ પ્રશ્ન હતો રાત્રે એ ભાઈ અત્યારે નથી, કાલે રાતે એક ભાઈ હતા, કાંઈ પૂછવું હશે પણ કીધું અમારી મુદત થઈ ગઈ ટાઈમ પૂરો થયો, ચર્ચા પુરી થઈ ગઈ પછી. આમાં તો ઘણાં પ્રશ્નો ઊઠે એવું છે. જગતને તો. આહાહા !

હવે પૂછે છે, એ તો ૭૬ ગાથાનું સ્પષ્ટ કર્યું. પંડિત જયચંદ પંડિત.

### ❁ ફેરવવું ને ન ફેરવવું શું ? જેમ છે તેમ છે ❁

શ્રોતા :- જીવ રાગ-દ્વેષની પર્યાયને ન ફેરવી શકે, પણ શ્રદ્ધાની પર્યાયને ફેરવી શકે એમ ને ?

પૂજ્ય ગુરુદેવ :- બધી પર્યાયને ફેરવી શકે; ન ફેરવી શકાય એમ નક્કી કરવા જાય ત્યાં દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે ત્યાં પર્યાયની દિશા જ આખી ફરી જાય છે. જ્ઞાનસ્વભાવ છું એમ નિર્ણય કર્યો ત્યાં બધું જેમ છે તેમ છે, ફેરવવું ને ન ફેરવવું શું ? જેમ છે તેમ છે. નિયતનો નિશ્ચય કરવા જાય ત્યાં જ સ્વભાવનો પુરુષાર્થ સાથે જ છે અને રાગ પણ મંદ પડી ગયો છે. જ્ઞાનસ્વભાવ છું એમ નક્કી થઈ ગયું પછી બધું જેમ છે તેમ છે. ગ્રહવા યોગ્ય બધું ગ્રહાઇ ગયું ને છોડવા યોગ્ય બધું છૂટી ગયું. જ્ઞાતાનો પુરુષાર્થ ચાલુ જ છે. રાગ ઘટતો જાય છે એટલે પૂર્ણ વીતરાગતા થઈ જશે. **( આત્મધર્મ, અંક ૭૨૬, વર્ષ-૬૦, પાના નં. ૧૧ )**

## ગાથા - ૭૭

स्वपरिणामं जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्मभाव: किं भवति किं न भवतीति चेत्-

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु सगपरिणामं अणेयविहं।।७७।।**

नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये।
ज्ञानी जानन्नपि खलु स्वकपरिणाममनेकविधम्।।७७।।

यतो यं प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणमात्मपरिणामं कर्म आत्मना स्वयमन्तर्व्यापकेन भूत्वादिमध्यान्तेषु व्याप्य तं गृह्णता तथा परिणमता तथोत्पद्यमानेन च क्रियमाणं जानन्नपि हि ज्ञानी स्वयमन्तर्व्यापको भूत्वा बहि:स्थस्य परद्रव्यस्य परिणामं मृत्तिकाकलशमिवादिमध्यान्तेषु व्याप्य न तं गृह्णाति न तथा परिणमति न तथोत्पद्यते च, तत: प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य स्वपरिणामं जानतोऽपि ज्ञानिन: पुद्गलेन सह कर्तृकर्मभाव:।

---

હવે પૂછે છે કે પોતાના પરિણામને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ ( કર્તાકર્મપણું ) છે કે નથી ? તેનો ઉત્તર કહે છેઃ-

**વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭.**

**ગાથાર્થઃ-** [ ज्ञानी ] જ્ઞાની [ अनेकविधम् ] અનેક પ્રકારના [ स्वकपरिणामम् ] પોતાના પરિણામને [ जानन् अपि ] જાણતો હોવા છતાં [ खलु ] નિશ્ચયથી [ परद्रव्यपर्याये ] પરદ્રવ્યના પર્યાયમાં [ न अपि परिणमति ] પરિણમતો નથી, [ न गृह्णाति ] તેને ગ્રહણ કરતો નથી અને [ न उत्पद्यते ] તે-રૂપે ઊપજતો નથી.

**ટીકાઃ-** પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ જે કર્મ ( કર્તાનું કાર્ય ), તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો, તે-રૂપે પરિણમતો અને તે-રૂપે ઊપજતો થકો, તે આત્મપરિણામને કરે છે; આમ આત્મા વડે કરવામાં આવતું જે આત્મપરિણામ તેને જ્ઞાની જાણતો હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી; માટે, જોકે જ્ઞાની પોતાના પરિણામને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા

**એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**

**ભાવાર્થઃ- ૭૬મી ગાથામાં કહ્યું હતું તે અનુસાર અહીં પણ જાણવું. ત્યાં 'પુદ્‌ગલકર્મને જાણતો જ્ઞાની' એમ હતું તેને બદલે અહીં 'પોતાના પરિણામને જાણતો જ્ઞાની' એમ કહ્યું છે-એટલો ફેર છે.**

## પ્રવચન નં. ૧૬૫ ગાથા-૭૭ તા. ૧૦/૦૧/૭૯

હવે પૂછે છે કે પોતાના પરિણામને જાણતા એવા જીવને, પરિણામને જાણે છે એટલું તો કાર્ય કરે છે કે નહીં કહે છે. પ્રશ્ન છે કે પોતાના પરિણામને જાણતા એવા, જાણવાનું કાર્ય તો કરે છે કે નહીં ? એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ છે કે નહીં ? કેમ કે જાણવાનું કર્તા અને જાણવાનું પરિણામ કાર્ય, કર્તાકર્મ તો છે, તો એવા કર્તાકર્મના જીવને, રાગ સાથે કર્તાકર્મપણું છે કે નહીં ? આહાહાહા ! સમજાણું કાંઈ ?

પ્રશ્ન જ અમૃતચંદ્રાચાર્યે ગોઠવ્યો છે પોતે. પૂછે છે કે પોતાના પરિણામને, એટલે કે જ્ઞાનના પરિણામને, સમકિતના પરિણામને, આનંદના પરિણામને, આત્મા જાણતો એટલે કાર્ય કરતો અને તે પ્રાપ્ય છે તેને ગ્રહણ કરતો, એવું તો કર્તાકર્મપણું તો છે એમાં, તો પછી કર્તાકર્મપણું નથી જ એમાં એમ તો નથી જ, તો જાણતાં એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મ છે કે નથી ? શું કહ્યું સમજાણું ?

એ કર્તાકર્મ વિનાનો જીવ નથી, જીવના પરિણામ જ્ઞાતા થાય, ધ્રુવ જે પર્યાય થવાની તે થાય તેને ગ્રહણ કરે છે, તેને ઉપજાવે છે, તેને ફેરફાર કરે છે. જાણતાં એવા એટલે કર્તાકર્મપણું તો છે, તો પછી કર્મના રાગ સાથે કર્તાકર્મપણું ભેગું હોય તો શું વાંધો છે ? આહાહાહા... સમજાણું કાંઈ ? આહાહા...

આ તો ભગવાનના ઉંડા ઉંડા ગંભીર તત્ત્વો છે ભાઈ. જાણતાં એવું કહ્યું' ને જાણતાં એવા જાણવાનું કાર્ય તો કરે છે. કાર્ય કર્યા વિના રહે છે એતો નથી. કર્તાકર્મપણું તો છે, જાણતાં એવા જીવને પુદ્‌ગલ સાથે એટલે રાગ સાથે કર્તાકર્મભાવ છે કે નથી, તેનો ઉત્તર કહે છે. વ્યવહાર રત્નત્રયનો રાગ એને પરદ્રવ્ય પર્યાય, આહાહા... ગજબ વાત છે ને ? ત્રણેય ગાથામાં એ છે ને ? ૭૬ માં ૭૭ માં ૭૮ માં. આહાહાહા ! પંચમહાવ્રતનાં પરિણામ દેવગુરુ શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, દેવગુરુ શાસ્ત્રની ભક્તિનો સ્તુતિનો રાગ આહાહાહા... એને જાણે છે. છે ને ?

"णाणी जाणंतो विहुसगपरिणाम अणेयविहं"

પોતાના પરિણામને અનેક પ્રકારનાંને તો જાણે છે. તો પછી આની હારે જાણે કે નહીં ? તેનું કાર્ય કરે કે નહીં, કાર્ય કરે કે નહીં ?

"વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે નવ ગ્રહે નવ ઉપજે."

આહાહા ! પ્રાપ્ય એટલે ? આત્મામાં થતાં જે જ્ઞાનના પરિણામ રાગના કાળે રાગ થયો ને જ્ઞાનના પરિણામકાળે જ્ઞાનનાં પરિણામ થયા, પ્રાપ્ય લીધું ને પહેલું. પ્રાપ્ય જે આત્માનું કાર્ય.

એ જ્ઞાનના પરિણામને શ્રદ્ધાના પરિણામને, આનંદના પરિણામને પ્રાપ્ય, એ પ્રાપ્ય છે તેને ગ્રહતો વિકાર્ય પૂર્વની પર્યાયને ફેરવીને થતું, નિર્વત્ય વર્તમાન ઉપજતું. એ ટીકાકાર તો પ્રાપ્યથી જ લે છે. એવું વ્યાપ્ય લક્ષણવાળું આત્માના પરિણામ સ્વરૂપ કર્મ. આહાહા !

શું કીધું ઇ ? ભગવાન ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ, તેના જે વર્તમાન પરિણામ ધ્રુવ એટલે થવાના છે તે બરાબર થયા, રાગને જાણવાના અને સ્વને જાણવાના એ પરિણામ સ્વતઃ પોતે ધ્રુવ પ્રાપ્ય થયા. આહા.... છે ને ? એવું ધ્રુવ વિકાર્ય અને નિર્વત્ય એવું વ્યાપ્યલક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ કર્મ, એ આત્માના જ્ઞાન પરિણામ સ્વરૂપ કાર્ય, તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને, શું કહે છે ? જ્ઞાયકભાવ તો ધ્રુવ છે, પણ તેના પરિણામનો કાળ છે તે ધ્રુવ, એ રાગને જાણવું અને પોતાને જાણવું એવો જ તે પર્યાયનો ઉત્પત્તિનો કાળ છે, તેને અહીંયા પ્રાપ્ય કહેવામાં આવે છે. તેને આત્મા ગ્રહણ કરે, છે ? તેમાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને એ જ્ઞાનના પરિણામમાં આત્મા વ્યાપક થઈને પ્રસરીને કર્તા થઈને, આદિ મધ્ય અંતમાં વ્યાપીને, જે રાગ થયો તેનું જ્ઞાન થયું, એ તો પોતાથી થયું છે. એ જ્ઞાનના પરિણામની આદિમાં પણ આત્મા, એ રાગ છે માટે અહીં જ્ઞાન થયું એમ નહીં. જ્ઞાનના પરિણામમાં આદિમાં આત્મા, મધ્યમાં આત્મા, અંતમાં આત્મા એ તો પરિણામમાં આદિ મધ્ય અંતમાં પોતે છે. આહાહાહા !

( શ્રોતાઃ- જ્ઞાયકને રાગને જાણવાની શું જરૂર ? ) જાણવાની નહીં. ઈ કહે છે, જાણવાના પરિણામ થયાં પણ છતાંય એ જાણવાના પરિણામ રાગને લઈને થયા છે એમ નથી. પોતાના પરિણામ તે કાળે તે ધ્રુવપણે થવાના હતા તે થયા, તેને આત્મા ગ્રહણ કરે છે. આહાહા ! આવી વાતું છે.

એક જરીક ન્યાય ફરે તો બધું ફરી જાય એવું છે, તકરાર તેનામાં આત્મા એટલે ધ્રુવ જ્ઞાન પરિણામ જે છે, સમ્યગ્દર્શનનાં પરિણામ થયા એ તે કાળે તે ધ્રુવ થવાના જ હતા, એ આવ્યું ને ' ભાઈ નિજક્ષણ, જન્મક્ષણ, સમ્યગ્જ્ઞાનની પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાય ને ઉત્પત્તિનો જન્મ ક્ષણ છે, તે કાળે તે થયો છે, તેને પ્રાપ્ય કહેવાય તેને આત્મા ગ્રહણ કરે, એમાં અંતર્વ્યાપક થઈને, આહાહાહા.... ઝીણી વાત બહુ બાપુ આ તો. ઓહોહોહો !

અરે ભાગ્ય વિના મળે એવું નથી બાપુ આવી વાતું. લોકો ભાગ્યશાળી ભાગ્યશાળી કરે છે ને પૈસાવાળાને ધૂળવાળાને, ઈ ઓલા બારોટ આવેને લઈને આવે કે આ ભાગ્યશાળી આવ્યા છે. મેં કીધું ભાઈ એ તો નહીં ભાગ્યશાળી, પણ આ સારી તત્ત્વની વાત સાંભળવાવાળા હોય એ ભાગ્યશાળી. આહાહા ! બેસે તો જુદી વાત છે, અંદરની વાત. આહાહા !

તેનામાં એટલે શેમાં ? એ રાગનું જ્ઞાન કહેવું એ તો અપેક્ષિત, કીધું ને ? અને પોતાનું જ્ઞાન એવું સ્વપરપ્રકાશકજ્ઞાનની પર્યાય તે કાળે ધ્રુવ એટલે પ્રાપ્યરૂપે થાય છે. તે કાળે તે તે જ ક્ષણે તે જ પર્યાય તે થવાની છે, તેને અહીં પ્રાપ્ય કહ્યું, અને તે પૂર્વની પલટીને થયું માટે એને વિકાર્ય કહ્યું, અને બીજું સીધું એને નિર્વત્ય કહ્યું, એ તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને આદિ મધ્ય અંતમાં એટલે એ રાગ હતો માટે જ્ઞાનની પર્યાય થઈ, આ રાગમાં એમેય નહીં, એ રાગની પર્યાયના જ્ઞાનની આદિમાં આત્મા છે, આદિમાં રાગ નહીં. એય ! આહાહાહા ! સંતોષકુમાર ! છે કે નહીં ? સમજાય છે આ ? ઝીણી વાત છે આ. આહા....

શું કહ્યું ? કે પ્રાપ્ય લક્ષણવાળું આત્માનું પરિણામસ્વરૂપ કર્મ, પરિણામ સ્વરૂપ કાર્ય, આંહી પરિણામ લેવા છે ને ? જાણવાના, દેખવાના, શ્રદ્ધાનાં, શાંતિના, આનંદના એવા જે પરિણામ છે તે આત્માના પરિણામ છે અને એ આત્માના પરિણામમાં આદિમાં આત્મા છે, એ પરિણામની શરૂઆત ત્યાં થઈ માટે ત્યાં કોઈ બીજું કારણ નિમિત્ત હતું માટે થયું, રાગ ત્યાં નિમિત્ત છે માટે તેની આદ્યમાં જ્ઞાન થયું એમ નહીં. તે જ્ઞાનના પરિણામની આદ્યમાં પણ પ્રભુ છે, પોતે જ્ઞાયક ચૈતન્ય, મધ્યમાંય એ અને અંતમાં વ્યાપીને અંતર્વ્યાપક થઈને વ્યાપીને એ પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વત્ય જે સમ્યગ્દર્શનજ્ઞાનનાં પરિણામ, મોક્ષમાર્ગના જે પરિણામ તે પરિણામનું પ્રાપ્ય તે કાળે થવાનું તે પૂર્વનું થયું બદલીને વિકારનું વ્યય થઇને ઉપજયું, તે પરિણામની આદ્યમાં અંતર્વ્યાપક ભગવાન થઈને આત્મા થઈને, આદ્યમાં પણ તે આત્મા છે, મધ્યમાં પણ તે આત્મા છે, અંતમાં પણ તે આત્મા છે. આહા !

શરૂઆત થઈ છે રાગની માટે જ્ઞાન થયું, અંતમાં છેડે આત્મા હતો માટે તેનું જ્ઞાન થયું એમ નથી. આહાહા ! એ સમ્યગ્દર્શનના પરિણામ થયા. વસ્તુ જે ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ એનું જ્ઞાન થઈ પર્યાયમાં જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન થઈ, જ્ઞાન પર્યાયે તેને જાણ્યું અને જાણીને એમાં પ્રતીતિ થઈ એ સમ્યગ્દર્શનની અને જ્ઞાનની પર્યાય, તે કાળે પ્રાપ્ય છે, તે કાળે તે થવાની હતી, થઈ છે તે છે એને આત્મા આદ્યમાં એને ગ્રહણ કરે છે. શરૂઆતમાંય એ, મધ્યમાંય એ, અને અંતમાંય એ, એને કોઈપણ પરની અપેક્ષા છે નહીં. આહાહાહા !

( શ્રોતાઃ- એક સમયની પર્યાયને ) એક સમયની પર્યાયને આદિ મધ્યમાં અંતમાં એ તો આત્મા કહેવો છે, પર નહીં એમ બતાવવું છે, બાકી તો એ પર્યાય પોતે સ્વતંત્ર છે. ષટકારકરૂપે પરિણમતી એ જ્ઞાનની અને સમકિતની પર્યાય, આહાહાહા.... આંહી તો ફક્ત પરથી જુદું પાડીને બતાવવું છે, એટલે એ આત્મા તેમાં અંતર્વ્યાપક થાય છે. ( શ્રોતાઃ- રાગથી જુદું પાડવા ) રાગથી ભિન્ન પાડયો છે. એટલે જ્ઞાનના પરિણામમાં અંતર્વ્યાપક છે એમાં એ રાગ હતો માટે અહીં જ્ઞાનના પરિણામ થયા, એમ નથી, એ બતાવવા અંતર્વ્યાપક આત્મા છે એમ બતાવ્યું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

( શ્રોતાઃ- એક પર્યાયના બે ટુકડા કેમ કર્યા આદિ-મધ્ય ) ટુકડા નહીં, એ પ્રાપ્ય છે તે તે સમય અને પૂર્વનો બદલ્યો તે વિકાર્ય પણ તે સમય અને ઉપજ્યો પણ તે સમય એક જ સમયમાં આદિ મધ્ય અંતમાં એ પોતે ને પોતે જ છે. ફેરવવામાં પણ ઈ, ઉપજવામાં પણ ઈ, અને પ્રાપ્યમાં પણ ઈ બધું એક સમયમાં, ત્રણ અપેક્ષા છે. આહાહાહા !

એક જ સમયનાં પરિણામ જે છે, જ્ઞાતાના પરિણામ જ્ઞાન, જ્ઞાતાના પરિણામ સમકિત, જ્ઞાતાના પરિણામ શાંતિ-ચારિત્ર, એ પરિણામમાં કોઈ રાગની આદ્ય છે. શરૂઆત માટે રાગ છે માટે જ્ઞાન થયું એમ નહીં, એ જ્ઞાનના પરિણામનું સમકિતના પરિણામમાં આદ્યમાં આત્મા, આંહી પરથી જુદું ઠેરવવું છે ને ? એની મધ્યમાં આત્મા અને અંતમાં આત્મા, નિશ્ચયથી તો લઈએ તો તે સમકિતનાં ને જ્ઞાનના પરિણામ જે એને જાણે છે, એ પરિણામ પરિણામના કર્તા, પરિણામ પરિણામનું કાર્ય, પરિણામ પરિણામનું સાધન એ પરિણામ ષટ્કારકથી પોતાથી ઉત્પન્ન થયા છે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ?

સમજાય એટલું સમજો બાપુ ! આ તો ભગવાનનો અનંત અનંત સાગર ભગવાન એના, એનો ઉલ્લેખ છે આ તો. આહાહાહા ! પાણીમાંથી પાણી જેમ ઉલેચે ને ? કાઢે ને ? એમ આંહી તો આનંદમાંથી આનંદની પર્યાય નીકળે એવું છે. આહાહા.... આહાહા.....

ભગવાન જ્ઞાયક થઈને એમ કીધું. એ જાણવાના પરિણામ થયા એની આદ્યમાં જ્ઞાયક છે, એની આદ્યમાં પર નહીં, એમ સિદ્ધ કરવું છે. જે છે તે તે જ છે, તેના તે તે જ છે. આદિમાં, મધ્યમાં અને અંતમાં ભગવાન છે. આહાહા ! અધિગમ સમકિત કહે છે ને ? એ સમકિતની આદ્યમાં પણ પોતે આત્મા છે મધ્યમાંય આત્મા અને અધિગમ સમકિત જે છે તે તો તે કાળે ધ્રુવપણે પ્રાપ્ય છે, તેને આત્મા ગ્રહણ કરે છે, તેથી તે અંતર્વ્યાપક થઈને, તેથી તે સમકિતની અધિગમ પર્યાય સમકિત, એની આદિ-મધ્યમાં આત્મા છે. ગુરુ નિમિત્ત છે માટે તેની આદિ મધ્યમાં છે ? ( શ્રોતાઃ- કાળલબ્ધિ તો કહેવાય ને ? ) કાળલબ્ધિ પણ કાંઈ એ નહીં, બધી એમાં આવી ગઈ. આહાહા ! આવું ઝીણું છે.

આ તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને તેને ગ્રહતો, પોતાના શુદ્ધ પરિણામ પવિત્ર જે છે, તેને ગ્રહતો એટલે પ્રાપ્ય, તે રૂપે પરિણમતો એટલે વિકાર્ય, તે રૂપે ઉપજતો એટલે નિર્વત્ય. તે આત્મપરિણામને કરે છે, એ આત્મા અંતર્વ્યાપક થઈને આદિમધ્યમાં થઈને આત્મપરિણામને આત્મા કરે છે. આહાહાહાહા !

આ ગાથાઓ એવી છે ઝીણી, બહુ ઝીણું તત્ત્વ. આમ આત્મા વડે કરવામાં આવતું જે આત્મપરિણામ, આત્મા વડે થતાં જ્ઞાનના પરિણામ, આત્મા વડે થતાં સમક્તિના પરિણામ, કે આત્મા વડે કરવામાં આવતું આત્મ-પરિણામ એટલે પર્યાય, તેને જ્ઞાની જાણતો હોવા છતાં, તેને જ્ઞાની જાણતો એટલે જ્ઞાની જાણવાનું કાર્ય કરે, એની પર્યાયની થઈ એને, જ્ઞાની જાણતો હોવા છતાં જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય અંતમાં વ્યાપીને, માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને આદિ મધ્ય અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઉપજે છે. આહાહાહા !

ઘડાની આદ્યમાંય માટી, આદિમાં કુંભાર આવ્યો નિમિત્ત માટે તેની આ ઘડાની પર્યાયની શરૂઆત થઈ એમ નહીં. આહાહાહા ! માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિમાં ઘડાની આદિમાં માટી, મધ્યમાં માટી ને અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે. માટી ઘડાને ગ્રહે છે ધ્રુવને, એટલે ? ઘડાની પર્યાય તે ધ્રુવપર્યાયપણે તે નિશ્ચયપણે તે વખતે થવાની જ છે, નિજક્ષણ છે. આહાહાહાહા ! એય ! એવા ઘડાને એ માટી ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે માટી, અને ઘડારૂપે ઉપજે છે. તેને જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર વ્યાપીને, જેમ એ માટી અંદરને ગ્રહીને ઘડાની આદિ મધ્યમાં છે, તેમ જ્ઞાની બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં, રાગમાં અંતર્વ્યાપક થઈને આદિ મધ્ય અંતમાં વ્યાપીને તેને ગ્રહતો નથી. વિશેષ આવશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૬૬ ગાથા-૭૭-૭૮ તા. ૧૧/૦૧/૭૯ ગુરુવાર પોષ સુદ-૧૪

૭૭ ગાથા આંહી આવ્યું છે જ્ઞાની પોતે, નહીં ? જ્ઞાની એને કહીએ ધર્મી એને કહીએ, કે જે પરપદાર્થનો કર્તા તો થાય નહીં, પણ અંદરમાં દયા, દાન, વ્રતનાં પરિણામ આવે એનો એ કર્તા ન થાય, કેમ કે આત્મા જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ સ્વભાવ છે એની દૃષ્ટિ થઈ અને અનુભવ થયો, એ વિકારના પરિણામનો કર્તા ન થાય, ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ હો શુભ, એને પણ એ ન કરે. કેમ કે વસ્તુ સ્વભાવ જે આત્મા જ્ઞાયક ત્રિકાળ જે શુદ્ધ ચૈતન્યઘન એવી જેને અંતરમાં દૃષ્ટિ થઈ છે અને એનું જ્ઞાન વર્તમાન પર્યાયમાં તેનું પૂર્ણ વસ્તુનું જ્ઞાન થયું છે તેથી તે જ્ઞાની, આ જ્ઞાનીના શબ્દની વ્યાખ્યા કરી છે. આહાહાહા !

જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમમાં, એટલે શું કહ્યું ? જે કાંઈ શુભ-અશુભ ભાવ થાય એ બધા બાહ્યસ્થિત છે, અંતરની ચીજ નથી. આહાહા ! આવી વાત આકરી પડે, પણ શું થાય ? ધર્મી જીવ એને કહીએ કે જે પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામ, ચાહે તો એ વિકલ્પ દયા, દાનનો હોય ભક્તિનો, પૂજાનો, વ્રતનો, ભગવાનના વંદનનો, સ્તુતિનો, એ ભાવ રાગ છે તે બાહ્યસ્થિત છે, સ્વરૂપના દ્રવ્યગુણ પર્યાયમાં એ નથી. આહાહાહા ! ઝીણી વાત છે બાપુ.

બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામ, એ પુણ્યના પરિણામ પણ પરદ્રવ્યના પરિણામ, પાઠ છે ને ? "પરદ્રવ્ય પર્યાયે ન" -આહાહા ! એ પરદ્રવ્યના પરિણામમમાં અંતર્વ્યાપક થઈને, જ્ઞાયક સ્વરૂપ પોતે અંતરમાં પેસીને, પ્રસરીને આદિ મધ્ય અંતમાં વ્યાપીને એ શુભભાવ છે એને પણ આદિ મધ્ય અંતમાં વ્યાપીને, જ્ઞાની ગ્રહતો નથી. આહાહાહા.... બહુ ઝીણી વાત ભગવાન. બાહ્યની શરીર, વાણી, મન, પૈસા, લક્ષ્મી એ તો ક્યાંય બહાર રહી ગયા, એ તો બાહ્યસ્થિત તો તેના દ્રવ્યગુણ પર્યાયમાં, ( પણ નથી ) એને તો ધર્મી અડતોય નથી, કરતોય નથી. આહાહાહા !

ધર્મી એને કહીએ જેને જન્મ મરણના અંત આવ્યા છે. જેણે ભગવાન આત્માના પૂર્ણાનંદ સ્વરૂપને વર્તમાન જ્ઞાનની પર્યાય દ્વારા જાણી લીધો છે. જેણે વર્તમાન જ્ઞાનની દશાને ત્રિકાળી તરફ વાળીને જેણે તેનું જ્ઞાન કર્યું છે, એવો જ્ઞાની, એવો જે ધર્મી, કોઈ કહે કે જ્ઞાની અને ધર્મી જુદી ચીજ છે, એમ નથી. એ ધર્મી જીવ પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમમાં, ( શ્રોતાઃ- વિકારને પરદ્રવ્યના પરિણામ કીધા છે ) વિકાર પરદ્રવ્યના પરિણામ.

આંહી દૃષ્ટિનો વિષય એ છે અને જ્ઞાન થયું છે ને એની અત્યારે વાત છે ને, તે જ્ઞાનથી છે વાત પણ તે દૃષ્ટિની પ્રધાનતાથી વાત છે, જ્ઞાનની પર્યાયથી વર્ણનમાં આવે ત્યારે એમ કહેવાય કે રાગ જે થયો છે એ એની પર્યાયમાં પરિણમ્યો છે થયો છે. એ જ્ઞાનનો વિષય જ્યારે સમ્યગ્જ્ઞાનનો દૃષ્ટિના વિષયની સાથે થયેલું જ્ઞાન, એ જ્ઞાનથી જાણવામાં આવે ત્યારે એમ કહેવાય, કે જે કાંઈ દયા દાનના પરિણામ થયા. વ્રત ભક્તિ એ પર્યાયમાં થયા એટલે એ પરિણમન એનું છે. એનો કર્તા છે એનું જ્ઞાન કરાવ્યું. પણ અંહીયા તો દૃષ્ટિપ્રધાનના અધિકારમાં

દ્રવ્યસ્વભાવ છે જેની દૃષ્ટિમાં, આહાહા... આરે ! વાત બહુ આકરી બાપુ. એ દ્રવ્ય સ્વભાવ જે જ્ઞાયક પરમાનંદ પ્રભુ એનું જેને અંતરમાં જ્ઞાન સ્વસન્મુખ થઈને થયું છે, તેને બધી તરફથી વિમુખતા, પરથી વિમુખતા છે. શરીર, વાણી, મનની, ક્રિયાથી તો વિમુખ છે, પણ અંદરમાં પાપના ને પુણ્યના પરિણામ થાય, તેનાથી પણ એ વિમુખ છે. આવી વાત છે પ્રભુ, આકરી લાગે એવી છે, બાપુ શું થાય ?

અરે એણે અનંત અનંત કાળમાં ૮૪ના અવતાર કર્યા અનંત એણે, સ્વર્ગના, નરકના, તિર્યંચના, અનંત અનંત ભવમાં એ દુઃખી થઈને રખડે છે, એ ભલે શેઠીયા અબજોપતિ થાય ને રાજા મોટા થાય કે દેવ થાય પણ એ બધા દુઃખી છે, કેમ કે તેને રાગની એકતાના મિથ્યાત્વભાવમાં તેને મિથ્યાત્વનું દુઃખ છે. આહાહા ! ( શ્રોતાઃ- લૌકિકમાં તો પૈસા મળે એને સુખ કહેવાય ) આંહી પૈસામાં હોય તોય પૈસામાં અને ન હોય તોય પૈસામાં નથી, એને ક્યાં પૈસા હતા આત્મામાં ? પ્રેમચંદભાઈ ! આહાહા !

ભગવાન વાતું બાપા ! ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવ ભગવાન, એમ ફરમાવે છે, કે પૈસાને લાવવું ને મુકવું ને વાપરવું ને એ તો જગત, આત્મામાં છે જ નહીં. ( શ્રોતાઃ- કોઈ અપેક્ષાએ નહીં ? ) કોઈ અપેક્ષાએ નથી. ( શ્રોતાઃ- વ્યવહારે તો કહેવાયને ) વ્યવહાર બોલે છે એ તો કથનમાત્ર છે. એ બોલે માટે શું ? ગામ મારું એમ થઈ ગયું ? રાજકોટ કોનું ગામ ? કે મારું, એટલે થઈ ગયું એનું ? એ તો કથનમાત્ર છે. એમ કહેવામાં આવે કે આના પૈસા ને આણે પૈસા વાપર્યા, એ તો કથનમાત્ર છે, કાંઈ એના છે નહીં. એની વાત અહીં તો છે જ નહીં, કારણકે એ તો જુદી ચીજ, જુદી ચીજ છે. એ એનું ટકવું ને બદલવું તો તેમાં તેને કારણે છે.

હવે આત્મામાં પણ જે રાગાદિ થાય, એને પણ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાથી, જે સ્વભાવનું જ્ઞાન થયું તેથી સ્વભાવની દૃષ્ટિની પ્રધાનતાએ આ કથન છે. એને એ રાગાદિ થાય તે બાહ્યસ્થિત છે, જ્ઞાનની દૃષ્ટિએ જુએ તો તેની પર્યાયમાં છે એમ જ્ઞાન જાણે, પણ સમ્યગ્દર્શન છે, એ નિર્વિકલ્પ છે. અને તેથી તેનો વિષય નિર્વિકલ્પ વસ્તુ છે, એમાં ભેદનો વિષય એમાં આવે નહીં, પર્યાયનો ભેદનો વિષય ન આવે તો રાગ તો એમાં આવે ક્યાંથી ? આવું છે. અરે શું થાય ? અનંત કાળથી રઝળે છે, “અનંત કાળથી આથડયો વિના ભાન ભગવાન સેવ્યા નહીં ગુરુ સંતને મુકયાં નહીં અભિમાન,” આહાહાહા ! શું સંત કહે છે, પરમાત્માની વાણીમાં, એણે સાંભળ્યું નહીં, બેઠું નહીં, રુચ્યું નહીં, ગોઠયું નહીં. આહાહા !

આંહી કહે છે અજ્ઞાની રાગ થાય છે એનો કર્તા થાય છે, કેમ કે તેને સ્વભાવની દૃષ્ટિનું સ્વામીપણું નથી, અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ તેને સ્વભાવ જે અખંડ આનંદ પ્રભુ, તેનું તેને સ્વામીપણું નથી, ધણીપણું નથી તેને જાણ્યો નથી, તેથી તે અજ્ઞાની તો રાગ, દયા, દાન આદિના રાગનો કર્તા થઈને હું કરું છું તેમ મિથ્યાત્વને સેવે છે. આહાહાહા !

અહીંયા ધર્મી જીવ, પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને એ પરદ્રવ્યના પરિણામ કીધાં. આહાહા ! ભગવાન આત્માના પરિણામ તો જાણવું, દેખવું, આનંદ એ એના પરિણામ. રાગાદિ પરિણામ છે એ પરદ્રવ્યનાં, અહીંયા દૃષ્ટિના ધ્યેયની નિર્વિકલ્પ દૃષ્ટિનો વિષય નિર્વિકલ્પ છે તેની અપેક્ષાએ કથન છે. સમજાણું કાંઈ ? આહાહાહા... ઝીણું પડે ભાઈ ! આ

તો શાંતિથી સમજવા જેવું છે ભાઈ ! એણે અનંત કાળ ગાળ્યા રખડવામાં, શાસ્ત્રના જાણપણા પણ અનંતવાર કર્યા છે, એ કાંઈ જાણપણું એ આત્માનું જ્ઞાન નહીં. આહાહા !

અહીંયા તો આત્મા, પ્રભુ પૂર્ણાનંદનો નાથ ભગવાન, એને જેણે જ્ઞાનમાં ગ્રહ્યો છે, પકડયો છે, એવો જે ધર્મી જીવ એને બાહ્ય રાગાદિના પરિણામ ભગવાનના વિનયના, પંચપરમેષ્ટિના સ્મરણના, એના ભક્તિના ભાવ આવે, તે બાહ્યસ્થિત છે. અંતરવસ્તુ જે ભગવાન અંતર આત્મામાં એ નથી. એવા અંતર્વ્યાપક થઈને આદિ મધ્ય અંતમાં વ્યાપીને એ રાગની શરૂઆતમાં રાગ થયો એમાં આદ્યમાં તો આત્મા હતો એમ નહીં. આહાહાહા... આકરું કામ ભાઈ, ધર્મ કોઈ અલૌકિક ચીજ છે. અરે અત્યારે તો બધું ગરબડ એવી થઈ ગઈ છે કે ચોર કોટવાળને દંડે એવું છે. આહાહા.... એમ થાય શું થાય. બાપુ !

ભગવાન ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવની આ વાણી છે એ સંતો આડતિયા થઈને જગતને ફરમાવે છે, દિગંબર સંતો છે. કહે છે, કે પુણ્ય પરિણામ જે થાય દયા, દાન, વ્રત, ભક્તિ આદિના શુભ અને એની આદિ મધ્ય અંતમાં વ્યાપીને આત્મા, તેને ગ્રહતો નથી પ્રાપ્ય. રાગના ભાવને ધર્મી ગ્રહતો નથી. શરૂઆતમાં આદ્યમાં આ રાગ મારો છે એમ નહીં, મધ્યમાં રાગ મારો છે એમ નહીં, ને અંતે રાગ મારો એમાં એમેય નહીં, આવી વાતું. હવે બેસવી આકરી પડે ભાઈ શું થાય ? દુનિયા તો જાણીએ છીએ ને ? દુનિયા નથી જાણતાં ? તેને ગ્રહતો નથી એ પ્રાપ્ય, એ રાગ થાય, વિકલ્પ ઉઠે તે જ્ઞાની ગ્રહતો નથી એટલે પ્રાપ્ય, તે વખતે તે પરિણામ નિશ્ચયથી પુદ્‌ગલના પરિણામ છે તેમ નિશ્ચયથી તે છે. તે મારાં પરિણામ નહીં. તેને એ ગ્રહતો નથી જ્ઞાની. આહાહાહા ! આવું આકરું પડે ભાઈ ! શું થાય ?

તે રૂપે પરિણમતો નથી વિકાર્ય, રાગરૂપે વ્યવહાર રત્નત્રયના રાગરૂપે પણ જ્ઞાની પરિણમતો નથી. વિકાર્ય એટલે ફેરફાર કરીને થતો, પરિણમતો નથી અને તે રૂપે ઉપજતો નથી. વ્યવહાર રત્નત્રયનો જે શુભરાગ દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ અને શાસ્ત્રનું પણ વિકલ્પાત્મક જ્ઞાન, તેને તે ગ્રહતો નથી, તે રૂપે પરિણમતો નથી, તે રૂપે ઉપજતો નથી. આહાહા ! ઝીણું છે પ્રભુ ! બધી દુનિયાની તો ખબર છે ને. આહા ! આહા !

“જોકે, માટે, જોકે જ્ઞાની પોતાના પરિણામને જાણે છે,” જોયું ? એમ કે એને કરતો નથી ત્યાં એ જાણવાનું તો કામ તો કરે છે. પોતાના જ્ઞાન પરિણામને જાણવાનું તો કરે છે, તો ભેગું રાગને કરે એમાં શું વાંધો ? ના, ના એ રાગને ન કરે રાગનું આંહીં જ્ઞાન થાય એ પોતાનું જ્ઞાન છે તેને જાણે, ઈ જાણવાનું કાર્ય એનું છે. આવો ઉપદેશ કઈ જાતનો છે, કાંઈ મોં-માથાં હાથ આવે નહીં. એવી વાત છે ભાઈ ! પરમ ધર્મ સત્યની ચીજ કોઈ અલૌકિક છે. પહેલું એને સાંભળવું મળવુંય મુશ્કેલ છે, સાંભળવા મળે છતાં અંદર પાછું વિચારમાં એ વાત બેસવીય કઠણ છે. વિચારમાં બેઠા પછી એની દૃષ્ટિ થવી ને પરિણમન થવું એ તો મહાકઠણ. આહાહાહા ! આવી વાત છે પ્રભુ શું કરીએ ?

જો કે જ્ઞાની પોતાના પરિણામને જાણે છે, જોયું ? પોતાના પરિણામને જાણે છે. રાગ જે થયો તેનું અહીં જ્ઞાન થયું એ જ્ઞાનના પરિણામ પોતાના છે. એ જ્ઞાનના પરિણામને, જ્ઞાની

પરિણામને જાણે છે. જ્ઞાની જ્ઞાન સ્વરૂપને તો જાણે છે ત્રિકાળને, પણ તેના પરિણામને પણ એ જાણે છે, જાણવા દેખવાના જે પરિણામ શુદ્ધ છે તેને તે જાણે છે, ઈ જાણે છે, તેવું કર્તાકર્મપણું છે. જાણે છે તે કાર્ય છે અને કર્તા પોતે આત્મા, એવું કર્તાકર્મપણું છે. પણ છતાં તે આ કર્તાકર્મપણાની હારે રાગનો પણ કર્તા અને કાર્ય છે એ આત્મામાં નથી. આહાહાહા !

( શ્રોતાઃ- કઠણ તો છે ) કઠણ છે ભાઈ, ખબર છે ને બાપુ. ૮૯ વરસ તો દેહને થયા જડને, ૭૦ વર્ષથી તો આ જગતને જાણીએ છીએ. જગતની કેટલી લીલા ને કેટલી વિચિત્રતા ને વિવિધતા ને વિપરીતતા બહુ આકરું કામ બાપા.

અહીંયા કહે છે પ્રભુ, જે કાંઈ પોતાના પરિણામને જાણે, તો પણ આવું કાર્ય હોવા છતાં, કર્તા કાર્યપણું છે, એમ કહે છે, તો પણ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું જે વ્યાપ્ય લક્ષણવાળું પરદ્રવ્ય પરિણામ, એ રાગના ભાવ એ પરદ્રવ્ય પરિણામ છે. તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી. સમજાણું કાંઈ ? આહા...

ભાવાર્થઃ- ૭૬ મી ગાથામાં કહ્યું ' તું એ અનુસાર અહીં પણ જાણવું ત્યાં 'પુદ્‌ગલ' કર્મને જાણતો જ્ઞાની' એમ હતું, પુદ્‌ગલકર્મને જાણતો, તેના કર્તાનું કર્મ નથી, અહીંયા પોતાના પરિણામને જાણતો જ્ઞાની એટલું ફેરવ્યું. આહા !

ત્યાં રાગને જાણતો જ્ઞાની રાગના કાર્ય નથી, એમ આંહીં પોતાના પરિણામને જાણતો, રાગનું કાર્ય એનું નથી. સમજાણું કાંઈ ? ભાઈ એક એક શબ્દમાં એક એક ભાવમાં મોટો આંતરો છે બાપુ. આહાહાહા !

**❀ શ્રદ્ધા-જ્ઞાનનું ભાતું સાથે લઈને જવું જોઈએ. ❀**

એક ગામથી બીજે ગામ જાય તોય ભાતું સાથે લઈને જાય છે તો બીજા ભવમાં જવા માટે કાંઈ ભાતું હોય કે નહીં ? શ્રદ્ધા-જ્ઞાનનું ભાતું સાથે લઈને જવું જોઈએ. બાયડી સામે જોવે તો પાપ, છોકરા સામું જોવે તો પાપ, પૈસા સામું જોવે તો પાપ, પર સામું જોતાં બધે પાપ...પાપ...ને પાપ છે. અરે ! કયાં એને જવું છે ? રાગ અને હું એક છું એવું મિથ્યાત્વનું ભાતું લઈને જવું છે ? રાગથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ હું છું એવું ભાતું સાથે લઈ જાય તો આગળ વધવામાં એને કામ આવશે. અંદરમાં અસંખ્ય પ્રદેશમાં ઊંડે ઊંડે તળીયે ધ્રુવમાં પર્યાયને લઈ જવાની છે. આ તો ધીરાના-વીરાના કામ છે.

**( આત્મધર્મ, અંક ૭૨૬, વર્ષ-૬૦, પાના નં. ૧૫ )**

## ગાથા - ૭૮

पुद्गलकर्मफलं जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्मभाव: किं भवति किं न भवतीति चेत्-

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मप्फलमणंतं।। ७८।।**

नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये।
ज्ञानी जानन्नपि खलु पुद्गलकर्मफलमनन्तम्।।७८।।

यतो यं प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं सुखदु:खादिरूपं पुद्गलकर्मफलं कर्म पुद्गलद्रव्येण स्वयमन्तर्व्यापकेन भूत्वादिमध्यान्तेषु व्याप्य तद् गृह्णता तथा परिणमता तथोत्पद्यमानेन च क्रियमाणं जानन्नपि हि ज्ञानी स्वयमन्तर्व्यापको भूत्वा बहि:स्थस्य परद्रव्यस्य परिणामं मृत्तिकाकलशमिवादिमध्यान्तेषु व्याप्य न तं गृह्णाति न तथा परिणमति न तथोत्पद्यते च, तत: प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य सुखदु:खादिरूपं पुद्गलकर्मफलं जानतोऽपि ज्ञानिन: पुद्गलेन सह न कर्तृकर्मभाव:।

---

હવે પૂછે છે કે પુદ્ગલકર્મના ફળને જાણતા એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ ( કર્તાકર્મપણું ) છે કે નથી ? તેનો ઉત્તર કહે છેઃ-

**પુદ્ગલકરમનું ફળ અનંતું જ્ઞાની જીવ જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.**

**ગાથાર્થઃ**-[ ज्ञानी ] જ્ઞાની [ पुद्गलकर्मफलम् ] પુદ્ગલકર્મનું ફળ [ अनन्तम् ] કે જે અનંત છે તેને [ जानन् अपि ] જાણતો હોવા છતાં [ खलु ] પરમાર્થે [ परद्रव्यपर्याये ] પરદ્રવ્યના પર્યાયરૂપ [ न अपि परिणमति ] પરિણમતો નથી, [ न गृह्णाति ] તેને ગ્રહણ કરતો નથી અને [ न उत्पद्यते ] તે-રૂપે ઊપજતો નથી.

**ટીકાઃ**- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળસ્વરૂપ જે કર્મ ( કર્તાનું કાર્ય ), તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું, તે-રૂપે પરિણમતું અને તે-રૂપે ઊપજતું થકું, તે સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળને કરે છે; આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતું જે સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળ તેને જ્ઞાની જાણતો હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-

**રૂપે ઊપજતો નથી; માટે, જોકે જ્ઞાની સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મના ફળને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**

**ભાવાર્થઃ- ૭૬ મી ગાથામાં કહ્યું હતું તે અનુસાર અહીં પણ જાણવું. ત્યાં 'પુદ્‌ગલકર્મને જાણતો જ્ઞાની' એમ હતું તેને બદલે અહીં 'પુદ્‌ગલકર્મના ફળને જાણતો જ્ઞાની' એમ કહ્યું છે-એટલું વિશેષ છે.**

## પ્રવચન નં. ૧૬૬ ગાથા-૭૮ તા. ૧૧/૦૧/૭૯

હવે ૭૮, ૭૭ થઈ. હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મના ફળને જાણતા-શું કહ્યું એ કહે છે, કે આત્મામાં જે કાંઈ હરખ ને શોક, સુખ ને દુઃખની કલ્પના થાય, એવો એ પુદ્‌ગલકર્મના ફળને જાણતો, એ સુખ દુઃખની કલ્પનાને જ્ઞાની જાણતો, સુખ દુઃખની કલ્પના એ નિશ્ચયથી પુદ્‌ગલનું ફળ અને પુદ્‌ગલનું કાર્ય છે. આહાહા... હેં ? ( શ્રોતાઃ- આવી ચોખવટ તો આપ કરો છો ) વસ્તુ આમ છે ભાઈ. દુનિયા તો, દુનિયાને જાણતા નથી ? દુકાનના ધંધે હતા ત્યારે પણ દુનિયાને બહુ જાણતો, હું તો નિવૃત્તિથી વાંચતો ત્યારે, દુકાન ઉપરેય તે. શાસ્ત્રો વાંચતો તે દિ' ૧૭-૧૮ વર્ષની ઉંમરે ૭૦ વર્ષ પહેલાં, આંહીં તો ઘરની દુકાન હતી પિતાજીની, એ પાંચ વરસ ચલાવી'તી, પણ છતાં હું તો વાંચતો શાસ્ત્ર ને અંદર, ઓહો ! અરે માર્ગ કોઈ જુદો છે. આહા !

અહીંયા કહે છે, પુદ્‌ગલકર્મના ફળને, એટલે કે જે કલ્પના થાય કે આ પૈસામાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, ખાવા પીવામાં મેસુબમાં ખાવામાં સુખ છે, એવી કલ્પના થાય, એ પુદ્‌ગલકર્મનું ફળ છે, એ આત્માનું ફળ નહીં. અને એને તાવ આવતા, નિર્ધનતા થતાં, જે દ્વેષના પરિણામ થાય, એ પણ દ્વેષના પરિણામ એ પુદ્‌ગલના કર્મનું ફળ છે, આત્માનું ફળ નથી એ. આહાહાહાહા !

પુદ્‌ગલકર્મના ફળને જાણતાં, એ સુખ એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મ ભાવ સાથ છે કે નહીં ? કેમ આ પ્રશ્ન ઉઠયો ! કે એ પુદ્‌ગલકર્મનું ફળ જે સુખ દુઃખની કલ્પના એને જાણે તો છે, એટલું જાણવું તો થાય છે કે નહીં ? તો જાણવાનું કાર્ય તો પોતે કરે છે, એ હરખ-શોકના પરિણામને જાણે એ જાણવાનું કાર્ય તો કરે છે, તો પછી કર્મફળ છે, એ એનું કાર્ય છે કે નહીં ? સમજાણું કાંઈ ?

ભાઈ, બાપા મારગડા જુદા ભાઈ. અરેરે ! એને મળે નહીં અને જીંદગી હેરાન થઈને હાલ્યા જાય, પશુમાં અવતરે. ઘણાં તો ઢોરમાં. આહાહા ! કાલે જો ને કંઈક વાત થઈને આંહી બે મરી ગયા. અહીં એક કણબીનાં બે ભાઈયું, શું કહેવાય એ તમારું એ. ( શ્રોતાઃ- મોટરસાયકલ ) મોટરસાયકલ, જોરમાં આવતા'તા આમ તે અહીંથી બસ આમ નીકળી, ને એ વળમાં આવ્યા- ગુજરી ગયા. એક તો તરત ત્યાં મરી ગયો. કાલ સવારમાં કે સાંજે ક્યારે ખબર નહીં, બીજો મરવાની તૈયારી છે. એ પર્યાય તે કાળે તે રીતે થવાની એમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. આહાહાહા ! ( શ્રોતાઃ- ધ્યાન રાખે તો ન થાય ) ધ્યાન રાખે કેવી રીતે ધ્યાન, પરની ક્રિયા જે થવાની તેમાં ધ્યાન રાખે તોય થાય ને ન થાય એમ છે જ નહીં. એવી વાતું છે. આહા ! જે સમયે

તે શરીરની પર્યાય જે પ્રકારે થવાની તે તેનો સમય નિજક્ષણ છે, એને કોઈ બીજો બદલાવી શકે, ત્રણ કાળમાં નહીં.

આંહી તો એ વાત તો ક્યાંય રહી ગઈ, શરીરની અવસ્થાને હું રાખું એ તો પ્રશ્ન છે જ નહીં. અહીંયા તો જે કર્મના ફળ તરીકે આત્માના આનંદનું ફળ આવનારને, એ કર્મના ફળ તરીકે સુખદુઃખ ને હરખશોકની કલ્પના થઈ, તે કલ્પનાને ધર્મી જાણે ખરો ત્યારે જાણવાનો સંબંધ એટલો તો કામકાજ કરે છે કે નહીં, તો જાણવાના કાર્યમાં એ હરખ શોકનું ફળ એ તેનું કાર્ય ખરું કે નહીં ? આહાહા ! ત્યાં પુદ્‌ગલકર્મને જાણતો જ્ઞાની એમ આંહી જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મપણું છે કે નથી ? એનો ઉત્તર કહે છે.

આવો જેને પ્રશ્ન ઉઠયો છે અંદરથી, કે ભગવાન આત્મા તો જ્ઞાન સ્વરૂપીના આનંદના સ્વરૂપનું જ્ઞાન થયું, એ ક્ષણે જે એને જે કંઈ હરખશોકની કલ્પના હોય એને તે જાણે, કેમ કે જીવનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે એથી પરને જાણે, તો એટલો સંબંધ છે, તો ઈ સુખદુઃખની કલ્પનાનું કાર્ય જીવનું છે કે નહીં ? ઈ જીવ તેને ભોગવે છે કે નહીં ? જીવ એ હરખશોકના પરિણામને ભોગવે છે તો પછી હરખશોકના પરિણામને ભોગવે છે કે નહીં ? આમ છે ભગવાન શું કરીએ ? આહાહાહા... એ પ્રશ્ન ઉત્તર, ઉત્તર છે. આવું જે પૂછે તેનો ઉત્તર છે.

ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।
णाणी जाणंतो वि हु पोग्गलकम्मप्फलमणंतं।। ७८।।

પુદ્‌ગલકરમનું ફળ અનંતું જ્ઞાની જીવ જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.

અનંતું ફળ લીધું જોયું, સુખ દુઃખની કલ્પનામાં અનંતી શક્તિ છે. એની ટીકાઃ- 'પ્રાપ્ય' એટલે સુખદુઃખની કલ્પનાના પરિણામ તો તે સમયે થવાના હતા તે થયા, તેને પુદ્‌ગલે ગ્રહણ કર્યું, પણ આત્મા તેને પ્રાપ્ય કરતો નથી. આહાહાહા ! આવી વાતું હવે આમાં, ઓલી તો વાતું દયા પાળો, વ્રત કરો, સેવા કરો, પાંજરાપોળ કરો, લાખ બે લાખ આપો, પાંચ લાખ દસ દસ લાખ ગૃહસ્થ માણસ આપે, પચાસ પચાસ લાખ આપે, એમાં શું થયું ? એમાં એ ધર્મ ક્યાં હતો ઇ ? એમાં રાગની મંદતા થાય તેનું પણ કાર્ય જીવનું નથી. ધર્મીનું એ કાર્ય નથી. આહાહાહા ! આવી વાતું છે.

'પ્રાપ્ય' એટલે કે જે સુખદુઃખના પરિણામ થવાનો કાળ છે તે પુદ્‌ગલના, વ્યાપ્ય થયું છે. પુદ્‌ગલ વ્યાપક છે અને સુખદુઃખની કલ્પનાનું વ્યાપ્ય પ્રાપ્ય તે તેને પહોંચી વળવું પુદ્‌ગલ, એ પ્રાપ્ય. 'વિકાર્ય' એ પુદ્‌ગલકર્મ જ પૂર્વના પરિણામને ફેરવીને સુખદુઃખના પરિણામ થયા એ પુદ્‌ગલનું કાર્ય, "નિર્વર્ત્ય" એ પુદ્‌ગલથી સુખદુઃખના પરિણામ નિપજ્યા છે, ઉપજ્યા છે, આહાહા !

( શ્રોતાઃ- આખી દુનિયા કહે છે જીવથી થાય અને આપ કહો છો પુદ્‌ગલથી ) એ જીવથી, પર્યાયથી જોતાં આંહીં એનાથી થાય છે, પણ આંહી તો દ્રવ્યદૃષ્ટિથી જોતાંની વાત છે ને ? એ તો આગળ કહેશે. પર્યાયથી તો એનામાં થાય છે, એ કરે ને થાય છે સુખદુઃખની કલ્પના, પણ અહીં સ્વભાવની દૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિનો વિષય બતાવવો છે, તો દૃષ્ટિ છે એ નિર્વિકલ્પ છે ને એનો વિષય

ધ્રુવ તે નિર્વિકલ્પ છે, એટલે એના કાર્ય તરીકે સુખદુઃખની કલ્પના એનું કાર્ય ન હોય. આ અપેક્ષા છે બાપુ, સમજાય એટલું સમજવું ભાઈ. આ તો ત્રણલોકના નાથ, જિનેશ્વરદેવ, પરમેશ્વર તીર્થંકર એનો આ હુકમ છે. આ પામરને ન બેસે એથી કરીને વસ્તુ ફરી ન જાય. આહાહા !

કહે છે કે પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય. થતું, પલટતું અને ઉપજતું. ટૂંકી ભાષા કરી છે પ્રાપ્ય એટલે થતું, વિકાર્ય એટલે પલટતું, અને નિર્વત્ય એટલે ઉપજતું. ધ્રુવ, વ્યય અને ઉત્પાદ, પર્યાયનો ધ્રુવ હોં તે સમયનો. એ સુખદુઃખની પર્યાય તે સમય થવાની જ હતી, પુદ્‌ગલનું વ્યાપ્ય છે એ, આત્માનું નહીં. આહાહા !

એવું વ્યાપ્ય લક્ષણવાળું સુખદુઃખ આદિ, દુઃખ આદિ એટલે રતિ થાય, અરતિ થાય, શોક થાય, હોંશ થાય, હરખ થાય. એ સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મફળ સ્વરૂપ એ પુદ્‌ગલના ફળનું કાર્ય સ્વરૂપ પુદ્‌ગલનું છે, એ પુદ્‌ગલનું ફળ કાર્ય છે. એ કર્તાનું કાર્ય છે, પુદ્‌ગલ કર્તા ને એનું તે કાર્ય, તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે, અંતર્વ્યાપક થઈને ( વ્યાપે છે ). આહાહાહાહા !

ભગવાન તો આનંદસ્વરૂપ છે ને જ્ઞાનસ્વરૂપ છે એવું જ્યાં એને ભાન થયું એની વાત છે, જેને ધર્મની દૃષ્ટિ પ્રગટી છે, ધર્મ એ આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એનું જેને જ્ઞાન અને ધર્મ દશા પ્રગટી છે, એને એ સુખદુઃખના પરિણામનું પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વત્ય એ પુદ્‌ગલનું છે. તેમાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને આદિ મધ્ય અંતમાં, એ સુખદુઃખની કલ્પનાની આદ્યમાં પુદ્‌ગલ છે, એ સુખદુઃખની આદ્યમાં આત્મા છે એમ નહીં આંહી.

બરાબર ગાથાયું એવી આવી છે ને ? ભાઈ લંડનથી આવ્યા છે ને, લંડનમાં વાંચે છે ત્યાં, આંહીનું વાંચે, આફ્રિકામાંય વાંચે છે, પચીસ ત્રીસ વર્ષથી અહીંનું સાહિત્ય, પાંચ હજાર ઓલા ગયા છે ત્યાં, શું કહેવાય આ તમારા ? રેકોર્ડીંગ સમયસારના પાંચ હજાર રેકોર્ડીંગ ગયા છે, આફ્રિકામાં નૈરોબી, ત્રીસ વર્ષથી વાંચે છે ત્યાં. આહાહા !

ભાઈ શું કહીએ ? એટલે આ કહે છે કે દુનિયાને ઠીક ન પડે, એથી કહેતાં લાજ આવે, પણ વસ્તુ તો આ છે. જેને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન છે, તેનો વિષય નિર્વિકલ્પ સામાન્ય સ્વરૂપ છે. એનો વિષય પરિણામ નિર્મળ પણ એનો વિષય નહીં, તો રાગ છે એને સુખદુઃખની કલ્પના છે એ તો એનો વિષય છે નહીં. પણ વિષય દ્રવ્યને સ્વભાવમાં કરતા જે પરિણામ જાણવા દેખવાના થાય, એ એનો વિષય નથી, પણ જાણવા દેખવાના પરિણામનો કર્તા પોતે છે, અને જાણવા દેખવાના પરિણામ તેનું કાર્ય છે. સમજાણું કાંઈ ?

ઈ જાણવા દેખવાના પરિણામમાં અંતર્વ્યાપક આત્મા થઈને, જ્યાં વ્યાપ્ય પ્રાપ્ય એટલે તે વખતે તે સુખદુઃખની કલ્પના હતી તેનું તે વખતે જ્ઞાન થયું, એ પોતાથી તે જ્ઞાન એનું વ્યાપ્ય, એ જ્ઞાનનો કર્તા થઈને વ્યાપ્ય કાર્ય તેનું છે, જાણવું. પણ એને સુખદુઃખની કલ્પના તે તેનું પ્રાપ્ય ને કાર્ય છે, એમ નહીં. આહાહાહા ! અરરર ! આવો માર્ગ ! નૌતમભાઈ ! સંભળાય છે ? સંભળાય છે એમ કીધું.

( શ્રોતાઃ- સમજાય હજી આપ વધારે સમજાવો તો ) શક્તિ પ્રમાણે તો થાય છે. ભાષાની શક્તિ હોય ઇ પ્રમાણે થાય, એ આત્મા ક્યાં ભાષા કરે છે ? આહાહાહા !

અરેરે ! અનંત કાળથી આથડયો પ્રભુ, તેં તારી જાતને જાણી નહીં, અને કજાત છે તેનો

કર્તા થયો તેથી રખડી મર્યો. એ રાગ ને દયા, દાન ને વ્રતના પરિણામ એ એની જાતના નથી, કજાત છે, બાહ્યસ્થિત છે ને ? એનો કર્તા થઈ મિથ્યાત્વથી અનંત સંસારમાં રખડી મર્યો પ્રભુ, ક્યાં નરક ને નિગોદ, પ્રભુ તો એમ કહે છે, નરકના એક ક્ષણના દુઃખ શું કહું ? કહે છે તને, એવા ૩૩ સાગર એવા અનંતવાર તેં ભોગવ્યા ભાઈ, કાળ અનંતકાળ ગયો એમાં નરકમાં ગયો છો, નારકી નીચે છે. એક માણસને મારે તો એને એકવાર ફાંસી આપે કોર્ટમાં નક્કી થાય તો. પૈસા બૈસા આપીને વળી પુણ્ય હોય ને છૂટી જાય, છતાં કુદરતના કાયદામાં ન છૂટે, પણ એ માણસે લાખ માણસો હજારને માર્યા તો, શું એનું ફળ છે અત્યારે ? રાજા શું આપે એને હજાર, હજાર વાર મારે ? બાપુ એ હજાર વાર મારનારને હજારના મારનારને જે પરિણામ તીવ્ર છે, એ મહાદુઃખના કારણ છે અને જેટલું એવા દુઃખના કારણ છે, જ્યાં એટલાં દુઃખો જ્યાં છે, એમાં એ ઉપજે છે એને નારકી કહેવામાં આવે છે. આહાહા ! એ પરમાત્મા તો એમ કહે છે કે એ ક્ષણના દુઃખ પ્રભુ શું કહીએ ? એ ક્ષણના નારકીના દુઃખો તેં વેઠયા એ કરોડભવે અને કરોડ જીભે એ ન કહેવાય બાપુ તને ખબર નથી. એ મિથ્યાત્વને લઈને આવા દુઃખો અનંતવાર સહન કર્યા છે. એ મિથ્યાત્વ શું છે એની તને ખબર નથી. આહાહા !

આંહી કહે છે કે રાગની દયા, દાન ને વ્રત ને ભક્તિ-પુણ્યનો શુભભાવનો કર્તા થાય એ મિથ્યાદૃષ્ટિ છે, મિથ્યાત્વ છે, મહા અનંત સંસાર એમાં પડયો છે, મિથ્યાત્વમાં અનંતા ભવ પડયા છે એના ગર્ભમાં. એ જેને તોડીને જેણે આત્મજ્ઞાન કર્યું છે, એ જ્ઞાનીને સુખ દુઃખના પરિણામમાં પુદ્ગલ પોતે અંતર્વ્યાપક આદિ મધ્ય અંતમાં વ્યાપીને તેને ગ્રહતું તે રૂપે પરિણમતું ને તે રૂપે ઉપજતું, એ તો પુદ્ગલનું જડ કર્મ છે. તેમાં તે વ્યાપક થઈ પ્રસરીને, તેનું વ્યાપ્ય નામ કાર્ય તે સુખદુઃખની કલ્પના, તે પુદ્ગલનું કાર્ય છે. આહાહા !

( શ્રોતાઃ- સુખદુઃખ એટલે શાતા-અશાતા પ્રકૃતિ ) શાતા-અશાતાનું નિમિત્ત છે. પણ અંદર સુખદુઃખની કલ્પના થાય એની અહીં વાત છે. સંયોગ મળે અનુકૂળ પ્રતિકૂળ એ તો જડ પર એની વાત નથી, એને જે કલ્પના થાય, કે આ ઠીક છે આ મને સુખ, પૈસાને લઈને હું સુખી છું બાઈડીને લઈને સુખી છું, આબરૂને લઈને સુખી છું, મોટો હોદ્દો મળ્યો પચાસ હજારનો મહિનાનો અમલદાર થયો માટે સુખી, એવી જે કલ્પના સુખની છે એની વાત છે આંહી. આહાહાહા !

એ સુખદુઃખનું જે ફળ, એ પુદ્ગલકર્મના ફળને કરે છે પુદ્ગલ. છે ? એ સુખદુઃખાદિ પુદ્ગલકર્મફળને, પુદ્ગલ પોતે આદિ મધ્ય અંતમાં વ્યાપીને કરે છે. વિકૃત છે ને ? સુખ કલ્પ્યું માન્યું છે, સુખ છે નહીં સ્ત્રીમાં, પૈસામાં, આબરૂમાં માન્યું છે, છે નહીં. એ માન્યું છે કે સુખની કલ્પના તેનો કર્તા ધર્મી નથી, એમ કહે છે. અજ્ઞાની તેનો કર્તા છે, કેમકે તેને જ્ઞાન સ્વભાવ આત્માની ખબર નથી. એથી એ હરખશોકનો કર્તા થઈને એનું ફળ ભોગવે, પણ ધર્મી જીવ, જેણે ધર્મ સ્વભાવ ભગવાન આત્મા, જ્ઞાયકસ્વરૂપી પ્રભુ ભગવત્ સ્વરૂપ આત્મા, પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા એનું જેને જ્ઞાન થયું, એની જેને પિછાન ને પ્રતીતિ જ્ઞાન થઈને થઇ, એને એ જે સુખદુઃખની કલ્પના અંદર થાય, એ પુદ્ગલનું કાર્ય છે પણ આત્માનું નહીં. આહાહા ! સમજાય છે ? આવી વાતું છે.

અહીં એક ફેરી વાત થઈ' તી. નાનાલાલ કાળીદાસ કરોડપતિ છે ને, રાજકોટ, મુંબઈમાં

ઝવેરીની દુકાન એના વેવાઈ આવેલા એ કહે કે અમારા વેવાઈ સુખી છે. મેં કીધું એલા સુખીની વ્યાખ્યા શું ? આંહી થઈ'તી વાત ઓલા સ્વાધ્યાય મંદિરમાં, થાનવાળો આવ્યો, થાનવાળો નહીં વઢવાણવાળો, શું કહેવાય ઓલા વકીલ હતા ને, ( શ્રોતાઃ- ચુડગર-ચુડગર ) ચુડગર બારીસ્ટર હતા ને ચુડગર તેના કુટુંબમાંથી હતા, અમારા વેવાઈ સુખી, તો સુખીની વ્યાખ્યા શું છે, કહે આ પૈસા ને બાપુ ઈ સુખનું છે. સુખી તો એને કહીએ કે જેને આત્માના આનંદનું ભાન થઈને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે, એ સમકિતી સુખી છે. "સુખીયા જગતમાં સંત, દૂરીજન દુઃખીયા" સુખીયા જગતમાં રે સંત દૂરી જન દુઃખીયા રે. જેને આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ જેને અનુભવમાં આવ્યો, એ ભલે ગૃહસ્થાશ્રમમાં ભલે ચક્રવર્તીપદમાં હોય, પણ જે આનંદનો અનુભવ આવ્યો એ સુખી છે, બાકી દૂરીજન દુઃખીયા.

એ પુદ્ગલકર્મફળને કરે છે. કોણ ? પુદ્ગલ. કર્મ, કર્મ જડ એ તેના ફળ તરીકે સુખદુઃખની કલ્પનાનું કાર્ય તે કર્મનું છે. ભગવાન આત્માનું નહીં. આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતું જે સુખદુઃખાદિ પુદ્ગલકર્મફળ, તેને જ્ઞાની જાણતો હોવા છતાં, એમ કે જાણવાનું કાર્ય કરતો હોવા છતાં, એમ કહેવું છે. ધર્મી તે સુખદુઃખની કલ્પનાને જાણતો હોવા છતાં, જાણવામાં એને જ્ઞેયજ્ઞાયકનો વ્યવહાર સંબંધ હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, ઘડો જે થાય છે તેમાં માટી અંતર્વ્યાપક થઈને ઘડો થયો છે, કુંભારથી નહીં.

અરેરે ! આ કેમ બેસે જગતને ? એ માટી વસ્તુ છે, તે પોતે પ્રસરીને ઘટની પર્યાય વ્યાપ્ય પ્રાપ્ત થાય છે, તે કાળે તે ઘટની પર્યાય તે કાળે થવાની હતી, તેને તે માટી ગ્રહે છે, પ્રાપ્ય છે. જેમ, છે ? માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને આદિ મધ્ય અંતમાં, એ ઘડાની આદ્યમાં પણ માટી, અંતમાંય માટી ને મધ્યમાંય માટી, શરૂઆતમાં કુંભાર હતો માટે આદ્યમાં એ, એમ નથી.

અરર ! આવી વાતું હવે ગળે ઉતરવી, તત્ત્વદૃષ્ટિ એવી ઝીણી છે, ભાઈ ! હેં ? ( શ્રોતાઃ- એવા તો દાખલા છે ) પણ દાખલો ઈ ક્યાં બેસે છે એને ? માટીથી ઘડો થાય છે, એ ઘડાની પર્યાયને વ્યાપક માટી થઈને થાય છે, એ કુંભાર છે માટે ઘડો થાય છે, એમ બિલકુલ જૂઠી વાત છે. આહાહાહા ! હેં ? ( શ્રોતાઃ- કુંભાર તો નિમિત્ત છે ) નિમિત્ત છે એટલે એ કરતો નથી. નિમિત્તનો અર્થ છે, કે છે એટલું, પણ એ કરતો નથી ઘડાને.

રોટલીનું કહ્યું નહોતું ભાઈ. હજી તો દાખલો કઠણ પડે એને, સિદ્ધાંત. જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક જઈને એ માટી પોતે પ્રસરીને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે ઘડાને ગ્રહે છે, એટલે તે કાળે ઘડાનું પ્રાપ્ય નિશ્ચય છે. તેને માટી ગ્રહે છે, પ્રાપ્ય કરે છે, ગ્રહે એમ ભાષા છે. એ માટી તે ઘડાની પર્યાયને પ્રાપ્ય કરે છે એટલે ગ્રહે છે, કુંભાર નહીં. આહાહાહા !

ભાઈએ પ્રશ્ન કર્યો તો' ને, કે આ રોટલી થાય છે રોટલી. રોટલી થાય છે, બાપુ ભાઈ તને ખબર નથી. એ રોટલીની ( પર્યાય ) છે-એ રોટલીની પર્યાય છે, એ રોટલી તે કાળે થવાનું એ પ્રાપ્ય છે, તેને એ પરમાણું લોટના છે, તે તેને ગ્રહે છે, એનાથી એ રોટલી થઈ છે, પરથી નહીં. શું કહેવાય આ ? વેલણાથી નહીં, તાવડીથી નહીં, બાયડીના આ હાથથી નહીં. અરેરે ! ઉંધું ભારે જગતથી, ( શ્રોતાઃ- જગતથી તો ઉધું જ હોયને ) જગતની દૃષ્ટિ ઉંધી તે, ઊંધે ઘડે ઊંધા રહે, જે ઘડો ઊંધો હોય એના ઉપર ઊંધા રહે, સવળા ન રહે, એમ દૃષ્ટિ ઉંધી છે ને ઊંધા હાલવું ને ઊંધા

તર્ક ને ઊંધા જ જ્ઞાન હોય બધું. આહાહાહા !

આંહી કહે છે પરમાત્મા, કે એ ઘડાના મુખ્યમાં આદિમાં માટી, મધ્યમાં માટી અને અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે, એ માટી ઘડાને પહોંચી વળે છે. એ કુંભાર પહોંચી વળે છે ઘડાને એ વાત બિલકુલ જૂઠી છે. અરર ! આવી વાત બેસે નહીં હવે આખો દિ' સવારથી સાંજ ધંધામાં "હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે. શકટનો ભાર જેમ શ્વાન તાણે," ગાડું હાલતું હોય ને નીચે કૂતરું ઠીઠું અડે એટલે ગાડું મારાથી હાલે છે. એમ દુકાને બેઠો હોય ને આમ પાંચ દસ હજારની પેદાશ દિવસની થાતી હોય ને ઘરાક ઘરાક ઘરાક, આ બધું કામ મારાથી થાય છે એમ માને, પ્રભુ તું શું કર ? પરની ક્રિયાનું ક્યાં તું કરી શકે છે ? પણ "હું કરું હું કરું" નરસિંહ મહેતા કહે છે હોં વિષ્ણુંમાં, હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે" ગાડાનો ભાર જેમ કૂતરું તાણે એમ આ આખી દુનિયાની ધંધાની વેપારની ક્રિયા હું કરું છું ને મારાથી આ થયું છે, દુકાનને મેં સાચવી ત્યારે આ પૈસા પેદા થયા છે ને મારું ધ્યાન બરાબર હતું, વ્યવસ્થિત કામ કરવામાં હું હોશિયાર છું, એય ! હિંમતભાઈ નહીં ? લોઢા બોઢામાં ? એ બધું પરના કામ કરી શકું છું એ અજ્ઞાન ને મૂંઢતા છે. આત્માને પાપની ખાણમાં ઉંડા ઉતારવાના લખણ છે એ બધા. આહાહાહા !

આંહી કહે છે માટી પોતે ઘડાની શરૂઆતમાં માટી મધ્યમાં ને અંતમાં ઘડાને ગ્રહે, ઘડારૂપે પરિણમે માટી, ઘડારૂપે ઉપજે. તેમ જ્ઞાની, તેમ ધર્મી પોતે બાહ્યસ્થિત એવા પુદ્‌ગલદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, જેમ માટી અંતર્વ્યાપક થઈને ઘડાને ગ્રહે-ઉપજે અને પરિણમે એમ જ્ઞાની કર્મનું ફળ સુખદુઃખ છે એના અંતરમાં વ્યાપીને, વ્યાપ્ય અને ગ્રહે એમ છે નહીં. છે ? જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં એ સુખદુઃખની કલ્પના, એમાં પુદ્‌ગલમાં પરિણમતો પરદ્રવ્યમાં પણ અંતર્વ્યાપક થઈને આદિ મધ્ય અંતમાં, એ સુખદુઃખની કલ્પનામાં શરૂઆતમાં આત્મા હતો, મધ્યમાં આત્મા ને અંતમાં, એ છે નહીં.

શ્લોકો એવા ઊંચા આવ્યા ને ? એ પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને આદિ મધ્ય અંતમાં વ્યાપીને તેને ગ્રહતો નથી. ધર્મી જેની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ ઉપર થઈ છે, એવો જે ધર્મી એને જે સુખદુઃખની કલ્પનાની આદ્યમાં મધ્યમાં અંતમાં પુદ્‌ગલ છે. એની આદ્યમાં આત્મા છે એમ છે નહીં. આહાહાહા.... આવી વાતું હવે ક્યાં મળે ? આંહી હાલે, બીજે તો તકરાર. હેં ? શું થાય ? ભાઈ ! જગતને જ્યાં બેઠા હોય ત્યાંથી ઉંધું કહે, બીજાું તો એને ઉંધું લાગે, ઉંધું બેઠું એને બીજું કહે તો એ ઉંધું લાગે, કહે, શું થાય ભાઈ ? આહાહાહા !

તે આદિ મધ્ય અંતમાં વ્યાપીને ગ્રહતો નથી આત્મા, તે રૂપે પરિણમતો ફેરવતો નથી. આ સુખદુઃખના પહેલાં પરિણામ હતા ને બીજા ફેરવ્યા એમ નથી. એમ તે રૂપે ઉપજતો નથી સુખ દુઃખમાં આત્મા જ્ઞાની ઉપજતો નથી, પર્યાયમાં કરે છે તો એ આત્મા. પણ અહીં પર્યાયદૃષ્ટિ છોડાવવી છે, દ્રવ્યદૃષ્ટિના સ્વભાવની અપેક્ષાએ પર્યાયમાં જેટલો રાગ અને સુખદુઃખની કલ્પના કરે એ બધું પુદ્‌ગલનું કાર્ય કરીને તેને જ્ઞાતા ઠેરવવો છે. કેમ કે આત્માનું સ્વરૂપ જ્ઞાયક છે, તો જ્ઞાયક એટલે જાણવું દેખવું એનું સ્વરૂપ છે, કોઈ રાગનું કરવું કે પુદ્‌ગલનું કરવું કે રાગના ફળનું ભોગવવું એ એનું સ્વરૂપ નથી. આહાહાહા !

આહાહા ! તે રૂપે પરિણમતો નથી, ગ્રહતો નથી, ઉપજતો નથી, કોને ? એ હરખશોકના પરિણામને ધર્મી જીવ ગ્રહતો નથી, એ એનું પ્રાપ્ય નથી, એ પુદ્‌ગલનું પ્રાપ્ય ધ્રુવ છે. એનું પ્રાપ્ય તો એ વખતે તે હરખશોકના પરિણામને જાણવું, એ જાણવાના પરિણામ તે તે વખતના ધ્રુવ પ્રાપ્ય છે. આહાહાહા !

આમાં કયાં લંડન બંડનમાં મળે એવું છે આવું કાંઈ, આફ્રિકામાં. આફ્રિકામાં તો હવે પચીસ ત્રીસ વરસથી આ અભ્યાસ છે, નૈરોબી, નૈરોબી પંદર લાખનું મંદિર કરે છે. જેઠ સુદ અગીયારસે મુરત કર્યું ત્યાં નૈરોબીમાં, બે હજાર વર્ષમાં કોઈ દિ' મંદિર નથી ત્યાં જૈન દિગંબર ( મંદિર ) બે હજાર વર્ષે કરે છે અત્યારે, શરૂ કરી દીધું છે. હૈં ! શ્વેતાંબર ઘણાં છે ત્યાં પચાસ લાખનું ( મંદિર ) કરે છે. મહાજન શ્વેતાંબર બહુ છે, એ પચાસ લાખનું ( મંદિર ) કરે છે, અને આ મુમુક્ષુ છે એ પંદર લાખનું ( મંદિર ) કરે છે, પણ છતાંય આગળ થાશે એ.

પણ ઈ થવા કાળે તે પરમાણુંની પર્યાય થાય, આત્મા કરે એ વાતમાં કાંઈ માલ નથી. આત્મા રાગને કરે અજ્ઞાનભાવે, પણ એ મંદિરને બનાવે એ વાતમાં કાંઈ વાત, એકેય દોકડો સાચો નથી. આંહી તો અજ્ઞાનભાવે કીધું ને, અજ્ઞાનભાવે કરે તો એ રાગને કરે પણ પરને તો એ અજ્ઞાનભાવેય નહીં કરે, અને જ્ઞાનભાવે આત્મધર્મ ભાવે તો એ રાગનોય કર્તા આત્મા નહીં. રાગનું જ્ઞાન થાય તે તેનું વ્યાપ્ય ને પ્રાપ્ય છે. વ્યાપ્ય એટલે કાર્ય ને તે તેનું પ્રાપ્ય એટલે તે કાળે થવાનું હતું. પુંજાભાઈ ! મુંબઈ રહો છો તમે હમણાં મુંબઈ, નૈરોબી ? આફ્રિકા-આફ્રિકામાં રહે છે નૈરોબી. આહાહા !

માટે જો કે જ્ઞાની સુખદુઃખાદિકરૂપ પુદ્‌ગલકર્મનાં ફળને જાણે છે. આહાહા ! "સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતેં વચન ભેદ ભ્રમ ભારી, જ્ઞેય શક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજ રૂપા પરરૂપા ભાસી." પરને જાણે, સ્વને જાણે એવો જ્ઞાનનો જ્ઞાનીનો સ્વભાવ છે. ધર્મીનો આ સ્વભાવ છે. અધર્મી ગમે તે રીતે માને, રાગનો કર્તા થાય એ તો અજ્ઞાનપણે ગમે તે કરે, માને છતાં એ માન્યતા તેની સાચી નથી. આવી જાતની વાતું. હવે ક્યાંય સાંભળવા બહારમાં તો મળે નહીં, હિન્દુસ્તાનમાં મળતી નથી. હવે એવી વાતું, બાપુ તારી વાતું, આહાહા !

( શ્રોતાઃ- ઉંધી માન્યતા કાઢવા માટે તો અહીં આવ્યા છીએ ) એ વાત સાચી છે. આહાહા ! જ્ઞાની સુખદુઃખઆદિ પુદ્‌ગલકર્મનું ફળ, ભાષા, એ સુખદુઃખની કલ્પનાનો ભાવ એ કર્મનું ફળ, જીવનું નહિ, જ્ઞાનીની વાત છે ને ? અહીંયા વસ્તુ દ્રવ્ય સ્વભાવ ચૈતન્ય સ્વભાવનું જ્ઞાન થયું છે, તો એ તો જ્ઞાની છે. વસ્તુ જ્ઞાયકસ્વભાવનું જ્ઞાન થયું છે, જ્ઞાયક સ્વભાવ ત્રિકાળી જ્ઞાયકભાવ પરમાત્મા પોતે ભગવત્ સ્વરૂપ જિનસ્વરૂપ પ્રભુ આત્મા છે અંદર. આહાહા ! "ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, મતમદિરા કે પાન સો મતવાલા સમજે ન" આહાહાહા ! આકરી વાતું બહુ ભાઈ !

ઈ આંહીં કહે છે. જો કે જ્ઞાની સુખદુઃખાદિ રતિ અરતિ દિલગીરી શોક વગેરે એ પુદ્‌ગલકર્મના ફળને જાણે છે. ધર્મી જાણવામાં સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી જાણે ખરો, સમજાય છે કાંઈ ? તો પણ, જાણે છે તો પણ, જાણવાનું કાર્ય કરે છે તો પણ, પ્રાપ્ય વિકાર્ય ને નિર્વત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્ય પરિણામ સ્વરૂપ કર્મ, એ સુખદુઃખના પરિણામ તે પુદ્‌ગલનું પ્રાપ્ય

છે, તે વખતે ધ્રુવ તે જ થવાના, એ પુદ્ગલનું પ્રાપ્ય છે, એ પુદ્ગલ તે રીતે પરિણમ્યું છે, પુદ્ગલ તે રૂપે ઉપજ્યું છે. આહાહાહા.... ભારે આકરું કામ. શરીર, વાણી, પૈસા ને બાઈડી છોકરામાં તો કાંઈ કર્તાકર્મપણું છે જ નહીં અજ્ઞાનીનેય તે, અજ્ઞાનીને કર્તાકર્મપણું હોય તો અંદરમાં રાગનો કર્તા ને રાગ એનું કાર્ય, અજ્ઞાની માને. આહાહાહા !

હવે અહીંયા ધર્મી જીવ, ધર્મ કરનાર એને કહીએ કે જેને સુખદુઃખના પરિણામ થાય તેને ઈ જાણે. જાણવા છતાં એ પરદ્રવ્યના પરિણામને ગ્રહે નહીં, છે ? તે વ્યાપ્યલક્ષણ પ્રાપ્ય વિકાર્ય નિર્વત્ય એવું જે પ્રાપ્ય લક્ષણવાળું કાર્ય લક્ષણ, પરદ્રવ્ય પરિણામ સ્વરૂપ કર્મ એટલે કાર્ય તેને તે નહીં કરતા એવા, ધર્મી તેને નહિ કરતો એવા ( જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મ ભાવ નથી ). આહાહાહા !

અહીં તો ચોથા ગુણસ્થાનથી માંડી છે ભાઈ, ઓલો કહે નિર્વિકલ્પ સમાધિ હોય ત્યારે જ્ઞાની કહેવાનો. અરે પ્રભુ ! કારણકે એને સુખદુઃખના પરિણામ છે એને જાણે છે એવું લીધું છે ને ? છતાંય એ જ્ઞાની છે. એટલે નિર્વિકલ્પ સમાધિમાં હોય તો જ જ્ઞાની છે, અને સુખદુઃખના પરિણામ થયાં તેને જાણે માટે જ્ઞાની નથી એમ નથી. જ્ઞાનસાગરે બહુ લખ્યું છે. આહાહાહા !

એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામ સ્વરૂપ કર્મ તેને નહીં કરતા એવા તે જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી. તે હરખશોકના પરિણામ પુદ્ગલ છે, એનું કાર્ય છે એની સાથે આત્માને ધર્મીને કર્તા કાર્યપણું છે નહીં એ સુખદુઃખના પરિણામ કર્તા ને એ આત્માનું કાર્ય એ જ્ઞાનીને ધર્મીને છે નહીં, ધર્મી તેનો જાણનાર છે, એ જાણનારના પરિણામનું વ્યાપ્ય છે, તે તેનું કાર્ય છે ને તે તેનો કર્તા છે. આહાહા.... ૭૬મી ગાથામાં કહ્યું 'તું તે અનુસાર અહીં પણ જાણવું. 'પુદ્ગલકર્મને જાણતો જ્ઞાની' એમ હતું એને બદલે પુદ્ગલકર્મના ફળને જાણતો જ્ઞાની એમ કહ્યું છે. લ્યો વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

### ❀ પર્યાયનું આવું સ્વતંત્ર સામર્થ્ય છે ❀

ભાઈ ! તું શરીર-વાણી-મન ને રાગને ભૂલી જા, તે તારામાં નથી. અરે ! તારી નિર્મળ પર્યાયને પ્રગટ થવામાં દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, પૂર્વની પર્યાયના વ્યયની અપેક્ષા નથી ત્યાં વ્યવહારથી થાય એ વાત કયાં રહી ? પર્યાયનું આવું સ્વતંત્ર સામર્થ્ય છે. પર્યાય સ્વતંત્ર જ થાય છે એમ નક્કી કરતાં તેનું લક્ષ કયાં જાય ?—કે દ્રવ્ય તરફ જ લક્ષ જાય અને તેનું નામ જ પુરુષાર્થ છે. દ્રવ્ય તરફ લક્ષ જતાં જ્ઞાનમાં દ્રવ્યનું જ્ઞાન આવે પણ દ્રવ્ય આવતું નથી. સત્નો જેને નિર્ણય થાય તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ જાય. આ જ કરવાનું છે, બાકી બધું તો ધૂળ-ધાણી છે.

**( આત્મધર્મ, અંક ૭૨૬, વર્ષ-૬૦, પાના નં. ૧૪ )**

## ગાથા - ૭૯

जीवपरिणामं स्वपरिणामं स्वपरिणामफलं चाजानतः पुद्गलद्रव्यस्य सह जीवेन कर्तृकर्मभावः किं भवति किं न भवतीति चेत्-

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**पोग्गलदव्वं पि तहा परिणमदि सएहिं भावेहिं।।७९।।**

नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये।
पुद्गलद्रव्यमपि तथा परिणमति स्वकैर्भावैः।।७९।।

यतो जीवपरिणामं स्वपरिणामं स्वपरिणामफलं चाप्यजानत्पुद्गलद्रव्यं स्वयमन्तर्व्यापकं भूत्वा परद्रव्यस्य परिणामं मृत्तिकाकलशमिवादिमध्यान्तेषु व्याप्य न तं गृह्णाति न तथा परिणमति न तथोत्पद्यते च , किन्तु प्राप्यं विकार्यं निवृर्त्यं च व्याप्यलक्षणं स्वभावं कर्म स्वयमन्तर्व्यापकं भूत्वादिमध्यान्तेषु व्याप्य तमेव गृह्णाति तथैव परिणमति तथैवोत्पद्यते च; ततः प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य जीवपरिणामं स्वपरिणामं स्वपरिणामफलं चाजानतः पुद्गलद्रव्यस्य जीवेन सह न कर्तृकर्मभावः।

---

હવે પૂછે છે કે જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતા એવા પુદ્‌ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ ( કર્તાકર્મપણું ) છે કે નથી ? તેનો ઉત્તર કહે છેઃ-

**એ રીત પુદ્‌ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯.**

**ગાથાર્થઃ**-[ तथा ] એવી રીતે [ पुद्गलद्रव्यम् अपि ] પુદ્‌ગલદ્રવ્ય પણ [ परद्रव्यपर्याये ] પરદ્રવ્યના પર્યાયરૂપ [ न अपि परिणमति ] પરિણમતું નથી, [ न गृह्णाति ] તેને ગ્રહણ કરતું નથી અને [ न उत्पद्यते ] તે-રૂપે ઊપજતું નથી; કારણકે તે [ स्वकैः भावैः ] પોતાના જ ભાવોથી ( -ભાવોરૂપ ) [ परिणमति ] પરિણમે છે.

**ટીકાઃ**- જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતું એવું પુદ્‌ગલદ્રવ્ય પોતે પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું નથી, તે-રૂપે પરિણમતું નથી અને તે-રૂપે ઊપજતું નથી; પરંતુ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પોતાના સ્વભાવરૂપ કર્મ ( કર્તાનું કાર્ય ), તેનામાં ( તે પુદ્‌ગલદ્રવ્ય ) પોતે અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને જ ગ્રહે છે, તે-રૂપે જ પરિણમે

**છે અને તે-રૂપે જ ઊપજે છે; માટે જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતું એવું પુદ્‌ગલદ્રવ્ય પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામ સ્વરૂપ કર્મ, તેને નહિ કરતું હોવાથી, તે પુદ્‌ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ નથી.**

**ભાવાર્થઃ- કોઈ એમ જાણે કે પુદ્‌ગલ કે જે જડ છે અને કોઈને જાણતું નથી તેને જીવની સાથે કર્તાકર્મપણું હશે. પરંતુ એમ પણ નથી. પુદ્‌ગલદ્રવ્ય જીવને ઉત્પન્ન કરી શકતું નથી, પરિણમાવી શકતું નથી તેમ જ ગ્રહી શકતું નથી તેથી તેને જીવ સાથે કર્તાકર્મપણું નથી. પરમાર્થે કોઇ પણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્યની સાથે કર્તાકર્મભાવ નથી.**

## પ્રવચન નં. ૧૬૭ ગાથા-૭૯ તા. ૧૨/૦૧/૭૯ શુક્રવાર પોષ સુદ-૧૫

૭૮ ગાથા પુરી થઈ, છે ? ૭૯ એની માથે, ત્રણ લીટી છે. ઝીણી વાત છે.

હવે પૂછે છે કે, છે ? તદ્દન કાંઈ સાંભળ્યું નથી, આ વાત તદ્દન. હવે પૂછે છે કે જીવના પરિણામને એટલે ? જીવના પરિણામ એને અહીંયા કહેવા છે, કે જેણે આત્માને જ્ઞાયક જાણ્યો છે, ધર્મદૃષ્ટિ જેની થઈ છે. ધર્મી એવો જે આત્મા જ્ઞાયક ત્રિકાળી સ્વરૂપ એની જેને દૃષ્ટિ અને જ્ઞાન થયું છે, એવા ધર્મીના પરિણામ, એ જીવના પરિણામ કહેવામાં આવે છે. આ શબ્દની આ વ્યાખ્યા છે, જીવના પરિણામ એટલે કે જેણે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન દ્વારા આત્માને ધર્મી તરીકે જાણ્યો ને ઓળખ્યો ને અનુભવ્યો છે, એવા જીવના પરિણામ, સમ્યગ્દર્શનના, સમ્યગ્જ્ઞાનના શાંતિના, સ્વચ્છતાના, આનંદના, એ જીવના પરિણામ કહેવાય છે. સમજાય છે કાંઈ ?

એ જીવના પરિણામને પોતાના પરિણામને એટલે કે પુદ્‌ગલ જે કર્મ જડ છે, જડનું પરિણામ એ અંદરમાં રાગ અને દ્વેષના પરિણામ થાય એ જડના પરિણામ છે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! પહેલા જીવનાં પરિણામ કહ્યાં, તો જીવ તો જ્ઞાયક સ્વરૂપ છે. એવું જેને જ્ઞાન ને ભાન થયું છે ધર્મીને, તેના પરિણામ તો ધર્મના એટલે જ્ઞાનના, દર્શનના, શાંતિના, પ્રભુતાના ઈશ્વરતાના, પરિણામ જે નિર્મળ છે, તે જ્ઞાનના આત્માના પરિણામ કહેવાય છે. એના જે રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપના ભાવ થાય, એ જીવના પરિણામ નહીં. આહાહા !

એ પોતાના પરિણામ એટલે પુદ્‌ગલના પરિણામ, જે અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, કામ ક્રોધનાં પરિણામ ઉત્પન્ન થાય, એ રાગ ને દ્વેષના પરિણામ તે ખરેખર પુદ્‌ગલકર્મ છે, તેનાં એ પરિણામ છે. સમજાય છે કાંઈ ? ગાથા બહુ ઝીણી છે પ્રેમચંદભાઈ ! લંડનથી આવ્યા છે ભાઈ, ત્યાં વાંચે છે. આ ઝીણી વાતો બહુ આવી છે ભાઈ, મૂળ કાંઈ ધર્મ શું છે એ સાંભળ્યો નથી અને જગતના કામ આડે અવકાશેય ક્યાં છે ? આહા !

આહીં તો કહે છે, કે આત્મા પરના કામ તો કરી શકે નહીં, લખવાનું કામ એ આત્મા કરી શકે નહીં, બોલવાનું કામ એ આત્મા કરી શકે નહીં, હાલવાનું કામ એ આત્મા કરી શકે નહીં. આહાહા ! એ ઉપરાંત આંહી તો અંદર જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ ને પૂજા ભક્તિના ભાવ ને હિંસા, ચોરી, જૂઠું વિષય વાસના જગતના પરિણામ જે કાંઈ આમ કરું ને આમ કરું એવા

જે વિકારી પરિણામ તે ખરેખર તો પુદ્‌ગલકર્મ છે, તેનું એ પરિણામ કર્મ છે. પુદ્‌ગલકર્મ છે તેનું એ કાર્ય છે, આત્માનું નહીં. આહા.... એ પોતાના પરિણામ એટલે પુદ્‌ગલના પરિણામ, પોતાના એટલે પુદ્‌ગલના પરિણામ રાગ અને દ્વેષ, દયા ને દાન ને કામ ને ક્રોધ પરિણામ એ પોતાના એટલે પુદ્‌ગલકર્મના, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને એટલે કે જે અંદર સુખદુઃખની કલ્પના થાય હરખશોકનો ભાવ થાય એ બધા કર્મનાં ફળ છે, આત્માના નહીં. આહાહા ! સમજાય છે કાંઈ ?

એ પોતાના પરિણામના ફળને એટલે હરખશોક થાય, સુખદુઃખની કલ્પના થાય કે આ સ્ત્રીમાં સુખ છે, પૈસામાં સુખ છે, એવી જે કલ્પના થાય એ અહીંયા ધર્મી જીવના એ પરિણામ નહીં. એ પરિણામ પુદ્‌ગલકર્મ છે તેના છે. બહુ ઝીણી વાત છે ભાઈ. આહા ! એ પુદ્‌ગલ જે જડ છે કર્મ, એ પોતાના પરિણામને એટલે પુણ્ય ને પાપના ભાવને, એ એનાં પરિણામ છે, જીવના નહીં. જીવ તો જ્ઞાયક સ્વરૂપ છે, જાણનાર છે. એ જાણનારને જાણ્યો એવો જે જાણનારને જાણ્યો એના પરિણામ તો જાણવાના, દેખવાના, શ્રદ્ધવાના, આનંદના હોય. પકડાય એટલું પકડો બાપુ આ તો અલૌકિક વાતું છે. જગતમાં ક્યાંય ( છે નહીં ) આહાહાહા !

એ પહેલાં જીવના પરિણામને કીધું. એ જ્ઞાનીના જ્ઞાનના ભાનવાળાના પરિણામ એને, જ્ઞાનીના પરિણામ તો જ્ઞાતા, દૃષ્ટા, શ્રદ્ધા, શાંતિ એ એનાં પરિણામ છે એ જીવના પરિણામ પોતાના પરિણામ એટલે પુદ્‌ગલના પરિણામ રાગદ્વેષ, દયા, દાન, કામ, ક્રોધ, કમાવાનો ભાવ, વ્યવસ્થા કરવાનો ભાવ, એ બધા વિકાર ભાવ, એ વિકાર ભાવના પરિણામનો પુદ્‌ગલકર્મ કર્તા છે. ( શ્રોતાઃ- પુદ્‌ગલ તો જડ છે ) જડ છે ને ? આ યે જડ છે, પુણ્ય ને પાપના ભાવ એ જડ છે, અચેતન છે. ( શ્રોતાઃ- પુદ્‌ગલ દ્વેષ કેવી રીતે કરે ? ) એ જડ એના પરિણામ જડ, પર્યાયમાં થાય છે એનું પરિણમન છે, આ શરીર હાલે છે શી રીતે ? આ પર્યાય કોણ કરે છે ? જડ કરે છે કે જાણે છે એ કરે છે એવું કાંઈ છે ? હવે આ આ અવસ્થા આમ થાય છે, એ જડનું કામ છે, જાણે એનું ઈ જ કામ હોય એવું કાંઈ નથી. આહાહા !

પુણ્ય ને પાપના ભાવ એ ચૈતન્યના સ્વભાવનો એમાં અભાવ છે. આહાહા ! શુભ ને અશુભનો ભાવ રાગ અને દ્વેષ એમાં ચૈતન્ય ભગવાન જ્ઞાયક સ્વરૂપ છે, જ્ઞાન એના જ્ઞાનના ચેતનનો, ચેતનનો અભાવ રાગમાં છે. અરેરે ! આવી વાતું હવે ક્યાં ? એ રાગ ચાહે તો દયાનો હોય કે ચાહે તો હિંસાનો હોય, ચાહે તો ભગવાનની ભક્તિનો હોય કે ચાહે તો બાઈડી છોકરાવને સાચવવાનો હોય, પણ એ રાગ ધર્મીને એ રાગ એનો નથી. ધર્મી જેને ધર્મ સમજાણો છે, તેનાં એ પરિણામ નથી. આહાહાહા !

ઝીણી વાત છે પ્રભુ, કોઈ દિ' એણે કર્યું નથી. તત્ત્વ શું છે અનંતકાળ એમનેમ ૮૪ માં રખડવામાં ગાળ્યો. એક એક ચોર્યાસી યોનીમાં અનંત અનંત વાર અવતર્યો છે. અને એ દુઃખી થઈને અવતર્યો છે, દુઃખી છે એ પૈસાવાળા હો કે રાજા હો કે દેવ હો, એ બધા આત્માના વિરોધી વિકાર ભાવના કરનારા એ દુઃખી છે.

અહીંયા ઈ તો એ અજ્ઞાનીની વાત છે ને અનાદિથી રખડે છે એની, પણ જેને આત્મા જ્ઞાયક છે ચૈતન્ય જ્યોત છે ઝળહળ જ્યોતિ ચૈતન્ય ચંદ્ર, સૂર્ય ચૈતન્ય પ્રકાશનો નૂરનો પૂર છે

આત્મા, એમ જેણે જાણ્યું ને અનુભવમાં આવ્યું, તેવા ધર્મીના પરિણામમાં તો જ્ઞાતાદૃષ્ટા, આનંદ ને શાંતિના એના પરિણામ હોય, એમાં જે એને રાગાદિના પરિણામ થાય છે, તે એ આત્માના જ્ઞાયક સ્વભાવમાં અનંત ગુણનું સ્વરૂપ છે, તે કોઈ ગુણ રાગરૂપે થાય એવો કોઈ ગુણ નથી. આહાહાહા ! એથી ગુણીને જેણે, ગુણી એટલે આ ચોખાની ગુણી ને ઘઉંની ગુણી ઈ નહીં. ગુણી એટલે આ ભગવાન અનંત ગુણનો ધણી એવો ગુણી, જેમાં અનંત અનંત અનંત અપાર અનંત ગુણ પડયા છે, એવા અનંત ગુણનો ધણી ગુણી, એવા ગુણીનું જેને જ્ઞાન ને ભાન થયું છે, એવા ધર્મીના પરિણામ તો જાણવાના દેખવાના આનંદના હોય છે.

એનામાં જે આ રાગ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ થાય એ બધાં પુદ્ગલના પરિણામ છે. આહાહાહા... ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ પરિણમીને રાગ કરે એવું તો એનામાં છે નહીં કોઈ દિ' માટે કહે છે, જેને ધર્મ સમજાણો છે, જેને આત્મા જ્ઞાન સ્વરૂપ આનંદસ્વરૂપ છે, એવું જેને અંતર્જ્ઞાન થયું છે તે જ્ઞાનીના પરિણામ જ્ઞાન અને આનંદના હોય છે, એ જીવના પરિણામ. એની મેળે તો એક અક્ષરેય ઉકલે એવું નથી. એય ! લખુભાઈ ! પંચાયત ગામની આડે ને કાં ફિલ્મની ને છોકરાવને સાચવવાના મારી નાખ્યા જગતને, કોને મારી નાખ્યો ? પોતાને. પોતે જ્ઞાયક ને ચૈતન્ય જ્યોત છે તેને ન માનતા હું આ રાગનો કરનાર ને આનો કરનાર, એ જીવતી જ્યોતનો નકાર કર્યો, એ જીવતીનો નકાર કર્યો એ જીવની હિંસા કરી, એણે પોતાની. આહાહા ! ( શ્રોતાઃ- બીજાની હિંસા કરી શકે ) બીજાની હિંસા કરી શકતો નથી. બીજાની દયા અને બીજાની હિંસા જીવ ત્રણ કાળમાં કરી શકતો નથી. સમજાય છે કાંઈ ? આહાહાહા !

આંહીંયા તો પોતે ભગવાન ચૈતન્ય જ્યોત છે, અનંત ચૈતન્યાકાર રત્નાકરનો સાગર પ્રભુ છે. એવું જેને અંતરમાં સ્વ તત્ત્વનું જ્ઞાન ને ભાન થયું તે જીવના પરિણામ તો જ્ઞાન દર્શન આનંદ ને શાંતિના એના પરિણામ હોય છે. એક વાત, એ જીવના પરિણામની વ્યાખ્યા થઈ. અને પોતાના પરિણામ એટલે પુદ્ગલકર્મના પરિણામ એટલે અંદર જે શુભ ને અશુભ ભાવ થાય રાગ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, રળવા કમાવાનાં ભાવ એ જ્ઞાનીને તે પરિણામ પુદ્ગલના છે મારા નહીં. પુંજાભાઈ ! આવું ન્યાં કાંઈ નૈરોબીમાં મળે એવું નથી. આહાહાહા !

એ પોતાના પરિણામ, એટલે પુદ્ગલના પરિણામ, એટલે ? જે શુભ ને અશુભ ભાવ થાય એ પુદ્ગલના પરિણામ છે, ચૈતન્યના નહીં. આહાહાહા ! બે, પોતાના પરિણામના ફળને એટલે કે પુદ્ગલ છે તેમાં થતાં રાગદ્વેષ અને એમાં થતું એનું ફળ હરખ શોક, સુખ દુઃખની કલ્પના એ બધું કર્મનું ફળ છે, જીવનું નહીં. ચૈતન્ય ભગવાન તો જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ છે. એમ જેને જ્ઞાન અને ભાન ધર્મનું થયું, તેને સુખદુઃખની કલ્પના એ કર્મનું ફળ છે. પોતાના પરિણામને, પોતાના પરિણામના ફળને નહીં જાણતા એવા પુદ્ગલદ્રવ્ય, એ ત્રણેયને જાણનાર જડ નથી. રાગ અને કર્મ એ જીવના પરિણામને જાણતો નથી, એના રાગના પરિણામને એ રાગ જાણતો નથી, તેમ રાગનું ફળ જે દુઃખ કે કલ્પના સુખની, એને તે રાગ જાણતો નથી. એ પુદ્ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ છે કે નથી ? આવો પ્રશ્ન છે હજી તો. આહાહાહા !

આવો જેને પ્રશ્ન અંતરથી ઉઠયો છે, એને આ ઉત્તર દેવામાં આવે છે. આહાહા... શું કહ્યું એ ! જ્યારે ૭૬-૭૭-૭૮ માં એમ કહેવાઈ ગયું, કે ધર્મી જીવને ધર્મ એવો જે આત્મા એનો

ધરનાર, આનંદ ને જ્ઞાનની શાંતિનો ધરનાર પ્રભુ, એનું જેને જ્ઞાન ને શ્રદ્ધા ને ભાન થયું છે, તે જીવના પરિણામ તો શુદ્ધ આનંદ અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાનના પરિણામ અને સમકિત આદિ પરિણામ એ જીવના પરિણામ છે. અને પોતાના એટલે પુદ્‌ગલદ્રવ્યના પરિણામ એ રાગ ને દ્વેષ એ પુદ્‌ગલકર્મના પરિણામ છે, અને તેમાં સુખદુઃખની કલ્પના એ કર્મનું ફળ છે. એ ત્રણેયને નહીં જાણતા એવા પુદ્‌ગલદ્રવ્યને, ત્રણ થયા ? શું ત્રણ થયા ? અરે ભગવાન !

એક તો જીવના પરિણામ શુદ્ધ, પુદ્‌ગલના પરિણામ રાગદ્વેષ, એનું ફળ હરખ અને શોક, એ પુદ્‌ગલનું કર્મ અને પુદ્‌ગલનું ફળ છે, એને પુદ્‌ગલ જાણતો નથી. નથી આત્માના પરિણામને જાણતો, નથી તેનો રાગ, રાગ થયો એ રાગને જાણતો, રાગમાં કલ્પના થઈ સુખની, નથી એ જાણતો. આહાહાહા ! ઝીણું છે ભાઈ કીધું ’તું પહેલેથી આ, વળી હવે એમાં આ બધા વેપારીઓ ધંધાના પાપના આખો દિ’. એય ! હિંમતભાઈ ! પૈસા પૈસા ધૂળ ધૂળ ધૂળ આખો દિ’ મહા પાપ ધંધાના બાઈડી છોકરા સાચવવાના એકલા પાપભાવ, આંહી તો અજ્ઞાની છે એ પાપનો કર્તા છે, અને તેને દયાદાનના પરિણામ થાય એ પણ અજ્ઞાની તેનો કર્તા છે અને તેથી તે કર્તા થઈને ચાર ગતિમાં રખડે છે.

પણ અહીંયા તો હવે જ્ઞાનીની વાત છે. કે જેણે ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાન ને આનંદનો સાગર, ચૈતન્યનો રત્નાકર પ્રભુ છે, એનું જેને નિમિત્તથી રાગથી અને પર્યાયથી પણ વિમુખ થઈ અને ત્રિકાળી જ્ઞાયક ભાવની સન્મુખ થઈને, એકેક અક્ષરમાં બહુ ફેર છે બાપા, આ તો અધ્યાત્મ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, ત્રિલોકનાથની આ વાણી છે, એને સમજવા માટે તૈયારી જોઈએ ભાઈ. આહાહાહા !

એ પુદ્‌ગલદ્રવ્ય જીવ સાથે, શું કહ્યું ઇ ? કે જ્ઞાન સ્વરૂપી ભગવાન એવું જ્યાં જ્ઞાન થયું એ જ્ઞાનના પરિણામ થયા, એને રાગ જે પુદ્‌ગલ છે એ જ્ઞાનના પરિણામને જાણતો નથી. રાગ છે એ રાગને જાણતો નથી, તેમ આ રાગ છે તેમાં કલ્પના થઈ કે આ અનુકૂળતામાં ઠીક છે ને પ્રતિકૂળતામાં ઠીક નથી. એ બધું રાગનું ફળ છે, રાગનું ફળ રાગ જાણતો નથી, રાગનું કાર્ય રાગ જાણતું નથી, રાગ આત્માના નિર્મળ પરિણામને જાણતા નથી, તો એવા નહિ જાણનારને, એવા કર્મના રાગાદિને આત્માના પરિણામ જ્ઞાન થાય એમાં કર્તાકર્મસંબંધ છે કે નહીં ? આવી વાત છે બાપા. આહાહા... શું સમજાણું કાંઈ ? મોટાણી ! આવી વાતું છે બાપા અહીં તો. આહાહાહા !

શિષ્યનો પ્રશ્ન છે આ, આવો જેને પ્રશ્ન ઉઠયો એને આ ઉત્તર દેવામાં આવે છે. બાકી તો વાંચવા સાંભળવાના વેઠ તરીકે આવે ને એક કલાક સાંભળે ને એવું એને આ નહીં સમજાય કાંઈ. એને આ ઉત્તર દેવામાં આવતો નથી એમ કહે છે. વીરચંદભાઈ ! અમારા વીરચંદભાઈ બોટાદ, હેં ? ( શ્રોતાઃ- દલીચંદભાઈ ) ના, વીરચંદભાઈ છે પાછળ, દલીચંદભાઈ તો કોક દિ’ આવે ને વીરચંદભાઈ તો ઘણીવાર આવે છે દલીચંદભાઈ ને વેપાર બેપાર ધંધા બધું હોય ને ત્યાં પાપના. આહાહાહા !

પ્રભુ, પ્રભુ એમ કહે છે આહાહા ! ત્રિલોકનાથ જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે, કે જીવના પરિણામ એને અમે કહીએ કે જેણે જ્ઞાયક આત્માને જાણ્યો છે, તો એના પરિણામ જાણવાના દેખવાના હોય એ જીવના પરિણામ, અને જે રાગ અને રાગનું સુખ દુઃખની કલ્પના

એ રાગનું ફળ કર્મનું છે. આહાહા ! તો એ કહે છે, કે આત્માના પરિણામને એ રાગ જાણે નહીં, રાગને રાગ જાણે નહીં, ને રાગનું ફળ દુઃખ, દુઃખની કલ્પના તેને એ જાણે નહીં, એવા એ પુદ્‌ગલ, એને આત્માના પરિણામ સાથે કાંઈ કર્તાકર્મ છે કે નહીં ? એ રાગ કર્તા ને અહીં જ્ઞાન પરિણામ એનું કાર્ય, એમ છે કે નહીં ? આવી આકરી વાતું છે બાપા, શું કહ્યું સમજાણું કાંઈ ? આ તો શિષ્યનો તો આવો પ્રશ્ન છે, એના ખ્યાલમાં વાત આવી છે, કે આ ( શ્રોતાઃ- શિષ્ય ઊંચા નંબરનો છે ) એ એવાને આંહી ગણ્યા છે. બાકી સાધારણને થોથા જેવા હમણાં સાંભળવા આવ્યા ને વયા જાય કલાક બે કલાક એ કાંઈ શ્રોતા નથી, સાંભળનારા નથી. આહાહાહાહા !

ચીમનભાઈ ! શું પૂછયું શિષ્યે ? હજી શિષ્યે શું પૂછયું એ સમજણમાં ન આવે, શિષ્યનો એ પ્રશ્ન છે, કે જ્યારે આ આત્મા આત્માનો જાણનારો થયો, તો ઈ તો જ્ઞાન સ્વરૂપ ભગવાન છે. આત્મા તો ચૈતન્ય સ્વરૂપ છે, તો ચૈતન્ય સ્વરૂપના પરિણામ તો જાણવા દેખવા આનંદના હોય, પણ એ પરિણામને રાગ જાણતો નથી. રાગ પુદ્‌ગલ છે, એ રાગ એ પરિણામને જાણતો નથી, એક વાત. રાગ રાગને જાણતો નથી, બે વાત. રાગનું ફળ જે સુખદુઃખની કલ્પના તેને તે જાણતો નથી. ત્રણ વાત. તો એવા જે રાગના પરિણામ પુદ્‌ગલના, પુદ્‌ગલના પરિણામ એ આત્માના પરિણામનો કાંઈ કર્તા છે કે નહીં ? કેમ કે જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે જેવો રાગ આવે એવું આંહીં જ્ઞાન તે સમયે પોતાથી થાય છે, આરે ! આરે ! આવી વાતું હવે. અરે દુનિયા ક્યાં રખડે ને શું કહ્યું ?

જ્યારે રાગ થાય છે, ત્યારે જ્ઞાનીને તે સંબંધીનું જ્ઞાન પોતાથી થાય છે. રાગ છે માટે જ્ઞાન થયું એમ નહીં. સમજાણું કાંઈ ? આહાહા... બાપુ ધર્મ કોઈ ચીજ અલૌકિક છે. એ વિના મરી ગયો ૮૪ના અવતારમાં રખડી રખડીને, ( શ્રોતાઃ- બેયનો કાળ તો એક છે ને ) એક છે, કાળ એક છે, છતાંય રાગને લઈને જ્ઞાન થયું નથી. ઈ આંહી સિદ્ધ કરવું છે. જ્ઞાનીના જ્ઞાનમાં આત્મા જણાણો જ્ઞાયક સ્વરૂપ, તેથી તેનાં પરિણામ જાણવાના સ્વના ને રાગ થાય તેના જાણવાના પરિણામ થાય, પણ એ પરિણામ રાગ છે માટે થયાં છે, એમ નહીં. તેથી રાગ તે કર્તા છે ને અહીં જાણવાનું કામ થયું તે તેનું કાર્ય છે એમ નહીં. અરરર ! એક એક અક્ષર, અરે ભગવાન શું કરે ? પ્રભુ તને તારી ખબર નથી, તને તારી ખબર નથી, નથી પરની ખબર. આહાહાહા !

આંહી તો જેને ખબરું પડી છે એને એ ખબર પડનારને, જાણનારના જાણવાના પરિણામને, સમકિતનાં પરિણામને, એ રાગ છે તે રાગનું જ્ઞાન અહીં થાય, પણ એ જ્ઞાન રાગ છે માટે થયું છે એમ નહીં, એ ટાણે પોતાનો સ્વભાવ સ્વ ને પરને જાણવાનો હોવાથી જ્ઞાન સ્વપરને જાણતું પ્રગટ થાય છે, રાગ થયો તેજ કાળે તે સમયે સ્વપર જાણતું જ્ઞાન પ્રગટ થાય છે. તો એ સ્વપર જાણતું જ્ઞાન થાય છે પર્યાય, એને રાગનું અહીં જ્ઞાન કહેવું કે નહીં ? રાગ કર્તા ને જાણવાનું પરિણામ તેનું કાર્ય, એમ કહેવું કે નહીં ? એમ શિષ્યનો પ્રશ્ન છે. આહાહા ! આવો ઉપદેશ હવે, ઓલું તો હવે દયા પાળો વ્રત પાળો દાન કરો અપવાસ કરો, મંદિર બનાવો એ તો સહેલું સટ હતું રખડવાનું, એ તો રખડવાનો ભાવ છે. આહાહાહા !

આ પહેલો પ્રશ્ન સમજાણો ? આ પોણી ત્રણ લીટીનો પ્રશ્ન છે, નવરંગભાઈ ! જીવના પરિણામને એટલે કે વીતરાગી પરિણામ જીવના, ધર્મીના. પોતાના પરિણામને એટલે પુદ્‌ગલના

પરિણામને એટલે રાગને, અને પોતાના પરિણામનાં ફળને એટલે રાગમાં સુખદુઃખની કલ્પના થાય તેને, નહીં જાણતા એવા પુદ્‌ગલદ્રવ્યને, એ નહીં જાણતું એવું રાગ ને પુદ્‌ગલદ્રવ્યને, જીવ સાથે કર્તાકર્મપણું છે કે નથી ? આવો તો પ્રશ્ન હજી શિષ્યનો આ તો સમજવાને કઠણ પડે. અરે મજૂરી કરી કરીને મરી ગયો જગતની, આખો દિ' વેપાર ને ધંધા ને બાઈડી છોકરાને સાચવવા આ મજૂર મોટો છે, પાપી મોટો પાપનો કરનાર છે મજૂર. મોટાણી ! આંહીં તો વાત ઈ છે બાપા. આહાહાહા !

પણ જેને એ મજૂરીના ભાવને પણ ભિન્ન કરીને પોતાના આત્માને જાણ્યો છે, એવા જાણનાર ભેદજ્ઞાનીને, જે પરિણામ થાય એ તો નિર્મળ રાગ થાય તેનું આંહી જ્ઞાન થાય એમ કહેવું એ વ્યવહાર છે. બાકી તો તે સમયે જ્ઞાનીને જ્ઞાનના પરિણામ પોતાથી સ્વપરને જાણવાના હોવાથી પરને જાણવું એમ વ્યવહારથી કહેવાય. બાકી જાણવાના પરિણામ થયા છે આત્માથી, રાગનું જ્ઞાન થયું એ રાગ છે માટે એનું અહીં જ્ઞાન થયું એમ નથી. અરેરે ! આવી વાતું હવે. આહાહા !

અરેરે ! મનુષ્યના ભવ હાલ્યા જાય છે બાપા મૃત્યુની સમીપ જાય છે, ભાઈ. જે જે ક્ષણ જાય તે દેહની સ્થિતિ પૂરી થવાનો એ કાળ છે નક્કી છે. જે જે ક્ષણ દિવસ જાય બાપા, એ મૃત્યુની સમીપ જાય છે, એમાં જો આ કાંઈ આત્મા શું ને રાગ શું એનું જ્ઞાન ન કર્યું, આહાહા... અરેરે ! કઈ યોનિમાં અવતરશે ? એ વંટોળીયાનું તરણું ક્યાં જઈને પડશે ? મિથ્યા શ્રદ્ધાવાળો જીવ કે જેને ભાન જ નથી કાંઈ, એ મિથ્યા શ્રદ્ધામાં વંટોળીયે ચડયો કઈ યોનિમાં, ક્યાં જશે ? આહા !

અહીંયા તો જેને આત્મજ્ઞાન થયું એનો પ્રશ્ન છે. આહાહાહા ! જેણે પુણ્ય-પાપના વિકલ્પો છે, એનાથી પણ ભિન્ન ભગવાન છે. ભગવાન એટલે આત્મા, એને જેણે રાગથી ભિન્ન ભગવાનને જાણ્યો, કે આ રાગ છે ઈ પુણ્ય-પાપ તત્ત્વ છે, ભગવાન તો જ્ઞાયક તત્ત્વ ભિન્ન છે. એવું જેને જ્ઞાયક જાણનારો ભગવાન જ્ઞાનરસકંદ તેનું જેને જ્ઞાન થયું છે, તેના પરિણામ તો જ્ઞાન ને દર્શન ને આનંદના હોય. તો તે પરિણામને રાગ જાણતું નથી, જ્ઞાની તે પરિણામનો કર્તા છે. રાગનું આંહીં જ્ઞાન થયું છતાંય એ રાગનું કાર્ય નથી. રાગનું અહીં જ્ઞાન થયું જ્ઞાનીને કે રાગ કર્તા છે, અને જ્ઞાન પરિણામ જાણ્યું માટે તેનું કાર્ય છે, એમ નથી.

અરે ! અરે ! આમાં એક એક અક્ષરોમાં વાંધા ઊઠે બાપા એણે કર્યું નથી કોઈ દિ' આત્માનું. બધું જગતની મજૂરી કરી કરીને મરીને ઢોરમાં જાવાના બધા ઘણાં. સમજાણું કાંઈ ? ( શ્રોતાઃ- રાગ જ્ઞાનને જણાવવાનું કાર્ય તો કરે ને ? ) બિલકુલ નહીં, એ જ આ ચર્ચા પ્રશ્ન છે એનો કે રાગ છે માટે રાગનું જ્ઞાન થયું એમ નહીં. એ જ્ઞાયક છે માટે સ્વપરના પ્રકાશકના પરિણામનું જ્ઞાન થયું. કહો, પ્રવિણભાઈ ! આવી વાતું છે બાપા ! આહાહા ! અરેરે ! જગતમાં ક્યાં મળે ? એની સાચી વાતું એને સાંભળવા ન મળે એ કે દિ' વિચારે, ને કે દિ' કરે. આ તો હજી પ્રશ્ન છે એનો. આવા પ્રશ્નને જાણનારે પ્રશ્ન કર્યો છે, એનો ઉત્તર છે. ગાથા હવે.

ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।
पोग्गलदव्वं पि तहा परिणमदि सएहिं भावेहिं।।७९।।

એ રીત પુદ્‌ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯.

આ કાંઈ વાર્તા કથા નથી, આ તો ભાગવત કથા છે. આહાહા ! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, એનું જ્ઞાન થવું ને રાગ થવો તેનું જ્ઞાન થવું, એની આ વાતું છે ભાઈ. આહાહા ! ટીકા, ટીકા છે ? જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, છે ટીકા ? છે કે નહિં, આવ્યું કે નહિં ? ક્યાંય ચોપડાય જોયા ન હોય ઓલા, પાપના ચોપડા જોયા હોય બધા ત્યાં ફિલ્મના ને ગામની પંચાતના. આહાહાહા !

ટીકાઃ– માટી, માટી છે ને માટી, ઈ પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, ઘડાની પર્યાયને માટી કરે છે. ઘડાની પર્યાયને કુંભાર કરતો નથી. ( શ્રોતાઃ– વકીલ કરે ? ) વકીલ વકીલાતની ભાષા કરતો નથી. વકીલ છે ને ? જજ પાસે દલીલ કરે એ દલીલ આત્મા કરતો નથી. એ જડની અવસ્થા છે. પ્રભુ તારી લીલા તો જો, તું કોણ છો ભાઈ ? તારી ખબરું વિના વરવિનાની જાન જોડી દીધી. એ જાન ન કહેવાય એ તો માણસના ટોળાં કહેવાય. એમ આત્મજ્ઞાન વિનાની વાતું જેટલી બધી કીડીનાં નગરા જેવા છે ઈ તો બધા. આહાહા !

માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક, ઘડાની પર્યાયમાં માટી પ્રસરીને ઘડો થાય છે, કુંભારથી નહીં. ( શ્રોતાઃ– ઈ સમજાતું નથી, માટીથી ઘડો થાય ? ) માટી હજી દાખલો સમજાતો નથી ત્યાં તો સિદ્ધાંત કહેવાય છે, ભાઈનો પ્રશ્ન હતો ને ? રોટલીનો નહીં ? પ્રેમચંદભાઈનો લંડનમાં રહે છે, વાંચે છે ત્યાં અહીંનું, આવ્યા છ સાત દિ’ થયાં, રોટલીનો પ્રશ્ન હતો ને, રોટલી લોટથી થાય છે. રોટલી વેલણાથી નહીં, તાવડીથી નહીં, બાઈના હાથથી નહીં, બાઈનો હાથ રોટલીને અડતો નથી. એ વેલણું લોટને આમ–આમ થાય એ લોટને અડતું નથી. અરેરે ! હવે આ વાત ક્યાંથી સમજાય ?

( શ્રોતાઃ– વેલણામાં લોટ ચોંટી ન જાય ? ) એ લોટ પોતે છે રોટલીરૂપે થયો છે. એ લોટની પર્યાય રોટલી છે. એ તાવડીની નહીં, બાઈડીની નહીં, સ્ત્રીની નહીં, અગ્નિની નહીં. ( શ્રોતાઃ– આ દુકાન જુદી જાતની છે. ) લખુભાઈ ! શું કહે છે ? આ દુકાન જુદી જાતની છે કહે છે. આહાહાહા !

અરે ભગવાન, તું કોણ છો ને ક્યાં છો ને કેમ છે તારું સ્વરૂપ ? શ્રીમદ્‌માં નો આવ્યું ? “હું કોણ છું, ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું ?” સોળ વર્ષે દેહની સ્થિતિ. આત્મા અનાદિ અનંત એને કાંઈ સ્થિતિ નથી. હું કોણ છું ક્યાંથી થયો ? હું છું આત્મા, ક્યાંથી થયો ? કે અનાદિ છું, ખરું સ્વરૂપ શું છે ? ખરું સ્વરૂપ તો મારું જ્ઞાતા દૃષ્ટા આનંદ છે. રાગ ને પુણ્ય–પાપના પરિણામ એ આત્માનું સ્વરૂપ ખરું નથી. અરેરે ! અહીંયા તો હજી બાઈડી અર્ધાંગના મારે કહેવાય, અડધું અંગ મારું અને અડધું એનું, ધૂળેય નથી સાંભળને માળા, મારી નાખ્યો તેં આત્માને. આહાહા ! આ મારો આ દિકરો છે જાને તું, જાને–જાને તું તો તું તે હું છે તું તે હું છું. સ્નાન બનાન જાવું હોય આ રાગ ગાંડાના કાંઈ ગામ જુદા ન હોય, ગામ દીઠ પાગલ છે બધુંય જોયું છે ને અમે તો બધું ય જાણ્યું છે જગતને બધું, બધા પ્રકારે. આંહી તો ૮૯ થયા ૭૦ વરસથી તો આ બધું દુકાનથી અભ્યાસ છે. આહાહાહા ! ભાઈ !

માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, એમ લોટ પોતે રોટલીમાં અંતર્વ્યાપક થઈને રોટલી

કરે છે લોટ. બાઈડી નહીં, વેલણું નહીં, અગ્નિ નહીં, તાવડી નહીં. અરેરે ! એમ આદિ મધ્ય અંતમાં માટી પોતે ઘડાની આદ્યમાં માટી એને કુંભાર હતો માટે આદ્યમાં ઘડો થયો એમ નહીં. આહાહા ! ઘડાની પર્યાયની આદ્યમાં શરૂઆતમાં માટી હતી માટે ઘડો થયો, મધ્યમાં માટી હતી, અંતમાં માટી. ઘડાની પર્યાય થઈ એટલે કુંભારનો હાથ આમ-આમ થયો, માટે તે ઘડાની પર્યાય થઈ એમ નથી, કેમ કે પરદ્રવ્યથી પરદ્રવ્યની પર્યાય ત્રણ કાળમાં ન થાય. સમજાણું કાંઇ ? અલૌકિક વાતું છે બાપા, અરેરે ! એણે શું કર્યું અને સરવાળા શું આવશે એને. જોઓને આ બિચારા ગુલાબચંદભાઈને રોગ આવ્યો તે સરવાળો અત્યારે, મને મારી નાખો, મને પાટામાં રેલના પાટામાં લઈ જાવ આ સરવાળો.

માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક એટલે, ઘડાની પર્યાયનો કરનારો તો માટી છે. આદિ મધ્ય અંતમાં માટી છે. ઘડાની આદ્યમાં મધ્યમાં ને અંતમાં માટી છે. એની આદ્યમાં કુંભાર હતો માટે ઘડો થયો છે એ ત્રણ કાળમાં વાત સાચી નથી. કહો, સમજાણું કાંઈ ? આહાહા ! ( શ્રોતાઃ- પાગલ કહે ) પાગલ જ છે બાપુ દુનિયા પાગલ છે. પરમાત્મ પ્રકાશમાં તો કહ્યું છે ધર્મી જીવને પાગલ, પાગલ માને એવું છે. પાગલ લોકો ધર્મીને પાગલ માને, શું આ વાતો કરે છે પાગલ જેવી. આહાહાહા !

હળ હાલે છે ને હળ, ખેતર, જ્યાં ખાડો પડતો જાય ને ધૂળ, ઈ હળ ખાડાને અડયું નથી, ધૂળને અડયું નથી. આ તે કોણ માને ? સાંભળો હવે સાંભળો, એક હળ હાલે છે ને ઈ હળને ઓલો આદમી ઊભો છે, એ આમ કરે એનાથી હળ હાલતું નથી, હળના પરિણામ પરમાણું ઈ એના છે એ પરમાણુંથી હળ હાલે છે પોતાથી અને તે હળ ધૂળને અડતું નથી અને ધૂળમાં ખાડો દેખાય આમ.

આરે ! આરે ! જુઓ આ હાથ આંહી અડતું નથી બિલકુલ અડતું નથી, કેમ કે આ હાથમાં ને આમાં બેમાં અભાવ છે, છતાં અહીં ખાડો દેખાય છે. જાુઓ આમ ખાડો થાય ને, ઈ ખાડાની પર્યાય આને લઈને થઈ નથી. એ પરમાણુંના દળની એ પર્યાય તે કાળે તે થવાની હતી તે કાળે એ થઈ છે. અરરર ! આવી વાતું છે.

આંહી તો હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, બધાને આમ કરી દઉં ફલાણાને આમ કરી દઉં ઠેકાણે આમ પાડી દઉં. આહા ! છોડીયું થઈ મોટી, ઠેકાણે પાડી દઈએ નહીંતર આપણે ક્યાં હાલે. છોકરા થયા મોટા સરખાઈમાં કન્યા આવે તો ઠીક કહેવાય સાધારણ કન્યા આવે તો આપણું ઘરનું, માળાએ મારી નાખ્યા જગતને. નવરંગભાઈ ! આ તમારું બધુ પોગળ, આ લખુભાઈ ! તમારું એટલે આ જગતનું, આવું છે બાપા શું કરીએ ?

પ્રભુ તારી પ્રભુતા કોઈ જુદી છે, એવી પ્રભુતામાં જે પરિણામ પોતાના થાય, તે વખતે તે પરિણામ પોતાનાથી થયા અને રાગનું જ્ઞાન થયું એ પણ પોતાથી થયું છે, એ સિદ્ધ આંહી કરવું છે. હજી તો દાખલો ચાલે છે, આદિ મધ્ય અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે, માટી ઘડાને પકડે છે, ઘડાની પર્યાય માટી કરે છે, ઘડારૂપે પરિણમે છે, માટી ઘડારૂપે થાય છે, ગ્રહે છે એટલે શું કીધું ? જરી ઝીણી વાત છે. એ ઘટનો પર્યાય તે કાળે થવાનો જ હતો, તેને માટી ગ્રહે છે, એને પહોંચી વળે છે બસ. ઘડાની પર્યાય જે છે તે કાળે તે થવાની હતી જ, તેને પ્રાપ્ય કહીએ, થયું

છે તેને પ્રાપ્ય કહીએ, તેને માટી ગ્રહે છે એટલે પહોંચી વળે છે, માટી પહોંચી વળે છે, કુંભાર નહીં, આહાહા ! હજી તો દાખલો, પછી સિદ્ધાંત તો આકરો પડશે. આહાહા !

ઘડારૂપે પરિણમે છે, ઘડારૂપે ઉપજે છે, ઘડાની અવસ્થા પહેલાં જે અવસ્થા હતી, એને બદલે, બદલાવે છે પોતે માટી, ઘડા પહેલાં હોય ને માટીનો પિંડો, તે પિંડની અવસ્થા બદલે છે એ માટી, અને પિંડની અવસ્થા ઘડારૂપે થાય છે એ માટી કરે છે. માટીનું પ્રાપ્ય ઘડો, તે કાળે તે પર્યાય થવાની જ હતી. તેને માટીએ પ્રાપ્ય ગ્રહણ કરી છે, અને તે કાળે પૂર્વના પિંડની અવસ્થાનો વ્યય થવાનો જ હતો, થયો એને માટી તેનો વિકાર્ય કરે છે, એટલે પલટાવે છે, અને ઘડારૂપે ઉપજ્યો, ઉપજ્યું એ માટી તે રૂપે ઉપજી છે. આહાહા !

હવે અહીં તો આખો દિ' અમે આ કર્યાને આ કર્યા' ને આ કર્યા' ને દુનિયાને આમ કર્યા ને દુનિયાને સુધાર્યા ને, મારી નાખ્યો જીવને. એ જ્ઞાતા દૃષ્ટા છે, એનું એણે માન્યું નહીં, અને આ છે એમ માન્યું એટલે ઓલું મારી નાખ્યો એને, જીવને મરણ તુલ્ય કરી નાખ્યો છે. પાઠ છે ને ? ૨૮ કળશમાં છે. મરણતુલ્ય કરી નાખ્યો પ્રભુ, જીવતી જ્યોત જ્ઞાતા દૃષ્ટા ચૈતન્ય જ્યોત, એને તેં ન સ્વીકારતા રાગનું કાર્ય મારું ને પરના કાર્ય મારાં, એ વખતે તેં જીવતી જ્યોતનો તેં અનાદર કર્યો, મારી નાખ્યો તેં. આહાહાહા !

માટી પોતે ઘડારૂપે ઉપજે છે તેમ, આ દૃષ્ટાંત, તેમ જીવના પરિણામને એટલે કે જાણવા દેખવાના પરિણામને, પોતાના પરિણામને એટલે રાગ થયો તે એનું પરિણામ છે પુદ્ગલનું, પોતાના પરિણામના ફળને, એટલે હરખ શોકના પરિણામ થયા તે પુદ્ગલના ફળને નહિ જાણતું એવું પુદ્ગલ દ્રવ્ય, આહાહાહા ! ગાથા ભારે આવી છે. છે ને સામે, સામે પુસ્તક છે કે નહીં ? ક્યા શબ્દનો અર્થ થાય છે. એમ બાપા ! આહા.... અરેરે ! એને ક્યાં અવસર મળ્યો છે. મનુષ્ય ભવ, એમાં આ ચીજ ન સમજે અને સમ્યગ્જ્ઞાનનો દોરો નહીં પરોવે, તો તો એ સોય ખોવાઈ જશે. એને અહીં સમ્યગ્જ્ઞાન, હું તો એક જ્ઞાયક જાણનાર છું, રાગનું જ્ઞાન એ પણ મારાંથી થયું છે, એ રાગનું જ્ઞાન નહીં, એ અહીં સિદ્ધ કરવું છે. પુદ્ગલથી જ્ઞાનના પરિણામ થયા, રાગથી એમ નહીં, એ સિદ્ધ કરવું છે.

જુઓ, જીવના પરિણામને ને પોતાના પરિણામને એમ આપણે પહેલી વ્યાખ્યા થઈ'તી માથે, અને પોતાના પરિણામમાં પણ નહીં જાણતું એવું પુદ્ગલ દ્રવ્ય, પોતે પરદ્રવ્યના પરિણામમાં, એટલે શું હવે ? આત્મા જ્ઞાયક છે તેના પરિણામ એ રાગના ને પુદ્ગલથી, પરદ્રવ્ય છે એ. આહાહા ! રાગ–દયા,દાન,કામ,ક્રોધના ભાવ જે આ વિકલ્પ થયાં એ પુદ્ગલના પરિણામ, એ પુદ્ગલનું ફળ. હવે કહે છે, કે એ કર્મના એ પુદ્ગલનાં પરિણામને પોતાના જીવના પરિણામને પુદ્ગલના ફળને નહીં જાણતા એવું પુદ્ગલદ્રવ્ય, પરદ્રવ્યના પરિણામમાં, પરદ્રવ્ય એટલે આત્મા, આત્માના જાણવા દેખવાના પરિણામ એ રાગની અપેક્ષાએ પરદ્રવ્યના પરિણામ છે.

હવે, આ એની મેળે વાંચો તો કાંઈ સમજાય એવું નથી કાંઈ. કોઈ દી' આંકડો, લોકો આજે આવ્યા છે ને તાકડે ને એને ખબર તો પડે અહીં કાંઈક છે બીજી વાત. દુનિયામાં હાલે છે કાંઈક કાંઈક ગપ ગોળા ને આ કાંઈક બીજું છે. આહાહા !

શું કીધું ? જેમ ઘડાપણે ઉપજે છે માટી, નિપજે છે માટી, અને ફેરવે છે માટી. પિંડનો ઘડો

થયો. એમ પુદ્‌ગલ, જીવના પરિણામને, પોતાના પરિણામને રાગને ને પોતાના પરિણામના ફળને નહીં જાણતું એવું પુદ્‌ગલદ્રવ્ય રાગાદિ જડ, પુદ્‌ગલ જડ, રાગ જડ એ બધું એક પુદ્‌ગલમાં જાય છે, એ પોતે પરદ્રવ્યના પરિણામમાં પરદ્રવ્યના એટલે રાગ છે તેનાથી પરદ્રવ્ય આત્મા, એના જે જ્ઞાનના પરિણામ એ રાગથી પરદ્રવ્યના પરિણામ એમ કહેવામાં આવે છે. અરેરે ! પરદ્રવ્યના પરિણામમાં એટલે શું કીધું ? સમજાણું કાંઈ ? રાગદ્વેષ આદિ પરિણામ એ જીવના પરિણામને જાણતું નથી, તેના પરિણામને એનેય જાણતું નથી, એના ફળનેય જાણતું નથી, એવું પુદ્‌ગલ છે, રાગ હારે ! એ રાગ પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ મધ્ય અંતમાં વ્યાપીને તેને ગ્રહતું નથી. આહાહા ! ધીમેથી સમજવું બાપુ, હળવે હળવે અર્થ થાય છે, આ તો વીતરાગ ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન, એની આ વાણી છે, સંતો તો આડતિયા થઈને એની વાતું કરે છે. સમજાણું કાંઈ ?

જે રાગ ને પુણ્યના પરિણામ થયાને, પાપના થયા એ પોતાને જાણતું નથી. આત્માના પરિણામ જ્ઞાતાને જાણતું નથી, તેના ફળને એટલે રાગના ફળને હરખશોકને તેને જાણતું નથી તે, પુદ્‌ગલદ્રવ્ય પોતે પરદ્રવ્યના પરિણામમાં એટલે આત્માના જાણવા દેખવાના પરિણામમાં, આત્માનું સમ્યગ્દર્શન થયું, એ સમ્યગ્દર્શનના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, એ રાગ અંતરમાં જઈને, એ જ્ઞાનના પરિણામને આદિ મધ્ય અંતમાં વ્યાપીને તેને ગ્રહતું નથી. શું કીધું ? ભાઈ !

ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ, એનું ભાન થઈને જે જ્ઞાતા દૃષ્ટાના પરિણામ થયાં, આનંદના થયાં, તેને રાગ છે, તે રાગને જાણતું નથી, આ પરિણામને જાણતું નથી, રાગના ફળને જાણતું નથી, એવું પુદ્‌ગલદ્રવ્ય રાગાદિ તે પરદ્રવ્યના પરિણામ એટલે આત્માના જ્ઞાતાદ્રષ્ટાના પરિણામ જાણવા દેખવાના ભાવ, તેને અંતર્વ્યાપક થઈને, રાગ અંદર જઈને આદિ મધ્ય અંતમાં, આંહી જ્ઞાનના પરિણામ જે થયા તેની આધમાં રાગ છે તે મધ્યમાં છે એમ છે નહીં. આદિ મધ્યમાં અંતમાં વ્યાપીને તેને ગ્રહતું નથી, શું કહે છે ? આહાહાહાહા ! પ્રેમચંદભાઈ ! આવ્યા છો બરાબર. આહાહા ! હેં ? આવી વાત છે ભગવાન. શું કરીએ ? તું કોણ છો ભાઈ.

કહે છે કે જ્યાં આત્માનું જ્ઞાન થયું અને જ્ઞાનના પરિણામ, વસ્તુ તો જ્ઞાયક ત્રિકાળ છે, એના પરિણામ જાણવાના થયા, સમકિતના થયા, શાંતિના થયા, આનંદના થયા, એ પરિણામમાં રાગનું પુદ્‌ગલ છે તેનું જ્ઞાન થયું, માટે તે રાગ કર્તા અને આ જ્ઞાનના પરિણામ તેનું કર્મ, એ રાગ અંતર્વ્યાપક થઈને જ્ઞાનના પરિણામને કરે છે એમ નથી. આહાહાહાહા !

એવી વાતું છે પ્રભુ, શું થાય ? અરેરે ! જીંદગી હાલી જાય છે, એમાં આ ન કર્યું તો થઈ રહ્યું, એ તો ઢોરમાં–નરક અને ઢોર અવતાર, અબજોપતિ માણસ બીજે દિવસે કૂકડીની કૂંખે બચ્ચું થાય, ગાયને કૂંખે, અરેરે ! કેમ કે જેણે આત્માને સેવ્યો નથી ને જાણ્યો નથી ને પુણ્ય ને પાપને સેવ્યા, એ કષાય છે, ને કષાય છે તે આત્માની આડોડાઈ છે, એ આડોડાઈને સેવી છે, તે આડોડાઈમાં અવતરશે. આ માણસ ઊભો છે આ તિર્યંચ આડા છે આમ, ગાયું, ભેસું, એ આડોડાઈ કરી એ આડોડાઈમાં જશે. આહાહા ! સમજાણું કાંઈ ? આવો ઉપદેશ છે બાપુ. આહાહા !

પરદ્રવ્યના પરિણામમાં એટલે ? રાગ છે એ પુદ્‌ગલનાં પરિણામ છે એ પરિણામ જીવના પરિણામને, પરદ્રવ્યના પરિણામ એટલે જીવના પરિણામને અને જ્ઞાતાદૃષ્ટાના આનંદના

મોક્ષમાર્ગના પરિણામને અંતર્વ્યાપક થઈને એ રાગ અંતર જઈ વ્યાપ્ય થઈને શરૂઆતમાં રાગ હતો તો તે જ્ઞાતાના પરિણામ થયા એમ નથી. આહાહાહાહા ! દેવીલાલજી ! બાપુ આવું તો સાંભળવા કોક દિ' મળે ભાઈ. આહાહા... એવી વાતું છે બાપુ.

પરદ્રવ્યના પરિણામમાં એટલે ? રાગાદિ છે દયા,દાન,કામ,ક્રોધના પરિણામ એ પુદ્‌ગલ છે અને એનાથી જે પરદ્રવ્યના પરિણામ એટલે આત્માના જાણવા દેખવાના પરિણામ, એ પરદ્રવ્યના પરિણામ છે, સમજાણું કાંઈ ? ભાષા તો સાદી આવે છે પ્રભુ, પણ હવે ભાવ સમજવા તો બાપા, શું થાય પ્રભુ, તેં તારી દયા કરી નથી કોઈ દિ' પરની દયા કરવા હાલી નીકળ્યો, જે કરી શકતો નથી. એનો ભાવ આવે, પર દયાનો એ પણ રાગ ને હિંસા છે જીવની, અરરર ! એ રાગને પણ, આવ્યો રાગ, પણ જ્ઞાની જે આત્માનો જાણનાર છે, તેના પરિણામમાં રાગ છે માટે રાગનું જ્ઞાન થયું, રાગ કર્તા ને જ્ઞાનના પરિણામ કર્મ, એવું છે નહીં. સમજાણું કાંઈ ?

બે ત્રણ લીટીયુમાંય કઠણ, ભગવાન શું કરીએ. ( શ્રોતાઃ– રાગમાં તો પ્રમેયત્વ ધર્મ છે ) એ તો જ્ઞેય છે. જ્ઞેય છે અને જ્ઞાયક છે એ પણ વ્યવહાર છે. રાગ છે એ જ્ઞાનનાં પરિણામનું જ્ઞેય છે, અને જ્ઞેય છે માટે અહીં જ્ઞાનના પરિણામ થયાં એમ નહીં, એમ. ને અહીં જાણનાર છે અને ઓલો જણાય છે એ પણ વ્યવહાર છે. નિશ્ચયથી તો જ્ઞાનનાં પરિણામ છે તે પોતાનાં પરિણામને પોતે જાણે છે. આહાહાહાહા !

અરેરે ! દુનિયા ક્યાં રખડે છે ને ક્યાં, એને આવી વાત સાંભળવા મળે, એમાં પાંચ પચાસ લાખ રૂપિયા થયા, કરોડ બે કરોડ જીુઓ એ તો પાગલ મોટો. આહાહા ! ( શ્રોતાઃ– ઘણા જીરવી શકે છે પૈસા ) હેં ? શું કીધું ? ( શ્રોતાઃ– ઘણાય જીરવી શકે ) ધૂળમાંય જીરવતા નથી પૈસા. પૈસા મારી નાખે, મરી ગયો નહીં ? બે અબજ ને ચાળીસ કરોડ હતા, આ શાંતિલાલ ખુશાલ ગોવામાં, બે અબજ ચાલીસ કરોડ આપણો પાણશીળાવાળો, દશાશ્રીમાળી વાણીઓ હતો, બે અબજ ચાળીસ કરોડ, એકસઠ વર્ષની ઉંમરે એની વહુ હતી તેને હેમરેજ થઈ ગયું, તે મુંબઈ આવીને આવેલા બે ચાર દિ' રહેલા ઈ બાઈ તો અસાધ્ય હતી, બે ચાર દિ' થયા ત્યાં એકસઠ વર્ષની ઉંમર, રાતે મને દુઃખે છે, બે અબજ ચાલીસ કરોડ, સાંઈઠ લાખના તો મકાન ત્યાં ગોવામાં ત્યાં એક ચાલીસ લાખનું દસ દસ લાખના બે, એ બાઈ પાંચ મિનિટમાં, સગો હતો એક છે ઓળખીતો ભાઈ દાકતરને બોલાવો, દાકતરને બોલાવે ત્યાં દેહ છુટી ગયો, જાવ રખડવા હવે, આહાહાહા ! અરરર ! આ બે અબજ ને ચાલીસ કરોડ તો ઉપજ્યા હશે ક્યાંક ઢોર બોરમાં. મૂળ તો નર્કમાં ન જાય માંસ ને દારૂ ન ખાય ને. અરરર ! પ્રભુ પ્રભુ શું કરે. ( શ્રોતાઃ– એ તો સુખની મોત કહેવાયને ? ) તો સુખની મોત કહેવાયને ? શેની ? આ મોત તો સુખની મોત કહેવાયને ? સુખની ને ઢોરમાં અવતર્યો એ સુખની. કષાયના ભાવમાં મમતામાં દેહ છુટયો. આહાહાહા !

આંહી તો ઓલા પરદ્રવ્યના પરિણામ છે ને એ શું છે ? એ રાગ ને દ્વેષના પરિણામ દયા દાનના કામ ક્રોધના પરિણામ એ પુદ્‌ગલના છે, અને એની અપેક્ષાએ પરદ્રવ્યના પરિણામ એટલે આત્માના જાણવા દેખવાના પરિણામ એ પરદ્રવ્યના પરિણામ કહેવાય. રાગની અપેક્ષાએ એ પરદ્રવ્યના પરિણામ કહેવાય. આહાહાહા...

આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને તેને ગ્રહતો નથી, રાગ આત્માના જ્ઞાન પરિણામને ઉપજાવતો નથી. ધ્રુવ પરિણામ જે જ્ઞાન પરિણામ થયા, ત્યાં રાગને જાણવાના ને પોતાને જાણવાના જે જ્ઞાન પરિણામ થયા એ તો તે વખતે ધ્રુવ તે પરિણામ જ થવાના હતા. તેને રાગ ગ્રહે છે, રાગ તે પ્રાપ્ય થઈને તેને પકડે છે, એમ નથી. આહાહાહા... અરેરેરે ! ગ્રહતું નથી, એ રાગાદિ પરિણામ તે રૂપે પરિણમતું નથી, તે રૂપે તે આત્માના જાણવા દેખવાના પરિણામને, પરિણામપણે રાગ ઉત્પન્ન થતો નથી અને તે રૂપે ઉપજતો નથી. જ્ઞાનના પરિણામપણે રાગ ઉપજતો નથી, જ્ઞાનના પરિણામે તો પોતે પોતાને પકડયા છે આત્માએ પ્રાપ્ય થઈને ધ્રુવ તે વખતે પોતે ઉપજ્યો છે ને પૂર્વથી બદલ્યો છે પોતે આત્મા, એ પરિણામને રાગ વ્યાપીને કરે છે એમ નથી. આહાહા !

બહુ આકરું મોટાણી ! અરે પ્રભુ ! એ ભાગ્ય વિના તો કાને ન પડે એવી વાત છે. બાપુ ! દુનિયાના ભાગ્ય તો ધૂળ છે, ઈ ભાગ્યશાળી નથી ભાંગશાળી છે. આહાહાહા ! આ ચીજ બાપા પરમ સત્યના ભણકાર કાને પડે એ પણ ભાગ્ય વિના પડે નહીં ભાઈ, સમજે તો પછી વળી, આહાહા.... તે ઉપજતું નથી પણ- વિશેષ કહેવાશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૬૮ ગાથા-૭૯ તા. ૧૪/૦૧/૭૯ રવિવાર પોષ વદ-૧

શ્રી સમયસાર ! ઝીણી વાત છે પ્રભુ ! વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવ એમ ફરમાવે છે કે જેમ માટી ઘડાને ગ્રહે, ફેરવે, વ્યય કરે અને ઉપજે. એમ જીવના પરિણામને રાગના પરિણામ એ પુદ્‌ગલના પરિણામ છે, એ આત્માના જીવના પરિણામને એ જાણતો નથી એમ સિદ્ધ કરવું છે. આહાહાહા !

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની હૈયાતિવાળું અસ્તિત્વ છે. આહાહાહા ! પ્રભુ આ આત્મા જે છે એ તો અતીન્દ્રિય સુખની હૈયાતિવાળું અસ્તિત્વ છે એનું. એવા અસ્તિત્વનું જેને ભાન થયું સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને, તેના અસ્તિત્વના પરિણામમાં પર્યાયમાં નિર્મળ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર જે વીતરાગી પરિણામ છે તે જીવના પરિણામ છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? ઝીણું છે ભાઈ, વર્તમાન ચાલતો પ્રવાહ એથી જાત બીજી છે પ્રભુ ! આહાહા !

એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ એ આત્માના પરિણામ નહીં એમ આંહી કહે છે. અરે પ્રભુ ! એ તો વિકાર છે, તે વિકાર છે એ પુદ્‌ગલના કારણે થયેલું એ પુદ્‌ગલનું કાર્ય છે. આહાહાહા ! આકરી વાત. એ રાગને આદિ પરિણામ થાય તેને જ્ઞાતાદ્રષ્ટા તરીકે જે જાણવાના કામને કરે, એ જાણવું, શ્રદ્ધવું, માનવું, સ્વરૂપમાં રમવું એ જે પરિણામ વીતરાગી પરિણામ છે એ જીવના પરિણામ છે. આહાહા !

બહુ ફેરફાર ભાઈ. આહાહા ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવનો આ હુકમ છે, કે એ જીવના પરિણામને, છે ? પોતાના પરિણામને એટલે કે કર્મ જે જડ છે, પુદ્‌ગલ છે, માટી છે કર્મ, એના પરિણામ ઇ શું છે કે દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ એ કર્મના પરિણામ છે, એમ કહે છે એ ભગવાન આત્માના પરિણામ નહીં. આહાહાહા ! આવું છે. દુનિયાને તો એવું લાગે એવું છે, કે આ શું વળી આત્મા, નવું ? પ્રભુ એ નવું નથી. અનાદિનો વીતરાગ જિનેશ્વર

પરમાત્માનો માર્ગ આ છે.

કહે છે કે પુદ્‌ગલ જે છે એ પોતાના પરિણામને જાણતા નથી, એટલે રાગ જે થાય છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો એ રાગ છે. હિંસા, જૂઠું, ચોરીનો એ રાગ પોતે જાણતો નથી. રાગમાં જ્ઞાનનો સ્વભાવ નથી, તેથી તે રાગ પોતાને જાણતો નથી. એ રાગ જીવના સમ્યગ્દૃષ્ટિના જીવના શુદ્ધ પરિણામને જાણતો નથી, બે. જીવના પરિણામને, પોતાના પરિણામને એટલે રાગને રાગ જાણતો નથી, રાગ છે ઈ જીવના પરિણામને જાણતો નથી, જીવના પરિણામ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર જે વીતરાગી પરિણામ એ જીવના પરિણામ, એ જીવના પરિણામને રાગ પરિણામ જાણતો નથી, રાગ પરિણામ રાગને જાણતો નથી. અને રાગ પરિણામ પોતાના પરિણામના ફળને જાણતો નથી. રાગનું ફળ દુઃખ છે એને એ જાણતું નથી. આહાહાહા !

ગાથા અડધી તો ચાલી ગઈ'તી પણ ફરીને, આજે કેટલાક નવા હોય ને, ભગવાન માર્ગ તો એવો ઝીણો છે ભાઈ, વીતરાગનો ધર્મ જિનેશ્વરદેવ ત્રણલોકના નાથ એનો ધર્મ એ તો વીતરાગી પરિણામ છે. કેમ કે આત્મા પોતે જિન સ્વરૂપ છે, આ આત્મા જે છે અંદર એ જિન સ્વરૂપ વીતરાગ મૂર્તિ છે આત્મા, એ વીતરાગ મૂર્તિ છે એમાંથી વીતરાગ પરિણામ પ્રગટ થાય છે. આહાહા !

અરેરે ! આ દેહમાં દેહ છે એ તો માટી છે આ તો ધૂળ છે, પૈસા બૈસા તો એક બાજુ રહી ગયા, આ ધૂળ કયાંય રહી ગઈ, કર્મ અંદર આઠ છે જ્ઞાનાવરણી એ પણ માટી ને ધૂળ જડ છે, પણ અહીં તો એ ઉપરાંત અંદરમાં રાગના પરિણામ વ્રતના, તપના, ભક્તિના જાત્રાના થાય, કે હિંસા, જૂઠા, ચોરીના પરિણામ થાય, એ પરિણામને પણ પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવ્યા છે. કેમ કે એ વિકાર છે, એ આત્માનો સ્વભાવ નથી, સ્વભાવથી થયાં નથી.

એ ભગવાન આત્મા તો અનંત આનંદ ને અનંત જ્ઞાન ને અનંત પ્રભુતાની પવિત્રતાનું પિંડની હૈયાતીવાળું તત્ત્વ, તે હૈયાતીવાળા અસ્તિત્વ તત્ત્વને જેણે પકડયું છે, જેના શ્રદ્ધામાં જ્ઞાનમાં એ અસ્તિત્વને પકડયું છે, તેને ધર્મી કહીએ ને તેના પરિણામ જે રાગ વિનાના થયા, તે જીવના પરિણામ કહેવાય. આવી આકરી વાત છે બાપા !

દુનિયા શું ચાલે છે તે બધી ખબર છે ને ? હૈં ? આંહીં તો ૮૯ વર્ષ થયા. સીત્તેર વર્ષથી તો આ બધો પરિચય છે જગતનો. આખી વાત બહુ ફેર પ્રભુ. વીતરાગ માર્ગને અને માનેલા અજ્ઞાનીના માર્ગને બહુ ફેર છે. આહાહા ! કહે છે પ્રભુ, સંતો કહે છે, દિગંબર સંતો એ પરમાત્માની વાણી જ કહે છે. પરમાત્મા ત્રણલોકના નાથ જિનેશ્વરના આ સંતો આડતિયા છે. એ જિનેશ્વરનો માર્ગ આ ને માલ આ છે એમ પ્રસિદ્ધ કરે છે. આહા !

કે એક તો રાગ જે છે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ અહીંયા જેમ માટી ઘડાપણે થાય છે, ઘડાને ગ્રહે છે, માટીના પિંડનો વ્યય કરે છે અને ઘડાની પર્યાયને ઉપજાવે છે એ બધું માટીનું કાર્ય છે, કુંભારનું નહીં, એમ ભગવાન આત્મા શુદ્ધ આનંદની હૈયાતીવાળી અસ્તિત્વ મોજુદગી ચીજ છે, એની જેણે અંદરમાં પકકડ કરી છે, ધર્મી સમ્યગ્દૃષ્ટિએ આનંદની હૈયાતીવાળી મોજૂદગી ચીજ છે સત્તા, એની જેણે પ્રતીતિ અને જ્ઞાન કર્યું છે, તે પ્રતીતિ અને જ્ઞાનનાં પરિણામ તે નિર્મળ અને વીતરાગી છે. એ જીવના પરિણામ છે એ જીવના પરિણામને

રાગ પરિણામ જાણતું નથી. રાગ પુદ્‌ગલના પરિણામ રાગને જાણતું નથી, રાગનું ફળ દુઃખ છે તેને તે રાગનું પરિણામ જાણતું નથી. આહાહાહા ! આ તો આવી ગયું છે થોડું પણ આ પહેલેથી છે ને. આહાહા !

એવું પુદ્‌ગલ દ્રવ્ય પોતે, એ રાગના ભાવ જે શુભ-અશુભ થાય, તે પુદ્‌ગલનાં પરિણામ છે, તે પુદ્‌ગલદ્રવ્ય પોતે, એ પુદ્‌ગલદ્રવ્ય છે રાગાદિ, આહાહાહા.... ગજબ વાતું, પોતે પરદ્રવ્યના પરિણામમાં એ રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ અને રાગ જે છે, એ પુદ્‌ગલના પરિણામ છે, ભગવાન આત્મા તો શુદ્ધ ચૈતન્ય છે. પવિત્ર છે અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય વીતરાગતાનો સાગર છે, એના પરિણામ તો વીતરાગી થાય તે તેના પરિણામ છે, અને રાગાદિ થાય એ પુદ્‌ગલના પરિણામ છે. એ પુદ્‌ગલના પરિણામ જીવના પરિણામને જાણતું નથી, પોતાને જાણતું નથી, તેનું ફળ દુઃખ છે તેને જાણતું નથી. છે ? એવું પુદ્‌ગલદ્રવ્ય પોતે પરદ્રવ્યના પરિણામમાં, પરદ્રવ્યનું પરિણામ એટલે આત્માના વીતરાગી સમ્યગ્દર્શન જ્ઞાનના પરિણામ એ રાગના પરિણામની અપેક્ષાએ પરદ્રવ્યનાં પરિણામ છે, એ નવરંગભાઈ ! આવું છે બાપુ. શું થાય ?

અનંત કાળથી રખડે છે ૮૪ ના અવતાર કરી કરીને અનંતા નર્કના કર્યા, અનંતા નિગોદના લસણ ને ડુંગળીના અનંતા ભવ કર્યા, એક મિથ્યાત્વને લઈને, એ મિથ્યાત્વ શું છે, એની એને ખબર નથી. એ રાગ જે દયા, દાન, વ્રત, જાત્રાનો થાય એ રાગને પોતાનો માનવો એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાદૃષ્ટિ છે અને એ મિથ્યાદૃષ્ટિમાં અનંતા ભવ કરવાની તાકાત છે. આવી વાત છે પ્રભુ. આહાહાહા !

એ પરદ્રવ્યના પરિણામમાં એટલે ? જે શુભ-અશુભ ભાવ થયા, એ શુભ વિકાર છે અને ભગવાન આત્મા તો નિર્વિકારી શુદ્ધ પવિત્ર અનંત ગુણોના હૈયાતીવાળી સત્તા છે, તો તેવા શુદ્ધ સ્વભાવની સત્તાવાળો પ્રભુ એના પરિણામ તો શુદ્ધ હોય, એ શુદ્ધ પરિણામ છે, એ રાગના પરિણામની અપેક્ષાએ પરદ્રવ્યના પરિણામ છે. આહાહાહા !

કહો, પ્રેમચંદભાઈ ! આ લંડનમાં કાંઈ મળે એવું નથી. લંડનમાં ભાઈ રહે છે, વાંચે છે ત્યાં આપણું લંડનમાં રહે છે આઠ દિ'થી આવ્યા છે, વાંચે છે ત્યાં લંડનમાં, આફ્રિકામાં વાંચે છે તે ત્યાં તો મોટું મહાજન છે. અરે પ્રભુ ! મારગડા પરમાત્મા ત્રિલોકનાથના હવે જુદા છે ભાઈ ! આહાહા ! રાગ છે એ જૈનનો માર્ગ નહીં, જૈનનો માર્ગ વીતરાગ પરિણામ તે જૈનનો માર્ગ છે અને એ વીતરાગ પરિણામ છે એ વીતરાગી દ્રવ્ય છે એને આશ્રયે થાય છે. તેવા જે વીતરાગી પરિણામ જે ધર્મ, મોક્ષનો માર્ગ, એ રાગનાં પરિણામ પુદ્‌ગલની અપેક્ષાએ તે પરદ્રવ્યના પરિણામ છે. કહો શશીભાઈ, ગાથાયું આવી છે. આહાહા ! ધીમેથી સમજવા જેવું છે પ્રભુ ! અનંત કાળથી રખડે છે ભાઈ, એ દુઃખી છે, દુઃખી છે. પરમાત્મા જિનેશ્વરદેવે જે કહ્યો માર્ગ એને એણે અનંત કાળમાં એક સેકંડ માત્ર પણ જાણ્યો નથી અને પોતાની સ્વચ્છંદતાએ કલ્પનાએ ધર્મ માન્યો અને રખડયો છે. આહા...આહાહા... આવી વાત બેસવી કઠણ.

પરદ્રવ્યના પરિણામમાં, એટલે શું સમજાણું ? જે કાંઈ શુભ-અશુભ ભાવ થાય, એ તો વિકૃત છે ને ? અને આત્માનો સ્વભાવ વિકૃત નથી, આત્માનો સ્વભાવ તદ્દન નિર્વિકારી ત્રિકાળી છે, તેથી

એના પરિણામ તો નિર્વિકારી પરિણામ સમ્યગ્દર્શનજ્ઞાન શાંતિ વીતરાગતા એ એના પરિણામ, એ પરિણામ રાગના પરિણામની અપેક્ષાએ પરદ્રવ્યનાં પરિણામ છે, ધીમેથી સમજવું પ્રભુ આ તો કાંઈ વાર્તા નથી, આ કાંઈ કથા નથી. એક ચકલી લાવી ચોખાનો દાણો ને ચકલો લાવ્યો મગનો દાણો ને કરી ખીચડી ને કુંભારને આપીને, ઘડુલો આપ્યો ને વાતો કરતાં ને છોકરાઓ, બાપુ આ તો ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વરે સર્વજ્ઞપણે જાણ્યું અને જોયું, તે તેમણે કહ્યું તે આ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એ શુભ પરિણામ છે દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રાના એને અહીંયા વિકાર છે ને ? તેથી જીવનો સ્વભાવ જે ત્રિકાળ છે એ તો શુદ્ધ છે, એના અનંતા ગુણો છે, અનંતા ગુણોની હૈયાતિવાળું તત્ત્વ પણ એ તો બધાં અનંતા ગુણો પવિત્ર અને શુદ્ધ વીતરાગ સ્વભાવી છે, એથી જેણે એવા વીતરાગી સ્વભાવ આત્મા એની જેને સમ્યગ્દર્શન ને જ્ઞાનમાં હૈયાતી જણાણી, પૂર્ણ શુદ્ધ સ્વભાવનો ભરેલો ભગવાન એવી જેને હૈયાતિ પરિણામમાં જણાણી તે પરિણામ તો સમ્યગ્દર્શન ને જ્ઞાન ને વીતરાગી છે. આહાહાહા !

એ જીવના પરિણામને, રાગના જે પરિણામ છે એ વિકૃત છે, તે જીવના નહિ. એ પુદ્ગલના પરિણામ ગણીને એ રાગ દયા, દાન, વ્રતના પરિણામને પુદ્ગલના પરિણામ ગણીને, કેમ કે મલિન સ્વભાવ જીવનો નથી, એથી મલિન પરિણામ એ પર્યાયમાં થયાં એ જીવના નથી. એ પુદ્ગલના કાર્ય છે તે પુદ્ગલનાં પરિણામ, પરદ્રવ્યના પરિણામ એટલે વીતરાગી ભગવાનના, આત્માના પરિણામ જે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ને વીતરાગતા છે ઈ, એ પરદ્રવ્યના પરિણામને રાગ જાણતો નથી. છે ? આહા !

એ પરદ્રવ્યના પરિણામ અંતર્વ્યાપક થઈને, ભગવાન આત્મામાં એક અકાર્ય કારણ નામનો ગુણ છે, ઝીણી વાત છે પ્રભુ, ભગવાને એમ કહ્યું છે પરમેશ્વરે કે આત્મામાં એક અકાર્યકારણ નામનો ગુણ છે પવિત્ર, બધાં ગુણ પવિત્ર છે ને ? એ અકાર્યકારણ નામનો ગુણ છે તેથી તે ગુણનું કાર્ય જે સમ્યગ્દર્શનજ્ઞાન થાય તે કાર્યમાં રાગ કારણ છે ને તે પરિણામ કાર્ય છે એમ નથી. તેમ એ વીતરાગી પરિણામ કારણ છે અને રાગ કાર્ય છે એમ નથી. આવો માર્ગ ભારે આકરો ભાઈ ! આહા... એ વીતરાગ સિવાય આહા.... આ કયાંય બીજે છે નહીં, કોઈ માર્ગમાં, બધા માર્ગો અજ્ઞાનીએ એકએક કલ્પિત કરેલા છે.

આ તો પરમાત્મા જિનેશ્વરદેવ, ત્રિલોકનાથ બિરાજે છે. મહાવિદેહમાં પરમાત્મા ૨૦ તીર્થંકરો મહાવિદેહમાં, સમોશરણમાં બિરાજે છે. ઇન્દ્રોની સમક્ષ પ્રભુની વાણી નીકળે છે. એ વાણી સાંભળવા ગયેલા કુંદકુંદાચાર્ય દિગંબર સંત એ લાવીને આ વાત લાવ્યા. ભાઈ પ્રભુ તો આમ કહે છે, પ્રેમચંદભાઈ, આવી વાતું છે.

પ્રભુનું એ ફરમાન છે કે જે રાગ થાય છે, એ આત્માના પરિણામ નહિ, કેમ કે આત્માના ગુણો છે એ બધા પવિત્ર, નિર્મળ છે માટે રાગ પરિણામ એનું નહીં, એ રાગ પરિણામ પર્યાયમાં થયા, પણ એ પુદ્ગલને કારણે, પુદ્ગલના નિમિત્તના સંબંધે થયેલા માટે તે પુદ્ગલના પરિણામ છે. એ પુદ્ગલના પરિણામ આત્માના પરદ્રવ્યના પરિણામ એટલે મોક્ષમાર્ગ જે પરિણામ નિર્વિકારી એ પરદ્રવ્ય આ રાગની અપેક્ષાએ પરદ્રવ્યના પરિણામ એને એ રાગ ગ્રહતું નથી. છે ?

એ પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, રાગ અંતરમાં મદદ મળીને આદિ મધ્ય અંતમાં જીવનાં જે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના પરિણામ એમાં રાગ અંતર્વ્યાપક થઈને, આદિ મધ્ય અંતમાં વ્યાપીને તેને ગ્રહતો નથી. આહાહાહા ! વ્યવહારરત્નત્રયનો દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનાં પરિણામનો રાગ, શાસ્ત્ર પરવસ્તુ છે તેના ભણતરનો રાગ, એ રાગના પરિણામ પુદ્ગલનાં ગણીને, પરદ્રવ્યનાં પરિણામ જીવનાં વીતરાગી ગણીને, એ રાગના પરિણામ વીતરાગી પરિણામને ગ્રહતાં નથી. એ વીતરાગી પરિણામ થયા તેની આદ્યમાં રાગ હતો એમ નથી, એ વીતરાગી પરિણામ ધર્મના થયા તેના મધ્યમાં રાગ હતો એમ નથી. એ વીતરાગી પરિણામ ધર્મનાં થયા, તેના મધ્યમાં રાગ હતો એમ નથી. તેમ વીતરાગી પરિણામ થયા એમાં રાગ છેડે હતો એમ નથી. આહાહાહા !

એ શશીભાઈ ! આવું છે બાપુ. ભાષા તો સાદી છે ભાઈ કોઈ સંસ્કૃત ને વ્યાકરણને એવું કોઈ મોટી વિદ્વતા નથી આ. આહાહા ! આ તો અંતરની વાતું ભગવાન ત્રણલોકના નાથ જિનેશ્વર, ઇન્દ્રો ને ગણધરોની વચ્ચે કહી રહ્યા હતા તે કહેલી વાત, એ વાત આવી છે. ભાગ્યવાનને તો કાને પડે એવી વાત છે. આ સમજવાની વાત તો એકકોર રહી ગઈ. આહા !

કહે છે કે એ રાગ જે શુભભાવ ભગવાનની ભક્તિનો, વિનયનો, પૂજાનો, દાનનો, દયાનો, એ પરિણામ પુદ્ગલનાં પરિણામ કહ્યા, કેમ કે જીવના પરિણામ નિર્મળ સ્વરૂપ છે, તેના પરિણામ નિર્મળ થાય, એથી રાગ પરિણામ પુદ્ગલના કહીને તે રાગ પરદ્રવ્યના પરિણામ એટલે આત્માના સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનાં પરિણામને તે રાગ આદ્યમાં ગ્રહતું નથી, મધ્યમાં નહીં, પણ એ નિર્મળ પરિણામને રાગ અડતોય નથી, આહા... કહો, ધીરુભાઈ ! આવો માર્ગ છે. માળે આવી વાતો, આવો કહે છે નવો કયાંથી કાઢયો, એમ કહે છે. પ્રભુ ! નવો નથી ભાઈ, માર્ગ અનાદિનો તીર્થંકર ત્રિલોકનાથ જિનેશ્વર પ્રભુનો માર્ગ આ છે ભાઈ, તને સાંભળવા ન મળ્યો હોય માટે નવો લાગે એમ નથી. આહાહા ! ચીમનભાઈ ! આહાહા !

એ પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને આદિ મધ્ય અંતમાં વ્યાપીને તેને ગ્રહતો નથી. અહીંયા જે સમ્યગ્દર્શનનાં પરિણામ થયા એને રાગ છે તે પકડતો નથી, તે રૂપે પરિણમતો નથી. રાગ સમકિત દર્શનના પરિણામપણે મિથ્યાત્વનો પલટો મારીને પરિણમ્યું નથી ઈ, તે રૂપે ઉપજતું નથી, સમ્યગ્દર્શનના પરિણામપણે રાગ ઉપજતો નથી. આહાહાહા !

હવે અત્યારે તો આ વ્યવહાર રાગ સાધન અને નિર્મળ પરિણામ સાધ્ય એમ કહે છે પ્રભુ. દુનિયા બહુ ફેરફારમાં છે ભાઈ, વીતરાગ પરમેશ્વરનો માર્ગ એને સાંભળવા મળ્યો નથી પ્રભુ. ભગવાન તો આ જીવને ભગવાન તરીકે બોલાવે છે. કેમકે પોતે સ્વરૂપ રાગદ્વેષ વિનાનું સ્વરૂપ છે એ ભગવંત સ્વરૂપ છે, એ તો જિન સ્વરૂપ છે. એ જિન સ્વરૂપનાં પરિણામ( માં ) રાગ કયાંથી થાય ? એથી એ રાગના પરિણામને પુદ્ગલના ગણી અને એ રાગ છે તે જીવના પરિણામમાં આદિ મધ્ય અંતમાં ગ્રહતું નથી, રાગ ત્યાં ઉપજતું નથી ને રાગ તેને તે પરિણમાવતું–બદલાવતું નથી. આહાહા ! છે ?

અહીં સુધી તો આવ્યું ' તું પરમ દિ ' કાલ તો સજ્જાય હતી, પરમ દિ ' આંહીં સુધી આવ્યું છે. પણ ઓલું પહેલું શું છે એ સમજાવ્યા વિના, 'પરંતુ 'નું નહીં બેસે, એટલે ફરીને લીધું, આ

શશીભાઈ ને પાછા પહેલવહેલા છે ને ? આહાહા ! ભગવાન ! પાગલ જેવી વાતું લાગે એવી છે હોં. આહાહા ! કેમકે દુનિયાની રીત આખી પલટી નાખી લોકોએ. આહાહા ! એ દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રાના શુભભાવને લોકોએ ધર્મ મનાવ્યો છે, અને ધર્મનું કારણ મનાવ્યું છે, એ આંહી ના પાડે છે. ( શ્રોતાઃ– પંચમકાળમાં એવું હોય ) પંચમકાળ ! અરે પ્રભુ શું કરે ? પંચમકાળ આત્માને કયાં લાગુ પડે છે ? આત્માને પંચમકાળ કેવો પ્રભુ ? આત્માને મુદત કેવી ? કે ભાઈ આ શરીરને ૮૯–૯૦ થયા તે આત્માને ૮૯–૯૦ એમ છે ? આ તો ધૂળની દશાને થયા ૮૯. પ્રભુ તો અનાદિ અનંત નિત્ય છે, પ્રભુ અંદર તો.

કીધું નહીં એક ફેરી જામનગરમાં એક છોકરો જુવાન હતો. અહીં ૨૫–૩૦ લાખ રૂપિયાની દુકાન નવી કરવી હશે, સૌને કેટલાકને એમ કે મહારાજના દર્શન કરી આવીએ પછી એમ માને. લોકો કે ઠીક હાલે મેં એટલું પૂછયું ભાઈ, કીધું આ પચીસ પચાસ વરસ ને સાંઈઠ વરસ કહેવાય છે એ શરીરના કે આત્માના ? તો ઈ કહે હું કાંઈ જાણતો નથી. અરરરર ! આ ઉમરું જેને કહેવાય છે, કે ભાઈ સાંઈઠ થયા ને સીત્તેર થયા એ શરીરને કે આત્માને ? બાપુ એ તો જડની સ્થિતિની વાત છે, આત્મા તો અનાદિ અનંત છે. આત્માને મુદત કેવી ? અરેરે ! વાતું ફેરફાર કરીને માર્ગ વિકૃત કરી નાખ્યો છે, એને ભગવાન પ્રસિદ્ધ કરીને જાહેર કરે છે. આહાહા ! ભાઈ આવો એ રાગનો ભાવ એને પુદ્‌ગલના પરિણામ ગણ્યા, જીવ શુદ્ધ છે તેના એ પરિણામ કેમ હોય ? એમ કહે છે. શુદ્ધ દ્રવ્ય શુદ્ધ ગુણ એના મલિન પરિણામ કેમ હોય ? આહાહા !

તેથી તે પરિણામને પુદ્‌ગલના ગણી અને એ પરિણામ આત્માનાં સમ્યગ્દર્શનના પરિણામને ગ્રહતું ઉપજતું ને બદલાવતું નથી અને આત્મામાં પણ એવો અકાર્યકારણ નામનો ગુણ છે કે જેથી સમ્યગ્દર્શનજ્ઞાનનાં પરિણામ થયાં તે રાગ કારણ અને આ કાર્ય એવું એમાં નથી. તેમ મોક્ષનો માર્ગ જે પ્રગટયો અંદર દર્શન, જ્ઞાન, ચારિત્ર તે કારણ અને રાગ કાર્ય એમ નથી. પરમાણુંમાં પણ એમ છે, ચીમનભાઈ ! પરમાણુંમાં પણ અકાર્યકારણ નામનો ગુણ છે. આ સવારમાં વિચાર કરતો ’તો ખરેખર તો એ પુદ્‌ગલનાં પરિણામ છે, એ પણ ધર્મનું કારણ થાય એમ નથી, તેમ ધર્મ પરિણામનું એ રાગ કાર્ય છે એમ નથી. આહાહા !

બેસાય એટલું બેસાડો પ્રભુ શું કરે ? આહા ! અનંત અનંત અનંત અનંતનો પાર નથી એટલા ગુણો, પવિત્રથી ભરેલો પ્રભુ તું છો, એ પવિત્ર પવિત્ર પવિત્ર નિર્મળ ગુણનો ધણી નાથ એના પરિણામ મલિન કેમ હોય, કહે છે તો દ્રવ્યને એણે જાણ્યું નથી. સમજાય છે કાંઈ ?

જેને મલિન પરિણામ મારાં છે, એમ માન્યું છે, એણે અનંત પવિત્ર ગુણનો ધણી હું છું એવું એણે જાણ્યું નથી. અનંત પવિત્ર ગુણનો ધણી જેણે જાણ્યો એના પરિણામ તો પવિત્ર વીતરાગી શાંત નિર્દોષ પરિણામ હોય. એ નિર્દોષ પરિણામને, રાગ સદોષ પુદ્‌ગલ પરિણામ તેને કરતું નથી. આહાહાહાહા... આવી વાતું છે. એમાં ૭૫–૭૬–૭૭–૭૮–૭૯ ઈ ગાથા પાંચ. તાકડે અમારે પ્રેમચંદભાઈ બરાબર આવ્યા છે મોકે, માખણ છે વીતરાગનું, જૈન પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરદેવનું આ ફરમાન છે ભાઈ ! સંપ્રદાયમાં ન હાલે એ માટે કાંઈ વાત ખોટી થઈ જાય સત્ય ઈ ? સમજાણું કાંઈ ?

આવો હોવા છતાં, પરંતુ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પોતાના

સ્વભાવરૂપકર્મ, શું કહે છે હવે, એ પુણ્ય ને પાપના ભાવ થાય છે, એ પ્રાપ્ય એટલે થયા છે, તે કાળે તે પ્રાપ્ય કહેવાય છે, તેને પુદ્ગલ પ્રાપ્ત ગ્રહણ કરે છે. જે કાળે પુણ્ય ને પાપના ભાવ થયા તે પ્રાપ્ય ધ્રુવ છે, તેને પુદ્ગલ ગ્રહે છે આત્મા નહીં. આરે ! આવી વાતું હવે. કહો, જયંતિભાઈ ! કોઈએ સાંભળી ન હોય એવી છે બાપુ, ખબર નથી ? દુનિયાની તો ખબર છે ને બાપા, વીતરાગ પરમેશ્વર એવો માર્ગ ક્યાંય છે નહીં. વીતરાગ સિવાય ક્યાંય કોઈ પંથમાં આ માર્ગ છે જ નહિ. વેદાંત જે કાંઈ વ્યાપક ને સર્વવ્યાપક એ પણ એકાંત મિથ્યાત્વ છે. આહાહાહા !

આંહી તો પરિણામ પરિણામની વાતું કરે છે. રાગના પરિણામ એ પ્રાપ્ય છે પુદ્ગલનું, રાગના પરિણામ એ પ્રાપ્ય એટલે ધ્રુવ છે પુદ્ગલનું, પુદ્ગલ તેને ગ્રહે છે, વિકાર્ય પુદ્ગલ તેને બદલાવે છે, પુદ્ગલપણે ઉપજે છે રાગ, પુદ્ગલ ઉપજે છે. એવું વ્યાપ્ય એટલે કાર્યલક્ષણવાળું પોતાના સ્વભાવરૂપ કર્મ પોતાના સ્વભાવરૂપી કાર્ય કર્તાનું, તેનામાં પુદ્ગલ પોતે અંતર્વ્યાપક થઈને, આકરું કામ. શુભ-અશુભ ભાવમાં પુદ્ગલ અંતર્વ્યાપક થઈને, તે થયાં છે. તે કાળે તેને પુદ્ગલે ગ્રહ્યા છે, પુદ્ગલ પરિણમે છે ને પુદ્ગલ ઉપજે છે તેમાં. આહાહા ! કેમ કે જીવદ્રવ્ય જે છે પ્રભુ, એનું જેને ભાન થયું, એની વાત છે. જેને ભાન નથી જીવદ્રવ્યની પૂર્ણ શુદ્ધ પવિત્ર સત્તાવાળું આ તત્ત્વ છે એની ખબરું નથી, એ તો રાગના પરિણામને પોતાનું કાર્ય માને અને મિથ્યાત્વ સેવે અને રખડે ચાર ગતિમાં. આહાહાહા !

આજ મકરસંક્રાંત છે, સૂર્ય બદલશે એમ કહે છે ને ? એમ ભગવાનનો સૂર્ય રાગમાં એકપણે માનતો હતો અનાદિનો, એ સંક્રમણ કરી નાખ્યું, ફેરવી નાખ્યું. એ રાગ એ પુણ્ય દયા, દાન, જાત્રાના પરિણામ એ હું નહીં, કેમ કે મારું સ્વરૂપ છે એ પવિત્ર છે અને પવિત્રતાના પરિણામ પવિત્ર હોય, પવિત્રતાના દ્રવ્યગુણના પરિણામ પવિત્ર હોય, દ્રવ્ય પવિત્ર, ગુણ પવિત્ર અને એના પરિણામ પવિત્ર, વીતરાગી પરિણામ હોય. લોજીકથી પણ ન્યાયથી પકડવું જોઈએ ને ?

બાપુ ! આ તો ભગવાનનો માર્ગ નિરાળો એમ છે. એવાં રાગના પરિણામને, છે ? તેમાં પોતે અંતર્વ્યાપક થઈને પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું વ્યાપ્યલક્ષણવાળું, કાર્યલક્ષણવાળું પોતાના સ્વભાવરૂપ કાર્ય પુદ્ગલ, તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, રાગના પુણ્યના પરિણામમાં એ પુદ્ગલદ્રવ્ય આદિ મધ્યમાં, આદિમાં પુદ્ગલ, મધ્યમાં પુદ્ગલ, અને અંતમાં પુદ્ગલ, એ રાગની આદ્યમાં ભગવાન આત્મા મધ્યમાં કે અંતમાં નહિ, આત્મા એને કહીએ નહિ. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! હવે અજાણ્યા ગામમાં જાય ને મુંબઈ જેવામાં, એને દાખલા દલીલ કરીને સમજાવવું પડે. બીજું શું થાય ? આહાહા !

તેનામાં પુદ્ગલ પોતે અંતર્વ્યાપક થઈને, શેમાં ? પોતાના પરિણામ જે રાગદ્વેષ પુણ્ય-પાપના પરિણામમાં, પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને શરૂઆત, મધ્ય ને અંતમાં એ પુણ્ય-પાપના ભાવને પુદ્ગલ ગ્રહે છે ( એ ) એનું પ્રાપ્ય છે. ગ્રહે એટલે પ્રાપ્ય. તે રૂપે પરિણમે છે તે બદલાવે છે, તે રૂપે ઉપજે છે પુદ્ગલ. આહાહાહા ! અરે ! આવું ! અરે ૮૪ ના અવતારમાં દુઃખી દુઃખી, હાથ કપાઈ જાય, પગ કપાઈ જાય, આંખું ફૂટી જાય, એવા અવતાર અનંત થયા છે. એકલો ટળવળે અરે હાય હાય, બાપુ તું કોણ છો પ્રભુ, એ શરીરના કટકા થયા એમાં તારું કાંઈ નથી, તું તો અંદર અખંડ છો. આહાહા !

અખંડ એક અખંડ આવે છે ને ? ઓલામાં આપણે અખંડ એક લખ્યું છે, ચાકળો છે ને ત્યાં, આજે જોયું તું ત્યાં. એક અખંડ, જ્ઞાયક એક અખંડ, નથી ચાકળો છે સામે, પણ આમાં છે અખંડ એક, આ ૩૨૦ ગાથામાં. ભગવાન આત્મા અખંડ છે, જેમાં પર્યાયનોય ભેદ નથી. એક સ્વરૂપ સામાન્ય ઉર્ધ્વ પ્રવાહ ધ્રુવ, કાયમ રહેનારો એ છે છે છે છે છે છે છે છે છે પરમ પવિત્રતાના ગુણનું ધામ ભગવાન છે છે છે છે છે એ સામાન્ય દ્રવ્ય, એને સામાન્ય દ્રવ્ય કહીએ, તે દ્રવ્યની જેને દૃષ્ટિ થઈ છે, તે દ્રવ્યનું જેને જ્ઞાન થયું છે, તેના પરિણામ તો વીતરાગી ગણવામાં આવ્યા છે પ્રભુએ. એને જે મલિન પરિણામ થાય છે, એ આ વીતરાગી પરિણામને ગ્રહતું નથી, ઉપજતું નથી, પોતાના પરિણામને ગ્રહે–ઉપજે ને પરિણમે છે. આહાહાહાહા !

શબ્દે શબ્દે ફેર, બહુ ફેર લાગે. એક કલાકની આવી વાતું. હવે એમાં હજી તો અડધો–પોણો કલાક થયો છે. ભાઈ પરમાત્મા જિનેશ્વરદેવ ભાઈ એની વાણી ગણધરોને અને ઇન્દ્રોને સાંભળવા મળે, એ વાણી કેવી હોય ? આહાહા ! ભાઈ, એ વાણી આ છે. આહાહાહા !

માટે જીવના પરિણામને, શું કીધું ? પુદ્‌ગલ રાગાદિના પરિણામ જીવના પરિણામને આદિ મધ્ય અંતમાં ગ્રહે ને ઉપજે ને પરિણમાવતું નથી. પણ એ રાગના પરિણામ પોતાની આદિ–મધ્ય અંતમાં પોતે પોતાને ગ્રહે ને પરિણમે ને ઉપજે છે. આવું કઠણ છે આ. એની મેળે વાંચે તો કઠણ પડે એવું છે. બાપુ મારગડા પ્રભુનાં, એ વીરાના માર્ગો છે ભાઈ, “વચનામૃત વીતરાગના પરમ શાંત રસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ” પ્રભુની વાણી પરમ શાંત રસ મૂળ છે, એટલે કે તેના પરિણામ શાંતરસ છે, એ બતાવનારી છે. આહા ! પરમ શાંત રસ વીતરાગ પરિણામ તે જિનવાણીનું ફળ છે. આહા ! ઔષધ જે ભવરોગનાં ચાર ગતિના પરિભ્રમણનું એ ઔષધ છે, વીતરાગની વાણીનો ભાવ, પણ કાયરને પ્રતિકૂળ પડે, આવો તેવો થાય છે, આવો માર્ગ હોય ? તો આ બધો વ્યવહાર લોપ થઈ જશે. એમ કહે છે દલીલ કરે છે ને ? વ્યવહારને લોપ કરવો એ જ નિશ્ચયની પ્રાપ્તિ છે. વ્યવહારનો રાગ એ પુદ્‌ગલનાં પરિણામ છે, મારાં નહીં એવી જેને દૃષ્ટિ દ્રવ્ય ઉપર થઈ તેના પરિણામ વીતરાગી હોય છે. તે વીતરાગી પરિણામને પુદ્‌ગલના પરિણામ ગ્રહતું ઉપજતું પરિણામાવતું નથી, પણ પોતાના પરિણામને ગ્રહે ને ઉપજે ને પરિણમાવે છે. આહાહાહા !

આમાં પાણીનું ગળવું ને ક્યાંય રહી ગયું. હેં ? ભાઈનો પ્રશ્ન હતો ને તે દિ’ નાનાલાલભાઈના મકાનમાં, ગઈ સાલ હશે, કઈ સાલ હતી, નહીં ? હેં ? છઠ્ઠી સાલ, એને ઘણાં વરસ થઈ ગયા, અઠયાવીસ વરસ થયા. આહાહા !

માટે જીવના પરિણામને એટલે કે, જીવ જે દ્રવ્ય ને ગુણ શુદ્ધ છે તેની જેને દૃષ્ટિ થઈ છે તેના પરિણામને, એ દૃષ્ટિ છે એ જીવના પરિણામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્શાંતિ એ જીવના પરિણામ, એ જીવના પરિણામને પોતાના પરિણામને એટલે રાગ–રાગના પરિણામને પોતાના પરિણામના ફળને, રાગનું ફળ દુ:ખ તેને, તે પુદ્‌ગલના પરિણામ જાણતું નથી. તે ફળને નહિ જાણતું, આહાહાહા.... પુસ્તક સામે છે કે નહિં ભાઈ ! સંસારના નામા મેળવે છે કે નહીં ? ઓલો કે મારે પાંચ હજાર તમારી પાસે માંગુ ઓલો કહે હું દસ હજાર માગું આ રહ્યા જુઓ વાંચો મેળવો. ન્યાં મેળવે માળા દહરાના દિ’ દિવાળીના નામે આ એ નામું ભગવાન શું કહે

છે, ને હું શું માનું છું એને મેળવતો નથી પાછો. એય ? આહાહા !

એવું પરદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય પ્રાપ્ય, જીવના પરિણામને પોતાના એટલે રાગના પરિણામને જીવના નિર્મળ પરિણામને અને પોતાના પરિણામના ફળ દુઃખને નહિ જાણતું એવું પુદ્‌ગલદ્રવ્ય, રાગદ્વેષના પરિણામનું દ્રવ્ય પુદ્‌ગલ, તે પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું આ પરદ્રવ્યપરિણામ સ્વરૂપ કર્મ, એવું વ્યાપ્ય લક્ષણવાળું પરદ્રવ્ય પરિણામ સ્વરૂપ કર્મ, તેને નહિ કરતું, પોતામાં વ્યાપેલું જે રાગાદિમાં તે પુદ્‌ગલ, એ જીવના પરિણામને પરદ્રવ્ય પરિણામને એટલે જીવના વીતરાગી પરિણામને તેને નહિ કરતું, એ વીતરાગી પરિણામ ધર્મના પરિણામને રાગ પરિણામ નહિ કરતું, આહાહા !

કહો હવે આવી વાતું છે. ઓલા કહે કે પૂજા ને વ્રત ને એ રાગ ને એ બંધનું કારણ, એ તો સાધારણ અને ૧૧૦ કળશમાં તો એમેય કહ્યું છે ને ? ૧૧૦ કળશમાં ભાઈ મિથ્યાદૃષ્ટિનું શુભ પરિણામ બંધનું કારણ છે, એમ સમ્યગ્દૃષ્ટિનાં પણ બંધનું કારણ એને વ્રત નિયમનો વિકલ્પ છે એ પણ બંધનું કારણ કહ્યું છે. ૧૧૦ કળશમાં કળશમાં છે, કળશ, કળશ. આહાહા !

પ્રભુ ! પ્રભુ ! પ્રભુ ! સત્‌ને સત્ય રીતે કબુલવામાં પણ જેનો હજી નકાર. અરે એ સત્યને પ્રાપ્ત ક્યારે કરે ? અસત્ય જે રાગ છે એ સ્વરૂપમાં નથી એને પોતાના માનીને અસત્ શ્રદ્ધા કરે, એ સત્ ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ એને ક્યારે પ્રાપ્ત કરે ? અરે અનાદિથી દુઃખને વેદી રહ્યો છે, જે નિશ્ચયથી પુદ્‌ગલના પરિણામ છે. સુખ દુઃખના ( પરિણામ ) આવી ગયું છે ને ? ( શ્રોતાઃ- વ્રત અને ભક્તિ કરવા છતાં પોતે પોતાને ન જાણે... એને રાગ થાય ) નથી જાણતા રાગ. હેં ! શું કીધું ? એ રાગ છે એને ધર્મ માને છે એ અજ્ઞાની એને ધર્મ માને છે. જ્ઞાની છે તે રાગ થાય તેનું જ્ઞાન કરે છે. રાગ તો જ્ઞાનીનેય આવે, પણ એ રાગનું જ્ઞાન તે આત્માનું જ્ઞાન, રાગ તે આત્માનો નહિ. આહાહાહા !

લંડનમાં શરૂ કર્યું છે એમણે વાંચન સાત આઠ માણસો ભેગા થાય છે બધા. આફ્રિકામાં વધારે છે, નૈરોબી ત્યાં તો મોટું સાંઈઠ ઘર છે ને ? અહીંનું વાંચન કરે છે, પચીસ ત્રીસ વરસથી. બાપુ આ વસ્તુ છે બાપુ, ભાઈ ! આ તો પરમાત્માની કહેલી ઇન્દ્રો ને ગણધરોએ સુણેલી સાંભળેલી, એમાં કુંદકુંદાચાર્ય અનુભવી સમકિતી મુનિ હતા, એણે આ સાંભળીને આ પાછું લાવ્યા અહીંયા. આહાહા ! ભાઈ ! તારી હૈયાતી કેવડી ને કેટલી છે અને કેવી છે ? એ પ્રભુ તારી હૈયાતિ અનંત અનંત ગુણની પવિત્રતાની હૈયાતિ તું છો. એવી અનંત ગુણની પવિત્રતાના હૈયાતિની મોજૂદગીનું જેને અસ્તિત્વ સ્વીકાર્યું, આવું અસ્તિત્વ જેણે સ્વીકાર્યું, એ સમ્યગ્દૃષ્ટિ. એ સમ્યગ્દર્શનનાં પરિણામ એ જીવના પરિણામ છે અને એ સમ્યગ્દર્શનના પરિણામને આદિ મધ્ય અંતમાં આત્મા વ્યાપીને ત્યાં રહ્યો છે, એના પરિણામને રાગ પરિણામ આદિ મધ્ય અંતમાં નથી. પણ રાગના પરિણામમાં આદિ મધ્ય અંતમાં પુદ્‌ગલ છે, આહાહાહા ! આવી વાતું છે.

ઈ વ્યાપ્યલક્ષણવાળું એટલે કાર્યવાળું રાગ ને દ્વેષના કાર્યવાળું જે પુદ્‌ગલનું કાર્ય તે પરદ્રવ્ય પરિણામ સ્વરૂપ કાર્ય એટલે આત્માના નિર્વિકારી સમ્યગ્દર્શનજ્ઞાનનાં પરિણામરૂપી કાર્ય, તેને નહિ કરતું હોવાથી, તેને રાગ નહિ કરતું હોવાથી, હવે આંહીં વ્યવહાર કરે છે એમ

અત્યારે તો માણસ કહે છે.

આંહીં તો વ્યવહારનો રાગ છે એ પુદ્‌ગલના પરિણામ ગણ્યાં છે. અને તે પરિણામ આ નિર્મળ પરિણામને નહિ કરતું હોવાથી, તે પુદ્‌ગલ દ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ નથી. એ પરદ્રવ્ય પરિણામસ્વરૂપ એવું કાર્ય આત્માનું પવિત્ર પરિણામ જે આત્માના એ જીવનું કાર્ય, એ રાગની અપેક્ષાએ પરદ્રવ્યના પરિણામનું કાર્ય. હા, પોતાની અપેક્ષાએ સ્વદ્રવ્યનું કાર્ય. આહાહાહા! શબ્દે ફેર શબ્દે ફેર એવું કહે છે ને ? ઓલા કહે છે ને માણસ, “આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર એક લાખે તો ન મળે ને એક ત્રાંબીયાના તેર” એમ આંહીં પ્રભુ કહે છે તારે અને મારે, અરે બાપા વાતે વાતે ફેર છે ભાઈ ! એય મારગડા જુદા પ્રભુના છે !

એ જીવના પરિણામ, તો જીવ એટલે આત્મા આત્મા, એટલે પવિત્રનો પિંડ, પવિત્ર ગુણનો પિંડ પ્રભુ, એ પવિત્રતા ગુણનાં પિંડનું કાર્ય પવિત્ર છે, એ રાગ એનું કાર્ય નહિ. એ રાગ ને પુણ્ય-પાપના પરિણામનું કાર્ય એ પુદ્‌ગલનું છે. તે પુદ્‌ગલનાં પરિણામ જીવના પરિણામ વીતરાગી સમ્યગ્દર્શન આદિના પરિણામ તેને તે નથી કરતું. છે ? તેને નહિ કરતું હોવાથી, તેને એટલે ? પરદ્રવ્ય પરિણામ એટલે ? રાગથી ભિન્ન એવો ભગવાન એના જે પરિણામ વીતરાગી પરિણામ તેને રાગ નહિ કરતું હોવાથી, એક ગાથાએ તો ગજબ કામ છે ને ? આ તો વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથની વાણી ભાઈ, આ કાંઈ કથા વાર્તા નથી. આ તો ભગવત્ સ્વરૂપ આત્મા, એના પરિણામ અને રાગના પરિણામ બેય ભિન્ન છે, એમ બતાવવું છે. હેં ! આહાહા !

અત્યારે તો વાંધા મોટા ખરે ઉપાડે છે કે, આ પૂજા ને ભક્તિ ને વ્રત ને એ બધો ધર્મ છે, અરે પ્રભુ એ તો વિકલ્પ છે, રાગ છે, ભાઈ પરતરફનાં લક્ષવાળી વૃત્તિ છે. અને પુણ્ય-પાપમાં કહ્યું છે ને ? કે જ્યારે તમે આ શુભ-અશુભ ભાવનો નિષેધ કરશો, તો મુનિને શરણ શું ? આવે છે ને ? કે એને શરણ છે આત્મા. એ પુણ્ય-પાપના ભાવનું શરણ નહિ, તમે એને નિષેધ કરો છો કે એ તો જીવના નહિ ને જીવનું કાર્ય નહિ, તો મુનિને શરણ શું હવે ? બાપુ મુનિને શરણ શુભ-અશુભ ભાવ રહિત, ભગવાન પૂર્ણાનંદનો નાથ તે તેનું શરણ સમકિતીને છે. અરિહંતનું શરણ ને સિદ્ધનું શરણ એમ કહેવું માંગળિકમાં એ પણ વ્યવહારનો રાગ છે. આહાહાહા ! અરિહંતા મંગલમ, સિદ્ધા મંગલમ્, સાહુ મંગલમ્, ધમ્મો મંગલમ્ ચતારી શરણં આવે છે ને ચત્તારિ શરણં, અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં, કેવલી પન્નતો ધમ્મો શરણં. એ પણ, એ તો પરની અપેક્ષામાં વિકલ્પની વાતું છે બાપા. આહાહા !

કહો પુંજાભાઈ ! નૈરોબીમાં તો આ બધું આકરું પડે એવું છે, પણ નૈરોબીમાં ચાલે છે હવે, ત્યાં તો પચીસ ત્રીસ વરસથી હાલે છે. પંદર લાખનું મંદિર કરાવે છે ને ત્યાં ? નૈરોબી, આફ્રિકા આ લોકો જેઠ સુદ અગિયારસે મુરત કર્યું છે, પંદર લાખનું જિન મંદિર થોડા વખતમાં થઈ જશે, પંદર લાખનું, વરસ લાગશે, આફ્રિકા બે હજાર વર્ષમાં ત્યાં જૈનનું નામ નહોતું. ત્યાં મંદિર કરાવે છે આ લોકો, અહીંના ત્યાં પ્રચારવાળા આઠ ઘર છે, આફ્રિકા નૈરોબી, આ તો સત્ય છે ને ? ગમે ત્યાં હોય બાપુ. આહા !

એ નહીં કરતું હોવાથી, પુદ્‌ગલદ્રવ્યને એટલે રાગને જીવ સાથે કર્તાકર્મભાવ નથી. રાગ કર્તા ને નિર્મળ પરિણામ કાર્ય એમ નથી. ભાષા તો સાદી છે પ્રભુ, ભાષા તો કોઈ એવી નથી

પ્રભુ પણ સમજવા માટે ને હિત જેને કરવું હોય એને સમજવું પડશે ભાઈ એમ રખડી મર્યો છે અનાદિથી ભ્રમણા ભ્રમણા ઉંધી. આહાહા ! એ મલિન પરિણામ નિર્મળ એવો ભગવાન આત્મા, અનંતા અનંતા ગુણોનો નિર્મળ પ્રભુ, એક સમયનો મલિન રાગ, એને પોતાના માની અને એમાંથી મને હિત થશે માની રખડી મર્યો છે ૮૪ ના અવતારમાં. આહા ! તેથી અહીં પરમાત્મા, સંતો એને ભિન્ન બતાવી રહ્યા છે.

ભાવાર્થ, છે ભાવાર્થ. કોઈ એમ જાણે કે પુદ્‌ગલ જડ છે, રાગ પુણ્ય-પાપ આદિ જડ છે અને કોઈને જાણતું નથી, એ રાગ કાંઈ જાણતું નથી, રાગનો સ્વભાવ કાંઈ જાણવાનો છે ? રાગ છે તે અચેતન છે રાગ તે જ્ઞાનના સ્વભાવ ચૈતન્યથી વિરુદ્ધ છે. ચાહે તો શુભરાગ હો પણ એ અચૈતન છે, ચૈતન્યનું જ્ઞાન સ્વરૂપ આનંદ પ્રભુ એનો એમાં અંશ નથી રાગમાં, માટે તે રાગને અચેતન અને પુદ્‌ગલ કીધું છે. કોઈને જાણતું નથી, તેને જીવની સાથે કર્તાકર્મપણું હશે ? જાણનારને ભલે પર હારે કર્તાકર્મપણું ન હોય, પણ નથી જાણનારને આત્મા હારે કાંઇ કર્તાકર્મપણું હશે ? એટલે જડ કર્તા ને આત્માના નિર્મળ પરિણામ કાર્ય, એમ હશે ? પરંતુ એમ પણ નથી. આહાહાહા !

પુદ્‌ગલ દ્રવ્ય જીવને ઉત્પન્ન કરી શકતું નથી. એ રાગ ને પુણ્યના પરિણામ જીવને નિર્મળ પરિણામ ઉત્પન્ન કરી શકતા નથી. જીવના પરિણામ નિર્મળને બદલાવી શકતા નથી, તેમ ગ્રહી શકતો નથી. તેથી તેને જીવ સાથે કર્તાકર્મપણું નથી, કોને ? એ પુણ્ય ને પાપના ભાવ એ પુદ્‌ગલ ગણીને, તેને કર્તા ને આત્માના નિર્મળ પરિણામ કાર્ય એમ છે નહીં. આહાહાહા ! તેને જીવ સાથે કર્તાકર્મપણું નથી.

પરમાર્થે કોઈ પણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્યની સાથે કર્તાકર્મભાવ નથી. આત્મા શરીરને હલાવી શકતો નથી. આ તો જડ છે, એનું હાલવું એનું કાર્ય તો જડનું છે. આત્મા કહે કે હું આને હલાવું છું, મૂંઢ છે. અજીવનો ધણી થાય છે. અજીવને જીવ માને છે. આહાહા ! આ છેલ્લા શબ્દનો અર્થ છે આ છે ને ? પરમાર્થે કોઈ પણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્યની સાથે, આત્માને જડ સાથે ને જડને આત્મા સાથે કે પરમાણુંને બીજા પરમાણું સાથે કાંઈ સંબંધ કર્તાકર્મ છે નહિ. એ એનો અર્થ છે લ્યો. કલાક થઈ ગયો તમારે એક ગાથામાં. (શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્લોક - ૫૦

(स्रग्धरा)

ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्
व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।
अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्
विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।।५०।।

**હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:-**

**શ્લોકાર્થઃ- [ ज्ञानी ] જ્ઞાની તો [ इमां स्वपरपरिणतिं ] પોતાની અને પરની પરિણતિને [ जानन् अपि ] જાણતો પ્રવર્તે છે [ च ] અને [ पुद्गलः अपि अजानन् ] પુદ્‌ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે; [ नित्यम् अत्यन्त-भेदात् ] આમ તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી ( બન્ને ભિન્ન દ્રવ્યો હોવાથી ), [ अन्तः ] તે બન્ને પરસ્પર અંતરંગમાં [ व्याप्तृव्याप्यत्वम् ] વ્યાપ્યવ્યાપકભાવને [ कलयितुम् असहौ ] પામવા અસમર્થ છે. [ अनयोः कर्तृकर्मभ्रममतिः ] જીવ-પુદ્‌ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ [ अज्ञानात् ] અજ્ઞાનને લીધે [ तावत् भाति ] ત્યાં સુધી ભાસે છે ( -થાય છે ) કે [ यावत् ] જ્યાં સુધી [ विज्ञानार्चिः ] ( ભેદજ્ઞાન કરનારી ) વિજ્ઞાનજ્યોતિ [ क्रकचवत् अदयं ] કરવતની જેમ નિર્દય રીતે ( ઉગ્ર રીતે ) [ सद्यः भेदम् उत्पाद्य ] જીવ-પુદ્‌ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને [ न चकास्ति ] પ્રકાશિત થતી નથી.**

**ભાવાર્થઃ- ભેદજ્ઞાન થયા પછી, જીવને અને પુદ્‌ગલને કર્તાકર્મભાવ છે એવી બુદ્ધિ રહેતી નથી; કારણકે જ્યાં સુધી ભેદજ્ઞાન થતું નથી ત્યાં સુધી અજ્ઞાનથી કર્તાકર્મભાવની બુદ્ધિ થાય છે.**

## પ્રવચન નં. ૧૬૯ શ્લોક-૫૦ તા. ૧૫/૦૧/૭૯ સોમવાર પોષ વદ-૨

ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्
व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।
अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्
विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।। ५०।।

એ ચાર ગાથાનું આ બધું ભેગું. ૭૬, ૭૭, ૭૮, ૭૯ ચારનો આ કળશ છે, ૭૫ નો આવી ગયો. વ્યાપ્ય વ્યાપક. હૈં ? ( શ્રોતાઃ- ૭૫ થી જ્ઞાની કેવી રીતે ઓળખાય ? ) છતાંય ૭૬ થી આ પ્રાપ્ય વિકાર્ય આવ્યું છે, એના આ, એનો આ કળશ છે. એમાં તો ફક્ત એટલું હતું કે દ્રવ્ય દૃષ્ટિ થઈ છે એટલે જ્ઞાની થયો છે જેને દ્રવ્ય-દૃષ્ટિ થઈ છે, તે જ્ઞાની થયો છે, તેને રાગદ્વેષના પરિણામ જે અંદર છે એ મોહકર્મના છે, અભ્યંતર એવી કર્મની જાત છે. બાહ્યમાં શરીરના પરિણામ એ નોકર્મની જાત છે. કેમ કે દ્રવ્ય જે વસ્તુ છે ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ એવી જે દૃષ્ટિ થઈ, તેને અશુદ્ધ પરિણામ હોતા નથી. ઝીણી વાત છે ભાઈ. કેમ કે દ્રવ્ય જે જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્મા અનંત અનંત ગુણ પવિત્રનો પિંડ પ્રભુ, એની જ્યાં અંતર્દૃષ્ટિ જ્ઞાન થયું ને ભાન થયું એથી તેના પરિણામમાં મલિનતા, એ એનું પરિણામ નહીં, આહાહાહા ! આવી વાત છે. એ જ્યારે જીવના પરિણામ નહીં, ત્યારે એ પુણ્ય-પાપના પરિણામ મલિનને, પુદ્‌ગલના પરિણામનું પુદ્‌ગલનું કાર્ય કહીને ભિન્ન પાડી નાખ્યા. સમજાણું કાંઈ ? આવી વાતું છે.

હૈં ? ઈ પર્યાયમાં એનામાં છે ઈ, પણ અહીંયા તો દ્રવ્ય દૃષ્ટિ થઈ છે ને ? દ્રવ્ય, દ્રવ્ય ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ જેની દૃષ્ટિ થઈ છે એટલે એની પર્યાયમાં મલિનતા કેમ હોય ? એમ. કારણકે

મલિનતા થવાના કોઈ ગુણ નથી, તેમ દ્રવ્ય નથી કે દ્રવ્ય નિર્મળ છે ઈ મલિનતાની પર્યાયને કરે. આહાહા !

વસ્તુસ્થિતિ, જ્ઞાની લીધો એનો અર્થ ઈ, કે વસ્તુ જે આત્મા એક સમયમાં જ્ઞાયક પરિપૂર્ણ અનંત ગુણનું એકરૂપ, એવું જે દ્રવ્ય એની જેને દૃષ્ટિ થઈ, તેથી તે જ્ઞાની થયો. રાગ ને પર્યાયબુદ્ધિ હતી અને એનો કર્તા હતો ત્યાં સુધી અજ્ઞાની હતો, કેમ કે રાગ એવો કોઈ ગુણનો પર્યાય નથી, એ રાગ તો વિકૃત દશા છે. તેથી તેનો કર્તા ને રાગ મારું કાર્ય, ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની હતો. આહાહાહા ! દયા, દાન, પૂજા, ભક્તિના ભાવ રાગ છે, અને એ રાગ મારું કાર્ય છે એમ માન્યું, એણે દ્રવ્ય સ્વભાવ પવિત્ર છે તે માન્યું નહીં. એણે એ પુણ્યના પરિણામ ને મલિનતાનું કાર્ય મારું એનો અર્થ એ કે નિર્મળ ભગવાન આત્મા તેની દૃષ્ટિમાં આવતો નથી. તેથી તેની દૃષ્ટિમાં અનાદિથી અજ્ઞાનીને એ પુણ્ય ને પાપના પરિણામ તે મારું કાર્ય છે, એમ અજ્ઞાનભાવે તેને ભાસે છે. આહાહાહા ! આવો માર્ગ !

ઈ ૭૫માં કહ્યું, પછી છોંતેર, સત્યોતેર, અઠયોતેર, ઓગણાએસીમાં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વત્ય લીધું, જે દ્રવ્યની જે પર્યાય જે કાળે થવાની તે થાય, એમાં આંહી પર્યાય નિર્મળની વાત છે આમાં. જીવ દ્રવ્ય છે વસ્તુ એનું જ્યાં જ્ઞાન, ભાન થયું તેથી તેની પર્યાય નિર્મળ તે તેનું પ્રાપ્ય છે. આહાહાહા ! નિર્મળ પર્યાય એટલે સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રના જે વીતરાગી પરિણામ એ જીવનું દ્રવ્યનું જ્ઞાનીનું પ્રાપ્ય કાર્ય કર્મ છે. આહાહાહા ! એથી ચાર ગાથાનો આ કળશ છે.

મોહ એટલે ? વસ્તુ જે જ્ઞાન ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ જેનો, એવું ચૈતન્યનું જેને જ્ઞાન થયું, અને રાગ ને પુણ્યના પરિણામને ભિન્ન પાડયા. રાગના પરિણામ અને ભગવાન સ્વભાવ જ્યાં સુધી એકપણે માનતો, ત્યાં સુધી તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ ( હતો ). આહા ! પણ જ્યારે તે રાગ અને ત્રિકાળી આનંદ જ્ઞાન સ્વરૂપ ભગવાન બેને સ્વભાવ સન્મુખ થઈને, રાગને ભિન્ન પાડયો અને સ્વભાવની એકતા કરી તે જ્ઞાની, તે દ્રવ્યદૃષ્ટિ, તે ધર્મી આ જ્ઞાનીની આ વ્યાખ્યા. આહા !

જ્ઞાની તો 'ઈમાં' આ પ્રગટ, 'ઈમાં' આ પ્રગટ, આત્માની નિર્મળ પર્યાય એનો ગુણ અને એનું દ્રવ્ય આત્માના દ્રવ્યગુણ પર્યાય નિર્મળ એ પ્રગટ અને ઉત્પાદ, વ્યય ને ધ્રુવ આત્માના પ્રગટ એટલે કે શુદ્ધ પરિણામની ઉત્પત્તિ, અશુદ્ધતાનો વ્યય અને ધ્રુવતા એવું ઉત્પાદ, વ્યય ને ધ્રુવ. જ્ઞાની તે દ્રવ્યગુણ પર્યાયને અને ઉત્પાદ, વ્યય, ધ્રુવને તે જાણે છે. શું કીધું ? જુઓને, જ્ઞાની તો ઈમાં આ પોતાની પરિણતિ. પરિણતિ શબ્દમાં દ્રવ્યગુણ ને પર્યાય ત્રણેય લેવા, શું કીધું ? પરિણતિ એકલી શુદ્ધ પર્યાયને જાણે છે એમ નહીં. ધર્મી સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની દ્રવ્ય દૃષ્ટિવંત એકલા નિર્મળ પરિણામની પરિણતિને જ જાણે છે, એમ નહીં. પણ તેને પરિણતિ શબ્દ કહીને ધર્મી પોતાના દ્રવ્યગુણ પર્યાયને, દ્રવ્યશુદ્ધ ને ગુણશુદ્ધ ને શુદ્ધ પર્યાય એને જાણે છે, કાં ઉત્પાદ, વ્યય ને ધ્રુવ નિર્મળ પરિણતિની ઉત્પત્તિ પૂર્વના પરિણામનું અવસ્થાંતર થયું અને ધ્રુવ, તેને જ્ઞાની પોતાના સ્વભાવ તરીકે જાણે છે. આહા ! આટલું બધું વળી યાદ રહે કાંઈ ?

'ઈમાં' આ પ્રગટ સ્વ, 'સ્વ' એટલે પોતાની, એટલે કે દ્રવ્યશુદ્ધ ને ગુણશુદ્ધ ને નિર્મળ પર્યાય એ પોતાની, અને પોતાનો ઉત્પાદ, વ્યય ને ધ્રુવ, કે ઉત્પાદવ્યય, ઉત્પાદ નિર્મળ, નિર્મળ

પર્યાયનો ઉત્પાદ, નિર્મળ પર્યાયની પૂર્વનો વ્યય, અને ધ્રુવ. એ જ્ઞાની પોતાની એટલે આ ત્રણ પ્રકાર, દ્રવ્યગુણ ને પર્યાય ને ઉત્પાદ, વ્યય ને ધ્રુવ, એને જાણતો અને પરની પરિણતિને જાણતો, એટલે કે પર એટલે કે દયા દાન રાગાદિ પરિણામ છે એ પર પરિણતિ પરનું કાર્ય છે. એ ઉત્પાદ થાય છે રાગનો એનું કારણ તો એનું પુદ્‌ગલ છે, તે છે. ઈ પુદ્‌ગલનો ઉત્પાદ તેને તેના ગુણને ને તેના દ્રવ્યને, એ પરમાં એ શબ્દ આવ્યા. ધર્મી જીવ પોતાની દ્રવ્યગુણ પર્યાયની શુદ્ધતાને અને પરના દ્રવ્યગુણ પર્યાય આદિ અશુદ્ધના રાગ આદિને દ્રવ્યગુણ પર્યાય, એ બેયને જાણતો, છે ? પોતાની અને પરની પરિણતિ, એટલે દ્રવ્યગુણ પર્યાય, આવી વાતું છે. હેં ? પરિણતિનો અર્થ દ્રવ્યગુણપર્યાય, એકલી પર્યાયને જાણે છે જ્ઞાની એમ છે ? અને જ્ઞાની પરની એકલી પર્યાયને જાણે છે, એમ છે ? પણ અહીં પરિણતિની નિર્મળતાનું કાર્ય છે, તેને જાણે છે એટલે કે દ્રવ્યગુણને પણ જાણે છે, એકલી પરિણતિને નહીં. ઝીણું બાપુ, માર્ગ વીતરાગનો. આહાહા !

અહીંયા કહે છે. જ્ઞાની એટલે ધર્મી જીવ એને કહીએ કે જેની દૃષ્ટિમાં, દ્રવ્યનો સ્વીકાર થયો છે. જે અનંત આનંદનો નાથ પ્રભુ, અનંત અનંત બેહદ જ્ઞાનનો સાગર આત્મા, એનો જેને દૃષ્ટિમાં સત્કાર સ્વીકાર થયો છે. આહાહા ! કહો, સમજાય છે આમાં ? ધીમેથી કહેવાય પ્રભુ, માર્ગ પ્રભુનો બહુ ઝીણો બાપુ ! અત્યારે તો બધી ગરબડ થઈ ગઈ બહુ, અરે સાચું સાંભળવા મળે નહીં. આહા ! એ સાચું કાર્ય ક્યારે કરે ને ક્યારે જનમ મરણથી ઉગરે. આહાહા !

ધર્મી જીવ એને કહીએ, જ્ઞાની કહો કે ધર્મી કહો. જેણે ધર્મી એવો જે દ્રવ્યસ્વભાવ, પરિપૂર્ણ શુદ્ધ છે એવા દ્રવ્યનો સ્વભાવ જેણે ધર્મીને જેણે જાણ્યો છે, તેને ધર્મી કહીએ. આ બધા ઇચ્છામિ પડિકમણું તસ્સ ઉત્તરિ ને સામાયિક પોહા કરે એ કોઈ ધર્મ નથી, એ કોઈ જ્ઞાની નથી, અજ્ઞાની છે એ તો બધા. આહા ! એય ! આહાહા ! જેની દૃષ્ટિ વર્તમાન પુણ્ય ને પાપના પરિણામ જે વિકૃત છે, એના ઉપર દૃષ્ટિ છે, તે અજ્ઞાની છે. કેમ કે એને આખો દ્રવ્યગુણ જે શુદ્ધ ત્રિકાળી પરમાત્મ સ્વરૂપ જે સત્તા, જેનું અસ્તિત્વ મોજૂદગી પૂર્ણ શુદ્ધ ને આનંદ છે, એનો જેને સ્વીકાર નથી અને રાગનો સ્વીકાર છે, ભલે દયાના પરિણામ થયા, એમાં રાગ છે એ, એ મેં કર્યાં એવો સ્વીકાર છે, એ અજ્ઞાની ત્રિકાળી જ્ઞાયક ભાવને અનાદર, તિરસ્કારે છે. કહો, દેવીલાલજી ! હવે આવી જાતની વાત.

“ઈમાં સ્વપરપરિણતિ” પ્રગટ છે આત્માની નિર્મળ દશા, નિર્મળ ગુણ ને નિર્મળ દ્રવ્ય, એને ધર્મી જાણતો અને પ્રગટ છે જે રાગાદિ પુણ્યાદિના પરિણામ, પુદ્‌ગલના કાર્ય, એ પરિણામી પરિણામ, પુદ્‌ગલ પરિણામી છે અને એનું રાગદ્વેષ આદિ તેનું પરિણામ છે. ઈ પરિણામી પરિણામને જ્ઞાની જાણતો, અને પોતે પરિણામી પરિણામને પોતાના જાણતો, પરિણામી આત્મા ત્રિકાળ અને પરિણામ વર્તમાન નિર્મળ પરિણામ. આહાહા ! ચારેય ગાથાનો આ સાર આમાં મુકી દીધો છે. આહા !

બીજી રીતે કહીએ, તો જે ધર્મી છે, જ્ઞાયક સ્વરૂપનો જેને પૂર્ણ સ્વરૂપ છે તેનો સ્વીકાર છે, તે ધર્મીને નિર્મળ પરિણામનો ઉત્પાદ છે, અને નિર્મળ પરિણામ તેની પર્યાય છે, અને તે ઉત્પાદ, વ્યય ને ધ્રુવ પોતાના જાણે છે, અને નિર્મળ પરિણતિ તેનું કાર્ય છે તેનેય જાણે છે, અને એનો કર્તા દ્રવ્યગુણ તેને પણ જાણે છે. આહાહા ! આવું કામ ઝીણું, અને તે પરદ્રવ્ય સ્વરૂપ છે રાગ

એ પરિણામીનું પરિણામ છે, પરિણામી પુદ્‌ગલ છે તેનું એ પરિણામ છે, ભગવાન પરિણામી એનું એ પરિણામ નથી. આહાહાહા ! છે કે નહીં નવરંગભાઈ ! આહાહાહા ! આવો પ્રભુ. આહાહાહા !

( કહે છે ) એટલે અહીં પોતાની અને પરની પરિણતિને, આ બેયની વ્યાખ્યા કરી, સમજાણું ? ભગવાન આત્માનો ઉત્પાદ, વ્યય ને ધ્રુવ, અને દ્રવ્યગુણની પર્યાય એ ઉત્પાદ પણ નિર્મળ છે, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના પરિણામ ઉત્પાદ છે, પૂર્વની અવસ્થાંતર થઈ ને થયું માટે તે વ્યય છે અને ધ્રુવ છે વસ્તુ એ તો ત્રિકાળ છે. એવા સ્વદ્રવ્યગુણ પર્યાયને અને સ્વના ઉત્પાદ, વ્યય, ધ્રુવને, સ્વના ઉત્પાદ-નિર્મળ વીતરાગી સમ્યગ્દર્શન જ્ઞાન આદિના પરિણામ એ સ્વના ઉત્પાદ-વ્યયને ધ્રુવને જાણતો, સ્વના દ્રવ્યગુણપર્યાયને જાણતો, આ પર્યાય એટલે નિર્મળ, અને પરદ્રવ્યના પરિણામ, પરિણામીનું પરિણામ એ વિકારી પરિણામ, તે પરિણામી પુદ્‌ગલની પર્યાય છે. તેને જાણતો તેના પુદ્‌ગલ દ્રવ્યને જાણતો, તેના ગુણને જાણતો અને તે પુદ્‌ગલ દ્રવ્યનો જે રાગ થયો ઉત્પાદ તેને જાણતો એ પૂર્વની અવસ્થાનું અવસ્થાંતર કર્યું પુદ્‌ગલે તેને જાણતો અને તેના ગુણ અને દ્રવ્યની ધ્રુવતાને પણ જાણતો. આવું છે.

આરે ! વીતરાગ માર્ગ બહુ ઝીણો બાપા ! સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વર એ માર્ગ ક્યાંય નથી, અન્ય મતમાં ક્યાંય આ ગંધ નથી. આહા ! કેટલું સ્પષ્ટ છે 'ઈમાં' કીધું ને ? પ્રગટ છે કહે છે ? 'આ' નિર્મળ પરિણામ નિર્મળપરિણામી, નિર્મળગુણ તેને જ્ઞાની પોતે જાણતો, મલિન પરિણામ એનો પરિણામી દ્રવ્યકર્મ, તે દ્રવ્યગુણ ને પર્યાય ને ઉત્પાદ, વ્યય, ધ્રુવના પરને પોતે પોતામાં રહીને, પોતાને જાણતો ને પરને જાણતો પ્રવર્તે છે, આહાહા.... જાણતો પ્રવર્તે છે. આહાહાહા !

એટલે કે જાણવાના પરિણામમાં, શ્રદ્ધાના પરિણામમાં આનંદના પરિણામમાં જાણતો પ્રવર્તે છે. આહાહાહા ! આવો માર્ગ છે, દુનિયાને આકરો પડે ને એકાંત લાગે હોં, એય સોનગઢવાળા એકાંત કરે છે, અરે પ્રભુ સાંભળ ભાઈ ? આહા ! તને તત્ત્વ શું છે બાપુ, અને તત્ત્વનું પરિણામ શું હોય, પરિણામ એટલે કે પર્યાય, ભગવાન તત્ત્વ તો જ્ઞાયક તત્ત્વ છે ને પ્રભુ ? એના પરિણામ તો સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રના વીતરાગી પરિણામ એના હોય ને ? એટલે કે જેની દ્રવ્યદૃષ્ટિ થઈ છે, તે જ્ઞાની તે દ્રવ્યનાં પરિણામ નિર્મળ એને હોય છે. એ નિર્મળ પરિણામ તે ધર્મ, તે નિર્મળ પરિણામ ધર્મને જાણે, ગુણને જાણે, દ્રવ્યને જાણે, નિર્મળ પરિણામ જે ધર્મ, એ ઉત્પાદ થયો તેને જાણે, પૂર્વનું અવસ્થાંતર કર્યું તેને જાણે, અને ધ્રુવને જાણે. પોતાના અને પરના ત્રણેય. બહુ સંકેલ્યું છે. છે ? એટલો અર્થ થયો. હેં ? ( શ્રોતાઃ- પરિણતિનો અર્થ થયો આમ ) એ પરિણતિનો અર્થ એમ છે આમાં. કળશટીકામાં વંચાઈ ગયું છે ને વ્યાખ્યાન, એકલી પર્યાયને જાણે ? પણ અહીં પરિણતિ એની નિર્મળ હોય છે એની પ્રધાનતાથી તેને અને તેના દ્રવ્ય ગુણને જાણે એમ કહ્યું. આહાહા !

કહો, રસીકભાઈ કલકત્તામાં ક્યાંય મળે એવું નથી આવું. ( શ્રોતાઃ- કલકત્તામાં આ દુકાન નથી ) ભાઈ એમ કહે છે ને ? લાભુભાઈએ કીધીને વાત, તેથી તો અમે આવ્યા છીએ અહીં, લાભુભાઈએ કહ્યું'તું ને વડોદરા, અરે આવું બાપું છે ભાઈ. આહાહા !

સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરની આ વાણી છે. પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર

જિનેશ્વર અરિહંત એને વાણી હોય ને ? સિદ્ધને વાણી હોય નહીં, સિદ્ધ તો અશરીરી છે, "નમો સિદ્ધાણં" આ તો નમો અરિહંતાણં. જેને શરીર અને વાણી હોવા છતાં, જેણે આત્માના અંદરમાં કેવળજ્ઞાન લીધું છે. આહાહા ! અરિ નામ રાગ અને દ્વેષના દુશ્મન, એને હંતા નામ જેણે હણી નાખ્યા છે અને એના સ્થાનમાં જેણે વીતરાગી સર્વજ્ઞ પર્યાય પ્રગટ કરી છે, એને અરિહંત કહીએ. એ અરિહંતની વાણી જે નીકળી એમ કહેવાય છે નિમિત્તથી, એને દિવ્યધ્વનિ કહેવાય અને એ દિવ્યધ્વનિમાં આવેલો સાર આ સમયસારની વ્યાખ્યા, આત્માથી છે આંહી. આહાહા !

ધીમેથી સમજવા જેવું છે બાપુ આ. આ કોઈ ઉતાવળે આંબા પાકી જાય, ગોટલું વાવ્યું ને તરત આંબો થઈ જાય ? એ આપણે કહે છે કે ઉતાવળે આંબા નો પાકે ? લોકો વાતો કરે પણ એનો અર્થ સમજે નહીં, કંઈ ગોટલો વાવ્યો ને થઈ ગયો આંબો ? અરે નો થાય ભાઈ, એને ધીરજ જોઈએ. એ અંકુરા ફૂટે ડાળ્યું મોટું થાય, મોટું ઝાડ થાય પછી એને કેરી આવે. અમે ગયા'તા ને ત્યાં કલકત્તા ગંગવાલ છે ને કલકત્તામાં, રતનલાલજી ગંગવાલ પાંચ છ કરોડ રૂપિયા એના મકાનમાં ઉતર્યા'તા, તાકડે એને બન્યું એવું કે ત્યાં આંબો છે એના મકાનમાં. પાંચ છ કરોડ રૂપિયા. ગંગવાલ આવે છે ને અહીંયા રતનલાલજી આ વચ્છરાજજીનું મકાન છે ને ! એનો દીકરો, ત્યાં ઉતર્યા, તો એ કહે કે મહારાજ અહીં ઉતર્યા પણ કોણ જાણે આ જ વરસે આંબાને દસ વર્ષે કેરી આવી છે, કહે. ત્યાં આંબો હતો જોડે, કેરી આવી, તે વિના કેરી નહોતી આવતી કુદરતનું. આહાહાહા ! આંબો છતા કેરી નહોતી કહે.

આંહી તો કહે છે કે પ્રભુ, આત્મા અનંત આનંદનો કંદ પ્રભુ, એનો આંબો પાકી જ જાય. એની દૃષ્ટિ કરે ને એને આદર કરે એટલે પર્યાયમાં આનંદની કેરી આવે જ તે અને એ આનંદના પરિણામને અને તેના ગુણને અને તેના દ્રવ્યને જ્ઞાની સ્વપરિણતિ એટલે દ્રવ્યગુણપર્યાયને જાણતો અને તે નિર્મળ પર્યાયનો ઉત્પાદ, પૂર્વની પર્યાયનું અવસ્થાંતર ને ધ્રુવ તેને જાણતો, અને પર પરિણતિના દ્રવ્યગુણ પર્યાયને પણ જાણતો. આહાહાહા ! એ દયા દાન ને વ્રતના વિકલ્પ છે એ પરપરિણતિ કર્મનું પર પરિણામીનું પરિણામ છે, એ કર્મના પરિણામીનું પરિણામ છે, આત્માના પરિણામીનું પરિણામ એ નહીં. પ્રભુ, પ્રભુ, પ્રભુ ! કહો ચીમનભાઈ ! ક્યાંય મળે એવું નથી.

અરેરે ! એવો માર્ગ વીંખી નાખ્યો છે ને ? હવે, ભગવાન પરમેશ્વર આ ધર્મી એ "પુદ્‌ગલઃ અપિ અજાનન્" હવે પુદ્‌ગલ જે છે, રાગદ્વેષ પુદ્‌ગલ એ અપિ અજાનન્, એ પુદ્‌ગલદ્રવ્ય પોતાની એટલે પુદ્‌ગલદ્રવ્ય પોતાની એટલે પુદ્‌ગલદ્રવ્યનો રાગ એ એનો પર્યાય, પુદ્‌ગલદ્રવ્યનો રાગ એ એનો ઉત્પાદ, એ પુદ્‌ગલ દ્રવ્ય પોતાની એટલે દ્રવ્યગુણ પર્યાયની, એટલે રાગાદિના પર્યાય એ પુદ્‌ગલના છે, એને પરની પરિણતિને એટલે પર એટલે દ્રવ્યગુણ પર્યાય. નિર્મળ દ્રવ્ય, નિર્મળ ગુણ અને નિર્મળ પર્યાય એ પર પરિણતિને નહીં જાણતું પ્રવર્તે છે. ત્રિભોવનભાઈ ! આ બે લીટીનો આવો અર્થ છે. આહાહાહા ! કહો ચાંદમલજી ! આ દિગંબરમાં જન્મ્યા એને આવી ખબર જ નથી. કાંઈ વાડો મળ્યો ને સારો, આ તો ધર્મ છે જૈન પરમેશ્વર એ કોઈ પંથ નથી, કે કોઈ પક્ષ નથી, વસ્તુ-વસ્તુ જેવી છે તેવી જોઈને જાણીને કહી તે પરમાત્માનો પંથ છે. આહાહા !

પુદ્‌ગલ દ્રવ્ય પોતાની એટલે ? કર્મ, કર્મનો ગુણ અને એના અંદર જે અનુભાગ શક્તિ આદિ અને એનું પરિણામ આ રાગાદિ, કર્મ પુદ્‌ગલ એનો અનુભાગ આદિ એનો ગુણ, અને એની પર્યાય જે રાગાદિ તે એની પર્યાય, એવા પોતાનાં દ્રવ્યગુણ પર્યાયને પુદ્‌ગલ નહીં જાણતું અને એ પુદ્‌ગલ જીવનાં દ્રવ્યગુણ પર્યાયને નહીં જાણતું, ( પ્રવર્તે છે ). આહાહાહા ! ઓહોહો !

કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય ( એ ) કેવળીના કેડાયતો, ઓહોહો ! વસ્તુને સ્પષ્ટ કરીને જગત પાસે જાહેર કરી છે. સમજવું હોય તો સમજો બાપુ, માર્ગ આ છે. આહાહા ! 'પુદ્‌ગલ અપિ અજાનન્' પુદ્‌ગલ શબ્દે રાગ દયા, દાન એ બધા પુદ્‌ગલ છે, એ પુદ્‌ગલ પરિણામીનું પરિણામ માટે તેને પુદ્‌ગલ કીધાં, એ પુદ્‌ગલ દ્રવ્ય પોતાની એટલે દ્રવ્યગુણ પર્યાયની અથવા ઉત્પાદ વ્યય ધ્રુવની, અને પરની પરિણતિને એટલે પરના દ્રવ્યગુણ પર્યાયને નિર્મળ, અને એના ઉત્પાદ વ્યય ધ્રુવને નહીં જાણતું પ્રવર્તે છે. આહાહાહા !

છે ને સામે, છે કે નહીં પુસ્તક ? હૈં ( શ્રોતાઃ- એમાં લખ્યું હોય તો ને ) આમાં લખ્યું છે ને ? પરિણામીનું પરિણામ, આંહી પરિણામીનું પરિણામ, આંહી પરિણામીનું પરિણામ, ધીરાના કામ છે ભાઈ. વીતરાગ માર્ગ સમ્યગ્દર્શન એ કોઈ અલૌકિક ચીજ છે. ચારિત્રની તો વાતું ક્યાં કરવી બાપુ, એ તો ક્યાં છે અત્યારે ? આ તો સમ્યગ્દર્શનના પરિણામ, એ દ્રવ્ય પરિણામીના એ પરિણામ છે. તે પરિણામને જ્ઞાની જાણતો દ્રવ્યગુણ પર્યાયને અને રાગના પરિણામને અને પુદ્‌ગલને જ્ઞાની જાણતો, જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે એટલી વાત કરી, રાગ જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે, પરિણામમાં એટલો વ્યવહાર સંબંધ. પણ તે જ્ઞેયના પરિણામને આત્મા કરે ને જ્ઞાનના પરિણામને જડ કરે, એમ નથી. આહા ! એ પુદ્‌ગલ પરિણામ પોતાની અને પરની પરિણતિને નહીં જાણતો, ન્યાં પરિણતિમાં દ્રવ્યગુણ પર્યાય, ઉત્પાદ વ્યય ધ્રુવ ત્રણેય લેવા.

'નિત્યમ અત્યન્ત ભેદાત્' આહાહાહા ! આમ તેમનામાં 'નિત્યમ્' નામ સદા તેમનામાં એટલે બે માં, ભગવાન આત્માના દ્રવ્યગુણ પર્યાય ને જડના દ્રવ્યગુણ પરિણામ પર્યાય, "બે માં સદા અત્યંત ભેદ હોવાથી" , સદા અત્યંત જુદા બેયની ચીજ જુદી છે. હવે અહીંયા તો શુભરાગ દયા, દાન ને વ્રતનો થાય એ ધર્મ છે, એમ કહે છે. અરે ભગવાન ! આસ્રવ છે, બંધ છે, વિકાર છે એ સ્વભાવનું ફળ રાગ ક્યાં છે ? સ્વભાવ ફાટે તો તો નિર્મળ થાય એ તો, વિકાર થાય ? આહાહાહા !

એ સદા અત્યંત આમ, આમ કીધું ને, આ કીધું એ પ્રમાણે, તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી, બંને ભિન્ન દ્રવ્યો હોવાથી, આહાહાહા ! દયા, દાનના પરિણામ એ પુદ્‌ગલદ્રવ્યમાં જાય છે, અને તેને જાણવાના સમ્યગ્દર્શન જ્ઞાનના પરિણામ એ જીવમાં આવે છે. પુંજાભાઈ ! આવી વાતું છે. આહાહાહા ! પ્રેમચંદભાઈ ગયા બિચારા આજે, પણ બહુ પ્રેમ લઈ ગયા લંડન, ફરીને હવે આવીશ કહે ઝટ. લંડનમાં રહે છે ને ? વાંચે છે ત્યાં, જેને હજી વાંચનનું શ્રવણેય મળતું નથી. અરેરે, એ સ્વપરિણામ નિર્મળ છે અને તે દ્રવ્યથી થાય છે પરિણામીથી તે ધર્મની પર્યાય થાય છે, રાગથી અને નિમિત્તથી નહીં. આહાહાહા !

હવે આંહી તો કહે છે કે પૂજા, ને વ્રત એ રાગ નથી, બંધનનું કારણ નથી એમ કરે છે લોકો, અરેરે ! વાંચ્યું છે ને આજ, આહાહાહા ! કોણ એય હિંમતભાઈ, કાંતિલાલ તમારો મુંબઈનો

એટલે તમારો જ કહેવાય ને ? કાંતિલાલ ઈશ્વર બિચારો ત્રીજું માસિક આવ્યું 'ને આંહી મોકલ્યું, આહીનું વિરુદ્ધનું છે ને ? સરખાઈને ગાળ્યું દીધી છે. એમાં કાંઈ વાંધો નહીં બાપા, ભલે તને બેઠી છે ને ? તેને બેઠી છે એમ કહે. "જામેં જિતની બુદ્ધિ હૈ ઇતનો દિએ બતાય, વાંકો બુરો ન માનીએ ઔર કહાંસે લાય ?" ભાઈ ! એમ કે પૂજા ને ભક્તિ શું કહેવાય. એ વ્રત, એને એમ કે ધર્મનું કારણ નથી કહેતા, ધર્મનું નથી કહેતા, બંધનું કારણ કહે છે એ અજ્ઞાની છે, જૈન ધર્મના અજાણ છે, અજ્ઞ છે, ઘણાં શબ્દો વાપર્યા છે, એય ! શું થાય એને બેઠું હોય એમ કહે ને ? આહાહા !

આંહી કહે છે, કે પૂજા ભક્તિ ને વ્રત ને સ્તુતિ એ શબ્દ આવે છે એક ઠેકાણે આમાં, સ્તુતિ લીધી છે, ભક્તિ એ સિવાય સ્તુતિ ઓલો ૪૩ માં સ્તુતિ શબ્દ નથી, વંદન ભક્તિ વૈયાવચ્ચ પૂજા એમ છે, પણ ક્યાંય સ્તુતિ શબ્દ છે આમાં, આમાં છે કાંતો ઓલામાં ૧૧૦ કળશ છે ને ? ૧૧૦ જ્ઞાન ને રાગ બેય ધારા ન્યાં છે, ઘણું કરીને, એ બધો વિકલ્પ રાગ છે. અને એ રાગ પરિણામી પુદ્‌ગલનું કાર્ય છે. આહાહાહા !

ભગવાન આત્માનું કાર્ય તો જેણે ભગવાનને જોયો જાણ્યો, એ ચૈતન્ય ભગવાન જ્ઞાયક સ્વભાવ એના પરિણામ તો રાગ ને સ્તુતિના પરિણામને જાણવું એ પણ હજી વ્યવહાર કહ્યો છે. આહાહા ! સમજાણું કાંઈ ?

ધીમેથી સમજવા જેવી વાત છે બાપા ! અનંતકાળમાં વીતરાગ પરમાત્મા જેવું કહે છે એને જાણ્યું નથી. પોતાની સ્વચ્છંદે કલ્પનાએ વાંચ્યા ને અર્થ કર્યા ને માન્યું. પણ ભગવાનનો શું અભિપ્રાય છે, ત્રિલોકનાથના પરિણામમાં અભિપ્રાયમાં શું કહેવું છે. એ અત્યંત અકષાય કરુણાવંત પ્રભુ છે. એ ભગવાન એમ કહે છે તે મુનિઓ કહે છે. ભાઈ ! અત્યંત ભિન્ન દ્રવ્ય હોવાથી, એ રાગના પરિણામ અને પ્રભુના પરિણામ આત્માના નિર્મળ પરિણામ અને મલિન પરિણામ બેયની અત્યંત ભિન્નતા છે. આહાહાહા ! સમજાય છે કાંઈ ? ભાષા તો સાદી છે પણ પ્રભુ ભાવ તો જે છે એ છે, શું થાય ? આહાહાહા !

"ભિન્ન હોવાથી તે બંને પરસ્પર અંતરંગમાં શું કીધું" તે બંને એટલે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અને આંહી વીતરાગી પરિણામ અને દ્રવ્યગુણ, બે ને પરસ્પર અંતરંગમાં "વ્યાપ્યવ્યાપક ભાવને, પામવા અસમર્થ છે," એટલે પરિણામી પરિણામપણે થવાને અસમર્થ છે. એટલે શું ? કે દ્રવ્ય જે પરિણામી છે, એ રાગરૂપ આ પરિણામને પામે એ અસમર્થ છે, અને રાગનાં જે પરિણામ છે પુદ્‌ગલના એ પરિણામ છે એ પરિણામીના અર્થાત્ જીવના પરિણામ પામે એ અસમર્થ છે. આવું છે. છે ? આ તો ચારેય ગાથા બહુ ઝીણી આવી એનો આ સાર છે આ. આહાહાહા !

એમાં કળશ ટીકા બનાવીને ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ, સંત દિગંબર મુનિ, આમાંથી છે ને મહાચાલતા સિદ્ધ હતા, હજાર વર્ષ પહેલાં, ભરતક્ષેત્રમાં હતા એમની આ ટીકા છે. આહાહાહા ! દિગંબર સંત, જૈન પરમેશ્વરનો પંથ છે, એ મુનિઓ દિગંબર નગ્ન જ હોય, વસ્ત્ર સહિત છે. એ તો નવો ( પંથ ) કલ્પિત બનાવ્યો છે શ્વેતાંબરોએ, ભગવાનનો એ માર્ગ નથી. આકરું લાગે ભાઈ, શું થાય ? અહીંયા તો નગ્ગે મોકખો ભણીયો, શેષા ઉમગ્ગા બાહ્ય ને અભ્યંતર નગ્ન જે છે, અભ્યંતર પણ રાગ વિનાનો, બાહ્યમાં વસ્ત્ર વિનાનો, એવા નગ્ન મુનિઓ

તે ધર્માત્મા ને મોક્ષના માર્ગી છે, અને તેને માર્ગી કહીએ. એથી ઉન્માર્ગ બધા ઉન્માર્ગ છે, ગજબ વાતું છે બાપા ! આવું, હેં ? એવું છે ભાઈ, મીઠાશથી કહે, ધીમાશથી કહે, કહે તો પણ માર્ગ તો આ છે બાપુ. આહાહાહા !

ભગવાન આત્મા એમનું દ્રવ્ય શુદ્ધ, એનાં ગુણ શુદ્ધ અને એની પર્યાય શુદ્ધ, તે પરિણામીનું પરિણામ પરિણામી એવું જે દ્રવ્ય આત્મા તેનું પરિણામ પણ તે રાગ છે તે પરિણામીનું એ પરિણામ આત્માનું પરિણામી અને એનું એ પરિણામ એમ નથી. વ્યાપ્ય-વ્યાપક ભાવનો અભાવ છે. એટલે રાગ પરિણામ અને આત્મા પરિણામી, એનો અભાવ છે. પુદ્‌ગલ પરિણામી અને રાગ પરિણામ તેનો સદ્‌ભાવ છે. અને રાગ પરિણામી, રાગ પુદ્‌ગલ અને જીવના નિર્મળ પરિણામ, પરિણામ એનો અભાવ છે. આવી વાતું છે. એકલા પક્ષના વાડામાં બેઠા હોય એને આ એવી લાગે વાત આ શું પાગલ જેવી વાતું કરે છે ? બાપુ મારગડા પ્રભુના. આહાહાહા !

આહા ! તેમનામાં પરસ્પર અંતરંગમાં, અન્તઃ શબ્દ છે ને અન્તઃ છે, અન્તઃ, અન્તઃ એટલે તેમને પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને પામવા અસમર્થ છે. એટલે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, પરિણામી થઈને જીવના નિર્મળ પરિણામ, વ્યાપ્ય થાય એનો અભાવ છે. એમ ભગવાન આત્મા નિર્મળ પરિણામ અને નિર્મળી, પરિણામી તેનો રાગ પરિણામ થાય અને પરિણામી દ્રવ્ય થાય કે નિર્મળ પરિણામી થાય એનો અભાવ છે. સમજાણું કાંઈ ? આહાહા !

શું કીધું ? વિકારી પરિણામ, તે પરિણામી દ્રવ્યનું પરિણામ નહીં, અને નિર્મળ પરિણામ તે કદી રાગના પુદ્‌ગલના પરિણામીનું પરિણામ નહીં. આહાહાહાહ ! આવી વાત ભાઈ, એક કળશે તો ગજબ કરી નાખ્યો છે ને ? ( શ્રોતાઃ- દરેક કળશ કેવા ? ) એવી વસ્તુ છે. અહીં તો શક્તિ પ્રમાણે એનો ખુલાસો થાય, બાકી તો પાર ન મળે, સંતો અને કેવળીઓ એની તોલે.... આહાહા !

પરસ્પર એક સાથે રહે એમાં વિરોધ ક્યાં છે, એ તો કીધું ને ? ૧૧૦ માં, ૧૧૦ કળશમાં આવે છે, પરસ્પર એકક્ષેત્રે રહેવામાં કોઈ વિરોધ નથી, રાગના વ્યવહારનું પરિણામ પુદ્‌ગલનાં, અને ભગવાનના નિર્મળ પરિણામ એને એક ક્ષેત્રે રહેવાનો કાંઈ વિરોધ નથી. સ્વભાવ વિરોધ છે, પણ એક ઠેકાણે રહેવામાં વિરોધ નથી. ૧૧૦ કળશ, છે ને આમાં ? ૧૧૦ જુઓ, ૧૧૦ જુઓ, જુઓ જ્યાં સુધી ક્રિયારૂપ પરિણામ અને આત્મદ્રવ્યના શુદ્ધત્વનું પરિણમન, ક્રિયા એટલે રાગ તેમનું એક જીવમાં એક જ કાળે અસ્તિત્વપણું છે એવું પણ છે પરંતુ, એ વિશેષ કોઈપણ હાનિ નથી, ઠીક છે. છે ? એક જીવમાં એક જ કાળે જ્ઞાનક્રિયા, બંને કઈ રીતે હોય ? તો સમાધાન છે કે, વિરોધ તો કાંઈ નથી. આહાહાહા ! ૧૧૦ કળશ આ તો ભાઈએ પુછયું ’તું દેવીલાલજીએ. આહાહાહા !

એ રાગના પરિણામ, પુદ્‌ગલ પરિણામના પરિણામ, અને નિર્મળ પરિણામ, નિર્મળ દ્રવ્યના પરિણામ એક ક્ષેત્રે, એક સાથે રહેવામાં કાંઈ વિરોધ નથી. એકપણે રહેવામાં વિરોધ છે, બેય એક, ( શ્રોતાઃ- સાધક છે એટલે એમ હોય જ ) સાધક છે ને ? એટલે અંદર રાગ હોય છે, પણ એ પુદ્‌ગલના પરિણામ ગણીને તેનો ભગવાન આત્મા જાણનાર ગણ્યો છે, એનો કરનાર ને કર્તા નથી. આહાહાહાહા ! બહુ ગાથા સારી આવી ગઈ, રસિકભાઈ બરાબર. આહાહા ! એકે તો....

કેમ બેય ભેગા રહે ? કે આત્માના મિથ્યાત્વરૂપ વિભાવ પરિણામ મટયા છે, આતમદ્રવ્ય શુદ્ધ, એને પૂર્વોક્ત બરોબર પરિપાક થવા ક્રિયાના ત્યાગની પૂર્ણતા નથી, ત્યાં તે ક્રિયા હોય છે રાગની, છતાં બે ભિન્ન છે, છતાં એક સાથે રહે છે. આહાહા ! જેમ જડ અને ચૈતન્ય એક સાથે કેમ રહે છે ? એમ રાગ ને સ્વભાવનાં પરિણામ નિર્મળ બેય એક સાથે હોય. આહાહા !

બધો આખો ૧૧૦ કળશ છે. મોટા બે પાનાં ભર્યાં છે. આહાહાહા ! શાંતિથી ધીમેથી કહેવાય છે, બાપા. આ સમજાય એવું નથી એમ નહીં, એને પકડમાં તો આવે કે આ રીતે કહે છે. ભલે પછી એને જ્ઞાન ન થાય સાચું, પણ એને આમ કહેવા માગે છે. આ રીતે, એમ આ પદ્ધતિએ એમ તો એને ખ્યાલ આવવો જોઈએ ને ? ( શ્રોતાઃ– સાથે રહેતા પરસ્પર નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે ) હેં ? નિમિત્ત–નિમિત્ત સંબંધ એટલે ભિન્ન હોય છે. તો રાગ એક આકાશના પ્રદેશમાં છ દ્રવ્ય ભેગા છે, આત્મા છે ત્યાં પરમાણું છે, ત્યાં ધર્માસ્તિ છે અધર્માસ્તિ, આકાશ છે, કાળ છે, પણ આંહી તો જરી વિકારી પરિણામ છે, એ પુદ્‌ગલના પરિણામ ગણીને, વ્યાપકનું વ્યાપ્ય ગણીને, આ વ્યાપક આત્મા અને તેના નિર્મળ પરિણામ વ્યાપ્ય ગણીને એક સાથે હોય છે. બેય એક નથી, એક સાથે રહેતા છતાં, બેય એક નથી, બે ભિન્ન છે.

અરેરેરે આવું ક્યાં ! વાણીયાને નવરાશ ન મળે, ધંધા પાણીમાં કલાક બે કલાક મળે, એમાં વળી પાછું શ્રીમદ્ કહે છે એને સાંભળવા જાય ત્યાં કુગુરુ લુંટી લે કલાક. બે કલાક લુંટી લે કે તમે દયા પાળો, વ્રત કરો, અપવાસ પાળો, ધર્મ થશે, લુંટી લે બિચારાનું કલાક. આહાહા ! રસિકભાઈ શ્રીમદ્ એમ કહે છે. હેં ! ( શ્રોતાઃ– બહુ ઠગાઇ ચાલે છે. ) વાત એમ જ છે બાપા. એને ખબર નથી ને ? ખબર જ નથી એટલે શું થાય ? એ અજ્ઞાનની ભૂલ છે એ તો. આહાહા !

વ્યાપ્યવ્યાપકભાવને “ કલયિતુમ્ ” એટલે પરિણામી પરિણામભાવ થાય, જીવનાં પરિણામ તે પરિણામ અને રાગના પરિણામ તે પરિણામી થાય, એવો અભાવ છે. સમજાણું કાંઈ ? અને જીવના પરિણામ તે વ્યાપક થાય અને રાગ પરિણામ વ્યાપ્ય થાય એનો અભાવ છે. એક કળશેય જો એ બરાબર સાંભળે તો, બરાબર વિચારે તો, આહાહાહા ! “ કલયિતુમ અસહૌ ” પામવા અસમર્થ છે, બેના પરિણામ પરિણામી એક થવું તે અશક્ય છે. આહાહા !

ભગવાન આત્માનાં દ્રવ્યના પરિણામ જે નિર્મળ છે એ નિર્મળ પરિણામ પરિણામી થઈને રાગના પરિણામને કરે, એ અશક્ય છે. અને રાગના પરિણામ જે પુદ્‌ગલ છે, એ પરિણામી થઈને, સમ્યગ્દર્શનના પરિણામ અથવા આત્માના નિર્મળ પરિણામને કરે એ અશક્ય છે. સમજાણું કાંઈ ? આટલું બધું એમાં ભર્યું છે. આહા ! થોડુંક વાંચવું ઘરે કે શેનો અર્થ શું થયો ’તો, ને કેમ થયો ’તો. ( શ્રોતાઃ– આપે કર્યો અર્થ તે તો સાચો જ છે ) સાચો ને આ તો એને બેસવા માટે, કઈ રીતે ( છે ).

કીધું ’ તું ને એક ફેરી નહીં ? અમારા માસ્તર હતા પોણોસો વર્ષ પહેલાંની વાત છે, ૭૭ વર્ષ પહેલાં, નેવ્યાસી, ૧૨ વર્ષની ઉંમર હતી, તેર વર્ષની, નિશાળમાં મારો પહેલો નંબર ચાલતો ને તે વખતે, ઉમરાળા, નરોતમ માસ્તર હતા બ્રાહ્મણ પછી બાયડી નોતી, એટલું અત્યારે યાદ છે, બાઈડી ક્યાંક બીજે હોય ને એકલા પોતે રાંધવાનું હોય ને ? એ રાંધતા પછી છોકરા જે હોંશિયાર હોયને એને બોલાવે ઘરે, એ રાંધતા હોય ને છોકરાવને બોલાવે, એને કહે કે તમે આ

પાઠ વાંચીને આવજો અને એ પાઠનો હું શું અર્થ કરું છું, એ પછી તમે મેળવજો. આ તો ૭૭ વર્ષ પહેલાંની વાત છે, છોંતેર, બાર તેર વર્ષની ઉંમર હતી, નિશાળમાં અમારો નંબર પહેલો હતો. એ વખતે, કોઈ વખતે બીજો નંબર થઈ જાય, ક્યાંક બહાર ગયા હોય ને એવું થઈ ગયું. તે એ બોલાવે એ માસ્તર ઘરે. કણબીવાડ છે ત્યાં મેડી હતી, ત્યાં ઘણાં વર્ષ થયા, બિચારા પોતે એકલા રાંધતા. દાળ ભાત રોટલી કરે ને છોકરાવની હારે વાત કરે, તમે પાઠ વાંચીને આવ્યા ? હવે એનો અર્થ સાંભળો, અમે આ અર્થ કરીએ છીએ તમને બેઠો 'તો. તો અમને તો કાંઈ બેઠું નથી ભાઈ ! અમે તો, એક વખત બાર મહિના ગારીયાધાર ગયો 'તો પછી આવ્યો પહેલે મહીને તો નંબર છેલ્લે બેસે, ગારીયાધાર બાર મહિના ગયો 'તો પહેલે દિ' તો કાંઈ નંબર પહેલો આપે ? અને છેલ્લો નંબર ને ભાઈ, રોવું આવ્યું હોં, અરેરે ! અમે છેલ્લે નંબરે ? પછી મહિને પછી ફરી જાય, પણ પહેલે તો શું કહેવાય ? લઈને આવે ને ? સર્ટીફીકેટ કે તેનું હોય કાંઈક ? બેહારે તો છેલ્લે નંબરે ને પહેલે, બાર મહિનાથી ગારિયાધાર યાદ છે છેલ્લો નંબર સાંભળીને આમ રોવું થયું 'તું તે દિ'. આહાહાહા !

આંહી કહે છે. ઓહોહોહો ! અનયોઃ કર્તૃકર્મભ્રમમતિઃ "અનયોઃ" જીવ ને પુદ્‌ગલની વચ્ચે, અનયોઃ છે ને ? અન્યોઅન્ય, અનયોઃ કર્તૃકર્મભ્રમમતિઃ અનેરા પ્રકારે, તે જીવ ને પુદ્‌ગલને, એટલે જીવના નિર્મળ પરિણામને અને રાગના પરિણામને કર્તાકર્મપણું છે, એવી ભ્રમબુદ્ધિ અજ્ઞાનને લીધે છે. એ દયા, દાન, પૂજા, વ્રત, ભક્તિના જે પરિણામ છે એ રાગ છે. એ રાગના પરિણામને અને આત્માને, એટલે જીવ ને પુદ્‌ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ અજ્ઞાનને લીધે, એ રાગ છે, અજ્ઞાનપણે પોતે માન્યો છે પોતાનો, ત્યાં સુધી તે કર્તાકર્મ, રાગ મારું કાર્ય છે અને હું કર્તા એમ માને. જીવ પુદ્‌ગલને કર્તાકર્મપણું અથવા રાગના પરિણામ મારું કાર્ય ને હું કર્તા, અને નિર્મળ પરિણામ કર્તા ને રાગ તેનું કાર્ય, એવા કર્તાકર્મપણાનું, એવી ભ્રમબુદ્ધિ અજ્ઞાનને લીધે છે. આહાહા !

ઘણે ભાઈ જાવું પડે એને, આહાહા..... "ત્યાં સુધી ભાસે છે" કહે છે કે એવું ત્યાં સુધી ભાસે છે" કે જ્યાં સુધી ભેદજ્ઞાન કરનારી વિજ્ઞાન જ્યોતિ" આહાહાહા ! રાગ પરિણામ મારું કાર્ય અને હું કર્તા, નિર્મળ પરિણામ કાર્ય ને રાગ કર્તા, ત્યાં સુધી એને ભાસે છે, નિર્મળ પરિણામ તો એને છે નહીં. પણ આ દ્રવ્ય મારો દ્રવ્યના ગુણના એ કર્તા, ત્યાં સુધી ભાસે છે કે જ્યાં સુધી ભેદજ્ઞાન કરનારી વિજ્ઞાનાર્ચિઃ વિજ્ઞાન જ્યોતિ, અર્ચિઃ છે ને ? અર્ચિ એટલે જ્યોતિ. વિજ્ઞાન જ્યોતિ, વિજ્ઞાન જ્યોતિ, ક્રકચવત અદયં વિજ્ઞાન જ્યોતિ કરવતની જેમ નિર્દય રીતે, રાગના પરિણામને અને ભગવાન આત્માને ભેદજ્ઞાનરૂપી જ્યોતિથી, કરવતથી-જેમ કરવતથી જેમ લાકડા બે જુદાં પાડે, કરવત-કરવત કર-વત, આ કર નામ હાથથી આમ આમ કરે તે કરવત, એનું નામ કરવત છે ને ? એકાક્ષરી છે ચારેય બોલ કરવત કાનો માત્ર મીંડુ કાંઈ ન મળે. આહાહાહા !

ઈ કરવત જેમ લાકડામાં મુકે ને બે કટકા કરી નાખે, એમ વિજ્ઞાન જ્યોતિ ભગવાન આત્મા રાગથી ભિન્ન પડીને જ્યાં ભેદજ્ઞાન વિજ્ઞાન થયું. આહાહા ! "વિજ્ઞાન જ્યોતિ ક્રકચવત્ અદયં" કરવતની જેમ નિદર્ય રીતે, અરેરે ! રાગને ને મારે અનાદિનો સંબંધ, એ બંધવને કેમ મારે જુદા પાડવા ? પરમાત્મ પ્રકાશમાં આવે છે ને ભાઈ ? પરમાત્મપ્રકાશ બંધુને મારી નાખે

છે, ધર્મી મુનિઓ બંધવને મારી નાખે છે અનાદિનો રાગનો સંબંધરૂપી બંધવ. આહાહાહા !

નિર્દય રીતે કહે છે, એમ નહિ કે, અરેરેરે ! આમ મારો, આને ધ્યાનની અગ્નિ લગાડી દઈને એમ, એ બાજુથી ખસી જઈને એમ કહે છે. નિર્દય એટલે જે રાગભાવ છે, તેમાં જે પોતાપણું માન્યું છે, એમાંથી ખસી જઈને, નિર્દય રીતે જરી પણ દયા નહીં ને, અરેરે ! રાગ ને મારો સંબંધ અનાદિનો છે ને ? થોડોક તો રાગ રાખું મારો, કરવતની જેમ નિર્દય રીતે, અદયં છે ને ? અંદર જરી દયા નથી પછી. એ દયા, દાન ને વ્રતનો વિકલ્પ પણ રાગ મારું સ્વરૂપ નહીં. આહાહાહા ! સમ્યગ્જ્ઞાન જ્યોતિ જ્યાં ચૈતન્ય તરફ વળી છે, રાગનો સંબંધ જે પર્યાયમાં અનાદિથી છે એ બંધવને મારી નાખ્યો એને અત્યારે, બંધ, સંબંધ એવો જે બંધવ એને જ્ઞાન અર્ચિ, જ્ઞાનની પર્યાય અંતરમાં વળી, પરનો સંબંધ છોડયો, નિર્દય રીતે છોડયો, અહીં એક કળશમાંય કલાક થયો.

'સદ્યઃ ભેદમ્ ઉત્પાદ્ય' જીવ પુદ્ગલનો તત્કાળ ભેદ ઉપજાવે છે. આહા ! સદ્યઃ તત્કાળ રાગનું લક્ષ છોડીને જ્યાં જ્ઞાન સ્વરૂપ આત્મામાં ઢળે છે. ત્યારે તેને ભેદજ્ઞાન રાગથી ભિન્ન પડે છે. આહાહા ! સદ્યઃ નામ તત્કાળ ભેદ ઉપજાવીને કોનો, રાગનો અને ભગવાન આત્માનો. આહાહાહા ! "પ્રકાશિત થતી નથી" કરવતને નિર્દય રીતે ઉગ્ર રીતે 'સદ્યઃ ભેદમ ઉત્પાદ્ય' જીવ પુદ્ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને ન ચકાસ્તિ, પ્રકાશિત થતી નથી, એકરૂપે પ્રકાશતી નથી. એમ વિજ્ઞાન જ્યોતિ થાય છે, ક્યાં સુધી ? કે જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી પણ ભેદજ્ઞાન કોઇ રીતે પ્રકાશિત થતાં અજ્ઞાન થતું નથી. પરથી ભિન્ન પડયું એટલે પછી અજ્ઞાન થતું નથી. વિશેષ કહેશે. (શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં.૧૭૦ શ્લોક-૫૦,ગાથા-૮૦/૮૨ તા. ૧૬/૧/૭૯ મંગળવાર પોષ વદ-૩

ભાવાર્થ ૫૦ કળશ, કાલ તો એક કલાક ચાલ્યું 'તું કળશ આખો. ઝીણું હતું ઝીણું બહુ. આ તો ભાવાર્થ છે. 'ભેદજ્ઞાન થયા પછી' એટલે કે રાગ અને ભગવાન સ્વભાવ એનું ભેદજ્ઞાન થયે છતેં જીવને અને પુદ્ગલને કર્તાકર્મભાવ છે ( એમ નથી ). જીવને અને પુદ્ગલ એટલે રાગાદિને, રાગ છે એ પુદ્ગલનું કાર્ય છે. ભેદજ્ઞાનમાં રાગ જે દયા, દાન, વ્રત આદિનો વિકલ્પ એ કર્મનો ઉત્પાદ્ય છે, એ કર્મની પર્યાય છે, એ કર્મના પરિણામ છે 'એને ને જીવને કર્તાકર્મભાવ છે એવી બુદ્ધિ રહેતી નથી.' આહાહા !

જીવના પરિણામ સમ્યક્ નિર્મળ એ ઉત્પાદ-વ્યય ને ધ્રુવનો કર્તા આત્મા અને રાગઆદિ વ્યવહારના જેટલા વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિઆદિ એ રાગના પરિણામનો ઉત્પાદક કર્મ છે, એ કર્મની પર્યાય છે. એ કર્મના પરિણામ છે, "એ ભેદજ્ઞાન થયા પછી બે ને કર્તાકર્મભાવ છે એવી બુદ્ધિ રહેતી નથી." આવું ઝીણું છે. કાલ તો ખૂબ આવી ગયું ઝીણું, આમાં તો શબ્દાર્થ હોય એટલું, કારણકે જ્યાં સુધી ભેદજ્ઞાન થતું નથી એટલે કે જ્યાં સુધી દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્યસ્વભાવ પરિપૂર્ણ એની દૃષ્ટિ થતી નથી, ત્યાં સુધી દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્યસ્વભાવ પરિપૂર્ણ એની દૃષ્ટિ થતી નથી

ત્યાં અજ્ઞાનથી કર્તાકર્મભાવની બુદ્ધિ થાય, ત્યાં સુધી રાગ અને દયા દાનના વિકલ્પો, એનો કર્તા અજ્ઞાનબુદ્ધિથી થાય. આહાહા !

એ જ્ઞાનીની વાત કરી પાંચ ગાથામાં. ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯ પાંચેય ઝીણી. હવે અજ્ઞાનીની વાત કરે છે. જો કે જીવના પરિણામને એટલે વિકારી પરિણામ આંહી અત્યારે ઓલા જીવના પરિણામ હતા તે નિર્મળ પરિણામ હતા. છે ને એમ આવ્યું 'તું ને ? જીવના પરિણામને, એ પાંચ ગાથામાં જીવના પરિણામને એટલે કે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર, વીતરાગી પરિણામને એમ હતું. જીવના પરિણામ, ધર્મીના જીવના પરિણામ તે વીતરાગી દર્શન, જ્ઞાન ને ચારિત્ર તે જીવના પરિણામ તે પરિણામને પુદ્‌ગલ જાણતું નથી. રાગ, વ્યવહારરત્નત્રયનો રાગ એ આ જીવ પરિણામને જાણતું નથી, તેમ રાગ રાગને જાણતું નથી, તેમ રાગ રાગના ફળને દુઃખને જાણતું નથી. તેથી તેને કર્તાકર્મ ભાવ બે વચ્ચે નથી, રાગ અને સ્વભાવની વચ્ચે. આંહી હવે જીવના પરિણામ એટલે વિકારી લેવા, ત્યાં આવ્યું 'તું ને પહેલું ૭૯ ગાથા નહીં, હવે પૂછે છે કે જીવના પરિણામને ૭૯ ની પહેલી લીટી ઉપર છે ? એ જીવના પરિણામ વીતરાગી છે.

સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રના પરિણામ એ જીવના પરિણામ. પોતાના પરિણામ એટલે રાગ, પુદ્‌ગલનાં પરિણામ રાગ દયા, દાન, વ્રતાદિ, કામ, ક્રોધ અને પોતાના પરિણામના ફળ એટલે દુઃખ, રાગનું ફળ દુઃખ એને નહિ જાણતા એવાં પુદ્‌ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મપણું છે કે નથી. એ પ્રશ્ન હતો એનો ઉત્તર થઈ ગયો. હવે આંહી જીવના પરિણામને એટલે ન્યાં જીવના પરિણામ જુદા અને આ જીવના પરિણામ એટલે જુદા, ત્યાં જીવના પરિણામ દ્રવ્યદૃષ્ટિવંતના પરિણામની વાત લીધી છે. આહાહા ! એટલે એના પરિણામ દ્રવ્ય ને ગુણ શુદ્ધ છે, તેથી જેની દૃષ્ટિ ભેદજ્ઞાન અને દ્રવ્યદૃષ્ટિ થઈ છે, તેનાં પરિણામ તો વીતરાગી સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્ર એ જીવના પરિણામ, અને ત્યાં જે રાગના પરિણામ હતા, તે બધા પુદ્‌ગલનાં પરિણામ, પુદ્‌ગલનું કાર્ય, પુદ્‌ગલનો ઉત્પાદ-વ્યય. આહાહાહા ! ઝીણુ ઘણું ભાઈ.

**❀ ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે ❀**

ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે. પણ ખરેખર તો ક્રમબદ્ધ માને તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. એમાં જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ માનતાં ફેરફારની દૃષ્ટિ છૂટી જાય ને સામાન્યદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એ જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ નક્કી કરવા જાય ત્યાં હું પરનું કરી દઉં, વ્યવહારથી નિશ્ચય થાય એ બધું ઊડી જાય ને અંદર ઠરી જવાનો રસ્તો થાય.

**( આત્મધર્મ, અંક ૭૨૬, વર્ષ-૬૦, પાના નં. ૯ )**

# ગાથા - ૮૦-૮૧-૮૨

जीवपुद्गलपरिणामयोरन्योऽन्यनिमित्तमात्रत्वमस्ति तथापि न तयोः कर्तृकर्मभाव इत्याह-

जीवपरिणामहेदुं कम्मत्तं पोग्गला परिणमंति।
पोग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमदि।।८०।।
ण वि कुव्वदि कम्मगुणे जीवो कम्मं तहेव जीवगुणे।
अण्णोण्णणिमित्तेण दु परिणामं जाण दोण्हं पि।।८१।।
एदेण कारणेण दु कत्ता आदा सएण भावेण।
पोग्गलकम्मकदाणं ण दु कत्ता सव्वभावाणं।।८२।।

जीवपरिणामहेतुं कर्मत्वं पुद्गलाः परिणमन्ति।
पुद्गलकर्मनिमित्तं तथैव जीवोऽपि परिणमति।।८०।।
नापि करोति कर्मगुणान् जीवः कर्म तथैव जीवगुणान्।
अन्योऽन्यनिमित्तेन तु परिणामं जानीहि द्वयोरपि।।८१।।
एतेन कारणेन तु कर्ता आत्मा स्वकेन भावेन।
पुद्गलकर्मकृतानां न तु कर्ता सर्वभावानाम्।।८२।।

यतो जीवपरिणामं निमित्तीकृत्य पुद्गलाः कर्मत्वेन परिणमन्ति, पुद्गलकर्म निमित्तीकृत्य जीवोऽपि परिणमतीति जीवपुद्गलपरिणामयोरितरेतरहेतुत्वोपन्यासेऽपि जीवपुद्गलयोः परस्परं व्याप्यव्यापकभावाभावाज्जीवस्य पुद्गलपरिणामानां पुद्गलकर्मणोऽपि जीवपरिणामानां कर्तृकर्मत्वासिद्धौ निमित्तनैमित्तिकभावमात्रस्याप्रतिषिद्धत्वादितरेतर-निमित्तमात्रीभवनेनैव द्वयोरपि परिणामः; ततः कारणान्मृत्तिकया कलशस्येव स्वेन भावेन स्वस्य भावस्य करणाज्जीवः स्वभावस्य कर्ता कदाचित्स्यात्, मृत्तिकया वसनस्येव स्वेन भावेन परभावस्य कर्तुमशक्यत्वात्पुद्गलभावनां तु कर्ता न कदाचिदपि स्यादिति निश्चयः।

---

જોકે જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને અન્યોન્ય (પરસ્પર) નિમિત્તમાત્રપણું છે તોપણ તેમને (બન્નેને) કર્તાકર્મપણું નથી એમ હવે કહે છેઃ-

જીવભાવહેતુ પામી પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે;
એવી રીતે પુદ્‌ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.
જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;
અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.

એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;
પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.

**ગાથાર્થઃ-** [ पुद्गलाः ] પુદ્‌ગલો [ जीवपरिणामहेतुं ] જીવના પરિણામના નિમિત્તથી [ कर्मत्वं ] કર્મપણે [ परिणमन्ति ] પરિણમે છે, [ तथा एव ] તેમ જ [ जीवः अपि ] જીવ પણ [ पुद्गलकर्मनिमित्तं ] પુદ્‌ગલકર્મના નિમિત્તિથી [ परिणमति ] પરિણમે છે. [ जीवः ] જીવ [ कर्मगुणान् ] કર્મના ગુણોને [ न अपि करोति ] કરતો નથી [ तथा एव ] તેમ જ [ कर्म ] કર્મ [ जीवगुणान् ] જીવના ગુણોને કરતું નથી; [ तु ] પરંતુ [ अन्योऽन्यनिमित्तेन ] પરસ્પર નિમિત્તથી [ द्वयोः अपि ] બન્નેના [ परिणामं ] પરિણામ [ जानीहि ] જાણો. [ एतेन कारणेन तु ] આ કારણે [ आत्मा ] આત્મા [ स्वकेन ] પોતાના જ [ भावेन ] ભાવથી [ कर्ता ] કર્તા ( કહેવામાં આવે ) છે [ तु ] પરંતુ [ पुद्गलकर्मकृतानां ] પુદ્‌ગલકર્મથી કરવામાં આવેલા [ सर्वभावानाम् ] સર્વ ભાવોનો [ कर्ता न ] કર્તા નથી.

**ટીકાઃ-** 'જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે અને પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને જીવ પણ પરિણમે છે' -એમ જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં પણ જીવ અને પુદ્‌ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે જીવને પુદ્‌ગલપરિણામો સાથે અને પુદ્‌ગલકર્મને જીવપરિણામો સાથે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને, માત્ર નિમિત્ત-નૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી, અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ બન્નેના પરિણામ ( થાય ) છે; તે કારણે ( અર્થાત્ તેથી ), જેમ માટી વડે ઘડો કરાય છે તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી, જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે, પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી તેમ પોતાના ભાવ વડે પરભાવનું કરાવું અશક્ય હોવાથી ( જીવ ) પુદ્‌ગલભાવોનો કર્તા તો કદી પણ નથી એ નિશ્ચય છે.

**ભાવાર્થઃ-** જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને પરસ્પર માત્ર નિમિત્તનૈમિત્તિકપણું છે તોપણ પરસ્પર કર્તાકર્મભાવ નથી. પરના નિમિત્તથી જે પોતાના ભાવ થયા તેમનો કર્તા તો જીવને અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય, પરંતુ જીવ પરભાવનો કર્તા તો કદી પણ નથી.

## પ્રવચન નં. ૧૭૦ ગાથા-૮૦ થી ૮૨ તા. ૧૬/૦૧/૭૯

આ જીવના પરિણામને એટલે રાગના પરિણામ લેવા, રાગ અને દ્વેષ ને મિથ્યાત્વઆદિ ભાવ એ જીવના પરિણામ આંહી લેવા. અને પુદ્‌ગલના પરિણામ એટલે કર્મ છે તેની પર્યાય જે થાય કર્મની, એ પુદ્‌ગલના પરિણામ ( ને ) અન્યોન્ય નિમિત્તમાત્રપણું છે, તોપણ તેમને કર્તાકર્મપણું નથી એમ કહે છે. વિષય ફેરવ્યો. પાંચ ગાથાનો વિષય બીજો હતો. આ વિષય બીજો છે. મૂળ રકમની વાત હતી પાંચ ગાથામાં, બહુ ઝીણું આવ્યું 'તું.

આ વિષય છે એ તો હવે આત્માના-રાગદ્વેષના મિથ્યાત્વના પરિણામ અને કર્મના ઉદયના કર્મના પરિણામ, બેની વચ્ચે નિમિત્ત-નિમિત્ત સંબંધ હોવા છતાં કર્તાકર્મપણું નથી એટલું હવે સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? એમ હવે કહે છે કે ગાથા "જીવ પરિણામ હેદું" ઓલામાં આવ્યું'તું કે જીવ પરિણામ એટલે વીતરાગી પરિણામી, આ જીવ પરિણામ એટલે કે વિકારી પરિણામ "જીવ પરિણામહેદું કમ્મતં પુગ્ગલા પરિણમંતિ"

'પુગ્ગલકમ્મણિમિતં તહેવ જીવો વિ પરિણમતિ'-આંહી પુદ્ગલકર્મ એટલે કર્મ જડ લેવું, પણ ન્યાં જે પુદ્ગલ લીધા'તા, એ પુણ્ય-પાપના ભાવ, દયા, દાન વ્યવહારરત્નત્રયના એ પુદ્ગલના પરિણામ કહ્યા, તો બે માં ફેર, બેયની ભાષા આખી ફરી ગઈ, દૃષ્ટિના વિષયવંતને પરિણામ જે થાય તે દ્રવ્યદૃષ્ટિ. દ્રવ્ય ને ગુણ શુદ્ધ હોવાથી તેના પરિણામ શુદ્ધ થાય, તે દ્રવ્યગુણ ને પર્યાય તે ત્રણેય શુદ્ધ છે જ્ઞાનીને, અને રાગાદિ જે પરિણામ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ એ બધાં પુદ્ગલનો ઉત્પાદ અને પુદ્ગલના પરિણામ છે. આહાહા !

આંહી એથી બીજી વાત છે. ત્યાં ધર્મી જીવની દૃષ્ટિવંતના પરિણામની વાત હતી અને આંહી અજ્ઞાનીના રાગદ્વેષ ને મિથ્યાત્વના પરિણામ એની વાત છે. આહાહા ! કહો હવે પાંચ ગાથા ગઈ ત્યાં વિષય ફેરવ્યો. નવરંગભાઈ ! પાંચ ગાથા બહુ ઝીણી ગઈ, ઘણી સારી, ઘણું સ્પષ્ટ, આવું સ્પષ્ટ પહેલાં કર્યું નહોતું એવું ઘણું સરસ સ્પષ્ટ. આહાહા !

"ણ વિ કુવ્વઈ કમ્મગુણે" આ કમ્મગુણે એટલે જડની પર્યાય અને ત્યાં કમ્મગુણે એટલે રાગદ્વેષના પરિણામ બેયમાં ફેર હતો.

जीवपरिणामहेदुं कम्मत्तं पोग्गला परिणमंति।
पोग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमदि।।८०।।

ण वि कुव्वदि कम्मगुणे जीवो कम्मं तहेव जीवगुणे।
अण्णोण्णणिमित्तेण दु परिणामं जाण दोण्हं पि।।८१।।

एदेण कारणेण दु कत्ता आदा सएण भावेण।
पोग्गलकम्मकदाणं ण दु कत्ता सव्वभावाणं।।८२।।

આ ગાથા વર્ણીજી હારે ચર્ચા થઈ'તી ઘણા વખત પહેલાં, ગુલાબચંદ ગ્યો'તો ને અહીંથી પહેલાં એ લાવ્યો'તો ઘણાં સાલ હોં, એ તો તેર પહેલાંની વાત બે પહેલાંની વાત છે. બેની સાલ બેની એમ કે જુઓ, એકબીજાના નિમિત્ત-નિમિત્તથી થાય છે, આ ત્રણ ગાથામાં થયું છે, થતું નથી. નિમિત્ત છે પણ એનાથી અહીં પરિણામ થતા નથી, એ માટે તો ગાથા લીધી છે.

ટીકાઃ- જીવના પરિણામને નિમિત્ત કરીને એટલે કે જીવનાં રાગદ્વેષ ને મિથ્યાત્વ પરિણામ, જીવના મિથ્યાત્વ ને રાગદ્વેષના પરિણામ, એ આ વાત ફરી ગઈ આખી, અજ્ઞાનીની વાત લેવી છે ને અહીં તો, જીવના પરિણામને એટલે મિથ્યાત્વ ને રાગદ્વેષના પરિણામને નિમિત્ત કરીને, ફક્ત નિમિત્ત કરીને, પુદ્ગલ કર્મરૂપે પરિણમે છે, પુદ્ગલ પોતાની પર્યાયને કાળે, કર્મરૂપે પરિણમવાના કાળે પરિણમે છે. નિમિત્ત કરીને એનો અર્થ એ જીવનાં પરિણામ ન્યાં થયા, માટે પુદ્ગલના પરિણામપણે પરિણમવું પડયું એમ નથી. આહાહા !

પુદ્‌ગલ તે એ નિમિત્ત છે. આંહી નિમિત્ત એ એકબીજાને નિમિત્ત છે, પરિણમે છે તો પોતે સ્વતંત્ર પોતાના ઉપાદાનથી, નિમિત્ત કહ્યું છે, નિમિત્ત છે એમ. નિમિત્ત કરીને એટલે નિમિત્ત છે. ને અહીંયા કર્મના પુદ્‌ગલ પોતાને તે કાળે તે કર્મની પર્યાયપણે પરિણમવાની પોતાની ઉત્પન્ન ક્ષણ હતી તેથી તે કર્મ તે પણે પરિણમ્યા છે. આ રાગના ને આ દ્વેષના મિથ્યાત્વના પરિણામનું નિમિત્ત થયું, માટે તેણે કર્મરૂપે પરિણમવું પડયું એમ નથી. અરેરે ! આવી વાતું છે.

હવે આ તો અજ્ઞાનની વાતો હજી, પહેલી તો જ્ઞાનની ગઈ, એ આ પ્રશ્ન લાવ્યા છે, બોલો જુઓ નિમિત્તથી થાય, નિમિત્તથી થાય છે એ ક્યાં કહ્યું, આ તો નિમિત્ત કરીને એટલે નિમિત્ત છે અહીંયા અને તે કાળે કર્મના પરિણામરૂપે પરિણમવાની પુદ્‌ગલમાં યોગ્યતાથી કર્મ પોતે પરિણમે છે. આહીં પરિણમ્યો છે માટે ન્યાં એ પરિણમે છે એમ નથી. સમજાણું કાંઈ ?

જીવ પરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે પરિણમે એટલે ઉપાદાનપણે પોતાથી પરિણમે છે, અને પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને કર્મનો ઉદય છે જડ, તેનું નિમિત્ત કરીને જીવ પણ પરિણમે છે, એ જીવ પોતાના ભાવે રાગદ્વેષ ને મિથ્યાત્વપણે પરિણમે છે. આહા ! કર્મનો ઉદય તો નિમિત્તમાત્ર છે. તે કાળે જીવ પોતાના પરિણામની ઉત્પત્તિનો ક્ષણ છે, તેથી તે મિથ્યાત્વ અથવા રાગદ્વેષના પરિણામપણે કર્તાપણે પરિણમે છે. આ નિમિત્ત ઉપાદાનનો મોટો ઝઘડો. આહા !

એમ જીવના પરિણામને, એટલે વિકારી પરિણામને અને પુદ્‌ગલનાં પરિણામ એટલે કર્મના ઉદયના પરિણામને, અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં, અન્યોઅન્ય એકબીજાને, જીવના પરિણામમાં કર્મનું નિમિત્ત ને કર્મના પરિણમનમાં ઈ ક્યું નિમિત્ત ? જીવના વિકારી પરિણામમાં પૂર્વના કર્મનો ઉદય નિમિત્ત, સમજાણું ? અને પુદ્‌ગલના નવા પરિણમનમાં જીવના રાગદ્વેષના પરિણામ નિમિત્ત, શું કહ્યું ઈ ? જીવના પરિણામ જે રાગદ્વેષ થાય તે કાળે જે કર્મ પરિણમે, તે કર્મ પરિણમનમાં આ રાગદ્વેષ નિમિત્ત, અને કર્મનો ઉદય છે તે ઉદય છે તે કાળે તે કાળે ઉદય છે પણ તે કાળે રાગદ્વેષ થાય છે એ પોતાને કારણે પરિણમે છે. સમજાણું કાંઈ ?

સમય એક પણ વસ્તુ સ્વતંત્ર પોતપોતાથી પરિણમે છે. આહાહા ! આવો અન્યોન્યનો નિમિત્તપણાનો ઉલ્લેખ હોવા છતાં, હેતુ એટલે નિમિત્ત, પણ જીવ ને પુદ્‌ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે" આહાહાહા ! પરિણામી કર્મ અને પરિણામી રાગદ્વેષ એનો અભાવ, પરિણામી આત્મા અને પરિણામ કર્મનું થવું એનો અભાવ, વ્યાપ્યવ્યાપક, કર્તા કર્મ પરિણામી પરિણામપણું, એટલે પરિણામી આત્મા અને વિકાર પરિણામનું કાર્ય કર્મનું એમ નથી, તેમ વિકારી આત્મા પરિણામ, વિકારી પરિણામ કર્તા અને કર્મના પરિણામ તેનું કાર્ય એમ નથી, તેમ કર્મના ઉદય કર્તા અને રાગદ્વેષના પરિણામ તેનું કાર્ય એમ નથી. આહાહા !

જીવને પુદ્‌ગલ પરિણામો સાથે અને પુદ્‌ગલકર્મ જીવ પરિણામો ને સાથે ( અન્યોન્ય પુદ્‌ગલ કર્મના પરિણામો સાથે ) કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને, છે ? વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે એટલે કે કર્મનો ઉદય વ્યાપક થઈને જીવના વિકાર કરે એનો અભાવ, એમ જીવ વ્યાપક વિકારી થઈને કર્મના પરિણામ વ્યાપને કરે એનો અભાવ, આવું હવે.

"એવા જીવને પુદ્‌ગલ પરિણામો સાથે અને આની સાથે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને"

માત્ર નિમિત્ત નૈમિત્તિક ભાવનો નિષેધ નહીં, નિમિત્ત હો, નિમિત્ત હો માટે અહીં વિકાર થયો, કર્મનો ઉદય નિમિત્ત છે માટે વિકાર થયો એમ નથી, તેમ વિકારના પરિણામ થયા માટે કર્મને પરિણમવું પડયું એમ નથી. આહાહા ! આવી સ્વતંત્રતા છે, બેયની સ્વતંત્રતા "કર્તા એટલે સ્વતંત્રપણે કરે તે કર્તા" અજ્ઞાની જીવ પુણ્ય-પાપને સ્વતંત્રપણે અજ્ઞાનથી કરે છે અને કર્મના પરિણામ જે પુદ્ગલના, પુદ્ગલ વર્ગણા હતી એમાં કર્મના પરિણામ થયા એ કર્મ પણ પોતે સ્વતંત્રપણે કર્મની પર્યાયપણે પરિણમે છે, એને આંહી વિકારી પરિણામ હતા માટે આંહી કર્મનું પરિણમન થયું એમ નથી.

આ મોટો ઉપાદાન-નિમિત્તનો ગોટો આમાં. માત્ર નિમિત્તનૈમિતિકભાવનો નિષેધ નહીં હોવાથી, અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી, અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ, બન્નેના પરિણામ થાય છે. બન્નેના આ રીતે સ્વતંત્ર રીતે આનું કર્મના પરિણામનું નિમિત્ત આત્મા નહીં અને આત્માના પરિણામનું નિમિત્ત કર્મ નહીં બસ આટલી વાત છે, છતાં પરિણામ પોતપોતાથી થાય છે. આહા !

"તે કારણે જેમ માટી વડે કરાય છે" માટી વડે ઘડો કરાય છે, "તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી" એમ જીવને જેમ માટી વડે ઘડો કરાય છે, એમ જીવના ભાવ વડે પોતાના વિકાર કરાય છે, ઓલામાં જુદું હતું, ઘડાનો માટીનો કર્તા જેમ ઘડો, એમ ત્યાં આત્મા પોતાના નિર્મળ પરિણામનો કર્તા જીવ, અને અહીં વિકારી પરિણામનો કર્તા પુદ્ગલ, જેમ માટી ઘડાને કરે, એમ કર્મ વિકારી પરિણામને કરે એ જ્ઞાનીની દૃષ્ટિની અપેક્ષાએ વાત હતી. એ દૃષ્ટાંત ત્યાંયે ઘડાનું હતું, કે માટી ઘડાને કરે વ્યાપક થઈને વ્યાપ્ય, એમ ભગવાન વ્યાપક થઈને વીતરાગી સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રના પરિણામ વ્યાપ્યને કરે, માટી ઘડારૂપે થાય એ માટીનું કાર્ય છે, એમ જીવ પોતે નિર્વિકારી પરિણામને કરે તેનું તે કાર્ય અને કર્તા છે, અને વિકારી પરિણામ જ્ઞાનીની દૃષ્ટિમાં દ્રવ્યદૃષ્ટિ થઈ છે. જ્ઞાનીને વિકારી પરિણામનું વ્યાપકપણું કર્મનું છે અને વ્યાપ્યપણું એના વિકારી પરિણામ છે.

જેમ માટીનો ઘડો થાય છે એમ કર્મને લઈને વિકાર પરિણામ થાય છે. એમ ત્યાં જ્ઞાનીની દૃષ્ટિમાં આ લેવું છે. આહા ! સમજાણું કાંઈ ? દૃષ્ટાંત તો બેય ને એક સરખા. ન્યાંય એ હતું કે માટી ઘડારૂપે થાય છે એમ વિકારી પરિણામ કર્મથી થાય છે, એમ ત્યાં દૃષ્ટાંત હતું, જ્ઞાનીની દૃષ્ટિની અપેક્ષાએ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ, અને ત્યાં માટીની જેમ ઘડાને કરે છે એમ આત્મા પોતાના નિર્વિકારી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના પરિણામને કરે છે એમ ત્યાં હતું. અહીંયા માટી જેમ ઘડાને કરે છે એમ અજ્ઞાની જીવ પોતાના વિકારી પરિણામને કરે છે. દેવીલાલજી ! આવું છે.

દાખલો તો બેયમાં છે પણ બેયમાં પહેલાં ફેર છે. છે ને ? જેમ માટી વડે ઘડો કરાય છે, તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્, અજ્ઞાનભાવની વાત છે ને આ, જીવ પોતે જેમ માટીમાંથી ઘડો થાય છે, એમ જીવ પોતે અજ્ઞાનભાવે માટીમાંથી ઘડો થાય છે, એમ જીવ અજ્ઞાનભાવે રાગદ્વેષનો કર્તા થાય છે, કદાચિત્ એટલે અજ્ઞાનભાવે, આહાહા ! કહો સમજાણું કાંઈ ? આવું છે.

હવે ગાથાઉ પાંચ ગઈ એનાથી એકદમ ફેરફાર કરી નાખ્યો. દાખલો ઈનો ઈ છતાં

સિદ્ધાંતમાં એનો ફેર. ( શ્રોતાઃ- ઉગમણો આથમણો ફેર ) હેં ? એટલો ફેર છે. ( શ્રોતાઃ- બેયમાં ફેર છે ) બેયનો ફેર છે ને ( શ્રોતાઃ- જ્ઞાનીને અજ્ઞાનીની દૃષ્ટિમાં ફેર જ હોય ને ) જેની દ્રવ્યદૃષ્ટિ થઈ છે એટલે કે જ્ઞાની થયો છે, એટલે કે ચૈતન્યના દ્રવ્યગુણના શુદ્ધતાનો જેણે સ્વીકાર કર્યો છે, એવા જે જ્ઞાની એને, જેમ માટી ઘડો કરે, એમ એ જ્ઞાની નિર્મળ વીતરાગી પરિણામને કરે અને કર્તા થાય. આહાહા !

અને કર્મ જેમ માટી ઘડાને કરે છે તેમ જ્ઞાનીને કર્મ માટી છે તેના વિકારી પુણ્ય-પાપના પરિણામ તે તેનું વ્યાપ્ય એ ઘડો માટી કરે છે એમ વિકારી પરિણામ કર્મ કરે છે. કહો, ત્રિભોવનભાઈ ! આવું છે ઝીણું. આહા ! એ ત્યાં હતી એ દ્રવ્યદૃષ્ટિવંતની વાત હતી, જેને આત્મા જ્ઞાયક સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ પ્રભુ, રાગથી ભિન્ન પડીને, જ્યાં ભેદજ્ઞાન ને સમ્યગ્જ્ઞાન થયું છે, તેને ઘડો જેમ માટીથી થયો, એમ નિર્મળ પરિણામ જીવથી થયા, અને જેમ ઘડો માટીથી થયો, એમ મલિન પરિણામ કર્મથી થયા. આહાહા ! સમજાણું કાંઈ ? પુંજાભાઈ ! ઝીણું બહુ બાપા. હેં ? ( શ્રોતાઃ- સમજાય એવું છે ) કહો, રસિકભાઈ ! આ કાલની વાત બીજી અને આજની વાત બીજી આવી પાછી. એ વ્યાપ્યવ્યાપકમાં તો કાલ કેટલું કહ્યું'તું. હેં ? ( શ્રોતાઃ- દિવસ બદલાઈ ગયાને ) કાલ વ્યાપ્યવ્યાપક એમ કહ્યું'તું, કે ભગવાન આત્મા વ્યાપક છે અને નિર્મળ પરિણામ તેનું વ્યાપ્ય કર્તાનું એ કર્મ છે. અને તે જ્ઞાનીને જે કાંઈ વિકાર પુણ્ય, દયા, દાન, વ્રત આદિના પરિણામ થાય તે જેમ ઘડો માટી કરે છે, એમ એ વિકારી પરિણામ કર્મ કરે છે, તેનો તે જ્ઞાતા છે. આહાહા !

આંહી અજ્ઞાની પોતે સ્વરૂપનું જ્યાં ભાન નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ? એવો જે અનાદિ પ્રવાહમાં, અનાદિ અજ્ઞાની જેની પર્યાય બુદ્ધિ છે, એટલે કે રાગદ્વેષના પરિણામ ઉપર જેની રુચિ ને બુદ્ધિ છે, તે જીવ માટી જેમ ઘડાને કરે, તેમ અજ્ઞાની આત્મા પોતાના વિકારી પરિણામને કરે. આહાહા ! ( શ્રોતાઃ- એ જીવ કરે છે એમ ) એ જીવ કરે છે, ઓલો કહે પુદ્ગલ કરે છે. આહાહા ! આવું ઝીણું બહુ બાપુ ! વેપારીને નવરાશ મળે નહીં નિર્ણય કરવાની. વખત મળે નહીં. આહા ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એને જે રીતે જ્ઞાનીની દલીલ અને અજ્ઞાનીની જે દલીલ કરે છે એ સમજવી જોઈએ. આહા !

જ્ઞાનીને રાગના, ચાહે તો ભગવાનની ભક્તિ સ્તુતિનો રાગ હોય, એનાથી પણ જેણે ભિન્ન આત્માનું જ્ઞાન કર્યું છે. તેના જ્ઞાનમાં તો તેના પરિણામ, દ્રવ્ય અને ગુણ શુદ્ધ હોવાથી દ્રવ્યને ગુણ શુદ્ધની દૃષ્ટિ હોવાથી, તેના પરિણામ તો નિર્મળ કાર્ય થાય. તે જીવ વ્યાપક અને નિર્મળ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર તે નિર્મળ કર્તાનું કાર્ય છે, અને તે જ્ઞાનીને જે કાંઈ રાગઆદિ બાકી થાય છે, તે વ્યાપ્ય કર્મ છે ને આ કર્મ વ્યાપક છે. આહાહા ! એ વિકારી પરિણામનો કર્તા જડ છે અને એ વિકારી પરિણામ જડ છે માટે તેનું એ કાર્ય છે. કહો, સમજાય છે કાંઈ ?

અહીંયા બીજી વાત છે. અહીં તો દ્રવ્યનું જેને જ્ઞાન નથી, વસ્તુની ખબર નથી, ચૈતન્ય ભગવાન આનંદનો નાથ પ્રભુ, શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ, એનું જેને જ્ઞાન નથી, તેથી તેની બુદ્ધિમાં રાગ ને પુણ્ય-પાપ મારાં છે, આ મારું છે એવું નથી તો આ મારું છે.આહાહાહા ! જ્ઞાનીને તો આ મારું છે માટે આ મારું નથી, દ્રવ્ય ને ગુણ એ મારાં છે, તેથી રાગ મારો નથી.

અને અજ્ઞાનીને દ્રવ્યગુણ મારાં નથી તેથી તેને રાગ મારો છે ( એવું ભાસે છે ). દેવીલાલજી ! આવા તમારે કાંઈ ઢુંઢિયામાં આવું કાંઈ આવે એવું નથી.( શ્રોતાઃ– સવાલ જ નથી ) આવી થોડી ઘણી વાત નાખી છે. પણ આવું સ્પષ્ટ નથી. કારણકે દૃષ્ટિ વિપરીતથી શાસ્ત્ર બનાવ્યા. અને આ તો ત્રણલોકના નાથની સીધી વાણી, સંતો સીધી વાણી જગતને કહે છે. આહા !

જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે, તેમ અજ્ઞાનભાવ છે ત્યાં સુધી વિકારનો કર્તા છે એમ, સદાય કર્તા છે એમ, નહીં. જ્યાં સુધી એને દ્રવ્ય ને ગુણની પ્રતીતિ થઈ નથી, મારો નાથ શુદ્ધ ચૈતન્ય ભગવાન પરમાનંદનો નાથ છે, એના અસ્તિત્વની, અસ્તિત્વનું મોજુદગીનું જ્ઞાન થયું નથી એથી તે રાગ ને દ્વેષને જ એ ભાળે છે, આ ભાળતો નથી અજ્ઞાની. અને જ્ઞાની પોતાના દ્રવ્ય ને ગુણ શુદ્ધને ભાળતો હોવાથી, તેના પરિણામ પણ નિર્મળ શુદ્ધ થાય છે, તે પરિણામ તેનું કાર્ય છે, એ પરિણામીનું એ પરિણામ છે. અને જ્ઞાનીને રાગદ્વેષ છે એ પરિણામ છે, જે કર્મ પરિણામીનું એ પરિણામ છે. આહાહાહાહા !

ભાષા તો સાદી પણ ધ્યાન તો રાખવું જોઈએ ને ભાઈ ! આ તો વીતરાગ માર્ગ છે બાપુ, જેની પાસે ઇન્દ્રો એકાવતારી જઈને ગલુડીયાની જેમ બેસે સાંભળવા પરમાત્મા પાસે મહાવિદેહમાં, એ વાણી કેવી હોય ભાઈ ? એના ન્યાયો અને એની રીતની પદ્ધતિ કોઈ વીતરાગની જુદી છે. આહાહા !

અહીંયા “જે માટી વડે ઘડો કરાય છે તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી,” પોતાનો ભાવ એટલે રાગ અને દ્વેષ, આંહી ઓલામાં પોતાનો ભાવ એટલે નિર્મળ ભાવ હતો, જ્ઞાનીનો, ( શ્રોતાઃ– આ પુદ્‌ગલનો ભાવ ) પુદ્‌ગલનો, એ તો જ્ઞાતા થઈને જ્ઞેય છે ને એ તો, અને આંહી તો મારું સ્વરૂપ છે આ તો, જેને આત્મા શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ, દૃષ્ટિમાં લીધો નથી તેના અસ્તિત્વમાં રાગદ્વેષ છે, એ મારું અસ્તિત્વ છે એમ માન્યું છે અને જેને પોતાનો ભગવાન આત્મા, શુદ્ધ ચૈતન્ય આનંદઘન છે એવું અસ્તિત્વ ભાસ્યું છે, તેના પરિણામમાં રાગદ્વેષ મારાં છે એમ છે નહીં ત્યાં, ત્યાં રાગદ્વેષ છે એ જ્ઞાતાનું જ્ઞેય છે. આહાહાહાહા !

એ તો કર્મનું કાર્ય છે ત્યાં, હું તો તેનો જાણનાર છું, કેમ કે મારામાં વિકાર કરે એવો કોઈ ગુણ નથી, અનંતા અનંતા અનંતા અનંતા અનંતા ગુણો હોવા છતાં કોઈ એક ગુણ પણ વિકાર કરે એવો કોઈ ગુણ નથી. ( શ્રોતાઃ– ગુણ વિકાર કરે તો વિકાર મટે શેનો ) ગુણ વિકાર કરે તો તો પછી વિકાર જ વસ્તુ થઈ ગઈ, વિકાર વસ્તુ કોઈ દિ’ થઈ શકે જ નહીં ત્રણેય કાળમાં. આહાહાહા !

પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી, જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે. જોયું ? જીવના પોતાનો ભાવ રાગ ને દ્વેષ ને પુણ્ય–પાપના ભાવ એ જીવનો ભાવ, આંહી કહેવું છે. ન્યાં કહ્યું’તું એ કર્મનો ભાવ કીધો તો ( શ્રોતાઃ– જ્ઞાનીની વાત હતી ) ત્યાં જ્ઞાનીની વાત હતી, આ અજ્ઞાનીની વાત છે, કેમકે જ્ઞાનીને દ્રવ્યગુણની શુદ્ધતા ભાસી છે, તેથી તેના ભાસમાં રાગ મારો છે તેમ ભાસતું નથી. અજ્ઞાનીને દ્રવ્ય શુદ્ધ છે ગુણ શુદ્ધ છે તે ભાસ્યું નથી તેથી રાગ ને દ્વેષ મારાં છે તેવું એને ભાસ્યું છે, માટે તે તેના કાર્યનો તે કર્તા છે, પણ કર્મ કર્તા નહીં એમ સિદ્ધ કરવું છે અહીંયા. એ વિકારી પરિણામનો જીવ પોતાના ભાવનો કર્તા છે. છે ?

"જેમ માટી વડે કપડું કરી શકાતું નથી. તેમ પોતાના ભાવ વડે પરભાવનું કરાવું અશક્ય હોવાથી, આહાહા..... માટી વડે કપડું ન થાય, એમ આત્માના ભાવ વડે કર્મના પરિણામ ન થાય, પુદ્ગલના પરિણામ આત્માના ભાવથી ન થાય. આહાહાહા..... આવું છે. આહા !

દાખલો કેવો આપ્યો છે, જોયું ? ઓલામાં માટીનો જ એકલો ઘડો, અહીં વળી માટી વડે કપડું ન થાય એમ કહી પરદ્રવ્યના પરિણામ ન થાય. કર્મના બંધનના પરિણામ જીવ ન કરે, જેમ માટી વડે કપડું ન થાય, તેમ જીવના પુણ્ય-પાપના વિકારના ભાવ વડે કર્મના પરિણામ ન થાય, અને કર્મના પરિણામ વડે આત્મામાં વિકારી પરિણામ ન થાય. માટી વડે કપડું ન થાય એમ આત્માના વિકારી પરિણામ વડે કર્મ બંધાય નહીં, અને કર્મના ઉદયને લઈને જીવના પરિણામ આત્મામાં થાય, એ માટી કપડું ન થાય, એમ જીવનો ઉદય આવ્યો માટે અહીં રાગદ્વેષ થાય એમ નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ? આ તો ભાઈ એકએક ગાથાઓ સમયસારની ગાથા એટલે, આહાહા..... ઉંડપનો પાર ન મળે.

માટી વડે કપડું કરી શકાતું નથી તેમ, પોતાના ભાવ વડે એટલે વિકારી ભાવ વડે, "પરભાવનું એટલે કર્મનું કરાવવું અશક્ય હોવાથી જીવ પુદ્ગલભાવોનો કર્તા તો કદી પણ નથી." અહીં એ સિદ્ધ કરવું છે. આહાહા ! અહીં રાગદ્વેષ થયા માટે એને આ કર્મબંધન થયું એમ નથી. એ ત્યાં પુદ્ગલના પરિણામમાં કર્મબંધનનાં પરિણામ થવાનો કાળ હતો તેથી ત્યાં થયું, આ રાગદ્વેષ તો નિમિત્તમાત્ર છે અને એ રાગદ્વેષના ભાવ વડે કર્મનું પરિણમન થયું એમ નથી. માટી વડે કપડુ થતું નથી એમ રાગદ્વેષના પરિણામ વડે કર્મના પરિણામ થતાં નથી.

આવું એની મેળે વાંચે તો બરોબર સમજાય એવું નથી એવી વાત છે આ. માટે નિવૃત્તિ લઈને સાંભળવાનો જોગ કરવો. આ અમારા ચીમનભાઈએ નિવૃત્તિ લીધી છે ને હવે છોડી દીધું. હવે બધું હવે કરો ઉધ્ધાર. આહાહાહા ! ભાઈ ! અરે આવા કાળ ક્યારે આવે બાપુ. અનંતકાળથી રખડયો, ક્યાંય ત્રસપણું પામ્યો નહોતો, એવા નિગોદમા અનંતકાળ રહ્યો. આહા ! ( શ્રોતાઃ- ત્રસપણું પામ્યો નહોતો ) બચારા ત્રસપણું પામ્યો નહોતો એટલો કાળ તો નિગોદમાં ગયો. ઓહોહો ! અને હજી કેટલા બચારા ત્રસ થયા નથી એવા નિગોદમાં જીવ પડયા છે, ઇયળ થયા નથી હજી. આહા ! નિગોદમાંથી નીકળ્યા નથી એટલે પછી શું ? થયું ? એ બટાટા સકકરકંદ આ બટાટાની શંકા છે લોકોને, પણ લસણ ને ડુંગળી, મુળાનો કાંદો અનંતા જીવ, અનંતા જીવ એમાં એક રાઈ જેટલી કટકીમાં તો અસંખ્ય શરીર, અંગુળના અસંખ્યભાગે ઔદારિક શરીર, એક રાઈ જેટલા કટકામાં અસંખ્ય ઔદારિક શરીર અને એકએક શરીરમાં અનંતા જીવ, અને ત્યાંથી હજી નીકળ્યા નથી કેટલાક જીવ. આહાહા..... !!

ભગવાનની વાણીમાં છે, પ્રભુ તું આ માણસ થયો ' ને હવે, હવે તને આ કરવા જેવાનો કાળ તો આ છે. નિગોદમાંથી ત્રસ થાય તો એ ઢાળસાગરમાં કહે છે કે એ તો ચિંતામણિ રતન મળ્યું એને, ત્રસ ત્રસ ઇયળ થાય. ચિંતામણિ મળ્યું એમાંથી માણસ થાય અને એમાં વળી, આર્ય ક્ષેત્રમાં જન્મ, એમાં પણ વીતરાગના કુળમાં જન્મ જૈનમાં અને એમાં પણ વીતરાગવાણી સાંભળવાનો જોગ એવામાં જન્મ. આહાહાહાહા..... બાપુ તારા પુણ્યનો પાર નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આહા !

આ દાખલો કેવો આપ્યો છે, અમૃતચંદ્રાચાર્ય ખુલાસો કરે છે. માટી વડે કપડું કરી શકાતું નથી, તેમ પોતાના ભાવવડે પરભાવ, એટલું અહીં સિદ્ધ કરવું છે. પુદ્‌ગલભાવોનો કર્તા તો કદી પણ થતો નથી એમ સિદ્ધ કરવું છે. કર્મનો ઉદય છે માટે વિકાર થયો એ પણ એમ નથી, એ તો પહેલું સિદ્ધ કર્યું, પણ હવે આમ સિદ્ધ કરવું છે કે જીવ પોતે પુદ્‌ગલના પરિણામનો કર્તા પોતાના વિકારી પરિણામનો કર્તા હોવા છતાં એ પરના પરિણામનો કર્તા તો છે નહિ, એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? નહીંતર તો પુદ્‌ગલ છે કર્મ એ કાંઈ વિકારી પરિણામનો કર્તા નથી એ તો સિદ્ધાંત મુકી દીધો, પણ એને સરવાળો આ લેવો છે, કે જીવ જેમ જ્ઞાની થયો 'તેમ' જેમ વિકારી પરિણામનો કર્તા નથી તેમ અજ્ઞાની વિકારી પરિણામનો કર્તા છે, એ પુદ્‌ગલના પરિણામનો કર્તા નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા..... આવું છે.

ભાવાર્થઃ– જીવના પરિણામને એટલે વિકારી પરિણામને અને પુદ્‌ગલનાં પરિણામ એટલે કર્મની પર્યાયને, પરસ્પર માત્ર નિમિત્તનૈમિતિકપણું છે પરસ્પર હોં, તે નિમિત્ત ને આંહી નૈમિતિક, આ નિમિત્ત ને એ નૈમિતિક, વિકારી પરિણામ નિમિત્ત, કર્મ નૈમિતિક, કર્મનો ઉદય નિમિત્ત, વિકારી પરિણામ નૈમિતિક એટલો સંબંધ છે. નિમિત્તનૈમિતિકપણું છે, તોપણ પરસ્પર કર્તાકર્મભાવ નથી, પરસ્પર આવી ગયું પાછું બેય, કર્મનો ઉદય તે રાગને કરે નહિ અને રાગ છે તે કર્મને બાંધે નહીં. આહાહાહાહા !

જૂના કર્મનો ઉદય છે, એ રાગને કરે નહીં અને રાગ છે એ નવા કર્મ બંધાય એને કરે નહીં, પણ જૂના છે એની હારે સંબંધ પછી નહીં રહ્યો. ભાઈ ! રાગદ્વેષના પરિણામ છે, એને પૂર્વના કર્મનો ઉદય નિમિત્ત છે, છતાં તે કર્મે એને અહીં કર્યું નથી એક વાત. હવે અહીં રાગદ્વેષ નિમિત્ત છે અને નવા કર્મ બંધાય છે, એ જૂના હારે સંબંધ ન રહ્યો. શું સમજાણું કહ્યું ? જૂના કર્મનું નિમિત્તપણું વિકારી પરિણામ કરે તેને નિમિત્તપણું કહે, છતાં એ જૂના કર્મ તે વિકારી પરિણામનો કર્તા નહીં. હવે અહીંયા વિકારી પરિણામ નિમિત્ત અને કર્મબંધનના પરિણામ એ નૈમિતિક ને ઓલા જૂના કર્મ જે વિકારીમાં નિમિત્ત હતા એ નહીં, વિકારી પરિણામ નિમિત્ત અને નવા કર્મના પરિણામ થાય તે નૈમિતિક, પણ છતાં તે કર્મના પરિણામનો, વિકારી પરિણામ કર્તા નહીં. નવરંગભાઈ ! ભાષા તો સાદી આવે છે જોયું, ક્યાં ગયો તમારો ગયો ? છે ન્યાં ભણ્યો હશે એ પાપનું બધું, આ બીજી જાતનું છે આ. આહાહા ! કહો સમજાણું કાંઈ ? આહા !

તો પણ પરસ્પર કર્તાકર્મભાવ નથી, એટલે બેય સિદ્ધ કર્યું. પરના નિમિત્તથી જે પોતાના ભાવ થાય, છે ? કર્મનું નિમિત્ત અને વિકારી પરિણામ પોતાના ભાવ થાય, તેમનો કર્તા તો જીવને અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય, અજ્ઞાનદશામાં. આહાહાહા ! શુદ્ધ પરમાત્મસ્વરૂપ ભગવાન પવિત્રનો પિંડ પ્રભુ, એનું જેને જ્ઞાન નથી અને અજ્ઞાન છે, મહાપ્રભુ પવિત્રનો પિંડ આત્મા, અનંત અનંત અપાર ગુણ છે પણ બધાં પવિત્ર ને શુદ્ધ, એવા ભગવાન આત્માના ગુણો અને દ્રવ્યનું જેને જ્ઞાન નથી, આવી ચીજ છે છતી તેનું જ્ઞાન નથી. તેના અજ્ઞાનને લીધે વિકારી પરિણામનો એને કર્તા કહેવાય. આહાહા ! સમજાણું કાંઈ ?

ચૈતન્યના ભગવાન શુદ્ધ, શુદ્ધ દ્રવ્ય શુદ્ધ ગુણ અપરંપાર અખંડ ભંડાર મોટો પ્રભુ ! એવા ભંડારના શુદ્ધ ભાવનું જેને જ્ઞાન નથી અને જેને ફક્ત રાગદ્વેષ ને પર્યાયનું એને જ્ઞાન છે એ

અજ્ઞાન છે. એ અજ્ઞાનભાવે એને પુણ્ય-પાપના વિકારી પરિણામ કાર્ય અને કર્તા કહી શકાય અજ્ઞાનભાવમાં, પણ છતાં તે પુદ્ગલના પરિણામનો કર્તા તો નહીં. આહાહા !

પરસ્પર નિમિત્ત-નિમિત્ત સંબંધ હોવા છતાં પરસ્પર કર્તાકર્મપણું, પરિણામી પરિણામપણું નહીં, વ્યાપ્યવ્યાપકપણું નહીં. આહાહાહાહા ! આવી બધી ભાષા. ( શ્રોતાઃ- કદાચિત કેમ કીધું ) અજ્ઞાન કીધું 'ને, અજ્ઞાન છે ત્યાં સુધી કર્તા છે કીધું ? શું, પણ કદાચિત અજ્ઞાન છે ત્યાં સુધી તો એ કર્તા છે કદાચિત્ હજી, ભાન થયું પછી કર્તા નથી, અહીં તો વાત થઈ ગઈ ને બેય વાત તમે. એના સાટુ તો આ બે ત્રણ વાર વાત કરી કે શુદ્ધ ચૈતન્યદ્રવ્ય ને ગુણ શુદ્ધ છે, મહાપ્રભુ મોટી હૈયાતીવાળું મહાતત્ત્વ છે એની જેને ખબર નથી, એ અજ્ઞાની એને પુણ્ય-પાપના પરિણામ વિકારી ઉપર દૃષ્ટિ છે તેથી તે અજ્ઞાની તેનો કર્તાકર્મ થાય છે. આહાહા ! આહાહાહા !

પણ જેના શુદ્ધ દ્રવ્યગુણ પર્યાયની હૈયાતિની પ્રતીત થઈ છે, જેની જ્ઞાનની પર્યાયમાં મહાપ્રભુ દ્રવ્યને ગુણ મોટો શુદ્ધ પ્રભુ જણાણો છે એના પરિણામમાં શુદ્ધતા સિવાય શું થાય એને ? કારણકે એનો વિષય જ આખો શુદ્ધ છે પર્યાયનો, એ શુદ્ધ છે તેના પરિણામ શુદ્ધ થાય, તેને જે રાગાદિ થાય તેને તે પર તરીકે જ્ઞેય તરીકે જાણે, આવી વાતું છે.

આ વસ્તુ તત્ત્વને સમજ્યા વિના, કાંઈ ન મળે ને કાંઈક લઈ લો વ્રત ને પડિમા અને પછી હેરાન. વસ્તુની તો હજી ખબર નથી શું છે આ. ( શ્રોતાઃ- વ્રત તપ તો કરવાના છે ને ) કરવાના નથી, વિકલ્પ આવે તેનો જાણનાર રહે છે એમ છે પછી, ઝીણી વાત બહુ બાપુ ! મારગ ઝીણો બહુ, અત્યારે તો આખા સ્વરૂપને પલટાવી નાખ્યું છે માણસે અને બિચારા વાણીયાને નવરાશ ન મળે.

ઓલું લખ્યું છે ને ? ઓલા, જાપાની એ જાપાનનો ઐતિહાસિક મોટો છે ૬૭ વર્ષનો અને એનો છોકરો છે ઐતિહાસિક, બહુ શાસ્ત્રો જોયેલા છે ઘણા એને, આ જૈનના શાસ્ત્રો જોયા પછી એ કહે છે કે, ઓહોહો...... જૈનમાં તો "અનુભૂતિનું કહ્યું છે" જૈનમાં તો અનુભૂતિ કરવી તે કહ્યું છે, પણ જૈન ( ધરમ ) વાણીયાને મળ્યો ને વાણીયા વ્યાપાર આડે નવરાશ ન મળે. જાપાનનો ઐતિહાસિક છે એને ખબર પડી ગઈ બધાને, વાણીયા વેપાર આડે નવરાશ નથી એટલે આ નિર્ણય કરવાનો વખત એને નથી મળતો. અનુભૂતિ ભગવાન આત્મા કહે છે, આત્મા આનંદમૂર્તિ પ્રભુ, એની અનુભૂતિ કરવી એ જૈન ધર્મ છે, પણ એ દ્રવ્ય શું છે, એની હજી ખબરેય ન મળે. અને આ પડિમા ધારણ કરી લીધી એક બે ચાર પંદર દસ અગિયાર, એ તો રાગનો કર્તા થાય મિથ્યાદૃષ્ટિ છે. આહાહા !

આકરું કામ બાપુ, એ એમ કહે છે બિચારો, માળા કે જૈનો થયા પણ વાણીયાને મળી વાત અને જૈન પરમેશ્વરનો માર્ગ છે અનુભૂતિ. આત્મા એ શુદ્ધ છે એ બહુ એને તો ખ્યાલ ન હોય પણ, બહુ વાંચેલું ને જૈનનું અન્યનું વાંચેલું ને જૈનનું આ કાઢયું એણે, જાપાનનો છે એ ઐતિહાસિક, લેખ આવ્યો 'તો, આંહી નવરાશ ન મળે એને નિવૃત્તિ ન મળે ધંધા આડે. ( શ્રોતાઃ- જાપાનવાળાને નવરાશ કેમ મળી હશે ) રામજીભાઈ જેવા નવરા તો કોક થતા હશે ને ? આહાહા ! ઈ વાણિયાની એવી ઓલી કરી, વાણીયા વેપાર આડે નવરા ન મળે, એમાં આત્માનું જૈન ધર્મની અનુભૂતિ છે એનો નિર્ણય કે દિ' કરે ઈ ? આ પડિમા લો, વ્રત લઈ લ્યો,

ને મુનિપણું લઈ લ્યો ને, ભગવાનની ભક્તિ કરો, મંદિર બનાવો, આ આવા ઉપદેશ બધા. આહાહા !

ભગવાન આત્મા એ રાગના કર્તા વિનાની એ ચીજ છે અંદર, કેમ કે જે શુદ્ધ સ્વરૂપ છે તે અશુદ્ધનો કર્તા કેમ થાય ? એવી જે શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ ( ચીજ ) પડી છે. એનો તો આશ્રય લીધો નથી અને આ રાગનો આશ્રય લઈને અહીં ક્રિયાકાંડમાં જોડાઈ ગયો. એથી એ અજ્ઞાની કદાચિત્ રાગનો કર્તા કહો. આવું કઠણ પડે માણસને, એટલે સોનગઢનું એકાંત છે ને એમ કરીને વાતો કરે બિચારા કરે શું ? દુનિયાની તો બધી ખબર છે ને બાપુ, ખબર નથી ? આ મારગડા જુદા ભાઈ !

પરંતુ જીવ પરભાવનો કર્તા તો કદી પણ નથી, આંહી સિદ્ધ એ કર્યું છે છેલ્લું. પુદ્ગલને ને એને પરસ્પર નિમિત્ત-નિમિત્ત હોવા છતાં પુદ્ગલ કર્મ રાગનો કર્તા નહીં. રાગ પુદ્ગલ એટલું સિદ્ધ કરીને છેલ્લું સિદ્ધ આ કર્યું કે જીવ પુદ્ગલના પરિણામનો કર્તા નથી. જીવની વાત એને સિદ્ધ કરવી છે ને વધારે તો. આહાહા !

એથી એ સિદ્ધ થયું કે જીવને પોતાના જ પરિણામો સાથે કર્તાકર્મ ભાવ, એટલું જ લેવું. જીવ અજ્ઞાનપણે પોતાના પવિત્ર પૂર્ણ સ્વરૂપ તેના ભાન વિના, તે તરફની દૃષ્ટિ વિના, તે તરફના વલણ વિના જે અપવિત્ર જે પુણ્ય-પાપ છે, પવિત્ર સ્વભાવથી વિરુદ્ધ તેના સાથે કર્તાકર્મભાવ, અહીં વિશેષ મેળવ્યું હવે, ભોક્તાભોગ્યભાવ છે એમ હવે કહે છે. પાછું જોયું ? કર્તાકર્મપણું સિદ્ધ કર્યું, હવે ભોક્તાભોગ્ય, ભોક્તા આત્મા અને વિકારી પરિણામ ભોગ્ય. પરપદાર્થ ભોગ્ય આત્માને એમ નહીં. આહાહાહા !

આ રોટલાને આત્મા ભોગવે, સ્ત્રીના શરીરને ભોગવે એમ નહીં, એમ તો અજ્ઞાનપણેય નથી એમ કહે છે. એ પોતાના વિકારી પરિણામનો ભોક્તા અને ભોગ્ય એને વિકારી પરિણામ બસ. એક ભોક્તા આત્મા ને રોટલાનો ભોગ્ય, રોટલા ભોગવવાને લાયક એમ નથી. આવી વાતું છે. એમાં કર્તાકર્મપણું કહ્યું, પણ હવે ઈ પરિણામો સાથે કર્તાકર્મભાવ અને ભોક્તાભોગ્યપણું પણ છે એમ હવે કહે છે.

પોતાના પરિણામ સાથે ભોક્તાભોગ્ય છે પણ પરવસ્તુને ભોગવે કે આત્મા કર્મને ભોગવે કે સ્ત્રીને ભોગવે કે મોસંબીને ભોગવે કે મહેસુબને ભોગવે એમ કોઈ દિ' ત્રણ કાળમાં છે નહીં. આહાહા ! ( શ્રોતાઃ- ખાટોમીઠો સ્વાદ કેમ આવે છે. ) સવાદ ક્યાં, રાગનો સવાદ આવે છે જોયું ઓલું કહ્યું નહોતું ? મેસુબ જે છે મોઢામાં પડયો, જીભ એને અડી જીભ, આત્મા અડયો નથી એને, પણ આત્માને ખ્યાલ આવ્યો કે આ ગળ્યું છે એવો ખ્યાલ આવ્યો ગળ્યું, ગળી ચીજને અડયો નથી. એ ગળી ચીજ તો જડ છે માટી ધૂળ છે અને આત્મા તો અરૂપી છે, એ ગળી ચીજને અડે નહીં આત્મા, પણ એનું લક્ષ જતાં ઠીક છે એમ જે રાગ થયો એ રાગને અનુભવે છે, મેસુબને નહીં, સ્ત્રીને નહીં, આહાહાહાહા..... આવી વાતું છે.

ઈ પોતે પોતાના ભોક્તા, રાગને ભોક્તા ભોગ્ય છે, પણ એને સ્ત્રીનું શરીર કે માંસ, હાડકું કે શું કહેવાય બીજું મેસુબ કે મોસંબી કે રસગુલ્લા કે મરચાંના અથાણાં કે એ બધું આત્મા ભોગ્ય ને ભોગવાય એમ નથી. એ આત્મા એને ભોગવી શકતો જ નથી એમ કહે છે. આહાહા.....!!

સવારે દૂધ પીએ, ચા, ઘણાં તો ઉકાળા, બપોરે વળી દાળભાત રોટલી શાક, વળી બે વાગ્યે કાંઈક દૂધ બુધ કરે કાંઈક ને સાંજે પછી પુડલા કે ખીચડી કે કઢી કંઈક પહેલાં તો ખીચડી ને કઢી, કરતા હવે વળી કાંઈક પુરી ને રોટલી ને ઢીંકણું પેલું શું કહેવાય ? ભજીયા-બજીયા એવું કાંઈક કરે સાંજ, બહુ ફેરફાર થઈ ગયો પહેલાં કરતા. જુની લાઈનમાં તો રોટલી ને રોટલો બસ, ચોખા તો કોક ઠેકાણે હોય. ( શ્રોતાઃ- મહેમાન આવે ત્યારે ) મહેમાન આવે ત્યારે. આ તો હવે ચોખા દરરોજ શાક એક ને બે શાક કરે ને એક દાળ હોય ને નહીં'તો એક શાક ને દાળ હોય. ઓલું તો એક દાળ હોય તો શાક નહીં ને શાક હોય તો દાળ નહીં એમ હતું તે દિ' સાંઈઠ વરસ પહેલાં તો. હેં ! બહુ ફેરફાર ઘણો ફેરફાર થઈ ગયો. લોકોના બહારના જીવનમાં પણ બહુ ફેરફાર થઈ ગયો.

આંહી કહે છે કે જીવ જેમ રાગદ્વેષનો કર્તા ને ભોક્તા છે, રાગદ્વેષનો કર્તા અને કર્મ છે પણ પરનો કર્તા નથી એમ આત્મા પોતાના પરિણામનો ભોક્તા છે, પણ પરવસ્તુનો ભોક્તા નથી એની વાત કરશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

**❁ પાણીમાં ઉષ્ણપણે તેમ જ શીતરૂપે પરિણમવાની યોગ્યતા છે, પરંતુ પાણીમાં પ્રત્યેક સમયે એક જ પ્રકારે-કાં તો ઉષ્ણરૂપે અથવા શીતરૂપે પરિણમવાની યોગ્યતા હોય છે. તેથી જે જે સમયે જે પ્રકારે પરિણમવાની યોગ્યતા હોય છે તે સમયે તેવું નિમિત્ત હાજર હોય છે. ઉષ્ણપણે પરિણમવાની જે સમયે યોગ્યતા હોય તે સમયે અગ્નિનું નિમિત્ત સહજપણે માત્ર ઉપસ્થિતિરૂપ હોય છે. નિમિત્તથી પાણી ઉષ્ણ થયું જ નથી, થતું જ નથી. તેથી, જેવું નિમિત્ત આવે તેવું પાણીનું પરિણમન થવાની યોગ્યતા છે એ વાત બિલકુલ જૂઠી છે. અગ્નિનું નિમિત્તપણું આવે તો ઉષ્ણપણે પરિણમે અને તેના બદલે તે સમય રેફ્રીજરેટરનું નિમિત્તપણું આવે તો શીતરૂપ પરિણમે એવી પાણીની વર્તમાન યોગ્યતા હોતી જ નથી. જો એમ હોય તો નિમિત્તથી કાર્ય થાય છે એવું વિપરીત સિદ્ધ થાય. પ્રત્યેક સમયે પાણીની વર્તમાન યોગ્યતા સુનિશ્ચિતરૂપે જ હોય છે અને તે તે સમયે તેને અનુકૂળ એવા નિમિત્તની હાજરી સહજપણે હોય છે.**

**( આત્મધર્મ, અંક ૭૧૪-૭૧૫, વર્ષ-૫૯ પાના નં. ૩૩ )**

## ગાથા - ૮૩

ततः स्थितमेतज्जीवस्य स्वपरिणामैरेव सह कर्तृकर्मभावो भोक्तृभोग्यभावश्च-

णिच्छयणयस्स एवं आदा अप्पाणमेव हि करेदि।
वेदयदि पुणो तं चेव जाण अत्ता दु अत्ताणं।।८३।।

निश्चयनयस्यैवमात्मात्मानमेव हि करोति।
वेदयते पुनस्तं चैव जानीहि आत्मा त्वात्मानम्।।८३।।

यथोत्तरङ्गनिस्तरङ्गावस्थयोः समीरसञ्चरणासञ्चरणनिमित्तयोरपि समीरपारावारयोर्व्याप्यव्यापकभावाभावात्कर्तृकर्मत्वासिद्धौ, पारावार एव स्वयमन्तर्व्यापको भूत्वादिमध्यान्तेषूत्तरङ्गनिस्तरङ्गावस्थे व्याप्योत्तरङ्गं निस्तरङ्गं त्वात्मानं कुर्वन्नात्मानमेकमेव कुर्वन् प्रतिभाति, न पुनरन्यत्; यथा स एव च भाव्यभावकभावाभावात्परभावस्य परेणानुभवितुमशक्यत्वादुत्तरङ्गं निस्तरङ्गं त्वात्मानमनुभवन्नात्मानमेकमेवानुभवन् प्रतिभाति, न पुनरन्यत्; तथा ससंसारनिःसंसारावस्थयोः पुद्गल कर्मविपाकसम्भवासम्भवनिमित्तयोरपि पुद्गलकर्मजीवयोर्व्याप्यव्यापक भावाभावात्कर्तृकर्मत्वासिद्धौ, जीव एव स्वयमन्तर्व्यापको भूत्वादिमध्यान्तेषु ससंसारनिःसंसारावस्थे व्याप्य ससंसारं निःसंसारं वात्मानं कुर्वन्नात्मानमेकमेव कुर्वन् प्रतिभातु, मा पुनरन्यत्; तथायमेव च भाव्यभावकभावाभावात् परभावस्य परेणानुभवितुमशक्यत्वात्ससंसारं निःसंसारं वात्मानमनुभवन्नात्मानमेकमेवानुभवन् प्रतिभातु, मा पुनरन्यत्।

---

તેથી એ સિદ્ધ થયું કે જીવને પોતાના જ પરિણામો સાથે કર્તાકર્મભાવ અને ભોક્તાભોગ્યભાવ ( ભોક્તાભોગ્યપણું ) છે એમ હવે કહે છેઃ-

**આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,**
**વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.**

**ગાથાર્થઃ-** [ निश्चयनयस्य ] નિશ્ચયનયનો [ एवम् ] એમ મત છે કે [ आत्मा ] આત્મા [ आत्मानम् एव हि ] પોતાને જ [ करोति ] કરે છે [ तु पुनः ] અને વળી [ आत्मा ] આત્મા [ तं च एव आत्मानम् ] પોતાને જ [ वेदयते ] ભોગવે છે એમ હે શિષ્ય ! તું [ जानीहि ] જાણ.

**ટીકાઃ-** જેમ [1]ઉત્તરંગ અને [2]નિસ્તરંગ અવસ્થાઓને પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને ઉત્તરંગ અથવા નિસ્તરંગ

---

૧. ઉત્તરંગ = જેમાં તરંગો ઊઠે છે એવું; તરંગવાળું.
૨. નિસ્તરંગ = જેમાં તરંગો વિલય પામ્યા છે એવું; તરંગ વિનાનું.

**અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી; અને વળી જેમ તે જ સમુદ્ર, ભાવ્યભાવકભાવના (ભાવ્યભાવકપણાના) અભાવને લીધે પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી, ઉત્તરંગ અથવા નિસ્તરંગરૂપ પોતાને અનુભવતો થકો, પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસે છે પરંતુ અન્યને અનુભવતો પ્રતિભાસતો નથી; તેવી રીતે સસંસાર અને નિઃસંસાર અવસ્થાઓને પુદ્‌ગલકર્મના વિપાકનો [1]સંભવ અને અસંભવ નિમિત્ત હોવા છતાં પણ પુદ્‌ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને સસંસાર અથવા નિઃસંસાર અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને સસંસાર અથવા નિઃસંસાર એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસો પરંતુ અન્યને કરતો ન પ્રતિભાસો; અને વળી તેવી રીતે આ જ જીવ, ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી, સસંસાર અથવા નિઃસંસારરૂપ પોતાને અનુભવતો થકો, પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો.**

**ભાવાર્થઃ- આત્માને પરદ્રવ્ય-પુદ્‌ગલકર્મના નિમિત્તથી સસંસાર-નિઃસંસાર અવસ્થા છે. તે અવસ્થારૂપ આત્મા પોતે જ પરિણમે છે. તેથી તે પોતાનો જ કર્તા-ભોક્તા છે; પુદ્‌ગલકર્મનો કર્તા-ભોક્તા તો કદી નથી.**

---

## પ્રવચન નં. ૧૭૧ ગાથા-૮૩

તા. ૧૭/૦૧/૭૯ બુધવાર પોષ વદ-૪

णिच्छयणयस्स एवं आदा अप्पाणमेव हि करेदि।
वेदयदि पुणो तं चेव जाण अत्ता दु अत्ताणं।। ८३।।

આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,
વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.

અહીંયા તો સમુચ્ચય વાત કરવી છે. જ્ઞાનીની વાત હતી તે ગઈ ૭૫-૭૬-૭૭-૭૮-૭૯. આ તો સમુચ્ચય સામાન્ય વાત જે અનાદિની છે એ વાત છે.

જેમ ઉત્તરંગ અને નિસ્તરંગ સમુદ્રમાં જે તરંગો ઊઠે અને તરંગો સમાઈ જાય, સમુદ્રમાં તરંગ ઊઠે ને સમુદ્રમાં તરંગ સમાઈ જાય વિલય થાય. એવા અવસ્થાઓને પવનનું વાવું, પવનનું થવું એ વાવું ઉત્તરંગમાં, તરંગ થવામાં પવનનું વાવું નિમિત્ત અને નિસ્તરંગમાં પવનનું નહીં વાવું નિમિત્ત એવું હોવા છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્ય-વ્યાપકભાવના અભાવને લીધે, પવન છે તે વ્યાપક છે કર્તા છે અને સમુદ્રની પર્યાય વ્યાપ્ય કર્મ છે કાર્ય છે, એનો અભાવ છે. આહા.... શું કહ્યું સમજાણું ?

સમુદ્રના પાણીમાં તરંગ ઊઠે દરિયામાં એમાં પવનનું વાવું નિમિત્ત અને તરંગ સમાય એમાં પવનનું ન વાવું નિમિત્ત, અભાવ નિમિત્ત છે. છતાં પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવનો

અભાવ છે. પવન છે તે વ્યાપક થઈ અને એના તરંગને ઉઠાવે, એનો અભાવ છે. એમ પવનનો અભાવ થઈ અને આંહીં એનો વિલય થાય, તરંગનો નાશ થાય એનો અભાવ છે. આવું ઝીણું છે.

સમુદ્રના તરંગના ઉત્પન્નને પવન નિમિત્ત હોવા છતાં અને પવનના અભાવનો તરંગના નાશને નિમિત્ત હોવા છતાં પવનના ભાવને અને સમુદ્રના તરંગની અવસ્થાને વ્યાપકભાવ અને વ્યાપ્યનો અભાવ છે. પવન કર્તા થઈ વ્યાપક થઈ અને તરંગને ઉત્પન્ન કરે છે એમ નથી. અને પવનનો અભાવ વ્યાપક થઈ અને તરંગનો વિલય કરે છે એમ નથી. સમજાય છે કાંઈ ? પવનને અને સમુદ્રને વ્યાપ્ય એટલે કાર્ય અને વ્યાપક કર્તા એવા કર્તા કર્મનો અભાવનો, અભાવને લીધે પવન કર્તા અને સમુદ્રના પાણીનું ઉછળવું તે તરંગ તે કર્મ એનો અભાવ છે. નિમિત્ત ભલે હો, છતાં તે પવનનું વાવું, એ તરંગનું ઊઠવું એનો કર્તા છે પવનનું વાવું એ છે નહીં. આહાહાહા !

કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, પવનને અને સમુદ્રના તરંગને કર્તાકર્મના ભાવની અસિદ્ધિ હોવાથી સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને, સમુદ્ર પોતે જ વ્યાપક કર્તા થઈને, ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાને વિષે, આહાહાહા ! એ પાણીમાં જે સમુદ્રનો તરંગ ઊઠે એની આદિ મધ્ય અંતમાં દરિયો છે, એની આદ્યમાં પવનનું વાવું નિમિત્ત છે માટે એ એની આદ્યમાં છે, તેથી ત્યાં તરંગ ઊઠે છે એમ નથી. સમજાણું કાંઈ ? સમુદ્ર જ, 'જ' છે ને ? એકાંત છે. પાછું એમ નહીં કે નિમિત્ત કંઈક-કંઈક કર્તા છે, કથંચિત્-કથંચિત્ સમુદ્ર પોતે તરંગનો કર્તા છે અને કથંચિત્ પવન કર્તા છે, એમ નથી. આહાહા !

પ્રશ્ન મોટો ઉઠયો 'તો ને તે દિ' નિમિત્ત કોઈ વખતે પણ કરે છે એમ હતો પ્રશ્ન, ત્યાં ઈસરી, ઈસરી, આંહી કહે છે કે નિમિત્ત હો અને પવન-તરંગનું ઊઠવું હો, પણ એ તરંગના ઉઠવામાં નિમિત્ત હોવા છતાં તરંગનું ઊઠવું એ વ્યાપક છે પવન અને એનું આ કાર્ય છે ઊઠવું એમ નથી. સમુદ્ર પોતે જ અંતરમાં આદિ મધ્ય અંતમાં વ્યાપીને પવનને ઉત્પન્ન કરે ને તરંગને ઉત્પન્ન કરે છે. આહાહાહા ! કહો સમજાય છે કે નહીં ?

હવે આ મોજૂદ દેખાય કે પવન આવે અને તરંગ ઊઠે અને પવન ન હોય તો તરંગ વિલાઈ જાય, હેં ? ના, ના એમ નથી સાંભળ કહે છે. આહાહા ! સમુદ્ર પોતે જ તેની તરંગ ઉઠવામાં આદ્યમાં મધ્યમાં અને અંતમાં સમુદ્ર છે, એની આદિમાં પવન હતો માટે તરંગ ઉઠયું એમ નથી. જુઓ તો સ્વતંત્રતા, પછી આ તો આત્મામાં ઉતારશે હોં. આ તો દૃષ્ટાંત છે. સમુદ્ર જ, સમુદ્ર જ એમ છે ને એકલો જ સમુદ્ર. આહાહાહા !

"પારાવાર એવ" છે ને અંદર છે. "પારાવાર એવ" બીજી લીટીમાં છે સંસ્કૃતમાં. આહાહા ! બીજી લીટીમાં આ તો નજર ન્યાં ગઈ હોય એટલે ? "પારાવાર એવ" બીજી લીટી, સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને, દરિયો પોતે જ આ તો નિમિત્તથી કથન, બાકી પવન પોતે જ, અહીંયા ઉત્તરંગ પોતે જ પોતાના કર્તાકર્મ થઈને ઉત્પન્ન થાય છે.

એ તરંગ જે ઊઠે છે એનું કર્તા તરંગ, કાર્ય તરંગ, સાધન તરંગ, ષટ્કારક તરંગ એના છે, પણ હવે અહીં સમુદ્ર બતાવવો છે. આહાહા.... આવી વાત. એ સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને એટલે પ્રસરીને ઉત્તરંગ એટલે તરંગનું થવું, અને તરંગનું વિલય થવું એ અવસ્થાને વિષે આદિ મધ્ય અંતમાં વ્યાપીને- શરૂઆત, મધ્ય ને અંતમાં સમુદ્ર તરંગના ઉત્પન્ન ને નાશને અવસ્થામાં

વ્યાપીને, ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો, સમુદ્રએ પોતાના તરંગને ઉઠાવતો ને વિલય કરતો એ કરતો થકો, "પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે." આહાહા ! પણ બે પવન અને સમુદ્ર ને તરંગ બે થઈને કામ થાય છે એમ નથી એમ કહે છે.

કાર્યના બે કારણ હોય કે નહીં ? વ્યવહારનો અર્થ ઈ નહિ એમ એનો અર્થ. નિમિત્ત એટલે વ્યવહાર એટલે કે નહિ, ઉપચારથી કથન છે, આવું છે. પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે, પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી, એટલે ? અહીં એમ લેવું છે, પવન આને કરતો નથી એમ નહીં, પણ પવનને સમુદ્ર કરતો નથી એમ પ્રતિભાસતો નથી એમ, સમુદ્ર પોતાના ઉત્તરંગ તરંગને કરતો પ્રતિભાસે છે, પણ પવનને કરતો પ્રતિભાસતો નથી, પવનને કરતો એમ પવન આને કરતો નથી, એ તો સાધારણ વાત પહેલાં આવી ગઈ પણ પવનને લાવવું-વાવું અને ઊઠવું એને આ સમુદ્રની તરંગ કરતું નથી. શું કહ્યું સમજાણું ?

પવનનું નિમિત્તપણું હોવા છતાં તે પવનને કારણે ઉત્તરંગ નિસ્તરંગ નથી અને ઉત્તરંગ નિસ્તરંગ જે થાય છે એ સમુદ્ર પોતે વ્યાપીને કરે છે. છતાં તે પોતાને કરતો પ્રતિભાસે છે, પણ પવનને લાવવું અને નો લાવવું એનો કર્તા પ્રતિભાસે નહીં. પવનનું આંહી નહીં કરતા અથવા પ્રતિભાસનો એ તો પહેલાં અંદર આવી ગયું. આહાહા !

આ તો સમયસાર શાસ્ત્ર છે બાપા ! એકએકમાં ઘણો ગર્ભ ઉંડો ભર્યો છે. ઓહો ! હેં ? દરિયાઈ પવન ફવનને કારણે જ તરંગ ઉઠતું નથી. એ તો ઠીક પણ તરંગની આદિ-મધ્યમાં સમુદ્ર છે, તો પોતાના તરંગને ઉઠાવતાનો ને કરતો પ્રતિભાસે છે, તો પવનનું લાવવું એનો કર્તા પ્રતિભાસો નહીં. સમજાણું કાંઈ ? પવન વ્યાપક થઈને તરંગને ઉઠાવે અને પવનનો અભાવ થઈને અહીંયા તરંગને વિલય કરે એ તો નહીં, પણ આત્મા સમુદ્ર પોતાના તરંગને ઉત્પન્ન કરતો ને વિલય કરતો પ્રતિભાસે છે, પણ તે પવનને લાવે અને પવનનું કર્તાપણું ને પવનનું કાર્ય આનું છે એમ છે નહીં. પવનનું આનું કાર્ય તો નથી પણ આનું પવનનું લાવવું એ કાર્ય નથી એમ. છે કે નહીં અંદર જુઓ કહો, આવું ઝીણું છે. તમારાં ઓલા નામાને લખવો હોય તો ચક્રવર્તી વ્યાજેય ઝટ ઝટ કાઢી નાખે. માળા આ સમજવું ને ? આહાહા !

અહીંયા તો પ્રભુ એમ કહે છે કે સમુદ્રનું તરંગ ઊઠે છે, નહોતું અને થયું તેથી તેને પવનનું નિમિત્ત છે માટે થયું તરંગ એમ નથી. એ પળ તરંગ ઉઠવાનો તો એનો સમય જ હતો. આહાહાહા... એ પવનને કારણે નહીં, એ તરંગ ઉઠવાનો એનો નિજ સમય કાળ હતો. આહાહાહાહા ! ૧૦૨ ગાથા કયાં લાગુ પડે બોલો. એ દરિયો પોતે તરંગને ઉઠવાનો સમય છે તેથી ખરેખર તરંગ તો તરંગને કાળે તરંગ પોતે પોતાને કારણે ઉઠે છે એને દરિયો ઉઠાવે છે એમ કહેવામાં આવે. પણ પવનને લઈને એ તરંગ ઊઠે છે એમ નથી. તેમ પવનનો જે દરિયાનો જે તરંગનો નાશ થયો. તેની આદિ મધ્ય અંતમાં દરિયો છે, પણ પવનનો અભાવ છે માટે અહીં વિલય થયો એમ નથી. તરંગનું સમાઈ જવું થયું, પવનનો અભાવ માટે સમાઈ જવું થયું, એમ નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

હવે આ તો ગાથાયું સાધારણ છે. આહાહા ! પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી. પહેલું ઓલામાં તો આવી ગયું છે, પવનનું ને સમુદ્રનું વ્યાપ્ય વ્યાપક ભાવનો અભાવ એ તો

આવી ગયું છે, બીજી લીટીમાં. સમજાણું ? પવનને અને સમુદ્રના તરંગને વ્યાપ્યવ્યાપકનો અભાવ છે એ તો ત્યાં સિદ્ધ થયું. હવે આંહી તો ઈથી વધારે પોતે, પોતે કરે છે ને ઉતરંગને તરંગ ? ને વિલય કરે છે ને ? એવું તો કરે છે ને ? તો એ પછી પવનનું લાવવું કરે તો શું વાંધો છે ? એને કારણે ત્યાં પવનને આવવું પડયું, આ આત્મામાં સમુદ્રનો તરંગ ઉઠયો એણે પવનને લાવ્યો એમ એનો કર્તા નથી. પવન પણ એને કારણે ને એની પર્યાયના ઉત્પન્ન કારણે આવ્યો અને એને કારણે તેની પર્યાયનો અભાવ પવનનો થયો. આહાહાહા !

એમ સમુદ્રની પર્યાયમાં પોતાને કારણે ઉત્પન્ન થયો એ પરને કારણે નહીં અને પરને નહીં. પરને કારણે નહીં અને પરને કરે નહીં. બે વાત સિદ્ધ કરી છે. કહો, સમજાય છે કે નહીં ? ઝીણી વાત ભાઈ ! આથી તો ગાથા ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯ બહુ ઝીણું ગયું. આહાહાહા !

( કહે છે ) અને વળી હવે ભોક્તાની વાત કરે છે. ઈ કર્તાકર્મની કીધી. હવે ભોક્તા ભોગ્ય, વળી જેમ તે જ સમુદ્ર ભાવ્યભાવકભાવના અભાવને લીધે, એટલે એ પવન ભાવક છે અને સમુદ્રની પર્યાય એનું ભાવ્ય છે એનો અભાવ છે. ભાવ્ય ભાવક ભાવના અભાવને લીધે આ ભાવ્યભાવક ૩૨માં આવ્યું છે ને ૩૭ માં આવ્યું છે. ભાઈ કીધુંને હમણાં ૩૨માં ભાવ્ય ભાવક આવ્યું 'તું નિજ સ્તુતિ છે. ત્યાં ભગવાનની સ્તુતિ છે એ તો પર ઉપર જાય છે વિકલ્પમાં, આ તો સ્વસ્તુતિ છે, એટલે ? ભાવક જે કર્મ છે મોહ, તેની અનુસારે થતી આત્માની ભાવ્ય જે અવસ્થા, તેને ન કરતો તેને છોડતો, ( શ્રોતાઃ- ભાવ્ય ભાવક ભાવનો અર્થ અહીં જુદો છે ) એ જુદા છે કેમકે ન્યાં તો સ્વદ્રવ્યની સ્તુતિનું વર્ણન છે. ને આંહીં તો ફક્ત પર્યાયમાં બીજું નિમિત્ત હોવા છતાં તે પર્યાયનો કર્તા નથી, એટલું સિદ્ધ કરવું છે. આહાહા !

ફરીને, આમાં કાંઈ બીજી ત્રીજી વાર આવે તો કાંઇ વાધો નહીં. ૩૨ મી ગાથામાં ભાવ્યભાવક છે એ નિજ સ્તુતિ છે ત્યાં, નિજસ્તુતિ, ભગવાનની સ્તુતિ છે એ તો પરની સ્તુતિ એ તો વિકલ્પમાં જાય છે. ને સ્વની સ્તુતિમાં ભાવક જે મોહ તેને અનુસારે થતો વિકલ્પ ભાવ્ય તેને ન થવા દેતાં, તેનાથી જુદું પાડતાં, નિજસ્તુતિ છે ને ? ભાવક મોહ તેને અનુસારે, અનુસારે એ કરતો નથી ભલે, એને અનુસારે થતો ભાવ્ય નામ રાગદ્વેષ મોહ ભાવ્ય તેનું ભેદજ્ઞાન કર્યું, તેને ન થવા દેતા દૂરથી ન થવા દેતા એમ છે. એમ છે ને. આહાહાહા ! એમ કે થયો છે અને પછી ટાળે છે એમ નહીં. શું કીધું ઇ ?

કર્મનો ભાવક છે અને અહીં ભાવ્ય વિકાર થયો છે એને જીતે છે એમ નહીં. પણ કર્મ જે નિમિત્ત છે તેને અનુસારે જે ભાવ થતો તેનાથી ભિન્ન પડયો, તે સ્વને અનુસારે થતાં કર્મના નિમિત્તના અનુસારે જે ભાવ્ય હતો તે ફરી થયો નહીં, એ જીવની સ્તુતિ કહેવાય છે. આહાહાહા ! સમજાય છે ? ભાષા તો સાદી છે પણ ભાવ તો જે છે એ આવે, બીજું શું આવે ? આહાહાહા ! અને ૩૭ માં એ જ ભાવકભાવ્ય, ૩૬માં જ્ઞેય જ્ઞાયક કીધો ને ૩૭ માં ભાવ્ય-ભાવક ભાવ. પણ ત્યાં જીવને સિદ્ધ કરવો છે એટલે ભાવક કર્મ અને ભાવ્ય વિકારી ભોગવવાનો ભાવ એનો અભાવ છે. એ પોતાના અનુભવને ભોગવે છે. આહાહાહા ! ન્યાં તો પછી શબ્દ ઘણાં લીધાં છે. ૧૬ બોલ ને નહીં ? મોહ અને કર્મ ઘણાં લીધાં છે, ૧૬ ત્યારે હાલતું હોય ત્યારે ન્યાં એ હાલે. શું કીધું ઇ ? ૩૭ માં જે ભાવક છે મોહ ને એનાથી ભાવ્ય

જે વિકારી ભાવનો અનુભવ, એનો અભાવ છે.

અહીંયા કહે છે કે ભાવક જે પવન એનો ઉત્તરંગ જે તરંગ ઊઠવું એ વ્યાપ્ય કર્મ એનો અભાવ છે. અહીં જીવમાં એ લેશે હજી તો. ( શ્રોતા :- મિથ્યાત્વમાંથી ભાવક ભાવ આવ્યો ) એ ભાવક છે એનું દર્શન મોહનો ઉદય અને એને અનુસારે થતો મિથ્યાત્વ ભાવ એનાથી ભિન્ન પડયો, એ ભાવ્ય થયો જ નહીં, તેથી એને આત્માની સ્તુતિ કીધી 'ને ? ત્યાં પરની સ્તુતિમાં તો વિકલ્પ છે. અને આ નિજ સ્તુતિમાં તો એ ભાવ્ય થવા દીધું જ નહીં, અને સ્વભાવની એકતા થતા આનંદનું ભાવ્ય થયું. આહાહા ! ભાવક આત્મા થઈ અને આનંદની અવસ્થાનું ભાવ્ય થયું.

( શ્રોતા:- કષાયનો સમૂહ તે ભાવક ભાવ ) એ બધું કીધું ને. આ વાત તો થઈ પણ બધી, જેટલું કીધું એમાંથી કાંઈ ફેર પડે ? ભાવક ભાવ્ય ઉ૨માં કીધું એ મોહ કર્મના ઉદયથી ભાવકથી ભાવ્ય જે હતો તેનાથી ભિન્ન પડયો, થયો જ નહીં, એનું નામ સ્તુતિ છે ને ? ભાવ્ય થયો અને પછી જીત્યો એમ નહિ. આહાહાહા ! ઓલામાં આવે છે ને ? એમ કે પરિષહ આવ્યો, પછી વિકલ્પ તો થયો, પછી જીત્યો, એમ નહિ. ફૂલચંદજી વચ્ચે જરી છે ને ? કળશ છે, વિચાર ભેદ, એમ કે પરિષહ આવે એટલે એમ વિકલ્પ તો થાય પછી એને જીતે, એમેય નથી. પરિષહને કાળે જ વિકલ્પ થવા ન દે એ પરિષહ જીત્યો કહેવાય, આવું છે ભારે ભાઈ ! થોડા ફેરે અંદર બહુ ફેર પડી જાય છે હોં, બીજાને એમ લાગે કે આમાં થોડો ફેર છે પણ અંદર બહુ, ઘણો આંતરો પડી જાય છે મૂળમાં... આહાહા !

વળી હવે, ભાવ્યભાવકનું લે છે, પહેલાં કર્તાકર્મ લીધું. વળી તેમજ જેમ તે સમુદ્ર ભાવ્યભાવકભાવના અભાવને લીધે પવન જે ભાવક, તેનો અભાવ અને તેથી અહીં ભાવ્યનો અભાવ એમ નથી. ભાવ્ય એટલે તરંગનો અભાવ અનુભવવાનો ભાવ એમ નથી. જેમ તે સમુદ્ર ભાવ્યભાવકભાવ, ભાવક જે પવન એનો જે ભાવ્ય વિકાર તરંગ ઊઠવું તે એવા અભાવના અભાવને લીધે, પરભાવનું પર વડે અનુભવાવું અશકય હોવાથી, પરભાવનું પર વડે અનુભવવું અશકય હોવાથી, ઉત્તરંગ-નિસ્તરંગરૂપ પોતાને અનુભવતો થકો, પરભાવનું પવનનું આત્મા અનુભવતો નથી. પવનને આત્મા અનુભવતો નથી, પણ પવનના નિમિત્તના સંગમાં જે કાંઈ ભાવ્ય થયો વિકાર એ આ સમુદ્રની પર્યાય ઉત્તરંગ એને એ અનુભવે છે, પરને અનુભવવું અશકય હોવાથી ઉત્તરંગ નિસ્તરંગ પોતાને અનુભવતો થકો, જેમ તરંગ ઊઠે ને વિલય થાય તેનો કર્તા પોતે છે ને એનો ભોક્તા પણ પોતે છે. પરનો ભોક્તા નહીં ને પર તેનો આ ભોક્તા નહીં ને પરનો પોતે ભોક્તા નહીં. પરથી ભોક્તાપણું નહીં અને પોતે પરનો ભોક્તા નહીં. આહાહાહા ! આવી સિદ્ધાંતિક વાત લોજીકથી.

સમુદ્ર, તે જ સમુદ્ર એમ ભાવ્યભાવક કર્તાકર્મ કીધું 'તું ને એટલે ભોક્તાનો, ભાવ્યભાવકભાવ. આહાહાહા ! પવન ભાવક અને અહીં ભાવ્ય ભોગવવું એનું, સમુદ્રને તરંગનું ભોગવવું એનો અભાવ છે એવા પરભાવના પર વડે અનુભવાવું અશકય હોવાથી, ઉત્તરંગ નિસ્તરંગ પોતાને અનુભવતો થકો, એ સમુદ્ર પોતાના તરંગને ઉત્પન્ન કરીને એને ભોગવતો થકો, એને કરતો થકો ને એને ભોગવતો થકો, પરને કરતો થકો અને પરને ભોગવતો થકો નહિ, એમ સિદ્ધ કરવું છે.

પહેલું તો એમ કીધું, તો કર્મ ભાવક અને આત્માનું ભોગ્ય સમુદ્રનું ભોગ્ય એમ નથી. પણ હવે સમુદ્ર જે પોતાના ભાવ્યને ભોગવે છે તેમ પવનને પણ ભોગવે છે એમ નથી, છે એમાં રતીભાઈ ? છે એમાં લખ્યું છે. ઝીણું બહુ ઝીણું. આહાહાહા ! મારગ ઝીણો બાપા. આહાહાહા ! હજી તો દરિયાનો દાખલો છે. આત્મામાં તો હવે પછી ઊતરશે.

નિસ્તરંગ પોતાને અનુભવતો થકો પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસે છે, પરંતુ અન્યને અનુભવતો પ્રતિભાસતો નથી. અહીં એ લેવું છે. અન્યને અનુભવવાનો એ તો પહેલાંમાં નકાર થઈ ગયો પરને અન્યને અનુભવતો પ્રતિભાસતો નથી, એ સમુદ્ર પવનને ભોગવે છે એમ નથી. આહાહાહા... હવે એ તો દૃષ્ટાંત થયું.

હવે સિદ્ધાંત આત્મામાં– તેવી રીતે 'સસંસાર' સંસાર અવસ્થામાં એ તરંગ ઉઠયું અને નિ:સંસાર અવસ્થામાં તરંગનો વિલય થયો વિકારનો, સસંસાર અવસ્થામાં ઉદય અવસ્થામાં અને ઉદયના અભાવની અવસ્થામાં, સસંસાર છે ને ? સંસાર સહિત દશામાં વિકારી પરિણામ, નિ:સંસાર અવસ્થામાં નિર્વિકારી પરિણામ, સસંસારઅવસ્થા એ સવિકારી પરિણામ, નિ:સંસાર અવસ્થા એ નિર્વિકારી આનંદની પર્યાય. એ પુદ્‌ગલકર્મના વિપાકનો સંભવ, એ સંસાર અવસ્થામાં રાગની અવસ્થામાં, કર્મના પુદ્‌ગલનો સંભવ વિપાકનો સંભવ નિમિત્ત હોવા છતાં, સંભવ એટલે થવું ઉત્પત્તિ અને અસંભવ કર્મના સંભવનો અભાવ એવો નિમિત્ત હોવા છતાં પણ, પુદ્‌ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે, એટલે ? કે કર્મનો ઉદય વિપાક તે વ્યાપક અને વિકારી અવસ્થા તે તેનું વ્યાપ્ય કાર્ય એનો અભાવ છે. પહેલું એ લીધું પછી લેશે કર્મનું કાર્ય એ આત્માનું નહિ પછી, સમજાણુ કાંઈ ? આહા... આ તો ભાઈ ધીરાનું કામ છે. આ તો ભાઈ સિદ્ધાંત વીતરાગી સિદ્ધાંતો છે એકલા. આહાહાહા ! દ્રવ્યની પર્યાયની સ્વતંત્રતા સિદ્ધ કરવી છે. આહા !

સસંસાર દશામાં, કર્મના વિપાકનો સંભવ, ઉત્પત્તિ તે નિમિત્ત, ઉત્પતિ કર્મનું ઉત્પન્ન છે તે એમાં નિમિત્ત અને અસંભવ, નિ:સંસાર દશામાં કે મોક્ષ દશામાં કર્મના વિપાકનો નિમિત્તનો અભાવ, એવું નિમિત્ત હોવા છતાં, અસંભવ નિમિત્ત હોવા છતાં, ઓલામાં સંભવ નિમિત્ત હોવા છતાં પણ પુદ્‌ગલકર્મને અને જીવને વ્યાપ્ય વ્યાપકભાવનો અભાવ, પુદ્‌ગલ કર્મ છે તે વ્યાપક છે અને જીવના ભાવ છે તે વ્યાપ્ય છે, એનો અભાવ છે. હવે આંહી તો એ સિદ્ધ કર્યું પહેલું, સમજાણું ? પછી જીવના પરિણામ વ્યાપક થઈને કર્મના પરિણામને ભોગવે છે ને ભાવ્ય છે એમ નથી એ પછી કહેશે. ઓહોહો ! પહેલું તો આંહીથી આમ લીધું.

સસંસાર નિ:સંસાર દશામાં, પુદ્‌ગલ કર્મનો વિપાક સસંસાર દશામાં ઉત્પત્તિ કર્મની, ઉત્પત્તિનું નિમિત્ત હોવા છતાં અને મોક્ષ દશામાં કર્મના ઉત્પત્તિના અભાવરૂપી નિમિત્ત, અભાવરૂપી નિમિત્ત એમ, પણ પુદ્‌ગલકર્મને અને જીવને એ પુદ્‌ગલકર્મ વ્યાપક કર્તા થઈને જીવની સંસાર અવસ્થા કરે એનો અભાવ છે. એમ પુદ્‌ગલકર્મનો અભાવ, કર્તા થઈને કેવળજ્ઞાન મોક્ષદશાને કરે એનો અભાવ છે. સમજાણું કાંઈ ?

શું કહ્યું ઈ ? કે સંસાર દશામાં રાગાદિ જે વિકાર છે એ કાળે કર્મની ઉત્પત્તિનું નિમિત્ત છે, છતાં તે ઉત્પત્તિનું નિમિત્ત તે વિકારને નિમિત્ત હોવા છતાં વિકારનું વ્યાપક કર્મ અને વિકાર

વ્યાપ્ય કાર્ય એમ નથી. વિકારી પરિણામ તેનું વ્યાપ્ય એનો અભાવ હોવાને લીધે, કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, કર્મે રાગને કરાવ્યો એમ નથી. તેમ કર્મનો અભાવ થયો માટે મોક્ષ દશા થઈ એમ નથી. ભાઈએ લખ્યું છે ને ? ફૂલચંદજીએ, જ્ઞાનાવરણીનો ક્ષય છે માટે કેવળજ્ઞાન થયું એમ નથી. કર્મનો ક્ષય થયો, એ અકર્મ પર્યાય થઈ. (શ્રોતાઃ- કર્મની અકર્મ) વાત સાચી છે. પરમાણુંની જે કર્મરૂપે પર્યાય હતી, એની અકર્મરૂપે થઈ પણ કર્મની અકર્મરૂપે પર્યાય થઈ તેથી અહીં કેવળજ્ઞાન થયું એમ નથી. આહાહા !

જેમ સમુદ્રના તરંગને ઉત્પન્નમાં તેમજ નાશ તેમાં પવનનું વાવું ન વાવું નિમિત્ત હોવા છતાં તે પવનનું વ્યાપકનું કાર્ય છે એમ નથી. એમ ભગવાન આત્મા સંસાર અવસ્થાની વિકૃત દશામાં તેને કર્મની ઉત્પત્તિનું નિમિત્ત હોવા છતાં તે કર્મનો વ્યાપક થઈને વિકારીનું કાર્ય કરે એમ નથી. આહાહાહા !

જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને સસંસાર. એ વિકારનો ભાવ જે થાય છે તેની આદિમાં અંતમાં જીવ પોતે છે. આહાહાહા ! હવે ઓલામાં એમ કહેવું, જ્ઞાનીમાં એમ આવ્યું'તું કે જેની દ્રવ્યદૃષ્ટિ થઈ છે, જ્ઞાયકભાવ સ્વરૂપનું જ્ઞાન થયું છે એને રાગનું જે ઉત્પન્ન થવું એ ઉત્પન્ન થવાનું કારણ તે કર્મ છે. સમજાણું કાંઈ ? પહેલાં આવી ગયું'તું આ, કર્મનો, અહીં રાગ થવો રાગ જ્ઞાનીને જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે એવું જે જ્ઞાન થયું છે, તેને જે રાગ થાય છે, એ રાગનું કર્તા, કર્મ છે અને રાગ તેનું કાર્ય છે. આત્મા તેનો જાણનાર છે, જ્ઞાયક છે ને ? જાણ્યું જાણનાર છે, એટલે રાગ થાય તેનો રાગ જીવનું કાર્ય છે આદિ મધ્ય અંતમાં વ્યાપીને રાગ કરે છે, એ જ્ઞાનીની દૃષ્ટિમાં નથી.

અહીંયા તો સમુચ્ચય જીવની વ્યાખ્યા કરતા શું થાય એ વાત છે. આહાહા ! જે ત્યાં એમ કહ્યું'તું ૭૯ ગાથામાં અને એના કળશમાં. કળશ એક કલાક હાલ્યો'તો. કે રાગનું ઉત્પન્ન થવું એનું વ્યાપ્ય એ કર્મ એ રાગ કાર્ય કર્મનું છે, (શ્રોતાઃ- એ જ્ઞાનીની વાત છે) એ કીધું'ને. જેની સ્વભાવ દૃષ્ટિ થઈ છે, તો સ્વભાવ અને દ્રવ્ય તો શુદ્ધ છે, તેથી તેનો ઉત્પાદ, નિર્મળ પર્યાયનો ઉત્પાદ તે તેનું કાર્ય છે. પણ મલિન પર્યાયનો ઉત્પાદ તે કાર્ય કર્મનું છે. આહાહાહા ! અહીંયા તો વસ્તુસ્થિતિ સ્વતંત્ર કેમ છે એ સિદ્ધ કરવું છે. એ વાત, આહાહા... સમજાય છે કાંઈ ?

જીવ જ પોતે, ન એકાંત છે, બે કારણ નહીં એમ કહે છે. આહાહા ! જયસેન આચાર્યની ટીકામાં આવે છે ને ? બે કારણથી થાય, સ્ત્રી ને પુરુષ બે થઈને દિકરો થાય. એમ કર્મ ને આત્મા બે થઈને રાગ થાય. એ તો બીજુ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આહાહાહા !

આંહી તો જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને સસંસાર એટલે વિકારી દશામાં આદિ મધ્ય અંતમાં જીવ પોતે છે. એની આદિ મધ્ય અંતમાં કર્મ છે માટે ત્યાં સંસાર અવસ્થા છે એમ નથી. સસંસાર અવસ્થામાં જીવ જ પોતે આદ્યમાં વિકારની અવસ્થાની આદ્યમાં, વિકારની અવસ્થાની મધ્યમાં, વિકારની અવસ્થાના અંતમાં પોતે વ્યાપ્યો છે. અને નિઃસંસાર અવસ્થામાં પણ કેવળજ્ઞાનની પર્યાય થઈ તે અવસ્થામાં પણ આદ્યમાં આત્મા વ્યાપ્યો છે, મધ્યમાં અંતમાં એ છે, કર્મનો અભાવ છે માટે ત્યાં કેવળજ્ઞાન થયું, એમ નથી. આહાહાહા... જ્ઞાનાવરણીનો ક્ષય થયો માટે કેવળજ્ઞાન થયું એમ નથી કહે છે, અને તે તો જ્યારે થયું ત્યારે તો ઓલાનો અભાવ

છે. છતાં તે અભાવ છે માટે જ્ઞાન આંહી થયું એમ નથી. આહાહાહા ! આમાં વાણીયાને બધું યાદ કયારે રાખે ઘડીકમાં પરનું ને ઘડીકમાં સ્વનું. પરનો કર્તા નથી એમ કહીને વળી પાછું, ઝીણું ઝીણું પર પોતાનો કર્તા નથી. આહાહાહા !

સસંસાર અવસ્થામાં વિકારની દશાના કાળમાં, જીવ જ પોતે આદિ મધ્ય અંતમાં વ્યાપીને તેનું કર્તા કર્મ કરે છે. એ કર્તા થઈને કર્મ તો એનું છે. વિકાર છે એ કર્તા ને કર્મ ને વિકાર કાર્ય એમ છે નહીં, આવું છે. અને નિઃસંસાર અવસ્થામાં આત્માની મોક્ષ દશામાં પવિત્ર આનંદની દશાના કાળમાં કર્મનો અભાવ છે નિમિત્ત માટે તે તેનું કાર્ય છે એમ નથી. આહાહાહા.... ઝીણી વાત છે ભાઈ, આ તો મહા લોજીકના ન્યાયના સિદ્ધાંતો છે, વીતરાગના સિદ્ધાંતો દિગંબર સંતોના સિદ્ધાંતો તો અલૌકિક વાતું છે. આહાહા !

નિઃસંસાર અવસ્થામાં કેવળજ્ઞાનની પર્યાય આત્મા પ્રાપ્ત કરે તે અવસ્થામાં કર્મના અભાવનું નિમિત્ત છે માટે તેનું એ વ્યાપ્ય છે એટલે કાર્ય છે એમ નથી. આહાહાહા.... પોતાનો ભગવાન આત્મા આનંદ સ્વરૂપ ને જ્ઞાનસ્વરૂપ પ્રભુ એનું ધ્યાન કરીને જે કેવળજ્ઞાન પ્રગટ થયું, એ કેવળજ્ઞાનની પર્યાયની આદિ મધ્ય અંતમાં આત્મા પોતે છે, એ કેવળજ્ઞાન થયું માટે આદ્યમાં કર્મનો અભાવ થયો માટે તે આદ્યમાં હતું માટે કેવળજ્ઞાન થયું એમ નથી. આહાહાહા... સૂત્રમાં એમ આવે "કર્મ ક્ષયાત્" ઉમાસ્વામી 'તત્ત્વાર્થ સૂત્ર' 'મોહક્ષયાત્' જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અંતરાય ક્ષયાત એ બધા નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. આહાહાહા !

આંહી તો ભગવાન આત્મા જે કાંઈ મિથ્યા ભ્રાંતિ કરે, શરીરનું કરી શકું, પરનું કરી શકું બીજાને જીવાડી શકું, બીજાને મારી શકું, બીજાને સગવડતા દઈ શકું, એવી જે માન્યતા મિથ્યાત્વની એની આદિ મધ્ય અંતમાં આત્મા છે. એ મિથ્યાત્વની આદિમાં દર્શન મોહ હતો માટે મિથ્યાત્વ થયું છે, ઉત્પત્તિ કીધી'તી ને, 'સંભવ' દર્શન મોહની ઉત્પત્તિ ઉત્પન્ન છે માટે મિથ્યાત્વ થયું છે એમ નથી. આહાહા ! એમ આત્મામાં થતો રાગ એ રાગની ઉત્પત્તિમાં આદિ, મધ્ય-અંતમાં આત્મા છે, એ રાગની ઉત્પત્તિમાં આદિમાં કર્મ હતો માટે રાગ થયો છે, એમ નથી. કહો, રસિકભાઈ ! આવી વાતું છે. ( શ્રોતાઃ- જ્ઞાનીની વાત કરો ત્યારે એમ કહો કે રાગ કર્મનું કાર્ય છે ) પણ એ વખતે તો દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થઈ છે, બહુ તેથી ત્યાં તો બહુ ઝીણું બતાવ્યું છે, ઉત્પાદવ્યયને ધ્રુવ, દ્રવ્ય ગુણને પર્યાય છ બોલ લીધા'તા. ત્યાં એવું સ્પષ્ટીકરણ પહેલાં કર્યું નહોતું કોઈ દિ' એટલું કર્યું.

આત્મા જ્યાં રાગથી ભિન્ન પડીને સ્વરૂપનું જ્ઞાન કરે છે, ચિદાનંદ ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે, એવું ભાન કરે છે તેને જે કાંઈ રાગની ઉત્પત્તિ છે, તે તેનું કાર્ય નથી, રાગની ઉત્પત્તિ, રાગનો વ્યય અને રાગનું ધ્રુવપણું એ ત્રણેય પરના છે તેને જ્ઞાન જાણે, અને પોતાના જે જ્ઞાન પર્યાય નિર્મળ ઉત્પન્ન થાય, વ્યય થાય, ને ધ્રુવ એને જાણે એ પોતાના દ્રવ્યગુણ પર્યાય ને પરના દ્રવ્યગુણપર્યાય એને જાણે એ પોતાના દ્રવ્યગુણપર્યાય ને પરના દ્રવ્યગુણપર્યાય એને જાણે પણ પરને કારણે આત્મામાં થાય અને પોતાના કારણે પરમાં કંઈ થાય, એવું છે નહિ. આહાહાહા ! ઝીણી વાતું છે બાપુ, મારગ એવો ઝીણો છે. દુનિયાને નવરાશ ન મળે, દુનિયાના પાપના ધંધા આડે આખો દિ' પાપ પછી ભલે બધી પાંચ પચાસ લાખ ભેગા થાય ધૂળ, એ પાપ આખો દિ'

આ કર્યું ને આ કર્યું, ધંધા પાણી ને હવે એમાં તત્ત્વને સમજવું. બહુ નિવૃત્તિ જોઈએ. આહાહા !

આંહીયા તો કહે છે પ્રભુ, તું જે ચાર ગતિમાં રખડયો અત્યાર સુધી ૮૪ના અવતાર કર્યા, એવા જે મિથ્યાત્વભાવ ને રાગદ્વેષભાવ એની ઉત્પત્તિનું કારણ તું છો. એ વિકારની ઉત્પત્તિનું કારણ કર્મ છે એમ નથી. "અપનેકો આપ ભૂલકે હેરાન હો ગયા" આહાહા ! અનાદિથી પરમાં સુખ માન્યું, સુખ તો ભગવાન આત્મામાં છે. અંદર અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. હવે એને ઇન્દ્રિયના વિષયમાં, પૈસામાં, બાયડીમાં, છોકરામાં, કુટુંબમાં, રાજ્યમાં સુખ માન્યું એ ભ્રમણા મિથ્યાત્વ મહાપાપ છે. તો કહે છે કે એ મિથ્યાત્વની ઉત્પત્તિનું કારણ કોણ ? કે તું. કર્મને લઈને નહિ "કર્મ બિચારે કોણ ભૂલ મેરી અધિકાઈ" કર્મ તો જડ છે, ધૂળ છે. માટી છે. તારી ભૂલ તેં કરી છે અનાદિથી પ્રભુ. મોટો રાજા થયો, કરોડો અબજોપતિ, તો માન્યું અમે અબજ ભેગા કર્યા, અમે ઉદ્યોગપતિ ને મૂઢ છે એ. પરના ઉદ્યોગથી મને પૈસા મળ્યા ને મેં પરનો ઉદ્યોગ કર્યો એ ભ્રમણા અજ્ઞાનીની, એ ભ્રમણાની ઉત્પત્તિનું કારણ તું છો. એ ભ્રમણાની ઉત્પત્તિની આદિ મધ્ય અંતમાં તું છો. એની આદિમાં કર્મની ઉત્પત્તિનું કંઈક પણ નિમિત્ત છે શરૂઆત કંઈક કંઈક અસર છે, માટે આ રાગ થાય છે ને વિકાર થાય છે, એમ નથી. સમજાણું કાંઈ ?

આ બધા દુનિયાના ડાહ્યા કહેવાય ને ? પચાસ-પચાસ લાખ પેદા કરે ને કરોડ બે કરોડ પેદા કરે ને ? અમે બહુ ડાહ્યા છીએ, અમે ડાહ્યા છીએ માટે આ બધું થાય છે, એ મિથ્યાત્વભાવ, પાખંડભાવ, અજ્ઞાનભાવ એની ઉત્પત્તિની આદિ મધ્ય અંતમાં તું છો. કર્મની શરૂઆત છે માટે વિકાર આવો થયો એમ છે નહિ. આહાહા !

અને જ્યારે ધર્મ પામે છે આત્મા, સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ કરે છે જે ક્ષણે તે વખતે તેની આદિ મધ્ય અંતમાં પોતે આત્મા છે. સમ્યગ્દર્શનની, સત્યદર્શનની શ્રદ્ધા કે હું તો જ્ઞાયક ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય છું. મારો સ્વભાવ પૂર્ણાનંદનો નાથ હું પરમાત્મ સ્વરૂપે હું છું. એવું જે સમ્યગ્દર્શન થાય તે પર્યાયની આદિ મધ્ય અંતમાં આત્મા છે, કર્મનું જરી ખસી ગયું માટે તેની આદ્યની શરૂઆત હતી માટે આ સમ્યગ્દર્શન થયું એમ નથી. આહાહાહા ! સમજાય છે કાંઈ ? આવી વાતું હવે પાગલ જેવી છે. પાગલોને પાગલ જેવી લાગે એવી છે આ તો. આહાહા... "પ્રભુનો મારગ છે શૂરાનો ભાઈ" આહાહા !

કહે છે કે એ વિકારની દશામાં પણ આદિ મધ્ય અંતમાં એકને કરતો પ્રતિભાસો, જોયું ? પોતાને એકને જ કરતો પ્રતિભાસો. બીજો કર્મ પણ છે સાથે માટે થયું, એમ બે નહીં. આહાહાહા... એ વિકારના પરિણામ ભ્રમણાના અજ્ઞાનના રાગદ્વેષનાં, તેના કરવામાં તું એકલો જ છો. બીજો કોઈ ચીજ તને કરાવે છે એમ છે નહીં. આહાહાહા !

કહો, રસિકભાઈ ! એવી આ તો સમજાય એવી ભાષા તો સાદી છે, પણ ભાવ તો બાપા, આખી દુનિયાથી જુદા છે. ત્રણલોકના નાથ, તીર્થંકરદેવની આ તો વાણી છે. સર્વજ્ઞ પરમાત્મા એ સંતોની વાણી એ એની વાણી છે. આહાહાહા ! છે ? એ સંસારદશામાં એટલે વિકારી સંસરણ રખડવામાં જે મિથ્યાત્વ અને રાગદ્વેષનાં પરિણામ થાય, તેની આદ્ય મધ્ય અંતમાં તું છો, તેની આદ્યમાં કર્મનું જરી તીવ્રપણું ઉદય છે તીવ્ર, તીવ્ર ઉદય ઉત્પત્તિ થઈ માટે અહીં મિથ્યાત્વ ને રાગદ્વેષ થયો એમ છે નહિ. આહાહાહાહા ! સમજાણું કાંઈ ? આવું સ્વરૂપ શું છે આ તે. એ સત્ય

વસ્તુ આવી છે ભાઈ તને ખબર નથી. આહા....!

એ સંસાર કીધો. હવે નિઃસંસાર દશા એટલે સમ્યગ્દર્શન જ્ઞાન ને ચારિત્રની પર્યાય તને જે પ્રગટ થાય તેની આદિ મધ્ય અંતમાં તું છો, તે સમ્યગ્દર્શનજ્ઞાનની પ્રાપ્તિ થાય માટે કોઈ બીજા આધેમાં છે, કાળ લબ્ધિ આધેમાં છે, 'હો' પણ આધેમાં કાળ લબ્ધિ માટે આ થયું એમ નથી એમ કહે છે અહીં તો. આહાહાહા!

આવે છે ને એક ઠેકાણે? એ કાળલબ્ધિ પામીને, ગુરુઉપદેશ પામીને એ તો બધા નિમિત્તના કથનો છે. (શ્રોતાઃ- દ્રવ્ય સંગ્રહમાં આવે છે) ઘણે ઠેકાણે કળશટીકામાં બહુ આવે છે. કળશટીકામાં આવે છે. પોતે કુંદકુંદાચાર્ય અષ્ટપાહુડમાં કાળાદિ લબ્ધિ પામીને, છે ને બધી ખબર છે ને? બધી ચારેકોરની ખબર છે. એક વખતે એક કહેતા હોય એમાંથી એની જ નજર છે એમ નથી. આહાહાહા....!

કહે છે આત્મામાં જે કાંઈ આ મોક્ષના ધર્મનાં પરિણામ થાય, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના વીતરાગી નિર્દોષ પરિણામ થાય, ત્રિકાળી પરમાત્મ સ્વરૂપ ભગવાન પોતે છે તેનો આશ્રય લઈને જે કોઈ પરિણામ વીતરાગી થાય, ધર્મના થાય, મોક્ષમાર્ગના થાય તેની આદિ મધ્ય અંતમાં તારું સ્થાન છે, તેની આધેમાં કર્મનો અભાવ ને એવું આધેમાં હોય તો આ થાય ધર્મનો ભાવ ધર્મનો સદ્ભાવ એમ નથી. કેટલું આમાં યાદ રાખવું? આવો માર્ગ છે ભાઈ! આહાહા! ઘણું ગંભીર ઘણું તત્ત્વ ઉંડું. ઓહોહોહો! આહાહાહા! ભગવાનની સ્તુતિ કરી માટે સમ્યગ્દર્શનની આધેમાં એ સ્તુતિનું કારણ હતું એમ નથી એમ કહે છે. એય! ભગવાનનો વિનય કર્યો તીર્થંકરનો તે મહાત્માનો મુનિઓનો માટે ત્યાં આગળ સમકિત થયું એમ નથી. આહાહા!

સમકિત એટલે સત્ય દર્શન જેવું સત્ય પ્રભુ છે, સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે તેવું જ તેને દર્શન થવું, પ્રતીત થવી, જ્ઞાન થવું, એની આધેમાં ભગવાન આત્મા પોતે છે. એની આધેમાં કર્મનો અભાવ ને કોઈ કાળ ને ફલાણુ થાવું એમ છે નહીં, એમ અહીંયા સિદ્ધ એ કરે છે. આહાહા! પેલામાં લખ્યું છે કળશટીકામાં 'કાળલબ્ધિ' અપેક્ષાથી જ્ઞાન કરાવ્યું છે. આહાહા!

ભગવાન અહીં તો આત્માને ભગવાન તરીકે જ બોલાવ્યો છે પ્રભુ! આ ભગવાન અંદર ભગ નામ અનંત જ્ઞાન ને આનંદની લક્ષ્મીનો વાન સ્વરૂપવાન છો એ એનું અંતરસ્વરૂપ તો પ્રભુ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ એ એનું સ્વરૂપ છે. એની એને ખબર નથી એણે કોઈ દી' જોયું નથી, સાંભળ્યું નથી, રાકો ભિખારી થઈને ફર્યા કરે છે. માંગણ માંગણ લાવો પૈસા લાવો, બાઈડી લાવો, છોકરા લાવો, આબરૂ લાવો, મોટો કહો મોટો ભિખારી માળો. આહાહાહા! એ ભિખારીપણાના ભાવની આધેમાં પણ એ આત્મા છે. ચીમનભાઈ! આહાહા!

અને જેને આમ આત્મા પુણ્ય ને પાપનાં વિકાર ને કર્મ શરીર આદિથી ભિન્ન એવું જે પ્રભુ આત્માનું સ્વરૂપ છે, તેવું જ્ઞાન ને શ્રદ્ધા ને શાંતિ થઈ તેની આધેમાં પોતે આત્મા છે. મધ્યમાં આત્મા અંતમાં આત્મા છે. એને કોઈ કર્મનું મંદ પડયું, કર્મનું જોર કાંઈક મંદ પડયું માટે ધર્મ પર્યાય થઈ એમ નથી. (શ્રોતાઃ- કમ્મો બળીયો ધમ્મો બળીયો એમ તો આવે છે) એ બધાં નિમિત્તથી કથન છે. કમ્મો એટલે પોતાનો વિકારી પરિણામ એ કમ્મો બળીયો, જીવો બળીયો એટલે જે સ્વભાવ તરફ જોવે તે જીવો બળીયો, વિકાર ઉપર ગયો તો કમ્મો બળીયો, વિકાર

બળીયો. આહાહા ! આવું છે. હવે આવી જાતની વાતે ય કેવી કહેવાય આવો ઉપદેશ કઈ જાતનો ? બાપુ તને ખબર નથી ભાઈ, એ સત્યના તત્ત્વના ઉપદેશની રીત કોઈ અલૌકિક છે. આહાહા.... અત્યારે તો બધું ગરબડ ગરબડ બધુ, સંપ્રદાયમાં ગરબડ ને અમથા સંપ્રદાય વિનાના માણસમાં તો ગરબડ છે જ તે.

આંહી કહે છે, પોતાને એકને પ્રતિભાસો, એટલે ? કરવામાં, રાગના કરવામાં અને રાગના અભાવમાં થવામાં, પોતાને એકને કરતો પ્રતિભાસો પરંતુ અન્યને કરતો ન પ્રતિભાસો, અન્યને કરતો ન પ્રતિભાસો એમ લેવું છે. આંહીં કર્મને કરતો, કર્મ આંહીં કરતો, અન્યને કરતો પોતે અન્યને કરતો ન પ્રતિભાસો એમ, અન્યને કરતો ન પ્રતિભાસો એમ, પોતે અન્યને કરતો પ્રતિભાસો એમ નહિ. એ તો પહેલાંમાં આવી ગયું. ભાઈ ! આંહી તો અન્યને કરતો ન પ્રતિભાસો. કર્મને કરતો આત્માને ન પ્રતિભાસો એમ કહેવું છે. ઓલું તો પહેલું આવી ગયું, કર્મને લઈને આમાં છે એ નથી. એટલે કર્મ એનો કર્તા નથી.

હવે અહીં તો આત્મા પોતાના સવિકારી પરિણામને કે અવિકારી પરિણામને કરે એમ જાણો પણ તે કર્મને કરે એમ ન ભાસો. કર્મને બાંધે અને કર્મને કરે અને કર્મનો અભાવ કરે એમ ન ભાસો છે. ઈ પહેલાંમાં આવી ગયું છે. સમુદ્રમાં ય આવી ગયું. પરંતુ અન્યને, અન્યને કરતો ન પ્રતિભાસો અન્યને પોતે કરતો એમ ન ભાસો. અન્ય કરતો ન પ્રતિભાસો એ તો પહેલાંમાં આવી ગયું છે. ભાઈ ! એકએક અક્ષર બાપા ! આ તો કાંઈ મફતની ચીજ નથી. આ તો અલૌકિક ધર્મની વાતો છે. આહાહાહા ! હવે એ કર્તા કર્મનું કીધું હવે થોડું છે.

વળી તેવી રીતે આ જીવ ભાવ્યભાવકભાવના અભાવને લીધે, કર્મ છે તે ભાવક છે અને વિકારી ભાવનો ભોક્તા તે જીવ છે, એનો અભાવ છે. શું કહે છે ? કર્મ ભાવક છે અને આત્માના ભોગવવાના ભાવ દુઃખનાં કે સુખનાં આ સંસારમાં દુઃખના ભોગવવાના ભાવ, આ સંસારી પ્રાણી છે એ તો એકલા દુઃખને જ ભોગવે છે. સંયોગની ચીજને લઈને નહિ, દુઃખ અંદર જે અજ્ઞાનભાવ ને રાગભાવ છે તે દુઃખ છે. તે દુઃખને ભોગવે છે. આ બધા શેઠીયાઓ કહેવાય કરોડોપતિ અબજોપતિ એ બધાં દુઃખને ભોગવે છે, પૈસાને નહિ. ( શ્રોતાઃ- શેઠાઈને ભોગવે છે ) શેઠાઈ એટલે શું ? હું શેઠ છું એવા મિથ્યાત્વ ભાવને ભોગવે છે. આહાહાહા ! એનામાં હોય એને ભોગવે ને ? પરમાં કયાં ગયો છે, તે પરને ભોગવે અને પર કયાં એને ભોગવવા આવે છે. આહાહાહા !

જીવ, ભાવ્યભાવકભાવનો અભાવ, કેટલા બધા ભાવ્યભાવક ભાવનો અભાવ આટલા બધા ભાવ ભાવ છે. ભાવ એટલે વિકારી દશા કે અવિકારી દશા એમાં ભાવક એટલે કર્મ ભાવક વિકારી દશામાં નિમિત્ત અને અવિકારી દશામાં નિમિત્તનો અભાવ એવા ભાવ્યભાવકભાવના અભાવને લીધે, પરભાવનું પર વડે અનુભવાવું અશકય હોવાથી કર્મનું આત્મા વડે અનુભવાવું અશકય હોવાથી, સસંસાર અથવા નિઃસંસાર દશામાં પોતાને અનુભવતો થકો, સંસારદશામાં અજ્ઞાનમાં રાગદ્વેષને પોતે પોતાને અનુભવતો થકો ભાસો, પર તને અનુભવાય છે એ તો નહિ, પણ તું પરને અનુભવે છો એ નહિ. આહાહાહા.... શું કહે છે ? જેમ કે આ સ્ત્રીનો વિષય લે છે જ્યારે ત્યારે ત્યાં એને રાગ થાય છે, તો એ રાગને ભોગવતો પ્રતિભાસો પણ પરને ભોગવું

છું એ તો નહિ, એ તો શરીર જડ માંસ હાડકાંનું છે એ શરીરને કયાં ભોગવે છે ? પરને ભોગવતો ન ભાસો, તે વખતે તેના રાગના ભાવને અનુભવતો ભાસો. આહાહાહા ! આવી વાતું ભારે ભાઈ ! જગતથી ઉંધી છે.

સસંસાર અને નિઃસંસારરૂપ, જોયું પાછું નિઃસંસારરૂપ એ પોતાનું, પોતાને અનુભવતો થકો પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો, પોતાના સંસાર અવસ્થામાં દુઃખને એકને જ અનુભવતો ભાસો, અને મોક્ષમાર્ગમાં આનંદને અનુભવતો ભાસો, પણ પરને અનુભવતો ન ભાસો, પર વડે અનુભવતો એ નહિ. પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો, કર્મને આત્મા અનુભવે છે કે આ શરીરને અનુભવે છે કે મેસુબ ખાય મેસુબ પણ મેસુબને અનુભવે છે એમ ન ભાસો, પણ તે કાળે તેનો પ્રેમ ને રાગ થયો એ રાગને અનુભવે છે એમ ભાસો. આહાહાહાહા !

મેસુબનો કટકો પડે ને મોઢામાં તે પતરવેલીયાના ભજીયા હોય અંદર, અડવીના પાનનાં હવે કહે છે કે તને એ વખતે જે રાગનો અનુભવ થયો એ તારો અનુભવ છે, પણ તું પરને લઈને અનુભવે છે એ તો નહિ, પણ પરનો તું અનુભવ કરતો એ પણ નહિ. આહાહા ! એ લાડવાને તું અનુભવે છો, મોસંબીને અનુભવે છો, સ્ત્રીને અનુભવે છો એમ ન ભાસો. વિશેષ વાત છે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૭૨ ગાથા-૮૩-૮૪ તા. ૧૮/૦૧/૭૯ ગુરુવાર પોષ વદ-૫

૮૩ નો ભાવાર્થ સમયસાર.

આત્માને પરદ્રવ્ય પુદ્‌ગલકર્મનાં નિમિત્તથી સસંસાર અને નિઃસંસાર અવસ્થા છે, એટલે પુદ્‌ગલકર્મનું તો નિમિત્ત છે અને અહીંયા અવસ્થા થાય છે જીવને પોતાના ઊંધા પુરુષાર્થથી, રાગદ્વેષ વિકારાદિ એ અવસ્થામાં પુદ્‌ગલકર્મ તો ફક્ત નિમિત્ત છે અને નિઃસંસાર આત્માના મોક્ષદશામાં કર્મના નિમિત્તનો અભાવ નિમિત્ત છે અભાવ.

“એવાં પરદ્રવ્ય પુદ્‌ગલકર્મનાં નિમિત્તથી સંસાર, સસંસાર અને નિઃસંસાર અવસ્થા છે એ અવસ્થારૂપ આત્મા પોતે પરિણમે છે.” રાગદ્વેષ અને નિમિત્ત ભલે કર્મ હો પણ તેમાં રાગદ્વેષ ને મિથ્યાત્વભાવે પોતે આત્મા પરિણમે છે, એ કર્મ પરિણમાવતું નથી, તેમ કર્મને એ પરિણમાવતું નથી. આહાહા ! આવી વાતું.

( શ્રોતાઃ- કાલે એમ કહેતા ’તા કે આત્મા રાગ કરે નહિ ) રાગ છે એ તો જ્ઞાનીની દૃષ્ટિની અપેક્ષાએ દ્રવ્યદૃષ્ટિ છે, દ્રવ્ય જ્યાં દૃષ્ટિમાં છે, એને તો શુદ્ધતાના પરિણામનો પ્રાપ્ત કાર્ય છે. એમ એને જે અશુદ્ધતા થાય કેમ કે દ્રવ્યદૃષ્ટિ જે થઈ છે એ તો જ્ઞાયક શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ છે એનાં પરિણામ રાગ નથી. એ પરિણામીનું પરિણામ તો નિર્મળ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર એ પરિણામીનું પરિણામ છે. તેને કર્મ પરિણામીનું રાગાદિ પરિણામ તે કર્મનું છે. કહો, એ વાત ચાલી ’તી. આહાહા ! એ પરિણામી આત્મા એ તો શુદ્ધ છે, પવિત્ર છે, પરમાનંદ સ્વરૂપ છે, એનું પરિણામ પરમ આનંદ ને શાંતિ ને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ને વીતરાગતા આવે. એ એનું વ્યાપ્યવ્યાપક

છે. વ્યાપક આત્મા અને નિર્વિકારી પરિણામ તેનું કાર્ય નામ વ્યાપ્ય અને તેમાં જે રાગ થાય તે કર્મ વ્યાપક અને રાગ તેનું કાર્ય વ્યાપ્ય એની હારે એને સંબંધ છે. એ તો દ્રવ્યદૃષ્ટિનું જ્ઞાન છે, જ્ઞાતા થયો સમ્યગ્દર્શન થયું એની વાત છે. આહા ! આંહી તો સમુચ્ચય વાત છે.

એ આત્મા સંસાર અવસ્થામાં જે કાંઈ તે મિથ્યાત્વ એમાં કર્મ નિમિત્ત હો, દર્શનમોહ ભલે, પણ મિથ્યાત્વપણે પરિણમે છે તો જીવ, વ્યાપ્યવ્યાપકપણે મિથ્યાત્વના ભાવ રાગદ્વેષના ભાવપણે પરિણમે છે જીવ, એમાં અનુકૂળ ભલે કર્મનું નિમિત્ત હો, પણ અનુકૂળ હોવાથી એનાથી અહીં પરિણમે છે એમ નથી. આહાહાહા ! એ આત્માને પરદ્રવ્ય પુદ્ગલકર્મના નિમિત્તથી, છે ને નિમિત્તથી, સસંસાર પણ વિકારભાવપણે પોતે પરિણમે એમાં નિમિત્ત છે કર્મ અને નિઃસંસાર નિર્વિકાર પરિણમન અવસ્થાપણે પરિણમે એમાં કર્મના અભાવનું નિમિત્ત છે. એ અવસ્થારૂપે આત્મા પોતે જ પરિણમે છે. તેથી તે પોતાનો જ કર્તા ભોક્તા છે, પુદ્ગલકર્મનો કર્તાભોક્તા તો કદી નથી. કર્મના ઉદયનો આત્મા કર્તા કે ભોક્તા એમ નથી. આહાહાહા ! ઝીણી વાતું બહુ. ઉપાદાનની સ્વતંત્રતા.

અહીંયા ઘણા એમ કહે છે ઉપાદાનમાં અનેક જાતની યોગ્યતા છે જેવું નિમિત્ત આવે એવું થાય એમ નથી ભાઈ ! એની તો એ વખતે જે કાંઈ મિથ્યાત્વ કે રાગદ્વેષ થવાની યોગ્યતા સમયમાં છે, તે પોતાથી થાય છે, તેમાં અનુકૂળ કર્મ ભલે હો પણ અનુકૂળ હોવાથી એ આંહીં કરે છે, એમ છે નહીં. આવી વાતું હવે. તેથી તે પોતાનો જ કર્તાભોક્તા છે. સમુચ્ચય વાત છે ને અહીં. અજ્ઞાની રાગદ્વેષને પોતે કરે છે તેથી તે રાગદ્વેષનો પોતે કર્તા છે. પુદ્ગલકર્મનો કર્તા-ભોક્તા તો કદી નથી. ભલે તેને રાગદ્વેષના પરિણમનમાં અનુકૂળ નિમિત્ત પુદ્ગલ હો પણ છતાં તે નિમિત્ત પુદ્ગલનો એ કર્તા નથી. સમજાય છે કાંઈ ? એ ૮૩ થઈ.

હું દ્રવ્ય છું અને મારા અનંત ગુણો છે. તે ગુણો પલટીને સમયે સમયે એક પછી એક ક્રમબદ્ધ અવસ્થા થાય છે. તે અવસ્થા આડી-અવળી થતી નથી તેમ જ એકસાથે બે ભેગી થતી નથી અને કોઈ સમય અવસ્થા વગરનો ખાલી પણ જતોનથી. કેવળજ્ઞાન અને મોક્ષદશા પણ મારા ગુણમાંથી જ ક્રમબદ્ધ પ્રગટે છે. આવી રીતે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થતાં પોતાનો પર્યાય ઊઘાડવા માટે કોઈ પર ઉપર લક્ષ કરવાનું રહેશે નહિ, અને તેથી કોઈ પર ઉપર રાગ-દ્વેષ કરવાનું કારણ પણ નહિ રહે. એટલે શું થશે ?-કે બધા પર ઉપરનું લક્ષ છોડીને તે પોતામાં જોવા માટે વળશે. હવે પોતામાં પણ 'મારો પૂર્ણ શુદ્ધ પર્યાય કયારે ઊઘડશે ?' એવો આકૂળતાનો વિકલ્પ રહેશે નહિ કેમકે ત્રણે કાળના ક્રમબદ્ધપર્યાયથી ભરેલું દ્રવ્ય તેની પ્રતીતિમાં આવી ગયું છે. તેથી ક્રમબદ્ધપર્યાયની જે જીવ શ્રદ્ધા કરે છે તે જીવ તો નજીક મુક્તિગામી જ હોય.

( આત્મધર્મ, અંક ૭૩૦, વર્ષ-૬૧, પાના નં. ૧૯ )

## ગાથા - ૮૪

अथ व्यवहारं दर्शयति-

ववहारस्स दु आदा पोग्गलकम्मं करेदि णेयविहं।
तं चेव पुणो वेयइ पोग्गलकम्मं अणेयविहं।।८४।।

व्यवहारस्य त्वात्मा पुद्गलकर्म करोति नैकविधम्।
तच्चैव पुनर्वेदयते पुद्गलकर्मानेकविधम्।।८४।।

यथान्तर्व्याप्यव्यापकभावेन मृत्तिकया कलशे क्रियमाणे भाव्यभावकभावेन मृत्तिकयैवानुभूयमाने च बहिर्व्याप्यव्यापकभावेन कलशसम्भवानुकूलं व्यापारं कुर्वाणः कलशकृततोयोपयोगजां तृप्तिं भाव्यभावकभावेनानुभवंश्च कुलालः कलशं करोत्यनुभवति चेति लोकानामनादिरूढोऽस्ति तावद्व्यवहारः, तथान्तर्व्याप्यव्यापकभावेन पुद्गलद्रव्येण कर्मणि क्रियमाणे भाव्यभावकभावेन पुद्गलद्रव्येणैवानुभूयमाने च बहिर्व्याप्यव्यापक भावेना-ज्ञानात्पुद्गलकर्मसम्भवानुकूलं परिणामं कुर्वाणः पुद्गलकर्मविपाकसम्पादित विषयसन्निधिप्रधावितां सुखदुःखपरिणतिं भाव्यभावकभावेनानुभवंश्च जीवः पुद्गलकर्म करोत्यनुभवति चेत्यज्ञानिनामासंसारप्रसिद्धोऽस्ति तावद्व्यवहारः।

---

હવે વ્યવહાર દર્શાવે છેઃ-

**આત્મા કરે વિધવિધ પુદ્‌ગલકર્મ-મત વ્યવહારનું,**
**વળી તે જ પુદ્‌ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.**

**ગાથાર્થઃ-** [ व्यवहारस्य तु ] વ્યવહારનયનો એ મત છે કે [ आत्माः ] આત્મા [ नैकविधम् ] અનેક પ્રકારના [ पुद्गलकर्म ] પુદ્‌ગલકર્મને [ करोति ] કરે છે [ पुनः च ] અને વળી [ तद् एव ] તે જ [ अनेकविधम् ] અનેક પ્રકારના [ पुद्गलकर्म ] પુદ્‌ગલકર્મને [ वेदयते ] તે ભોગવે છે.

**ટીકાઃ-** જેમ, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી ઘડાને કરે છે અને ભાવ્યભાવકભાવથી માટી જ ઘડાને ભોગવે છે તોપણ, બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી ઘડાના [1]સંભવને અનુકૂળ એવા ( ઇચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ પોતાના ) વ્યાપારને કરતો અને ઘડા વડે કરેલો પાણીનો જે ઉપયોગ તેનાથી ઊપજેલી તૃપ્તિને ( પોતાના તૃપ્તિભાવને ) ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો કુંભાર ઘડાને કરે છે અને ભોગવે છે એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે; તેવી રીતે, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલદ્રવ્ય કર્મને કરે છે અને ભાવ્યભાવકભાવથી પુદ્‌ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે તોપણ, બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે પુદ્‌ગલકર્મના

---

૧. સંભવ = થવું તે; ઉત્પત્તિ.

**સંભવને અનુકૂળ એવા ( પોતાના રાગાદિક ) પરિણામને કરતો અને પુદ્‌ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની જે નિકટતા તેનાથી ઊપજેલી ( પોતાની ) સુખદુઃખરૂપ પરિણતિને ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો જીવ પુદ્‌ગલકર્મને કરે છે અને ભોગવે છે એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.**

**ભાવાર્થઃ- પુદ્‌ગલકર્મને પરમાર્થે પુદ્‌ગલદ્રવ્ય જ કરે છે; જીવ તો પુદ્‌ગલકર્મની ઉત્પત્તિને અનુકૂળ એવા પોતાના રાગાદિક પરિણામોને કરે છે. વળી પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મને ભોગવે છે; જીવ તો પુદ્‌ગલકર્મના નિમિત્તથી થતા પોતાના રાગાદિક પરિણામોને ભોગવે છે. પરંતુ જીવ અને પુદ્‌ગલનો આવો નિમિત્તનૈમિત્તિકભાવ દેખીને અજ્ઞાનીને એવો ભ્રમ છે કે પુદ્‌ગલકર્મને જીવ કરે છે અને ભોગવે છે. આવો અનાદિ અજ્ઞાનને લીધે અનાદિ કાળથી પ્રસિદ્ધ વ્યવહાર છે.**

**પરમાર્થે જીવ-પુદ્‌ગલની પ્રવૃત્તિ ભિન્ન હોવા છતાં, જ્યાં સુધી ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી બહારની તેમની પ્રવૃત્તિ એક જેવી દેખાય છે. અજ્ઞાનીને જીવ-પુદ્‌ગલનું ભેદજ્ઞાન નહિ હોવાથી ઉપલક દૃષ્ટિએ જેવું દેખાય તેવું તે માની લે છે; તેથી તે એમ માને છે કે જીવ પુદ્‌ગલકર્મને કરે છે અને ભોગવે છે. શ્રી ગુરુ ભેદજ્ઞાન કરાવી, પરમાર્થ જીવનું સ્વરૂપ બતાવીને, અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે.**

## પ્રવચન નં. ૧૭૨ ગાથા-૮૪ તા. ૧૮/૦૧/૭૯ ગુરુવાર પોષ વદ-૫

હવે ૮૪, હવે વ્યવહાર દર્શાવે છે.

ववहारस्स दु आदा पोग्गलकम्मं करेदि णेयविहं।
तं चेव पुणो वेयइ पोग्गलकम्मं अणेयविहं।।८४।।

આત્મા કરે વિધવિધ પુદ્‌ગલકર્મ–મત વ્યવહારનું,
વળી તે જ પુદ્‌ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.

ટીકાઃ– જેમ, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી, એટલે કે માટી વ્યાપક અને ઘડો તેનું વ્યાપ્ય, માટી કર્તા અને ઘડો તેનું કાર્ય, વ્યાપ્યવ્યાપક એટલે, માટી પરિણામી અને ઘડો તેનું પરિણામ, એ આવશે વ્યાપ્યવ્યાપકનું થયું. અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી ઘડાને કરે છે એટલે કે માટી પરિણામી ઘડાના પરિણામને કરે છે, માટી વ્યાપક ઘડાના પરિણામના વ્યાપ્યને કરે છે. અને ભાવ્યભાવકભાવથી માટી જ, ભાવક એવી જે માટી એનો જે ભાવ્ય નામ વર્તમાન પર્યાય જે થાય તે, તે ભાવ તે ભાવથી ભાવ્યભાવકભાવથી, ભાવક માટી, ઘડો તેનું ભાવ્ય એવા ભાવે માટી ઘડાને ભોગવે છે. માટી ઘડાને ભોગવે છે.

( શ્રોતાઃ– અજીવ છે એ કેમ ભોગવે. ) પર્યાય છે એની ને ? એમ, પર્યાય એની છે ને એટલે એને કરે છે ને ભોગવે છે. આહાહાહા ! માટી પરિણામી પોતાના ઘડાના પરિણામને કરે અને માટી ભાવક પોતાના ઘડારૂપી ભાવ્યને ભોગવે, કહો હવે આટલું તો સ્પષ્ટ થાય છે. ઝીણી વાત છે ભાઈ ! તત્ત્વને ભિન્ન તત્ત્વની જાતને જાણવું અને ભિન્નના તત્ત્વને ભિન્ન કાંઈ ન કરી શકે એ

જાણવું એ જરી બહુ પુરુષાર્થ માગે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

ભાવ્યભાવકભાવથી માટી એટલે ? પહેલાં કહ્યું'તું કે વ્યાપક પરિણામી અને વ્યાપ્ય પરિણામ માટી ઘડો, એમ આંહી ભાવ્ય માટીની અવસ્થા તે ભાવ્ય અને ભાવક માટી, તે એવા ભાવથી માટી જ ઘડાને ભોગવે છે. જડ જડને ભોગવે છે, એની પર્યાય છે ને ? એનો વ્યય એનાથી થાય છે ને ? તો પણ, આમ હોવા છતાં પણ, બાહ્યમાં એટલે બહારમાં હવે કુંભાર, બહારમાં હવે કુંભાર, બહારમાં આને અને બહારમાં વ્યાપ્યવ્યાપક એમ નહિ, ઘડાને બહારમાં વ્યાપ્યવ્યાપક એમ નહિ બહારમાં વ્યાપ્યવ્યાપક કુંભાર, અંદરમાં તો માટી વ્યાપ્યવ્યાપક થઈને પોતાના ઘડા રૂપી કાર્યને કરે અને ભાવ્યભાવક થઈને પોતાના ભાવને ભોગવે.

"હવે બહારમાં કુંભાર પોતાના વ્યાપ્યવ્યાપક ભાવને કરે" વ્યાપ્ય એટલે કાર્ય પરિણામ વ્યાપક એટલે દ્રવ્ય પરિણામી, એવા ભાવથી ઘડાના સંભવને અનુકૂળ, ઘડાના ઉત્પત્તિને ફક્ત નિમિત્ત, છે ને ? અનુકૂળ ઉત્પત્તિ એવા ઈચ્છા ને હસ્તાદિકની ક્રિયારૂપ પોતાના વ્યાપારને કરતો. આંહી હસ્તાદિકની ક્રિયા કરે છે એ સિદ્ધ નથી કરવું, અહીંથી ભિન્ન પોતે કરે છે એટલું સિદ્ધ કરવું છે. બાકી હસ્તાદિકની ક્રિયા પણ એ કરી શકતો નથી, પણ આનાથી ભિન્ન ઈચ્છા ને હસ્તાદિકની ક્રિયા આની છે ને આની નથી એમ બતાવવું છે. સમજાણું કાંઈ ? ઓહોહો !

વ્યાપ્યવ્યાપક ભાવથી કુંભાર ઘડાને અનુકૂળ સંભવ એવી ઈચ્છા ને હાથની ક્રિયા પોતાના વ્યાપારને કરતો, કુંભાર તો ઈચ્છા અને હાથના પોતાના, આંહી તો પરથી ભિન્ન એ પોતે કરે છે એટલું બતાવવું છે, બાકી હાથનો વ્યાપાર એ કરી શકતો નથી એ અત્યારે કામ નથી, આંહી તો અહીંયા ઘડાને અનુકૂળ એની ઈચ્છા અને રાગ છે, તો એ ઘડાને કરતો નથી પણ એના પરિણામ પોતાના જે છે ઈચ્છાના અને હાથના એને એ કરે છે, એમ બતાવવું છે. એમાંથી કોઈ એમ કાઢે કે જુઓ કુંભાર હાથને કરી શકે છે એ પ્રશ્ન અત્યારે અહીં નથી. આહાહા ! અરે ભાઈ વાંધે વાંધા.

અહીંયા તો ફક્ત ઘડાને વ્યાપ્યવ્યાપકપણું તો માટી હારે છે, પણ બહારમાં કુંભારને પોતાના હાથ અને રાગની હારે ઈચ્છા હારે વ્યાપ્યવ્યાપકપણું છે. સમજાણું ? અને તે ઘડાને અનુકૂળ નિમિત્તરૂપે છે, માટે તેને અજ્ઞાની એમ માને છે કે કુંભાર ઘડાને કરે છે ને ભોગવે છે. પણ કુંભાર પોતાના હાથને ને ઈચ્છાને કરે છે અને ખરેખર તો એ ઈચ્છાને એ પોતે ભોગવે છે, પાણીને ભોગવે છે, એટલે ઈચ્છાને, એ કહેશે.

હસ્તાદિકની ક્રિયાને તો કરતો અને ઘડા વડે કરેલો પાણીનો જે ઉપભોગ તેનાથી ઉપજેલી તૃપ્તિ એટલે રાગાદિ હોં એ. એને ભાવ્યભાવકભાવ વડે અનુભવતો, ભાવક કુંભાર અને ભાવ્ય તેનો વિકારી ભાવ તેને અનુભવતો ભોગવતો, એવો કુંભાર ઘડાને કરે ને ભોગવે તેવો લોકોનો, આહાહાહાહા.... કેવી ટીકા છે. કુંભાર ઘડાને નિમિત્ત, સંભવ, અનુકૂળ એવા પોતાના ઈચ્છા ને હાથને કરતો અને કુંભાર જે પાણી પીવે છે, એ પીવાના ભાવનો એ પોતે કર્તા ને ભોક્તા એને એ ભોગવે છે, ઘડાને નહીં. ઘડાને ભોગવે છે માટી અને આ ભોગવે છે પોતાના રાગને. આહાહા... પાણી પીવા સંબંધીનો જે ઘડા સંબંધીનો જે રાગ એને એ કરે ને એને એ ભોગવે છે આવું છે. આહાહા !

"એ ઉપયોગ તેનાથી ઉપજેલી તૃપ્તિને ભાવ્ય" એ તૃપ્તિનો ભાવ છે તે ભાવ્ય અને ભાવક છે પોતે તે કુંભાર "એના ભાવવડે અનુભવતો ભોગવતો એવો કુંભાર, ઘડાને કરે છે ને ભોગવે છે" હવે આમ લેવું, છે એ પોતાના રાગને કરે છે ને ભોગવે છે, છતાં ઘડાને નિમિત્ત હોવાથી અજ્ઞાની એમ માને છે કે ઘડાને કરે છે ને ભોગવે છે. એ કુંભાર ઘડાને કરે ને ભોગવે છે. ઓલો નિમિત્ત છે ને ? એટલો નિમિત્ત નૈમિતિક સંબંધ સ્વતંત્ર છે, એને ઠેકાણે નિમિત્ત છે માટે તે ઘડાને કરે છે ને ભોગવે છે જૂઠી વાત છે. "ઘડાને કરે ને ભોગવે એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે" અનાદિથી અજ્ઞાનીનો મિથ્યાદૃષ્ટિનો આવો વ્યવહાર છે. આહાહાહા ! શું કહ્યું સમજાણું આમાં ?

માટી પોતે પરિણામી થઈને ઘડાનું પરિણામ કરે, એ વ્યાપક થઈને વ્યાપ્ય કરે અને માટી પોતાના ઘડાના ભાવ્યને ભાવક થઈને ભોગવે. માટી ભાવક થઈને ઘડાની પર્યાયને ભોગવે પણ તે ઘડાને અનુકૂળ એવું નિમિત્તપણું છે કુંભારનું, એ કુંભાર પોતાના રાગને વ્યાપ્યવ્યાપકભાવપણે કરે અને એને ભોગવે, પણ આંહી આ નિમિત્ત છે આ, માટે અજ્ઞાનીનો વ્યવહાર એવો છે કે એ કુંભાર ઘડાને કરે છે. ઓલું નિમિત્ત દેખીને ઘડાને કુંભાર કરે છે એમ અજ્ઞાનીનો વ્યવહાર છે. સમજાણું કાંઈ ?

આ તો હજી દૃષ્ટાંત થયું, હવે સિદ્ધાંત તો હવે છે. દૃષ્ટાંતમાંય કઠણ પડે છે. આ બહારમાં વાંધા ઊઠે છે બહારમાં એમ કે એની બહારમાં આ કરે છે, એમ નહીં, એ પોતે બહારમાં તો કુંભાર પોતાના વ્યાપ્યવ્યાપકભાવને કરે છે, એથી વ્યાપ્યવ્યાપકભાવને પોતાને કરતો આને એનું નિમિત્ત છે માટે અજ્ઞાની કહે છે કે ઘડાને કુંભાર કરે છે. આહાહા ! નિમિત્ત દેખીને અજ્ઞાની ઘડાને કુંભાર કરે છે એમ કહે છે. અને ઘડાના પાણીને ભોગવતો રાગને ત્યાં, એ આને નિમિત્ત છે માટે ઘડાને એ ભોગવે છે, ભોગવે છે એ પોતે પોતાના પરિણામને, છતાંય ઘડાને કરે છે ને ઘડાને ભોગવે છે એમ અનાદિનો અજ્ઞાનીનો જૂઠો વ્યવહાર અસત્ય છે. કહો સમજાય છે કે નહિ આમાં ?

હવે સિદ્ધાંત આત્મામાં. હવે છે ને સામે પુસ્તક છે કયા શબ્દનો શું ( અર્થ થાય છે. ) આંહી તો નિમિત્ત એને કરતું નથી અને આ ઘડો થાય છે તે પરને કાંઈક નિમિત્ત છે માટે એને કરે છે કુંભારનું કાંઈક એ અત્યારે સિદ્ધ કરવું નથી. ફક્ત કુંભાર આને નિમિત્ત છે માટે તે અજ્ઞાનીઓ કહે છે કે કુંભારે ઘડાને કર્યો ને ભોગવ્યો. આહાહા ! સમજાણું કાંઈ ?

"તેવી રીતે" હવે એ દૃષ્ટાંતના સિદ્ધાંતની અપેક્ષાએ, "અંદરમાં વ્યાપ્યવ્યાપક ભાવથી પુદ્‌ગલદ્રવ્ય કર્મને કરે છે" અહીં એ લેવું છે. ઓલા ઘડાને ઠેકાણે ઓલું પુદ્‌ગલ કર્મ. અંદરમાં વ્યાપ્યવ્યાપક પુદ્‌ગલદ્રવ્ય કર્મને કરે છે એટલે, કર્મની પર્યાયનું પરિણામ કર્મનાં પુદ્‌ગલો પરિણામી તે તેને કરે છે. જ્ઞાનાવરણીની પર્યાય જે થઈ, એ વ્યાપ્ય છે અને તેનું વ્યાપક તેના એ પરમાણુંઓ છે, પરમાણુંઓ પરિણામી છે અને તેનું તે જ્ઞાનાવરણી પર્યાય તેનું પરિણામ છે. આહાહાહા ! પરમાણુંઓ ( કાર્ય ) કર્તા છે અને તેની જ્ઞાનાવરણીની પર્યાય તે તેનું કાર્ય છે. આ મોટા વાંધા જ એ ઉઠયા છે ને ? જ્ઞાનાવરણી જ્ઞાના-વરણી કહ્યું ને ? માટે જ્ઞાનને આવરે છે, એમ નથી. આહા ! ફક્ત જ્ઞાનની પર્યાય પોતાને પોતાથી હીણાપણે પરિણમે છે એ એના વ્યાપ્યનું

કર્તા જ્ઞાન અથવા આત્મા છે. જ્ઞાનની હિણાપણે પરિણમનનો વ્યાપ્ય, પરિણામનું પરિણામી આત્મા છે, એને ઓલું જ્ઞાનાવરણીનું નિમિત્ત છે એથી અજ્ઞાની એમ કહે છે કે એને લઈને આ હીણી દશા થઈ. સમજાણું કાંઈ આમાં ?

જ્ઞાનાવરણી કર્મ છે એ પુદ્‌ગલની પર્યાય છે, હવે એ પુદ્‌ગલની પર્યાયનું વ્યાપ્ય તે પુદ્‌ગલ છે, એમાં ફક્ત આંહીના હીણા પરિણામ ફક્ત નિમિત્ત છે. પણ છતાં તે પુદ્‌ગલનાં પરિણામ પોતાનું વ્યાપ્યવ્યાપક કરે છે તે એ કર્મ જ્ઞાનની પર્યાયને પણ નિમિત્ત છે એટલે હીણી કરે છે, એ વાત ખોટી છે. તેમ જ્ઞાનની પર્યાય હીણી કરે છે જીવ, માટે તે કર્મની પર્યાય જ્ઞાનવરણીની પર્યાયને કરે છે, એમ છે નહિ. મોટો આ કર્મનો આ મોટો જૈનમાં અત્યારે ઝઘડો. આહા !

તેવી રીતે અંદરમાં એટલે આત્મા આંહી પુદ્‌ગલ લેવો અંદરમાં, અંદરમાં કર્મ પુદ્‌ગલ વ્યાપ્યવ્યાપક પુદ્‌ગલકર્મને કરે છે, એટલે પુદ્‌ગલકર્મ વ્યાપક એટલે પરિણામી અને કર્મની પર્યાય તેનું વ્યાપ્ય નામ કાર્ય એને કરે છે અને ભાવ્યભાવકભાવથી પુદ્‌ગલદ્રવ્ય તેને ભોગવે છે. ભાવક જે પુદ્‌ગલ છે તેનો અનુભાગ જે ઉદય આવ્યો એના ભાવ્યને તે ભાવથી તે પુદ્‌ગલ ભોગવે છે. આહાહાહા ! પુદ્‌ગલનાં વ્યાપ્યવ્યાપકના પુદ્‌ગલના પરિણામનું વ્યાપ્ય પરિણામ અને આ પુદ્‌ગલ તેનું પરિણામી, તે પરિણામી તેના પરિણામને કરે અને એ પરિણામી પોતે ભોગવનાર પોતાના પર્યાયનો ઉદય થયો હીણા અધિક ભાગ એને ભોગવે, પણ આત્માની હીણી દશાને કરે અને ભોગવે નહિ અને આત્માની હીણી દશા થઈ તે આના જ્ઞાનાવરણીને ઉદયને કરે ને ભોગવે નહિ. આહા !

૮૪માં પ્રશ્ન થયો 'તો તમારે વિરજીભાઈનો રાણપર-રાણપર-૮૪ ની સાલમાં વિરજીભાઈ આવ્યા 'તા. અહીં પ્રશ્ન કર્યો 'તો કે આ નિગોદના જીવમાં જ્ઞાનાવરણી આદિ સ્થિતિ રસ ને પ્રકૃત્તિ, પ્રદેશ છે અને આત્મામાં શું ? કીધું આત્માને તેની પોતાની યોગ્યતા પ્રમાણે તે પ્રકારનું પરિણમન તેને પોતાને લઈને છે અને કર્મમાં જે તીવ્રતા અને સ્થિતિ રસ છે એ કર્મને લઈને છે, બેયનું જુદે જુદું છે. એને કર્મની ઘણી બહોળતા અને રસ ને સ્થિતિ છે માટે અહીંયા હીણી દશા આની છે એમ નથી. ૮૪ની વાત છે. કેટલા વરસ થયા કહો, એકાવન વરસ થયા. ચોમાસામાં ત્યાં આવ્યા 'તા રાણપુર આવ્યા 'તા, કહે આમાં કેમ ? નિગોદના જીવની બધી હીણી અવસ્થા, કારણકે બધા ગુણોની, તેમાં કાંઈક કર્મનું ખરું કે નહીં ? કીધું ના. કર્મના પ્રકૃત્તિ પ્રદેશ સ્થિતિ ભાગ એના પરિણામમાં તેનામાં અને આની હીણી દશાના પરિણામ પરિણામીના પોતાના, પોતાનામાં, પરને લઈને આમાં કાંઈ નથી. કહો, દેવીલાલજી !

પણ કર્મને લઈને આંહી હીણી દશા થઈ ને અંદર નિગોદમાં શેની થઈ ? આહા.... કહ્યું 'તું ને કોઈ વખતે કમ્મો બળીયો કોઈ વખતે જીવો બળીયો, એ કમ્મો બળીયો એટલે વિકારની પર્યાયનું બળ પોતાને કારણે છે, એ કર્મ તો નિમિત્તમાત્ર છે. નિમિત્તને આંહીની અવસ્થાને બેયને એકબીજાનો અભાવ છે ને એકબીજાને અડતાય નથી. આહાહાહા !

નિગોદના જીવને પણ પર્યાયમાં જે હીણાપણું વિપરીતપણું જ્ઞાનદર્શનઆદિનું હીણાપણું, વીર્યઆદિનું, શ્રદ્ધાઆદિનું વિપરીતપણું. સમજાણું કાંઈ ? આહાહાહા ! તે તેના પોતાના જ યોગ્યતાના પરિણામનું વ્યાપ્ય ને વ્યાપક તેનો જીવ છે. એ કર્મ ત્યાં એના સ્થિતિ અનુભાગ

પ્રદેશ પ્રમાણે પડયા છે એ એનાં પરિણામી પરિણામ એનું છે. એને લઈને આંહી પરિણામ આવા થાય છે એમ નથી. આહાહા ! સમજાય છે કાંઈ ?

કહો, નિગોદના જીવ હજી કેટલાક ત્રસ થયા નથી, કેટલાકને કર્મનું જોર છે એમ કોઈ કહે, એમ નથી, એના પરિણામની પરિણતિની સ્થિતિ જ એવી છે. એ પોતાને કારણે તેમાં કર્મ તો નિમિત્તમાત્ર છે. નિમિત્તમાત્ર દેખીને આની હીણી અવસ્થાને બહાર નીકળવા નથી દેતા કર્મ એમ કહેવું એ તદ્દન જૂઠું છે. આહાહા ! થયું ? અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલદ્રવ્ય કર્મ જ્ઞાનાવરણી, દર્શનાવરણી આદિ પોતાની પર્યાયરૂપી કાર્યને પરિણામને તે પુદ્‌ગલદ્રવ્ય પરિણામી કરે છે અને ભાવ્યભાવક ભાવથી એ પુદ્‌ગલદ્રવ્યની પર્યાય જે ભાવ્ય તેનો ભાવક જે પુદ્‌ગલ ભાવ, પુદ્‌ગલ એના ભાવથી પુદ્‌ગલદ્રવ્યને કર્મને ભોગવે છે. પુદ્‌ગલદ્રવ્ય જ પોતાની પર્યાયને ભોગવે છે. આહાહાહા !

જેમ અહીં ઘડાનો દાખલો આપ્યો 'તો ઘડાની પર્યાયને માટી કરે છે અને માટી તે પર્યાયને તે કરે છે અને ભોગવે છે. એમ અહીં કર્મ જ પોતાની પર્યાયને કરે છે, વ્યાપ્યવ્યાપક થઈને અને પોતાની જ પર્યાયને ભાવ્યભાવક થઈને ભોગવે છે. ભાવ્ય નામ તેની અવસ્થા ભાવક નામ પરમાણું તેનો જે ભાવ તેને તે ભોગવે છે. આહાહા ! આવું હવે મળ્યું નથી. બાપુ વસ્તુ સ્થિતિ જ એવી છે કે આ જાુદા તત્ત્વ છે ને ? બેય તત્ત્વો જુદા છે તેને જાુદા ન માનતા એક માનવું એ તો મિથ્યાત્વ છે.

બીજાું તત્ત્વ, બીજા તત્ત્વને કાંઈ હીણું કરી શકે કે ધક્કો મારી શકે કે વિપરીતતા કરી શકે એ તદ્દન મિથ્યાત્વ છે. મિથ્યા નામ જૂઠી બુદ્ધિ છે ને તે મિથ્યાભાવ છે. આહાહાહા ! અહીંયા તો કહે છે કે પુદ્‌ગલકર્મમાં જે પર્યાય એની થાય જ્ઞાનાવરણીની, દર્શનાવરણીની, અંતરાય ને મોહનીયની એ જે પર્યાય થાય એ પરિણામ છે તે વ્યાપ્ય છે, તે કર્મ છે તે કાર્ય છે તેનો કર્તા પુદ્‌ગલ પરિણામી છે દ્રવ્ય છે. એને પલટાવવામાં કારણ છે, માટે તે વ્યાપક છે, પુદ્‌ગલ પોતે વ્યાપક છે ને એની જ્ઞાનાવરણી, દર્શનાવરણી આઠ કર્મની પર્યાય તેનું વ્યાપ્ય છે. આહાહા ! આત્મા એમાં નિમિત્ત છે અને અહીંયા જીવે રાગદ્વેષ કર્યો એવા નિમિત્ત છે એ પ્રમાણે મોહનીય કર્મ ત્યાં થયું પણ તે મોહનીય કર્મ થયું તે રાગદ્વેષને કારણે નથી થયું. આહાહા ! સમજાણું કાંઈ ?

એ મોહનીય કર્મ અહીં રાગદ્વેષ કર્યો, એવું નિમિત્ત છે તો કર્મ પરિણમ્યું, એમ નથી. આહા ! એ પ્રશ્ન મોટો થયો 'તો પહેલો રાજકોટમાં મુળશંકરભાઈ હારે જાુઓ કે અહીંયા રાગદ્વેષ થાય છે તો ત્યાં કર્મ પરિણમે છે કે નહિ ? રાગદ્વેષ ન થાય તો પરિણમે ? પણ અહીં પ્રશ્ન જ એ નથી કીધું અહીં. અહીં તો રાગદ્વેષને કાળે રાગદ્વેષનો કર્તા ભોક્તા જીવ તે કાળે કર્મ છે તે પોતાને કારણે કર્મની પર્યાયપણે વ્યાપ્યવ્યાપકપણે ભાવ્યભાવકપણે થયું છે. આહા ! અહીં રાગદ્વેષ થયા માટે ત્યાં જ્ઞાનાવરણીને દર્શનમોહને થવું પડયું એમ નથી. ( શ્રોતાઃ- રાગદ્વેષ થયા તે કાળે જ થાય છે ને ! ) તે કાળ ભલે એક હોય, એથી સમકાળ દેખીને અજ્ઞાનીઓ માને છે આ એમ તે કહે છે. એક કાળ દેખીને એ તો કહેશે-

ઘડાને થવામાં કુંભારનું નિમિત્તપણું એક કાળે હોવાથી અજ્ઞાનીઓ કુંભાર ઘડાને કરે છે એમ કહે છે, એમ આત્મામાં હીણી દશા ને વિપરીત દશાના પરિણામનું નિમિત્ત અને

જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અંતરાયના હીણાપણાનું ઉત્કૃષ્ટપણું અહીં પરિણમન થવું અને મોહનીયનું પરિણમવું અહીં વિપરીતતાની એવું નિમિત્ત હોવાથી, આ અજ્ઞાનીઓ એમ કહે છે કે એ તો પુદ્‌ગલ પોતાના પરિણામને પરિણામી થઈને કરે છે, અને પુદ્‌ગલ પોતાના પરિણામને ભાવ્ય થઈને ભાવક થઈને ભોગવે છે, પણ આનું નિમિત્ત છે એટલે અજ્ઞાનીઓ એ દેખીને એ આત્માએ આ કર્યું ને આત્માએ આ ભોગવ્યું. આરે કામની આવું બધું યાદ શી રીતે, રતિભાઈ ! આ તમારા સંચા–બંચાની વાત તો ક્યાંય આઘી રહી ગઈ.

આંહી તો નિમિત્ત–નિમિત્ત છે, નજીકમાં છે, કાળ એક છે, સમજાણું કાંઈ ? (શ્રોતાઃ– રાગદ્વેષ કરે તો ઉદય કહેવાય રાગદ્વેષ ન કરે તો નિર્જરા કહેવાય) એ ક્યાં પ્રશ્ન છે અહીંયા ? રાગદ્વેષના પરિણામ કર્તા કોણ અને ભોક્તા કોણ એટલી વાત છે અહીંયા, અને ઉદયનું ખરવું અને ઝરવું એના કારણે છે. અહીં રાગદ્વેષ ન થયો ન કર્યો માટે ઉદયનું ઝરવું થયું છે એમેય નથી, (ઉદયનું ખરવું) એને પોતાને કારણે. આહાહા... ઝીણી વાત બહુ ભાઈ. આહાહા ! ન્યાયથી પકડાય એવું છે. જરીક ખ્યાલ રાખે તો પણ, એને ભાવ્યભાવકભાવથી પુદ્‌ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે. જ્ઞાનાવરણીના વિપાકનું ફળ તે જ્ઞાનાવરણીના પરમાણું ભોગવે છે. આહાહાહા... ! મોહનીયના કર્મનું ફળ તે મોહનીય કર્મ ભોગવે છે અનુભાગ. આહાહાહા !

આવું હોવા છતાં પણ, એમ છે ને ? તો પણ, તો પણ કેમ લીધું ? કે આ રીતે કરે છે એમાં બહારમાં હવે આવું ત્યાં અંદરમાં છે કર્મમાં છતાં બહારમાં હવે આત્મા છે ? વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે લ્યો. અજ્ઞાનને લીધે પુદ્‌ગલકર્મના અનુકૂળ ને નિમિત્તરૂપ અનુકૂળ એવા પોતાના રાગદ્વેષ આદિ પરિણામને કરતો, કર્મના કાળે કર્મના પરિણામનો પરિણામી કર્મ કર્તા ભોક્તા છે, એ કાળે તે જીવ અહીં બાહ્યમાં એટલે કર્મની દશાથી ને કર્મથી બહારમાં આત્મા પોતાના અજ્ઞાનભાવે રાગને કરતો, છે ? પોતાના રાગાદિકને કરતો અને તેના ફળને ઉત્પન્ન થયેલી વિષયોની નિકટતા, તેનાથી ઉપજેલી આ સામગ્રીનું નિમિત્તપણું નાખ્યું. વિષયોની નિકટતા, એને મળ્યું છે નિમિત્તથી, સંયોગ. એની નિકટતા એનાથી ઉપજેલી સુખદુઃખરૂપ પરિણતિ પોતાની પોતાને કારણે, શાતા–અશાતાના સંયોગો લઈને મળ્યું પણ પોતે તેના લક્ષમાં કરીને પોતે સુખદુઃખના પરિણામપણે પરિણમે છે. એ શાતા–અશાતા એ પરિણમાવતું નથી તેમ એ શાતા–અશાતા સંયોગ જે નિમિત્ત થયા તે તેને આંહી સુખદુઃખ કરાવતું નથી. આહા !

“પુદ્‌ગલકર્મના પાકથી ઉત્પન્ન થયેલી, વિષયોની નિકટતા તેનાથી ઉપજેલી પરિણતિને” પુદ્‌ગલકર્મનાં વિપાકથી થયેલી સુખદુઃખરૂપ પરિણતિને ભાવ્યભાવકભાવ વડે અનુભવતો ભોગવતો એવો જીવ પુદ્‌ગલકર્મને કરે છે. આહાહા ! અહીં તો ફક્ત તેની સુખ દુઃખની પરિણતિને પોતે ભોગવે છે અને પોતે સુખદુઃખના પરિણામને કરે છે, છતાંય એ જીવ પુદ્‌ગલકર્મને કરે છે, કેમકે જેટલો જેવો અહીંયા ભાવ થયો તેટલા તેટલા પ્રમાણમાં કર્મ થયું. સમજાણું કાંઈ ? ત્રાજવામાં બશેરી પડે અને આંહી બશેર માલ હોય તો સરખો થાય પણ અહીં બશેર માલ હોય અને દોઢ શેરી હોય તો કાંટો સરખો ન થાય માટે માલ ઓછો પડયો માટે કાંટો આમ ઊંચો

રહ્યો એમ ના પાડે છે. આહાહાહા ! કાંટો હતો તો અહીં બશેર ને દોઢશેર મુકાણું તો કાંટો આમ રહી ગયો એ અહીં ઓછું છે માટે રહી ગયો, એમ નથી કહે છે. આ તો બધું એને નિમિત્ત છે અને ઉપાદાન તો ત્યાં તેને પોતાના કારણે ત્યાં થયું છે. આવી વાતું છે દુનિયાથી... ( જુદી ) આહાહાહા !

અહીંયા તો પુદ્‌ગલમાં પરમાણુંઓમાં તે સમયની તે પર્યાય કર્મરૂપે થવાનો, તે તેનો જન્મક્ષણ છે. તેથી તે પુદ્‌ગલનાં પરિણામને કર્મના પરિણામને કર્મ કરે છે અને તેના કર્મના ફળને કર્મ ભોગવે છે, પણ એમાં આત્માનું નિમિત્ત દેખીને આત્મા એને કરે છે ને ભોગવે છે એમ કહેવું એ તદ્દ્‌ન જૂઠું છે. આહાહાહા !

કર્મ આત્મા કરે છે એમ જેવો એને દયાનો ભાવ કર્યો, રાગ, તેના પ્રમાણમાં ત્યાં શાતા બંધાણી માટે શાતા બંધાણીના પરિણામનું પરિણામ કર્મનું ને પરિણામી કર્મ એને એ રાગ થયો તે નિમિત્ત છે માટે તેનો કર્તા છે, શાતાવેદનીયના પરિણામનો બાંધવાનો કર્તા રાગ છે, એમ જૂઠું છે. આહાહાહા !

હવે આમાં નવરાશ ક્યાંથી આ બધુ. એય ! નવરંગભાઈ ! પાણીનું ગળવું.... ઈચ્છા થઈ, તેથી પાણીના ગળવાની ક્રિયા થઈ એ ના પાડે છે. અહીં એ પાણીના પરમાણુંઓ તે વખતે તે રીતે ગળવાના પર્યાયપણે પરિણમવાના હતા તે પરિણામનું પરિણામી પાણીનાં પરમાણું પરિણામી છે, પણ આની ઈચ્છા થઈ માટે આને પરિણમાવ્યું ઓલું નિમિત્ત દેખીને અજ્ઞાની કહે છે આને ઈચ્છા થઈ માટે આણે પાણીને ગળ્યું તે વાત જૂઠી છે. ભારે વાતું ભાઈ ! આવી વાતું તો કોઈ દિ' સાંભળવા ન મળી હોય તેવી છે. પાણી ગળી શકે નહિ, ગળણું આમ લાંબુ કરી શકે નહિ એમ કહે છે. બેડું હોય ને બેડું હાથને, શું કહેવાય ? ગળણું મુકે ને આમ ગળણું, જ્યારે પાણી નાખે ને ત્યારે બેડામાં ગળણું હોય ને આમ પહોળું. કહે છે એ ગરણું આમ થયું એ આત્માએ કર્યું નથી. ફક્ત તે ગળણાની પર્યાય તે વખતે તે રીતે આમ થવાની એનો કાળ હતો, એ થઈ છે એથી એ ગળણાના પરમાણુંઓનું એ પરિણમન છે, એને ઓલો ઈચ્છાવાળો કહે કે મારે લઈને આ પરિણમન થાય છે આ ગળણું ગળાય છે, મુક્યું છે મેં. આરે ! ભારે વાતું આકરી. કેટલાયે તો આ વાત પહેલી સાંભળીય નહિ હોય. આહાહાહા ! આંહીયા તો અંદરમાં નાખ્યું. આહાહા !

કે પુદ્‌ગલકર્મ જેમ ઘડો માટીથી થયો તેમ પુદ્‌ગલકર્મની પર્યાય પુદ્‌ગલકર્મથી થઈ, તેના પરિણામને અનુકૂળ એવા અજ્ઞાનીના રાગદ્વેષ નિમિત્ત દેખીને અજ્ઞાની એમ કહે છે કે મારાંથી આ કર્મ થયું, એ અજ્ઞાનીનો જૂઠો મિથ્યાત્વનો વ્યવહાર છે. કહો, પુંજાભાઈ ! ( શ્રોતાઃ- પુદ્‌ગલ કર્મને કરે ને ભોગવે એ જુના કર્મની વાત છે કે નવા કર્મની ) બધા એ જ કહે છે, એ પ્રશ્ન ક્યાં છે આંહી. નવા તો બાંધવાની વાત છે. નવા બાંધવાની વાત છે. ને જૂના ભોગવવાની વાત છે. ઈ પ્રશ્ન આંહીયા નથી કાંઈ. આંહી તો કર્મની પર્યાયનું થવું અને ભોગવવું ભાવ્ય ને ભાવક ને કર્તાકર્મ તે કર્મમાં છે. આત્મા તેને રાગદ્વેષનો નિમિત્તની અનુકૂળતા હોવાથી અજ્ઞાનીઓ એમ કહે છે કે એ આત્માએ કર્મ બાંધ્યુ ને ભોગવ્યું. સમજાણું કાંઈ ? આહાહા !

રોટલી થવામાં અનુકૂળ વેલણું આમ થાય, એને નિમિત્ત છે રોટલી થવામાં, એટલે આ

પરિણામ જે થયા વેલણાના એ નિમિત્ત છે, અને થયા છે પરિણામ એના એને કારણે, પણ નિમિત્ત દેખીને વેલણાએ રોટલીને લાંબી પહોળી કરી, એવું માનનારા અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. કહ્યું સમજાણું કાંઈ ? લોટ છે એની રોટલી થઈ, એ રોટલીના પરિણામનું પરિણામી લોટ કર્તા છે, અને એની પર્યાયનું ભોક્તા પણ તે તેનો લોટ છે, હવે એને જોડે અનુકૂળ વેલણું દેખીને વેલણાએ આ રોટલી કરી, એ તો નિમિત્ત છે, અનુકૂળ નિમિત્ત છે. પણ અનુકૂળ દેખીને એણે આને કર્યું એ માન્યતા મિથ્યાભ્રમ છે. ( શ્રોતાઃ– બાઈએ રોટલી કરી ) પણ એટલે બાઈ એટલે કોણ કરતું બાઈનો તો રાગ છે એ. બાઈ દ્રવ્યની તો વાતેય કયાં છે આંહીં ? એનો જે રાગ છે એ ઈચ્છા રોટલી વખતે થઈ, એ ઈચ્છા રોટલીની પર્યાય થવામાં અનુકૂળ નિમિત્ત છે. માટે ઈચ્છાએ આ રોટલી કરી એ માન્યતા અજ્ઞાનીની છે. આહાહાહા ! આવું તત્ત્વનું સ્વરૂપ છે.

આ ચશ્માની પર્યાય અહીંયા જે રહી છે, એ પરિણામનો આધારનો આધાર એના પરમાણું છે, પણ એને આ નાકનું નિમિત્તપણું દેખીને, નાકને આધારે આ રહ્યું એમ જે કહે છે એ મિથ્યાદૃષ્ટિ છે. કહો રસીકભાઈ, આવું સાંભળ્યું નથી જિંદગીમાં કોઈ દિ’ બાબુભાઈ ! આવી વાત છે. આહાહાહા ! આ કપડું જે આમ છે, એ કપડાના પરિણામનું આધાર, વ્યાપ્યવ્યાપક, ભાવ્યભાવક કપડામાં છે એનામાં, પણ આ માથાનું નિમિત્ત દેખીને, માથાને આધારે આ રહ્યું કપડું એમ કહેવું તે મિથ્યાભ્રમ છે. આવી વાતું છે. ( શ્રોતાઃ– આખી દુનિયા મિથ્યાદૃષ્ટિ થઈ ગઈ ) આખી દુનિયા આ પ્રમાણે માને તો આખી દુનિયા જ એ છે એમાં શું છે ? આહાહાહા !

કહો, ચીમનભાઈ ! આવી વાતું તો કયાંક કોક વખતે કહેવામાં આવે, અહીંયા આવતું હોય તો કહેવાયને, શું વાત ? કેટલું ભર્યું છે સિદ્ધાંતમાં. આ બાઈ હોંશિયાર હોય ને પુડલા કરતા બહુ આવડે એને, પુડલા કરવા ને રાંધવું ને વળી પાછું તેલ નાખવું ઉપર–ઉપર આમ કાંઠે કાંઠે નાખે ઉપર નહિ, એ હોશિંયાર હોય તે પુડલા કરી શકે, એ વાત મિથ્યાત્વ છે આંહી કહે છે. એ બાઈની ઇચ્છાનું નિમિત્ત અને ઉપાદાન, તે શું કહેવાય કીધું ? પુડલા–પુડલાની પર્યાયનું કર્તા તે પરમાણુંઓ છે. પાકવામાં અને તે પરિણામનો ભોક્તા તે પરમાણુંઓ છે. છતાં અજ્ઞાનીને ઈચ્છા છે એવું એને નિમિત્ત દેખીને એ પુડલાની પર્યાયને મેં કરી એ ભ્રમણા અજ્ઞાન છે.

એય આ લખવામાં ! આ લખવાની જે પર્યાય છે, તે પર્યાય પરમાણુંની પર્યાય તે ટાણે થઈ. એ પર્યાયનો કર્તા તે પરમાણુંઓ છે. કલમેય નહિ, એનો હાથેય નહિ, એનો આત્માય નહિ, પણ એ અક્ષરના સ્વતંત્ર પરિણામનો પરિણામી પરમાણું અને ભોગવનાર તે પરમાણું, પણ તેને ઓલા ઈચ્છાવાળો નિમિત્ત છે ને ? એને આવા જ અક્ષર કરવાનો ભાવ હતો તે નિમિત્ત છે. તો અજ્ઞાની એમ માને છે કે ઈચ્છાને કારણે આવા અક્ષર થયા. ( શ્રોતાઃ– એ મોતીના દાણા જેવા અક્ષર થાય છે ને ) એ મોતીના દાણા જેવા એ પરમાણુંની પર્યાય તે કાળે એમ થવાની. એ જ કાળે એમ થવાની. મોતીના દાણાની પર્યાય પરમાણુંનો તે સમયનો તે ઉત્પત્તિનો તેનો તે કાળનો તે અને તેથી તે પરિણામનો તે પરિણામી તેના પરમાણુંઓ કર્તા, પણ લખનારો કહે કે આ મારાથી લખાણું એ મિથ્યાદૃષ્ટિ છે. કાળીદાસભાઈ ! શું કરવું આમાં ? કહો મલુકચંદભાઈ !

આ સંભળાય છે કે નહિ આ ?

આ તમારો ઓલો ન્યાં રહી ગયો રખડવા, ન્યાલચંદ ન્યાં રખડે છે. આંહી સાંભળે પંદર દિ' તો ખબર પડે આ બધુ શું છે ઇ. સાંભળવાય મળતું નથી એને. આહાહા ! અરે ભગવાન ! અહીંયા તો પદાર્થની સ્વતંત્રતા જે રીતે સ્વયં સિદ્ધ છે, તે રીતે એની વાત કરે છે. ( શ્રોતાઃ- ચાલતી ઘરધથ્થુ ભાષામાં આપ વાત કરો છો ) ચાલતી ભાષામાં તો કહ્યું. આહાહા ! દાખલાય ભગવાન આપે છે ને તમારા સાટુ તો દાખલો ઘરે થાય એવો દાખલો. આહા !

ભગવાન તારી બલીહારી છે પ્રભુ ! એ ઊંધો પડે તોય તારી પર્યાયમાં અને સવળો પડે તોય તારી પર્યાયમાં, પરને લઈને કાંઈ છે નહિ અને પરના પરમાણું પલટે ને વિનાશ થઈ જાય કે વ્યય થઈ જાય કે ઉત્પન્ન થાય તેમાં તારો અધિકાર કાંઈ નથી. આહાહાહા ! આવી વાતું છે ભાઈ. આ તો ચાર પૈસે શેર તો મણના અઢી રૂપીયા એ કૂંચી છે. પછી એના દાખલા ગમે તેટલા કરો. ૩૫ શેરના ૩૫ આના, સાડા ત્રણ શેરના સાડા ત્રણ આના, એમ સિદ્ધાંત આ છે, આ તો દાખલા બધા કહો, વજુભાઈ ! શું કર્યું આ બધું અત્યાર સુધી. ન્યાં કર્યું'તું શું કહેવાય વાંકાનેરમાં ઓલા મકાન બનાવ્યા'તા ને આ બધું. કાગળ બનાવ્યા તા' નકશા બનાવ્યા'તા નકશો બનાવ્યો આવો, આમ કરો ને આમ માથે શિખરને હેઠે આમ. આહાહાહા ! એ નકશાના પરિણામનો પરિણામી પરમાણુંઓ છે. એ નકશાના પરિણામને જીવે કર્યા એમ કહેવું એ મિથ્યા નિમિત્ત દેખીને મિથ્યાદૃષ્ટિ એમ માને છે. આહાહાહા... બહુ આકરું કામ ભાઈ હોં !

જ્ઞાનાવરણી કર્મને લઈને અહીંયા હીણી અવસ્થા થઈ. હીણી અવસ્થામાં એ નિમિત્ત છે એથી દેખીને તેણે હીણી અવસ્થા કરી એ તદ્દન મિથ્યાભ્રમ છે. તેમ જ્ઞાનાવરણીની પર્યાય ખસી થોડી એટલે અહીં ક્ષયોપશમ થયો એ પણ વાત જૂઠી છે, જ્ઞાનાવરણીની પર્યાયનું ખસવું જરી ઉઘાડ થવો એ એના પર્યાયનું પ્રાપ્ય કાર્ય એનું છે અને અહીં જે ઉઘાડ થયો તે પ્રાપ્યનું કામ આત્માનું છે. છતાંય એ ઉઘાડ જ્ઞાનાવરણી ખસ્યું માટે અહીં ઉઘાડ થયો, એમ જે માનવું તે મિથ્યાભ્રમ છે. આ તો દાખલા હોં. આહાહાહા !

જૈનમાં કર્મનું લાકડું બહુ મોટું છે. અંતરાય કર્મ અંતરાય પાડે, મોહનીય કર્મ આત્માને ભૂલાવે, શાતા વેદનીય આત્માને અનુકૂળ સાધન આપે, એય ખોટી વાત છે. અનુકૂળ આવવા સાધન એ પરમાણુંની પર્યાય એનું એ કાર્ય છે. શાતાવેદનીય તો તેમાં નિમિત્ત છે, નિમિત્ત દેખીને એમ કહેવું કે શાતા વેદનીયને લઈને આ શરીરમાં શાતા થઈ કે અનુકૂળ સાધન મળ્યા, એ બધો વ્યવહાર ભ્રમ છે. કહો, પવનભાઈ સમજાય છે આમાં ? ન્યાં ઉદયપુરમાં આવું કયાંય ન મળે. આહાહાહા ! ઘાસીલાલજી ! આહાહા ! બહુ સરસ વાત છે. આહાહા !

તે ભેદજ્ઞાનની યથાર્થતા, વાસ્તવિકતા. 'પુદ્‌ગલકર્મનાં વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની નિકટતા, નજીક, અનુકૂળતા તેનાથી ઉપજેલી પોતાની સુખ દુઃખરૂપ પરિણતિને ભાવ્યભાવકભાવ વડે અનુભવતો ભોગવતો એવો જીવ, એવો જીવ પુદ્‌ગલકર્મને કરે છે અને પુદ્‌ગલકર્મનાં ફળના વિપાકને ભોગવે છે એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસાર છે, અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે. ( શ્રોતાઃ- અજ્ઞાનીનો વ્યવહાર છે તો જ્ઞાનીનો શું વ્યવહાર છે ) એ અહીં કયાં પ્રશ્ન છે.

જ્ઞાનીનો વ્યવહાર તો પોતાના પરિણામને કરે એ વ્યવહાર છે. એ અત્યારે અહીં એ કામ નથી. અહીં તો કહે છે કે કર્મના પરિણામ કર્મથી થયા કર્તાભોક્તાપણે અને ભાવ્યભોક્તાપણે, અને એમાં આત્માના રાગદ્વેષનું ફક્ત નિમિત્ત હતું તેથી ગણીને અજ્ઞાનીઓ આને કર્યું એમ કહેવામાં આવે છે, આંહી સિદ્ધાંત તો આ છે.

જ્ઞાનાવરણી, દર્શનાવરણી, છ કારણે જ્ઞાનાવરણી બંધાય છે ને ? છ પ્રકાર છે ને ? એ છ પ્રકારના પરિણામનો કર્તા તો જીવ છે. હવે એ છ પ્રકારના પરિણામ જીવે કર્યા માટે જ્ઞાનાવરણી બંધાણું એ ભ્રમ છે. આવે એવું, છ કારણે જ્ઞાનાવરણી બંધાય, છ કારણે દર્શનાવરણી બંધાય, નથી આવતું ? હેં ! શાસ્ત્ર ભાષા બોલે છે, પણ એ તો એને સમજાવે છે કે નિમિત્ત કોણ હતું ત્યાં. આહાહાહા ! ( શ્રોતાઃ- એ તો ચોખ્ખી વાત કરી પરિણામથી જ્ઞાનાવરણી કર્મ બંધાતા નથી ) પરિણામને કરતો જ નથી. જ્ઞાનાવરણી પરિણામ આત્માની હીણી દશાને કરતો જ નથી. ( શ્રોતાઃ- તો એ ખોટા પરિણામ બંધાતા જ નથી ) નહિ એ વાત જ ખોટી છે એમ કહે છે. ખોટા પરિણામ કરે ને એ વખતે જો ત્યાં એ પરમાણું બંધાય તો એ ખોટા પરિણામને કારણે નહિ અને શુભ પરિણામ કર્યા માટે ત્યાં શાતાવેદનીય બંધાણી એમ નહીં. શાતાવેદનીયના પરમાણુંનો તે સમયમાં તે પર્યાયે પરિણમવાનો કાળ હતો, ત્યારે આના રાગની મંદતા નિમિત્ત કહી, પણ નિમિત્તથી આ શાતાવેદનીય બંધાણું એ મત ભ્રમ છે. અજ્ઞાનીનો વ્યવહાર ભ્રમ છે. હવે આમાં શું કરવું ? ધંધા કરવા કે નહીં આમાં ? આહાહાહાહા !

આ આંગળી છે જુઓ, એની આ પર્યાય થાય છે ને એ પર્યાય પ્રાપ્ય છે, કર્મ છે, કાર્ય છે કોનું ? એના પરમાણુંનું, પરમાણું પરિણામી તેની તે પર્યાય છે. પણ તેમાં આત્માની ઈચ્છા આંગળી આમ હલાવું, એવી ઈચ્છાનું નિમિત્ત દેખીને અજ્ઞાનીઓ એમ કહે છે કે આત્માએ આ આંગળીને આમ હલાવી. સમજાણું કાંઈ ? આહાહા ! ભારે ગાથા-૮૪ના અવતાર મુકાવી દે એવી ગાથા છે. આહાહા !

બાઈયું બહુ હોશિયાર હોય ને તો વડીઓ બહુ સારી કરે. ખબર નથી ? વડી-વડી. પાપડ કરે, ખાટલામાં ઓલું નાખે ને લાંબુ પાટીયું, હોંશિયાર હોય તો સેવ સારી કરે, પાપડ સારા કરે, ને વડી સારી કરે, પુડલા સારા કરે, હાથ સારો હોય ને ? એ વાત તદ્દન અજ્ઞાન છે એમ કહે છે. અમે એક ફેરી વણોદ ગયા 'તા, વણોદ-વણોદ ઉમરાળાથી છે ને. છે. હવે વાંઢા રોટલી કરે ને ? ઉમરાળાથી વણોદ છે ને ત્યાં જઈએ તો વાંઢા રોટલી આમ સરખી નહિ વેલણું ફેરવતા આમ આવડે નહિ ને માટે એમ થઈ હશે ? પણ બહારથી તો એમ કહેવાયને, આમ રોટલી ગોળ ચક્કર સરખી થવી જોઈએ ને ? વેલણું આમ સરખું ફરવું જોઈએ ને ? એને ઠેકાણે ઓલો વાંઢો માણસ હતો એટલે આમ જરી આડી અવળી રોટલીના ખૂણા થયા પણ તે જ વખતે તે રોટલીની પર્યાય તે જ રીતે પરિણામપણે થવાની હતી, એને વેલણુંએ કરી અને વેલણું ફેરવતા ન આવડયું માટે થઈ એ વાત ખોટી છે. આહાહા ! આવી વાતું. આ તો બધા દાખલા છે. કૂંચી તો આ. પરદ્રવ્યના પરિણામના કાળે પરિણામી તે દ્રવ્ય છે કર્તા ભોક્તા, તે તો નિમિત્ત અનુકૂળ દેખીને તેનાથી આ કર્તા ભોક્તા કહેવો તેનો કરનારો એ મિથ્યાભ્રમ અજ્ઞાન છે તેના જ્ઞાનમાં મોટી વિપરીતતા છે.

**ભાવાર્થઃ-** પુદ્‌ગલકર્મને પરમાર્થે અહીં લીધું. "ખરેખર પુદ્‌ગલદ્રવ્ય જ કરે છે" જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અંતરાય, મોહનીય નામ અહીંયા પરિણામ તીર્થંકર ગોત્રના થયા પુણ્ય, શુભભાવ માટે ત્યાં તીર્થંકરગોત્ર પર્યાય બંધાણી એમ નથી એમ કહે છે. આહાહાહાહા ! એ વખતે તે પરમાણુંની પર્યાય તીર્થંકર પ્રકૃત્તિની પર્યાયપણે પરમાણુંનો પરિણમવાનો કાળ હતો તેથી પરિણમ્યો એને જ્ઞાનીના શુભરાગ નિમિત્ત કહેવાય, પણ તેથી તે શુભરાગને લઈને તીર્થંકર પ્રકૃત્તિ બંધાણી એ વાત ખોટી છે. આખી દુનિયાથી બધો ફેરફાર લાગે આમ નહીં, ચક્કર આખું ચક્કર ફેર છે. આહા ! જુદી જાત છે બાપુ, તત્ત્વ બહુ ઝીણું છે ભાઈ. આહાહાહા !

એ તત્ત્વોને તત્ત્વની સ્થિતિથી જેમ છે તેમ જાણવું એ બહુ મહા પુરુષાર્થ છે. આહાહાહા ! પછી દયા, દાન ને વ્રતના પરિણામ થવા એ તો વળી જુદી વાત છે. પણ આ હજી એનું યથાર્થ જ્ઞાન થવું પહેલે મોકે એ વિના આગળ હાલી શકશે નહીં એ વાતનું યથાર્થ જ્ઞાન પહેલું કરવું પડશે. આહાહા ! આહાહા !

"જીવ તો પુદ્‌ગલકર્મના ઉત્પત્તિને નિમિત્ત અનુકૂળ પોતાના રાગાદિ પરિણામોને કરે છે" બસ પણ એ પુદ્‌ગલનાં પરિણામ કરતો નથી. વળી પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મને ભોગવે આમ વ્યય થાય જીવ તો પુદ્‌ગલકર્મના નિમિત્તથી થતા પોતાના રાગાદિકને ભોગવે છે. પરંતુ જીવ અને પુદ્‌ગલનો આવો નિમિત્ત નૈમિત્તિક ભાવ દેખી, દેખો નિમિત્તનૈમિતિક ભાવ દેખી, મોક્ષમાર્ગ પ્રકાશકમાં બહુ આવે છે. આ નિમિત્ત ભાવ દેખીને, દેખીને ઘણે ઠેકાણે આવે છે, પાનાય લખ્યા છે ત્યાં. અજ્ઞાનીને એવો ભ્રમ છે કે પુદ્‌ગલકર્મને જીવ કરે છે અને ભોગવે છે. આવો અનાદિ અજ્ઞાનને લીધે, અનાદિકાળથી પ્રસિદ્ધ વ્યવહાર છે. પણ એ બધો ખોટો છે. એ વિશેષ કહેશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૭૩ ગાથા-૮૪ તા. ૧૯/૦૧/૭૯ શુક્રવાર પોષ વદ-૬

૮૪ નો છેલ્લો પેરેગ્રાફ છે ને ? "પરમાર્થે જીવ પુદ્‌ગલની પ્રવૃત્તિ ભિન્ન ભિન્ન હોવા છતાં" જીવની પરિણતિ અને પુદ્‌ગલની પરિણતિ તદ્‌ન ભિન્ન ભિન્ન છે, પ્રવૃત્તિ કીધી છે ને ? જીવ અને પુદ્‌ગલની પ્રવૃત્તિ એટલે પરિણતિ એટલે પર્યાય ભિન્ન ભિન્ન હોવા છતાં "જ્યાં સુધી ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી બહારથી તેમની પ્રવૃત્તિ એક જેવી દેખાય" પુદ્‌ગલની પરિણતિ અને જીવની પરિણતિ ભેદજ્ઞાન વિના એક જેવી દેખાય. ઝીણી વાત છે બહુ. આહાહા !

"અજ્ઞાનીને જીવ પુદ્‌ગલનું ભેદજ્ઞાન નહિં હોવાથી" પુદ્‌ગલના પરિણામ ને જીવના પરિણામ ભિન્ન છે તેવું ભેદજ્ઞાન નહિ હોવાથી, "ઉપલક દૃષ્ટિએ જેવું દેખાય તેવું તે માની લે છે" એટલે જાણે કે પુદ્‌ગલના પરિણામ મેં કર્યા અને મારા પરિણામ એણે કર્યા, એમ ભેદજ્ઞાનના અભાવથી બેની ક્રિયાનો કર્તા હું છું, પરનો અને મારો, એમ એ માને છે. તેથી તે એમ માને છે કે જીવ પુદ્‌ગલકર્મને કરે છે, જીવ પુદ્‌ગલની પર્યાયને કરે છે એમ. સમજાણું કાંઇ ? કર્મબંધનની પર્યાય થાય છે અને અહીં પરિણામ થયા, એ પરિણામ એનું કાર્ય. પણ એને લઈને માને કે કર્મ જે પુદ્‌ગલ છે એના પરિણામ એ પણ મેં કર્યાં એમ એ કરે છે અને ભોગવે છે, એમ એ માને છે.

"શ્રી ગુરુ ભેદજ્ઞાન કરાવી પરમાર્થે જીવનું સ્વરૂપ બતાવી ને અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે." આહાહા ! અજ્ઞાનીની વાત છે ને અત્યારે એનાં પરિણામ જે છે. છ પ્રકારે કર્મ બંધાય એવા જે પરિણામ છે. પંડિતજી ! એ છ બોલના પરિણામ છે એ જ્ઞાનાવરણીય બંધનમાં નિમિત્ત છે, એ પરિણામ છે એ જીવના, તો એ જીવના પરિણામનો અજ્ઞાની કર્તા છે. પણ તે પરિણામનો કર્તા હોવા છતાં તે કાળે તે જ પ્રકારનું ત્યાં જ્ઞાનાવરણીય કર્મ બંધાણું, છતાં તે પરિણામનો કર્તા તે અજ્ઞાની નથી. અરે, આવી વાતું હવે. સમજાણું કાંઇ ? 'અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે,' તને ભાસ થાય છે કે તારા પરિણામ કર અને પુદ્ગલના પરિણામ પણ કર, એ તારો વ્યવહાર અજ્ઞાનીનો છે એ ખોટો છે. આહાહા ! એ આવી ગયું 'તું થોડું એટલે, હવે આમાં "ક્રિયા" શબ્દ ચોખ્ખો આવશે. "ક્રિયા", હવે આ વ્યવહારને દૂષણ કહે છે. ૮૫ છે ને ?

જીવ વિભાવ-પરિણામથી શૂન્ય છે, કયારે ?-કે ત્રણેકાળ ને ત્રણેલોકમાં. અરે ! જે અનંત કાળમાં ત્રસપણું પણ પામ્યો નથી ને ભવિષ્યમાં પણ ત્રસપણું પામશે નહીં એવા નિગોદનો જીવ પણ વિભાવના પરિણામથી શૂન્ય સ્વભાવે છે. પર્યાયમાં ભલે ગમે તે પ્રકાર હો પણ જે શુદ્ધ જીવ છે એ તો આવો જ છે. ત્રણેકાળ ને ત્રણેલોકમાં જે જીવ છે તે આવો જ છે, એટલે કે વિભાવ-પરિણામથી શૂન્ય શુદ્ધ જીવ છે. વર્તમાનકાળે શુદ્ધ કે ભવિષ્યમાં થશે ત્યારે શુદ્ધ છે એમ નહીં પણ ત્રણે કાળે ભગવાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આત્મા છે. ભલે પછી પાંચમો કે છઠ્ઠો આરો હો ને ભલે પછી કસાઈ થઈને ગાયોને કાપતો હોય પણ અંદર જે આત્મા છે તે આવો ભગવત્ સ્વરૂપ શુદ્ધ છે. પર્યાયમાં ગમે તેવા પરિણામ થયા પણ ભગવાન છે તે તેમાં આવતો જ નથી. કઈ દૃષ્ટિએ ?-પર્યાયદૃષ્ટિએ નહીં હો ! શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ ત્રિકાળ આનંદકંદ પ્રભુ શુદ્ધ છે અને તે જ ભૂતાર્થ છે.

**( આત્મધર્મ, અંક ૭૧૪-૭૧૫, વર્ષ-૫૯ પાના નં. ૫ )**

## ગાથા - ૮૫

अथैनं दूषयति-

जदि पोग्गलकम्ममिणं कुव्वदि तं चेव वेदयदि आदा।
दोकिरियावदिरित्तो पसज्जदे सो जिणावमदं।।८५।।

यदि पुद्गलकर्मेदं करोति तच्चैव वेदयते आत्मा।
द्विक्रियाव्यतिरिक्तः प्रसजति स जिनावमतम्।। ८५ ।।

इह खलु क्रिया हि तावदखिलापि परिणामलक्षणतया न नाम परिणामतोऽस्ति भिन्ना; परिणामोऽपि परिणामपरिणामिनोरभिन्नवस्तुत्वात्परिणामिनो न भिन्नः। ततो या काचन क्रिया किल सकलापि सा क्रियावतो न भिन्नेति क्रियाकर्त्रोर व्यतिरिक्ततायां वस्तुस्थित्या प्रतपत्यां , यथा व्याप्यव्यापकभावेन स्वपरिणामं करोति भाव्यभावकभावेन तमेवानुभवति च जीवस्तथा व्याप्यव्यापकभावेन पुद्गलकर्मापि यदि कुर्यात् भाव्यभावकभावेन तदेवानुभवेच्च ततोऽयं स्वपरसमवेतक्रियाद्वयाव्यतिरिक्ततायां प्रसजन्त्यां स्वपरयोः परस्परविभागप्रत्यस्तमनादनेकात्मकमेकमात्मानमनुभवन्मिथ्या दृष्टितया सर्वज्ञावमतः स्यात्।

---

હવે આ વ્યવહારને દૂષણ દે છે :-

**પુદ્‌ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,**
**જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫.**

**ગાથાર્થ:-** [ यदि ] જો [ आत्मा ] આત્મા [ इदं ] આ [ पुद्गलकर्म ] પુદ્‌ગલકર્મને [ करोति ] કરે [ च ] અને [ तद् एव ] તેને જ [ वेदयते ] ભોગવે તો [ सः ] તે આત્મા [ द्विक्रियाव्यतिरिक्तः ] બે ક્રિયાથી અભિન્ન [ प्रसजति ] ઠરે એવો પ્રસંગ આવે છે- [ जिनावमतं ] જે જિનદેવને સંમત નથી.

**ટીકા:-** પ્રથમ તો, જગતમાં જે ક્રિયા છે તે બધીયે પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર પરિણામથી ભિન્ન નથી ( -પરિણામ જ છે ); પરિણામ પણ પરિણામીથી ( દ્રવ્યથી ) ભિન્ન નથી કારણ કે પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે ( -જુદી જુદી બે વસ્તુ નથી ). માટે ( એમ સિદ્ધ થયું કે ) જે કોઈ ક્રિયા છે તે બધીયે ક્રિયાવાનથી ( દ્રવ્યથી ) ભિન્ન નથી. આમ, વસ્તુસ્થિતિથી જ ( અર્થાત્ વસ્તુની એવી જ મર્યાદા હોવાને લીધે ) ક્રિયા અને કર્તાનું અભિન્નપણું ( સદાય ) તપતું હોવાથી, જીવ જેમ વ્યાપ્યવ્યાપકભાવથી પોતાના પરિણામને કરે છે અને ભાવ્યભાવકભાવથી તેને જ અનુભવે-ભોગવે છે તેમ જો વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલકર્મને પણ કરે અને ભાવ્યભાવકભાવથી તેને જ ભોગવે તો

**તે જીવ, પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતાં સ્વ-પરનો પરસ્પર વિભાગ અસ્ત થઈ જવાથી ( નાશ પામવાથી ), અનેકદ્રવ્યસ્વરૂપ એક આત્માને અનુભવતો થકો મિથ્યાદૃષ્ટિપણાને લીધે સર્વજ્ઞના મતની બહાર છે.**

**ભાવાર્થઃ- બે દ્રવ્યોની ક્રિયા ભિન્ન જ છે. જડની ક્રિયા ચેતન કરતું નથી, ચેતનની ક્રિયા જડ કરતું નથી. જે પુરુષ એક દ્રવ્યને બે ક્રિયા કરતું માને તે મિથ્યાદૃષ્ટિ છે, કારણ કે બે દ્રવ્યની ક્રિયા એક દ્રવ્ય કરે છે એમ માનવું તે જિનનો મત નથી.**

## પ્રવચન નં. ૧૭૩ ગાથા-૮૫ તા. ૧૯/૦૧/૭૯

जदि पोग्गलकम्ममिणं कुव्वदि तं चेव वेदयदि आदा।
दोकिरियावदिरित्तो पसज्जदे सो जिणावमदं।।८५।।

આહાહાહા... "પુદ્ગલ કર્મ જીવ જો કરે" કર્મ હોં, પુદ્ગલની પર્યાયને, પુદ્ગલને નહિ, "પુદ્ગલ કર્મ જીવ જો કરે એને જ જો જીવ ભોગવે" પુદ્ગલના પરિણામને જીવ કરે અને પુદ્ગલના પરિણામને જીવ ભોગવે "જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે" તો પોતાના પરિણામને પણ કરે ને ભોગવે અને પરના પરિણામને પણ કરે ને ભોગવે ( તોએ ) બે ક્રિયાવાદી થયો. આહાહાહા ! બે ક્રિયાનો કરનારો મિથ્યાદૃષ્ટિ છે. આહાહાહા !

ટીકાઃ- જુઓ આમાં 'ક્રિયા' શબ્દ ચોખ્ખો આવ્યો, જગતમાં- "પ્રથમ તો જગતમાં જે ક્રિયા છે, એ બધીયે પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર પરિણામથી ભિન્ન નથી" ધ્યાન રાખજો પછી એવુંય કહેશે કે આત્મા પરિણામનો કર્તા છે, એ અભિન્નથી કહેશે, અને ભિન્નથી પરિણામ પરિણામનો કર્તા છે, એ ભિન્નથી છે. આહાહા ! અહીં કહે છે કે બધીયે ( ક્રિયા ) પરિણામ સ્વરૂપ હોવાથી, જેટલી ક્રિયા જગતમાં પરમાણુની કે આત્માની, એ પરિણામ સ્વરૂપ હોવાથી એ ક્રિયા પલટવાની ક્રિયા જે છે, એ પર્યાય છે તે બધીયે પરિણામ સ્વરૂપ છે. ગુણ દ્રવ્યસ્વરૂપ નથી. સમજાણું કાંઇ ?

'પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર પરિણામથી ભિન્ન નથી' એ પલટવાની 'ક્રિયા-ક્રિયા' પરિણામ સ્વરૂપ હોવાથી પરિણામથી તે ક્રિયા ભિન્ન નથી. તે પરિણમનની ક્રિયાથી પરિણમન ક્રિયા ભિન્ન નથી એક વાત. "અને પરિણામ પણ પરિણામીથી ભિન્ન નથી" અહીં અભેદથી સિદ્ધ કરવું છે. નહીંતર પરિણામ પરિણામીથી ભિન્ન છે. પરિણામ પરિણામીથી ભિન્ન છે પરિણામનો કર્તા પરિણામ છે. પણ અહીંયા અત્યારે અભિન્નથી વાત કરવી છે. જેમ આવ્યું'તું ને ભાઈ ઓલું, કે સત્તાને દ્રવ્ય કહેવું એ નિશ્ચય છે અને સત્તાને ગુણ કહેવું, એ ગુણને ગુણ કહેવું એ વ્યવહાર એ અનેકાંત છે. એમ આ પરિણામને જીવનો કર્તા કહેવો એ અભેદથી કથન છે. બાકી પરિણામ પરિણામનો કર્તા કહેવો તે ભેદથી કથન છે. આહાહાહા ! હવે આવું બધું ક્યાં ? કહો.

પરિણામ પણ, પરિણામ જે છે, પર્યાય છે તે ક્રિયા છે. હવે એ જગત પરમાણુની પર્યાય હો કે આત્માની પર્યાય હો, એ પર્યાયને ક્રિયા કહેવામાં આવે છે અને એ પરિણામ-ક્રિયા પરિણમનરૂપ ક્રિયા પરિણામથી બદલવાના ભાવથી જુદી નથી. પરિણામસ્વરૂપ હોવાથી

પરિણામથી ભિન્ન નથી. આહાહા ! જુઓ એ પરિણામથી ભિન્ન નથી. પરિણતિ પરિણતિથી ભિન્ન નથી. પરિણામ પણ-પરિણામ પણ હવે એ પરિણામ પણ, ટીકા તે કેવી ટીકા છે. પહેલું શું કહ્યું સમજાણું ? જીવના પરિણામ હો કે પુદ્‌ગલના પરિણામ હો એ પરિણામ પરિણામની ક્રિયા છે એ પરિણામથી ભિન્ન નથી, એ પરિણામરૂપી જે ક્રિયા છે ક્રિયા, એ પરિણામની ક્રિયા તે પરિણામથી ભિન્ન નથી. સમજાણું છે કાંઈ ? આહાહા !

હવે અહીંયા એ પરિણામ પણ પરિણામીથી ભિન્ન નથી. પરના પરિણામથી જુદું બતાવવું છે ને ? એથી એ પરિણામ છે તે પરિણામીથી ભિન્ન નથી, અભેદથી આ કથન છે. ખરેખર તો પરિણામીથી પરિણામ ભિન્ન છે અને પરિણામનો કર્તા દ્રવ્ય નથી, છતાં અહીં કર્તા દ્રવ્ય કહેશે અભિન્નથી આવે છે ને ભાઈ ઓલામાં "કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ, ક્રિયા પર્યાયની ફેરની, વસ્તુ એક ત્રય નામ." એ તો અભિન્નથી કથન કરવું છે, કે પરિણામનો કર્તા દ્રવ્ય છે. એ એનું પરિણામ છે એમ બતાવવા અભિન્નથી એનો કર્તા દ્રવ્ય કીધો. એ અભિન્નથી કથન છે. પરિણામ પરિણામનો કર્તા છે તે ભિન્નથી કથન છે. આહાહા..... આવી વાતું છે.

એ આગળ આવશે, શ્લોક આવશે. શ્લોક આવશે ને ? ૮૬ પછી શ્લોક આવશે ૮૬માં શ્લોક આવશે, "યઃ પરિણમતિ સ કર્તા" ૫૧ કળશ 'પરિણમતિ સ કર્તા' પરિણમે તે કર્તા, એમ કહેશે, પરિણમતિ-પરિણમતિ તે પર્યાય કર્તા એમ નહિ પણ પરિણમતિ તે કર્તા, છે ને ભાઈ, ૫૧ શ્લોક છે. 'યઃ પરિણમતિ સ કર્તા' "કર્તા પરિણામી દ્રવ્ય" એમ એનો અર્થ કર્યો, પરિણામી છે તે પરિણામનો કર્તા છે, એ અભિન્નથી કથન છે. અને પરિણામ પરિણામનો કર્તા છે, એ ભિન્ન છે, જેમ સત્તા દ્રવ્ય છે એ અભિન્નથી કથન છે, અને સત્તા ગુણ છે એ ભિન્નથી કથન છે, એમ પર્યાય પરિણામી કરે છે, એ અભિન્નથી કથન છે. પરિણામ પરિણામથી કરે છે તે ભિન્નથી કથન છે. (શ્રોતા-એમાં સાચું શું ?) આહાહાહા ! બેય સાચું છે. કઈ અપેક્ષાએ કીધું છે. અહીં તો પરિણામનો કર્તા દ્રવ્ય છે એમ કહેવું છે બીજાના પરિણામનો કર્તા નથી એટલું સિદ્ધ કરવા અભિન્ન કહ્યું. સમજાણું કાંઈ ?

જીવદ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે ભલે વિકારી છે તોય કર્તા છે એ પોતે, એમ કહેવું, ઓલો પરના પરિણામનો કર્તા નથી. પરથી ભિન્ન ઠરાવવા એના પરિણામનો કર્તા જીવ છે, એમ સિદ્ધ કરવું છે અભિન્ન. નિશ્ચયથી તો પરિણામ પરિણામનો કર્તા છે. રાગના પરિણામનો રાગ કર્તા છે, પણ પરના પરિણામનો કર્તા નથી તેથી એ દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે, એમ કહેવું છે. આવું છે. પરિણામ પણ, છે ને ? 'પરિણામ પણ એમ પરિણામીથી એટલે દ્રવ્યથી ભિન્ન નથી' અહીં અભેદ કથન કરવું છે ને ? આહાહાહા ! સમજાય છે કાંઇ આમાં ? કયાં ફેર પડે છે શું ? આહાહા..... !

જીવના પરિણામનો જીવદ્રવ્ય કર્તા છે એ અભિન્નથી કથન છે, એ દ્રવ્ય એનો કર્તા છે, પરદ્રવ્ય નહિ એટલું સિદ્ધ કરવા. બાકી, ખરેખર તો પરિણામ પરિણામનો કર્તા છે, એ ભિન્નથી કથન છે. જેમ સત્તા તે દ્રવ્ય છે તે અભિન્નથી કથન છે, સત્તા ગુણ છે તે ભિન્નથી કથન છે. એમ પરિણામનો કર્તા પરિણામી એ અભિન્નથી કથન છે ને પરિણામ પરિણામનો કર્તા એ ભિન્નથી કથન છે. અનેકાંત છે. આહાહા..... !

હવે આવું બધું લાંબુ સાંભળવાની નવરાશ ક્યાં, બાપુ મારગ તો આવો છે ભાઈ. એટલે, કે જીવ પોતે જે વિકારી પરિણામ ( રૂપે ) થાય છે, એ પરિણામનો પુદ્‌ગલ કર્તા નથી. પુદ્‌ગલના પરિણામ એનો કર્તા નથી. એથી એમ ઠરાવવું છે કે એ પરિણામનો કર્તા જીવ છે. સમજાણું કાંઇ ? એ અભેદથી કથન કહ્યું છે, વિકારી પરિણામનો કર્તા પણ જીવ છે એમ અહીં સિદ્ધ કરે છે. મિથ્યાત્વ ને રાગદ્વેષના પરિણામ થાય તે જીવના પરિણામ છે અને એ પરિણતિ પરિણામ છે તે પરિણામથી ભિન્ન નથી, શું કીધું ? રાગદ્વેષના પરિણામ થાય એ ક્રિયા છે, એ ક્રિયા એના પરિણામથી ભિન્ન નથી, એ પરિણામથી ભિન્ન નથી માટે તે પરિણામસ્વરૂપ છે અને તે પરિણામ પરિણામીથી ભિન્ન નથી, એટલે કે બીજાના એ પરિણામ છે એમ નથી. સમજાણું કાંઇ ? આહાહાહા !

એ પરિણામ રાગદ્વેષના જીવ પરિણામી છે તેનાં છે, એમ અભિન્નથી કથન છે. પહેલું તો આપણે આવી ગયું છ કારકમાં તો કે પરિણામ વિકારી છે, તે ૬૨ મી ગાથામાં આવ્યું'તું પંચાસ્તિકાય, વિકારી પરિણામનો કર્તા; પરિણામ, વિકારી પરિણામ તેનું કાર્ય, વિકારી પરિણામ તેનું સાધન એટલે કરણ, એને માટે કર્યું છે, પરિણામને માટે પરિણામ કર્યું છે, પરિણામથી પરિણામ થયું છે, પરિણામના આધારે પરિણામ થયું છે, એ પર્યાયના ષટ્‌કારક સ્વતંત્ર છે, જેને દ્રવ્યગુણની અપેક્ષા નથી ને નિમિત્તની પણ અપેક્ષા નથી. આહાહા..... !

પણ અહીંયા, પરદ્રવ્યના પરિણામ પરદ્રવ્યથી થાય છે અને તેના પરિણામ તેનાથી થાય છે. સમજાણું કાંઇ ? એમ બતાવવા માટે પરિણામ પરિણામીથી ભિન્ન નથી એમ. સમજાય છે કાંઇ ? વિકારી પરિણામ તે પરિણતિની ક્રિયા તે પરિણામથી ભિન્ન નથી અને તે પરિણામ પરિણામીથી ભિન્ન નથી. આવું છે, સમજાય છે કે નહિ ?

પરિણામ પણ, ભારે કેટલી ચોખ્ખી ( વાત ) કરી છે. આહોહો ! જગતમાં જે ક્રિયા છે, જગતમાં જેટલા પદાર્થની પર્યાય છે, એ પર્યાય તે ક્રિયા, એ ક્રિયા પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર પરિણામથી ભિન્ન નથી. એ ક્રિયા એ પર્યાયથી ભિન્ન નથી. અને તે પરિણામ પણ પરિણામીથી દ્રવ્યથી ભિન્ન નથી. સમજાણું કાંઈ ? એક બાજુ એમ કહેવું કે પરિણામ પરિણામનો કર્તા, પરિણામનો કર્તા દ્રવ્ય નહિ, એ ભિન્ન પર્યાયની કથનથી શૈલી છે અને આ અભિન્ન પરિણામ એનું છે એમ કહીને તે પરિણામનો કર્તા દ્રવ્ય છે એમ સિદ્ધ કરવું છે. તે પરિણામનો કર્તા પરદ્રવ્ય અને આ પર પરિણામ નથી એટલું સિદ્ધ કરવા, આવું છે. ભલે અજ્ઞાની પરિણામને કરે, સમજાણું ? પણ છતાં તે ક્રિયા પરિણામના પરિણામસ્વરૂપ ક્રિયા તે પરિણામસ્વરૂપ છે એમ, એક વાત.

હવે અજ્ઞાની કરે છે માટે તે પરિણામ પરિણામીથી જુદા નથી એમ. સમજાણું કાંઈ ? આવી વાત છે બાપુ, ઓહોહોહો ! માર્ગ તે માર્ગ પ્રભુનો કેટલો અંદર સ્વતંત્ર સ્વચ્છ છે. આહાહા..... !

"કારણકે પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે." જોયું ? અહીં એ સિદ્ધ કરવું છે. પરિણામ અને પરિણામી, પર્યાય અને પરિણામી દ્રવ્ય બે અભિન્ન વસ્તુ છે. જુદી જુદી બે વસ્તુ નથી. એમ જેમ પુદ્‌ગલ ને પુદ્‌ગલ પરિણામ, જુદી વસ્તુ છે એમ પરિણામ અને પરિણામી એ અપેક્ષાએ જુદી વસ્તુ નથી. આહાહા..... ! ભારે આકરું કામ. જગતને સત્ય મળ્યું નથી–બચારા

સત્યને ક્યાંને ક્યાંય ગોઠવી નાખે. માટે એમ સિદ્ધ થયું કે જે કોઇ ક્રિયા છે. જોયું પાછું આવ્યું, જે કોઇ પરિણમનની ક્રિયા છે, જે કોઇ અવસ્થાંતર થતી ક્રિયા છે, તે ક્રિયા બધી ક્રિયાવાનથી, જોયું દ્રવ્યથી તે ક્રિયા બધી ક્રિયાવાનથી ભિન્ન નથી, ભાષા તો સાદી છે બાપુ, સમજાય એવું તો છે ને ભાઈ, રસિકભાઈ ? આહાહા..... !

આ ક્રિયા કાલે કહેતા'તા 'ક્રિયા' તે આમાં જ આવ્યું. મેં કીધું ક્યાંક 'ક્રિયા' શબ્દ આવે છે. ચોખ્ખો; પણ ખ્યાલમાં નહોતો, આ 'ક્રિયા' ચોખ્ખો શબ્દ આવ્યો અહીં, ક્રિયા દરેક દ્રવ્યનું પરિણમન પર્યાય અવસ્થા તે ક્રિયા, દરેક દ્રવ્યનું પરિણમન પરિણામ અવસ્થા તે ક્રિયા, તે ક્રિયા પરિણામસ્વરૂપ હોવાથી, પરિણામથી ભિન્ન નથી અને તે પરિણામ જેના છે તેના પરિણામીથી તે અભિન્ન ગણીને તેનાથી જુદા નથી. આહાહા..... સમજાણું કાંઇ ? આહાહા ! ( શ્રોતા :–એ અભિન્ન કહેવામાં આવે છે, ખરેખર અભિન્ન નથી ) એ અભિન્ન કહેવામાં આવે છે, ખરેખર અભિન્ન નથી. છે ? ક્રિયા છે તે બધીય ક્રિયાવાનથી ભિન્ન નથી, આંહી તો એનું પરિણમન છે આ દ્રવ્યનું, પરદ્રવ્યનું નથી એટલું સિદ્ધ કરવા એ દ્રવ્યનાં પરિણામને એ દ્રવ્યની ક્રિયા છે એમ કહ્યું છે. આહાહા..... બધો મોટો ફેર, શું આંહી સિદ્ધ શું કરવું છે એ અપેક્ષાએ.

ઓલામાં આવે છે ને કળશમાં 'કર્તા પરિણામી દ્રવ્ય' એ અભિન્નથી કથન છે, "કર્તા પરિણામી દ્રવ્ય" પરિણામી છે એ પરિણામનો કર્તા અને "કર્મરૂપ પરિણામ" અને જે પર્યાય થઇ પરિણામ થયા, અવસ્થા થઇ તે કાર્ય "કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ ક્રિયા વસ્તુકી ફેરણી" વસ્તુ ફરે છે, આમ પલટે છે, પલટે છે, જૂની અવસ્થા થઇને પલટે છે એ ક્રિયા "વસ્તુ એક" એની એ વસ્તુના ત્રણ પ્રકાર આ અપેક્ષાએ કહેવાય છે, કર્તા ને પરિણામ કર્તાનું કહેવું એ અભિન્ન છે બીજાનું એ પરિણામ નથી એમ કહેવા આ પરિણામ કર્તાનું છે એમ કહેવું છે. આહાહાહા !

"જે ક્રિયા છે તે બધીયે ક્રિયાવાનથી ભિન્ન નથી. આમ વસ્તુ સ્થિતિ જ વસ્તુની એવી જ મર્યાદા હોવાને લીધે ક્રિયા અને કર્તાનું અભિન્નપણું સદાય તપતું હોવાથી", લ્યો ઠીક, પરિણતિની ક્રિયા અને તેનો કર્તા દ્રવ્ય તેનું અભિન્નપણું સદાય તપતું હોવાથી, આંહી તો પરના પરિણામનો આ કર્તા નથી ને આ પરિણામ પરનો કર્તા નથી એમ સિદ્ધ કરવા, એ પરિણામ આત્માથી અભિન્ન છે અને પુદ્‌ગલનાં પરિણામ પુદ્‌ગલથી અભિન્ન છે. સમજાણું કાંઇ ? આવું છે.

"એવી રીતે ક્રિયા અને કર્તાનું અભિન્નપણું" જોયું ? દ્રવ્ય અને એની પર્યાય એટલે અવસ્થા એટલે ક્રિયા તે અભિન્ન છે, દ્રવ્યદૃષ્ટિથી એ કથન છે અને પર્યાય પર્યાયની કર્તા એ પર્યાય દૃષ્ટિનું કથન છે. ભેદ દૃષ્ટિનું કથન કહો કે પર્યાય દૃષ્ટિનું કહો અને આ અભેદ દૃષ્ટિનું કહો કે દ્રવ્યદૃષ્ટિનું કહો. આહાહા ! પરદ્રવ્યની કોઈપણ પર્યાય તે સમયે તેની થાય, તે પર્યાયનું બીજું દ્રવ્ય કર્તા નથી એમ સિદ્ધ કરવા તે પર્યાય તે પરિણામીથી ભિન્ન નથી એમ, દ્રવ્યદૃષ્ટિથી કથન છે. સમજાણું કાંઈ ? આહાહાહા ! આહાહા..... !

રાગને કરે છે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામને, તે પરિણામ છે તે પરિણતિની ક્રિયાનાં તે પરિણામ છે, એ પરિણામથી તે ક્રિયા ભિન્ન નથી અને એ પરિણામ પરિણામીથી ભિન્ન નથી. આહાહાહા ! આકરી વાત છે ભાઈ. મૂળ અત્યારે ગરબડ બહુ થઇ ગઈ ને એટલે લોકોને

ઘણી વસ્તુ સરળ ને સીધી છે. પરને ને એને કાંઇ સંબંધ નથી એટલું સિદ્ધ કરવા એ પરિણતિની ક્રિયા પરિણામસ્વરૂપ હોવા છતાં, તે પરિણામ પરિણામીનું છે અભિન્નથી, એમ અહીંયા સિદ્ધ કર્યું છે. આહાહાહા ! છે ?

'એ ક્રિયા અને કર્તાનું અભિન્નપણું તપતું હોવાથી, જોયું. એ દ્રવ્યનાં જ પરિણામ છે' એ બીજા દ્રવ્યના એ પરિણામ નથી. થોડો ફેર ક્યાં છે એ જરી મુશ્કેલ પડે, થોડા ફેરમાં મોટો ફેર છે. આહાહા.....

"તપતું હોવાથી જીવ જેમ વ્યાપ્યવ્યાપકભાવથી પોતાના પરિણામને કરે છે", જોયું ? આમ સિદ્ધ કરવું છે, જીવ વ્યાપક છે, જીવ કર્તા છે ( ને ) પરિણામ વ્યાપ્ય છે, પરિણામ કાર્ય છે, જીવ જેમ વ્યાપ્ય એટલે કાર્ય, કર્મ, અવસ્થા, વ્યાપક એટલે કર્તા, દ્રવ્ય પરિણામી એવા ભાવથી પોતાના પરિણામને કરે છે, વ્યાપ્યવ્યાપક ભાવથી પોતાના પરિણામને જીવ કરે છે. આહાહાહા ! આંહી તો રાગને કરે છે એ અજ્ઞાની પણ પોતાના ભાવથી દ્રવ્યથી કરે છે, એ દ્રવ્ય એનો કર્તા, દ્રવ્ય તો શુદ્ધ છે. આહાહાહા ! બહુ વાત આકરી ઘણી, ફેરફાર થોડો હોય, ત્યાં ફેરફાર ઘણો છે આખો, એવું જ અંદર છે. બીજાને સાધારણને એમ લાગે કે થોડોક પણ ઘણો ફેરફાર છે, એ પરિણામ પરનું પરિણામ કહેવું એ નહિ તેથી તે પરિણામ દ્રવ્ય દૃષ્ટિએ તેનું છે. વિકાર પરિણામ પણ જીવના છે, આ અભિન્નથી કહેવામાં આવે છે અજ્ઞાનીને.

જેમ જીવ વ્યાપ્ય એટલે કાર્ય, વ્યાપ્ય એટલે કર્મ, વ્યાપ્ય એટલે અવસ્થા, વ્યાપક એટલે કર્તા, વ્યાપક એટલે દ્રવ્ય, વ્યાપક એટલે અભિન્ન વસ્તુ. એ વ્યાપકભાવથી પોતાના પરિણામને કરે છે. અને ભાવ્યભાવકભાવથી, ભાવક દ્રવ્ય, વિકારી પરિણામ ભાવ્ય એવા ભાવથી તેને જ અનુભવે છે. આહાહા..... અલિંગગ્રહણમાં એમ કહ્યું, કે આત્મા ઇન્દ્રિયોના વિષયનો ભોક્તા છે જ નહિ. ત્યાં નિર્મળ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ વાત છે. છે ને ભાઈ ? બારમો બોલ છે બારમો, ઇન્દ્રિયના વિષયનો ભોક્તા આત્મા નથી. આમાં છે ને આમાં ? બપોરના પ્રવચનસાર ૧૭૨ ગાથા- આત્મા ઇન્દ્રિયના વિષયનો ભોક્તા નથી એટલે રાગનો અને વિકારનો એ ભોક્તા નથી, એ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ વાત કરી છે, આંહીં અશુદ્ધ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ છે. આહાહાહા ! સમજાય એટલું સમજવું બાપુ, આ તો પરમ સત્ય છે, પરમાત્માનો માર્ગ આવો છે. આહાહાહા !

"ભાવ્યભાવકભાવથી તેને જ અનુભવે છે." કોણ ? અજ્ઞાની આત્મા પોતાના વિકારી પરિણામનું ભાવ્ય અને ભાવક પોતે, તેને તે ભોગવે છે. આંહીં કહેવું કે વિકારી પરિણામને જીવ ભોગવતો નથી અલિંગગ્રહણમાં એ તો દ્રવ્યદૃષ્ટિની વાત, શુદ્ધ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ વિકારી પરિણામનો ભોગ્ય આત્મા અને ભોક્તા આત્મા એમ છે નહિ. કેટલી અપેક્ષાના કથનો, અલૌકિક વાત છે. એ બધી અપેક્ષાઓ જ્ઞાનની બહોળતા બતાવે છે, અનેકાંતપણું સિદ્ધ કરે છે. આહા !

"એમ જો વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલકર્મને પણ કરે" આંહીં વાત આમ લેવી છે, એટલે એને એના પરિણામનો કર્તા તે દ્રવ્ય છે એમ સિદ્ધ કર્યું, નહીંતર તો પરિણામનો કર્તા પરિણામ છે. વિકારી પરિણામનો કર્તાય પરિણામ છે અને નિર્મળ પરિણામનો કર્તાય એ પરિણામ છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? જેમ જીવ પોતે કાર્યના કર્તાપણે થાય છે અને ભાવ્યના ભાવકપણે

ભોગવે છે, તેમ જો વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલકર્મને પણ કરે, પણ કરે એમ છે ને ? આયે કરે, અને આયે કરે, એટલું સિદ્ધ કરવું છે. વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલકર્મને પણ કરે એટલે ? કર્મની પર્યાયનું કાર્ય અને આત્મા કારક કર્તા એમ જો હોય, આહાહા ! સમજાણું કાંઈ ? કર્મબંધનની પર્યાયનો કર્તા આત્મા અને એનું વ્યાપ્ય એ પરિણામ એનું, એમ જો હોય "અને ભાવ્યભાવકભાવથી તેને ભોગવે કર્મને," જેમ પોતાને ભાવ્યભાવકભાવથી ભોગવે છે, તેમ કર્મના અનુભાગને, કર્મના ફળને આત્મા ભોગવે. "તેને જ ભોગવે તો તે જીવ અને પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવે" લ્યો, આ સિદ્ધ કરવું છે. આહાહાહાહા !

જેમ ભગવાન આત્મા પોતાના પરિણામની ક્રિયાને કરે અને વ્યાપ્યવ્યાપકભાવથી તેને કરે અને ભાવ્યભાવકભાવથી ભોગવે, ભાવ્ય નામ વિકારી પરિણામ અને ભાવક પોતે, એને ભોગવે એમ કર્મના પરિણામ છે પુદ્‌ગલના, જ્ઞાનાવરણીના, દર્શનાવરણીના, શાતાવેદનીયના એ પરિણામને આત્મા વ્યાપ્યવ્યાપક થઇને એ કાર્ય મારું ને કર્તા આત્મા અને એના કર્મના ફળને ભોગવે એટલે ભાવ્યભાવક, ભાવ્ય કર્મનું છે અને ભાવક પોતે થાય અને એને ભોગવે તો બે દ્રવ્યની ક્રિયા એક થઇ જાય છે. આહાહા..... બહુ ઝીણું હોં. આહાહાહા ! આહાહા..... !

ભાવ્યભાવકભાવથી તેને ભોગવે, તો વ્યાપ્યવ્યાપકભાવથી પણ તેને જ ભોગવે- "તો તે જીવ, પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયા" જોઇ ? જીવની ક્રિયા રાગદ્વેષ આદિની અને પુદ્‌ગલની ક્રિયા પરિણામ જે જ્ઞાનાવરણીનું પરિણમન થયું તે, તેમ આઠેય કર્મને, એને પણ ભોગવે, તો તે જીવને પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવે. એક ક્રિયાથી અભિન્ન છે. અને એના પણ વ્યાપ્ય કાર્ય પોતે કરે ને ભાવ્ય એને ભોગવે તો બે ક્રિયાનું એકપણું થઇ જાય છે. આહાહા..... આવું છે ઝીણું.

( શ્રોતાઃ- દાખલો આપોને ) શું ? કીધું ને આ, શું કીધુંને દાખલો તો આપ્યો ને ? ઘડાનો દાખલો ન આપ્યો. ઘડાની પર્યાયને માટી કરે અને ઘડાની પર્યાયને માટી ભોગવે, એમ કુંભારની પર્યાયને એ કુંભાર કરે અને એ ઘટની પર્યાયને કરે અને ઘટની પર્યાયને ભોગવે તો બેય અભિન્ન થઇ જાય છે, એ તો ઘડાનો દાખલો આપીને વાત કરી છે પહેલી. છે ભાઈ ઝીણું ઘણું અને ઘણો ફેર. આહા !

બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતાં, કઈ બે ક્રિયા ? પુદ્‌ગલના પરિણામ અને જીવના પરિણામ, એ બેયને જીવ કરે અને પુદ્‌ગલના પરિણામ અને જીવના પરિણામ બેયને જીવ ભોગવે તો બેય ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતા સ્વપરનો પરસ્પર વિભાગ અસ્ત થઇ જવાથી, સ્વપરનો પરસ્પર એકબીજામાં જુદાઈ તે આથમી જાય છે. એકબીજાની જુદાઇ રહેતી નથી. કેટલું સમાડયું છે. શું અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય ! આહાહ..... આ પ્રવચનસાર દિવ્યધ્વનિનો સાર. આહાહા ! ધીમેથી તો કહેવાય છે હળવે.... હળવે.... હળવે. વાત તો બહુ ઝીણી સમજવા જેવી છે બાપુ.

આંહીં તો પરના પરિણામ જીવ ન કરે અને જીવના પરિણામ પર ન કરે, એટલું સિદ્ધ કરવા પરિણામીથી પરિણામ જુદા નથી એમ સિદ્ધ કર્યું છે. આહાહા..... !

એમ જો થાય કે કર્મના પરિણામની પર્યાય જે છે એને જીવ કરે વ્યાપ્યવ્યાપકથી એટલે કાર્ય વ્યાપક અને આત્મા વ્યાપક કર્તા, એ પર્યાય ભાવ્ય અને આત્મા ભોક્તા તો બે દ્રવ્યની ક્રિયા એક થઈ જાય છે. “સ્વપરનો વિભાગ અસ્ત થઈ જાય છે” સ્વપર બે ભિન્ન રહેતા નથી. સ્વપર બે એક થઈ જાય છે. આથમી જાય છે બેની જુદાઈ. કપૂરભાઈ નથી ? ગયા લાગે છે. ( શ્રોતાઃ- ગયા ) સ્વપરનો પરસ્પર, પરસ્પર જોયું ? પરસ્પર જીવના પરિણામ પુદગલ કરે અને પુદગલના પરિણામ જીવ કરે, તો પરસ્પર આમ થવાથી બેયની જુદાઈ આથમી જાય છે, બેયનું જુદાપણું રહેતું નથી. આહાહાહા !

‘અનેક દ્રવ્યસ્વરૂપ એક આત્માને અનુભવતો થકો’ આહાહા..... અનેક દ્રવ્યસ્વરૂપ, અનેક દ્રવ્યસ્વરૂપ જે પુદ્‌ગલના પરિણામ એ પુદ્‌ગલનાં પરિણામ છે અને આત્માના પરિણામ એ આત્મામાં છે બેય. અનેક દ્રવ્યસ્વરૂપ એક આત્માને અનુભવતો થકો, પોતાના પરિણામ અને પરના પરિણામને અનેક દ્રવ્યસ્વરૂપ, પાછું જોયું ઓલા પરિણામ કીધાં એ એના દ્રવ્યસ્વરૂપ; અને આ પરિણામ છે તે આત્માના દ્રવ્યસ્વરૂપ, છતાં પરિણામ છે એ દ્રવ્યસ્વરૂપ નથી. છતાં આંહીં તો અનેક દ્રવ્યસ્વરૂપ એટલે પોતાના પરિણામ પોતાના દ્રવ્યનાં છે અને એના પરિણામ એના દ્રવ્યના છે. તો બેને ભોગવે તો અનેક દ્રવ્યસ્વરૂપ, “એક આત્માને અનુભવતો થકો મિથ્યાદ્રષ્ટિપણાને લીધે સર્વજ્ઞના મતની બહાર છે” એ સર્વજ્ઞના મતમાં નથી, મિથ્યાદ્રષ્ટિ છે. આહાહા..... શું કહ્યું સમજાણું ?

કે જે કાળે એણે પરિણામ કર્યા, જ્ઞાનાવરણીને બંધાવવામાં નિમિત્તરૂપ, તે પરિણામ અજ્ઞાનથી કર્યા અને તેનો તે કર્તા, અને તે પરિણામની ક્રિયા તે પરિણામીથી જુદી નથી, તે ક્રિયાના પરિણામ તે પરિણામી આત્માથી જુદા નથી. વળી એકકોર કહેવું કે રાગ તે આત્માનો છે જ નહિ, અને એકકોર કહેવું કે રાગ પરિણામ એ આત્માથી જુદા નથી, કઇ અપેક્ષા છે તે જાણવું જોઇએ ને ? આંહી તો પરદ્રવ્યથી ભિન્ન પાડવું છે અને જ્યારે રાગથી પુણ્ય તત્ત્વ છે એનાથી ભિન્ન પાડવું હોય ત્યારે જ્ઞાયકભાવમાં એ રાગ છે જ નહિ. આહાહા ! સમજાણું ? જેમ અહીંયા પરિણામ રાગના કીધાં તે પરિણામીથી જુદાં નથી તેમ કીધું અને પુદ્‌ગલના પરિણામ આનાથી જુદા છે એમ કીધું, પણ છતાં એ પરિણામ એના છે એમ કીધું એ પણ અભેદથી કથન છે. બાકી પરિણામ તો પરિણામના, રાગ રાગનો કર્તા છે, રાગનો કર્તા આત્મા છે દ્રવ્યવસ્તુ કર્તા ક્યાંથી આવે ? આહાહા..... સમજાણું કાંઈ ? આવું ઝીણું, આ લોકોને એવું લાગે કે આ એકાન્ત છે, એકાન્ત છે. આહાહા !

નિમિત્તથી પણ થાય, કોઇ વખતે નિમિત્તથી થાય, એ આંહી ઉડાડે છે. ( શ્રોતાઃ- કોઈ સમયે થાય નહીં ) કોઈ સમયે થાય નહિ. આહાહા ! સમજાણું કાંઇ ? કર્મના નિમિત્તથી આત્મામાં વિકાર થાય, કોઇ દી’ નહિ. તેમ આત્માના વિકાર ને પરિણામને લઈને કર્મની પર્યાય થાય, કોઇ દી’ નહિ. આહાહા..... સમજાય છે ? મારગ વીતરાગનો બાપુ, આહાહાહા !

અને તે પણ કાલ તો કહ્યું’તું ને જરી કે પરિણામ જે છે, એ આત્માનું લક્ષ કરે છે એ પણ પરિણામ સ્વકર્તા હેતુ, કર્તા થઇને પોતે લક્ષ કરે છે. સમ્યગ્દર્શનના પરિણામ કે સમ્યગ્જ્ઞાનના પરિણામ દ્રવ્યનું લક્ષ કરે છે, એ લક્ષ કરે છે એ પોતે કર્તા થઈને લક્ષ કરે છે. આહાહા ! ઓહોહો !

આવી વાતું ઝીણી, ભાઈ બહુ. પરિણતિને અંદર વાળવી એમ કહેવું, જ્ઞાનની પર્યાય જે છે તેને અંતર જ્ઞાયકમાં વાળવી પણ એ વાળવાની જે પર્યાય છે એ સ્વતંત્ર કર્તા થઈને તે અંદર વળે છે, દ્રવ્ય એનો કર્તા થાય છે એમ નથી. પણ અહીંયા તો એ પરિણામ એના છે, એમ બતાવવા પરિણામ એ તરફ વળ્યું છે, એ પરિણામ પોતે પોતાના કર્તાપણાથી વળ્યું છે, છતાં તે પરિણામ દ્રવ્યનું છે એમ બતાવવા તે પરિણામ દ્રવ્યથી અભિન્ન છે. જેમ અહીંયા વિકારને લીધું તેમ ત્યાં અવિકારને લેવું, અહીં તો વિકારીની વાત છે આ.

અનેકદ્રવ્યસ્વરૂપ, જોયું ? અનેકદ્રવ્યસ્વરૂપ, પેલા પરિણામને દ્રવ્યસ્વરૂપ એનું પુદ્ગલનાં પરિણામ છે માટે પુદ્ગલ અને જીવના પરિણામ છે માટે જીવ, એ બેને અનેકદ્રવ્યસ્વરૂપ એમ કીધું; અનેકદ્રવ્યસ્વરૂપ એક આત્માને અનુભવતો થકો, અનેકદ્રવ્યસ્વરૂપ પરિણામને એક દ્રવ્ય આત્મા અનુભવતો થકો, મિથ્યાદૃષ્ટિપણાને લીધે 'જિણાવમદં' છે ને છેલ્લું ? જિનની આજ્ઞાથી બહાર છે. સર્વજ્ઞની આજ્ઞાથી બહાર મિથ્યાદૃષ્ટિ છે. એમાં છે ને. ચેતનજી ! એમાં છે ને બાપા જુઓને. આહાહાહા ! આવી વાત બાપા કોઇ વાર સાંભળવા મળે એવું છે. આહાહા !

તારી સ્વતંત્રતા પ્રભુ, અજ્ઞાન પણ કરે એ તારી સ્વતંત્રતા, એમ કહે છે. એ કર્મને લઈને વિકાર થયા એમ નહિ અને કર્મની પર્યાય થઈ એ તારે લઈને નહિ. ભાષા તો ઘણી સાદી, ટીકા ઘણી સાદી અને એકલો મર્મ ભર્યો છે. ( શ્રોતાઃ- મર્મ ખોલવો પડે ને ) છે જ એમ આંહી તો, છે ઈ વાત. શબ્દ તો બોલે છે કે નહિ, જુઓને ? શબ્દ તો શબ્દ છે કાંઇ શબ્દ એનો અર્થ એ કાંઈ ન કરી શકે. આહાહા ! ૮૪ ને આ ૮૫-આહાહાહા !

ઘડાની પર્યાયને કુંભાર કરે અને કુંભાર પોતાના રાગની ઇચ્છાને કરે બે ક્રિયા કેમ કરી શકે કહે છે. તો અનેકદ્રવ્યનું એકરૂપે પરિણમન થવાનો અનુભવ થયો એમ થયું એ તો. અરે ! ભગવાન ! કહો આ રોટલીને આત્મા કરે અને આત્મા એ રોટલી આમ થાય એવી ઇચ્છાને કરે- બેયને કરે, તો અનેકદ્રવ્યસ્વરૂપ બેયનો એક અનુભવ થયો. ભિન્ન રહ્યા નહિ. બહુ સારી ગાથા. "ક્રિયા" શબ્દ આંહી ચોખ્ખો આવ્યો બહુ ભાઇ ! બીજે આવે છે કયાંક પણ મગજમાં નથી પણ ઓલામાંથી કાઢયું'તું જરી પુદ્ગલ પરિણામસ્વરૂપ ક્રિયા. આહાહા..... !

ભાવાર્થઃ- "બે દ્રવ્યોની ક્રિયા ભિન્ન જ છે." સાદી ભાષા લીધી. પુદ્ગલના પરિણામની ક્રિયા અને જીવના પરિણામની ક્રિયા ભિન્ન જ છે. આહાહાહા ! "જડની ક્રિયા" પરમાણુની કર્મની પર્યાયની ક્રિયા ચેતન કરતું નથી, કર્મબંધનનું કર્મરૂપે પરિણામ થવું તે પરિણમનને ચેતન કરતું નથી. "ચેતનની ક્રિયા જડ કરતું નથી." રાગ અને પુણ્ય-દયા, દાનના વિકલ્પો જે છે, ભગવાનની સ્તુતિ આદિનો રાગ, તે રાગની ક્રિયાને જડ કરતું નથી. એ કર્મ એને કરતું નથી. કર્મનો ઉદય આવ્યો માટે આહીં રાગ થયો એમ નથી. આહાહા..... સમજાણું કાંઇ ?

જે પુરુષ એક દ્રવ્યને બે ક્રિયા કરતું માને. જે કોઈ આત્મા, એક દ્રવ્યને પોતાની પર્યાય અને પરની પર્યાય બે ક્રિયા કરતું માને "તે મિથ્યાદૃષ્ટિ છે." તે જૈન નથી. આવું સ્પષ્ટીકરણ છે. દિગંબર સંતો સિવાય આ વાત કયાંય નથી. જેણે સમય સમયનાં પરિણામ એનો કર્તા પોતે દ્રવ્ય અભિન્નથી કથન છે. બાકી પરિણામ પરિણામનો કર્તા એ ભિન્ન છે. આવું અનેકાંતપણું દ્રવ્યનું સ્વરૂપ છે, તેવું ભગવાને વર્ણવ્યું અને સંતોએ કહ્યું, જાહેર કર્યું જગતને. આહાહા !

આજ તો ઓલો સૂર્ય આવ્યો બરાબર સામે આંખમાં, બેઠા પાટે કીધું આ સૂર્યમાં ભગવાન તો બિરાજે છે અંદર પ્રતિમા, જિનમંદિર છે અંદર, અને ભરત દેખી શકતા'તા ને આપણને અત્યારે અહીંયા દેખાતું નથી. સૂર્ય, પાટે આમ બેઠેલો ને જ્યારે આ વાંચવાનું સવારે સાડા સાત પોણા આઠે, સૂર્ય આમ બરાબર આની કોર આવ્યો આમ સામે, ત્યાં ભગવાન બિરાજે છે, પ્રતિમા છે ત્યાં જિનપ્રતિમા છે. (શ્રોતાઃ– ચક્રવર્તી દેખી શકે છે) ચક્રવર્તી દેખી શકે, એ કીધું ને ? ભરત ચક્રવર્તી જેને પાંચ મહેલ છે, દેવોએ બનાવેલા એના ઉપર બેઠા'તા ને આમ સૂર્યને જોયું, ભગવાનનું મંદિર દેખાણું અને પગે લાગ્યા, અકૃત્રિમ, અકૃત્રિમ કુદરતી પ્રતિમા એમ અકૃત્રિમ એટલે અહીંયા. લોકો પછી સૂર્યનારાયણને પગે લાગવા માંડયા. ઓલા ભરત પગે લાગ્યાને ત્યાં ભગવાનના પ્રતિમાને– આ સૂર્યનારાયણને પગે લાગે લોકો દાંતણ કરીને, જય સૂર્યનારાયણ– હવે એ તો પત્થર છે આ. આહાહા !

આ સૂર્યનારાયણ ભગવાન આત્મા, એ ચૈતન્ય પ્રતિમા છે, જિન પ્રતિમા છે. આવે છે ને શ્રીમદ્‌માં ભાઈ આવે છે ને ? જિન પ્રતિમા થા, એક વાર જિન ચૈતન્ય પ્રતિમા થા. થા પ્રભુ, જિન પ્રતિમા એ તારું સ્વરૂપ છે રાગ એ તારું સ્વરૂપ નથી. આ તો અજ્ઞાનભાવે તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઇ નથી, તેથી તને રાગનું કારણ તને કહીએ છીએ. એ ચૈતન્ય ભગવાન પરમાત્મા છે તેના દર્શન કર. રાગના દર્શન છોડી દે, રાગને જોવે છે, એ પર્યાયબુદ્ધિ છોડી દે. આહાહાહાહા !

નિર્મળાનંદનો નાથ અંદર પરમેશ્વર દેહ દેવળમાં દેવ છે, એ મંદિરમાં દેવ નહિ. આવે છે ને ? દેહ મંદિરમાં દેવ છે. ભિક્ષા અર્થે ભમે મારો ભીખુ ભગવાન. ભિક્ષા માંગે. પ્રતિમા પાસે, ભગવાન પાસે માગે, મને આપ પ્રભુ. આહાહા..... એ નિશ્ચયથી કહેવામાં આવે છે. શુભભાવ આવે ત્યારે વિકલ્પ હોય એવો. છતાં તે શુભ વિકલ્પનો પણ જાણનાર છે. જાણનાર છે એવો ચૈતન્ય પ્રતિમા, જિન પ્રતિમા પ્રભુ છે એને જો ને. આહાહા !

તારી પરિણતિને કર્તાપણે સ્વતંત્રપણે પણ તેના તરફ વાળને. એ આંહી કહે છે. "બે ક્રિયા કરતો માને તે મિથ્યાદૃષ્ટિ છે, કારણકે બે દ્રવ્યની ક્રિયા એક દ્રવ્ય કરે છે" એક દ્રવ્ય કરે છે જોયું. આંહી એમ લેવું છે ને આંહી તો, અભિન્નથી, "એમ માનવું તે જિનનો મત નથી" વીતરાગ પરમાત્મા અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ એનો આ મત નથી. ભાઈ, શું અમૃત રેડયા છે ને ? હેં ? આહાહા..... !

❀ અહો ! આ આત્મા સર્વજ્ઞસ્વભાવી જ છે. જાણવું...જાણવું....જાણવું....જ જેના અંતરસતળમાં ભર્યું છે, જેના અસ્તિત્વની સત્તામાં આ દેહ–વાણી–મન–વિકલ્પો આદિ બધું જણાય છે એ જાણનારો તું છો તેમ જાણ–વિશ્વાસ કર ને કર્તાબુદ્ધિ છોડી દે !

**(આત્મધર્મ, અંક ૭૧૪-૭૧૫, વર્ષ-૫૯ પાના નં. ૭)**

## ગાથા - ૮૬

कुतो द्विक्रियानुभावी मिथ्यादृष्टिरिति चेत्-

जम्हा दु अत्तभावं पोग्गलभावं च दो वि कुव्वंति।
तेण दु मिच्छादिट्ठी दोकिरियावादिणो हुंति।।८६।।

यस्मात्त्वात्मभावं पुद्गलभावं च द्वावपि कुर्वन्ति।
तेन तु मिथ्यादृष्टयो द्विक्रियावादिनो भवन्ति।। ८६ ।।

यत: किलात्मपरिणामं पुद्गलपरिणामं च कुर्वन्तमात्मानं मन्यन्ते द्विक्रियावादिनस्ततस्ते मिथ्यादृष्टय एवेति सिद्धान्त:। मा चैकद्रव्येण द्रव्यद्वयपरिणाम: क्रियमाण: प्रतिभातु। यथा किल कुलाल: कलशसम्भवानुकूलमात्मव्यापार-परिणाममात्मनो ऽव्यतिरिक्तमात्मनोऽव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं कुर्वाण: प्रतिभाति , न पुन: कलशकरणाहङ्कारनिर्भरोऽपि स्वव्यापारानुरूपं मृत्तिकाया: कलशपरिणामं मृत्तिकाया: अव्यतिरिक्तं मृत्तिकाया: अव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं कुर्वाण: प्रतिभाति; तथात्मापि पुद्गलकर्मपरिणामानुकूलमज्ञानादात्म-परिणाममात्मनोऽव्यतिरिक्तमात्मनोऽव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं कुर्वाण: प्रतिभातु, मा पुन: पुद्गलपरिणामकरणा-हङ्कारनिर्भरोऽपि स्वपरिणामानुरूपं पुद्गलस्य परिणामं पुद्गलादव्यतिरिक्तं पुद्गलादव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं कुर्वाण: प्रतिभातु।

---

હવે ફરી પૂછે છે કે બે ક્રિયાનો અનુભવ કરનાર પુરુષ મિથ્યાદૃષ્ટિ કઈ રીતે છે ? તેનું સમાધાન કરે છેઃ-

જીવભાવ, પુદ્‌ગલભાવ-બન્ને ભાવને જેથી કરે,
તેથી જ મિથ્યાદૃષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬.

**ગાથાર્થઃ-** [ यस्मात् तु ] જેથી [ आत्मभावं ] આત્માના ભાવને [ च ] અને [ पुद्गलभावं ] પુદ્‌ગલના ભાવને- [ द्वौ अपि ] બન્નેને [ कुर्वंति ] આત્મા કરે છે એમ તેઓ માને છે [ तेन तु ] તેથી [ द्विक्रियावादिन: ] એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા [ मिथ्यादृष्टय: ] મિથ્યાદૃષ્ટિ [ भवन्ति ] છે.

**ટીકાઃ-** નિશ્ચયથી દ્વિક્રિયાવાદીઓ ( અર્થાત્ એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા ) આત્માના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને પોતે ( આત્મા ) કરે છે એમ માને છે તેથી તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે એવો સિદ્ધાંત છે. એક દ્રવ્ય વડે બે દ્રવ્યના પરિણામ કરવામાં આવતા ન પ્રતિભાસો. જેમ કુંભાર ઘડાના સંભવને અનુકૂળ પોતાના ( ઇચ્છારૂપ અને

**હસ્તાદિકની ક્રિયારૂપ ) વ્યાપારપરિણામને ( -વ્યાપારરૂપ પરિણામને ) -કે જે પોતાથી અભિન્ન છે અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો પ્રતિભાસે છે, પરંતુ ઘડો કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ ( તે કુંભાર ) પોતાના વ્યાપારને અનુરૂપ એવા માટીના ઘટ-પરિણામને ( ઘડારૂપ પરિણામને ) -કે જે માટીથી અભિન્ન છે અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો પ્રતિભાસતો નથી; તેવી રીતે આત્મા પણ અજ્ઞાનને લીધે પુદ્‌ગલકર્મરૂપ પરિણામને અનુકૂળ પોતાના પરિણામને-કે જે પોતાથી અભિન્ન છે અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો પ્રતિભાસો, પરંતુ પુદ્‌ગલના પરિણામને કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ ( તે આત્મા ) પોતાના પરિણામને અનુરૂપ એવા પુદ્‌ગલના પરિણામને-કે જે પુદ્‌ગલથી અભિન્ન છે અને પુદ્‌ગલથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો ન પ્રતિભાસો.**

**ભાવાર્થઃ- આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો; પુદ્‌ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો. આત્માની અને પુદ્‌ગલની-બન્નેની ક્રિયા એક આત્મા જ કરે છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. જડ-ચેતનની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થઈ જાય-એ મોટો દોષ ઊપજે.**

## પ્રવચન નં. ૧૭૩ ગાથા-૮૬ તા. ૧૯/૦૧/૭૯

હવે ફરી પૂછે છે કે બે ક્રિયાનો અનુભવ કરનાર, બે ક્રિયા સમજાણી ? જીવના વિકારી પરિણામને પણ અનુભવે અને પુદ્‌ગલના પરિણામને કરે અને અનુભવે. પોતાના પરિણામને કરે ને અનુભવે અને પરના પરિણામ કરે અને અનુભવે, બેય ક્રિયાનો અનુભવ કરનાર ક્રિયા શબ્દે પરિણતિ, પર્યાય, પુરુષ મિથ્યાદૃષ્ટિ કઇ રીતે છે ? એ મિથ્યાદૃષ્ટિ છે, જૈન જ નથી એને તત્ત્વની ખબર જ નથી. શિષ્યનો પ્રશ્ન છે આ. માથે મિથ્યાદૃષ્ટિ કહ્યો. તો એ મિથ્યાદૃષ્ટિ કઈ રીતે છે, ક્યા પ્રકારે છે ? એનો ઉત્તર આવો જેને પ્રશ્ન ઉઠયો હોય તેને આ સમાધાન કહીએ છીએ– કહે છે. આહાહા..... !

જુઓ છે ને માથે “ કુતો દ્વિક્રિયાનુભાવી મિથ્યાદૃષ્ટિરિતિ ચેત્ ” અમૃતચંદ્રાચાર્યનો છે શબ્દ માથે. ૮૬ ઉપર“ જમ્હાદુ અત્તભાવં ” જોયું આત્માનો ભાવ કીધો એ અભેદથી અત્યારે વર્ણન છે ને, પરથી નથી એમ.

जम्हा दु अत्तभावं पोग्गलभावं च दो वि कुव्वंति।
तेण दु मिच्छादिट्ठी दोकिरियावादिणो हुंति।।८६।।

જીવભાવ, પુદ્‌ગલભાવ–બન્ને ભાવને જેથી કરે,
તેથી જ મિથ્યાદૃષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬.

આહાહાહા ! જુઓ આ સમયસાર :–

ટીકાઃ- "નિશ્ચયથી" નામ ખરેખર "દ્વિ-ક્રિયાવાદીઓ" અર્થાત્ એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા, નિમિત્તથી પણ આત્મામાં કાંઇક થાય અને આત્માથી આત્મામાં થાય એમ બે માનનારા પોતાનું કરે ને પરનું કરે પરનુંયે કરે ને આત્માનુંય કરે. કર્મનો ઉદય ઉદયને કરે અને આત્માના વિકારને કરે, બે ક્રિયાવાદી છે. ઠીક બધા જોગમાં છે અત્યારે આ આવી વાતો છે. નિશ્ચયથી દ્વિ-ક્રિયાયાદીઓ એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા એટલે કે રાગને પણ પોતાનો માનનારા અને પુદ્‌ગલના ( પરિણામ ) પણ મેં મારા કર્યા એમ માનનારા આત્માના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને, જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને એટલે ક્રિયાને પોતે આત્મા કરે છે, એમ માને છે, તેથી તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે એવો સિદ્ધાંત છે. એવી સિદ્ધ વસ્તુ થઈ ગયેલી છે, તે કહે છે. આહાહાહા !

આત્મા ઇચ્છાને કરે અને લખવાની ક્રિયાને પણ કરે. આહાહા..... ! આત્મા ઇચ્છાનેય કરે અને બોલવાની ક્રિયાનેય કરે, મિથ્યાદૃષ્ટિ છે. શ્રીપાલજી ! શ્રીપાલજી, આકરી વાતું છે આ. દિલ્હીમાં ક્યાંય બધે ગોટે ગોટા ઉઠાવ્યા છે. વીતરાગ આવો માર્ગ, આ તો કહે પરની સેવા કરો, પરની ક્રિયા કરે છે, કરે શું ? બોલાય. કરતો શું ? ત્રણ કાળમાં કરે નહિ. અસત્ય જાુઠી દૃષ્ટિથી કહેવામાં આવે, ન આવ્યું આપણે, છ કારકમાં નો આવ્યું ? સોળમી ગાથા, ઘડો કુંભાર કરે છે એ અસત્ય ભાષાથી બોલવામાં આવે છે, જાુઠી ભાષા છે. આહાહા..... ! એવો સિદ્ધાંત છે.

"એક દ્રવ્ય વડે બે દ્રવ્યના પરિણામ કરવામાં આવતા ન પ્રતિભાસો." એક દ્રવ્ય વડે બે દ્રવ્યની અવસ્થાને કરવામાં આવતા ન પ્રતિભાસો. પછી દૃષ્ટાંત, આવશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૭૪ ગાથા-૮૬ તા. ૨૧/૦૧/૭૯ રવિવાર પોષ વદ-૮

સમયસાર ગાથા ૮૬ એની ટીકા.

ટીકા; "નિશ્ચયથી ખરેખર દ્વિક્રિયાવાદીઓ એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા", એટલે શું ? કે આત્મા વસ્તુ છે. એ પોતે પોતાના પુણ્યપાપના ભાવને કરે, એ તો ઉપચારથી બરાબર છે. આત્મા જે વસ્તુ છે, આનંદકંદ નિત્યાનંદ પ્રભુ એ એના પરિણામમાં અજ્ઞાનથી પુણ્ય ને પાપ, દયા, દાન, કામ, ક્રોધના ભાવને કરે, એ એક સત્ત્વ માનવું એ ઉપચાર છે. છતાં એ પોતાના પરિણામને પણ કરે અને કર્મબંધન જે થાય નવું, એ કર્મબંધનની પર્યાયને પણ કરે, એમ ત્રણ કાળમાં બને નહિ. આહાહા..... ! ઝીણી વાત છે.

આ તો અંદરની વાત છે. બહારની તો પછી કે આત્મા રાગને કરે અને શરીરની ક્રિયા પણ આમ હલાવી શકે, એ ત્રણ કાળમાં બને નહિ. આ તો અંતરના પરિણામને સંબંધનું, કર્મનું એની હારે પહેલો પ્રશ્ન છે. ઝીણી વાત છે ભાઈ, જિનેશ્વરદેવનું તત્ત્વજ્ઞાન ઝીણું બહુ, અજ્ઞાનપણે, વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ આનંદકંદ છે. એના અનુભવના અભાવે અજ્ઞાની પુણ્ય ને પાપ, શુભ-અશુભ ભાવને કરે, પણ એ પોતે પોતાના પરિણામને કરે, અને કર્મબંધનની પર્યાયને કરે એમ બે વાત હોઈ શકે નહિ. એક તત્ત્વ બે પરિણામ, પોતાના અને પરના એમ કરી શકે નહિ.

અરે આવી વાતું હવે.

છે ? દ્વિક્રિયાવાદી, ક્રિયા એટલે અવસ્થા અવસ્થાંતર થવું. આત્મામાં અવસ્થાંતર થવું અને પુદ્‌ગલ જડ કર્મમાં અવસ્થાંતરરૂપી ક્રિયા થવી, એવી બે ક્રિયાઓને એક કરે, એમ માનનારા એ આત્માના પરિણામને, છે ? આત્માના પરિણામ એટલે ? અત્યારે અહીંયા પુણ્ય ને પાપ, દયા, દાન, કામ, ક્રોધનાં પરિણામ એ આત્માના અત્યારે અજ્ઞાનભાવે કહેવામાં આવે છે. આહાહા..... !

એ શુભ–અશુભ ભાવ, અજ્ઞાનપણે, આત્મા પોતાના પરિણામને કરે અને પુદ્‌ગલના પરિણામને પોતે કરે, એ જ્ઞાનાવરણી આદિ કર્મ જે બંધાય છે, એ અહીંયા પોતાના પરિણામ જે એને નિમિત્ત થાય, તે પરિણામને કરે, પુણ્ય–પાપ, કામ, ક્રોધ આદિ. પણ એ પરિણામને કરતા કર્મની પર્યાય જે બંધાય છે, એ પર્યાયને પણ આત્મા કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. આહાહાહા ! આત્મા પોતાના પુણ્ય–પાપને કરે એ પણ ઉપચારથી કથન છે. ખરેખર તો એ પરિણામ પરિણામને કરે છે. ઝીણી વાત છે બાપુ, તત્ત્વ જૈનદર્શન, પરમેશ્વર વીતરાગ એનું કહેલું તત્ત્વ પદાર્થ સ્વરૂપ ઝીણું છે બહુ. આહાહા..... !

એ આત્માના પરિણામને, અહીં આત્માના પરિણામ એટલે પુણ્ય–પાપના લેવા છે. દયાના, દાનના, વ્રતના, ભક્તિના, હું પરનું કામ કરી શકું એવા પાપના, હિંસાના, જુઠાના ચોરીના, વિષયભોગની વાસનાના એ આત્માના પરિણામ અત્યારે અજ્ઞાનપણે કહેવામાં આવ્યા છે. આહાહા ! સમજાણું કાંઈ ? એ આત્માના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને, તે વખતે જે કર્મ બંધાય છે, એ પરમાણુની પર્યાય છે કર્મરૂપે જે થાય છે. એ કર્મરૂપી અવસ્થા થાય છે, એ કર્મ જડ પરમાણુની એક અવસ્થા છે, તે એ અવસ્થાને પણ આત્મા કરે અને પોતાના પરિણામનેય કરે એમ માને છે, એમ જે કોઈ માને છે, તેથી તેઓ મિથ્યાદૃષ્ટિ છે. જુઠી દૃષ્ટિવંત છે, સત્ય દૃષ્ટિથી ભ્રષ્ટ છે. આહાહા..... !

ભગવાન આત્મા ! પોતાના સત્ત્વની અંદરમાં, સત્તા પોતાની કાયમ રહીને પરિણામમાં પુણ્ય–પાપના અજ્ઞાનભાવે કરે એ પણ ઉપચાર, પણ એ પરિણામનેય કરે અને ભેગું કર્મબંધનના પરિણામનેય કરે એમ માનનારાઓ જુઠી દૃષ્ટિ, અસત્ય દૃષ્ટિને સેવનારા છે. કહો ચંદુભાઈ ! દાક્તરને તો આ બધું ભારે આકરું પડે, દાક્તર કહે કે હું બીજાના પરિણામને કરું ને બીજાના દેહના પરિણામને કરું અને મારા પરિણામને કરું, આ તો અંદરની વાત છે. બહાર વાત તો બહુ સ્થુળ છે, કે આત્મા અંદર વિકલ્પ પણ રાગને કરે અને બીજાના શરીરની પર્યાયને પણ કરે, એમ ત્રણ કાળમાં બનતું નથી. ( શ્રોતાઃ– મોતીઆ એમ ને એમ નીકળી જતા હશે ? ) તેથી તો આ કહેવાય છે. મોતિયાને ઉતારે અને એનો વિકલ્પ કરે કે આને ઉતારૂં, એ વિકલ્પનેય કરે રાગને અને એ એની ક્રિયા કરે, એ બે માનનારાઓ મિથ્યાદૃષ્ટિ પાખંડી જુઠા છે. હેં ? ( શ્રોતાઃ– એક તો બિચારા કામ કરે અને મોતીઓ ઉતારે અને જુઠા ) કામ કોણ કરે ? શું કરે ? ઝીણી વાત છે પ્રભુ ! આ તો જિનેશ્વર ત્રણલોકના નાથ પરમાત્માએ કહેલા તત્ત્વોની સ્થિતિ છે. આ કોઈ હાલીદુવાલીની કહેલી વાત નથી. જગતના અભિપ્રાયથી જુદી જાતની વાત છે આ. આહાહા..... !

એ કહે છે, કે જેઓ પોતાના પરિણામને પણ કરે અને પરની જડની ક્રિયાના અને બીજા

આત્માના પરિણામને પણ કરે, એ બે પરિણામનો કરનાર માનનાર સત્ય નથી. તે મિથ્યાદૃષ્ટિ, જાુઠી દૃષ્ટિને સેવનારો છે, તે પાપી છે એમ કહે છે. આવું કામ છે. જિનેશ્વરદેવ ત્રિલોકનાથ હવે વીતરાગદેવ ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આમ કહેતા હતા તે વાત આ આવી છે. સમજાણું કાંઈ ? આહાહા !

એ મિથ્યાદૃષ્ટિ જ છે. 'જ' "એવો સિદ્ધાંત છે." એવો નિયમ છે. આહાહા.....! છે. ગાથામાં છે ૮૬. ૮૬ ટીકાઃ- હવે આનું દૃષ્ટાંત આપે છે.

"એક દ્રવ્ય વડે બીજા દ્રવ્યના પરિણામ કરવામાં આવતા ન પ્રતિભાસો" પ્રભુ, તું આત્મા છો ને ? તારી પર્યાયની સત્તામાં તારા પરિણામને કર, એ ઉપચારથી. ( શ્રોતાઃ- પર્યાય એટલે શું ) હૈં ? પર્યાય એટલે પરિણામ, પરિણામ એટલે અવસ્થા, અવસ્થા એટલે દશા, દશા એટલે વર્તમાન થતા ભાવ, કહો આટલા શબ્દો. આહાહા.....!

વસ્તુ છે તેની અવસ્થા, તેને અહીંયા પર્યાય ને પરિણામ કહે છે. તે વસ્તુ પોતાના પરિણામને કરે અને એ પરિણામ એનું કાર્ય, એ પણ ઉપચારથી જ્યાં કથન છે, કેમકે પર્યાય પર્યાયને કરે છે, એ દ્રવ્ય પર્યાયને કરે છે એમ કહેવું એ ઉપચાર છે. ઉપચાર એટલે આરોપિત વાત છે. તો એ પરિણામ બીજાના પરિણામને બીજાની દશાને કરે ? આહાહાહા ! ગજબ વાત છે. અરે એને અનાદિથી અજ્ઞાનપણે પણ શું હતું એનું ભાન નથી, તો જ્ઞાનની તો વાત શું કરવી ? ઝીણું તત્ત્વ છે પ્રભુ. દુનિયાની વર્તમાન વાતથી આખી વાત જાુદી છે. સંપ્રદાયમાં પણ એ ચાલે, કે પરની દયા પાળો, પરને કાંઈક મદદ કરો, પરની સેવા કરો, એ તદ્ન મિથ્યાદૃષ્ટિની પ્રરૂપણાના ભાવ છે, આહાહા.....! આકરું કામ.

એક દ્રવ્ય વડે, એક વસ્તુ વડે, એમ દ્રવ્ય એટલે પૈસો નહિ હોં એકલો, એક દ્રવ્ય એટલે એક તત્ત્વ વડે, એક વસ્તુ વડે. બે દ્રવ્ય એટલે ? બે વસ્તુના પરિણામ, એટલે 'અવસ્થા કરવામાં આવતા ન પ્રતિભાસો' એમ ન ભાસો, એમ ભગવાન એમ કહે છે. છે ? હવે દૃષ્ટાંત આપે છે. લોકોને સાધારણ ખ્યાલમાં આવે આ જે કહેલી વાત, એના ખ્યાલમાં આવે એ રીતે દૃષ્ટાંત આપે છે.

"જેમ કુંભાર ઘડાના પરિણામને" ઘડાના સંભવને, એટલે ? ઘડાની પર્યાય જે માટીથી ઉત્પન્ન થાય છે. ઘડાની જે અવસ્થા, માટીથી ઉત્પન્ન થાય છે, એને કુંભાર ઘડાના સંભવને. જોયું ? સંભવને એટલે ઘડાની ઉત્પત્તિને સમયે અનુકૂળ, અનુકૂળ પોતાના ઇચ્છા અને હસ્તાદિકની ક્રિયારૂપ વ્યાપાર પરિણામને, કે જે પોતાથી અભિન્ન છે. આહાહા ! શું કહે છે ? કુંભાર રાગ કરે, કે હું આ ઘડાને કરું. ઘડાની ઉત્પત્તિ તો માટીથી થાય છે. પણ તે પર્યાયને અનુકૂળરૂપે આ રાગ હું કરું, રાગ કરું તો ઘડાની પર્યાય થાય. ભારે, દુનિયાથી આકરું બાપુ. કુંભાર ઘડાના સંભવ ઘડાની ઉત્પત્તિ તો સિદ્ધ કરી, એને ફક્ત અનુકૂળ, ચંદુભાઈ ! ઘડાની ઉત્પત્તિ તો માટીથી થઈ છે, કુંભારથી નહિ, શું કીધું ? સમજાણું આમાં ? આહાહા.....!

કે એક આત્મા પોતાની પર્યાય એટલે પરિણામને કરે, તેમ પરદ્રવ્યની અવસ્થાને કરે તો બે માનનારાઓ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે, મૂઢ છે. કોની પેઠે ? કે જેમ ઘડાની ઉત્પત્તિ માટીથી થાય છે, ઉત્પત્તિ તો માટીથી થાય છે, એ માટીનું ઘડો કાર્ય છે, ઘડો કાર્ય છે, માટી કર્તા છે, એવા ઘડાની પર્યાયને કુંભારનો રાગ અનુકૂળ છે નિમિત્ત, તે રાગી પ્રાણી એમ માને, કે આ વ્યાપાર

પરિણામને કે જે પરિણામ પોતાથી અભિન્ન છે, કુંભારે રાગ કર્યો કે હું ઘડો કરું, ઘડો તો માટીથી થયો છે, પણ હું ઘડો કરું એવો જે રાગ કર્યો છે, એ વ્યાપાર પરિણામને પોતાથી અભિન્ન છે એ રાગ છે એ કુંભારના પરિણામ, કુંભારના આત્માથી અભિન્ન છે. આહાહા.....!

તત્ત્વજ્ઞાન વીતરાગનું બહુ ઝીણું ભાઈ, અત્યારે તો જગતને ક્યાં નવરાશેય ન મળે બિચારા. એકલા ધંધા-ધંધા આખો દિ'પાપના ધંધા. નવરો થાય તો બાઈડી છોકરા સાચવવાના પાપ-પાપ, હવે એમાં ધર્મ શું છે એ તો ક્યાં સમજવાની......( દરકાર છે. ) જન્મ મરણ કરી રહ્યો ૮૪ ના અવતારથી......આહાહા.....!

કહે છે, કે ઘડાની ઉત્પત્તિ તો માટીથી થઈ, એને ઉત્પત્તિમાં સંભવ થયો તેના નિમિત્તરૂપે અનુકૂળ કુંભારે રાગ કર્યો કે હું ઘડો કરું, એ રાગના પરિણામ છે, તે કુંભારથી અભિન્ન છે, એકમેક છે, અને ઘડાની પર્યાય છે એ માટીથી અભિન્ન છે. ( શ્રોતાઃ- ઉપચાર કહ્યું' તું ને ) એ ઉપચારથી કહ્યું'તું પણ અત્યારે તો દ્રવ્ય લેવું છે ને ? નહીં તો પરિણામ પરિણામથી કરે છે, એ અત્યારે વાત નથી. દ્રવ્ય એને કરે છે એમ ઉપચારથી કહેવું છે ને ? ઈ તો પહેલું વચ્ચે કહી દીધું'તું, બહુ ઝીણી વાતું ભાઈ. આહાહા !

આ હાથ છે ને ? જુઓ, આ હાથ પરમાણુનો પિંડ છે આ, જડ છે આ, માટી છે આ. એ માટીના પરમાણુઓ આમ હાલે છે જુઓ આમ, એ એની અવસ્થા છે, એ એનાં પરિણામ છે, એ એની પર્યાય છે. એ આ માટીના પરમાણુઓ આ જડ રજકણો તેનું આમ ગતિમાન થવું એવી જે પર્યાય, પરિણામ તેનો કર્તા એ પરમાણું છે. એ પણ એનો કર્તા પરમાણું છે એમ કહેવું એ પણ ઉપચારથી છે, બાકી પરિણામ પરિણામનો કર્તા છે. પણ આંહી તો અભિન્ન કહીને, પરથી જુદું બતાવવું છે એટલે આ અવસ્થા થાય છે એ જડની પર્યાય છે, એને આત્મા એમ માને કે હું આ હાથને હલાવું છું, એવી ઇચ્છાનો એ કર્તા થાય અને આ અવસ્થાને ઇચ્છા અનુકૂળરૂપે નિમિત્ત કહેવાય, પણ એ ઇચ્છાથી હાથની પર્યાય હાલી છે, એ ત્રણ કાળમાં છે નહિ. લોજીકથી- તો વાત છે ભાઈ તત્ત્વથી, પણ હવે એને કાંઈ દરકાર ન મળે.

આ શરીર માટી છે ધૂળ. જેમ ઘડાની માટીથી ઉત્પત્તિ થઈ, એમ આ શરીરની આમ હાલવાની દશા, એ પરમાણું માટીથી થઈ છે, એના પરમાણુથી થઈ છે. એમ થતાં એને અનુકૂળ જે ઇચ્છા છે કે આમ કરું એ ઇચ્છા અનુકૂળ નિમિત્ત છે, પણ એ ઇચ્છાનો કરનારો એમ માને કે ઇચ્છા પણ હું કરું, અને આની અવસ્થા પણ હું હલાવી દઉં, એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સત્યનું ખૂન કરનારો છે. આવું છે, બાપુ. એય લોજીકથી તો કહેવાય છે ન્યાયથી તો. આહાહા ! ન્યાય 'ની' ધાતુ છે. 'ની' ધાતુમાં જેવું સ્વરૂપ છે તેમાં જ્ઞાનને લઈ જવું એનું નામ ન્યાય. 'ની' ન્યાયમાં 'ની' ધાતુ છે, એટલે કે જેવું સ્વરૂપ છે તેમાં 'ની' ધાતુ ન્યાય, જ્ઞાનને લઈ જવું યથાર્થપણે તેનું નામ ન્યાય. આહાહાહા !

અહીં કહે છે કે કુંભાર પોતાના વ્યાપારને પરિણામને કરતો પ્રતિભાસો, પોતાથી અભિન્ન પરિણામ માત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને કરતો પ્રતિભાસો. શું કીધું ઈ ? કુંભારને તેના પરિણામ ઘડાને કરવામાં નિમિત્તરૂપે અનુકૂળ ન હતા, પહેલાં બીજા પરિણામ હતા, પછી એ પરિણામ પલટાઈને ઘડાને કરવું એવો અનુકૂળ રાગ કરું રાગ, એ રાગ અવસ્થાંતર થઈ પહેલી

અવસ્થાથી બદલીને રાગ બીજી અવસ્થા થઈ, છે ? એ પરિણતિ માત્ર ક્રિયા, બદલવા માત્રની ક્રિયા, આહાહાહા ! ગજબ વાત છે બાપા. એ ક્રિયાથી કરવામાં આવે છે, તેને કરતો પ્રતિભાસો, શું કીધું સમજાણું ? ચંદુભાઈ !

કે કુંભાર છે એ પહેલે એ એની સ્ત્રી સામું જોતો, દાખલો અને એનો રાગ કરતો 'તો, હવે એ રાગ પલટાવીને ઘડો કરું એવો વિકલ્પ ઉઠયો, એ ક્રિયા થઈ અવસ્થાંતરની એ ક્રિયાનો કર્તા એ કુંભાર છે, એ રાગની ક્રિયાનો કર્તા કુંભાર પ્રતિભાસો, છે ? અરે આવી વાતું. એની મેળે પકડાય નહિ. જગતના ડહાપણ બધા આવડે માળાને, આ દાક્તરને એમ. એ. ના વકીલોને એલ. એલ. બી. ના પુંછડા, રામજીભાઈ એલ. એલ. બી. હતા ને વકીલ હતા. પાંત્રીસ વરસ પહેલાં બસો રૂપિયા લેતા પાંચ કલાકના, પણ એ બધું કુજ્ઞાન હતું, હું પરનું કરી શકું છું, શું કહે છે ? અસીલને જીતાડી શકું છું, એ તો ભાયેય એમ કહેતા કે એ તો મારું કુજ્ઞાન હતું તે દી'. આહાહાહા !

( શ્રોતાઃ- એ તો આપે બતાવ્યું ) પણ ન્યાયથી તો જોશોને પ્રભુ, ન્યાયથી વસ્તુસ્થિતિ જે છે આત્મા અને પરમાણુઓ જગતના તત્ત્વો જે કાયમ રહીને પલટે છે, વસ્તુ કાયમ રહીને પલટે છે, બદલે છે, એ વસ્તુ કાયમ રહીને પલટનારી અવસ્થા, એ અવસ્થાનો કર્તા તે દ્રવ્યને કહેવાય ઉપચારથી. સમજાણું ? પણ તે અવસ્થા કરતા પરની અવસ્થા પણ હું કરી શકું છું. આહાહા..... ! ( શ્રોતાઃ- પણ પરનો ત્રણેય કાળે કર્તા થતો નથી )હા, એ માન્યતા હતી અજ્ઞાનીની, કહો વિરચંદભાઈ, શું વાત ચાલે આ ? આ છોકરાનું કરી દઉં, કેળવણી આપું, એને પરણાવી દઉં, એને ઠેકાણે પાડું, એવી ક્રિયાનો કરનારો અજ્ઞાની રાગ ને કરે ને આને પણ કરે એમ માને એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે.

આહીં તો વીતરાગની કોલેજ છે. સર્વજ્ઞ ભગવાન જિનેશ્વરદેવ, સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં, એમાંથી આવેલી આ વાત છે. ભગવાન ત્રણલોકના નાથ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે, તીર્થંકરદેવ હાજરાહજુર છે. ત્યાં આગળ કુંદકુંદાચાર્ય દિગંબર સંત સંવત ૪૯ માં ગયા હતા, ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યાં છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

કહે છે કે કુંભાર ઘડાના ઉત્પત્તિને અનુકૂળ, અનુકૂળ એટલે નિમિત્ત, ઉત્પત્તિ તો ઘડાની માટીથી થઈ છે. પણ એને અનુકૂળ પોતાના રાગને અને હસ્તાદિની ક્રિયા, આમ-આમ હાથની ક્રિયા થાય ને, એને વ્યાપાર પરિણામને, હાથની ક્રિયા કરી શકતો નથી એ અત્યારે એ સિદ્ધ નથી કરવું , અત્યારે તો પરથી ભિન્ન એના પરિણામ છે એટલું સિધ્ધ કરવું છે. આહાહા..... ! એ વ્યાપાર પરિણામ ( છે તે ) પોતાથી અભિન્ન છે. કુંભાર ઘડાની ઉત્પત્તિના કાળમાં કુંભારને ઇચ્છા થઈ તે ઇચ્છા ઘડાને અનુકૂળ નિમિત્ત છે, પણ તે પરિણામ તે કુંભારના પરિણામ કુંભારથી અભિન્ન છે. એ કુંભારની ઇચ્છા છે એ કુંભારના આત્માથી અભિન્ન છે અને ઘડાની પર્યાયથી તે ઇચ્છા ભિન્ન છે. અરેરે ! આવી વાતું છે. એકેક શબ્દમાં મોટો ફેર, બાપા આખી દુનિયાથી બહુ ફેર છે ભાઈ ! આહાહા..... ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એણે કહેલા તત્ત્વો એનાથી વિરૂદ્ધ માનવું, એ સંસારમાં પરિભ્રમણના કારણ છે. રખડવાનું કારણ છે કહે છે. આહાહાહા !

કહો, રતિભાઈ આ બધા કારખાના હલાવે છે ને. નહીં ? આ રતિભાઈ મોઢા આગળ

હોય ને છોકરાને ભલામણ કરે છે લ્યો ને આમ ફેરવજો આમ સંચો બધુ હાલશે.

આંહી કહે છે કે એ ઇચ્છા કરે પણ આમ જે ફેરવવાની પર્યાય છે એ પર્યાયનો કર્તા તો ઈ પરમાણું છે. એ પરમાણુની પર્યાયમાં, ઇચ્છા અને ઇચ્છા કરનારો તે નિમિત્તરૂપે અનુકૂળ છે, પણ તે ઇચ્છા તે તેના આત્મા સાથે અભિન્ન છે અને ઓલી ક્રિયા જે છે તે આત્માથી તદ્‌ન ભિન્ન છે. અરર ! આવી વાતું હવે.

છે ? પોતાથી અભિન્ન પરિણતિ માત્ર ક્રિયાથી કરવામાં આવે છે. ફેરવી નાખી. પહેલાં પરિણામ બીજા હતા ને આ પરિણામ ઘડાની ઉત્પત્તિને અનુકૂળ રાગ કરું એવો રાગ થયો. તેને કરતો પ્રતિભાસો, “પરંતુ ઘડો કરવાના અહંકારથી,” ઘડો હું કરું એવો જે અહંકાર અભિમાન, ઘડો કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં, કુંભાર અહંકારથી ભરેલો હોવા છતાં, હું ઘડાને કરું એવા અહંકારથી ભરેલો હોવા છતાં પણ તે કુંભાર પોતાના વ્યાપારને અનુરૂપ પોતાના વ્યાપારને અનુરૂપ–ઓલું ઓલ્યાને અનુકૂળ હતું અને આ આના વ્યાપારને અનુરૂપ એવા માટીના ઘટ પરિણામને, જે માટીથી અભિન્ન છે. ઘડાની પર્યાય માટીથી એકમેક છે, ઘડાની દશા માટીથી અભિન્ન છે. તે પરિણામને કુંભાર એમ માને કે હું કરું છું એ મિથ્યા અહંકારી મૂંઢ જીવ છે.

ભારે વાત ભાઈ, આખો દિ’ દુનિયા કરે ને ? સવારથી ઉઠીને આ કરો આ કરો આ કરો. શાક લઈ આવો. શું શાક બાપુ લાવું લીલોતરી લાવજે ઘીસોડા બે શેર લઈ આવજો મહેમાન પધારેલા છે. આમ કરજો, કટકા સરખા કરજો. ઉપરની છાલ કાઢી નાંખીને ઘીસોડાની હોય ને ઉપરની ? કટકા કરજો. આહાહા..... !

પરમાત્મા એમ કહે છે કે એ પર્યાય જે થાય છે તે તેના દ્રવ્યના પરિણામથી થાય છે માટે તે પરિણામ તે દ્રવ્યથી અભિન્ન છે. કરનારો ઇચ્છાવાળો એ ઇચ્છા તેના આત્માથી અભિન્ન છે. પણ એ ઇચ્છાવાળો એમ માને કે અહંકાર કરે કે આ ક્રિયા હું કરું છું. ભારે આકરું ભાઈ, હેં ? ( શ્રોતાઃ– આ બોલે છે કોણ ) બોલે જડ. એ બોલે જડ, આત્મા નહિ. બોલવાની જે પર્યાય છે એ પરમાણુની પર્યાય ભાષાની છે, એમાં ઈચ્છાવાળો એમ માને કે હું આ ભાષાને બોલવાની ઇચ્છા કરું છું માટે ઇચ્છાને પણ હું કરું છું અને ભાષાની પર્યાય કરું છું. મૂંઢ છે, જાુઠા, અસત્ય પાપને સેવનારો છે, ચીમનભાઈ, દુનિયા કરતા જાુદી જાત છે આખી, બધી ખબર છે.

આંહી તો ૮૯ વર્ષ થયા શરીરને, ૭૦ વર્ષથી તો આ બધું જાણીએ છીએ જગતને. દુકાનમાં પણ અમારે આ બધા અભિમાનીઓ હતા ને અમે કરીએ, અમે કરીએ અમારે કુંવરજીભાઈ હતા ને ફઈના દિકરા ભાગીદાર હતા. આ તો ૬૪–૬૫ની વાત છે. સંવત ૬૪–૬૫, હું કરું, હું કરું આખો દિ’, મરીને ઢોર થઈશ કીધું યાદ રાખજે. એય હું તો પહેલો ભગત કહેવાતો ને, નાની ઉંમરથી દુકાન ચલાવતો, ઘરની દુકાન હતી. ફઈના દિકરા હતા ભાગીદાર, મોટાભાઈ હતા ને એના નાનાભાઈ અને એના મોટાભાઈ અને હું બે ભાગીદાર, કીધું આખો દિ’ શું કર્યું દુકાનમાં મેં કર્યું, મેં કર્યું, શું છે આ તે. મેં તો કહ્યું ’તું રતિભાઈ ૬૬ ની સાલમાં, કેટલા વરસ થયા ? ૬૯ વર્ષ, અત્યારે તો ૮૯ થયા શરીરને, જડને આ વૈશાખ સુદ બીજે ૯૦ બેસશે જનમના હોં. સવા નવ મહિના ગર્ભના ગણો તે જાુદા છે, એ તો આંહીનું આયુષ્ય છે ને. સવા નવ મહિના માતાના પેટમાં રહ્યો એ દેહ આ. મેં કીધું ’તું ભાઈ શું છે પણ આ આખો દિ’, અમે રળીએ છીએ,

ને અમે પેદા કરીએ છીએ, અમે ઘરાકને સાચવીએ છીએ. એમ કહ્યું'તું તે દિ' હોં, પણ મારી સામું બોલે નહિ. કારણકે હું ભગત કહેવાતો તે દિ' નાની ઉંમરથી, બોલે નહિ આ શું છે આ તે કીધું.

અહિંયા ભગવાન કહે છે પરમાત્મા કે ઘડાની ઉત્પત્તિ માટીથી થઈ, તે માટીનું કાર્ય છે. એને અનુકૂળ કુંભાર ઇચ્છા કરે અને ઇચ્છાનો કર્તા થાય, કેમ કે એ ઇચ્છા કુંભારના આત્માથી અભિન્ન છે અને ઘડાની પર્યાય તે માટીથી અભિન્ન છે, એ પર્યાયને હું કરું એવો અહંકાર કરે એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આરે ! આરે ! ભારે આકરું કામ. ( શ્રોતાઃ- ઘડો કુંભાર ન કરે તો કોણ કરે ) માટી કરે કીધુંને પહેલું કરે કોણ ? કીધુંને, કુંભાર ઘડાના સંભવને, સંભવ માટીની ઉત્પત્તિથી ઘડો થયો છે. માટી વસ્તુ છે કે નહિ ? જડ છે કે નહીં, પરમાણું છે કે નહિ ? જગતનું સત્ અને સત્ત્વ છે કે નહિ ? સત્ વસ્તુને એના ભાવો તે એનું સત્ત્વ છે, એ સત્પણે પરિણમે છે એ ઘડાની પર્યાયપણે. એ ઘડાની પર્યાયનો કર્તા તે માટી છે. આહાહાહા !

આવું પણ આ તો પાગલ જેવું લાગે બધું. કઈ જાતની વાત આ, દુનિયામાં કયાંય મેળ ન થાય બાપુ, મારગ આવો છે ભાઈ ! પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ તો આમ ફરમાવે છે, છે ?

“પરંતુ ઘડો કરવાના અહંકારથી ભરેલો તે હોવા છતાં ભલે” અહંકાર કર, “પણ પોતાના વ્યાપારને અનુરૂપ એવા માટીનાં ઘટ પરિણામની ક્રિયાને કરવામાં આવે છે તેને કરતો પ્રતિભાસતો નથી” ઘડાની પર્યાયને કુંભાર રાગ અનુકૂળ હોવા છતાં, રાગનો કર્તા પ્રતિભાસે તેમ ઘડાની પર્યાયને કરતો એ પ્રતિભાસતો નથી. આહાહા..... ! આ કઈ જાતની વાત ? આ તો ભગવાનની કોલેજ છે. તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથની આ કોલેજ છે. એનો આ સરવાળો છે આ, ભારે આકરું કામ. ગાથા એવી આવી છે ને ? આહાહા !

કરતો પ્રતિભાસતો નથી, કીધું' ને, ઘડાની પર્યાયને, કુંભાર રાગ કરતો છતાં, રાગનો કર્તા પ્રતિભાસો. કેમ કે રાગ તેના આત્માથી અભિન્ન છે, અને માટીની પર્યાયનો ઘડો તે એનાથી ભિન્ન છે માટે ભિન્ન પર્યાયનો કર્તા પ્રતિભાસો નહિ. આહાહાહા ! આ ભારે ઝીણું ભાઈ !

તેવી રીતે હવે એ દૃષ્ટાંત સિદ્ધ થયો. હવે સિદ્ધાંત; આત્મામાં હવે સિદ્ધાંત ઉતારે છે. એમ હતું ને અંદર ? જેમ હતું ને, ઓલામાં 'જેમ' હતું માથે, 'જેમ' કુંભાર એમ હતું, તેવી રીતે, હવે એની રીતે એ દૃષ્ટાંતની હારે સિદ્ધાંત લાગુ પાડવા માટે, છે ? તેવી રીતે આત્મા પણ અજ્ઞાનને લીધે, અજ્ઞાનને લીધે, શુભ-અશુભ રાગ કરે, એ અજ્ઞાનને લીધે જ્ઞાન ભાનવાળાને રાગ શુભાશુભ ભાવનો તે કર્તા નથી. આહાહા !

ધર્મી જે છે જેને આત્મજ્ઞાન છે, જેને આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન એટલે નિમિત્તનું નહિ; રાગનું નહિ; પર્યાયનું નહિ. આત્મજ્ઞાન છે તે રાગનો કર્તા છે નહિ. જેને આત્મજ્ઞાન છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે તેનું જ્ઞાન છે. એટલે આત્મજ્ઞાન છે, તેને તો દયા, દાન, કામ, ક્રોધના પરિણામનો પણ એ કર્તા નથી. આહાહાહા !

કહો નવરંગભાઈ, શું આમાં તમારું કાંઈ આવે દાકતર ફાકતરમાં આવે છે આવું કંઈ. હેં ? ( શ્રોતાઃ- આ તો જુદું વિજ્ઞાન છે ) લાઈન જુદી છે, આ લાઈન જુદી છે. પાટો ફેરવે તો લાઈન

ફરી જાય છે કે નહિ ? આ રેલમાં નહિ ? એક પાટે હાલતી હોય ને ઓલો પાટે પાતળો રાખે છે ને આમ, આમ ઉતારો એટલે બીજે પાટે હાલી જાય ગાડી. અમારે ત્યાં પાલેજ નજીક ખરું ને ? બધું જોયેલું દુકાનની જોડે સ્ટેશન હતું. બધે એક એક જોયેલું. માસ્તરો-બાસ્તરો અમારા જાણીતા હતા ને, મોટા મોટા માસ્તરો પાંચસોના પગારવાળા બધા. અમારે વેપાર હતો ને, ભલે નાની ઉંમર હતી ૧૭ થી ૨૨,પાંચ વર્ષ દુકાન ચલાવી 'તી. ( શ્રોતાઃ- વેપાર બદલી નાખ્યો ને ) હા, એ બધા પાપના ભાવ કરતા 'તા. આહાહા..... !

ત્યાં રેલ છે રેલ છે ને આમ પાટો હોય ને આમ એને બીજે પાટે લઈ જવો હોય તો પાતળો પાટો હોય છે. આમ, આમ પાતળો હોય છે, એને લઈને આમ ભેગો કરે એટલે છે બધું. ત્યાં નજીક હતો માસ્તર અમારે મુંબઈથી આવતો 'તો, માસ્તરને કહીએ કયા છે અમારો માલ ? ક્યાં ડબામાં છે આ લેવા જતાં 'તા પાંચ વર્ષ બધું પાપ કર્યું બહુ. આહાહા !

આંહી કહે છે, શું કીધું ત્યાં ? જેમ કુંભારના પરિણામને કુંભાર કરતો પ્રતિભાસો પણ કુંભારના પરિણામનો અહંકારી જીવ ઘડાના પરિણામને કરતો પ્રતિભાસો નહિ, એ અહંકાર કરે છતાં તેનો કર્તા તે છે નહિ. તેવી રીતે આત્મા પણ અજ્ઞાનને લીધે, જોયું ? અજ્ઞાનને લીધે પુણ્ય ને પાપના ભાવ કરે છે એ અજ્ઞાનને લીધે કરે છે. જગતના પરિણામ જે કરે છે, હિંસાના, જૂઠાના, ચોરીના, વિષયના, ભોગના, રાગના, માનના, માયાના, લોભના એ પરિણામનો કર્તા અજ્ઞાની છે.

જ્ઞાની તે પરિણામનો કર્તા નથી. કેમ કે જ્ઞાની આત્મજ્ઞાન, જેને આત્મા અનંત આનંદ સ્વરૂપ છે, તેનું જ્ઞાન થયું છે તેથી તેની નબળાઈને લઈને ભલે રાગાદિ થાય, છતાં તે રાગની સ્થિતિ વખતે જ્ઞાનના પરિણામ પોતાથી તેને ને પરને જાણવા ઉત્પન્ન થાય છે. ચંદુભાઈ ! આવું છે પ્રભુ શું થાય ? પણ હવે કોને કહેવું આ. ( શ્રોતાઃ- જરા કઠણ પડે ) શું બાપુ, મારગ આ છે. વિશેષ સ્પષ્ટીકરણ કરીએ તોય પણ આ છે.

આત્મા અજ્ઞાનને લીધે, છે ? પુદ્‌ગલકર્મરૂપ પરિણામને અનુકૂળ કર્મબંધન થાય છે, એ તો એના પર્યાયથી થાય છે પણ એને અનુકૂળ પોતાના પરિણામને કે રાગદ્વેષને કે જે પોતાથી અભિન્ન છે. આહાહાહા ! પુણ્ય-પાપના પરિણામ આત્માથી અભિન્ન છે એમ આવ્યું. એકકોર કહેવું કે પુણ્ય-પાપના ભાવ એ કર્મરૂપ વ્યાપક છે અને વ્યાપ્ય એનું કર્મ છે. અરે ભગવન્ ! કઈ રીતે છે પ્રભુ, ૭૬-૭૭ કર્મ વ્યાપક છે અને પુણ્ય-પાપના ભાવ તેનું કાર્ય નામ વ્યાપ્ય નામ પર્યાય છે, એ તો જ્ઞાનીની અપેક્ષાની વાત છે ત્યાં. આત્મા વ્યાપક છે અને તેના સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર નિર્મળ પરિણામ તેનું વ્યાપ્ય નામ કાર્ય છે. પણ આંહી તો અજ્ઞાનીની વાત છે. થોડું થોડું ધીમેથી કહેવાય છે બાપુ, આ તો મહા સિદ્ધાંતો જગતથી જુદી જાત છે.

આત્મા પણ અજ્ઞાનને લીધે પુદ્‌ગલકર્મરૂપ પરિણામને અનુકૂળ એટલે શું કહ્યું એ ? કે જે નવા કર્મ બંધાય છે ને, એ પરમાણુની પર્યાય છે, કર્મ બંધાય છે ને જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદનીય એ આઠ કર્મના પરિણામથી થાય છે, એ પરમાણુથી થાય છે, એવા આઠ કર્મના જે પરિણામ બંધાણા, એ તો એના પરિણામથી થયા. એ પરમાણુના પરિણામથી, પરિણામ તે પરમાણુથી અભિન્ન છે પણ એને અનુકૂળ એવા અહીંયા અજ્ઞાનીના રાગદ્વેષ છે. આહાહા..... !

જેમ ઘડાની પર્યાયની ઉત્પત્તિ માટીથી થઈ, પણ કુંભારનો રાગ તેને અનુકૂળ નિમિત્ત છે, એ રાગનો કર્તા એ ભાસો, પણ માટીની, ઘડાની પર્યાય થઈ તેનો એ કર્તા ન ભાસો. એમ નવા કર્મ જે બંધાય છે, એ પર્યાયનો કર્તા તે પરમાણું છે, પણ તેને અનુકૂળ અજ્ઞાનીના રાગદ્વેષ અનુકૂળ નિમિત્ત છે, એ પરિણામને અનુકૂળ પોતાના પરિણામને કે જે પોતાથી અભિન્ન છે, પુણ્ય ને પાપ શુભ ને અશુભ ભાવ એ જીવ કરે અજ્ઞાનથી એ પરિણામ જીવથી એકમેક છે, પરથી જુદું બતાવવું છે ને ? આહાહા ! આવું છે નહીં તો ખરેખર તો એ પુણ્ય-પાપના પરિણામ તે આત્માથી ભિન્ન છે, પણ એટલું આંહીં અત્યારે ફક્ત પરથી ભિન્ન બતાવવું છે એવી વાત છે બાપુ, "જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તે, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ"

બાપુ મારગડા જુદા પ્રભુ ! પરિભ્રમણમાંથી નીકળવાનો મારગ બાપા ! બહુ આકરો છે. ૮૪ ના અવતાર કરી કરીને મરી ગયો છે અત્યાર સુધી. માણસ મરીને ઢોર થાય, ઢોર મરીને નર્કમાં જાય, નર્કમાં મરીને રાજા થાય, રાજા મરીને નર્કમાં થાય. નારકી અંદર છે એવા ભવ અનંત અનંત કરી ચૂક્યો છે અજ્ઞાનને લઈને. આહાહા !

પણ આંહી તો કહે છે કે અજ્ઞાનને લઈને તેં કર્યું હોય તો તારા પરિણામને તેં કર્યા છે. ( શ્રોતાઃ- પરિણામ તો પરિક્ષા આપે ત્યારે આવે ) દુનિયાના એ પરિણામની ક્યાં વાત છે. નિશાળમાં એમ કહે શું પરિણામ આવ્યું ? એ વાત નથી અહીં, એ તો એનું ફળ શું આવ્યું. આ તો પરિણામ એટલે તેની વર્તમાન દશા. આત્માના રાગ દ્વેષ તે વર્તમાન તેના પરિણામ એટલે દશા અને માટીથી ઘડો થયો એ માટીથી પર્યાય તેની અભિન્ન છે ઘડાની, એમ અત્યારે લેવું છે. ઓલાં પરિણામ તમારે આવ્યું ન આવ્યું એ વાત નથી અહીં, એ તો બધી ખબર છે બાપુ, આખી દુનિયાની એકેએકની ખબર છે, દુનિયાના બધા ખેલ જોયાં છે, ખેલ નાચ્યા નથી, પણ નાચનારને જોયા છે. નાચનાર નાચે છે કેમ એ જોયાં છે બધું આહાહા..... !

આંહી કહે છે કે એકવાર સાંભળ તો ખરો પ્રભુ. આવો મનુષ્યભવ મળ્યો અને જો હારી જઈશ તો પાછો ક્યારે પાછો મનુષ્ય થઈશ ? આહાહા..... ! આની મુદત તો પચ્ચીસ, પચાસ, સાંઈઠ, કે સો વર્ષની, પછી છે ને આત્મા તો નાશ થાય એવો નથી, આ તો સંયોગી ચીજ છે. વિયોગ થઈને વઈ જશે, તું તો છે એ છે. પાછા જેવા અજ્ઞાન ભાવ કર્યા હશે, મરીને જાશે ઢોરમાં ક્યાંક હાલ્યો જઈશ.

આંહી કહે છે એકવાર અજ્ઞાનભાવે પણ તેં જે પરિણામ કર્યા તે પરિણામ પુણ્ય-પાપના ભાવ તારાથી અભિન્ન છે, એમ અત્યારે અમે કહીએ છીએ, છે ? એ પોતાનાં પરિણામ પોતાથી અભિન્ન છે. એ પોતાની અભિન્ન પરિણતિ માત્ર ક્રિયાથી કરવામાં આવે છે. એટલે શું કીધું ? કે જીવને પહેલાં જે પરિણામ હતા એનાથી પલટીને આ ક્રિયાના પરિણામ થયા છે અવસ્થાંતર થઈને, એના ને એના પોતાનાં પૂર્વના પરિણામ હતા પછી અવસ્થાંતર થઈને પર્યાય થઈ. કર્મબંધનમાં નિમિત્ત થતા પરિણામ, પૂર્વના પરિણામથી અવસ્થાંતર થઈને પરિણામ થયા છે, તેને કરતો પ્રતિભાસો. એ રાગના પરિણામને, પુણ્યના પરિણામને, પાપના પરિણામને કરતો તું અજ્ઞાનપણે ભાસો. આહાહા..... !

આવી વાતું હવે, કોઈ ઘરેથી સાંભળવા ન આવ્યા હોય પૂછે શું સાંભળી આવ્યા તમે ?

કોણ જાણે, આનું આમ ને આનું આમ કરતા 'તા, દુનિયાથી તદ્દન અજાણી વાત બાપા, બધી ખબર છે દુનિયાની હોં. આહાહા..... !

પરમાત્મા ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવનું આ ફરમાન, કે અજ્ઞાની પોતાના રાગદ્વેષ ને પુણ્ય–પાપના પરિણામને કરતો પ્રતિભાસો પણ તે પુણ્ય–પાપના પરિણામ કાળે જે કર્મબંધન થયું કર્મબંધનના પરિણામને કરતો પ્રતિભાસો નહિ. આહાહાહા !

કહો સમજાય છે કે નહિ. રસિકભાઈ ? અવલદોમની વાતું છે. દુનિયા પાગલ છે એને આ પાગલ જેવું લાગે. એવું છે, કે શું કહે છે આ તે પરમાત્મ પ્રકાશમાં કહ્યું 'તું દુનિયા પાગલ છે અને ધર્માત્મા જ્યારે તત્ત્વની વાત કરે ત્યારે એને પાગલ જેવી લાગે. પાગલને પાગલ જેવી લાગે. શું થાય બાપુ ! તત્ત્વનું સ્વરૂપ જ આવું છે, એમાં કોઈનો અધિકાર નથી કે હું કોકનું કરી દઉં. હું બીજાને આહાર પાણી દઉં. ભૂખ્યાને આહાર પાણી દઉં. તરસ્યાને પાણી દઉં. રોગીને ઔષધ દઉં, જમીન રહેવાની નથી તો એને જમીન દઉં. બધીએ ક્રિયા આત્મા કરી શકતો નથી પ્રભુ.

( શ્રોતાઃ– શરીરનું તો કરી શકે ) બાકી તો શરીરનો દાખલો આપ્યો ને આનો હાથનો, આ હોઠ હલે છે એ પરમાણું છે, માટી છે આ, એને આ હલવાની એ માટીની અવસ્થા છે, માટીના પરિણામ છે, અરેરે ! એ માટીની દશા છે એને આત્મા અંદર રાગ કરે અજ્ઞાનભાવે, કે હું બોલું, એ રાગ કરે પણ રાગ કર્તા આ હોઠની પર્યાયને હલાવી શકે એ ત્રણ કાળમાં નહિં. ( શ્રોતાઃ– પક્ષઘાત થયો હોય ત્યારે ) પક્ષઘાત થયો હોય ત્યારે ઓલાં પરમાણુની પર્યાય થવાની નહોતી માટે આમ–આમ નથી કરી શકતો. અત્યારે થાય છે એ પરમાણુની પર્યાયથી હાલે છે. ઈ ગજબ વાત છે બાપા, બધી ખબર છે દુનિયાની સાંભળો. આહાહાહા !

કીધું નહોતું પહેલું હમણાં, કે આ પગ જે છે પગ એ જમીનને અડીને હાલતો નથી. નહિ બેસે કઠણ પડશે પગ છે એ જમીનને અડતોય નથી, પગને હાલવામાં જમીનનો આધાર નથી. કેમ કે એ પગના પરમાણુઓમાં એ ષટ્કારકના કારકો ભર્યા છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ પર્યાયનો આધાર પર્યાય છે પર્યાયનો આધાર એ હેઠેની જમીન નહિ, આરે આ તો ગાંડા કહે હોં. એય શશીભાઈ ! આહાહા..... !

આ ઘડિયાળ આ પેટીના આધારે રહી નથી, ( શ્રોતાઃ– આપ તો પાટના આધારે બિરાજો છો ) પાટને આધારે શરીર રહ્યું નથી. શરીરને આધારે આત્મા રહ્યો નથી. ભિન્ન ભિન્ન પદાર્થને આધારે કોઈ ભિન્ન પદાર્થ હોય ? ત્રણ કાળમાં નથી. કઠણ પડે બાપુ વાતું, જગતની માન્યતાઓનો ખ્યાલ નથી ? આહાહા !

પરંતુ પુદ્ગલના પરિણામને કરવાના અહંકારથી કર્મબંધન મેં કર્યું. આ તો નજીકની વાત છે. દૂરની વાત તો શરીર, વાણી, મન, બહાર પૈસા ને એની વાતું તો ક્યાં કરવી ? કહે છે એક પૈસો કે નોટ હું આમ દઈ શકું છું એ વાત હરામ છે કહે છે. એ નોટની પર્યાય ત્યાં આમ અંદર ક્રિયાવતી થઈને આમ જવાની હતી એ નોટના પરિણામની નોટ કર્તા છે, એને ઠેકાણે બીજો કહે કે મેં આને નોટ આપી, એવા પરિણામનો તું કર્તા થા. તારા પણ એ નોટના પરિણામનો કર્તા તું થા એમ નથી, વિરચંદભાઈ ! શું છે આ તે આ. ( શ્રોતાઃ– ઘણા રૂપીયા રોજ ફેરવે છે ) છોકરા છે જૂનીના બે, હમણાં આવ્યો 'તો ઓલો નાનો કિશોર, વિરચંદભાઈ, તમારો ઓલો નાનો

આવ્યો 'તો ને આંહી. એનો છોકરો પરણ્યો 'તો ને આવ્યો 'તો આંહી. નાનો રમણિકથી નાનો. આ બધા સ્વતંત્રે સ્વતંત્ર કોઈ કોઈના દિકરા નથી ને કોઈ કોઈનો બાપેય નથી. આહાહા.....! આવું છે ભાઈ !

કીધું શું ? કે પોતાથી અભિન્ન પરિણામ અજ્ઞાની રાગદ્વેષને કરે શુભ-અશુભ ભાવને કરે એ પરિણતિની ક્રિયાથી કરવામાં આવે છે, એથી તેને કરતો પ્રતિભાસો, પરંતુ પુદ્‌ગલના પરિણામને એટલે કે કર્મબંધનની અવસ્થાના પરિણામના કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં મેં કર્મ બાંધ્યા, મેં કર્મ બાંધ્યા, એવો જે "અહંકારી જીવ હોવા છતાં પણ તે પોતાના પરિણામને અનુરૂપ એવાં પુદ્‌ગલનાં પરિણામને" રાગદ્વેષને અનુકૂળ છે એ તે પ્રકારે ત્યાં પરમાણું બંધાય એને કારણે, પુદ્‌ગલને કારણે, એવા પુદ્‌ગલના પરિણામને "કે જે પુદ્‌ગલથી અભિન્ન છે અને પુદ્‌ગલથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે." ઝીણી વાત છે. એ પરમાણું જે હતા પહેલાં કર્મરૂપે નહિ થયેલા એ પરિણતિ બદલીને કર્મરૂપ અવસ્થા કર્મમાં થઈ તે ક્રિયા પરમાણુની છે, આત્માની નહિ. આકરી ગાથાઓ આવી છે. આહાહા !

કે જે પુદ્‌ગલથી અભિન્ન છે અને પુદ્‌ગલથી અભિન્ન પરિણતિ માત્ર ક્રિયાથી કરવામાં આવે છે, "તેને કરતો ન પ્રતિભાસો," એટલે શું કીધું ઈ ? કે જે કર્મ બંધાય છે ને આઠ કર્મ છે. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય, અંતરાય, વેદનીય, શાતા-અશાતા, આયુષ્ય નામ ને ગોત્ર કર્મ બંધાય છે એ પરમાણું હતા. એ પહેલી કર્મની અવસ્થા એમાં નહોતી, બીજી અકર્મરૂપ હતી એ પછી બદલીને કર્મરૂપ અવસ્થા થઈ, એ ક્રિયા તે પરમાણુથી કરેલી છે. એ પરમાણુથી કરેલી છે, આત્માથી નહિ. જેવા ભાવ કરે એવું આયુષ્ય બંધાય એમ કહેવાય છે, લ્યો ભાઈ, આ ઢોરનું આયુષ્ય બંધાઈ ગયું. આને એવા પરિણામ આકરા કરેલા આડાઈના, આડાઈના, આડાઈના સમજાય છે ? આ તિર્યંચ છે ને તિર્યંચ ગાય ભેંસ આડા છે આમ, ગાય, ભેંસ, ઘોડા, ખિસકોલી, નોળ, ને કોળ આમ આડા છે, માણસ આમ ઊભા છે.

પરમાત્મા એમ કહે છે કે એ આડા કેમ શરીર થયા એનાં, કે પૂર્વે એણે આડોડાઈ રાગદ્વેષની કષાયની ઘણી કરેલી, એમાંથી આંહી કર્મબંધન થયું એ કર્મબંધનના કારણે આ પરિણામ થયા ને આ પરિણામને લઈને કર્મબંધન થયું એમ નહિ, અને એ કર્મબંધનનો જ્યાં ઉદય આવ્યો ત્યારે એને તિરછું શરીર મળ્યું, ગાય, ભેંસ, ઘોડા, ખિસકોલી, નોળ, કોળ એ કર્મનું તો નિમિત્ત માત્ર છે, અને તે વખતે તે જ પરમાણું ઘોડાપણે અને ગાયપણે પરિણમવાના પર્યાયથી થયા છે. આમાં કયાં કેટલું યાદ રાખવું ? સમજાણું કાંઈ ?

મોટા કરોડોપતિ અબજોપતિ શેઠિયા હોય ધર્મ કર્યો ન હોય, તેમ સત્ સમાગમ સાચો બે ચાર કલાક સેવવો અને બે ચાર કલાક વાંચન કરવું તો પુણ્ય હોં એ પુણ્યેય કર્યું ન હોય અને મરીને જાય, ઢોરમાં જાય, એ પૂર્વે એણે પરિણામ એવા કર્યા એનું બંધન થયું એ બંધનના કર્તા એ જીવ નહિ, અને બંધનના પરિણામનો ઉદય આવ્યો માટે ત્યાં શરીર આમ આડું થયું, એ આડા પરિણામ એ પૂર્વના બંધનના પરિણામ થયા તેનો કર્તા નહિ. આહાહાહા !

બહુ વાતે ફેર, વાતે વાતે ફેર. ઓલાં નથી કહેતા આપણે, "આનંદ કહે પરમાણંદા, માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે, અને એક ત્રાંબિયાના તેર" એમ ભગવાન કહે છે કે મારે

અને તારે વાતે વાતે ફેર છે પ્રભુ. ક્યાંય વાતમાં મેળ ખાય એવો નથી. આહાહા! કહો મલુકચંદભાઈ!

એ વળી યાદ આવ્યું એનો છોકરો છે ને પાંચ કરોડ રૂપિયા એક છોકરો અહીં મુંબઈમાં પુનમચંદ પાંચ કરોડ, મોટો છોકરો સ્વીટઝરલેન્ડમાં ચાર કરોડ અને બે મોટા છોકરા નવ કરોડવાળા છે, પણ માળા ન્યાં ને ન્યાં સલવાઈ ગયા છે. સાંભળવાની ય નવરાશ મળે નહિ. મોટાને તો દિકરોય નથી ચાર કરોડ રૂપિયા. દીકરી એક પરણાવી દીધી, તોય સખ નો હોય હોં કોઈ દિ' બાર મહિને આવવું બે ચાર પંદર દિ' એ ન મળે. (શ્રોતાઃ- હવે તો એ આપના ખોળામાં બેસીને રોવે છે) હું કાંઈ કહું ત્યારે બિચારો રોવે, આમ તો નરમ માણસને પણ ન્યાલભાઈ આ શું કરો આખો દિ'. તમે આમ બાગબગીચા જુઓ તો ચાર કરોડ રૂપિયા, દિકરો એકેય નથી દિકરી છે મોટા બંગલા ને બાગ બગીચા સ્વીટઝરલેન્ડમાં. (શ્રોતાઃ- હવા કેવી સુંદર આવે) ધૂળમાંય હવા નથી. હવા હવામાં રહી ગઈ અને આત્મા આત્મામાં રહી ગયો. અરે ભગવાન સાંભળ ભાઈ.

આંહી તો બાપુ મારગ જુદા ભાઈ, ઓલાને સાંભળવાને વખત મળે નહિ. આ એના પરિણામ શું થાય ભાઈ. કુદરતના નિયમ પ્રમાણે એના પરિણામ થઈને હાલ્યા જશે.

આંહી પ્રભુ એમ કહે છે કે કર્મબંધનની ક્રિયા જે થઈ. એ પુદ્‌ગલથી અભિન્ન હતી. અંદર કર્મ બંધન થયું છે એ અને પુદ્‌ગલથી અભિન્ન પરિણતિ પલટીને ક્રિયાથી કરવામાં આવે છે. તેને કરતો ન પ્રતિભાસો. અજ્ઞાની રાગદ્વેષને કરતો પ્રતિભાસો પણ તે કર્મ બંધનની પર્યાયને કરતો પ્રતિભાસો નહિ. આમાં એક કલાકમાં કઈ જાતની વાત આ, બાપુ આ તો ભગવાનના કોલેજની વાત છે. આ તો તત્ત્વની વસ્તુ એવી છે બાપુ ભગવાન સાંભળવા મળવી મુશ્કેલ છે ભાઈ. આહાહા.....! આ એનો ભાવાર્થ આવશે લ્યો. (શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૭૫ ગાથા-૮૬ શ્લોક નં. ૫૧-૫૨-૫૩

**તા.૨૨/૦૧/૭૯ સોમવાર પોષ વદ-૯**

શ્રી સમયસાર! ૮૬ ગાથા. ટીકા પૂરી થઇ ગઇ.

ભાવાર્થઃ- સૂક્ષ્મ વાત છે. "આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો;"-આત્મા છે એ પોતાના પુણ્ય ને પાપના ભાવ કરતો પ્રતિભાસો, "પણ પુદ્‌ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો."-પણ પરદ્રવ્યના પરિણામ આત્મા કરે, એ ત્રણકાળમાં (આત્મા) કરી શકતો નથી. છે? આત્મા પોતાના જ, પોતાના જ પરિણામો પુણ્ય ને પાપ, શુભાશુભ ભાવ, અજ્ઞાનભાવથી કરો પણ પોતાના પરિણામનો કર્તા છે એમ પ્રતિભાસો પરંતુ પુદ્‌ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો.

(પુણ્ય-પાપના ભાવ થાય) એ સમયે જે કર્મબંધન થાય છે, તો કર્મબંધનની પર્યાય આત્મા કરે, એવું ત્રણ કાળમાં બનતું નથી. કર્મબંધનની જે પર્યાય છે, એ પરિણામ-કર્મબંધન જડનું-પુદ્‌ગલનું છે. એ પરિણામનો કર્તા આત્મા (કદી) થઈ શકતો નથી. આત્મા પોતાના

પરિણામનો કર્તા હો. આહા ! છે ? પુદ્‌ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો.”

( હવે કહે છે ) “આત્માની અને પુદ્‌ગલની-બન્નેની ક્રિયા એક આત્મા જ કરે છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે.”-આત્મા પોતાના પરિણામને પણ કરે અને જડની દશા-પરિણામને પણ કરે, આવું માનવાવાળા એ જૈન નથી, મિથ્યાદૃષ્ટિ છે. દેવીલાલજી ? અહીંયા તો અંદર કર્મબંધન થાય છે ને ! એ કર્મબંધનની પર્યાયનો કર્તા આત્મા નથી. આત્મા પોતાના પરિણામનો કર્તા છે. દયા, દાન, વ્રત, કામ, ક્રોધ ( આદિ ) વિકારી ભાવનો એ અજ્ઞાનભાવે ( કર્તા હો ) પણ પરના પરિણામનો કર્તા તો આત્મા છે નહીં. આત્માની અને પુદ્‌ગલની-બન્નેની ક્રિયા એક આત્મા જ કરે છે-જડની પર્યાયને પણ કરે ને આત્મા આત્માના પરિણામ પણ કરે એવું માનવાવાળા ( એવા અભિપ્રાયવાળા ) મિથ્યાદૃષ્ટિ છે. એની દૃષ્ટિ તદ્દન જૂઠી-અજ્ઞાન છે. આત્મા રાગ ( ઇચ્છા ) પણ કરે અને આત્મા શરીરને હલાવી ( ચલાવી ) શકે એવી ( બે ક્રિયા એક આત્મા કરે ) એમ માનવાવાળા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા !

જડ પદાર્થ પૃથ્થક છે, ભગવાન આત્મા પૃથ્થક છે, તો ( આત્મા ) પોતાના પરિણામને કરે ને ( સાથે-સાથે ) જડના પરિણામને પણ કરે, એવું માને તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આવી વાત છે ભાઈ ! છે ? “જડ-ચૈતન્યની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થઈ જાય-એ મોટો દોષ ઊપજે.”-આત્મા, પોતાના પરિણામને કરે અને પરના પરિણામને કરે તો ભિન્ન પદાર્થોનો લોપ થઈ જશે, ભિન્ન ( જુદા જુદા ) પદાર્થ પોતાના પરિણામને કરે છે-( તેના કર્તા છે ) તો આ ( અજ્ઞાની ) કહે હું એનો કર્તા છું, તો તો ભિન્ન પદાર્થોનો લોપ થઈ જશે ! ઝીણી વાત છે ભાઈ !

વીતરાગ મારગ-જિનેશ્વરનો મારગ બહુ જ સૂક્ષ્મ છે, લોકોને સાંભળવા મળતો નથી. એ રાગ કરે પણ પરની દયા પણ પાળી શકે, એ ત્રણ કાળમાં નહીં. કેમ કે પરની દયાના પરિણામ તો જડની પર્યાય છે ને ! તો જડની ( દેહની ) પર્યાય ને ચેતન ( જીવ ) બન્નેનું ( સાથે-સાથે ) રહેવું તો એ આયુષ્ય પ્રમાણે રહે છે, એનાં કારણે રહે છે તો આ દયા ( જીવને બચાવવાનો ભાવ )ના પરિણામ આ ( જીવ ) કરે-રાગને કરે અજ્ઞાની પણ પરની ક્રિયા કરી શકે એ ત્રણકાળમાં બને નહિં. આહાહા ! આવી વાત છે.

જડ ને ચેતનની એક ક્રિયા હો-આત્મા અને આ પરમાણું-આ માટી, શરીર-કર્મ-વાણી જડ આદિ બધાની ક્રિયા જો એક હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી બધા દ્રવ્યો-બધા પદાર્થો બદલી થવાથી, બધાનો લોપ થઈ જશે, એ મહાદોષ ઉત્પન્ન થશે. આહાહા ! એ ભાવાર્થ હતો. હવે કળશ કહે છે.

# શ્લોક - ૫૧

( आर्या )

य: परिणमति स कर्ता य: परिणामो भवेत्तु तत्कर्म।
या परिणति: क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया।।५१।।

**હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે :-**

**શ્લોકાર્થ:-** [ य: परिणमत्ति स कर्ता ] **જે પરિણમે છે તે કર્તા છે,** [ य: परिणाम भवेत् तत् कर्म ] [ परिणमनारनुं ] **જે પરિણામ છે તે કર્મ છે** [ तु ] **અને** [ या परिणति: सा क्रिया ] **જે પરિણતિ છે તે ક્રિયા છે;** [ त्रयम अपि ] **એ ત્રણેય,** [ वस्तुतया भिन्नं न ] **વસ્તુપણે ભિન્ન નથી.**

**ભાવાર્થ:- દ્રવ્યદૃષ્ટિએ પરિણામ અને પરિણામીનો અભેદ છે અને પર્યાયદૃષ્ટિએ ભેદ છે. ભેદદૃષ્ટિથી તો કર્તા, કર્મ અને ક્રિયા ત્રણ કહેવામાં આવે છે પણ અહીં અભેદદૃષ્ટિથી પરમાર્થ કહ્યો છે કે કર્તા, કર્મ અને ક્રિયા-ત્રણેય એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે, પ્રદેશભેદરૂપ જાુદી વસ્તુઓ નથી. ૫૧.**

## પ્રવચન નં. ૧૭૫ શ્લોક નં. ૫૧ તા.૨૨/૦૧/૭૯

( આહા ) હવે કળશ અમૃતચંદ્રાચાર્ય ( રચિત ), કુંદકુંદાચાર્ય સંવત ૪૯ માં થયા, તેઓ ભગવાન સીમંધર ( નાથ વિદેહવાસી ) પાસે ગયા હતા, પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં, ત્યાં કુંદકુંદાચાર્ય ભગવાન ગયા હતા, આઠ દિવસ ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું ( સમયસાર ) એ મૂળ શ્લોક એમના છે અને પછી એકહજાર વરસ બાદ અમૃતચંદ્ર આચાર્ય, કુંદકુંદાચાર્ય પછી એક હજાર વર્ષે દિગંબર સંત થયા, તેમણે આ ટીકા બનાવી ( છે ) તેનો આ શ્લોક છે.

य: परिणमति स कर्ता य: परिणामो भवेत्तु तत्कर्म।
या परिणति: क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया।।५१।।

આહાહા ! અર્થ:- "ય: પરિણમતિ સ કર્તા"-જે પરિણમે છે તે કર્તા છે. અભેદથી વર્ણન છે અહીંયા-જે પર્યાયને કરે એ આત્મા, એનો કર્તા આત્મા-પોતાના પરિણામને કરે તો આત્મા કર્તા, જડ એની પર્યાયને કરે તો જડ એનો કર્તા. ( જુઓ ! ) આ શરીરની આ ( હલન-ચલન ) અવસ્થા થાય છે, એ અવસ્થાઓનો કર્તા એ ( શરીરના ) જડ-પરમાણું છે, આત્મા નહીં. એ કહે છે, જે બદલે છે તે કર્તા છે"-આંહી તો અભેદથી વર્ણન છે ને !

આત્મા છે એ પોતાના પરિણામને બદલે છે-કરે છે તો એ એનો કર્તા છે. અને પરિણમનારનું જે પરિણામ છે તે કર્મ છે-કાર્ય છે. આહાહા ! સૂક્ષ્મ વાત છે, ભાઈ ! અનંત કાળથી એણે સત્ય

સાંભળ્યું જ નથી, અને સત્યની દૃષ્ટિ વિના બધું થોથાં છે, એકડા વિનાનાં મિંડા છે.

( કહે છે કે ) પરિણમન કરવાવાળો આત્મા, પોતાના પરિણામને કરે અને જડ છે એ પોતાની પરિણતિ-ક્રિયાના કરવાવાળા છે, એ ક્રિયાને જડ કરે. છે ? કર્મ, એ કર્મ છે-આત્મા રાગ કરે તો તે આત્માનું કર્મ નામ કાર્ય છે અને જડ કર્મબંધન થાય છે એ જડનું પરિણામ એનું છે- એ જડનું કર્મ-કાર્ય છે. ( જુઓ ! ) આ શરીર છે-માટી-ધૂળ્ય-પુદ્ગલ છે, તો એવી-એવી ( હાલવા- ચાલવાની ) અવસ્થા થાય છે એ અવસ્થા એનું કાર્ય છે ( પુદ્ગલનું ) કર્મ છે-એ પરમાણુની એ અવસ્થા-કર્મ છે. કર્મ એટલે કાર્ય, કર્મ એટલે એ જડકર્મ ( -દ્રવ્યકર્મ ) નહીં અહીં. સમજાણું કાંઈ... ? આહાહા ! ઝીણી વાત ભાઈ !

અનંત કાળથી ચૈતન્ય ( આત્મા ) ને જડ ( પુદ્ગલ-પરમાણું ) ભિન્ન ભિન્ન ( છે. ) એ ભિન્નતાની અંદર શ્રદ્ધા કરી જ નથી કયારેય ! આહા ! અહીંયા તો હજી રાગ, રાગ આત્મા કરે એ-પણ હજી અજ્ઞાનભાવથી કરે, તો રાગ એનું ( આત્માનું ) કાર્ય છે ને આત્મા તેનો કર્તા છે- એ અભિન્ન-અભેદથી કહેવામાં આવ્યું છે. આહાહા !

કર્મબંધન જ્યારે થાય છે, શરીર-વાણીની દશા થાય છે, એ પર્યાય, આ વાણીની પર્યાય છે ને એનું ભાષાનું આ કાર્ય છે, એ જડ-પરમાણુનું એ કર્મ-કાર્ય છે, આત્માનું નહીં. ભાષા આત્મા બોલી શકે નહીં, કાંઈ પણ બોલી શકે નહીં, ભાષાની પર્યાયનું કાર્ય ભાષાનું છે, આત્માનું એ ( કાર્ય ) છે નહીં. વીતરાગ સિવાય-સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આ વાત કયાંય છે નહીં. અત્યારે તો સંપ્રદાયમાં ગોટા ઊઠયા છે. આહાહા !

પરનું કરી દઉં-પરનું કરી દઉં-પરને જીવાડું-પરને મારી શકું-પરનું હું જ કરી દઉં-પરને સુખી કરી દઉં-( પરને દુઃખી કરી દઉં ) બધો મિથ્યાભ્રમ અજ્ઞાન છે. અહીંયા કહે છે કે જો બે ક્રિયા એક થઈ જાય, તો બધું લોપ થઈ જશે. છે ? ( જડ-ચેતનની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થઈ જાય-એ મોટો દોષ ઊપજે. ) “જે પરિણામ છે તે કર્મ છે અને જે પરિણતિ છે તે ક્રિયા છે”-આત્મા, પૂર્વની અવસ્થા બદલીને નવી અવસ્થા કરે છે એ ક્રિયા છે. અને જડમાં પણ પહેલી આ અવસ્થા છે અને આવી અવસ્થા થઈ જાય છે, એ પરમાણું-જડની ક્રિયા છે. એ જડની ક્રિયા આત્મા કરે નહીં, અને આત્માની ક્રિયા જડ કરે નહીં. આહા ! ઝીણું બહુ બાપુ !

સમયસાર છે આ ! ભગવાન કુંદકુંદાચાર્યનું ! આવે છે ને “મંગલમ્ ભગવાન વીરો મંગલમ્ ગૌતમો ગણી, મંગલમ્ કુંદકુંદાર્યો ! ( ત્રીજા સ્થાને ) આ કુંદકુંદાચાર્ય ! એમનું શાસ્ત્ર, એની ટીકા અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતની છે. આ એમનો ( રચેલો ) કળશ છે. આહા !

જે પરિણામ છે તે કાર્ય છે કર્મ ને પરિણતિ છે તે જ ક્રિયા છે. આત્મા પૂર્વની હાલત દશા બદલીને નવી અવસ્થા કરે છે રાગની, એ ક્રિયા ! જડમાં પણ કર્મની અવસ્થા ( પહેલાં ) નહોતી અને કર્મની અવસ્થા થઈ પરમાણુંમાં, એ ક્રિયા છે-એ જડની ક્રિયા જડમાં થઈ. આત્માની ક્રિયા આત્મામાં થઈ. આત્મા, જડની ક્રિયા કરે નહીં ને જડ, આત્માની ક્રિયા કરે નહીં. આવું ઝીણું છે. “જડ-ચૈતન્યનો પ્રગટ સ્વભાવ બન્ને ભિન્ન”-જડ ને ચૈતન્ય ( ભિન્ન-ભિન્ન છે ) આ શરીર -આ તો જડ છે માટી-ધૂળ છે, એની ક્રિયા અને આત્માની ક્રિયા તો તદ્દન ભિન્ન ( ભિન્ન ) છે.

ખબરેય નહીં અનાદિ કાળથી ! અજીવની ક્રિયા હું કરું છું અને મારી ક્રિયા મારામાં રાગ થાય છે એ રાગ, કર્મ કરાવે છે–આવી માન્યતા એ મિથ્યાદૃષ્ટિ છે અને મેં રાગ કર્યો તો કર્મનું બંધન થયું એ પણ કર્મબંધનનું પરિણામ મારાથી થયું એ–પણ મિથ્યાદૃષ્ટિ છે–જૈન છે નહીં એ...આહાહા ! જૈનના તત્ત્વની તો એને ખબર નથી. છે ?

( હવે કહે છે ) "એ ત્રણેય, વસ્તુપણે ભિન્ન નથી." અહીં અભેદથી કહ્યું છે ને ! આત્મા પોતાના પરિણામ કરે ( તેથી ) કર્તા અને પરિણામ તેનું કાર્ય અને પૂર્વની અવસ્થા બદલીને ( જે ) કાર્ય થયું તો એ ક્રિયા, ( કર્તા, કર્મ ને ક્રિયા ) એ ત્રણેય વસ્તુ આત્માની છે. અભેદથી કહેવું છે ને અહીં, એ અવસ્થા આત્મા છે અને આત્મા અવસ્થા છે ( અભેદ છે ) એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ... ? એ ( ત્રણેય ) વસ્તુથી ભિન્ન નહીં.

આત્મા પોતાના પરિણામને કરે એ પરિણામનો કર્તા એ આત્મા, એ પરિણામ એનું કાર્ય અને બદલીને જે ક્રિયા ( –પરિણતિ ) થઈ એ પોતાની પરિણતિ, એ ત્રણેય વસ્તુ આત્માની છે. છે તો અવસ્થા પણ એ અવસ્થા આત્માની છે, માટે અવસ્થા આત્મા છે. એ ( ત્રણેય ) અવસ્થા આત્મા છે. આહાહાહા ! રસિકભાઈ ? આવું ઝીણું છે.

બેલગામના આવ્યા છે ને કો'ક એ કહે હિન્દીમાં બોલો, બેલગામના કો'ક આવ્યા'તા, તો આ હિન્દી થઈ ગયું ! તે કહેતા હતા કે કાલે હિન્દી કરશો ? કીધું, એકલા માટે હિન્દી નહીં થાય, આ તો ઝાઝા છે આજે...નથી આવ્યા લાગતા, એ જાણે કે હિન્દી નહીં થાય તો નહીં સંભળાય–સમજાય, એક બેલગામનો છોકરો હતો, કર્ણાટક( નો ). આહાહાહા !

ભાવાર્થ :– દ્રવ્યદૃષ્ટિએ, આંહી તો એમ કહેવું છે ને ભાઈ ! અભિન્ન કહેવું છે. "દ્રવ્યદૃષ્ટિએ પરિણામ અને પરિણામીનો અભેદ છે"–અહીં પર્યાય ભિન્ન છે ને દ્રવ્ય ભિન્ન છે, એમ સિદ્ધ કરવું નથી. ( અહીં તો ) આત્માના પરિણામ અને આત્મા પરિણામી એ બન્ને અભેદ છે–એ અવસ્થા છે એ આત્મા છે, આત્મા છે એ અવસ્થા છે. એવું અહીંયા સિદ્ધ કરવું છે. પરની અવસ્થા એ જડ છે ને જડની અવસ્થા એ પર છે. એ પોતાની અવસ્થા એ જડરૂપ છે, એ આ શરીર છે રજકણ છે આ અવસ્થા છે એ જડની એ જડ છે અવસ્થા તે જડ છે ને જડ તે અવસ્થા છે.

આત્મા એ શરીરને હલાવી શકે નહીં ત્રણ કાળમાં એમ ભગવાન કહે છે. કેમ કે જડની ભાષા ( વાણી )ની જે અવસ્થા છે, એ જડ છે–જડની અવસ્થા છે તેથી જડ છે અને જડની અવસ્થા એ જડરૂપ છે–એ અવસ્થા( ભાષાની–વાણીની ) જડરૂપ જ છે. જડની પર્યાયરૂપ છે. એમ આત્માના પરિણામ જે રાગાદિ છે એ આત્મા છે. અને આત્મા છે એ રાગદ્વેષ છે. અરેરે ! આવું ઝીણું છે બાપુ ! મારગ વીતરાગનો, જિનેશ્વરદેવ પરમેશ્વર કેવળજ્ઞાનીનો માર્ગ તો બહુ સૂક્ષ્મ ! અત્યારે તો કાંઈ ખબર ન મળે અને એમનેએમ હાંકયે જાય ! આહાહા !

આંહી કહે છે કે ભગવાનની પૂજા જ્યારે થાય છે ત્યારે રાગ આવે છે એ આત્માનું પરિણામ છે પણ એ વખતે પૂજામાં ( –પૂજા કરતી વખતે ) હાથ હલે છે ( અર્ધ્ય ચડાવવા ) તથા, સ્વાહા વાણી ( નીકળે છે ) એ બધું જડનું પરિણામ છે. આવી વાત છે, બાપુ ! 'સ્વાહા' એ તો જડની અવસ્થા, ભાષાની અવસ્થા છે એ આત્માના પરિણામ નહીં. આત્મા તો ( ત્યારે ) રાગ કરે હોં, અજ્ઞાન ભાવે, એ રાગનો કર્તા બને ( આત્મા ) અજ્ઞાનભાવે, ધર્મભાવ જ્યાં આત્માની

દૃષ્ટિ થઈ ત્યાં રાગનોય કર્તા નહીં, એ તો રાગનો જાણવાવાળો રહે છે. આહાહા !

અહીંયા તો રાગનો કરવાવાળો છે એણે અજ્ઞાનભાવે રાગ કર્યો, તો રાગ એનું પરિણામ છે અને એ પરિણામનો કર્તા એ જીવદ્રવ્ય છે, પણ એ વખતે જે જડની પર્યાય થાય છે એ તો જડ પરિણામનો કર્તા જડ છે, પણ એ આત્મા જડનું પરિણામ કરે એવું છે નહીં. આહાહાહા ! આવું છે કામ ! દ્રવ્યદૃષ્ટિથી લેવું છે ને આંહી, પર્યાયદૃષ્ટિથી ભિન્ન પાડવું છે એ અત્યારે ( આંહી ) નહીં. અભિન્ન કહેવું છે ને ! દ્રવ્યદ્રષ્ટિથી પરિણામ અને પરિણામીનો ( સંબંધ ) અભેદ છે. અને પર્યાયદૃષ્ટિએ ભેદ છે.

આત્મા રાગના પરિણામ કરે-એ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ ( કહ્યું એમાં ) દ્રવ્ય એટલે વસ્તુ ( આત્મવસ્તુ ) ને દૃષ્ટિ એટલે ત્રિકાળીની દૃષ્ટિ એમ નહીં, ( પરંતુ ) વસ્તુની દૃષ્ટિએ જુઓ તો રાગના પરિણામ છે એ આત્માના છે-દ્રવ્યદૃષ્ટિએ ( એટલે અભેદદૃષ્ટિએ ), પર્યાયદૃષ્ટિએ દ્રવ્ય ભિન્ન છે, પરિણામ ભિન્ન છે-દ્રવ્ય-પર્યાય ભિન્ન ( ભિન્ન ) છે. આવી વાતું છે. "ભેદદૃષ્ટિથી તો કર્તા, કર્મ અને ક્રિયા એ ત્રણ કહેવામાં આવે છે"-આત્મા રાગનો કર્તા, રાગ એનું કાર્યને રાગની ક્રિયા એની, એવા ત્રણ કહેવામાં આવે છે.

"પણ અહીં અભેદદૃષ્ટિથી પરમાર્થ કહ્યો છે કે કર્તા, કર્મ અને ક્રિયા-ત્રણેય એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે. આહાહા ! રાગક્રિયા-દયા-દાનના, ભક્તિના, પૂજાના( ભાવ ) એ રાગ છે, એ રાગનો કર્તા આત્મા છે. ( ઓહો ! ) રાગ એનું કાર્ય-કર્મ છે, રાગ એની ક્રિયા છે એ ત્રણેય એક દ્રવ્યના છે.-એવું અહીં સિદ્ધ કરવું છે. આહાહા ! કહો, પંડિતજી ? આવું છે, ઝીણો મારગ બહુ ભાઈ વીતરાગનો, લોકોને-બિચારાને ખબરેય ન મળે, એમને એમ આંધળી દૃષ્ટિએ હાલ્યા જાય અજ્ઞાનપણે, એમાં ભવભ્રમણનો નાશ ન થાય, પણ ભવભ્રમણ વધે અજ્ઞાનભાવમાં તો... આહાહાહા ! સમજાણું કાંઈ... ?

પરંતુ અહીં અભેદદૃષ્ટિથી પરમાર્થતઃ કહેવામાં આવ્યું છે કે કર્તા, કર્મ, ક્રિયા-ત્રણેય એક દ્રવ્યની અભિન્ન અવસ્થા છે. આહાહા ! આ પાનું છે-કાગળ, એની ( આમ-આમ ) જે અવસ્થા થાય છે, એ અવસ્થા એ પરમાણુંનું કાર્ય છે. આ આંગળીનું એ કાર્ય છે નહીં, આગળીથી એ ઊંચી( નીચી ) ક્રિયા થઈ નથી. અરે ! આવી વાતો આકરી બહુ બાપા !. એમ આંહી કહે છે, ભગવાન ! કે આ પરમાણું જે છે એની એવી પર્યાય થઈ, એ પર્યાયનો કર્તા એ પરમાણું છે. અને પર્યાય, પરમાણુંનું કાર્ય છે અને આમ થઈને... આમ થઈ એ ( પરિણતિની ) અવસ્થા-ક્રિયા પણ એ પરમાણુંની છે. આત્માની નહીં, આત્મા એ ( ક્રિયા ) કરી શકતો નથી. છે ? ( શ્રોતાઃ- હાથમાં કાગળ ઝાલ્યો શું કરવા ? ) કોણ ઝાલે છે ? ઝાલ્યો જ નથીને ! આ હાથ એને અડતો જ નથી ! ઝીણો માર્ગ ભાઈ ! વીતરાગનો મારગ-પરમેશ્વરનો મારગ બહુ સૂક્ષ્મ છે.

( શું કહે છે ? ) એ તો હાથ કાગળને અડયો જ નથી, કેમ કે એમાં અને આમાં બન્નેમાં ( એકબીજાનો અત્યંત ) અભાવ છે. આહાહા ! બહુ ઝીણો માર્ગ ભાઈ ! ( આહા ! ) એણે અનંતકાળમાં સાચી તત્ત્વદૃષ્ટિ કરી જ નથી, એ તત્ત્વદૃષ્ટિ વિના, દયા-દાન-પૂજા-ભક્તિ ( ના ભાવ ) અનંત વાર કર્યા, પણ એનું ફળ એને ચાર ગતિમાં રઝળવાનું છે. આહાહા ! અંતર્દૃષ્ટિ છે-સમ્યગ્દૃષ્ટિ છે, એ શું છે એની ખબર નહીં. સમજાણું ?

અહીંયા તો અજ્ઞાનભાવથી જે રાગ કરે છે, તો તે રાગની ક્રિયા-રાગપરિણામ અને રાગનો કર્તા ( આત્મા ) એ ત્રણેય એક છે, એમકહેવામાં આવ્યું છે. અનેરી-બીજી ચીજો એની સાથે કોઈ સંબંધ નથી. સમજાણું કાંઈ... ? આવું છે. "કર્તા, કર્મ અને ક્રિયા-ત્રણેય એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે," પ્રદેશ ભેદરૂપ જુદી વસ્તુઓ નથી."-આટલી વાત છે. કર્તા જે આત્મા છે એના પ્રદેશ ભિન્ન ને રાગ પરિણામ કર્મ એના પ્રદેશ ભિન્ન, એવું છે નહીં, બધાના પ્રદેશ એક જ છે. આહાહા ! જુદાઈ ( છે તે અત્યારે નહીં ) તો અત્યારે દ્રવ્યદૃષ્ટિની-( અભેદની ) અપેક્ષાએ વાત છે. આંહી તો પરથી પૃથ્થક બતાવવાની વાત છે. પોતાની પર્યાયથી પૃથ્થક દ્રવ્ય છે એ વાત પછી, પર્યાયથી પૃથ્થક દ્રવ્ય છે એ હજી આટલો નિર્ણય કરે નહીં એને કયાંથી બેસે ? આહાહા !

"કર્તા, કર્મ અને ક્રિયા-ત્રણેય એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે" જુઓ ! આત્મા રાગ કરે એ રાગનો કર્તા આત્મા, રાગ એનું કાર્ય, અને રાગ એની ક્રિયા, ત્રણેય આત્મા છે, જડ ( પુદ્‌ગલ-પરમાણું ) નહીં. આત્મામાં રાગ થાય છે તો કર્મથી રાગ થાય છે એવું છે નહીં, એમ કહે છે. કર્મ તેનો કર્તા નહીં રાગનો, રાગનો કર્તા આત્મા છે, એ પણ અજ્ઞાનભાવથી, આવી વાત છે ! આહાહા ! અજ્ઞાન-મિથ્યાદૃષ્ટિપણે અજ્ઞાની છે તો ( તેથી તે ) રાગનો કર્તા થાય છે, પણ એ રાગનો કર્તા, કર્મ ( પુદ્‌ગલ-જડ ) છે એવું છે નહીં. આહાહાહા ! સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે ભાઈ !

અનંતકાળ ગયો પરિભ્રમણ કરતાં કરતાં ચોરાશીના અવતાર થયા-ચોરાશી લાખ યોનિ, એક એક યોનિમાં અનંત વાર અવતાર કર્યા-મહાદુઃખી, દુઃખી, દુઃખી અબજોપતિ અનંતવાર મનુષ્ય થયો છે અબજોપતિ થઇને મરીને ઢોરમાં ચાલ્યો ગયો છે એવા અનંતવાર ભવ કર્યા ! પણ સત્ય વાત ( સાંભળી ) પણ નહીં, ( શ્રોતાઃ- પૈસા વખતેય દુઃખી છે ? ) પૈસા ! એ વખતે પણ દુઃખી છે. પૈસા ( છે ) એ વખતેય પૈસા ઉપર લક્ષ જાય છે-જડ ઉપર લક્ષ જાય છે, એ દુઃખ છે. આહાહા ! દુઃખી છે દુઃખી ! પૈસા મારા એવી માન્યતા ( મમતાભાવ ) એ દુઃખ છે, પૈસા તો જડ છે-ધૂળ છે-પુદ્‌ગલ છે. ( શ્રોતાઃ- પૈસા વિના શાક આવે ? ) પૈસા વિના જ શાક આવે છે- શાક, શાકથી આવે ! આત્મા ઇચ્છા કરે છે માટે ( શાક ) આવે છે એમ નહીં અને પૈસાથી આવે ( છે ) એમ નહીં.

( આહા ! ) પૈસા જે છે એ ( પુદ્‌ગલનું ) પરિણામ, એની પર્યાય અને પૈસા ( પુદ્‌ગલ ) એનો કર્તા છે અને શાક લાવે એ એનું પરિણામ એવું છે નહીં. ઝીણી વાત છે ભાઈ ! એને અનંત કાળ રખડતાં ( રખડતાં ) કોઈ વાર સત્ય વાત સમજી નથી, જૈન સંપ્રદાય પણ અનંતવાર મળ્યો, શું કહ્યું છે જૈન પરમેશ્વરને શું કહેવું છે, સ્વતંત્ર ( દરેક ચીજ ) કેમ છે, એની ખબર નહીં, અજ્ઞાનપણે-મૂઢપણે અનંત ભવ કર્યા. આહાહાહા ! ત્રણેય એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે, પ્રદેશભેદરૂપ જુદી વસ્તુઓ નથી.-એટલું અહીં સિદ્ધ કરવું છે, પરથી જુદું ( છે એટલું ) સિદ્ધ કરવું છે.

## શ્લોક - પર

(आर्या)

एक: परिणमति सदा परिणामो जायते सदैकस्य।
एकस्य परिणति: स्यादनेकमप्येकमेव यत: ।।५२।।

હવે, બાવનમો શ્લોકઃ- (ફરી પણ કહે છે કેઃ-)

**શ્લોકાર્થ** :- [एक: परिणमति सदा] વસ્તુ એક જ સદા પરિણમે છે, [एकस्य सदा परिणाम: जायते] એકના જ સદા પરિણામ થાય છે [अर्थात् એક अवस्थाथी अन्य अवस्था એકની જ થાય છે] અને [एकस्य परिणति: स्यात्] એકની જ પરિણતિ-ક્રિયા થાય છે; [यत:] કારણ કે [अनेकम् अपि एकम एव] અનેકરૂપ થવા છતાં એક જ વસ્તુ છે, ભેદ નથી.

**ભાવાર્થઃ-** એક વસ્તુના અનેક પર્યાયો થાય છે; તેમને પરિણામ પણ કહેવાય છે અને અવસ્થા પણ કહેવાય છે. તેઓ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનાદિકથી જુદા જુદા પ્રતિભાસે છે તોપણ એક વસ્તુ જ છે, જુદા નથી; એવો જ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો સ્વભાવ છે. પર.

## પ્રવચન નં. ૧૭૫ શ્લોક નં. પર તા.૨૨/૦૧/૭૯

एक: परिणमति सदा परिणामो जायते सदैकस्य।
एकस्य परिणति: स्यादनेकमप्येकमेव यत: ।।५२।।

(આહા!) "એકઃ પરિણતિ સદા"–વસ્તુ એક જ સદા પરિણમે છે–પરમાણું, પરમાણું એક જ પોતાની અવસ્થા–પરિણામ થાય છે. આત્મા (આત્મા) એક જ પોતાના પરિણમનથી પરિણામ કરે છે, કોઈ બીજું એને સહાય આપે તો પરિણમન કરે છે એવું છે નહીં. સમજાણું કાંઈ...? વસ્તુ એક જ સદા પરિણમે છે–વસ્તુ આત્મા અને પરમાણું, એક એક (દરેક) ભિન્ન (ભિન્ન) ચીજ સદા પરિણમે છે. એક વસ્તુ જ સદા અવસ્થારૂપથી પરિણમિત થાય છે–એ એક જ પરિણમે છે. એમાં બીજી વસ્તુની કોઈ સહાયતા (મદદ) છે એવું છે નહીં. આહાહા! સમજાણું કાંઈ...? આવી વાત છે, અભ્યાસ નહીં ને અત્યારે તો એ સાંભળવામાંય આવતું નથી, (સાંભળવામાં આવે કે) આ કરો, આ કરો, આ કરો, આ કરો!

(શ્રોતાઃ– એ વાત જલદી સમજાય!) આમાં તો સમજાય એવી વાત નથી? સોનું છે સોનું–સુવર્ણ, એનાં જે દાગીના થાય છે–ઝવેરાત–દાગીના, એ સોનાનું કાર્ય છે એ સોનીનું નહીં. (શ્રોતાઃ– કયા દેશમાં આવું છે?) ભગવાનના દેશમાં આ છે. અજ્ઞાનીના દેશમાં અજ્ઞાન છે. સોની જે સોના(ના દાગીના) કરે છે (–કરતો દેખાય છે) તો સોનું ઘડે છે એમ (લોકો) કહે

છે, સોનાના જે પરિણામ–ઝવેરાત–દાગીના ( થયા ), દાગીના કહે છે ને ! એ ઝવેરાતની પર્યાય જે થઈ એનો કર્તા સોનું છે, એ કાર્ય સોનાનું છે એ પરિણતિ બદલી એ સોનાએ બદલાવી છે, સોનીએ નહીં. આહાહા ! આવું છે.

ઘડો જે બને છે, ( કુંભારથી નહીં ) માટીથી બને છે, માટી કર્તા છે ને ઘડો તેનું કાર્ય છે–કર્મ છે. અને પૂર્વની અવસ્થા–પિંડની અવસ્થા પલટીને ઘડો થયો એ ક્રિયા માટીની છે–એ કર્તા, કર્મ ને ક્રિયા ત્રણે અભેદ એક વસ્તુના ( પરિણામ ) છે. દ્રવ્યદૃષ્ટિએ–( અભેદથી ). એમ આ આત્મા, રાગનો કર્તા હો, તો રાગનો કર્તા આત્મા, રાગ તેનું કાર્ય, દયા–દાન–વ્રત–ભક્તિ આદિનાં ભાવ અને રાગની પર્યાય જે પૂર્વની અવસ્થા પલટીને થઈ એ ક્રિયા. એ કર્તા, કર્મ ને ક્રિયા ત્રણેય આત્મા છે. અહીં તો અવસ્થા એ આત્મા છે, એવું સિદ્ધ કરવું છે ને ? આત્મા તે અવસ્થા ને અવસ્થા તે આત્મા ! આહાહા ! સમજાણું કાંઈ... ?

જુઓ ! આ લાકડી છે જુઓ લાકડી છે એ આમ ( ઊંચી–નીચી ) થઈ તો એ લાકડીના પરમાણું છે એનું એ પરિણામ કાર્ય છે અને એ પરિણામ પરમાણું એના કર્તા છે, પૂર્વની અવસ્થા આમ ( ઊંચી ) હતી ને પલટીને આવી ( નીચી ) અવસ્થા થઈ–ક્રિયા થઈ એ પણ પરમાણુંની ક્રિયા છે, એનાં પરમાણુંની એ ક્રિયા છે, આ હાથની નહીં, આમ આમ ( –ઊંચી–નીચી ) ક્રિયા થઈ એ હાથની ક્રિયા નથી. હાથના પરિણામ આ પર્યાય છે ( હાથથી એ થયું છે ) તો પોતાની પર્યાયના કર્તા તો એ પરમાણું છે અને પર્યાય એનું કાર્ય છે અને પલટીને થઈ એ પરમાણુંની ક્રિયા છે. આ હાથની ક્રિયા આત્મા કરી શકે કે આ શરીરની આંગળાની ક્રિયા–હાથની ક્રિયા( આત્મા ) કરી શકે એવું છે નહીં.

( શ્રોતાઃ– સંયોગદૃષ્ટિથી તો કર્તા છે ને ! ) કર્તા છે નહી, કર્તા માને અજ્ઞાની, સંયોગથી ( સંયોગીદૃષ્ટિથી ) અજ્ઞાની માને, એ તો કહ્યું ને કે પોતાના પરિણામ પણ કરે અને બીજાના પરિણામ પણ કરે એવું માને એ મિથ્યાદૃષ્ટિ ! બેયની ક્રિયા ( એક કરે એમ ) માને એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! આકરું કામ છે ભાઈ ! જગતથી...વીતરાગ પરમાત્મા જે કહે છે એ વાત સમજવી જગતને બહુ દુર્લભ છે. અત્યારે તો ધર્મને નામે બધા ગોટા છે. આહાહા... ( શ્રોતાઃ– પણ દૃષ્ટિ બે જ છે ને સંયોગીદૃષ્ટિ ને વસ્તુદૃષ્ટિ ! ) સંયોગીદૃષ્ટિ ! પણ સંયોગીદૃષ્ટિ કરે પણ દૃષ્ટિ, સંયોગથી થઈ નથી અને સંયોગમાં ક્રિયા થઈ, તો સંયોગીદૃષ્ટિ છે તો સંયોગીક્રિયા થઈ એવું છે નહીં. આહાહા ! આવું છે.

“વસ્તુ સદા એક જ પરિણમે છે”–એકના જ સદા પરિણામ થાય છે”–એક જ આત્મા અને પરમાણું એક જ પોતાનાથી પરિણમે છે અને એકના જ સદા પરિણામ થાય છે. એક અવસ્થાથી અન્ય અવસ્થા એકની જ થાય છે” “एकस्य परिणति : स्यात्” એકની જ પરિણતિ–ક્રિયા થાય છે–આત્માની ક્રિયા એકની જ થાય છે, જડની ક્રિયા જડથી એકની જ થાય છે. આહાહા ! “જડ ને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન”– તો કોઈના સ્વભાવની પર્યાય કોઈ ( બીજો ) કરે એમ બનતું નથી. જો એમ કરવા જાય તો ( સર્વ ) પદાર્થોનો લોપ થઈ જાય ! પદાર્થ, સ્વતંત્ર પોતાની પર્યાય કરે એવું રહે નહીં–પરપદાર્થ એની પર્યાય કરે તો એનો લોપ થઈ જાય, એની પર્યાય તો ન રહી ( પર્યાય વિનાનો ) એ પદાર્થ રહ્યો નહીં. શું કીધું ? સમજાણું કાંઈ... ?

( આ વિશ્વમાં ) પર પદાર્થનું અસ્તિત્વ છે ને પોતાનું પણ અસ્તિત્વ છે. હવે પર પદાર્થના અસ્તિત્વની પર્યાય, પર ( બીજો ) પદાર્થ કરે તો એની પર્યાયનું અસ્તિત્વ તો રહ્યું નહીં, તો ( બીજાની ) પર્યાયનું કરવાવાળું એ દ્રવ્ય, તો ( તો ) દ્રવ્યનો નાશ થઈ ગયો ! આહાહા ! સમજાણું ? ( શ્રોતાઃ- કર્તા( ન બને ) તો કોઈ સહકાર કરે ને ! ) સહકાર કરે એ વાત જ જૂઠી છે. સહ+કાર, સહાયનો અર્થ સાથે થાય છે, એટલું છે. આત્મા ( અને પરમાણું ) ગતિ કરે તો ધર્માસ્તિકાયને સહાય( કારી ) કહેવામાં આવ્યું-સહાયનો અર્થ 'સાથે' છે, પણ એ ( ધર્માસ્તિકાય ) એને ગતિ કરાવે છે એવું છે નહીં. આહાહા ! આવું ઝીણું હવે !

( આહા ! ) એકેએક ( દરેક ) પરમાણું પોતાની પર્યાયના કર્તા છે ને પર્યાય એનું કાર્ય છે. અને બદલવાની ક્રિયા એ એ પરમાણુંની છે, બીજો પરમાણું એને પલટી શકે એમ છે નહીં. આહાહા ! પરમાણું( વિષે ) આવે છે ને...બે ગુણ અધિક, એકમાં ચાર ગુણ હો અને એકમાં છ ગુણ હો પર્યાય તો આંહી( બંને પરમાણું ) છ ગુણ થઈ જાય છે ને ! એ પ્રશ્ન થઈ ગયો હતો એક વાર. ( દ્વિઅધિકાંશ ! ) હા, દ્વિઅધિકાંશ-એક પરમાણુંમાં ચારગુણની પર્યાય છે, બીજા પરમાણુંમાં છ ગુણની પર્યાય છે, તો શાસ્ત્રમાં એવું આવે છે કે બંને ( પરમાણું ) ભેગાં થાય, તો ( બંને ) છ ગુણ બની જાય છે. ( તો ) બીજા પરમાણુંમાં છ ગુણ પર્યાય છે તો થાય છે ( બંને પરમાણુંની છગુણ ) એવું છે નહીં. ( પરંતુ ) એ સમયે ( તે પરમાણુંની ) પોતાની પર્યાય છ ગુણ( અધિક ) પર્યાય થવાવાળી પોતાની લાયકાતથી થઈ છે. આહાહા ! એ પ્રશ્ન ચાલ્યો'તો પહેલો, પેલા મૂળશંકરભાઈનો નાનો ભાઈ શું( નામ ) ? શાંતિલાલ, ઘણા વર્ષ પહેલાં, ત્યાંથી-વર્ણીજી પાસેથી આવ્યા'તા ને ! એણે આ પ્રશ્ન કર્યો'તો !

( તે કહે છે )જુઓ, શાસ્ત્રમાં એવું છે-એમ ( કહ્યું છે ) કે એક પરમાણુંમાં બે ગુણ રંગની પર્યાય છે અને બીજા પરમાણુંમાં ચારગુણની પર્યાય હો, તો એ ( મળે તો બંને ) ચારગુણ થઈ જાય છે. ચીકાશ બે ગુણ હોય તે ચાર ગુણ તો તે થઇ જાય છે. પણ એ કીધું, એ ચાર ગુણમાં ગયો માટે ચારગુણ થયો એવું છે નહીં, એ સમયે પોતાની પર્યાય ચારગુણપણે પરિણમવાની પોતાની ક્રિયા છે-બે ગુણ હતા ને ચાર થયા, ચાર પલટીને છ થયા ( એ પરમાણુંની ) પોતાની ક્રિયા પોતાથી થઈ છે-નિમિત્તથી થઈ નથી. એ શાંતિભાઈ હારે ઘણાં વખત પહેલાં ( વાત થઈ હતી. ) સંબલપુરમાં છે ને અત્યારે, સંબલપુરમાં છે. આહાહા ! ઘણી વાતું આકરી ભાઈ ! મારગ !

"વસ્તુ એક જ સદા પરિણમે છે" દેખો ! અભિન્ન લેવું છે ને ! અને "એક અવસ્થાથી અન્ય અવસ્થા એકની જ થાય છે" અને "એકસ્ય પરિણતિઃ સ્યાત્"-એકની જ પરિણતિ-ક્રિયા થાય છે; કર્તા, કર્મ ને ક્રિયા એકમાં જ હોય છે. આહાહા ! પરના કારણથી પોતાનામાં કર્તા, કર્મ ને ક્રિયા હો અને પોતાના કર્તા, કર્મ ને ક્રિયાથી પરમાં કર્તા, કર્મ, ક્રિયા હો-એમ ત્રણકાળમાં, ત્રણલોકમાં બનતું નથી. ઓહો !

( જુઓ ! ) આ આંગળી છે તો એ પલટીને( વાંકી વળીને ) અહીં આવીને પાછી ( સીધી થઈને ) અહીં આવી તો એ ક્રિયા આંગળીએ કરી એવું છે નહીં, એ ( દરેકેદરેક ) પરમાણુંઓ પલટીને પોતાની ક્રિયા અહીં થઈ, તો એ પરિણામ એનો કર્તા ( પુદ્ગલ ) પરિણામી પરિણામ( ની પરિણતિ ) પલટીને જે કાર્ય-કર્મ અને પલટીને જે ક્રિયા થઈ એ પરિણામીની ક્રિયા એની સાથે ( પુદ્ગલ-

પરમાણુંની ) સાથે સંબંધ છે, આંગળીની સાથે નહીં સંબંધ, નાકની સાથે સંબંધ નહીં. આહાહા !

આવું બેસવું કઠણ પડે જગતને અત્યારે ! શું થાય ? આ ગામડાંવાળા તો સમજેય નહીં, ભાષા-આ શું કહે છે ? કોણ જાણે, એ સોનગઢનું છે કાંઈક એમ કહે ( બોલે ને ) સોનગઢનુંય જુદું છે કહે છે ! માળા ! સંપ્રદાય થઈને, એમ કહે સંપ્રદાયમાં જે હાલે છે ( કરવાનો ઉપદેશ ) આમ કરો, આમ કરો, આમ કરો-પૂજા કરો, ભક્તિ કરો, ગજરથ કાઢો આંહી કહે છે એ પર્યાય, આત્મા કરી શકતો નથી. આહા !

“કેમ કે એક અનેકરૂપ થવા છતાં એક જ વસ્તુ છે, ભેદ નથી.”-કર્તા, કર્મ ને ક્રિયા એકમાં જ થઈ, અનેક ( રૂપ ) થતી હોવા છતાં પણ એક જ છે ચીજ-વસ્તુ તો એક જ છે. બીજી ચીજ આવી તો એમાં પરિણામ થયા-ક્રિયા થઈ એવું છે નહીં. એક વસ્તુની અનેક પર્યાય થાય છે. અત્યારે તો એવો ઉપદેશ ચાલે છે, આ કરો ને આ કરો, આને સુખી કરો, આને દુઃખ મટાડો અને આને ( મદદ કરો ) પૈસા દ્યો ને આને આ એવી ક્રિયા ! પણ શું લોકોને બિચારાને ખબર ન મળે, સાંભળનારાય જય જય કરે ને ઓલો માથે હાંકયે ( રાખે ) અજ્ઞાનનું ! આહાહા !

“એક વસ્તુના અનેક પર્યાયો થાય છે”-એક પદાર્થની અનેક અવસ્થાઓ થાય છે.” તેમને પરિણામ પણ કહેવાય છે અને અવસ્થા પણ કહેવાય છે. પરમાણુંઓ અને આત્માઓ, એક એક ચીજને અનેક અવસ્થાઓ થાય છે, તો અવસ્થાયી તરીકે એક છે ને અવસ્થાઓ તરીકે અનેક છે. આહાહા ! ( પરિણામને ) અવસ્થા પણ કહેવામાં આવે છે શું ? કે એ પર્યાય-પરિણામ છે ( એને ) અવસ્થા પણ કહે છે. એક વસ્તુની( પદાર્થની ) અનેક પર્યાય થાય છે એને પરિણામ પણ કહે છે ( અને ) એને અવસ્થા પણ કહેવામાં આવે છે.

“તેઓ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનાદિકથી જુદા જુદા પ્રતિભાસે છે”-કર્તા, કર્મ ( અને ) ક્રિયા ભિન્ન ભિન્ન શબ્દ આવ્યા ને સંખ્યા આદિ. “તથાપિ-તોપણ એક વસ્તુ જ છે” અત્યારે ત્રણેય પરિણામ એક જ ચીજ છે. ત્યાંય એ લીધું છે ઓલામાં ( પ્રવચનસારમાં ) સત્ દ્રવ્ય, સત્ ગુણ, સત્ પર્યાય એ ( સત્નો ) વિસ્તાર છે. નામભેદ છે ત્રણેમાં છતાં પ્રદેશભેદે તો એક છે-પ્રદેશભેદ નથી. ( અહીં ) સત્ સિદ્ધ કરવું છે ને ! દ્રવ્યસત્, ગુણસત્, પર્યાયસત્ એક ‘સત્ના’ એ ત્રણ ભાવ છે. ‘સત્’ ને સિદ્ધ કરવું છે, એકલું !

( આ જગતમાં ) જેટલા દ્રવ્યો છે-ગુણોમાં, તે દરેક દ્રવ્યનું દ્રવ્યસત્, ગુણસત્ ને પર્યાયસત્ બસ એક જ સત્-અસ્તિત્વ તે ત્રણ પ્રકારનાં છે-દ્રવ્યમાં, ગુણમાં ને પર્યાયમાં બસ એટલું ! આહાહા ! છતાં તેના પ્રદેશ, નામભેદ, સંજ્ઞાભેદ, ( જુદા જુદા ) છે છતાં તેના પ્રદેશ ભિન્ન નથી, એમ છે ત્યાં. ( પ્રવચનસારમાં ) અતદ્ભાવ એમ છે ત્યાં, એટલે શું ? કે દ્રવ્ય-ગુણ ને પર્યાય એમ અતદ્ભાવ છે. ( એટલે કે ) દ્રવ્ય તે ગુણ નહીં, ગુણ તે પર્યાય નહીં, એમ અસ્તિત્વ તરીકે અતદ્ભાવ છે. એ દ્રવ્યભાવ તે ગુણ નહીં અને ગુણ તે પર્યાય નહીં, છતાં અતદ્ભાવ હોવા છતાં તેમાં પ્રદેશ ભિન્ન નથી. માટે( બીજા પદાર્થોને ) જેમ પ્રદેશ ભિન્નથી અન્યપણું છે એવું આમાં અન્યપણું નથી, ‘અન્યત્વ’ શબ્દ છે ને ત્યાં ( તેનો અર્થ આ છે ) આહાહાહા ! ભારે વાત ! આવું ઝીણું !

સત્ દ્રવ્ય, સત્ ગુણ, સત્તપર્યાય એક ગુણના ત્રણ પ્રકાર આ, ગુણ તો એક જ છે. પણ એનો દ્રવ્યસત્, ગુણસત્, પર્યાય સત્ એમ એક-એકમાં અતદ્ભાવ તરીકે કહેવામાં આવ્યું છે,

ગુણ તે દ્રવ્ય નહીં, ગુણ તે પર્યાય નહીં અને પર્યાય તે ગુણ નહીં એટલું, એ એક અસ્તિત્વની વાત છે. સમજાણું કાંઈ... ? સવારમાં ભાઈ, એ પ્રશ્ન ઊઠયો 'તો કે આ એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે, એ કયાંથી કાઢવું ? ( કયા ) શાસ્ત્રમાંથી ? એવો વિચાર આવ્યો હતો, આમ તો ઘણું આવ્યું 'તું કે એક આત્મા છે એમાં એક ગુણ છે, જ્ઞાન એ જ્ઞાનગુણ છે એ અનંત રૂપવાળું છે– અનંતગુણના અનંતરૂપવાળું તો એક ( જ્ઞાન ) ગુણ પણ અનંત સામર્થ્યવાળો અને એક ગુણ અને તેના અનેકરૂપ, છતાં તે ગુણ પૂર્ણ છે. સમજાય છે કાંઈ... ?

'સર્વજ્ઞ'–જ્ઞાયક કહો, જ્ઞાયકથી લીધું પણ 'સર્વજ્ઞ'–સર્વજ્ઞગુણ જે છે એ પૂર્ણ છે. અને એ સર્વજ્ઞગુણ છે એમાં બીજા અનંતા ગુણોનું રૂપ છે. એ અનંતા ગુણોનું રૂપ પણ ત્યાં પૂર્ણ છે. આહાહાહા ! આત્મા વસ્તુ છે તેનો સર્વજ્ઞ ગુણ, તે સર્વજ્ઞ પૂર્ણ ગુણ છે. 'જ્ઞ' સ્વભાવ કહો કે સર્વજ્ઞ સ્વભાવ કહો કે પૂર્ણ ગુણ કહો, એમ એવા દરેક ગુણ છે તે પૂર્ણ છે અને પૂર્ણ ગુણમાં પણ એકેએક ગુણનું પૂર્ણરૂપ છે. આહાહાહા ! એક ગુણ પૂર્ણ છે ને બીજા અનંતા ગુણો છે એ પણ પૂર્ણ છે પોતાથી, ( વળી ) તે તે ગુણનું રૂપ પણ તે તે બીજા ગુણમાં પૂર્ણ રૂપ છે. 'ચિદ્–વિલાસ'માં કહ્યું છે ને ! કે એકેએક ગુણમાં અનંતી શક્તિ છે ને અનંતી પર્યાય છે એમ લીધું છે. મૂળ આ કહેવું છે. આહા !

એ એકેએક ગુણમાં અનંતી શક્તિ છે ને અનંતી પર્યાય છે–અનંતી શક્તિ એટલે કે એક ગુણ છે એ પોતાથી પૂર્ણ છે પણ બીજા અનંતા ગુણોનું એમાં રૂપ છે તેથી અનંત શક્તિ એમાં છે. અને તે પણ પૂર્ણ ગુણ છે સુખ છે. આત્મામાં એક સુખગુણ છે એ પણ પૂર્ણ છે, અને એ સુખગુણમાં બીજા જ્ઞાન આદિ ગુણોનું રૂપ છે એ પણ પૂર્ણ છે, એથી એ સુખગુણમાં પણ અનંતું અનંતું પૂર્ણરૂપ છે. આહાહાહા ! એમ એક 'કર્તા' નામનો ગુણ છે એમાં પણ અકર્તાપણું અને જ્ઞાન આદિનું રૂપ છે, એ કર્તાગુણ પણ પૂર્ણ છે, અને બીજા ગુણો પૂર્ણ છે તેનું તેમાં રૂપ છે, બીજા ગુણો એમાં નથી. તે ગુણ ગુણને પોતાને કારણે પોતાનું રૂપ છે, પરને કારણે નહીં. એય ! ! અને તે તે ગુણ પોતાને કારણે પૂર્ણ છે ! આહાહાહા !

એવા અનંતા ગુણનું એકરૂપ તે ભગવાન આત્મા–દ્રવ્ય ! આહાહા.... એવા 'પૂર્ણમિદં'ની દૃષ્ટિ કરવી એ પર્યાયથી એ પર્યાયથી–પર્યાયથી દૃષ્ટિ છે ને ! આહાહા ! પર્યાયમાં પણ–એકેએક પર્યાયમાં બીજી બધી પર્યાયનું રૂપ છે, એવી અનંતી પર્યાય, એક શ્રદ્ધા આમ વળે છે તો બધી પર્યાયો આમ ઢળી જાય છે ! ! આહાહાહા ! ચીમનભાઈ ? આવું ઝીણું છે બાપુ ! પણ સત્ય તો આમ છે. કહો, શ્રીપાળજી ? અરે ! એવો એકેએક ભગવાન ( આત્મા છે ! ) અરે, એકેએક પરમાણું આહાહા... વર્ણ–રસ–ગંધ–સ્પર્શ આદિ એકેએક ગુણ પણ તેના પણ પૂર્ણ છે અને એમાં બીજા ગુણોનું રૂપ ! બીજા ગુણો પણ પૂર્ણ છે એ ગુણમાં એનું રૂપ છે. આહાહા ! એક જ પ્રદેશી ( શુદ્ધપરમાણું ) છતાં પૂર્ણ અનંતગુણના રૂપથી ભરેલો ભગવાન પૂર્ણ છે એ ભગવાન એટલે એની મહિમાવાળો એમ એ ( પરિપૂર્ણ ) મહિમાવાળું તત્ત્વ છે. આહાહા !

એવા એવા એકેએક ગુણ એક જ આત્મામાં ! આંહી તો વિચાર એ આવ્યો 'તો કે સર્વજ્ઞ જે પરમેશ્વર છે એની જેને પ્રતીતિ આવે છે એને સર્વજ્ઞ પૂર્ણસ્વરૂપ છે એમ પ્રતીતિ કરે ત્યારે એની સર્વજ્ઞની પ્રતીતિ વ્યવહારે કહેવાય. સમજાણું કાંઈ... ? પોતાનો સર્વજ્ઞ સ્વભાવ છે, ક્ષેત્ર

ભલે નાનું એનું કાંઈ નહીં, અનંતગુણ ભલે અસંખ્ય પ્રદેશમાં છે, અનંતગુણને કાંઈ અનંતપ્રદેશ ન જોઈએ, પણ એ અનંતમાં અનંતતા ઘણી મોટી છે પ્રભુ. આહાહા !

એ અનંત ગુણ છે એની સંખ્યા મોટી કે જેનો પાર ન મળે ! એવા એવા અનંતા ગુણનો પાર ન મળે ( અસીમ ) એવા એવા એક એક ગુણ પૂર્ણ, એનોય પાર નહીં એવા ( દરેક ) ગુણનું એમાં રૂપ છે ! આવો જે ભગવાન આત્મા, અત્યારે હોં ! આ આત્માની વાત ચાલે છે, એની પરિણતિની ક્રિયા તો અનંતગુણની એકસાથે થાય છે, હવે અત્યારે આ શુદ્ધની વાત ચાલે છે, પૂર્ણ લેવું છે ને ! એ અનંતગુણનું પૂર્ણરૂપ પ્રભુ ! જ્યારે ( તે-રૂપ ) પરિણતિ થાય છે ત્યારે એમાં દરેક પર્યાય સ્વતંત્ર પોતાથી પરિણમી રહી છે ! એ પર્યાય સત્, ગુણ સત્ ને દ્રવ્યસત્ એટલે એક સત્નો-અસ્તિત્વનો વિસ્તાર છે. એથી કરીને એક ગુણનું અસ્તિત્વ બીજા ગુણમાં આવ્યું એમ અહીં નથી. ભાઈ !

એ તો એક ગુણ દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે એમ છે ત્યાં. આહાહા ! એવો દરેક ગુણ પોતે દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે ! મોટો દરિયો છે, એવો જે ભગવાન આત્મા, પોતાની દૃષ્ટિ કરીને જ્યારે પરિણતિ થાય છે તે પરિણતિનું કર્તા તે દ્રવ્ય છે, આંહી ચાલે છે એ અશુદ્ધની પણ છતાં શુદ્ધ-અશુદ્ધ પરિણતિ બેય વાત લેવી અંદરમાંથી, આગળ જતાં બેય લેશે. શુદ્ધ પરિણમો કે અશુદ્ધ પરિણમો પણ પોતાથી તે પરિણમે છે, પરથી નહીં. આહાહા ! હવે આવી ઝીણી વાત બેસવી કઠણ પડે એવું આ. ( શ્રોતાઃ- આપે ઘણું સરળ કરી દીધું ! ) ભાષા તો સરળ છે.

-એવો જે અનંતગુણનો પિંડપ્રભુ ( નિજાત્મા ) અનંત અનંતના રૂપથી ભરેલો એક એક ગુણ એ ગુણની સંખ્યાનો પાર ન મળે અને એવા એવા અનંતગુણો( ને ) એક એક ગુણમાં ( અનંતગુણનું ) રૂપ છે એવું ( આત્મતત્ત્વ ! ) ભલે એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ હો, પણ મોટો દરિયો છે ! એ અનંતગુણનો પિંડપ્રભુ ભગવાન, એની દૃષ્ટિ થતાં, જે દૃષ્ટિ થઈ તે પર્યાય થઈ, તેનો કર્તા તે દ્રવ્ય છે. અહીં અભિન્નથી વર્ણવવું છે ને ! નહિંતર તો પર્યાય થઈ છે એ પર્યાય કર્તાથી થઈ છે. અહીં તો અત્યારે અભિન્નથી વાત છે ને ! તો અભિન્નથી આ. એ સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા એ દ્રવ્ય છે. એ સમ્યગ્દર્શનપર્યાય એ કર્તાનું કર્મ છે અને સમ્યગ્દર્શનપર્યાય એ પૂર્વની અવસ્થા પલટીને થઈ છે એ ક્રિયા છે એ પણ દ્રવ્યની છે. આહાહાહા !

એમ મિથ્યાત્વદશામાં રાગના પરિણામ જે કોઈ( થાય ), કોઈ ગુણ રાગ કરે એવો ( આત્મામાં ) કોઈ ગુણ નથી, માટે તેને દૃષ્ટિ ( આત્મ ) દ્રવ્યની નથી, તેની દૃષ્ટિ રાગ ઉપર પર્યાય ઉપર છે. તેથી તે પર્યાયદૃષ્ટિવાળો જીવ, રાગને કરે એ અજ્ઞાનીનું કર્તવ્ય નામ કર્મ છે, એ રાગ તેના પરિણામ કરે તે એનું કર્મ છે-કાર્ય છે, તેનો કર્તા અજ્ઞાની આત્મા છે. છે તો પર્યાય, પર્યાયની કર્તા પણ અત્યારે અભિન્ન લઈને વર્ણવવું છે. આહાહાહા ! એ રાગની ક્રિયાનો કર્તા અજ્ઞાની આત્મા, રાગનું પરિણામ તેનું કર્મ અને કર્તા પોતે ત્રણેય તે અવસ્થાઓ આત્માની-અવસ્થા તે આત્મા અને આત્મા તે દ્રવ્યઅવસ્થા અને અવસ્થા તે દ્રવ્ય, એમ અત્યારે સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ?

સંવર અધિકારમાં કહે ( આચાર્યદેવ ) કે અવસ્થાના પ્રદેશ ભિન્ન છે એ અત્યારે અહીં સિદ્ધ નથી કરવું અને અતદ્ભાવમાં પણ તે ( અતત્ ) એ સિદ્ધ નથી કરવું. અત્યારે-પર્યાય તે ગુણ નથી ને ગુણ તે પર્યાય નથી અતદ્ભાવથી છતાં પ્રદેશ તે એક છે બધાનાં, પ્રદેશ જુદાં છે ત્યાં ( સંવરઅધિકારમાં ) એ અત્યારે સિદ્ધ નથી કરવું. પણ સંવરના અધિકારમાં અને બીજી રીતે

જ્યારે શુદ્ધઅવસ્થા એનું કર્મ છે ત્યારે કર્તા આત્મા છે એમ ભિન્ન કરીને નિર્મળ પરિણામનો કર્તા આત્મા, નિર્મળપરિણામ કાર્ય, નિર્મળ પરિણામ પલટીને થયું એટલે એ ક્રિયા આત્માની છે. એમાં પરદ્રવ્યનો કાંઈ ક્ષયોપશમ થયો માટે આ ક્રિયા આમાં થઈ એવી કોઈ અપેક્ષા નથી. સમજાણું કાંઈ... ? આઘું ગયું !

ભાવાર્થ:- અહીંયા તો એમ કહે છે ને ! "એક વસ્તુના અનેક પર્યાયો થાય છે; તેમને પરિણામ પણ કહેવાય છે અને અવસ્થા પણ કહેવાય છે, તેઓ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનાદિકથી "તેઓ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજન આદિકથી જુદા જુદા પ્રતિભાસે છે"-કારણ કે એકનું નામ પર્યાય, એકનું નામ દ્રવ્ય, એકનું નામ ક્રિયા, એકનું નામ અક્રિયદ્રવ્ય, એકનું નામ પરિણામ, એકનું નામ પરિણામી એવી એવી સંજ્ઞા છે. છે ? સંખ્યા દ્રવ્ય એક છે ને પર્યાય અનેક છે ( ગુણ અનેક છે ) એ સંખ્યા લક્ષણ અને પ્રયોજન આદિથી ભિન્ન ભિન્ન પ્રતિભાસે છે તથાપિ એક જ વસ્તુ છે. અત્યારે તો એ લેવું છે ને ! આ તો ધીરાનાં કામ છે ભાઈ !

અને... જ્યાં નિશ્ચય સિદ્ધ કરવું હોય ત્યાં પણ રાગ છે એનો કર્તા, નિર્મળ પર્યાયનો એમ નહીં, નિર્મળ પર્યાયનો કર્તા આત્મા-ધર્મની પર્યાયનો કર્તા આત્મા, ધર્મ પરિણામ તે એનું કાર્ય-કર્મ, પૂર્વ અવસ્થા પલટીને જે ધર્મક્રિયા થઈ તે ક્રિયા-તે ત્રણેય વસ્તુની છે. એ રાગ છે એને લઈને એ પલટયો છે ને એનું કાર્ય છે ને કર્મ છે એમ નહીં. આહાહા ! સમજાય છે કાંઈ... ?

આંહી તો ( કહે છે કે ) "તોપણ એક જ વસ્તુ છે, ભિન્ન નહીં એવો જ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો સ્વભાવ છે."-એકકોર પર્યાય-પરિણામ અને આ પરિણામી એમ ભેદ થયો છતાં પરિણામ તે પરિણામીનું જ પરિણામ ( કાર્ય-કર્મ ) તે પરિણામ એનાં જ, એમ ભેદાભેદથી કથન છે. કહો, ત્રિભોવનભાઈ ? સમજાય છે કે નહીં ? એવી જ ભેદાભેદસ્વરૂપ વસ્તુ છે. શું કીધું ? સંજ્ઞા, સંખ્યા, લક્ષણથી તો ભેદ છે. છે ને ? છતાં વસ્તુ તરીકે અભેદ છે પરિણામ એનાં છે-એનું કાર્ય છે ને એનો એ કર્તા છે. ( શ્રોતા:- પ્રદેશ જુદા નથી. ) પ્રદેશ જુદા નથી. આહાહાહા ! એ બાવન થઈ-( શ્લોક બાવન થયો. )

## શ્લોક - ૫૩

( आर्या )

नोभौ परिणमत: खलु परिणामो नोभयो: प्रजायेत।
उभयोर्न परिणति: स्याद्यदनेकमनेकमेव सदा।।५३।।

વળી કહે છે કે :-

**શ્લોકાર્થ:-** [ न उभौ परिणमत: खलु ] **બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી,** [ उभयो: परिणाम: न प्रजायेत ] **બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી અને** [ उभयो: परिणति: न स्यात् ] **બે દ્રવ્યોની એક પરિણતિ-ક્રિયા થતી નથી;** [ यत् ] **કારણ કે** [ अनेकम् सदा अनेकम् एव ] **અનેક દ્રવ્યો છે તે સદા અનેક જ છે, પલટીને એક થઈ જતાં નથી.**

**ભાવાર્થઃ- બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે, પ્રદેશભેદવાળી જ છે. બન્ને એક થઈને પરિણમતી નથી, એક પરિણામને ઉપજાવતી નથી અને તેમની એક ક્રિયા હોતી નથી-એવો નિયમ છે. જો બે દ્રવ્યો એક થઈને પરિણમે તો સર્વ દ્રવ્યોનો લોપ થઈ જાય. ૫૩.**

## પ્રવચન નં. ૧૭૫ શ્લોક નં. ૫૩ તા.૨૨/૦૧/૭૯

नोभौ परिणमत: खलु परिणामो नोभयो: प्रजायेत।
उभयोर्न परिणति: स्वाद्यदनेकमनेकमेव सदा।।५३।।

( આહાહા ! ) "બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી"- રાગ આત્મામાં થાય છે તો આત્મા પણ રાગ કરે અને કર્મ પણ રાગ કરે( -કરાવે ) એમ નથી થતું. લ્યો ઠીક ! ઓલામાં- જયસેન આચાર્યની ટીકામાં પણ એમ ફરમાવે છે કે બે કારણે કાર્ય થાય ! નિમિત્ત ને ઉપાદાન- બેથી, પર ને સ્વથી બેથી થાય, એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આંહી જુઓને, આ શું કહે છે ? બે દ્રવ્યો એક થઈને પરિણમતા નથી-આત્મા રાગ પણ કરે અને કર્મ પણ રાગ કરે-એમ બે દ્રવ્યો મળીને રાગ થાય છે એમ છે નહીં. અથવા કર્મબંધનની પર્યાય કર્મ પણ કરે અને આત્મા પણ કરે, એક પરિણામના બે દ્રવ્યો કર્તા થતા નથી. સમજાય છે કાંઈ... ?

આંહી તો ચોખ્ખું કીધું-રાગ ને દ્વેષ, કર્મ છે માટે થાય છે એનો નકાર જ છે. એ જ પ્રશ્ન ત્યાં હતો ને ! વર્ણીજી( ગણેશપ્રસાદ વર્ણી ) હારે ( એ કહે ) રાગ છે તે એ કર્મના નિમિત્તે થાય છે માટે વિભાવ છે એનું કારણ ન માનો તો ( રાગ )સ્વભાવ થઈ જશે ! એ તો અહીં તો ના જ પાડે છે. જીવમાં અજ્ઞાનીને જે રાગ-દ્વેષ થાય છે તેનો કર્તા પણ એક જ ( તે ) જીવ છે. કર્મ પણ કર્તા છે નિમિત્ત છે માટે, એમ છે નહીં. ( અને ) વિકાર છે માટે પણ કર્મ કર્તા છે-નિમિત્ત છે માટે, ( એમ ) છે નહીં. વિશેષ કહેવાશે. ( શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૭૬ શ્લોક-૫૩-૫૪-૫૫ તા. ૨૩/૦૧/૭૯ મંગળવાર પોષ વદ-૧૦

શ્રી સમયસાર, ૫૩ કળશ છે. ત્રેપન છે ને ! ફરીથી.

'नाभो परिणमत: खलु'- "બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી."-શું કહે છે ? આત્મા અને કર્મ બન્ને સાથે છે, તો આત્મા રાગરૂપ પરિણમે અને કર્મની પર્યાયરૂપે ( પણ ) પરિણમે, એવું હોતું નથી. બે દ્રવ્યો એક થઈને નથી પરિણમતાં, અથવા આત્મામાં જે રાગાદિ થાય છે તો આત્મા પણ રાગ કરે અને કર્મ પણ રાગ કરે, એમ બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી. આહાહાહા !

કર્મથી વિકાર થાય છે એ વિકાર કર્મથી ( જ ) થાય છે, એમ કહે છે ને ! એ જૂઠ છે. બે દ્રવ્યો મળીને એક પરિણામ કરતાં નથી-બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી. આત્મા રાગ કરે કદાચ અજ્ઞાનભાવે તો રાગ પણ કરે ને શરીરને પણ ચલાવે-શરીરની ક્રિયા પણ હલાવવાની કરી શકે, એમ બની શકતું નથી. આહાહાહા !

બે દ્રવ્યો-બે પદાર્થો એક થઈને-મળીને, પરિણમન કરતાં નથી. 'उभयोः परिणामः न प्रजायेत'-"બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી."-આત્માનું પરિણામ અને જડ ( શરીર આદિના ) પરિણામ, એ બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી. આત્મામાં રાગ થાય છે તો બે દ્રવ્યોથી રાગ છે એવું છે નહીં. શરીર ચાલે છે તો આત્મા અને શરીર બન્ને મળીને ચાલે છે એવું છે નહીં. બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી. બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી. ( દરેક ) દ્રવ્યના ભિન્ન ભિન્ન પરિણામ થાય છે. ઝીણી વાત છે ભાઈ !

( કહે છે ) પ્રત્યેક પદાર્થ, આત્મા હો કે પરમાણું, પોત-પોતાના પરિણામને કરે, ( પરંતુ ) બે ( પદાર્થ ) મળીને ( એક થઈને ) એક પરિણામને કરે નહીં અને એક બેયનું કરી શકે નહીં. ત્રણકાળમાં કરી શકે નહીં. કહે છે આ હાલવું-ચાલવું-બોલવું એ ક્રિયા બધી જડની છે એ આત્મા કરી શકતો નથી. આ ધંધા-દુકાનો ચલાવે છે ને, એ ધંધાની ક્રિયાના પરિણામ, જડ કરે અને આત્મા પણ કરે એ પરિણામ કરે, એવું હોતું નથી.

આત્મા પોતાનામાં રાગ કરે અને જડની પર્યાય જડ કરે, એમ છે. ( પરંતુ ) બે મળીને એકનું પરિણામ થતું નથી. એક દ્રવ્ય બે પરિણામનો કર્તા નથી. આત્મા રાગ પણ કરે ને પરની દયા પણ પાળી શકે, એમ હોતું નથી. ( શ્રોતાઃ- કંપનીઓ બનાવીને બધા ભેગા કામ કરે છે ને ! ) ધૂળેય કામ કરતાં નથી, બધા પોત-પોતાની પર્યાયને કરે છે. આહા ! કારખાનાં ચલાવે છે તો કારખાનાંની પર્યાય જે છે એ કારખાનાંના પરમાણુંથી એ થાય છે. એ માણસ ચલાવે છે કારખાનાંને એવું ત્રણકાળમાં નથી. માણસ પોતાના રાગને કરે ! પરની પર્યાય પરથી થાય છે અને માણસને રાગ થાય છે એમાં બન્ને મળીને રાગ થાય છે એવું પણ નથી. કર્મ અને આત્મા, બેય મળીને, આત્મામાં રાગ થાય છે એવું પણ નથી. આહાહાહા ! ઝીણું ભારે આ છે ને ! બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી.

અને 'उभयोः परिणतिः न स्यात्'-"બે દ્રવ્યોની એક પરિણતિ-ક્રિયા થતી નથી." પરિણતિ ( ક્રિયા ) બે દ્રવ્યો મળીને પલટીને થાય છે, એમ છે નહીં-આ શરીર પણ પલટે અને આત્મા પણ પલટે, બેયની ક્રિયા ( એક પરિણતિ )માં એવું છે નહીં. શરીર શરીરથી પલટે છે, આત્મા આત્માથી પરિણમે છે-બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી. આહાહાહા ! બે દ્રવ્યોની એક પરિણતિ-ક્રિયા થતી નથી. કારણ કે 'अनेकम् सदा अनेकम् एव'-અનેક દ્રવ્યો છે તે સદા અનેક જ છે, પલટીને એક થઈ જતાં નથી. કારણ કે અનેક દ્રવ્યો છે ને સદા અનેક જ છે-સદા દ્રવ્ય અનેક જ છે, અનેક એક થઈને પરિણમન કરે એવું કયારેય થતું નથી. આત્મા ભક્તિનો-પૂજાનો રાગ પણ કરે અને શરીરની 'સ્વાહા' એવી ક્રિયા પણ કરે, એવું કયારેય થતું નથી. આત્મા ઈચ્છા પણ કરે અને ભાષાની પર્યાયને પણ કરે ભાષા એવું હોતું નથી. ઝીણી વાતું બહુ ભાઈ !

'उभयो' બે દ્રવ્યોની એક ક્રિયા થતી નથી. કેમ કે જે અનેક દ્રવ્ય છે સદા અનેક જ છે પલટીને એક થઈ જતાં નથી. કોઈ દ્રવ્ય પલટીને બન્ને ( દ્રવ્યો ) એક થઈ જતાં નથી. ભિન્ન ભિન્ન પોતાની પરિણતિને બધા કરે છે. પરમાણું એ પરમાણું પોત-પોતાની પર્યાયને કરે છે ને આત્મા ( દરેક આત્મા ) પોતાના પરિણામને કરે છે. આત્મા શરીરની ક્રિયા કરે અને શરીરની ક્રિયા

શરીર પણ કરે અને શરીરને આત્મા ( બંને મળીને ) રાગ પણ કરે, એમ કયારેય થતું નથી. આહાહાહા ! આવું ઝીણું છે.

આત્મા ઈચ્છા પણ કરે અને શરીરને હલાવી શકે, પગને એવી બે દ્રવ્યોની ( એક ક્રિયા ) નથી થતી-જડની ક્રિયા હાલવાની જડથી થાય છે. અને રાગ, આત્માથી અજ્ઞાનભાવથી રાગનો કર્તા બને છે આત્મા ! આહાહાહા !

ભાવાર્થઃ- બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે. સર્વથા ભિન્ન જ છે, કથંચિત ભિન્ન ને કથંચિત અભિન્ન એમ નહીં. અનેકાંત છે ને ! કે બે દ્રવ્યો એક પણ છે ને બે દ્રવ્યો ભિન્ન પણ છે ( એ અનેકાંત ? ) એમ છે નહીં. આવ્યું 'તું ને રાત્રે એકત્વ, સર્વાર્થસિદ્ધિમાં-બે દ્રવ્યની એક ક્રિયા હોય છે. પરમાં આત્મા જ્યારે રાગ કરે અને કર્મબંધન હો-તો બંને એક થઈ જાય છે ( એમ ) ત્રણ કાળમાં નહીં. આહાહા ! કર્મની પર્યાય કર્મમાં થાય છે, આત્માની પર્યાય આત્મામાં થાય છે, કોઈ બંન્ને મળીને એક ( પર્યાય ) થતી નથી, ને એક ( દ્રવ્ય ) બેના પરિણામ કરી શકે નહીં, બેય મળીને એક પરિણામ થતું નથી ને એક દ્રવ્યના બે પરિણામ કદી હોતા નથી. આહાહા ! આવું છે. સિદ્ધાંત ઝીણા બહુ ! બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે. સર્વથા કહ્યું !

આત્મા અને કર્મ સર્વથા ભિન્ન છે. કર્મને આત્મા કથંચિત્-વ્યવહારથી એક છે ને નિશ્ચયથી ભિન્ન છે એવું નથી, આહાહાહા ! સમજાણું કાંઈ ? આત્મા અને પરમાણુંઓ આદિ બધાં દ્રવ્યો જે ભિન્ન ( ભિન્ન ) છે સર્વથા – સર્વથા ભિન્ન જ છે એમ કહ્યું ( છે ). કથંચિત્ ભિન્ન છે ને કથંચિત્ અભિન્ન છે-એક છે એમ નહીં. ( જુઓ ! ) આ શરીર ને આત્મા, એક સાથે રહે છે તો ( પણ ) છે ભિન્ન ભિન્ન ! શરીરની ક્રિયા શરીરથી થાય છે, આત્માની ક્રિયા આત્માથી થાય છે. સર્વથા ભિન્ન છે, કથંચિત્ એક છે એવું કાંઈ છે નહીં.

"બન્ને એક થઈને પરિણમતા નથી, ( શું કહે છે ? ) બન્ને એક થઈને પરિણમતી નથી-બે દ્રવ્યો એક થઈને ક્રિયા એની પરિણતિની-બદલવાની થતી નથી. આહા ! એક પરિણામને ઉપજાવતી નથી ( ઉત્પન્ન કરતી નથી ) બંન્ને એક થઈને એક પરિણામને ઉત્પન્ન નથી કરતી, એમ કહે છે. છે ? બન્ને એક થઈને ક્રિયા નથી કરતી-પરિણતિ બદલે બે એક થઈને ( એમ હોતું નથી. ) એક પરિણામને બન્ને થઈને ઉત્પન્ન નથી કરતા. પગ જે ચાલે છે એ પગના પરમાણું જે છે એ પગના ચાલવાની ક્રિયાના કર્તા છે, અને આત્મા પણ એની ક્રિયાનો કર્તા છે, એવું છે નહીં. આત્મા ચાલવાની ક્રિયા કરે અને આત્મા રાગ પણ કરે, એમ બે દ્રવ્યોની ક્રિયા કરી શકતો નથી. આહાહા ! ભારે આકરું ! આખો દિવસ કરે ને એમ કહેવું કે 'કરે નહીં' ( કરી શકતો નથી ) માને છે એ તો.

એ તો ( વાણી નીકળી ) ભાષાપર્યાય તો પરમાણુંમાં ભાષા પર્યાય થવાની લાયકાતથી ભાષા બોલાય છે. પરમાણુંમાં ભાષાવર્ગણાની પર્યાય થવાની યોગ્યતા હોય છે તો પર્યાય થાય છે, આત્માથી નહીં-હોઠથી નહીં. ( શ્રોતાઃ- પરમાણુંને અસ્તિકાય કહે છે ને ! ) એ તો ઘણાં ભેગાં મળે છે-ઘણાં સાથે છે, ઘણાં એક સાથે છે પણ પર્યાય દરેક પરમાણુંની ભિન્ન ભિન્ન થાય છે. ભાષા, એકે એક પરમાણુંની પર્યાયમાં ભાષા થવાની લાયકાતથી એ ભાષા થાય છે, એક થઈ એવું છે નહીં. ભાષામાં પણ એક-એક પરમાણુંની પર્યાય સ્વતંત્ર પોતાનાથી છે. બધા મળીને

ભાષાની પર્યાય થઈ છે એવું નથી. આહાહા ! આવું કામ છે ! શું ? પુદ્ગલાસ્તિકાય કીધું ને ! પુદ્ગલાસ્તિકાય છે તો અસ્તિકાય છે તો એમાં ઘણાં પરમાણું છે. અસ્તિ છે, પ્રદેશ ઘણાં છે ત્યાં ( સ્કંધમાં–અસ્તિકાયમાં ), એક પરમાણું તો અસ્તિકાય નહીં ( શુદ્ધ ) એક જ છે ( પરંતુ ) ઘણાં મળેલાને અસ્તિકાય કહેવામાં આવે છે. મળેલા નામ એક સાથે રહે છે. પણ કોઈના પરિણામના કર્તા કોઈ ( બીજા ) છે નહીં.

આ આંગળીમાં પરમાણું અનંત છે. તો એમાં જે એક પરમાણું છે એ બીજા પરમાણુંની ક્રિયા નથી કરી શકતું, એક પરમાણું છે એ પોતાના સ્કંધમાં પણ પોતાની પર્યાય સ્વતંત્ર કરે છે, પરની ( બીજા પરમાણુંની ) પર્યાય કરે નહીં અને પર અને પોતાની–બંન્નેની પર્યાય એક હોતી નથી. આવું છે. ઝીણું તત્ત્વ છે, આ વીતરાગનું. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એમણે સર્વજ્ઞપણાથી જોયું છે અને એમ છે. લોજિકથી–ન્યાયથી પણ એવું સિદ્ધ થાય છે. એ કહ્યું ને અનેક જ છે. અનેક છે એ એકની ક્રિયા અનેક કરે તો બીજા દ્રવ્યોનો નાશ થઈ જાય ! એક તત્ત્વ, બીજા તત્ત્વની ( દ્રવ્યની ) ક્રિયા કરે તો બીજા દ્રવ્યની ક્રિયા આને કરી, તો એની ક્રિયાનો તો અભાવ થયો, તો તો એનો નાશ થઈ ગયો. સમજાણું કાંઈ..... ?

આત્મા જે છે એને રાગ જે છે એ ( રાગને ) કર્મ કરે, તો રાગની પર્યાયનો કર્તા, કર્મ થયું તો ( રાગ ) પર્યાયવાળું ( આત્મ ) દ્રવ્ય રહેતું નથી, તો ( પર્યાય વિનાના દ્રવ્યનો ) નાશ થઈ ગયો. અને આત્મા રાગ કરે ને કર્મની પર્યાય પણ કરે ( –કર્મ બાંધે ) તો કર્મની પર્યાય જે છે એ પર્યાયને આ ( આત્મા કરે ) એ પર્યાયને એ કરે તો તો પર્યાય વિનાનું દ્રવ્ય થઈ ગયું– બધા દ્રવ્યોનો નાશ થઈ જાય.

( ૧ ) કુંભાર પોતાના રાગને ( ઈચ્છાને ) પણ કરે ને ઘડાની પર્યાયને પણ કરે, તો ઘડાની પર્યાય એ ( માટી ) દ્રવ્યની છે, તો ( ઘડાની ) પર્યાય તો એણે ( કુંભારે ) કરી તો આ પર્યાય વિનાનું ( માટી ) દ્રવ્ય થઈ ગયું તો પર્યાય વિનાનું દ્રવ્ય ( તો હોતું નથી ) પર્યાય વિનાનું ( માટી ) દ્રવ્ય થઈ ગયું તો તેનો નાશ થઈ જશે. સમજાણું કાંઈ..... ? આહાહાહા !

( ૨ ) રોટલી બને છે એ રોટલીને સ્ત્રી બનાવી શકે એવું છે નહીં, કારણ કે રોટલીના ( લોટના ) પરમાણું રોટલીરૂપ થયા, એ પર્યાય પરમાણુંથી થઈ છે અને એ રોટલીની પર્યાય બીજો ( કોઈ ) કરે તો એ પર્યાય વિનાનું દ્રવ્ય થઈ જાય, પર્યાય વિનાનું દ્રવ્ય એ દ્રવ્ય જ રહેતું નથી. આવું છે !

( ૩ ) કપડાં છે – ટોપી છે લ્યો ને એ ટોપી જે અહીં ( માથા ઉપર ) છે પોતાની પર્યાયથી ત્યાં છે, આ શરીરની આ પર્યાયથી નહીં, શરીરની પર્યાયથી ( માથાની પર્યાયથી ) જો એ ત્યાં હોય તો એની પર્યાયનો તો અભાવ થઈ ગયો, એની ( ટોપીની ) પર્યાયનો અભાવ થયો તો વિના પર્યાય દ્રવ્યનો નાશ થઈ ગયો – પર્યાય વિનાનું દ્રવ્ય ( કયારેય ) હોતું નથી. સમજાણું કાંઈ..... ? ઝીણી વાત છે ભાઇ ! આહાહા !

( ૪ ) અક્ષર, જે ( અક્ષર ) લખાય છે અક્ષર–અક્ષર ( એ ) અનંત પરમાણુંની એ પર્યાય છે. એક–એક પરમાણુંની પર્યાય ભિન્ન ભિન્ન છે, એવા અક્ષરની પર્યાય જો આત્મા કરે કે આ ( હાથની ) આંગળીઓ કરે લો ને ! તો અક્ષરની પર્યાય આંગળી કરે તો અક્ષરની પર્યાય

વિનાનું ( એ પરમાણું ) દ્રવ્ય થયું તો પર્યાય વિનાના દ્રવ્યનો નાશ થઇ જશે. આહાહા ! સમજાણું કાઈ..... ?

( ૫ ) આ આંગળી છે એની આ અવસ્થા ( વાંકી-સીધી થવાની ) એ પરમાણું કરે છે ને જો એ આત્મા કરે તો એ પરમાણું પર્યાય વિનાના થયા, પર્યાય વિનાનું દ્રવ્ય હોતું નથી. ( તેથી પર્યાય વિનાના ) દ્રવ્યનો નાશ થઈ જાય છે. આવું ઝીણું ! લોકોને તો દયા પાળો ! વ્રત કરો ! ભક્તિ કરો ! આહાહાહા !

“બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે” – આ સર્વથા ઉપર વજન છે. એક પરમાણું બીજા પરમાણુંથી તદ્દન ભિન્ન છે, એક આત્મા કર્મના પરમાણુંથી તદ્દન ભિન્ન છે, કર્મના પરમાણું આત્માથી તદ્દન ભિન્ન છે. આહાહાહા ! એક પરમાણુંમાં ચાર ગુણ લૂખાશની પર્યાયની દશા હો, અને બીજા પરમાણુંમાં છ ગુણની હો, તો બંન્ને મળીને છ ગુણ લૂખાશ થઈ જાય છે, એવું નથી. છ વાળો ( પરમાણું ) છે એણે છ કરી ( બીજા પરમાણુંની પર્યાય તો ) આ છની પર્યાયવાળાનું દ્રવ્ય ( પરમાણું ) પર્યાય વિનાનું રહી ગયું, પર્યાય વિનાનું દ્રવ્ય રહેતું નથી. સમજાણું કાંઈ..... ? વિરચંદભાઈ ? આવું ઝીણું છે. જગતથી ભારે આકરું કામ ! આ તો જ્યાં હોય ત્યાં અમે કરીએ.....અમે કરીએ.

આહા ! આત્મા અને એક પરમાણું અને એક પરમાણુંને બીજાં પરમાણું, બન્ને વસ્તુઓ છે એ સર્વથા ભિન્ન જ છે. –સર્વથા ભિન્ન છે. આત્મા અને અહીં કર્મ જે છે એ ( બન્ને ) સર્વથા ભિન્ન છે. કથંચિત્ એક છે ને કથંચિત્ ભિન્ન છે એવું છે નહીં. આહાહા ! “પ્રદેશભેદવાળી જ છે” – દરેક ચીજ, પોતાના પ્રદેશ જે અંશ ક્ષેત્રનો છે, એથી બધા પોતાના પ્રદેશવાળી ( ચીજ ) છે. આત્માના પ્રદેશ આત્મામાં છે, પરમાણુંના પ્રદેશ પરમાણુંમાં છે. “બન્ને એક થઈને પરિણમતા નથી” – બે દ્રવ્ય એક થઈને બદલવાની ક્રિયા થતી નથી. જેમ ( માટીના ) પિંડમાંથી પલટીને જેમ ઘડો થાય છે, એ ક્રિયા પિંડની ક્રિયા બદલવાની માટીની જ છે. કુંભાર ( ઘડો ઘડે છે ) એ પિંડમાંથી ઘડાની પર્યાય ( કુંભાર ) કરે-બદલાવે તો એ બદલવાની પર્યાય વિનાનું માટીનો પિંડ રહ્યો ! પર્યાય વિનાનું દ્રવ્ય તો નાશ થઇ જશે. લોજિકથી તો છે પણ ઝીણી વાત છે ને ભાઈ ! આહાહાહા ! બહુ સરસ વાત છે. બન્ને એક થઈને પરિણમતા નથી, “એક પરિણામને ઉપજાવતી નથી”-બે પદાર્થ એક પર્યાયને ઉત્પન્ન કરતા નથી.

બે દ્રવ્યો છે એ પોત-પોતાના પરિણામને કરે પણ બે દ્રવ્ય મળીને એક પરિણામને કરે એવું થતું નથી. અને “તેમની એક ક્રિયા હોતી નથી”-એવો નિયમ છે -એવી વસ્તુની મર્યાદા છે. વસ્તુ પોતાની મર્યાદામાં પોતાની પર્યાય કરે છે ( પરંતુ ) પોતાની મર્યાદા છોડીને પરની ( પર્યાયને ) કરે અને પરથી પોતાના પરિણામ થાય, એવી વસ્તુની મર્યાદા છે નહીં. ( શ્રોતાઃ- કોઈને પરનું કામ કરવામાં મદદ ન કરે ? ) કોણ કરે ધૂળ કરે, મદદ કોણ કરે. ભિન્ન ભિન્ન પદાર્થ કોણ મદદ કરે કોઈનું કોઈ કરી શકતું નથી. ઝીણી વાત છે ભાઈ !

આ કપડું છે ને કપડું એમ એમ ( ઊડે ) છે ને ! એની ક્રિયા ( શું ) હાથ કરે ? જો હાથ કરે એની ( કપડાંની ) પર્યાય તો એ દ્રવ્ય પર્યાય વિનાનું રહી ગયું ! એ તો એની પર્યાય છે એ તેના પરમાણુંથી થઈ છે એ ( હલાવવાની ) પર્યાય હાથથી થઈ હોય તો એ પર્યાય વિનાનું દ્રવ્ય થઈ

ગયું, પર્યાય વિનાના દ્રવ્યનો નાશ થઈ જાય ! આહાહાહા ! સમજાણું કાંઈ ?

એ કહે છે દેખો ! "જો બે દ્રવ્યો એક થઈને પરિણમે તો સર્વ દ્રવ્યોનો લોપ થઈ જાય." બે દ્રવ્યો, એક આત્મા ને બીજા પરમાણુંઓ અથવા એક આત્મા ને બીજા આત્માઓ, એવા બે દ્રવ્યો એક થઈને પરિણમે-એક થઈને પર્યાયમાં બદલવાની ( એક જ ) ક્રિયા હો, તો સર્વ દ્રવ્યોનો લોપ થઈ જશે. આહાહાહા ! કેમ કે બીજાના પરિણામને અને પોતાના પરિણામને એકે ( એક થઈને ) કર્યો તો બીજા પરિણામ વિનાના દ્રવ્ય રહી ગયા-તો ( બીજા ) પર્યાય વિનાના ( થયા ) તો પર્યાય વિનાનું દ્રવ્ય હોય જ નહી. 'પર્યાય વિજજુતં દવ્વં' - પર્યાય વિનાનું દ્રવ્ય હોતું નથી, આવે છે ને 'પંચાસ્તિકાય'માં-પર્યાય વિનાનું દ્રવ્ય નહીં ને દ્રવ્ય વિનાની પર્યાય નહીં. ભારે કામ ભાઈ ! આહા !

દેખો ! આ કાગળ છે, એની પર્યાય પલટીને આમ થઈ, તો એ પલટવાની ક્રિયા, આંગળીએ કરી હોય તો એ ( કાગળના ) પરમાણું પર્યાય વિનાના રહ્યા, તો પર્યાય વિનાનું દ્રવ્ય હોતું જ નથી, તો ( કાગળને ) આંગળીઓએ ઊંચો કર્યો એવું છે જ નહીં, આરે ! આરે ! એય હિંમતભાઈ ? ( શ્રોતાઃ- દેખાય છે એમ ) આમ ઊંચું થાય ( એમ દેખાય ) અંગુલી જોડે છે એને લઇને ઊંચુ થાય છે ? એ તો સંયોગથી જોયું એણે, એનાં ( સ્વ )ભાવથી ન જોયું. દેવીલાલજી ? ( આહા ! ) દૃષ્ટિમાં ભ્રમણા છે અજ્ઞાનીને ! હું મારા ( પરિણામનો ) કર્તા છું અને પરનું પણ કરી શકું છું, તો એ પરની પર્યાયને એણે કરી તો પર પર્યાય વિનાનું રહ્યું, તો પર્યાય વિનાનું દ્રવ્ય રહે નહીં ( એવા અભિપ્રાયમાં ) દ્રવ્યનો નાશ થઈ જાય છે. આહાહાહા ! "પર્યાય વિજજુતં દવ્વં" સૂક્ષ્મ વાત છે ભાઈ ! જૈન પરમેશ્વર, એનું કહેલું તત્ત્વ બહુ સૂક્ષ્મ છે !

( ઓહોહો ! ) સમય સમયની પર્યાય-અવસ્થા, પ્રત્યેક પદાર્થ ( દ્રવ્ય ) પોતાનાથી કરે છે. જો પોતાના પરિણામ પણ કરે ને પરના પરિણામ પણ કરે, તો પર પરિણામ વિનાનું દ્રવ્ય રહી ગયું. એણે ( પરનું ) કર્યું તો અહીં ( પરમાં ) પરિણામ થયું નહીં, તો પરિણામ વિનાનું દ્રવ્ય તો નાશ થઈ જશે. આહા ! અરે, આત્મામાં રાગ છે એ ( રાગને ) કર્મ કરે તો રાગની પર્યાય વિનાનું દ્રવ્ય રહી ગયું, કર્મે પર્યાય કરી ભલે મલિનપર્યાય કરી, પણ કર્મે કરી તો - કર્મે કર્મની પર્યાય કરી ને કર્મે રાગ પર્યાયને પણ કરી તો આ રાગ ( આત્માના ) ચારિત્રગુણની વિપરીત પર્યાય હતી જીવની, તો એ પર્યાય કર્મે કરી તો ( જીવદ્રવ્ય ) પર્યાય વિનાનું રહ્યું ( તો પર્યાય વિનાનું દ્રવ્ય હોતું નથી. ) આહાહાહા ! ન્યાયથી સમજવું પડશેને ભાઈ ! આહાહાહા ! છે ? આંહીં તો કર્મનો મોટો વાંધો છે, કહે છે ( એ લોકો કે ) બસ, કર્મથી વિકાર થાય, કર્મથી વિકાર થાય અને વિકાર કરે એટલે કર્મને બંધાવું પડે ! રાગ ન હોય તો કેમ કર્મ બંધાતા નથી ? એમ પ્રશ્ન હતો રાજકોટમાં, ઘણાં વર્ષ પહેલાં. એમ કે રાગ ન હોય તો કર્મ કેમ બંધાતું નથી ? પણ રાગ છે ને કર્મની પર્યાય કર્મથી થાય છે અને રાગ ન હો, તો પ્રશ્ન જ કયાં છે. સમજાણું કાંઈ..... ?

( કહે છે ) એમ કે અહીંયા રાગ કર્યો, દયા-દાનનો તો ત્યાં શાતા આદિની પર્યાય બંધાણી, તો રાગ ન હોત તો બંધાત ? પણ એ પ્રશ્ન જ કયાં છે અહીંયા. રાગ છે. બસ રાગ છે એટલું આત્મામાં અને ત્યાં શાતાની પર્યાય થઈ એ જાતની પર્યાયથી જડથી થઈ છે, એ રાગથી થઈ એ નહીં, જો રાગથી જડની ( પરમાણુંની ) પર્યાય થઈ હોય તો, પર્યાય વિનાના પરમાણું કર્મના

રહ્યા, પર્યાય વિનાનું દ્રવ્ય રહેતું જ નથી, ( તો તો ) નાશ થઈ જાય છે. ન્યાય સમજણમાં આવે છે ? આવો મારગ છે !

આ ગાથાના કળશો ઘણાં ઊંચા છે. કહો, રતિભાઈ ? આ ચશ્મા ચડાવો છોને આમ–આમ હાથ કરતાં કરતાં ( કહે છે અહીંયા કે ) એમ છે નહીં, એવું કરી શકતા નથી. એમ કહે છે. જુઓ, ચશ્માની પર્યાય આમ છે ને આમ થાય છે એ આંગળી કરે તો એ ( ચશ્માની ) પર્યાય આંગળીએ કરી, તો આ ( ચશ્માના પરમાણું ) પર્યાય વિનાના એ દ્રવ્ય રહી ગયા, તો દ્રવ્યનો નાશ થઈ જશે. ચીમનભાઈ ! પરની દયા પાળી શકે તો પરની દયાની પર્યાય જે છે તો એનાથી એમાં ( પર્યાય ) થઈ, આણે કરી તો એ પર્યાય વિનાનું દ્રવ્ય ત્યાં રહી ગયું ! શું કીધું ? સમજાણું કાંઈ..... ?

પર ( જીવ ) છે. શરીર ને આત્મા ભિન્ન ( ભિન્ન ) છે. તો એ ( પર જીવને ) જીવતું રાખે છે–પર ( ઉપર ) રાગ થયો તો હું ( એ જીવને ) જીવતો રાખું છું ( તેમાં ) એની પર્યાય આ રાગે કરી, તો એ પર્યાય વિનાનું દ્રવ્ય રહી ગયું, તો પર્યાય વિનાનું દ્રવ્ય નાશ થઈ જશે. આહાહા ! ( શ્રોતાઃ– એ ભાગીદાર થઈને કરે ને ! ) એ જ કહે છે, ભાગીદાર ( થઈને ) કરે પર્યાયનો તોય નાશ થઈ ગયો. બે પદાર્થ ભિન્ન ભિન્ન છે, આત્મા અને કર્મ, જો આત્મામાં રાગનું કાર્ય, કર્મ કરે તો રાગની પર્યાય તે સમયની છે, પર્યાયનો–ત્રિકાળ પર્યાયનો અંશ ગુણ છે અને ગુણનો પિંડ તે દ્રવ્ય છે. તો એ રાગ કર્મે કર્યો તો રાગની પર્યાય વિનાનું ( આત્મ ) દ્રવ્ય રહી ગયું. ત્રણ કાળની પર્યાયનો પિંડ તે ગુણ છે ને અનંતગુણનો પિંડ દ્રવ્ય છે. તો ( પર્યાય વિના તો ) દ્રવ્ય રહ્યું નહીં. આહાહાહા ! સમજાણું કાંઈ..... ? આકરી વાત ભાઈ ! જ્યાં ત્યાં અહંકાર, અહંકાર, અહંકાર ! અમે કર્યું – અમે કર્યું – અમે કર્યું ! જીવને આમ આમ અનાદિથી.....

'આત્મધર્મ' બનાવે છે ને. લ્યો ! આત્મધર્મ પુસ્તક શું કહેવાય એ ? માસિક ( પત્ર ) એ ? માસિક ( પત્ર ) એ આત્મધર્મના પરમાણુંની પર્યાય, બીજો આત્મા કહે કે મેં બનાવી, બરાબર અક્ષર સરખા કરીને, તો એ પરમાણુંની જે પર્યાય છે એ તેં કરી તો એ તો એ પર્યાય વિનાના દ્રવ્ય રહ્યા, એ દ્રવ્યોનો તો નાશ થઈ જશે. ( શ્રોતાઃ– પરમાણુંએ શું કર્યું ) પરમાણુંએ કર્યું કાંઇ નહીં. આણે કર્યું તે તો એ પર્યાય વિનાના દ્રવ્ય રહી ગયા, તો ( એ પરમાણું દ્રવ્યનો ) નાશ થઈ જશે. આહાહાહા ! ( શ્રોતાઃ– કોઈ કોઈને સહકાર ન કરી શકે એમ થયું ! ) કાંઈ કરી શકે નહીં ત્રણકાળમાં ! કહો, મલુકચંદભાઈ ? સંભળાય છે કે નહીં આ ? આહાહાહા ! ભારે કામ ભાઈ ! શું સિદ્ધાંત મુક્યો ! !

જે એક તત્ત્વ છે એ બીજા તત્ત્વના પરિણામ એનાથી થાય છે એમ નહીં, થઈને તારાથી થયા, તો પરિણામ વિનાનું એ દ્રવ્ય પરિણામી રહેતું નથી. આહાહાહા ! કોણ કોણ આવ્યા છે ? જયંતીભાઈ અને હસમુખભાઈ આવ્યા છે. ઠીક ! આહાહાહા ! અરે આવું કયાં છે ભાઈ ! ?

આત્મા એમ માને કે મેં ઉપદેશ કર્યો, તો ( તેમાં ) ઉપદેશની પર્યાય પરમાણુંની છે એ આત્માએ કરી, તો પર્યાય વિનાના શબ્દ રહી ગયા, પર્યાય વિનાના પરમાણું રહ્યા, એ પણ જૂઠ છે અને પરમાણુંની પર્યાય ( ભાષાની–શબ્દની ) થઈ તો સાંભળવાવાળાને જ્ઞાન થયું, પરમાણુંની ભાષા આવી ને ત્યાં જ્ઞાન થયું, તો ત્યાં પર્યાય છે ( જ્ઞાનની ) એ આમ ભાષાએ કરી, તો એ

પર્યાય વિનાનું દ્રવ્ય ત્યાં રહી ગયું– ( શ્રોતા :– કર્મના ક્ષયોપશમથી તો કામ થાય છે ) કર્મના ક્ષયોપશમથી બિલકુલ નહીં, એ જ વાંધા છે ને !

કર્મ છે તે પોતાની પર્યાયમાં કર્તા છે અને આંહી ક્ષયોપશમની પર્યાય આત્મા પોતાનાથી કરે છે, કર્મનો ઉઘાડ થયો તો અહીં વિકાસ થયો, એવું બિલકુલ નથી. મોટો વાંધો હતો ને એ, તેરની સાલ, બાવીસ વર્ષ પહેલાં. આહાહાહા ! કર્મનો ક્ષયોપશમ થાય તો.... ક્ષયોપશમ એટલે ? એ તો કર્મની અવસ્થા છે જડની, એને લઈને આંહીં જ્ઞાનની પર્યાયનો વિકાસ થયો હોય તો એ કર્મની પર્યાય પણ થઈ અને આ વિકાસ એનાથી થયો, તો આ પર્યાય વિનાનું દ્રવ્ય ( આત્મદ્રવ્ય ) રહી ગયું. રતિભાઈ ? આ તો ન્યાયથી પકડાય છે. ભાષા ભલે સાદી હોય પણ.... આહાહાહા !

"કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ,
અગ્નિ સહે ઘનઘાત, લોહકી સંગતિ પાઈ."

આહાહાહા ! કર્મ કર્મની પર્યાય કરે, આત્મા આત્માની પર્યાય અજ્ઞાનભાવે રાગની કરે, અજ્ઞાનભાવે, જ્ઞાનભાવે તો રાગ આવે છે અને તો જ્ઞાનમાં જ્ઞેય બનાવે છે એ જ્ઞાનની પર્યાય, એ જ્ઞાનની પર્યાયે કરે ને રાગ પણ કરે એવું છે નહીં. આહાહા ! ઝીણી વાત આવી ગઈ વળી, એ તો જ્ઞાન આંહીં ઈ વાત ( અત્યારે આમાં ) નથી. આંહીં તો ફક્ત પરિણામ, ( પરિણામીથી થાય છે ) શુદ્ધ કરે કે અશુદ્ધ, એ પરિણામ એનું પોતાનું છે બસ ! પરના પરિણામ પરમાં થાય છે.

પરના પરિણામથી પોતાનામાં અશુદ્ધતા થઈ–મિથ્યાત્વ પરિણામ થયા જીવમાં તો એ દર્શનમોહનો ઉદય થયો તેથી મિથ્યાત્વ પરિણામ થયા, તો મિથ્યાત્વ પરિણામ જે છે એ શ્રદ્ધાગુણની વિપરીતપર્યાય છે તો જો એ પર્યાય પરે ( દર્શનમોહે ) કરી, તો આ પર્યાય તો રહી નહીં, પર્યાય વિનાનો ગુણ નહીં ને ગુણ વિનાનું દ્રવ્ય નહીં. આહાહાહા ! આવું હવે માનવું, આમાં ક્યાં ?

કર્મનો એવો તીવ્ર ઉદય આવે, જે મોક્ષમાર્ગમાંય એમ કહ્યું છે, કે તીવ્ર ઉદય હોય તો પુરુષાર્થ નહિ કરી શકે, મંદ ઉદય હોય તો કરી શકે, એ તો કઈ અપેક્ષા ? તીવ્ર વીતરાગભાવ છોડીને તીવ્રવિકાર આત્મા કરે તો એ વખતે કર્મના ઉદયને ઉદય કહેવામાં આવે છે, અહીં તો તીવ્ર કરે માટે ત્યાં તીવ્રનો ઉદય, એવું છે નહીં. કર્મનો ઉદય અંદર મંદ હોય અને વિકાર તીવ્ર કરે, એ તો પોતાથી કરે છે ને ! કર્મનો ઉદય તીવ્ર હોય અને અહીં અંદર રાગની મંદતા કરે એ પોતાનાથી ( આત્માથી ) છે, પરથી બિલકુલ નથી. આહાહાહા ! આવું છે.

ધર્મ સમજવો હોય તો દરેકની પર્યાય પોતાનાથી થાય છે, કોઈની પર્યાય ( બીજી ) કોઈથી નથી થતી એવું સમજીને પછી દ્રવ્યદૃષ્ટિ કરવી. એ રાગનો પણ કરવાવાળો હું છું એ પણ છોડી દેવું પડે પછી. રાગના પરિણામ હું કરું છું–મારા પરિણામ મારા છે અને કર્મ રાગ કરાવતું નથી, એટલા નિર્ણયમાં તાત્પર્ય પછી, એવું છે કે રાગની પર્યાય પણ મારી નહિ, હું તો શુદ્ધ ચૈતન્ય છું, એની વિકારી પર્યાય કેમ હોય ? આહાહાહા ! સમજાણું કાંઈ... ? આહાહા !

પહેલાં તો રાગનો કર્તા હું છું, કર્મ એનો કર્તા નથી, એવો નિર્ણય કરીને, તાત્પર્ય શું એમાં આત્માને લાભ શું ? કે રાગનો કર્તા હું છું એ મારી વિપરીત પર્યાય છે તો મારો સ્વભાવ વિપરીત નથી, મારી ચીજ તો નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્ય પ્રભુ છે, એવી દૃષ્ટિ થઈ કે રાગના

પરિણામનો કર્તા હતો એ કર્તા છૂટી જાય છે. આહાહાહા !

કલકત્તા ને મુંબઈ ને દિલ્હી ને આમાં શું આ બધું માંડી કરે છે. આખો દિ'ધમાલ ધમાલ હાલતી હોય આમ હજારો મણના કપડાનાં ઢગલા મોટા શું કહેવાય ? તમારા ખટારા છે ને મુંબઈમાં, ખટારા ભરી-ભરીને કપડાં( કાપડ ) હોય છે ને, દુકાનમાં ઉતારે ને, મોટા ખટારા ભરેલા હોય કપડાથી ને ( દુકાનમાં મૂકે ) કાપડની બજારમાં પછી, આંહી છે ને સીમંધર સ્વામી ભગવાનનું મંદિર છે પછી આમ જતાં આવે છે, મોટા મોટા ખટારા કપડાથી ભર્યા હોય, ઉતારતા હોય ને નાખતા હોય. આહાહાહા ! અરેરે ! એ ( ખટારા ) ઉપરનું કાપડ જે છે એ નીચે ઊતરે છે એ એની પર્યાય બદલાવવાની કરવાવાળા એ પરમાણું છે, આદમી-મજૂર એમ માને કે મેં આ ઉપરથી નીચે ( માલ ) ઊતાર્યો-એ પર્યાય મેં કરી, તો એ પર્યાય વિનાનું ( પરમાણું ) દ્રવ્ય રહ્યું ! બહુ આકરી વાત ! આહાહા !

આ ખોંખારો થાય છે ને ! એ પરમાણુંની પર્યાય છે પણ એ પરમાણુંથી ( થયેલો ) ખોંખારો મારાથી થયો, આત્માથી તો એ પરમાણું પર્યાય વિનાનું દ્રવ્ય રહી ગયું. ( શ્રોતા : પણ ઇચ્છા તો કરીને ) ઈ તો મેં ન કહ્યું, કહ્યું ને કે એ ઇચ્છાનો કર્તા પણ આત્મા નહીં પરમાર્થથી તો...સમજાણું કાંઈ... ? પણ ઇચ્છા થઈ, આ ઇચ્છા થઈ તો બળખા બહાર નીકળે છે, એવુંય નથી-બિલકુલ નથી. બહું આઘું ગયું ! કહો, પંડિતજી ? છે ? આ થૂંક છે ને થૂંક ! મોઢામાંથી અમી ઊતરે છે ને નીચે ( પેટમાં જાય છે ને ! )એ આત્મા વૃત્તિ ( કરે ) ઇચ્છા કરે એટલે આ થૂંકને નીચે ઉતારી શકે-એ બે ક્રિયા આત્મા કરી શકે નહીં. આહાહાહા ! ( શ્રોતાઃ- એ થૂંકની ક્રિયા કોણ કરે ? ) શેની ? થૂંકની ક્રિયા એ પરમાણું કરે નીચે ઊતરવાની એ ઇચ્છા કરે કે હું નીચે ઉતારું-એમ છે નહીં. અમી આવે છે ને અમી મુખમાં એ અમી, આત્મા ( નીચે ) ઉતારી શકતો નથી. આહાહાહા ! એમ કર્મ છે એ આત્માને ઇચ્છા કરાવી શકાતા નથી. આહાહાહાહા ! ઈ શું કીધું ? મીઠાશ, અમી-અમી પરમાણું ઊતરે છે તો એણે ઇચ્છા કરી ને આ અમી ઊતરવાની ક્રિયા થઈ એમ છે નહીં. ઝીણી વાત ભાઈ !

જેવા ભિન્ન તત્ત્વ છે એવું ભિન્ન તરીકે ન માને અને એકમેક ( માને ) એની ક્રિયા આ કરે ને આની ક્રિયા તે કરે તો તત્ત્વ ભિન્ન રહેતા નથી, ( તત્ત્વનો-દ્રવ્યોનો ) નાશ થઈ જાય છે, આની તારી શ્રદ્ધા વિપરીત છે. આહાહાહા ! આવી વાત છે.

"જો બે દ્રવ્યો એક થઈને પરિણમે તો સર્વ દ્રવ્યોનો લોપ થઈ જાય." પહેલાં આવ્યું'તું ને પહેલામાં આવ્યું'તું ઓલામાં ૮૬ની ટીકામાં આવ્યું'તું ઓલી કોર જુઓ, છે ને ? ૮૬ ની ટીકાનો ભાવાર્થ, તેની છેલ્લી લીટી-"જડ-ચેતનની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થઈ જાય- એ મોટો દોષ ઊપજે."- એ ( ગાથા ) ૮૬ની ટીકાનો ભાવાર્થ ( છેલ્લી લીટી છે ) સમજાણું કાંઈ... ? એકાવન કળશની ઉપર ભાવાર્થ, ટીકાનો ભાવાર્થ છે, સમજાણું કાંઇ ? એ ટીકાના ભાવાર્થમાં કહ્યું હતું ને આ કળશના ભાવાર્થમાં કહ્યું ! ઝીણી વાત ભાઈ ! શાંતિથી આ તો...ટીકાનો છે ને ભાવાર્થ છેલ્લે ભાવાર્થ છે ને એની ચોથી લીટી( છેલ્લે ) "જડ-ચેતનની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થઈ જાય-એ મોટો દોષ ઊપજે."

એક આત્મા, શરીરને વાણી ને ખાવા-પીવાની બધાની ક્રિયા કરે તો એ પરિણામનો

અભાવ ( બીજાની પર્યાયનો અભાવ થાય ! ) તેથી જો એ બધાની ક્રિયા આત્મા કરે-પરિણામ કરે તો એ બધા પુદ્‌ગલનો નાશ થઈ જાય, પુદ્‌ગલની હયાતી રહેતી નથી-પર્યાય વિના ( દ્રવ્યની ) હયાતી રહી શકે નહીં. આહાહાહા ! ભારે કામ આકરું. આ તો જ્યાં હોય ત્યાં મેં કર્યું...મેં આ કર્યું જો મેં આ બનાવ્યું ને મેં આ લખ્યું ને મેં( હું ) બોલ્યો ને મેં બીજાને સમજાવ્યું ! આવી આકરી વાતું બાપુ ! આહા !

એક આત્મા, બધા શરીરને, વાણીને, મનને, દાળ-ભાત-શાક ને એ બધાને ખાવાની ક્રિયા કરે ( તેમાં ) એક આત્માના પરિણામ પોતે કરે અને એની ( બીજાપદાર્થોની ) પર્યાયને કરે, તો બધા પરમાણું પર્યાય વિનાના થઈ જાય છે, પર્યાય વિનાના દ્રવ્યનો બધાનો નાશ થઈ જશે. અનેક છે તો એક થઈ જશે, અનેક છે-અનંત છે એક ( દ્રવ્ય ) બીજાનું ( કંઈ પણ ) કરે તો બીજો બીજાનું કરે તો એમ કરતાં કરતાં અનેક ( અનેકપણે ) નહીં રહે, એક જ થઈ જશે બધા ! આહાહાહા ! કહો, શશીભાઈ ? આવું બેસે ન બેસે શું થાય ભાઈ, આવો માર્ગ છે, એ ૫૩ થઈ ( ત્રેપન કળશ થયો. ) હવે ચોપન.

## શ્લોક - ૫૪

( आर्या )

नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।
नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात्।।५४।।

**ફરી આ અર્થને દૃઢ કરે છે:-**

**શ્લોકાર્થ:- [ एकस्य हि द्वौ कर्तारौ न स्तः ] એક દ્રવ્યના બે કર્તા ન હોય, [ च ] વળી [ एकस्य द्वे कर्मणी न ] એક દ્રવ્યનાં બે કર્મ ન હોય [ च ] અને [ एकस्य द्वे क्रिये न ] એક દ્રવ્યની બે ક્રિયા ન હોય; [ यतः ] કારણ કે [ एकम् अनेकं न स्यात् ] એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય નહિ.**

**ભાવાર્થ:- આ પ્રમાણે ઉપરના શ્લોકોમાં નિશ્ચયનયથી અથવા શુદ્ધદ્રવ્યાર્થિકનયથી વસ્તુસ્થિતિનો નિયમ કહ્યો. ૫૪.**

## પ્રવચન નં. ૧૭૬ શ્લોક નં. ૫૪ તા.૨૩/૦૧/૭૯

नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।
नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात्।।५४।।

આહાહા ! "એકસ્ય હિ દ્વૌ કર્તારૌ ન સ્તઃ" – "એક દ્રવ્યના બે કર્તા ન હોય"- દ્રવ્યના નામ પરિણામ, એક દ્રવ્યના બે પરિણામના એક કર્તા નથી હોતા-એક દ્રવ્યના ( -પરિણામના ) બે કર્તા હોતા નથી-પોતાના આત્મામાં રાગ પણ આત્મા કરે અને કર્મ પણ ( રાગને ) કરે, એક દ્રવ્યના ( પરિણામના ) બે કર્તા થતા નથી. ( આહા ! ) એક પરિણામના બે કર્તા હોતા નથી.

આત્મા રાગ પણ કરે ને કર્મ પણ રાગ કરાવે, એવું હોતું નથી. આહાહાહા ! એક દ્રવ્યના ( –પરિણામના ) બે કર્તા હોતા નથી. અને...

"એક દ્રવ્યનાં બે કાર્ય ન હોય"–એક દ્રવ્યના ( –પરિણામના ) બે કાર્ય ન હોય, એક દ્રવ્યનું એક જ પરિણામ–કાર્ય હોય છે. એક દ્રવ્યના ( –પરિણામના ), બે કાર્ય–આત્મા રાગ પણ કરે ને કર્મનું બંધન પણ કરે એવું હોતું નથી, અને કર્મબંધન ( પોતાનો ) ઉદય પણ કરે અને આત્મામાં રાગ પણ કરે, એવું હોતું ( થતું ) નથી. આહાહાહા ! આવું ઝીણું ! આહાહાહા !

અને "એકસ્ય દ્વે ક્રિયે ન"–એક દ્રવ્યની બે ક્રિયા ન હોય, એક જ દ્રવ્યની બે પલટવાની ક્રિયા હોતી નથી–આત્મા પોતાની પૂર્વ પર્યાયથી પલટીને રાગ કરે અને કર્મની પલટીને–પરમાણુંની પર્યાય પલટીને કર્મની પર્યાયને પણ કરે એમ બે ક્રિયા થતી નથી. આહાહાહા... કેમ ? "એકમ્ અનેકમ્ ન સ્યાત્"–"એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય નહિ"– એક દ્રવ્ય પોતાના પરિણામ સહિત છે એ બીજાના પરિણામને ન કરે, માટે અનેક દ્રવ્ય( એક ) ન થઈ જાય, 'એકમ્ અનેકમ્ ન સ્યાત"–એક, અનેક હો તો એક, બીજાના પરિણામને કરે પણ એક, અનેક( રૂપ ) થતા નથી, માટે પોતાના પરિણામ તો કરે, પરના ( પરિણામ ) કરે નહીં. આહાહાહા ! છે ?

ભાવાર્થ:– આ પ્રમાણે ઉપરના શ્લોકોમાં નિશ્ચયનયથી અથવા શુદ્ધદ્રવ્યાર્થિકનયથી વસ્તુસ્થિતિનો નિયમ કહ્યો. નિયમ અર્થાત્ મર્યાદા કહી. વસ્તુની એ મર્યાદા છે. –આત્માને અનાદિથી પરદ્રવ્યના કર્તાકર્મપણાનું અજ્ઞાન છે. ( શું કહે છે ? ) શરીર( ની ક્રિયા હું ) કરું, દેશની સેવા કરું, દુઃખી ને હું મદદ કરું, આહાર–પાણી દઉં, ઓસડ ( દવા ) દઉં બીજાને. આહાહા ! એ અનાદિથી પરદ્રવ્યના કર્તાકર્મપણાનું ( અજ્ઞાન છે ) આહા ! એ અજ્ઞાન છે. "જો એ પરમાર્થનયના ગ્રહણથી" હવે એનો સરવાળો લીધો પાછો કે આ બધું કહીને કરવાનું શું છે ? તે જો એક વાર પણ વિલય પામે તો ફરીને ન આવે"–ફરીથી અજ્ઞાન થતું નથી. આહાહા.... ( કહે છે ) શ્લોક–૫૫

## શ્લોક - ૫૫

( शार्दूलविक्रीडित )

आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै-
र्दुर्वारं ननु मोहिनामिह महाहङ्काररूपं तमः।
तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्
तत्किं ज्ञानघनस्य बन्धनमहो भूयो भवेदात्मनः।।५५।।

**આત્માને અનાદિથી પરદ્રવ્યના કર્તાકર્મપણાનું અજ્ઞાન છે તે જો પરમાર્થનયના ગ્રહણથી એકવાર પણ વિલય પામે તો ફરીને ન આવે, એમ હવે કહે છે.:-**

**શ્લોકાર્થ:- [ इह ] આ જગતમાં [ मोहिनाम् ] મોહી ( અજ્ઞાની ) જીવોનો '[ परं अहम् कुर्वे ] પરદ્રવ્યને હું કરું છું' [ इति महाहङ्काररूपं तमः ] એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહા અહંકારરૂપ અજ્ઞાનાંધકાર- [ ननु उच्चकैः दुर्वारं ] કે જે અત્યંત દુર્નિવાર છે તે-**

**[ आसंसारत: एव धावति ] અનાદિ સંસારથી ચાલ્યો આવે છે. આચાર્ય કહે છે કે: [ अहो ] અહો ! [ भूतार्थपरिग्रहेण ] પરમાર્થનયનું અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિક અભેદનયનું ગ્રહણ કરવાથી [ यदि ] જો [ तत् एकवारं विलयं व्रजेत् ] તે એક વાર પણ નાશ પામે [ तत् ] તો [ ज्ञानघनस्य आत्मन: ] જ્ઞાનઘન આત્માને [ भूय: ] ફરી [ बन्धनम् किं भवेत् ] બંધન કેમ થાય ? ( જીવ જ્ઞાનઘન છે માટે યથાર્થ જ્ઞાન થયા પછી જ્ઞાન ક્યાં જતું રહે ? ન જાય. અને જો જ્ઞાન ન જાય તો ફરી અજ્ઞાનથી બંધ ક્યાંથી થાય ? કદી ન થાય. )**

**ભાવાર્થ:- અહીં તાત્પર્ય એમ છે કે-અજ્ઞાન તો અનાદિનું જ છે પરંતુ પરમાર્થનયના ગ્રહણથી, દર્શનમોહનો નાશ થઈને, એક વાર યથાર્થ જ્ઞાન થઈને ક્ષાયિક સમ્યક્ત્વ ઊપજે તો ફરી મિથ્યાત્વ ન આવે. મિથ્યાત્વ નહિ આવતાં મિથ્યાત્વનો બંધ પણ ન થાય. અને મિથ્યાત્વ ગયા પછી સંસારનું બંધન કઈ રીતે રહે ? ન જ રહે અર્થાત્ મોક્ષ જ થાય એમ જાણવું. ૫૫.**

## પ્રવચન નં. ૧૭૬ શ્લોક નં. ૫૫ તા.૨૩/૦૧/૭૯

आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै–
दुर्वारं ननु मोहिनामिह महाहङ्कारररूपं तम:।
तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्
तत्किं ज्ञानघनस्य बन्धनमहो भूयो भवेदात्मन:।।५५।।

સરવાળો તો પાછો એમ કહેવો છે ને બધો, આ કર્તાકર્મ નથી ( એમ જાણીને ) પણ પાછું કરવું શું ? હવે એને ( કહે છે ). 'इह' આ જગતમાં મોહી–અજ્ઞાની જીવોનો પરદ્રવ્યને હું કરું છું, પરદ્રવ્યોનું ભલું હું કરું છું–પરદ્રવ્યોને સુખી કરું છું–પરદ્રવ્યોને દુ:ખી હું કરું છું પરને જીવાડું છું–પરદ્રવ્યોને નભાવું છું–આ શેઠિયાઓ, એવા ઘણા હોયને પૈસાવાળા હોય ઘણાને નભાવેને ! ધંધામાં નોકરોને નભાવે ! ઓલા કહેતા હતા, શાંતિલાલ ખુશાલ, ( તેની પાસે ) બે અબજ ચાલીશ કરોડ રૂપિયા–બે અબજ ચાલીશ કરોડ રૂપિયા એનાં બનેવી આપણે આવે છે ને પોપટલાલ લીંબડીથી, ( સાળા પાસે ) બે અબજ ચાલીશ કરોડ તો તેમણે કહ્યું શું હજીસુધી તમે રળવાના આવા મોટા પાપ કરો છો ! આવા–આવા બે અબજ રૂપિયા છે, અઢી અબજ રૂપિયા છે તમારી પાસે, ( સાંભળીને ) એ કહે, શું અમે અમારા માટે કરીએ છીએ, લોકોને નભાવવા માટે કરીએ છીએ, આવો જવાબ આપ્યો, પાવર ફાટી ગયા ! ( શ્રોતા:– શાહુકાર ન હોય તો ગરીબ નભે કેમ ) ધૂળમાંય શાહુકરથી નભતા નથી, સૌ પોત–પોતાની પર્યાયથી નભે છે.

( લ્યો ! ) પોપટભાઈને એવો જવાબ આપ્યો, એના બનેવીને, પોપટભાઈ નથી આવતા લીંબડીથી, આંહી બેસે છે. એણે ( એને ) કહ્યું આ શું હવે કેટલા પાપ કરો છો, હજારો માણસને આ બધું... તો શું આ અમે અમારા માટે કરીએ છીએ, હજારો માણસ નભે છે માટે કરીએ છીએ, આટલા તો અભિમાન અજ્ઞાનીઓના ! આ જીન–પ્રેસ ચલાવે ને ( એમાં ) હજારો માણસ કામ કરે ત્યાં એકદમ બધાને રોજી મળે–આજીવિકા મળે, એને માટે કરે છે તું ? મૂંઢ છે. આહાહાહા !

અજ્ઞાની જીવોનો પરદ્રવ્યનો હું કર્તા છું 'इति महाअहंकाररूपं तम:'–એવા પરદ્રવ્યના

કર્તૃત્વના મહા અહંકારરૂપ અજ્ઞાન-અંધકાર, આકરું કામ છે-શરીરની ક્રિયા કરી શકે નહીં, આ કેન્સર થાય છે ને ! લ્યો ને, એ દાકતર કેન્સરને કાપી શકે નહીં એમ કહે છે. એની પર્યાય ત્યાં થવાવાળી છે તો એને ( કેન્સર ) હોય છે કેમ માને ! આ ગળાનું કેન્સર, છાતીનું કેન્સર, આંખનું કેન્સર થાય છે ને ! આહાહાહા !

એ પરમાણું-પુદ્‌ગલ એ રીતની પર્યાયપણે થયા છે, એ પર્યાય કોઈ દવાથી રોકાઈ જાય છે એ ( કેન્સરની ) પર્યાય એવું નથી. દવાની પર્યાય ભિન્ન છે ને આ ( રોગની ) પર્યાય ભિન્ન છે. દવાની પર્યાયથી ત્યાં ( શરીરના ) રોગની પર્યાય મટી જાય છે, ( એ ) ભ્રમ છે અજ્ઞાનીનો ! છે ? ( શ્રોતા :- દવાથી મટી તો જાય છે ) ઈ તો એની પર્યાય ત્યાં મટવાનો કાળ હતો માટે મટી જાય છે. આહાહાહા ! આવું છે.

અજ્ઞાની જીવોનો પરદ્રવ્યનો હું કર્તા છું-એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહાઅંધકાર રૂપ-અજ્ઞાનઅંધકારરૂપ-આ તો દાખલો દાકતરનો ! દાકતર, ( અરે લ્યોને ! ) વકીલ હો, ભાષા બરાબર કરીને પછી કાયદો કાઢે ને આ કરે ને કેસ જીતાવી દે લ્યો ! રામજીભાઈ, કેટલાયને જીતાવી દીધા ! ધૂળમાંય જીતાડયા નથી કોઈને, ઘરનો દાખલો દેવાયને ! અરે, કોણ કરે ભાઈ ! ભાષા જ જ્યાં કરી શકે નહીં, તો પરનો કેસ જીવાડી શકે એ વાત કયાં છે બાપા. એ સૌની પર્યાય પરમાણુંની એનાથી થઈ છે. આહાહાહા !

કહે છે કે આવો જે અત્યંત દુનિર્વાર અજ્ઞાન અંધકાર ! 'નનું ઉચકૈ દુર્વારં'-ઉચ્ચકૈ એટલે અત્યંત દુનિર્વાર ! પોતાના આત્મા સિવાય, બીજા આત્મા અને બીજા પરમાણુંઓ એનું ( કાર્ય ) હું કરી શકું છું, દિકરો મારો છે. ( શ્રોતાઃ- અનુભવનો લાભ તો આપવો જોઈએ ને ! ) અનુભવનો લાભ આપે ? અજ્ઞાનથી માને, પોતે પચીસ-પચાસ વરસથી ધંધો કર્યો હોય પછી નાના છોકરાઓને અનુભવ આપે કે જો આમ કરો-આમ કરો, એ બધાય ગપેગપ છે બધીય, આહાહાહા ! મારગ જુદા બાપુ ! આહાહાહા !

આંહી કહે છે, આત્મા પોતાના સિવાય, પર આત્મા અને પર શરીરને પોતાનું માને આ મારી સ્ત્રી ( પત્ની ) છે, આ મારા છોકરા છે, મારી છોકરી છે, આ મારા જમાઈ છે. અરેરે ! આ શું છે પ્રભુ ! એ ચીજ શું તારી છે ? અને હું પરને ( બીજા જીવોને ) નભાવી શકું છું, મારે દિકરો નથી તો દીકરીનો પતિ જમાઈને ( દિકરો ) બનાવીને અહીં ઘેર રાખું અને નભાવી શકું-હુંય નભું ને એનેય નભાવી દઉં, બધું અજ્ઞાન છે, અંધકાર છે. ( શ્રોતાઃ- પૈસાદાર ભાગ્યશાળી કહેવાય છે ને ! ) એ ભાગ્યશાળીઓ બધા અજ્ઞાનીના પૂંછડા છે મોટા. કહો ચીમનભાઈ ?

મહા ઉદ્યોગપતિ, ઉદ્યોગ મેં બનાવ્યો( સ્થાપ્યો ) કારખાનાં બનાવ્યા, ચારેકોર આ મેં કર્યું-આ મેં કર્યું ને એમ લાખો મનુષ્યોને નભાવ્યા, એ બધું અજ્ઞાન છે, પરની ( ક્રિયા ) કરીને નભાવ્યા, એ તો મિથ્યાભ્રમ ને અજ્ઞાન છે. અરે, પ્રભુ આવું અજ્ઞાન-અંધકાર અત્યંત દુર્નિવાર છે.

"આસંસારત્ઃ એવ ધાવતિ" અનાદિ સંસારથી ચાલ્યો આવે છે-આસંસાર અનાદિથી. હું પરનો કર્તા છું અને પર મારું કરે છે-એ તો અનાદિથી અજ્ઞાન ચાલ્યું આવે છે. ( શ્રોતાઃ- મટાડવું કઠણ ! ) એ દુર્નિવાર કીધું ને ! અજ્ઞાનીને અધ્યાસ છે ને એ કારણે અત્યંત દુર્નિવાર છે, કેમ કે અનાદિ સંસાર ચાલ્યો આવે છે. આચાર્ય કહે છે કે, અહો ! 'ભૂતાર્થપરિગ્રહેણ'- પરમાર્થનયના

શુધ્ધનયના અભેદનયથી ગ્રહણ કરવાથી એક વાર ભૂતાર્થ આત્માના અનુભવ કરવાથી એ ભૂતાર્થ હું આનંદસ્વરૂપ ને જ્ઞાન સ્વરૂપ છું એ ભૂતાર્થ છતીચીજ છે. આ છતી ચીજ ત્રિકાળી આનંદકંદ પ્રભુ ભૂતાર્થ પરિગ્રહણ એ પૂર્ણપદાર્થ આત્મા, એનો 'પરિ' એટલે સમસ્ત પ્રકારે અનુભવ કરવાથી 'ભૂતાર્થ પરિગ્રહેણ' છે ને ! પરમાર્થનયનું ગ્રહણ કરવું-ગ્રહણ એટલે અનુભવ કરવાથી, આત્મા આનંદસ્વરૂપ છે-જ્ઞાનસ્વરૂપ છે, એનો એકવાર અનુભવ કર ! અજ્ઞાનનો નાશ થઈ જશે. આહાહા ! ભારે વાતું ભાઈ !

'ભૂતાર્થ પરિગ્રહેણ'-છતો પદાર્થ ભૂતાર્થ છે ને ! અગિયારમી ગાથા 'भूदत्यमस्सिदो खलु' ત્રિકાળી જ્ઞાયકભાવ, અનંત અનંત ગુણનો પિંડ, એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ ! એવો અનંતગુણોનું એકરૂપ વસ્તુ ભગવાન ( નિજાત્મા ! ) એનું એક વાર પરિગ્રહેણ આખી ચીજ છે એને પરિ નામ સમસ્તપ્રકારે અનુભવ કરવાથી, -પરનું તો કરી શકતો નથી, પણ રાગને પણ કરી શકતો નથી, એવો( શુદ્ધાત્મા ) પરિગ્રહેણ કરવાથી, સમ્યગ્દર્શનમાં ભૂતાર્થ પરિગ્રહેણ-ત્રિકાળી જ્ઞાયકભાવનો અનુભવ કરવાથી, સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ... ?

અને ખૂબી તો એ છે કે 'ભૂતાર્થ પરિગ્રહેણ'-પરમાર્થનયનું એટલે શુદ્ધ દ્રવ્યાર્થિકનયનું-અભેદનું ગ્રહણ-અનુભવ કરવાથી, વસ્તુ અભેદ-અખંડ આનંદકંદ છે એનો એક વાર અનુભવ કરવાથી. અહો ! જો એકવાર 'तत् एकवारं विलयं व्रजेत' તે એક વાર પણ નાશ પામે તો જ્ઞાનઘન આત્માને ફરી બંધન કેમ થાય ?-એક વાર પણ નાશને પ્રાપ્ત થાય આત્મા, તો ફરીથી મિથ્યાત્વ કેમ થાય-અજ્ઞાન કેમ થાય ? એવું જોર આપ્યું છે, આવો આત્મા જ અહીં લીધો છે. સમજાણું કાંઈ... ? આહાહાહા ! ગાથા-૩૮માં લીધું'તું ને એ જ શૈલી આંહી લીધી છે. આહાહા..... !

પરદ્રવ્યનો અહંકાર અને પરદ્રવ્યના નિમિત્તના સંગમાં થયેલો રાગ, એ ભૂતાર્થ-ત્રિકાળી જ્ઞાયકભાવને પકડવાથી, એ રાગને ( અનાદિથી ) પકડયો છે ને હું પરનો કર્તા છું એ ( કર્તાભાવ-અહંકાર ) છોડીને આત્મા ત્રિકાળી આનંદકંદ પ્રભુ છે ( તેનો ) એક વાર પણ ભૂતાર્થથી અનુભવ કરવાથી, એક વાર પણ 'વિલયં વ્રજેત'-એકવાર જો અજ્ઞાનનો નાશ થયો ( તે ) જ્ઞાનઘન આત્માને ફરી બંધન કેમ થાય ? ( ન થાય. ) અપ્રતિહતભાવ બતાવે છે. વિશેષ કહેશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૭૭ ગાથા-૮૭ શ્લોક-૫૫-૫૬

**તા. ૨૪/૦૧/૭૯ બુધવાર પોષ વદ-૧૧**

શ્રી સમયસાર-૫૫ કળશ છે ફરીને.

આ જગતમાં 'ઈહ' છે ને 'મોહિનામ' "અજ્ઞાની જીવોનો પરદ્રવ્યને હું કરું છું," શરીરની ક્રિયા હું કરું, પરને સુખી દુઃખી કરું છું. આ કુટુંબ દિકરા-દિકરી સ્ત્રી મારાં એવો જે મિથ્યાત્વભાવ તેને એ કરે છે, પરદ્રવ્યને હું કરું છું, એટલે કે મિથ્યાત્વભાવને કરું છું, મિથ્યાત્વભાવ એ ખરેખર પરદ્રવ્ય છે. આહાહાહા ! આ કુટુંબ કબીલા આદિ મારાં, સ્ત્રી કુટુંબ પરિવાર મારાં, વેપાર મારો, ધંધો મારો, કર્મ મારાં, અરે રાગદ્વેષના પરિણામ પણ ખરેખર મારાં, એવું જે પરદ્રવ્ય સ્વરૂપ તેને પોતાનું માને અથવા

એનો જે અભિપ્રાય કે આ પર મારાં એવો જે મિથ્યાત્વ, એને જે કરે, એ મિથ્યાત્વરૂપી ભાવ જે આત્માના સ્વભાવમાં નથી. એને એ મિથ્યાત્વને કરે "એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહાઅહંકારરૂપ" પરદ્રવ્યનો અહંકાર અને મિથ્યાત્વનો અહંકાર, એવા અહંકારના મહાઅહંકાર "અજ્ઞાનાંધકાર નનુ ઉચ્ચૈઃ "દુર્વારમ્ કે જે ઉચ્ચૈ અત્યંત દુર્નિવાર છે." અશક્ય નથી પણ દુર્નિવાર છે, આકરું છે ધીઠ. ધીઠાઈ દશા છે ધીઠ. મિથ્યાત્વને હું કરું છું અને પરદ્રવ્યને હું કરું છું એ ધીઠાઈ છે, એ એની અવળાઈ છે. એ અવળાઈ છોડવી એ કઠણ છે. દુર્નિવારનો અર્થ કઠણ. આહાહા !

"આ સંસારતઃ એવ ધાવતિ" પણ એ ક્યારથી ચાલે છે ? અનાદિ સંસાર 'આસંસાર' એ અનાદિ સંસારથી મિથ્યાત્વ અને પરદ્રવ્યનો અહંકાર એને ચાલે છે. આહાહા ! ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે, એનું અહંપણું ન આવતા, પરદ્રવ્ય ને પરદ્રવ્યના કર્તાનો જે અભિપ્રાય એમાં એને અહંપણુ આવે છે. આહાહા ! ભારે કામ આકરું આમાં.

આખો દિ' આ ધંધા કરવા શાંતિભાઈ ! ઝવેરાતના, છોકરાના આ હું કરું છું, છોકરાઓને હું સાચવું છું, વેપાર ધંધામાં ઠેકાણે પાડું છું, મારો અનુભવ જે છે એ છોકરાને આપું તો લોકો સહેલાઈથી ધંધો કરે. એવો જે મિથ્યાત્વભાવ એ ટાળવો ઘણો દુર્નિવાર છે, કેમ કે અનાદિથી છે એમ અનાદિથી અત્યાર સુધી છે. આહાહા ! અનાદિ સંસારથી ચાલ્યો આવે છે.

આચાર્ય કહે છે અહો "ભૂતાર્થ પરિગ્રહેણ" ભૂત છતો પદાર્થ ભગવાન શુદ્ધ આનંદકંદ ઘન છે એને 'પરિગ્રહેણ' સમસ્ત પ્રકારે જાણવું અને અનુભવવું. આહા..... પરમાર્થનયનો એટલે કે શુદ્ધદ્રવ્યાર્થિકનયનું એટલે કે અભેદનયનું ચાર શબ્દ વાપર્યા છે. જાણીને પરિ એટલે સમસ્ત પ્રકારે ગ્રહાય જાણીને અથવા ત્રિકાળી જ્ઞાયકભાવ છે તેને વર્તમાનમાં સર્વથા પ્રકારે અનુભવીને અથવા એ પરમાર્થનયનો જે વિષય, ધ્રુવ ભૂતાર્થ દ્રવ્યાર્થિકનયનો વિષય, પરમાર્થ કહો કે શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય કહો કે અભેદનય કહો, એને જાણવાથી, એને અનુભવવાથી, જે કાંઈ પરને હું કરું છું એવો મિથ્યાત્વનો જે અનુભવ છે તે દુર્નિવાર છે, અનાદિનો છે માટે.

પણ જો એકવાર પણ છતો ભગવાન આત્મા, પદાર્થ છે અસ્તિ છે મહાસત્તા છે, દ્રવ્યાર્થિકનયના દ્રવ્યનું પ્રયોજન જેને એ નયનો વિષય છે. પરમાર્થ સ્વરૂપ છે, જેમાં પર્યાયનોય ભેદ નથી એવો અભેદ ચીજ છે. એનો જો એકવાર અનુભવ કરવામાં આવે તો તો "એકવારં વિલયં વ્રજેત" એકવાર પણ નાશ પામે, તો "જ્ઞાન ઘનસ્ય આત્માનઃ" ભગવાન જ્ઞાનઘન જ્ઞાનનો પુંજ એવો જે ભગવાન આત્મા, ફરી "બંધનમ્ કિં ભવતે" ફરીને એકત્વબુદ્ધિ કેમ થાય હવે એને ? અહીંયા અર્થમાં ક્ષાયિક સમકિત લેશે, પણ ખરેખર તો અહીંયા અપ્રતિહત ભાવ લીધો છે, જે ૩૮ ( સમયસાર ) ને ૯૨ ( પ્રવચનસાર ) માં કહ્યું છે ને, એ લીધું છે. આહાહાહા !

આવો જે ભગવાન આત્મા અનાદિથી અજ્ઞાનના અંધકારમાં પડેલો પણ જો એકવાર જ્ઞાનસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એને પકડીને અનુભવ કરે તો તે ફરીને પડે નહિ, એ જ સમ્યગ્દર્શન ને જ્ઞાનથી અપ્રતિહત ભાવે કેવળજ્ઞાન લેશે એમ કહે છે. સમજાણું કાંઈ ? આહાહાહા ! એકવાર પણ નાશ પામે તો જ્ઞાનઘન આત્માને ફરી બંધનમાં એકત્વબુદ્ધિ કેમ થાય ? પછી રાગ અને પરની સાથેની એકત્વબુદ્ધિ થાય નહિ.

આમાં એક ભાઈ હતા ને એ, કેવા ? નંદલાલજી હતા એક. આંહીં બે હજારમાં આવ્યા'તા

એ એમાં આવો અર્થ કરતા કે એકવાર જો મિથ્યાત્વનો નાશ પામે, તો ફરીને તેને મિથ્યાત્વ થાય જ નહિ, ભલે એ નિગોદમાં જાય, બીજે જાય પણ એને મિથ્યાત્વ થાય નહિ, એવું એ કહેતા, એમ નથી. નંદલાલજી હતા, સમયસારના વાંચન કરનારા, અહીં આવ્યા'તા બે હજારની સાલમાં મને કહે એમ કે અમે સમયસાર વાંચીએ, તો બે ત્રણ જણા બેઠા હોય તે દિ'. આંહીં તો આપણે, ૨૦૦૦ સાલ ને તમારે અહીં દોઢસો-દોઢસો માણસો, અમે સમયસાર વાંચીએ બે કે ત્રણ જણા બેઠા હોય, તે દિ' ની વાત છે. આ તો હવે તો સમયસારમાં હજારો માણસો આવે. ઈ એમ કહેતા કે એકવાર જો પામે તો ફરીને તેને એકપણું ન થાય એમ કહે, ભિન્ન જ રહે ભલે નિગોદમાં જાય. ( શ્રોતાઃ- પણ એ નિગોદમાં જાય શેનો ) એનો અર્થ એવો કે એનો સંસાર પરિત થઈ ગયો છે, એટલે હવે અપરિત સંસાર એટલે ઘણો ન થાય એટલું, પણ આંહીં એ નથી કહેવું. ( શ્રોતાઃ- ન જ પડે ) આંહીં તો ન જ પડે એવું કહેવું છે. આહાહા !

આમ ભગવાન છતી ચીજ છે, વસ્તુ છે, પદાર્થ છે, જેમ અનાદિનું અજ્ઞાન છે, તેમ અનાદિનો છતો પદાર્થ છે. એવી ચીજને એકવાર પણ જો સર્વથા પ્રકારે અનુભવ કરે. એટલે કે રાગની એકતા તોડીને સ્વભાવની એકતાનો અનુભવ કરે, તો એ એકતા તુટી એ કદી એકતા થાય નહિ, એમ કહે છે. મૂળ તો અપ્રતિહતની વાત કરે છે. આચાર્યની ઉગ્રતા ઘણી છે. દિગંબર આચાર્યો કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય એટલી ઉગ્રતા છે, કે આંહીં તો કહે અમે એકવાર જો આ અનુભવ થયો તો હવે અમને મિથ્યાત્વ ફરીને થવાનું નથી. ભલે ક્ષયોપશમ સમકિત છે, ક્ષાયિક નથી પણ એ ક્ષયોપશમ છે, એ પણ પડવાનું નથી હવે, એ ભાવે અમે ક્ષાયિક લેવાના છીએ. આહાહાહા ! લ્યો ડંકા વાગ્યા, નવ થયા નવ. આહાહા !

“ભૂતાર્થ પરિગ્રહેણ તત્ એકવારં વિલયં વ્રજેત” તો “જ્ઞાનઘનસ્ય આત્મનઃ ભૂયઃ” ફરીને “બંધનમ્ એકત્વ કિં ભવેત્” એકત્વબુદ્ધિ કેમ થાય ? આહાહા ! એમ કહે છે, પછી અર્થકાર જરીક ક્ષાયિક સમકિત લે છે, પણ એ ખરેખર તો જે જોડણી ક્ષાયિક કહેવાય છે ને, એ આવે આમાં. આહાહા ! પંચમઆરાનો જીવ છે અને આ એકવાર અંતરમાં પરિ સમસ્ત પ્રકારે આત્માનું જ્ઞાન થયું, ગ્રહણ થયું અનુભવ થયો એ હવે ફરીને પડવાનો નથી, જેમ અનાદિનું છે, તેમ આ પરિગ્રહણ થયું તે આદિ સહિત પણ અંત વિનાનું છે. શું કહ્યું ઈ ? ફરમાવો. જેમ અનાદિ અજ્ઞાનાત, અજ્ઞાન છે, એને જ્યાં એકવાર અનુભવ કર્યો, એ સાદિ અનંત થઈ ગયો, એ કહે છે. આંહીં અનાદિ હતો આદિ નહોતું, અહીં હવે એનો અંત નથી. એવી શૈલી છે, આચાર્યનું હૃદય આ છે, આહાહાહા ! સમજાણું કાંઈ ?

છતી ચીજ છે અંદર, બેનની ભાષામાં તો આવ્યું'તું ને “જાગતો જીવ ઉભો છે ને” જ્ઞાયકભાવ જાગતો એટલે જ્ઞાયક અભેદભાવ, ધ્રુવભાવ, સામાન્યભાવ, એકરૂપભાવ દ્રવ્યાર્થિક-નયનો વિષય જે દ્રવ્ય તે ભાવ, પરમાર્થ વસ્તુ જે ત્રિકાળી તે ભાવ. એને જો એકવાર અનુભવમાં આવે તો એ વસ્તુ જેમ અવસ્તુ થતી નથી તેમ તેનો અનુભવ થયો, તે અભાવ થતો નથી, એમ કહે છે. આહાહાહાહા ! “બંધનમ્ કિં ભવેત્” ફરીને બંધન કેમ થાય ? મિથ્યાત્વનું એને બંધન નથી, એટલે કે હવે એને મિથ્યાત્વ થવાનું નથી. એટલે કે રાગની એકતા તૂટી છે તે એકતા હવે થવાની નથી. આહાહાહા ! આવું જ સ્વરૂપ છે કહે છે.

"જીવ જ્ઞાનઘન છે" જ્ઞાનનો પિંડ છે. ઘન, ઘન, જ્ઞાનનો ઘન છે, પિંડ છે. એવો જે જ્ઞાનઘન છે, "માટે યથાર્થ જ્ઞાન થયા પછી," જ્ઞાનઘન છે તેનું યથાર્થ જ્ઞાન થયા પછી, "જ્ઞાન કયાં જતું રહે"? જ્ઞાનઘન છે એ કયાંય જતું નથી. આહાહાહા ! તે જ્ઞાનઘન દ્રવ્ય સ્વભાવ ઘન છે, પિંડ છે એ કયાંય જતો નથી, પર્યાયમાંય આવતો નથી. એવો જે જ્ઞાનઘન એનો અનુભવ થતાં એ પર્યાય જ્ઞાન ક્યાં જાય ? જ્ઞાનઘન જેમ કયાંય જાય નહિ એમ એનું જ્ઞાન થતાં પર્યાય પણ કયાંય જાય નહિ. આહાહાહા ! શ્લોક બહુ સરસ છે. આહા !

અહીં લીટી હતીને દોઢ બે, મુકી દીધી પૂરું નહિ પડે કીધું કાલ, પણ એ એક વાત એવી છે કે અંતર વસ્તુ છે તેને દૃષ્ટિ પહોંચી જાય અને જ્ઞાનની પર્યાય તે દ્રવ્યને એકત્વ થઈ જાય, એ એકત્વ થયું એ હવે કહે છે કે રાગ હારે એકત્વ નહિ થાય. આહાહા ! આવી વાત છે. સમજાણું કાંઈ ?

જ્ઞાનઘન છે માટે, યથાર્થ જ્ઞાન થયા પછી ઈ જેવું છે તેવું તેનું યથાર્થ જ્ઞાન થયા પછી, જ્ઞાન કયાં જતું રહે ? થયેલું જ્ઞાન કયાં જાય ? ન જાય, અને જો જ્ઞાન ન જાય તો ફરી અજ્ઞાનથી બંધ કયાંથી થાય ? ઝીણી વાત તો પડી, પણ ભાઈ ઘણી આવી વાત કદી કરી નથી. આ પહેલી વહેલી થઈ છે આ બધી. એના ઉંડાણમાં આ છે. સમજાણું કાંઈ ?

એ ઓલો એમ કહેતો કે એકવાર સમકિત પામે તો ફરીને મિથ્યાત્વ ન થાય એને એમ કહે કે એમ નહિ, મિથ્યાત્વ અજ્ઞાનમાં જાય તો પણ એને મિથ્યાત્વ ન થાય એમ કહે, એમ નહિ. આંહીં તો એ વસ્તુ છે મહાપ્રભુ જેનું મહાઅસ્તિત્વ સત્તા જ્ઞાનઘન છે એનો એકવાર અનુભવ થયો તો જેમ એ જ્ઞાનઘન કયાંય જતું નથી, તેમ તે જ્ઞાનઘનનો અનુભવ પ્રતીત થઈ સમકિત થયું એ હવે જતું નથી, એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? ઝીણી વાત છે ભાઈ, આ તો અંતરની વાતું છે. આહા !

"અને જ્ઞાન ન જાય તો અજ્ઞાનથી બંધ કયાંથી થાય ?" એને બંધન જ હવે મિથ્યાત્વનું નથી કહે છે, અસ્થિરતાનું ભલે હોય એ હો. પણ ભૂતાર્થને પરિગ્રહેણ, ભૂતાર્થ એક વસ્તુ છે આખી ચીજ મહાપ્રભુ ચૈતન્ય મહાપ્રભુ, પરમેશ્વર સ્વરૂપ એવો જે ભગવાન પરમેશ્વર સ્વરૂપ એને જેણે પર્યાયબુદ્ધિ છોડીને ભૂતાર્થ નામ છતો ત્રિકાળ તેનું ગ્રહણ કર્યું, જ્ઞાન કર્યું, અનુભવ્યું. એ ત્રિકાળી ચીજ છે, તેને અનુસરીને અનુભવ કર્યો, હવે કહે છે કે એ અનુભવ જશે નહિ, એ પડશે જ નહિ, એવી આંહીં તો વાત લીધી છે.

આસ્રવમાં એક વિષય બનાવ્યો છે ઓલો શુદ્ધનય ચ્યુતા એ, તે જ્ઞાન કરાવ્યું પણ વસ્તુસ્થિતિ, આચાર્યો તો કહે છે કે અમે અત્યારે આ રીતે કહીએ છીએ. અરે અહીંયા કહે છે કે અપ્રતિબુદ્ધ શ્રોતા હોય પણ જો આ વાત તેને સમજવામાં અંદર અનુભવમાં આવે, ભલે પાંચમા આરાનો એ પ્રાણી હોય, પ્રાણી કોઈ પાંચમા આરાનો ચોથા આરાનો છે નહિ, આહાહાહા ! એ તો કાળાતિત વસ્તુ ભગવાન આત્મા, ત્રિકાળી જ્ઞાયકભાવ ત્રિકાળ જેને કોઈ કાળ લાગુ પડતો જ નથી. એવી ચીજને જેણે અંતરમાં અનુભવમાં લીધી, એનો અનુભવ હવે પડે એવો નથી.

સમ્યગ્દર્શન થયું એ હવે જવાનું નથી, એ સમ્યગ્દર્શન ભલે ક્ષયોપશમ હો, પંચમ આરાના પ્રાણીની વાત અહીં છે ને ? આ કહેનારેય પંચમ આરાના સંત છે, એને સાંભળનારાઓ પણ થાય એવા એ, અહીંની એ વાત છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? 'કદી ન થાય' હવે રાગની

એક્તા તૂટી એ કદી એક્તા ન થાય, સ્વભાવની એક્તા થઈ એ હવે એક્તા કદી ન જાય, આહાહાહા ! આવું જોર છે.

ભાવાર્થઃ- "અહીં તાત્પર્ય એમ છે કે" આ ટીકાનું નામ તાત્પર્ય છે કે આ તો સમયસાર છે, પ્રવચનસાર તાત્પર્યવૃત્તિ. આહાહાહા ! "અજ્ઞાન તો અનાદિનું જ છે" તાત્પર્ય એમ કહેવું છે કે હવે અજ્ઞાન તો રાગની એકતાબુદ્ધિ તો અનાદિની છે. પરંતુ પરમાર્થનયના ગ્રહણથી પરમઅર્થ પદાર્થ ભગવાન આત્મા, પૂર્ણાનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા, એને ગ્રહણથી, એને જાણવાથી એટલે કે એને અનુભવવાથી, દર્શનમોહનો નાશ થઈ એકવાર યથાર્થ જ્ઞાન થાય, જે જ્ઞાતા છે તેનું યથાર્થ જ્ઞાન એકવાર થાય, ક્ષાયિક સમકિત ઉપજે તો એમ લીધું છે જરી, ફરીને પડે નહિ ને અત્યારે પંચમઆરાના પ્રાણી ક્ષયોપશમ જ્ઞાની છે, ક્ષયોપશમ સમકિત છે, એટલે એણે જરી આમ લીધું છે અર્થકારે, ફરી મિથ્યાત્વ ન આવે. આહાહાહા !

આંહીં તો ક્ષયોપશમ સમકિત થયું એ પણ હવે ફરી પડે નહિ, એમ જોર છે. એકવાર યથાર્થ જ્ઞાન થઈને સમજે તો મિથ્યાત્વ ન આવે. "મિથ્યાત્વ નહીં આવતા, મિથ્યાત્વનો બંધ પણ ન થાય" ઓલું આવ્યું'તું ને, બંધ ક્યાંથી થાય ? એ બંધની વ્યાખ્યા કરી. એને મિથ્યાત્વનો બંધ પણ ન થાય. અને આ 'પરંઅહં' છે ને ભાઈ, 'પરંઅહં' કુર્વં, પરદ્રવ્યને હું કરું છું, ત્યારે આણે વળી એવું લીધું છે કળશ ટીકાકારે કે મિથ્યાત્વ છે એજ પરદ્રવ્ય છે 'પરં' નો અર્થ એવો કર્યો છે. આહાહા ! સ્વદ્રવ્ય સ્વરૂપ જે છે, તેનાથી વિરુદ્ધ માન્યતા જે છે, એ પરદ્રવ્ય સ્વરૂપ છે, એ સ્વદ્રવ્ય સ્વરૂપ નથી. અને પરદ્રવ્યસ્વરૂપ જે મિથ્યાત્વભાવ એને સ્વદ્રવ્યસ્વરૂપના અનુભવથી એકવાર નાશ કર્યો, તે સ્વદ્રવ્ય સ્વરૂપનો અનુભવ કયાં જાય ? આહાહા ! ઓહોહો ! આવી વાત, દિગંબર આચાર્યો સિવાય આવી વાત કયાંય નથી હૃદયના ઉમળકા કાઢયા છે. આહાહાહા !

અને મિથ્યાત્વ ગયા પછી સંસારનું બંધન કઈ રીતે રહે ? ખરેખર તો મિથ્યાત્વ એ જ સંસાર છે. આવે છે ને ? આસ્રવમાં મિથ્યાત્વ એ સંસાર છે. પછી અવ્રત ને પ્રમાદ એ તો અલ્પ સ્થિતિ અને અલ્પ રસનો સંસાર એને ગૌણ કરી નાખ્યો છે. આહાહાહા ! જેમ સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ચારિત્ર જેમ મોક્ષ છે, એમ મિથ્યાત્વ એ સંસાર છે. શું કીધું ? જેમ ભૂતાર્થ ભગવાન આત્મા એનો અનુભવ દર્શન, જ્ઞાન ને ચારિત્ર એને ભગવાને મોક્ષ કહ્યો છે, એ મોક્ષ છે અથવા ભગવાન આત્મસ્વરૂપ છે તે મુક્ત સ્વરૂપ જ છે. 'મુક્ત એવ', મુક્ત સ્વરૂપ છે તેની મુક્ત દશા પ્રગટે છે મોક્ષમાર્ગની, તો એ સ્વદ્રવ્ય છે, સ્વદ્રવ્ય મુક્ત છે, તો સ્વદ્રવ્યની મોક્ષમાર્ગની દશા પણ મુક્ત છે, અને મિથ્યાત્વ છે, એ સંસાર છે, એ પરદ્રવ્ય છે, એ સંસાર છે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

"ન જ રહે મોક્ષ જ થાય", જ્ઞાનઘન ભગવાન પ્રભુ આત્મા એનો ઘનનો જ્યાં અનુભવ થયો તો ઘન ( જેમ ) કયાંય જાય નહિ તેમ અનુભવ કયાંય જાય નહિ, એમ કહે છે. ઝીણી વાત છે ભાઈ. લ્યો એ વાત થઈ, અડધો કલાક થઈ, આ મુદ્દાની વાત છે. આ વાર્તા કથા નથી આ તો ભગવત્સ્વરૂપ પ્રભુ ભગવત્ સ્વરૂપ કયાં જાય ? એમ ભગવત્ સ્વરૂપનો અનુભવ કયાં જાય ? આહાહાહા ! ભગવાન સ્વરૂપનું જ્યાં એકત્વ થયું, હવે એને ફરીને રાગની એકતા અસ્થિરતા હો ભલે, એકત્વપણું કયાં થાય હવે એને આવી વાત છે. એ શ્લોક પૂરો થયો ૫૫, હવે છપ્પન શ્લોક.

# શ્લોક - પ૬

(अनुष्टुभ्)

आत्मभावान्करोत्यात्मा परभावान्सदा परः।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते।।५६।।

**ફરીને વિશેષતાથી કહે છેઃ-**

**શ્લોકાર્થઃ-[ आत्मा ] આત્મા તો [ सदा ] સદા [ आत्मभावान् ] પોતાના ભાવોને [ करोति ] કરે છે અને [ परः ] પરદ્રવ્ય [ परभावान् ] પરના ભાવોને કરે છે; [ हि ] કારણ કે [ आत्मनः भावाः ] પોતાના ભાવો છે તે તો [ आत्मा एव ] પોતે જ છે અને [ परस्य ते ] પરના ભાવો છે તે [ परः एव ] પર જ છે ( એ નિયમ છે. ). પ૬.**

## પ્રવચન નં. ૧૭૭ શ્લોક નં. પ૬ તા.૨૪/૦૧/૭૯

आत्मभावान्करोत्यात्मा परभावान्सदा परः।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते।।५६।।

"આત્મા તો સદા પોતાના ભાવોને કરે છે" ચાહે તો અશુદ્ધપણે પરિણમો કે શુદ્ધપણે પરિણમો એમ કહેવું છે આમાં તો હવે. સમજાણું કાંઈ ? આત્મા તો સદા પોતાના ભાવોને કરે છે. આહાહા ! અશુદ્ધ ભાવોને પણ અહીંયા પોતાના કહ્યા અપેક્ષાએ, અને શુદ્ધભાવ પણ પોતાના એને કરે, પોતાના અશુદ્ધ શુદ્ધભાવને કરે, અને પરદ્રવ્ય પરના ભાવોને કરે. આહા ! કર્મ શરીરાદિ પરદ્રવ્ય પરભાવોને કરે. કારણકે પોતાના ભાવો છે તે તો પોતે જ છે. અભેદ કર્યું જોયું ? ભલે અશુદ્ધ પરિણામ હોય પણ પોતાના જ છે, માટે પોતે જ છે એ. આહા ! ૮૭ ગાથામાં આવશે ને બેય, જીવ અજીવ બે પ્રકાર. આહાહાહા !

અજ્ઞાન અને રાગદ્વેષના ભાવ પણ જીવના છે, તો જીવ સ્વરૂપ જ છે, આત્માના છે તો આત્મસ્વરૂપ જ છે અને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના પરિણામ આત્માના છે, માટે તે આત્મા જ છે. અને કર્મના પરિણામ એ કર્મના છે માટે એ કર્મ જ છે, પરદ્રવ્ય જ છે. આ શરીરના પરિણામ શરીરના પરિણામ હોવાથી તે શરીરરૂપ જ છે. જેમ કર્મના પરિણામ બંધન થયા એ કર્મના પરિણામ એ કર્મ પરદ્રવ્ય સ્વરૂપ જ છે. આહાહાહા ! કહો શાંતિભાઈ, સમજાય છે કાંઈ આમાં ? ઝીણું બહુ બાપુ. આહાહાહા ! એ વીતરાગ મારગ એમાંય દિગંબર સંતોએ ગજબ કામ કર્યા છે પોતાના હોં, આ વાણી કરી એ નહિ. આહાહાહા !

પરદ્રવ્ય પરભાવોને કરે છે. કારણ કે પોતાના ભાવો છે તે તો પોતે જ છે. એ વિકારી ભાવ મિથ્યાત્વ અને રાગદ્વેષ એ જીવના હોવાથી એ જીવ આત્મા જ છે ઈ, એમ કહે છે અને જડના

પરિણામ શરીર આદિ આ હાલવું, ચાલવું એ શરીરના હોવાથી શરીરરૂપ જ છે. એ કર્મના પરિણામ-કર્મના પરિણામ તે કર્મરૂપ જ છે એ અને આત્માના પરિણામ તે આત્મારૂપ જ છે. આંહીં તો પરથી ભિન્ન બે બતાવવું છે ને ? આહાહા !

બીજે પછી કહે જ્યારે કે પરિણામ છે તે પરિણામના છે. પરિણામ તે પરિણામીના દ્રવ્યના નથી. એ બીજી અપેક્ષાએ, એ તો પોતામાં ભેદ પાડવો છે. અહીં તો હજી પરથી ભેદ પાડવો છે. આહાહાહા ! "પોતે જ છે અને પરના ભાવો છે તે પર જ છે" હવે કૌંસમાં આવે છે.

"પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને એમ કહ્યું કે જે એવું માને તે મિથ્યાદૃષ્ટિ છે, ત્યાં આશંકા ઉપજે છે" આશંકા હોં, આપનું કહેવું ખોટું છે એમ નહિ, પણ મને તેમાં સમજણ પડતી નથી, એનું નામ આશંકા. "કે આ મિથ્યાત્વઆદિ ભાવો શી વસ્તુ છે ?" મિથ્યાત્વ એને તમે પરદ્રવ્ય કીધું, અને એકકોર મિથ્યાત્વને પાછું સ્વદ્રવ્ય કીધું. મિથ્યાત્વાદિ ભાવો શી વસ્તુ છે ? જો તેમને જીવના પરિણામ કહેવામાં આવે, તો પહેલા રાગાદિ ભાવોને પુદ્‌ગલના પરિણામ કહ્યાં હતા એ રાગદ્વેષ મિથ્યાત્વઆદિ બધાં પુદ્‌ગલના પરિણામ છે, એ ૫૦ થી ૫૫ ગાથામાં આવી ગયું'તું ને ૨૯ બોલમાં, મિથ્યાત્વઆદિ બધા પુદ્‌ગલના પરિણામ છે. વળી આંહીં કહો છો એ જીવના પરિણામ છે. આહાહા !

પહેલાં રાગ દ્વેષઆદિ ભાવોને પુદગલના પરિણામ કહ્યા હતા તે કથન સાથે વિરોધ આવે છે. અને જો પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવે તો જેમની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી તેમનું ફળ જીવ કેમ પામે, ભોગવે ? જો પરિણામ રાગદ્વેષ પુદ્‌ગલના કહો તો એનું ફળ જીવને કેમ આવે ? પ્રશ્ન સમજાય છે પહેલો ? આવી વાતું હવે ઝીણી. માણસને સાધારણ એ ધર્મ શું ચીજ છે બાપુ એ કોઈ અલૌક્કિ વાત છે ભાઈ. આહાહા ! અને આમાં સાંભળનારાય થોડા હોય આવા, આવા બધા એ પચાસ પચાસ હજાર ભેગાં થઈને આમાં શું સમજે, શું કહે છે આ, ઘડીકમાં કહે છે કે મિથ્યાત્વ ને રાગદ્વેષ જીવનાં પરિણામ છે, ઘડીકમાં કહે છે કે મિથ્યાત્વ ને રાગદ્વેષ પરિણામ પુદ્‌ગલના છે.

જો પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવે તો જેમની સાથે કોઈ, પરનાં પરિણામ છે તો આત્માને એનો ભોગવટો શેનો હોય ? સુખદુઃખને ભોગવે એ તો કર્મના પરિણામ છે. ઈ કર્મનું ફળ એ આત્મા કેમ ભોગવે ? તમે તો સુખદુઃખને પણ પુદ્‌ગલના પરિણામ કહ્યાં'તાં. કહ્યું'તું ને ? જો પુદ્‌ગલના છે તો પછી જીવને કેમ ભોગવાય, કેમ ઈ ભોગવે ? સમજાણું કાંઈ ? તેમની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી, તેમનું ફળ જીવ કેમ પામે ? આ આશંકા, આ આશંકા, સમજનારની શંકા નથી, પણ આશંકા છે. સમજવા માટે આ પૂછે છે, તમારું કહેવું ખોટું છે એમ નહિ, પણ તમે જે કહેવા માગો છો એમાં મને સમજાતું નથી. ઘડીક કહો કે રાગદ્વેષ જીવના ને ઘડીક કહો રાગદ્વેષ જડના. રાગદ્વેષ જડના હોય તો વળી આત્માને ભોગવવાનું સુખદુઃખ ક્યાંથી આવ્યું ? આવો ઉપદેશ એટલે માણસને એ આશંકા દૂર કરવાને હવે આ ગાથા કહે છે આ આશંકા દૂર કરવાને ગાથા કહે છે.

## ગાથા - ૮૭

मिच्छत्तं पुण दुविहं जीवमजीवं तहेव अण्णाणं।
अविरदि जोगो मोहो कोहादीया इमे भावा।।८७।।

मिथ्यात्वं *पुनर्द्विविधं जीवोऽजीवस्तथैवाज्ञानम्।
अविरतिर्योगो मोहः क्रोधाद्या इमे भावाः।।८७।।

मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादयो हि भावाः ते तु प्रत्येकं मयूरमुकुरन्दवज्जीवाजीवाभ्यां भाव्यमानत्वाज्जीवाजीवौ। तथाहि-यथा नीलहरितपीतादयो भावाः स्वद्रव्यस्वभावत्वेन मयूरेण भाव्यमानाः मयूर एव, यथा च नीलहरितपीतादयो भावाः स्वच्छताविकारमात्रेण मुकुरन्देन भाव्यमाना मुकुरन्द एव; तथा मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादयो भावाः स्वद्रव्यस्वभावत्वेनाजीवेन भाव्यमाना अजीव एव, तथैव च मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादयो भावाश्चैतन्यविकारमात्रेण जीवेन भाव्यमाना जीव एव।

---

(પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને એમ કહ્યું કે જે એવું માને તે મિથ્યાદૃષ્ટિ છે; ત્યાં આશંકા ઊપજે છે કે-આ મિથ્યાત્વાદિ ભાવો શી વસ્તુ છે? જો તેમને જીવના પરિણામ કહેવામાં આવે તો પહેલાં રાગાદિ ભાવોને પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા તે કથન સાથે વિરોધ આવે છે; અને જો પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવે તો જેમની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી તેમનું ફળ જીવ કેમ પામે? આ આશંકા દૂર કરવાને હવે ગાથા કહે છેઃ-)

**મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને,**
**અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભય પ્રકાર છે. ૮૭.**

**ગાથાર્થઃ**-[ पुनः ] વળી, [ मिथ्यात्वं ] જે મિથ્યાત્વ કહ્યું તે [ द्विविधं ] બે પ્રકારે છે-[ जीवः अजीवः ] એક જીવમિથ્યાત્વ અને એક અજીવમિથ્યાત્વ; [ तथा एव ] અને એવી જ રીતે [ अज्ञानम् ] અજ્ઞાન, [ अविरतिः ] અવિરતિ, [ योगः ] યોગ, [ मोहः ] મોહ અને [ क्रोधाद्याः ] ક્રોધાદિ કષાયો- [ इमे भावाः ] આ (સર્વ) ભાવો જીવ અને અજીવના ભેદથી બબ્બે પ્રકારે છે.

**ટીકાઃ**- મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ જે ભાવો છે તે પ્રત્યેક, મયૂર અને દર્પણની જેમ, અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી અજીવ પણ છે અને જીવ પણ છે. તે દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છેઃ-જેમ ઘેરો વાદળી, લીલો, પીળો આદિ (વર્ણરૂપ) ભાવો કે જેઓ મોરના પોતાના સ્વભાવથી મોર વડે ભાવવામાં આવે છે (-બનાવાય છે, થાય છે) તેઓ મોર જ છે અને (દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા) ઘેરો

**વાદળી, લીલો, પીળો ઇત્યાદિ ભાવો કે જેઓ ( દર્પણની ) સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે ભાવવામાં આવે છે તેઓ દર્પણ જ છે; તેવી જ રીતે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ ભાવો કે જેઓ અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી અજીવ વડે ભાવવામાં આવે છે તેઓ અજીવ જ છે અને મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ ભાવો કે જેઓ ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે ભાવવામાં આવે છે તેઓ જીવ જ છે.**

**ભાવાર્થઃ- પુદ્‌ગલના પરમાણુઓ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિ કર્મરૂપે પરિણમે છે. તે કર્મનો વિપાક ( ઉદય ) થતાં તેમાં જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે તે મિથ્યાત્વાદિ અજીવ છે; અને કર્મના નિમિત્તથી જીવ વિભાવરૂપ પરિણમે છે તે વિભાવ પરિણામો ચેતનના વિકાર છે તેથી તેઓ જીવ છે.**

**અહીં એમ જાણવું કેઃ- મિથ્યાત્વાદિ કર્મની પ્રકૃતિઓ છે તે પુદ્‌ગલદ્રવ્યના પરમાણું છે. જીવ ઉપયોગસ્વરૂપ છે. તેના ઉપયોગની એવી સ્વચ્છતા છે કે પૌદ્‌ગલિક કર્મનો ઉદય થતાં તેના ઉદયનો જે સ્વાદ આવે તેના આકારે ઉપયોગ થઈ જાય છે. અજ્ઞાનીને અજ્ઞાનને લીધે તે સ્વાદનું અને ઉપયોગનું ભેદજ્ઞાન નથી તેથી તે સ્વાદને જ પોતાનો ભાવ જાણે છે. જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય અર્થાત્ જીવભાવને જીવ જાણે અને અજીવભાવને અજીવ જાણે ત્યારે મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્જ્ઞાન થાય છે.**

## પ્રવચન નં. ૧૭૭ ગાથા-૮૭ તા. ૨૪/૦૧/૭૯

मिथ्यात्वं *पुनर्द्विविधं जीवोऽजीवस्तथैवाज्ञानम्।
अविरतिर्योगो मोह: क्रोधाद्या इमे भावा:।।८७।।

મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને,
અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભય પ્રકાર છે. ૮૭.

ઓલી ગાથા નથી ૨૯ બોલના ઉકરડાની, એમાં તો મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ, માર્ગણાસ્થાન, જીવસ્થાન, ઉદયસ્થાન એ બધાં પુદ્‌ગલના પરિણામો છે ( એમ કીધું છે ). આહાહાહા ! ૨૯ બોલ છે ને ૫૦ થી ૫૫-૭ ગાથા, ત્યાં તો કહે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ બધા પુદ્‌ગલના પરિણામ છે, જીવના નહીં, વળી કહો કે તે જીવના, જીવને સુખદુઃખ ભોગવાય કર્મનું ફળ સુખદુઃખ કર્મમાં હોય ને આને ભોગવે, તો આ બેનો મેળ મને સમજાતો નથી-એમ કહે છે

ટીકાઃ- ઓલો "પુણં" શબ્દ છે ને ? "મિચ્છતં પુણં", ગાથામાં છે, એટલે અહીં ૮૬ ગાથામાં દ્વિક્રિયાવાદિને મિથ્યાદૃષ્ટિ કહ્યા હતા તેની સાથે સંબંધ કરવાને અહીં "પુણં" શબ્દ છે. "પુણં" છે ને "મિચ્છતં પુણં" ફૂટનોટ, અને માથે પાઠમાં "મિચ્છતં પુણં", ભાઈ અમે કહ્યું હતું પણ સાંભળ હવે મિથ્યાત્વના બે પ્રકાર છે.

"મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ ઇત્યાદિ જે ભાવો છે તે પ્રત્યેક, દરેક મયૂર અને દર્પણની જેમ અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી અજીવ પણ છે અને જીવ પણ

છે.” એક મિથ્યાદર્શન જીવ છે, અને એક મિથ્યાદર્શન જડ પુદ્‌ગલ છે. એક મિથ્યા અજ્ઞાન છે તે જીવ છે અને એક અજ્ઞાન તે કર્મના પરિણામ છે. એક અવિરતિ જીવના પરિણામ છે અને એક અવિરતિ જડની છે. એક ક્રોધ જીવનો છે, એક ક્રોધ જડનો છે. એમ એક માન જીવનો છે, એક માન જડનો છે. રૂપી છે ને એક અરૂપી છે એમ. આહાહાહા ! એમ એક માયા જીવની છે અને એક માયા જડની પર્યાય છે. એક લોભ જીવના પરિણામ છે, તો એક લોભ જડનાં કર્મના પરિણામ છે. આહાહાહા ! આવું છે.

અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા એટલે, મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ, ક્રોધ, માન એ અજીવની અવસ્થાની ભાવના હોવાથી અજીવ અને મિથ્યાજ્ઞાન આદિ જીવ વડે ભાવવામાં આવતા હોવાથી તે જીવ, તે દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે. આહાહા !

“જેમ ઘેરો વાદળી, લીલો, પીળો આદિ જે વર્ણરૂપ ભાવો કે જેઓ મોરનાં પોતાના સ્વભાવથી મોર વડે ભાવવામાં આવે છે” મોરમાં છે એ, મોરનાં જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે એ મોરમાં છે, એ ભાવવામાં આવે છે એટલે બનાવાય છે મોરથી બનેલા છે. “તેઓ મોર જ છે.” શું કીધું ઈ ? ઘેરો વાદળી, લીલો, પીળો, વાદળી, વાદળી એટલે આકાશી એવા જે ભાવો એ મોરના પોતાના ભાવથી છે મોરમાં, એ સ્વભાવથી મોર ભાવવામાં આવે છે એટલે મોરથી બનાવાયેલા છે, એ મોર જ છે અને દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતાં એ દર્પણમાં દેખાયને ? કાળો, ધોળો, વાદળી, આહાહા ! ‘ઘેરો, વાદળી, લીલો, પીળો ઇત્યાદિ ભાવો કે જેઓ દર્પણની સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે થવામાં આવે છે. દર્પણ વડે ભાવવામાં આવે છે. દર્પણ વડે બનાવવામાં આવે છે, તેઓ દર્પણ જ છે. બે ન્યાય આપ્યા. એક રંગ, ગંધ, રસ, સ્પર્શ જે મોરના છે એ મોરવડે બનાવ્યા મોરના છે, અને આંહીં જે દર્પણમાં દેખાય છે એ દર્પણના ભાવની દર્પણની દશા હોવાથી દર્પણનાં છે એમ. સમજાણું કાંઈ ? આહાહાહા !

દાખલો કેવો સીધો આપ્યો છે, ઈ તો અમૃતચંદ્રાચાર્યે આપ્યો, પાઠમાં તો સમુચ્ચય છે, પણ અમૃતચંદ્રાચાર્યે દાખલો આપીને સ્પષ્ટ કર્યું. આહાહા !

તેથી, “તેવી જ રીતે” મોર અને અરીસો, મોરના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ મોરમાં હોવાથી મોર છે, અને અરીસામાં કાળા રાતા પ્રતિબિંબ છે તે અરિસાની અવસ્થાની સ્વચ્છતાથી એના છે માટે તે દર્પણ છે. આહાહાહા ! “તેવી જ રીતે મિથ્યાદર્શન અજ્ઞાન ને અવિરતિ ઇત્યાદિ ભાવો કે જેઓ અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી અજીવ વડે” દર્શનમોહ કર્મનો, એ કર્મના પરિણામ છે. છે ? અજ્ઞાન જ્ઞાનાવરણી આદિ જે છે એ જડના પરિણામ છે. અવિરતિ જે ચારિત્રમોહ આદિના પરિણામ છે અંદર જડમાં, એ અવિરતિ એ જડ છે. ક્રોધ, માન, માયા, લોભ જે પરમાણું ચારિત્રમોહના ભેદો અંદર જડમાં, કર્મની પ્રકૃતિમાં, કે જેઓ અજીવના પોતાના દ્રવ્યસ્વભાવ છે, એ પરમાણું કર્મ છે, એ દ્રવ્યસ્વભાવથી તે રીતે મિથ્યાત્વભાવ, દર્શનમોહ, ચારિત્રમોહ, ક્રોધ, માન, માયા, લોભે થયેલાં છે, એ દ્રવ્યસ્વભાવથી અજીવ વડે ભાવવામાં આવે છે. આહાહાહા ! છે ? તેઓ અજીવ વડે બનાવ્યાં છે, કર્મમાં જે કાંઈ, મિથ્યાત્વભાવ દર્શન મોહની પર્યાય, અવિરતિભાવ ચારિત્ર મોહની પર્યાય, અજ્ઞાન, જ્ઞાનાવરણીનો અભાવ. જ્ઞાનાવરણીના કારણે થતું અજ્ઞાન એ જડમાં છે–જડમાં છે એ. ક્રોધ, માન, માયા, લોભ પણ

પરમાણું જડની પર્યાય છે, જડની જડમાં, “એ અજીવ જ છે,” એ અજીવ વડે બનાવ્યા માટે અજીવ જ છે. છે તો પરિણામ પણ અજીવ વડે થયેલાં હોવાથી તે અજીવ છે. આહાહાહા !

અને મિથ્યાદર્શન અજ્ઞાન અવિરતિ ઇત્યાદિ ભાવો કે જેઓ ચૈતન્યનાં વિકાર માત્રથી જીવ વડે ભાવવામાં આવે છે, આહાહાહા ! મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન આત્માનું, અવિરતિ, કષાયભાવ ક્રોધ, માન, માયા, લોભ કે જે પર્યાયો, ભાવો કે જેઓ ચૈતન્યનાં વિકારમાત્રથી ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે ભાવવામાં આવ્યા છે, એ જીવ વડે કરવામાં આવ્યા છે.આહાહાહા !

એક કોર ૭૬-૭૭ માં એમ કહે કે કર્મ વ્યાપક છે અને વિકારી પરિણામ તેનું વ્યાપ્ય છે. એ જ્ઞાનદૃષ્ટિ થઈ છે, દ્રવ્યદૃષ્ટિનું જ્ઞાન થયું છે દ્રવ્યનું. દ્રવ્ય ને ગુણ શુદ્ધ છે તેનો અનુભવ થઈને જ્ઞાન થયું છે, તેના પરિણામ તો વ્યાપ્ય શુદ્ધ હોય, વ્યાપક શુદ્ધ છે તો વ્યાપ્ય શુદ્ધ હોય. એના પરિણામ પર્યાયમાં થાય છે, તેને અશુદ્ધતા ગણીને અશુદ્ધ કર્મ છે તેનું એ વ્યાપ્ય છે, આત્માના શુદ્ધ સ્વભાવના જ્ઞાનીનું એ વ્યાપ્ય નહિ. સમજાણું કાંઈ ? આહાહાહા !

એ પ્રશ્ન થયો’તો ત્યાં સોમચંદભાઈએ કરેલો એક ફેરી, સોમચંદભાઈ હતાને ઓલા ખારા-ખારા, એણે પ્રશ્ન કર્યો’તો ત્યાં રાજકોટમાં કે એક કોર આંહીં કર્મ વ્યાપક અને રાગ વ્યાપ્ય, એક કોર એમ કહો કે વિકાર કરનારો જીવ વ્યાપક, અને વિકાર વ્યાપ્ય, આ ‘બે’ નું અમારે સમજવું શું ? સોમચંદભાઈ નહોતા ? સોમચંદભાઈને નથી ઓળખતા. ગુજરી ગયા, સોમચંદભાઈની વહુ ને છે ને ત્યાં ઓલી બાઈ માંદી નથી બહુ શું નામ એનું, ભાઈ ? વિજ્યાબેન, પક્ષઘાત અહીંથી થઈ ગયો છે, આમ અડધો નીચેથી-આમ અડધો નહિ એ-બાઈને વાંચન બહુ ને બિચારી ઓલામાં રહે છે, સોળ વર્ષથી છે ઘણાં વર્ષથી. એનો સાસરો સોમચંદભાઈ રામજીભાઈના મકાનની પાસે છે ને એ ત્યાં હતા. પહેલા જામનગરમાં નોકરી હતી, પછી અહીં રાજકોટ આવ્યા’તા રાત્રે આ પ્રશ્ન થયો હતો.

ભાઈ ! જુઓ ! આત્માનું જ્ઞાન જેને થયું ને આત્મા જ્ઞાનને અનુભવ, એનાં વ્યાપ્ય તરીકે તો નિર્મળ પરિણામ હોય કેમ કે દ્રવ્ય ને ગુણ નિર્મળ છે, તેથી તેનાં પરિણામ તે નિર્મળ હોય, અને તેની જે પર્યાયમાં આંહીં દ્રવ્યબુદ્ધિથી થયેલા છે તેના પરિણામ તો નિર્મળ હોય, પણ પર્યાયમાં જે થયા છે તે કર્મના નિમિત્તથી થયા છે, દ્રવ્યની દૃષ્ટિએ નહિ તેથી તે કર્મ વ્યાપક અને વિકારને વ્યાપ્ય કહેવામાં આવ્યો છે. આહાહા !

આંહીંયા તો બેયને વ્યાપ્યવ્યાપક પોતે, આત્મા વ્યાપક છે અને કર્મનાં વિકારી પરિણામ પોતાના, એ પોતાનું વ્યાપ્ય અને પોતાના ભાવેલા હોવાથી તે જીવ છે. આહાહાહા ! હવે આટલી બધી અપેક્ષાઓ રાખવી. એક બાજુ કહે કે રાગ અને દ્વેષના પરિણામ, માર્ગણાના પરિણામ, જીવ સ્થાનના પરિણામ, ગુણસ્થાનના પરિણામ એ બધા પુદ્‌ગલના પરિણામ છે. આંહીં કહે છે કે એ તો જ્ઞાનની દૃષ્ટિ ને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિની અપેક્ષાથી કહ્યું. અને એકબાજુ કહે કે જીવ કામ, ક્રોધ, દયા, દાન, વ્રત આદિના પરિણામ જીવના છે, એ જીવની પર્યાયમાં જીવથી થાય છે, એથી એ તેના કહ્યાં, તેના કહ્યાં નહિ પણ તે જ છે એ. આમાં કેટલું યાદ રાખવું ? અપેક્ષાઓ છે ને ? જે અપેક્ષાથી કહે છે એ અપેક્ષાથી સમજવું. આહાહાહા !

અને ચૈતન્યના વિકારમાત્રથી છે ને ? જે ચૈતન્યના વિકાર માત્ર, ચૈતન્યના વિકાર માત્ર, કર્મનો વિકાર નહીં એ, જીવમાં મિથ્યાશ્રદ્ધા, અજ્ઞાન, રાગદ્વેષ, ક્રોધ, માન, માયા એ ચૈતન્યના વિકાર માત્ર, જીવ વડે, એ જીવ વડે થયેલાં છે, જીવ વડે બનાવેલાં છે, જીવ વડે ભાવેલાં છે, આહા..... ! “એથી તે જીવ જ છે,” બેય ને જાુદા પાડયા, સમજાણું કાંઈ ?

જેમ મોરના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ મોરરૂપ છે, અને અરીસામાં જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ દેખાય છે તે અરીસાના છે. એ વર્ણ ગંધની છાયા છે ત્યાં, પણ એ અરીસાની છે. એમ જીવના વિકારી પરિણામ તે જીવના છે. મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગઆદિ અને અજીવના પરમાણું કર્મની અવસ્થાના પરિણામમાં જે છે દર્શનમોહ, ચારિત્રમોહ, ક્રોધ, માન, જડ એ જડના છે. કહો સમજાય છે ને ? પુંજાભાઈ ? આવું છે. ગહન વાત છે.

“અહીં એમ જાણવું કે મિથ્યાત્વઆદિ કર્મની પ્રકૃતિઓ છે” જડ, જડ દર્શનમોહ, ચારિત્રમોહ તે પુદ્‌ગલદ્રવ્યનાં પરમાણું છે એ પુદ્‌ગલદ્રવ્યનાં પરમાણું છે. છે ?

જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય અર્થાત્ જીવભાવને જીવ જાણે અને અજીવ ભાવને અજીવ જાણે, ત્યારે મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્જ્ઞાન થાય છે. એ રાગનો સ્વાદ એ ખરેખર મારી ચીજ નથી, મારી ચીજ તો આનંદનો સ્વાદ ને શાંતિનો સ્વાદ ને વીતરાગભાવનો સ્વાદ તે હું. એમ જ્યારે રાગથી ભેદજ્ઞાન થાય, ત્યારે અજીવ ભાવને અજીવ જાણે, એ રાગ છે એ ખરેખર તો અજીવનું પરિણામ ગણવામાં આવ્યું, ઓલા જીવના નિર્મળ પરિણામ નહિ માટે, ત્યારે મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્દર્શન થાય.” વિશેષ કહેશે.

(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ)

❀ અરે પ્રભુ ! નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થતું જ નથી. જ્ઞાન થવાની યોગ્યતા અનુસાર સમયસાર આદિ નિમિત્ત તો સહજ હોય છે. દરેક દ્રવ્યની પર્યાય તે તે સમયની યોગ્યતાથી જ સ્વતંત્ર કાર્યરૂપે પરિણમે છે તેમાં નિમિત્તભૂત અન્ય દ્રવ્ય અકિંચિત્કર છે. “યોગ્યતા જ સર્વત્ર શરણરૂપ છે.” કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યને લાવી શકે કે અન્ય દ્રવ્યમાં ફેરફાર કરી શકે કે ક્ષેત્રાંતર કરી શકે છે તેમ માનનાર સર્વજ્ઞની આજ્ઞા બહાર છે, મિથ્યાદૃષ્ટિ છે. દર્શનમોહથી મિથ્યાત્વ થયું, જ્ઞાનાવરણીથી જ્ઞાન હીણું થયું આદિ કથનો શાસ્ત્રમાં આવે છે તે તો ઉપાદાનથી થતાં કાર્યકાળે નિમિત્ત કેવું હોય છે તેનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કથન કરવામાં આવે છે.

**(આત્મધર્મ, અંક ૭૧૪-૭૧૫, વર્ષ-૫૯ પાના નં. ૫)**

## ગાથા - ૮૮

काविह जीवाजीवाविति चेत्-

**पोग्गलकम्मं मिच्छं जोगो अविरदि अणाणमज्जीवं।**
**उवओगो अण्णाणं अविरदि मिच्छं च जीवो दु।।८८।।**

पुद्गलकर्म मिथ्यात्वं योगोऽविरतिरज्ञानमजीवः।
उपयोगोऽज्ञानमविरतिर्मिथ्यात्वं च जीवस्तु।। ८८।।

यः खलु मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादिरजीवस्तदमूर्ताच्चैतन्यपरिणामादन्यत् मूर्तं पुद्गलकर्म; यस्तु मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादिः जीवः स मूर्तात्पुद्गलकर्मणोऽन्यश्चैतन्यपरिणामस्य विकारः।

---

હવે પૂછે છે કે મિથ્યાત્વાદિકને જીવ અને અજીવ કહ્યા તે જીવ મિથ્યાત્વાદિ અને અજીવ મિથ્યાત્વાદિ કોણ છે? તેનો ઉત્તર કહે છેઃ-

**મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્‌ગલકર્મ છે;**
**અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮.**

**ગાથાર્થઃ-** [ **मिथ्यात्वं** ] જે મિથ્યાત્વ, [ **योगः** ] યોગ, [ **अविरतिः** ] અવિરતિ અને [ **अज्ञानम्** ] અજ્ઞાન [ **अजीवः** ] અજીવ છે તે તો [ **पुद्गलकर्म** ] પુદ્‌ગલકર્મ છે; [ **च** ] અને જે [ **अज्ञानम्** ] અજ્ઞાન, [ **अविरतिः** ] અવિરતિ અને [ **मिथ्यात्वं** ] મિથ્યાત્વ [ **जीवः** ] જીવ છે [ **तु** ] તે તો [ **उपयोगः** ] ઉપયોગ છે.

**ટીકાઃ-** નિશ્ચયથી જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ અજીવ છે તે તો, અમૂર્તિક ચૈતન્યપરિણામથી અન્ય એવું મૂર્તિક પુદ્‌ગલકર્મ છે; અને જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ જીવ છે તે, મૂર્તિક પુદ્‌ગલકર્મથી અન્ય એવો ચૈતન્યપરિણામનો વિકાર છે.

---

**પ્રવચન નં. ૧૭૮ ગાથા-૮૮-૮૯** તા. ૨૫/૦૧/૭૯ ગુરુવાર પોષ વદ-૧૨

---

શ્રી સમયસાર, આ સમયસાર સિદ્ધાંત છે. ૮૭ ગાથા થઈ ગઈ, ૮૮ ગાથા છે, સૂક્ષ્મ વિષય છે. ( ગાથા ) ૮૮ છે ઉપર ( મથાળે ) પ્રશ્ન છે.

હવે પૂછે છે કે મિથ્યાત્વાદિને જીવ અને અજીવ કહ્યા તે જીવ મિથ્યાત્વાદિ અને અજીવ મિથ્યાત્વાદિ કોણ છે? તેનો ઉત્તર કહે છે.

( કહે છે કે ) પહેલાં પ્રશ્ન આવી ગયો ( ગાથા- ) ૮૭ માં, કે જે આત્મા છે એ તો

આનંદકંદ, સચ્ચિદાનંદ, શુદ્ધચૈતન્ય, સિદ્ધસ્વરૂપ છે. ભગવાન સર્વજ્ઞોએ, તીર્થંકરોએ આ આત્માને શુદ્ધ, પવિત્ર, અનંતગુણનો પિંડ જોયો છે. એમાં જે વિકાર થાય છે-હિંસા, ચોરી, જૂઠ, વિષય, ભોગ, વાસના અને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિના જે વિકલ્પ, એ બધા વિકાર બેય ( પ્રકારના ) છે. બેય ( પ્રકારના ) વિકાર કરવાનો જીવનો સ્વભાવ નથી.

જીવ-ભગવાન આત્મા જે આ છે એ તો જિનસ્વરૂપી છે, વસ્તુ છે જે વસ્તુ ! એ જિનસ્વરૂપ ! જેમ પરમાત્માને સર્વજ્ઞ દશા પ્રગટ થઈ અને વીતરાગ થયા, તો આ આત્મા પણ વીતરાગ ને સર્વજ્ઞ સ્વરૂપ જ છે. આહાહા ! ઝીણી વાત ભાઈ ! આવો આત્મા હોવા છતાં પણ અનાદિ કર્મના નિમિત્તના સંગથી, અંદરમાં જે કાંઈ મિથ્યાત્વભાવ, રાગ, દયા-દાન-વ્રત-ભક્તિ આદિના ભાવ ઉત્પન્ન થાય છે, એ બધા વિકાર છે. બલુભાઈ ! શું કીધું આ ? આ તમારા વરસીતપ કર્યા ને, એમાં ( શુભ ) વિકલ્પ હતો ને ( તે ) રાગ હતો એમ કહે છે. ( શ્રોતાઃ- અમે એમાં ધર્મ સમજતા હતા. ) વાત સાચી... આહા.... છે ? આહા !

હવે અહીંયા તો કહે છે પરમાત્મા જિનેશ્વરદેવ કે આત્માનો સ્વભાવ તો વીતરાગ ને જિનસ્વરૂપ જ છે તો સ્વભાવરૂપે પરિણમવું એ એનું સ્વરૂપ છે, પણ જે એમાં પુણ્ય ને પાપના ભાવ થાય છે, હિંસા-ચોરી, જૂઠું, કામ, ક્રોધ, માન, માયા, લોભ ( ના ભાવ થાય છે ) અરે, એ તો ઠીક પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ, અપવાસ આદિના ( જે શુભ ) વિકલ્પ ઊઠે છે, એ બધો વિકાર છે. એ વિકાર કર્મના સંગથી ( થયો છે ) કર્મ જડ છે-કર્મ તો જડ છે માટી-ધૂળ છે આ જેમ માટી છે ( શરીરરૂપ માટી તેમ ) એ કર્મ ઝીણી ધૂળ છે, કર્મ જે આઠ ( પ્રકારના ) કર્મ, એ કર્મના-નિમિત્તનો સંગ કરવાથી, અજ્ઞાનીને અંદર રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ભાવ થાય છે. એનો એ ( અજ્ઞાની ) કર્તા થાય છે, એ પરિભ્રમણનું કારણ છે. આહાહા ! સમજાણું કાંઈ... ? ઝીણી વાત ભાઈ ! વીતરાગ માર્ગ બહુ ઝીણો છે, સૂક્ષ્મ છે. આહા !

કહે છે કે આ પરિણામ જે વિકાર છે, એ આત્મામાં ઉત્પન્ન થાય છે તો ( તે ) સ્વભાવ તો છે નહીં, એ તો કર્મના સંગથી જે ઉત્પન્ન થયો એ વિકાર-પુણ્ય ને પાપ દયા ને દાન, વ્રત ને ભક્તિ આદિના જે ભાવ, એ મારા છે ને મેં કર્યા છે ( હું એનો કર્તા છું ) એ મિથ્યાદર્શન, અજ્ઞાનભાવ છે. આહાહા ! તો કહે છે કે વિકાર છે એની પર્યાયમાં તો છે તો કોનો છે એ ? સમજાણું કાંઈ ? માથે ( ભાવાર્થમાં ) કીધું ને, અજ્ઞાનીઓને અજ્ઞાનને કારણે સ્વાદ ને ઉપયોગનું ભેદજ્ઞાન નથી, અંદર ઉપર છે. આહાહા ! એ શુભ-અશુભ ભાવનો સ્વાદ મલિન ને દુઃખરૂપ છે. ખબર નથી એને અનંતકાળથી ખબર નથી ! એ સ્વાદ જડનો કર્મના સંગથી ઉત્પન્ન થયો છે. પોતાનો સ્વભાવ નથી.

અજ્ઞાનીઓને-મિથ્યાદૃષ્ટિઓને, જેમની દૃષ્ટિ હજી તત્ત્વ શું છે અંદર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી આત્મા છે, એની જેને દૃષ્ટિની ખબર નથી, એ પુણ્ય ને પાપના ભાવ મારા છે એવું માનીને અજ્ઞાનપણે કર્તા થાય છે. એ બંધનું કારણ-સંસારના પરિભ્રમણનું કારણ છે. આહા ! તો અહીંયા પૂછયું કે જ્યારે તમે કહો છો કે એનો ( આત્માનો ) સ્વભાવ નથી તો એ પરિણામ છે કોના ? એ મિથ્યાત્વ, અજ્ઞાન, રાગદ્વેષના પરિણામ કોના છે ? જીવના છે કે જડના છે ? સમજાણું કાંઈ... ? આવી વાત ઝીણી બાપુ ! જૈન દર્શન બહુ સૂક્ષ્મ !

અત્યારે તો સંપ્રદાય ( વાળા ) ને ય ખબર નથી આ ચીજની ( શુદ્ધ આત્મતત્ત્વની ) બહારથી આ વ્રત કરો ને અપવાસ કરો ને થઈ ગયો ધર્મ ! મરી ગયો હવે એ તો અનંતકાળથી કરે છે રાગ, એ તો રાગની ક્રિયા છે. આહાહા ! એ રાગ છે એ જીવની પર્યાયમાં થાય છે, પણ ઉપાધિભાવ છે, એ પોતાનો સ્વભાવભાવ નથી. ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એમ કહે છે. ( તેઓ કહે છે કે ) તારી પર્યાયમાં શુભ-અશુભ ભાવ જે થાય છે એ વિકાર છે એ ઉપાધિ છે, તારી ચીજ નથી પણ થાય છે તારામાં, એ પૂછે છે દેખો !

હવે એ પ્રશ્ન થાય છે કે મિથ્યાત્વાદિક જીવ એ મિથ્યાત્વ ઊલટી ( ઊંધી ) માન્યતા, અજ્ઞાન, રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવ, એ જીવ અને અજીવ કહ્યા છે ( તો ) એ જીવમિથ્યાત્વાદિ અને અજીવમિથ્યાત્વાદિ કોણ છે ? ઝીણી વાત છે ભગવાન ! ૮૮ ગાથા, પ્રશ્ન છે કે આપ જો કહો છો કે મિથ્યાશ્રદ્ધા, અજ્ઞાન ને રાગ-દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધ આદિકના ભાવ એ જીવ છે કે અજીવ ? તમે ( બેય કહ્યું ) તમે જીવને અજીવ કહ્યા, તો એ જીવમિથ્યાત્વાદિ અને અજીવમિથ્યાત્વાદિ કોણ છે ? આવો શિષ્યનો પ્રશ્ન છે.

पोणलकमं मिच्छं जोगो अविरदि अण्णाणमज्जीवं।
उवयोगोअण्णाणं अविरदि मिच्छं च जीवो दु।।८८।।

મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્‌ગલકર્મ છે;
અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮

ટીકાઃ- નિશ્ચયથી-ખરેખર તો મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ ઇત્યાદિ અજીવ છે તે તો અમૂર્તિક-જડકર્મ-જડકર્મ જ્ઞાનાવરણી આદિ કર્મ છે ને જડ, એ પુદ્‌ગલ એ દર્શનમોહ છે. એ પુદ્‌ગલ-જડ છે-અજ્ઞાન છે એ જ્ઞાનાવરણી કર્માદિ જડ છે અને અવિરતિ આદિ ભાવ છે એ ચારિત્રમોહની જડની ક્રિયા છે, અંદર પરમાણું કર્મના ( કાર્માણવર્ગણા ) એ કર્મ જડ છે. જેમ આ ( શરીરાદિ ) જડ સ્થૂળ છે ને ( તેમ ) એ કર્મ સૂક્ષ્મ છે, જડ છે. તો એ જડના મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ( કર્મપ્રકૃતિઓ ) એ અજીવ છે. સમજાય છે કાંઈ... ? બલુભાઈ ? કર્મ છે ને આઠ ( પ્રકારની પ્રકૃતિ ) જડ-જ્ઞાનાવરણી, દર્શનાવરણી-અંતરાય-મોહનીય-વેદનીય-નામ-ગોત્ર-આયુ ( એ પ્રકૃતિઓ ) આઠ એ પરમાણું છે. જડ છે ( ઝીણી ) માટી-ધૂળ છે. તો એ માટી-ધૂળ પુદ્‌ગલ છે, એ મિથ્યાદર્શન, દર્શન મોહનીય એ પુદ્‌ગલ છે. અવિરતી ચારિત્રમોહ એ પુદ્‌ગલ છે, અજ્ઞાન-એ જ્ઞાનાવરણીય આદિ પુદ્‌ગલ છે. અને ક્રોધ, માન, મોહ, લોભ એ ચારિત્રમોહનીયના કર્મ જડ છે ! આરે ! આવી વાતું હવે કયાં ( શું ) આમાં પકડવું. ( શ્રોતાઃ- આવું સમજ્યા વગર પકડવું ? )

( આહા ! ) અનંતકાળથી એણે અનંતકાળથી ( આ પકડયું નહિ ને ) અનંતવાર મુનિપણું લીધું, પંચમહાવ્રત અનંતવાર પાળ્યા છે બાપુ ! અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો ! એમ પ્રભુ કહે છે. નવ ગ્રૈવેયક છે ઉપર, અનંતવાર ગયો, મહાવ્રત મુનિ નગ્ન દિગમ્બર ! હજારો રાણીઓ છોડી, પંચમહાવ્રત પાળ્યા, પણ એ પંચમહાવ્રત તો રાગ છે-આસ્રવ છે-દુઃખ છે-વિકાર છે-બંધના કારણ છે. આહાહાહા ! આવી વાતું આકરી પડે ભાઈ ! મારગ તો આ છે પ્રભુનો, ભગવાન બિરાજે છે પરમાત્મા ( સીમંધરનાથ ) મહાવિદેહ ક્ષેત્રમાં, સર્વજ્ઞ હાજરાહજુર બિરાજે છે પ્રભુ

સર્વજ્ઞ ! મહાવીર આદિ પરમાત્મા તો સિદ્ધ થઈ ગયા, અહીંયા હતા ત્યારે તો અરિહંત હતા. અત્યારે તો સિદ્ધ ! “નમઃસિદ્ધાણં” –એને શરીર ને વાણી કાંઈ છે નહીં.

પણ મહાવિદેહમાં સીમંધર ભગવાન ( સાક્ષાત્ ) બિરાજે છે ભગવાન તીર્થંકરદેવ, ( એ રીતે ) વીસ બિરાજે છે. આ સામાયિકમાં આજ્ઞા લ્યે છે ને ! એનીય ખબર કયાં છે ? શું છે, આ તો સામાયિકેય કયાં હતી, મિથ્યાદર્શન–અજ્ઞાનીને સામાયિક કેવી ? હજી રાગ શું છે, આત્મા શું છે ? એની તો ખબર નથી. એ ભગવાન ( સીમંધરનાથ ) પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય, સંવત ૪૯ બે હજાર વરસ થયા, ત્યાં જઈને આઠ દિવસ રહ્યા, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા !

( અહીંયા ) કહે છે કે જે મિથ્યાદર્શન, દર્શનમોહ જડકર્મ છે, અજ્ઞાન–જ્ઞાનાવરણી જડ કર્મ છે, અવિરતિ–ચારિત્રમોહનો જડકર્મ છે, રાગ–દ્વેષના પરમાણું એક છે, ચારિત્ર મોહના પરમાણું રાગ–દ્વેષ જડ છે એ અજીવ છે.

અને એ અજીવ છે તે તો, “અમૂર્તિક ચૈતન્ય પરિણામથી અન્ય એવું મૂર્તિક પુદ્‌ગલકર્મ છે” –ભગવાન આત્મા તો અમૂર્ત, વર્ણ, રંગ, ગંધ, સ્પર્શ વિનાની ( અમૂર્તિક ) ચીજ છે. ચૈતન્ય પરિણામથી અન્ય મૂર્તિક પુદ્‌ગલકર્મ છે. શું કીધું ? જડકર્મ છે આઠ ( પ્રકારના ), ઝીણી વાતો છે ! એને ( જીવને ) આઠ કર્મ છે એની ૧૪૮ પ્રકૃતિઓ છે, ભગવાને જોઈ ( છે ) ૧૪૮ પ્રકૃતિઓ ! રાત્રે વાત થઈ ગઈ’ તી થોડીક, મિથ્યાદૃષ્ટિને અનાદિથી ૧૪૦ પ્રકૃતિઓ હોય છે. અનુમાન એમ લાગે કે... ઝીણું તો એ વખતે સંવત ઓગણીસો છીયાસીમાં અમરેલીમાં કહ્યું હતું. ચોમાસું હતું ને ૮૬માં, ૮૬ની સાલ, ( અત્યારે તો ) અહીં ૬૬ વર્ષ દીક્ષા લીધે થયા, એ વખતે રાત્રે યાદ આવ્યું’તું થોડુંક, નહોતું કહ્યું કે દરેક જીવને આઠ કર્મ છે, એ આઠ ( પ્રકારના ) કર્મમાં ૧૪૮ પ્રકૃતિ હોય છે. તો અનાદિ અજ્ઞાનીને ૧૪૮ પ્રકૃતિ હોતી નથી, કેમ કે આયુષ્ય ચાર છે ( તેમાં ) એક જ આયુષ્ય છે, ત્રણ નથી, મિશ્રમોહનીય બે નહીં પાંચ ને આહારક અને આહારક અંગ ઉપાંગ બે ને સાત ( થઈ અને ) તીર્થંકર પ્રકૃતિ ( એક એમ ) આઠ પ્રકૃતિ તો હોતી નથી. અજ્ઞાનીઓને ૧૪૦ પ્રકૃતિઓ હોય એમ લાગે છે, તે દિ’–તે દિ’ કહ્યું’તું ૮૬ની સાલની વાત છે. આ તો ઘણાં વર્ષ થઈ ગયા, ચૌદ ને પાંત્રીસ, ઓગણપચાસ પચાસ વરસ પહેલાં ! આહાહા !

એ બધા પરમાણું સૂક્ષ્મ–જડ છે. એ મિથ્યાત્વ–દર્શનમોહ જે જડ છે એને અહીંયા દર્શનમોહ કહ્યો, ચારિત્રમોહ એ પરમાણું જડ છે એને અહીંયા અવિરતિ અને રાગ–દ્વેષ ને કામ–ક્રોધ એ જડ છે–પરમાણું અને એ પરમાણુંઓની જડદશા ( મૂર્તિક ) અને ભગવાન આત્મા અમૂર્તિક છે. એને આત્માને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ( આદિ જડના ગુણ ) છે નહીં, આત્મા તો રંગ–ગંધ–રસ–સ્પર્શ વિનાની ચીજ અંદર છે. એ ચૈતન્ય પરિણામથી અન્ય–એ ચૈતન્યપરિણામ જે અરૂપી અમૂર્ત છે, આંહી તો વિકાર પણ આમાં ( જડમાં ) લેવો છે. તો ચૈતન્યનું જે પરિણામ છે ( તે અમૂર્ત છે ), મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત, કામ, ક્રોધ, શુભ–અશુભ ભાવ, એ ચૈતન્યના વિકારી પરિણામ છે–એ અમૂર્તના છે, એનાથી એ જડકર્મની પર્યાય તેનાથી ભિન્ન છે. કહો, વીરચંદભાઈ ? આવું બધું નક્કી કરવું પડશે, નહિંતર રખડી મરશે નહિંતર ! અનંતકાળથી ચોરાશીના અવતાર કરી કરીને પ્રભુ ઠરડ નીકળી ગયો છે. અનંત ( અવતાર ) નરકના, અનંત

ઢોરના, કીડાના, કાગડાના, કૂતરાના અનંત, અનંત, અનંત ભવ, આદિ વિનાના કાળમાં રખડયો છે!

( આહા ) એને ( રખડુને ) સમ્યગ્દર્શન શું ચીજ એની એને ખબર નથી, એ કાંઈક વ્રત ને તપ ને ભક્તિ કરે એટલે થઈ ગયો ધર્મ! એમ મિથ્યાદૃષ્ટિએ, મિથ્યાદૃષ્ટિથી માન્યું આમ માન્યું, પણ સમ્યક્-દર્શન શું ચીજ છે એની ખબર નહીં. આહાહા! અંતર ભગવાન આત્મા પૂર્ણાનંદ મૂર્તિ પ્રભુ! એનો અંતર અનુભવ થઈને-સન્મુખ થઈને અનુભવ થવો ને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો-એમાં પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહાહા! સમજાણું કાંઈ...?

એ સમ્યગ્દર્શન, ચૈતન્યનું નિર્મળ પરિણામ છે, અને આ જે મિથ્યાદર્શન- ( ઊંધી ) શ્રદ્ધા, અજ્ઞાન ને અવિરતિના ભાવ એ જીવના વિકારી પરિણામ છે. એ જીવના અમૂર્ત પરિણામથી જડના ( પુદ્‌ગલના ) પરિણામ ભિન્ન છે. આ પરિણામ શું ને પર્યાય શું? કાંઈ ખબરું ન મળે, આંધળા-આંધળા અનાદિકાળથી, ( આ ) ચીજ શું-ભગવાન ( આત્મા ) ને અજીવ કોને ભગવાન કહે છે ને જીવ કોને કહે છે? આમ બોલે ( લોકો કે ) જીવને અજીવ માને તો મિથ્યાત્વ, અજીવને જીવ માને તો મિથ્યાત્વ' -મિથ્યાત્વ ૨૫ માં ( ૨૫ પ્રકારના મિથ્યાત્વ ) આવે છે ને! કાંઈ ખબરું ન મળે, અજીવ કોને કહેવું ને જીવ કોને કહેવો!

અહીંયા તો પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ એની દિવ્યધ્વનિમાં 'ઓમ' ( ૐ ) ધ્વનિ, એમને ભગવાનને આવો ( આપણા જેવો ) અવાજ ન હોય, કેમકે એ તો ( પરિપૂર્ણ ) વીતરાગ ને સર્વજ્ઞ છે, એને ઇચ્છા વિના ( જ ) વાણી નીકળે છે, એને ઇચ્છા હોતી નથી, પ્રભુ ( તીર્થંકરદેવને ) એ વાણી-દિવ્યધ્વનિ, એમાં આ આવ્યું, એ સંતો, જગત પાસે આડતિયા થઈને જાહેર કરે છે. આહાહાહા!

કહે છે કે જે જડ-પરમાણું છે ( એ ) દર્શનમોહ, ચારિત્રમોહ, જ્ઞાનાવરણીય, એ બધા મિથ્યાદર્શન, અજ્ઞાન એ જડ છે-રૂપી છે-પરમાણું છે-પુદ્‌ગલ છે, એ અમૂર્તિક ચૈતન્ય પરિણામથી અન્ય એવું મૂર્તિક પુદ્‌ગલકર્મ છે. આહાહા!

"અને જે મિથ્યાદર્શન, અજ્ઞાન, -હવે, આત્મામાં જે પુણ્ય-પાપના ભાવ થાય છે તેમાં જો પુણ્યથી ધર્મ થાય છે-દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, અપવાસ કરવાથી ધર્મ થાય છે ( એવી માન્યતા ) એવું મિથ્યાદર્શન-એવી શ્રદ્ધા મિથ્યાત્વભાવ છે-મહામિથ્યાત્વભાવ-પાપ ( છે ). એ જીવના પરિણામ છે, પણ છે ઉપાધિ, પણ છે જીવમાં. આહાહાહા! સમજાણું કાંઈ...?

મિથ્યાદર્શન એટલે કે વિપરિત ( ઊંધી ) શ્રદ્ધા, હું મારા સિવાય, શરીરનું-વાણીનું કુટુંબનું-દેશનું ( કામ ) કંઈક કરી શકું છું એવી શ્રદ્ધા, એ મિથ્યાદર્શન છે. આહાહાહા! ( શ્રોતાઃ- હું વાણિયો છું એમ માનવું ઈ? ) હું વાણિયો છું, માણસ છું, હું સ્ત્રી છું, હું પુરુષ છું, હું હિજડો છું- આ હિજડા-પાવૈયા હોય છે ને! એ માન્યતા, એવી માન્યતા તે મિથ્યાદર્શન! એ વિપરીત માન્યતા ( ઊંધો અભિપ્રાય ) મહાપાપ છે. ( શ્રોતાઃ- તો હું છું કોણ? ) એ આત્મા અંદર અરૂપી આનંદઘન છે, પણ એ વાત આનંદઘનની-જ્ઞાનની અત્યારે આંહી નથી. અત્યારે તો ( જીવ અનાદિથી ) મિથ્યાત્વ-વિપરીત શ્રદ્ધા કરે છે ને રાગ પણ મારો છે પુણ્યની ક્રિયા મેં કરી-હું કરું છું, વ્રત-તપની એ મારી ક્રિયા છે. ( અરે, ભાઈ! ) એ તો રાગની ક્રિયા છે, એ બલુભાઈ? શું

એ લાંઘણ કરી'તીને બધી બાર મહિનાની ( વરસીતપમાં ) લાંઘણ કરી હતી, બીજું હતું શું ? એવા તો ઘણાનેય જોયા છે ને ! આ એકને ક્યાં ! ( શ્રોતાઃ- મેં વરસીતપ કર્યો એમ તો માન્યું' તું ! ) વર્ષીતપ, તપ માન્યું' તું એણે- ( આહા ) મેં આહારનો ત્યાગ કર્યો, એ માન્યતા જ મિથ્યા છે. કેમકે આત્મા પરના ગ્રહણ-ત્યાગથી શૂન્ય છે. ( આત્મા પરચીજનું ગ્રહણ-ત્યાગ કરી શકતો નથી. ) પ્રભુનો મારગ ઝીણો બહુ બાપુ ! એ મારગ, વીતરાગ સિવાય ક્યાંય છે નહીં.

( આહા ! આ વાતની ) વીતરાગના પણ સંપ્રદાયમાં જન્મેલાયને ખબર ન મળે, આહાહા... સમજાણું કાંઇ ? એ અંદરના પરિણામ જે થાય છે, મિથ્યાશ્રદ્ધા-મિથ્યાદર્શનશલ્ય, એ જીવના પરિણામ છે. કેમ કે હું પરનું કરી શકું છું, પર મારી ચીજ છે-આ સ્ત્રી મારી છે-પુત્ર મારા છે-મકાન મારા છે-પૈસા મારા છે, ( શરીર મારું છે ) એ માન્યતા તદ્દન મિથ્યાશ્રદ્ધા-મિથ્યાદૃષ્ટિની છે એ મિથ્યાદર્શન જીવનું પરિણામ છે. એ અહીં લેવું ( કહેવું ) છે.

"મૂર્તિક પુદ્ગલકર્મથી અન્ય એવો ચૈતન્યનો પરિણામ વિકાર છે" -આ જીવ ( ચૈતન્ય ) ને આ મિથ્યાત્વપરિણામ જીવથી ભિન્ન છે. આહાહાહા ! આવી વાતું કાઢી ક્યાંથી પણ કોઈ એમ કહે, આવી વાતો કાઢી ક્યાંથી, કોઈ એમ કહેતું'તું. ( શ્રોતાઃ- આ તો વીતરાગ દેવે કહી છે. ) ભગવાન ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ ફરમાવે છે ત્યાં મહાવિદેહમાં, એ આ વાત છે. સમજાણું કાંઈ... ? એ મિથ્યાદર્શન એટલે કે મિથ્યાશ્રદ્ધા એટલે કે જે દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા આદિના શુભભાવ-પુણ્ય એ ધર્મ છે એવું માનવું એ મિથ્યાદર્શનશલ્ય-મહાપાપ છે. આહાહાહા ! આમ છે પ્રભુ ! મારગ જુદો બાપુ ! આહા ! અરે, દુનિયા ક્યાં ચાલે છે ને મારગ પ્રભુનો ક્યાં છે !

એ મિથ્યાદર્શન, આત્માના પરિણામ અરૂપી, ઓલા દર્શનમોહ જે જડકર્મ હતા, એ રૂપી ને જડ ને મૂર્ત, એ જડ-મૂર્ત ચૈતન્યના પરિણામથી ભિન્ન, અને આ પરિણામ છે એ જડના પરિણામ જે કર્મ છે એનાથી ભિન્ન ! અરે રે ! એને ક્યારે સમજે, માણસપણું મળ્યું ને હાલ્યું ગયું, પચાસ-પચાસ, સાંઈઠ સીત્તેર ( વરસ ) કેટલાકને ગયા ને મરણની સમીપ થઈ ગયો છે. હવે, ( મરણનો સમય તો ) નક્કી થઈ ગયો છે, આ દેહ છૂટવાનો સમય નક્કી છે ને ! કાલે સાંભળ્યું હતું ને ઓલો મોટો ડોકટર, હોમિયોપેથીનો મોટામાં મોટો ડોકટર, મુંબઈમાં શંકરરાવ, અહીં આવ્યો' તો, એ તમે લઈ આવ્યા'તા ને, આવ્યો હતો. એ હારે કો'ક બાઈ હતી કોકિલા, એની સંગાથે હતી, એ આમ લખતી'તી બધું એ પૂછે એ બધું, આ બીજા દાકતરો-દવા એ હોમિયોપેથીવાળાને ન લ્યે ! એ પૂછે કેમ થાય છે, શું થાય છે કેમ ચાલે છે-એ બધું લખી લ્યે ને એમાંથી ( નિદાન કરી ) પછી દવા આપે, એ હોમિયોપેથી ( નો દાકતર ) મરી ગયો ! બિચારો ! પંચાવન વર્ષની ઉંમર હતી નાની ! આહાહાહા ! દાકતરેય શું કરે ન્યાં ? દેહની સ્થિતિ પૂરી થવાના કાળે દેહ છૂટશે જ ત્યાં, એને લાખ દેવ આવે ને ઇન્દ્ર આવે ને ! દાકતર આવે તોય રાખી શકે નહીં એને ત્રણ કાળ ત્રણ લોકમાં ! ( શ્રોતાઃ- ડાકટર ન મરે તો બધા ડાકટર જ થઇ જાય )

( આહા ! ) હું આ શરીરને સંભાળીને રાખું તો શરીર સારું રહે, આહાર-પાણીમાં ( ધ્યાન રાખું ) બરાબર દઉં આ બધી માન્યતા છે એ બધી મિથ્યાદર્શનશલ્ય, મિથ્યાત્વ છે. આહાહાહા ! આવી વાતું છે પ્રભુ, મારગ બહુ જુદો ! અત્યારે તો માર્ગને-કુમાર્ગને ( યથાર્થ ) માર્ગ માન્યો છે અત્યારે લોકોએ ! આહા !

એ મિથ્યાદર્શન ( ઊંધી શ્રદ્ધા ) એ આત્માના અરૂપી પરિણામ છે, એ જડકર્મથી ભિન્ન છે. આહાહાહા ! ( લ્યો ! ) હું બોલું છું એ ભાષા જડ છે એ ભાષા હું બોલું છું, એવી માન્યતા ( એ અભિપ્રાય ) મિથ્યાદર્શનશલ્ય છે. આહાહાહા ! ( શ્રોતાઃ- છેટેથી સંભળાય કે આ તો અવાજ મારો છે ) એ અવાજ કે દિ' ( એનો હતો ) જડનો હતો, અવાજ તો જડનો છે. અત્યારે આમાં ( ટેપમાં ) ઉત્તરે છે ને ! ( ભાષા ) જડ છે એ ઉત્તરે, આત્મા ઉત્તરે ? આત્મા તો અરૂપી છે ( એ ટેપમાં ઉત્તરી શકે નહીં ) અરે રે, આંહી મિથ્યાદર્શન-ઊંધી વિપરીત માન્યતા શરીરની ક્રિયા હું કરી શકું, પરની દયા હું પાળી શકું એ બધી મિથ્યાદર્શનશલ્ય-મહાપાપ-મોટું ( પાપ ) એ જીવના પરિણામ છે. કહો, ચીમનભાઈ ?

અજ્ઞાન, અજ્ઞાન વસ્તુ ( શ્રોતાઃ- પાણીમાંથી માખીને કાઢી તે ! ) પાણીમાંથી ( હું ) માખી કાઢું છું એ ( માન્યતા ) શ્રદ્ધા મિથ્યાત્વ છે. ( આત્મા ) આ આંગળીઓને હલાવી શકતો નથી આત્મા ! પ્રભુ તને ખબર નથી. ( આંગળીઓ ) આ તો જડ છે એ હાલે છે એ એના કારણે ( અને ) આત્મા કહે ( માને કે ) મારે કારણે હાલે, એ અજીવને જીવ માન્યો ! પ્રભુ એ...... આહાહાહા....સમજાય છે કાંઇ ? પ્રભુ એટલે આત્મા ! અરે, તને તારી ખબર નથી પ્રભુ તું કોણ છો ?

એ મિથ્યાદર્શનશલ્ય, એ તારા પરિણામ છે, તારામાં એ ઉપાધિ છે કર્મના નિમિત્તથી થયેલી ઉપાધિ, પણ થયેલી છે તારામાં, એ પરિણામ કર્મથી થયા નથી. તેમ તારા સ્વભાવના છે એ, એમેય નથી. આહાહાહા ! તેમ 'અજ્ઞાન' -વિપરીત જે જ્ઞાન છે તે અજ્ઞાન છે. એ પણ તારા પરિણામ છે. આહાહાહા ! કંઈક ને કંઈક જાણવું-ઊલટું જાણવું એ અજ્ઞાન પરિણામ એ તારા પરિણામ છે. આહાહાહા ! ઓલા પુદ્‌ગલના હતા જડના, આ ( પરિણામ ) જીવનાં છે, આ બે જુદી ( જુદી ) ચીજ છે, તદ્દન ! કર્મ ને આત્મા બે તદ્દન જુદી ચીજ છે. જેમ આ શરીર ( છે તે ) માટી છે અને અંદર ભગવાન ( આત્મા ) અંદર અરૂપી-ચૈતન્ય છે. ( બંને ) તદ્દન જુદી ચીજ છે. શરીરને આત્મા અડતો નથી, સ્પર્શતો નથી, શરીર આત્માને અડતું નથી. એવી ચીજ છે અંદર ! આહાહા ! ભારે વાત ભાઈ ! કહો, શાંતિભાઈ ? શું હશે આ બધું તમારું ?

વસંતપંચમીએ શું કાંઈ કરવાનું મકાનનું કાંઈ, કો' ક કહેતું હતું, ચંદુભાઈ. કાંઈક એમ કહેતા હતા. આંહીં બે લાખનું મકાન લીધું અહીં, એમના ( શાંતિભાઈના )ભાઈ મધુભાઈએ નવનીતલાલનું એમના ભાઈએ બે લાખનું ! હોંગકોંગ રહે છે બે લાખરૂપિયાનું મકાન વસંતપંચમીએ ( આહારપાણી કરવાનો યોગ ) કોના મકાન ને કોના પૈસા, એ મકાન જડ છે એ આત્મા એમ માને કે એ ( મકાન ) મારું છે એ મિથ્યાદર્શનશલ્ય-અજ્ઞાન-મિથ્યાત્વ ( શ્રોતાઃ- આપ તો બધે મિથ્યાદર્શન જ કહો છો ! ભગવાન એમ કહે છે. પચીસ ( પ્રકારના ) મિથ્યાત્વ છે. આ બલુભાઈનું કારખાનું મોટું હતું શું ત્યાં ગયા હતાને, ઉતર્યા' તા ને ! એ કારખાનું બલુભાઈનું છે. બલુભાઈ એમ માને કે મારું છે, મૂંઢ છે ! ત્યાં તો ( શ્રોતાઃ- ગોળીઓના ત્યાં તો ઢગલા હતા ) ધૂળમાંય હતા નહીં-દવાયું નીકળતી નહિ ? આમ ફેરવતા ને ! વીણીને જોયું' તું ને એ રામજીભાઈ ( સાથે ) હતા, નાનાલાલભાઈ હતા, જોયું 'તુંને-જોયું છે. રામજીભાઈ હતા, નાનાલાલ કાળીદાસ રાજકોટવાળા હતા તે દિ' તમારા કારખાને આવ્યા તે દિ' ! આહાહા ! બાપુ કોનાં ( કારખાનાં ને ) કોની ચીજ. આહાહા ! એક રજકણ પણ આત્માનો નહીં.

ઓહોહો ! એક રજકણ ( આત્માનું નહીં ) આ તો ( શરીર તો ) અનંત રજકણોનો પિંડ છે, આ એક ચીજ નથી કાંઈ ! ( જુઓ ! ) આ આંગળી, આના કટકા કરતાં કરતાં છેલ્લો રજકણ રહે એને પરમાણું કહે છે. પરમ+અણું=નાનામાં નાનો ભાગ, ભગવાન એમ કહે ( છે ) પરમાણું, એ એક પરમાણુંમાં અનંતા ગુણ છે જડનાં ! ( શ્રોતાઃ- કેટલાંક ઓછા-વધતાં ગુણ પરમાણુંમાં ( કહેવાય છે ને ! )

જેટલા એક ( સર્વવ્યાપક ) આકાશમાં ગુણ છે એટલા ગુણ એક પરમાણુંમાં છે. જેટલા આત્મામાં ( ગુણો ) છે એટલા એ પરમાણુંમાં છે, એ ( પરમાણું ) જડ છે ને ( આત્મા ) એનામાં ચૈતન્ય ( ગુણો ) છે. ભગવાન, સાંભળ્યું નથી પ્રભુ તેં. આંહી તો મારે બીજું કહેવું'તું આ એક પરમાણું એના અનંતગુણો તે કેટલા ? ત્રણકાળના સમયથી અનંતગુણા-આકાશના પ્રદેશથી અનંતગુણા, એની એક સમયની પર્યાય પણ અનંતગુણી, એક પરમાણુંમાં એક સમયની પર્યાય, ત્રણ કાળના સમયથી અનંતગુણી ! આ તો ભગવાન વીતરાગ પરમાત્મા કહે છે ! પરમેશ્વર ( તીર્થંકરદેવ ) સિવાય આ વાત કયાંય છે નહીં, જિનેશ્વરદેવ ત્રિલોકનાથ ( ની વાણીમાં આવ્યું છે ) આ એક ( પરમાણું ), આ ( શરીર ) તો જડ આ તો ઘણાં રજકણનું દળ છે. આને સ્કંધ ( પિંડ ) કહે, એ સ્કંધમાં ભિન્ન ભિન્ન એક એક રજકણ ( પરમાણું ) એ પરમાણુંમાં, એક પરમાણુંમાં જેટલા સર્વવ્યાપક આકાશમાં ગુણ છે એટલા એક ગુણ પરમાણુંમાં છે આકાશના ગુણની પર્યાય છે ( તેનાથી ) અનંતી એવી એક પરમાણુંમાં અનંતગુણની એક સમયમાં અનંતીપર્યાય-અનંતી પર્યાય, સમય એક અને પર્યાય અનંત-ત્રણ કાળના સમયથી અનંતગુણી પર્યાય ! અરે, પ્રભુ આ તો મારગ પ્રભુનો-વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા !

એ જડની ( પરમાણુંની ) પર્યાય મારી છે-આ શરીરની દશા એ મારી છે, હું ધોળો છું-હું કાળો છું, પાતળો છું, જાડો છું એ બધી માન્યતા અજ્ઞાનીની મિથ્યાશ્રદ્ધાની છે. ( શ્રોતાઃ- પરમાત્મ પ્રકાશમાં આવે છે ) પરમાત્મ પ્રકાશ, બધે આવે છે ને ! એ મિથ્યાદર્શન જીવનાં પરિણામ ઊંધા, રખડવાનાં છે. અજ્ઞાનપણાના જીવનાં પરિણામ મૂઢતાના છે. આ બાયડીનો આત્મા કયાંયથી આવ્યો રખડતો, આંહી પોતે ભેગો થઈ ગયો તો કહે મારી બાયડી. કયાં પણ તારી બાયડી કેવી તારી, આ શું છે ! આ છોકરો મારો એવું થયું, કયાં પણ તારો છે કોઈક વખતે કોઈ મરી ગયો હોય તો સ્નાન કરવા જાય ને ! વાણિયા પોતે નવરો ન હોય ( તો દિકરાને કહે ) જાને તું તારે 'હું છું તે તું જ છે' તું છે તે હું છું-આવા ગાંડા તે ગાંડા કાંઈ ! ગાંડાના ગામ જુદા હશે ? એ... ય ! આવી વાતું ! પરમાત્મા ત્રણલોકના નાથની વાત છે આ ! જિનેશ્વરદેવ-સર્વજ્ઞ-ત્રિલોકનાથ-અરિહંત પરમાત્મા ( બિરાજે છે ) એની વાણીમાં આ આવ્યું છે પ્રભુ ! અરે, દુનિયાને મળ્યું નથી, જૈનના વાડામાં જન્મ્યા એને ય મળ્યું નથી. આહાહા !

છે ને ? અમે તો જ્યાં છાસઠ વરસ, એકવીસ વરસ સંપ્રદાયમાં ( સ્થાનકવાસીમાં ) રહ્યાં'તા આમાં ( મુહપતીમાં ) ત્રેવીસ વર્ષ સંસારમાં, સાડા ત્રેવીસ, પીસતાલીશ વર્ષે અહીં ( સોનગઢ ) આવ્યા' તા, ચાલીશ વર્ષ થયા એટલે નેવું થઈ ગયા, નેવુમું બેસશે વૈશાખ સુદ બીજે નેવું-નેવું આ જડને-જડને બેસશે હોં ! આત્માને નહીં, આત્મા તો અનાદિ-અનંત પ્રભુ છે એનું આયુષ્ય કેવું ? એને મુદત કેવી ? આ તો જડ-માટીની ( શરીરની ) વાત છે આવું કામ

છે. આહાહા !

એ અવિરતિ–આત્મામાં જે અત્યાગભાવ, રાગનો અત્યાગભાવ ( એ ) અવિરતિ–ભાવ, એ જીવના પરિણામ છે, વિકારી ! આહાહાહા ! રાગ–દ્વેષ, પુણ્ય–પાપનો ત્યાગ નથી એવી જે અવિરતિભાવ જીવનો–એ જીવના વિકારી અરૂપી જીવના પરિણામ છે. એ કર્મ જે જડ છે એનાથી જુદા પરિણામ છે. આહાહા ! આ અવ્રતભાવ નથી કહેતા ! લોકો જે વ્રત ( માનીને પાળે છે ) એ વ્રત નથી, એ તો રાગ છે, એ તો ! આ તો આત્માનું જ્ઞાન થાય–સમ્યગ્દર્શન થાય–અનુભવ થાય આનંદનો આત્માનો પછી આનંદમાં લીન વિશેષ ન હોય ( ત્યારે ) વિકલ્પ ઊઠે વ્યવહારવ્રતના, તો પુણ્યબંધનું કારણ છે. આહાહાહા ! નિશ્ચયસત્યવ્રત તો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ–પિંડ પ્રભુ એનું દર્શન ને જ્ઞાન થઈને એમાં લીન ( એકાગ્ર ) થાય, અતીન્દ્રિય આનંદમાં, અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એમાં લીન થાય એનું નામ નિશ્ચયવ્રત છે.

વાતે વાતે ફેર ! શબ્દે શબ્દે ફેર ! “ આણંદ કહે પરમાનંદા, માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક ત્રાંબિયાના તેર ! ” આહાહા ! એમ પ્રભુ કહે છે બાપા ! મારે ને તારે વાતે વાતે ફેર છે ! ભાઈ ! તને ખબર નથી. આહાહાહા ! અરેરે ! અનંત કાળથી રખડતો, રઝળતો.. મિથ્યાશ્રદ્ધાના પેટમાં ( ગર્ભમાં ) અનંતા ભવ કરવાની તાકાત છે, એવી મિથ્યાશ્રદ્ધા ! એની એને ખબર પડતી નથી. સમજાય છે કાંઈ... ? અપવાસમાં આહાર મેં છોડયો, એ મિથ્યાદર્શનશલ્ય છે. કેમ કે આહાર જડ છે એને આવવાનું નહોતું, એને ગ્રહણેય કર્યું નહોતું તો ત્યાગ કર્યો ? એ તો આત્મામાં છે જ નહીં. આહાહાહા ! પર આહારનો ત્યાગ ને ગ્રહણ એ આત્મામાં છે જ નહીં, ભગવાન આત્મા તો અરૂપી, એ જડને ( રૂપીને ) કેમ ગ્રહે ? અને જડને કેમ છોડે ? આકરું કામ છે ભાઈ !

કેમ કે પ્રભુ આત્મામાં, ભગવાન એમ કહે છે કે, ત્યાગ–ગ્રહણ શૂન્ય, પરનો ત્યાગ અને પરના ગ્રહણથી ભગવાન આત્મા શૂન્ય છે. આહાહા ! પર રજકણોને ગ્રહવા કે છોડવા એનાથી શૂન્ય ભગવાન આત્મા છે. પરને કેમ ગ્રહણ કરે ને પરને–રજકણોને કેમ છોડે ? આહા ! અરેરે ! બહુ ફેર બાપુ ? થોડા વખતમાં સમજાય એવું નથી બાપુ આ, બહુ પરિચય કરે તો માંડ પકડાય એવું છે કે શું કહે છે ? આહાહા ! ( શ્રોતાઃ– થોડા પરિચયમાં ખબર ન પડે ! ) હાં, એવું છે બાપુ શું થાય ! ખબર છે ને દુનિયા આખીની ખબર છે ને ! ( શ્રોતાઃ– આપની બધી વાત જુદી છે. ) એકે એક વાત જુદી છે ભગવાનની–ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જિનેશ્વરદેવ પરમાત્મા એ અનંત તીર્થંકરોનું આ કથન છે. “ એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ ” આહાહાહા ! અનંત તીર્થંકરો ( કહી ગયા છે ને ) વર્તમાન પ્રભુ બિરાજે છે, મહાવિદેહમાં દિવ્યધ્વનિ છૂટે છે, ઇન્દ્રો ને ગણધરો સભામાં બેસે છે, સિંહ ને વાઘ જંગલમાંથી આવીને સાંભળવા બેસે છે સમવસરણમાં છે–બિરાજે છે પ્રભુ, આહાહાહા ! આ એમની આ વાણી છે. સમજાણું કાંઈ... ?

એ મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિરૂપ–અંદરમાં જે અણગમાનો ભાવ થયો જે દ્વેષનો, ક્રોધ થયો, માયા–લોભ–માન–ઇચ્છા–વિષયવાસના, એ બધા જીવના વિકારી પરિણામ છે. આહા ! એ ( પરિણામ ) જડકર્મથી ભિન્ન છે. મિથ્યાદર્શનાદિ જીવ છે, અવિરતિ આદિ એટલે ક્રોધ–માન–માયા–લોભ આદિ વિકારી દશા થાય છે ને આત્મામાં, એ જીવ છે. આહાહા !

અત્યારે તો જીવના પરિણામ સિદ્ધ કરવા છે ને!

"તે, મૂર્તિક પુદ્ગલકર્મથી અન્ય એવો ચૈતન્યપરિણામનો વિકાર છે." -તે મૂર્તિક પુદ્ગલકર્મથી-મૂર્તિક જે કર્મ જડ મૂર્તિક આઠ કર્મ, એનાથી અન્ય ચૈતન્યપરિણામનો વિકાર છે. આ રળવાનો (કમાવાનો) ભાવ-ધંધામાં બેઠો હોય તે ભાવ, આ મેં કર્યું ને આ દીધું મેં એવો જે વિકલ્પ-રાગ (ઇચ્છા) એ વિકાર છે એકલો, એ ચૈતન્યના પરિણામનો વિકાર છે. આહાહાહા! ભારે, ભાઈ! આ ત્રણ લીટી છે-અઢી લીટી, છાપ્યા ગમે ત્યાંથી પણ વાત તો વીતરાગની છે ને! આહાહાહા! પહેલાં શ્રીમદ્થી છપાયેલું છે. શ્રીમદ્રાજચંદ્રથી છપાયેલું છે, મૂળ તો વીતરાગની વાણી છે ને! એ તો ગમે ત્યાં છપાણું... આ ટીકા ને પાઠ તો પહેલો અનાદિકાળથી ચાલે છે.

મુનિ કુંદકુંદાચાર્ય થયા, બે હજાર વર્ષ પહેલાં એમની આ ગાથા! નિમિત્તથી કથન છે અને આ ટીકા છે અમૃતચંદ્રાચાર્યની (તેઓ) એક હજાર વર્ષ પહેલાં દિગંબર સંત થયા, એમની આ ટીકા છે. આહાહા! સમજાણું કાંઈ? (એ ટીકાની) અઢી લીટીનો આ અર્થ થયો, પોણો કલાક થયો (સ્પષ્ટીકરણમાં). ભગવાન આ તો વીતરાગની વાણી! પ્રભુ સમજવામાં બહુ જ સૂક્ષ્મતા-અપૂર્વતા જોઈએ ભાઇ. આહાહા!

પરમાણુંમાં જે અનંતગુણ છે-વર્ણ-ગંધ-રસ-સ્પર્શ (આદિ) એવા એવા અનંત ગુણ, એને (પરમાણુને) એક સમયમાં અનંતી પર્યાય! શું છે આ તે!! પ્રભુનો માર્ગ. આહાહાહા! એમ ભગવાન આત્મા, એના અનંતગુણ છે, એની એક સમયમાં અનંતગુણની (અનંતી) પર્યાય છે વિપરીત કે અવિપરીત પણ અનંતગુણની (અનંતી) પર્યાય છે! પર્યાય કોને કહે છે એનીય ખબર ન મળે! પર્યાય નામ એની અવસ્થા, દ્રવ્ય-ગુણ છે એ ત્રિકાળ ચીજ છે, અહીં પર્યાય-અવસ્થા-પરિણામ (હાલત-દશા) એને કહે છે, એ આ અઢી લીટીમાં એટલું ભર્યું છે. આહાહા! સમજાણું કાંઈ...?

❀ અરે ભાઈ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે? આવું પરમાત્મપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઉછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ. **(આત્મધર્મ, અંક ૭૧૪-૭૧૫, વર્ષ-૫૯ પાના નં. ૬)**

❀ પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ-એમ નક્કી કરવા જાય ત્યાં એની દૃષ્ટિ ધ્રુવ ઉપર જ જાય છે અને એમાં સ્વભાવ સન્મુખનો અનંત પુરુષાર્થ આવે છે અને ત્યારે જ પર્યાયના સ્વકાળનું સાચું જ્ઞાન થાય છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા એને કાર્ય થઈ જ રહ્યું છે, પછી વહેલાં મોડાનો પ્રશ્ન જ કયાં છે?

**(આત્મધર્મ, અંક ૭૧૪-૭૧૫, વર્ષ-૫૯ પાના નં. ૭)**

## ગાથા - ૮૯

मिथ्यादर्शनादिश्चैतन्यपरिणामस्य विकार: कुत इति चेत्-

**उवओगस्स अणाई परिणामा तिण्णि मोहजुत्तस्स।**
**मिच्छत्तं अण्णाणं अविरदिभावो य णादव्वो।।८९।।**

उपयोगस्यानादय: परिणामास्त्रयो मोहयुक्तस्य।
मिथ्यात्वमज्ञानमविरतिभावश्च ज्ञातव्य:।।८९।।

उपयोगस्य हि स्वरसत एव समस्तवस्तुस्वभावभूतस्वरूपपरिणामसमर्थत्वे सत्यनादिवस्त्वन्तरभूतमोहयुक्तत्वान्मिथ्यादर्शनमज्ञानमविरतिरिति त्रिविधि: परिणामविकार:। स तु तस्य स्फटिकस्वच्छताया इव परतोऽपि प्रभवन् दृष्ट:। यथा हि स्फटिकस्वच्छताया: स्वरूपपरिणामसमर्थत्वे सति कदाचिन्नीलहरितपीततमालकदलीकाञ्चनपात्रोपाश्रययुक्तत्वान्नीलो हरित: पीत इति त्रिविध: परिणामविकारो दृष्ट:, तथोपयोगस्यानादिमिथ्यादर्शनाज्ञानाविरतिस्वभाववस्त्वन्तरभूतमोहयुक्तत्वान्मिथ्यादर्शनमज्ञानमविरतिरिति त्रिविध: परिणामविकारो दृष्टव्य:।

---

હવે ફરી પૂછે છે કે મિથ્યાદર્શનાદિ ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો ? તેનો ઉત્તર કહે છે:-

**છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,**
**-મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.**

ગાથાર્થ:- [ **मोहयुक्तस्य** ] અનાદિથી મોહયુક્ત હોવાથી [ **उपयोगस्य** ] ઉપયોગના [ **अनादय:** ] અનાદિથી માંડીને [ **त्रय: परिणामा:** ] ત્રણ પરિણામ છે; તે [ **मिथ्यात्वम्** ] મિથ્યાત્વ, [ **अज्ञानम्** ] અજ્ઞાન [ **च अविरतिभाव:** ] અને અવિરતિભાવ ( એ ત્રણ ) [ **ज्ञातव्य:** ] જાણવા.

**ટીકા:-** જોકે નિશ્ચયથી પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે, તોપણ ( આત્માને ) અનાદિથી અન્ય-વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી, આત્માના ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે. ઉપયોગનો તે પરિણામ-વિકાર, સ્ફટિકની સ્વચ્છતાના પરિણામવિકારની જેમ, પરને લીધે ( -પરની ઉપાધિને લીધે ) ઉત્પન્ન થતો દેખાય છે. તે સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે:-જેમ સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ-પરિણમનમાં ( અર્થાત્ પોતાના ઉજ્જ્વળતારૂપ સ્વરૂપે પરિણમવામાં ) સમર્થપણું હોવા છતાં, કદાચિત્ ( સ્ફટિકને ) કાળા, લીલા અને પીળા એવા તમાલ, કેળ અને કાંચનના પાત્રરૂપી આધારનો સંયોગ હોવાથી, સ્ફટિકની સ્વચ્છતાનો, કાળો, લીલો અને પીળો

**એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે, તેવી રીતે (આત્માને) અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે એવા અન્ય-વસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી, આત્માના ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો.**

**ભાવાર્થઃ-આત્માના ઉપયોગમાં આ ત્રણ પ્રકારનો પરિણામવિકાર અનાદિ કર્મના નિમિત્તથી છે. એમ નથી કે પહેલાં એ શુદ્ધ જ હતો અને હવે તેમાં નવો પરિણામવિકાર થયો છે. જો એમ હોય તો સિદ્ધોને પણ નવો પરિણામવિકાર થવો જોઈએ. પણ એમ તો થતું નથી. માટે તે અનાદિથી છે એમ જાણવું.**

## પ્રવચન નં. ૧૭૮ ગાથા-૮૯ તા. ૨૫/૦૧/૭૯

હવે ફરી પૂછે છે કે મિથ્યાદર્શનાદિ ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો ? તેનો ઉત્તર કહે છેઃ- હવે ફરી પ્રશ્ન કરે છે, એ મિથ્યાદર્શન આદિ ચૈતન્ય-પરિણામનો વિકાર ક્યાંથી થયો, કેમ કે ભગવાન આત્મા તો નિર્મળાનંદ-શુદ્ધ-ચૈતન્યઘન આનંદકંદ છે, ભગવાન જિનેશ્વર છે- આત્માને તો શુદ્ધ આનંદકંદ-શુદ્ધચિદાનંદ (ભગવાને) જોયો છે, તો આ વિકાર થયો ક્યાંથી ? મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર રાગ આદિ પરિણામ એ ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો ? એનો ઉત્તર ગાથામાં કહે છે, બહુ સરસ ગાથા છે, ૮૯ ગાથા,

उवओगस्स अणाई परिणामा तिण्णि मोहजुत्तस्स।
मिच्छत्तं अण्णाणं अविरदिभावो य णादव्वो।। ८९।।

છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,
-મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.

ઝીણી વાત છે ભગવાન ! અહીં તો ભગવાન તરીકે (જ) બોલાવે છે આત્માને ! આચાર્ય (કહે છે ભગવાન આત્મા !) ભગવાન સ્વરૂપ અંદર, ભગવાન સ્વરૂપ ન હોય તો, પર્યાયમાં ભગવાન (પણું) ક્યાંથી આવશે, બહારથી આવે છે કોઈ ચીજ ? -ઘટ ઘટ અંતર ભગવાન આત્મા જિનસ્વરૂપ છે. અંદર "ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન", મત મદિરાકે પાનસોં મતવાલા સમજે ન" પરંતુ મતના-અભિપ્રાયનાં દારૂ પીધા છે, અજ્ઞાની પોતાના (જૂઠા) મતનો દારૂ પીધો છે ને (તેથી) સત્ય શું છે એ સમજતો નથી. આહાહાહા ! એ આંહી કહે છે.

ટીકાઃ- ધીમેથી... કહેવાય છે પ્રભુ શાંતિથી... જેમ (કોલેજના) પ્રોફેસર (ફટ-ફટ) બોલી જાય, એલ. એલ. બીના એમ નથી (અહીં) આ તો ધીમેથી (કહેવાય છે-કહીએ છીએ !) ટીકા, નેવાસી (ગાથાની), ટીકા છે ને ! 'યદ્યપિ' -જો કે યદ્યપિ શબ્દ છે પહેલો નેવાસીની ટીકા, "જોકે નિશ્ચયથી-ખરેખર તો, પોતાના નિજરસથી જ સર્વવસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે" આહાહાહાહા ! શું કહે છે. ખરેખર તો આત્મા જે આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શાંતસ્વરૂપ, વીતરાગસ્વરૂપ જે છે એ પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓથી પોતાના સ્વભાવભૂત આત્મામાં પોતાના સ્વભાવભૂત એવું સ્વરૂપ-પરિણમનનું સામર્થ્ય છે.

(અહો!) વીતરાગના મુખથી જ નીકળેલી વાત છે. આ આત્મા અને પરમાણુંઓ-માટી આદિ (વિશ્વના) દરેક પદાર્થ, પોતાના-નિજ સ્વભાવભાવથી પરિણમવાનું સામર્થ્ય (તાકાત) રાખે છે. દરેક આત્મા, આત્મા તો અનંત છે અને એનાથી તો અનંતગુણા પરમાણું-માટી (આદિ) છે. (જુઓ!) એક આત્મા છે અહીં અને (સાથે-સાથે) તેજસ, કાર્મણ ને ઔદારિક ત્રણ તો શરીર છે. (તેમાં) અનંત પરમાણું છે. આહાહા....!

એક અંગુલના અસંખ્ય ભાગમાં-લસણ ને ડુંગળીનો એક રજકણ જેટલો (કટકો) લ્યો, રજકણ જેવડો જ તો (નાનો ટુકડો-કણી) રજકણ જેવડો લસણને ડુંગળીનો, તો એ રજકણમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે, ભગવાનની (સર્વજ્ઞની) વાણી કહે છે, (આહા!) અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય ઔદારિક શરીર છે ને એક એક શરીરમાં, સિદ્ધો થયા અત્યાર સુધીના અનંતકાળથી, એનાથી અનંતગુણા જીવ છે!! અને એક-એક જીવની સાથે તેજસ ને કાર્મણ અનંતા સ્કંધ, પરમાણુંના પિંડ છે, અંગુલના અસંખ્યભાગમાં! આ વીતરાગ માર્ગ બાપુ! આહા! એ અંગુલના અસંખ્ય ભાગમાં અનંતા તેજસ ને કાર્મણ શરીર છે. (એક રાઈથી નાની કટકીમાં) અનંતા જીવ છે તો એક એક જીવની સાથે બે-બે શરીર અને એક અંગુલમાં લો તો એનાથી અનંતગુણા શરીર ને અસંખ્યગુણા આત્મા-દ્રવ્ય છે. આહાહા! અંગુળ હોં-આ આંગળી! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો મારગ ભાઈ જગતને સાંભળવા મળ્યો નથી.

આ બિચારા તો જૈનમાં જન્મ્યા તો દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, શ્વેતાંબરમાં હોય તો કહે પૂજા કરો, જાત્રા કરો ને ગિરનાર જાઓ ને દિગંબરમાં જાવ તો (હવે) લૂંગડાં કાઢી નાખો ને પડિમાં (પ્રતિજ્ઞા) લો! પ્રભુ મારગડા તારા પ્રભુ જુદા છે!

શું કહ્યું અહીંયા! "જો કે ખરેખર" -જોકે કેમ કહેલું છે કે વિકારપરિણામ કેમ થાય છે? જોકે નિશ્ચયથી પોતાના નિજરસથી-આત્મા પોતાના નિજરસ! જ્ઞાન-આનંદરસથી જ, સર્વ વસ્તુઓનું-દરેક વસ્તુઓના, પોતાના સ્વભાવભૂત-એવા સ્વરૂપ-પરિણમનમાં સામર્થ્ય છે. (જુઓ!) આ પરમાણું છે પરમાણું જે આ, એ પણ પોતાના નિજરસથી-પોતાના સ્વભાવથી પરિણમવાની તાકાત રાખે છે. બહુ સંકેલ્યું છે ટૂંકું, ભાષા કરી છે, પણ ભાવ ઘણાં! એમ આત્મા, દેહ-માટીના પરમાણુંથી તો ભિન્ન, અંદર આઠ કર્મ છે-ઝીણી ધૂળ- (સૂક્ષ્મશરીર) એનાથી તો પ્રભુ (આત્મા) ભિન્ન! આ દયા-દાન-વ્રત (આદિના) પરિણામ થાય વિકાર ને હિંસા-જૂઠના (ભાવ) વિકાર એનાય (બન્નેથી) પ્રભુ (આત્મા) ભિન્ન છે, અંદર! કારણ નવ તત્ત્વમાં પુણ્ય-પાપ તત્ત્વ છે (એ જુદા છે ને) આત્મા જ્ઞાયક તત્ત્વ (જુદું) છે.

એ જ્ઞાયક તત્ત્વ! અહીં તો બધા તત્ત્વની (પદાર્થોની) વાત છે. પણ જ્ઞાયક તત્ત્વને પોતાના નિજરસથી જ પોતાના સ્વભાવભૂત સ્વરૂપ-પરિણમનનું સામર્થ્ય છે. (એમ) સર્વ વસ્તુઓને પણ (પોતાના સ્વભાવભૂત સ્વરૂપ-પરિણમનું સામર્થ્ય છે.) આહાહાહા! ભગવાન આત્મા, ભગ એટલે? આત્મામાં અનંતજ્ઞાન-અનંત અતીન્દ્રિય શાંતિ, અનંત અતીન્દ્રિય આનંદ અનંત અનંત ભગ નામ લક્ષ્મી સ્વની (અનંતગુણની લક્ષ્મી), આ ધૂળની નહીં. આ તમારા વીસ લાખના ને સીત્તેર લાખના મકાન છે ને એ બધી ધૂળની નહીં.

અહીંયા પરમાત્મા એમ કહે છે કે આત્માને ભગવાન નામ કેમ કહે છે? ભગ નામ

અંદર અનંતજ્ઞાન-અનંતશાંતિ-અનંતઆનંદ-અનંતસ્વચ્છતા-અનંતપ્રભુતા એવી એવી ભગ નામ લક્ષ્મી, એ લક્ષ્મીવાન પ્રભુ આત્મા એના આશ્રયે ( એ લક્ષ્મી-અનંતગુણ છે ) એ નિજ રસથી જ લક્ષ્મીવાન ( આત્મા ) છે. આહાહાહા ! અહીં ધૂળની, જેમ પાંચ-પચાસ લાખ ( રૂપિયા ) મળે કરોડ-બે કરોડ, પાંચ કરોડ મળે ત્યાં થઈ ગયા ! હું પહોળો ને શેરી સાંકડી ! આ મલુકચંદભાઈ શું કીધું સાંભળ્યું કે નહીં ? એના એક એક છોકરા પાસે ચાર-ચાર કરોડ, પાંચ-પાંચ કરોડ છે. ( શ્રોતાઃ- એમાં એનો કેટલામો ભાગ ? ) એની પાસે કાંઈ નથી, એના છોકરા પાસે છે. સ્વીઝરલેન્ડ છે ને ન્યાલ મોટો છોકરો ચારકરોડ અને એનાથી નાનો મુંબઈ પાંચકરોડ, પુનમચંદ મલુકચંદ, મુંબઈ પાંચ કરોડ ! બધા આવેલા, સાંભળેલા હોય અને એથી વધારે છે. કીધા હોય કોકે કીધા હોય, એના બાપને ખબર છે ને ! ધૂળ છે-માટી છે, એ કહે કે મારા મારા ( શ્રોતાઃ- પણ આપ ધૂળ કહો છો ને એને ધૂળ વધતી જાય છે ) વધતી... એના કારણે ( વધતી ) જાય છે.

એ આંહી કીધું ને ! પરમાણું પોતાના નિજરસથી-સ્વભાવથી નિર્મળપણે પરિણમેલું છે તે તેનો સ્વભાવ છે, એમ આત્માનો સ્વભાવ ( પોતાના ) નિજરસથી જ-નિજશક્તિથી-નિજસ્વભાવથી જ શુદ્ધપણે-નિર્મળપણે-વીતરાગભાવપણે પરિણમવું એ એનો સ્વભાવ છે. આહાહા ! આમાં કેટલું યાદ રાખવું ? શું સાંભળવા ગયા'તા ? કોણ જાણે શું કહે છે આમનું આમ ને આમનું આમ કંઈક કહે છે. બાપા ! તેં સાંભળ્યું નથી ભાઈ ! એ વીતરાગનો મારગ, જિનેશ્વર ત્રણલોકના નાથ ( તીર્થંકરદેવ ) એનો મારગ સાંભળ્યો નથી પ્રભુ. આહા !

એ આંહી કહે છે-આ તો આત્મા, પરમાણું, આકાશ ( ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળ ) એ છ દ્રવ્યો ભગવાને જોયાં છે. ( વિશ્વ જેનું બનેલું છે એ ) ભગવાને છ દ્રવ્ય ( જેમાં ) અનંત આત્માઓ, અનંત પરમાણુંઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ ને અસંખ્ય કાલાણુંઓ એ છ દ્રવ્યો ભગવાને ( સર્વજ્ઞે ) જોયા છે. એ છએ દ્રવ્યોને કહે છે ( કે ) નિજરસથી-નિજરસથી જ છ એ દ્રવ્યો, પોતાની શક્તિથી જ-નિજસ્વભાવથી જ સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત સ્વરૂપ-પરિણમનમાં સામર્થ્ય છે. આહાહાહા ! સમજાય છે કાંઈ... ?

આ કાંઈ વાર્તા નથી, કંઈક ઓલું ચકલી લાવી ચોખાનો દાણો ને ચકલી લાવી મગનો દાણો, એની રાંધી ( પકવી ) ખીચડી, નાની ઉંમરમાં ગાતા, એ કુંભારને આપી ને કુંભારે ઘડુલો આપ્યોને ઘડુલાની ખજુર લીધી ને ! આવી વાતું આ. ( બાળકોને રાજી કરવાની ) ! આ તો બાપુ વીતરાગની વાતું ભાઈ ! આહાહા ! અરે રે એણે અનંત કાળમાં સાંભળી નથી યથાર્થ વાત ! એ આવે છે ને ચોથી ગાથામાં 'શ્રુતપરિચિતાનુભૂત' -સાંભળી નથી પ્રભુ તેં અંતરની કથા-કથા આત્માની ( સાંભળી નથી ) આ રાગ ને દયા-દાન-વ્રત ને પુણ્ય કરવા એવી વાતું તેં સાંભળી છે-એ તો અનાદિનું છે ને અનાદિનું ( તેં ) સાંભળ્યું છે.

ભગવાન આત્મા નિજરસથી જ-સર્વ વસ્તુઓ લીધી ને ( કહે છે ને ) અનંત આત્માઓ, અનંત પરમાણુંઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્મસ્તિ, એક અધર્માસ્તિ એક આકાશ એમ ( વિશ્વમાં ) છ દ્રવ્યો ( જ ) છે.

"સર્વ વસ્તુઓનું પોતાના જે સ્વભાવ છે ( એ સ્વભાવભૂત ) એવા સ્વરૂપ-પરિણમનમાં

બદલવાની પર્યાય થવામાં સામર્થ્ય છે ( તાકાત છે-શક્તિ છે ) આહાહા ! ધીમેથી કહેવાય છે ભગવાન મારગ બાપુ શું કહીએ આ ! આહાહા !

"તથાપિ" -તોપણ હવે કહે છે, આમ આવું હોવા છતાં, બધી વસ્તુઓ ભગવાને ( સર્વજ્ઞે ) જેટલી દીઠી છે, અનંત અનંત આત્માઓ, અનંત પરમાણુંઓ અસંખ્ય કાલાણુંઓ, એક ધર્માસ્તિ ( કાય ), એક અધર્માસ્તિકાય અને એક ( સર્વવ્યાપક ) આકાશ, એમ છ દ્રવ્યો ભગવાને જોયાં છે. આ છ એ દ્રવ્યો, પોતાના વસ્તુના સ્વભાવથી પરિણમન કરવાનું સામર્થ્ય રાખે છે. છે ? સર્વ વસ્તુઓ છે, સર્વમાં કાંઈ બાકી રહ્યું ?

પોતાના સ્વભાવભૂત-પોતાનો જે સ્વભાવ છે, આત્માનો આનંદસ્વભાવ છે-જ્ઞાનસ્વભાવ છે. પરમાણુંનો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સ્વભાવ છે, એ સ્વરૂપ-પરિણમનમાં પલટવામાં-પર્યાય થવામાં ( સર્વ પદાર્થોનું ) સામર્થ્ય છે. આહાહાહા ! આવું યાદેય રહે નહીં, કઈ ભાષા છે ! ગ્રીક-લેટિન જેવી લાગે છે અજાણ્યા માણસને, કોઈદિ' બિચારાએ સાંભળ્યું ન હોય એને એમ થાય, આ શું છે આ તે પાગલ જેવું લાગે એવું છે. મારગ એવો છે. ભાઇ બધી ખબર છે દુનિયાની ! આહાહા !

"આવું હોવા છતાં, શું આવું હોવા છતાં ? કે દરેક ચીજ-આત્મા, પરમાણું આદિ પોતાના નિજરસથી જ-શક્તિથી જ સ્વભાવરૂપે પરિણમવું તે તેનું સ્વભાવનું સામર્થ્ય છે. સમજાણું કાંઈ... ? આમ હોવા છતાં આત્મામાં મિથ્યાદર્શન, અજ્ઞાન, રાગ-દ્વેષ કેમ થાય છે ? એની વાત છે હવે. આહાહાહા ! એવું છે, "આત્માને અનાદિથી અન્યવસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી" -પણ અનેરું એક મોહકર્મ છે આત્મામાં, આઠ કર્મ છે ને ! મોહકર્મ, અનાદિથી અન્ય વસ્તુ-આત્માથી અનેરી ચીજ છે એ જડ છે, મોહકર્મ એ જડવસ્તુભૂત વસ્તુ છે "મોહની સાથે સંયોગ થવાથી" -એ મોહકર્મની સાથે ભગવાન આત્મા, પોતાના શુદ્ધસ્વભાવપણે બદલવાનું-પરિણમવાનું સામર્થ્ય હોવા છતાં પણ એ મોહકર્મના સંયોગમાં આત્માનો ઉપયોગ આત્માના ઉપયોગનું જે જાણવા-દેખવાનું ( સ્વભાવ ) ( એને છોડીને ) મોહના સંગમાં, મિથ્યાશ્રદ્ધા અજ્ઞાન ને અવિરતિ એવા ત્રણપ્રકારના પરિણામ વિકારમાં છે. મોહકર્મના-નિમિત્તના સંગથી આત્મામાં મિથ્યાદર્શન, અજ્ઞાન અને રાગ-દ્વેષના પરિણામ થાય છે. ઝીણી વાત છે ભાઈ ! સ્વભાવમાં તો શુદ્ધરૂપે પરિણમવાની તાકાત છે છતાં મોહ-અન્યકર્મ છે એના સંયોગને સંબંધે આત્મામાં મિથ્યાદર્શન-પુણ્યથી ધર્મ થાય છે, દેહની ક્રિયા હું કરી શકું છું ( એવો અભિપ્રાય ) મિથ્યાદર્શન પરિણામ, મોહકર્મના નિમિત્તના ( સંગમાં ) અંદરમાં આત્મામાં થાય છે. આહાહા ! વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૧૭૯ ગાથા-૮૯ તા. ૨૬/૦૧/૭૯ શુક્રવાર પોષ સુદ-૧૩

સમયસાર, ગાથા ૮૯ ટીકા, થોડું ચાલ્યું છે, ફરીને ( લઈએ ).

"યદ્યપિ-જોકે નિશ્ચયથી પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે," શું કહે છે ? કે દરેક વસ્તુ ( વિશ્વની ) આત્મા કે

પરમાણું આદિ જે વસ્તુઓ એ નિજરસથી-આત્માનો જ્ઞાન ને આનંદ સ્વભાવ, એવું પરિણમન થવું એનું, એ તાકાત-સામર્થ્ય ( તેમનામાં ) છે. રાગરૂપે-દયા, દાન, વ્રતાદિના પરિણામ જે રાગ, એરૂપે થવું એ એનું સામર્થ્ય નથી. આહાહા ! નિજરસથી જ એટલે કે પોતાના સ્વભાવથી જ, સર્વ વસ્તુઓ-પ્રત્યેક આત્મા ભિન્ન ભિન્ન અને દરેક રજકણ ( જુદા-જુદા ) પોતાના સ્વભાવભૂત ( એટલે કે ) પોતાનો જે સ્વભાવ છે-આત્માનો જ્ઞાન-દર્શન-આનંદ એ ત્રિકાળી સ્વભાવ છે, તો એ સ્વભાવભૂત સ્વરૂપ-પરિણમનમાં સામર્થ્ય છે. આહાહા !

ભગવાન આત્મામાં, જ્ઞાન-દર્શન-આનંદ-શાંતિ એ સ્વભાવ અને એ સ્વભાવરૂપે થવું એ એની તાકાત છે. સમજાણું કાંઈ... ? એવું હોવા છતાં પણ અજ્ઞાન કેમ થયું ? મિથ્યાશ્રદ્ધા કેમ થઈ ? આત્મા તો પોતાનો ચૈતન્યપ્રકાશ, જેનો અનંત અનંત ક્રોડા-ક્રોડી સૂર્ય ( પ્રકાશ ) હોય તોપણ જેના ( આત્માના ) જ્ઞાનપ્રકાશનો પાર નથી ( અપારજ્ઞાનપ્રકાશ ) તેવું જ્ઞાન અનંત છે- દર્શન અનંત છે, સ્વભાવ અનંત અનંત છે-પ્રભુતા અનંત છે, એવી અનંત શક્તિઓનો નિજસ્વભાવ ( છે ), એ સ્વભાવપણે પરિણમન થવું એ એનું સામર્થ્ય છે. સમજાય છે કાંઈ... ? છતાં શું થયું ( છે ) અનાદિથી ? આહાહા !

"તોપણ ( આત્માને ) અનાદિથી અન્ય-વસ્તુભૂત મોહ સાથે"-મોહ એક કર્મ છે. મોહ જડ-મોહકર્મની સાથે સંયુક્તપણું-સંયોગ થવાથી ( હોવાથી ) " -સ્વાભાવિક વસ્તુ ભગવાન આત્મા, જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવથી તો ભર્યો છે અને પોતાની નિર્મળ-વીતરાગી પરિણતિ કરવાનું સામર્થ્ય છે, છતાં અનાદિ મોહકર્મના સંબંધથી-મોહકર્મથી નહીં ( પરંતુ ) મોહ કર્મના સંબંધથી, જેમકે સ્વભાવ-સંબંધ કરવો જોઈએ, એમ ન કરતાં, મોહ કર્મનો સંબંધ કર્યો અનાદિથી ( આત્માએ ). આહાહા !

"અનાદિથી અન્યવસ્તુ ( ભૂત ) -મોહ કર્મ અન્ય વસ્તુ છે જડ, ( એવા ) મોહની સાથે સંયોગ હોવાથી, ભગવાન આત્માનો સ્વભાવનું સામર્થ્ય ( સ્વભાવપણે પરિણમવાનું ) હોવા છતાં પણ મોહકર્મના સંયોગથી-સંબંધથી, આત્માનો ઉપયોગ-આત્માના ઉપયોગનું જે જાણવા- દેખવાનો જે ઉપયોગ છે, એ ઉપયોગમાં મિથ્યાદર્શન અનાદિથી મિથ્યાદર્શન આત્મામાં મોહકર્મના નિમિત્તથી થયું છે. આહાહા ! જે દયા, દાન, વ્રત, આદિના જે ( શુભ ) ભાવ છે એ રાગ છે છતાં એ ધર્મ છે એવી મિથ્યાશ્રદ્ધા અનાદિથી લાગી છે. આહાહા !

આત્મા પોતાના સિવાય બીજી કોઈ ચીજનું કાંઈ કિંચિત્ કરી શકતો નથી. છતાં મિથ્યાશ્રદ્ધાને કારણે, ( નિજ ) સ્વભાવને છોડીને, કર્મના સંગમાં-સંબંધમાં મિથ્યાશ્રદ્ધાને કારણે હું પરની દયા પાળી શકું છું-પરને સુખી કરી શકું છું-પરને જીવાડું છું, પરને મારી શકું છું, પરને સગવડતા આપી શકું છું, પરને અગવડતા-દુઃખી કરી શકું છું એવી મિથ્યાશ્રદ્ધા ( અનાદિની થઈ છે. ) આહાહાહા ! આકરું કામ છે, કહો, બલુભાઈ ? આ કારખાનાં હલાવી શકે છે ને ? દવાખાનાને... એ જડ, પર પદાર્થમાં હું કાંઈ ( કાર્ય ) કરી શકું છું. આહાહાહા ! અરે, શરીરનું પણ કંઈ કરી શકતો નથી એ તો માટી-ધૂળ છે ( છતાં પણ ) અનાદિથી મોહ કર્મના સંબંધથી ( માને છે કે ) હું શરીરનું પણ કંઈક કરી શકું છું, એવી મિથ્યાશ્રદ્ધા-મિથ્યાદર્શન ! આહાહાહા ! શાંતિભાઈ, તમારે તો મોટી ઉપાધિ છે ઘણી ! કેટલીય... એમ કાલ બલુભાઈ કહેતાં'તા, કહો, સમજાણું કાંઈ... ? આહાહાહા !

કહે છે કે પ્રભુ-આત્મા જે અંદર છે, એ તો પોતાના જ્ઞાન-આનંદ-શાંતિ આદિ અનંત સ્વભાવથી ભર્યો-પડયો છે, અને એ અનંત સ્વભાવનું નિજરસથી જ પરિણમન કરવું એ તેનું સામર્થ્ય છે-વીતરાગ સ્વભાવપણે થવું-સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રપણે થવું, એ પોતાના સ્વભાવનું સામર્થ્ય-શક્તિ-સત્ત્વ છે. આવું હોવા છતાં પણ મોહકર્મના સંયોગ-સંબંધથી મિથ્યાદર્શન છે. છે ? મિથ્યાશ્રદ્ધા-હું પરની દયા પાળી શકું છું, હું પરને મદદ કરી શકું છું-હું છોકરાઓ-પ્રજા ઉત્પન્ન કરી શકું છું, જે આ દિકરા ( છે તેને ) ઉત્પન્ન કરી શકું છું, એ તો પર ચીજ છે-જડ છે જડને આત્મા ઉત્પન્ન કરી શકે ? આહાહાહા ! પરને હું કેળવણી આપું દિકરાને-દિકરીયુંને સારી ( સારી ), અત્યારે કેળવણી વિશેષ ( ભણતર ઊંચા ) વિના એને સારું ઘર મળશે નહીં ( તેથી ) હું કેળવણી આપું ( ખૂબ જ ભણાવું ) એવી પરને હું કરી શકું છું એ માન્યતા ( અભિપ્રાય ) મિથ્યાશ્રદ્ધા અજ્ઞાની ( ને ) મિથ્યાદર્શન છે. આહાહાહા !

"અને મિથ્યાદર્શન, અજ્ઞાન ( મિથ્યાજ્ઞાન ), ગમે તે ચીજ માને, તો કોઈ કારણમાં વિપરીતતા હોય, કાં સ્વરૂપમાં વિપરીતતા હો, કાં ભેદાભેદમાં વિપરીતતાનું અજ્ઞાન છે એને ! રાગથી પ્રભુ ( આત્મા ) ભિન્ન છે પણ એમ ન માનીને, રાગથી હું એક છું એવું અજ્ઞાન છે. આવી વાત છે, સમજાણું કાંઈ ? સૂક્ષ્મ છે મારગ ભગવાન જિનેશ્વર પરમાત્માનો, મારગ આખો ફેરફાર ! ઘણો ફેરફાર થઈ ગયો છે.

"અજ્ઞાન" -જે પોતાનું સ્વરૂપ છે શુદ્ધ ચૈતન્ય, એને નહીં જાણીને, વિકાર હું છું એવું અજ્ઞાન કરે છે અને પર-વસ્તુમાં હું કારણ બનું તો પરનું કાર્ય થાય, એવું અજ્ઞાન કરે છે, એવા અજ્ઞાનભાવના અનેક પ્રકાર છે. સત્યને અસત્ય, અસત્યને સત્ય, તત્ત્વને અતત્ત્વ ને અતત્ત્વને તત્ત્વ આવા અજ્ઞાનથી, એ અજ્ઞાનભાવ ઉત્પન્ન થયેલ છે, એ વિપરીત ભાવ છે. આહાહાહા !

"અને અવિરતિ" – અવિરતી... શુભ-અશુભ રાગ જે છે અને એનાથી નિવૃત્તિ નથી અને ( એમાં ) પ્રવૃત્તિ છે રાગ-દ્વેષમાં એ અવિરતિભાવ છે. એ કર્મના સંયોગમાં ઉપાધિ ઉત્પન્ન થઈ છે, કર્મથી નહીં. આહા ! ( પરંતુ ) કર્મના સંગથી ઉપાધિ ઉત્પન્ન થઈ-અવિરતિભાવ ! કહો, દેવીલાલજી ? હું દુકાન ઉપર બરાબર બેસું તો વ્યવસ્થિત પદાર્થની વ્યવસ્થા-વ્યવસ્થિત અવસ્થા હું કરી શકું છું એ બધો અજ્ઞાનભાવ અને અવિરતિભાવ-રાગ-દ્વેષ આદિ પરિણામ એ અવિરતિભાવ ( છે. ) આહાહા ! બહું આકરું કામ ! સમજાણું કાંઈ... ?

એક ચીજ જે એક સ્થાનમાં છે એને હું બીજા સ્થાનમાં લઈ શકું છું-એ અજ્ઞાન ને અવિરતિભાવ છે. એ 'ઇચ્છામિપડિક્કમણું' માં આવે છે, 'ઠાણા ઉઠાણા' એ અર્થ તો કોને આવડે ? જય નારાયણ, ઘડિયા હાંકયે જાય છે. 'ઇચ્છામિ પડિક્કમણું નથી આવતું-ઈરિયા-વિરિયા ગમણા-ગમણી ઠાણા-ઉઠાણાં-હું એક સ્થાનની ચીજને બીજા સ્થાનમાં ગોઠવી હોય તો એ જૂઠ્ઠી વાત છે. ભાઈ ! લઈ શકાતી નથી-ઉપાડી શકાતી નથી-ફેરવી શકાતી નથી ( આત્માથી ) ગજબ વાત છે ! બાપા, અરે રે ! અત્યારે દુનિયાને, વીતરાગ પરમાત્માએ કહેલું સત્યતત્ત્વ સાંભળવા મળે નહીં, એ એને ( કયારે ) શ્રદ્ધે ને ઓળખે કે દી' ? આહાહા ! અરે રે !

એ અવિરતિ એટલે કે જે કંઈ શુભ-અશુભભાવ, એનાથી નિવૃત્તિ નથી, એવો જે વિકારભાવમાં પરિણમન કરવું એ અવિરતિ-ભાવ છે. ઉપાધિભાવ છે-મેલ અવિરતી ભેદથી છે.

આહાહા ! "એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે-" આ ત્રણ પ્રકારનો પરિણામવિકાર, આહાહાહા ! બહુ સરસ વાત છે.

( કહે છે ) કે આત્મા જે વસ્તુ છે એ પોતાના શુદ્ધ અનંત અનંત ચૈતન્યપ્રકાશ-અનંત અનંત આનંદની-શીતળતાનો સ્વભાવ, અનંત અનંત ઈશ્વરતા-ગંભીર સ્વભાવ, અનંત અનંત કર્તાકર્મઆદિ શક્તિની વ્યાપકતાની અનંતતાથી વ્યાપ્ત આત્મા ! એવા પોતાના સ્વભાવનું પરિણમન કરવાનું પોતાનામાં સામર્થ્ય છે. આવું હોવા છતાં પણ પોતાના સ્વભાવ-સન્મુખ નહીં થવાથી અને મોહરૂપી કર્મ છે એના સંગમાં ( એને વશ થવાથી ) પોતાના ચૈતન્ય પરિણામમાં-પરિણમે છે ને ! તો ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે, મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને અવિરતિ એ ત્રણ પ્રકારનો વિકાર-આત્માની પર્યાયમાં ત્રણ પ્રકારનો વિકાર ( અનાદિનો ) છે. આહાહાહા !

"ઉપયોગનો તે પરિણામ વિકાર-જાણવું-દેખવું એ ઉપયોગ, એ ઉપયોગમાં એ ત્રણ પ્રકારનો જે વિકાર છે, એ કેવો છે ? "સ્ફટિકની સ્વચ્છતાના પરિણામવિકારની જેમ" આહાહાહા ! સ્ફટિક રત્ન હોય છે, જોયું છે ( અમે ) આવડું ! જામનગર ગયા હતા ને, પહેલાં દાકતર હતા ને એક પ્રાણજીવન દાકતર, અઢી હજારનો પગાર તે દિ', એકાણુંની સાલ ( સંવત-૯૧ ) ની વાત છે. એકાણુંનો માગસર મહિનો, પછી ત્યાંથી આવીને પરિવર્તન કર્યું ચૈત્ર સુદ-૧૩ ન્યાં ( જામનગર ) અગાઉ ગયા હતા ત્યાં એક છ લાખનું સોલેરિયમ છે-સંચો છે મોટો છ લાખનો, ગૂંમડાં હોય ને સૂર્યનો તાપ આપે ( તેવું મકાન મોટું ) સોલેરિયમ છે. ( ફરતું મકાન છે ) છ લાખનો સંચો છે. વ્યાખ્યાન જામનગર હતું, સો ગાથાની ટીકા ચાલતી'તી આ સમયસારની ૧૦૦ મી ગાથાની ટીકા ચાલતી હતી, સોમી ગાથા તે દિ' હો ! સો મી ગાથા એકાણુંના કારતક મહિનાની, એ એણે સાંભળ્યું ! એ ( દાક્તર ) કહે, મહારાજ ! અમારું સોલેરિયમ જુઓ, તમને દાખલામાં ( દૃષ્ટાંત દેવામાં ) કામ લાગશે, ગયા હતા ( અમે ) જોયું તો આટલું તો સ્ફટિક હતું, એક મોટું એની પાસે સ્ફટિકરતન, એ સ્ફટિકરતન સ્વભાવે સ્વચ્છ હોય છે. છે ?

"સ્ફટિકની સ્વચ્છતાના પરિણામવિકારની જેમ"- પણ એ સ્વચ્છતાના પરિણામમાં વિકાર થાય છે. છે તો સ્વચ્છતાનું પરિણામ છે એનામાં પણ સ્ફટિકની સ્વચ્છતાના પરિણામ હોવા છતાં પણ, પરિણામવિકાર અંદર થાય છે. કેમ ? પરને લીધે-પરની ઉપાધિથી, પરને લીધે નામ પર નિમિત્ત છે, એ પરની ઉપાધિથી ઉત્પન્ન થતો દેખાય છે, સ્ફટિક ( સ્વભાવથી ) નિર્મળ હોવા છતાં પણ નિમિત્તની ઉપાધિથી, એમાં વિકાર જોવામાં આવે છે. શું એ કહે છે-"તે સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે."

"જેમ સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ-પરિણમનમાં સામર્થ્ય ( -સમર્થપણું ) હોવા છતાં" અહીં ( પહેલાં ટીકામાં ) આવ્યું'તું ને ! "પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે" -નિજરસથી સર્વ વસ્તુનું પોતાનું સ્વભાવભૂત સામર્થ્ય હોવાથી, એમ સ્ફટિકમાં પણ-સ્ફટિકમણિમાં સ્વચ્છતાના સ્વરૂપ-પરિણમનમાં-નિર્મળ-નિર્મળ પરિણમનમાં-ઉજ્જવળતારૂપ સ્વરૂપ-પરિણમન કરવાનું સામર્થ્ય હોવા છતાં પણ સ્ફટિકનું પોતાના નિર્મળ પરિણામ-સ્વચ્છ પરિણામ હોવું એવું સામર્થ્ય છે, એવું હોવા છતાં "કદાચિત્ સ્ફટિકને"-સ્ફટિકની પાસે-નજીક, "કાળા, લીલા અને પીળા એવા

તમાલ, કેળ અને કાંચનના”-કાળા તમાલ, લીલી કેળ, પીળું સોનું એ ત્રણ ચીજ મૂકવામાં આવે જોડે ( -એ ત્રણ પાત્રરૂપી આધારનો સંયોગ હોવાથી ), શું કહે છે ? આ તો ભાઈ ! સંસારના ચોપડા જોવામાં બહુ જોઈએ હોંશિયારી, આ ચોપડા જુદી જાતના છે ! આહા !

( કહે છે કે ) “જેમ સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું હોવા છતાં, કદાચિત્ ( સ્ફટિકને ) કાળા, લીલા અને પીળા એવા તમાલ, કેળ અને કાંચનના પાત્રરૂપી આધારનો સંયોગ હોવાથી,”

સ્ફટિકની સ્વચ્છતા સ્વરૂપ પરિણમનમાં ( પરિણમવાનું ) સામર્થ્ય હોવા છતાં પણ કદાચિત્ કાળા તમાલપત્ર છે કાળા ( હોય છે ) જો એ સ્ફટિક પાસે રાખો તો અંદર ઝાંય કાળી થઈ જાય છે-સ્ફટિકમાં કાળી ઝાંય, કાળા તમાલપત્ર જો નજીકમાં રાખો તો સ્ફટિકમાં કાળી છાંય ( ઝાંય ) પડે છે. હવે કેળ-આ કેળના પાંદડા, આ કેળ-કેળાં ( ના ઝાડ ) કેળ હોય છે ને, એનાં પાન લીલા રંગના, જો સ્ફટિક પાસે ( નજીક ) રાખો તો એ રંગની ( સ્ફટિકની ) અંદર લીલી ઝાંય દેખાય છે-સ્ફટિકની નજીકમાં જો કેળના પાન હોય-કેળના પાન ઉપર સ્ફટિક રાખ્યું હોય તો સ્ફટિકમાં લીલા રંગની છાય ( ઝાંય ) દેખાય છે-એ ઉપાધિ છે. આહાહા !

બે ( દૃષ્ટાંત થયા ) હવે ત્રીજું-સોનું, સોનાના વાસણમાં સ્ફટિક મૂકો, સોનાની ઝાંય સ્ફટિકમાં પોતાની યોગ્યતાથી ઝાંય દેખાય છે, પીળી ( ઝાંય ) સ્ફટિક તો સ્વચ્છ છે અને સ્વચ્છ ( પણે ) પરિણમવાની તાકાત છે, એવું હોવા છતાં પણ કાળા, લીલા અને પીળા એ ત્રણના સંગથી-તમાલ, કેળ અને સોનું એ ત્રણના સંગથી, કાળી, લીલી ને પીળી ઝાંય ( ઝલક ) સ્ફટિકમાં દેખાય છે. એ ઉપાધિ છે. આવી વાતું હવે, વાણિયાને નવરાશ ન મળે ધંધા આડે ને ! એમાં આવો મારગ !

ઓલો કહે છે ને, એક સાંભળ્યું છે એ બલુભાઈ ? એક જાપાનમાં ઐતિહાસિક છે, સડસઠ ( ૬૭ ) વરસની ઉંમરનો, મોટો ઐતિહાસિક, બધાં શાસ્ત્રો-ખૂબ શાસ્ત્રો જોયેલાં લાખ્ખો, અને એનો છોકરો છે જુવાન, બેય ઐતિહાસિક છે. એનું લખાણ આવ્યું’તું એતિહાસિક મોટો, ઐતિહાસિક ૬૭ વરસની ઉંમરનો, એણે એમ કહ્યું કે, અરે ! જૈનધર્મ એટલે શું ? એણે બહુ શાસ્ત્રો વાંચેલા ઘણાં, જૈનધર્મ એ અનુભૂતિ છે-આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે પ્રભુ ! એનો અનુભવ કરવો એ જૈનધર્મ છે, એમ લખ્યું છે.

પણ પછી હવે આવે છે-ભગવાન આત્મા શુદ્ધચૈતન્યઘન છે, એનો અનુભવ કરવો-વીતરાગપર્યાયનું વેદન કરવું, એ જૈનધર્મ છે. આવું ( લખાણમાં ) લખ્યું છે. પછી ( લખે છે કે ) પણ આ જૈનધર્મ વાણિયાને મળ્યો, ઐતિહાસિક મોટો ઐતિહાસિક, હમણાં ( તેમનું લખાણ-લેખ ) આવ્યું ’ તું, વાણિયાને વેપાર આડે નવરાશ ન મળે ધંધામાં ! એ શાંતિભાઈ ? તેથી એ અનુભૂતિ કરવાનો વખત મળતો નથી એને ! આહાહા ! વેપાર.. વેપાર... વેપાર.. મોટો હોય એને મોટો વેપાર ! ( શ્રોતાઃ- પણ એ કમાય છે ને કમાણી કરે છે ને ! ) ધૂળમાં, કમાણો શું, હમણા કેને કહેવાય ? પૈસા ( રૂપિયા ) તો પૂર્વના પુણ્યના કારણે આંહી દેખાય ( ને માને કે ) મારા છે, એ મહાઅજ્ઞાન ભ્રમ છે. ( પૈસા ) જડ છે એ ચૈતન્યના કયાં થાય છે ? અજીવ છે એ જીવના કેમ થાય ! આહાહા.... આકરી વાત છે ભાઈ ! આ તો વીતરાગ મારગ છે !

એ આંહી કહે છે કે વ્યાપારી માણસને વેપાર આડે નવરાશ નહીં-ફુરસદ નહીં, બસ આ કર્યું ને... આ કર્યું ને.. આ કર્યું, થોડી ફુરસદ મળે તો છ-સાત કલાક તો ઊંઘમાં જાય બે-ચાર કલાક બાયડી-છોકરાંવને રાજી કરવામાં જાય, આહાહાહા ! અરરર જિંદગી ચાલી જાય છે ! આ ધર્મને નામે જાય તો આ વ્રત કરોને અપવાસ કરો ને આ કરોને, એ તો બધી રાગની ક્રિયા, એમાં જાય ત્યાં તો એમાં સમય ચાલ્યો જાય ! આ આત્મા અંદર ભગવાન છે, એ દયા-દાનનાં વિકલ્પથી-રાગથી પણ ભિન્ન, એને સમ્યગ્દર્શન ને અનુભવ કરવાનો વાણિયાને વખત મળતો નથી ! તમારું બધું પોગળ લખ્યું છે એણે, વાણિયા એટલે તમારું બધાનું વેપારીનું-વેપારી તો ખોજાય વેપારી કહેવાય, વેપાર કરે ઈ વાણિયા, વાણિયા એટલે ( વ્યાપાર ) ખોજા કરે, લોહાણા કરે, ખોજાય વ્યાપાર કરે ને એટલે એ બધાં વેપાર કરે તે ( વાણિયા ) કાંઈ ખબરું ન મળે ! માથે જે કહે તે હા, પરને મદદ કરો કહે હા, પણ મદદ કરી શકાતી નથી ત્રણ કાળમાં પરને-આહાર-પાણી દ્યો, સુખી કરો, સગવડતા આતો તો કહે હા, ( અરે ભાઈ ! ) કોણ સગવડતા આપે, અગવડતા છોડી દ્યો કોણ આપે ને કોણ છોડે પ્રભુ ! આહાહા !

એ અહીં કહે છે કે સ્ફટિકની સ્વચ્છતાનો સ્વભાવ સામર્થ્ય તો તે સ્વચ્છતા થવાની છે, પણ એને તમાલ, કેળ અને સોનું એ ત્રણના ત્રણ રંગની ઝલક અંદર ( સ્ફટિકમાં ) દેખાય છે. કાળી, લીલી ને પીળી એ સ્ફટિકનો સ્વભાવ નથી. એ તો સ્ફટિકમાં ઉપાધિ છે. એમ આ ભગવાન આત્મા છે ને ? આ કાળા, લીલા ને પીળા એવા તમાલ, કેળ અને કાંચનના પાત્રરૂપી આધારનો સંયોગ હોવાથી સ્ફટિકની સ્વચ્છતાનો કાળો, લીલો અને પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે-ત્રણ પ્રકારનો વિકાર સ્ફટિકમાં જોવામાં આવે છે, ત્રણ પ્રકારના પાત્રમાં રાખવાથી, પાત્રની ઝાંય ( ઝલક ) એમાં પોતાની પર્યાયમાં-પર્યાયની યોગ્યતાથી દેખાય છે. આહાહા ! એ તો દૃષ્ટાંત થયું ( હવે ) સિદ્ધાંત.

"તેવી રીતે આત્માને અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે. જુઓ કોનો સ્વભાવ મોહનો" આહાહા... ! એવા અન્ય-વસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી, શું કહે છે ? મિથ્યાશ્રદ્ધા ( ઊંધી શ્રદ્ધા ) મિથ્યાજ્ઞાન ( ઊંધું જ્ઞાન ) અને અવિરતિ એટલે રાગ-દ્વેષનો અનિવૃત્તિભાવ એટલે નિવૃત્તિ નહીં, એવો અન્ય વસ્તુભૂત મોહ અન્ય વસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી આત્માના ઉપયોગમાં હોવાથી, જેમ સ્ફટિકમાં કાળા, લીલા ને પીળા રંગની ઝાંય ત્રણ ( પ્રકારની ) તેના આધાર દેવાથી કાળી, લીલીને પીળી ઝાંય ( સ્ફટિકમાં ) દેખાય છે એ ઉપાધિ છે, એમ ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપી પ્રભુ ! એમાં ( ઉપયોગમાં ) મોહના સંગથી મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યાઆચરણ-રાગ એ ત્રણે એના પરિણામવિકારમાં દેખાય છે. આહાહા ! ભાષા તો સાદી છે. પણ હવે સાદી ભાષા-ભાષામાં તો એવું કાંઈ સંસ્કૃત ને વ્યાકરણ ને એવું નથી. આહાહા !

( કહે છે કે ) એ મોહનો સંયોગ થવાથી, સ્ફટિકમાં જેમ કાળા, લીલા ને પીળા સોનાને સંયોગ થવાથી જેમ કાળી, લીલીને પીળી ઝાંય ( સ્ફટિકમાં ) દેખાય છે, એ સ્ફટિકની ઉપાધિ છે. એ સ્ફટિકનો સ્વભાવ નથી. એમ ભગવાન આત્મા આનંદના પ્રકાશની મૂર્તિપ્રભુ, ચૈતન્યના પ્રકાશનો સાગર ભગવાન, એની પર્યાય-પરિણામમાં નિર્મળ પરિણામ કરવાની તાકાત હોવા

છતાં પણ, મોહનો સંગ કરવાથી એની પર્યાયમાં-ચૈતન્યના ( ઉપયોગમાં ) ત્રણ પ્રકારનો વિકાર ભાસે છે-મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને રાગ-દ્વેષના પરિણામ.

( શ્રોતાઃ- મોહકર્મ દેખાય તો નહીં પછી સંયોગ કેમ કહ્યો ? ) મોહકર્મ-જડકર્મનો સંયોગ દેખાય નહીં ( કર્મ દેખાતાં નથી ) પણ પોતાના સ્વભાવ તરફનું લક્ષ નહીં, ( તેથી ) એ લક્ષ કરે છે પર ઉપર-પર ઉપર કરે છે તો પર ( છે એમ કોણ કહે જાણે ? ) કોણ મોહ ભલે એ ખ્યાલમાં ન આવે, પણ ખ્યાલમાં એમ તો આવે છે કે મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાવર્તન એ તો ખ્યાલમાં આવી જાય છે. તો એ નિમિત્તના સંગથી-નિમિત્તના કારણે ( નિમિત્તને વશ પોતે થવાથી ) ઉપાધિ ( દુઃખ ) દેખવામાં આવે છે. એનાથી ( નિમિત્તથી ) થતું નથી. થાય છે તો પોતાથી ( આત્માથી ), સ્ફટિકમાં કાળી, લીલી, પીળી ઝાંય, સ્ફટિકની પોતાની યોગ્યતાથી થાય છે. પરને કારણે નહીં-પર તો નિમિત્તમાત્ર છે. ( શ્રોતાઃ- પણ પર હોય તો થાય છે ને )! એ નહીં, નહીં, એ નહીં, પર હોય તો થાય-પર હોય તો થાય એ નહીં. આંહી થાય ત્યારે પર હોય છે એટલું !

જુઓ ! ન્યાય જુઓ ! આ લાકડી છે આંહી, આંહી ( લાકડીની નીચે ) કેળનું પાન મૂકો તો કેળના પાનથી આમાં લીલી ઝાંય નહીં પડે, કેમ કે આમાં ( લાકડીમાં ) યોગ્યતા નથી. સમજાણું કાંઈ ? કેળ નીચે કેળનું પાન રાખો, સોનું રાખો, સોનું તો આમાં પીળી ઝાંય નહીં પડે અંદર કેમ કે આની યોગ્યતા નથી. આમાં નીચે ( એ પાત્ર-આધાર ) રાખો તો આમાં ( લાકડીમાં ) ઝાંય નહીં પડે. સ્ફટિકની નીચે રાખો તો સ્ફટિકની પોતાની યોગ્યતાથી અંદર ઝાંય પડે છે. પરના કારણે ( ઝાંય ) નહીં. આ દેખો, આ જુઓ ! આ-આ છે તો અહીં ઝાંય પડે છે ને તે એની યોગ્યતાથી ( પડે છે ને ) આને આમ નીચે રાખો તો ઝાંય નહીં પડે, કારણકે એનામાં યોગ્યતા નથી. ઝીણી વાત ભાઈ ! સમજાણું કાંઈ... ? ( શ્રોતાઃ- એ આવ્યું ત્યારે ઝાંય પડીને ? ) નહીં, નહીં, એ ઝાંય પડવાની યોગ્યતાથી થઈ, એ તો નિમિત્ત કહેવામાં આવે છે. તે માટે તો દાખલો આપ્યો. આહાહા ! શું કરે ભાઈ પ્રભુનો મારગ... આવો મારગ છે. પાંચમું સમણસૂત્ર આવે છે ને, એમાં આવે છે આ, 'ઇણમેવ પણ અર્થની કાંઈ ખબર ન મળે સાંજ-સવાર પડિક્કમણા કરે, ઘડિયા હાંકયે રાખે ( શ્રોતાઃ- ગોળ અંધારે ખાય ) ગોળ હતો કે દિ' પણ ત્યાં છાણ હતું ! આહાહા !

અહીંયા કહે છે કે આત્માનો સ્વભાવ તો સ્વચ્છ-નિર્મળ-શુદ્ધ-વીતરાગભાવપણે પરિણમવાનો છે એ એનું સામર્થ્ય છે, એવું હોવા છતાં પણ મોહનો સંગ કરવાથી, મોહથી નહીં, કર્મથી નહીં પણ એનો સંગ કરવાથી, પોતાની ( આત્માની ) પર્યાયમાં મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રની પરિણતિ-ચૈતન્યવિકાર જોવામાં આવે છે. આરે ! આવી વાતું હવે, કહો, રતિભાઈ ? આવી વાતું છે ! ભાષા તો સાદી છે પ્રભુ ! ભાવ.. મારગ તો પ્રભુનો એવો ( શ્રોતાઃ- આ ભાવો અજાણ્યા છે એટલે કઠણ તો લાગે ! ) કદી કર્યુંજ નથી, કદી સાંભળ્યું નથી. આહાહા ! અનાદિ અજ્ઞાનભાવે ચલાવ્યું છે. આહાહાહા ! સાધુય અનંતવાર થયો ( નગ્ન ) દિગંબર સાધુ હોં ? વસ્ત્રસહિત સાધુ એ તો કુલિંગી છે પણ ( આ તો ) દ્રવ્યલિંગી નગ્નપણું પંચ મહાવ્રતધારી પણ અનંતવાર લીધું પણ એ તો બાહ્ય ક્રિયા-જડ-રાગ તો વિકાર છે. રાગની ક્રિયામાં ધર્મ માન્યો તો મિથ્યાત્વ છે. આહાહાહા !

બલુભાઈ જેવાએ અપવાસ કર્યાં–વરસીતપ ! એટલે થઈ ગઈ નિર્જરા ? ધૂળેય નિર્જરા નથી. કાળ ગયો મફતનો, એ... ઈ બલુભાઈ ? આહાહાહા ! કેમ કે હું ત્યા કરું છું પર વસ્તુનો ત્યાગ, તો પરવસ્તુનો ત્યાગ તો આત્મામાં પર ( વસ્તુ ) છે જ નહીં, એનો તો ત્યાગ જ છે ને મેં ત્યાગ કર્યો ( એમ માન્યું ) એ તો મિથ્યાશ્રદ્ધા છે. સમજાણું કાંઈ ? ધૂળેય નથી, એક પાઈએ નથી એની પાસે, એની પાસે રાગ જે છે એ રાગનો અંશ પણ એના સ્વરૂપમાં નથી. મોટર–ફોટર તો કયાંય રહી ગઈ એની. આહાહાહા ! રાતે દાખલો નહિ, બલુભાઈ કીધો 'તો ઓલા ઇરાનના બાદશાહને ( દેશમાંથી ) હાંકી મૂકયો તો એની પાસે બેહજાર કરોડ ડોલર લઈને વયો ગયો, પણ એમાં ધૂળમાં શું ? મરીને નરકે જવાના. કારણકે એ તો આરબ–મુસલમાન માંસ ખાય–માછલાં ખાય, અરરર... જૂઠા બોલે, ચોરી કરે, વિષયસેવન મહાતીવ્ર ગૃદ્ધિથી, પરમાં સુખ માનીને પરમાં સુખ છે નહીં ને પરમાં સુખ છે એમ માનીને વિષય લ્યે છે તો મિથ્યાદૃષ્ટિ છે–અજ્ઞાની છે, જૈન નહીં. આહાહાહા ! સમજાણું ?

પરમાં સુખ છે–પૈસામાં સુખ છે–સ્ત્રીમાં સુખ છે–કુટુંબમાં સુખ છે–બહોળા કુટુંબ બાર–બાર દિકરા, બારભાયા છે ને આપણે વીંછીયામાં નહિ બારભાયા છે–વીંછીયા, બાર છોકરાઓ અને એ બાર–બાર છોકરાંઓને મોટું લશ્કર બારભાયા છે ને ! આપણે વીંછીયામાં છે ને, વીંછીયામાં તો અમે ઘણી વાર ગયા છીએ ને ! એ તો ઠીક પણ ચક્રવર્તીને જુઓ, ભરતચક્રવર્તી ( ને ) બત્રીસ હજાર તો દિકરી, ચોસઠ હજાર તો દિકરા ( અને ) બત્રીસ હજાર દિકરી ( ને ) બત્રીસ હજાર જમાઈ, ચોસઠ હજાર દિકરા ને ચોસઠ હજાર, સ્ત્રી ( પત્ની ) અરે ! એને પોતાને છન્નું હજાર સ્ત્રી છતાં એ ભરત ચક્રવર્તી સમ્યગ્દૃષ્ટિ હતા એક પણ ચીજ મારી છે એમ એ માનતા નહીં, ( આવી ) માન્યતા કરવી એ કાંઈ સાધારણ વાત છે ! !

એ આત્મસ્વભાવ ઉપર દૃષ્ટિ પડતાં હું જ્ઞાનસ્વરૂપ–આનંદસ્વરૂપ છું તો કોઈ રાગ આદિ મારી ચીજ નહીં, એવી માન્યતા અંદરથી થાય છે. ( આહા ! ) એ માન્યતા ! છન્નું હજાર સ્ત્રી, એક મોટી ( મુખ્ય ) સ્ત્રી ચક્રવર્તીની ( જેની ) એક હજાર દેવ સેવા કરે, એ સ્ત્રીની છતાં અંદરમાં ( સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી માને કે ) અરે, હું તો પ્રભુ આત્મા આનંદજ્ઞાન સ્વરૂપ હું તો ( અને ) રાગ જે થાય છે એ હું નહીં તો આ પરવસ્તુ મારી કયાંથી આવી ? ( મારે એની સાથે કંઈ સંબંધ જ નથી. ) આહાહાહા !

જેમ વીસ વરસનો જુવાન દિકરો હોય અને ચાલીસ વરસની ( તેની ) માતા હોય, એને દેખીને જેમ ( દિકરાને ) વિષયની વાસના ( ઉત્પન્ન જ ) ન થાય. થાય ? મારી જણેતા છે, જેમ એને જોતાં તો એને માનો પ્રેમ આવે પણ વિષયની વાસના ન આવે, મારી જનેતા છે હું નવ મહિના એની કુંખે રહ્યો છું મારી મા છે, ભલે જુવાન છે. એને દેખતાં પણ એને માનો પ્રેમ આવે પણ વિષયની વાસના ન આવે, એમ જ્ઞાનીને જગતના પદાર્થો દેખીને મારા છે એમ માન્યતા ન આવે. આહાહાહા ! ( શ્રોતાઃ– જ્ઞાનીને શિષ્ય ઘણાય હોય ) શિષ્ય ઘણાંયે ઠીક, એને શિષ્ય એકેય હોય નહીં, કોણ ગુરુને કોણ શિષ્ય ! લોકો કહે આટલા શિષ્ય છે. આહા ! આકરી વાતું બાપા ! ભગવાનને આટલા શિષ્ય હતા બોલાય–ભાષા, બોલાય, નિમિત્ત સમજાવે એ, કોના શિષ્ય ને કોના ગુરુ ? આકરી વાત છે ભાઈ !

આંહી કહે છે ( લ્યોને ! ) ઋષભદેવ ભગવાન જેમને મતિ, શ્રુત, અવધિ ત્રણ જ્ઞાન, ત્યાંસી લાખ પૂર્વ રહ્યા સંસારમાં, આત્મજ્ઞાની હતા-ત્રણ જ્ઞાન હતા ! નોઆખલીમાં, નોઆખલી શું કહેવાય ? નોઆખલીમાં બહુ તકરાર થઈ'તી મુસલમાનની ને હિન્દુઓની, ગાંધીજી ( મોહનદાસ કરમચંદ ગાંધી ) ગયા હતા, ખબર છે ને બધી વાતુંની, આંહી તો ઘણી વાતો આવે, પછી ત્યાં આગળ એ મુસલમાન એવું કરે, આહાહાહા ! ( બળજબરીથી ) પચીસ-ત્રીસ વરસનો જુવાન છોકરો, પીસતાલીસ-પચાસ વરસની ઉંમરની એની મા, બેયને નાગા કરી અને આમ વિષય લેવા દબાણ કરે ! અરર એને થાય અરરર ! આ જમીન મારગ આપે તો સમાય જાઉં, અરરર ! આ શું કરે છે, ભાઈ ! બહેનને ભાઈ ભેગા કરી બેયને નાગા કરે ! ! એમ આત્માને જ્ઞાનને આનંદનું ભાન થતાં ( અતીન્દ્રિયઆનંદનો સ્વાદ લેતાં ) જગતની કોઈ ચીજ મારી છે ( એમાં સુખ છે ) એવી માન્યતાનો વિકલ્પ એને થતો નથી. હું તો મારામાં સમાય જાઉં એવી ચીજ છે, બહારમાં મારી કોઈ ચીજ છે નહીં. આહાહાહા ! મારગ બાપુ વીતરાગ મારગ બહુ જુદી જાત છે ! આહાહાહા !

અહીંયા એ કહે છે કે "અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ જેનો સ્વભાવ છે એવા અન્ય-વસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી, આત્માના ઉપયોગનો"-આત્માના ઉપયોગમાં જાણવા-દેખવાના પરિણામમાં મિથ્યાદર્શન થાય છે-મિથ્યાશ્રદ્ધા. આહાહાહા ! -પરમાં સુખ છે એવી મિથ્યાશ્રદ્ધા થાય છે અજ્ઞાનીને, પર મારા છે એવી મિથ્યાશ્રદ્ધા થાય છે. હું પરનું કંઈક બગાડી શકું છું ( સુધારી શકું છું ) એવી મિથ્યાશ્રદ્ધા અજ્ઞાનીને હોય છે. ઓહોહોહો !

"મિથ્યાજ્ઞાન" -અજ્ઞાન, અવિરતિ-રાગદ્વેષ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો." જોવામાં આવે છે, એવો ( વિકાર ), સ્ફટિકમાં જેમ ત્રણ પ્રકારનો વિકાર જોવામાં આવે છે તેમ આત્મામાં ભગવાન સ્વભાવમાં કર્મનો સંયોગ કરવાથી, એ તો મોટો પ્રશ્ન થયો હતો ને ! 'સંગ એવ' - 'સંગ એવ' ઓલા કહે સંગથી થાય, આ કહે છે 'સંગ એવ' -સંગ પોતે કર્યો માટે ( વિકાર ) થાય છે. મોટો પ્રશ્ન થયો'તો ત્યાં ( ગણેશપ્રસાદજી ) વર્ણીજી પાસે મોટા વિદ્વાન ( પંડિત ) બંસીધરજી હતા, તે પછી અહીં આવ્યા હતા આંહી, પછી કબૂલ કર્યું કહ્યું કે બરાબર છે. -પરનો સંગ કર્યો માટે ( વિકાર ) થયો, પરથી નહીં. પરનો સંગ કર્યો તેથી થયો છે-મોહનો સંગ કરવાથી મિથ્યાશ્રદ્ધા ને મિથ્યાજ્ઞાન આદિ થાય છે. કર્મને કારણે મિથ્યાશ્રદ્ધા આદિ થાય છે, એવું નથી. પરદ્રવ્યથી પરમાં કંઈપણ થતું નથી. એક દ્રવ્ય, બીજા દ્રવ્યમાં કંઈ કરી શકતું નથી. આહાહા ! આવી વાત છે આ !

પણ અજ્ઞાની ( ને ) અનાદિ ત્રણ પ્રકારનો પરિણામવિકાર થાય છે એમ સમજવું. અજ્ઞાનીને આ ત્રણ પ્રકારનો વિકાર હોય છે. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર-અવિરતિભાવ. એ તો દૃષ્ટાંત છે-જેમ કાળી, લીલી, પીળી એમ ત્રણ પ્રકાર પાડવા છે ત્રણ, ( એમ ) અહીંયા ત્રણ પ્રકાર થયા એમાં નિમિત્ત પણ ત્રણ પ્રકારના છે અહીં, મિથ્યાશ્રદ્ધામાં દર્શનમોહ નિમિત્ત છે, અજ્ઞાનમાં જ્ઞાનાવરણીયનું નિમિત્ત છે અને અવિરતિમાં ચારિત્રમોહનું નિમિત્ત છે. શું કીધું ? ફરીથી, એમ કે સ્ફટિક જે છે સ્વચ્છ એને તો ત્રણ પ્રકાર થયા, કાળું તમાલ તમાલના પત્ર કાળા છે-હોય છે. લીલી કેળ, પીળું સોનું એ ( ઝાંયના ) ત્રણ પ્રકાર થયા, ત્રણ

પ્રકારની છે. તો આત્મામાં ત્રણ પ્રકાર મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર ( એ ) ત્રણ પ્રકાર, શું આવ્યું ને કે ત્રણપ્રકાર જડમાં નિમિત્ત આવ્યા, ( અહીં ) મિથ્યાશ્રદ્ધામાં દર્શનમોહનું નિમિત્ત, મિથ્યાજ્ઞાનમાં જ્ઞાનાવરણીયનું નિમિત્ત, અજ્ઞાન નિમિત્ત અને મિથ્યાચારિત્રમાં ચારિત્રમોહનું નિમિત્ત !

હવે આવું બધું, હવે કયાં માણસને નવરાશ. બલુભાઈ ? ( શ્રોતાઃ–નવરાશ લઈને આવ્યા છે. ) આવ્યા છે બાબુભાઈને લઈને આવ્યા છે ને, મોટાભાઈને લાવ્યાને હારે, આવો મારગ બાપા ! શું કરીએ ભાઈ, પ્રભુનો મારગ કોઈ અત્યારે ફેરફાર બહુ થઈ ગયો છે ભાઈ ! આહાહા ! આ નેવાસી ગાથા ( થઈ. )

ભાવાર્થઃ– એનો ભાવાર્થ, “આત્માના ઉપયોગમાં એટલે કે આત્માના જાણવા દેખવાના ભાવમાં આ ત્રણ પ્રકારનો પરિણામ–વિકાર અનાદિ કર્મના ‘નિમિત્તથી’ છે.” –વિકાર મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યાઅવિરતિ અનાદિ ‘કર્મના નિમિત્તે’ છે, જોયું ? સંગ કર્યોને ! એમાં ( ટીકામાં ) સંયોગથી કીધું'તું ને, મોહના સંયોગથી, અહીં ( ભાવાર્થમાં ) નિમિત્તથી કહ્યું– ‘નિમિત્તથી’ એનો અર્થ થયો નિમિત્તથી ( વિકાર ) થયો નથી. પણ નિમિત્ત એ હતું, એનો સંગ કરવાથી–એનું લક્ષ કરવાથી, આત્મામાં ત્રણ પ્રકારનો પરિણામવિકાર થાય છે, કર્મના નિમિત્તથી... છે. એમ નથી કે એ પહેલાં શુદ્ધ જ હતો અને હવે તેમાં નવો પરિણામવિકાર થયો છે. શું કહે છે ? પર્યાયમાં પહેલાં ( આત્મા ) શુદ્ધ હતો ? –દ્રવ્યગુણ તો શુદ્ધ છે–દ્રવ્ય ને ગુણ તો શુદ્ધ જ છે ત્રિકાળ પણ પર્યાયમાં–અવસ્થામાં પહેલાં શુદ્ધ હતો ને પછી અશુદ્ધ થયો, એવું નથી. પર્યાયમાં પણ અશુદ્ધતા અનાદિની છે. આહાહા ! સમજાણું કાંઈ... ? આવી વાતું. ઓલું તો વ્રત પાળો, અપવાસ કરો, મહિના–મહિનાના માસખમણ કરે ને ! એમાં સમજાય તો ખરું ! કાંઈ ? શું ધૂળ છે ત્યાં અજ્ઞાન છે. હું પરનો ત્યાગ કરી શકું છું એવો જે ભાવ આવ્યો રાગ ને એ ધર્મ છે ( એ તો ) મિથ્યાત્વ છે. આહાહાહા ! એ મિથ્યાત્વના ગર્ભમાં આગળ અનંત જન્મ–મરણ કરાવવાની તાકાત છે એ મિથ્યાશ્રદ્ધા ! બહુ આકરી વાત છે બાપા ! આહાહા !

( કહે છે ) “એમ નથી કે પહેલાં એ શુદ્ધ જ હતો” કોણ ? પર્યાય હો, દ્રવ્ય–ગુણ તો શુદ્ધ જ છે ત્રિકાળ, પર્યાયમાં શુદ્ધ જ હતો ( આત્મા ) અને હવે તેમાં નવો પરિણામવિકાર થયો છે. પરિણામવિકાર નવો થઈ ગયો એવું છે નહીં. શું કીધું ? કે ભગવાન આત્મા દ્રવ્ય એટલે વસ્તુ–ગુણ એટલે શક્તિસ્વભાવ, એ તો શુદ્ધ ત્રિકાળ શુદ્ધ. હવે એની પર્યાય જે પરિણામ–અવસ્થા છે ( વર્તમાન ) એ અવસ્થા શુદ્ધ હતી ને પછી અશુદ્ધ થઈ ગઈ એમ નથી. એ પર્યાયમાં અશુદ્ધતા અનાદિની છે. સમજાણું કાંઈ ?

( શ્રોતાઃ– દૃષ્ટાંત તો સ્ફટિકનું દીધું છે ! ( સ્ફટિક સ્વચ્છ છે. ) દૃષ્ટાંત દીધું ને એ તો ! સમજાવવા માટે દીધું છે. સ્ફટિક શું પહેલાં શુદ્ધ હતું ? સ્ફટિક શુદ્ધ પહેલાંથી જ નહોતું, એ તો સંગમાં છે, તો કાળી, લીલી, પીળી ( ઝાંયવાળો ) જ હતો, નહિતો સ્વભાવ છે એમ કહ્યું સંગના કારણે એ લીલો, પીળો પર્યાયમાં હતો–પર્યાયમાં એ લીલી–પીળી છે, એ તો દૃષ્ટાંત છે અહીં તો, અહીં એમ જ કહ્યું !

( કહે છે ) આત્માનો નિજરસથી જ શુદ્ધ પરિણમવાનો સ્વભાવ છે અને સ્ફટિકનો તો

સ્વચ્છ હોવાનો જ સ્વભાવ છે, પણ સંગમાં છાંય ( ઝાંય ) દેખાય છે, કાળી, લીલી, પીળી એમ ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશની મૂર્તિ પ્રભુ, કોટા-કોટિ સૂર્ય હોય તોપણ એ પ્રકાશથી પ્રભુ ચૈતન્યનો પ્રકાશ અનંત અનંત અનંત અનંત છે, એવો ચૈતન્યપ્રકાશની મૂર્તિ પ્રભુ ( આત્મા ) પોતાનામાં નિર્મળ પરિણમન કરવાની તાકાત રાખે છે, એવું હોવા છતાં પણ, પરિણમન પહેલાં શુદ્ધ હતું અને પાછળથી અશુદ્ધ થયું એવું છે નહીં, અનાદિની પર્યાય બગડેલી ( અશુદ્ધ ) છે.

પહેલાં એવું કહ્યું ને કે ( સર્વ ) વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે-પોતાના સ્વભાવરૂપ પરિણમવાનું સામર્થ્ય છે, શુદ્ધ પરિણમવાનું સામર્થ્ય ( શક્તિ-તાકાત ) પણ શુદ્ધ છે પર્યાયમાં એમ નહીં. શું કીધું ? આત્મામાં જ્ઞાન-આનંદઆદિ જે સ્વભાવ છે તો એમાં શુદ્ધ પરિણમન કરવાનો સ્વભાવ છે ( શક્તિ છે ) પણ પર્યાયમાં શુદ્ધ છે એવું છે નહીં, પણ સ્વભાવ એવો હોવા છતાં પણ, મોહના સંગથી મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને રાગ-દ્વેષ-અવિરતિના પરિણામ-ચૈતન્ય પરિણામનો વિકાર, ( એ ) ત્રણ પ્રકારની અશુદ્ધતા એમાં ( પર્યાયમાં ) ઉત્પન્ન થાય છે. ( શ્રોતાઃ- કર્મ હતા તો અશુદ્ધિ આવીને કર્મ ગયા તો અશુદ્ધિ ચાલી ગઇ તેમ છે ) બિલકુલ જૂઠ વાત છે. પોતે સંગ કર્યો ને સંગ છૂટી ગયો તેથી નિર્મળ થયો. આહાહા ! ઝીણી વાત છે ભાઈ !

ફરીને, આ અશુદ્ધતા જે પોતાનામાં છે પર્યાયમાં અનાદિથી ( છે ) એ તો અનાદિથી પોતાનામાં છે, અને એ તો એમાં 'મોક્ષમાર્ગ પ્રકાશકમાં' લીધું છે ને ! 'અનાદિમાં નિમિત્તનો પ્રશ્ન ન હોય' ભાઈ, એમાં આવે છે 'મોક્ષમાર્ગ પ્રકાશકમાં' છે ને, ખબર છે ને એક વાતમાં બધી વાતનો ખ્યાલ હોય પણ બધી વાત હારે ( એક સમયે ) કહેવાય ? હજારો શાસ્ત્રો જોયાં છે-કરોડો શ્લોકો જાણ્યાં છે ! પણ એ વખતે ખ્યાલમાં તો અનેક વાતો હોય પણ એ વખતે તો, જે કહેવાની હોય તે આવે ને ! એમાં એ લીધું છે, કે અનાદિમાં નિમિત્ત હતું ને અનાદિ અશુદ્ધતા થઈ એવું છે નહીં. એ અશુદ્ધતા છે અનાદિથી બસ ! એ મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. સમજાણું કાંઈ... ? આ તો બાપા ! વીતરાગ જિનેશ્વરદેવની વાણી બાપા આ તો અલૌકિક વાતું છે ! અત્યારે તો બધું ગુપ્ત ( ગુપ્ત ) થઈ ગયું બધું ! સાધુને ખબર નથી, પંડિતોનેય ખબર નથી. ( શ્રોતાઃ- ગુપ્ત હતું એ આપે બહાર કાઢયું ! ) આ તો અંદર છે જ તે અંદર, આહાહાહા ! એ તો ( સંવત ઓગણીસો ) એકોતેરની સાલથી હું કહું છું, ચોમાસું એકોતેરનું હતું લાઠી, સીતેરમાં દીક્ષા, છાસઠ વરસ થયાં. દીક્ષાનું પહેલું ચોમાસું બોટાદ હતું, બીજું ચોમાસું લાઠી ( ગામમાં કર્યું )

બીજા ચોમાસામાં જ મેં કહ્યું હતું, અમારા ગુરુ હતા, અમારા ગુરુભાઈ હતા મૂળચંદજી, હીરા( ચંદજી ) મહારાજ, ત્રણ ઠાણાં, લાઠી વ્યાખ્યાન, આઠમ ને પુનમના પોષા કરતા હતા તે દિ' એ લોકો કરે ને ! અમારે વીરચંદભાઈના બાપ હતા કાનજી જશરાજ, બધાં પોષા કરતા તે દિ' ! વીરચંદભાઈ ? તમારો જનમ હતો એકોતેરમાં. ( શ્રોતાઃ- બાસઠમાં જન્મ છે ) ઠીક, ઠીક એકોતેરમાં કાનજીભાઈ પોષા કરતા 'તા-કાનજીભાઈ દેસાઈ, મોનજી દેસાઈ, ઓલો હરગોવિંદ, માણેકચંદ ડોસા ઓલા હરગોવિંદ નહીં, ખબર છે ને ! બધા આઠમ ને પુનમના પોષા કરે, પચીસ-ત્રીસ જણ, અમારા ગુરુ છે એ વાંચતા સવારે વ્યાખ્યાન પણ આઠમ પુનમના પોષા પચ્ચીસ-ત્રીસ, આખું ચોમાસું કરતા પણ આખી સભા ભરાય, પછી એ લોકો કહે કાનજીસ્વામી

વાંચે અત્યારે થોડું ઘણું એક કલાક તો વાંચે, એકોતેરની વાત છે. બપોરે વાંચતા એક કલાક ( અમે ) ત્યારેય ( મેં તો ) કહ્યું'તું એ વખતે "આત્મામાં વિકાર થાય છે એ પોતાથી થાય છે, કર્મથી નહીં" -ભગવતી વાંચતો તે દિ' -ભગવતી સૂત્ર છે ને ! સોળ હજાર શ્લોક અને એક લાખ ટીકા સંસ્કૃતની, બધું જોયું છે-ઘણીવાર જોયું છે ( વાંચ્યું છે ) -સત્તર વાર ( વાંચ્યું ) જોયું છે. એ વખતેય કહ્યું'તું, ખળભળાટ તો થઈ ગયો જરી, અમારા ગુરુ તો બિચારા સાંભળતા'તા હીરાજી મહારાજ ભદ્રિક ! કહે છે કંઈ'ક આ ! કે "આત્મામાં વિકાર જે થાય છે, એ કર્મથી નહીં- પોતાના ઉલટા પુરુષાર્થથી થાય છે અને સુલટા પુરુષાર્થથી વિકારનો નાશ કરે છે" -ભગવતીમાં છે, સંશય-સંશયનો અધિકાર છે, સાંભળતા'તા બધા કોઈ બોલે નહીં.

પણ જરી દામોદર શેઠ દામનગરવાળા પૈસાવાળા હતા ને તે દિ' દશ લાખ તે દિ' દસ લાખ એટલે અત્યારે હવે કિંમત ઘટી ગઈ, એની પાસે દસલાખ દામોદર જગજીવન ગોપાળજી, દશ લાખ, ચાળીશ હજારની ઉપજ તે દી' હોં ? એકોત્તેર, છાસઠ વરસ પહેલાં, એક દશહજારનું ગામ હતું ઘરે 'મુળિયાપાઠ' ઘરે ગામ પોતાને, આપણા વાણિયા દશાશ્રીમાળી ઘરે આરબ રાખતા ( ચોકીદાર ) ઘરે, બંદુક રાખતા દુકાને આપણા વાણિયા દશાશ્રીમાળી, છતાં એને ન બેઠી આ વાત, એણે આ વાત સાંભળી એટલે એને ઘડાકો લાગ્યો કે આવું કયાંથી કાઢયું ? અમારા ગુરુએ કોઈ દિ' કીધું નથી, હિરાજી મહારાજે કીધું નથી કાંઈ અમે સાંભળ્યુંય નથી ને આ નવું કયાંથી કાઢયું ? પછી એવી ઘરની વાતું કરે છે, એ એની પડાયું ઊડીને કયાં જશે ? એમ બોલતા, ગૃહસ્થ માણસ હતા પણ હું તો ગણું નહીં કોઈને, મોટો ગૃહસ્થ હોય તો એનાં ઘરનો, અમારે આંહીં શું છે ? તે દિ' કહ્યું'તું એકોતેરમાં, રાગ ને દ્વેષ અને મિથ્યાશ્રદ્ધા જીવમાં જીવ પોતે પોતાથી કરે છે, કર્મથી નહીં-એ તો તમારા બાપેય બેઠા હતા વ્યાખ્યાનમાં બધા-કાનજીભાઈ ને હરગોવિંદભાઈ ને ઓલો હરગોવિંદનો ભાઈ હતો ને જરી સાધારણ ખીમચંદ, બધા પોષા કરતા, એકોતેરની સાલની વાત છે. કેટલા વરસ થઈ ગયા ? ચોસઠ વરસ ! પણ અમને તો કાલ જેવું લાગે છે.

આહા ! ઘડાકાબંધ કીધું "આત્મામાં જે સંશય ને મિથ્યાત્વ થાય છે એ પોતાથી થાય છે, કર્મથી બિલકુલ નહીં અને એ મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગ-દ્વેષ પરિણામ પોતાના પુરુષાર્થથી નાશ કરી શકે છે. પોતાના ઉલટા પુરુષાર્થથી થાય છે અને સુલટા પુરુષાર્થથી નાશ કરે છે" એમ નગારા પીટીને વાત કરી'તી તે દિ' !! આઠ દિ' વંચાય, પોષા હોયને જ્યારે આઠમ ને પૂનમ સ્થાનકવાસીમાં ( અને આપણે ) દિગંબરમાં આઠમ ને ચૌદશ- આઠમ, ચૌદશ અને સ્થાનકવાસીમાં અમાસ અને પુનમ માને, આ લોકો ચૌદશ મોટી- ચૌદશ માને ! આ ચૌદશ છે ને કાલ, તો તે દિ' પોષા કરે ઘણાં લોકો કરે, આ મોનજી દેસાઈ, કયાં ગયા અમારા મનસુખભાઈ ? મોનજી દેસાઈ હતા મનસુખભાઈના બાપ, કોણ ? છગનભાઈ-છગન દેસાઈ, છગન દેસાઈના બાપ મોનજી દેસાઈ-આંહી તો ડોસાના ડોસા ચાર પેઢીને જાણીએ છીએ ને ! બધા પોષા કરવા બેસે બચારા-ભદ્રિક કાંઈ ભાન ન મળે ! ( શ્રોતાઃ- પોષા કરે તો ત્રણ રૂપિયા આપે ) અત્યારે ત્રણ રૂપિયા એટલે ( જૂના ) ચાર આના ! ધૂળમાંય નથી. અરે, અપવાસમાં બાપા એ તો બધી લાંઘણું છે ! આત્મજ્ઞાન જ જ્યાં નથી-

સમ્યગ્દર્શનની જ ખબર નથી, ત્યાં વળી પોષા ને સામાયિક કેવા એને ?

આંહી એ કહે છે આત્માના ઉપયોગમાં ત્રણ પ્રકારનો પરિણામ વિકાર અનાદિ કર્મના નિમિત્તથી, એમ નહિ કે પહેલાં એ શુદ્ધ જ હતો, કોણ ? શુદ્ધ જ હતી પર્યાય-પરિણામ શુદ્ધ હતા ને પછી ( પાછળથી ) અશુદ્ધ થયો, એમ નહીં. અને અત્યારે એમાં ( આત્મામાં ) નવા પરિણામ વિકારના થઈ ગયા એવું નથી. "જો એમ હોય તો સિદ્ધોને પણ નવો પરિણામવિકાર થવો જોઈએ." સિદ્ધ ભગવાન છે ને નમો સિદ્ધાણં નિર્મળ થયો તો હજી પર્યાયમાં શુધ્ધ અને પછી વિકાર હોય તો સિદ્ધમાં પણ થવો જોઇએ-અનંત સિદ્ધો છે ને અને પરમાત્મા 'નમઃ સિદ્ધાણં' મુક્તિશીલા પર બિરાજે છે અનંત સિદ્ધ ભગવાન, એ તો નિર્મળ છે જો નિર્મળ છે ને વિકાર થાય તો તેને પણ વિકાર થવો જોઇએ. તો એને પણ વિકાર થવો જોઈએ. સમજાણું કાંઈ ? જે ચણા છે ચણા-ચણા ( એને શેકીને ) દાળિયા થયા, એ પછી ઊગે, નહીં ઊગે ? દાળિયો ઊગે ? ( શ્રોતાઃ- માખણનું ઘી થાય પછી ઘીનું માખણ ન થાય ) ત્રણકાળમાં થાય નહીં. એમ જ્યાં આત્મામાં નિર્મળ પર્યાય ( પરિપૂર્ણ ) થઈ ગઈ, પછી મલિન થાય ? ત્રણ કાળમાં મલિન થાય નહીં.

અનાદિથી ( પર્યાય ) મલિન છે એ મલિનતાનો પોતાના સ્વભાવનો આશ્રય લઈને નાશ થશે તો પછી કયારેય મલિન પરિણામ થશે નહીં. મલિનતાનો નાશ કરવાનો ઉપાય કોઈ ક્રિયાકાંડ નહીં. આહાહા ! શુદ્ધસ્વભાવ ! એક સમયમાં ભગવાન આત્મા અનંત અનંત ગુણોનો ભંડાર ભર્યો છે. ( જેમ ) આકાશનો પાર નથી એમ ( આત્માના ) ગુણોની સંખ્યાનો પાર નથી, સાગરની ગંભીરતાનો પાર નથી એમ પ્રભુના અનંત ગુણોનો પાર નથી. આ પ્રભુ એટલે આ આત્મા અંદર હો, સૂર્યના પ્રકાશનું તેજ કોટા-કોટિ હોય તોપણ આ ચૈતન્યના તેજ-પ્રકાશનો પાર નથી, એવો જે ભગવાન આત્મા, અનાદિથી કર્મના ( મોહકર્મના ) સંગથી વિકારી પરિણામ કરે છે. પહેલાં વિકાર ( પર્યાયમાં ) નહોતો ને વિકાર કર્યો પર્યાયમાં એવું નથી. ( પર્યાયમાં વિકાર અનાદિ છે ).

પછી વિકારની પર્યાય, પોતાના શુદ્ધસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરવાથી પોતાના સ્વરૂપમાં રમણતા ( એકાગ્રતા ) કરવાથી વિકારનો-અશુદ્ધતાનો નાશ થાય છે, ફરીથી અશુદ્ધતા થતી નથી, ચણો શેકાઈ ગયો ફરીથી ઊગે નહીં, મીઠાશ આપે ને ઊગે નહીં. કાચા ચણા મીઠાશ આપે નહિ તુરાશ આપે ને ઊગે, પાકો ( શેકેલા ) ચણા તુરાશ આપે નહીં ને મીઠાશ આપે ને ઊગે નહીં, એમ ભગવાન આત્મા અજ્ઞાન ને રાગ-દ્વેષમાં આત્માનો આનંદ નહીં ને દુઃખ છે, તુરાશમાં અને એને લઈને ઊગે ( એટલે જન્મ-મરણ થાય ) અજ્ઞાનને લઈને મિથ્યાશ્રદ્ધાને લઈને જન્મે, પણ જેણે મિથ્યાશ્રદ્ધા-અજ્ઞાનનો નાશ કર્યો અને આત્માનો સ્વાદ ( આનંદ ) આવ્યો-અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો પછી ઊગે નહીં ( એટલે ) જન્મ-મરણ થાય નહીં. આહાહાહા ! આવી વાત છે. વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણવચન ગુરુદેવ )

## ગાથા - ૯૦

अथात्मनस्त्रिविधपरिणामविकारस्य कर्तृत्वं दर्शयति-

एदेसु य उवओगो तिविहो सुद्धो णिरंजणो भावो।
जं सो करेदि भावं उवओगो तस्स सो कत्ता।।९०।।

एतेषु चोपयोगस्त्रिविधः शुद्धो निरञ्जनो भावः।
यं स करोति भावमुपयोगस्तस्य स कर्ता।।९०।।

अथैवमयमनादिवस्त्वन्तरभूतमोहयुक्तत्वादात्मन्युत्प्लवमानेषुमिथ्यादर्शनाज्ञानाविरतिभावेषु परिणामविकारेषु त्रिष्वेतेषु निमित्तभूतेषु परमार्थतः शुद्ध-निरञ्जनानादिनिधन वस्तुसर्वस्वभूतचिन्मात्रभावत्वेनैकविधोऽप्यशुद्धसाञ्जनाने-कभावत्वमापद्यमानस्त्रिविधो भूत्वा स्वयमज्ञानीभूतः कर्तृत्वमुपढौकमानो विकारेण परिणम्य यं यं भावमात्मनः करोति तस्य तस्य किलोपयोगः कर्ता स्यात्।

---

હવે આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું દર્શાવે છેઃ-

એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;
જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.

**ગાથાર્થઃ-** [ **एतेषु च** ] અનાદિથી આ ત્રણ પ્રકારના પરિણામવિકારો હોવાથી, [ **उपयोगः** ] આત્માનો ઉપયોગ- [ **शुद्धः** ] જોકે ( શુદ્ધનયથી ) તે શુદ્ધ, [ **निरञ्जनः** ] નિરંજન [ **भावः** ] ( એક ) ભાવ છે તોપણ- [ **त्रिविधः** ] ત્રણ પ્રકારનો થયો થકો [ **सः उपयोगः** ] તે ઉપયોગ [ **यं** ] જે [ **भावम्** ] ( વિકારી ) ભાવને [ **करोति** ] પોતે કરે છે [ **तस्य** ] તે ભાવનો [ **सः** ] તે [ **कर्ता** ] કર્તા [ **भवति** ] થાય છે.

**ટીકાઃ-** એ પ્રમાણે અનાદિથી અન્યવસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણાને લીધે પોતાનામાં ઉત્પન્ન થતા જે આ ત્રણ મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિભાવરૂપ પરિણામવિકારો તેમના નિમિત્તે ( -કારણથી ) -જોકે પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ, નિરંજન, અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણે એક પ્રકારનો છે તોપણ-અશુદ્ધ, સાંજન અનેકભાવપણાને પામતો થકો ત્રણ પ્રકારનો થઈને, પોતે અજ્ઞાની થયો થકો કર્તાપણાને પામતો, વિકારરૂપ પરિણમીને જે જે ભાવને પોતાનો કરે છે તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.

**ભાવાર્થઃ-** પહેલાં કહ્યું હતું કે જે પરિણમે તે કર્તા છે. અહીં અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો તેથી જે ભાવરૂપ તે પરિણમ્યો તે ભાવનો તેને કર્તા કહ્યો. આ રીતે ઉપયોગને કર્તા જાણવો. જોકે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી આત્મા કર્તા છે નહિ, તોપણ ઉપયોગ અને આત્મા એક વસ્તુ હોવાથી અશુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્માને પણ કર્તા કહેવામાં આવે છે.

## પ્રવચન નં. ૧૮૦ ગાથા-૯૦ તા. ૨૮/૦૧/૭૯ રવિવાર પોષ વદ-૧૫

( સમયસાર ) એક લીટી છે ૯૦ ગાથા ઉપર ( મથાળું ).

હવે આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું દર્શાવે છેઃ- શું કહે છે ? કે આત્મા જે છે એ તો શુદ્ધચૈતન્ય-આનંદઘન છે, આગળ આવશે પૂર્ણ આનંદસ્વરૂપ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ એવો હોવા છતાં પણ અનાદિથી એને એનું જ્ઞાન નથી તો એના અજ્ઞાનથી, પર્યાયમાં-પરિણામમાં-ઉપયોગમાં ત્રણ પ્રકારનું પરિણમન ઉયયોગ હોય છે-મિથ્યાત્વ, અજ્ઞાન, અને અવિરતિ ( -અવ્રત ) આહાહા ! એ કહે છે, ( ગાથા-૯૦ )

एदेसु य उवयोगो तिविहो सुद्धो णिरंजणो भावो।
जं सो करेदि भावं उवओगो तस्स सो कत्ता।।९०।।

એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;
જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.

ટીકાઃ- "એ પ્રમાણે અનાદિથી અન્યવસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણાને લીધે" -ભગવાન આત્મા તો શુદ્ધ ચૈતન્યઘન, એવો હોવા છતાં પણ અન્ય વસ્તુ જે મોહ છે, એના સંયુક્તપણાને કારણે-મોહના સંબંધને કારણે, પોતાનામાં ઉત્પન્ન થવાવાળી પોતાની પર્યાયમાં ઉપયોગમાં થવાવાળો ( વિકાર-રાગદ્વેષ ) મોહકર્મ તો નિમિત્ત છે. પણ મોહના સંયુક્તપણાને લીધે- ( મોહના ) સંબંધથી, અજ્ઞાનીને અનાદિથી પોતાના શુદ્ધ ચૈતન્યના જ્ઞાનનું ભાન નથી, એણે મોહના સંગમાં એનો ત્રણ પ્રકારનો ઉપયોગ પરિણમન થાય છે. છે ? મિથ્યાદર્શન, ( એટલે ) પોતાના શુદ્ધસ્વરૂપ-ચૈતન્યવિજ્ઞાનઘન ( શુદ્ધાત્મા ) હોવા છતાં પણ, ( તેની ) ખબર નથી. આહાહા !

કાલે ગાયું ને આપણે મોહનભાઈ દરજી છે એણે ગાયું હતું 'મૃગલાને મોડી ખબરું પડી' હતા કે નહીં શાંતિભાઈ ? મધુભાઈ નહોતા, સવારે ગાયું'તું. આંહીં દરજી છે ને મોટાભાઇ 'મૃગલાને મોડી ખબરું પડી' -હરણ છે ને હરણ ( કસ્તુરીમૃગ ) એની ડુંટીમાં કસ્તુરી ( હોય ) છે. પણ એ કસ્તુરીને ગોતે બહાર- ( આ ) સુગંધ આવે છે કયાંથી ? સુગંધ આવે છે ને ! છે તો અંદર પણ મૃગલાને મોડેથી ( મોડે-મોડે ) ખબર પડી. પારધીએ જ્યારે બાણ માર્યું ત્યારે ડુંટીમાં જે કસ્તુરી હતી એ બહાર પડી ગઈ, ત્યારે એને ખબર પડી કે અરે ! આ કસ્તુરી તો મારી પાસે ( જ ) હતી, મારી પાસે કસ્તુરી હતી, શશીભાઈ ? 'મૃગને મોડી ખબરું પડી' -મોડી મોડી ખબર પડી, એમ ભગવાન આત્મા, ટીકામાં છે, બધું !

અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ આત્મા તો છે, તો એ અતીન્દ્રિય આનંદસ્વરૂપની ખબર નથી, તો એને અજ્ઞાનને કારણે, મોહના સંબંધમાં મિથ્યાશ્રદ્ધા, રાગ આદિ ભાવ થાય છે-દયા, દાન, વ્રત, કામ-ક્રોધના ( ભાવ ) એ રાગ, મારી ચીજ છે એવી મિથ્યા શ્રદ્ધા ( અજ્ઞાનીને છે. ) મારી ચીજ અંદર શુદ્ધ ચૈતન્યઘન છે એના ( જ્ઞાનના ) અભાવને કારણે-પોતાનું અસ્તિત્વ તો શુદ્ધ આનંદકંદ છે તો એવા અસ્તિત્વની-સત્તાની ખબર નથી તો કયાંક ( પોતાનું ) અસ્તિત્વ

( હયાતી ) તો માનવી પડશે ને ! આહાહા !

તો...... અનાદિ કાળથી રાગ-પુણ્યપાપના ભાવ એ મારા છે એમ માનીને મિથ્યાશ્રદ્ધારૂપે પરિણમે છે. આહાહા ! મિથ્યાદર્શન ! પોતાનું અસ્તિત્વ-સત્તા-હયાતી તો પૂર્ણ શુદ્ધ ને અતીન્દ્રિય આનંદથી ભરપૂર ભર્યું છે. આવી સત્તાના અસ્તિત્વની જેને ખબર નથી અનાદિથી, એ તો એની વર્તમાન દશામાં-મોહકર્મનું સંયુક્તપણું હોવાથી મિથ્યાશ્રદ્ધારૂપ પરિણમન કરે છે. અને એ એનો કર્તા થાય છે-મિથ્યાશ્રદ્ધાનો કર્તા થાય છે. ઝીણી વાત બહુ બાપુ ! આહા !

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાન ( એટલે ) પરને પોતારૂપ જાણવું ને પોતાને ભૂલી જવું, એવું અજ્ઞાન રાગ જે થાય છે-વિકાર એ મારો છે એવું અજ્ઞાન, એ રૂપે ( ઈચ્છારૂપે ) પરિણમન થવું, એ અજ્ઞાની અનાદિથી ( એ રૂપે પરિણમે છે. ) અને “અવિરતિ” -રાગનો ભાવ જે છે એ અવિરતિભાવ છે-મેલભાવ છે, પણ એ ( અજ્ઞાની ) અવિરતિભાવપણે પરિણમે છે. અરેરે ! આવી વાતું હવે ! મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યા અવિરતિભાવ-પરિણામ વિકાર, એ પરિણામનો વિકાર છે-પરિણામમાં મિથ્યા( પણું ) છે. સમજાણું કાંઈ... ?

પરિણામ વિના ચીજ ( પદાર્થ ) તો છે નહીં, કોઈ પણ ચીજ ( પદાર્થ-વસ્તુ ) પરિણામ વિના હોતી નથી. ત્યારે આ ચીજને પરિણામ છે. પણ કેવાં ? વિકારી પરિણામ છે. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યા ( ભાવ ) રાગનો ત્યાગ નહીં એવો ( અવિરતિભાવ ), એવા અજ્ઞાનભાવરૂપે ( અનાદિથી જીવ ) પરિણમન કરે છે અને કર્તા થાય છે. છે ?

“પરિણામ વિકારો તેમના નિમિત્તે ( -કારણથી ) ” આહાહા ! શું કહે છે ? -“જોકે પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ, નિરંજન, અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યભાવપણે એક પ્રકારનો છે.” -આહાહાહા ! આત્માનો મૂળ સ્વભાવ, તો પરમાર્થથી-ખરેખર ઉપયોગ શુદ્ધ ત્રિકાળ ! શુદ્ધ ઉપયોગ એનો ત્રિકાળ સ્વભાવ છે. પરિણતિ પછી, પરિણતિ તો એનો જ્યારે સ્વીકાર કરે છે ( ત્રિકાળીનો ) ત્યારે પરિણતિ પ્રગટ થાય છે. સ્વીકાર નથી તો વિકાર પરિણતિ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ... ? સૂક્ષ્મ વાત છે ભાઈ ! આ તો સમયસાર છે ! “ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યાં” -આહાહા ! ( શ્રોતાઃ- આપશ્રીએ ખોલવા પડશે ને એ ભાવો ! ) ભર્યા-પડ્યા છે અંદર એ ખોલીએ છીએ ! આહાહા !

શું કહે છે ? આવા મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન ને મિથ્યા અવિરતિપણે પરિણમે છે કેમ કે ભગવાન આત્મા ત્રિકાળી શુદ્ધ છે, છે તો ત્રિકાળી શુદ્ધ ! છે ? પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ ( એ ) ત્રિકાળીની વાત છે. છે ને ! ઉપયોગ એનો શુદ્ધત્રિકાળ છે, નિરંજન છે એમાં રાગનો-અંજનનો મેલ અંદર નથી. અને અનાદિનિધન ( એટલે કે ) અન આદિ, અનિધન-જે શુદ્ધ આનંદકંદ પ્રભુ ( નિજાત્મા ) જેનો ઉપયોગ નામ સ્વભાવત્રિકાળ ( એની ) આદિ નથી અંત નથી એવો અનાદિ-અનંત આત્મા અંદર શુદ્ધચૈતન્યઘન છે. સમજાણું કાંઈ... ?

ઉપયોગ શુદ્ધ ( ત્રિકાળી ) નિરંજન-અંજન નામ પુણ્ય ને પાપના રાગ-મેલ રહિત. અને અનાદિનિધન ( અર્થાત્ ) અનાદિ-અનંત, અન આદિ ને અનિધન ( એટલે ) અણ આદિ અને અનિધન એટલે અંત નહીં, ( અનાદિઅનંત ) એ “વસ્તુના સર્વસ્વભૂત” -આહાહા ! વસ્તુ જે ભગવાન આત્મા, એના સર્વસ્વભૂત-સર્વસ્વભૂત- ( એટલે ) જે સર્વ-સ્વ એટલે સર્વ આનંદ આદિ

અનંત ગુણો શુદ્ધ, એ સર્વસ્વભૂત પોતાના છે. સર્વ-સ્વ-ભૂત, ચૈતન્યમાત્રભાવપણે એ તો ચૈતન્ય-જ્ઞાન-દર્શન-આનંદ, ચૈતન્યમાત્ર ભાવપણે તો છે એ આત્મા-વસ્તુ, ( વસ્તુ ) તો આવી છે અનાદિથી. છે ? એ 'એક' પ્રકારની છે-વસ્તુ તો ત્રિકાળી શુદ્ધ નિરંજન અનાદિઅનંત, આનંદઘનસ્વભાવ પ્રભુ, 'એક' સ્વભાવી છે. સમજાણું કાંઈ... ?

"તથાપિ-તોપણ અશુદ્ધ, સાંજન અનેકભાવપણાને પામતો થકો ત્રણ પ્રકારનો થઈને," તથાપિ-તોપણ એવો હોવા છતાં પણ, કેવો હોવા છતાં ? કે જેનો પરમાર્થે તો અંદર ઉપયોગ શુદ્ધ, નિરંજન-અંજન વિનાનો અને અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત-ભગવાન ( આત્મા ) વસ્તુના સ્વ-ભૂત, સર્વ-સ્વ-ભૂત-શુદ્ધઆનંદ ને શુદ્ધજ્ઞાન ને શુદ્ધવીતરાગતા એવી વસ્તુ ( નિજાત્મા ! ) , એવી વસ્તુના સર્વસ્વભૂત આવું હોવા છતાં પણ, ચૈતન્યમાત્ર સ્વભાવપણે-સ્વભાવપણાથી ત્રિકાળી તો ચૈતન્યમાત્ર ભાવથી ભર્યો-પડયો છે, એકરૂપ સ્વરૂપ છે, પણ એની દૃષ્ટિ નથી અનાદિથી. આહાહા ! એક હોવા છતાં પણ.... છે ?

"તથાપિ-તોપણ અશુદ્ધ-પુણ્ય ને પાપના ભાવ મારા છે એમ ( માનીને ) અશુદ્ધપણે પરિણમે છે, અહીં શરીર ને લક્ષ્મીની ( બહારની-દૂરની ચીજની ) વાત તો અહીં છે નહીં. કારણકે એ તો પરચીજ છે. અહીંયા તો અંદરમાં શુદ્ધ ચૈતન્યપ્રભુ-સચ્ચિદાનંદ-સિદ્ધસ્વરૂપી પ્રભુ એવો હોવા છતાં પણ એકરૂપ સ્વભાવ છે-ત્રિકાળ શુદ્ધ ( સ્વરૂપે હોવા છતાં ) મોહના સંયુક્તપણાના સંબંધથી, અશુદ્ધપણે પરિણમે છે, એ પુણ્ય ને પાપના ભાવ, દયા-દાન-વ્રત-ભક્તિના ભાવ કે કામ-ક્રોધના-કમાવાના ભાવ એ બધા પાપભાવ ( બેયશુભાશુભ ) અશુદ્ધ છે. આહાહા ! કહો, આ પૈસા કમાવા દુકાનમાં-ધંધામાં ધ્યાન રાખવું એ બધો અશુભભાવ એ અશુદ્ધભાવ-મલિનભાવ છે. ( શ્રોતાઃ- પણ આ દુકાન કરવી, નોકરી કે નહીં ? ) નોકરી શું ( આત્મા ) કરી શકે છે ? આહાહા !

અહીંયા તો કહે છે કે પોતાનો સ્વભાવ અનાદિ-અનંત શુદ્ધ, નિરંજન-મળ-મેલ વિનાની ચીજ છે અંદર, એવી ચીજની દૃષ્ટિ નહીં હોવાથી, અનાદિ સંયોગ કર્મનો હોવાથી-અહીં અનાદિ શુદ્ધ એનો સંયોગ-સંબંધ ન હોવાથી, કર્મનો સંયોગ-એના સંબંધથી અશુદ્ધ, પુણ્ય ને પાપના ભાવ તે અશુદ્ધ છે. ચાહે તો દયાના ભાવ-દાનના-વ્રતના-તપના હું અપવાસ કરું એ વિકલ્પ, અશુદ્ધમેલ ( વિકાર ) છે. આહાહા ! ( શ્રોતાઃ- અહીં રૂપિયા આપે તો ? ) અહીંયા આપે નોટું, એ પણ શુભરાગ છે-મેલ છે. કહો, શાંતિભાઈ ? આ બેય ભાઈઓ બેઠા અહીંયા. ( શ્રોતાઃ- કોઈ નહીં આપે ! ) આપે કોણ ને લ્યે કોણ ? એ ચીજ ( પૈસા આદિ ) જ્યાં જવાવાળી છે ત્યાં જશે અને જ્યાં રહેવાવાળી છે ત્યાં રહેશે જ. એને કોઈ લઈ શકે ને દઈ શકે, તાકાત નથી. એની તો અહીં વાત છે નહિ ! એ તો ફક્ત પોતાના પરિણામમાં અશુદ્ધ-મેલ પરિણામના કર્તા બને છે. પૈસા કમાવાનો અહીં પ્રશ્ન છે નહીં. ભાવ જે છે એનો એ મેલ છે ( વિકાર છે ) કહો, મધુભાઈ ? આ બહુ પૈસા કમાય છે ન્યાં હોંગકોંગમાં ! ધૂળના ! આહાહાહા !

આંહીં તો પ્રભુ સર્વજ્ઞદેવ, ત્રિલોકનાથ, જિનેશ્વરદેવ ફરમાવે છે, એ સંતો આડતિયા બનીને જગતને જાહેર કરે છે. આહાહા ! ભગવાન ! તું તારી ચીજ તો અંદર શુદ્ધ નિરંજન-આનંદકંદ છે ને ! અતીન્દ્રિય આનંદથી ભર્યો છે ને ! પણ એવી દૃષ્ટિ ન કરીને, મોહના સંગમાં, તારા પરિણામમાં ( તેં ) અશુદ્ધતા કરી, પુણ્ય ને પાપના શુભાશુભભાવ, બેય અશુદ્ધ છે, એ

અશુદ્ધપણાને કરે છે, પરને કરે છે એ વાત અહીંયા છે નહીં. પરને તો કરી શકતો જ નથી. પણ આ કરી શકે છે અજ્ઞાનભાવે; આહાહા !

"અશુદ્ધ-સાંજન" -મેલ એ શુભ-અશુભભાવ જે છે એ મેલ છે-અંજન છે-મેલ છે. આ અંજન ( એટલે ) આંજણ નથી લગાવતાં એ અંજન ધોળું હશે કે કાળું ? અંજન કેવું હશે ? કાળું-કાળું, એમ શુભ ને અશુભભાવ અંજન છે-મેલ છે-કાળા છે. આકરી વાત છે બાપા ! આહાહા ! અશુદ્ધ-સાંજન "અનેક ભાવપણાને ( પામતો થકો )" શું કીધું ? ઓલા એકરૂપ હતા ત્રિકાળી જ્ઞાયકભાવ-શુદ્ધભાવ-ચૈતન્યભાવ-આનંદભાવ-પ્રભુત્વભાવ-ઈશ્વરભાવ-પરિપૂર્ણભાવ શુદ્ધ ચૈતન્ય એ એકરૂપ હોવા છતાં પણ, કર્મના સંયોગસંબંધ કરવાથી, મલિનભાવ જે પુણ્ય-પાપના અશુદ્ધ ભાવ, સાંજન નામ મેલ અને અનેક પ્રકારના, એ શુદ્ધ એક પ્રકારનો હતો ત્રિકાળી ! અને આ અશુદ્ધ-મેલ અને અનેક પ્રકારના, આ પુણ્ય ને પાપના ( ભાવ ) અસંખ્ય પ્રકારના-શુભ અસંખ્ય પ્રકારના ને અશુભ અસંખ્ય પ્રકારના "એવા અનેકભાવપણાને પામતો થકો" -એવા મલિન પરિણામને અનેક પ્રકારનાને પ્રાપ્ત થતો થકો "ત્રણ પ્રકારનો થઈને" -મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એટલે કે રાગ-દ્વેષ, એ ત્રણ પ્રકારના ઉપયોગના પરિણામમાં ભાવ થાય છે. આહાહા ! અજ્ઞાનીને પોતાના સ્વરૂપની ખબર નથી અનાદિથી, એ કારણે અજ્ઞાનીઓને પોતાના પરિણામમાં, ત્રણ પ્રકારની મલિનતાની દશા ઉત્પન્ન થાય છે. આહાહા !

હવે આવું સાંભળવા ( ય ) મળે નહીં, આ શું છે-આ વાત ક્યાંથી આવ્યું ! આ ભગવાન ! તારી વાત અંદર એવી છે અલૌકિક ! પ્રભુ ચૈતન્ય ! લૌકિકની ચીજથી તો આ પાર છે. પણ, એ ચીજનો અંતરમાં અનુભવ નહીં-દૃષ્ટિ નહીં-આશ્રય નહીં-અવલંબન નહીં, એ કારણે મોહનો આશ્રય કરીને પોતાની પર્યાયમાં અશુદ્ધ-મલિન, મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર-રાગ, એ ત્રણ પ્રકારે થઈને "સ્વયં-પોતે અજ્ઞાની થયો થકો" -આહાહા ! કોઈ કર્મે અજ્ઞાની કર્યો તેમ છે નહીં. સ્વયં અજ્ઞાની થયો થકો, 'અપનકો આપ ભૂલકર હેરાન હો ગયા' પોતાનો શુદ્ધ નિરંજન આનંદસ્વરૂપ પ્રભુ એને ભૂલીને સ્વયં અજ્ઞાની થયો થકો "કર્તૃત્વને પામતો" -એ શુભ-અશુભ ભાવનો અજ્ઞાની પોતે ( એ ભાવનો ) કર્તા બને છે. પરના કર્તાની તો વાત અહીંયા છે જ નહીં. હીરા, હીરા વેંચવા ને એની વાત તો અહીંયા છે જ નહીં.

કારણકે એ તો કરી શકતો જ નથી, આ કરી શકે છે ઊંધીદૃષ્ટિ, પોતાના શુદ્ધચૈતન્ય પરમાત્મા જે સર્વજ્ઞ થયા 'જિન સો હિ આત્મા' -એ આત્મા જિન સ્વરૂપ ( વીતરાગસ્વરૂપ ), ભગવાન વીતરાગ સ્વરૂપ આત્મા અંદર છે. આહાહા ! કેમ બેસે ? આવો એકરૂપ ને વીતરાગ ને શુદ્ધ હોવા છતાં પણ, પોતાના સ્વરૂપને, અજ્ઞાનને કારણ, પર્યાય નામ પરિણામમાં ત્રણ પ્રકારના વિકારી પરિણામનો કર્તા બને છે. આહાહાહા ! પાપ ને પુણ્ય બેય અજ્ઞાન ભાવથી કરે છે. ( શ્રોતાઃ- પાપને પલટીને પુણ્યભાવ કરી શકે કે નહીં ? ) જે સમય થાય છે, એ સમયે પુણ્ય-પાપ એક સાથે જ છે. શુભભાવ હો તો પણ શાતાવેદનીય બંધાય અને ઘાતીકર્મ પણ બાંધે છે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા શુભભાવ, એનાથી શાતાવેદનીય પણ બંધાય છે અને ઘાતીકર્મ પણ બંધાય છે. શુભભાવ છે પણ ઘાત કરે છે આત્માનો, ( આનંદ ) શાંતિનો. આહાહા ! આકરું કામ !

( શ્રોતાઃ- બળવો છે આખી દુનિયા સામે ! ) બળવો છે દુનિયા સામે, વાત સાચી, દુનિયા સામે આ બળવો છે વીતરાગનો ! ( શ્રોતાઃ- આપશ્રીએ કહ્યું હિરાનો વેપાર નથી કરી શકતા પરંતુ પોતાના પરિણામમાં ફેરફાર કરી શકે ને ? ) એ પરિણામ અજ્ઞાની કરી શકે- અજ્ઞાનપણાના પરિણામ કરે ! ફેરફાર એટલે પુણ્ય-પાપના બેય એક જાતના અજ્ઞાન છે. પુણ્ય કરે કે પાપ કરે- શુભ કરે કે અશુભ કરે, બેય એક ચીજ છે. ઝીણી વાત બાપા. બેય અશુદ્ધ છે, સાંજન છે, મેલ છે, અનેક પ્રકારના છે, ત્રણ બોલ લીધાને !

ભગવાન આત્મા શુદ્ધ છે-નિરંજન છે-એક પ્રકારનો છે અંદર, એને પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી તે કારણે પર્યાયમાં ત્રણ પ્રકારના ( વિકારનું ) પરિણમન કરે છે. ધર્મી ( જ્ઞાની ) જે હોય છે એ પોતાના શુદ્ધચૈતન્યઘન, જ્ઞાન ને દર્શન અંદર ( દૃષ્ટિ ) હોવાથી એની પર્યાયમાં શુદ્ધપરિણમન થાય છે. એ શુદ્ધપરિણામનો કર્તા ધર્મી ( જ્ઞાની ) છે. આહાહાહા !

પરિણામ વિનાની તો કયારેય કોઈ ચીજ રહેતી નથી, ત્રણકાળ ત્રણલોકમાં, કયારેય કોઈ ચીજ પરિણમન-પર્યાય વિનાની છે નહીં. પર્યાય નથી ને દ્રવ્ય એકલું છે વેદાંત તો એમ કહે છે કે પરિણમન નહીં ને દ્રવ્ય એકલું જ છે. બૌદ્ધ એમ કહે છે દ્રવ્ય નહીં ને પરિણમન એકલું છે ! ( શ્રોતાઃ- બેયની વચ્ચે સમાધાન ? ) બેય મિથ્યાદૃષ્ટિ છે-મૂંઢ ! એ ( વેદાંત ) એમ કહે છે કે દ્રવ્ય જ છે એકલું- પરિણતિ ( પર્યાય ) નથી, સમજાણું કાંઈ ? આંહીં કહે છે બેય છે સાથે-દ્રવ્ય પણ છે, ને પર્યાય પણ છે.

જો શુદ્ધનું ભાન હોય તો દ્રવ્ય શુદ્ધ છે એથી તો પરિણામ શુદ્ધ છે, શુદ્ધનું ભાન ન હોય તો દ્રવ્ય શુદ્ધ, પરિણામ અશુદ્ધ ! ભાષા તો સાદી છે પણ હવે શું કરે, કોઈ દિ' અભ્યાસ નહીં ! આહાહા !

આંહીં કહે છે કે-માથેથી લીધું હતું કે પરમાર્થથી ઉપયોગ નામ ત્રિકાળી સ્વભાવ, શુદ્ધ-નિરંજન-અનાદિનિધન-વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્ર ભાવપણે-ચૈતન્યમાત્રભાવ, જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ ત્રિકાળ ! એક પ્રકારનો છે, તથાપિ-તોપણ હવેગુલાંટ ખાય છે, એક પ્રકારનો ( છે એનો ) ખ્યાલ નથી, તો પરિણામ તો જોઈએ. શુદ્ધ જે શુદ્ધવસ્તુ ત્રિકાળ છે. એનું ( એવું ) પરિણમન નથી, કેમ કે એની ( આત્માની ) દૃષ્ટિ નથી, તો પરિણામ વિનાની ચીજ રહેતી નથી, તો પરિણમન જ્યારે શુદ્ધ નથી, એ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ નથી ને શુદ્ધનું પરિણમન નથી, તો શુદ્ધવસ્તુ હોવા છતાં પણ દૃષ્ટિ રાગ ઉપર છે, તો અશુદ્ધતાનું પરિણમન છે એનો કર્તા થાય છે.

કોઈ પણ ચીજ-ત્રણકાળ ત્રણલોકમાં, પરિણામ ન હોય ને એકલું દ્રવ્ય હોય એવું કયારેય હોતું નથી. પરિણામ અને દ્રવ્ય બે મળીને પ્રમાણનો વિષય છે. આંહીં પ્રમાણ શું ને ( દ્રવ્ય-પર્યાય શું ) ? સમજાણું કાંઈ ? આહાહાહા ! તો આંહી કહે છે કે પરિણમન એનું કેવું અનાદિનું ( છે ? ) કે અનાદિનું પરિણમન એટલે પર્યાયમાં-ઉપયોગમાં, મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન ને રાગ-દ્વેષનું વિકારી પરિણામ-મલિન-અશુદ્ધ-અનેક પ્રકારનું પરિણામ છે એનો એ કર્તા થાય છે. કહો, શાંતિભાઈ ? ભાષા તો સાદી છે પ્રભુ ! અંદર ભગવાન બિરાજે છે.

"જિન સો હિ આત્મા, અન્ય સો હિ કર્મ, એહી વચનસે સમજ લે જિનપ્રવચનકા મર્મ" -ત્રણ લોકના નાથ, વીતરાગની વાણી એમ કહે છે. 'જિન સો હિ આત્મા' -હવે જિનસ્વરૂપ

જ તારી ચીજ છે. શુદ્ધ નિરંજન ચૈતન્યમાત્ર એક માત્ર સ્વભાવ જ તું છે! પણ આમ હોવા છતાં પણ, પરિણમન વિનાની ચીજ તો રહેતી જ નથી. તો કહે છે કે પરિણમન કેવું છે અનાદિનું અજ્ઞાનીનું ( પરિણમન ) મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન ને મિથ્યા ( ચારિત્ર ) -રાગ-દ્વેષનું પરિણમન છે ને એનો એ કર્તા બને છે. આ પરિણમન મારા-મલિન પરિણામ મારા એનો એ કર્તા થાય છે, અજ્ઞાની! આહાહાહા! એ દયાના પરિણામ છે જે રાગ છે, એ રાગ પણ મલિન પરિણામ છે. એ મલિન પરિણામનો કર્તા અજ્ઞાની થાય છે. આહાહાહા!

હવે એકકોર દયા એ ધર્મ છે લોકો ( માને-કહે ). એ દયા તો આત્માની દયા છે રાગ-દ્વેષની ઉત્પત્તિ ન થવી અને જિનસ્વરૂપી પ્રભુ શુદ્ધ પ્રભુ નિરંજન છે એવી પરિણતિ-નિર્મળ પરિણતિ ઉત્પન્ન થવી, એ પોતાની દયા એ દયા છે-અહિંસા છે. જ્યારે એવું અહિંસાનું પરિણમન નથી અને વસ્તુ તો વીતરાગસ્વરૂપ જ અહિંસકસ્વરૂપ જ છે-આમ હોવા છતાં પણ, સ્વભાવનો સંબંધ નહીં કરવાથી મોહનો સંબંધ કરવાથી, મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રનું પરિણમન-પર્યાયમાં થાય છે. અને એનો કર્તા અજ્ઞાની થાય છે. સમજણમાં આવે છે? આકરું કામ છે બાપુ શું થાય! આહાહા!

એ ત્રિકાળી ચીજ શુદ્ધ અને પરિણમન અશુદ્ધ કેમ થયું? એ તો પહેલાં કહ્યું કે મોહના સંયોગ-સંબંધમાં આવ્યો તો! પોતાના સ્વભાવનો સંબંધ છોડી દીધો ને પરના સંબંધમાં ગયો તો, પરથી થયું એમ નહીં, પણ પરના સંબંધમાં આવ્યો તો મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન ને રાગ-દ્વેષના પરિણમનનો વિકાર થાય છે. અને અજ્ઞાની એનો કર્તા બને છે. આહાહા! ( શ્રોતાઃ- પરથી લાભ થાય છે ને! ) ધૂળેય લાભ થતો નથી, પરમાં કેદી' લાભ હતો? પરમાં લાભ છે કે આત્મામાં છે? અંદર ભગવાન આનંદમૂર્તિ પ્રભુ! આહાહા!

ભાઈએ, કાલે નહોતું ગાયું 'મૃગલાને મોડી ખબરું પડી' -આ હરણિયા જેવા માણસો, અંદર આનંદ પડયો છે તેની તેને મોડે ખબરું પડી. આહાહા! ચીમનભાઈ? અરે નાથ! તારામાં અતીન્દ્રિયઆનંદ પડયો છે, પ્રભુ! આહાહા! ભરચકક ભગવાનનો સ્વભાવ તારું સ્વરૂપ પૂરણ પડયું છે ભાઈ! ચૈતન્ય ચમત્કારિક ચીજ અંદર છે. જે એક સમયમાં ત્રણકાળ-ત્રણલોકને જાણે! એવી એક સમયની પર્યાય એવી અનંતપર્યાયનો ચમત્કારિક ( એક ) ગુણ પડયો છે તારામાં, એવા અનંતગુણનો પિંડ ચૈતન્ય ચમત્કારિક વસ્તુ કોટા-કોટી સૂર્ય હોય તોપણ તેના પ્રકાશ કરતાં, ચૈતન્યનો પ્રકાશ એનાથી અનંતગુણો ( ચૈતન્ય ) પ્રકાશ છે, અંદરમાં હોં! ક્રોડા-ક્રોડી ચંદ્ર હોય અને ક્રોડા-ક્રોડી શીતળતા ચંદ્રની ઠંડી એનાથી પણ આ આત્મામાં અનંતી શીતળતા-શીતળતા-શાંતિ, શાંતિ, શાંતિ, શાંતિ પડી છે.

અરે રે! કયાં જોવે એ? સાગરના ઢગલા હોય સ્વયંભૂરમણ સમુદ્ર જેવા અસંખ્ય સમુદ્ર હો-ગંભીર, સ્વયંભૂરમણ સમુદ્ર છે છેલ્લેનો અસંખ્ય જોજન પહોળો છે, ( તળિયે ) નીચે રેતી નથી, નીચે રત્નો છે એકલા! ભગવાનના આગમમાં ભગવાને આ કહ્યું છે. છેલ્લો સમુદ્ર છે ને છેલ્લો એ પણ એકલા રતન, એકલા અસંખ્ય જોજનમાં રતનોથી ભર્યો છે દરિયો, એવા અસંખ્ય દરિયા હોય તો ( તેથી અનંતગુણા ) આ તો ભગવાન તો અનંતગુણના રતનથી ભરેલ છે. ચૈતન રતનથી આ તો ભગવાન આત્મા ભર્યો-પડયો, ભરચકક છે. એનાં અનંત ગુણની

ગંભીરતાનો પાર નથી પ્રભુ ! ( અપાર... અપાર... ! )

અને આકાશનું જેમ ( સર્વ ) વ્યાપકપણું છે, ક્યાંય એનો અંત નથી, અનંત... અનંત.... અનંત એમ તારામાં તારા અનંતગુણની સંખ્યાનો કોઈ અંત નથી. આહાહા ! આવો પ્રભુ શુદ્ધ નિરંજન હોવા છતાં, અનાદિથી અજ્ઞાની પરના લક્ષથી-પોતાના લક્ષના અભાવથી, પરના લક્ષથી, પરથી નહીં ( પરંતુ ) પરનું લક્ષ કરવાથી મિથ્યાશ્રદ્ધા-એ દયા-દાનના પરિણામ ધર્મ છે એવી માન્યતા મિથ્યાશ્રદ્ધા છે. ( અને ) એ મિથ્યાજ્ઞાન છે ને મિથ્યાચારિત્ર-આચરણ છે, એ ત્રણ પ્રકારનો પરિણામ વિકાર, એનો કર્તા થાય છે અજ્ઞાની, પરની એ વાત તો અહીં છે નહીં. ભાષા તો સાદી છે પ્રભુ ! પણ એવી બહુ ઝીણી એવી નથી-સંસ્કૃત ને વ્યાકરણ ને મોટા બધા ! આહા !

ચૈતન્ય સ્ફટિક રતનથી ભરેલો ભગવાન, ચૈતન્યના સ્ફટિક રતનથી ભરેલો એવો પ્રભુ નિર્મળાનંદ-શુદ્ધ-ચૈતન્ય-નિરંજન-એક-અનાદિ અનંત, એવો હોવા છતાં પણ, એની સત્તાનો-સ્વભાવનો સંબંધ ને અનાદર હોવાથી-સંબંધ છોડી દીધો ! અનાદર કર્યો અને રાગ કોઈ આવ્યો શુભાશુભ ભાવ એનો આદર કર્યો, તો શુભાશુભનો આદર કરવાવાળાને ત્રિકાળી શુદ્ધ સ્વભાવ ભગવાનનો એણે અનાદર કર્યો ! આહાહાહાહા ! સમજાણું ?

એ પરની દયાનો ભાવ, રાગ-રાગ છે. એનો જેણે આદર કર્યો, તો એણે ત્રિકાળી આનંદકંદ પ્રભુનો અનાદર કર્યો. આવી વાતું સાંભળવી કઠણ પડે અત્યારે ચાલતું નથી ક્યાંય. શુભભાવનો આદર કર્યો ( તો ) પવિત્ર ભગવાનનો અનાદર કર્યો ! 'પરમાત્મ પ્રકાશ' માં છે ને ભાઈ ! ? જેણે શુભરાગનો આદર કર્યો એણે આત્માને હેય કર્યો ! જેણે શુભભાવને ઉપાદેય કર્યો-આદરણીય માન્યો એણે ભગવાન પૂર્ણાનંદના નાથનો ( અનાદર એટલે ) હેય કર્યો, અને જેણે ભગવાન પૂર્ણાનંદના નાથને ઉપાદેય કર્યો તેણે રાગને હેય કર્યો. ભાષા તો સાદી છે મધુભાઈ ? ત્યાં હોંગકોંગમાં કાંઈ ન મળે, હોળી છે બધી ! આહાહા ! જ્યાં હોય ત્યાં પડયા હોય બિચારાં ! આહાહા !

અંદર વસ્તુ છે પ્રભુ. દરિયો ભર્યો છે અંદર-સ્વયંભૂરમણ સમુદ્ર તો અસંખ્ય જોજનમાં, આ તો અનંત અનંત અનંત અનંત ગુણમાં-જેનાં ગુણનો પાર ન મળે પ્રભુ, તારી એક સમયની પર્યાય, એપણ અનંતી છે. આહાહા ! જે શુદ્ધસ્વરૂપ જે છે ત્રિકાળી, એની જે દૃષ્ટિ કરી તો પર્યાય એક સમય છે પણ છે એ અનંતી-અનંતી પર્યાય વિનાનું દ્રવ્ય કયારેય રહેતું નથી. સમજાણું કાંઈ... ? તો પોતાના જે અનંત ગુણ છે-સંખ્યાએ હદ વિનાની શક્તિઓ અનંત, એનું ભાન થવાથી, પર્યાયમાં એક સમયમાં અનંતી... અનંતી... અનંતી... અનંતી પર્યાય પ્રગટ થાય છે. પરિણમન વિનાનું દ્રવ્ય રહેતું નથી. અનંતી... અનંતી... અનંતી... અનંતી પર્યાય-પરિણમન, દ્રવ્યમાં નથી, પરિણમનમાં છે, એ દ્રવ્યમાં નથી દ્રવ્યમાં છે એ પરિણમનમાં નથી. આહાહાહાહા !

તમારે વેદાંત દ્રવ્યને માને, પર્યાયને ન માને-પર્યાય છે જ નહીં, દ્રવ્ય જ છે. આંહીં તો કહે છે દ્રવ્ય જે વસ્તુ, દ્રવ્ય એટલે પૈસા નહિ હોં ? આ દ્રવ્ય એટલે પદાર્થ-આત્મા ! છે ? આંહીં' છે એમ કહે છે, હોંગકોંગ જાય ત્યાં દૃષ્ટિ ફરી જાય, આંહીં વળી હા પાડે, એમ કહે છે-આ તો દાખલો ઘરનો આપ્યોને.... એમ બધાને છે ને ! આહાહાહા ! આંહીં તો બાપા ! બીજુ શું થાય મારગ તો

આ છે. ઓહોહોહો ! અનંત... અનંત... અનંત... અનંતનો પાર ન મળે, એટલા અનંતા ગુણનો દરિયો પ્રભુ અને જેમાં અનંત ચૈતન્યના રત્નો ભર્યાં છે અંદર, એની દૃષ્ટિના અભાવથી, પરના લક્ષથી ઉત્પન્ન થયું જે મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન ને રાગ-આદિ, એ અશુદ્ધ-મલિન પરિણમનો કર્તા અજ્ઞાની થાય છે, કર્તા વિના તો રહેતો નથી. સમજાણું ?

ધર્મી જીવ જે છે-સમ્યગ્દૃષ્ટિ એ પણ પરિણમન વિનાના તો છે નહીં-પરિણમન વિનાનું દ્રવ્ય ક્યારેય ન હોય-એકલું દ્રવ્ય છે ને પરિણામ નથી અને બધા પરિણામ દ્રવ્યમાં ઘુસી ગયા ! એ તો મિથ્યાદૃષ્ટિ માને છે-વેદાંત માને છે એ ! સમજાણું આમાં ? આહાહાહા ! અનંતી પર્યાય-પરિણમન, ને અનંતી પર્યાય હો એક સમયમાં, એ પર્યાય દ્રવ્યની દૃષ્ટિથી અનંતી પર્યાય શુદ્ધ એક સમયમાં-એક સમય, સમય એક ને અનંતી પર્યાય પરિણમનમાં છે, એ અનંતી પર્યાયના પરિણમન વિનાનું દ્રવ્ય ક્યારેય રહેતું નથી, ( છતાં ) દ્રવ્યમાં પરિણમન નહીં. આહાહા ! પણ દ્રવ્યની પર્યાય વિના તો દ્રવ્ય છે નહિ ક્યારેય એકલું ( દ્રવ્ય છે ) એવું ત્રણ કાળમાં નથી, પર્યાય વિનાનું દ્રવ્ય છે નહીં સમજાણું કાંઈ... ?

તો, આંહીં કહે છે કે પરિણામ-પરિણમન વિના દ્રવ્ય નથી, તો કેવું પરિણમન છે ? કે અજ્ઞાનનું પરિણમન છે, પરિણમન તો છે. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને રાગદ્વેષના પરિણામ તે મિથ્યા છે. ( શ્રોતાઃ- પરમ સત્ય સાહેબ ) પ્રભુ, સત્ય-ભૂતાર્થ-સત્યાર્થ પ્રભુ ત્રિકાળી ચૈતન્યસૂર્ય-ચૈતન્યમાત્ર કહ્યો છે ને ! એ બધા ગુણો ચૈતન્યમાત્ર અહીં કહેવામાં આવ્યા છે. ખરેખર તો જ્ઞાનને દર્શન એનો ઉપયોગ છે પણ બધા ગુણને ચૈતન્યમાત્ર કહેવામાં આવે છે. પણ ભાગ પાડવો હોય ( ભેદ પાડવો હોય ) તો ચૈતન્ય તો ઉપયોગ છે એ જ ઉપયોગ ચૈતન્ય છે અને બીજા ગુણ છે એમાં, ઉપયોગ નહિ તો ઉપયોગ વિનાના છે, પણ બધાને ચૈતન્ય કહેવામાં આવ્યા છે, પોતાનામાં આનંદ છે. શાંતિ છે સ્વચ્છતા છે-પ્રભુતા છે એ અનંત શક્તિને ચૈતન્યમાત્ર કહેવામાં આવ્યા છે. આવો ઉપદેશ હવે, વાણિયાને નવરાશ ન મળે ! બાવીસ કલાક સુધી ( સંસારના કામમાં ) ગૂંચાયેલા રહે ને બે કલાક વખત લ્યે વળી કોઈ વખતે, સામાયિકમાં કલાક બેસે, કલાક પડિક્કમણાંમાં બેસે-એય અજ્ઞાનથી, ભાન તો કાંઈ ન મળે ! આત્મા શું રાગ શું ? ( એની કંઈ સમજ નહીં ને ) નમો અરિહંતાણં..... નમો સામાયિક છે. આહાહાહા ! એ તો રાગ છે એમાં સામાયિક ક્યાંથી આવી રાગની સામાયિક છે.

કહો, મધુભાઈ ? સામાયિક કરતા'તા ને, કરી હશે કે નહીં ? ( શ્રોતાઃ- હા પાડે છે ) કરી છે ! અમેય કર્યું'તું બધુંય પાલેજમાં ખૂબ કરતા'તા, પણ આઠ દિ', કરતા હોં પછી નહીં હોં, વેપાર કરતા ખરા ને ! પર્યુષણના આઠ દિ' પછી નહીં, પછી ધંધો પાપનો. આહાહા ! આઠ દિ' હોય ને પર્યુષણના આઠ, ચાર ઉપવાસ કરતા, પહેલે દિ' અપવાસ, બીજે દિ' પારણું, પછી ઉપવાસ પછી બે દિ' ખાવાના અને એક ઉપવાસ અને છેલ્લો ઉપવાસ, એવા ઉપવાસ કરેલા ને, અને એક દિ' એવો અપવાસ કરેલો ને દુકાને બેઠેલા આખો દિ' ને તરસ્યાં ( તરસ ) એવી લાગી કે અમારે કુંવરજીભાઈની દુકાન હતી, ત્યાં સાંજે ગયો, પાછળ ગોળામાં પાણી ભર્યું'તું ન્યાં જઈને પી આવ્યો ! દુકાને બહુ બેઠાને આખો દિ' , અપવાસમાં પાણી ન પીએ, ચોવિહારા કરતા તે દિ' ... તે દિ' હોં ૧૭-૧૮-૧૯ વર્ષના ( હતા અમે ), બહુ તરસા લાગી'તી, હવે કહેવું

કોને આમાં પછી પાણી પાછળ ભર્યું 'તું કુંવરજીભાઈની દુકાન પાછળ, અમારી દુકાન હતી ત્યાં બેઠા હતા.... પાછળ જઈને પી આવ્યો ! શું થાય ? સહન કરવાની શક્તિ નહોતી ! ( શ્રોતાઃ- ત્યારે કોઈ ને કીધું 'તું કે પાણી પીધું કે હમણાં જ કહો છો ) ના, કીધું અમે, તરસ્યા એવી લાગી પાણી પી લીધું ! સાંજે ઓલા પડિક્કમણાં કર્યા હોય ને ! હું કરાવતો પડિક્કમણાં, ( પછી ) દુકાને હું જઉં બેસું આ એવું છે. આહાહા !

ભગવાન આનંદનો નાથ પ્રભુ એનાં નિર્વિકલ્પરસ જેણે પીધાં, એને રાગનો રસ એને હોય નહીં અને આ નિર્વિકલ્પતાના પીણાં પીધા નહીં ત્યાં રાગના-રાગના રસ પીએ, રાગ પીએ દયા-દાન-વ્રત-ભક્તિ, કામ-ક્રોધ, રળવા-કમાવાનો ભાવ, બધો રાગ-વિકારભાવ દુઃખ-દુઃખનું વેદન કરે છે. વકીલાતનો ભાવ કેવો હશે ? નટુભાઈ ! વકીલાત કરે છે. પાલીતાણા, નરભેરામભાઈ હતા વકિલ, એનાં દિકરા પાલીતાણા વકિલાત કરે છે, પાપની.

આંહીં તો એ કહે છે અને જ્યાં આત્મા ભગવાન શુદ્ધ-નિરંજન-એકસ્વરૂપી પ્રભુ, એનો જેને અંદરમાં આદર ને સ્વીકાર ને સત્કાર નથી, એ જીવને પાપ ને પુણ્યનો સ્વીકાર ને સત્કારથી અશુદ્ધ પરિણામનો તે કર્તા થાય છે-એ દુઃખી પ્રાણી છે. આહાહા !

આંહી આવ્યું ને ! "કર્તૃત્વને પ્રાપ્ત થાય છે" વિકારરૂપ પરિણમીને અજ્ઞાની પુણ્ય-પાપના ભાવ ( કરે છે ) છે ? વિકારરૂપ પરિણમીને "જે જે ભાવને પોતાનો કરે છે તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે." -જે જે ભાવને કરે એનો-એ ભાવનો ઉપયોગ કર્તા બને છે. આહાહા ! એ એક ગાથા પણ કઠણ ! આ તો વીતરાગ, ત્રણલોકના નાથની વાણી છે ભાષા ભાઈ ! જિનેશ્વરદેવ સાક્ષાત્ પ્રભુ બિરાજે છે મહાવિદેહમાં ! આહાહા ! એ આ વાણી ( ત્યાંથી ) આવી છે !

ભાવાર્થઃ- "પહેલાં કહ્યું હતું કે જે પરિણમે તે કર્તા છે." -જે કોઈ પર્યાયમાં પરિણમે એ કર્તા, જો અશુદ્ધપણે પરિણમે તો અશુદ્ધનો કર્તા ( અને ) શુદ્ધપણે પરિણમે તો શુદ્ધનો કર્તા-કર્તા વિનાની કોઈ ચીજ તો છે નહીં કયારેય ! સમજાણું કાંઈ... ? પહેલાં કહ્યું હતું કે જે પરિણમે છે- પર્યાયમાં પરિણમિત થાય છે, દ્રવ્ય તો ત્રિકાળ પરિણમે છે તે કર્તા છે. પરિણમે તે કર્તા- પરિણમન એટલે પર્યાય-અવસ્થા જે થાય છે, એનો કર્તા. અવસ્થા કહો, દશા કહો, પરિણમન કહો, પરિણામ કહો, આવું છે, આવું તો તમારા નામામાંય આવતું નહિ હોય આવે છે ? ( ના, ના ) નામાય બધા જોયા છે ને ! આહાહા !

"અહીં અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો તેથી જે ભાવરૂપ તે પરિણમ્યો તે ભાવનો તેને કર્તા કહ્યો" છે. -શું કહ્યું કે પહેલાં કહ્યું હતું કે જે પરિણમે તે કર્તા-અવસ્થામાં જે દશા થાય છે તે એનો કર્તા, બસ એટલી વાત. એ સિદ્ધાંત, અહીંયા-અહીં જે કહ્યું છે એ અજ્ઞાનરૂપ થઈને- પોતાનો શુદ્ધસ્વભાવ ભગવાન એ સ્વભાવનું અજ્ઞાન થઈને-પોતાના શુદ્ધસ્વભાવના ભાન થયા વિના, ઉપયોગ પરિણમ્યો પર્યાયમાં ઉપયોગ વેપાર પરિણમ્યો-દશા થઈ એટલા માટે જે ભાવરૂપ એ પરિણમ્યો, જે ભાવરૂપે-દયા-દાન-કામ-ક્રોધરૂપે, રળવું-કમાવુંના જે ભાવરૂપે પરિણમ્યો ( ઉપયોગમાં ) એ ભાવનો એ કર્તા છે. "આ રીતે ઉપયોગને કર્તા જાણવો." -શું કહે છે આમાં ? કે પરિણામ જે છે આ મલિન ઉપયોગ, રાગ ને દ્વેષ આદિ એ ઉપયોગનો કર્તા ઉપયોગ છે. એ પરિણામના કર્તા ( એ ) પરિણામ છે. છે ? એમ હોવા છતાં પણ યદ્યપિ-જોકે છે ને !

"જોકે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી આત્મા કર્તા છે નહીં" –વસ્તુ જે ભગવાન આત્મા તો પર્યાયનો કર્તા છે નહીં. દ્રવ્ય એ તો પર્યાયનું કર્તા છે નહીં–શુદ્ધપરિણમન હોય તોપણ કર્તા દ્રવ્ય નથી અને અશુદ્ધ હોય તો પણ દ્રવ્ય કર્તા નથી. છે તો પરિણામ જ કર્તા છે. આહાહાહા ! સમજાણું ?

શું કીધું એ ? નિત્યાનંદ પ્રભુ ધ્રુવ વસ્તુ, એ કાંઈ પરિણામની કર્તા નથી. પરિણામ જે અશુદ્ધ હો તો અશુદ્ધપરિણામ અશુદ્ધના કર્તા છે, પરિણામ પરિણામના કર્તા છે. પણ શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી ( એટલે ) શુદ્ધ દ્રવ્યસ્વરૂપ ભગવાન ત્રિકાળી છે એ નયથી, આત્મા કર્તા નથી, એ નયથી તો પરિણમનો કર્તા આત્મા નથી, ચાહે તો અશુદ્ધપરિણમન હો–ધર્મનું પરિણમન હો, પણ દ્રવ્ય જે ત્રિકાળ છે એ તો કર્તા–પરિણામનો કર્તા દ્રવ્ય નથી. આહાહા ! એ શું વળી દ્રવ્ય ને પર્યાય ! ? આહાહા !

શુદ્ધ દ્રવ્યસ્વરૂપ ત્રિકાળ એવો આત્મા તો પરિણમનો કર્તા છે નહીં, તથાપિ–"તોપણ ઉપયોગ અને આત્મા એક વસ્તુ હોવાથી" –ઉપયોગ અને આત્માને એક ગણીને, અશુદ્ધ જે પરિણમન છે ઉપયોગ અને આત્મા ( એક વસ્તુ ) એમ ગણીને "અશુદ્ધદ્રવ્યાર્થિકનયે"–અશુદ્ધદ્રવ્યથી આત્માને પરિણામનો કર્તા છે એમ કહેવામાં આવે છે. ઘડિકમાં કંઈક ને ઘડિકમાં કંઈક ! જે ભાવરૂપ પરિણમે છે તે ( ભાવનો ) કર્તા થાય છે.

આ પ્રકારે છે ને ! શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી આત્મા કર્તા નથી, શું કહે છે ? જે અશુદ્ધપરિણમન થયું એ પરિણમન–પરિણામનો કર્તા પરિણામ છે, દ્રવ્ય નહીં. અરે, શુદ્ધપરિણમન ધર્મના ( પરિણામ ) હો–સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રના પરિણામ હો, એનો પણ કર્તા, દ્રવ્ય તો નહીં, દ્રવ્ય તો ધ્રુવ ને એકરૂપ રહેવાવાળી ચીજ છે. આહાહા ! ( શ્રોતાઃ– દ્રવ્ય ભિન્ન ને પર્યાય એની જ રમત આવી ) પરની હારે કાંઈ સંબંધ નથી. પરથી કંઈ થતું નથી ને પરમાં પોતાથી કંઈ થતું નથી. અશુદ્ધપરિણમન કરે તો એ કરે પરિણામ અને એ અશુદ્ધ ( ઉપયોગ ) કર્તા છે–પરિણામ, પરિણામનું કર્તા અશુદ્ધના કર્તા છે. પણ શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જુઓ તો એ અશુદ્ધપરિણામનોય કર્તા નથી. –પરિણમનો કર્તા પરિણામ ! આહાહા !

પણ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી દેખો તો, અશુદ્ધદ્રવ્યર્થિકનયનો અર્થઃ દ્રવ્ય જે અશુદ્ધપણે પરિણમ્યું–પર્યાયમાં એને અશુદ્ધદ્રવ્યાર્થિક કહ્યું–અશુદ્ધ દ્રવ્યાર્થિક કહો, વ્યવહાર કહો, અશુદ્ધનિશ્ચયનય કહો, પર્યાયનય કહો–વ્યવહારનય કહો. ( એકાર્થ છે. ) અરે રે ! આવી ભાષા હવે આમાં એકકોર કહે શુદ્ધદ્રવ્ય–વસ્તુ જે છે એ તો પરિણામના કર્તા છે નહિ, એ પરિણમે છે ક્યાં ? પરિણમે છે તો પર્યાય, પર્યાય પરિણમે ત્રિકાળ ( છતાં પણ ) કોઈ પણ સમયે પરિણમન વિનાનું દ્રવ્ય રહેતું નથી ! સમજાણું કાંઈ... ?

( ઓહોહો ! ) ત્રણકાળ–ત્રણલોકમાં કોઈ પણ દ્રવ્ય, જ્ઞાનીનું હોય કે અજ્ઞાનીનું પરિણમન વિનાનું દ્રવ્ય ક્યારેય હોતું નથી. એકલું દ્રવ્ય હોતું જ નથી. કેમ કે આવ્યું ને પંચાસ્તિકાયમાં 'પર્યાય વિજજુતં દવ્વં' –પર્યાય વિના દ્રવ્ય ન હોય. ગમે તે કાળે પરિણમન વિનાનું દ્રવ્ય હોય એમ ત્રણકાળમાં બને નહીં. પર્યાય રહિત દ્રવ્ય નહીં ને દ્રવ્ય રહિત પર્યાય નહીં, ત્યાં સિદ્ધ તો પોતાનું કરવું છે ને ! આમાં ક્યાં નવરાશ માણસને ! બાયડી–છોકરા સાચવવા એના નિભાવ કરવા રળવું–છોકરાને મોટા કરવા ને પોતાનો અનુભવ હોય એ છોકરાવને દેવો, દુકાને બેસે,

આનું આમ કરજે ને આમ કરજે, હવે આ કરવું કે આ કરવું ? ( શ્રોતાઃ- ઘડપણમાં ધ્યાન રાખેને ) ઘડપણ રહેશે કે નહીં, એ કોને ખબર છે ? વીસ-વીસ વરસના જુવાન હાલ્યા જાય છે ! હમણાં બે ( જુવાન ) માણસ મરી ગયા ને આંહી ૩૮-૩૮ વરસની ઉંમર, આપણે બાબુભાઈ ફતેપુરવાળા એની દિકરીના જણ છે એ માણેકચંદ ગાંધીના જમાઈ-માણેકલાલના જમાઈ, દાકતર હતા-દાકતર હતા ઘણાં પૈસા માણેકલાલ ઘણાં લાખોપતિ-ઘણાં પૈસા મોટો જમાઈ એનો, ચાર દિવસમાં બાર-તેર હજાર રૂપિયા ખર્ચ્યા, પ્રભુ ! પણ ઊડી ગયો-ગુજરી ગયો ! ધૂળ શું કામ કરે તારી ત્યાં ! દાકતર હતો એના સાટું ( માટે ) ઘણાં દાકતર આવેલા ચાર દિવસ કમળો, કમળામાંથી કમળી થઈ ગઈ, કમળી થઈ ગઈ ઊડી ગયો !

એક અમારે હરિભાઈ છે વીંછીયાવાળા-જાડા એનો એક ભાઈ જસદણ રહે, એકભાઈ મુંબઈ રહેતા, એને કમળો થયો, હમણાં આવી ગયા, ખબર કાઢવા એને કમળો ચાર દિ' રહ્યો, દશ-બાર હજાર રૂપિયા ખર્ચ્યા પાંત્રીસ વરસની ઉંમર ! એ સમય પૂરો થયો એને કોણ રાખે ? !

આંહી કહે છે પરિણમન વિનાનું દ્રવ્ય રહેતું નથી, કોઈ પણ સમયમાં ! તો આ પરિણમનમાં શુદ્ધ દ્રવ્યથી જુઓ તો આત્મા પરિણામનો કર્તા નહિ, તોપણ ઉપયોગ અને આત્માને એક ગણવાથી, અશુદ્ધદ્રવ્યાર્થિકનયથી આત્માને પણ કર્તા કહેવામાં આવ્યો છે. મલિનપરિણામનો કર્તા આત્મા એ અશુદ્ધનયથી કહેવામાં આવે છે. ( શ્રોતાઃ- નયમાં લઇ લીધું ) આ તો જ્ઞાનમાં લેવું છે ને નય તો સાંભળીય ન હોય. વિશેષ કહેશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

❁ શ્રોતાઃ- પ્રભુ ! અંતરમેં કૈસેં જાના વો દિખાઓ ?

❁ પૂજ્યગુરુદેવ :-અંદરમેં ઉતરે તબ અપને આત્માકી પ્રાપ્તિ હોતી હૈ. કહીં પરમેં મહિમા રહ જાતી હૈ-મિઠાશ રહ જાતી હૈ તો અંદરમેં જા સકતે નહીં. પહલે પરકા માહાત્મ્ય ઘટના ચાહિયે તબ હી અંદરમેં જા સકતે હૈ, લેકિન અટકનેકા સ્થાન બહુત હૈ તો કહીં ન કહીં જીવ અટક જાતા હૈ. કોઈ સંયોગકી, રાગકી, ક્ષયોપશમકી, ઐસે ઐસે કોઈ વિષયકી અધિકતા રહ જાતી હૈ તો અંદરમેં જા સકતે નહીં હૈ.

**( આત્મધર્મ, અંક ૭૧૪-૭૧૫, વર્ષ-૫૯ પાના નં. ૬ )**

## ગાથા - ૯૧

अथात्मनस्त्रिविधपरिणामविकारकर्तृत्वे सति पुद्गलद्रव्यं स्वत एव कर्मत्वेन परिणमतीत्याह-

जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स भावस्स।
कम्मत्तं परिणमदे तम्हि सयं पोग्गलं दव्वं।।९१।।

यं करोति भावमात्मा कर्ता स भवति तस्य भावस्य।
कर्मत्वं परिणमते तस्मिन् स्वयं पुद्गलं द्रव्यम्।।९१।।

आत्मा ह्यात्मना तथापरिणमनेन यं भावं किल करोति तस्यायं कर्ता स्यात्, साधकवत्। तस्मिन्निमित्ते सति पुद्गलद्रव्यं कर्मत्वेन स्वयमेव परिणमते। तथाहि-यथा साधक: किल तथाविधध्यानभावेनात्मना परिणममानो ध्यानस्य कर्ता स्यात्, तस्मिंस्तु ध्यानभावे सकलसाध्यभावानुकूलतया निमित्तमात्रीभूते सति साधकं कर्तारमन्तरेणापि स्वयमेव बाध्यन्ते विषव्याप्तयो, विडम्ब्यन्ते योषितो, ध्वंस्यन्ते बन्धा:। तथायमज्ञानादात्मा मिथ्यादर्शनादिभावेनात्मना परिणममानो मिथ्यादर्शनादिभावस्य कर्ता स्यात्, तस्मिंस्तु मिथ्यादर्शनादौ भावे स्वानुकूलतया निमित्तमात्रीभूते सत्यात्मानं कर्तारमन्तरेणापि पुद्गलद्रव्यं मोहनीयादिकर्मत्वेन स्वयमेव परिणमते।

---

હવે, આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું હોય ત્યારે પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મપણે પરિણમે છે એમ કહે છેઃ-

**જે ભાવ જીવ કરે અરે ! જીવ તેહનો કર્તા બને;**
**કર્તા થતાં, પુદ્‌ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.**

**ગાથાર્થઃ-** [ **आत्मा** ] આત્મા [ **यं भावम्** ] જે ભાવને [ **करोति** ] કરે છે [ **तस्य भावस्य** ] તે ભાવનો [ **स:** ] તે [ **कर्ता** ] કર્તા [ **भवति** ] થાય છે; [ **तस्मिन्** ] તે કર્તા થતાં [ **पुद्गलं द्रव्यम्** ] પુદ્‌ગલદ્રવ્ય [ **स्वयं** ] પોતાની મેળે [ **कर्मत्वं** ] કર્મપણે [ **परिणमते** ] પરિણમે છે.

**ટીકાઃ-** આત્મા પોતે જ તે પ્રકારે ( તે-રૂપે ) પરિણમવાથી જે ભાવને ખરેખર કરે છે તેનો તે કર્તા થાય છે-સાધકની ( અર્થાત્ મંત્ર સાધનારની ) જેમ; તે ( આત્માનો ભાવ ) નિમિત્તભૂત થતાં, પુદ્‌ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ ( પોતાની મેળે જ ) પરિણમે છે. આ વાત સ્પષ્ટપણે સમજાવવામાં આવે છેઃ-જેમ સાધક તે પ્રકારના ધ્યાનભાવે પોતે જ પરિણમતો થકો ધ્યાનનો કર્તા થાય છે અને તે ધ્યાનભાવ સર્વ સાધ્યભાવોને ( અર્થાત્ સાધકને સાધવાયોગ્ય ભાવોને ) અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, સાધક કર્તા થયા સિવાય ( સર્પાદિકનું ) વ્યાપેલું ઝેર સ્વયમેવ ઊતરી જાય છે, સ્ત્રીઓ સ્વયમેવ વિડંબના

**પામે છે અને બંધનો સ્વયમેવ તૂટી જાય છે; તેવી રીતે આ આત્મા અજ્ઞાનને લીધે મિથ્યાદર્શનાદિભાવે પોતે જ પરિણમતો થકો મિથ્યાદર્શનાદિભાવનો કર્તા થાય છે અને તે મિથ્યાદર્શનાદિભાવ પુદ્‌ગલદ્રવ્યને (કર્મરૂપે પરિણમવામાં) અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, આત્મા કર્તા થયા સિવાય પુદ્‌ગલદ્રવ્ય મોહનીયાદિ કર્મપણે સ્વયમેવ પરિણમે છે.**

**ભાવાર્થઃ- આત્મા તો અજ્ઞાનરૂપ પરિણમે છે, કોઈ સાથે મમત્વ કરે છે, કોઈ સાથે રાગ કરે છે, કોઈ સાથે દ્વેષ કરે છે; તે ભાવોનો પોતે કર્તા થાય છે. તે ભાવો નિમિત્તમાત્ર થતાં, પુદ્‌ગલદ્રવ્ય પોતે પોતાના ભાવથી જ કર્મરૂપે પરિણમે છે. પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવ માત્ર છે. કર્તા તો બન્ને પોત પોતાના ભાવના છે એ નિશ્ચય છે.**

## પ્રવચન નં. ૧૮૧ ગાથા-૯૧ તા. ૨૯/૦૧/૭૯ સોમવાર મહા સુદ-૧

સમયસાર, કર્તાકર્મ અધિકાર એકાણું ગાથા, ૯૦ થઇ ગઇ. હવે એમ કહે છે. "હવે, આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું હોય ત્યારે પુદ્‌ગલ દ્રવ્ય પોતાની મેળે જ કર્મપણે પરિણમે છે એમ કહે છે." :-

(કહે છે કે) જ્યારે આત્માને ત્રણ પ્રકારના વિકારનું જે કર્તૃત્વ હોય છે-આત્મામાં, મિથ્યાશ્રદ્ધા ને મિથ્યાજ્ઞાન ને રાગ-દ્વેષ, એ ત્રણ પ્રકારના પરિણામના વિકાર થાય છે આત્મામાં, અનાદિની ભૂલથી પોતાના શુધ્ધ ચૈતન સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી અજ્ઞાનપણે પુણ્ય-પાપના ભાવ મારા છે એવા, તેવા અજ્ઞાનને મિથ્યાભાવમાં રમણતા તેવા ત્રણ પ્રકારના પરિણામ વિકાર આત્મા કરે છે ત્યારે મિથ્યાત્વભાવ, એ અજ્ઞાનમાં મિથ્યાત્વભાવ થાય છે. પુણ્ય-પાપના વિકાર આત્મા કરે છે, "ત્યારે પુદ્‌ગલ દ્રવ્ય પોતાની મેળે જ કર્મપણે પરિણમે છે" -ઝીણી વાત છે. એ મિથ્યાદૅષ્ટિ, અજ્ઞાની કર્તાપણે હોય ત્યારે એટલે રાગ મારો છે, રાગ મારામાં છે એ માન્યતા મિથ્યાદૅષ્ટિ-અજ્ઞાનીની છે. એ સમયે કર્મ-પુદ્‌ગલ પોતાની મેળે કર્મપણે પરિણમે છે. આત્માએ એ કર્મને પરિણમાવ્યા છે નહીં. આહાહા! ગાથા (એકાણું)

जं कुंणदि भावमाया कत्ता सो होदि तस्स भावस्स।
कम्मतं परिणमदे तम्हि सयं पोण्गल दव्वं।।९१।।

જે ભાવ જીવ કરે અરે! જીવ તેહનો કર્તા બને;
કર્તા થતાં, પુદ્‌ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.

ટીકાઃ- "આત્મા પોતે જ તે પ્રકારે (તે-રૂપે) પરિણમિત થવાથી" કયા રૂપે? મિથ્યાવશ્રદ્ધારૂપે-મિથ્યાજ્ઞાનરૂપે ને મિથ્યારાગઆચરણરૂપે, સમજાણું કાંઇ? સ્વયં તે રૂપે પરિણમિત થવાથી કર્મને કારણે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન નહીં એમ કહે છે. ૯૧ ની ટીકા છે. આત્મા સ્વયં-પોતાની ભૂલથી પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ તેનાથી ચ્યુત થવાથી સ્વયં જ તે રૂપે પરિણમીત થવાથી મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને રાગદ્વેષરૂપે પરિણમીત થાય છે તે ભાવને ખરેખર તે ભાવનો ખરેખર કરે છે તેનો કર્તા થાય છે.

સાધકની અર્થાત્ મંત્ર સાધનારની જેમ તે કર્તા છે. દૅષ્ટાંત આપે છે. મંત્ર સાધેને! તેના

કર્તા થાય છે. મંત્રસાધનારની સામે ચીજ જે હોય છે એનો કર્તા નથી. કહેશે વિશેષ આ આત્માનો ભાવ નિમિત્તભૂત હોવાથી આત્મા વિકારી શ્રદ્ધા અનાદિથી રાગ જે પુણ્ય-પાપના ભાવ એ દયા, દાન, વ્રતાદિના ભાવ પણ વિકાર છે એ વિકારને પોતાનો માને છે, એ મિથ્યાશ્રદ્ધા-મિથ્યાદર્શન છે. એ રાગ પોતાનો જાણે છે એ મિથ્યાજ્ઞાન છે અને રાગમાં રમણતા કરે છે તે મિથ્યાચારિત્ર ( છે. ) સમજાય છે કાંઈ... ?

એ પોતાના ભાવનો કર્તા બને છે ( આત્માનો ભાવ ) નિમિત્તભૂત થતાં, પરિણામ ( વિકારનાં ) તો નિમિત્ત છે જે નવા કર્મ બને છે તેમાં, નવું કર્મ બને છે એ આત્મા બાંધે છે એવું નથી. આહાહા ! પણ નિમિત્તભૂત થતાં એટલે નિમિત્ત એટલે નિમિત્ત છે એટલે ( નવું કર્મ ) બને છે એવું પણ નહીં. ઝીણી વાત છે બહુ ! "પુદ્ગલદ્રવ્ય કર્મપણે" -પુદ્ગલ છે જડ એ 'કર્મપણે સ્વયમેવ ( પોતાની મેળે જ ) પરિણમે છે. એ કર્મની પર્યાય જે થાય છે પુદ્ગલની એ સ્વયં કર્મરૂપ થાય છે. પણ એણે રાગ કર્યો તો એને કર્મને પરિણમવું પડયું એમ નથી. જ્યારે આત્મા મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-રાગદ્વેષરૂપ પરિણમે છે તેથી તે નિમિત્ત છે પરમાં પણ પરનું પરિણમન થયું તે સ્વયં કર્મરૂપે પરિણમે છે. આત્માએ મિથ્યા-રાગદ્વેષ કર્યા ( તેથી ) કર્મરૂપ પુદ્ગલને પરિણમવું પડયું, એવું છે નહીં. ( શ્રોતાઃ- એ નહોત તો પરિણમત નહીં ! ) એ પ્રશ્ન જ નથી, આ થાય છે એમ કહે છે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ !

આત્મા, પોતાના સ્વરૂપની અનાદિકાળથી ખબર નહિ, હું તો શુદ્ધચૈતન્ય આનંદકંદ છું તો એના અજ્ઞાનભાવે એ પુણ્ય ને પાપના ભાવ કરે છે, એ મારી ચીજ છે એવી મિથ્યાશ્રદ્ધા, એ ( રાગ ) મારો છે એમ જાણવું એ મિથ્યાજ્ઞાન અને એમાં ( તે-રૂપ ) પરિણમન કરવું એ મિથ્યાચારિત્ર, આહાહા ! એ અનાદિથી આત્મા મિથ્યાત્વાદિરૂપ પરિણમીને ( તેનો કર્તા થાય છે ) આત્માનો ભાવ નિમિત્ત થતાં એટલું ! પુદ્ગદ્રવ્યનું કર્મબંધન જે થાય છે એ કર્મપણે સ્વયમેવ ( પોતાની મેળે જ ) અનંત પરમાણું છે એમાંથી જેટલા કર્મપણે પર્યાય થવાની યોગ્યતાવાળા પરમાણું કર્મપણે થાય છે. સમજાય છે કાંઈ... ?

( દૃષ્ટાંત ) જેમ કે ઇચ્છા કરી કે હું શરીરને હલાવું તો ઇચ્છાનો કર્તા અજ્ઞાની છે પણ આ હાથ ચાલે છે તો એ ચાલવાની પર્યાય, ચાલવાનું કર્મ એ પુદ્ગલની પર્યાય એમાં થવાવાળી છે ઇચ્છા કરી માટે પુદ્ગલ ચાલ્યું છે, એવું નથી. ( જુઓ ને ! ) આ પર્યાય, એ સમયે પોતાનાથી હલી, તો એ હલવાની પર્યાયનો કર્તા એ પરમાણું થાય છે, ઇચ્છા અહીં થઈતો પરમાણુંની પર્યાયથી ચાલ્યું-હાલ્યું એવું છે નહીં. એ બલુભાઈ ? શું કહે આ બધું કોઈ દિ'..... આહાહાહા ! સમજાણું કાંઈ ?

અહીંયા આત્માએ તો એટલું કર્યું પોતાના પરિણામમાં અજ્ઞાનથી પોતાની ચીજ શુદ્ધચૈતન્ય જ્ઞાન-દર્શન આનંદકંદ પ્રભુ છે, એનું ભાન અનાદિથી નહિ હોવાથી, પોતાના અજ્ઞાનથી પોતાનામાં મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન ને રાગદ્વેષરૂપ પરિણમન કરે છે બસ. એ પરિણામનો કર્તા છે અજ્ઞાની. પણ એ સમયે જે કર્મ બને છે, એનો કર્તા આત્મા નથી. મિથ્યાશ્રદ્ધા આદિ ( ભાવનો ) કર્તા ( આત્મા ) છે પણ એનો ( કર્મ-પુદ્ગલકર્મનો ) કર્તા નથી. એ સમયે કર્મ થવાને યોગ્ય, પુદ્ગલના પરમાણું પોતાથી સ્વયં કર્મરૂપે પરિણમે છે. એનો કર્તા એ કર્મરૂપી પુદ્ગલપર્યાયનો

કર્તા એ કર્મપુદ્ગલ ( છે ), આત્માના પરિણામ એના કર્તા છે એવું નથી. આવી વાતું ભાઈ !

( શ્રોતાઃ- પ્રત્યેક દ્રવ્ય સ્વતંત્ર છે ! ) સ્વતંત્ર છે. પ્રત્યેક વસ્તુ ( ની ) પોતાની પર્યાય ( જે ) સમયમાં થાય છે એ પોતાથી સ્વતંત્ર થાય છે. આહાહા ! આકરું કામ ! ( જુઓ ! ) ઇચ્છા થઈ કે હું બોલું, તો એ ઇચ્છાનો કર્તા એ અજ્ઞાની છે, જ્ઞાની-ધર્મી તો ઇચ્છા થાય છે એનાં જાણવાવાળા ( જાણનાર ) રહે છે. આવી વાતું ભાઈ ! અજ્ઞાની ઇચ્છાનો કર્તા થાય છે એટલું નિમિત્ત અને ભાષાની પર્યાય એ સમયે થવાવાળી હતી તો ભાષા થઈ, એ ભાષાની પર્યાયનો કર્તા, ઇચ્છા કરવાવાળો આત્મા એનો કર્તા છે નહીં. અરે, અરે ! આવી વાતું હવે ! આ શું છે ! સમજાય છે ?

લ્યો, આ સંચા, તમે આવા સંચા, માણસ ઊભો હોય ત્યાં ( તેને ) ઇચ્છા થઈ કે આને હલાવું સંચાને, તો ઈ ઇચ્છાનો કર્તા એ છે અજ્ઞાની ( તેને ) રાગ છે ને, ( તેથી તે ) રાગનો કર્તા અજ્ઞાની છે. ધર્મી ( જ્ઞાની ) રાગનો કર્તા છે નહીં, રાગ આવે છે એને પોતાનામાં જ્ઞાનમાં રહીને, જ્ઞાનમાં જાણે છે. તો ઇચ્છાનો કર્તા થાય છે, તો સંચો ચાલે, આમ સંચો ચાલે એ ક્રિયાનો કર્તા ઇચ્છાવાન આત્મા નથી. એ તો એ સમયે પરમાણુંની પર્યાય-સંચાની એવી જ ( રીતે ) ચાલવાની ( હતી ) તો એ પરિણમે છે-એ પરમાણું જે ચાલ્યા સંચાના એ પર્યાયના કર્તા એ પરમાણું છે, ઇચ્છા કરવાવાળો ( માણસ ) એનો કર્તા નથી. કહો, બલુભાઈ ? આખો દિ' તમે કરો છો ને, મોટું સીત્તેર લાખનું મકાન ( ફેકટરી ) દવા-દવા ( બનાવવાનું ) નહોતું આટલું મોટું ? ( શ્રોતાઃ- એ દવા દબાવીને કરતા ! ) કોણ દાબે ? રામજીભાઈ હતા, નાનાલાલભાઈ હતા રાજકોટવાળા કરોડપતિ-નાનાલાલ કાળીદાસ જસાણી, બધા હતા ત્યાં, કોણ કરે ભાઈ ! બહું આકરું કામ. ઇચ્છા થઈ કે આ હિરો હાથમાં લઉં, તો એ અજ્ઞાની એ ઇચ્છાનો કર્તા છે, પણ જ્યારે હાથમાં હિરો આવ્યો, એની હિરા લાવવાની ક્રિયા થઈ, એ ઇચ્છાથી થઈ એમ છે નહીં. સમજાણું કાંઈ... ?

જ્ઞાની જાણે, જ્ઞાનીની દૃષ્ટિ પોતાના દ્રવ્યસ્વભાવ ઉપર ( જ ) છે. ધર્મી એને કહીએ કે જેમને જ્ઞાયકસ્વભાવ આત્મા શુદ્ધચૈતન્યઘન છે ( તેના ઉપર ) સમકિતીની દૃષ્ટિ-ધર્મીની દૃષ્ટિ ત્યાં છે. એ કારણે એનાં પરિણામમાં નિર્મળ પરિણામ થાય છે, એ નિર્મળ પરિણામનો કર્તા ધર્મી છે. રાગ થાય છે એને જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણે છે. આરે ! હવે આવી વાતું છે, બહુ કામ ! આખો માર્ગ વીતરાગનો, અત્યારે ચાલે છે તેથી આખી જુદી જાત છે. આહાહા !

વીતરાગ સર્વજ્ઞદેવ એમ કહે છે કે દેખો ! કે આત્મા તો પોતાના પરિણામનો કર્તા છે અજ્ઞાની, આ રાગ-દ્વેષના પરિણામનું કહેવું છે ને ! ઈ આત્મા નિમિત્તભૂત હોવા છતાં, પુદ્ગલદ્રવ્ય-જડકર્મ, કર્મરૂપે સ્વયમેવ પરિણમે છે. એ પુદ્ગલમાં તે સમયમાં કર્મરૂપ થવાની તાકાતથી ( સ્વયં ) કર્મરૂપ થાય છે. આહાહાહા ! એ કુદરતે એમ કે પોતાની મેળે ( પરિણમે છે. ) એમ જ થાય છે. ( જેમ કે ) સૂર્ય ઊગે ને ( માળામાં ) પંખી ભેગાં હોય એ એકપછી એક પોતાથી પોતાને રસ્તે ચાલ્યા જાય છે ( ઊડી જાય છે ), એ સૂર્ય ઊગ્યો માટે જાય છે એમ નથી. અને સૂર્યાસ્ત થાય તો પંખી ઝાડ ઉપર ( પાછા ) આવે છે. અને બધા ( પંખીઓ ) જ્યાં ખૂલ્લું હોય, કોઈ આગળ-પાછળના હોય ત્યાં ભેગાં થાય બધાં, એ પોતાનાથી, એ કાંઈ સૂર્યાસ્ત થયો હોવાથી

આવ્યા છે એવું નથી. પોતાની પર્યાયથી ત્યાં આવ્યા છે. પોતાની પર્યાયથી ત્યાં રહ્યા છે. અને જ્યાં સૂર્ય ઊગે કે ત્યાં ચાલ્યા જાય છે, તો એ પોતાની પર્યાયથી ( ત્યાં ) ચાલ્યા જાય છે. સૂર્ય ઊગ્યો માટે એને ચાલવું ( ઊડવું ) પડયું એવું છે નહીં. આરે... આરે આવું છે. કઈ જાતની આ વાત !? વીતરાગના ઘરની વાત છે પ્રભુ ! દરેક દ્રવ્ય-દરેક પદાર્થ પોત-પોતાની વર્તમાન અવસ્થા કરવામાં સ્વતંત્ર છે. એને બીજો, એની પર્યાય કરે એવું ત્રણકાળમાં બનતું નથી. ( શ્રોતાઃ- શેઠનું કામ, નોકર તો કામ કરેને ! ) કંઈ ધૂળેય કરે નહીં, કોણ કરે ? નોકરનું !

આ આત્મા એની ઈચ્છાને કરે ને ઈચ્છાને કરે છતાં, એ હાથ કે પગની ક્રિયા કરી શકે નહીં. ( શ્રોતાઃ- એટલે તો નોકર રાખે ! ) કોણ નોકર રાખે છે, કોઈ નોકર કોણ કોના નોકર ? એનો આત્મા ભિન્ન, આનો આત્મા-શરીર ભિન્ન શેઠિયાનો આત્મા ભિન્ન-શરીર ભિન્ન, એનું ( નોકરનું ) શરીર-આત્મા ભિન્ન ! બહું કામ વીતરાગનું તત્ત્વ ! પ્રત્યેક પદાર્થ પોતાનાથી સ્વતંત્ર છે ! કોઇને આધિન કોઇ નથી. કોઈ કોણ રાખે છે, ધૂળેય રાખતો નથી. કોઈ કોઈને આધિન છે જ નહીં. ( શ્રોતાઃ- પૈસાને તો એ રાખે છે ! ) એ ધૂળેય અજ્ઞાની રાગને કરે કે હું પૈસાને અહીંયા રાખું પણ પૈસા રહે ત્યાં એ પોતાની પર્યાયથી પર્યાયની યોગ્યતાથી ત્યાં રહે છે. ( શ્રોતાઃ- શેઠિયા માને કે હું રાખું છું ) બીજા બધા કોણ ? શેઠિયાને ભાનેય કયાં છે ? એ... ય શાંતિભાઈ ? આ બધા શેઠિયાને ! શું ઉઠાડે છે તમને બધાને, કહો મધુભાઈ ? ( શ્રોતાઃ- પૈસા આવ્યા માટે રાગ કર્યો ) રાગ પોતે કર્યો, પોતાના અજ્ઞાનભાવે, પૈસા પૈસાને કારણે આવ્યા ને ગયા, સ્વતંત્ર દ્રવ્ય છે ને ! સમજાણું કાંઈ... ? ( શ્રોતાઃ- પૈસા કમાવાની મહેનત કરેને ? ) કોણ કરે છે ? પણ પૈસા રાગ કરાવે છે ? પૈસા આવ્યા ને ગયા એ જડને કારણે અને રાગ ( ઇચ્છા ) કરે એનો દેવાનો ભાવ કર્યો, માટે પૈસા ત્યાં જાય છે, એવી ચીજ છે જ નહીં, આહાહાહા ! વિપરિત માન્યતા છે-હું પૈસા પરને દઉં છું અને હું પૈસા લઉં છું એ વિપરીત ( માન્યતા ) છે. એ જડની પર્યાયનો કર્તા થાય છે, જડની પર્યાય જડથી થાય છે ને કર્તા પોતે ( અજ્ઞાની ) થાય છે, મિથ્યાભાવે ! આહાહાહા ! ( શ્રોતાઃ- કોઇની પાસેથી પૈસા ઊછીના લઇ આવીએ અને આવે ત્યારે પાછા આપી દઇ ) પણ લઈ આવે કયાંથી, એ પૈસા આવવાના છે તો આવે છે. એણે રાગ કર્યો માટે આ પૈસા આવ્યા એવું છે નહીં. ( શ્રોતાઃ- આવી વાત ઝટ ગળે ઊતરે એવી નથી ! ) ગળે ન ઊતરે તો ઊતારવી પડશે, બાબુભાઈ ? બાપુ માર્ગ તો આ છે નાથ !

પરમાત્મા ભગવાને ( તીર્થંકરદેવે ) અનંત દ્રવ્યો જોયા છે-તીર્થંકર પરમેશ્વર સર્વજ્ઞદેવ એને અનંત દ્રવ્યો અનંત પરમાણુંઓ, અનંત આત્માઓ ( છ દ્રવ્યો ) જોયાં, તો અનંત આત્મા અનંતપણે અને અનંતપરમાણુ અનંતપણે કયારે રહે ? કે પોત-પોતાની પર્યાયના કર્તા છે તો એ રીતે ( અનંતપણે ) રહે. પણ પરની પર્યાયના કર્તા હોય તો પર તો પર્યાય વિનાનું ( થયું ) પરચીજ તો ન રહી, પરની પર્યાય આ પર ( બીજું દ્રવ્ય ) કરે તો પર પર્યાય વિના નાશ થઈ જાય, ન્યાયથી જરી, પણ કઠણ વાત છે. અત્યારે તો ( આ વાત ) ચાલતી નથી. અત્યારે તો દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો-મરી જાવ, મરી જાવ, એય ચીમનભાઈ ? કરો ને મરો- અહીં કર્તાબુદ્ધિ છે એ મરવાની બુદ્ધિ છે-એ રાગની ક્રિયા હું કરું, એ 'કરના એ મરના' છે, ખબર નહીં બાપુ શું થાય !

અહીં એ કહે છે "પુદ્ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ ( પોતાની મેળે જ ) પરિણમે છે" - પુદ્ગલદ્રવ્ય જડ છે ને પુદ્ગલ છે ને ! એ કર્મરૂપ સ્વયમેવ પરિણમે છે. ત્રીજી લીટી છે ( ટીકાની ) "આ વાત સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે" -આંહી એ જ વાતને સ્પષ્ટતયા સમજાવે છે. એ વાતને સ્પષ્ટપણે દૃષ્ટાંત દઈને સમજાવે છે. જેમ સાધક મંત્ર સાધે છે ને મંત્ર આ વીંછી ઊતારવાનો મંત્ર, સર્પનું ઝેર ઊતારવાના મંત્ર હોય છે ને ! મંત્ર તો ઘણાં પ્રકારનાં ( હોય છે ) તો કહે છે દૃષ્ટાંતથી સાંભળો !

જેમ સાધક તે પ્રકારના ધ્યાનભાવથી સ્વયમેવ પરિણમતો થકો-પોતાની પર્યાયમાં રાગ થયો, એ અજ્ઞાની રાગનો સ્વયમેવ કર્તા ત્યાં થાય છે. એમ એ સાધકને જે મંત્રના પરિણામ થયા, કરવાના ( ઝેર ઊતારવાના ) એ પરિણામનો કર્તા થાય છે. સમજાણું કાંઈ... ? અને તે ધ્યાનભાવ, સમસ્ત સાધ્યભાવોને જેને જ્યાં કરવું છે એના ભાવ છે ને ! કે હું આ મંત્ર કરું તો સર્પનું ઝેર ઊતરી જાય-મંત્ર કરું તો વીંછીનું ઝેર ઊતરી જાય, હું મંત્ર કરું તો એ સ્ત્રી નાચે ( ધૂણે ) ગાંડી થઈ જાય ! સમજાણું કાંઈ... ?

"તે ધ્યાનભાવ સમસ્ત સાધ્યભાવોને" -સાધ્ય ( ભાવોને ) એટલે જે સામે થવાવાળા છે ( તે ભાવ ), સાધકને સાધવાયોગ્ય ભાવોને અનુકૂળ હોવાથી-સામી ચીજને સાધકનો ભાવ નિમિત્ત-અનુકૂળ હોવાથી, નિમિત્તમાત્ર હોવાથી ( થવાથી ) સાધક કર્તા થયા સિવાય, સર્પાદિકનું વિષ ( ઝેર ) સ્વયમેવ ઊતરી જાય છે. આહાહા ! ( શું કહે છે ? ) એણે સાધકે તો મંત્ર સાધવાના પરિણામ કર્યા ઇ મંત્રની ભાષાનો કર્તા પણ નથી અને પરિણામ કર્યાને સર્પને વિષ ઉતરી ગયું તો એ તો પોતાના કારણે ( ઊતર્યું ) એ ઝેર ઊતરવા લાયક હતું તો ઊતર્યું છે, આણે ( સાધકે ) મંત્ર કર્યો તો ત્યાં ( ઝેર ) ઊતર્યું છે એવું નથી. ( શ્રોતાઃ- મંત્ર સાધકે મંત્ર તો સાધ્યો ને ? ) આ વાત પણ ઈ પ્રશ્ન જ કયાં ( છે ? ) મંત્ર થયો ને અહીં આ થયું એને કારણે, આને ( મંત્રને ) કારણે થયું એવું નથી. ભારે કામ આકરું, આ તો જ્યાં હોય ત્યાં 'હું કરું, હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' -ગાડું ચાલતું હોય ને નીચે કૂતરો ( ચાલતો હોય ) ઠાંઠું એને અડે ! બસેં મણનું એમાં ગાડું મોટું, બળદ વડે જાય ( ચાલે ) એ ( કૂતરો ) એમ માને કે ગાડું મારાથી હાલે છે.

( આહાહા ! ) એમ જગતની ચીજો-ધંધાની, પૈસાની આવવા-જવાની, ખાવા-પીવાની ( આદિ ) ક્રિયા બધી પોત-પોતાથી થાય છે, અજ્ઞાની એમ માને છે કે મેં આ કર્યું, હું એ કરું છું ગાડા નીચે કૂતરું જાય અને ઠાંઠું અડે ને માને કે ગાડું મારાથી હાલે છે, એમ દુકાનને થડે બેઠો, અને જે પૈસા આવે-જાય, માલ આવે-જાય-ઘરાક- ( ગ્રાહક ) આવે-જાય, એ કર્તાની પર્યાય હું કરું છું ( અભિમાન છે ! ) આહાહા ! આવું કામ છે, જગતને બેસવો વીતરાગનો માર્ગ ! બહુ અલૌકિક છે બાપુ !

જિનેશ્વર-પરમેશ્વર ( તીર્થંકર ) એમ કહે છે કે તારા ( પોતાના ) અજ્ઞાનથી તેં રાગ-ભાવ કર્યો તો તું રાગનો કર્તા છો, પણ એ વખતે કર્મનું બંધન થાય તો એનો તું કર્તા નથી. આહાહા ! કેમ કે કર્મબંધન છે પુદ્ગલ, એ તારાથી ભિન્ન ચીજ છે અને ભિન્ન ચીજનું પરિણમન થયું તે એનાં કારણથી છે. તારા કારણથી એમાં પરિણમન થાય કર્મરૂપ એવું નથી. આવી વાત છે. આહાહાહા !

( શ્રોતાઃ– તોપણ કર્મબંધન તો પડે છે યોગમાં ! ) ઈ એને કારણે પડે ! યોગ તો એમાં નિમિત્તમાત્ર છે, પરમાણુંનું આવવું–જવું પરમાણુંની પર્યાયમાં એ કર્મના કારણથી, યોગના કારણે નહીં. યોગ તો નિમિત્તમાત્ર છે. આહાહા ! ઝીણી વાત છે, આ તો સાદી ભાષાથી કામ ચાલે છે ! !

આત્મામાં યોગ છે જે કંપન, મન–વચન કાયા ( નો યોગ એ ) તો જડ છે, એ તો નિમિત્ત અને પોતાનામાં કંપન થાય છે ( આત્મ ) પ્રદેશમાં–યોગ, એ યોગ થવાથી પરમાણુંના પ્રદેશમાં જે પ્રકૃતિ આવે છે એ એનાં કારણે આવે છે–એ સમયે થવાવાળી પર્યાયથી–એને કારણે, અને અજ્ઞાનીએ ( જે ) કષાય ભાવ કર્યો એ યોગથી, પ્રકૃતિ–પ્રદેશ થયા એમાં એના કારણથી અને અહીં કષાય કર્યો ક્રોધ–માન–રાગ–દ્વેષ–દયા–દાન આદિ પરિણામ તો એ પરિણામનો કર્તા અજ્ઞાની છે, અને એ ( અજ્ઞાનીના ) પરિણામ થયા તો ત્યાં કર્મમાં સ્થિતિ–અનુભાગરસ પડયો એવું છે નહીં. શાસ્ત્રભાષા એમ આવે કે યોગથી પ્રકૃતિ અને પરમાણું બને છે અને કષાયથી સ્થિતિને અનુભાગ–કર્મના ચાર પ્રકાર થાય છે ને, પરમાણુંની સંખ્યા, પરમાણુંનો સ્વભાવ, પરમાણુંમાં રહેવાની સ્થિતિ, પરમાણુંમાં ફળ દેવાની અનુભાગ શક્તિ !

( શ્રોતાઃ– ભેદજ્ઞાન એની મેળે થાય કે કરવાથી થાય ) ભેદજ્ઞાન છે તે છે, રાગથી ભિન્ન જેણે આત્માને જાણ્યો–સમ્યગ્દર્શન થયું, એ રાગના કર્તા નથી. અને જે રાગ થાય છે એને એ જાણે છે, અને એ વખતે ( જે ) કર્મ બને છે એ પણ ( જાણે છે ), અહીં રાગ થયો તો એ ( કર્મ ) બંધાણા નથી. એ બંધાય છે એને પણ આ જાણે છે. ( શ્રોતાઃ– ભેદજ્ઞાન સ્વયં થાય છે કે પુરુષાર્થ કરવો પડે છે ) આલેલે ! ઈ તો અનંતો પુરુષાર્થ છે, ભેદજ્ઞાન ( કંઈ ) એની મેળાએ થાય છે ? રાગથી ભિન્ન મારી ચીજ ( આત્મતત્ત્વ ) છે એ મહાપ્રયત્ન છે. એ કયારેય કર્યો નથી એ પ્રયત્ન ! ( શ્રોતાઃ– એ ગુરુકૃપાથી થાય ને ! ) ધૂળેય ન થાય ગુરુકૃપાથી ! આંહી એ વાત ( નથી ) એ વાત ખોટી છે.

ભગવાન એમ કહે છે કે મારી માન્યતા કરે છે એ તો એને રાગ થાય છે ને રાગથી એને બંધન થાય છે. પુદ્‌ગલની પર્યાય એ એની સ્વતંત્રતાથી થાય છે. આમ વાત છે ભાઈ ! નવેય તત્ત્વ, નવ કહ્યા છે ને ! નવે, નવ તત્ત્વ પોતપોતાની પર્યાયથી ( થાય છે ) ભિન્ન ભિન્ન છે. જીવ, અજીવ, પુણ્ય ને પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ, આ વિષય અત્યારે ચાલતો નથી એટલે લોકોને એવું લાગે કે આ નવું કયાંથી કાઢયું ? એવું લોકોને નવું બાપુ ! પણ અનાદિનો માર્ગ ( જ ) આ છે. વીતરાગ પરમાત્મા, એ એમ કહે છે કે પ્રભુ ! તારી ચીજમાં તો આનંદ પડયો છે ને ! એ આનંદની તને ખબર નથી–ખ્યાલ નથી–સમજણ નથી, એ કારણે તારામાં શુભ અને અશુભ રાગ થાય છે મેલ, એનો તું કર્તા થઈને પરિણમન કરે છે, એ પરિણમન કરવામાં કર્મ ( દ્રવ્યકર્મ–જડ છે ) તો પરિણમન રાગદ્વેષનું થયું એવું નથી. અને રાગ ને દ્વેષ તેં કર્યાં તો કર્મબંધન થયું–કર્મબંધન થવું જ પડે, એવું નથી. એ પરમાણુંની પર્યાય, કર્મ ( રૂપ ) થવાની લાયકાતવાળા ( પુદ્‌ગલ ) કર્મરૂપે થાય છે. અરે, અરે ! આવી વાતું હવે એમાં કયાંય મેળ ખાય, ( એવું ) ન મળે !

આખો દિ' રાગ કરે અને કહે છે કે રાગ કરનારો તું માન, તો તું અજ્ઞાની મૂંઢ છે–

મિથ્યાદૃષ્ટિ ! કેમ કે તારી ચીજમાં તો રાગ છે નહીં, સ્વભાવ-આનંદકંદ છે એ તો, તો એ અજ્ઞાની રાગને કરે અને એ સમયે કર્મબંધન હો, તો રાગ કર્યો તો કર્મબંધનનો કર્તા પણ આત્મા થયો ! એવું છે નહીં. આહાહાહા ! ભાષા તો સાદી છે પણ એનાં ભાવ તો ( જે છે તે ) એણે પકડયા નથી, કોઈ દિ' ! આ સાંભળવા મળતું નથી અત્યારે તો... અત્યારે તો જ્યાં હોય ત્યાં આમાં કહે આ સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણાં કરો, વ્રત કરો, દાન કરો, મુનિને આહાર-પાણી આપો, બધી આવી ક્રિયા ! કરો, કરો, કરો-કરવાની વાતું બતાવે, શ્વેતાંબરમાં જાય તો એને ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો, ગિરનાર જાઓ, શેત્રુંજય જાઓ, એ બધી રાગની ક્રિયા બતાવે. આહાહા ! ( શ્રોતાઃ- આપ કઈ ક્રિયા બતાવો છો ! ) આ રાગ વિનાનો આત્મા છે એનું શ્રદ્ધા, જ્ઞાન કરવા એ જ ધાર્મિક ક્રિયા છે. શાંતિભાઈ ? આહાહાહા ! આ ધર્મ કરવાની રીત ! ( શ્રોતાઃ- જ્યાં ધર્મ હોય ત્યાં જાયને ) કયાં જાય ? ઇચ્છા કરી અજ્ઞાનીએ કે હું આ કાગળને ઊંચો કરું, એ અજ્ઞાની ઇચ્છાનો કર્તા છે, પણ આ ( કાગળની ) ઊંચી થવાની પર્યાયનો કર્તા, એ આત્મા છે એવું નથી. આવી વાતું છે પ્રભુ ! આહાહાહા !

( જુઓ ) પગ ચાલે છે, ઇચ્છા થઈ કે હું ચાલું, બસ ? ઇચ્છાનો કર્તા થયો અજ્ઞાની, પગ ચાલે છે એ પગની પર્યાયથી પગ ચાલે છે, ઇચ્છાથી નહીં. હવે આ વાત કોણ માને ! પ્રભુ ગળે ઊતરે નહીં, સમજવું કઠણ. પણ બાપુ માર્ગ તો આ છે ભાઈ ! આહા ! અનંત અનંત કાળથી દુઃખી છે પ્રભુ ! કાલ ઘણું કહ્યું નહોતું ? નર્કમાં ભાઈ તેં દુઃખ એવા સહ્યા છે કે બાપુ સાંભળ્યા જાય નહિ, ભગવાનનો પોકાર છે, પ્રભુ તું નર્કમાં અનંત વાર ગયો ! અનંત અનંત સાગરોપમનાં નરકના દુઃખો તેં ભોગવ્યા ત્યાં, એક એક નર્કમાં અનંત વાર ગયો. પ્રભુ તું એમ પ્રભુ કહે છે, એક એક નર્કની દશહજાર ( વરસની ) સ્થિતિએ, અનંત વાર દશ હજારને એક સમયની સ્થિતિ એ, અનંતવાર દશક થઇને બે સમયની સ્થિતિએ અનંતવાર એમ ત્રણ, ચાર, પાંચ, સાત, દશ, સંખ્યાત-અસંખ્યાત મિનિટને પછી દશક થઇને ? મિનિટની સ્થિતિએ અનંતવાર પછી દશક હજારને ૨ મિનિટની સ્થિતિએ અનંતવાર એમ તેત્રીસ સાગર સુધી અનંત અનંત વાર ભવ કર્યાં બાપા ! આહાહાહા ! એક મિથ્યાત્વને લઈને ! એ મિથ્યાત્વ શું ચીજ છે, એની ખબર નથી ! સમજાણું ?

એ તો ( અજ્ઞાનથી ) જાણે કે હું દયા પાળું ને વ્રત કરું ને ધર્મ ! એ તો દયા ને વ્રતનાં પરિણામ તો રાગ છે, ( એને ) અજ્ઞાની ધર્મ માને છે ને મનાવે છે અત્યારે તો, શું કરવું ? માથે સાધુ થઈનેય એ મનાવે છે ને કરવાવાળા માને છે, બધી ખબર છે ભાઈ ! આહાહા ! એંસીની સાલમાં ( સંવત૧૯૮૦ ) બોટાદ ચોમાસું હતું, એંસી-એંસી કેટલા વર્ષ થયા એને ? ૫૫ વરસ, પંચાવન તો બોટાદ તો મોટો સંપ્રદાય ને ! અને વ્યાખ્યાનમાં હું બેસું એટલે માણસો તો માંય ( સમાય ) નહીં અપાસરામાં એટલું માણસ બેઠું હોય, એ શું કહેવાય ? શેરી, શેરીમાં બેસે ! આમ હોય ને બારી-બારીમાં આંહી વાંચન ને શેરીમાં બેસે એટલું બધું માણસ ( થાય ) બોટાદ, ત્રણસો ઘર, શેઠિયા રાયચંદ ગાંધી, મોટા ગૃહસ્થ, લાખો ( પતિ ) દશાશ્રીમાળી અને વિશાશ્રીમાળી નારણ ભુદર-બહુ માણસ થાય, અમારી તો આબરુ મોટી હતી ને એ દિ' એંસીમાં, બહુ માણસ ભેગું થાય ભાઈ ! આહાહા !

તે દિ' વાત ( અમે ) એમ કરતા'તા ત્યાં, સત્ય વાત આવી'તી, એક અઠયાવીસમા અધ્યયનમાં ભાઈ ! 'ઉત્તરાધ્યનન' નું અઠયાવીસમું અધ્યયન વાંચતા હતા એમાં આવ્યું' તું... જુઓ ભાઈ કીધું, આ સંપ્રદાયની દૃષ્ટિ છે ને ( એ ) રાખીને એમ માને કે અમે સમકિતી છીએ, અમે દયા પાળીએ છીએ ને વ્રત કરીએ છીએ માટે અમે સમકિતી છીએ. હવે આપણે સમકિત તો છે અને વ્રત પાળો તો ચારિત્ર ( થશે ), તો એ મિથ્યાશ્રદ્ધા છે કીધું. ઍંસીની સાલમાં, હજારો માણસો હતા, અપાસરો ભરાઈ ગયેલો ને બહાર આખી શેરી, ત્યારે અમારા જે ગુરુભાઈ હતા તેને ન રુચ્યું, એ મૂળચંદજી હતા. વિશાશ્રીમાળી હતા, ( એને ) ન રુચ્યું ! એટલે એક પૂરું ચોમાસું થઈ રહ્યું ને કારતક વદ એકમે ઊઠવાનું હોયને ! બધાને બોલાવીને, હું ઉપર બેઠો જઈને મેડી ઉપર, ( એણે ) બધાને બોલાવીને કહે, જો ભાઈ આપણને તો ગૌતમસ્વામી જેવી શ્રદ્ધા મળી છે, હવે તો આપણે વ્રત ને પચ્ચખાણ આદિ કરવા, એ ચારિત્ર ગણવું. એમ કે આ વળી કાનજીએ બીજું કીધું છે, એવું એને ( એ ) કહેતા'તા. શું કરે પણ એનેય ખબર ન મળે બિચારાને ! માણસને ( અભિમાન ચડી જાય ! ) આવું કીધું લ્યો એણે.

( બીજું પણ ) મેં કીધું કે આ સંક્ષેપરુચિનો અર્થ ચાલતો'તો ભાઈ ! સંક્ષેપરુચિનો-સંક્ષેપરુચિનો અર્થ ચાલતો' તો ! એ શું ? અઠયાવીસમો, અધ્યયન ( માં પાઠ છે ) મોક્ષમાર્ગનો ઉત્તરાધ્યયનનો, ઉત્તરાધ્યયનના છત્રીસ અધ્યયન છે, એનો અઠયાવીસમો, ( અમારે તો ) દરેક અક્ષરે અક્ષર મોઢે હતા ને ! એમાં શું છે ? છ-સાત હજાર શ્લોક તો કંઠસ્થ હતા. એ સંક્ષેપરુચિની ( વાત ) વ્યાખ્યાનમાં આવી, એટલે એમાં એમ કહ્યું કે, આ સંપ્રદાય છે સ્થાનકવાસી કે દેરાવાસી, એમ અમે એ સંપ્રદાયી છીએ, અમારી એ શ્રદ્ધા સાચી છે અને બીજાની ખોટી છે એવી માન્યતા છે, એ વાત આપી નથી કીધું એ સંપ્રદાય છે એ માને છે ને મનાવે છે એ દૃષ્ટિ તદ્દ્ન વિપરિત છે. આ ભગવાન સંક્ષેપરુચિ તો એને કહે છે કે વિશેષ જ્ઞાન ન હોય પણ અંદર વાસ્તવિક ચીજ જે છે આત્મા, એની જેને દૃષ્ટિ અંદર થઈ હોય તો એને જ્ઞાન વિશેષ ન હોય, તોપણ એને સંક્ષેપરુચિ-સમકિત કહેવામાં આવે ( છે ).

પણ... આ બધા સંપ્રદાયો, અમે આ ક્રિયા કરીએ છીએ ને વ્રત પાળીએ છીએ ને ભક્તિ કરીએ છીએ ને આ કરીએ છીએ માટે એમાં ધર્મ છે એમ માને, એ તો એ માન્યતા મિથ્યાત્વ છે કીધું. પછી અમારે મુળચંદજી ને ઓલું, મુળચંદજીને ઓળખતા'તા તમે ભાઈ ? એકોતેરમાં ચોમાસું લાઠી, એ પછી બધાને બોલાવીને ( એણે ) કહ્યું, હું તો ઉપર બેઠો હતો-મેડી ઉપર. જુઓ ભાઈ, આપણે તો ગૌતમ જેવી શ્રદ્ધા મળી છે હો, ફેરવશો નહીં, આપણે વ્રત ને તપ કરો હવે તો ચારિત્ર લ્યો એટલે થઈ રહ્યું. આહાહા ! શું કરીએ પણ બાપા ! ( સમજાણું કાંઈ ? )

આંહી તો કહે છે કે અજ્ઞાની, અનાદિથી પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને ભૂલીને, આ પુણ્ય ને પાપના ( ભાવ ) દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવનો અજ્ઞાનપણે કર્તા થાય છે. એ સ્વતંત્રપણે કરે છે અજ્ઞાની, કર્મ છે તો ત્યાં રાગ કરવો પડયો, એવું નથી. અને અહીં રાગ, કર્તાપણે કર્યો અને ત્યાં કર્મબંધન થયું ને રાગ છે તો કર્મબંધન ત્યાં થયું એવું છે નહીં. એ પરમાણુંમાં ક્રમસર થવાવાળી કર્મપર્યાય થવાવાળી હતી તો કર્મપર્યાય થઈ છે. આવી વાત હવે કયાંય, બહુ આકરું કામ છે બાપુ ! સત્યના પક્ષમાં આવવું અને અસત્ય પક્ષ છૂટવો, એ બહુ

આકરું કામ છે. ( શ્રોતાઃ- આકરું બહુ છે ! ) હેં ? કીધું ને ગુલાબચંદજી ને રતનચંદજીને વાત થઈ અંદર, રતનચંદજીના ગુરુ શતાવધાની, નેવુંની સાલ ચોટીલાના ઉપાશ્રયમાં મેડા ઉપર કીધું, કે જો ભાઈ, 'જ્ઞાનક્રિયાભ્યાંમોક્ષ' તે આ નહીં.

એ કહે પણ આપણે તો એમ કહીએ છીએ ને અત્યાર સુધી કે શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન, દયા પાળવી ને વ્રત કરવા એ ક્રિયા ( તેનું નામ જ્ઞાનક્રિયાભ્યાંમોક્ષ; ) એમ નથી કીધું ભાઈ ! ત્યારે તો હું આમાં ( સ્થાનકવાસીમાં ) હતો, ચોટીલા, ( કીધું કે ) એમ નથી, ત્યારે ? અહીં રાગ વિનાનું આત્માનું જ્ઞાન તે જ્ઞાન અને એ જ્ઞાનમાં રમણતા, તે ક્રિયા-તે ચારિત્ર, તે 'જ્ઞાનક્રિયાભ્યાંમોક્ષ;' -વાત તો સાચી લાગે છે કીધું ( એણે ) બિચારો નરમ માણસ હતો, પંચાવન વરસની દીક્ષા તે દિ' તો આંહી હજી આમ નેવું ( વરસ થયા ) એટલે મારે તો વીસને એક, બેંતાલીસ તેંતાલીસ વરસનો ( ફરક ) હતો, એની તો પંચાવન વરસની દીક્ષા, વાત સાચી લાગે છે કહે, બે વાત થઈ'તી ખાનગી હોં !

બીજી વાત આ થઈ'તી કે શાસ્ત્રમાં પ્રતિમા છે, એ બત્રીસસૂત્રમાં પૂજા છે-પ્રતિમા-મૂર્તિ છે. ( એ કહે ) છે, એ ખબર છે મને, પણ શું કરીએ હવે, જાવું કયાં મારે ? જો શિષ્ય વાંચશે તો મારી શ્રદ્ધા નહિ રહે એને ! રતનચંદજીના, શતાવધાની હતા ને એનાં ગુરુ હતા આ, અને રતનચંદજીનેય અંદર હતી, એક શબ્દકોષ બનાવ્યો છે એમાં 'ચૈતન્ય' જ્યાં શબ્દ આવ્યો ચૈત્ય, ત્યાં પ્રતિમા એનો અર્થ ન કર્યો એણે, ( મેં ) પૂછયું આમ કેમ ? તો કહે કે, ન કહેવાય, ચૈત્યનો અર્થ પ્રતિમા થાય છે. એ પણ શેમાં-હું શું કરું ? કહે આ ( કહેવાય ) ? બહુ માની-સંપ્રદાયની દૃષ્ટિ છોડવી-એમાંથી નીકળવું ઈ ભારે !

અહીં તો મેં તો છોડીને 'ગમે તેમ થાવ' કીધું ભાઈ હું તો છોડી દેવાનો છું, મોટા ભાઈને કીધું'તું ખુશાલભાઈને સત્તાસીમાં, 'અહીં એકાણુંમાં પરિવર્તન કર્યું' -એ પહેલાં ચાર વર્ષ પહેલાં વીંછીયા મોટાભાઈને કીધું, ભાઈ, હું આમાં રહેવાનો નથી આ માર્ગમાં, આ માર્ગ નથી. માર્ગ બીજો છે. તમે દીક્ષા આપી મોટા ધામધૂમે પાંસઠ-છાસઠ વર્ષ પહેલાં, અઢારસો રૂપિયા ખર્ચીને ઘરના હોં ? ઘરે ( દીક્ષા ) લીધી'તી દીક્ષા ઉમરાળે, આ દીક્ષા નહીં-આ સાધુંપણું નહીં ( શ્રોતાઃ- ખરી ક્રાંતિ લાવી ! ) ના ભાઈને પ્રેમ હતોને બહુ ભાઈ ! મહારાજ આપની ખ્યાતિ બહુ છે તો હળવે-હળવે કરજો, એકદમ કરશો નહીં. પછી એમની હયાતીમાં જ અહીંયા એકાણુમાં હિરાભાઈનું મકાન છે ને ત્યાં છોડયું ! મકાન ત્યાં છે ત્રણ વરસ ત્યાં રહ્યા'તા ને જંગલમાં મકાન છે, એમની હયાતીમાં, પોતે ભાઈ અહીંયા જ રહેતા, નિવૃત્ત થઈને, દુકાન છોડી દીધેલી-દિકરા-દિકરી નહોતા એટલે પછી અહીં જ રહેતા, ગુજરી ગયા ત્રાણુંમાં ! બાપુ મારગડા જુદા ભાઈ કીધું. આવી પડયો 'આમાં' કીધું હું હવે હું નહિ રહી શકું આમાં ! ચીમનભાઈ ? આ તો સત્તાસીની વાત છે, વીંછીયામાં કહ્યું' તું. ( શ્રોતાઃ- અમારે માટે જ થયું પરિવર્તન ! ) માર્ગ આ છે બાપા ! બાબુભાઈ જેવા અત્યારે આવ્યા છે સાંભળવા, મૂકીને બધું જુઓને ! એટલે આવ્યા છે ને સાંભળવા, આવ્યા એટલું તો બસ, એને ગોઠે છે ને ! મારગ આ છે બાપા શું કરીએ ? ( શ્રોતાઃ- પંદર દિવસ શાંતિથી સાંભળે તો ફરી જાય ) હા ફરી જાય ! આહાહા !

આ તો સત્ય છે, આ કયાં કોઈ પક્ષ છે. ભગવાન ત્રણલોકના નાથે પોકાર કરીને કહ્યું

છે, તે આ વાત છે. આહાહા !

સાધક-મંત્રસાધક કર્તા ( થયા ) વિના મંત્ર સાધે છે ને ! અહીં તો દૃષ્ટાંત આપ્યું છે. એ મંત્રનો સાધક, સાધક કે કર્તા વિના સર્પાદિકનું ( સાધક કર્તા થયા સિવાય સર્પાદિકનું ) વ્યાપેલું ઝેર સ્વયમેવ ઊતરી જાય છે, એ એને કારણે, અહીં મંત્ર સાધ્યો માટે ( ઝેર ) ઊતર્યું એમ નહીં, ( એમ ) કહે છે. છે ? ( આ ) રામજીભાઈ વિંછીનું ઊતારતા 'તા-વિંછીનું ઊતારતા હતા... એ તો વાત એવી છે ઓલું અહીં વિંછી કરડયો હોય ( ડંખ માર્યો હોય ) ને ત્યાં એના ઝેરનું ઢીમણાં જેવું થઈ જાય, એટલે પછી મંત્ર બોલે ઓલો ને આમ-આમ ઘસે, એટલે છુટું પડી જાય ! એ બધી ખબર બધું ! એય કરતો 'તો, આમ એક ઠેકાણે ( ઝેર ) જામ્યું હોય ત્યાં કહે મંત્ર બોલતા જાય ને ઘસે, એટલે ઓલું ( ઝેર ) છુટું પડી જાય, એટલે ઊતરી ગયું લ્યો હવે, એય બધા ય ખેલ જોયા બાપા ! એકેએકની વાતું અંદર જોઈ ( છે ) ને જોઈ ( છે ) પહેલાં એટલે પછી મંત્રથી ઊતરી ગયું ( એમ લોકો માને ! ) રામજીભાઈ મંત્ર ભણ્યા માટે ઊતરી ગયું ? મેં કીધું, ધૂળેય નથી એનાથી નથી ઊતર્યું, ઊતર્યું એનાં કારણે ઊતર્યું બાપુ ! શું થાય ! સર્પાદિકનું ઝેર કીધું ને !

મંત્રનો સાધક પોતે તેના પરિણામને કરે, પણ સામે જે સર્પનું ઝેર આદિ ઊતરે એ એને કારણે ઊતરી જાય છે આને કારણે નહીં. આ તો નિમિત્તમાત્ર છે. આહાહાહા ! એમ આ દવામાં પણ એમ છે. શરીરની પર્યાય જે પ્રકારે હોય રોગની દવા આવે ત્યારે શરીરની પર્યાય બીજી રીતે બદલવાની હતી ત્યારે ઓલા-દવાને નિમિત્ત કહેવામાં આવે છે. દવાથી ત્યાં પરમાણું પલટયા છે એમ છે નહીં. આરે, આરે ! આવી વાતું હવે કયાં ! વાતે વાતે ફેર !

એકોતેરમાં ( સંવત ૧૯૭૧ ) કહ્યું હતું ને ! અમારા વીરચંદભાઈના બાપને બધાં હતા. ત્યારે મોનજીભાઈ હતા, ત્યારે મોનજીભાઈ ( કે જે ) આમના બાપના બાપ નહિ ? મનસુખભાઈ ના બાપ છગનભાઈ, છગનભાઈના બાપ મોહન દેસાઈ ! કેવા મોહનજી દેસાઈ, બધાં પોષા કરતાં હતાં ત્યાં એકોતેરમાં, તે દિ' ત્યાં કહ્યું બપોરે એક વાગ્યે વંચાણું, આઠમ ( હતી ) 'કર્મને લઈને વિકાર ત્રણકાળમાં આત્મામાં ન થાય' કીધું. મારા ગુરુ સાંભળતા 'તા બિચારા, વિરોધ ના કર્યો ! એણે કીધેલું નહીં કોઈ દિ' કંઈ પણ વિરોધ ન કર્યો ! કર્મને લઈને આત્મામાં વિકાર થાય બિલકુલ જૂઠી વાત છે.

મિથ્યાત્વ-સંશય શબ્દ છે 'ભગવતી ( સૂત્ર )' માં, સંશય-મિથ્યાત્વ થાય છે એ કર્મને લઈને થાય છે બિલકુલ જૂઠી વાત છે. અજ્ઞાની પોતે ( પોતાને ) ભૂલીને મિથ્યાત્વભાવને કરે તેથી તે મિથ્યાત્વનો અજ્ઞાની કર્તા થાય, એ સ્વતંત્ર છે. ભગવતી ( સૂત્રમાં ) સંશય ( એવો પાઠ છે ) એનાં ઉપરથી કાઢયું છે ( કહ્યું છે ) સંશયનો પાઠ હતો ને તે દિ' ! ચારે ચાર મહિના એકાંતરા અપવાસ કરતા, શાસ્ત્રોનું મારે ભણતર ચાલતું 'તું ને, એનાં ઉપધાન તરીકે એક દિવસ અપવાસ ચોવિહાર હોં, બીજે દિવસે એક ટંક ખાવાનું, ત્રીજે દિવસે ચોવિહાર, પાછો ને એક ટંક ! ચારેય માસ એકોતેરના ( સંવત ૧૯૭૧ ) ચોમાસામાં ખાવાનું બીજે દિવસે ચોવિહાર પાછો ને એમાં એક અમારે ગુરુ પણ કરતા તે દિ', કાંઈ વરસાદની તાણ ( અછત ) હતી એકોતેરમાં, પહેલાં હિરાજીમહારાજ, મૂળચંદજી અને હું ત્રણે હતા.

પણ.... વાત એ કીધું કે આ મિથ્યાત્વ આદિ રાગદ્વેષના પરિણામ, જીવથી-જીવમાત્રથી

થાય છે. એ કોઈ એમ કહે કે કર્મને લઈને થાય છે ( એ ) જૂઠી વાત છે, કીધું, એ... ય ખળભળાટ હાલ્યો ! કારણ બધાય સંપ્રદાયમાં એ વાત, સ્થાનકવાસીય એમ માને કે કર્મને લઈને વિકાર થાય, શ્વેતાંબર એમ માને કે કર્મને લઈને વિકાર થાય, દિગંબરોય એમ માને કે કર્મને લઈને વિકાર થાય... એ... ય ખળભળાટ થઈ ગયો ! કીધું, લાખ ખળભળાટ થાય પણ માર્ગ તો આ છે. એ કર્મ છે તો અહીંયા ( જીવમાં ) રાગ વિકાર થયો છે એમ નથી. અને વિકાર થયો જીવમાં તો ( ત્યાં ) કર્મબંધન થયું એવું છે નહીં. પોત-પોતાને કારણે છે. આહાહા ! આવી વસ્તુ છે. આહાહાહા ! સમજાણું કાંઈ... ? ( શ્રોતાઃ- ઘાતી-અઘાતીના ભાગલા કોણે કર્યાં ? ) ભાગ ? ઈ પરમાણુંએ કર્યાં, આત્માએ નહીં.

ઈ દૃષ્ટાંત આપ્યો છે ( સમયસારમાં છે ) સાંભળો ! કે જેમ આ આહાર લે છે માણસ, ( એમાં એ આહારમાં ) કેટલાક પરમાણું લોહીપણે, કેટલાક પરમાણું વીર્યપણે, કેટલાક હાડકાંપણે, કેટલાક ચામડીપણે પરિણમે છે, પણ એને પરિણમાવે કોણ ? એ એની ( પરમાણુંની ) પરિણમવાની યોગ્યતા પ્રમાણે પરિણમાવે છે. દાખલો છે એનો સમયસારમાં દાખલો છે. આસ્રવ છે ને ભાઈ ?

( બીજો ) દાખલો, શેર-દોઢશેર બદામનો મેસુબ ( બનાવ્યો હોયને ) એ ખાધાં લ્યોને બદામનો મેસુબ થાય છે ને ! પીસ્તાનો મેસુબ થાય છે, એ પહેલાં થતાં, હવે તો મોંઘું પડયું ને ( થયું ને ! ) સવા-સવાસો રૂપિયાની ( એક ) કિલો બદામ ! અને પિસ્તા તો દોઢસો-બસો પીસ્તા બહુ મોંઘા છે. છે ને બધી ખબર છે ને ! તે દિ' તો બાર આને શેર હતી બદામ, અમે દુકાને વેચતાં ત્યારે, ( મારે ) આંહી બીજુ કહેવું છે કે એ બદામનો મેસુબ થાય, એ મેસુબ થાય ને ખાય, એટલે એનાં પરમાણું જે છે ( બદામના તેમાં ) કેટલાક લોહીપણે, લોહીપણે થવાના હોય એ લોહીપણે થાય, વીર્યપણે થવાના હોય એ વીર્યપણે થાય, થુંકપણે થવાના હોય એ થુંકપણે થાય, ચામડાપણે થવાના હોય એ ચામડાપણે થાય, હાડકાંપણે થવાના હોય એ હાડકાંપણે થાય, દાખલો છે ને સમયસારનો ! એને કોઈ બદલાવવાવાળું નથી-ભાગ પાડવાવાળું નથી. આહાહા ! પરમાણુંએ પરમાણું એક-એક સ્વતંત્ર, જે સમયે જે ક્રમબદ્ધમાં એની પર્યાય જે થવાવાળી છે ( તે જ ) થાય છે. આકરું કામ ભાઈ ?

સત્યને સત્ય રીતે માનવું બહુ કઠણ છે ભાઈ ! આહાહા !

ઈ આવ્યું છે આંહી કાગળ આવ્યો મોહનભાઈનો આવ્યો છે આંહી 'હરણિયાને મોડી ખબરું પડી-મૃગલાને મોડી ખબરું પડી' હમણાં ભાઈ આપી ગયા કાગળ. આહાહા ! એમ આ અજ્ઞાનીને મોડી ખબરું પડી, મારો નાથ ! આંહી આનંદસ્વરૂપ છે, એ આનંદને બહાર ગોતવા જાય છે. -બાયડીમાંથી આનંદ મળશે, પૈસામાંથી મળશે, એ ભોગમાંથી મળશે, વિષયમાંથી મળશે, પૈસામાંથી મળશે, અરે ! મૂરખ કયાં જાશ તું ?

એ મરવાના ટાણાં આવ્યા ત્યારે પછી ( મોં ફેરવી લે છે ) પછી હાય ! હાય ! અરે રે, હવે... દામનગરમાં એક હતા ખુશાલભાઈ-ખુશાલ પ્રેમચંદ, ગૃહસ્થ લોકો ત્યાં ( એને ) એક આંખ નહોતી, એની દિકરી અહીં હતી ઝબુબેન, આવ્યા'તાને ગઢડામાં પરણાવ્યા'તા, ( એ ખુશાલભાઈ ) ગામનાં બહુ કામ કરે-ગામનાં માણસોના એ ખુશાલભાઈ હતા.

બધા ત્યાં ચોમાસા કર્યા'તા ને ભાઈ ! ( એ ખુશાલભાઈ ) મરવા પડયા ત્યારે ભાઈ

રોવે અને આંખમાંથી આંસુ હાલ્યા જાય ! શેઠિયા જોવા જાય દામોદર શેઠ જેવા જોવા જાય ! અરે રે ! મેં કાંઈ ન કર્યું મારું, મેં દુનિયાના-ગામના કામમાં ( વખત ગુમાવ્યો ! ) ગામના ડાહ્યા હતા ગામનું કામ કરે. આહા ! ગામના કામમાં મારી જિંદગી ગઈ ! અત્યારે દેહ છેલ્લી સ્થિતિમાં છે, હવે રોવે... રોવે તે રોવે રોવે ! ખુશાલ પ્રેમચંદભાઈ હતા, પ્રેમચંદ ડોસા હતા તેમના દિકરાઓ બધા દામનગર, અરે રે ! કોઈ નથી મારું અત્યારે એમ બોલે, મેં મારું કર્યું નહીં કાંઈ ભાઈ ! મેં મારું કર્યું નહીં, મેં બગાડયું મારું, દુનિયાના કામમાં જઈ-જઈને મારો વખત ગયો બધો ' આ ( રડે... રડે ! ) દેહ છૂટી ગયો દેહ... જાવ... જાવ ! કહો, શાંતિભાઈ ? આ બાઈડિયું ને છોકરાંવ સાટુ કરીને વેપાર-ધંધા કરી-કરીને મરી ગયો એનાં સાટું ! પોતાનું જે કરવાનું છે શું છે એને ભૂલી જ ગયો ! ( શ્રોતાઃ- એ રાગ કરે ને ! ) એ રાગ પણ એ રાગ કરે છે તો એ પોતે ને ! રાગ કરે છે, એ કાંઈ પરનું કરી શકતો નથી. આહાહાહા ! સંભળાય છે બરાબર જમનાદાસભાઈ ? જૂના માણસ છે અમારા, લાઠી પાસેના પીપળવાના છે. પીપળવા ( ગામડું ) છે. આહાહાહા !

આંહી કહે છે પ્રભુ ! તું અજ્ઞાની થઈને તારું સ્વરૂપ જે આનંદઘન-સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાતા-દૃષ્ટા, જાણનાર-દેખનાર તારો સ્વભાવ છે, એને ( પ્રભુ ) તું ન જાણે, તો તારી ( દશામાં ) રાગને પુણ્ય ને પાપના પરિણામ ને એ પરિણામનો કર્તા થઈને પરિણમે છો ! અને એ અજ્ઞાનપણે જે રાગ-દ્વેષ કર્યા અને એનો કર્તા તું થયો, અને સામે જે કર્મબંધન થયું એ તેં રાગ-દ્વેષ કર્યા માટે કર્મબંધન થયું એવું નથી. કર્મબંધન થયેલા પરમાણુંની પર્યાયની લાયકાતથી કર્મબંધન થયું છે. શ્રીપાલજી ? આવી વાતું છે, અને અત્યારે તો ગરબડ બધું, મહારાજ-સાધુઓએ તો ગરબડ કરી નાખ્યું છે. બહુ આકરું, આકરું કામ છે ભાઈ ! શું થાય ! કોઈની નિંદા માટે નથી, વસ્તુની સ્થિતિ આવી છે ભાઈ ! હેં ? ( શ્રોતાઃ- વસ્તુનું સ્વરૂપ જ આવું છે ! ) વસ્તુનું આવું ( સ્વરૂપ જ ) છે. આહાહાહા ! સમજાણું કાંઈ... ?

અજ્ઞાની ( હોવા છતાં પણ ) હવે તો વિચારતા લોકો લાખ્ખો થઈ ગયા છે. એ બાજુ તો વધારે થઈ ગયા છે, આપણે આ બાજુ કરતાં તો ઉત્તરમાં, કેમ કે ભાઈ છે ને હુકમચંદજી, હુકમચંદજી તેંતાલીસ વર્ષની ઉંમર પણ માળાનું મગજ ! પંડિત છે મોટો ! પાનસેનો પગાર આપે છે ભાઈ પુનમચંદ ગોદિકા, સો રૂપિયા વધારી દીધા તો ના પાડી કે હવે નહિ બસ, આટલા બસ છે મારે અને મારે તો થોડાક વરસ જ રહેવું છે, બાકી છોકરાંવ તૈયાર થઈ જાય, એટલે છોડી દેવું છે, બહુ મગજવાળો માણસ, ૪૩ વર્ષનો, પંદર-પંદર હજાર છોકરાંવની પરીક્ષા લે છે. ( શ્રોતાઃ- આપનો હાથ છે ને ! ) હાથ-બાથ ! એ બાજુમાં બહુ પ્રચાર છે આંહીનો, એનો ને એક જ્ઞાનચંદજી છે. જ્ઞાનચંદજી વિદિશાના છે-એ વિદિશાના છે. આપણે ( આંહીનું તત્ત્વ ) બધાયને આપે, દશ-દશ હજાર માણસોને આપે આ જાતનું વ્યાખ્યાન, લોકો તન્મય થઈને સાંભળે ! અરે, અમે-અમને તો ખબરેય નહોતી અમને, આ શું કહે છે ! અમે તો સોનગઢવાળાને, અમે ગણ્યા ભ્રાંતિવાળામાં ને સોનગઢે તો નવો ધર્મ કાઢયો ને ! ( એમ માનતા 'તા ! )

( અહીંનું તત્ત્વ ) સાંભળી સાંભળીને ઘણાં બચારા તૈયાર થઈ ગયા ! આ બાજુ તો બધા શ્વેતાંબર હતા ને, ત્યાં દિગમ્બર ઘણાંએ, એટલે દિગમ્બરમાં આ વાત કરતા તો દિગમ્બરમાં માણસોને આ વાતની ઘડ બેસી જાય છે. એમાં એક બાબુભાઈ છે ગુજરાતમાં આપણે

ફતેપુરવાળા, એ ત્રણનો ( એ બાજુમાં ) વધારે પ્રચાર છે. આહાહા !

આંહી શું કહે છે ! કે અજ્ઞાનીઓ પોતાના સ્વરૂપને ભૂલીને જે કંઈ પુણ્ય ને પાપના-વિકારના કર્તા થયા, તો એ સમયે જે કર્મબંધન થયું, એ પોતાના કારણથી થયું છે. કર્મના કારણથી બંધન થયું છે. સમજાણું ? શી રીતે ? કે મંત્રસાધક જીવ, મંત્રને સાધે છે, બસ એ જ એની પર્યાયનો કર્તા છે મંત્રનો ( અને ) સામે જે સર્પનું ( ઝેર ) ઊતરી જાય છે, એ એના કારણથી ઊતરી જાય છે, ઝેરના કારણથી ઊતરી જાય છે, આના ( મંત્ર સાધકના ) કારણથી નહીં. છે ? "સાધક કર્તા થયા સિવાય સર્પાદિકનું વ્યાપેલું ઝેર સ્વયમેવ ઊતરી જાય છે." સ્ત્રીઓ સ્વયમેવ વિડંબના પામે છે એવો મંત્ર ભણે ને ત્યાં સ્ત્રીઓ ધુણવા લાગી જાય. પણ એને ( સ્ત્રીઓને ) કારણે, આને ( મંત્રસાધકને ) કારણે નહીં. આહાહા ! ( શ્રોતાઃ- પણ મંત્ર અસર તો કરેને ! ) નહીં, નહીં બિલકુલ નહીં, પરને કંઈ અસર કરે નહીં. એ વાત છે. છે ? સ્ત્રીઓ સ્વયમેવ-ઓલો મંત્ર જપે ઈ તો ત્યાં ( જપવાનો ) કર્તા છે, આંહી સ્ત્રીઓ એને ( પોતાને ) કારણે ધુણવા લાગે ! આહાહાહા !

"અને બંધનો સ્વયમેવ તૂટી જાય છે." માનતુંગાચાર્ય, એને સાધુને બંધન હતું ને ! એને બંધનમાં નાખ્યા'તા. ભગવાનની સ્તુતિ કરતાં... કરતાં... કરતાં ઈ ( બેડી ) તૂટવાની હતી તે તૂટી ગઈ, પણ ભાષામાં એમ કહેવાય કે મંત્ર જપ્યો ( સ્તુતિ એવી કરી ) માટે તૂટયા ! સમજાણું કાંઈ... ?

ચંદનબાળા, ભગવાનને આહાર આપ્યો એમ કહે છે ને, ભગવાન મહાવીરને ચંદનબાળાએ ( આહારદાન કર્યું ! ) એ શેઠાણી હતી ને એને બેડીમાં નાખી'તી, કારણકે એની શેઠાણીને વહેમ પડયો કે આ કાંઈ રાખી છે મારા ધણીએ બીજી, ઓલાને તો દિકરી સમાન હતી, પણ રૂપાળી બહુ હતી એટલે એની શેઠાણીને વહેમ પડેલો એમ. બેડીમાં નાખી'તી એમાં ભગવાન મહાવીર પધાર્યા આહાર માટે, હજી ( મહાવીર ) છદ્મસ્થ હતા, કેવળી નહીં. આ ( ભગવાન મહાવીર ) પધાર્યા ત્યાં આને ( ચંદનબાળાને ) ભાવ થઈ ગયો આનો. અરેરે ! આહાહા ! હું આહાર કેમ આપું ! બાકળા હતા એની પાસે, ઇ બાકળા આમ આપતાં ( ફડાક ) બેડી તૂટી ગઈ ! આહા ! ફડાક દઈને, આવે છે ને ! અને જ્યાં આહાર આપ્યો ભગવાનને ત્યાં દેવ ઉપરથી અહો ! અહો ! દાનમ્... અહો ! અહો ! દાનમ્ ! જુઓ ! એ કુદરતે ત્યાં થવાની પર્યાય છે. આહાહાહા ! અહો અહો ! ચંદનબાળાએ બહુ આહાર આપ્યો-ભગવાન મહાવીરને આહાર ( -આહારદાન કર્યું ! ) એમ કહે છે. એ તો પુણ્યનો ભાવ છે, આહાર દેવો એ કાંઈ ધર્મ નથી, પણ એ તો એક શુભ ભાવ છે.

ધર્મ તો રાગથી રહિત પોતાનો અંતર સ્વભાવ, ચૈતન્ય ભગવાન શુદ્ધ, એની દૃષ્ટિ અને જ્ઞાન કરે તેમાં એકાગ્રતા થાય, તો ધર્મ થાય છે. બાકી બધી વાતું થોથાં છે. ( શ્રોતાઃ- ચંદનબાળા આહાર આપે એવો એક 'અભિગ્રહ' હતો ને ભગવાનને ! ) એ શુભભાવ હતો અને ત્યાં બેડી તૂટવા લાયક હતી તો તૂટી ( એનો કાળ હતો ) અને આહાર દેવાની ક્રિયા પણ આહારને કારણે જ, થવાની હતી તે થઈ. ચંદનબાળાએ તો શુભ ભાવ કર્યોપ આવી વાતું બહુ ! એક કોળિયો પણ ( આહારનો ) આત્મા લઈ શકે ને ખાય શકે ત્રણકાળમાં નહીં, એ જડની ક્રિયા છે. કહો, મધુભાઈ ? ભારે આકરું પડે તમારે બધા હિરાના વેપારમાં આખો દિ' મશગુલ થઈ જાય ને...

હિરા હાલતા હોય, બે–પાંચ લાખ પેદા થઈ જાય બાર મહિને ને ત્યાં તો... આહાહાહા ! કેવું ! અમે હુશિયારી કરીને કેવું આ કર્યું ! ( શ્રોતાઃ– રાગનો જથ્થાબંધ વેપાર ! ) થઈ જાય, શું કીધું ? ભાઈ, આ તો તમારો દાખલો તમારો બાકી બધા એમ છે–આખી દુનિયા ! આ તો તમે નવા આવ્યા, કેમ શાંતિભાઈ ? આહાહાહા !

આંહી તો કહે છે, ઘણો વખત થવા આવ્યો નહિ ! મંત્રના સાધકના પરિણામ મંત્રના સાધકે કર્યાં પણ સામે જે ક્રિયા થઈ એ એને કારણે થઈ છે, આને ( મંત્રસાધકને ) કારણે નહીં. એમ જીવે રાગ–દ્વેષ કર્યા અને સામે ( કર્મનું ) બંધન થયું, એ બંધનને કારણે થયું, રાગ–દ્વેષને કારણે નહીં, એ વિશેષ કહેશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૮૨ ગાથા-૯૧-૯૨ તા. ૩૦/૦૧/૭૯ મંગળવાર મહા સુદ-૩

શ્રી સમયસાર, ( ગાથા–૯૧ ચાલે છે, થોડું ચાલ્યું છે. )

જેમ, જેવી રીતે મંત્રસાધક પુરુષ છે એ મંત્રના પરિણામને સાધે છે, છે એમાં તો એ તો નિમિત્તમાત્ર છે એને કારણે પરમાં સર્પનું ઝેર ઊતરી જાય, વીંછીના ડંખ ( નું ઝેર ) ઊતરી જાય, સ્ત્રીઓ સ્વયમેવ વિડંબના પામે, વગેરે એ એની પર્યાય એનાં કારણથી થાય છે. મંત્રના પરિણામથી થઇ એવું નથી. આહાહા ! કહો ! એ તો દૃષ્ટાંત થયું. છે ?

“તેવી રીતે આ આત્મા” ( ગાથા ) એકાણુંમાં નીચે ત્રીજી–ચોથી પંકિત છે— નીચેની ચોથી પંકિત, એકાણું ( ગાથાની ) તેવી રીતે ત્યાંથી છે ? ચોથી પંકિત નીચેથી એકાણું ( ગાથા ), ચોપડો જોતાં વાર લાગે ? ઓલો ઘરનો ચોપડો જોતા આવડે ! કહે છે કે જેમ મંત્રસાધક માણસ પોતાના પરિણામમાં મંત્રની સાધના કરે છે તો પરમાં પોત પોતાને કારણે ત્યાં સ્ત્રીઓ વિડંબના ( પામે ), સર્પાદિકનું ઝેર ઊતરે એ આ માણસથી નહીં. આહાહાહા ! આવું નિમિત્ત, નિમિત્તનો સંબંધ આ પ્રકારે આ આત્મા અજ્ઞાનને કારણ પોતાનું શુદ્ધસ્વરૂપ ચૈતન્ય હું ( છું ) આનંદ હું છું, એની ખબર નથી, પોતાના શુદ્ધચૈતન્ય સ્વભાવના અજ્ઞાનને કારણે મિથ્યાદર્શન–જ્ઞાન આદિ ભાવ રૂપ મિથ્યાશ્રદ્ધારૂપ ( રાગ–દ્વેષ ભાવોને પામે છે ) આહાહા ! સમજાણું ?

હું પરના ( કાર્યો ) કરી શકું છું, પરથી મારામાં લાભ થાય છે, પરની હું દયા પાળી શકું છું, રાગને પુણ્ય આદિ ભાવ છે એ ધર્મ છે ( મારી ફરજ છે ) આવી મિથ્યાશ્રદ્ધારૂપી જે પ્રાણી પોતાનામાં એવું પરિણમન કરે છે અજ્ઞાનને કારણે, પોતાના ચૈતન્ય શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એનું જેને ભાન નથી ( એ ) મિથ્યાદૃષ્ટિ, એ પરમાં હું કર્તા છું, પરથી મારામાં પર મારો કર્તા છે–પરથી મારામાં કંઇક થાય છે ને મારાથી પરમાં કંઇક થાય છે, એવી મિથ્યાશ્રદ્ધા ( મિથ્યા અભિપ્રાય ) છે એ તો અજ્ઞાની છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન મિથ્યા રાગ આદિભાવરૂપ સ્વયં જ પરિણમે છે. એ કર્મને કારણે નથી, એમ કહે છે. મિથ્યાશ્રદ્ધા કરે છે ઇ પોતાના પરિણામ કરવામાં કર્તા પોતે જ છે, પરના કારણે નથી.

કહે, કે ભાઈ ! કર્મનો ઉદય એવો આવ્યો ( તેથી ) અમારે મિથ્યાદર્શન–મોહ, મિથ્યાશ્રદ્ધા કરવી પડી, એવું છે નહીં. સ્વયમેવ મિથ્યાશ્રદ્ધા ( કરે છે ) હું રાગનો કર્તા, હું દયા–દાનના રાગનો

કર્તા, મેં કર્યો રાગ, હું કર્તા છું એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહાહાહા ! એ અજ્ઞાનપણે પોતાના પરિણામમાં મિથ્યાશ્રદ્ધા કરે-મિથ્યાજ્ઞાન કરે અને મિથ્યાચારિત્ર-રાગરૂપે પરિણમે તો એ સ્વયં જ પરિણમન કરે છે. સમજાણું કાંઇ ? પોતાનાથી એ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને રાગરૂપે થાય છે. એ મિથ્યાદર્શનાદિ ભાવનો કર્તા થાય છે-એ પોતાના વિકારી ભાવનો અજ્ઞાની પોતાના સ્વરૂપનું ભાન નથી તો મિથ્યાશ્રદ્ધા આદિના એ પરિણામનો અજ્ઞાની કર્તા બને છે. સમજાણું આમાં કાંઇ... ? આવી વાત છે.

( હવે કહે છે ) "અને તે મિથ્યાદર્શનાદિ ભાવ પુદ્‌ગલદ્રવ્યને કર્મરૂપે પરિણમવામાં અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં" શું કહે છે ? એ વખતે મિથ્યાશ્રદ્ધાજ્ઞાનરૂપ પરિણમ્યો અજ્ઞાની આત્મા, તો એ સમયે જે કર્મ બંધન થાય છે એ કર્મબંધનમાં આ પરિણામ નિમિત્ત છે-અનુકૂળ છે. છતાં એ મિથ્યાત્વનું-દર્શનમોહ આદિનું પરિણમન થાય છે એ પોતાથી થાય છે એ પરિણમન કર્મથી થાય છે, આત્માથી નહિ. આહાહાહા !

આત્મા પોતાના ચૈતન્ય શુદ્ધસ્વરૂપ, એને ભૂલીને હું પરનો કર્તા છું-દયા પાળું છું પરને સગવડતા આપી શકું છું, પરની હું સેવા કરી શકું છું-એ ભાવ અજ્ઞાની, પોતાનામાં પોતાની ( મિથ્યા ) શ્રદ્ધાથી પરિણમે છે અને એ શ્રદ્ધાનો કર્તા એ અજ્ઞાની પોતે છે. સમજાણું કાંઇ... ? એ પરિણામ નવા પુદ્‌ગલકર્મ બને છે, કર્મ ( બંધાય છે ) તેમાં એ પરિણામ અનુકૂળ નિમિત્ત છે. છતાં એ પુદ્‌ગલના પરિણામ તો પુદ્‌ગલથી થાય છે. આહાહાહા ! આવી વાત છે ઝીણી ! જ્યાં પરિણામ વિકારી પોતે કરવાનું માને છે ત્યાં દર્શનમોહ પરમાણું કર્મરૂપે પરિણમે છે. એ એનાં કારણે છે. એ સમય પરમાણુંના દર્શનમોહનીય ( પ્રકૃતિરૂપ ) પરિણતિ થવાની લાયકાતથી પરિણમે છે, તેમાં જ્યારે અંતર ઇ એટલો પણ નિમિત્ત-નિમિત્ત સંબંધ હોવા છતાં પણ એકબીજાનાં પરિણામના કર્તા કોઈ ( બીજા ) નથી. આહાહાહા ! ( દ્રવ્યકર્મ ) નજીકની ચીજ અંદર છે, કે અહીં ( જીવે ) મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન ને રાગ-દ્વેષ કર્યાં, એ જ સમયે કર્મ, કર્મરૂપ પરિણમ્યા, તો એવો નિમિત્ત-નિમિત્ત સંબંધ હોવા છતાં પણ એ મિથ્યાશ્રદ્ધા છે-એ દર્શનમોહથી પરિણમે છે એવું છે નહીં. તેમ દર્શનમોહનો ઉદય થયો તો ( તેથી ) અહીં ( જીવને ) મિથ્યાશ્રદ્ધા થઈ એવું નથી. આહાહાહા ! નજીકમાં છે તો પણ આમ છે, તો દૂરની તો શું વાત ?

કે ભાઈ ! આ શરીરને આત્મા હલાવી શકે છે, આત્મા બોલી શકે છે, આત્મા ખાઈ શકે છે-રોટલી, રોટલી ખાય ને ! મેસુબ, રસગુલ્લા ખાય શકે કે નહીં ? એ ક્રિયા તો જડની જડમાં થાય છે ફક્ત એમાં ( એ ક્રિયામાં ) રાગ આવ્યો ( જીવને કે ) હું ખાઉં છું-એ રાગ ( ઇચ્છા ) નિમિત્ત છે, પણ એ રાગથી એ ખાવાની ક્રિયા જડની થઇ એવું નથી. અને ખાવાની ક્રિયા જડની થઇ તો એનાથી અહીં રાગ થયો, એ પણ છે નહીં. સમજાણું કાંઈ... ? ન્યાં નજીકમાં ( છે દ્રવ્યકર્મ ) તોપણ રાગ-દ્વેષનો ( પોતાના ) અજ્ઞાનથી કર્તા ( જીવ ) થાય છે. એ સ્વયં કર્તા છે. કર્મ વિકારનો કર્તા છે તેમ નહીં વિકાર સ્વયં કરે છે. તો નવું કર્મ બને છે અને એમાં એ ( જીવના ) પરિણામ નિમિત્ત છે-અનુકૂળ છે. પણ નવું પરિણમન થયું એ રાગ થયો-મિથ્યાશ્રદ્ધા થઈ, તો નવા-નવા પરિણમન એ કરે છે ( દ્રવ્યકર્મના ) એ આત્મા કરે છે એવું નથી. ( શ્રોતાઃ- રાગ ન કરે તો નવા કર્મ બંધાય જ નહીં ! ) પ્રશ્ન જ નથી. પ્રશ્ન અહીં શું છે ? ત્યાં અહીં રાગ હો,

મિથ્યાશ્રદ્ધા થાય છે ને, ત્યાં દર્શનમોહનું પરિણમન પરમાણુમાં થાય જ છે, પણ ત્યાં રાગ થયો તો ત્યાં થાય છે, એવું નથી. રાગ તો નિમિત્તમાત્ર છે. આહાહાહા! ભારે આકરું કામ લોકોને સત્ય વાત સાંભળવા મળે નહિ બિચારા!

(અત્યારે તો આ પ્રરૂપણા) આ કરો, આ કરો, આ કરો મિથ્યાશ્રદ્ધાની પ્રરૂપણા છે એ બધી. આહાહા! દેશની સેવા કરો! ગરીબોને દાન આપો! ભૂખ્યાને આહાર આપો! તરસ્યાને પાણી આપો! રોગીને ઓસડ આપો! લોકોને સારું લાગે લો? છે? (શ્રોતાઃ– મદદ તો કરવીને?) થઇ શકતું નથી–કરી શકતો નથી એ. આહાહા! પરની પર્યાય (આત્મા કરી શકતો નથી) આહાર જવાનો હોય, પૈસા જવાના હોય (દાનમાં) એને આત્મા શી રીતે કરી શકે એ? બહુ આકરું કામ છે. સાધક (મંત્રસાધક) એ નિમિત્ત કહેવામાં આવે છે (શ્રોતાઃ– પાગલ જેવું લાગે છે) પાગલ જ છે.

અહીંયા ભગવાન આત્મા! ઓલામાં આવ્યું છે ને! એકસો બ્યાંસી શ્લોક છે, પ્રજ્ઞાછીણી પછી (શ્લોક–૧૮૨) 'भिद्यन्ते यदि कारकाणि यदि ना धर्मा गुणा वा यदि भिद्यन्तां न भिदास्ति कांचन विभौ भावे विशुद्धे चिति।। ભાઈ! 'કારકાણિ' કહે છે કે આ ભગવાન આત્મામાં કર્તા–કર્મ–કરણ આદિ ષટ્કારક હો, ભેદરૂપ કથન કરવામાં, કથન હો! (यदि कारकाणि वा यदि धर्मा: वा यदि गुणा: भिद्यन्ते, भिद्यन्ताम) જો કારકોના, અથવા ધર્મોના અથવા ગુણોના ભેદો પડે, તો ભલે પડો (विभौ विशुद्धे चिति भावे काचन भिया न अस्ति) પરંતુ વિભુ એવા શુદ્ધ (સમસ્ત વિભાવોથી રહિત) ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી. (આમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરાય છે.) એવું ભેદરૂપ કથન હો, તો એમાં (આત્મામાં) અનંતધર્મ છે, નિત્યાનિત્ય, એક અનેક આદિ એ પણ કથનથી કહો, પણ અંદર તો અભેદ–એકાકાર વસ્તુ છે. આ તો (આત્મામાં) અનંતગુણો ને અનંત ધર્મો વસ્તુ છે વસ્તુ! એ અનંત ગુણો, ગુણ એટલે જ્ઞાન–દર્શન–આનંદ આદિ ને ધર્મ એટલે નિત્ય–અનિત્ય, શુદ્ધ–અશુદ્ધ, એક–અનેક અપેક્ષિત ધર્મ, એવા અનંત ગુણો અને અનંત ધર્મો હોવા છતાં પણ ભેદ નથી વસ્તુમાં. (આત્મા અભેદ છે) આહાહાહા!

એ અભેદ–ચિદાનંદ પ્રભુની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. ભેદ, કથનથી–વાણીથી હો પણ અંદરમાં ભેદ નથી, અનંતગુણનો પિંડ પ્રભુ અનંત ગુણોને એક–અનેક, નિત્ય–અનિત્ય આદિ અનંતધર્મોનો પિંડ પ્રભુ! અને કર્તા–કર્મ આદિ શક્તિઓ છે પોતાનામાં પણ ભેદ નથી. દેવીલાલજી? બહુ આકરું કામ, અત્યારે તો બધું ગરબડ બહુ મોટી થઇ ગઈ અત્યારે (પ્રરૂપણા જ ઊંધી?) આહાહાહા! (ભેદકથન) એ પણ વાણીથી કથન કરવું હોય તો કરો, વસ્તુમાં તો ભેદ છે નહીં. વસ્તુ તો અખંડ ગુણોને ધર્મના કારકો આદિનો ષટ્કારકનો પિંડ છે–પિંડ છે એ તો. આહાહાહા! આવી ચીજ જે અખંડ–અભેદ, જેમાં ગુણોના ભેદનું પણ લક્ષ નહિ એવી અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. એનાથી વિરુદ્ધ કરવો આ ધર્મો–ગુણોની (ભેદ) દૃષ્ટિ નહીં અને જે રાગ–પુણ્ય, દયા–દાન–વ્રત–ભક્તિ આદિના જે પરિણામ કરે છે એની પરદૃષ્ટિ (–બાહ્યદૃષ્ટિ) છે તો એનો કર્તા બને છે અજ્ઞાની. આહાહાહા! તો (અહીં) કહે છે કે કર્તા હોવા છતાં પણ નવા કર્મ (દ્રવ્યકર્મ) જે બને છે એ બાંધવાની પરિણમવાની ક્રિયા આત્મા નથી કરતો! આહાહાહા! સમજાણું કાંઇ..?

એ કહ્યું (જુઓ!) "અને તે મિથ્યાદર્શનાદિભાવ પુદ્‌ગલદ્રવ્યને અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, આત્મા કર્તા થયા સિવાય પુદ્‌ગલદ્રવ્ય મોહનીયાદિ કર્મપણે સ્વયમેવ પરિણમે છે"—આત્માએ (પોતાના) પરિણામ જે અજ્ઞાન કર્યું એનો કર્તા પણ પરનું બંધન એના પરિણામનો કર્તા થયા સિવાય, આહાહાહા! આ તમારા લોઢાના (ધંધાને) બધા કરે છે ને, કળશા-કળશા કરતા' તા ને! એનાં કારખાને ગયા હતા એક ફેરી લ્યો, એક લોટો કે લોટો સ્ટીલનો, સ્ટીલનો ? કીધું. અમે તો કાંઇ લેતા નથી. કારખાનું છે ને તમારા ભાઈને. આહાહા! અરે કોણ ઘે ને કોણ લ્યે બાપુ! આહા! (શ્રોતાઃ- એના ભાઇનું કારખાનું કે લોઢાનું કારખાનું) એના ભાઈનું નિમિત્તથી કહેવાય, છે તો લોઢાનું કારખાનું, લોઢું છે ને એ કારીગર નીચે નજરું કરીને ઊભો છે એનાથી પણ થતા નથી, આહાહા! આવું કામ! સમજાણું ?

અહીંયા એ કહે છે, કે નવું કર્મ જે બને છે, એ પરિણામમાં-નવા બંધનના પરિણામમાં આત્મા કર્તા થયા સિવાય નવું કર્મ પોતાથી બંધાય છે. આહાહા! આવી વાત નિશ્ચય-નિશ્ચયની લાગે, ઓલી વ્યવહારની વાતું કરવી એવી સારી લાગે લોકોને ? સભાયું (સભાઓ) ભરાય દશ-દશ હજાર માણસ, વીસ-વીસ હજાર માણસ રાજી રાજી પણ મિથ્યાશ્રદ્ધા છે બધી. સમજાણું કાંઈ... ? લોકરંજન! સભારંજન ? આમાં (અધ્યાત્મતત્ત્વમાં) તો સભા સમજી શકે નહીં એવી વાત ઝીણી. (અહીં કહે છે) તારા પરિણામમાં મિથ્યાશ્રદ્ધા આદિના પરિણામનો કર્તા તું (પોતે) છો, એ સમયે કર્મની જે પર્યાય બને છે એ પરિણામનો તું કર્તા નથી. આહાહા!

(કહે છે) તો પછી આ શરીર, વાણી, મન-જડની પર્યાય જે થાય છે, એનો કર્તા આત્મા છે નહીં. હું હાથ હલાવું, હું લોઢાને ટીપું એ ક્રિયા આત્માની નહીં, એ (ક્રિયા) આત્મા કરી શકતો જ નથી. (શ્રોતાઃ- રોટલાના બટકા તો કરી શકે ને ?) બટકુંય કરી શકે નહીં. શ્રીમદ્‌માં નથી આવ્યું એક વખત! શ્રીમદ્‌માં (શ્રીમદ્ રાજચંદ્રમાં) આવ્યું છે ભાષા બીજી રીતે કરીને સમજાવ્યું છે. 'તણખલનાં બે ટુકડા કરવાની અમારી શક્તિ નથી' (એમ કહ્યું છે એમણે) તો એનો અર્થ આ છે કે (સડી ગયેલા) તણખલાના બે કટકા થવા એ આત્માથી થતા નથી. બે ટુકડા થાય છે તો તેની પર્યાય થવાવાળી, એનાથી (તણખલાના ટુકડા) થાય છે. બીજો કહે કે મેં તીનકા-તણખલાના બે કટકા કર્યા, રોટલીના બે કટકા મેં કર્યા, એ ત્રણકાળમાં કરી શકતો નથી. કોણ પણ રોટલી આખીના બે કટકા આત્મા કરી શકતો નથી. આહાહાહા!

(જુઓ ને!) અહીંયા જે રોટલી બને છે એ સ્ત્રીની ઇચ્છાથી રોટલી બને છે એમ નથી. એ ઇચ્છાથી તો બનતી નથી. પણ એ લોટનો શું કરે ? લોયો, એમાં પછી વેલણું વેલણ-વેલણ પણ એને અડતું નથી, શું કહે છે આ ? વેલણ લોટને અડતું નથી. લોટની પહોળાઈ થાય છે, રોટલી ગોળ-ગોળ બને છે એના કર્તા આ વેલણ નહીં, બાઈ તો કયાંય રહી ગઈ! આકરું કામ ભાઈ! કેમકે વેલણના પરમાણું ભિન્ન છે ને લોટના પરમાણું ભિન્ન છે. તો ભિન્ન પરમાણુંની પર્યાય ભિન્ન પરમાણું કરે, એ ત્રણકાળમાં બની શકે નહીં! આહાહાહા! બહુ આકરું પડશે જગતને!

"આત્મા કર્તા થયા સિવાય પુદ્‌ગલદ્રવ્ય મોહનીયાદિ કર્મપણે સ્વયમેવ પરિણમે છે." એ સમયમાં ક્રમબદ્ધ પરમાણુંની પર્યાયમાં કર્મરૂપ થવાની લાયકાતથી કર્મ થાય છે. અજ્ઞાનીએ

મિથ્યાશ્રદ્ધા–જ્ઞાન કર્યા માટે ત્યાં પરમાણુને કર્મરૂપ થવું પડયું એવું છે નહીં. આહા ! સિદ્ધાંત છે આ તો ! 'મોહનીયાદિ કર્મપણે સ્વયમેવ' –મોહનીય ( કર્મ ) જ્ઞાનાવરણીય કર્મબંધનમાં છ કારણથી બંધાય છે. પંડિતજી નથી આવ્યા, ઠીક નહીં હોય, પંડિતજી નથી. ( શ્રોતાઃ– ભાવનગર ગયા છે ) હેં ? ભાવનગર, છ કારણ–જ્ઞાનની અશાતના કરવી, જ્ઞાનનો વિરોધ કરવો, એવા પરિણામ અજ્ઞાની કરે પણ એ પરિણામ એવા થયા તો જ્ઞાનાવરણીય બંધાય છે, આ પરિણામને કારણે એ પરિણામ કર્તા ને કર્મબંધનની પર્યાય કાર્ય એવું છે નહીં. આહાહાહા ! છ કારણથી, જ્ઞાનનો દોષ કરીને–અશાતના કરીને, સાચા જ્ઞાનનું ભાન નથી અને વિરોધ કરે છે સત્યનો એ કારણે કર્મ બને છે–બંધાય છે એમ ( શાસ્ત્રમાં ) કહેવામાં આવ્યું એ તો નિમિત્તથી ( કથન ) છે. કર્મબંધન તો એની પર્યાયના કારણમાં પર્યાય કર્મની થાય છે. અજ્ઞાનીએ જ્ઞાનાવરણીય–પરકર્મને અનુકૂળ જ્ઞાનની અશાતના આદિના ભાવ કર્યા, પણ એ ભાવે કર્મબંધન કર્યું એવું નથી. આહાહાહા ! ભારે કામ એનું !

ભાવાર્થઃ– "આત્મા તો અજ્ઞાનરૂપ પરિણમે છે" –પોતાના સ્વરૂપની ખબર નથી કે હું ( તો ) જ્ઞાતા–દૃષ્ટા–આનંદ છું, પરમાં સુખ માનીને, પોતાના અજ્ઞાનરૂપ પરિણમે છે, મારું સુખ, કાલે કોઇ નહોંતુ ગાતું ભાઈ મોહનભાઈએ ( ગાયું હતું ) કાયામાં કસ્તુરી એ મૃગલો બહાર શોધે કસ્તુરીને ! આહાહા ! એની ડુંટીમાં હોય છે ને, મૃગને ડુંટીમાં કસ્તુરી ( હોય છે ) આમ ગંધ આવે કે ( મૃગને થાય ) કે આંહી બહાર હશે–બહાર હશે એમ ( બહારમાં ) ગોતે, પણ આંહી છે એ ખબર નથી. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ ( નિજ ) આત્મા છે, એ અતીન્દ્રિય આનંદ પોતામાં છે એ ત્યાં ન શોધતાં, બહારમાં સ્ત્રીમાં–પુરુષમાં ને પૈસામાં ને આબરુમાં ને પરમાં સુખ છે, એવી કલ્પના અજ્ઞાની કરે, તેથી તે ઇ કલ્પનાનો કર્તા છે, પણ કર્મબંધન ( જે ) થાય છે, એનો કર્તા નથી. આહાહાહા ! ગજબ વાત છે ભાઈ ! આહાહા ! સમજાણું કાંઈ.. ?

સ્ત્રીનું શરીર જે છે માંસ ને હાડકાં–ચામડાં, એ તો જડની પર્યાય છે–અજીવની, એ બીજો, આત્મા એમ માને કે હું એને ભોગવું, ત્રણ કાળમાં ભોગવી શકતો નથી. આહાહા ! માને કે હું એને ભોગવું છું, એવા અજ્ઞાનના પરિણામ કરે, એ અજ્ઞાનને ભોગવે. સમજાણું કાંઇ ? ઝીણી વાત ભાઈ ! આહાહા ! એ રાગ કરે ને એ રાગને અજ્ઞાની ભોગવે, પણ પર ચીજને કરે ને ભોગવે પરને ભોગવે એ ત્રણકાળમાં બનતું જ નથી. આહાહાહા ! ( આ ) કેરીનો રસ, કેરી કેરી મીઠી આમ હાફુસ કેરી, કટકા કરે, તો એ કેરીના કટકા આત્મા કરી શકે નહીં, કેરીના કટકાને આત્મા અડતોય નથી. જીભ પણ એને અડતી નથી, આત્મા જીભને અડતો નથી. આહાહાહા !

કેરીનો રસ જોઇને જ્ઞાનમાં આત્મા આ ઠીક છે એવો રાગ કરે, એ રાગને ભોગવે, ( પરંતુ ) એ કેરીના રસને આત્મા કરી શકે ( કેરી ) ઘોળી શકે ને ( રસને ) ખાઈ શકે, એવું છે નહીં. ઊંચી કેરી હોય છે ને પછી ઘોળે છે ને, આમ–આમ–આમ પછી રસ નીકળે ને ચૂસે, ભગવાન ના પાડે છે કે કેરીનું ઘોલન આત્મા કરી શકતો નથી, એમાંથી અંદરથી આમ રસ કાઢી શકતો નથી, અને રસ અહીં જીભમાં, આત્મા ( રસને ) ચાખીય શકતો નથી. બહુ કામ આકરું. એ રસને કાળે ( વખતે ) એ રસને જોઈને, ઠીક છે ! એવો રાગ ( આત્મા ) કરે છે અને એ ( ઠીક

છે ) એવા ભાવને-રાગને ભોગવે છે, રસને ( ભોગવે ) નહીં. આહાહાહા ! બહુ ફેર, વાસ્તવિક તત્ત્વનું શ્રવણ કરનારા પણ થોડા ને ! એ આવ્યું' ને ( સમયસાર ) ૧૧મી ગાથામાં, શુદ્ધનયનો પક્ષ તો કોઇ કોઇને છે, વિરલને છે. આહાહાહા ! બાકી અજ્ઞાની તો આ બધા બહારના ચાળા ! ( એમાં જ રચ્યા-પચ્યા છે. )

( જુઓને ! ) સભા મોટી ભેગી થાય-દસ, દસ ને વીસ-વીસ હજાર ( લોકો ભેગાં થાય ) અને એમાં હા લગાવે અંદરથી ( વકતા ) ! આ કરો, આ કરો, આનાથી થાય, લોકોને ઠીક લાગે, ઓશિયાળી વૃત્તિ-ભિખારી ! અને બીજા તને આપે તો ઠીક થાય, એમ કહે તો ઠીક લાગે એને ! કોણ આપે ને કોણ લ્યે, પ્રભુ ! ( શ્રોતાઃ- એક બીજા, એક બીજા ઉપર ઉપકાર કરો ? ) હેં ? ઉપકાર કરવો એ એમ કહે છે ને ? હમણાં જ્યાં ચોપાનિયામાં ( છાપામાં ) ઓલું ચૌદ રાજલોકનું ચિત્ર ને નીચે ( લખાણ ) 'પરસ્પર ઉપગ્રહો જીવાનામ' -પરસ્પર ઉપગ્રહો પરસ્પર ઉપકાર કરો ! પણ ઉપકારની વ્યાખ્યા શું ? નિમિત્ત હો, એને ઉપકાર કહે છે. નિમિત્તને ઉપકાર ( શબ્દથી ) કહ્યું. ઉપકાર કરી શકે ત્રણકાળમાં નહીં. મોટી ગરબડ ચાલે છે અત્યારે અને એનાં કહેનારાનું પ્રરૂપણ એવું હોય એ લોકોને ઠીક લાગે આમ. આહાહાહા ! મિથ્યાશ્રદ્ધાના પોષક છે-મિથ્યાદર્શન. આહાહા !

"આત્મા તો અજ્ઞાનરૂપ પરિણમે છે, કોઈ સાથે મમત્વ કરે છે" —શું કહે છે ? કોઇની સાથે આ મારા છે એવું મમત્વ કરે છે-મિથ્યાત્વની વાત ( છે ) એ મિથ્યાત્વ ( કે જે ) રાગ મારો છે, શરીર મારું છે, સ્ત્રી મારી છે, પુરુષ મારો છે, મકાન મારું છે, લક્ષ્મી મારી છે ! આહાહા ! મકાનમાં ફર્નિચર હો બે-પાંચ લાખનું મારું મકાન, મારું ફર્નિચર અને વચ્ચે બેઠા હોય ખુરશીમાં તો આ ખુરશી મારી, શરીર મારું. શાંતિભાઈ ? આવું છે બાપા ! આંહી એ કહે છે કોઈ સાથે મમત્વ કરે છે-મમતા કરે છે. ચીમનભાઈ ? આવું છે બાપુ ! આહાહાહા !

પ્રભુ ! તું ભિન્ન છે ને ! એ કરવું છે ( તારે ) ભિન્ન કરવો છે આત્માને, ( એ તો ) ભિન્ન છે. એવો ભિન્ન જાણવો ને પોતાના આત્માની દૃષ્ટિ કરવી, એ કરવાનું છે. સમજાણું કાંઈ ? ભાષા તો સાદી છે, સમજાય છે કે નહીં ! ત્યાં પણ તું આવતો' તો નહીં, મુંબઈમાં નહીં, મોઢા આગળ બેસતો 'તો ? સમજાણું કાંઈ.. ?

( કહે છે ) આ રાગથી હું રાગ ભોગવું તો પરનેય ભોગવી શકું છું એ છોડી દે ! અને રાગ છે એ મારું કાર્ય છે એ પણ છોડી દે ! તારે ( તારું ) કલ્યાણ કરવું હોય તો ( એમ માન કે ) હું તો રાગથી ભિન્ન ચિદાનંદ આનંદ છું, એ આનંદના પરિણામનો હું કર્તા છું—ને આનંદનું કાર્ય-પર્યાય કર્તા નહીં-આનંદના પરિણામ મારું કાર્ય છે. એવી દૃષ્ટિ કરવી એ માટે આ કહે છે. 'મોક્ષમાર્ગ-પ્રકાશક' માં આવ્યું છે ને એક કે ભાઈ અમારે વીતરાગમાર્ગમાં તો વીતરાગતાના પોષણનું પ્રયોજન છે. જ્યાં જ્યાં ચારેય અનુયોગોમાં, મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું છે કે ચારે અનુયોગોમાં જ્યાં ત્યાં વીતરાગતાનું જ પોષણ છે. અને તમારામાં કંઈ કંઈ રાગનું પોષણ અજ્ઞાની, એને કરે છે ને એ બધા ( અન્ય ) માર્ગ ? એ જૈન માર્ગ નથી. એવું આવે છે ભાઈ, મોક્ષમાર્ગ પ્રકાશકમાં ! સમજાણું કાંઈ... ? આહાહાહા !

( આત્મા ) પરનો કર્તા નહિ-પરનું એનાથી થાય છે એમ નહીં, તમે રાગના કર્તા

અજ્ઞાનભાવે, એનું પ્રયોજન શું ? તો રાગમાં રહેવું ત્યાં એ માટે કહે છે ? આહાહાહા ! એક ઠેકાણે છે 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં એમ કે અન્યમતને જૈનમતની જ્યાં વ્યાખ્યા છે ને ? કંઇક ત્યાં છે, છે અહીંયા ( શાસ્ત્ર ? ) જ્યાં ત્યાં વીતરાગતાનું પોષણ છે એમ છે અંદર ! તમારામાં તો કંઈકેય અનેક પ્રકારના પોષણ ઊંધા છે. કયાંક છે જુઓને ! આમાં કયાંય છે તે આમાં છે આ બાજુમાં માથે. આહાહાહા ! "જૈનમતમાં ગમે તે કથન હો એ કથનનું તાત્પર્ય વીતરાગભાવનું છે ને વીતરાગભાવનું પોષણ કરવા માટે અનેક ( પ્રકારે ) કથન કર્યું છે" અને વીતરાગભાવ થાય છે કયારે ? કે જ્યારે જિનસ્વરૂપી ભગવાન આત્મા, એનો આશ્રય કરવાથી વીતરાગભાવ થાય છે. આ માટે ચારે અનુયોગનું તાત્પર્ય છે. ઓલીકોરના પાને છે એની કોરના પાને છે સામે ન્યાં ! એ અન્યમતનું પોષણ તમારામાં એમ કે જ્યાં ત્યાં રાગને પોષ્યો છે ને આંહી તો વીતરાગતાનું પોષણ કર્યું છે. જોકે આ બધું યાદ રહે છે–ભાવ ( યાદ હોય ) પાનાં–બાનાંનો ખ્યાલ ન હોય, ભાવનો ખ્યાલ રહે, હજારો શાસ્ત્રો ( મગજમાં હોય ! ) આહાહા ! તમે તો અવતાર કરીને રાગને પોષ્યો છે–ફલાણું કરીને, એમ કરીને કીધું છે આમ, આંહી તો... એકલો જ્યાં ત્યાં ચારે અનુયોગોમાં–દ્રવ્યાનુયોગ, કથાનુયોગ, ચરણાનુયોગ, ગણિતાનુયોગ બધામાં તો વીતરાગતાનું ( જ ) પોષણ ! ! આહાહાહા ! સમજાણું કાંઈ... ?

અજ્ઞાનપણે તમે રાગ કરો છો તો ( તેથી ) કર્તા બનો છો તમે, એ સમય ( જે ) કર્મ બંધાય છે પણ એનું તાત્પર્ય શું ? એ સમજાવવાને માટે ( કહે છે ) રાગનો કર્તા તમે છો તો ( કર્તાભાવ ) છોડી દે ! એ રાગનો કર્તા સિદ્ધ કર્યો અજ્ઞાનપણે પણ એમાં ( શું રાગને ) રાખવાને બતાવ્યું છે ? સમજાણું ? એ રાગનું કર્તા ( કર્તાપણું ) છોડી દે પ્રભુ ! તું આત્મા છોને પ્રભુ ! તો તમે તો આનંદ ને શાંતિનો સાગર છો, આહાહાહા ! તારામાં તો ચૈતન્યનો પ્રકાશ, કોટા–કોટિ સૂર્યથી પણ અનંત ગુણો પડયો છે.

( મોક્ષમાર્ગ પ્રકાશકમાં ) એ ઉપર છે, ત્યાં બસ ત્યાં, જોયું'તું પણ કાંઇ પાના બધા યાદ રહે છે કાંઇ ! આવું છે. હા, ઇ છે ત્યાં પાનું છે ( ૧૯૭ ) અન્યમત નિરાકરણ લો, ઉપસંહાર કરે છે ત્યાં "જૈન મતમાં તો એક વીતરાગભાવને પોષવાનું પ્રયોજન છે" –કથાનુયોગમાં દેખો, કથાઓ કરે છે ( કહે છે ) પણ એમાંય વીતરાગતા બતાવવી છે, કથાઓમાં લોક આદિ નિરૂપણમાં, કરણાનુયોગમાં ( પણ એ જ ) આચરણમાં ચરણાનુયોગમાં ( પણ એ જ ) તત્ત્વોમાં દ્રવ્યાનુયોગ––જ્યાં જ્યાં ( બધેજ ) વીતરાગતાનું જ પોષણ કર્યું છે. પણ અન્યમતોમાં સરાગભાવ પોષવાનું પ્રયોજન હોવાથી, કષાયજીવ અનેક યુક્તિ બનાવી કલ્પિત રચના કરી છે. માળે' કેટલું કીધું છે !

જુઓ ! જૈન મતમાં તો સર્વ ( વીતરાગ ભાવરૂપ છે ), કો'ક એમ કહે કે સર્વ મતોનું પ્રયોજન તો એક જ છે તેથી ( એ કહે છે કે ) સર્વને સમાન જાણો, બધા ધર્મ સર્વધર્મ સરખા બધા છે, કહે છે ને અત્યારે કેટલાક–વિશ્વધર્મની જય ! વિશ્વધર્મ ( એટલે ) બધાં–સર્વ ધર્મ સરખા છે ! ધૂળેય નથી. એ આંહી પ્રશ્ન કર્યો છે, સર્વ મતોનું પ્રયોજન તો એક જ છે–સર્વપણામાં સ્વલક્ષ કરાવવા માટે આત્માને ( સર્વ મતો કહે છે ), કે નહીં, નહીં જૂઠ છે, પ્રયોજન જો એક જ હોય તો જુદા જુદા મત શા માટે કહ્યા ? એક મતમાં તો એક જ પ્રયોજન હોય, પ્રયોજન સહિત અનેક પ્રકારના વ્યાખ્યાન હોય, તેને જુદા મત કોણ કહે, પરંતુ પ્રયોજન ભિન્ન ભિન્ન હોય તે અહીં

દર્શાવીએ છીએ. ભારે વાત માળે ' કરી, એકે એક વાત છે, બધી લાંબી વાત છે, બીજાએ આમ કર્યું એમ કહે, આંહી તો વીતરાગભાવનું જ પોષણ છે.

( મોક્ષમાર્ગ પ્રકાશક–પાનું ૧૪૧ બીજો પેરેગ્રાફ ) "જૈનમતમાં એક વીતરાગભાવ પોષવાનું પ્રયોજન હોવાથી, કષાયી જીવ અનેક યુક્તિ બનાવી કલ્પિત રચના કરી, કષાયભાવને જ પોષે છે, જેમ કે અદ્વૈતબ્રહ્મવાદી, સર્વને બ્રહ્મ માનવા વડે, સાંખ્યમતી, સર્વ કાર્યો પ્રકૃતિનાં માની પોતાને શુદ્ધ–અકર્તા માનવા વડે, શિવમતી, તત્ત્વને જાણવાથી જ સિદ્ધિ હોવી માનવા વડે, મીમાંસક, કષાયજનિત આચરણને ધર્મધ્યાન વડે, બૌદ્ધ, ક્ષણિક માનવા વડે તથા ચાર્વાક, પરલોક આદિ નહિ માનવા વડે, વિષયભોગાદિરૂપ કષાયકાર્યોમાં સ્વચ્છંદી થવાનું જ પોષણ કરે છે. આહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશક, ટોડરમલ્લજી ( પંડિત ) આમ કહે છે. સમજાણું કાંઇ... ?

આંહી કહેવું છે શું ? શું કહેવું છે કે અજ્ઞાની, પોતાના ભાન વિના, અજ્ઞાનરૂપ થયો થકો પરિણમે છે, રાગ–દ્વેષ ને મિથ્યાત્વ, એ ભાવમાં મમત્વ કરે છે—આ સ્ત્રી મારી કુટુંબ મારું, પૈસા મારા, ગુરુ મારા, દેવ મારા આ મારા લ્યો ! આહાહા ! મમત કરે છે, એ મિથ્યા દર્શન છે. કોઇની સાથે રાગ કરે છે અનુકૂળ જાણીને રાગ કરે છે, કોઈની સાથે દ્વેષ કરે છે, એ ભાવોનો સ્વયં કર્તા થાય છે. ( બીજું ) કોઈ કરાવતું નથી. કર્મ–બર્મ કરાવતું નથી.

એ ભાવો નિમિત્તમાત્ર હોવાથી 'આત્મા કર્તા થયા સિવાય' પુદ્‌ગલદ્રવ્ય મોહનીય આદિ કર્મપણે સ્વયમેવ પરિણમે છે. સ્વયં પોતાના ભાવથી પુદ્‌ગલદ્રવ્ય સ્વયં પોતાની પર્યાયથી જ કર્મરૂપ પરિણમે છે. આહાહાહા ! છે ? પરસ્પર નિમિત્ત–નૈમિત્તિક ભાવ માત્ર છે, કર્તા તો બન્ને પોત–પોતાના ભાવના છે એ નિશ્ચય છે. લ્યો !

( ગાથા ) એકાણુંનો ભાવાર્થ, થોડામાં પણ કેટલું ભરી દીધું છે ? ( જુઓ ? ) આ લાકડી ઊંચી થવામાં, પોતાની પર્યાયથી ઉપાદાનથી, એ ઉત્પન્ન ( ઊંચી થવાની ક્રિયા ) થાય છે. આ આંગળીઓ નિમિત્ત–અનુકૂળ છે. આ આંગળીઓ નિમિત્ત હોવા છતાં પણ આંગળીઓથી ( એ લાકડી ) ઊંચી નથી થઇ ! છે ? સમજાણું કાંઇ ? ( શ્રોતા–ધર્માસ્તિકાયવત્–ઉદાસીન ! ) ધર્માસ્તિકાય ( વત્ ) એટલે નિમિત્તરૂપે છે. ( શ્રોતાઃ– ધર્માસ્તિકાયને સહાયક કહ્યું છે ને ? ) સહાયતા નહીં, સહાય નામ સાથે છે પણ એનાથી કાંઇ થતું નથી. પાંત્રીસમી ગાથા, ઇષ્ટોપદેશ જીવ ગતિ કરે છે પોતાથી ત્યારે ધર્માસ્તિ( કાય )ને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત અહીં ( એને ) ગતિ કરાવે છે, એમ નહીં. તો નિમિત્તની સહાયતાથી ગતિ કરે છે એવું છે નહીં. છે બસ, એટલું. આ બધા ધર્માસ્તિકાયવત્ ઇષ્ટોપદેશ, પાંત્રીસમી ગાથા ! આહાહાહા ! ભારે કામ ?

એ ( ગાથા ) એકાણુંમી થઇ !

## ગાથા - ૯૨

अज्ञानादेव कर्म प्रभवतीति तात्पर्यमाह-

परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करिंतो सो।
अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि।।९२।।

परमात्मानं कुर्वन्नात्मानमपि च परं कुर्वन् सः।
अज्ञानमयो जीवः कर्मणां कारको भवति।।९२।।

अयं किलाज्ञानेनात्मा परात्मनोः परस्परविशेषानिर्ज्ञाने सति परमात्मानं कुर्वन्नात्मानं च परं कुर्वन्स्वयमज्ञानमयीभूतः कर्मणां कर्ता प्रतिभाति। तथाहितथा-विधानुभवसम्पादनसमर्थायाः रागद्वेषसुखदुःखादिरूपायाः पुद्गलपरिणामावस्थायाः शीतोष्णानुभवसम्पादनसमर्थायाः शीतोष्णायाः पुद्गलपरिणामावस्थाया इव पुद्गलाद भिन्नत्वेनात्मनो नित्यमेवात्यन्तभिन्नायास्तन्निमित्ततथाविधानुभवस्य चात्मनोऽभिन्नत्वेन पुद्गलान्नित्यमेवात्यन्तभिन्नस्याज्ञानात्परस्परविशेषानिर्ज्ञाने सत्येकत्वाध्यासात् शीतोष्ण-रूपेणेवात्मना परिणमितुमशक्येन रागद्वेषसुखदुःखादिरूपेणाज्ञानात्मना परिणममानो ज्ञानस्याज्ञानत्वं प्रकटीकुर्वन्स्वयमज्ञानमयीभूत एषोऽहं रज्ये इत्यादिविधिना रागादेः कर्मणः कर्ता प्रतिभाति।

---

હવે, અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય કહે છેઃ-

**પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,**
**અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.**

**ગાથાર્થઃ-** **[परम्]** જે પરને **[आत्माने]** પોતારૂપ **[कुर्वन्]** કરે છે **[च]** અને **[आत्मानम् अपि]** પોતાને પણ **[परं]** પર **[कुर्वन्]** કરે છે **[सः]** તે **[अज्ञानमयः जीवः]** અજ્ઞાનમય જીવ **[कर्मणां]** કર્મોનો **[कारकः]** કર્તા **[भवति]** થાય છે.

**ટીકાઃ-** અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ ( તફાવત ) ન જાણતો હોય ત્યારે પરને પોતારૂપ કરતો અને પોતાને પર કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, કર્મોનો કર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છેઃ-જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે, તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના

**નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જ્યારે અજ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે એકપણાના અધ્યાસને લીધે, શીત-ઉષ્ણની માફક ( અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ ), જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો ( અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો ), જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, 'આ હું રાગી છું ( અર્થાત્ આ હું રાગ કરું છું )' ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.**

**ભાવાર્થઃ- રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે; તેથી તે, શીત-ઉષ્ણપણાની માફક, પુદ્‌ગલકર્મથી અભિન્ન છે અને આત્માથી અત્યંત ભિન્ન છે. અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે; કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષાદિનો સ્વાદ, શીતઉષ્ણપણાની માફક, જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય એવું અજ્ઞાનીને ભાસે છે. તેથી તે એમ માને છે કે 'હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું, હું માની છું' ઇત્યાદિ. આ રીતે અજ્ઞાની જીવ રાગદ્વેષાદિનો કર્તા થાય છે.**

## પ્રવચન નં. ૧૮૨ ગાથા-૯૨ તા. ૩૦/૦૧/૭૯

હવે એમ તાત્પર્ય કહે છે અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે. ( ગાથા-બાણું ). હવે અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય કહે છેઃ-

સમ્યક્-જ્ઞાન થયું-આત્મા શુદ્ધચૈતન્યમૂર્તિ પ્રભુ ! રાગ આદિમાં હું નથી, એક સમયની પર્યાય જેવડો પણ હું નથી અને અનંતગુણોના ભેદરૂપ હું નથી. આહાહાહા ! અભેદ ત્રિકાળી ભગવાન આત્મા ! એવી દૃષ્ટિ થવાથી, અજ્ઞાનનો નાશ થાય છે ને એને કર્મબંધન પણ થતું નથી, એ પ્રકારનું તાત્પર્ય છે. અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે. ૯૨, ૯૨ ગાથા છે ને.

परमप्पाणं कुव्वं अप्पांण पि य परं करिंतो सो।
अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि।।९२।।

પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,
અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨

ટીકાઃ- "અજ્ઞાનથી આ આત્મા"—પોતાના સ્વરૂપનું ભાન નહીં હોવાથી "પરનો અને પોતાનો પરસ્પર વિશેષ ( તફાવત ) ન જાણતો હોય ત્યારે"—આત્મા આનંદસ્વરૂપ અને રાગ વિકારસ્વરૂપ-આત્મા પોતાની સત્તામાં છે ને પરવસ્તુ એની સત્તામાં છે. એવો ભેદ ( તફાવત ) નથી કરતો-જાણતો નથી, "ત્યારે પરને પોતારૂપ કરતો અને પોતાને પર કરતો"-ત્યારે એ પરને પોતારૂપ—શરીર મારું છે ( શરીર હું જ છું ) વાણી મારી છે, પુત્ર મારા છે, સ્ત્રી મારી છે, દેશ મારો, ગામ મારું, મકાન મારું—એમ અજ્ઞાની માને છે. આહાહાહા !

( શું કહે છે ? ) અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ ( તફાવત ) ન જાણતો હોય ત્યારે પરને પોતારૂપ કરતો અને પોતાને પર કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો—દયા, દાન આદિના જે પરિણામ થાય છે-દયા-દાનનો રાગ એ વિકાર છે-પર છે, એને અજ્ઞાની પોતાના માને છે કે મેં ( એ ભાવ ) કર્યાં. આહાહાહા ! સમજાણું કાંઇ... ? પરના અને પોતાનો પરસ્પર દેખો ! પરસ્પર-પોતાથી પર ભિન્ન ને પરથી પોતે ભિન્ન, એવો પરથી ભેદ જાણતો નથી, ત્યારે અજ્ઞાનથી આત્મા પરસ્પર ( નો ) ભેદ જાણતો ન હોય ત્યારે તે પરને પોતારૂપ ( માને છે ) આહાહાહાહા ! ( કહે છે ) રાગદ્વેષના પરિણામ-દયા, દાન, વ્રત આદિના પરિણામ ( ભાવ ) થાય છે, એ પણ પર છે, પોતાનું સ્વરૂપ નથી. પણ અજ્ઞાનભાવથી ( રાગ-દ્વેષરૂપ ) પરિણમન કરે છે એ ! સમજાણું કાંઈ... ? આહાહા !

"પરને પોતારૂપ કરતો અને પોતાને પરરૂપ કરતો" —પોતાને રાગરૂપ કરતો પરરૂપ કરતો "સ્વયં-પોતે અજ્ઞાનમય થયો થકો, કર્મોનો કર્તા પ્રતિભાસે છે" એ દૃષ્ટાંત આપે છે-તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છેઃ- "જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીતઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે" —શું કહે છે ? દેખો ? અગ્નિ અને બરફ—અગ્નિ ઉષ્ણ છે ને બરફ ઠંડો છે, છે ? એ ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામ, અગ્નિની પર્યાય પુદ્‌ગલની પર્યાય ( છે ) અને બરફની પર્યાય પુદ્‌ગલની પર્યાય છે— ( એ પર્યાયો ) પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે, એ પર્યાય ઉષ્ણ ને ઠંડી એ પુદ્‌ગલથી એકમેક છે. છે ? આત્માથી સદાય એ અત્યંત ભિન્ન છે. એ ઠંડી અને ગરમ અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન ( એકમેક ) છે. આત્માથી અત્યંત ભિન્ન છે. અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે-અહીંયા શું કહે છે ? ઠંડી અને ગરમીનું જે વેદન-રાગ થયો, એ રાગ આત્માથી અભિન્ન છે, અહીં અજ્ઞાનીની વાત છે ને ! સમજાણું કાંઇ... ? આહાહા !

શીત અને ઉષ્ણ અવસ્થા, એ પુદ્‌ગલની ( પરમાણુંની ) છે અને શીતને ઉષ્ણનું વેદન, અહીં વેદન થયું-રાગ થયો, એ રાગ આત્માથી અભિન્ન છે. એ ચીજ ઠંડી-ગરમની અવસ્થા એ પુદ્‌ગલથી અભિન્ન છે. આત્માથી એ ભિન્ન છે. આહાહા ! જેમ કે મોઢામાં મરચું આવ્યું, મરચું તીખું તો તીખી અવસ્થા જે છે મરચાંની એ ( મરચાંના પુદ્‌ગલથી ) અભિન્ન છે, આત્માથી ભિન્ન છે પણ એ તીખાશ વખતે જે એમાં-પર્યાયમાં રાગ આવ્યો કે, બહુ તીખું એ દ્વેષ આવ્યો એ આત્માથી અભિન્ન છે. અજ્ઞાનીની વાત કરે છે ને ! સમજાણું કાંઇ... ? તીખું મરચું હોય છે ને તીખું બહુ ! આમ ઢોકળું-ઢોકળા હોય છે ને આમ, ( મરચાંના ) ભજીયા હોય તીખા-તીખા બહુ, આ લીલા મરચાં લ્યોને ! લીલાં મરચાં બહુ તીખાં હોય, એ તીખાશની પર્યાય તો જડની સાથે અભિન્ન છે, પણ અહીં ( જીવના ભાવમાં ) એનાથી જે ઠીક નથી એવો દ્વેષ ( ભાવ ) આવ્યો એ દ્વેષના પરિણામ આત્માથી અભિન્ન છે. આ અજ્ઞાનની વાત કરવી છે ને ? સમજાણું ? આહાહાહા !

એ શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા, પુદ્‌ગલથી એક છે. કારણકે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. આહાહા ! આ ઠંડી-ગરમીની એ પર્યાય જડની સાથે અભિન્ન છે. આહા ! અને એ ઠંડી-ગરમીમાંય જે રાગ આદિ થાય છે કે આ ગરમ ચીજ ઠીક છે, એ ચીજ બહુ ઠીક

નહીં એવા રાગદ્વેષ છે એ ( ભાવ ) આત્માથી અભિન્ન છે. આંહી તો પરથી ભિન્ન બતાવવું છે. અને પછી અજ્ઞાનથી ભિન્ન તો પછી કરે, પણ આ પહેલો ખ્યાલ જ નથી ત્યાં ભિન્ન શી રીતે કહે ? આહાહા ! સમજાણું કાંઈ... ?

"અને તેના નિમિત્તથી થવાવાળો એ પ્રકારનો અનુભવ એટલે રાગ-દ્વેષ, એ આત્માથી અભિન્ન છે કારણકે રાગ-દ્વેષ થયા એ રાગ-દ્વેષ ( આત્માની ) પોતાની પર્યાયમાં કર્યા છે, એ રાગ-દ્વેષ અજ્ઞાનીને અભિન્ન છે. અહીં તો અજ્ઞાનીની વાત છે ને પુદગલથી સદાય અત્યંત ભિન્ન છે એ ઠંડા ગરમનું વેદન થયું ઠીક અઠીક એવો રાગદ્વેષ એ પુદગલથી અભિન્ન છે પોતાની પર્યાય પોતાથી અભિન્ન છે આવી વાત હવે, નવરાશ કયાં આમાં ? સદાય અભિન્ન, આહા.... ! એ તો દૃષ્ટાંત થયું.

"તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે—એટલે કર્મની અવસ્થા જડમાં થઇ એની વાત કરે છે-રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિ શાતા વેદનીય આદિ અંદર જે કર્મમાં થાય છે એ પુદ્‌ગલપરિણામની અવસ્થા એ પુદ્‌ગલથી અભિન્ન છે. સમજાણું કાંઇ.. ? સુખ-દુઃખ, શાતાવેદનીય-અશાતાવેદનીય અંદર જે સુખની કલ્પના, જડમાં સુખ હોં ? જડ શું અહીં સુખમાં નિમિત્ત જે જડ એ જડની પર્યાય જડથી અભિન્ન છે અને અહીં જે સુખ-દુઃખની કલ્પના કરે છે અજ્ઞાની, એ સુખ-દુઃખની કલ્પના આત્માથી અભિન્ન છે. આરે... હવે !

( કહે છે કે ) પુદ્‌ગલ પરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન અને આત્મા સદાય ભિન્ન છે. અને એના નિમિત્તથી થવાવાળા તે પ્રકારનો અનુભવ, કોનો અનુભવ ? અંદર રાગ-દ્વેષનો અનુભવ-સુખ-દુઃખની કલ્પનાનો અનુભવ, એ આત્માથી અભિન્ન છે. પરનો અનુભવ નહીં. પરનો અનુભવ નથી, પરથી ભિન્ન અનુભવ પોતાના રાગનો છે. આહાહાહા ! પુદ્‌ગલ સદાય અત્યંત ભિન્ન છે, આ આત્મામાં જે રાગ-દ્વેષ થયા, આ ઠીક છે-આ ઠીક નહીં એવા રાગ-દ્વેષ થયા, એ અજ્ઞાનીના આત્માની સાથે અભિન્ન છે અને જે પુદ્‌ગલની દશા છે, મોહનીયકર્મની ચારિત્રમોહનીયનો ઉદય, દર્શનમોહનો ઉદય, એ પરિણામ જડની સાથે અભિન્ન છે. આહા !

આમાં કારખાના આડે નવરા કયાં ? દુનિયા તો ( દુનિયાનું જાણે ) દુનિયાનું અહીં શું કામ છે, તું કરને તારું ! ભૂખ પોતાને લાગે છે તો પોતે ખાવા જાય છે, બધાને ખવરાવીને ખાવા જાય છે ? ઓલા ( દુનિયામાં ) ઘણાં બધા ભૂખ્યા છે તો તેમને ( બધાને ) ખવડાવી ને હું ખાઉં એમ ખાવા જાય છે ? મુંબઇમાં તો ઘણાં પડયા છે ઓલા આડા-અવળા નહીં, ગરીબ માણસો ! શું કહેવાય ઇ ? ફુટપાથ, હા, હા ઇ. મકાનેય ન હોય, બાઈડી ન હોય, છોકરાવેય ન હોય બિચારા ગરીબ એકલા ! એક જુવાન છોકરો હતો એક, ( મેં પૂછયું ) હેં મહારાજ ! મા-બાપેય નથી હું તો એકલો ફરું છું ! પાણી પીવાને માટે લોટોય ન હોય, સૂવાનું ગોદડુંયે ન હોય, મકાન તો શાના હોય ? ફૂટપાથ ઉપર સૂવે અને ભીખ માગે, કયાંકથી માગી માગીને ( પેટિયું ભરે ! ) આહાહાહા !

આંહી તો કહે છે કે જે બહારની અવસ્થા છે, એ પુદ્‌ગલથી અભિન્ન છે પણ એમાં જે સુખ-દુઃખની કલ્પના કરે છે એ આત્માથી અભિન્ન છે. એ ચીજે સુખ-દુઃખની કલ્પના કરાવી નથી.

( પણ ) અજ્ઞાની પોતાથી, પોતાને ભૂલીને હરખ–શોકનો કર્તા બને છે. બહુ ગાથા સારી છે ! આ બાણું ( ગાથા ). આહા !

એ ( અજ્ઞાની ) અજ્ઞાનને કારણે રાગ–દ્વેષ, સુખ–દુઃખાદિ અને એનો અનુભવનો પરસ્પર વિશેષ ( ભિન્નતા ) નથી જાણતો–જડના જે સુખ–દુઃખ નિમિત્ત છે ( એ ) ચીજ સુખઃદુઃખ સંયોગ, સુખ ( ની કલ્પનાને ) અનુકૂળ સંયોગ ને પ્રતિકૂળ સંયોગ ( દુઃખની કલ્પના ) એ સંયોગ એ બધી જડની પર્યાય છે અને એ સમયે જે રાગ–દ્વેષ કરે છે કે આ ઠીક છે આ અઠીક છે, એ રાગ ( ભાવ ) પોતાનાથી અભિન્ન છે. પોતાની પર્યાય પરથી ભિન્ન છે. પરની પર્યાય પોતાનાથી ભિન્ન છે. આહાહાહા ! બહુ આમાં યાદ કેટલું રાખવું ! છે ? અજ્ઞાનને કારણે રાગ–દ્વેષ અને સુખ આદિનો અનુભવ, પોતાનામાં જે સુખ–દુઃખની કલ્પના હો ( થાય ) એ અને સંયોગી અનુકૂળ–પ્રતિકૂળ જે ચીજ એ બન્ને ભિન્ન છે. પણ બન્નેમાં આમ પરસ્પર વિશેષ ( તફાવત ) નહીં જાણતા, બેયને જુદા જુદા ન જાણતો હોય ત્યારે એકત્વના અધ્યાસને કારણે–હું ઠંડો થઇ ગયો, હું ગરમ થઈ ગયો, હું મીઠાશ ( ગળ્યો ) થઇ ગયો, હું કડવો થઇ ગયો ! એવી માન્યતા કરે છે અજ્ઞાની. આહાહા ! દાખલો તો જુઓ, ટાઢા–ઊનાનો દાખલો, ટાઢી–ઊની દશા જડની સાથે અભિન્ન છે. પણ અહીંયા ટાઢા–ઊનાનો રાગ કરે છે એ ( રાગભાવ ) આત્માની સાથે અભિન્ન છે. આહા... એ ટાઢા–ઊનાની દશા રાગ કરાવતી નથી અને ટાઢા–ઊનાની અવસ્થા રાગ છે તો તેથી છે એવું છે નહીં. આહાહા !

“શીત–ઉષ્ણની માફક અર્થાત્ જેમ શીત–ઉષ્ણરૂપે આત્માવડે પરિણમવું અશક્ય છે તેમ” ઠંડી–ગરમ અવસ્થા આત્માની થવી એ અશક્ય છે, જડની ઠંડી–ગરમ અવસ્થા આત્મામાં થવી અશક્ય છે, એ–રૂપે ઠંડી–ગરમ અવસ્થારૂપે આત્માનું થવું એ અશક્ય છે. એ પ્રકારે “જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે” કોણ ? જડની જે પર્યાય છે એ એમાં ( એ–રૂપે આત્માને ) પરિણમવું અશક્ય છે. “એવા રાગદ્વેષ સુખ દુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો” આહાહા.... રાગદ્વેષ કે એ રૂપે પરનો હું અનુભવ કરું છું એવું માનતો થકો, “અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો, જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો” આહાહાહા ! નિશ્ચયથી તો પરની પર્યાયનો અનુભવ કરવો અશક્ય છે, પણ અજ્ઞાની આત્મા, પરનો હું અનુભવ કરું છું એમ રાગદ્વેષનો કર્તા થાય છે. આહાહા ! બહુ ફેર, અત્યારે તો પ્રરૂપણા એવી બધી થઈ ગઈ છે ને. આહા !

ત્યાં રસગુલ્લા આવ્યા, રસગુલ્લા ! આ રસગુલ્લા હોય ને એ રસગુલ્લાની પર્યાય પુદ્‌ગલથી અભિન્ન છે પણ અહીં ઠીક છે એવો રાગ આવ્યો, એ રાગથી એ ભિન્ન ચીજ છે અને ( એ ચીજ–રસગુલ્લા ) એનાથી રાગ ભિન્ન છે. પણ અજ્ઞાની બેયને ભિન્ન ન માનીને ( મેં રસગુલ્લા ખાધા ) હું પરનો કર્તા છું ને પરનો ભોક્તા છું એમ અજ્ઞાની માને છે. આહાહા ! સમજાણું કાંઇ ? શીત–ઉષ્ણરૂપે આત્માના દ્રવ્યથી પરિણમવું અશક્ય ( છે ). એ ( પર્યાય શીત–ઉષ્ણ ) જડની છે. પરની–જડની–કર્મની પર્યાયનું એનાથી રાગ–દ્વેષ સુખ–દુઃખાદિરૂપ, અજ્ઞાન આત્મા દ્વારા પરિણમિત થતો થકો પણ ઈ અજ્ઞાન આત્મા દ્વારા રાગ–દ્વેષરૂપે પરિણામ કરતો, સ્વભાવ તો એનો છે નહીં, રાગ–દ્વેષરૂપે, ( આત્માનો ) સ્વભાવ પરિણમે એ તો અશક્ય છે, પણ અજ્ઞાનપણે ( અજ્ઞાની ) રાગ–દ્વેષને અજ્ઞાન ભાવથી પરિણમન કરે છે. ( એટલે કે પરિણમ્યો

હોવાનું માને છે-એ માન્યતા કરે છે ) એમ કહે છે. જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે સ્વયં અજ્ઞાનમય થયો થકો, આ હું રાગી છું, એટલે આ રાગ હું કરું છું, હું દ્વેષી છું, ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે રાગનો કર્તા પણ અજ્ઞાનભાવથી પ્રતિભાસે છે. પણ એ અજ્ઞાનભાવ છે એ સત્યભાવ છે નહીં. વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૮૩ ગાથા-૯૨ તા. ૩૧/૦૧/૭૯ બુધવાર મહા સુદ-૪

શ્રી સમયસાર, ૯૨ ગાથા ફરીને,

ટીકાઃ- ટીકા છે ને ટીકા, બાણું ગાથાની ટીકા, —આ આત્મા, અજ્ઞાનથી પોતાનું શુદ્ધસ્વરૂપ આનંદ, એના અજ્ઞાનથી, પોતાની ચીજ જે આનંદ ને શુદ્ધ છે, એનું અજ્ઞાનીને જ્ઞાન નથી, અજ્ઞાનને કારણે પોતાનો ને પરનો ભેદ, પરસ્પર ભેદ નથી જાણતો-ભગવાન આત્મા એ તો જ્ઞાન-આનંદ સ્વરૂપ અને પર-રાગદ્વેષ ને કર્મ, નોકર્મ ( તે ) પર, એ પોતાનો ને પરનો પરસ્પર ભેદ ( તફાવત ) જાણતો ન હોય ત્યારે “તે પરને પોતારૂપ કરતો અને પોતાને પર કરતો” - -ત્યારે તે પરને પોતારૂપને એ રાગ-દ્વેષના પરિણામ, કર્મને નોકર્મ એ પરને પોતારૂપ માને છે. આહાહાહા ! અને પોતાને પરરૂપ કરતો થકો-પોતાનું સ્વરૂપ શુદ્ધચૈતન્યઘન ( છે છતાં ) એને રાગ મારો છે, કર્મ મારા છે, નોકર્મ-કર્મના ફળઆદિ મારા છે એમ પરને પોતાના કરતો થકો, સ્વયં ( પોતે ) અજ્ઞાનમય થયો થકો ( આહા ! ) સ્વયં અજ્ઞાનમય થયો થકો, -કર્મને કારણે નહીં, ( સ્વયં-પોતાથી ) “કર્મોનો કર્તા પ્રતિભાસે છે.” આહાહા !

એ પુણ્ય ને પાપના ભાવ-દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ રાગ છે. અજ્ઞાનીને રાગનો કર્તા હું છું એવું ભાસે છે. સમજાણું કાંઇ ? “તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છેઃ- જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ” -ઠંડી અને ગરમી જડની અવસ્થા, એ અનુભવ, જ્ઞાન કરાવવામાં નિમિત્ત, પોતાને જ્ઞાન કરાવવામાં એ શીત-ઉષ્ણ ( અવસ્થા ) નિમિત્ત ( છે ). “એવી શીત-ઉષ્ણ પુદ્ગલપરિણામની અવસ્થા એ ઠંડી ને ગરમ અવસ્થા પુદ્ગલ જડની છે આ ઠંડી પડીને૧૧૦/૧૨ ડીગ્રી તડકો તાપ એ જડની પર્યાય છે એ પુદ્ગલ પરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નતાને કારણે એ પુદ્ગલથી ઠંડી ગરમ અવસ્થા એકમેક છે. છે ? અને આત્માથી સદા અત્યંત ભિન્ન છે. એ ઠંડી ગરમ અવસ્થા સદા આત્માથી તદ્ન ભિન્ન છે અને એના નિમિત્તથી થવાવાળો એ પ્રકારનો અનુભવ-ઠંડી અને ગરમીનું અહીં જ્ઞાન થાય છે, એ જ્ઞાન છે તે આત્માથી અભિન્ન છે અને શીત-ઉષ્ણ અવસ્થા પુદ્ગલની છે એ ભિન્ન છે. અને એનાથી ( એના નિમિત્તથી ) જ્ઞાન જે થયું એ જ્ઞાનની પર્યાયથી આત્મા અભિન્ન છે. આહા ! આ તો હજી દૃષ્ટાંત છે હોં !

( કહે છે કે ) “અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ” ( એટલે ) જેવી ઠંડી-ગરમી છે એવું જ અહીં જ્ઞાન થાય છે પોતાનામાં “તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે.” —એ શીત-ઉષ્ણ જે પુદ્ગલની દશા છે જડમાં છે એ જડથી અભિન્ન છે-એકમેક છે, અને શીત-ઉષ્ણનું અહીં જ્ઞાન થયું એ જ્ઞાનની પરિણતિ આત્માથી

અભિન્ન છે અને પરથી ભિન્ન છે. ઠંડા–ઉનાનું જે જ્ઞાન થયું એ જ્ઞાન આત્માથી અભિન્ન છે. પણ એની ( પુદ્‌ગલની ) જે શીત–ઉષ્ણ દશા છે એ આત્માથી ભિન્ન છે. આ તો હજી દૃષ્ટાંત છે.

“તેવી રીતે તે પ્રકારનો અનુભવ સમર્થ એવી રાગ–દ્વેષ–સુખ–દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા” આહાહા ! અહીં એવું ન લેવું ( ન સમજવું કે ) કર્મમાં સુખ–દુઃખ થાય છે. આંહી તો આત્માનો સ્વભાવ શુદ્ધચૈતન્ય છે, એ અપેક્ષાથી જે કંઇ દયા–દાન–વ્રત–ભક્તિના પરિણામ થાય છે અને સુખ–દુઃખની કલ્પના થાય છે—એ થાય છે તો પોતાની પર્યાયમાં પોતાથી–પણ અહીંયા એ સિદ્ધ નથી કરવું, અહીંયા તો એ જડની પર્યાય છે. ( શ્રોતાઃ– આત્મામાંથી નીકળી જાય છે માટે ! ) નિકળી જાય છે ને આત્માની છે જ નહીં. ઝીણી વાત છે ભાઈ ! મોટા અત્યારે તો વાંધા ઊઠયા છે આમાં, શુભભાવ–દયા, દાન, વ્રત, પૂજા કરે તો કલ્યાણ થશે ! આંહી તો કહે છે કે શુભભાવ તો પુદ્‌ગલની દશા છે. ( કેમકે ) પોતાના સ્વભાવમાંથી વિકાર ઉત્પન્ન થાય એવો કોઇ સ્વભાવ ( આત્માનો ) નથી. આહાહા !

‘તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ–દ્વેષ–સુખ–દુઃખ’ –શું કહ્યું ? રાગ–દ્વેષ ને સુખ, દુઃખની જે કલ્પના છે એ કર્મનું કાર્ય છે, એનું જ્ઞાન આત્મામાં થાય છે એ જ્ઞાન આત્માનું છે. એ જ્ઞાનથી આત્મા અભિન્ન છે પણ આ રાગ–દ્વેષ, સુખ–દુઃખના પરિણામ જે છે એ પુદ્‌ગલની પર્યાય એ પુદ્‌ગલથી અભિન્ન છે ! આરે ! આવી વાતું છે, ઝીણી વાત છે ભાઈ ! રાગ–દ્વેષ થાય છે તો પોતાની પર્યાયમાં, કોઈ એમ અહીં લગાવી દૈ ( માની લ્યે ) કે જુઓ, કર્મથી રાગ–દ્વેષ થયા ( એમ નથી ) આહાહા ! અહીં તો બીજી ચીજ છે. ( સ્વભાવ બતાવવો છે ) આ તો રાગ–દ્વેષ થાય છે તો અજ્ઞાનથી પોતાની પર્યાયમાં, પણ એ રાગ–દ્વેષ–પુણ્ય, દયા–દાન– ( આદિભાવ ) આત્માનો સ્વભાવ નથી, આહા ! એ કારણે આ દયા–દાન–વ્રત–તપ, ભક્તિનો વિકલ્પ રાગાદિ વિકલ્પ ઊઠે છે એ રાગ, પુદ્‌ગલની અવસ્થા છે, એમ કહેવામાં આવ્યું છે. આહા ! કહો, બલુભાઈ ? શું કીધું, આ તમારા ઓલા વરસીતપ કર્યાં છે એમાં રાગ કોઇ મંદ હોય તો એ પુદ્‌ગલ–જડ હતો, એમ કહે છે. એણે તો સાંભળ્યું છે ને ઘણી વખત ? છે ? ( શું કીધું ? ) એ અંદર રાગ કર્યોને મંદ, અપવાસ કરવામાં, દયા પાળવામાં, વ્રત કરવામાં. સમજાણું ? એ કરવામાં મંદ રાગ છે એ રાગ છે ( એને ) અહીં પુદ્‌ગલની અવસ્થા ગણવામાં આવી છે, એ રાગનું જ્યાં જ્ઞાન થાય છે, એ જ્ઞાનઅવસ્થા આત્માથી અભિન્ન છે. પણ એ રાગ, એ જ્ઞાન ( બેય ) અવસ્થા તદ્દન ભિન્ન છે ! કહો, શાંતિભાઈ ? આવી વાતું છે.

( આહા ! ) જેને લોકો ધર્મ માને–દયા, દાન, વ્રત, અપવાસ એ વિકલ્પ છે–રાગ છે અને એ રાગ પુદ્‌ગલની ( દશા ), પુદ્‌ગલના નિમિત્તને આધિન થઇને થઇ છે ને ? એ પોતાના સ્વભાવને આધિન નથી થઇ, એ કારણથી એને પુદ્‌ગલમાં ગણી છે. આહાહાહા ! આવી વાત ! ‘અને આ પ્રકારનું જ્ઞાન આત્માથી અભિન્ન છે’ —રાગ અને દયા–દાનના વિકલ્પ જે રાગ ઊઠયો, એનું અહીંયા જ્ઞાન થયું. કેમકે આત્માનો ( જ્ઞાન સ્વભાવ ) સ્વપરપ્રકાશક છે, તો પોતાના સ્વરૂપનું જ્ઞાન કરે છે ને ( સાથે–સાથે ) રાગનું પણ અહીં જ્ઞાન થાય છે. તો એ જ્ઞાન છે–રાગનું જ્ઞાન છે એ આત્માથી અભિન્ન છે અને રાગભાવ છે એ પુદ્‌ગલથી અભિન્ન છે. આત્માથી ભિન્ન છે. આવી વાતું હવે કયાં દુનિયા હારે મેળ ( ખાય ? )

લ્યો, કાલે જ મોટું ( લખાણ ) આવ્યું' તું ! વ્રતને શુભ ને પૂજાને ભક્તિને ધર્મજ્યોત ધર્મધ્યાન છે. અને આ સોનગઢવાળા કહે છે કે એ બંધનું કારણ છે ! અરે, ભગવાન ! ભાઈ, એ રાગ બંધનું કારણ છે અને ખરેખર તો ( એ ) દશા, એ આત્માના જેટલા ગુણ છે અનંત, તે અનંતગુણ શુદ્ધ છે, એનું પરિણમન થાય છે એ તો શુદ્ધ ( જ ) થાય છે ( ત્યારે ) આ રાગનું પરિણમન તો નિમિત્ત આધિન-પરનું છે ( પરાલંબી તો ) પરનું છે. આહાહા !

એ પ્રમાણે જેવો રાગ થયો, દયા-દાન-વ્રતનો વિકલ્પ, એ જ પ્રકારનું અહીંયા જ્ઞાન થાય છે, જ્ઞાન તો જેવી વસ્તુ છે એવું જ જ્ઞાન થાય છે ને ! યથાર્થ જ્ઞાન તો એને કહે છે કે-જેવો ત્યાં દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા, કામ-ક્રોધ-હિંસા-જૂઠું જે પરિણામ થયા, તો એ પરિણામનું અહીં જ્ઞાન થાય છે. એ જે જ્ઞાન થાય છે એ જ્ઞાનનું પરિણામ આત્માથી એકમેક છે અને રાગભાવ છે એ પુદ્‌ગલથી એકમેક છે-આત્માથી ભિન્ન છે. આહાહા ! મોટો ઝઘડો છે આ ! ઓલા કહે છે કે ધર્મધ્યાન છે, આંહી ( આચાર્યદેવ ) કહે છે કે રાગ એ પુદ્‌ગલની દશા છે, એનું જ્ઞાન થાય તે જ્ઞાનની દશા આત્માની દશા છે. શશીભાઈ ? આવી વાત છે.

( કહે છે કે ) "તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે" કોણ ? જે રાગ-દ્વેષનું જ્ઞાન થયું એ જ્ઞાન પુદ્‌ગલથી તદ્દન ભિન્ન છે-અત્યંત ભિન્ન છે. શું કીધું સમજાણું કાંઇ... ? કેમ કે આત્માનો જ્ઞાન સ્વભાવ છે જ્ઞાન.. જ્ઞાન... સ્વભાવ-સ્વરૂપ છે તો જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. ( તેથી તો ) તે કારણે જે કાંઇ શુભ-અશુભ રાગ ઉત્પન્ન થયા, એનું અહીં જ્ઞાન થાય છે, એ જ્ઞાન એનું થાય છે એ તો નિમિત્તનું કથન છે, બાકી જ્ઞાન તો પોતાનામાં પોતાથી પોતાનું થયું છે. આહાહા ! એ જ્ઞાનનું પરિણામ છે એ આત્માથી એકમેક-અભિન્ન છે અને રાગ-દ્વેષ આદિ પુદ્‌ગલપર્યાયથી ( એકમેક છે ) એનાથી આ જ્ઞાનનું પરિણામ ભિન્ન છે. ધીમેથી સમજવું બાપુ ! આ તો મારગ વીતરાગનો બહુ અલૌકિક છે ! અત્યારે તો બધે ફેરફાર થયો મોટો, વિરોધ કરે છે, મોટો વિરોધ ! નિમિત્તથી થાય છે કે ના પાડે છે, આ એમ કહે છે ન્યાં ! દેખો ! ભાઈ, પણ એને એમ લાગે !

જુઓ ! આ લાકડી છે, લાકડી તે અહીં પડી છે લ્યો ! તે તો આમ આંગળાથી ઊંચી કરે તો ઊંચી થાય છે એમ અજ્ઞાની ( ઓને ) ભાસે છે. કેમકે એ આંહીથી ( સંયોગથી ) દેખે છે એ આંહીથી ( સ્વભાવથી ) દેખે કે આ ઊંચી થઇ એ પોતાની પર્યાયથી તો ( યથાર્થ કહેવાય ! ) સમજાણું આમાં ? આહાહાહા ! અગ્નિથી પાણી ઊનું થયું એ પણ જૂઠું છે કહે છે. પાણી પોતાની પર્યાયથી ઉષ્ણ ( ઊનું ) થયું છે, અગ્નિ તો નિમિત્ત છે-અગ્નિથી ઊનું થયું પાણી એ વાત જૂઠી છે. હવે આ વાત કેમ બેસે ? આહાહા ! અગ્નિની પર્યાય એ અગ્નિમાં છે ને પાણી અહીં ઉષ્ણ થયું એ પર્યાય પાણીમાં છે, એ-પણ અહીંયા ( આમ ) તો એનાથી આગળ લેવું છે. સમજાણું કાંઇ.. ?

આ રાગની પર્યાય થાય છે પોતાની પર્યાયમાં કર્મ નિમિત્ત છે પણ એ નિમિત્ત આધિન થઇને સ્વભાવ-ભાવ નથી, એ કારણે એ રાગભાવને પુદ્‌ગલથી અભિન્ન કહેવામાં આવ્યું અને એ રાગનું અહીં જ્ઞાન થયું એ જ્ઞાન આત્માથી અભિન્ન છે. આહાહાહા ! સમજાણું કાંઇ... ?

પણ... આમાંથી પાછા એમ કાઢે ( સમજે કે ) જુઓ, રાગ-દ્વેષ પોતાના કર્મથી થાય છે. જુઓ આમાં ( ટીકામાં ) આવ્યું કે નહીં ? કઇ અપેક્ષાએ ? અહીંયા તો પુણ્ય-પાપના ભાવ, કર્મને

નોકર્મ ત્રણેય એક જ ચીજ છે-જડની છે, એમ બતાવવું છે. સમજાણું આમાં ? આહા ! કાલ તો જરી ઓલા ( લખાણમાં હતું ને ) સોનગઢ કહે, નિમિત્તથી ન થાય, આમાં તો નિમિત્તથી થાય એમ સમજી લ્યે બસ ? એવું છે નહીં, થાય છે તો પોતાની પર્યાયમાં પોતાથી પણ એ ( રાગભાવ ) સ્વભાવ નથી-ચૈતન્ય જે અનંતગુણ છે સ્વભાવ, એનો તો એ ભાવ નથી, એમ ગણીને રાગને જડથી ભિન્ન આત્માનું ભેદજ્ઞાન નથી એ ( લોકો ) રાગને પોતાનો માને છે. સમજાણું કાંઇ... ? આ વાત અહીંયા સિદ્ધ કરવી છે, એ પ્રકારે એમ કહેવું છે ને અહીંયા કે જેવા પુણ્ય ને પાપના ભાવ થયા એવું જ આહીંયા જ્ઞાન થાય છે, જ્ઞાન તો યથાર્થ થાય છે કે નહિ ? ( થાય છે. ) તો જેવા દયાના પરિણામ થયા તો દયાના પરિણામ રાગ છે તો ( તેવું જ ) રાગનું જ્ઞાન અહીં થયું તો જ્ઞાન કહેવામાં આવ્યું એ યથાર્થ છે. એમ કહેવું છે કે જેવો રાગ છે એવું જ અહીંયા જ્ઞાન થયું છે, એ જ્ઞાન થયું એ આત્માની ચીજ છે ને રાગ છે એ પોતાની ( આત્માની ) ચીજ નહીં. આહાહા ! સમજાણું કાંઇ.. ?

એ રાગ છે એ તો પુણ્ય-પાપ તત્ત્વ છે તો જ્ઞાયકપર્યાયમાં સ્વપરપ્રકાશક ( જ્ઞાન ) થયું પણ એ જ્ઞાનસ્વપરપ્રકાશક પર્યાય થઈ પોતાથી એ એકમેક છે અને એ રાગતત્ત્વ ( આત્માથી ) ભિન્ન છે, અહીં આ લેવું છે ને ! રાગતત્ત્વ-પુણ્યપાપ તત્ત્વ-અજીવ તત્ત્વ-આસ્રવતત્ત્વ બધા એક ( એકાર્થ ) છે. આહાહાહાહા ! સમજાણું કાંઇ.. ?

( હવે કહે છે ) "જ્યારે અજ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે" —શું કહે છે ? અજ્ઞાની આત્મા, ભેદજ્ઞાનના અભાવથી ( એટલે કે ) આ રાગ-દ્વેષ આદિ પરિણામ અને એનું જ્ઞાન અહીં અનુભવ, એ બન્નેનું ભેદજ્ઞાન ન જાણવાથી-રાગ હું છું એમ અજ્ઞાની માની લે છે. આહાહા ! રાગથી ભિન્ન એવું જ્ઞાન પોતાનું છે પણ રાગ પોતાનો નથી, પણ અજ્ઞાનીને રાગ અને જ્ઞાનના પરિણામનું ભેદજ્ઞાન-ભિન્નતાનું જ્ઞાન નથી, તો રાગ મારો છે એમ માની લ્યે છે. આહાહા !

જ્યારે આ આત્મા અજ્ઞાનને કારણ એ રાગ-દ્વેષ, સુખ-દુઃખ, સુખદુઃખની કલ્પના થાયને ! આ પૈસા છે તો ઠીક, નિર્ધનતા અઠીક-એવી જે કલ્પના છે. એ નિશ્ચયથી તો એ પુદ્‌ગલની પર્યાય છે, પુદ્‌ગલમાં છે. આહાહા ! આકરું કામ છે. ( શ્રોતાઃ- ઘડીકમાં પુદ્‌ગલની, ઘડિકમાં આત્માની ? ) તેથી અહીં કહે છે ને ભાઈ, છે પર્યાય એની, પહેલાં એમ જ માની લ્યો કે કર્મને લઇને રાગ થયો—કર્મને લઇને રાગ થયો, તો એ વાત જૂઠી છે. આહાહા ! પણ અહીંયા કહે છે, રાગ પર્યાયમાં થાય છે તો એ દ્રવ્યસ્વભાવથી થયો, એ વાત જૂઠી છે. આહાહા ! ( આત્મ ) દ્રવ્યનો સ્વભાવ ચિદાનંદ ! ભગવાન આત્મા, રાગ થાય છે એનું જ્ઞાન કરે છે, એ જ્ઞાન પોતાનું છે, રાગ પોતાનો નહીં. આ તો અત્યારે તો ભેદજ્ઞાન કરવાની વાત છે ને ! ભેદજ્ઞાન નહિ કરવાવાળાની આ વાત છે. ભેદજ્ઞાન કરવાવાળાની વાત ( ગાથા ) ૯૩ માં આવશે. આહા ! આ મોટો ફેર ? નિમિત્તથી થાય છે ને વ્યવહારથી થાય છે, ( આ ) મોટો ફેર ? છે ?

નિમિત્ત વિના ક્યાંય હોય છે ( કોઇ કાર્ય ? ) દેખો ? આ જે વાણી પડે છે, તો જ્ઞાન થાય છે, ન્યાં મુંબઈમાં હતા ત્યાં કારખાનામાં ત્યાં આ જ્ઞાન થતું હતું ? પર્યાયમાં આ જ્ઞાન ( સાંભળવાનું ) આ શબ્દ કાને પડે છે તો જ્ઞાન થાય છે. એમ અજ્ઞાનીઓને ભ્રમ થાય છે. પણ ( ખરેખર તો ) એ

સમયમાં, એ સમયની પર્યાય જ્ઞાન થવાની લાયકાતથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. ( જ્ઞાન થવામાં ) શબ્દ તો નિમિત્ત છે, શબ્દથી ત્યાં જ્ઞાન થયું નથી. આરે ! આવી વાતું ભાઈ ! દુનિયાથી બહુ ફેર હોં ભાઈ ! મોટો ફેર ? ( શ્રોતાઃ- જ્ઞાની એટલા માટે જ નિશંક છે ) હેં ? એવી વાત છે. સુખ-દુઃખને રાગ-દ્વેષના જે ભાવ છે એ વિકૃત અવસ્થા છે, એને પુદ્‌ગલની ગણવામાં આવી અને એ રાગ-દ્વેષ-સુખ-દુઃખની કલ્પના જેને પુદ્‌ગલ કહેવાય એનું જે જ્ઞાન અહીં થયું, એ જ્ઞાન અને સુખ-દુઃખની અવસ્થા, "બન્નેનું ભેદજ્ઞાન નહિ હોવાથી-બન્નેની જુદાઇનું જ્ઞાન નહિ હોવાથી ત્યારે એકપણાના અધ્યાસને લીધે" —આહાહાહા ! એ રાગને દ્વેષને સ્વભાવનું જ્ઞાન, ( બેયની ) એકત્વબુદ્ધિને કારણે-અનાદિથી આ અધ્યાસથી એકત્વ કર્યું છે. આહાહા ! સમજાણું ?

( ઓહોહો ! ) મોટો બળવો છે, દુનિયા સામે, દુનિયા આની સામે બળવો કરે છે. આહા ! બાપુ ! મારગડા પ્રભુના ( જુદા છે ). આહાહાહા ! અહીંયા તો કહે છે કે જે અંદરમાં કર્મના નિમિત્તથી અથવા નિમિત્તને આધિન થઇને જે કાંઇ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ છે, એ બધા ( ભાવો ) પુદ્‌ગલની દશા છે. ( અરે, ભાઈ ! ) આત્મા શું ? આત્મા તો શુદ્ધ પવિત્ર છે, એનો ( સ્વભાવ તો ) જાણવા-દેખવા ( જ્ઞાતા-દૃષ્ટાની ) દશાવાળો છે. ( શુભાશુભ ભાવની ) તે દશા છે પુદ્‌ગલની અને એનું જે જ્ઞાન, અહીં જ્ઞાન થાય છે એ પોતાનું છે. પણ એ જ્ઞાન અને રાગ-દ્વેષની પર્યાયનું ભેદજ્ઞાન નહિ હોવાથી-બન્નેની ભિન્નતા છે એવું ભિન્નતાનું ભાન નહિ હોવાથી, આહાહાહા ! તમારા હિરા-બિરા તો કયાંય રહી ગયા ( દૂર ) ને અમારા ચીમનભાઈના લોઢા રહી ગયા કયાં'ક ( દૂરના દૂર ) ( શ્રોતાઃ- આપ તો ફરમાવો છો કે હીરો તો પુદ્‌ગલનો છે. ) હિરા તો પુદ્‌ગલના છે, પણ હિરાનો પ્રેમ થયો રાગ, એ પણ પુદ્‌ગલમાં છે એમ કહે છે આંહી તો બલુભાઈ ? આવું છે બાપા. પ્રભુ પ્રભુ પ્રભુ તું કોણ છે ? બાપા, ભગવાન તો એમ કહે છે કે તું છો કોણ ? આત્મા, આત્મા છો તે શું રાગરૂપ છે આત્મા ? નવ તત્ત્વ છે તો એમાં રાગને પુણ્ય ને પાપ તત્ત્વ તો ( આસ્રવ તત્ત્વ છે ) તેને ( આત્માથી ) ભિન્ન ગણવામાં આવેલ છે. નવ તત્ત્વ છે કે નહીં ? પુણ્ય, પાપ, આસ્રવ, બંધ તત્ત્વ તો ભિન્ન ગણવામાં આવ્યા છે.

ભગવાન આત્મા તો જ્ઞાયકતત્ત્વ છે. તો એનો અર્થ એ છે કે એનું જ્ઞાન કરવાવાળો ને પોતાનું જ્ઞાન કરવાવાળો ( એ એક ) જ્ઞાયક તત્ત્વ છે. ( એ જ્ઞાયકતત્ત્વ ) પણ પોતાનું જ્ઞાન અને એનું ( પરનું ) જ્ઞાન એ ( બેયનું જ્ઞાન ) એ પોતાનો સ્વભાવ છે. એ ચીજ રાગ આદિ પોતાનો સ્વ-ભાવ નથી, ( તેથી ) રાગ આદિ ભિન્ન છે ને એનું જ્ઞાન કરવાવાળી ચીજ ( જ્ઞાયક ) ભિન્ન છે. —આવું ભેદજ્ઞાન નહિ હોવાથી, આહાહા ! આવી વાતું, હવે માંડ ( માંડ ) જિંદગીમાં કો'કને તો કાને'ય પહેલી પડે ! આખી વાતું ફેર બહુ બાપુ ? અરે રે મનુષ્યભવ હાલ્યા જાય છે, મોતની અવસ્થા એ સમય નજીક આવે છે કારણકે ( મૃત્યુસમય ) નક્કી છે ભગવાનના જ્ઞાનમાં, અને એની આયુષ્યમાં કે આ એ જ સમય, આ ક્ષેત્રે, આ લોકે, આ દેહ છૂટવાનો ( એ છૂટવાનો જ ) એમાં ત્રણ કાળમાં ફેરફાર થાય ( જ ) નહીં. આહાહાહા !

અરેરે ! એના સમીપમાં ( મૃત્યુના સમીપમાં ) આયુષ્યની ( ક્ષણ-ક્ષણ ઘટતી સ્થિતિ ! ) ઓલું નથી આપણે કહેતા કે "ડોશી કહે મારો દિકરો મોટો થાય' ભગવાન કહે તારો દિકરો મોટો થાય ને મરણની સમીપમાં જાય ? હવે આનો મેળ કયાં કરવો ? બરાબર છે ? ( શ્રોતાઃ-

બા તો એમ જ કહેને મારો દિકરો મોટો થાય ? ) હા, બધા કહે, એમ જ કહે, મોટો દિકરો થયો ! સુમનભાઈ એને નહિ ભણાવ્યો હોય કે પાંત્રીસ હજાર રૂપિયા ખર્ચીને, ( પરદેશમાં ) અમેરિકા શું ? અમેરિકામાં ! પાપ કરીને પૈસા ભેગાં કર્યાં ને પાપ કરીને ભણાવ્યો એને, આ રામજીભાઈએ, સાચી વાત હશે ? વિકલ્પ હતો આકરી વાત ભાઈ ! ભણાવ્યો ઇ ભણાવ્યો 'તો નહીં પણ ભણાવવાનો જે વિકલ્પ છે, એ એનું સ્વરૂપ નહીં. આહાહાહાહા ! આવી વાત છે ભગવાન ! આ તો ઘરની વાત કરીએ ( દાખલો ઘરનો ) બધાને સમજાય ને ? રતિભાઈ ? આ અમારે રતિભાઈ રહ્યા, મોટા કરોડપતિ લ્યો ! કારખાના મોટા ને છોકરાઓ ! મોટોભાઈ મરી ગયા ને બે–ત્રણ છોકરાઓ બધું કામ કરે એ–ય મોટું કારખાનું છે રાજકોટ. અરરર ! કોણ કરે પ્રભુ ! આંહી તો કહે સાંભળને વાત ! આહાહા !

પ્રભુભાઈ તો છેલ્લી સ્થિતિએ અસાધ્ય થઇ ગયા હતા નહીં. તાકડે ત્યાં અસાધ્ય થઇ ગયા ' તા, કેટલા વખતથી... ચોવીસ કલાકથી, કુદરતી એવો મેળ ખાઇ ગયો કે હું ત્યાં ગયો ત્યાં અહીંથી... ત્યાં પહેલાં હતા અસાધ્ય એમ પછી ચંદુભાઈ દાકતર છે ને આપણા ચંદુભાઈ, એણે કહ્યું, પ્રભુભાઈ મહારાજ આવ્યા છે કોણ જાણે કેમ થયું તરત જ સાધ્ય આવી ગયું. આમ હાથ કર્યો ઊંચો, અસાધ્ય હતા, પ્રભુભાઈ અસાધ્ય હતા, કુદરતે હું ગયો ત્યારે પણ અસાધ્ય હતા, જ્યાં એને કીધું ચંદુભાઈએ કે મહારાજ આવ્યા છે, પ્રભુભાઈને એમ જ્યાં કીધું ત્યાં આંખમાંથી આંસુ, હાથ આમ ઊંચો કર્યો સાધ્ય આવી ગઇ, દશ મિનિટ રહ્યા, બસ પછી જતાં વખતે પાંચ હજાર રૂપિયા દેવાના હાથમાં મૂકયા, એમણે દેવાના તે વખતે સાધ્ય નહોતી. આંહીથી હું સવારમાં ગયો 'તો અને સાંજે પાછો વયો, આવ્યો 'તો. સવારમાં રાજકોટ, છેવટે ઓલા પાંચ હજાર રૂપિયા આપવા મંડયા એના હાથમાં નોટ આપો, એમ કે ત્યારે સાધ્ય નહોતી... આ બધા પૈસાવાળા છે બધા ! વાળા છે બધા. એક 'વાળો' નીકળે પગમાં તો રાડયો નાખે ? આ કેટલા ( વાળા ) છે ? ( શ્રોતાઃ– આ વાળાની કિંમત છે ) આ વાળાની કિંમત છે રખડવાની... પૈસા વાળો, બાયડી વાળો છોકરા વાળો, મકાન વાળો, આબરુ વાળો ! કેટલાવાળા ! તમને ( તમારે ) પણ છે, હેં ? સારા જમાઇ વાળો–સારા જમાઇ, દશ–દશ, વીસ–વીસ લાખવાળા ! ચાર છોકરીઓ મોટે ઘરે પરણાવી, કુટુંબ–કબીલા મોટાંને ! ઓહોહો ! શું છે પણ આ તને ? શાંતિભાઈ ? હડકવા લાગ્યો છે !! આહાહા !

પ્રભુ કહે છે એક વાર સાંભળ ભાઈ, તારું સ્વરૂપ તો પ્રભુ ! એ રાગ આદિ આવે, એનું જ્ઞાન કરવાનો તારો સ્વભાવ છે. એમ ન જાણીને રાગ મારો છે ( એમ માને એ ) મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહાહાહા ! ગજબ વાત છે. પરની દયા પાળવાનો ભાવ, દયા પાળી શકતો નથી, કેમકે એ તો ( તે જીવનું ) આયુષ્ય હોય તો ત્યાં રહે ( જીવે ) કે ન રહે ( પરંતુ ) તારાથી –દયા પાળી શકાય નહીં, પણ ભાવ આવ્યો એ રાગ છે, એ રાગનું જ્ઞાન કરવું એ આત્માનો સ્વભાવ છે. પરંતુ રાગને પોતાનો માનવો, એ પોતાનો સ્વભાવ નથી. પણ જેને રાગ અને રાગનું જ્ઞાન, કરવાનું ભેદજ્ઞાન નથી, "એ ત્યારે એકત્વના અભ્યાસના કારણે" આહાહા.... રાગ અને એનું જ્ઞાન કરવાવાળો આત્મા, બેયના એકત્વના અભ્યાસને કારણે આહાહા... વિભાવની સાથે અધ્યાસ— એકત્વ કર્યું !

શ્રીમદ્‌માં ( શ્રીમદ્ રાજચંદ્રના ) એક પત્રમાં છે, 'વિભાવ સાથે અધ્યાસને કારણે વિભાવ પોતાનો માન્યો એમ,' છે એક પત્રમાં છે. આંહી તો ઓલી લાગુ પડતી હોય એવી વાત વાંચવામાં આવી હોય ! તો બેસી ગઈ તો બેસી ગઈ ! વાત બરાબર, કયાંક છે આ એક પત્રમાં છે. આહાહાહા ! એ રાગનો ભાવ, વિકારભાવ-વ્રતનો ભાવ-તપનો ભાવ, અપવાસ કરું, ઓળી કરું, વરસીતપ કરું એવો જે વિકલ્પ છે રાગ, એ રાગનું આત્મા એનું જ્ઞાન કરવાવાળો છે. એનું ( રાગનું ) જ્ઞાન ને રાગ ( બેય ) ભિન્ન એવું જેને ભાન નથી ( એકપણાનો ) એ અધ્યાસને કારણે "શીત-ઉષ્ણની જેમ" —જેમ ઠંડીને ગરમ અવસ્થા, આત્મા દ્વારા પરિણમન કરવાનું અશકય છે, તેમ" —શું કહે છે ? આ ઠંડીને ગરમ અવસ્થા એરૂપે આત્માનું થવું અશકય છે. આત્મા અરૂપી જ્ઞાનઘન ને આ જડની અવસ્થા ઠંડી-ગરમ, તો આત્માને ઠંડી-ગરમી અવસ્થારૂપે થવું અશકય છે. બરાબર છે. હવે આકરું આવશે !

—એ જે રૂપે આત્મા દ્વારા પરિણમન કરવું અશકય છે જેમ ઓલી ઠંડી અને ગરમ અવસ્થાપણે આત્માનું થવું અશકય છે કયારેય ઠંડા ગરમરૂપે આત્મા થતો નથી. એમ તે રૂપે આત્માનું થવું અશકય છે. એવાં રાગ ને દ્વેષ, સુખને દુઃખની કલ્પના, એવાં ભાવે આ આત્માનું એપણે પરિણમવું અશકય છે. આહાહાહા ! જેમ ઠંડીને ગરમ અવસ્થામાં આત્મા ગરમ-ઠંડી અવસ્થાપણે થવું અશકય છે, તેવી રીતે ભગવાન આત્મા જ્ઞાન-આનંદસ્વરૂપ પ્રભુ એ દયા-દાન-કામ-ક્રોધના પરિણામપણે પરિણમવું ( આત્માને ) અશકય છે, ( શ્રોતાઃ- એ પુદ્‌ગલના પરિણામ છે ) એ પુદ્‌ગલના પરિણામ છે. ધીમે.. ધીમે તો કહેવાય છે, ભાઈ ! ( શ્રોતાઃ- બહુ ચોખ્ખું થાય છે ) આ કહેવું ચોખ્ખું થાય છે લ્યો ! ( શ્રોતાઃ- ટાઢિયો તાવ આવે ત્યારે ધ્રુજારી છૂટે ! ) એ ધ્રુજારી પુદ્‌ગલની પર્યાય છે, અહીં તો ધ્રુજારી થઇ એનું જ્ઞાન એને થાય છે પોતાનાથી, એ જ્ઞાનનું પરિણામ પોતાનું છે. ધ્રુજારી જડની પર્યાય ( જડમાં ) છે.

( જુઓ ! ) તાવ આવે છે, બુખાર કહે છે ને ! ૧૦૬ ડીગ્રી ( તાવ ચડયો હોય ત્યારે ) પહેલું ગરમી આવે, ગરમી ( પછી ) ઠંડી આવે, ( બહુ ) ઠંડી ( લાગે ત્યારે ) ટાઢીઓ તાવ આવે ગોદડા ઓઢાડે- ( મને ) ગોદડા ઓઢાડો ને જ્યાં ઓલું ( ગરમી ચડે ) થાય કાઢી નાખો, પણ એ તો ગોદડા ને કાઢી નાખવાની ગરમ ને ઠંડી અવસ્થા તો જડની છે. આહાહા ! શરીરમાં ટાઢ આવી ધ્રુજવા ( લાગ્યું શરીર ) એ જડની અવસ્થા છે. એ તાવ આવ્યો એ જડની અવસ્થા છે, પરંતુ એ જડની અવસ્થાનું જ્ઞાન અહીં કરે આત્મા, અને જડની અવસ્થા જડમાં રહે, પરંતુ બન્નેની ભિન્નતાનું ભાન નથી તો એને એમ થઇ જાય છે કે આ ઠંડો હું થઇ ગયો, ગરમ હું થઇ ગયો, "જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશકય છે" "તેવી રીતે એવાં રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ" આહાહાહા ! દાખલો ત્યાં આકરો છે ને ! ઠંડી અને ગરમ અવસ્થાપણે આત્માને થવું અશકય છે, છતાં એ માને છે કે હું ઠંડી-ગરમ અવસ્થારૂપે હું થઇ ગયો ! એમ દયા-દાન-વ્રત-ભક્તિ, કામ-ક્રોધના ભાવ એ વિકાર અને અનુકૂળતા જોઈને હું સુખી છું, માણસો ( પણ ) એમ કહે ને, પાંચ-પચીસ લાખ મળે એટલે આ આપણાથી સુખી છે. ( એમ લોકો માને ! ) સમજાણું ?

એક ફેરે કહ્યું 'તું ને ! આપણે અહીંયા નાનાલાલભાઈના સગા, આંહી એક ફેરી આવ્યા 'તા વઢવાણવાળા ! શું કહેવાય એ ? ચુડગર, તે નાનાલાલ કાળીદાસ ( જસાણી ) રાજકોટ, કરોડપતિ ?

બધાય આંહી આવનારા ને ! એટલે પછી એ બોલ્યો કે અમારા વેવાઈ સુખી છે, એટલે મેં કીધું, સુખીની વ્યાખ્યા શું ? (ભાઈ) ચુડગર નહોતા ઓલા વકીલ હતા ને ! શું કહેવાય એ ? બારિસ્ટર, પોપટલાલ બેરિસ્ટર ચુડગર, હતા ને ! એ અહીં આવ્યા' તા ને ! અહીં આવ્યા' તા બધા આવી તો ગયા હોય, ચુડગર મોટા બારિસ્ટર હતા, તેના કુટુંબી ચુડગર હતા, તેના સગામાં નાનાલાલ કાળીદાસભાઈ. મુંબઇ અમારા વેવાઈ સુખી છે. મેં કીધું, સુખીની વ્યાખ્યા શું ? સુખીનું સ્વરૂપ શું ? આ પૈસા-બૈસા મળ્યા એ સુખી છે ?

(અરે, ભાઈ !) ઇ તો દુઃખના નિમિત્ત છે, એ પૈસા એ કાંઇ સુખ કે દુઃખના કારણ નથી, પૈસા એ ખરેખર તો દુઃખ કરે છે એમાં નિમિત્ત છે, અને (પૈસામાં) સુખની કલ્પના કરે છે, એ તો (સાચું) સુખ નહિ, એ તો દુઃખ છે એમાં પણ લક્ષ્મી નિમિત્ત છે. અરે, આવી વાતું છે બાપુ ! આહાહા !

આંહી તો પરમેશ્વર જિનેશ્વર ત્રિલોકનાથ (તીર્થંકરદેવની) વાણીમાં એમ આવ્યું, કે પ્રભુ જેવી રીતે ઠંડી-ગરમ અવસ્થા પુદ્ગલથી અભિન્ન છે, એનું જ્ઞાન તને થાય કેમ કે તારો જ્ઞાનમાં-સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી, તારામાં તો એનું જ્ઞાન થાય, એ જ્ઞાન તારી ચીજ (આત્મા) છે, પણ એ શીત અને ઉષ્ણ (અવસ્થા) તારી ચીજ નથી. તેવી રીતે અંદરમાં દયા-દાન-વ્રત-ભક્તિ-કામ-ક્રોધ-કમાવું આદિ રળવા-કમાવાનો ભાવ આવ્યો, એ ભાવ (બધા) ખરેખર તો પુદ્ગલની જ દશા છે. એનું તું જ્ઞાન કર, એ તારી પર્યાય છે. આહાહાહા ! બહુ ફેર આમાં મધુભાઈ ?

આ બધા લાખો રૂપિયા અહીંયા પેદા કરે, તો એ બધા ધૂળ છે-ધૂળ છે એ તો બધી. અને ધૂળમાં રાગ કરે છે એ રાગેય જડ છે. (શ્રોતાઃ- દીક્ષા લેવાવાળો ને દેવાવાળો જીવ છે કે પુદ્ગલ છે) દીક્ષાનો વિકલ્પ જે ઊઠે છે એ પુદ્ગલ છે અને વ્રતનો વિકલ્પ છે એ-પણ પુદ્ગલ છે. ઝીણી વાત ભાઈ ! (આહા !) શુદ્ધ જે આત્મા અંદર આનંદ સ્વરૂપ ભગવાન ! એ વિકલ્પ, રાગથી ભિન્ન ભગવાન, અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ ! એની દૃષ્ટિ કરીને જે આનંદની પર્યાય અતીન્દ્રિયની ઉત્પન્ન થાય એ આત્મા છે. અરે, ભગવાન બહુ ફેર બાપુ ! ચીમનભાઈ ? આહાહાહા ! આવું તો હિંમતભાઈએ સાંભળ્યું નહોતું, શ્રીમદ્‌ના ભગત હતા. જોયું છે ને ત્યાં વહોરવા ઘરે આવ્યા 'તાને અંદર ડેલે, તે દિ' હિંમતભાઈ હતા ડેલાની અંદર આ વાત બહુ ફેર !

એ લોકોમાં ભક્તિ કરે ને ભગવાનની ગુરુની ! (શ્રોતાઃ- એ ઓલું નહિ ?) એ ભક્તિ કરે તો એનાથી કલ્યાણ થાય (એવી માન્યતા) પણ ભક્તિ ગુરુની તો પરની, રાગ છે, એ તો આવે છે ને શ્રીમદ્‌માં આવે છે ને ? (આત્મસિદ્ધિ શાસ્ત્ર ગાથા-૯૦) "વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ; તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ." —આ આત્મસિદ્ધિમાં આવે છે, કોણ વિચારે ? લ્યો, કહો ? તમારા બાપેય વિચારતા નહિ ! એ વિચારતા 'તા હોં ? આહાહા !

આંહી કહે છે કે જેમ ઠંડી અને ગરમ અવસ્થા પુદ્ગલમાં (પુદ્ગલથી) અભિન્ન છે, અને ઠંડી-ગરમીની અવસ્થાનું પોતાનામાં (આત્મામાં) જ્ઞાન કરવાની તાકાત હોવાથી, સ્વપરપ્રકાશકરૂપે જ્ઞાન થયું એ જ્ઞાન છે પોતાથી એકલું અભિન્ન છે. પણ એ શીત-ઉષ્ણને જ્ઞાનનું ભેદજ્ઞાન નહિ હોવાથી, એ અજ્ઞાની પોતામાં હું ઠંડો થઇ ગયો, હું ગરમ થઇ ગયો,

એવું માને છે. એમ આત્મામાં, એ તો ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપી સ્વપરપ્રકાશક સ્વભાવ ( હોવાથી ) તો રાગ આવ્યો-દયાનો-દાનનો-વ્રતનો-અપવાસનો એ વિકલ્પ એ તો છે, એ વિકલ્પ ખરેખર તો પુદ્‌ગલની અવસ્થા છે, કેમ કે શુદ્ધસ્વભાવ ભગવાન ( આત્મા ) એની અવસ્થા ( એ ) નથી. આહાહાહા... એ રાગનું જ્ઞાન કરવું એ જ્ઞાનની અવસ્થા આત્માની છે. ( કારણકે ) દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામમાં આત્મા દ્વારા ( વડે ) પરિણમવું અશક્ય છે. ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ એ રાગરૂપે કેમ પરિણમે ? આહાહા !

આ વ્યવહારના પક્ષવાળાને તો આ બધું પાગલ જેવું લાગે ! ( શ્રોતાઃ- સમજાય જ નહીં એને ) શું ? બેસે જ નહિ વાત ! વીતરાગ માર્ગ બાપુ ? ઓહોહો ! વીતરાગભાવથી માર્ગ-ધર્મ ઉત્પન્ન થાય છે. રાગથી ઉત્પન્ન થાય છે ? આહાહા !

તો... રાગ છે. એનું જ્ઞાન કરવામાં પોતાનામાં રાગનું નિયમન કરવું, રાગને સ્પર્શ કર્યા વિના—રાગને પોતાનો માન્યા વિના, પોતાનામાં જ્ઞાન થવું, એ વીતરાગી અવસ્થા, એ પોતાની ( આત્માની ) છે. પણ રાગ અને જ્ઞાન-રાગનું જ્ઞાન, બેયની એકતાબુદ્ધિથી ભેદજ્ઞાનની બુદ્ધિના અભાવથી, આત્મા રાગને દ્વેષ ને સુખ-દુઃખની કલ્પનારૂપે પરિણમવું અશુદ્ધ છે છતાં, આ પરિણમન મેં કર્યું એમ માને છે. આહાહા ! મધુભાઈ ? તાકડે આવ્યું છે આ બધું આવું ( તત્ત્વ ! ) , એને ( ત્યાં ) વાસ્તુ છે કાલ ! આહાહાહા ! વ્યાખાનેય ન્યાં છે હોં ન્યાં, ત્યાં હોલમાં ! હોલમાં વ્યાખ્યાન થશે, તે દિ' કર્યું હતું નવનીતભાઈ હતા ત્યારે ! આહાહાહા ! સમજાણું ?

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ ! એમ કહેતા'તા ને ! જ્ઞાનથી તાદાત્મ્ય છે. જેમ અગ્નિ ઉષ્ણતાથી તદ્‌રૂપે છે-તાદાત્મ્ય છે એમ ભગવાન આત્મા પોતાના જ્ઞાનથી તદ્‌રૂપ છે. રાગથી તદ્‌રૂપ નથી. રાગથી તદ્‌રૂપ હો તો રાગનો કયારેય નાશ થશે નહીં ! બહુ ઝીણી વાત બાપુ ! અત્યારે તો આખો સંપ્રદાય એવા ગોટે ઊઠયો ( ચડયો ) છે અને વાણિયાને નવરાશ ન મળે ધંધા આડે, આખો દિ' પાપનો ધંધો. મધુભાઈ ? આ હિરા વેચ્યા ને બે લાખ મલ્યા ને ધૂળ મળીને એ.. ય ! એમાંથી નવરો કલાક થાય તો કાંઇ સાંભળવા જાય તો ઓલો-કુગુરુ લૂંટી લ્યે ! તું આમ કર, તું આમ કર-વ્રત કર, અપવાસ કર, તને કલ્યાણ થશે ! એય... રાગ કર તો કલ્યાણ થશે ! ( શ્રોતાઃ- એ સહેલું પડે ! ) સહેલો રખડવાનો ધંધો-રખડવાનો સહેલો. આહાહા ! ( આંહી ) ભાષા તો કેવી સખત ( સ્પષ્ટ ) છે કે જેમ ટાઢી અને ગરમ અવસ્થા, એ પુદ્‌ગલના સ્પર્શગુણની અવસ્થા છે એ પણે આત્માનું ઠંડી-ગરમ અવસ્થાપણે આત્માનું થવું અશકય છે. અસમર્થ છે. છતાં અજ્ઞાની, શીત-ઉષ્ણ અવસ્થા અને એનું જ્ઞાન, બન્નેનું ભેદજ્ઞાન નથી તો એવું માને છે કે હું ઠંડો થઇ ગયો, હું ગરમ થઇ ગયો.

( જુઓ ! ) આ ઢોકળા-ઢોકળા ખાય છે ને ! ઢોકળા, શું કહે છે ? ઢોકળામાં, મરચાં હોય ને બહુ, ઉપર પાથરે તો મરચાંની ( ભૂકી ) પાથરે લાલ ભૂકકો હોય ને ! એટલે ઉપર લાલ ભૂકી પાથરે, એટલે પછી ઘીમાં કે તેલમાં ( વઘારીને ) ખવાય, હવે એ મરચાં ( ની ભૂકી ) તીખી હોય ને, મોઢામાં જાય કે તીખું છે, તો હું તીખો થઇ ગયો ( એમ માને ! ) એનાથી ( આમ તો ) મોઢું તીખું થયું છે એ જડની અવસ્થા, એ એને લઇને ( મરચાંને ) લઇને નહીં. એ મરચાં તીખાં હોય-

લીલા મરચાં બહુ તીખાં હોય ને ! આંહી કહે છે કે મોઢું તીખું તે ઇ વસ્તુને લઇને ( મરચાંને લઇને ) મોઢું તીખું થયું નથી. ( તો શી રીતે છે ? ) મોઢાની પર્યાય એને તીખાશપણે પરિણમવાની ( પોતાની ) તાકાતથી તીખાશ થઇ, હવે ઇ થતાં એને એમ થયું કે હું તીખો થઇ ગયો ! મારું મોઢું તીખું થઇ ગયું. આરે ! આરે ! ગાંડાના ગામ જુદા નથી આંહી કહે છે. એ બલુભાઈ ! શું છે આ બધું આ ? આ ચુનિભાઈએ સાંભળ્યું નહોતું, આવું નારાયણશેઠે સાંભળ્યું નહોતું, આહાહા ! આવી વાત, બહુ ફેર બાપા, બહુ ફેર ! વીતરાગનો મારગ, વીતરાગ ભાવથી ઉત્પન્ન થાય-એ બતાવે છે. એ રાગ આવ્યો ને એ રાગથી મને ધર્મ થયો, મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહાહાહા !

પાછા આમાંથી એમ ન કાઢવું ( એમ ન સમજવું ) કે જુઓ, રાગ એ તો કર્મથી થયો ! કર્મનું નામ દીધું. એ તો અહીંયા દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરાવવી છે, એથી ( જે ) રાગ ઉત્પન્ન થાય છે તો અશુદ્ધઉપાદાન-પોતાથી થાય છે, પણ અશુદ્ધઉપાદાન એ તો વ્યવહાર થયો, વ્યવહાર થયો તો એ રાગ નિમિત્તને આધિન થયો છે. નિમિત્તને આધિન થયો છે તો એને અહીંયા પુદ્ગલનો ગણવામાં આવ્યો, પોતાને આધિન-સ્વભાવને આધિન ઉત્પન્ન થયો નથી. આહાહાહા ! આમાં કેટલી વાતો યાદ રાખવી, બધી વાત જ જુદી છે. આહાહાહા ! પુંજાભાઈ ? નૈરોબીમાં મળે એવું નથી. ( શ્રોતાઃ- આવું ક્યાંય નથી. ) પણ હવે તો ત્યાં આપણું હાલે છે ને ! રેકોર્ડિંગ, શું કહેવાય ? ટેપ રેકોર્ડિંગ ! આહાહાહા !

"જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે" -પરિણમન નામ પર્યાયમાં અશક્ય છે "એ પ્રકારે જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે" કયા રૂપે ? એવાં રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ જડસ્વરૂપ, આત્મા દ્વારા પરિણમવું અશક્ય છે. શું ? એ રાગ-દ્વેષ ને સુખ-દુઃખ વિકારીદશા અને ભગવાન આત્મા નિર્વિકારી પ્રભુ, એ વિકારી પરિણમન કરવાનું ( આત્મા વડે પરિણમવું ) અશક્ય છે. આહાહાહા ! બહુ માર્ગ !

"આમ જેમના રૂપે, કયા રૂપે ? " એવાં રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપે-સુખ-દુઃખની તો કલ્પના છે ને ? એ આદિરૂપે "અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો"—અજ્ઞાન આત્મા દ્વારા એને આત્માનું ભાન નથી ને, એ દ્વારા પરિણમતો થકો અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો, હું રાગ-દ્વેષરૂપે થયો છું એમ માનતો થકો, છતાં આત્મા છે એ રાગદ્વેષરૂપ થતો નથી. આહાહાહા ! આ વ્યવહારવાળાને તો આકરું બહુ પડે. બધું મનાવ્યું છે ને અત્યારે વ્રત કરો ને અપવાસ કરો ને, આંબેલ કરોને ! વરસી તપ કરો ને ! ઓળી કરો ને હોળી કરો ને ! એ બધો રાગ, અરે અરે આવી વાતું હોય ? ચોવિહાર રાત્રે કરવો ? એ પણ એક શુભરાગ છે. એ સોલહભાવના-સોળભાવના તીર્થંકરગોત્ર બાંધે એ ( ભાવ પણ ) રાગ છે. રાગ પોતાનો નથી. ( શ્રોતાઃ- પણ ભાવે તો છે ને ? ) ના, ભાવતો નથી, આવી જાય છે-રાગ આવી જાય છે, છતાં રાગ પોતાનો માનતા નથી. તીર્થંકર પ્રકૃત્તિ અમે બાંધી એવું માનતા નથી. આકરી વાત બાપુ બહુ ! આકરું કામ જગતથી !

છે ને ? રાગ-દ્વેષ એટલે પુણ્ય-પાપના ભાવ, સુખ-દુઃખની કલ્પના ! પૈસા મળ્યા તો હું સુખી છું, નિર્ધન તો હું દુઃખી છું, છોકરાઓ સારા ( થયા ) સાધારણમાં જન્મ્યા હોય પોતે ને મળે કરોડપતિની કન્યા, સુખી છીએ અમે, એમ જે માને છે એ મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે.

એ સુખ છે ને ? ( શ્રોતાઃ- જગતમાં રહેવું ને ન માનવું સુખી છીએ ? ) ધૂળમાંય છે નહીં, એને કયાં ( સુખ છે ! ) કરોડોના મકાનો હોય, આમ હિરાને ખાટલે સૂતો હોય, માથે ગોદડી રેશમી ઓઢી હોય, હજાર-હજાર, પાંચસો-પાંચસોની હોય ગોદડિયું ગરમ જેમ આ બાઇયુંના સાડલા પાંચ-પાંચ હજારના હોય છે ને, એમ ગોદડિયું ઊંચી હોય ! આંહી ઘણી વખત અમારી પાસે આવે છે દેવા, ભાઈ ! અમારે એવું લેવાય નહીં, અમારે તો સાદા વસ્ત્રો હોય, હમણાં એક આવ્યો ' તો... અઢીસો રૂપિયાની ગોદડી, મહારાજ લ્યો ! પણ ભાઈ, અમારે તો આ લૂગડું જોઈએ હો ! એવી ગોદડી-બોદડી તો, આહાહાહા ! એને સુખી માને એ, રેશમના ગાદલા ભરેલા હોય એમાં ઓલું ઊંચું રૂ, રૂ નહીં પણ બીજી ચીજ આવે છે અત્યારે પરદેશમાં અમેરિકામાં એવી ઝીણી વસ્તુ રૂ જેવી આવે, બહુ સુંવાળી હોય કે આમ દબાયતો ઓલું રૂ છે ને તે દબાય પછી બેસી જાય ને આ ચીજ એક એવી હોય છે દબાય તોય બેસે નહીં-પોલું પોલું હોય, એવી ( સુંવાળી-સુંવાળી ) ચીજ આવે છે, નામ ભૂલી ગયા ! નહોતું કંઇક ઓલું એ, હમણાં ગોદડી લાવ્યો 'તો ને એમાં એ હતું. કોણ લાવ્યો 'તો ? આ શાંતિભાઈનો દિકરો લાવ્યો 'તો, આ દાઝયો ઇ કલકત્તામાં દાઝયો ને ઈ, એની મા બળી ગઇ. શાંતિલાલ છોટાલાલ બે ભાઈયું અહીંયા આવી ગયા હમણાં, એય થાનમાં થાન, થાન ! નિરંજન, એ લાવ્યો હતો ! કે લાલ કપડું છે હું ધોળું કપડું ( ઓઢું ) મેં કીધું ધોળું લાવવું જોઇએ ! આમાં અમારું કામ નહીં. ઊંચી ગોદડી હતી અઢીસો રૂપિયાની, એ આ ( માંહ્યલું ) રૂ નહોતું, બીજી કાંઇક-કાંઇક એવી ચીજ આવે છે, પણ એ તો જડની દશા, પ્રભુ તને આ ઠીક છે અને આ અઠીક છે એવી કલ્પના એ રાગ-દ્વેષ છે, એ રાગ-દ્વેષ પણ આત્માની પર્યાય નહીં. આહાહાહા ! આંહી સુધી પહોંચવું ! આહાહા !

( કહે છે ) "એવાં રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો" — અજ્ઞાન આત્મા વડે એટલે કે સ્વરૂપના ભાન વિના, પરિણમતો થકો એટલે કે "પરિણમ્યો હોવાનું માનતો થકો" —માને છે કે હું પર-રાગરૂપ થયો છું, અરે ( આત્મ ) દ્રવ્ય છે વસ્તુ ! એ તો રાગરૂપ કદિ થતી નથી. આહાહાહા ! એ માન્યતા પણ વસ્તુમાં નહીં. પર્યાયમાં માને છે એ માનતો થકો—આહાહા ! આવી વાતું ભારે કહેવાય ! સમજાણું કાંઇ... ?

દશ લાખ રૂપિયા એક મહિને પેદા થયા ત્યાં રાજી રાજી થઈ જાય, નોકરી પાંચસોની હોય અને શેઠે ત્રણસો વધારી દીધા ખુશી-ખુશી થઇ જાય કે, આહાહા ! એય શું છે પણ આ ? ( શ્રોતાઃ- પગાર વધે તો શું રોવું ? ) પણ એ કયાં આત્માની ચીજ કયાં છે ? એક પારસી હતો મહેરબાન શેઠ, જામનગરના દિવાન હતા, પારસી વકીલ હતા, વ્યાખ્યાનમાં આવ્યા હતા મહેરબાન શેઠ, તે એને આઠસોનો પગાર, તે દિ' ની વાત ઘણાં વરસ ( પહેલાંની ) વાત આઠસોનો પગાર હતો પછી દરબારે બસેં વધારી દીધા, હજાર ( પગાર કરી દીધો ), એણે વાંચ્યું કે આ હજાર કોણે કર્યો ? કહે, દરબાર સાહેબે કીધું 'તું, દરબાર સાહેબ કેમ કહે ? કાંઇ દરબારનો કેસ આવે તો હું મોળો પાડું એમ, એ માટે આ બસેં વધાર્યો ? કાઢી નાખો બસેં, મારી નોકરી છે આઠસોની ? પણ હું તો દરબારનો કેસ આવે કે ગામની વસ્તીનો આવે, હું તો ન્યાય પ્રમાણે કરીશ. એ વ્યાખ્યાનમાં આવ્યા 'તા રાજકોટ, કાઢી નાખો કે કોણે વધારી દીધા બસેં ? રાજનું

કામ અનુકૂળ કરવા માટે આ વધારી દીધા ? ન્યાયથી વિરુદ્ધ નહિ કરું, રાજનું હોય કે રાણીનું હોય, ( નીતિવાન ) નૈતિક માણસ છતાં પણ એ રાગ છે, અને એ રાગ મારી ચીજ ને મેં રાગ કર્યો, એ મિથ્યાત્વભાવ છે ! બહુ આકરું કામ ભાઈ !

"એ જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો" —શું કહે છે ? ભગવાન આત્મા તો જ્ઞાનથી તાદાત્મ્યસ્વરૂપ છે, એ જ્ઞાન પ્રગટ કરવું જોઈએ, એને બદલે એને છોડીને અજ્ઞાન નામ રાગ પ્રગટ કર્યો તો અજ્ઞાનભાવ પ્રગટ કર્યો. આહાહા ! આ આજનું વ્યાખ્યાન જરી ઝીણું પડે એવું છે. મધુભાઈ ! તાકડે અહીં આવ્યું છે, ( શ્રોતાઃ- ઘણી ચોખવાટ ! ) તાકડે આમાં છે એટલે. સંપ્રદાયની દૃષ્ટિવાળાને તો આ પાગલ જેવું લાગે એવું છે ! બલુભાઈ ? બલુભાઈ તો અમારે હવે ઘણાં વરસનો પરિચય, જૂના થઇ ગયા. આહાહા ! કહે છે કે જેમ શીત ને ઉષ્ણ અવસ્થા પુદ્‌ગલની છે, તો એ અવસ્થાપણે આત્માને થવું અશક્ય છે એમ પ્રભુ ! રાગ ને દ્વેષના પરિણામ એ પુદ્‌ગલની જાત-વિકારી ( ભાવ ) પણે આત્મા વડે થવું અશક્ય છે, છતાં અજ્ઞાની એ રાગરૂપે હું પરિણમ્યો, એવું મિથ્યાદૃષ્ટિપણે માને છે. આહાહાહા ! પાણી-પરસેવા ઊતરી જાય એવું છે !

—આ હું રાગી છું દેખો ! સ્વયં અજ્ઞાનમય થતો, દેખો હવે પોતે પોતાથી રાગને પોતાનો માનીને અજ્ઞાનમય થતો થકો હું રાગી છું—હું તો દયા પાળવાવાળો છું. આહાહા ! મેં પાંજરાપોળની ( સંભાળ કરી ) રાગ થયો પણ ઇ રાગ કરવાવાળો હું છું. છે ? આ હું રાગ કરું છું ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે—રાગાદિ, રાગ-દ્વેષ આદિ પછી તો જડકર્મ ને મોહકર્મ, નોકર્મપણાનો કર્તા ભેગો ( છે ) ( આહા ! ) કર્તા પ્રતિભાસે છે, અજ્ઞાની ખરેખર તો એ રાગનો કર્તા છે નહીં. સમજાણું કાંઇ... ? ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૮૪ ગાથા-૯૨ તા. ૦૧/૦૨/૭૯ ગુરુવાર મહા સુદ-૫

શ્રી સમયસાર-ગાથા ૯૨. ટીકા ચાલી ગઈ છે કાલ. આજ તો ગુજરાતી ચાલશે ને ? મધુભાઈએ કહ્યું. ઝીણી વાત છે. ભગવાન, ઘણું સૂક્ષ્મ અપૂર્વ તત્વ છે. આહાહા !

ભાવાર્થઃ- રાગદ્વેષ સુખ દુઃખાદિ આત્માની પર્યાયમાં જે રાગ દેખાય છે. દયા, દાન, વ્રત ભક્તિનો રાગ કે વિષય ભોગ વાસનાનો રાગ એ રાગ અને દ્વેષ પ્રતિકૂળ ચીજને જોઈને અંદર- દ્વેષ અણગમો આવે છે. એ રાગ અને દ્વેષ અને અનુકૂળ ચીજમાં કલ્પના થાય છે કે આ મને સુખ છે. પૈસામાં, સ્ત્રીમાં આદિમાં કલ્પના, ભક્તિ, ભગવાનની ભક્તિમાં પણ જે રાગ છે, એ રાગ છે એ રાગ અને દ્વેષ અને "સુખ દુઃખની જે કલ્પના એ પુદ્‌ગલની દશા છે" એમ કહે છે અહીંયા. ઝીણી વાત છે ભાઈ.

ભગવાન આત્મા તો આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે, એની દશા તો આનંદ અતીન્દ્રિય અને જ્ઞાન ને શાંતિ એ એની દશા છે. આ રાગદ્વેષ ને સુખ દુઃખાદિ, રતિ અરતિ આદિ ભાવ ઉત્પન્ન થાય છે, "એ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે," આહાહા ! આકરું કામ ભારે ! એ પુદ્‌ગલકર્મ જડ એનો પાક થાય છે, ત્યારે જ્ઞાનમાં તેનો સ્વાદ જણાય છે, આવી વાત છે. ઝીણું બહુ ભાઈ, છતાં એ સ્વાદ છે એ મારો છે, એવી જે માન્યતા તે મિથ્યાદૃષ્ટિ માને છે.

આહાહા ! આકરી વાતું બહુ. દયા, દાન, વ્રત, તપનો ભક્તિનો ભાવ એ રાગ છે, અને પ્રતિકૂળ ચીજને દેખી ત્યાં અણગમો આવે એ દ્વેષ, અને સ્ત્રીઆદિ કે લક્ષ્મી આદિને દેખીને મને મજા પડે છે, એવો જે સુખભાવ અને પ્રતિકૂળતામાં અણગમો દ્વેષભાવ દુઃખભાવ, અહીંયા પરમાત્મા એમ કહે છે પ્રભુ એ રાગદ્વેષ ને સુખદુઃખ તો પુદ્‌ગલ જડની દશા છે. શાંતિભાઈ ! આવી વાતું છે. પંકજભાઈ ! નવી વાત છે આ તમારા કાકાના ઓલામાં, આંહી તો વાસ્તુ અંદર કરવાની વાત છે. આહાહા !

જે પુણ્ય ને પાપનો ભાવ અને હરખ શોકનો ભાવ એને અહીંયા પરમાત્મા કહે છે કે એ તારી દશા નહિં પ્રભુ. એ તો પુદ્‌ગલ જડ એની દશા છે. આહાહા ! આકરું કામ બહુ, અત્યારે તો સાંભળવા મળવું મુશ્કેલ પડે, લોકો તો કહે આ કરો, આ કરો, આ કરો, વ્રત કરો, ઉપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, પણ આંહી તો પરમાત્મા કહે છે પ્રભુ એ તો બધી રાગની ક્રિયા છે, એ રાગ છે એ પુદ્‌ગલની દશા છે, તારી નહિ પ્રભુ. આહાહાહા ! આકરી વાત છે. તારું ઘર તો રાગદ્વેષ ને સુખદુઃખની કલ્પનાથી પાર અંદર છે. એ તારું નિજ ઘર અંદર છે. એ નિજ ઘરમાં દૃષ્ટિ કરીને ત્યાં ઠરવું એ તારું વાસ્તુ ને ઘરનો વિશ્રામ છે. આહાહા ! આવી વાતું કોઇ દિ' સાંભળી ન હોય, આંહી ભાવાર્થ બહુ ઉંચો આવ્યો છે. આહાહા !

રાગદ્વેષ ચાહે તો વ્રતનો રાગ હો, કે ભક્તિનો રાગ હો, અને ચાહે તો સ્ત્રી આદિ અનુકૂળ ને વિષયની રમતમાં સુખની કલ્પના હો કે અંદર ઝેર છાંટયું હોય શરીરમાં, તેજાબ છાંટે અને અંદર કલ્પના થાય કે અંહહ..... એવી દુઃખની દશા, પ્રભુ એ રાગદ્વેષ ને દુઃખની દશા પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ ઇન્દ્ર ને ગણધરોની સભા વચ્ચે પ્રભુ એમ ત્યાં કહે છે, મહાવિદેહમાં એ આ વાત છે. આહાહા ! આકરું કામ, રાગદ્વેષ=શુભ-અશુભભાવ, સુખદુઃખ=અનુકૂળ, પ્રતિકૂળતામાં કલ્પના કે અમે સુખી છીએ ને અમે દુઃખી છીએ, એ બધી દશાઓ પ્રભુ, અવસ્થા-હાલત પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે. એ તારું ઘર નહિ, એ તારી ચીજ નહિ. આહીં છે ને તમારે જાુઓને, વિભાવભાવ જે આ પુણ્ય-પાપને હરખશોકનો ભાવ એ આત્માનો દેશ નહિ. આહાહા ! છે ? અમને અહીં ગોઠતું નથી, એ શુભ-અશુભભાવ, સામે છે ભાઈ "અમને અહીં ગોઠતું નથી, અમારું કોઈ નથી" આહાહા ! એ શુભ ભાવ ભક્તિનો થાય, દયાનો રાગ થાય એ અમારો દેશ નહિ, અમે કયાં આવી ચડયા અહીંયા.

જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્ય આદિ અનંત ગુણ અમારો પરિવાર વસે છે અંદર, ત્યાં અમારો દેશ સ્વદેશ છે. આહાહા ! બાબુભાઈ ! ચાકળો જોયો સામો, આવ્યા છે બાબુભાઈ બરાબર ટાંકણે, આ મારો દેશ નહિ નાથ. આહાહા ! અજ્ઞાનીઓ પુણ્ય-પાપ ને હરખશોક, સુખદુઃખની કલ્પના, એ અમારો દેશ ને અમારું સ્વરૂપ છે એમ અજ્ઞાનથી માને છે. આહાહા ! એ આંહી કહે છે, કે રાગદ્વેષ સુખદુઃખાદિ એટલે રતિ અરતિ, હરખશોક, દીનતા, મુર્ખાઇ એ બધી દશાઓ પુદ્‌ગલ જડ કર્મની અવસ્થાઓ છે, પ્રભુ તારી અવસ્થા એ નહિ. આહાહા ! આવું હવે સાંભળ્યું.

"તેથી એ શીત ઉષ્ણપણાની માફક" જેમ ટાઢી અને ગરમ અવસ્થા એ પુદ્‌ગલની સાથે પુદ્‌ગલથી અભિન્ન છે, ઉની અવસ્થા એ પુદ્‌ગલ જે અગ્નિ છે તેની અવસ્થા છે. એનાથી અભિન્ન

છે ઠંડી અવસ્થા, બરફઆદિ એ ઠંડી અવસ્થા એ બરફની સાથે અભિન્ન છે. આહાહા ! છે ? “શીત ઉષ્ણ પુદ્‌ગલકર્મથી અભિન્ન છે” કોણ ? એ રાગદ્વેષ, સુખદુઃખાદિ અવસ્થા એ પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે. ઝીણી વાતું બહુ ભગવાન ! અરે પ્રભુનો મારગ છે શુરાનો એ ત્યાં કાયરના કામ નથી ભાઈ.

કહે છે કે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. એમાં જે રાગદ્વેષ, સુખદુઃખની કલ્પનાનો ભાસ થાય છે, એ બધો પુદ્‌ગલનો સ્વાદ છે, જ્ઞાનમાં એ ભાસે છે કે આ ચીજ છે એટલું, પણ એ જ્ઞાનની આત્માની ચીજ નથી. સમજાણું કાંઈ ? આહાહા ! એ પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે, પ્રભુ એ તારો સ્વાદ નહિ. તું તો આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, તારો સ્વાદ તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એ તારો સ્વાદ છે, હવે આવી વાતું કયાં ? આ ભગવાન મારગ એવો છે કોઈ પ્રભુનો અત્યારે તો એવી ગરબડ ચાલી છે બધી, બહુ આકરું પડે આમાં એકાંત લાગે, આ લોકોને હોં. આહા !

જે આ વ્યવહારરત્નત્રય કહેવામાં આવે છે ને દેવ, ગુરુ, શાસ્ત્ર, સાચા અરિહંત ગુરુ ને શાસ્ત્ર એની શ્રદ્ધાનો ભાવ પણ રાગ છે. અરરર ! પંચ મહાવ્રતના પરિણામ પણ રાગ છે અને આ શાસ્ત્રનું, શાસ્ત્ર તરફ ઝુકાવથી ભણતર એ પણ રાગ છે. આહાહા ! હેં ? ( શ્રોતાઃ– એને તો પુદ્‌ગલ કીધો છે ) અરે ભગવાન ! એ પુદ્‌ગલની દશા છે પ્રભુ ! ભાઈ તને ભેદજ્ઞાન નથી, એ પુદ્‌ગલની દશાથી પ્રભુ તારી ચીજ અંદર જાુદી છે. આહાહા !

અરેરે ! એણે અનંતકાળમાં કદી ભગવાન આત્મા આનંદ અતીન્દ્રિય અને અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ છે, અને તેનો સ્વાદ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ ને શાંતિ એનો સ્વાદ છે. ધર્મીને એનો સ્વાદ પોતાને આત્માનો લાગે છે; અજ્ઞાનીને એ રાગદ્વેષ ને સુખદુઃખાદિની કલ્પના જે પુદ્‌ગલની સ્વાદ દશા છે, એ અજ્ઞાનીને મારી છે એમ ભાસે છે.

આજ તો ગુજરાતી આવ્યું મધુભાઈ ! હિન્દી તો સાદુ હિન્દી છે. આપણને કંઈ આ બધા અહીં ગુજરાતી ભાષા હિન્દી કાંઇ હિન્દી લોકો બોલે એવી ભાષા ન હોય સાદી ભાષા, એક હૈ, છે એમાં હૈ આવે. ( શ્રોતાઃ– ગુજરાતીમાં આપને જેટલો આનંદ આવે એટલો હિન્દીમાં ન આવે ) ગુજરાતી તો સહજ ભાષા છે ને ? ઠેઠની ૮૯ વર્ષની, નાની ઉંમરની ૧૩ વર્ષની ઉંમરે છઠ્ઠી ચોપડીમાં પાસ થયેલ. આ પહેલા સાત ચોપડી હતી ને પછી મેટ્રીક થઈ ગયું ને હવે તો બધું ફરી ગયું છે. કાંઈ પણ તે દિ, છઠ્ઠી ચોપડીમાં પાસ થઈ પછી દુકાનમાં ચાલ્યા ગયા પાલેજ, ભણતર બંધ કરી દીધું. મારાથી નાનો ભાઈ હતો તે પછી ભણતો ત્યાં મારાથી નાનો હતો. બે વર્ષ એ ત્યાં ભણતો. પણ એય નાની ઉંમરમાં પરણી ને વીસ વર્ષની ઉંમરે પરણ્યો ને બાવીસ વર્ષે ગુજરી ગયો. મારાથી નાનો હતો. એ પણ મારી દીક્ષા પછી, બહુ શરીર હતું લઠ જેવું જાુવાન મોટું ને દુકાન બુકાન ચાલતી સ્થિતિ સારી પણ આ આઠ દિ’નો કોઇ મંદવાડ એવો આવ્યો દેહ છૂટી ગયો, બે વર્ષનું પરણેતર, મારા મોટાભાઈ કહે, અરેરે ! મેં કાનજીને રજા આપી ને આ ચાલ્યો જાય છે આમ ને આમ. આહાહા ! મોટાભાઈ હતા બહુ સરળ હતા, બહુ સરળ. આહાહા ! અરેરે ! આ દશા સંસારની.

આંહી તો કહે છે કે એ વખતે જે અણગમો ઉત્પન્ન થાય અને કોઈ પાંચ પચ્ચીસ લાખ

મળે ને ઠીક એવો રાગ આવે એ રાગ ને દ્વેષ એ બધી જડની અવસ્થા પ્રભુ એ તારું...સ્વરૂપ નહિં. આહાહા ! છે ? વાંચતા આવડવું મુશ્કેલ પડશે. એ પુદ્‌ગલકર્મથી અભિન્ન છે. શું કીધું ? કે ટાઢી ઉની અવસ્થા જેમ પુદ્‌ગલથી અભિન્ન છે, એકમેક છે એમ રાગદ્વેષ ને સુખ–દુઃખની કલ્પનાનો ભાવ, કર્મ જડથી અભિન્ન છે. આહાહા ! અરેરે ! અત્યારે તો એ કરો, આ કરો, આ કરો, આ કરો. સભા ભરાય મોટી, આવી વ્યાખ્યાનમાં ને સભાયું ને બેસેય, તો હવે તો લોકો સાંભળે છે કહે છે કાંઇક મહારાજ, ૪૪ વર્ષથી માંડી છે એક ધારી.. આહાહા !

આ પ્રભુ મારગ તો આ છે, પ્રભુ તું સચ્ચિદાનંદ પ્રભુ છો, સત્ છે, ચિદાનંદ જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ તું છો ને ? પ્રભુ તારી દશા એ રાગદ્વેષ ને સુખદુઃખની નહિ. કેમકે એવો કોઈ ગુણ નથી પ્રભુ તારામાં, કે રાગદ્વેષ ને સુખદુઃખની વિકૃત અવસ્થા તે કરે, એવો કોઈ ગુણ નથી. અનંતા અનંતા ગુણો છે પ્રભુ. કાલે કહ્યું નહોતું, અનંતી નયો છે અને એકએક પદાર્થમાં અનંતાગુણ ને અનંતા ધર્મ છે, ધર્મ એટલે આ સમ્યગ્દર્શનજ્ઞાન એ આંહી નથી અત્યારે એ વાત. એકએક પદાર્થમાં જેમ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, વિભુતા, પ્રભુતા એવા અનંત ગુણો છે અને એમાં પરની અપેક્ષાથી પોતે નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. એવા નિત્ય, અનિત્ય, એક અનેકને ધર્મ કહેવામાં આવે છે, એવા અનંતા ધર્મો એક આત્મામાં છે અને અનંતા ગુણો આત્મામાં છે, એ એકએક ગુણ ને એકએક ધર્મમાં અનંતી અનંતી નયો એક એકમાં વ્યાપે છે. આહાહા ! આ ક્યાં વાણીયાને નવરાશ ન મળે. હેં ? આહાહા !

એવો જે ભગવાન આત્મા અનંત અનંત અનંત અનંત ગુણનો કોઈ પાર નહિં એવા અનંત ગુણોનો પાર નહિ એનો એક એક ગુણમાં ઇ અનંત અનંત ગુણનું રૂપ, એવા અનંતા અનંતા ગુણનો પાર નહિ, એવો પ્રભુ એ તો શુદ્ધ આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે. એની અવસ્થા એની દશા તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે અને અતીન્દ્રિય જ્ઞાનનું જ્ઞાન થાય તે તેની દશા છે. આહાહાહા ! સમ્યગ્દષ્ટિની દશા આ છે, પણ એ દશા અનાદિકાળથી સ્વદ્રવ્યને ભૂલી અને એ રાગદ્વેષ ને સુખદુઃખને મારા માની અને મિથ્યાદૃષ્ટિ થઈ ચાર ગતિમાં દુઃખી થઈ રખડે છે.

આ દુઃખી છે હોં બધા, કેમ આ પૈસા પાંચ સાત દસ લાખની પેદાશ થાય તોય દુઃખી ? હેં ? ( શ્રોતાઃ– ભારે દુઃખી ) ( શ્રોતાઃ– પેદાશ થાય તોય ક્યાં, મમતાને લઈને દુઃખી ) પેદાશ થાય મમતાની..... પૈસો તો પૈસામાં છે, એમાં આ જાણે કે આવ્યા ક્યાંક પચીસ પચાસ લાખ. કહે છે કે એ મને આવ્યા એ મમતા છે, એ તો દુઃખ છે, આંહીં તો નિશ્ચયમાં એ દુઃખ પણ જડની અવસ્થા છે, કેમ કે આત્મામાં એ દુઃખની દશા થાય એવો કોઈ ગુણ નથી. આહાહાહાહા !

ભાષા તો સાદી છે પ્રભુ તદ્દન, બધી દુનિયા આખી દુનિયાને જાણીએ છીએ હોં. હિન્દુસ્તાનમાં દસ દસ હજાર માઇલ ત્રણ વાર ફર્યા છીએ. અને અમથી દુકાનથી પણ આ સિત્તેર વર્ષથી, દુકાનથી પણ હું તો શાસ્ત્રો વાંચતો ’તો ત્યાં પાલેજ, દુકાન ચાલે છે ને પાલેજમાં, ભરૂચ અને વડોદરા વચ્ચે પાલેજ છે, પાલેજ દુકાન ચાલે છે. ચાલીસ લાખ રૂપિયા છે ત્રણ ચાર લાખની પેદાશ છે. છોકરાવ છે ત્રણ અમારા ફઈના દિકરા ભાગીદાર હતા, બે. બે ઇ હતા ને બે અમે

ભાઈઓ બે દુકાનો હતી, બધા પાપના ધંધા. આહાહા !

આહીં તો કહે છે કે એ પાપરૂપ, આહીં તો એવો ભગવાનનો અવાજ છે, આજ્ઞા કે પ્રભુ એ સુખ દુઃખની કલ્પના ઈ કાંઇ સુખદુઃખની દશા એવો કોઇ તારો ગુણ છે કે એ દશામાંથી એ દશા થાય ? એમ દયા, દાન, ભક્તિનો રાગ થાય પ્રભુ એવો કોઈ તારામાં ગુણ છે કે જેની અવસ્થા રાગ થાય ? આહાહા !

અનંતા અનંતા ગુણોનો દરિયો સાગર પ્રભુ અનંતા ગુણો ને એકએક ગુણ ને એક એક ધર્મમાં એ અનંતી નયો પરિણમે એ અનંતા ગુણ એકએક ગુણમાં એનું રૂપ હોય, એવા એક ગુણમાં અનંતાનું રૂપ, બીજામાં અનંતાનું રૂપ એવા અનંતામાં અનંતાનું રૂપ. આહાહાહા ! પણ કોઈ ગુણ એવો નથી કે તેની શક્તિ અને સત્વ જે સત્‌નું સત્વ છે, કસ છે, એનો જે આત્મા વસ્તુ, તેનો કસ છે. આરે આરે આવી ભાષા, એનો કસ તો જ્ઞાન, આનંદ ને શાંતિ એનો કસ છે. તો એની દશા પણ આનંદ ને શાંતિની દશા થાય તે તેની દશા છે. આહાહાહા ! દ્રવ્ય શુદ્ધ, અનંતા અનંતા ગુણ તે શુદ્ધ અને તેની દૃષ્ટિ કરતાં પર્યાયમાં શુદ્ધતા આવે એ એની પર્યાય. આહાહાહા ! ભારે ભાઈ ! તદ્દ્ન અજાણ્યા માણસને તો પાગલ જેવું લાગે એવું છે આ તે શું કાઢયું આવું તમે ? બાબુભાઈ તો જરી પ્રેમવાળા છે તો જરી, અજાણ્યાને બાપા એવું લાગે એવું છે હોં પણ ભાઈ લઇને આવ્યા, આવી વાત બાપા શું કરીએ ? નહીં તો છે ને ? પ્રેમથી સાંભળે છે ને, એના મોઢા આગળ.

આ ભગવાન આત્મા, કહે છે કે “આ પુદ્‌ગલની અવસ્થા એ કર્મથી અભિન્ન છે, અને આત્માથી અત્યંત ભિન્ન છે,” છે ? આટલામાં કેટલું ભર્યું છે એમાં. ( શ્રોતાઃ– સાચા હિરા ભર્યા છે આમાં ) હેં ? હીરા ભર્યા છે, બાપા તમારા બધા મધુભાઈના ને આ હીરા બધા ધૂળનાં છે. આહાહા ! ભગવાન આત્મા, એમનાથી પુણ્ય, રાગ, દ્વેષ, હરખશોક, સુખ દુઃખ એ આત્માથી તો તદ્દ્ન ભિન્ન છે, હવે આ કેમ બેસે ? આહાહા ! અત્યારે તો મોટા મોટા ભાષણો આપે વ્યાખ્યાન લોકો દસ દસ હજાર વીસ વીસ હજાર ભેગું થાય અને વાતું, એકબીજાને મદદ કરો, એકબીજા સંપ રાખો, એકબીજાને ઉપકાર કરો, અન્યોનો ઉપકાર, નથી આવતું ? “પરસ્પર ઉપગ્રહો” જ્યાં ત્યાં ઓલું લોકનું સંસ્થાન મુકે છે ને ? લોકનું, એમાં હેઠે લખે “પરસ્પર ઉપગ્રહ” તત્વાર્થ સૂત્રનું સૂત્ર છે. પણ એ પરસ્પર ઉપગ્રહની વ્યાખ્યા જાુદી છે પ્રભુ તને ખબર નથી. એક બીજાને નિમિત્ત થાય તેને ઉપકાર કહેવામાં આવે છે, એ નિમિત એને કંઈ કરતું નથી. આહાહા ! આકરું કામ બહુ. ( શ્રોતાઃ– વાતે વાતે આપનો અર્થ જાુદો થાય છે ) વાતે વાતે ફેર બાપા શું કરીએ ? અરે કયાંથી અમે આવી પડયા ભાઈ ? આહાહા !

વસ્તુ આવી છે. ત્રણલોકના નાથ તીર્થંકરની દિવ્યધ્વનિનો આ સાર છે. આહાહા ! સંપ્રદાયમાં તો એ અક્ષરેય મળ્યો નહોતો, એકવીસ વર્ષ ને ચાર મહિના તો આમાં ( સ્થાનકવાસીમાં ) રહ્યા. ( શ્રોતાઃ– પાલન કર્યું ) હેં ? આકરું હતું. એવી ક્રિયા અમારી સખત, રાયચંદ ગાંધી બોટાદ એની વહુ, પચાસ પચાસ હજારની પેદાશ તે દિ’ દિનશાની એને ઘેરે શું કહેવાય ? ખરીદી દિનશાની ખરીદી તે આમ પચાસ પચાસ સો સો માણસો જમે ઘરે, પચાસ હજારની પેદાશ વર્ષમાં તે દિ’ હોં, સાંઇઠ વરસ પહેલા રાયચંદ ગાંધી બોટાદમાં પણ વ્હોરવા તો

જોઇએ એટલે બાઈયુ ધ્રુજે, એક તો શરીર રૂપાળું, શરીર નાનું ધ્રુજે કેમ બાપા શું તમે ધ્રુજો છો ? કેમ તમે કયાંય વોરશો નહિ, કયાંક ભૂલ થઇ જશે ને તો તમે નહિ, વહોરો તો ( શ્રોતાઃ- એમના ઘરે ) આમ વોરવા જાઇયે ને પચાસ સો માણસનો રસ હોય કેરીનો, ઉભા થાય બહેન ધ્યાન રાખો આમાં ગોટલું છે કે નહિ, મા ' રાજ, અમને ખબર નથી, આઘા રહો, એને અડશો નહિ, અંદર ગોટલું છે, એકેન્દ્રિય જીવ છે, અડશો નહિ, રસ નહિ લઇએ અમે અને જો એનાથી અડાઇ ગયું ને જો ગોટલું નીકળ્યું-આહાર બંધ એને ઘરે નહિં. બહુ સખત ક્રિયા હતી પણ એ બધી હઠની, માનેલી કે આ કંઈક ધર્મ છે. આહાહા ! હેં ! એ તો રાગ હતો, એ તો રાગ તો પુદ્‌ગલની દશા છે, એ અહીં તો કહે છે. આહાહાહા !

એ પુદ્‌ગલની દશા પુદ્‌ગલથી એકમેક, અભિન્ન છે અને આત્માથી અત્યંત ભિન્ન. ભાષા જોઈ. આત્માથી ભિન્ન એટલો શબ્દ નહિ. આહાહા ! ભગવાન આત્મા ! અતીન્દ્રિય આનંદનો સાગર. આહાહા ! મૃગલાની નાભિમાં કસ્તુરી એ કસ્તુરીની કિંમત મળે નહિ. ગાયું નહોતું ભાઈએ મોહનભાઈએ ? કસ્તુરી કાયામાં પણ કસ્તુરીની ખબર ન મળે. એ મૃગલાને મોડી ખબરું પડી, મરતાં એમ થાય. આ બધા અબજો રૂપિયા આ મકાન પચાસ પચાસ લાખના ને હવે આ જાઉં છું, કયાં જઇશ ? હાય હાય, અરેરે ! હવે મારું કોઇ નથી, મને ટળવળતો દેખીને કોઈ દુઃખ મુકાવતું નથી. આહાહા ! શાંતિભાઈ ! આહાહા !

કીધું નહોતું દામનગરના ખુશાલભાઈ હતા એક, ગૃહસ્થ હતા, માણસ આમ ખાનદાન બિચારા, લોકમાં ગામમાં ભલું કરવા માટે જાય, જે તે જાય અને એ જાય તો લોકમાં તકરાર હોય કોઇ ખેતર કે ? એ જાય તો કોઇનું ઓલું કરી નાખે, સંપ કરી નાખે એવી એની છાપ હતી, મરતા ભાઈ, દામોદર શેઠ ગૃહસ્થ દસ લાખ, ભાઈ જાણતા હશે ને ? દામોદર શેઠને, એ જોવા જાય આબરૂવાળા માણસ બધા, જોવા જાય ત્યાં રોવે આંખમાંથી આંસુ હાલ્યા જાય, અરે અરે મેં કાંઇ ન કર્યું, મેં ગામના માણા માટે રોકાઇ, મેં મારી જિંદગી ગુમાવી દીધી, આંખમાંથી આંસુની ધારા હાલી જાય દેહ છુટી ગયો. આહાહાહા ! અરે ભગવાન આહાહા ! દામોદર શેઠને જાણતા નહિ જમનાદાસભાઈ, જમનાદાસભાઈ પીપળવાળા, દામોદર, દામનગર, દામોદર શેઠ, જાણતા તો હોય ને ? આહાહાહા ! એ જૂના માણસ છે. આહાહાહા !

આહીં કહે છે પ્રભુ એકવાર સાંભળતો ખરો નાથ, અરે તું કોણ છો ? ચૈતન્ય હીરલો પ્રભુ તું, આહાહા ! તારામાં તો ચૈતન્યના રતનની ખાણું ભરી છે. ચૈતન્ય રત્નાકર કહ્યો છે. શું આ તમારા રતન નહિ. ( શ્રોતાઃ- બાપા આપને માટે એની કાંઈ કિંમત નહીં ) કાંઈ કિંમત ન મળે સાચી વાત, સાચી વાત, પીપળવાનાં છે. આહાહા ! ધીરૂભાઈ નહિં ? તલકચંદભાઈ ને ધીરૂભાઈ નહિ ? એની બેન આમના દિકરા વેરે હતી, આમના દિકરા વેરે વિધવા થઇ ઘણાં વખતથી, ખબર છે ને બધાને જાણીએ. આંહી તો છાંસઠ વરસ તો થઈ દીક્ષાને, ગામો ગામ ફર્યા છીએ. અરેરે ! આ મારગ કયાંય ન મળે. સાધુ નામ ધરાવનારા પણ વાતું કરે વ્યવહારની બધી પણ આ આત્મામાં રાગ ને દ્વેષ થાય પરની દયાનો ભાવ એ પણ પુદ્‌ગલની દશા એ તારી નહિ પ્રભુ. તારી દશા હોય તો તારાથી જુદી પડે નહિ, રાગ જુદો પડી જાય છે પ્રભુ. આહાહા ! કેવળજ્ઞાન ને જ્યાં આત્મજ્ઞાન થાય છે, ત્યારે એ રાગ જુદો પડી જાય છે. એ રાગ આત્માનો હોય તો

આત્માથી જુદો પડે નહિ, બાબુભાઈ પ્રેમથી સાંભળે છે બરાબર હોં ? ભાગ્યશાળી છે, બાપા આ છે બધું ભાઈ શું કરીએ ? ( શ્રોતાઃ- આપની વાણીનો પ્રભાવ છે ) એમની લાયકાત છે ને એની પોતાની લાયકાત છે ને. સમજાણું કાંઇ ? બાપુ, આ લીટીમાં કેટલું ભર્યું છે ? એ આત્માથી અત્યંત ભિન્ન છે. કોણ ? એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અને પ્રતિકૂળતામાં દ્વેષના પરિણામ અને અનુકૂળતામાં સુખની બુદ્ધિ અને પ્રતિકૂળતામાં દુઃખ અને દ્વેષની બુદ્ધિ, એ બધાં પરિણામ આત્માથી અત્યંત ભિન્ન છે. પુદ્‌ગલથી અભિન્ન છે. અરેરે ! આ કયાં બાપા એને આહાહા.....

અજ્ઞાનને લીધે, હવે આવે છે, એને નથી ખબર આત્માની, નથી ખબર એ સુખદુઃખની, “અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી” છે ? સ્વરૂપ ભગવાન આનંદનો નાથ પ્રભુ અને રાગ ને દ્વેષ સુખદુઃખની જડની અવસ્થા, બે નું ભેદજ્ઞાન નહિ હોવાથી, બે ની જુદાઈનું જ્ઞાન નહિ હોવાથી, ઘઉંમાં જેમ કાંકરા છે, એમ આ રાગદ્વેષ ને સુખદુઃખ એ કાંકરા છે, જડના કહે છે, આવું, એ અજ્ઞાનને લીધે, ઘઉં ને કાંકરા ભેગા પીસી નાખે છે. કાંકરા કાઢયા વિના કેટલાક દળે છે ને કેટલાક ? ને કેટલાકને પૂછે કે બેન શું કરો છો ? ઓલા કાંકરા વિણતાં હોય, કહે કે ઘઉં વિણું છું, એમ બોલે ભાષા એની જોઈ સાંભળી છે ને ? કેમ કે ઘઉં વિણું છું ને, એનો અર્થ શું કે, મગ ને ચોખા નથી વિણતી, એટલું બતાવવા, બાકી વિણે છે તો કાંકરા, ઘઉં તો ઘણાં છે એ કયાં વિણવાના છે, સમજાય છે કાંઈ ?

એમ ભગવાનમાં ગુણ તો અનંતના પાર ન મળે એને કયાં પહોંચી વળે છે, ઓલા કાંકરા મારા પુણ્ય ને પાપ મારા છે એમ માને છે અજ્ઞાની. આહાહાહા ! શું હશે આ તે, ભાઈ પ્રભુનો મારગ, જિનેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર અનંત તીર્થંકરો, વર્તમાન વીસ તીર્થંકર બિરાજે છે, પરમાત્મા સાક્ષાત્ કેવળજ્ઞાની લાખો બિરાજે છે પ્રભુ મનુષ્યક્ષેત્રમાં, એ બધાનું આ વાકય છે. એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ. પરમાર્થનો પંથ જે અંદર રાગ ને દયા, દાનના પરિણામથી ભિન્ન, એવું જે આત્માનું સ્વરૂપ અજ્ઞાની એમ ન માનતા, એ પુણ્ય ને પાપને હરખશોકને આત્માની ચીજ છે અજ્ઞાનને લીધે ( તેમ માને છે ), આત્માને તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી. આહાહાહા ! એ વિકલ્પ જે ઉઠયો શુભ રાગ એ ખરેખર તો પુદ્‌ગલની અવસ્થા નિમિત્તના સંબંધે થઈ, કર્મ છે ત્યાં સુધી થાય છે, એમ ગણીને તે કર્મનાં છે, પુદ્‌ગલના છે, એમ ગણવામાં આવ્યા છે. આહાહા ! પંકજભાઈ ! આવું કયાંય નથી આવતું તમારે ન્યાં બાપ દિકરા બેસે ત્યારે વાતું હિરાની કરે, કાં તો અમેરિકા મોકલે એને રખડવા, કહો સમજાણું કાંઇ ? એની વાત કયાં આ તો બધાની વાત છે ને, મોઢા આગળ બેઠા એટલે. આહાહા !

પ્રભુ તેં તારી ચીજને વીતરાગ કહે છે તેમ સાંભળી નથી ભાઈ. એ અજ્ઞાનને લીધે એટલે કે સ્વરૂપ મારું શુદ્ધ આનંદ છે અને આ રાગ ને દ્વેષ હરખશોકના પરિણામ પુદ્‌ગલના જડના એના તરફના વલણનાં છે, એવું અજ્ઞાનને લીધે, ખબર નહિં હોવાને લીધે, ખબર નથી એને લઈને, આત્માને “તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે” જેમ જ્ઞાનમાં ઠંડી ગરમ અવસ્થા જણાય ત્યાં એ જાણનારો એમ માને છે કે હું ટાઢો ને ઉનો થઇ ગયો.

એમ અજ્ઞાની એની દશામાં રાગદ્વેષ ને સુખદુઃખ થાય તેનું ભેદજ્ઞાન નથી જુદાપણાનું માટે તે હું છું, એમ અજ્ઞાની માને છે. આહાહાહા !

એ રાગ ને દ્વેષ ને સુખદુઃખનો સ્વાદ, સ્વાદ લીધો અહિંયા. હવે સ્વાદ તો ભાઈ આ મેસુબનો સ્વાદ, મોસંબીનો સ્વાદ એમ કહેવાય ને ? ઇ સ્વાદ નથી આવતો એને પ્રભુ, મોસંબીનો સ્વાદ એને નથી આવતો. એને મોસંબી તરફ લક્ષ જાય છે ને ? તરસ્યા બહુ લાગી છે ને ? ઠીક, એવો રાગ છે, એ રાગનો સ્વાદ લે છે. મોસંબીનો સ્વાદ નથી, મેસુબનો સ્વાદ નથી, મેસુબ હોય છે ને ? એક શેર લોટ ચણાનો ને ચાર શેર ઘી પાય ત્યારે એને મેસુબ કહે, અને એક શેર ઘઉંનો લોટ અને એમાં ચાર શેર ઘી પાય, તો એને સકકરપારો કહે, આ તો બધું અમે તો જોયું છે, જાણ્યું છે. આહાહા !

એકાશીનું ચોમાસું ગઢડે હતું ને ત્યારે ! ત્યારે જમણ એકાશીનું ચોમાસું ગઢડે હતું ને, હું ત્યારે ત્યાં હતોને ? કર્યું'તું શક્કરપારાનું ગઢડા ૮૧ ની વાત છે, ઘણાં કેટલા વરસ થયા ? ચોપન વરસ થયા. ગઢડા-ગઢડામાં જઈ આવ્યા'ને તમે ત્યાં. મૂળ મારા બાપ દાદાનું મૂળ ગામ તો ગઢડા છે. પિતાજી ત્યાંના જન્મેલા ત્યાંના છે, એ ત્યાં એકયાસીના ચોમાસામાં સકકરપારો કર્યો જમણવાર માટે, કોક લાઠીવાળાએ કોક ખબર નથી, લાઠીવાળા છે ને પૈસાવાળા બહારગામમાં બહુ ઘણાં છે. છે ત્યાં ગઢડામાં, લાઠીવાળા ભાયાણી કહેવાય છે, એ બધા ખબર છે ને ? ત્યાં બધા રહે છે. ગઢડામાં તો અમે ઘણાં વરસ રહ્યા'તા, એ સક્કરપારો કરેલો, કીધું સક્કરપારો એટલે શું ? કહે એક શેર ઘઉંનો લોટ અને ચાર શેર ઘી એને પાઇને સાકર નાખીને કરે એને સકકરપારો કહેવાય અને એક શેર ચણાનો લોટ, સાકર ને ચાર શેર ઘી પાય એને મેસુબ કહેવાય, એ મેસુબનો સ્વાદ નથી આવતો હવે એને. મેસુબ તો જડ છે, ધૂળ છે, માટી છે, પણ મેસુબ તરફ લક્ષ જઈ, બહુ સારો એવો રાગ કરે છે, એ રાગનો એને સ્વાદ આપે છે. એ રાગનો સ્વાદ કહે છે એ પુદ્‌ગલનો છે પ્રભુ તારો નહિં, ઓલો મેસુબનો સ્વાદ તો તારો નહિ, પણ મેસુબ તરફમાં ઠીક લાગ્યો કે ભાઈ આમ આ રસગુલ્લા થાય છે દૂધના ધોળા દૂધનાં પોંચા દાંત વિનાના માણસો ખાય, એ રસગુલ્લાનો સ્વાદ નથી, એ તો જડ ધૂળ છે, એ અજીવ છે, માટી છે અને પ્રભુ તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, વિનાની ચીજ છે, એ માટીને કેમ ? માટીનો સ્વાદ એને નથી આવતો, પણ તેના તરફ લક્ષ જઈને અનાદિનું મીઠું છે એવો જે રાગ છે એ રાગનો સ્વાદ છે.

આંહી તો કહે છે કે એ રાગનો સ્વાદ ઇ જડનો છે, તારો નહિ, મેસુબનો તો નહિ પણ એના તરફથી તને સ્વાદમાં આવ્યો કે આ ઠીક છે એવો રાગ એ પણ સ્વાદ તારો નહિ, એ જડનો સ્વાદ છે. આહાહા ! ગજબ વાતું છે. સમજાણું કાંઈ ? એ અજ્ઞાનને લઈને એમ જાણે છે કે આ સ્વાદ મારો 'જ' છે, જોયું છે ? ટાઢી-ઉની અવસ્થા જડની પણ જ્ઞાનનો સ્વભાવ છે કે એને જાણે, જાણતાં અજ્ઞાનીને એમ થઈ જાય છે કે હું ટાઢો થઇ ગયો, હું ગરમ થઇ ગયો. આહાહાહા ! એમ પુણ્ય ને પાપને હરખશોકનો ભાવ પુદ્‌ગલનો સ્વાદ છે, પણ અજ્ઞાનીને સ્વચીજ અને પરનું ભેદજ્ઞાન, જુદાઈનું નથી, એથી અજ્ઞાની એમ માને છે કે આ સ્વાદ મારો છે, આહાહા ! બહુ કામ

આકરું, આવું તો સાંભળવા મળે મુશ્કેલીથી, કહે છે શું માંડી છે આ ? પ્રત્યક્ષ દેખીએ છીએ કે મેસુબ ખાઈએ છીએ, હૈં ? એ મેસુબના કટકાય પણ તું કરી શકતો નથી. સાંભળને ! એ ભુકો થાય છે એ એની પર્યાયથી થાય, એને કારણે, એનો સ્વાદ તો નથી, આહાહા ! આ સ્ત્રીના શરીરના ભોગ વખતે પણ ઈ ભોગ શરીરનો નથી એને, એને અનાદિથી કલ્પના છે કે આ માંસને હાડકાં સારા રૂપાળા ઠીક છે એવી કલ્પના એ રાગનો સ્વાદ છે. એ રાગનો સ્વાદ પણ અહીંયા, શરીરનો તો નહિ પણ એ રાગનો સ્વાદ એ જીવનો નહિ, એ પુદ્ગલનો છે, ભાઈ એ તને ખબર નથી બાપુ, તારો સ્વાદ તો અતીન્દ્રિય આનંદનો અંદર મીઠાશ આવે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એ તારો સ્વાદ છે ભાઈ ! આહાહાહા !

તદ્ન અજાણ્યા માણસ હોય ને કોક દિ' આવ્યા હોય તો એવું લાગે કે શું આ પણ વાત છે. હવે પ્રત્યક્ષ કહીએ છીએ કે અમને મેસુબના સ્વાદ આવે છે, રસગુલ્લા ખાઈએ છીએ, લીંબુ ચૂસે ખાટું, ખાટું અમને જણાય છે એ બાપુ ખાટું છે એ તો જડ છે. એ ભગવાન ખાટો ખાટામાં જાય નહિ, અને ખાટાનો એને સ્વાદ છે જ નહિ. એને સ્વાદ હોય તે ખાટું છે એ ઠીક મને પડશે એવો જે રાગ છે એનો એને સ્વાદ છે અને તે પણ સ્વાદ જડનો છે, આત્માનો નહિ. આહાહાહાહા ! આવી વાતું હવે, વીતરાગ પરમાત્મા ગણધરો ને એકાવતારી ઇન્દ્રોની વચમાં આ કહે છે પ્રભુ. આહા ! એ વાત અહીંયા આવી છે. આ. આહાહા !

"કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે" જ્ઞાનનો સ્વભાવ છે સ્વચ્છ "સ્વચ્છતાને લીધે રાગદ્વેષાદિનો સ્વાદ શીતઉષ્ણપણાની માફક જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં," શું કીધું ઈ ? કે જ્ઞાન સ્વરૂપ છે એ સ્વચ્છ છે નિર્મળ અંદર એને લઇને રાગદ્વેષનો સ્વાદ, કોની પેઠે ? કે ટાઢા ઉનાપણાની માફક જ્ઞાનમાં પ્રતિબિંબિત એટલે જ્ઞાનમાં જણાય, જ્ઞાનમાં જણાય, જ્ઞાનમાં શીતઉષ્ણ છે એમ જ્ઞાનમાં જણાય, એમ આ જ્ઞાનમાં રાગદ્વેષ, સુખદુઃખ છે એમ જણાય, જણાંતા એ મારો છે એમ માની લ્યે છે. આહાહાહા ! સમજાણું કાંઇ ? આવો મારગ છે, આ ચાર લીટીમાં કેટલું ભર્યું છે, પાંચ-છ લીટીમાં. આહાહા !

એ શીત-ઉષ્ણપણાની માફક ટાઢા-ઉનું એ જ્ઞાનમાં જણાય. અરીસો છે ને અરીસો, કીધું ને ? અરીસામાં અગ્નિ ને બરફ આમ સામે હોય, તો અગ્નિ આમ-આમ થાય એવું આંહીં થાય, બરફ ઓગળતો જાય તો ન્યાં એમ થાય, એ કાંઇ અગ્નિ ને બરફ ન્યાં નથી, ઇ તો અરીસાની અવસ્થા છે, એમ આંહી તો એ અરીસો તો જડ છે. આ જ્ઞાન પ્રભુ અરીસો છે, ચૈતન્ય અરીસો, જેના પ્રકાશનો કોટી કોટી સૂર્યથી પણ જેનો ચૈતન્ય પ્રકાશ અનંતો છે, કરોડો કરોડો ચંદ્રની શીતળતા કરતા ભગવાનની શીતળતા અંદર અનંતી અનંતી છે. સાગરોના ગંભીરના પાણીના કરતાં સેંકડો સાગરો એની ગંભીરતા કરતા આત્માના અનંત ગુણની ગંભીરતા અનંતી છે, આકાશના છેડાનો પાર નથી અવ્યાપક છે, વ્યાપક આમનામ થઇ ગયો એ કાંઇ પુરું નથી કયાંય, એમ ભગવાનના અનંતા ગુણોનો કયાંય પાર નથી. એવા ભગવાનના આત્માના ગુણોનું જેને જ્ઞાન નથી, તે આ રાગદ્વેષ ને સુખદુઃખની કલ્પના જ્ઞાનમાં જણાય છે, એ માની લ્યે છે કે મારી છે. હૈં ? (શ્રોતાઃ- મોટામાં મોટી ભૂલ છે) પોતાની મોટી ભૂલ બાપુ ! આ મિથ્યાત્વ અરે લોકોને હજી મિથ્યાત્વ એટલે શું ? અને મિથ્યાત્વનું અનંતુ પાપ, કે જેના ગર્ભમાં

નિગોદ ને નર્ક છે બાપા ! આહાહા ! એ આ દેહ છુટીને ભગવાન તો રહેવાનો છે આત્મા તો, કયાં રહેશે ? જેની એવી દૃષ્ટિ છે કે રાગદ્વેષ ને સુખદુઃખ મારા એ મિથ્યાત્વમાં ત્યાં રહેશે, દુઃખી થઈને રહેશે ચાર ગતિમાં. આહાહા..... !

આંહી કહે છે, જેમ એ શીતઉષ્ણ, જ્ઞાનનો સ્વભાવ સ્વચ્છ છે તે જ્ઞાનમાં જણાય કે આ ઠંડુ-ઉનું છે, એમ જ્ઞાનની સ્વચ્છતામાં પ્રભુ ચૈતન્યના પ્રકાશની સ્વચ્છતામાં એ રાગદ્વેષ સુખદુઃખની ઝળક પ્રતિબિંબ જણાય, બિંબ એ ચીજ ને તેનું આંહીં પ્રતિબિંબ પડે એટલે જ્ઞાનમાં જણાય, ત્યાં આ અજ્ઞાની એમ માની લ્યે છે કે એ રાગદ્વેષ ને સુખ, દુઃખ મારા છે. આહાહા ! સમજાણું કાંઇ ?

“એ શીત ઉષ્ણપણાની માફક જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં” પ્રતિબિંબિત સમજાય છે ? અરીસો છે ને, સામે અગ્નિ ને બરફ હોય એ બિંબ કહેવાય અને આને પ્રતિબિંબ કહેવાય. એની છાંય પડે ઇ બિંબ-પ્રતિબિંબ આ ભગવાનની મૂર્તિ છે તે પ્રતિબિંબ છે. ભગવાન જે હતા વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ એ બિંબ એનું આ પ્રતિબિંબ, રૂપ છે મૂર્તિ તો. સમજાણું કાંઇ ? એમ અરીસામાં જે બહાર ચીજ હોય એને બિંબ કહેવાય અને એમાં છાયા દેખાય એને પ્રતિબિંબ કહેવાય. એમ આત્મા જ્ઞાન અરીસો એમાં હરખશોક ને રાગદ્વેષનાં પરિણામ બિંબ છે, તેનું અહીં પ્રતિબિંબ થાય એટલે જણાય જાણતાં એમ એ માની લ્યે છે કે આ મારા છે. આહાહાહા !

બહુ આકરું કામ બાપુ ! જન્મમરણ રહિત થવાની ભગવાનની જે કળા સમ્યગ્દર્શન એ કોઈ અલૌકિક ચીજ છે, તેની તો અત્યારે કોઇ કિંમત નહિ. અત્યારે તો બસ સમ્યગ્દર્શન બર્શન કાંઈ નહિ. વ્રત કરો, ભક્તિપાળો, આ કરો, આ પાળો, બીજાને મદદ કરો અને સાંભળનારનેય સારું પડે ને ઠીક લાગે. આવું સમજાય તો ખરું. હવે આ શું સમજવું આમાં કયાંય. આહાહા ! આંહી તો પરમાત્મા ત્રિલોકનાથની વાણીમાં દિવ્ય ધ્વનિના અવાજમાં આવ્યું તેને પ્રવચનસારમાં ભગવાને કુંદકુંદાચાર્યે ગોઠવ્યું. એમાં અમૃતચંદ્રાચાર્યે તેની ટીકા કરી ને ખોલ્યું. આમ પરમાત્મા કહેવા માગે છે. સમજાણું કાંઇ ? આહાહા !

“શીતઉષ્ણપણાની માફક જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું” જોયું ? ઓલું ટાઢુ-ઉનું જણાય તે જાણે હું ટાઢો ઉનો થઈ ગયો એમ જ્ઞાનમાં રાગ ને સુખદુઃખ જણાય ત્યારે જાણે જ્ઞાન જ જાણે રાગદ્વેષ થઇ ગયું. આહાહા ! અધિકાર તો ઘણો સારો છે, બહુ ઉંચો છે. એ પરમાં વાસ્તુ લ્યે છે કહે છે, પણ પ્રભુ આ આનંદનો નાથ અંદર છે, રાગ અને દ્વેષને સુખદુઃખની કલ્પનાથી ભિન્ન છે એમાંય દૃષ્ટિ કરીને વાસ નથી લેતો એ એનું નામ વાસ્તુ છે, બાકી આ તો બધી વાસ્તુ બધી ધૂળની બહારની વાતું છે. નિજ ઘર વસે તે વાસ્તુ કહીએ. આહાહા ! અહીંયા કહે છે કે એને ઘરની ખબર નથી ને ? મારું ઘર અંદર આનંદ ને શાંતિના સ્વભાવથી ભરેલો પ્રભુ, મારી દશા તો શાંતિ ને આનંદની મારી દશા હોય, જે ગુણ છે એવી જ એની દશા હોય, એમ ન જાણતાં જ્ઞાનમાં એ હરખશોક ને સુખદુઃખ જણાય, જાણતાં અજ્ઞાનને લઈને જ્ઞાન જાણે હું સુખદુઃખરૂપે થઇ ગયો, એ રાગદ્વેષની ભક્તિ આદિનાં પરિણામરૂપે થઇ ગયો. છે ? જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય એમ, રાગદ્વેષ સુખદુઃખ આદિ લેવું, એવું અજ્ઞાનીને ભાસે છે. છે ? આહાહાહા !

માલ આવ્યો છે માલ. સાંભળવા તો આવ્યા છે નિવૃત (થઈને). આ તો ભગવાન આત્માની વાત બાપુ. આ કોઈ પક્ષ નથી, આ કોઈ સંપ્રદાય નથી, આ તો ત્રણ લોકના નાથ તીર્થંકરદેવની વાણી એમાં જે માલ આવ્યો એ માલ આંહી ગોઠવાઈ ગયો છે. બાબુભાઈ ! આ ગોદામમાં નથી ? આહીં પ્રભુ આત્મા તો અનંત ગુણનો ગોદામ છે નાથ, એ રાગ ને દ્વેષ હરખશોક એનામાં નથી એ અનંત ગુણનો ગોદામ છે. આહાહા ! અમારા પાલેજના છોકરાઓ છે ને મોટા ગોદામ તેર તો મોટા ગોદામ છે પચાસ પચાસ સાંઈઠ સાંઈઠ હજારનું એક અત્યારે તો કિંમત થઈ ગઈ મોટી, છોકરાઓ પૈસાવાળા છે બધા હમણાં જુદા પડી ગયા. ચાલીસ લાખ રૂપિયા છે, ત્રણ ચાર લાખની પેદાશ હતી. ભેગા હતા ત્યારે હવે જુદા પડી ગયા, હવે. રોવા માંડયા કીધુંને આઠ દિ' રહ્યા હમણાં આ માગશર સુદ અગિયારસ.

કુદરતે એવું આવ્યું કે દશમનું મુરત હતું વડોદરામાં મંદિરનું, નવું બે લાખની જમીન લીધી'તી ને પાંચ લાખનું મંદિર ને, શિયાળામાં નીકળતા નથી ઠંડી લાગે ને પણ આને કારણે નીકળ્યા. પછી અમારે એને અગિયારસનું મુરત હતું. દેરાસરનું બાવીસ વર્ષ બેસતા'તા ત્રેવીસમું વરસ બેસતું'તું મંદિર બનાવ્યું છે ને પીસ્તાળીસ પચાસ હજાર એ તે દિ' અગિયારસે ગયા તે દિ' એને ત્રેવીસમું વર્ષ બેસતું'તું પછી આઠ દિ' રહ્યા તા, બધા સાંભળતા'તા બિચારા, ઉઠયા ત્યારે વિહાર કર્યો, તે રોવે રોવે રોવે, અરે અરે અમારું સમોશરણ વિંખાઈ જશે, છોકરો નાનો હતો એણે ગાયું'તું ગાયન બનાવ્યું'તું અરેરે અમારું હંમેશા કોઈ નથી, (શ્રોતાઃ– નટુએ, નટુએ) આ નટુ નટુએ ગાયું'તું કુંવરજી જાદવજીની દુકાન એને મળી છે, બીજા બેને જુદી દુકાન મળી છે. આહાહા ! શું ભાષા હતી. અમારું કોઈ નથી અમને કોઈ બચાવો રે, જોડયું'તું ગાયન બાપુ નહિ તો વેપારી છે, પણ માળા અમને કોઈ બચાવો રે, અમે કયાં જાઇશું ? આ શું થાશે અમારું. બિચારા પૈસાવાળા છે પણ અહીંનાં અમારા ઉપર બહુ પ્રેમ છે અમે તો ત્યાં દુકાનમાં હતા ત્યાં બહુ પ્રેમ તે રોવા માંડયા ત્રણેય મનસુખ, નટુ. અરેરે ! અમને અમારું વિખાઈ જાશે બધું લ્યો, આઠ આઠ દિ' અમને મળ્યો લાભ. પ્રેમ છે ને ? અરે પણ એ આંહી તો કહે છે એ પ્રેમ તે રાગ છે એ પણ તારું સ્વરૂપ નથી લે. આહાહાહા !

"એ અજ્ઞાનીને એમ ભાસે છે કે આ રાગદ્વેષ ને સુખદુઃખ એ મારી દશા છે," કેમ કે એના સ્વરૂપનું રાગદ્વેષ ને સુખદુઃખની દશાથી ભિન્ન સ્વરૂપ છે એની એને ખબર નથી અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. એને લઈને એ રાગદ્વેષ થયા દયા, દાન, વ્રત, ભક્તિ પૂજા આદિ એ મારા છે તેમ અજ્ઞાનીને ભાસે છે, પણ હું અંદર આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છું એમ ભાસતું નથી. આહાહા !

તેથી તે એમ માને છે. છે ? કે 'હું રાગી છું, છે ? એ રાગ તે હું છું, રાગી હું છું, આહાહા ! ભગવાન તો અણાકુળ વીતરાગી મૂર્તિ આત્મા છે. "ઘટ ઘટ અંતર જિન વસે, ને ઘટ ઘટ અંતર જૈન, મત મદિરા કે પાન સો મતવાલા સમજે ન" બનારસીદાસ, બહુ શૃંગારી હતા, વ્યભિચારી હતા, પછી ધર્મ પામ્યા છે જ્યારે, પછી આ એણે બનાવ્યું છે આવું, બનારસીદાસ "ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, પણ મત મદિરા કે પાન સો મતવાલા સમજે ન" પોતાના ગાંડા મતનાં અભિપ્રાયવાળા, અંદર જિન સ્વરૂપી બિરાજમાન આત્મા છે, એ જિન સ્વરૂપી

પ્રભુ આ રાગને "અજ્ઞાનને લીધે હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું," આહાહા ! જરી ક્રોધ આવ્યો 'ને એ ખરેખર તો જડની દશા છે, પણ તેનાથી ભિન્નતાનું ભાન નહિ એટલે હું ક્રોધી છું. લોકો નથી કહેતા, મારી પ્રકૃત્તિ આકરી છે. એમ કેટલાક કહે વાતો કરતા કહે, મારી સામું બોલશો નહિ, અરે પણ પ્રકૃત્તિ ક્રોધ છે એ કયાં તારો સ્વભાવ છે. આહા ! હું ક્રોધી છું, હું માની છું-હું માની છું, એમ કહે છે, માની હું નરમાશ નહીં બતાવું કયાંય, અકકડ છું, ઇત્યાદિ "આ રીતે અજ્ઞાની જીવ રાગદ્વેષ આદિનો કર્તા થાય છે," લ્યો આ રીતે રાગ ને દ્વેષનો અજ્ઞાની કર્તા થાય છે, જ્ઞાની એનો કર્તા હોતો નથી. વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

❁ શ્રી પુરુષાર્થ સિદ્ધિ ઉપાયની ગાથા ૭૪ માં કહ્યું છે કે જિનવાણી સાંભળવાની પાત્રતામાં ત્રસનો ખોરાક ન હોય. મધ, મદિરા, બે ઘડી પછીનું માખણ, માંસ તથા પાંચ ઉદંબર ફળનો ખોરાક ન હોય. એવો ખોરાક હોય તે તો આ વાત સાંભળવાને પણ પાત્ર નથી. ખરેખર તો રાત્રિ ભોજનમાં પણ ત્રસ હોય છે. ત્રસનો ખોરાક આ સાંભળનારને ન હોય ભાઈ ! રાત્રિનો ખોરાક પણ હોય નહીં ભાઈ ! જેમાં ત્રસ મરે એવો માંસ જેવો ખોરાક આવું સાંભળનારને ન હોય ભાઈ ! આ તત્ત્વને સાંભળવાને તું લાયક હોય તો ભાઈ ! જેમાં ત્રસની ઉત્પત્તિ હોય તે ખોરાક ન હોય. ત્રસ ઉત્પન્ન થાય એવા અથાણા આદિ પણ ન હોય. જેને ઇન્દ્રો સાંભળે એવી પરમાત્માની આવી ઉત્કૃષ્ટ વાણી સાંભળનારને ત્રસની ઉત્પતિનો ખોરાક ન હોય. વાતો મોટી મોટી કરે ને ત્રસનો ખોરાક હોય અરેરે ! ભલે તે ધર્મ નથી, તે હેય છે, પણ આ સાંભળનારને ત્રસનો ખોરાક ન હોય; એ પહેલામાં પહેલી પાત્રતા છે તેમ પુરુષાર્થ સિદ્ધિ-ઉપાયની ગાથા ૬૧ તથા ૭૪ માં કહ્યું છે.

**( આત્મધર્મ, અંક ૭૩૦, વર્ષ-૬૧, પાના નં. ૨૩ )**

## ગાથા - ૯૩

ज्ञानात्तु न कर्म प्रभवतीत्याह-

परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो।
सो णाणमओ जीवो कम्माणमकारगो होदि।।९३।।

परमात्मानमकुर्वन्नात्मानमपि च परमकुर्वन्।
स ज्ञानमयो जीवः कर्मणामकारको भवति।।९३।।

अयं किल ज्ञानादात्मा परात्मनोः परस्परविशेषनिर्ज्ञाने सति परमात्मानमकुर्वन्नात्मानं च परमकुर्वन्स्वयं ज्ञानमयीभूतः कर्मणामकर्ता प्रतिभाति। तथाहितथाविधानुभवसम्पादनसमर्थायाः रागद्वेषसुखदुःखादि-रूपायाः पुद्गलपरिणामा-वस्थायाः शीतोष्णानुभवसम्पादनसमर्थायाः शीतोष्णायाः पुद्गलपरिणामावस्थाया इव पुद्गलादभिन्नत्वेनात्मनोनित्यमेवात्यन्तभिन्नायास्तन्निमित्ततथाविधानुभवस्य चात्मनोऽभिन्नत्वेन पुद्गलान्नित्यमेवात्यन्तभिन्नस्य ज्ञानात्परस्परविशेषनिर्ज्ञाने सति नानात्वविवेकाच्छीतोष्णरूपेणेवात्मना परिणमितुमशक्येन रागद्वेषसुखदुःखादिरूपेणाज्ञानात्मना मनागप्यपरिणममानो ज्ञानस्य ज्ञानत्वं प्रकटीकुर्वन् स्वयं ज्ञानमयीभूतः एषोऽहं जानाम्येव रज्यते तु पुद्गल इत्यादिविधिना समग्रस्यापि रागादेः कर्मणो ज्ञानविरुद्धस्याकर्ता प्रतिभाति।

---

જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી એમ હવે કહે છેઃ-

**પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,**
**એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.**

**ગાથાર્થઃ-** [ परम् ] જે પરને [ आत्मानम् ] પોતારૂપ [ अकुर्वन् ] કરતો નથી [ च ] અને [ आत्मानम् अपि ] પોતાને પણ [ परम् ] પર [ अकुर्वन् ] કરતો નથી [ सः ] તે [ ज्ञानमयः जीवः ] જ્ઞાનમય જીવ [ कर्मणाम् ] કર્મોનો [ अकारकः भवति ] અકર્તા થાય છે અર્થાત્ કર્તા થતો નથી.

**ટીકાઃ-** જ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે પરને પોતારૂપ નહિ કરતો અને પોતાને પર નહિ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો, કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છેઃ-જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે, તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ

**પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જ્યારે જ્ઞાનને લીધે આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે, તેઓ એક નથી પણ ભિન્ન છે એવા વિવેકને લીધે, શીત-ઉષ્ણની માફક ( અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ ), જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો થકો, જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો, 'આ હું ( રાગને ) જાણું જ છું, રાગી તો પુદ્ગલ છે ( અર્થાત્ રાગ તો પુદ્ગલ કરે છે )' ઇત્યાદિ વિધિથી, જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે.**

**ભાવાર્થઃ- જ્યારે આત્મા રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થાને જ્ઞાનથી ભિન્ન જાણે અર્થાત્ 'જેમ શીત-ઉષ્ણપણું પુદ્ગલની અવસ્થા છે તેમ રાગદ્વેષાદિ પણ પુદ્ગલની અવસ્થા છે' એવું ભેદજ્ઞાન થાય, ત્યારે પોતાને જ્ઞાતા જાણે અને રાગાદિરૂપ પુદ્ગલને જાણે. એમ થતાં, રાગાદિનો કર્તા આત્મા થતો નથી, જ્ઞાતા જ રહે છે.**

## પ્રવચન નં. ૧૮૫ ગાથા-૯૩

**તા. ૦૨/૦૨/૭૯ શુક્રવાર મહા સુદ ૬**

શ્રી સમયસાર-૯૩-ગાથાઃ- ગાથા ઉપરની એક પંક્તિ.

જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી એમ કહે છે. શું કહ્યું ઈ ? કે જેને ધર્મદૃષ્ટિ પ્રગટે છે, પુણ્ય ને પાપના ભાવ જે દયા, દાન, વ્રત, આદિના, રાગ એ રાગથી આત્મા ભિન્ન છે, એવું જેને આત્મજ્ઞાન થાય છે, એટલે કે સમ્યગ્દર્શન થાય છે તે જ્ઞાનીને જ્ઞાનથી રાગની ઉત્પત્તિ થતી નથી. આહાહા !

ધર્મી જીવ જેને કહીએ, એ દયા, દાન, વ્રત, ભક્તિનાં પરિણામથી પણ મારું સ્વરૂપ ભિન્ન છે તેમ એને અનુભવ હોય છે. ઝીણી વાત છે. આહાહા ! એવું જેને રાગના વિકલ્પથી સ્વરૂપ ભગવાન આત્મા ભિન્ન છે. એવું જેને અંતર ભેદજ્ઞાન થયું એટલે કે પરથી ભિન્ન અને પોતાના સ્વભાવથી અભિન્ન એવું અંતરમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું, તે જ્ઞાનથી રાગની ઉત્પત્તિ થતી નથી. આહાહા ! આવી વાત છે. રાગ એને થાય છે પણ તે રાગને પોતાનો માનીને, રાગને ઉત્પન્ન કર્તા નથી. એ વાત કરે છે. ૯૩

परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो।
सो णाणमओ जीवो कम्माणमकारगो होदि।।९३।।

પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,
એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.

આંહીં તો પ્રથમ ધર્મદૃષ્ટિ જેને થઈ, એની વાત છે. અનાદિ અજ્ઞાનથી રાગ ઉત્પન્ન કરે છે. એ વાત ૯૨ માં ગઈ. એ દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ જે રાગ એ મારો છે અને મને

લાભદાયક છે, એવું જે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ એને અજ્ઞાનથી રાગની ઉત્પત્તિ થાય છે, તે રાગનો કર્તા થઈને રાગમાં એકાકાર થાય છે. આરે આવી વાત ! ધર્મી જેને આત્મા જ્ઞાન, આનંદ સ્વરૂપ છે અને એ શુભ–અશુભભાવ, એ ખરેખર કર્મની પુદ્‌ગલની દશા છે. મારી દશા નહિં, ધર્મીની દશા તો જ્ઞાન ને આનંદની અવસ્થા થાય તે તેની દશા છે. આહાહાહા ! કહો, એ અહીંયા વાત કરે છે જુઓ.

ટીકા:– “જ્ઞાનથી આ આત્મા” ટીકા છે ને ? પહેલો શબ્દ છે. ઝીણી વાત છે. “જ્ઞાનથી આ આત્મા” એટલે આત્માનું જ્યાં જ્ઞાન થયું છે, રાગના વિકલ્પથી ભિન્ન પડીને, “એ જ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે,” એ દયા, દાન, વ્રત, ભક્તિ શુભ–અશુભ ભાવ તેને પર જાણતો અને પોતાને આનંદ ને જ્ઞાનમય જાણતો, છે ? પરનો અને પોતાનો, પર નામે શુભ–અશુભ રાગ અને પોતે જ્ઞાનાનંદ સ્વરૂપ, બે નો પરસ્પર, રાગથી હું ભિન્ન ને મારાથી એ ભિન્ન. આહાહાહા ! સમજાણું કાંઈ ?

૯૩, ૯૩. ધર્મની પહેલી દૃષ્ટિ સમ્યગ્દર્શન થતાં ચોથું ગુણસ્થાન હજી, શ્રાવક તો પછી હજી તો આ વસ્તુ દૃષ્ટિ નથી ત્યાં શ્રાવક કયાંથી ? સાધુ કયાંય જાય, આંહી તો પ્રથમ નવતત્ત્વમાં પુણ્યપાપનું તત્ત્વ તે રાગાદિ ભિન્ન છે, જુદાં છે. મારું તત્ત્વ જ્ઞાયક સ્વરૂપ તે જુદું છે એમ પરને પોતાની ભિન્નતા પરસ્પર ભિન્ન જાણતો, રાગથી હું જુદો છું ને મારા આત્માના આનંદના જ્ઞાનથી રાગ જુદો છે. “આવું જે જ્ઞાનનું પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે, પરને પોતારૂપ નહિ કરતો” એ રાગાદિ વિકલ્પો ઊઠે એને ધર્મી જીવ “પોતાનો નહિ માનતો”, પોતાનો નહિ કરતો”, “અને પોતાને પર નહિ કરતો,” પોતે જ્ઞાનસ્વરૂપ આનંદ સ્વરૂપ પ્રભુ જિનસ્વરૂપ વીતરાગ સ્વરૂપ આત્મા વીતરાગ સ્વરૂપને રાગરૂપે ન કરતો રાગને વીતરાગ સ્વરૂપમાં ન લાવતો. વીતરાગ એટલે આત્મા અત્યારે હોં. આહાહા !

જિન સ્વરૂપી પ્રભુ ભગવાન આત્મા એ વીતરાગની મૂર્તિ ચૈતન્યમૂર્તિ. આહાહા ! આ સૂર્ય જ્યારે આમ ફર્યો ને જરી આમ થોડો ફરે છે. આમ હતો ને પાટે બેસીએ તો સૂર્ય સામો આવ્યો’તો પહેલાં આમ આડો રહેતો. એમાં ભગવાનની પ્રતિમા છે શાશ્વત, મંદિર છે, જિનમંદિર છે અંદર. કીધું આ જેમ અકૃત્રિમ પ્રતિમા શાશ્વત છે. એમ આ ભગવાન જિનપ્રતિમા વસ્તુ એ શાશ્વત છે. આહાહા ! સમજાય છે કાંઈ ? ભરત ચક્રવર્તીને પાંચ મહેલ હોય છે મોટાં, એ મહેલને ઉપર રહીને સૂર્ય જેમાં પ્રતિમા ભગવાનનું મંદિર છે, એ પ્રતિમાના દર્શન કરતાં હતા, એટલી બધી આંખની તીવ્રતા હતી. એ અંદર ભગવાનનું મંદિર છે ત્યાં પ્રતિમા છે. એ દેવો તેને વંદન કરે છે. આ લોકો સવારમાં સૂર્યનારાયણને પગે લાગે છે ને, એ સૂરજનારાયણ સૂરજ પથ્થરને નહિ પણ લોકો નથી સમજતાં એટલે આ સૂર્યનારાયણ કહે છે. અંદર જિન પ્રતિમા શાશ્વત છે, અકૃત્રિમ, નવી નહિ થયેલી, અનાદિથી ચૈતન્ય જિન પ્રતિમા ત્યાં છે.

જેમ એ અણકરાયેલી જિન પ્રતિમા શાશ્વત છે, એમ આ દેહમાં ભગવાન જિનસ્વરૂપી આત્મા, અકૃત્રિમ જિન પ્રતિમા અનાદિની છે. હેં ? આહાહા ! એવો જિન પ્રતિમા પ્રભુ, એટલે ? વીતરાગ સ્વરૂપી આત્મા, અને રાગ સ્વરૂપી વિકાર, એ રાગને ધર્મી પોતામાં ન કરતો, અને આત્માને રાગરૂપ નહિ બનાવતો. આહાહા ! આવું છે, છે ?

પરને પોતારૂપ નહિ કરતો. પર એટલે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ રાગ, એ રાગ પર છે, એને પોતારૂપે આત્મા જિનસ્વરૂપી પ્રભુ, એ રાગને જિન સ્વરૂપમાં ન લેતો અને પોતાને પર નહિ કરતો. વીતરાગ સ્વરૂપને રાગરૂપ નહિ કરતો. રાગને વીતરાગ સ્વરૂપમાં ન લાવતો જિનસ્વરૂપી પ્રભુ છે. આહાહાહા ! ભારે કામ અત્યારે હોં ? અનાદિ અનંત. આહાહાહા !

જેમ અકૃત્રિમ-અકૃત્રિમ પ્રતિમા સૂરજમાં, ચંદ્રમામાં, અસંખ્ય દ્વિપ સમુદ્રમાં છે, દેવલોકમાં છે, સુધર્મો આદિ દેવલોકમાં જિન પ્રતિમાઓ શાશ્વત છે, એ સિવાય નંદીશ્વર દ્વિપમાં બાવન જિનાલય છે. આઠો દ્વિપમાં, એકસોને આઠ પ્રતિમા રતનની છે શાશ્વત, એમ આ ભગવાન આત્મા રાગના વિકલ્પથી ભિન્ન, જિન સ્વરૂપી અકૃત્રિમ પ્રતિમા ચૈતન્ય પ્રતિમા એ આત્મા અનાદિનો છે. આહાહાહા ! આ આવી વાતું હવે આ કહે. એવી જિન પ્રતિમા શ્રીમદ્‌માં એમ કહે છે એકવાર ચૈતન્ય પ્રતિમા થા, ચૈતન્ય પ્રતિમા થા, આવે છે એમાં. આહાહાહા ! જેને જિન સ્વરૂપી આત્મા, એનું જેને જ્ઞાન ને અનુભવ થયો છે ધર્મીને, તે ધર્મીને રાગ એ મારો છે તેમ એ કરતો નથી. તેમ આત્માને રાગરૂપ થયેલો માનતો નથી. આહાહાહા !

“પરને નહિ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો” જ્ઞાનમય એટલે વીતરાગ સ્વરૂપ આત્મા છે, એને જ્ઞાનપ્રધાનથી વીતરાગમય, જ્ઞાનમય થયો થકો, જાણનાર થયો થકો, જાણનારને જાણનાર તરીકે રાખતો થકો, પોતે જ્ઞાનમય થયો થકો, જાણક સ્વભાવ, આનંદ સ્વભાવ, વીતરાગ સ્વભાવ, એ વીતરાગ સ્વભાવરૂપી દશાપણે થયો થકો, “કર્મોનો અકર્તા પ્રતિભાસે છે” -કર્મ શબ્દે જે દયા, દાન, પૂજા, ભક્તિ, અપવાસનો વિકલ્પ જે ઊઠે છે રાગ, એ રાગનો જ્ઞાનીને અકર્તા પ્રતિભાસે છે. આહાહાહા ! ગાથા બહુ સારી આવી છે આ.

આ લાખોના ને કરોડોના દાન આપે માટે એને ધર્મ થઈ જાય, એમ નથી એમ કહે છે, અને તેમાં રાગની મંદતા હોય તો પુણ્ય થાય તો ધર્મી તો તે પુણ્યના પરિણામને મારા કરતો નથી. આહાહા ! હેં ? બંધ રાગ છે, આ આવી વાતું છે. ( શ્રોતાઃ- થોડો પુણ્ય ભાવ થાય તો કામ તો આવેને ) જરીયે ( નહીં ), કામ આવે ને ? એ પુણ્યપરિણામ મારા છે તે મિથ્યાત્વ ભાવ આવે. એણે લાંઘણું કરી ’તી ને બહુ, વર્ષીતપની અમારા પ્રવિણભાઈ આવ્યા છે ને ? તેના કાકા થાય ને એનાં ? આંહીં તો, ( શ્રોતાઃ- અમારા હીરા ધૂળ ધાણી થઈ ગયા ) ધૂળ ધાણી ભાઈએ કીધું નહોતું, ( શ્રોતાઃ- અહીં તો આપકા હીરા ચાલુ હૈ ચૈતન્ય ચિંતામણી ) આ હિરો છે, આ ચૈતન્ય ચિંતામણિ છે, ગાયું ’તું ને ઈ, કોણે ગાયું ’તું બનાવ્યું ’તું કંચનબેને, હા, કંચનબેન-કોક કહેતું ’તું સવારમાં. જેમાં અનંત વીતરાગી ગુણોનો ગંજ પડયો છે, જેમાં રાગના અંશનો સંબંધ નથી, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એવો જે રાગ એ સમકિતીને હોય છે, છતાં તે રાગનો આત્મા સાથે કાંઈ સંબંધ નથી. આહાહાહાહા ! એ કહે છે.

પોતે જ્ઞાનમય થયો થકો, જાણક સ્વભાવ ભગવાન આત્મા પ્રજ્ઞાબ્રહ્મ, જ્ઞાન ને આનંદની મૂર્તિ પ્રભુ છે, એને રાગને પોતાનો નહિ કરતો ધર્મી, રાગથી ભિન્ન પોતાને જ્ઞાનમય અને વીતરાગની પર્યાયમય કરતો, છે ? કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. કર્મ શબ્દે દયા, દાનનો જે રાગ છે, એ ભાવ કર્મ છે. એ ભાવકર્મનો જ્ઞાની અકર્તા ભાસે છે, એનો કર્તા તે જ્ઞાની થતો નથી. આહાહા ! ભારે કામ આકરું.

"તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે" આ જે કહ્યું તેને હવે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે. "જેમ શીતઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીતઉષ્ણ પુદ્‌ગલ પરિણામની અવસ્થા" ટાઢી અને ઉની એ જડની અવસ્થા, અગ્નિ ઉની અને બરફ ઠંડો, ઈ બધી જડની અવસ્થા, "એ પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે" એ ટાઢી અને ઉની અવસ્થા એ પુદ્‌ગલથી એકમેક પુદ્‌ગલની છે. "આત્માથી સદાય અત્યંત ભિન્ન છે" એ ઠંડી અને ગરમીની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન એકમેક છે અને આત્માથી તદ્‌ન ભિન્ન છે. ટાઢી ઊની અવસ્થા. "અને તેના નિમિત્તે થતો જે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે", ટાઢા–ઉનાનું જે અહીં જ્ઞાન થયું એ જ્ઞાન થયું તે પોતાથી અભિન્ન છે અને શીતલ ટાઢી ઉની અવસ્થા એ પુદ્‌ગલથી અભિન્ન છે. અને આત્માથી ભિન્ન છે, અને એ પુદ્‌ગલ ટાઢી–ઠંડી ને ગરમ અવસ્થા એનું અહીં જ્ઞાન થયું પોતાથી એ જ્ઞાનઅવસ્થા અને રાગઅવસ્થા બે તદ્‌ન ભિન્ન છે. આહાહાહા !

આવું છે, ઝીણું હજી તો સમ્યગ્દર્શન થતાં એની કેવી દશા હોય, "ભેદ વિજ્ઞાન જગ્યો જિન કે ઘટ" રાગનાં વિકૃતની દયા, દાન, વ્રત ને તપની ક્રિયા અપવાસની એ રાગ છે. એનાથી,

"ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતળ ચિત્ત ભયો જિમ ચંદન,
કેલી કરે શિવ મારગમેં જગમાંહિ જિનેશ્વર કે લઘુનંદન"

એ રાગથી પણ ભગવાન આત્મા ભિન્ન છે તેમ જ્ઞાની ધર્મી પોતાના શીતળ ઠંડો આનંદ સ્વભાવ તેને અનુભવતો, શીતળ ચિત્ત ભયો જિમ ચંદન, ચંદન જેમ શીતળ થાય છે, એમ જ્ઞાનીને ધર્મીની પ્રથમ દરજ્જાની દશામાં રાગની આકુળતાથી ભિન્ન પડેલો પ્રભુ એનું જ્ઞાન અને અનુભવ થતાં પર્યાયમાં શીતળતા શાંતિ ને આનંદ આવે છે, શીતળ ચિત્ત ભયો જિમ ચંદન, કેલી કરે શિવ મારગ માંહી જગમાંહિ જિનેશ્વરકે લઘુનંદન, એ તીર્થંકર ત્રિલોકના નાથનો નાનો દિકરો છે, લઘુનંદન સાધુ છે એ મોટો દિકરો છે. પણ એ સાધુ કોને કહેવા બાપુ એ તો અત્યારે તો, એ સાધુ છે એ મોટો વડિલ દિકરો છે, અને સમકિતી છે એ લઘુનંદન છે. આહાહાહા !

પણ કોણ ? ભેદ વિજ્ઞાન જગ્યો જિન કે ઘટ, એ રાગના વિકલ્પની ક્રિયાથી પણ પ્રભુ મારી ચીજ ભિન્ન છે, એવું જેને અંતર ભેદજ્ઞાન થયું, ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતળ ચિત્ત ભયો જિમ ચંદન, શિતળ ચિત્ત ભયો જિમ ચંદન. આહાહા ! શાંતિ શાંતિ શાંતિ અરાગી શાંતિ, એવી ચિત્તમાં જાગી જાગૃતિ, કેલી કરે શિવ મારગમેં એ મોક્ષમાર્ગમાં સમકિતી કેલી કરે, રમતું કરે છે. રાગની રમતું જેણે છોડી છે. આહાહા ! આવો માર્ગ છે. કેલી કરે શિવ મારગમેં જગમાંહી જિનેશ્વરકે લઘુનંદન. ત્રણલોકના નાથ જિનેશ્વર કેવળી પરમાત્મા એનો એ ભેદવિજ્ઞાની, નાનો નંદન પુત્ર છે. અને પાંચમે ગુણસ્થાને શ્રાવક જે થાય, આ સમ્યગ્દર્શન ઉપરાંત શાંતિ જે વધી જાય એ મધ્યમ પુત્ર છે. અને સંત જે સાધુ મુનિ નગ્ન દિગંબર ને અંદરમાં આનંદ ને કેલી કરતો હોય છે એ ભગવાનનો મોટો પુત્ર છે. આહાહાહા ! ભારે વાત ભાઈ.

–આમ કહીએ, કે એ રાગનો ભાવ છે, શરીર તો જુદું ધૂળ માટી જડ એની આંહીં તો વાત છે નહી. એમ અંદર શુભરાગ થાય છે, એને એ બહિર્વસ્તુ છે, અંતરમાં એ ચીજ નથી, અંતર જે ચીજ અનંત ગુણનો પિંડ પ્રભુ, એમાં એ રાગ નથી. એ દયા, દાન, વ્રત, ભક્તિનો જે રાગ

છે, તેને પોતાનો માને છે, એ બાળક બહિરઆત્મા છે, એ બાળક છે અજ્ઞાની છે. અને એ રાગથી ભિન્ન આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એને જેણે જાણ્યો અને અનુભવ્યો છે, એ યુવાન-યુવાન આત્માનો એ યુવાની જીવ થયો, એને જુવાની લાગુ પડી. આહાહાહા ! આ જુવાની તો જડની છે, વૃદ્ધાવસ્થા બાળ, આ તો અંદરમાં ભગવાન જિન સ્વરૂપી પ્રભુ, એને રાગવાળો માને, એ બાળક બહિરઆત્મા મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહાહાહા ! અને એ રાગથી ભિન્ન પડી અંતરઆત્મા વસ્તુ જિન સ્વરૂપી, તેને જાણે-અનુભવે, તે ધર્મમાં ધર્મી યુવાનીમાં આવ્યો. યુવાની એને જાગી, અને એ જ્યારે કેવળજ્ઞાન પામે છે, ત્યારે તે આત્મા વૃદ્ધ થયો. આહાહાહા !

ધર્મમાં આવી વાતું છે, જગતથી બહુ જુદી પડે છે. હેં ? બહુ ફેર લોકો તેથી વિરોધ કરે છે ને ? અરે ભગવાન, એને ચાલતો સંપ્રદાય છે, એ પણ બધા ધર્મી છે એમ એને મનાવવું છે, અરે પ્રભુ એમાં હિત શું છે ભાઈ ? હિતનો પંથ તો જાગ્યો નથી અને તું એને સાધર્મી ઠરાવે છે. આહાહા !

ચૈતન્ય હીરલો અંદર અનંત અનંત ગુણ અને ધર્મ નામ સ્વભાવથી ભરેલો પ્રભુ એ જિનસ્વરૂપી પ્રભુ, જિનસ્વરૂપી અંતરમાં બિરાજે છે એ જિનસ્વરૂપ ન હોય તો પરમાત્માને વીતરાગતા થઈ એ કયાંથી આવી ? કંઈ બહારથી આવે છે ? ચોસઠપહોરી પીપર જે છે લિંડીપીપર એની ચોસઠપહોરી શક્તિ અંદર પડી છે પૂર્ણ ચોસઠપહોરી, ચોસઠ એટલે રૂપિયો સોળઆના એને ઘુંટી અંદર જે હતી ચોસઠપહોરી એટલે સોળઆના એટલે રૂપિયો પૂર્ણ તીખાશ એ બહાર આવે છે, એ હતી તે બહાર આવે છે. એમ આ ભગવાન આત્મામાં ચોસઠપહોરી એટલે રૂપિયે રૂપિયો આનંદ ને જ્ઞાન ને શાંતિ એવા અનંતગુણ પૂર્ણ ભર્યા છે. આહાહાહા !

હવે આવી વાતું, વીતરાગ ત્રિલોકનાથ ભગવાન પરમાત્મા આમ ફરમાવે છે. એ ચોસઠ નામ પૂર્ણ સ્વરૂપ ભગવાન એના બહારમાં રાગઆદિ થાય એ પોતાનો માને, એ મિથ્યાદૃષ્ટિ છે, બહિરઆત્મા છે, અજ્ઞાની છે. અને એ પૂર્ણાનંદનો નાથ પ્રભુ જિનસ્વરૂપી હું છું, એ રાગ હું નહિ, ભલે રાગ થાય પણ રાગનો કર્તા નહિ, રાગનો જાણનાર રહે એ મધ્યમ યુવાન દશા ને મધ્યમ અંતર આત્મા, જઘન્ય ચોથેથી શરૂ થાય. પછી, વિશેષ મધ્યમાં અંતર આવે અને અંતર પૂર્ણ દશા પ્રગટ થાય એ પરમાત્મ દશા, અરિહંતની દશા, કેવળી પરમાત્માની દશા, એ આંહી તો જઘન્ય દર્શનથી, મધ્યમની વાતું છે અહીં અત્યારે. છે ?

"જેમ એ શીતઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ ટાઢી-ઉની અવસ્થા તો અહીં ટાઢા-ઉનાનું જ્ઞાન કરાવવામાં એ નિમિત્ત છે, ટાઢી ઊની અવસ્થા પુદ્‌ગલની, અહીં જ્ઞાનમાં ટાઢું-ઉનુનું જ્ઞાન થાય, એ જ્ઞાનમાં નિમિત્ત છે એ. તે સ્પષ્ટતા કરવામાં આવે છે. એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલ પરિણામની અવસ્થા પુદ્‌ગલના પરિણામની અવસ્થા પુદ્‌ગલ દ્રવ્ય છે તેના પરિણામ પરિણતિની અવસ્થા, પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે ઠંડી ઉની અવસ્થા પુદ્‌ગલ પરમાણુંથી એકમેક છે, આત્માથી સદા અત્યંત ભિન્ન છે. અને તેના નિમિત્તે થતો જે પ્રકારનો અનુભવ, ટાઢી અને ઉની અવસ્થાનું અહીં જ્ઞાન થાય, એ જ્ઞાનમાં એ નિમિત્ત છે. આત્માથી અભિન્નપણાને લીધે, એ જ્ઞાન થયું તે આત્માથી જુદું નથી. ટાઢી ઉની અવસ્થા જુદી છે, પણ ટાઢી ઉની અવસ્થાનું અહીં જ્ઞાન થયું એ જ્ઞાન આત્માથી અભિન્ન છે એકમેક છે. આહાહા !

પુદ્‌ગલથી સદા અત્યંત ભિન્ન છે. એ ટાઢા ઉનાનું અહીં જ્ઞાન થયું, એ જ્ઞાન થયું છે પોતાથી, પણ એમ કહેવાય કે ટાઢા ઉનાના કારણે અહીં થયું. પણ થયું છે તો એ પોતાથી, પણ એ ટાઢા ઉનાની અવસ્થાનું જ્ઞાન, એ જ્ઞાન આત્માથી એકમેક છે, અને એ જ્ઞાન પુદ્‌ગલની અવસ્થાથી તદ્‌ન ભિન્ન છે. ઠંડી ઉની અવસ્થાથી ભિન્ન છે.

આવી વાતું હવે, આવો ઉપદેશ ? આવો ધર્મ કઈ જાતનો કહે ? બાપુ એ વીતરાગનો મારગ પ્રભુ જિનેશ્વર, ત્રણલોકના નાથ એની રીતિ ને મારગ કોઈ જુદો છે બાપુ. ! અરે જેને આવું સત્ય સાંભળવા ન મળે, એ કે દિ' વિચારે ને કે દિ' એને અંદરમાં રુચિ કરે ? દુર્લભ વસ્તુ થઈ પડી પ્રભુ. આહાહા !

એ દૃષ્ટાંત ટાઢા ઉનાનું આપ્યું, કે ટાઢી ઉની અવસ્થા પુદ્‌ગલની સાથે છે, આત્માથી તદ્‌ન ભિન્ન છે, અને ટાઢી ઉની અવસ્થાનું અહીં જ્ઞાન થયું, એ જ્ઞાન પુદ્‌ગલથી ભિન્ન છે અને આત્માથી અભિન્ન છે, કહો બરાબર દૃષ્ટાંત સમજાણું ? હવે આત્મામાં, એનો સિદ્ધાંત ઉતારે છે. આહાહાહા !

"તેવી રીતે" છે ને ? 'જેમ' અંદર હતું ને, શીત ઉષ્ણનો અનુભવ "તેવી રીતે, તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગદ્વેષ સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા" આહાહાહાહા ! અંદરમાં જે કાંઈ રાગ થાય, દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, દાનનો એ શુભ રાગ જે છે, અને અંદરમાં દ્વેષ થાય કદાચ પ્રતિકૂળ હોય તો, અને એમાં સુખની કલ્પના થાય, અનુકૂળ પૈસા બાઈડી સ્ત્રી કુટુંબ આદિ રાજપાટ અનુકૂળ હોય, શરીર નિરોગી હોય અને એમાં લાડવા ને પતરવેલીયાં ખાતો હોય, ચુરમાના ઓલાં પતરવેલીયા બને છે ને ? અડવીના પાનનાં પતરવેલીયા થાય છે ને ? ચણાનો લોટ નાખી વાટા કરી કટકા કરીને તળે છે ને ? એમાં એ ચુરમાના લાડવા અને પતરવેલીયા ખાતો હોય એ વખતે એને એમ લાગે મને શું મજા પડે છે. એ સુખની કલ્પના એ પુદ્‌ગલની દશા છે. આહાહા ! અરે કેમ બેસે પ્રભુ ? અને છ ડિગ્રીનો તાવ શરીરમાં આવ્યો, કે કોઈએ છરાના ઘા માર્યા અને અંદરમાં પ્રતિકૂળ દ્વેષ આવ્યો, ઉહું હું હું, કહે છે કે એ દ્વેષ એ દુઃખની પુદ્‌ગલની અવસ્થા છે. આહા ! એનો તું જાણનારો છો. આહાહા !

ઈ રાગ અને દ્વેષની દશા, અને સુખદુઃખની દશા, છે ? રાગદ્વેષ ને સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા, પુદ્‌ગલ પરિણમ્યા છે તેની અવસ્થા, દશા તો જુઓ એક, આહાહાહા ! ભગવાન પરિણમે તો તો વીતરાગપણે પરિણમે, ભગવાન એટલે આ આત્મા જિન સ્વરૂપી પ્રભુ, એ વીતરાગ મૂર્તિ છે તો પરિણમે તો દશા થાય તો તેની વીતરાગી દશા થાય, અને આ રાગ ને દ્વેષ ને સુખ દુઃખની દશા એ પુદ્‌ગલ પરિણમ્યો માટે થઈ છે એની દશા. સમજાણું કાંઈ ? ઝીણી વાતું કહેવી ને વળી સમજાણું કાંઈ કહેવું પાછું ભેગું. કહો પ્રવિણભાઈ, આવું ઝીણું છે. આહાહાહા !

એ રાગદ્વેષ ને સુખદુઃખ આદિ એટલે રતિ, અરતિ આદિ કલ્પના થાય એ બધી જડની અવસ્થા છે, એ પુદ્‌ગલ પોતે ધ્રુવ છે અને અહીં પરિણમ્યું છે ઈ, એ પરિણામ પુદ્‌ગલ પરિણામની પર્યાય અવસ્થા છે. ભગવાન આત્માની અવસ્થા નહિ એ. ( શ્રોતાઃ- કર્મધારા અને જ્ઞાનધારા વચ્ચે કેટલો આંતરો રહે ) બેય આંતરો તદ્‌ન ભિન્ન, રાગધારા પુદ્‌ગલના પરિણામ ને

જ્ઞાનધારા આત્માના પરિણામ. આહાહા ! કેમ કે આત્મા "ઘટ ઘટ અંતર જિન વસે, ને ઘટ ઘટ અંતર જૈન," એ જિનસ્વરૂપી વીતરાગમૂર્તિ પ્રભુ એનું પરિણમન થાય એ જૈનપણું છે. આહાહાહાહા !

જિનસ્વરૂપી ભગવાન આત્મા, અનંતા અનંતા ગુણો પણ બધા જિનસ્વરૂપી વીતરાગસ્વરૂપી છે. એવો ભગવાન જિનસ્વરૂપી પ્રભુ, એનું પરિણમન એટલે પરિણમે ને પર્યાય થાય, તે તો વીતરાગી પર્યાય થાય. એ વીતરાગી પર્યાયનો કર્તા જ્ઞાની છે, પણ જે રાગ ને દ્વેષ ને સુખદુઃખના પુદ્‌ગલની પરિણામની અવસ્થા, તેનું અહીંયા જ્ઞાન થયું તે જ્ઞાનની અવસ્થા આત્માથી અભિન્ન છે. પણ આ રાગદ્વેષ ને સુખદુઃખની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે ને આત્માથી ભિન્ન છે. આહાહા ! સુખદુઃખાદિ પુદ્‌ગલ પરિણામની અવસ્થા, પુદ્‌ગલની અવસ્થા એમ ન કહ્યું પુદ્‌ગલ પરિણામની, પરિણમ્યું છે એ પુદ્‌ગલ એ રીતે, ભગવાન પરિણમ્યો છે એ રીતે, શું ? કે જે રાગદ્વેષ ને સુખદુઃખની પુદ્‌ગલના પરિણામની અવસ્થા છે, તેને જાણવાપણે, વીતરાગ પરિણામપણે પરિણમ્યો છે આત્મા, તેને આત્મા કહીએ ને તેને જ્ઞાની ને ધર્મી કહીએ. આહાહાહાહા !

આવું પછી આ લાગે કે માણસને કે નિશ્ચય નિશ્ચય નિશ્ચય વ્યવહાર કહેતા નથી વચ્ચે એમ કહે છે. પણ વ્યવહાર ક્યારે બાપુ, સાંભળ તો ખરો. એ રાગથી ભિન્ન પડીને જિન સ્વરૂપનું જ્ઞાન ભેદજ્ઞાન થયું એ પછી એ રાગ આવે એને, એ રાગને વ્યવહાર કહેવામાં આવે, પણ એ રાગને તો અહીં પુદ્‌ગલની અવસ્થામાં નાખી દીધી, તેથી તેને વ્યવહાર કહ્યો છે આવું છે. એમ કે વ્યવહાર કહેતા નથી, પણ વ્યવહાર સાંભળ તો ખરો પ્રભુ, આ વ્યવહાર કીધું નહીં ? દયા, દાન, વ્રત, ભક્તિ આવે છે, હોય છે એ પુદ્‌ગલની અવસ્થાને વ્યવહાર કહેવામાં આવે છે.

ભગવાન આત્મા જિનસ્વરૂપી તેનું જ્ઞાન થાય, એ રાગદ્વેષ સુખદુઃખનું અહીં જ્ઞાન થાય એ આત્માની અવસ્થા છે, એ નિશ્ચય છે. ત્રિલોકનાથ જિનેશ્વરદેવ આમ ફરમાવે છે. એને વીતરાગની વાણી પણ સાચી મળે નહિ સાંભળવા. કલ્પિત બનાવેલી વાતું સંભળાવે ને સાંભળે જિંદગી ચાલી જાય છે. આહાહા ! એ રાગદ્વેષ સુખદુઃખાદિરૂપ–સુખદુઃખાદિરૂપ, એ સ્વરૂપ જ જાણે પુદ્‌ગલની પરિણામની અવસ્થા છે. એમ આહાહા ! એ પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે, એ કર્મ જડ છે, એ જડ એ રીતે પરિણમ્યું છે, રાગદ્વેષ સુખદુઃખની કલ્પના જે છે એ જડ એ રીતે થયું છે, એ કર્મનું જે સામર્થ્ય અનુભાગમાં છે, એ રીતે એ પરિણમ્યું છે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ?

એ પુદ્‌ગલ પરિણામની અવસ્થા રાગદ્વેષ સુખદુઃખાદિરૂપ હોં, સુખાદિરૂપ એમ કે જાણે એનું સ્વરૂપ જ પર્યાયનું છે પુદ્‌ગલમાં એમ. આહાહાહા ! બે દ્રવ્ય લીધાં. એક ભગવાન ચૈતન્ય સ્વરૂપદ્રવ્ય અને એક કર્મદ્રવ્ય, એ કર્મદ્રવ્ય પરિણમે છે ત્યારે એમ કહે છે કે રાગદ્વેષ સુખદુઃખાદિની દશા થાય છે. ભગવાન જે આત્મા પરિણમે છે ત્યારે તેને વીતરાગી સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના પરિણામ થાય છે. આહાહાહા ! કહો મધુભાઈ ! એ હોંગકોંગમાં સાંભળવા મળે એવું નથી ત્યાં, હેરાન થઈ થઈને.

વીતરાગ મૂર્તિ છે એ, એનો સ્વભાવ જ વીતરાગ સ્વરૂપ છે, એનો સ્વભાવ જ અકષાય

સ્વરૂપ છે, એનો સ્વભાવ જ આનંદસ્વરૂપ છે, ત્યારે આ રાગદ્વેષના આદિ એ પુદ્‌ગલના પરિણામ એ દુઃખસ્વરૂપ છે. એ પુદ્‌ગલદ્રવ્ય જાણે પરિણમીને જાણે આકુળતા ઉત્પન્ન થઈ હોય એમ કહે છે. અને ભગવાન પરિણમીને અનાકુળતા ઉત્પન્ન થાય. પ્રભુ આત્મા આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞે કહ્યો એ છે હોં. અન્યમતિઓ બધા કહે છે કે આત્મા–આત્મા એ આત્મા એણે જોયો નથી, જિનેશ્વર પરમેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથ એણે જે આત્મા જોયો એ આત્માની વાત છે. અજ્ઞાનીઓ આત્મા–આત્મા કરે પણ એને આત્માની ખબર નથી. જૈન પરમેશ્વર સિવાય કોઈએ આત્મા પૂર્ણ કેમ છે એ જોયો નથી.

ભલે વેદાંતી વાતું કરે આત્મા સર્વવ્યાપક છે ને, આમ છે ને તેમ છે ને ઢીંકણું ને. પણ એ તો વળી એમેય કહે કે આત્મા અનુભવે, હેં? આત્મા અને અનુભવ બે એય ના પાડે છે. આત્માનો અનુભવ, આ પર્યાય થયો ને ? આ રાગદ્વેષ સુખદુઃખને જાણવાની પર્યાય છે, એ પર્યાય છે, એ અવસ્થા છે, એ વીતરાગી અવસ્થા એ આત્માનું પરિણામ છે. વેદાંત તો માને નહિ, માને જ નહિ ને એ તો. લોકો વેદાંતમાં સુધારેલામાં બહું ચાલ્યું છે. વેદાંત–વેદાંત સર્વવ્યાપક સર્વવ્યાપક તદ્‌ન મિથ્યા છે. આહાહાહા ! આંહીં તો તેથી બે શબ્દ વાપર્યા કે રાગદ્વેષ સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલ પરિણામની અવસ્થા, એના એ પરિણામની દશા, અને પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય ભિન્ન છે,

હવે, અને તેના નિમિત્તે થતો રાગદ્વેષ ને સુખદુઃખના પરિણામ પુદ્‌ગલની અવસ્થા ગણી અને તે પ્રકારનો તેના નિમિત્તે થતો અનુભવ એટલે જ્ઞાન, રાગદ્વેષ સુખદુઃખનું અહીં જ્ઞાન થાય એ તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્ન છે. એ જ્ઞાન થવું એ અનુભવ થવો એ આત્માથી એકમેક છે. આહાહાહા ! પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે, તે પ્રકારનો અનુભવ, જોયું એય માને નહિ વેદાંત, અનુભવ વળી કેવો કહે છે. રાગદ્વેષનું જ્ઞાન અનુભવ, જ્ઞાન એ પરિણામ.

“અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે” હા એ કયાં એને ખ્યાલ છે, એ નાની ઉંમરમાં આઠ દસ વર્ષની ઉંમર હતી ઉમરાળે, ત્યાં અમારે જોડે અમારા બાનો પિયરના બ્રાહ્મણ રહેતા, મોટો હતો ઉતારામાં. પછી એને મુળજીમામા કહીએ એને જોડે ઘરમાં હતું અમારા મામીનું ઘર, ભાડે રહેતા મુળજીમામા એકલા રહેતા બૈરા બૈરા ત્યાં ભુંભલી રહેતા, ભુંભલી, ભાવનગર પાસે છે ને ભુંભલીમાં મારી બાનું મોસાળ હતું, એટલે એને મામા કહીએ. એ નહાતા’તા, નહાતા અમે નાની ઉંમરમાં દસ બાર વર્ષની ઉંમરમાં નહાતા નહાતા એમ બોલે “અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે” ખબર નહીં કાંઈ એને. મને અંદરમાં એમ થતું કે આ શું કહેતા હશે મામા, એનેય કાંઈ ખબર ના મળે. આ અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે, એ રાગ ને પુણ્યપાપના ભાવ થાય તેનું જ્ઞાન એ અનુભવ આત્માનું. એ અનુભવીને એટલું રે આનંદમાં રહેવું. ભજવા પરિબ્રહ્મ, પરિબ્રહ્મ નામ ભગવાન આત્મા બીજો કોઈ ઈશ્વર બિશ્વર નહિ. વીતરાગ પણ નહિ, વીતરાગ એ પરદ્રવ્ય છે. ભજવા પરિબ્રહ્મ, પરિબ્રહ્મ ભગવાન પૂર્ણાનંદ ને પૂર્ણ જ્ઞાનનો સાગર એનું ભજન કરવું એકાગ્રતાથી. બીજું કાંઈ ન કહેવું રે, બીજું એને કાંઈ લગાડવું વહાલા દવલા વળગાડ નહિ વળગાડવો, કે

રાગનો કર્તા છે ને પુણ્યનો કર્તા છે ને. આહાહા !

આવી વાતું છે. કોઈ કહે કે આ તે કાંઈ વીતરાગના ઘરની જિનેશ્વરની હશે ? ભાઈ અમે તો જિનમાં તો કાંઈ-આ સામયિક કરો, પોહા કરો, પડિકમણા કરો, ચોવીહાર કરો, કંદમૂળ ન ખાવ, દેવગુરુની ભક્તિ કરો, દેવગુરુને માનો, દેવગુરુને, ગુરુ આદિને આહાર આપો આવું સાંભળીએ બાપા. આહાહા ! શ્વેતાંબરમાં એમ કહે કે સિદ્ધચક્રની પૂજા કરો, કર્મની દહન પૂજા કરો, ગિરનારની જાત્રા કરો, સમેતશિખરની જાત્રા કરો, શેત્રુંજયની કરો, અને શેત્રુંજયની જાત્રા કરીને અહીં આહાર પાણી આપો સાધુને તો મોટું મહાધર્મ થાય. જાત્રા કરો એવું આવે છે. શેત્રુંજયની માહાત્મ્યમાં, શેત્રુંજયનું માહાત્મ્યનું પુસ્તક છે ને ? એમાં-એ આવે છે બધું જોયું છે, જાત્રા કરીને ઉત્તરે ઈ નીચે સાધુને આહાર પાણી આપે તો બહુ લાભ થાય. પણ આ સાધુ ક્યાં હતો ઈ હજી, અને તારી જાત્રાનો ભાવ એ તો રાગ હતો પુણ્ય હતો. રાગ મંદ કરીને કર્યું હોય તો, અભિમાન બીજાને બતાવવા કર્યું હોય તો તો વળી પાપ છે. આહાહા !

એવી રીતે આપણે અહીંયા મહાવીર કીર્તિ આવ્યા'તા આહીં આ નહોતું ને ત્યારે તો ઓરડી હતી આંહી. એમાં ઉતર્યા'તા. ઓલામાં પણ ન્યાં ઉતર્યા'તા. પછી એને હું આહાર કરીને ફરું છું ને એટલે ત્યાં ગયો તો, ત્યારે ઈ કહે કે અમારી પાસે સમેતશિખરજીનું એક પુસ્તક છે. મહાવીર કીર્તિ હતા અત્યારે ગુજરી ગયા, એ પુસ્તક છે, એમાં એમ લખ્યું છે કે સમેતશિખરજીની જાત્રા કરે તો ૪૯ ભવે મોક્ષ થાય. મેં કીધું આ શેત્રુંજયવાળા કરે છે એમ આ તમારા સમેતશિખરજીની ૪૯ ભવે મોક્ષ થાય એ વાત ભગવાનની નથી કીધું. જાત્રા કરીને સંસાર ઘટે ને ૪૯ ( ભવ ) એ વીતરાગની વાણી નહિ. વીતરાગની વાણી તો આત્મા અનંત આનંદનો નાથ છે તેમાં એકાકાર થાય, અને લીન થાય ત્યારે તેનો સંસાર પરિત ઘટી જાય, મે કીધું જાત્રાબાત્રા ગિરનારની ને તમારા સમેતશિખરની લાખ કરે, તો ભવ ઘટે એ વસ્તુ નથી કીધું. પહેલું તો આમ બોલી ગયા એ પછી મેં કીધું ત્યારે હા હા એમ કહેવા લાગ્યા. દિગંબર સાધુ હતા કે આંહી ખબર દેવી દેવલાને માને આ પદ્માવતિ દેવી નહિ ? એને હારે રાખે, દેવીને માને, હવે આ જૈનને દેવી દેવલા કેવા ? આહાહા ! આ ત્રણ લોકના નાથને માનવો એ પણ એક શુભભાવ છે, તો એવી દેવી દેવલા અંબાજી ને શું કહેવાય એ શેત્રુંજય ઓલી ચક્રેશ્વરી, ચક્રેશ્વરી છે ને ? જોયું છે ને ? દેવી અંબાજી ને શિકોતેર ને ઢીંકણી ને ફિંકણીને બધા બહારના મિથ્યા ભ્રમ છે, પોતાના કુળદેવને માનો લ્યો ને, અમારો બાપ ત્રીજી પેઢીએ આવા હતા ને એ પછી આમ થયું ને કુળદેવને માનીએ એ બધી ભ્રમણા અજ્ઞાનીઓની છે. ( શ્રોતાઃ- આવી સાચી વાત કોઈએ કહી જ ન હતી ) હેં ? હેં ? કહી નહોતી વાત ખરી છે. ( શ્રોતાઃ- શાસ્ત્રમાં કહ્યું છે કુદેવને માનવા એ પત્થરની નાવ ) મિથ્યાત્વ છે અજ્ઞાન છે. ચાર ભૂલવાળા છે. ત્રણલોકના નાથ પરમેશ્વર ત્રિલોકનાથ ને માનવા એ પણ એક શુભરાગ છે, તો પછી અન્યને તો માનવાની વાત જ ક્યાં છે ? એમાં અંબાજી ને, શિકોતેર ને કુળદેવી ને કુળદેવા ને ખેતરપાળ ને આવે છે ને ? ઓલું હનુમાન ને. આહાહા ! સરસ્વતી દેવી ને બળદ ઉપર બેઠીને. ચાર હાથ ને હાથમાં સરસ્વતી, એ સરસ્વતી ક્યાં ન્યાં હતી ? સરસ્વતી તો આંહી ( અંદર ) છે.

આ આત્માનું જ્ઞાન ને આનંદ થાય એ પરિણતિ એ સરસ્વતી છે, અરે પણ શું થાય ભાઈ, વ્યવહારમાં હોય તો વીતરાગની વાણી તે સરસ્વતી છે, પણ એને માનવું એ પણ એક શુભ ભાવ છે, ધર્મ નહિ. આકરી વાતું ભાઈ! આહાહાહા! એ શુભ રાગને જાણનારું જ્ઞાન તે આત્માનું છે, એ રાગ આત્માનો નહિ. આહાહાહા!

આ ભક્તિવાળાને આકરું પડે, ભગવાનની ને ગુરુની ભક્તિ કરીએ તો કલ્યાણ થઈ જાય. આ ભગવાન કહે છે કે મારી ભક્તિ કર તો રાગ છે, હું પરદ્રવ્ય છું, તારું સ્વદ્રવ્ય છોડીને અમારા ઉપર આવીશ તો રાગ છે, અને આ રાગથી કલ્યાણ માનીશ તો મિથ્યાત્વ છે. ભારે આકરું કામ બાપા. જનમ મરણથી રહિત થવાનો પ્રભુનો મારગ અલૌકિક છે. આહા.....

શું કીધું ? એ પુદ્‌ગલની પરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય ભિન્ન છે, અને તે રાગદ્વેષ સુખદુઃખના પરિણામ પુદ્‌ગલના ગણીને એનું જે આહીં જ્ઞાન થાય, છે ? એ જ્ઞાન આત્માથી અભિન્ન છે અને પુદ્‌ગલથી રાગથી અત્યંત ભિન્ન છે. એ રાગ જે થયો છે એ પુદ્‌ગલની દશા, તેના નિમિત્તથી અહીં જે જ્ઞાન થયું છે, એ જ્ઞાનથી પુદ્‌ગલની દશા તદ્‌ન ભિન્ન છે, અને રાગની દશાથી આત્માનું જ્ઞાન થયું જે રાગનું એ જ્ઞાનથી, પર્યાય રાગની તદ્‌ન ભિન્ન છે, અને રાગથી આ જ્ઞાનની પર્યાય તદ્‌ન ભિન્ન છે.

આ તો હજારો વર્ષથી ટીકા થઈ ગયેલી છે. મુનિ સંત દિગંબર સંતોએ કરેલી છે. બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય એમની ગાથા છે. એ ભગવાન પાસે ગયા હતા સંવત ૪૯. આહાહા! અરેરે સત્ય છે એ સાંભળવા મળે નહિ. સાંભળવામાં પણ શુભરાગ છે, અને આત્મા તો રાગથી ભિન્ન છે. સમજાણું કાંઈ ? એ રાગનું અહીં જ્ઞાન થાય તે જ્ઞાનથી રાગ ભિન્ન છે, અને તે જ્ઞાનથી આત્મા અભિન્ન છે. આહાહાહા! આવી વાતું છે. છે કે નહિ એમાં ? ( શ્રોતાઃ- એકલું રાગનું જ્ઞાન કે ભેગું આત્માનું પણ જ્ઞાન ? ) એ આત્માનું જ જ્ઞાન છે ને ? રાગનું જ્ઞાન એ કોનું જ્ઞાન ? એ તો રાગનું જ્ઞાન કહીને, જ્ઞાન તો પોતાનું છે, ( શ્રોતાઃ- સ્વપરપ્રકાશક છે ) પણ આહીં રાગ સ્વપરપ્રકાશક અપેક્ષાથી છે. એ રાગ થયો તે વખતે પણ પોતે આત્માનું જ્ઞાન છે અને એ જ્ઞાનમાં રાગનું જ્ઞાન તો નિમિત્તથી કહ્યું છે. બાકી જ્ઞાન તો પોતાનું છે એ, રાગ સંબંધીનું જ્ઞાન એ પોતાનું છે. એ રાગ છે એ તો પરજ્ઞેય છે. અને એ રાગનું અહીં જ્ઞાન થયું છે એ સ્વજ્ઞેય છે.

આરે હવે આવી વાતું. હવે આમાં મોં માથું કયાંય હાથ આવે નહિ. મારગ એવો છે બાપુ. વીતરાગ ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ એની પાસે ઇન્દ્રો, એકાવતારી આવતા એ ગલુંડીયાની જેમ બેસે સાંભળવા. એ બાપુ વાણી કેવી હોય ભાઈ. અરરર એના ભાવ કેવા હોય ? આહાહા ! અલૌકિક છે.

એ રાગદ્વેષ ને સુખદુઃખના પરિણામનું આંહીં જ્ઞાન થાય આત્મામાં એ આત્માનું જ્ઞાન છે, એનું જ્ઞાન કહેવું એ તો નિમિત્તથી સમજાવે છે,

“એ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. એ રાગદ્વેષના પરિણામથી રાગદ્વેષનું જે જ્ઞાન એ જ્ઞાનથી રાગદ્વેષના ભાવ તદ્‌ન ભિન્ન છે. અને રાગદ્વેષથી એ રાગદ્વેષનું જ્ઞાન થયું એ રાગદ્વેષથી તદ્‌ન ભિન્ન છે. આરે આરે આવું ધ્યાન રાખે તો માંડ

આ પકડાય એવું છે ને. પંકજભાઈ ? એમાં અત્યારે એને રસ છે ને થોડોક, આવું પકડવું પડે બાપું... સંસાર હોય છે ભલે, પણ આ ભેગું. એનું જ્ઞાન સાચું કરવું પડશે પ્રભુ, આ જનમ મરણ ચાલ્યા જાય છે. આહાહાહા !

ત્રણલોકના નાથ તીર્થંકરદેવની આ વાણી છે, સંતો આડતિયા થઈને જગત પાસે જાહેર કરે છે. આહાહા ! અરેરે, સાંભળવા મળે નહિ કયાંય અને સત્ હોય એને વળી એકાંતની એ, એ એય એકાંત નિશ્ચય-નિશ્ચયની વાતો કરે છે. પણ નિશ્ચય. હે ! ( શ્રોતાઃ- આહીં સાંભળવાય આવતા નથી ને ન્યાં વાતો કરે છે. ) વાતું કરે શું થાય ? આવ્યા તે દિ' વાત કરતા'તા અત્યાર સુધી તમે સમયસારના ઓલામાં, હવે હું વ્યવહારની વાતો કરું છું. ઓલો એમ બોલ્યો'તો વિદ્યાનંદજી અને આય એમ આ બોલ્યા'તા શું થાય પ્રભુ !

એ રાગ થાય છે એને આત્માનું જ્ઞાન રાગથી ભિન્ન પડીને થયું તે નિશ્ચય જ્ઞાન છે, અને રાગને જાણવું એ વ્યવહાર છે. આંહી રાગને પુદ્‌ગલના પરિણામ કહ્યા એ તો જ્ઞાનનો વિષય પર છે એમ ગણીને, પણ છે તો આત્માના પરિણામ, પણ એ વિકારી પરિણામ છે તેની અવિકારી સ્વભાવનું પરિણામ નહિ, એમ ગણીને વિકારના પરિણામ પુદ્‌ગલના ગણીને તેનું આંહીં જ્ઞાન થાય તે આત્માનું છે અને રાગનું જ્ઞાન થાય એ પણ વ્યવહાર છે, જ્ઞાન તો પોતાનું સ્વપરપ્રકાશકને લઈને થયેલું છે. આહાહાહા ! આવો બધો ફેર કયાં કરવો ? ( શ્રોતાઃ- આપ એકલા જ્ઞાનની વાત કરો છો શુષ્ક લાગે, ભેગી ક્રિયાની વાત કરો ) કાંઈ પણ ક્રિયા, આ રાગની ક્રિયા નથી ? આ ભેગી એ જ્ઞાનની એકાગ્રતા એ ક્રિયા નથી ? દ્રવ્ય છે વસ્તુ છે, અક્રિય છે, અને તેનું જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર થવું તે સક્રિય પર્યાય છે. નિશ્ચયથી તો એ શુદ્ધ પરિણામ થયા એય વ્યવહાર છે, સદભૂત વ્યવહાર છે. આકરી વાતું બહુ બાપુ ! બહું ખોલવા જેઈએ તો-આહાહા !

રાગ છે એ તો અસદ્‌ભૂત વ્યવહાર છે, અને તેને અસદ્‌ભૂત કહીને સત્‌માંથી નથી આવ્યા, એ પુદ્‌ગલના પરિણામ ગણીને તેનું અહીં જ્ઞાન થયું, એ તો જ્ઞાન છે તો પોતાનું, પોતાનું જ્ઞાન ને પરનું જ્ઞાન છે સ્વપરપ્રકાશક પોતાનું, પણ આહીં નિમિત્તને સિદ્ધ કરવું છે. કે ત્યાં એક ચીજ છે એનું આહીં જ્ઞાન થયું, એ જ્ઞાન છે એ આત્માનું, પણ રાગ એ આત્માનો નહિ. આહાહા !

"પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે" છે ને ? જ્યારે જ્ઞાનને લીધે, આત્માનું જ્ઞાન થયું રાગથી ભિન્ન પડીને એને લીધે આત્મા તે રાગદ્વેષઆદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે, તેઓ એક નથી પણ ભિન્ન છે. આહાહા ! એ રાગદ્વેષ ને સુખદુઃખના પરિણામ અને તેને જાણવાના પરિણામ બેય એક નથી પણ ભિન્ન છે. આહાહા ! એક નથી પણ ભિન્ન. "એવા વિવેકને લીધે" એવી ભિન્નતાને લીધે શીત-ઉષ્ણની માફક જેમ શીતને ઉષ્ણપણે પરિણમવું અશકય છે. આત્મા-આત્મા છે તે શીત ઉષ્ણનું જ્ઞાન કરે, તે જ્ઞાનરૂપે પરિણમે, પણ આત્માને શીત ઉષ્ણપણે થવું અશકય છે, એમ આત્મા રાગદ્વેષ સુખદુઃખનું જ્ઞાન કરે, પણ આત્માને રાગદ્વેષ સુખદુઃખરૂપે પરિણમવું અશકય, એનો વિસ્તાર વિશેષ છે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૮૬ ગાથા-૯૩ તા. ૦૪/૦૨/૭૯ રવિવાર મહા સુદ-૮

શ્રી સમયસાર–૯૩ ગાથા છે.

પાછળનું થોડું બાકી છે ને ? આંહિથી લેવું જુઓ ! શીતઉષ્ણની માફક વચમાં છે. જેમ પુદ્‌ગલની અવસ્થા ઠંડી અને ગરમ છે તે પણે આત્માપણે તે રૂપે પરિણમવું તે અશક્ય છે. ઠંડા ને ગરમની અવસ્થા એ જડની છે, એ આત્મા એ ઠંડા ને ગરમપણે પરિણમે એ અશક્ય છે. કારણકે ઇ જડ છે અને આ ચૈતન્ય છે. એ ચૈતન્ય જડની પર્યાયપણે થાય એ અશક્ય છે, એ તો દૃષ્ટાંત છે. આહાહા ! હવે અર્થાત જેમ શીતને ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશકય છે, છેને કૌંસમાં, કૌંસમાં છે. ઝીણી વાત છે આજ.

“જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવા રાગદ્વેષસુખદુઃખાદિ અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો” આહાહાહા ! જેમ ઠંડી અને ગરમ અવસ્થા પુદ્‌ગલની છે, એ આત્મા તે રૂપે થવું તે અશક્ય નામ બની શકે નહિ ત્રણકાળમાં, એમ આ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, અંતર જેને રાગથી ભિન્ન પડીને ભાન થયું છે, એવા ધર્મી જીવને રાગ ને દ્વેષ ને સુખદુઃખની કલ્પના જે પુદ્‌ગલની છે, એ રૂપે જ્ઞાનમાં થવું તે અશક્ય છે. આહાહા ! ઝીણી વાત બહુ. કયાં ટાઢી ઉની અવસ્થા એ પુદ્‌ગલની છે, ભગવાન આત્મા અરૂપી એ રૂપીપણે કેમ પરિણમે ? એમ, આત્મા રાગ ને દયા, દાન ને સુખદુઃખની કલ્પના એનાથી ભિન્ન પડીને જેને આત્મજ્ઞાન થયું, ધર્મ થયો જેને ધર્મ, આહાહા ! ધર્મ એટલે આત્મજ્ઞાન, ધર્મ એટલે આત્મા શુદ્ધ ચૈતન્ય છે એનો અનુભવમાં પ્રતીતિ, એવો જેને ધર્મ થયો, તે ધર્મીને રાગદ્વેષસુખદુઃખાદિરૂપે, એ અજ્ઞાન આત્મા અજ્ઞાન સ્વરૂપ છે. આહાહાહા ! ઝીણી વાત છે.

રાગ–દયા, દાન, વ્રત, ભક્તિનાં પરિણામ અને સુખદુઃખની કલ્પના એ અજ્ઞાન સ્વરૂપ છે. એ જડસ્વરૂપ છે, તે રૂપે જ્ઞાન સ્વરૂપ ધર્મી જીવ, જેને સમ્યગ્દર્શનજ્ઞાન ને ધર્મદશા પ્રગટી છે, એ ધર્મી એ રાગદ્વેષ ને સુખદુઃખ અજ્ઞાનપણે પરિણમવું તેને અશક્ય છે. આહાહા ! આવી વાત છે. ટાઢી ઉની અવસ્થા એ જડ, એ પણે પ્રભુ આત્મા ન થઈ શકે, એમ જેને રાગ ને દયા, દાન ને સુખદુઃખની દશાથી ભિન્ન પ્રભુ છે. આહા..... આહાહા ! એ તો કેવળજ્ઞાન ને કેવળદર્શનની મૂર્તિ પરથી ભિન્ન છે, બપોરે આવ્યું’તું. કેવળ એટલે એકલું જ્ઞાન ને દર્શન ને આનંદ એવો જે આત્મા એ દયા, દાન, વ્રત, ભક્તિ અને સુખદુઃખની કલ્પના, એનાથી તે ભિન્ન છે. એ ભિન્નનું જ્યાં ભાન છે, તેને અબે રાગદ્વેષ ને સુખદુઃખની અજ્ઞાનઅવસ્થા જેમાં જ્ઞાન નથી, પુણ્ય–પાપનો ભાવ અને સુખદુઃખની કલ્પના એમાં આ જ્ઞાનસ્વરૂપી ભગવાન એનું જ્ઞાન એમાં નથી. હિરાલાલજી. આહાહાહા !

જેમ ઠંડી અને ગરમ અવસ્થામાં આત્માનું જ્ઞાન નથી જ્ઞાનનો એમાં અભાવ છે તેથી તે રીતે થવું આત્મામાં અશક્ય છે, એમ જેને રાગદ્વેષ પુણ્ય–પાપના ભાવ, એનાથી ભગવાન ભિન્ન છે, એવું જેને સમ્યગ્દર્શન જ્ઞાન ને ધર્મ થયો, આહાહાહા ! આકરી વાતું છે. એ ધર્મી જીવ જ્ઞાનસ્વરૂપ ને આનંદસ્વરૂપે હોવાથી, તેની પર્યાયમાં પરિણમન તો જ્ઞાન ને આનંદનું છે એને

રાગદ્વેષ ને સુખદુઃખ જેમાં જ્ઞાનનો અભાવ છે, એવા અજ્ઞાનપણે જ્ઞાન કેમ પરિણમે ? આહાહાહા ! ઝીણી વાત બહુ. સમજાણું કાંઇ ? જુઓ આવો ધર્મ, આવો ધર્મ કોઇ છે ? જે દયા, દાન, વ્રત, ભક્તિનાં પરિણામ થાય, કે ઇષ્ટઅનિષ્ટ લાગી ને કંઇક સુખદુઃખની કલ્પના થાય, એવી દશામાં આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેના અંશનો એમાં અભાવ છે. આહાહા ! તેથી તે અજ્ઞાનસ્વરૂપ છે. અજ્ઞાન એટલે ? મિથ્યાત્વ સ્વરૂપ એમ નહિ.

છે ? અજ્ઞાનાત્મા એટલે પુણ્ય ને પાપનો ભાવ અને સુખદુઃખની કલ્પના, એ અજ્ઞાનસ્વરૂપ એટલે કે જ્ઞાનસ્વરૂપ એમાં નથી. આહાહા ! અજ્ઞાનાત્મા એટલે મિથ્યાત્વ આત્મા એમ નહિ, આંહીં અજ્ઞાન એટલે કે જેમાં જ્ઞાન નથી. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ એવું જેને અંતરમાં ભાન થયું, તે ધર્મી જીવ, તે જ્ઞાની જીવ કહો કે ધર્મી કહો, એ જ્ઞાની જીવ રાગ ને દયા, દાનના વિકલ્પ જે અજ્ઞાન સ્વરૂપ છે, એ રૂપે જ્ઞાનને થવું અશક્ય છે. આરે આવી વાતું હવે. આંહીં તો દયા, દાન ને વ્રતના પરિણામ કરે એટલે ધર્મ થઇ ગયો લ્યો અજ્ઞાનીને. ( શ્રોતાઃ- સહેલું છે ને ) સહેલું શું ? અનાદિનું અજ્ઞાન છે. આહાહા !

આહીં તો ચૈતન્ય સ્વરૂપ જે આત્મા, બપોરે તો આવ્યું'તું ને કે, ભગવાનને જેમ કેવળજ્ઞાન ને કેવળદર્શન દશામાં છે, એ જેમ પરથી ભિન્ન છે, એમ આ ભગવાન અંદર કેવળ એકલું જ્ઞાન ને એકલું દર્શન ને એટલે એકલો આનંદ એવો જે ભગવાન આત્મા એ શુભ-અશુભ દયા, દાન, વ્રતના પરિણામ ને કામક્રોધના પરિણામ અને સુખદુઃખના ભાવથી તે ભિન્ન છે. કહો સમજાણું કાંઈ ? આહાહા !

એ અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો, આહાહા..... કહો બલુભાઈ, આ શું તમે આ દવાનું છોડયું ને એમાં રાગ હતો, એ રાગરૂપે પરિણમે છે એ અજ્ઞાન છે. એમ કહે છે. હેં ? આપે શું ? દાખલો આપું ને, ઘરનો દાખલો. આહાહા ! શશીભાઈ ! આહા !

ભગવાન આત્મા એ તો જ્ઞાન સ્વભાવ, આનંદસ્વભાવ, દર્શન સ્વભાવ, પ્રભુત્વ સ્વભાવ, ઈશ્વર સ્વભાવ, સ્વચ્છત્વ સ્વભાવ એવો જે ભગવાન આત્મા, જેને ધર્મ પ્રગટયો છે, એટલે કે દયા, દાન, વ્રત, કામ, ક્રોધનાં પરિણામથી ભિન્ન આત્માને જાણ્યો છે, અને જેને આત્મજ્ઞાન થયું છે, આત્મજ્ઞાન એટલે સમ્યગ્દર્શન, જ્ઞાનની અપેક્ષાએ આત્મજ્ઞાન ને શ્રદ્ધાની અપેક્ષાએ સમ્યગ્દર્શન, એવો જે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાની જીવ, જેમ ઠંડી ગરમ અવસ્થાપણે થવું તે ચૈતન્યને અશક્ય છે, થઈ શકે નહિ કોઈ'દિ. એમ ભગવાન આત્મા જ્ઞાન ને આનંદમૂર્તિ પ્રભુ એવું જેને અંતરમાં સમ્યગ્દર્શન ને ધર્મની દશા પ્રગટી છે, એ ધર્મી જે રાગ ને સુખદુઃખની કલ્પના વ્રત તપનો વિકલ્પ, એ તો અજ્ઞાન છે એમાં જ્ઞાનનો અભાવ છે, એટલે કે આત્માનો એમાં અભાવ છે, એથી તે અજ્ઞાનાત્મા કીધો આંહીં. આહાહાહા ! ભારે આવે આ રવિવાર આવે છે તમારે ત્યારે ભારે આવે છે વાત, ભાવનગર, આવી વાત છે પ્રભુ ! આહાહાહા ! ન્યાં તો રવિવારના ભારે આવે છે. આ રવિવાર આવે છે તમારે ત્યારે આવે છે ભાવનગરથી લોકો આવે ત્યારે સારું આવે છે. શશીભાઇ ? આહાહા !

પ્રભુ ચૈતન્ય જ્યોત છે અંદર એ જ્ઞાનનો દિવડો પ્રભુ છે, જ્ઞાનનો સૂર્ય, જ્ઞાનનો ચંદ્ર છે, એવું જેને અંતરમાં એ શુભ-અશુભભાવ ને સુખદુઃખની કલ્પનાથી ભિન્ન પડી અને જ્ઞાન ને

આનંદનું જ્યાં ભાન થયું છે, એટલે કે આત્મજ્ઞાન અને આત્મદર્શન થયું છે, તે જીવ, એ રાગ અને દ્વેષ ને સુખદુઃખની કલ્પના, જે અજ્ઞાનાત્મા છે. એમાં જ્ઞાનસ્વરૂપ નથી અજ્ઞાનસ્વરૂપ છે. આત્મા એટલે અજ્ઞાનસ્વરૂપ એમ, છે ? બહુ ટૂંકી ભાષા, માલ ભર્યો છે એકલો. આહાહા !

અજ્ઞાનસ્વરૂપ વડે, ચૈતન્યજ્ઞાન ને આનંદસ્વરૂપ પ્રભુ, એવું જેને અંતરમાં ભાન થયું, ધર્મી જીવને એનું ભાન હોય છે ત્યારે એને ધર્મી કહેવાય છે. એવા ધર્મીને એટલે કે જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા, આનંદસ્વરૂપ એવો ભગવાન આત્મા એનું જ્યાં અંતર રાગથી ભિન્ન પડીને ભાન થયું એ ભાનવાળો જીવ એ દયા, દાન ને કામક્રોધનાં પરિણામ ને સુખદુઃખની અવસ્થા એ અજ્ઞાન સ્વરૂપ છે, એ જ્ઞાન સ્વરૂપ નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

શું કીધું ઈ ? એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ અજ્ઞાનસ્વરૂપ છે, કેમ કે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એ જ્ઞાનનો એકેય અંશ એ દયા, દાન, વ્રત, ભક્તિનાં પરિણામમાં એ અંશ આવ્યો નથી. આહાહાહા ! કહો ચીમનભાઈ આવું તત્વ છે. આહાહા ! હવે સાંભળવા મળે નહિ, પ્રભુ તું કોણ છો ? શ્રીમદ્માં આવ્યું નહિ, ન્યાં તો સોળ વરસે શ્રીમદ્ સોળ વરસે, "હું કોણ છું ક્યાંથી થયો શું સ્વરૂપ છે મારું ખરું, કોના સંબંધે વળગણા છે રાખું કે પરહરું, એના વિચાર વિવેક પૂર્વક" રાગથી ભિન્ન પડીને આત્માનું વિવેક નામ ભેદજ્ઞાન થયું "એના વિચાર વિવેક પૂર્વક શાંત ભાવે જો કર્યા, તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા." આહાહાહા ! જેને અહીં દુનિયા અત્યારે દયાનો ભાવ, વ્રતનો ભાવ, તપસ્યા, અપવાસ કરું એવો જે વિકલ્પનો ભાવ એને દુનિયા ધરમ માને છે, એને અહીંયા પરમાત્મા ત્રિલોકનાથ, વીતરાગ જિનેશ્વરદેવ, વીતરાગભાવે ધર્મ થાય અને રાગભાવે ન થાય એમ બતાવે છે. આહા.....

વીતરાગ ભાવે એટલે ? આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ છે, એવી જે દૃષ્ટિ અને પ્રતીતિ ને રમણતા થઈ એ વીતરાગ ભાવ છે, અને વસ્તુ પોતે જિનસ્વરૂપ છે. વસ્તુ ભગવાન આત્મા જિન વીતરાગ સ્વરૂપ છે એ વીતરાગ સ્વરૂપ, વીતરાગ પર્યાયપણે પરિણમે, એ તો એનો ધર્મ છે. આહાહાહાહા ! પણ એ વીતરાગ સ્વરૂપ જેને જ્ઞાનમાં ભાન આવ્યું છે. એ દયા, દાન, વ્રત, ભક્તિનાં પરિણામ જે તપનાં અપવાસના એવો જે રાગ અને સુખદુઃખની કલ્પના એ અજ્ઞાનસ્વરૂપે જ્ઞાનસ્વરૂપ( નું ) પરિણમવું અશક્ય છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે અજ્ઞાનસ્વરૂપે થવું તે અશક્ય છે. આહાહા !

સાંભળવું આકરું પડે, વાડા બાંધીને બેઠા, વ્રત કરો ને અપવાસ કરો ને સામયિક કરો ને પોહા કરો એ ધર્મ, ધૂળેય નથી. એ તો રાગની ક્રિયા છે, બાપા તને ખબર નથી ભાઈ ! અને એ રાગ તે અજ્ઞાનસ્વરૂપ છે. એટલે ? એમાં જ્ઞાન ચૈતન્ય જ્યોતિ પ્રભુ એનો કિરણ એ રાગમાં આવ્યો નથી, રાગ તો અંધારું છે. આહાહાહાહા ! કહો હિરાલાલજી ! ઈ ગયું પણ આ સાંભળવાનું રહી ગયું, એટલે બાપુ ભાગ્યશાળી કહોને, બાકી એ તો થવાનું હોય એ થાય બાપુ, એમાં કાંઇ છે નહીં. ભાગ્યશાળી. હિંમત બહુ રાખી છે એણે બહુ. ઓહોહો ! કાંઇ જાણે થયું જ નથી. આહાહાહા !

આહીં તો કહે છે પ્રભુ ( શ્રોતાઃ- આપના બોધનો પ્રતાપ છે ) નરમ માણસ બહુ નરમ માણસ છે. ભગવાન, તને તો ભગવાન તરીકે તો પ્રભુ બોલાવે છે પ્રભુ. ૭૨ ગાથા સમયસારની ભગવાન આત્મા ! પુણ્ય ને પાપનાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ

અશુચિ છે એમ ૭૨ ગાથામાં છે. અશુચિ છે પ્રભુ તને ખબર નથી એ મેલ છે, એ દયા, દાન, વ્રત, ભક્તિનાં પરિણામ અશુચિ મેલ ને દુઃખ છે અને વચમાં એને જડ કીધો છે, એ આહીં લીધું છે. ત્રણ બોલ લીધા છે ૭૨ ગાથામાં, આવી ગયું આપણે. અરેરે દુનિયાને મળે નહિ સાચું સાંભળવાનું બિચારા કયાં જાય. માણસપણું મળ્યું આખો દિ' પાપમાં ધંધામાં રોકાય, નવરો થાય તો વળી બાઈડી છોકરાવને રાજી કરવામાં જાય. અરરર ! એમાં સાંભળવા જાય કલાક, ત્યાં એને એમ કહે તને વ્રત કર ને અપવાસ કરને તને ધર્મ થશે. કુગુરુ એનો કલાક લુંટી લ્યે. આવી વાત છે બાપુ. આહા !

જિનેશ્વરદેવ તીર્થંકર વીતરાગ મૂર્તિ પ્રભુ. એ વીતરાગનો ધર્મ વીતરાગભાવે થાય, વીતરાગનો ધર્મ રાગ ભાવે ન થાય. એ વીતરાગી સ્વરૂપ જિન, એનો આશ્રય લઈને એટલે કે સમ્યગ્દર્શનની પર્યાય સ્વતંત્ર કર્તાપણે થઇ અને તેનું લક્ષ કરે છે દ્રવ્ય ઉપર, ત્યારે તેને વીતરાગી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, ચોથે ગુણસ્થાને. આહા ! ઇ વીતરાગ સ્વરૂપની પ્રતીતિનું જ્ઞાન થતાં વીતરાગ પર્યાયરૂપે દર્શન થાય છે. સમ્યગ્દર્શન, એ વીતરાગપણે પરિણમનારો ધર્મી, એ દયા, દાન, વ્રત ને તપનાં વિકલ્પના રાગપણે અજ્ઞાનપણે કેમ પરિણમે ? આહાહા ! એ મૂળચંદભાઈ આવું છે જરી બાપુ ! આહા..... દુનિયામાં આકરું પડે લોકોને. અત્યારના સાધુઓ ને સાંભળનારા બધાયે આ કરો આ કરો, વ્રત કરો અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો, એ તો રાગની ક્રિયા છે. ( શ્રોતાઃ- એને સાચુ બીજું ખબર હોય તો બતાવે ને ? ) એ તો હવે બધો ફેરફાર થઇ ગયો છે બહુ ઘણો. આહાહાહા !

વીતરાગ મૂર્તિ પ્રભુ આત્મા, જિનસ્વરૂપી એનું સ્વરૂપ જ જિનસ્વરૂપ છે, અકષાય સ્વરૂપ વીતરાગસ્વરૂપ પ્રભુ છે, એનો જેણે આશ્રય લઈને, અવલંબન લઈને, જેને આત્મજ્ઞાન એટલે કે નિર્વિકલ્પ વીતરાગી જ્ઞાન પ્રગટયું, સમ્યગ્દર્શન એટલે કે વીતરાગી પર્યાય પ્રગટી અને સ્વરૂપમાં રમણતા એવું વીતરાગી ચારિત્ર પ્રગટયું એ ત્રણેય આંહીં ભેગું લીધું. ભલે ચોથે વીતરાગી વિશેષ ચારિત્ર ન હોય, પણ સ્વરૂપ આચરણ વીતરાગી હોય છે. સમજાણું કાંઈ આમાં ? આહાહા ! શ્રાવક થવા પહેલાંની વાત છે. શ્રાવક જે પાંચમાં ગુણસ્થાનની છે દશા, એ આ શ્રાવક છે એ બધા શ્રાવક નથી કોઇ. આહાહાહા !

શ્રાવક તો એને કહીએ કે 'શ્ર' વર્ણ 'ક' શ્રાવક છે ને ? જેણે વીતરાગી સ્વરૂપ શ્રવણ કર્યું, છે ? અને જેણે વીતરાગી સ્વરૂપ 'વ' નામ વિવેકે પરથી ભિન્ન પાડીને પ્રગટ કર્યું છે. શ્રાવક છે ને ? અને જેણે વીતરાગી પર્યાય કરી છે, એને શ્રાવક અથવા સમકિતી કહીએ પહેલો. આહા ! આવો મારગ હવે.

એ આંહીં કહે છે. જેમના રૂપે આત્મા વડે થવું પરિણમવું એટલે થવું "આત્મા વડે જેમનારૂપે થવું અશક્ય છે" એવા રાગદ્વેષ સુખદુઃખાદિરૂપે અજ્ઞાનસ્વરૂપ એ રાગ ને સુખદુઃખના ભાવમાં, દયા, દાનના ભાવમાં તો અજ્ઞાન છે. આહાહાહા ! આંહીં તો "દયા તે સુખની વેલડી ને દયા તે સુખની ખાણ" આવે છે ને ? એ દયા નહિં ભાઈ. એ પરની દયાનો ભાવ તો રાગ છે. એ રાગ છે તે અજ્ઞાન સ્વરૂપ છે, એમાં જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, આત્મસ્વરૂપ એ રાગમાં નથી. આહાહા !

"એ સુખદુઃખાદિપણે અજ્ઞાનસ્વરૂપ વડે જરાય નહિ પરિણમતો" ભાષા તો જુઓ, જુઓ આ સંતોની વાણી, વીતરાગ પરમાત્મા જિનેશ્વરદેવ, ત્રિલોકનાથ સીમંધર ભગવાન બિરાજે છે, એની આ વાણી આવી છે. મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે, જિનેશ્વરદેવ નમો અરિહંતાણં છે, મહાવીર પરમાત્મા આદિ તો નમો સિદ્ધાણંમાં થઇ ગયા એ તો સિદ્ધ. અહીં હતા ત્યાં સુધી અરિહંત હતા, સિદ્ધ થઇ ગયા. આ અરિહંતપણે બિરાજે છે, અરિહંતને વાણી હોય છે જડની, સિદ્ધને વાણી અને શરીર હોતા નથી. આહાહા ! એ વાણી દ્વારા આ આવ્યું એ સંત કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા ને દિગંબર મુનિ, એ સંદેશ પ્રભુનો, આ લાવ્યા કે પ્રભુ તો આમ કહે છે. એમને તો હતું જ તે.

સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવનો આ હુકમ છે, કે જેને દયા, દાન ને વ્રતના વિકલ્પથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન ને ધર્મ થયો, એ ધર્મી જીવ રાગરૂપે પુણ્ય-પાપરૂપે વ્રતનાં વિકલ્પરૂપે એ અજ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાનસ્વરૂપી પ્રભુ, અજ્ઞાન સ્વરૂપે કેમ પરિણમે ? જરાય નહિ પરિણમે. આહાહાહા ! આવી વાત સાંભળવા મળવી મુશ્કેલ બાપુ ! આહાહા ! આટલી લીટીમાં તો કેટલું ભર્યું છે ? છે ને ?

વાણીયા વ્યાજ નથી કાઢતા ચક્રવૃદ્ધિ, આઠ આનાની તેરીકે હતું ને પહેલું, હવે વળી આ દોઢ થઈ ગયો, પહેલાં આઠ આના અને બેંકમાં ત્રણ આના હતા. બેંકમાં ત્રણ આના સાંઈઠ વરસ પહેલાં ને અત્યારે તો દોઢ રૂપિયો થઈ ગયો. તમારે ન્યાં બેન્કમાં કયાંક બારઆના કે એમ થઇ ગયું. એમ કહે લોકો કહે તે સાંભળ્યું હોય આપણે કયાં ન્યાં એના વ્યાજ કાઢવા હોય તો કાઢે કે, 'સો' નું દોઢ રૂપિયાનું વ્યાજ, પાંચ લાખનું એક દિવસનું કેટલું વ્યાજ આવે, એ ચઢાવે, એ ચઢાવીને બીજે દિવસે એના સહિતનું દોઢ ટકાનું વ્યાજ ચઢાવે એવું બાર મહિનાનું ચઢાવે એનું નામ ચક્રવૃદ્ધિ વ્યાજ કહેવાય.

આહીં પરમાત્મા ત્રિલોકનાથ આત્માનું વ્યાજ ચડાવે છે, બાપુ આત્મા તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે ને પ્રભુ. એ તો જ્ઞાન ને આનંદરૂપે થાય ને ? આહાહાહાહા ! સમજાણું કાંઇ ? એ તો જાણવું દેખવું ને આનંદરૂપે થાય ને ? આહા ! એ રાગ ને પુણ્ય ને દયા, દાન ને સુખદુઃખની કલ્પના તો અજ્ઞાનસ્વરૂપ છે ને ? એમાં જ્ઞાનસ્વરૂપ નથી. અજ્ઞાન એટલે ? એ જ્ઞાનસ્વરૂપી ભગવાન, એ રાગ અજ્ઞાન સ્વરૂપે કેમ પરિણમે, છે ? એ અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો" ભાષા આકરી છે ને ? એટલું જ. ધર્મી જીવ તો જ્ઞાન ને આનંદરૂપે પરિણમતા જે રાગાદિ થયો તેને પરજ્ઞેય તરીકે જાણે. આહાહાહા ! સમજાણું કાંઇ ?

આવી વાત હવે કહે છે. આ તો ચોથા આરાની વાતો હશે ? પાંચમાં આરાના સાધુ તો પાંચમાં આરાના શ્રોતાને તો સંભળાવે છે. ( શ્રોતાઃ- મુનિ માટે નથી ) આ તો હજી ચોથા ગુણસ્થાનની વાત કરે છે, એ પહેલાં આવી ગયું છે, અપ્રતિબુદ્ધને સમજાવે છે. આહા ! જે કાંઇ અનાદિનો અજ્ઞાની છે તેને સમજાવે છે અને સમજ્યો ત્યારે એની કેવી દશા હોય એનું આ વર્ણન છે. આહાહાહા ! સમજાય છે કાંઇ ? ભાષા તો સાદી છે, ભાવ બીજો. આહા ! આટલી એક લીટીમાં તો કેટલું ભર્યું છે. આહાહાહા !

"જેમના રૂપે આત્મા વડે પરિણમવું" જેમના રૂપે એટલે ? કે "રાગદ્વેષ સુખદુઃખાદિરૂપે"

જેમના વડે એટલે કે આત્મા વડે, જેમના રૂપે આત્મા વડે આનંદરૂપે આનંદજ્ઞાન વડે, જેમના રૂપે એટલે રાગદ્વેષ સુખદુઃખાદિરૂપે, અજ્ઞાનપણા વડે જરાય નહિ પરિણમતો, છે કે નહીં સામે લીટી ? આહા !

અરે ૮૪ના અવતાર કરી કરીને દુઃખી થઇને હેરાન થઇ ગયો છે. એ બધા કરોડોપતિ ને અબજોપતિ બિચારા ભિખારા, ભગવાન એને ભિખારા કહે છે. કેમ ? માગણ, માગણ છે માળા પૈસા આપો, બાઈડી મળે, આબરૂ દો, આબરૂ લાવો મોટો કહો, માગણ છે મોટો ભિખારી માળો. ( શ્રોતાઃ- ભાવનગર દરબારને કહ્યું'તું ને ) કીધું'તું ને દરબારને પોતાને કહ્યું'તું ને ભાવનગર દરબાર, ભાવનગર દરબાર આવ્યા'તા કરોડ રૂપિયાની પેદાશ કૃષ્ણકુમાર આવ્યા'તા ને વ્યાખ્યાનમાં બે વાર આવ્યા'તા. લાખ માગે નાનો માગણ કરોડ માગે મોટો માગણ છે કીધું, અંદર ભગવાન આત્મામાં અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, અનંતપ્રભુતા, અનંતસુખ પડયું છે મહાલક્ષ્મી. એની તો માગણી નથી ને આ માગણી ધૂળની. બે પાંચ કરોડ રૂપિયા થયા જાણે કે હું મોટો વધી ગયો, ભિખારો છો મોટો, માળા, રાંકા, એય આહીં તો આવું છે. શાસ્ત્રમાં એને વરાકા કહ્યા છે, ભગવાને વરાકા એટલે ભિખારી, માગણ માગણ માગણ પૈસા લાવો, બાઈડી સારી લાવો, છોકરા સારા લાવો, આબરું મોટી લાવો, માગણ માગણ માગણ તે મોટો માગણ માળો...

ધર્મી છે એ માગણ મટી જઇને આત્મામાં અંદર માગે છે, આત્મામાંથી લાવો શાંતિ, કહો રસિકભાઈ આવું છે. આ એક લીટીમાં ઘણું છે.

"નહિ પરિણમતો થકો, જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો" શું કહે છે હવે. જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા, એ રાગાદિ દયા, દાન સુખદુઃખની કલ્પનાના અજ્ઞાન સ્વરૂપે નહિં થતો, જ્ઞાન સ્વરૂપને પ્રગટ કરતો, જ્ઞાનનું જ્ઞાનત્વ, આત્માનું આત્મપણું, આત્માનું આત્મપણું, આત્મા- જ્ઞાન તેનું જ્ઞાનપણું, પર્યાયમાં. આહા ! છે ને સામે શ્લોક, આ સોનગઢનો નથી હોં આ. એ અમારે બલુભાઈ કહેતા કે આ પુસ્તક તો સોનગઢનું છપાયેલું છે ને ? બીજાને કહેવા સારું સમજાવવા. આ તો બાળક ને બધાને સમજાય એવી વાત છે પ્રભુ. શરીર, શરીરનું કામ કરે, જડ જડનું કામ કરે, પ્રભુ તારે અને એને શો સંબંધ છે ? અરે અહીંયા રાગ થાય તોય કહે છે કે તારે ને એને શો સંબંધ છે પ્રભુ ! આહા ! એ વ્રતનો ને તપનો ને અપવાસનો ને આ વર્ષીતપનો ને જે વિકલ્પ ઉઠે એ રાગ છે, તપસ્યા બપસ્યા ત્યાં નથી એ તો લાંધણ છે બધી. અત્યારે લક્ષ બલુભાઈનું નહોતું હોં, અત્યારે સમુચ્ચય હતું. સમજાણું કાંઇ ? આહા !

એ વિકલ્પ છે. વૃત્તિ ઉઠે છે એ રાગ છે. ભાઈ એને તું ધર્મ અને તપ માને છો, મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ, સંસારભાવ, રખડવાનો ભાવ છે. અજ્ઞાન સ્વરૂપ છે એ. આહા ! ભારે આકરું કામ અરે કેટલા દુઃખો સહન કર્યા છે એણે સંસારમાં એના દુઃખો દેખી જોનારાને આખ્યુંમાં આંસુ હાલ્યા છે, બાપુ તને ખબર નથી. ભૂલી ગયો તું પ્રભુ. કચ્ચરઘાણ માથે ફરી વળે. આહાહા ! રેલ ફરી વળે, કચરા, ભુકકો. અમારે પાલેજમાં થયું હતું. એક ફેરી હું ઊભો તો જરી એમાં રેલ માથે ફરી ગઈ ભુકકો, જોવા ગયા'તા બધા પછી અમને જોવા ન દિયે માળા. એવું તો અનંતવાર થયું છે. ( શ્રોતાઃ- શરીરને થયું છે ) શરીરની સ્થિતિ એવી અનંતવાર થઇ

પણ તેં તેને મારી માની છે ને રખડી મર્યો છો, એ તો જડની દશા છે, એને તો કયાંય રાખ્યું જુદું, આંહીં તો દયા, દાન ને વ્રતનું પરિણામ પણ રાગ છે, તારાથી ભિન્ન ચીજ છે. એ તારી ચીજ નહિ ને એ તારામાં નહિ ને તું તેમાં નહિ. આવું, હવે વિરોધ તેથી કરે છે ને સોનગઢનો, અરેરે ત્યાં તો દયા, દાન, વ્રતનાં પરિણામને પણ રાગ કહે છે, ઝેર કહે છે, ઝેર છે, આત્મા અમૃત સ્વરૂપ છે પ્રભુ, સુખસ્વરૂપ છે, એનાથી ઉલટું રાગ તે ઝેર સ્વરૂપ છે, દુઃખસ્વરૂપ છે આહા ! ( શ્રોતાઃ– આત્માની શક્તિને હણી નાખે છે ) અરે હણી શું ? હિંસા કરે છે પોતાની એને ખબર કયાં છે ભાન. આહા !

“જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો” આહા ! ધર્મી જીવ એને કહીએ કે આત્મસ્વરૂપ ‘જ્ઞાન’ શબ્દે આખો આત્મા છે, આંહીં આખો આત્મા છે, તેનું આત્મપણું પ્રગટ કરતો, રાગને પ્રગટ કરતો એ તો અજ્ઞાનસ્વરૂપ છે, એને પ્રગટ નહિ કરતો, આહા ! જ્ઞાનનું એટલે આત્માનું આત્મપણું એટલે વીતરાગીપણું પ્રગટ કરતો પોતે જ્ઞાનમય થયો થકો, આહાહા..... પોતે વીતરાગી પર્યાયપણે થયો થકો, આરે આવો ધર્મ, ભાઈ આવો તો અમે અત્યાર સુધી કયાંય સાંભળતા નહોતા, જૈન ધર્મમાં સ્થાનકવાસીમાં જાય તો કહે સામાયિક કરો, પોહા કરો, પડીકમણા કરો, ચોવીહાર કરો, કંદમૂળ ન ખાવ, આવું સાંભળીએ છીએ. આ વળી કયાંથી કાઢયું નવું. શ્વેતાંબર દેરાવાસીમાં જાય તો કહે ગિરનારની જાત્રા કરો, સમેતશિખરની પૂજા કરો ભક્તિ, કર્મ દહનની, શું કહેવાય એ ? પૂજા કરો. પૂજા કરો, પણ એ બધી બાપુ તને ખબર નથી. એ બધા પરિણામ જો અંદર હોય તો શુભરાગની ક્રિયા છે, અને બહારની ક્રિયા જે છે હો હા સ્વાહા, ઓમ, એ તો જડની ક્રિયા છે, શરીર આમ બોલે ભાષા નમો અરિહંતાણં–અરિહંતાણં એ તો જડની ક્રિયા છે “નમો અરિહંતાણં,” તિખ્ખુતો આયરિયાણં તે, એ તો જડની ભાષામાં જાય છે, એ કાંઇ તારી છે ? અને અંદર રાગ થાય છે, એ રાગ એ પણ વિકાર છે. આહાહાહા ! હવે આવું હોય ત્યાં પછી વિરોધ કરે ને બિચારા, ( શ્રોતાઃ– નો સમજે એ કરે ) નો સમજે તો કરે, શું થાય ? આહાહાહા ! આ બે ત્રણ લીટીમાં તો કેટલું ભર્યું છે ?

“નિજ પદ રમે સો રામ કહીએ,” એ રાગમાં રમે તે હરામ કહીએ. આનંદઘનજી કહે છે. એમ અહીંયા આત્માનું આત્મપણું પ્રગટ કરતો, એ રાગનું પ્રગટ કરવું એ તો અજ્ઞાનપણું છે, એ એને નહિ પ્રગટ કરતો, એ રૂપે નહિ થતો, ગાથા તે ગાથા. પોતે જ્ઞાનમય થયો થકો, ધર્મી જીવ જ્ઞાન એટલે આત્મારૂપ થયો થકો, “શુદ્ધ શ્રદ્ધા ને શુદ્ધ જ્ઞાન ને રાગ રહિત દશા સ્વરૂપઆચરણ એ રૂપે થયો થકો” આ હું રાગને જાણું છું જુઓ, છે ખરો. આહા ! ધર્મી છે એને હજી રાગ આવે છે, પણ એ રાગને હું જાણું છું, હું જાણનારો છું, રાગરૂપે થનારો હું નથી. આહા ! કહો દેવીલાલજી ! કયાં આમાં કયાંક સ્થાનકવાસી અને દેરાવાસી, રાડ નાખેને બિચારા પછી વિરોધ ન કરે ? એ સોનગઢીયાએ તો આમ કર્યું, આમ. ( શ્રોતાઃ– અહીં આવીને સાંભળે તો ખબર પડે ) કરે બિચારા ખબર નથી, ધર્મ શું છે વીતરાગનો પરમેશ્વર ત્રણલોકના નાથ કોને ધર્મ કહે છે, તે બિચારાને સાંભળવું મળતું નથી, એની જીંદગીયું જાય, ચાલી જાય છે અજ્ઞાનમાં. આહા !

આહીં કહે છે “આ હું” , આ હું, હું તો ચૈતન્ય સ્વરૂપી હું “રાગને જાણું છું”. રાગ થાય, પણ તેને હું જાણનારો છું. રાગ મારું સ્વરૂપ છે તેમ નહિ તેમ રાગ મને જાણવામાં આવતો નથી

એમ નહિ, જાણવામાં આવે છે, છે, છે. આહાહા ! આ હું, રાગ એટલે પુણ્ય-પાપના દયા, દાન, વ્રત, ભક્તિનાં કામ પરિણામને, રાગને હું જાણું જ છું, જાણું 'જ' છું એમ કીધું છે. એકાંત ? કથંચિત્ જાણું છું અને કથંચિત્ રાગરૂપે થાઉં છું એમ નહિ ? 'જ' છે. આહાહાહા !

અધિકાર સારો આવ્યો હીરાલાલજી, બહુ સરસ અધિકાર છે આ આવ્યા છો ને બરાબર, ગાથા બહુ સારી, બહુ મીઠી. અમૃતના સાગર ઉછાળ્યા પ્રભુએ તો, ( શ્રોતાઃ- આ ગાથામાં આપે એકડો ઘૂંટાવી બહુ દીધો છે ) એમાં છે, ભર્યું છે એટલું. આંકડો એક કરોડ છે એમ લખાય, પણ એના, અત્યારે વળી નોટું થઇ, પહેલા રૂપિયા હતા એ કરોડ તો કેટલી કોથળીયું થાય ? પહેલા તો ક્યાં નોટું હતી ? રોકડ રકમ હતી, આપણે દામોદર શેઠ હતા ને ? દામનગર દામોદર શેઠ, તે દિ' રોકડ રૂપિયા બહુ ને દસ લાખ રૂપિયા, પછી રૂપીયા આવે બહારથી લાખ બે લાખ કોથળી, હજાર હજારની સો કોથળી, બસે કોથળી, મજુરને અંદર જવા ન દયે. અંદર પટારા હોય ત્યાં ઘરના માણસ ત્યાં દિકરાને બોલાવે અંદર, અંદર લઇ જાય. મજૂર લાવે પણ બહાર મુકી જાય, પછી અંદર લઈ જાય પછી એમનો એક દિકરો હતો, રાયચંદ કરીને, દામોદર શેઠનો પરણ્યો'તો બિચારો રાજકોટમાં. પરણીને છ મહિને ગુજરી ગયો, વૈશાખે પરણ્યો ને આસો સુદ પૂનમે ગુજરી ગયો. પણ એ ભણતો' તો પૂના પછી પૂનામાં ભણતો'તો તે દિ' હતો. ઘણાં વર્ષ પહેલાં ભાઈ પૂના રહે છે અત્યારે એ ૭૩-૭૪ ની વાત છે. ઇ પૂનામાં ૭૩ ને પાળીયાદ ચોમાસું હતું એ એને પૈસા આપતા એનો બાપ, ખર્ચના પુસ્તકના બધાના, પણ એણે એક વાર લખ્યું બાપુજી, તમે ખર્ચાના આમ પૈસા આપો છો પણ મહિને મારે બસે ગુંજાના બીજા જોઇશે. ખીસા ખર્ચીના. આહાહાહા ! ત્યારે પાછું એણે લખ્યું બાપુજી, બે ભાઈ હતા બીજા, ત્રણ ભાઈ હતા, તમને જો ન એવું હોય તો ભાઈનું કે કાકાના નામે કે તમારે નામે લખી ને આપો પણ જ્યારે ઓલા રૂપીયા આવે છે, ત્યારે કેઈડું ભાંગે છે ઇ અમારી ભાંગે છે, કહે છે કોથળીયું અમે મુકવા જાઇ છીએ ત્યાં અંદર, સો સો બસે બસે કોથળી આવે ગૃહસ્થ માણસને, હજાર હજારની કોથળી હોય બધી, ઉપાડીને અમારે મુકવું પડે છે. એય ! દુનિયાને આકરું લાગે બસે રૂપિયા ખર્ચના અમે ગરીબને ઘરે નથી આવ્યા, સારા ઘરે આવ્યા છીએ, પૈસા ઠેકાણે, ખર્ચના બસે જોઇશે ગુંજાના બીજા મોકલો, આહીં તો કહે છે પ્રભુ તારો ખર્ચ તો આત્માના આનંદનો ખર્ચ છે એને મોકલ. આહા !

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ જ્ઞાનસ્વરૂપ વીતરાગ સ્વરૂપ એનું પરિણમન થવું તે એનો આત્માનો તે ભોગવટો છે, એ આત્માનો ભોગ છે, એ જીવ રાગપણે જરીયે નહિ થતાં, એને જાણું જ છું. દેવ ગુરુ શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ આવે, વ્રતનો રાગ આવે, ભક્તિ ભગવાનની ભક્તિનો રાગ આવે પણ ધર્મી કહે છે કે હું તો એનેય જાણું જ છું. એ રાગરૂપે હું થતો નથી, પરિણમતો નથી. આહાહાહાહા ! કહો રસિકભાઈ ! આમાં કલકત્તામાંય નથી ને ક્યાંય નથી બીજે, કયું ગામ તમારું હેં. વાંકાનેર ન્યાંયે ન મળે. આહાહાહા ! પ્રભુ તારું સ્વરૂપ અંદર આનંદ ને જ્ઞાન છે પ્રભુ, એ રાગના પરિણામ એ વિકલ્પ છે, એ તારું સ્વરૂપ નથી. આહા !

એથી જેને રાગથી ભિન્ન પડીને, ધર્મની દૃષ્ટિ, સ્વભાવની દૃષ્ટિ થઈ છે, તે દૃષ્ટિવંત એમ કહે છે, કે મારું જ્ઞાન સ્વરૂપ આત્મ સ્વરૂપ તે રાગરૂપે થવાને અશક્ય છે. હું તો મારા જ્ઞાન ને આનંદના પરિણામપણે પરિણમું એ મારી સામર્થાઇ છે, એ મારું બળ છે ને એ મારી શક્તિ છે.

આહા ! રાગરૂપે થવું એ મને અશક્ય છે. હા, રાગ આવશે, વીતરાગ જ્યાં સુધી નથી હું થયો, ત્યાં સુધી રાગ આવશે, પણ તેને જાણું જ છું. આહા ! સમજાણું કાંઈ ?

થોડા શબ્દો પણ પ્રભુ અલૌકિક વાતું છે. આહા ! લ્યો પ્રકાશ આવ્યો એના ઉપર, ઉપરનો આવ્યો પ્રકાશ, આ હું રાગને જાણું જ છું. આહા ! મારો ચૈતન્ય પ્રકાશ એવો ભગવાન હું, રાગ આવે તેને મારા તરીકે ન માનતા તેને પર તરીકે જાણું છું. આવો ધર્મ પંથ, હેં ? વર્ષીતપ કર્યા ત્યાર પહેલા સાંભળ્યું 'તું આવું ? ( શ્રોતાઃ– પહેલા તો કહેતાને ધર્મ માનતો ) વાત સાચી પહેલાં તો એમ કહેતા 'તા ને વાત સાચી છે. વાતેય સાચી છે. સંપ્રદાયના પહેલામાં તો એ બધા કહેતા 'તા સૌ, વાત સાચી છે. આહા ! બહુ સારી વાત આવી છે હીરાલાલજી, ભાગ્યશાળી બરાબર બહાર આવ્યા છે ને એવી સારી ગાથા આવી છે. આહા !

પ્રભુ તું આનંદનો સાગર છો ને નાથ, અતીન્દ્રિય આનંદના સાગરને તેં જાણ્યો હોય, તો તારું પરિણમનમાં આનંદનું પરિણમન થાય, અને રાગાદિનું પરિણમન તો દુઃખરૂપ છે. પ્રભુ એ આનંદરૂપી ભગવાન દુઃખરૂપે કેમ થાય ? આહાહાહા ! એને રાગ આવે, એ દુઃખરૂપે દેખાય, પણ તેને હું જાણું છું. આહાહાહા ! ચેતન આવ્યો છે ? ( શ્રોતાઃ– હા ) ઠીક, આ ચેતનની વાત હાલે છે આ, સમજાણું કાંઇ ? ભારે પણ ગાથા ભાઈ, આહા ! હું રાગને જાણું જ છું, ત્યારે કહે "રાગ તો પુદ્‌ગલ છે" છે ? એ દયા, દાન, વ્રત, ભક્તિનો આવે ભાવ વ્રતનો એ તો કહે છે કે પુદ્‌ગલ છે, પ્રભુ એ તો રાગ છે હું નહિ, મારી જાત નહિ એટલે એ પુદ્‌ગલ છે. મારી જાત તો જ્ઞાન ને આનંદની છે. આહાહાહાહા ! જેને દુનિયા અત્યારે ધર્મ માની બેઠી છે વાડામાં. સાધુ નામ ધરાવનારા એ પ્રરૂપણા કરે, માનનારા એ માનીને હાલી નીકળે. બાપુ મારગડા વીતરાગના પ્રભુ જુદા છે ભાઈ.

જિનેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા અરિહંતદેવનું આ કથન છે એ સંતો આડતિયા થઇને, ભગવાનના માલને આપે છે. ભગવાન આમ કહે છે પ્રભુ. આહાહાહા ! સમજાણું કાંઇ ? આ તો "રાગી તો પુદ્‌ગલ છે" ગજબ થઈ ગયો. આમાંથી ઓલા એમ કાઢે કે કર્મને લઈને રાગ થાય છે ને મારો પુરુષાર્થ એ અહીં અત્યારે એ નથી કહેવું. પાછો એમાંથી આ કાઢે કે પહેલે દિ' કહ્યું 'તું થોડું રાગ તો કરે છે પોતે જ પુરુષાર્થની ઊંધાઈથી પણ એનો સ્વભાવ નથી માટે રાગને પુદ્‌ગલમાં નાખી દીધું, અહીં આત્મસ્વભાવમાં એ ચીજ નથી એનાથી વિરુદ્ધ છે એટલે પુદ્‌ગલમાં નાખ્યું, એ તો જાણનારે ધર્મીએ ધર્મ જાણ્યું એને, પણ પહેલેથી એમ માને કે એ કર્મને લઇને રાગ થાય, કર્મને લઇને રાગ થાય, મારે શું છે ? એમ નહિં. આહાહા !

રાગ તો તારી પર્યાયમાં અશુદ્ધ ઉપાદાને તારાથી થાય છે પણ આંહી શુદ્ધ ઉપાદાનનું જ્યાં ભાન થયું છે. આહાહાહા ! શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં જાણવામાં આવ્યો, એને અશુદ્ધ પરિણમન છે એની પર્યાયમાં છતાં તેને પુદ્‌ગલ કરીને કાઢી નાખ્યા છે. આહાહા ! હવે આટલી બધી અપેક્ષાઓ ને કોને યાદ રાખવી ?

અરે જીવન હાલ્યા જાય છે બાપા, મૃત્યુને સમીપ જાય છે. એમાં આ જો ન કર્યું ને જાણ્યું, એ વંટોળીયાના તણખલા કયાં જાઈને પડશે ? એમ મિથ્યા શ્રદ્ધાવાળો જીવ કયાં જઈને રખડશે ? આહા ! એથી એને સાચી શ્રદ્ધા કરાવે છે કે રાગ તો પુદ્‌ગલ કરે છે, લે કૌંસમાં છે ને ?

પણ આ અપેક્ષાએ હોં. હું એક શુદ્ધ છું, ત્રિકાળ છું, એનું ભાન થયું છે, તેથી શુદ્ધમાંથી રાગપણે પરિણમવું એવો કોઈ ગુણ નથી.

અનંતા અનંતા અનંતા ગુણનો રાશી પ્રભુ છે, પણ કોઈ ગુણ એવો નથી કે રાગપણે પરિણમે, એ અપેક્ષાએ એ ત્રિકાળી આનંદના નાથને જેણે જાગ્યો ને જાણ્યો, એવા ધર્મીને એમ કહે છે કે પ્રભુ તું તો રાગથી ભિન્ન છો ને નાથ ! તો રાગ એ તારી ચીજ નથી એ રાગ તો પુદ્‌ગલ કરે છે, આત્મા નહિ, આત્મા શી રીતે કરે ? આત્મા તો પવિત્ર આનંદનો નાથ છે. આહા ! ભાષા તો સમજાય એવી છે પ્રભુ, ભાષા તો સાદી છે આમાં તો કાંઇ બહુ પણ મારગ બાપા અત્યારે ચાલતા પ્રવાહથી જાત તદ્દન જુદી છે. આહા !

"ઇત્યાદિ વિધિથી" ઇત્યાદિ એટલે દ્વેષ, રાગ, સુખ, દુ:ખ આદિના અસંખ્ય પ્રકારના રાગ, અસંખ્ય પ્રકારનાં દ્વેષ વિગેરે. ઇત્યાદિ "વિધિથી જ્ઞાનથી વિરુદ્ધ એવાં" ઓહોહોહો ! શું ટીકા ? આત્માથી વિરુદ્ધ "એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે" આહા ! ઓલાએ લખ્યું છે ને ભાઈએ ક્રમબદ્ધમાં વીતરાગ મારગ અકર્તાપણાને સિદ્ધ કરે છે. પરનો તો કર્તા નહિ પણ, રાગનોય કર્તા નહિં. એ તો નહિ પણ આગળ નહિ જતા નથી ગયા, નહીંતર તો ખરેખર તો દ્રવ્ય પર્યાયનો કર્તા નહિ. આવો પ્રભુનો મારગ છે. આહા ! ઈશ્વર કર્તા તો નહિ, તેમ પરદ્રવ્યનો આત્મા કર્તા નહિ, તેમ રાગનો આત્મા કર્તા નહિ, આત્મદ્રવ્ય છે સ્વભાવ વિશુદ્ધ એ રાગ કેમ કરે ? પણ ખરેખર તો સમ્યગ્દર્શન ને જ્ઞાન જે ષટકારકરૂપે પરિણમે છે ધર્મ. આહાહા ! એ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જે રાગથી ભિન્ન ને રાગથી એની અજ્ઞાનદશાથી જ્ઞાન ભિન્ન, એવી જે સમ્યગ્દર્શનજ્ઞાન એ ષટકારકરૂપે પરિણમે છે, કર્તાકર્મ આદિ એ એનું કાર્ય દ્રવ્યનું પણ નહિ, એ દ્રવ્ય અકર્તા. આહા ! આવો અકર્તાનો પ્રભુનો મારગ કયાંય છે નહિ. સમજાણું કાંઇ ? આહા ! જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત દયા, દાન, વ્રત, રાગ ને સુખદુ:ખની કર્મ, કર્મ એટલે પરિણામ એનો અકર્તા પ્રતિભાસે છે. "ધર્મીને રાગનો અકર્તા આત્મા ભાસે છે." આહા ! વિશેષ કહેશે.

( શ્રોતા:- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં.૧૮૭ ગાથા-૯૩ તા. ૦૫/૦૨/૭૯ સોમવાર મહા સુદ-૯

શ્રી સમયસાર:- ૯૩-ગાથાનો ભાવાર્થ:-

"જ્યારે આ આત્મા રાગદ્વેષસુખદુ:ખાદિ અવસ્થાને" આહા ! શુભ-અશુભ રાગ અને સુખદુ:ખની દશા એ "અવસ્થાને જ્ઞાનથી ભિન્ન જાણે" છે ? જેમ શીત ઉષ્ણપણું પુદ્‌ગલની અવસ્થા છે, ટાઢી અને ઉની અવસ્થા પર્યાય દશા એ જડની છે તેમ રાગદ્વેષઆદિ પણ પુદ્‌ગલની અવસ્થા છે. આહાહા ! દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપ, એ બધો રાગ જે છે, એ તો પુદ્‌ગલની અવસ્થા છે. કેમ કે આત્મા.....૯૩ ગાથા એનો ભાવાર્થ, આહા !

આત્મા શુદ્ધ ચૈતન્ય અતીન્દ્રિય આનંદસ્વરૂપ એનો ભાવ તો અતીન્દ્રિય આનંદ ને વીતરાગી પર્યાય એનો ભાવ, એ અપેક્ષાએ અહીં વાત લીધી છે, અને જેટલો રાગાદિ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, કે કામ, ક્રોધ એનો જે વિકલ્પ રાગ ઊઠે એ બધી પુદ્‌ગલની અવસ્થા

છે. એ જ્ઞાનથી, આત્માથી ભિન્ન જાણે, એને આત્માથી ભિન્ન, જુદી જાણે.

જેમ ટાઢી ઉની અવસ્થા પુદ્‌ગલની છે, તેમ રાગદ્વેષ–સુખદુઃખાદિ પુદ્‌ગલની અવસ્થા છે, એવું ભેદજ્ઞાન થાય, એવું રાગનું ને આત્માના સ્વભાવનું ભેદજ્ઞાન થાય, ત્યારે પોતાને જ્ઞાતા જાણે, ત્યારે આત્માને તો જાણનાર દેખનાર જાણે. એ રાગ અને પુણ્ય–પાપના ભાવ એ મારા છે, એમ એ ન જાણે. ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આત્માના સ્વભાવને રાગના ભાવથી ભિન્ન જાણતાં, તે જ્ઞાન, જ્ઞાની રાગથી ભિન્ન પોતાના સ્વભાવને જાણે છે. અને પોતાનાં સ્વભાવથી રાગને ભિન્ન જાણે. અરે આવી વાત છે.

અત્યારે તો કહે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો ધર્મ છે એમ લોકો અત્યારે માને. ધર્મ તો આત્માનો સ્વભાવ શુદ્ધ ત્રિકાળી આનંદ છે, એની દૃષ્ટિ થઈને જ્યારે આનંદ ને શાંતિના પરિણામ અવિકારી થાય એ આત્માની દશા ને આત્માના પરિણામ છે. એ રાગથી ભિન્ન પડી અને પોતાના આત્માનો સ્વભાવ જ્ઞાતાદૃષ્ટા છે, એવા જ્ઞાતાદૃષ્ટાનાં પરિણામ થાય, એનું નામ રાગથી ભેદજ્ઞાન ને સમકિતી છે ઈ એ ધર્મી છે. આહા ! આવું છે.

“રાગદ્વેષઆદિ પણ પુદ્‌ગલની જ અવસ્થા છે. એવું ભેદજ્ઞાન થાય, ત્યારે પોતાને જ્ઞાતા જાણે,” આહા ! હું તો એક જાણનાર દેખનાર ભગવાન, સચ્ચિદાનંદ, સત્ નામ શાશ્વત, જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ, તો મારી દશા તો આનંદની, શાંતિની, વીતરાગની અવસ્થા એ મારી અવસ્થા છે. એનો હું કર્તા ને એ મારું કાર્ય છે, ધર્મીને એમ હોય છે. આહા ! આવું ઝીણું હવે. અને રાગાદિરૂપ પુદ્‌ગલને જાણે, જોયું ? હું એક આત્મા તો જ્ઞાન દર્શન આનંદ એનો ભંડાર એની પરિણતિની દશા રાગથી ભિન્ન જ્ઞાતાદૃષ્ટાની દશા એ મારી દશા છે. એમ ધર્મી જાણે. અને રાગાદિના પરિણામ એ મારા જ્ઞાનનું પરજ્ઞેય પુદ્‌ગલની અવસ્થા છે, આવું છે બહુ કામ આકરું છે.

રાગદ્વેષ પુણ્ય–પાપ, શુભ–અશુભ ભાવ પુદ્‌ગલના જાણે, “એમ થતાં રાગાદિનો કર્તા આત્મા થતો નથી,” આવી રીતે પુણ્ય–પાપના ભાવથી ભગવાન આત્મા ભિન્ન છે, એમ જેને જ્ઞાન ને દર્શન જ્ઞાતાદૃષ્ટા થયો, તે પોતાના પરિણામ શુદ્ધને કર્તા થાય, પણ એ રાગાદિનો કર્તા થતો નથી. આરે આવી વાતું હવે, ગળે ઉતરવી. હેં ? કહો દયાનો ભાવ એ રાગ, વ્રતનો ભાવ એ રાગ, વિકલ્પ વૃત્તિ ઉઠે છે ને, વસ્તુ તો જ્ઞાન સ્વરૂપ આનંદ છે એમાંય વૃત્તિ ઉઠે છે. ઉઠે છે એ રાગ છે. દાનનો ભાવ પાંચ પચીસ હજાર લાખ બે લાખ આપ્યા, રાગની મંદતા પણ એ રાગ છે એ તો, એ નિશ્ચયથી તો પુદ્‌ગલ જડની અવસ્થા છે. આહાહા.....

આત્મા તો એનો જાણનાર દેખનાર જ્ઞાતાદૃષ્ટા છે. આવું જ્યારે ભેદજ્ઞાન યથાર્થ જ્ઞાન વાસ્તવિક જ્ઞાન રાગથી ભિન્ન પડે, ત્યારે તે જ્ઞાતાદૃષ્ટા થાય, છે ? એ રાગાદિનો કર્તા આત્મા થતો નથી, “જ્ઞાતા જ રહે છે.” આહા ! આવું કામ, જગતથી ઉલટ પલટ છે. હેં ? ( શ્રોતાઃ– સાચું છે ) મારગ આ છે બાપુ વીતરાગ પરમાત્મા એનો મારગ તો વીતરાગી પર્યાય છે, વીતરાગી પર્યાય ક્યારે થાય ? કે રાગથી ભિન્ન પડી અને પોતે ચૈતન્ય સ્વરૂપ છું, આનંદકંદ છું, જ્ઞાન ને આનંદનો સાગર છું, એવું અંતરમાં રાગથી ભિન્ન પડે ત્યારે તેને જ્ઞાતાદૃષ્ટાનાં પરિણામ થાય, ત્યારે તેને ધર્મ થાય એમ કહેવાય. અરે અરે આવી વાતું. એ ૯૩ મી ગાથા પૂરી થઈ.

श्री सीमंधरदेवाय नमः।
श्री निज शुद्धात्मने नमः।

# સમયસાર સિદ્ધિ

## ભાગ-૫

અધ્યાત્મયુગપુરુષ

**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

સમયસારજી શાસ્ત્ર ઉપરના ૧૯ મી વખતના કર્તા–કર્મ અધિકારની ગાથા ૯૪ થી ૧૪૪ તથા તેના શ્લોકો ઉપર થયેલા ૪૨ મંગલમયી પ્રવચનો.

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**

યોગીનિકેતન પ્લોટ "સ્વરુચિ" સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૫.

ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮/૨૪૭૭૭૨૯

| કહાન સંવત | વીરસંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૨૭ | ૨૫૩૨ | ૨૦૬૨ | ૨૦૦૬ |

**પ્રકાશન**

જેઠ સુદ–૫ શ્રુતપંચમીના પવિત્ર દિને
તા. ૧–૬–૨૦૦૬

**પ્રથમ આવૃત્તિ - ૧૦૦૦** **પડતર કિંમત - રૂા.૧૫૦/-** **મૂલ્ય - રૂા.૫૦/-**

**પ્રાપ્તિ સ્થાન**

**રાજકોટ: શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦ ૦૦૧. ટેલી નં. ૨૨૩૧૦૭૩
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ "સ્વરુચિ" સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫. ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / ( ૦૨૮૧ ) ૨૪૭૭૭૨૮

**મુંબઈ : શ્રી શાંતિભાઈ ઝવેરી**
૮૧, નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ–૪૦૦૦૨૬. ટેલી નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨
**શ્રી મહેન્દ્રભાઈ મહેતા**
"સાકેત" સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી.ખોટ સ્કૂલ પાસે, બોરીવલી( વે )
મુંબઈ – ૪૦૦ ૦૯૨ ટેલી નં. ૨૮૦૫૪૦૬૬ – ૦૯૮૨૦૩૨૦૧૫૯

**કલકતા : શ્રી પ્રકાશભાઈ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર, કલકતા –૨૦.
ટેલી નં. ૨૪૮૫૩૭૨૩

**સુરેન્દ્રનગર : ડો. દેવેન્દ્રભાઈ એમ. દોશી**
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડીકલ સ્ટોર સામે, સુરેન્દ્રનગર.
ટેલી નં. ૨૩૧૫૬૦

**અમદાવાદ : વિનોદભાઈ આર. દોશી**
૨૦૫, કહાન કુટીર ફ્લેટ, દિગંબર જૈન મંદિર સામે, નવરંગપુરા, અમદાવાદ.
ટેલી નં. ૨૬૪૨૨૬૭૮

| લેસર ટાઈપ સેટિંગ | મુદ્રક | જેકેટ અને મલ્ટીકલર ફોટા |
|---|---|---|
| **ઈન્ફોસોફ્ટ** | **શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ** | **ડોટ એડ** |
| ૭૦૮, સ્ટાર ચેમ્બર્સ,<br>હરિહર ચોક–રાજકોટ–૩૬૦૦૦૧.<br>E-Mail: abcinfy@hotmail.com<br>ફોન નં– ૨૨૯૪૫૦૦ | ૩૧૨, હિરાપન્ના કોમ્પલેક્ષ,<br>ડૉ. યાજ્ઞિક રોડ,<br>રાજકોટ–૩૬૦ ૦૦૧.<br>ફોન નં – ૯૮૨૫૦૭૫૦૬૧ | ૨૩૪, રાજ ચેમ્બર્સ,<br>માલવિયા પેટ્રોલ પંપ સામે,<br>ગોંડલ રોડ, રાજકોટ.<br>ફોન નં – ૫૫૨૬૦૭૩ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રિડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.




ભગવાન કુંદકુંદાચાર્યદેવ વનમાં તાડપત્ર ઉંપર શાસ્ત્ર લખે છે



# શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુકહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુના.

**(શિખરિણી)**

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત્ સત્ જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંત તિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું-મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# પ્રસ્તાવના

**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।**
**मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।**

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯ માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ શાસ્ત્ર છે. જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગત કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર સમયસારજી છે તેની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે "આત્મખ્યાતિ" નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયે; લોપ થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

જેમણે આ આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો

સુવર્ણમય ઉદય થયો. જેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રીએ જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ પ્રદાયક પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. વિરોધીઓના વિરોધનો પણ જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી વિરોધીઓ પણ 'ભગવાન આત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂ. ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં, સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠયું. અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂ. કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં "સોનગઢ" મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂ. ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ ( ૧૩ ) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢયો અને ફરમાવ્યું કેઃ-

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત શિરોમણિ-અદ્વિતીય અજોડ ચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘ શાસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું શાસ્ત્ર બની ગયું. જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ. ધન્યકાળ !
- સમયસારની એક એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
- સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે.
- સમયસાર જેના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રનો પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો જગતના ભાગ્ય, સમયસારરૂપી ભેટણું જગતને આપ્યું. સ્વીકાર નાથ ! હવે સ્વીકાર ! ભેટ પણ દે, એ પણ સ્વીકારે નહીં ?
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડયા છે અમૃત વહેવરાવ્યા છે.

❀ સમયસાર એકવાર સાંભળીને એમ ન માની લેવું કે આપણે સાંભળ્યું છે. એમ નથી બાપુ ! આ તો પ્ર... વચનસાર છે એટલે આત્મસાર છે વારંવાર સાંભળવું.

❀ સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.

❀ સમયસારની મૂળભૂત એક એક ગાથામાં ગજબ ગંભીરતા પાર ન પડે એવી ચીજ છે. એક એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.

❀ સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ, ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂ. ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે. જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે. ધર્મનો ધોધ એવો ધર્મી છે. ધ્રુવ પ્રવાહ છે. જ્ઞાનની ધારા છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે. વાસ્તવિક વસ્તુ છે. સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ-શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય વાડો ગચ્છ નથી વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂ. ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને કયાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂ. ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક એક ગાથાના અર્થ કરતાં પૂ. ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂ. બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂ. ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂ. ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય ? પૂ. ગુરુદેવશ્રીને

તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂ. ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂ. બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂ. ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂ. નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂ. ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ. તેઓ ફરમાવે છે કે પૂ. ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂ. ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિં તો સાધક હોય તો પણ બધી તૈયારી કરવી પડે.

"શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ" ની રચના સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણઅર્થે બેન સરોજબેન ચંદુલાલ મહેતા પરિવાર રાજકોટ દ્વારા કરવામાં આવી છે. આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય કરવામાં આવશે.

આ પરિવારને આદરણીય પૂ. શ્રી લાલચંદભાઈ મોદી-રાજકોટ દ્વારા જ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશની પ્રેરણા તથા આધ્યાત્મિક મહામંત્રોનું રસપાન થયું હોય આ પરિવાર તેમનો અત્યંત ઋણી છે. પૂ. લાલચંદભાઈ હંમેશા આ પરિવારને કહેતા કે તમો બધા પૂ. ગુરુદેવશ્રીના ભવભ્રમણનો થાક ઊતારનારા મૂળતત્ત્વને સાંભળી ને સમજો. તેઓશ્રી ફરમાવતા કે તને "જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી" તેમ અમે જાણીએ છીએ, હવે તો સ્વીકાર કરી લે. આવા આવા ઘણા મહામંત્રો જેમાં બાર અંગનો સાર ભરેલો છે તેવા મહામંત્રો તથા પૂ. ભાઈશ્રીની અધ્યાત્મની સૂક્ષ્મ સિદ્ધાંતિક સચોટ શૈલીથી જ આ પરિવાર અધ્યાત્મમાં ઓતપ્રોત થયો હોય તેઓશ્રીનો અત્યંત આભારી છે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની કર્તા-કર્મ અધિકારની ૯૪ થી ૧૪૪ ગાથા તથા તે ઉપરના શ્લોકો ઉપર પૂ. ગુરુદેવશ્રીના ૧૯ મી વખતના સળંગ પ્રવચનો નં. ૧૮૭ થી ૨૨૮ સમયસાર સિદ્ધિ ભાગ-૫માં અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ પ્રવચનોમાંના ૧૨ હિન્દી પ્રવચનોને ગુજરાતીમાં ભાષાંતર કરી પ્રકાશિત કરવામાં આવ્યા છે. ભાષાંતર શ્રી દેવશીભાઈ ચાવડા દ્વારા થયેલ છે. તથા પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનોમાં જ્યાં જ્યાં આહાહા! શબ્દ છે તે પેરેગ્રાફ પૂરો થયે જ લેવામાં આવેલ છે. પૂ. ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે. અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ કોઈવાર બે વર્ષ કોઈવાર અઢી વર્ષ તેમ ૧૯ વખત ૪૫ વર્ષમાં જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂ. ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ જેમ જ્ઞાનીની જ્ઞાન સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ તેમ એકને એક

ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા નવા ભાવો આવે છે. તેથી જ ૧૮ મી વારના પ્રવચનો પ્રકાશિત થયા હોવા છતાં આ અંતિમ પ્રવચનો પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે. ટોટલ ૪૮૭ પ્રવચનો ૧ થી ૧૧ ભાગમાં ક્રમબદ્ધ શૃંખલારૂપે પ્રકાશિત થશે.

પૂ. ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂ. ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઊતરાવવાનું કાર્ય તથા તેને ચેક કરવાનું કાર્ય આત્માર્થી ભાઈશ્રી ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી-સુરેન્દ્રનગર દ્વારા થયેલ છે. તદ્ઉપરાંત આત્માર્થી ભાઈશ્રી હિતેષભાઈ ચોવટીયા( બોરીવલી )એ પણ ટેઈપ ઉપરથી પ્રવચનો ચેક કર્યા છે. ભાષા તથા વ્યાકરણ શુદ્ધિ શ્રી દેવશીભાઈ ચાવડા-રાજકોટ દ્વારા થયેલ છે ત્યારબાદ સમગ્ર પ્રવચનો ફરીથી સી. ડી. ઉપરથી સાંભળી ચેક કરી સંપૂર્ણ પ્રૂફરીડિંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા-રાજકોટ દ્વારા પૂર્ણ થયેલ છે. તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

"સમયસાર સિદ્ધિ" ભાગ-૫ના પ્રવચનોનું સમગ્ર કૉમ્પ્યુટરાઈઝડ ટાઈપસેટિંગનું કાર્ય શ્રી નિલેશભાઈ તથા શ્રી દેવાંગભાઈ વારીયા-રાજકોટ દ્વારા તથા પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું સંપૂર્ણ કાર્ય શાર્પ ઓફસેટવાળા શ્રી ધર્મેશભાઈ શાહ-રાજકોટ દ્વારા તથા કલર પેઈજનું કામ ડોટ એડવાળા શ્રી કમલેશભાઈ સોમપુરા-રાજકોટ દ્વારા થયું હોય સંસ્થા તેમનો આભાર માને છે.

પૂ. ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિ અપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના ખૂબ જ સરળ ભાષામાં આચાર્યોના ગૂઢભાવોને રજૂ કરી મુમુક્ષુ જગત ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. "ભગવાન આત્મા" કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂ. ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

સમયસાર સિદ્ધિ ભાગ-૫ માટે એક મુમુક્ષુ ભાઈ તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

ટ્રસ્ટી

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ

રાજકોટ

# : અનુક્રમણિકા :


| ગાથા/કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ગાથા - ૯૪ | - | - | ૧ |
| | ૧૮૭ | ૦૫/૦૨/૭૯ | ૨ |
| | ૧૮૮ | ૦૬/૦૨/૭૯ | ૧૦ |
| ગાથા - ૯૫ | - | - | ૧૯ |
| | ૧૮૮ | ૦૬/૦૨/૭૯ | ૨૦ |
| | ૧૮૯ | ૦૭/૦૨/૭૯ | ૨૧ |
| ગાથા - ૯૬ | - | - | ૩૨ |
| | ૧૯૦ | ૦૮/૦૨/૭૯ | ૩૩ |
| | ૧૯૧ | ૦૯/૦૨/૭૯ | ૪૩ |
| | ૧૯૨ | ૧૧/૦૨/૭૯ | ૫૩ |
| ગાથા - ૯૭ | - | - | ૬૨ |
| | ૧૯૨ | ૧૧/૦૨/૭૯ | ૬૩ |
| | ૧૯૩ | ૧૨/૦૨/૭૯ | ૬૫ |
| | ૧૯૪ | ૧૩/૦૨/૭૯ | ૭૪ |
| શ્લોક - ૫૭ | - | - | ૭૬ |
| | ૧૯૪ | ૧૩/૦૨/૭૯ | ૭૬ |
| શ્લોક - ૫૮ | - | - | ૮૩ |
| | ૧૯૪ | ૧૩/૦૨/૭૯ | ૮૩ |
| | ૧૯૫ | ૧૪/૦૨/૭૯ | ૮૬ |
| શ્લોક - ૫૯ | - | - | ૮૯ |
| | ૧૯૫ | ૧૪/૦૨/૭૯ | ૯૦ |
| શ્લોક - ૬૦ | - | - | ૯૪ |
| | ૧૯૫ | ૧૪/૦૨/૭૯ | ૯૫ |
| | ૧૯૬ | ૧૫/૦૨/૭૯ | ૯૬ |
| શ્લોક - ૬૧ | - | - | ૧૦૩ |
| | ૧૯૬ | ૧૫/૦૨/૭૯ | ૧૦૩ |
| શ્લોક - ૬૨ | - | - | ૧૦૭ |
| | ૧૯૭ | ૧૬/૦૨/૭૯ | ૧૦૭ |
| ગાથા - ૯૮ | - | - | ૧૦૮ |
| | ૧૯૭ | ૧૬/૦૨/૭૯ | ૧૦૮ |
| ગાથા - ૯૯ | - | - | ૧૧૧ |
| | ૧૯૭ | ૧૬/૦૨/૭૯ | ૧૧૧ |

| ગાથા/કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ગાથા - ૧૦૦ | - | - | ૧૧૯ |
| | ૧૯૭ | ૧૬/૦૨/૭૯ | ૧૨૦ |
| | ૧૯૮ | ૧૭/૦૨/૭૯ | ૧૨૧ |
| | ૧૯૯ | ૧૮/૦૨/૭૯ | ૧૩૨ |
| | ૨૦૦ | ૧૯/૦૨/૭૯ | ૧૪૩ |
| | ૨૦૧ | ૨૧/૦૨/૭૯ | ૧૫૨ |
| ગાથા - ૧૦૧ | - | - | ૧૬૨ |
| | ૨૦૨ | ૨૨/૦૨/૭૯ | ૧૬૩ |
| | ૨૦૩ | ૨૩/૦૨/૭૯ | ૧૭૩ |
| | ૨૦૪ | ૨૪/૦૨/૭૯ | ૧૮૩ |
| ગાથા - ૧૦૨ | - | - | ૧૯૪ |
| | ૨૦૫ | ૨૫/૦૨/૭૯ | ૧૯૫ |
| ગાથા - ૧૦૩ | - | - | ૨૦૫ |
| | ૨૦૬ | ૨૭/૦૨/૭૯ | ૨૦૬ |
| ગાથા - ૧૦૪ | - | - | ૨૧૧ |
| | ૨૦૬ | ૨૭/૦૨/૭૯ | ૨૧૨ |
| ગાથા - ૧૦૫ | - | - | ૨૧૯ |
| | ૨૦૭ | ૨૮/૦૨/૭૯ | ૨૧૯ |
| ગાથા - ૧૦૬ | - | - | ૨૨૮ |
| | ૨૦૭ | ૨૮/૦૨/૭૯ | ૨૨૯ |
| ગાથા - ૧૦૭ | - | - | ૨૩૩ |
| | ૨૦૮ | ૦૧/૦૩/૭૯ | ૨૩૩ |
| ગાથા - ૧૦૮ | - | - | ૨૪૩ |
| | ૨૦૮ | ૦૧/૦૩/૭૯ | ૨૪૪ |
| શ્લોક - ૬૩ | - | - | ૨૪૭ |
| | ૨૦૯ | ૦૨/૦૩/૭૯ | ૨૪૭ |
| ગાથા - ૧૦૯ | - | - | ૨૪૮ |
| થી ૧૧૨ | ૨૦૯ | ૦૨/૦૩/૭૯ | ૨૫૦ |
| | ૨૧૦ | ૦૩/૦૩/૭૯ | ૨૬૧ |
| ગાથા - ૧૧૩ | - | - | ૨૬૭ |
| થી ૧૧૫ | ૨૧૦ | ૦૩/૦૩/૭૯ | ૨૬૯ |
| ગાથા - ૧૧૬ | - | - | ૨૭૪ |
| થી ૧૨૦ | ૨૧૧ | ૦૪/૦૩/૭૯ | ૨૭૬ |
| શ્લોક - ૬૪ | - | - | ૨૮૯ |
| | ૨૧૨ | ૦૫/૦૩/૭૯ | ૨૮૯ |

| ગાથા/કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ગાથા - ૧૨૧ થી ૧૨૫ | - | - | ૨૯૧ |
| | ૨૧૨ | ૦૫/૦૩/૭૯ | ૨૯૩ |
| | ૨૧૩ | ૦૭/૦૩/૭૯ | ૩૦૫ |
| શ્લોક - ૬૫ | - | - | ૩૦૫ |
| | ૨૧૩ | ૦૭/૦૩/૭૯ | ૩૦૬ |
| ગાથા - ૧૨૬ | - | - | ૩૦૯ |
| | ૨૧૩ | ૦૭/૦૩/૭૯ | ૩૧૦ |
| | ૨૧૪ | ૦૮/૦૩/૭૯ | ૩૧૮ |
| ગાથા - ૧૨૭ | - | - | ૩૨૦ |
| | ૨૧૪ | ૦૮/૦૩/૭૯ | ૩૨૧ |
| | ૨૧૫ | ૦૯/૦૩/૭૯ | ૩૩૦ |
| શ્લોક - ૬૬ | - | - | ૩૩૭ |
| | ૨૧૫ | ૦૯/૦૩/૭૯ | ૩૩૭ |
| ગાથા - ૧૨૮ /૧૨૯ | - | - | ૩૩૮ |
| | ૨૧૫ | ૦૯/૦૩/૭૯ | ૩૩૯ |
| | ૨૧૬ | ૧૦/૦૩/૭૯ | ૩૪૩ |
| શ્લોક - ૬૭ | - | - | ૩૪૬ |
| | ૨૧૬ | ૧૦/૦૩/૭૯ | ૩૪૬ |
| ગાથા - ૧૩૦ /૧૩૧ | - | - | ૩૪૭ |
| | ૨૧૬ | ૧૦/૦૩/૭૯ | ૩૪૮ |
| શ્લોક - ૬૮ | - | - | ૩૫૬ |
| | ૨૧૬ | ૧૦/૦૩/૭૯ | ૩૫૬ |
| ગાથા - ૧૩૨ થી ૧૩૬ | - | - | ૩૫૮ |
| | ૨૧૭ | ૧૧/૦૩/૭૯ | ૩૬૦ |
| ગાથા - ૧૩૭ /૧૩૮ | - | - | ૩૭૩ |
| | ૨૧૮ | ૧૨/૦૩/૭૯ | ૩૭૪ |
| ગાથા - ૧૩૯ /૧૪૦ | - | - | ૩૭૯ |
| | ૨૧૮ | ૧૨/૦૩/૭૯ | ૩૮૦ |
| ગાથા - ૧૪૧ | - | - | ૩૮૯ |
| | ૨૧૯ | ૧૩/૦૩/૭૯ | ૩૮૯ |
| ગાથા - ૧૪૨ | - | - | ૩૯૫ |
| | ૨૧૯ | ૧૩/૦૩/૭૯ | ૩૯૬ |
| | ૨૨૦ | ૦૭/૦૫/૭૯ | ૪૦૧ |

| ગાથા/કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| શ્લોક - ૬૯ | - | - | ૪૦૭ |
| | ૨૨૦ | ૦૭/૦૫/૭૯ | ૪૦૮ |
| | ૨૨૧ | ૦૮/૦૫/૭૯ | ૪૧૨ |
| શ્લોક - ૭૦ | - | - | ૪૧૩ |
| | ૨૨૧ | ૦૮/૦૫/૭૯ | ૪૧૪ |
| શ્લોક - ૭૧ | - | - | ૪૧૬ |
| થી ૮૯ | ૨૨૧ | ૦૮/૦૫/૭૯ | ૪૨૩ |
| શ્લોક - ૯૦ | - | - | ૪૨૬ |
| | ૨૨૧ | ૦૮/૦૫/૭૯ | ૪૨૬ |
| શ્લોક - ૯૧ | - | - | ૪૨૯ |
| | ૨૨૧ | ૦૮/૦૫/૭૯ | ૪૨૯ |
| ગાથા - ૧૪૩ | - | - | ૪૩૧ |
| | ૨૨૨ | ૦૯/૦૫/૭૯ | ૪૩૨ |
| શ્લોક - ૯૨ | - | - | ૪૪૧ |
| | ૨૨૩ | ૧૦/૦૫/૭૯ | ૪૪૨ |
| ગાથા - ૧૪૪ | - | - | ૪૪૪ |
| | ૨૨૩ | ૧૦/૦૫/૭૯ | ૪૪૫ |
| | ૨૨૪ | ૧૨/૦૫/૭૯ | ૪૫૨ |
| શ્લોક - ૯૩ | - | - | ૪૫૪ |
| | ૨૨૪ | ૧૨/૦૫/૭૯ | ૪૫૫ |
| શ્લોક - ૯૪ | - | - | ૪૫૮ |
| | ૨૨૪ | ૧૨/૦૫/૭૯ | ૪૫૯ |
| | ૨૨૫ | ૧૩/૦૫/૭૯ | ૪૬૨ |
| શ્લોક - ૯૫ | - | - | ૪૬૪ |
| | ૨૨૫ | ૧૩/૦૫/૭૯ | ૪૬૫ |
| | ૨૨૬ | ૧૪/૦૫/૭૯ | ૪૭૦ |
| શ્લોક - ૯૬ | - | - | ૪૭૧ |
| | ૨૨૬ | ૧૪/૦૫/૭૯ | ૪૭૧ |
| શ્લોક - ૯૭ | - | - | ૪૭૫ |
| | ૨૨૬ | ૧૪/૦૫/૭૯ | ૭૫૫ |
| શ્લોક - ૯૮ | - | - | ૪૮૧ |
| | ૨૨૭ | ૧૫/૦૫/૭૯ | ૪૮૧ |
| શ્લોક - ૯૯ | - | - | ૪૯૦ |
| | ૨૨૭ | ૧૫/૦૫/૭૯ | ૪૯૦ |
| | ૨૨૮ | ૧૬/૦૫/૭૯ | ૪૯૨ |

परमात्मने नमः।

श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेवप्रणीत

# श्री સમયસાર

## - ૨ -
## કર્તા–કર્મ અધિકાર

### ગાથા - ૯૪

कथमज्ञानात्कर्म प्रभवतीति चेत्-

तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि कोहोऽहं।
कत्ता तस्सुवओगस्स होदि सो अत्तभावस्स।।९४।।

त्रिविध एष उपयोग आत्मविकल्पं करोति क्रोधोऽहम्।
कर्ता तस्योपयोगस्य भवति स आत्मभावस्य।।९४।।

एष खलु सामान्येनाज्ञानरूपो मिथ्यादर्शनाज्ञानाविरतिरूपस्त्रिविधः सविकारश्चैतन्यपरिणामः परात्मनोरविशेषदर्शनेनाविशेषज्ञानेनाविशेषरत्या च समस्तं भेदमपह्नुत्य भाव्यभावकभावापन्नयोश्चेतनाचेतनयोः सामान्याधिकरण्येनानुभवनात्क्रोधोऽहमित्यात्मनो विकल्पमुत्पादयति; ततोऽयमात्मा क्रोधोऽहमिति भ्रान्त्या सविकारेण चैतन्यपरिणामेन परिणमन् तस्य सविकारचैतन्यपरिणामरूपस्यात्मभावस्य कर्ता स्यात्। एवमेव च क्रोधपदपरिवर्तनेन मानमायालोभमोहरागद्वेषकर्मनोकर्ममनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयान्यनया दिशान्यान्यप्यूह्यानि।

---

હવે પૂછે છે કે અજ્ઞાનથી કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય છે? તેનો ઉત્તર કહે છેઃ-

'હું ક્રોધ' એમ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે.
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૪.

**ગાથાર્થ:-** [ त्रिविधः ] ત્રણ પ્રકારનો [ एषः ] આ [ उपयोगः ] ઉપયોગ [ अहम् क्रोधः ] 'હું ક્રોધ છું' એવો [ आत्मविकल्पं ] પોતાનો વિકલ્પ [ करोति ] કરે છે; તેથી [ सः ] આત્મા [ तस्य उपयोगस्य ] તે ઉપયોગરૂપ [ आत्मभावस्य ] પોતાના ભાવનો [ कर्ता ] કર્તા [ भवति ] થાય છે.

**ટીકા:- ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ તે, પરના અને પોતાના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી સમસ્ત ભેદને છુપાવીને, ભાવ્ય-ભાવકભાવને પામેલાં એવાં ચેતન અને અચેતનનું સામાન્ય અધિકરણથી ( -જાણે કે તેમનો એક આધાર હોય એ રીતે ) અનુભવન કરવાથી, 'હું ક્રોધ છું' એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે; તેથી 'હું ક્રોધ છું' એવી ભ્રાંતિને લીધે જે સવિકાર ( વિકારસહિત ) છે એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો આ આત્મા તે સવિકાર ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે. એવી જ રીતે 'ક્રોધ' પદ પલટાવીને માન, માયા, લોભ, મોહ, રાગ, દ્વેષ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શનનાં સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં; અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**

**ભાવાર્થ:- અજ્ઞાનરૂપ એટલે કે મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું જે સવિકાર ચૈતન્યપરિણામ તે પોતાનો અને પરનો ભેદ નહિ જાણીને 'હું ક્રોધ છું, હું માન છું' ઇત્યાદિ માને છે; તેથી અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ સવિકાર ચૈતન્યપરિણામનો કર્તા થાય છે અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કર્મ થાય છે.**

## પ્રવચન નં.૧૮૭ ગાથા-૯૪ સોમવાર, મહા સુદ-૯, તા. ૫/૨/'૭૯

હવે ૯૪ ગાથા–હવે પૂછે છે કે અજ્ઞાનથી કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય ? કર્મ એટલે રાગદ્વેષ હોં અહીંયા કર્મ એટલે જડને પછી નાખશે પણ અહીંયા તો કર્મ એટલે પુણ્ય ને પાપનો ભાવ, એ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, તપ એનો જે વિકલ્પ ઉઠે છે, તેને અહીંયા રાગ કહે છે. એ અજ્ઞાનથી રાગ કઈ રીતે ઉત્પન્ન થાય ? એટલે કર્મ શબ્દે અહીંયા રાગરૂપી કાર્યની વાત છે, પછી બધા બોલ લેશે, રાગ, દ્વેષ, ક્રોધ માન માયા લોભ, શરીર–વાણી મન બધાં. આહાહા !

શિષ્ય પૂછે છે, પ્રભુ અજ્ઞાનથી રાગદ્વેષની ક્રિયા કઈ રીતે ઉત્પન્ન થાય છે ? આવી શિષ્યની જિજ્ઞાસા છે, આહા ! કેમ કે રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપ તો આત્માની પર્યાયમાં થાય છે. તો એ તો આત્માનું કાર્ય છે, ત્યારે તમે કહો છો કે એ અજ્ઞાનથી ઉત્પન્ન થતું રાગદ્વેષનું કાર્ય છે, તો શી રીતે છે એ ? આહાહા ! છે ? શિષ્યનો પ્રશ્ન છે હોં માથે, "કથમજ્ઞાનાત્કર્મ પ્રભવતીતિ ચેત્" સંસ્કૃત છે ઉપર. આહાહા ! રાગથી ભિન્ન પડયો ભગવાન આત્મા, એને તો રાગનું કર્મ અને કર્તા ( પણું ) ઉત્પન્ન થતું નથી, રાગનો કર્તા ને રાગ મારું કાર્ય વ્યવહારરત્નત્રય, દેવ ગુરુ શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રત આદિનો રાગ, મહાવ્રતનો રાગ, એ રાગનો જ્ઞાની કર્તા થતો નથી, કેમ કે રાગથી ભિન્ન મારી ચીજ છે, એ તો જ્ઞાન ને દર્શનના પરિણામને કરે, રાગને

કરે એ મારું સ્વરૂપ નથી. આહાહા !

હવે આવી વાત આવે તો વિરોધ કરે કે નહિ ? બેસે નહિ તો શું થાય ? વીતરાગ પરમાત્મા જિનેશ્વરદેવ વીતરાગી હતા, અને એમણે કહેલો ધર્મ વીતરાગ પરિણામ છે, એમનો કહેલો ધર્મ વીતરાગ પરિણામ છે, રાગ પરિણામ એ વીતરાગ ધર્મ નથી. આહાહા !

તો કહે છે કે, જેને શુભ-અશુભ રાગથી, જેમ ઠંડી-ગરમ અવસ્થા પુદ્ગલની, તેમ પુણ્ય, પાપ ને વ્રત તપનો ભક્તિ આદિનો ભાવ એ પુદ્ગલનો છે, મારો નહિ, મારો હોય તો જાુદો પડે નહિ. આહાહા ! એમ ધર્મીને પોતાના આનંદ ને જ્ઞાન સ્વભાવી પ્રભુને રાગના વિકલ્પથી જાુદો જાણતો, જ્ઞાતાદૃષ્ટાના પરિણામને કરતો વીતરાગી પરિણતિને કરતો. આહાહાહા... તે રાગનો કર્તા થતો નથી. આવું છે. હીરાભાઈ ! આહા !

શરીરની ક્રિયા તો જડની છે આ, આહા ! કહેશે, એમ લેશે આગળ, હજી તો અહીંયા રાગ ને દ્વેષ, પૂજા ને ભક્તિ, વ્રત ને તપ એને આ કરું એવો વિકલ્પ ઊઠે છે ને, એ રાગ છે અને ખરેખર તે કર્મનું કાર્ય છે. ભગવાન ( આત્મ ) દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એની ખાણમાં કોઈ રાગને ઉત્પન્ન કરે એવો કોઈ ગુણ નથી. આહાહાહા !

અતીન્દ્રિય આનંદનો સાગર નાથ, એના અતીન્દ્રિય આનંદમાં કોઈ એવો ગુણ નથી કે દુ:ખને ઉત્પન્ન કરે. આહાહા ! રાગ છે એ તો દુ:ખ છે, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો હો, પણ રાગ દુ:ખ છે. તો દુ:ખ છે એ આત્મા આનંદસ્વરૂપ છે એનું એ કાર્ય કેમ હોય ? આહાહાહા... એ દુ:ખ છે એ આનંદનું કાર્ય નહિ. ભગવાન આત્મા તો અતીન્દ્રિય શાંતિ ને આનંદનો સાગર છે ને પ્રભુ ! તેના પરિણામ તો આનંદ ને શાંતિના પરિણામ થાય, તે ભગવાન આત્માના પરિણામ કહેવાય, પણ આ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજાનો વિકલ્પ છે એ તો રાગ છે. એ રાગ એના પરિણામ નથી. આહાહાહા ! રાગ થાય તેનો તે જાણનાર દેખનાર એનો છે એ, પણ રાગરૂપે થનાર ( નથી ) ધર્મી સમ્યગ્દૃષ્ટિ પ્રથમ દરજ્જાનો. આહાહાહાહા ! રાગરૂપે થાઉં એવી એ વસ્તુ નથી. સમજાણું કાંઈ ? ધીમેથી સમજવું પ્રભુ આ તો મારગ ઉથલપાથલ છે આખો.

હવે કહે છે કે એ તો જ્ઞાનની વાત કરી તમે, એટલે કે આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે અને જે રાગની ક્રિયાથી એ ભિન્ન છે, તેથી ધર્મીનું કાર્ય રાગ નહિ, પણ ધર્મીનું કાર્ય તો રાગને જાણવું એવું જ્ઞાતાદૃષ્ટા એનું પરિણામ છે. સમજાણું કાંઈ ? એમ આપે કહ્યું તો પ્રભુ મને પ્રશ્ન છે, કે પુણ્ય ને પાપ વ્રત ને તપનો રાગ એ અજ્ઞાનથી કેમ ઉત્પન્ન થાય છે ? અજ્ઞાનથી એ કાર્ય કઈ રીતે ઉત્પન્ન થાય છે ? આહાહાહા ! અરે, આવો મળે વખત. આહાહાહા ! માંડ માંડ માણસ થયો છું અનંતેકાળે, આહાહાહા ! અને એટલો ક્ષયોપશમ પણ કાંઈ વિચાર કરવાનો છે એને, એમાં આ વિચારમાં ન આવે, તો શું કર્યું એણે ? આહા ! એટલે ? કે રાગના પરિણામથી મારી ચીજ ભિન્ન છે, કેમ કે નવતત્વમાં આ જીવ, અજીવ, પુણ્ય પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ તો દયાદાન, વ્રત, ભક્તિનાં પરિણામ તો પુણ્ય છે, હિંસા જૂઠું ચોરી વિષયભોગ વાસનાના( પરિણામ ) પાપ છે એ બેય તત્વ તો ભિન્ન છે. અજીવ જે કર્મ છે, એ પણ ભિન્ન છે. આહાહા ! હું તો જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ, સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ તે મારું સ્વરૂપ છે. આહાહા !

આવા ધર્મીને, રાગ ને પુણ્યના પરિણામનું કર્તૃત્વ એને હોતું નથી.

ત્યારે શિષ્ય પૂછે છે, કે જ્ઞાનના ભાનથી તો રાગનું કર્તવ્ય ઉભું ન થાય, તો અજ્ઞાનથી કેવી રીતે એ રાગ ઉત્પન્ન થાય છે ? સમજાણું કાંઈ ? આ કઈ જાતનો ઉપદેશ આ, ઓલું તો વ્રત કરો ને, અપવાસ કરો ને, ભક્તિ કરો, પૂજા કરો, વર્ષીતપ કરે છે બિચારા બાઈયું બધે, લાખોપતિની દિકરાની વહુઓ પાંચ દશ દશ કરોડપતિની વર્ષીતપ કરે, તો કહે છે કે એ તો રાગ મંદ હોય કદાચિત્ તો એ પુદ્ગલનું કાર્ય છે, તારું નહિ લે ! પુરુષમાં થોડા કરે, બાઈયુંમાં બહુ કરે. આહાહા ! પ્રભુ તો એ તો આપે કહ્યું કે એ બધી વૃતિઓ જે ઉઠે છે રાગની, એનાથી ધર્મી જીવ તો ભિન્ન પોતાના પરિણામને કરે છે, એ રાગના પરિણામને એ કરે નહિ. આહાહાહા ! ભગવાનની ખાણમાં એ રાગને ઉત્પન્ન કરે એવો કોઈ ગુણ નથી, એથી જેને આત્મજ્ઞાન ને આત્મધર્મ થયો, એ તો રાગનો કર્તા ને રાગ કાર્ય એમ થતું નથી. સમજાણું કાંઈ ? આહાહાહા !

તો હવે પૂછે છે, કે આ અજ્ઞાનથી રાગની ઉત્પત્તિ, વિકારની કઈ રીતે છે ? આહા ! એ અજ્ઞાનથી એ રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ રાગ, એ અજ્ઞાનથી રાગનું કરવું, કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય છે, તેનો ઉત્તર છે. આહાહાહા ! આ તો ભગવાન વીતરાગનો મારગ બાપા. આહાહા ! અરેરે વીંખી નાખ્યો લોકોએ, અને પોતે જે ધર્મી છીએ એમ માનીને બેઠા. આહાહા ! ગાથા ૯૪.

तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि कोहोऽहं।<br>
कत्ता तस्सुवओगस्सं होदि सो अत्तभावस्स।।९४।।<br>
'હું ક્રોધ' એમ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે.<br>
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૪.

પાછો જીવ, માને છે ને એટલે-આહાહા !

ટીકાઃ- ૯૪ની ટીકા, 'ખરેખર' છે ને ટીકા, "ખરેખર તો એવું છે કે, આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું" ભગવાન આત્માના અજ્ઞાન ને મિથ્યા (દર્શન) ને અવિરતપણું, એક અજ્ઞાનના ત્રણ પ્રકાર. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ એનું જેને જ્ઞાન નથી, તેનાં અજ્ઞાનમાં, એના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા ત્રણ ભાવ, મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને અવિરતિ પરિણામ. છે ? ખરેખર આ સામાન્યપણે, સંક્ષિપ્તમાં કહીએ તો અજ્ઞાનરૂપ એવું જે એ અજ્ઞાનરૂપ એવું મિથ્યાશ્રદ્ધા, આહાહાહા ! એ રાગ છે એ મારો છે, એ મિથ્યારૂપ શ્રદ્ધા અજ્ઞાનરૂપ છે, એ અજ્ઞાનના ત્રણ પ્રકાર છે. આહાહા !

સ્વરૂપ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ ને પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાનનો સાગર નાથ (નિજાત્મા) એના અજ્ઞાનને લીધે, આહાહા... એના સ્વરૂપના ભાન વિના, અજ્ઞાનરૂપ એવું, અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન, મિથ્યાશ્રદ્ધા, એ રાગ તે ધર્મ છે, અને રાગ તે મારો છે, એવું અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન. આહાહા ! આ તો વીતરાગ મારગ છે ભાઈ, વીતરાગ માર્ગમાં રાગ છે એ આત્માનો નહિ, આહા ! એ અજ્ઞાનરૂપ એવી મિથ્યાશ્રદ્ધા, રાગ મારો છે ને રાગ મારું કર્તવ્ય છે, એવી અજ્ઞાનરૂપ મિથ્યાશ્રદ્ધા, અજ્ઞાનરૂપ અજ્ઞાન, અને રાગને જાણવા જ રોકાઈ ગયો પોતાનું સ્વરૂપ ભિન્ન છે તેને ન જાણતાં, અજ્ઞાનરૂપી અજ્ઞાન, રાગ તે એને જાણવા રોકાણો,

એ મારો છે અને અવિરતિ, એ રાગમાં રોકાઈ ગયો, એ અવિરતિ છે. આહાહા ! એ અવિરતિનાં પરિણામ અજ્ઞાનરૂપ છે.

આ તો અધ્યાત્મની ટીકા છે. ત્રણલોકના નાથ, વીતરાગ પરમાત્મા એના મુખે નીકળેલી આ વાત છે પ્રભુ, સંતો જગતને જાહેર કરે છે. શિષ્યનો એમ પ્રશ્ન હતો કે પ્રભુ તમે જ્ઞાતાદૃષ્ટાના ધર્મી જીવને તો રાગદ્વેષ પુણ્યપાપની ઉત્પત્તિ કાર્ય એનું નહીં, એમ આપે કહ્યું, ત્યારે અજ્ઞાનથી એ રાગદ્વેષની ઉત્પત્તિ કઈ રીતે છે ? સમજાણું કાંઈ ? તો કહે છે કે સ્વરૂપના ટૂંકામાં અજ્ઞાનરૂપ, સ્વરૂપના અભાનરૂપ, સ્વરૂપ જે આનંદકંદ પ્રભુ, એના અજ્ઞાનરૂપ એકરૂપ સામાન્ય, એના ત્રણ પ્રકાર, મિથ્યાદર્શન એ રાગ તે મારો, એવી મિથ્યાશ્રદ્ધા એ અજ્ઞાનરૂપ, રાગના જ્ઞાનમાં રોકાઈ ગયો તે અજ્ઞાનરૂપ અજ્ઞાન, અને રાગમાં લીન થયો તે અવિરતિરૂપ, આહાહાહા ! અવિરતિ એ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ, છે ? વળી ભાષા, છે તો ચૈતન્ય, આહાહા ! એ ત્રણ પ્રકારનું સવિકાર, વિકાર સહિત, ચૈતન્યના પરિણામ, આહાહાહા ! તે, એ ત્રણ પ્રકારના જે ચૈતન્યના પરિણામ તે, પરના અને પોતાના અવિશેષ દર્શનથી. આહાહા ! પોતે ભગવાન આનંદ ને જ્ઞાનસ્વરૂપ, અને રાગ મલિન અને દુઃખરૂપ એ પોતાના ને પરના અવિશેષ, બે એક છે, સામાન્ય છે, ભેદ નથી, એમ દર્શનથી. આહાહા ! એ સવિકારપરિણામ પરના અને પોતાના ખરેખર તો એ પરિણામ પર છે ને પોતાનું સ્વરૂપ ભિન્ન છે, પણ એ પરના ને પોતાના સામાન્ય દર્શનથી, બે એક છે એમ શ્રદ્ધાથી, આહા ! ભાષા ! અવિશેષ દર્શન અવિશેષ એટલે જુદું પાડતો નથી, સામાન્યપણે બેનું એકપણું છે એમ માને છે. આહાહાહા !

ટીકા બહુ ગંભીર છે. આહાહા ! વીતરાગી સંતોની ટીકા છે આ નિમિત્તથી. ટીકા તો ટીકાની છે. આહાહા ! કહે છે, કે અજ્ઞાની પોતાના સવિકાર ચૈતન્ય પરિણામ, એ પર છે ને મારું સ્વરૂપ ભિન્ન છે, એમ ન માનતાં પરના અને પોતાના સામાન્ય દર્શનથી, એ રાગ ને આત્મા બેનું એક ( પણું ) છે, એમ શ્રદ્ધાથી, આહાહાહા ! ભારે આકરું કામ. એ રાગ અને આત્માના અવિશેષ જ્ઞાનથી, એકરૂપ જ્ઞાનથી, સામાન્ય જ્ઞાન એકરૂપ છું એમ, રાગ ને હું બેય એક છું એવા અજ્ઞાનથી અને અવિશેષ રતિ. આહાહા ! સામાન્ય રતિ એટલે રાગમાં રતિ, રાગમાં પ્રેમનો રસ ચડી ગયો. આહાહા ! એવા સામાન્ય રતિથી, સમસ્ત ભેદને છુપાવીને, આહાહા ! એ વિકારી પરિણામ અને ભગવાન અવિકારી એને બેને છુપાવી, ઢાંકી દઈને, એ મિથ્યાઅજ્ઞાનરૂપ, મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને રતિ, રાગમાં લીનતા રતિ, એવો જે વિકારભાવ અને ભગવાન અંદર ભિન્ન ભાવ, તે ભેદને છુપાવી, બેને ઢાંકી દઈ અજ્ઞાની. આહાહા... "ભાવ્યભાવકભાવને પામેલાં" કર્મ જે જડ છે તે ભાવક છે અને એ વિકારી પરિણામ તેનું ભાવ્ય છે. આહા ! સમજાણું કાંઈ ? આહાહા !

હવે ઓલા કહે કે નિમિત્તથી થાય છે એમ કહે ને, આંહીંથી. ભાઈ અહીં વાત બીજી છે બાપુ, અહીંયા તો દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય ભગવાન એનું જેને જ્ઞાન નથી, તેથી તે તેના અજ્ઞાનથી રાગના ભાવને પોતાના માને, પોતાનો જાણે, એમાં લીન થાય, એની આંહીં વાત છે. આહાહાહા !

'સમસ્ત ભેદને છુપાવીને' એટલે ? કે રાગનો ભાવ ને ભગવાન આત્માનો ભાવ બેને ઢાંકી દઈને, ભાવ્યભાવક ભાવને પામેલા. આહાહા ! ભાવક એવું જે પુદ્ગલ કર્મ, એનાથી

ભાવ્ય જે પુણ્ય ને પાપનો ભાવ, એવા ભાવ્યભાવક, છે ? ભાવ્ય નામ વિકારી પરિણામ, ભાવક તે કર્મ પુદ્‌ગલ એવો જે ભાવ, એને પામેલા ચેતન, અચેતનનું સામાન્ય અધિકરણ. આહાહાહા ! એ પુણ્યપાપનો આધાર જ હું છું. ચેતન ને અચેતનનું સામાન્ય આધાર ભગવાન આનંદનો આધાર, એમ ભેગો રાગ ને પુણ્યનો પણ આધાર. આહાહા ! ભારે આવી વાત. ચેતન અચેતનનું એકરૂપ આધાર, જાણે કે તેમનો એક આધાર હોય, એ વિકારી પરિણામનો આધાર હું, અને કર્મ બે થઈને એનો આધાર હોય, અથવા એ વિકારી પરિણામનો હું જ આધાર છું, એમ માનીને અજ્ઞાની, આહાહા ! છે ?

ચેતન, અચેતનનું એક અધિકરણ, સામાન્ય એટલે આધાર, "એમનો એક આધાર હોય એ રીતે અનુભવન કરવાથી". આહાહાહા ! ભાવક જે કર્મ છે પુદ્‌ગલ તેનું ભાવ્ય એ મારા છે એમ અનુભવ કરવાથી, છે ખરેખર તો ભાવક કર્મ તેનું એ વિકારી ભાવક ભાવ્ય પણ એનો આધાર હું છું એમ માનીને, અજ્ઞાની સામાન્ય, એનો આધાર અને અનુભવ કરવાથી, હું ક્રોધ છું, એટલે ? કે જે ભગવાન આત્મા શાંત ને અવિકારી સ્વરૂપ છે, તેનાં અજ્ઞાનને લીધે, કર્મના ભાવકથી થયેલો વિકાર ક્રોધ તે હું છું, એટલે સ્વભાવથી વિરુદ્ધ ભાવ તે હું છું, એમ અજ્ઞાની ક્રોધ હું છું એમ માને છે, એ અજ્ઞાનીનું કર્મ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. આહાહા ! આકરું કામ છે. આહાહા !

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એ વીતરાગ ભાવથી વાત કરે છે, પ્રભુ તારું સ્વરૂપ વીતરાગ, દ્રવ્ય વીતરાગ, ગુણ વીતરાગ, અને તેની પર્યાય થાય તે વીતરાગ, એ એનું કાર્ય છે. આહાહાહા ! એમ ન જાણતાં ચૈતન્યના વિકારી પરિણામનો પણ આધાર હું, એમ માનીને, એ વિકારનાં પરિણામ સ્વરૂપથી વિરુદ્ધ છે, તેને અહીંયા ક્રોધ કીધો છે. આહાહાહા ! એને સ્વભાવ પ્રત્યે અણગમો થયો છે, અને રાગ પ્રત્યે પ્રેમ થયો છે, તેથી તેને ક્રોધી કહેવામાં આવે છે.

અરે ભગવાન, આહાહા ! વીતરાગ સર્વજ્ઞદેવ, એના વિરહ પડયા પણ વાણી રહી ગઈ, સમય પ્રાભૃત કહે છે ને આને, સમયનું ભેટણું રહી ગયું. આહાહા !

છેલ્લી ગાથા છે ને ભાઈ, સમયસાર ભેટ આપ્યું. આ આત્મામાં ભાઈ જો આ તું છો ને ભાઈ, પ્રભુ તું તો વીતરાગી મૂર્તિ છો ને નાથ ! હું વીતરાગ થયો તે કયાંથી થયો ? એ વીતરાગ સ્વરૂપ જ છે પ્રભુ. એમાંથી વીતરાગતા સર્વજ્ઞતા પરમાત્માને થઈ, તો તું વીતરાગી સ્વરૂપ છો ને પ્રભુ. એ વીતરાગી સ્વરૂપના પરિણામ તો વીતરાગી હોય. એ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર છે સાચાં, એ તો વીતરાગી પરિણામ છે. આહાહા ! પણ એના ભાન વિના, જિન સ્વરૂપી ભગવાન આત્મા, તેના અજ્ઞાનને લીધે, કર્મના ભાવકથી થયેલો વિકારી ભાવ, પુણ્યપાપ તે ભાવ્યનો આધાર તે હું છું, એમ માનીને અજ્ઞાની, ક્રોધ એટલે સ્વભાવથી વિરુદ્ધ ભાવ, તે હું છું, એમ એ અજ્ઞાની માને છે. અરે..રે. આવી વાતું. સમજાય છે ?

પ્રભુ આત્મા તો શાંત વીતરાગી મૂર્તિ પ્રભુ છે. આત્મા સદાય જિનસ્વરૂપ જ છે અનાદિ, સ્વભાવ હોં. તે સ્વભાવનું કાર્ય છે, એ તો વીતરાગી પરિણામ આવે, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર એ દ્રવ્યના આશ્રયે કહો, પણ એ વીતરાગી પરિણામ આવે. એ વીતરાગી પરિણામ તે જ્ઞાનીનું કાર્ય ને જ્ઞાની એનો કર્તા. એ ભૂલીને, અજ્ઞાની વીતરાગી મૂર્તિ

ભગવાન પરમાનંદનો સાગર, તેને ભૂલી તેના અજ્ઞાનથી, રાગના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને પોતાના માની, એ કર્મ ભાવકનું ભાવ્ય, ( કર્મ )નું ભાવ્ય છે, એને ઠેકાણે મારું કાર્ય છે ( એમ માને છે ). આહાહાહાહા !

ગાથા બહુ ઊંચી આવી છે. હીરાલાલભાઈ ! બહુ અલૌકિક વાતું બાપા છે. શું કરીએ ? હેં ? વીતરાગ ત્રણલોકનો નાથ, જિનેશ્વરદેવ આમ ફરમાવે છે. આહા ! સંતો આડતિયા થઈને પ્રભુ કહે છે એમ કહે છે, એને સમાજ માનશે કે નહિ, સમાજમાં વિષમભાવ થાશે કે નહિ ? તેની એને દરકાર નથી. મારગ આવો છે. માનો ન માનો સમતોલ રહો ન રહો, આહાહા ! જેણે વીતરાગી પ્રભુને ઓળખ્યો હોય, જાણ્યો હોય, એના પરિણામ રાગ ને પુણ્યપાપનાં એના પરિણામ એનું કાર્ય ન હોય. આહાહાહા ! કહો પંડિતજી ! આવી વાત છે. આમાં કોઈ પંડિતાઈ ને સંસ્કૃત વ્યાકરણની કાંઈ જરૂર નથી એમ કહે છે. કેમ પંડિતજી ? સંસ્કૃતમાં પ્રોફેસર છે પણ નરમ માણસ છે ને ! આવી ગયા ઝુકાઈ ગયા, આવો મારગ છે પ્રભુ. આહાહા ! ન્યાયથી તો કહેવાય છે પ્રભુ. આહાહા !

શું કહ્યું ? કે ખરેખર તો કર્મને આધારે પુણ્યપાપનો ભાવ્ય થાય છે. એને ઠેકાણે અજ્ઞાની સ્વરૂપનો અજાણ, એ વિકારનો ભાવ્ય એનો હું આધાર છું, આહાહાહા ! ચીમનભાઈ ! ઝીણું પડે આવું મુંબઈમાં, આહાહા ! પ્રભુ અનંત આનંદનો સાગર છે ને અંદર. આહાહાહા ! અતીન્દ્રિય અનંત જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ, આ ઇન્દ્રિયમાં સુખ માન્યું એ તો કલ્પનાનું દુઃખ છે. એ દુઃખની દશા કોઈ ( આત્મા ) કરે એવો કોઈ ગુણ નથી, એમાં તો આનંદગુણ છે. આહાહાહા ! એવા અતીન્દ્રિય આનંદના ગુણનો ભરેલો ભગવાન તેના અજ્ઞાનને લીધે, એ પુણ્ય ને પાપના રાગના ભાવને, મારે આધારે થયા છે એમ અજ્ઞાની માને છે. પ્રભુ તું તો આનંદ ને જ્ઞાન છો ને તારે આધારે આ કેમ થાય ? સમજાણું કાંઈ ? આહા !

ભગવાન બિરાજે છે દેહમાં પ્રભુ બધા, એ શેષ શરીર બરીરને ન જુઓ એ તો જડ માટી ધૂળ છે, કર્મને ન જુઓ એ અજીવ ભિન્ન છે, એ અંદર પુણ્યપાપના ભાવને ન જુઓ એ વિકારી પરિણામ એ આત્માનું સ્વરૂપ નથી. આહાહાહા... પણ એ આત્માના સ્વરૂપના અજાણ જીવો અનાદિથી ભગવાન પોતે બિરાજે છે અંદર, જિન સ્વરૂપી આત્મા ! એનું જ્ઞાન ન કરીને, તેનું લક્ષ ન કરીને, તેનું ધ્યાન ન કરીને, એવા શુદ્ધ સ્વરૂપના અજ્ઞાનથી એ શુભ-અશુભ રાગનું કામ, એનો હું આધાર છું, એમ માનીને એ ક્રોધનો કર્તા થાય અને ક્રોધ મારું કાર્ય છે, એમ માને. આહા ! આવી વાતું એકેએકમાં ફેર.

ઓલો તો કહે, ભગવાને આમ કર્યું, ભગવાને આમ કર્યું, શું નથી એ સ્તુતિમાં આવતું ? સ્તુતિ આવે છે ને પહેલી, પાંચ દશ મિનિટ સ્તુતિ બોલે છે 'મા હણો, મા હણો' જીવને એવો ભગવાનનો, ઉપદેશને સ્તુતિમાં પહેલું બોલે ને પછી વ્યાખ્યાન શરૂ કરે, અમેય કરતાને પહેલાં, આહાહા ! અરેરે કોણ હણે ને કોણ જીવાડે પરને ? અને આ લોકોએ વળી એ શબ્દ કાઢયો છે હમણાં અંગ્રેજીનું "જીવો અને જીવવા દો" જીવો ( ને ) જીવવા દો. અરે કોણ જીવવા દે ? અરે ભગવાન ! તારું જીવન જીવવા દો એ તો પ્રભુ જીવતર શક્તિનું કાર્ય છે. આનંદ ને શાંતિના પરિણામ થાય એ જીવનનું જીવન કાર્ય છે, "એ જીવે જીવો" અને જેને રાગ ને પુણ્ય ને પાપના

ભાવને પોતાના માન્યા છે, એણે પોતાના જીવનને મારી નાખ્યું, અનંત જ્ઞાન ને અનંત આનંદ ને અનંત શાંતિ ને અનંત પ્રભુતા, એથી ભરેલો ભગવાન આત્મા, એને રાગનું કાર્ય આધાર હું છું, એમ માનનાર એવા જીવતરની શક્તિને એણે હણી નાખી. આહાહા ! આ કઈ જાતનું ? બાપુ ! બધી ખબર છે ભાઈ, દુનિયાની–આહા ! વીતરાગ મારગ કોઈ અલૌકિક છે, અને એ વીતરાગ સિવાય કયાંય કોઈ અન્યમતમાં, આ વાત છે જ નહિ કયાંય. આહાહા ! અત્યારે તો સંપ્રદાયમાં એ વાત રહી નથી, તો અન્યમાં તો કયાં હોય ? આહાહા ! બહુ ગાથા ઊંચી. આહા !

કહે છે કે ચેતન ને અચેતનનું આ, ખરેખર તો રાગાદિ અચેતન છે. એ જાણે ચેતન એનો આધાર હોય ? આહાહા ! સમજાય છે કાંઈ ? આહાહા ! ભગવાન ચૈતન્ય સ્વરૂપ એના વીતરાગી પરિણામ થાય તેનો આધાર ભગવાન આત્મા ! પણ એને એમ ન માનતાં, એ રાગના પરિણામનો ખરેખર આધાર તો અચેતન છે, એ રાગના પરિણામનો હું આધાર છું એમ માનીને, રાગનું અભિમાન કરે છે, એ સ્વભાવ પ્રત્યે ક્રોધ કરે છે. આહા ! દયાના પરિણામ છે એ રાગ છે, એ કર્મ ભાવકનું ભાવ્ય છે, ભગવાન આત્મામાં એ ભાવ્ય નહિ, છતાં અજ્ઞાનપણે એ ભાવકનું ભાવ્ય તે હું છું, એટલે કે વિકારી પરિણામ તે હું છું, એટલે કે સ્વભાવ પ્રત્યેનો વિરોધ કરીને, ક્રોધ તે હું છું. રાગને ક્રોધ ગણ્યો અહીંયા, આહાહા... ભાષા તો પ્રભુ સાદી છે, ભાવ તો બહુ ગંભીર છે. આહાહા ! અરેરે વીતરાગ મારગમાં જન્મીને, જૈનમાં જન્મીને જૈનનું શું સ્વરૂપ છે, એની ખબરું ન મળે. આહા ! કહો રસિકભાઈ, આવી વાતું છે.

આત્મા તો વીતરાગ સ્વભાવનો પિંડ છે, જિન કહો કે–વીતરાગપિંડ કહો, એમાં રાગનો હું આધાર છું એ વીતરાગ સ્વભાવનાં અજ્ઞાનને લઈને. આહાહા ! જિન સ્વરૂપી પ્રભુ અનંત અનંત વીતરાગી શક્તિનો પિંડ પ્રભુ છે, અંતરમાં જ્ઞાનેય વીતરાગી, દર્શન વીતરાગી, શાંતિ વીતરાગી, સ્વચ્છતા વીતરાગી અનંત શક્તિઓ જે ગુણ છે એ બધા વીતરાગી સ્વભાવે છે એ બધાં. આહા ! એવા ભગવાનના સ્વભાવને ન જાણતો, એના અજ્ઞાનને લઈ, એનો અનાદર કરી અને કર્મના નિમિત્તે ભાવકથી થતો વિકારી ભાવ રાગ, એ ભાવ્યનો આધાર હું છું, એમ માનીને સ્વભાવ પ્રત્યે વિરોધ ને ક્રોધ કરે છે. આહાહા... સમજાણું ? છે ? આહાહા ! એનો અનુભવ કરવાથી રાગ છે તે હું છું અને રાગનો આધાર તે હું છું, એમ રાગનો અનુભવ કરવાથી, હું ક્રોધ છું, આહાહાહા... ક્રોધ ને માન તે દ્વેષનાં બે ભાગ છે, અને રાગના બે ભાગ માયા ને લોભ છે, શું કહ્યું ? દ્વેષ છે એના બે ભાગ, ક્રોધ અને માન, રાગના બે ભાગ માયા ને લોભ. આહીં કહે છે કે ક્રોધ દ્વેષનો ભાગ છે, એટલે આત્મા જે શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે, તેના અજ્ઞાનને લઈને, તેને દ્વેષનો ભાવ ઉત્પન્ન થયો છે આત્મા પ્રત્યે. આહાહાહા !

આનંદઘનજીમાં એ કહ્યું છે ને ? 'દ્વેષ અરોચક ભાવ' શુદ્ધ ચૈતન્યઘન ભગવાન પૂર્ણાનંદથી ભરેલો, પૂર્ણજ્ઞાનથી ભરેલો, પૂર્ણ વીતરાગથી ભરેલો, પૂર્ણ સ્વચ્છતાથી, પ્રભુતાથી ભરેલો ભગવાન એની અરુચી એ દ્વેષ છે, વાતું બહુ ફેર હોં ! બાબુભાઈ ? છે ભાઈ મારગ તો આ છે બાપા, આહાહા ! શું એની શૈલી ? શું સંતોની કથનીની સરળતાની વીતરાગતાથી વિરુદ્ધ ભાવ એને કઈ રીતે વર્ણવ્યો, ચીતર્યો. આહાહા !

હું ક્રોધ છું, એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે. જોયું ? પાછું એવો પોતાનો, એ જાણે હું છું એમ પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે. આહાહા ! મિથ્યાદૃષ્ટિ જીવ, અજ્ઞાની જીવ કહો કે મિથ્યાદૃષ્ટિ કહો, ભગવાન પૂર્ણાનંદના નાથને ( નિજાત્માને ) નહિ જાણતો, એનાં ઉપર પડદો મારતો અજ્ઞાનથી, એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ આદિનાં ભાવ, તે કર્મનું ભાવ્ય છે, કર્મને આધારે થયેલ છે, એને ઠેકાણે અજ્ઞાની કહે કે એ મારે આધારે થયેલ છે, એમ માનીને તે ક્રોધનો વિકલ્પ કરે છે કે હું 'ક્રોધ' છું. આહાહાહા ! નવો માણસ તદ્દન અજાણ્યો હોય અને સંપ્રદાયનો આગ્રહી હોય, હવે શું માંડી છે આ તે, ભગવાન ! ( શ્રોતાઃ- ધર્મ કરવાની રીત જ આપે બદલી નાખી ) બદલી નાખી. જુઓને ! ન્યાયથી તુલના કરશો કે નહીં ? વાણીયા વેપાર કરે ત્યાં ચોપડામાં તપાસે છે કે નહિ, કે આપણે કેટલું લેણું દેણું, કેટલું પહોર પેદાશ હતી, એમાં આ વધ્યા કેટલા પૈસા ? કે ખોટ થઈ ગઈ કેટલી ? એનો મેળ કરતા નથી દશેરાના દિ' દિવાળીને, એમ આંહી કહે છે કે ખોટનો ધંધો કરે ને માને લાભનો, એ વિકારી પરિણામનો આધાર હું એ ખોટનો ધંધો. મિથ્યાદૃષ્ટિ એ ક્રોધ ને વિકારને પોતાનો માને છે. આહાહા ! સમજાણું કાંઈ ?

કહો હીરાલાલભાઈ ! આવી વાત આવી ગઈ સરખી. બરાબર આવ્યા ને ઠીક થયું આ. આહાહા ! એ તો ( હાથનો ) કટકો તો નહિ પણ આખું શરીર જીવનું નહિ એમ કહે. એ તો નહિ પણ અંદર રાગ થાય એય જીવનો નહિ. આહાહા ! પ્રભુ તારા જનમમરણના રસ્તા મૂકાવાના કોઈ અલૌકિક છે. આહાહાહા... વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથનો પોકાર છે આ, દિવ્ય ધ્વનિનો પોકાર છે પ્રભુનો, પ્રભુ તું તો પૂર્ણાનંદનો નાથ વીતરાગ સ્વરૂપી છો ને ! એવા સ્વભાવના અજાણને લઈને, એનાથી વિરુદ્ધ જે રાગાદિ ભાવ, એ મારો છે એવો તું વિકલ્પ કરે છે પ્રભુ તું મિથ્યા શ્રદ્ધામાં દોરાઈ ગયો છે. આહાહાહા ! આહા ! પ્રભુ તું દુઃખના પંથે દોરાઈ ગયો. સમજાય છે કાંઈ ?

આનંદનો કંદ પ્રભુ અંદરમાં છે. આહાહાહા ! અતીન્દ્રિય આનંદનો સાગર એમાં જાવું જોઈએ અને આનંદની દશા પ્રગટ થવી જોઈએ, એ સુખનો પંથ છે. એને ભૂલીને એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ રાગ, એનો હું આધાર અને એ મારું કાર્ય, પ્રભુ તું દુઃખને પંથે દોરાઈ ગયો. ચેતનજી ! આવું છે. માનો ન માનો દુનિયા એને કોઈ સત્‌ને, સંખ્યાની જરૂર નથી કે ઝાઝા માને તો સત્‌ સાચું ને, એમ કાંઈ છે ? બાબુભાઈ ? બાબુભાઈ બરોબર તાકડે આવ્યા છે સરખા. આવું છે બાપા. આહા...

પ્રભુ એકવાર સાંભળ તો ખરો, વીતરાગના વહેણલા તો સાંભળ, કહે છે. આહાહા ! વીતરાગ આમ કહે છે, કે તું એ રાગ થાય તે મારે આધારે થાય, તો તેં તારા આત્માના સ્વભાવને વિકારી માન્યો, હેં ? અને એનો સ્વભાવ તો નિર્વિકારી પવિત્ર છે પ્રભુનો સ્વભાવ તો. આહાહાહા !

એવા વિકારી પરિણામ તેનો હું આધાર છું. આહા ! એવો વિકલ્પ ઉત્પન્ન કરે છે વિકલ્પ વૃત્તિ ઉત્પન્ન કરે છે મિથ્યાશ્રદ્ધાની, તેથી હું ક્રોધ છું એવી ભ્રાંતિને લીધે, તેથી હું રાગનો પ્રેમી છું, સ્વભાવનો પ્રેમી નહિ, "એવી ભ્રાંતિને લીધે, સવિકાર પરિણામ, એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો" આહાહાહા ! પાછા લીધા એના પરિણામ માન્યું છે ને એણે ? એવા ચૈતન્ય

પરિણામે પરિણમતો થકો, આહાહાહા !! વિકારી પરિણામને ચૈતન્યનાં છે એમ માનીને પરિણમતો થકો, આહાહાહા ! શું ટીકા ગજબ છે. એક ગાથામાં ચૌદ પૂર્વ ને બાર અંગનો સાર ભરી દે છે. એ સંતોની શૈલી તો જુઓ, સવિકાર ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે. સમજાણું ? ચૈતન્ય પરિણામે પરિણમતો એટલે કે વિકાર મારા છે એમ પરિણમતો એમ, "એ ચૈતન્ય પરિણામે પરિણમતો આ આત્મા તે સવિકારી ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો અજ્ઞાની કર્તા થાય છે" વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૧૮૮ ગાથા-૯૪ મંગળવાર, મહા સુદ-૧૦, તા.૬/૨/'૭૯

"ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ" આત્માનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય છે, તેના ભાન વિના અજ્ઞાનરૂપ મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ મિથ્યાશ્રદ્ધા, રાગ એ મારો રાગ છે, પુણ્ય છે એ ધર્મ છે એવી જે મિથ્યાશ્રદ્ધા, સ્વરૂપના અજ્ઞાનને લઈને, એ મિથ્યાશ્રદ્ધાને કરે છે, મિથ્યાજ્ઞાન અને અવિરતિ, એ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્ય પરિણામ. છે ચૈતન્યના પરિણામ પણ સવિકાર છે. વિપરિત સ્વભાવથી વિરુદ્ધ એવા સવિકાર પરિણામ "તે પરના અને પોતાના અવિશેષ દર્શનથી" પોતે આનંદ, આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે અને આ રાગાદિ વિકાર દુઃખરૂપ છે. બેનું એકરૂપ માનવાથી અવિશેષ એટલે બેનું સામાન્ય માનવાથી, આહાહા ! ઝીણું બહુ. અવિશેષ દર્શનથી, આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ અને આ રાગ અને પુણ્ય-પાપના ભાવ-તે વિકાર પરિણામ એ બેની ભિન્નતાને ન જાણતો બેનું સામાન્યરૂપ બેય તે એક છે, એમ સામાન્યપણે દેખતો, સામાન્યપણે જ્ઞાનથી જાણતો અને સામાન્યપણે રતિથી એ રાગમાં લીનતા કરતો સ્વભાવનું અજ્ઞાન છે તેથી રાગમાં લીનતા કરતો "સમસ્ત ભેદને છુપાવીને" ચૈતન્ય ભગવાન આનંદ ને જ્ઞાનમૂર્તિ અને રાગાદિ વિકાર બેયને ભેદ છે એને છુપાવીને બેય જુદા છે તેને ઢાંકી દઈને. આહાહાહા !

'ભાવ્ય ભાવકને પામેલા' એટલે કે કર્મ છે જડ તે ભાવક છે, ભાવનો કરનાર અને વિકારી પરિણામ એ ભાવકનું ભાવ્ય છે, ઝીણું છે બહુ ભાઈ ! કર્મ એ ભાવક છે, ભાવનો કરનાર એનું ભાવ્ય પુણ્ય-પાપના ભાવ તે તેનું ભાવકનું ભાવ્ય છે. આહાહા ! "એ ભાવ્યભાવકભાવને પામેલાં એવાં ચેતન અચેતનનું" ચેતન જ્ઞાનસ્વરૂપ અને રાગદ્વેષઆદિ પુણ્યપાપ એ અચેતન સ્વરૂપ 'બે' નું સામાન્ય અધિકરણ 'બે' નો આધાર તે હું છું. આહાહા ! એ પુણ્ય ને પાપનાં ભાવ તેનો હું આધાર છું, મારાથી થયા છે, એમ અજ્ઞાનીને વિકાર ને અવિકારી ભગવાન ભેદજ્ઞાનના અભાવથી 'બે' નો આધાર હું છું. એમ માનીને, આહાહા ! ઝીણી વાત આવી છે. અધિકરણથી જાણે છે. જાણે કે તેમનો એક આધાર હોય, એ વિકારનો હું જ આધાર હોઉં એમ અજ્ઞાની માને છે. આહાહા !

એ દયા-દાન-વ્રત-ભક્તિ પૂજાનો ભાવ થાય તે વિકાર છે. અને ભગવાન આત્મા તો અવિકારી ચૈતન્ય શુદ્ધ છે, બેની ભિન્નતાને ન જાણતો. એ રાગ ને વિકારનો આધાર હું છું. છે ? જાણે કે તેમનો એક આધાર હું છું. હું જ એ વિકારનો આધાર છું. એમ અજ્ઞાની અનાદિથી

વિકારને, "અનુભવન કરવાથી" એ વિકાર છે પુણ્યપાપનો ભાવ તેનો અનુભવ કરવાથી "હું ક્રોધ છું એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે" એટલે ? કે ચૈતન્ય જ્ઞાયક આનંદ સ્વભાવ તેનાથી વિરુદ્ધભાવ જે રાગ તેને અહીંયા ક્રોધ કીધો છે, કેમ કે સ્વભાવની રુચિથી વિરુદ્ધ છે. અરુચિ, સ્વભાવની અરુચિ છે અને રાગની રુચિ છે તેથી તેને ક્રોધ કીધો છે. આહાહા ! આવી વાત છે. શું કીધું ઈ ? ( ફરમાવો )

ભગવાન આત્મા ચૈતન્ય આનંદ ને વીતરાગ મૂર્તિ, એનાથી વિરુદ્ધ જે રાગ ચાહે તો દયાદાનનો હોય કે વ્રતતપ આદિનો, પણ રાગની જેને રુચિ છે, તેને સ્વભાવની અરુચિ, સ્વભાવ પ્રત્યે તેને ક્રોધ છે. આહાહા ! આવું સ્વરૂપ હવે, તેને ક્રોધ હું છું એમ માને છે, એટલે ? કે ભગવાન ચૈતન્ય સ્વભાવ નિત્યાનંદ પ્રભુ, એની રુચિ છોડીને, જેને રાગની રુચિ છે, તેને સ્વભાવ પ્રત્યે અરુચિ છે, તેથી તેને સ્વભાવથી વિરુદ્ધ એવો રાગ તેને અહીંયા ક્રોધ કહેવામાં આવ્યો છે. શશીભાઈ ? આવું છે બાપુ બહુ, આહાહા ! 'હું ક્રોધ છું' એટલે કે હું આત્મા આનંદ છું, જ્ઞાન છું, એને ભૂલીને આત્માના સ્વભાવથી વિરુદ્ધ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ તે રાગની જેને રુચિ છે તેને સ્વભાવ પ્રત્યે ક્રોધ છે, તેથી તે ક્રોધ હું છું એમ માને છે. આહાહાહા ! સમજાય છે કાંઇ ? ભાષા તો સાદી પ્રભુ મારગ તો કોઇ, આહા !

"એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે" એવો પોતે શુદ્ધ ચૈતન્યઘન આનંદ હોવા છતાં, તેની રુચિ ને તેનો આશ્રય નથી તેથી તે રાગની રુચિને પોતાનો વિકલ્પ કરે છે કે એ રાગ મારો છે. આહાહા ! આવું સમજવું, સાંભળવું કઠણ પડે, મારગ આવો છે ભાઈ ! ( શ્રોતાઃ– એટલી પ્રતિકૂળતા આવે તો ય સમતા ભાવ રાખે ) કોણ ? અહીં તો અજ્ઞાનની વાત છે ને ? અજ્ઞાનની આંહીં તો વાત છે. અજ્ઞાનમાં ચૈતન્ય જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ અને એનાથી વિરુદ્ધ ભાવ જે રાગ એની રુચિ છે જેને, તેને જ્ઞાયક ભાવ પ્રત્યે અરુચિ છે. તેને અહીંયા ક્રોધ કહેવામાં આવે છે. અહીં જ્ઞાનીની વાત નથી. ( શ્રોતાઃ–દ્રવ્યલિંગી મુનિ ક્ષમા કરે છે ) દ્રવ્યલિંગી ક્ષમા કરતો જ નથી, એને રાગ આવે છે, તેનો પ્રેમ છે તેથી તે ક્રોધી છે જીવ પ્રત્યે, આકરી વાત છે. આહાહા ! ભાઈ !

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એ જ્ઞાયક સ્વરૂપ જાણક દેખન સ્વભાવ સ્વરૂપ પ્રભુ તેની રાગથી ભિન્ન પડીને રુચિ નથી, એનું જ્ઞાન નથી. તેથી તે રાગને ને આત્માને બેને એક માની અને હું ક્રોધી છું એટલે હું વિકાર કરનારો છું, મારો સ્વભાવ છે એનાથી વિરુદ્ધ ભાવ તે જ હું છું, એમ માનનારો સ્વભાવ પ્રત્યે અનાદર કરી અને વિકારનો કર્તા અને ક્રોધ છું, એમ માને છે. આવી વાત છે પ્રભુ, મુશ્કેલી છે આખી એવો પોતાનો આત્મ વિકલ્પ કરે છે, "તેથી હું ક્રોધ છું" અહીં સુધી તો આવ્યું' તું. આહાહા ! હું આનંદ છું, જ્ઞાયક છું, વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે તેની દૃષ્ટિના અભાવે તેના અવલંબનના અભાવે તેનો સ્વભાવનો સ્વીકાર નહિ ને અસ્વીકારને કારણે તેને જે સ્વભાવથી વિરુદ્ધ રાગ, તે હું છું એ હું ક્રોધ છું "એવી ભ્રાંતિને લીધે" ભ્રાંતિને લીધે, ભગવાન આત્મા ક્રોધ છે નહિ, આહાહાહા ! સમજાય છે કાંઇ ?

હું ક્રોધ છું, એવી ભ્રાંતિને લીધે "સવિકાર, વિકાર સહિત એવા ચૈતન્ય–પરિણામે પરિણમતો થકો" જોયું છે તો પાછા એના, સવિકાર પરિણામ મારા એમ માને છે ને ? તેથી ચૈતન્યપરિણામે પરિણમતો થકો એમ. એ વિકારી પરિણામ ચૈતન્યનાં છે—એમ ચૈતન્યપરિણામે પરિણમતો

થકો, આવું છે હવે એ વાંચવું કઠણ પડે. આ આત્મા તે સવિકાર ચૈતન્યપરિણામરૂપ આ આત્મા તે વિકાર જે છે પુણ્ય પાપનો ભાવ એવા ચૈતન્યપરિણામ પોતાના ભાવનો કર્તા થાય છે. અજ્ઞાની તે વિકાર પરિણામનો કર્તા થાય છે. કહો ચીમનભાઈ કહો સમજાય છે ને આમાં ? હવે આવો ઉપદેશ હવે આવી કઇ જાતની આ વાત ? બાપુ એ ભગવાનના ઘરની વાતું આવી છે. આહા !

ભગવાન આત્મા તો ચૈતન્યબિંબ, જિનબિંબ વીતરાગ મૂર્તિ પ્રભુ છે, અત્યારે હોં, એનો જેને રાગથી એ વીતરાગભાવ જાુદો છે, એવું જેને જ્ઞાન નથી, એ અજ્ઞાની એ રાગના પરિણામને વીતરાગ સ્વભાવ છે, એના ઉપર દૃષ્ટિ નથી. -વીતરાગપણું છે મારું તે એને ખબર નથી, તેથી તે વીતરાગ સ્વભાવથી વિરુદ્ધ રાગ એ મારા પરિણામ છે ચૈતન્યના, એમ કરીને ચૈતન્ય પરિણામનો એટલે વિકારનો કર્તા થાય છે. સમજાણું કાંઇ ? આહાહા ! આવી વાતું.

એ સવિકાર ચૈતન્યપરિણામરૂપ, પાછા એણે માન્યું છે ને કે આ વિકાર પરિણામ મારા છે. તેથી વિકાર ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે, એ વિકારી પરિણામ મારા છે એ ચૈતન્યનું પરિણમન છે, એમ માનીને તે ભાવનો, વિકારનો કર્તા થાય છે. ઝીણી બહુ વાત ગાથા ભાઈ, હીરાલાલજી ! આવી વાત છે. અરેરે ! કયાં દુનિયા !

એવી જ રીતે 'ક્રોધ' પદ પલટાવીને 'માન હું છું' હું માન હું માન છું, હું માની છું, પ્રભુ આત્મા તો માનથી ભિન્ન છે, એની જેને ખબર નથી, તેને કર્મના ભાવકનું ભાવ્ય જે પોતાની પરિણતિ, તેમાં એ 'હું માન છું' એમ એ માને છે. હું ક્રોધ છું એમ માન્યું, એમ હું માન છું એમ માન્યું, અજ્ઞાનભાવે મિથ્યાદૃષ્ટિ( એ ). હું પૈસાવાળો છું એમ એ કે દિ' માનશે ? ઇ આવશે, આગળ હમણાં સોળ બોલ આવે છે ને ? હું માન છું, હું માયા છું, કપટ, કેમ કે વસ્તુ જે છે, એ વિકારી પરિણામથી ભિન્ન ભગવાન છે, એની એને ખબર નથી અજ્ઞાનીને મિથ્યાદૃષ્ટિને, તેથી તે માયાના પરિણામ ચૈતન્યના પરિણામ છે, તેથી હું માયા છું, એમ એ માને છે. શશીભાઈ ! આવું છે. ભાષા તો સાદી પણ ભાવ તો ભાઈ જે છે ઈ છે. આહાહાહા ! "લોભ" છું, લોભ થાય ને ? ચૈતન્યના પરિણામમાં ભાવક કર્મ છે તેનું એ ભાવ્ય છે, છતાંય ચૈતન્યની ખબર નથી એટલે એ પરિણામ મારા છે, એમ માનીને લોભ હું છું એમ માને છે. આહાહાહા ! નિર્લોભ આનંદકંદ પ્રભુ હું છું એની એને ખબર નથી. આહાહા !

ક્રોધથી રહિત આનંદકંદ ક્ષમા સ્વરૂપનો પિંડ પ્રભુ છે, એની ખબર નથી, તેથી તે ક્રોધનાં પરિણામપણે પરિણમતો ક્રોધ હું છું, એમ માનથી ભિન્ન ભગવાન નિર્માન આનંદકંદ છે, તેની ખબરું નથી, તેથી તેના વિરુદ્ધનું માન જે ખરેખર તો કર્મનું ભાવકનું ભાવ્ય છે પણ એ ચૈતન્યના પરિણામ છે એમ માની ને હું માન છું, એમ માને છે. આહાહાહા ! કહો મંગળભાઈ ! આવું ઝીણું છે.-એમ 'લોભ', એમ 'મોહ' આંહીં ભાઈ, આ મોહ છે એ મિથ્યાત્વ, આવ્યો છે અહીં તો. જ્ઞાનીને જે મોહ આવે છે એ ચારિત્રમોહ છે, આ મિથ્યાત્વ છે, શું કહેવાય છે ? જે કાંઇ રાગાદિ થયો એ મારા છે એવો જે મિથ્યાત્વભાવ જે ચૈતન્યના સ્વભાવથી વિરુદ્ધભાવ, એ મોહ મિથ્યાત્વ તે હું છું એમ એ માને છે, એ ચૈતન્યના પરિણામમાં મિથ્યા શ્રદ્ધા મોહ, તે હું છું. ( એમ માને છે ). સમજાણું કાંઇ ? આવું, આવો મારગ હવે... હું મોહ છું, હું રાગ છું, દયા દાનનો

ઉત્પન્ન થયેલો ભાવ, રાગ તે રાગથી ભગવાન ભિન્ન છે તેનું ભાન નથી, તેથી 'બે' ને એક માનીને, ચૈતન્ય સ્વભાવ અને રાગ, 'બે' ને એક માનીને રાગનો આધાર ઉત્પન્ન કરનારો હું છું, તેથી હું રાગ છું એમ અજ્ઞાની માને છે. આહાહાહા !

હું 'દ્વેષ' છું, અણગમો જે અંદર ઉત્પન્ન થાય, એનાથી પ્રભુ ભિન્ન છે. ચૈતન્ય ભગવાન જ્ઞાયકભાવ, એની ભિન્નતાનું ભાન નથી અજ્ઞાનીને, તેથી તે અજ્ઞાની કર્મના ભાવકરૂપી ભાવ્ય દ્વેષ તેનાં પરિણામે પરિણમતો ચૈતન્યનું એ પરિણામ છે એમ પરિણમતો તે, હું દ્વેષ છું એમ એ માને છે. આહાહા ! આટલી શરતું નાખીને વાત હાલે છે, પંડિતજી ? હું 'કર્મ' છું. હવે આવ્યું જડ. આ તો વિકારી પરિણામ હતા, હું આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છું, એવી જેને ખબર નથી તેથી તેનું હોવાપણું છે એવું કયાંક માનવું તો પડશે, આવો જે સચ્ચિદાનંદ પ્રભુ હોવાપણે છે, એ હોવાપણાની એને ખબર નથી. તેથી તે કર્મ હું છું એમ એ માને એનું અસ્તિત્વ ત્યાં માને છે. આહાહા ! સમજાણું કાંઇ ?

'કર્મ' કર્મ હું છું, એ આઠ કર્મ એ હું છું. એ તો અજીવ છે, પણ જીવ તેનાથી ભિન્ન આનંદસ્વરૂપ પ્રભુ ! એને નહિ ખબર હોવાથી એ કર્મ પણ મારાથી ઉત્પન્ન થયું જડ, કર્મનો આધાર હું છું. આહાહા ! આવું સાંભળવા મળે મુશ્કેલ, વાણીયાને નવરાશ ન મળે, સત્ય ને અસત્યનો નિર્ણય કરવો. આહાહાહા ! આવા વખત કયારે મળે ભાઈ ? માંડ માણસ થયો. એમાંય એને કાંઇક વિચારશક્તિ પણ છે, પણ એ વિચારશક્તિ કયાં ગોઠવવી એની ખબર નથી. આહાહાહા ! એ અંદર રાગને આદિ ભાવ થાય કર્મ, પોતે જાુદી ચીજ છે તેની એને ખબર નથી, તેથી તેનું હોવાપણું કર્મ હું છું એમ એ માને છે. આહા ! 'નોકર્મ' મન, વચન ને કાયા એ તો બાહ્ય નિમિત્તો એ હું છું, આ હું છું ભગવાન ચિદાનંદ જ્ઞાતા, એની ખબર નથી તેથી તે નોકર્મ આ બીજી ચીજો છે ને ? સ્ત્રી કુટુંબ પરિવાર આદિ નોકર્મ છે બધાં, એ હું છું. અને એનો આધાર હું છું, મારે લઇને એ બધા ટકયા છે. હું એનો નભાવ કરું છું, સ્ત્રીનો, કુટુંબનો પરિવારનો એ બધા ચીજો મારી છે. અને મારે આધારે રહેલી છે, તેથી તે હું છું, એમ કહે છે. સમજાણું કાંઇ ? આહાહા !

'મન' અહીં મન છે, જેમ આ વાણી છે, જેમ આ આંખનો કોડો આદિ છે એમ આંહીં મન છે, આઠ પાંખડીનું ખીલેલું કમળ હોય, એવું અનંતા પરમાણુનું બનેલુ આંહીં ( હૃદય પાસે ) મન છે, જે આત્મા વિચાર કરે ત્યારે એને નિમિત્ત એ છે, એ મન છે તે હું છું. કેમકે મન વિનાની ચીજ છે તેની ખબર નથી. આહાહા ! મનથી ભિન્ન ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, અણાકુળ આનંદનો કંદ પ્રભુ એની જેને ખબર નથી, એની જેને સાવધાની નથી, એને એમ કહે છે કે હું તો આ મન છું. આહાહા ! મનને લઇને હું રહેલો છું અને મન છે તે મારે આધારે રહ્યું છે, અહીં છાતીમાં અનંત રજકણની આઠ પાંખડીને આકારે કમળ એવું અહીં હૃદયમાં વિચારમાં નિમિત્ત. આહાહા... એ 'મન' એ હું છું, કેમ કે મનથી રહિત ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ જેની નજરમાં આવ્યો નથી.

જેની પૂર્ણ હૈયાતીનો સ્વીકાર નથી એની હૈયાતી ક્યાંક તો એને માનવી પડશે. એટલે કહે છે કે હું તો 'મન' છું, અને મનનાં પરિણામ મનની દશાનો કર્તા હું છું, આવું હવે સાંભળવું,

ઓલું કેવું સહેલું હતું રખડવાનું, દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો તપ, કાંઈ સમજવું એ દુકાનથી આવે નવરો એટલે સહેલું સટ હતું રખડવાનું. ( શ્રોતાઃ- આપે એકલાએ જાુદું પાડયું ) હેં ? છે કે નહિ પણ એમાં ? મનના પરમાણુંઓ છે એનાથી ભગવાન અંદર ભિન્ન છે.

ચૈતન્ય જ્યોત, મહા ચૈતન્ય હિરલો, એવા હીરાની જેને મનથી કિંમત જાુદી નથી તે એમ માને છે કે હું તો મન છું. આહાહા ! એમ હું ‘વાણી’ છું, વચન આ ભાષા હું છું, કારણકે ભાષાથી ભિન્ન જાણનારો જાુદો છે, તેની ખબરું નથી એથી ક્યાંક પોતાનું હોવાપણું તો માનવું પડશે, હૈયાતિવાળી ચીજ પ્રભુ આનંદ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા સિદ્ધ સ્વરૂપી પ્રભુ આત્મા “સિદ્ધ સમાન સદા પદમેરો” એ સિદ્ધ સ્વરૂપી પ્રભુ અંદર છે, એની હૈયાતી-મોજાુદગીની ખબર નથી તેથી તેની મોજાુદગી ક્યાંક માનશે, તો વાણી હું કરું છું, વાણી મારી છે, મારી વાણી મીઠી બહુ. આહાહા ! પ્રભુ એ વાણી તો જડ છે ને પ્રભુ ! એ જડ તો જડથી ઉત્પન્ન થયેલી છે. ત્યારે આ કહે છે કે વાણી મારાથી ઉત્પન્ન થયેલી છે. વાણીનો હું આધાર છું, આમાંથી કેમ વાણી નીકળતી નથી, આમાંથી કાગળમાંથી, ઘડીયાળમાંથી કેમ વાણી નથી નીકળતી ? આમાંથી કેમ નથી નીકળતી ? વાણી મારા આધારે નીકળે છે. આમ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ અનાદિથી વાણીનો આધાર હું ને વાણી હું એમ માને છે. આહાહા !

‘કાયા’ આ કાયા, આ કાયા, શરીર તે હું છું એ શરીર મારું છે, કેમ કે શરીરથી ભિન્ન અશરીરી પ્રભુ એની એને ખબરું નથી, એનું એને જ્ઞાન નથી, એની હૈયાતિ કેવી છે તેની ખબરું નથી તેથી તે કાયા મારી છે, એમ અજ્ઞાની શરીરને પોતાનું માને છે. આહા ! અને એ શરીરનો આધાર હું છું જાુઓ આ તો જાુઓ આ ગળું આમ છે આત્મા નીકળી જાય; ગળું આમ થઈ જાય. માટે એનો આધાર હું છું એમ અજ્ઞાની માને છે. ખરેખર ત્યાં ગળું ગળાને આધારે આંહીં છે, આત્માના આધારે નથી. ( શ્રોતાઃ- યોગીન્દુદેવે તન મંદિરમાં દેવ કહ્યો છે ને ? ) દેવ છે, આંહીં છે ભિન્ન જાુદો, તનથી જાુદો પણ મંદિર નહિ, જાુદો. આહાહા ! તન મંદિરમાં ભિન્ન, આ તો તન, તન તે હું, હું શરીરને હલાવી શકું, શરીરથી કામ લઇ શકું, સગવડતાથી કામ લઉં, કોઇ ચીજને ઝાલવી હોય તો હું આમ ઝાલી શકું, આ છોડવી હોય તો આમ છોડી દઉં, એ શરીરની ક્રિયા મારી છે, એમ અજ્ઞાની માને છે. આહાહાહા !

આ તો અધિકાર આવે ત્યારે વર્ણન થાય ને ? કાયા હું છું ‘શ્રોત્ર’ કાન, કાન. કાન હું છું, કેમ કે કાન છે તો મને જણાય છે, શબ્દો જણાય છે. કાન છે તો શબ્દો જણાય છે, માટે કાન હું છું. આહાહા ! આવું છે. આ તો જડ છે, કાન તો માટી જડ છે. તેનાથી જણાતું નથી “જાણનાર જાણનારથી જાણે છે” પણ એને એવું થઇ ગયું કે આ ઇન્દ્રિયથી હું જાણું છું, આ જડ નથી એમ કહે એ તો મારી ઇન્દ્રિય છે. આહાહાહા ! ‘શ્રોત્ર’.

‘ચક્ષુ’ આ આંખુ ( આંખ્યુ ) આ ડોળા ને આ હું છું, કારણકે એના વિના હું જાણી શકું ? તેનાથી હું જાણું છું, માટે એ મારી ચીજ છે એમ અજ્ઞાની માને છે. આ તો માટી છે, આ ડોળા-ડોળા આ તો પુદ્‌ગલ માટી જડ છે. “જાણનારો તો અંદર જાુદો છે, એ આનાથી જાણતો નથી, જાણનારો જ્ઞાનથી જાણે છે” પણ એની એને ખબર નથી, તેથી આ ચક્ષુ તે હું છું, મારી આંખ બહુ તેજવાળી છે, મારી આંખ ઝાંખી પડી ગઇ છે, એમ કહે છે. આહાહા ! મારી આંખમાં શું

કહેવાય ઓલું, મોતીઓ આવે છે, મારી આંખમાં મોતીઓ આવે છે મારી આંખ લાલચોળ થઇ ગઇ છે, આ ક્રોધ આવે ને ? જરી ક્રોધ આવે ઓલો, પણ એ તો જડ છે. એ લાલચોળ થઇ છે એ જડ થઇ છે. તેં કરી નથી. પણ એ આંખ તે હું છું, એ આંખ વિનાનો ભગવાન છે અંદર ચૈતન્યસ્વરૂપ, એની હૈયાતીની મોજુદગીની હૈયાતીની ખબર નથી, તેથી તે આંખ તે હું છું એમ માને છે ઇ. આંખનો આધાર હું છું તેથી આંખ છે, એમ આંખને પોતાની માને છે.

"ઘ્રાણ" નાક, નાક આ, નાક તે હું છું. કેમ કે નાક દ્વારા હું સુગંધ લઇ શકું છું, નાક દ્વારા દુર્ગંધ લઇ શકું છું, માટે એ ચીજ મારી છે, પણ ભગવાન અંદર જાણનારો પોતે ભિન્ન છે એની એને ખબરું નહિ મિથ્યાદર્શનમાં. આહાહા ! એને લઇને એમ કહે છે કે હું તો મારું નાક બહુ તેજવાળું છે, બહુ સુગંધ છેટેથી હોય તો ય હું જાણી શકું, સુગંધ લઇ શકું છું એમ નાકને પોતાનું માને આ તો જડ માટી ધૂળ છે. ભગવાન તો અંદર ભિન્ન છે. આવી વાતું છે.

"રસન" આ જીભ-જીભ, જીભ વડે હું, ખાંડ, ગોળ એ ચાખું છું, માટે એ જીભ એ મારી છે, મારી જીભ બહુ તેજવાળી છે, એકદમ સ્વાદને જાણી શકે છે. આહાહા ! ખાટું ખારું શું છે એને એકદમ ખ્યાલમાં લઇ શકે છે, એ જીભનો સ્વાદ એ જીભ મારી છે. આહાહાહા ! આવું સાંભળવાનું ( એ ) રસન.

"સ્પર્શ" આ સ્પર્શ. સ્પર્શ ઇન્દ્રિય આ સ્પર્શવડે કરીને હું વિષય લઇ શકું છું આ સ્પર્શ એ મારી ચીજ છે, એ વડે હું સ્પર્શનું ઇન્દ્રિયનું વિષયભોગ લઇ શકું છું. પણ એ સ્પર્શ ઇન્દ્રિય જડ છે, ભગવાન એનાથી ચૈતન્યજ્યોત સ્વપરપ્રકાશક ન્યારો છે, એની જેને ખબરું નથી, એ સ્પર્શને લઇને હું આ ઠંડું, ઉનું જાણી શકું છું, આ બરફ ઠંડો, અગ્નિ ગરમ, શરીર સુવાળું, આનું કર્કશ, એ બધું આને લઇને જાણું છું માટે સ્પર્શ હું છું, એમ માનનારા સ્પર્શને પોતાનું માને છે. અને આ સ્પર્શ ઇન્દ્રિય જેમ આમ હાલે આમ થાય, તો એ મારે લઇને થાય છે, એનો આધાર હું છું. આહાહાહા ! આ હોઠ હલે આદિ, ઇન્દ્રિયું આદિ છે એ કઠણ થાય, એ બધું મેં કર્યું છે એને કઠણ, આહાહા... એ કઠણ ઇન્દ્રિય થાય એ તો જડની પર્યાયથી જડ થાય છે. એને મારાથી આ થાય છે એમ માનનાર એ સ્પર્શને પોતાનું માને છે.

ઝીણાં કોયડા આ ભાઈ ! ભગવાનના જિનેશ્વરદેવ કેવળી પરમાત્મા, એની વાતું બહુ ઝીણી ભાઈ. આહાહા ! એ સ્પર્શના સોળ સૂત્રો કહેવા, સોળ થયા ને ? વ્યાખ્યાનરૂપ કરવા, એને આ રીતે સ્પષ્ટ કરવું અને આ ઉપદેશથી બીજા પણ વિચારવા, સોળ તો કીધાં પણ કોઇપણ ગુણગુણીનો ભેદનો વિકલ્પ ઊઠે રાગ, એ પણ હું છું એમ માનનારો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની માને છે. આહાહા ! વિગેરે ! વિગેરે ! આવું છે. અરે ! ભેદ પાડવાનાં ટાણાં મળ્યાં પ્રભુ ! એમાં તું એકપણાને માનીને બેસીને કયાં જઇશ ભાઈ ! આવું મનુષ્યપણું ભગવાનની વાણી, ત્રણ લોકનાનાથનો દિવ્યધ્વનિ કાને પડે તને પ્રભુ. આહાહાહા ! એ સમયે તું ભેદ નહિ કર, રાગ ને શરીર ને ઇન્દ્રિયોથી પ્રભુ કે દિ' તું માનીશ ત્યારે આહા... આવા ટાણે, ઓહોહો... આચાર્યોએ, દિગંબર સંતોએ કામ કર્યા છે, એ વાણી પણ મેં કરી નથી, એમ કહે છે. ટીકાના શબ્દો જડથી થયા છે. આ આવે છે ને છેલ્લો, છેલ્લો શ્લોક આવે છે. આહાહા ! એ ટીકા થઇ.

ભાવાર્થઃ- "અજ્ઞાનરૂપ એટલે ? મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું જે સવિકાર

ચૈતન્યપરિણામ” અજ્ઞાન એટલે નથી ભાન એવું જે અજ્ઞાન, એટલે ? મિથ્યાશ્રદ્ધા, એ ક્રોધ આદિ હું છું, ઇન્દ્રિય હું છું, શરીર હું છું એવી મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, પોતાનું જ્ઞાન ભૂલીને સંશય આદિ વિપર્યાસ આદિ કરે, 'અવિરતિરૂપ' વિકાર એ ત્રણ પ્રકારનું 'સવિકાર' વિકાર સહિત ચૈતન્યપરિણામ જોયું ? “તે પોતાનો અને પરનો ભેદ નહિ જાણીને” બહુ ટૂંકું કહ્યું, પોતે ભગવાન આનંદ ને જ્ઞાન સ્વરૂપ પ્રભુ, અને એ સવિકાર પરિણામ ભિન્ન છે, એમ પરનો ભેદ નહિ જાણીને, “હું ક્રોધ છું હું માન છું” ઇત્યાદિ બધા બોલ લઇ લેવા “તેથી અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ સવિકાર ચૈતન્યપરિણામનો કર્તા થાય છે” ક્યાંક ક્યાંક કર્તાપણું તો માનવું જોઇશે કે નહિ ? પોતે આત્મા ભગવાન તો શુદ્ધ આનંદના પરિણામનો કર્તા છે, હવે એ શુદ્ધ ચૈતન્ય પ્રભુ તો નજરમાં આવ્યો નહિ, એટલે આનો, વિકારી પરિણામ મારા એમ માનીને તેનો કર્તા થાય છે. આહાહાહા !

“અજ્ઞાની અજ્ઞાનરૂપ સવિકાર ચૈતન્યપરિણામનો કર્તા થાય છે અને તે અજ્ઞાનરૂપ ભાવ” એ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, રાગ વિકાર પરિણામ “એ અજ્ઞાનરૂપ ભાવ તેનું કાર્ય થાય છે” કર્મ નામ કાર્ય. આ જડનું કાર્ય ને એની વાત નહીં, હવે આંહીં. ફક્ત મિથ્યાશ્રદ્ધાથી, મિથ્યાજ્ઞાનથી રાગાદિને પોતાનો માનતો ચૈતન્યનાં પરિણામ છે એમ માનતો તેનો તે અજ્ઞાની કર્તા, વિકારી પરિણામનો કર્તા થાય છે. આહાહાહા ! હવે આંહીં ક્યાં પહોંચવું, પરમાત્મા જિનેશ્વરદેવ વીતરાગ, એ આમ કહેતા દિવ્યધ્વનિ દ્વારા, એ સંતો સાંભળી આવ્યા, પ્રભુ પાસે, અને હતા તો અનુભવી છતાં સાંભળીને આવ્યા ને પછી આ શાસ્ત્ર બનાવ્યા, ભાઈ પ્રભુ તો આમ કહે છે. આહાહા ! ઘરનો ધણી ક્યાંક બહાર જાય બે ચાર દિવસ કે મહિનો બધા પૂછે કે શું લઇને આવ્યા ? બાઇડી પૂછે કે મારા માટે સાડલો લાવ્યા કે નહિ ? છોકરા પૂછે કે મારા સાટું ઓલી પેન, પેનનું પૂછે એ લાવ્યા કે નહિ, છોડી પૂછે કે મારા સાટું કંઇક ઊંચા ઉનનું ઓઢવાનું ઓઢણું લાવ્યા કે નહિ. આંહીં પ્રભુને મુનિને કોઇ પૂછે પ્રભુ આપ ગયા'તા ને ત્યાં ? શું લાવ્યા ? કે આ લાવ્યા. આહાહાહા !

અત્યારે તો આ આકરું પડે ભારી. એક ક્રમબદ્ધની વ્યાખ્યા આવી છે ભાઈ એમાં, કાલ એક વિદ્યાસાગર છે ને સાધુ છે દિગંબર એને ક્રમ પરિણમનની વ્યાખ્યા આપી છે. એક આપણે ક્રમબદ્ધનું ભાઈ લખે છે, હુકમીચંદ છે એ તો બહુ સરસ લખશે, થોડું બાકી રાખ્યું છે જાણીને, ઓલાં વિદ્યાસાગર છે જુવાન માણસ છે. ૩૩ મું વર્ષ ચાલે છે, આચાર્ય પદ આપ્યું એના ગુરુએ એને લખ્યું ક્રમ પરિણામ હોય છે, ક્રમ સહિત પરિણામ હોય ક્રમબદ્ધ, પણ બધું પરિણામ, પરિણામ, પરિણામ પણ પરિણામ થાય છે તો ઇ કોના આધારે ને કોણ છે એ ? એની દૃષ્ટિની તો એમાં મૂકી નથી વાત, ક્રમબદ્ધ પરિણામ થાય, ક્રમબદ્ધ પરિણામ, ક્રમ પરિણામ, “બદ્ધ” નથી લખ્યું બિલકુલ ક્રમ પરિણામ થાય, જે સમયે જે થવાનાં તે થાય, માટે એ તમે રાગ થાય તેની આકુળતા નથી પણ રાગ થયો એને, પણ ખરેખર તો એ થાય છે એમ જેને નક્કી થાય, એની દૃષ્ટિ ભગવાન ઉપર જાય, જ્ઞાયક સ્વભાવ ઉપર જાય, ત્યારે તેને સમ્યગ્દર્શન થાય, ત્યારે તેનો રાગનો અભાવ થાય. ચેતનજી ! રાતે સાંભળ્યું ને ? એમાં ફેર છે થોડો મૂળ-મૂળ ફેર છે, પણ હવે ઠીક એટલું બહાર આવ્યું છે એટલે ચર્ચાશે, ચર્ચાશે એટલું કે આ સોનગઢવાળા જ ક્રમ

પરિણામ કહે છે, ક્રમબદ્ધ સમયે સમયે જે થવાના એ થાય એમ માન્યું છે બધાએ ત્યાં નીકળ્યો તમારામાંથી, જુઓ. આહાહા ! આ રીતે કોક કોક છે માનનારા પણ બિચારા બહાર, જુદા પડવું.....

એક ગોંડલ સંઘાડામાં એક નવીનઋષિ નવીનચંદ્રજી છે ગોંડલના નવીનચંદ્રજી છે એને આ માને છે. બોટાદમાં મળ્યા 'તા, હું દિશાએ જઉં ને ત્યાં પગે લાગવા આવે. એનામાં બોટાદ સંઘાડામાં અત્યારે મોટો ઇ છે, છે જુવાન, દીક્ષા તો વીસેક વર્ષની હશે. પણ એને અહીંયા આ વાત બેઠી તે હું દિશાએ જઉ ત્યાં આવે અને હું તો ગયો હોઉં દિશાએ એ તો પૂછે જોડે મહારાજને પૂછે મહારાજ કયાં છે મારે દર્શન કરવા છે. હું આવું ત્યારે મહારાજ ! આપનો ઉપકાર મને બહુ છે પણ વાડા મૂકીને જાવું નીકળવું ( મુશ્કીલ. ) એવું સાંભળ્યું છે કે એને એ સંપ્રદાય છોડી દીધો છે. એ ભળી ગયા લીંબડીમાં, આમાં ભળ્યા કારણકે એ લાઇન ફેર છે, ફેર છે. બોટાદવાળાએ માન્ય નો રાખ્યા હોય એને, એટલે એવું સાંભળ્યું ' તું આંહીં કયાંક છે ચોમાસું હતું. મળ્યા 'તા દરરોજ મળે ત્યાં બહાર દરરોજ, ત્યારે કહે મહારાજ ઉપકાર છે તમારો મને તો, પણ હું કાંઇ કહું નહીં. આપણે કાંઇ કહેવાય નહિ એ, આપણે સાંભળી લઇએ પણ તમે છોડો કે ન છોડો તો આપણે આંહીં કાંઇ નહિ.

એક દેરાવાસી સાધુ છે કચ્છમાં એને આ વાંચીને એમ થયું કે, ઓહો... મારગ તો આ છે, એને બિચારાને નામ તો કંઇક છે કચ્છમાં છે એમ કોક કોક કયાંક મધ્યસ્થ હોય ને ? આગ્રહ છોડીને આ વાંચે તો એને એમ થાય કે, ઓહો... મારગ તો આ છે, આપણે સાંભળ્યો નહોતો અને ગુરુ પાસે નહોતો માટે મારગ ખોટો છે એમ નથી. પણ છોડાય નહિ, જાવું કયાં ? આહાહા ! આંહીં આવે તો અમે રાખીએ નહિ. આંહીં કયાં રાખે આંહીં કોણ રાખે ? આંહિ પાંજરાપોળ છે, કે એને ખવરાવે કોણ, રાખે કોણ, એક સ્થાનકવાસી સાધુ આવ્યો 'તો જુવાન મૂકીને બધું આંહીં રહેવું છે મારે, આવ્યો, કીધું ભાઈ અહીં કયાંય સ્થાન નથી. આંહીં કયાંય અમારે સૌ માણસો એની જવાબદારીએ રહે છે ને એના ખર્ચે રહે છે. અમે કોઇને રાખીએ ને કયાંય તમને મકાન મળે ને આંહીં નહિ, આંહીં કોઈ જવાબદારી આંહીં કોઇ છે જ નહિ આંહીં.

અમારી પાસે કાંઇ કરવાનું છે જ નહિ, આંહીં ઉપદેશ સિવાય કાંઇ વાત નથી. સવારે આવ્યો ને સાંજે વયો ગયો પછી, આવ્યો 'તો ને સ્થાનકવાસી સાધુ મારવાડી હતો, હેં ? કરે કોણ આંહીં. ઉપાધિ કોણ કરે આંહીં. કોણ આ લોકો કરે છે અમે કોઇને કીધું નથી આ મકાન કે પુસ્તક ( બનાવો ) કે 'ફલાણું અમે ' કોઇને કીધું નથી. પુસ્તકો બાવીસ લાખ છપાણા મેં કીધું નથી. એક આ બેનનું પુસ્તક જે હાથમાં આવ્યું, ત્યારે મેં કીધું રામજીભાઈને, ભાઈ આ લાખ છપાવો કીધું બસ એટલું. એ લગભગ પચાસ સાંઇઠ સિત્તેર હજાર છપાઇ ગયા. પચીસ હજાર તો ત્યાં છપાવાના છે હમણાં જયંતિ ઉપર મુંબઇ.

( શ્રોતા:-આવા લોકોને સાધન ન હોય ત્યારે કયાં જાય ) પણ કયાં જાય અમે એ માથે લઇએ કોઇનું ? આંહી આંહીં સાધુ આવી ગયા 'તા એક શ્વેતાંબર રામવિજયની વિરુદ્ધના ચોમાસુ રહી ગયા 'તા હેં ? શું નામ, કુમુદવિજય બે ઠાણાં ચોમાસું રહી ગયા. તો આંહી સાંભળવા આવે સવારે ખાનગી અંદર કહ્યું એમણે મને મહારાજ મારગ તો સાચો છે આ

અમારે શું કરવું ? એમ કે તમે કાંઇક કહો છોડવું એમ, ભાઈ અમે કોઇને કહેતા નથી છોડવું કે મૂકવું કાંઇક તમને છોડીને આંહીં રાખવા. અમે કયાંય કોઇને, અમારું કામ નથી. આ ફક્ત ઉપદેશનું આવે છે તે આપીએ બીજુ કાંઇ નહિ, તમે અહીંયા રહો ને તમને રાખીએ ને તમને અહીં મદદ આપવી એ આંહીં કાંઇ ન મળે. બે વાર કહ્યું અંદર, વાત સાચી બધી પણ હવે કરવું શું અમારે ? મેં કીધું ભાઈ તમારી જવાબદારીએ તમે ( રહો ) આંહીં કાંઇ, ઘણાં એમ કહે છે.

હમણાં એક સાધુ દિગંબર છે, ભવ્યસાગર અહીં આવવાનું ઘણું પાંચ દશ વરસથી ( વિચારે છે ) મારગ તમે કહો છો એ સાચો છે, આ વાત હતી નહિ બસો વર્ષમાં, દિગંબરના સાધુ છે. વીસ વર્ષની દીક્ષા દિગંબર કવિ છે. શીઘ્ર, નીકળ્યા છે. ગિરનારને હવે આંહીં અમારા ઉપર લખ્યું કે, એક બે શબ્દ તો લખો કે હું આવું. પણ આંહીં ઇ કાંઇ છે ય કયાંય. એ ગિરનાર નીકળ્યા છે આવશે કદાચ, પણ એણે ત્યાં સુધી કહ્યું કે એક આશ્રમ બનાવો કે જેથી અમારા જેવા રહે, આંહીં કોણ બનાવે ઉપાધિ કોણ આંહીં તે કરે એને બનાવવું ને એને પાછા સાચવવા પૈસા ને કોકને કહેવું, આંહીં તે કંઇ નવરા છીએ, અહીંયા બનવાનું હોય એમ બનશે ને રહેવાનું હોય એ રહેશે. આહાહા ! નીકળ્યા છે ગીરનાર-માટે શું થાય ભાઈ ! આહાહા... મારગ તો આ છે, પરમાત્માના ઘરની વાત છે ભાઈ ! ચાલતી પ્રથાથી તદ્દન જુદી છે તેથી કરીને બેસવું કઠણ એ આંહીં કહે છે. આહાહાહા !

'અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કાર્ય છે' જોયું ? અજ્ઞાની રાગ અને પુણ્યપાપના ભાવથી પ્રભુ ભિન્ન છે એમ ન જાણતાં તે રાગનો આધાર હું છું એમ ચૈતન્યના પરિણામે, રાગે પરિણમતો અજ્ઞાની રાગનો કર્તા થઇ અને એ રાગ મારું કાર્ય છે એમ માને છે. આહાહા ! એ ૯૪ થઇ.

આહા... હા ! હેય-ઉપાદેય અને ત્યાગ-ગ્રહણ-બે એક જ છે. જુઓ ! ૪૯-ગાથામાં નીચે ફૂટનોટ છેઃ- "પ્રમાણભૂત જ્ઞાનમાં શુદ્ધાત્મદ્રવ્યનું તેમજ તેના પર્યાયોનું બન્નેનું સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ. 'પોતાને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન છે' એવો સ્વીકાર જ જેના જ્ઞાનમાં ન હોય તેને શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહીં. માટે 'વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવા યોગ્ય છે' એવી વિવક્ષાથી જ અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે. ( -જાણવાની અપેક્ષાથી ), 'તેમનો આશ્રય ગ્રહણ કરવા યોગ્ય છે' એવી વિવક્ષાથી નહીં. વ્યવહારનયના વિષયનો આશ્રય-આલંબન-વલણ-સન્મુખતા-ભાવના તો છોડવા યોગ્ય જ છે એમ સમજાવવા ૫૦મી ગાથામાં વ્યવહારનયને સ્પષ્ટપણે હેય કહેવામાં આવશે. જે જીવને અભિપ્રાયમાં શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું ગ્રહણ અને પર્યાયોના આશ્રયનો ત્યાગ હોય, તે જ જીવને દ્રવ્યનું તેમજ પર્યાયોનું જ્ઞાન સમ્યક્ છે એમ સમજવું, અન્યને નહીં. સમજાય છે કાંઈ ?

( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૫૪, નિયમસાર ગાથા-૫૦ )

## ગાથા-૯૫

तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि धम्मादी।
कत्ता तस्सुवओगस्स होदि सो अत्तभावस्स।।९५।।

त्रिविध एष उपयोग आत्मविकल्पं करोति धर्मादिकम्।
कर्ता तस्योपयोगस्य भवति स आत्मभावस्य।।९५।।

एष खलु सामान्येनाज्ञानरूपो मिथ्यादर्शनाज्ञानाविरतिरूपस्त्रिविधः सविकारश्चैतन्यपरिणामः परस्परमविशेषदर्शनेनाविशेषज्ञानेनाविशेषरत्या च समस्तं भेदमपह्नुत्य ज्ञेयज्ञायकभावापन्नयोः परात्मनोः समानाधिकरण्येनानुभवनाद्धर्मोऽहमधर्मोऽहमाकाशमहं कालोऽहं पुद्गलोऽहं जीवान्तरमहमित्यात्मनो विकल्पमुत्पादयति; ततोऽयमात्मा धर्मोऽहमधर्मोऽहमाकाशमहं कालोऽहं पुद्गलोऽहं जीवान्तरमहमिति भ्रान्त्या सोपाधिना चैतन्यपरिणामेन परिणमन् तस्य सोपाधिचैतन्यपरिणामरूपस्यात्मभावस्य कर्ता स्यात्।

હવે એ જ વાતને વિશેષ કહે છેઃ-

'હું ધર્મ આદિ' વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૫.

ગાથાર્થઃ-[ त्रिविधः ] ત્રણ પ્રકારનો [ एषः ] આ [ उपयोगः ] ઉપયોગ [ धर्मादिकम् ] 'હું ધર્માસ્તિકાય આદિ છું' એવો [ आत्मविकल्पं ] પોતાનો વિકલ્પ [ करोति ] કરે છે; તેથી [ सः ] આત્મા [ तस्य उपयोगस्य ] તે ઉપયોગરૂપ [ आत्मभावस्य ] પોતાના ભાવનો [ कर्ता ] કર્તા [ भवति ] થાય છે.

ટીકાઃ-ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ તે, પરના અને પોતાના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી (લીનતાથી) સમસ્ત ભેદને છુપાવીને જ્ઞેયજ્ઞાયકભાવને પામેલાં એવાં સ્વ-પરનું સામાન્ય અધિકરણથી અનુભવન કરવાથી, 'હું ધર્મ છું, હું અધર્મ છું, હું આકાશ છું, હું કાળ છું, હું પુદ્ગલ છું, હું અન્ય જીવ છું' એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે; તેથી, 'હું ધર્મ છું, હું અધર્મ છું, હું આકાશ છું, હું કાળ છું, હું પુદ્ગલ છું, હું અન્ય જીવ છું' એવી ભ્રાંતિને લીધે જે સોપાધિક (ઉપાધિ સહિત) છે એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો આ આત્મા તે સોપાધિક ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.

ભાવાર્થઃ-ધર્માદિના વિકલ્પ વખતે જે, પોતે શુદ્ધ ચૈતન્યમાત્ર હોવાનું ભાન નહિ રાખતાં, ધર્માદિના વિકલ્પમાં એકાકાર થઈ જાય છે તે પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે.

**આ પ્રમાણે, અજ્ઞાનરૂપ ચૈતન્યપરિણામ પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે તેથી અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ સોપાધિક ચૈતન્યપરિણામનો કર્તા થાય છે અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કર્મ થાય છે.**

## ગાથા-૯૫ ઉપર પ્રવચન

હવે એજ વાતને વિશેષ કહે છે. तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि धम्मादी। ઓલામાં ક્રોધ હતો, વિકારી ક્રોધ આદિ હતું ને ? ૯૪માં. આમાં હવે ધર્માસ્તિ આદિ છ દ્રવ્યો લેશે બીજા, એટલો ફેર છે. ઓલામાં ભાવ્યભાવકનો, કર્મ ભાવક એનો વિકારી ભાવ્ય એ મારા છે એથી હું ક્રોધ છું, એમ કહીને બધા બોલ લીધાં'તા. હવે આત્મા સિવાય ધર્માસ્તિકાય છે, ભગવાને એક ધર્માસ્તિકાય જોયું છે, ૧૪ બ્રહ્માંડમાં આ જીવ ગતિ કરે જડ ને ત્યારે એને ધર્માસ્તિ નિમિત્ત છે. એક અધર્માસ્તિકાય છે ગતિ કરતાં સ્થિર થાય તો અધર્માસ્તિકાય નિમિત્ત છે, ભગવાને જોયેલું છે એક કાળ છે, પરિવર્તન કરે દરેક આત્મા પરિણામ એમાં નિમિત્ત છે કાળ. આ પુદ્‌ગલ છે અનંત રજકણો એ ચાર છે ને જીવ અને ધર્માસ્તિ અધર્માસ્તિ અને આકાશ, આકાશ છે, એ છ દ્રવ્ય છે.

હવે એ કહે છે કે અજ્ઞાની એ છ દ્રવ્ય છે બીજાં તેને પોતાના માને છે. ઓલો વિકારીને પોતાનાં માને છે. હવે આ છ દ્રવ્ય તે હું છું એટલે શું કહેશે. ધર્માસ્તિકાય તત્ત્વ છે એક ભગવાને જોયેલું ૧૪ બ્રહ્માંડમાં એનો વિચાર કરતાં જે વિકલ્પ આવે એ વિકલ્પ મારો છે એમ માનનાર આ ધર્માસ્તિ મારો છે એમ માને છે. ઝીણી વાત છે, ભાઈ. એ કહે, જુઓ **"तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि धम्मादी" धम्मादी छे** ને ? ધર્મ આદિ એટલે ધર્માસ્તિકાય હોં, ઓલો ધર્મ-અધર્મ આ નહિ. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય, કાળ, પુદ્‌ગલ, આકાશ-"**कत्ता तस्सुवओगस्स होदि सो अत्तभावस्स**" નીચે, હું ધર્મ, ધર્મ એટલે ધર્માસ્તિકાય હોં, ધર્મ એટલે આ સમ્યગ્દર્શન એ નહીં, આંહીં નહિ, ધર્માસ્તિકાય છે ભગવાને છ દ્રવ્ય જોયા એમાં ધર્માસ્તિ આખા લોક પ્રમાણે અસંખ્ય પ્રદેશી ધર્માસ્તિકાય ભગવાને જોયું છે. છ દ્રવ્ય જોયાં છે એ 'હું ધર્મ આદિ' વિકલ્પ એ ઉપયોગ ત્રણ વિધ આચરે, ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ત્રણ વિધ એટલે શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ ખોટા ત્રણેય "ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને". આહાહા !

ટીકા:- ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જે એક શબ્દ'તો ત્યાં આવ્યો'તો એ ૯૪ માં, સંક્ષિપ્તમાં, સામાન્ય એટલે સંક્ષિપ્ત, અજ્ઞાનરૂપ એવું મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર આ રાગ, એ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ ત્રણ પ્રકારનું, ત્રણ કોણ ? મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર રાગ, એ ત્રણ પ્રકારનું સવિકાર સહિત ચૈતન્યપરિણામ તે ચૈતન્ય પરિણામ તે "પરના અને પોતાના સામાન્ય દર્શનથી" આહાહાહા ! પર અને હું બેય એક છું એમ માનવાથી સામાન્યદર્શન એટલે વિશેષ ન માનતા ભિન્ન પર અને પોતાને અવિશેષ એટલે સામાન્ય એક નામ દર્શનથી, અવિશેષ નામ એક જ્ઞાનથી અને અવિશેષ રતિથી લીનતાથી રાગમાં લીનતા સમસ્ત ભેદ, છુપાવીને પરદ્રવ્યથી ભિન્ન ભગવાન અને આત્માથી પરદ્રવ્ય

ભિન્ન એવાં ભેદને છુપાવીને, હું ધર્મ છું, ધર્માસ્તિકાય, આહાહાહા ! ઝીણી વાત છે ને ધર્મ એટલે ધર્માસ્તિકાય છે એક ચૌદ રાજલોકમાં ધર્માસ્તિકાય હું છું એમ શી રીતે ? એ તો અરૂપી છે, પર છે, પણ એનો વિચાર કરતાં જે વિકલ્પ આવે ધર્માસ્તિકાયનો વિકલ્પ, એ વિકલ્પ હું છું એમ ધર્માસ્તિકાય હું છું એમ માને છે. હવે એ ધર્માસ્તિકાયનો જે વિચાર આવ્યો, વિકલ્પ આવ્યો એ વિકલ્પને પોતાનો માને એ ધર્માસ્તિને પોતાનો માને છે એમ. નહીં તો ધર્માસ્તિ એ તો અરૂપી છે ૧૪ લોક બ્રહ્માંડમાં ભગવાને જોયેલું, કેવળીએ છ દ્રવ્ય જોયાં છે. આહાહાહા ! એ વાત સર્વજ્ઞ સિવાય બીજે કયાંય નથી. તમારા વિષ્ણુમાંય નથી. ( શ્રોતાઃ- તમે વિશ્ણુ મટાડી દીધાને ) વાંચે છે, વાંચવા જાય છે.

હું ધર્માસ્તિકાય છું એમ લેવું. આ ધર્મ એટલે ? ધર્મ એટલે અહીંયા સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર એ નહિ. એ ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય છે, તત્ત્વ છે. એ તત્ત્વનો વિચાર કરતાં જે વિકલ્પ ઊઠે, એ વિકલ્પથી હું ભિન્ન છું એમ નહિ માનનાર એ વિકલ્પ હું છું, એટલે ધર્માસ્તિકાય હું છું એમ માને છે. સમજાણું ? આહાહા !

“હું અધર્મ છું” અધર્માસ્તિકાય છે. ૧૪ બ્રહ્માંડમાં ભગવાને જોયેલું આ જડ ને ચૈતન્ય ગતિ કરતાં સ્થિર થાય ત્યારે અધર્માસ્તિકાય એ નિમિત્ત છે, જેમ પાણીમાં માછલું ચાલે તો પાણી નિમિત્ત છે એમ ધર્માસ્તિ નિમિત્ત છે અને જેમ માણસ થાકેલો ઝાડ નીચે બેસે એને સ્થિરતામાં નિમિત્ત છે, એમ જડ ને ચૈતન્ય ગતિ કરતાં સ્થિર થાય ( તેમાં ) એક અધર્માસ્તિ નામનું દ્રવ્ય તે નિમિત્ત છે. એ અધર્માસ્તિકાય હું છું એમ અજ્ઞાની માને છે. કેમ ? કે અધર્માસ્તિકાયનો વિચાર આવ્યો, એમાં વિકલ્પ આવ્યો, એ વખતે ધર્માસ્તિનો વિકલ્પ ને અધર્માસ્તિ હું જ છું, જુદો ( છું ) એમ ન માનતાં એ ધર્માસ્તિ ને અધર્માસ્તિ હું જ છું એમ અજ્ઞાની માને છે, સમજાણું કાંઇ ?

એમ હું આકાશ છું. ( શ્રોતાઃ-જ્ઞેય જ્ઞાયક ભાવને પામેલા ) આ જ્ઞેયજ્ઞાયક કીધુંને. ઓલું ભાવ્યભાવક છે. ઓલું ભાવ્યભાવક છે, કીધું ને આવી ગયું ને પરજ્ઞેય છે એનો વિચાર કરતાં વિકલ્પ ઊઠે તેને પોતાનો માને છે એટલે જ્ઞેયને પોતાનું માને એમ, ઓલું ભાવ્યભાવકનું હતું, કર્મ ભાવક છે તેનું ભાવ્ય, તે મારું છે એમ. ને આ તો ફક્ત જાણવાની ચીજ છે એ જાણવાની ચીજમાં જે વિકલ્પ ઉઠયો એની વાત છે અત્યારે. એક જાણવાની ચીજ છે બીજી, ધર્માસ્તિ-અધર્માસ્તિકાય, આકાશ એનો વિચાર કરતાં વિકલ્પ ઉઠયો, એ ચીજ તો કયાં જોવા જાય, એ તો અરૂપી છે. પણ એનો વિકલ્પ ઉઠયો એ ખરેખર તો પરજ્ઞેય છે, એ પરજ્ઞેય છે તેને આશ્રયે વિકલ્પ ઉઠયો એ પરજ્ઞેય છે, એ વિકલ્પને પોતાનો માને તે ધર્માસ્તિ-અધર્માસ્તિ આકાશને પોતાનો માને છે. વિશેષ કહેશે. ( શ્રોતાઃ-પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૧૮૯ ગાથા-૯૫ બુધવાર, મહા સુદ-૧૧, તા. ૭/૨/’૭૯

સમયસાર-૯૫ ગાથા. ટીકા ફરીને “ખરેખર આ સામાન્યપણે અજ્ઞાન” જે આત્મા અખંડ દ્રવ્ય સ્વભાવ શુદ્ધ, એકરૂપ પરમાત્મ સ્વરૂપ, એના અજ્ઞાનથી એના ભાન વિના

અજ્ઞાનરૂપ "એવું જે મિથ્યાદર્શન" જાુઠી શ્રદ્ધા, રાગ, દયા, દાન, વ્રત પરિણામ એ ધર્મ છે, એ ધર્મનું કારણ છે, એવી જે મિથ્યાશ્રદ્ધા, મિથ્યા અજ્ઞાન, અવિરતિ રાગમાં લીનતા "એ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ" —ત્રણ પ્રકારના વિકારવાળા ચૈતન્યની પરિણતિ-પર્યાય, તે આ ચૈતન્ય વિકારી પરિણામ, તે (અજ્ઞાની) શું માને છે, એમ કહે છે. આહાહાહા..... "પરના અને પોતાના અવિશેષ દર્શનથી" પોતે ભગવાન જ્ઞાયક શુદ્ધ પરમ પારિણામિક તત્ત્વ નિજ દ્રવ્ય એને ને રાગને પોતાનું એકપણું માની બેયનું સામાન્ય દર્શન એટલે બેયનું એકપણું છે. આહાહા !

નિજ દ્રવ્ય પરમ સ્વભાવભાવ, શુદ્ધ નિષ્ક્રિય જે પરિણતિ પર્યાય વિનાનું તત્ત્વ, એવું જે અખંડ દ્રવ્ય તેની દૃષ્ટિમાં, અભાવને લઇને અજ્ઞાની અનાદિથી એ દ્રવ્ય અને આ રાગની પર્યાય અથવા જ્ઞેય, ભાવ્યભાવક ૯૪ માં ગયું, આમાં 'જ્ઞેય' પરજ્ઞેય છે એને પોતાના અવિશેષ દર્શનથી, સામાન્ય માન્યતાથી તે જ્ઞેય અને જ્ઞાયક બેય એક છું. આહાહાહા ! (વિશ્વમાં) છ દ્રવ્ય છે, આત્મામાં જ્ઞેય, વ્યવહાર તરીકે એવા પરજ્ઞેયને પોતાનું માની, પોતાને ને પરને એક માની, છે ? અવિશેષ દર્શનથી "અવિશેષ જ્ઞાનથી" બેયનું એક જ્ઞાન છે, એ પરજ્ઞેય ધર્માસ્તિ આદિ છ દ્રવ્ય છે.

અરે ! અરિહંત પરમાત્મા દેવ ગુરુ પર છે એ અને આત્મા બે એકરૂપ છે, એક છે, મારા છે, એવું અવિશેષ જ્ઞાનથી, અવિશેષ એટલે સામાન્ય જ્ઞાન, બેનું એકપણાનું જ્ઞાન સામાન્ય રતિથી "એ રાગમાં લીનતાથી સમસ્ત ભેદને છુપાવીને", એ પરજ્ઞેય અને સ્વજ્ઞેય તદ્દન ભિન્ન છે એવા ભેદને છુપાવીને, ઝીણી વાતું છે. આહા ! સ્વજ્ઞેય ભગવાન પૂર્ણાનંદ પરમ ભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય અને પરજ્ઞેયો એ બેની જુદાઈને ઢાંકી દઈને અજ્ઞાની "સમસ્ત ભેદને છુપાવીને જ્ઞેયજ્ઞાયકભાવને પામેલા" આત્મા સિવાય છ દ્રવ્ય, હવે નામ આપશે, એ છ દ્રવ્ય છે, એ જ્ઞેય છે, પરજ્ઞેય છે પણ પરજ્ઞેય અને જ્ઞાયક બેને એક માનીને "જ્ઞેય જ્ઞાયકભાવને પામેલા એવા સ્વપરનું સામાન્ય અધિકરણ" એટલે કે પરજ્ઞેય છે એનો ય હું આધાર છું, એમ માનીને આહાહા..... ધર્માસ્તિ આદિ છ તત્ત્વો છે ભગવાને જોયેલા એ "છ" નો આધાર હું છું એમ માનીને, અજ્ઞાની આહાહા ! છે ?

(શ્રોતાઃ-તમે કહો છો અજ્ઞાની જાણતો નથી-અને કેવી રીતે કહે) જાણતો નથી કોણ ? એ જાણે છે એ લેશે. એ ધર્માસ્તિકાયનો વિચાર કરે ને એવો જે વિકલ્પ ઊઠે ને ? એને પોતાનો માને છે, પરજ્ઞેયને પોતાનો માને છે, એ શૈલી છે. (શ્રોતાઃ- એ જ્ઞેય માટે બરોબર છે) એ શૈલી છે અહીં. (શ્રોતાઃ- અજ્ઞાની તો ધર્માસ્તિકાયને જાણતો નથી) ઇ ધર્માસ્તિકાય, અહીં તો છે એને માને છે અને એ એના તરફનાં વિચાર કરે છે, કે આ જગતમાં એક ધર્માસ્તિ તત્ત્વ છે, એવો વિચાર કરે છે, એવો જે વિકલ્પ છે એ વિકલ્પ તે મારો છે, એમ માનનારા ધર્માસ્તિકાય તે મારું છે એમ માનનારા છે. બહુ ઝીણી વાત છે ભાઈ. આહાહા !

આંહીં તો છ દ્રવ્ય છે, એવું માનનારા છે એની વાત છે અજ્ઞાનીની, અજ્ઞાની તો છે જ, કાંઇ જાણતો ન હોય એની વાત નથી, આંહીં તો જ્ઞાનમાં ધર્માસ્તિ ભગવાને કહ્યાં છ દ્રવ્ય, એ છે, પણ એ જ્ઞેય પર છે, અને હું સ્વ છું એમ ભિન્ન ન પાડતાં, ઝીણી વાત છે ભાઈ ! ભેદને છુપાવી

જ્ઞેય જ્ઞાયક ભાવને પામેલા એ છ દ્રવ્યો છે એ તો જ્ઞેય, પરજ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે, એવાં સ્વ-પરનું સામાન્ય અધિકરણ, આત્મા અને પર બેય એક છે એમ બેયનો આધાર હું છું એમ અનુભવન કરવાથી, આહાહા ! ઝીણું બહુ ભાઈ !

હું ધર્મ છું, ધર્મ એટલે ધર્માસ્તિકાય, ભગવાને છ દ્રવ્ય જોયાં છે, એમાં એક ધર્માસ્તિકાય તત્ત્વ છે, કે જે આ જડ ને ચૈતન્ય ગતિ કરે એમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે, જેમ માછલું ગતિ કરે તો ત્યાં પાણી નિમિત્ત છે, એમ જડ ને ચૈતન્ય ગતિ કરે ત્યાં એક ધર્માસ્તિ નામનું દ્રવ્ય છે, ભગવાને ( જોયું છે ) વસ્તુ છે જગતમાં એક, એ ચીજ જ્ઞેય છે, પરજ્ઞેય છે. જ્ઞાયક આત્મા છે, બેની જુદાઇને ન જાણતો, બે ના ભેદને ઢાંકી દેતો, હું ધર્માસ્તિકાય છું એટલે ? કે ધર્માસ્તિકાય તો અરૂપી જગતમાં છે તત્ત્વ, પણ એનો એ વિચાર કરે છે, જ્યારે વિકલ્પ ઊઠે છે ત્યારે, એ વિકલ્પને પોતાનો માને છે, એ ધર્માસ્તિકાયને પોતાનો માને છે. આહાહાહા ! આવી વાતું છે. હું ધર્મ છું. ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય છે હોં ઇ. એ ધર્માસ્તિકાય એને ભલે ન દેખાય, પણ સાંભળ્યું હોય છે ને ? અને એનો વિકલ્પ કરે છે ને એ વિકલ્પમાં એકાકાર થઇ જાય છે, એ ધર્માસ્તિકાયમાં જ એકાકાર થયો છે. આહાહાહા ! કહો શશીભાઈ ! આવી વાત છે.

ભગવાન આત્મા તો નિશ્ચય શુદ્ધ પારિણામિક પરમ ભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય તે જ છે આત્મા, પરમાત્મ દ્રવ્ય હોં પોતે અને તેના છ દ્રવ્યો તે પરજ્ઞેય છે. આંહીં તો પછી આગળ આવશે વધારે જીવની વાત કરતાં. એ જ્ઞેયનો વિચાર કરતાં, એ વિકલ્પ જે ઉઠયો છે રાગ-રાગ અને જ્ઞાયકભાવ ભિન્ન છે એમ ન જાણતાં તે વિકલ્પ તે હું છું-એણે ધર્માસ્તિકાય હું છું એમ એણે માન્યું છે, આકરું છે આવું. સમજાણું કાંઇ ? ભગવાન તો જ્ઞાયક છે. ચૈતન્ય જ્ઞાયક છે, નિજ પરમાત્મ દ્રવ્ય જ્ઞાયક છે, એ પરને વ્યવહાર તરીકે જાણે, પણ જાણવામાં એ ઉપરાંત એ એનો વિચાર કરતાં જે વિકલ્પ ઊઠે છે, ધર્માસ્તિકાય દ્રવ્ય છે-એવો વિકલ્પ ઊઠે એ વિકલ્પ મારો છે, એ માનનારા પરજ્ઞેયને પોતાનું માને છે. આહાહા ! આવી વાતું છે. સમજાણું કાંઇ ?

હું ધર્મ છું, હું અધર્મ છું. અધર્માસ્તિકાય દ્રવ્ય છે ભગવાને જોયેલું. જડ ચૈતન્ય ગતિ કરતાં સ્થિર થાય તેમાં નિમિત્ત, એવો અધર્મનો વિચાર કરતાં જે વિકલ્પ વૃત્તિ ઊઠે રાગ તે રાગને પોતાનો માને છે એ અધર્માસ્તિને પોતાનો માને છે, જોયું ? દેવીલાલજી ! આહા ! આ જ્ઞેય જ્ઞાયકભાવની વ્યાખ્યા છે, પહેલી ભાવ્યભાવકની હતી, ભાવ્યભાવક એટલે ? કર્મ જડ ભાવક છે ને આત્માની પર્યાયમાં વિકારભાવ થાય તે કર્મનું ભાવકનું ભાવ્ય છે, એમ ન માનતાં એ ભાવ્ય મારી દશા છે એમ માનનારા અજ્ઞાની, કર્મથી થતો ઉપાધિભાવ તે મારો માનનારા અજ્ઞાની છે. આહાહાહા !

દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો, તત્વનો વિકલ્પ ઊઠે એ રાગ છે એ રાગ કર્મ ભાવકનું ભાવ્ય છે. ભગવાન આત્માનું એ ભાવ્ય નથી. ભગવાન તો પરમ દ્રવ્યસ્વરૂપ ભગવાન ચૈતન્ય આત્મા એ ભાવક થઇને ભાવ્ય કરે તો એ નિર્મળ વીતરાગી પર્યાયનું ભાવ્ય હોય એનું. આહાહા ! એમ ન માનતાં, કર્મ જડના ભાવકથી થયેલો વિકારી ( ભાવ ) દયા, દાન, વ્રત, આદિના ભાવ તે હું છું એમ પરદ્રવ્યના ભાવ્યને પોતાનો માને ( છે ). સમજાય છે કાંઇ ? ભાષા તો સાદી છે, પણ વસ્તુ તો આવી. અત્યારે ગુમ થઇ ગયું બધું, આખી તત્ત્વની વાત. આહાહા !

આંહીં તો, એ હું છું એ માન્યતા તો મિથ્યાત્વ છે, પણ આંહીં તો પર્યાયની ભાવના પણ નથી. આહાહા !

ધર્મી એને કહીએ કે જેને નિજ પરમાત્મ દ્રવ્ય શુદ્ધપારિણામિકભાવ લક્ષણ તત્ત્વ તે હું છું, એ પર્યાય હું છું એ નહિ, નિર્મળ પર્યાય થાય ધર્મની એ પણ હું નહિ. આહાહાહા ! પર્યાયની ભાવના ( છે ) તો પર્યાય દૃષ્ટિ થઇ, નિજ પરમાત્મ દ્રવ્ય જે શુદ્ધ નિષ્ક્રિય, નિષ્ક્રિય એટલે મોક્ષની પર્યાય ને મોક્ષનો માર્ગ એની પર્યાય સક્રિય છે, પર્યાય એટલે સક્રિય, એનાથી રહિત પ્રભુ નિષ્ક્રિય છે અંદર. આહાહા ! ધર્મી જીવ એને કહીએ કે જે દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ છે, તેની ભાવના કરે, ભાવના મોક્ષનો માર્ગ છે, મોક્ષનો માર્ગ, તેની એ ભાવના નહીં, ભાવના એ દ્રવ્યની કરે. આહા ! સમજાય છે કાંઇ ? એને ઠેકાણે આંહીં જે કર્મના નિમિત્તથી થયેલો વિકૃત ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ એ મારો છે એ ભાવ્ય એમ માનનારા અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. આહાહાહા !

અહીંયા કહે છે, કે આ જ્ઞાયક પ્રભુ અને તે પર્યાયમાં પરજ્ઞેય એવું ન માનતાં જે જ્ઞેયનો વિકલ્પ ઊઠે ધર્માસ્તિ, અધર્માસ્તિનો એ તો અરૂપી છે, પણ એનો વિકલ્પ ઊઠે એને પોતાનો માને, એ પરજ્ઞેયને પોતાનું માન્યું છે. સમજાણું કાંઇ ? બે 'આકાશ છું' હું આકાશ છું, સર્વવ્યાપક આકાશ છે એનો વિચાર કરતાં પરદ્રવ્યનો વિચાર કરતાં જે વિકલ્પ ઊઠે એ રાગ છે. એ રાગને પોતાનો માને તે પરદ્રવ્યને પોતાનો માને છે. આહાહાહા ! કહો ચીમનભાઈ ! આવું ઝીણું છે. હું આકાશ છું, હું કાળ છું, અસંખ્ય કાલાણું છે ભગવાને જોયેલા ચૌદ બ્રહ્માંડમાં અસંખ્ય કાલાણું છે, એક એક ધર્માસ્તિના પ્રદેશ ઉપર આકાશના પ્રદેશ ઉપર એવા અસંખ્ય કાલાણું છે. એ કાલાણું દેખાય નહિ પણ કાલાણુંનો વિચાર કરતાં, શાસ્ત્રના હિસાબે એનો વિચાર કરતાં, એ કાલાણુંનો વિચાર કરતાં જે વિકલ્પ રાગ ઊઠે એ મારો છે એ હું છું, ( એમ ) માનનારા કાળ દ્રવ્યને, પરજ્ઞેયને પોતાનું માને છે. સમજાય છે કાંઇ ? આહાહા !

'હું પુદ્‌ગલ છું' પરમાણુંઓથી માંડીને આ શરીરાદિ સ્થૂળ મોટું જડ એ પરમાણુંનો પણ વિચાર કરતાં, કેમકે એ પરદ્રવ્ય છે, આ તો ( દેહ ) ઘણાં રજકણોનો પિંડ છે, પણ આનો પોઈન્ટ છેલ્લો ટુકડો કરતાં કરતાં છેલ્લો પોઇન્ટ રહે એને ભગવાન પરમાણું કહે છે એ પરમાણું એને દેખાય નહિ, પણ પરમાણુનો વિચાર કરતાં એને વિકલ્પ ઊઠે, કેમ કે પરદ્રવ્ય છે એ, એ પરદ્રવ્યનો વિચાર કરતાં વિકલ્પ ઊઠે એ મારો માને એ પરમાણુને પોતાનો માને છે.

આહાહા ! એમ આ શરીર, જડ, માટી, ધૂળ આત્માથી તદ્દન જાુદું છે જ્ઞેય તરીકે છે, છતાં તેનો વિચાર કરતાં શરીરમાં આમ છે ને શરીરમાં તેમ છે ને, ઢીંકણુ થયું છે ને ? આહાહા ! શરીર મારું નિરોગી છે, ને શરીરમાં રોગ થાય છે ને, એવો જે વિકલ્પ ઊઠે છે, એ વિકલ્પને પોતાનો માનનારો, શરીરને પરજ્ઞેયને પોતાનું માને છે. સમજાય છે કાંઇ ? આહાહા ! આ વાણી, મન, જડ, દેહ, પૈસો આદિ એનો વિચાર કરતાં વિકલ્પ જે ઊઠે છે, એને પોતાના માને છે, ભલે એ ચીજ આંહીં ન આવે, પણ એના તરફનો વિચાર કરતાં રાગની લાગણી, પરદ્રવ્ય છે ને ? પરદ્રવ્ય અનુસારે વૃત્તિ ઊઠે એ તો રાગ છે. આહાહા ! એ રાગને પોતાનો માનનારા પુદ્‌ગલને પોતાનું માને છે.

હવે અહીં "હું અન્ય જીવ છું" સ્ત્રીનો આત્મા છે. ( શ્રોતાઃ- દીકરાનો છે ) દીકરાનો છે,

લ્યો સુમનભાઈનો છે. હમણાં સુમનભાઈ આવવાના છે. દીકરીનો આત્મા, સ્ત્રીનો આત્મા, દીકરાનો આત્મા વિગેરે વિગેરે એ આત્મા છે એ પર છે, આ જ્ઞાયકનું પરજ્ઞેય છે, એમ ન માનતાં એનો વિચાર કરતાં વિકલ્પ ઊઠે છે, કે આ મારો છે છોકરો, આ મારી સ્ત્રી છે, એ પર આત્માને પોતાનું માને છે. આહાહા ! સ્ત્રી તો અર્ધાંગના કહેવાયને ? અર્ધું અંગ ઈ માળા કાળા કેર કરે છે ને ? હેં ? ગપ્પા મારે છે આ મારી અર્ધાંગના છે, બીજી રીતે ટૂંકી ભાષા કહે છે કે આ કોણ છે ? મારી ઘરવાળી છે, આ તો બધી રમતું માંડી છે ને જગતે, ઘરવાળી છે, ઘરવાળી પણ કયાંથી આવી તારી ? ઉદાણી ! ( શ્રોતાઃ-એ તો લોકો સમજી જાય ને ) -ઇ પણ ઘરવાળી ભાષા ભલે હોય પણ માન્યું છે કે આ મારી ઘરવાળી એ માન્યતા કયાં સાચી છે ? ઇ ઘર એનું ઘર તો આંહીં છે, ઘર તો આંહીં અંદર છે, આનંદનો નાથ પ્રભુ અંદર ઘરમાં બિરાજે છે, એ એનું ઘર છે ને ? આ તો કહે મારી ઘરવાળી. આ ઘરની ઘરવાળી છે ઇ ? એ ય ! ( શ્રોતાઃ-સંસ્કૃતમાં ભાર્યા કહેવાય એટલે ઘરનો ભાર ઉપાડે તે ભાર્યા કહેવાય ) ઉપાડે એમ, કાંઇ ધૂળેય ઉપાડતું નથી. આહાહા... એમ અજ્ઞાનીની માન્યતા છે બધી, મારી પાછળ છોકરાએ બધું કામ ઉપાડી લીધું છે એવી વાતો કરે વાણીયા, આવું કહે છે ને કે આમ મારા પછી આ બધું ઉપાડી લીધું કામ, મારે કાંઇ કરવું પડતું નથી. પણ તું કોણ ? ઇ કોણ ? એ તો જગતની ચીજ જુદી. આહાહા ! કહો આમાં આવું કામ છે. વીતરાગ મારગ બહુ ઝીણો બાપુ ! આહાહા !

આંહીં તો પરમાત્મા તો ત્યાં સુધી કહે કે એ પરદ્રવ્યને મારું માનો અથવા વિકલ્પ ઊઠે એના લક્ષે એ મારું એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહાહા ! એ મિથ્યાજ્ઞાન ને મિથ્યારાગમાં લીન છે એ ભગવાન પડયો રહ્યો અંદર આત્મા. આહાહાહા ! અહીંયા તો ધર્મી એને કહીએ, આહાહા ! સમ્યગ્જ્ઞાની અને ધર્મી એને કહીએ કે જે ધર્મની પર્યાય છે એની પણ એ ભાવના ન કરે. વીતરાગી પર્યાય પ્રગટી છે, ધર્મની પર્યાય ધર્મી દ્રવ્યને અવલંબે, એની એને ભાવના ન હોય, ભાવના ત્રિકાળી જ્ઞાયક ભગવાન હું છું એની એને ભાવના હોય. આહાહા ! કહો દેવીલાલજી ! આવું છે પ્રભુ !

વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ આમ જગતને જાહેર કરે છે. ભાઈ, તેં રખડવાના રસ્તા આદર્યા, ૮૪ ના રખડવાના રસ્તા આદર્યા, જે જ્ઞાયકનું જ્ઞેય છે, એને તેં મારું છે એમ માન્યું ! રખડવાના ૮૪ ના અવતારમાં, ભાવ તેં ગ્રહણ કર્યા છે પ્રભુ. આહાહા !

( શ્રોતાઃ-ઘર વિના ( ના ) થઇ જઈશું ) ઘર હતા કે દી' ? ઘરનું મકાન હતું ને તે એ પૈસા વાપરવા જોઇએ ને આપી દીધું સુમનની સાસુને ( શ્રોતાઃ- પચાસ હજાર વાપરવા એટલે છોકરાને ગરજ ન રહે, ) મકાન તો મોટી કિંમતનું છે, પણ એ દુનિયામાં એમ હાલે છે સંસાર, એય હીરાલાલજી ? કહે છે. આહાહા ! અમારે ન્યાં છોકરાંવ છે ને પાલેજ, બધાને એક એક લાખના મકાન રહેવાનાં જુદાં સૌના ત્રણેયના જુદા થઇને, હમણાં કાંઇ ઓલા મોટામાં છે ઓલું શું કહેવાય એ ( વખારું ) વખારું શું કહેવાય ? ગોદામ એ પણ કોકને મકાન ત્રણ આપ્યા છે, ને કોકને ચાર આપ્યા છે એમ વહેંચ્યું 'તું પણ એમાં મશગુલ થઇ જાય કે, અરે મોટાભાઈને જરાક વધારે ગયા કારણ કે એ ૨૫ વર્ષથી દુકાનમાં કામ કરતા હતા, ઘણાં ઘરાક ત્યાં પણ મોટી દુકાન હતી, આઠ આઠ લાખ રૂપિયાની તો ઉઘરાણી નાખતાં, પાલેજમાં મોટી દુકાન સાત આઠ દશ

લાખની ઉઘરાણી રાખતા. મોટી પ્રસિદ્ધ દુકાન મુંબઇ ચાલે એવી એમાં વળી મોટો છોકરો કામ કરતો એમાં વધારેમાં વધારે. ૭૪ વર્ષ એટલે, ૭૪ વર્ષ નહિ, ૭૪માં જનમ, જનમ. ૬૦-૬૧ વર્ષનો, ૬૦-૬૧ વર્ષનો, ઈ ન્યાં ઘરાક બધા વળી ગયાને આંહીં ઓછા થઇ ગયા, ભાઈ-ભાઈમાં જરી અંદર તાણાતાણ થાય. ( શ્રોતાઃ- મનદુઃખ થાય, બીજાને મળે તો વાંધો નહીં પણ ભાઈને મળે તો વાંધો ) હેં ? ગામનો મુસલમાન વધી ગયો હોય તો વાંધો નહિ, પણ ભાઈ જુદા પડીને વધી જાય તો એ ય, આપણે સરખા વહેંચ્યાતા 'ને ? આ વધી ગયો માળો, શું જગતમાં રાગ અને દ્વેષ, શું કામ કરે છે. આહાહા !

પ્રભુ તું તને ભૂલીને તારો નાથ તો પરમ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અખંડ એક સકળ નિરાવરણ તદ્ન આવરણ વિનાનું તત્ત્વ પ્રભુ તું તો. અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય એવો, અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય તે હું છું. એવી ધર્મીને આ ભાવના હોવી જોઇએ. એને ઠેકાણે આ જ્ઞેયો જે જ્ઞાનમાં જણાય એ મારા છે, એ મિથ્યાદૃષ્ટિ ઉંધી માન્યતાવાળો ચાર ગતિમાં રખડવાના લક્ષણ છે એનાં. આહાહા ! કહો ઉદાણી ? છે ને અંદર આવ્યું છે ને ?

હું અન્ય જીવ છું. હવે અહીંથી આગળ લેતાં કહીએ તો અરિહંતનો આત્મા બીજો જુદો છે. છતાં આ માને કે આ દેવ મારા છે, આ જીવ મારો છે. ગુરુનો આત્મા જુદો છે, અન્ય જીવમાં એ આવે છે. એ જીવ મારા ગુરુ છે મારો, આ મારો ધણી છે. આહાહા ! ( શ્રોતાઃ-મહાવીર ભગવાન અમારા છે ) ભગવાન કોઇના નથી. ભગવાન ભગવાનનાં છે. ( શ્રોતાઃ- અહીં પધરાવ્યા છે ને ? ) આવું છે. અન્ય જીવમાં પરમેશ્વર પંચ પરમેષ્ટિ પણ આવ્યા. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અન્ય જીવ છે, એ મારા છે એમ માન્યતા તે અજ્ઞાન છે. આહાહાહા !

( શ્રોતાઃ- બીજા કહે એ ભગવાન અમારા છે, જૈન કહે કે મહાવીર ભગવાન અમારા એ બેમાં ફેર શું ? ) એ બધી એક જ વાત છે. પરજીવ છે એ તારે કયાંથી આવ્યા ? એ તો જ્ઞેય છે. આત્મા જ્ઞાયક છે અને એ પરજ્ઞેય છે જાણવા લાયક છે, કે આ પર છે બસ એટલું જ એને ઠેકાણે ઉપરાંત નાખીને એ મારા છે, એ અન્ય જીવ મારા છે એમ અર્થ આવે, જુઓ હું અન્ય જીવ છું, છે ? એ આમાં આટલો અર્થ ભર્યો છે. હેં ! ( શ્રોતાઃ-હું અન્ય જીવ છું એવું તો કોઇ માનતું નથી ) ઇ માને છે અંદર, નથી માનતો શું ? બાઇડી મારી છે, છોકરાં મારા છે, એનો આત્મા એ-એનો અર્થ શું છે, દેવ મારા છે, ગુરુ મારા છે, એ તો પરનાં છે, ( એનો ) આત્મા તો પર છે, એ ખરેખર તો આ જ્ઞાયકનું જ્ઞેય છે, પરજ્ઞેય હોં ! સ્વજ્ઞેય જુદું, સ્વજ્ઞેય જ્ઞાયક અને પરજ્ઞેય તરીકે એ જાણવા લાયક છે, એ ઉપરાંત આ મારાં છે ( એવો ) મિથ્યાભ્રમ છે અજ્ઞાનીનો. આહાહાહા ! કહો પંડિતજી ! આવી વાત છે ભાઈ. ( શ્રોતાઃ- પરમ સત્ય છે ) હેં ? આહાહા.....

હું અન્ય જીવ છું, છે ? એ છ એ લઇ લેવા. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ, પુદ્ગલ ને જીવ, એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે, એને પોતાના કરી શકે નહિ, પણ એવો વિકલ્પ ઉત્પન્ન કરે, એમ કહેવું છે. અને વિકલ્પ ઉત્પન્ન કરે તેનો એ કર્તા થાય. સમજાણું કાંઇ ? આહાહા ! દેહ દેવળમાં ભગવાન જુદો છે, આ તો માટી જડ છે, કર્મ જડ છે, અંદર વિકલ્પ ઊઠે દયા, દાનનો એ જડ છે, અચેતન છે, ચૈતન્યનું એમાં સ્વરૂપ નથી. આહાહાહા ! ચૈતન્ય સ્વરૂપ

તો એની જે પર્યાય છે ને. આહા! ગજબ વાત છે. મોક્ષમાર્ગની જે પર્યાય છે ને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની એ બધા મારા છે, અને એનો મને આધાર છે, અને મારે આધારે એ છે, એમ જે પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે, આ વાત લીધી છે હોં.

ઓલી વસ્તુ છે એ વસ્તુમાં ને વસ્તુમાં રહી ગઇ છે. કારણ ઇ વસ્તુનો કર્તા થઇ શકતો નથી એ તો પર છે. પછી આમ બાપનો દિકરો ને દિકરાનો બાપ એ બધુ કંઈ વિચાર આવે, હેં... તમારે તો એકનો એક છોકરો છે, બહુ કરે બાપુજી બાપુજી કરે અને પાપ કરીને રળી રળીને પૈસા આપ્યા એને તો એ તો ખુશી જ થાય ને લ્યો. એ બધું કોઇ મારું નથી પ્રભુ હું તો આત્માનો જ્ઞાયક નિષ્ક્રિય પરિણતિની પર્યાય વિનાનો આત્મા. એમ પરિણતિ નિર્ણય એનો કરે છે. સમ્યગ્દર્શનની પર્યાય નિર્ણય કરે છે કે હું અખંડ દ્રવ્ય છું. એ પર્યાયની ભાવના પર્યાય નથી કરતી. તો પર મારા એ તો કયાંય ચાલ્યું ગયું બાપા. હીરાલાલજી! આવી વાત છે. આહાહા!

ભાઈ તું કયાં છો? તું કોણ છો? તો કહે પ્રભુ હું તો નિષ્ક્રિય તત્ત્વ છું. આહાહા! જે મોક્ષનો માર્ગ છે ને એ પણ હું નહિ, એ મોક્ષનો માર્ગ છે એ પર્યાય, આ દ્રવ્ય હું છું એમ ભાવના કરે છે. આહાહાહા! લ્યો ઓલું આવ્યું 'તું ને ભાઈ આ વિદ્યાસાગરનું લખાણ આવ્યું છે ભાઈ એ ક્રમ ઉપર બહુ લીધું છે પણ એકલી પર્યાયની વાતું, વીતરાગી પર્યાય આમ થાય ને ફલાણું થાય, પણ કોને આશ્રયે થાય ને કોણ દ્રવ્ય છે? આહાહા..... તો વળી પાછું સભામાં એક જણો બોલ્યો કે શુભ ઉપયોગની જય હો, કહો લ્યો ઠીક, તો ય પાછું એને કો'કે કહ્યું કે કેમ આ-કહે કે આમાં શું ખોટું લ્યો, શુભ ઉપયોગની જય, શુભ રાગ તો ઝેર છે. (શ્રોતાઃ- ઝેરનો જય) આ ઝેરની જય ભગવાન પડયો રહ્યો અંદર. એ ય ચેતનજી! આવું છે, બહુ આકરું કામ ભાઈ! વ્યક્તિ માટે કાંઇ નહિ આ તો એક એના પરિણામની જવાબદારી તો એની છે. આહાહા.....

આંહીં કહે છે કે એ છ દ્રવ્ય ભગવાને જોયા, એમાં અનંત પરમાણુઓ છે આ, અનંત આત્માઓ છે, અસંખ્ય કાલાણુંઓ છે, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એવા છ દ્રવ્યો છે ભગવાને જોયેલા. કેવળી પરમાત્મા જિનેશ્વરદેવના જ્ઞાનમાં છ દ્રવ્ય જોવામાં આવ્યા પણ ઇ આ આત્માથી તદ્દન ભિન્ન, ભગવાને ય ભિન્ન. આહાહાહા..... એમાં એ પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે, તેથી હું ધર્મ છું જુઓ તેથી ઓલો વિકલ્પ ઉત્પન્ન કરે છે ને તેથી ધર્મ છું એમ માને છે. હું અધર્મ છું, અધર્માસ્તિકાય, ધર્મ હું છું એટલે ધર્માસ્તિકાય, દ્રવ્ય હું, આકાશ છું, હું કાળ છું, હું પુદ્‌ગલ છું, હું અન્ય જીવ છું, લ્યો. આવો વિકલ્પ કરે છે તેથી તે અન્ય જીવ છું એમ માને છે. તેથી તે અન્ય જીવનો કર્તા થતો નથી, પણ એનો વિકલ્પ કર્યો તેનો એ કર્તા અજ્ઞાની થાય છે. આહાહા! સમજાણું કાંઇ? આહાહા!

એવી ભ્રાંતિને લીધે, હું અન્ય જીવ છું, છ દ્રવ્ય આવ્યા ને? એવી ભ્રાંતિને લીધે જે સોપાધિક, ઉપાધિ સહિત એવા ચૈતન્ય પરિણામ, પાછું ભાષા એવી છે કે ચૈતન્યના એ પરિણામ ઉપાધિવાળા, એ ચૈતન્ય પરિણામે પરિણમતો થકો, ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ સ્વરૂપ હોવા છતાં, વિકારી પરિણામે પરિણમતો થકો, આહાહાહા!

એ છ દ્રવ્યમાં કોઇપણ દ્રવ્ય મારું છે, આટલા ભાગ મને આપ્યા ઘરમાં ચાર છોકરાઓ પચીસ લાખ રૂપિયા સવા સવા છ લાખ મારા ભાગમાં સવા છ આવ્યા, મકાન ચાર હતા એમાં

મારા ભાગમાં એક બે ઓરડા આવ્યા ને ફલાણું આવ્યું ને ઢીંકણુંને માળા. અને એક ઓંસરી હોય છે ને ? એક ઓંસરી અને ચાર પાંચ છોકરાઓ છ હોય જોયું છે ? બે બે ઓલી કરે થાંભલીયું જોડે નાખે, જોયું છે ? બે થાંભલી જોડે હોય એટલે જાુદું પડવું હોય તો થાંભલીઓ વચ્ચે એક ( શ્રોતાઃ-સરખો ભાગ પડે ) ઘણાં મોટા આ તો બધી એકે એક વાત જોઈ છે ને ? એક ઓંસરિયે આઠ છોકરા હોય ભેગા જ્યાં સુધી ત્યાં સુધી એક ઓસરીએ બધું, પણ એક એક ઓસરીના એક એક ઓરડામાં બે-બે થાંભલીયું આમ આમ-આમ વહેંચવું હોય તો આની કોરની થાંભલીએ આમ અને ઓલીકોરની થાંભલીએ વચ્ચે નાખી દે ઓલી. હેં ! આહાહા..... આરે આરે મારી નાખ્યા ! કોના ઘર ને કોના ભાગ, કોના ઘર ને કોના વર, આ મારો વર છે ને આ મારી પત્ની છે, અરે પ્રભુ શું છે પણ તને ? આહાહા !

એવા વિકારી પરિણામ કરતો થકો, એવા ચૈતન્ય પરિણામે પરિણમતો થકો, ભાષા પાછી એ લીધી કે ચૈતન્ય, વિકારી પણ ચૈતન્યના પરિણામ છે, એનાથી પરિણમતો થકો આ આત્મા તે સોપાધિક ચૈતન્યપરિણામરૂપ ઉપાધિવાળા મલિન પરિણામરૂપ, પોતાના ભાવનો કર્તા છે, જોયું ? પોતાના ભાવનો કર્તા થાય છે, એ દ્રવ્યનો નહિ. દ્રવ્યનો શું કર્તા ? એ દ્રવ્ય નહોતું ? જગતમાં છે. આહાહાહા ! આ ઘરે સમજતા કઠણ પડે એવું છે ઉદાણી, આ દવામાં જેમ હોંશિયારી જોઇએ એમ આમાં હોશિયારી જોઇશે આમાં. દાંતના મોટા દાકતર છે મુંબઈમાં. મોટા આબરૂદાર એણે નાખ્યું છે ને ? આ એણે નાખ્યું છે. બે વાર આવી ગયા. ( શ્રોતાઃ-આપ એના દાકતર છો ) હેં ! અહીં કોઇનો દાકતર નથી. હું તો આત્મા છઉં. આહાહાહા ! પરિણામ એ ય ત્રિકાળીમાં નથી. આહાહાહા ! શુદ્ધ ચૈતન્યઘન ભગવાન પરિણતિની ક્રિયા વિનાનું, "શુદ્ધ પરમ સ્વભાવ ભાવ નિજ પરમાત્મ દ્રવ્ય નિરાવરણ" તે આત્મા છે. આવી વાત છે બહુ આકરી. આહાહા !

કાલ તો અર્થ જરી બીજો કર્યો'તો ભાઈ બપોરે, ઓલો શ્રુત-શ્રુત શબ્દ છે ને શ્રુત ? શ્રુતની ઉપાધિ એનો અર્થ ત્યાં સુધી લીધો'તો ઇ, નવો અર્થ કર્યો' તો, કે શ્રુત છે એ ભગવાનની વાણી, પણ એનાથી થયું જ્ઞાન એ પણ ઉપાધિવાળું જ્ઞાન છે. આહાહા..... ભગવાનની વાણી છે એ તો પર છે, પણ એનાથી થયું જે જ્ઞાન, થયું છે પોતાનું પણ એના નિમિત્તના લક્ષે થયું જ્ઞાન, એ પણ શબ્દશ્રુત છે. એ આત્મજ્ઞાન નહિ. એ પરની ઉપાધિવાળા જ્ઞાનથી, જ્ઞપ્તિ ક્રિયા જે આત્માને ન જાણે, એ જુદી છે. જાણે એ જુદી છે. આહાહાહા ! શું કીધું ઈ ? શ્રુતજ્ઞાન એમ કહેતાં, શ્રુતમાં સાંભળવું આવ્યું, એટલે સાંભળવાની વાણી પણ ભગવાનની તો પુદ્‌ગલ જડ છે. હવે જડ છે, એ તો ઠીક એ તો પર છે, પણ તેના લક્ષે જે જ્ઞાન થયું, એ પણ ઉપાધિવાળું પરલક્ષી જ્ઞાન છે. એ પરલક્ષી જ્ઞાન ચૈતન્યને જાણી શકતું નથી. આહાહાહા ! એ ભાવશ્રુત જે છે અંતરનું ( અંતર્મુખ ) તે આત્માને જાણે છે. આહાહાહા ! આવી વાતું અરે દુનિયામાં. ( શ્રોતાઃ- આવી વાત અનાદિની સાંભળી નથી ) અનાદિની સાંભળી નથી. આહાહાહા !

જ્ઞપ્તિ ક્રિયા ભગવાનની કેવળજ્ઞાનની એનાથી આત્મા જાણે ? અને નીચે શ્રુત કેવળી જ્ઞપ્તિ ક્રિયા જે આત્માને જાણનારી ક્રિયા તેનાથી આત્મા જાણે, અને ભગવાને કીધુંને સાંભળ્યું ને જ્ઞાન થયું એનાથી પણ નહિ. આહાહાહા ! સમજાય છે ? એ જ્ઞપ્તિ ક્રિયા જ્ઞાનની ક્રિયા પણ

તે જ્ઞાયક ત્રિકાળને જાણે છે. આહાહા ! અહીંયા છ દ્રવ્યને જાણવું એ એનું સ્વરૂપ, છ દ્રવ્યને જાણે પર તરીકે, પણ એટલું ન માનતા પરનું એ મારા છે એવો જે વિકલ્પ ઉઠાવે છે અને એ વિકલ્પ ચૈતન્યનું પરિણમન છે, એ ચૈતન્ય પરિણામે પરિણમતો જીવ, એ પરિણામનો રાગનો કર્તા થાય છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહા ! એ જૈનની એને ખબર નથી. જૈન ધર્મની એને ખબર નથી, એ ય બલુભાઈ ! આવો મારગ છે પ્રભુ ! એણે નિવૃત્તિ ઘણી લેવી પડશે, ત્યારે એને માંડ સમજાય એવું છે. આહાહા ! એ ઉપાધિવાળા પરિણામ ! એ દેવ મારાં, ગુરુ મારાં, એ શાસ્ત્ર મારા એવો વિકલ્પ પણ ઉપાધિવાળો છે.

હવે આંહીં તો અત્યારે તો શુભ ઉપયોગનો જય હો, શુભ ઉપયોગથી ( શુદ્ધ થાય ) આરે પ્રભુ પ્રભુ શું કરે છે ભાઈ તું, ( શ્રોતાઃ–અજૈન ધર્મનો. જય હો ) આહાહા ! અજૈનપણું રાગ છે ભાઈ. આહા ! એને તો વાત એ હતી કે એ શુભ રાગ છે અને એ તો હળવે, હળવે શુભ રાગથી અંદર શુદ્ધ થશે એમ, અરે ભાઈ. આહાહાહા ! દુઃખના ભાવથી સુખભાવ થશે, રાગ છે એ તો દુઃખભાવ છે. ચાહે તો ભગવાનની ભક્તિનો હોય કે દયા, દાનનો હોય પણ એ તો દુઃખરૂપ છે, ભગવાન તો આનંદ સ્વરૂપ છે, એ દુઃખના સ્વરૂપથી આનંદ સ્વરૂપનું ભાન થાય ? આહાહા ! પ્રભુ પ્રભુ શું કરે છે ભાઈ ? આહા ! અન્ય જીવ મારા છે, આ નરપતિ કહેવાય છે ને ? નૃપતિ એટલે નરનો પતિ રાજા, નરઃ પતિ, નરઃ એટલે મનુષ્ય એનો પતિ, સાચી વાત હશે ? ( શ્રોતાઃ– અમે બધા ગૃહપતિ કહેવાય ) આ તમે ગૃહપતિ કહેવાવ, આ મોટા ધંધાવાળા ઉદ્યોગપતિ કહેવાય આ કરોડોના ધંધા કરે તમે બધું ઉપાધિવાળું કર્યું' તું મોટું સીત્તેર લાખનું ઉદ્યોગપતિ પછી ખસી ગયા હમણાં, આ મોટા કરોડપતિ ઉદ્યોગપતિ કરે છે ને ભાઈ, આ તો દાખલો આપીએ છીએ, કોના પતિ પ્રભુ ઉદ્યોગના પતિ તું જડનો ? નૃપતિ નરનો પતિ એ તું ? ગૃહપતિ આ ઘરનો પતિ તું ? શું તેં માંડી છે આ ? ( શ્રોતાઃ–રખડવાની ) હીરાલાલજી ! આ તો મોટા ગૃહસ્થ છે. આહાહા..

તે આ બધું સાંભળવાનો વખત મળ્યો તે ભાગ્યશાળી એમ કહો એ ગયું એનું કાંઇ નહિ, એ તો કટકો કટકો, સાંભળ્યું ઉદાણી ? હાથ કપાઇ ગયો, રેલમાં બે મહિના થઇ ગયા, છોકરાનાં લગન કરવા ગયા'તા એમાં આ થયું પૈસાવાળા માણસ ઘણાં. અરે ! દેહનાં બાપા, દેહ છે એ તો, રજકણ જુદા છે ભાઈ, એને રજકણને કઇ રીતે રહેવું એ રજકણની પર્યાયનું કાર્ય છે, તું એને રાખી શકે નહિ. ધ્યાન રાખ્યું હોત તો ન થાત ને આમ થાત એ બધી વાતું ગપ છે. જે જડની પર્યાય જે સમયે જે પ્રકારે થવાની એને ઇન્દ્ર ને નરેન્દ્ર, જિનેન્દ્ર પણ ફેરવી ન શકે પ્રભુ. આહાહાહા ! એ સ્વામી કાર્તિકમાં એ આવે છે ને ? કે ભગવાને જે દીઠું છે ( તે ) થાય એમાં ભગવાન જિનેન્દ્ર ફેરવી ન શકે પોતે પોતાનો પર્યાય જે સમયે થાય એ પોતે ફેરવી નહિ શકે. આહાહા..... એને તો નજરું દ્રવ્ય ઉપર કરવી પડશે એમ કહે છે. આહાહાહા ! તે સમયે તે પર્યાય થવાની તે થશે જ, તેને જાણનારાને જગાડ, જાણનારો જ્ઞાયકભાવ છે એને જાણ એટલે પર્યાય જે થાય એ ક્રમે થશે એનો જાણનાર થઇશ. આહાહાહા ! પર્યાય કરવી ય નથી પછી, કહે છે, એમ કહે છે. આહાહા..... વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એનો મારગ બહુ જગતથી તદ્દન જુદો છે. આહાહાહા !

અહીંયા એમ કહે છે. એ ચૈતન્ય પરિણામ પોતાના ભાવનો કર્તા થાય. ભલે એ માને કે આ મારા પણ તે પરદ્રવ્યનો એ કર્તા થતો નથી, એના લક્ષે થયેલો વિકલ્પ..... મોક્ષ પાહુડમાં તો કહ્યું છે ને ઇ. ભગવાને એમ કહ્યું ત્રિલોકનાથ તીર્થંકરદેવે પ્રભુ તું, તું છો અને તારાથી હું જુદો છું. તું મારું લક્ષ કરવા જઇશ તો તને રાગ થશે. અને એ રાગ થશે એ દુર્ગતિ છે, એ ચૈતન્યની ગતિ નહિ પ્રભુ. આહાહાહાહા ! આવી વાત છે, જિનેશ્વર કહે છે. મોઢા સામો કોળીયો કોને ખરાબ લાગે ? આંહીં તો ભગવાન કહે કે મારી સામું જોઇશ ને તો ભક્તિમાં તને રાગ થશે. આહાહાહા ! લ્યો, એ આત્માની ગતિ નહિ, ચૈતન્ય ભગવાન વીતરાગભાવે પરિણમવું જોઇએ એ એની ગતિ ( રાગ એની ગતિ ) એ નહિ, આવા પોતાના ભાવનો કર્તા થાય છે.

ભાવાર્થઃ- "ધર્માદિના વિકલ્પ વખતે" ધર્માસ્તિકાય દ્રવ્ય, ભાવાર્થ છે ને ? ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ, જીવ, પુદ્‌ગલ એના "વિકલ્પ વખતે જે પોતે શુદ્ધ ચૈતન્યમાત્ર હોવાનું ભાન નહિ રાખતાં" હું તો એક જ્ઞાતાદૃષ્ટા ભગવાન આત્મા ચૈતન્યનો જાણનારો, જાણનાર દેખનાર છું, એમ ભાન નહિ રાખતાં, શુદ્ધ ચૈતન્યમાત્ર હોવાનું, જોયું ? એ વિકાર થાય એ નહિ, પર તો નહિ પણ વિકાર છે એ પણ હું નહિ, હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર હોવાનું ભાન ભૂલીને દશામાં ભાન નહિ રાખતાં ધર્માદિના વિકલ્પમાં "ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય છ દ્રવ્ય એના રાગમાં એકાકાર થઇ જાય છે" આહાહા !

"તે પોતાને ધર્માસ્તિકાયરૂપ માને છે" જોયું ? રાગને પોતાનો માને છે ને પરિણમે છે ઇ પરરૂપ પોતાને માને છે. પર કંઇ એ માનવા જાય તો પર આનું થઇ જાય છે ? પર તો પરરૂપે રહ્યું છે. આહાહા..... ધર્માદિ એટલે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ, પુદ્‌ગલ ને જીવ, છ દ્રવ્ય, એનાં વિકલ્પમાં એટલે એના વિચારના રાગમાં એકાકાર થઇ જાય છે. આહા ! રાગથી ભિન્ન મારી ચીજ જ્ઞાતા છે, તેનું ભાન ભૂલી જાય છે. આહાહા..... તે પોતાને ધર્માસ્તિરૂપ દ્રવ્ય માને છે. એનો જે વિચાર ને વિકલ્પ આવ્યો એ પોતાનો માને છે, એ પરદ્રવ્યને જ પોતાનું માને છે એમ લેવું. અહીંયા, પરદ્રવ્ય તો આંહીં આવતું નથી, પણ પરદ્રવ્યો મારા છે એવો જે વિકલ્પ, રાગ આહાહા ! ભારે કામ.

( શ્રોતાઃ- જૈન ધર્મ આવો હશે ) જૈન ધર્મ જ આ છે. બીજો જૈન ધર્મ છે જ નહિ. દયા પાળો ને વ્રત પાળો ને, એ જૈન ધર્મ જ નથી. ( શ્રોતાઃ- સામાયિક કરવું ને પડિકમણું કરવું ને પોહો કરવો ) એ બધા ધર્મ રાગ છે. બધા એ જૈન ધર્મ નથી. ભારે આકરૂં કામ બાપા.

વીતરાગ ત્રણલોકનો નાથ, અનંત અનંત તીર્થંકરોનો પોકાર આ છે, અનંત કેવળીઓ પરમાત્માઓ એનો પોકાર આ છે. પ્રભુ તું નિજ પરમાત્મદ્રવ્ય છો ને, પરમાત્મ દ્રવ્ય કીધું ને ભાઈ એમાં ૩૨૦ માં નિજ પરમાત્મ દ્રવ્ય. આહાહા..... સકળ, "જે સકળ નિરાવરણ" પ્રભુ અંદર નિરાવરણ વસ્તુ છે, એને ભાવ રાગ ને દ્રવ્યકર્મ એનું આવરણ એને છે જ નહિ. વસ્તુને શું હોય, જે સકળ નિરાવરણ અખંડ એક અખંડ વસ્તુ છે, એ એક છે, એ ભેદ પર્યાય વિનાનું તત્ત્વ છે. અવિનશ્વર છે, નાશ ન થાય એવું તત્ત્વ ત્રિકાળી પ્રભુ છે. પ્રત્યક્ષ પ્રતિભાસમય તારી પર્યાયમાં પ્રત્યક્ષ થઇ શકે એવી એ ચીજ છે. આહાહા ! શુદ્ધ પારિણામિક પરમ ભાવ, શુદ્ધ પારિણામિક જે ત્રિકાળી શુદ્ધ સ્વભાવભાવ સહજ ત્રિકાળી એવો જે પરમભાવ તે જેનું લક્ષણ

છે એવું નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. પર્યાય હું નહિ, આ યે નહિ. આહાહા ! પર્યાય એમ વિચારે છે, કે 'આ' હું છું, "અખંડ સકળ નિરાવરણ એક અવિનશ્વર પ્રત્યક્ષ પ્રતિભાસમય શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ જેનું," કોનું ? નિજ પરમાત્મ દ્રવ્યનું. તે હું છું. એમ સમ્યગ્દૃષ્ટિ આમ માને છે. આહાહા.....

એય ઉદાણી ! ન્યાં આમાં દાકતરમાં કયાંય મળે એવું ન્યાં મુંબઈમાં મળે એવું નથી. આવું કયાંય ? આહાહા ! એ કાલ દાકતરનો પત્ર આવ્યો 'તો નહિ, ? વાંચ્યો નહિ ? ભાઈ ઓલું નહોતું આપણને આપ્યું બ્રાહ્મણ, પાઠશાળા ભાવનગર આમ અર્ધમાગધીનો મોટો બ્રાહ્મણ છે મોટો-મોટો પ્રોફેસર આંહીં આવ્યો 'તો. આપણે બેનનું પુસ્તક આપ્યું 'તું. ઇ કાલ એનો કાગળ આવ્યો 'તો કે મહુવામાં જૈન સાહિત્યનાં બધા પંડિતો મોટા મોટા ભેગા થયા 'તા મુંબઇથી ને બધાં આ મોટા માલવિયા ને બીજા મોટી યુનીવર્સીટીના વિદ્યાર્થીઓ મોટા હુશિયાર મોટા પંડિતો ભેગા થયા, એમાં બધાએ ભાષણ કર્યા એમાં એક મેં ભાષણ કર્યું 'તું સમયસારનું લોકો ખુશી થઈ ગયા, એવા ખુશી થયા કે. ઓહોહોહો ! પછી ઓલા એ શ્વેતાંબર હશે થોડુંક જીવવિચાર નવતત્ત્વનું હોય ને પુસ્તક આ એને ભેટ આપ્યું, પણ આ કયાં ચીજ છે ? એણે બિચારે લખ્યું છે, કાગળ આવ્યો છે, બહુ મને વખાણ કર્યા એ વખાણ પ્રભુ મારા નથી હોં, એ તો તમારા છે કહે, એમ લખ્યું છે કાગળ આવ્યો છે એનો. આહાહા.....

આંહીં કહે છે કે પ્રભુ તું નિજપરમાત્મદ્રવ્ય સિવાય, વિકલ્પ ઊઠે છે પરદ્રવ્યનો એ વિકલ્પનો કર્તા થાય એ પણ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહાહા.....

આ પ્રમાણે અજ્ઞાનરૂપ ચૈતન્યપરિણામ પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે, તેથી અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ સોપાધિક ચૈતન્યપરિણામનો કર્તા આનો થાય, પરિણામનો કર્તા વિકારનો અને તે અજ્ઞાનરૂપભાવ તેનું કાર્ય છે, એ અજ્ઞાન પરિણામ કર્યા તે તેનું કાર્ય છે, બાકી બીજા દ્રવ્યમાં એનું કાંઇ કાર્ય છે નહીં. વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

'સમયસાર' કળશ-૨૪૦ માં છે ને...! "एको मोक्षपथो"- મોક્ષપંથ એક જ છે. અંતર આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદમાં એકાગ્ર થવું, એ એક જ મોક્ષપંથ છે; એનાથી અલ્પ કાળમાં ( મુક્તિને પ્રાપ્ત કરે છે ). એની જયસેનાચાર્યની સંસ્કૃત ટીકામાં લખ્યું છે કેઃ કારણ કે, આ પંચમ કાળ છે એટલે એને ત્રીજે ભવે મુક્તિ થાય જ. સમજાણું કંઈ ?

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૧૭૯, નિયમસાર શ્લોક-૧૦૯ )**

## ગાથા - ૯૬

ततः स्थितं कर्तृत्वमूलमज्ञानम्।

एवं पराणि दव्वाणि अप्पयं कुणदि मंदबुद्धीओ।
अप्पाणं अवि य परं करेदि अण्णाणभावेण।।९६।।

एवं पराणि द्रव्याणि आत्मानं करोति मन्दबुद्धिस्तु।
आत्मानमपि च परं करोति अज्ञानभावेन।।९६।।

यत्किलक्रोधोऽहमित्यादिवद्धर्मोऽहमित्यादिवच्चपरद्रव्याण्यात्मीकरोत्यात्मानमपि-परद्रव्यीकरोत्येवमात्मा, तदयमशेषवस्तुसम्बन्धविधुरनिरवधिविशुद्धचैतन्यधातुमयोऽप्यज्ञानादेव सविकारसोपाधीकृतचैतन्यपरिणामतया तथाविधस्यात्मभावस्य कर्ता प्रतिभातीत्यात्मनो भूताविष्टध्यानाविष्टस्येव प्रतिष्ठितं कर्तृत्वमूलमज्ञानम्। तथाहियथा खलु भूताविष्टोऽज्ञानाद्भूतात्मानावेकीकुर्वन्नमानुषोचितविशिष्टचेष्टावष्टम्भनिर्भरभयङ्कराराम्भगम्भीरामानुषव्यवहारतया तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति, तथायमात्माप्यज्ञानादेव भाव्यभावकौ परात्मानावेकीकुर्वन्नविकारानुभूतिमात्रभावकानुचितविचित्रभव्यक्रोधादिविकारकरम्बितचैतन्यपरिणामविकारतया तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति। यथा वाऽपरीक्षकाचार्यादेशेन मुग्धः कश्चिन्महिषध्यानाविष्टोऽज्ञानान्महिषात्मानावेकीकुर्वन्नात्मन्यभ्रङ्कषविषाणमहामहिषत्वाध्यासात्प्रच्युतमानुषोचितापवरकद्वारविनिस्सरणतया तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति, तथायमात्माऽप्यज्ञानाद् ज्ञेयज्ञायकौ परात्मानावेकीकुर्वन्नात्मनि परद्रव्याध्यासान्नोइन्द्रियविषयीकृतधर्माधर्माकाशकालपुद्गलजीवान्तरनिरुद्धशुद्धचैतन्यधातुतया तथेन्द्रियविषयीकृतरूपिपदार्थतिरोहितकेवलबोधतया मृतककलेवरमूर्च्छितपरमामृतविज्ञानघनतया च तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति।

---

'તેથી કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું' એમ હવે કહે છેઃ-

**જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,**
**નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.**

ગાથાર્થઃ-[ एवं तु ] આ રીતે [ मन्दबुद्धिः ] મંદબુદ્ધિ અર્થાત્ અજ્ઞાની [ अज्ञानभावेन ] અજ્ઞાનભાવથી [ पराणि द्रव्याणि ] પર દ્રવ્યોને [ आत्मानं ] પોતારૂપ [ करोति ] કરે છે [ अपि च ] અને [ आत्मानम् ] પોતાને [ परं ] પર [ करोति ] કરે છે.

ટીકાઃ-ખરેખર એ રીતે, 'હું ક્રોધ છું' ઇત્યાદિની જેમ અને 'હું ધર્મદ્રવ્ય છું' ઇત્યાદિની જેમ આત્મા પરદ્રવ્યોને પોતારૂપ કરે છે અને પોતાને પણ પરદ્રવ્યરૂપ કરે છે; તેથી આ

**આત્મા, જોકે તે સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે તોપણ, અજ્ઞાનને લીધે જ સવિકાર અને સોપાધિક કરાયેલા ચૈતન્યપરિણામવાળો હોવાથી તે પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે. આ રીતે, ભૂતાવિષ્ટ ( જેના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય એવા ) પુરુષની જેમ અને ધ્યાનાવિષ્ટ ( ધ્યાન કરતા ) પુરુષની જેમ, આત્માને કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું. તે પ્રગટ દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે:-**

**જેમ ભૂતાવિષ્ટ પુરુષ અજ્ઞાનને લીધે ભૂતને અને પોતાને એક કરતો થકો, મનુષ્યને અનુચિત એવી વિશિષ્ટ ચેષ્ટાના અવલંબન સહિત ભયંકર *આરંભથી ભરેલા અમાનુષ વ્યવહારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે; તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ ભાવ્ય-ભાવકરૂપ પરને અને પોતાને એક કરતો થકો, અવિકાર અનુભૂતિમાત્ર જે ભાવક તેને અનુચિત એવા વિચિત્ર ભાવ્યરૂપ ક્રોધાદિ વિકારોથી મિશ્રિત ચૈતન્યપરિણામવિકારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે. વળી જેમ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી મહિષનું ( પાડાનું ) ધ્યાન કરતો કોઈ ભોળો પુરુષ અજ્ઞાનને લીધે મહિષને અને પોતાને એક કરતો થકો, ‘હું ગગન સાથે ઘસાતાં શિંગડાંવાળો મોટો મહિષ છું’ એવા અધ્યાસને લીધે મનુષ્યને યોગ્ય એવું જે ઓરડાના બારણામાંથી બહાર નીકળવું તેનાથી ચ્યુત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે; તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ્ઞેયજ્ઞાયકરૂપ પરને અને પોતાને એક કરતો થકો, ‘હું પરદ્રવ્ય છું’ એવા અધ્યાસને લીધે મનના વિષયરૂપ કરવામાં આવેલાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવ વડે ( પોતાની ) શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી તથા ઇંદ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો વડે ( પોતાનો ) કેવળ બોધ ( -જ્ઞાન ) ઢંકાયેલ હોવાથી અને મૃત કલેવર ( -શરીર ) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન ( પોતે ) મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.**

**ભાવાર્થ:-આ આત્મા અજ્ઞાનને લીધે, અચેતન કર્મરૂપ ભાવકનું જે ક્રોધાદિ ભાવ્ય તેને ચેતન ભાવક સાથે એકરૂપ માને છે; વળી તે, પર જ્ઞેયરૂપ ધર્માદિદ્રવ્યોને પણ જ્ઞાયક સાથે એકરૂપ માને છે. તેથી તે સવિકાર અને સોપાધિક ચૈતન્યપરિણામનો કર્તા થાય છે.**

**અહીં, ક્રોધાદિક સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ભૂતાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું અને ધર્માદિક અન્યદ્રવ્યો સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ધ્યાનાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું.**

---

* આરંભ = કાર્ય; વ્યાપાર; હિંસાયુક્ત વ્યાપાર.

## પ્રવચન નં. ૧૯૦ ગાથા-૯૬ ગુરુવાર, મહા સુદ-૧૨, તા. ૮/૨/’૭૯

ઉપર પહેલી લીટી “હવે કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું એમ હવે કહે છે.” પહેલી ગાથામાં આવી ગયું ને ? કે પોતે જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ પ્રભુ પોતે શુદ્ધ જ્ઞાનઘન હોવા છતાં તેને ભૂલીને–ક્રોધ, માન, માયા, લોભ આદિ ૧૭ બોલ, ક્રોધ આવ્યો ’તો મૂળમાં, સોળ પછી સત્તર

થયા ને ? ક્રોધ તો મૂળ હતો, સોળ સૂત્ર પછી, પોતે જ શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે, જ્ઞાતાદૃષ્ટા તેને ભૂલી અનાદિથી અજ્ઞાની, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, કર્મ, મોહ, નોકર્મ, આ કર્મ અહીં સંબંધવાળા લીધા છે. ધર્માસ્તિ આદિમાં તો છ દ્રવ્ય લેશે જ, પણ આંહીં, આંહીં આઠ કર્મ, નોકર્મ, આહારક શરીર, પાંચ ઇન્દ્રિય, શ્વાસ, ભાષા, મન અને ત્રણ શરીર ઔદારિક, તેજસ ને કાર્મણ એને અહીંયા નોકર્મ કહે છે. સમજાય છે કાંઈ ? આવે છે ને ૫૫ શ્લોકમાં, નવ બોલ એટલે કે અહીંયા ક્રોધ થાય, માન, માયા, લોભ, રાગ, આ વેપાર ધંધાનો રાગ, વિષયનો રાગ, માનનો રાગ, એ બધો રાગ છે, એ ખરેખર તો કર્મના ભાવકનું ભાવ્ય છે. તે આત્માનું સ્વરૂપ નથી, છતાં તેને સ્વરૂપના જ્ઞાનને ભૂલીને, હું ક્રોધ છું, હું માન છું, માયા છું, લોભ, લોભ આ લોભ છું, રાગ ને દ્વેષ મોહ છું, કર્મ જે આઠ છે અને નોકર્મ મન, વચન, કાયા, ત્રણ શરીર ને આહારક શરીર ને લેશ્યા ને શ્વાસ આદિ અને મન, વચન ને કાયા ને પાંચ ઈન્દ્રિય કેટલા ? ૧૭ બોલ લીધા છે. વિશેષ સમજવા.

એ બધા હું છું. માટે તેનો હું કર્તા છું રાગનો, એ મિથ્યાત્વ અજ્ઞાનભાવ છે. આહાહાહા..... સમજાય છે કાંઈ ? અને ધર્માસ્તિ આદિ છ દ્રવ્ય છે, એ પર છે આત્મદ્રવ્યથી. એ છ દ્રવ્યનો વિચાર કરતાં જે વિકલ્પ ઊઠે એ વિકલ્પનો કર્તા છઉં એણે છ પરદ્રવ્યને પોતાનું માન્યું. આહાહાહા..... બહુ આકરું કામ છે. એવા ૧૭ બોલ અને એ સિવાય પણ ગુણગુણી ભેદનો વિકલ્પ વિગેરે લેવો, એ બધાં મારાં છે ને હું એનો કર્તા છું, એ મિથ્યાત્વભાવ અજ્ઞાનભાવ છે, સંસારના પરિભ્રમણનું એ મૂળીયું છે. આહાહાહા...... અને છ દ્રવ્ય, આ આત્મા સિવાય પર, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, પુદગલ, પરમાણું આદિ અને અન્ય જીવ, સ્ત્રી, કુટુંબ પરિવાર ને દેવ, ગુરુ, શાસ્ત્ર એ અન્ય જીવ એ હું છું, એ મારા છે, એવો જે વિકલ્પ રાગ તેનો કર્તા થાય એ અજ્ઞાન છે. આહાહા ! એ કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું. આ એમ કહે છે, છે ને લીટી ઉપર, એમ હવે કહે છે. વિસ્તાર કરે છે. ૯૬ ગાથા.

एवं पराणि दव्वाणि अप्पयं कुणदि मंदबुद्धीओ।
अप्पाणं अवि य परं करेदि अण्णाणभावेण।।९६।।

મંદબુદ્ધિ અજ્ઞાની કીધા છે. આહાહા !

હરિગીત "જીવ મંદબુદ્ધિ" ઓહો, વિભંગજ્ઞાન હોય સંસારના બહુ ક્ષયોપશમનાભાવ હોય છતાં તેને આ રાગ મારો, પરદ્રવ્ય મારા, એવી બુદ્ધિને મંદબુદ્ધિ કીધી છે. અજ્ઞાન કીધું છે મંદબુદ્ધિનો અર્થ "નિજ આત્માને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે." આહાહા !

ટીકાઃ- ૯૬ ની ટીકા "ખરેખર એ રીતે" સત્યાર્થ રીતે જોઈએ તો, કહે છે એ રીતે જે કીધું એ ત્યાં, "હું ક્રોધ છું," અણગમો આવેને અંદર એ હું છું, એ માન્યતા અજ્ઞાન મિથ્યાત્વ છે, આહાહાહા..... ત્યાં કેમ બેઠા સુમનભાઈ ! આંહીં છે જગ્યા, કહો, સમજાણું કાંઈ ?

હું આનંદ ને જ્ઞાન ને વીતરાગ મૂર્તિ છું એવું ભૂલીને એ દયા દાનનો ભાવ, રાગ અને વેપાર આદિનો ભાવ રાગ અને પ્રતિકૂળતામાં થતો દ્વેષ, કર્મ અને નોકર્મ આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ. આહારક શરીર ઇન્દ્રિય શ્વાસ ભાષા, મન, એ બધા મારા છે, એવો જે વિકલ્પ કરે છે, તે વિકલ્પનો એ કર્તા થાય છે. તેથી તે કર્તાનું મૂળ અજ્ઞાન થયું, ઠર્યું છે ને ? આહાહા !

આહાહા ! હું ક્રોધ ઇત્યાદિની જેમ ઈત્યાદિ એટલે કે ૧૭ બોલ લેવા છે. આ ક્રોધ ને સિવાય-૧૬ તો ક્રોધ સિવાય-૧૬, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, કર્મ, નોકર્મ, મન, વચન ને કાયા આદિ ને પાંચ ઇન્દ્રિયો, એ ૧૭ બોલમાં હું છું, એવો વિકલ્પ કરતાં રાગ કરે તેનો કર્તા થાય, એ અજ્ઞાન છે. આહાહાહા..... અને હું ધર્મદ્રવ્ય, છ દ્રવ્ય, ધર્માસ્તિકાય તત્ત્વ છે, ભગવાને જોયેલું જગતમાં, એનો વિચાર કરતાં જે વિકલ્પ ઊઠે, એ વિકલ્પનો હું કર્તા છું એણે ધર્માસ્તિકાય પોતાનું છે એમ માન્યું. આહાહા ! એમ અધર્માસ્તિ, આકાશ, કાળ અને કર્મ, નોકર્મમાં અમુક પુદ્ગલ આવ્યા 'તા સંબંધવાળા એ સિવાયનાં પુદ્ગલો બધા અને બધા જીવો સ્ત્રીનો જીવ હોય, પુરૂષનો જીવ હોય, છોકરાઓનો જીવ હોય, ભગવાનનોય જીવ ને ગુરુનોય જીવ હોય, એ બધા જીવો પર છે, એને જે અંદર વિકલ્પ ઊઠે, મારા છે એ એનો એ ચીજનો કર્તા તો થતો નથી, કારણ કે એ તો સ્વયં ચીજ છે. કારણ કે એ ચીજ છે, એનો તો એ કર્તા થતો નથી, પણ તેનો વિકલ્પ ઉઠાવે છે, કે આ મારા, એવા રાગનો એ કર્તા થાય એ અજ્ઞાન છે, મિથ્યા છે ! હું ધર્મદ્રવ્ય છું-ઇત્યાદિ એટલે છ દ્રવ્ય.

જેમ આત્મા પરદ્રવ્યોને પોતારૂપ કરે છે, ઇત્યાદિની જેમ, આત્મા પરદ્રવ્યોને એટલે ક્રોધ માન, માયા આદિ અને છ દ્રવ્ય એને પોતારૂપ કરે છે. આહાહાહા..... ઘણી ગાથા ઊંચી આવી છે બહુ. એકદમ જેને રાગથી ભિન્ન ભેદવિજ્ઞાન નથી, એ વિકલ્પ ઊઠે તેનાથી ભેદવિજ્ઞાન નથી, એ બધાય રાગાદિને અભેદપણે માનીને પોતાનો રાગનો ચૈતન્ય પરિણામનો કર્તા થાય છે. એ સંસાર છે, દુઃખ છે, મિથ્યાત્વ છે, એ મિથ્યાત્વમાં અનંતા જનમમરણ કરવાની તાકાત છે. આહાહા !

એ આત્મા પરદ્રવ્યોને, પરદ્રવ્યો એટલે બધાં ક્રોધાદિ બધાંય પરદ્રવ્યો એટલાં એ રાગ, દયા, દાનનો, ધંધાનો રાગ, એ બધા પાપ પર છે. આહાહા ! એ પરદ્રવ્યોને પોતારૂપ કરે છે અને પોતાને પણ પરદ્રવ્યરૂપ કરે છે અરસપરસ, ક્રોધ, રાગ, પુણ્ય, ધર્માસ્તિ આદિ પરદ્રવ્યને પોતાનાં કરે છે અને પોતાને પરદ્રવ્યરૂપ કરે છે. આહાહા ! દયા પાળવાનો ભાવ છે રાગ, એ દયા પાળી શકતો નથી પણ પાળવાનો રાગ છે, એ મારો છે એવો જે વિકલ્પનો કર્તા થાય તે અજ્ઞાની છે. આહાહાહા ! ગજબ વાત છે. વીરનો મારગ છે આ તો. હીરાલાલજી ? આહાહા !

એકકોર ભગવાન આત્મા આનંદ ને અનંત ગુણનું ધામ એ અને એનાથી ભિન્ન આ રાગાદિ ૧૭ બોલ અને ધર્માસ્તિ આદિ છ બોલ, ૨૩ બોલ થયા એમાં બધા આવી ગયા આમાં. આહાહા ! એ બોલને પોતાનાં કરે છે અને પોતાને પરરૂપ કરે છે, છે ? તેથી આ આત્મા, તેથી આ આત્મા જો કે તે સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત, આહાહાહા ! એ શુભ-અશુભ રાગ, કર્મ, નોકર્મ અને આ છ દ્રવ્ય એ બધાંથી સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત છે. ભગવાન તો રાગાદિ છ દ્રવ્યથી તો સંબંધ રહિત છે. આહાહાહા ! કહો આ મારો દિકરો ને આ મારો બાપ ( શ્રોતાઃ-કલ્પના માત્ર છે ) એવો વિકલ્પ ઉઠાવે તેનો કર્તા થાય, એ પરદ્રવ્યનાં રાગ અને પરદ્રવ્યથી સંબંધ રહિત પ્રભુ છે. આહાહાહા ! એ ૧૭ બોલ અને ૬ બોલ એ ૨૩ બોલનાં ભાવથી પ્રભુ રહિત છે આત્મા. આહાહાહા !

એવું બેહદ "સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે" આહાહાહા !

આ તો એક વિચાર એવો આવ્યો'તો ઓલાં ૪૭ શક્તિ છે ને ? એમાં અસ્તિત્વ શેમાં આવે કીધું ? તો એ જીવત્વ શક્તિમાં અસ્તિત્વ આવે છે, જીવત્વ શક્તિ છે ને દર્શન, જ્ઞાન, આનંદ ને સત્તા ને એક સાધારણ, અસાધારણ એમાં અસ્તિત્વ આવે છે. આહાહા !

આત્મામાં પોતે બેહદ શુદ્ધ અસ્તિત્વ સ્વભાવવાન તત્ત્વ છે એમ કહે છે. આહાહા ! એ બધાં પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ, શરીર ને વાણી, મન ને કર્મ, આહાર અને શ્વાસ, આ શ્વાસ, આહાર લેવાની વૃત્તિ આહાર, શ્વાસ, ભાષા, મન, આહાહા ! આહાર, શ્વાસ, ભાષા, મન દશ પ્રાણ છે. એનાથી પ્રભુ ભિન્ન છે અંદર અને અન્ય આત્માઓ અને અન્ય પરમાણુંઓથી પણ પ્રભુ તું બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ પરના સંબંધ રહિત છે. આહાહા ! એને સંબંધવાળો માનવો એ મિથ્યાત્વભાવ છે. આહાહા ! ભાષા તો સાદી છે ભાઈ હીરાલાલજી ! આવું છે, માલ છે માલ. આંહીં તો એકકોર રામ ને એકકોર ગામ, એકકોર એ રાગથી માંડીને બધા દ્રવ્યો પર તેના સંબંધથી પ્રભુ રહિત છે આત્મા. આહાહાહા ! પણ છે કેવો ? સંબંધ રહિત છે, છે કેવો ? આહાહા ! “બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય” આહાહા ! જેને જ્ઞાન ધારી રાખ્યું છે ધાતુ એટલે જ્ઞાન સ્વભાવ, બેહદ, અપરિમિત મર્યાદા વિનાનું જેનું જ્ઞાન અપરિમિત અનંત છે. બેહદ ચૈતન્ય ધાતુ, શુદ્ધ ચૈતન્યધાતુ પાછી, એવો છે પ્રભુ આત્મા તો, એને આત્મા કહીએ. બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય, ચૈતન્યધાતુવાળો એમ નહિ, બેહદ શુદ્ધ ચૈતન્યમય ધાતુ ચૈતન્યમય આખું ચૈતન્યપણું અનંત બેહદ જેણે ધારી રાખ્યું છે. આહાહા ! એ રાગ ને દયા, દાનનાં વિકલ્પને પરને ધારી નથી રાખતો એ તો પરના સંબંધ વિનાનો જ પ્રભુ છે. આહાહાહા !

અરેરે ! અનંત અનંત કાળમાં રખડતાં એને પોતાની ચૈતન્ય વસ્તુ શું છે ? એનું એને ભાન ને માહાત્મ્ય ન આવ્યું, એને છોડીને પરના માહાત્મ્ય આવ્યા. આહા ! કાંઇક પૈસા થયા બે પાંચ કરોડ, છોકરા સારા થયા, આબરું, બે વર્ષે છોકરો સોળ વર્ષમાં આઠ થાય, ચોવીસ વર્ષમાં બાર, બબ્બે વર્ષે છોકરા થાય અને પાછા બધા રળવા શીખી જાય, એટલે જાણે કે ઓહોહોહો ! કેવડો હું મોટો હું થયો. હેં ? બારભાયા નથી ? વીંછીયામાં છે ને, બાર ભાયું, બાર, વીંછીયામાં છે. બાર શું બત્રીસ હજાર છોકરી-ચક્રવર્તીને ૬૪ હજાર દિકરા હોય. ચક્રવર્તી છે એને ચોસઠ હજાર દિકરા, બત્રીસ હજાર દિકરી, છન્નું હજાર, અરે કોના છે બાપુ. આહાહા ! એ મારા ને હું એનો એને મારા કર્યા ને પોતાને એનો કર્યો, હેં ? આહાહા ! આવો પ્રભુનો મારગ છે. આહા !

બેહદ પર રાગના વિકલ્પને ધર્માસ્તિ અને પરજીવનાં પરમાણુંના પુદ્ગલના કર્મના આહાર ને શ્વાસનાં, આ શ્વાસ છે ને અંદર એનાં સંબંધ રહિત પ્રભુ છે અંદર. સમજાણું કાંઇ ? એ શ્વાસ ચાલે છે, એમાં છે આત્માના પ્રદેશો એકલો પરમાણું નથી, પણ એ શ્વાસથી પણ ભગવાનનો આત્મા ભિન્ન છે. આહાહા ! આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા, મન, નવ, છ અને ત્રણ શરીર, ઔદારિક તેજસ ને કાર્મણ ઔદારિક વૈક્રિયિક અને આહારક તેજસ ને કાર્મણ તો આવી ગયું આઠ કર્મમાં, એનાથી ભગવાન આત્મા અનંત હદ વિનાની જેની ચૈતન્યધાતુ શુદ્ધ છે, હદ નહિ જેની, મર્યાદા નહિ. આહાહા ! એવો શુદ્ધ ચૈતન્યધાતુમય ભગવાન આત્મા એને આવો હોવા છતાં તો પણ, બેહદ શુદ્ધ ચૈતન્ય ધાતુમય પ્રભુ તો આત્મા છે. આહા...

આવો હોવા છતાં ધાતુમય છે તો પણ એમ, અજ્ઞાનને લીધે આ બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ છું એના અજ્ઞાનને લીધે એનું ભાન એને નથી. બેહદ, મર્યાદા વિનાનું શુદ્ધ ચૈતન્યધાતુ બેહદ. આહાહા ! જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જેની હદ નથી, એવી બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ ભગવાન આત્મા આવો હોવા છતાં, તો પણ અજ્ઞાનને લીધે પોતાના આવા સ્વરૂપનાં અજ્ઞાનને લીધે, આહાહા ! આવું એનું સ્વરૂપ છે છતાં તેના ભાન વિના, આહાહા !

આવો હિરલો અંદર ભગવાન બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય હીરો છે મોટો પ્રભુ, ચૈતન્ય રત્નાકર ! આવો છે તોપણ અજ્ઞાનને લીધે એની એને ખબર નથી, હું આવો છું એવી એને ખબર નથી. આહા ! અજ્ઞાનને લીધે જ આહા... અજ્ઞાનને લીધે જ, કર્મને લીધે એમ નહિ, પોતાના આવા સ્વરૂપના અજ્ઞાનને લીધે જ, આહા... “સવિકાર અને સોપાધિક” બે લીધાં “સવિકાર ક્રોધ આદિ” “સોપાધિક છ દ્રવ્ય” કરાયેલા ચૈતન્ય પરિણામવાળો હોવાથી વિકાર સહિત અને સોપાધિક છ દ્રવ્ય પર છે, એનો વિકલ્પ ઉઠાવીને ઉપાધિવાળો ભાવ એથી કરાયેલા ચૈતન્ય પરિણામવાળો હોવાથી ચૈતન્યનાં એવા વિકારી અને ઉપાધિક પરિણામ અવસ્થાવાળો હોવાથી તે પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે. આહાહા ! પરનો નહિ તે પ્રકાર આ મારા છે અને હું એનો છું એવો જે વિકલ્પ એનો એ કર્તા થાય છે. આહાહાહા ! છે ?

શું ટીકા ! આહાહાહા ! અત્યારે ભરતક્ષેત્રમાં આવી ટીકા બીજે તો નથી પણ જૈન દિગંબરમાં આ આવી ટીકા છે એવી બીજામાં નથી ! આહાહા ! કેવળીના કથનો ભર્યા છે એકલાં. આહાહા ! તે સત્તર બોલ કીધાં એ, અને છ દ્રવ્ય એ ઈ ? એ મારા છે એવો સવિકાર અને ઓલા છ દ્રવ્ય મારા છે એવો સોપાધિક કરાયેલા ચૈતન્ય પરિણામવાળો એ ચૈતન્યનું પરિણામ છે વિકારી આ મારા ને હું એનો એવા ચૈતન્યના પરિણામનો વિકારી ભાવ છે, તે પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે. આહાહા ! તે પ્રકારનાં રાગનો ને વિકારના ભાવનો ઉપાધિ ભાવ મારો છે વિકારી, એવા ભાવનો તે કર્તા પ્રતિભાસે છે. છ દ્રવ્ય છે એનો એ કર્તા ક્યાં છે ? એ તો પર છે. આહાહાહા ! કર્મ ને નોકર્મ એ પણ પર છે. એનો કર્તા કેમ થાય ? એ તો પર વસ્તુ છે. તો એના તરફના લક્ષવાળો આ મારા છે ને હું એનો એવો જે વિકારી ભાવ, તે ચૈતન્યના પરિણામે પરિણમતો વિકારી તેનો એ કર્તા પ્રતિભાસે છે. એને આત્મા બેહદ અંતર ચૈતન્યધાતુ છે તે પ્રતિભાસતી નથી. આહાહા ! સમજાય છે કાંઇ ?

ભગવાન આત્મા બેહદ અનંત અનંત અનંત ચૈતન્યધાતુ એવો જે ભગવાન આત્મા અંદર, એને ન જાણતાં એનું અજ્ઞાન હોવાને લીધે જે તેમાં નથી તે રાગદ્વેષ, દયા, દાન, પુણ્ય, પરિણામ એ આત્મામાં નથી, તે આત્માનાં નથી, એને પોતાના વિકલ્પથી કરતો, આવું ત્યાં મુંબઇમાં ક્યાંય મળે એવું નથી ન્યાં ક્યાંય હોળી સળગે છે મોહમયીનગરી તો મોહમય ( શ્રોતાઃ- આપ આવો ત્યારે મળે છે ને ) આ તો એકલા વિનાની વાત કરી ને એકલા ત્યાં રહે છે ને ? આહાહા ! ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, પરમેશ્વર એમ ફરમાવે છે, પ્રભુ તું બેહદ ચૈતન્યધાતુવાળો છે ને નાથ બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ ચૈતન્ય બેહદને ધારનાર ધારી રાખેલો તું છે ને ? આવી ચીજની તને ખબર નથી પ્રભુ, અને તેને ભૂલીને તેમાં નથી એનો સંબંધ તારે નથી, એવા દયા દાનનાં પરિણામને પરભાવો ને પરદ્રવ્ય એને મારા માનીને રાગનો કર્તા થા

પ્રભુ એવો મૂઢપણે, અજ્ઞાનપણે તું કર્તા થાય છે. આહાહા ! કહો દેવીલાલજી ! આવી વાતું છે. સાંભળવું કઠણ પડે. અરે શું થાય ભાઈ. અરે !

બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ પ્રભુ છો ને તું, તને તારી ખબર નથી નાથ, અનંત અનંત બેહદ ચૈતન્યધાતુ ચૈતન્યરત્નાકર, અનંત અનંત પવિત્ર ગુણોનો ચૈતન્યનો ધામ પ્રભુ તું છો. આહાહાહા ! એના અજ્ઞાનને લીધે, એના ભાન વિના એમાં નથી તેવા પુણ્ય ને પાપના ભાવ ને છ દ્રવ્યને વિકલ્પથી મારા કરીને તું વિકલ્પનો અજ્ઞાનપણે કર્તા થાય છો ભાઈ તું, રખડવાના લખણ છે તારા બધાં.

કહે છે કે દયા કરી, દાન આપવું, ભક્તિ કરવી, પૂજા કરવી ભગવાનની, વ્રત કરવા, અપવાસ કરવા એ ધર્મ છે એમ અજ્ઞાની કહે છે. આંહીં કહે છે કે એ તો બધો વિકલ્પ રાગ છે ભાઈ તને ખબર નથી, આ ચૈતન્ય તો આનંદકંદ જેમાં રાગની વૃત્તિ ઊઠે એવું સ્વરૂપ જ નથી. આહાહાહા ! કહો શશીભાઈ ? આવ્યું છે જુઓને કેટલું સરસ આવ્યું છે પ્રભુ, તું તો બેહદ અનંત અનંત અનંત અનંત ચૈતન્યધાતુ જ્ઞાન દર્શનને ધરનારો, એવો અનંત ગુણનો ધરનારો પવિત્ર પ્રભુ તું છો ને, આવો હોવા છતાં પ્રભુ તને તારી ખબર નથી, તારા સ્વભાવના બેહદનાં ભાન વિનાનો, તારામાં નથી તેવા શુભ-અશુભ રાગ અને પરદ્રવ્યને મારા કરીને વિકલ્પ કરીને તું વિકલ્પનો કર્તા થાય છે, એ અજ્ઞાન છે. આહાહાહા ! હીરાલાલજી ! બહુ સરસ આવ્યું છે હોં. આહાહા ! ( શ્રોતાઃ-ભાગ્યશાળી ) ભાગ્યશાળી ! ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ સર્વજ્ઞદેવ ફરમાવે છે એ આ સંતો જાહેરાત, આડતિયા થઈને જગતને જાહેર કરે છે.

પ્રભુ તું પ્રભુ છો, આજ તો એમ આવ્યું'તું એક એક ગુણમાં પ્રભુતા ભરી છે, જીવતર શક્તિ પ્રભુતાથી ભરી, ચીતિ શક્તિ પ્રભુતાથી ભરી, દૃશીશક્તિ પ્રભુતાથી ભરી, જ્ઞાન, સુખ શક્તિ, વીર્ય, વિભુત્વ, પ્રભુત્વ, સર્વદર્શી પણ પ્રભુતાથી ભરેલી, સર્વજ્ઞ શક્તિ પ્રભુતાથી ભરેલી એવી અનંત શક્તિઓનો સાગર અને એકએક શક્તિમાં પ્રભુતાથી ભરેલો ગુણ, એવા બેહદ ગુણોનો ધરનાર પ્રભુ તું અને એને ભૂલીને પામર જે રાગ, દયા, દાન, વ્રત, વિકલ્પનો રાગ એનો અજ્ઞાનપણે કર્તા થાય. પ્રભુ તું રખડી મરીશ. ચીમનભાઈ ! આહા ! આવું છે. મુંબઇમાં તો અમે આવીએ ત્યારે એટલી બધી ઝીણી વાતું કરીએ તો દશ દશ હજાર માણસ ત્યાં હોય. આહાહાહા ! દાખલા ને દલીલ ને એવું બધું કરે ત્યારે માંડ ( પકડાય ) શું કરે ? એવી આ ચીજ અત્યારે સંપ્રદાયમાંથી વિંખાઈ ગઇ છે ! આખી. આહાહા !

પ્રભુ ત્રણલોકનો નાથ વીતરાગદેવ એમ ફરમાવે છે કે પ્રભુ તું કોણ ? તું રાગ ? તું દયા દાનના પરિણામ એ તું ? તું પરજીવ તું ? શરીર તું ? કર્મ તું ? શ્વાસ તું ? આહાર તું ? આહાહાહાહા ! ભાષા તું ? મન તું ? ના, આહાહા ! ભગવાન પ્રભુ અંદર ચૈતન્ય તો બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ. ધાતુ એટલે ચૈતન્યપણું જેણે ધારી રાખ્યું છે, આહાહાહા ! સર્વજ્ઞપણું જેણે ધારી રાખ્યું છે. આહાહાહા ! બેહદ કીધું ને ? ચૈતન્યધાતુ બેહદ કીધી ને ? અને સર્વજ્ઞ સ્વભાવ જેણે ધારી રાખ્યો છે, એવા અનંતા અનંતા ગુણો, બેહદ છે તેને પ્રભુ તેં ધારી રાખ્યા છે, એટલે કે તારામાં છે, એવી ચીજને તું ભૂલી ગયો પ્રભુ અને તેને ભૂલી અને આ રાગ મારો, પુણ્ય મારા ને દયા, દાનનાં પરિણામ એ મારા પ્રભુ તને, શું કર્યું તેં આ, તું અજ્ઞાનપણે એ રાગનો કર્તા થયો પ્રભુ. આહાહાહાહા !

પુંજાભાઈ ! આવી વાતું છે. આહાહા !

ત્રણ લોકના નાથ પરમેશ્વર જિનેશ્વર સર્વજ્ઞદેવ, ઇન્દ્રો ને ગણધરોની વચ્ચે આ ફરમાવતા હતા. આહા ! આ વાત છે પ્રભુ તને તારી મોટપ ન બેસે નાથ. આહાહાહા ! એક રાગ જરી આવ્યો બાઈડીનો કુટુંબનો ત્યાં તો રાજી રાજી. મારી સ્ત્રી, મારો દિકરો, હું કમાઉં થ્યો લાખ બે લાખ પેદા કરું છું મહિને, અરે શું છે પ્રભુ, તને શું થ્યું આ ? સનેપાત ક્યાંથી વળગ્યો આ. એ ભોગીભાઈ ! આવી વાતું છે. અહીંયા તો મોટાભાઈને લાવ્યાં સારું કર્યું હારે હારે, બાપુ શું કહીએ અમે. મારગડા આ છે. ભલે દુનિયા ન માને અને ન હોય તેથી સત્ છે તે બદલાઈ જાય એવું નથી. આહાહા ! શું વાત છે ૯૬ ગાથા. હીરાલાલજી ! ભાગ્યશાળી આવ્યાં પણ આ બરાબર જો. આહા... બાકી તો થવું હોય એ થાય શરીરાદીનું-હેં ? આહાહા !

પ્રભુ, ૨૩ બોલ કહ્યાં, ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ, મોહ, કર્મ, નોકર્મ, મન-વચન ને કાયા, બાર ને પાંચ ઇંદ્રિયો સતર, ઈ સિવાય પણ વિકલ્પ જેટલાં ઉઠે એ રાગ એ બધાં પર છે એની સાથે તારે કાંઈ સંબંધ નથી. અને આ ધર્માસ્તિ, અધમાસ્તિ ભગવાને, જિનેશ્વરદેવે, ત્રણલોકનાં નાથે છ દ્રવ્ય જોયાં, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, જીવ ને પુદ્ગલ. પ્રભુ એ છ દ્રવ્યની હારે તારે કાંઈ સંબંધ નથી. આહાહા ! અને તેનો છું એમ માનીને અજ્ઞાનપણે તે પ્રકારના રાગનો ને વિકારનો તું કર્તા થાય છો. વિકારી પરિણામનો ને ઓલાં છ દ્રવ્યનાં વિકલ્પના ઉપાધિભાવનો. આહા ! શું ગાથા અમૃત રેડયાં છે અમૃતચંદ્ર આચાર્યે. આહા ! ઈ આમાં આવશે. હમણા આવશે છેલ્લે આવશે. અમૃતનો સાગર ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર, અમૃતનો સાગર પ્રભુ મૃતક કલેવરમાં મુર્છાણો. શું કહ્યું ?

અહીંયા આવે છે નીચે, જુઓ, આહાહા ! નીચે છે જુઓ નીચે છેલ્લી લીટીઓ રૂપી પદાર્થ વડે કેવળ બોધ ઢંકાયેલો હોવાથી અને મૃતક કલેવર, એ છેલ્લી ગાથા, છેલ્લા મૃતક કલેવર વડે, આ તો મડદું છે પ્રભુ ! આ શરીર તો મૃતક કલેવર, પરમાણું માટી મડદું છે આમાં ચૈતન આ નથી કાંઈ ચૈતન તો જુદી ચીજ છે. આ મૃતક કલેવર છે પ્રભુ. આહાહા ! મૃતક કલેવર વડે "પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન' છે ? પ્રભુ તો બેહદ પરમ વિજ્ઞાનઘન આત્મા છે. આહાહાહાહા ! પરમ અમૃતરૂપ અમૃતચંદ્ર આચાર્ય છે ને. આહા ! આ મૃતક મડદું-મડદું, ધૂળ, માટી, મડદું છે પ્રભુ, એ મૃતક કલેવર વડે અમૃત, પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન મૂર્છિત થયો હોવાથી, એ મારા છે ને એ હું ( એનો ) છું એમ મૂર્છાય ગયો પ્રભુ. તું તે પ્રકારનાં ભાવનો કર્તા પ્રતિભાસે છે, છેલ્લું એ શબ્દ છે પછી... આહાહા !

એ અમૃત બેહદ ધાતુમાં આ લેવું અમૃતનો કુંડ છે આનંદ આનંદ અતીન્દ્રિય આનંદનો બેહદ, બેહદ અતીન્દ્રિય આનંદનો શુદ્ધ આનંદનો કંદ પ્રભુ છે, આવો હોવા છતાં તે અમૃતનો સાગર પ્રભુ, મૃતક કલેવરમાં મૂર્છાણો. આહાહા ! મડદું, શરીર મડદું છે, આ તો માટી, ભગવાન અમૃતનો સાગર અંદર પ્રભુ છે એમ જિનેશ્વરદેવ ફરમાવે છે ને એમ છે. આહાહાહા !

અમૃતનો, પરમ અમૃતનો વિજ્ઞાનઘન એમ લીધું'તું ને ? પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન એમ પાછું, આનંદ ને જ્ઞાન બે આખા છે, પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન અંદર ભગવાન આત્મા છે ભાઈ તને ખબર નથી. આહાહા ! ઘન વિજ્ઞાનઘન એટલે તેમાં દયા, દાનના વિકલ્પનો પ્રવેશ

નથી અંદર. આહાહાહા ! આવી વાતું છે. આવો ઉપદેશ કયાં ? ઓલાં કહે દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો તો એવો તો ઉપદેશ સાંભળીએ છીએ એમાં શું ધૂળમાં હતું એ તો રાગની ક્રિયા કરે ને રાગ મારો માને મૂંઢ મિથ્યાત્વ છે. આહાહા ! સમજાણું કાંઇ ? આહાહા ! પરમ અમૃતરૂપ, પરમ અમૃતરૂપ, પરમ આનંદરૂપ, પરમ અતીન્દ્રિય આનંદસુખરૂપ, વિજ્ઞાનઘન એવો જે અમૃતસ્વરૂપ ભગવાન મૃતક કલેવર, મડદામાં મૂર્છાઇ ગયો છે. એ અમૃતનો ઘન મુડદામાં મૂર્છાઇ ગયો છે. આહાહા ! આવી વાતું તો સાંભળવા કોક' દિ' મળે, એવી વાત છે બાપા ! શું થાય ? આહાહા !

પરમાત્મા તીર્થંકરદેવના શ્રીમુખે નીકળેલી આ દિવ્યધ્વનિ છે, એને સંતો પોતાની ભાષાથી..... આહાહાહા ! આ કહ્યું ને, કે બેહદ પરના સંબંધથી રહિત હોવા છતાં, છે કેવો ? બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય, શુદ્ધ ચૈતન્યધાતુ સ્વરૂપ, આહાહા ! ભગવાન આત્માનું તો શુદ્ધ ચૈતન્ય, શુદ્ધ અમૃત, આનંદ સ્વરૂપ એનું છે. આહાહાહાહા ! એવો જે અમૃતસ્વરૂપ વિજ્ઞાનઘન, મૃતક કલેવર, મડદાં અરે રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ એ મડદાં-મડદાં છે, એ ચૈતન્ય વિનાના મડદાં છે, આહાહા ! શું કીધું ઈ ? જે શુભ-અશુભ, દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ રાગ એ મડદાં છે, મડદાં એટલે કે ચૈતન્યસ્વરૂપ એમાં નથી. આહાહા ! એ મડદાં છે, શરીર મડદું છે. આહાહા ! એ ચૈતન્યનાં પ્રાણથી મરી ગયેલાં છે ઇ. ભગવાન તું ચૈતન્યના પ્રાણથી ભરેલો છો. આહાહા ! શું આ તે વાત હશે ? આહા ! આવો હોવા છતાં. અજ્ઞાનને લીધે એ રાગાદિ પુણ્ય આદિ દયા દાનના વિકલ્પ મારા અને પર જીવ મારાં, પરદ્રવ્ય મારું, પરમાણું મારાં, પૈસા મારાં, મકાન મારાં, ઓટલા મારાં, વસ્ત્રો મારા ઝવેરાત દાગીના મારાં, અરે પ્રભુ શું થયું તને આ ? આહાહા ! મકાન બનાવ્યું હોય પચ્ચીસ લાખનું પચાસ લાખનું જાુઓ એ કેવું છે, કે આ શું છે તને આ ? એ તો પર છે તારે ને એને શું સંબંધ છે ? આહાહાહા ! કહો મંગળભાઈ ! આવી મંગળમય વાતું છે આ. આહાહાહા !

પ્રભુ તું ચૈતન્યધાતુ ને અમૃતનો સાગર છે ને પ્રભુ ! એવી તને ખબર નથી તે અજ્ઞાનને લીધે, એ રાગ, પુણ્ય, દયા, દાન, વ્રતનાં પરિણામને શરીર, વાણી, મન ને મકાન એ ફર્નિચર ને મકાન ને, અત્યારે તો ફર્નિચર જાુઓ ને કેવું હોય છે કીધું નો'તું ન્યાં ગયા'તા મુંબઇ, એક મણીભાઈ છે ને મુંબઇ, આ રસિકભાઈ રાજકોટવાળા નથી ? બેનના બનેવી શાંતાબેનનાં, રસિક, રસિકભાઈના બનેવી છે મણીભાઈ, પાંચ છ કરોડ રૂપિયા છે, તે આહાર કરવા ગયા' તા, આહાર કરવા મુંબઇ ટાટા ઓલીકોર ને આનીકોર તે કેટલા ઓરડા મકાનના મખમલ પાથરેલા ને બધે પગલાં કરાવ્યા પાંચ લાખનું તો બધું ફર્નિચર હશે. અને પહેલાં ગયા ત્યારે એક છોકરો માંદો હતો, ઓલો વિજય, વિજય છોકરો નથી ગુનાનો બહુ બિચારો હોશિયાર હતો બહુ, બાર મહિનાનું પરણેતર અને કિડનીનું દર્દ થયું અને અહીંયા રહી ગયેલો પહેલાં કુંવારો રહી ગયેલો, પણ છોકરો બહુ, કિડનીનું દર્દ થયું'તું દર્શન પહેલાં ત્યાં ગયો'તો, પછી આમ છોકરો હતો. એવો, પણ પછી તો એની "મા" એ કીડની આપી, મરી ગયો. છોકરો હતો. શાસ્ત્રનું જાણપણું એને એના દર્શન માટે ગયેલા ને પછી આ મણિભાઈના ઘરે આહાર કર્યો, મણિભાઈ એડનમાં દુકાન છે અરબસ્તાન મોટી દુકાન છે.

ધૂળમાં કોઇ એ મખમલનાં તારા ગાદલા હોય એને પ્રભુ તને શું સંબંધ છે ? પ્રભુ તું ક્યાં ને એ ક્યાં. તારે ને એને સંબંધ શું છે ? હેં ? અત્યંત એકબીજામાં અભાવ છે ને પ્રભુ ! તું તેને અડતો ય નથી, આ આત્મા છે એ શરીરને અડતો ય નથી, આંહીં. અરેરે ! કેમ બેસે ? શરીરને આત્મા અડતો ય નથી કેમ કે શરીર ને આત્મા વચ્ચે તો અત્યંત અભાવ છે, એકબીજાને કાંઇ સંબંધ નથી. આહાહાહા ! આ મારા સગા સંબંધીઓ છે, વાતું કરે ને જ્યારે એને છોડીને જ્યારે વળાવવી હોય ત્યારે બે પાંચ લાખ રૂપિયા, પચાસ હજાર, લાખ બે લાખનું, શું કહેવાય એ ( કરિયાવર ) કરિયાવર. કરિયાવર ખાટલે પાથરે સગાને બોલાવે પચાસ તોલા સોનું દીધું છે ને આ વિંઝણા છે ને આટલા સાડલા છે ને શું છે પણ આ તને ? આ બધું જોયું છે ને ? અરે ! પ્રભુ પણ તારે ને એને શું સંબંધ ? ક્યાં તું ને ક્યાં એ ? સગા ! સંબંધીઓને બોલાવે એમ કહે જુઓ દિકરીને સારુ આપ્યું છે, પચાસ હજાર લાખનો માલ આપ્યો છે. મોટા હોય તો લાખ બે લાખ, પાંચ લાખ આપે ને સાધારણ મારવાડી હોય તો ય એક લાખ સાધારણ આપે, અત્યારે ગૃહસ્થ છે તે દહેજ, દહેજ કહેવાય શું કહેવાય ? ( દહેજ, દહેજ ) દહેજ. આહાહા ! ત્યાં તો ફુલીને ફુલાવ થઇ જાય. એ છોડીને એમ થાય, આહા ! મારા બાપાએ પણ ભલે ભાગ ન આપો ભાઈઓનો પણ ચાર-પાંચ ભાઈઓ હોય તો પણ આ આટલું આપ્યું ને, હવે તો ભાગ પાડવાનું કહે છે. છોડયું 'તું સરકાર, હવે તો. અરે ! ભગવાન એ ચીજ ક્યાં તારી છે ? ને તારે ને એને શું સંબંધ છે ? છે ? આહીં કીધું, હેં ?

"સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત", ભગવાન અંદર આત્મા, અમૃતનો સાગર અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય બેહદ જ્ઞાનનું સ્વરૂપ જેનું, એવો ભગવાન તે પરને ને એને કાંઇ સંબંધ છે નહિ. આહાહા ! એ દયાના પરિણામ રાગના એને ને તારે કાંઇ સંબંધ નથી પ્રભુ. બેસારવું કઠણ પડે, દુનિયા એને ધર્મ માની બેઠી. અપવાસ કરે ત્યાં વિકલ્પ છે, એ તો અપવાસનો રાગ છે, શુભ રાગ, એ તપસ્યા નથી કાંઇ, તપસ્યા તો આનંદસ્વરૂપ ભગવાન એમાં રમણતા ને અતીન્દ્રિય આનંદને પ્રગટ કરે તેનું નામ તપસ્યા છે. આ તો બધી લાંઘણું છે. બલુભાઈ ? અમારે બલુભાઈએ કર્યું 'તું ને બાર મહિના આ તો દાખલો મોઢા આગળ બેઠા હોય એને ઘરનો દાખલો અપાય ને ? બાપુ બધાએ એમ કર્યું છે. આહાહાહા ! ગજબ વાત છે.

કહે છે કે બેહદ નામ અનંત અનંત અનંત અનંત અનંતની શું કહેવી એની મર્યાદા, એવો જેનો ચૈતન્ય સ્વભાવ, એવો જેનો અમૃત આનંદ સ્વભાવ, એવો જેનો પ્રભુત્વ સ્વભાવ, એવો જેનો શાંતિ વીતરાગી સ્વભાવ, એવો જે ચૈતન્યધાતુઆદિ અનંતગુણનો ધરનારો પ્રભુ તું, તને ને પરને, રાગને ને પરને શું સંબંધ છે ભાઈ ! ( શ્રોતા:-સંયોગ સિદ્ધ સંબંધ કહી શકે ને ) સંયોગ એટલે પર, એટલે કાંઇ નહિ. પુણ્ય ને પાપના ભાવને સંયોગી ભાવ કીધા સંયોગી એટલે એ તારો સ્વભાવ નહિ. પર છે. એને ને તારે કાંઇ સંબંધ નથી તારે. આહાહા !

( શ્રોતા:-સંયોગ તો બે વચ્ચે હોય ને ) સંબંધનો અર્થ જ કહે તે પર છે, સંયોગ સંબંધ કીધો એનો અર્થ જ પર છે. એ સ્વભાવ સંબંધ નથી. સંયોગ સંબંધ એટલે પર ચીજ છે એની, એને ( ને ) તારે સંયોગ સંબંધ એટલે કાંઇ સંબંધ નથી અંદર ! ભારે કામ આકરું બાપા ! આવી વાતું હવે ધર્મની. ઓલા બિચારાં બે ઘડી નવરા હોય ને ધંધામાંથી બે કલાક સાંભળવા જાય

ત્યારે એને કહે કે અપવાસ કરો, વ્રત કરો, દયા પાળો એવું કહે એટલે બિચારા રાજી થાય ને એય હાલ્યા જાય રખડવા. આહાહા !

આંહીં તો પ્રભુ એમ કહે છે, પ્રભુ તું એકવાર સાંભળ તો ખરો, બેહદ આનંદ ને બેહદ જ્ઞાન ને બેહદ શાંતિ ને બેહદ સ્વચ્છતા, બેહદ પ્રભુતા, ઈશ્વરતાથી ભરેલો ભગવાન તું છો એવા પરમેશ્વરના અનંત ગુણોથી ભરેલો પ્રભુ, એને રાગ ને પરની સાથે એવો કાંઇ સંબંધ નથી છતાં તે મારાં છે એમ માનીને રાગ કરે છો, અને રાગનો કર્તા અજ્ઞાનપણે થાય છો, તારા સ્વરૂપની તને ખબર નથી. આહાહાહા !

હવે આંહીં વિરોધ કરે ને બિચારા, સંપ્રદાયમાં, એય હવે આ તો બધો રાગને દયાના રાગનેય પાપ કહે છે. પાપ એટલે પર કહે છે. એતો દુઃખ. પાપેય કહે છે. પાપ. પુણ્યને પુણ્ય તો સૌ કહે, પાપને પાપ તો સૌ કહે, પણ અનુભવી પુણ્ય ને પાપ કહે. આહાહાહા ! આકરું કામ, ભાઈ, વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ એની વાણીમાં આ આવ્યું છે. એમ સ્વરૂપ છે.

પ્રભુ તું ક્યાં મૂર્છાઈ ગયો, અરે રાગમાં તું મૂર્છાઈ ગયો પ્રભુ તારું સ્વરૂપ નથી તેમાં, શરીરમાં મૂર્છાઇ ગયો એ મૃતક કલેવરમાં, એ બાઇડીના શરીરમાં મૂર્છાઈ ગયો, એ જડ પુદ્‌ગલમાં એ માંસના હાડકા ચામડાને આ ચૂંથવામાં ગયો ત્યાં કહે આ મને મજા પડી, શું થયું પ્રભુ તને આ. આહાહાહા ! આવી વાતું છે ચીમનભાઈ ! પંદર દી ’ છે ને મુંબઇ ? ભારે ! વાત ભાઈ, ગાથા બહુ સારી આવી ભાઈ દેવીલાલાજી ! બહુ સારી ભગવાન. આહાહા !

તારું પ્રભુ રૂપ કોણ છે અંદર ? એ હીરલો તો તું છું, તું ચૈતન્ય હીરો પ્રભુ આ હીરાના નામ શરીરનું એ તું નહિ. બહુ સરસ ગાથા. તું છો બેહદ શુદ્ધચૈતન્યધાતુ, તું છો બેહદ આનંદ ધાતુ, તું છો બેહદ શાંતિનો ધરનાર, તું છો બેહદ વીતરાગભાવથી ભરેલો ! તું છો અનંત ઈશ્વરની શક્તિથી પૂર્ણ ભરેલો, તું છો કર્તાના સ્વભાવવાળો. આનંદનો કર્તાના સ્વભાવવાળો ઈશ્વરથી ભરેલો, તું છો અનંત વીતરાગી કાર્યનો કરનાર એવો, કર્મ નામના ગુણથી ભરેલો, તું છો અનંતા આનંદના સાધનનો એવો બેહદ સાધનનો કરણ ગુણથી ભરેલો. આહાહા !

એ આ ચૈતન્યધાતુ પ્રભુ તું જીવ એને આત્મા કહીએ. એને ભૂલીને તું તારામાં કાંઇ નથી એની હારે સંબંધ. રાગ આવે અને જાય, છુટી જાય, શરીર આવે ને જાય, છુટી જાય. આહાહા ! એ પરના પદાર્થને મારે સંબંધ છે, એમ માનીને રાગનો કર્તા, પરનો તો કર્તા, પરનો કર્તા શી રીતે થાય ? પર તો વસ્તુ છે એનો કર્તા શી રીતે થાય ? શરીરનો કર્તા શી રીતે થાય, શરીર તો છે આ જડ માટી ધૂળ, એ મારું છે એમ માનીને સ્વરૂપના અજ્ઞાને રાગનો કર્તા થાય. બહુ વાત સરસ છે. અમારે હીરાભાઈ આવે છે દરરોજ. બરાબર છે. આવું સાંભળવા ક્યાં બાપા રહી ગયા. આહાહાહા ! આ વાત છે, ધન્ય પળ, ધન્ય ક્ષણ. આહાહા !

એવાં એ પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે એમ ભાષા આવી ને ? એ શરીરનો કર્તા ને વાણીનો કર્તા ને પરદ્રવ્યનો કર્તા તો નહિ. આહાહાહા ! પણ એ મારા છે અને હું એનો છું. એવો જે અજ્ઞાનભાવ રાગ એવો વિકારી પરિણામનો તું કર્તા થાય છે, જેને લઇને ચાર ગતિમાં રખડવાનું બને. આહાહા ! છે ? એક દૃષ્ટાંત છે–

( શ્રોતાઃ–પ્રમાણ વચન ગુરુદેવ. )

**પ્રવચન નં. ૧૯૧ ગાથા–૯૬ શુક્રવાર, મહા સુદ–૧૩, તા. ૯/૨/’૭૯**

સમયસાર ગાથા–૯૬ ટીકાઃ– ફરીને “ખરેખર એ રીતે હું ક્રોધ છું” સતર બોલ છે. ઈ આંહીં ૮ બોલ, છ બોલ દ્રવ્યનાં છે, ૨૩ બોલ છે. હું ક્રોધ છું ઇત્યાદિની જેમ હું ધર્મદ્રવ્ય છું, ઇત્યાદિની જેમ, આત્મા પરદ્રવ્યોને પોતારૂપ કરે છે. એ રીતે ભગવાન આત્મા શુદ્ધચૈતન્યધાતુ પરમ બેહદ હોવા છતાં, તેને ભૂલીને રાગ અને ક્રોધાદિ, કે ધર્માસ્તિ કે પરજીવ આદિ મારા છે એમ માને છે, માને છે, ( પણ ) એમ થતાં નથી. “અને પોતાને પણ પરદ્રવ્યરૂપ કરે છે” પરને પોતાના કરે છે ને પોતે પરનો થાય છે. આહાહા ! રાગ મારો છે અને હું રાગનો છું, દિકરો મારો છે અને હું દિકરાનો બાપ છું એમ અજ્ઞાની પરદ્રવ્યને પોતાનું કરે છે. અને પોતાને પરરૂપે કરે છે. આહાહા ! પરને પોતારૂપ માને છે અને પોતાને પરરૂપ માને છે. આહા !

“તેથી આ આત્મા, જો કે તે સમસ્ત વસ્તુઓનાં–સમસ્ત વસ્તુઓનાં, એ દયા, દાન, વ્રત, ભક્તિ કામ ક્રોધાદિ પરિણામ અને છ દ્રવ્ય પર, બધી વસ્તુનાં સંબંધથી તો રહિત પ્રભુ છે, આહાહાહા ! વિકલ્પ છે રાગ માત્ર અને છ દ્રવ્ય છે, પરમેશ્વર પરમેશ્વરપણું, આ દ્રવ્ય ને પરનાં સંબંધ વિનાનું દ્રવ્ય છે. આહાહા ! જો કે સમસ્ત વસ્તુઓનાં સંબંધથી રહિત, છે શું એ ? “બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે” અનંત અનંત શુદ્ધ ચૈતન્યની ધાતુ એટલે ચૈતન્યપણું જેણે ધારી રાખ્યું છે, એ રાગ અને પરદ્રવ્ય જેણે ધાર્યું નથી એના સ્વરૂપમાં. આહાહા !

એ તો અનંત બેહદ, શુદ્ધ ચૈતન્યધાતુ, ચૈતન્યસ્વરૂપ અનંત બેહદ ચૈતન્ય સ્વભાવ જેણે ધારી રાખ્યો છે, એવો હોવા છતાં, “તો પણ અજ્ઞાનને લીધે” એ શુદ્ધ ચૈતન્યધાતુ તે હું છું એના અભાનને લીધે, હું આ છું શુદ્ધ ચૈતન્યધાતુ બેહદ તે હું છું, એમ ભૂલીને, તે હું છું એમ ભૂલીને, અજ્ઞાનને લીધે જ પોતાના સ્વરૂપનો બેહદ અનંત શુદ્ધ ચૈતન્યને હું છું એમ ભૂલીને, “સવિકાર અને સોપાધિક” એ રાગ ને દયા દાન આદિનાં પરિણામ તે મારા છે, એ સવિકારી પરિણામ એ મારા છે, અને સોપાધિક એટલે છ દ્રવ્ય જે તદ્દન પૃથક્ છે એ મારા છે, એવી ઉપાધિ “કરાયેલા ચૈતન્યપરિણામવાળો હોવાથી” એ પરિણામ છે ચૈતન્યના, રાગ હું, માનું, એમ માન્યું, પર જીવ ને પરમાણું મારા એમ માન્યું એવા ચૈતન્યના પરિણામવાળો હોવાથી, આહાહા... “ચૈતન્યના વિકારી પરિણામવાળો હોવાથી” આહાહા... તે પ્રકારનાં પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે” તે પ્રકારનાં જે પ્રકારને, પરને પોતાનું માને છે, તે પ્રકારનો તે આત્મા કર્તા પ્રતિભાસે છે. આહાહા ! આવું ઝીણું છે.

નિશ્ચયથી તો ચૈતન્ય ભગવાન રાગના કણનો ગુણગુણીના ભેદનો કણ રાગ એનાથી પણ સંબંધ રહિત પ્રભુ છે, એવા ચૈતન્ય સામાન્ય ત્રિકાળી સ્વભાવને ભૂલી, અને જે એમાં નથી અને જેની હારે કાંઈ સંબંધ નથી, એવા નથી સંબંધવાળા, દયા, દાન, વ્રત, કામ, ક્રોધનાં પરિણામ અને પર પરમાણુ, સ્કંધ મકાન આદિ એ પરદ્રવ્ય છે એને પોતાનાં–સવિકારી પરિણામથી વિકારઆદિને કરે છે, અને સોપાધિક પરથી જે ઉપાધિવાળી પોતાને, એને પોતાનાં કરે છે. આહાહાહા ! આવું છે. ‘આંહીં સુધી આવ્યું’ તું.

"આ રીતે ભૂતાવિષ્ટ જેના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય" આહાહા... ભૂતાર્થ ભગવાન આહાહા ! જેનાં શરીરમાં ભૂત વળગ્યું હોય, એમ ભૂતાર્થ ભગવાનને, રાગાદિ ભૂતની ચેષ્ટા છે બધી. આહાહા ! "જેનાં શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય એવા પુરુષની જેમ" એ પહેલો દાખલો રાગદ્વેષ પુણ્ય દયા, દાન, વ્રત આદિનાં પરિણામ એ 'ભૂતાવિષ્ટ' શરીરમાં પ્રવેશ કર્યો હોય તેનો દાખલો વિશેષ કહેશે પછી.

"અને ધ્યાનાવિષ્ટ પુરુષની જેમ" બીજું પરદ્રવ્ય, પરદ્રવ્યનું ધ્યાન કરતાં પરદ્રવ્યમય છું, એવા ધ્યાનાવિષ્ટ પુરુષની જેમ, આત્માને કર્તાપણાનું "આત્માને કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું" સ્વરૂપનું જ્ઞાન નહિ એવું જે અજ્ઞાન એ રાગ અને પરને કર્તાપણાનું કારણ તે અજ્ઞાન ઠર્યું. આહાહા ! કર્મ છે એને કારણે ઈ કાંઈ નહિ, આહા ! ચૈતન્ય બેહદ અનંત આનંદ ધાતુ, અરે અનંત અનંત શક્તિઓ ને ગુણની ધાતુ જેણે ધારી રાખી છે, એવો જે ભગવાન આત્મા, તેનાં અજ્ઞાનને લીધે, તેના ભાન વિના, એ રાગ ને પરદ્રવ્યનો કર્તા તેને ભાસે છે. સમજાય છે ? "તે પ્રગટ દૃષ્ટાંતથી કહે છે." દૃષ્ટાંત સમજાવવામાં આવે છે.

"જેમ ભૂતાવિષ્ટ પુરુષ" જેમ કોઈ આત્મામાં ભૂત વળગ્યું હોય અને અજ્ઞાનને લીધે એ ભૂત એ હું નહિ, એમ ન માનીને ભૂત તે હું છું એમ માનીને "અજ્ઞાનને લીધે ભૂતને અને પોતાને એક કરતો" પોતે ભગવાન ભિન્ન આત્મા ને ભૂત છે એ ભિન્ન છે, છતાં એ આત્માને ને ભૂતને એક માનતો, દૃષ્ટાંત તો જુઓ, મનુષ્યને અનુચિત, ભૂત જેને વળગ્યું એ ભૂતની ચેષ્ટા, મનુષ્યને યોગ્ય નહિ એવી, ખાસ ચેષ્ટા એટલે ખાસ ભિન્ન ચેષ્ટા, જે આત્માને યોગ્ય નહિ, મનુષ્યને યોગ્ય નહિ એવી. આહાહાહા ! "ખાસ ચેષ્ટાનાં અવલંબન સહિત ભયંકર આરંભથી" ભયંકર કાર્ય, મોટા પથરા ઉપાડે, લાકડા ઉપાડે ફેંકે, ભૂત વળગે, માથા ધુણે, ભૂતને યોગ્ય એવો મનુષ્યને અનુચિત અવલંબન સહિત "ભયંકર આરંભથી ભરેલો અમાનુષ વ્યવહારવાળો" મનુષ્યનો વ્યવહાર નહિ, ત્યાં ભૂતનો વ્યવહાર થઈ ગયો-"તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે." એ ભૂતે કરેલી ક્રિયાનો કર્તા હું છું એમ ભાસે છે. એકકોર ભૂતાર્થ ભૂત ભગવાન ભૂતાર્થ પ્રભુ, એકકોર ભગવાન ભૂતાર્થ છતો પદાર્થ ભૂત. એકકોર ભૂત આ. આહાહા ! એ ભૂતની ચેષ્ટાને મારી ચેષ્ટા છે એમ માનતો, તે ભાવનો તે અજ્ઞાની કર્તા થાય છે, છે ? એ તો દૃષ્ટાંત થયું.

તેવી રીતે આત્મા પણ, જેમ ઓલા મનુષ્યને ભૂત વળગ્યું પણ મનુષ્યપણાને ભૂલીને ભૂતની ચેષ્ટા તે મારી છે, એમ માને છે. એમ આત્મા પણ અજ્ઞાનને લીધે જ, ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ શુદ્ધ ચૈતન્ય, એનાં અજ્ઞાનને લીધે, એના બેભાનને લીધે, બેભાન એટલે ? બેભાન એમ નહિ, બેભાન એટલે ભાન વિનાનો એમ, ભાવ્યભાવકરૂપ પરને જે વિકારી પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનાં ભાવ એ કર્મ ભાવક છે તેનું એ ભાવ્ય છે. આહાહા ! કર્મ ભાવક એ ભાવ કરનાર છે, તેનું એ ભાવ્ય દશા છે. પુણ્ય, પાપ દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, પરિણામ, આહાહા... ભાવ્યભાવકરૂપ પરને, એટલે કર્મ ભાવક ને વિકારી ભાવ્ય તેવું તે પર છે અને પોતાને એક કરતો થકો, આહાહા... એ વિકારી પરિણામ જેમ ભૂતને વળગેલું, જેને ભૂત, એ ભૂતની ચેષ્ટાને પોતાની માને છે, એમ અજ્ઞાની પોતે ભૂતાર્થ છતો પદાર્થ પ્રભુ શુદ્ધ ચૈતન્ય ધાતુ,

એને ભૂલીને અજ્ઞાનને લીધે, એ શુભ-અશુભ ભાવ આદિ રાગ-ક્રોધ, માન, માયા, લોભ આદિ એને પોતાનાં કરે છે. છે ? "ભાવ્યભાવકરૂપ પરને અને પોતાને એક કરતો થકો" બે ભિન્ન છે, છતાં 'બે' ને એક કરતો થકો. આહા... ભગવાન આત્મા શુદ્ધ ભૂતાર્થ વસ્તુ ભિન્ન છે અને એનાથી રાગદ્વેષ દયા, દાન, કામ, ક્રોધનાં પરિણામ ભિન્ન છે, એ 'બે' ને, ભિન્નને એક કરતો થકો. આહાહા "અવિકારી અનુભૂતિમાત્ર ભાવક", ભગવાન તો અનુભૂતિમાત્ર ભાવનો કરનારો છે. આહાહાહા ! વસ્તુ ચૈતન્ય પ્રભુ એનો અનુભવ આનંદનો અનુભવ વેદન કરે તેનો તે કર્તા છે. આહાહા !

"અનુભૂતિ અવિકારી અનુભૂતિમાત્ર "અનુભૂતિમાત્ર આનંદનો અનુભવ, ચૈતન્ય જ્ઞાયકનો અનુભવ એવા અનુભવમાત્રથી જે ભાવક ખરેખર તો એ અનુભૂતિ તે ભાવક છે. કર્મ ભાવક અને વિકારી ભાવ્ય એ એનું સ્વરૂપ નથી. આહાહા ! જ્ઞાન સ્વરૂપ પ્રભુ એ જ્ઞાનની અનુભૂતિ એનો ભાવ કરનારો ઈ છે. અનુભૂતિ, આનંદની અનુભૂતિનો કરનારો ભગવાન છે. આહાહા ! તેને અનુચિત જેમ ઓલાં મનુષ્યને અનુચિત ભૂતની ચેષ્ટા, એમ આ ભગવાન અનુભૂતિ ( છે ) જેની અનુચિત વિકાર દશા. આહાહા ! સમજાય છે કાંઈ ?

"એવા વિચિત્ર ભાવ્યરૂપ ક્રોધાદિ" અનુભૂતિ એની જે છે ભાવક એને યોગ્ય નહિ એવું, વિકારી ભાવ જે કર્મ ભાવક તેનું ભાવ્ય, એનો કર્તા તે પ્રતિભાસે છે. આહાહા ! આ ભૂતાવિષ્ટનો દૃષ્ટાંત આપ્યો છે. ભૂત વળગ્યું છે કહે છે. એ જેમ ભૂત વળગ્યું ને અનુચિત ચેષ્ટા મનુષ્યને યોગ્ય ન કરે, એમ જેને રાગદ્વેષ મારા એ ભૂત વળગ્યું છે એને, જે આત્માને યોગ્ય ચેષ્ટા જે અનુભૂતિ નહિ કરતાં, એ વિકાર ભાવનો ભોક્તા અને કર્તા થાય છે, આવી વસ્તુ છે.

( કહે છે ) "એવા વિચિત્ર ભાવ્યરૂપ-ક્રોધાદિરૂપ વિકારોથી મિશ્રિત ચૈતન્યપરિણામ વિકારવાળો હોવાથી" મિશ્રિત નામ ચૈતન્યનું નિર્મળ થોડાં-પરિણામ છે એનાં એમ નહિ. પણ ચૈતન્યનો જે અનુભૂતિ જે ભાવ્ય જોઈએ. એને ઠેકાણે વિકારી ભાવ્ય જે ભાવ્ય પરિણામ તેવાં ચૈતન્યપરિણામવિકારવાળો હોવાથી "તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે" કારણકે વસ્તુ ભગવાન ચૈતન્ય છે એનું ભાવક કર્મનું તો અનુભૂતિ તે છે, એને યોગ્ય તો અનુભૂતિ ભાવક છે, પણ પુણ્ય ને પાપના ભાવનાં ભાવ્યને તો સ્વભાવને અનુચિત ને અયોગ્ય એવા ભાવને, પોતાના કરતો ભાવ્યને આહાહા... વિકારી કર્મ જે ભાવક એનો જે ભાવ્ય એને પોતાના કરતો આહાહા... હવે આવું ઝીણું છે. એકએક ગાથા. હીરાલાલજી ! આવી વાત છે. આહાહા ! તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે, એક વાત થઈ, કઈ વાત થઈ ? ઓલા ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મન, વચન ને કાયા ૧૭ બોલ હતા ને, એની વાત કરી. આહાહા !

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય એનું ભાવકપણું તો ( નિજાત્માની ) અનુભૂતિ છે, આનંદનો અનુભવ, શાંતિનો અનુભવ, વીતરાગી પર્યાયનો અનુભવ એ એનું કાર્ય છે, એ આત્માને યોગ્ય તો એ છે, એને અયોગ્ય રાગ અને પુણ્ય પાપના ભાવને પોતાનાં કરતો, ભૂતની ચેષ્ટાને મનુષ્ય પોતાની કરતો, એમ વિકારી ચેષ્ટા જે કર્મની છે એને પોતાની કરતો, આહાહાહા... ભાષા તો સાદી છે, ભાવ તો છે ઈ છે ભાઈ. દુકાને બેઠો હોય ને એમાં પાંચ દશ હજાર પેદા થતા હોય એક દિવસમાં તે પાંચ પાંચ દશ દશ હજાર, જાુઓ ઈ તમારે, ( જાણે ) ભૂત વળગ્યું મોટું. આહાહાહા !

હું કમાઉં છું, ને હું ધ્યાન રાખું છું, વ્યવસ્થિત રીતે ઘરાકને પતાવું છું, શું છે આ ? ભૂત વળગ્યું છે કહે છે, વિકારનું ભૂત વળગ્યું છે. આહાહા ! કહો રસિકભાઈ, વાણીયા દુકાને બેસે ત્યારે ધ્યાન નહિ રાખતા હોય ? આહાહા... આટલું તોળી દો, આને, આટલું આ કરો, ફલાણું કરો, ઢીકણું આટલું કરો, આટલું વ્યાજ ઉપજાવો ને ઇ ભાઈ આવે એ માણસને આપણે આપશું એટલે વ્યાજ પણ આપશે અને પાંચ લાખ ધીર્યા છે ને દોઢ ટકાનું વ્યાજ પણ આપશે અને પેદા થશે એનો અડધો ભાગે ય આપશે, આપો એને આપો પૈસા આપો. એને એમ કે હું ડાહ્યાનો દિકરો જાણે ઉતર્યો ન હોય. ઓહોહોહો ! એ હિંમતભાઈ ! આવું છે. આહાહા !

ભાઈ ( પ્રભુ ) તું તો ચૈતન્ય સ્વરૂપ છો ને ! તારે તો ભાવક તો અનુભૂતિ હોવી જોઈએ દશા. આહાહાહા ! તને યોગ્ય તો અનુભૂતિ આત્માના આનંદનો અનુભવ, એ અનુભૂતિ તારે લાયક તો છે, એને ભૂલીને પ્રભુ, તું એ શુભ-અશુભ રાગ ને ક્રોધ માન, માયા, લોભ ને મન, વચન ને કાયા, કર્મ ને નોકર્મ એ ભાવકનું ભાવ્ય છે તેને મારા માની અને તે ભાવના ચૈતન્યપરિણામનો તે કર્તા થાય છે અજ્ઞાની. એ મિથ્યાદૃષ્ટિપણું છે. અરે આવું વસ્તુનું સ્વરૂપ છે, એ ભૂતનું દૃષ્ટાંત વિકારી પરિણામ માટે આપ્યું. વિકારી પરિણામ, જેમ મનુષ્યને યોગ્ય નથી ભૂત ( નું ) તેમ જીવને યોગ્ય નથી વિકારી પરિણામ. આહાહાહા ! એને યોગ્ય તો પ્રભુ અનુભૂતિ. આહાહાહા !

ભગવાન એમ ફરમાવે છે, પ્રભુ તું આનંદ ને જ્ઞાનનો સાગર છો ને ! આહાહા ! તારે માટે તો તેનો અનુભવ તે યોગ્ય છે. આહાહા ! ખરેખર એ ભાવક અનુભૂતિ, ખરી અનુભૂતિનો કરનારો એ ભાવ એનો કરનારો આત્મા છે, આંહીં તો અનુભૂતિને ભાવક કીધી છે. આહાહા... નિર્મળ વીતરાગી પર્યાયનું ભાવક એ હો તું, પણ તેને ભૂલીને મનુષ્યને ભૂત વળગ્યું ને જેમ ભૂતની ચેષ્ટાને પોતાની માને એમ તને તારા અજ્ઞાનથી, એ વિકારી પરિણામનું કર્તવ્ય મારું છે, અને એ રીતે હું પરિણમ્યો છું એ વિકારપણે, એમ માનીને વિકારનો અજ્ઞાની કર્તા થાય છે- ચીમનભાઈ ! આવું છે. હવે આમાં મુંબઈમાં કયાં આમાં. ઓહો ! કયાંય ત્રીજે ચોથે માળે ચડવું ને આ કરવું, એ એક વાત થઈ. કઈ ? ઓલા ૧૭ બોલની,

હવે આઠ, પરદ્રવ્ય જે છ. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, પરમાણુથી માંડીને સ્કંધ બધા. જે જીવના સંબંધ વિનાની ચીજ, જો કે રાગ અને દ્વેષ પણ જીવના સંબંધ વિનાની છે એ ચીજ, વસ્તુના સંબંધ વિનાની એ ચીજ છે. આત્માને એનો સંબંધ છે જ નહિ, છતાં તેનો સંબંધ માનીને તેનો કર્તા થાય છે, એમ આત્માને ને પર આત્મા અને પરજીવને પર પરમાણુને સંબંધ આત્માને છે જ નહિ. આહાહા... ભગવાન આત્માને પરદ્રવ્યનો સંબંધ બિલકુલ નથી એ સ્ત્રી કુટુંબ પરિવાર પૈસા મકાન આબરૂ મોટા હજીરા પચીસ પચીસ લાખના મકાન મોટાં કરીને, ફર્નિચર ને બારીઓમાં પવન-હલાવવામાં આવે ને આંહીં આ બાજુ તડકા આવે તો આ બાજું ફલાણું કરો ને ઢીકણું, રાજકોટમાં હતો ને ઓલો ફોટોગ્રાફર શું નામ ભાઈ, નહિ, ખેમચંદ ફોટોગ્રાફર ! એ પૈસાને, મોટું મકાન કરાવ્યું 'તું પછી વાસ્તુ લીધું. તે બોલાવ્યા મોટા જૂનાગઢના દિવાનને ને વાસ્તુ માટે ઓહોહો એમાં એકદમ હાર્ટફેઈલ થઈ ગયું. અમે હતા બહાર, રાજકોટનાં નદીના કાંઠે બહાર હતા, વ્યાખ્યાન થઈ ગયેલા ને આ સંવત્સરીનું પછી સાદ બેસી ગયેલો,

ક્યાંક, બહાર હતા ત્યાં નીકળી આમ ઠાઠડી નીકળી તે માથે કપડું આમ જગ જગ જગ જગ થાય કીધું આ છે કોણ ? છે કોણ આ ? કેમ કે આપણા વાણીયા ઘણાં એની હારે, ત્યાં કહે કે એ ખીમચંદ ફોટોગ્રાફર, એ આવા નવા મકાન કરાવ્યા એનું પોતે વાસ્તુ લીધું, બધું બરાબર હતું એમાં હાર્ટફેઈલ થઈ ગયું, બીજે મકાને ગયો હવે ! આહાહાહા !

અરે પ્રભુ શું કરે છે તું આ ? તારા ઘરને ભૂલીને, પર ઘર મારાની વાસ્તુ કરી તેં, ઘરની વાસ્તુ છોડી દઈ, એ પર ઘરને એમાં મોટા મોટા માણસને બોલાવે, કાર્યકર્તા હોય, દેશના મોટા ફલાણા હોય ને, આબરૂ કહેવાય મોટી. આંહીં હમણાં એક ટીકા થઈ છે એક સાધુને દીક્ષા લેવા-વખતે આમ મોટા કાર્યકર્તાને, કાર્યકર્તાને એ મોટા કંઈક એને કાંઈ શ્રદ્ધાય ન હોય-ને કાંઈ નહીં તમારા જૈનદર્શનને જાણતો યે ન હોય, પણ એને મોટાને તમારે બોલાવીને મોટું માહાત્મ્ય કરવું છે, શું કરવું છે તમારે આ ? ટીકા થઈ છે હમણાં મોરારજી ( દેસાઈ ) આવ્યા'તા ને અહીં દીક્ષા થઈ ન્યાં આવે છે ને હમણાં ચાદર આપી. આ શું કહેવાય ? ચાદર ખાદીની અને ઓહોહો પાછું બોલ્યા એ પણ વિરુદ્ધ બોલ્યા'તા કહે છે તત્ત્વથી આ શું તમારે છે ધર્મ ? હજી ધર્મની ખબર ન મળે તેમને અને એવા દેશના નાયકોને ફલાણા મોટા ને એને બોલાવીને તમારી શોભા વધારવી છે ? આહાહા ! ભૂત વળગ્યું છે, માનનું ભૂત વળગ્યું છે. આહાહા !

એ મકાનનું વાસ્તુ લ્યે ત્યારે બોલાવે મોટામોટા માણસોને પોતાનાં સગાંવહાલાને અને એમાંથી ઊંચી ઊંચી વસ્તુ હમણાં નહોતું કાંઈક સાંભળ્યું. પોપટભાઈનો દિકરો એના દિકરાનું સગપણ કર્યું, તે સાંભળ્યું'તું ત્રણસે માણસોને જમાડયા એક એક થાળીના સિત્તેર રૂપિયા, મુંબઈ આ પોપટભાઈ, અહીં બેંસતા'ને ( શ્રોતાઃ- હોટલમાંથી તૈયાર થઈને આવેને ) ઈ આવે ને ? પણ એક થાળીના સીતેર, ( શ્રોતાઃ-એ ઓછા ) એ ઓછા ? તો રાજા-બાજા હોય તો વધારે હોય ને ? તો બદામ ને પિસ્તા ને એવો શેરો બેરો કરે તો થાય મોંઘું. આહાહા ! એક ફેરી અમે ન્યાં ગયા'તા ને ત્યાં નહિ આપણે કયે ઠેકાણે ઓલો નહિ બદામનો શેરો નહોતો લાવ્યો હેં, હેં મદ્રાસ, મદ્રાસ ચંદુભાઈના મકાનમાં ઉતર્યા'તા ને. મોરબીવાળા ચંદુભાઈના મકાનમાં ઉતર્યા'તા ને જોડે અન્યમતિ રહેતો, તે પોતે લાવ્યો. ઓહોહો ! બદામનો શેરો લાવ્યો, બદામનો શેરો આ શું ભાઈ ? અમે કાંઈ ખાતા નથી બદામ ને ફદામ, અમે તો રોટલી ચાર ફુલકા છે, લઈ જાવ પાછું, બદામનો શેરો, એમાં બદામ કરતાં ય પિસ્તા મોંઘા એનો ય કોઈ શેરો બનાવે, બસેં રૂપિયાનો કિલો, આ બદામ છે સવા સો રૂપિયાનો કિલો, આરે ! આરે ! મારી નાંખ્યા. અને એમાં તે જાણે. ઓહોહો ! શું અમે મહેમાનગતિ કરી, બોલાવ્યા એમને બધાને મેં સરખા સાચવ્યા. આહા ! હવે એવી રીતિ થઈ છે કે ચાંદીની થાળીયું મંગાવે, ચાંદીના વાટકા, ચાંદીના લોટા, બદામ પિસ્તાના પાપડ ને ફલાણુંને, ઓહોહો ! ભૂત વળગ્યું છે કહે છે તને, માનનું ને કષાયનું ભૂત વળગ્યું છે. હિંમતભાઈ ! આ તો બધું પોકળ ખોલાવ્યું. આહા !

પ્રભુ તું જ્ઞાન ને આનંદનો ( સાગર છો ) એ આનંદની અનુભૂતિને યોગ્ય તું છો ને પ્રભુ. આહાહા ! ( શ્રોતાઃ-એ તો સાંભળ્યું નહોતું ) સાંભળ્યું નહોતું ? વાત સાચી છે. પ્રભુ આ બે વાત આમાં આવી ને બેહદ શુદ્ધ ચૈતન્ય ધાતુ, આહાહાહા... પછી એમાંથી એકએક શક્તિ પર ઉતાર્યું' છે, બેહદ જીવતર શક્તિ ધાતુ, ચિતિ શક્તિ ધાતુ બેહદ, દર્શી, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ,

સર્વદર્શિત્વ, સ્વચ્છત્વ, આહાહાહા... એવી તારી ધાતુ એટલે એવા ગુણને ધારી રાખેલા પ્રભુ, તારે યોગ્ય તો તેનો અનુભવ તે તારે યોગ્ય છે. આહાહાહા ! એને અનુચિત, એને યોગ્ય નહિ એવા પુણ્ય ને પાપ દયા ને દાન વ્રતના પરિણામ કરી અને એ મારા સંબંધમાં છે એ મારા છે એમ ચૈતન્યનાં પરિણામમાં, તેને કરીને તેનો કર્તા થાય, એ મિથ્યાત્વ ભાવ છે. આહાહા ! આવું સાંભળ્યું યે ન હોય. કેવી ટીકા આહાહા... અમૃત રેડયા છે, અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતે અમૃત રેડયા છે, અમૃત આમ, પ્રભુ તારા અમૃતનું વેદન મૂકીને, તારે યોગ્ય તો અમૃતનું વેદન એ તારે માટે ઉચિત છે, એને ઠેકાણે ભાવક કર્મનું ભાવ્ય વિકારી દશા એ મારું ભાવ્ય છે અને હું એનો ભાવક કરનારો છું, પ્રભુ ! એ ( તું ) ભૂલી ગયો તને. આહાહા !

તારો ચૈતન્ય નાથ, અનંત ગુણના સાગરથી ભરેલો હિરલો જેની શક્તિઓની ગંભીરતાનો પાર નથી, જેની સંખ્યાનો પાર નથી પણ જેની શક્તિની ગંભીરતાનો પાર નથી. આહાહા ! જેના ગુણોની અનંતની સંખ્યાનો તો પાર નથી, પણ જેની એક એક ગુણની એકએક શક્તિની ગંભીરતાનો પાર નથી, આમ બેહદ ચૈતન્ય ધાતુ લીધી ને ! એમ બેહદ આનંદ ધાતુ, બેહદ શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એને યોગ્ય તો પ્રભુ એનો અનુભવ કરવો તે તેને લાયક છે. એને ભગવાન તું ભૂલી ગયો.

પરમાત્મા પોતે નિજ પરમાત્મ દ્રવ્ય, શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણવાળું નિજ પરમાત્મદ્રવ્ય. એને આડો પડદો માર્યો છે પ્રભુ, તેને દૃષ્ટિમાં ન લેતાં, એ રાગના પરિણામને મારા માનીને તેને અનુભવ્યા, પ્રભુ એ ચૈતન્યને યોગ્ય નથી, આહાહા... આવી વાત છે. ભાઈ આવ્યા છે ને હસમુખભાઈ ! આવે છે. હિરાભાઈની હારે આવે, શનિ, રવિવાર તો એનો પોતાનો છે. શનિ રવિવારે તો-આવે કાયમ. આહાહા !

શું કહ્યું પ્રભુ ! તું મોટો ભૂત છો ને ભૂતાર્થ, ભૂતનો અર્થ છતું થાય છે ને ? સ્વરૂપ ભૂત ફલાણું ભૂત એવું આવે છે, છે સત્ય, સ્વભાવભૂત. એમ નથી આવતું ? છે. એમ ચૈતન્ય પદાર્થ ભગવાન પૂર્ણ આનંદ, આનંદભૂત, જ્ઞાનભૂત, શાંતિભૂત, સ્વરૂપભૂત, સ્વભાવભૂત, એવો જે ભગવાન આત્મા તેને યોગ્ય તો તેનો અનુભવ તે તેને લાયક કહેવાય, ઓહોહો ! ભાવ્યભાવક કીધું ને ? આહાહા ! તેને ભૂલી જઈને પ્રભુ મનુષ્યપણું, મનુષ્યને મનુષ્યપણું ભૂલી જઈ અને ભૂતના વળગેલી ચેષ્ટાને મારી છે એમ માને છો, એમ ભૂતાર્થ ભગવાન મોટો મહાપ્રભુ, મહાભૂત, સ્વભાવભૂત, એને ભૂલી જઈને, પામર રાગ અને વિકલ્પની દશા જે ભૂતડાં વળગ્યા, જેમ વિકાર તને વળગ્યો ને તું તેનો માન્યો, આહાહા... આવી વાત છે.

સાંભળવા તો કો'ક દિ' મળે, ભાઈએ ન કહ્યું, કહે છે, બાપુ ! આહાહા ! ઓલી વાત કરે છે બધી વિદ્યાસાગરની, એ પર્યાય પણ... પર્યાયને આશ્રય કોનું ? દૃષ્ટિ કોની ? મોક્ષતત્ત્વ તે પણ બહિર્તત્ત્વ છે, અંતરતત્ત્વ તો પ્રભુ મહા છે. આહાહા ! ભૂતાર્થમાં પણ એ લીધું. "નવિ હોઈ પમત્તો-અપમત્તો'માં પણ જ્ઞાયક લીધો, આંહીં પણ બેહદ ચૈતન્યધાતુ લીધી, આંહીં પણ હમણાં આવશે અમૃતરૂપ વિજ્ઞાનનો ઘન ભગવાન આત્મા. આહાહા ! છઠીમાં ય એ, અગિયારમાં ય એ, પાંચમીમાંથી 'એયત્ત વિયત્તં દાએજ્જ' મારું ભગવાન સ્વરૂપ એકત્વ છે ને તે પરથી વિભક્ત, તેને હું દેખાડીશ. આહાહાહા ! "સમઓ સવથ્થ સુંદરો લોએ," સ્વરૂપની અંદર

એકતાપણું એ સુંદર જગતમાં છે, એને રાગનાં સંબંધની વાર્તા કથા, ઓલું જરી કહ્યું'તું ને, શ્રુત પરિચિત અનુભૂતા સવ્વસ્સવિ કામ ભોગ બંધ કથા. એનો અર્થ જરી કર્યો'તો. વધારે એટલે એ એને કહીએ, આ નવું, વિદ્યાનંદજી, કામ ભોગ એટલે રાગ, રાગની કથા એટલે ઝેરની કથા, વિષ્ટાની કથા કીધું હશે જરાક ત્યાં કીધું હશે, એય ભડક્યાં નહિ, આ સિદ્ધાંત પ્રમાણે આચાર્યે કાંઈ અર્થ કર્યા નથી. હવે સાંભળને, કામ, રાગ અને રાગનો કર્તા એ તો ઝેર છે, તેને વિષ્ટા તો હળવી ચીજ છે, પણ એ એને એકદમ વિરોધ કર્યો પુસ્તકનો. અરે ભગવાન આંહીં હાલસે બાપા એ, કુદરતના સત્ નિયમમાં નહિ હાલે નાથ. આહાહા ! હેં ? હાલે હવે, ઈ શું થાય ?

આંહીં તો મોક્ષ તત્ત્વ જે પર્યાય છે તે પણ બહિર્તત્ત્વ ગણવી છે ને પ્રભુ. આહાહા ! અંતઃતત્ત્વ તો ભગવાન શુદ્ધ ચૈતન્ય, ભૂતાર્થ, જ્ઞાયક, છતી ચીજ જેને બદલવું ય નથી પલટવું ય નથી, એવો જે ભગવાન આત્મા, એને યોગ્ય તો પ્રભુ તેની અનુભૂતિ તેને યોગ્ય છે એને ભૂલીને, રાગ ને પુણ્યના પરિણામ, એ ભાવકનું ભાવ્ય કર્મ, એને મારા માનીને, અજ્ઞાનપણે તું કર્તા થાશ પ્રભુ, દુઃખી થઈશ. આહાહા ! કહો કાંતિભાઈ. આ કાંતિ છે આત્માની, અનુભૂતિ તે એની કાંતિ છે, રાગ એની કાંતિ નથી, અંધારા છે, ઝેરનાં. આહાહા !

રાગ, ઓલું કીધુંને કામ, ભોગ બંધ કથા, કામ એટલે ઇચ્છા ને ભોગ એટલે ભોગવવું. રાગનું કરવું ને રાગનું ભોગવવું એ તો ઝેર છે, વિષ્ટા કીધી હશે, કહે છે એ વખતે એ એને નો સારું લાગ્યું, એ વિરુદ્ધ છે. અરે ભગવાન, પ્રભુ તને તું ભૂલીને આવી વાતો કરે છે, રહેવા દે ભાઈ તને સહન કરવું પડશે. આહાહા ! કોઈપણ પ્રાણી દુઃખી થાય દુઃખ વેદે, એ કાંઈ સારું છે ? ભલે કોઈ સત્નો વિરોધી હોય પણ એને દુઃખનું વેદન થશે, એ દુઃખ વેઠયા જાય નહિ એવા મિથ્યાત્વના દુઃખ છે. એને અહીં ટાળવાની વાતમાં, આ કર્તા છે અજ્ઞાની એમ મનાવીને છોડાવે છે, પાછો એમ માનીને છોડાવે છે આંહીં.

તો પછીની ગાથામાં એ તરત એ આવશે. જ્ઞાનીની ૯૭ માં, જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે. ૯૭ માં આવશે આ બતાવીને વસ્તુ આમ કહેવી છે. ૯૭ માં આવશે, છે ને ૯૭ માં પહેલું માથે મથાળું છે પૂર્વોક્ત કારણથી એ સિદ્ધ થયું, "જોયું કે જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે" એમ હવે કહે છે કહેવું તો આ છે એનું તાત્પર્ય તો એના કર્તાપણે થાય છે તે છોડી દે એ માટે કહ્યું છે. આહાહા ! એ એક વાત થઈ. કઈ એક વાત ? ઓલા ૧૭ બોલની. ક્રોધ, માન, માયા, લોભ, રાગદ્વેષ, મોહ, કર્મ, નોકર્મ, મન, વચન ને કાયા, પાંચ ઇન્દ્રિય ૧૭ બોલ. વિગેરે પછી લઈ લેવા અસંખ્ય. આહાહા !

હવે બીજો બોલ "વળી જેમ અપરીક્ષક આચાર્ય" એવો મળી ગયો હોય અપરીક્ષક "આચાર્યના ઉપદેશથી મહિષનું ધ્યાન કરે" ભેંસનું ધ્યાન કર, ભેંસનું. પાડાનું. આહાહા ! એવો કોઈ મળ્યો એને કહે કે પાડાનું ધ્યાન કર, આહાહા... એમ કહે છે અજ્ઞાની એને મળી ગયો એવો કે પરદ્રવ્ય મારા છે એમ માન, આહાહાહા... અપરીક્ષક આચાર્યના ઉપદેશથી મહિષનું ધ્યાન કરતો કોઈ ભોળો મંદ પુરુષ "તે પાછો ભોળો પુરુષ મૂરખ, ભેંસ પાડાનું ધ્યાન કરવાનું કીધું પાડાનું ધ્યાન કરવાનું મૂરખ છે ! માળા, ભોળો પુરુષ અજ્ઞાનને લીધે, "મહિષને અને પોતાને એક કરતો થકો" ભેંસને ને પોતાને એટલે પાડાને ને પોતાને એક કરતો થકો, "હું ગગન સાથે

ઘસાતાં શિંગડાવાળો” ધ્યાન કરતાં કરતાં થઈ ગયું કે, ઓહોહો... આહાહા... મોટા શિંગડા ને ઓરડીમાં હતો તે બહાર નીકળવાને આમ મોટા શીંગડા જાણે થઈ ગયા મારે એટલે બારણામાંથી નીકળવું મુશ્કેલ થઈ પડયું, કલ્પના છે, માન્યું'તું, ધ્યાન રાખજો આનું શું કહેવું છે એ, હોં ? આહાહા...

પોતાને ને પરને એક કરતો હું ગગન સાથે ઘસાતા મોટા લાંબા શિંગડા, શિંગડાવાળો મોટો મહિષ છું, એવા અધ્યાસને, અધ્યાસને લઈને હોં, ભાન નહિ અધ્યાસને લઈને, મનુષ્યને યોગ્ય એવું જે ઓરડાના બારણામાંથી બહાર નીકળવું, મનુષ્ય તો બારણામાંથી બહાર નીકળી જાય. પટ- દઈને પણ બારણામાંથી નીકળવું એનાથી ચ્યુત થયો થકો, પાડો થઈ ગયો જાણે હું. આહાહા શું કહ્યું ? આહાહા... ઓરડાના બારણામાંથી બહાર નીકળવું તેનાથી ચ્યુત થયો હોવાથી, તે પ્રકારના ભાવનો કર્તા ભાસે છે, એ ભેંસ થઈ ગયો, હું પાડો થઈ ગયો એવું ભાસે છે. આહાહા !

હવે શું કહે છે એને ઉતારે છે-“તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે” પોતાના સ્વરૂપનાં ભાન વિના જ્ઞેયજ્ઞાયકરૂપ પરનો પોતે જ્ઞાયક છે ને પર તો જ્ઞેય છે, પર પોતાનાં છે એમ ત્રણકાળમાં નથી. આહાહા... દીકરો ને દિકરી ને જમાઈ મારા છે, કહે છે કે એ તો જ્ઞાયકનાં જ્ઞેય છે. આ મકાન ને પૈસા એ જ્ઞાયકના જ્ઞેય છે. આહાહા... લગન કરે છોકરાનાં, પાંદડા પીપળાના પાંદડા, આંબાના પાન કરે છે ને એના ? શું કહે, તોરણ-આંબાના પાન, પીપળાનાં પાન લીલા અને એ મોતીના શું કહેવાય એ ? તોરણ એમાં હાથી ચીતર્યા હોય ને, પોપટ ચીતર્યા હોય ને દાણાના લ્યે. એમ જુઓ મારું મકાન-કેવું છે, હતું કેદી' એનું ? ધ્યાન કરતાં એને એમ થઈ ગયું કે આ હું છું. ભેંસનું ધ્યાન કરતાં ભેંસ થઈ ગયો એ, એમ પરદ્રવ્યનો વિચાર આવ્યો ત્યાં એમ થઈ ગયું કે હું-પરરૂપ છું હવે. આહાહા ! ભારે કામ આકરૂં.

( શ્રોતાઃ-પણ પંચ પરમેષ્ઠિનું ધ્યાન એ તો વ્યવહાર છે ને ) એ રાગ છે રાગ, અને એ રાગ મારો છે એમ માને છે એ ભૂતાવળમાં ગયો, આવું છે. આંહીં પંચપરમેષ્ઠિને હવે સંભાર્યા. એની ભક્તિનો ભાવ એ રાગમાં ગયો, હવે આંહીં તો પરમેષ્ઠિ પંચ છે પર છે, પરદ્રવ્ય છે એ પરદ્રવ્યનો વિચાર કરતાં-કરતાં જાણે વિકલ્પ ઉઠયો, એ જાણે મારો છે એ પરદ્રવ્યને પોતાનાં-માને છે. આહાહાહા ! આંહીં તો કીધું ને અપરીક્ષક આચાર્યથી, એમ જેણે એવો ઉપદેશ આપ્યો છે, કે ભગવાનનું ધ્યાન કર ને એમાંથી તને લાભ થશે રાગથી, એ બધા અપરીક્ષક આચાર્યો છે. આહાહા !

( શ્રોતાઃ- પંચપરમેષ્ઠી પ્રત્યેનો ભાવ તે પછી ) એમાંથી જ્ઞાન પછી આ થાય એ વાત જ ખોટી છે. રાગ છે, એ સમાધિ શતકમાં આવે છે, એક બોલ, બે બોલ આવે છે, સમાધિ શતકમાં, દીવો દીવાને કરે અને ઓલાં ઝાડ ઘસીને થાય અને એક પરદ્રવ્યનું પણ એ પરદ્રવ્યનું તો વિચાર આવ્યો એને એટલું, આવીને પછી છોડી દીધું, પછી છોડીને અંદરમાં ગયો ત્યારે, આહાહા... છે ને એ બે બોલ છે ને સમાધિ શતકમાં, હૈં ? દીવો દીવાથી થાય એ એક, અને બીજું ઝાડ ઘસીને થાય એમ-ઝાડ ઘસેને એટલે એમ કહે છે ને પંચ પરમેષ્ઠિનું ધ્યાન પણ એ ધ્યાનમાં વિકલ્પ આવ્યો, એને છોડી દઈને પોતે પરમેષ્ઠિ પોતે છે, પંચપરમેષ્ઠિ સ્વરૂપ જ હું આત્મા છું, એવું છે,

આવે છે ને ? આચાર્ય, ઉપાધ્યાય સાધુ, અરિહંત અને સિદ્ધ પંચ પરમેષ્ઠિ સ્વરૂપ ભગવાન આત્મા પંચ પરમેશ્વર સ્વરૂપ છે, અને એ પંચ પરમેષ્ઠિ છે એ આત્મ સ્વરૂપ છે, એ રાગ ને દેહની ક્રિયા ને એ કાંઈ સ્વરૂપ નથી. આહાહા ! બહુ કામ ભાઈ ! અરે સાંભળવા મળે નહિ અને એ બિચારા આમ ને આમ જિંદગી ગાળે. આહાહા !

કહે છે, એવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જે જ્ઞેય છે, ફક્ત જ્ઞાનમાં જાણવા લાયક છે, પંચપરમેષ્ઠિ પણ જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણવા લાયક છે, સ્ત્રી કુટુંબનો આત્મા પણ જ્ઞેય તરીકે જાણવા લાયક છે, એનું શરીર જે છે એ પણ જ્ઞેય તરીકે જાણવા લાયક છે એને ઠેકાણે આ શરીરને હું ભોગવું, પરદ્રવ્યને હું ભોગવું, એવો જે ભાવ એ મિથ્યાત્વભાવ છે. આહાહાહા... આવી વાતું છે. દાળ ભાત શાક મેસુબ એ પરદ્રવ્ય છે જ્ઞેય છે, આત્મા જ્ઞાયક છે, એને ઠેકાણે આને હું ભોગવું એ ભેંસના ધ્યાન જેવું છે, એને પરનું ધ્યાન થઈ ગયું. પરમાં એકાકાર થઈ ગયો.

( શ્રોતાઃ-પરને જાણે તો જ્ઞેય જ્ઞાયક સંબંધ તો રહ્યોને ) એ જ્ઞેય છે એને જાણશે એ પણ વ્યવહાર છે, પણ આટલો વ્યવહાર એટલો ઠીક, આ જાણનાર છે, એને જણાવવા યોગ્ય છે બસ એટલું. પણ એ મારા છે એમ નથી, એટલી વાત અત્યારે સિદ્ધ કરવી છે. આહાહા... ખરેખર તો એ જ્ઞેયનું અહીં જે જ્ઞાન થયું છે એ જ્ઞાન છે એ જ પોતાનું જ્ઞેય છે. આહાહા ! પણ અત્યારે હવે અહીં એ વાત નથી, જે ઠેકાણે જે અપેક્ષા સિદ્ધ કરવી હોય ને, નહીંતર તો ખરેખર તો જે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે એ ઉત્પાદને એના દ્રવ્યની પણ કોઈ અપેક્ષા નથી, ઉત્પન્ન થઈ ત્યારે અપેક્ષા લીધી કે આનાથી થઈ પણ 'છે' એને હવે ધ્રુવની અપેક્ષા નથી. આહાહાહા ! રાગની તો અપેક્ષા નથી રાગનું જ્ઞાન તો નહિ, પણ આ જ્ઞાતાનું જ્ઞાન પર્યાય થઈ એ ય નહિ. આહાહાહાહા ! શું મારગ ! વીતરાગ, વીતરાગ, વીતરાગ, વીતરાગના પોકાર છે. આહાહાહા !

પ્રભુ તું છો એમ મેં કીધુંને, તેથી આ આત્મા જો કે સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત, માથે આવી ગયું છે, પરદ્રવ્યના સંબંધથી રહિત અને રાગના સંબંધથી રહિત. આહાહા... છે ને કાલ આવ્યું'તું. નહિ ? હમણાં આવ્યું'તું પહેલું લીધું, સમસ્ત પરદ્રવ્યના સંબંધથી રહિત, ભગવાન સમસ્ત અન્ય વસ્તુઓનાં સંબંધથી રહિત, એ દયા દાનનો વિકલ્પ છે, કે પરમેશ્વર પોતે છે, એ બધું આ આત્મા તેના સંબંધથી રહિત છે. આહાહા ! એ વીતરાગ એમ કહે અને વીતરાગનો ભગત એમ માને. આહાહાહા ! આ તો મકાન ને, મકાન ને બારીયું ને બારણા ને બારી દીઠ પાછાં તોરણો ને એમાં મોતીના હાર ને એમાં ચીતરામણ હાથી ઘોડાનાં ને ચારેકોર બેઠા હોય ને ત્યાં પલંગ મોટો ઢોલિયો ઊંચો હોય પીત્તળનો, સોનાનો તો શું ? ચક્રવર્તીને સોનાનો ને રતનનો હોય, પણ આ પીત્તળના ઢોલીયા ને એમાં મોટી રૂની ગાદી, રેશમનો ઓછાડ. ઓહોહો ! આ બધા મારા છે, એ મારા છે બધાં, એને માનનારા તારું મરણ થાય છે. આહાહા... ભાઈ, તને ખબર નથી. વીતરાગ પરમાત્માનો આ પોકાર છે. આહાહા !

અનાદિથી રખડી રહેલ ભાઈ તારા સ્વરૂપના ભાન વિના, તારું હોવાપણું જે રીતે છે, એ રીતે હોવાપણાનું જ્ઞાન નહિ, તેથી તને પરમાં હોવાપણું માનીને, મૂંઢ થઈને પરનું, તું પોતાનું

માને છે. આહાહાહા ! ( શ્રોતાઃ-રાજપાટ છોડીને જતા રહ્યા પછી તો મારાપણું મટી જાયને ? ) રાજપાટ છોડે, અંદર રાગ છે મારો, કયાં એને છોડયું છે, એને, રાજપાટ છે કે દિ' અંદર ગર્યા ? રાજપાટ છોડું છું એવી માન્યતા જ મિથ્યા છે. કારણકે આત્મા પરના ત્યાગ ઉપાદાન રહિત શૂન્ય છે. ત્યાગ ઉપાદાન શૂન્યત્વ શક્તિ છે, તો એક એક શક્તિ, પણ જ્ઞાન શક્તિ પણ એવી છે, ચારિત્ર શક્તિ પણ એવી છે, પરના-ત્યાગ ગ્રહણ રહિત શક્તિ છે. એ ચારિત્ર થાય એને ચારિત્ર એ એવી દશા છે, કે પરના ત્યાગ ગ્રહણ રહિત જે ચારિત્ર એ ચારિત્ર છે. પરનો ત્યાગ કરવો ને ગ્રહણ, રાગનું ગ્રહણ કરવું એ વસ્તુ નથી. એ તો મિથ્યાત્વ છે. આહાહાહા ! ગજબ વાત છે. જ્ઞાનગુણમાં પણ ત્યાગ ઉપાદાન શક્તિનું રૂપ છે. આહાહાહા ! એ જ્ઞાન પરને છોડું કે ગ્રહું એનાથી રહિત શૂન્ય છે જ્ઞાન. એ ય ! આહાહા !

અરે બાપુ આ તો પ્રભુની વાણી છે, નિર્ગ્રંથ સંતોની વાણી આહાહા... ઓલો કહે કે નિર્ગ્રંથ એકલો થઈ ગયો કે નગ્ન થઈને ફરે છે જંગલમાં નિર્ગ્રંથ, એ નિર્ગ્રંથ ક્યાં છે ? આ તો શુભ જોગને પણ પોતાનું માને, આહાહાહા ! ભૂત વળગ્યું છે તને કહે છે "શુભ જોગનો જય" એમ બોલે આ પંચ કલ્યાણિક કરે ને ? હાથી અને ગજરથ કાઢે બધાને ત્યાં રાગ હોય, મંદ કરતો હોય તો માન સારું કરે તો અશુભ રાગ, શુભરાગ હોય પુણ્ય એને "શુભ ઉપયોગનો જય" ઝેરનો જય, શુભ ઉપયોગી કહે. રાગનો જય. આહાહાહા ! એ રસિકભાઈ, એ આવે છે પેલામાં "રસિક-જ્યું રેનકા સપના, જગતમાં કોઈ નહિ અપના" આવે છે ને એ ? આહાહાહા ! આ તો સપના છે કહે છે, આ બધું, બધું પ્રભુ તું તો જુદો છો ને અંદર. આહાહા ! જગતમાં કોઈ નહિ અપના રાગ ને પરવસ્તુ માત્ર આત્માની નથી. આહાહા ! એ દયા દાન ને વ્રતનો પરિણામ થયો એ રાગ ઈ પણ તારો સંબંધી નથી. આહાહા !

તારી તો ચૈતન્યધાતુ બેહદ સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત છે પ્રભુ. એમ ભગવાન પોકારે છે. અરેરે ! શું કંઈક થાય ? આત્મા શું ચીજ છે એની દૃષ્ટિની ખબર ન મળે, અને આ ત્યાગ કરીને બેઠા વ્રત લીધા ને તપસ્યા કરીને ધર્મ થયો મૂઢ છે. મિથ્યાત્વનું પોષણ છે, એ ય, આંહીં કહે છે ને પરદ્રવ્ય ભગવાનઆદિ હો કે પરદ્રવ્ય તારા સ્ત્રીનો આત્મા હો, કે સ્ત્રીનું શરીર હો, કે મકાનનો પૈસા આદિ હોય કે હીરા માણેકનાં પટારા ભર્યા હોય ઘરે લ્યો. એનું લક્ષ કરતાં પરદ્રવ્યનું લક્ષ કરતાં તો રાગ થાય અને એ રાગ મારો છે એમ માને તો એ પરદ્રવ્યને માન્યું પોતાનું, એમ આંહીં કહેવા માગે છે.

કારણકે ધર્માસ્તિનું, કાંઈ ધર્માસ્તિ તત્ત્વ છે જગતમાં એ કાંઈ આંહીં આવતું નથી, એ અરૂપી છે એ તો. ટીકામાં લખ્યું છે એમાં જયસેન આચાર્યે કે એ ધર્માસ્તિને પોતાનું માનવું એટલે શું ? કે એ ધર્માસ્તિનો જે વિકલ્પ ઉઠયો છે વિચારનો, એ વિકલ્પ પોતાનો માનવો એ ધર્માસ્તિને પોતાનું માન્યું, જયસેન આચાર્યની ટીકામાં છે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ? કાંઈ એ ધર્માસ્તિનો કર્તા તો થતો નથી. ધર્માસ્તિ તત્ત્વ જગતની ચીજ છે ભગવાને જોયેલી, એ કાંઈ તારું થતું નથી પણ તું તેનો વિચાર કરતાં વિકલ્પ આવ્યો ને એમાં રોકાઈ ગયો ચૈતન્યધાતુને રોકી દીધી, આંહીં આવશે.

જાુઓ આત્મા પણ અજ્ઞાનને લીધે, જ્ઞેયજ્ઞાયક પરને અને પોતાને એક કરતો થકો હું પરદ્રવ્ય છું, એ છોકરો એ મારો છે, હું એનો છું, બાઈડી મારી છે હું એનો પતિ છું. આહાહા ! બહુ કામ આકરું, આ મારો નોકર છે ને હું એનો શેઠ છું, એ પરદ્રવ્ય હું છું, તેના અધ્યાસને લીધે, ઓહો ! થઈ ગયો વખત તો પછી આવશે. ( શ્રોતાઃ–પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૯૨ ગાથા-૯૬ રવિવાર, મહા સુદ-૧૫, તા. ૧૧/૨/'૭૯

સમયસાર ! એ આંહીં સુધી આવ્યું'તું વચમાં દૃષ્ટાંત કહ્યું છે ને દૃષ્ટાંત. જેમ ધ્યાનમાં કોઇને અજ્ઞાનીએ કહ્યું કે તું ભેંસ, કે પાડાનું ધ્યાન કર. તો ધ્યાન કરતાં કરતાં એમ જાણ્યું કે હું પાડો થઇ ગયો, તો બારણામાંથી નીકળવું એને મુશ્કેલ પડે, આમ શીંગડા કરીને જેમ શીંગડા હોય ને–એવું ધ્યાન, એમ, એ તો દૃષ્ટાંત થયું.

તેવી રીતે છે ? આ આત્મા પણ, છે ? "અજ્ઞાનને લીધે જ્ઞેયજ્ઞાયક પરને અને પોતાને એક કરતો" જાણનારો આત્મા, અને એમાં ધર્માસ્તિ અધર્માસ્તિ કે પુદ્ગલ કે પરજીવ એ જ્ઞાનમાં એ જ્ઞેય જાણવાલાયક છે, પણ તે જ્ઞેયને પોતાનાં માને છે, જેમ એ ભેંસનું ધ્યાન કરતા ભેંસ જાણે એ થઈ ગયો, એમ પર જ્યાં જાણવામાં આવ્યું ત્યાં જાણે કે પર મારા થઇ ગયા. આહાહા ! છે ? જ્ઞેય–જ્ઞાયકરૂપ પરને, જ્ઞેય પર ને જ્ઞાયક પોતે, એમ, છે ને શબ્દ ? જ્ઞેય–જ્ઞાયક, પર જ્ઞેય એટલે જાણવા લાયક પર, ચાહે તો શરીર હોય વાણી હોય, કર્મ હો, સ્ત્રી હો, કુટુંબ હો, દેવ હો, ગુરુ હો, શાસ્ત્ર હો, છ દ્રવ્ય ધર્માસ્તિકાય આદિ એ છ જાણવાલાયક છે, આત્મા જાણનારો છે, પણ એ રીતે ન માનતાં જાણવાલાયક ચીજ છે તે મારી છે, આ સ્ત્રી મારી, દિકરો મારો, બાપ મારો, પૈસા મારાં, મકાન મારાં, એ તો જ્ઞેય છે, જ્ઞાનમાં જાણવા લાયક, એને ઠેકાણે એમ માને છે કે એ પૈસા મારાં, આબરુ મારી, કુટુંબ કબીલો મારો, આહાહા... આ દિકરીયું મારી, જમાઈ મારાં, આહાહા... એને જ્યાં વિચારમાં લ્યે છે ત્યાં એને પોતાના માની લ્યે છે. આહાહા ! ખરેખર તો પોતે જાણનાર છે અને એ ચીજ જણાવવા લાયક છે, એ સિવાય એની છે એ ચીજ નહિ. આહાહા !

આ પૈસા બૈસાનું શું સમજવું ત્યારે ? કાલે ઓલી દાનની વાત નહોતી કરી, દાન ઇ આમાં દાન નીકળ્યું પછી, દાનની ગાથા નહોતી ? એ પછી એ પહેલી નીકળી, આ નહોતા આ બાર ભાવના બાર ગાથા છે ને પહેલી અધ્રુવ છે ને ? અધ્રુવ ભાવનામાં છે, પૈસો એ અધ્રુવ છે, એ તો એની સ્થિતિ પ્રમાણે રહે ને એની સ્થિતિ પ્રમાણે જાય, એ જાણે કે હું રાખું માટે રહે, એને, હું આપું માટે અપાય એમ નથી. છતાં આચાર્ય એમ કહે, હે ભવ્ય જીવ, સંસાર, દેહ, ભોગ, લક્ષ્મી ઇત્યાદિ સર્વ અસ્થિર દર્શાવ્યા છે તેને સાંભળીને જે પોતાના મનને વિષયોથી છોડાવી અને આ સ્થિરતાના ભાવને ભાવશે એ ભવ્ય જીવ સિદ્ધ પદને પામશે, એ બાર હોં, જાુઓ આ લક્ષ્મી જલતરંગની માફક ચંચળ છે, "અધ્રુવ"માં છે, પહેલી ભાવના આ લક્ષ્મી જલતરંગની માફક ચંચળ છે એટલે કે જ્યાં સુધી તે બેચાર દિ' સુધી ચેષ્ટા કરે બે ચાર દિ' બે પાંચ વરસ રહે, એ રહે એને કારણે, આ જાણે કે હું રળ્યો માટે મારી પાસે આવ્યા, રહ્યા મિથ્યાભ્રમ છે. આહાહા ! ચેષ્ટા કરે કેટલું ? બે ચાર દિવસ રહેશે, એ બે ચાર પચીસ પચાસ વરસ રહે એ બે

ચાર દિવસ અનંત કાળને હિસાબે શું ગણતરી ? એને કારણે આ રહે અને મોજુદ છે, ત્યાં સુધી તેને ભોગવો, આંહીં આવ્યું છે અને દયા પ્રધાની થઈને, એમાં વાપરું ત્યારે કોઈ પૂછે કે ભોગવો કેમ કહ્યું એમ પ્રશ્ન કર્યો છે. કહે તદ્દન ભોગવું એમ નહિ આને કંજુસ છે એ કર્તા ભોગવે છે એને તૃષ્ણા તો ઓછી છે કે આને રાખું અને દાન દયામાં ભોગકાર તરીકે વાપર તો તારો રાગ મંદ તો થાય તને પુણ્યેય એ મોટી આખી વ્યાખ્યા છે મોટી જબરી આખી છે.

જે પુરુષ લક્ષ્મીને માત્ર સંચય કરે છે પણ પાત્રોને અર્થે વાપરતો નથી, ભોગવતો પણ નથી એ તો માત્ર પોતાના આત્માને ઠગે છે, "કાર્તિકેય અનુપ્રેક્ષા" ( માં છે ) કાલ બપોરે વાત થઇ'તી ને નહોતું નીકળ્યું, એવા પુરુષોનું મનુષ્યપણું નિષ્ફળ છે. બાકી ઘણી વ્યાખ્યા છે મોટી ઘણી ગાથાઓ ઘણી ગાથાઓમાં છે.

આંહીં કહેવું છે કે લક્ષ્મી એ પરજ્ઞેય છે ને એ આત્મા જ્ઞાયક છે છતાં એ લક્ષ્મી મારી છે એમ માને છે, એ ભેંસનું ધ્યાન કરતાં ભેંસ થઇ ગયો એમ પરને જાણવામાં આવતાં જાણે હું પરરૂપ થઇ ગયો અને પર મારા થઈ ગયા, એમ અજ્ઞાનીને અનાદિથી ભ્રમ છે. ( શ્રોતાઃ- લક્ષ્મીને ચંચળ અને નગર વધુની ઉપમા છે ) આહાહા ! એ તો ભાઈ ગમે એટલી હો, ઉપમા પણ ઘણી આપી છે આમાં, આહાહા ! વેશ્યા જેવી કીધી છે, ઘડીકમાં તારી પાસે જાય, ઘડીકમાં બીજા પાસે જાય, ઘડીકમાં બીજા પાસે જાય, હેં ? એ તો એને કારણે જાય છે, તું જાણે કે હું રળ્યો માટે મારી પાસે આવ્યા પૈસા એમ વાત ખોટી છે, એમ કહે છે. આહાહા ! વેશ્યા જેવી છે એક પુરુષ પાસે આવે, પછી બીજો આવે, પછી ત્રીજો આવે એમ થોડી વાર તારા ઘેર રહી, થોડી વાર બીજે ગઈ, થોડી વાર ત્યાં ગઇ. આહાહા !

આંહીં તો એમ કહે છે કે જ્ઞેયજ્ઞાયકરૂપ, પરને જ્ઞેય એટલે પર જાણવા લાયક, ચાહે તો પરમાણું હો સ્કંધ હો લક્ષ્મી હો મકાન હો આબરું હો. આહાહા ! કપડાં હો દાગીનો હો. એ પરને અને પોતાને એક કરતો થકો, જાણવા લાયક છે તેને જાણતો આ મારા છે, એમ માનતો, આહાહા ! ભારે કામ ભાઈ આ તો "હું પરદ્રવ્ય છું" એ જાણવાલાયકને મારા માનીને એ હું પરદ્રવ્ય છું, એ મારી સ્ત્રી છે, મારી અર્ધાંગના છે, આ મારો ભાઈ છે અને ભાઈ એ ડાંગે માર્યા પાણી કયાંય જુદા પડે ? એમ ભાઈયું છીએ એ કાંઇ જુદા પડે ? એમ વાતું કરે લોકો ગાંડા, પણ કોણ ? કોઇને કોઇ ભેગા છે જ કયાં, એક બીજા છે જ કે દિ' ભેગા ? આહાહા !

હું પરદ્રવ્ય છું એવા અધ્યાસને લીધે, આહાહા ! વિષય બહુ સરસ છે. "મનનાં વિષયરૂપ કરવામાં આવેલા" મનનાં વિષયરૂપ જાણવામાં આવેલા, શું ? 'ધર્માસ્તિકાય' છ દ્રવ્ય છે ને ભગવાને જોયેલાં. ધર્માસ્તિકાય એક, ગતિમાં નિમિત્ત છે, એને જાણતાં એનો વિકલ્પ ઉઠયો, એ વિકલ્પને મારો માન્યો એણે ધર્માસ્તિકાયને પોતાનું માન્યું. આહાહા... તો હું એક જાણનાર છું અને એ ચીજો ફક્ત જણાય છે, એ જાણવા લાયક છે ને હું જાણનારો એટલો જ સંબંધ છે, બાકી એ મારી ચીજ છે. ( એ ) મિથ્યાભ્રમ અજ્ઞાન છે.

હું ધર્મ છું, હું અધર્મ છું, અધર્માસ્તિકાય એનું જ્ઞાનમાં એનો વિચાર કરતાં, આંહીં તો જે જૈન છે ને એને સાંભળ્યું છે એ અધર્માસ્તિકાયનો વિચાર કરે છે. ભગવાને છ દ્રવ્યો કહ્યાં છે ને એ પોતે વિચાર કરે છે, વિચાર કરતાં વિકલ્પ ઊઠે છે. એ વિકલ્પને મારો માને છે પણ હું

જાણનારો છું વિકલ્પનોય કર્તા નથી, માટે તે દ્રવ્ય મારું નથી. આહાહાહા ! બહુ ઝીણું ભર્યું છે, હવે ટોપી મારી, કપડાં મારા, આ બધા મારાં, બાઇડીનાં સાડલા દાગીના આંખમાં શું ભરે ? કાજળ ભરે ઓલું ભરે કે મારી આંખુ કાળી છે, બહુ સારી છે, પણ આંખ તો જડ છે. એ તો જ્ઞેય છે, એ જ્ઞાનમાં જણાતાં એ મારું થઇ ગયું તને કયાંથી આવ્યું આ ? આહાહાહા ! મારી આંખ ફીકી છે, મારી આંખ પાતળી છે, મારી આ શરીર એ મારું એમ કે કદ નાનું છે કહે છે ને ભાષા આ શરીર એમ કે કદેય નાનું પાતળું છે હું કાંઇક પાતળો છું, મારું કદ જાડું છે, મારું અદોદળું શરીર છે, પણ શરીર હતું કે દિ' તારું ? આહાહા ! ભારે અજ્ઞાન.

એ મનનો વિષય છે કહે છે, શું કહે છે કે અરૂપી છે ને ? ઓલો ધર્માસ્તિ આદિ, ધર્માસ્તિ અધર્માસ્તિ, આકાશ અને કાળ અને પુદ્‌ગલ, પરમાણુંથી માંડીને સ્કંધ, મકાન, પૈસો, આબરૂ, કીર્તિ એ બધાં જડ પુદ્‌ગલ, એ જ્ઞાનમાં જાણવા લાયકને બદલે જાણતાં એ મારા છે, મેં એને રાખ્યા છે, મેં સંભાળીને રાખ્યા છે, તાળું મારી, કૂંચી દઇને તિજોરીમાં રાખ્યા છે, મેં રાખ્યા છે. આરે આરે આવી શું છે આ. એ પરદ્રવ્ય છે એ તારા કયાંથી થઇ ગયા કહે છે. એ મિથ્યાત્વને સેવે છો કહે છે. આહાહાહા !

પુદ્‌ગલ અને અન્ય જીવ, અન્ય જીવ એટલે ચાહે તો સ્ત્રીનો, દિકરાનો, બાપનો, દેવનો, ગુરુનો, એ જીવ મારા છે, મારા સંતાન ઘણાં છે, પચીસ સંતાન છે, પચીસ દિકરીયું છે, બસે વર્ષનું આયુષ્ય હોય બબ્બે વરસે થાય તોય પચાસ છોકરાનું લશ્કર ભેગું થાય, આ બધું મારા છે કહે છે એ જીવ મારા એમ શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી, શું કીધું ? એ છ દ્રવ્ય છે તે પર છે, છતાં જ્ઞેય તરીકે જાણવા માટે છે. છતાં તે મારા છે એમ માનીને શુદ્ધ ચૈતન્યધાતુ ત્યાં રોકાઇ ગઇ છે. આહાહા ! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એ જ્ઞાયક સ્વરૂપ એ મારા ત્યાં રોકાઇ ગયો. પોતાને માનવા માટે નવરો થયો નહિ. આહાહા ! ભારે કામ આકરું, એના ઘરમાં લક્ષ્મી રહે, મકાન રહે, દાગીના, કપાટ, કપાટ નથી ભરતા બધા આમ ? કાચ કાચ મોઢાં આગળ કાચ રાખે કપાટ શું કહેવાય તમારું ફર્નિચર, આપણી ભાષામાં શું છે ? ( શ્રોતાઃ-ઘરવખરો ) ઘરવખરો, કપાટું ને પટારા ને, આહાહાહા ! બારણા ઉઘાડે ને કાચ આમ ઉઘાડે ને કાચ સવારમાં માથું જોવા માટે, આ મારો કાચ ચોકખો છે બહુ, પણ કાચ તો જડ છે ને પ્રભુ એ તો માટી છે ને ? પરદ્રવ્ય મારા એમ માનીને, પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન ત્યાં રોકાઇ ગયો, આહાહા ! એ જાણવા લાયક છે તેને મારા માનીને રોકાઇ ગયો. આહા... છે ? શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ધાતુ રોકાએલી હોવાથી એક વાત. આ મનનો વિષય છે એ ધર્માસ્તિ અધર્માસ્તિ આદિ જીવ આદિ.

હવે "ઇન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા" કારણ કે ઇન્દ્રિયનો વિષય તો રૂપી છે, એ કાંઇ ધર્માસ્તિ, અધર્માસ્તિકાય, આકાશ, જીવ ( એ મનના વિષય અને ) ઇન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો, રૂપી પુદ્‌ગલો જે સ્કંધો દેખાય આદિ, કાને સાંભળવાનાં પુદ્‌ગલો, રૂપ જોવાનાં પુદ્‌ગલો, સુંઘવાના પુદ્‌ગલો, રસનાં પુદ્‌ગલો, સ્પર્શનાં એ વિષય ઇન્દ્રિયનો વિષય છે, એ વિષયમાં પોતે રોકાઇ ગયો "એ વડે પોતાનો કેવળ બોધ ઢંકાયેલો હોવાથી" આહાહા... ઇન્દ્રિયનાં વિષયોમાં તે કેવળ બોધ એકલો જ્ઞાન સ્વરૂપ પ્રભુ એ એકલો ત્યાં ઢંકાઇ ગયો એમાં ત્યાં રોકાઇ ગયો. આહાહાહા ! બે-બે થયાં. શું ? એક મનનો વિષય છ દ્રવ્ય, અને એક ઇન્દ્રિયનો વિષય

રૂપી, ઓલામાં પુદ્‌ગલ હતું પણ આ જાુદું પાડયું છે ખાસ, ખાસ. રૂપીપણુંમાં પરમાણું આદિ છે એ મનનો વિષય છે, સ્કંધ આદિ જે છે એ ઇન્દ્રિયનો વિષય છે. સમજાણું કાંઇ ? આહાહા !

એમાં ઢંકાયેલો હોવાથી બે વાત થઇ. ત્રીજી, હવે રહ્યું શરીર. મનનો વિષય છ દ્રવ્ય ત્યાં આગળ ચૈતન્ય શુદ્ધ ધાતુ રોકાઇ ગઈ. ઇન્દ્રિયનો વિષય રૂપી ત્યાં આત્મા ચૈતન્યબોધ રોકાઇ ગયો, ઢંકાઇ ગયો. આહાહા ! અને હવે “મૃતક કલેવર વડે” આ શરીર છે એ મડદું છે. જડ છે, મૃતક કલેવર છે, અત્યારે હોં. કહો હીરાલાલજી ! આહાહા... આ તો મૃતક કલેવર છે. આ પરમાણું છે ને ? એમાં જીવ કયાં છે એ પરમાણુંમાં ? એ મડદાં છે, મડદું છે આ તો, અત્યારે હોં ! જીવ નીકળ્યા પછી નહિ. “મૃતક કલેવર વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન” આહાહા... ત્રણેય “મમા”, મૃતક કલેવર વડે અમૃતરૂપ વિજ્ઞાનઘન ભગવાન, અમૃતરૂપ વિજ્ઞાનઘન એ તો પ્રભુ. આહાહા ! અતીન્દ્રિય આનંદરૂપ, અતીન્દ્રિય આનંદરૂપ વિજ્ઞાનઘન, એવો ભગવાન મૂર્છિત થયો, મૃતક કલેવરમાં અમૃતરૂપ ભગવાન મૂર્છિત થયો. એને સંભાળવું ને એને ધ્યાન ને એને સવારથી દાંતણ કરવા માંડીથી તે સાંજ સુધી ખીચડી ને કઢી ને પાપડ હવે ઓલું ભજીયા, બજીયાને એવું કરે છે. સાંજના જાુદી જાુદી પકવાન કરે ને. આહાહા...

એ મડદાના કલેવરનાં મૂર્છા વડે અમૃત સાગર પ્રભુ, અમૃતનો સાગર વિજ્ઞાનઘન ભગવાન ! ભાષા તો જાુઓ એ, પ્રભુ તું અમૃતનો સાગર છો. તારો કોઇ ગુણ પર્યાય નાશ ન થાય એવી તારી ચીજ છે. અને તારું અંદર સ્વરૂપ અમૃત આનંદનો ઘન, અતીન્દ્રિય આનંદ અમૃતનો ઘન વિજ્ઞાન પ્રભુ, એ મૃતક કલેવર વડે મૂર્છાઇ ગયો. એની સંભાળ કરવા ને એનું આમ કરવું ટાપ ટીપલાં ને બાઇયુંને તો સાડલા કેટલાય રાખે કે દિશાએ જવાનો જાુદો, રાંધવાનો જાુદો, સગાવહાલામાં જાવું હોય જાુદો, રોવા જાવું હોય તો જાુદો, રોવે જાય તો રોવાનું થાય ને આ મરી જાય ને ત્યારે પહેલા...સાત આઠ દિવસ રોવે, બધા ભેગા થઈને સાંજે ચારે વાગે આમ તો રાંધવા પહેલાં, જાુદી જાુદી જાતના સાડલા પહેરે જાણે, ઓહોહોહો... ભાતભાતના પહેરે જાણે અમે કેવા દેખાઇએ છીએ, શું છે પણ આ તને ? મૃતક કલેવરને શણગારે, આંહી ને આંહી ને આંહી આદમીમાં પહેલાં ફુલ રાખતા કાનમાં, અમારે ગાંડાભાઈ હતાને ફાવાભાઈના બાપ, એય, મનહર ! તારો દાદો હતો ને ? એ ફુલ રાખતાં જોયા ’તા તેં આંહીં આવ્યા ’તા અમારે ગાંડાભાઈ હતા ને ફૂલ રાખતા, એ પહેલાં જૂના માણસ એક કાનમાં કાણું પડાવીને ને ફૂલ રાખે. અરે ! અરે !

મૃતક કલેવર વડે, અમૃતનો, અમૃતરૂપ વિજ્ઞાનઘન, એમ શબ્દ છે, છે ? અમૃતરૂપ વિજ્ઞાન ઘન પરમ અમૃતરૂપ, પરમ અતીન્દ્રિય આનંદનું રૂપ જેનું છે, એવો વિજ્ઞાનઘન ભગવાન, મડદામાં મૂર્છાઇ ગયો, કહે છે. આહાહા... કહો શશીભાઈ ! મનનો વિષય છ દ્રવ્ય, ઇન્દ્રિયનો વિષય રૂપી અને આ રહ્યું એક છેલ્લું આ, આ તો અમૃતરૂપ પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન મૃતક કલેવરમાં મૂર્છાઇ ગયો. આહાહા ! એનાથી ભોગ લેવા ને એમાં રમતું કરવી સ્ત્રી હારે ને છોકરાઓ હારે ને નાના નાના છોકરાઓને એને બચ્ચાં ભરવા ને બચ્ચી ભરવી આ શું છે પ્રભુ, શું થયું છે આ તને કહે છે. તું મૃતક કલેવરમાં મૂર્છાઇ ગયો, અમૃત, અમૃતસાગર ! આહાહા ! એ ય અમૃતલાલભાઈ ! શું કીધું આ ? આ અમૃતલાલભાઈ તો નામ છે, આ તો અમૃત સાગર

છે અંદર, એમ કહે છે. મંગળભાઈ ! પોતે મંગળ સ્વરૂપ છે અંદર, પવિત્રતાનો પિંડ છે, પવિત્રતાની પ્રાપ્તિ કરે એવું મંગળ સ્વરૂપ છે. આહાહાહા ! એ મૃતક કલેવરમાં મૂર્છાઇ ગયો.

( શ્રોતાઃ-ધર્મ સાધનમાં નિમિત્ત બને ને આ દેહ ) નિમિત્ત એટલે કાંઇ નહિ. નિમિત્તનો અર્થ જ કાંઇ નહિ, હોય છે હાજરી એટલું, એને લઇને આંહીં કાંઇ થાય છે, એવું કાંઈ છે નહિ. આહાહા ! અને એ નિમિત્તને અડતું ય નથી ને પ્રભુ, અંદર આત્મા અરૂપી ભગવાન આ શરીરને અડતો ય, સ્પર્શયોય નથી કોઇ દિ' ત્રણકાળમાં હવે આમ વાત કેમ માને ? આ શરીરમાં આત્મા છે ઇ આ આંગળીને અડયોય નથી. આહીં ક્યે છે અંદર અરૂપી ભગવાન વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શની ચીજને કેમ અડે ? અરૂપી નહિ પણ રૂપી, અરૂપી પોતે કેમ અડે, એકબીજામાં તો અભાવ છે. આહાહા ! આવી વાત છે. ઝીણી વાત બાપુ. જગતથી બહુ જુદી જાત છે. ( શ્રોતાઃ-દેહ દુખમ્ મહાફલમ્ ? ) દેહ દુઃખનો અર્થ ? એ તો આનું વચન છે શ્વેતાંબરનું દશવિકાલિકનું શ્વેતાંબરનું છે, દેહમાં કષ્ટ આવે પરિષહ તો આત્મા જ્ઞાતા છે, એમ કરીને જાણે તો એનું ફળ ઘણું છે એમ. આહાહા !

ક્ષય રોગ થાય અનેક પ્રકારનાં, આ શું કહેવાય, કેન્સર, એ શરીરની સ્થિતિ, દશા છે એ તો જડની, એમાં સમતા રાખે અને એમાં એ નિમિત્ત કહેવાય, નિમિત્ત એટલે ? છે બીજી ચીજ પણ એમાં નિમિત્તથી સમતા થાય છે એમ નથી અને સમતા એને લઇને થઇ છે એમ નથી. પોતે જાણનાર જાણનાર જાણનાર જાણનાર ચૈતન્ય-જ્ઞાયક તે હું જાણું મારામાં રહીને પરને અડયા વિના, પરને જાણું એવો સ્વભાવ ન જાણતાં મડદામાં મૂર્છાઇ ગયો અમૃત પ્રભુ ! આહાહાહા ! ત્રણ બોલ લીધાં. મનના વિષય છ દ્રવ્ય, ઇન્દ્રિયનો વિષય રૂપી, ભગવાન અમૃત સ્વરૂપ તે મૃતક કલેવરમાં મૂર્છાણો અંદર. આ મન, ઇન્દ્રિય ને શરીર ત્રણ આવ્યા. આહાહા ! એ વડે અમૃતરૂપ વિજ્ઞાનઘન મૂર્છિત થયો હોવાથી તે પ્રકારનાં ભાવનો કર્તા પ્રતિભાસે છે. આહાહા !

એ પ્રકારનો વિકલ્પ ઊઠે છે, છે ? તે પ્રકારનાં ખરેખર તો એ પોતાનો ભાવ છે, એ વિકલ્પ છે, એ હોં. સમજાણું ? એવા ભાવના પ્રકારે પોતાને, ચૈતન્યના, અજ્ઞાનને લીધે, ચૈતન્ય પરિણામવાળા હોવાથી, છે ને અંદર પહેલાં આવી ગયું છે, કરાયેલા ચૈતન્ય પરિણામવાળો એ છે, છે પરિણામ વિકલ્પ ચૈતન્યની દશા-અવસ્થા પણ એ અવસ્થા જડ રાગ છે એને કરતો થકો પ્રતિભાસે છે, એ પરદ્રવ્યને મારા માનતો, પરદ્રવ્યને કરતો પ્રતિભાસતો નથી, પરદ્રવ્યને કયાં કરે છે ? પરદ્રવ્ય તો છે, પણ એ મારા માનીને વિકલ્પને પોતાનો કરે છે. ત્યારે પોતાના સવિકાર પરિણામનો અજ્ઞાની કર્તા થાય છે. આહાહાહા ! આવી વાતું હવે.

ભાવાર્થઃ- “આ આત્મા અજ્ઞાનને લીધે અચેતન કર્મરૂપ ભાવકનું જે ક્રોધાદિ ભાવ્ય” છે ? શું કીધું ? જે કંઇ રાગદ્વેષ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, વિષય, વાસના એ બધા ભાવ્ય, કર્મ ભાવકનું એ ભાવ્ય છે, આત્માનું નહીં. છે ? અચેતન કર્મરૂપ ભાવક, અચેતન કર્મ ભાવ કરનારો, એનું ક્રોધાદિ ભાવ્ય, ક્રોધ, માન, માયા, લોભ, રાગદ્વેષ, લોભ આદિ કર્મનું ભાવ્ય, કર્મ ભાવક છે તેની અવસ્થા, ભાવ્ય એની અવસ્થા છે. આહાહા ! તેને ચેતન ભાવક સાથે અંદર આવ્યું 'તું ને, અવિકારી અનુભૂતિ માત્ર ભાવક, એ અનુભૂતિ એટલે ચેતન લેવું, પર્યાય નહિ. સમજાણું કાંઇ ? તેને ચેતન ભાવક સાથે, ચેતન ભાવક છે, એનું ભાવ્ય તો નિર્મળ આનંદ ને

જ્ઞાન હોવું જોઇએ એને ઠેકાણે ચેતન ભાવક સાથે એકરૂપ માને છે. કર્મ જડ ભાવક તેનું વિકારી ભાવ્ય એ ચેતન જે ભાવક એ ભાવ્ય મારું છે એમ માને છે. આહાહાહા !

ફરીને એકકોર ભગવાન ચૈતન્ય સ્વરૂપ અને એકકોર કર્મ, હવે કર્મ ભાવક-ભાવક, ભાવનો કરનારો હોવાથી તેના પરિણામમાં વિકારી ભાવ તે ભાવકનું ભાવ્ય છે, ભાવકની દશા છે, ભાવકનું કાર્ય છે, ભાવકનું કર્મ છે, એ આ ચૈતન્ય ભાવક, ચૈતન્ય ભાવક ભાવ કરનારો એને પોતાના ભાવ કરનારો ભૂલીને ચેતન ભાવક એ વિકારી કર્મનું ભાવ્ય મારું છે, એમ માને છે. આરે ! આરે ! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, અપવાસનો વિકલ્પ છે, એ ચેતન ભાવકનું ભાવ્ય નથી. આહાહા ! હીરાલાલજી ! આવી વાત છે. બહુ સારી ગાથા છે.

અરે આવો મનુષ્યભવ કાલે કોક કહેતું'તું છોડીનો પગ કપાઇ ગયો ને થોડો તમારે ત્યારે કહે મનુષ્યપણું તો રહ્યું છે ને હીરાલાલજી, એમ કોક કહેતું'તું એની દીકરીને પગ ઓલો થઇ ગયો પણ મનુષ્યપણું તો રહ્યું છે ને ? આહાહા... એમ ભગવાન આત્મા, આહાહા... ચેતક ભાવક ચેતન ભાવક એ ચેતન જ્ઞાનાનંદ સ્વભાવ એ ભાવક ભાવનો કરનારો એવો જે ચેતન એ કર્મ ભાવકનો ભાવ્ય એ મારું છે એમ માનીને ભ્રમણામાં પડયો છે. આહાહા ! છે અંદર. ઓલી અનુભૂતિ આવી ને ? એ અનુભૂતિ એટલે દ્રવ્ય લેવું ત્રિકાળી તોંતેર ગાથામાં આવ્યું છે ને ? તોંતેરમાં આવ્યું છે, એક સમયની પર્યાય ષટ્કારકરૂપે પરિણમે કર્તા-કર્મ-કરણ, સંપ્રદાન ( અપાદાન, અધિકરણ ) એનાથી અનુભૂતિ ભિન્ન છે, એટલે દ્રવ્ય જ્ઞાયક અનુભવ ત્રિકાળી સ્વભાવ છે એ ભિન્ન છે. આહાહા ! એ અનુભૂતિ ભગવાનનું ભાવ્ય આનંદની અનુભૂતિ તે તેનું ભાવ્ય છે. આહાહા ! ભગવાન આનંદ ચૈતન્ય આનંદ સ્વરૂપ ભાવક એ તેનું ભાવ્ય અનુભૂતિ તે ભાવ્ય છે અનુભૂતિ ત્રિકાળ છે. એની વર્તમાન અનુભૂતિ પર્યાય તે તેનું ભાવ્ય છે. આહાહા... આવું કયાં. એ ભાવ્યને છોડી દઇને કર્મનો જે ભાવક ભાવ્ય છે એની સાથે એકરૂપ માને છે. આટલા શબ્દોમાં એ છે. આહા ! સમજાણું ટૂંકામાં ? એ આખાનો સાર કર્યું છે.

ઓલામાં એમ કીધું'તું ને શુદ્ધ ચૈતન્યધાતુ રોકાએલી હોવાથી છ દ્રવ્ય મનનો વિષય ઓલામાં રૂપીના વિષયમાં કેવળ બોધ ઢંકાયેલો હોવાથી, અને શરીરમાં મૂર્છાયેલો હોવાથી, એ ત્રણેય ખરેખર તો ભાવકનું ભાવ્ય છે એ વિકાર, છતાં તેને પોતારૂપ માને છે. આહાહાહા ! બહુ ટૂંકું હોં અને ઘણું, એકકોર ચૈતન્ય ભાવક ભગવાન અમૃતરૂપ વિજ્ઞાનઘન કેવળ ચૈતન્ય બોધ શુદ્ધ ચૈતન્યધાતુ એ ભાવક છે, એનું ભાવકનું ભાવ્ય તો, ( અનુભૂતિ છે ) આહાહા...

ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય છે, ત્યારે શુદ્ધ ચૈતન્યધાતુ ઉપર દૃષ્ટિ પડે છે. એ આવ્યું છે ને આમાં હમણાં ક્રમબદ્ધમાં વાંચ્યું ને, ભાઈનું હુકમચંદનું જાુદું એનું આમાં આવ્યું છે, આત્મધર્મમાં આવ્યું છે, કાલે આવ્યું એમાં, પહેલું જાુદું એક ચોપાનીયું છપાયું છે. અરે બહુ સરસ લખ્યું છે, જરૂર હતી અત્યારે બધા ચારેકોર નિમિત્ત, ઉપાદાન ને નિશ્ચય, વ્યવહાર એકકોર રાખો, પણ ક્રમબદ્ધ છે કે નહિ ? ક્રમબદ્ધ દરેક અવસ્થા ક્રમસર જે સમયે થાય તે છે કે નહીં અને કેવળજ્ઞાન તેને દેખે છે તે પ્રકારે ત્યાં છે કે નહીં ? આહાહા ! અને એ રીતે જ્યારે કેવળજ્ઞાન દેખે છે માટે થાય છે એમ તો નહિ પણ એ તો નિર્ણય કરવા માટે જરી, એ ભગવાન દેખે છે જે સમયે જે પર્યાય ન્યાં થવાની છે એ દેખે છે, અને ત્યાં પણ ક્રમસર જે આયત સમુદાય, એક પછી એક જે

પર્યાયનો કાળ છે તે પ્રમાણે થાય છે, આવાને પોતાનું માને છે, પણ તે ક્રમબદ્ધની દશામાં થતી અવસ્થા તેને અંતરનો જાણનારો ભગવાન જ્ઞાયક સ્વરૂપ છે એવો નિર્ણય કરીને જાણવા લાયક પર્યાય પ્રગટ કરે એને ક્રમબદ્ધનું જ્ઞાન ક્રમબદ્ધ થાય છે તેનું જ્ઞાન યથાર્થ થાય છે. આહાહાહા ! સમજાણું ? ( શ્રોતાઃ– ક્રમબદ્ધનું જ્ઞાન યથાર્થ થાય તો નિમિત્ત–ઉપાદાન, નિશ્ચય વ્યવહાર ) બધું નીકળી જાય છે.

એક આ બહુ સારી વાત છે એ મૂળ ચીજ છે. એણે પણ લખ્યું છે ને એમાં જૈન દાર્શનિક એવો શબ્દ છે. દાર્શનિકમાં ઓલું મુખ્ય છે, કાલે આવ્યું છે છાપામાં, દાર્શનિક દર્શન એ જૈન ધર્મનું મૂળ વસ્તુ દર્શન છે આ. એ વસ્તુ અન્ય કયાંય હોઇ શકે નહિ બીજે અને જૈનદર્શનનું એ મૂળ એટલે કે ભગવાન આત્મા સર્વજ્ઞ સ્વભાવી બધાં પ્રભુ, તો તેનો અર્થ એ થયો કે સર્વનો જાણનાર છે એ તો, શક્તિએ એમ છે અને જ્યારે પ્રગટ થઇ સર્વજ્ઞ દશા, સર્વજ્ઞમાંથી ત્યારે પણ સર્વને જાણનારો એ છે, અને એ સર્વનો જાણનાર છે તે, જેમ થાય છે, જેવું દીઠું ત્યાં થાય છે, એ દીઠું માટે થાય નહિ, થવાને કાળે તે થાય છે, એને આ દેખે છે, અને ત્યાં પણ ક્રમબદ્ધ વ્યવસ્થિત વ્યવસ્થા થાય છે, પણ એનો જ્યાં નિર્ણય કરવા જાય, તો પર્યાયનો નિર્ણય પર્યાયને લક્ષે ન થાય, ક્રમબદ્ધનો નિર્ણય જ્ઞાયકસ્વરૂપ ભગવાન, એને લક્ષે એને આશ્રયે, એને અવલંબે ક્રમબદ્ધનો નિર્ણય થાય, ત્યારે જ્ઞાતા થઇને પર્યાય થઇ એ ક્રમે જે પર્યાય થાય તેને તે જાણે. આહાહા ! સમજાણું કાંઇ ?

કાલ તો ઓલું કહ્યું'તું રાતે નહિ ? ૩૨૦ ગાથા. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરવું છે પહેલો શબ્દ માથે ઇ છે, સર્વ વિશુદ્ધમાં, અકર્તા એટલે ? કે રાગનો ય કર્તા નહિ ને ખરેખર તો પર્યાય કરું એ પણ નથી, થાય છે તેને કરું શું ? આહાહા ! તેની દૃષ્ટિ તો જ્ઞાયક ઉપર જાય છે, અને તેથી તેને થતી પર્યાયને, જ્ઞાયક ઉપર ગયો એટલે જ્ઞાનની પર્યાય થઇ તેમાં જે ક્રમબદ્ધ થાય તેને એ જાણે. આહાહા ! કર્તા ન થાય. એનો કર્તા તો ન થાય, પર્યાય ક્રમે થાય એનો પણ નિર્મળ પર્યાય ક્રમે આવે, એનો ય કર્તા ન થાય. આહાહાહા ! થાય છે તેને કરવું શું ? એ ય આકરી વાતું છે હોં !

વીતરાગ મારગ સૂક્ષ્મ અને અલૌકિક છે બાપુ ! એ વીતરાગ સિવાય કયાંય, કયાંય છે નહિ બધા ગમે એટલી વાતું કરી હોય કાલે એક મોટો પત્ર આવ્યો છે "અધ્યાત્મનો અવતાર થયો છે." એમ અન્યમતીનો કર્તા પરમાત્માએ જગતને કર્યું એવું સિદ્ધ કરશે ને આમ છે ને તેમ છે, હવે આંહીં આવ્યું'તું ચોપાનીયું ગપે ગપ બધું ય. આહાહા !

પરમાત્મા તો નિજ પરમાત્મદ્રવ્ય આ છે, ક્રમબદ્ધનો નિર્ણય થતાં, જે સકલ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય સમ્યગ્ મતિ શ્રુત જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય એવો અને અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમ ભાવલક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય તે હું છું, પર્યાય હું છું નહિ, પર્યાય એમ કહે છે કે આ હું છું. ભાઈ ! આ ક્રમબદ્ધની પર્યાયના નિર્ણયમાં તો પર્યાય એમ જાણે છે, કે હું આ છું, ક્રમબદ્ધ થતી પર્યાય હું છું એ નહિ. આહાહાહા... છે ને ૩૨૦ ગાથા. આહાહા ! આવી વસ્તુ છે. ક્રમમાં આવેલી પર્યાય જ્યારે પર્યાય સ્વ તરફ ઢળે છે, ત્યારે એ પર્યાય એમ માને છે કે હું તો વસ્તુ છું ને ? હું પર્યાય છું એમ નહિ, વસ્તુ છું, જે સકળ નિરાવરણ વસ્તુ છે તેને આવરણ શું ? સકળ નિરાવરણ, પૂર્ણ નિરાવરણ, અખંડપણું જેમાં પર્યાયનોય ભેદ નથી, એ

પર્યાય નિર્ણય કરે છે એ પર્યાયનો ભેદ વસ્તુમાં નથી. એમ કહે છે. આહાહા !

એક "પ્રત્યક્ષ પ્રતિભાસમય" વર્તમાન શ્રુતજ્ઞાન ને મતિથી પ્રત્યક્ષ દેખાય તેવો એ આત્મા છે. અને તે અવિનશ્વર છે. પર્યાય તો વિનશ્વર છે, વિનશ્વર પર્યાય કહે છે કે હું અવિનશ્વર છું. એય ! શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ, શુદ્ધ, પરમ, શુદ્ધ પારિણામિક સહજ સ્વભાવ શુદ્ધ, પરમ ભાવ, પરમ ભાવ, પર્યાયથી પણ જુદો પરમ ભાવ, એવો નિજ પરમાત્મ દ્રવ્ય, પર પરમાત્મદ્રવ્ય નહિ, નિજપરમાત્મ દ્રવ્ય તે હું છું, એમ સમકિતની પર્યાય નિર્ણય અથવા જ્ઞાનની પર્યાય નિર્ણય કરે છે. આહાહા... આવી વાત છે.

આંહીં કહે છે. "આત્મા અજ્ઞાનને લીધે અચેતન કર્મરૂપ ભાવક જે ક્રોધાદિ ભાવ્ય" એ ભાવકનું ભાવ્ય કેમ કે આત્માના અનંત ગુણમાં કોઇ ગુણ વિકારપણે થાય એવો કોઇ ગુણ નથી, એથી તે વિકાર થવાનું કારણ જે કર્મ ભાવ, એ ભાવકનું વિકારી કાર્ય છે. ભાઈ ! ભગવાન અનંતા ગુણ ( મય ) છે અનંતા અનંતા અનંતા અનંતાનો પાર નહિ પણ એ માંયલો કોઇ એક ગુણ વિકાર કરે એવો કોઇ ગુણ નથી. આહાહા ! તેથી તે અનંતગુણનો ધરનારો ભાવક ચેતન, એનું આ કર્મના ભાવકથી થયેલું ભાવ્ય, એ ચેતનનું નથી. છતાં અજ્ઞાની એ ચેતનનું છે એમ માનીને ભ્રમણા સેવે છે. આહાહાહા ! આવો ઉપદેશ ઝીણો પડે. શું થાય ? આહાહા...

ભાઈ તે ચેતન ભાવક સાથે, જોયું ? ઓલું કોનું હતું ? કર્મરૂપ ભાવક, એનું ભાવ્ય પુણ્ય-પાપ દયા, દાન, કામ, ક્રોધ આદિ "એ ચેતન ભાવક સાથે એકરૂપ માને છે" પોતાનું ભાવકનું ભાવ્ય જુદું હોય છતાં તે ભાવક કર્મનું ભાવ્ય મારું છે એમ માને છે પણ એનો જાણનારો હું છું એવું જે ભાવ્ય મારું એને એ જાણતો નથી. આહાહાહા ! આવો ધર્મ, રસિકભાઈ ! આમાં વાંકાનેરમાં ય ન મળે ને કલકતા ય ન મળે આ બધું. બાપદાદાએ સાંભળ્યું નથી પાછું. હરગોવનભાઈએ સાંભળ્યું નહોતું આ. આવતા ને ૯૧ માં આંહીં પડિકમ્મણા કરવા આવ્યા'તા પર્યુષણમાં હીરાભાઈના મકાનમાં, ન્યાં કણબીવાડમાં રહેતા ને પહેલાં, પહેલાં તમે બીજે રહેતા'તા તમને ખબર નથી. અંદર રહેતા'તા કણબીવાડમાં રહેતા તમારા પહેલાં ૭૭ માં આવ્યા ને ત્યારે તમે બીજે રહેતા'તા કણબીવાડ ઓલીકોર છે તમે મેડી ઉપર રહેતા'તા ને ઘણાં વર્ષ થઈ ગયા. ( '૮૬માં આવ્યા ત્યારે ) એ નહિ આ તો ૭૭ ની વાત છે. એ ૮૬ ની ખબર છે ને, આ તો ૭૭ જ્યારે પહેલા આવ્યા ને ત્યારે કણબીવાડમાં અમારે. પહેલા કણબીવાડમાં મારે બેન હતા ત્યાં વેપારી ત્યારે સંસારમાં જોયું-પહેલા ૭૭ માં ભાવનગર આવ્યા'તા કેટલા વર્ષ થયા ? ૫૮ વર્ષ, તમને કેટલા થયા ૬૩, -પાંચ બાકીની તમને ખબર ન હોય. મેડી ઉપર દાદરો હતો, મેડી ઉપર રહેતા અને ઓલા લીંબડીવાળા નહિ એ ય ન્યાં રહેતા'તા મોઢા આગળ ગૃહસ્થ છે મોટા આપણા સ્થાનકવાસી, હેં ? લાલચંદ ત્રિભોવન નહિ નામ બીજુ હતું તેના બાપનું નામ આ તો ઘણાં વરસની વાત છે તે દી' ઘરે વહોરવા ગયા'તા બીજુ નામ હતું કાંઇક.

આંહીં કહે છે કે ચૈતન્ય ભગવાન આત્મા, એનું ભાવ્ય તો અનુભૂતિ જે આનંદની અનુભૂતિ તે તેનું ભાવ્ય, અથવા ચેતન જે ભાવક તેનું સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર પર્યાય તે તેનું ભાવ્ય, એમ ન માનતા કર્મના ભાવકનું ભાવ્ય કારણ કે પોતે ચૈતન્ય જ્ઞાયક છે, તેને તો જાણ્યો નથી, તેથી તે ભાવકનું ભાવ્ય, જે પોતાને આવવું જોઇએ નિર્મળ, એ તો છે નહિ. આહાહા !

શશીભાઈ ! ભગવાન ચૈતન ભાવક, ભાવક, ભાવનો કરનાર, આહાહા... એ ભાવકનું ભાવ્ય તો સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર ને શાંતિ ને આનંદ તે ભાવકનું ભાવ્ય, પણ તેની ખબર નથી, અને આ હું છું પર તે મારા માન્યા એથી એ કર્મના ભાવકનું ભાવ્ય વિકારી ભાવ તે મારા છે એમ માનીને કર્તા થાય છે એ રાગનો. છે ? આહાહા !

ભાવ સાથે તેમાં એથી "વળી તે પર જ્ઞેયરૂપ ધર્માદિ દ્રવ્યોને પણ જ્ઞાયક સાથે એકરૂપ માને છે" વિકલ્પથી. પરજ્ઞેયરૂપ, આહાહા... પહેલાં ઓલું ઓલાનો દાખલો હતો ભૂતાવિષ્ટનો પહેલો, હવે આ ધ્યાનાવિષ્ટનો પરજ્ઞેયરૂપ ધર્માદિ દ્રવ્યોને પણ બે કેમ કીધાં ? સમજાણું આમાં ? પહેલું છે એ ઓલું ભૂતાવિષ્ટ ભૂત વળગ્યું હોય ને જેમ ચેષ્ટા કરે એમ આ કર્મ ભાવક કર્મ છે એનો વિકારી પર્યાય એને ભૂત વળગ્યું છે મિથ્યાત્વનું, આહાહા... ભૂતાર્થ જે ભગવાન છે તેને જાણ્યો નહિ, ભૂતાર્થ જે છતો ભૂત છે, ભૂત છતો એને જાણ્યો નહિ અને ભૂત વળગ્યું એને ઓલા કર્મનો ભાવક એનાથી વિકારી જે ભાવ એ મારા એ ભૂત વળગ્યું મિથ્યાત્વનું એક વાત.

હવે પરદ્રવ્યની હારે વાત ઓલાં ૧૭ બોલ હતા, ક્રોધ, માન, માયા અને આ પર દ્રવ્ય છ. વળી પરજ્ઞેયરૂપ ધર્માદિ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ-કાળ પુદ્‌ગલ ને જીવ એ પણ જ્ઞાયક સાથે એકરૂપ માને છે. ઓલામાં ચેતન ભાવક સાથે એમ કીધું'તું, આંહીં જાણનારો છે માટે જ્ઞાયક સાથે એકરૂપ માને છે એમ કીધું. સમજાણું કાંઈ ? કહો, પ્રવીણભાઈ ! આવી વાતું છે. આહાહાહા..... વળી તેથી એમ. તેથી આ બે પ્રકાર કહ્યા. તેથી, તે સવિકાર અને સોપાધિક, સવિકારી એ પહેલાંમાં લેવું, કર્મરૂપ ભાવકનું ભાવ્યમાં અને આ છ દ્રવ્યનું બીજામાં લેવું સોપાધિકમાં લેવું, સવિકાર અને સોપાધિક ચૈતન્યપરિણામનો કર્તા, જોયું ? ચૈતન્ય પરિણામનો કર્તા, પરનો કર્તા નથી હોં, એ રાગ થયો કે આ મારા છે, અને વિકાર છે તે મારો છે તેવા વિકારનો કર્તા પોતાના પરિણામનો થાય છે. આહાહાહા.... ! આવું.

"અહીં ક્રોધાદિક સાથે એકરૂપપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ" સમજાવવા ભૂતાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત, કહ્યું ને ? પહેલો બોલ કહ્યો ક્રોધ, માન, માયા, લોભ, મોહ, રાગદ્વેષ, કર્મ, નોકર્મ, મન, વચન, કાયા, ને પાંચ ઇન્દ્રિય એની સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ, એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ હોં રાગ, એને સમજાવવા ભૂતાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું, અને ધર્માસ્તિ આદિ છ દ્રવ્યો અને અન્ય દ્રવ્યો સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ધ્યાનાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું. ઓહોહો ! ગાથા બહુ ( સારી છે ).

એક જ્ઞાયક સિવાય બીજી બધી ચીજ પર છે. દેવ ને ગુરુનો આત્મા પણ પર છે. આહાહા ! એમાં એ મને તારી દેશે, પર મને તારી દેશે, તરણતારણ કહેવાય છે ને ? નમોત્થુણુંમાં નથી આવતું ? હેં ? તિન્નાણં, તારયાણં, બુદ્ધાણં બોહિયાણં, એ તો નિમિત્તથી કથન છે, પોતે તરે છે ને ત્યારે એવું નિમિત્ત છે એટલે કહેવામાં આવ્યું.આહાહાહા... એ તો પ્રવચનસારમાં લીધું છે ને ? યોગીન્દ્રો અને તીર્થનું પાંચ ગાથામાં, યોગીન્દ્રોને તારવા તે યોગીન્દ્ર જે છે તે તરવામાં સમર્થ એને તારવાનાં તે નિમિત્ત થયું. પાંચ ગાથા છે ને પ્રવચનસાર. યોગીન્દ્રોને તીરથના કર્તા છે આહાહા... પાંચ ગાથામાં આવી ગયું છે. એ ૯૬ ગાથા થઇ.

## ગાથા-૯૭

ततः स्थितमेतद् ज्ञानान्नश्यति कर्तृत्वम्-

**एदेण दु सो कत्ता आदा णिच्छयविदूहिं परिकहिदो।**
**एवं खलु जो जाणदि सो मुंचदि सव्वकत्तित्तं।।९७।।**

**एतेन तु स कर्तात्मा निश्चयविद्भिः परिकथितः।**
**एवं खलु यो जानाति सो मुञ्चति सर्वकर्तृत्वम्।।९७।।**

येनायमज्ञानात्परात्मनोरेकत्वविकल्पमात्मनः करोति तेनात्मा निश्चयतः कर्ता प्रतिभाति, यस्त्वेवं जानाति स समस्तं कर्तृत्वमुत्सृजति, ततः स खल्वकर्ता प्रतिभाति। तथाहि-इहायमात्मा किलाज्ञानी सन्नज्ञानादासंसारप्रसिद्धेन मिलितस्वादस्वादनेन मुद्रितभेदसंवेदनशक्तिरनादित एव स्यात्ः ततः परात्मानावेकत्वेन जानाति; ततः क्रोधोऽहमित्यादिविकल्पमात्मनः करोति; ततो निर्विकल्पादकृतकादेकस्माद्विज्ञान घनात्प्रभ्रष्टो वारंवारमनेकविकल्पैः परिणमन् कर्ता प्रतिभाति। ज्ञानी तु सन् ज्ञानात्तदादिप्रसिध्यता प्रत्येकस्वादस्वादनेनोन्मुद्रितभेदसंवेदनशक्तिः स्यात्; ततोऽनादि निधनानवरतस्वदमाननिखिलरसान्तरविविक्तात्यन्तमधुरचैतन्यैकरसोऽयमात्मा भिन्नरसाः कषायास्तैः सह यदेकत्वविकल्पकरणं तदज्ञानादित्येवं नानात्वेन परात्मानौ जानाति; ततोऽकृतकमेकं ज्ञानमेवाहं, न पुनः कृतकोऽनेकः क्रोधादिरपीति क्रोधोऽहमित्यादिविकल्पमात्मनो मनागपि न करोति; ततः समस्तमपि कर्तृत्वमपास्यति; ततो नित्यमेवोदासीनावस्थो जानन् एवास्ते; ततो निर्विकल्पोऽकृतक एको विज्ञानघनो भूतोऽत्यन्तमकर्ता प्रतिभाति।

---

'તેથી (પૂર્વોક્ત કારણથી) એ સિદ્ધ થયું કે જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે' એમ હવે કહે છેઃ-

**એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે,**
**-એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.**

ગાથાર્થઃ-[ एतेन तु ] આ (પૂર્વોક્ત) કારણથી [ निश्चयविद्भिः ] નિશ્ચયના જાણનારા જ્ઞાનીઓએ [ सः आत्मा ] તે આત્માને [ कर्ता ] કર્તા [ परिकथितः ] કહ્યો છે- [ एवं खलु ] આવું નિશ્ચયથી [ यः ] જે [ जानाति ] જાણે છે [ सः ] તે (જ્ઞાની થયો થકો) [ सर्वकर्तृत्वम् ] સર્વ કર્તૃત્વને [ मुञ्चति ] છોડે છે.

ટીકાઃ-કારણ કે આ આત્મા અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાનો આત્મવિકલ્પ કરે છે તેથી તે નિશ્ચયથી કર્તા પ્રતિભાસે છે-આવું જે જાણે છે તે સમસ્ત

**કર્તૃત્વને છોડે છે તેથી તે નિશ્ચયથી અકર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટ સમજાવવામાં આવે છેઃ-**

**આ આત્મા અજ્ઞાની થયો થકો, અજ્ઞાનને લીધે અનાદિ સંસારથી માંડીને મિલિત ( -એકમેક મળી ગયેલા ) સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી ( અર્થાત્ પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું ભેળસેળપણે-એકરૂપે અનુભવન હોવાથી ), જેની ભેદસંવેદનની ( ભેદજ્ઞાનની ) શક્તિ બિડાઈ ગયેલી છે એવો અનાદિથી જ છે; તેથી તે પરને અને પોતાને એકપણે જાણે છે; તેથી 'હું ક્રોધ છું' ઇત્યાદિ આત્મવિકલ્પ ( પોતાનો વિકલ્પ ) કરે છે; અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન ( સ્વભાવ ) થી ભ્રષ્ટ થયો થકો વારંવાર અનેક વિકલ્પરૂપે પરિણમતો થકો કર્તા પ્રતિભાસે છે.**

**અને જ્યારે આત્મા જ્ઞાની થાય ત્યારે, જ્ઞાનને લીધે જ્ઞાનના આદિથી માંડીને પૃથક્ પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી ( અર્થાત્ પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું-એકરૂપે નહિ પણ-ભિન્નભિન્નપણે અનુભવન હોવાથી ), જેની ભેદસંવેદનશક્તિ ઊઘડી ગઈ છે એવો હોય છે; તેથી તે જાણે છે કે "અનાદિનિધન, નિરંતર સ્વાદમાં આવતો, સમસ્ત અન્ય રસથી વિલક્ષણ ( ભિન્ન ), અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે એવો આ આત્મા છે અને કષાયો તેનાથી ભિન્ન રસવાળા ( કષાયલા-બેસ્વાદ ) છે; તેમની સાથે જે એકપણાનો વિકલ્પ કરવો તે અજ્ઞાનથી છે;" આ રીતે પરને અને પોતાને ભિન્નપણે જાણે છે; તેથી 'અકૃત્રિમ ( નિત્ય ), એક જ્ઞાન જ હું છું પરંતુ કૃત્રિમ ( અનિત્ય ), અનેક જે ક્રોધાદિક તે હું નથી' એમ જાણતો થકો 'હું ક્રોધ છું' ઇત્યાદિ આત્મવિકલ્પ જરા પણ કરતો નથી; તેથી સમસ્ત કર્તૃત્વને છોડી દે છે; તેથી સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો થકો માત્ર જાણ્યા જ કરે છે; અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન થયો થકો અત્યંત અકર્તા પ્રતિભાસે છે.**

**ભાવાર્થઃ-જે પરદ્રવ્યના અને પરદ્રવ્યના ભાવોના કર્તૃત્વને અજ્ઞાન જાણે તે પોતે કર્તા શા માટે બને ? અજ્ઞાની રહેવું હોય તો પરદ્રવ્યનો કર્તા બને ! માટે જ્ઞાન થયા પછી પરદ્રવ્યનું કર્તાપણું રહેતું નથી.**

## ગાથા-૯૭ ઉપર પ્રવચન

તેથી "પૂર્વોકત કારણથી એ સિદ્ધ થયું કે જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે" જોયું, એ અજ્ઞાનને લઇને કર્તાપણું ઉભું થયું છે. સ્વરૂપ જે ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત, ચૈતન્ય ધાતુ શુદ્ધ ચૈતન્ય અમૃતરૂપ ભગવાન, એમાં અજ્ઞાનને લઇને આ બધું મારા તારા થવામાં એવું બધું મુખ્ય છે. પણ એ ( સિદ્ધ ) જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય પણ સમ્યગ્જ્ઞાનથી તે કર્તાપણાનો નાશ થાય છે, અજ્ઞાનથી કર્તાપણું થાય છે એમ જેણે જાણ્યું એ કર્તા કેમ થાય ? એ જ્ઞાન કરીને કર્તાપણાનો નાશ કરે છે. એથી સિદ્ધ થયું કે જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે. –એનો ઉત્તર ગાથા ૯૭.

एदेण दु सो कत्ता आदा णिच्छयविदूहिं परिकहिदो।
एवं खलु जो जाणदि सो मुंचदि सव्वकत्तित्तं।।९७।।

એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે,
–એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.

આંહીં તો કહે છે એને બરાબર જાણ્યો તે કર્તા થાય નહિ. આહાહાહા...

ટીકા:– "કારણકે આ આત્મા અજ્ઞાનને લીધે પરના અને પોતાનાં એકપણાનો આત્મવિકલ્પ કરે" આત્મ વિકલ્પ કરે હોં, ઈ પરને પોતે કરી શકે નહિ. આહાહાહા ! અજ્ઞાનને લીધે પર ને પોતાનાં એકપણાનો પરમાં બધું ગયું ઓલું ક્રોધ, માન, માયા ને છ દ્રવ્ય. એ પોતાનાં એકપણાનો (આત્મવિકલ્પ કરે.) "તેથી તે નિશ્ચયથી કર્તા પ્રતિભાસે છે" તેથી તે પરનો રાગનો કર્તા પ્રતિભાસે છે. આહાહા ! "આવું જે જાણે છે" આહાહા... આવું જે જાણે છે, તે સમસ્ત કર્તૃત્વને છોડે છે." જુઓ અહીં હવે અકર્તા આવ્યું, પરદ્રવ્ય અને પરદ્રવ્યના ગુણો ને પરદ્રવ્યની ક્રમસર થતી પર્યાય, એમ જે જાણે છે અને પોતાનું દ્રવ્ય પોતાનાં ગુણ ને પોતાની ક્રમસર થતી પર્યાય, એને જે આમ જાણે છે. તે પરનો કર્તા થતો નથી. આહાહા ! પોતાનો આત્મા જ્ઞાયકસ્વરૂપ એ ક્રમબદ્ધ એવી પર્યાય થતાં અને પર દ્રવ્ય–ગુણ, પર્યાયની પણ ક્રમબદ્ધ પર્યાય થતાં એ બે નું યથાર્થ જ્ઞાન કરે છે, એટલે જેનું જ્ઞાન, જેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર પડે છે, અને તેનું જ્ઞાન થાય છે, તે જ્ઞાન રાગનું કર્તાપણું છોડી દે છે, એટલે કે ત્યાં રાગનું કર્તાપણું હોતું નથી. આહાહાહાહા ! અહીં અકર્તા સિદ્ધ કર્યું છે. ૩૦૮ થી ૩૧૧ ક્રમબદ્ધમાં અકર્તા સિદ્ધ કર્યું ને એ અહીંયાય સિદ્ધ કર્યું, અત્યારે તો આ વાત છે.

ભગવાન આત્મા એ કર્મના ભાવકથી થતો દયા–દાનનો વિકલ્પ એ મારું સ્વરૂપ નથી, હું તો જ્ઞાન જાણનારો જ્ઞાયક છું, એવું જેને જ્ઞાયકનું જ્ઞાન થાય છે, તે રાગનો અને પરદ્રવ્ય મારા એવો જે વિકલ્પ છે, તેનો એ કર્તા થતો નથી. તેનો તે જાણનારો થઇ જાય છે. આહાહાહાહા ! ભારે આકરું. એવું માને તો એવું સહેલું હતું લોકોને રખડવાનું, હેં ? (શ્રોતાઃ–રખડવાનું) કાંઇ ખબર ન મળે, શું આત્મા ને શું રાગ ને શું કર્તા. આવું જે જાણે છે, તે સમસ્ત કર્તૃત્વને છોડે છે, બે ય પ્રકારનાં ૧૭ પ્રકારના ક્રોધ, માન, માયા આદિ ને છ પરદ્રવ્યો એ સંબંધીનું કર્તાપણું એ છોડે છે. તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે.

"આ આત્મા અજ્ઞાની થયો થકો" અજ્ઞાની થયો થકો કર્મને લઇને અજ્ઞાની થયો થકો એમ નહિ, પોતે પોતાને ભૂલી જઇ ચૈતન્ય ભગવાન આનંદનો નાથ સાગર, તેનાં અજ્ઞાનથી તેના બેભાનથી અજ્ઞાનને લીધે, અનાદિ સંસારથી માંડીને અનાદિ સંસાર, નિગોદથી અનાદિ પહેલો નિગોદમાં હતો. એવા અનાદિ સંસારથી માંડીને જેની આદિ નથી સંસારની અનાદિ, અનાદિ, અનાદિ એવો સંસાર અનાદિ પુદ્‌ગલકર્મનાં અને પોતાના અનાદિ મિલિત એકમેક મળી ગયેલા સ્વાદનું સ્વાદન અનુભવન હોવાથી, આહાહા ! શું કહે છે ?

પુદ્‌ગલકર્મના અને પોતાનાં સ્વાદનો ભેળસેળપણે અનુભવ કરે, ભેળસેળ એટલે આનંદનો પણ અનુભવ અને રાગનો અનુભવ એમ નહિ, ભગવાન આત્માનો તો આનંદનો અનુભવ પણ તેને ભૂલીને રાગનો સ્વાદ લ્યે છે ઈ, રાગને અનુભવે છે એ પુણ્ય–પાપનો જે સ્વાદ જે કર્મનો વિકારનો સ્વાદ તેને અનાદિથી તેનો સ્વાદ છે એને. આહાહાહા ! દિગંબર જૈન સાધુ દ્રવ્યલિંગી થયો અનંતવાર, પણ છતાં તેને રાગ ને દ્વેષનો સ્વાદ છે. આહાહા ! પંચમહાવ્રત

પાળ્યાં, પણ એ રાગ છે, એનો એને સ્વાદ છે. આહાહા ! એ પોતાનો આનંદ સ્વાદ, એવા સ્વરૂપના અજ્ઞાનને લઈને, એ રાગ ને દ્વેષનો સ્વાદ, સ્વાદે છે એને ભેળસેળ કહેવામાં આવ્યું છે. ભેળસેળ એટલે થોડો આનંદનો સ્વાદ, થોડો રાગનો એમ નહિ પણ આનંદમૂર્તિનો પ્રભુ સ્વાદ ભૂલીને રાગનો સ્વાદ ભેળસેળ કરી નાખે છે, એમ કહેવું છે. આહાહા ! ( શ્રોતાઃ-જે ચાલુ જ્ઞાન ને રાગને એકમેકપણે જાણે છે એ ) રાગમયને સ્વાદને જાણે છે એનું નામ ભેળસેળ કહેવામાં આવ્યું છે. સ્વાદનું સ્વાદન અનુભવન હોવાથી ભેળસેળનો અનુભવ હોવાથી જેની ભેદ સંવેદન શક્તિ બિડાઈ ગયેલી છે એવો અનાદિથી છે. આવું તો અનાદિથી છે. કહે છે કાંઈ નવું નથી, પહેલો શુદ્ધ હતો અને પછી આ રાગનો સ્વાદ આવ્યો એ અનાદિથી રાગનો સ્વાદ અજ્ઞાનપણે લ્યે છે. વિશેષ કહેશે. ( શ્રોતાઃ-પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૯૩ ગાથા-૯૭ સોમવાર, મહા વદ-૧, તા. ૧૨/૨/'૭૯

૯૭ ગાથા ફરીને. આ આત્મા, બહુ વિષય સરસ છે, વાસ્તવિક ! આ અજ્ઞાની થયો થકો, સ્વરૂપ જે અકૃત્રિમ વિજ્ઞાનઘન આનંદ, એના સ્વરૂપના અજ્ઞાનને લીધે અનાદિથી અજ્ઞાનને લીધે, અનાદિ સંસારથી માંડીને મિલિત સ્વાદનું સ્વાદન એટલે-કે આત્માના આનંદનો સ્વાદ ન આવતાં એને અનાદિથી રાગ ને દ્વેષ, વિષય, કષાય તેનો સ્વાદ એને આવે છે. મિલિતનો અર્થ એવો નથી કે આત્માનો થોડો આનંદ ને થોડો ( રાગ ) પણ પોતે જે સંબંધ નથી એ પુણ્ય ને રાગદ્વેષ એના ભાવનો સ્વભાવને સંબંધ નથી છતાં અજ્ઞાની સ્વભાવમાં એને પોતાનો સંબંધ માની અને એનું વેદન કરે છે. આહાહા... બહુ સૂક્ષ્મ વાત, અપૂર્વ વાત છે. સ્વાદનું સ્વાદન અનુભવન સ્વાદનો અર્થ અનુભવન હોવાથી પુદ્‌ગલકર્મનાં ને પોતાના સ્વાદનું ભેળસેળપણે એકરૂપે અનુભવન હોવાથી, એનો અર્થ આટલો, કે આત્મા અકૃત્રિમ વિજ્ઞાનઘન આનંદકંદ પ્રભુ એની સાથે પુણ્ય-પાપ ને દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ પરિણામ પુદ્‌ગલનાં ફળ છે, એનો સ્વાદ અજ્ઞાનીને છે. આહાહા ! કહો, સમજાય છે ?

તેથી "જેની ભેદ ( સંવેદનની ) ભેદજ્ઞાનની શક્તિ બિડાઈ ગયેલી છે" એ રાગ જે પુણ્ય-પાપનો ભાવ તેનો સ્વાદ, અને આત્મા ભિન્ન છે તે ભેદ વિજ્ઞાનની શક્તિ ઢંકાઈ ગઈ છે. આહાહા... આત્માનો સ્વાદ જે આનંદ છે એની એને ખબર નથી. આહાહા... એ આનંદના સ્વાદને અને રાગના સ્વાદને ભેદવિજ્ઞાનની શક્તિ ઢંકાઈ ગઈ છે. મૂળ વાત છે આ. આ લોકો કહે છે ને હવે દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા કરો, તો કહે છે કે એ તો રાગ છે ને રાગનો સ્વાદ તો અનાદિનો છે. આહાહાહા ! ભારે આકરું કામ.

અનાદિથી જ એવો છે "તેથી તે પરને ને પોતાને એકપણે જાણે છે" ભગવાન આત્મા ! અકૃત્રિમ, નિર્વિકલ્પ વિજ્ઞાનઘન એની સાથે એ શુભ-અશુભ રાગને પોતાના સંબંધમાં જાણે છે. તેથી હું ક્રોધ છું, "એટલે કે સ્વભાવ જે ચૈતન્ય છે તેનાથી વિરૂદ્ધ એવા રાગને અનુભવવો એ ક્રોધને અનુભવવો એમ કહે છે. સ્વભાવ જે ચૈતન્ય ક્ષમાઆદિ શાંત આનંદનો સાગર, એના અજ્ઞાનને લીધે, અનાદિથી રાગનો સ્વાદ એ સ્વભાવથી વિરુદ્ધ સ્વાદ છે. આહાહાહા ! ઇત્યાદિ આત્મવિકલ્પ

૧૭ બોલ આદિ છે ને ? આઠ બીજા. આત્મવિકલ્પ પોતાનો પોતે પોતામાં કરે છે. એ રાગનો સ્વાદ લઈને રાગ મારો છે એવો સ્વાદ પોતે આત્મવિકલ્પ કરે છે. આહાહાહા ! આવું સ્વરૂપ.

"અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ વિજ્ઞાનઘન પ્રભુ" આહાહાહા... આત્માનો સ્વભાવ તો નિર્વિકલ્પ અભેદ અને અકૃત્રિમ, નહિ કરાયેલો એ અનાદિ સત્તા છે અને તે વિજ્ઞાનઘન છે. આહાહા ! આત્મસ્વભાવથી ભ્રષ્ટ થયો થકો, અકૃત્રિમ નિર્વિકલ્પ, અભેદ અને વિજ્ઞાનઘન ભગવાન આત્મા તો છે. એના અજ્ઞાનને લીધે એના સ્વભાવથી વિરુદ્ધ જે પુણ્ય-પાપ દયા, દાન, વ્રત, ભક્તિ, આદિના પરિણામ એનો એને સ્વાદ અજ્ઞાનનો છે. આહાહાહા ! કેમ કે નિર્વિકલ્પ અભેદ અકૃત્રિમ અણકરાયેલી ચીજ એવી વિજ્ઞાનઘન તેનાથી અજ્ઞાની ભ્રષ્ટ થયો છે. આહાહાહા !

આ બધા કરોડોપતિ ને અબજોપતિ બધા સુખી કહેવાય છે ને ? એ અંદર રાગનો સ્વાદ લે છે એ દુ:ખી છે. આહાહાહા ! પૈસાનો સ્વાદ નથી. આહાહા... એને એ શુભ ને અશુભ ભાવ એ વિકારી ભાવ, દુ:ખરૂપ ભાવ તેનો તેને અજ્ઞાનીને અનાદિથી, મુનિ થયો-દ્રવ્યલિંગી દિગંબર ૨૮ મૂળ ગુણ પાળ્યા, પંચ મહાવ્રત પાળ્યા, પણ છતાં તે રાગના સ્વાદને તેણે ચાખ્યો છે, આહાહા... એણે આત્મા આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ એનો સ્વાદ એને આવ્યો નહિ, તેથી તે ચાર ગતિમાં રખડે છે. જૈન દિગંબર સાધુ થઈને પણ પંચ મહાવ્રત પાળે ૨૮ મૂળ ગુણ પાળે, એ રાગ છે ને રાગનો સ્વાદ છે તે આત્માથી વિરુદ્ધ છે. આહાહા ! એવા અનાદિથી રાગના સ્વાદને અનુભવતો, "પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો વારંવાર અનેક વિકલ્પરૂપે પરિણમતો થકો" એ રાગના પુણ્યના પાપનાં ભાવ, એના સ્વાદને લેતો, વારંવાર તેમાં વિકલ્પને કરતો એ કર્તા પ્રતિભાસે છે". આહાહાહાહા !

અજ્ઞાનીને-મિથ્યાદૃષ્ટિને અકૃત્રિમ, વિજ્ઞાનઘન ઉદાસીન ચૈતન્ય સ્વરૂપ તેના ભાનથી ભૂલેલા અનાદિથી, એથી તે વિજ્ઞાનઘન સ્વભાવ તેનાથી ભ્રષ્ટ થયા થકા રાગના પરિણામને પોતાના માની તેને કરે છે અને તેનો એ સ્વાદ લે છે. ભારે કામ ભાઈ ! આહાહા ! આ પૈસાવાળા દુનિયા કહે ને અબજોપતિને, પણ એ બધા રાગના સ્વાદિયા છે, સ્વરૂપથી ભ્રષ્ટ થઈ ગયેલા છે. આહાહાહા ! અકૃત્રિમ અને નિર્વિકલ્પ ભેદરહિત એવું આનંદ સ્વરૂપ, એવો વિજ્ઞાનઘન ભગવાન આત્મા તેનો આશ્રય નહિ ને તેનાથી ભ્રષ્ટ થયા છે, તે સ્વર્ગના દેવ હોય, નવમી ગ્રૈવેયકનો મોટો, કે પંચમહાવ્રતનો ધારક દ્રવ્યલિંગી જૈન દિગંબર સાધુ હો, પણ એ વિજ્ઞાનઘનથી ભ્રષ્ટ છે ને રાગનો સ્વાદ લે છે. આહાહાહા !

( શ્રોતા:-રાગનો સ્વાદ લે છે કે રાગને જાણે છે તેનો સ્વાદ ) એકલો રાગનો, બેનો કોનો ? આત્મા ક્યાં છે ? ભેળસેળમાં તો આત્માની સાથે રાગને ભેળસેળ કરે એમ કીધું અને આનંદનો સ્વાદ ને રાગનો સ્વાદ એમ નથી ભેળસેળથી વાત કરી પહેલી, ( શ્રોતા:-જાણનક્રિયા ) જાણે નહિ, જાણે ક્યાંથી ? છે ક્યાં ? ( શ્રોતા:-અજ્ઞાનથી ) અજ્ઞાનથી એટલે રાગને જાણે, સ્વભાવને જાણે છે ક્યાં ? આહાહાહા ! ભારે કામ ભાઈ ! કે આ તો "અનેક વિકલ્પરૂપે પરિણમતો થકો કર્તા પ્રતિભાસે છે" એ અજ્ઞાનીને રાગનો સ્વાદ આવતાં રાગનો કર્તાપણે માનીને એને કર્તા ભાસે છે કે હું તો આનો કર્તા છું સ્વરૂપની તો ખબર નથી એને. આહા ! આવો

મારગ. ગાથા બહુ ઊંચી છે. આહા !

એ મોટા ચક્રવર્તી પદમાં હોય, બ્રહ્મદત્ત ચક્રવર્તી ૯૬૦૦૦ સ્ત્રી ૯૬ કરોડ ગામ, ૯૬ કરોડ પાયદળ પણ એ આત્મા જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ તેનાથી ભ્રષ્ટ થયેલો અજ્ઞાની, એ સ્ત્રીઓનો ને મકાનનો ને એનો સ્વાદ નો'તો એને, એને સ્વાદ હતો રાગ અને પુણ્ય ને પાપના ભાવનો સ્વાદ, જે શુભ–અશુભ રાગ એ ઝેર સમાન છે, ઝેરનો સ્વાદ હતો. આહાહા !

અમૃતરૂપ વિજ્ઞાનઘન ભગવાન એનાથી અજ્ઞાની ભ્રષ્ટ થયો એ ઝેરનો રાગનો સ્વાદ લે છે. આહાહા ! મુદ્દાની વાત છે આ તો. સમજાણું કાંઈ ? આંહીં તો કહે છે ને દયા પાળીએ છીએ ને વ્રત કરીએ છીએ ને ભક્તિ ને પૂજાને દાન કરીએ છીએ ને મંદિર બનાવીએ છીએ ને એમાં એને જે રાગ થાય એ રાગને વેદે છે, પરને નહિ, સ્વને નહિ. આહાહાહા ! એ અકૃત્રિમ વિજ્ઞાનઘન, નિર્વિકલ્પ પ્રભુ આત્મા છે અભેદ, એનું જેને જ્ઞાન નથી અનાદિથી, તેથી તેના સ્વભાવના અભાવરૂપ, શુભ–અશુભ રાગનો તેને ઝેરનો સ્વાદ છે. અમૃતનો સ્વાદ ભગવાનનો એને નથી. આહાહાહા ! ભલે દિગંબર સાધુ થાય, પંચમહાવ્રત પાળે, ૨૮ મૂળગુણ, પાંચ સમિતિ ગુપ્તિ વ્યવહાર, પણ એ બધા રાગ છે, ને રાગનો સ્વાદ તે ( વિકલ્પથી ) ભ્રષ્ટ થયો નિર્વિકલ્પથી, એનો સ્વાદ વિકલ્પનો છે. આવું કામ છે બાપુ ! આહાહા ! એ અજ્ઞાનીની વાત અનાદિની કરી.

હવે જ્ઞાનીની. "અને જ્યારે આત્મા જ્ઞાની થાય" આહાહા ! આત્મા અકૃત્રિમ નિર્વિકલ્પ વિજ્ઞાનઘન તેની સન્મુખ થઈને તેનો અનુભવ કરે, તેનું નામ જ્ઞાની. આહાહાહા ! તેનું નામ ધર્મી, ધર્મની પહેલી દરજ્જાવાળો જ્યારે આત્મા જ્ઞાની થાય, એટલે કે રાગના વિકલ્પથી પ્રભુ ભિન્ન છે, એનું આત્માનું સચ્ચિદાનંદ પ્રભુ વિજ્ઞાનઘન જે છે અકૃત્રિમ, નિર્વિકલ્પ, એનું અંતરમાં નિમિત્તનું લક્ષ છૂટી, રાગનું લક્ષ છૂટી, પર્યાયના ઉપરનું પણ લક્ષ છૂટીને જ્ઞાન, આત્માનું જ્ઞાન થાય એમ કીધું ને, આત્મજ્ઞાન કીધું ને ? પર્યાયનું જ્ઞાનેય નહિ, રાગનું નહિ, નિમિત્તનું નહિ, આત્મા જ્ઞાની થાય એટલે આત્મજ્ઞાની થાય. આહાહા !

આત્મા અણાકુળ આનંદના સ્વાદ સ્વભાવથી ભરેલો પ્રભુ એનું જેને જ્ઞાન થાય, સમકિત દર્શન થાય, અહીં જ્ઞાનથી પ્રથમ વાત લીધી છે, સમ્યગ્દર્શનમાં આત્માનું જ્ઞાન થાય, તેને આત્માનો સ્વાદ આવે. આહાહાહા ! જ્ઞાનને લીધે, જ્યારે આત્મા જ્ઞાની થાય ત્યારે, આત્મા જ્ઞાની થાય ત્યારે, જ્ઞાનને લીધે સ્વરૂપ આનંદ ને જ્ઞાનઘન છે, એવું જ્ઞાનને લીધે, "જ્ઞાનનાં આદિથી માંડીને" જ્યારથી સ્વરૂપનું જ્ઞાન થયું, રાગના વિકલ્પથી ભિન્ન પડીને, ત્યારથી તે "જ્ઞાનના આદિથી માંડીને પૃથક્ પૃથક્ સ્વાદનું સ્વાદન અનુભવન હોવાથી" શું હવે કહેવું છે ? આત્માનું જ્ઞાન થાય, સમ્યગ્દર્શન સ્વરૂપ એમ થતાં તેને પૃથક્ પૃથક્ સ્વાદ આવે ભાઈ, એકલો સ્વાદ નથી લીધો. પૃથક્ પૃથક્ સ્વાદનું સ્વાદન–અનુભવન હોવાથી આત્માના આનંદનોય સ્વાદ છે, અને જરી રાગ છે એનો પણ ભિન્ન સ્વાદ જાણે છે, શું કહે છે ? આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, વીતરાગ પરમેશ્વરે જોયો એ આત્મા હોં, આ લોકો અજ્ઞાની આત્મા આત્મા કરે, વેદાંતમાં ને બધામાં એ વસ્તુ બધી કલ્પિત કૃત્રિમ છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર એણે જે વિજ્ઞાનઘન આત્મા કહ્યો, એનું જેને અંતરસન્મુખ થઈને જ્ઞાન થયું. જ્યારથી જ્ઞાનથી માંડીને આહાહા...

છે ? પૃથક્ પૃથક્ સ્વાદ એટલે હજી પૂર્ણ વીતરાગ નથી, ત્યાં સુધી સમકિતી ધર્મીને આત્માના આનંદનોય સ્વાદ અને રાગનો સ્વાદ પણ પૃથક પૃથક છે. આહાહા ! ભાઈ ! કોઈ એમ કહે કે આ જ્ઞાન થયું એટલે એકલો આત્માનો જ આનંદનો સ્વાદ છે, એમ નથી. ( શ્રોતાઃ-વિશુદ્ધ આનંદ ) વિશુદ્ધ આનંદ છે, જેટલો આત્માનો આનંદ છે, ને જેટલો દુઃખનો સ્વાદ છે, બે ભિન્ન છે, બે ને ભિન્ન જાણે છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? ઓલા કહેતા'તા ને ભાઈ શેઠિયા દિપચંદજી કે આત્માને દુઃખનું વેદન હોય જ નહિ, જ્ઞાની થયો એટલે દુઃખનું વેદન હોય જ નહિ, એ રીતે ચડી ગયેલા. હેં ! ( શ્રોતાઃ- છેદન હોય પણ વેદન ન હોય ) એનો અર્થ શું હોય ? આંહીં શું કીધું ? પૃથક પૃથક સ્વાદનું અનુભવન હોવાથી બેયનો જુદો જુદો અનુભવ છે, આનંદનો અનુભવ અને સાથે રાગ બાકી રહ્યો તેનો અનુભવ પૃથક પૃથક ભિન્ન સ્વાદ છે. આહાહાહા ! વીતરાગ માર્ગ એવો, શું કીધું ? ( ફરમાવો )

અને જ્યારે આત્મા જ્ઞાની થાય ત્યારે એમ. જ્ઞાનને લીધે, આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું ભાન થયું છે, એને લીધે "જ્ઞાનના આદિથી" જ્યારથી સમ્યગ્જ્ઞાન થયું, અનુભવ થયો, સમયગ્દર્શન થયું ત્યારથી, આદિથી માંડીને પૃથક પૃથક સ્વાદનું સ્વાદન-અનુભવન-હોવાથી પુદ્‌ગલ કર્મના અને પોતાના સ્વાદનું એકરૂપે નહિ પણ ભિન્ન ભિન્નપણે અનુભવન હોવાથી, બેય અનુભવે છે બેયને પણ એક દુઃખરૂપ અને એક આનંદરૂપ, ભિન્ન ભિન્નપણે સ્વાદ છે. પૂર્ણ વીતરાગ નથી ને ? વીતરાગને પૂર્ણ આનંદનો અનુભવ, મિથ્યાદૃષ્ટિને પૂર્ણ દુઃખનો અનુભવ, અને સમકિતીને થોડો આત્માનો આનંદનો અનુભવ અને થોડો રાગનો, બે પૃથક પૃથક સ્વાદનો અનુભવ. આહાહાહાહા ! હેં ? ( શ્રોતાઃ- કાળ એક પણ સ્વાદ ભિન્ન ભિન્ન ) ભિન્ન ભિન્ન છે ને ? ભિન્ન ? એક પર્યાયના બે ભાગ, થોડો આનંદ છે ને થોડું દુઃખ રાગ છે. એક પર્યાયના બે ભાગ. આહાહાહા !

કહો, આ દુનિયા કહે છે ને પૈસાવાળા કરોડોપતિ ને અબજોપતિ સુખી છે. દુઃખના પોટલા બાંધે છે. એકલા દુઃખી છે. આહાહાહા ! સ્વરૂપ તો આનંદ સ્વરૂપ પ્રભુ એનું જેને જ્ઞાન નથી, એની જેને અંતરમાં પિછાણ નથી, સ્વરૂપનું આનંદ સ્વરૂપ છે, તેવું તેને અંદર પર્યાયમાં વેદન આવ્યું નથી, તેને તો એકલા રાગના સ્વાદમાં દુઃખી છે એ. પછી ચક્રવર્તી હો બ્રહ્મદત્ત દુઃખી છે. અને દુઃખને ભોગવીને મરીને પાછો સાતમી નર્કે ગયો. આહાહાહા ! પણ જ્યારથી આત્મજ્ઞાન થાય, આ કરવા જેવું તો આ છે, કહે છે.

રાગ અને નિમિત્તથી પૃથક પ્રભુ છે તેનું દર્શન ને તેનું જ્ઞાન કરવા જેવું છે. એ જ્ઞાન કરે એનું ભાન થયે કર્મના ઉદયનો સ્વાદ અને આત્માનો સ્વાદ બે ય ભિન્ન ભિન્નપણે જાણે છે, અનુભવે છે. સમજાણું કાંઈ ? કર્મના અને પુદ્‌ગલના સ્વાદનું એકરૂપે નહિ, પણ ભિન્ન ભિન્નપણે અનુભવન છે. એક જ અનુભવ છે આનંદનો એમે ય નહિ, અને આનંદનો અનુભવ છે અને રાગ દુઃખના અનુભવને જાણે છે, એમે ય નહિ, બેયનો અનુભવ છે-સાધક છે ત્યાં સુધીમાં. આહાહાહાહા ! આવો ધર્મ હવે અહીં કહે છે. આંહીં તો ઓલા વ્રત કરે ને અપવાસ કરે ને થઈ ગયો ધર્મ, ધૂળમાં ય ધર્મ નથી, એ તો બધી રાગની ક્રિયા છે ! સાંભળને... આહાહા... એ તો દુઃખનો સ્વાદ છે.

( શ્રોતાઃ– અનેકાંત ધર્મ જાણે–વેદે કે છેદે ) છેદે–ભેદે, કયાં છેદવું 'તું ? જાણીને વેદે છે બસ, છેદન ભેદન કરતો નથી. કથન, છેદે શું ? આંહીં તો મોક્ષે ય કરતો નથી ને ભાષા આવે વ્યવહારે, સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન અનુભવ થયો ત્યારે તો જ્ઞાની રાગને ય જાણે, નિર્જરાને ય જાણે, બંધને જાણે ને મોક્ષને ય જાણે, કરે નહિ. ( શ્રોતાઃ– પણ છેદે ભેદે ને ) છેદેય નહિ, છેદે કોને ? છેદીને, ( શ્રોતાઃ– છેદીને આગળ વધેને ? ) નહિ નહિ એ ભાષા બોલાય એમ છેદાય છે, પણ છેદે કોને, આ રાગ છે ને એને છેદું એમ છે ત્યાં ? ઝીણી વાત બહુ બાપુ !

વીતરાગ માર્ગ પરમેશ્વર જિનેશ્વરનું કહેલું તત્ત્વ અત્યારે મળતું નથી, ગુમ થઈ ગયું, વાડા બાંધીને બેઠા ને અમે ધર્મ કરીએ છીએ. આ વ્રત કરીએ છીએ ને અપવાસ કર્યા ને તપસ્યાઉં કરી મહિનાના ને એ તો બધી રાગની ક્રિયા છે. આહાહા ! અંતર ભગવાન આત્મા એ રાગની ક્રિયાથી ભિન્ન છે એવું જ્યાં જ્ઞાન અને આત્મ–અનુભવ થયો ત્યારથી માંડીને તેનાં બે પ્રકારના સ્વાદને ભિન્ન ભિન્ન જાણે છે અથવા ભિન્ન ભિન્ન અનુભવે છે. આહાહા ! સમજાય છે કાંઈ ? ચીમનભાઈ ! આવું છે. મુંબઈમાં રહે ને મોટી મોહનગરી છે. આહાહા ! હો હા ! હો હા, લઈને. હવે આ વાત કયાં સાંભળે, સાંભળવા મળેય નહિ કયારે સમજે કે દિ'. અરે ૮૪ નાં અવતાર કરી કરીને મરી ગયો છે. અબજોપતિ અનંતવાર થયો અને સો વાર માગે ત્યારે તો એકવાર કોળીયો મળે એવો ભિખારી અનંત વાર થયો, એ કોઈ નવી ચીજ નથી, આહા... અરે પંચમહાવ્રતનો પાળનારો અનંતવાર થયો, એ કોઈ નવી ચીજ નથી. આહાહા ! એવા પંચમહાવ્રતનાં પરિણામ છે એ તો રાગ છે, ને રાગ છે ત્યાં આસ્રવ છે, ને આસ્રવ છે તે દુઃખ છે. આહાહાહા ! હવે એને જેને અહીં લોકો ધર્મ માને. સમજાણું ? આહાહા ! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ દુઃખરૂપ છે, રાગ છે અને તે સમકિતીને જ હોય, તીર્થંકર પ્રકૃતિ બાંધવાનો વિકલ્પ હોં પણ એ વિકલ્પ છે એ રાગનો સ્વાદ છે. આહાહાહા ! અને એનાથી ભિન્ન આત્માના આનંદનો સ્વાદ તે ભિન્ન છે, બેયને પૃથક પૃથક સ્વાદને અનુભવે છે.

( શ્રોતાઃ– શુદ્ધ ઉપયોગની વાત ચાલે છે ) શુદ્ધ ઉપયોગની વાત ક્યાં છે અત્યારે, શુદ્ધ ઉપયોગમાં તો અંદર એકલો ( આનંદ ) હોય છે, અને છતાં વેદનમાં રાગ હોય છે, છતાં વેદનનો ખ્યાલ હોતો નથી, આ અંતરના અનુભવમાં વેદન તો રાગનું છે એને પૂર્ણ વેદન ન હોય ( પૂર્ણ વેદન હોય ) તો તો વીતરાગ થઈ જાય, લક્ષ એની કોર નથી. આહાહા ! શુદ્ધ ઉપયોગનું વેદન છે, તે ટાણે પણ હજી પૂર્ણ શુદ્ધ છે નહિ એટલે રાગ છે. આહાહા... દશમાં ગુણસ્થાન સુધી રાગ છે, ત્યાં સુધી વેદન પણ છે, આહાહાહા... પણ એ તો દ્રષ્ટિ આમ સ્વભાવ સન્મુખમાં છે ને એટલે એ વળી જાણવાનું ભગવાને કહ્યું કે ભાઈ ન્યાં છે રાગ, એટલું, સ્વાદ પણ એનો છે દુઃખરૂપ, પણ અનુભવમાં અંદર છે એટલે એને એના ઉપર ખ્યાલ નથી, પણ વેદનમાં એ તો સાધારણથી વાત લેવી છે ને ? જ્ઞાનથી આદિમાં, આદિથી માંડીને એમ કહ્યું છે ને ? આહાહાહા !

ભગવાન આત્મા પરમાત્મ સ્વરૂપ જ પ્રભુ છે અંદર, નિજ પરમાત્મ દ્રવ્ય પોતે છે. આહાહાહા ! એ નિજ પરમાત્મદ્રવ્ય પોતે પ્રભુ છે. એનું જ્યાં અંતર સન્મુખ થઈને, એનું જ્ઞાન થયું, ત્યાં તેને તેની જાતનો સ્વાદ પણ આવ્યો અને તેટલો રાગ બાકી છે તેનો પણ સ્વાદ છે, પણ બેના ભિન્ન ભિન્ન સ્વાદ છે, બે ને એકપણે માનતો નથી. આવી વાતું હવે આકરી પડે

માણસને, પછી સોનગઢવાળા નિશ્ચયની વાતું કરે છે, એમ કરે બિચારા, શું કરે, એને ખબર નથી. વ્યવહારની વાતો કરતા ( નથી ) વ્યવહાર એટલે શું ? રાગ અને રાગ એટલે દુઃખ શું કરવું છે તારે ? સમજાણું કાંઈ ? વ્યવહાર આવે તો એ રાગ છે ને રાગ છે એ દુઃખનું વેદન છે. આહાહાહા ! શું થાય ? જગત અનાદિથી લૂંટાય છે, અને હોંશથી લૂંટાય છે.

જ્ઞાનના આદિથી માંડીને પૃથક પૃથક સ્વાદનું, સ્વાદન અનુભવન, સ્વાદન એટલે અનુભવન પૃથક પૃથક સ્વાદનું અનુભવન હોવાથી, પુદ્ગલકર્મના અને પોતાના સ્વાદને, પુદ્ગલકર્મનો એટલે ઓલો વિકાર છે ને રાગદ્વેષ, એ પુદ્ગલકર્મનું ફળ છે એમ કહેવું છે. એનું વેદન છે. આહાહા ! આહાહા ! એકરૂપે નહિ પણ ભિન્ન ભિન્નપણે અનુભવન હોવાથી, જેની ભેદ વિજ્ઞાન શક્તિ ઉઘડી ગઈ છે. આત્માના અતીન્દ્રિય આનંદનું વેદન અને રાગનું વેદન પણ 'બે' ની ભિન્નતાની શક્તિ ખીલી ગઈ છે, રાગનું વેદન અને આનંદનું વેદન એની 'બે' ની ભિન્નતાનું ભાન થઈ ગયું છે. ભિન્નતાની શક્તિ ઉઘડી ગઈ છે. અજ્ઞાનીને ભિન્નતાની શક્તિ બિડાઈ ગઈ'તી. આહાહા ! શું મારગ ?

એક ફેરી નહોતું કહ્યું નાનાલાલભાઈ કરોડપતિ મોટા પૈસા ઘણાં, એના વેવાઈ આવ્યા'તા પછી વ્યાખ્યાનમાં હાજર હતા સ્વાધ્યાય મંદિરમાં ( બોલ્યા ) અમારા વેવાઈ સુખી છે. કીધું એલા સુખીની વ્યાખ્યા શું ? આ કરોડ રૂપિયા છે ને દશ લાખની પેદાશું વરસની ને છોકરા બધા કમાઉ ને, એ સુખી ? એ સુખની વ્યાખ્યા ? કાંપના હતા શું કહેવાય એ, ચુડગર-ચુડગર-ચુડગર હતો કો'ક વેવાઈ મોહનભાઈનો વેવાઈ ને આ પૈસા કરોડો રૂપિયા હોય ને પાંચ લાખ, દશ લાખ પેદા થતા હોય, આ તો ચાલીસ કરોડ લો ને ભાઈને શાહુજીને, પણ આપણો આ ગોવાનો બે અબજ ચાલીસ કરોડ-શાંતિલાલ ખુશાલ, બે અબજ ચાલીસ કરોડ બસે ને ચાલીસ કરોડ દુઃખી, દુઃખી-દુઃખી બિચારા. આ મારા છે ને મને પૈસાવાળો છું ને હું ઘણાં માણસને નભાઉં છું હજારો માણસો ને મોટો વેપાર, ( શ્રોતાઃ- બીજા કરતાં દુઃખી હશે ) બીજા કરતા મોટો દુઃખી છે. ઓછી મમતાવાળો થોડો દુઃખી છે, ને ઘણી મમતાવાળો ( વધારે દુઃખી છે ) ઘણાં પૈસા છે માટે એમ નહિ હોં, ઘણી મમતા ( છે માટે ) ચક્રવર્તીને છ ખંડનું રાજ્ય છે, પણ સમકિતી હોય એને અલ્પ દુઃખ છે, આનંદ પણ છે થોડો જેટલો રાગ આસકિત છે એટલું દુઃખ પણ છે, ચક્રવર્તી. અને નારકીનો જીવ, જેને કાંઈ સગવડતા નથી, એકલો મિથ્યાત્વભાવ છે, જેને સ્વરૂપનું ભાન નથી એ એકલો દુઃખી છે. આહાહા ! અને નારકીનો જીવ સમકિતી છે. ત્યાં આત્મજ્ઞાન થયું છે તો એને જેટલો આનંદ પણ છે, અને જેટલો જે હજી આસકિત છે તેટલો રાગ પણ છે. આહાહાહા !

"સુખીયા જગતમાં સંત, દૂરીજન દુઃખીયા" એ જેને આત્માનું જ્ઞાન નથી અને પર ઉપરની એકલી મમતામાં પડયા છે, એ દૂરીજન છે. સુખીયા જગતમાં સંત, આત્મા આનંદ સ્વરૂપનું ભાન થઈને આનંદનો સ્વાદ આવે એ સુખી છે. આહાહાહા ! ( શ્રોતાઃ- સંતોષી સુખી છે કે નથી ) સંતોષનો અર્થ શું ? આ વીતરાગભાવ પ્રગટયો એ સંતોષ છે, સંતોષનો અર્થ એ કે રાગ છે એ મારો નહિ અને હું વીતરાગ સ્વરૂપે છું, એવી દશા વીતરાગી જે આનંદની થઈ, એનું નામ સંતોષ છે. પુંજાભાઈ ! આ બધા નૈરોબીમાં ધંધા કરનારા છે ને ? આહાહાહા ! ( શ્રોતાઃ- જાુદી જાતના અર્થો છે ) જાુદી જાતનાં અર્થ છે. આહા ! અરે ! આવું સત્ય સાંભળવા

ન મળે એના જીવન ઢોર જેવા છે. વ્યર્થ ભલે એ અબજોપતિ હોય પશુ છે પશુ, ચૌદ બોલમાં નથી કીધું, પશુ. આહાહાહા ! "મનુષ્યા સ્વરૂપે મૃગા ચરન્તિ" મનુષ્યના રૂપે પણ ઢોર જેવા, હરણ જેવા છે એ. આહાહાહા ! અને પશુ છે તિર્યંચ છે અસંખ્ય બહાર સમકિતી છે, ભગવાન કહે છે. એ પશુ છે છતાં તે આનંદના અનુભવને સ્વાદે છે અને જેટલો રાગ એટલો દુઃખના વેદનને પણ જાણે છે, સ્વાદે છે સિંહ અને વાઘ હોં, અઢી દ્વીપ બહાર અસંખ્ય સિંહ અને વાઘ અસંખ્ય ગુણા મિથ્યાદૃષ્ટિ છે ને એના અસંખ્યમે ભાગે સમકિતી છે. આહાહા ! એ સુખી છે, જેને મકાન નથી, જેને રહેવાના સ્થાન નથી, જેને કપડાં નથી, દાગીના નથી–મકાન નથી, છતાં આત્મજ્ઞાન ને અનુભવ આત્માનો થયો છે, તેને આનંદ છે. અને જેટલી હજી પર તરફની રાગની આસક્તિ છે–એનું એને દુઃખનું ય વેદન ભેગું છે, પણ 'બે' નું પૃથક પૃથક વેદન છે. બે એકપણે છે એમ નહિ. આહાહા ! આવી વ્યાખ્યા હવે સાંભળવી કઠણ પડે, આખી જિંદગી બિચારા પચાસ પચાસ સાંઈઠ વર્ષ, વ્રત કરો ને અપવાસ કરો ને તપસ્યા કરો ને એમાં જિંદગી ગાળી અજ્ઞાનમાં. આહાહા ! ગાથા બહુ સારી છે.

એકરૂપે નહિ અનુભવન હોવાથી, જેની ભેદવિજ્ઞાન શક્તિ ઉઘડી ગઈ છે, એવો હોય છે; તેથી તે જાણે છે, જોયું ? જાણે પણ છે અને વેદે છે, કે અનાદિનિધન, આહાહાહા... હું એક ભગવાન આત્મા, અનાદિ એટલે આદિ વિનાની ચીજ અને 'અનિધન' જેનો અંત નથી. "અનાદિનિધન, નિરંતર સ્વાદમાં આવતો" આહાહાહાહા... એ ભગવાન આનંદ સ્વરૂપ છે એ નિરંતર સ્વાદમાં આવતો, આહાહા... સમ્યગ્દૃષ્ટિને ધર્મી જીવને અનાદિ અનંત જે ભગવાન આત્મા એનો નિરંતર સ્વાદમાં આવતો, આહાહા... "સમસ્ત અન્ય રસથી વિલક્ષણ", સમસ્ત અન્ય રાગાદિના લક્ષણથી ભિન્ન, આહાહાહા... સમસ્ત અન્ય રસ, આહાહા... એને પાંચ લાખની પેદાશ એક દિવસમાં થાય ને હરખ આવે, આજ તો ન્યાલ થઈ ગયો, મહાદુઃખી છે. એવા રસથી ભિન્ન જે આ રસ છે, એમ કહે છે. પાનસેનો પગાર હોય ને હજારનો પગાર થઈ જાય ન્યાં રાજી રાજી થઈ જાય કે પાનસે વધ્યા, પાંચ હજારનો પગાર હોય ને દશ હજારનો થઈ જાય તો ખુશી ખુશી થઈ જાય. અત્યારે છે ને આપણાં છોકરાઓ છે ને ? પંદર હજારનો પગાર દલીચંદભાઈનો. મોરબી–મોરબી. એય નવલચંદભાઈ, આ દલીચંદભાઈ નહિ ? નવલચંદભાઈને કહું છું, મોરબીના નથી ? દલીચંદભાઈના દિકરા છે ને ? મુંબઈ. એક ને પંદર હજારનો પગાર છે મહિને, એકને આઠ હજારનો છે ને એકને દશ હજારનો છે, ત્રણ છોકરાં છે શું છે પણ એમાં ? વેપારીને તો પાંચ–પાંચ લાખની પેદાશ થાય બાર મહિને, એની ગણત્રી, એથી શું થયું પણ, દુઃખી છે દુઃખી. આહાહા !

જ્ઞાની ધર્મી જીવને આત્મા આનંદસ્વરૂપ છે, નિર્વિકલ્પ અકૃત્રિમ વિજ્ઞાનઘન આનંદકંદ પ્રભુ છે, એવું ભાન થયે સ્વાદમાં આવતો સમસ્ત અન્ય રસથી વિલક્ષણ, આહાહાહા... વિષયના રસમાં જે આવે રસ એ તો રાગ છે. એ દુઃખ છે. આહાહા... છોકરાના લગન થતાં હોય કન્યા વળી કરોડ બે કરોડની આસામી આવી હોય, એના બાપને એકની એક હોય, પચીસ લાખ લઈને આવતી હોય, મરી જશે તો પછી પણ બધું આને આવશે. જો એ લગનમાં ઈ એનો વર–ધણી ને સાસરો ફાલ્યા ફુલે જાણે. ઓહોહોહો ! શું આજના લગન ને શું, આવો હરખ તો

કોઈ દિ' જોયો જ નહિ. દુઃખી છો પ્રભુ સાંભળને, વિકારનું વેદન છે. આવું જગતથી ઉંધુ ભારે ભાઈ, હેં ? આહાહા... એમાં પાંચ પચીસ લાખ લઈને આવી હોય, જુવાન બાઈ વીસ વરસની, ને પોતાની ઉંમર હોય પચાસ વરસની ને પરણે ને જુઓ તમારે એ તો, ગાંડા જોઈ લો પાગલ. આહાહા ! આનંદ આનંદ છે, આજ તો. શું કહેવાય પહેલી જીવનનું પહેલું રાતનું સુહાગરાત, ઓલો નહતો કુમાર રાજકુમાર પરદેશમાં કયાંક અરબસ્તાનનો, લગ્ન કર્યા તે દિ' એક રાતે એક કરોડ ખર્ચ્યા, એક કરોડ સુહાગરાતે, એટલે રાજી. આહાહાહા ! અમે સુખમાં છીએ ? અરે પ્રભુ મરી ગયો, મારી નાખ્યો તને આનંદના નાથને મારી નાખીને તું રાગના વેદનમાં પડયો મોટી હિંસા કરી તેં પ્રભુ ! હવે આવી વાતું દુનિયા હારે મેળ શી રીતે ખાય ? આહાહા !

"અત્યંત મધુર જે ચૈતન્યરસ" આહાહા ! ભગવાન અનાદિ અનંત પ્રભુ છે તેનો આનંદરસ, અત્યંત મધુર. રાગના અસંખ્ય પ્રકારના રાગના સ્વાદથી ભિન્ન જાત છે. આહાહા ! અનુકંપા કરી હોય બહુ, પાંચ પચીસ લાખ આપીને પાંજરાપોળને ફલાણાને, એને રાગનો રસ આવે, એ બધો રાગ છે એ તો, એ રાગથી પ્રભુનો સ્વાદ ભિન્ન રસ છે. આહા ! વિલક્ષણ છે. અન્ય રસથી લક્ષણ જ એનું જુદી જાત છે. આહાહા ! અત્યંત મધુર જ ચૈતન્યરસ, અત્યંત મધુર મીઠો આનંદરસ. આહાહા ! એ મેસુબ ખાતો હોય ચાર શેર ઘી પાયેલો, અને ચોસલા આમ, એને રાગ થાય કે, ઓહોહોહો ! એ દુઃખનો સ્વાદ છે, મેસુબનો નહિ, મેસુબનો સ્વાદ એને આવે જ નહિ કોઈને, એ તો જડ છે, પ્રભુ તો અરૂપી એને સ્વાદ જડનો કયાંથી આવે ! એમાં એને ઠીક લાગ્યું એવો રાગ, તે રાગનો સ્વાદ છે, ઝેરનો સ્વાદ છે, ઝેરીલો સ્વાદ ચાખે છે, એનાથી ચૈતન્યનો રસ વિલક્ષણ, ભિન્ન જાત છે. આહાહા... ભારે ગાથા છે. અલૌકિક છે.

સર્વજ્ઞ વીતરાગ, પરમેશ્વરનું કથન છે, એ સંતો પોતે અનુભવીને કથન દ્વારા જગતને જાહેર કરે છે. આહાહાહા ! ચારિત્રનો અનુભવ હોં મુનિ છે ને તે અતિન્દ્રિય આનંદ, મુનિ એને કહીએ કે સમ્યગ્દર્શન કરતાં પણ એને અતીન્દ્રિય આનંદ બહુ હોય, ઘણો હોય, આહાહા... પ્રચુર સ્વસંવેદન હોય, પાંચમી ગાથામાં આવે છે, એને મુનિ કહીએ લૂગડા છોડીને ત્યાગી થયા, નાગા થયા, થઈ ગયા મુનિ ? મુનો ફુનો કે દી' હતો. આહાહા ! આવું આકરું લાગે નહિ ? ચેતનજી ? આહાહાહા !

આ બાઈયું જુવાન બાઈ દીક્ષા લ્યે ને એટલે જાણે કે આહા... દીક્ષા કે દિ' હતી એને ? મિથ્યાદૃષ્ટિ છે હજી તો રાગ ને શરીર મારાં. રાગ ને શરીરથી ભિન્ન ભગવાનને તો જાણ્યો નથી, એ દીક્ષા બધી રાગની દુખિયાની દુઃખીની દશા છે, દક્ષા છે દુઃખની દક્ષા. ભારે આકરું કામ હોં, જુવાન બાઈ આમ વીસ પચીસ વર્ષની મોટો મહોત્સવ કરે, પાંચ પચાસ હજાર ખર્ચે હાથીને હોદે બેસારે, અમારી દીક્ષામાં હાથીને હોદ્દે હતા. અમારે ૬૬ વરસ થયા, હાથી હાથી તે દી' હતો ને અહીં વેળા હતો ને વેળા રાજા હાથી રાખતો હવે તો કયાં હતા ? તે દી' હાથી વાળાનો હતો ઉમરાળાથી સાત માઈલ થાય હાથી લાવ્યા'તા તે એવો હતો હાથી મોટો કે જે ઓલા તરાપા બાંધેલા કાઢી નાખવા પડેલા બહુ ઊંચો, ગામમાં બાંધેને દીક્ષાની વખતની, હાથીને હોદ્દે બેઠા'તા હવે લોકો વખાણ કરે કે શું છે પણ ? ત્યાં કીધું ને ઓલા હાથીએ ચઢતા નિસરણીનો છેડો ફાટયું લૂગડું ફાટયું કીધું આ શું, વાત એ કે આ વસ્ત્ર સહિત મુનિપણું હોય નહિ, કુદરતે,

પણ એ કાંઈ ખબર નહિ ને ભાન નહિ ને ? આહા !

આંહીં કહે છે કે "અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે" આહાહાહા ! ભગવાન આત્માનો તો અત્યંત મધુર ચૈતન્ય રસ તે જ એનો રસ છે. વચ્ચે દયા, દાન, વ્રતના રાગનો રસ છે એ કાંઈ એનો રસ નથી. આહાહાહા ! મધુર ચૈતન્ય રસ તે જ એક જેનો રસ છે, તે જ એક જેનો રસ છે, ઓલો રાગનો સ્વાદ આવે પણ એ કાંઈ એનો રસ નથી, એમ કહે છે. આહાહા ! મુનિને પણ પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે, પણ એ કાંઈ આત્માનો આનંદરસ નથી, એ તો દુઃખ છે. આહાહા ! એનાથી ભિન્ન ચૈતન્ય મધુર રસ જેનો એક જ રસ છે. આહાહા ! એવો આ આત્મા છે. છે ? અત્યંત મધુર જે ચૈતન્યરસ છે તે જ એક જેનો રસ છે, એવો આ આત્મા છે, એવો આ આત્મા છે, અત્યંત આનંદનો મધુર સ્વાદ તે આત્મા છે. આહાહાહાહા ! એને બાકી જે રાગાદિ મહાવ્રતનો આદિ વ્રતનો ( ભાવ ) આવે તે આત્મા નથી. એ તો કર્મનો સ્વાદ છે, દુઃખનો સ્વાદ છે. આહાહાહાહા ! ક્યાંથી બેસે ? પુણ્ય ભાવનો સ્વાદ છે શુભનો, એ પણ આત્મ સ્વાદ નથી. આહાહા ! પાપ ભાવનો સ્વાદ એ આત્માનો સ્વાદ નથી, ભગવાનનો તો એ મધુર ચૈતન્યરસ એક જ રસ તેનો તે રસ છે. છે ? તે જ એક જેનો રસ છે એવો આ આત્મા છે. એકલો અતીન્દ્રિય મધુર આનંદ રસ છે, તે આત્મા છે. આહાહાહાહા !

હવે આવું તે સાંભળવા મળે નહિ, હવે એને કરે કે દિ' કરે બિચારા રખડી મરે છે આમ ને આમ. આહાહા ! દુઃખી દુઃખી અને કંઈક પાપ આકરા હોય મરીને નર્કે, નિગોદે જાય, અને આકરા ન હોય પણ મિથ્યાત્વ છે તો ફળ એનું નિગોદ જ છે. આહાહાહા ! જેને રાગના રસને મારો માને છે, એ મિથ્યાત્વભાવ છે અને મિથ્યાત્વભાવનું ફળ નિગોદ છે. આહાહા ! એ લસણ અને ડુંગળીમાં જવાના. પાછા અનંત કાળે માણસ નહિ થાય. અરેરે ! એ પ્રભુ ! આ તો વીતરાગનો માર્ગ આવો છે, દુનિયા હારે મેળ નહિ ખાય. આહાહા !

"અને કષાયો, તેનાથી ભિન્ન રસવાળા" ચાહે તો શુભભાવ હો અને ચાહે તો અશુભ ભાવ–દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, વ્રતનો, અપવાસનો એ શુભ રાગ કષાય છે. આહાહા ! કષાયો તેનાથી ભિન્ન રસવાળા, પાપના ભાવના રસને તો શું કહેવું, પણ કહે છે કે પુણ્યનો ભાવ જે છે એ પણ કષાયવાળો રસ છે. આહાહા ! કષાયો તેનાથી ભિન્ન રસવાળા, કષાયેલા બેસ્વાદ છે, બેસ્વાદ છે, ઓલા મધુર ચૈતન્યરસ છે તો આ બેસ્વાદ સામે છે, બેસ્વાદ એટલે સ્વાદ ભિન્ન, ખોટો સ્વાદ, બેસ્વાદ એટલે, બેભાન એટલે બેભાન એમ નહિ, ભાન વિનાનો, બેસ્વાદ એટલે આત્માના સ્વાદ વિનાનો, બેસ્વાદ છે. આહાહા !

આત્માનો જે આનંદરસ છે, એ રાગના રસથી વિલક્ષણ ભિન્ન છે અને એનાથી જે આ રાગનો રસ છે, એ કષાયનો રસ છે. આહાહાહા ! અને તે બેસ્વાદ છે. બેસ્વાદ, સમજાણું ? છે બેસ્વાદ ? એટલે બે સ્વાદ એમ નહિ, સ્વાદ–આત્માના સ્વાદથી ભિન્ન માટે બેસ્વાદ, ભાન વિનાનો એને બેભાનવાળો કહે. આહાહાહા ! આવું છે. કેટલાકે તો આ વાત સાંભળીય ન હોય જિંદગીમાં, પચાસ સાંઈઠ વરસ મજુરીમાં કાઢયા હોય, મજૂરી આ પાપની ને રળવાની ને બાઈડી–છોકરા સાચવવાની ને પાપની મજૂરી બધી. આહાહા !

ભાઈ ગયા શાસ્ત્રી, શું અમૃતલાલ ? ગયા. આહાહા ! "કષાયો તેનાથી ભિન્ન રસવાળા–

તેમની સાથે જે એકપણાનો વિકલ્પ કરવો" છે ? એ રાગના સ્વાદની સાથે આત્માને એકપણાનો સ્વાદ કરવો એ અજ્ઞાનથી છે, મિથ્યાત્વથી છે. આહાહાહા ! આ આત્મા અનાદિ અનંત ચૈતન્ય મધુર એક જ જેનો રસ છે તેની સાથે રાગના રસને એકત્વ કરવો, આહાહાહા... છે ? "એ અજ્ઞાનથી છે" મિથ્યાત્વથી છે. "આ રીતે પરને ને પોતાને ભિન્નપણે જાણે છે". ધર્મી જ્ઞાની જ્યારથી જ્ઞાન થયું સમ્યગ્દર્શન થયું, ત્યારથી એ પરને એટલે રાગના સ્વાદને ને પોતાને પોતાના સ્વાદને ભિન્નપણે જાણે છે. ભલે સ્વાદ આવે ભેગો પણ જાણે છે ભિન્ન. આહાહાહા !

તેથી, અકૃત્રિમ એટલે નિત્ય એક જ્ઞાન તે જ હું છું. અકૃત્રિમ નિત્ય એક જ્ઞાન તે હું છું. આહાહા ! જ્ઞાન-એટલે આત્મા, નિત્ય એવો ભગવાન આત્મા તે જ હું છું, પરંતુ કૃત્રિમ અનિત્ય અનેક જે ક્રોધાદિક તે હું નથી. રાગાદિ થાય એ હું નથી. એમ જાણતો થકો ધર્મી, સમ્યગ્દષ્ટિ 'હું ક્રોધ છું' ઇત્યાદિ આત્મ-વિકલ્પ જરા પણ કરતો નથી, લ્યો. હું રાગ છું, પુણ્ય છું, આ છું એવો આત્મવિકલ્પ જરા પણ કરતો નથી. આહાહા ! તેથી સમસ્ત કર્તૃત્વને છોડી દે છે, રાગનું કર્તૃત્વ તેને હોતું નથી. "તેથી સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો થકો" સદા ઉદાસીન અવસ્થાવાળો થયો થકો, આહાહાહા... "માત્ર જાણ્યાં જ કરે છે" તેથી નિર્વિકલ્પ સામે શબ્દ હતા ઉપર, આ નિર્વિકલ્પ અકૃત્રિમ વિજ્ઞાનઘન થયો થકો "ઓલામાં ભ્રષ્ટ થયો થકો" નિર્વિકલ્પ અકૃત્રિમ વિજ્ઞાનઘન થયો થકો "અત્યંત અકર્તા પ્રતિભાસે છે". આહાહાહા ! એ રાગના સ્વાદનો પણ અકર્તા પ્રતિભાસે છે, વેદે છે છતાં અકર્તા પ્રતિભાસે છે, વિશેષ કહેશે.

( શ્રોતાઃ-પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૧૯૪ ગાથા-૯૭ મંગળવાર, મહા વદ-૨, તા. ૧૩/૨/'૭૯

૯૭ ગાથાનો ભાવાર્થઃ- છે ને છેલ્લે. જે પરદ્રવ્યના એટલે કે આત્મા સિવાય પરદ્રવ્ય બીજા આત્માઓ બીજા શરીરો જડ આદિ અને પરદ્રવ્યના ભાવ, પરદ્રવ્યના નિમિત્તથી થયેલા પુણ્ય-પાપ ને વિકારી ભાવ, એના કર્તૃત્વને અજ્ઞાન જાણે પરદ્રવ્યના કર્તાને જે અજ્ઞાન જાણે અને પરદ્રવ્યના ભાવ થતા પુણ્ય અને પાપ "એના કર્તાપણાને જે અજ્ઞાન જાણે તે કર્તા શા માટે બને ?" -આવો સિદ્ધાંત છે. આહાહા !

આ આત્મા શુદ્ધ ચૈતન્યધાતુ આવશે ઉપર, શુદ્ધ ચૈતન્ય વસ્તુ એ એનાથી પરદ્રવ્ય શરીર, વાણી, મન, કર્મ બીજી ચીજો બધા પદાર્થો એનો અને તેના કર્મના નિમિત્તથી થયેલા-શુભ ને અશુભ ભાવો પુણ્ય-પાપના ભાવ, તેનો કર્તા થાય તે અજ્ઞાની છે. કેમકે જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા રાગ ને પરદ્રવ્યનો કર્તા કોઈ હોઈ શકે નહિ. આહાહા ! શુદ્ધ ચૈતન્ય વસ્તુ નિર્મળ આનંદઘન ભગવાન આત્મા, એ રાગ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ, એનો કર્તા એ કેમ થાય ? આ તે આવી વાત છે. આહાહા ! કેમકે જે પરદ્રવ્ય છે, અને પરદ્રવ્યના સંયોગ સંબંધે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ ક્રોધના ભાવ થાય તે અજ્ઞાની હોય તે તેનો કર્તા થાય. આહાહા !

એટલે કે જેને શુદ્ધ આત્મા, શુદ્ધ જ્ઞાનઘન છે એની જેને ખબર નથી, એવો અજ્ઞાની એ

પુણ્ય-પાપ ને પરદ્રવ્યનો કર્તા થાય, એવું અજ્ઞાનથી કર્તા થાય એમ જે જાણે એમ કહે છે, એ કર્તા શા માટે બને ? આહાહા ! શું કહ્યું સમજાણું ? ભગવાન આત્મા તો ચૈતન્ય વસ્તુ જ્ઞાન ને આનંદનો સાગર પ્રભુ એનું જેને અજ્ઞાન છે, ભાન નથી એ પુણ્ય ને પાપ અને પરદ્રવ્યનો કર્તા અજ્ઞાનથી થાય, પણ અજ્ઞાનથી થાય એવું જેને ભાન થાય, એ કર્તા કેમ થાય એમ કહે છે, આહાહા, છે ?

જે પરદ્રવ્યના એટલે આત્મા સિવાય શરીર, વાણી, ધંધો, વેપાર આદિના ( ભાવ ) એ બધી પરદ્રવ્યની ક્રિયા છે, અને તેના કર્મના નિમિત્તે થતો શુભ ને અશુભ ભાવ એ પણ પરભાવ કર્મનો ભાવ જડ, આત્માનો નહિ. આત્મા તો અનંત અનંત અનંત પવિત્ર ગુણનો પિંડ છે પ્રભુ, એ પવિત્ર પ્રભુ આત્મા અજ્ઞાનને લઈને રાગનો કર્તા થાય. આહાહાહા ! પણ જેને અજ્ઞાનથી કર્તા થાય એવું જાણ્યું એ જ્ઞાનથી કેમ કર્તા થાય, ભારે વાત. એકએક શબ્દો સિદ્ધાંતમાં કેટલું રહસ્ય છે. આહાહા ! અજ્ઞાની રહેવું હોય તો પરદ્રવ્યનો કર્તા બને. આહાહા ! શુદ્ધ જ્ઞાન આનંદ પ્રભુ એનું જેને અજ્ઞાન રહેવું હોય તો કર્તા બને, આહાહા... પણ વસ્તુ છે એવું જ્ઞાન થયું, હું તો જ્ઞાન આનંદ ને શાંત સ્વરૂપ વીતરાગ મૂર્તિ હું આત્મા છું, એ વીતરાગ સ્વરૂપી પ્રભુ, વીતરાગથી વિરુદ્ધ રાગ, એને કેમ કરે ? આહા ! આવી વાતું છે. કહો, ચીમનભાઈ ! અમારે ચીમનભાઈ તો ત્યાં મોટા વાંચનારા છે ને મુંબઈ, આવી વાતું છે. જગતને કઠણ પડે.

પ્રભુ અંદર જ્ઞાનની મૂર્તિ છે ને ? એ જ્ઞાનની મૂર્તિ એ એનાં સ્વભાવથી વિરુદ્ધ જે વિકાર વિભાવ અને પરદ્રવ્ય જે તદ્દન ભિન્ન, એનો અજ્ઞાનથી કર્તા થાય પણ અજ્ઞાનથી કર્તા થાય એવું જે જાણે, એ કર્તા કેમ થાય કહે છે. આહાહા ! એટલે કે સ્વરૂપનો જાણનાર થાય એમ કહે છે. સમજાણું કાંઈ ? આહાહા ! જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્ય વીતરાગી બિંબ પ્રભુ, જિન બિંબ આત્મા છે, એવું જેને જ્ઞાન થયું અને એના અજ્ઞાનથી રાગનો કર્તા થતો એવું જેણે જાણ્યું, એ અજ્ઞાનથી રાગનો કર્તા થતો, એ કેમ થાય ? એમ કહે છે. બેભાનથી કર્તા થતો એ એમ જાણ્યું, એ ભાનમાં આવીને કર્તા થાય નહિ, એમ કહે છે. આહાહા...

"માટે જ્ઞાન થયા પછી" ચૈતન્ય સ્વરૂપનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું. આહાહા... "પરદ્રવ્યનું કર્તાપણું રહેતું નથી." પછી એ પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતાં પુણ્ય-પાપના ભાવ, આત્મા જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન થયે તે વિકારનો ને પરદ્રવ્યનો કર્તા રહેતો નથી. આહાહા... આવી ચીજ છે. આ તો ઇચ્છામિ પડિકમ્મણું ઇરિયા વીરિયા એવી ભાષા છે, એ પરદ્રવ્ય છે એનો કર્તા થાય, અને એ ઇચ્છામિ પડિકમ્મણં એમ બોલે એમાં વિકલ્પ છે, રાગ છે. આહાહાહા... એ રાગનો કર્તા થાય, અને વાણી બોલાય એનો કર્તા થાય, એ પરદ્રવ્ય છે. અને એના કર્મના નિમિત્તે થતો વિકલ્પ ઉઠયો છે, કે હું ઇચ્છામિ પડિકમ્મણું કરું એ વિકલ્પ છે એ પણ રાગ અને પરદ્રવ્યનો ભાવ છે. આહાહા ! એ અજ્ઞાનથી કર્તા થાય એમ જેણે જાણ્યું, એ કર્તા કેમ થાય ? એટલે કે જ્ઞાનસ્વરૂપી થાય એમ, એમ કહે છે. આહાહા ! હવે શ્લોક ! ૫૭ મો શ્લોક છે, શ્લોક આવશે છ.

## શ્લોક-૫૭

( वसंततिलका )

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।
पीत्वा दधोक्षुमधुराम्लरसातिगृद्ध्या
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम्।।५७।।

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

શ્લોકાર્થઃ- [ किल ] નિશ્ચયથી [ स्वयं ज्ञानं भवन् अपि ] સ્વયં જ્ઞાનસ્વરૂપ હોવા છતાં [ अज्ञानतः तु ] અજ્ઞાનને લીધે [ यः ] જે જીવ, [ सतृणाभ्यवहारकारी ] ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને ખાનારા હાથી આદિ તિર્યંચની માફક, [ रज्यते ] રાગ કરે છે ( અર્થાત્ રાગનો અને પોતાનો ભેળસેળ સ્વાદ લે છે ) [ असौ ] તે, [ दधीक्षुमधुराम्ल-रसातिगृद्ध्या ] દહીં-ખાંડના અર્થાત્ શિખંડના ખાટા-મીઠા રસની અતિ લોલુપતાથી [ रसालम् पीत्वा ] શિખંડને પીતાં છતાં [ गां दुग्धम् दोग्धि इव नूनम् ] પોતે ગાયના દૂધને પીએ છે એવું માનનાર પુરુષના જેવો છે.

ભાવાર્થઃ-જેમ હાથીને ઘાસના અને સુંદર આહારના ભિન્ન સ્વાદનું ભાન નથી તેમ અજ્ઞાનીને પુદ્‌ગલકર્મના અને પોતાના ભિન્ન સ્વાદનું ભાન નથી; તેથી તે એકાકારપણે રાગાદિમાં વર્તે છે. જેમ શિખંડનો ગૃદ્ધી માણસ, સ્વાદભેદ નહિ પારખતાં, શિખંડના સ્વાદને માત્ર દૂધનો સ્વાદ જાણે તેમ અજ્ઞાની જીવ સ્વ-પરના ભેળસેળ સ્વાદને પોતાનો સ્વાદ જાણે છે. ૫૭.

## શ્લોક-૫૭ ઉપર પ્રવચન

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।
पीत्वा दधोक्षुमधुराम्लरसातिगृद्ध्या
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम्।।५७।।

'કિલ' નામ ખરેખર, નિશ્ચયથી એનો અર્થ, ખરેખર નિશ્ચયથી 'સ્વયં જ્ઞાન ભવન અપિ' સ્વયં જ્ઞાન સ્વરૂપ હોવા છતાં, ભગવાન તો આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે. જ્ઞાન સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન વિજ્ઞાનઘન, આત્મા તો એકલો વિજ્ઞાનઘન છે. એવો હોવા છતાં, અજ્ઞાનને લીધે હું શુદ્ધ વિજ્ઞાનઘન ચૈતન્ય તે આત્મા, એનું જ્ઞાન નથી જેને, આહાહા... ચૈતન્યધાતુ મહાપ્રભુ વીતરાગ અવિકારી સ્વભાવની મૂર્તિ આત્મા, એ અજ્ઞાનને લીધે, આવો હોવા છતાં, સ્વરૂપના

અજ્ઞાનને લીધે, સમજાય છે કાંઈ ? છે તો શુદ્ધ જ્ઞાન ને આનંદકંદ પ્રભુ ! રાગ ને શરીર ને કર્મરૂપી આત્મા છે જ નહિ. આહાહા ! આવો હોવા છતાં, અજ્ઞાનને લીધે, એ શુદ્ધ વિજ્ઞાનઘન છે એવા ભાન વિના, અજ્ઞાનને લીધે, આહાહા... જેને શુદ્ધ વિજ્ઞાનઘન છે એના અસ્તિત્વનો જેને સ્વીકાર નથી થયો. આહા ! હું એક વિજ્ઞાન ચૈતન્ય બિંબ પ્રભુ, એવો જેને સ્વીકાર થયો નથી તે જીવ, એવો હોવા છતાં, અજ્ઞાનને લીધે એ શુદ્ધ ચૈતન્યસ્વરૂપના અભાન ને અજ્ઞાનને લીધે "જે જીવ ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને ખાનારા હાથીની માફક તિર્યંચ હાથી આદિની માફક" હાથીને ચુરમું આપો તો પણ તે ઘાસ સાથે ભેગું ભેળવીને ખાય. હાથી આદિને, ઘાસની હારે ચુરમુ આપ્યું હોય તો ઘાસના પુળામાં ભેળવી ચુરમું ખાય, ભાન નથી કે આ ચુરમું જાુદી ચીજ છે, અને ઘાસ જાુદી-ચીજ છે. હાથી આદિ અહીં શબ્દ લીધા છે હોં, બધા તિર્યંચની માફક, આહા... આ મિંદડા, મિંદડી હોય છે ને ! વિષ્ટા હોય ને એમાં પેંડો પડયો હોય, એ બેય ભેગું થઈને ખાય, મિંદડા છે, ગાયું, ભેંસ બહાર વિષ્ટા હોય એને ખાવા જાય એમાં કયાંક પડયો હોય કોઈ પકવાનનો થોડો ભાગ અને વિષ્ટા ભેગું ખાય, એને કાંઈ ભાન નથી કે આ કોઈ પકવાન છે ને આ વિષ્ટા. આહાહા ! એ ઘાસ સાથે ભેળસેળ સુંદર આહાર, એના ખાનારા હાથી આદિ તિર્યંચની માફક, અજ્ઞાનને લીધે, આહાહાહા... શુદ્ધ જ્ઞાનઘન સ્વભાવ એના અજ્ઞાનને લીધે, એ ઘાસ સાથે ભેળસેળ સુંદર આહાર ખાનાર તિર્યંચની માફક રાગ કરે છે. એ શુભ-અશુભ રાગ, એ રાગ કરે છે. આહાહા !

ભગવાન તો આનંદ અને વીતરાગ મૂર્તિ છે અત્યારે હોં અંદર. એના અભાનને લીધે, ભેળસેળ આહારને ઘાસને ખાનારા તિર્યંચની માફક અજ્ઞાની એ શુભ રાગને કરે છે. અશુભ રાગ તો ઠીક, આહા... આવો મારગ છે. આ કઠણ પડે જગતને, એ લેશે આગળ, આમાં તો નથી ઓલામાં છે. એમ કે કઠણ છે, ખરેખર કઠણ, કળશમાં લીધું છે, પણ તે જાુદું પાડવાથી સ્વાદ આવી શકે છે. કળશટીકામાં છે, એ ભેળસેળ ઘાસની સાથે સુંદર આહારને ખાનારા ઢોરની માફક. આહા...

ભગવાન આનંદ ને જ્ઞાનસ્વરૂપી પ્રભુ હોવા છતાં, તેના જ્ઞાનના અભાવે અજ્ઞાનથી એ રાગનો કર્તા થાય છે. ભારે કામ ! ચાહે તો દયા, દાન ને વ્રતનો અપવાસનો વિકલ્પ છે રાગ, એ અજ્ઞાની સ્વરૂપના ભાન વિનાના અજ્ઞાની એનો કર્તા થાય છે. આહાહાહા... કેમકે સ્વરૂપ તો વીતરાગ મૂર્તિ પ્રભુ છે, એ વીતરાગ સ્વરૂપ રાગ કરે એવું કયાં છે અંદર ? આહાહા ! એ જ્ઞાનસ્વરૂપી સચ્ચિદાનંદ પ્રભુ સત્ જ્ઞાન ને આનંદનો સાગર ભગવાન આત્મા, એ રાગને કરે એ વસ્તુમાં ક્યાં છે ? એ વસ્તુનાં અજ્ઞાનને લઈને રાગનું ભેળસેળ કરીને રાગનો સ્વાદ અજ્ઞાની લ્યે છે. આહાહા ! આવું કામ છે. સમજાણું કાંઈ ? આહાહા !

આ તો બહુ ફેરવવું પડે. દયાનો રાગ, એ રાગ છે. પરની દયા પાળવાનો ભાવ એ રાગ છે. ભક્તિનો રાગ પરમાત્માની નમો અરિહંતાણં પાંચ નવકાર ગણે એ વિકલ્પ રાગ છે, એ આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે. તેના અજ્ઞાનને લીધે, એ રાગનો કર્તા થાય છે, તિર્યંચ જેમ ઘાસમાં સારા સુંદર આહારને ભેળસેળ કરીને, આહાહા... એમ ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એમાં રાગ જે આકુળતા ને દુઃખ, તે એનું ભેળસેળ કરીને અનુભવે છે. છે જાુદો આનંદ ને જ્ઞાન

સ્વરૂપ પ્રભુથી રાગ છે જુદો. આહાહા! છતાં ભેળસેળ કરે છે. જુદા ને ભેળસેળ એટલે પોતાના માની, સ્વરૂપના અજ્ઞાનને લઈને, એ રાગનો કર્તા થાય છે, છે ને રાગ કરે છે. રાગનો અને પોતાનો ભેળસેળ સ્વાદ લ્યે છે, ભેળસેળ એટલે ? આત્માનો થોડો સ્વાદ અને રાગનો એમ નહિ, પણ જે રાગ જુદો છે, વસ્તુ જુદી છે, એમ ન જાણતાં, રાગને પોતાનો માની, ભેળસેળ રાગનો સ્વાદ લે છે. આહાહા!

"અસૌતે, "દધીક્ષમધુરામ્લરસાતિગૃદ્ધયા" દહીં ને ખાંડના, શિખંડના ખાટા મીઠા રસની અતિ લોલુપતા, શિખંડ છે ખાટો અને મીઠો, દહીં છે ખાટું, ખાંડ છે ગળી મીઠી, એવી ખાટામીઠા રસની અતિ લોલૂપતાથી, "રસાલમ્ પીત્વા" શિખંડને પીતા છતાં પોતેજ ગાયના દૂધને પીવે એવું માને, ભાન નથી ને એટલે હું ગાયનું દૂધ પીવું છું, ખરેખર દારૂ પીધેલો હોય અને એ શિખંડને ચાખે તો એને ગાયના દૂધ જેવું લાગે, ખાટો-મીઠો સ્વાદ ન લાગે. સમજાણું ? દારૂ પીધો હોય તે, એમ જેણે મિથ્યાત્વનો મોહનો દારૂ પીધો છે, એને રાગનો સ્વાદ પોતાનો છે એમ માને છે એ. આહા! અને એ રાગના સ્વાદને પોતાનો સ્વાદ માને છે. એ શિખંડને પીતા જેમ દૂધ પીવું છું એમ માને છે, એમ રાગ કર્તા જાણે મારો છે રાગ એમ કરીને રાગનો સ્વાદ લઈને કર્તા થાય છે.

બહુ કામ ( આકરૂં ) આવો મારગ છે આ તો ન્યાં તો આખો દિ' આ કરો ને ઇચ્છામિ કરો ને તસ્સ ઉત્તરિ કરો ને સામાયિક કરો ને પોહા કરો ને પડિકમ્મણા કરો ને, હતું કે દિ' સામાયિકમાં. સમ્યગ્દર્શનની હજી ખબર નથી. આહાહા! એ વિકલ્પ ઊઠે છે તેનો કર્તા થાય ત્યાં તો હજી મિથ્યાદૃષ્ટિ છે, એને સામાયિક કેવી ને પોહો કેવો ને પડિકમ્મણા કેવા ? આકરૂં કામ છે.

આંહીં કહે છે કે એ શીખંડને પીનાર પણ એના ગૃદ્ધિને લઈને ખાટા-મીઠાશની એને ખબર નથી રહેતી, જાણે દૂધ પીઉં છું, એમ સ્વરૂપના અજ્ઞાનને લીધે, મિથ્યાત્વના જોરને લઈને-રાગનો સ્વાદ તે મારો છે એમ માને છે અને જે રાગ ભિન્ન છે એને આત્મા હારે ભેળવીને સ્વાદ લ્યે છે રાગનો એમ. આત્માનો સ્વાદ ને રાગનો સ્વાદ એમ ભેળસેળ નહિ, પણ રાગ ભિન્ન છે એને આત્મા સાથે ભેળવીને એટલે ભેળસેળ રાગ લ્યે છે એમ. આહાહા! આવું ક્યાંય સાંભળવા મળતું નથી. સંપ્રદાયમાં છે જ નહિ, આહા... આકરું કામ બહુ બાપુ ! વીતરાગ માર્ગ ! અને એને જાણ્યા વિના મનુષ્યના ભવો અફળ જાશે. આહા!

બહારથી ભલે તે બહુ ક્રિયા કરતો હોય એટલે બહારમાં વખણાતો હોય-પણ એ રાગનો વિકલ્પ છે, એ સ્વરૂપથી ભિન્ન છે એને ભેળસેળમાં પોતામાં ભેળવીને સ્વાદ લ્યે છે. આહાહાહા! ભાષા તો સમજાય એવી છે. ભાવ તો કઠણ છે પ્રભુ, આહા... સમજાય છે આમાં ? એમ માનનાર પુરુષના જેવો છે, પોતે ગાયનું દૂધ પીતો હોય એમ લાગે એને, ઓલામાં એમ લીધું ભાઈ 'સમયસાર નાટકમાં' એમ કે દારૂ પીધો છે એ જો શીખંડ ખાય તો એને દૂધ જેવું લાગે એવો આનો અર્થ કર્યો છે આમાં. 'સમયસાર નાટક' બનારસીદાસ.

એમ અહીંયા જેણે ભગવાન અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનની મૂર્તિ છે, એનું જેને જ્ઞાન નથી, એની જેને પિછાન નથી, તેના અજ્ઞાનને લીધે, રાગની ક્રિયા છે એ તદ્દન ભિન્ન સ્વભાવથી છે, ભિન્ન છે તેને ભેળસેળ કરી, મારો છે કરીને એનો સ્વાદ લ્યે છે. આહાહા! આવો મારગ છે.

કહો, પુંજાભાઈ ! નૈરોબી બૈરોબીમાં ક્યાંય મળે એવું નથી વાત, રોકાણા છે માળા નિરાંતે ( શ્રોતાઃ- એ એક જ પેઢી અહીં છે ) પણ રોકાણા છે શાંતિથી. આવું છે બાપા, મારગ આ આરે અનંત કાળનો અજાણ્યો, અનંત કાળથી આથડયો વિના ભાન ભગવાન ! આહા !

આંહીં તો કહે છે કે શુદ્ધ જ્ઞાન હોવા છતાં, આંહીં એમ કીધું'ને, 'સ્વયં જ્ઞાનં ભવન અપિ', એટલે કે એ તો શુદ્ધ જ્ઞાન ને આનંદ હોવા છતાં, એના શુદ્ધ ચૈતન્ય ભગવાન આનંદ વીતરાગ મૂર્તિ આવો હોવા છતાં તેને ન જાણતાં, તિર્યંચની માફક ઘાસ સાથે સુંદર આહારને ખાય, એમ ભગવાનથી રાગ ભિન્ન છે, એને ભેળસેળ મારો કરીને અનુભવે, એ ઢોરની માફક અજ્ઞાની છે કહે છે. આહાહા ! પ્રેમચંદજી ! આહાહાહા ! આવું છે,

પહેલું તો હજી સાંભળવું કેમ, એ રીતે કઠણ. આ તો એકદમ નિશ્ચય નિશ્ચય નિશ્ચય, પણ નિશ્ચય એટલે સત્ય, આ જ સત્ય છે. આહા ! "એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ" પ્રભુ ! એમાં પાંચ પચ્ચીસ લાખ પેદા થાય ને પ્રજામાંથી કરમી જાગ્યો, કરમી જાગ્યો, અમારા કુટુંબમાં કર્મી જાગ્યો કર્મી, કર્મી જાગ્યો એમ કહે ને ? કે ધર્મી જાગ્યો એમ કહે, અને રાજી રાજી થઈ જાય. આહાહા ! કર્મી જાગ્યો રાગ ને વિકારના પરિણામનો કરનારો જાગ્યો. આહાહા !

ભાષા કેવી મૂકી, છે ? કે સ્વયં જ્ઞાન ભવન અપિ. આહાહા ! પોતે તો પ્રભુ જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે ને ? આવો હોવા છતાં, એનાથી રાગના પરિણામ ભિન્ન છે તેને સ્વરૂપના અજ્ઞાનને લીધે, એ મારા છે એમ ભિન્ન છે તેને પોતામાં ભેળવીને એ રાગનો સ્વાદ લ્યે છે. એ દૂધને પીઉં છું એમ શીખંડ ખાતા અજ્ઞાનીને લાગે, દારૂ પીધેલાને.

ભાવાર્થઃ- "જેમ હાથીને ઘાસના અને સુંદર આહારના ભિન્ન સ્વાદનું ભાન નથી" આહાહાહા... એ ઘાસતુલ્ય રાગ, આનંદ તુલ્ય આત્મા, છે ને ? સુંદર આહાર. પ્રભુ આત્મા સુંદર આનંદ સ્વરૂપી, એનો આહાર અને ઘાસ રાગનો આહાર. આહાહા ! અરેરે ! મનુષ્યપણું મળ્યું પણ જૈનમાં જન્મ્યા એનેય ખબર ન મળે, અને જીંદગી એમને એમ જાય. આહાહા... આ વ્યવહાર વ્યવહાર કરે છે ને લોકો, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ વ્યવહાર કરો કરો વ્યવહાર તો આંહીં કહે છે કે એ વ્યવહારવાળો રાગ છે એનો કર્તા થાય એ મૂઢ છે. છે દેવીલાલજી ? આહાહાહા ! ભાઈ ! તને વસ્તુની ખબર નથી. આહા !

એ તો જ્ઞાનનું ધામ સ્વયં જ્યોતિ સુખધામ, સ્વયં જ્યોતિ જ્ઞાનની અને આનંદનું ધામ પ્રભુ છે ને ? આહાહા ! સ્થાન છે ને, એવું હોવા છતાં તેના સ્વરૂપની કિંમત અને ભાન વિના, જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ રાગ છે, તે સ્વરૂપના સ્વભાવથી ભિન્ન હોવા છતાં તેને સ્વરૂપનું ભાન નથી એટલે રાગને ભેળવીને રાગનો સ્વાદ લ્યે છે. આહાહાહાહા ! ( શ્રોતાઃ- રાગ વચ્ચે બળજબરીથી આવી પડે તો શું કરે ? ) શું કીધું ? આવતો નથી, એ આવે છે ને એના પર નજર કરે છે ને આંહીં નજર છોડે ત્યારે આવે છે. એ કીધું નહિ પહેલું ? કે રાગ આવ્યો, પણ જ્ઞાની આત્માનું ભાન છે તેને આત્માના આનંદનો સ્વાદ છે, અને રાગનો સ્વાદ ભિન્ન છે તેમ બેયના સ્વાદ ભિન્ન જાણે છે. હેં ? આવી ગયું'તું ને પહેલું. આહાહાહા !

જ્યાં સુધી વીતરાગ નથી, અજ્ઞાનીને પૂર્ણ દુઃખનો સ્વાદ છે, કેવળીને પૂર્ણ આનંદનો સ્વાદ છે, સાધકને આનંદના સ્વાદની સાથે થોડોક રાગનો સ્વાદ છે પણ એ સ્વાદને ને આને ભિન્ન

જાણે છે. આહાહાહા... આવી વાતું. નવું સાંભળવા મળતું ન હોય એને બિચારાને એમ તો લાગે આ તે ધર્મ, આવો ધર્મ કેવો આ ? બાપુ આ જૈન ધર્મ આવો છે. જૈન ધર્મ વીતરાગ ભાવથી થાય છે. વીતરાગ સ્વરૂપ આત્મા છે તેને આશ્રયે જેટલો વીતરાગભાવ થયો તેટલો જૈન ધર્મ છે, અને એમાં જેટલો રાગ આવ્યો એ જૈન ધર્મ નથી, પણ તેનો સ્વાદ કલુષિત, દુઃખ છે એમ જ્ઞાનીને બેય ના સ્વાદની ભિન્નતાનું ભાન છે. આહાહાહા ! હવે આવું છે, કોક કહે આવું કાઢયું ક્યાંથી ? અમે તો આવું સાંઈઠ વરસમાં સાંભળતા નહોતા, હેં ? ક્યાંથી કાઢે બાપા ? આંહી તો ભગવાન નો મારગ આ જ છે, અનાદિનો આ છે, તને સાંભળવા મળ્યું ન હોય માટે નવો લાગે. આહાહાહા !

હાથીને ઘાસના ને સુંદર આહારના ભિન્ન સ્વાદનું ભાન નથી એમ અજ્ઞાનીને પુદ્‌ગલકર્મના અને પોતાના ભિન્ન સ્વાદનું ભાન નથી. ભલે રાગ આવે, સ્વાદ આવે, પણ એ સ્વાદ ભિન્ન છે ને આનંદનો સ્વાદ મારો ભિન્ન છે, એમ બેયના સ્વાદની ભિન્નતાને જાણે છે. આહાહા ! જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ રાગનો સ્વાદ આવે અને આનંદનો સ્વાદેય આવે, પણ એ આનંદનો સ્વાદ એ આત્માનો છે, રાગનો સ્વાદ તે પર છે, એવા સ્વાદ બેની વચ્ચેની ભિન્નતાનું ભાન છે. આહાહાહા ! ( શ્રોતાઃ- સ્વાદ ભેગો આવે કે જુદો જુદો આવે ) એ ભિન્ન જાણે બેયને, એક સમયે આવે બે ય ભેગા, પણ જાણે ભિન્ન. આહાહાહા ! ઘઉં ને કાંકરા, આંહીં સાકર ખાતો હોય ને એમાં કોઈ ચિરોડીનો કટકો આવી ગયો હોય જરીક, ખ્યાલમાં આવે છે કે નહિ આ ભિન્ન છે ? ચિરોડી ચિરોડી આવેને સાકર વચ્ચે કટકો તદ્‌ન આમ ભિન્ન છે તે કાઢી નાખે, એમ જ્ઞાનીને પોતાના આત્માનો સ્વાદ છે, એ નિજનો, અને રાગ છે એ પરનો સ્વાદ છે પણ એ પરનો છે અને આ સ્વાદ મારો છે એમ ભિન્ન જાણે છે. અજ્ઞાનીને રાગનો સ્વાદ મારો છે એમ અભિન્ન ભેળસેળ કરીને જાણે છે. આહાહાહા !

આવું સ્વરૂપ છે. જતીશભાઈ ! હવે આ બધા પંડિતોને આકરું પડે છે. સાધુ થઈને ફરે છે મોટા, બાપુ આ તો મારગ હિતના છે પ્રભુ, તને દુઃખ લાગે અને તેં માનેલી વાતને ધક્કો લાગતો હોય પણ પ્રભુ મારગ તો આ છે. આહા ! આત્માના અંતરના અનુભવના સ્વાદ વિના જે કાંઈ ક્રિયામાં રાગાદિ થાય એને એ પોતે જ માને છે પોતાનો એ રાગનો એ સ્વાદ જ મારો ધર્મ છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહાહા ! પણ જ્યારે આત્મદર્શન થયું આત્મજ્ઞાન થયું, આત્મજ્ઞાન થયું, આત્મજ્ઞાન એટલે નિમિત્તનું નહિ, રાગનું નહિ, પર્યાયનું નહિ, આત્મવસ્તુ દ્રવ્ય છે તેનું જ્ઞાન થયું, ત્યારે તેનો સ્વાદ કોઈ બીજી જાતનો અનંત કાળમાં નહિ આવ્યો એવો આવે, એ કાલે આવ્યું 'તું ને કાલ, કાલ આવ્યું 'તું ને, અત્યંત મધુર જેનો ચૈતન્યરસ, તે જ જેનો એક રસ છે, કાલ આવ્યું 'તું. આહાહાહા !

અનાદિ અનંત પ્રભુ ભગવાન એનો અત્યંત મધુર રસ, ચૈતન્ય રસ છે. આહાહાહા ! એવા રસને ન જાણતો અને તેનો અનાદર કરતો, જે રાગ તે આનંદ રસથી, આનંદ સ્વરૂપથી ભિન્ન છે, તે રાગને પોતામાં ભેળસેળ કરીને સ્વાદ લેતો, અજ્ઞાની ઢોર જેવો છે એ કહે છે, જેમ ઘાસ ને ચુરમું ભેગું કરીને ખાય. આહાહાહા ! જુઓ આ કરુણા વીતરાગની ને સંતોની આ કરુણા છે, ભાઈ તું ભૂલી ગયો પ્રભુ, ક્યે રસ્તે ચડી ગયો તું ભાઈ ? જે તારામાં નથી એ રાગ

દયા-દાનનાં વિકલ્પો તે રસ્તે ચડી ગયો, અને માનવું, માન્યો કે મને કાંઈ ધરમ થયો. વીરચંદભાઈ ! આવું છે, એ તમારા બાપે ય સાંભળ્યું નહોતું આ, તમે વળી ભાગ્યશાળી તે રહી ગયા બચારા પ્રેમથી આવતા, આવતા પ્રેમથી, પોહા કરતા, પ્રેમથી, ઘરે જાતા, ભાઈનું સામે ઘર હતું ને ગોરઘનભાઈનું રામજીભાઈ હતા ને રામજીભાઈ હતા આવતા ને ત્યારે જજ હતા જજ નહિ, હિંમતનગર કે જજ હતા, કાંતિભાઈ. આહાહા !

આ પણ વાત આ હતી નહિ આ તો, થોડી એક વાત કરી ૭૧ માં તે ભડકો થઈ ગયો 'તો કીધું ને ૭૧ની સાલનું ચોમાસું, થોડી બપોરે વાત કરી 'તી થોડી કીધું ભાઈ આ રાગ થાય એ કર્મને લઈને થાય એમ નહિ, એ પોતાના અપરાધને લઈને થાય છે, ત્યાં ભડક્યાં, હેં ? વિકાર કર્મને લઈને નહીં, આહાહા... તમારા બાપ હતા ત્યારે, બાપના બાપ મોહનજીભાઈ ને એ બધા પોહા કરતા, મોહનજી દેસાઈ ને કાંઈ પણ ખબર નો મળે બિચારાને, ભોળા ભટ જેવા, આહાહા... પ્રભુ તું કોણ છો, એની તને ખબર નથી, અને તું ધર્મને નામે રાગને સેવીને એ ધર્મ કરે છો એમ માને પ્રભુ તને રખડવાના રસ્તા હતા, છોડયા નહિ તેં. આહાહા !

આંહીં એ કહે છે, અજ્ઞાનીને પુદ્‌ગલકર્મના અને પોતાના ભિન્ન સ્વાદનું ભાન નથી, તેથી તે એકાકારપણે, જોયું ? રાગનો વિકલ્પ છે ભિન્ન, છતાં તે એકાકાર નામ આત્મા સાથે એકાકાર રાગ છે. આહાહાહા ( શ્રોતાઃ- ઈન્દ્રિયજ્ઞાન ને રાગનો એક સ્વાદ હશે ) ઈન્દ્રિયજ્ઞાન એ વિષય કયાં એ તો પોતાનો છે, ઈન્દ્રિય નિમિત્ત છે, અને ઈન્દ્રિય નિમિત્ત છે એમાં રાગ થાય ભેગો, ઈન્દ્રિય તરફના લક્ષથી જ્ઞાન થાય છે એમાં રાગ થાય છે, અતીન્દ્રિય આનંદનું જ્ઞાન થાય તેમાં અતીન્દ્રિય સ્વાદ છે, અને એની સાથે જેટલો રાગથી ઈન્દ્રિયનું જ્ઞાન થાય એટલું દુઃખ ભિન્ન સ્વાદ છે, પણ અજ્ઞાની એ ભિન્ન સ્વાદને એકરૂપ એકાકાર માને છે. આહાહાહા !

એકાકારપણે રાગાદિમાં વર્તે છે, ભાષા જુઓને. આહાહાહા ! કેટલી સહેલી કરી નાખી છે. એ રાગ જાણે મારો, હું અને રાગ બે ય એકાકાર, એક સ્વરૂપ છું. એકાકારપણે રાગાદિમાં, એ રાગાદિ, દ્વેષઆદિ હરખ શોકઆદિ એમાં વર્તે છે એકાકાર, જેમ શિખંડનો ગૃદ્ધી માણસ સ્વાદ ભેદ નહિ પરખતાં ગૃદ્ધિ થઈ ગયો શિખંડમાં, સ્વાદભેદ નહિ જાણતાં, શિખંડના સ્વાદને માત્ર દૂધનો સ્વાદ જાણે, તેમ અજ્ઞાની જીવ સ્વ-પરના ભેળસેળ, ભેળસેળનો અર્થ ઈ, કે જે પર છે એ તદ્‌ન ભિન્ન છે, એને ઠેકાણે પોતાના માને છે, એ ભેળસેળ. સમજાણું કાંઈ ? ઘઉં અને કાંકરા બે ય જુદા છે, છતાં કાંકરા પણ ઘઉં ભેગા તોળાય છે. તોળાય છે કે નહિ ભેગા ? કોથળો તોળાય છે, પાંચ મણ ને અઢી શેર, પણ કોથળો અઢી શેર છે ને ચોખા પાંચ મણ જુદા છે અંદર, એ પાંચ મણમાં ચોખા તૂટયા, તો કાંઈ અઢી શેર કોથળો તે રાંધવામાં કામ આવે ? આહાહા !

એમ ભગવાન આત્મા ચૈતન્ય ને આનંદ સ્વરૂપ પ્રભુ એમાં જે આ પુણ્ય-પાપ દયા દાનનો વિકલ્પ ઉઠયો છે એ તો ભિન્ન છે. આહાહાહા... એને પોતાના આત્માની સાથે ભિન્ન હોવા છતાં ભેળસેળ કરીને, મારો માનીને તેને અનુભવે છે. આહાહા ! કેમ કે પોતે કોણ છે, એની ખબર નથી. એ પોતે કોણ છે અંદર એની ખબર નથી, એ તો આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે, તેથી તેને રાગ જે ભિન્ન છે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો, તેને પોતાની સાથે ભેળવે, ભેળવે એટલે ભિન્ન છે તેને આ મારો માને છે. આહાહાહા ! મારાપણું જે આત્માનુંપણું છે, એ

તો એને ખબર નથી, એટલે ક્યાંક મારાપણું માનવું તો પડશે. આહાહાહા... પોતે શુદ્ધ અસ્તિત્વ પોતાનું હોવાપણું શુદ્ધ ચૈતન્યનું અસ્તિત્વ છે એટલે એવું હોવાપણાનું જ્યાં જ્ઞાન નથી તો કયાંક હોવાપણે પોતે છે એમ માનવું તો પડશે ને ? તે રાગને પોતાના સ્વરૂપની સાથે અભાનથી એકાકાર કરીને રાગ એ મારો છે એમ કહી એ રાગનો સ્વાદ લ્યે છે. આહાહાહા !

અમારે હીરાલાલજી મહારાજ બિચારા હતા તેણે આ વાત સાંભળી નહોતી, એ બસ પરની અહિંસા એવં તું નાણીનો સારં, બહુ કષાય મંદ હતા, ગંભીર હતા જોયા'તા તમે ભાઈ ? હીરાજી મહારાજ તે ૭૧માં હતું ચોમાસું. આમ બોલે કે ભાઈ ભગવાનનો મારગ "એવં તુ નાણીને, જ્ઞાનીનો એ સાર છે કે "એવં તું નાણીનો સારં જ નો હિંસઈ કિંચમ્" કોઈપણ પ્રાણીને મારવો નહિ, અહિંસા સમયેવં ચૈવ, એ બીજા જીવને ન મારવો એવો જે અહિંસા ભાવ, એ જ સિદ્ધાંતનો સાર, તદ્દન ખોટું હજાર બબે હજાર માણસ હોય, બહુ ગંભીર હતા અને બોલે તે શાંત, હાથમાં પૂઠું રાખે ને સ્થાનકવાસીમાં "એવં તું નાણીનો સારં જ ન હિંસઈ કિંચિન્" પરને કંઈ ન મારો, પોતાને ન મારો ( એ ) વાત ન કરે, રાગ મારો માન્યો એ પોતાને મારી નાખ્યો છે, હેં ? વાત જ નહોતી. તમારા બાપ પાસે સાંભળી નહોતી, બાપ તો ભગત હતા શ્રીમદ્‌નાં ( આ તત્ત્વ ) નહોતું ઈ વખતે.

હીરાજી મહારાજ તો સ્થાનકવાસીના હીરા એટલા હીર બાકી સુતરના ફાળકા, એવા હતા, ત્યારે મેં દીક્ષા લીધેલી ને, કાંઈ બીજા બધાને જોઈને, મારવાડ જોઈ આવ્યો'તો હું, દીક્ષા લેવા પહેલાં મારવાડમાં ગયો'તો જોયું. પણ આની તે દિ' તો કાંઈ ખબર ન મળે કાંઈ, એટલે આમ બીજા કરતા બહુ ઓલા લાગ્યાં એટલે કીધું આની પાસે દીક્ષા લ્યો, વાત આટલી "એવં તું નાણીનો સારં, જ ન હિંસઈ કિંચન" પરને પોતાને અહિંસા રાખવી, રાગથી હિંસા થાય છે, એની તો ખબરે ય નહીં. પરની દયા પાળવાનો ભાવ તો રાગ છે, અને રાગ એ પોતાની હિંસા છે. અરરર ! આવી વાતું છે. અને રાગ એ પર વસ્તુ છે, અને એ રાગ મારું કર્તવ્ય છે એમ આત્માની સાથે ભિન્નતાને ભેળવીને કર્તા થાય છે. આહાહાહા ! એકાકારપણે રાગાદિમાં વર્તે છે.

જેમ શિખંડનો ગૃદ્ધી માણસ સ્વાદભેદ નહિ પારખતાં, સ્વાદને પોતાનો સ્વાદ જાણે છે. અજ્ઞાની જીવ શિખંડના સ્વાદમાં દૂધનો જાણે, અજ્ઞાની જીવ સ્વ-પરનો ભેળસેળ જુઓ આ અપેક્ષાએ ભેળસેળનો અર્થ એવો નથી કે થોડો આનંદ લે, સ્વઆત્માથી રાગ ભિન્ન છે, એને ભેળસેળ કરે છે. એને ભેગો કરે છે એમ. આહાહા ! એ ૫૭ થઈ.

અહીં તો વ્યવહારરત્નત્રય નિશ્ચયનું કારણ તો નથી એટલે વ્યવહારરત્નત્રય તો દ્રવ્યમાં નથી પણ નિશ્ચયરત્નત્રય પણ એમાં નથી. એ પર્યાય ઉપર-ઉપરટપકે છે, અંદર પેસતી નથી. દ્રવ્ય ઉપર પર્યાય તરે છે. પર્યાય દ્રવ્યમાં પેસતી નથી. આહા... હા ! શું વાણી !! દિગંબર સંતોની વાણી સાક્ષાત્ પરમાત્માની વાણી છે. એ વાણી ( બીજે ) ક્યાંય મળે એવી નથી. અને જેના ઘરમાં છે એને ય હજી ખબરું ય ન મળે.

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૩૦૩, નિયમસાર શ્લોક-૧૧૯ )**

## શ્લોક-૫૮

( शार्दूलविक्रीडित )

अज्ञानान्मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा
अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जौ जनाः।
अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत्
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवन्त्याकुलाः।।५८।।

**અજ્ઞાનથી જ જીવો કર્તા થાય છે એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ अज्ञानात् ] અજ્ઞાનને લીધે [ मृगतृष्णिकां जलधिया ] મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી [ मृगाः पातुं धावन्ति ] હરણો તેને પીવા દોડે છે; [ अज्ञानात् ] અજ્ઞાનને લીધે [ तमसि रज्जौ भुजगाध्यासेन ] અંધકારમાં પડેલી દોરડીમાં સર્પનો અધ્યાસ થવાથી [ जनाः द्रवन्ति ] લોકો ( ભયથી ) ભાગી જાય છે; [ च ] અને ( તેવી રીતે ) [ अज्ञानात् ] અજ્ઞાનને લીધે [ अमी ] આ જીવો, [ वातोत्तरङ्गाब्धिवत् ] પવનથી તરંગવાળા સમુદ્રની માફક [ विकल्पचक्रकरणात् ] વિકલ્પોના સમૂહ કરતા હોવાથી- [ शुद्धज्ञानमयाः अपि ] જોકે તેઓ શુદ્ધજ્ઞાનમય છે તોપણ- [ आकुलाः ] આકુળતા બનતા થતા [ स्वयम् ] પોતાની મેળે [ कर्त्रीभवन्ति ] કર્તા થાય છે.**

**ભાવાર્થઃ-અજ્ઞાનથી શું શું નથી થતું ? હરણો ઝાંઝવાંને જળ જાણી પીવા દોડે છે અને એ રીતે ખેદખિન્ન થાય છે. અંધારામાં પડેલા દોરડાને સર્પ માનીને માણસો ડરીને ભાગે છે. તેવી જ રીતે આ આત્મા, પવનથી ક્ષુબ્ધ થયેલા સમુદ્રની માફક, અજ્ઞાનને લીધે અનેક વિકલ્પો કરતો થકો ક્ષુબ્ધ થાય છે અને એ રીતે-જોકે પરમાર્થે તે શુદ્ધજ્ઞાનઘન છે તોપણ-અજ્ઞાનથી કર્તા થાય છે. ૫૮.**

## શ્લોક-૫૮ ઉપર પ્રવચન

अज्ञानान्मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा
अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जौ जनाः।
अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत्
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवन्त्याकुलाः।।५८।।

આહાહા... સંતોએ, કરુણાનો વિકલ્પ આવ્યો છે, પણ કર્તા નથી. આહાહા ! અજ્ઞાનથી જીવો કર્તા થાય છે, એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે. અજ્ઞાનને લીધે "મૃગતૃષ્ણિકાં જલધિયા" મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી, હરણિયા, મૃગલા, વેળું ( રેતી ) હોય ને એમાં જરીક સૂર્યનો ઓલું થયો હોય એને જળ જેવું લાગે અને આ ઊઠે જળ, જળ ક્યાં છે, ન્યાં તો ? આહાહાહા ! છે ? મૃગજળ, મૃગજળ એ ઝાંઝવા ઊઠે ને એ જાણે કે પાણી છે. મૃગ દોડે, પીવા જાય ત્યાં કાંઈ

ન મળે. આહા... એમ મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી “મૃગાઃ પાતું ધાવન્તિ”–હરણો તેને પીવા દોડે છે. આહાહા... એમ અજ્ઞાનને લીધે “તમસિ રજ્જૌ ભુજગાધ્યાસેન” અંધકારમાં પડેલી દોરડીમાં સર્પનો અધ્યાસ થવાથી, અંધારામાં વળ ખાયેલી દોરડી પડી હોય અંધારું છે તો, એ ય સર્પ છે, અંધારુ હોય ને દોરડી આમ વળ ચઢાવેલી પડી હોય આમ, એ અજ્ઞાનને લીધે અંધારામાં પડેલી દોરડીને સર્પ માનીને ભાગે છે. આહાહા ! અધ્યાસ થવાથી “જનાઃ દ્રવન્તિ” લોકો ભયથી ભાગી જાય છે. એય કહે છે કે અને તેવી અધ્યાસથી “જનાઃ દ્રવન્તિ” લોકો ભયથી ભાગી જાય છે. તેથી અજ્ઞાનને લીધે, એવી જ રીતે અજ્ઞાનને લીધે ‘અમી’ એટલે આ જીવો. આહાહા... “વાતોત્તરણાબ્ધિવત્ “પવનથી તરંગવાળા સમુદ્રની માફક, સમુદ્ર ખરેખર તો નિશ્ચળ સ્વરૂપ છે, પણ પવનના નિમિત્તથી તરંગો ઊઠે છે, તેનો એ કર્તા થાય છે, કર્તા એટલે પરિણમે છે એમ. આહાહા !

એ પવનથી તરંગવાળા સમુદ્રની માફક, વિકલ્પોના સમૂહ કરતો, આહાહા... ભગવાન તો નિર્વિકલ્પ સ્વરૂપ છે. છે ? જુઓ કે ન્યાં “શુદ્ધ જ્ઞાનમયઃ અપિ” વિકલ્પોના સમૂહ કરતા વિકલ્પો રાગ ને દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા, કામ ને વિષય ને ભોગને માન ને ક્રોધ ને માયાને લોભ ને રતિ ને અરતિ આહાહાહા... એવા રાગના વિકલ્પના સમૂહને કરતો થકો, જોકે તેઓ શુદ્ધજ્ઞાનમય છે, છે તો પ્રભુ શુદ્ધજ્ઞાનમય ચૈતન્ય એને આત્મા કહીએ, એ વિકલ્પ ઊઠે રાગ એ આત્મા નથી, એ તો અનાત્મા છે. દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઊઠે, એ આત્મા નથી, એ તો અણાત્મા છે. આહાહાહા ! સંપ્રદાયમાં તો આવું ચોખ્ખું કરે તો રહેવા દે નહિ, હેં ? આંહીં તો મારગ આ છે બાપા ! જેને માનવું હોય ઈ માનો. આહાહા ! એક તો મૃગ, મૃગજળમાં જેમ દોડે છે, ભાન વિના, બીજી રીતે અંધકારમાં પડેલી દોરડીને સર્પ માનીને ભાગે છે, ઓલાં ત્યાં જાય છે પીવા, આ અહીંથી ભાગે છે. સમજાણું ? મૃગજળ પીવા મૃગલા દોડે છે, અને દોરડીને અંધકારમાં સર્પ દેખીને ભાગે છે, અજ્ઞાનને લીધે, ન્યાં જળ નથી ને આંહીં સર્પ નથી.

એમ અજ્ઞાનને લીધે, પવનથી તરંગવાળા સમુદ્રની માફક, સમુદ્ર મૂળ તો નિશ્ચળ છે, પણ પવનના નિમિત્તથી તરંગ ઊઠે છે, એ તરંગનો પરિણમન કરનારો સમુદ્ર છે એમ માને છે, એમ ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન પ્રભુ, સ્વયં જ્ઞાનપણું હોવાથી – પણું છે ને શુદ્ધજ્ઞાનમય છે પાછું એવું, અશુદ્ધેય નહિ. એ તો શુદ્ધ-જ્ઞાનમય પ્રભુ છે, “શુદ્ધજ્ઞાનમયાઃ” છે ને ? શુદ્ધ જ્ઞાનવાળો ય નહિ, શુદ્ધજ્ઞાનમય છે. આહાહા ! શુદ્ધજ્ઞાનમય હોવા છતાં, તો પણ “આકુળાઃ” આકુળ બનતા થકા શેને લઈને વિકલ્પના સમૂહ કરતા થકા. એ શુભ ને અશુભ રાગનો કર્તા થઈને આકુળતા કરે છે. આહાહાહા ! આવું કયાં મળે ? આમ દયા પાળે, વ્રત કરે, અપવાસ કરે, મહિનાના અપવાસ કરે, અમારે બલુભાઈ નહોતા, એમણે વર્ષીતપ કર્યું ’તું. બલુભાઈ છે ને ? ગયાને હમણાં, હમણાં વેચી નાખ્યું બધું, વીસ લાખ રૂપિયા રાખ્યા બચત, સિત્તેર લાખ વેચ્યા. પચાસ લાખ કોકના હતા તે આપી દીધા. વર્ષીતપ કર્યું ’તું લાંઘણું કરી ’તી કીધું આ બધી. આ વર્ષીતપ કેવા ? આત્મા આનંદમય જ્ઞાનમય છે એનું તો ભાન નથી અને આ અપવાસ કર્યો એ રાગનો વિકલ્પ ઉઠયો એનો કર્તા થાય છે, અને વસ્તુ મેં છોડી, મેં આહાર છોડયો એ કે દિ’ ગ્રહ્યો ’તો, પકડયો ’તો કે દિ’ તે છોડે. આહાહા ! આહારના રજકણો કે દિ’ આત્માના હતા તે

છોડે ? પરના ગ્રહણ ત્યાગથી તો રહિત પ્રભુ છે. આહાહા ! એને ઠેકાણે પરનો મેં ત્યાગ કર્યો, અને મેં તે અપવાસને ગ્રહણ કર્યું. અપવાસનો અર્થ વિકલ્પ ત્યાં છે રાગ. આહાહાહા ! મિથ્યાત્વ છે. અને માને કે મેં વર્ષીતપ કર્યો શું કહેવું આમાં ? એ અજ્ઞાનને લીધે આકુળાઃ આકુળ બનતા થકા વિકલ્પના સમૂહને કરતા થકા આકુળ બનતા થકા એમ કહે છે, 'સ્વયમ્' પોતાની મેળે એટલે કે કોઈ કર્મને લઈને કે પરને લઈને એમ નહિ, 'સ્વયમ્' પોતાની મેળે "કર્ત્રીભવન્તિ" આનો અર્થ કર્યો છે, કળશ ટીકામાં, કળશ ટીકા છે ને આ, કેટલામું છે ? ૫૮ બળજોરી કીધી છે ત્યાં, એવો અર્થ લીધો છે, કર્ત્રીભવન્તિ, પંડિતજી ? કર્ત્રીભવન્તિ બળજોરીથી એ કર્તા થાય છે.

વસ્તુ તો જ્ઞાનઆનંદ, જ્ઞાનસ્વરૂપ છે. એને ઉંધુ માનીને બળજોરીથી રાગ મારો છે, એમ કર્તા થાય છે. આહાહાહા ! કહો આવું છે, કહો સાંભળ્યું કે નહિ મલુકચંદભાઈ ! આ તમારો ન્યાલ તો સાંભળવા ય આવતો નથી, રાગમાં ગરી ગયો છે અંદર. દીકરો નથી, દિકરી એક હતી પરણાવી ને પાંચ કરોડ રૂપિયા છે, ચાર ઉપર થયા હશે હવે તો, પંચાવન છપ્પન વર્ષની ઉંમર છે, ગરી ગયો ન્યાં ને ન્યાં ધંધામાં, છોકરો નથી, દિકરી હતી-નવરો થાતો નથી કોઈ દિ' બાર મહિને પંદર દિ' મહિનો સાંભળવું એ ત્યાં ફોટો રાખે ને જરી પૂજા આરતી કરે થઈ ગયો, થઈ ગયો, ધર્મ. એ મલુકચંદભાઈ ! જુઓ ને ઓલો હસમુખ આવ્યો'તો આજ. હસમુખ નથી આવ્યો, પાંચ લાખ રૂપિયા બે ત્રણ લાખની પેદાશ, પોતાની દુકાન મુંબઈની લોઢાની, બોટાદ અમારે ગાંધી છે એ છોકરો બેંતાલીસ વર્ષની ઉંમરે છોડયું, ૪૪ થયા હશે. બેંતાલીસ વર્ષની ઉંમર ભાઈઓને ભેગા રાખ્યા, પોતે, દુકાન પોતે કરી બે ત્રણ લાખની પેદાશ, ભાઈ હવે મારે દુકાનમાં નહિ આવું હવે, મારે હવે આ પાપમાં, હવે મારે મારું કરવું છે. હું હવે દુકાને નહિ આવું, ભાઈયુએ તો વાંધા લીધા, દુકાન તમારી અમને સોંપો, ભાઈ ગમે તેમ માને-તેના બાપે ય વિરોધ કર્યો ભાઈ આપણે ત્રણ ભાઈ છીએ ને ભલે મેં કર્યું પણ મને ત્રીજો ભાગ નહિ ચોથો ભાગ આપો, પણ હું ( મને ) હવે દુકાનથી છોડી દયો, દુકાને નહિ આવું. આંહીં આવે છે શનિવાર, રવિવાર તો કાયમ આવે. કાયમ, મોટર લઈને આવે. આહાહા ! તે શું ભાઈયુએ પાંચ લાખ આપ્યા. બસ એ કાંઈ બોલ્યા નહિ કાંઈ, કે આટલું કર્યું આટલી પેદાશ છે ને બસ મારે તો છોકરો છે, તેર બાર વરસનો, છોડી તેર વરસની પાંચ લાખનું એક મહિને પાંચ હજાર વ્યાજ આવે એ આ બધું ખર્ચી નાખે ધર્મના નામે, રાખે નહિ. આહાહા ! શાસ્ત્રો ઓછા ખર્ચે આપે, શાસ્ત્રો વહેંચે લઈને, આ બેનના પુસ્તકો લઈને ઘણાં વહેંચ્યા મફત, ગામમાં, બોટાદમાં, ભાવનગરમાં આંહીં પૈસા બધા એમાં ખર્ચે ( કહે છે ).

થઈ રહ્યું કહી આખો દિ' આ કરી કરીને જાવું છે ક્યાં હવે તારે ? શું જઈશ, આ પાપ કરીને ઢોરમાં જઈશ. ધર્મ છે નહિ, સમકિત છે નહિ તેમ ચાર કલાક દરરોજ શાસ્ત્ર વાંચન સાચાં હો, ખોટા શાસ્ત્રો વાંચે તો તેને કોને કુગુરુનો સંગ કરે તો એ તો એનું એ જ છે પાછું, સાચો સંગ જે કરે ને બે ચાર કલાક વાંચન, દાન કરે તોય પુણ્ય બાંધે તો એ સ્વર્ગમાં જાય, સમજાણું ? રામજીભાઈ જેવા એ સ્વર્ગમાં જવાના. આહા... સમજાણું કાંઈ ? આ તો આખો દિ' પૈસા ભેગા કરે બે કરોડ થયા ને પાંચ કરોડ થયા ને ધૂળ કરોડ થયા, શું છે પણ હવે, એ આગળ કહેશે બળજોરીથી એનો વિશેષ અર્થ આવશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૧૯૫ શ્લોક-૫૮ થી ૬૦ બુધવાર, મહા વદ-૨, તા. ૧૪/૨/'૭૯

છેલ્લો શબ્દ છે થોડો છે ? 'કર્તા ભવન્તિ' આંહીં તો વજન શું છે કે શુદ્ધ જ્ઞાનમયાઃ અપિ એમ કહે છે, શુદ્ધજ્ઞાનમય વસ્તુ છે, એમ હોવા છતાં, તો પણ એમ છે ને ? આકુળ વ્યાકુળ થયા થકા આકુળ બનતા થકા જેમ ભાઈ કહ્યું'તું ને કાલ રાત્રે ૩૮ ગાથા ( પ્રવચનસાર ) ભૂત ભવિષ્યની પર્યાયો અવિદ્યમાન છે, છતાં જ્ઞાન પ્રત્યક્ષ છે, એ અપેક્ષાએ ભૂતાર્થ છે. આહાહા ! ઝીણી વાત છે. આહાહા... એ ગયા કાળની પયાર્યો ને ભવિષ્યની પર્યાયો થઇને ગઇ, થઈ નથી, એ અપેક્ષાએ તો અસદ્‌ભૂત છે, આહાહા ! વર્તમાનમાં નથી એમ છતાં જ્ઞાન પ્રત્યક્ષ છે, આહાહા... જ્ઞાન પ્રત્યક્ષ છે માટે તે ભૂતાર્થ છે. નથી તે પણ છે એમ, ભાઈ આવ્યું'તું ને ગાથામાં. એમાં એ શબ્દ આવ્યો'તો જ્ઞાન વિષયત્વાત્ ભૂતાર્થ વ્યવહાર જ્ઞાનનો વિષય છે એ પ્રત્યક્ષ. ઓહોહોહો ! શું વાત છે. ગયા કાળની અને ભવિષ્યની વાતું બાપુ માર્ગ ઝીણો બહુ, પછી મારે તો પાછું એમાંથી બીજું કહેવું છે. આહાહા ! ભૂતકાળ અને ભવિષ્ય( કાળ )ની પર્યાય નથી એ તો શુદ્ધ જ્ઞાનમય છે આત્મા. એમાં ભૂત ને ભવિષ્યની પર્યાયો પરમાં નથી વર્તમાન, છતાં ભગવાન આત્મા જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે છે. નથી તેને પ્રત્યક્ષ કરે છે, તે અપેક્ષાએ તેને છે એમ કહેવામાં આવે છે. આહાહાહા ! ઝીણી વાત છે. ઓહોહો ! અનંત અનંત પર્યાયો વીતી ગઇ અને અનંત અનંત હજી થઇ નથી, વર્તમાનમાં તો નથી પણ એ શુદ્ધજ્ઞાનમય વસ્તુ છે પ્રભુ. આહાહા !

એ જ્ઞાનમય છે અને જ્યાં પ્રગટ જ્ઞાન પૂર્ણ થયું, એ પૂર્ણ જ્ઞાનમય તો છે વસ્તુ એમાં પૂર્ણ જ્ઞાન પ્રગટ થયું પર્યાયમાં, તો નથી તેને પ્રત્યક્ષ કરે છે એમ ગજબ વાત છે ને, જ્ઞાન પચ્ચકખા આવ્યું'તું ને, એને પ્રત્યક્ષ કરે છે. માટે ભૂત-ભવિષ્યની નથી ખરેખર એમ કહેવું છતાં જ્ઞાન પ્રત્યક્ષ કરે છે, માટે છે એમ કહેવું છે. આહાહાહા ! ઝીણી વાત છે. હજી એમાં તો બહાર બીજી એક વાત આવી'તી અંદર, કે જે ભૂત ને ભવિષ્યની પર્યાયો વર્તમાનમાં નથી, એને જ્ઞાન પ્રત્યક્ષ કરે માટે છે એમ કહેવું, તો આ પ્રભુ તો એક સમયમાં ભૂતાર્થ આખો, ચીજ છે. આહાહા ! એક સમયમાં આખો ભગવાન ભૂતાર્થ વસ્તુ છે. એને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ કેમ નહિ કરે ? જે પરોક્ષ છે, નથી તેને જ્ઞાન પ્રત્યક્ષ કરીને વર્તમાનવત્ તેને ભૂતાર્થ કહેવાય, આહાહા... સમજાય છે કાંઇ ? આહાહા ! શું પ્રભુની બલિહારી ! એ ય ! આહા... શું એનો સ્વભાવ, શું સંતની કથની. આહાહા !

કહે છે કે ભૂત અને ભવિષ્યની પર્યાય વર્તમાન નથી માટે તેને અમે નથી એમ કહીએ અસદ્‌ભૂત છે પણ જ્ઞાન પ્રત્યક્ષ છે માટે તેને અમે છે એમ કહીએ. આહાહા... જ્ઞાનમાં તો જાણે વર્તમાન ત્યાં છે ભૂત-ભવિષ્યમાં છે તેમ જ્ઞાનમાં જણાય છે. આહાહાહા ! તો પ્રભુ તું તો એક સમયમાં વિદ્યમાન છો, વાત સમજાય છે ? ઓલી તો અવિદ્યમાનને પણ જ્ઞાન પ્રત્યક્ષ કરીને તેને ભૂતાર્થ જાણે છે એમ કહે છે, આહાહા... પ્રભુ તું તો ભૂતાર્થ છો ને એક સમયમાં, ઝીણી વાત છે પ્રભુ, એને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ કેમ ન કરે ? છે તેને પ્રત્યક્ષ કેમ ન કરે ? ઓલું તો નથી તેને પ્રત્યક્ષ કરે છે. ભાઈ ! આહાહાહા ! એવો જ કોઇ જ્ઞાનનો સ્વભાવ, નથી તેને પ્રત્યક્ષ કરે ને ભૂતાર્થ કહેવાય. આહાહાહા !

એ જૂઠું નથી હોં, છે નથી તેને છે કહેવું એ જાૂઠું નથી, કઇ અપેક્ષાએ જ્ઞાનનો પ્રત્યક્ષ વિષય થાય છે એ અપેક્ષાએ, સંસ્કૃતમાં એ શબ્દ છે. જ્ઞાન વિષયત્વાત્ ભૂતાર્થત્વાત્ ગજબ વાત છે, ભાઈ એમ પ્રભુ તું તો એક સમયમાં વિદ્યમાન પદાર્થ છો ને આખો, છે ને એને નથી એમ નહિ, છે આખો. આહાહા ! એને વર્તમાન ભાવશ્રુતજ્ઞાન 'છે' તેને પ્રત્યક્ષ કરે એ તો એનો સ્વભાવ છે. પ્રત્યક્ષ પ્રકાશ, પ્રકાશ શક્તિ આવે છે ને ? ઓહોહો ! શું સંધિ. આહાહા... એમાં પ્રત્યક્ષ થવું એવો તેનામાં ગુણ છે કહે છે, સંવેદનમાં જ્ઞાનમાં વેદનમાં પ્રત્યક્ષ થવું એવો તો એનામાં ગુણ એમાં ગુણ છે. આહાહા ! અરે રામજીભાઈ ન મળે આજ, જાુદી વાત છે આ. સમજાણું કાંઇ ?

જ્યાં પ્રભુ એક સમયમાં, એક સમયમાં હોં ભવિષ્ય રહેશે ને ભૂતકાળ હતો ને, અહીં તો વર્તમાનમાં જ ભૂતાર્થ છે. ભાઈ ! એક સમયમાં છતો પદાર્થ પ્રભુ છે. આહાહા... એને પ્રત્યક્ષ સ્વભાવ એનો થાય એવો સ્વભાવ છે, ભૂતાર્થ છે અને એનો પ્રત્યક્ષ થવો એવો એનો સ્વભાવ છે, પણ કોને ? શ્રુતજ્ઞાનને. શ્રુતજ્ઞાનમાં એ છે એ પ્રત્યક્ષ થાય તેવો એનો સ્વભાવ છે જ્ઞાનનો, આહાહાહા ! ( શ્રોતાઃ- અવધિ, મનઃપર્યયમાં આ લાગુ થાય ) નહિ, નહિ, નહિ, અવધિ, મનઃપર્યય નહીં, તેથી શ્રુત કહ્યું ને ? એ પરની અપેક્ષાએ. સમજાણું કાંઇ ? એ તો પરને જાણવામાં, પરની અપેક્ષા રાગની ત્યાં નથી ને સીધું જાણે એ અપેક્ષાએ. પણ એ તો પરની અપેક્ષાએ સાધક જે શ્રુતજ્ઞાન છે એમાં સ્વ-સ્વરૂપ પોતે પ્રત્યક્ષ થાય એવું તો એનું સ્વરૂપ છે. આહાહાહાહા... આવી વાત છે પ્રભુ ! ઓહોહો ! શું પ્રભુની વાણી !

( શ્રોતાઃ- શ્રુતજ્ઞાનની બલિહારી કે આત્માની બલિહારી ) શ્રુતજ્ઞાનની બલિહારી. આ આત્માની બલિહારી તો એનામાં હોય પણ જાણી ત્યારે ને ? ભાઈ. એમાં છે બલિહારી પણ જાણી ત્યારે ને ? જાણ્યા વિના... આહાહા ! ઝીણી વાત છે ભાઈ બહુ. ઓહોહો !

જ્યાં વસ્તુ નથી તેને જ્ઞાનની અપેક્ષાએ ભૂતાર્થ કહેવી, તો પ્રભુ તો ભૂતાર્થ છે એક સમયમાં આખો પરમાત્મ સ્વરૂપ નિજ પરમાત્મ દ્રવ્ય શુદ્ધ પારિણામિક પરમ ભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય, સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય ! ભાષા આવી, જાુઓ આવી ને ? આહાહા ! ભગવાન આત્મા જે વસ્તુ છે, એ તો સકળ નિરાવરણ અખંડ એક ચીજ ત્યાં પડી છે. પ્રત્યક્ષ પ્રતિભાસમય શબ્દ ત્યાં વાપર્યો છે. ભાઈ ! પછી તો અવિનશ્વર છે ને એ તો ધ્રુવપણામાં પણ આંહીં તો, આંહીં વજન આંહીં છે. આહાહા ! પ્રત્યક્ષ પ્રતિભાસમય એનું સ્વરૂપ જ એવું છે, કે શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ ભાસ આખો થાય. દેવીલાલજી ! ( શ્રોતાઃ- બરોબર છે પરમ સત્ય ) આહાહા !

ભગવાનના વિરહ પડયા, ભગવાન તો આમ વાત કહીને ગયા, આહાહા... ભાઈ, તું ભૂતાર્થ ચીજ છો કે નહિ ? જે અભૂતાર્થને પણ પ્રત્યક્ષ કરીને ભૂતાર્થ કહેવું. આહાહાહા ! ભૂત ને ભવિષ્ય પર્યાય નથી તેને જ્ઞાન પ્રત્યક્ષ કરે, માટે 'છે' એમ કહેવું,તું તો 'છે' ને પ્રભુ આખો ! ઝીણી વાત છે ભાઈ. આ વાત પહેલી જ આવી છે. ( શ્રોતાઃ- ઘણો જ સૂક્ષ્મ ન્યાય આપ્યો ) આહાહા... ન્યાય છે.

જે નથી તેને જ્ઞાન પ્રત્યક્ષ કરીને ભૂતાર્થ કહે એને, અને આ પ્રભુ તો એક સમયમાં પૂરો પડયો છે પ્રભુ ! આહાહાહા ! અને એ પણ ૧૪૪ માં છે ને ૧૪૪ ( ગાથા ) માં મતિ શ્રુતમાં

તત્ત્વને વાળીને એનો અર્થ આ છે. ૧૪૪ કર્તા-કર્મમાં આવ્યું છે. ઓહોહો ! પ્રભુ એ છે ને એમાં પ્રત્યક્ષ થવાનો એનો સ્વભાવ છે. ઓલી પર્યાયો તો નથી એનો પ્રત્યક્ષ થવાનો એનો સ્વભાવ નથી. પ્રત્યક્ષ તો જ્ઞાને કર્યું માટે એને ભૂતાર્થ કીધું. આહાહા ! ભૂત ને ભવિષ્યની પર્યાય નથી તેને તે પર્યાયની અપેક્ષાએ ભૂતાર્થ કહ્યું એમ નહિ, પણ જ્ઞાને એને પ્રત્યક્ષ કર્યું છે આમ, વર્તમાનવત્, તે માટે તેને ભૂતાર્થ સત્તા છે એમ કહેવું છે. આહાહા... તો ભગવાન તો એક સમયમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે ને ! ભૂતાર્થ છે ને ! ૧૧મી ગાથા નહીં ? છે એ તો આખો છે, એક સમય છે, ભવિષ્યમાં રહેશે ને કાળ એ તો પછી, પણ વર્તમાનમાં આખો છે. આહાહા !

સકળ નિરાવરણ અખંડ વર્તમાન એકરૂપ વર્તમાન, પ્રત્યક્ષ પ્રતિભાસમય વર્તમાન, અવિનશ્વર વર્તમાન શુદ્ધ પરિણામિક સહજ ભાવલક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય વર્તમાન. આહાહાહા ! એવો પ્રભુ છે એ પ્રત્યક્ષ કેમ ન થાય કે, આહાહા... છે પ્રત્યક્ષ થવાનો સ્વભાવ અને વર્તમાન પૂર્ણ છે, તેનો પ્રત્યક્ષ થવાનો સ્વભાવ અને પૂર્ણ છે એમ, એ પ્રત્યક્ષ કેમ ન થાય પ્રભુ ? આહાહા... પણ તેની માહાત્મ્ય દશા ભૂલી, શુદ્ધ જ્ઞાનમય, એકલો જ્ઞાનમય, જ્ઞાનથી જણાય એવો જ્ઞાનમય, પૂર્ણ જ્ઞાનમય જ્ઞાનથી જણાય એવો પૂર્ણ જ્ઞાનમય છે આ તો. આહાહા !

એવી ચીજને ભૂલી જઇ અને કર્તા સ્વયમ્ કર્તા ભવન્તિ, આહાહા... જોયું ? આ જ્ઞાન પોતે પોતાને આવો પ્રત્યક્ષ થઇ શકે છે એવી ભૂતાર્થ વસ્તુ છે, પૂર્ણ જ્ઞાનમય અને જ્ઞાનથી પ્રત્યક્ષ થઇ શકે એવી વસ્તુ છે, પણ તે વસ્તુને દૃષ્ટિમાં ન લેતાં તેની હૈયાતી જેની એવડી મોટી છે તેનો સ્વીકાર ન કરતાં, પરના લક્ષમાં જતાં તેને આકુળતા ઉત્પન્ન થઇ, એ સ્વયં આકુળતા ઉત્પન્ન કરી છે, કોઇ કર્મને લઇને થઇ છે એમ નથી. આહાહા... સમજાણું કાંઇ ? સ્વયમ્ પોતાની મેળે, એકલો જ્ઞાનમય, આનંદમય, શાંતિમય પરમાત્મ સ્વરૂપ એને પ્રત્યક્ષ કરવો જોઇએ એનો સ્વભાવ જ પ્રત્યક્ષ થવાનો છે. એની સામું ન જોતાં, વિકલ્પોની જાળને આકુળતા કરતો થકો, કર્તા થાય છે. પણ અહીં તો બહુ બળજોરીથી કર્તા થાય છે, સ્વરૂપમાં છે નહિ. આહાહા ! સમજાય છે કાંઇ ? આહાહા ! સ્વરૂપ તો જ્ઞાન દર્શન આનંદકંદ પ્રભુ છે, એને ભૂલીને બળજોરીથી ઊંધા પુરુષાર્થથી, બળજોરીથી રાગ ને દયા, દાનના વિકલ્પનો કર્તા થાય છે. ચીમનભાઈ ! આહાહાહા !

( શ્રોતા:- બળજોરી કેમ કહે છે, સહજ ટેવ પડી ગઇ છે ) એ અજ્ઞાનપણું છે એ કહેશે. એનું અજ્ઞાન છે એ ટેવ પડી ગઇ. આહાહા ! બળજોરીથી એવો શબ્દ વાપર્યો છે ને, વસ્તુ છે નહીં એવી, રાગનો કર્તા થાય એ વસ્તુનું સ્વરૂપ જ નથી. વસ્તુનું સ્વરૂપ તો પ્રત્યક્ષ જ્ઞાનમાં થાય તેવું એનું સ્વરૂપ છે, પણ તેને ભૂલીને, એ દયા, દાન, વ્રત, વિકલ્પ જે ઊઠે છે, એનો બળજોરીથી અજ્ઞાનભાવે સ્વયં કર્તા થાય છે. આહાહાહા ! આવી વાત છે.

ભાવાર્થ:- અજ્ઞાનથી શું શું નથી થતું ? આ અહીં વજન છે. જ્યાં સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એનું જ્યાં અજ્ઞાન છે ત્યાં શું નથી થતું કહે છે. હરણો ઝાંઝવાના જળ, પાણી જાણી પીવા દોડે છે. હરણો, મૃગલા ઝાંઝવાના જળ જાણી પીવા દોડે છે, અને એ રીતે ખેદખિન્ન થાય છે. આહાહાહા ! અંધારામાં પડેલા દોરડાને સર્પ માનીને માણસો ડરીને ભાગે છે, તેવી જ રીતે આ આત્મા પવનથી ક્ષુબ્ધ થયેલા સમુદ્રની માફક અજ્ઞાનને લીધે, અનેક

વિકલ્પો કરતો થકો જે સ્વરૂપમાં છે નહિ, સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે, એના અજ્ઞાનને લીધે, અનેક રાગના શુભ અશુભ ભાવને કરતો થકો, ક્ષુબ્ધ નામ આકુળ થાય છે. આહાહા !

દરિયો જેમ પવનથી જેમ તરંગમાં અસ્થિર થાય છે, એમ ભગવાન આત્મા પોતાના સ્વરૂપના અજ્ઞાનને લીધે શુભાશુભ વિકલ્પથી ક્ષુબ્ધ અસ્થિર થાય છે. આહાહા... અને એ રીતે જો કે પરમાર્થે તે શુદ્ધજ્ઞાનઘન છે, છે ને પાઠમાં, આહાહા... દરિયો તો દરિયો જ છે, પરમાર્થે તો ભગવાન શુદ્ધ જ્ઞાનઘન છે. તોપણ અજ્ઞાનથી કર્તા થાય છે. એનું જ્ઞાન નથી, સ્વરૂપ શું છે, હું, એના અજ્ઞાનને લઈને દયા, દાન, ભક્તિ આદિ કરે અને કર્તા થાય એ તો ઠીક પણ પાછું બીજા એને દેખે ત્યારે આ કરે છે સારું એવો તો દેખાવડો થાય, મિથ્યાદૃષ્ટિ મૂંઢ, હું આ કામ કરું છું, જુઓ બીજાથી જુઓ. આહાહા ! એમ અજ્ઞાની પોતાના ભાવનો કર્તા થાય અને બીજાને દેખાડવાનો એને ભાવ રહે, કે કેવું સારું કરું છું જુઓ બીજા કરતાં. આહાહાહા ! આકરું કામ છે

હવે જ્ઞાનથી આત્મા કર્તા થતો નથી એમ કહે છે.

---

## શ્લોક-૫૯

(वसन्ततिलका)

ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो
जानाति हंस इव वाःपयसोर्विशेषम्।
चैतन्यधातुमचलं स सदाधिरूढो
जानीत एव हि करोति न किञ्चनापि।।५९।।

---

**જ્ઞાનથી આત્મા કર્તા થતો નથી એમ હવે કહે છેઃ-**

**શ્લોકાર્થઃ-[ हंसः वाःपयसोः इव ] જેમ હંસ દૂધ અને પાણીના વિશેષને (તફાવતને) જાણે છે તેમ [ यः ] જે જીવ [ ज्ञानात् ] જ્ઞાનને લીધે [ विवेचकतया ] વિવેકવાળો (ભેદજ્ઞાનવાળો) હોવાથી [ परात्मनोः तु ] પરના અને પોતાના [ विशेषम् ] વિશેષને [ जानाति ] જાણે છે [ सः ] તે (જેમ હંસ મિશ્રિત થયેલાં દૂધજળને જુદાં કરીને દૂધ ગ્રહણ કરે છે તેમ) [ अचलं चैतन्यधातुम् ] અચળ ચૈતન્યધાતુમાં [ सदा ] સદા [ अधिरूढः ] આરૂઢ થયો થકો (અર્થાત્ તેનો આશ્રય કરતો થકો) [ जानीत एव हि ] માત્ર જાણે જ છે, [ किञ्चन अपि न करोति ] કાંઈ પણ કરતો નથી (અર્થાત્ જ્ઞાતા જ રહે છે, કર્તા થતો નથી).**

**ભાવાર્થઃ-જે સ્વ-પરનો ભેદ જાણે તે જ્ઞાતા જ છે, કર્તા નથી. ૫૯.**

## શ્લોક-૫૯ ઉપર પ્રવચન

ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो
जानाति हंस इव वा:पयसोर्विशेषम्।
चैतन्यधातुमचलं स सदाधिरूढो
जानीत एव हि करोति न किञ्चनापि।।५९।।

હંસ, વાઃ નામ પાણી અને પયસોઃ નામ દૂધ છે ને ? હંસ વાઃ પયસોઃ, હંસ વાઃ નામ પાણી અને પયસોઃ નામ દૂધ, હંસ જેમ દૂધ અને પાણીના વિશેષને જાણે છે, આહા... ઓલો મૃગલાનો દાખલો આપ્યો'તો ઝાંઝવામાં, અજ્ઞાનમાં, અને દોરડાનો દાખલો આપ્યો. એમ સ્વરૂપના અજ્ઞાની, હરણીયાની જેમ ઝાંઝવામાં પાણી છે. આહાહા ! સ્ત્રીમાં સુખ છે, પૈસામાં સુખ છે, આબરુમાં સુખ છે, કુટુંબ બહોળું થાય તો આપણે મોટા કહેવાઇએ સુખ છે, એમ હરણીયા જેમ ઝાંઝવામાં દોડે છે, એમ આ મૂંઢ જેમાં નથી સુખ તેમાં દોડે છે. આહા ! સવળામાં હંસનો દાખલો, પાણી ને દૂધ ભેગા પડયા છતાં હંસલો પાણી ને દૂધ જુદાં પાડી નાખે છે, દૂધને લઇ લ્યે છે ને પાણી જુદું પડી જાય છે, આહાહા ! દાખલો તો જુઓ.

"તેમ જીવ જ્ઞાનને લીધે વિવેચકતયા" વિવેકવાળો એટલે ભેદજ્ઞાનવાળો હોવાથી. આહાહા... એ દયા, દાન ને રાગના વિકલ્પથી ભિન્ન આત્મા છે, એમ જ્યાં ભેદજ્ઞાન થયું ત્યાં એ વિવેચક, વિવેક કર્યો, જેવો હતો તેમ તેણે ભેદ પાડયો, વિકલ્પ જે છે દયા, દાન, વ્રત આદિનો સમૂહ એનાથી હું નહિ, એનાથી હું જુદો છું. એમ વિવેક કર્યો. હંસે જેમ પાણી અને દૂધ જુદા પાડયા એમ આ જ્ઞાનીએ રાગ અને આત્માને જુદા પાડયા. આહાહા... આવું સ્વરૂપ.

લોકોને લાગે ચાલતા સંપ્રદાયમાં તો આ વાતેય નથી. એટલે આકરું લાગે એકાંત છે કહે બિચારા, એકાંત છે સોનગઢનું એકાંત, પ્રભુ તું સ્વદ્રવ્યના એકાંત પક્ષમાં આવ્યો નથી ને, પ્રભુ તને તેથી એકાંત લાગે છે. એકાંત જ છે, સ્વદ્રવ્યના પક્ષમાં આવવું એ એકાંત છે, સમ્યક્ એકાંત છે. આહાહા ! રાગ ને નિમિત્તથી ન થાય રાગ ને નિમિત્તથી ભેદ પાડતાં ભેદજ્ઞાનમાં એનાથી ન થાય, એવું એકાંત સ્વરૂપ છે, આહાહા ! શું થાય ? આહાહા !

શાસ્ત્રના અભ્યાસથી પંડિતો પણ ભાઈએ લખ્યું છે ને ન્યાયના ભણેલા પણ ભાઈએ ક્રમબદ્ધમાં એ લોકો આ ક્રમબદ્ધને સાંભળીને ગોથાં ખાઇ જાય છે, એ કેવળજ્ઞાનમાંય એ શંકા કરે છે. હવે આ જે સમયે જે પર્યાય થાય છે તે થઇ તો કેવળજ્ઞાનીએ જોયું તેમાં, એ નથી જોયું, એ નથી જોયું, થાય ત્યારે જોશે, હવે થાય ત્યારે જોશે, નથી થયું તેને જ્ઞાન વર્તમાન પ્રત્યક્ષ જાણે છે. આહાહા ! સમજાણું કાંઇ ? આહાહા !

જેમ હંસ દૂધ અને પાણીના વિશેષને તફાવતને જાણે છે, તેમ જીવ જ્ઞાનને લીધે રાગથી ભિન્ન પડેલું ભેદજ્ઞાનને લીધે વિવેકવાળો હોવાથી, આહાહા ! એ રાગ ઊઠે છે વિકલ્પ ચાહે તો દયા, દાન, વ્રતનો હો પણ એનાથી મારો પ્રભુ તો ભિન્ન છે, એમ જેને વિવેક અને વિવેચન અને ભેદજ્ઞાન થયું છે, જેને ભવના અંત આવી ગયા છે, એવા ચાહે તો શુભ રાગ દયા, દાન, વ્રત,

ભક્તિ હો પણ એનાથી પણ જેણે વિવેચન નામ વિવેક કર્યો છે, ભિન્ન પાડયું છે. આહાહાહા ! આવી વાત આકરી વાત લાગે માણસને ઓલા વ્યવહાર કરતા કરતા થાય, ના પાડે એ એકાંતિક છે, કરૂણાદીપમાં તો બહુ આવે છે આંહીંનું. આખું વિરૂદ્ધ જ તે, કારણ એને બેઠું નથી, શું કરે બિચારાને. અરેરે ! શું કરીએ છીએ એની ખબર નથી. આહાહા !

આંહીં તો કહે છે કે જેને એ સાધન માને છે, દયા, દાન, વ્રતનાં વિકલ્પને એનાથી તો જેણે પોતાના આત્માને ભિન્ન કર્યો છે. એને સાથમાં લઇને ભિન્ન કર્યો છે ? ( કે ) એને જુદા પાડીને ભિન્ન કર્યો છે. રસિકભાઈ ! આવું ઝીણું છે બાપુ ! એ અબજો રૂપિયા દુનિયામાં મળે એ તો પૂર્વના પુણ્ય, બાપુ આવી વાત મળવી. આહાહા ! ધૂળ એ તો ભિખારા છે પૈસાના માગણ છે, પ્રભુ તો એમ કહે છે. આ માગણ છે માળા મોટા વરાકા ભિખારી આ લાવો, આ લાવો, આ લાવો. આહાહા ! પણ આ વાત, જેને પૈસો ફૈસો તો એક કોર રહી ગયો પણ જેને રાગ થાય છે દયા, દાન, વ્રત આદિનો વિકલ્પ ઊઠે છે. અરે ગુણી ને ગુણ એવું અભેદ સ્વરૂપ હોવા છતાં ભેદ પાડીને વિકલ્પ ઊઠે છે, તેનો પણ જેણે ભેદ કર્યો છે. સમજાણું કાંઇ ? જ્ઞાનને લીધે વિવેક ભેદજ્ઞાનવાળો હોવાથી "પરાત્મનોઃ તું" પરના અને પોતાના વિશેષને જાણે જ છે, પર નામ શુભ રાગાદિ અને સ્વ નામ પોતે આત્મા આનંદ સ્વરૂપ એ બે ને વિશેષને જાણે છે, બેની ભિન્નતાને ધર્મી જાણે છે. આહાહા... સમજાણું કાંઇ ? આહાહા !

હંસ જેમ પાણીને અને દૂધને જુદાં જાણે છે, અને એકલું દૂધનું કોકડું કરીને પીએ છે, પાણી જુદા પાડે છે. એમ ભેદજ્ઞાની ધર્માત્મા, રાગરૂપી પાણીને, આનંદરૂપી દૂધને અનુભવતો રાગથી ભિન્ન પાડે છે. આહાહા ! ચીમનભાઈ ? આવી વાતું છે બાપુ ! આહાહા ! પહેલી આગળ અર્ધો કલાક વાત ગઇ એવી વાત હમણાં કરી નથી કોઇ દી' આ વર્ષમાં, આહાહા... આત્મા અને રાગ નામ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ, જેણે ધર્મી જીવે જેને રાગથી પોતાને જુદો કર્યો છે. છે ને ? 'પરાત્મનોઃ' –પરાત્મનોઃ એ દયા, દાન, વ્રત, ભક્તિ જાત્રાનો વિકલ્પ છે, એ રાગ છે, અને આ તે પર છે અને ભગવાન આત્મા એનાથી જુદો ભિન્ન છે. આહાહાહા ! કેમકે નવતત્ત્વ છે, એમાં પાપ, હિંસા, જૂઠું, ચોરી, પાપ તત્ત્વ ભિન્ન છે, દયા, દાન, વ્રત, તપ, ભક્તિ જાત્રાનો વિકલ્પ છે એ પુણ્ય તત્ત્વ ભિન્ન છે. નવતત્ત્વમાં એ તો જુદું તત્ત્વ છે. અને આત્મા જે છે એ એનાથી ભિન્ન તત્ત્વ છે. આહાહાહા !

એ ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ જેણે રાગથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન કર્યું એ સ્વ અને પરને બેયને જુદા પાડયા છે. આહાહા ! અજ્ઞાની પરને ને પોતાને એક માનીને રાગનો કર્તા થાય છે આહાહાહા ! જ્ઞાની રાગને, સ્વને રાગને પાણી જેમ દેખી ભગવાનને દૂધના મીઠા આનંદસ્વરૂપ દેખી અને એનાથી ભિન્ન પાડયો છે. આહાહાહા ! આવી વાત છે. અમૃતચંદ્રાચાર્ય ! દિગંબર સંત જાહેર કરે છે જગતને. આહાહા !

પરાત્મનોઃ આહાહાહા ! પર એટલે વિકલ્પ ઊઠે છે ચાહે તો ગુણ ગુણીના ભેદનો કે દયા, દાન, વ્રત, જાત્રાનો એ બધો રાગ અને પોતે અંદરથી ભિન્ન છે રાગથી. આહાહા ! વિશેષ 'બે' ની જુદાઇ 'બે' માં તફાવત છે, ભગવાન આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ ને રાગ વિકલ્પ સ્વરૂપ આકુળતા સ્વરૂપ 'બે' ની ભિન્નતા છે, રાગ છે એ આકુળતા છે, આત્મસ્વભાવ છે તે નિરાકુળ

આનંદ સ્વરૂપ છે. આહાહા ! ‘બે’ ની ભિન્નતાનો વિવેક કરી, તે જેમ હંસ મિશ્રિત થયેલા દૂધ જળને જુદા પાડી, દૂધને ગ્રહણ કરે છે, એમ ધર્મી જીવ, ભેદજ્ઞાની, રાગના વિકલ્પને પાણી જેમ ગણીને જુદું પાડે છે અને ભગવાન આત્મા એનાથી આનંદ સ્વરૂપ દૂધનો પિંડ જેમ છે એમ આનંદ સ્વરૂપ છે. આહા !

ધર્મી, સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મની પહેલી સીઢી વાળો જીવ, એ રાગને અને ભગવાનને જુદા પાડે છે આત્માને, આવું છે. હંસ, મિશ્રિત થયેલા દૂધ જળને જુદા ગ્રહણ કરે છે, તેમ અચલં ચૈતન્યધાતુમ્ અચળ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા તો ચૈતન્યસ્વરૂપ છે જ્ઞાનનો ગાંગડો, જ્ઞાનનો પિંડ, જ્ઞાનનો પુંજ પ્રભુ છે. જેમ દૂધ છે મીઠું અને સફેદ એમ ભગવાન આત્મા આનંદ અને શુદ્ધ છે, એને રાગ અશુદ્ધ ને આકુળતા છે, એનાથી ધર્મી જીવે આત્માને ભેદજ્ઞાનથી ભિન્ન પાડયો છે. આહાહાહા ! આવી વાતું હવે. જગતને બિચારાને સાંભળવા મળે નહિ, રખડબાજી કરી છે અનાદિથી. આહા !

“અચળ ચૈતન્યધાતુ” ઓલું પુણ્ય-પાપ છે એ અસ્થિર છે, અને એ ચૈતન્યનો સ્વભાવ નથી, આ અચળ ચૈતન્યસ્વરૂપ છે, જે પોતાના ધ્રુવ સ્વરૂપથી ચળતું નથી કદી, આહા... અચળ ચૈતન્યધાતુ અથવા ચૈતન્ય સ્વરૂપ, ચૈતન્ય લક્ષણ, ચૈતન્ય સ્વભાવ જેણે ધારી રાખ્યો છે. એ પુણ્ય ને પાપ જેણે ધાર્યા નથી, એવો એ ચૈતન્યધાતુ ભગવાન છે. આહાહાહા ! આરે આવી વાત. શું થાય ? વીતરાગ માર્ગનો વીતરાગભાવ છે, તેને રાગ ભાવમાં ખતવી નાખ્યો છે, એ રાગની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા એ રાગ છે, એને ધર્મ માનીને ખતવી નાખ્યો, મારી નાખ્યો. આહાહાહા !

આંહીં કહે છે કે એ હંસલો પાણીને જુદું પાડીને દૂધ પી લ્યે છે, એમ ધર્મી જીવ રાગનાં કણને જુદો પાડીને આનંદનો સાગર જ્ઞાન સ્વરૂપને અનુભવે છે. આહાહા ! કહો શાંતિભાઈ ! આવું છે. “સદા આરૂઢ થયો થકો” જોયું ? ધર્મી જીવ અચળ ચૈતન્યધાતુમાં સદાય આરૂઢ થયો થકો, એણે જાત્રા કરી એણે આત્માની, ડુંગરે ચડે છે ને, એ તો જરીક શુભભાવ હોય ને દેહની ક્રિયા થવાની હોય તો થાય, આ તો અચળ ચૈતન્ય ધાતુ ઉપર આરૂઢ થયો થકો, જે અનાદિથી પુણ્ય ને પાપ રાગમાં આરૂઢ થયો થકો અજ્ઞાની હતો, એ રાગથી ભિન્ન પડીને ચૈતન્યધાતુમાં આરૂઢ થયો. આહાહાહા ! અરે ! આવી વાત વીતરાગ જિનેશ્વરદેવ સિવાય કયાંય વાત નથી. એના વાડામાંય વિંખાઇ ગયું બધું. સત્ય વાત બહાર આવી ત્યારે એને એકાંત લાગી, શું થાય ? આહા !

ધર્મી તો એને કહીએ ધર્મ કરનાર કે જે રાગની ક્રિયાથી ભગવાન આત્માને જુદો પાડી અને આ ચૈતન્ય અચળ ધાતુમાં આરૂઢ થાય. આરૂઢ શબ્દ વપરાય છે ને હિન્દીમાં. એટલે ? તેનો આશ્રય કરતો થકો એમ ખુલાસો કર્યો. શુદ્ધ ચૈતન્ય આનંદકંદ પ્રભુ ધર્મી જીવ તેને આશ્રય કરતો, તેમાં આરૂઢ થયો, તેને સન્મુખ થયો, રાગ અને નિમિત્તથી વિમુખ થયો, આહાહા... સત્‌મુખ સત્ ભૂતાર્થને તેની મુખ્ય કરી નાખી, આશ્રય કર્યો જેણે, મુખ્ય તે નિશ્ચય એમ આવે છે ને ? વ્યવહારને ગૌણ કર્યો, આહાહા ! મુખ-સત્‌મુખ-સત્ વસ્તુ અનંત અનંત જ્ઞાન ને અનંત આનંદ અતીન્દ્રિયજ્ઞાન, અતીન્દ્રિયઆનંદ, અતીન્દ્રિય સુખ, અતીન્દ્રિય શક્તિ, પ્રભુતા, અતીન્દ્રિય

સ્વચ્છતા, અતીન્દ્રિય કર્તા કર્મ આદિ, અતીન્દ્રિય ગુણોનો પિંડ પ્રભુ, તેને ધર્મી જીવ, રાગ ને પાણી જેમ જાણી ને જુદું પાડી, હંસલો જેમ પાણી અને દૂધને જુદા પાડે, એમ ધર્મી એને કહીએ કે રાગ ને પાણી જેમ જાણી જુદા પાડી ને આત્માના આનંદને જુદો અનુભવે, એનો આશ્રય લ્યે, તેમાં આરૂઢ થાય. આહાહા ! આ બધી વાતું અંતરની હવે. છે ? અચળ ચૈતન્યધાતુમાં અને તે પણ સદા, જેમ એ ત્રિકાળી ચીજ સદાય છે, તેમ વર્તમાન પર્યાયમાં પણ સદા અંદર સન્મુખ થયો થકો, આરૂઢ થયો થકો, વર્તમાનમાં સદાય આશ્રય લેતો થકો, રાગનો આશ્રય છોડીને. આહાહા !

'જાનીત' માત્ર 'જાણે જ' છે, આહાહા... રાગેય આવે એને, પણ તે ચૈતન્યસ્વરૂપમાં સન્મુખને આશ્રય લેતો સ્વને જાણે છે, તેમ રાગ છે પર, એમ એને જાણે. રાગ મારી ક્રિયા ને મારું સ્વરૂપ છે. એમ જ્ઞાની જાણે નહિ. આહાહાહા ! એકએક કળશમાં કેટલી વાત ભરી છે. દિગંબર સંતો એક ગાથા. એક કળશ, ઓહોહો ! આ તો શાંતિના કામ છે બાપા ! શાંતિભાઈ ! શાંતિના કામ છે આ. પ્રભુ તો અકષાય શાંતિનો સાગર છે ને પ્રભુ આત્મા તો, અને રાગ છે તે અશાંતિ ને આકુળતા ને દુઃખ છે. આહાહા... તેથી સમ્યગ્દષ્ટિ ભેદજ્ઞાની, એ રાગની આકુળતાથી ભિન્ન પ્રભુ મારું સ્વરૂપ છે, તેનો આશ્રય લઇને તેમાં રહેતો થકો રાગને અને સ્વને જાણે છે. રાગ પર છે તેને પર તરીકે જાણે, આત્મા શુદ્ધ ચૈતન્યઆનંદ છે તેને સ્વ તરીકે જાણે, આનું નામ સમકિતી અને ધર્મી કહેવાય, બાકી બધા થોથાં છે. આહા... વીતરાગ મારગ આ છે. આહાહા !

'માત્ર' એમ છે ને ? "જાનીત એવ હિ" એમ છે ને ? જાણે જ છે, એમ 'એવ' એટલે, માત્ર તેથી કહ્યું છે. માત્ર એટલે જાણે જ છે, "જાનીત એવ હી" જાણે જ છે, આહાહા... પ્રભુ આત્માનો સ્વભાવ તો જ્ઞાનમય આનંદ છે ને ! એમ જેને ભાન થયું તે તો રાગને ફક્ત માત્ર જાણે જ છે, પર જ્ઞાતા દૃષ્ટા તરીકે જાણે છે, રાગ મારો છે એમ અજ્ઞાની માને છે મિથ્યાદૃષ્ટિ, એ વ્યવહાર રાગને પોતાનો ( નથી ) માનતો. જેને વ્યવહાર રાગ કહે એ દયા, દાન, વ્રત, ભક્તિ. દેવ, ગુરુ, શાસ્ત્ર શ્રદ્ધાનો રાગ એ રાગથી ભિન્ન ભગવાન આત્માને ધર્મી જાણે છે, અજ્ઞાની રાગથી મને લાભ થશે ને ધર્મ થશે ને, મિથ્યાદૃષ્ટિ એમ માને છે. આહાહા !

"કિઞ્ચન અપિ ન કરોતિ" ઓલું "કર્ત્રી ભવન્તિ" હતું ને ઓલામાં ત્યારે જ્ઞાની ધર્મી કાંઇ પણ કરતો નથી, કાંઇ પણ કરતો નથી એટલે ? રાગને પોતામાં કાંઇ પણ કરતો નથી, એમ ન્યાં તો અકર્તા રહે છે, કર્તા થતો ( નથી ) એમ રાગથી ભિન્ન પોતાને જાણે છે, એવું કરે છે. સમજાણું કાંઇ ? કાંઇ કરતો નથી એટલે ? રાગને કાંઇ કરતો નથી, રાગ મારા છે એમ ધર્મી કરતો નથી.

અરે આવો મનુષ્યભવ અનંત કાળે ( મળ્યો ) એની એક એક પળ બાપા આવી કિંમતી, છ ઢાળામાં તો એમ કહ્યું ને નિગોદમાંથી નીકળતા ઇયળ થાય, ઇયળ એ ત્રસપણું પામે તો એ ચિંતામણિ રતન, નિગોદમાં જીવ અનંત કાળ ન્યાં રહ્યો છે, ભાઈ અનંત કાળ ન્યાં ગાળ્યો બાપા, એમાંથી કહે છે ત્રસ ઇયળ થાય તોય પણ ચિંતામણિ પામ્યો ઇ, એમાં વળી મનુષ્ય થાય, એમાં વળી આર્યકુળે અવતાર થાય, એમાં શરીર નિરોગ રહે, એમાં જૈન વાણી સાંભળવા મળે. આહાહા ! બહુ દુર્લભ બાપુ, બહુ દુર્લભ. અને સાંભળવા મળતા પછી શ્રદ્ધા થાય, એ તો બહુ દુર્લભ. આહાહા ! બોધિ દુર્લભ આવે છે ને ? "કિંચન અપિ ન કરોતિ" ધર્મી જીવ રાગને

કિંચીત્‌માત્ર પણ મારો છે એમ કરતો નથી. કાંઇ કરતો નથી એનો અર્થ રાગ મારો છે એમ કાંઇ કરતો નથી એમ. બાકી રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાનને કરે છે. આહાહા !

ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમાત્માની આ વાણી છે. આહાહા ! ભગવાન ઇન્દ્રો ને ગણધરોની વચ્ચે આ કહેતા હતા, અને એ કહે છે અત્યારે મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે, એ આ વાણી છે. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા સંવત ૪૯ આઠ દિ' રહ્યા હતા બે હજાર વર્ષ પહેલાં આ કુંદકુંદાચાર્ય, ત્યાં જઇને આ લાવ્યા ને આ સંદેશ પ્રભુનો છે. આહાહા ! પોતે તો મુનિ હતા, આનંદકંદમાં ઝુલતા હતા, પ્રચુર સંવેદન આનંદનું હતું, એને આ મુનિ કહીએ, એમને આ વિકલ્પ ઉઠયો દુનિયાને સમજાવવાનો કે ભાઈ પ્રભુ તો આમ કહે છે મારગ બાપા ! આહાહા ! તું ક્યાંક કાંઇ માનીને બેઠો હો તો વસ્તુ છોડી દે. ભગવાન તો કહે છે કે એ વિકલ્પ ઉઠયો છે એનાથી ભિન્ન પાડ તને, અને ભિન્ન છે, ભિન્ન છે તો ભિન્ન પાડ. આહાહા... એ આવ્યું' તું ને પ્રજ્ઞાછીણીમાં રાગ અને સ્વભાવ વચ્ચે તડ છે, સાંધ છે, સાંધ, અરે અરે ઇ કેવું, હેં ? મોટા પથ્થર હોય છે એમાં આ સાંધ હોય છે. દોરો ઝીણો-એમાં સુરંગ નાખે એટલે જુદા પડી જાય, જુદા છે તે જુદા પડી જાય. એમ આ દયા, દાન, વ્રતનો વિકલ્પ છે તે જુદો છે, ભગવાન આત્મા જુદો છે, બે વચ્ચે સાંધ છે, તડ છે. આહા !

આવો ઉપદેશ અરે શું થાય પ્રભુ. એ ધર્મી પોતે અને પર, રાગાદિ પર અને જ્ઞાનાનંદ સ્વ, એમ બેને જુદા પાડીને પરને કાંઇ પણ કરતો નથી. પર મારા છે એમ કાંઇ કરતો નથી. આહાહાહા... આંહીં તો બાથ ભીડીને પડયો, બાઇડી મારી, છોકરા મારાં, પૈસા મારાં, મરી ગયો, મારી નાખ્યો આત્માને, મારી નાખ્યો, પોતે ચૈતન્યમૂર્તિ એ એના નથી, એના તો આનંદ ને જ્ઞાન છે એમ ન માનતાં આ મારા છે, એનું જીવતર એણે લુંટવી નાખ્યું, આવી વાત છે. જ્ઞાતા જ રહે છે, જોયું ? કાંઇ પણ કરતો નથી એટલે ? જ્ઞાતા જ રહે છે, કર્તા થતો નથી. આહાહા !

ભાવાર્થઃ- જે સ્વ-પરનો ભેદ જાણે રાગના વિકલ્પને દુઃખરૂપ જાણે પર જાણે અને આત્મા આનંદને, જ્ઞાનસ્વરૂપને સ્વ જાણે એવું જે ભેદજ્ઞાન જાણે એ જ્ઞાતા જ છે, કર્તા નથી. એ રાગનો કર્તા થતો નથી. આહાહાહા..... હવે જે કાંઇ જણાય છે તે જ્ઞાનથી જણાય છે એમ કહે છે. આહાહાહા.....

---

## શ્લોક-૬૦

( मन्दाक्रान्ता )

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः
क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।।६०।।

**હવે, જે કાંઈ જણાય છે તે જ્ઞાનથી જ જણાય છે એમ કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ ज्वलन-पयसोः औष्णय-शैत्य-व्यवस्था ] ( ગરમ પાણીમાં ) અગ્નિની ઉષ્ણતાનો અને પાણીની શીતળતાનો ભેદ [ ज्ञानात् एव ] જ્ઞાનથી જ પ્રગટ થાય છે. [ लवणस्वादभेदव्युदासः ज्ञानात् एव उल्लसति ] લવણના સ્વાદભેદનું નિરસન ( - નિરાકરણ, અસ્વીકાર, ઉપેક્ષા ) જ્ઞાનથી જ થાય છે ( અર્થાત્ જ્ઞાનથી જ શાક વગેરેમાંના લવણનો સામાન્ય સ્વાદ તરી આવે છે અને તેનો સ્વાદવિશેષ નિરસ્ત થાય છે ). [ स्वरसविकसन्नित्यचैतन्यधातोः च क्रोधादेः भिदा ] નિજ રસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુનો અને ક્રોધાદિ ભાવોનો ભેદ, [ कर्तृ भावम् भिन्दती ] કર્તૃત્વને ( કર્તાપણાના ભાવને ) ભેદતો થકો-તોડતો થકો, [ ज्ञानात् एव प्रभवति ] જ્ઞાનથી જ પ્રગટ થાય છે. ૬૦.**

## શ્લોક-૬૦ ઉપર પ્રવચન

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः
क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।।६०।।

આહા ! "જવલન–પયસો ઔષ્ણય–શૈત્ય–વ્યવસ્થા" ગરમ પાણીમાં અગ્નિની ઉષ્ણતાનો અને પાણીની શીતળતાનો ભેદ, પાણી જે ઉનું છે, એ ઉનું અગ્નિનું સ્વરૂપ છે, એ પાણીનું નહીં. પાણી શીતળ છે, એમ ઉષ્ણતા અને શીતળતાનો ભેદ, ઓલામાં તો લીધું સ્વરૂપગ્રાહી જ્ઞાની એ જાણે છે, જેને સ્વરૂપનું જ્ઞાન થયું છે એ પાણી શીતળ ને ઉનું એ અગ્નિ, એવો ભેદ સ્વરૂપગ્રાહી જ્ઞાની જાણે છે, અજ્ઞાની નહિ. જેને સ્વ ને પરનું ભેદજ્ઞાન થયું છે, રાગથી ભિન્ન ભગવાન આત્માનું સ્વ પરનું જ્ઞાન થયું છે, એવો જે સ્વરૂપગ્રાહી જ્ઞાની તે પાણી ઠંડુ અને ઉનું ગરમ અગ્નિ એનો ભેદ તે સ્વરૂપગ્રાહી જ્ઞાન તે પરને જાણે છે. આમ બીજો જાણે છે એવું નહિ, તેને ખબર નથી કે આ વસ્તુ છે.

કળશમાં છે ને ( વસ્તુ છે મૂળ ઈ ) "જ્ઞાનાત્" એમ છે ને ત્યાં, જ્ઞાનાત્ જ્ઞાનથી એટલે ? ભેદજ્ઞાનથી, ભેદજ્ઞાનથી એટલે જેને સ્વરૂપનું જ્ઞાન થયું છે, કે હું જ્ઞાન ને આનંદ છું, એવા જ્ઞાનથી જ ગરમ પાણીમાં ઉષ્ણતા ને પાણીની શીતળતાનો ભેદ જ્ઞાનથી પ્રગટ જાણે છે. જેને સ્વનું જ્ઞાન થયું છે, એ પરના જ્ઞાનને યથાર્થ રીતે પાણી શીતળ ને અગ્નિ ઉષ્ણ એમ ભેદ તે સ્વરૂપગ્રાહી જ્ઞાની જાણે છે, અજ્ઞાની તેને જાણતો નથી. આહાહાહા ! ( શ્રોતાઃ– કથંચિત્ પાણી ઉનું અને કથંચિત્ પાણી ઠંડુ છે એમ ) બિલકુલ નહિ, પાણી ઉનું છે એ ગરમીનું, આંહીં તો એનો સ્વભાવ શીતળ છે એમ ભગવાનનો સ્વભાવ શીતળ, શાંત, વીતરાગ છે, રાગ છે તે ઉપાધિ છે કર્મની. આહાહાહા ! આકરું કામ છે. આહાહા ! ગરમ પાણીમાં ગરમ પાણીમાં ઉષ્ણતા તે અગ્નિની છે અને પાણી તે શીતળ છે, એવી જુદાઇ પરની પોતાનું જ્ઞાન જેને થયું છે તે પરને

ઉષ્ણતા ને શીતળતાનો ભેદ યથાર્થ જાણે છે. આહાહા ! સમજાણું કાંઇ ? પ્રગટ થાય છે.

"લવણસ્વાદભેદવ્યુદાસ:" શાકના સ્વાદથી લવણના સ્વાદની તદ્દ્ન ભિન્નતા શાક ખારું જે છે એ ખારું શાક નથી, મીઠું ખારું છે. શાક તો મીઠાશ-ખારાશથી ભિન્ન ચીજ છે. આહાહા ! એ શાકના સ્વાદથી લવણના સ્વાદની તદ્દ્ન ભિન્નતા "જ્ઞાનાત એવ ઉલ્લસતિ" જ્ઞાનથી જ પ્રકાશિત થાય છે. આહાહાહા ! એક ફેરે કીધુ'તું -દાખલો આપ્યો તો નહીં, શ્રીમદ રાજચંદ્ર આવ્યા'તા રાણપુર પાસે એક ગામ છે એમાં સૌ ભેગા થયા'તા થોડાક મુમુક્ષુ એમાં દૂધીનું શાક આમ આવ્યું આમ દૂધીનું શાક જોઇને કે આ શાકમાં મીઠું બહુ છે, પણ તમે ચાખ્યા વિના ? જુઓ એ દૂધીના જે કટકા પાણીથી બફાય એના કરતાં મીઠું વધારે પડયું તે એના રેસા તૂટી ગયા છે. જુઓ આ ખારે રેસા તૂટી ગયા તમે વગર જોયે ? પણ જુઓને એ દૂધીના શાકના કટકા છે એના રેસા તૂટી ગયા છે તે ખારૂં વધારે છે મીઠું પડયું છે, એમ ભિન્નતા ખારાની અને શાકની ભિન્નતાને ભિન્ન સ્વરૂપગ્રાહી જ્ઞાની તેને જાણી શકે છે. વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૧૯૬ શ્લોક-૬૦ ગુરુવાર, મહા વદ-૩, તા. ૧૫/૨/'૭૯

ઓગણસાઈઠ પૂરા થયા પછી, હવે જે કાંઈ જણાય છે તે જ્ઞાનથી જણાય છે એમ કહે છે. ફરીને સાઈઠમો કળશ. "जवलन पयसो: औष्णय-शैत्य-व्यवस्था" ગરમ પાણીમાં અગ્નિની ઉષ્ણતા અને પાણીની શીતળતા પાણીનો મૂળ સ્વભાવ શીતળ છે અને અગ્નિના નિમિત્તે ઉષ્ણ થયું, એ અગ્નિનું કાર્ય થયું એવો બે ભેદ જાણે કોણ ? કે જેને આ સ્વરૂપનું જ્ઞાન થયું છે આત્માનું, આ આત્મા ભગવાન સર્વજ્ઞે જે કહ્યો, એ શરીર આ તો જડ છે. એનાથી જુદો છે, અંદર આઠ કર્મ છે જ્ઞાનાવરણી જડ એનાથી જુદો છે, એનાથી પાપના પરિણામ કરે છે હિંસા, જુઠું, ચોરી, વિષયભોગ, વાસના એનાથી જુદો છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, ઉપવાસ આદિના વિકલ્પ કરે છે એનાથી તો આત્મા જુદો છે અંદર, એવા આત્માનું રાગથી ભિન્ન થઈને આત્મજ્ઞાન થાય, સમ્યગ્દર્શન થાય, અને આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે એવું જેને વેદન અનુભવમાં આવે એને આત્મજ્ઞાન કહે છે. ઝીણી વાત છે પ્રભુ ! આહાહા !

એ જ્ઞાન થયું હોય એ પાણીની શીતળતા અને અગ્નિની ઉષ્ણતા એનો ભેદ એ સમ્યગ્જ્ઞાની જાણે. સમજાય છે કાંઈ ? છે ? ગરમ પાણીમાં અગ્નિની ઉષ્ણતાનો ને પાણીની શીતળતાનો ભેદ જ્ઞાનથી જ પ્રગટ થાય છે. જ્ઞાનથી એટલે ? જે આત્મા જ્ઞાનસ્વરૂપ છે પ્રભુ સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે, એ સર્વજ્ઞ સ્વરૂપની જેને દૃષ્ટિ ને અનુભવ થયો, તેનું નામ અહીં જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા ! આવી વાતું છે. એ જ્ઞાન જેને થયું તે પાણીની શીતળતા અને અગ્નિની ઉષ્ણતાનો ભેદ એ સ્વ-પર જ્ઞાયક જાણનારો છે એ જાણે. અજ્ઞાનીને એની શીતળતા ને ઉષ્ણતાની ખબર નથી, કારણકે જેને સ્વનું જ્ઞાન નથી એને પરનું જ્ઞાન યથાર્થ હોતું નથી. આહાહા ! પ્રેમચંદજી ! આવી વાત છે. અપૂર્વ વાત બાપુ શું કહેવાય ?

અત્યારે તો મુશ્કેલી જેવું લાગે આખો માર્ગ વીતરાગનો પરમેશ્વર, જૈન પરમેશ્વર પરમાત્મા એનું કથન છે આ. સંતો દિગંબર મુનિઓ એ આડતિયા થઈને કેવળજ્ઞાનની વાત

જગત પાસે મુકે છે. માલ તો ભગવાનનો છે, એ અનુભવી થયા મુનિઓ, સંતો, દિગંબર સંત, એની આ વાણી છે. સમજાય છે કાંઈ ? શ્વેતાંબર પંથ તો બે હજાર વર્ષ પહેલાં, આમાંથી દિગંબરમાંથી નીકળ્યો. શ્રદ્ધા વિપરીત થઈ ગઈ. એમાંથી સ્થાનકવાસી હમણાં ચારસે વર્ષ પહેલાં, એ શ્વેતાંબરમાંથી નીકળ્યા એ પણ શ્રદ્ધા વિપરીત થઈને ઝીણી વાત છે ભાઈ આકરું કામ છે એ ચીમનભાઈ. આવું જે જ્ઞાન સંતો દિગંબર મુનિઓને હતું અને એ જ્ઞાનથી વાત કરે છે, જગતને કે અમને પણ જે આત્મજ્ઞાન થયું એને અમે જાણનાર થયા તેથી અમારું જ્ઞાન હવે ઠંડા ગરમનો ભેદ એ જ્ઞાન જાણે. આહાહા ! એક વાત.

બીજી વાત–લવણ શાકના સ્વાદથી લવણના સ્વાદની, દૂધીનું કે કારેલાનું શાક છે, એમાં મીઠું હોય છે એ મીઠાનો સ્વાદ જુદો, શાકનો જુદો છે, એ ખારું જે શાક કહેવાય છે એ ખારું શાક નથી, ખારું તો મીઠું છે. આહાહા ! સમજાણું કાંઈ ? એ મીઠું આ ખારું અને શાક એનાથી ભિન્ન જાત છે–એવું જેને આત્મજ્ઞાન થયું હોય એ એની ભિન્નતાને જાણે. આહાહા ! કાલે વાત કરી’તી, નહિ ? શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાની હતા, ગૃહસ્થાશ્રમમાં ભલે હો, –આત્મજ્ઞાની એ રાણપુર પાસે હડમતાળે ત્યાં બધા ભેગાં થયેલાં ઘણાં વર્ષની વાત છે ૫૭ ની પહેલાં એમાં પચીસ પચાસ બધા મુમુક્ષુ ભેગાં થયા હતા. દૂધીનું શાક આવ્યું આમ, આમ શાક જોઈને કહ્યું કે આમાં મીઠું વધું છે, કેમ પણ ચાખ્યા વિના ? જુઓ દૂધીના કટકા પાણીમાં બફાય એની જાત એવી હોય છે કે એમાં રેસા ન તૂટે, દૂધીના કટકા હોય છે ને કટકા એ પાણીમાં બફાય તેના રેસા ન તૂટે એમાં મીઠું વધારે પડે ત્યારે રેસા તૂટી જાય, જુઓ રેસા તૂટી ગયેલા છે, એમાં મીઠું વધારે છે એટલે, ચાખ્યું તે ખારું ધુંધવા જેવું ! ઓહોહો ! શ્રીમદ્ તો આમ જોઈને જ કહ્યું. એ મીઠાની ખારપ અને શાકની ભિન્નતા એ જ્ઞાની જ્ઞાનથી જાણે. એ આંહીં કહ્યું, બે વાત.

હવે ત્રીજી “સ્વરસવિકસન્નિત્યચૈતન્ય ધાતોઃ અને ક્રોધાદેઃ ભિદા” ઝીણી વાત છે પ્રભુ. આહાહા ! “નિજ રસથી વિકસતી”, ચૈતન્યસ્વરૂપ ભગવાન એનું અંતરમાં સન્મુખ થઈને એ ચૈતન્યરસથી ભરેલી નિત્ય ચૈતન્ય ધાતુનો, આ ચૈતન્ય છે એ જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે, અને જે પુણ્ય–પાપનાં ભાવ થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એને આંહીં ક્રોધ કહે છે, કેમ કે સ્વભાવથી વિરુદ્ધ છે, એવા વિરુદ્ધભાવ અને અવિરોધી ચૈતન્યસ્વરૂપ એનું ભાન જ્ઞાનથી થાય છે, આવી વાતું હવે. ઓલું તો ઇચ્છામિ પડિકમણઃ ઇરિયા વીરીયા મિચ્છામિ દુક્કડં હતું લ્યો, કાંઈ સમજવું એમાં ? તસ્સઉત્તરિ કરણેણં ઠાણેણં મોણેણં અપ્પાણં વોસિરામિ, ચીમનભાઈ અપ્પાણં શું ને વોશરે શું કાંઈ અર્થની કાંઈ ખબર ન મળે, મારગ જુદો બાપુ ! ધર્મની ચીજ વીતરાગ કહે છે, એ ચીજ જુદી છે.

કહે છે કે જેમ શાકમાં મીઠાશ ખારપ ને શાકની મીઠાશની જુદાઈ, સમ્યગ્જ્ઞાની જાણે, ધર્મી હોય એ જાણે. અજ્ઞાનીને એ ખબર ન પડે–એમ આત્મા ચૈતન્યધાતુ છે પ્રભુ. જાણક સ્વભાવથી ભરેલો, જેમ સાકર ગળપણથી ભરેલી છે, એમ આત્મા આનંદ ને જ્ઞાનથી ભરેલો પ્રભુ છે. આહાહા ! જેને ભગવાન આત્મા કહે, બીજાઓ જે કહે છે એની તો ખબર નથી બધા અજ્ઞાનીઓએ કલ્પનાથી વાતું કરી છે, પણ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણ લોકનું જ્ઞાન, એણે જે આત્માને જાણ્યો અને કહ્યો, એ જુદી જાત છે. એ આત્મા

અંદર ચૈતન્યધાતુ જાણન જાણન જાણન જાણન સ્વભાવને ધારી રાખેલું તત્ત્વ, એ તત્ત્વની અંદરમાં પુણ્ય ને પાપના ભાવ ભિન્ન છે, એમાં નથી. આહાહા ! ચાહે તો દયા, દાન, વ્રત, તપ, અપવાસ આદિનો વિકલ્પ છે, એ તો બધો રાગ છે, એ રાગ અને ભગવાન જ્ઞાનસ્વરૂપ બેય, એની ભિન્નતાનું જ્ઞાન એ જ્ઞાની કરે. અજ્ઞાનીને ખબર, પત્તો નથી. આહાહા ! બહુ ઝીણું આવું. બહુ પરિચય કરે તો સમજાય એવું છે બાપુ ! આ કાંઈ દુનિયાથી અજાણ્યા નથી, અમે, દુનિયાને બધાને જાણીએ છીએ. ૪૫ વરસ તો ત્યાં રહ્યાં છીએ, ૪૪ આંહીં થયા, ૮૯ થયા, અને ૯૦ બેહશે આ વૈશાખ સુદ બીજે, શરીરને હોં, ધૂળને, આને, આત્મા તો અનાદિ અનંત છે. દુનિયાની શૈલી કઈ ચાલે છે અને આ શું છે વીતરાગ માર્ગ આખો, બહુ જુદી જાત છે.

આંહીં કહે છે, પ્રભુ કે આ ચૈતન્યધાતુ નિજરસથી વિકસીત એકલી ચૈતન્ય ત્રિકાળી નહિ, ત્રિકાળીથી જે દૃષ્ટિથી વિકસિત થયેલું સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન પ્રગટ થયું. ભાઈ ! સમજાય છે કાંઈ ? "નિજ સ્વરસથી વિકસિત નિત્ય ચૈતન્યધાતુ" એ નિત્ય ચૈતન્ય ભગવાન છે આત્મા એનું અંદર જ્ઞાન થતાં, પર્યાયમાં ચૈતન્યનો રસ પ્રગટ થયો, જાણક અને આનંદ જેની દશા પ્રગટ થઈ. એને સમકિતી કહીએ, એને જ્ઞાની કહીએ એને ધર્મની પહેલી દરજ્જાનો, પગથિયું ધર્મનું પહેલું કહીએ. આહાહાહા ! સમજાણું કાંઈ ?

એ નિજ રસથી વિકસિત ચૈતન્યધાતુ છે, ચૈતન્ય ને આનંદ આદિ સ્વભાવથી, ધારણા ધારી રાખ્યું જેને સ્વરૂપે, એનું વિકસિત થયું. પર્યાયમાં-અવસ્થામાં આ દ્રવ્ય ને પર્યાયની ભાષાય સમજાય નહીં. જે જૈનદર્શનના એકડાના મીંડા, એકડાનાં મીંડા સમજાય છે ? અમથું મીંડું જુદી જાત હોય છે અને એકડાનું પહેલું મીંડું કરી પછી આમ લાંબી પાણ કરે છે, એ એ જાત જુદી હોય છે. આહાહા ! આંહીં કહે છે કે પ્રથમ જે જૈનદર્શનનું દ્રવ્ય અને પર્યાય બે ચીજ છે, દ્રવ્ય એ ત્રિકાળી ચીજ છે ને પર્યાય એ વર્તમાન પરિણામ, દશા છે. એ ત્રિકાળી ચીજની દૃષ્ટિ ને અનુભવ થતાં પર્યાયમાં નિજ રસ વિકસિત પ્રગટ થાય, તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આરે ! આવી ભાષા. કહો-સમજાણું કાંઈ ?

"સ્વરસ વિકસિત નિત્ય ચૈતન્યધાતુ" આહાહા ! ભગવાન આત્મા અંદર સત્ ચિદાનંદ, સત્ નામ શાશ્વત, જ્ઞાન ને આનંદનો સાગર પ્રભુ છે. આહાહા ! જે સર્વજ્ઞ પરમાત્મા થાય છે, અરિહંત એ સર્વજ્ઞપણું આવ્યું કયાંથી ? કયાંય બહારથી આવે છે ? અંદર પડયું છે. આહા ! જેમ લીંડીપીપર, ચોસઠપ્હોરી હોય છે ને, લીંડી પીપર, ઘુંટે ત્યારે ચોસઠપ્હોરી તીખાશ બહાર આવે છે ને ? એ કયાંથી આવી ? ઘુંટવાથી આવી ? ઘુંટવાથી આવે તો લાકડાને ને પથ્થરને ઘુંટે નહિ ? એ લીંડીપીપરમાં ચોસઠપ્હોરી એટલે ચોસઠ એટલે રૂપિયો, સોળઆના એ લીંડીપીપર કદે નાની રંગે કાળી, પણ એમાં તીખો રસ છે, એ સોળઆના એટલે ચોસઠ એટલે સોળઆના રૂપીયે રૂપીયો તીખો રસ ભર્યો છે. આહાહા ! અને લીલો રંગ બે. એને ઘુંટતા જે છે અંદરમાંથી એ બહાર આવે છે. બે પહોરી, ચાર પહોરી, આઠ પહોરી, ચોસઠ પહોરી છેલ્લી એમ આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ છે, એને જેણે રાગથી ભિન્ન પાડી અને આત્માનું જેણે સમ્યગ્દર્શન ને જ્ઞાન પ્રગટ કર્યું એની નિજ ચૈતન્યધાતુ પર્યાયમાં વિકસિત થઈ, કમળ જેમ ખીલે એમ ખીલ્યું અંદરથી. આહાહા ! એ ખીલેલા જ્ઞાન વડે પોતાને જાણે અને રાગના ભાગને ભિન્ન છે તેમ જાણે.

આરે આરે આવી વાતું હવે. મનહર ! આ તમારે ક્યાંય સાંભળવા મળે એવું નથી કાંઈ ન્યાં. આહાહા ! પૈસા ભેગાં કરીને બેઠો છે ઘણાં, અમારે ફાવાભાઈનો દિકરો છે. ફાવાભાઈ ગાંડાભાઈનો દીકરો ત્યાં અમારે પાલેજ બધા રહેતા'ને ભેગાં, હવે બહાર ગયા, તે કહે સુરત ગયો તો પૈસા થઈ ગયા એક કરોડ, એનો ભાણેજ કહેતો'તો ૮૦ લાખ રૂપિયા તો મારા મામાને કરોડ રૂપિયા થયા છે, ત્યાં સુરત ગયા'તા ને અમે એની દુકાને એ તો ધૂળ છે, એ તો પૂર્વના પુણ્યના પરમાણું બળી ગયા તો એ વસ્તુ દેખાણી, દેખાણી, એની પાસે કયાં આવી છે ? એની પાસે તો મમતા છે. આહાહાહા ! એય ? આ રહ્યા નહિ બધાય આમ ન્યાલભાઈ ને પુનમભાઈને મોટાં કરોડપતિ જડના ધણી પતિ કહેવાય ને ! કરોડપતિ, કરોડ એટલે જડ અને એનો પતિ એટલે જડનો ધણી. આહાહા ! એને ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ કોણ છે, અંદર અને એમાં અંતરલક્ષ્મી સ્વભાવ સોળ આના, જેમ ઓલામાં ચોસઠ પહોરૂં ભર્યું છે એમાં સોળ આના, આત્માની અંદર સ્વભાવમાં આનંદ ને જ્ઞાન પૂર્ણ સોળઆના ભર્યું છે, અરેરે કેમ બેસે પણ એને ? કોઈ દિ' સાંભળવા મળે નહિ. આહાહા !

એવો જે નિત્ય ચૈતન્યધાતુ, છે ? એ શબ્દો આ તો કથા નથી બાપા, આ તો અંતર ધર્મની ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર એની વાણીમાં આવ્યું તે વાત છે, ભાઈ ! આહાહા ! નિત્ય ચૈતન્યધાતુ, જેમ ઈ પીપરમાં ચોસઠ પહોરી તીખાશ ને લીલો રંગ પૂરો ભર્યો છે તો બહાર પ્રગટ થાય છે. એમ આ ભગવાન આત્મામાં પૂરો આનંદ ને પૂરું જ્ઞાન સોળઆના ચોસઠ ભર્યું છે, એવી જે ચૈતન્ય નિત્યધાતુ, ધાતુ એટલે નિત્યપણું આનંદ ને જ્ઞાન ને આદિને ધારી રાખ્યું એવો જે ચૈતન્યધાતુ, એમાંથી વિકસિત દશા થઈ, એનું ભાન થતાં, સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં એ ચૈતન્યધાતુ પૂર્ણ આનંદ છે, એવું ભાન થતાં, દશામાં વિકસિત, કમળ જેમ ખીલે અને પીપર જેમ ચોસઠપ્હોરી હતી ને બહાર આવે પ્રગટ, એમ પર્યાયમાં અવસ્થામાં આનંદની દશા અને જ્ઞાનની દશા પ્રગટ થઈ. આહાહાહા ! ભાષા કઈ જાતની ? બાપુ મારગડા જુદા નાથ. આહાહા !

એ ચૈતન્ય નિત્યધાતુ, વસ્તુ, જેણે અનંત અનંત અનંત ગુણને ધારી રાખ્યા એવી નિત્ય વસ્તુ, એની અંતરમાં દૃષ્ટિ થતાં, રાગથી ભિન્ન પડતાં, જે રાગનું પ્રગટપણું દેખાતું એ રાગથી ભિન્ન પડતાં આ શાંતિ ને આનંદનું પ્રગટપણું જણાય એને સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન કહે છે. આહાહા ! હજી તો ચોથા ગુણસ્થાનની વાત, પાંચમું કોને કહેવું એ તો આઘું રહી ગયું. બાપા ! આહાહા-અને મુનિને છઠ્ઠું એ તો કોને ક્યાં એ તો લોકોએ સાંભળ્યું ય નથી. આહાહા !

એવી નિત્ય ચૈતન્યધાતુ વિકસિત થયેલી, છે ? -નિજ રસથી વિકસિત, નિત્ય ચૈતન્યધાતુનો અને ક્રોધાદિ ભાવોનો, એ દયા, દાન, વ્રત, તપ, અપવાસ આદિનો વિકલ્પ ઊઠે એ રાગ છે. એ રાગનો ને ચૈતન્ય વિકસિત થયેલા જ્ઞાનનો, એ જ્ઞાનભેદ ઈ જાણે. આહાહા ! આ થોડા શબ્દોમાં આવું બધું ભર્યું છે, એ દયા, દાન, વ્રત, અપવાસ આદિનો વિકલ્પ, એ રાગનો અને ચૈતન્યધાતુથી વિકસિત થયેલી દશા, તે જ્ઞાન સ્વને જાણે છે અને રાગ પર મારાંથી ભિન્ન છે, તેને જાણે છે. એ રાગ મારી ચીજ નથી. ધર્મીને આવું ભેદજ્ઞાન હોય છે. આહાહા ! એને ધર્મી કહેવાય ભાઈ. બાકી બધા વાડાના બકરાના ટોળાં છે. આહાહા ! એય ? આહાહા !

આવો જે ચૈતન્ય પ્રભુ એકલા જ્ઞાનના સ્વભાવથી પૂર્ણ ભરેલો અને અતીન્દ્રિય આનંદના

સ્વભાવથી પૂર્ણ ભરેલો, એવી ચૈતન્ય વસ્તુ તેનું ભાન થતાં, તે વિકસિત થયું જ્ઞાન, પ્રગટ થયું સમ્યગ્દર્શન, જ્ઞાન એ જ્ઞાન વડે સ્વને જાણે અને રાગાદિ ભાવ પર છે, તેને પર તરીકે જાણે. પ્રેમચંદજી ! આહાહા ! આવી વાતું છે. ત્યારે એને જન્મ મરણના અંત આવે બાપા, નહિ તો ૮૪ના ફેરા કરી કરી મરી ગયો છે. આહાહા ! એક એક '૮૪ ની યોનિ' ૮૪ લાખ યોનિ, એક એક યોનિમાં અનંતવાર અવતર્યો છે, ભૂલી ગયો. હોં ? ભૂલી ગયો એટલે નહોતું કેમ કહેવાય ભાઈ ? જન્મી ને બાર મહિનામાં શું થયું ખબર છે ? માતાએ કેમ ધવરાવ્યો નવરાવ્યો, નથી ખબર માટે નહોતું એમ કેમ કહેવાય. આહાહાહા !

એમ જગતમાં અનેક અનંતવાર દરેક યોનિમાં, ઉત્પન્ન થયો, અનંતવાર મહાદુ:ખી થયો, એની એને ખબર નથી, ખબર નથી માટે નથી એમ કેમ કહેવાય ભાઈ. આહાહા ! એની, જેને આંહીં ખબર પડી અંદર, કે હું તો એક ચૈતન્ય આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ ! અન્યમતિ કહે એ નહિ હોં, સચ્ચિદાનંદ શબ્દ તો સ્વામીનારાયણમાં ય આવે, એને ખબર નથી વસ્તુની. આંહીં તો સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે સત્ છે વસ્તુ, મહાપ્રભુ, ચિદાનંદ જ્ઞાન ને આનંદનો સાગર છે પ્રભુ ! આહાહા ! લોગસ્સમાં શબ્દ આવે છે ત્રણ, પણ એને અર્થની ખબર ન મળે "આઈચ્ચેસુ અહિયં પયાસયરા, ચંદેશુ નિમ્મલયરા, સાગરવર ગંભીરા" એટલે શું કહે છે. પ્રભુ તું કોણ છો ? સિદ્ધ ભગવાનની વાત કરે છે, પણ સિદ્ધ ભગવાન જેવો આ આત્મા છે. આઈચ્ચેસુ અહીંયા આદિત્ય એટલે સૂર્ય, આદિ થાય ને સૂર્ય પ્રગટ થાય, આદિ દિવસનો. આદિત્ય સૂર્યના પ્રકાશથી પણ ચૈતન્યનો પ્રકાશ અનંતગુણો અંદર છે. આહાહા ! આઈચ્ચેસુ અહિયં અધિકં પયાસકરા પ્રકાશનો કરનારો પ્રભુ તું. કેમ બેસે ? ચંદેસ્સુ નિમલયરા પ્રભુ, આપ ચંદ્રની નિર્મળતાથી પણ અનંતગુણી નિર્મળતા, એવો આ પ્રભુ આત્મા છે અંદર. આહાહા ! સાગરવર ગંભીરા, સાગરના દરિયાના પાણીની ઉંડપની ગંભીરતાનો પાર ન મળે, એમ આ ગંભીરતા અનંત ગુણનો ગંભીર, એવો જે આ ભગવાન આત્મા એનું જેને અંતરમાં સન્મુખ થઈને નિમિત્ત, રાગ અને પર્યાયથી વિમુખ થઈને, આહાહા... ત્રિકાળી જ્ઞાયક ચૈતન્ય ધાતુ, ધ્રુવ સ્વરૂપ નિત્ય પ્રભુ, એની જ્યાં સન્મુખ થઈને જે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું, એ 'જ્ઞાનાત્' એ જ્ઞાનથી સ્વ ચૈતન્યને અને રાગને જ્ઞાની બેય જુદા જાણે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

આરે આવી ભાષા હોય બધી કયાંય સાંભળવા મળી ન હોય, ઓલા કહે નમો અરિહંતાણં, તિખ્ખુતો, ઇચ્છામિ, તસ્સઉત્તરિ, લોગસ્સ, કરેમિભંતે ને નમોથ્થુણું-જાવ. થઈ ગઈ સામાયિક, ધૂળે ય નથી બાપા તને કાંઈ ખબર નથી. આહાહા ! એવું અમેય બધું કર્યું'તું ન્યાં હોં પાલેજમાં, અજ્ઞાનમાં. આહાહા ! આ વસ્તુ બીજી બાપુ, વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, એનું ફરમાન કોઈ જુદી જાત છે. આહાહા ! એ આંહીં કહે છે.

ચૈતન્યધાતુ અંદર વિકસિત થઈ છે, જ્ઞાન સમ્યગ્દર્શનમાં, અને રાગ, વિકાર છે દયા, દાન, વ્રત, આદિનો, એનો ભેદ જ્ઞાન જાણે છે, અજ્ઞાનીને એના ભેદની ખબર નથી. આહાહાહા ! છે ? "ભેદ કર્તૃભાવમ્ ભિન્દતી" એવા કર્તૃત્વને ભેદતો થકો, આહાહા ! હું એક ચૈતન્યમૂર્તિ આનંદ સ્વરૂપ છું, એવું ભાન અને રાગ ભિન્ન છે, એમ ભાન થતાં રાગના કર્તાપણાનું જે અભિમાન છે તે તેને છૂટી જાય છે, એ રાગની ક્રિયા મારી છે, એવું જે મિથ્યાદૃષ્ટિમાં માનતો હતો,

અજ્ઞાનમાં એ જ્ઞાનનું ભાન થતાં તે વિકલ્પ જે દયા, દાન, વ્રતનો ઊઠે, તેનો હું કર્તા નહિ. આહાહાહા ! સમજાણું કાંઈ ? આવું છે. એ કર્તાપણાના ભાવને ભેદતો થકો, એટલે ? કે જે આત્મા સ્વરૂપ શુદ્ધચૈતન્ય છે તેનું ભાન નહોતું ત્યારે તો એ દયા, દાન, રાગ વિકલ્પ ઉઠે એ રાગ એનો કર્તા થતો એ મારું કર્તવ્ય છે અને એનો હું કર્તા છું, અજ્ઞાનપણે, મિથ્યાત્વપણે, પણ જ્યારે સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન થયું, ત્યારે તેને આત્માનો રાગ અને હું બે ય જાુદી ચીજ છું, અંતર ભાન થતાં, એ જ્ઞાની નામ ધર્મી જીવ ચોથે ગુણસ્થાને હોય છતાં તે રાગ આવે તેનો કર્તા થતો નથી. એ રાગનો જાણનાર રહે છે. ચીમનભાઈ ! આવું છે. આહાહા !

હવે સાંભળે છે, લોકો તો મુંબઈમાં તો દશ દશ હજાર, પંદર પંદર હજાર માણસ ભેગું થાય, વ્યાખ્યાન સાંભળવા ! મારગની આ રીત છે, આ છે ભાઈ ? સાંભળવું હોય તો સાંભળો, એ ચીમનભાઈ પહોર ૮૯ બેઠું' તું ને ઘાટકોપર, પંદર હજાર માણસ, વૈશાખ સુદ બીજ, એકમ, બીજ, બહુ માણસો, પણ બિચારા સંપ્રદાયની દૃષ્ટિવાળા પડયા હોય સાંભળવા આવે, કે, આંહીં વાત શું કહે છે એની ગંધે ય નો આવે. એ પુણ્ય દેખે અને ઘણાં માણસો દેખે તો હાલો આપણે. આહાહા !

આંહીં કહે છે કે, ચૈતન્ય ભગવાન આત્મા એ શુદ્ધ આનંદનો નાથ પ્રભુ આત્મા એવું જેને ભાન થયું એને સમ્યગ્દૃષ્ટિ જીવને, આ ચૈતન્ય અને આ રાગ એ બે ચીજ ભિન્ન ભાસે છે, જેમ ઘઉં અને કાંકરા જેમ ભિન્ન ભાસે છે, એમ ધર્મીને એ દયા, દાન, વ્રત વિકલ્પ ઊઠે છે રાગ એ કાંકરો છે, મેલ છે. આહાહાહા ! આવી વાતું અને ભગવાન અંદર ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુ છે. તેને જ્ઞાન દ્વારા બેયને ભિન્ન ભાસે છે, ભિન્ન ભાસતાં ભિન્નનો કર્તા થતો નથી. કહો સમજાણું આમાં ?

"તોડતો થકો" એટલે ? એ રાગનો જે વિકલ્પ વૃત્તિ ઊઠે છે તેનો કર્તા ન થતાં, ધર્મી તેને તોડતો થકો, અકર્તાપણું પ્રગટ કરતો અને કર્તાપણાંને તોડતો થકો, જ્ઞાનથી જ પ્રગટ થાય છે, તે સમ્યગ્જ્ઞાનથી તે ભાન પ્રગટ થાય છે. આહાહા ! આરે, આવી વાતું લ્યો, સમજાણું કાંઈ ?

જેમ એ શાકની મીઠાશ ને મીઠાની ખારપ, બેય જાુદી ચીજ છે, એમ પાણીનું ગરમપણું અને એનું શીતળપણું જાુદું છે, એમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એનું ભાન અને રાગ દયા, દાન, વ્રત આદિનાં વિકલ્પ ઊઠે છે તે ચીજ ભિન્ન છે, એનું ભિન્ન ભાન થતાં તેના કર્તાપણાને ભેદતો, કર્તાપણાને તોડતો જ્ઞાની જ્ઞાનપણે રહે છે, આવું છે હવે, એ ય ! હવે અજ્ઞાની પણ પોતાના જ ભાવને કરે છે, અજ્ઞાનીને આત્મા શું છે એની ખબર નથી, તેથી તે પુણ્ય-પાપનો ભાવ જે થાય દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, આ રળવા-કરવાનો ભાવ બધું પાપ છે. રળવાનો બાઈડી છોકરાના સાચવવાનો, વ્યાજ ઉપજાવવાનો ધંધો, છોકરાઓને રસ્તે કરી રાખવાનો, પોતાનો અનુભવ હોય ને પાપનો એને બતાવે જો આમ કરવું, આમ કરવું. એ બધા પાપના પરિણામ અને અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પુણ્યનાં પરિણામ બે ય વિકાર છે, એમ ધર્મીને જ્ઞાન થતાં તેનો વિકારનો કર્તા નહિ થતો, એ જ્ઞાની રહે છે.

અજ્ઞાની, તેની અજ્ઞાનીને ખબર નથી. અજ્ઞાની પણ પોતાના ભાવને કરે, એ અજ્ઞાની પુણ્ય-પાપના ભાવ થાય તેને કરે, પણ એ જડ કર્મને અને શરીરને કે કોઈ પરનું કરે ત્રણકાળમાં

નહિ. આહાહા ! સમજાણું કાંઈ ? અજ્ઞાની પણ, અજ્ઞાની પણ કેમ લીધું ? કે જ્ઞાની તો જ્ઞાનને કરે, અજ્ઞાની રાગને કરે, પણ એ પોતાનો રાગ જે પુણ્ય-પાપનો એને કરે, પણ અજ્ઞાની શરીરની ક્રિયા કરે કે વાણીને કરે, કે પરને બચાવવાનું કરે, કે પરની વ્યવસ્થા કરે એ તો ત્રણકાળમાં અજ્ઞાની પણ કરે નહિ.

ભંગારનો ભૂકો ભંગારનો ધંધો હતો પહેલાં, મોટો કૂવો ભર્યો'તો પછી એમાંથી પૈસા બૈસા થયા હશે ધૂળ, કહે છે કે એ વ્યવસ્થા આત્મા ન કરી શકે, એમ કહે છે. છોકરા કરે ? અજ્ઞાની પણ પોતાનાં ભાવને કરે, એ પુણ્ય ને પાપના વિકલ્પ રાગ છે તેને કરે, પરંતુ પુદ્‌ગલના ભાવને કદી કરતો નથી, પુદ્‌ગલ નામ આ શરીર ને વાણીની ક્રિયા આત્મા કરતો નથી. આહાહાહા..... બરાબર છે ?

આ બધા હુંશિયાર ધંધા કરે છે ને ચીમનભાઈ ઠાકરશી, નહિ ? શું છે ધંધો કાંઈ તમારે ? હેં ? ( શ્રોતાઃ- ચુનાનો ) ચુનાનો, ચુનાનો, કોથળા, હા... હા... સાંભળ્યું છે ચુનાના કોથળા મોટા ને ધંધો છે. આહાહા ! રંગનો ધંધો મોટો નથી ? જામનગરનો એક વાણીયો છે ને દેરાવાસી રંગનો ધંધો, એને બાર મહિનામાં સાડા ત્રણ કરોડની પેદાશ છે, મુંબઈમાં આપણા સુમનભાઈ એમાં નોકર છે, રામજીભાઈના દિકરા છે, આઠ હજારનો પગાર છે માસિક. આવે છે ને અહીં ? સાડા ત્રણ કરોડની તો એક વરસની પેદાશ છે, જગજીવનભાઈ કે જગદીશભાઈ કે એવું કાંઈક નામ છે. જગમોહન મળ્યો'તો ને અહીં આવ્યો'તો ત્યાં મુંબઈ આવ્યો'તો મળ્યો'તો બધા ભિખારા છે, માગણ છે, કે આ આપો, આ આપો, આ લાવો, આ લાવો-અંદર આનંદની લક્ષ્મી પડી છે, આત્મામાં ચોસઠ પ્હોરી જ્ઞાન આનંદ શાંતિ વીતરાગતા પૂરે પૂરી ભરી પડી છે, એમાંથી માંગતો નથી ને એમાંથી કાઢતો નથી ને. આ ધૂળ ને. આહાહાહા.....

કેમ બરાબર છે પુંજાભાઈ ? આ નૈરોબી રહે છે, અહીંના મુમુક્ષુના ઘરો સાંઈઠ છે ત્યાં આફ્રિકા, આ ત્યાંથી આવ્યા છે, સાંઈઠ ઘર છે શ્વેતાંબર હતા દિગંબર થઈ ગયા, આપણે આંહીં મુમુક્ષુ થઈ ગયા, આઠ તો કરોડપતિ છે, અને બીજા ઘર બધા કોઈ પંદર લાખ કોઈ વીસ લાખ કોઈ પચીસ લાખ કોઈ પચાસલાખ એ હમણાં જેઠ સુદ અગિયારસે દિગંબર મંદિર કર્યું, આફ્રિકામાં બે હજાર વર્ષમાં નહોતું, આંહીંના મુમુક્ષુ છે ને ? પંદર લાખનું મંદિર કર્યું, જેઠ સુદ અગિયારસે મુરત કર્યું છે, તેડવા આવશે એમ લાગે છે. બહુ છેટે, હવે શરીર ( કોમળ ). હવે આફ્રિકા ક્યાંય રહ્યું નૈરોબી, પંદર લાખનું મુરત કર્યું જેઠ સુદ અગિયારસે, દિગંબર મંદિર સનાતન જૈન દર્શન, એ એક શુભભાવ છે, ધર્મ નથી. ભગવાનની-પ્રતિમા પૂજા એ શુભભાવ છે, એમ વ્રત, અપવાસ એ શુભભાવ છે, રાગ છે, ધર્મ નહિ. આહાહાહા !

ધર્મ તો રાગના વિકલ્પથી ભિન્ન પડીને, ચૈતન્યધાતુ આનંદ પ્રભુ એનો અનુભવ કરવો, એનું જ્ઞાન કરવું, એમાં ઠરવું એનું નામ પરમાત્મા જિનેશ્વરદેવ ધર્મ કહે છે, બાકી બધા થોથાં છે. એ આંહીં કહે છે, ભલે અજ્ઞાની કહે છે કે એ પોતાના સ્વરૂપનું જ્ઞાન ન કરે પણ, એ અજ્ઞાની પણ પરનું તો કરી શકે નહિ. એ કુટુંબને સાચવવું કે દુકાનનો ધંધો વ્યવસ્થિત થડે બેસીને વ્યવસ્થિત કામ લેવું એ હિસાબ વ્યવસ્થિત કરે કે નહિ, દુકાને બેઠો હોય તો ? અભિમાન કરે. એ પરનું કામ હા, એ પોતાના પુણ્ય-પાપનો શુભ-અશુભ ભાવ,

એનું કરે અજ્ઞાનભાવે, એનો કર્તા થાય, પણ પરનું તો કાંઈ કરી શકે નહિ. આહાહાહા..... ગજબ વાતું છે.

કારણકે ભગવાને તો અનંત આત્માઓ જોયાં છે, અનંત પરમાણું આ, અનંત પરમાણું છે ને આ ? આ કાંઈ એક રજકણ નથી, અનંતા રજકણનો પિંડ છે આ તો ધૂળ એનો કટકો કરતાં કરતાં છેલ્લો પોઈન્ટ રહે એને પરમાણું કહેવાય, એવા અનંત પરમાણું અહીં કાર્મણના તેજસના અનંત પરમાણું છે, એ બધા પરમાણુની ક્રિયા આત્મા ન કરે, અજ્ઞાની પણ. અજ્ઞાની કરે પોતાના શુભ અશુભ ભાવનો કર્તા થાય ને કરે, અને રખડે. સમજાણું કાંઈ ? એ ભાવ કરે જુઓ પુદ્‌ગલનાં ભાવને કદી ન કરે, એવા અર્થનો અને આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે.

## શ્લોક-૬૧

( अनुष्टुभ् )

**अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।**
**स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न कचित्।।६१।।**

**હવે, અજ્ઞાની પણ પોતાના જ ભાવને કરે છે પરંતુ પુદ્‌ગલના ભાવને કદી કરતો નથી-એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ एवं ] આ રીતે [ अञ्जसा ] ખરેખર [ आत्मानम् ] પોતાને [ अज्ञानं ज्ञानम् अपि ] અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ [ कुर्वत् ] કરતો [ आत्मा आत्मभावस्य कर्ता स्यात् ] આત્મા પોતાના જ ભાવનો કર્તા છે, [ परभावस्य ] પરભાવનો ( પુદ્‌ગલના ભાવોનો ) કર્તા તો [ क्वचित् न ] કદી નથી. ૬૧.**

## શ્લોક-૬૧ ઉપર પ્રવચન

अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।
स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न कचित्।।६१।।

“એ રીતે ખરેખર” અર્થ છે નીચે “પોતાને અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ કરતો” શું કહે છે. હવે, કાં કરે અજ્ઞાની પુણ્ય ને પાપના રાગને કરે અને જ્ઞાની જ્ઞાનને કરે, પણ એ પોતાના ભાવને કરે. ધર્મી જીવ છે એ જ્ઞાન ને આનંદ ને શાંતિના ભાવને કરે, અજ્ઞાની રાગ ને દ્વેષ પુણ્ય પાપના ભાવને કરે, પણ જ્ઞાની ( કે ) અજ્ઞાની પોતાના ભાવને કરે, જ્ઞાનીનો પોતાનો ભાવ શુદ્ધ ચૈતન્ય તેને કરે, અજ્ઞાનીનો ભાવ પુણ્ય ને પાપ તેને કરે, પણ પરને તો કોઈ કરે નહિ. આરે ! આરે ! આ બધા હુંશિયાર હશે ને હિંમતભાઈ ? તમારા ચારમાં હુશિયાર તમે કહેવાવ, પૈસા ભલે આની પાસે છે, પૂનમચંદ ને ન્યાલચંદ. આહાહા ! એ કોની પાસે આવ્યા’તા એની પાસે તો મમતા

આવી, કહે છે. એ મમતાનો કર્તા થાવ અજ્ઞાની, અને જ્ઞાની પોતાના જ્ઞાનસ્વરૂપની પરિણતિનો તેનો શુદ્ધતાનો કર્તા, પણ પરનો તો એક રજકણને ફેરવું ને તણખલાના બે કટકા કરવા એ આત્મા કરી શકતો નથી. આરે આવી વાત !

આ લાકડી ઊંચી કરે આત્મા, એ ત્રણકાળમાં નહિ, કહે છે, આ હાથથી પણ ઊંચી કરે આત્મા એ ત્રણકાળમાં નહિ, કહે છે. આ હાથથી પણ ઊંચી થઈ એમેય નહિ, કોણ માને ? કે આ ચીજ જુદી છે. આ ચીજ જુદી છે. જુદી ચીજ, જુદીનું કાંઈ કરે નહિ. ભારે વાતું બાપા ! ઓહોહોહો ! વીતરાગ માર્ગમાં આવી વાત છે, બીજે ક્યાંય છે નહિ. અત્યારે તો સંપ્રદાયમાં ય વીતરાગ માર્ગને ઠેકાણે રાગ માર્ગ ને અજ્ઞાન માર્ગને ચલવ્યો છે, શું થાય પ્રભુ ? દુર્લભ વસ્તુ છે. આવી વાત સાંભળવી જ મુશ્કેલ પડે, મુશ્કેલ પડે, નવા માણસને તો એવું લાગે કે આ શું, આ શું કહે છે પણ આ, આખો દિ' આ કરી શકીએ ને આનું કરીએ ને, છોકરાંને ભણાવીએ, છોકરાને સારે ઠેકાણે-પાડીએ દીકરીને પણ સારે ઠેકાણે લગન બગન ને નાખે, ધૂળેય કરે નહિ સાંભળને ? વિકારના પરિણામને અજ્ઞાની કરે, પણ પરનું તો કાંઈ કરી શકે નહિ.

જ્ઞાની પોતાના ભાવને કરે, જ્ઞાનીનો ભાવ કાંઈ રાગ એ પોતાનો નથી. આહાહા ! ધર્મીને તો જ્ઞાન ને આનંદ ને શાંતિનો ભાવ એને એ કરે, અજ્ઞાનીને રાગ મારાં, પુણ્ય-પાપ મારાં, માટે એને કરે, પણ પરને તો કાંઈ કરી ન શકે, આંખની પાંપણ પણ આત્મા ફેરવી શકે ત્રણકાળ ત્રણલોકમાં નહિ, કેમ કે એ જડ જુદી ચીજ છે પ્રભુ ! આત્મા જુદી ચીજ છે. આવું કામ હશે ? આખો મોટો ભાગ હાલે છે આખો, લાખો કરોડો માણસો તો આમ માને છે, અમે કરીએ, હેં ? ગમે તે માનો સત્ તો સત્ છે. ( શ્રોતાઃ- બરાબર સત્ તો સત્ રહેશે )

એ રીતે ખરેખર પોતાના અજ્ઞાનભાવને, કે જ્ઞાનભાવને બેય લીધાને ભાઈ આમાં ? ચાહે તો ધર્મી જીવ પોતાના જ્ઞાન સ્વભાવની પ્રતીતિ જ્ઞાન ને રમણતા કરે, અને અજ્ઞાની પુણ્ય-પાપ ને દયા, દાન, વ્રત, આદિ રાગનો કર્તા થાય, પણ પરનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ થઈ શકે નહિ. આહાહાહા ! ધર્મી જીવ તો રાગ ને પુણ્ય-પાપનો ય કર્તા નથી તો પરની તો વાત શું કરવી ? અજ્ઞાની પુણ્ય-પાપનો કર્તા થાય પોતાના ભાનને ભૂલીને, તો એ પોતે રાગ ને દ્વેષ એનો કર્તા થાય, પણ પરદ્રવ્યની ક્રિયા કાંઈ પણ કરી શકે, હાથને હલાવી શકે કે આ વાણી બોલી શકે, આત્મા ત્રણકાળ ત્રણ લોકમાં નહિ. આહાહાહા ! અભિમાન કરે.

મોટા પૈસા પેદા થતા હોય તો આમ જાણે. ઓહોહો ! દુકાને થડે બેસતા હોયને, અમારે હતા ને કુંવરજીભાઈ ફઈના દિકરા હતા, સાત આઠ પેઢીએ અમારા હતા ફઈ, ગિરધરભાઈ-મોહનભાઈના દીકરા નહીં ? સંતોકબા નહિ ? આ સંતોકબાના મામા હતા ને ગિરધરભાઈ, નહીં ખબર હોય ભાઈને, સામે કોણ હતા ભાઈ મોહનભાઈના દિકરા કહું છું ઝોબાળીઆ, સંતોકબાના હતા ને મામા ગિરધરભાઈ હતા, ઉમરાળા, એ અમારે ફઈનાં દિકરા થાય સગા, અને એને ઓરમાન ભાઈ સંતોકબાના હતા આના બાપની મા, તારાચંદભાઈને ઘરેથી. બધા પણ માને, અમે આ કર્યું, અમે આ કર્યું કુંવરજીભાઈ હતા. પેદાશ મોટી હતી બબ્બે લાખની પેદાશ, મેં તો ૬૬ની સાલમાં કહેલું એને, મારી ઉંમર વીસની, અત્યારે તો નેવું, એ ય કુંવરજી આટલી મમતા તારી, કીધું મારાથી મોટો ચાર વરસે, આ તમારા કાકા, તારા બાપના કાકા, મેં તો, હું તો ભગત કહેવાતો ને પહેલાંથી

નાની ઉંમરથી, મેં ચોક્ખું કહ્યું 'તું એને ૬૬માં, કુંવરજીભાઈ હું કહું, મારી સામું બોલે નહિ, ભગત છે, સાંભળો, મરીને યાદ રાખો આપણે વાણીયા છીએ એટલે માંસ ને દારૂ ખાતા નથી એટલે મરીને નરકે નહીં જાવ એ ય મનહર, ફવાભાઈ તે દિ' ત્યાં હતો પાલેજ તે દિ' તો સટ્ટાનો ધંધો કરતા 'તાને ખબર છે. તેમ દેવમાં જવાના લખણ મને નથી લાગતા કીધું તારા, દુકાને બેઠો તો, તેમ મનુષ્ય થવાના લખણ મને નથી લાગતા તારા, કીધું મરીને ઢોર થઈશ કીધું યાદ રાખજે. બોલે નહિ મારી સામે, ભગત છે બોલશો નહિ સાંભળો, દાંત કાઢે. આ શું કરો છો આખો દિ' આ, દુકાને બેઠો 'તો હું તો આમ બે દુકાનો હતી ને અમારે ત્રીસ માણસો એક રસોડે જમતા. હું આ દુકાનમાંથી સાંજે જમવા ગયેલો ત્યાં ચુનીલાલ મોતીલાલની પાછળ નહિ રસોડું હતું, પણ ત્યાં દુકાન ને ત્યાંથી હું આમ ગયો ને આમ ઊભો રહ્યો મારાથી બોલાઈ ગયું એવું, કુંવરજીભાઈ કીધું મરીને ઢોર થાઈશ કીધું યાદ રાખજે, અને એમ થયું મમતા એટલી મેં કરું, હું કરું, હું કરું, હું કરું, મેં આમ કર્યું બધાના દેવાળા નીકળ્યા મારી દુકાનમાં પેદાશ વધી ગઈ, હવે ધૂળેય નથી સાંભળને કીધું. એ ભાઈ મરતા એને સનેપાત થયો, અને એમાં આ કર્યું ને, આ કર્યું ને, આ કર્યું લવતો લવતો મરી ગયો. છોકરા ડાહ્યાં છે, બાપા બગડી ગયું, બે લાખ મૂકી ગયા રળવાના, હોં દશ લાખ રોકડા, ને બે લાખની પેદાશ, અમારા ભાગીદાર હતા ફઈના દીકરા. બાપુ તારા લખણ કીધું એવા મને લાગે છે, આંહીં કાંઈ કોઈને સફારસ, બફારસ હતી નહીં. તેમ માખણ ચોપડવું નહોતું આંહીં. આહાહાહા !

આંહીં એ કહે છે કે પરનું કરું, પરનું કરું, "હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે," ગાડાં હેઠે કૂતરો અડે એને ઓલું શું કહેવાય ઠાઠું અડેને ગાડું હાલે છે બળદથી અને અડે ને આ જાણે કે મારાથી હાલે, એમ દુકાને બેઠો હોય ને ધંધાની ક્રિયા એ મારાથી થાય, કૂતરા જેવો છે, આકરી વાતું પ્રભુ ! આહાહાહા ! એ નરસિંહ મહેતાનું વાક્ય છે. "હું કરું, હું કરું" આ પરનું 'એ જ અજ્ઞાન છે, શકટનો ભાર, ગાડાનો, 'કૂતરો તાણે'.

આંહીં એ પ્રભુ કહે છે, કે તારા ભાવને અજ્ઞાન ભાવે પુણ્ય ને પાપને તું કર, અને આત્મજ્ઞાનમાં જ્ઞાન ને શાંતિના ભાવને કર, પણ પરનું તો કાંઈ, તણખલાના બે કટકા કરવા એ તારામાં તાકાત છે જ નહિ, પરનું કરી શકું એમ છે જ નહિ, ભારે કામ ભાઈ. આ ટોપી આમ સરખી પહેરવી એ કહે છે, આત્માથી નહિ એમ કહે છે. એ જડની ક્રિયા છે. જડ છે એ તો. આહાહા ! ઈ પરનો કર્તા તો અજ્ઞાનીય નથી, એમ કહે છે. ભારે કામ આકરું બાપા, દુનિયાથી જુદી ચીજ છે. દુનિયાની ઈ બધી ખબર છે ને આખી દુનિયાની ૬૩ ની સાલથી તો દુનિયાને જોઈ છે ને ૬૩ની સાલથી ઘણાં પ્રકારના વેપાર ને ધંધાને બધા જોતાં ને વેપારીના અભિમાની-અભિમાની જ્યાં હોય ત્યાં, અમે કર્યાં, અમે કર્યાં, અમે કર્યાં અમે ડાહ્યા થયા માટે આ પૈસા વધાર્યા, મકાન કર્યા, બાવડે, બાપ કાંઈ, મૂકીને નહોતા ગયા કાંઈ, બાહુબળે કહેનારા બોલનારા બધા સાંભળ્યા છે ને ? મૂંઢ છે એ અજ્ઞાન ને મિથ્યાદૃષ્ટિ પરનું કાર્ય કરી શકતો નથી, છતાં કરું છું એમ માને છે, એ મૂંઢ મિથ્યાત્વમાં ચાર ગતિમાં રખડવાના લખણવાળો છે. એ ૮૪ના અવતારમાં રખડશે. એમ ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવની આ વાણી છે. એને કાંઈ કોઈની પડી નથી કે દુનિયાને સરખું લાગે ન લાગે.

આંહીં કહે છે, એ અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ કરતો આત્મા પોતાના ભાવનો કર્તા છે, જોયું ?

પોતાના બે પ્રકાર, અજ્ઞાનીનો પુણ્ય ને પાપનો પોતાનો ભાવ છે, કારણકે એના પર દૃષ્ટિ છે અને એ માન્યા છે પોતાના, એનો અજ્ઞાની કર્તા એ પોતાના ભાવનો પુણ્ય-પાપ દયા-દાન, વ્રત કામ ક્રોધ વિકારનો. જ્ઞાની પોતાનો ભાવ એટલે રાગથી ભિન્ન પડેલું જ્ઞાન, એના જ્ઞાન ને આનંદને શાંતિનો પોતાનો ભાવ તેનો જ્ઞાની, ધર્મી કર્તા. આહાહાહા ! માળે વાતે વાતે ફેર. હવે માણસ કહે પરમાણંદા, આવે છે ને ? "માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબિયાના તેર," એમ આંહી પ્રભુ કહે છે તારે અને મારે વાતે વાતે ફેર છે. ભાઈ ! આહાહાહા ! મારો મારગ અને તારો મારગ કોઈ જાુદી જાત છે. સમજાણું કાંઈ ?

અજ્ઞાની કે જ્ઞાની પોતાના ભાવનો કર્તા છે, પોતાના કીધું એટલે શું ? પુણ્ય-પાપનો ભાવ અજ્ઞાની પોતાના માને છે ને ? એથી પોતાના ભાવનો કર્તા અજ્ઞાની, અને જ્ઞાની છે એ પુણ્યભાવને પોતાના માનતો નથી એનો જાણનાર છું, દેખનાર છું એવું જે પરિણામ શુદ્ધ છે એનો તે જ્ઞાની ધર્મી કર્તા થાય છે. એ રાગનો કર્તા નહિ ને પરનો કર્તા તો નહિ જ. આહાહાહા ! આવી વાત છે.

આ કયારનું લખાણ છે, આ ? અનાદિકાળના તીર્થંકરો આમ કહેતા આવ્યા છે, એ સંતોએ એ જાતની વાતને અનુભવીને એ વાતને લખી છે. આત્મા પોતાના ભાવનો કર્તા થાય છે પર ભાવનો પુદ્‌ગલભાવનો કર્તા તો કદી નથી, શરીરની ક્રિયા કરી શકે, વાણી બોલી શકે, બીજાની દયા પાળી શકે, એ તો ત્રણકાળમાં નથી, કહે છે. અરે રે ! આંહીં તો દયા પાળવી એ ધર્મ માને છે, લોકો. પરની દયા પાળી શકે એ તો પર વસ્તુ છે પરનો આત્મા ને એનું આયુષ્ય હોય ત્યાં સુધી રહેશે, એને આયુષ્ય પૂરું થતા ખલાસ થતા દેહ છૂટી જશે એને કારણે તું એની દયા પાળી શકે ? આરે આરે આવી વાતું.

અજ્ઞાની પરની દયા પાળવાનું કાર્ય નહિ કરી શકે, પણ અજ્ઞાની એના રાગ ને પુણ્ય-પાપનો ભાવ થાય તેનો એ કર્તા થશે અજ્ઞાનપણે, મિથ્યાત્વપણે, મૂઢપણે. અને જ્ઞાની ધર્મી એ રાગથી ભિન્ન પડેલું તત્ત્વ તેના ભાનમાં રાગનો ય કર્તા નથી, રાગનું જાણવું એવું દેખવું એવું એવા જ્ઞાનની પર્યાય ને શ્રદ્ધાની પર્યાયનો કર્તા છે. આરે ! આરે ! સમજાણું કાંઈ ? કાંઈ સમજાણું, એમ કીધું ને સમજાય જાય તો તો ( શ્રોતાઃ- સમજાય જાય તો તો બેડો પાર છે ) પણ કઈ પદ્ધતિથી, કઈ રીતથી કહેવાય છે. આહાહા !

એ કહે છે કે પરભાવનો તો કર્તા કદી નથી. આહાહાહા ! આ શાકને મોળી શકે, કલમને, આમ કલમ નથી કરતાં, શીશપેનને ? એ તો ત્રણકાળમાં કરી શકે નહિ એમ કહે છે. એ તો જડની ક્રિયા છે, એ જડથી થાય છે. આ વાત કેમ બેસે ? આ દાંત હલાવી શકે એ ત્રણકાળમાં નહિ એમ કહે છે, એ જડ છે આ તો માટી છે આમ આમ થાય એ જડને લઈને, આત્મા એને હલાવી શકે નહીં, આત્મા રોટલીના ટુકડા કરી શકે નહિ, આરે આરે !

પોતાના અજ્ઞાનભાવને રાગને પુણ્ય-પાપના ભાવને કરે અને ધર્મી જીવ છે એ રાગને જાણનારું જ્ઞાન છે, તે જ્ઞાતા-દૃષ્ટા તરીકેના જ્ઞાનપરિણામને આનંદના પરિણામને કરે, પણ પર વસ્તુને તો કરે નહિ-વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## શ્લોક-૬૨

(अनुष्टुभ्)

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।६२।।

**એ જ વાતને દૃઢ કરે છેઃ-**

**શ્લોકાર્થઃ-** [ आत्मा ज्ञानं ] **આત્મા જ્ઞાનસ્વરૂપ છે,** [ स्वयं ज्ञानं ] **પોતે જ્ઞાન જ છે;** [ ज्ञानात् अन्यत् किम् करोति ] **તે જ્ઞાન સિવાય બીજું શું કરે ?** [ आत्मा परभावस्य कर्ता ] **આત્મા પરભાવનો કર્તા છે** [ अयं ] **એમ માનવું ( તથા કહેવું ) તે** [ व्यवहारिणाम् मोह: ] **વ્યવહારી જીવોનો મોહ ( અજ્ઞાન ) છે. ૬૨.**

## પ્રવચન નં. ૧૯૭ શ્લોક-૬૨ તથા ગાથા-૯૮ થી ૧૦૦

**શુક્રવાર, મહા વદ-૪, તા. ૧૬/૨/'૭૯**

આ ( શ્લોક ) તો શિક્ષણમાં ચાલે છે છોકરાવમાં.

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।६२।।

આ આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. 'સ્વયં જ્ઞાનં' પહેલું કીધું કે આત્મા જ્ઞાન સ્વરૂપ છે, પછી કહે સ્વયં જ્ઞાન જ છે. જ્ઞાન સ્વરૂપ છે એ હજી ભેદથી એ જ્ઞાન સ્વરૂપ જ ચૈતન્યસ્વરૂપ એ જ્ઞાનાત્ અન્યત્ કિમ્ કરોતિ, જ્ઞાન સિવાય બીજું શું કરે ? અહીં તો જ્ઞાન સિવાય બીજું શું કરે ? એમ તો જાણે કે એ રાગનો ય કર્તા નથી, પણ આંહીં તો જડનું કહેવું છે, પાઠ તો આમ છે "જ્ઞાનાત્ અન્યત્" એટલે શું કીધું સમજાણું ? આત્મા જ્ઞાનસ્વરૂપ છે અથવા જ્ઞાનમય છે, જ્ઞાનસ્વરૂપ છે અથવા જ્ઞાન પોતે જ જ્ઞાન છે. તે જ્ઞાન સિવાય બીજું શું કરે ? અહીં દયા દાન ને વ્રતના પરિણામ કરે એ આંહીં સિદ્ધ નથી કરવું એ ન કરે, એમ સિદ્ધ નથી કરવું. આહીં તો પર જડનાં પરિણામને શું કરે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? શબ્દ તો એવો આવ્યો છે– "જ્ઞાનાત્ અન્યત્ કિમ કરોતિ," જ્ઞાનથી બીજું શું કરે એટલે ? ભલે એ પુણ્ય–પાપ દયા દાન રાગદ્વેષ આદિ કરે અજ્ઞાનભાવે પણ પરનું તો કાંઈ કરી શકે નહિ, બીજું શું કરે ? આત્મા પરભાવનો કર્તા ઘટનો ઘડાનો વસ્ત્રનો દાળ ભાત રોટલીનો શાકનો કપડાને કરે એમ માનવું એ તો ભ્રમ અજ્ઞાન છે. આહાહાહા ! પરભાવનો કર્તા એમ માનવું અને કહેવું પરભાવ શબ્દે જડ કર્મ, અને ઘટ–પટ આદિ એક એ પરભાવ, પરભાવ એટલે વિકારી પરિણામ પરભાવ ન લેવા, સમજાણું કાંઈ ? આત્મા પર ભાવનો એટલે પુદ્ગલનો ઘટ–પટનો કે કર્મ–જડનો એ કર્તા છે એમ માનવું, એ તો વ્યવહારી જીવોનું અજ્ઞાન છે. આહાહા ! સમજાણું ? હવે કહે છે કે વ્યવહારી જીવો આમ કહે છે.

## ગાથા-૯૮

तथापि-

**ववहारेण दु आदा करेदि घडपडरधाणि दव्वाणि।**
**करणाणि य कम्माणि य णोकम्माणीह विविहाणि।।९८।।**

व्यवहारेण त्वात्मा करोति घटपटरथान् द्रव्याणि।
करणानि च कर्माणि च नोकर्माणीह विविधानि।।९८।।

व्यवहारिणां हि यतो यथायमात्मात्मविकल्पव्यापाराभ्यां घटादिपरद्रव्यात्मकं बहिःकर्म कुर्वन् प्रतिभाति ततस्तथा क्रोधादिपरद्रव्यात्मकं च समस्तमन्तःकर्मापि-करोत्यविशेषादित्यस्ति व्यामोहः।

હવે કહે છે કે વ્યવહારી જીવો આમ કહે છેઃ-

**ઘટ-પટ-રથાદિક વસ્તુઓ, કરણો અને કર્મો વળી,**
**નોકર્મ વિધવિધ જગતમાં આત્મા કરે વ્યવહારથી. ૯૮.**

ગાથાર્થઃ- [ व्यवहारेण तु ] વ્યવહારથી અર્થાત્ વ્યવહારી લોકો માને છે કે [ इह ] જગતમાં [ आत्मा ] આત્મા [ घटपटरथान् द्रव्याणि ] ઘડો, કપડું, રથ ઇત્યાદિ વસ્તુઓને, [ च ] વળી [ करणानि ] ઇંદ્રિયોને, [ विविधानि ] અનેક પ્રકારનાં [ कर्माणि ] ક્રોધાદિ દ્રવ્યકર્મોને [ च नोकर्माणि ] અને શરીરાદિ નોકર્મોને [ करोति ] કરે છે.

ટીકાઃ-જેથી પોતાના ( ઇચ્છારૂપ ) વિકલ્પ અને ( હસ્તાદિની ક્રિયારૂપ ) વ્યાપાર વડે આ આત્મા ઘટ આદિ પરદ્રવ્યસ્વરૂપ બાહ્યકર્મને કરતો ( વ્યવહારીઓને ) પ્રતિભાસે છે તેથી તેવી રીતે ( આત્મા ) ક્રોધાદિ પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત અંતરંગકર્મને પણ-બન્ને કર્મો પરદ્રવ્યસ્વરૂપ હોઈને તેમનામાં તફાવત નહિ હોવાથી-કરે છે, એવો વ્યવહારી જીવોનો વ્યામોહ ( ભ્રાંતિ, અજ્ઞાન ) છે.

ભાવાર્થઃ-ઘટ-પટ, કર્મ-નોકર્મ ઇત્યાદિ પરદ્રવ્યોને આત્મા કરે છે એમ માનવું તે વ્યવહારી લોકોનો વ્યવહાર છે, અજ્ઞાન છે.

## ગાથા-૯૮ ઉપર પ્રવચન

ववहारेण दु आदा करेदि घडपडरधाणि दव्वाणि।
करणाणि य कम्माणि य णोकम्माणीह विविहाणि।।९८।।

ઘટ–પટ–રથાદિક વસ્તુઓ, કરણો અને કર્મો વળી,
નોકર્મ વિધવિધ જગતમાં આત્મા કરે વ્યવહારથી. ૯૮.

ટીકાઃ– “જેથી પોતાના ઇચ્છારૂપ વિકલ્પ અને હસ્તાદિની ક્રિયા એવા વડે” આહાહા! હાથની આ ક્રિયા અત્યારે તો એમ ગણી છે. પણ એની પોતાની અને ઇચ્છારૂપ વિકલ્પ એ આત્મા ઘટ, ઘડો કરે, પટને કરે, રોટલીને કરે, મકાનને કરે, લાકડાનાં કામ કરે “એ ઘટ આદિ પરદ્રવ્યસ્વરૂપ બાહ્ય કર્મને કરતો, વ્યવહારી લોકોને પ્રતિભાસે છે,” અજ્ઞાનીને એ ભાસે છે. આહાહા! ઘટ ઘડો, વસ્ત્ર, રથ એ બહારનું અજ્ઞાની એમ માને છે કે અમે કરીએ છીએ એ પરને કરી શકતો નથી. આ તો આખી દુનિયાને એ ઘટ પટ આદિ પરદ્રવ્યસ્વરૂપ બાહ્યકર્મને કરતો વ્યવહારી જીવોને પ્રતિભાસે છે. દુકાને બેઠો, આ ધંધાને આ બધી ક્રિયા કરું છું પૈસા દેવા લેવા માલ દેવો લેવો. નહિ? ચુનો ઘોળો આપે ને? ઈ ચુનો ચુનાની કોથળીઓ રાખવી, ચુનાની કોથળીઓ વેચવી અને દેવી, કહે છે કે એ કામ કરી શકતો નથી, પણ વ્યવહારી અજ્ઞાની માને છે. આહાહા!

તેવી રીતે જેમ એ ઘટ–પટ–રથ આદિ પરદ્રવ્યની ક્રિયાને કરે છે. એમ વ્યવહારી જીવોનું અજ્ઞાન છે. એવી રીતે આત્મા ક્રોધાદિ પરદ્રવ્ય સ્વરૂપ જડ, જડ, ક્રોધાદિ અહીં ભાવકર્મ ન લેવું, ચારિત્રમોહ દર્શનમોહ કર્મ જે છે ને જડ, એ ક્રોધાદિ પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત અંતરંગ કર્મને પણ, બાહ્યમાં ઘટ પટ રથઆદિ કરું અને અંતરમાં કર્મને કરું, જડ કર્મ હોં આહા... એ બંને કર્મો પરદ્રવ્યસ્વરૂપ હોઈને, ઘટ પટ રથ કે આ રોટલી મકાન એ પરદ્રવ્ય સ્વરૂપ છે, એમ અંદરમાં જડ કર્મ બંધાય છે, એ જડ છે, જ્ઞાનાવરણી, દર્શનાવરણી આદિ જેમ બાહ્યને કરું એમ માને, મિથ્યાત્વ મોહ છે એમ અંતરમાં જડ કર્મને હું કરું એ પણ મોહ, મિથ્યાત્વ મોહ છે. આહાહા!

તેવી રીતે આત્મા ક્રોધાદિ પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત અંતરંગ કર્મ, ઓલું બાહ્ય કર્મ હતું ઘટ પટ રથઆદિ બાહ્ય હતું આ અંતરંગ જડ. બંને કર્મો પરદ્રવ્યસ્વરૂપ હોઈને તેમનામાં તફાવત નહિ હોવાથી ઘટ પટ રથ રોટલી, દાળ ભાત શાક આ કપડાનો વેપાર, કપડા બપડા દેવા ને લેવા ને એ ક્રિયા અજ્ઞાની એમ માને છે કે અમે કરીએ છીએ, એ અજ્ઞાન છે. એવી રીતે અંતરંગ કર્મ જડ એને હું કરું છું, એવી માન્યતાપણું ભ્રમ અજ્ઞાન છે. લોઢા બોઢાના નહિ ભંગારનું તમારે મનહરને ભંગાર, ભંગાર, ભંગાર લઈએ દઈએ બીજાને આપીએ કહે છે કે એ ક્રિયા પરદ્રવ્યને કરું છું એ માનવું એ મોહ મિથ્યા ભ્રમ છે. એમ અંતરંગ કર્મ જડ જે છે તેને પણ કરું છું, તો બંને કર્મ પર છે, ચાહે તો બાહ્ય ઘટ પટ રથ આદિક હો અને ચાહે તો અંદર જડ કર્મ હો. આહાહા! આવું કામ છે.

તો આત્મા તો પાંગળો થયો, પરનું કાંઈ કરી શકે નહિ. તાકાત ક્યાં ગઈ એની? એ પ્રશ્ન ઉઠયો ’તો કળશમાં કે ભાઈ અનંત શક્તિ છે માટે કોઈ એક શક્તિ એવી પણ હોય, કે પરનું કરે, કે “ના.” પરનું કરી શકે એવો કોઈ આત્મામાં શક્તિ ગુણ છે નહિ. આહાહાહા! આ કપડાં સીવવા, આ કુંભાર ઘડાને કરે, વણકર કપડાંને વણે, આ બૈરાઓ પાપડ ને વડીને કરે, હુંશિયાર હોય તો કરે કે નહિ એમાં? પાપડ ને વડી નો કરે, ત્યારે કોણ કરે? જેવા બાહ્ય કર્મ પર છે એને કરવું એમ માનવું એ અજ્ઞાનીનો મોહ છે. એમ અંતર કર્મ જે જડ છે એને હું કરું એ પણ અજ્ઞાનીનો મોહ છે. આહાહા!

ભારે કામ આ તો દુનિયાથી જાુદી જાત લાગે. પરની દયા પાળી શકું છું, એ પરદ્રવ્યનું કર્મ થયું. સમજાણું ? અને એમાં રાગ થયો અને એને લઈને કર્મ બંધાણું, એ કર્મ બંધનને મેં કર્યું, રાગ કર્યો હોય અજ્ઞાનીએ ત્યાં સુધી બરાબર છે. અજ્ઞાનીએ હોં. અજ્ઞાનભાવે, એ રાગ ઇચ્છા આદિને કરે, પણ અજ્ઞાનભાવે એ જડકર્મને ઘટ પટ રથાદિકનાં પરકર્મને કરે નહિ. આહાહા ! પરદ્રવ્ય સ્વરૂપ ક્રોધ, માન, માયા, લોભ જડ, હોં, જડ. ક્રોધ, માન, માયા, પરદ્રવ્ય સમસ્ત અંતરંગ કર્મને પણ બંને કર્મો પરદ્રવ્યસ્વરૂપ હોઈને ઘટ પટ રથાદિ અને જડ કર્મ બંને પરદ્રવ્ય સ્વરૂપ હોઈને, તેમનામાં તફાવત નહિ હોવાથી, કરે છે એવો વ્યવહારી જીવોનો વ્યામોહ ભ્રાંતિ અજ્ઞાન છે. આહા ! આ ધંધા બંધામાં બેઠો હોય દુકાને બધું કરતો નથી, ભાષા કરે, હાથ હલાવે, હેં ? ચોખાની ગુણું ભરી હોય એમાં બંબી નાખીને, બંબી હોય છે ને ચોખાની તે એ પછી સીધી નાખે તો તો એમાં કણકી ને બધું ભેગું આવે પણ આમ-આમ આડી નાખે આમ એટલે ચોખા, આખા ચોખા આવે, કહો એ કરી શકે કે નહિ ? આ ચોખા હોય છે ને ઝીણી કણકી વધારે હોય અંદર, તો વાણીયાને એમાંથી ભાવ ઓલા ઓછા આપે, હોય ભલે કણકી, પછી બંબી મારે, આમ ન મારે, સીધી ન મારે, આમ-આમ એટલે એમાંથી આખા ચોખા નીકળે, એ કરી શકે ? બંબી મારી ન શકે ? એ તો પરદ્રવ્ય કીધું, પણ અંતરંગમાં જે આઠ કર્મ જે જડ છે, એને પણ હું કરું છું એ અજ્ઞાનીનો મોહ છે. આહાહા !

ભાવાર્થઃ- ઘટ પટ, કર્મ નોકર્મ ઇત્યાદિ એ જડ હોં, ઘટ પટ ને કર્મ જડ નોકર્મ શરીર આદિ વાણી ઇત્યાદિ પરદ્રવ્યોને આત્મા કરે છે. આહાહા..... આ એમ માનવું એ વ્યવહારી લોકોનો વ્યવહાર છે, અજ્ઞાન છે. આખો દિ' કામ કરવું અને કહે કે એ કરે અને એમ માને તો એ મૂઢ છે. આહાહાહા..... વ્યવહારી લોકોની એ માન્યતા સત્યાર્થ નથી, એમ હવે કહે છે ૯૯માં.

**❀ અહીંયાં ચાર ભાવને હેય કહ્યા છે. ક્ષાયિકસમકિતને પણ હેય કહ્યું છે. ❀**

જિજ્ઞાસાઃ કેવળજ્ઞાનને પણ હેય કહ્યું છે ?

સમાધાનઃ કેવળજ્ઞાન તો અત્યારે છે જ નહીં એટલે મેં ન કહ્યું. બધી વાત ખ્યાલમાં છે. ( અહીં ) કેવળજ્ઞાન છે નહીં, એટલે શ્રુતજ્ઞાનીને હેય છે; એ તો એક નયથી વિચાર કરવાથી હેય છે, પણ વર્તમાન તો છે નહીં. વર્તમાન તો ( જોડણી ) ક્ષાયિકસમકિત હોય; ઉપશમભાવ હોય, ક્ષયોપશમસમકિત ( હોય ); ઔદયિકભાવ હોય, એ તો ઠીક, ઔદયિકભાવ તો વિકાર છે. વર્તમાનમાં તો ક્ષાયિકભાવ થઈ શકતો નથી; પણ એ ક્ષાયિકની જોડણી થઈ શકે છે. ભગવાનના શ્રીમુખે ક્ષાયિકના બે ભેદ આવ્યા છેઃ એક મૂળ ક્ષાયિક અને ( બીજું ) એ જે ક્ષયોપશમ છે તે ક્ષાયિક થવાવાળું છે, પડવાવાળું નથી, એ જોડણીક્ષાયિક. એ જોડણીક્ષાયિકનો અર્થ ભગવાનના શ્રીમુખેથી આવ્યો છે. ક્ષાયિક તો ક્ષાયિક જ છે. પણ જેને ક્ષયોપશમ ( એવા પ્રકારે હોય તેને જોડણીક્ષાયિક કહેવામાં આવે છે ). ( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૪૯, નિયમસાર ગાથા-૫૦ )

## ગાથા-૯૯

स न सन्-

**जदि सो परदव्वाणि य करेज्ज णियमेण तम्मओ होज्ज।**
**जम्हा ण तम्मओ तेण सो ण तेसिं हवदि कत्ता।।९९।।**

यदि स परद्रव्याणि च कुर्यान्नियमेन तन्मयो भवेत्।
यस्मान्न तन्मयस्तेन स न तेषां भवति कर्ता।।९९।।

यदि खल्वयमात्मा परद्रव्यात्मकं कर्म कुर्यात् तदा परिणामपरिणामिभावान्यथानुपपत्तेर्नियमेन तन्मयः स्यात्; न च द्रव्यान्तरमयत्वे द्रव्योच्छेदापत्तेस्तन्मयोऽस्ति। ततो व्याप्यव्यापकभावेन न तस्य कर्तास्ति।

---

વ્યવહારી લોકોની એ માન્યતા સત્યાર્થ નથી એમ હવે કહે છેઃ-

**પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,**
**પણ તે નથી તન્મય અરે! તેથી નહિ કર્તા ઠરે. ૯૯.**

ગાથાર્થઃ- [ यदि च ] જો [ सः ] આત્મા [ परद्रव्याणि ] પરદ્રવ્યોને [ कुर्यात् ] કરે તો તે [ नियमेन ] નિયમથી [ तन्मयः ] તન્મય અર્થાત્ પરદ્રવ્યમય [ भवेत् ] થઈ જાય; [ यस्मात् न तन्मयः ] પરંતુ તન્મય નથી [ तेन ] તેથી [ सः ] તે [ तेषां ] તેમનો [ कर्ता ] કર્તા [ न भवति ] નથી.

ટીકાઃ-જો નિશ્ચયથી આ આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મને કરે તો, પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી, તે (આત્મા) નિયમથી તન્મય (પરદ્રવ્યમય) થઈ જાય; પરંતુ તે તન્મય તો નથી, કારણ કે કોઈ દ્રવ્ય અન્યદ્રવ્યમય થઈ જાય તો તે દ્રવ્યના નાશની આપત્તિ (દોષ) આવે. માટે આત્મા વ્યાપ્ય- વ્યાપકભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી.

ભાવાર્થઃ-એક દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય થાય તો બન્ને દ્રવ્યો એક થઈ જાય, કારણ કે કર્તાકર્મપણું અથવા પરિણામ-પરિણામીપણું એક દ્રવ્યમાં જ હોઈ શકે. આ રીતે જો એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થઈ જાય, તો તે દ્રવ્યનો જ નાશ થાય એ મોટો દોષ આવે. માટે એક દ્રવ્યને અન્ય દ્રવ્યનો કર્તા કહેવો ઉચિત નથી.

## ગાથા-૯૯ ઉપર પ્રવચન

---

जदि सो परदव्वाणि य करेज्ज णियमेण तम्मओ होज्ज।
जम्हा ण तम्मओ तेण सो ण तेसिं हवदि कत्ता ।।९९।।

પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,
પણ તે નથી તન્મય અરે ! તેથી નહીં કર્તા ઠરે.

ટીકાઃ– નિશ્ચયથી આ આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મને કરે. ઘટ પટ રથ, રોટલી દાળ ભાત શાક કપડાં આદિના વેપાર ને ધંધા આમ કરે, પરદ્રવ્યને લેવડ દેવડની ક્રિયા કરે તો પરિણામ પરિણામીપણું બીજી રીતે બની શકતું નથી, એ પરિણામી આત્મા ને પરિણામ પરનું કરે, તો પરિણામી અને પરિણામ બેય એક થઈ ગયા. પોતે અને પર બેય એક થઈ ગયા. આહાહા ! સમજાણું કાંઈ ?

પરિણામ અને પરિણામી બીજી કોઈ રીતે બની શકતું નથી. તો આત્મા નિયમથી તન્મય થઈ જાય; એટલે શું કીધું ? કે ઘડાને, વસ્ત્રને, રથને, કપડાને, રોટલીને, દાળ, ભાત, શાકને એ પરવસ્તુ છે, એને જો કરે તો આત્મા ત્યાં તન્મય થઈ જાય, એમાં એકાકાર થઈ જાય, ભિન્ન રહે નહિ. આહાહા ! એમ તો બનતું નથી. આરે આવી વ્યાખ્યા, “ કરે તો પરિણામ ને પરિણામી બીજી કોઈ રીતે બની શક્તું નથી ” શું કીધું ઈ ? જેમ કે રોટલીની અવસ્થા એ પરિણામ છે અને આત્મા કરે પરિણામી, તો પરિણામીનું એ પરિણામ તો અભેદ થઈ ગયું, એ તો પરિણામ રોટલીની પર્યાયનું પરિણામ એ પરમાણું પરિણામી એનાથી પરિણામ છે, એ પરિણામી ને પરિણામ એ છે પણ એના પરિણામને આ કરે તો, આ પરિણામી એના પરિણામને કરતાં તેમાં એકાકાર થઈ જાય, જુદો ન રહે. આહાહા ! માળું આવું કહે, છે ?

નિશ્ચયથી આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મને કરે, પરદ્રવ્ય શબ્દે જડ કર્મ અને ઘટ પટ રથઆદિ બાહ્ય ચીજો, આ પુસ્તકને બનાવવા, પુસ્તકને લખવા, આ લખો, લખે ને એ ક્રિયા લખવાની છે એ જો આત્મા કરે તો એ પરિણામ લખવાનું પરિણામ અને પોતે પરિણામી, તો પરિણામ પરિણામી અભેદ થઈ ગયો, તો એકાકાર થઈ ગયો, પરની હારે તન્મય થઈ ગયો, પણ એમ છે નહિ. એ કર્મ લખવાના પરિણામ એનો પરિણામી પરમાણું એની સાથે પરિણામી–પરિણામ છે, પણ પરિણામી પોતે અને લખવાના પરિણામ મેં કર્યા. તો તો એ પરિણામી અને પરિણામ જુદાં ન હોય ને આ તો ‘બે’ ય જુદા છે. આહાહા ! આવી વાતું છે.

આ તો આખો દિ’ આ કરો, આ કરો, આ કરો, ફલાણાને મદદ કરો, એકબીજાને આમ કરો, જેની હારે રહેવું છે એને મદદ કરો, એને પોતાની જેવો બનાવો અને એવો ઉપદેશ આપે ને અત્યારે. લોકોને સારો લાગે. આહાહા ! આંહીં તો આહાર, પાણી, વસ્ત્ર, પૈસા, મકાન, કપડાં એકબીજાને દઈ શકે એ પરિણામ અને પરિણામી બે ય એક થઈ ગયા. સમજાય છે કાંઈ ? આ જુઓ આ છે કપડું આમ તો એ પરિણામ છે, અને પરિણામી પરમાણું છે પણ જો આત્મા આને કરે તો આ પરિણામ અને આત્મા પરિણામી, એકમેક થઈ જાય. આવું છે. આવું તત્ત્વ, કહો જૈન વીતરાગ માર્ગ.

આ ટોપી છે, એ આમ–આમ અહીં પહેરે છે આમ, એ પરિણામ થયા એના, અને પરિણામી આત્મા, એ ટોપીને સરખી કરે એ પરિણામ, એને પરિણામી આત્મા કરે, તો આત્મા આ ટોપીની હારે તન્મય થઈ જાય. ટોપી પહેરી શકે નહિ. કહો કાંતિભાઈ, શું છે આ ? ઓહોહો ! આખો દિ’ દુકાને ધંધા કરે છે, ધમાલ ચલાવે, મિથ્યાભાવને સેવે છે, એમ કહે છે. આહાહાહા !

અજ્ઞાનીઓની એ ભ્રાંતિ ને વ્યામોહ છે, પણ આ તમારે ઘડીયાળ-બડિયાળનું કરે તો ય નહિ ? ભાઈને શું છે ? એને સ્ટીલ તો આંહીં છે, પણ ન્યાં કાંઈક હશે ને મુંબઈ ? એ ચીમનભાઈ, સ્ટીલનું હશે. આહાહા ! એ સ્ટીલના કારખાના એને હું હલવું, આરે ! અત્યારે કારખાના બહુ થાય, પાંચ પચાસ હજાર થાય એટલે કારખાનું, નાનું કારખાનું, પેનનું કારખાનું, ફલાણાનું કારખાનું, ઢીંકણાંનું કારખાનું, કહે છે અને એ કારખાનું હું ચલાવું છું, હેં ? આ તો કહે છે કે ઈ પર વસ્તુના પરિણામ પરવસ્તુથી થયાં છે, તેથી તે પરિણામ ને પરિણામી તન્મય છે. પણ તે પરિણામને તું કરે તો તું પરિણામી અને એ પરિણામ તો એમાં તન્મય એકમેક થઈ ગયું, પરદ્રવ્યમાં એ એકાકાર થઈ ગયું. આહાહાહા !

આવું ક્યાં કોઈ સાંભળવા નવરા ન મળે, કહે છે.... એ સોનગઢે નવું કાઢયું એમ કહે છે. પણ આ નવું, કોનું છે આ ? ભગવાને જ્યારે અનંત દ્રવ્ય કીધાં, ભગવાન તીર્થંકરદેવે અનંત આત્મા, અનંત પરમાણું કીધાં, તો અનંત અનંતપણે ક્યારે રહે ? કે બીજાના પરિણામને બીજો કરે તો તો અનંતપણું રહે નહિ, પણ બીજા પરદ્રવ્યનો નાશ થયો. એના પરિણામને આ કરે તો, એ પરિણામીનો નાશ થયો, કારણકે પરિણામ વિનાનું પરિણામી હોય નહિ. આહાહા ! શું કીધું ઈ ?

કોઈ પણ દ્રવ્ય કોઈપણ સમયે પરિણમન વિનાનું હોય નહિ, ત્યારે ત્યાં એ પરમાણું જે પરિણમન થયા ઘટ પટ રથનાં એ પરિણામનો પરિણામી એ પરમાણુઓ એનો કર્તા, અને એમ ન માનતાં પરિણામ એના, એનો હું કર્તા, તો આ પરિણામી ને એ પરિણામ બેય તન્મય એકમેક થઈ ગયા. આહાહા ! આવી વાત છે. કોઈપણ દ્રવ્ય, કોઈ સમયે પરિણમનની અનંત ગુણની પરિણમન દશા, અનંત એક સમયે, કોઈ પણ દ્રવ્ય અનંત પર્યાયનું પરિણમન વિનાનું હોય નહિ. એને ઠેકાણે આ એમ કહે કે એના પરિણામ, એના પરિણામીએ કર્યા નહિ પણ મેં કર્યા, કુંભાર કહે કે ઘડો મેં કર્યો, સુથાર કહે રથ ગાડું મેં કર્યું. વણકર કહે કે કપડું મેં વણ્યું, એ બધી માન્યતા ભ્રમ છે, અજ્ઞાન છે. કેમકે એમ ન હોય તો પરની હારે એકમેક થયા દ્રવ્ય તો તો તે આ પરિણામ આનાં કરે, આ પરિણામ આનાં કરે, આ પરિણામ આના કરે એટલે દ્રવ્યનો તો અભાવ થઈ ગયો, હેં ? કેમકે પરિણામ વિનાનું દ્રવ્ય તો હોય નહિ. હવે એ એમ કહે કે આ પરિણામને આણે કર્યા, આણે બીજાએ કર્યા, તો તો આ પરિણામ વિનાનું દ્રવ્ય, પરિણામ એણે કર્યા ? આહાહા ! આકરું કામ બહુ.

એક નોટ છે ઈ હાથમાંથી આમ આઘી જાય, એ એ પરિણામ છે તે નોટનાં છે. આમ જવાના, એમાં, આ કહે કે મેં કર્યા, તો એ પરિણામ અને પરિણામી આત્મા, બેય એક થઈ ગયા. નોટની હારે તન્મય થઈ ગયો. બરાબર છે ? બહાર તો કેટલાય એ કહે, સોનગઢમાં ઓલા હા પાડે છે ભોળા લોકો, માથે કહે એ હા, હા, હા. અરે ભગવાન ! બાપુ આ તો ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવના આ ભાવો છે, જિનેશ્વરદેવ એમ કહે કે વાસણ મેલાં છે તેને હું ઉટકી, શું કહેવાય એ ઉટકી શકે, હેં ? માંજન કરી શકું, સાફ કરી શકે, તો એ સાફ થવાના પરિણામ છે એનું પરિણામી તે પરમાણું છે. આ કહે કે મારાથી સાફ થયું તો એ પરિણામ અને આ પરિણામી બે ય એક થઈ ગયા, પરિણામી અને પરિણામ જુદા હોઈ શકે નહિ, આહાહા ! આવું છે.

તે નિયમથી પરદ્રવ્યમય થઈ જાય, જોયું ? જો પરના પરિણામની પર્યાય, બીજો કરે તો એ બીજી ચીજ તેમાં એકાકાર થઈ જાય, જાુદું રહે નહિ. આહાહા ! શું લોજીક અને ન્યાય, હેં ? નિયમથી તન્મય થઈ જાય એમ, નિશ્ચયથી પરદ્રવ્ય થઈ જાય. આહાહાહા ! એ રોટલી વેલણાંથી લોટ આમ પહોળો થયો એમ માનવું, તો વેલણું એ પરિણામી, અને પહોળી રોટલી થઈ એ પરિણામ, તે પરિણામ અને પરિણામી વેલણું લોટમાં એકાકાર થઈ ગયું, લોટની હારે તન્મય થઈ ગયું, જાુદું રહ્યું નહિ. આહાહા ! એમ શીશપેનની અણી કાઢતાં જે પરિણામ થયા આમ અણીનાં એ પરિણામનો કર્તા તો એનો પરિણામી પરમાણું છે, અને આ કહે કે મેં આ પરિણામ કર્યું તો એ પરિણામ અને પરિણામી બે ય, આ પોતે એમાં તન્મય થઈ ગયાં. એમાં એકમેક થઈ ગયો, જાુદો ન રહ્યો. આહાહાહા !

આ મોહમય નગરી મુંબઈ એમાં આવી વાતું ક્યાં ? લોકોએ તત્ત્વને સાંભળ્યું નથી. ભગવાનને શું કહેવું છે ને અને તત્ત્વની મર્યાદા શું છે ? દરેક અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ એની મર્યાદા શું ? એની મર્યાદા તે કાળે જે પરિણામ થાય તે પરિણામ તેનું અને તેનો તે પરિણામી, અને એ પરિણામ વિનાનો માને તો પણ તેણે દ્રવ્યને માન્યું નથી. આહાહા ! વેદાંત કહે છે ને કે પર્યાય બર્યાય પરિણમન હોય નહિ. અને એકલા પરિણામને માને અને પરિણામીને ન માને, તો એ બૌદ્ધ થઈ ગયો. બૌદ્ધ મત થઈ ગયો. હેં ? આવું ભણતર આકરું પડે, બીજાું શું થાય ? બહુ શ્લોક ઉંચા છે બધા.

કારણકે કોઈ દ્રવ્ય, અન્ય દ્રવ્યમય થઈ જાય તો તે દ્રવ્યના નાશની આપત્તિ ( દોષ ) આવે. આહાહા ! આત્મા જડ કર્મ અને આ અન્ય રથ પટ આદિ બાહ્ય એના પરિણામને એની પર્યાયને જો આત્મા કરે તો એ પર્યાય વિનાનું દ્રવ્ય થઈ ગયું, તો ત્યાં આ દ્રવ્યનો નાશ થઈ જાય. આહાહાહા ! કહો પ્રેમચંદજી ! આવી વાત છે. બહુ કઠણ, મહા સિદ્ધાંત છે આ બધાં, થોડા શબ્દોમાં. આ વાસણમાં નામ લખે છે ને ? એ લખવાનાં પરિણામ જે થયા છે, એ પરમાણુના થયા છે, એ ટાંકણે કર્યા નથી, ટાંકણું જો પરિણામી અને એક અક્ષર પડે એ પરિણામ, તો બેય એક દ્રવ્ય થઈ ગયા. આહાહા ! આ વાસણમાં કરે છે ને, નામ, નામ, નામ બધા કરે ને એ પરિણામ જે અક્ષરોના થયા તાંબા, પિતળમાં એ પરિણામ થયું છે એ પર્યાય થઈ છે ને એ પર્યાયના પરમાણું પરિણામી તે કર્તા છે. આહાહા ! એને ઠેકાણે ઓલો કહે કે આ ટાંકણાથી અક્ષર થયા અને મેં આમ કર્યું ધ્યાન રાખ્યું માટે અક્ષર થયા તો એ પરિણામ અને પરિણામી તન્મય એકમેક થઈ ગયા તો જાુદું ન રહ્યું દ્રવ્ય. આહાહા ! ગાંડા જેવું છે આ તો, હેં ? જૈનનો મારગ, જૈનમાં રહ્યાં એને ય સાંભળવા મળ્યો નથી. આહાહા !

"કારણકે કોઈ દ્રવ્ય, અન્ય દ્રવ્યમય થઈ જાય, તો તે દ્રવ્યના નાશની આપત્તિ આવે" સામાના પરિણામ પોતે કરે તો પોતે પરિણામી થઈને તે પરિણામમાં તન્મય થઈ ગયો, તો પોતાના દ્રવ્યનો નાશ થઈ ગયો, એ પરદ્રવ્ય થઈ ગયું પોતાનું દ્રવ્ય રહ્યું નહિ. આહાહાહા ! શું આ સિદ્ધાંત ! મણના અઢી તો ચાર પૈસાનું શેર, પછી એના ગમે એટલા પલાખા કરો. આહાહા ! એમ કોઈ પણ પરમાણુના પરિણામ, એ પરિણામી વિનાનું પરિણામ હોય નહિ અને પરિણામ વિનાનું પરિણામી હોય નહિ. એને ઠેકાણે એ પરિણામને બીજો કહે કે હું કરું, તો એ પોતે તેના

પરિણામમાં તન્મય થઈ ગયો, એટલે પોતાનો અભાવ થઈ ગયો અને એ એને એણે મને કર્યું કાંઈ, એ પરમાણું એ પરિણામ મારા પરિણામ આ શરીરના કર્યા તો એ પરમાણું આંહીં શરીરમાં તન્મય એકાકાર થઈ ગયા. આહાહા! પરમાણું જુદા રહ્યા નહિ. તો અનંત, અનંતપણે ન રહ્યા. અનંત ભગવાને કીધા પરમાણું તો અનંતપણે ક્યારે રહે? કે બીજાનાં પર્યાયને બીજો દ્રવ્ય ન કરે તો અનંત અનંતપણે રહે, પણ બીજાના પરિણામ ને બીજો કરે તો પોતે સામાના પરિણામમાં તન્મય થઈ ગયો એટલે પોતાનો નાશ થઈ ગયો. (શ્રોતાઃ– જુદો રહીને કરે તો દ્વિક્રીયાવાદીનો પ્રસંગ આવે) પણ કરી શકે જ નહિ ને, જુદો રહીને કરી શકે નહિ એ તો આંહીં, કરે તો એ પરિણામ અને આ પરિણામી બે અભેદ થઈ જાય, તો પોતાનો તો નાશ થઈ ગયો. આહાહા! ગળે ઉતારવું ભારે કઠણ, હેં? આમ કર્યું ને, આ કર્યું ને, આ કર્યું. આહાહા!

"માટે આત્મા વ્યાપ્ય–વ્યાપકભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી." શું કીધું ઈ? માટે આ આત્મા વ્યાપ્ય નામ પરની અવસ્થા પોતે વ્યાપક એમ છે નહિ, છે? આત્મા વ્યાપ્યવ્યાપકભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી પોતાના પરિણામ વ્યાપ્ય અને પોતે તેનો કર્તા, પણ પરદ્રવ્યનું વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ છે નહિ. આમાં તો, એક જણો આપણે નથી આવતો ઓલો અમૃતલાલ ઝરિયા, ઝરીયા એ તો કહે બાવા થઈ જાય તો સમજાય. બાવા જ છે સાંભળને, કઈ ચીજ તારી છે કે તું માન એ મારી છે. આહા!

બહુ આ સિદ્ધાંત છે મોટો, હોં, કોઈપણ પરમાણુની પર્યાય થાય તે પર્યાય વિનાનો જો રહે અને એ પર્યાય બીજો કરે તો એ દ્રવ્યનો નાશ થઈ જાય, અને એ પરિણામ આત્મા કરે તો આત્મા પરિણામી પરિણામમાં ભળી ગયો ત્યાં, તો પરિણામી ને પરિણામ બે જુદા ન રહ્યા એટલે એ પોતે ત્યાં ભળી ગયો. આહાહાહા! આવું છે. હેં? (શ્રોતાઃ– બહુ સરસ) માટે આત્મા વ્યાપ્ય એટલે અવસ્થા પરિણામ, વ્યાપક એટલે દ્રવ્ય એ ભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી. પરદ્રવ્યની પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક એટલે કર્તા, વ્યાપક એટલે કર્તા અને પરદ્રવ્યની પર્યાય તેનું વ્યાપ્ય, એમ બનતું નથી. કહો સમજાણું કાંઈ? આરે! આરે! આવી વાતું હવે, આવો જૈન ધર્મ.

ભાવાર્થઃ– "એક દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય થાય તો બન્ને દ્રવ્યો એક થઈ જાય" બહુ સાદી ભાષામાં મૂક્યું. બીજા દ્રવ્યનાં પરિણામ, બીજો દ્રવ્ય કરે તો બે દ્રવ્ય એક થઈ જાય, કારણકે કર્તાકર્મપણું અથવા કર્તા ને કાર્ય અથવા પરિણામ અને પરિણામીપણું કર્મ એટલે પરિણામ, કર્તા એટલે પરિણામી, એક દ્રવ્યમાં જ હોઈ શકે. આહાહાહા! દરેક પરમાણું એનું કર્તાકર્મપણું એ દ્રવ્યમાં હોય, અન્યથા ન હોય. એ તો સર્વવિશુદ્ધમાં આવ્યું, ઉત્પાદ્ ઉત્પાદ્નું કારણ दवियं.

અજીવના પરિણામ કોઈ પણ પરમાણુના સ્કંધના બીજો ઉત્પાદક ને એ ઉત્પાદ્ય, એમ ત્રણકાળમાં નથી. આહાહાહા! એમ આત્માના પરિણામ, રાગદ્વેષ એ કર્મ વ્યાપક થઈને રાગદ્વેષ વ્યાપ્ય કરે, એમ નથી. અત્યારે આ સિદ્ધ આમ કરવું છે, પછી વળી જ્યારે સ્વભાવની સિદ્ધિ કરવી હોય, ત્યારે સ્વભાવની દૃષ્ટિ થઈ જેને એનું કર્મ વ્યાપક અને વિકારી વ્યાપ્ય એ તો ત્યાં નાખી દીધું. આહાહા!

આંહીં તો ફક્ત હજી દ્રવ્યની ભિન્નતા છે તેને સિદ્ધ કરે છે ફક્ત. પણ જ્યારે સ્વભાવની વાત કરે, ચૈતન્ય સ્વરૂપ ભગવાન એ તો આનંદ ને જ્ઞાનમૂર્તિ પ્રભુ છે, એનું વ્યાપ્ય વિકાર કેમ હોય, એમ કહે છે. એનું વ્યાપ્ય તો નિર્મળ પરિણામ તેનું વ્યાપ્ય, સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્ર આનંદ એનું વ્યાપ્ય ને આત્મા તેનો વ્યાપક. અને ત્યાં જે રાગ થાય એવો કોઈ આત્મામાં ગુણ નથી કે તેથી રાગ થાય, તેથી તે રાગ પર્યાયમાં થાય છે, તેથી પર્યાયદૃષ્ટિ, વ્યવહારદૃષ્ટિ કર્મમાં નાખી ને કર્મ વ્યાપક અને રાગ એનું વ્યાપ્ય, સ્વભાવ દૃષ્ટિએ. આહાહા !

હવે આ વાણિયાને આવું બધું યાદ ક્યારે રાખવું ? હજી તત્ત્વ શું છે, એની ખબરું ન મળે, તત્ત્વમાં શું થાય છે, કેમ થાય છે અને એને ધર્મ થઈ જાય ? મિથ્યા મોહ છે મિથ્યાત્વ થાય. મિથ્યાત્વની ભ્રમણાં થાય એને અધર્મ થાય. બીજાના દ્રવ્યની દયા પાળી શકું છું, બીજા જીવની દયા પાળી શકું છું, તો એ દયાના પરિણામ જે થયા અહીંયા, એનું વ્યાપ્ય ન્યાં થયું, વ્યાપક આ ને વ્યાપ્ય ન્યાં થયું, બે ય એક થઈ ગયા, પરની દયા આત્મા પાળી શકતો જ નથી. આહાહા ! ( શ્રોતાઃ- પરદ્રવ્યને જાણી શકે પણ કરી શકે નહિ ) જાણવાનું તો બધું ત્રણકાળ ત્રણ લોક જાણે, એય પણ કહેવું એ વ્યવહાર છે. પરદ્રવ્યને જાણે, પરને જાણે એ કહેવું એ વ્યવહાર છે. ખરેખર તો એ પોતે પોતાની પર્યાય, દ્રવ્યગુણને જાણે છે. આહાહા ! વીતરાગ મારગ ઝીણો બહુ ભાઈ આહાહા ! અપૂર્વ વાત છે. આહાહા !

કર્તા કર્મપણું અને પરિણામ-પરિણામીપણું, પરિણામ એટલે પર્યાય અને પરિણામી એટલે દ્રવ્ય, એકદ્રવ્યમાં હોઈ શકે. આહાહાહા ! જીવના પરિણામ, એ કર્મ કરે તો કર્મ પરિણામી અને પરિણામ વ્યાપ્ય બે ય કર્મ અને રાગ બે એક થઈ ગયા. સમજાણું કાંઈ ? શું કીધું ઈ ? કર્મ જડ છે, એ પરિણામી અને આંહી વિકાર પરિણામ થયો, એ એનું પરિણામ તો તો એ કર્મ જ પોતે ભિન્ન, આત્માથી જુદી ચીજ ના રહી, આત્માના પરિણામમાં તન્મય થઈ ગયું કર્મ. આહાહા !

ફરીને-એ એક પ્રશ્ન થયો 'તો તે દિ' ઘણાં વર્ષ થયા ત્યાં ૯૯ માં રાજકોટ એક સોમચંદભાઈ હતા ને એક ખારા, એણે કહ્યું કે નિશ્ચય શું ? એકકોર તમે કહો કે કર્મ વ્યાપક અને રાગ વ્યાપ્ય, એક બાજું કહો કે આત્મા વ્યાપક અને રાગ વ્યાપ્ય, એક પ્રશ્ન થયેલો ૭૫ ગાથામાં આવે છે. ૭૫ ગાથામાં એમ જ આવે કે આત્મા વ્યાપક કર્તા અને નિર્મળ પરિણામ કાર્ય, મલિન પરિણામ કાર્ય અને કર્તા કર્મ, એ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ કહ્યું છે. આહાહા ! પંડિતજી !

જો બીજા દ્રવ્યના પરિણામ, પર્યાય બીજો દ્રવ્ય કરે તો એ પર્યાય અને પરિણામ અને પરિણામી બે એક થઈ જાય. પરદ્રવ્યથી ભિન્ન ન રહી શકે અને આ તો પરદ્રવ્યથી ભિન્ન ત્રિકાળ રહેલું છે. તેમ કોઈ પણ દ્રવ્ય કોઈ કાળે પરિણમનની પર્યાય વિનાનું હોય તો, એ પર્યાય વિનાનું દ્રવ્ય, તો એ પર્યાય વિનાનું દ્રવ્ય હોઈ શકે જ નહિ, એ પર્યાયનું કર્તા દ્રવ્ય થઈ જાય પેલો પર, અને આ પરિણામ-વિનાનું પરિણામી રહ્યું. સમજાય છે કાંઈ ?

આત્મામાં જે પર્યાય છે એ પરિણમન વિનાની, પર્યાય વિનાનું કોઈ દિ' દ્રવ્ય હોય નહિ, જો એ પરિણમન વિનાનું દ્રવ્ય થાય તો એ પરિણમન પરનું છે, અને એ પર એનું પરિણામી છે. આત્માનું પરિણમન એ નથી, તો આત્માનો નાશ થઈ જાય અને કર્મ એમાં આમાં ભળી જાય.

કારણકે એ આ પર્યાયનો એ કર્તા એટલે આ કર્મ તન્મય થઈ જાય આત્મામાં. માળે. આહાહા! આવું ક્યાં હવે નવરાશ, ધંધો બાઈડી છોકરાવને સાચવવા, ધંધો કરવો કે આ કરવું? આહાહા! અને મોહમયનગરી મુંબઈ તો, "સિદ્ધાંત સમજાય છે" ? આ રીતે જો એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થઈ જાય તો તો તે દ્રવ્યનો જ નાશ થાય. આ આત્માના પરિણામ છે એ કર્મ કરે તો આ પરિણામી કર્મ અને પરિણામ બે ય એક થઈ ગયા, આ આત્મા રહ્યો નહિ. આહાહાહા!

આંહીં તો અત્યારે પુણ્ય-પાપના ભાવ જીવ કરે એમ સિદ્ધ કરવું છે. પરદ્રવ્યથી ભિન્ન સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અત્યારે અહીં જ્ઞાની રાગનો કર્તા નથી, એ અહીં અત્યારે સિદ્ધ નથી કરવું. અહીં તો અત્યારે પરદ્રવ્યથી દરેક દ્રવ્ય ભિન્ન, અને દરેક દ્રવ્યના પરિણામ અને પરિણામી એકમેક છે, એ એના પરિણામનો બીજો કર્તા હોય તો બેય દ્રવ્યનો નાશ થઈ જાય છે. આહાહાહા! છે? આ રીતે જો એકદ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થઈ જાય આ રીતે, કપડાં, કપડાં છે, એ પરમાણુનો પિંડ છે, એની કપડાં એક અવસ્થા છે, હવે એ અવસ્થા કપડાની વણકર કહે કે મેં કરી, તો એ પરિણામ અને પરિણામી બેય એક થઈ ગયા. પોતાની જુદાઈ રહી નહિ, વણકર. આહાહા! એમ આ બાઈયું પાપડ કરે, વડી કરે, બહુ હુંશિયાર હોય તો બહુ આમ-આમ ખાટલામાં રાખે ને ઓલાં લાકડા, ખાટલાની શું કહેવાય ખાટલાનો આવે અંદર છેડો-છેડો એમાં પાટલો રહે, પાટીયું રહે ને બેઠી હોય ને આમ, બીજા જાણે, ઓહોહોહો! શું હોંશિયાર? શું વડી કરતા આવડે, ને પાપડ વણતાં આવડે ને, આ કહે છે કે એના પરિણામ જે પાપડના થયા, કે વડીના થયા, એ પરિણામનો કર્તા તું હો, તો પરિણામ અને પરિણામી બે એકમેક થઈ જાય, પણ એ પાપડનાં પરિણામનો કર્તા પાપડના પરમાણુઓ છે. પરમાણું છે એ પરિણામી છે ને પર્યાય તેનું પરિણામ છે. પરમાણું છે વ્યાપક છે ને પર્યાય તેનું વ્યાપ્ય છે. એ વ્યાપ્ય આત્માનું થઈ જાય તો એ દ્રવ્ય ભિન્ન-રહેતું નથી. તું જો તેના પરિણામને કરે તો તારું દ્રવ્ય ભિન્ન રહેતું નથી, ત્યાં તારું (દ્રવ્ય) બીજા હારે ભળી જાય છે.

આરે શું હશે આવી (વાત). એક ફેરી ઇન્દોરમાં પંડિતો ભેગા થયા'તા પચાસ પંડિત, એ લોકોએ આનાથી વિરુદ્ધ કરવા સારું અહીંનું સોનગઢનું, કહ્યું કે "પરદ્રવ્યનો કર્તા ન માને તે જૈન દિગંબર નથી" આંહીં કહે છે કે પરદ્રવ્યના પરિણામનો કર્તા માને તે આત્મા નથી. આહાહા! એ પરદ્રવ્યના પરિણામનો કર્તા માને તે પોતાનું દ્રવ્ય ભિન્ન માનતો નથી, એ પરદ્રવ્યમાં ભળી જાવું છે એમ માન્યું એણે. આહાહાહા! અરેરે આવું ક્યાં પણ.

"માટે દોષ આવે," એ મોટો દોષ આવે, "માટે એક દ્રવ્યને અન્ય દ્રવ્યનો કર્તા-કહેવો ઉચિત નથી." એક દ્રવ્યના પરિણામનો બીજા દ્રવ્ય (ને) કર્તા કહેવો તે વ્યાજબી નથી. આહાહા! બહુ ઝીણો સિદ્ધાંત! આ તો બહારના કામ કરતા બીજાને બતાવે કે જુઓ આ હું કરું છું. જુઓ આ હું કરું છું, અજ્ઞાનને જાહેર કરે છે, એટલે પોતે કામ કરે એટલે જાણે કે કર્તા કામનો, કેવું હું કામ કરું છું. આહાહા! અભિમાન છે મિથ્યાત્વનું. આહાહા!

આ આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવથી તો કર્તા નથી, પરંતુ નિમિત્તનૈમિત્તિકભાવથી પણ કર્તા નથી. આહાહા! ૧૦૦ મી ગાથા અલૌકિક છે. વ્યાપ્ય-વ્યાપક એટલે કે પરિણામ અને પરિણામી એ રીતે પણ પરનો કર્તા છે નહિ. આત્મા એના પોતાના પરિણામનો કર્તા અને

પરિણામી પોતે, પરના પરિણામનો કર્તા આત્મા તો પરિણામી ત્યાં અભેદ થઈ જાય છે. એ તો વાત કીધી ઠીક, હવે એ ઉપરાંત આંહીં તો સિદ્ધ કરવું છે. આહાહા ! વ્યાપ્ય-વ્યાપક ભાવથી તો કર્તા નથી, વ્યાપ્ય વ્યાપક સમજાણું ? વ્યાપ્ય એટલે પરિણામ, વ્યાપક એટલે પરિણામી દ્રવ્ય. વ્યાપ્ય એટલે કાર્ય અને વ્યાપક એટલે કાર્યનો કરનાર દ્રવ્ય. આહાહા ! વ્યાપ્ય વ્યાપકભાવથી તો કર્તા નથી પરંતુ નિમિત્ત નિમિત્તભાવથી પણ કર્તા નથી. આહાહાહા ! એ રોટલી ને ઘટ પટને રથને વણકરને એ કહે છે કે જે દશા થાય તેમાં નિમિત્ત પોતે ને નૈમિત્તિક એ રીતે પણ નથી, ગાથા બહુ ઊંચી છે. આહાહાહા.....

આહા... હા ! એની સાથે 'કારણ ( શુદ્ધ ) પર્યાય' આવી છે ને... ! 'નિયમસાર' માં જ ૧૫મી ગાથા. એક કારણ ( શુદ્ધ ) પર્યાય છે ધ્રુવ. ધ્રુવ... હોં ! જેમ વસ્તુ ધ્રુવ છે, જેમ ગુણ ધ્રુવ છે; તેમ એક કારણપર્યાય પણ ધ્રુવ છે. ૨૦૦૦ની સાલમાં ઘણો વિસ્તાર કર્યો હતો. ૧ થી ૧૯ ગાથા સુધીનાં વ્યાખ્યાન ( પુસ્તકરૂપે પ્રકાશિત થઈ ગયેલાં છે ). 'કારણ ( શુદ્ધ ) પર્યાય' સૂક્ષ્મ છે. જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ-ચાર દ્રવ્ય છે, એમાં તો પારિણામિકભાવની પર્યાય એકસરખી છે. શું કહ્યું સમજાણું ? ( એ જે ) ચાર દ્રવ્ય છે ( એનાં ) દ્રવ્ય-ગુણ તો એકસરખા જ છે; પણ એની પર્યાય પણ એકસરખી ( છે ). ઓછી-વિપરીત એકેય છે જ નહીં. -પારિણામિકભાવની પર્યાય સદાય એકરૂપ ( છે ). ત્યારે તો એ દ્રવ્ય-ગુણ-પર્યાયનો દ્રવ્ય પૂર્ણ થાય છે. તો આત્મામાં દ્રવ્ય અને ગુણ પૂર્ણ છે; પણ જે પર્યાય રાગાદિની છે એ રાગાદિ તો ઓછા-વધારે થાય છે. રાગનો અભાવ થઈને સમકિત થાય છે. અને સમકિતની-મોક્ષમાર્ગની પર્યાયનો પણ અભાવ થઈને મોક્ષ થાય છે. તો પર્યાય એકરૂપ ન રહી. ( જ્યારે ધર્માદિ ) ચાર ( દ્રવ્યમાં ) પર્યાય એકરૂપ છે. તો આમાં ( આત્મામાં ) પારિણામિકની ( પર્યાય ) એકરૂપ હોવી જોઈએ કે નહીં ? તો એ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ( પર્યાય ) સિવાય, અંદર ( એક ) કારણ ( શુદ્ધ ) પર્યાય ( છે ). એ બધો વિસ્તાર ૧૫મી ગાથાના ( વ્યાખ્યાનમાં ) કર્યો છે. દ્રવ્ય એવું ત્રિકાળી ધ્રુવ, એવું ત્રિકાળી સામાન્ય, એવી પર્યાય વિશેષ. વિશેષ ( એટલે ) ઉત્પાદ-વ્યય નહીં. ઉત્પાદ-વ્યય વિનાની 'કારણપર્યાય' ધ્રુવ સદૃશ અનાદિઅનંત છે. જેમ પેલા ચાર દ્રવ્યમાં એક પારિણામિક પર્યાય અનાદિઅનંત એકસરખી છે એવી અહીંયાં ધ્રુવ-કારણ ( શુદ્ધ ) પર્યાય અનાદિઅનંત એકરૂપ છે. આહા... હા ! મેં ૨૦૦૦ની સાલમાં એનો નકશો પણ બનાવરાવ્યો હતો. પણ ( એ વિષે એક મોટા પંડિતને ) કહ્યું તો તે સમજ્યા નહીં. વર્ણીજીને કહ્યું તો એણે કીધું કે 'કારણ ( શુદ્ધ ) પર્યાય' એવું છે નહીં. પછી હું અચકાણો કે, મોટા પંડિતો ય સમજતા નથી તો ( બીજા તો ) સમજશે નહીં. ( એથી ) નકશો બહાર નથી પાડયો. એ ( વિષય ) સૂક્ષ્મ છે, ભાઈ ! દ્રવ્યનો ભાવ, એ કારણ ( શુદ્ધ ) પર્યાય; એ પારિણામિકભાવમાં જાય છે. એ ( ઔદયિકાદિ ) ચાર ભાવમાં આવતો નથી. એ ઉત્પાદ-વ્યય વિનાની પર્યાય 'કારણ ( શુદ્ધ ) પર્યાય' છે. આવો માર્ગ છે ! એ અહીં કહે છે.

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૩૮, નિયમસાર ગાથા-૩૮ )**

## ગાથા-૧૦૦

निमित्तनैमित्तिकभावेनापि न कर्तास्ति-

जीवो ण करेदि घडं णेव पडं णेव सेसगे दव्वे।
जोगुवओगा उप्पादगा य तेसिं हवदि कत्ता।।१००।।

जीवो न करोति घटं नैव पटं नैव शेषकानि द्रव्याणि।
योगोपयोगावुत्पादकौ च तयोर्भवति कर्ता।।१००।।

यत्किल घटादि क्रोधादि वा परद्रव्यात्मकं कर्म तदयमात्मा तन्मयत्वानुषङ्गात् व्याप्यव्यापकभावेन तावन्न करोति, नित्यकर्तृत्वानुषङ्गान्निमित्तनैमित्तिकभावेनापि न तत्कुर्यात्। अनित्यौ योगोपयोगावेव तत्र निमित्तत्वेन कर्तारौ। योगोपयोगयोस्त्वात्मविकल्पव्यापारयो: कदाचिदज्ञानेन करणादात्मापि कर्ताऽस्तु तथापि न परद्रव्यात्मककर्मकर्ता स्यात्।

---

આત્મા ( વ્યાપ્યવ્યાપકભાવથી તો કર્તા નથી પરંતુ ) નિમિત્તનૈમિત્તિકભાવથી પણ કર્તા નથી એમ હવે કહે છેઃ-

જીવ નવ કરે ઘટ, પટ નહીં, જીવ શેષ દ્રવ્યો નવ કરે;
ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.

ગાથાર્થઃ- [ जीवः ] જીવ [ घटं ] ઘટને [ न करोति ] કરતો નથી, [ पटं न एव ] પટને કરતો નથી, [ शेषकानि ] બાકીનાં કોઈ [ द्रव्याणि ] દ્રવ્યોને ( વસ્તુઓને ) [ न एव ] કરતો નથી; [ च ] પરંતુ [ योगोपयोगौ ] જીવના યોગ અને ઉપયોગ [ उत्पादकौ ] ઘટાદિને ઉત્પન્ન કરનારાં નિમિત્ત છે [ तयोः ] તેમનો [ कर्ता ] કર્તા [ भवति ] જીવ થાય છે.

ટીકાઃ-ખરેખર જે ઘટાદિક તથા ક્રોધાદિક પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી કારણ કે જો એમ કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે; વળી નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી કારણ કે જો એમ કરે તો નિત્ય- કર્તૃત્વનો ( અર્થાત્ સર્વ અવસ્થાઓમાં કર્તાપણું રહેવાનો ) પ્રસંગ આવે. અનિત્ય ( અર્થાત્ જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા ) યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના ( -પરદ્રવ્યસ્વરૂપ કર્મના ) કર્તા છે. ( રાગાદિવિકારવાળા ચૈતન્યપરિણામરૂપ ) પોતાના વિકલ્પને અને ( આત્માના પ્રદેશોના ચલનરૂપ ) પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી યોગ અને ઉપયોગનો તો આત્મા પણ કર્તા ( કદાચિત્ ) ભલે હો તથાપિ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો ( નિમિત્તપણે પણ કદી ) નથી.

ભાવાર્થઃ-યોગ એટલે ( મન-વચન-કાયના નિમિત્તવાળું ) આત્મપ્રદેશોનું ચલન અને

**ઉપયોગ એટલે જ્ઞાનનું કષાયો સાથે ઉપયુક્ત થવું-જોડાવું. આ યોગ અને ઉપયોગ ઘટાદિક તથા ક્રોધાદિકને નિમિત્ત છે તેથી તેમને તો ઘટાદિક તથા ક્રોધાદિકના નિમિત્તકર્તા કહેવાય પરંતુ આત્માને તેમનો કર્તા ન કહેવાય. આત્માને સંસાર-અવસ્થામાં અજ્ઞાનથી માત્ર યોગ-ઉપયોગનો કર્તા કહી શકાય.**

**અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવું:-દ્રવ્યદૃષ્ટિથી તો કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનું કર્તા નથી; પરંતુ પર્યાયદૃષ્ટિથી કોઈ દ્રવ્યનો પર્યાય કોઈ વખતે કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના પરિણામના નિમિત્તકર્તા કહેવાય છે. પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામનું કર્તા છે, અન્યના પરિણામનું અન્યદ્રવ્ય કર્તા નથી.**

## ગાથા-૧૦૦ ઉપર પ્રવચન

जीवो ण करेदि घडं णेव पडं णेव सेसगे दव्वे।
जोगुवओगा उप्पादगा य तेसिं हवदि कत्ता।।१००।।

જીવ નવ કરે ઘટ, પટ નહીં, જીવ શેષ દ્રવ્યો નવ કરે;
ઉત્પાદકો ઉપયોગ યોગો, તેમનો કર્તા બને

૧૦૦ મી ગાથા ચાલી'તી તે દિ' ૯૧માં જામનગર માણસો ઘણાં ત્યારે સંપ્રદાય છોડયો નહોતો ને તે દી' સંપ્રદાયમાં હતા ને ૯૧ પછી, અહીં આવીને સંપ્રદાય છોડયો. દાક્તર હતા મોટા પ્રાણજીવન દાક્તર નહિ, અઢી હજારનો પગાર હતો, વ્યાખ્યાનમાં આ ૧૦૦ મી ગાથા ચાલતી, સાંભળી મહારાજ મારો–સોલેરિયમ છ લાખનો જોવા આવો ને, આ તો તમારે દાખલામાં ન્યાયમાં કામ આવશે. જામનગરમાં છે. છ લાખનો સોલેરિયમ સંચો છે મોટો આમ ફેરવેને સૂર્યના તડકાં આપે ને, ઇ–માગશરની વાત છે'૯૧ના પછી આંહીં આવ્યા'તા ને–આ ૧૦૦મી ગાથા ( શ્રોતાઃ– સભામાં વંચાતી હશે ). સભા–સભા–સંપ્રદાયમાં સભા, '૯૦માં આ વાંચ્યું'તું ને ૯૯ ગાથા, નેવુંમાં અમુક વાંચ્યું'તું ને ૯૯ ગાથા સુધી ત્યાં વાંચ્યું'તું રાજકોટ. રાજકોટ ચોમાસું હતું ને છેલ્લું ૯૦, સદરમાં, તે દિ' ત્યાં વાચ્યું'તું ઘણું કરીને ૯૯ સુધી 'સો' મી અહીંથી શરૂ કરી'તી એમ હતું કાંઈક, જામનગર. આહાહાહા !

ટીકાઃ– ખરેખર જે ઘટ ને પટ ને ક્રોધાદિક પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે. જડની વાત છે હોં આ, ક્રોધ, ભાવ ક્રોધની વાત નથી ઘટ–પટ–આદિ અને ક્રોધ જડ કર્મ, પરકર્મ છે તેને આ આત્મા વ્યાપ્ય–વ્યાપકભાવે તો કરતો નથી, એટલે કે વ્યાપક પોતે કર્તા થઈને તે પરિણામ તેનું વ્યાપ્ય, તે તેનું કાર્ય એમ તો નથી. આહાહાહા ! આ બધા વેપારીઓ, બધા હુંશિયાર થઈને કરતા હશે, નહિ ? ખરેખર ઘટ પટ વસ્ત્ર, ગમે તે પરદ્રવ્ય જડ, કે ક્રોધાદિક કર્મ જડ, એ પરદ્રવ્યસ્વરૂપ કાર્ય છે, તેને આ આત્મા વ્યાપ્ય વ્યાપકભાવે તો કરતો નથી. પરિણામ અને પરિણામી તે પરિણામ એનું પરિણામી આત્મા એમ તો નથી, કર્તા આત્મા ને કાર્ય એ એમ તો નથી, કારણકે જો એમ કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે, એમ કરે તો પરમાં એકાકાર થઈ જાય. જાુદું દ્રવ્ય રહે નહિ. આહાહાહા !

ઇન્દોરમાં એક ચર્ચા થઈ'તી પચાસ પંડિતો ભેગા થયેલા વિરોધ આંહીંનો વિરોધ કરવા એટલે-"પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર જૈન નથી" એમ બિચારા શું કરે કોઈ રીતે પોતાનું માન રહેતું ન હોય, અત્યાર સુધી ચલવ્યું હોય, હવે એ બધું ખોટું છે, મિથ્યાત્વ છે એવું આકરું પડે ને. આકરું પડે બિચારા. ( શ્રોતાઃ- આપે તો શ્વેતાંબરમાંથી દિગંબરનો ડંકો બજાવ્યો ) હેં ? દિગંબર તો વસ્તુ જ છે આ, શ્વેતાંબર એ વસ્તુ જ છે ક્યાં, જૈન ધર્મ. ઝીણી વાત છે. આહાહા ! કહો વજુભાઈ આ બધા સ્થાનકવાસીના શેઠિયાઓ ગળા સુધી ગરી ગયેલા ન્યાં. આહાહા ! આ અમારે જાદવજીભાઈને એ બધાં કલકત્તામાં નહોતા. પાંજરાપોળમાં પૈસા આપો તમારું કલ્યાણ થશે, ગાયોને-નભાવો, પારેવાને જુવાર આપો, કૂતરાને રોટલા નાખો, આંહીં કે છે તમારે નથી કરતાં આંહીં, અત્યાર સુધી હતું, પહેલાં, તો પોપટભાઈ તરફથી આંહીં રોટલા કૂતરાને નાખતા સાંભળ્યું છે. હવે આપણને કાંઈ ખબર નથી. પોપટભાઈ તમારા. કોણ નાખે ? બાપા આકરું કામ પડે.

ખરેખર તો આત્મા સિવાય પરદ્રવ્ય એનાં પરદ્રવ્ય છે એના સિવાય આ આત્મા એ પરનું કંઈપણ કરે તો પરમાં એકાકાર થઈ જાય, વળી નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી. કારણકે જો એમ કરે તો નિત્ય કર્તૃત્વનો પ્રસંગ આવે. શું કહે છે ? આત્મા છે તે કાયમ નિત્ય છે, જો આત્મા એને નિમિત્ત થઈને કરે, તો સદાય એને પરનું કર્તાપણું નિત્યમાં રહે, આત્મા પણ નિમિત્તપણે આત્મા નિમિત્તપણે કરે નહિ, ઉપાદાનપણે તો કરે નહિ એ તો વાત ગઈ. આહાહા ! નૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી, કેમ કે એમ કરે તો નિત્ય કર્તૃત્વનો પ્રસંગ આવે, આત્મા નિત્ય છે, પ્રભુ. જો સામાની પર્યાયને નિમિત્તપણે કરે જીવ દ્રવ્ય હોં, પર્યાયની પછી વાત લેશે, જીવ દ્રવ્ય છે વસ્તુ જે છે એ જો સામાને નિમિત્તપણે કરે તો સદાય તેનું કર્તાપણું, નિમિત્તમાં તેને જ્યારે જ્યારે જ્યાં કાર્ય થાય ત્યાં ત્યાં દ્રવ્યને હાજર રહેવું પડે. આહાહા !

આવી વ્યાખ્યા નિમિત્તનૈમિત્તિકભાવે પણ તે કરતો નથી, કારણકે એમ કરે તો નિત્ય કર્તૃત્વ, સર્વ અવસ્થાઓમાં કર્તાપણું રહેવાનો પ્રસંગ આવે. આહાહા ! જગતની જેટલી અવસ્થાઓ થાય તેમાં જો આત્મા નિમિત્તપણે હોય તો તો જ્યાં જ્યાં અવસ્થા થાય ત્યાં ત્યાં આત્માને હાજર રહેવું પડે, આ નિત્ય છે, આત્મા નિત્ય છે, એ તો નિમિત્તપણે પણ કર્તા નથી. ઉપાદાનપણે તો નથી. આહાહાહા ! વિશેષ આવશે લ્યો. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૯૮ ગાથા-૧૦૦ શનિવાર, મહા વદ-૫, તા. ૧૭/૨/'૭૯

સમયસાર સો ગાથા, ખરેખર, ખરેખર આંહીં વજન છે. ખરેખર ઘટનું કાર્ય થાય છે જે સમયે તે ખરેખર કાર્ય ઘટનું નથી, તે માટીનું છે. ઘડો રથ કે વસ્ત્ર આદિ ઘટાદિ તથા ક્રોધાદિ એટલે જડ કર્મ એ પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે, પરદ્રવ્યસ્વરૂપ કાર્ય છે. આહાહાહા ! માળે કેટલું નાખ્યું છે જુઓ, શું કહે છે ? ઘડો જે કાર્ય છે, તે વખતે કાર્ય છે તે વખતે છે જ, હવે એને નિમિત્ત કોને કહેવું એટલો પ્રશ્ન છે. સમજાણું કાંઇ ? એમ વસ્ત્ર થયું છે એ કાર્ય વસ્ત્ર છે, એને નિમિત્ત કોને કહેવું એ પ્રશ્ન છે. તેમ રથ અને ગાડું આદિ છે કાર્ય છે એનું નિમિત્ત કોને કહેવું, એ પ્રશ્ન છે.

આહા ! સમજાય છે કાંઇ ?

એમ રોટલી આદિ કાર્ય છે ( એ ) લોટનું કાર્ય છે, કાર્ય તો છે તે સમયે તે કાર્ય થવાનું તે થયું છે, પ્રાપ્યમાંથી કાઢયું આ તો. આહાહા..... શું કીધું, ઈ ? ઘડો જે છે એ કાર્ય છે માટીનું, માટીનું કાર્ય છે, કુંભારનું નહિ, એ તો નહિ પણ હવે ઘડો જે કાર્ય છે એ તો તે સમયે કાર્ય થયું જ છે, હવે તેમાં નિમિત્ત કોને કહેવું એ પ્રશ્ન છે. સમજાણું કાંઇ ? એમ વસ્ત્ર, ગાડું, રથ, રોટલી, ભાષા, ભાષા છે ને, આ ભાષા એની પર્યાય છે ભાષાની પર્યાય છે. આહાહા..... એને નિમિત્ત કોને કહેવું એ પ્રશ્ન છે. છે એને કાળે, ભાષાની પર્યાય તેને કાળે છે. સમજાણું કાંઇ ? ખરેખર, ખરેખર છે એમ કહે છે. આહાહાહા ! આ હાથ જે હાલે છે આમ એની અવસ્થા ખરેખર છે જડની. ફક્ત એ કાર્ય છે એ ત્યાં નિમિત્ત કોને કહેવું એ પ્રશ્ન ઉઠયો છે, નિમિત્તથી થાય એ પ્રશ્ન તો ઉડાવી દીધો પહેલે, પણ જે સમયે જે દ્રવ્યનું જે પરિણામ એટલે કર્મ એટલે કાર્ય છે, તેને આ આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવે તો કરતો નથી એટલે ઘડાનું કાર્ય વ્યાપ્ય એટલે કાર્ય અને કુંભાર કર્તા વ્યાપક એમ તો નથી.

બીજી રીતે ( કહીએ તો ) ઘડાનું કાર્ય છે એ પરિણામ છે અને એનો પરિણામી કુંભાર છે એમ નથી. આહાહા..... ઘડો કાર્ય છે, તેનો કર્તા કુંભાર છે એમ તો નથી. સમજાણું કાંઇ ? ખરેખર 'કિલ' શબ્દ છે ને ? 'કિલ' એટલે ખરેખર, યથાર્થ, જડ આદિના પરિણામ જે કાળે જેના થવાનાં છે પ્રાપ્ય તે કાળે છે, તેને આ આત્મા, એ જડનાં, જડ કર્મ બંધાય તેમાં જડકર્મ બંધાય એ કર્મ પરમાણુઓનું કાર્ય છે, જડકર્મ બંધાય છે એ જડકર્મનું કાર્ય પરમાણુનું છે, એને આત્મા વ્યાપ્ય વ્યાપકપણે એટલે એ પરિણામ અને આત્મા પરિણામી એ તો નથી. એ કર્મનાં પરિણામ થયા એ પરિણામ અને પરિણામી પરમાણું પણ એ પરિણામ કાર્ય ને પરિણામ અને આત્મા પરિણામી એમ તો નથી. આહાહા..... એમ આ જે ભાષા થાય છે કે આ હોઠ હલે છે, એ કાર્ય છે જડનું. આહાહાહા ! એ પરિણામ એનું છે એનો પરિણામી એ પરમાણુઓ છે, પણ એ કાર્યનું પરિણામ અને આત્મા એનો પરિણામી, એ પરિણામ કાર્ય અને આત્મા એનો કર્તા એમ નથી. આહાહા !

આવું ઝીણું હવે. કહો પંડિતજી ? આંહીં તો પ્રશ્ન થયો, અહીં કર્મ કાર્ય છે ઉપર ગયું, પ્રાપ્ય ઉપર ગયું લક્ષ, ક્રમબદ્ધ, ક્રમબદ્ધમાં ઘટનું કાર્ય ઘટ વખતે ઘટ છે. એમ રોટલીનું કાર્ય રોટલી વખતે એનું કાર્ય રોટલીનું છે, એનો કર્તા વેલણું છે, કે બાયડી છે એ કર્તા એ વાત છે નહિ, એટલે એ પરિણામ પરિણામીનો તો નિષેધ કર્યો એટલે કે વ્યાપ્ય-વ્યાપકનો નિષેધ કર્યો, એટલે કર્તાકર્મનો નિષેધ કર્યો. સમજાણું કાંઇ ? ઝીણી વાત બહુ બાપુ ! જૈન ધર્મ બહુ ઝીણો છે. લોકોને સાંભળવા મળ્યો નથી, પડયા એ વાડામાં પડયા રહે એમ ને એમ ! આહાહા !

વીતરાગ જૈન પરમેશ્વર અનંત દ્રવ્યો કહે છે, તે તે દ્રવ્યનાં તે તે સમયનાં તે પરિણામ ત્યાં છે તેને બીજું દ્રવ્ય કરે તો તો એ પરિણામ અને પરિણામી એક થઇ જતાં દ્રવ્યનો નાશ થઇ જાય. આહાહા ! હવે આવી વાતું હોય. પર જીવની દયાનો, આયુષ્ય સ્થિતિ છે તે છે, પર જીવ બચ્યો એ એનું કાર્ય તો ત્યાં છે એને લઇને, હવે એને નિમિત્ત કોને કહેવું ? એ બીજાથી બચ્યો છે એ વાત તો છે નહિ, બીજાએ એની દયા પાળી માટે બચ્યો છે, એમ તો છે નહિ, તેમ હોય તો એ

પરિણામ અને આત્મા પરિણામી બે ય એક થઇ જાય, એ કાર્ય એનો કર્તા એ પરમાણું છે, તેથી વ્યાપ્ય વ્યાપક એનામાં એનું છે. કર્તા-કાર્ય કર્તા-કર્મ પરિણામી-પરિણામ એમાં છે જડનું જડમાં, ચૈતન્યનું ચૈતન્યમાં. આહાહાહા ! એ જડના પરિણામનો કર્તા આત્મા તો નથી પણ એનો નિમિત્ત કર્તા કહેવો હોય તો એ કોને કહેવો ? આહાહાહા ! ચેતનજી ? શું કહે છે. ( શ્રોતાઃ- “છે” એમ કહીને ચાલુ કરી દીધું ) તેથી ભાઈને પૂછયું આમાં 'કર્મ' શબ્દ પડયો છે, પણ એ કર્મનો અર્થ જ છે, કાર્ય. આહાહા !

ઝીણી વાત બાપુ ! જૈન દર્શન ઝીણું બહુ ! લોકોને વાડાવાળાને મળ્યું નથી, એમ ને એમ અંધારે અંધારે કાઢયું જગતે. આ તો હું કરું, હું કરું. ધંધાના માલમાં કાપડ છે એ વેચાય પાછું કાપડ ત્યાંથી જાય છે. એ કાર્ય કાપડનું કાપડથી થયું છે, એ કાર્ય તો ત્યાં છે, હવે નિમિત્ત કોને કહેવું, એટલો પ્રશ્ન ઊઠે છે. એ ઉપાદાનનું કાર્ય તો ત્યાંથી તેનાથી થયું છે, સમજાણું કાંઇ ? તેને આ આત્મા વ્યાપ્ય એટલે કાર્ય ને વ્યાપક એટલે કર્તા, વ્યાપ્ય એટલે પરિણામ અને વ્યાપક એટલે પરિણામી એ ભાવે તો કરતો નથી. આ તો ભગવાનની વાણી ઝીણી છે ભાઈ ! આ કાંઇ વાર્તા નથી. આહાહાહા !

કારણકે જો એમ કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે, શું કહે છે ? કે ઘડાના પરિણામને માટી કરે, એ માટી વ્યાપક-કર્તા ને ઘડો એનું કાર્ય, પણ જો આત્મા એ વ્યાપક થઇને કાર્ય કરે એનું કરે તો તો બે ય દ્રવ્ય એક થઇ જાય, એ માટીમાં-ઘડામાં કુંભારનો આત્મા તન્મય થઇ જાય, એકાકાર થઇ જાય. આહાહાહા ! આ હાથ હલે છે, આ હાથ, એ તો એનું કાર્ય તો ત્યાં એનાથી છે જ હાથથી, પણ એ કાર્ય જો આત્મા કરે, તો આત્મા ત્યાં ગરી જાય ભેગો તો આત્માનો નાશ થઇ જાય ! સમજાણું કાંઇ ? આહાહા ! આવી વાતું હવે, આ આત્મા હાથ હલાવી શકે નહિ એમ કહે છે. એ હલાવવાનું કાર્ય તો છે, હલવાનું કાર્ય તો તેનું તેનાથી છે, એ જો આત્માથી હોય તો આત્મા ને પુદ્‌ગલદ્રવ્ય બે એક થઇ જાય, તો આત્માનો નાશ થઇ જાય. આહાહાહા ! સમજાણું કાંઇ ? આહાહા ! તે તન્મયપણાનો પ્રસંગ, તન્મય એટલે એકમેક થઇ જાય. આહાહાહા ! આ દાઢ જે હલે છે અંદર, એ દાઢનું હલવું એ દાઢનું કર્મ-કાર્ય દાઢમાં છે, એ આત્મા જો દાઢને હલાવે તો એ પરિણામ અને આ પરિણામી બે એક થઇ જાય, તો દાઢના પરિણામ અને આત્મા એક થતાં આત્માનો નાશ થઇ જાય. આહાહાહા ! શું થાય ? વીતરાગ માર્ગ કોઇ બીજી જાત છે આખો. આંહીં તો કહે આ દયા પાળો ને આ કરો ને આ કરો ને, શું કરે ? આહાહા !

આંહીં તો કહે છે કે જગતનાં ઘટ પટ રથ આદિ છે ને ભાઈ, બધા દ્રવ્યો. સમજાણું કાંઇ ? આ ટોપી છે એ આમ આમ જે સરખી પહેરે છે, એ કાર્ય તો ટોપીનું છે, હાથનું નહિ, આત્માનું નહિ, એ ટોપી આમ આમ થાય એનું જે કાર્ય છે એ કર્મ છે, કર્મ એટલે કાર્ય એ છે છે, એ આત્માથી નથી. આત્માએ ટોપી આમ ખેંચી ને માટે રહી એમ વાત તદ્દન જાુઠી છે. અરરર ! આવું કયાં બેસે ? સમજાણું કાંઇ ?

આંહીં એ શબ્દ ૧૦૦ મી ગાથામાં નાખ્યો, આખો સિદ્ધાંત જૈન દર્શનનું આખું રહસ્ય ! આહાહા ! કે ભગવાને જે અનંત દ્રવ્યો કહ્યા તો અનંત દ્રવ્યમાં જે દ્રવ્યનું જે કાર્ય જે સમયે થાય,

તેનો બીજું દ્રવ્ય કર્તા નથી, બીજા દ્રવ્યનું એ પરિણામ નથી, બીજા દ્રવ્યનું એ કાર્ય નથી એટલું સિદ્ધ કરીને હવે નિમિત્ત કોને કહેવું બસ એટલું, નિમિત્તથી થાય છે એ વાત તો ઉડાડી દીધી. સમજાણું કાંઇ ? ( શ્રોતાઃ- નિમિત્ત શોધવાની શી જરૂર પડી ? ) બીજી ચીજ છે, બે ચીજ છે ને ? જ્ઞાન સ્વપરપ્રકાશક છે ને ? જ્ઞાન સ્વનેય જાણે અને પરનેય જાણે એવો એનો સ્વભાવ છે. પર ચીજ છે, પણ પર ચીજ છે એમાં પરના કાર્ય એણે કર્યા, એમ નથી. અરે ! આહાહા ! સમજાણું કાંઇ ? જો પરના કાર્ય, આ કપડાનું કાર્ય, ટોપીનું કાર્ય, આ હોઠ હલે એનું કાર્ય તો છે કહે છે એનું એનામાં, એમાં જો આત્મા એને કરે તો એ પરિણામ અને પરિણામી આત્મા બે ય એક થઇ જાય, આત્મા એમાં જડમાં ભળી જાય.

કહો બાબુભાઈ, આહાહાહા ! આવી વાતું છે, જગતથી નિરાળી છે. દુનિયા ગાંડી પાગલ, બધા ડાહ્યા કહેવાય ને, એ બધાં પાગલ છે, ગાંડા આંહીં પરમાત્મા કહે છે કે અમે જે કહીએ છીએ તને ખબર નથી; તું પાગલ છો. આહા ! એ ય ! પંડિતજી ! આહાહા ! બહુ ગાથા મૂકી છે, ઓહોહોહો ! આ તો પ્રાપ્ય વિકાર્યને જોતો'તો ને એ એક-એક ગાથામાં બે બે વાર છે. ૭૬-૭૭-૭૮-૭૯-૧૦૭ બે બે વાર હોં, કારણકે બે-વાર નાખવું ને એ પોતે પોતાનું પ્રાપ્ય, વિકાર્ય ને સામાનું પ્રાપ્ય વિકાર્ય, શું ક્રમબદ્ધની શૈલી ! આહાહાહા !

જોડાનું કાર્ય ચમાર શું કહેવાય એ મોચી, મોચી કરે એનો આત્મા તો એ જોડાના કાર્યનું પરિણામ અને કાર્ય એનો કર્તા ઇ તો બેય તન્મય થઇ જાય ભેગો. આહાહાહા ! આવી વાત કોને બેસે ? સાંભળવા મળતી નથી. બેસે તો કયાંથી બિચારાને, શું કરે ? આહાહાહા ! સમજાણું કાંઇ ? મોચી-કુંભાર જેટલા સોની, એ સોનાનું કાર્ય થાય છે ને દાગીનો, એ દાગીનો છે કહે છે એ સોનાનું કાર્ય, સોનાનું કાર્ય, કાર્યપણે એ છે, એ દાગીનો થયો એ સોનાનું કાર્ય છે, એ સોનીએ કર્યું નથી, આરે આરે આવી વાતું હવે, સોની કરે તો સોની પરિણામી ને એનું પરિણામ, એ તો બેય એકમેક થઇ જાય. આહાહાહા ! બાબુભાઈ ! આ આવી વાતું સાંભળવી એ જૈનમાં જન્મ્યા હોય બિચારાએ સાંભળી ન હોય વાડામાં જન્મ્યા એને. હજી વ્યવહાર શ્રદ્ધાની ખબર ન મળે, નિશ્ચય તો કયાં રહ્યું. સમજાણું કાંઇ ?

એ ઘટ-પટ આદિ એટલે અનંત પદાર્થો જડનાં, એનાં કાર્યકાળે તે કાર્ય છે, કર્મ છે, કાર્ય છે, તેને આત્મા વ્યાપ્ય-વ્યાપક ( ભાવે ) તો કરતો નથી, એ જડનાં કોઇનાં વાણીનાં, શરીરનાં, ઘટ પટનાં વસ્ત્રના, રોટલીનાં આહાહા..... કુંભાર તાવડી કરે શું ( કહેવાય ) ઓલું કહેવાય ? શું કહેવાય એ ? દાળભાત રાંધવાનું હાંડલું, ભૂલી જાઈએ છીએ તમારી ભાષા ! એ હાંડલું છે એ માટીનું કાર્ય થયું છે, કુંભાર જો એ કાર્ય કરે તો કુંભાર ત્યાં એકમેક થઇ જાય. આહાહાહા ! આવું તે કયાં વસ્તુ. એય ! ચીમનભાઈ ! આમ ભગવાનનો પોકાર છે. જિનેશ્વરદેવ, કેવળી તીર્થંકરદેવ ! આહાહા !

એ ઘટ પટ આદિ અને ક્રોધ એટલે જડ કર્મ હોં કર્મ, જડ કર્મનું કાર્ય જડથી તો છે, એ કાળે તેનો કર્તા આત્મા છે એમ નથી, જડ કર્મ આત્મા બાંધે એમ નથી. કેમકે એ બાંધવાનું કાર્ય તો જડમાં તે સમયે તે છે, એને આત્મા કરે તો આત્મા ત્યાં એકમેક થઇ જાય, એનાં પરિણામમાં પરિણામી ભળી જાય, એનાં કાર્યમાં કર્તા ભળી જાય. આહાહા ! આરે આવી વાતું હવે, આ શું

હશે ? આ કહે છે આ જૈન ધર્મની વાત હશે આ ? ભાઈ ! અત્યાર સુધી સાંભળ્યું દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા, ચોવીહાર કરવો આવું બધું સાંભળીએ છીએ કહે છે, ધૂળે ય નથી સાંભળને હવે. એ બધી ક્રિયા કરીએ કરીએ કરીએ છે એ મિથ્યા અભિમાન છે. સમજાણું કાંઇ ? આહાહાહા !

આ ( એક ) લીટીમાં તો કેટલું ભર્યું છે અંદર ? તેને આ આત્મા, તેને આ આત્મા, કે કોઇનો આત્મા કાર્યકારણપણે, પરિણામ પરિણામીપણે, કાર્ય કર્તાપણે, વ્યાપ્ય વ્યાપક ભાવે તો કરતો નથી, કારણકે જો એમ કરે તો તન્મયપણાનો-પરદ્રવ્યની સાથે એકમેક થવાનો પ્રસંગ આવે. કહો બરાબર છે ? ભાષા તો સાદી પ્રભુ ભાવ તો છે ઇ છે. અરે ! આવી કયાં નવરાશ વાણીયાને, એય મનહર ? પૈસા આડે, ધંધા આડે નવરાશ કયાં આમાં આખો દિ' હોળી સળગતી હોય પછી, પાસે બે કરોડ પાંચ કરોડ ભેગાં થયા એ જોઇ લો તમારે તો એ પાગલ. આહાહાહા ! કહે છે કે એ પૈસો જે આવ્યો એ કાર્ય થયું, એ પૈસાનું કાર્ય છે, એ આત્મા એમ માને કે હું રળ્યો માટે પૈસા આવ્યા, મૂંઢ છે. આહાહાહા !

આવું કયાં હશે ? ભગવાનના મારગમાં આવું હશે ? આ શું છે આ ? આ ભગવાનની વાણી છે. સીમંધર ભગવાન ત્રિલોકનાથ બિરાજે છે મહાવિદેહમાં ત્યાં કુંદકુંદાચાર્ય ગયા'તા સંવત ઓગણપચાસ, બે હજાર વર્ષ થયાં, ત્યાંથી આ વાણી આવી છે. આહાહા ! ભગવાનનો પોકાર છે જગત પાસે કે તમે ભિન્ન આત્માઓ, ભિન્નનાં કાર્ય કરો એમ માનો ( તો ) તમારા આત્માનો નાશ થઇ જાય છે. આહાહાહા ! બાબુભાઈ ! આ બધા ધંધા હુશિયાર માણસ કરે ને બધાં, દુકાન ઉપર બેઠો હોય ને લોઢાના વેપાર લોઢાનાં કાપડના વહેપારી આ હીરામાણેકના ઝવેરી. કયાં ગયા શાંતિભાઈ નથી આવ્યા ? ઝવેરાત હીરા માણેક આમ આપવા ને દેવા ને લેવાને આનું આ મૂલ્ય છે ને આનું આ મૂલ્ય છે એવી ભાષા એ ભાષાનો ય કર્તા તું નથી, ભાષાની પર્યાય થાય એ તો ભાષાને કાળે થાય છે. આહાહાહા !

વળી એ તો ત્યાં એક વાત રહી. હવે એથી આગળ જવા માગે છે "નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી" આહાહાહા ! જે કાર્ય જડનું જે સમયે છે, તે સમયે છે. તેનું બીજો કરતો નથી, જો બીજો કરે તો બે ય એકમેક થઇ જાય, એ વાત ત્યાં રહી. હવે કહે છે નિમિત્ત-નૈમિત્તિક ભાવે એ કાર્ય તો ત્યાં થયું છે, પણ બીજો આત્મા તેનો નિમિત્ત કર્તા થાય, એમ છે કે નહિ ? નિમિત્તપણે છે કે નહિ આત્મા ? ઉપાદાનપણે તો કાર્ય તેનું તેનામાં જડનું જડમાં, વાણીનું વાણીમાં, શરીરનું શરીરમાં. વળી નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી. આ રોટલી જે થાય છે, એ રોટલીના પરિણામનો પરિણામી કર્તા પરમાણું છે, એ સ્ત્રી જો રોટલી કરે તો એ સ્ત્રીનો આત્મા રોટલીમાં એકમેક થઇ જાય, તો નાશ થઇ જાય આત્માનો. પણ હવે ત્યારે રોટલી થઇ એ તો એનું કાર્ય થયું, એ વખતે નિમિત્ત, કોનું નિમિત્ત ? કે જો આત્માનું નિમિત્ત કહો તો આત્મા તો કાયમ રહેનારો છે, તો જગતના કાર્ય વખતે તેને ( કાયમ ) હાજર રહેવું પડે. આહાહા !

ઝીણી વાતું છે ભગવાન ! ગાથા ૧૦૦ મી બહુ આકરી છે. નિમિત્તનૈમિતિકભાવે પણ તેનો કર્તા નથી. એટલે શું કહ્યું ? કે ઘડો થયો, રોટલી થઇ, કપડું થયું, ગાડું થયું, આ ભાષા થઇ,

હોઠ હલ્યો, એ બધું કાર્ય એનાથી જડનું જડથી થયું, પણ એના નિમિત્તપણે આત્મા ને એ નૈમિત્તિક કાર્ય, એમ કહેવાય કે નહિ? એ કાર્ય નૈમિત્તિક અને આત્મા નિમિત્ત, એટલું નિમિત્તનૈમિત્તિકપણે ખરું કે નહિ ? આહાહાહા ! નિમિત્તથી થયું નથી, થયું છે તો એનાથી પણ આને નિમિત્ત, આત્માને નિમિત્ત કહેવાય કે નહિ ? કે આ નિમિત્ત ને આ નૈમિત્તિક એનાથી થયું એવું નિમિત્ત આંહીં કહેવું કે નહિ ? આહાહાહા ! એ બાબુભાઈ, આ બધા ડહાપણ કયાં ગયા બધા વાણીયાનાં બધાં, પાંચ પાંચ હજાર પેદા કરે મહિને, વ્યવસ્થા કરે કે આમ બરાબર ધ્યાન રાખે ચોપડાં બરાબર લખે, ઘરાકને સાચવે, નહિ ? ( શ્રોતાઃ- અભિમાન છે અભિમાન )

અરે ! ભગવાન વીતરાગનો પોકાર છે જિનેશ્વરદેવનો જગત પાસે એક વાર સાંભળ તો ખરો પ્રભુ તું, એ બધા કાર્ય કાળે, કાર્ય તો ત્યાં થાય છે તે કાર્યનો તું કર્તા નહિ, તું કર્તા હોય તો એ કર્તાકર્મ બે ય એક થઇ જાય, પણ હવે નિમિત્તપણે કર્તા કે નહિ ? એની હાજરી છે એટલું તો ખરું કે નહિ ? આત્માની હાજરી છે બસ ! કાર્ય તો ભલે એનાથી થયું. સમજાણું કાંઇ ? અરેરે ! આવી વાતું કરે. ચીમનભાઈ ! સાંભળવા મળતી નથી, બાપા શું કહીએ, પ્રભુનાં મારગડા એવા જુદાં છે, વીરનો મારગ, એ મારગ બીજે કયાંય નથી. જિનેશ્વર સિવાય, પરમેશ્વર વીતરાગ સિવાય આ વાત કયાંય નથી. એના વાડાવાળાને ય ખબર નથી તો બીજાની તો વાતું શું કરવી ?

આહાહા..... કહો દાસ શું આ છે, આ તમારા મીલના કામ કર્યા નહિ, બધા તમે ? મફતના પૈસા આપતા હશે હજાર બારસો પગાર એ હજાર બારસેં રૂપિયા જે આવે એ આવવાનું કાર્ય તો રૂપિયાનું જડનું છે, એ આત્મા એનું કાર્ય લાવવાનું કરે તો આત્મા તેમાં એકમેક થઇ જતાં આત્માનો નાશ થઇ જાય, એ રસિકભાઈ ! આવું સાંભળ્યું છે કયાંય ? એ મનહર ? એ પૈસાવાળો ઘણો છે, ભેગા કર્યા છે પૈસા એમ માને છે લોકો, ધૂળે ય નથી કહે છે. આંહીં તો પૈસાને કાળે પૈસા અહીંયા આ બાજુ આવ્યા એ તો પૈસાના પરમાણુનું કાર્ય છે, એ આત્મા આંહીં પૈસા લાવ્યો એ તો છે જ નહિ, પણ કહે છે પૈસા આવ્યા એમાં આત્માનું નિમિત્તપણું તો ખરૂં કે નહિ ? આવ્યા તો એના કારણે, એના કાર્યથી થઇને આવ્યા પણ આત્માને નિમિત્ત કહેવું કે નહિ ? કે 'ના' લે ? એનું ઉપાદાન તો નહિ પણ એનું નિમિત્તેય નહિ ? આહાહા ! હવે ગાંડા જેવું લાગે આ તો પાગલ, આવી વાતું અમારે જૈન ધર્મમાં હશે ? બાપુ ! તને ખબર નથી. આહાહા !

વીતરાગ ત્રણલોકના નાથ તીર્થંકર દેવનો પોકાર છે, મહાવિદેહમાં, આ વાણી મહાવિદેહની છે. સમજાણું કાંઇ ? ગાથા બહુ ઊંચી આવી છે. રામજીભાઈ તાકડે નહિ, મંગળવારે આવવાના છે. મંગળવારે આવશે. આહાહાહા ! આ પાનું જે આમ ઉંચું થાય છે ને, જુઓ એ પર્યાય થાય, પરમાણું તો કાયમ રહેનારા, આ એની પર્યાય છે, એ પર્યાય એટલે કાર્ય છે, એ કાર્ય આંગળી કરે તો આંગળી એમાં એકમેક થઇ જાય, આત્મા આને ઊંચુ કરે તો આત્મા કર્તા ને આનું કાર્ય બેય એકમેક થાય તો આત્મા એમાં નાશ થાય ને ભળી જાય, આ ! આરે ! આવી વાતું. સમજાણું કાંઇ ?

કહો વજુભાઈ શું આ મકાન બકાન કર્યાને અત્યાર સુધી, ઇજનેર હતા વાંકાનેરમાં મોટા મકાન હજીરા કર્યા હશે. આ હજીરો થયો મોટો એણે કર્યો હશે ? ધ્યાન તો એ રાખતા. અરે !

આ મકાનનું આ જે કાર્ય થયું એ તો તે સમયે તેના પરમાણુનું કાર્ય છે, અરે પ્રભુ આ કેમ બેસે જગતને ? તેનો કર્તા આત્મા ઇજનેર કે કડિઓ એનો કર્તા નથી, તે સમયે તે પરમાણુનું કાર્ય ત્યાં છે, તે સમયે તે થવાનું તે થયું છે, પરમાણુથી થયું છે, જડથી થયું છે. અરરર ! એને ( કડિઓ ) ને ડાહ્યો ઇજનેર કરે, તો ઈજનેર એમાં ગરી જાય ભેગો એનાં પરિણામમાં. એનું પરિણામ હોય તો પરિણામી ન્યાં વયો જાય, બાબુભાઈ ! આહાહા ! અરેરે આવી વાતું અત્યારે ( આ વાત ) વિચ્છેદ થઇ ગઇ. સંપ્રદાયમાં દયા પાળો ને આ કરો. અરરર ! મારી નાખ્યા જગતને !

આંહીં કહે છે કે પરની દયા( ના ) પરિણામ જે થાય એ પરની દયાથી જીવવું થાય એ પરિણામ આત્મા કરે તો આત્મા તેના પરિણામ દયાના જે દશા છે ને સામાની એમાં તન્મય થઇ જાય, માટે પરની દયા આત્મા પાળી શકતો નથી. અરરરર ! આકરી વાત ! બાબુભાઈ ! ન્યાં એનું આયુષ્ય ને આત્મા ને ભેગું રહેવાનું કાર્ય છે, તે એનું કાર્ય તેનું ત્યાં છે, એનો આ આત્મા કહે કે હું આને બચાવું તો તારા પરિણામ એ પરિણામ તારા અને તું પરિણામી બે ય એકમેક થઇ જશો. અરરર ! હવે પણ એમાં નિમિત્ત કોક કહેવાય દયા પાળવામાં દયા થઇ તો એનાથી, પણ આ આત્માને નિમિત્ત કર્તા કહેવાય કે નહિ ? ઉપાદાન કર્તા એનાં કાર્યનો કર્તા ત્યાં થયો, પણ આને આત્માને નિમિત્તકર્તા કહેવો નિમિત્ત નૈમિત્તિક કહેવો કે નહિ ? આહાહાહા ! સામે પડયું છે કે નહિ ? ચોપડામાં સામે લખાણ છે કે નહિ ? આ તો ભગવાનના લખાણ છે, ત્રિલોકનાથ તીર્થંકરદેવ સીમંધર પરમાત્માની વાણી છે. પ્રવચનસાર ! પ્રવચનસાર એટલે દિવ્યધ્વનિનો સાર ભગવાનની ઓમ ધ્વનિ નીકળી એનો આ સાર છે. આહાહાહા !

વળી નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી, “પણ” કેમ કહ્યું ? કે તે એનું કાર્ય આત્મા ને આત્મા તેનો કર્તા એમ તો છે નહિ. પણ નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી. આહાહાહા ! તે કામ જ્યારે થાય તે જડના જડ વખતે આ હાલવાનાં પરિણામ, આ આંગળીના પરિણામ, ભાષાના પરિણામ, આ હોઠનાં હલવાના તે તે કાળે તેનાં પરિણામ થાય તેનાથી. આહાહાહા ! તે તે પ્રાપ્ય ને તેનો તે પરમાણું તેને પહોંચી વળે. પ્રાપ્ય ઉપર ગયું 'તું ધ્યાન આજે, આવે છે ને ( સમયસાર ગાથા ) ૭૬, ૭૭, ૭૮ ને પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય ત્રણ બોલ છે. ઝીણી વાત છે-બાપા. આહાહાહા ! તે પરમાણુનું તે પર્યાય છે તે તે તેનું પ્રાપ્ય છે એટલે થવાનું તે થયું તેને પરમાણું પહોંચી વળે છે, બીજો આત્મા તેના કાર્યને ( ન ) કરે. આહાહાહા ! પાંગળો ? આ બધામાં પાંગળો ઇ કાંઇ કરી શકે નહિ ? પાંગળો ? આહાહા..... પરને માટે પાંગળો, પ્રભુ તને ખબર નથી. આહાહાહા !

પણ પરના કાર્ય તેના કાળે થયાં એમાં આત્માને નિમિત્ત અને નૈમિત્તિક એમ સંબંધ કહેવો કે નહિ ? આહાહાહા ! સમજાણું ? એ નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી. આહાહાહા ! નિમિત્તપણે પણ તેનો કર્તા આત્મા નથી. આહાહા ! કારણકે જો એમ કરે તો નિત્ય કર્તૃત્વનો પ્રસંગ આવે. આહાહા ! જો આત્મા નિમિત્ત કર્તા તે અવસ્થાને કાળે નિમિત્ત કર્તા થાય, તો તો જ્યાં જ્યાં જડની અવસ્થા થાય ત્યાં ત્યાં દ્રવ્યની હાજરી રહેવી જોઇએ, તો એનાથી છુટો પડી શકે નહિ. આહાહા !

આ હુંશિયાર નામા લખે છે કે નહિ ? પાંચ પાંચ હજારના પગાર હોય, મોટા કરોડપતિમાં, આ સુમનભાઈને આઠ હજારનો પગાર મળે છે ને, લ્યો ને ? મોટો છે ને જામનગરનો વાણીયો છે ને વેપારી સાડા ત્રણ કરોડની ઉપજ છે, વરસની સાડા ત્રણ કરોડની ઉપજ વાણીયાને, એમાં નોકર છે, આપણા સુમનભાઈ રામજીભાઈનો, આઠ હજાર આપે છે, આઠ હજાર માસિક. આહાહાહા ! એ આઠ હજારના પૈસા ઇ શેઠ આપી શકે છે ? એ આત્મા પૈસાને લઇ શકે છે ? શું છે પણ ત્યારે આ બધું દઈ શકવાનું કાર્ય કરી શકતો નથી, લઇ શકવાનું કરી શકતો નથી. પણ દેવા લેવા વખતનું કાર્ય તો તેનું પરમાણુનું, તે પરમાણુથી થયું. પણ આત્માને નિમિત્તપણે તો કહેવો કે નહિ, આત્માને, એ કાર્ય વખતે આત્મા નિમિત્ત છે કર્તા એટલું તો કહેવું કે નહિ ? આહાહાહા !

આ કઇ જાતનો ઉપદેશ આ, એ રસિકભાઈ કલકત્તામાં સાંભળ્યું નહિ હોય કોઇ દિ' આ. આહાહાહા ! સમજાય છે કાંઇ ? પહેલો તો એ સિદ્ધાંત સિદ્ધ કર્યો ભગવાને, કે જે કંઇ જડમાં જડના પર્યાયનું કાર્ય જડને લઇને જે સમયે જે કાર્ય થાય તે છે બસ. માટે તેનો આત્મા કર્તા નથી. નહિંતર તો એક કાર્યનો બીજો કર્તા થઇ જાય તો બીજો જીવ ત્યાં ભળી જાય, હવે ઇ કાર્ય તો ત્યાં થયું કહે છે, પણ હવે આત્માને નિમિત્તકર્તા, તો નિમિત્ત છે જોડે ઊભો છે દુકાન ઉપર બેઠો ને વ્યવસ્થિત કામ લ્યે છે, આ બધું નોકરો પાસે લ્યો દશ વીસ નોકર મોટા, ગયા'તા ને અમે તે દિ' ઓલા રામજીભાઈમાં, રામજી હંસરાજ મુંબઇમાં નહિ ? અમરેલીવાળા તે દિ' ગયા'તા ને નોકરો બધા ય ત્રણ ત્રણ હજારના પગારવાળા નોકરના ઠાઠ પડયા'તા પગલાં કરાવ્યા'તા ત્યાં, અમે ગયા તો બધાં ઉભા થઇ ગયા. ત્રણ ત્રણ હજારનો પગાર મહિનાનો, ને મોટું કારખાનું રામજી હંસરાજ અમરેલીવાળા ગુજરી ગયા બિચારા એ બધાં કામ નોકરો પાસે લેવાં એ કામ આત્મા કરી શકે કે નહિ ? આહાહા..... ત્યાં શેઠ જ્યારે જાય, ત્યારે ઉભા થઇ જાય લ્યો ! તે ઉભા થવાનું કાર્ય શેઠને લઇને થયું કે નહિ ? પહેલાં કેમ નહોતું ? પહેલાં બેસવાની પર્યાયનું કાર્ય હતું, પછી ઉભા થવાનું કાર્ય જડનું છે એ તો. આહાહા..... અરેરે આ કેમ બેસે ? એ નોકરનો આત્મા પણ એ ઉભા થવાનાં કાર્યને કરે નહિ.

પ્રભુ ! આકરું કામ છે ભાઈ, આ તો ગાંડા જેવું ગણે એવું છે પાગલ, પાગલ દુનિયા પરમાત્મપ્રકાશમાં લખ્યું છે ને, દુનિયા પાગલ એને સત્ય વાત કહેનારને પાગલ દેખાય એવું છે. પરમાત્મ પ્રકાશમાં લખાણ છે. આ બધા અબજોપતિ, કરોડોપતિ બધાં પાગલ છે, અમે કર્યું, અમે કર્યું, અમે કર્યું બાપ પાસે નહોતું ને બાહુ બળે ભેગું કર્યું. ને ઉદ્યોગપતિ નથી કહેતા ? પાંચ પચાસ કરોડ ભેગાં કર્યા હોય ને ઉદ્યોગપતિ, એનો બાપ કાંઇ કરતો નહોતો અને આણે ઉદ્યોગ વધાર્યો, ધૂળેય નથી કર્યું સાંભળને. એ ઉદ્યોગના બહારના કાર્યનો તું પતિ ધણી થાશ, મૂઢ છો તારા આત્માનો નાશ કરી નાખે છો તું. આહાહા ! પણ એ કાર્ય વખતે આત્મા છે તેને નિમિત્ત કર્તા કહેવો કે નહિ હવે, કાર્ય તો ભલે એનાથી થયું.

બહુ ઝીણી ગાથા. આ ૧૦૦ મી ગાથા ૯૧માં જામનગર વંચાણી'તી. જામનગર છે ને મોટા દાકતર હતા. પહેલાં પ્રાણજીવન દાકતર હતા. અઢી હજારનો પગાર માણેકચંદભાઈના દિકરા, અમારે તો બધાની ઓળખાણ ખરીને ૬૬ વરસ તો દીક્ષાને થયા છે. બધા કૈંક

ઓળખીતા થયા. આ સોમી ગાથા વાંચતા સંપ્રદાયમાં હતા તે દિ' તો ૯૧ નો માગશર મહિનો આ ૧૦૦ મી ગાથા ચાલતી'તી સંપ્રદાયમાં પણ આ વાંચતા'તા ને અમે તો. એ પ્રાણજીવન દાકતર, મહારાજ આ તમે ન્યાયથી આ વાત કરો છો એ તમારે ન્યાયમાં કામ આવશે મારા દવાખાને જોવા આવો એક છ લાખનો સંચો છે ત્યાં જામનગર, શું કહેવાય છે? સોલેરિયમ, સોલેરિયમ છ લાખનો સંચો છે જામનગર તે દિ' છ લાખનો હોં, ૯૧ની વાત છે, અત્યારે એને ય ચાલીસ વરસ થઇ ગયાં. એ ય આખો સંચો હાલે આમ બધા ગુમડા ભુમડા હોય ને છોકરાવને એને સૂર્યના કિરણો લગાડીને આમ કરે સંચો જોયો'તો ત્યાં એ બધા સંચો હલવું ને આમ કરે તો સંચો હાલેને એ કાર્ય આત્માનું છે?

આ ગાથા ચાલતી'તી દાકતર આવતા'તા બધા આવતા'તા મોટો મહેરબાનજી ત્યાં પારસી, દાકતર હતો દાકતર નહિ, દિવાન, મહેરબાનજી દિવાન હતો ત્યાં એ ય વ્યાખ્યાનમાં આવતો'તો બધા આવે તો ખરા, બધા મોટા નામ ધરાવનારા! સમજે નહિ કાંઇ. આહાહા..... મહેરબાનજી પારસી હતા, આમ લૌકિક નીતિવાળો હજારનો પગાર હતો (બસો વધારી) દરબારે બારસો કરી દીધા. હજારનો પગાર હતો આ ૯૧ની વાત છે હોં ૯૧ પહેલાંની વાત છે ૯૦. હજારના બારસેં કર્યા, જોયું કે આ બારસેં કર્યા કોણે? મને પૂછયા વિના કર્યું કોણે આ? સાહેબ, દરબારે. દરબારે કર્યું એટલે શું? દરબારના કામ હોય તો હું કાંઇ પોચા કરું, બીજા કરું માટે આ બસેં ભર્યા, કાઢી નાખો બસેં એ ય એવો હતો મહેરબાનજી પારસી હતો. આવતો વ્યાખ્યાનમાં આવતો એનો છોકરો આવતો વ્યાખ્યાનમાં બસેં ભરીને તમારે એમ કરવું છે કે રાજ્યનું કામ આવે તો મારે કાંઇ ઢીલું બીજું કરવું, હું એ નહિ કરી શકું. હું તો રૈયતનું કામ જે કાયદેસર હશે એટલું રાજ્યનું કરીશ, બસેં રૂપિયા કાઢી નાખ્યા. તે ઓલા દરબારે ચડાવેલા કાઢી નાખ્યા. એ બિચારા સાંભળવા આવતા પણ આ ૧૦૦ મી ગાથા ઝીણી બહુ હોય. આહાહાહા!

એ બહારના કોઇપણ કાર્યનો કર્તા આત્મા તો નથી, કેમ કે તે કાર્ય તે કાળે તેનાથી નિશ્ચય થવાનું હતું તે થયું, તે કાર્યના કાળમાં આત્માને નિમિત્ત ને નૈમિત્તિક એટલો સંબંધ તો કહેવો કે નહિ. નહિ? દેવીલાલજી! તેને કરતો નથી કારણ, નિમિત્તનૈમિત્તિક પણ નહિ. આહાહાહા! અરેરે! ભગવાન ત્રણ લોકના નાથ તીર્થંકરદેવનો પોકાર જગત પાસે છે આ. આહાહા! કારણ નિમિત્તનૈમિત્તિકપણે નથી કરતો, કારણકે જો એમ કરે તો નિત્ય કર્તૃત્વનો પ્રસંગ આવે, તો જગતની અવસ્થા જ્યાં જ્યાં થાય ત્યાં ત્યાં આત્માને રહેવું જ પડે હાજર, આત્મા તેનાથી છૂટો પડી શકે નહિ. આહાહાહા!

શું ન્યાય લોજીક ન્યાયથી સિદ્ધ કરે છે. નિરાળો એ માર્ગ છે પ્રભુનો 'નિ' ધાતુ છે, 'નિ' નામ જેવું સત્ય સ્વરૂપ છે તેમાં દોરી જવું જ્ઞાનને એનું નામ ન્યાય. આહાહા..... શું કીધું સમજાણું?

કાર્યકાળે કાર્ય પરમાણું જડમાં થવાકાળે તેનું થશે, તેમાં આત્મા તેને કરી શકે નહિ. એક વાત. પણ થવા કાળે થાય તેમાં આત્માને નિમિત્ત કહેવો કે નહિ? આહાહાહા! જાુદી ચીજ છે એટલો નિમિત્ત તો કહો, કે ભાઈ, આ એક છે નિમિત્ત આમાં? થયું છે તેના કાળે તે કાર્ય, સમજાણું કાંઇ? કહો શાંતિભાઈ! બધું સાંભળ્યું છે, હું કરૂં હું કરૂં આખો દિ' બધું હોય છે ન્યાં

વેપાર ને ધંધા ને, ભરતને કહે કે કર આ ફલાણું, કર ફલાણું, ઢીંકડું કર આ તો દાખલો, બધે છે ને ઘરે ઘરે. આહાહાહા ! બાપુ વીતરાગ જિનેશ્વરદેવ ત્રણલોકનો નાથ એનો પંથ કોઇ જુદી જાત છે, ક્યાંય દુનિયામાં એની હારે મેળ ખાય એવો નથી. આહાહાહા !

કેટલું ભર્યું છે આટલામાં, નિમિત્ત નૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી, કારણ કે જો એમ કરે તો નિત્ય સર્વ અવસ્થાઓમાં કર્તાપણું રહેવાનો પ્રસંગ આવે. જગતની જ્યાં જ્યાં અવસ્થાનું કાર્ય થાય, ત્યાં ત્યાં આત્માનું નિમિત્તપણું ત્યાં હોવું જોઇએ એમ થાય, તો આત્મા છુટો પડી શકે નહિ. આહાહાહા ! સમજાય છે કાંઇ બાપુ ? ઝીણી વાત છે પ્રભુ. આહાહાહા !

પ્રભુનો મારગ છે શૂરાનો એ કાયરનાં કામ નથી ત્યાં, સમજાણું કાંઇ ? આહાહાહા ! "વચનામૃત વીતરાગના પરમ શાંત રસ મૂળ, ઔષધ જે ભવ રોગના કાયરને પ્રતિકૂળ." આહાહા..... જેના કાળજાં કાયર છે, નપુંસક છે, પાવૈયા, હીજડાઓ, પરના કામ કરનારા માનનારાઓને પ્રભુ હીજડાઓ કહે છે, પાવૈયાઓ-આહાહાહા ! શું ગાથા છે 'કલીબ' નપુંસક કહે છે. હીજડાને જેમ પ્રજા ન હોય, એમ પરના કાર્ય કરું ને નિમિત્તપણું માને એને ધર્મની પ્રજા ન હોય, એને ધર્મ દશા ન હોય. આરે ! આવી વાતું હવે. વાતે વાતે ફેર, હેં ? પાગલ જ માને એવું છે. આહાહા !

નિમિત્તકર્તાપણે જો આત્માને કહો તો જગતનાં જેટલાં કાર્ય થાય ત્યાં ત્યાં તેને નિમિત્તપણે હાજર રહેવું પડે. આહાહાહા ! "અનિત્ય નિમિત્તપણે તેનાં કર્તા છે" શું કહે છે હવે "અનિત્ય અર્થાત્ જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવાં યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના કર્તા છે" ઝીણી વાત છે પ્રભુ ! શું કહે છે ? પરમાણુથી માંડીને આ સ્કંધના કપડાં-રસ આદિ આખી દુનિયાની ચીજો એ ચીજનું કાર્ય તો તે કાળે તેના સમયે તે થાય એમાં આત્મા કરી શકે નહિ એ તો વાત ઠીક પણ આત્માની હાજરી રહેવી હોય એટલું તો કહો, એ કાર્ય કાળે હાજર હોય બસ, કાર્ય કરે નહિ પણ એ હાજર હોય નિમિત્ત ને નૈમિત્તિક એટલો સંબંધ તો છે કે નહીં ? કે ના. જો એવો સંબંધ હોય તો જગતની દરેક અવસ્થા કાળે તે જીવને ત્યાં ઉપસ્થિત રહેવું પડે, ને જેથી તે રાગ રહિત થઇને આત્માનો ધર્મ કરી શકે નહિ. આહાહાહાહા ! આવો વાદ હવે ક્યાં એકે એક વાતમાં ફેર, કલાકમાં કેટલી વાતું આવે ?

ત્યારે છે શું હવે ? કે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે પરદ્રવ્ય સ્વરૂપ કાર્યના કર્તા છે ( એમ ) કહેવાય, શું કીધું ઇ ? કે જે આ ઘટ પટ રથાદિ જડનાં કાર્ય થાય તે કાળે તે થશે, હવે એને આત્મા છે નિત્ય છે માટે તેનો નિમિત્તકર્તા નહિ, ત્યારે હવે નિમિત્તપણું કોને લાગુ પડે ? કે જે પ્રાણી, વિકલ્પ રાગ છે અને જોગનો કર્તા થાય છે અજ્ઞાની. આહાહાહા ! એ રાગ વિકલ્પ ઉઠયો છે એનો જે કર્તા થાય છે અને જોગનું કંપન છે એનો જે કર્તા થાય અજ્ઞાની, એ જોગ ને રાગ એ કાર્યકાળમાં નિમિત્ત કર્તા, જોગને રાગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે.

ફરીને, ચીમનભાઇ ! બરાબર તાકડે હાજર છે ઠીક છે આમાં મુંબઇમાં હોળી સળગી ન્યાં તો બધી. અરેરે ! વીતરાગ મારગ શું છે પ્રભુનો. કહે છે કે જગતના કાર્યકાળે, કાર્ય તો તેનું તેનાથી થાય. બીજાથી ન થાય, આત્માથી. તો આત્મા તેને નિમિત્તપણે છે એમ કહેવું કે નહિ ?

એમે ય નહિ. કેમ કે આત્મા નિમિત્તપણે હોય તો નિત્ય દરેક અવસ્થાઓમાં તેને રહેવું જોઇએ. તો એમ તો બને નહિ. ત્યારે હવે નિમિત્તપણું કહેવું કોને ? ઉપાદાન તો તેનું કાર્ય તેનામાં થયું અને તે કાળે થયું, નિમિત્ત આવ્યું માટે થયું એ તો પ્રશ્ન છે નહિ, તે કાળે કાર્ય તેનાં જડના જડ કાળે તેના કાર્ય થયાં. આહાહાહા ! કપડું જડના કારણે ત્યાં વણાણું. આહાહાહા ! ઘડો માટીને કારણે ત્યાં થયો, ગાડાં ને રથ એ લાકડાને કારણે ત્યાં થયાં. સુથારને કે કુંભારને કારણે નહિ. આહાહા ! પણ તે કાર્ય વખતે આત્માને નિમિત્ત કહો, તો આત્મા નિત્ય છે, તો તે કાર્યમાં તેને નિમિત્તપણે કાયમ રહેવું જોઇએ, માટે ( આત્મા ) નિમિત્ત પણ નહિ, ત્યારે હવે નિમિત્ત કહેવું કોને ? ઉપાદાન તો એક કોર રહી ગયું. એના કાળે કાર્ય ત્યાં થયું. આહાહાહા !

કે નિમિત્ત એને કહેવું કે "અનિત્ય એવા સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી, એવા યોગ અને ઉપયોગ" ઉપયોગ એટલે ઇચ્છા, ઇચ્છા જે રાગ થાય છે ને ? એ રાગનો જે કર્તા અજ્ઞાની થાય છે, એ દયા દાનનો વ્રતનો વિકલ્પ ઉઠયો છે, એનો અજ્ઞાની કર્તા મિથ્યાદૃષ્ટિ થાય છે, તે મિથ્યાદૃષ્ટિ જીવ એનો રાગ અને મિથ્યાદૃષ્ટિનું કંપન જોગ, એ કંપનનો કર્તા થાય છે, એ જોગ અને રાગ એ જગતના કાર્ય કાળે, એ જોગ ને રાગને નિમિત્ત કર્તાનો આરોપ દેવાય છે. આહાહાહા !

આ તો ગાથા આવે ત્યારે આવે ને ? એ કાંઇ, યોગ અને ઉપયોગ નિમિત્તપણે પરદ્રવ્યનાં કાર્ય કર્તા છે, નિમિત્તપણે કર્તા છે, એ કાર્ય તો ત્યાં એનું નહિ પણ નિમિત્ત તરીકે કર્તા એ કહેવામાં ( આવે છે ) કોણ ? કે રાગ અને જોગનું કંપન એ એના નિમિત્તપણે તેને કહેવાય, આત્માને નહિ. આહાહા !

હવે એ જોગ અને રાગને નિમિત્ત કહેવાય, કોના ? કે જે કોઇ રાગ અને જોગનું કંપન મારું કાર્ય છે, એ કર્તા ( થઈને ) અજ્ઞાની મૂંઢ માને છે, તેના જોગ ને રાગ એ કાર્ય કાળમાં નિમિત્ત કહેવામાં આવે છે. આહાહાહા ! સમજાણું કાંઇ ? યોગ અને ઉપયોગ જ રાગાદિ-વિકારવાળા ચૈતન્ય-પરિણામરૂપ પોતાનો વિકલ્પ રાગ અને આત્માના પ્રદેશોના ચલનરૂપ પોતાનાં વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી એ આત્મા કરતો, જોયું ? આહાહાહા ! આત્મા પણ અજ્ઞાની, એ દયાના પરિણામ રાગ છે, તેને કરે, એ રાગ મારું કર્તવ્ય છે એમ માને, જોગ કંપન છે એ મારું કર્તવ્ય છે એમ માને, એ અજ્ઞાનીનો જોગ અને રાગ કાર્યકાળે તેને નિમિત્ત જોગ ને રાગને કહેવામાં આવે છે.

આવું કયાંથી કાઢયું કોઈ કહે ? કહે કે ભાઈ અમે તો અત્યાર સુધી સમજતા'તા કે દયા પાળો, વ્રત કરો, સામાયિક કરો, પોહા કરો, પડિકકમણાં કરો, એવું હતું ચોવીહાર કરો, છ પરબી બ્રહ્મચર્ય પાળો, છ પરબી કંદમૂળ ન ખાઓ. અરે ભગવાન ! એ બધી વાતું સાંભળને, એ બધા કાર્ય છે. એ જડનાં જડનાં છૂટવાના હોય તે ટાણે તેના કાર્ય થાય, એમાં એ કાર્ય મેં કર્યું એ તો મૂંઢ મિથ્યાદૃષ્ટિ છે. પણ તે કાર્યમાં નિમિત્તપણે આત્માને માનો તો એ નિમિત્તનું કાયમ રહેવું પડશે. તેનાથી છુટો નહિ થાય કોઇ દિ'. પણ અજ્ઞાનીના જોગ અને રાગનો કર્તા અજ્ઞાની થાય છે, જે અનિત્ય છે, જોગનું કંપન અને દયા-દાનનાં પરિણામ એ મારા કર્તવ્ય છે, ને મારું કાર્ય છે, એમ જે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ માને છે તેનો જોગ અને રાગ તેના કાર્યકાળમાં, કાર્યકાળ તો

તેનું તેનાથી થયું પણ આ અજ્ઞાનીના જોગ અને રાગ કર્તા થનારો તેના જોગ અને રાગને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઇ, છે કે નહિ એમાં ? અરે સંસારના ચોપડા જોવા હોય મેળવવા હોય તો મેળવે ડાહ્યા, ઘાસતેલ બાળે રાતે મેળવો નામા મેળવો. આ ભગવાન શું કહે છે એના નામા મેળવો છો કોઇ દિ' અહીં. ( શ્રોતાઃ- જ્ઞાનીના જોગ ને ઉપયોગને નિમિત્ત કર્તાનો ઉપચાર પણ લાગૂ પડતો નથી ) ઇ તો હજી વાર છે લાંબી વાત છે હજી. ધર્મી જીવ જેને આત્મજ્ઞાન છે એ રાગ ને જોગનો કર્તા નથી. એ જીવને તો રાગ અને જોગ જ્ઞાનમાં નિમિત્ત થાય છે, એ હજી આગળ આવે ત્યારે. ઝીણી વાતું બાપા. આ તો ત્રણ લોકના નાથ જિનેશ્વર પરમેશ્વર એની વાણી છે આ. આહાહા..... આ કોઇ હાલી-દુવાલીની ( વાત ) નથી. આહાહા ! ત્રણલોકનો નાથ સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં પ્રભુ એની આ વાણી છે- કુંદકુંદાચાર્ય સંવત-૪૯ માં ગયા'તા ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યાં ભગવાન આમ કહે છે. આહાહા !

'રાગાદિ વિકાર' જે કાંઇ રાગ થાય ને, દયાનો, દાનનો, વ્રતનો એ રાગનો જે કર્તા થાય અજ્ઞાની, અને તેનું કંપન થાય આમ પ્રદેશનું, એનો જે કર્તા થાય અજ્ઞાની, એ અજ્ઞાની કર્તા થાય તે રાગ ને જોગ બીજાનાં કાર્ય કાળે તેને નિમિત્ત કહેવામાં આવે છે, કેમ કે એ તો નાશવાન છે, અનિત્ય છે. અને એ ટળશે તો પછી નહિ કરી શકે, નિમિત્ત પણ નહિ થાય. આંહીં તો જ્યાં સુધી જોગ ને રાગનો કર્તા છે ત્યાં સુધી પરના કાર્યકાળે તો ત્યાં કાર્ય થશે જ અને નિમિત્તકર્તા આને કહેવામાં આવે. વિશેષ વાત છે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૯૯ ગાથા-૧૦૦ રવિવાર, મહા વદ-૬, તા. ૧૮/૨/'૭૯

સમયસાર ગાથા ૧૦૦ ફરીને, ન્યાં ઓલું પાછું મેળ ખાય, છેક છેલ્લી લીટી છે. ખરેખર નિશ્ચયથી યથાર્થપણે ઘટનો, ઘડાનો, વસ્ત્રનો, રથનો, ગાડાનો, કે પરદ્રવ્યસ્વરૂપ કોઈ પણ પર્યાય એનો આત્મા કર્તા નથી. ઘડો હોય કે વસ્ત્ર હોય, કે રોટલી હોય કે રથ હોય કે ગાડું હોય કે આ હાથની અવસ્થા હોય, એને આત્મા કરતો નથી. કઈ રીતે ? અને 'ક્રોધાદિ' જે કર્મબંધન છે ને ? કર્મનું બંધન જે છે, જડનું એના પરિણામને પણ આત્મા કરતો નથી. ખરેખર ઘટઆદિ એટલે ઘટથી ઘડાથી માંડીને જગતની બધી ચીજો પર, અને ક્રોધ એટલે અંદર જડ કર્મનું બંધન, આહાહા ! એને એ પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે, એ પરદ્રવ્યસ્વરૂપ કાર્ય છે. એનો અર્થ એ થયો કે તે સમયે તે કાર્ય તેનું ઘટ-ઘડો તે કાર્ય, વસ્ત્રનું કાર્ય, મકાનનું કાર્ય કે ગાડાનું કાર્ય, કે રોટલીનું કાર્ય તે વખતે તે કાર્ય છે તેને આ આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવે તો કરતો નથી. આહાહાહા !

તે પરચીજનાં પરિણામને, એ પરિણામ કાર્ય ને આત્મા કર્તા, એમ તો નથી. તેમ પરિણામ કર્મ અને આત્મા કરનારો એમેય નથી, તેમ પરદ્રવ્યનાં પરિણામ અને આત્મા પરિણામી, એ પરિણામી પરિણામ એમ પણ નથી. અરરર ! એ વ્યાપ્ય-વ્યાપકભાવે એટલે ? વ્યાપ્ય એટલે કાર્ય અવસ્થા અને વ્યાપક એટલે એનો કરનારો, એમ પર પદાર્થનાં પરિણામ 'છે', પર પદાર્થના પરિણામ 'છે', તે વખતે આત્મા તેનું કાર્ય અને આત્મા કર્તા એવું છે નહિ, વ્યાપ્ય-વ્યાપકભાવે કર્તા છે નહિ. આહાહા ! કારણકે જો એમ કરે તો તન્મયપણાનો પ્રસંગ

આવે, જગતની જડ ચીજોનાં પરિણામ છે ત્યાં પરિણામ એનું છે, એને જો આત્મા એને કરે તો આત્મા એ પરદ્રવ્યમાં એકમેક થઈ જાય. આહાહા ! સમજાય છે કાંઈ ? આ શરીર જે હાલે છે એના આમ–આમ એ એનું કાર્ય છે પરમાણુનું, એ છે, તે સમયે તે કાર્ય છે, એને આત્મા જો વ્યાપ્ય એટલે કાર્ય ને પોતે કર્તા એમ થાય, તો આત્મા તેમાં જડમાં એકમેક થઈ જાય. આહાહા..... આવું છે. કારણકે એમ જો કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે, એક વાત. સમજાય છે કાંઈ ?

પર જીવ બચે છે તેનું આયુષ્ય અને આત્માની એમાં રહેવાની યોગ્યતા, એ પ્રમાણેનું કાર્ય ત્યાં છે, એ કાર્યને આત્મા જો કરે, એટલે પરની દયાના ભાવ કરે રાગ, પણ પરની દયા પાળી શકે તો તો એ પરના પરિણામમાં તો વ્યાપ્ય અને આત્મા વ્યાપક તન્મય થઈ જાય, પરની દયાના પરિણામનો રાગ કરે ભલે, પણ એ એનું કાર્ય કરે તો એનું આ પર પરદ્રવ્ય અને આ આત્મા એકમેક થઈ જાય. સમજાણું કાંઈ ? ઝીણું છે ભાઈ ! આ ગાથા ૧૦૦ મી ઝીણી છે. એવું તો નથી, એટલે કે જે પરપદાર્થના જે સમયનાં પરિણામ છે, તે પરિણામ તો ત્યાં છે તેને આત્મા કર્તા થઈને તે કાર્ય કરે તો આત્મા તે દ્રવ્યમાં તન્મય નામ એકમેક થઈ જાય, માટે એમ બનતું નથી. આહાહાહા !

કેમ હશે પ્રવીણભાઈ ? આ તમારા લોઢા–બોઢાના ધંધામાં શું થાય છે ? લોઢાનો કટકો આમ જાતો હોય એ એનાં પરિણામ છે, એ પરિણામનો કરનારો એ લોઢાના પરમાણુઓ પરિણામી છે, જો આત્મા એ પરિણામને કરે, તો આત્મા લોઢામાં એકમેક થઈ જાય, હેં ? આહાહાહા ! આવું કામ છે. એ તો ઠીક કહે છે, એ તો નહિં, પણ નિમિત્ત–નિમિત્તભાવે પણ તેને કરતો નથી. આહાહા ! તે જગતના જડના કાર્ય કાળમાં–આત્મા જો ઉપસ્થિત જોડે હોય તો તે આત્મા નિમિત્ત થાય અને તેનું કાર્ય તો તેમાં થયું છે. આત્મા નિમિત્ત ને આ નૈમિત્તિક કાર્ય–થાય એમેય નથી. ઝીણી વાત છે પ્રવીણભાઈ ! આવ્યા છો બરોબર રવિવારે એ આવે છે રવિવારે ભાવનગરવાળા આવે ત્યારે આવું ઝીણું આવે છે. રાતે આવ્યું'તું હવે એ તો આવે ત્યારે પાછું ખરું કાંઈ હર વખતે આવે છે અંદરથી ? રાતે બહુ અલૌકિક વાત આવી હતી. પોણો કલાક પણ હવે એ તો આવે ત્યારે થાય ને આ તો અત્યારે આ લેખ છે ને અત્યારે. આહાહાહા ! ભાઈ, મારગ તો પ્રભુનો એવો છે કોઈ.

કહે છે કે પરના કાર્યના કાળમાં તે કાર્ય પરથી થાય, તેમાં આત્મા એ કાર્યનો કર્તા થાય અને એ કાર્ય એનું હોય તો તો એ આત્મા તેમાં ભળી જાય, એ આત્મા જુદો રહી શકે નહિ, પણ તે જડના કાર્યના કાળમાં, કાળે કાર્ય તો ત્યાં થયું, પણ તેમાં જો આત્મા નિમિત્ત હોય એ નૈમિત્તિક કાર્ય, અને આત્મા નિમિત્ત હોય, તો આત્મા નિત્ય છે, તો નિત્ય તેનું કર્તૃત્વ, જ્યાં જ્યાં અવસ્થા થાય ત્યાં ત્યાં આત્માને હાજર રહેવું પડે. આહાહાહા ! બાબુભાઈ ! આવું ઝીણું છે. અરે પ્રભુ શું મારગડા, વીતરાગનો મારગ કોઈ અલૌકિક છે. આહાહા !

ઈશ્વર કર્તા તો નથી પણ ત્યાં સુધી ક્યાં લઈ જવું છે એને, કોઈ પરદ્રવ્ય અથવા જગતના તત્ત્વનો ઈશ્વર તો કર્તા નથી, પણ જગતના તત્ત્વો છે તેનું જે કાર્યકાળ થાય ને કાર્ય થાય, તેમાં તેનો બીજો આત્મા પણ એનો કર્તા નથી, એ તો ઠીક પણ તે પરકાર્ય થાય, તેમાં આત્મા નિમિત્ત

છે ને આ નૈમિત્તિક છે એમ પણ નથી. "કારણકે જો એમ કરે તો નિત્ય કર્તૃત્વનો પ્રસંગ આવે," સર્વ અવસ્થાઓમાં કર્તાપણે રહેવાનો પ્રસંગ આવે. આત્મા, નિત્ય વસ્તુ છે અને એ જે કાર્યના કાળમાં આત્મા નિમિત્ત થાય તો દરેક અવસ્થામાં આત્માની ઉપસ્થિતિ રહેવી જોઈએ. આહા ! પરથી છુટો પડી શકે નહિ. આહા ! ઝીણી વાત છે ભાઈ. આહા ! વીતરાગ મારગ બહુ સૂક્ષ્મ. આહા ! નૈમિત્તિકપણે પણ કરતો નથી તેમ કરે તો નિત્ય, કાયમ કર્તા, નિમિત્તપણે કાયમ કર્તા નિમિત્તપણે હો, કાર્ય કાળ તો ત્યાં થયો છે પણ નિમિતપણે પણ જો કર્તા થાય તો આત્માને જડની દરેક અવસ્થાપણે, નિમિત્તપણે રહેવું પડે. આહાહાહા ! સમજાણું કાંઈ ? બે વાત.

ત્યારે તે છે શું હવે ? અનિત્ય ( સર્વ ) અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા યોગ અને ઉપયોગ, ફક્ત આત્માનો જે કંપન છે ને પ્રદેશ યોગ અને ઇચ્છા એ રાગ, એ રાગ અને કંપન જે છે, એ જગતના જડનાં કાર્યના કાળમાં એ તો કાર્ય તો થયું છે ત્યાં, એ સમયમાં જોગનો ભાવ અને રાગનો ભાવ, તે ચીજના કાર્યમાં નિમિત્ત કર્તા કહેવામાં આવે છે. કહો હિંમતભાઈ ! આમાં તમે બે ભાઈની વાતું કરતા, ક્યાં અહીં અંદર આવી છે વાર્તા ! આહાહાહા ! શું કહ્યું ઈ ? પ્રભુ એમ કહે છે ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમાત્મા વીતરાગદેવની વાણી, એ સંતોની વાણી આડતિયા થઈને વાણીની વાત કરે છે. દિગંબર સંતો સર્વજ્ઞનો જે ભાવ છે, વાણી છે તેની વાત આડતિયા થઈને કરે છે, ભગવાન આમ કહે છે. આહાહા !

કે શરીરના, વાણીના આદિના કાર્ય થાય, તે કાળે તેનું કાર્ય થાય, આ દાળ-ભાત, રોટલીના કટકા થાય દાઢ વચ્ચે, તે દાઢથી તો નહિ, પણ તેના કટકા તેના કાળે થાય તેમાં આત્મા એ કર્તા અને એ રોટલીના કટકા થયા તે એનું કાર્ય એવું તો નથી, જો એવું હોય તો આત્મા એ કટકા રોટલીના કટકા ભેગો ભળી જાય ને જુદો રહી શકે નહિ. આહાહા ! અને એ રોટલીના કટકાના કાળમાં કાર્ય એ કટકા તો થયા તેનાથી, દાઢથી નહિ અને આત્મા જો એને નિમિત્ત કહીએ તો જ્યાં જ્યાં જડની અવસ્થા જડથી થાય, ત્યાં ત્યાં આત્માને નિમિત્તપણે ઉપસ્થિત રહેવું પડે. આહાહાહા ! આવું છે. માટે એમ તો નથી, ત્યારે છે શું ? એને નિમિત્તપણે શું એ ઉપાદાન કાર્ય તો ત્યાં થયું એનાથી પણ તેનામાં એ બીજી ચીજ નિમિત્તપણે, કહેવું કોને ? કે નિમિત્તપણે એને કહેવું કે જોગ જે આત્માનો પ્રદેશ કંપે છે અને જે રાગ ( ઈચ્છા ) છે, એને એ કાર્યકાળમાં તેના કાર્યકાળે તે કાર્ય થયું છે તેને આ જોગ ને રાગ તેને નિમિત્તપણે કહેવામાં આવે છે. એ કોના ? કે જે જોગ ને રાગનો કર્તા થાય છે અજ્ઞાની, એના જોગ ને રાગ એના કાર્યકાળમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આહાહા..... આવો મારગ. અરેરે ! પ્રભુ ! એને કાને પડે નહિ એને એ ક્યાં જાય ?

હું કરું હું કરું જ્યાં જ્યાં આ કામ જડનાં થાય એ બધા કામ મેં કર્યા. આહાહાહા ! એક નોટ છે નોટ, એ નોટ આમ જાય છે. એ એની અવસ્થા છે એ અવસ્થાનું કાર્ય નોટના પરમાણુએ કર્યું છે. હવે એ નોટ આમ જાય છે એ કાર્યકાળમાં આત્મા જો તેનો કર્તા થાય, તો તે કાર્યકાળમાં આત્માને ભળી જવું પડે અંદર, માટે તેનો કર્તા એ છે નહિ. હવે આત્મા છે એના કાર્યનો કર્તા એ નથી, પણ હવે એ કાર્યના કર્તાપણે નિમિત્તપણે આત્મા છે કે નહિ ? કે નિમિત્તપણે પણ નથી. આહાહા ! નિમિત્તપણે પણ હોય તો જ્યાં જ્યાં એક રોટલીના કટકા

થાય, ત્યાં ત્યાં આત્માને રહેવું પડે, ભલે કાર્ય એનાથી ન થાય. ત્યારે, નિમિત્ત કહેવું કોને ? બીજી ચીજ એક નિમિત્ત છે એમ કહેવું કોને ? કે જે જીવનો કંપન ભાવ છે જોગનો, આ શરીરનો નહિ, જોગનો કંપન છે ને ઇચ્છા જે રાગ છે, એ રાગ ને કંપનને જડના કાર્યકાળમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કોના ? કે જે રાગ ને જોગનો કર્તા મિથ્યાદૃષ્ટિ છે, તેના જોગ ને રાગ કાર્યના કાળમાં તેને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહાહાહા ! આટલું બધું હવે. આહાહા ! કહો સમજાણું છે કાંઈ ?

ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવનું આ ફરમાન છે એમના જ્ઞાનમાં આ ચીજ જાણવામાં આવી છે, તેવી એ ફરમાવે છે. આહાહા ! ( શ્રોતાઃ- કુંદકુંદાચાર્યે શાસ્ત્ર લખ્યા માટે તે પ્રમાણિત છે ને શાસ્ત્ર ) ના એનું કાંઈ નહિ, એ નિમિત્તથી કથન છે. એ તે શાસ્ત્રના પરમાણુની પર્યાય રચાણી તેમાં આત્મા તેનો કાર્યનો કર્તા ને એમ તો નથી. છેલ્લે શબ્દ આવે છે ને ? પણ એ કર્તા આ કાર્ય જો આત્માનું હોય તો આત્મા કર્તા ને એ કાર્યમાં ભળી જવું જોઈએ, એ અક્ષરોમાં ભળી જવો જોઈએ આત્મા, આત્મા જુદો રહી શકે નહિ, માટે તેનું કાર્ય કાળમાં વ્યાપ્ય વ્યાપકભાવે કર્તાકર્મપણે પરિણામી પરિણામ પરિણામીપણે તો કર્તા નથી. પણ તેના કાર્ય કાળમાં આત્મા નિમિત્ત છે એમ જો કહો તો જ્યાં જ્યાં પરમાણુની અવસ્થા થાય ત્યાં ત્યાં આત્માને નિમિત્તપણે ઉપસ્થિત રહેવું પડે, એ પણ બને નહિ. આહાહાહા ! કહો ચીમનભાઈ બરાબર હમણાં રોકાણા છે. આમાં આવું આવે છે.

ત્યારે કે એ પરમાણુના અક્ષરો જે બન્યા ટીકાના એ તો એના પરમાણુની પર્યાય તે કાળે થવાની હતી તેનાથી થઈ. હવે તેને આત્માને નિમિત્ત ત્યાં નથી, તો નિમિત્ત કહેવું કોને ? એ અક્ષરોમાં જોગ અને રાગ તેને નિમિત્ત કહેવાય, પણ કોનો ? જ્ઞાની કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય જ્ઞાની છે એનો જોગ ને રાગ, એનો જોગ ને રાગ, એને છે જ નહિ, એ જ્ઞાનીને તો જેને આત્મા ચૈતન્ય સ્વરૂપ ભગવાન એવું જિન સ્વરૂપી દૃષ્ટિમાં આવી ગયો, એની પર્યાયમાં વીતરાગતા વર્તે છે અને તે વીતરાગતામાં જોગ ને કંપન, જોગ ને રાગ વીતરાગતામાં જ્ઞાનમાં નિમિત્ત છે, પણ એ જોગ ને કંપનના કર્તાપણામાં નિમિત્ત નથી. આહાહાહા ! આવું છે આ તે કાંઈ વાત, આ પરમેશ્વરનો મારગ ઝીણો બહુ બાપુ. આહા !

એ કહે છે કે ટીકાના કાળમાં પરમાણુની ક્રિયા થઈ ગઈ. તે કાળે અમે આત્મા તો કર્તા નથી કેમકે આત્મા કર્તા હોય તો પરિણામ પરિણામી એક થઈ જાય, એ કાર્ય ને આત્મા કર્તા બેય એક થઈ જાય. પણ હવે આત્મા નિમિત્તપણે પણ નથી. નિમિત્તપણે પણ જો હોય તો જ્યાં જ્યાં પરમાણુની પર્યાય થાય ત્યાં ત્યાં અમારે ઉપસ્થિત રહેવું પડે. ત્યારે છે શું ? તે પરમાણુની જ્યારે ટીકાની પર્યાય થઈ, ત્યાં ત્યાં જોગ ને રાગને નિમિત્ત કહેવું નિમિત્ત, કાર્ય તો ત્યાં છે, પણ એ જોગને નિમિત્ત ( રાગ ) કોનો ? જે જોગ ને રાગનો કર્તા મિથ્યાદૃષ્ટિ થાય છે તેનો જોગ ને રાગ તેને નિમિત્ત કહેવામાં આવે છે. આમાં કેટલું યાદ રહે પ્રવિણભાઈ ? આવ્યો છે ને તમારો મનિષ, ત્યાં કેળવણી અધિકારી છે આ કેળવણી જુદી જાતની છે. આહાહા ! સમજાણું કાંઈ ? “પ્રભુનો મારગ છે શૂરાનો” એ વીરનાં કામ છે બાપા. આહાહા ! એ કાયરના કામ નથી, અજ્ઞાનીને મૂઢતાના. આહાહાહા ! અક્ષર લખાય છે ને આમ, એ અક્ષર લખાય છે એ પરમાણુની

પર્યાય છે, એ પર્યાયનો આત્મા કર્તા એ પર્યાય અક્ષર લખવાનો નથી. એક વાત.

જો એ પરિણામ અને પરિણામી, એનું પરિણામીનું આ પરિણામ હોય ? અક્ષર લખવાનું તો આત્મા પરિણામી છે એમાં ભળી જાય, ન રહે જુદો, માટે તે લખવાના પરિણામની અવસ્થા તેનો આત્મા વ્યાપ્ય-વ્યાપકપણે પરિણામ-પરિણામીપણે કર્તા કર્મ નથી, પણ એ અક્ષરના લખવા કાળે આત્માને જો નિમિત્ત કહીએ, તો જ્યાં જ્યાં અક્ષરો થવાના હોય ત્યાં ત્યાં એને આત્માને રહેવું પડે, બે વાત. જ્યારે તે અક્ષરો લખવાને કાળે અક્ષરોની પર્યાય અક્ષરથી થઈ. તેમાં આત્માનો જોગ ને રાગ નિમિત્ત કહેવાય, કેમકે જોગ ને રાગ અનિત્ય છે, અને તે પણ કોના ? જે રાગ અને જોગ ઉપરની દૃષ્ટિ છે જેને, એ ઇચ્છા ને જોગ ઉપર દૃષ્ટિ જેની છે, તે રાગ ને જોગનો જે કર્તા મિથ્યાદૃષ્ટિ છે, તેનો જોગ ને રાગ કાર્યકાળમાં નિમિત્ત કર્તાપણે કહેવામાં આવે છે. એક શબ્દ ફરે તો આખો ન્યાય ફરી જાય એવું છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? છે ?

યોગ ને ઉપયોગ જ નિમિત્તપણે તેનાં પરદ્રવ્યના કાર્યના કર્તા છે, રાગાદિ-વિકારવાળા ચૈતન્યપરિણામ પોતાના વિકલ્પને, હા, એ રાગાદિ વિકલ્પને પ્રદેશોને પોતાના વ્યાપારને કદાચિત અજ્ઞાનથી આત્મા કરતો, દેખો, આહાહાહા ! એ લખવા કાળે એ ઇચ્છા થઈ અને જોગ કંપ્યો તેનો અજ્ઞાની કર્તા છે. તેથી તે અજ્ઞાની કર્તા, તેનાં જોગ ને રાગ એ અક્ષરો લખવામાં નિમિત્તપણે કહેવામાં આવે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ? હવે આવું કહેવું આકરું કહેવું ને સમજાણું ? આહાહા ! પોતાના વ્યાપારને કદાચિત, શું કીધું ભાષા ? કે અજ્ઞાની આત્મા, જેની વીતરાગ મૂર્તિ પ્રભુ છે, આત્મા તો જિન સ્વરૂપે છે,

"ઘટ ઘટ અંતર, જિન વસે, ઘટ ઘટ અંતર જૈન,
મત મદિરાકે પાનસોં મતવાલા સમજે ન"

ઘટ ઘટ અંતર, જિન સ્વરૂપી પ્રભુ આત્મા તો, જિનસ્વરૂપી વીતરાગ સ્વરૂપી, અકષાય સ્વરૂપી, એ આત્મા એ આત્મા એ અક્ષરોના કાર્યકાળે એ આત્મા આવો જે છે વીતરાગ દ્રવ્ય એ તો નિમિત્ત નથી, ત્યારે કે એ વખતનાં જે યોગ અને રાગ એ જે વીતરાગ સ્વરૂપ આત્મા છે એની જેને દૃષ્ટિ નથી, જિન સ્વરૂપી ભગવાન છે એની જેને દૃષ્ટિ નથી અને એની દૃષ્ટિ ઇચ્છા ને જોગનાં કંપનમાં પડી છે, એવા જોગ ને કંપનનો કરનાર કદાચિત્ આત્મા કર્તા હો, છે ? અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી. આહાહાહા !

હવે આવું બધું નક્કી કરવું ને, અને એના વિના ધર્મ થઈ જાય, સામાયિક થઈ ગઈ ને પોહા થઈ ગયા ને પડિક્કમણાં, ધૂળેય નથી તારા. આહાહા ! કહે છે કે રાગાદિ વિકારવાળા ચૈતન્યના પરિણામ, એ પોતાના વિકલ્પને કરે અજ્ઞાની, અને આત્માના તો કંપન પોતાના વ્યાપારને કદાચિત્ એટલે કે જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે ત્યાં સુધી, અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી એ ઇચ્છા અને જોગના કંપનને, જે વિકાર છે, તેને સ્વરૂપના અજ્ઞાનને લઈ તેનો કર્તા અજ્ઞાની કદાચિત્ અજ્ઞાનભાવમાં કહેવાય કર્તા રાગ અને જોગનો. અને એ રાગ ને જોગ, અક્ષરોનાં લખવાના કાળમાં એ રાગ અને જોગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહાહા..... સમજાય તેવું છે, ભાષા કોઈ આકરી નથી, પણ ભાવ તો ભલે ( જે છે તે છે ) સમજાણું કાંઈ ?

પોતાને કરતો, તે યોગ અને ઉપયોગનો તો આત્મા પણ કર્તા કદાચિત્ ભલે હો. છે ?

આહાહા..... યોગ અને ઉપયોગનો આત્મા કર્તા કદાચિત્ ભલે હો તથાપિ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો નિમિત્તપણે પણ નથી. આત્મા જે છે, એ જગતના અક્ષરોના લખવાના કાળમાં એ આત્મા નિમિત્તપણે પણ કર્તા નથી. આહાહા ! પણ અજ્ઞાની રાગ ને જોગનો કર્તા છે, તે યોગ ને રાગને એ અક્ષરના લખવાના કાળમાં, યોગ અને રાગને નિમિત્ત કહેવામાં આવે છે. જે રાગ ને યોગનો કર્તા અને અજ્ઞાની કરે છે તેનો. આહાહાહા ! આટલી બધી વાતું હવે, કેટલી શરતું એમાં. છે ? જુઓ યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના કર્તા છે. છે ને ચોથી લીટી યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના કર્તા છે.

હવે તે રાગાદિ વિકારવાળો ચૈતન્યપરિણામ પોતાના વિકલ્પને અને કંપનને પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી યોગ, ઉપયોગનો તો કર્તા આત્મા ભલે હો, આત્મા રાગનો ને કંપનનો અજ્ઞાનથી ભલે કર્તા હો, પણ એ આત્મા પરનો તો નિમિત્તપણે પણ કર્તા નથી. આહાહાહા ! અહીં તો વાંધા બધા ઉપાદાન નિમિત્તના ઝઘડા એ. એ પંડિતજી ? સોનગઢવાળા એ ઉપાદાનના એ કાર્યને માને છે, નિમિત્તને માનતા નથી. નિમિત્ત માને પણ નિમિત્ત કર્તા માનતા નથી, વાત સાચી છે તારી. આહાહાહા ! ભાઈ વીતરાગ મારગના તત્ત્વો, વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથે કહ્યાં એ સમજવા મહા પ્રયત્ન છે, તે કાંઈ સાધારણ રીતે પકડાય એવું નથી. આહાહાહા !

પહેલાંમાં શું કહ્યું ? કે યોગ ઉપયોગ જ નિમિત્તપણે તેના કર્તા છે, કર્તા છે એનો અર્થ જ નિમિત્તપણે છે એમ, ઘડાના કાર્યકાળે, વસ્ત્રનાં વણકરના કાર્યકાળે, ગાડાના કાર્યકાળે, રોટલીના કાર્યકાળે, અક્ષરના લખવાના કાર્યકાળે, યોગ અને ઉપયોગ નિમિત્તપણે કર્તા કહેવાય, પણ કોના ? કે જે રાગ અને ઉપયોગનો કર્તા અજ્ઞાની છે તેના જોગ ને રાગને તે કાર્યકાળમાં નિમિત્તપણે તે અનિત્ય વિકારી દશાને નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે. આવું બધું યાદ શી રીતે રાખવું. બાબુભાઈ ! કહો ઓલો પૂછે તમારો ઓલો મોટો છોકરો, શું સાંભળીને આવ્યા ? શું કહે કે આ શું છે. સમજાય છે પ્રભુ ? આહાહાહા !

આંહીં તો જિનસ્વરૂપી ભગવાન આત્મા બધા વીતરાગ મૂર્તિ છે. આહાહાહા ! એ વીતરાગ મૂર્તિનું જેને જ્ઞાન સમ્યક્ થયું, એને જોગ ને રાગ તેના જ્ઞાનમાં નિમિત્ત છે, જ્ઞાન ઉપાદાન પોતાથી થાય છે, પણ તે જ્ઞાનમાં જોગ ને રાગ નિમિત્ત છે આમ, પણ જોગ ને રાગમાં પોતે નિમિત્ત છે, એમ અજ્ઞાનીને છે, જ્ઞાનીને નહિ. આહાહા !

ફરીને, આ તો વીતરાગ મારગ બાપા, ઘણો ગંભીર એક હાથમાં રોટલી ઉપાડી, એ ઉપડવાનું કાર્ય તો રોટલીમાં જે થયું એ રોટલીના કારણે થયું, આ હાથના કારણે નહિ, હવે એ ઉપડવાના કાર્યમાં આત્માને જો કર્તા કહીએ તો તે કાર્ય એનું ને કર્તા આ, તો એ કાર્યમાં ભળી જાય આત્મા, માટે રોટલીનું બટકું ઉપડયું એમાં આત્મા કર્તા નહિ, હવે આત્માનો જે જોગ ને કંપન છે એને અહીંયા કર્તા કહેવાય, પણ કોનો ? કે જે જોગ અને રાગનો કર્તા અજ્ઞાની થાય કદાચિત્ અજ્ઞાનમાં, એના જોગ ને રાગને એ રોટલી ઉપડી એનાં કાર્યમાં નિમિત્તકર્તા કહેવામાં આવે. આહાહાહા ! કહો ચીમનભાઈ બેય ચીમનભાઈ જોડે બેઠાં છે, આવું છે. અને વાણીયાને નવરાશ ન મળે ધંધા આડે બાઈડી-છોકરા સાચવવામાં રહે અને ધંધામાં રહે ને કોક દિ' કલાક

સાંભળવા જાય તો ઓલો માથે જે દિયે, "જે નારાયણ" વીતરાગ મારગ બહુ જુદો ભાઈ. આહાહાહા !

એ પહેલી વાત તો કીધી કે જોગ ને ઉપયોગ જ નિમિત્તપણે કર્તા છે, એમ કીધું. હવે કહે છે કે કોનો ? જડના કાર્ય કાળે નિમિત્ત કોનો જોગ અને ઉપયોગ ? કે જે જોગ ને ઉપયોગનો કર્તા થાય છે તેનો, રાગ અને કંપનનો જે કર્તા થાય, તેનો રાગ ને જોગ એ કાર્યમાં નિમિત્ત કર્તાનો આરોપ તરીકે કહેવાય છે. કહો સમજાય છે કાંઈ ? આહાહા !

આ રવિવારે આવે છે તમારે એવું ઝીણું મનસુખભાઈ. આહાહાહા ! આવું છે, ગાંડા જેવી વાતું લાગે, પાગલ જેવી વાત લાગે, ઓલા એવું કરે કે આખો દિ' આ કરો, આ કરો, આ કરો, આ કરો, વ્રત પાળો, અપવાસ કરો દાન કરો, દયા પાળો, ભગવાનની ભક્તિ કરો, મંદિર બનાવો, ગજરથ કાઢો, આવું સમજાય તો ખરું, શું સમજવું'તું તેમાં ધૂળમાં ? એ તો જડના કાર્ય જડ કાર્ય કાળે થાય એમાં તું ક્યાં એને કરી શકે છે ? પણ તે ગજરથના કાર્ય તો જડના જડથી થાય છે, તેમાં આત્માને નિમિત્ત, આત્મા તે કાર્યનો કર્તા નથી. જો કર્તા હોય તો એ કર્તા કાર્યમાં કર્તા ભળી જાય, ભેગો થઈ જાય, ત્યારે કહે જુદો રહીને આત્મા નિમિત્ત થાય કે નહિ ? તે જુદો રહીને નિમિત્ત જો થાય તો જ્યાં જ્યાં તેવા કાર્ય થાય ત્યાં આત્માને ઉપસ્થિત રહેવું પડે, માટે આત્મા નિમિત્તપણે પણ નહિ. ત્યારે હવે એમાં નિમિત્ત છે કોઈ કે નહિ ? કે હા જોગ અને ઉપયોગ. રાગ અને કંપન તેમાં નિમિત્તપણે કહેવાય. કે કોના ? કે જે રાગનો અને જોગનો કર્તા થાય તેના.

આહાહાહા ! પંડિતોને આકરું પડે એવું છે આ. કર્તા પરદ્રવ્યનો કર્તા, પરદ્રવ્યનો કર્તા, ઇન્દોરમાં થયું'તું ઇન્દોર પચાસ પંડિત ભેગા થયા, ઇન્દોર "પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર નહિ" હવે આંહીં, અરે ભગવાન શું કરે છે તું આ ? લોકોને બચારાને કાંઈ ખબર ના મળે, ધંધા આડે એ નવરો ન મળે, આખો દિ' એમાં ઓલો માથે કહે', જે નારાયણ, હા. સત્ય શું છે અને અસત્ય શું છે એની કાંઈ વિવેકની ભિન્નતાની ખબર ન મળે. સમજાણું કાંઈ ? આહાહા !

આ નોટ પૈસા છે ને, નોટું, એને પચાસ હજાર, પચીસ હજાર આપ્યા મંદિર ખાતે આપ્યા, લ્યો આ ગણવા માંડો આમ, એ નોટની અવસ્થા જે થાય છે, આમ જવાની એ કાર્ય તો એ નોટના પરમાણુનું છે, હવે એ નોટનું કાર્ય જે આમ જવાનું થાય છે, તેને જો આત્મા કર્તા કહો તો આત્મા કર્તા ને એ કાર્ય બે એક થઈ જાય, એટલે આત્મા આમાં ભળી જાય નોટમાં. હવે એમ તો નહિ, પણ એને આત્મા કર્તા કહો, નિમિત્તપણે કર્તા કહો, ઉપાદાનપણે કર્તાનો નિષેધ થઈ ગયો–સમજાણું કાંઈ ? એ નોટ આમ જાય છે, એના ઉપાદાનપણે કર્તા હોય તો ત્યાં ભેગો ભળી ગયો. હવે નિમિત્તપણે એ જાય છે એમાં આત્મા, આમ હાથમાં હતું ને આમ આમ તો આત્માને નિમિત્તપણે તેને નોટ જાય છે, તેને કર્તા કહેવાય કે નહિ ? કે ના. આત્માને નિમિત્ત જો કહો તો જ્યાં જ્યાં એવા કાર્ય થાય ત્યાં ત્યાં આત્માને ઉપસ્થિત રહેવું પડે, માટે આત્મા નિમિત્તપણે પણ કર્તા નહિ. ત્યારે હવે કર્તા આમાં કાંઈક એને નિમિત્તપણે કાંઈ કહેવામાં આવે છે કે નહિ ? છે તો કાર્ય તેને કાળે થવાનું તે. આહાહાહા ! ત્યારે કહે "હા" યોગ અને રાગ તે કાર્યકાળે તેનો જોગ હતો ને રાગ હતો તે એને નિમિત્તપણે કર્તા કહેવાય.

નિમિત્તપણે કર્તાનો અર્થ ? ત્યાં આમ જાય છે માટે આ નિમિત્ત છે માટે આમ જાય છે નોટ એમ નહિ. ફક્ત જવાનાં કાર્યમાં જોગ ને રાગને નિમિત્ત કહેવામાં આવે છે. પણ નિમિત્તથી ત્યાં આમ જાય અને આ કાર્યને કરે છે એમ નહિ. આહાહા ! ત્યારે કહે પણ નિમિત્તપણે કાંઈ છે કે નહિ, કોઈ ચીજ ? એ ચીજ તો એને કાળે થઈ, બીજી ચીજ છે કે "છે" જોગ અને રાગ તેનો નિમિત્તપણે કર્તા કહેવાય. તે પણ કોનો ? કે અજ્ઞાની કદાચિત્ જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે ત્યાં સુધી ઇચ્છા ને જોગનો કર્તા થાય છે, તેનો જોગ ને રાગ, કાર્ય તો ત્યાં થયું જ છે, તે કાળે તેને નિમિત્તકર્તા જોગ ને રાગને કહેવામાં આવે છે. આહાહાહા ! સમજાય છે કાંઈ ? આહાહા !

રાગાદિ વિકારવાળા ચૈતન્યપરિણામ પોતાના વિકલ્પને રાગને અને આત્માના પ્રદેશોના કંપનને કદાચિત્ અજ્ઞાનથી, કદાચિત્ કેમ કીધું કે જ્યાં સુધી અજ્ઞાની છે ત્યાં સુધી રાગ ને જોગનો કર્તા છે, પણ જો જ્ઞાની થયો. આહાહાહા ! ચૈતન્યસ્વરૂપ ભગવાન જિનસ્વરૂપી, વીતરાગ મૂર્તિ પ્રભુ છે, એનું જેને જ્ઞાન થયું એની પર્યાયમાં વીતરાગ પર્યાય થઈ અને એ વીતરાગી પર્યાય કાર્યકાળમાં નિમિત્તપણે પણ વીતરાગી પર્યાય કર્તા નહિ. ત્યારે, તે ધર્મીની વીતરાગી પર્યાય સમ્યગ્દર્શનની પર્યાયમાં, એ રાગ ને જોગ અહીં જ્ઞાન થયું પોતાથી તેમાં જોગ ને રાગને અહીં જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે. અરેરે ! આવું કામ મોટું હવે, અને એ જોગ ને રાગનો કર્તા જ્યાં સુધી થાય, ત્યાં સુધી, તે તે કાર્ય તો થયું જ છે ત્યાં, તેના જોગ ને રાગને કર્તા કહેવાય, ને જોગ ને રાગનો કર્તા અજ્ઞાની છે માટે.

હવે જ્યારે આત્માનું જ્ઞાન થયું જેને સમ્યગ્દર્શન. આહાહાહા ! આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, નિર્મળાનંદ, આનંદકંદ છે, એ મલિનપણું એનામાં નથી ને મલિનની પર્યાય પણ એનામાં નથી. જોગ ને રાગ એ એનાં સ્વરૂપમાં નથી. આ રાગ અને જોગ એના સ્વરૂપમાં નથી, તેના સ્વરૂપમાં તો વીતરાગતા ભરી છે. ભગવાન આત્મામાં તો વીતરાગતા ઠસોઠસ ભરી છે. એ વીતરાગતાની જેને દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું એને જોગ ને રાગ એનો નથી, એ જોગ અને રાગ, એનું જ્ઞાન છે એ એનું છે, શું કહ્યું સમજાણુ ? કહો ચેતનજી !

ધર્મી જીવનું જ્ઞાન ને આનંદ ને વીતરાગી પર્યાય એની છે, એનો જોગ ને રાગ એનો નથી. આહાહા ! કહો પુંજાભાઈ આવું છે બાપુ ! આ તમે પણ ખરે ટાણે આવ્યા છો ને બરાબર... મૂકીને રોકાણા છો. અરે બાપા આ શું ચીજ ભાઈ ! તું વીતરાગી નાથ છો ને નાથ, તું પરમેશ્વર છો પ્રભુ. પ્રભુ વીતરાગી સ્વરૂપને જ અહીંયા આત્મા કહેવામાં આવે છે. આહાહા ! ભગવાન ( તું ) તો વીતરાગ સ્વરૂપે છો ને પ્રભુ ! એ વીતરાગ સ્વરૂપનું જેને જ્ઞાન થયું, તેના જ્ઞાનમાં તે રાગ ને જોગનો કર્તા તો ન થાય, પરની ક્રિયાનો કર્તા તો નથી, પણ જોગ ને રાગનો કર્તા ન થાય, પણ તેને જોગ ને રાગ હોય છે, પણ દૃષ્ટિ પડી છે જ્ઞાનાનંદ સ્વરૂપ ઉપર એથી વીતરાગી જ્ઞાન થયું છે, તેમાં જોગ ને રાગ નિમિત્ત કહેવામાં આવે છે, ઉપાદાન તો પોતાથી રાગનું જ્ઞાન આમ થયું છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? કહો અનોપચંદભાઈ ! આવી વાતું છે.

ક્યાં ગયા અમારે ભાઈ. આહાહા..... આમાં વાદ ને વિવાદ કરે બાપા ! "સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદ વિવાદ કરે સો અંધા". આહાહા..... સહજનો ધંધો ભગવાન આત્મા વીતરાગ મૂર્તિ પ્રભુ અકષાય સ્વભાવથી ભરેલો ભરચક ભરપુર ભરપુર આવે છે ને ભાઈ,

ઇત્યાદિ શક્તિથી ભરપૂર ભરેલો ઓલી ૪૭ શક્તિ લીધીને, પછી કીધું ઇત્યાદિ શક્તિથી ભરપૂર કળશમાં છે. આહાહાહા ! ભગવાન આત્મામાં તો જીવતર, ચિતિ, જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, કર્તા, કર્મ આદિ અનંત શક્તિઓ, ગુણરૂપશક્તિ, વીતરાગ સ્વભાવરૂપ શક્તિઓ, એનાથી “ભર” સુભર-સુભર છે ઘણું કરીને, સુનિર્ભર છે.

ભગવાન આત્મા તો વીતરાગી ગુણોનો ભરેલો, ભરેલો ભગવાન છે. આહાહાહા ! એમાં રાગ કેવો અને જોગનું કંપન કેવું એમાં ? આહાહા..... રાતની વાત, એ તો આવે ત્યારે ખરી, સમજાણું કાંઈ ? હેં ? ( શ્રોતાઃ- દરેક પર્યાયનું પ્રયોજન વીતરાગતા છે ) એ પછી, અત્યારે આંહીં, વખત ન મળે, વખત દશ મિનિટ છે ઓલું પોણો કલાક હાલ્યું. ચીમનભાઈ હતા કે નહિ ?

અહીંયા તો વીતરાગ પર્યાયવાળો જીવ, એટલે કે સમ્યગ્દૃષ્ટિ જીવ, એટલે કે દ્રવ્યસ્વભાવ જે જિન સ્વરૂપી છે, તેની જેને દૃષ્ટિ થઈ છે તે જીવ, તેની પર્યાયમાં તો તેને વીતરાગી સમકિત, વીતરાગી જ્ઞાન ને સ્વરૂપાચરણ હોય એ વીતરાગી પર્યાય, જોગ અને રાગનો કર્તા નથી, અને તેથી તે જોગ ને રાગ એનો કર્તા-નથી, તેથી તે સામાના કાર્યકાળમાં પણ જ્ઞાનીનાં જોગ ને રાગ એના નથી, માટે તે નિમિત્તપણે પણ નથી.. આહાહાહા !

ત્યારે હવે ગુલાંટ ખાય છે વાત, કે આત્મા જિનસ્વરૂપી પ્રભુ એવું જેને ધ્યેય ધ્રુવનું પકડ્યું. આહાહા..... એની શ્રદ્ધા જ્ઞાનમાં વીતરાગી પર્યાય આવી, અને તે વીતરાગી પર્યાયનું જ્ઞાન પણ વીતરાગી આવ્યું, એ જ્ઞાનમાં એ જ્ઞાન, જોગ ને રાગનો કર્તા તો નથી, પરનો કર્તા તો નથી, પરનો નિમિત્તપણે પણ કર્તા નથી. આહાહા..... પણ તે સમ્યગ્દર્શન ને જ્ઞાન પરિણામ થયા, તેમાં રાગ ને જોગ જે કમજોરીથી થાય તેનું અહીં જ્ઞાનમાં એને નિમિત્ત કહેવાય. ઉપાદાન પોતે, પોતાથી જ્ઞાન ને વીતરાગી દશા થઈ, પણ તેને જોગ ને રાગને આમાં આહીં નિમિત્ત કહેવાય. આહાહાહા ! કહો દાસ ! આવી વાતું છે.

આમાં વાદ ને વિવાદ બાપુ દુનિયામાં ત્રણલોકનો નાથ, જિનેશ્વરદેવનો પોકાર છે આ. આહાહાહા ! દિવ્યધ્વનિમાં આ વાણી આવી એ કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ ભગવાન પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય, બે હજાર વર્ષ પહેલાં, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. આહાહા..... આવી વાણી બીજે ક્યાંય નથી. પણ આટલા વર્ષ ઘણાં કાઢ્યા તે સાંભળ્યું હશે ને વાડામાં આ વાત સાંભળી ’તી ? એય સુજાનમલજી ! થોડું પણ સત્ય હોવું જોઈએ, લાંબુ લાંબુ મોટું કરેને અસત્યના પૂછડાં મોટા. આહાહાહા ! કહો જતીશભાઈ ? આહાહા.....

એ અજ્ઞાનીનો જોગ એટલે કંપન ને રાગ તેના કાર્યકાળે, કાર્ય તો ત્યાં થાય છે જડનું એના જોગ ને રાગને નિમિત્તકર્તા કહેવાય, હવે એ પણ જોગ ને રાગનો આત્મા કર્તા હો અજ્ઞાનપણે, પણ પરનો કર્તા તો એ નહિ. એ આત્મા પરનો કર્તા તો નહિ, અજ્ઞાનપણે જોગ ને રાગનો કર્તા હો. આહાહા !

હવે આવો ઉપદેશ, આમાં શું નવા સાંભળનારાને શું કાંઈ, શું કહે છે આ ? દિગંબર ધર્મનું આ સ્વરૂપ છે. જેમ બાહ્યમાં મુનિને વસ્ત્રનો ટુકડો ન હોય એમ અંતરમાં રાગનો કણ ન હોય જેને દ્રવ્યમાં. આહાહા..... દયા, દાન, વ્રતનો વિકલ્પ પણ જેના સ્વરૂપમાં નથી, એવું જે સ્વરૂપ ભગવાન આત્મા, એની જેને દૃષ્ટિ થઈ છે, એનું જેને જ્ઞાન થયું છે, એનો જેને અનુભવ થયો

છે, તે અનુભવના જ્ઞાનમાં ને વીતરાગી પર્યાયમાં, જોગ ને રાગનો તો એ કર્તા નથી, તો પરનો કર્તા તો નથી. પણ જોગ ને રાગ અને તે કાળે જે કાર્ય પરમાં થાય, તે જ્ઞાનીના જ્ઞાનમાં એ નિમિત્ત કહેવામાં આવે, આમ નિમિત્ત કહેવામાં આવે, આમ નિમિત્ત નહિ. આહાહા ! આમાં યાદ કેટલું રાખવું પ્રવિણભાઈ ! આવી વાતું છે.

( શ્રોતાઃ- શાસ્ત્ર રચવામાં બીજો નિમિત કોણ ? ) હેં ? ( શ્રોતાઃ- શાસ્ત્ર રચવામાં બીજો નિમિત્ત કોણ એ તો બતાવો ). કોઈ નિમિત્ત બિમિત્ત નહીં. એ તો કીધું રચવામાં તો રચનાકાળે તો કાર્ય જડથી થાય, ફક્ત નિમિત્ત કોણ ? કે જે યોગ ને રાગ તેને નિમિત્ત કહેવાય, કોના ? જે રાગ ને જોગનો કર્તા થાય અજ્ઞાની એનાં, જ્ઞાની જે કરે છે તે કુંદકુંદાચાર્ય તો કહે છે કે આમાં અમે નિમિત્તપણે પણ નથી. અમારા જ્ઞાનમાં એ જે લખાણું તે ક્રિયા ને રાગ જે થયો અમારા જ્ઞાનમાં એ નિમિત્ત થયું, જ્ઞાન તો અમારાથી થયું, જ્ઞાન તો અમારા આત્માથી થયું, પણ રાગ ને ઇચ્છાના જે કંપન છે અને જે આ લખવાની ક્રિયા થઈ, એ અમારા જ્ઞાનમાં આમ નિમિત્ત થઈ, એનું જ્ઞાન અમે કર્યું, દેવીલાલજી ! ( શ્રોતાઃ- જી આપે દૃષ્ટિ અપેક્ષાએ વાત કરી, પણ ચારિત્ર અપેક્ષાએ નિમિત કહો ? ) નિમિત્ત કોઈ છે જ નહિ. નિમિત્ત કીધું ને ? જોગ ને એ તો બંધ નિમિત્ત કીધું, ચીજ તો એનાથી થઈ, પણ નિમિત્ત કોણ ? કે જોગ ને રાગ, કે કોનો ? કે જેને જોગ ને રાગ મારો માન્યો છે એનો. કહો પંડિતજી ? આ તમારા પ્રોફેસરમાં ક્યાંય નહોતું આવ્યું આવું ? નહિ. આહાહાહા ! પ્રભુ ! ( શ્રોતાઃ- તો પછી આપ એમ કહો કે કુંદકુંદાચાર્યનાં જોગ, રાગ નિમિત નથી પણ નોકર્મનો જોગ ને રાગ નિમિત છે ) કોઈ નહીં, એ ય નહીં.

જડના કાર્યના તો જડના કાર્યમાં આત્મા તો નિમિત્ત નહીં, આત્મા કર્તા ને આ કર્તાનું કાર્ય એમ તો નહિ, પણ કાર્ય તેનાં કાળે થયું તે સમયમાં આત્માના દ્રવ્યને નિમિત્ત કહેવું, એ નહિ. હવે ત્યારે કે નિમિત્ત ક્યાંક કોઈ ચીજ કહેવાની છે કે નહિ ? કે છે, તે કાર્યકાળ તો તે સમયે તે પર્યાય થવાની તે તેનાથી થઈ, પણ તેનું નિમિત્ત કોણ ? કે રાગ, ઇચ્છા ને જોગ તે નિમિત્ત કહેવામાં આવે, કે કોનો ? કે જેણે રાગ ને જોગ પોતાનો માન્યો એનો, છતાં એ રાગ ને જોગનો કર્તા થાય અજ્ઞાની, પણ પરનો કર્તા તો છે જ નહિ, એમ કહે છે. આહાહાહા ! બહુ ઝીણી વાત બાપુ !

ઈશ્વર કર્તા તો નથી પણ ક્યાં સુધી લઈ ગયા ? કે આત્માય કર્તા નથી, પરના કાર્યનો. આહાહાહા ! અકર્તાપણું, ક્રમબદ્ધમાં અકર્તાપણું આવ્યું છે ને ? ભગવાન આત્મા જિન સ્વરૂપી પ્રભુ, જેનું જિન સ્વરૂપ ધ્રુવ, એવું જેને ધ્યાનમાં-જ્ઞાનમાં આવ્યું, એના પરિણામમાં તો સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્વીતરાગ સ્વરૂપ આચરણ આદિ રાગ વિનાની દશા હોય, એ દશાવાન પરનાં કાર્યમાં એ પોતે દશાવાન આવો છે, એ નિમિત્ત નથી, પણ તેના જોગ ને રાગ એ પણ એમાં નિમિત્ત નથી. જે જોગ ને રાગનો કર્તા થાય એ અજ્ઞાનીના જોગ ને રાગ એને નિમિત્ત કહેવામાં આવે. ક્યારે ? કે હવે ગુલાંટ ખાય છે વાત, જે જિનસ્વરૂપી પ્રભુ વીતરાગની મૂર્તિ આત્મા પ્રભુ અંદર છે. આહાહાહા ! એનો જેને અનુભવ ને સમ્યગ્દર્શનજ્ઞાન થયું, એ જીવને એના જોગ ને રાગ પરમાં નિમિત્ત તો છે નહિ, પણ એ જોગ ને રાગ આ જ્ઞાનમાં નિમિત્ત છે. સમજાય છે ? ભાષા તો સાદી છે પણ ભાવ છે ઝીણાં. ભાઈ ! ત્રણલોકના નાથ ભગવાન

મહાવીર, સીમંધર પ્રભુ તો બિરાજે છે. આહાહાહા ! રાતે તો એ ખ્યાલ આવ્યો'તો થોડો સીમંધર ભગવાન, આ આત્મા છે, સીમંધર, વીતરાગી સ્વભાવની મર્યાદાનો ધરનાર ભગવાન છે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

એવો જે ભગવાન આત્મા એનું જેને જ્ઞાન થયું, એની જેને શ્રદ્ધા થઈ, એમાં જેની અંશે રમણતા થઈ તે જ્ઞાનીનું જ્ઞાન, જોગ ને રાગમાં નિમિત્ત નહિ, અને પરના કાર્યમાં નિમિત્ત નહિ, પણ પોતાનું જ્ઞાન જે પોતાથી સ્વપરપ્રકાશક થયું, તેમાં જોગ ને રાગને આંહીં નિમિત્ત આમ કહેવામાં આવે, ઉપાદાન તો પોતાથી થયું છે. આવો ઉપદેશ હવે શું આમાં નવરાશ ( ન ) મળે વાણીયાને આખો દિ' ધંધો, ધંધો, ધંધો પાપનો અને થોડો વખત મળે ત્યાં બાઈડી છોકરાવને સાચવવામાં રહે રાજી કરવામાં. આહા ! હવે આમાં એને ક્યાં બિચારાને ! માથે પાટે બેઠા જે કહે એ "જે નારાયણ" તુલના કરવાના ટાણાં ક્યાં પ્રભુ ? આહાહાહા ! સત્ય ને અસત્યનો મેળ કેવી રીતે કરવો ? આહાહા !

जीवो ण करेदि घडं णेव पडं णेव सेसगे दव्वे।
जोगुवओगा उप्पादगा य तेसिं हवदि कत्ता।।१००।।

અલૌકિક વાત છે બાપુ ! આ તો સમયસાર ભગવાન કુંદકુંદ આચાર્યની વાણી, નિમિત્તથી કથન છે, વાણી એની નથી, વાણી વાણીની છે. આહાહા ! પાછળથી એ ગાથા આવે છે ને આ ટીકા મેં રચી એમ મોહથી ન નાચો, એ ટીકાની પર્યાય પરમાણુથી થઈ છે ભાઈ, મારાથી નહીં. આહાહા..... અહીંયા તો એમ કહ્યું કાર્યકાળ તો છે જ ત્યાં, પણ જોગ ને રાગને નિમિત્ત કહેવાય. એ રાગાદિ વિકારવાળા ચૈતન્યસ્વરૂપ પોતાનો વિકલ્પ અને પ્રદેશો અને એના વ્યવહારને આત્મા કદાચિત્ કરતો હોવાથી, જ્યાં સુધી ઇચ્છા છે, ત્યાં સુધી યોગ અને કંપનનો કર્તા છે. યોગ ને ઉપયોગનો તો આત્મા પણ કર્તા નથી. કદાચિત્ હો, તથાપિ પરદ્રવ્ય સ્વરૂપ કર્મનો તો કર્તા નિમિત્તપણે પણ આત્મા નથી. આહાહાહા ! ગજબ વાત છે. તું ભગવાન છો ને પ્રભુ, ભગવાન, તને ભગવાન તરીકે બોલાવે છે ૭૨ ગાથામાં આવે છે ને "ભગવાન આત્મા".

રાગ અને દયા દાનનો વિકલ્પ પણ પ્રભુ તારામાં નથી અને એનો કર્તા પણ તું નથી. આહાહા..... પરની દયા ને પરને મારું, એનો કર્તા તો તું નથી. પણ એ રાગ જે આવ્યો એનો ય કર્તા તું નથી. તારું જ્ઞાન સ્વપરપ્રકાશક, જે સ્વને આશ્રયે પ્રગટયું, તેમાં એ રાગ આવ્યો જ્ઞાનમાં, એમાં ઉપાદાન તો તારું, તેમાં રાગને અહીંયા નિમિત્ત કહેવામાં આવે છે, છે આવી વાત સાંભળી'તી ક્યાંય શ્વેતાંબરમાં સ્થાનકવાસીમાં. આહાહા !

દિગંબર સંતો કેવળીના કેડાયતો કેવળીની વાણી સીધી કહે છે. આરે એના વાડામાં જન્મ્યા એને એની ખબરું ન મળે. કહો શાંતિભાઈ ? થઈ ગયો વખત હોં, એ કહે છે અજ્ઞાની ભલે એના જોગ ને રાગનો કર્તા કદાચિત્ હો પણ આત્મા તો કર્તા છે જ નહીં. પરદ્રવ્યના પર્યાયનો આત્મા નિમિત્તપણે પણ કર્તા નથી. આહાહા. વિશેષ કહેવાશે.

## પ્રવચન નં. ૨૦૦ ગાથા-૧૦૦ સોમવાર, મહા વદ-૭, તા. ૧૯/૨/'૭૯

સમયસાર ૧૦૦ ગાથા, છેલ્લું છે ને થોડુંક, ઝીણી વાત છે, આ અપૂર્વ વાત છે. કે આ જડના કાર્ય અને આ પર આત્માના કાર્ય, તો તેને સમયે તેના થાય પણ તે કાળે, નિમિત્ત કોને કહેવું ? તો કહે છે કે કાર્ય તો તેને લઇને તેનું થાય, જડની જડમાં પર્યાય અને આત્માની, આત્મામાં પર્યાય જે કાળે તેને કાર્ય થાય તે થવાનું છે. એ તો એના કારણે ઉપાદાનથી થયું, પણ હવે નિમિત્ત કોને કહેવું ? તો કહે છે કે ભાઈ ! આત્મા એ કાર્યમાં નિમિત્ત પણ નહિ, જો આત્મા નિમિત્ત હોય તો દરેક અવસ્થામાં એને હાજર રહેવું પડે. જયંતિભાઈ ! આ તો તમારા વૈષ્ણવમાં તો આ કાંઇ છે નહિ અંદરનું, ભાગ્યશાળી તે આવી ગયા આ બાજુ, કહો આનંદભાઈ. આહાહા !

આ ચીજ, આંહીં તો કહે છે કે જે આ શરીરઆદિ વાણી કે કર્મ અંદર કે ઘટ, ઘડો, વસ્ત્ર, મકાન વિગેરે આહાહા..... એ જડનાં કાર્ય વખતે તો એ જડ પોતાના કાર્યપણે થાય એનો પર્યાય કાળ છે તે એને કાળે થાય, હવે એમાં નિમિત્ત કોને કહેવું ? ઈશ્વર કર્તા તો કયાંય વયો ગયો. પણ પરના કાર્ય ઈશ્વરે કર્યા એ તો નહિ, પણ પરના કાર્ય પરે કર્યા, એ વખતે નિમિત્ત કોને કહેવું ? કે નિમિત્ત એને કહેવું કે આત્મા છે તે એને નિમિત્ત નહિ, કેમકે આત્મા નિત્ય વસ્તુ ભગવાન છે જો એને નિમિત્તપણે આત્માને કહો તો જ્યાં જ્યાં અવસ્થાઓ જડની કે ચૈતન્યની થાય ત્યાં ત્યાં તેને ઉપસ્થિત રહેવું પડે, ત્યારે જ્ઞાનીનો આત્મા તો નહિ પણ જ્ઞાનીના નિર્મળ પરિણામ છે, ધર્મીના સમ્યગ્દર્શનજ્ઞાન આદિ પરિણામ જે દ્રવ્યને અવલંબે થયા તે નિર્મળ પરિણામને, તે કાર્યને નિમિત્ત કહેવાય કે નહિ ? આરે ! આરે ! આવી વાતું ભાઈ કે "ના" ત્યારે હવે નિમિત્ત કહેવું કોને અમારે ? બીજી ચીજ તો છે. કે જે પ્રાણી પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એની ( જેને ) ખબર નથી અને દયા દાનના પરિણામ રાગ જે છે, તેનો જે કર્તા થાય છે અને કંપન જે જોગ છે તેનો કર્તા થાય છે તે પર્યાય જોગ ને રાગ તેનો કર્તા થાય તે, તે જોગ ને રાગ સામાના કાર્યના કાળમાં, નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આવી શરતું બહુ. આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરે ત્રણકાળ ત્રણ લોક જોયા અને વાણીમાં આ આવ્યું. આહાહા !

એ ય છેલ્લે આવ્યું. "યોગ અને ઉપયોગનો તો આત્મા પણ કદાચિત્ ભલે હો કર્તા" છેલ્લી લીટી છે ને ? એ જોગ એટલે આત્માના પ્રદેશ કંપે છે અને ઉપયોગ એટલે અહીંયા રાગ લેવો છે, ઉપયોગ એટલે ઓલો શુદ્ધ ઉપયોગ એ નહિ. રાગનો જે ઉપયોગ છે જે, જે ઉપયોગ રાગમાં જોડાણો છે તે ઉપયોગ અને કંપન એ કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી, યોગ અને ઉપયોગનો તો આત્મા પણ કદાચિત્ કર્તા ભલે હો. આહાહાહા ! એ દયા, દાન, વ્રત, ભક્તિનાં પરિણામ રાગ એનો અજ્ઞાની અજ્ઞાનપણે ભલે કર્તા હો. આહાહાહા !

"તથાપિ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો નિમિત્તપણે પણ આત્મા નથી" આહાહા ! આવી વાત હવે કયાં ! આ ધંધાના કામ થાય છે ને બધાં, આનંદભાઈના હીરાના માણેકનાં હીરાના કામ એ તો હીરો જવાનો હોય છે ત્યારે પોતાના પર્યાયને કાળે ત્યાં જાય. હવે કહે છે કે એમાં નિમિત્ત કોને કહેવું ? જોડે બીજી ચીજ છે કે નહિ ? આહાહા ! ત્યારે કહે આત્મા બીજો છે એને

પણ નિમિત્ત, એને ન કહેવાય. કારણકે જગતની બધી અવસ્થામાં જો આત્મા નિમિત્ત હોય તો નિત્ય ત્યાં કાયમ રહેવું પડે. આહાહાહા ! પણ તે કાળે જે પ્રાણી જે ઇચ્છા થઇ છે એનો જે કર્તા થાય છે અજ્ઞાની અને કંપનનો જે કર્તા થાય છે અજ્ઞાની તે તેનો કર્તા હો અજ્ઞાનપણે, પણ તે આત્મા પરના કાર્યમાં નિમિત્તપણે પણ કર્તા નથી. એ જોગ ને રાગનો કર્તા જે થાય અજ્ઞાની, તે જોગ ને રાગને તે કાર્યનાં કાર્યકાળે તો કાર્ય ત્યાં થયું છે, પણ આ જોગ ને રાગનો કર્તા થાય તેને તેમાં નિમિત્તકર્તા તરીકે કહેવાય. આહાહાહા !

નિમિત્ત માત્ર જુદી ચીજ છે ને નિમિત્તકર્તા જુદી ચીજ છે. એ શું કહ્યું ? કે પરનું જીવન અને મરણનો જે સમય છે, પરનો તે કાળે ત્યાં થાય, જ્ઞાનીને વિકલ્પ આવે એવો કે આને હું બચાવું કે મારું એવો વિકલ્પ, કર્તા નહિ, એ વિકલ્પનો કર્તા પણ નથી. ધર્મી છે તેને એ વિકલ્પ આવે પણ એ વિકલ્પનોય એ કર્તા નથી એક વાત. અને તે બીજાનાં જીવન-મરણ અને તેને સુખદુઃખની સામગ્રીનો કાળ હતો તો તેને સુખદુઃખની સામગ્રી આવી એની, ત્યારે જ્ઞાની એમ માને કે આમાં તો હું નિમિત્તમાત્ર છું, નિમિત્તકર્તા જુદું અને નિમિત્તમાત્ર જુદું, બેમાં મોટા ફેર. દેવીલાલજી ! અરે, હવે આવી વાતું. ભગવાનનો મારગ બહુ જુદો. એવા કાર્યકાળમાં જોગ અને રાગનો કર્તા થાય તે, તે જોગ ને રાગને તેને નિમિત્ત કહેવાય અને એ અજ્ઞાની જોગ ને રાગનો કર્તા થાવ અજ્ઞાનપણે તેથી તે જોગ ને રાગને કાર્યકાળમાં નિમિત્ત તરીકે કર્તા કહેવાય. જ્ઞાનીને નહિ, તેમ આત્માને નહિ. સમજાય છે કાંઇ ?

જે જડનાં અને પર આત્માનાં કાર્ય તો તે સમયે થવાનું તે થાય હવે એમાં નિમિત્ત કોણ ? કે આત્મા નિમિત્ત નહિ એક વાત. ત્યારે નિમિત્ત કહેવું કોને ? કે જ્ઞાની છે એને એ રાગ તો આવે, છતાં તે રાગનો કર્તા નથી, તેથી તે જીવન મરણનાં ત્યાં કાર્યકાળમાં જ્ઞાની એમ જાણે છે હું તો નિમિત્તમાત્ર છું નિમિત્તકર્તા નહિ. હેં ? ભાઈ આવે છે ને ? બંધ અધિકાર, બંધ અધિકારમાં આવે છે સમયસાર નથી અહીંયા. હેં ! એ નહિ ટીકા જયસેન આચાર્યની ટીકા આ સમયસાર એ તો દેખાય છે. ટીકામાં છે ટીકામાં પણ બંધ અધિકારની વાત થઇ ગઇ છે, ઘણી વાર વાત થઇ ગઇ છે, બસે એકાવન ગાથા બાવન, ત્રેપન, ચોપન, બંધ અધિકારની ગાથામાં, ધર્મી જીવ જે છે જેની દૃષ્ટિ દ્રવ્ય ધ્રુવ ઉપર છે એ સમ્યગ્દૃષ્ટિ, પર્યાયદૃષ્ટિ ઉડી ગઇ છે, તેમ રાગ ને જોગનું કર્તાપણું પણ જેને ઉડી ગયું છે. આહાહાહા ! એવા જે ધર્મી જીવ, તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ત્રિકાળી ચૈતન્યના અવલંબે જે થયું છે, તે નિર્મળ પરિણામમાં, નિર્મળ પરિણામ તો સામા( ના ) કાર્યકાળમાં નિમિત્ત પણ નહિ, નિમિત્તકર્તા પણ નહિ. આહાહા..... ફક્ત તેને વિકલ્પ ઉઠયો છે, અને એ વસ્તુ સામે જીવન સામાનું થયું ઈ તો એને કારણે છે, દેહ છૂટયો તે એને કારણે છૂટયો, એને આહાર પાણી પૈસાની સામગ્રી એને ગઇ આના હાથથી એ એના કાળે ગઇ. જ્ઞાની એમ માને કે આમાં તો હું નિમિત્તમાત્ર છું, એ તો એના કારણે આ થયું છે નિમિત્તકર્તા નહિ.

આરે ! આરે ! આવી શું વાત ! નિમિત્ત કર્તા તો સામે કાર્ય થયું છે એના જે યોગ રાગ ને ઇચ્છા ને દયા દાનના વિકલ્પનો કર્તા જે થાય તે રાગને સામાના નિમિત્તકર્તા કહેવામાં આવે છે. જ્ઞાનીને નિમિત્ત કહેવાય, કર્તા નહિ. આરે ! આરે ! સમજાણું કાંઇ ? આ આખો દિ' કામમાં લેવા ને કહેવું કાંઇ કામ કરતા જ નથી. કહો, આકરું કામ છે. એ છેલ્લે કહ્યું. યોગ અને

ઉપયોગનો તો આત્મા પણ કદાચિત્ ભલે કર્તા હો અજ્ઞાનપણે, પણ આત્મા, તો પણ પરદ્રવ્યસ્વરૂપ કર્મ, જે સામું જીવન થાય, મરણ થાય, પૈસા જાય, પૈસા આવે, ઘટ પટ રથ રચાય એનાં કાર્યનો તો આત્મા કર્તા નિમિત્તપણે પણ નથી. સમજાણું કાંઇ આમાં ? આહાહા !

ભાવાર્થઃ- આ તો ધીરાનાં કામ છે ભાઈ. આહાહા..... વીતરાગ જિનેશ્વર પરમાત્મા એનો મારગ કોઇ અલૌકિક છે. એ સાધારણ જનતાને તો સાંભળવાય મળતો નથી. આહાહા..... ( શ્રોતાઃ- કુંદકુંદાચાર્ય શાસ્ત્ર રચવામાં નિમિત્ત માત્ર ) નિમિત્તમાત્ર છે, કર્તા નહિ. ( શ્રોતાઃ- કુંદકુંદાચાર્યનું જ્ઞાન નિમિત માત્ર કે રાગ નિમિત છે ) ઈ રાગ, વિકલ્પ ઉઠયો ઈ નિમિત છે જ્ઞાનમાં તો રાગ અને સામી ક્રિયા થાય તે જ્ઞાનમાં આમ નિમિત્ત છે. આહાહા..... હવે આવી વાત સાંભળવી અને પચાવવી. કહો કાંતિભાઈ ! આ એના પ્લેનમાં હતા મોટા આ પ્લેન જુદી જાતનું છે આ.

આ તો પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ તીર્થંકરનો ‘પ્રવચનસાર’ જે દિવ્ય ધ્વનિ ( નો ) સાર તે આ ‘સમયસાર’ ભાઈ એની વાત સાંભળવા મળવી પણ પૂર્વના પુણ્યના યોગ વિના મળે નહિ પ્રભુ, બહુ મોટું કામ ! જગતના માનેલા ભાવથી આ આખી વાત જુદી છે. આહાહા..... આ ગાથા જ બહુ ઊંચી છે.

આમ માની બેસે અમે ધર્મી છીએ ને અમે જ્ઞાની છીએ એમ માને પણ અંદરમાં જો રાગ આવે ને એનું કર્તાપણું માને ને સામી ક્રિયા થાય છે એમાં હું નિમિત્તકર્તા તો છું ને ? આહાહાહા ! તો એ ભાવ અજ્ઞાનભાવ છે, મિથ્યાત્વભાવ છે. આહાહા..... કહો મનહર ! આજ તો સવારમાં યાદ આવ્યું’તું ગાંડાભાઈ આમ તપેલામાં આમ આમ કરતા’તા એ જોયું’તું પાલેજમાં, પાલેજ ઓલા ચુનીલાલ મોતીલાલની દુકાનમાં હતા ને એને કંસારાનો ધંધો હતો અમારા ગાંડાભાઈને ટાંકણે નામ લખે ને એનું નામ. એ બરાબર જોયું છે આજ સવારમાં યાદ આવ્યું’તું. પણ કહે છે અરરર ! આ નામ ઓલું ઠામ લે ને ઇ કહે અમારું નામ આમાં લખો. આહાહાહા ! કહે છે કે એ તો ત્યાં કાર્યકાળ જડનો તે પ્રકારે અક્ષર પડવાનો કાર્યકાળ હતો તે અક્ષર થયો, ટાંકણે કર્યો નથી, આત્માએ કર્યો નથી, આત્માના રાગે ને જોગે કર્યો નથી, પણ તે કરવા કાળમાં જેનો રાગ ને જોગનો કર્તા જીવ જે છે અજ્ઞાની તે હોં, અજ્ઞાનપણે તે જોગ ને રાગ તેને નિમિત્તકર્તા આરોપથી કથન કરવામાં આવે છે. પણ આત્મા તો તેમાં નિમિત્તપણે પણ કર્તા છે નહિ. આહાહાહા ! સમજાય છે કાંઇ ?

ભાવાર્થઃ- યોગ એટલે મન, વચન, કાયાના નિમિત્તવાળું આત્મપ્રદેશોનું ચલન, કંપન. યોગની વ્યાખ્યા કહી, સામા કાર્યના કાળે યોગ નિમિત્ત છે. કોનો ? કે જે યોગનો કર્તા થાય તેનો. એ નિમિત્તનો અર્થ જ છે બીજી ચીજ એમ, ત્યાં કાર્ય થાય માટે અહીં જોગનો કર્તા થાય તેને જોગનો નિમિત્તકર્તા સામાને કહેવાય. આવી ઉપાદાન ને નિમિત્તની વ્યાખ્યા.

આ તો સર્વજ્ઞ પરમેશ્વર, વીતરાગ ત્રિલોકનાથે જાણેલી, આવેલી વાત છે. યોગ એટલે મન, વચન, કાયાના નિમિત્તવાળું એટલે મન, વચન ને કાયા પુદ્ગલ છે ને, એ તો નિમિત્ત છે. આમાં આત્મપ્રદેશોનું ચલન કંપન, આત્મપ્રદેશ અંદર કંપે એને યોગ કહીએ, ઉપયોગ એટલે જાણવા દેખવાનો ઉપયોગ એ આંહીં નહિ, આંહીં ઉપયોગ એટલે જ્ઞાનનું કષાયો સાથે ઉપયુક્ત

થવું-જોડાવું, અહીં જોગ ને ઉપયોગ પરના કાર્યકાળમાં નિમિત્તકર્તા જે કહેવાય છે તે ઉપયોગ એટલે શું ? કે જ્ઞાનનું રાગ સાથે જોડાવું એ અહીં ઉપયોગ કહેવામાં આવે છે. આહાહાહા ! ઉપયોગ એટલે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા તેનું કષાય એટલે પુણ્ય ને પાપના રાગ એની સાથે ઉપયુક્ત થવું, જ્ઞાન, રાગની સાથે જોડાઇ જવું. આહાહાહા ! એને અહીંયા ઉપયોગ, આંહીં ઉપયોગ એને કહેવામાં આવ્યો છે.

આ યોગ અને ઉપયોગ ઘડો થવામાં, ઘડો તો ઘડાથી થાય છે, રથ રથથી થાય છે રોટલી-રોટલીથી થાય છે, દાળભાત-દાળભાતથી થાય છે, એની પર્યાય એનાથી થાય છે, પણ તેના નિમિત્ત ઘટાદિક અને ક્રોધાદિક, ક્રોધાદિક એટલે જડ કર્મ, જડ કર્મ જે બંધાય છે, મોહનીય કર્મ એ ક્રોધાદિ એટલે આંહીં જડ આઠ કર્મ જડ, એ જડમાં આઠ કર્મની પર્યાયના જડમાં અને બહારના કાર્યકાળમાં એને ક્રોધાદિકને નિમિત્ત છે, કોણ ? યોગ અને ઉપયોગ, મન વચન ને કાયા જે આ પુદ્‌ગલ છે તે તો નિમિત્ત છે અને અંદર કંપન થવું એ ઉપાદાન પોતાનું છે એ કંપનને યોગ કહીએ અને જ્ઞાનનું રાગને દયા દાનને વિકલ્પમાં જોડાણ થઇ જવું તેને ઉપયોગ કહીએ. આહાહા !

પુંજાભાઈ ! આમાં ક્યાંય નૈરોબીએ ય મળે એવું નથી ક્યાંય. આહાહા..... આવો મારગ પ્રભુનો અરેરે એકલો આવ્યો, એકલો જઇશ, એકલો રહીશ, પરની હારે કાંઇ તારે સંબંધ નથી પરના કાર્યકાળમાં પણ તું નિમિત્ત આત્મા એમ સંબંધ નથી કહે છે. આહાહાહા !

ફક્ત એ યોગ અને ઉપયોગ, ઉપયોગ એટલે જે આત્મા જ્ઞાન સ્વરૂપ છે, તે પુણ્ય ને પાપ શુભાશુભ ભાવરૂપી કષાયમાં જોડાઇ જાય, જોડાણ થઇ જાય, જોડાણ થઇ જાય. આહાહા..... આ યોગ અને ઉપયોગ ઘટ પટ રથ દાળ ભાત શાકની પર્યાય થાય. આહાહાહા ! એ અને ક્રોધાદિક જડ કર્મ બંધાય એમાં આ યોગ અને ઉપયોગ નિમિત્ત છે, નિમિત્ત છે એટલે કે એનાથી થયું છે એમ નહિ, થયું છે તો સામાથી પોતાના કારણે. આહાહા..... ફક્ત એ કંપન અને જ્ઞાનમાં ઇચ્છા લોભ રાગાદિનું જોડાવું તે ઉપયોગ ને યોગ, તે તે ઘટાદિકના કાર્યમાં ને જડકર્મના બંધનનાં કાર્યમાં, કાર્ય તો ત્યાં તેને કાળે ( થયું છે. ફક્ત ) આને નિમિત્ત કહેવામાં આવે છે, પરંતુ આત્માને તેનો કર્તા ન કહેવાય. આહાહાહા ! ભગવાન આત્મા તો નિત્યાનંદ પ્રભુ એને તે ઘટ-પટનાં કાર્યકાળમાં અને કર્મબંધનના કાર્યકાળમાં આત્માને તો નિમિત્તેય ન કહેવાય. આહાહાહા !

ઝીણું બહુ ભાઈ ! મારગ એવો સૂક્ષ્મ છે. આહાહા ! અરે સાંભળવા મળે નહિ એ કે દિ' વિચારે ને કે દિ' બેસારે ? આ મનુષ્યપણું હાલ્યું જાય છે અને દેહ છૂટશે એકલો ચાલ્યો જશે. આહાહા..... એકલા કેટલાય વયા ગયા બિચારા, બધું મૂકીને, એનું ક્યાં હતું. આહા ! જ્યાં ત્યાં એ કાર્યકાળમાં એના જોગ ને રાગ નિમિત્ત થાય અને તેથી એનો કર્તા થાય તેથી એમ માને કે હું આનો નિમિત્તકર્તા છું. આહાહાહા ! પરંતુ આત્માને તેમનો કર્તા ન કહેવાય. લે વળી આ યોગને રાગને નિમિત્ત કહેવાય પણ ભગવાન આત્મા તો નિર્મળ નિત્ય છે એને એ કાર્યકાળમાં તેને આત્માને પણ નિમિત્ત કહેવાય નહિ, ધીમેથી તો કહેવાય છે ભાઈ ! આ કંઇ વાર્તા નથી આ તો ત્રણલોકનો નાથ પરમેશ્વરે જે જોયું સિદ્ધાંત, સિદ્ધ થયેલી ચીજો એનું આ કથન છે. આહાહા ! ચીમનભાઈ !

આ આત્માને સંસાર અવસ્થામાં આત્માને કહેવાય નહિ પણ હવે કહેવાય શી રીતે કે હવે આત્માને સંસાર અવસ્થામાં અજ્ઞાનથી માત્ર પોતાના સ્વરૂપનું ભાન નથી તેથી, અજ્ઞાનથી માત્ર, અજ્ઞાનથી માત્ર, યોગ ઉપયોગનો કર્તા કહી શકાય. આહાહા! આત્માને માત્ર યોગ ઉપયોગનો કર્તા અજ્ઞાનપણામાં કહેવાય, પરનો તો કર્તા છે જ નહિ, નિમિત્તપણે. આહા! કહો સુજાનમલજી! આ બધા હોંશિયાર નોકરો હોય ને માણસો હોય ને કામ કરે છે ને બધા કેવા? (શ્રોતાઃ- અભિમાન કરે છે) તમારો દિકરો મોટો કામ કરે છે ને. (શ્રોતાઃ- અભિમાનથી) આહાહા! આ તો દુનિયા આખીની વાત છે. આહાહા..... ઓહોહો!

પ્રભુનો મારગ એ વીતરાગનો મારગ કોઇ અલૌકિક છે ભાઈ. દુનિયાની હારે કયાંય મેળ ખાય એવો નથી અને તેથી આ વાતને લોકો એકાંત કહીને ઉડાવી દે છે. આહાહા! એ સોનગઢવાળાએ એકાંત માર્ગ કાઢયો, નિશ્ચયાભાસ, અરે પ્રભુ સાંભળ ભાઈ, પરમાત્માનું આ વર્ણન છે, કોનું છે આ? સાક્ષાત્ ભગવાન બિરાજે છે ન્યાં ગયા હતા ને ત્યાંથી આ શાસ્ત્ર રચાણાં ભગવાનનો આ સંદેશ છે.

જિનવર આમ કહે છે, એમ આવે છે ને બલુભાઈ, પરને જીવાડી, મારી શકું માનનારા મિથ્યાદૃષ્ટિ, જિનવર એમ કહે છે, સર્વજ્ઞ એમ કહે છે, આવે છે ને? આહાહા..... ઓહોહોહો! જયંતિભાઈને તો અમેરિકા-બમેરિકામાં કાંઇ સાંભળવા મળે નહિ ત્યાં આ બધું મફતના હેરાન થાય ને કેમ આનંદભાઈ, ભાઈ ત્યાં જાય છે ને! કહે છે બેચાર મહિના જાય છે ત્યાં. આહાહાહા!

આત્માને સંસાર અવસ્થામાં અજ્ઞાનથી માત્ર યોગ ઉપયોગનો કર્તા કહી શકાય. આહાહાહા! ધર્મીના તો ધર્મના પરિણામથી પણ પરનાં કાર્યકાળે નિમિત્તકર્તા ન કહેવાય, પણ તેને રાગાદિ જે હોય તે તે જ્ઞાનમાં તેને નિમિત્ત છે, તેથી તે રાગને સામામાં નિમિત્તપણું કહેવાય, નિમિત્તપણું, નિમિત્તકર્તા નહિ. સમજાણું આમાં? આહાહાહા!

અરે, આવો મારગ, ભાઈ આ તો પરમાત્મા આ આત્માનો સ્વભાવ જ કેવળજ્ઞાન છે, આત્મા દરેક ભગવાન સર્વજ્ઞસ્વરૂપી જ ભગવાન છે, અરે કેમ બેસે એને? અલ્પજ્ઞ નહિ, રાગ તો નહિ, પુણ્ય તો નહિ પણ અલ્પજ્ઞ નહિ, ભગવાન તું તો સર્વજ્ઞ સ્વરૂપી છો પ્રભુ! વસ્તુ છે ને? એનો જે જ્ઞાન સ્વભાવ છે એ જ્ઞાન અપૂર્ણ કેમ હોય? વિપરીત નહિ ને અપૂર્ણ કેમ હોય? આહાહા..... એ આત્મા એનો સર્વજ્ઞ એટલે પૂર્ણ જ્ઞાન સ્વભાવ છે, ત્રિકાળ હોં. આહાહાહા! એ સર્વજ્ઞ સ્વભાવી જે આત્મા પ્રભુ એ તો પરના કાર્યકાળમાં નિમિત્ત પણ નહિ. આહાહાહા! એમ સર્વજ્ઞની પર્યાય લોકાલોકને નિમિત્ત કહેવાય. ભાઈ નિમિત્તકર્તા નહિ, લોકાલોકને ભગવાન જાણે છે અને એ જાણવાનો સ્વભાવ જ ભગવાન આત્માનો પૂર્ણ બધાનો, પ્રભુનો છે, એ સ્વભાવની દૃષ્ટિએ જોઇએ, તો એ પરના કાર્યકાળે તો નિમિત્તપણે પણ આત્મા નથી.

અને જેણે સર્વજ્ઞપણું પ્રગટ કર્યું, જે સ્વભાવ હતો તે પ્રગટયો, ભગવાન તો સર્વજ્ઞ સ્વરૂપી જ છે પ્રભુ, એ સર્વજ્ઞ પર્યાય પ્રગટી એ લોકાલોકને નિમિત્ત છે, નિમિત્તકર્તા નહિ અને લોકાલોક તે જ્ઞાનમાં નિમિત્ત છે, લોકાલોક જ્ઞાનના કર્તા નહિ, નિમિત્તકર્તા નહિ, ભાઈ. આહાહાહા! આવે છે ને છેલ્લું સર્વ વિશુદ્ધ, સર્વ વિશુદ્ધમાં આવે છે ભાઈ દેવીલાલ? આ કેવળજ્ઞાન જેવો પોતાનો સ્વભાવ પૂર્ણ પ્રભુનો છે, બધા ભગવાન છે ભાઈ એ સર્વજ્ઞ સ્વરૂપી જ તું છો, ભાઈ

તને ખબર નથી. આહાહા..... રાગ ને પુણ્ય દયા, દાનના વિકલ્પ તો તારા નથી ને તારામાં નથી પણ તારામાં તો અલ્પજ્ઞપણુંય નથી. આહાહા..... આંહીં તો સર્વજ્ઞે જોયેલું કહ્યું એમાં સર્વજ્ઞ સ્વભાવ તારો છે. આહાહાહા ! આકરું કામ ! પહેલી તો વાત આવી સાંભળવી મળવી મુશ્કેલી એમાં એને બેસાડવી અંદર. આહાહાહા !

એથી કહે છે કે સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ તું છો ને ? એનો અર્થ એ કે રાગાદિ થાય કે પર આદિ થાય તેનો તું જાણનાર દેખનાર સ્વભાવ હોં, નિયમસારમાં તો એમેય લીધું છે ને ભાઈ, કે આત્મામાં જે જ્ઞાનદર્શન છે એ આત્માના ત્રિકાળીને જાણે દેખે ( એવો ) એનો સ્વભાવ છે પોતાનો, શું કહ્યું ઈ ? નિયમસારમાં છે. –આત્માનો જે જ્ઞાનદર્શન સ્વભાવ છે એ સ્વભાવ, ત્રિકાળી દ્રવ્યને જાણવા દેખવાનું સ્વરૂપ છે, બધા જીવની વાત છે આ હોં. આહા ! પણ તેની પર્યાયમાં જે અજ્ઞાન ને રાગદ્વેષ છે, તેથી તેને સર્વજ્ઞસ્વભાવીની સર્વજ્ઞ સ્વભાવી આત્મા છું, એવું રાગના અજ્ઞાનને લઇને, રાગમાં જોડાણને લઇને, સર્વજ્ઞ સ્વભાવીના જોડાણ વિના, સમજાણું કાંઇ ? સર્વજ્ઞ સ્વભાવી ભગવાન એની સાથે જોડાણ વિના, રાગ ને કંપનની સાથે જોડાણ હોવાથી પર્યાયમાં. અને તેનો તે કર્તા થવાથી એ સર્વજ્ઞ સ્વભાવી આત્મા તો પરના કાર્ય કાળમાં નિમિત્ત પણ નહિ, અને આમ દેખો તો સર્વજ્ઞ પર્યાય જ્યાં પ્રગટ થઇ, એમાં લોકાલોક નિમિત્ત, નિમિત્તકર્તા નહિ અને લોકાલોકમાં કેવળજ્ઞાન નિમિત્ત એ કેવળજ્ઞાન પર્યાય એ લોકાલોકને નિમિત્ત પણ કેવળજ્ઞાન પર્યાય લોકાલોકની કર્તા નહિ, અરે આવું શું ? નિમિત્ત શું અને નિમિત્તકર્તા શું ? ચીમનભાઈ ! એવી વાતું છે બાપુ. આહાહાહા !

અરેરે અનાદિ કાળથી, ધણી પોતાનો ધણીને ધાર્યો નહિ એણે. આહાહા ! જ્ઞાન સ્વભાવી, દર્શન સ્વભાવી, આનંદસ્વભાવી ભગવાન એને એણે ન ધાર્યો, એને એણે ન માન્યો એને લઇને આ રખડી મરે છે, ૮૪ ના અવતાર કરી કરીને. આહાહા..... ભલે સાધુ થાય. પંચમહાવ્રત પાળે પણ એ તો રાગ છે. આ સ્વભાવને જાણવાનું હતું એ ન જાણ્યું. સર્વજ્ઞદર્શી, સર્વદર્શી સ્વભાવ જો એ શક્તિ છે આવી સર્વદર્શી ને સર્વજ્ઞ શક્તિ છે આત્મામાં ૪૭ માં આવે છે, એ સ્વભાવ જ સર્વદર્શી સર્વજ્ઞ છે, ત્યારે પર્યાયમાં જે પ્રગટ થયો એ ત્રિકાળી સર્વજ્ઞદર્શી સ્વભાવ એ તો પરકાર્યમાં લોકાલોકને નિમિત્ત પણ નહિ. ભાઈ ! શું કીધું, સમજાણું કાંઇ ? જે સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવ એ લોકાલોકને નિમિત્ત પણ નહિ, પણ સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવમાંથી સર્વજ્ઞ સર્વદર્શી પર્યાય થઇ તે પર્યાય લોકાલોકને નિમિત્ત કહેવાય, નિમિત્તકર્તા નહિ. આહાહા..... અને જે કેવળજ્ઞાન ને કેવળદર્શન એમાં લોકાલોક નિમિત્ત છે, પણ છતાંય લોકાલોક કેવળજ્ઞાનની પર્યાયનો કર્તા નહિ. આહાહા..... સમજાણું કાંઇ ? આવી વાતું હોય હવે ઓલા સાધારણ સાંભળીને બેઠા હોય ને જાણે કે આપણે સમજી ગયા, હવે આ મારગડા જુદા પ્રભુ તારા, ભાઈ. આહાહા ! એ આંહીં કહ્યું. આહાહા !

ભગવાન સર્વજ્ઞ, સર્વદર્શી એ આત્મા એ આત્મા તો ઘટ પટ આદિના કાર્યકાળમાં કાર્ય તો તેનાથી થયું, ઘડો કુંભારથી થયો નથી માટીથી થયો છે. રોટલી સ્ત્રીથી થઇ નથી, તાવડીથી થઇ નથી, વેલણાથી થઇ નથી, એ તો એના લોટથી તે રોટલી થઇ છે. આહાહા ! એમ જગતના જેટલા જડના કાર્ય ને આત્માના કાર્ય તેનામાં છે, તે કાર્યકાળમાં સર્વજ્ઞ સ્વભાવી ભગવાન

સર્વદર્શી સ્વભાવી આત્મા તો નિમિત્તપણે પણ નહિ કહે છે. આહાહાહા ! ફક્ત અજ્ઞાની જે રાગ ને વિકલ્પ ને જોગનો, ત્યાં દૃષ્ટિ છે, ધ્રુવ ઉપર દૃષ્ટિ નથી, સમજાણું કાંઇ ? એ ઇચ્છા ને જોગ ઉપર દૃષ્ટિ છે, પર્યાય બુદ્ધિ છે એણે ધ્રુવ સ્વરૂપ હું ત્રિકાળી છું એ બુદ્ધિ નથી, તેવા પર્યાયબુદ્ધિવાળાનાં રાગ જોગનો એ પર્યાયબુદ્ધિવાળો કર્તા થાય, તે જોગ ને રાગ સામે કાર્યકાળ તો તે થયું છે, તે છે, ત્યારે આને નિમિત્તકર્તા કહેવામાં આવે. આહાહા !

ગજબ વાતું છે. કેટલાકે તો સાંભળીય નહિ હોય પહેલાં કોઇ દી ' એવી વાતું છે, નવરાશ ક્યાં છે, આખો દિ ' ધંધાપાણી પાપના ધંધા આખો દિ ' ધર્મ તો નથી પણ પુણ્યના ય ઠેકાણાં નથી ત્યાં. પુણ્ય તો બેચાર કલાક સત્ સમાગમ પણ સત્ સમાગમ મળવો અત્યારે મુશ્કેલ છે પણ કેને સત્ સમાગમ કહેવો. આહાહા..... આ સાધુ થયા માટે આ સત્ સમાગમ છે, એમ તો કાંઇ નથી. દૃષ્ટિ મિથ્યાત્વ છે હજી તો. એ રાગની પર્યાયના કર્તા થાય, પરના કાર્ય હું છું તો થાય, એવા માનનારા તો મિથ્યાદૃષ્ટિ છે. એ સત્સંગ નથી એ તો અસત્સંગ છે. આહાહા ! હવે અહીંયા ધર્મ તો નથી પણ સત્સમાગમ જે ચોવીસ કલાકમાં ચાર પાંચ કલાક તો જોઇએ તે ય નથી કે જેથી એને પુણ્ય બંધાય. આહાહાહા ! હવે પુણ્ય બંધાવાના ઠેકાણાં ન મળે એને જાવું ક્યાં પ્રભુ ? ભાઈ મારગ એવો છે. આહાહાહા !

ઓહોહો ! શું ગાથા, ૧૦૦ ગાથાએ તો ૧૦૦ નંબર કર્યા. મીંડાની કિંમત એકડો આવ્યો ત્યાં વધી ગઇ, ૧૦૦ થઇ ગયો ૧૦૦ 'સો' તે. આહાહાહા ! એને વિચારમાં એના જ્ઞાનમાં એને ઓગાળવું જોઇએ. મનન-મનન કરવું જોઇએ. જો કે મનન છે, એ હજી રાગ છે, દુઃખ છે. આહાહા ! પણ એ મનન આવે, અનાદિથી ભિન્ન દશાની શ્રદ્ધા છે, એથી સત્ય શું છે એ સાંભળીને એનો વિચાર ને મનન આવે, પણ એ મનનનો વિકલ્પ છે એ પણ દુઃખરૂપ છે. આહાહાહા ! એ મનનના વિકલ્પનો જે કર્તા થાય એ અજ્ઞાની છે, આહાહા..... તેનો આત્મા પરનાં કાર્યમાં તો નિમિત્ત નથી. ફક્ત અજ્ઞાની મનનનો કર્તા થાય છે, તેથી તે જેનો નિમિત્ત થાય તેનો એમાં નિમિત્તકર્તા કહેવાય છે.

ધર્મી જીવને સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવ એવું જે તત્ત્વ પ્રભુનું, સચ્ચિદાનંદ પ્રભુ સત્ ચિદ્ નામ જ્ઞાન ને આનંદ જેનું ત્રિકાળી જ્ઞાન ને ત્રિકાળી આનંદ જેનો સ્વભાવ એવા સચ્ચિદાનંદ પ્રભુને જેણે જાણ્યો ને માન્યો, અને જેનો જેને સ્વીકાર થયો, એવા સર્વજ્ઞ સર્વદર્શીનો સ્વીકાર થઇને સત્કાર થયો, તેના પરિણામમાં તો નિર્મળતા આવે, શાંતિ આવે, આનંદ આવે. આહાહાહા !

એ પરિણામમાં એને જરી જોગ ને રાગ હોય છે તે તેનાં પરિણામમાં એ આમ નિમિત્ત છે. સમજાણું જયંતિભાઈ ? ઝીણી વાતું છે બાપુ. આહાહાહા ! શું કીધું ઈ ? સર્વજ્ઞ સર્વદર્શી પ્રભુ છે દરેક આત્મા, એવા સર્વજ્ઞ સર્વદર્શી ધ્રુવ એની જેને દૃષ્ટિ થઇ, પરિણામને ધ્રુવમાં સ્થાપ્યા તેને જે પરિણામ નિર્મળ થયાં. સમ્યગ્દર્શનજ્ઞાન આદિ એ પરિણામ પરના કાર્યમાં નિમિત્ત તો નથી, પણ તે પરિણામમાં જોગ ને રાગ આની કોર નિમિત છે. જ્ઞાન તો પોતાથી થયું છે પણ તેમાં જોગ અને રાગ અને જે કાર્ય થયું તે આ જ્ઞાનમાં નિમિત્ત છે, આવું છે આ તો. સમજાણું કાંઇ ?

કેમ કે જ્ઞાયક સર્વજ્ઞ, સર્વદર્શી પ્રભુ એનું જેને અંતર્મુખ થઇને સ્વીકાર થયો ને દર્શન જ્ઞાનની પર્યાય પ્રગટ થઇ. તે નિર્મળ પર્યાય પરના કાર્યમાં નિમિત્ત તો નહિ, નિમિત્તકર્તા નહિ

પણ તે જ્ઞાનમાં રાગાદિ થાય અને પર કાર્ય જાણવામાં આવે તે જ્ઞાનમાં એ પરકાર્ય ને રાગ નિમિત્ત થાય, આમ ઉપાદાન તો પોતાથી થયું છે જ્ઞાન, સમજાણું કાંઇ ? ઉથલપાથલની વાતું છે. આહાહા ! ( શ્રોતાઃ- ગૌણપણે નિમિત્ત છે ) નહિ, નહિ, નહિ, નિમિત્ત છે. આ જ્ઞાન પોતે સ્વપરપ્રકાશક છે ને ? સ્વપરપ્રકાશક થયો એટલે પર પ્રકાશમાં એ નિમિત્ત છે એટલું, નિમિત્ત થયું એટલે કે એનાથી થયું છે એ કયાં આવ્યું ? ( શ્રોતાઃ- મુખ્યપણે નિમિત્ત છે ) નહિ, નહિ, નહિ એ નહિ એમ નથી. એમ નથી પકડાતું. પહેલું તો એ કહી દીધું કે કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત છે, એટલે શું ? લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે, એટલે શું ? છે એટલું બસ, અને લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે અને કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત, એટલે શું ? એક બીજી ચીજ છે બસ એટલું, એ કેમ કે જ્ઞાનમાં સ્વપરપ્રકાશક પર્યાય પ્રગટી છે. તેમાં સામી ચીજ નિમિત્તનું અહીં જ્ઞાન પ્રગટયું છે, તેથી તેને નિમિત્ત કહેવામાં આવે છે.

અરેરે ! આવું ઝીણું બાપુ શું કરીએ, મારગ વીતરાગનો બહુ એક બાજુ રહી ગયો. અત્યારે તો ગરબડ મોટી હાલી અને સત્યની વાતને અત્યારે એકાંત કહીને ઉડાવી દયે છે માળા, કરે શું કરે એને ખબર નથી ને. આહાહાહા ! ઓલી કોર, અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવુંઃ- છે ? જેટલું સમજાય એટલું સમજવું બાપુ, આ તો પરમ અમૃતસાગર ભગવાને અમૃતસાગર ઉછાળ્યો છે. પરમાત્માએ અંદર દિવ્ય ધ્વનિ દ્વારા આવું આવ્યું "ઓમકાર દિવ્ય ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે" સાધારણનું કામ કાચું નહિ, ગણધર જે હોય તે તેના અર્થને વિચારે. "અને રચી આગમ ઉપદેશ" અને આગમ ઉપદેશની રચના કરે નિમિત્તથી. આહાહાહા ! ભાષા શું કહેવાય. "ભવિક જીવ સંશય નિવારે" જે યોગ્ય ને પાત્ર જીવ હશે, તે આ વાણી સાંભળીને પોતા તરફનું લક્ષ કરીને, સંશયનો નાશ કરે. કાંતિભાઈ ? આહાહા..... શું છે આ ? કયા ઘરની વાત આ ? ભાઈ ભગવાનના ઘરની વાત છે. બાપુ !

અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવું. દ્રવ્યદૃષ્ટિથી તો કોઇ દ્રવ્ય, અન્ય કોઈ દ્રવ્યનો કર્તા નથી. દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્ય જે વસ્તુ છે, એની દૃષ્ટિથી જોઈએ તો તો તે પરદ્રવ્યનું કોઇ પણ નિમિત્તપણે પણ કર્તા નથી. નિમિત્તપણે આ નિમિત્તપણાનો અર્થ કાર્ય તો ત્યાં થયું જ છે. આહાહા ! કુંભાર સમકિતી હોય, હોય નહિ ? તો ઘડો તો માટીથી થયો છે ત્યાં એ સમકિતી જ્ઞાની એ દ્રવ્યદૃષ્ટિવંત છે તેથી તે તેનો નિમિત્તકર્તા ઘડાનો પણ નહિ. કુંભારે ય સમકિતી હોય છે ને ? એ કયાં ન્યાત નડે છે ? આહાહા ! તો એ સમકિતીને વિકલ્પ ઉઠયો જરી ઘડો થાય છે તેમાં ત્યાં લક્ષ, પણ તે વિકલ્પનોય કર્તા નથી, તેથી તે ઘડાના કાર્યનો નિમિત્તપણે પણ તે કર્તા નથી. આહાહાહા ! સમકિતી બાઇ હોય અને રોટલી થાતી હોય, તે તો રોટલી તો થઈ તે લોટનું કાર્ય છે તે થયું છે, હવે એમાં સમકિતી જે છે એને સ્વનું જે જ્ઞાન થયું છે, એમાં ઈ પરસંબંધીનું જ્ઞાન પણ હારે થયું છે, તો એ જ્ઞાનમાં તે નિમિત્ત કહેવાય છે પણ એ કાર્યમાં તે ધર્મી અને તેના પરિણામ નિર્મળ એ નિમિત્તપણે પણ કહેવાતા છે નહિ. આહાહા..... આવી વાતું હવે. સમજાણું કાંઇ ? પાણીનું બેડું ભરીને કુવામાંથી જે સમકિતી( બાઈ ) છે, ધ્રુવ ઉપર દૃષ્ટિને લઇને સમ્યગ્જ્ઞાન થયું છે, તે કાર્યનો તેનો આત્મા તો નિમિત્ત નહિ પણ તેનાં નિર્મળ પરિણામે ય નિમિત્ત નહિ, ફક્ત વિકલ્પ ઉઠયો છે એથી નિમિત્ત ( છે તે ) વિકલ્પનો કર્તા નહિ તેથી તે આમાં તો નિમિત્તમાત્ર છું એમ એ જાણે

છે. નિમિત્તકર્તા નહિ, આવું છે. આહાહા !

અરે પરમ સત્ય પ્રભુ એ કાને ન પડે પ્રભુ તારું શું થાય ? આહાહા..... એ અબજોપતિ જેને આ સત્ય કાને પડયું નથી એને તો વિચાર કયાંથી આવે કહે છે. આહાહા ! એ મરીને માંસ આદિ ન ખાતા હોય તો પશુમાં જાય, ગધેડા ને ગધેડી થાય, કાં ગાયનું બચ્ચું, બકરીનું બચ્ચું. આહાહા..... પ્રભુ ! પ્રભુ ! આ મારગ આવો ભાઈ. આહાહા ! કેમકે ત્યાં ક્ષણે ને પળે રાગ ને જોગનો કર્તા થાય, પરનો તો કર્તા નહિ. એ મિથ્યાત્વના પોષણમાં, અનંતા જનમમરણ નિગોદના કરવાની તાકાત છે એમાં, ભાઈ ! ભવ અને ભવના ભાવ વિનાનો તું પ્રભુ. શું કીધું ઈ ? ચાર ગતિના ભવો અને એનો ભાવ રખડવાનો એ ભાવ ને ભવ વિનાનો તું છો. એવી જેને ખબરું નથી. એવું જેને જ્ઞાન નથી, તે રાગ અને પુણ્યના પરિણામમાં હું કર્તા છું-એનો. દયાના પરિણામનો કર્તા છું, દયા કરી શકતો તો નથી એ તો કીધું ને, એ તો ત્યાં દયાનું કાર્ય તો ત્યાં થયું છે, એનું આયુષ્ય ને શરીર હતા રહેવાનાં એ તો ત્યાં થયું છે એ કાર્ય છે, પણ આ કહે કે હું આંહીં આવ્યો માટે બચ્યો એ મિથ્યાદૃષ્ટિ માને છે પણ જ્ઞાનીને વિકલ્પ આવ્યો, પણ એ વિકલ્પનો ય કર્તા નથી, સામાનું પોતાના જ્ઞાનમાં વિકલ્પ આમ નિમિત્ત થાય જાણવામાં અને તે કાર્ય થયું તે પણ અહીં જાણવામાં નિમિત્ત થાય કારણકે સ્વપરપ્રકાશક પર્યાય પોતાથી પ્રગટી છે, એમાં એ નિમિત્ત કહેવામાં આવે છે. ઝીણું બહુ ભાઈ ! આજ તો બહુ ઝીણું આવ્યું. આ તો ત્રણ દિ'થી હાલે છે.

દ્રવ્યદૃષ્ટિથી તો કોઇ દ્રવ્ય અન્ય કોઇ દ્રવ્યનું કર્તા નથી. “પરંતુ પર્યાયદૃષ્ટિથી જોયું”, પર્યાયદૃષ્ટિથી એટલે અજ્ઞાની રાગ ને જોગનો કર્તા થાય એ પર્યાયદૃષ્ટિથી, કોઇ દ્રવ્યનો પર્યાય કોઇ વખતે, કોઇ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે. આહાહા ! સમજાણું કાંઇ ? તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના પરિણામના નિમિત્તકર્તા કહેવાય, અજ્ઞાનીના. એમ લીધું ને, આ તો કોઇ દ્રવ્યનો પર્યાય કોઇ વખતે, એટલે અજ્ઞાન વખતે, શું કીધું ઈ ? અજ્ઞાન વખતે જ્યાં સુધી અજ્ઞાની છે ત્યાં સુધી એ કોઇ વખતે કોઇ અન્ય દ્રવ્યના પર્યાયમાં એ કોઇ વખતે એટલે કે રાગનો કર્તા થાય છે, એ અજ્ઞાનદશાવાળો એ વખતે, આ તો ઓગાળવા જેવું છે બાપુ ! આહાહાહા ! હમણાં એક ભાઈ સાંભળ્યું'તું મગજ ફરી ગયું'તું જરી ઓલા જમનાદાસ નહીં. મગજ અસ્થિર થઇ ગયું છે ને લૂગડાં કાઢી નાખે છે ને નગ્ન થઇ ગયો, હું સાધુ થઇ ગયો, મને કેવળ થાશે એમ બકતા'તા આહાહા..... આ વાત જેને પરમાં બહુ લઢણ હોય છે ને મગજ ઠેકાણે ન રહે પછી. આહાહા !

એટલે કે દ્રવ્યનો પર્યાય કોઇ વખતે એટલે કે અજ્ઞાન વખતે કોઇ અન્ય દ્રવ્યના પર્યાયનો નિમિત્ત થાય છે, તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના પરિણામના નિમિત્તકર્તા કહેવાય, નિમિત્ત થાય છે ને ? તેથી નિમિત્તકર્તા કહેવાય છે. આહાહાહા !

શું ભર્યું છે, કુંદકુંદાચાર્ય અને એમના ટીકા કરનારા અમૃતચંદ્રાચાર્ય ગજબ વાત છે ! “પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામનો કર્તા છે”, એ રાગ ને જોગનો કર્તા પોતે છે, અન્યના પરિણામનો તો અન્ય દ્રવ્ય કર્તા નથી. અન્યના પરિણામનો તો અન્ય દ્રવ્ય કર્તા નથી. સમજાણું કાંઇ ? એ અજ્ઞાન વખતે રાગનો કર્તા થાય તે કાળે તે કાર્યકાળ તો ત્યાં છે, તેને એ અજ્ઞાન કોઇ

વખતે એટલે કે અજ્ઞાન જ્યાં સુધી છે, ત્યાં સુધી તો એને કર્તા નિમિત્તકર્તા કહેવાય છે, પણ તેને જ્યારે જ્ઞાન થયું આત્માનું, તો રાગ અને જોગનું કર્તાપણું મટી અને જ્ઞાનમાં સ્વને અને રાગ જોગને જાણવાનો પર્યાય પ્રગટયો, તે વખતે તો એ નિમિત્તકર્તા પણ છે નહિ. આહાહા !

દ્રવ્ય પોતાના જ પરિણામનો કર્તા, અન્યના પરિણામનો અન્ય દ્રવ્ય, દ્રવ્યકર્તા નથી. સમજાણું કાંઇ ? અન્યના પરિણામ તો પરિણામકાળે થયાં એનો દ્રવ્ય, આત્મા દ્રવ્ય કર્તા નથી. એનો પર્યાય અજ્ઞાનકાળે જ્યાં સુધી છે ત્યાં સુધી રાગ જોગનો કર્તા થનારો પરના કાર્યકાળે નિમિત્ત કર્તા કહેવાય છે. વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૨૦૧ ગાથા-૧૦૦ બુધવાર, મહા વદ-૯, તા. ૨૧/૨/'૭૯

સમયસાર ૧૦૦મી ગાથા ફરીને સો. સો. સો ટકા. આહા !

ટીકાઃ- આ નિમિત્ત-ઉપાદાનના બધા ઝઘડાનો નીવેડો છે આમાં, આપણે વાત થઈ ગઈ છે. પણ રામજીભાઈને, નવા આવ્યા છે ને હમણાં અમારે હીરાલાલજી.

ખરેખર અહીંથી છે, 'યત્કિલ' શબ્દ છે ને સંસ્કૃતમાં, ખરેખર ઘટ પટ આદિ જડ પદાર્થ આદિ, અન્ય ક્રોધાદિ જડ કર્મ-જડ કર્મ, જડ કર્મ જ્ઞાનાવરણી, દર્શનાવરણી આદિ જડ કર્મ એ પરદ્રવ્યસ્વરૂપ કર્મ, એ છે, એટલે કાર્ય તો ત્યાં છે. હવે એની વાત. ખરેખર તો તે જ્ઞાનાવરણાદિની કર્મની પર્યાય, ઘટપટાદિની પર્યાયનો નિજ ક્ષણ છે. તેથી તે કાર્ય છે. શું કહ્યું સમજાણું ? આહાહા ! કાર્ય તો 'છે' હવે અહીંયા નિમિત્ત કોને કહેવું એ અપેક્ષા, નિમિત્તથી થાય છે, એ પ્રશ્ન અહીંયા નથી.

એ તો કીધું ઘટ પટ વસ્ત્ર કપડા, કાગળ ઊંચા નીચા થવા કોઈ પણ ચીજ એ એના નિજ ક્ષણે તે કાર્ય છે, છે ને ? પરદ્રવ્ય સ્વરૂપ કાર્ય છે, ભલે સંસ્કૃત ટીકામાં 'છે' શબ્દ પડયો નથી, પણ વસ્તુ છે એમ લેવાનું છે. "યત્કિલ ઘટાદિ ક્રોધાદિ વા પરદ્રવ્યાત્મકં કર્મ" બસ 'કર્મ' કર્મ એટલે છે એમ. સમજાય છે કાંઈ ? આ હાથ આદિ એ અવસ્થા આમ થાય, આમ થાય છે, એ કાર્ય છે, પરદ્રવ્યનું કાર્ય છે, ઘટનું કાર્ય છે, પટનું કાર્ય છે. રોટલીનું કાર્ય છે. સુતારનું ગાડાનું એ કાર્ય છે. એ કાર્ય અહીં છે. છે એ સમયે છે એ પ્રશ્ન પહેલો છે. સમજાણું કાંઈ ? આહાહા !

'કિલ' ખરેખર તે તે સમયમાં ઘટનું ઘટપણે કાર્ય છે. પટનું પટપણે કાર્ય છે. રથનું રથપણે કાર્ય છે. કર્મનું કર્મપણે કાર્ય છે. તેને આ આત્મા. આહાહાહા..... કેટલો ખુલાસો છે, ગરબડ, ઘણી કરે બિચારા શું કરે ? તેને આત્મા વ્યાપ્ય વ્યાપકભાવે તો કરતો નથી. એટલે કે ઘડાના પરિણામ તે વ્યાપ્ય અને આત્મા વ્યાપક-કર્તા એમ તો નથી. એમ પટનું કાર્ય, એ આત્મા કર્તા અને પટનું કાર્ય વ્યાપ્ય, અથવા પટનું કર્મ અને આત્મા કર્તા અથવા પટના ને ઘટના પરિણામ એને પરિણામી આત્મા અને પરિણામ એનું, એમ નથી. સમજાય છે કાંઈ ? આહાહાહા !

આ બોલવાની ભાષા થાય છે તો કહે છે કે એ ભાષાનું કાર્ય તો છે. જેમ પગ હાલે છે એ કાર્ય છે, રોટલીનું કાર્ય કાર્યપણે છે. આહાહાહા ! અક્ષરો લખાય છે એ અક્ષરનું કાર્ય અક્ષરપણે તો છે. હવે છે એની અપેક્ષા, અને આત્માને એની ( હારે ) સંબંધ શું છે ? તે કાળે તે

કાર્ય તો છે. તેમાં આત્મા, તે કર્મ અને આત્મા કર્તા એમ નથી. એ કાર્ય વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ નથી. જે પરિણામ–કાર્ય એ પરિણામ અને આત્મા પરિણામી, એવું પરિણામી પરિણામપણું નથી. એ વ્યાપ્યભાવે તો કરતો નથી. જોયું ?

હવે નિમિત્તની વ્યાખ્યા લે છે. પણ તે કાર્ય તો છે તે કાળે, નિમિત્ત કોને કહેવું એ પ્રશ્ન ઉઠયો બસ. નવું થાવું છે એમ પ્રશ્ન નથી. કાર્ય તો છે. એ તો પહેલેથી કહ્યું 'ને. આહાહાહા ! એ છે એ પ્રશ્ન છે ને. પછી થાય તો પણ છે. છે એનો પ્રશ્ન આંહીં છે ને ? છે એટલી વાત આંહીં કરી, નવું થાય એ વખત પણ છે. સમજાય છે કાંઈ ? આદિ જડ આદિ બધા લીધાં છે. અને કર્મ આદિ જડ આદિ, કર્મ જડ છે.

આત્મા તો કંઈ પરનો આત્મા કર્તા, આત્મા બીજા આત્માનો કર્તા એ તો પ્રશ્ન અહીં છે નહિ. છતાં આત્માનું પણ કાર્ય જે સામે છે, એ છે, એને બીજો આત્મા એના પરિણામનો પરિણામી થઈને પરિણામ કરે, વ્યાપક થઈને વ્યાપ્ય કરે, કર્તા થઈને કાર્ય કરે એવું તો છે નહિ. આહાહાહા ! સમજાણું કાંઈ ? કારણકે જો એમ કરે તો તન્મયપણાંનો પ્રસંગ આવે તો પરદ્રવ્યમાં પોતે ભળી જાય ને પોતાની જુદાઈ રહે નહિ. આહાહા ! ઘટનાં પરિણામને જો કુંભાર કરે, તો કુંભાર ઘટમાં ભેગો ભળી જાય, એની હૈયાતિ ભિન્ન ન રહે. પટનાં પરિણામને વણકર કરે તો વણકર કપડામાં ભળી જાય. સુતાર ગાડાને કરે, વ્યાપ્ય–વ્યાપકપણે તો ત્યાં ગાડાના કાર્યમાં સુતાર ભળી જાય, તો સુતાર ભિન્ન રહે નહિ. આહાહા ! સમજાણું કાંઈ ? એક બોલ થયો. તન્મયપણાંનો પ્રસંગ આવે. આહાહાહા !

શું ખુલાસો ! જગતનાં બધા વાંધા અત્યારે ઉઠાવે એય નિમિત્તથી થાય, નિમિત્તથી થાય, સાંભળ તો ખરો ! હવે નિમિત્ત આવે તો થાય, એ પ્રશ્ન અહીં છે નહિ. અહીં તો કાર્યકાળમાં નિમિત્ત કોને કહેવું એ પ્રશ્ન છે. સમજાણું કાંઈ ? પરની દયા પળે છે એ કાર્ય તો ત્યાં આયુષ્ય ને જીવ જે છે ઈ કાર્ય તો છે હવે એમાં, એ કાર્ય છે, એ પરિણામને આત્મા પરિણામી થઈને કરે, કર્તા થઈને કરે, વ્યાપક થઈને કરે, તો આત્મા તેમાં ભળી જાય, જુદો રહી શકે નહિ. આહાહાહા !

આત્મા પરની દયાનું કાર્ય કરે ? ગજબ વાત છે, તો આત્મા કર્તા અને એ કાર્ય, એમ બે ભળી જાય, તન્મય થઈ જાય આત્મા, એ જીવ ને શરીર છે અને હિંસા( થી ) જુદું પાડે, જુદું પાડવાનું કાર્ય કરે હિંસાનું, તો એ કાર્ય તો તે કાળે થયું છે, તેને જુદું પડવાનું, હવે આત્મા જો એને કરે તો આત્મા ત્યાં ભેગો ભળી જાય, તન્મય થઈ જાય. આહાહાહા ! સમજાણું કાંઈ ?

વળી નિમિત્ત–નૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી. આહાહા ! એ કાર્ય જે છે ઘટનું પટનું રથનું ગાડાનું રોટલીનું શાકનું. આ હાથનું હલવાનું ભાષાનું થવાનું કર્મબંધનના રજકણોનું કર્મપણે પર્યાયપણે થવાનું તે કાર્ય તો છે, હવે એને નિમિત્ત–નૈમિત્તિકભાવે પણ આત્મા કરતો નથી. આહાહાહા ! ઉપાદાન એટલે એનું કાર્ય અને આત્મા કર્તા એ તો છે નહિ, પણ હવે એ કાર્યમાં આત્મા નિમિત્ત છે ? એટલું કાર્ય છે તો ખરું ત્યાં, નિમિત્ત નૈમિત્તિકભાવે પણ, પણ એટલે ? ઓલ્યું તો નથી કર્તા–કર્મ તો નથી, પણ નિમિત્તનૈમિત્તિક ભાવે પણ નથી. નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી, કુંભારનો આત્મા નિમિત્ત અને ઘડો એનું નૈમિત્તિક એ રીતે નથી. ઈ સ્ત્રીનો આત્મા નિમિત્ત અને રોટલીની પર્યાય નૈમિત્તિક એય નથી. આ

બળખો નીકળવાનું કાર્ય છે, તે તો ત્યાં કાર્ય છે જ એમ કહે છે, હવે એને આત્મા કર્તા થઈને એને કાઢે એમ હોય તો આત્મા તે બળખામાં એકમેક થઈ જાય. એય ! આહાહા ! ગજબ વાત છે ને ! ૧૦૦ મી ગાથા છે ને ! ૧૦૦ એ ૧૦૦ ટકા બેય સ્વતંત્ર છે, એમ સિદ્ધ કરે છે. નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી આત્મા, એ કાર્ય થયા પરના તે કાળે આત્મા નિમિત્ત થઈને કરે ? નિમિત્ત ન થાય એને, કેમ ? એમ કરે તો નિત્ય કર્તૃત્વનો પ્રસંગ આવે છે. તો જ્યાં જ્યાં કાર્યકાળ હોય ત્યાં ત્યાં આત્માને નિમિત્તપણે રહેવું જોઈએ, એની ઉપસ્થિતિ ત્યાં રહેવી જોઈએ, જો નિમિત્તપણે પણ હોય આત્મા, તો આત્મા તો નિત્ય છે. આહાહાહા ! શું શૈલી ! આ વાત તો આપણે થઈ ગઈ તી' પણ આ તો વધારે ઓલી જન્મક્ષણ કહીને નાખ્યું.

ખરેખર તો તે ઉત્પાદ્ ઉત્પાદ્‌ને કારણે છે. ઘટનો પર્યાય ઉત્પાદ્ છે તે ઉત્પાદ્‌ને કારણે છે, માટીને કારણે નહિ, વ્યયને કારણે નહિ, પણ હવે એ કાર્યમાં નિમિત્ત કોને, નિમિત્ત કોને કહેવું ? બીજી ચીજ છે. કેમકે જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક બેયનો જાણવાનો સ્વભાવ છે, ત્યારે હવે અહીંયા જે કાર્ય થયું એમાં નિમિત્ત કોઈ ચીજ છે કે નહિ ? ત્યારે કહે જો આત્મા નિમિત્ત હોય તો જ્યાં જ્યાં કાર્ય થાય ત્યાં ત્યાં આત્માને તે અવસ્થાકાળે રહેવું પડે, તો આત્મા જુદો પડી શકે નહિ, તો એમ છે નહીં. શશીભાઈ ! આ તમારા સાટુ લીધું, કાલ તો હાલી ગયું'તુ ઘણું, પરમ દિ' હાલ્યું'તું થોડુંક રામજીભાઈ આવ્યા, રામજીભાઈ સાટું લીધું ફરીને. આહાહાહા !

આ લોકો તકરાર કરે છે ને બાપુ ! ભગવાન વસ્તુની સ્થિતિની મર્યાદા શું છે એ તો પહેલી સમજમાં લે. જે કાળે જે કાર્ય ત્યાં થવાનું તે થવાનું, એ તો છે જ એમ કીધું બસ હવે ત્યારે પ્રશ્ન શું છે, હવે એ કાળે કોઈ નિમિત્તપણું જ્ઞાન કરવા માટે બીજી કોઈ ચીજ છે કે નહિ ? કે જો એને આત્મા વ્યાપકપણે કર્તાપણે પરિણામીપણે પરિણામને વ્યાપકપણે, વ્યાપ્ય ને કર્તાપણે કર્મ કરે તો આત્મા તેમાં ભળી જાય, તો જુદો રહે નહિ, માટે એમ છે નહિ, હવે નૈમિતિક કાર્ય તો ત્યાં છે, પણ હવે નિમિત્ત આત્મા જો થાય, તો આત્માને જ્યાં જ્યાં નૈમિતિક કાર્ય છે ત્યાં ત્યાં આત્માની ઉપસ્થિતિ રહેવી જોઈએ. એય ! આ બધા હોંશિયાર માણસો કામ કરતા નથી આમ ? આહાહાહા ! શશીભાઈ !

નિમિત્તનૈમિતિકભાવે પણ તેને કરતો નથી. વીતરાગ સર્વજ્ઞદેવ એનાં સિદ્ધાંતો દિવ્યધ્વનિ દ્વારા નીકળ્યા તે આ વાતને પ્રસિદ્ધ કરે છે. આહાહાહા ! કારણકે જો એમ કરે તો તે નિત્ય કર્તૃત્વપણાનો-સર્વ અવસ્થામાં કર્તાપણે રહેવાનો પ્રસંગ આવે, જોયું ? જગતના જડઆદિના કાર્યકાળે. આહાહા ! આત્માને સદાય નિમિત્તપણે ત્યાં રહેવું જોઈએ, એવો પ્રસંગ આવે, માટે એમ છે નહિ. આહાહા !

હવે ત્રીજો બોલ, અનિત્ય અર્થાત્ જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા યોગ અને ઉપયોગ જ, જોયું અહીં, યોગ અને ઉપયોગ જ, યોગ એટલે કે કંપન પ્રદેશનું અને ઉપયોગ એટલે રાગમાં જોડાવું જ્ઞાનને, એવો જે ઉપયોગ, ઉપયોગ એટલે શુદ્ધ ઉપયોગ એ પ્રશ્ન આહીં નથી. એ રાગની પર્યાય, એ જ્ઞાન રાગમાં જોડાય તે ઉપયોગ એમ. સમજાણું કાંઈ ? આહાહા !

અનિત્ય ( અર્થાત્ ) જે સર્વ અવસ્થામાં વ્યાપતા નથી-એવા, કાર્ય તો કાર્ય કાળે છે જ, હવે અહીં નિમિત્ત, જો આત્માને નિમિત્ત કહીએ તો, બધી અવસ્થામાં તેની ઉપસ્થિતિ રહેવી

જોઈએ. તો એમ બને નહિ, ત્યારે હવે અનિત્ય એવા યોગ ને ઉપયોગ, આ વાણી, મન ને દેહ જે પરમાણું છે એ તો નિમિત્ત, અને કંપન થાય છે એ ઉપાદાન પોતામાં, એ કંપન છે અને જે ઈચ્છા અને જ્ઞાન ઈચ્છામાં જોડાય છે, એને અહીં ઉપયોગ કહીએ, તો જે યોગ અને ઉપયોગ જે અનિત્ય છે, તે તે કાર્યના કાળમાં, તે તે યોગ ને ઉપયોગને નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આહાહા !

આ તમારું શું પંડાળ–બંડાળ બંધાય છે, આમાં ઈ ? પંડાળના કાર્ય કાળે પંડાળનું કાર્ય ત્યાં થાય છે, એને બાંધનારો એમ માને કે તે મારાથી થાય છે તો તે પોતે ત્યાં ભળી જાય એમાં. હવે આત્માને કહીએ નિત્ય આત્મા, જુદો રહીને એને નિમિત્ત થાય, તો પણ નિત્ય છે એટલે એને કાયમ રહેવું પડે તેમાં, માટે એ પણ આત્મા નિમિત્તેય નથી.

હવે અનિત્ય એવા જે રાગ અને કંપન તે કાર્યના કાળને કાળે, આનો યોગ અને ઉપયોગ ઉત્પન્ન થવાનો આનો કાર્યકાળ છે. તે તેને નિમિત્તકર્તા તરીકે કહેવાય, નિમિત્ત કર્તા હોં, નિમિત્ત એકલું નિમિત્ત નહિ, સમજાય છે કાંઈ ? કેમ કે ત્યાં કાર્ય થયું છે ને ? એટલે યોગ અને રાગને નિમિત્તકર્તા તરીકે કહેવાય. આહાહા ! અનિત્ય એવા સર્વ અવસ્થામાં વ્યાપતા નથી એવા યોગ ને ઉપયોગ જ, જોયું ? ઉપયોગ જ, ઓલો આત્મા નિત્ય નહિ, આત્મા પરિણામી, પરિણામી તરીકે કર્તા કર્મ નહિ, ફક્ત આ જોગ ને ઉપયોગ જ, છે સંસ્કૃત એમાં, “અનિત્યૌ યોગોપયોગયો સ્ત્વાત્” “ઉપયોગ એવ” એમ શબ્દ છે સંસ્કૃતમાં. આહા..... શું ટીકા ! યોગ અને ઉપયોગ નિમિત્તપણે તેના પરદ્રવ્યસ્વરૂપ કાર્યના કાળમાં નિમિત્તપણે કર્તા છે, એમ જ્ઞાન કરવું. આહાહાહા..... સમજાય છે કાંઈ ? રોટલીના બટકા થઈને જે અંદર કટકા થાય છે, એ કાર્ય તો ત્યાં થાય છે, હવે એ કાર્યને આત્મા વ્યાપક થઈને વ્યાપ્ય કરે તો આત્મા ત્યાં ભળી જાય, માટે એ નહિ.

આત્મા નિત્ય છે, એ નિત્ય જો (નિમિત્તપણે) રહે તો દરેક કાર્યના કાળમાં એને ઉપસ્થિત રહેવું પડે, એ નહિ. હવે એ કટકા થાય છે તેમાં, કાર્ય તો ત્યાં થયું જ છે, રોટલીનું બટકાનું, શાકનું કટકાનું, તેમાં યોગ ને ઉપયોગ જ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. છે ? યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેમાં પરદ્રવ્યસ્વરૂપ કર્મના કર્તા છે. નિમિત્તપણે એટલે ? નિમિત્તથી થાય છે એમ અહીં પ્રશ્ન નથી. છે તો છે આ વાંધા આખા એ શબ્દ છે ને ? નિમિત્ત આવ્યું એટલે જાણે નિમિત્તથી અહીંયા થયું, અહીં છે તો છે. આહા..... યોગ અને રાગનો ઉપયોગ, એને, તેને કાર્યના કાળમાં આ બાજુંને નિમિત્તકર્તા કહેવામાં આવે. એટલે એ આવ્યું માટે અહીં થયું એમેય નથી, તો તો એનાથી થયું. આહાહા !..... શશીભાઈ ! ભાઈ આવ્યા છે ને હસમુખભાઈ આ સમજવા જેવી વાત છે આ, આખા ઉપાદાન ને નિમિત્તના ઝઘડા છુટા પડી જાય એવું છે. આહાહાહા !

‘રાગાદિવિકારવાળા ચૈતન્યપરિણામરૂપ પોતાના વિકલ્પને” હવે, એ તો નિમિત્તકર્તા કીધો, કોને ? કે રાગાદિવિકારવાળા ચૈતન્યપરિણામ પોતાના વિકલ્પને અને આત્માના પ્રદેશોના કંપનરૂપ પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી, જોયું ? એ રાગ અને કંપનને અજ્ઞાની, અજ્ઞાનપણા વખતે કર્તા હોવાથી, એ કાર્યકાળમાં તેને નિમિત્તકર્તા કહેવામાં

આવે. અજ્ઞાની રાગ અને યોગ એટલે જ્ઞાનમાં જોડાવાનો રાગ અને કંપનનો અજ્ઞાની કદાચિત્ એટલે અજ્ઞાનકાળમાં કર્તા હોવાથી એને કાર્યકાળમાં તે જોગ ને રાગને કરતો હોવાથી એવા અજ્ઞાનીના જોગ ને રાગ તેને કાર્યકાળમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કહો હીરાલાલજી! આહાહા! ગજબ વાત છે. ઓહોહો! ૧૦૦ ગાથામાં કેટલું સમાડી દીધું છે!

લોકોએ મધ્યસ્થથી શાંતિથી વિચાર કરવો જોઈએ, મનન કરવું જોઈએ. (શ્રોતાઃ- લોકો મધ્યસ્થથી જ્ઞાન કરે એવું બને જ નહીં, અજ્ઞાની એમ જ કરે) સાંભળવા આવે છે ત્યારે એને માટે એમ કહે ને કે સાંભળવા તો તું આવ્યો છો ભાઈ તો હવે સાંભળ તો ખરો, એ શું કહેવાય છે, એ તરફ તારું લક્ષ તો જાય, એમ એનો અર્થ ઈ છે. આહાહા! એ પોતે પોતાનાં પરિણામનો કદાચિત્ એટલે જ્યાં સુધી અજ્ઞાન છે, ત્યાં સુધી આત્મા કરતો હોવાથી, તે પણ એ સિદ્ધાંત કર્યો, કે જ્ઞાનમાં રાગનું જોડાવું, એવો જે ઉપયોગ અને કંપન એ પણ અજ્ઞાનથી અજ્ઞાન છે ત્યાં સુધી, અજ્ઞાનથી તેનો એ કર્તા થાય છે, ખરેખર એ વસ્તુ (છે) એનો કર્તા છે નહિ. સમજાણુ કાંઈ?

યોગ અને ઉપયોગનો તો આત્મા પણ કદાચિત્ ભલે કર્તા હો. શું કહ્યું ઈ? એને અહીં કર્તા હો, અને ઓલો ઉપાદાનપણે કર્તા હો, અને પરમાં નિમિત્તપણે કર્તા એને કહેવાય, એમ કહે છે. આહાહાહા! પરના કાર્ય તો તેના ઉપાદાનકાળે કાર્ય થયું, હવે અહીંયા પણ રાગ ને યોગનું અજ્ઞાનીને અશુદ્ધ ઉપાદાનથી કાર્ય થયું અજ્ઞાનીને, તેને પર કાર્યકાળમાં, અજ્ઞાની જોગ અને રાગનો કર્તા જે અજ્ઞાનપણે થાય છે, તેથી તેને નિમિત્તકર્તા કહેવામાં આવે, અને તેથી તે યોગ અને રાગનો આત્મા કર્તા છે અજ્ઞાનભાવે એમ કહેવામાં આવે, ઉપાદાનપણે કર્તા છે અને પરમાં નિમિત્તપણે કર્તા કહેવામાં આવે એમ કહેવું છે. આહાહાહા!

શું કીધું ઈ? જડના કામના કાર્ય કાળ તો ત્યાં છે, હવે અહીંયા આત્મા અજ્ઞાની જે રાગ અને યોગનો કર્તા અજ્ઞાનભાવે કરે છે, ત્યારે તેથી તેને કાર્યકાળમાં નિમિત્તકર્તા કહેવાય, અને આ જોગ અને રાગનો ઉપાદાન કર્તા છે, જે જોગ અને રાગનો ઉપાદાન કર્તા અજ્ઞાનથી છે, તેના જોગ ને રાગને કાર્યકાળમાં નિમિત્તકર્તા કહેવાય. આહાહાહાહા! હીરાલાલજી! બહુ સરસ આવ્યુ છે. હોં. આહાહાહા..... એ કહે તૂટયુ ત્યારે કહે છે કે કોઈ લાકડાથી એ તૂટયું નથી, એમ કહે છે. આવી વાતું છે હવે. આહાહાહા!

આ વીતરાગનું તત્ત્વ! ઉપયોગનો અને જોગનો તો આત્મા કદાચિત્ કર્તા હો, એ ઉપાદાન, અજ્ઞાનપણે રાગ જ્ઞાનમાં જોડાય અને કંપનનો કર્તા અજ્ઞાની ઉપાદાનપણે છે, અને પરના કાર્યકાળમાં તેને નિમિત્તકર્તા કહેવાય, આ ઉપાદાન કર્તા જે અજ્ઞાની છે, તેને પરના કાર્યકાળમાં નિમિત્તકર્તા કહેવાય. આહાહાહા..... સમજાય છે કાંઈ? જે આવ્યું 'તું એ જ આવે એવું કાંઈ નથી, આ તો બીજું. આહાહાહા!

(શ્રોતાઃ- પહેલાં પ્રાપ્યની વાત લીધી અને આજે જન્મક્ષણની વાત લીધી) પહેલા પ્રાપ્યની લીધી એ તો આવે ત્યારે આવે ને એ કર્મ જે છે ને એ પ્રાપ્ય છે તે કાળનું, એમ ભાઈ લીધું 'તું તે દિ'. આજે કીધું ને પહેલું ઘટાદિ અને ક્રોધાદિ પરદ્રવ્યસ્વરૂપ વ્યાપ્ય છે, પ્રાપ્ય છે, તે જ સમયનું તે પ્રાપ્ય છે, તેને એ દ્રવ્ય પહોંચી વળે છે, તે સમયમાં તે જ છે. આ જે જન્મક્ષણ લીધી એ પ્રાપ્ય છે, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય આવે છે ને? ૭૬ થી ૭૯ અને ૧૦૭ ગાથામાં

આવે છે પ્રાપ્યનો અર્થ એ છે કે જે દ્રવ્યની જે સમયે જે પર્યાય થાય તે તેનું પ્રાપ્ય છે, તેને તે પહોંચી વળે છે. તે પર્યાય તે દ્રવ્યની. આહાહાહા !

પોતાના વ્યાપારને પોતાના વ્યાપારને પાછું હોં, ઉપાદાનપણે, પરના વ્યાપારને તો નિમિત્ત કર્તાપણે. આહાહાહા..... આ હાથ હાલે, દાઢ હાલે, આ હોઠ હાલે એનો કાર્યકાળ તો ત્યાં છે જ, પણ આત્મા તેના પરિણામને કરે, ને પરિણામી તો બેય એકમેક થઈ જાય, પરિણામ અને પરિણામી જુદા ન હોય, કર્તા કર્મ જુદા ન હોય, વ્યાપ્ય-વ્યાપકપણું જુદા ન હોય. વ્યાપ્ય વ્યાપક કહો, કર્તા કર્મ કહો, પરિણામી-પરિણામ કહો-જુદા ન હોય.

જો એ પરિણામ અને પરિણામી, આ કર્મ ને વ્યાપક કર્તા, આ વ્યાપ્ય ને વ્યાપક આ, તો બેય એક થઈ જાય. માટે એ વાત તો છે નહીં. ફક્ત કાર્ય તો છે ત્યાં, પ્રાપ્યરૂપે છે, જન્મક્ષણ છે જડની. એ વખતે જોગ ને રાગ, જોગ ને રાગ, એને નિમિત્તપણે કહેવાય, કેમ ? કે અજ્ઞાની પોતાના ઉપાદાનપણે રાગ ને જોગને કરે છે માટે. આહાહા ! સમજાણું કાંઈ ? ભાઈ ! આ થોડું બીજું આવ્યું પાછું. કાંઈ ઈનું ઈ આવે. શું ગાથા ? આહાહાહા !

ખરેખર તો, એમ કીધું ને ખરેખર શબ્દ છે ને, 'કિલ' ઘટનો પર્યાય ઉત્પાદ્ ઉત્પાદ્થી છે, એ માટીથીયે નથી અને પિંડના વ્યયથી પણ નથી. આહાહાહા ! કેમ કે પર્યાય ઉત્પન્ન થઈ તે સત્ છે, સત્ છે તેને કોઈ હેતુ ( હોય નહીં ) છે એને હેતુ શું ? આહાહાહા ! આવું ઝીણું પડે માણસને પણ વસ્તુસ્થિતિ આ છે, વસ્તુની મર્યાદા આ છે. અને ક્રમબદ્ધમાં પણ એ જ થયું ને, ક્રમબદ્ધમાં પર્યાય તો છે કહે છે, તે છે એવો જે નિર્ણય કરે તે અકર્તા થઈ જાય. રાગનોય અકર્તા થાય અને ખરેખર તો પર્યાય પણ 'ભાવ' ગુણને લઈને તે પર્યાય તે કાળે થાય છે એટલે પછી કરવું છે એ પણ નથી ત્યાં. આહાહાહા..... હા, તેને જાણે છે એમ કહેવું એ પણ જાણવાની પણ પર્યાય છે, એ જાણવાની પર્યાય પણ ષટ્કારકરૂપે પરિણમતી પોતે ઊભી થાય છે. આહાહાહા !

શું વીતરાગી તત્ત્વ, સર્વજ્ઞ પરમેશ્વર ( શ્રોતાઃ- ષટ્કારકમાં તો કર્તાપણું આવે ને ) કર્તા છે ને ? પર્યાય-પર્યાયનો કર્તા કીધું ને ? અને તેથી તો કહ્યું છે ને પર્યાય પર્યાયનો કર્તા અને સમ્યગ્દર્શનની પર્યાય પર્યાયનો કર્તા, પણ પર્યાયનું લક્ષ જાય છે દ્રવ્ય ઉપર, આશ્રય, એનો ધ્યેય દ્રવ્ય છે, એમ કર્તા થઈને જાય છે. આહાહાહા ! સમ્યગ્દર્શનનું ધ્યેય દ્રવ્ય ઉપર છે, ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ. પણ કહે છે કે એ સમ્યગ્દર્શનનો પર્યાય ભૂતાર્થનો આશ્રય લે છે, ભૂતાર્થ છે ને ? આશ્રય લે છે પણ એ સ્વતંત્ર કર્તા થઈને આશ્રય લે છે. આહાહાહા ! ( શ્રોતાઃ- અકર્તા કહેવું અને પાછું કર્તા કહ્યું ? બે ) રાત્રે પણ કહ્યું'તું ને ત્યાં કહ્યું હતું વ્યાખ્યાનમાં ૩૮ ગાથામાં પ્રવચનસારની ભૂત અને ભવિષ્યની પર્યાય અસદ્ભૂત છે, અસદ્ભૂત છે, પણ જ્ઞાનમાં નિયત નિશ્ચય છે માટે વ્યવહારે ભૂતાર્થ છે વ્યવહારે ભૂતાર્થ છે હોં. જ્ઞાનમાં નિયત છે. આહાહાહા !

જ્યારે ભગવાન આત્માની પર્યાય એક સમયની ઉત્પાદ્ પોતાથી થયો તેમાં લોકાલોકની પર્યાય તેમાં જાણવામાં આવે છે, એ પોતાના પર્યાયના કર્તાકર્મથી જાણવામાં આવે છે, એ પર્યાયો સામે છે માટે અહીં કાર્ય થયું એમ નથી. આહાહાહા..... જ્યારે એ અસદ્ભૂત પર્યાય પણ જ્યારે જ્ઞાનમાં નિયતપણે વર્તમાન વિદ્યમાન છે, એમ કહેવી તો પછી પ્રભુ તો એક સમયમાં વિદ્યમાનમાં આખો પડયો છે ને ? આહાહાહા !

એક સમયમાં પ્રભુ વિદ્યમાન છે તેનો આશ્રય લેવો, એ તો છે. તેનો આશ્રય લેવો. આહાહા ! ઓલી તો ભૂત-ભવિષ્યની પર્યાય નથી તેને જ્ઞાનમાં નિયત પ્રત્યક્ષ થાય છે, પ્રત્યક્ષ થાય માટે તે પર્યાયને નથી છતાં એને વ્યવહારે છે એમ કહીએ, ભૂતાર્થ છે. વિદ્યમાન છે. આ પ્રભુ તો એક સમયમાં પૂર્ણાનંદનો નાથ વિદ્યમાન છે ને ! આહાહા ! અનંતગુણનો સાગર ભગવાન આત્મા જેના ગુણની સંખ્યાનો પાર નથી. જેની એક સમયની પર્યાયનો પાર નથી, અનંતી છે ને ? સમય ભલે એક છે. આહાહાહા !

એવા વિદ્યમાન ભગવાન આત્માને વિદ્યમાન તરીકે છે, છે તરીકે છે, જેમાં કાર્ય છે તે તરીકે છે ત્યારે એને નિમિત્ત કહેવાય, એમાં આ છે આત્મા એને દૃષ્ટિમાં લેવો, છે એને દૃષ્ટિમાં લેવો એ તો વસ્તુ છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

અજ્ઞાની કદાચિત્ અજ્ઞાનથી કરતો હોવાથી જોગ અને ઉપયોગનો તો આત્મા પણ કર્તા હો, જોયું ? કર્તા પરને માટે તે નિમિત્તકર્તા, પણ પોતે કર્તા ઉપાદાનથી પોતે છે, અજ્ઞાનથી પોતે યોગ ને ઉપયોગનો કર્તા, નિમિત્તપણે એમ નહિ, ઉપાદાનપણે પર્યાયમાં, દ્રવ્ય તરીકે એનો કર્તા નથી. પણ પર્યાય પર્યાય તરીકે જે યોગ છે ઉપાદાનથી, અશુદ્ધ ઉપાદાનથી કર્તા છે. ખરેખર તો એ જોગ ને રાગ પર્યાય પર્યાયનો કર્તા છે, દ્રવ્ય તો તેમાં નિમિત્ત માત્ર છે, દ્રવ્ય તો નિમિત્ત છે, નિમિત્ત છે એટલે કે એનાથી થયું નથી એમ. આહાહાહા !

જોગ ને રાગને કાળે ત્યાં ઉપાદાન એનું અશુદ્ધ ઉપાદાનથી થયું છે. તેનો અજ્ઞાનભાવે કર્તા હો, પણ એ આત્મા તો પરનો કર્તા નથી એમ કહે છે. છે ? તથાપિ પરદ્રવ્યસ્વરૂપ પરનો કર્તા તો નિમિત્તપણે પણ નથી. આહાહા ! શું કહેવું છે ? કે મિથ્યાદૃષ્ટિ જીવ છે જ્યાં સુધી, ત્યાં સુધી તેને દ્રવ્ય સ્વભાવની ખબર નથી. તેથી તેની પર્યાયમાં રાગ દયા દાન આદિનો રાગ અને કંપન તેનો તે અજ્ઞાનભાવે પર્યાયનો કર્તા હો. દ્રવ્ય તો એનુંય કર્તા નથી. દ્રવ્ય જે છે તે આ જોગ ને રાગનોય કર્તા નથી. આહાહાહા ! આવું ઝીણું. સમજાણું કાંઈ ?

તેથી કહ્યું કે જોગ અને ઉપયોગનો તો આત્મા પણ કર્તા ભલે હો, તથાપિ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો નિમિત્તપણે પણ નથી. બહુ અધિકાર ( સારો ) ઝઘડા મટી જાય એવું છે બધાં. ગાથામાં આવ્યું છે ને વિરુદ્ધનું અહીંયાનું, ૪૬ ગાથાનું, એ અધ્યાત્મીઓ વ્યવહારને માનતા નથી પણ આ વ્યવહાર છે આંહીં, ૪૬ ગાથા સમયસારની, વ્યવહાર નથી કોણે કહ્યું ? ( શ્રોતાઃ- પણ નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય જ ) વ્યવહાર છે એ કોણે ના ( પાડી ) પણ વ્યવહાર, ધર્મ છે અને વ્યવહારને આશ્રયે ધર્મ થાય એમ નથી. વ્યવહાર ન હોય તો તો પર્યાયેય નથી. વ્યવહાર એટલે પર્યાય, પર્યાય પોતે વ્યવહાર છે. પણ એના આશ્રયથી ધર્મ ને વ્યવહાર મોક્ષમાર્ગ છે, અને એ મોક્ષમાર્ગ છે એમ નથી. આહાહાહા..... કાલે વાંચ્યુ નથી આમાં આવ્યું છે, "જૈનદર્શનમાં" પરમ દી' જોયું'તું, કાલે વાંચ્યુ નથી. એ આટલું લીધું. આહાહાહા..... ૪૬ ગાથામાં આવે છે ને ? એમ કે જો વ્યવહાર ના હોય તો ત્રસ સ્થાવર જીવ જ ન હોય તો હણું એને, રાખને ચોળે એમ થઈ જાય, વ્યવહાર નથી ? ત્રસ ને સ્થાવર જીવો નિમિત્ત-નિમિત્ત તરીકે ય સંબંધ નથી ? આહાહાહા..... એકેન્દ્રીયપણું, બેઇન્દ્રિયપણું, ત્રિઇન્દ્રિયપણું, એવું પર્યાયમાં વ્યવહારથી નથી ? નિશ્ચય દ્રવ્યમાં નથી ? પર્યાયમાં નથી ? એ ટાણે દ્રવ્ય તો દ્રવ્ય છે એ શુદ્ધ છે

પણ પર્યાય એકેન્દ્રિય, બેઇન્દ્રિય તરીકે એ નથી ? આહાહાહા !

આંહીં કહે છે કે પરદ્રવ્યસ્વરૂપ કાર્યનો કર્તા તો નિમિત્તપણે પણ નથી, ત્યારે ? દ્રવ્ય તો છે એ નિમિત્તપણે પણ કર્તા નથી, પણ જ્ઞાની જે સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન છે એ પણ નિમિત્તપણે કર્તા નથી. ફક્ત તે કાળે જોગ ને રાગને કાળે અને કાર્યકાળે તેમાં જ્ઞાન નિમિત્ત કહેવાય, શું કહ્યું ઈ ? ધર્મીનું જ્ઞાન જોગ ને રાગને કાળે તેમાં જ્ઞાન નિમિત્ત કહેવાય જોગ ને રાગમાં અને ઓલું કાર્યકાળમાં પણ જ્ઞાનીનું જ્ઞાન નિમિત્ત કહેવાય, પણ નિમિત્તકર્તા નહિ. આરે ! આરે ! આવી વાતું.

એ તો કહ્યું નહોતું કે કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત છે, એટલે શું પણ ? એ તે જ્ઞાન નિમિત્ત છે એટલે લોકાલોકને કર્યું છે, એણે ? અને લોકાલોક કેવળજ્ઞાનમાં નિમિત્ત છે, એથી લોકાલોકે કેવળજ્ઞાન કર્યું છે ? એમ સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન જોગ ને રાગને કરતું નથી પણ જોગ ને રાગમાં તેનું જ્ઞાન નિમિત્ત કહેવાય અને જે ક્રિયાકાળ, કાર્યકાળ થાય પરમાં તેને જ્ઞાન નિમિત્ત કહેવાય અને તે જોગ ને રાગ અને જે કાર્ય થાય તે જ્ઞાનીના જ્ઞાનમાં સ્વપરપ્રકાશક પોતે પરિણમ્યું છે તેમાં એ જ્ઞાનને આમ નિમિત્ત કહેવાય. આહાહા ! આવું છે, શાંતિભાઈ ઝીણું બહુ. ( શ્રોતાઃ- આત્મા પોતે જ ઝીણો છે ને ) વસ્તુ, વસ્તુ સૂક્ષ્મ ? આહાહાહા ! જ્ઞાનનો સાગર છે એ તો. આહાહા ! જ્ઞાનનો સાગર પ્રભુ છે એવું જ્ઞાન થયું તે જ્ઞાન રાગ જોગને જ્ઞેય તરીકે જાણે છે તેથી તેને જોગ ને રાગને આ જ્ઞાન નિમિત્ત કહેવાય, ઉપાદાન નહિ અને કાર્યકાળ જે જગતનો છે તેમાં જ્ઞાન નિમિત્ત કહેવાય, અને એ જોગ ને રાગ અને કાર્ય જ્ઞાનમાં નિમિત્ત કહેવાય પર્યાયમાં. દ્રવ્યની હારે નિમિત્ત-નિમિત્ત સંબંધ છે નહિ. પર્યાયની વાત છે આ તો. હવે આવું બધું ક્યાં ? સમજાણું કાંઇ ?

ભગવાન આત્મા સ્વપરપ્રકાશક જ્ઞાનસ્વરૂપ છે, તેથી જ્યાં સ્વપરપ્રકાશક જ્ઞાનસ્વરૂપ થયું સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, તે તો જોગ ને રાગનો કર્તા તો નથી, પરનાં કાર્યનો કર્તા તો નથી પણ જોગ ને રાગને પરના કાર્યકાળમાં નિમિત્ત કહેવામાં આવે, નિમિત્તકર્તા નહિ. આહાહા ! સમજાણું કાંઇ ?

નિમિત્ત ને નિમિત્તકર્તામાં મોટો ફેર, એ તો કહ્યું નહીં ? કેવળજ્ઞાન નિમિત્ત છે લોકાલોકને એટલે શું ? લોકાલોક થયું છે એનાથી ? તો લોકાલોક કેવળજ્ઞાનને નિમિત્ત છે, લોકાલોકે કેવળજ્ઞાન કર્યું છે ? નિમિત્તનો અર્થ જ એક ચીજ છે. આહાહા..... ઝીણી વાતું બહુ ભાઈ. આહાહા !

ભાવાર્થઃ- યોગ એટલે મન-વચન-કાયાના નિમિત્તવાળું આ કર્મ જડ, જડ એના નિમિત્તવાળું આત્મપ્રદેશોનું ચલન, કંપન આત્મ પ્રદેશોનું કંપન, જોગ અને ઉપયોગ એટલે જ્ઞાનનું કષાયો સાથે ઉપર્યુક્ત થવું, જોડાવું ત્યાં આ ઉપયોગ હોં, ઓલો ઉપયોગ જાણવા દેખવાનો ઉપયોગ એ નહિ. આ યોગ અને ઉપયોગ ઘટ પટ રથ ઘડો થાય, રોટલી થાય, મકાન થાય કે કર્મ જડ થાય તેમાં આ નિમિત્ત છે. એ યોગ ને ઉપયોગ તેમાં નિમિત્ત છે, કાર્ય તો થયું ત્યાં, આ જોગ ને ઉપયોગ તેને નિમિત્ત છે, તેથી તેમને તો ઘટાદિક અને ક્રોધાદિકનાં નિમિત્તકર્તા કહેવાય. જોયું ? આહાહાહા !

પરંતુ આત્માને તેમનો કર્તા ન કહેવાય. આત્મા તો દ્રવ્ય નિત્ય છે આત્માને તો કર્તા ન કહેવાય પણ જ્ઞાનીના જ્ઞાનને પણ તેનો કર્તા, નિમિત્તપણે ન કહેવાય. આહાહાહા ! સમજાણું કાંઇ ?

સમ્યગ્દ્રષ્ટિ કુંભાર હોય, એ ઘડાની પર્યાયમાં નિમિત્તકર્તા નથી. ઘડાની પર્યાય તો પર્યાય કાળે તેનો ઉત્પાદ્ તો તેના કાળે થયો, પણ જ્ઞાની નિમિત્ત કર્તા ય નથી. પણ સામુકુ જ્ઞાનમાં તેના જ્ઞાનમાં જે જોગ ને રાગ છે તે નિમિત્ત થયું આમ જ્ઞાનમાં, અને ઘટ થયો તે પણ જ્ઞાનમાં નિમિત્ત થયું આમ. આહાહાહા ! કહો હીરાલાલજી બરાબર, આજ ગાથા એવી આકરી આવી છે. આહાહા ! બધાનાં ફડચા છે.

અરે દુનિયા કયાં પડી છે શું છે એનું જેને હજી મનન ને વિચારે ય નથી. આહાહાહા ! કયાં ચાલ્યો જાય છે રખડવા કહે છે કે તેમને તો ઘટાદિક અને ક્રોધાદિક ક્રોધ એટલે કોણ ? આ જડ હોં, નિમિત્તકર્તા કહેવાય, પરંતુ આત્માને તેમનો કર્તા ન કહેવાય. આહાહાહા !

ઘડો વસ્ત્ર દાળ, ભાત, રોટલા, શાક થાય કાર્ય તેમાં આત્માને તો કર્તા ન કહેવાય. જોગ ને રાગને નિમિત્ત છે તેથી એને નિમિત્ત કહેવાય. આત્માને સંસારઅવસ્થામાં અજ્ઞાનથી ત્યારે કહે એ આત્મા કરે, કાંઇક કર્તા છે કે નહિ એ. પરનો કર્તા નહિ, પરનો નિમિત્તથીયેય કર્તા નહિ, આત્માને સંસાર અવસ્થામાં અજ્ઞાનથી માત્ર યોગ ઉપયોગનો કર્તા કહી શકાય. આહાહાહા !

રાગ, ઇચ્છા અને કંપન, અજ્ઞાન અવસ્થામાં સંસારી જીવને મિથ્યાદ્રષ્ટિને એ રાગ ને જોગનો કર્તા કહેવાય. આહાહાહાહા ! સમજાણું કાંઇ ? ભાષા તો સાદી છે પણ હવે જરી, પણ ભાવ તો ભાઈ ( જે છે તે છે ) આહાહાહા ! તીર્થંકરદેવ જિનેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ એની વાણીમાં આવ્યું છે ને આ સત્ છે આ, એ સંતો આ વાણી દ્વારા જગતને કહે છે. આહાહાહા ! પણ એ વાણીની પર્યાયના એ કર્તા નથી. વાણીના કાળે વાણી ઉત્પન્ન થઇ તે વાણીનું કાર્ય. આહાહાહા ! એમાં આત્મા કર્તા નથી વાણીનો. આત્મજ્ઞાની છે એ પણ નિમિત્તપણે કર્તા નથી, અજ્ઞાની જે જોગ ને રાગનો કર્તા છે તે એ જોગ ને રાગને ભાષાના કાળે નિમિત્તકર્તા કહેવામાં આવે, આત્માને તો નિમિત્તકર્તા ય ( કહેવાય ) નહિ. આહાહાહા ! સમજાણું કાંઇ ?

અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવું:– “દ્રવ્યદ્રષ્ટિથી તો કોઇ દ્રવ્ય અન્ય કોઇ દ્રવ્યનું કર્તા નથી.” જોયું ? આહાહાહા ! વસ્તુદ્રષ્ટિથી જોઇએ તો તો કોઇ દ્રવ્યનું કોઇ નિમિત્તપણે પણ કર્તા નથી. “પરંતુ પર્યાયદ્રષ્ટિથી જોઇએ તો દ્રવ્યનો પર્યાય કોઇ વખતે,” અવસ્થાદ્રષ્ટિથી જોઇએ તો દ્રવ્યનો પર્યાય કોઇ એટલે અજ્ઞાન વખતે, કોઇ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે. આહાહાહા ! બહુ આકરું કામ બાપુ, નવરાશ કયાં હવે આમાં, ધંધાવાળાને ધંધા આડે નવરાશ ન મળે. બાઈડીયું ને છોકરા સાચવવા ને રાંધવા આડે નવરાશ ન મળે, હવે એમાં આ નિર્ણય કરવો. જિંદગી ચાલી જાય છે, આમ ને આમ. આહાહા !

પરમાત્મા ત્રણલોકનો નાથ, જિનેશ્વરનો આ હુકમ છે, એની આ આજ્ઞા છે કે જે કાર્યકાળ થાય. આહાહાહા..... છોકરો જે મોટો થાય છે, શરીર, શરીર મોટું થાય છે ને આત્મા કયાં. એ કાર્ય તેમાં છે, એ કાર્યનો એનો આત્મા ય કર્તા નથી. એ બીજો આત્મા એને એ મોટો ( થવાની ) ક્રિયાનો કર્તા નથી. એ મોટી જુવાન અવસ્થા થઇ એની, તેનો આત્મા નિમિત્તપણે પણ કર્તા

નથી. ત્યારે કેટલીક જુવાન અવસ્થા થઇ મોટી તેમાં જોગ ને રાગને નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે, કાર્ય તો છે જ ત્યાં, હવે એ જોગ ને રાગ કોનો ? કે જે અજ્ઞાની છે તેનો. કારણકે જ્ઞાનીને જોગ-રાગ છે જ નહિ, જ્ઞાનીને તો જ્ઞાન છે, જોગ-રાગનું એ જ્ઞાન છે. જોગ-રાગનું જ્ઞાન છે એ અવસ્થા બાળક મોટો થયો તેનું પણ અહીં જ્ઞાન છે. જ્ઞાનમાં એ નિમિત્ત છે, પણ આ આત્મા તેમાં નિમિત્ત નથી. આરે આરે આવી વાત ! એ ય તો પછી આ છોકરાઓને મોટા કરવા કે ન કરવા શું કરવું ? એ ચીમનભાઈ, ( શ્રોતાઃ- માબાપ ન હોય તો મોટા ન થાય ) પણ એ તો પરમાણું છે તો તેની અવસ્થા તે કાળે થવાની તે થાય જ તે. શશીભાઈ ! આવું આકરું છે બાપા ! ધન્ય કાળ, ધન્ય અવસર ભાઈ ! પરમાત્મા ત્રણલોકના નાથનું આ કથન છે. આહાહાહા !

જેમ કે આ મંદિર થાય છે પ્રતિમા સ્થાપીએ એ કાર્ય તો ત્યાં થવાનું હતું તે તેનાથી થયું છે જડથી. હવે એમાં આત્મા નિમિત્તપણે પણ કર્તા નથી. અથવા એ કાર્ય અને આત્મા કર્તા એમ નથી, એ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ નથી, ( એ ) પરિણામ અને આત્મા પરિણામી એમેય નથી. આહાહાહા ! તેમાં આત્મા નિમિત્તપણે પણ આ મંદિરની પર્યાયનો કર્તા નથી, નિમિત્તપણે હોય તો ત્યાં સદાય કાર્યકાળે રહેવું પડે. જ્ઞાનીનું જ્ઞાન પણ ત્યાં નિમિત્તપણે કર્તા નથી. આહાહાહા ! આ તો જ્યાં અમે કર્યું, અમે કર્યું, અમે કર્યું અમે મંદિરો બનાવ્યા, અમે પ્રતિમા સ્થાપી અમે આ કર્યું, અરે ભગવાન સાંભળ તો ખરો પ્રભુ એક વાર તારી મર્યાદા ક્યાં છે ? આહાહાહા !

"દ્રવ્યનો પર્યાય કોઇ વખતે કોઇ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે," તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યનાં પરિણામનાં નિમિત્તકર્તા કહેવાય છે, અજ્ઞાનીના હોં ! પરમાર્થે દ્રવ્ય પોતાનાં જ પરિણામનો કર્તા છે. આહાહાહા ! અન્યના પરિણામનો અન્ય દ્રવ્ય કર્તા નથી, એ સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ પણ એ પ્રતિમા મંદિરનું સ્થાપન જે થાય છે તેમાં તેનું જ્ઞાન નિમિત્ત કહેવાય પણ તેનો નિમિત્તકર્તા પણ એ જ્ઞાન નથી. અરેરેરે ! આ વાત આકરી ભાઈ ! લ્યો, હવે એક કલાક થઇ ગયો. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

આહા... હા ! વીતરાગ-માર્ગ બહુ સૂક્ષ્મ-ગૂઢ, ભાઈ ! આહા... હા ! બહારથી ( બાહ્ય ક્રિયાકાંડમાં ધર્મ ) માને છે. લોકોને અંદર ( ના માર્ગનો ) પત્તો મળતો નથી. પ્રભુ ! એ તો ( અનંત ) જન્મ-મરણ મટવાના પંથનો માર્ગ તો આ છે, પ્રભુ ! ભલે તને દુઃખ લાગે, આકરું લાગે કે આ તો 'એકાંત નિશ્ચય' થાય છે. ( પરંતુ ભાઈ ! ) નયનો વિષય એકાંત જ છે. પ્રમાણનો વિષય દ્રવ્ય અને પર્યાય બંને હોય છે. પણ નિશ્ચયનયનો વિષય તો એક જ-એકાંત ત્રિકાળી વસ્તુ જે છે તે છે. એ સમ્યક્ એકાંત નયનો વિષય આ એક જ છે. સમજાણું કાંઈ ?

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૧૪૧, નિયમસાર ગાથા-૭૭ થી ૮૧ )**

## ગાથા-૧૦૧

ज्ञानी ज्ञानस्यैव कर्ता स्यात्-

जे पोग्गलदव्वाणं परिणामा होंति णाणआवरणा।
ण करेदि ताणि आदा जो जाणदि सो हवदि णाणी।।१०१।।

ये पुद्गलद्रव्याणां परिणामा भवन्ति ज्ञानावरणानि।
न करोति तान्यात्मा यो जानाति स भवति ज्ञानी।।१०१।।

ये खलु पुद्गलद्रव्याणां परिणामा गोरसव्याप्तदधिदुग्धमधुराम्लपरिणामवत्पुद्गलद्रव्यव्याप्तत्वेन भवन्तो ज्ञानावरणानि भवन्ति तानि तटस्थगोरसाध्यक्ष इव न नाम करोति ज्ञानी, किन्तु यथा स गोरसाध्यक्षस्तद्दर्शनमात्मव्याप्तत्वेन प्रभवद्व्याप्य पश्यत्येव तथा पुद्गलद्रव्यपरिणामनिमित्तं ज्ञानमात्मव्याप्यत्वेन प्रभवद्व्याप्य जानात्येव। एवं ज्ञानी ज्ञानस्यैव कर्ता स्यात्।

एवमेव च ज्ञानावरणपदपरिवर्तनेन कर्मसूत्रस्य विभागेनोपन्यासाद्दर्शनावरणवेदनीयमोहनीयायुर्नामगोत्रान्तरायसूत्रैः सप्तभिः सह मोहरागद्वेषक्रोधमानमायालोभ नोकर्ममनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

---

હવે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે એમ કહે છેઃ-

**જ્ઞાનાવરણઆદિક જે પુદ્‌ગલ તણા પરિણામ છે,**
**કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧.**

ગાથાર્થઃ- [ ये ] જે [ ज्ञानावरणानि ] જ્ઞાનાવરણાદિક [ पुद्गलद्रव्याणां ] પુદ્‌ગલદ્રવ્યોના [ परिणामाः ] પરિણામ [ भवन्ति ] છે [ तानि ] તેમને [ यः आत्मा ] જે આત્મા [ न करोति ] કરતો નથી પરંતુ [ जानाति ] જાણે છે [ सः ] તે [ ज्ञानी ] જ્ઞાની [ भवति ] છે.

ટીકાઃ-જેવી રીતે દહીં-દૂધ કે જેઓ ગોરસ વડે વ્યાપ્ત થઈને ( -વ્યપાઈને ) ઊપજતા ગોરસના ખાટા-મીઠા પરિણામ છે, તેમને ગોરસનો તટસ્થ જોનાર પુરુષ કરતો નથી, તેવી રીતે જ્ઞાનાવરણ ઇત્યાદિ કે જેઓ ખરેખર પુદ્‌ગલદ્રવ્ય વડે વ્યાપ્ત થઈને ઊપજતા પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે, તેમને જ્ઞાની કરતો નથી; પરંતુ જેવી રીતે તે ગોરસનો જોનાર, પોતાથી ( જોનારથી ) વ્યાપ્ત થઈને ઊપજતું જે ગોરસ-પરિણામનું દર્શન ( જોવાપણું ) તેમાં વ્યાપીને, માત્ર જુએ જ છે, તેવી રીતે જ્ઞાની, પોતાથી ( જ્ઞાનીથી ) વ્યાપ્ત થઈને ઊપજતું, પુદ્‌ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તેમાં વ્યાપીને,

**માત્ર જાણે જ છે. આ રીતે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે.**

**વળી એવી જ રીતે 'જ્ઞાનાવરણ' પદ પલટીને કર્મ-સૂત્રનું ( કર્મની ગાથાનું ) વિભાગ પાડીને કથન કરવાથી દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાયના સાત સૂત્રો તથા તેમની સાથે મોહ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શનનાં સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં; અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**

## પ્રવચન નં. ૨૦૨ ગાથા-૧૦૧ ગુરુવાર, મહા વદ-૧૦, તા. ૨૨/૨/'૭૯

શ્રી સમયસાર, ગાથા એકસો એક, સો ( મી ) ગાથા થઈ ગઈ, હવે એ કહે છે કે જ્ઞાની, જ્ઞાનનો જ કર્તા છે. સોમી ગાથામાં એમ આવ્યું કે પરપદાર્થની જે પર્યાય થાય છે એનો કર્તા આત્મા નથી. શરીર, વાણી, મન આદિ-પરપદાર્થ બધાં, એની પર્યાય જે સમયે ( જે થવાની ) છે, એ એનું કાર્ય એના સમયે, જડનું ( કાર્ય ) જડમાં થાય છે. આત્મા એનો કર્તા નથી. પરંતુ અજ્ઞાની જેમને રાગ અને કંપન એનો કર્તા દૃષ્ટિમાં છે અજ્ઞાની, વિકલ્પ જે છે કંઈ દયા, દાન, આદિના અને કંપન છે, એનો જે કર્તા છે અને એના કાર્યકાળમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ... ?

જ્ઞાની તો તે સમયે જે કાર્ય થાય છે એમાં એના જ્ઞાનને નિમિત્ત કહેવામાં આવે છે અને એ જે કાર્ય થાય છે જડ આદિ, એ જ્ઞાનીના સ્વપરપ્રકાશક જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે. ઝીણું છે ભાઈ બહુ. આહાહા !

પરદ્રવ્યનો કર્તા તો અજ્ઞાની પણ નથી. આ આત્મા સિવાય આ શરીર, વાણી, મન, કર્મ જડ આદિ ખાવા-પીવાની ક્રિયા આદિ બધી જડની ક્રિયા-એ જડનું કાર્ય, જડમાં જડના સમયે પોતાનાથી એ કાર્ય ત્યાં થાય છે જડમાં, એમાં અજ્ઞાની નિમિત્ત ( કર્તા બને છે ) અજ્ઞાની એ ( જડના ) કાર્ય કરતો નથી, પણ કાર્યકાળમાં અજ્ઞાની રાગ ને કંપનનો કર્તા બનવા થવાથી, ( જડના ) કાર્યકાળમાં એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આવી વાત ઝીણી બહુ ભાઈ !

જ્ઞાની, જેમની દૃષ્ટિ આત્મજ્ઞાન ઉપર છે અને હું આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છું એવું જેમને અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે, એમને જ્ઞાનીને એ રાગ ને જોગ આદિ થાય છે, એ બધું એના જ્ઞાનમાં નિમિત્ત ( તરીકે ) આવે છે. આહાહા ! અને જોગ ને રાગનું કાર્ય જે પરમાં થાય છે એમાં જ્ઞાનીનું જ્ઞાન નિમિત્ત કહેવામાં આવે છે અને જોગ ને રાગ અને પરકાર્ય, જ્ઞાની પોતાના સ્વપરપ્રકાશકપણે પરિણમે છે એમાં એ નિમિત્ત કહેવામાં આવે છે. આ ( વાત ) તો સોમી ગાથામાં આવી ગઈ.

હવે અહીં તો આ કહે છે કે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે. જેમને ધર્મ ( પ્રગટયો ), આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ સચ્ચિદાનંદ ધ્રુવ આનંદકંદ પ્રભુ છે એની જેમને દૃષ્ટિ થઈ અને જેમની પર્યાય-અવસ્થામાં સમ્યગ્દર્શન જ્ઞાન ને સ્વરૂપાચરણની વીતરાગની પર્યાય ઉત્પન્ન થઈ, એનું નામ ધર્મ છે ને એનું નામ જ્ઞાની કહે છે. આવી વાત છે !

એ જ્ઞાની ! આંહી તો જ્ઞાનીની વ્યાખ્યા કરી, જ્ઞાની એને કહીએ કે જે પોતાનું ચૈતન્યસ્વરૂપ છે એનો જેને અંતર-અનુભવ થયો, હું તો આનંદ ને જ્ઞાન છું. દયા-દાન-વ્રત આદિના વિકલ્પ એ પણ મારી ચીજ નથી. આહાહા ! એવો ધર્મીજીવ, જેની પર્યાયમાં વીતરાગપર્યાયરૂપી ધર્મ પ્રગટ થયો છે, એ વીતરાગપર્યાયને ધર્મ કહે છે. એ ધર્મી-જ્ઞાની, પોતાનું જ્ઞાન નામ પોતાની નિર્મળ વીતરાગીપર્યાય, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર જે વીતરાગી પોતાની પર્યાય છે, એનો એ કર્તા છે. હસમુખભાઈ ? ઝીણું બહુ બાપુ ! આ દુનિયાથી ચીજ આખી જુદી પ્રભુની, ચીજ આખી જુદી !! એ કહે છે.

जे पुग्गलदव्वाणं परिणामा होंति णाणआवरणा।
ण करेदि ताणि आदा जो जाणदि सो हवदि णाणी।।१०१।।

( આહા ! ) મૂળ શ્લોક કુંદકુંદાચાર્ય દિગમ્બર મુનિનો.

જ્ઞાનાવરણઆદિક જે પુદ્‌ગલતણાં પરિણામ છે,
કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧.

ટીકાઃ- જેવી રીતે દૂધ-દહીં કે જેઓ ગોરસ વડે વ્યાપ્ત થઈને ( -વ્યાપાઈને ) ઊપજતા ગોરસના મીઠા-ખાટા પરિણામ છે-આહાહા ! ગોરસ છે ગોરસ, એમાં દૂધ ને દહીં એ ગોરસના પરિણામ છે. ગોરસની એ પર્યાયો છે. સમજાણું કાંઈ ? હજી તો દૃષ્ટાંત છે. ( શ્રોતાઃ- ગોરસ એટલે ? ) ગોરસ છે ને ( તે ) ગાયનો રસ ( છે ને ) પછી દૂધ ને દહીં તો પર્યાય છે. આહાહા ! ગોરસ જે સામાન્ય છે એનાં દહીં ને દૂધ ગોરસના પરિણામ છે, દૂધને દહીં ( પોતે ) ગોરસ નહીં. જો કે દહીં ને દૂધ ગોરસ દ્વારા વ્યાપ્ત થઈને-ગોરસ દ્વારા થવાવાળા, વ્યાપ્ત નામ પર્યાયમાં થવાવાળા, ઉત્પન્ન થવાવાળા, એ સમયે ગોરસમાંથી દૂધ અને દહીંની પર્યાય ઉત્પન્ન થવાનું કાર્ય છે, એ ગોરસનું કાર્ય છે. ( એ ) ગોરસમાંથી ખાટા-મીઠા જે દહીં, દૂધના પરિણામ થયાં એ પરિણામ ગોરસના થયા છે, તેમને ગોરસનો તટસ્થ જોનાર પુરુષ કરતો નથી. આહાહાહા ! ગોરસમાંથી જે દૂધ ને દહીં, ખાટા-મીઠા પરિણામ થયા તેને ગોરસનો જોવાવાળો એનો કર્તા નથી. ( શું કહે છે ) કોઈ પુરુષ બેઠો હોય એ કાર્યકાળ વખતે ( એ ) દેખે છે-ગોરસનો દેખવાવાળો કે ખાટા-મીઠા પરિણામ ( દૂધ ને દહીંની પર્યાય ) ગોરસથી થઈ છે. એ પરિણામનો કર્તા ગોરસ છે. એને જોવાવાળો બેઠો છે એ ગોરસના પરિણામનો કર્તા નથી. આહાહા ! છે ?

તેમને ગોરસનો તટસ્થ જોનાર-તટસ્થ ( અર્થાત્ ) દૃષ્ટા, જોયું ? તટસ્થ ( તટ+સ્થ ) ગોરસના ખાટા-મીઠા પરિણામમાં તટસ્થ ( એટલે ) ભિન્ન, ભિન્ન-તટસ્થ છે, જેમ કાંઠે ( બેઠેલો પુરુષ તરંગોને જોવે છે ) એમ આ ખાટા-મીઠા પરિણામને કાંઠે બેઠેલો, ગોરસનો ( દેખવાવાળો ) માણસ તટસ્થ પુરુષ કર્તા નથી-એ ગોરસના ખાટા-મીઠા પરિણામને જોવાવાળો તટસ્થ જે છે એ એનો કર્તા નથી. આ પ્રકારે એ તો દૃષ્ટાંત થયું.

એ પ્રકારે જ્ઞાનાવરણાદિક જો કે વાસ્તવમાં પુદ્‌ગલદ્રવ્ય દ્વારા વ્યાપ્ત-જેમ ગોરસ દ્વારા વ્યાપ્ત ખાટા-મીઠા પરિણામ, એ ગોરસનું કાર્ય છે, દેખવાવાળો જે છે ગોરસનો, એનું એ કાર્ય નથી, એમ પુદ્‌ગલદ્રવ્યના જ્ઞાનાવરણાદિક કે જેઓ ખરેખર પુદ્‌ગલદ્રવ્ય વડે વ્યાપ્ત થઈને,

આહાહા ! ( શું કહે છે ? ) પુદ્‌ગલદ્રવ્ય પદાર્થ છે એ જ્ઞાનાવરણાદિ પર્યાયરૂપે પરિણમે છે-એ પુદ્‌ગલદ્રવ્ય જે છે એ જ્ઞાનાવરણાદિ પર્યાયકાળમાં એ જ્ઞાનાવરણાદિપણે પરિણમે છે, તેનો એ કાળ છે. આહાહા ! અને એ પુદ્‌ગલદ્રવ્યના જ્ઞાનાવરણાદિ આઠ કર્મની પર્યાય છે એ પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે અને એનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય ને પુદ્‌ગલદ્રવ્યનું એ કાર્ય છે. આહાહા ! ઝીણું બહુ બાપુ ! વીતરાગ મારગ.

આંહી તો સમય-સમયના જે પરિણામ પુદ્‌ગલદ્રવ્યના-જ્ઞાનાવરણાદિનાં ( થયાં ) તે સમયે તેમાં વ્યાપ્ત થયું છે પુદ્‌ગલદ્રવ્ય ( જેમ ) ગોરસ વ્યાપ્ત થયું છે ખાટા-મીઠા ( પરિણામ ) દહીં ને દૂધમાં તેમ જ્ઞાનાવરણાદિ પર્યાયમાં વ્યાપ્ત થયેલું છે પુદ્‌ગલ દ્રવ્ય. આહાહા ! એ પુદ્‌ગલદ્રવ્યથી થવાવાળા એ સમયમાં એનું પ્રાપ્ય અથવા એ જ સમયમાં જ્ઞાનાવરણાદિ પર્યાય ઉત્પન્ન થવાનો એનો સ્વકાળ હતો-જન્મક્ષણ( હતી. ) આહાહા ! આત્માએ રાગ-દ્વેષ કર્યા માટે ત્યાં આગળ જ્ઞાનાવરણ આદિની પર્યાયને થવું પડયું એમ છે નહીં.

અહીંયા તો બીજી વાત કહેવી છે કે જેમ ગોરસના ખાટા-મીઠા પરિણામ એ ગોરસનું કાર્ય છે, એ ગોરસના જોવાવાળાનું એ કાર્ય નથી. આહા ! ગોરસના જોવાવાળાના જ્ઞાનમાં એ પરિણામ નિમિત્ત છે અને એ પરિણામ જે ખાટા-મીઠાના થયા એ પરિણામમાં જ્ઞાનીનું જ્ઞાન નિમિત્ત છે. આકરું પડે, આવો મારગ છે. તો અહીંયા કર્મબંધન જે થયું જ્ઞાનાવરણાદિ-જ્ઞાનીની વાત છે ને ? તો જ્ઞાનાવરણાદિ પર્યાય થઈ, શાસ્ત્રમાં આવે છે કે ભાઈ સમકિતીને પણ આટલું જ્ઞાનાવરણાદિનું બંધન છે, એમ એના ખ્યાલમાં આવ્યું-સાંભળ્યું, તો એ જ્ઞાનાવરણાદિની પર્યાય-પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે. એ પરિણામ છે એનો જ્ઞાની કર્તા નથી. એ જ્ઞાનાવરણાદિ પર્યાયનો કર્તા ધર્મી નથી. જો કે અજ્ઞાનીય કર્તા નથી, એ તો કહેશે. મિથ્યાદૃષ્ટિ પણ એ પરિણામનો કર્તા નથી, પણ એ પરિણામમાં એનો જે રાગ છે એ નિમિત્ત થાય છે, તો નિમિત્તકર્તા કહેવામાં આવે છે. પણ જ્ઞાનીને જે પરિણામ થયા કર્મના એ કર્મના પરિણામનો એ જ્ઞાતા છે. ધર્મી તો એના જ્ઞાન પરિણામનો કર્તા છે. આહાહાહા !

શાસ્ત્રમાં આઠે ય કર્મની વાતો આવે, આ આત્માએ કર્મ બાંધ્યું ને આત્માએ ભોગવ્યું અને તે-પણ તે સમયે જે આઠ કે સાત કર્મબંધનની પર્યાય આંહી થાય છે, એ પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે, પુદ્‌ગલદ્રવ્યનું વ્યાપ્ય છે, પુદ્‌ગલ-દ્રવ્યે પ્રાપ્ય કર્યું છે. તે સમયની જે પર્યાય આઠ કર્મની થઈ એ “પ્રાપ્ય” એ પુદ્‌ગલનું પ્રાપ્ય છે. એને પુદ્‌ગલદ્રવ્ય પહોંચી વળે છે. આહાહા ! આવું ઝીણું છે બાપુ !

જ્ઞાની કર્તા નથી. જેને રાગ અને કંપનથી મારી ચીજ ભિન્ન છે એવી ધર્મદૃષ્ટિ થઈ છે, ધર્મીની ધર્મદૃષ્ટિ થઈ છે. શું ? કે હું રાગ ને કંપનથી મારી ચીજ ભિન્ન છે, હું તો જ્ઞાનાનંદ-સહજાત્મસ્વરૂપ છું, આવી દૃષ્ટિ અને જ્ઞાન, નિર્મળપર્યાય ઉત્પન્ન થઈ-વીતરાગી સમ્યગ્દર્શન ને વીતરાગી જ્ઞાન ને વીતરાગી સ્વરૂપઆચરણ-સ્થિરતા, એને અહીં જ્ઞાની અથવા ધર્મી કહેવામાં આવે છે. એ ધર્મી, જ્ઞાનાવરણી આદિ પુદ્‌ગલના પરિણામ છે એનો એ ધર્મી કર્તા નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ? ઝીણી વાત છે ભાઈ ! સમયસાર એટલે ? આહાહા !

જ્ઞાની કર્તા નથી, ધર્મી એને કરે નહીં. ખ્યાલમાં આવ્યું-શાસ્ત્રમાં એવું લખાણ હતું કે

સમકિતીને પણ એટલું જરી કર્મબંધન છે-થાય છે, તો એ પરિણામનો આત્મા કર્તા નહીં, પણ એ પરિણામ પોતાના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આહાહા ! સમજાણું કાંઈ ? ધર્મી-સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે જેમને આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, ચૈતન્યરૂપ, શુદ્ધ ચૈતન્યના જ્ઞાન ને અનુભવ થયો હોય એ ધર્મી છે, એ જ્ઞાની પોતાની જ્ઞાનપર્યાય જે થઈ-સમકિત પર્યાય થઈ-સ્વરૂપમાં સ્થિરતાના અંશની જે પર્યાય થઈ એનાં એ ( જ્ઞાની ) કર્તા છે, પણ એ સમયે કર્મબંધન પર્યાય થઈ એનાં એ કર્તા નથી, કર્તા તો નથી પણ એમાં નિમિત્તકર્તા આત્મા નથી. શું કહ્યું સમજાણું ?

પુદ્‌ગલ જે છે એ કર્મપણે થયાં તો એ તો પુદ્‌ગલનું કાર્ય છે, એમાં અજ્ઞાની જે મિથ્યાદૃષ્ટિ છે ( એ માને છે ) કે રાગ મારો છે-દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ મારા છે ને મને ( તેનાથી ) ધર્મ થાય છે, એવો મિથ્યાદૃષ્ટિ જીવ, આ પુદ્‌ગલ કર્મબંધનના પરિણામમાં પરિણામનો એ પણ કર્તા તો નથી પણ એ રાગ અને કંપનનો કર્તા થાય છે મિથ્યાદૃષ્ટિ, એ કારણે બંધનના પરિણામમાં અજ્ઞાનીનો રાગ અને જોગ નિમિત્ત કહેવામાં આવે છે, નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહાહા ! હવે આવું !

જૈનમાં કર્મને માટે તો આકરું, ભારે, સમજાણું કાંઈ ? આત્મા કર્મને બાંધે ને આત્મા કર્મ તોડેને ! જડની પર્યાય, આત્મા કરે અને જડની પર્યાયનો નાશ કરે એ ભ્રમ છે બધો, આકરી વાત છે પ્રભુ ! આહાહા !

જ્ઞાની તેનો કર્તા નથી; પરંતુ જેવી રીતે તે ગોરસનો જોનાર, ગોરસનો દૃષ્ટા-ગોરસને દેખવાવાળો દૂધ ને દહીં, ખાટા-મીઠા પરિણામ થયા તેનો દેખવાવાળો 'સ્વતઃ દેખવાવાળાથી વ્યાપ્ત થઈને' આહાહા ! -સ્વતઃ દેખવાવાળાથી વ્યાપ્ત થઈને પોતાના પરિણામમાં વ્યાપ્ત થઈને-પોતાથી ( જોનારથી ) વ્યાપ્ત થઈને ઊપજતું જે ગોરસ-પરિણામનું દર્શન ( જોવાપણું ) તેમાં વ્યાપીને, ગોરસના પરિણામને દેખે છે, એ દેખવાવાળાના પરિણામમાં વ્યાપ્ત થઈને. આવું હવે હસમુખભાઈ મુંબઈમાં, આમાં ક્યાં માથાફોડ આખો દિ' પાપના પરિણામ, આખો દિ' આ કર્યું ને આ કર્યું. અરે રે !

પ્રભુ તો અહીં એમ કહે છે કે જે કર્મબંધનની પર્યાય જે સમયમાં પ્રાપ્યરૂપે પરમાણું તેને પહોંચે છે-એ કર્મબંધનની પર્યાયને પરમાણું પહોંચે છે અથવા એ કર્મની પર્યાય તે-ક્ષણે ઉત્પન્ન થવાવાળી કર્મની-પુદ્‌ગલની પર્યાયમાં જન્મક્ષણ હતી, એ પર્યાયનો, અજ્ઞાની આત્મા પણ કર્તા નથી. અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિ એ પોતાના રાગ ને જોગ એનો કર્તા હો, અને એ રાગ ને જોગના પરિણામ તો, પરિણામકાળે કાર્ય તો થયું એમાં રાગ ને જોગને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આવી વાતું છે, બહુ ઝીણું બાપુ, પ્રભુનો મારગ, વીતરાગ જિનેશ્વરની શૈલી, સમય-સમયના પરિણામ, કર્મની પર્યાયમાં-પુદ્‌ગલની પર્યાય ક્રમબદ્ધ જે પર્યાય થવાવાળી હતી એ ક્રમબદ્ધ પણ થઈ, પ્રાપ્ય પણ થયું-જન્મક્ષણ પણ થયું.

શું કહે છે ? કે પુદ્‌ગલદ્રવ્ય જે જડ છે એમાં જ્યારે જ્ઞાનાવરણી, દર્શનાવરણી આદિ જ્યારે બંધાય છે એ પર્યાય, એ પરમાણુની એ સમય તે થવાવાળી-ઉત્પાદ થવાનો તે કાળ હતો-જન્મક્ષણ હતી અથવા આ જ્ઞાનાવરણી આદિ પર્યાય થઈ એને પુદ્‌ગલ પ્રાપ્ય નામ પહોંચી વળે છે, આત્મા નહીં. આહા ! અથવા એ પુદ્‌ગલદ્રવ્યની જે પર્યાય થઈ તે સમયે તે જન્મક્ષણે થઈ

એમાં પુદ્‌ગલદ્રવ્ય એનો કર્તા છે. એનો કર્તા અજ્ઞાની પણ નથી, અજ્ઞાની રાગ ને પુણ્ય-પાપ, દયા આદિનો કર્તા થાય છે. તો અજ્ઞાનીના રાગ આદિ, પરમાં ઉપાદાન તો નહીં, તો પર્યાય તો ત્યાં થઈ છે, ફક્ત અજ્ઞાનીના જોગ અને રાગ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. હવે જ્ઞાની, ધર્મી જે રાગ અને જોગના કંપનથી ભિન્ન મારી ચીજ છે, જેને સમ્યગ્દર્શન થયું છે-ધર્મની પહેલી સીઢી ! આહાહા ! હું તો એ દયા, દાન, વ્રત આદિના પરિણામ-રાગ એનો પણ હું કર્તા નથી, હું તો જ્ઞાન છું. આહાહા !

એ જ્ઞાન ને આનંદ હું છું એવા પરિણામ જે થયા, એ વીતરાગી પયાર્યનો એ જ્ઞાની કર્તા છે, અને એ વીતરાગી પર્યાય, જ્ઞાનાવરણી આદિ પર્યાય તેમણે સાંભળી કે અહીંયા છે, તો એ પરિણામમાં એનું જ્ઞાનપરિણામ નિમિત્ત હો અને એના જ્ઞાનપરિણામમાં એ પુદ્‌ગલપરિણામ કર્મ કાર્ય નિમિત્તરૂપે થયું એને અહીં નિમિત્ત કહો એ બીજી વાત છે. સમજાય છે કાંઈ... ? આવી વાતું. નિમિત્ત તો, લોકાલોક નિમિત્ત છે કેવળજ્ઞાનને, કેવળજ્ઞાની ભગવાનને સર્વજ્ઞપણું થયું તો એ સર્વજ્ઞપણામાં લોકાલોક નિમિત્ત છે, એ તો ચીજ એક છે એવું જ્ઞાન કરાવે છે, એવો નિમિત્તનો અર્થ છે. એટલે શું ? કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે અને લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે, અરસપરસ નિમિત્ત છે. એ તો ચીજ એક છે એવું જ્ઞાન કરાવે છે નિમિત્ત છે તો નિમિત્તથી થયું એવું નથી, તો નિમિત્ત ક્યાં રહ્યું ? સમજાણું આમાં ? મોટી ગરબડ છે અત્યારે !!

કેવળજ્ઞાન, પરમાત્માને થયું અરિહંત સર્વજ્ઞને એ જ્ઞાનની પર્યાયમાં લોકાલોક નિમિત્ત છે અને પોતાની જ્ઞાનપર્યાય લોકાલોકમાં નિમિત્ત છે, બસ ચીજ છે એવી, એમ ધર્મીને, જ્ઞાની ને સમ્યગ્દૃષ્ટિ જીવ છે એને પોતાના પરિણામ જે વીતરાગીજ્ઞાન-શ્રદ્ધા આદિ થયાં એનો એ કર્તા છે, અને ત્યાં જે રાગ ને જોગ થયા છે એ રાગ ને જોગમાં આ જ્ઞાન નિમિત્ત છે અને પોતાના પરિણામ જ્ઞાનમાં રાગ અને જોગ અહીંયા નિમિત્ત છે. નિમિત્ત નામ 'છે'. આહાહા ! આવો મારગ હવે, વાણિયાને નવરાશ ન મળે ધંધા આડે ઇ વળી કો' ક રામજીભાઈ જેવા (સમય કાઢે !) બીજા ઘણાંને તો આખો દિ' ધંધા ને આ ને આ.

ભગવાન ! તું તો રાગ અને કંપનથી પણ નિવૃત્તસ્વરૂપ છો, આ તારી ચીજ તો દયા, દાન, વ્રત, ભક્તિના જે વિકલ્પ-રાગ છે એનાથી પણ તારી ચીજ અંદર ભિન્ન છે. આહાહા ! એ રાગનો પણ ધર્મી કર્તા નથી, ધર્મ જેને આત્મદૃષ્ટિ થઈ એ રાગ હોય છે, એનો એ કર્તા નથી. પણ રાગ થાય છે એ રાગ સમ્યગ્દૃષ્ટિનું સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાથી થયું છે એમાં રાગ નિમિત્ત કહેવામાં આવે છે. આવું છે, ગાથા તો ૧૦૧ છે આ તો સાદી ગાથા આ છે.

જેમ ગોરસનું દૃષ્ટાંત, દેખવાવાળાથી વ્યાપ્ત થઈને- વ્યાપ્ત થઈને ઊપજતું જે ગોરસ-પરિણામનું દર્શન તેમાં વ્યાપીને, માત્ર જુએ જ છે. ગોરસ જે છે (એ) દૂધરૂપ ને દહીંરૂપ થયું તો એ પર્યાય ગોરસની છે અને ગોરસનું પ્રાપ્ય છે ને ગોરસની ક્ષણ એ છે કે દૂધ ને દહીં-ખાટા મીઠા(પણાની) પર્યાય જે છે એ પર્યાયનો ગોરસનો જોનાર કર્તા નથી, પણ ગોરસનો દેખવાવાળો પોતાના પરિણામને દેખે છે એને જે દેખે છે એવું જે પોતાનું પરિણામ, એમાં વ્યાપ્ત છે. પણ દૂધ-દહીંમાં વ્યાપ્ત તો ગોરસ છે, એમાં ગોરસનો દેખવાવાળાની પર્યાય તેમાં વ્યાપ્ત નથી. આહાહા ! એને જોવાવાળાનું જે પરિણામ છે એ પરિણામમાં ગોરસનો દેખવાવાળો વ્યાપ્ત

છે, દૂધ-દહીંમાં વ્યાપ્ત નથી. આહાહા ! આવો મારગ છે.

"માત્ર દેખે જ છે" -ભાષા દેખો. આહાહા ! એ દૂધ-દહીંની દશા થાય છે ગોરસમાંથી, એને-ગોરસને દેખવાવાળો માત્ર દેખે જ છે-એનો કર્તા નથી, અને એમાં ગોરસનો દેખવાવાળો, વ્યાપ્ત નથી તો એમાં પ્રસરતો જ નથી પણ એનો દેખવાવાળો ( જોનાર ), ગોરસનું જે પરિણામ થયું-દેખવાનું એમાં વ્યાપ્ત છે. આહાહા ! આ તો દૃષ્ટાંત થયું. હવે સિદ્ધાંત. ( શ્રોતાઃ- દૃષ્ટાંત કઠણ લાગ્યું ! ) કઠણ લાગ્યું ! ( શ્રોતાઃ- દૂધ, દહીંના પરિણામમાં મેળવણ કોણે નાખ્યું ? ) કોઈએ નાખ્યું નથી. નાખે કોણ ? મેળવણ નાખ્યું માટે દૂધ દહીં થયું એવું છે નહીં.

એ ગોરસની દૂધ-દહીંની પર્યાયના છે તો એનું ( ગોરસનું ) કાર્ય. પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય ( સમયસાર ગાથા ) ૭૬-૭૭-૭૮ એ સમયે દૂધ-દહીંના પ્રાપ્ય થવાવાળામાં ગોરસ વ્યાપ્ત છે, થવાવાળું કાર્ય એ કાર્ય થવાનું હતું. અરે રે ! જગતની ચીજ એવી જ છે. વીતરાગ જૈનદર્શન તો બહુ ઝીણું ભાઈ ! દુનિયા હારે ક્યાંય મેળ ખાય એવો નથી. વાડાવાળાને ય ખબર નથી, હજી સંપ્રદાયમાં પડયા હોય એને શું ચીજ છે. આહાહા !

એ ગોરસના પરિણામ જે થયા ખાટા-મીઠા એમાં ગોરસ વ્યાપ્ત છે, એમાં ગોરસ પ્રસર્યું છે અને એને દેખવાવાળો છે એનું દર્શન જે થયું દેખવાનું પરિણામ એમાં એ દેખવાવાળો વ્યાપ્ત છે. પરમાં વ્યાપ્ત નહિ. આહાહા !

તેવી રીતે જ્ઞાની, જ્ઞાની નામ ધર્મી-જેમને આત્મા, રાગ ને કંપનથી ભિન્ન આત્માનું જ્ઞાન થયું છે, એનું નામ ધર્મી કહેવામાં આવે છે. ધર્મી કોઈ આ દયા-દાન-વ્રત પાળે ને ભક્તિ કરે ને જાત્રા કરે માટે એ ધર્મી છે, એમ છે નહિ. એ તો બધા રાગ છે. આહાહાહા ! એય ! એ રાગથી મારી ચીજ ભિન્ન છે અને હું તો જાણનાર-દેખનાર છું, એવી વીતરાગીપર્યાય-સમ્યગ્દર્શનજ્ઞાન થયું હોય એને અહીંયા ધર્મી ને જ્ઞાની કહેવામાં આવે છે. એ જ્ઞાની, એને રાગ થાય છે ( છતાં ) એ રાગનો કર્તા નથી. એને કર્મબંધન થાય છે એ પર્યાયનો કર્તા એ નહીં, પણ એ જ્ઞાની, પોતાના સ્વપરપ્રકાશકજ્ઞાન, પોતાના દ્રવ્યના આશ્રયથી જે ઉત્પન્ન થયું છે, એમાં રાગ નિમિત્ત કહેવામાં આવે છે અને જે કર્મબંધનના પરિણામ ખ્યાલમાં આવ્યા એ-પણ પોતાના જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે અને કર્મબંધનના પરિણામ થયા અને જે રાગ થયો એમાં જ્ઞાન નિમિત્ત કહેવામાં આવે છે, નિમિત્ત-કર્તા નહીં. આહાહા ! આટલી શરતું હવે આવી છે. કહો, હસુભાઈ ? ક્યાં આમાં નવરાશ ક્યાં બાપા ! આહાહા... અરે રે ભાઈ ! ભગવાન ત્રણલોકના નાથ ( આમ ફરમાવે છે. )

અનંત દ્રવ્યો છે. તો દરેક દ્રવ્ય પોતાની પર્યાય પણ તે તે સમયે વ્યાપ્ત થઈને પરિણમે છે. આહાહાહા ! બીજું દ્રવ્ય એને કરે એવું ત્રણ કાળમાં બને નહીં. આહા ! એ તો ઠીક, પણ પોતાનામાં જે જોગ-કંપન થાય છે-આ મન, વચન-શરીર છે, એ નિમિત્ત અને કંપન છે એ ઉપાદાન, પોતાનામાં પોતાથી એ કંપન અને અંદર દયા, દાન, વ્રત, આદિનો રાગ થયો એ કંપન ને રાગ જે વિકૃત છે, એનો કર્તા જો આત્મા થાય છે, આ મારું કાર્ય છે એમ માનવાવાળા મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની-અધર્મી છે. આહાહા ! એ અધર્મી જીવ પણ કર્મબંધનની પર્યાય જે થઈ એનો તો એ પણ કર્તા નથી. ફક્ત એને નિમિત્ત, ઉપાદાન ત્યાં થયું જ છે. બસ, આ બાજુમાં

અજ્ઞાની રાગનો કર્તા છે મિથ્યાદૃષ્ટિ, એ કારણે રાગ ને જોગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા ! ગજબ વાત છે. ઉપાદાન અને નિમિત્તની વાતું. આહાહા... હિરાલાલજી, સમજાય છે કે નહીં ? આ તો આવી વાત છે બાપા ! આહાહા !

હાથ તૂટી ગયો છે ને જોયું છે ને ભાઈ ! હાથ તૂટયો તોય ઉંકારો કર્યો નથી, આંખમાં આંસું નહીં ને ઉંકારો નહીં. આહા ! એટલો હિંમતવાન, ત્યારે એમ કહે છે કે એ તો જડની ક્રિયા છે, ખરેખર તો એ પરિણામ જે જડનું થાય છે એ પર્યાયનું પ્રાપ્ય ખરેખર તો તે ક્ષણ જ એ થવાની હતી. આહાહા ! આત્મા એ ક્ષણે જો રાગનો કર્તા થાય, જોગનો કર્તા થાય, તો એ કાર્યમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. પણ રાગ ને જોગથી ભિન્ન મારી ચીજ છે, એમ જ્ઞાનની પર્યાયમાં કર્તા હો તો એને નિમિત્ત કહેવામાં આવે છે, પણ નિમિત્તકર્તા નહીં. આહાહા ! આવી વાત છે બાપા ઝીણી બહુ ! લોકોએ બહારમાં એકલો વ્યવહાર ખેંચી-ખેંચીને દયા, દાન, વ્રત ને ભક્તિ ને તપસ્યા ને પૂજા ને જાત્રામાં ધર્મ મનાવી દીધો છે કે જે રાગ છે, એ તો વિકલ્પ-રાગ છે. આહાહા !

આંહી કહે છે કે એ રાગનો કર્તા જે થાય છે એ સમયે જે કર્મબંધન થયું એ તો એમાં પુદ્‌ગલની પર્યાય થઈ, પણ રાગનો કર્તા જે મિથ્યાદૃષ્ટિ છે તો એ રાગને બંધનમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે-નિમિત્ત એકલું નહીં, નિમિત્તકર્તા ! અને જ્ઞાનીને રાગ અને કંપનથી ભિન્ન ભગવાન આત્મા ( છે ) એવું જ્ઞાન ( હોવાથી ) ધર્મ જે વીતરાગી પર્યાય થઈ એ ધર્મી, એ કર્મબંધનની પર્યાયમાં કર્મની પર્યાયનો કર્તા તો નથી પણ એનો નિમિત્તકર્તાયે નથી. આહાહા !

ધર્મી જીવને પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન જે થયું એ જ્ઞાનમાં જોગ અને કંપનની-બંધનની પર્યાયનો ખ્યાલ આવ્યો તો એ પોતાના જ્ઞાનમાં નિમિત્ત છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? ( શ્રોતાઃ- આપ તો ચોખ્ખું કરીને સમજાવો છો ) આવું છે. આ ચંદુભાઈ આવ્યા જુઓ, આ બધું સાંભળે છે કે નહીં ? બાપુ ! ( આ ) વીતરાગનો મારગ ! બીજે વીતરાગ સિવાય ક્યાંય છે નહીં, પણ એનો મારગ સમજવો બહુ દુર્લભ, અશક્ય તો નથી, દુર્લભ તો છે, પ્રભુ ! આહાહા !

આંહી તો પ્રભુ એમ કહે છે, કુંદકુંદાચાર્યની વાણી છે. કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા, સીમંધર ભગવાન બિરાજે છે પ્રભુ મહાવિદેહક્ષેત્રમાં, સંવત ૪૯ માં ગયા હતા કુંદકુંદાચાર્ય, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા, અને એની ટીકા અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ હજાર વર્ષ પહેલાં થયા, તેમણે આ ટીકા કરી છે. આહાહા !

તો કહે છે, આમાં કહીએ છીએ ને કહે છે-કહ્યું છે ને કે આ અક્ષર જે બન્યા છે એની પર્યાયના કાળમાં-પ્રાપ્તના કાળમાં અક્ષર બન્યા છે, જોગ ને રાગ અમારા નહીં તો એમાં અમે નિમિત્તકર્તા પણ નથી. ( શ્રોતાઃ-અમારા નહીં તો કોના ? ) વિકારના, પુદ્‌ગલના, નિમિત્તને આધિન થયા, અમારે આધિન નહીં તો એ પુદ્‌ગલના છે. આહાહા ! બહુ ઝીણું ભાઈ !

અરે રે ! જનમ-મરણ કરી કરીને સોથા નીકળી ગયા છે એનાં, ચોરાશીના અવતાર કરી કરીને બાપા ! આ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન શું ચીજ છે તેની ખબર નથી, બાકી તો વ્રત, તપ ને ભક્તિ ને જાત્રા તો એવા અનંતવાર કર્યાં ! સમજાણું કાંઈ... ?

'મુનિવ્રતધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' મુનિવ્રત ધારણ કર્યા, પંચમહાવ્રત લીધા,

૨૮ મૂળગુણ પાળ્યા, હજારો રાણી છોડી, રાજકુટુંબ છોડયા. આહાહા....

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો' આહાહાહા ! ગ્રૈવેયક; ગ્રૈવેયકમાં અનંત વાર ગયો પણ આત્મજ્ઞાન વિના કંઈપણ સુખ ન મળ્યું–એ મહાવ્રતની ક્રિયા એ રાગ છે–આસ્રવ છે–અધર્મ છે. આહાહા ! એનાથી ભિન્ન આત્મા છે, એનું આત્મદર્શન–આત્મજ્ઞાન–આત્મા આનંદસ્વરૂપનું આચરણ થયું નહીં, તો એ સુખી ન થયા, એમ કહે છે 'આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયા' –પંચમહાવ્રતના પરિણામ પણ દુઃખ છે–આસ્રવ છે–રાગ છે. આહાહા ! સમજાણું કાંઈ ? બહુ કામ આકરું ભાઈ !

આહાહા ! એક–એક શ્લોકમાં કેટલી વાત સિદ્ધ કરે છે.

જ્ઞાની, ધર્મી જેમને કંપન ને રાગથી પણ ભેદજ્ઞાન થયું છે તેનું નામ ધર્મી ને જ્ઞાની ( છે. ) કંપન–જોગનું એમાં નિમિત્ત, મન–વચન–કાયાના પુદ્ગલ પણ ઉપાદાન કંપન પર્યાયમાં એ કંપનના કે દયાદાન રાગના શુભાશુભ ભાવ, એનાથી આત્માનું ભેદજ્ઞાન થયું છે એને જ્ઞાની કહેવામાં આવે છે. અને રાગ ને જોગ મારા છે–હું એનો કર્તા છું એને અજ્ઞાની ને અધર્મી કહેવામાં આવે છે. આહાહા ! હીરાલાલજી ! આવું બાપા છે. ભાગ્યશાળી આ રહી ગયા આવી ચીજમાં અને માળાને એવું થયું. મનુષ્યપણું રહ્યું છે ને કટકો ગયો, તો કાંઈ મનુષ્યપણું ગયું નથી, અને એમાં ભગવાન આત્મા તો ભિન્ન પડયો છે અંદર. આહાહા ! એનો તો અવયવ ને અંશ તૂટતો નથી. અવયવ–અંશ તૂટતો નથી. આહાહા !

હા, એ ભગવાન આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ અંદર વીતરાગસ્વરૂપ, એમાં રાગ મારો છે દયા દાન વિકલ્પ છે તે મારો છે તો આત્માની શાંતિ તૂટી ગઈ–આત્માનો અવયવ તૂટી ગયો ત્યાં. આહાહા ! ચંદુભાઈ ? આવું છે ભાઈ ! ઝીણી વાત પડે પ્રભુ ! ખબર નથી સમાજને આ શૈલી મળી નથી સાંભળવા ! એ તો વ્રત કરોને... અપવાસ કરોને... જાત્રા કરો... ભક્તિ કરો ને મંદિર બનાવો ને રથયાત્રા કાઢો આવું મળ્યું બિચારાને. આહાહા !

પરની ક્રિયા કરી શકે છે એમ માને અને તેમાં થતો શુભભાવ એ પણ જાણે ધર્મ છે એમ માને છે. આંહી તો પ્રભુ એમ કહે છે કે આ મંદિર બને પચીસ લાખનું કે પચાસ લાખનું કે કરોડનું એ તો એની પર્યાય પ્રાપ્ય તે પુદ્ગલની તે ક્ષણે પ્રાપ્ય થવાવાળી જ હતી તે થઈ છે, એનો કર્તા આત્મા છે નહીં. જે આત્મા ત્યાં છે ને કદાચ એનો શુભભાવ છે તો એ પુણ્ય છે અને એનો જો કર્તા પોતાને માને તો મિથ્યાદૃષ્ટિ છે !

પણ, જેણે રાગથી અને આ ક્રિયાથી ભિન્ન પોતાના આત્માને જાણ્યો છે–હું તો જ્ઞાન–જ્ઞાતા–દૃષ્ટા–જ્ઞાનસ્વરૂપ છું–હું તો આનંદ ને વીતરાગમૂર્તિ આત્મા છું–જિન. "ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, મત મદિરાકે પાનસો મતવાલા સમજે ન" – ઘટ ઘટ અંતર જિન વસે, જિનસ્વરૂપી ભગવાન તો જિન સ્વરૂપે અંદર બિરાજે છે, વીતરાગ મૂર્તિ. આહા ! એવું જેને જ્ઞાન નથી અને એનાથી વિરુદ્ધ જે દયા–દાન–વ્રતાદિ એનું જ્ઞાન ને એનો કર્તા છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિની મિથ્યાત્વ ( રૂપ ) આ ક્રિયા જે થઈ એમાં એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. ઉપાદાન તો એ પર્યાયમાં છે એના કારણે થઈ છે એના મિથ્યાદૃષ્ટિનું મિથ્યાત્વ એમાં નિમિત્ત કહેવામાં આવે છે.

ધર્મીજીવ જે છે. આહાહા ! એ કહ્યું ને જ્ઞાની-ધર્મી જીવ એ તો રાગથી પણ પોતાની ચીજ ભિન્ન છે એવું ભાન ને જ્ઞાન થયું એ જ્ઞાન ને આનંદ પરિણામના એ કર્તા અને એ સમયમાં શુભરાગ આવ્યો તો એ શુભરાગ આ જ્ઞાનમાં નિમિત્ત થયો. જ્ઞાન, જ્ઞાન સ્વપરપ્રકાશક પોતાથી થયું છે એમાં રાગ નિમિત્ત થયો ને પોતાનું સ્વપરપ્રકાશકજ્ઞાન પોતાથી થયું છે, એમાં આ ક્રિયા થઈ એ નિમિત્ત થઈ. આહાહાહા ! ( શ્રોતાઃ- ધર્મની બહારની ઓળખાણ શું ? ) ધર્મની ઓળખાણ વીતરાગતા. ( શ્રોતાઃ- બહારની ઓળખાણ ? ) બહારની ઓળખાણ વીતરાગતા, પર્યાય બહાર છે ને ? શમસંવેગ-નિર્વેગ આવે છે ને એ વીતરાગતા છે. ઝીણી વાત છે ભાઈ ! શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, અનુકંપા એ-પણ અકષાયી ભાવ છે. ઝીણી વાત બહુ બાપુ !

અનંત અનંત કાળમાં અનંત વાર મુનિ થયો, અનંત વાર વ્રત લીધાં; અનંતવાર ભક્તિ કરી, સમવસરણ-ભગવાનના સમવસરણમાં મહાવિદેહમાં તો અનંત વાર જન્મ્યો, તો મહાવિદેહમાં તો તીર્થંકરનો ક્યારેય વિરહ નથી, એ તીર્થંકરના સમવસરણમાં પણ અનંત વાર ગયો, ભગવાનની વાણી સાંભળી, પણ રાગને પોતાનો માન્યો ને મિથ્યાત્વ તોડયું નહીં. આહાહાહા ! સાંભળવાનો જે રાગ આવ્યો શુભ, એ રાગ મારો છે એવી દૃષ્ટિ મિથ્યાત્વ છે. શું છે આ તે આવી વાત. સમજાય છે ચંદુભાઈ ?

આવું ક્યાંથી કાઢયું એમ એક જણ કહેતો'તો. નવો પંથ કાઢયો હશે આ ? અરે ! ભગવાન, અનાદિ તીર્થંકર કેવળી પરમાત્મા ત્રિલોકનાથ અનંત તીર્થંકરો થયા તેનો આ અભિપ્રાય-આ મત છે. અને ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં આ એમના કથન છે ને એમનો આ અભિપ્રાય છે. આહાહા ! આકરું લાગે બાપુ !

આહાહા ! એક એક શ્લોકમાં ( ગાથામાં ) કેટલું ભર્યું છે. ઓહોહો ! ગજબ સંતોની શૈલી દિગંબર મુનિઓની કોઈ ( અલૌકિક ) શૈલી ! આહાહાહા !

જ્ઞાની નામ ધર્મી જેમ ગોરસનો પર્યાય દૂધ-દહીં ને દેખવાવાળા, ગોરસના પરિણામને જોવાવાળા, ગોરસનો જોનાર વ્યાપ્ત છે. પણ દૂધ-દહીંના પરિણામમાં વ્યાપ્ત નથી. એવો એ ધર્મી, કર્મ જે બંધન થાય છે, શાસ્ત્રમાં આવે છે, ચોથે ગુણસ્થાને આટલા બંધાય, પાંચમે ગુણસ્થાને આટલા બાંધે ને છઠ્ઠે એ સાંભળવામાં આવે છે. આહાહા ! એ ધર્મીજીવને પોતાના આનંદ ને જ્ઞાન ( સ્વરૂપનું ભાન છે ) તો એ જ્ઞાનમાં જ્ઞાનીને એ કર્મબંધનની પર્યાય ખ્યાલમાં આવી કે અહીંયા છે, તો પોતાના જ્ઞાનમાં એ નિમિત્ત થયું એમાં ( જ્ઞાની ) નિમિત્તકર્તા તો નથી. ( માત્ર ) નિમિત્ત, ને એ ચીજ અહીંયા નિમિત્ત ! આહાહાહા ! એનો અર્થ, કે એ ચીજ ત્યાં બને છે તો તે પોતાથી બને છે, એટલે ત્યાં નિમિત્ત કોઈ બીજી ચીજ કર્તા છે એમ છે નહીં, ઉપાદાન-કર્તા તો નહીં પણ નિમિત્તકર્તા પણ નહીં. હવે અહીંયા આત્મામાં જે જ્ઞાન થયું એ પોતાથી એ પોતાની જ્ઞાન-પર્યાય તો ( તે ) પોતાથી થઈ એમાં આ ( કર્મ ) નિમિત્ત છે તો નિમિત્તથી જ્ઞાન થયું એમ છે નહીં. તો એમાં રાગ ને જોગ પણ પોતાના સ્વપરપ્રકાશક જ્ઞાન ધર્મીને થયું એમાં નિમિત્ત છે. નિમિત્ત છે તો રાગ ને જોગથી જ્ઞાન થયું એવું છે નહીં. આહાહા ! સમજાય છે ભાઈ ! એ હીરાલાલજી ? આવી વાતું છે ભગવાન ! ભગવાન છો પ્રભુ તું. ભગવાન છોને અંદર.

આહાહા !

જેને આત્મા કહીએ એ તો ભગવાન છે. રાગાદિ કહીએ એ તો પુણ્ય-પાપ તત્ત્વ ભિન્ન છે. આહાહાહા ! એ ભિન્ન છે, શરીર-વાણી-કર્મ તો અજીવ તત્ત્વ ભિન્ન છે. નવ તત્ત્વ છે ને ? તો તેમાં શરીર-વાણી-કર્મ તો અજીવ તત્ત્વમાં ગયા અને હિંસા, ચોરી, જૂઠ, વિષયના પરિણામ તો પાપતત્ત્વમાં ગયા ને દયા, દાન, ભક્તિ, પૂજા, જાત્રા આદિના પરિણામ પુણ્ય તત્ત્વમાં ગયા, ભગવાન તો એ પુણ્ય-પાપ તત્ત્વથી, જ્ઞાયક તત્ત્વ ભિન્ન છે. આહાહા ! સમજાણું કાંઈ... ?

તેવી રીતે જ્ઞાનીનું જ્ઞાન, રાગ પુણ્ય પાપના ભાવથી ભિન્ન ( છે ) જ્ઞાનીને પોતાનું જ્ઞાન થયું તો ભિન્ન છે જ-ભિન્ન છે જ-ભિન્ન છે ને ભિન્નતાનું ભાન થયું. ઓલામાં આવે છે ને પ્રજ્ઞાછીણી, રાગ અને સ્વભાવ વચ્ચે તડ છે-સંધી છે. આહાહાહા ! શું કહે છે ? જેમ પથ્થરમાં-રાજકોટમાં એક ફેરે જોયું હતું દીશાએ ગ્યાતા' ને... મોટા પથ્થર એમાં દોરો હોય એમાં સુરંગ ચાંપે, પથ્થરા ઊડી જાય. એમ આત્મામાં-ભગવાન સચ્ચિદાનંદપ્રભુ, વીતરાગમૂર્તિ આત્મા છે-જિનસ્વરૂપી એની પર્યાયમાં જે રાગ છે, રાગ-વિકલ્પ દયા-દાનના, ( એ ) રાગ ને આત્મા વચ્ચે સંધિ છે, સાંધ છે, ( બેય ) એક થઈ ગયા નથી. સમજાણું કાંઈ ? ચીમનભાઈ ! આ બધા તમારા મુંબઈમાં ? કેવું શું થયું કોઈ ભાઈએ... ગાથાયું લખી છે લાલચંદભાઈએ ૧૫-૧૯ ને એવી કાંઈક લખી છે ને... શું આવે છે...આહાહા !

જ્ઞાની નામ ધર્મી સ્વતઃ જાણનારને વ્યાપ્ત થઈને જ્ઞાન જે થયું. આ સ્વતઃ કેમ કહ્યું કે રાગ નિમિત્ત છે તો રાગથી અહીં જ્ઞાન થયું એવું નથી. અહીંયા તો સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાથી સ્વતઃ થયું છે. રાગ ને જોગ છે તો અહીંયા નિમિત્તનું જ્ઞાન થયું, અહીંયા થયું તો એનો અધિકાર છે આમાં એવું નથી. એનું જાણવું અને પોતાનું જાણવું એવું સ્વપરપ્રકાશક જ્ઞાન સ્વતઃ થયું છે. સમજાણું ? ધર્મીને સ્વતઃ જ્ઞાન થયું છે.

એ વ્યાપ્ત થઈને ઊપજતું, પુદ્‌ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે. દેખો ! શું કહે છે કે પોતાના સ્વભાવમાં જે આત્માના જ્ઞાનપરિણામ થયા, રાગથી ને કંપનથી ને પરથી ભિન્ન થઈને, તો એમનું જે જ્ઞાનપરિણામ થયું સ્વપરપ્રકાશક ધર્મીને, એમાં વ્યાપ્ત થઈને-એમાં વ્યાપ્ત થાય છે. છે ? અને પુદ્‌ગલદ્રવ્ય-પરિણામ જેમનું નિમિત્ત છે, એ જોગ ને રાગ ને કર્મબંધન જે થયા, તેવું અહીંયા સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાથી જે થયું એમાં તેઓ નિમિત્ત કહેવામાં આવે છે. આવું છે. ગાથા ચંદુભાઈ, બરાબર ઠીક આવી ગયા છો. ( શ્રોતાઃ- નિમિત્તમાત્ર ! ) કર્તા-ફર્તા નહીં. આહાહા ! સમજાણું આમાં ? આવું છે બાપુ હળવે-હળવે ઓગાળવા જેવું છે બાપા !

અરે રે ! આવો જનમ-મરણ કરીને પોતાના સ્વચ્છંદે માન્યો છે ધર્મ અજ્ઞાનીએ એવા મિથ્યાત્વભાવમાં અનંત ભવ કર્યા ભાઈ, અનંત ભવ થયા. આહા ! એ ભવભ્રમણ મટાડવાની ચીજ ભગવાન આનંદ ને જ્ઞાનસ્વરૂપ; પુણ્ય-પાપના તત્ત્વથી ભિન્ન તત્ત્વ અને અજીવ તત્ત્વથી ભિન્ન તત્ત્વ અને અજીવનું કાર્ય ને પુણ્ય-પાપના કાર્યથી આ આત્મા ભિન્ન તત્ત્વ છે. આહાહા ! આવું ભાન થયું તો પોતાના સ્વપરપ્રકાશક જ્ઞાનમાં, જોગ ને રાગ અને પરને નિમિત્ત કહેવામાં આવે છે, ઉપાદાન તો સ્વતઃ પોતાનાથી ( જ્ઞાન ) થયું. આહાહાહા ! પુદ્‌ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે. કોનું નિમિત્ત ? સ્વતઃ જ્ઞાની જાણનાર-જાણપણામાં વ્યાપ્ત થઈને એમાં. આહાહા !

આમાં તો ઘરે બેસે ને બહુ સમજાય એવું નથી. હીરાલાલજી ?

'માત્ર જાણે જ છે' જુઓ ? આવા જ્ઞાનમાં વ્યાપ્ત થઈને, કેવા જ્ઞાનમાં ? જે રાગ અને જોગ અને પરકર્મ બંધનની પર્યાય થઈ એ પોતાના જ્ઞાનમાં-પોતાના સ્વપરપ્રકાશકજ્ઞાનમાં વ્યાપ્ત છે એમાં નિમિત્ત છે આવા જ્ઞાનમાં વ્યાપ્ત થઈને પોતાનું જ્ઞાન જે થયું એ જ્ઞાનમાં વ્યાપ્ત થઈને-પોતાનું પણ જ્ઞાન થયું ને પરનું પણ જ્ઞાન થયું; પોતાનામાં રહીને પોતાનું ( જ્ઞાન ) થયું ને રાગનું થયું ને પરનું થયું એવા જ્ઞાનમાં વ્યાપ્ત થઈને માત્ર જાણે જ છે. આહાહા ! આ પ્રકારે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે-ધર્મી તો પોતાના વીતરાગી પર્યાય જ્ઞાનનો કર્તા છે.

વિશેષ આવશે, ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં. ૨૦૩ ગાથા-૧૦૧ શુક્રવાર, મહા વદ-૧૨, તા. ૨૩/૨/'૭૯

શ્રી સમયસાર, ગાથા-એકસો એક, અહીંયા સુધી તો આવી ગયું છે પહેલાં...

ફરીને, જેમ દૂધ-દહીં કે જે ગોરસ દ્વારા વ્યાપ્ત થઈને, ઉત્પન્ન થવાવાળા ગોરસના જ ખાટા-મીઠા પરિણામ છે. શું કહે છે ? ગોરસ જે છે ગોરસ, એનાં દૂધ ને દહીં, ખાટામીઠા પરિણામ છે એ ગોરસના છે-ગોરસની પર્યાય છે. ગોરસના પરિણામ છે, અને ગોરસનો તટસ્થ દૃષ્ટાપુરુષ- કર્તા નથી. એ ગોરસમાંથી દૂધ દહીંની પર્યાય પરિણામ થયા તો ગોરસનો જોવાવાળો તટસ્થ ( પુરુષ ), એ પરિણામનો કર્તા નથી. ખાટા-મીઠા પરિણામનો એ કર્તા નથી. આ તો હજી દૃષ્ટાંત છે.

તેવી રીતે જ્ઞાનાવરણી કર્મ કે જે ખરેખર પુદ્ગલ દ્રવ્ય દ્વારા વ્યાપ્ત, જ્ઞાનાવરણી જે કર્મ છે એ પુદ્ગલદ્રવ્યની પર્યાય છે. આહાહા ! એ વ્યાપ્ત થઈને-પુદ્ગલદ્રવ્ય જ જ્ઞાનાવરણીની પર્યાયપણે વ્યાપ્ત નામ કર્તા થઈને, સ્વતઃ ઉત્પન્ન થવાવાળા પુદ્ગલ-દ્રવ્યના પરિણામ છે, એ તો જ્ઞાનાવરણી આદિ કર્મની પર્યાય, પુદ્ગલની પર્યાય છે. તેનો કર્તા જ્ઞાની નથી. આહાહા ! જેમને ધર્મી કહીએ, એમની દૃષ્ટિ તો દ્રવ્યસ્વભાવ ઉપર છે. સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની, જેમની દૃષ્ટિ દ્રવ્ય-જ્ઞાયકસ્વભાવ ઉપર હોવાથી એને તો જ્ઞાનના પરિણામ થાય છે. આ જ્ઞાનાવરણીય પ્રકૃતિ છે એવું ખ્યાલમાં-સાંભળવામાં આવ્યું તો જ્ઞાની પોતાના જ્ઞાનપરિણામનો કર્તા છે, અને એમાં એ પરિણામ નિમિત્ત છે. આહા... આવું ઝીણું છે ! સમજાણું કાંઈ... ?

ગોરસના મીઠા-ખાટા પરિણામ એ ગોરસથી ઉત્પન્ન થયા છે ( એનો ) દેખવાવાળો ખાટા-મીઠા પરિણામનો કર્તા નથી. દેખવાવાળો તો દેખવાના પરિણામનો કર્તા છે. આવો ધર્મી તેને કહીએ, સમ્યગ્દૃષ્ટિ એને કહીએ. જેમને પોતાની દૃષ્ટિમાં દ્રવ્યસ્વભાવ આવ્યો છે અને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી જેમને અંતર્ સમ્યગ્જ્ઞાન પ્રગટ થયેલ છે તો એ સમ્યગ્જ્ઞાનમાં જ્ઞાનાવરણીય કર્મ છે એવો ખ્યાલ આવ્યો-શાસ્ત્રથી સાંભળ્યું એ વગેરેથી તો એ જ્ઞાનમાં, જ્ઞાનાવરણી કર્મ નિમિત્ત થાય છે. જ્ઞાની જ્ઞાન પરિણામનો કર્તા છે. પણ એ જ્ઞાનાવરણી પર્યાયનો કર્તા જ્ઞાની-ધર્મી નથી. આહાહાહા ! બહુ ઝીણું ભાઈ ! સમજાણું કાંઈ... એનો જ્ઞાની કર્તા નથી.

શાસ્ત્રમાંથી સાંભળવામાં આવ્યું કે ચોથે ગુણસ્થાને જ્ઞાનાવરણી છે, એમ સાંભળ્યું તો

જ્ઞાનીને પોતાના જ્ઞાનમાં એ કર્મના પરિણામ, સ્વપરપ્રકાશક પોતાનું જ્ઞાન થયું એમાં એ પરિણામ નિમિત્ત થયા. બહુ ઝીણી વાત ભાઈ ! એને ધર્મી કહીએ. જે જ્ઞાનાવરણી કર્મ થાય છે એનો હું કર્તા છું એ તો મિથ્યાદૃષ્ટિ જીવ-અજ્ઞાની છે. આહાહા !

સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની એને કહીએ કે જેમને પોતાના સ્વરૂપનું જ્ઞાન છે અને એ સમયમાં જ્ઞાનાવરણીની પર્યાય જે છે-જડની, એનું પણ અહીંયા જ્ઞાન છે, એ જ્ઞાન પોતાથી, પોતામાં છે, એ પોતામાં જે સ્વપરપ્રકાશક જ્ઞાન છે જ્ઞાનીને, એમાં જ્ઞાનાવરણીની પર્યાય નિમિત્ત થાય છે- જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આવું ઝીણું કામ લોકોને ( તો ) બાહ્યથી ધર્મ માની લેવો, દયા-દાન- વ્રત-ભક્તિ-તપ એ તો બધો રાગ છે. એ કહેશે હમણાં કે એ રાગ છે. જ્ઞાની-ધર્મી એનો કર્તા નથી પણ જ્ઞાની ( ને ) પોતામાં સ્વપરપ્રકાશકજ્ઞાન પોતાના દ્રવ્યના આશ્રયે થયું છે, એમાં એ દયા, દાન આદિના વિકલ્પ છે એ જ્ઞાનમાં નિમિત્ત છે. આહા ! આવું ઝીણું છે. સમજાણું કાંઈ... ? સુક્ષ્મ વાત છે ભાઈ અપૂર્વ, આ તો અનંતકાળમાં ક્યારેય સાંભળ્યું જ નથી યથાર્થપણે એણે ભગવાન આત્મા તો જ્ઞાયકસ્વરૂપ છે-એ રાગરૂપ નથી, કર્મરૂપ નથી, શરીરરૂપ નથી, મનરૂપ નથી, વાણીરૂપ નથી. આહાહા !

તેથી પોતાનું સ્વરૂપ જે જ્ઞાયક છે, એનું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને-જ્ઞાનીને એનું જ્ઞાન થયું છે કે હું તો જ્ઞાયકસ્વભાવ છું-હું જાણનાર છું; જ્યારે આવા જાણનારનું જ્ઞાન થયું તો પોતાનું પણ જ્ઞાન થયું અને એ સમયે જ્ઞાનાવરણી-કર્મના પરિણામનું જ્ઞાન પોતાથી થયું છે એમાં એ નિમિત્ત છે. તો જ્ઞાની એ પોતાના જ્ઞાન-પરિણામનો કર્તા છે, પણ જ્ઞાનાવરણી પર્યાયનો જ્ઞાની કર્તા નથી. આવી વાત છે, કાલે તો આવી ગયું હતું આટલું.

પરંતુ જેમ તે ગોરસનો દૃષ્ટા ગોરસના જે દૂધ-દહીંના પરિણામ થયા એને ગોરસનો દૃષ્ટા-દેખવાવાળો જે છે-સ્વતઃ દેખવાવાળાથી વ્યાપ્ત થઈને-જોનાર જોવાપણાના પરિણામમાં વ્યાપ્ત થઈને ગોરસના દૂધ-દહીં આદિ પરિણામ થયાં એનો દેખવાવાળો જે છે એ તો દેખવાના પરિણામમાં એ વ્યાપ્ત છે, એ ગોરસના પરિણામ એમાં એ વ્યાપ્ત નથી. પંડિતજી ? આવું ઝીણું છે. દુનિયા કંઈક માને ને કંઈક બેઠી છે, એમાં ધર્મ ક્યાં રહ્યો ? આહાહા !

એ દર્શનમાં વ્યાપ્ત થઈને માત્ર જુએ જ છે. ગોરસના પરિણામ દૂધદહીં જે થયા એને ગોરસનો દૃષ્ટા-દેખવાવાળો, પોતાના દેખવાના પરિણામમાં વ્યાપ્ત છે, પણ દૂધ-દહીંના પરિણામનો કર્તા છે નહીં અને એનું વ્યાપ્ય પણ આત્મા નથી. આહાહા ! છે ? 'માત્ર જુએ જ છે' કોણ ? કે એ ગોરસના જે દૂધ-દહીં પરિણામ થયા એને ગોરસનો જોનાર માત્ર જુએ જ છે, અને જોનારના પરિણામ એ દેખવાવાળાના પરિણામ દેખવાવાળાથી વ્યાપ્ત છે. આહાહા ! અને ગોરસના પરિણામ ગોરસથી વ્યાપ્ત છે. આવી વાત હવે. પ્રિયંકરજી ?

તેવી રીતે જ્ઞાની-ધર્મી એને કહીએ, સમ્યગ્દૃષ્ટિ એને કહીએ-જ્ઞાની કહો કે સમ્યગ્દૃષ્ટિ કહો. સમ્યગ્દૃષ્ટિ સ્વતઃ જાણનારથી વ્યાપ્ત થઈને-પોતાના સ્વરૂપના જાણવાના પરિણામ, એ પરિણામમાં સમકિતી વ્યાપ્ત થઈને-એ એનો કર્તા થઈને, એ જ્ઞાનપરિણામ એનું કાર્ય છે. આહાહા ! આવી વાતું, હવે ક્યાંય... ! એય, દુનિયા ક્યાંય ચાલી ગઈ છે ને ( આ ) માલ ક્યાંય રહી ગયો.

( પોતાથી ( જ્ઞાનીથી ) વ્યાપ્ત થઈને ) ઉત્પન્ન થવાવાળું -ધર્મી જ્ઞાની સ્વતઃ જાણનાર,

પોતાથી જાણનારમાં વ્યાસ થઈને–પોતાના જ્ઞાન પરિણામમાં જ્ઞાની વ્યાસ થઈને–ધર્મી પોતાના જ્ઞાન પરિણામ જે થયા એમાં વ્યાસ થઈને, વ્યાસ નામ એ જ્ઞાનપરિણામ કાર્ય છે, આત્મા કર્તા છે. ગોરસના પરિણામ કાર્ય છે ગોરસ તેનો કર્તા છે.

અહીંયા ધર્મીને સ્વપરપ્રકાશક જ્ઞાન થયું, એમાં ગોરસના પરિણામ નિમિત્ત છે અને એ જ્ઞાન સ્વપરપ્રકાશક પોતાથી થયું છે એ જ્ઞાનપરિણામ ગોરસના પરિણામમાં નિમિત્ત છે. એય ! આહાહા ! નિમિત્તનો અર્થઃ– કે 'છે' એટલો, આહાહા ! મારગ આકરો બાપુ ! વીતરાગ સર્વજ્ઞદેવ, એનો ધર્મ અત્યારે તો સાંભળવામાં ( પણ ) મુશ્કેલ પડે છે.

બહારમાં આવા વ્રત કરવા, જાત્રા કરવી, પૂજા કરવી, અપવાસ કરવા, ભક્તિ કરવી, મંદિર બનાવવા, એ ધર્મ છે એ કોઈ ધર્મ–ધર્મ છે નહીં. ( શ્રોતાઃ– પડિમા લ્યે એ ? ) એ તો વ્રત કીધા ને, પડિમા લઈ લેવી એ તો વિકલ્પ છે–રાગ છે. અહીંયા તો ધર્મી પછી રાગની વાત કહેશે, અત્યારે તો જ્ઞાનાવરણીના જે પરિણામ થયા–જ્ઞાનાવરણી જે પુદ્‌ગલ છે એનાં એ પરિણામ છે. તેનો ગોરસ કર્તા છે.

આત્મા–ધર્મી એને કહીએ કે પોતામાં જ્ઞાન કરે છે અને એને પરિણામ જે પરનું છે એનું પણ અહીંયા જ્ઞાન થાય છે અને એ સ્વપરપ્રકાશક જ્ઞાનના જ્ઞાની કર્તા થઈને પોતાના પરિણામમાં વ્યાસ થાય છે, પણ કર્મની પર્યાયમાં એ વ્યાસ થતા નથી. હસુભાઈ ? આમાં ક્યાં આમાં લાદી–ફાદીમાં આમાં ક્યાંય સુઝ પડતી નથી રૂપિયામાં. આહાહા ! આવો મારગ ભાઈ. આહાહા !

"સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતેં વચન ભેદ ભ્રમ ભારી,
જ્ઞેયશક્તિ દુવિધા પ્રકાશી, નિજરૂપ પરરૂપા ભાસી"

–શું કીધું ? જ્ઞેય–આત્મા જ્ઞેય છે અને એક શરીર, વાણી, કર્મ આદિની પર્યાયો જ્ઞેય છે. તો જ્ઞેય બે પ્રકારના થયા. 'સ્વપર–પ્રકાશક શક્તિ હમારી' –પોતાને જાણવો એ અમારી શક્તિ છે અને પરને જાણવા એ અમારી શક્તિ છે. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતેં વચનભેદ ભ્રમ ભારી' –એટલે જાણે કે પરને પ્રકાશે છે અને પરથી પોતાનામાં જ્ઞાન થયું એવી ભ્રમણા અજ્ઞાનીઓને થાય છે. આહાહા ! સમજાણું કાંઈ... ?

'સ્વપરપ્રકાશક શક્તિ હમારી' તો... આત્મા તો સ્વ અને પરને પ્રકાશે, એ પરિણામ એનું છે–એ ધર્મીના પરિણામ–જ્ઞાનીના પરિણામ, જ્ઞાનના પરિણામ. એ પરિણામમાં આત્મા વ્યાસ થાય છે, ગોરસનો જોનાર પોતાના પરિણામમાં વ્યાપ્ત થાય છે પણ ગોરસમાં વ્યાપ્ત થતો નથી એમ જાણનાર જ્ઞાની આત્મા પોતાના જ્ઞાન પરિણામમાં વ્યાસ થાય છે પણ કર્મના પરિણામમાં વ્યાસ થતા નથી. આહાહા ! સમજાણું કાંઈ... ? છે ?

તેવી રીતે ધર્મી–જ્ઞાની એટલે ધર્મી–સમ્યગ્દૃષ્ટિ પોતાથી જાણવાવાળાથી–પોતાથી 'જાણનાર' એમ પાછું, એ કર્મના પરિણામ જાણ્યા તો એ છે તેથી જાણ્યા એમ નહીં, સ્વતઃ પોતાથી સ્વપરપ્રકાશકના પરિણામ ઉત્પન્ન થયા છે. આહાહા ! અરે રે ! વાત હજી સાંભળવી કઠણ પડે ધર્મ, ચીજ ઘણી જ અલૌકિક છે.

એ કહે છે, 'વ્યાસ થઈને, પુદ્‌ગલદ્રવ્ય–પરિણામ જેનું નિમિત્ત છે' –શું કહે છે ? ધર્મીજીવ, પોતાને અને પરને જાણવાના પરિણામ કરે છે, એ પરિણામમાં વ્યાસ છે. એ પરિણામમાં

જ્ઞાનાવરણીની પર્યાય નિમિત્ત છે. સમજાણું કાંઈ... ? નિમિત્તનો અર્થઃ- એક ચીજ છે એમ. અહીંયા સ્વપરપ્રકાશક ( જ્ઞાન ) થયું તો એ નિમિત્તથી થયું એવું છે નહીં. ગોરસના પરિણામને દેખવાવાળાને જ્ઞાન થયું-દર્શન પરિણામ, એ ગોરસના પરિણામથી દેખવાના પરિણામ થયા એવું નથી. એમ જ્ઞાનાવરણીની પર્યાયનું અહીં જ્ઞાન થયું તો જ્ઞાનાવરણી પર્યાયથી જ્ઞાન થયું નથી એ જ્ઞાન થયું છે ધર્મીને પોતાના સ્વપરપ્રકાશક શક્તિથી પોતાનું પણ જ્ઞાન થયું અને જ્ઞાનાવરણી પર્યાયનું પણ જ્ઞાન થયું. તો એ જ્ઞાનાવરણી પર્યાય છે નિમિત્તપણે તો એનાથી જ્ઞાન થયું એવું નથી. અરે રે, આટલા નિયમો ને આટલી શરતું ! નવરા ક્યારે થાય ? આહા !

આવા જ્ઞાનમાં વ્યાપ્ત થઈને, પુદ્‌ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે, કોનું ? કે આવા જ્ઞાનમાં-પોતાના આત્મામાં સ્વપરપ્રકાશક જ્ઞાન, સ્વદૃષ્ટિથી ઉત્પન્ન થયું-પોતાના જ્ઞાયકભાવની દૃષ્ટિથી ધર્મીને સ્વપરપ્રકાશક જ્ઞાન થયું-એ પર્યાયમાં વ્યાપ્ત થયો આત્મા, અને જ્ઞાનમાં વ્યાપ્ત થઈને માત્ર જાણે જ છે. આ કર્મની પર્યાય, શાસ્ત્રમાં આવે છે કે ચોથે ગુણસ્થાને જ્ઞાનાવરણીની પર્યાય છે, તો જ્ઞાની તો માત્ર જાણે જ છે. આહાહા ! ધર્મી તો જાણનાર જ છે. મારે જ્ઞાનાવરણીનું બંધન છે અને જ્ઞાનાવરણીના પરિણામનો હું કર્તા છું એવું છે નહીં. અને જ્ઞાનાવરણીની પર્યાય, મારા જ્ઞાનમાં નિમિત્ત છે તો તેનાથી અહીં જ્ઞાન થયું એવું પણ નહીં. શશીભાઈ ? આવી વાતું છે હવે આવા મારગમાં. મારગ છે એવો ભાઈ.

તારી શક્તિ તો સ્વપરપ્રકાશક છે, તારી શક્તિ સ્વનું પણ કરે ને પરનું પણ કરે, એવી કોઈ શક્તિ-સ્વભાવ તારો નથી. સમજાણું કાંઈ ? કર્મનું બંધન આત્મા કરે અને આત્મા જ્ઞાન પણ કરે એવું છે નહીં. આત્મા તો કર્મબંધનની ( જે ) પર્યાય છે એનું પોતાનામાં જ્ઞાન કરવાથી જે જ્ઞાન થયું એ જ્ઞાનમાં એ પ્રકૃતિ નિમિત્ત પડી છે, નિમિત્ત એટલે કે એક ચીજ છે. તેથી એનું જ્ઞાનાવરણી પર્યાય અહીંયા જ્ઞાનમાં નિમિત્ત થઈ તો એ પરિણામથી-એ પરનું-જ્ઞાનાવરણીની પ્રકાશક પર્યાય થઈ એવું નથી. કહો હીરાલાલજી ? કેટલું યાદ રાખવું. છે ? ( શ્રોતાઃ- નિમિત્ત અનુકૂળ પરિણમન કરે છે સાથે સાથે ) એ તો એને કારણે એનામાં છે. કર્તા પણ કર્તા એનો બિલકુલ નહીં. ( જુઓ ને ! ) અંદર છે અંદર, એનાથી અહીં જ્ઞાન થયું એમ પણ નહીં, એ જ્ઞાનમાં નિમિત્ત છે, તો એનાથી જ્ઞાન થયું એમ નહીં ( શ્રોતાઃ- ઉસને જણાનેકા કામ કીયાને આત્માએ જાનનેકા કામ કીયા ) એણે જણાવવાનું કામ કર્યું આણે જાણવાનું કામ કર્યું. જણાવવાનું એટલે નિમિત્ત એ તો એ પહેલાં કહ્યું-પહેલાં આવ્યું'તું ને બપોરે આવ્યું હતું જ્ઞેય, બધું જ્ઞેય અને એકકોર ભગવાન જ્ઞાન. આહાહા !

આ જગતમાં અનંત દ્રવ્યો છે, બધા દ્રવ્યો, દ્રવ્ય ગુણ પર્યાય જ્ઞેય, એમાં એક આત્મા જ્ઞાતા. સમજાણું કાંઈ... ? ભાઈ મારગ બહુ અત્યારે તો બહુ ગરબડ થઈ ગઈ છે સંપ્રદાયમાં, એટલે આ વાત સાંભળવી પણ મુશ્કેલ પડે.

અહીંયા તો કહે છે કે ધર્મી એને કહીએ કે જેને આત્મા આનંદસ્વરૂપ ભગવાન આત્માછે એની અંતરસ્વસન્મુખ થઈને જ્ઞાન થયું છે અને એ જ્ઞાનમાં જે પ્રકૃતિ-કર્મની બંધાય છે-પરિણામ એનું પણ જ્ઞાન થયું છે. આહાહા ! સમજાણું ? એવા જ્ઞાનમાં વ્યાપ્ત થઈને માત્ર જાણે જ છે, એ જ્ઞાની, જ્ઞાનનો જ કર્તા ( છે ) પાછું આ સિદ્ધ કર્યું. ધર્મી તો પોતાનું જ્ઞાન કરે છે અને

પરનું જ્ઞાન કરે છે એ જ્ઞાનના પરિણામનો ધર્મી કર્તા છે. કર્મની પર્યાયનો કર્તા, આત્મા છે નહીં. આહાહા ! સમજાણું આ ? આ તો કાલે આવી ગયું હતું આટલું–આટલું તો કાલ આવ્યું' તું.

એવી જ રીતે 'જ્ઞાનાવરણ' પદ પલટીને કર્મ–સૂત્રનો વિભાગ પાડીને કથન કરવાથી 'દર્શનાવરણ' લેવું. દર્શનાવરણી કર્મની પર્યાય જે પુદ્‌ગલથી થાય છે. આ પરિણામ વ્યાપ્ય અને પુદ્‌ગલ એનો વ્યાપક; આત્મા, પોતાના સ્વપરપ્રકાશકમાં દર્શનાવરણી પર્યાય પોતાના જ્ઞાનમાં નિમિત્ત છે, અને દર્શનાવરણી પર્યાયનું જ્ઞાન અહીંયા થાય છે–પોતાનું જ્ઞાન થાય છે અને દર્શનાવરણી પર્યાયનું જ્ઞાન અહીંયા થાય છે, પોતાનું જ્ઞાન થાય છે અને દર્શનાવરણી, પર્યાયનું પણ જ્ઞાન થાય છે. પણ દર્શનાવરણી પર્યાયનો જ્ઞાની–ધર્મી કર્તા નથી. ધર્મી દર્શનાવરણીપર્યાયના જ્ઞાનનો કર્તા છે ને પોતાના જ્ઞાનનો કર્તા છે. એ તો જ્ઞાનપરિણામનો કર્તા છે. કહો, શશીભાઈ આવું છે.

એવી જ રીતે 'વેદનીય' –વેદનીયકર્મ પણ બંધાય છે, શાતા–અશાતા એ કર્મની પર્યાય છે એ પુદ્‌ગલની પર્યાય છે, એ પુદ્‌ગલની પર્યાય વ્યાપ્ત કાર્ય છે, તો ધર્મી જીવ, વેદનીય કર્મની પર્યાયને પોતાનામાં પોતાથી જાણવામાં સ્વપરપ્રકાશક જ્ઞાન થયું, એવા જ્ઞાનમાં વેદનીયકર્મને એ જાણે છે. આહાહાહા ! પ્રિયંકરજી ? આજ તો આ હિન્દી ચાલે છે થોડું, પણ ભાવ તો જે હોય તે આવે ને બીજા ક્યાંથી લાવીએ ! ભાઈ ! અરે રે, અત્યારે તો ધર્મ ક્યાંય દૂર અધર્મને નામે ધર્મ... ધર્મ... ધર્મ બસ એ કહેશે હમણાં.

'મોહનીય' કર્મ લેવું. મોહનીય કર્મની જે પર્યાય છે એ કર્મ કર્મથી વ્યાપ્ત છે–પુદ્‌ગલથી વ્યાપ્ત છે. ધર્મી મોહનીયકર્મની પર્યાયના કર્તા નહીં. ધર્મી એને કહીએ કે પોતાનો જે જ્ઞાનસ્વભાવ આનંદસ્વભાવ જે છે એનો અનુભવ થયો અને જ્ઞાનને આનંદના પરિણામ પ્રગટ થયાં એ જ્ઞાનપરિણામમાં મોહનીયકર્મને નિમિત્ત કહો, પણ એ પરિણામ જે ઉત્પન્ન થયા, છે એ પોતે પોતાથી એ સ્વતઃ સ્વપરપ્રકાશક પરિણામ ઉત્પન્ન થયા એમાં મોહનીય કર્મનું નિમિત્ત કહો અને મોહનીયકર્મમાં આ જ્ઞાન નિમિત્ત કહો. આહાહા ! પણ... ધર્મી મોહનીય કર્મની પર્યાયના કર્તા નથી. આહાહાહા ! ચોથે ગુણસ્થાને આયુષ્ય ન હોય ત્યારે સાત કર્મ બંધાય, આયુષ્ય હોય ત્યારે આઠ બાંધે પણ કહે છે કે ધર્મીને જે એ આઠ કર્મની પર્યાય થઈ એ તો પોતાના જ્ઞાનમાં–જાણવામાં આવ્યું, મેં બાંધી છે ને મને બંધન થયું છે, એવું છે નહીં. સુક્ષ્મ વાત છે ભાઈ. જિનવરદેવનો મારગ કોઈ અલૌકિક છે. અન્યમતમાં તો ક્યાંય છે નહીં–વીતરાગ સિવાય ક્યાંય છે નહીં આ વાત. સંપ્રદાયમાં પણ આ વાત અત્યારે તો ગૂમ થઈ ગઈ. બસ, દયા પાળો, ભક્તિ કરો, વ્રત પાળો, પડિમા લો, મહાવ્રત લો એ ધર્મ એ તો બધો રાગ છે. અહીંયા કહેશે પછી.....

–આયુષ્ય, આયુષ્ય બંધાયું ખ્યાલમાં આવ્યું કે કોઈ સંતોએ કહ્યું કે તને આયુષ્ય બંધાયું ભવિષ્યનું, એ આયુષ્યનું પરિણામ પુદ્‌ગલના પરિણામ છે. ધર્મી, એ પરિણામને જાણે છે, અને પોતાને જાણે છે. એ આયુકર્મના પરિણામ ધર્મી બાંધે છે એવું છે નહીં તેમ એ આયુષ્યકર્મ બંધાયું અને તેનું જ્ઞાન અહીં થયું તો એ આયુષ્યને કારણે થયું એવું છે નહીં. પોતાનામાં સ્વતઃ સ્વપરપ્રકાશક પરિણામથી થયું છે, પરને જાણવાના અને સ્વને જાણવાના પરિણામ કર્તા થઈને થયા છે. સમજાણું ? કઠણ તો છે ભાઈ, પણ શું થાય ? ( શ્રોતાઃ– આયુષ્યનો જેટલો બંધ થાય

એટલું શરીરમાં રોકાવું પડે ને ? ) બિલકુલ નહીં, એને કારણે છે નહીં. પોતાની યોગ્યતાથી ત્યાં રહે છે, કર્મને કારણે નહીં. આહાહા ! એ પોતાને કારણે યોગ્યતા છે, એને ( કર્મને ) કારણે નહીં. અને યોગ્યતા પણ બંધના કારણથી રાગાદિ થયા, એ રાગના પણ જ્ઞાની તો જ્ઞાતા છે. એ આવશે હમણાં, ઝીણી વાત છે ભાઈ ! વીતરાગ જિનેશ્વરદેવનો પંથ જગતથી ન્યારો છે. અહીં આવશે પાછળથી હોં.

આયુષ્ય છે તો આત્માને શરીરમાં રહેવું પડે છે, એવું છે નહીં. પોતાની પર્યાયની યોગ્યતાથી આત્મા રહ્યો છે અને એ સમયમાં આયુષ્ય જે છે, એ આયુષ્યના પરિણામનો જ્ઞાની જ્ઞાતા છે-જાણનાર છે અને પોતાને જાણે છે. આયુકર્મ બંધાણું તેને પણ જાણે છે. સ્વપરપ્રકાશક શક્તિ પોતાના પરિણામથી ઉત્પન્ન થઈ છે, એ સ્વપરપ્રકાશક પરિણામ એ ધર્મીનું કાર્ય છે. આયુષ્ય જે બંધાયું એ ધર્મીનું કાર્ય નથી. એમાં છે ને ભૈયા ? આહાહા !

'નામ' -નામકર્મ બંધાયું, એક તીર્થંકર પ્રકૃત્તિ બાંધી નામકર્મમાં. તો સમકિતી જ્ઞાની એ પરિણામનો જાણનાર છે, પણ એ પ્રકૃતિનો કર્તા નથી. અને જે ભાવના નિમિત્તથી એ પ્રકૃતિ બંધાણી એ ભાવનો પણ જ્ઞાની કર્તા નથી. આહાહાહા !

ષોડશ કારણ ભાવના. એ તો રાગ છે-ષોડશ કારણ ભાવનાથી જે તીર્થંકરગોત્ર બંધાય છે એ ભાવ તો રાગ છે, બંધનનું કારણ તો રાગ છે, તો જ્ઞાની એ રાગનો પણ કર્તા નથી અને પ્રકૃતિ બંધાણી એ પરિણામનો કર્તા પણ જ્ઞાની નથી. આહાહા ! જ્ઞાની-ધર્મી એને કહીએ કે જે પોતાનું ને પરનું જ્ઞાનરૂપે પરિણમન થયું, એ જ્ઞાનમાં, એ પ્રકૃતિ બંધાણી છે એ ખ્યાલમાં આવ્યું એને કેવળીએ કહ્યું કે તે તમારે તીર્થંકરપ્રકૃતિ બંધાણી છે, તમે તીર્થંકર થવાના છો. આહાહા ! તો કહે છે, કે તીર્થંકરપ્રકૃતિ બંધાણી તો એ પુદ્‌ગલનું પરિણામ છે, એ આત્માએ બાંધી છે એમ નથી. તેમ એ સમયમાં પોતાનું સ્વપરપ્રકાશકજ્ઞાન જે થયું એમાં પ્રકૃતિના પરિણામ નિમિત્ત થયા. જે પરિણામ પ્રકૃતિ બંધાણી તેનાથી અહીં જ્ઞાન થયું એમ પણ નહીં. તેનો કર્તા તો નહીં પણ એ પ્રકૃતિ બંધાણી તેનું પ્રકૃતિનું અહીં જ્ઞાન થયું તેમ પણ નહીં. જ્ઞાન તો પોતાનાથી સ્વપરપ્રકાશક, સ્વના આશ્રયથી થયું એમાં પ્રકૃતિના પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. અરરર ! આવી વાત હવે ક્યાં સમજવી, નવરાશ ક્યાં આખી જિંદગી ચાલી જાય છે. આહાહા !

ત્રણ લોકનો નાથ જિનેશ્વરદેવ પરમેશ્વરનો આ હુકમ આ એનું ફરમાન છે, કે એ તીર્થંકર પ્રકૃત્તિ તમે બાંધશો તો એ પરિણામના તમે જ્ઞાતા છો. આહાહાહા ! એ પ્રકૃત્તિ તમે બાંધી છે એવું નથી, એ તો પરમાણુની પર્યાય છે. અને તેમાં જે ભાવ નિમિત્ત થયો બંધનમાં, એ ભાવ રાગ અધર્મ છે, એ ધર્મ નહીં, ધર્મથી બંધન થતું નથી. આહાહાહા ! ( શ્રોતાઃ- પણ નક્કી તો થઈ ગયું ને ! ) શું ? ( શ્રોતાઃ- કે આ ભવે એ તીર્થંકર થશે ) તીર્થંકર એનાથી થશે, એ જે ભાવથી ( તીર્થંકરપ્રકૃતિ ) બંધાણી છે, એ ભાવનો નાશ કરશે, ત્યારે તીર્થંકરપ્રકૃતિનો ઉદય કેવળજ્ઞાનમાં આવશે, તો એ પ્રકૃતિએ શું કર્યું ? આહાહા ! ઝીણી વાત ભાઈ; વીતરાગ દિગંબરદર્શન-જૈનદર્શન કોઈ અલૌકિક વાત છે ! અત્યારે તો ગરબડ થઈ ગઈ ઘણી આહાહા ! સમજાણું કાંઈ ?

ષોડશ કારણ-ભાવના ભાવ( થી ) તીર્થંકરગોત્ર બંધાય, એમાં શું છે ! ? ( શ્રોતાઃ- ભાવના તો ભાવેને ! ) એ તો રાગ આવ્યો, બંધનનું કારણ ધર્મ છે ? ધર્મથી બંધન થાય છે ?

સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર જે આત્માના આનંદના પરિણામ છે એનાથી બંધન થાય છે ? તો ( જે ) બંધન થયું તો રાગથી થયું ( તેથી ) રાગ છે એ તો વિકાર છે અને એ વિકાર છે તો જ્ઞાતાનું જ્ઞેય છે-જ્ઞાનીને વિકાર જે દેખાય છે એ વિકારનું જ્ઞાન કરે છે, વિકાર મારો છે એમ જ્ઞાની માનતા નથી. આહાહા ! ( શ્રોતાઃ- ષોડશકારણ ભાવના કોણ ભાવે છે ? ) ભાવે છે ક્યાં ? એ ભાષા છે. આવે છે રાગ-વિકલ્પ એને. સમકિતીને એ વિકલ્પ આવે છે. પણ એ વિકલ્પના કાળમાં પોતાના સ્વપરપ્રકાશકજ્ઞાનમાં એ વિકલ્પ નિમિત્ત છે. અને એ વિકલ્પના કર્તા ધર્મી નથી. એનું જ્ઞાન ને પોતાનું જ્ઞાન એનો કર્તા, જ્ઞાનમાં વ્યાપક છે ( તેથી ) એ કર્તા છે, જ્ઞાનનો ! આહાહાહા ! આવું છે !

( શ્રોતાઃ- જ્ઞાનીને રાગ થાય ને એનો કર્તા નહીં ? ) જ્ઞાનીને રાગ થતો જ નથી. જ્ઞાનીને રાગનું જ્ઞાન થાય છે આવી વાતું બાપુ ! બહુ આકરું કામ છે, આહાહા ! ( શ્રોતાઃ- પર્યાયમાં રાગનું જ્ઞાન થાય છે ! ) એ રાગ નહિ, એ રાગ મારો એ ય નહિને ( હું તો ) જ્ઞાનનો કર્તા છું તો રાગ છે તો મારા જ્ઞાનમાં રાગનું જ્ઞાન થાય છે એવું છે નહીં ને એ હજી 'રાગ' ( નો બોલ ) આવશે ત્યારે કહીશું, આંહી તો હજી 'નામ' ને 'કર્મ' આવ્યું ને ! એટલે જરી લીધું તીર્થંકરગોત્ર.

નામકર્મમાં પાંચેય શરીર આવે છે. પાંચેય શરીર, એ પાંચેય શરીરનું આ બંધાય કર્મ, એનો ધર્મી સમકિતી જ્ઞાની, એનો જાણવાવાળો છે. એ પરિણામ થયા બંધનના પાંચ શરીરના નામકર્મમાં, તો એનો તો હું જાણનાર છું, મને જાણું છું ને એને પણ હું જાણું છું એ જાણનારના પરિણામોની સાથે મારે કાર્ય-કર્મ કર્તવ્ય છે. વ્યાપ્ય વ્યાપક એની સાથે છે. આહાહાહા ! વ્યાપ્ય નામ કાર્ય ને વ્યાપક નામ કર્તા. આહાહા ! સમજાણું કાંઈ... ? એ પ્રકૃતિ બંધાઈ એવું ખ્યાલમાં આવ્યું, તો એનું જ્ઞાન થયું, તો ( એ જ્ઞાન ) એનાથી થયું નથી, પોતાના જ્ઞાનનું જ્ઞાન કરવાથી સ્વપરપ્રકાશક જ્ઞાન થયું, એ જ્ઞાનમાં એ નિમિત્ત કહેવામાં આવ્યું, તો નિમિત્ત છે તો અહીં પરનું જ્ઞાન થયું એમ પણ છે નહીં, પોતાથી સ્વપરપ્રકાશકજ્ઞાન થવામાં જે પરિણામ થયા એમાં આત્મા વ્યાપક છે, આ પરિણામનો કર્તા ને પરિણામ એનું કાર્ય છે. આહાહા ! બહુ ઝીણું સંતોએ દિગમ્બર મુનિ. આહાહા ! કેવળીના કેડાયતો કેવળીને ખડા રાખ્યા છે અંદર. આહાહા !

એ વાણી આવી, બીજે ક્યાંય શ્વેતાંબરમાં આવી નથી, સ્થાનકવાસીમાં આવી નથી, અન્યમતમાં તો ક્યાંથી લાવે ? આહાહા ! આ તો વસ્તુનું સ્વરૂપ ભગવાન ત્રણલોકના નાથ પ્રકાશે છે, એ સંતો કહે છે. એ સંતો, આડતિયા થઈને જગતને સર્વજ્ઞનો માલ બહાર પ્રસિદ્ધ કરે છે. આહાહા ! ભાષા તો સાદી છે પણ ભાવ તો ભાઈ ( જે છે તે છે ! ) ! કહો, આણંદજીલાલ ! આવા હોય ત્યાં ઓલા પતરા, પીતળના વાસણ-ઠામમાં તો આવું કાંઈ આવે નહીં ત્યાં, આહાહા ! ( શ્રોતાઃ- પૈસા તો આવે ને ! ) પૈસાય આવતા નથી, એની પાસે તો મમતા આવે છે, પૈસા તો દૂર રહી જાય છે. પૈસાના અસ્તિત્વમાં ( પૈસા છે ) આત્માના અસ્તિત્વમાં પૈસાનું અસ્તિત્વ આવે છે ? આત્માના અસ્તિત્વમાં આ પૈસા મારા એવી મમતા એના અસ્તિત્વમાં-પર્યાયમાં આવી, તો એ મમતા તો દુઃખરૂપ છે. ( શ્રોતાઃ- પૈસા કોના ) પેસા જડના, જડના પૈસા જડમાં, આત્માના પૈસા ત્રણ કાળમાં નથી. આંહી તો હજી આમાં ( એથી આઘી વાત ) આવશે. આહાહાહા !

'ગોત્ર' -ગોત્ર ક્યારે બંધાય છે તો એ કર્મની પર્યાય છે એ પરિણામનો કર્તા આત્મા નથી, ફક્ત પોતાના સ્વપરપ્રકાશકજ્ઞાનમાં, ગોત્રકર્મ ખ્યાલમાં આવ્યું-એનું જ્ઞાન થયું. આહાહા !

'અંતરાય' અંતરાયકર્મ, આવે છે ને, ખ્યાલમાં આવ્યું-જ્ઞાનીને ખ્યાલમાં આવે છે કે છે- એનું જ્ઞાન થયું, એ અંતરાયકર્મ જ્ઞાની આત્મા બાંધે છે એવું નથી. તેમ અંતરાયકર્મની પર્યાય છે તો અહીં એનું જ્ઞાન થયું એવું છે નહીં. પોતામાં સ્વપરપ્રકાશક જ્ઞાન થવામાં પોતાના પરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક છે. સ્વપરપ્રકાશક જ્ઞાન છે પરિણામ ને આત્મા પરિણામી છે-સ્વપરપ્રકાશક જ્ઞાન કર્મ ને આત્મા કર્તા-વ્યાપક છે. છે ? છતાં આની સાથે 'મોહ', એ સાત કર્મસૂત્રોની સાથે લેવા, મોહ એટલે આ દર્શનમોહ ન લેવો અહીંયા, અહીંયા તો જ્ઞાનીની વાત છે ને પરમાં જરી અસાવધાની થઈ જાય છે, રાગ-ચારિત્રમોહથી 'મોહ' એનો પણ જ્ઞાની- જાણનાર છે. આહાહાહા !

'રાગ' -જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ રાગ. મહાવ્રતના પરિણામ એ રાગ- મહાવ્રતના બાર વ્રતના પરિણામ એ રાગ, ભગવાનની જાત્રાના પરિણામ એ રાગ, ભગવાનની ભક્તિ-પૂજાના ભાવ એ રાગ. આહાહા ! એ રાગના પરિણામ થયા એ આત્માના નહીં, જ્ઞાની એમ જાણે છે. હું તો રાગનો જાણવાવાળો ને પોતાનો જાણવાવાળો એ પરિણામ મારું કાર્ય છે. રાગ મારું કાર્ય નહીં. આહાહાહા ! ગજબ વાત છે પ્રભુ મારગ પરમાત્મા( નો ) સનાતન જૈન દર્શન, આ એનો પ્રવાહ છે. સમજાણું કાંઈ... ? આવી વાત શ્વેતાંબરમાં છે નહીં, કેમ કે શ્વેતાંબર તો, ભગવાન ( મહાવીરનો ) દિગમ્બર ધર્મ હતો એમાંથી, ( આજથી ) બે હજાર વર્ષ પહેલાં નિકળ્યો છે-દિગંબરમાંથી નીકળ્યો છે, શ્રદ્ધા ભ્રષ્ટ થઈને ! એમાંથી સ્થાનકવાસી ( સંપ્રદાય ) હમણાં નીકળ્યો છે, ચારસો વર્ષ પહેલાં. ( શ્રોતાઃ- એમાં શ્વેતાંબર શાસ્ત્રમાં એમ લખ્યું છે કે શ્વેતાંબરમાંથી દિગમ્બર પંથ થયો છે ) એ તો અજ્ઞાની તો કહે જ ને ? શ્વેતાંબર, શ્વેતાંબર પંથ છે એ ગ્રહિતમિથ્યાત્વ છે. ગોમ્મટસારમાં પાઠ છે. 'મોક્ષમાર્ગ પ્રકાશકમાં પાઠમાં આવે છે, ચોખ્ખું. આહાહા ! આવી વાત ક્યાં છે બાપુ ?

રાગ-ધર્મીને રાગ જે પર્યાયમાં આવે છે કમજોરીથી, તો રાગનો જાણવાવાળો છે જ્ઞાની, રાગ વ્યાપ્ય-કાર્ય અને જ્ઞાની કર્તા એવું નથી. રાગ પરિણામ ( ને ) આત્મા પરિણામી એમ નથી. રાગ વ્યાપ્ય ( ને ) આત્મા વ્યાપક એમ નથી. ધર્મીને રાગનું જ્ઞાન થયું એ જ્ઞાન વ્યાપ્ય આત્મા વ્યાપક એમ નથી. રાગનું જ્ઞાન થયું એ પરિણામ, આત્મા પરિણામી-રાગનું જ્ઞાન થયું એ કાર્ય ( ને ) આત્મા કર્તા. આહાહાહા !

પર પરિણામ ને આત્મા પરિણામી એમ સંબંધ થઈ જાય. તો આત્મા પરરૂપ થઈ જશે. આહાહા ! સમજાણું આમાં ? ધીમેથી તો કહેવાય છે ભાઈ પણ શું થાય કે આ માર્ગ જ એવો છે કે વીતરાગ ત્રિલોકનાથ સીમંધર ભગવાન પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય, ભગવાન કુંદકુંદાચાર્ય પ્રભુ પાસે, પ્રભુ બિરાજે છે મહા વિદેહમાં, સીમંધર ભગવાન પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા, ત્યાંથી આવીને તો આ ( શાસ્ત્રો ) બનાવ્યા છે. ભગવાનની વાણી આ છે એમ કહે છે તો એ એમ કહે છે કે ટીકાકાર ( અમૃતચંદ્રાચાર્ય ) તો ગયા નહોતા ભગવાન પાસે, પરંતુ પોતાના શુદ્ધાત્મા પાસે ગયા હતા ને. આહાહા !

સચ્ચિદાનંદ પ્રભુ-સત્ જ્ઞાન ને આનંદનો ભંડાર ભગવાન આત્મા, એની સમીપ જે ગયા હતા ત્યારે એના ભાનમાં કહે છે કે જે રાગ છે એનું જ્ઞાન અમને થાય છે. એ જ્ઞાન પણ રાગ છે તો એનું જ્ઞાન થાય છે એમ પણ નથી. અમને એનું જ્ઞાન થાય છે ને અમારું જ્ઞાન એ અમારાથી થાય છે. સ્વતઃ એમ આવ્યું ને પહેલું ? દેખનેવાલા ને એમ આવ્યું ને ? સ્વતઃ વ્યાપ્ત થઈને એમ આવ્યું ને, આ સ્વતઃ જાણનારથી વ્યાપ્ત થઈને, સ્વતઃ વ્યાપ્ત થઈને- આહાહા ! ભાષા.. તે કાંઈ ( ઓહોહો ) ટીકા પ્રિયંકરજી ? આવી વાતું આંહી તો મહાવ્રત ને બારવ્રત-રાગ એ માને ધર્મ, મિથ્યાદૃષ્ટિ છે અજ્ઞાન છે. સંસારમાં રખડવાવાળા ભાવ એ છે.

અહીં તો પ્રભુ કહે છે કે રાગ થયો, તો એ જ સમયે રાગનું જ્ઞાન થયું રાગ થયો ને પછી એનું જ્ઞાન થયું એવું છે નહીં. રાગ થયો તે જ સમયે રાગનું જ્ઞાન ને પોતાનું જ્ઞાન થાય છે ધર્મીને-સમ્યગ્દૃષ્ટિને પોતાનું જ્ઞાન અને રાગ થયો એનું જ્ઞાન, રાગના કાળમાં પોતાનું જ્ઞાન ને પરનું જ્ઞાન, રાગનું જ્ઞાન રાગના કાળમાં થાય છે. આહાહા ! સમજાણું કાંઈ... ?

ઘણાં ભાવો મગજમાં આવી જાય છે, આવીને પાછા વયા જાય છે-આમ કરતાં કરતાં. ગંભીર ને ઘણાં ( ભાવો ) મગજમાં આવતાં હોય ને આવી ગયો'તો એક આવી ગયો તો હમણાં ( પાછો ) વયો ગયો ! ( શ્રોતાઃ- વિકલ્પનો સ્વકાળ છે ને ) પર્યાયનો સ્વકાળ છે ને સ્વકાળ છે. એ રાગને જાણવું એ પણ જ્ઞાનનો સ્વકાળ છે અને રાગને જાણવાની પર્યાય ને પોતાને જાણવાની પર્યાય ( શ્રોતાઃ- પર્યાયનો સ્વકાળ છે ) એ ષટ્કારકથી પરિણમિત થઈને પોતાથી ઉત્પન્ન થાય છે.

આહાહા ! જેમાં પોતાનું જ્ઞાન થયું હું આનંદ જ્ઞાન શુદ્ધ ચૈતન્ય છું અને રાગનું જ્ઞાન થયું, એ પર્યાય એક સમયની ષટ્કારક, પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય આધાર-એ ષટ્કારકની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. આહાહાહા ! તો રાગથી આત્માની પર્યાય વ્યાપ્ત નથી થતી, રાગનું જ્ઞાન જે પોતાથી પોતાનામાં થયું એમાં વ્યાપ્ત થાય છે. કહો, હસુભાઈ ? આમાં યાદ રહેવું મુશ્કેલ, પ્રવિણભાઈ પૂછે કે હસુભાઈ, શું સાંભળીને આવ્યા ? શું કહેવું આમાં, કોણ જાણે ? કહે, બહુ ઝીણી વાત. ( શ્રોતાઃ- અભ્યાસ કરે તો બધી ખબર પડે ) અરે, એની તાકાત છે એ સમજવાની પોતાની તાકાત છે. પોતાને અને પરને જાણવાની એ તો પોતાની તાકાત છે. આહાહા !

એ તો બપોરના ચાલે છે ને કે પોતાના જ્ઞાન સિવાય બધા દ્રવ્યો જે છે એ બધા દ્રવ્યોને જાણવાની પર્યાય-બધા દ્રવ્યપણે નથી પરિણમતી પણ એનાં જ્ઞાનપણે પરિણમે છે. બધા દ્રવ્ય ગુણ પર્યાયનું જ્ઞાન થયું અહીંયાં, એ જ્ઞાનનું પરિણમન એ બધાના જ્ઞાનનું પરિણમન એ આત્મા છે. આહાહાહા ! સર્વને જાણવાવાળો એ આત્મા છે, તો એ સર્વને જાણે એક સમયમાં. એ જાણવાના પરિણામ આત્મા કરે છે માટે એ આત્મા.

"રાગ" -ચાહે તો દયાનો રાગ હો, તો પણ એ તો હિંસા છે, પોતાના સ્વરૂપની હિંસા છે. આહાહાહા ! કેમ કે રાગ છે એ અહિંસા નથી, રાગની ઉત્પત્તિ થવી એ તો સ્વરૂપની હિંસા છે. જ્ઞાની, રાગને જાણે છે, પરની દયા તો કરી શકતા નથી, પણ રાગનો કર્તા પણ જ્ઞાની નથી. આહાહાહા ! એ રાગ થયો, એનું જ્ઞાન એ જ સમયમાં જ્ઞાનીને પોતાના સ્વપરપ્રકાશક ( જ્ઞાન )

પરિણામમાં વ્યાપ્ત થઈને થયું છે, રાગથી નહીં, રાગનું નહીં. રાગ વ્યાપ્ત નહિ અને રાગ વ્યાપક થઈને, અહીં જ્ઞાનપરિણામ વ્યાપ્ય થાય છે એવું ય નથી. આહાહાહા ! ઘણું ભર્યું છે ને આ તો. ક્યાંય પાર ન મળે એ મગજમાં જેટલું' જ્ઞાનમાં આવે છે, એટલું બધું વાતુમાં ( વાણીમાં ) ન આવી શકે એટલી વાતું છે ભાઈ. આહાહા !

( શ્રોતાઃ- જ્ઞાની, અજ્ઞાનીના રાગને કેમ જાણે છે ? ) કોને ન જાણે કીધું ને ? બધા દ્રવ્ય ગુણ પર્યાયને જાણેને ? એમાં સામાનો રાગ આ બધું આવી ગયું કે નહિ ? સામાનું મિથ્યાત્વ એ જ્ઞાનનો-પર્યાયનો સ્વભાવ છે કે, સર્વને જાણે ત્યારે તો તે જ્ઞાન પોતે પૂરું કહેવાય છે. પૂરું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ... ?

જ્ઞાનની પર્યાય, બધા અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, ત્યારે તો એ જ્ઞાનપર્યાય પોતાની પૂરી થઈ અને બધાને જાણનાર એ એક આત્મા થયો ત્યારે તો આત્મા થયો. આહાહાહા ! એય ભાઈ. જિનેશ્વરદેવ ત્રિલોકનાથ વીતરાગની વાણી કોઈ અલૌકિક છે ભાઈ ! આહાહાહા !

પરમાત્મા-પરમેશ્વર એમની ( વાણી ) સાંભળી એ સંતોએ, કુંદકંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા. મહાવિદેહમાં; બે હજાર વર્ષ થયાં, સંવત-૪૯ ( માં ) આઠ દિવસ ત્યાં રહ્યા હતા પ્રભુ પાસે, બિરાજે છે પ્રભુ ( એ ) ત્યાંથી આવીને આ ( પરમાગમો ) બનાવ્યા, ભગવાન આમ કહેતા હતા. આહા ! કે તને પણ મારી ભક્તિનો રાગ આવ્યો છે, એ રાગનો તું જાણનાર છો, રાગનો કર્તા નહિ, આહાહાહા ! સમજાણું કાંઈ... ?

( શ્રોતાઃ- અજ્ઞાની તો રાગનો કર્તા છે ને ! ) અજ્ઞાની તો માને છે, માને છે, છેવટે ખરેખર તો કર્તા થતો નથી, પણ માને છે. આહાહાહા ! એ આવી ગયું છે આપણે, માને છે, નથી આવ્યું ? ૯૪-૯૫ ગાથામાં, એ ગાથામાં આવી ગયું છે પહેલું. માને તો અજ્ઞાની ગમે તે માને. આહાહા !

ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ-જ્ઞાનનો પિંડપ્રભુ છે. જેમાં જ્ઞાનની અપરિમિત શક્તિ પડી છે. મર્યાદા બહાર અમર્યાદિત સ્વભાવ, એ સ્વભાવનું જેમને સમ્યગ્દર્શનમાં-સમ્યગ્જ્ઞાનમાં ભાન થયું. એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં, આહાહા ! એ ઓલા ચારિત્ર અધિકારમાં આવે છે ને નહિ ? ચારિત્રને શું કીધું એ કહ્યું નહોતું 'મોક્ષપાહુડમાં' ભાષા યાદ રહે, ચારિત્રપાહુડમાં અપરિમિત છે. ( શ્રોતાઃ- અક્ષય ને અમેય ) અક્ષય, અમેય હા, ઈ ભાષા આત્મામાં જે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રપર્યાય થઈ, ( એ ) પર્યાયને અક્ષય ને અમેય કહી છે, વાત થઈ ગઈ છે, આંહી ઘણું પછી ( કહેવાય ગયું છે ), ભગવાન આત્માના દ્રવ્ય ને ગુણ તો અક્ષય ને અમેય છે પણ એની સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર ( પર્યાય ) થઈ એ વીતરાગી પર્યાય-ધર્મ થયો એને મોક્ષપાહુડમાં ત્યાં-અષ્ટપાહુડ ( છે ) અષ્ટપાહુડ ( તેમાં ) ચારિત્રપાહુડમાં અક્ષય-અમેય કહ્યું છે. એ પર્યાય અક્ષય છે ને અમેય-એ મર્યાદા વિનાની શક્તિ છે. આહાહા ! સમજાણું કાંઈ... ? આવી વાત છે. અજાણ્યાને તો એવું લાગે ( કે ) આ શું મારગ.

આ કંઈક કરવું-ભક્તિ કરવી, જાત્રા કરવી, પૂજા કરવી, મંદિર બનાવવા અને મંદિરમાં સવાર-સાંજ પૂજા કરવી ! એ બાપુ એ જડની ક્રિયા જડમાં છે અને એમાં રાગ થાય છે એ પણ પરમાં છે, આત્મામાં નહીં. આહાહાહા ! ( શ્રોતાઃ- રાગ તો પુદ્‌ગલના પરિણામ કીધાને ! )

પુદ્‌ગલ જ છે એ નિશ્ચયથી. પહેલાં પુદ્‌ગલના પરિણામ કહ્યાં ૭૬, ૭૭ માં પછી પુદ્‌ગલ જ કહી દીધા છે. આખો શબ્દ પુદ્‌ગલ વાપર્યો છે. આહાહા ! બે દ્રવ્ય-એકકોર પુદ્‌ગલદ્રવ્ય ને એકકોર ભગવાન આત્મદ્રવ્ય. આહાહાહા !

રાગ પણ પુદ્‌ગલના પરિણામ છે. આહાહા ! જો ભગવાનના પરિણામ હોય તો છૂટે નહીં ક્યારેય , એ રાગનો કર્તા પણ આત્મા નહીં, પણ ધર્મીજીવ-સમ્યગ્દૃષ્ટિ, એ રાગનો જાણવાવાળો રહે છે-રાગનું જ્ઞાન કરે છે ને સ્વનું જ્ઞાન કરે છે, એ જ્ઞાન પરિણામ આત્માનું કાર્ય છે. પણ ધર્મીનું રાગ કાર્ય ને આત્મા કર્તા, એવું છે નહીં. આવું છે અલક-મલક જેવી વાતું લાગે આ-અગમ્ય-ગમ્યની વાડામાં પડયા હોય એને કાંઈ ખબરુંએ ન મળે. અત્યારના સાધુ ને પંડિતો વાતું આ બધી બહાર( ની ) કરે-આ કરો... આ કરો-વ્રત કરો ને અપવાસ કરો, આહાહાહા ! ( શ્રોતાઃ- રાગ કરો ) રાગ કરો, રાગ કરો, રાગ કરો, રાગ કરો, રાગ કરો ! કરો કરો એ તો મિથ્યાત્વભાવ છે. આહાહાહા ! 'કરે ઈ મરે' -રાગનો કર્તા થાય, એ આત્માનું મરણ કરે છે-આત્માનો નાશ કરી દે છે. આ આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, એનો અભાવ કરી ઘે છે. આહાહા ! સમજાણું કાંઈ... ? આકરી વાત ભાઈ, પચવી કઠણ બહુ. આહાહા ! એ ત્યાં સુધી રાગ આવ્યું ને ?

'દ્વેષ' -દ્વેષના પરિણામ જે થાય છે જરી, એનો પણ જ્ઞાતા, જ્ઞાની તો જ્ઞાતા છે. એનો 'જાણનાર' છે. પોતાનું સ્વરૂપ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એનું સમ્યગ્દૃષ્ટિને અંતર જ્ઞાન થયું છે એ કારણે દ્વેષના પરિણામ જરી આવ્યા, એના પણ જ્ઞાતા છે-એ દ્વેષના પરિણામનું જ્ઞાન, એ જ્ઞાનીનું જ્ઞાન વ્યાપ્ય છે. દ્વેષ એનું વ્યાપ્ય ને આત્મા વ્યાપક એમ છે નહીં. દ્વેષ પરિણામ અને આત્મા પરિણામી ( તો તો ) પરિણામી ને પરિણામ એક થઈ જાય છે, તો દ્વેષમાં આત્મા એક થઈ જાય છે આત્મા. આહાહાહા ! પણ દ્વેષ આવ્યો, એનું જે સ્વપરપ્રકાશકજ્ઞાન થયું એ પરિણામ ને આત્મા પરિણામી તો એક છે, અભેદ છે. સમજાણું કાંઈ... ?

વિશેષ આવશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં. ૨૦૪ ગાથા-૧૦૧ શનિવાર, મહા વદ-૧૩, તા.૨૪/૨/'૭૯

સમયસાર ૧૦૧ ગાથાનું અહીં સુધી આવ્યું'તું 'દ્વેષ' સુધી આવ્યું છે. 'દ્વેષ' શું કહે છે ? કે આ આત્મા જે છે એ અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ છે, સચ્ચિદાનંદ સત્ શાશ્વત ચિદાનંદ જ્ઞાન ને આનંદ અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિય આનંદનું એ સ્વરૂપ છે આત્માનું, એવું જેને રાગના દયા દાન વિકલ્પ જે રાગ છે ને ? એનાથી ભિન્ન થઈ અને આત્માનું જ્ઞાન થયું હોય, તેને જે કાંઈ રાગાદિ આવે તે રાગનો રાગમાં અડયા વિના રાગને જાણે એવો એનો સ્વભાવ છે. ચિદાનંદ જ્ઞાનમૂર્તિ પ્રકાશ, કરોડો સૂર્યના પ્રકાશ છે એ જડ, ભગવાન આત્માનો પ્રકાશ એ કરોડો સૂર્યથી પણ ભિન્ન જાતનો પ્રકાશ છે અંદર. આહાહા ! બપોરે આવશે વળી તમે ઓલું કીધું'તું ને આ બધું, આવું બધું શું કે હું એકને જાણું ને પરને જાણું ને આ જાણું ને, બપોરે આવશે એનો ઉત્તર એ આત્મા કેવડો ને કેવો છે, એ જણાવે છે. આહાહા ! અત્યારે તો આટલી વાત.

આ દેહ છે એ તો માટી જડ ધૂળ છે, અંદર દયા, દાન, વ્રત, ભક્તિનાં ભાવ થાય એ પણ– રાગ ને વિકાર છે. એ વિકારથી અંદર નિર્વિકારી ભગવાન ભિન્ન છે, આ ભગવાન એટલે આત્મા હોં, ભગવાન થઈ ગયા એ એની પાસે. એ આત્મા રાગના વિકલ્પો જે થાય વ્રત, તપ, ભક્તિ, દાન એ બધો રાગ છે, એ રાગ એ આત્મા નથી. તેથી રાગથી ભિન્ન પડી, અંદરમાં જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ સ્વરૂપની અંદર સ્વસન્મુખ થઈને, આનંદનું વેદન આવે, અતીન્દ્રિય આનંદનું વેદન આવે, તેને ધર્મી અને જ્ઞાની કહે છે. આટલી શરતું બધી. આહાહા !

એ ધર્મીને એટલે કે આત્મા વસ્તુ છે એનો જે ધર્મ નામ વથ્થુ સહાવો, જે અનંત અનંત જ્ઞાન, અનંત અનંત શાંતિ, અનંત અનંત પ્રભુતા એવી જે વસ્તુ છે ધર્મી, એનો એ ધર્મ છે સ્વભાવ, અને એ સ્વભાવનું એકાગ્ર થઈને ધર્મની દશા શક્તિમાંથી વ્યક્તિ પ્રગટ થાય, તેને વર્તમાન ધર્મ કહે છે. દ્રવ્ય ધર્મી ત્રિકાળ, એના ગુણો ધર્મ ત્રિકાળ, આ દ્રવ્ય ગુણ પર્યાય લીધા. આહાહા ! એ ત્રિકાળી ભગવાન જે આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એનું રાગના વિકલ્પથી પૃથક્ થઈ અને સ્વભાવની એકતામાં વેદન જે આવે, એ વેદનમાં તો અતીન્દ્રિય જ્ઞાનનું જ્ઞાન અતીન્દ્રિય આનંદનું વેદન. આહાહા ! અતીન્દ્રિય જે વીર્ય પુરુષાર્થ છે ત્રિકાળી, એને પણ પર્યાયમાં અનંત ગુણની નિર્મળ પર્યાયની રચના કરી, એ અતીન્દ્રિય વીર્ય છે. એવો જે પર્યાયનો સ્વભાવ, વીતરાગી પરિણામ થવા કેમકે વીતરાગી સ્વરૂપ પ્રભુ છે, એને અવલંબે વીતરાગી પરિણામ થાય તેને અહીંયા ધર્મ કહે છે, અને તેને અહીંયા ધર્મી કહે છે, તેને અહીંયા જ્ઞાની કહે છે. આહાહા ! આવી વાતું કયાંય( નથી ).

એ જ્ઞાનીને ક્રોધ આવે, કહે છે, અલ્પ કે સર્વજ્ઞ નથી વીતરાગ પૂર્ણ નથી, જરીક ક્રોધ આવે, છતાં એ દૃષ્ટિમાં ક્રોધ વિષય નથી એનો. દૃષ્ટિનો વિષય તો જ્ઞાયક પૂર્ણ છે, એથી ક્રોધ આવ્યો તેને સ્વ તરફની સન્મુખતાની દૃષ્ટિમાં જે જ્ઞાન થયું તે જ્ઞાનમાં ક્રોધને જાણવામાં આવે, આવી વાતું છે.

અજ્ઞાનીને જે રાગાદિ આવે, તેને સ્વભાવ ચૈતન્ય વીતરાગ મૂર્તિ પ્રભુ છે, એની ખબર નથી, તેથી તે દયા, દાન, વ્રતાદિનો રાગ તેનો એ કર્તા થાય છે. સ્વભાવ છે વીતરાગ મૂર્તિ એ રાગનો કર્તા, ભાન થયું એ રાગનો કર્તા કેમ થાય ? આહાહાહા !

સ્વરૂપ ચૈતન્ય જાગ્રત સ્વરૂપ કોટાકોટિ સૂર્યથી પણ જેનો પ્રકાશ અનંતગુણો, કોટા કોટિ ચંદ્રોથી પણ જેની શીતળતા અનંતગુણી ભિન્ન છે. આકાશના એક આકાશ છે પણ એવા અનંત આકાશની ગંભીરતા એનાંથી પણ ભગવાન અંદર ગુણનો અપાર એવી ગંભીરતા છે, એવો ભગવાન આત્મા અંદર એનું જેને સન્મુખ થઈને, નિમિત્ત અને રાગ ને પર્યાયથી વિમુખ થઈને ધર્મ જેને પ્રગટયો છે સમ્યગ્દર્શન, એ જ્ઞાનીને, એ જ્ઞાની કહો કે ધર્મી કહો, કોઈ પાછું એમ જાણે કે જ્ઞાની એટલે બહુ જ્ઞાન થઈ ગયું હોય એ જ્ઞાની, ધર્મી ભલે બીજો હોય એમ ( નથી ). આહાહા ! એ જ્ઞાનીને જરીક ક્રોધ આવે તો એ ક્રોધનો સ્વપરપ્રકાશક જ્ઞાતાપણે પ્રગટેલી દશામાં ક્રોધને તે જાણે એના જ્ઞાનમાં ક્રોધ નિમિત્ત થાય, ઉપાદાન તો ક્રોધ સંબંધીનું જ્ઞાન તે પોતાનું જ્ઞાન એ પોતાથી પ્રગટેલું છે. આહાહા ! એમ ક્રોધ.

એમ “માન” “માન” નો અંશ આવે, છતાં જ્ઞાની ધર્મી નિર્માન એવા આત્માના પૂર્ણ

સ્વરૂપનો, જેનો આશ્રય છે, તેથી જે જ્ઞાન પ્રગટયું છે સ્વપરપ્રકાશક સ્વતઃ એમાં માન આવે તેનું પણ અહીં જ્ઞાન થાય છે, એ એનું જ્ઞાન કહેવું એ અપેક્ષિત છે, બાકી એનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન છે. આહાહા ! એ જ્ઞાનમાં 'માન' જાણવામાં આવે ધર્મીને, પણ માનનો એ સ્વામી ન થાય. આહાહાહા ! આવી શરતું બધી. હસુભાઈ ! આ ક્યાં ઓલા કટકાની ખબર પડે નહિ. આહાહા ! એ તો ધૂળ ક્યાંય રહી ગઈ, પણ અહીંયા તો રાગ આવે દયા, દાનનો એ પણ વિકલ્પ ને રાગ એ પણ ઝેર છે. અમૃતસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર, સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદથી ભરેલો, એને જે રાગ આવે એ પણ ઝેર છે. આહાહા !

એ આપણે આવી ગયું છે ને ભાઈ મનનો વિષય ધર્માસ્તિ આદિ કરે, ઇન્દ્રિયનો વિષય રૂપી કરે. અને પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન મૃતક કલેવરમાં મૂર્છાય. ભગવાન અંદર અમૃત સ્વરૂપ, પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન છે. એ એને છોડીને આ મૃતક કલેવર મડદું છે, આ તો જડ માટી ધૂળ મડદું છે. આ માટી છે આ. મૃતક કલેવરમાં અમૃતરૂપ વિજ્ઞાનઘન મૂર્છાઈ ગયો છે, એ અજ્ઞાનપણે મિથ્યા ભ્રાંતિપણે મૂર્છાઈ ગયો છે તેને પાપનાં પરિણામ થાય છે, પાપના પરિણામ તો રાગાદિક પણ છે, પણ આ તો આમાં મૂર્છાણો ઈ મિથ્યાત્વનાં પાપનાં પરિણામ છે. આહાહા ! ઈ આહીં કહે છે.

માન આવ્યું જ્ઞાનીને છતાં તે માનનો, કેમ કે આત્મા છે એમાં અનંતા, અનંતા, અનંતા, અનંતા ગુણો છે સંખ્યાએ પણ કોઈ એક ગુણ વિકાર કરે એવો ગુણ નથી. આહાહા ! સમજાય છે આમાં કાંઈ ? અનંતા, અનંતા, અનંતા, અનંતા, અનંતા, અનંત ને ગમે તેટલા કરો એટલાં ઈ ગુણો છે આત્મામાં. જેમ જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા વિગેરે પણ અનંતગુણમાં કોઈ એક ગુણ એવો નથી વિકાર ગુણ કરે. આહાહા ! ( શ્રોતાઃ- ગુણમાં વિકાર હોય તો મટી શકે જ નહીં ? ) પણ એ હોઈ શકે જ નહિ, ને એ ગુણ જ વસ્તુનું વાસ્તવિક વસ્તુ ને વાસ્તવિક જે શક્તિ ગુણ છે એ તો પવિત્ર ને નિર્મળ ને શુદ્ધ જ છે. આહાહા ! એ શુદ્ધ સ્વભાવ છે, એ અશુદ્ધતાને કેમ કરે ? કેમ કે એનાથી વિરુદ્ધ આ તો અનંત અનંત શુદ્ધતા ને રાગ અશુદ્ધ એ જરીક અમુક ગુણની અશુદ્ધતા. એને મારું કાર્ય છે, ને હું કર્તા છું, એમ માનનારને અનંત ગુણ પિંડ શુદ્ધ ચૈતન્યઘન એનો એને અનાદર છે. આહાહા ! આવો કેવો ઉપદેશ આવો.

બાપુ ! મારગ પરમ સત્ય તો આ છે. આહા ! ઓલા બીજા આવે છે ને તમારા મામા એ કે નહિ બીજા એક મોટા કાકાના દીકરા છે તમારા. હેં ? નારાયણભાઈ, એ છે ને ? એ આવે છે. આવતા પોપટભાઈ વખતે બહુ આવતા નારાયણભાઈ. આહાહા ! તો આ વાત બહુ આકરી બાપા ! જનમ મરણ ૮૪ની યોનિમાં કરી રહ્યો છે, જે દુઃખી છે. કેમ કે અમૃતસ્વરૂપ ભગવાન આત્મા એને દૃષ્ટિમાં આવ્યો નથી. એની દૃષ્ટિમાં તો એ રાગ ને પુણ્ય ને પાપ ને એના ફળ આ ધૂળઆદિ, એ ઝેરી દૃષ્ટિ છે. જેને પુણ્ય ને પાપ મારા છે એને આ ફળ મારાં, એ દૃષ્ટિ ઝેરી છે, મિથ્યાદૃષ્ટિ કહો કે ઝેરી દૃષ્ટિ કહો. આહાહાહા !

પણ ભગવાન આત્મા એ ઝેરીલા વિકારી પરિણામથી ભિન્ન છે, અમૃત સ્વરૂપ છે, એવું જેને જ્ઞાન થયું સ્વસ્વરૂપનું તે જ્ઞાનમાં સ્વપરપ્રકાશક પરિણતિ ઊભી થાય છે. એમાં એ માન જરી આવ્યું એનું પણ એ જ્ઞાન કરે છે. બાકી જ્ઞાન તો તે સમયે માન આવે તે સમયે જ્ઞાનની

પર્યાય ષટ્કારકરૂપે પરિણમતી સ્વતઃ ઊભી થાય છે, એ માન છે માટે માનનું જ્ઞાન થાય છે એમેય નહિ. આહાહા ! આવી વાતું.

એમ "માયા" "માયા" માયાનો કપટનો અંશ જરી આવે, છતાં ધર્મીને તો તે જ કાળે સ્વપરપ્રકાશક એવો જે જ્ઞાયકભાવ એનું ભાન છે, તેથી તે પર્યાયમાં સ્વપરપ્રકાશક પર્યાય પ્રગટે એમાં માયા ને જાણે, એમ કહેવામાં આવે. આહાહા !

એમ "લોભ" છે ? લોભ આવે જરી, પણ નિર્લોભી વીતરાગી મૂર્તિ પ્રભુ છે એનું જ્યાં જ્ઞાન છે, તે જ્ઞાનમાં લોભને કાળે પણ તે જ્ઞાન સ્વપરપ્રકાશક પોતાથી સ્વતઃ પરિણમે છે આહાહા ! ( શ્રોતાઃ- મોક્ષની લક્ષ્મી પ્રાપ્ત કરવી એ પણ લોભ છે ) મોક્ષની લક્ષ્મી, લક્ષ્મી તો ક્યાંય ધૂળમાં રહી ગઈ ( શ્રોતાઃ- મોક્ષની પ્રાપ્તિ કરવી એ લોભ ) એ ઇચ્છા એ ય નહિ. ઇચ્છા, એ પણ મોક્ષની ઇચ્છાથી મોક્ષ અટકે છે. આહાહા ! સમજાણું કાંઈ ? ઝીણી વાત છે ભાઈ. બોલ વંચાય છે પાછળનાં, છે ને ? ૧૦૧ ના.

"નોકર્મ" એટલે શું ? કે જે માતાના પેટમાં જ્યારે આવે છે ને, ત્યારે એને છ પર્યાપ્તિ બંધાય છે આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા, મન એ છ પર્યાપ્તિ ને યોગ્ય જે પુદ્ગલો છે તેને અહીં નોકર્મ કહેવામાં આવે છે. આરે આવી વાતું છે. કેટલુંક તો પહેલું જાણવું હોય, આ તો કોલેજ છે. અને કેટલુંક પહેલું જાણપણું હોય તો આ સમજાય એવું છે. આહાહા ! સમજાણું કાંઈ ? કાયા તો પછી આવશે, 'કાયા' જે આ ઔદારિક આદિ જે કાય છે એ તો કાયમાં આવશે, પણ આ નોકર્મમાં આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા અને મનને યોગ્ય પુદ્ગલ સ્કંધ છે અને ઔદારિક, વૈક્રિયિક અને આહારક એને યોગ્ય જે પુદ્ગલ છે. ઔદારિક, વૈક્રિયક, આહારક એ કાયા શરીરમાં આવશે પણ અહીંયા તો એને યોગ્ય પુદ્ગલસ્કંધ જે છે. આહાહા ! સ્કંધ એટલે પરમાણુનો પિંડ જે છે તેને અહીંયા નોકર્મ કહેવામાં આવે છે. આહાહાહા ! ભારે !

માતાના પેટમાં હોય ને સમકિતી, આત્મજ્ઞાન સહિત, કહે છે કે ત્યાં આહારક શરીરને, ઇન્દ્રિયને યોગ્ય જે પુદ્ગલ છે તેને તે જાણવાનું કામ ત્યાં કરે છે. હું આમ જાણું ને આમ, ભલે એ ન હોય. આહાહાહા ! કારણકે વસ્તુ જે છે એ તો જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે, પ્રજ્ઞા બ્રહ્મસ્વરૂપ આત્મા, તે પ્રજ્ઞાનું જ્ઞાન થયું, તે જ્ઞાનનું ત્યાં જ્ઞાનકાર્ય ભલે એને ખબરે ય ન હોય કે આ આ છે ને, પણ એ વસ્તુ તો એ રીતે બને છે. જે વસ્તુનું શ્રદ્ધા ને જ્ઞાન થયું, એ કાંઈ નકામા પડયા રહેતા નથી ત્યાં. સમજાણું કાંઈ આમાં ? આહાહાહા ! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન એનું જ્યાં ભાન થયું ને જ્ઞાન થયું ને શ્રદ્ધા થઈ એ ગમે તે કાળમાં એ કાંઈ શ્રદ્ધા જ્ઞાન નકામા પડયા છે, એમ નથી. હેં ? એનું કાર્ય છે. આહાહા !

કહો દેવીલાલજી ! આવો કેવો ઉપદેશ, આ કઈ જાતનો છે, ઓલો તો કહે ભાઈ ભગવાનની ભક્તિ કરવી, પૂજા કરવી, મંદિર બનાવવું એવું સહેલું સટ હતું, ધૂળમાંય કાંઈ નથી સાંભળને હવે. પરનું કરી શકતો નથી ને પરમાં તને રાગ થાય છે ને શુભ અશુભ એ પણ ઝેર છે દુઃખ છે એનો કર્તા થાય છે તો અમૃતસાગરનો અનાદર થાય છે. આહાહાહા ! આ ટીકા તો આવ્યું હોય તે પ્રમાણે પછી કહેવાય ને. આંહીં ઝીણું પડે પણ. આહાહાહા !

"નોકર્મ" આમ તો "નોકર્મ" બીજા દ્રવ્યકર્મ, ભાવકર્મ ( સિવાય ) બાહ્ય ચીજને નોકર્મ

કહેવાય પણ અત્યારે આમાં આટલું લેવું, ઔદારિક શરીર, વૈક્રિયિક શરીર, આહારક શરીરને યોગ્ય જે પુદ્ગલ છે એ શરીર નહિ, એને યોગ્ય જે પુદ્ગલો છે અને આહાર, શરીર, ઇન્દ્રિય, આહાહા ! શરીરને યોગ્ય પુદ્ગલ લીધા, શરીર એ કાયામાં આવશે. સમજાણું કાંઈ ? આરેરે ! આવી વાતું હવે, કોના ઘરની કાંઈ ખબર ન મળે. ( શ્રોતાઃ- પોતાના ઘરની ) આહાહા ! ભાઈ તારા ઘરની વાત છે. તેં સાંભળી નથી, તેં કરી નથી. આહાહાહા !

બહારના કડાકૂટા કરી કરીને મરી ગયો પણ તું તો જ્ઞાતા છો ને પ્રભુ ! એ બધી ચીજો તો જ્ઞાતાની પરજ્ઞેય છે ને ! સ્વજ્ઞેય તો પોતે છે. તું જ્ઞાતા, પ્રજ્ઞા, બ્રહ્મસ્વરૂપ છો ને ! પ્રજ્ઞા ( નામ ) જ્ઞાન ને બ્રહ્મ નામ આનંદ. અરે કેમ બેસે કોઈ દિ' સાંભળ્યું નથી. જ્ઞાન ને આનંદ એ તારું રૂપ છે ને, અને એ બધી ચીજો રાગથી માંડીને બધી આખી દુનિયા એ પરજ્ઞેય તરીકે તેનું જ્ઞાન કરનાર તું છો, તે જ્ઞેય નામ જણાવા લાયક તે ચીજ છે. આહાહા ! દેવ, ગુરુ ને આત્મા પણ એનો, આ જ્ઞાનમાં જ્ઞેય તરીકે છે, એ મારા માનવા તરીકે એના સ્વરૂપમાં નથી, ને આંહીં યે નથી. આહાહાહા ! સમજાય છે કાંઈ ?

કઈ જાતનો આવો ધર્મ, કોક કહે માળે નવો કાઢયો સોનગઢવાળાએ એમ કહે છે. ( શ્રોતાઃ- નવો જ છે ) ભાઈ, ભાઈ મારગ તો આ છે પ્રભુ, અનાદિનું એ સ્વરૂપ જ આવું છે. આહાહા !

એ 'નોકર્મ' શરીરને યોગ્ય જે પુદ્ગલ પરમાણું છે, આહારને યોગ્ય જે આહાર આવે ને, એ પુદ્ગલો છે, ઇન્દ્રિયને યોગ્ય આ ઇન્દ્રિયો થાય એને યોગ્ય જે પુદ્ગલો છે. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, એ શ્વાસ છે પુદ્ગલો છે, એ પણ શ્વાસ ને એ આંહીં ન લેવું. આંહીં શ્વાસને યોગ્ય જે પુદ્ગલ છે એને લેવા. આહાહા ! સમજાણુ કાંઈ ? મનને યોગ્ય પરમાણું છે, ભાષાને યોગ્ય પરમાણું છે, ઓલામાં આવી ગયું છે ૫૦ થી ૫૫ ભાઈ, ૫૦ થી ૫૫ માં નોકર્મની વ્યાખ્યા અંદરમા આવી છે. આ ગાથા ૨૯ બોલની આવે છે ને ? આહાહાહા !

કહે છે કે પ્રભુ તું આત્મા આનંદનો નાથ છો, અતીન્દ્રિય આનંદનો સાગર અને ભંડાર અપરિમિત આનંદ, મર્યાદા વિનાનો આનંદ, મર્યાદા વિનાનો પ્રભુ તું આટલામાં ભલે હો પણ તારું જ્ઞાન તો અપરિમિત મર્યાદા વિનાનું છે, એવા એવા અનંતા ગુણો મર્યાદા વિનાના, સંખ્યાએ તો મર્યાદા નહિ, પણ શક્તિએ મર્યાદા નહિ. આહાહાહા ! સમજાણું કાંઈ ? એવો જે ભગવાન આત્મા, એનું જ્યાં જ્ઞાન થાય છે, ત્યારે તે જ્ઞાનમાં નોકર્મને યોગ્ય પુદ્ગલો છે તેનું જ્ઞાની જ્ઞાન કરે છે. આહાહા ! સમજાણુ કાંઈ ?

એ માતાના પેટમાં હોય છે ને તોપણ એ ખરેખર તો આમ છે. એક વાત એવી છે કે એ વાત મગજમાં નથી આવતી કે સવાનવ મહિના રહે તો ઉપયોગરૂપ થતો હશે કે નહિ એ કોઈ એ શાસ્ત્રઆધાર ( નથી મળ્યો ! ) વિચાર તો બધા આવી ગયા હોય ને, સમજાણું કાંઈ ? સવારમાં. ( શ્રોતાઃ- શક્યતા શું લાગે છે ) શક્યતા તો એ નવ મહિના સુધી કંઈ ખ્યાલ કે આધાર વિના બોલાય નહિ, એ કાંઈ નવું નથી અમારે તો કાંઈ, આ તો ઉપયોગનું સવા નવ મહિનામાં એનામાં સમ્યગ્દર્શનજ્ઞાન થયા એ નિર્વિકલ્પ ઉપયોગ થઈ જાય કે નહિ, એની વાત છે. આહાહા ! સમજાય છે ? આ કેમ કીધું આ ? કે તે કાળે પણ આહાર શરીરને યોગ્ય છે તેનું

જ્ઞાન પોતે સ્વતઃજ્ઞાનનો સ્વભાવ છે તે જ્ઞાન કરે છે બસ, સમજાણું કાંઈ ? પણ એ વખતે કેટલા વખતે ત્યાં ઉપયોગ શુદ્ધ ઉપયોગ થઈ જાય જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન, કોઈ આધાર જોઈએ, આધાર વિના કહેવાય નહિ ( શ્રોતાઃ- આપ કહો તે આધાર ) આંહીં આવવું જોઈએ ને અંદર ? આવ્યા વિના. એવા તો બીજા ઘણાં બોલો છે જે મગજમાં વિચારમાં આવ્યા પણ બેસતા ન હોય. હેં ? ( શ્રોતાઃ- શાસ્ત્રનો આધાર નથી ) ક્યાંય એ આપણને જોવામાં આવતું નથી, હશે ક્યાંક ક્યાંક, પણ જોવામાં નથી આવતું. આહાહા ! ( શ્રોતાઃ- આઠ વર્ષ પહેલાં તો નિર્વિકલ્પ ઉપયોગ ન થાય ) આઠ વર્ષ પહેલાંનું આ સમકિત જ ન થાયને, પહેલું સમકિત લઈને આવે તો થાય, એને તો આવે જ તીર્થંકરો તો છે એ જુદી વાત. આ તો એક આત્મા ભગવાન જાગ્યો છે ને જાગ્યો અંદરથી હલળતો ઉઠયો, જાગતો ઉઠયો, એ જાગતો ઉઠયો એ જેને આહાર, શરીર, શ્વાસ, ભાષા ને મન બંધાય છે, કે એને યોગ્ય પુદ્‌ગલ સ્કંધ છે તેને પણ જ્ઞાનમાં એને ભલે હું આને જાણું પણ એનો સ્વભાવ જ સ્વતઃ જાણવાનો છે. આહાહાહા ! ( શ્રોતાઃ- પર્યાપ્તિનાં પરમાણુંને ગ્રહણ ન કરે પણ જાણે ) એવું છે બાપુ. આહાહાહા ! 'નોકર્મ.'

મન "મન" હવે, આ એક મન છે છાતીમાં જેમ આંખ છે આંહીં જડ, માટી આ એવું એક મન જડ છે. આંહીં અનંત પરમાણુનો પિંડ, ખિલ્યા કમળને આકારે અહીં છાતીમાં મન છે, જડ છે. આહાહા ! એને પણ જ્ઞાની પોતાના જ્ઞાનમાં તેને જાણે છે. આહાહા ! ભાવ મન તો રાગદ્વેષ એમાં આવી ગયું બધું. સમજાણું કાંઈ ? મારગ બહુ અલૌકિક છે બાપા. ત્રણલોકના નાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાનથી ત્રણકાળ ત્રણલોક જોયાં. અને એનું જ્ઞાન થયું ને વાણી, વાણીના કારણે નીકળી. એ વાણી પણ પૂજ્ય છે, એમ આવ્યું છે ને બીજા કળશમાં સમયસાર. એ વાણીમાં પણ એમ આવ્યું ત્યાં કે તારો પ્રભુ છે અંદર પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન શુદ્ધ ચૈતન્ય એનો સ્વીકાર કર, જે તને અનાદિથી રાગ ને નિમિત્ત ને પર્યાયનો સ્વીકાર છે એ મિથ્યા સ્વીકાર છે. આહાહાહાહા !

પૂર્ણાનંદનો નાથ પ્રભુ એનો સ્વીકાર સત્કાર ઉપાદેય કર, કે જેથી રાગાદિ "હેય" થઈ જશે. જો રાગને ઉપાદેય કર્યો તો પ્રભુ ચૈતન્યને હેય કર્યો, પરમાત્મ પ્રકાશ. આહાહા ! ( શ્રોતાઃ- એ અચેતન વાણીને પૂજ્ય કહે તો આત્માને શું કહેવું ? ) એ અપેક્ષાથી, કથન નિમિત્તથી કહ્યું વ્યવહારથી, વાણીમાં નિમિત્ત સર્વજ્ઞ છે ને, એ અપેક્ષાએ વ્યવહારે એ પૂજ્ય છે. નિશ્ચયથી તો ભગવાન આત્મા જ પૂજ્ય છે. વ્યવહારનય વ્યવહારથી પૂજ્ય છે. એમાં પદ્મનંદીમાં આવે પદ્મનંદી પચ્ચવિંશતિ છે ને, એમાં આવે છે ભાઈ એ ગાથામાં અહીં ઘણીવાર કહેવાઈ ગયું છે, વ્યવહાર પૂજ્ય છે એવું આવે એટલે વ્યવહારનયથી, વ્યવહારનયથી વ્યવહાર પૂજ્ય છે. આહાહા ! ( શ્રોતાઃ- એ વાત તમે ગુરુદેવ કહો, તે ગમે એવી છે ) વ્યવહારથી વ્યવહાર પૂજ્ય એટલે ? નહિ, એ તો એક અધ્યાત્મ પંચસંગ્રહ છે ને દીપચંદજીનું. એમાં એક લખાણ છે, કે બહુ ઓલું કરીશ નહિ, વ્યવહાર હેય હેય હેય છે, જ્ઞાન રાખજે જ્ઞાન રાખજે, જો હેય હેય તદ્દન કરવા જઈશ તો ભગવાન પણ સાક્ષાત્ તીર્થંકર પણ અપૂજ્ય થશે. આ તો એમાં છે. દીપચંદજીનું અધ્યાત્મ પંચસંગ્રહમાં, વ્યવહારે વ્યવહાર પૂજ્ય છે એટલું રાખજે. અપેક્ષા, શું મારગ તેમાં ખુલાસો કર્યો છે કે વ્યવહાર વ્યવહાર વ્યવહાર હેય છે. એ વ્યવહાર અધર્મ છે રાગ છે એ, પણ ત્રણલોકનો નાથ પણ પૂજ્ય નથી એમ થશે એમાં, એટલે એની હદ રાખીને કહેજે. ( શ્રોતાઃ-

હિંમત રાખજે ) એ તો એક જાણવા માટે વાત થઈ, આવી વાતું છે બાપુ !

"મન" એ જડ છે, આત્મા એ જડનો જાણનાર છે. મનનો ઉપયોગ કરનારો નથી. આહાહાહા ! એમ વચન આ વાણી, જડ છે, જડ છે, આત્મા નથી. પુદ્‌ગલ છે એ વાણીને જ્ઞાની જાણે, વાણી કરું છું હું એમ ન માને એ, તેમ વાણી મારી છે એમ ન માને એ, વાણીનું જ્ઞાન જે છે એ મારું છે પર્યાયમાં. સમજાણું કાંઈ ? મારગ બાપા આ એવો છે કોઈ. ઓહોહો ! આ દુનિયાને સાંભળવા મળતો નથી અને એક તો વાણીયા ધંધા આડે નવરાં થતાં નથી, આખો દિ' પાપમાં પડયા હોય પ્રપંચમાં એ ય ભલે બે પાંચ દશ કરોડ રૂપિયા હોય પણ બધા... ( શ્રોતાઃ- પૈસા એ પાપ છે ) પાપ એકલું પાપ રળવામાં પાપ, વ્યાજ ઉપજાવવામાં પાપ, છોકરાના લગનમાં ખર્ચવા લાખ બે લાખ પાપ, ( શ્રોતાઃ- રોટલા ખાવામાં પાપ હશે ) રોટલા ખાવામાં પાપ, આવી વાત છે ભાઈ. આહાહાહા ! હવે એને આવી વાતું, ભારે ભાઈ આ તો અનંતકાળનો અજાણ્યો મારગ, એને જાણીતો કરવો છે ભાઈ ! એની અચિંત્યતાને, અલૌકિકતા જ હોય ને ? આહાહા !

વાણી જડ, આંહીં કહે જડને જાણે છે, એ ત્યાં વાણીને પૂજ્ય કીધી, આવ્યું મગજમાં, વ્યવહારથી, વીતરાગની વાણી છે ને સર્વજ્ઞ પરમાત્મા, શબ્દ છે ને એમાં ક્યાંક અનુભવ, શું શબ્દ નથી કળશટીકામાં ? ( શ્રોતાઃ- અનુસારી ) અનુસારી, અનુસારીનો અર્થ એ કર્યો છે કળશ ટીકામાં, "સર્વજ્ઞને અનુસરીને છે ને ?" સર્વજ્ઞસ્વરૂપ છે એને નિમિત્તપણે અનુસરીને વાણી છે ને ? અનુસારીણી છે એ નહિ, મારે કહેવું'તું આ પશ્યંતિ, શું કહેવું છે ? પ્રત્યગ આત્મા તેને જીવદ્રવ્ય જેમાંથી કહેવાય છે તેનું સ્વરૂપ, તેનો અનુભવ પશ્યન્તિ-પશ્યન્તિનો અર્થ અનુભવશીલ છે, આ આવું લીધું છે અહીં, એ કહેવું'તું છે અહીં મારે, ભાવાર્થ આમ છે કે કોઈ કહેશે કે દિવ્યધ્વનિ તો પુદ્‌ગલાત્મક અચેતન છે, અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે. તેનું સમાધાન, અર્થ એવો કે વાણી સર્વજ્ઞ સ્વરૂપ અનુસારણી, પણ ઓલું પશ્યન્તિમાં આમ લીધું અનુભવનશીલ છે, વાણી અનુભવનશીલ છે, એટલે કે ભગવાનને અનુસરીને થાય છે. કઈ અપેક્ષા છે એ સમજાણું ? વાણી સર્વજ્ઞ સ્વરૂપ અનુસારીણી તો અર્થમાં કર્યું. એવું માન્યા વિના પણ ચાલે નહિ. આહાહા ! વાણી જડ છે, આમાં ઉતરે ( ટેપમાં ) એ જડ ઉતરે કે આત્મા ? આ અવાજ આવે છે એ જડ છે માટી પરમાણું છે. માટી પરમાણું છે. શબ્દ વર્ગણામાંથી ભાષા ઊઠે છે. આત્મામાંથી ભાષા થતી નથી. અરે રે ! ( શ્રોતાઃ- સર્વજ્ઞ અનુસાર વાણી છે ) એથી તો નિમિત્તની વાત કરી. બાકી તો ભાષાની પર્યાયને અનુસારે એ ભાષા વર્ગણાને અનુસારે એ ભાષા થઈ છે. આહાહાહાહા !

એ "કાય" "કાયા" હવે આ કાયામાં આ લેવું. ઔદારિક, વૈક્રિયિક આદિ સમજાય છે ? આહાહા ! ઓલામાં ૨૯ બોલમાં તો પાંચ શરીર લીધા છે ત્યાં. ઔદારિક, વૈક્રિયિક આ પાંચ શરીર, ૨૯ બોલ ઓલામાં ૫૦ થી ૫૫ ગાથા. આ કાયા એ જડ છે. આ માટી આ કાયા મૃતક કલેવર છે આ મડદું. ચૈતન્ય ભગવાન જે અંદર છે એ તો જડથી ભિન્ન છે અંદર. આહાહાહા ! સમજાણું કાંઈ ? આ શરીર છે એ તો કીધું ને હમણાં ૯૬ ગાથામાં "પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન મૃતક કલેવરમાં મૂર્છાઈ ગયો છે." આ શરીર જાણે મારું, મારે રાખવું કહો હસુભાઈ તે દિ' નહોતું થતું ઓલું માંદા પડયા ત્યારે, ખબર છે ને ? કેવા સપના આવતા'તા એ ભાઈ માંદા

પડયા'તા બહુ, એક ફેરી તાકડે હું ત્યાં હતો. એવા સપના આવે છે જાણે આમ થાય ને આમ થાય ઈ તો જગતની વિકૃત લીલા એવી છે ( શ્રોતાઃ- આપના દર્શનથી શાંત થઈ ગયું ) એ તો થવા કાળે થયું છે.

પાછો કૈલાસચંદજી એમ કહે છે કે તમે બીજાને બધાને મિથ્યાદૃષ્ટિ ઠરાવો છો ને તમારા અનુયાયીઓ સ્વામીજીના કારણે પૈસા મળે છે, પૈસાવાળા થાય છે તે મિથ્યાદૃષ્ટિ નથી ? એમ કહે છે. એય શું કીધું ? કોઈ કહે એને જાણવું જોઈએ ને, કૈલાસચંદજી એમ કહે છે. કે તમે જ્યારે બીજાને મિથ્યાદૃષ્ટિ ઠરાવો છો ત્યારે તમે, એમ કહે કે સ્વામીજીને લઈને અમારે પૈસા આવે છે, અમે આમ થયું, તો તમે મિથ્યાદૃષ્ટિ નથી ? સુજાનમલજી ! ( શ્રોતાઃ- સ્વામીજીને કારણે થાય એમ માને તો મિથ્યાદૃષ્ટિ, અને વ્યવહારનું કથન હોય તો નહીં ) આપણે તો ગમે તે વાત કરો તો એમાં શું થયું. વાત કરે છે. આવું સાંભળવામાં શું વાંધો છે. અને એની વાત સાચી છે એ હિસાબે પરને લઈને પૈસા ( ન આવે ) એ તો પોતાના અંદર પુણ્ય પડયા હોય છે એને લઈને એ પૈસાનો યોગ થાય, એ કાંઈ ડહાપણને લઈને નથી અને ખરેખર તો પુણ્યને લઈને કહેવું છે એ પણ નિમિત્તથી કથન છે, પણ એ પરમાણું જ એ જાતના ત્યાં આવવાના હતા એને કારણે ત્યાં આવ્યા છે. ઉપાદાનથી.

અરે મારગ બહુ જનમમરણના અંતની વાતુ બાપા, અનંત અનંત કાળ અવતાર કરીને સોથા નીકળી ગયા, ભૂલી ગયો, પણ માળો, હેં ? કાગડાના, કૂતરાના, મિંદડાના, નારકીના, હાથી ને ઘોડા ને ઇયળ ને, ભવો અનંત અનંત કર્યા. અનંત કાળમાં એ દરેકના અનંત ભવ કર્યા, ભાઈ તું અનાદિનો છો ભાઈ, તો ક્યાં રહ્યો તું ? આ પરિભ્રમણના શરીર રખડતામાં રહ્યો ભાઈ. આહાહા ! અબજોપતિ પણ, અનંતવાર થયો તું, અને સો વાર માગે ને એક કોળીયો મળે એવો ભિખારી પણ અનંત વાર થયો બાપુ, એ કોઈ નવી ચીજ નથી. આહાહા ! તને તારી ખબર નહોતી તું કોણ છો ? ક્યાં છો ? આહાહા ! વિશેષ હવે બપોરે આવશે, આવી બધી વાત "એક જાણે તે સર્વ જાણે," "સર્વ જાણે તે એક જાણે" કેમ કહ્યું એનું ? રાતે કહ્યું'તું ને તમે, એનો ઉત્તર આવશે અત્યારે તો આ-આ તો હાલે છે. આહાહાહા !

"કાય" "કાયા" ઔદારિક કાય, વૈક્રિયિક કાય આદિ. આહાહા ! એ એને જાણનારો ભગવાન છે. જેણે પોતાને જાણ્યો છે તે પોતે કાયાને જાણવાનું કામ કરે છે. કાયા મારી છે એમ નહિ, તેમ કાયા છે માટે કાયાથી કાર્ય કરી શકું કાંઈ એમેય નહિ, તેમ કાયા છે માટે આંહીં જ્ઞાન થયું કાયાને લઈને એમેય નહિ. આહાહા ! ( શ્રોતાઃ- એને લઈને જ્ઞાન તો થાય ને ) એને લઈને નથી થયું, થયું છે સ્વપરપ્રકાશક પોતાના સામર્થ્યથી, પણ આંહીં બતાવવું છે કે એમાં નિમિત્ત કોણ એ બતાવવું છે. આહાહા ! સમજાય છે કાંઈ ? ભાઈ આ તો જનમમરણ રહિતનાં ત્રણલોકનો નાથ જિનેશ્વર વીતરાગ પરમેશ્વર એની આ વાણી છે, એનો માર્ગ જગતથી આખો ય જુદો છે. આહાહા ! અરે "વાડા બાંધીને બેઠા, પોતાનો પંથ કરવાને" આ વાડો નથી, આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથના કથનોની વાણીનો સાર છે આ. આહાહા ! સમયસાર છે ને ? આહાહા !

"શ્રોત્ર" આ કાન, કાન શ્રોત્ર, એ કાન છે આ તો જડ છે. એ જ્ઞાન સ્વરૂપ જે આત્મા છે એનું જ્ઞાન થયું ધર્મીને, તો એ કાનમાં કાન સંબંધીનું જ્ઞાન પોતાને જ્ઞાન થાય છે, એ પણ

પોતાને સ્વપરપ્રકાશક સામર્થ્યમાં કાન નિમિત્ત તરીકે છે, ઉપાદાન તો પોતે કાનનું જ્ઞાન પોતાથી થયું છે. આ કાન તો માટી જડ છે. ( શ્રોતાઃ– અંદર ઉઘાડ છે એ તો જીવનો છે ને ) એય નહિ એ ભાવ ઇન્દ્રિય એ ઇન્દ્રિય નહિ. ત્રણેયને ઇન્દ્રિય કહેવી, પણ ઝીણી વાત પડે ભાઈ, આ જડ છે આ, એ ઇન્દ્રિય અને અંદર જે એકેક વિષયને જાણે એવો જ્ઞાનનો ઉઘાડ, એકએકને જાણે ગંધને સુંઘે નાક, રૂપને દેખે આંખ, અંદર આંખ હોં આ નહિ આ તો જડ છે અંદર જાણવાનો ઉઘાડ એ ભાવેન્દ્રિય પણ નહીં જે ઇંદ્રિય જિણીતામાં ત્રણ લીધા ૩૧ ગાથા જડ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયથી દેખાતા વિષય ચાહે તો સ્ત્રી કુટુંબ પરિવાર હોય તો પણ એ ઇન્દ્રિય કહેવાય એને, ઇન્દ્રિયનો વિષય તે ઇન્દ્રિય, અરે ત્રણલોકનો નાથ ભગવાન તીર્થંકરદેવ ને સમોશરણ એ પણ ઇન્દ્રિય કહેવાય. આહાહા ! અણીન્દ્રિય તો ભગવાન છે આંહીં અંદર કહે છે. આની અપેક્ષાએ હોં, એની અપેક્ષાએ તો અણિઇંદ્રિય છે ને ભગવાન ? આવો મારગ છે. એ "શ્રોત્ર" પણ એ કહે છે કે જડ છે આ હોં, ભગવાન તો સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનસ્વરૂપ છે, એનું જ્ઞાન થયું તેથી તે કાન પણ, કાનનું પણ તે જ્ઞાન કરે છે, કાન મારા છે એમ તો નહિ, તેમ કાન વડે–સાંભળું, હું જાણું છું એમેય નહિ, તેમ કાન છે માટે મને કાન સંબંધીનું જ્ઞાન થયું એમેય નહિ. આહાહાહા !

હવે અહીં ક્યાં પહોંચવું બિચારાને નવરાશ ન મળે આ પાપ આડે, આખો દિ', ધર્મ તો ક્યાંય રહી ગયો, પુણ્યેય ન મળે. આહા ! છે. આહાહા ! એ કાન જડ છે. ચક્ષુ, આ જડ, આ કોડા માટી છે ને, એને જ્ઞાની જ્ઞાનમાં જાણે કે આ આંખ છે, આંખ વડે જાણતો નથી જ્ઞાની, તેમ આંખ છે માટે આંહીં આંખનું જ્ઞાન થયું એમેય નથી, તે વખતે જ્ઞાનનો સ્વપરપ્રકાશક પરિણામ ષટ્કારકરૂપે પરિણમતું જ્ઞાન ઉભું થાય છે. ઓહોહો ! હવે, આમાં ક્યાં, ધર્મને કોને કહેવો. ઘ્રાણ જડ છે આ માટી છે આ તો રાખ થાય છે કે નહીં મહાણમાં ( સ્મશાનમાં ) એ કાંઈ આત્મા નથી, આત્મા જેને આત્માનું જ્ઞાન થયું છે તે નાકનું જ્ઞાન કરે, નાક મારું છે એમ નહિ, તેમ નાક વડે હું સુંઘું છું એમ નહિ. આહાહાહા ! આવું ઝીણું બહુ જશુભાઈ ! આહાહા !

હસમુખભાઈ નથી. આવ્યા નહિ ? ભાવનગર, નથી આવ્યા, બપોરે આવશે શનિવાર છે ને ? બપોરે આવશે ભાઈ નો આવ્યા હોં. હીરાલાલ ! સવારે આવે છે, હાથ કપાઈ ગયોને એક વાર જાવું પડશે જયપુર એમ કહેતા'તા. આ કપાઈ ગયું છે ને આટલું કપાઈ ગયું છે બધું. ચાળીસ પચાસ લાખ હશે, પચાસ સાંઈઠ લાખ રૂપિયા, પીસ્તાલીસ વર્ષની ઉંમર ને નરમ નરમ નરમ છોકરાના લગન કરવા ગયા'તા મોટો ગૃહસ્થ માણસ પીસ્તાલીસ વર્ષની ઉંમર છે, એમાં આમ ડબાને અડીને ઉભા હશે સગાવહાલા મળવા આવ્યા હશે તે ત્યારે ઉપડી ગઈ'તી ટ્રેઈન તે આમ પકડવા ગયા હશે તે પડી ગયા કટકા આ તો કટકા ખબર પડી, પણ માળે ઉંકારો કર્યો નથી, આંખમાં પાણીનું એક ટીપુંય આવ્યું નથી. આવે છે સવારમાં આવે છે એવો બચારો નરમ માણસ છે, બુદ્ધિવાળો માણસ છે. પૈસા પાંચ સાત લાખની પેદાશ છે, પણ નરમ. કહો "જ્ઞાયક" એનો કટકો થયો હાથનો "જ્ઞાયક" એ ય ! હસુભાઈ ! આમ બોલ્યો'તો. "જાણનાર છું હું તો." આહાહા ! અને ત્યાં સુધી બોલી ગયો કે મારે નામે જેટલા પૈસા આવે આમ તો વાણીયાના બધા ભાગ પડે ને ઇન્કમટેક્સ માટે, નહિંતર છે તો બે ભાઈ બે ભાઈને કાંઈ વાણીયા નો પાડે,

ઇન્કમટેક્સ ભરવો પડે ને એટલે છોકરો છોકરાનો છોકરો સૌના નામે લખે.

મારે નામે જેટલા આમાં આવે તો મારો દેહ છૂટી જો છૂટી જાય તો શાસ્ત્રમાં આપી દેજો– મારે નામે જેટલાં છે, મારો દેહ જો છૂટી જાય તો ત્યાં આપે છે પૈસા ઘણાં ૮૦ હજાર આપ્યા'તા એકવાર, એકવાર ત્રીસ હજાર આપ્યા, એકવાર પચીસ હજાર આપ્યા, આપે છે પૈસા તો બહુ આપે છે, બહુ ઉદાર છે પણ આંહી છેલ્લે રહી ગયો. નહિંતર તો દેહ છૂટી જાત અહીંથી આટલું કપાઈ ગયું, આટલો–આટલો કટકો છે. આહાહાહા ! એ દેહની સ્થિતિ તે કાળે તે પ્રકારે થવાની હતી, અને તે કાળે ખરેખર કપાણું તેનું અહીં જ્ઞાન થવાનું હતું. આહાહાહા ! ઝીણી વાતું બહુ બાપુ ! આવો ધર્મ ક્યાંથી કાઢયો કહે છે. ઓલા ઈશ્વર કર્તા માને છે ને, ઈશ્વરની ભક્તિ કરો, ઈશ્વરને, માળે ઈશ્વરની આંહીં વળી કહે ઈશ્વર કર્તા નથી કોઈ, ત્યારે ભગવાનની પૂજા કરો રાગ, ઇ બધો રાગ છે. સાંભળ આ તો આ ભગવાન અંદર બેઠો. આહાહાહા ! એને જેણે જાણ્યો એને એ “ઘ્રાણ” પણ જાણવામાં ઇન્દ્રિય આવે, જ્ઞાન થાય.

“રસન” આ જીભ રસ એ જે રસનનું પણ જ્ઞાન છે જીવને. જેણે આત્માનું જ્ઞાન કર્યું તેને આ રસનનું જ્ઞાન છે, રસન એનું નથી જીભ એ આત્માની નથી, આ તો જડ છે માટી. આહાહાહાહા !

“સ્પર્શ” આ સ્પર્શ, આ જડ છે, આ સ્પર્શ તો, એનું જ્ઞાન સ્વરૂપમાં એનું જ્ઞાન થાય, પોતાનું જ્ઞાન થાય ત્યારે તેને પરનું પણ જ્ઞાન થાય, એવા સોળ સૂત્રો વ્યાખ્યાન કરવાં, અને આ ઉપદેશથી બીજા પણ વિચારવાં. જેટલા વિકલ્પોના પ્રકાર ને જેટલા અન્યના પ્રકાર છે બધાને આ રીતે વિચારીને ભિન્ન જાણવા. આહાહા !

હવે અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો કર્તા નથી એમ કહે છે. શું કહે છે ? અજ્ઞાની છે આત્માનું જ્ઞાન નથી, ધર્મી નથી, મિથ્યાદૃષ્ટિ છે, એ પણ કાંઈ પરદ્રવ્ય આ શરીરની ક્રિયા કરી શકે, વાણી કરી શકે, પરનું કરી શકે એ છે નહિ. અજ્ઞાની જે છે આત્માનું જ્ઞાન નથી, એવા મિથ્યાદૃષ્ટિ પણ કાંઈ શરીરની ક્રિયા કરી શકે કે વાણી બોલી શકે ? આહાહાહાહા ! એ પરનું તો કરી શકે જ નહિ. આહાહા ! અજ્ઞાની પણ દિકરાને ઉપજાવે, દિકરાને પાળે, દિકરાને ભણાવે આ શું બધા તમારા છોકરાં ભણ્યાં, ભાઈએ ભણાવ્યો નહોતો સુમનભાઈને, ૩૫ હજાર ખર્ચીને પાપ કરીને પૈસા કર્યા'તા રામજીભાઈએ વકીલાત કરીને, એ ૩૫ હજાર છોકરામાં વાપર્યા. અમેરિકામાં ભણવા માટે. એય અત્યારે છ સાત, આઠ હજારનો પગાર છે મહિને. આવે છે અહિંયા એ આ કરી શકતો હશે ? આહાહા !

કોણ આપે બાપા, અજ્ઞાની પણ પરનું લેવું દેવાની એ ક્રિયા અજ્ઞાની પણ કરી શકતો નથી. એમ કહે છે કેમકે માટી જડ છે આ પૈસા તો જડ છે ધૂળ છે એને આમ જાવું ને આવવું નોટનું એ આત્મા કરી શકે, ત્રણકાળમાં નહિ, ભારે કામ ભાઈ આવું. ( શ્રોતાઃ– આત્મા પોતે પૈસારૂપ થઈ જાય ) પૈસા, પૈસાને લેવા દેવાની ક્રિયામાં તન્મય થઈ જાય તો પોતે જુદો રહે નહિ, જડ થઈ જાય. સમજાણું કાંઈ ? અજ્ઞાની પણ એમ, જ્ઞાની તો રાગનો કર્તા નથી, પરનો તો કર્તા નથી, પણ અજ્ઞાની પણ પરનો તો કર્તા નથી. એમ લેવું છે. અજ્ઞાની કરે તો એ દયા, દાન, વ્રત કામ, ક્રોધ શુભાશુભ ભાવ એ વિકારને કરે, પણ પરનું કરી શકે ( નહીં ). આહાહા ! ધંધા પાણીની

ક્રિયા, આ લાદીની ક્રિયા તમારા થાણાની, થાન શું કહેવાય એ ? થાણા, થાણા, ત્યાં ઊતર્યા ' તા ને તે દિ ' તમારા ત્યાં, એ બધું આત્મા અજ્ઞાની પણ કરી ન શકે, એમ કહે છે. ( શ્રોતાઃ- અજ્ઞાની ભલે ન કરી શકે આત્મા તો કરી શકેને ) આત્મા પરનું કાંઈ કરી શકે નહિ, આત્મા સિવાય, આત્મા કરે તો તે પોતાના પુણ્ય-પાપ ભાવને અજ્ઞાનભાવે કરે, અજ્ઞાનભાવે પણ પરનું કરી શકે નહિ, છોકરાઓનું, બાઈડીઓનું આ બીજાનાં લગન ( આત્મા તો કરી શકે તે ) આહાહા ! ( શ્રોતાઃ- આ પૈસા બધા પાણીમાં ગયા ) પાણી, કે દી ' હતા પૈસા ? રામજીભાઈના પૈસા કે દિ ' હતા. આહાહા ! સમજાણું કાંઈ ? પૈસા તો જડના હતા. આહાહા ! એ આંહીં તો કહે છે કે જડનું તો કાંઈ કરી શકે નહિ, વિશેષ આવશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

એક ( અપેક્ષાએ ) સપ્તભંગી લીધી છેઃ જાણવું-દેખવું તે 'ઉપયોગ' છે એ સ્વ છે, અને એ સિવાય બીજા ગુણ 'ઉપયોગ' નહીં તેથી તે પર છે. એવી સપ્તભંગી ચાલી છે. ઉપયોગસ્વરૂપ જે જાણન-દેખન એ અસ્તિ, અને એ સિવાય બીજા જે છે તેની નાસ્તિ; કારણ કે ઉપયોગમાં આ બધા ગુણો નથી, ઉપયોગમાં તો જ્ઞાન-દર્શનનો ઉપયોગ જે ધ્રુવ છે તે એના જ્ઞાનની પર્યાયમાં આવ્યું, તો એ ઉપયોગ જે છે તે સ્વ-અસ્તિ છે, અને ઉપયોગ સિવાયના જે અનંતગુણ એમાં ઉપયોગ નથી, એને ઉપયોગ ન કહીએ. એની સપ્તભંગી ચાલી છે.

**જિજ્ઞાસાઃ** બધા ગુણોથી પર્યાયને ઉપયોગ કહેવાય ?

**સમાધાનઃ** નહીં. ઉપયોગ નહીં. એ તો પછી ચેતના કહેવામાં ય પછી ચેતનાના બધા ગુણ ચેતના કહેવામાં આવે છે, પણ ભાગ ( ભેદ ) પાડવાથી ચેતના તો જાણન-દેખન એ ચેતના છે. એ હમણાં કહેશે. ( શું ) સમ્યગ્દર્શન પોતાને જાણે છે ? ચારિત્ર પોતાને જાણે કે હું ચારિત્ર છું ? -નહીં. જ્ઞાન જાણે છે. **( શ્રોતાઃ )** ચારિત્રને શુદ્ધ ઉપયોગ-અશુદ્ધ ઉપયોગ ( સંજ્ઞા ) આવે છે ! **( ઉત્તરઃ )** એ વાત આચરણ અપેક્ષાએ છે. એ 'દ્રવ્યસંગ્રહ' માં આવ્યું છે. બાર પ્રકારના જે ઉપયોગ છેઃ પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન-એ ઉપયોગરૂપ ભાવ... બસ ! એ શુદ્ધઉપયોગ ને અશુદ્ધઉપયોગ એમ ત્યાં નથી. શુદ્ધ અને અશુદ્ધમાં તો આચરણ સાથે આવે છે. ઘણીવાર અહીં વાત થઈ ગઈ છે. શુદ્ધઉપયોગ તો અંદર આચરણનું છે. એકલું જાણવું-દેખવું નહીં. અશુદ્ધઉપયોગમાં મલિન આચરણ છે અને શુદ્ધઉપયોગમાં નિર્મળ આચરણ છે. આચરણ છે શુદ્ધઉપયોગમાં. આહા... હા ! ક્યાં ક્યાં ફેર પડે છે. વાત તો એવી બહુ છે, 'દ્રવ્યસંગ્રહ' માં લીધું છેઃ બાર પ્રકારનો ઉપયોગ ભિન્ન ચીજ છે અને શુદ્ધ ને અશુદ્ધ ઉપયોગ જે આચરણ છે તે ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ ?

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૧૨૦, નિયમસાર શ્લોક-૭૫ )**

## ગાથા-૧૦૨

अज्ञानी चापि परभावस्य न कर्ता स्यात्-

जं भावं सुहमसुहं करेदि आदा स तस्स खलु कत्ता।
तं तस्स होदि कम्मं सो तस्स दु वेदगो अप्पा।।१०२।।

यं भावं शुभमशुभं करोत्यात्मा स तस्य खलु कर्ता।
तत्तस्य भवति कर्म स तस्य तु वेदक आत्मा।।१०२।।

इह खल्वनादेरज्ञानात्परात्मनोरेकत्वाहाध्यासेन पुद्गलकर्मविपाकदशाभ्यां मन्दतीव्रस्वादाभ्यामचलितविज्ञानघनैकस्वादस्याप्यात्मनः स्वादं भिन्दानः शुभमशुभं वा यो यं भावमज्ञानरूपमात्मा करोति स आत्मा तदा तन्मयत्वेन तस्य भावस्य व्यापकत्वाद्भवति कर्ता, स भावोऽपि च तदा तन्मयत्वेन तस्यात्मनो व्याप्यत्वाद्भवति कर्म; स एव चात्मा तदा तन्मयत्वेन तस्य भावस्य भावकत्वाद्भवत्यनुभविता, स भावोऽपि च तदा तन्मयत्वेन तस्यात्मनो भाव्यत्वाद्भवत्यनुभाव्यः। एवमज्ञानी चापि परभावस्य न कर्ता स्यात्।

---

વળી અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો કર્તા નથી એમ હવે કહે છેઃ-

જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,
તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨.

ગાથાર્થઃ- [ आत्मा ] આત્મા [ यं ] જે [ शुभम् अशुभम् ] શુભ કે અશુભ [ भावं ] ( પોતાના ) ભાવને [ करोति ] કરે છે [ तस्य ] તે ભાવનો [ सः ] તે [ खलु ] ખરેખર [ कर्ता ] કર્તા થાય છે, [ तत् ] તે ( ભાવ ) [ तस्य ] તેનું [ कर्म ] કર્મ [ भवति ] થાય છે [ सः आत्मा तु ] અને તે આત્મા [ तस्य ] તેનો ( તે ભાવરૂપ કર્મનો ) [ वेदकः ] ભોક્તા થાય છે.

ટીકાઃ-પોતાનો અચલિત વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદ હોવા છતાં પણ આ લોકમાં જે આ આત્મા અનાદિ કાળના અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાના અધ્યાસથી મંદ અને તીવ્ર સ્વાદવાળી પુદ્‌ગલકર્મના વિપાકની બે દશાઓ વડે પોતાના ( વિજ્ઞાનઘનરૂપ ) સ્વાદને ભેદતો થકો અજ્ઞાનરૂપ શુભ કે અશુભ ભાવને કરે છે, તે આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી તેનો કર્તા થાય છે અને તે ભાવ પણ તે વખતે તન્મયપણે તે આત્માનું વ્યાપ્ય હોવાથી તેનું કર્મ થાય છે; વળી તે જ આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો ભાવક હોવાથી તેનો અનુભવનાર ( અર્થાત્ ભોક્તા ) થાય છે અને તે ભાવ પણ તે વખતે તન્મયપણે તે આત્માનું ભાવ્ય હોવાથી તેનું અનુભાવ્ય

**( અર્થાત્ ભોગ્ય ) થાય છે. આ રીતે અજ્ઞાની પણ પરભાવનો કર્તા નથી.**

**ભાવાર્થઃ-પુદ્ગલકર્મનો ઉદય થતાં, જ્ઞાની તેને જાણે જ છે અર્થાત્ જ્ઞાનનો જ કર્તા થાય છે અને અજ્ઞાની અજ્ઞાનને લીધે કર્મોદયના નિમિત્તે થતા પોતાના અજ્ઞાનરૂપ શુભાશુભ ભાવોનો કર્તા થાય છે. આ રીતે જ્ઞાની પોતાના જ્ઞાનરૂપ ભાવનો કર્તા છે અને અજ્ઞાની પોતાના અજ્ઞાનરૂપ ભાવનો કર્તા છે; પરભાવનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી.**

## પ્રવચન નં. ૨૦૫ ગાથા-૧૦૨ રવિવાર, મહા વદ-૧૪, તા. ૨૫/૨/'૭૯

૧૦૨ ગાથા. હવે અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો કર્તા નથી, વસ્તુ આ છે પણ અંદર નાખશે ઘણું ઉંડું. અજ્ઞાની પણ, એમ કે જ્ઞાની તો કરતો નથી પરને, જ્ઞાની તો રાગને ય કરતો નથી. કેમકે જ્ઞાન સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી શુદ્ધ ઉપાદાન એની દૃષ્ટિ હોવાથી, એ રાગ છે તે અશુદ્ધ ઉપાદાન છે. તેથી તેનો એ કર્તા નથી. પણ અજ્ઞાની પણ પરનો કર્તા નથી, આંહીં તો કહે છે. જ્ઞાની રાગનો કર્તા નથી. પરનો તો કર્તા નથી. અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો હોં, કર્તા નથી. આહાહા !

जं भावं सुहमसुहं करेदि आदा स तस्स खलु कत्ता।
तं तस्स होदि कम्मं सो तस्स दु वेदगो अप्पा।।१०२।।

જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,
તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨.

વાત આ છે. હવે એના ફળની પહેલી વાત કરશે.

ટીકાઃ- "પોતાનો અચલિત વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદ હોવા છતાં", પાઠમાં છે એનાથી પહેલી વાત એનાથી બીજી વાત કરીને, પછી એ કહેશે. ભગવાન આત્મા, પોતાનો ચળે નહિ એવો વિજ્ઞાનઘન, એ તો વિજ્ઞાનઘન છે. આહાહા ! વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદ છે, એનો તો અતીન્દ્રિય આનંદનો વિજ્ઞાનઘન એક જ સ્વાદ છે. આહાહા ! શું કહ્યું સમજાણું ?

સ્વાદ તો દાળ ભાત રસગુલ્લા ને મેસુબનો સ્વાદ કહે લોકો, એ કાંઈ એનો સ્વાદ નથી એને આવતો, એના ઉપર લક્ષ કરીને રાગ કરે છે એનો અહીંયા સ્વાદ છે. સ્ત્રીના વિષયમાં પણ સ્ત્રીના શરીરનો ભોગવટો નથી અજ્ઞાનીને, એના પ્રત્યે રાગ થાય છે, રાગને સ્વભાવનો ભેદ પકડી અને રાગને અનુભવે છે સ્વભાવ તો વિજ્ઞાનઘન એક સ્વાદ આનંદરૂપ છે પ્રભુ. આહાહા ! છે !

પોતાનો અચલિત વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદ હોવા છતાં પણ આ લોકમાં જે આ અનાદિકાળનાં અજ્ઞાનને લીધે, પાણીનું પૂર ચાલતું હોય પ્રવાહ એકરૂપે આમ ચાલે, પણ વચ્ચે નાળા અને નળ આવે ખંડ પડી જાય, ભાગ પડી જાય, શું કહે આ નાળા આવે ને વચમાં, પાણી એકરૂપ ચાલ્યું આવતું હોય નાળું આવે વચ્ચે ભાગ પડી જાય, એમ ભગવાન આત્મા વિજ્ઞાનઘન એકરૂપ સ્વાદ છે એનો પણ વચ્ચે પરના અને પોતાના એકપણાના અધ્યાસથી આ ખંડ કરે છે, ભેદ પાડે છે. આહાહા ! શું કહે છે ? સમજાય છે ?

જેમ નદી ચાલતી આવતી હોય તો પાણી એકરૂપે આમ હોય, પણ વચ્ચે નાળા આવે નાળા, ખંડ પડી જાય, બે ત્રણ પાણીના ખંડ થઈ જાય, એમ ભગવાન આત્મા, એનો એક ધારા વિજ્ઞાનઘન રસ છે પણ અનાદિ અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાના અધ્યાસથી, એકપણામાંથી બે ને અનુભવે છે એમ કહેવું છે. શું બે ? પોતાના એકપણાના અધ્યાસથી એ રાગ પુણ્ય પાપના ભાવ અને પોતે વિજ્ઞાનઘન હોવા છતાં એ રાગ ને વિજ્ઞાનઘન એ પોતાને, પરને ને પોતાના એકપણાને લીધે, એની માન્યતામાં એ છે કે આ રાગ તે હું છું. શુભ અશુભ રાગ અને પોતે બે ય એક છે એમ માને છે. એ શુભ અશુભ રાગ અને વિજ્ઞાનઘન પ્રભુ "અનાદિ અજ્ઞાનને લઈને બેયને એક માને છે". સમજાય છે કાંઈ ?

અધ્યાસને લઈને, વસ્તુ સ્વરૂપમાં એ નથી, પણ અધ્યાસ અનાદિનો, પોતાનો સ્વભાવ ને રાગની એકતાનો, આહાહાહા ! "મંદ ને તીવ્ર સ્વાદવાળી" શુભ ભાવ મંદ ભાવ છે, અશુભ તીવ્ર છે, એવા "મંદ ને તીવ્ર સ્વાદવાળી" શુભભાવ એવા "મંદ ને તીવ્ર સ્વાદવાળી પુદ્‌ગલકર્મના વિપાકની એ બે દશાઓ વડે" જોયું ? શું કહે છે શુભરાગ થાય શુભરાગ દયા-દાન વ્રત ભક્તિ પૂજાનો શુભ રાગ એ અને અશુભ રાગ હિંસા, જૂઠું, ચોરીનો રાગભાવ. કહે છે કે વિજ્ઞાનઘન ભગવાન એક હોવા છતાં, કર્મની બે દશાને તે અનુભવે છે, કર્મની એક દશા ય નહિ પાછી. આહાહા ! ઝીણું છે.

મંદ ને તીવ્ર સ્વાદવાળી પુદ્‌ગલકર્મના વિપાકની, કર્મનું કર્મ નહિ, કર્મનો અનુભવ નથી અહીંયા, પાઠ તો એવો છે કે પુદ્‌ગલકર્મના વિપાકની બે દશાઓ, એટલે ખરેખર શુભ ને અશુભભાવ એ પુદ્‌ગલ કર્મનાં નિમિત્તથી થયેલ, માટે તે પુદ્‌ગલકર્મનું ફળ છે શુભ ને અશુભ ભાવ એમ કહ્યું છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! આવી વ્યાખ્યા છે. વિપાકની બે દશાઓ એમ કીધું ને ? પુદ્‌ગલકર્મના વિપાકની બે દશાઓ, એનો અર્થ એ થયો કે જે આત્માનો પાક છે એ આનંદ છે, ભગવાન આત્મામાંથી તો અતીન્દ્રિય આનંદનો પાક પાકે, એવો એ પ્રભુ છે. આહાહાહા ! એ અતીન્દ્રિય આનંદના એકરૂપ સ્વભાવને અજ્ઞાનપણે કર્મના વિપાકની મંદ ને તીવ્ર બે ભાવ, એને એકમાંથી તોડીને બેરૂપે કરી નાખ્યો એને. આહાહા ! સમજાય છે કાંઈ ? ( શ્રોતા:- એકનું બેરૂપ થઈ ગયું ) શુભ અને અશુભ મંદ તો શુભ. ( શ્રોતા:- પર્યાયો ? ) બે છે શુભ વખતે અશુભ નથી ને અશુભ વખતે શુભ નથી, માટે બે કહ્યાં છે, મંદ પરિણામ જ્યારે શુભ ભાવ છે, ત્યારે અશુભ નથી, અશુભ છે ત્યારે શુભ નથી. આ તો એકરૂપ છે એના અહીં બે પ્રકાર છે, એમ કહેવું છે. ઝીણી વાત.

ભગવાન અંદર અતીન્દ્રિય આનંદનો વિજ્ઞાનઘન સ્વરૂપ પ્રભુ છે એની દૃષ્ટિનો, અનાદિથી અભાવને લીધે, કર્મના પાકના બે પ્રકારો શુભ અને અશુભ ભાવ ખરેખર તો કર્મમાં શાતા અશાતાનો ઉદય આવ્યો એને કંઈ આત્મા શુભાશુભભાવ એને કાંઈ અડતો નથી, પણ એના વિપાકનું નિમિત્ત છે અને આંહીં શુભાશુભભાવ પોતાના અશુદ્ધ ઉપાદાનથી કરે છે, એમ સિદ્ધ કરવું છે. શુદ્ધ ઉપાદાન તો વિજ્ઞાનઘન આનંદકંદ પ્રભુ, એનો સ્વાદ તો એકરૂપ અતીન્દ્રિય આનંદનો સ્વાદ એકરૂપ વસ્તુ છે. આહાહાહા ! પણ અજ્ઞાની એકરૂપ સ્વાદના ઉપરની દૃષ્ટિનો અસ્તિત્વનો હોવાપણાનો નકાર કરી, કર્મના પાકના બે પ્રકાર જે શુભ અશુભ ભાવ એ બે

દશાઓ વડે "પોતાના સ્વાદને ભેદતો થકો" દેખો. આહાહાહા !

એ કર્મનો પાક તો અંદર ગયો 'તો પણ અહીં પાક લેવો છે એ શુભાશુભ ભાવ એ કર્મનું ફળ છે. આત્મા, આત્માનો એ પાક નથી, આત્માનો પાક તો આનંદ હોય. અને આ તો દુ:ખરૂપ શુભ અશુભ ભાવ બેય દુ:ખરૂપ કર્મના પાકના નિમિત્તથી અહીં થયેલ હોય એટલું, એનું ફળ એમ કીધું. આ ભગવાન આત્મા આ બાજુથી જોવો તો વિજ્ઞાનઘન સ્વાદ એકલો છે, અને આમથી જુઓ તો એને આમ મૂકીને શુભ અશુભ ભાવ બે દશાઓ કરતો થકો. છે ને ? બે દશાઓ વડે પોતાના સ્વાદને ભેદતો થકો. આહાહાહા !

જે ભગવાન આત્મા આનંદ અતીન્દ્રિય સ્વાદ સચ્ચિદાનંદ પ્રભુ એનો તો આનંદનો સ્વાદ એકરૂપે છે. છતાં અનાદિથી તેનો આશ્રય નહિ, તેનો આદર નહિ, તેની હૈયાતિનો સ્વીકાર નહિ, વિજ્ઞાનઘન એવો જે આનંદનો સ્વાદ, પણ એ વસ્તુ છે તેની કબુલાત નહિ, અસ્તિની હૈયાતિની, એવું હૈયાતિવાળું તત્ત્વ છે, એનો જ્યાં સ્વીકાર નથી, અજ્ઞાનને લઈને તેના સ્વીકારથી વિરુદ્ધ, કર્મના પાકના બે પ્રકાર શુભ ને અશુભ, એવી બે દશાઓ વડે, છે ? પોતાના સ્વાદને ભેદતો. ઓહોહો ! શુભ અશુભ ભાવના સ્વાદમાં ચૈતન્યના સ્વાદને ભેદતો, હસુભાઈ ! ઝીણી વાતું બહુ બાપુ ! ધંધાના.....

ભગવાનની ધારા તો કહે છે કે દ્રવ્યસ્વભાવ જે વિજ્ઞાનઘન ને આનંદકંદ પ્રભુ છે, એનો એક જ સ્વાદ, આવ્યું પહેલું ! એક સ્વાદ અંદરમાં પહેલી લીટી ! એકરૂપ સ્વાદ છે એનો. પણ તેની હયાતીના સ્વીકાર વિના જ્યારે એની હયાતીનો સ્વીકાર નથી, તો એ છે એવું કંઈક સ્વીકાર તો કરવું પડશે ને ? આહાહાહા ! ભગવાન વિજ્ઞાનઘન અતીન્દ્રિય આનંદકંદ આત્મા પ્રભુ છે, અરે કેમ બેસે ? આહાહા !

અહીં આમ બીડી પીવે ત્યાં તલપ ચઢી જાય જાણે, આવા અપલખણ હવે એને આત્મા... (ભગવાન કહેવો) ભાઈ પ્રભુ છે તો, તું એકરૂપ આત્મા જ્ઞાન, વિજ્ઞાનઘન ને આનંદના સ્વાદવાળો તું પ્રભુ, પણ તેના તરફનો સ્વીકાર નહિ, તેથી ક્યાંક પોતાની હયાતીનો સ્વીકાર તો કરશે ? એ સ્વીકાર આંહીં કર્યો આ બાજુ. શુભ અશુભ ભાવ બે દશાઓ વડે, પોતાને એ બે દશાઓ વડે આનંદકંદ વિજ્ઞાનઘન પ્રભુ એકરૂપ સ્વાદ છે, તે સ્વાદને બે દશા વડે તોડી નાખ્યો છે. સમજાણું કાંઈ ?

ભાઈ ! આ કાંઈ વાર્તા નથી, આ તો ધર્મની ચીજ છે. ધર્મ કોઈ એક એવી ચીજ નથી કે વ્રત પાળ્યા ને ભક્તિ કરી ને પૂજા કર્યા ને, લાખ બે લાખના દાન આપ્યા માટે ધર્મ થઈ ગયો, ધૂળમાંય ધર્મ નથી કહે છે, એ આ કહે છે. આત્માનો આનંદઘન સ્વભાવ છે, તેનો અંતરમાં સ્વીકાર કરે અને એમાં આનંદનો સ્વાદ અતીન્દ્રિયનો આવે, ત્યારે એને ધર્મ થાય. આવી વાત છે. સમજાણું કાંઈ ? આહાહાહા ! (શ્રોતા:- કોકની ભીડ ભાંગે તો ધર્મ થાય) ધૂળમાંય થતું નથી. પુણ્ય પરવણી નથી ઓલ્યા મકરસંક્રાંતિ આવે, ત્યારે રાડો પાડે પુણ્ય પરવણી, આપો દાન ફલાણું કરો, ધૂળમાંય નથી દાન તારા, એ જડની ચીજ, એ જડ મારી છે એમ માની ને આપે તો એ મહા ભ્રમણાં છે એની, મિથ્યાત્વ (છે) સત્યથી વિરુદ્ધની ભ્રમણાં છે. સમજાણું કાંઈ ? આહાહા !

ભગવાનનો તો વિજ્ઞાનઘન એક સ્વાદ હોવા છતાં, તેના અસ્તિપણાનો હયાતીનો સ્વીકાર નહીં હોવાથી અનાદિથી અજ્ઞાનને લીધે એ કર્મના પાકના બે ફળ શુભ ને અશુભ શાતા અશાતાનું ફળ એ એમ કહેવું છે. સમજાણું કાંઈ ? શાતા અશાતા સંયોગ આપે છે એ જુદી વસ્તુ છે, અત્યારે તો આમ કહેવું છે. સમજાણું કાંઈ ? સંયોગ આવે પણ અહીંયા શાતા અશાતાનું ફળ જે છે ને વેદવું એ વાત લેવી છે. આહાહા ! એકરૂપ સ્વાદમાં શાતા અશાતાના પ્રકાર શુભ ને અશુભ એવા બે કરતો, બે થયા અહીં એક વખતે શુભ ને એ જ વખતે અશુભ એમ નથી, માટે બે થયા એમ કહે છે. આહાહાહા ! એકરૂપ તો ભગવાન આત્મા આનંદનો વિજ્ઞાનઘન એ એકરૂપ છે ત્યારે સામે દ્વિધા કરવી છે ને, બતાવવી છે. આહાહા !

આવો મારગ લોકોએ સાંભળ્યો નથી બિચારાએ, આ જાત્રા કરો ને, ભક્તિ કરો ને વ્રત કરો ને અપવાસ કરો, થઈ ગયો ( ધર્મ ) મારી નાખ્યો આત્માને. એ તો બધા વિકલ્પ ને રાગ. એ તો એ જ કહે છે અહીંયા એ રાગના ભાવના ભેદથી એકરૂપ સ્વાદને બે-રૂપે કરી નાખ્યો એણે. આહાહાહા ! મંદ અને તીવ્ર.

ભાઈ સમયસાર છે તે અલૌકિક ચીજ છે ! તેની એક એક ગાથા ! એક એક પદ અલૌકિક છે પ્રભુ. આહાહા ! બે દશાઓ વડે, પોતાના વિજ્ઞાનઘનરૂપ સ્વાદને દેખો. એ શુભ અશુભના સ્વાદના કારણે વિજ્ઞાનઘન એક સ્વાદ છે, તેના બે કરી નાખ્યા, “ભેદતો થકો અજ્ઞાનરૂપ” શુભ કે અશુભ ભાવને કરે છે. જોયું ? શુભ ને અશુભ.

આંહીં તો સિદ્ધ એમ કરવું છે. પાઠ તો છે બીજો, પરનેય કરતો નથી, પણ સ્વને કરે છે, એ શું કરે છે, એ પહેલું બતાવી ને. પાઠ તો એ છે. “જે ભાવે સુહમસુહં કરેદિ આદા સ તસ્સ ખલુ કત્તા” પણ એ શુભ-અશુભ ભાવ એનું ‘બે’ પણું કઈ રીતે છે, એમ બતાવવા આવો વિજ્ઞાનઘન ભગવાન છે, અતીન્દ્રિય આનંદનું દળ છે પ્રભુ. અતીન્દ્રિય પ્રભુતા, ઈશ્વરતાનો એ કંદ છે. આહાહા ! એનો સ્વભાવ રાગરૂપ ન થવું, અને રાગથી આત્મામાં વીતરાગતા ન થવી એવો એનો સ્વભાવ છે.

એવા અકાર્યકારણ સ્વભાવરૂપ પ્રભુ વિજ્ઞાનઘન જેને રાગ શુભ થાય, એ કારણ અને સ્વાદ આવે એ એનું કાર્ય એમ નથી, એનું કાર્ય તો એકરૂપ સ્વાદ આવે એવું જોઈએ. આહાહા ! ઓલા કર્તાકર્મમાં કીધું છે ને ભાઈ ૬૯-૭૦ જે જ્ઞાતાદૃષ્ટા, ઉદાસીન અવસ્થા છે એને છોડીને, છોડીને એટલે જે થઈ છે એને છોડીને છે ? પાઠ તો એવો છે. ૬૯-૭૦ જે ઉત્પન્ન થવી જોઈએ વિજ્ઞાનઘન આનંદની દશા ઉત્પન્ન થવી જોઈએ તેને ઉત્પન્ન નહિ કરતો, શુભ ને અશુભ ભાવના રાગને ઉત્પન્ન કરે છે એ વિજ્ઞાનઘન સ્વાદનો ભેદ કરી નાખે છે. આહાહા ! હીરાલાલજી ! આવી વાત છે. આવો ઉપદેશ કઈ જાતનો ? આહાહા !

પ્રભુ તારા ઘરની વાત છે આ. તારું ઘર એવું છે અંદર કે એ તો વિજ્ઞાનઘન ને અતીન્દ્રિય આનંદકંદ છે એ જ તારું ઘર છે. એ બહાર ચલ્લો થાય છે. શેઠીયાના દિકરા એવા હોય સ્વચ્છંદી બહારચલા થાય, લક્ષ્મી વાપરે જ્યાં ત્યાં એના બાપા કહે ભાઈ આ રીતે તું લક્ષ્મીને જ્યાં ત્યાં આપી દે બીજાને, અરેરે ! ખાનદાનની દિકરી છે એને છોડીને તું ભાઈ આ રસ્તે ક્યાં ચઢયો ? એમ ત્રણલોકનો નાથ પોકારે છે. પ્રભુ તારા ઘરમાં વિજ્ઞાનઘનનો સ્વાદ છે ને ! એ શક્તિ

સ્વભાવ છે, છે, છે એ શક્તિ સ્વભાવ વસ્તુ જ છે એ બધી. અહીંયા તો વિજ્ઞાનઘન આનંદ છે, એ શક્તિ જ એક શક્તિ છે એનું અહીં જ્ઞાન થયું, રાગ હોવા છતાં એક સ્વાદ હોવા છતાં, પાછો પર્યાયમાં એનો એક સ્વાદ આવવો જોઈએ એમ કહે છે એ વિના વિજ્ઞાનઘન આનંદ છે એવું જાણ્યું કોણે ? આહાહા ! સમજાય છે આમાં ? આનંદકંદ પ્રભુ એનો આ આનંદ છે એવી પર્યાયમાં આનંદ આવ્યા વિના આનંદકંદ છે, એમ જાણ્યું કોણે ? બસ તો એણે જાણ્યું અત્યારે, એની જ અહીં વાત છે. આહાહાહા !

એ તો પ્રશ્ન નહોતો કર્યો ભાઈએ ત્રિભોવનભાઈ વારીઆએ કે આ કારણપરમાત્મા છે ને કાર્ય કેમ નથી આવતું ? તમે એને કારણપરમાત્મા કહો છો ને કારણ હોય તો કાર્ય આવે ? ભાઈ કારણ પરમાત્મા વિજ્ઞાનઘન છે એ કબૂલે એને છે કે ન કબૂલે એને છે ? એને એ કબૂલે તો છે, નહીંતર એને ક્યાં છે ? શું કીધું ઈ ? છે જ નહીં એને માટે, છે જ નહિ બીજો ભલે કહે, શું કીધું ઈ ? કે કારણપરમાત્મા કહો કે વિજ્ઞાનઘન સ્વાદરૂપે છે પ્રભુ, એને જે સ્વીકારે છે શ્રદ્ધા જ્ઞાનમાં સ્વીકારે છે એને એ છે. અને એને છે એમ જ્યારે કાર્ય આવ્યું સમ્યગ્દર્શનજ્ઞાનનો સ્વાદ એ કારણનું કાર્ય આવ્યું તે જાણવું. પણ જે કારણ આવું ભગવાન છે એનો સ્વીકાર જ નથી એટલે આ છે, એમ જ નથી. આ છે, પુણ્ય ને પાપના પરિણામ તે છે ત્યાં, આમાં એ ક્યાંથી ન્યાં આવે એ ? એને ક્યાંથી માન્યતામાં એ આવે. સમજાણું કાંઈ ? આહાહાહા !

વાત તો આંહીં ( એવી છે ) અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો કર્તા નથી એમ સિદ્ધ કરવું છે, એમાં આ નાખ્યું. આત્મા એ જડકર્મનો કર્તા નથી, જડ કર્મને કરતો નથી ને જડને ભોગવતો નથી. એ પોતાના શુભાશુભ ભાવને કરે ને શુભાશુભને ભોગવે, અત્યારે એ સિદ્ધ કરવું છે. પાઠ ઈ છે ને "તસ્સ દુ વેદગો" આમ તો સર્વવિશુદ્ધિમાં એવું આવ્યું બૌદ્ધના અધિકારે, એક પર્યાય કરે ને બીજી પર્યાય ભોગવે. એ પર્યાય નહિ. એ ત્યાં તો બીજી શૈલી કરવી છે. બૌદ્ધના અધિકારે જે દ્રવ્ય કરે છે એ જ ભવિષ્યમાં દ્રવ્ય ભોગવે છે, એનો વિષય ત્યાં ભોગવે છે. પણ જે પર્યાય કરે છે તે પર્યાય ભોગવતી નથી, એ બીજી પર્યાય એ સંયોગોની અપેક્ષાએ વાત છે. શું કહ્યું ?

આ સંયોગની આંહીં વાત નથી, આંહીં તો અંદરના ભાવની વાત છે, જે પર્યાયે પાપ બંધાણું એ પર્યાયે પાપના ભોગવવાના કાળે સંયોગને કાળે એ પર્યાય તો નથી, એનું એ છે ને એ વિષય ભોગવે છે, ભોગવે છે, પણ જે પર્યાય કરે છે એ પર્યાય ભોગવતી નથી એ બીજી પર્યાય એ સંયોગોની અપેક્ષાએ વાત છે. શું કહ્યું ? આ સંયોગની આ વાત નથી. આંહીં તો અંદરના ભાવની વાત છે. શું કહ્યું ? જે પર્યાયે પાપ બંધાણું એ પર્યાય પાપના ભોગવવાના કાળે, સંયોગને કાળે તો એ પર્યાય તો નથી, સંયોગને હોં-પાપમાં પ્રતિકૂળ સંયોગ, પુણ્ય હોય તો અનુકૂળ સંયોગ.

અહીં જે પર્યાય કરે છે તે પર્યાય ભોગવતી નથી, પણ જે દ્રવ્ય કરે છે તે દ્રવ્ય ત્યાં ભોગવે છે. એમ સ્યાદ્વાદ અધિકાર છે. છે ને ભાઈ, સ્યાદ્વાદ આ પ્રમાણે છે. આંહીં બીજી વાત છે. આહાહાહા ! અહીંયા તો પોતે વિજ્ઞાનઘનનો રસ છે જે તોડે છે અને શુભાશુભભાવને કરે છે અને વેદે છે પણ એ, કહેશે, જે ભાવને કરે છે તેને જ તે જ સમયે વેદે છે. એનું ફળ પછી વેદાશે એની આંહીં વાત નથી, પછી એ સંયોગી ચીજની અપેક્ષાએ વાત છે. આહાહાહા ! સમજાણું

કાંઈ ? આવું નવું લાગે બધું નવું, બાપુ શું કરે ? આંહીં તો પોતે વેદે છે, કરે છે આત્મ પર્યાય, વેદે છે ય પર્યાય, ન્યાં તો કહે છે, જે પર્યાય કરે છે એનુ ફળ સંયોગ આવશે ત્યારે તેને વેદે છે, એ પર્યાય એને વેદે છે એમ કહેવાય. આહાહાહા ! સ્યાદ્‌વાદની શૈલી તો જુઓ પ્રભુ ! આહાહા ! સ્વાદને ભેદતો થકો તે આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી, એકરૂપ રાગમાં એકાકાર થઈ ગયો છે. આહાહા ! ઝીણી વાત બાપુ, ધર્મ કોઈ એવી ચીજ નથી કે આમ સાધારણ બાહ્યથી ( થઈ જાય ), વખત મળે નહિ. આહાહાહા !

"તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી તેનો કર્તા થાય છે." ખરેખર તો તે પર્યાયમાં તન્મય છે ને પર્યાયમાં તે પર્યાય કર્તા થાય છે, આત્મા તો દ્રવ્ય છે નિત્ય. પણ આંહી સમજાવવું છે તે શી રીતે ? આહા ! તે વખતે, આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી ભાષા તો આમ છે આત્મા, પણ એને દ્રવ્ય અને પર્યાય બે સિદ્ધ કરવી છે ને ? એ વાત છે. બાકી તો એ એક સમયનો જે શુભાશુભ ભાવ છે, એ ષટ્‌કારકના પરિણમન થઈને ફેરવે છે. આત્માની એને અપેક્ષા નથી દ્રવ્યની, પણ અહીં તો પર્યાયનું વેદન બતાવવું છે ને ? વેદન પર્યાયનું કરવાપણું પર્યાયનું, દ્રવ્યનું કરવું તો એ તો છે નહીં. આહાહાહા ! ઝીણું પડે ભાઈ આ તો સમયસાર છે. આહાહા !

ભગવાન આત્મા, પોતે એમ કહે કે આત્મા તે વખતે તે સમયે તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી, એ આત્મા તે વિકારના પરિણામમાં કરતો એટલે વ્યાપક હોવાથી, એ આત્મા તે રાગમાં પ્રસરતો હોવાથી તેને વ્યાપક કહેવામાં આવે છે. આહાહા !

આ કીધું ને આ ? તે પર્યાય, કારણકે દ્રવ્ય તો છે ઈ છે. દ્રવ્ય તો મોક્ષના મારગનેય કરતું નથી ને દ્રવ્ય તો મોક્ષનેય કરતું નથી, એવું દ્રવ્ય સકળ નિરાવરણ, અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય, તે હું છું. સમજાણું કાંઈ ? સમકિતી જ્ઞાનીને આ આત્મા છે તે હું છું આવો કીધો ઈ. આહાહા ! વચ્ચે શુભાશુભ ભાવ આવે એનો એ જાણનાર દેખનાર જ્ઞાન ધારામાં રહે અને રાગ ધારાને જાણે. આહાહાહા ! જ્ઞાનધારામાં આવ્યું'ને કીધું પર્યાયમાં, પ્રગટ પણ કોણ આવે દ્રવ્ય ના આવે, પરિણતિ છે ને ? આંહીં તો એને આવ્યો એમ કહેવું છે ને ? આત્મા વ્યાપક છે. કારણ એ પોતે આત્માની પર્યાય છે એ પોતે વ્યાપક છે ને ? એમ એનું ગણ્યું છે. બધેય ઠેકાણે એક પ્રથા લેવા જાય તો નથી બેસે એવું. નહીંતર તો શુભાશુભ ભાવ ઉત્પાદ્‌ને કાળે ઉત્પાદ્‌ છે, તે ઉત્પાદ્‌ને દ્રવ્યની પણ અપેક્ષા નથી, પૂર્વના વ્યયની અપેક્ષા નથી ને ધ્રુવની અપેક્ષા નથી ને કર્મની અપેક્ષા નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

એ શુભ ને અશુભ ભાવ તો આની કોર અજ્ઞાની ( એક ) સ્વાદને ભેદીને બે કરે છે એમ બતાવવું છે ને ? તેથી તેનો આત્મા અજ્ઞાનીનો એ દયા દાનના રાગને શુભાશુભ ભાવમાં વ્યાપક હોવાથી અને વ્યાપ્ય આત્મા તે પુણ્યપાપના ભાવમાં પ્રસરતો હોવાથી, વિજ્ઞાનઘનનો નકાર કરવો છે ને ? આમાં એ આત્મા, આત્માની ( પર્યાય ) આમાં વ્યાપક થાય છે. સમજાણું કાંઈ ? ભાઈ ધર્મની ચીજ ઝીણી બહુ બાપુ. આહાહાહા ! જિનેશ્વર ત્રણલોકનો નાથ પરમેશ્વરે જે કંઈ કહ્યું છે એ કોઈ અલૌકિક વાતું છે. એ અત્યારે તો ક્યાંય છે નહિ. આહાહા ! વાડાવાળાનેય

ખબર નથી તો બીજાનું તો શું કહેવું. આહાહા !

કહે છે કર્તા સિદ્ધ કરવું છે ને અહીં ? વ્યાપક છે એ કર્તા છે, છે ? ભાવનો વ્યાપક હોવાથી કર્તા, એમ કહેવું છે ને, સિદ્ધ કરવું છે ને ? વ્યાપક હોવાથી કર્તા એટલે શું કહ્યું ? કે શુભ ને અશુભ ભાવ એ ખરેખર કર્મના વિપાકનું ફળ છે, છે પોતાથી થયેલું પણ એ નિમિત્તમાંથી નિમિત્તને લક્ષે થયેલું છે. આત્માને લક્ષે શુભાશુભ ભાવ ન થાય. ભગવાન આત્મા એના આશ્રયથી તો અતીન્દ્રિય આનંદ આવે. એ અતીન્દ્રિય આનંદને છોડી દઈને, એ તો ન્યાં કીધું ને ? ઉદાસીન અવસ્થાને છોડી દઈને, તે એ અવસ્થા હતી ? એ કઈ અપેક્ષા છે ? આહાહા ! ગંભીર ગંભીર વસ્તુ છે.

ભગવાન આત્મા વિજ્ઞાનઘન ને અતીન્દ્રિય આનંદ સ્વરૂપે એકલો સ્વાદ હોવા છતાં સ્વરૂપના અજ્ઞાનને લીધે શુભાશુભ ભાવમાં આવીને, આનંદના એકરૂપ સ્વાદને ભેદતો, વ્યાપક થઈને તે પુણ્ય પાપનો કર્તા થાય છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? અને તે ભાવ પણ તે વખતે તન્મયપણે તે આત્માનું વ્યાપ્ય હોવાથી વ્યાપ્ય કર્મ, કર્મ સિદ્ધ કરવું છે ને ? આહાહા ! તે આત્મા અને તે ભાવ ક્યો ભાવ ? શુભ–અશુભ ભાવ, તે ભાવ વ્યાપકપણે આત્મા પ્રસર્યો છે. જેણે આત્મા, એ અપેક્ષાએ તેને કર્તા કહેવાય, અને તે ભાવ પણ, તે વખતે, તે વખતે તન્મયપણે તે આત્માનું વ્યાપ્ય હોવાથી આત્માનું કાર્ય હોવાથી, તેનું તે કર્મ એટલે કાર્ય છે. આહાહા ! અજ્ઞાની આત્માનો પુણ્ય પાપનો ભાવ તે તેનું કાર્ય છે, અને વ્યાપક હોવાથી તે તેનો કર્તા છે. આહાહાહા ! આવું હવે બહુ ઝીણું પડે, એક એક વાત, મૂળ આખા ધર્મની વાત આખી ફરી ગઈ છે. જે જેનાથી ધર્મ થાય, એ ધર્મ શું ? વાત જ બધી ડૂબી ગઈ. આ બહારની વાતું રહી ગઈ. આહાહા..... ધમાલ ધમાલ ધમાલ !

તે આત્માનું વ્યાપ્ય હોવાથી તે આત્માનું વ્યાપ્ય હોવાથી એમ કીધું ને ઓલામાં એમ કીધું'તું આત્મા તે વખતે વ્યાપક હોવાથી, અહીં એમ કહ્યું કે તે આત્માનું વ્યાપ્ય હોવાથી, પર્યાય એની અભેદ છે એમ બતાવવું છે ને અશુદ્ધ ઉપાદાન, અશુદ્ધ ઉપાદાન એનું છે એ અશુદ્ધ ઉપાદાન.

પ્રવચનસારમાં આવ્યું'ને પહેલી ગાથાઓમાં શુભપણે પરિણમે ત્યારે તન્મય શુભ છે, પર્યાય હોં દ્રવ્ય નહિ, એક પંડિત વળી એમ કહે છે, કે શુભ ( રૂપે ) પરિણમે છે આત્મા જ્યારે, ત્યારે આત્મા શુભરૂપે આખો થઈ જાય છે. તન્મય છે ને ? પણ તન્મય તો પર્યાયની અપેક્ષાએ વાત છે, વસ્તુ શુદ્ધ છે એ તો ત્રિકાળી નિરાવરણ અખંડ આનંદકંદ પ્રભુ છે. આહાહા ! એને તો રાગની હારે ય સંબંધ નથી, પર્યાયને વર્તમાન અંશ ને રાગ સાથે સંબંધ છે. કર્મ જડ છે, એ તો નિમિત્ત નૈમિત્તિક સંબંધ. સમજાણું કાંઈ ? આહાહા !

વસ્તુ છે ભગવાન પૂર્ણાનંદનો નાથ તે તો સકળ નિરાવરણ છે, અખંડ છે, એક છે, એકરૂપ છે, એમાં કોઈ ભેદ નથી, ને એ ખરેખર તો આત્મા જે આ છે, એ પર્યાયમાં આવતો નથી. સમજાણું કાંઈ ? પર્યાય પર્યાયમાં રહે છે, વસ્તુ વસ્તુમાં રહે છે પણ અહીંયા એ આત્માનો વિકાર થયો એમ બતાવવું છે અશુદ્ધ ઉપાદાનથી. સંસ્કૃત ટીકામાં છે ભાઈ એ જયસેનાચાર્ય ટીકામાં શુદ્ધ અને અશુદ્ધ ઉપાદાન બેય આંહીં વર્ણવ્યા છે. અશુદ્ધ ઉપાદાનનું વર્ણન ટીકામાં આમાં ટીકા

છે ને સંસ્કૃત એમાં. આહાહાહા ! અને ત્યાં પછી કહી દીધું કે આ રીતે સર્વત્ર શુદ્ધ અને અશુદ્ધ ઉપાદાનની સ્થિતિ છે, સર્વત્ર લાગૂ પાડી દીધું. આ ટીકામાં છે ૧૦૧-૧૦૨. આહાહા ! એ કર્તાકર્મ સિદ્ધ કર્યું.

આત્માનો વિજ્ઞાનઘન, આનંદ સ્વભાવ તેને ભૂલીને અજ્ઞાનપણે એ સ્વરૂપનાં જ્ઞાન વિના અજ્ઞાનપણે પુણ્ય ને પાપના બે ભાવને આત્મા વ્યાપક થઈને કરતો હોવાથી તે તેનું કાર્ય છે, તે તેનો કર્તા છે, અને આ કાર્ય છે એનું માટે તેનું એ કર્મ છે. વ્યાપ્ય એ છે, છે ? વ્યાપક તે કર્તા ને વ્યાપ્ય તે કાર્ય. આહાહા ! વ્યાપ્ય વ્યાપક આવે છે ને ? સમજાણું કાંઈ ? આહાહા ! વ્યાપ્ય વ્યાપક હોવાથી તેનું કાર્ય છે.

વળી એટલું કર્તા સુધી લીધી વાત. વળી તે જ આત્મા તે વખતે તન્મયપણે ભાવનો ભાવક હોવાથી હવે ભોક્તાની વાત છે, તે વખતે આત્મા તન્મયપણે ભાવનો ભાવક એ ભાવનો ભાવક કરનારો હોવાથી, તેનો અનુભવનાર હોવાથી, તે વખતે તે રાગને અનુભવનારો હોવાથી અર્થાત ભોક્તા થાય છે. અનુભવનાર હોવાથી તેનો ભોક્તા, તે જ સમયે કર્તા ને તે જ સમયે ભોક્તા. આહાહાહા ! શું કીધું ઈ ? જે સમયે એ વ્યાપક થઈને રાગને કરે છે, તે રાગને તે જ ક્ષણે દુઃખરૂપે વેદે છે. આહાહાહા ! ( શ્રોતાઃ- અજ્ઞાનીની વાત છે ને ) એની જ વાત છે ને. સમજાણું કાંઈ ?

જે ક્ષણે સ્વરૂપને ભૂલી અને કંઈ શુભ અશુભ કોઈ પણ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ થાય એ શુભ ભાવને વ્યાપક હોવાથી કર્તા ને એ આત્માનું વ્યાપ્ય હોવાથી કર્મ, અને તે જ-તે જ વખતે અને તે જ વખતે તે ભાવનો ભાવક હોવાથી, એ ભાવકનો ભાવ તેવો હોવાથી તેનો ભોક્તા છે, એટલે કે અનુભવે છે. આહાહાહા ! આવું છે. અજાણ્યા માણસને તો એવું લાગે કે શું હશે આ તે ? આ તે કેવી વાત એ ય અત્યારે તો આ વાત આકરી થઈ પડી છે બાપા. આહાહા !

ભાવક ભાવનો ભાવક હોવાથી, ઓલામાં એમ હતું તે ભાવનો વ્યાપક હોવાથી કર્તા, વ્યાપક છે ને ? અહીંયા તે ભાવનો ભાવક હોવાથી ( શ્રોતાઃ- વ્યાપ્ય ) ના, એ પછી, વ્યાપ્ય નહિ, તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી તેનો કર્તા માથે, અને અહીં તે ભાવનો ભાવક હોવાથી તેનો અનુભવનાર એમ, વ્યાપ્ય-વ્યાપક એ અત્યારે નહીં. સમજાણું ?

ફરીને, કે આત્મા તે વખતે શુભાશુભ ભાવમાં તન્મયપણે તે ભાવનો ભાવ વ્યાપક હોવાથી તેનો તે કર્તા અને અહીંયા તે વખતે આ તન્મયપણે ભાવનો ભાવક હોવાથી તેનો ભોક્તા અનુભવનાર અર્થાત્ ભોક્તા. આહાહાહા ! સમજાય છે કાંઈ ? ( શ્રોતાઃ- વ્યાપ્ય વ્યાપકમાં કર્તાકર્મ આવ્યું ) એ કર્તાકર્મ આવ્યા, અહીં ભોક્તા ભોગ્ય આવ્યું, બેયની શૈલી આખી જુદી કરી નાખી. ઓલો તો ભાવક છે માટે તેને અનુભવે છે આત્મા, તેથી તેનો અનુભવનારો એ, અને તે ભાવ પણ હવે ઓલું વ્યાપ્ય હતું ને કર્મનું ? હવે અહીં ભાવ્ય લેવું છે, ભોગવવાનું ભાવ્ય છે ત્યાં. આહાહા ! વ્યાપ્ય જુદું એ વ્યાપ્ય તો પર્યાય કાર્યરૂપે થયું અને વ્યાપક છે એ કર્તા થયો, અહીં ભાવકનો ભાવ અનુભવનાર હોવાથી તે ભોક્તા છે, અને તે ભાવ પણ તે વખતે તન્મયપણે તે આત્માનું ભાવ્ય હોવાથી, ઓલામાં એમ કહ્યું આત્માનું

વ્યાપ્ય હોવાથી. કર્તાકર્મમાં એમ લેતાં, આત્માનું વ્યાપ્ય હોવાથી કાર્ય છે. આ આત્માનું ભાવ્ય હોવાથી તેનું ભાવ્ય છે એટલે ભોક્તા છે એમ. હીરાલાલજી ! આ એની મેળે સમજાય એવું નથી. પકડાય એવું નથી. ઝીણું બહુ બાપા. આહાહા ! ( શ્રોતાઃ- એટલે તો આહીં આવ્યા છે )

ઓહોહોહો ! ભગવાન આત્મા વિજ્ઞાનઘન આનંદના સ્વાદને ભેદતો શુભાશુભ ભાવને વ્યાપકપણે કરતો અને વ્યાપ્યપણે તે કાર્ય તેનું કરતો અને તે ભાવ ભાવકનો ભાવ હોવાથી, તે ભાવકના ભાવને ભોગવતો અને તે ભાવ, છે ? તે અનુભવનાર થાય છે, અને તે ભાવ પણ તે વખતે તે આત્માનું ભાવ્ય હોવાથી, કર્મ કાર્ય વખતે વ્યાપ્ય હોવાથી, અને અહીં ભોગવવા વખતે ભાવ્ય હોવાથી, આરે ! આરે ! આવું છે. આ તો અલૌકિક વાતું છે. તત્ત્વની વાત જ આખી અલૌકિક બાપુ. આહાહા !

અનુભાવ્યનું ભોગ્ય થાય છે એમ, ઓલું કર્મ છે તો આ ભોગ્ય છે, ઓલું વ્યાપ્ય હોવાથી કર્મ છે, અને ભાવ્ય હોવાથી ભોગ્ય છે. વ્યાપ્ય હોવાથી કાર્ય છે ભોગવવા યોગ્ય હોવાથી ભાવ્ય છે. ભાવ્ય હોવાથી ભોગ્ય છે. ભાવ્ય હોવાથી ભોગ્ય છે. શું કહ્યું ઈ ? વાણીયા કહે પણ આ તો ધર્મ શું આમાં કાંઈ ધર્મ બર્મ નથી. આ વસ્તુ આવી છે, એવું જાણે તો ખરો, ધર્મ ક્યાં હતો ?

ભગવાન આત્મા, ખરેખર તો પર્યાયમાં બધું છે. પણ ઓલા સાથે છે ને અભેદ ગણીને, વ્યાપક થઈને વિજ્ઞાનઘનનાં સ્વાદને તોડતો, અજ્ઞાનપણે વ્યાપક થઈને પુણ્ય-પાપનો કર્તા થાય છે. અને તે શુભાશુભ ભાવ તે આત્માનું વ્યાપ્ય હોવાથી, તે તેનું કાર્ય નામ કર્મ છે. તે ભાવ આત્માનો ભાવકભાવ હોવાથી, ભાવક ભાવ હોવાથી એનો અનુભવનાર છે, અને તે ભાવ, ભાવ્ય હોવાથી, છે ? ભોક્તા છે, ભોગ્ય છે. ભાવ્ય હોવાથી ભોગ્ય છે. આવું છે.

( શ્રોતાઃ- શુભાશુભને ભોગવે કે હર્ષ શોકને ભોગવે ) એ શુભાશુભને ભોગવે એ જ આવ્યું ને અંદર ભોગવે છે. ટીકામાં તો શાતા અશાતા લીધી છે ભાઈ જયસેન આચાર્યે. જોકે શાતા અશાતાનો તો સંયોગ છે, છતાં એનું લક્ષ ત્યાં જાય છે, અને એ, એ ભાવને ભોગવે છે એટલું. આહા ! સમજાણું કાંઈ ? ( શ્રોતાઃ- શુભાશુભને કરે ને હર્ષ-શોકને ભોગવે ) એ એક જ છે જે શુભાશુભ કરે છે તે જ હર્ષ-શોક છે, તે તેનો જ ભોક્તા છે, તે અહીં શબ્દ આવી ગયો એ જ પાઠ છે ને "આદા સ તસ્સ ખલુ કત્તા સો તસ્સ દુ વેદગો." તેનો એ વેદક છે. શુભાશુભ ભાવનો કર્તા અજ્ઞાની તે જ શુભાશુભ ભાવનો વેદક છે, એક જ છે, સમય એક જ છે, ને એની ઈ જ ચીજ છે.

આ રીતે અજ્ઞાની પણ પરભાવનો કર્તા નથી લ્યો ! આ સિદ્ધ કરવું છે પાછું. આહાહા ! કર્મને કરે ને કર્મને, જડને ભોગવે એમ નહિ. એમ કહે છે, કર્મ જડ છે તેને આત્મા કરે અને કર્મના ફળને જડને ભોગવે એમ નથી. એ અહીંયા વિપાકપણે પુણ્ય-પાપ થયા એને વ્યાપકથી કરે ને વ્યાપ્યપણું કર્મ કરે અને આ ભાવકનો ભાવ પોતે કરે કર્મને જડને, ભાવકનો ભાવ હોવાથી અનુભવે છે અને તે ભાવ્ય હોવાથી ભોગ્ય છે. આટલું બધું યાદ રાખવું, બહુ સારી ગાથા આવી છે.

ભાવાર્થઃ- પુદ્‌ગલકર્મનો ઉદય થતાં એ જડને, એ જડ રહ્યો, જ્ઞાની તેને જાણે છે એટલે કે ઉદય થતાં જે ભાવ થયો અંદર એને જ્ઞાની જાણે જ છે. સમજાણું કાંઈ ? પુદ્‌ગલકર્મનો ઉદય

થતાં એનો અર્થ એ કે અંદર જે શુભાશુભ ભાવ થયો તેને જ્ઞાની જાણે જ છે, અર્થાત્ જ્ઞાનનો જ કર્તા થાય છે. ધર્મી એને કહીએ કે જે શુભ ને અશુભ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ તેને પોતે જ્ઞાનમાં રહી આનંદમાં રહીને જાણે. જ્ઞાનનો જ એ કર્તા થાય, એટલે આત્માના સ્વભાવનો એમ, જ્ઞાની શુભાશુભ ભાવના રાગને કાળે પોતે શુદ્ધ સ્વરૂપ, શુદ્ધ ઉપાદાન જે છે, તેની પરિણતિને કરતો એ શુભાશુભ ભાવને જાણે, અને જાણવાનું જ્ઞાન એ એનું કાર્ય. આહાહા ! સમજાણું કાંઈ ? શુભાશુભ ભાવ એનું કાર્ય નહિ. ધર્મીનું શુભાશુભ કાર્ય નહિ. આહાહાહા !

આંહીં તો અત્યારે આ શુભ ક્રિયા બધી કરે એ ધર્મ ને એવું મનાઈ ગયું છે. અને આ વાત બહાર આવી ત્યારે કહે એકાંત છે, પ્રભુ તને એકાંત લાગે, ભાઈ એ સમ્યક્ એકાંત છે. એકાંત છે ખરું, પણ સમ્યક્ એકાંત છે. આહાહા ! જ્ઞાનનો જ કર્તા થાય છે. ધર્મી તો સ્વરૂપ જે જ્ઞાન આત્મા, એનો એ કર્તા રચનારો થાય. આહાહા ! જો કે જ્ઞાનની પર્યાય ષટ્કારકરૂપે પરિણમતી ઊભી થાય છે, પણ અહીંયા આત્મા તેને કરે જ્ઞાનને એમ કહેવું છે. સમજાણું કાંઈ ? આહા !

જ્ઞાનનો કર્તા થાય છે, એટલે કે પોતાના આનંદની દશા, અહીં જ્ઞાન પ્રધાનથી કથન છે ને ? તેથી ઓલું રાગ છે તેને અહીં જાણે છે, એ જાણવાના પરિણામનો એ કર્તા છે. રાગનો કર્તા નહિ. આહાહાહા ! સમજાણું કાંઈ ? જ્ઞાનનો જ કર્તા થાય છે, ખરેખર તો કારકો પર્યાયમાં હોય છે. થવું ને જવું ને આમ ને, એ બધું આમ ષટ્કારક ( પર્યાયમાં છે. ) ધ્રુવ છે એ તો ધ્રુવ પડયા છે કુટસ્થ છે.

સમજાણું ? છ કારક જે અંદર છે ગુણરૂપ એ તો કુટસ્થ છે એમાં કાંઈ પલટવું કે બદલવું કરવું કે ભોગવવું એવું એમાં કાંઈ છે જ નહિ. પણ એ આત્માની પર્યાય ગણીને, અશુદ્ધ ઉપાદાનની ગણીને એને કરે છે, એનું કાર્ય કરે છે, એનો કર્તા થાય છે, ભાવક થઈને ભાવ્ય કરે છે ને ભાવ્ય થઈને તેને ભોગવે છે. આહાહા !

અજ્ઞાની અજ્ઞાનને લીધે, કર્મોદયના નિમિત્તે થતાં, એ તો નિમિત્ત છે હોં, પોતાને અજ્ઞાનરૂપ શુભાશુભ ભાવોનો કર્તા થાય છે. નિમિત્તનો અર્થ જ ત્યાં એક ચીજ છે એટલું, એનાથી અહીં શુભાશુભ ભાવ થયા એમ નથી. શુભાશુભ ભાવ પોતાની પર્યાયમાં સ્વકાળે ષટ્કારકના પરિણમનથી ઉભા થાય છે. તેને કર્મના નિમિત્તની પણ અપેક્ષા નથી. પણ ઓલું નિમિત્ત સામે એક ચીજ છે ને એનું જ્ઞાન કરાવે છે, આવું જ્યાં આવે ત્યાં વળગે કે જો આ નિમિત્ત આવ્યું, કર્મના નિમિત્તે, નિમિત્તે થતા પોતાના અજ્ઞાનરૂપ શુભાશુભ ભાવોનો કર્તા થાય છે.

આ રીતે જ્ઞાની પોતાના જ્ઞાનરૂપ ભાવનો કર્તા છે. આહાહાહા ! ધર્મી પોતાના જ્ઞાન, આનંદ, શાંતિ આદિના કર્તા, અજ્ઞાની પોતાના માનેલા છે એવા શુભાશુભ ભાવનો કર્તા ને ભોક્તા છે. અને અજ્ઞાની પોતાના અજ્ઞાનરૂપ ભાવનો કર્તા છે, પરભાવનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી લ્યો ! આહાહા ! અજ્ઞાની કાંઈ જડનો કર્તા પરમાણુને કરે આ શરીરના, કાર્ય કરે એ તો અજ્ઞાની ય કરતો નથી. વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## ગાથા-૧૦૩

न च परभाव: केनापि कर्तुं पार्येत-

जो जम्हि गुणे दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे।
सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं।।१०३।।

यो यस्मिन् गुणे द्रव्ये सोऽन्यस्मिंस्तु न संक्रामति द्रव्ये।
सोऽन्यदसंक्रान्त: कथं तत्परिणामयति द्रव्यम्।।१०३।।

इह किल यो यावान् कश्चिद्वस्तुविशेषो यस्मिन् यावति कस्मिंश्चिच्चिदात्मन्यचिदात्मनि वा द्रव्ये गुणे च स्वरसत एवानादित एव वृत्त:, स खल्वचलितस्य वस्तुस्थितिसीम्नो भेत्तुमशक्यत्वात्तस्मिन्नेव वर्तेत, न पुन: द्रव्यान्तरं गुणान्तरं वा संक्रामेत। द्रव्यान्तरं गुणान्तरं बाऽसंक्रामंश्च कथं त्वन्यं वस्तुविशेषं परिणामयेत् ? अत: परभाव: केनापि न कर्तुं पार्येत।

---

પરભાવને કોઈ ( દ્રવ્ય ) કરી શકે નહિ એમ હવે કહે છે:-

**જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;**
**અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને ? ૧૦૩.**

ગાથાર્થ:-[ य: ] જે વસ્તુ ( અર્થાત્ દ્રવ્ય ) [ यस्मिन् द्रव्ये ] જે દ્રવ્યમાં અને [ गुणे ] ગુણમાં વર્તે છે [ स: ] તે [ अन्यस्मिन् तु ] અન્ય [ द्रव्ये ] દ્રવ્યમાં તથા ગુણમાં [ न सक्रामति ] સંક્રમણ પામતી નથી ( અર્થાત્ બદલાઈને અન્યમાં ભળી જતી નથી ); [ अन्यत् असंक्रान्त: ] અન્યરૂપે સંક્રમણ નહિ પામી થકી [ स: ] તે ( વસ્તુ ), [ तत् द्रव्यम् ] અન્ય વસ્તુને [ कथं ] કેમ [ परिणामयति ] પરિણમાવી શકે ?

ટીકા:-જગતમાં જે કોઈ જેવડી વસ્તુ જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ દ્રવ્યમાં અને ગુણમાં નિજ રસથી જ અનાદિથી જ વર્તે છે તે, ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી, તેમાં જ ( પોતાના તેવડા દ્રવ્ય-ગુણમાં જ ) વર્તે છે પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ પામતી નથી; અને દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે નહિ સંક્રમતી તે, અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે ? ( કદી ન પરિણમાવી શકે. ) માટે પરભાવ કોઈથી કરી શકાય નહિ.

ભાવાર્થ:-જે દ્રવ્યસ્વભાવ છે તેને કોઈ પણ પલટાવી શકતું નથી, એ વસ્તુની મર્યાદા છે.

## પ્રવચન નં. ૨૦૬ ગાથા-૧૦૩ મંગળવાર, ફાગણ સુદ-૧, તા. ૨૭/૨/’૭૯

સમયસાર ૧૦૩ ગાથા પરભાવને કોઈ કરી શકે નહિ એમ હવે કહે છે.

जो जम्हि गुणे दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे।
सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं।।१०३।।

જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;
અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને ? ૧૦૩.

ટીકાઃ- “જગતમાં જે કોઈ જેવડી વસ્તુ” જેવડી વસ્તુ “જે કોઈ જેવડા ચૈતન્ય સ્વરૂપ છે કે અચૈતન્ય સ્વરૂપ” છે ? બે ય, પહેલી વાત આમ લીધી. “જગતમાં જે કોઈ જેવડી વસ્તુના જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ,” દ્રવ્યમાં અને ગુણમાં નિજ રસથી અનાદિથી વર્તે છે. દરેક દ્રવ્ય પોતાના ચૈતન્ય ચૈતન્યમાં, અચૈતન્ય અચૈતન્યમાં પણ પોતાના ગુણ પર્યાયમાં વર્તે છે.

“ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી” દરેક આત્મા દરેક પરમાણું પોતાના ગુણ અને પર્યાયમાં વર્તે છે, તે અચલિત મર્યાદાને તોડવી અશક્ય છે, તેથી તે તે પરમાણુની ને તે તે આત્માની તે તે સમયની અવસ્થા બીજો કોઈ કરે અને બીજાનું આ કરે એ મર્યાદા નથી. આહાહા ! ( શ્રોતાઃ- પરસ્પર ઉપકાર તો આવે છે ) એ ઉપકારનો અર્થ નિમિત્ત. એ ઉપકારનો અર્થ નિમિત્ત છે. એ ત્યાં બધા નાખે છે ને, અત્યારે હમણાં લોકનું ( સિમ્બોલ ) નાખીને એ પરસ્પર ઉપગ્રહો છાપામાં બધા નાખે અત્યારે, એ ઉપગ્રહનો ઉપકારનો અર્થ નિમિત્ત છે. એ વખતે નિમિત્ત છે એટલું. આહાહા !

અહીંયા તો કહે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કંઈ કરી શકે નહિ, કેમ કે તે દ્રવ્ય પોતાના ગુણ પર્યાયમાં અનાદિથી ( વર્તે છે. ) અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી. આહાહાહા ! આ હાથનું હલવું એ તો એના પરમાણુઓ એના ગુણ ને પર્યાયમાં એ વર્તે છે એને આત્મા એને હલાવી શકે એવી વસ્તુની સ્થિતિમર્યાદા નથી. ( શ્રોતાઃ- અમે તો આંગળીને હલાવીએ છીએ. ) કોણ હલાવે ? એ હાલે છે ઈ એને કારણે. આ આવું આકરું કામ છે. આ હોઠ હલે છે હોઠ એ પોતે પોતાના પરમાણું છે તેના ગુણ પર્યાયમાં તે વર્તે છે. એને આત્મા વર્તાવી શકે, હોઠને હલાવી શકે, ત્રણકાળમાં નહિ. આહાહાહા ! આવી વાત છે.

આત્મા પરની દયા પાળી શકે, પરની અવસ્થા આયુષ્ય ને શરીર એનું કાર્ય છે ત્યાં, એને બીજો કહે કે હું આને આયુષ્ય આપું ને જીવાડી દઉં, આહાહા... આકરું કામ છે. આંહીં એ કહે છે. જેટલી વસ્તુ ને જેટલા સ્વરૂપો હોય એમ કહે છે તે પોતે દ્રવ્યમાં અને ગુણમાં, એટલે ગુણ ને પર્યાય નિજ રસથી જ અનાદિથી વર્તે છે. આહા ! આત્મા, આત્મા પોતાના ગુણ પર્યાયપણે વર્તે છે, આ પરમાણુઓ પણ એનાં ગુણ પર્યાયપણે વર્તે છે. આત્માને લઈને નહિ, તેમ એને લઈને આત્મામાં નહિ. આહાહાહા ! આ ગાથા ઊંચી છે.

“અણ્ણમસંકંતો” “અણ્ણમસંકંતો” એક શબ્દ આખો છે. ઘડાને કુંભાર કરી શકે નહિ એમ

કહે છે. કેમ કે કુંભાર અન્યદ્રવ્ય છે, ઘડો અન્ય દ્રવ્યની પર્યાય છે, તે કુંભાર અંદર સંક્રમણતો નથી અંદર પેસતો નથી એથી ઘડાને કુંભાર કરી શકે નહિ. ( શ્રોતાઃ- અમારું કર્યું બધુ પાણીમાં જશે ) કર્યું શું અભિમાન કર્યું'તું. આહાહાહા ! આકરું કામ છે. આ વકીલાત કરી'તી ને આ વકીલાત ને બધે ભાષાને આ એ પાણીમાં ગયું કહે છે, એમ કહે છે, પણ એ ભાષા જ કે દિ' કરી'તી, ભાષા તો જડ છે. જડની પર્યાયની મર્યાદા એના તો ગુણ પર્યાયમાં એ પરમાણું વર્ત્યા છે, આત્મા એની પર્યાયમાં વર્તાવે ? આહાહા ! ( શ્રોતાઃ- રૂપિયા લીધા છે ) રૂપિયા લીધા એ ય મફતના એ રૂપિયા તો તે વખતે આવવાના હતા. કહો હસુભાઈ, હસુમખભાઈ નથી આવ્યા નહીં આજ ભાવનગર, સમજાણું કાંઈ ? આહાહાહા ! મહા સિદ્ધાંત છે.

જગતમાં જે કોઈ જેવડી વસ્તુ જેટલી જેવી ગુણપર્યાયવાળી જેવડી અને તે એટલું તે ચૈતન્ય સ્વરૂપ ને અચૈતન્યસ્વરૂપ પાછું એમ, એ દ્રવ્યમાં ને ગુણમાં નિજ રસથી પોતાની શક્તિથી પોતાના સ્વભાવથી દરેક વસ્તુ પોતાના ગુણ ને પર્યાયમાં અનાદિથી જ વર્તે છે. ગુણ એટલે પર્યાયની વાત છે અહીં, સમજાણું કાંઈ ? આહાહા ! આકરું કામ છે.

ઓલું વ્યવહારને હજી તો વળગ્યો છે, ત્યાં આ હજી એકનું બીજાનું કરે નહિ દયા પાળી શકે નહિ, આ મંદિર બનાવી શકે નહિ આત્મા, એમ કહે છે. હવે થઈ ગયું મંદિર. એટલે, તે તે પરમાણુઓ અને તે તે અચૈતન્ય એનો સ્વભાવ તેમાં તે પરમાણુઓ વર્તી રહ્યા છે. અચલિત ચળે નહિ એ સ્થિતિમાં વર્તી રહ્યાં છે, એમ દરેક આત્મા એક નિગોદના શરીરમાં અનંત જીવ, એ એક એક જીવ પોતાના ગુણ પર્યાયમાં વર્તી રહ્યા છે. એક જગ્યોમાં અનંત જીવ, અને ત્યાં અનંતા તેજસ કાર્મણ પરમાણુઓ દરેક દ્રવ્ય પોતાના ગુણ પર્યાયમાં વર્તી રહ્યું છે. આહાહાહા ! કહો એ કેટલા ભેગા હોવા છતાં એક જગ્યોમાં, ( શ્રોતાઃ- સંસ્થાનું કામ કરવું કે ન કરવું ) કોણ કરે છે ? સંસ્થાનું કામ કરે છે ? રામજીભાઈ પ્રમુખ છે અત્યારે કહે છે લોકો. ( શ્રોતાઃ- લોકોય કહે છે ને આપેય કહો છો ) એય ! હસુભાઈ ! શું છે આ ? કરે છે કોણ ? આકરું કામ છે. ( શ્રોતાઃ- થાવાનું હોય એ થાય ) આ હાથ હલે છે, કહે છે કે એ પરમાણુની ગુણ પર્યાયમાં એ પરમાણુઓ વર્તે છે, એને બીજો આત્મા વર્તાવે એ અચલિત, છે ? વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય છે. આહાહાહાહા ! સમજાય છે કાંઈ ? આવી વાત છે.

કહે નિમિત્ત થઈ ને થાય ને નિમિત્તથી તો કરીએ ને અમે, આ ભાઈ કહેતા'તા ઢેબરભાઈ, આવી જ્યારે વાત આવે કહે નિમિત્ત તો થવાનું, નિમિત્ત એટલે શું ? જે કાંઈ કાર્ય થાય છે ત્યાં આ હોય તે પોતાના કાર્યમાં વર્તે છે, પોતાના ગુણ પર્યાયમાં એ એની ગુણ પર્યાયમાં વર્તે છે. ( શ્રોતાઃ- એ તો કાંઈ બીજુ માનતા'તા ) માન્યા કર્યા, કાલે આવ્યા'તા ને છગનભાઈ આવ્યા'તા વયા ગયા, છગન જોષી આવ્યા'તા ને આવ્યા'તા. દર્શન કરવા આવ્યો છું કહે. આહાહાહા !

એકએક પરમાણું એમાં જે અનંત ગુણો તેની વર્તમાન પર્યાયમાં તે વર્તે છે. તેની મર્યાદાને બીજો પરમાણું કે બીજો આત્મા એની મર્યાદાને તોડે એ બની શકે નહિ. આહાહાહા ! આવી વાત છે. ખરેખર અચલિત વસ્તુસ્થિતિ. આહાહા ! ત્રણકાળ ત્રણ લોકમાં એ અચળ સ્થિતિ વસ્તુની. અનાદિથી કીધું ને ત્યાં ? તેમાં જ પોતાના તેવડા

દ્રવ્યગુણમાં એટલે પર્યાયમાં પોતાના દ્રવ્યગુણ પર્યાયમાં વર્તે છે. માટી પોતાના ગુણ અને પર્યાય ઘટમાં વર્તે છે, ઘટનું વર્તન છે એ માટીથી છે, ઘટનું થવું વર્તવું એ કાંઈ કુંભારથી નથી. આહાહા ! રોટલીનું થવું એ એના પરમાણુના ગુણ અને પર્યાયમાં એ રોટલીના પરમાણું વર્તે છે એ મર્યાદાને તોડવી, બીજો કહે કે હું રોટલીને આમ કરું ને આમ કરું, એ બધું અજ્ઞાન છે. ( શ્રોતાઃ- હુંશિયાર બાઈ હોય તો ) હુંશિયાર-બુશિયાર એની પાસે પર્યાયમાં વર્તીને એની પાસે રહી ગઈ. હુશિયારી ન્યાં જાય છે ન્યાં ? કહો શું છે આમાં ચંદુભાઈ ! આ બધા દાક્તર હોશિયાર હોય એ બધા રગ ઝાલીને કરે એમ, બરાબર લોહી આવે તો કહે કે આમ. આહાહાહા !

દરેક પરમાણુમાં દરેક આત્મા તે તે સમયમાં તે વખતે તેના ગુણ પર્યાયમાં વર્તે છે એ અચલિત વસ્તુની સ્થિતિ તોડવી અશક્ય છે. આહાહાહા ! કુટુંબનું પાલન પોષણ કરે છે આત્મા, એ વસ્તુની સ્થિતિ અશક્ય છે. એ કરી શકે નહિ આહાહા ! ( શ્રોતાઃ- બાપ દીકરાનું કરી શકે નહીં કાંઈ ) આંહીં કોણ કરે છે, કોણ દિકરાનું ? દિકરો કે દિ' હતો એને ? આ દિકરાનો આત્મા જાુદો, એના શરીરના રજકણ જાુદા તું જાુદો ને તારું શરીર જાુદું. દિકરો કોનો ? બાપનું નામ લખે, એ લખે તેમાં લખે ને ? આહાહા ! છોકરાનો આત્મા ને તેના શરીરના રજકણો, તે કાળે તેના ગુણ પર્યાયમાં વર્તતા રહ્યા છે, એને બીજો કહે કે હું આને સુધારું ને આને મોટો કરું એ મિથ્યાત્વ ભ્રમ છે. આહાહાહા ! આવું કામ દુનિયાથી જાુદી જાત છે.

"પોતાના જેવડા દ્રવ્યગુણમાં વર્તી પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ પામતી નથી" શું કીધું ? દરેક વસ્તુ પોતાની પર્યાયમાં, ગુણ તો ત્રિકાળ છે, પણ દરેક વસ્તુ તે તે કાળે તે તે પર્યાયમાં વર્તતી તે વસ્તુની મર્યાદા તોડવી અશક્ય હોવાથી, પોતાના તેવડા દ્રવ્યગુણોમાં વર્તે છે, પોતાના તેવડા ગુણ પર્યાયમાં તે તે વર્તે છે દ્રવ્ય, પરંતુ દ્રવ્યાંતર, બીજા દ્રવ્યને કે બીજા ગુણ પર્યાયને સંક્રમણ પામતી નથી. બીજા દ્રવ્યમાં ગુણરૂપે કે દ્રવ્યરૂપે કે બીજાની પર્યાયમાં બીજુ દ્રવ્ય સંક્રમણ નામ ભેળસેળ થતું નથી. આહાહાહા !

આ તો અક્ષર લખાય, તો કહે છે કે અક્ષરના પરમાણુઓમાં, તેમાં ગુણ ને પર્યાયમાં વર્તતા એ પરમાણું છે, એને ઓલી કલમ છે એને વર્તાવે છે એ વાત ખોટી છે. એમ કલમ આમ હાલે છે એ એની પોતાની પર્યાયમાં વર્તે છે. એને હાથ હલાવે છે ખોટી વાત છે. એમ હાથ જ્યાં આમ હાલે છે એ પોતાના પરમાણુની પર્યાયમાં વર્તે છે, એને આ આત્મા એમ કહે કે હું આ વર્તાવું છું હાથને. આહાહા ! આવું છે.

સંપ્રદાયમાં તો આમ કરો આ કરો ને તેમ કરો અપવાસ કરો, વ્રત કરો, આ છોડો, ફલાણું કરો, ઢીંકણું કરો. આહાહા ! મિથ્યાત્વ દશામાં પણ તે આત્મા પોતાની પર્યાયમાં વર્તે છે, માને ભલે, પણ એ તો પોતાના ગુણપર્યાયમાં વર્તે છે, એ પરને લઈને નહિ અને પરની મર્યાદા જે પરમાં પોતાના ગુણ-પર્યાયમાં વર્તે છે, એને આ તોડી શકે ( નહીં ). આહાહા ! ( વિગ્રહ ગતિમાં જાયને ) એ ગતિ એ ય નિમિત્તથી વાત છે, એ તે તે પરમાણું તે સમય તે પર્યાયને પ્રાપ્ત છે તેને કોઈ તોડી શકે નહીં એ નિમિત્તથી કથન છે. પૂર્વના શાતાવેદનીયના

ઉદયથી પૈસા આવ્યા કહે છે કે સગવડતા આવે એ બધી નિમિત્તથી કથન છે, બાકી બાહ્ય પદાર્થ જે છે એ પોતે પોતાના ગુણ પર્યાયમાં વર્તનારા વર્તી રહ્યા છે, એ શાતાના ઉદયને લઈને પણ નહિ. આહાહા !

એક પરમાણું પણ પોતાના ગુણ પર્યાયમાં વર્તે છે ને બીજો પરમાણું જોડે છે તે તેની પર્યાયને વર્તાવે, ચાર ગુણ આંહીં હોય ને છ ગુણ એ હોય તો ત્યાં છ ગુણ થાય, બે ગુણ અધિક, પાઠ છે શાસ્ત્રમાં. ચારગુણવાળો પરમાણું હોય, છ ગુણવાળા પરમાણું સાથે મળે તો છ ગુણ થઈ જાય પણ એ આને લઈને થાય છે એમ નહિ. છ ગુણ અહીં છે માટે છ ગુણ અહીં પ્રવર્તાવે છે એમ નથી. એ પોતે જ પોતામાં તે વખતે છ ગુણની પર્યાય, છ પર્યાયપણે પરિણમે છે એને બીજો પરમાણું અધિકવાળો એને પરિણમાવે છે એમ નથી. કહો આમાં આવી વાત છે.

લાદીનો એકએક રજકણ એમ કહે છે. ( શ્રોતાઃ- જેવું છાંટે એવું થાય ને ) એ છાંટી શકે જ નહિને ? એ એનો એકએક રજકણ તે તે પોતાની પર્યાયમાં વર્તે છે ને બીજો છાંટે ને ઈ કરે એ વાતમાં કાંઈ માલ નથી. આહાહા ! આવું છે. પોતાના તેવડા દ્રવ્ય-ગુણમાં વર્તે છે, પરંતુ દ્રવ્યાંતર એટલે બીજા દ્રવ્યની પર્યાયમાં એટલે બીજાના ગુણમાં કે દ્રવ્યમાં બીજાના દ્રવ્યમાં કે બીજાની પર્યાયમાં સંક્રમણ પામતી નથી. એક તત્ત્વ પોતાના ગુણપર્યાયપણે વર્તે છે, તે તત્ત્વ અનેરા દ્રવ્ય ને અનેરી પર્યાયમાં વર્તતું નથી. આહાહા !

ગાથા તદ્દન દરેક પર્યાય તે તે કાળે સ્વતંત્ર તે દ્રવ્યની છે એમ સિદ્ધ કરે છે. આહાહા ! કર્મને લઈને નહિ ત્યાં આનો આધાર ન્યાં આપ્યો છે ને પાછળ સર્વવિશુદ્ધમાં, સર્વવિશુદ્ધમાં આનો આધાર તો આપી દીધો પાછળ, કે જુઓ ૧૦૩ માં આમ કહેવાઈ ગયું છે પાછળ આવે છે આવે છે. અને 'દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે નહિ સંક્રમતી' જ્યારે એક વસ્તુ બીજાના ગુણ-દ્રવ્યપણે ને બીજાની પર્યાયપણે ન સંક્રમે તો અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે ? આહાહાહા ! મોટો ગોટો અત્યારે ચાલે છે ને ? નિશ્ચયથી ન કરે પણ વ્યવહારથી કરી શકે છે એમ કહે છે. કરે શું ધૂળ કરે વ્યવહારથી, વ્યવહારથી બોલાય કથનથી બોલાય. એ બોલવાની ભાષા એ આત્મા કરે ? કદી ન પરિણમાવી શકે, એક વસ્તુ બીજી વસ્તુના દ્રવ્યરૂપે કે પર્યાયરૂપે સંક્રમી શકે નહિ માટે તેનું કાંઈ કરી શકે નહિ. માટે પરભાવ કોઈથી કરી શકાય નહિ. આ પરભાવ શબ્દે પરદ્રવ્યની પર્યાયની વાત છે અત્યારે પરભાવ એટલે વિકારી ભાવની વાત નથી. આહાહા !

ભાવાર્થઃ- "જે દ્રવ્યસ્વભાવ છે તેને કોઈ પણ પલટાવી શકતું નથી" આહાહાહા ! જીવ રાગમાં વર્તે તો તે કાળે શુભરાગ હોય તો શાતાવેદનીય બંધાય, પણ એ કહે છે કે રાગ આની પર્યાય છે એ આમાં સંક્રમી નથી, એ વખતના પરમાણુઓ શાતાપણે પોતાના ગુણની પર્યાયપણે પરિણમ્યા છે, રહ્યાં છે, એ રાગને લઈને થયાં છે એમ નથી. આહાહા ! આયુષ્યનું બંધન થાય, એ જે એનો ભાવ છે તેમાં તે આત્મા વર્તે, પણ એ ભાવને લઈને આયુષ્ય બંધાણું પરમાણુંની પર્યાયમાં વર્તે એમ ન બને. આહા ! જેવા કર્મ બાંધ્યા એવા ભોગવવા એમ માણસો નથી કહેતા ? આંહીં તો કહે કે બાંધતો ય નથી ને ભોગવતો ય નથી એ.

પોતપોતાના ભાવને કરે ને પોતપોતાના ભાવને ભોગવે. આહા ! એ તો માથે પહેલાં કહી ગયા. ભાવનો વ્યાપક હોવાથી પોતે કર્તા અને ભાવ તેનું વ્યાપ્ય હોવાથી તેનું કાર્ય ખલાસ થઈ ગયું. આહાહાહા ! ભારે વાત ભાઈ !

"જે દ્રવ્યસ્વભાવ તેને કોઈપણ પલટાવી શકતું નથી એ વસ્તુની મર્યાદા છે" એ વસ્તુની મર્યાદા છે. કોઈને આંગણે કોઈ જાય, કોઈની પર્યાયમાં કોક જાય, આંગણે જાય લ્યો ને પર્યાયમાં, દ્રવ્યમાં ભલે નહીં, એમ થઈ શકતું નથી. આહાહા !

"આ કહેલા કારણે આત્મા ખરેખર પુદ્‌ગલકર્મોનો અકર્તા ઠર્યો એમ કહે છે લ્યો.

હવે, ભાષા ફેરવી નાખી (જુઓઃ) **"તેવી (-સહજ) આ દૃષ્ટિ સદા જયવંત છે."** સમ્યગ્દર્શનને ઠેકાણે ત્રિકાળ દૃષ્ટિ જે છે દર્શન, ત્રિકાળ શ્રદ્ધા (તે) લીધી છે. ત્રિકાળ... હોં ! કારણ દૃષ્ટિ છે એ ત્રિકાળ અંદર છે. સમ્યગ્દર્શન, એ દૃષ્ટિ, તો પર્યાય છે. પણ એનો જે વિષય છે એમાં જે કારણ 'દૃષ્ટિ' સહજ ત્રિકાળ જયવંત વર્તે છે. આહા... હા... હા ! સમજાણું કાંઈ ? જેના ઉપર દૃષ્ટિ પડી તે જ વસ્તુ-સહજ દૃષ્ટિ-અંદર ત્રિકાળ વર્તે છે, ધ્રુવ છે.

આહા...હા ! છે... ! "તેવી" એટલે 'જેવું જ્ઞાન તેવી' એટલે 'તે રીતે' "(-સહજ) આ દૃષ્ટિ સદા જયવંત છે." આહા...હા ! સમ્યગ્દર્શનની દૃષ્ટિ તો પર્યાય, (તે) તો નવી પ્રગટ થાય છે; તે સદા જયવંત નથી. પણ અંદર જે દૃષ્ટિનો વિષય છે, જે સમ્યક્‌શ્રદ્ધા-દૃષ્ટિ જે છે, તે સદા જયવંત છે. આહા...હા ! આવો માર્ગ છે !!! જે દૃષ્ટિનો વિષય અંદર છે, જે સમ્યક્‌શ્રદ્ધા-દૃષ્ટિ છે, જે ધ્રુવદૃષ્ટિ છે, તે સદા જયવંત વર્તે છે ! આહા...હા ! દૃષ્ટિ સદા જયવંત વર્તે છે, ધ્રુવ ! જે સમ્યગ્દર્શનની પર્યાય એ વિષય કરે છે એને (એવી) ખબર નથી. પણ જ્ઞાન સાથે છે, જ્ઞાન જાણે છે કેઃ આ દૃષ્ટિની પર્યાય જે ઉત્પન્ન થઈ તેને, જે અંતરદૃષ્ટિ જયવંત વર્તે છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

**(પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૧૧૯, શ્લોક ૭૫ પરનું પ્રવચન, નિયમસાર)**

## ગાથા-૧૦૪

अतः स्थितः खल्वात्मा पुद्गलकर्मणामकर्ता-

**दव्वगुणस्स य आदा ण कुणदि पोग्गलमयम्हि कम्मम्हि।**
**तं उभयमकुव्वंतो तम्हि कहं तस्स सो कत्ता।।१०४।।**

द्रव्यगुणस्य चात्मा न करोति पुद्गलमये कर्मणि।
तदुभयमकुर्वंस्तस्मिन्कथं तस्य स कर्ता।।१०४।।

यथा खलु मृण्मये कलशे कर्मणि मृद्द्रव्यमृद्गुणयोः स्वरसत एव वर्तमाने द्रव्यगुणान्तरसंक्रमस्य वस्तुस्थित्यैव निषिद्धत्वादात्मानमात्मगुणं वा नाधत्ते स कलशकारः; द्रव्यान्तरसंक्रममन्तरेणान्यस्य वस्तुनः परिणमयितुमशक्यत्वात् तदुभयं तु तस्मिन्ननादधानो न तत्त्वतस्तस्य कर्ता प्रतिभाति। तथा पुद्गलमये ज्ञानावरणादौ कर्मणि पुद्गलद्रव्यपुद्गलगुणयोः स्वरसत एव वर्तमाने द्रव्यगुणान्तरसंक्रमस्य विधातुमशक्यत्वादात्मद्रव्यमात्मगुणं वात्मा न खल्वाधत्ते; द्रव्यान्तरसंक्रममन्तरेणान्यस्य वस्तुनः परिणमयितुमशक्यत्वात्तदुभयं तु तस्मिन्ननादधानः कथं नु तत्त्वतस्तस्य कर्ता प्रतिभायात्? ततः स्थितः खल्वात्मा पुद्गलकर्मणामकर्ता।

---

આ (ઉપર કહેલા) કારણે આત્મા ખરેખર પુદ્‌ગલકર્મોનો અકર્તા ઠર્યો એમ હવે કહે છેઃ-

**આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્‌ગલમયી કર્મો વિષે,**
**તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને? ૧૦૪.**

ગાથાર્થઃ-[ आत्मा ] આત્મા [ पुद्गलमये कर्मणि ] પુદ્‌ગલમય કર્મમાં [ द्रव्यगुणस्य च ] દ્રવ્યને તથા ગુણને [ न करोति ] કરતો નથી; [ तस्मिन् ] તેમાં [ तद् उभयम् ] તે બન્નેને [ अकुर्वन् ] નહિ કરતો થકો [ सः ] તે [ तस्य कर्ता ] તેનો કર્તા [ कथं ] કેમ હોય?

ટીકાઃ-જેવી રીતે-માટીમય ઘડારૂપી કર્મ કે જે માટીરૂપી દ્રવ્યમાં અને માટીના ગુણમાં નિજ રસથી જ વર્તે છે તેમાં કુંભાર પોતાને કે પોતાના ગુણને નાખતો-મૂકતો-ભેળવતો નથી કારણ કે (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે; દ્રવ્યાંતરરૂપે (અર્થાત્ અન્યદ્રવ્યરૂપે) સંક્રમણ પામ્યા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી, પોતાનાં દ્રવ્ય અને ગુણ બન્નેને તે ઘડારૂપી કર્મમાં નહિ નાખતો એવો તે કુંભાર પરમાર્થે તેનો કર્તા પ્રતિભાસતો નથી; તેવી રીતે-પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ કે જે પુદ્‌ગલદ્રવ્યમાં અને પુદ્‌ગલના ગુણમાં નિજ રસથી જ વર્તે છે

**તેમાં આત્મા પોતાના દ્રવ્યને કે પોતાના ગુણને ખરેખર નાખતો-મૂકતો-ભેળવતો નથી કારણ કે ( કોઈ વસ્તુનું ) દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવું અશક્ય છે; દ્રવ્યાંતરરૂપે સંક્રમણ પામ્યા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી, પોતાનાં દ્રવ્ય અને ગુણ-બન્નેને તે જ્ઞાનાવરણાદિ કર્મમાં નહિ નાખતો એવો તે આત્મા પરમાર્થે તેનો કર્તા કેમ હોઈ શકે ? ( કદી ન હોઈ શકે. ) માટે ખરેખર આત્મા પુદ્‌ગલકર્મોનો અકર્તા ઠર્યો.**

## ગાથા-૧૦૪ ઉપર પ્રવચન

दव्वगुणस्स य आदा ण कुणदि पोग्गलमयम्हि कम्मम्हि।
तं उभयमकुव्वंतो तम्हि कहं तस्स सो कत्ता।।१०४।।

આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્‌ગલમયી કર્મો વિષે,
તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને ? ૧૦૪.

[ ગુણશબ્દે અહીં પર્યાય લેવી. ( સમજવી ) ]

ટીકા:- "જેવી રીતે માટીમય ઘડારૂપી કર્મ" આહાહા ! માટીમય ઘડારૂપી કર્મ, કે જે માટી રૂપી દ્રવ્યમાં અને માટીની પર્યાયમાં નિજ રસથી વર્તે છે. આહાહા ! માટીમય ઘડારૂપી કાર્ય, કે જે માટીરૂપી દ્રવ્યમાં અને તેની પર્યાયમાં નિજરસથી જ વર્તે, નિજશક્તિથી જ વર્તે છે, નિજશક્તિથી વર્તે છે પરને કારણે વર્તે છે એમ છે નહિ. આહાહા ! ઘડો કુંભાર કરે છે એ ત્રણકાળમાં ખોટી વાત છે એમ કહે છે. આહાહા ! પરની દયા પાળી શકે એ તો ક્યારે કે અહીંની પર્યાય સંક્રમીને ત્યાં જાય તો, એ તો બનતું નથી પછી પરની દયા પાળવી કે પરને મારવો એ ક્યાં રહ્યું આમાં ? ભાવ કરે એ ભાવ કરે એ ભાવમાં વર્તે, પણ એ ભાવમાં વર્ત્યો મારવાનો ભાવ એમાં વર્તે, પણ એથી બીજાને મારી શકે એમ બને નહિ. આહાહાહા ! આવું કામ છે બધું. ( શ્રોતા:- બીજાને જીવાડે ) કોણ જીવાડે ? હેં ? એ તો કલ્પનાઓ છે, આકરું કામ છે.

માટીમય ઘડારૂપી માટીમય, જોયું ભાષા કેવી લીધી છે. માટીનું કાર્ય છે એમે ય ન લેતા, માટીમય ઘડારૂપી કાર્ય, માટીમય ઘડારૂપી કાર્ય એમ, કે જે માટીરૂપી દ્રવ્યમાં અને તેના ગુણમાં એટલે તેની પર્યાયમાં નિજ રસથી જ વર્તે છે. એ માટી પોતાની શક્તિથી જ ઘડારૂપે થયું છે. ઘડારૂપે થઈ એ પોતાની શક્તિથી જ થયું છે નિજરસથી થયું છે. આહાહાહા ! એવું છે બહુ. આ મહાસિદ્ધાંતો છે બધાં, તેમાં કુંભાર પોતાને કે પોતાના પર્યાયને નાખતો, મૂક્તો ભેળવતો નથી. આહાહા ! આવું છે.

આત્મામાં અનાદિથી અજ્ઞાનપણે જે રાગદ્વેષ ને મિથ્યાત્વ થાય, તે દ્રવ્ય તેની પર્યાયમાં વર્તે છે. પણ તેને કર્મનો ઉદય અહીં મિથ્યાત્વ કરાવે ને રાગદ્વેષ કરાવે એમ બનતું નથી. પરને લઈને વિકાર થતો નથી એમ કહે છે. મોટો વાંધો છે ને અત્યારે, છે ને શ્વેતાંબરની સામે ને આપણે આમાંય દિગંબરમાં ય પંડિતો કેટલાકે, નિમિત્તથી પણ થાય, કોઈ વાર. આહાહાહા.....

આંહીં તો કહે છે કે જે કંઈ આત્મામાં દ્રવ્યપણું અને તેની પર્યાયપણું ભલે પુણ્ય-પાપના પર્યાયપણે હો તેમાં વર્તતો તે કર્મના ઉદયને લઈને અહીં વર્તે છે એમ નથી. કર્મનો ઉદય જડની પર્યાય છે, એની પર્યાયમાં વર્તતા એ પરમાણું છે એ પર્યાય આને વર્તાવે એવું સ્વરૂપમાં નથી.

આહાહાહા ! એ જ્ઞાનાવરણી કર્મ, એ જ્ઞાનની હીણી દશા કરે એમ થાતું નથી એમ કહે છે. આહાહા ! જ્ઞાન, જડ છે આવરણ, એ જ્ઞાનને આવરે એ ત્રણકાળમાં બનતું નથી એમ કહે છે. આહાહા !

એ જ્ઞાન પોતે જ હીણાપણે પોતાની પર્યાયપણે વર્તતું પરની અપેક્ષા એમાં નથી. આહાહાહા ! ભાષા કહેવી જ્ઞાનાવરણી કર્મ જ્ઞાનને આવરે. આંહીં કહે છે કે એ કર્મ જ્ઞાનની પર્યાય હીણી થાય પોતાથી, એમાં એ વર્તે, પણ એ કર્મ એને વર્તાવે હીણાપણે એમ છે નહિ. આહાહા ! ( શ્રોતાઃ– અંતરંગ બહિરંગ વ્યાપ્તિ કેમ કીધું છે ) વ્યાપ્તિ બહિરંગ છે જ નહિ. બહિઃ એટલે બહાર છે બસ, એ નિમિત્ત છે એટલું, પણ એનાથી અહીં થાય છે એમ નથી–તેરની સાલમાં એ જ વાંધો હતો ને ? નિમિત્તથી પણ કોઈ વખતે થાય. પણ કોઈ વખતે થાય એટલે શું ? ક્યે સમયે તે દ્રવ્ય પોતાની પર્યાયમાં વર્તતું નથી કે જેથી બીજું દ્રવ્ય તેને એ પર્યાયમાં વર્તાવે ? આહાહા ! કુંભારની ઇચ્છા હોય તો ઘડો કરે, ઇચ્છા હોય તો કોડિયું કરે, એમ છે જ નહિ. આકરું કામ ભાઈ ! આહાહા !

એક તત્ત્વ વસ્તુ છે, એ સત્ છે તેના અનંતા ગુણો છે, અને તેની એક સમયની અનંતી પર્યાય છે. બસ એ દ્રવ્ય પોતાના ગુણ ને પર્યાયમાં વર્તે તેની મર્યાદા તોડવી અશક્ય છે. બીજો કોઈ એને પર્યાયમાં વર્તાવી દે ? આહાહાહા ! અંતરાય કર્મનો ઉદય આકરો આવ્યો માટે અહીં વીર્યમાં હીણાપણું થયું વીર્યાંતરાયને લઈને તો કહે છે વીર્યાંતરાય છે એ જડની પર્યાય છે, એ એના ગુણપર્યાયમાં વર્તે છે, અને આંહીં જે પોતે હીણી દશા વીર્યની થઈ એ પોતે પોતાના ગુણ–પર્યાયમાં વર્તે છે, એ પરને લઈને હીણાપણે વર્તે છે એમ નથી. આહાહા ! આવું છે.

આ બધા વેપારી બેપારી બધા તોફાન કરતા હશે, નહિ કરી શકતા હોય ? આહાહા ! ઉદ્યોગપતિ, નથી કહેતા ? આમાં આંહીં મારા માં બાપ કાંઈ મૂકી ગયા નહોતા બાપા, ને પોતે પોતાના બાવડે–બળે આ બધું ભેગું કર્યું શું કર્યું ધૂળ ? ઉદ્યોગપતિ શાંતિ શાહુ, ફલાણા ઉદ્યોગપતિ, ઉદ્યોગપતિ ? આહાહા !

પોતાના દ્રવ્ય ને પર્યાયમાં વર્તતું દ્રવ્ય પોતાનું, જે બીજાના દ્રવ્ય તેના ગુણને પર્યાયમાં વર્તતું દ્રવ્ય, તેને આ શું કરી શકે ? કાળ બે નો એક છે ને, આના દ્રવ્ય–ગુણપણે એ પ્રવર્તે છે ને આંહીં પોતાના ગુણ પર્યાયપણે વર્તે, પણ કાળ તો એક છે એમાં કરે શું ? આહાહા ! આવું છે. કુંભાર પોતાને ને પોતાના ગુણપર્યાયને નાખતો, મૂક્તો, ભેળવતો ત્રણ બોલ લીધાં. એ ઘડાની પર્યાયમાં કુંભાર પોતાની પર્યાયને નાખતો નથી, મૂક્તો નથી, ભેળવતો નથી. આહાહાહા ! કારણકે કોઈ વસ્તુનું દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી નિષેધ છે. આહાહા ! કુંભાર પોતાની પર્યાયને માટીના ઘડાની અંદરમાં મૂકે એવું છે નહિ ત્રણકાળમાં કહે છે. કુંભારની પર્યાય કુંભારના આત્મામાં વર્તતી રહે છે. માટીની પર્યાય ઘડો એ માટીમાં વર્તતી રહે છે, અને એ બીજો એની પર્યાયને અહીં મૂકે જરી એવો આકાર ઘડાનો થાય આવો થાય આવો થાય એમાં પરની કાંઈ પણ અસર નથી. આહાહા ! આવું છે.

આ મકાનનાં પરમાણુઓ એની પર્યાયપણે પ્રવર્ત્યા છે એને કોઈ ઇજનેર કે પ્રમુખ થઈને કે કડિયો એને કંઈ કરે, એ બનતું નથી એમ કહે છે. ( શ્રોતાઃ– આપણે તો મિસ્ત્રી રાખ્યા ’તા )

રાખે કોણ ? કહો રાયચંદભાઈ ! આવી વાતું છે. ન્યાં તો પંદર લાખનું મંદિર કરે છે એથી વધારે વધશે કહે છે વાત થતી 'તી. આહાહાહા ! બાપુ કોણ કરે ભાઈ ? આહાહા ! અનંત પરમાણુઓનો પિંડ, એમાં એક એક પરમાણું પોતાના ગુણ ને પર્યાયમાં વર્તનારો એ મર્યાદાને કોણ તોડે ? આહાહાહા ! એક એક પરમાણું પોતાની મર્યાદામાં વર્તતો એ એક સમયમાં ભેગા અનંતા જીવ છે નિગોદમાં, અને તેની સાથે અનંતા તેજસ ને કાર્મણના પરમાણું છે, પણ તે એક એક આત્મા પોતાની ગુણપર્યાયમાં વર્તે છે, બીજો આત્મા છે એ એની ગુણપર્યાયમાં વર્તે છે આ બે ભેગા વર્તે છે એમ છે નહિ. આહાહાહા ! બહુ આકરું, એમ નિગોદના જીવને બચાવી શકે આત્મા એમ નથી. કારણકે એ પોતાની પર્યાય ત્યાં મૂક્તો નથી, તે શું કરી શકે ? એમ કહે છે. સમજાણું કાંઈ ?

પાણીના પરમાણું છે, એ આમ જે પડે છે આમ એ એના પરમાણુની પર્યાયપણે વર્તી રહ્યાં છે. આહાહા ! આત્માએ પાણીને ઉપાડીને પીધું એ વાત ખોટી છે કહે છે. ( શ્રોતાઃ- પાણી કોણ પીએ છે ? ) કોણ પીવે છે ? આહાહા ! તે તે પરમાણું પોતાની પર્યાયમાં ને ગુણમાં વર્તનારા એ બીજાને-બીજામાં વર્તે એવું ત્રણકાળમાં બને નહિ, બીજા વર્તાવે અને બીજામાં વર્તે. આહાહા ! બહુ અભિમાન મોટા છે અભિમાન અંદર, આ કર્યા ને આ કર્યા ને આ કર્યા ને. આહાહા ! મિથ્યાઅહંકાર.

કોઈ વસ્તુનું દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવાનો, પલટી ને પરમાં જવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે. વસ્તુની મર્યાદાથી જ તે નિષેધ છે. આહાહા ! દ્રવ્યાંતરરૂપે અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ પામ્યા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી, શું કીધું ઈ ? અન્ય દ્રવ્યરૂપે બદલ્યા વિના અંદરમાં ગયા વિના ( આવી ) વસ્તુસ્થિતિ વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય છે. બીજી ચીજને ક્યારે બદલાવે કે એમાં જો એ ભળી જાય તો, કોઈમાં તો ભળતી નથી કોઈ ચીજ. દરેક પરમાણું ભિન્ન ભિન્ન, દરેક આત્મા ભિન્ન ભિન્ન કામ કરી રહ્યાં છે પોતાનું. આહાહા !

પોતાના દ્રવ્ય અને ગુણપર્યાય બન્નેને ઘડારૂપી કર્મમાં નહિ નાખતો, છે ? પોતાના દ્રવ્ય ને ગુણ બન્ને તે ઘડારૂપી કર્મમાં નહિ નાખતો, ઘડારૂપી કાર્ય છે તેમાં કુંભાર પોતાના ગુણ ને પર્યાયને નાખતો નથી ત્યાં. પોતાની ગુણ પર્યાયને ત્યાં નાખતો નથી, તો ઘડાને શી રીતે કરે ? આહાહા ! એવો તે કુંભાર પરમાર્થે તેનો કર્તા પ્રતિભાસતો નથી એમ હવે કહે છે. કુંભાર ઘડાનો કર્તા અમને તો પ્રતિભાસતો નથી. આહાહા ! દુકાનને થડે માલ લેવા આવે, માલ આપે ને આમ, લ્યો આ ખજુર પાંચ શેર ને આ ફલાણું આ સાકર કહે છે કે એ બધા પરમાણું પોતાની પર્યાયે તે કાળે તે રીતે પ્રવર્તે છે, એમાં બીજો એને પ્રવર્તાવે છે એમ નથી. વસ્તુની મર્યાદા પણ એ તો જે છે, પોતે દ્રવ્ય પોતાના ગુણ પર્યાયમાં છે બસ એટલું, ત્રણે ય કાળે ત્રણે, કર્મ અને આત્મા, એક ક્ષેત્રે રહ્યાં છતાં પોતપોતાના દ્રવ્યપર્યાયમાં રહેલાં છે. એકબીજાને નિમિત્ત નૈમિતિક કહેવાય.

વિકાર કરે તો નિમિત્ત કહેવાય ઈ, ન કરે તો છે એ પણ પોતાની પર્યાયમાં ખરી જાય છે. અહીં આવ્યું છે ને ? "દ્રવ્ય મોહ ઉદયે સતે," ભાવ મોહપણે ન પરિણમે તો એ ઉદય ખરી જાય છે. ટીકામાં છે આમાં ૪૫. આહાહા ! જડ કર્મનો ઉદય છે મોહનો એ એની પર્યાયમાં વર્તે છે, અને તેથી તે અહીં વિકારને કરાવે એમ છે નહિ કાંઈ. એવો ઉદય છતાં સ્વભાવસન્મુખ થઈને

મોહપણે ન પરિણમે તો ઈ કર્મપણે ઉદય થયો માટે પરિણમાવે એમ નથી. આહાહા ! નિંદા ને સ્તુતિના શબ્દો, તેના પોતાના ગુણપર્યાયમાં વર્તનારા છે. તે નિંદા કરનારો પણ તેને કરી શકતો નથી શબ્દને નિંદાના. આહાહા ! પ્રસંશા કરનારો જે છે એ પ્રશંસાના શબ્દોને એ પ્રશંસા કરનારો કરી શકતો નથી. આહાહા ! તેથી છે ને આવી ગયું ને પાછું આવે છે નિંદા–સ્તુતિ બીજા કરે એમાં તને શું થાય કહે, ઈ પરમાણુની પર્યાયપણે એમાં વર્તે છે એમાં તને શું છે ? તારી નિંદા કોણ કરે ? આહાહાહા !

દ્રવ્ય ને ગુણ ઘડારૂપી કર્મમાં નહિ નાખતો ઘડારૂપી કર્મ, કર્મ એટલે કાર્ય માટીનું કાર્ય જે ઘડો છે તેમાં કુંભાર કાંઈ પોતાની પર્યાયને રાગ છે એ રાગ મૂકે અંદર ? સારા ઘડા બનાવે આમ રંગબેરંગી ઓલા શું કહેવાય આસો મહિનાના ગરબા અંદર કાણાંવાળા ને ગરબા આ પાછા ચીતરામણ ઓલું કરે ચારેબાજું ચિતરામણ કરે પુરુષના ને આમ, આમ કહે છે કે એ કાંઈ કરી શકતો નથી પરમાં.

અરેરે ! કુંભાર પરમાર્થે તેનો કર્તા પ્રતિભાસતો નથી. તેવી રીતે પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ કર્મ કે જે પુદ્‌ગલદ્રવ્યમાં અને પુદ્‌ગલના ગુણમાં નિજ રસથી જ વર્તે છે. પાછું જો લીધું આ કર્મમાં લીધું પાછું. આહાહા ! વાંધા મોટા એ છે ને એમાં એ પ્રશ્ન ચાલ્યો 'તો ને ત્યાં એમાં, કે જ્ઞાનાવરણીને લઈને આત્મામાં હિનાદિક દશા થાય જ્ઞાનની, વરણીજી હારે, ઓલાએ પૂછયું મહારાજ, કાનજી સ્વામી તો એમ કહે છે કે જ્ઞાનની હિણી અધિક અવસ્થા તો પોતાથી થાય છે. જ્ઞાનાવરણીથી નહિ ? નહિ, અંગધારી કહે તો ય નહિ, તેરની સાલની વાત છે ને બાવીસ વર્ષ થયા. આહાહાહા !

આંહીં કહે છે કે જ્ઞાનાવરણીઆદિ કર્મ કે જે પુદ્‌ગલદ્રવ્યનો અને પુદ્‌ગલની પર્યાયમાં નિજ રસથી વર્તે છે. જ્ઞાનાવરણી કર્મ તો પોતાની પર્યાયમાં વર્તે છે, દ્રવ્યમાં એટલે કે તેની પર્યાયમાં. આહાહા ! તેમાં આત્મા પોતાના દ્રવ્યને કે પોતાના ગુણને ખરેખર નાખતો–મૂક્તો–ભેળવતો નથી. આત્મા એ રાગમાં ભલે વર્ત્યો, પણ એથી કરીને એ કર્મની પર્યાયમાં એ રાગ પેઠો કે પેસી જશે અને રાગ સંક્રમણ કરીને જ્ઞાનાવરણીનું બનાવ્યું છે એમ નથી. આહાહા ! આ તો આમ પરનો કર્તા નથી એમ સિદ્ધ કરવું છે ને ? આહાહા ! કારણકે કોઈ વસ્તુનું દ્રવ્યાંતર કે ગુણાંતર, તે ગુણાંતરરૂપે સંક્રમણ થવું અશક્ય છે. આહાહા !

આત્મા પોતે પોતાની પર્યાયમાં વર્તે દ્રવ્યમાં તો છે જ, પછી વિકારીપણે કે અવિકારીપણે પણ એને જ્ઞાનાવરણી જે બંધાય છે એમાં એ પોતે એની પર્યાયમાં વર્તનારા એ પરમાણુઓ એને આત્મા બાંધે, આત્મા જ્ઞાનાવરણી કર્મને બાંધે એ ત્રણકાળમાં નથી. તેમ જ્ઞાનાવરણીમાં આંહીં ક્ષયોપશમ થયો પોતાને કારણે તેથી ત્યાં જ્ઞાનાવરણીમાં ક્ષયોપશમ દશા થઈ આને કારણે એમ નથી. આહાહા ! આવું છે. આખો દિ' કરીએ છીએ ને વળી કહે કંઈ કરતો નથી એક સમય કરતો નથી. આહાહા ! છોકરા ડાહ્યા હોય ને દુકાન ચલાવવા બેસાડે કેવી દુકાન ચાલે છે, કે આમ કે. ઓહોહો ! પાંચશે પાંચશેની એક દિવસની પેદાશ આવે કે હજાર રૂપિયાની પેદાશ, છોકરાવ હોશિયાર બહુ, કહે કર્મી પાક્યા. કર્મી પાક્યા. ( શ્રોતાઃ– કર્મી પાક્યા ને ધર્મી નહીંને ) એ આ કામ કર્યું એ માટે કર્મી પાક્યાં એમ કહે છે. આહાહા ! પણ એ કામ કરી શકતા નથી. આહાહા !

હુંશિયાર બાઈ હોય એ પુડલા સારા કરે, વડી સારી કરે, પાપડ સારા કરે ને આ શું કહેવાય તોરણ, તોરણમાં મોતી સરખા ગોઠવે આમ શરીરના આકારે, હાથીના આકારે, ઘોડાના આકારે આમ જ્યાં જ્યાં હોય, તો આંહીં કહે છે કે એ વાત ખોટી છે. કેમ આ હારમાં નથી ગોઠવતા, તોરણમાં હાથીનું રૂપ ગોઠવે, ઘોડાનું, માણસનું. આહાહા ! પરમાણુને એવી રીતે ગોઠવે, કહે છે કે એમાં કાંઈ એણે કર્યું નથી. એણે કરેલો રાગ એ રાગમાં એ વર્તતી હતી. એ રાગ એમાં વર્તતું નહોતું એ ક્રિયામાં રાગ નહોતો વર્તતો, એમાં તો એના પરમાણુની પર્યાય એમાં વર્તતી 'તી. આહાહાહા ! બહુ કામ આકરું. આખી દુનિયાથી જુદી જાત પડે પછી એકાંત કહે છે ને પણ આ આખી વાત જ ફેર છે. ઓલા વ્યવહારના વાંધા કહે છે માળે બહુ કાઢયું, સાધુઓએ એણે "પરિજ્ઞાનમાનત્વાદ્ પ્રયોજનવાન" છે, વ્યવહાર, પરિજ્ઞાન કીધું પ્રયોજન જરૂરનું છે એ વસ્તુ કે જેથી અમારે શુદ્ધિ વધે, શુદ્ધિના અંશને વ્યવહાર સદ્ભૂત કહ્યો છે, અશુદ્ધતાને નહિ ત્યાં, આંહીં એમ કહે છે. અરે ભાઈ શુદ્ધતાનો અંશ છે ને અશુદ્ધતાનો અંશ છે બેય, વ્યવહારનયે જાણેલો પ્રયોજનવાન છે, બે ય વાત. આહાહાહા !

ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ તે ઉપાદેય છે. બાકી તો પુણ્ય પાપ, સંવર, આસ્રવ, નિર્જરા, બંધ, મોક્ષ એ બહિર્તત્ત્વ છે. બહિર્તત્વ, અંતર્તત્ત્વથી બહિર્તત્ત્વ છે માટે તે હેય છે. સંવર, નિર્જરા હેય છે, આમાં ઓલામાં કહે કે મોક્ષમાર્ગ પ્રકાશકમાં સંવર ઉપાદેય છે ને નિર્જરા હીતકર છે ( શ્રોતાઃ- એ તો પ્રગટ કરવા માટે ) ભેદથી તે કથન સમજાવે છે. બહિર્તત્ત્વ સંવર નિર્જરા એ બહિર્તત્વ મોક્ષ એ બહિર્તત્વ અને તેમાં તો એમેય લીધું કે અંતઃતત્વ અને બહિર્તત્વ બેયને જાણે એ વ્યવહાર સમકિત છે. નિયમસારમાં છે. અંતઃતત્વ ભગવાન જ્ઞાયક અને બહિર્તત્વ એ પર્યાય એને માને એ વ્યવહાર સમકિત છે. બે થયાને, બે ત્યાં અંતર્તત્વ ને બહિર્તત્વ તે વ્યવહાર સમકિત છે. આહાહાહા ! એ સંવર, નિર્જરા ને મોક્ષ એ બહિર્તત્ત્વ છે આત્મા અંતર્તત્વ છે. આસ્રવ ને એ તો બહિર્તત્ત્વ છે જ તે, એ બહિર્તત્ત્વ અને અંતર્તત્વ બેયને જે માને એ વ્યવહાર છે. વ્યવહાર સમકિત છે. એકને જ્ઞાયકપણે તદ્દ્ન પૂર્ણપણે માને તેનું નામ નિશ્ચય સમકિત છે. આહાહાહા ! સંવર, નિર્જરાને ભેળવીને માને તો એ વ્યવહાર સમકિત છે એમ કીધું. ચંદુભાઈ ! આહાહાહા !

ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનઘન, વિજ્ઞાનઘન, પરમ અમૃતનો સાગર પ્રભુ ! એ જ એક ઉપાદેય છે બાકી પુણ્ય-પાપ-આસ્રવ-બંધ તો ઠીક પણ સંવર નિર્જરા મોક્ષ એ બહિર્તત્વ. આહાહાહા ! કેમ કે અંતર્તત્વમાં એ નથી. અંતર્તત્વમાં એ અડતું ય નથી, દ્રવ્ય તે પર્યાયને અડતું ય નથી. પર્યાય દ્રવ્યને અડતી નથી. આહાહાહા ! પરની વાત તો અહીં શું કરવી કહે છે. પરનું તો કંઈ પણ એ કરે નહિ, પણ પોતામાં પણ ભેદ પાડીને આત્માને પણ માને ત્રિકાળીને અને બહિર્તત્વને પણ ભેગું માને છે, તો એ પણ બે થઈ ગયા તો વ્યવહાર સમકિત છે, નિશ્ચય સમકિત નહિ. આહાહા ! ( શ્રોતાઃ- જ્ઞેયતત્ત્વ ને જ્ઞાનતત્ત્વની શ્રદ્ધા એ બહિર્તત્વ ? ) એ ભેદ, એ તો જ્ઞાનપ્રધાન કથન પણ ભેગું કહી દીધું અંદર, જ્ઞાની છે ને એ અહીં વાત થઈ છે ઘણી વાર, થઈ છે. એનું જ્ઞાન થયું છે એ જ્ઞાન અને આત્મા બે, બે નું એકરૂપ થઈને શ્રદ્ધા, છે, એ નિશ્ચય શ્રદ્ધા ભેગું ગણીને અભેદ-ભેદ કર્યા વિના, જ્ઞાન ને જ્ઞેય બેયને ભેદ પાડયા વિના બેને એક જ

આમ કરીને અભેદ રીતે લેવું એમાં ત્યાં જ્ઞાનપ્રધાન કથન છે, દૃષ્ટિપ્રધાન કથનમાં આમ હોય છે. અને તે ચરણાનુયોગમાં છે ને ? એમાં છે સર્વ વિશુદ્ધિ અધિકારમાં, ચરણાનુંયોગમાં. આહાહાહા ! અહીંયા તો એકરૂપ દૃષ્ટિના વિષયની અપેક્ષાએ કહ્યું એકરૂપ ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ તે જ સમકિતનો વિષય છે.

ત્યાં તો એમેય કીધું ને ૩૨૦ માં પર્યાય જાણે છે. સંવર નિર્જરાની પર્યાય પણ જાણે છે કે “હું ત્રિકાળ સકળ નિરાવરણ, વસ્તુ ત્રિકાળી નિરાવરણ, અખંડ છું,” પર્યાયનો ખંડ પણ મારા સ્વરૂપમાં નથી. આહાહા ! એક છું દ્રવ્ય ને પર્યાય બે, એ પણ નહિ. આહાહાહા ! પ્રત્યક્ષ પ્રતિભાસમય છું. મારી નિર્મળ પર્યાય દ્વારા હું પ્રત્યક્ષ કરી શકું છું એ આત્મા છે. આહાહાહા ! પ્રકાશ નામની શક્તિ છે ને એમાં ? સ્વસંવેદન પ્રત્યક્ષ કરી શકું છું. અવિનશ્વર છું, કદી મારો પલટો ખાઈને પલટી જાય એવું મારું રૂપ જ નહિ. હું તો ધ્રુવ ધ્રુવ ધ્રુવ શુદ્ધ પારિણામિક પરમ ભાવ લક્ષણ, શુદ્ધ પારિણામિક ત્રિકાળી સહજ સ્વભાવ એવું જે પરમભાવ એમ જાણે છે કે આ હું છું. સંવર, નિર્જરાની હારે વર્તતી જે જ્ઞાનની પર્યાય એ પર્યાય છે. એમ કહે છે કે હું તો આ છું. સંવર નિર્જરાની પર્યાય હારે જ્ઞાનની પર્યાય છે ને ભેગી, તો ભૂતાર્થને શ્રદ્ધે એટલે એક જ પર્યાય તે તરફ વળી છે એમ નહિ ( જાણવામાં એ સાતેય ઉપાદેય કે હેય ? ) એ બધા ઉપાદેય એટલે જાણવા લાયકમાં આવી ગયું બધું એ આખું વસ્તુ આત્મા જ્ઞાન ને એનું જે જ્ઞેય એનું થયું જ્ઞાન આમાં, એ ઉપાદેય છે.

એ ખડકે, શું કહેવાય એ માલ ખડકે ને બધું, ગોદામમાં, ગોદામમાં નહીં પણ આમ આમ વેપાર દુકાનમાં ડબા આખા રાખે ખાલી, ને એમાં એક એકમાં ભર્યું હોય કોઈમાં બદામ, કોઈમાં પિસ્તા, આખા ઘોડા હોયને લાકડાના, લાકડાના ઘોડા અમારે ત્યાં એ હતું ને દુકાનમાં, ડબા મૂકે ખાલી રાખે ને એમાં એકમાં બદામ હોય, એકમાં પિસ્તા હોય, એકમાં ચારોળી હોય ફલાણું હોય ઢીંકણું હોય માથે નામ લખ્યું હોય, કહો ત્યાં રહે છે કે નહિ, ડબામાં અધ્ધર ? આંહીં ના પાડે છે, કે એ બદામ ડબામાં રહી નથી, ડબાને આધારે બદામ ત્યાં રહી નથી. બદામના એક એક રજકણો પોતાના અંદર આધારથી ત્યાં રહ્યાં છે. આહાહાહા ! આવી વાતું છે ઝીણી. નવું લાગે માણસને.

પોતાના દ્રવ્ય ને આત્મા કે પોતાના ગુણને એટલે કે પર્યાયને ખરેખર નાખતો-મૂક્તો-ભેળવતો નથી, કારણ કે કોઈ વસ્તુનું દ્રવ્યાંતર ( રૂપે ) કે પર્યાયાંતર ( રૂપે ) સંક્રમણ થવું અશક્ય છે. આહાહાહા ! દ્રવ્યાંતરરૂપે સંક્રમણ પામ્યા વિના અન્ય વસ્તુ પરિણમાવવી અશક્ય હોવાથી. આહાહાહા ! પલટયા વિના પલટન પોતે કરીને એમાં ગરી જાય અંદરમાં તો તો કાંઈ કરે પરને, પણ એ પલટીને અંદરમાં સંક્રમણ તો કરી શક્તો નથી. ખરેખર તો બીજાને અડતું ય નથી દ્રવ્ય. દરેક દ્રવ્ય પોતાના ધર્મને ચૂંબે છે ગુણપર્યાયને પણ અન્ય દ્રવ્યને ને ગુણપર્યાયને અડતું નથી. આહાહા ! આવી વાત છે. અગ્નિ અહીં અડતી નથી આંહીં. અગ્નિના રજકણ જુદા આ રજકણ જુદા ને આંહીં ઉનું થાય જો ઉનું થવાની પર્યાય પોતે વર્તે છે. એમાંથી થયું છે અગ્નિને લઈને નહિ. સમજાણું કાંઈ ? આહાહા !

પોતાના દ્રવ્ય ને ગુણ બંનેને તે જ્ઞાનાવરણી આદિ કર્મમાં નહિ નાખતો આત્મા, આત્મા

કર્તા કર્મનો ને આત્મા ભોક્તા કર્મનો એ છે નહિ, એમ કહે છે. આહાહાહા ! પોતાના ભાવનો કર્તા ને પોતાના ભાવનું કારણ ભોક્તા, અજ્ઞાનમાં રાગદ્વેષનો કર્તા ને રાગદ્વેષનો ભોક્તા છે. જ્ઞાનમાં વીતરાગી પર્યાય..... કેમકે એમાં કાંઈક પરકર્મમાં નાખતો એવો આત્મા પરમાર્થે તેનો કર્તા કેમ હોઈ શકે ? કદી ન હોઈ શકે, કદી ન હોઈ શકે માટે ખરેખર આત્મા પુદ્‌ગલ કર્મનો અકર્તા ઠર્યો. આહાહા !

આઠ કર્મ બાંધ્યા ને આનું આમ થયું ને આટલી પ્રકૃતિ પહેલે ગુણસ્થાને બંધાય ને, ચોથે આટલી બંધાય ને, પાંચમે આટલી બંધાય ત્યાં તો જે હોય છે તે જ્ઞાન કરાવ્યું છે ૧૪૮ કર્મ બંધાય જાજી એવું ઉત્કૃષ્ટમાં ૧૨૨ બંધાય સત્તામાં આટલી બંધાય તે આટલી બંધાય, શું એ તો નિમિત્તની વાતું છે કથન. તે તે પરમાણું તે તે પર્યાય તે કાળે તેમ પરિણમે છે, એને બીજો શી રીતે પરિણમાવે, જો પરિણમાવે તો વસ્તુની મર્યાદા તૂટી જાય છે. આહાહા ! માટે આ સિવાય બીજો એટલે કે આત્માને પુદ્‌ગલકર્મનો કર્તા કહેવો તે ઉપચાર નામ વ્યવહાર છે. એ વ્યવહારને ૧૦૫-૧૦૬ ગાથામાં કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

**પ્રશ્નઃ** ‘જૈનસિદ્ધાંતપ્રવેશિકા’ માં ભવ્યત્વને અનુજીવી ગુણમાં લીધો છે ને... !

**સમાધાનઃ** ખબર છે ! ( ત્યાં અર્થ બીજો છે ! ) સિદ્ધમાં ભવ્યત્વ નથી. ( માટે ભવ્યત્વ છે તે ગુણ નથી પણ ) યોગ્યતા છે, તે ત્યાં પૂરી થઈ ગઈ. જો ભવ્યત્વને ગુણ ગણો તો જેમ દર્શન-જ્ઞાન છે તેમ તે ( ભવ્યત્વ ) પણ ત્યાં રહેવો જોઈએ; પણ તે ‘સિદ્ધમાં નથી’; તો તો પછી એમ કેમ ચાલે ? માટે ( ખરેખર ) ભવ્યત્વ એ ગુણ નથી. પણ ભવ્યત્વ અને અભવ્યત્વ એ પર્યાયની ( યોગ્યતાના ) ભેદ છે. ( સિદ્ધદશા પ્રાપ્તિની ) પર્યાયની યોગ્યતાને ભવ્ય તથા અયોગ્યતાને અભવ્ય કહે છે. ( આ કથનનું તાત્પર્ય એ છે કેઃ ભવ્યત્વ અને અભવ્યત્વ-બેમાંથી એક પ્રકારે, દ્રવ્યના પરિણમનની તેવી સ્થિતિ ત્રિકાળ રહેવી એવી જ પર્યાયની કોઈ અહેતુક પારિણામિક યોગ્યતા છે. )

વળી, અમૃતચંદ્ર આચાર્યનું ‘તત્ત્વાર્થસાર’ છે. અહીંયાં વ્યાખ્યાનમાં આખું વંચાઈ ગયું છે. ( ત્યાં ગાથા-૯૦માં એ કહ્યું છે કેઃ “ભવ્ય અને અભવ્યના ભેદથી જીવ બે પ્રકારના છે. જે સિદ્ધપર્યાયને પ્રાપ્ત કરવાને યોગ્ય છે તે ભવ્ય કહેવાય છે અને એનાથી વિપરીત છે તે અભવ્ય કહેવાય છે.” ) એમ એ વ્યવહારથી કહેવામાં આવે છે ( કેમકે નિશ્ચયથી જીવ બે પ્રકારના ન હોય ! ) ત્યાં ‘તત્ત્વાર્થસાર’ માં નીચે નોંધ કરી છે ( એટલે કે ફૂટનોટ આપી છે ) કેઃ એ ભવ્ય-અભવ્ય તો પર્યાયની અપેક્ષાએ વાત છે. ગુણ અપેક્ષાએ વાત હોય તો, ભવ્યત્વગુણ દ્રવ્યમાં નથી. જેમ વૈભાવિકશક્તિ-ગુણ છે તો એ સિદ્ધમાં પણ હોય છે. પણ ભવ્યત્વ સિદ્ધમાં નથી. ત્યાં ( જેમ ઔપશમિકાદિ ભાવ રહેતા નથી તેમ ) એ ભવ્યત્વની યોગ્યતા પણ રહેતી નથી. તો એ તો પર્યાયની અપેક્ષાએ ભવ્યત્વ અને અભવ્યત્વની વાત કરી છે. સમજાણું કાંઈ ?

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૧૪૪-૧૪૫, નિયમસાર ગાથા-૭૭ થી ૮૧ )**

## ગાથા-૧૦૫

अतोऽन्यस्तूपचारः-

जीवम्हि हेदुभूदे बंधस्स दु पस्सिदूण परिणामं।
जीवेण कदं कम्मं भण्णदि उवयारमेत्तेण।।१०५।।

जीवे हेतुभूते बन्धस्य तु दृष्ट्वा परिणामम्।
जीवेन कृतं कर्म भण्यते उपचारमात्रेण।।१०५।।

इह खलु पौद्गलिककर्मणः स्वभावादनिमित्तभूतेऽप्यात्मन्यनादेरज्ञानात्तन्निमित्तभूतेनाज्ञानभावेन परिणमनान्निमित्तीभूते सति सम्पद्यमानत्वात् पौद्गलिकं कर्मात्मना कृतमिति निर्विकल्पविज्ञानघनभ्रष्टानां विकल्पपरायणानां परेषामस्ति विकल्पः। स तूपचार एव, न तु परमार्थः।

---

માટે આ સિવાય બીજો-એટલે કે આત્માને પુદ્‌ગલકર્મોનો કર્તા કહેવો તે-ઉપચાર છે, એમ હવે કહે છેઃ-

જીવ હેતુભૂત થતાં અરે ! પરિણામ દેખી બંધનું,
ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫.

ગાથાર્થઃ- [ जीवे ] જીવ [ हेतुभूते ] નિમિત્તભૂત બનતાં [ बन्धस्य तु ] કર્મ બંધનું [ परिणामम् ] પરિણામ થતું [ दृष्ट्वा ] દેખીને, '[ जीवेन ] જીવે [ कर्म कृतं ] કર્મ કર્યું' એમ [ उपचारमात्रेण ] ઉપચારમાત્રથી [ भण्यते ] કહેવાય છે.

ટીકાઃ-આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ, અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં, પૌદ્‌ગલિક કર્મ ઉત્પન્ન થાય છે, તેથી 'પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યું' એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી, ભ્રષ્ટ, વિકલ્પપરાયણ અજ્ઞાનીઓનો વિકલ્પ છે; તે વિકલ્પ ઉપચાર જ છે, પરમાર્થ નથી.

ભાવાર્થઃ-કદાચિત્ થતા નિમિત્તનૈમિત્તિકભાવમાં કર્તાકર્મભાવ કહેવો તે ઉપચાર છે.

---

**પ્રવચન નં. ૨૦૭ ગાથા-૧૦૫** બુધવાર, ફાગણ સુદ-૨, તા. ૨૮/૨/'૭૯

---

जीवम्हि हेदुभूदे बंधस्स दु पस्सिदूण परिणामं।
जीवेण कदं कम्मं भण्णदि उवयारमेत्तेण।।१०५।।
જીવ હેતુભૂત થતાં અરે ! પરિણામ દેખી બંધનું,
ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫.

ટીકાઃ- આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં. આહા ! કેમ આત્મા જ્ઞાયક સ્વભાવ એ જ્ઞાયક સ્વભાવ એ કોઇ બંધનમાં નિમિત્ત ( ન ) થાય એને બંધન હોય નહિ, નિમિત્ત થાય એવું જ્ઞાયકમાં છે નહિ. શું કીધું સમજાણું ? એ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક છે આત્મા એ જેને અનુભવ થયો હોય એનો, એ પણ બંધમાં નિમિત્ત નથી. આંહીં તો કહ્યું કે ખરેખર ભગવાન આત્મા, સ્વભાવથી જાણક દેખન આનંદ આદિ સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્ત ( નથી ), બંધન થાય તો એને કારણે, બંધન કર્મનું થાય તો એની પર્યાયના પરિણમનના કાળે ત્યાં થાય, પણ એને નિમિત્તભૂત આત્મા હોઇ શકે નહિ, એટલે કે એને બંધન હોઇ શકે નહિ. આહાહાહા ! સમજાય છે કાંઇ ?

ચૈતન્ય વસ્તુ જે જ્ઞાયક આનંદકંદ પ્રભુ એનો જ્યાં અંતર અનુભવ થયો ને આશ્રય લીધો, આંહીં તો સમુચ્ચય વાત કરે છે. પણ એનો અર્થ એ છે કે જ્ઞાયક ચૈતન્ય પ્રભુ જેને એનો આશ્રય લીધો, એને તો દર્શનજ્ઞાનચારિત્ર નિર્મળ થાય, તેથી તેને બંધન ન હોય, બંધન ન હોય માટે બંધનમાં નિમિત્ત પણ એ નથી. આહાહાહા ! શું કહ્યું સમજાણું કાંઇ ?

ભગવાન આત્મા તો ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ જાણક સ્વભાવી, આનંદ સ્વભાવી અંતર અનંત અનંત ઈશ્વર પ્રભુતા સ્વભાવી આત્મા, એ આત્મા છે અને જેને આત્માનું જ્ઞાન ને અનુભવ થયો છે, તો એ આત્મા છે, એ નવા કર્મ એને બંધાય નહિ અને તેથી નિમિત્ત પણ થાય નહિ, નવા બંધાય નહિ તેથી નિમિત્ત થાય નહિ.

ધર્મી જીવને પણ, જ્ઞાયકસ્વભાવ ચૈતન્ય છું, એની જે સત્તાની હૈયાતિ નિર્મળ પૂર્ણાનંદ પ્રભુ, એવું જેને ભાન થયું અને દર્શન જ્ઞાન ચારિત્રપણે પરિણમ્યો, એને બંધન નથી તેથી બંધનમાં નિમિત્તપણું થાય એ નથી. આહાહા ! આવું સ્વરૂપ છે. એ પહેલી લીટીમાં એ કહે છે. મૂળમાં કહેવું છે તો બીજું. જીવ હેતુભૂત થતાં ઓલું પરિણામ થાય છે ને હેતુપણે એના પહેલાં આ. નકાર નહિ. નકાર હોય નહિ. જીવના પરિણામ બંધમાં હેતુ દેખીને નિમિત્ત પણ એ પહેલાં બંધના પરિણામ છે એ આત્માનો સ્વભાવ જ નથી, અને નિમિત્ત થવું એ આત્માનો સ્વભાવ નથી. આહાહાહા !

ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ આનંદ સ્વરૂપ પરમાં નિમિત્ત ન થવું અને પર નિમિત્તથી આમાં કાંઇ થવું એવું જેના સ્વરૂપમાં નથી. એ તો અકાર્યકારણ નામના ગુણથી પરિપૂર્ણ ભરેલો છે પ્રભુ. એથી એ આત્મા જે છે એવું જેને ભાન થયું, જ્ઞાન થયું, એની રમણતા થઇ એને બંધન નથી, તો પછી બંધન નથી તો તેને નિમિત્ત થવું એ એમાં એને છે નહિ. આહાહા ! આવી વાતું છે. શું કરવું આમાં ? કરવું એ, કે તેથી પહેલી વાત આ લે છે-કે આ બધું બંધન થાય છે એ આંહીં પરમાણુની પર્યાય કાળે એમાં અજ્ઞાનીનો રાગદ્વેષ નિમિત્ત છે. એ નિમિત્ત તો નિમિત્ત છે, પણ એ નિમિત્ત છે માટે ત્યાં થયું છે એમ નથી. ત્યાં તો એ પરમાણુની કર્મ પર્યાયનો કાળ હતો માટે થયું છે. ફક્ત અજ્ઞાનીના રાગદ્વેષને નિમિત્ત, ઉપચારથી એને કહેવામાં આવે કે આ ઓલાં નિમિત્તપણું હતું ને એથી ઉપચારથી કહેવામાં આવે, કે આમણે કર્મ કર્યું એમણે કર્મ બાંધ્યું. આહાહા !

આ લોકમાં ખરેખર આત્મા જે છે, આ લોકમાં તો બધા ઘણાં દ્રવ્યો છે એમ કહે છે પણ

એમાં આ આત્મા જે છે, એ તો સ્વભાવથી જ, એનો સ્વભાવ જ એવો છે જાણવું દેખવું આનંદ જેનો સ્વભાવ એ પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં નવા બંધન, બંધન થાય એ તો એની પર્યાયની યોગ્યતાથી પર્યાય પરિણમે, કર્મ બંધન થાય તે તો પરમાણુની તે કાળે ક્રમબદ્ધ પરિણામનો એનો સ્વભાવ છે એ રીતે પરિણમે છે, પણ આત્મા દ્રવ્ય એને નિમિત્ત પણ ન થાય એટલે કે તેને બંધન ન થાય એમ એનો અર્થ છે. આહાહા ! સમજાણું કાંઇ ?

પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં, એટલે વસ્તુ છે ભગવાન આત્મા એને બંધન છે નહિ, કેમકે એ અબંધ સ્વરૂપ છે. આહાહા ! પરમાર્થે મુક્ત સ્વરૂપ છે પ્રભુ, તેથી એને સકળ નિરાવરણ કોઇપણ આવરણ વસ્તુને નથી, વસ્તુને શું આવરણ હોય ? વસ્તુને આવરણ હોય તો વસ્તુ, અવસ્તુ થઇ જાય. આહાહા ! “સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય” એવું જે તત્ત્વ આત્મા એ તત્ત્વ કર્મના બંધનમાં નિમિત્તભૂત થાય એવો એનો સ્વભાવ નથી. એટલે કે ખરેખર તો એનો આત્માનો એવો સ્વભાવ છે કે એને બંધન જ ન થાય. બંધન ન થાય તેથી નિમિત્તપણું એનું હોઇ શકે નહિ. આહાહાહા ! આ તો આવી વાતું છે ભાઈ !

આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મ, પૌદ્‌ગલિક કર્મ તો તે સમયે પુદ્‌ગલને કારણે પર્યાય થાય, પણ એને નિમિત્તભૂત પણ નથી આત્મા, એટલે કે એને કર્મબંધન નથી. શું કીધું ચંદુભાઈ ? એને બંધન નથી અબદ્ધ સ્વરૂપ છે, એમ કહે છે. ભગવાન આત્મા તો અબદ્ધસ્પૃષ્ટ ચૌદમી, પંદરમી ગાથામાં આવ્યું છે ને ? ચૌદમી, પંદરમી ગાથામાં “જો પસ્સઈ અપ્પાણં” એ છે એવો અબદ્ધ એટલે મુક્ત જ છે. “જો પસ્સઈ અપ્પાણમ્ અબદ્ધપુટ્ઠં” પરમાણુઓનો પણ જેને સંયોગ સંબંધ નથી અને વિશેષથી રહિત સામાન્ય છે, આ સંયુક્તથી રહિત અસંયુક્ત છે, એમાં રાગાદિનો સંબંધ છે જ નહિ. આહાહા ! એવો આત્મા જેને જણાણો પરાશ્રય ભાવથી છૂટી, વ્યવહાર એટલે પરાશ્રય ભાવ છે તેનાથી છૂટી સ્વઆશ્રય ભાવમાં આવ્યો, એ આત્મા એને બંધન હોય નહિ, બંધન હોય નહિ માટે તેને નિમિત્તપણું પણ હોય નહીં. આહાહા ! ઝીણું બહુ ભાઈ આ. પહેલી આ એક લીટીમાં આ છે પછી ગાથાનું કહેવું છે એ પછી કહેશે, પહેલું જે ગાથામાં કહેવું છે એનાથી પહેલા ઉપોદ્‌ઘાત કીધો છે. સમજાય છે કાંઇ ? આહાહાહા !

જ્ઞાયકસ્વરૂપ ભગવાન એણે કોઇ ’દિ પણ અભ્યાસ કર્યો જ નથી ને, સંસારના પાપના આડે ધંધો, કયાં નવરો છે. આખો ’દિ પાપ, આ ધંધા આ કર્યા ને આ કર્યા ને આ કર્યા, એમાં વળી છોકરાઓને અમેરિકામાં મોકલે એટલે જાણે કે, ઓહોહોહો ! શું કર્યું અમે જાણે. એમાં તે વળી પાંચ–દશ હજારનો પગાર આવે તો તો અરે ત્યાં તો ભંગીયાને દશ હજાર આવે. અમેરિકામાં ભંગીયા હોય ને ભંગીયા, એ ભંગીયા ઓલા કાઢનાર વિષ્ટા કાઢનાર હોયને, પાયખાનામાં શેઠીયા તો પોતે ન કાઢે કાંઇ. દશ–દશ હજારનો પગાર હોય મોટરમાં આવે છે, પણ આંહીનો જરી હોય ને એને દશ હજારનો પગાર એટલે, ઓહોહોહો ! શાંતિભાઈ, જગત ભરમાઇ ગયું છે આખું. એ ભરમાય એવો એનો સ્વભાવ નથી કહે છે. આહાહાહા ! ( શ્રોતાઃ– પર્યાયમાં ભરમાય ) એની પર્યાય પણ એવી નથી કે જેને કંઇ બંધન થાય, તેનું નિમિત્ત થયું એવી એની પર્યાયે ય નથી. જ્ઞાયકભાવની પર્યાય જ્ઞાયક ભાવપણે હોય છે. આહાહા ? સમજાણું કાંઇ ? આહા ! પહેલો શબ્દ કેટલો અર્થ સમજવા જેવો, ઓલામાં હેતુભૂત કીધું ને ? બંધન તો થાય છે

તેને કારણે, એમાં હેતુ, નિમિત્ત, પણ નિમિત્ત કોણ ? કે અજ્ઞાનીના રાગદ્વેષ નિમિત્ત, જ્ઞાનીનો આત્મા નિમિત્ત નથી. આહાહા ! સમજાણું કાંઇ ?

ખરેખર આત્મા, સ્વભાવ પોતાનો જ્ઞાયક ને આનંદ ને શાંત ને વીતરાગ સ્વભાવ, વીતરાગ સ્વભાવ એને બંધન કેવું ? એ તો બંધ રહિત અબંધ સ્વરૂપ છે. આહાહા ! ત્યારે અબંધ સ્વરૂપ છે તો બંધનમાં નિમિત્ત બંધન નથી તો એનું નિમિત્તપણું પણ એનામાં નથી. આહાહાહા !

આવો ઉપદેશ હવે ઓલા કહે દયા પાળો ને વ્રત કરો ને ભક્તિ કરો. ( શ્રોતાઃ– પણ દયા પાળવામાં શું વાંધો ? ) હા, પણ ઇ આ દયા આત્માની, એની ખબર નથી. આહાહા ! આ તો આત્માની દયાની વાત છે. પ્રભુ તું કોણ છો ? કે તું જ્ઞાયક છો, અને જ્ઞાયકનું ભાન થયે પણ પર્યાયમાં વીતરાગતા આવે અને વીતરાગતા આવે એને બંધન હોય નહિ અને બંધન ન હોય તો પછી એને વીતરાગપણું, નિમિત્ત હોય એને ? અજ્ઞાનીના રાગદ્વેષ નિમિત્ત હોય, જ્ઞાનીની વીતરાગતા નિમિત્ત ન હોય એટલે બંધન હોય નહીં. આહાહા !

પહેલી લીટીમાં એ કહ્યું પાધરું છે એનાથી ઉલટું–જીવમાં હેતુભૂત એમ કીધું ને રાગ જે થાય ન્યાં તો બંધન એના કારણે થાય છે, પણ આ નિમિત્ત દેખીને તેને ઉપચારથી આનો કર્તા કહેવામાં આવશે, ખરેખર તો બંધનનો કર્તા તો બંધન છે. પરમાણુની પર્યાય બંધાય છે તે એને જ કારણે પણ એમાં નિમિત્તપણું દેખી, કોનું ? કે અજ્ઞાનીના અજ્ઞાન અને રાગદ્વેષનું નિમિત્તપણું દેખી અને તેને બંધનમાં નિમિત્તપણે કરીને એ ઉપચારથી આ કાર્ય કરેલું છે એમ કહેવામાં આવે છે. યથાર્થપણે તો કર્મબંધનની પર્યાય કર્મને લઇને થઇ છે. આહાહાહા ! પણ, છે ?

આમ હોવા છતાં પણ અનાદિ અજ્ઞાનને લીધે. પાછું એ લીધું કે અજ્ઞાન, વસ્તુ તો એવી છે અનાદિ, કે પુદ્‌ગલકર્મને નિમિત્ત ન થાય, એવી ચીજ છે એમ અનાદિ એવી ચીજ છે. પણ અનાદિ અજ્ઞાનને લીધે પાછી, સમજાણું કાંઈ ? અનાદિ અજ્ઞાનને લીધે હવે વસ્તુ તો અનાદિથી એવી છે, કે જ્ઞાયકભાવ છે અને એ જ્ઞાયકભાવ છે એને બંધન હોય નહિ. ને બંધન ન હોય તો બંધનનું નિમિત્ત જ્ઞાયકભાવ હોઇ શકે નહિ, હવે ગુલાંટ ખાય છે વાત, પાઠમાં જે છે ઈ કહેવી છે. પણ અનાદિ અજ્ઞાનને લીધે હવે એ અજ્ઞાને ય અનાદિનું છે પાછું. આહાહાહા !

જ્ઞાયક પ્રભુ અંદર ચૈતન્ય રતન હીરો અનંત અનંત ગુણના શુદ્ધપણાના પવિત્રપણાનો પિંડ છે એ, જેમાં અનંત પ્રભુતા ભરી છે એકએક ગુણમાં અનંતી પ્રભુતા ને ઈશ્વરતા છે, એવો એ પ્રભુ ગુણ છે, એ ઈશ્વર પોતે જ ઈશ્વરગુણ છે, એનો કોઇ કર્તા ઈશ્વર છે એમ નથી. એનો ગુણ જ ઈશ્વર છે, અને તે અનંત ગુણને ઈશ્વરનું રૂપ છે, અનંત ગુણમાં ઈશ્વરનું રૂપ છે, એટલે બધા ઈશ્વરો છે. અનંત ગુણો જે અમાપ છે એ બધાય ઈશ્વર છે, એ ઈશ્વરનો ધરનાર એક ભગવાન આત્મા છે. એ આધેય ને આધાર પણ જેમાં નથી એક ન્યાયે તો. આહાહાહા ! સમજાય છે કાંઇ ? એ પોતે જ જગતના અનંત ગુણમય છે, ગુણ આધેય છે અને ભગવાન આધાર છે, દ્રવ્ય ( એમેય નહીં ). અહીં તો અનંત અનંત અનંત અનંત ગુણનો પવિત્ર શુદ્ધ ચૈતન્યઘન એ આત્મા છે, એવા ગુણવાળો એમે ય નહિ. સમજાય છે કાંઇ ? આહાહા ! એ આત્મા સ્વભાવને લઇને બંધનમાં નિમિત્ત થાય એવું એનું સ્વરૂપ નથી. આહાહાહા ! છે ?

સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં, અનાદિ અજ્ઞાનને લીધે,

આવો એનો મૂળ સ્વભાવ હોવા છતાં, અનાદિ અજ્ઞાનને, ( લીધે ) પોતાની એને ખબર નથી. કે હું કોણ છું, ને કેવડો છું, ને કયાં છું. એ સ્વરૂપના સ્વભાવના અજ્ઞાનને લીધે, કર્મને લીધે નહિ, એમ નથી ( કીધું ), આવો સ્વભાવ છે પણ કર્મને લઇને એ આમ આચ્છાદિત થયો છે એમ નથી, એ મોટો ગોટો ઉઠયો છે ને અત્યારે, પોતાના અજ્ઞાનને લીધે. આહાહા ! જે સ્વરૂપ છે તેમાં દૃષ્ટિ ન રાખતા, જેમાં નથી એવા રાગદ્વેષ ઉપર જેની દૃષ્ટિ છે, એ અજ્ઞાનને લીધે કરે છે. આહાહા ! સમજાણું કાંઇ ? પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ થતાં અજ્ઞાનને લીધે, પૌદ્‌ગલિક કર્મ તો એને કારણે બંધાણું છે, એની પર્યાયે, પણ આ નિમિત્તરૂપ થતાં, આ નિમિત્તરૂપ થતાં એટલે નિમિત્ત થયું ને એમ, આંહી થયું છે તો એની મેળાએ પણ અહીં નિમિત્ત થયું શું ? એને સંબંધ નિમિત્ત નિમિત્તનો થઇ ગયો ને ? નિમિત્તરૂપ થતાં, નિમિત્તરૂપ થતાંનો શું અર્થ ? પૌદ્‌ગલિક કર્મ તો તે પ્રકારે તે પર્યાયે ક્રમબદ્ધમાં જે પરમાણું કર્મરૂપે થવાના છે એ થવાના, થયા છે, હવે અહીં નિમિત્તભૂત થતાં, ઉપાદાનભૂત તો ન્યાં ગયું. આહાહા ! શું કહ્યું ઈ ? કે કર્મ જે અજ્ઞાનીને બંધાય છે, એ તો એના ઉપાદાનની એની પર્યાયથી ત્યાં બંધાણું, હવે આંહીં એનું નિમિત્ત કોણ છે, એ બતાવવું છે, અજ્ઞાનીનું અજ્ઞાન તે નિમિત્ત છે. નિમિત્ત છે, ઉપાદાન તો એની પર્યાયના એને કાળે ત્યાં થયું છે. બહુ ઝીણું આવું. ઓલું સહેલું સટ હતું બધું, લ્યો “ઇચ્છામિ પડિકકમણં ઈરિયા વિરિયા વિરાણાએ ગમણાં ગમણે તસ્સઉત્તરિ કરેણણં થઇ ગયું સામાયિક, તસ્સ ઉત્તરી કરેણણં” ધૂળમાંય નથી કાંઇ પણ.

ભગવાન અંદર બિરાજે છે પ્રભુ અનંત ગુણનો પવિત્ર ધામ, ઓલામાં આવ્યું ને શ્રીમદ્‌માં ? “સ્વયં જ્યોતિ સુખ ધામ” અતીન્દ્રિય આનંદનો ધામ છે એ પ્રભુ તો. આહા ! દુઃખ ઉત્પત્તિ થાય એવું એનું સ્થાન છે જ નહિ. સ્વયં જ્યોતિ છે. ચૈતન્ય જ્યોતિ સ્વયં પોતે છે. “શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન”, ત્યાં પ્રદેશ નાખ્યા છે–શુદ્ધ છે જ્ઞાનપિંડ છે, “ચૈતન્યઘન” નામ અસંખ્ય પ્રદેશી છે, “સ્વયં જ્યોતિ” અપના-પોતાથી છે એમને એમ અનાદિથી અને “સુખ ધામ”, અતીન્દ્રિયઆનંદનું સ્થાન છે એ ત્યાં પાકે તો અતીન્દ્રિય આનંદ પાકે એવું એ ખેતર છે. રાગદ્વેષ પાકે એવું ખેતર આત્મા નથી કહે છે. આહાહા ! સ્વઆશ્રય ભૂલી ને પર આશ્રયમાં જાય છે, વ્યવહારમાં, ત્યારે તેને અજ્ઞાન થઇને રાગદ્વેષ થાય છે. આહાહા !

અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મને, પૌદ્‌ગલિક કર્મને એમ કીધું ને ? તો પૌદ્‌ગલિક કર્મની અસ્તિ તો સિદ્ધ કરી ઉપાદાનથી, એનું, શું કીધું ઈ ? ત્યાં સિદ્ધ ( શ્રોતાઃ- પૌદ્‌ગલિક કર્મને ઉપાદાનથી સિદ્ધ કર્યું ) છે એમ. એ પૌદ્‌ગલિક કર્મ આમ સિદ્ધ કર્યું ને એને નિમિત્તભૂત થતાં લ્યો, એને નિમિત્તપણે બીજી ચીજ જે સંયોગી છે આત્માનો વિકારભાવ એ નિમિત્તભૂત એને થતાં એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તરૂપ થતાં, એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી, આહાહા ! કર્મ તો કર્મ પૌદ્‌ગલિક કર્મ તો ત્યાં છે, હવે આંહીં એને નિમિત્ત કોણ થયું ? કે નિમિત્તરૂપ એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી, એ પોતાના સ્વરૂપના ભાન વિના એ પુણ્ય ને પાપ, દયા ને દાન આદિના વિકલ્પો મારા છે, એ રીતે અજ્ઞાનભાવે પરિણમતો, અજ્ઞાનભાવે થતો, બીજી ભાષા તો પહેલી આવી ગઇ’તી, એકવાર એ રીતે માને છે, વસ્તુ એવી થતી નથી. પહેલાં એ આવી ગયું’તું ભાઈ પહેલાં શ્લોકમાં એ માને છે, ૯૬/૯૭ માં એ ગાથામાં

આવી ગયું છે. આહાહા ! હું રાગ છું એવી માન્યતા ઊભી કરી છે, એ માન્યતા એ વસ્તુ સ્વરૂપમાં નથી. આહાહાહા ! ( શ્રોતાઃ- તો કે ના સ્વપદમાં છે ) એ પર્યાયના સ્વરૂપમાં અજ્ઞાન છે. આહાહા ! પર્યાય દૃષ્ટિવાળાનું એ અજ્ઞાન છે, દ્રવ્યદૃષ્ટિવાળાને અજ્ઞાન હોતું નથી. આહાહાહા ! આવી વાતું છે ભાઈ. જૈન ધર્મ વીતરાગ માર્ગ જે રીતે છે એ રીતે સમજવો એ અલૌકિક વાતું છે.

પહેલો સ્વભાવથી નિમિત્તભૂત થાય એવું તો એનું સ્વરૂપ નથી. હવે અજ્ઞાનને લીધે પૌદ્ગલિકકર્મને નિમિત્તનિમિત્તરૂપ થતાં, કોને ? કે પુદ્ગલ બંધાણા છે એને, કેવો ? કે એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી, અજ્ઞાનભાવે સ્વભાવમાં વિરુદ્ધ કરીને રાગ અને દ્વેષ મિથ્યાત્વઆદિપણે પરિણમતો થકો, સમ્યક્ ચૈતન્ય શુદ્ધ છે, તેનું ભાન નથી એટલે સમ્યગ્દર્શન નથી, મિથ્યાદર્શન છે. કારણકે ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય છે એને ન માનતાં જે રાગના કણ ઉભા થાય છે, જે સ્વરૂપમાં નથી અથવા એનો એકે ય ગુણ નથી. અનંત ગુણ અનંતા અનંત અનંત ગુણ છે એનો એક પણ ગુણ નથી કે વિકૃત થાય અવસ્થામાં, એવો કોઇ ગુણ નથી. આહાહા ! સમજાય છે કાંઇ ?

આવું હોવા છતાં, અજ્ઞાનને લીધે એમ કહે છે, પૌદ્ગલિક કર્મને નિમિત્તરૂપ થતાં. આહાહા ! કેટલું સમાડયું છે ? પૌદ્ગલિક કર્મ ત્યાં થયું તો છે. હવે એને નિમિત્ત છે કોણ ? કે પોતાને ભૂલેલો અજ્ઞાનને લીધે, અજ્ઞાનભાવે પરિણમતો અજ્ઞાનને લીધે અજ્ઞાનપણે પરિણમતો એમ. આહાહા ! સ્વરૂપના ભાન વિના અભાનપણે પરિણમતો. આહાહા ! આવું ઝીણું. અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી, પર્યાય લીધી પાછી હવે, દ્રવ્યની તો ના પાડી પહેલી, દ્રવ્યનો સ્વભાવ તો નિમિત્તરૂપે થવું એવો છે જ નહિ, પણ અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં પૌદ્ગલિક કર્મ થયું છે તેમાં નિમિત્તભૂત થતાં, પૌદ્ગલિક કર્મ ઉત્પન્ન થાય છે, એમ અજ્ઞાનીઓ માને છે. એ ઉપચાર છે એમ કહે છે. મેં આ રાગદ્વેષ કર્યા માટે ત્યાં પૌદ્ગલિક કર્મ ઉત્પન્ન થયું એમ નથી, છતાં આ રાગદ્વેષ કર્યા માટે ત્યાં પૌદ્ગલિક ઉત્પન્ન થયું, નિમિત્ત થયું માટે ત્યાં થયું છે ? પૌદ્ગલિક કર્મ ઉત્પન્ન થાય છે તેથી પૌદ્ગલિક કર્મ આત્માએ કર્યું ? એવો નિર્વિકલ્પ ભગવાન આત્મા, વિકલ્પ વિનાનો નિર્વિકલ્પ પ્રભુ છે, વિજ્ઞાનઘન સ્વભાવ છે, જેમાં વિકલ્પનો પ્રવેશ નથી, જેમાં વિકલ્ય રાગ ઉત્પન્ન થાય તેવો કોઇ ગુણ નથી. આહાહાહા ! સમજાણું કાંઇ ?

સામે છે ને પુસ્તક ! વિજ્ઞાનઘન સ્વભાવથી ભ્રષ્ટ. આહાહા ! વિજ્ઞાનઘન પ્રભુ આ ઓલા વિજ્ઞાન કહે છે લોકો એ નહિ હોં, એ આ તો પોતે વિજ્ઞાનઘન છે, એમાં તો સંસારનો વિકલ્પ નથી, એમાં તો ખરેખર વર્તમાન પર્યાયનો ખંડ જે ભેદ છે, એ એમાં નથી, એવો વિજ્ઞાનઘન પ્રભુ, ત્યાંથી ભ્રષ્ટ થયો, એનો આશ્રય ન લેતાં, નિશ્ચયનો આશ્રય ન લેતાં, વ્યવહારનો આશ્રય કર્યો, વ્યવહાર પરાશ્રય છે, એ એના સ્વભાવથી ભ્રષ્ટ થયો. આહા ! સમજાણું કાંઇ ?

શબ્દો થોડા પણ માલ ઘણો છે ભાઈ. આહા ! આ વાચ્યું છે કે નહિ હસુભાઈ કોઇ દિ' આ ? વાંચ્યુ છે પણ આ રીતે નો સમજાણું હોય. અમારો માસ્તર હતો ભણવા વખતે, એક નરોત્તમ બ્રાહ્મણ હતો, પછી બૈરા આંહીં નહોતા એટલે પરણ્યો હોય કે ન હોય, નહોતા એટલે ઘરે રાંધે રાતે, પછી હોંશિયાર છોકરા હોયને રાંધવા વખતે બોલાવે, બેસો તમે, ઓલાં રાંધતા

હોય ને બધાની આમ પરીક્ષા લ્યે ને, આમ સીધું સમજાવે, પણ પહેલું વાંચીને આવજો એમ કહે, આ પાઠ વાંચીને આવજો, એ તમને શું સમજાણું ને હું એનો અર્થ શું કરું છું એનો આંતરો તમને દેખાશે, ભાઈ સમજાણું ? ચંદુભાઈ ! એક નરોત્તમ બ્રાહ્મણ હતો ઘણાં વર્ષ પહેલાંની પોણો સો વર્ષ પહેલાંની વાત છે ( શ્રોતાઃ- અમારે વાંચીને આવવું એમ આપ કહો છો ) કેટલુંક એને વાંચન જોઈએ, તો એને સમજણ પડે. આ તો કોલેજ છે. આહાહા !

સમયસાર એટલે ? આહાહા ! એમાં પાસ થયો એ કેવળજ્ઞાનને પામશે. આહાહા ! એ એમ કહેતા'તા. ( શ્રોતાઃ- પાસ તો ગુરુ કરે ને ? ) એનો આત્મા કરે, કોણ ગુરુ ? ગુરુ ક્યાં, ગુરુનો આત્મા જુદો એનો આત્મા જુદો. આહાહાહા ! ગુરુને નિમિત્ત બનાવવું હોય તો એ તો રાગ થાય. અને રાગ તો એના સ્વભાવમાં છે નહિ. આહાહા ! મોક્ષ પાહૂડમાં ત્યાં સુધી કહ્યું છે સોળમી ગાથામાં "પરદવ્વાવો દુગ્ગઇ" ભગવાન એમ કહે કે મારા સામું તું જોઇશ તો તારી ચૈતન્યગતિ નહિ થાય, દુર્ગતિ-દુર્ગતિ રાગ થશે. આહાહાહાહા ! ત્રણલોકનો નાથ સર્વજ્ઞદેવની દિવ્ય ધ્વનિમાં એ આવ્યું કે તું મારા સામું જોઇશ, અમે પરદ્રવ્ય છીએ, પરાશ્રય થશે. વ્યવહારનો આશ્રય થશે, રાગ થશે, તારો આશ્રય કરીશ તારી સામું જોઈશ તો નિશ્ચયનો આશ્રય થશે તને વીતરાગતા આવશે. આહાહાહા ! વ્યવહાર પરઆશ્રય, આવે છે ને છેલ્લે ? પરાશ્રય છે ને ? તારાથી પર છીએ માટે અમારો આશ્રય લેવાથી વ્યવહારનો આશ્રય લીધો. અને તેથી તને ચૈતન્યની જે જ્ઞાનાનંદ આનંદની ગતિનું પરિણમન જોઇએ, એ નહીં થતાં, જે રાગ, ગતિથી વિરુદ્ધ રાગનો દુર્ગતિનો છે ઈ ચૈતન્યની ગતિ નથી. આહાહા ! ભગવાન એમ કહે કે અમારી સામું જોતાં તને દુર્ગતિ થશે તારી ગતિ જે ચૈતન્યની છે એ નહિ રહે એમ દુર્ગતિ એટલે રાગ, રાગ એ દુર્ગતિ એ ચૈતન્યની ગતિ નથી. આહાહાહા !

કહો આ ભક્તિવાળાને એવું લાગે કે ભક્તિથી ધર્મ થશે ને ભક્તિ ભગવાનની ખૂબ કરીએ અમે. આહાહા ! એવી તો ભક્તિ અનંતવાર કરી છે સમવશરણમાં મહાવિદેહમાં અનંતવાર જન્મ્યો છે. ( શ્રોતાઃ- નિશ્ચય ભક્તિ વગરની એ ભક્તિ જ ન કહેવાય ) પણ એ વ્યવહારે ભક્તિ ક્યારે કહેવાય ? કે નિશ્ચય સ્વભાવ હોય. પણ આતો એકલી ભક્તિ કરો પણ એવી ભક્તિ તો અનંતવાર કરી છે. સાક્ષાત્ આમ સમવશરણમાં હીરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલ, ( મણી રતનના દીવા ) જય ભગવાન એ તો પરદ્રવ્ય તરફ લક્ષ રાખતા હોય એ તો રાગ છે. એ રાગ તે આત્માના અનંત ગુણ પવિત્ર છે એની એ ગતિ, પરિણમન નથી. આહાહાહા !

અનંતા, અનંતા, અનંતા, અનંતા ગુણોનો ઢગલો પોતે છે, પવિત્ર, વિજ્ઞાનઘન પ્રભુ છે, એનું એ રાગ કાર્ય નથી, એને ભૂલીને તું અહીંયા પરમાં પ્રયોગ કરવા જાય છે, રાગ થાય છે. આ વીતરાગ મારગ તું તારી સામું જો, એમ કહે છે. અમારી સામું જોતાં, તારી સામું જો, એટલે કે તારો આશ્રય લે, એટલે કે તું વિજ્ઞાનઘન છો ત્યાં તારી દૃષ્ટિ મૂક. આહાહાહા ! આવું સ્વરૂપ છે.

આવું નિમિત્તપણું થાય, કોને કહેવાય ? કે ઓલું બંધાણું છે ને આમાં નિમિત્તભૂત થાય, અજ્ઞાન રાગદ્વેષ તેથી પુદ્‌ગલ ઉત્પન્ન થયું જાણે, એણે એમ માન્યું, થયું છે તો એને કારણે ત્યાં, પણ હું નિમિત્ત છું ને માટે થયું ને ? એ પ્રશ્ન હતો પહેલાં ત્યાં રાજકોટમાં એમ કે પરમાણું ન્યાં

બંધાય, રાગ આંહીં છે તો બંધાય ને ? રાગ નો હોય તો કાંઇ બંધાય છે ? માટે એટલું રાગને કારણે બંધાય છે ને ? એમ નથી. બંધાવાનું તો એના ઉપાદાનની પર્યાય એનામાં છે ફક્ત એનું નિમિત્તિ કોને કહેવું, કે અજ્ઞાનીનું અજ્ઞાન, રાગદ્વેષનું અજ્ઞાન નિમિત્તરૂપ દેખતાં આ 'મેં' કર્યું એમ ઉપચારથી માને છે, એ કોણ ? નિર્વિકલ્પ વિજ્ઞાનસ્વભાવથી ભ્રષ્ટ ( છે તે ) માને છે. આહાહાહા ! છે ? અભેદ વિજ્ઞાનઘન સ્વભાવ પ્રભુ એમાંથી ભ્રષ્ટ થયો ને રાગનો કર્તા થયો. પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત આદિ વિકલ્પ છે એનો કર્તા થઇને વિજ્ઞાનસ્વભાવથી ભ્રષ્ટ થયો, વિકલ્પ પરાયણ છે, અહીંથી ભ્રષ્ટ થયો ને અહીં તત્પર છે. આહાહા ! શું કીધું સમજાણું ?

વિજ્ઞાનઘન સ્વભાવથી ભ્રષ્ટ અને વિકલ્પ પરાયણ, આ સ્વભાવથી ભ્રષ્ટ થયો, ત્યારે તત્પર ક્યાંય છે કે નહીં ? કે રાગનો વિકલ્પ છે એમાં તત્પર છે અજ્ઞાની. આહાહા ! ગાથા બહુ ઊંચી છે. આહાહા ! ભાવ ઘણા ઉંડા ભરેલા બહુ, ઓહોહો ! નિર્વિકલ્પ વિજ્ઞાનઘન સ્વભાવ પ્રભુ એના અજ્ઞાનને લીધે, બંધનમાં હું નિમિત્ત છું માટે તે કર્મ મેં કર્યું, એવો ઉપચાર મને લાગુ પડે છે. એ અજ્ઞાનીને ઉપચાર લાગુ પડે છે. ખરેખર એનું યથાર્થ કાર્ય તો એનું નથી પણ હું નિમિત્ત થયો ત્યારે ન્યાં થાય છે ને ? થાય છે તો એના પર્યાય પ્રમાણે, પણ હું નિમિત્ત હોઉં ત્યારે થાય ને ? એ વિના ક્યાં થાય છે ? એ વિના પરમાણુમાં તો બંધનની પર્યાયની યોગ્યતા જ નથી એનામાં. આહાહા !

એ પ્રશ્ન ચાલ્યો 'તો ત્યાં રાજકોટ, ત્યાં રાગ થયો છે, ત્યારે ત્યાં બંધન થાય છે ને ? એમ નથી, બંધનનો પર્યાય તો તે કાળે થયો પણ તેને નિમિત્ત હતો રાગ, એને એમ માને છે કે રાગ હું છું, તો આ બંધન થયું ને ? નહીંતર કેમ થાત ? પણ એ બંધનનો પર્યાયનો કાળ છે ને તું ફક્ત એમાં નિમિત્ત, રાગ નિમિત્ત છે. આહાહા ! આવો ઉપદેશ ને આવી વાતું લ્યો.

વિજ્ઞાનઘન સ્વભાવ ભગવાન એનાથી, અજ્ઞાનને લીધે ભ્રષ્ટ થયો, અને રાગના વિકલ્પનો સૂક્ષ્મ વિકલ્પ પણ હો પણ તેમાં પરાયણ નામ તત્પર થયો, અહીંથી ભ્રષ્ટ થયો, અહીં તત્પર થયો. અજ્ઞાનીઓનો વિકલ્પ છે એ વિકલ્પમાં તત્પર છે, એવા અજ્ઞાનીઓનો એ વિકલ્પ છે, શું ? કે આને હું નિમિત્તરૂપ છું માટે, ન્યાં થાય છે ને એમ, એવો અજ્ઞાનીનો વિકલ્પ છે. તે વિકલ્પ ઉપચાર જ છે, તે વિકલ્પ ઉપચાર છે. અજ્ઞાની નિમિત્તભૂત થયો માટે નિમિત્ત થયું એ ઉપચાર બોલે છે, એ યથાર્થ નથી. યથાર્થ તો બંધનના પરિણામ બંધનથી થયા, પણ હું નિમિત્ત છું માટે થયું માટે એવો ઉપચાર બંધનમાં હું છું, એમ અજ્ઞાની ઉપચારથી માને છે. ઉપચારથી કહો કે વ્યવહારથી કહો. ( શ્રોતાઃ- એ ઉપચારથી માને છે અજ્ઞાની કે અજ્ઞાનથી ) એ ઉપચારથી ખરેખર એને ક્યાં છે. પરનું તો એમાં છે જ નહિ, માને છે ઉપચારથી એમ આંહીં આચાર્યને સિદ્ધ કરવું છે ને ? હું નિમિત્ત છું ને એમ કીધું છે ને ? પહેલું એ વસ્તુ નિમિત્તભૂત નથી, છતાં હું નિમિત્ત છું એમ કીધું ને માટે અજ્ઞાન થયું ને ? તેથી આ થયું માટે ન્યાં થયું ને ? માટે હું એનો ઉપચારથી કર્તા છું એ અજ્ઞાનીને લાગુ પડે છે. આહાહાહા ! આવું છે, પરમાર્થ નથી, એ નિમિત્તથી થયું ત્યાં એમ કહેવું એટલો ઉપચાર છે, પરમાર્થ છે નહિ. આહાહાહા !

ભાવાર્થઃ- મૂળ તો વાત એવી છે કે ક્રમબદ્ધમાં તો જે પરમાણુની જે સમય પરિણમવાની યોગ્યતા છે તે પરિણમે છે, હવે અહીં અજ્ઞાનીનો રાગદ્વેષ નિમિત્ત છે, એથી આ નિમિત્ત છું માટે

ત્યાં થયું ને એમ માનીને હું એનો કર્તા છું એ ઉપચારથી કહેવામાં આવે છે. ખરેખર તો એનો કર્તા નથી, પણ નિમિત્તપણું છે અજ્ઞાનીનું એથી હું ઉપચારથી કર્તા છું એમ એ માને છે. અજ્ઞાની ઉપચારથી છું એમ માને છે, જ્ઞાની તો ઉપચારથી પણ નથી એને, કેમકે બંધન જ જ્યાં નથી પછી વ્યવહારનો ઉપચાર ને નિમિત્ત છું એ આવ્યું જ કયાં ? આહાહાહા ! આવી અટપટી વાતું બધી કદાચિત્ થતા, કદાચિત્ કેમ લીધું ? કે અજ્ઞાનભાવને કારણે થાય છે, ત્યાં કદાચિત્ થતા નિમિત્ત નૈમિત્તિક ભાવ, નૈમિત્તિક બંધન થયું તે અને નિમિત્ત એનો અજ્ઞાનભાવ, એ કદાચિત્ થતા નિમિત્તનૈમિત્તિકભાવમાં કર્તાકર્મભાવ, કહેવો, 'છે' ? તે ઉપચાર છે. આહાહાહા !

કદાચિત્ થતા અજ્ઞાનભાવને કાળે, એમ કદાચિત્ નૈમિત્તિક ભાવમાં કર્તાકર્મભાવ કહેવો ખરેખર તો કર્તાકર્મભાવ છે જ નહિ, પણ અજ્ઞાનભાવે નૈમિત્તિક દશા ત્યાં થાય, ત્યાં રાગ એનું નિમિત્ત દેખીને, કર્તાકર્મભાવ કહેવો, કર્તાકર્મ કહેવો, કે રાગનો હું કર્તા ને એ મારું કાર્ય કર્મબંધન રાગ મેં કર્યો તો કર્મબંધન થયું ને એવું કહેવું તે ઉપચાર છે, વ્યવહાર છે, યથાર્થ નથી અયથાર્થ છે. આહાહા ! આવી જ એક ગાથા ગઈ લ્યો. આહાહા !

એ ઉપચાર કઇ રીતે છે ( એ ) હવે કહે છે જુઓ એમ સિદ્ધ કરે છે, આચાર્ય પોતે સિદ્ધ કરે છે ને ? ઓલો માને ગમે તેમ પણ ઈ માને પણ કાંઈ પરમાં પેસે છે, ઈ તો ગાથા આવી ગઈ. સંક્રમણ કરે છે, ત્રીજી ગાથામાં આવી ગયું. કોઇ દ્રવ્યની પર્યાય કોઇ દ્રવ્યની પર્યાયમાં સંક્રમે છે, પલટાવે છે, ને ન્યાં જાય છે, ને પેસે છે ? આહાહા ! સંક્રમણ કર્યા વિના એને કરે, એ વાત ખોટી છે. સંક્રમણ થતું નથી ને કર્તા માને છે એ તો વાત ખોટી છે. આહાહા ! શરીર વાણી મનના બધા કામ ચાલે છે જડનાં, એ જડનાં કામમાં હું નિમિત્ત તો છું ને ? હું નિમિત્ત તો છું ને ? આહાહા ! એમ અજ્ઞાની ઉપચારથી પણ પરનો કર્તા માને છે, એ યથાર્થ તો એનો કર્તા છે જ નહિ, પણ હું નિમિત્ત થયો ત્યારે ન્યાં બંધાણું કે નહિ ? રાગ ન હોત તો કેમ બંધાત ? પણ ન હોત તો એ પ્રશ્ન જ કયાં છે અહીં ? આંહીં રાગ છે અને ત્યાં બંધાયેલું છે, એનો પ્રશ્ન છે. આહાહા ! એમ કે મેં રાગ ન કર્યો હોત તો બંધાત, માટે નિમિત્તથી બંધાણું છે, એમ છે જ નહિ. આહા ! સમજાણું કાંઇ ? આખી મોટી ભૂલ છે અત્યારે. નિમિત્તનૈમિત્તિકની મોટી ભૂલ. જેને જે દ્રવ્યની જે પર્યાય તે સમયે તે થવાની એટલું નક્કી ન કરે, એને આ નિમિત્ત આવ્યું માટે થયું એ મોટો ભ્રમ છે. આહાહા !

કોઇ પણ દ્રવ્યની તે સમયની જન્મક્ષણની પર્યાય તે સમયનો જન્મ ઉત્પત્તિનો કાળ એનો છે. તેથી તે પરમાણુની કર્મબંધનની પર્યાય કહો, શરીરની કહો, એનો ઉત્પત્તિનો કાળ છે ક્ષણ, તેથી તે એમાં થાય છે, અજ્ઞાની નિમિત્ત દેખીને મેં કર્યું એવું ઉપચારથી માને છે, ભગવાન કહે છે કે એ ઉપચાર છે, બસ, એ કાંઇ એને કર્યું ? હું નિમિત્ત છું માટે કર્યું એમ ? નિમિત્ત છું માટે થયું ને રાગ નો કર્યો હોત તો ન્યાં થાત ? પણ નો રાગ કર્યો હોત તો ( નો ) થાત એ પ્રશ્ન અહીંયા કયાં છે ? આંહીં તો રાગ થયો છે અને ન્યાં પણ કર્મબંધન થયું છે, એને આ નિમિત્તથી મેં કર્યુ એમ તે માને છો, એ ઉપચાર છે. આહાહાહા ! આવી વાત છે. કેટલી સહેલી વાત હતી, સામાયિક કરે ને પડિકકમણા કર્યું ને, હેં ( શ્રોતાઃ– સહેલી એટલે રાગ ) અહીં અજ્ઞાનને કંઇ ભાન ન મળે. આહાહા !

## ગાથા-૧૦૬

कथमिति चेत्-

जोधेहिं कदे जुद्धे राएण कदं ति जंपदे लोगो।
ववहारेण तह कदं णाणावरणादि जीवेण।।१०६।।

योधैः कृते युद्धे राज्ञा कृतमिति जल्पते लोकः।
व्यवहारेण तथा कृतं ज्ञानावरणादि जीवेन।।१०६।।

यथा युद्धपरिणामेन स्वयं परिणममानैः योधैः कृते युद्धे युद्धपरिणामेन स्वयमपरिणममानस्य राज्ञो राज्ञा किल कृतं युद्धमित्युपचारो, न परमार्थः। तथा ज्ञानावरणादिकर्मपरिणामेन स्वयं परिणममानेन पुद्गलद्रव्येण कृते ज्ञानावरणादिकर्मणि ज्ञानावरणादिकर्मपरिणामेन स्वयमपरिणममानस्यात्मनः किलात्मना कृतं ज्ञानावरणादिकर्मेत्युपचारो, न परमार्थः।

---

હવે, એ ઉપચાર કઈ રીતે છે તે દૃષ્ટાંતથી કહે છેઃ-

**યોદ્ધા કરે જ્યાં યુદ્ધ ત્યાં એ નૃપકર્યું લોકો કહે,**
**એમ જ કર્યાં વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬.**

ગાથાર્થઃ- [ योधः ] યોદ્ધાઓ વડે [ युद्ध कृते ] યુદ્ધ કરવામાં આવતાં, '[ राज्ञा कृतम् ] રાજાએ યુદ્ધ કર્યું' [ इति ] એમ [ लोकः ] લોક [ जल्पते ] ( વ્યવહારથી ) કહે છે [ तथा ] તેવી રીતે '[ ज्ञानावरणादि ] જ્ઞાનાવરણાદિ કર્મ [ जीवेन कृतं ] જીવે કર્યું' [ व्यवहारेण ] એમ વ્યવહારથી કહેવાય છે.

ટીકાઃ-જેમ યુદ્ધપરિણામે પોતે પરિણમતા એવા યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતાં, યુદ્ધપરિણામે પોતે નહિ પરિણમતા એવા રાજા વિષે 'રાજાએ યુદ્ધ કર્યું' એવો ઉપચાર છે, પરમાર્થ નથી; તેમ જ્ઞાનાવરણાદિકર્મપરિણામે પોતે પરિણમતા એવા પુદ્ગલદ્રવ્ય વડે જ્ઞાનાવરણાદિ કર્મ કરવામાં આવતાં, જ્ઞાનાવરણાદિકર્મપરિણામે પોતે નહિ પરિણમતા એવા આત્મા વિષે 'આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું' એવો ઉપચાર છે, પરમાર્થ નથી.

ભાવાર્થઃ-યોદ્ધાઓએ યુદ્ધ કર્યું હોવા છતાં 'રાજાએ યુદ્ધ કર્યું' એમ ઉપચારથી કહેવાય છે તેમ પુદ્ગલદ્રવ્યે જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું હોવા છતાં 'જીવે કર્મ કર્યું' એમ ઉપચારથી કહેવાય છે.

## ગાથા-૧૦૬ ઉપર પ્રવચન

जोधेहिं कदे जुद्धे राएण कदं ति जंपदे लोगो।
ववहारेण तह कदं णाणावरणादि जीवेण।।१०६।।

યોદ્ધા કરે જ્યાં યુદ્ધ ત્યાં એ નૃપકર્યું લોકો કહે,
એમ જ કર્યાં વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬.

વ્યવહારથી યોદ્ધાઓ, "જેમ યુદ્ધ પરિણામે પોતે પરિણમતા એવા યોદ્ધાઓ" આહાહા! લડવા જાય યોદ્ધાઓ, યુદ્ધના પરિણામે પરિણમતા યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતા, યુદ્ધ પરિણામે પોતે નહિ પરિણમતા એવા રાજા વિશે રાજાએ યુદ્ધ કર્યું એમ બોલાય, યુદ્ધે પરિણમતા જીવો, યોદ્ધાઓ એણે યુદ્ધ કર્યું એ યુદ્ધ પરિણામે પોતે નહિ પરિણમતા એવા રાજા. આહાહા! રાજા તો ઘરે બેઠો હોય ને ખાતો હોય ને, આ યુદ્ધ લડતા હોય ત્યાં એમ બોલે ને કે રાજા આવ્યો છે લડવા, રાજા લડવા આવ્યો છે રાજા. આહાહા!

પહેલાં એવું હતું, લડાઇ ચાલે ને કયાંક યુદ્ધ કરવું હોય તો સાંજે ગાયુંના ટોળા જંગલમાં હોય ને જંગલમાં, એ પાછી વળતી હોય ગામમાં તો એ યુદ્ધવાળા આવ્યા હોય એ ગાયોને પાછી વાળે, ગામમાં પેસવા ન ધૈ, ત્યારે પ્રજાને ખબર પડે ત્યાં રાજાને ખબર પડે કે કોઇ લડવા આવ્યું છે. ને ગાયું સાંજે આવે ને આમ એ લડનાર ન્યાં કહેવા ન જાય, પણ આ ગાયુંને પાછી વાળે એટલે પેસવાનું ટાણું હોય ને પાછી વાળે ત્યારે રાજાને ખબર પડે કે કોઇ લડવા આવ્યો છે. અને એ પછી મોકલે બીજા માણસને તો એનાથી ઓલ્યા ચાલ્યા જાય, ભાગી જાય, એ રીતે પરિણમ્યા છે તો યોદ્ધા પોતાના પરિણામથી, કાંઇ રાજા એ પરિણામે નથી પરિણમ્યા પણ રાજાનો એટલો હુકમ હતો એટલું ગણીને, રાજાએ કર્યું એમ કહેવામાં આવે છે. આહાહાહા!

દાખલામાં તો બે ત્રણ કીધા. મેઘ, વાદળા, કાચબી થાય તો એ વાદળાને નિમિત્ત કહેવાય. તે વિના નિમિત્ત કહેવાય? પણ એ કાચબી થઇ છે એ કંઇ આનાથી થઇ નથી. કાચબી થાય છે ને આમ. ન્યાં પોતાની પર્યાયથી થાય છે, મેઘધનુષ્ય એ વાદળાને લઇને નથી થયું. જેમ સૂર્યના કિરણો હોય માટે આમ થાય સામે સૂર્ય આથમતો હોય ને આમ, કાચબી આમ (આમ એટલે વિરૂદ્ધદિશામાં) થાય, ન્યાં ન થાય પણ એ તો તે કાળે તે પરમાણું પોતાનાથી પરિણમ્યા છે ત્યારે આને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા! ભારે! સૂર્યને લઇને નહિ, વાદળાને લઇને નહિ, કાચબી થવાના પરમાણુને તે જ સમયે એનું કાચબી પર્યાયપણે થવું એવો એનો કાળ હતો, માટે કાચબી થઇ એમ. એમ કર્મ બંધનનો પર્યાય તો એનાથી થયો પણ અજ્ઞાની જોડે નિમિત્ત છે, એથી કહે છે મેં એને કર્યું એવો ઉપચાર કરવામાં આવે છે. આહાહાહા!

રાજાએ યુદ્ધ કર્યું એવો ઉપચાર છે. યુદ્ધે પરિણમતા યોદ્ધાઓ લડાઇ કરે અને રાજાએ યુદ્ધ કર્યું છે એ કહેવું એ ઉપચાર છે, કેવો દૃષ્ટાંત લીધો, જુઓને? પરમાર્થ નથી. તેમ

જ્ઞાનાવરણાદિકર્મ પરિણામે પોતે પરિણમતા, “જ્ઞાનાવરણાદિકર્મપરિણામે પોતે પરિણમતા એવા પુદ્‌ગલદ્રવ્ય” આહાહા ! અહીંયા પુદ્‌ગલદ્રવ્ય પરિણમે છે કે અજ્ઞાનીનો આત્મા ન્યાં પરિણમે છે ? ( શ્રોતાઃ- પુદ્‌ગલદ્રવ્ય પોતે પરિણમે છે ) એ પોતે જ પોતાનો સ્વયંકાળ છે એનો, કર્મ પરિણામે પોતે નહિ પરિણમતા, કર્મપરિણામે પોતે પરિણમતા એવા પુદ્‌ગલદ્રવ્ય વડે. આહાહા ! જ્ઞાનાવરણી કર્મ કરવામાં આવતા, પુદ્‌ગલદ્રવ્ય વડે જ્ઞાનાવરણી કર્મ કરવામાં આવતા. આહાહાહા ! ઓલો અધિકાર આવે છે ને ? અનાથી મુનિનો એમાં એક ગાથા છે એમાંથી લેવરાવે બધા “અપ્પા કત્તા વિકત્તાએ” આત્મા કર્મનો કર્તા છે, ને આત્મા કર્મનો ભોક્તા છે, એ તો ભાવકર્મને કરે અજ્ઞાનભાવે, એનો ભોક્તા એમ છે, પરનો કર્તા ને ભોક્તા એ ત્રણકાળમાં છે નહિ.

જ્ઞાનાવરણાદિ કર્મ પરિણામે પોતે પરિણમતા એવા પુદ્‌ગલદ્રવ્ય વડે જ્ઞાનાવરણાદિ કર્મ કરવામાં આવતા, એ જ્ઞાનાવરણાદિકર્મપરિણામે પોતે નહિ પરિણમતા. એવા આત્મા વિષે. આહાહા ! જ્ઞાનાવરણાદિપણે અજ્ઞાની પરિણમે છે ? એ તો પરિણમે છે એ તો રાગ અને અજ્ઞાનભાવે, પણ આ જે થયું છે એ તો પુદ્‌ગલ પોતે જ્ઞાનાવરણીપણે પરિણમ્યું છે. આહાહાહા !

‘છ’ કારણે જ્ઞાનાવરણી બંધાય, એમ આવે છે ને ? આહાહા ! ન્યાં ‘છ’ કારણે બંધાય. એય પંડિતજી ! આ પણ ઇ કહે છે કે નિમિત્ત થાય એને લઇને બંધાય, એ પરિણમે નહીં એમ કહે છે. આહાહા ! છ કારણે જ્ઞાનાવરણી બંધાય, છ કારણે દર્શનાવરણી બંધાય, એમ દરેક કર્મના બંધનના પરિણામ છે, પણ એ પરિણામ કર્મરૂપે પરિણમે છે એમ નહિ. આહાહાહા !

આ ‘જ્ઞાનસાગર’માં, જામનગરવાળાનું ‘જ્ઞાનસાગર’ જોયું છે જ્ઞાનસાગર જામનગરનું, પુનાતરનું પહેલું ૬૮ માં એ મળ્યું’તું ‘જ્ઞાનસાગર’ છે. પુનાતરથી બનાવેલું એમાં બધા થોકડાઓ આ બધા છે, છ પ્રકારે જ્ઞાનાવરણી બંધાય, છ પ્રકાર તેં કર્યા માટે જ્ઞાનાવરણી બંધાય એમ, એ આંહીં ના પાડે છે. એ તો ઉપચારનાં કથન છે. આહાહાહા ! પણ એ છ કારણનું જ્ઞાનની અશાતના ને એ નિન્હવ છ ગુણ, અહીં બોલ્યાને, છ બોલ, એ ન કર્યા હોત તો કર્મ બંધાત ? પણ એ ન કર્યું હોત તો ન બંધાત એ પ્રશ્ન જ અહીંયા કયાં છે ? આંહીં તો બંધાયેલું છે એમાં નિમિત્ત કોણ છે ? અને નિમિત્ત હોવા છતાં તે કર્મપણે ઇ પરિણમતો નથી, પરિણમે છે પોતાનાં અજ્ઞાન ને રાગદ્વેષ ભાવે. આહાહા ! આવું છે. આકરું.

પોતે પરિણમતા એવા પુદ્‌ગલદ્રવ્ય વડે જ્ઞાનાવરણાદિ કર્મ કરવામાં આવતા આઠે ય કર્મ હોં. આહાહાહા ! દર્શનમોહપણે કર્મ પરિણમે, એ પુદ્‌ગલ પોતે પોતાથી પરિણમે છે, ફક્ત મિથ્યાત્વ એમાં નિમિત્ત છે. આહાહા ! ( શ્રોતાઃ- પણ મિથ્યાત્વ સ્વભાવ ન હોત તો ? ) એ પ્રશ્ન, એ જ વાંધા છે ને ? ન હોત તો ? પણ છે હવે એનો પ્રશ્ન શું ? છે એને અહીં છે, અહીં દર્શનમોહ મિથ્યાત્વમાં પરમાણુની પર્યાય બંધાય છે, એને નિમિત્ત કોણ ? કહે અજ્ઞાનીનું મિથ્યાત્વ. આહાહા ! એ પ્રશ્ન થયો’તો ને રાજકોટ થયો’તો એ જ્યારે મંદિર થયું ને ત્યારે એમ કે મૂળશંકરભાઈએ પ્રશ્ન કર્યો’તો એમ રાગ ન હોત તો બંધાત ? માટે એટલો રાગ થયો તો બંધાણું ને ? એમ પ્રશ્ન હતો. તે દિ’ કીધું એમ નથી. ન હોત તો, બંધાત એ પ્રશ્ન જ નથી. અહીંયા

રાગ બંધાય એના પરમાણુની પર્યાયનો કાળ છે તેથી ત્યાં અજ્ઞાન પરિણમ્યું છે. આંહીં અજ્ઞાની પોતે તેને નિમિત્તભૂતે મિથ્યાત્વપણે પરિણમે છે. આહાહા ! બહુ ઝીણું આવું.

જ્ઞાનાવરણાદિકર્મપરિણામે પોતે નહિ પરિણમતો, કોણ આત્મા. એ તો પુદ્‌ગલ પરિણમ્યા છે ત્યાં તો, પોતે નહિ, એવા આત્મા વિષે આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું એવો ઉપચાર છે, વ્યવહાર છે, પરમાર્થ નથી. આહાહા !

ભાવાર્થઃ- યોદ્ધાઓએ યુદ્ધ કર્યું હોવા છતાં 'રાજાએ યુદ્ધ કર્યું' એમ ઉપચારથી કહેવાય છે. પર ચીજ કરી નથી. તેમ પુદ્‌ગલદ્રવ્યે જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું હોવા છતાં. આહાહાહા ! પુદ્‌ગલદ્રવ્યને કેમ ખબર પડી કે આણે આવો ભાવ કર્યો, માટે મારે આમ થાવું પડયું ? પણ કાંઇ ખબરની, વાત અહીં કયાં છે ? ખબરની વાત તો તે આત્મા જ સિદ્ધ થશે, છ દ્રવ્ય સિદ્ધ નહિ થાય. ખબરવાળાની વાતો કરવા જઈએ તો એકલો આત્મા સિદ્ધ થશે. છ દ્રવ્ય નહિ. ખબર નથી પણ તેને તે જ પણે, તે જ પ્રકારે, તે સમયનો તે જ પર્યાયપણે પરિણમવાનો એ સ્વભાવ છે. આહાહાહા ! એને ખબર છે કે એણે આંહીં રાગદ્વેષ કર્યો માટે એ નિમિત્ત છે માટે પરિણમું એમ છે ? આહાહા ! એક એક તત્ત્વ ભાઈ એવી વાત છે, સૂક્ષ્મ.

જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું હોવા છતાં કોણ ? પુદ્‌ગલે જીવે કર્મ કર્યું એવું ઉપચારથી કહેવાય છે, ખરેખર છે નહિ. આહાહાહા ! ૧૦૭ હેં ? ( શ્રોતાઃ- કહેવાય છે ખરૂં કે ) કીધું ઉપચાર છે ઓલો નિમિત્ત છે તે માને છે. હું છું તો ન્યાં થયું ને ? એટલે વ્યવહાર થયો. એ ખોટું વ્યવહારે ય ખોટો અજ્ઞાનીનો વ્યવહારે ય ખોટો છે. આહાહા !

જ્ઞાનીનો વ્યવહાર સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રપણે પરિણમવું એ જ્ઞાનીનો વ્યવહાર, નિશ્ચય તો દ્રવ્ય છે. આહાહા ! સમજાણું કાંઇ ? "પરમાર્થ વચનિકામાં" આવે છે કે મોક્ષમાર્ગ છે એ વ્યવહાર છે, નિશ્ચય મોક્ષમાર્ગ હોં, વ્યવહાર મોક્ષમાર્ગ તો છે જ નહિ એ તો પરમાર્થ વચનિકામાં આવે છે ખરેખર તો દ્રવ્ય વસ્તુ જે અખંડાનંદ પ્રભુ, તે નિશ્ચયનો વિષય છે, પણ તેમાં સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રપરિણામ થાય તે વ્યવહાર છે, પર્યાય છે માટે એ વ્યવહાર છે એમ. ઓલા દ્રવ્યની અપેક્ષાએ તેને વ્યવહાર કહેવાય, અને રાગને મોક્ષમાર્ગ કહેવો એની અપેક્ષાએ તેને અહીં નિશ્ચય કહેવાય. શું કહ્યું ?

ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ અખંડાનંદ છે એની અપેક્ષાએ તો એ પરિણામ થયા. મોક્ષનો માર્ગ એ વ્યવહાર છે, દ્રવ્ય નિશ્ચય છે, પર્યાય વ્યવહાર છે પણ તેને નિશ્ચય ક્યારે કહેવો ? કે ઓલો રાગાદિને વ્યવહાર-મોક્ષમાર્ગ કહ્યો, ત્યારે આને નિશ્ચય કહ્યો, આની અપેક્ષાએ આને નિશ્ચય કહ્યો, ને આની અપેક્ષાએ આને વ્યવહાર કહ્યો. આમાં શું થાય છે ? ( શ્રોતાઃ- ઘડીકમાં વ્યવહાર કહેવો અને એને ને એને પાછો નિશ્ચય કહેવો ) કઇ અપેક્ષાથી કોને વ્યવહાર કહેવો એ ? અપેક્ષા કઇ ? ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ તે મોક્ષમાર્ગના પરિણામ તે વ્યવહાર છે, પર્યાય છે એટલે વ્યવહાર છે. પંચાધ્યાયમાં તો એ રીતે લીધું છે, પર્યાય માત્ર વ્યવહાર છે. ગાથાની અંદર, પર્યાય છે એ જ વ્યવહાર છે, ખંડ છે ને ? ભેદ છે ને ? અભેદ વસ્તુ ભગવાન આત્મા તે નિશ્ચય છે. આહાહા ! એ નિશ્ચય સ્વભાવની અપેક્ષાએ આત્માના આશ્રયથી દર્શનજ્ઞાન ચારિત્ર થયું એ પણ પર્યાય છે, માટે વ્યવહાર છે, આંહીં નિમિત્તરૂપે જે દયા, દાનના, વ્રતના

પરિણામ હતા દેવ, ગુરુ શાસ્ત્રની શ્રદ્ધાના પરિણામ એને આંહીં નિમિત્ત કહેવું. સમજાણું ? એની અપેક્ષાએ આ ઉપાદાનમાં આને નિશ્ચય કહેવું. સમજાણું કાંઇ ? અને સાધનનું સાધ્ય કીધું છે એ આ અપેક્ષાએ. સાધ્ય તો સાધ્યથી છે, સાધન ઉપચારથી કહ્યું છે, વ્યવહારરત્નત્રય સાધન ને નિશ્ચય સાધ્ય, એ તો ઉપચારથી કહ્યું છે. આહાહાહા ! યથાર્થ સાધન છે નહિ. એ આંહીં કહે છે. હવે ૧૦૭ વિશેષ કહેશે લ્યો. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

અહીં તો એવું નથી, પ્રભુ ! અહીં તો જુઓઃ કાળલબ્ધિ ને ક્રમબદ્ધ એ પર્યાયમાં થાય છે ને.. ? તો પર્યાયનો નિર્ણય ક્યારે થાય છે ? કેઃ દ્રવ્યનો આશ્રય લે ત્યારે નિર્ણય થાય છે. પર્યાયના આશ્રયે પર્યાયનો નિર્ણય થતો નથી. સમજાણું કાંઈ ? એક ન્યાય જરી ફેરવે તો અંદર ( તત્ત્વ ) બધું ફરી જાય એવું છે. એમ કે અમારે તો ક્રમબદ્ધ આવશે ત્યારે ( સમકિત ) આવશે. પણ 'એ ક્રમબદ્ધ આવશે' એનો નિર્ણય છે તને ? 'હું કરું... હું કરું... હું કરું' – એવી તો બુદ્ધિ છે, તો 'ક્રમબદ્ધમાં આવશે' એ નિર્ણય ક્યાંથી આવ્યો ? ક્રમબદ્ધમાં તો કર્તાબુદ્ધિ ઊડી જાય છે. ક્રમબદ્ધમાં તો જ્ઞાતા–દ્રષ્ટાબુદ્ધિ થઈ જાય છે. આહા... હા ! ભાઈ ! એમ છે. ( શ્રોતાઃ ) ક્રમબદ્ધ જ જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરે છે ! ( ઉત્તરઃ ) એ ક્રમબદ્ધનો નિર્ણય કર્યો એમાં સમ્યગ્દર્શન અને જ્ઞાન અંદર સ્વભાવ તરફ આવ્યા. ( શ્રોતાઃ ) આપે કહ્યું કેઃ ક્રમબદ્ધનું જ્ઞાન તો અક્રમ ઉપર લક્ષ જાય તો; તો એનું લક્ષ જયારે જાય એ પણ ક્રમબદ્ધમાં આવે ને ? ( ઉત્તરઃ ) પણ ( એ ) ક્રમબદ્ધમાં નિર્ણય શો ? એ નિર્ણય પણ કર્યો કોણે ? ક્રમબદ્ધની વાતો કરવી છે એને ? ( શ્રોતાઃ ) નિર્ણય કરવામાં એવો ક્રમ આવે ? ( ઉતરઃ ) ક્રમ આવે, તો ( પણ ) નિર્ણયનો પુરુષાર્થ કરશે ત્યારે એને ક્રમબદ્ધનો નિર્ણય થશે. એ તો કહ્યું ને... ! કાળલબ્ધિમાં પણ એ છે કે–કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય છે કે, જ્યારે પોતાના સ્વભાવસન્મુખ પુરુષાર્થ– 'આ હું ધ્રુવ, પૂર્ણાનંદનો નાથ, શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળથી ત્રિકાળ શુદ્ધ છું,' એવો પુરુષાર્થ–કર્યો ત્યારે, ક્રમબદ્ધ ( નો નિર્ણય થયો ) અને કર્તાપણાની બુદ્ધિ છૂટી ગઈ.

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૧૫૩, નિયમસાર ગાથા-૭૭ થી ૮૧ )**

## ગાથા-૧૦૭

अत एतत्स्थितम्-

उप्पादेदि करेदि य बंधदि परिणामएदि गिण्हदि य।
आदा पोग्गलदव्वं ववहारणयस्स वत्तव्वं।।१०७।।

उत्पादयति करोति च बध्नाति परिणामयति गृह्णाति च।
आत्मा पुद्गलद्रव्यं व्यवहारनयस्य वक्तव्यम्।।१०७।।

अयं खल्वात्मा न गृह्णाति, न परिणमयति, नोत्पादयति, न करोति, न बध्नाति, व्याप्यव्यापकभावाभावात्, प्राप्यं विकार्यं निर्वर्त्यं च पुद्गलद्रव्यात्मकं कर्म। यत्तु व्याप्यव्यापकभावाभावेऽपि प्राप्यं विकार्यं निर्वर्त्यं च पुद्गलद्रव्यात्मकं कर्म गृह्णाति परिणमयति उत्पादयति करोति बध्नाति चात्मेति विकल्पः स किलोपचारः।

હવે કહે છે કે ઉપરના હેતુથી આમ ઠર્યુંઃ-

**ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો, અને બાંધે, કરે**
**પુદ્‌ગલદરવને આતમા-વ્યવહારનયવક્તવ્ય છે. ૧૦૭.**

ગાથાર્થઃ-[ आत्मा ] આત્મા [ पुद्‌गलद्रव्यम् ] પુદ્‌ગલદ્રવ્યને [ उत्पादयति ] ઉપજાવે છે, [ करोति च ] કરે છે, [ बध्नाति ] બાંધે છે, [ परिणामयति ] પરિણમાવે છે [ च ] અને [ गृह्णाति ] ગ્રહણ કરે છે-એ [ व्यवहारनयस्य ] વ્યવહારનયનું [ वक्तव्यम् ] કથન છે.

ટીકાઃ-આ આત્મા ખરેખર, વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય-એવા પુદ્‌ગલદ્રવ્યાત્મક (-પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ) કર્મને ગ્રહતો નથી, પરિણમાવતો નથી, ઉપજાવતો નથી, કરતો નથી, બાંધતો નથી; અને વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ હોવા છતાં પણ, “પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય-એવા પુદ્‌ગલ-દ્રવ્યાત્મક કર્મને આત્મા ગ્રહે છે, પરિણમાવે છે, ઉપજાવે છે, કરે છે અને બાંધે છે” એવો જે વિકલ્પ તે ખરેખર ઉપચાર છે.

ભાવાર્થઃ-વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મપણું કહેવું તે ઉપચાર છે; માટે આત્મા પુદ્‌ગલદ્રવ્યને ગ્રહે છે, પરિણમાવે છે, ઉપજાવે છે, ઇત્યાદિ કહેવું તે ઉપચાર છે.

**પ્રવચન નં. ૨૦૮ ગાથા-૧૦૭** ગુરુવાર, ફાગણ સુદ-૩, તા. ૧/૩/’૭૯

હવે કહે છે કે ઉપરના હેતુથી આમ ઠર્યુંઃ- શું કીધું ? જેમ યોદ્ધા યુદ્ધ લડે છે એને એમ કહેવું કે રાજા લડે ને, એ તો ઉપચાર વ્યવહાર કથન છે, એમ કર્મબંધન જે થાય છે તે તેની પર્યાયની

યોગ્યતાથી ત્યાં થાય છે, પણ જોડેવાળો જે અજ્ઞાની એને નિમિત્ત થાય છે, એ નિમિત્તનું શું સ્વરૂપ છે એમ બતાવે છે, એની ઝીણી વાત થોડી છે.

उप्पादेदि करेदि य बंधदि परिणामएदि गिण्हदि य।
आदा पोग्गलदव्वं ववहारणयस्स वत्तव्वं ।।१०७।।

ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો, અને બાંધે, કરે
પુદ્‌ગલદરવને આતમા-વ્યવહારનયવક્તવ્ય છે. ૧૦૭.

ટીકા:- "આ આત્મા ખરેખર, યથાર્થપણે વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે" શું કહે છે ? કર્મ જે છે બંધાય છે કર્મ, એ અવસ્થા અને આત્મા વ્યાપક એનો અભાવ છે. આ ભાષા એવી વ્યાપ્ય વ્યાપક ભાવનો અભાવ એટલે કર્મ જે બંધાય છે, જડપરમાણુ એની પર્યાય વ્યાપ્ય છે અને એ પરમાણું એમાં વ્યાપક કર્તા છે, આત્માને એની સાથે વ્યાપ્યવ્યાપકનો અભાવ છે. એટલે ? કે કર્મબંધનની જે પર્યાય છે એ આત્માએ કરી અને આત્મા એનો કર્તા છે એમ છે નહિ. આહા ! આ તો અંદરની વાત લ્યે છે. જેવો ભાવ કર્તા હોય તેવી ત્યાં કર્મની પ્રકૃત્તિ બંધાય, છતાં એ પ્રકૃતિ પરમાણું પોતાના કારણે બંધાય છે, આને કારણે નહિ. આહાહા !

ખરેખર વ્યાપ્યવ્યાપકભાવના અભાવ, વ્યાપ્ય એટલે અવસ્થા, પરિણામ, વ્યાપક એટલે કર્તા પરિણામી. એવા ભાવના અભાવને લીધે, શું કહે છે ? આ તો અધ્યાત્મ સિદ્ધાંત છે, કે કર્મ જે બંધાય છે, એ પરમાણુની પ્રદેશ, સંખ્યા, એમાં સ્થિતિ, અનુભાગ અને પ્રકૃતિ. પ્રદેશ, પ્રકૃત્તિ, સ્થિતિ અને અનુભાગ, શાસ્ત્રમાં એવું આવે છે ને કે જોગને લઈને પ્રકૃત્તિ( ને ) પ્રદેશ ( અને ) કષાયને લઈને સ્થિતિ ને અનુભાગ. એમ આવે શાસ્ત્રમાં કહે છે કે એ નિમિત્તથી કથન છે. એ સામાના જોગને લઈને પ્રદેશ પ્રકૃતિ પડે છે એને કષાયને લઈને સ્થિતિ ને અનુભાગ એમાં છે એમ નથી. આહાહા ! ઝીણી વાત છે થોડી.

વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ, એટલે કર્મની અવસ્થા થઈ એ પરિણામ છે અને આત્મા એનો પરિણામી છે, એ અવસ્થા થઈ તે વ્યાપ્ય કાર્ય છે, આત્મા એનો કર્તા છે, એનો અભાવ છે. સમજાણું કાંઈ ? આહાહા ! જે અંદર જેટલો કંપન છે જોગ અને કષાયભાવ છે, ત્યાં સામે પ્રકૃત્તિ, પ્રદેશ, અનુભાગ પડે છે ઈ એને કારણે છે, આત્મા એનો કર્તા છે ને એ એનું કાર્ય છે, એમ છે નહિ. આહાહા ! ઝીણું બહુ છે હસુભાઈ ! આ તો અભ્યાસ કરે તો પકડાય એવું છે, વીતરાગ મારગ ઝીણો બહુ. આ તો કર્મ આત્મા કરે, આત્મા કર્મ કરે અને આત્મા ભોગવે. કહે છે કે એ વાત ખોટી છે. કર્મ કર્મથી પુદ્‌ગલ છે ને એ ? પુદ્‌ગલ છે એ પોતાથી ત્યાં બંધાય છે, પોતાથી ત્યાં સ્થિતિ પડે છે, પ્રદેશની સંખ્યા પણ પોતાને કારણે હોય છે અને પ્રકૃતિનો સ્વભાવ પણ એને કારણે ત્યાં થાય છે. આહાહા !

એટલે વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે, એટલે કાર્ય અને કારણ એના અભાવને લીધે ખરેખર એ પરમાણુની પર્યાય, કર્મ બંધાય છે એ વ્યાપ્ય છે, અને આત્મા વ્યાપક છે એમ તો નથી, એ પર્યાય કાર્ય છે ને આત્મા કર્તા છે એમ તો નથી. એ પર્યાય પરિણામ છે અને આત્મા પરિણામી છે એમ નથી. ( શ્રોતાઃ- વ્યાપ્યવ્યાપક અમારી બોલીમાં આવતું નથી ) આહા ! આવું ક્યાં પણ તમારા પાપના બધા થોથાં, એ હસુભાઈ ? કરોડોના વેપારમાં એઈ ગુંચાઈ ગયો અંદર મજુર

મોટા, ( શ્રોતાઃ- તમે ભલે મજૂર કહો પણ અમે તો શેઠ છીએ ) શેઠ છે. શેઠ બેઠ ને હેઠ. એક ફેરી કીધું'તું, જેઠમલજી હતા ને લીંબડી સંપ્રદાયના સાધુ એક ફેરી ચુડામાં ગયા હશે, એટલે જરીક ઓલા ભાઈ હતા દોશી, કેવા ? રાયચંદ દોશી કે નહિ કેવા દોશી ? રાયચંદ દોશી નહિ, બીજા હતા ભૂલી ગયા નામ, આ નારણભાઈના સાસરાના બાપ, ભૂલી ગયા નામ, બહુ હોશિયાર હતો માણસ, વૃદ્ધ બહુ ઘણી અવસ્થા, તો જેઠમલજી આવ્યા એટલે કોઈ ઉભા ન થયા, એટલે કે માળા ઉભા તો થાવ, પછી આ કહે કે "જેઠી બેસને હેઠી," ઉભા થવાનું અમને શું કહેશ ? એ શું ભૂલી ગયા નામ રાયચંદ દોશી તો બીજાનું નામ ભાઈ નહિ યાદ આવે પણ નારાયણભાઈના વેવાઈ હતા, નારાયણભાઈ આપણા નારાયણભાઈ એ દીક્ષા લીધી'તી ને એના સાસરાના બાપ થાય, વિરમગામ આ તો ઘણા વર્ષની વાતું છે પોણો સો વર્ષ. આહાહા !

આંહીં કહે છે કે જે કાંઈ, આહાહા ! અહીંયા જેવો રાગ કરે ને જોગનું કંપન છે તેટલા પ્રમાણમાં ત્યાં કર્મની પ્રકૃત્તિ, સ્થિતિ અને અનુભાગ બંધાય, છતાં તે કર્મની પ્રકૃતિ ને અનુભાગ સ્થિતિનો આત્મા કર્તા નથી. સમજાણું કાંઈ ? તો પછી આ તમારા બહારના કામોનો કર્તા આત્મા ત્રણકાળમાં છે નહિ. આહાહા ! ( શ્રોતાઃ- નિશ્ચયે નહીં વ્યવહારે છે ) વ્યવહારે આ કલ્પનામાત્રથી બોલવા માટે છે, વ્યવહાર કલ્પના માત્ર છે. ( શ્રોતાઃ- લૌકિક વ્યવહાર ) લૌકિક વ્યવહારે ય ખોટો બધોય. આહાહા !

એ આંહીં કહે છે. આત્માને કર્મ પરમાણું સાથે પરિણામી-પરિણામ સંબંધ નથી અથવા કર્તા-કર્મ સંબંધ નથી, જ્યારે ત્યાં અંદર જેવો જોગ ને કષાય હોય, રાગ એવું ત્યાં સ્થિતિ, રસ ને પ્રકૃત્તિ, પ્રદેશ હોય છતાં ય તે પરમાણુની પર્યાયનો આત્મા કર્તા નથી. તો આ વળી બહારના કામમાં બધા તમારા, આ પૈસા લેવા દેવા આ આમ કર્યું ને આમ માલ લીધો આ દીધો એ બધી ક્રિયા આત્મા કરી શકતો નથી એમ કહે છે, કેમ કે એ ક્રિયા જે થાય છે બહારની, પરપદાર્થની એમાં આત્મા વ્યાપ્ય છે, ને આત્મા વ્યાપક છે એવું છે નહિ. આહાહા ! સમજાણું કાંઈ ?

આ હાથ હાલે છે જુઓ, એ હાથ હાલે છે ઈ એના પરમાણુની પર્યાયને લઈને ક્રિયાવતી શક્તિથી આમ હાલે છે. આત્મા તે પર્યાયનો વ્યાપ્ય અને વ્યાપક એવું નથી. આ અવસ્થા વ્યાપ્ય એટલે કાર્ય અને આત્મા કર્તા એમ ત્રણ કાળમાં નથી. આરેરે ! આવી વાતું હવે. કહો સમજાણું કાંઈ ? પરની હારે સંબંધ શું છે પણ ? જ્યારે દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. એ કર્મના આંહીં તો અંતરના જેવો જોગ ને કષાય હોય જીવમાં, અજ્ઞાનીની વાત છે અહીં, એટલા પ્રમાણમાં સામે પ્રકૃત્તિ, પ્રદેશ, સ્થિતિ ને અનુભાગ પડે. છતાં તે સ્થિતિ, પ્રકૃત્તિ, પ્રદેશ ને અનુભાગનો આત્મા કર્તા નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ? ( શ્રોતાઃ- કર્મ બંધાણા તો કહેવાય તો એમ જ ને કે આત્માએ કર્મ બાંધ્યા ) ઈ બધી, ઈ સાટું તો કહે છે કે એ તો કથન નિમિત્તનો વ્યવહાર છે, કલ્પનાનો વ્યવહાર છે, વિકલ્પ. આહાહા !

એ ઘટનું એમાં કહ્યું છે ને-ટીકામાં, ઘટ, કુંભાર જેમ ઘડો કરતો નથી, ઘડાનું કાર્ય માટીથી થાય છે, એટલે કાર્ય ઘડાનું અને કર્તા કુંભાર એનો અભાવ છે. વ્યાપ્ય વ્યાપક એટલે કાર્ય કારણનો એની સાથે અભાવ છે. ઘડો કુંભાર કરતો જ નથી. પણ ઘડો પોતાની અવસ્થાથી ત્યાં માટીમાંથી થયો છે, પણ નિમિત્ત કુંભાર છે, એટલે વ્યવહારથી ઉપચારથી કથન કરવામાં આવે

છે કે કુંભારે આ ઘડો કર્યો, બાકી વાસ્તવિક છે નહિ. આહાહા ! ( શ્રોતાઃ- ક્યા કુંભારે ઘડો કર્યો ) એ કહે ગમે તે માણસ, કે ભાઈ આવો હોશિયાર કુંભાર હતો માટે થયો ઘડો. એણે કર્યું નથી કાંઈ, ઘડાની પર્યાય કરી નથી કાંઈ, ફક્ત જોડે નિમિત્ત હતો તેથી વ્યવહારે એણે કર્યો એમ કલ્પનાથી, વ્યવહારથી, ઉપચારથી કહેવામાં આવે છે. વ્યવહારથી, ઉપચારથી, આરોપથી... આવી વસ્તુ આકરી ભાઈ !

( શ્રોતાઃ- આ મકાન કડિયાએ નથી બાંધ્યું ) આ રામજીભાઈએ બાંધ્યું છે આ ? પ્રમુખ હતા તે દી' તે. આ મકાનના પરમાણુ, પરમાણુની પર્યાય આ પ્રકારે એની પરમાણુથી થઈ છે, એ પર્યાય છે અને એનો કર્તા એ પરમાણું છે. પણ આ જોડે માણસો હોય કે આ વજુભાઈ હતા ને રામજીભાઈ હતા આ કાર્યના કરનારા, એ નિમિત્તથી કથન છે. બાકી એ આ મકાન બન્યું એનું કાર્ય આત્માએ કર્યું, એમ ત્રણકાળમાં છે નહિ. આહાહાહા ! આમાં તો બહુ.

જુઓ "પ્રાપ્ય" હવે સિદ્ધાંત સ્થાપે છે, આ તો બાપુ બહુ ઝીણું. એ કર્મ જે પરમાણુઓ છે, એમાં પ્રકૃત્તિ નામ સ્વભાવ છે પરમાણુનો અને સ્થિતિ છે એની મુદત, અમુક કાળ રહે, એના પ્રદેશ છે પરમાણુની સંખ્યા. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ ચાર, એ ચાર, એ ચાર પડે છે એ પરમાણુમાં એમાં એ પરમાણું એ ચારની અવસ્થાના એ કર્તા છે. આહાહાહા ! આત્મા એનો કર્તા નથી. કેમ કે 'પ્રાપ્ય' કે એ પરમાણુઓમાં જે સમયમાં એ અનુભાગ સ્થિતિ પડે છે એ વખતે તેનું કાર્ય તેમાં હતું જ, તેનું કાર્ય હતું તેને એ પરમાણું પહોંચી વળે છે. આહાહા ! કુંભાર પહોંચી વળતો નથી. રોટલી થાય છે એ રોટલીના પરમાણુનું પ્રાપ્ય છે, રોટલી થઈને એ પ્રાપ્ય કહેવાય, પરમાણું એને રોટલીના પરમાણું એને પ્રાપ્ત કરે છે. બાઈ એને પ્રાપ્ત કરે છે રોટલી એ વાત બોલવામાં કથન છે, વસ્તુ છે નહિ. ( શ્રોતાઃ- ખરાબ રોટલી કરે તો કોને ઠપકો દેવો ) કોને કરે ? કોઈ ખરાબ નથી, એ તો એને કારણે થઈ છે. આહાહા !

"પ્રાપ્ય" કર્મની અવસ્થા જે સમયે બંધાય છે, એ બંધની અવસ્થા તે પ્રાપ્ય છે, એ સમયનું તે કાર્ય છે, તેને તે પરમાણું કર્મના પરમાણું પ્રાપ્ત કરે છે, આત્મા નહિ. આહાહા ! શાંતિભાઈ ! આ બધું હીરા માણેક ને આ બધા જે આખો 'દિ કરે છે ને ? ધંધા આમ કર્યા ને આમ કર્યા, પાણી ફેરવે. 'પ્રાપ્ય' આંહીં તો જેવો જોગ ને કષાય હોય, તે પ્રકારે પ્રકૃતિની સ્થિતિ ને અનુભાગ ને પ્રદેશ હોય, છતાં તે-તે થયેલી કર્મની પ્રકૃતિની પર્યાય એની સ્થિતિની પર્યાય એનો આત્મા કર્તા નથી. આહાહા ! કહો આખો 'દિ આ બધા લાદીના ધંધા કરે પથરા આમ કરે ને તેમ કરે. એ તો અજ્ઞાન છે, માનેલું. એવી વાત છે ભાઈ.

'પ્રાપ્ય' આ શબ્દ ૭૬, ૭૭, ૭૮, ૭૯ માં આવ્યો છે આ, એ અહીંયા ૧૦૭ માં આવ્યો છે આ, ને આ શબ્દ પ્રવચનસારમાં પરમી ગાથામાં આવ્યો, 'પર'માં' આવી ગયો ને ? પ્રાપ્ય વિકાર્ય. આહાહા ! મૂળ એમ કહેવું છે, કે અક્ષર લખાય છે ને આમ અક્ષર, એ અક્ષરની પર્યાય છે તે વ્યાપ્ય છે, કાર્ય છે એનો કર્તા એ પરમાણું છે, અક્ષર પડયો ને અક્ષર, "વીતરાગાય નમઃ" એ અક્ષર પડયો સામે, એ થયો છે એ એનાં પરમાણુઓએ એની પર્યાય કરી છે. આહાહા ! લખનાર એનું કાર્ય કરે છે એમ નહિ. આરે. આરે ! આવી વાતું હવે. અહીંયા તો નજીકમાં જેવા જોગ ને કષાય હોય એવા પ્રમાણમાં પ્રકૃત્તિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ હોય છતાંય તે પર્યાયનો

કર્તા આત્મા નથી. તો પછી આ દૂર જે રહી ચીજો આખી..... આહાહા ! સમજાણું કાંઈ ? પ્રાપ્ય એટલે તે સમયે તે કાર્ય પરમાણુના સ્થિતિ, અનુભાગ, પ્રદેશ, અને પ્રકૃતિ એની અવસ્થા ત્યાં થવાની હતી જ તે, તે થઈ છે, થઈ છે તેને પરમાણું પ્રાપ્ત કરે છે. આત્મા નહિ. આહાહા !

"વિકાર્ય" એ પરમાણુમાં જે સ્થિતિ આદિ પડી એ પૂર્વની અવસ્થા બદલીને થઈ એનું નામ વિકાર્ય, પણ એ પર્યાય છે એની, કર્મની પર્યાય, જડની છે.

"નિર્વર્ત્ય" એ કર્મની પર્યાય ઉપજી પહેલી ધ્રુવ તરીકે પર્યાય છે એને પ્રાપ્ત કરી, પછી પૂર્વથી બદલીને વિકાર્ય થયું અને એ ઉપજી, એ ત્રણેયનો કર્તા તે પરમાણું ને પુદ્‌ગલ છે. આવું છે હવે આકરું કામ. બાહ્યથી લઈએ તો સામો જીવ છે એનું આયુષ્ય અને શરીર. એનું પ્રાપ્ય છે ત્યાં, એનું એને શરીર અને આયુષ્ય એની પર્યાયને પ્રાપ્ય એના પરમાણું છે. બીજો એમ કહે કે મેં એની દયા પાળી, મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આવું છે. વીતરાગ મારગ ભાઈ, જિનેશ્વરનો મારગ કોઈ જાુદી જાત છે, એ ક્યાંય છે નહીં એ સિવાય. ઝીણી બહુ વાતું બાપુ. આહાહા !

પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય, ઓહોહો ! આ શબ્દો જ્યાં હોય ત્યાં સ્વતંત્રતા માટે નાખ્યા છે. એવા પુદ્‌ગલદ્રવ્યાત્મક પરમાણું જે બંધાય છે કર્મના, એ પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ કર્મને ગ્રહતો નથી. "આત્મા તેને ગ્રહતો નથી." આહાહા ! આમ કહેવાય કે જોગને લઈને પરમાણું ગ્રહે, પ્રકૃતિ ને પ્રદેશ. એ તો નિમિત્તના કથન વ્યવહારના, ઉપચારનું કથન છે વાસ્તવિક છે નહિ. આહાહા ! જ્યાં ત્યાં આવે છે ને દ્રવ્યસંગ્રહમાં બધું આવે છે જોગથી પ્રકૃત્તિ પ્રદેશ પડે, એમાં પરમાણુની પ્રકૃત્તિનો સ્વભાવ થાય, અને એના પ્રદેશની સંખ્યા થાય, એ જોગના નિમિત્ત. ઉપાદાન તો એનું છે, એના કારણે ત્યાં થાય છે, આત્માના કારણે નહિ. અને કર્મમાં સ્થિતિ પડે ૭૦ ક્રોડા ક્રોડીની કે થોડી આદિ એ મુદત કર્મની સ્થિતિ, એનો કર્તા, એની સ્થિતિનો એના પરમાણું છે, આત્મામાં અહીં કષાય થયો માટે સ્થિતિ આમાં પડી એમ નથી. આરે ! આરે ! અનુભાગ કર્મનું, અનુભાગ ફળ એ પણ ત્યાં એની યોગ્યતાથી ત્યાં પ્રાપ્ય થાય છે. આહાહા !

જ્યાં નિમિત્તનિમિત્ત સંબંધ તદ્‌ન નજીકનું છે એમાંય પણ એ એનો કર્તા નથી, તો પછી આ બીજા બધા કાર્ય બાહ્યના હાલવાના, ચાલવાના, બોલવાના એ કાર્યનો આત્મા કર્તા છે જ નહિ. આહાહાહા ! ( શ્રોતાઃ– જીવ રાગ કરે તો ત્યાં તે જ પ્રકારનું કર્મ બંધાય છે ). એ કીધું ને કીધું ન્યાં એવા પ્રમાણે થાય છે, છતાંય એનો કર્તા એ સ્વતંત્ર દ્રવ્ય છે. એ, એ તો કહ્યું ત્યાં જોગ અને કષાયથી, જોગથી પ્રકૃત્તિ, પ્રદેશ. કષાયથી સ્થિતિ, અનુભાગ એવા શબ્દો આવે છે, શાસ્ત્રમાં, પણ એ તો કહે છે કે નિમિત્તનું જ્ઞાન કરાવવા ઉપચારથી કથન કર્યું છે. વાસ્તવિક આમાં કર્મમાં સ્થિતિબંધ પડે કે પ્રદેશની સંખ્યા વધે કે પ્રકૃતિ થાય ત્યાં સ્વભાવ, એનો કર્તા આત્મા છે નહિ. કહો, દેવીલાલજી ! આહાહાહા !

પ્રાપ્ય એટલે છે પર્યાય થવાની, થવાને કાળે તે પ્રાપ્ય તેને એ પરમાણું પહોંચે છે, 'વિકાર્ય' પૂર્વની અવસ્થા બદલીને થયું એટલે વિકાર્ય એમાં એ એના પરમાણું બદલાય છે, નિર્વર્ત્ય, ઉપજયું એ ત્રણેય એક જ પર્યાયના બોલ છે. "એવા પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ, પુદ્‌ગલજડદ્રવ્યસ્વરૂપ કર્મને ગ્રહતો નથી" એવા કર્મને આત્મા ગ્રહતો નથી. પ્રદેશને ગ્રહતો નથી આહાહાહા ! સમજાણું કાંઈ ? પરિણમાવતો નથી. આહાહા ! એના અનુભાગને એ કરતો નથી.

ઉપજાવતો નથી, એ પર્યાયને એ આત્મા ઉપજાવતો નથી. એટલે કે કરતો નથી. બાંધતો નથી. આહાહાહા ! અનુભાગ બંધ થાય એને એ બાંધતો નથી. આહાહા !

એક રૂપિયો છે ને ? આ રૂપિયો આપ્યો એટલે આમ. હવે કહે છે કે એ રૂપિયાના પરમાણુની જે દશા એ વખતે આમ જવાની અવસ્થા એ એનું પ્રાપ્ય છે, અને આંહીં તે આવી ગયું એટલે હતું વિકાર્ય દશા થઈ પલટી, અને તે વખતે તે ઉપજી. એ પૈસા નોટ દીધી ને ગઈ આમ એની પર્યાયનો કર્તા આત્મા નથી, પણ આંહીં એને ( નોટ ) દીધી માટે ગઈ એમ નથી, આવું છે કહો રમણીકભાઈ ! ડોહાએ આ સાંભળ્યું નહોતું ત્યાં તમારે–આહાહા ! આવો મારગ.

જુઓ આંગળી છે ને આ, આમ થઈ, હવે એ થઈ એની પર્યાય તે આમ થવાની હતી તે થઈ છે, તેને પરમાણું પહોંચી વળે એ પ્રાપ્ય કહેવાય, અને આમ હતી ને આમ થઈ એ બદલ્યું એટલે વિકાર્ય કહેવાય અને થઈ છે તે જ ઉપજી છે એ નિપજી છે એ એના કારણે એ આત્માના કારણે, આત્માએ એને આંગળીને હલાવી ત્રણકાળ ત્રણલોકમાં નહીં. ( શ્રોતાઃ– મડદા તેની આંગળી હલાવે ? ) મડદાના પરમાણું અંદર પર્યાયે પરિણમે છે એની. આહાહાહા ! આવું છે. બહુ ટૂંકું નાખ્યું. પુદ્‌ગલદ્રવ્યકર્મને ગ્રહતો નથી, પરિણમાવતો નથી પરમાણુની પર્યાય પલટાવીને પરિણમાવતો નથી, ઉપજાવતો નથી, કરતો નથી, બાંધતો નથી.

વ્યાપ્યવ્યાપક ભાવનો અભાવ હોવા છતાં આત્મા એ કર્મની પર્યાયમાં કાર્યકારણનો અભાવ હોવા છતાં, કર્તાકર્મનો અભાવ હોવા છતાં પણ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એવા પુદ્‌ગલદ્રવ્યાત્મકકર્મને આત્મા ગ્રહે છે, એ બધો વ્યવહાર કહેવામાં આવે છે. ઉપચાર છે, ખરું–ખરું સ્વરૂપ છે નહિ. આહાહાહા !

આ રોટલી છે રોટલી, એનું બટકું થઈને આમ મોઢામાં આવે, તો કહે છે કે એ રોટલીના પરમાણુઓ જે છે, એનું બટકું થયું ને કટકો, અહીં એ વખતે એ પ્રાપ્ય એ અવસ્થા થવાની હતી, કટકો રોટલીનો થવાનો હતો એ પ્રાપ્ય, એને એ પરમાણું રોટલીના પરમાણુ, પ્રાપ્ય કરે છે. આહાહાહા ! અને અહીંથી આમ આવ્યું એ પર્યાય બદલી એ પણ પરમાણુએ બદલાવી છે, હાથે નહિ. અને તેમાં નિપજી છે એ પરમાણુની અવસ્થા આંહીં ટુકડા થવાની એ પરમાણુએ નિપજાવી છે, દાઢે નહિ, હાથે નહિ, મોઢે નહિ. આરે આવું બેસવું કઠણ પડે. મારગ એવો છે બાપુ ! ભગવાન તો છે, એ તીર્થંકર એને તો અનંત દ્રવ્ય દેખ્યા છે. ભગવાન ત્રિકાળ સર્વજ્ઞ છે પરમેશ્વર છે જિનેશ્વર છે એણે તો એક સમયમાં ત્રણકાળ ત્રણ લોક જોયા છે તો ત્રણકાળના જોનારાએ આ જોયું એણે, કે જગતના પરપદાર્થના જે કાર્ય થાય તે તેનાથી થાય છે બીજો એમ કહે કે મારાથી થયું એ તો વ્યવહારનું કથન, ઉપચારનું કથન છે, વાસ્તવિક છે નહિ. આહાહાહા !

પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવા પુદ્‌ગલદ્રવ્યાત્મક કર્મને આત્મા ગ્રહે છે, જો પરિણમાવે છે, અનુભાગ આવ્યો, ઉપજાવે છે, કરે છે અને બાંધે છે. આમ પાંચ બોલ છે. એવો જે વિકલ્પ ખરેખર તો એ ચારમાં કરે છે એમ લેવું. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ ને અનુભાગ ચારને કરે છે એટલે ઓલા પાંચ બોલ થઈ ગયા, સમજાય છે કાંઈ ? આહા ! બાંધે એવો જે વિકલ્પ છે અજ્ઞાનીનો એવો જે વિકલ્પ છે કે આ પરમાણુની પર્યાયમાં હું છું, તે થયા, હું નિમિત્ત છું ને ? જોગ કષાય મારો નિમિત્ત છે ને માટે ત્યાં થયું. આ વાત તો અજ્ઞાનીની છે, જ્ઞાનીને તો આત્મસ્વરૂપનું ભાન

છે કે હું તો જ્ઞાતાદૃષ્ટા છું. તેથી તેના પરિણામ બંધમાં નિમિત્ત થાય એ નથી, એને બંધ જ નથી. આહાહા !

ધર્મી જેને આત્મા શુદ્ધ ચેતન્યમૂર્તિ છે, શુદ્ધ ચૈતન્ય ભગવાન છે, એવું જ્યાં ભાન થયું છે ધર્મીને, તે ધર્મીના પરિણામ વીતરાગી પરિણામ હોય છે, કે જેથી તેને બંધન થાય, અને નિમિત્ત થાય એવું છે નહિ. હા ! ધર્મી જીવને આત્મા જ્ઞાયકસ્વરૂપ છે એવું શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ છું એવું ભાન છે, એને એ વખતે રાગ થાય ને પ્રકૃત્તિ પણ થોડી બંધાય, પણ છતાં તે રાગ અને પ્રકૃત્તિ તે આના જ્ઞાનમાં નિમિત્ત છે, જ્ઞાન તો પોતાથી થયું છે. સમ્યગ્દર્શનમાં જ્ઞાન પોતાથી આત્માથી થયું છે, છતાં તે જ્ઞાન ઉપાદાન પોતાથી થયું, છતાં આ જે પ્રકૃત્તિ ને પ્રદેશ ને રાગ આદિ છે એ જ્ઞાનમાં નિમિત્ત કહેવાય છે, આ પ્રકૃત્તિ પ્રદેશમાં આત્મા નિમિત્ત છે એ નહિ, જ્ઞાનીનો આત્મા નિમિત્ત છે એ નહિ. આહાહાહા ! અજ્ઞાનીનો આત્મા જે જોગ ને રાગને કરે છે અજ્ઞાની, એને જે પ્રકૃત્તિની સ્થિતિ પડે છે એમાં એ જોગ ને રાગ નિમિત્ત છે, પણ એ નિમિત્તથી કહ્યું કે આ જોગ ને રાગને લઈને આ પડે છે, એ વ્યવહાર છે. આહાહાહા ! આમાં નવરાશ લે ને નિવૃત્તિ લે ત્યારે થાય એવું છે એમ ને એમ આ કાંઈ... વીતરાગ મારગ ઝીણો બહુ.

ઈરિયા, વીરિયામાં આવે છે ને ? ઇચ્છામિ પડિક્કમણામાં, ઠાણા ઉઠાણમ્ જીવીયા ઉ વરોવિયા તસ્સમિચ્છામિ દુકડમં ને એ આવે છે ? એ ક્યાં અર્થની એ ખબર ભાન છે ? કહે છે ઘડીયો હાંક્યે જાય ને કોઈ જીવને કે કોઈને એક સ્થાનથી બીજે સ્થાને મૂકયો હોય, તો આંહીં કહે છે કે એ એક સ્થાનથી બીજે સ્થાન તું મૂકી શક જ નહિ. આહાહાહા ! એ જીવને એક સ્થાનેથી બીજે સ્થાને જાય એ, એ જીવની પર્યાય છે એ જાતની એને લઈને આમ બીજે ગયો છે, તેં આંહીંથી જીવને આમ હડસેલ્યો માટે આઘો ગયો છે એમ નથી. ( શ્રોતાઃ- સાચવીને લેવો ને મૂકવો એવો પાઠ તો આવે છે ) એ તો નિમિત્તના કથન કોણ સાચવે ને કોણ લ્યે, એ તો જતના રાખવાનો ભાવ આવ્યો બાકી. ( શ્રોતાઃ- સામેથી એ તો એમ કહે છે ) શાસ્ત્રમાં એવો પાઠ આવે છે નીચે જીવ હોય તો પગને ઊંચો કરવો, પગ ઊંચો કરી શકે છે આત્મા ? કરી શકે નહિ ભાઈ, આંહીં તો ફક્ત ત્યાં પ્રમાદ ન થાય એટલું બતાવવા સાટુ વાત કરી છે. આકરું કામ બહુ બાપુ, અત્યારના સંપ્રદાયથી તો આખી વાત જાુદી છે. આહાહા ! વીતરાગ મારગ એવો ઝીણો. આહાહા !

આંહીં તો, આંહીં જોગ ને રાગ હોય એના પ્રમાણમાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ ને અનુભાગ પડે, છતાં તે અનુભાગ કર્મની સ્થિતિ અનુભાગનું પ્રાપ્ય કર્મ એ આત્માનું નહિ, એ કર્મનું છે. આહાહા ! છતાં નિમિત્ત દેખીને કહેવું કે આની સ્થિતિથી આને આમ કર્યું, એ તો ઉપચાર વ્યવહાર આરોપ છે, આરોપીત કથન છે યથાર્થ કથન નથી. આહાહા !

એવો જે વિકલ્પ તે ખરેખર ઉપચાર છે, ઉપચાર એટલે આ દવા કરે ને ઉપચાર કરે એ હશે ? કેમ દવા કરે છે ત્યારે નથી ઉપચાર કરતા, એમ નહિ, આંહીં ઉપચાર એટલે વ્યવહાર, કલ્પના, છે નહિ એને કહેવું, કલ્પના છે. આહાહા ! મોટા ઉદ્યોગપતિ થાય છે, આ ધંધા કરે. પોપટભાઈના બાપા પાસે ક્યાં હતું આવું બધું આવું, અત્યારે બધું થઈ ગયું કરોડો રૂપિયા છે આ ધ્યાન રાખીને મેળવ્યું નહિ હોય ? વેપાર. હેં ? આહાહાહા ! એ પરમાણુઓ જે ઠેકાણે જવાના હોય તેના કાર્યનો કર્તા એ પરમાણું છે. આરે ! આરે ! જડ તેનું પ્રાપ્ય છે. તે કાળે તે

આમ જવાનું જે પ્રાપ્ય કાર્ય હતું તેને પરમાણું પહોંચી વળ્યા છે. ઓલા કહે મેં આમ આમાં આપ્યા એ વાતમાં માલ કાંઈ નથી. આવું છે. એટલે એક ગાથાનો ઘણો ઉપચાર કરી નાખ્યો. પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય નાખ્યું. ૭૬, ૭૭, ૭૮, ૭૯ માં. આહાહા !

તે સમયે ક્રમમાં પ્રકૃત્તિ, સ્થિતિ, અનુભાગ, પરિસ્થિતિ પ્રવર્તવાનો કાળ જ છે એનો. એની જન્મક્ષણ જ એ છે. આહાહાહા ! જે એ કર્મની પર્યાય ઉત્પન્ન થઈ તે ઉત્પન્ન થવાનો એનો જન્મક્ષણ છે. આત્માએ એને કર્મની પર્યાયને ઉપજાવી એમ નથી. આહાહા ! આંહીં તો આખો દિવસ મુંબઈ જાુઓ તો, ઓહોહોહો... ધમાલ ધમાલ ધમાલ આખો દિ' મોહમયી નગરી-આ કર્યું ને આ કર્યું ને ઓલા સટ્ટાવાળાને એક ફેરી જોયું 'તું ભાઈ શેર બજાર નહિ ઓલું દરિયાને કાંઠે સટ્ટાનું કરતા 'ને, કોલાબા કોલાબા એક ફેરી જોયું 'તું, હું એ માલ લેવા ગયેલો ને અમારી દુકાનનો પાલેજથી માલ લેવા ગયેલો, એમાં એક મારવાડી હતો ધમાલ ધમાલ કરતો એ આનો આ ભાવ છે, એનો આ ભાવ છે. આમ કરો, ગાંડે ગાંડા લાગે પણ એ વાત તો અડસઠ પહેલાંની વાત છે, સંવત-૬૮ એ પહેલાંની વાત આ બધી કોલાબા હતા ને અને ત્યાં લંડનથી તાર આવતો પછી એ ઉપરથી આ લેવડદેવડ કરે, એવું હતું કામ તે દિ' ની વાત છે, પણ એક મારવાડી હતો એ તે પણ આમ તમારે ઢીંચકો હતો. આ કરો, આમ કરો, તેમ કરો, શું કરે છે કીધું આમ. આ બધા ગાંડા, માળા લીધા દીધા બહુ કરે.

એ ભાષા થાય છે એ આત્મા કરતો નથી એમ કહે છે. એ ભાષા થાય છે એને પરમાણું પહોંચી વળે છે એના પ્રાપ્યને. આહાહાહા ! એ આત્મા ભાષા કરે છે એમ કહેવું એ તો ઉપચાર ને વિકલ્પનું કલ્પનાનું કથન છે, વાસ્તવિક છે નહિ. આહાહાહા ! બહુ નાખ્યું છે આમાં તો, આ કેમ કે આંહીં જેવો જોગ ને રાગનો કર્તા અજ્ઞાની છે, એથી તેને કર્મબંધન થાય છે, તે કર્મબંધન ને સ્થિતિના જે પ્રકૃત્તિ પ્રદેશ છે, એનું કાર્ય તો એનું એણે કર્યું છે, છતાં આ આત્માએ કર્યું એમ કહેવું એ વ્યવહાર ને ઉપચાર છે, કલ્પના છે ખરેખર તો. આહાહા !

જાુઓ આ ચશ્મા છે ને ? આમ થયો એ આંહીં થવાનું એનું પ્રાપ્ય અવસ્થા થવાની હતી, તેથી આંહીં ઊંચે આવીને એ પોતે થયું છે, એ પ્રાપ્ય છે એનું. ( શ્રોતાઃ- ચશ્મા ઉંચા આંગળીથી થયા છે ) આંગળીથી થયું નથી. આહાહા ! એનું પ્રાપ્ય જ એ વખતે એ હતું ને પોતે આંહીં બદલીને આહીં આવ્યું, એ વિકાર્ય પણ એનું હતું. અને ઉપજ્યું, નિર્વર્ત્ય એ એનું હતું એના કાર્યને આત્માએ કે આંગળીએ કર્યું એ નિમિત્તના કલ્પનાના કથનો છે. આહાહા ! ( એ કલ્પના અવસ્તુ છે કે વસ્તુ છે ? ) કલ્પના છે, કલ્પના મિથ્યાત્વની કલ્પના છે. પણ મિથ્યાત્વની કલ્પના એ પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય એનું છે. આહાહા ! એ કલ્પના પરને માટે કહેવું તે ઉપચાર છે એમ કહેવું છે. એ પર પ્રકૃતિ ને સ્થિતિ, અનુભાગ પડયા એને આત્માએ કર્યું એમ કહેવું ઉપચાર છે, પણ પોતે રાગદ્વેષ ને જોગને કર્યો એ તો યથાર્થ છે, અજ્ઞાનભાવે, અજ્ઞાનભાવે અશુદ્ધ ઉપાદાને કર્યું એ અજ્ઞાનભાવે બરાબર છે. ઝીણું બહુ ઝીણું.

૧૦૭ મી ગાથાનો ભાઈએ પહેલાં હતા ફુલચંદજી "જૈન તત્ત્વ મીમાંસા" અહીંયા આવ્યા 'તા, એમ કહે બીજાના કાર્ય તો સ્વતંત્ર એનાથી થાય પણ જોડેવાળો છે એનાથી થાય એમ કહેવું એ કલ્પના ને ઉપચાર છે. આ ગાથાનો ન્યાય આપેલો નવા તત્ત્વ મિમાંસામાં કે

જૂનામાં ય હશે ખબર નથી. આહાહા ! કાર્ય આ ચોપડીનું પાનું ફરે છે ને આમ કર્યું ને, ઉઘાડયું છે એ કાર્ય થયું છે એ પરમાણુને કારણે આ આંગળીને કારણે નહિ. એની એ વખતે આમ થવાનું પ્રાપ્ય અવસ્થા થવાની હતી તેને પરમાણું પહોંચી વળે છે, આમ હતી ને બદલીને વિકાર્ય થયું ને નિર્વર્ત્ય એના પરમાણુએ એ કામ કર્યું છે. આ આંગળીથી આમ થયું એમ કહેવું એ કલ્પનાનું, ઉપચારનું, વ્યવહારનું કથન છે. આહાહાહાહા ! તો આ બધા આખો દિ' ધંધા કરે, છોકરાઓની પાસે અનુભવ કરાવીને કરે, કેમ પોતે ઘણું પચાસ સાંઈઠ વરસ કામ કર્યું હોય, છોકરા નાના હોય તો એને અનુભવ આપે ને કે લ્યો આમ કરવું તમારે આમ આમ. આહાહાહા ! બધી ગપ છે કહે છે. આહાહા !

વીતરાગ મારગ પરમેશ્વર, જિનેશ્વરનો મારગ કોઈ અલૌકિક છે અત્યારે તો સંપ્રદાયમાં ય ગોટા ઉઠયા છે, આનું આમ દયા પાળો ને પાંજરાપોળ કરો ને પૈસા આંહીં દયો ને એ બધી ક્રિયાઓના કર્તા માને છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહાહા ! કેમ કે તે ક્રિયાની અવસ્થા તે કાળે તેના પરમાણુમાં થવાની હતી તે થઈ છે, એને આત્માએ કરી, પૈસા દીધા લીધા એ બધું કલ્પનાનો ઉપચાર, વ્યવહાર છે, સાચી વાત નથી. ઓહોહોહો ! રાયચંદભાઈ, આ રાયચંદભાઈએ તો હમણાં બે લાખ આપ્યા, નહિ ? નૈરોબી, પંદર લાખનું મંદિર થયું ને નૈરોબી આફ્રિકા, નૈરોબી બે હજાર વર્ષમાં દિગંબર જૈન ( મંદિર ) નહોતું ત્યાં, જેઠ સુદ અગિયારસે મુરત કર્યું, પંદર લાખનું મંદિર કરવાના છે. એમ તો હજી વધારે થશે વીસ લાખ, બે લાખ ને બે હજાર એણે આપ્યા છે. એને દિકરો નથી ને બાઈડી-ભાયડો બે છે ને માં છે એ ત્રણ છે, એટલે પછી પૈસા, બે લાખ બે હજારનું મંદિરમાં ખાતમુહૂર્ત કર્યું આફ્રિકામાં નૈરોબી, કહે છે કે પણ એ પૈસા મેં આપ્યા એમેય નથી. આહાહા ! પણ આપે કોણ ને લ્યે કોણ, ઈ જવાના હોય એ જાય, એ ગયા વિના રહે જ નહિ. આપણે નથી કહેવત અહીંયા ગુજરાતીમાં આપણે, ખાનારનું દાણે દાણે નામ છે એમ કહે છે. આપણે ગુજરાતીમાં ખાનારનું દાણે દાણે નામ છે ન્યાં ? પણ જે પરમાણું ત્યાં આવવાના તે આવવાના ને નહિ આવવાના તે નહિ આવવાના. આહાહા ! એવું છે. આ તો દાખલા, અઢી રૂપિયાનું મણ તો ચાર પૈસે શેર, પછી દાખલા એના લેવા હોય તો પંદર શેરના કેટલા તો પંદર આના આ બધા દાખલા લેવાય વસ્તુ સ્થિતિ એ છે, કોઈ પણ પદાર્થની અવસ્થા તે કાળે તેને જન્મક્ષણ હોય તે થાય તેને આત્મા કરે એ વાત તદ્દન ખોટી છે. એમ બોલાય વ્યવહારથી કે આણે કર્યું એ કલ્પના ને ઉપચારથી કથન છે. આહાહા ! ( શ્રોતાઃ- સ્ત્રીએ બગાડયું હોય કામ ને નુકશાન જાય તો ) એ નુકશાન જાય તો ય એ પર્યાય થવાની હતી એમ. આહાહા ! આકરું બહુ કામ ભાઈ, વીતરાગ મારગ દરેક વસ્તુ સ્વતંત્ર છે. પરમાણુમાં પર્યાય ઉત્પન્ન થવાનો કાળ છે તેથી પ્રકૃતિ ત્યાં કર્મની થાય છે. આહાહા ! આંહીં રાગ આણે કર્યો માટે થયું છે એમ નથી. રાગ તો નિમિત્તમાત્રથી, ઉપચારથી કથન છે. આહાહા !

ભાવાર્થઃ- વ્યાપ્યવ્યાપકભાવ વિના, એટલે કે કર્તાકર્મ વિના, કર્તાકર્મપણું કહેવું, એમ, કર્તાકર્મ વિના, આત્મા કર્તા નહિ ને એ એનું કાર્ય નહિ, એના વિના કર્તાકર્મપણું કહેવું તે ઉપચાર છે. આહાહા ! થોડા શબ્દોમાં ઘણું ભરી દીધું છે. આ તો આખો દિ' અમે કરીએ ને અમે કરીએ, આહાહા... માટે આત્મા પુદ્‌ગલદ્રવ્યને ગ્રહે છે, જોગથી ગ્રહે છે, એ ઉપચાર છે. કષાયથી

સ્થિતિરસ પડે છે એ ઉપચાર છે, વ્યવહાર પરિણમાવે છે એને ને કર્મપણાની અવસ્થારૂપે પરિણમાવે છે ઉપજાવે છે ઇત્યાદિ કહેવું તે ઉપચાર માત્ર છે. આહાહા ! હવે પૂછે છે કે ઉપચાર કઈ રીતે છે ? એનો કોઈ દૃષ્ટાંત આપો તો અમને સમજાય એમ કહે છે.

જયસેનાચાર્યની ટીકામાં દ્રવ્ય–ગુણ–પર્યાય આવે છે. તો એમ જ કોઈ વખતે એવો અર્થ કર્યો હતો કેઃ ‘કારણપર્યાય’ છે ને ત્રિકાળ ! શું કહ્યું ? ફરીઃ દ્રવ્ય ત્રિકાળ છે ધ્રુવ, શુદ્ધ પરિપૂર્ણ. ગુણ પણ પરિપૂર્ણ શુદ્ધ ધ્રુવ છે. અને એક કારણપર્યાય ઉત્પાદ–વ્યય વિનાની એ પણ ધ્રુવ છે. એ કારણપર્યાય છે. પણ તે આ ઉત્પાદ–વ્યયવાળી નહીં. ‘નિયમસાર’ ૧૫મી ગાથામાં એ ( વિષય ) આવ્યો છે. સમજાણું કાંઈ ? અનંતગુણ છે; એની પર્યાય ‘કારણપર્યાય’ છે ઉત્પાદ–વ્યય વિનાની ધ્રુવ. કેમ ? ૨૦૦૨ ની સાલમાં સ્પષ્ટ કર્યું હતું કે, જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ–એ ચાર ( દ્રવ્યની ) પર્યાય પારિણામિકભાવની એકધારાવાહી છે. – શું કહ્યું ? ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ; એની જે પર્યાય છે પારિણામિકભાવની ( તે ) એકધારા ( રૂપે છે ). ત્યાં તો કોઈ બીજો ભાવ નથી, એકધારી–સરખી ( પર્યાય છે ). ત્યારે પર્યાય, ગુણ અને દ્રવ્ય મળીને દ્રવ્ય છે. તો એમ આત્મામાં એવી એકધારાવર્તી પર્યાય ક્યાં આવી ? ઉત્પાદ–વ્યય ( રૂપપર્યાય ) માં તો સંસારની વિકૃતઅવસ્થા છે; મોક્ષમાર્ગમાં અપૂર્ણ શુદ્ધઅવસ્થા છે; અને મોક્ષમાં સંપૂર્ણ શુદ્ધઅવસ્થા છે. એ તો પર્યાયમાં ભેદ પડી ગયો, એકધારા ન રહી. –આ વાત, ‘નિયમસાર’ ગાથાઃ ૧ થી ૧૯ સુધીનાં વ્યાખ્યાન ( ૨૦૦૨ માં થયાં તે પ્રકાશિત થયાં છે ) એમાં લીધી છે. એક મોટો નકશો બનાવ્યો હતો. ( તે વિષે બે મોટા વિદ્વાનોને ) પૂછયું, પણ કાંઈ સમજ્યા નહીં. તો બીજા ( લોકો ) શું સમજશે ? એટલે નકશો મૂકી દીધો. ત્યાં ‘કારણપર્યાય’ ધ્રુવને બતાવવો છે. જેનું દ્રવ્ય ધ્રુવ છે ત્રિકાળ, એવો ગુણ ધ્રુવ છે એવી, ઓલી ( ધર્માસ્તિકાય આદિ ) ચાર દ્રવ્યમાં એકસરખી પર્યાય છે એવી, આ આત્મામાં એકસરખી ( કારણપર્યાય છે ). પણ એ તો ઉત્પાદ– વ્યયવાળી પર્યાય નથી. ઘણો સૂક્ષ્મ ( વિષય ) છે, ભાઈ ! ઉત્પાદ–વ્યય ( પર્યાયમાં ) તો વિકૃતિ છે, અપૂર્ણ શુદ્ધતા છે, પૂર્ણ શુદ્ધતા છે–એવા ભેદ છે, એકધારા આવી નહીં. તો આત્મામાં દ્રવ્ય–ગુણની એકધારા ( રૂપ ) પર્યાયવિના પૂર્ણ દ્રવ્ય કેવી રીતે હોય ? તો ‘નિયમસાર’ ૧૫ મી ગાથામાં લીધું કેઃ ( જેમ ) જે આખો દરિયો છે દરિયો, એની જે સપાટી એકસરખી છે. તેમ એ જે એક સામાન્ય દ્રવ્ય ત્રિકાળ છે તેમાં, અર્થાત્ આ સામાન્ય દ્રવ્ય–ગુણ છે તેમાં, એક ‘કારણપર્યાય’ એકસરખી સપાટી છે. ( પણ ) ( એ ) ઉત્પાદ–વ્યય ( રૂપ ) નથી ! ઝીણી વાત છે. સમજાણું કાંઈ ? ભાઈ શીતલપ્રસાદે લીધું છે કેઃ દ્રવ્ય, ગુણને પર્યાયથી આમાં એકાગ્ર થવું, એ કારણપર્યાય. ( પણ એ અર્થ અહીં બરાબર નથી, કેમકે ) ‘એમાં એકાગ્ર’ તો એ તો નવી ( ઉત્પાદરૂપ ) પર્યાય થઈ. અને ઓલી ( કારણપર્યાય ) તો ત્રિકાળ છે. દ્રવ્ય–ગુણ–પર્યાય ધારાવાહી, ઉત્પાદ–વ્યય વિનાની છે. **( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૧૭૫-૧૭૬, નિયમસાર શ્લોક-૧૦૯ )**

## ગાથા-૧૦૮

कथमिति चेत्-

जह राया ववहारा दोसगुणुप्पादगो त्ति आलविदो।
तह जीवो ववहारा दव्वगुणुप्पादगो भणिदो।।१०८।।

यथा राजा व्यवहारात् दोषगुणोत्पादक इत्यालपितः।
तथा जीवो व्यवहारात् द्रव्यगुणोत्पादको भणितः।।१०८।।

यथा लोकस्य व्याप्यव्यापकभावेन स्वभावत एवोत्पद्यमानेषु गुणदोषेषु व्याप्यव्यापकभावाभावेऽपि तदुत्पादको राजेत्युपचारः, तथा पुद्गलद्रव्यस्य व्याप्यव्यापकभावेन स्वभावत एवोत्पद्यमानेषु गुणदोषेषु व्याप्यव्यापकभावाभावेऽपि तदुत्पादको जीव इत्युपचारः।

---

હવે પૂછે છે કે એ ઉપચાર કઈ રીતે છે? તેનો ઉત્તર દ્રષ્ટાંતથી કહે છેઃ-

**ગુણદોષઉત્પાદક કહ્યો જ્યમ ભૂપને વ્યવહારથી,**
**ત્યમ દ્રવ્યગુણઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી. ૧૦૮.**

ગાથાર્થઃ- [ यथा ] જેમ [ राजा ] રાજાને [ दोषगुणोत्पादकः इति ] પ્રજાના દોષ અને ગુણનો ઉત્પન્ન કરનાર [ व्यवहारात् ] વ્યવહારથી [ आलपितः ] કહ્યો છે, [ तथा ] તેમ [ जीवः ] જીવને [ द्रव्यगुणोत्पादकः ] પુદ્‌ગલદ્રવ્યના દ્રવ્ય-ગુણનો ઉત્પન્ન કરનાર [ व्यवहारात् ] વ્યવહારથી [ भणितः ] કહ્યો છે.

ટીકાઃ-જેમ પ્રજાના ગુણદોષોને અને પ્રજાને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે સ્વ-ભાવથી જ ( પ્રજાના પોતાના ભાવથી જ ) તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં-જોકે તે ગુણદોષોને અને રાજાને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે તોપણ-'તેમનો ઉત્પાદક રાજા છે' એવો ઉપચાર કરવામાં આવે છે; તેવી રીતે પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષોને અને પુદ્‌ગલદ્રવ્યને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે સ્વ-ભાવથી જ ( પુદ્‌ગલદ્રવ્યના પોતાના ભાવથી જ ) તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં-જોકે તે ગુણદોષોને અને જીવને વ્યાપ્ય- વ્યાપકભાવનો અભાવ છે તોપણ-'તેમનો ઉત્પાદક જીવ છે' એવો ઉપચાર કરવામાં આવે છે.

ભાવાર્થઃ-જગતમાં કહેવાય છે કે જેવો રાજા તેવી પ્રજા. આમ કહીને પ્રજાના ગુણદોષનો ઉત્પન્ન કરનાર રાજાને કહેવામાં આવે છે. એવી જ રીતે પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષનો ઉત્પન્ન કરનાર જીવને કહેવામાં આવે છે. પરમાર્થદ્રષ્ટિએ જોતાં એ સત્ય નથી, ઉપચાર છે.

## ગાથા-૧૦૮ ઉપર પ્રવચન

जह राया ववहारा दोसगुणुप्पादगो त्ति आलविदो।
तह जीवो ववहारा दव्वगुणुप्पादगो भणिदो।।१०८।।

ગુણદોષઉત્પાદક કહ્યો જ્યમ ભૂપને વ્યવહારથી,
ત્યમ દ્રવ્યગુણઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી. ૧૦૮. [ ગુણ શબ્દે અહીં પર્યાય છે. ]

ટીકાઃ- જેમ પ્રજાના ગુણદોષોને એમ નથી કહેતા ? કે જેવો રાજા તેવી પ્રજા, એમ બોલે છે. ( શ્રોતાઃ- યથા રાજા તથા પ્રજા ) એ તો કથન માત્ર છે, રાજા મહાપાપી હોય અને ઓલો અંદર ધર્મી હોય. એમાં શું થાય ? ઈ તો કથન માત્ર, એમ કીધું, રાજા જેવો હોય એવી એની અસર પડે પ્રજામાં, રાજા એવી પ્રજા, એ નિમિત્તનું કથન છે. બાકી રાજા એ પ્રજા, રાજાની પર્યાય બીજી ને ઓલાની પર્યાય પ્રજાની પર્યાય બીજી છે. આહાહાહા ! છે ?

પ્રજાના ગુણદોષોને અને પ્રજાને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે, શું કીધું ? કે પ્રજા જે છે એ દોષ કરે છે એમાં વ્યાપ્ય એનું છે, અને વ્યાપક એ કર્તા છે. એનો પ્રજા, પ્રજા જે દોષ કરે છે એ દોષ એનો વ્યાપ્ય એટલે કાર્ય છે અને એનો કર્તા એ અજ્ઞાની આત્મા છે. વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે, સ્વભાવથી પ્રજાના પોતાના ભાવથી તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં-એ પ્રજાના પોતાના ભાવથી, પર્યાય નિર્મળપર્યાય કે દોષ બેયની ઉત્પત્તિ થતાં, આહાહા ! જો કે તે ગુણદોષોને અને રાજાને વ્યાપ્યવ્યાપક ભાવનો અભાવ છે. પ્રજાના ગુણની દશા ને અવગુણની દશા એને અને રાજાને અભાવ છે. રાજાને કારણે કાંઈ પ્રજા ગુણદોષ કરતી નથી. આહાહા ! છે ? રાજાને અભાવ છે. શું કીધું ઈ ? કે જેવો રાજા તેવી પ્રજા, એમ જે કહેવામાં આવે ને પ્રજાના ગુણદોષ રાજા છે, માટે થયા છે એમ નથી. આહાહા ! રાજા( ના ) નર્કે જનારના પરિણામ હોય, પ્રજા મોક્ષ જનારની પર્યાયવાળી હોય. આહાહા !

દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. આ તો દૃષ્ટાંત, રાજા એવી પ્રજા, એ વ્યવહાર કર્યો એમ, વ્યવહારથી બોલાય છે એમ. વાસ્તવિક એમ છે નહિ. તેમનો પ્રજાના ભાવથી ગુણદોષની ઉત્પત્તિ થતાં પ્રજાના ભાવથી ગુણ ને અવગુણની ઉત્પત્તિ પ્રજાના ભાવથી છે, કાંઈ રાજાને કારણે નથી. જો કે તે ગુણદોષોને અને રાજાને વ્યાપ્યવ્યાપક ભાવનો અભાવ છે. પ્રજાના ગુણદોષની પર્યાયને અને રાજાને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે, એટલે કાર્ય ને કર્તાનો અભાવ છે. ગુણદોષનું કાર્ય રાજાથી થયું એમ નથી, તોપણ તેમનો ઉત્પાદક રાજા છે એવો ઉપચાર કરવામાં આવે છે. જોયું ? નિમિત્ત દેખીને ઉપચાર કરવામાં આવે છે. જેવી રાજા એવી પ્રજા. આહાહા !

( શ્રોતાઃ- બાપ એવા બેટા ) બાપ તેવા બેટા, એ બધી ખોટી વાત, બાપ હોય નર્કમાં જનાર હોય, દિકરો મોક્ષમાં જનાર હોય, બાપ હોય મોક્ષમાં જનારો હોય ને દિકરો નર્કમાં જનારો હોય. આહાહા ! એનો બાપ હોય એવા બેટા હોય બધી વાતું એ તો, તીખા ક્રોધ, માન, કષાય સેવ્યા હોય તો એ મરીને એનો બાપ હોય એ ઢોરમાં જાય અને છોકરો રાગ મંદઆદિ

કર્યો હોય તો પુણ્ય હોય તો કોઈ સ્વર્ગમાં જાય, માણસમાં જાય એની સાથે શું સંબંધ છે. એ સ્ત્રી મરીને પશુ થાય ને પતિ મરીને સ્વર્ગમાં જાય એમાં શું છે. સ્ત્રી મરીને સ્વર્ગમાં જાય પતિ મરીને નર્કમાં જાય. જેને અર્ધાંગના કહે આ અર્ધાંગના ધૂળે ય નથી અર્ધાંગના સાંભળને, મારું અડધું અંગ અને તારું અડધું અંગ એમ થઈને બેય અમે એક છીએ. આહાહા ! મારી નાખ્યા ! પરને પોતાનું માનીને કહે. આહાહા !

ઓલું કહ્યું'તું ને એક ફેરી ઘણાં વર્ષની વાત છે. ૮૬ ની સાલમાં ચોમાસું હતુ ને અમરેલી, અમરેલી-લીલાધરભાઈ તમારા મકાનની જોડે અપાસરો છે ને ? ત્યાં ચોમાસું હતું ૮૬માં, એમના બાપ ત્યાં હતા તે વખતે. પછી ત્યાં આંહીં અમરેલી. શું કહેવું'તું ? ત્યાં રહેતા ત્યાં એનું કાર્ય થાતું'તું કાંઈ, ગમે તે તો છતાંય તે કાર્ય અમે કરીએ છીએ એમ માનતા કે ભાઈ આ કાંઈ કરે છે હોં. મકાનમાં પાણી બાણી નાખતા નવું મકાન થતું'તું ને ત્યાં, કોણ કરે ? કરનાર બીજો ને જાણનારો બીજો. કહેવું'તું કાંઈક બીજું, ના ના કરતા'તા ત્યાં એ તો કહી દીધી વાત.

પરની પર્યાયને હું કરું છું એવું કથન છે તે ઉપચાર છે, આરોપિત છે પરદ્રવ્યની જે સમયે જે પર્યાય થાય તે સમયે થવાની ત્યાં એ એના કારણે, એના દ્રવ્યથી થવાની, બીજાથી નહિ. ઉત્પત્તિ થતાં, જો કે ગુણદોષોને અને રાજાને વ્યાપ્યવ્યપાકભાવનો અભાવ છે. તો પણ તેમનો ઉત્પાદક રાજા છે એવો ઉપચાર કરવામાં આવે છે. આહાહા !

સ્વભાવથી જ પુદ્‌ગલદ્રવ્યના પોતાના ભાવથી, આહાહાહા ! શું કહે છે ? જે કર્મ બંધાય છે એને પોતાના સ્વભાવથી ગુણદોષોની ઉત્પત્તિ થતાં, કર્મમાં અશાતાઆદિ પડે ને શાતાઆદિ પડે જશકીર્તિ પડે ને અજશકિર્તી બંધાય. આહાહા ! એ કર્મની પ્રકૃત્તિના ગુણદોષોને અને આત્માને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે, પણ એથી કર્તાકર્મ છે નહિ. આહાહા ! એ અજ્ઞાનીને કારણે હોં, અજ્ઞાની જે રાગ ને જોગનો કર્તા થાય, એને નિમિત્ત સંબંધ છે. કર્તા તરીકે હોં, જ્ઞાની નિમિત્ત કહેવાય, પણ એ કર્તા નહીં. આહાહા ! સમકિતી હોય. વેપારી ધંધો સમકિતી, એ બેઠો હોય થડે એ આ લેવડ-દેવડ થાય એ ક્રિયાનો કર્તા નથી. એ તો જાણનાર છે, પોતે પોતાને જાણવાનું કામ કરે છે, એમાં ઓલો નિમિત્ત થાય છે, એ કાર્યમાં નિમિત્ત થાય છે એમ નહિ, પણ આ પોતાના જ્ઞાનમાં એ નિમિત્ત થાય છે. આરે ! આરે ! હવે આવી વાતું નિમિત્ત થાય છે એટલે કે એનાથી થાય છે એમ નહિ, જ્ઞાનીનું કામ જ્ઞાન તો પોતાનું સ્વપરપ્રકાશક પોતે પર્યાય પ્રાપ્ત થઈને પોતે કરી છે. આહાહા ! એમાં જે રાગ આવ્યો એનું જ્ઞાન થયું, પ્રકૃત્તિ બંધાશે એવો ખ્યાલ આવ્યો સાંભળવામાં, સાંભળીને પ્રકૃત્તિ તેનું જ્ઞાન થાય એનો કર્તા તો નહિ, પણ રાગ ને જોગનોય કર્તા જ્ઞાની નહિ. આહાહા !

પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષોને, પુદ્‌ગલના ગુણદોષ એટલે શું ? પુદ્‌ગલને ગુણદોષ હોય ? પણ પુદ્‌ગલમાં શાતાઆદિ બંધાય અને અશાતા બંધાય એ ગુણદોષ કહેવાય, જસકીર્તિ બંધાય એ ગુણ કહેવાય, અપજશકીર્તિ બંધાય એ દોષ કહેવાય. આહા ! તીર્થંકરપ્રકૃત્તિ બંધાય એ ગુણ કહેવાય અને નર્કનું આયુષ્ય બંધાય એ પરિણામને દોષ કહેવાય, એ એમ ઓલાને દોષ કહેવાય, પરમાણુને દોષ 'ન' કહેવાય કહે છે. આહાહા ! બહુ આમાં ફેરફાર કરવાનો ઘણો પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષોને, પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષોને છે ? અને પુદ્‌ગલદ્રવ્યને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ

હોવાને લીધે, એ પરમાણુમાં જસકીર્તિ બંધાય, શાતાવેદનીય બંધાય, તીર્થંકરપ્રકૃતિ બંધાય, આહારક શરીર બંધાય, પ્રકૃત્તિમાં હોં, અને અજ્ઞાનથી અપજશકીર્તિ બંધાય, નર્કગતિનું આયુષ્ય બંધાય એ બધા દોષ કહેવાય, એ પુદ્‌ગલના દોષ ને ગુણ એ પુદ્‌ગલ કરે છે. અરેરે ! સમજાણું કાંઈ આમાં ? છે ?

પુદ્‌ગલદ્રવ્યના દોષોને અને પુદ્‌ગલને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે સ્વ ભાવથી જ પુદ્‌ગલદ્રવ્યના પોતાના જ ભાવથી તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં પ્રકૃત્તિનો, કર્મનો તે પર્યાય તે કાળે પ્રાપ્ત થવાનો છે તેને તે પ્રકૃત્તિ કરે છે, આત્મા નહિ. આમ ઉત્પત્તિ થતાં જો કે તે ગુણદોષોને અને જીવને વ્યાપ્યવ્યાપકનો અભાવ છે. કર્મની પ્રકૃત્તિના શાતાઆદિ બંધાવી કે અશાતાપણું થવું જશકીર્તિ, અપજસકીર્તિ ને વ્યય એવા ગુણદોષોને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે, એટલે કે કર્તાકર્મનો અભાવ છે એ પર્યાય કાર્ય ને આત્મા કર્તા એમ તો છે નહિ. તોપણ તેમનો ઉત્પાદક જીવ છે એવો ઉપચાર કરવામાં આવે છે. ઉપચાર કરવામાં, નિમિત્તનું જ્ઞાન કરાવવા, આરોપ છે. ઉપચાર એટલે આ દવા કરે ઉપચારને એ છે ? એ ય દવા કરવી એ ઉપચાર છે, મટવું ન મટવું એ એની પર્યાયને આધારે છે. ઉપચાર કહે છે ને, ઉપચાર કંઈક કરો, ઉપચાર કરો એટલે વ્યવહાર કરો ન્યાં તો થવાનું હશે તે થાશે. એ કાંઈ દવાથી ન્યાં રોગ મટી જાય છે ? આહાહા ! આવું કામ બહુ આકરું લોકોને એવો ઉપચાર કરવામાં આવે છે. આહાહા !

ભાવાર્થઃ- જગતમાં કહેવાય છે, કે જેવો રાજા તેવી પ્રજા. એમ બોલાય છે ને ? એ તો ઉપચારનું કથન છે. ક્યાંના રાજા ને ક્યાં પ્રજા. આહાહા ! રાજા મુસલમાન હોય માંસ ખાતો હોય પ્રજા આર્ય માણસ હોય ને દારૂ-માંસને અડતી ય ન હોય પ્રજા, પણ બહારથી નિમિત્તથી એમ કહેવાય ભાષા, આમ કહીને પ્રજાના ગુણદોષનો ઉત્પન્ન કરનાર રાજાને કહેવામાં આવે છે. ઓલા કર્મ હારે મેળવવું છે. આમ કહીને પ્રજાના ગુણદોષોનો ઉત્પન્ન કરનાર રાજાને કહેવાય, તેવી જ રીતે પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષોનો એ પ્રકૃત્તિમાં જે જશકીર્તિ અપજશકીર્તિ આદિ બંધાય એનો ઉત્પન્ન કરનાર જીવને કહેવામાં આવે છે. આહાહાહા ! એ પરમાર્થદૃષ્ટિએ જોતાં તો તે સત્ય નથી, એ સાચું નથી. આહાહા !

શરીરની પર્યાય મુંબઈથી આંહીં આવવાની થઈ એ પરમાણુની પર્યાય છે એ પર્યાયનો કર્તા એ પરમાણું છે. ( પ્લેન નહીં ) એ પ્લેન ફલેનનું કાંઈ નથી, એ પરમાર્થ નથી. કીધું ને એ સત્ય નથી. એ ગાડીમાં આવ્યા કે પ્લેનમાં આવ્યા એ સાચું નથી એ એમ કહે છે. આવું છે. નિમિત્તના કથન છે એવી જ રીતે પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષોને ઉત્પન્ન કરનાર જીવને કહેવામાં આવે છે. જેમ પ્રજાના દોષોને રાજાના કહેવામાં આવે એમ કર્મમાં થયેલી પર્યાયના ગુણ અવગુણની દશા એને આત્મા વડે કરવામાં આવે એ પરમાર્થ દૃષ્ટિએ જોતાં એ સાચું નથી. વસ્તુની સ્થિતિથી જોતા એ વાત સાચી નથી. ( શ્રોતાઃ- શાસ્ત્રમાં લખ્યું છે ને ? ) શાસ્ત્ર બાસ્ત્ર કોણ લખે ? શાસ્ત્રમાં અક્ષરની પર્યાય થાય છે તેનો કર્તા એ અક્ષર છે. આહાહા ! એ પ્રાપ્ય એનું છે. એ પરમાણું તે વખતે ને અક્ષરપણે પરિણમવાના હતા તે થયા છે. કલમથી થયા નથી, લખનારે કર્યા નથી. આહાહાહા ! છાપનારે છાપ્યું નથી. છાપનારે રાગ કર્યો છે. એને હું છાપું એવું અભિમાન કરે છે. આવું કામ છે. વિશેષ કહેવાશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

# શ્લોક-૬૩

(वसन्ततिलका)

जीव: करोति यदि पुद्गलकर्म नैव
कस्तर्हि तत्कुरुत इत्यभिशङ्कयैव।
एतर्हि तीव्ररयमोहनिवर्हणाय
सङ्कीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ।।६३।।

**હવે આગળની ગાથાની સૂચનિકારૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ-'[ यदि पुद्गलकर्म जीव: न एव करोति ] જો પુદ્‌ગલકર્મને જીવ કરતો નથી [ तर्हि ] તો [ तत् क: कुरुते ] તેને કોણ કરે છે ? [ इति अभिशङ्कया एव ] એવી આશંકા કરીને, [ एतर्हि ] હવે [ तीव्र-रय-मोह-निवर्हणाय ] તીવ્ર વેગવાળા મોહનો ( કર્તાકર્મપણાના અજ્ઞાનનો ) નાશ કરવા માટે, [ पुद्गलकर्मकर्तृ सङ्कीर्त्यते ] 'પુદ્‌ગલકર્મનો કર્તા કોણ છે. તે કહીએ છીએ; [ शृणुत ] તે ( હે જ્ઞાનના ઇચ્છક પુરુષો ! ) તમે સાંભળો. ૬૩.**

## પ્રવચન નં. ૨૦૯ શ્લોક-૬૩ તથા ગાથા ૧૦૯ થી ૧૧૨

**શુક્રવાર, ફાગણ સુદ-૪, તા. ૨/૩/'૭૯**

સમયસાર કળશ-૬૩.

जीव: करोति यदि पुद्गलकर्म नैव कस्तर्हि तत्कुरुत इत्यभिशङ्कयैव।
एतर्हि तीव्ररयमोहनिवर्हणाय सङ्कीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ।।६३।।

"યદિ પુદ્‌ગલકર્મ જીવઃ ન કરોતિ" શિષ્યનો પ્રશ્ન છે. સમજવાનો કામી છે એથી એને સાંભળ એમ કહે છે. 'શૃણુત' કીધું ને ? 'શૃણુત' સાંભળ. પુદ્‌ગલકર્મને જીવ કરતો નથી. જો પુદ્‌ગલકર્મને જીવ કરતો નથી, તો તેને કોણ કરે છે ? "ઇતિ અભિશંક્યા એવ' એવી આશંકા કરી, આશંકા એટલે શંકા નહિ, પણ મને સમજાણું નથી, એનું નામ આશંકા. શંકા એટલે તમારું કહેવું ખોટું છે એમ શંકા, એ નહિ. આશંકા કીધી, આ કેમ છે, શું છે, તે મને સમજાતું નથી. એવી આશંકા કરીને હવે "તીવ્ર રય મોહ નિવર્હણાય" તીવ્ર વેગવાળા મોહનો કર્તાકર્મપણાના અજ્ઞાનનો નાશ કરવા માટે 'પુદ્‌ગલકર્મ કર્તૃ સંકીર્ત્યતે', પુદ્‌ગલકર્મનો કર્તા કોણ છે ? તે કહીએ છીએ, શૃણુત શબ્દ આવ્યો છે. આમાં લો, વંદિતુમાં શૃણુત નથી આવ્યું, વોચ્છામિ આવ્યું છે. પહેલી ગાથા, કહીશ.

અહીં તો સાંભળ, એ આવ્યું છે. કારણકે વસ્તુ છે ને આત્મા એ દ્રવ્ય છે તે કર્તા નથી એમ સિદ્ધ કરવું છે. દ્રવ્ય તો શુદ્ધ છે એ કર્તા રાગનો કે કર્મનો કે એ ગુણસ્થાનનો એ કર્તા એ છે જ નહિ. આહાહા ! જેની દૃષ્ટિમાં મિથ્યાત્વ ગયું છે એ તો ઠીક પણ મિથ્યાત્વ હોય તોય કહે છે કે દ્રવ્ય સ્વભાવ છે એ મિથ્યાત્વઆદિ ગુણસ્થાન કર્મને કરે છે, આત્મા નહિ. આહાહા ! એ કહે જો 'શૃણુતા' હે જ્ઞાનના ઇચ્છક, તમે સાંભળો. આહાહા !

## ગાથા-૧૦૯ થી ૧૧૨

सामण्णपच्चया खलु चउरो भण्णंति बंधकत्तारो।
मिच्छत्तं अविरमणं कसायजोगा य बोद्धव्वा।।१०९।।

तेसिं पुणो वि य इमो भणिदो भेदो दु तेरसवियप्पो।
मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं।।११०।।

एदे अचेदणा खलु पोग्गलकम्मुदयसंभवा जम्हा।
ते जदि करेंति कम्मं ण वि तेसिं वेदगो आदा।।१११।।

गुणसण्णिदा दु एदे कम्मं कुव्वंति पच्चया जम्हा।
तम्हा जीवोऽकत्ता गुणा य कुव्वंति कम्माणि।।११२।।

सामान्यप्रत्ययाः खलु चत्वारो भण्यन्ते बन्धकर्तारः।
मिथ्यात्वमविरमणं कषाययोगौ च बोद्धव्याः।।१०९।।

तेषां पुनरपि चायं भणितो भेदस्तु त्रयोदशविकल्पः।
मिथ्यादृष्ट्यादिः यावत् सयोगिनश्चरमान्तः।।११०।।

एते अचेतनाः खलु पुद्गलकर्मोदयसम्भवा यस्मात्।
ते यदि कुर्वन्ति कर्म नापि तेषां वेदक आत्मा।।१११।।

गुणसंज्ञितास्तु एते कर्म कुर्वन्ति प्रत्यया यस्मात्।
तस्माज्जीवोऽकर्ता गुणाश्च कुर्वन्ति कर्माणि।।११२।।

---

पुद्गलकर्मणः किल पुद्गलद्रव्यमेवैकं कर्तृ; तद्विशेषाः मिथ्यात्वाविरतिकषाययोगा बन्धस्य सामान्यहेतुतया चत्वारः कर्तारः। ते एव विकल्प्यमाना मिथ्यादृष्ट्यादिसयोगकेवल्यन्तास्त्रयोदश कर्तारः। अथैते पुद्गलकर्मविपाकविकल्पत्वादत्यन्तमचेतनाः सन्तस्त्रयोदश कर्तारः केवला एव यदि व्याप्यव्यापकभावेन किञ्चनापि पुद्गलकर्म कुर्युस्तदा कुर्युरेव; किं जीवस्यात्रापतितम् ? अथायं तर्कः-पुद्गलमयमिथ्यात्वादीन् वेदयमानो जीवः स्वयमेव मिथ्यादृष्टिर्भूत्वा पुद्गलकर्म करोति। स किलाविवेकः, यतो न खल्वात्मा भाव्यभावकभावाभावात् पुद्गलद्रव्यमयभिथ्यात्वादिवेदकोऽपि , कथं पुनः पुद्गलकर्मणः कर्ता नाम ? अथैतदायातम्-यतः पुद्गलद्रव्यमयानां चतुर्णां सामान्यप्रत्ययानां विकल्पास्त्रयोदश विशेषप्रत्यया गुणशब्दवाच्याः केवला एव कुर्वन्ति कर्माणि , ततः पुद्गलकर्मणामकर्ता जीवो , गुणा एव तत्कर्तारः। ते तु पुद्गलद्रव्यमेव। ततः स्थितं पुद्गलकर्मणः पुद्गलद्रव्यमेवैकं कर्तृ।

પુદ્‌ગલકર્મનો કર્તા કોણ છે તે હવે કહે છેઃ-

**સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,**
**-મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.**
**વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,**
**-મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.**
**પુદ્‌ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,**
**તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.**
**જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,**
**તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.**

ગાથાર્થઃ-[ चत्वारः ] ચાર [ सामान्यप्रत्ययाः ] સામાન્ય *પ્રત્યયો [ खलु ] નિશ્ચયથી [ बन्धकर्तारः ] બંધના કર્તા [ भण्यन्ते ] કહેવામાં આવે છે- [ मिथ्यात्वम् ] મિથ્યાત્વ, [ अविरमणं ] અવિરમણ [ च ] તથા [ कषाययोगौ ] કષાય અને યોગ ( એ ચાર ) [ बोद्धव्याः ] જાણવા. [ पुनः अपि च ] અને વળી [ तेषां ] તેમનો, [ अयं ] આ [ त्रयोदशविकल्पः ] તેર પ્રકારનો [ भेदः तु ] ભેદ [ भणितः ] કહેવામાં આવ્યો છે- [ मिथ्यादृष्ट्यादिः ] મિથ્યાદૃષ્ટિ ( ગુણસ્થાન ) થી માંડીને [ सयोगिनः चरमान्तः यावत् ] સયોગકેવળી ( ગુણસ્થાન ) ના ચરમ સમય સુધીનો, [ एते ] આ ( પ્રત્યયો અથવા ગુણસ્થાનો ) [ खलु ] કે જેઓ નિશ્ચયથી [ अचेतनाः ] અચેતન છે [ यस्मात् ] કારણ કે [ पुद्‌गलकर्मोदयसम्भवाः ] પુદ્‌ગલકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે [ ते ] તેઓ [ यदि ] જો [ कर्म ] કર્મ [ कुर्वन्ति ] કરે તો ભલે કરે; [ तेषां ] તેમનો ( કર્મોનો ) [ वेदकः अपि ] ભોક્તા પણ [ आत्मा न ] આત્મા નથી. [ यस्मात् ] જેથી [ एते ] આ [ गुणसंज्ञिताः तु ] 'ગુણ' નામના [ प्रत्ययाः ] પ્રત્યયો [ कर्म ] કર્મ [ कुर्वन्ति ] કરે છે [ तस्मात् ] તેથી [ जीवः ] જીવ તો [ अकर्ता ] કર્મનો અકર્તા છે [ च ] અને [ गुणाः ] 'ગુણો' જ [ कर्माणि ] કર્મોને [ कुर्वन्ति ] કરે છે.

ટીકાઃ-ખરેખર પુદ્‌ગલકર્મનો, પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે; તેના વિશેષો-મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ બંધના સામાન્ય હેતુઓ હોવાથી ચાર કર્તા છે; તેઓ જ ભેદરૂપ કરવામાં આવતાં ( અર્થાત્ તેમના જ ભેદ પાડવામાં આવતાં ), મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગકેવળી સુધીના તેર કર્તા છે. હવે, જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે એવા આ તેર કર્તાઓ જ કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલકર્મને જો કરે તો ભલે કરે; તેમાં જીવને શું આવ્યું ? ( કાંઈ જ નહિ. ) અહીં આ તર્ક છે કે "પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદતો ( ભોગવતો ) જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે". ( તેનું સમાધાનઃ- ) આ તર્ક ખરેખર અવિવેક છે, કારણ કે

*પ્રત્યયોઃ- કર્મબંધના કારણો અથવા આસ્રવો

**ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી આત્મા નિશ્ચયથી પુદ્‌ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી, તો પછી પુદ્‌ગલકર્મનો કર્તા કેમ હોય ? માટે એમ ફલિત થયું કે-જેથી પુદ્‌ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયોના ભેદરૂપ તેર વિશેષપ્રત્યયો કે જેઓ 'ગુણ' શબ્દથી કહેવામાં આવે છે ( અર્થાત્ જેમનું નામ ગુણસ્થાન છે ) તેઓ જ કેવળ કર્મોને કરે છે, તેથી જીવ પુદ્‌ગલકર્મોનો અકર્તા છે, 'ગુણો' જ તેમના કર્તા છે; અને તે 'ગુણો' તો પુદ્‌ગલદ્રવ્ય જ છે; તેથી એમ ઠર્યું કે પુદ્‌ગલકર્મનો પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે.**

**ભાવાર્થઃ-શાસ્ત્રમાં પ્રત્યયોને બંધના કર્તા કહેવામાં આવ્યા છે. ગુણસ્થાનો પણ વિશેષ પ્રત્યયો જ છે તેથી એ ગુણસ્થાનો બંધના કર્તા છે અર્થાત્ પુદ્‌ગલકર્મના કર્તા છે. વળી મિથ્યાત્વાદિ સામાન્ય પ્રત્યયો કે ગુણસ્થાનરૂપ વિશેષ પ્રત્યયો અચેતન પુદ્‌ગલદ્રવ્યમય જ છે, તેથી એમ સિદ્ધ થયું કે પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મનું કર્તા ( -કરનારું ) છે; જીવ કર્તા નથી. જીવને પુદ્‌ગલકર્મનો કર્તા માનવો તે અજ્ઞાન છે.**

## ગાથા ૧૦૯ થી ૧૧૨ ઉપર પ્રવચન

सामण्णपच्चया खलु चउरो भण्णंति बंधकत्तारो।
मिच्छत्तं अविरमणं कसायजोगा य बोद्धव्वा।।१०९।।

तेसिं पुणो वि य इमो भणिदो भेदो दु तेरसवियप्पो।
मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं।।११०।।

एदे अचेदणा खलु पोग्गलकम्मुदयसंभवा जम्हा।
ते जदि करेंति कम्मं ण वि तेसिं वेदगो आदा।।१११।।

गुणसण्णिदा दु एदे कम्मं कुव्वंति पच्चया जम्हा।
तम्हा जीवोऽकत्ता गुणा य कुव्वंति कम्माणि।।११२।।

સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,
–મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.

વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,
–મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.

પુદ્‌ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,
તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.

જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,
તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.

ટીકાઃ– "ખરેખર પુદ્‌ગલકર્મનો, પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે." આહાહા ! એ બીજી જાત એ બધી અચેતન પરિણામ છે ૧૩ ગુણસ્થાનના, એ બધા અચેતન પુદ્‌ગલ છે એમ આંહીં ઠરાવવું છે, ભગવાન આત્મામાં એ ક્યાં છે ? એ તો ૬૮ ગાથામાં આવી ગયું છે, ગુણસ્થાન

તેર, ગુણસ્થાન આત્મામાં નથી.

પુદ્‌ગલકર્મનો પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે એક વાત. તેના વિશેષો ચાર છે. એકકોર પુદ્‌ગલ એક, એના વિશેષ ચાર એનાં, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, બંધના સામાન્ય હેતુઓ હોવાથી ચાર કર્તા છે, પહેલાં એક કર્તા છે કહ્યું, પછી એના ભેદ ચાર કીધા, તેઓ જ ભેદરૂપ કરવામાં આવતાં ચારના ભેદ કર્તા એકના ચાર અને ચારના તેર. આહા ! અર્થાત્ તેમના જ ભેદ પાડવામાં આવતાં મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગકેવળી સુધીના તેર કર્તા છે. આહાહાહા !

અહીં તો એને ત્યાં સુધી સમજાવવું છે કે ભાઈ દ્રવ્ય છે ને જે શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એનું લક્ષ કર, તો મિથ્યાત્વ છે ને, એ બધા નાશ થઈ જશે, એ બધા કર્તા છે એ કર્તાપણું તારામાં નહિ રહે. આહાહાહા ! ચૈતન્ય શુદ્ધ દ્રવ્ય છે, એમાં મિથ્યાત્વથી માંડીને આ તેર ગુણસ્થાન એ આ સ્વરૂપમાં નથી, એ તો પુદ્‌ગલકર્મના કારણે થતાં ચાર ને તેર ભેદ પડયા છે એ પુદ્‌ગલકર્મ, કરે તો કરો તારે શું છે. આહાહાહા ! એમ કરીને જીવ શુદ્ધ દ્રવ્ય છે, એ સિદ્ધ કરવું છે. શુદ્ધ જીવ દ્રવ્ય છે એ આના કર્તા નથી. આહાહાહા !

તેર છે તે પણ આવ્યું ને તેર હવે જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી તેર તો નામ આપ્યા, પહેલું પુદ્‌ગલકર્મ બંધનું કારણ કીધું એના ચાર ભેદ કીધા મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, એના તેર ભાવ સયોગીકેવળી સુધી, જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી, તેર પ્રકાર તો પુદ્‌ગલકર્મનો પાક છે, એમાં ભગવાન આત્માના આનંદનો પાક ત્યાં નથી. આહાહાહા !

અત્યારે એને, એની અશુદ્ધ પર્યાયો છે, એ બધી પુદ્‌ગલમાં નાખી દીધી છે. છે ? કહે છે કે જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચૈતન છે. એ તેરેય ગુણસ્થાન અચૈતન છે, એ તો ૬૮ ગાથામાં આવી ગયું છે. જડ છે, એ કરે તો કરો, ચૈતન્ય ભગવાન આત્મા આનંદનો નાથ સ્વરૂપ પ્રભુ. આહાહા ! અહીં તો મિથ્યાત્વથી લીધું છે સમકિત થાય ને બંધ ન પડે ને આ થાય, પણ આહીં તો મિથ્યાત્વ( ની વાત છે ) વસ્તુનું સ્વરૂપ, વસ્તુ એવી બનેલી છે. વસ્તુ એવી છે શુદ્ધ ચૈતન્યઘન કે જેને મિથ્યાત્વઆદિ પણ એમાં નથી. એ બધું પુદ્‌ગલકર્મના વિપાકનું ફળ મિથ્યાત્વાદિ એમ કહે છે. આહાહાહા !

શું કહ્યું ? સમ્યગ્દર્શન પછી તો, એમ કહે કે ભાઈ અચેતન છે અને અચેતન તે કર્તા, પણ આહીં તો એ મિથ્યાત્વથી માંડીને કહ્યું, મિથ્યાત્વ છે એ પુદ્‌ગલકર્મના વિપાકનું ફળ છે, તારા આત્મામાંથી વિપાક થાય ને મિથ્યાત્વ થાય એવી વસ્તુ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? ( શ્રોતાઃ- આત્મા મિથ્યાત્વ કેવી રીતે કરે ? ) શુદ્ધ તો એની દૃષ્ટિ કરાવવી છે એને, વસ્તુ શુદ્ધ છે, મિથ્યાત્વ એ પણ પુદ્‌ગલકર્મના વિપાકનું ફળ છે, એ ચૈતન્યનું ફળ નથી. આહાહા ! ‘શુદ્ધ જાણે તે શુદ્ધને અનુભવે, અશુદ્ધ જાણે તે અશુદ્ધને પામે’ આવે છે કે નહિ ? આહાહા ! ઝીણું બહુ.

વસ્તુ છે એ દ્રવ્ય જે વસ્તુ છે, એ તો “સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિકભાવ પરમ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય છે.” આહાહા ! એ દ્રવ્ય કર્મને કેમ કરે ? એની પર્યાયના ભેદ પડે છે, પર્યાયના ભેદ, એ પણ પુદ્‌ગલકર્મનો પાક છે, એમ

કહે છે. આહાહાહાહા ! મિથ્યાત્વ છે એ પણ દર્શનમોહનો પાક છે. અવ્રત છે એ ચારિત્ર મોહનો પાક છે, એ બધા કર્મના પાકના તેર ભેદ છે. આહાહા ! ઝીણી વાત છે જરી અંદર, આહીં તો એથી આગળ લઈ જશે.

જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી, કોણ ? મિથ્યાત્વથી માંડીને સયોગી તેર ગુણસ્થાન, એ કર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે. સયોગી ગુણસ્થાન અચેતન છે. ગુણસ્થાન છે ને ? આહાહાહા ! ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ સ્વરૂપ પરમ પારિણામિક સ્વભાવ, આહાહા... તેમાં આ ક્યાં છે ? પુદ્‌ગલકર્મના વિપાક, પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે. એવા આ તેર કર્તાઓ જ, એ તેર મિથ્યાત્વ, સાસાદાન, મિશ્ર, અવિરતિ, વિરતાવિરતી, વિરતી સપ્તમ, આઠ, નવ, દશ, અગિયાર, બાર, તેર એ જીવ કર્તાઓ કેવળ અચેતન એવા આ તેર કર્તાઓ, અચેતન એવા તેર કર્તાઓ, પુદ્‌ગલકર્મના પાક એવા જે અચેતન તેર ગુણસ્થાન, કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલકર્મને કરે તો ભલે કરે. આહાહા !

( કહે છે ) એટલે ? કેવળ વ્યાપ્યવ્યાપકભાવે, એ વ્યાપક થઈને નવું કોઈ કર્મ બંધાય વ્યાપ્ય, તો એ એમાં જાય કે મય છે એનામાં જાય છે, વ્યાપ્યવ્યાપક ખરેખર તો પરમાં દરેક દ્રવ્યનું વ્યાપક દ્રવ્ય છે અને પર્યાય વ્યાપ્ય છે, એ આહીં નથી લેવું, આહીં તો એ કહે છે કે તેર ગુણસ્થાન જે છે, એ વ્યાપક છે અને નવા કર્મ બાંધે છે એ વ્યાપ્ય છે. એ કર્મ વ્યાપક છે ને વ્યાપ્ય નવું કર્મ તે વ્યાપ્ય છે. પરદ્રવ્ય છે, જે આ તેર ગુણસ્થાન છે એ તો કર્મના પાકનું ફળ. હવે એ કહે છે કે નવા કર્મ બાંધવામાં ભલે એ બાંધે વ્યાપ્યવ્યાપક થઈને એ વિકારી ભાવ છે એ પ્રસરીને ભલે નવા કર્મ વ્યાપ્યને બાંધે, એમ અહીં સંબંધ લેવો છે. આહા ! નહીંતર વ્યાપ્યવ્યાપકભાવ તો એક દ્રવ્યમાં કર્તા તે વ્યાપક, કર્મ, કાર્ય તે વ્યાપ્ય, એમ હોય, પણ આંહીં તો એકદમ તદ્‌ન શુદ્ધ વસ્તુ લેવી છે એકદમ, ચૈતન્યદ્રવ્ય લેવું છે. દ્રવ્ય છે, એ તેર ગુણસ્થાન અચેતન છે, એ ચેતન નહીં, એ તેર ગુણસ્થાન અચેતન છે ચેતન નહિ. આહાહા ! ચૈતનસ્વભાવ જે આત્માનો એ જ પોતે તેર ગુણસ્થાનને કેમ કરે, એ તો અચેતન છે, એ તો કરે નહિ પણ નવા કર્મ બાંધે ને એ ક્યાં પોતે અચેતન ગુણસ્થાન જ જ્યાં ચેતનના નથી તો નવા બાંધવા એ તો ત્યાં રહ્યું નહિ. એ થોડીવાર ભલે, થોડીવાર કેમ કહ્યું છે ? કે જેને આ સાંભળવાની ઇચ્છા હતી અને શુદ્ધ દ્રવ્યના ઉપર આશ્રય કરવાનો ભાવ હોય, તેને તો એ મિથ્યાત્વ આદિ ભાવ હોય તોય અલ્પકાળમાં ટળી જશે, હા બધું ય ટળી જશે. આહાહા !

જીવ, કરે તો ભલે કરે, ( પુદ્‌ગલ કરે તો ભલે કરે ) એ તેર ગુણસ્થાન પુદ્‌ગલ છે એ નવા કર્મને કરે તો કરો, એ ત્યાં કહે છે. આહા ! આ તેર કર્તાઓ જ કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલકર્મને જો કરે તો ભલે કરો; તેમાં જીવને શું આવ્યું ? દ્રવ્ય જે છે એ તો શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ છે એ નવું કર્મ બંધાણું તો કહે છે એ ગુણસ્થાનને કારણે એને નવું બંધાણું, એ વ્યાપ્યવ્યાપક એમાં ગયું. આત્મા ક્યાંય એમાં આવતો નથી. આહાહા ! આત્મા તો તેર અચેતન ગુણસ્થાનમાં આવતો નથી તો પછી નવા બંધનમાં, એ ક્યાં છે ? આહાહા ! ઝીણું છે, જરી અટપટું છે.

આમાં નાખ્યું છે ને જયસેન આચાર્યે, હળદર અને ફટકડી લાલ રંગ બેથી થાય, એકથી

ન થાય એવું નાખ્યું છે. દિકરો એમ કે એકથી ન થાય, બે જણા હોય તો થાય આદમી અને બાઈ, એમ બે નો દિકરો, એકનો દિકરો નથી એમ કહીને અહીંયાં એ પુદ્ગલકર્મનું કાર્ય છે એમ એને બતાવવું છે. ચૈતન્યની પર્યાય છે એની યોગ્યતા પણ પુદ્ગલ ભેગું છે ત્યારે એ કાર્ય થયું છે, એમ કહે છે. એ આ ટીકામાં છે આમાં. આહાહા !

તેર કર્તાઓ જ કેવળ પાછું, છે ? મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરતિ, સમ્યગ્દષ્ટિ, વિરતા વિરતિ, શ્રાવક વિરતિ મુનિ, અપ્રમત સાતમુ આદિ તેર, એ અચેતન છે, તેરે ય ગુણસ્થાન, એ ૬૮માં ય આવી ગયું છે. જવથી જવ થાય એમ આવી ગયું છે આગળ, પુદ્ગલથી પુદ્ગલ થાય એમ.

જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી, અત્યંત અચેતન છે.–એવા તેર કર્તાઓ જ કેવળ આમાં લે, માળાઓ નાખે છે, જુઓ કર્મને લઈને થયું આ ગુણસ્થાન, અહીં બીજી વાત સિદ્ધ કરવી છે એ બધું પુદ્ગલ આ છે આ અપેક્ષાએ, ઓલી અપેક્ષાએ લેવા જાય તો પર્યાય તો એની છે ને પોતે કરેલી છે ક્રમબદ્ધમાં પણ એના સ્વરૂપમાં નથી. જેને સ્વરૂપનું લક્ષ કરવું છે એને ભલે મિથ્યાત્વ આદિ હો, છતાં આ સ્વરૂપના લક્ષે એ બધા તેર કર્તાઓ છે, તેનો પોતે જ્ઞાતા થઈ જાય છે. પછી મિથ્યાત્વેય ટળી જાય છે, અને ઓલું ય ટળી જાય છે. આહાહા ! ઝીણી વાત છે.

“એમાં જીવને શું આવ્યું ?” પુદ્ગલકર્મને કરે પુદ્ગલ તો કરો, તેર વ્યાપ્યવ્યાપકથી, કર્તાકર્મથી ઠીક. આહાહા ! એ તેર ગુણસ્થાન કર્તા અને નવું બંધાય તે તેનું કર્મ. આહાહા ! એ કહે થોડીવાર હાલે. વસ્તુ જે આમ છે પૂર્ણ એના ઉપર જો એનું લક્ષ ગયું તો એને આ તેર ગુણસ્થાન કર્તાપણું થોડા વખત કરે તો, ( કરે એમાં ) જીવને શું આવ્યું ? જીવ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, એનું આગળ વધતા લક્ષ ત્યાં હશે તો આ મિથ્યાત્વઆદિ પણ ટળી જશે, એ તેર ગુણસ્થાન ટળી જશે ને એ તેર ગુણસ્થાન એમાં રહેશે નહિ. આહા ! મિથ્યાત્વેય નહિ રહે ને શુદ્ધ દ્રવ્ય શું કરે ? જ્યારે દ્રવ્ય બેસે એને, એમ કહેવું છે. ચૈતન્ય શુદ્ધ દ્રવ્ય વસ્તુ છે એ તો સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય એવું દ્રવ્ય છે એનું જેને લક્ષ થાય, એને ભલે કહે છે કે આ તેર છે એ કરે થોડો કાળ, પણ એમાં જીવને શું આવ્યું ? આહાહા ! સમજાણું કાંઈ ?

સમ્યગ્દષ્ટિ તો કર્તા નથી જ, ગુણસ્થાનનો કર્તા નથી, જેમ આ છે અને એના ગુણસ્થાન છે એને અચેતન કહીને કર્મના–પાક ગણીને, જીવદ્રવ્ય સ્વભાવ છે એનો એ પાક ક્યાં છે ? ભગવાન તો આનંદમૂર્તિ પ્રભુ છે, અતીન્દ્રિય આનંદનો સાગર છે. આહાહા ! સુખદરિયો નહોતું આવ્યું સ્તુતિમાં ? ગુણભરેલો સુખદરિયો. આહાહા ! અતીન્દ્રિય આનંદનો દરિયો છે સ્તુતિમાં આવ્યું ’તું ગુણભરિયો, સુખદરિયો. આહા ! પૈસા બૈસામાં સુખ નથી એમ કહે છે. બાઈડી ને છોકરાં ને મકાન ને આબરું ને એમાં સુખ નથી એમ કહે છે. સુખ છે તારામાં. એટલું સુખ ભર્યું છે કે જો તારું ત્યાં લક્ષ જાય તો મિથ્યાત્વ આદિ તેર ગુણસ્થાન થોડીવાર કર્મ કરે તો કરો, તારા જીવને પછી કાંઈ છે નહિ. આહાહા ! જરી ઝીણી વાત છે હોં. આહાહાહા !

આત્મા દ્રવ્ય છે, આવો જે અસ્તિ પરમાનંદની મૂર્તિ પ્રભુ, દરેકનો આત્મા હોં, એ છે એ મિથ્યાત્વને કેમ કરે ? મિથ્યાત્વ એ પુદ્ગલકર્મનો પાક છે. આહાહા ! ભાષા એમ લીધી છે આમ

કીધુંને ? શૃણુત એમ કીધું 'તું ને ઓલામાં અર્થ શું કર્યો 'તો, છે ? હે જ્ઞાનના ઇચ્છક પુરુષો શૃણુત, સુણો અમૃતચંદ્રાચાર્ય કહે છે સાંભળ ભાઈ, વાત તો એને ય ઓલો જ્ઞાનનો ઇચ્છક છે એ, એને કહે છે કે સાંભળ. આહાહા ! તું એવી ચીજ છો અંદર જીવદ્રવ્ય કે જેમાં આ તેર ગુણસ્થાન નથી અને તેથી તે ગુણસ્થાનને તું પ્રભુ ચૈતન્ય છો, તો ગુણસ્થાનને અચેતન કહીએ છીએ. આહાહા ! એ અચેતન નવા કર્મને થોડો સમય કરે તો કરો, જીવને શું આવ્યું ? આહા !

આ ગાથાઓ જુદી જાતની છે. અશુદ્ધ નિશ્ચયથી જે પર્યાય થાય છે એને વ્યવહાર ગણીને પુદ્‌ગલના કર્મનો પાક ગણ્યો. અહીંયા એકલો દ્રવ્યસ્વભાવ જે છે ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો કંદ છે, અતીન્દ્રિય આનંદનો રસકંદ વસ્તુ છે. આહાહા ! એ વસ્તુમાં વળી આ મિથ્યાત્વ ને ગુણસ્થાન ને ફુણસ્થાન એમાં ક્યાં છે. આહાહા ! માટે તે બધાં પુદ્‌ગલકર્મના વિપાક છે, પુદ્‌ગલકર્મનું ફળ છે, ચૈતન્યનું નહિ. આહાહા ! એને લક્ષ ફેરવાવે છે. સાંભળ કરીને લક્ષ ફેરવાવે છે. આ અંદર ભગવાન, ભલે કહે છે મિથ્યાત્વાદિ ગુણસ્થાન હોં, પણ આમ અંદરમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદ છે, જો તેનું ત્યાં લક્ષ કરવા જઈશ તો ત્યાં એ ૧૩ ગુણસ્થાન થોડીવાર બંધનનો કર્તા થાય તો થાવ, તારા જીવ દ્રવ્યને કાંઈ નથી. આહાહાહા ! ઓહોહો !

એક બાજુ કહે કે નિશ્ચયથી રાગનો કર્તા નિશ્ચયથી જીવ છે. ૧૮૯ ગાથામાં છે પ્રવચનસાર, નિશ્ચયથી છે, નિશ્ચયનયથી છે રાગ ને પુણ્યપાપના પરિણામનો નિશ્ચયનયથી કર્તા છે ૧૮૯ ગાથા. ત્યાં એની પર્યાયમાં છે એમ બતાવવું છે, પણ આંહીં તો વસ્તુ જ્યાં અંદર પૂર્ણાનંદ જ્યાં પર્યાયેય એમાં નથી અંદર, ક્ષાયિકભાવ, ઉપશમભાવ પણ જેમાં નથી. તેવો સહજ પરમ પારિણામિક સ્વભાવરૂપ પિંડ પ્રભુ. આહાહા ! સહજ પરમસ્વભાવભાવનો પિંડ આત્મા, એ શું કરે ? કહે છે, એ ગુણસ્થાનને શું કરે, અને એ નવા કર્મને ય શું કરે ? આહાહા !

અટપટુ છે થોડું, હેં ? ( શ્રોતાઃ- આપ ચોખ્ખું કરી દો ) આટલું તો કરીએ છીએ, અંદર શૃણુત એમાંથી શબ્દ છે, એ ય, જ્ઞાનના ઇચ્છક સાંભળ એમ કીધું છે ને ? વંદિતું એમાં સાંભળ એમ નથી આવ્યું ત્યાં, વોચ્છામિ આવ્યું છે, કહીશ. આંહીં તો અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે કે જો તને આમાં શંકા પડે કે આ પુદ્‌ગલકર્મનો કર્તા કોણ ? આત્મા કર્તા નહિ, તો પુદ્‌ગલકર્મ તો થાય છે, કહે સાંભળ સાંભળ તારે સમજવું હોય તો સમજ એ પુદ્‌ગલકર્મ છે ૧૩ ગુણસ્થાન, એ પુદ્‌ગલકર્મના વિપાક છે, એથી તે અચેતન છે, એ અચેતન થોડા અચેતનને કરે, નવું બંધન ને વ્યાપ્યવ્યાપક થઈને, જીવ દ્રવ્યને શું છે ? આહાહાહા ! જીવદ્રવ્ય વ્યાપક થઈને ગુણસ્થાન કરે એ તો છે નહિ. તો પછી નવા કર્મ બાંધે એ તો એનાં દ્રવ્યસ્વભાવમાં નથી. આહાહાહા !

કથની જુદી જાતની છે, કેવળ વ્યાપ્યવ્યાપકભાવે જોયું ? તેર કર્તાઓ કેવળ વ્યાપ્યવ્યાપક ભાવે આત્માને શું સંબંધ છે, કહે છે. આહાહા ! કાંઈ પણ પુદ્‌ગલકર્મને જો કરે તો ભલે કરે, આહાહા ! તેમાં જીવને શું આવ્યું ? ભગવાન તો જે ચિદાનંદઘન છે એમાં કાંઈ ઓછપ કે ઉણપ છે નહિ. આહાહા ! એમાંથી પાછું કોઈ એમ કાઢે કે જોયું વિકાર થાય છે એ કર્મને લઈને થાય છે, આંહીં તો સ્વભાવની સ્થિતિ સિદ્ધ કરવી છે, કે ભગવાન તારો સ્વભાવ ચેતન સ્વભાવ છે. અને આ ૧૩ ગુણસ્થાનો અચેતન સ્વભાવ છે, એમ ભિન્ન કરવું છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

અશુદ્ધ નિશ્ચયથી, ત્યાં શુદ્ધ નિશ્ચયથી કીધું છે ૧૮૯ ગાથામાં, શુદ્ધ નિશ્ચયથી આ રાગનો કર્તા જીવ છે, એટલે કે રાગની પર્યાયમાં એનું પોતાનું ઉંધું બળ છે, પણ આંહીંયા બીજી અપેક્ષા છે, અહીંયા તો દ્રવ્ય સ્વભાવ અનાદિ અનંત, દ્રવ્યસ્વભાવ એવો દ્રવ્યસ્વભાવ છે, કે જેને ગુણસ્થાન અડતા નથી. આહાહા ! એ ગુણસ્થાન પુદ્ગલકર્મના પાક હોવાથી અચેતન છે, પ્રભુ ચેતન છે. એ અચેતન નવા કર્મના અચેતનને વ્યાપ્યવ્યાપકભાવથી કરે તો કરો ચેતનને શું છે ? આહાહા ! ચેતનજી ! એ કહ્યું 'તું તે દિ' કહ્યું 'તું પહેલાં કહ્યું 'તું પણ આશય આવો છે આંહીં, ઓલો કહે છે કે પુદ્ગલકર્મને કરે નહિ, ત્યારે કરે છે કોણ ? એમ પૂછયું ને ? છે તો ખરું પુદ્ગલકર્મ બંધાય છે, પુદ્ગલકર્મ છે, અને તમે કહો છો ને કે એ કર્મને આત્મા કરે નહિ, ત્યારે છે કોણ કર્તા એનો ? જો તારે સમજવું હોય તો સાંભળ આ રીતે જ્ઞાનના ઇચ્છક. આહાહા ! શૃણું, એક શૃણુ ઓલામાં આવે છે, ગાથા શ્લોક આવે છે ને ધવલમાં, ત્યાં હા હા સાંભળ આવે ને એટલે એ તો નામ આવે છે, અષ્ટપાહુડ સકર્ણા, કાનવાળા સાંભળ.

અહીં તો આ કહેવું છે ને અપેક્ષાએ, આ મહાપ્રભુ અંદર છે તને ભલે નો બેસે પણ એ મહાપ્રભુ છે અંદર, ચૈતન્ય આનંદનો કંદ છે એ. આહાહા ! એમાં ૧૩ ગુણસ્થાન એમાં નથી, અને થોડાક ૧૩ ગુણસ્થાન છે એ પ્રત્યય આસ્રવો છે, એ પુદ્ગલકર્મના પાક છે આસ્રવ છે થોડા, એ થોડા નવા આસ્રવને કરે તો કરો, દ્રવ્યને શું છે ? આહાહા ! દેવીલાલજી ! અટપટું છે. એમાંથી પાછું ઉપાદાનમાં થાય, એ નિમિત્તથી થાય એ કાઢીને આ કાઢે, તો આંહી કામ નથી. આંહી તો શુદ્ધ ઉપાદાન પ્રભુ છે, અશુદ્ધ ઉપાદાન તે નિમિત્તને આધીન થાય છે એથી અશુદ્ધ ઉપાદાનને આંહી ત્યાં અચેતન કરી નાખ્યો છે. પુદ્ગલ કરીને, અચેતન કીધું ને ? પુદ્ગલકર્મને કીધું એને ભેગા ચાર ભેદ કીધા, એના ભેદ આ તેર કીધા, એ બધા અચેતન છે, ચૈતન્ય વસ્તુ જે અંદર આ ચેતન ચેતના, જેમાં એકલો શાશ્વત ચૈતન્યસ્વભાવ પડયો છે, શાશ્વત ચૈતન્યસ્વભાવ એ પોતે કેમ કરે કર્મને ? આહાહા ! એમ કરીને જેને સમજ્યો નથી ને પૂછે છે, આશંકા એને કહે છે, ભાઈ ધ્યાન તો રાખ હું કહું એ કઈ અપેક્ષાથી છે. આહાહા !

પ્રભુ તારું દ્રવ્ય જે છે વસ્તુ તને એનો વિશ્વાસ નથી. અવ્યક્તપણે પણ વિશ્વાસ નથી, એને આંહીં વિશ્વાસ કરાવે છે, આહાહા ! એવા તેર ગુણસ્થાનો હોવા છતાં અચેતન હોવા છતાં, ચેતન તો ચેતન છે, ચેતનમાં અચેતન આવ્યા નથી. અને ચેતન અચેતનમાં આવતો નથી. આહાહા ! આકરું કામ છે. શું આવ્યું ? કાંઈ જ નહિ. આ તર્ક છે હવે સામાવાળાનો કે પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો જીવ, પોતે જ વેદે છે ને ? એ શંકાકાર શિષ્ય કહે છે, પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો ભોગવતો જીવ પોતે મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્ગલકર્મને કરે છે. વેદતો, તમે કર્તા ન કહો પણ વેદે છે કોણ ? જડ વેદે ? આહાહા ! જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્ગલકર્મને કરે છે, વેદતો થકો હોં, છે ? પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો જે તેર અચેતન કીધાને, એને વેદતો ભોગવતો જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્ગલકર્મને કરે છે. "તેનું સમાધાન આ તર્ક ખરેખર અવિવેક છે." જડને આત્મા ભોગવતો નથી, જડને આત્મા કરતો નથી. એ તો અચેતન આવી ગયું ને એ તો જડને ભોગવતો નથી, આંહીં વિકાર તે આંહીં જડ છે ને. તેર ગુણસ્થાન જડ કીધા, પછી ? તેરમું ગુણસ્થાન તારું નથી. એમ ગાતા 'તા અમારે

ધીરૂભાઈ–ધીરૂભાઈ નહિ, અનુપમચંદભાઈ લાઠીવાળા. આહાહા !

ચૈતન દ્રવ્ય જે છે, ચેતન દ્રવ્ય જે છે એ બધાય એના ગુણો ચૈતન્યસ્વરૂપ છે, અને તે પણ અખંડ, અભેદ, પૂર્ણ છે, એવું જે જીવ દ્રવ્ય એ તેર ગુણસ્થાન કર્મને કરે ને થોડું બંધાય તો ભલે બાંધો, એને વસ્તુને શું છે ? આહાહા ! આંહીંયા તો મગજમાં એમ આવ્યું'તું તેદિ કહ્યું'તું કે એવો જીવ લીધો છે, કે જે છે મિથ્યાત્વમાં પણ પુદ્‌ગલ–પુદ્‌ગલને કરે ને જીવ ન કરે એ કેમ છે. આ શું કહો છો તમે, મને સમજાતું નથી, શંકા નહિ પણ આશંકા, કહે સાંભળ ભાઈ, એ અચેતન મિથ્યાત્વાદિ ભાવ છે, એ પુદ્‌ગલને કરે તો કરો, ત્યારે શિષ્ય કહે છે પણ પ્રભુ તમે કર્તા એને નો કીધું પણ વેદે કોણ ? જડ વેદે ? અચેતનને વેદે છે કોણ ? પુદ્‌ગલકર્મના ફળને વેદે છે કોણ ? આત્મા વેદે છે, માટે કર્તા એને કહેવાનું ? કે સાંભળ સાંભળ એ તારો અવિવેક છે. એ પુદ્‌ગલકર્મને આત્મા વેદે નહિ. આહાહા ! સમજાણું કાંઈ ?

“આ તર્ક ખરેખર અવિવેક છે, કારણ ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી” પુદ્‌ગલકર્મ ભાવક એનો જે ભાવ્ય આ તેર ગુણસ્થાન આદિની પર્યાય એનો અભાવ હોવાથી ભાવ્યભાવક ભાવનો અભાવ હોવાથી, ભાવક જે કર્મ એનું જે ભાવ્ય એ તેર ગુણસ્થાન એ પુદ્‌ગલનું ને પરિણામ એવો જે ભાવ એનો અભાવ હોવાથી, આત્મામાં તેનો અભાવ છે. આહાહા ! કર્મના પાકથી થયેલો અચેતન ગુણસ્થાનનો ભેદ એ ખરેખર એ ભાવ્ય છે, એ કર્મ ભાવક છે તેનું એ ભાવ્ય છે, એ કર્મ ભોગવે તો ભોગવો. આત્માને શું છે ? આહાહા ! અટપટું છે. કેમકે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી, પ્રભુ, ચૈતન્ય દ્રવ્ય છે તેમાં જે આ પુદ્‌ગલ રાગાદિનો ભાવ, કર્મનો ભાવ છે વિપાક, તેને આત્મા કેમ વેદે ? આહાહા ! કેમ કે એ ભાવકના ભાવ્યનો ભાવ છે. ભગવાન જ્ઞાયક ને એનો એ ભાવ છે એમ નથી. આહાહા ! આવું ઝીણું છે આવું. આહાહા !

ભગવાન અંદર આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભરેલો શાશ્વત, શાશ્વત વજ્ર, શાશ્વત હીરલો છે પ્રભુ ! એ અચેતનમાં કેમ આવે ? એ અચેતન જે છે એ તો પુદ્‌ગલના કાર્ય છે, અને એનાથી નવું બંધાય થોડું તો ભલે બાંધો. ત્યારે શિષ્ય કહે પણ તમે કર્મનું કર્તા તો ભલે ઉડાડયું, પણ વેદે છે કોણ ? જડ વેદે દુઃખને ? સાંભળ સાંભળ કહે છે. એ રાગને વેદે એ ભાવ્યભાવક છે એ પરનો છે તેને વેદે ? આત્મા ન વેદે, એ તો જ્ઞાયકમૂર્તિ પૂર્ણાનંદ છે ઈ એને વેદે ? આહાહા ! તો દ્રવ્યને નિરાળો સિદ્ધ કરવો છે. દેવીલાલજી ! આવું છે.

ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી, એ કર્મ છે એ ભાવક છે અને એનું ભાવ્ય એ એનું છે કર્મનું, એનો તો ભગવાન આત્મામાં અભાવ છે, ભાવક ભાવ્યનો ભાવ, કર્મ ભાવક છે એનું ભાવ્ય જે દુઃખનું આવવું દુઃખાદિ કે સુખ કલ્પના એ બધું ભાવકનું ભાવ્ય છે. એ એના ભાવનો જીવમાં તો અભાવ છે. આહાહા !

કઈ અપેક્ષા છે, એ અપેક્ષા સમજવી જોઈએ ને ? પાછું બધે ઠેકાણે મૂકી દ્યે કે જુઓ ઉપાદાનથી ય થાય ને નિમિત્તથી ય થાય છે. જુઓ આંહી ચૌદ ગુણસ્થાન, તેર તો નિમિત્ત છે એનું પોતાનું ઉપાદાન અંદર નથી, શુદ્ધ ઉપાદાન કઈ અપેક્ષા છે. બાપુ આંહીંયા તો ભગવાન દ્રવ્ય એકદમ સકળ નિરાવરણ અખંડ પ્રતિભાસમય પરમાત્મા પોતે, એ પરમાત્મા પોતે

ગુણસ્થાનમાં ક્યાં આવે છે ? તેથી તે ગુણસ્થાન આ ચેતન છે, તો તેને અચેતન કહ્યા છે. એ અચેતન નવા કર્મને થોડાં બાંધે તો બાંધો, એમાં શું વાંધો. આહાહાહા !

આમાં તો એ આવ્યું કે જેનું લક્ષ જો ચૈતન્ય દ્રવ્ય ઉપર જાય છે ભલે હજી મિથ્યાત્વ છે ભાઈ એ તે દિ' કહ્યું 'તું પહેલાંય કહ્યું 'તું. ચૈતન્ય હીરો, જ્ઞાનનો રસકંદ પ્રભુ, પૂર્ણાનંદનો નાથ, આનંદનો ઢગલો છે. એ તો, આનંદનો ઢગલો આત્મા, જ્ઞાનનો ઢગલો આત્મા, શાંતિનો ઢગલો, એ ધ્રુવ ચીજ છે. આહાહાહા ! એ ચૈતન છે એ ગુણસ્થાન અચેતન કર્મના પાકના ફળને, એ કેમ કરે ? આહાહાહા ! એ અચેતન ગુણસ્થાન જે છે એ નવા કર્મને વ્યાપ્યવ્યાપક થઈને કરે તો કરો. આહા ! એકકોર પુદ્‌ગલ નાખી દીધું ને એકકોર ચૈતન્ય રાખ્યું છે સામે. આહાહા ! સમજાય છે કાંઈ ?

( શ્રોતાઃ- એટલે એમ થયું 'ને આત્મા દુઃખને વેદે નહીં, જાણે છે. ) ઈ ઈ એની ખોટી વાત, આંહીં બીજી વાત, એ બીજી વાત છે. આંહીં તો કર્તા નથી કહેવો તો વળી વેદતો ક્યાંથી આવે ? જ્ઞાની આ તો મિથ્યાત્વદૃષ્ટિથી માંડીને તેરવાળાને કર્તા નથી ને ભોક્તા નથી એમ કહે છે. અને એ તો કહેવું સમકિતી છે એને હવે સુખનું વેદન હોય, દુઃખનું વેદન ન હોય, તો તો રાગ છે એ દુઃખનું વેદન છે. એક સમયમાં બેય છે, એ અપેક્ષા બીજી છે અને આ અપેક્ષા બીજી છે. એ તો પાછું સમ્યગ્દૃષ્ટિને જ્યાં હોય ત્યાં એમ કહેવાય છે કે એને સુખનું જ વેદન છે મુખ્યની વાત લીધી હોય, ગૌણ જે દુઃખનું વેદન છે એ સમ્યગ્દૃષ્ટિના વિષયમાં ન લ્યે. કારણ જ્ઞાનનો વિષય જ્યારે ચાલતો હોય ત્યારે બધુંય લ્યે ભેગું, જ્ઞાનધારા ને કર્મધારા નથી આવ્યું ? બે ય, કર્મધારા એ દુઃખરૂપ છે, જ્ઞાનધારા એ સુખરૂપ છે. આહાહા !

અહીંયા તો હજી મિથ્યાત્વને પણ જીવમાં નથી ને મિથ્યાત્વ મિથ્યાત્વને નવું થોડુંક કરે, એમાં આત્માને શું આવ્યું ? એ. આહાહાહા ! એ પણ થોડી વાર કરે હોં, આ એને છુટી જવાનો. જેને આત્મ દ્રવ્ય જે છે, એ કર્મ કરતું નથી અને અચેતન કરે છે, એ ચેતનથી જુદું છે, અને એ અચેતન નવા કર્મને કરે તો કરો, અને વેદે છે એમ જો તું કહે કે વેદન તો, આ તો કહે કે એ તારો તર્ક અવિવેક છે. વિકારને વેદવું એ જીવનું સ્વરૂપ નથી. આહાહા ! તો વિકારી દ્રવ્ય થઈ ગયું ? દ્રવ્ય તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. આહાહાહા ! આવા પ્રકાર હોય, કઈ અપેક્ષાથી, કહ્યું છે ને ? દ્રવ્ય સ્વભાવ ભગવાન મહાપ્રભુ બિરાજે છે. મહાત્મા છે એ, નાનો આત્મા નથી. મહાત્મા છે, મહાત્મા પ્રભુ છે અંદર. એમાં કોટા-કોટિ સૂર્યના કરતાં પણ પ્રકાશનો પાર નથી ચૈતન્યનો, બેહદ ચૈતન્ય ધાતુ આવી છે ને ભાઈ ? બેહદ ચૈતન્ય ધાતુ ત્યાં રોકાઈ ગઈ છે. રોકાઈ ગઈ છે એ વસ્તુ નથી રોકાણી, વસ્તુ તો વસ્તુ છે. આહાહા ! પર્યાય રોકાઈ ગઈ છે એની. એને અહીં રોકાવાની અવસ્થાને અચેતન કહીને, ચેતનથી જુદી પાડી છે. આહાહા ! ઝીણું છે અટપટુ છે તેથી ધીમેથી કહેવાય છે. પણ આમાંથી પછી એમ જ કાઢી નાખે, એકાંત જ કરી નાખે કે મિથ્યાત્વ, મિથ્યાત્વ આત્માને કરે છે એ કર્મ કરાવે છે. એ આંહીં તો વસ્તુનું જે ત્રિકાળી સ્વરૂપ છે તેનું લક્ષ કરાવવા, એ મિથ્યાત્વઆદિ બધા ગુણસ્થાનો એમાં નથી અને તેથી તે અચેતન છે. ચેતનની સામે તે અચેતન છે, અને અચેતન અચેતનને થોડું કરે તો કરો દ્રવ્ય સ્વભાવમાં ક્યાં આવ્યું છે. આહાહાહા !

કારણકે ભાવ્યભાવકભાવનો અભાવ, બધા ભાવ્યભાવક ભાવનો અભાવ, બધા ભાવ્ય ભાવ, ભભ્ભા જે કર્મ જે છે પુદ્ગલ તેર ગુણસ્થાન, પુદ્ગલ છે. એ ભાવક છે અને એનું ભાવ્ય નવું કાંઈક કરવામાં આવે એ એનું ભાવ્ય કહેવાય. એવા ભાવકનું જે ભાવ્ય, એવો જે ભાવ, ભાવકનો ભાવ્ય એવો જે ભાવ, એનો સ્વરૂપમાં અભાવ છે. શું કહ્યું ? ભગવાન ચૈતન્ય સ્વરૂપની આગળ જે ગુણસ્થાન છે, તે ભાવક છે અને એનું ભાવ્ય નવું બંધાય એ એનું ભાવ્ય છે, અથવા કર્મ ભાવક છે અને તેર ગુણસ્થાન એનું ભાવ્ય છે. આહાહાહા ! એવા ભાવકના ભાવ્યનો ભાવ એનો પ્રભુમાં અભાવ છે. આહાહાહા ! કહો પંડિતજી ! આહાહાહા ! ( શ્રોતાઃ- એને ને એને પ્રવચનસારમાં જીવનો કહ્યો છે. ) એ કઈ અપેક્ષાએ કહ્યું એ જાણવું જોઈએ ને ? એથી આ જયસેન આચાર્યે હળદરનું કહે, એમ કે પુત્ર છે એ બેયનો થઈને છે, એમ કે પર્યાય છે આની અને બીજું પુદ્ગલકર્મ એમ નાખ્યું છે, એમાં અહીં આ ઠેકાણે ટીકામાં, પણ એનું એકાંત લઈ લ્યે તો એમે ય નથી.

ખરેખર તો પર્યાય છે તે કાળે વિકૃત અવસ્થા તે તે સમયે તે તે કાળે ઉત્પન્ન થાય, તે ઉત્પન્ન પણ કોને ? કે જેનું લક્ષ દ્રવ્ય છે, ક્રમબદ્ધનું લક્ષ તેને દ્રવ્ય લક્ષ છે, ક્રમબદ્ધના લક્ષવાળો અકર્તા છે અને અકર્તા છે તે માટે જ્ઞાતાદૃષ્ટા છે, અને જ્ઞાતાદૃષ્ટા છે એ જ્ઞાનને જાણે છે, અંદર જ્ઞાયકને જાણે છે, એને એ રાગાદિનો ભાવ, એનો નથી, એ પરનો છે એમ કહીને કાઢી નાખ્યું છે. સમજાણું કાંઈ ? એને એ રાગ પછી કર્મ જ કરાવે છે, એ એની પર્યાયની, એના કોઈ ગુણમાં એવો કોઈ ગુણ નથી, દ્રવ્ય તો એવું છે, પણ દ્રવ્યના અનંતગુણોમાં એકેય ગુણ એવો નથી, કે રાગને કરે, એવો એકેય ગુણ નથી અનંતા અનંતા ગુણો. તે અનંતા અનંતા ગુણોનો કંદ રસકંદ પ્રભુ દ્રવ્ય છે. આહાહા ! એ કહે છે, એ ગુણસ્થાનને કેમ કરે ? અને ગુણસ્થાન કર્મને કરે તો કરો. આહાહા ! અને વેદે તો એ વેદો, ન્યાં જાય છે આત્મા એને વેદે છે, રાગને, દુઃખને એ કર્મનું ફળ છે એને આત્મા વેદે નહિ એ તો કર્મ વેદે, પર વેદાય છે. આહાહાહા ! અહીં તો આનંદનું વેદન છે, એનું અહીં હજી તો એને સાંભળનારને લક્ષ દ્રવ્ય ઉપર કરાવી અને આ કોણ બાંધે છે કર્મ એ એને સમજાવવું છે. આહાહા !

પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિના કર્મને કરે છે એમ શિષ્યે તર્ક કર્યો, તેનો જવાબ "આ તર્ક ખરેખર અવિવેક છે" કારણકે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી આત્મા નિશ્ચયથી પુદ્ગલદ્રવ્યમય મિથ્યાત્વઆદિનો ભોક્તા પણ નથી. આહાહા ! જીવ દ્રવ્ય છે એ મિથ્યાત્વને, રાગને ભોગવે શી રીતે ? વસ્તુ છે એ તો. ( શ્રોતાઃ- શિષ્યે પર્યાયથી વાત કરી ) એ તો વાત એ રીતે જ કરે ને, એને તો આમ વેદાય છે ને, એમ કહે, પણ ઓલી વસ્તુ છે એ ક્યાં વેદે છે ? એ એમાં છે જ ક્યાં ? ત્યાં જા ને. આહાહાહા ! રાગ વેદાય છે એ તો પુદ્ગલનું વેદન છે. અરેરે ! આવું છે, કેમ કે પ્રભુ આત્મામાં ક્યાં છે એ ? રાગનું કરવું નથી, તેમ રાગનું વેદવું વસ્તુમાં ક્યાં છે ? આહાહાહા ! આવો ચૈતન્ય પ્રભુ મહાત્મા, મોટો મહાત્મા મહ-આત્મા પોતે અંદર છે. એ વિકારને કેમ કરે ને વિકારને કેમ ભોગવે. આહાહાહા ! ( શ્રોતાઃ- કઠણ છે ) કઠણ છે તેથી તો હળવે હળવે કહેવાય છે જરી. મારગ એવો છે બાપુ, આહાહા ! આ તો પરમ સત્ય છે, ત્રિલોકનાથ સર્વજ્ઞ જિનેશ્વરદેવની વાણી છે. આહાહાહા ! પ્રભુ તું દ્રવ્યસ્વભાવ

છે ને તારો, એમ કહે છે. તારો દ્રવ્ય સ્વભાવ છે એ તો ત્રિકાળ નિરાવરણ છે ને ? એને આવરણ હોય તો તો એને ગુણસ્થાનના ભેદ પડે. સમજાણું કાંઈ ? આહાહા !

એ તો પર્યાયને સંબંધ રાગનો છે ( પણ ) દ્રવ્યને સંબંધ રાગનો છે જ નહિ. આહાહા ! સમજાય એટલું સમજવું બાપુ, આ તો વીતરાગ પરમેશ્વર ગહન વિષય છે. આહા ! કહે છે કે પ્રભુ ચૈતન્ય દ્રવ્ય જે છે આખું, એને હિસાબે તો આ તેર ગુણસ્થાન પુદ્‌ગલ છે, અચેતન છે કર્મના પાકના છે પ્રભુનો પાક નહિ ત્યાં, પ્રભુ તો આનંદનો નાથ છે તેના પાકમાં તો અતીન્દ્રિય આનંદ પાકે ત્યાં. એમાં રાગ પાકે એ નહિ. એ તો પુદ્‌ગલનો પાક છે. માટે તું વેદનારો આત્મા છે, તો કર્તા ઈ છે એમ જે તું કહેવા માગે છો તો એ તારો તર્ક ખોટો છે. આમ કર્તા નથી તેમ તેનો વેદક પણ નથી. સુજાનમલજી ! આવી વાત છે. આહાહાહા !

નિશ્ચયથી પુદ્‌ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિ, મિથ્યાત્વને તો પુદ્‌ગલ કીધા મિથ્યાત્વ પરિણામ, અવિરતિ પરિણામ, કષાય પરિણામ, સજોગમાં પણ જે જોગ પરિણામ, એ બધા પુદ્‌ગલ કીધાં, પુદ્‌ગલના પરિણામના પાક તો પુદ્‌ગલ કીધાં. આહાહાહા ! એ તો ઓલામાં આવે છે ને ૭૫ ( ગાથામાં )પુદ્‌ગલપરિણામ કહીને પછી પુદ્‌ગલ કહી દીધું છે. પુદ્‌ગલ દ્રવ્ય હા, ઈ ! આહા !

તારો નાથ અંદર બિરાજે છે ચૈતન્ય હીરો, ચૈતન્ય સ્ફટિક રતન એ સ્ફટિક રતનમાં કાળા, પીળા, લીલા રંગની ઝાંય આવી ક્યાંથી ? આહાહા ! જ્યારે સિદ્ધ કરવું હોય તો એ કાળી, પીળી, રાતી ઝાંય તો એની યોગ્યતા છે, એથી થઈ છે, એ તો પર્યાયને સિદ્ધ કરવી હોય ત્યારે, પણ જ્યાં દ્રવ્ય જ સિદ્ધ કરવું છે એકલું, અહીંયા, આહાહા ! નહીંતર કાંઈ સ્ફટિકમણીમાં કાળા રંગના ફુલ હોય અને ઝાંય પડે છે એ કાંઈ એને લઈને નથી પડતી, એની પોતાની યોગ્યતા છે. પર્યાયની એની પોતાની યોગ્યતા છે, લાકડામાં અહીં રાખશો નહિ પડે, એમાં યોગ્યતા એની નથી, એ કહ્યું'તું ને, દાખલો દિવાસળીનો બીડી પીવાય તો આનીકોર બળેને આનીકોર ટાઢું હોય, દિવાસળીનો છેડે ટાઢો હોય અને ઓલું ઉનું હોય, અને લોઢું હોય પાંચ હાથનું લાંબુ સળીયો, ચાર તસુ અગ્નિમાં મૂકો ઠેઠ સુધી જાશે, હેં ? લાકડાને નહિ લાગે. લાકડાને તો આ બે ત્રણ આંગળનો હોય સળી પણ સળગે તો અહીં ઉનું થતું નથી એની પોતાની યોગ્યતા છે અને લોઢું ત્યાં પાંચ હાથનું હોય ને ચાર તસુ અગ્નિમાં મુકો આટલું આમ, તરત ઉનું ઠેઠ ઉનું ( થશે ) ઝાલી નહિ શકાય, એની પોતાની યોગ્યતા છે, સમજાણું કાંઈ ? એમ જ્યારે વિકારને સિદ્ધ કરવો હોય એની પર્યાયમાં ત્યારે એની પોતાની યોગ્યતા છે. આહાહા !

પણ આંહીં તો પર્યાય નહિ, આ તો દ્રવ્ય સિદ્ધ કરવું છે, એકલું દ્રવ્ય અંદર ચૈતન્ય હીરો "સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય એવું શુદ્ધ પારિણામિક પરમ ભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય તે હું છું, ખંડજ્ઞાન તે હું નહિ." આહાહા ! એ સમ્યગ્દષ્ટિ આમ ભાવે છે, પણ આ તો સમ્યગ્દર્શન પહેલાં પણ એને આ સમજાવે છે. એ ય ! આહાહા ! પ્રભુ તું મોટો મહાપ્રભુ છો તું એની વાત તો તું ભૂલી ગયો અને આ કરે ને આ કરે ને આ વેદે ને આ કરે ને એ શું છે, જે રાગને કરે નહિ, ગુણસ્થાનને કરે નહિ, એને વેદે નહિ, એ વાત અંદર પડી તો પડી રહી ચીજ આખી. આહાહા ! સમજાણું કાંઈ ? શાંતિભાઈ ! આ હીરામાણેકમાં તમારે ક્યાંય આવ્યું ન હોય, તમારે ત્યાં, આને લાદીમાં નો આવ્યું હોય ક્યાંય, તમારે વકિલાતમાં ક્યાંથી

આવે. આહાહા !

પુદ્‌ગલદ્રવ્ય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી. તો પછી પુદ્‌ગલકર્મનો કર્તા કેમ હોય ? જ્યારે તેનો ભોક્તા પણ નથી તો કર્તા કેમ હોય ? આહાહાહા ! માટે એમ ફલિત થયું એનું ફળ એ આવ્યું કે જેથી પુદ્‌ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયોના ભેદરૂપ તેર વિશેષપ્રત્યયો પ્રત્યય કહો કે આસ્રવ કહો, પુદ્‌ગલદ્રવ્યમય એક તો એક વાત ન્યાંથી ઉપાડી, પુદ્‌ગલદ્રવ્યમય પહેલાં કહ્યું'તું ને ખરેખર પુદ્‌ગલકર્મનો પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે, તે આંહીં લીધું, પુદ્‌ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયોના ભેદરૂપ, પુદ્‌ગલદ્રવ્યમય ચાર સામાન્ય એટલે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, એ સામાન્યપ્રત્યયો એટલે આસ્રવો એના ભેદરૂપ તેર વિશેષ આસ્રવો કે જેઓ "ગુણ" શબ્દથી કહેવામાં આવે છે, ગુણ એટલે ગુણસ્થાન, ગુણ એટલે ગુણસ્થાન. આહાહા ! આવું ક્યાં નવરાશ માણસને, આમાં બાઈયુને ને તો બચારાને છોકરા સાચવવા એક, બે વર્ષનો ને એક ચાર વરસનો ને. એક છ વરસનો, આઠ વરસનો, છ સાત છોકરા સાચવવાના એકલા, આમાં ક્યાં આવું નિર્ણય કરવા વખત મળે. જિંદગી ચાલી જાય છે. આહાહા !

પ્રભુ, તું એક ચૈતન્ય રતન એ અચેતનમાં કેમ આવે પ્રભુ ? ચૈતન્ય હીરલો એ અચેતન રેતીમાં, ધૂળમાં કેમ આવે એ. એમ કહે છે અચેતન કીધું ને ? ચૈતન્ય રતન હીરો પ્રભુ એ ગુણસ્થાન અચેતન છે, એ ધૂળમાં આ હીરો ક્યાંથી આવે ? આહાહાહા ! અને જ્યારે વેદનને તું કહેતો હો તો એ પણ અમે કહીએ છીએ કે ભગવાન જે આનંદનો નાથ પ્રભુ છે એ અચેતનમાં, વેદનમાં ક્યાંથી આવે એ ? આહાહા ! ( શ્રોતાઃ- દ્રવ્ય લેવું છે. ) પણ પ્રભુ મોટો મહાદ્રવ્ય, દ્રવ્ય એટલે બાપા શું કહીએ. આહાહા ! આંહીં તો એને ય તેર ગુણસ્થાનની પર્યાયને પણ પુદ્‌ગલનું કર્મ ઠરાવ્યું છે તેં, આહાહાહા ! એ ચૈતન્ય વસ્તુ મહા પ્રભુ મહાત્મા છે, એ મોટો આત્મા મહાપ્રભુ છે. આવે છે ને મહા પદાર્થ. આહાહા ! ભાઈ એ વસ્તુ મહાપદાર્થ પ્રભુ છે, ભલે તને એમ શંકા પડી કે ત્યારે કર્મ કોણ કરે ? ભાઈ મહાપરમ પ્રભુ ચૈતન્ય છે, એમાં અચેતનપણું ક્યાંથી આવે ? કે જેથી અચેતનને આત્મા કરે ? એ મહાપ્રભુ ચૈતન છે, એ અચેતન વેદનમાં ક્યાંથી આવે ? એ ભગવાન પૂર્ણાનંદનો નાથ છે આ તો મિથ્યાદૃષ્ટિને પણ મિથ્યાત્વથી માંડીને એનો કર્તા દ્રવ્ય નથી એમ કીધું છે. સમજાણું કાંઈ ? પણ કોને ? કે જેને આ શું છે એ જાણવાની ઇચ્છા છે અને લક્ષ દ્રવ્ય ઉપર કરવું છે એને. આહાહાહા !

માટે એમ ફલિત થયું કે પુદ્‌ગલ દ્રવ્યના ચાર સામાન્ય પ્રત્યયો, મિથ્યાત્વાદિ ચાર આસ્રવ. તેર વિશેષપ્રત્યયો જેમનું નામ ગુણસ્થાન છે તેઓ જ કેવળ કર્મોને કરે છે. આહાહાહા ! ભગવાન દ્રવ્ય સ્વભાવ ગુણસ્થાનને કરે નહિ. તો પુદ્‌ગલકર્મને કેમ કરે ? નવા બાંધે કેમ એને બાંધવુ ક્યાં. આહાહા ! કેવળ કર્મોને કરે છે.

તેથી જીવ પુદ્‌ગલકર્મોનો અકર્તા છે "ગુણો" જ તેમના કર્તા છે. ગુણો એટલે ગુણસ્થાન તેર ગુણસ્થાન તેમના કર્તા છે, અને ગુણો તો પુદ્‌ગલદ્રવ્ય જ છે, એ તેર ગુણસ્થાન તો પુદ્‌ગલના પરિણામ કહ્યા'તા, એ પુદ્‌ગલદ્રવ્ય છે. એ તો પહેલેથી પુદ્‌ગલદ્રવ્ય કીધું'તું. આહાહા ! ખરેખર પુદ્‌ગલકર્મનો પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે. આહાહાહા ! તેથી એમ ઠર્યું કે પુદ્‌ગલકર્મનો

પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે. આહાહાહા ! તે તે પરિણામ તેર ગુણસ્થાનના એ અચેતન છે અને એ અચેતન અચેતનનો કર્તા, અને નવું થોડું બાંધે કદાચ એ, તો પણ એ અચેતન અચેતનનો કર્તા, આત્મા ચૈતન્યદ્રવ્ય ભગવાન છે એને કાંઈ લાગે વળગે નહિ. એવું એ ચૈતન્ય દ્રવ્ય છે. એવું અહીં લક્ષ કરાવવું છે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૨૧૦ ગાથા-૧૦૯ થી ૧૧૨ શનિવાર, ફાગણ સુદ-૫, તા. ૩/૩/'૭૯

શ્રી સમયસાર, એકસો નવ, દશ, અગિયાર, બાર ( એનો ) ભાવાર્થ છે, ભાવાર્થ છે ને ? ભાવાર્થ છે અહીં, ભાવાર્થઃ- સૂક્ષ્મ વાત છે. શાસ્ત્રમાં-સિદ્ધાંતમાં પ્રત્યયોને બંધના કર્તા કહેવામાં આવ્યા છે. પ્રત્યયો નામ આસ્રવો-મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ આદિ પ્રત્યયોને બંધના કર્તા કહેવામાં આવ્યા છે. શું કહે છે ? સિદ્ધાંતમાં-ભગવાનની વાણીમાં પ્રત્યયો, એટલે આસ્રવ, ( એ ) પ્રત્યયો છે ને આસ્રવ, ( એટલે શું ? ) જે ભાવથી નવા કર્મ આવે છે એ ભાવને અહીંયા આસ્રવ કહેવામાં આવ્યા છે. પ્રત્યય નામ આસ્રવ.

ભગવાને મિથ્યાશ્રદ્ધા, અવિરતિ ભાવ, પ્રમાદભાવ, કષાયભાવ ને યોગભાવ એને સિદ્ધાંતમાં બંધના કર્તા કહ્યા છે. એ બંધના કરનાર છે, નવા કર્મ બાંધે છે. 'ગુણસ્થાનો પણ વિશેષ પ્રત્યયો જ છે' -આ સિદ્ધ કરવું છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ બંધ-બંધના કારણ છે. એમ ગુણસ્થાન પણ બંધના કારણ છે, તેરેય ગુણસ્થાન ઝીણી વાત છે. ગુણસ્થાન પણ વિશેષ પ્રત્યય જ છે. ઓલા સામાન્ય પ્રત્યય કહ્યા. આહાહા ! મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ આ વિશેષ પ્રત્યયો છે.

"તેથી એ ગુણસ્થાનો બંધના કર્તા છે" આહાહા ! હજી ગુણસ્થાનના નામ ન આવડે તો હવે એને બંધના કર્તા( કહેવા ) આહાહા ! જેમ નીસરણી ( સીડી ) ચડવામાં જેમ નીસરણી હોય, ત્યાં મેડી ચડવામાં એમ આત્માની પર્યાયમાં ચૌદ પ્રકારના સ્થાન હોય-ચૌદ પ્રકારના ભાવ, એ ભાવમાં તેર પ્રકારના ભાવ છે, એ મિથ્યાત્વાદિ ચાર આસ્રવ છે. એનાં વિશેષ ભેદો છે આ. વિશેષ ભેદ છે તેથી ગુણસ્થાન બંધના કર્તા છે. 'અર્થાત્ પુદ્ગલકર્મના કર્તા છે' -આ ગુણસ્થાન જે તેર કહ્યા, એ નવા કર્મના બંધના કર્તા છે. અહીં શુદ્ધનિશ્ચયનયથી કથન છે. અને તે ગુણસ્થાનઆદિ અશુદ્ધનિશ્ચયથી પર્યાયમાં છે. અને એ કારણે એને વ્યવહાર પણ કહેવામાં આવે છે. અહીંયા તો શુદ્ધનિશ્ચયનયનું કથન છે. આહાહા !

ભગવાન આત્મા, શુદ્ધ ચૈતન્યઘન અનંતગુણનો રાશિ પિંડ પ્રભુ, એમાં આ આસ્રવો છે નહીં. એ ચૈતન્યસ્વરૂપ છે એમાં આસ્રવો અચેતન છે, એ છે નહીં. આવી વાત. ! હવે શું કહે છે આમાં ? આત્મા ચૈતન્યસ્વરૂપ છે, જ્ઞાયકસ્વરૂપ જાણકસ્વભાવ આનંદસ્વભાવ, તો એમાં પરદ્રવ્ય તો નથી. શરીર, વાણી, મન, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ-પરિવાર એ તો એમાં છે નહીં, એ ભિન્ન ચીજ છે, પણ એમાં જે પર્યાયમાં ભેદ પડે છે-મિથ્યાશ્રદ્ધા, અવિરતિભાવ, વ્રતનો વિકલ્પ આદિ એ પણ આસ્રવ જ છે નવા બંધના કારણો છે. સમજાય છે કાંઈ... ? અરે રે પ્રભુ.

-મિથ્યાત્વ આદિ સામાન્ય પ્રત્યય અને ગુણસ્થાન વિશેષ પ્રત્યય આસ્રવો હવે એટલું તો

કહ્યું, તો હવે છે શું ? કે આ આત્મામાં રાગ દ્વેષ, પુણ્ય પાપના ભાવ ઉત્પન્ન થાય છે એ છે શું ? કે એ અચેતન છે. આહાહાહા !

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ, એ રાગાદિ ભાવમાં આવતો નથી રાગ અને રાગનો કર્તા આત્મામાં અનંત ગુણ છે એમાં આ સ્વભાવ નથી. આહાહાહા ! તો જે તેર ગુણસ્થાન મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ-સામાન્ય ને વિશેષ તેર, એ અચેતન છે. આહાહા ! ઓલા બંધના કર્તા કહ્યા કેમ, કે એ અચેતન છે. એ ચૈતન્ય ભગવાન આત્માનો સ્વભાવ નહીં. આહાહાહા ! ( શ્રોતાઃ- એ તો પર્યાય છે ! ) એ કીધું નહીં ? એ તો અશુદ્ધનિશ્ચયનયથી પર્યાય છે. અશુદ્ધનિશ્ચયનય વ્યવહારમાં જાય છે. વ્યવહારનો આંહી નિષેધ કરવો છે. ઝીણી વાત છે બાપુ ! ધર્મ એ કોઈ ચીજ એવી છે અત્યારે તો સાંભળવા મળવું મુશ્કેલ છે. આહાહા ! એથી તો એ ચોરાશીના અવતાર( માં ) રખડી મર્યો છે. કહે છે, એ આસ્રવને લઈને, એ આસ્રવ મારા છે, એવી માન્યતાને લઈને ચાર ગતિમાં રખડવાના, ચોરાશીના અવતાર અનંતવાર થયા, અને જ્યાં સુધી એ મિથ્યાત્વભાવ છે આસ્રવો મારા છે, ત્યાં સુધી એને અનંત સંસારમાં રખડવું પડશે. આહાહા !

ત્રણ વાત કરી આમ તો. શું ત્રણ ? કે મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ, એ સામાન્ય-સંક્ષિપ્તમાં આમ ટૂંકામાં આસ્રવો છે. અને તેર ગુણસ્થાન એનાં વિશેષ છે, એ-પણ પ્રત્યયો, આસ્રવો છે... એટલી વાત. હવે એ કર્મબંધનના કારણો છે, આત્મા નહિ. કહે છે ત્યારે કેમ ? કે એ અચેતન છે-અચેતન છે. આહાહાહા ! ભગવાન આત્મા, ચૈતન્યબિમ્બ ચૈતન્યના પ્રકાશનું નૂર એનું પૂર છે પ્રભુ અંદર. આ રાગ-દ્વેષ-ગુણસ્થાન આદિ, ચૈતન્યજ્ઞાયકભાવનો અભાવ છે જેમાં. આહાહાહા ! એ કારણે એ ગુણસ્થાનો અને મિથ્યાત્વ-અવ્રત-આદિ અચેતન કહેવામાં આવ્યા છે.

એક બાજુ ભગવાન ચૈતન્ય ને એક બાજુ આ પર્યાયમાં રાગ આદિ-ગુણસ્થાન અચેતન. આવું આકરું છે, કહો હસુભાઈ ? બહુ આકરું કામ બાપા. જનમ-મરણ રહિત થવાનો કોઈ માર્ગ, આ તો રખડવાના માર્ગમાં પડયા છે દુનિયા આખી ચોરાશીના અવતારમાં રખડશે. આહાહા ! ક્યાંય, રાજા મરીને ભૂંડ-ભૂંડ થાય. આહા ! શેઠિયા મરીને ગાય થાય. આહાહાહા ! કેમ કે વસ્તુ શું છે એની ખબર નથી-આત્મા શું ચીજ છે ? તો આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો કંદ છે. એ ચૈતન્યસ્વભાવી આત્મા, એમાં જે આ પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ ક્રોધના ભાવ થાય છે એ ભાવ છે એ અચેતન છે. આહાહાહા ! ગળે ઊતરવું કઠણ પડે એવું સાંભળતાં. જેટલો અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ ક્રોધના ભાવ એને અહીંયા આસ્રવ કીધાં છે કેમ કે એ પરિણામ, નવા બંધના કારણ છે નવા બંધના એ કારણો છે. આહાહાહા ! એમ સિદ્ધ કરીને પછી કહે છે એ બંધના કારણ છે કેમ ? કે એ અચેતન છે. આહાહા !

દયાનો ભાવ આવવો ( એ ) રાગ છે દયા. આહાહા ! શરીર, વાણી, મન અને કુટુંબ-કબીલાને સાચવવાનો ભાવ આવે એ તો પાપ, પણ દયાનો ભાવ આવે એ પુણ્ય, પણ એ પણ બંધનું કારણ છે. કેમ બંધનું કારણ છે ? ભગવાન ચેતન છે, ત્યાં એ રાગ છે એ અચેતન છે, એમાં ચૈતન્યનું કિરણ નથી, જેમ સૂર્યના કિરણમાં પ્રકાશ હોય છે એમ ચૈતન્ય સ્વરૂપ પ્રકાશની

મૂર્તિ પ્રભુ, એનાં કિરણ એ રાગમાં આવતા નથી, રાગ અચેતન છે. મહાવ્રતના પરિણામ, બારવ્રતના પરિણામ અચેતન છે એમાં ચેતનનો અભાવ છે. આહાહાહા ! સમજાણું કાંઈ... ?

એ પ્રત્યય અચેતન પુદ્‌ગલદ્રવ્યમય જ છે. આહાહાહા ! અચેતન કહીને રાગાદિ ભાવ પુદ્‌ગલમય જ છે. ઝીણી વાત છે પ્રભુ ! એણે કદી સાંભળ્યું નથી, કદી કર્યું નથી. આ દુનિયાના ઢસરડા કરી કરીને મરી ગયો, પાપ કરી કરીને આખો દિ' ચાર ગતિમાં. આહાહાહા ! સાંભળવા મળે તો પાછું એવું મળે કે તમે આ વ્રત કરો, તપ કરો, આ કરો, પૂજા કરો, ભક્તિ કરો, તો તમારું કલ્યાણ થશે....... તો આંહી કહે છે પ્રભુ એક વાર સાંભળ તો ખરો. એ પૂજા ને ભક્તિ ને દયા ને દાન ને વ્રત ને તપના ભાવ જે છે એ તો રાગ છે, ને એ રાગ છે એ આસ્રવ છે, કેમ ? કે એ અચેતન છે, ચેતન નથી. આહાહાહા ! શાંતિભાઈ ! હીરા તો અચેતન છે, પણ હીરાના પૈસા લીધા- લેવાના ભાવ થયા હોય એ અચેતન છે-મમતા, અને દાન માટે ખર્ચ્યા રાગ મંદ કરીને, એ રાગ અચેતન છે, એમ કહે છે.

( શ્રોતાઃ- એમાં ક્યાં જ્ઞાન છે ? ) શું ? જ્ઞાન નથી માટે અચેતન છે. આહાહાહા ! એનો ભાઈ છે ને, મધુએ આ મકાન લીધું ને નવનીતભાઈનું, એંસી હજાર રૂપિયા કાઢયા'તા ન્યાં ભાવનગર, "સસ્તુ સાહિત્ય" કાઢે છે ને ત્યાં ! ( શ્રોતાઃ- એક લાખ આપ્યા'તા ) લાખ, લાખ આપ્યા હતા. એંસી હજાર તો ભાઈ હીરાભાઈએ-હીરાલાલે આપ્યા'તા, એક લાખ આપ્યા'તા. આંહી વાત એ છે પણ લાખ એ શું ચીજ છે, એ તો અચેતન-જડ છે, હવે તને દેવાનો ભાવ આવ્યો એ પણ રાગ છે, એ પણ અચેતન છે. આનંદભાઈ ! આવું છે.

અંદર વસ્તુ ચૈતન્યસ્વરૂપ, જ્ઞાનનો સાગર પ્રભુ, અતીન્દ્રિય આનંદથી ભરેલો- ચૈતન્યસ્વભાવથી ભરેલો ભગવાન એની અનંત કાળમાં કદી ખબર કરી નથી, કદી ખબર કરી જ નથી. આહાહાહા ! એ માટે ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવનો હુકમ છે કે પ્રભુ, એક વાર સાંભળ તો ખરો. અરે, મનુષ્યદેહ મળ્યો... આમ ચાલ્યો જાય છે બાપા અવતાર. આહાહા !

એ આત્મા અંદર ચૈતન્યસ્વરૂપ આનંદકંદ એ પુણ્ય ને પાપના આસ્રવ-ભાવથી ભિન્ન છે અને એનાથી પુણ્ય-પાપના ભાવ અચેતન હોવાથી ભિન્ન છે. ભિન્ન છે. આવી જાય છે બધું. સમજાણું આમાં ? ચાહે તો શુભવિકલ્પ આવે કે અશુભ રાગ, બન્ને ભાવ અચેતન છે. ચૈતન્યભગવાન આત્મા એનો એમાં અભાવ છે. આહાહા !

જેમ સાકરનો ગાંગડો છે, સાકરનો એમાં ઉપરમાં કંઈક મેલ છે ( કેમ કે ) બાળક છે ને આમ સાકર ખાતો હોય ( ને ) ઉપર હાથ અડાડે તો મેલ હોય તો મેલ છે એ સાકર નથી, મેલ તો ભિન્ન ચીજ છે, એમ સાકર નામ અતીન્દ્રિય આનંદનો સાકરનો ગાંગડો છે પ્રભુ. આહાહાહા ! ને એમાં આ પુણ્ય ને પાપ મેલ એ અચેતન છે. આહાહા ! આ શરીર-બરીર તો અચેતન ક્યાંય રહી ગયું આ તો ધૂળ-જડ છે માટી. આહાહા ! પૈસા અચેતન ને ધૂળ છે. ( શ્રોતાઃ- બાજરો કેમ આવે છે ? ) બાજરો-બાજરો અચેતન છે-એને એના કારણે આવવું હોય તો આવે, પૈસાથી બાજરો આવતો નથી, પૈસા એ બીજી ચીજ છે, બાજરો બીજી ચીજ છે. બાજરો કહે છે ને હિન્દીમાં ? આહાહા... થોડામાં ઘણું ભરી દીધું છે. એકકોર રામ ને એકકોર ગામ, એકકોર પ્રભુ અંદર સચ્ચિદાનંદ પ્રભુ જેમાં પવિત્ર અનંતા ગુણો ચૈતન્યના ભર્યાં છે, એનાથી પુણ્ય ને પાપના

ભાવ, મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને તેરેય ગુણસ્થાન, બધાંને અહીંયા અચેતન કહ્યા, એટલે પુદ્‌ગલ કહ્યા છે ? અચેતન પુદ્‌ગલદ્રવ્યમય જ છે, પુદ્‌ગલદ્રવ્યમય જ છે, એમ. આહાહા ! એ અશુદ્ધનિશ્ચયનયથી છે ને ?

એ રાગ, ગુણસ્થાન, મિથ્યાત્વ, અવ્રત, વ્રતના વિકલ્પ આદિ બધું પુદ્‌ગલદ્રવ્યમય જ છે, જડ છે. જડ તો બીજા ચાર દ્રવ્યો પણ છે-ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ પણ આ પુદ્‌ગલદ્રવ્ય જ છે-એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ... ? હવે એ અચેતન ચીજ છે, એ પોતાની છે એવી માન્યતા મિથ્યાત્વ છે. જૂઠી શ્રદ્ધા છે. જૂઠી નામ, જૂઠા ભવના કરવાના કારણ અનંત છે. જૂઠી શ્રદ્ધામાં અનંત ભવ કરવાનો ગર્ભ છે અરે, પ્રભુ શું કરે ? વિપરીત માન્યતામાં અનંતા ચોરાશીના અવતાર કરવાનો ગર્ભ છે. ઓહોહો !

'તેથી એમ સિદ્ધ થયું કે પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મનું કર્તા છે' આહાહાહા ! એ અચેતન જે તેર ગુણસ્થાન, મિથ્યાત્વ આદિ પુદ્‌ગલદ્રવ્ય છે એ જ પુદ્‌ગલદ્રવ્યના કર્તા છે, નવા કર્મબંધના એ કર્તા છે, આત્મા નહીં. આહાહા ! આમાં નવા માણસને તો સમજવું શું ! સાંભળ્યું ન હોય કોઈ દિ'કાંઈ. આખો દિ'સંસારના પાપ એકલા, ધર્મ તો નથી પણ પુણ્યના ય ઠેકાણાં નથી. અહીં કોઈ વખતે સહેજ પુણ્ય કરે કે આપે લાખ કે પચાસહજાર, લાખ બે લાખ, પાંચહજાર-દશહજાર...... પણ એ 'એરણની ચોરી ને સોયનું દાન' -એરણની ચોરી છે, સોનીને ત્યાં એરણ હોય છે ને લોઢાની એની ચોરી ને સોયનું દાન એમાં ક્યાં મેળ ખાય. ( શ્રોતાઃ- પૈસા વાપરે ને પુણ્ય પણ નહીં ? ) પૈસા વાપરવામાં પણ જો એ રાગ મંદ કરે તો પુણ્ય, એ પુણ્ય કેટલું ? થોડું. અને પાપ તો ઘણું મોટું-ત્રેવીસ કલાક-બાવીસ કલાક પાપ કરતો હોય એમાં 'એરણની ચોરી ને સોયનું દાન' કિરણભાઈ ! આવી વાતું છે બાપુ ! ન્યાં ક્યાંય સંભળાય એવું નથી મુંબઈમાં ! આહાહાહા ! એ ય ! ( શ્રોતાઃ- કરવું શું અમારે ? ) આ કહ્યું ને આત્મા જ્ઞાયકસ્વરૂપ છે ને એનાં ઉપર દૃષ્ટિ કર અંદર. એ વિના તારા જન્મ-મરણ નહિ મટે. મરી ગયો તું તિર્યંચના ભવ નરકના ભવ પશુના અનંત શરીર કરી કરીને કીડા કાગડા કંથવા એવા અનંત અનંત ભવ કર્યાં પ્રભુ ! હવે એ હવે ભવ ન કરવો હોય તો... આત્મા અંદર ચૈતન્યમૂર્તિ, રાગથી રહિત છે, એની અંદર અનુભવ-દૃષ્ટિ કર. આહાહાહા ! આવું કામ છે. આહાહા !

આંહી તો હજી નવરો થાય નહિ ને ચોવીસ કલાકમાં એને આ કહે કે તારે વિકલ્પ ઊઠે જે દયા દાન આદિનો એનાથી ભિન્ન છે. એને ત્યાં જા. આહીં ઊભો ન રહે-ઊભો એમાં ન રહે, એમ કહે છે કહો, રાયચંદભાઈ ? આ રાયચંદભાઈએ બે લાખ રૂપિયા આપ્યા હમણાં ત્યાં નૈરોબી, મંદિર કર્યું છે ને મંદિર આ જેઠ સુદ અગિયારસનું ખાતમુહૂર્ત છે. મંદિર ( બનવાનું ) છે પંદર લાખ રૂપિયાનું આફ્રિકા-નૈરોબી. આ રાયચંદભાઈએ બે લાખ બે હજાર આપ્યા, ફક્ત એનાં ઓલામાં દેરાસરનું ખાતમૂહૂર્ત કરવામાં. દિકરો-દિકરી નથી બાયડી-ભાયડો ને બા ત્રણ જણા. હમણાં જેઠ સુદ અગિયારસે મુરત થયું ને ? ખાત ( મુહૂર્ત ! ) આફ્રિકામાં બે હજાર વરસમાં ત્યાં દિગમ્બર મંદિર નહોતું, અત્યારે ( હવે ) એ તૈયાર થવાનું છે. જેઠ સુદ-૧૧ છે, શું કહેવાય ? ભીમ અગિયારસે ખાત મુહૂર્ત એમના હાથે ખાતમૂહુર્ત થયું છે. બે લાખ ને બે હજાર, આપ્યા આમણે ! તેથી શું પણ, એ રાગની મંદતા-રાગની મંદતા હોય તો પુણ્ય થાય, એ કંઈ ધર્મ

નથી, ( શ્રોતાઃ– કેટલા રૂપીયા આપે તો ધર્મ થાય ) ( અરે ! ) કરોડ આપે તો ય શું છે ? એમાં ( જો ) કરોડ રૂપિયા મારા છે એમ માનીને આપે તો તો મિથ્યાત્વ છે, પાપ મિથ્યાત્વનું પાપ છે. આહાહા ! આકરું કામ ભાઈ, જનમ મરણથી રહિત થવાનો રસ્તો બાપુ. આહાહા !

આહાહા ! પ્રભુ કહે છે– પ્રભુ કહે છે કે એક વાર સાંભળ તો ખરો ! પ્રભુ તું તારા અનંતકાળના પરિભ્રમણના ભાવનું શું સ્વરૂપ છે, એ સાંભળ તો ખરો. આહાહા ! પ્રભુ તું ચૈતન્યમૂર્તિ ને અંદર અનંત અનંત ગુણોનો પિંડપ્રભુ છો, ચૈતન્ય હીરો, જેની કિંમત ન મળે, અણમોલ ચીજ છે અંદર, ભગવત્ સ્વરૂપ છે–જિનસ્વરૂપ છે. આહાહા !

"ઘટ ઘટ અંતર જિન બસે ને ઘટ ઘટ અંતર જૈન
મત મદિરાકે પાન સોં, મતવાલા સમજે ન"

–આહાહા ! એ વીતરાગીસ્વરૂપે બિરાજે છે અંદર તું અત્યારે હોં. ત્રિકાળ એનું સ્વરૂપ જ વીતરાગ સ્વરૂપ જ જ્યાં છે–ચૈતન્યસ્વરૂપ વીતરાગસ્વરૂપ અકષાયસ્વરૂપ પરમાનંદસ્વરૂપ પરમ પ્રભુતા સ્વરૂપ. આવો ભગવાન અંદરમાં દ્રવ્યસ્વભાવ છે. એનાથી વિરુદ્ધમાં આ પુણ્ય ને પાપ ને તેરે ય ગુણસ્થાન આદિ ભાવ આસ્રવ, એ નવા બંધના કારણ છે–સંસારમાં પરિભ્રમણનું કારણ છે. ઓહોહો ! આકરું કામ. સોનગઢવાળા જ આવું કહે છે કે બીજા કહે છે ? આવું કહે છે લોકો એમ. અરે, ભગવાન પણ સાંભળ તો ખરો તું, જો તો ખરો જરીક. સંસારના નામા તપાસે છે ને તારી પાસે મારા દશહજાર ( લેણાં ) છે, ઓલો કહે કે પણ પાંચ હજાર મારા ચોપડામાં નીકળે છે તમારા લેણાં ! ઓલો કહે કે દશહજાર નીકળે છે. લાવો, કાઢો ન્યાં મેળવે માળા' વાણિયા, ઘાસતેલ બાળીને આંહી નામું મેળવવું હોય ભગવાન શું કહે છે ને હું શું માનું છું ! આહાહા ! ( શ્રોતાઃઆવડે નહીં તો મેળવે શી રીતે ? ) માટે તો કહે છે ને કે હવે આવો મનુષ્યભવ મળ્યો, એમાં આવા ભવના અભાવની વાત જો ન સાંભળી ખરેખર તો ભવના અભાવ કરવા માટે આ ભવ છે. આહાહા ! ભવનો અભાવ કરવાની આ ચીજ છે. આહાહા !

–આટલામાં ઘણું સમાડી દીધું, તેથી આ સિદ્ધ થયું એટલે એ મિથ્યાત્વ, અવિરતિ, વ્રત–વિકલ્પ આદિ જે બધું છે એ આસ્રવ છે, બંધના કારણ છે. કેમ કે એ અચેતન છે, કેમ કે એ પુદ્‌ગલ છે, એ જીવ નહિ. ( શ્રોતાઃ– આપ કહો છો જીવ, વિકાર કરે નહીં ! ) દ્રવ્ય વિકાર કરે નહીં–દ્રવ્ય તે વિકાર કરે, વસ્તુ ? એ તો પર્યાયમાં વિકાર થાય છે–એ અચેતન છે–જડ છે. આહાહા ! ચૈતન્ય હીરો–સૂર્યના કોઈ પ્રકાશમાં અંધકાર હોય ? સૂર્યના કેટલા કિરણો નિકળે છે ? હજારો, કોઈ કિરણ કોલસાના જેવું હોય કોઈ ? એમ ભગવાન આત્મા( માં ) એવા તો અનંતા અનંતા સૂર્યના પ્રકાશના કિરણો ગૌણ છે. અહીં તો એવો અનંત પ્રકાશનું નૂર ભર્યું–પડયું છે અંદર. આહાહાહા ! પણ એની સામું જોવાનુંય ક્યાં છે, પરમાં જોઈ–જોઈને આખી જિંદગી કાઢી–અનંત ભવ. આહાહા ! એ અંદર ભગવાન બિરાજે છે પ્રભુ આ દેહ–દેવળમાં એ શરીર સ્ત્રી–પુરુષ– એ તો જડના છે. એ કાંઈ આત્મા નથી. અંદર ભગવાન આત્મા, પરમબ્રહ્મ, આનંદકંદ, જ્ઞાયકનીમૂર્તિ, અનંતગુણ–પવિત્રતાની ખાણ, એવો ભગવાન આત્મા, એમાં જે પર્યાયમાં આવા પુણ્ય–પાપના આસ્રવભાવ થાય છે એ અચેતન છે, એ ચૈતન્યની જાતના નહિ એ કારણે એને પુદ્‌ગલ દ્રવ્ય કહેવામાં આવ્યા છે. તો એ પુદ્‌ગલદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્યનો કર્તા છે. નવા બંધનનો એ પુદ્‌ગલદ્રવ્ય

પુદ્‌ગલનો કર્તા છે, આત્મા નહીં ! આહાહાહા !

આંહી તો ત્યાં સુધી કહ્યું કે મિથ્યાત્વભાવ છે ને એ પણ મિથ્યાત્વભાવ છે એ અચેતન, આસ્રવ છે અને એ પુદ્‌ગલદ્રવ્ય છે. ભગવાન તો એ મિથ્યાત્વથી ભિન્ન છે અંદર. આહાહાહા ! મિથ્યાત્વ છે એને અહીં પહેલાં બતાવે છે. સમજાણું કાંઈ... ? ઓલું તો સહેલું હતું કે વ્રત કરો, તપ કરો, દયા કરો, દાન કરો, પૂજા, દાન, શિયળ, તપ, ભાવના એ ધર્મના ચાર પ્રકાર થઈ રહ્યું લ્યો. આંહી કહે છે કે દાનનો ભાવ તારો રાગ હોય એ પુદ્‌ગલ છે. બ્રહ્મચર્ય-શિયળ આ શરીરનું પાળવાનો ભાવ, એ રાગ અને પુદ્‌ગલ છે, આ ઉપવાસ કરું આદિના વિકલ્પ છે એ પણ પુદ્‌ગલ છે. અર્‌ર્‌ર્‌ ! દાન, શિયળ, તપ, ભાવના એટલે આંહી એ ( ધર્મ ) માને છે. ઇચ્છા-અપવાસ કર્યો બે-ત્રણ મહિનાના અપવાસ કર્યાં, એ અપવાસમાં તારો વિકલ્પ હતો, એ રાગ છે. એ તો પુદ્‌ગલ છે. આહાહાહા !

( શ્રોતાઃ- ઉપાશ્રયમાં આવું બધું કીધું હોય તો મારે ) મારે. આંહી ક્યાં સોનગઢ-આંહી તો જંગલમાં પડયા છીએ ( લોકોને ) જે માનવું હોય એ માને, આંહી કાંઈ કોઈ પક્ષ નથી કંઈ, વાડો નથી આંહી. આહાહા ! આંહી તો પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, ગણધરો ને ઇન્દ્રોની વચ્ચે આ વાત કરતા હતા, મહાવિદેહમાં ઇન્દ્રો અને ગણધરની વચ્ચે આ વાત કરે છે. કુંદકુંદાચાર્ય ગયા હતા ત્યાં, આઠ દિવસ રહ્યા હતા, તેઓ( એ ) અહીં આવીને આ શાસ્ત્ર બનાવ્યા, એનો આ પોકાર છે. એનાં પછી એક હજાર વર્ષ પછી અમૃતચંદ્રાચાર્ય થયા, એમની આ ટીકા છે. આહાહા ! બધી ખબર હતી એને. આવે છે ને શાસ્ત્ર પ્રવચનસારમાં આવે છે, ભગવાન પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા, પહેલું આવે છે શરૂઆતમાં. આહાહા ! આ કાલ વાંચ્યું 'તું ને એનો ભાવાર્થ છે.

તેથી એમ સિદ્ધ થયું કે પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મનું કર્તા ( કરનારું ) છે; જીવ કર્તા નથી, જીવને પુદ્‌ગલકર્મનો કર્તા માનવો તે અજ્ઞાન છે.

ભગવાન આત્મા-જીવ જે ચૈતન્યબિંબ પ્રભુ જે દ્રવ્યસ્વભાવ, આનંદ ને જ્ઞાન છે એ કાંઈ પુદ્‌ગલકર્મનો કર્તા નથી. પુદ્‌ગલનો બંધ એ રાગાદિની પર્યાય એ બંધ પુદ્‌ગલ છે. અને એ પુદ્‌ગલ બંધના કર્તા છે. જીવને પુદ્‌ગલકર્મનો કર્તા માનવો તે અજ્ઞાન છે. આ છેલ્લા શબ્દો આ ભગવાન આત્મા વસ્તુ છે, વસ્તુ, શુદ્ધ ચૈતન્ય ધાતુ ચૈતન્ય ધાતુ, જેમાં ચૈતન્ય ધારી રાખ્યા છે, એવો ભગવાન ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વભાવ આનંદમૂર્તિ, એને પુદ્‌ગલકર્મનો કર્તા માનવો અજ્ઞાન છે. મિથ્યાત્વ છે. આહાહાહા !

હવે આ કહે છે કે જીવને અને તે પ્રત્યયોને એકપણું નથી.

## ગાથા-૧૧૩,૧૧૪,૧૧૫

न च जीवप्रत्यययोरेकत्वम्

जह जीवस्स अणण्णुवओगो कोहो वि तह जदि अणण्णो।
जीवस्साजीवस्स य एवमणण्णत्तमावण्णं।।११३।।

एवमिह जो दु जीवो सो चेव दु णियमदो तहाऽजीवो।
अयमेयत्ते दोसो पच्चयणोकम्मकम्माणं।।११४।।

अह दे अण्णो कोहो अण्णुवओगप्पगो हवदि चेदा।
जह कोहो तह पच्चय कम्मं णोकम्ममवि अण्णं।।११५।।

यथा जीवस्यानन्य उपयोगः क्रोधोऽपि तथा यद्यनन्यः।
जीवस्याजीवस्य चैवमनन्यत्वमापन्नम् ।।११३।।

एवमिह यस्तु जीवः स चैव तु नियमतस्तथाऽजीवः।
अयमेकत्वे दोषः प्रत्ययनोकर्मकर्मणाम्।।११४।।

अथ ते अन्यः क्रोधोऽन्यः उपयोगात्मको भवति चेतयिता।
यथा क्रोधस्तथा प्रत्ययाः कर्म नोकर्माप्यन्यत्।।११५।।

यदि यथा जीवस्य तन्मयत्वाज्जीवादनन्य उपयोगस्तथा जडः क्रोधोऽप्यनन्य एवेति प्रतिपत्तिस्तदा चिद्रूपजडयोरनन्यत्वाज्जीवस्योपयोगमयत्ववज्जडक्रोधमयत्वापत्तिः। तथा सति तु य एव जीवः स एवाजीव इति द्रव्यान्तरलुप्तिः। एवं प्रत्ययनोकर्मकर्मणामपि जीवादनन्यत्वप्रतिपत्तावयमेव दोषः। अथैतद्दोषभयादन्य एवोपयोगात्मा जीवोऽन्य एव जडस्वभावः क्रोधः इत्यभ्युपगमः, तर्हि यथोपयोगात्मनो जीवादन्यो जडस्वभावः क्रोधः तथा प्रत्ययनोकर्मकर्माण्यप्यन्यान्येव, जडस्वभावत्वाविशेषात्। नास्ति जीवप्रत्यययोरेकत्वम्।

---

વળી જીવને અને તે પ્રત્યયોને એકપણું નથી એમ હવે કહે છેઃ-

ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,
તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો.૧૧૩.

તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;
નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ.૧૧૪.

**જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,**
**તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.**

ગાથાર્થઃ-[ यथा ] જેમ [ जीवस्य ] જીવને [ उपयोग: ] ઉપયોગ [ अनन्य: ] અનન્ય અર્થાત્ એકરૂપ છે [ तथा ] તેમ [ यदि ] જો [ क्रोध: अपि ] ક્રોધ પણ [ अनन्य: ] અનન્ય હોય તો [ एवम् ] એ રીતે [ जीवस्य ] જીવને [ च ] અને [ अजीवस्य ] અજીવને [ अनन्यत्वम् ] અનન્યપણું [ आपन्नम् ] આવી પડયું. [ एवम् च ] એમ થતાં, [ इह ] આ જગતમાં [ य: तु ] જે [ जीव: ] જીવ છે [ स: एव तु ] તે જ [ नियमत: ] નિયમથી [ तथा ] તેવી જ રીતે [ अजीव: ] અજીવ ઠર્યો; ( બન્નેનું અનન્યપણું હોવામાં આ દોષ આવ્યો; ) [ प्रत्ययनोकर्मकर्मणाम् ] પ્રત્યય, નોકર્મ અને કર્મના [ एकत्वे ] એકપણામાં અર્થાત્ અનન્યપણામાં પણ [ अयम् दोष: ] આ જ દોષ આવે છે. [ अथ ] હવે જો ( આ દોષના ભયથી ) [ ते ] તારા મતમાં [ क्रोध: ] ક્રોધ [ अन्य: ] અન્ય છે અને [ उपयोगात्मक: ] ઉપયોગસ્વરૂપ [ चेतयिता ] આત્મા [ अन्य: ] અન્ય [ भवति ] છે, તો [ यथा क्रोध: ] જેમ ક્રોધ [ तथा ] તેમ [ प्रत्यया: ] પ્રત્યયો [ कर्म ] કર્મ અને [ नोकर्म अपि ] નોકર્મ પણ [ अन्यत् ] આત્માથી અન્ય જ છે.

ટીકાઃ-જેમ જીવના ઉપયોગમયપણાને લીધે જીવથી ઉપયોગ અનન્ય છે તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે એવી જો [૧]પ્રતિપત્તિ કરવામાં આવે, તો [૨]ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે જીવને ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે. એમ થતાં તો જે જીવ તે જ અજીવ ઠરે, -એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય. આ પ્રમાણે પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ જીવથી અનન્ય છે એવી પ્રતિપત્તિમાં પણ આ જ દોષ આવે છે. હવે જો આ દોષના ભયથી એમ સ્વીકારવામાં આવે કે ઉપયોગાત્મક જીવ અન્ય જ છે અને જડસ્વભાવ ક્રોધ અન્ય જ છે, તો જેમ ઉપયોગાત્મક જીવથી જડસ્વભાવ ક્રોધ અન્ય છે તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ અન્ય જ છે કારણ કે તેમના જડસ્વભાવપણામાં તફાવત નથી ( અર્થાત્ જેમ ક્રોધ જડ છે તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ જડ છે ). આ રીતે જીવને અને પ્રત્યયને એકપણું નથી.

ભાવાર્થઃ-મિથ્યાત્વાદિ આસ્રવ તો જડસ્વભાવ છે અને જીવ ચેતનસ્વભાવ છે. જો જડ અને ચેતન એક થઈ જાય તો ભિન્ન દ્રવ્યનો લોપ થઈ જાય એ મોટો દોષ આવે. માટે આસ્રવને અને આત્માને એકપણું નથી એ નિશ્ચયનયનો સિદ્ધાંત છે.

---

[૧] પ્રતિપત્તિ = પ્રતીતિ; પ્રતિપાદન.

[૨] ચિદ્રૂપ = જીવ.

## ગાથા-૧૧૩ થી ૧૧૫ ઉપર પ્રવચન

બહુ સરસ વાત છે. ટીકા, એની ટીકાઃ– 'જેમ જીવના ઉપયોગમયપણાને લીધે' –જીવ તો જાણન-દેખન ઉપયોગમય છે. આહાહા ! ભગવાન આત્મા તો જાણન-દેખન ઉપયોગમય છે, છે ? અભિન્ન છે–જીવનો ઉપયોગ એ જીવથી અભિન્ન છે. આહાહાહા ! એવી જ રીતે 'જડ ક્રોધ પણ અનન્ય છે' એમ ક્રોધ પણ અનન્ય છે–જેમ આત્મા જ્ઞાયકસ્વરૂપ છે, એનો જે ઉપયોગ છે જાણન-દેખન એ અભિન્ન છે, એમ જો ક્રોધને પણ અભિન્ન ગણો–જ્યારે જડ ક્રોધ પણ અનન્ય છે એમ કહો તો...... 'એવી જો પ્રતિપત્તિ કરવામાં આવે' –એવી જો પ્રતીતિ કરવામાં આવે, તો ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે જીવને ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે.' આહાહાહા...

શું કહે છે ? કે જીવ જે છે એ ઉપયોગમય છે. જાણન દેખન ઉપયોગમય છે. તેથી ઉપયોગ ને જીવ અનન્ય છે, અનેરા–અનેરા નથી, અભિન્ન છે. એમ ક્રોધ, માન, માયા, લોભ, રાગાદિ જો આત્માથી અનન્ય છે, તો આત્મા અજીવ થઈ જાય. આહાહા ! ભગવાન આત્મા, જેમ જાણન-દેખન ઉપયોગમય છે, એ જાણન-દેખનથી તો અનન્ય–અભિન્ન છે આત્મા, તેવી રીતે જો ક્રોધ, રાગ, દ્વેષ –ક્રોધ શબ્દ લીધો છે દ્વેષનો–દ્વેષના બે ભાગ, ક્રોધ અને માન ( અને ) રાગના બે ભાગ માયા અને લોભ. આહાહા ! એમાં અહીં વળી ઇચ્છા લ્યો અત્યારે તો વધારે ઠીક પડશે. આ ઇચ્છા જે થઈ એ પણ આત્માની સાથે અનન્ય હોય છે. તો ક્રોધ જડ છે, આ જડ ઇચ્છા છે. એ ઇચ્છા જડ છે, આત્મા જ્ઞાન દર્શનના ઉપયોગમય છે. એ ઉપયોગથી આત્મા અનન્ય અભિન્ન છે, એમ ઇચ્છા આત્માથી અનન્ય થઈ જાય તો ઇચ્છા તો જડ છે જડથી અનન્ય થઈ જાય, તો આત્મા જડ થઈ જાય. આહાહા ! ઝીણો વિષય છે.

–જેમ જીવના ઉપયોગમયત્વને કારણ, ઉપયોગમયત્વને કારણ હોં, ઉપયોગમય છે. જીવથી ઉપયોગ અનન્ય છે–અભિન્ન છે. એ પ્રકારે જડ ઇચ્છા પણ અનન્ય જ છે. કોઈ એમ માને કે આ ઇચ્છા છે ( તે ) મારાથી અનન્ય છે, મારી સાથે તે અભેદ છે, યદી એવી જો પ્રતિપત્તિ– એવી પ્રતીતિ કરવામાં આવે તો ચિદ્રૂપ જીવ એ જડના અનન્યત્વને કારણે, જડના અનન્યત્વના કારણે–એકમેક હોવાને કારણે, તે જ અજીવ સિદ્ધ થશે. આહાહા ! કારણ, કારણ કે જીવના ઉપયોગમયત્વની જેમ જાણન-દેખન એ આત્મામાં અભિન્ન છે એમ ઇચ્છા થઈ એ ઇચ્છા પણ આત્માથી અનન્ય હોય તો આત્મા જડ થઈ ગયો. આહાહાહા ! આવું સાંભળવું મુશ્કેલ પડે એવું છે ! આહાહાહા !

ભગવાન આત્મા ઇચ્છા માત્ર જે છે એ આત્મા જેમ જાણન-દેખન ઉપયોગમય છે એમ ઇચ્છા આત્માની સાથે અભિન્ન હોય તો ઇચ્છા જડ છે, તો જીવ જડ થઈ જશે. આહાહા ! ધર્મ-કથા સૂક્ષ્મ છે. આહાહા ! ઇચ્છા માત્ર, લોભ, માન, ક્રોધ, માયા, રાગ, હાસ્ય, વિષય વાસના, રળવાના ભાવ, દાનના ભાવ, એ ભાવ બધા અચેતન છે. આહાહા ! જેમ એ ભગવાન આત્મા જાણન-દેખન ઉપયોગથી અભિન્ન છે, એમ જો ઇચ્છા ને રાગ આદિ કહ્યા ને એ અજીવ છે પુદ્‌ગલ છે, એનાથી જો અનન્ય–એકમેક હોય તો જીવ, જડ બની જશે, ગજબ વાત છે.

આહાહાહા ! એ 'મોક્ષની ઇચ્છા' પણ જડ છે, એમ કહે છે ( શ્રોતાઃ- એ તો પુદ્‌ગલ છે, ) ભાઈ ! એણે ધર્મ સાંભળ્યો નથી, અત્યારે તો હા... હો મોટી ધમાલ, મોટા હાથી કાઢે ને એના પર ચડે ને રથ કાઢે ને, બે પાંચ દશ લાખ ખર્ચેને, આહાહા ! સંઘવીની પદવી આપે એને મોટી. આહાહા !

પ્રભુ, તારી મોટી ભૂલ થઈ છે, કહે છે કે તું ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદ ને પ્રકાશની મૂર્તિ, અનંત સૂર્યનો પ્રકાશ હોય એથી પણ તારો ચૈતન્યપ્રકાશ અનંતગણો અંદર પડયો છે. આહાહા ! અનંત ચંદ્રની શીતળતાથી પણ તારામાં અનંતી શીતળતા-વીતરાગી શાંતિ પડી છે-શાંતિ પડી છે, અને આકાશની જેમ ગંભીરતા છે, પાર નહિ લોક બહાર આકાશ ! ક્યાં પૂરું થઈ થયું આકાશ ? ક્યાંય પૂરું થતું નથી. આકાશ... આકાશ... આકાશ... એમ આ તારામાં અનંત ગુણો અપાર ભર્યા છે. આહાહા ! અને દરિયાની ગંભીરતાનો પાર નહીં, એવી તારી ગુણશક્તિની ગંભીરતાનો પાર નહિ એવો ભગવાન આત્મા, મહાપ્રભુ ! એ લોભ રાગ ઇચ્છા પુણ્ય કે પાપ આદિ ભાવ મારા છે એવું માને તો એ ભાવ તો પુદ્‌ગલ છે, અને પુદ્‌ગલમય-જડ છે તો તું જડ થઈ જઈશ. આહાહા ! આકરું કામ છે બાપુ ! દુનિયાથી જુદી જાત છે ભાઈ અહીં. ( શ્રોતાઃ- ભેદજ્ઞાન કરાવો છો ! ) ઓલા તો એમ કહે છે કે દયા પાળો, વ્રત પાળો, ભક્તિ પૂજા કરો એ સાધન છે લ્યો હવે જડ સાધન છે ? આહાહા !

ચિદ્રૂપજીવ, જ્ઞાનસ્વરૂપ પ્રભુ એ ચૈતન્ય જ્ઞાનનો પુંજ પ્રભુ, એ ઇચ્છા રાગ ને પુણ્ય-પાપના ભાવ અચેતન-પુદ્‌ગલ છે તો એ આત્માથી અનન્ય થઈ જાય તો આત્મા જડ થઈ જાય. આહાહાહા ! એનાથી પણ તારી ચીજ ભિન્ન છે ભગવાન, એ ભિન્ન ચીજને તપાસ, અંદર જો. આહાહાહા ! આવી વાત છે.

જીવ, જડના અનન્યત્વના કારણે, જીવના ઉપયોગમયતાની જેમ-જેમ ભગવાન આત્મા જાણન-દેખન ઉપયોગમય છે, એમ જડ ક્રોધમયતા પણ આવી જશે, જેમ ક્રોધ, માન, માયા, લોભ ઇચ્છા માત્ર પોતાની છે તો એ જડ થઈ જશે. ઝીણું બહુ છે. એ પ્રકારે આમ થવાથી જીવ છે તે જ અજીવ સિદ્ધ થશે. એ રાગ દયા-દાનનો, ભક્તિનો, પૂજાનો રાગ, એ રાગ પુદ્‌ગલ છે અચેતન છે. જેમ આત્મા ને ઉપયોગ એક જ છે એમ જો રાગ ને એક જ માનો તો જીવ જડ થઈ જશે. આહાહાહા ! જીવ, અજીવ થઈ જશે, છે ? અંદર છે કે નહીં ? અજીવ સિદ્ધ થશે. - 'એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય' -શું કહે છે એ ? જ્યારે રાગાદિ પુદ્‌ગલ છે એ જો પોતાના માની લ્યો, તો આત્મા જડ થઈ જાય અને બીજી ચીજ છે એનો લોપ થઈ જશે, કારણ કે જડ તો અહીં આવી ગયા. જડ, જીવમાં આવી ગયા, જડ ચીજ છે બાહ્ય, એનો લોપ થઈ જશે ! શું કીધું ? સમજાણું કાંઈ... ?

ફરીથી, કે ભગવાન આત્મા એ તો જાણન-દેખન ઉપયોગસ્વરૂપી જ પ્રભુ અનાદિ છે. તો એ તો ઉપયોગ, એની સાથે અનન્ય છે. અભિન્ન છે. તેવી રીતે રાગ, ઇચ્છા, ક્રોધ, માન, માયા, લોભ પણ પોતાના હોય તો એ ચીજ તો અચેતન છે જડ છે પુદ્‌ગલ છે. પુદ્‌ગલ છે તો, આત્મા જડ થઈ ગયો ! તો તો બીજા જડ છે, એનો તો લોપ થઈ ગયો જડ ( ચીજ છે ) એ તારામાં ઘુસી ગઈ. આહાહાહા ! આવું સાંભળવાનું મળતું નથી આ. અને મુંબઈ જેવી નગરી મોહમયી ! હો... હા ! ... હો... હા ! ધમાલ... ધમાલ ! આહાહા ! ભારે લાગે વાત તો.

આંહી તો એનું સ્વરૂપ ( બતાવીને ) ભેદજ્ઞાન કરાવે છે,-એ રાગ, ચાહે તો દયાનો હોય કે ભક્તિનો હોય પણ ઉપયોગ છે એ જાણન-દેખન ઉપયોગ છે એ ઉપયોગ છે એ આત્માનો છે-અનન્ય છે. અનેરો-અનેરો ઉપયોગ ને અનેરો જીવ એમ છે નહીં. એમ, ઉપયોગ અનન્ય જેમ છે એમ રાગાદિ-ઇચ્છા આદિ એ આત્માની સાથે અનન્ય થઈ જાય, તો એ જડ થઈ જશે કારણ કે રાગ ઇચ્છા જડ છે. તેથી આંહી કહ્યું કે બાકીના દ્રવ્યનો પણ લોપ થઈ જશે. જડ અહીંયા આવી જશે તો જડનો લોપ થઈ જશે. આવું ઝીણું છે.

આ ટીકા તો હજાર વરસ પહેલાંની છે, બે હજાર પહેલાંના શ્લોક છે. કુંદકુંદાચાર્ય ગયા હતા ભગવાન પાસે, આઠ દિવસ રહ્યા હતા. ( શ્રોતાઃ- અમને તો હમણાં મળ્યું છે ) આહાહાહા ! એક જ શ્લોકે બસ છે, આંહી તો. “જડ ને ચૈતન્ય બન્ને પ્રગટ સ્વભાવ ભિન્ન” આહાહા... -એ પુણ્યનો ભાવ, દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા( નો ) ભાવ છે એ રાગ છે. અરરર ! આ લોકો તો કહે છે ને કે રાગ કરો તો ધર્મ થાશે. જડ કરો તો ચૈતન્ય થાશે. આંહી તો કહે છે બાપુ, તેમાં ચૈતન્યના નૂરના પ્રકાશનો અંશ ક્યાં છે ? રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિમાં ચૈતન્ય સ્વરૂપના જ્ઞાનનો અંશ એમાં છે નહીં, છે નહીં તો એ કારણે અચેતન થયાં, અચેતન થયાં તો ખરા પણ અચેતન તો પુદ્‌ગલ થયા, કે અચેતન તો પુદ્‌ગલદ્રવ્ય છે અને એ જડ જડનું કારણ છે બંધનું. ચૈતન્ય બંધનું કારણ કેમ થાય ? પુદગલદ્રવ્ય રાગભાવો છે અને એ નવા બંધના કારણ છે.

‘એમ થતાં તો જે જીવ તે જ અજીવ ઠરે.’ -અને એ પ્રકારે આમ થવાથી પર જે જીવ છે તે જ અજીવ સિદ્ધ થશે-સિદ્ધ એટલે અજીવ થઈ ગયા એમ. ‘એ રીતે અન્યદ્રવ્યનો લોપ થાય.’ એ પ્રકારે પ્રત્યય, આસ્રવ, મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, શુભાશુભ ભાવ, નોકર્મ, આહાર, શરીર, ઇન્દ્રિયો, શ્વાસ, ભાષા, એને યોગ્ય પુદ્‌ગલો અને કર્મ જડ એ પણ જીવની સાથે અન્ય છે, જીવથી અન્ય છે, પણ જો માનો કે જીવથી અનન્ય છે તો આવી પ્રતીતિમાં પણ તે જ દોષ આવે છે. શું કીધું ? કે જેમ રાગ દ્વેષ આત્માથી અન્ય છે ( તેઓ ) અન્ય છે. એને અનન્ય માનો તો એ દોષ આવશે કે જડ થઈ જશે.

એવી રીતે પ્રત્યયો, નોકર્મ ને કર્મ-શરીર આદિ, વાણી આદિ જીવથી અનન્ય છે જીવથી એકમેક છે જીવના છે, એવી પ્રતિપત્તિ અંગીકાર કરવામાં એ જ દોષ આવે છે. આહાહા ! ( શ્રોતા:પ્રત્યય એટલે ? ) બધાય કીધાને પ્રત્યયો-આસ્રવો કીધાને અને આ પછી કર્મ ને નોકર્મ બીજી ચીજ પ્રત્યય તો ફક્ત આ પહેલાં ગુણસ્થાનથી તેરમા ગુણસ્થાનનો ભાવ એ પ્રત્યય છે, આસ્રવ ( છે ) અને એમાં કર્મ ને નોકર્મ બીજી, જુદી ચીજ છે. એમ કે જ્યારે પ્રત્યય જે છે એ તારા થઈ જાય, તો તું જડ થઈ જઈશ ને જડનો લોપ થઈ ગયો. જ્યારે આમ છે તો એવા બીજા પ્રત્યયને તમે માની લો ગુણસ્થાનોને અને કર્મને માની લો તો, તમે જડ થઈ જશો. આહાહાહા ! બહુ આકરું કામ છે, ભેદજ્ઞાન છે બાપુ નવરાશ ક્યાં આવે આમાં ? પાપની પળોજળ છે આખો દિ’.આહાહાહા !

માટે “હવે જો આ દોષના ભયથી એમ સ્વીકારવામાં આવે કે ઉપયોગાત્મક જીવ અન્ય જ છે અને જડસ્વભાવ ક્રોધ અન્ય જ છે.” છે ? આ રીતે દોષ આવે માટે તારે જો સમજવું હોય

તો, ઉપયોગસ્વરૂપ તે જીવ અન્ય જ છે જુદો છે. અને જડસ્વભાવ રાગ દ્વેષ ક્રોધ આદિ અન્ય જ છે. આહાહાહા ! તો જેમ ઉપયોગાત્મક જીવથી જડ સ્વભાવ ક્રોધ અન્ય છે, –ઉપયોગસ્વરૂપ જાણન–દેખન એવા જીવથી આ રાગ જડસ્વભાવ ભિન્ન છે એ પ્રકારે પ્રત્યય ભિન્ન છે–આસ્રવ તેર નોકર્મ ભિન્ન છે–ભાષા આદિ અથવા આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષાને યોગ્ય પુદ્ગલ ભિન્ન છે. કર્મ પણ અન્ય છે જડ ( છે ). આહાહાહા ! આટલી ગાથામાં, આટલું ભર્યું છે.

શું કીધું ? કે જે રાગાદિ, પુણ્યઆદિ, દયા દાનના વિકલ્પ ઊઠે છે, જેમ ઉપયોગસ્વરૂપ આત્માથી ( ઉપયોગ ) અનન્ય છે. તેવી રીતે રાગથી આત્મા અનન્ય થઈ જાય તો આત્મા જડ થઈ જશે, એ જડની ભિન્નતા રહેશે નહીં, જડ થઈ જશે. તો જડનો લોપ થઈ જશે. આહાહાહા ! તો જેમ ક્રોધ આત્માના સ્વરૂપથી અન્ય છે, એમ પ્રત્યય નામ તેર ગુણસ્થાન અન્ય છે, એમ કર્મ પણ અન્ય છે ને નોકર્મ પણ અન્ય છે. આહાહા ! સમજાણું કાંઈ ? થોડામાં ઘણું છે પણ હવે, શું કરે ?

આ તો સિદ્ધાંત છે. સર્વજ્ઞ ભગવાન જિનેન્દ્રદેવના શ્રીમુખે નીકળેલી વાણી છે, અત્યારે તો વાડામાં તો મળે એવું નથી. ભારે મુશ્કેલી. જ્યાં હોય ત્યાં વ્રત પાળો ને આ કરો ને... આ કરો ને... આ કરો ને. આહાહાહા ! તપસ્યા કરો કર્યું ને બલુભાઈએ, તપસ્યા કરી હતી ને વર્ષીતપ કર્યો'તો, સાંભળ્યું'તું તમારા ભાઈબંધ બલુભાઈ દાક્તર, ત્યાં નહિ આટકોટવાળા વરસીતપ કર્યું'તું. ખરો આદમી લાંઘણું છે કીધું બધી તારી. ( શ્રોતાઃ– આપ પારણામાં તો ગયા'તા ) ઇ પણ ન્યાં આહાર વહોરવા, તો ગયા'તા ત્યાં આટકોટ, એના બાપ રાજકોટમાં હતા, ચુનિલાલ.

લાંઘણું છે બધી આ ભાન વિના વરસીતપ શેના તારા તે પછી તો સમજાયું કે ભારે થઈ હજી આત્મા શું ચીજ છે, વિકલ્પ શું ચીજ છે, શરીર કોણ ચીજ છે, એની ભિન્નતાની તો ખબર નહીં અને તને અપવાસ થઈ ગયા ? ઉપવાસમાં તો ઉપ+વાસ=ચૈતન્ય રાગથી ભિન્ન છે એવી ચીજમાં ઉપ નામ સમીપ જઈને વસવું અંદરમાં આનંદસ્વરૂપમાં વસવું એનું ( નામ ) ઉપવાસ છે. આ તો બધા અપવાસ છે. અપ નામ માઠો વાસ, રાગની ઇચ્છામાં રહ્યા એ તો જડમાં રહ્યા ( છે ). આહાહા ! સમજાણું કાંઈ ?

આટલી ગાથામાં કેટલું ભર્યું છે લ્યો, 'તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ અન્ય જ છે' કારણ કે તેમના જડસ્વભાવપણામાં તફાવત નથી. શું કહે છે ? કે જેમ ક્રોધ જડસ્વભાવ છે એમ તેર ગુણસ્થાનો પણ જડસ્વભાવ છે અને કર્મનો પણ જડસ્વભાવ છે અને નોકર્મનો પણ જડસ્વભાવ છે. આ શરીરનો જડસ્વભાવ છે, કર્મનો જડસ્વભાવ છે એમ પુણ્ય પાપ રાગ દ્વેષનો જડસ્વભાવ છે. એક, એકમાં બધું નાખી દીધું. આહાહાહા !

( શ્રોતાઃબધાને સંયોગમાં નાખી દીધા ) સંયોગી અને આ ભાવ બેય એકમાં નાખી દીધા જડ, પૈસા, પૈસા– શું હશે આ તમારા હીરાનું ? અહીંયા તો ભગવાન નવતત્ત્વ છે ને ? તો પાપતત્ત્વ, પુણ્ય તત્ત્વ ભિન્ન છે. એનાથી ભિન્ન આત્મતત્ત્વ. તો નવ છે ને ? જીવ, અજીવ, પુણ્ય–પાપ, આસ્રવ, બંધ, નિર્જરા, સંવર ને મોક્ષ તો એ પુણ્યતત્વ ભિન્ન છે, ભગવાન ભિન્ન છે. એ રાગ જડ છે અચેતન છે, એમાં જ્ઞાયક ચૈતન્ય ક્યાં આવ્યો અને જ્ઞાયક ચૈતન્યમાં જે રાગ, તારો

માની લીધેલો તે રાગ અચેતન પુદ્ગલ ( છે ). તો તું પુદ્ગલ થઈ જઈશ, જડ થઈ જઈશ. આહાહા ! આંધળો થઈ જઈશ. આકરું કામ છે. કર્મ પણ જડ છે, એ પ્રકારે જીવ અને પ્રત્યયમાં એકત્વ નથી, પ્રત્યય એટલે આસ્રવ–મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને તેર ગુણસ્થાન એ બધા પ્રત્યયમાં નાખ્યા.

'આ રીતે જીવને અને પ્રત્યયોને એકપણું નથી.' –એ ગુણસ્થાનના ભાવ અને આત્મામાં એકપણું નથી–એ તદ્દન ભિન્ન છે. આહાહાહા !

ભાવાર્થઃ– મિથ્યાત્વ અંદર આવ્યા 'તા ને ચાર મિથ્યાત્વ, અવિરતિ, કષાય ને યોગ, ચાર પહેલાં આવ્યા 'તા પહેલાં–પહેલાંમાં આવી ગયા હતા. મિથ્યાત્વાદિ આસ્રવ તો જડસ્વભાવ છે. વિપરીત માન્યતા હોં. માન્યતા ( ને ) આંહી જડસ્વભાવ કહ્યો. પરમાણું તો જુદા મિથ્યા માન્યતા છે એ જડસ્વભાવ છે. અને જીવ ચૈતન્યસ્વભાવ છે. ભગવાન તો જાણક સ્વભાવની મૂર્તિ પ્રભુ છે.

યદી જડ અને ચૈતન્ય એક થઈ જાય તો ભિન્ન દ્રવ્યોનો લોપ થવાનો મહાદોષ આવે છે. એ પુણ્ય ને પાપ તત્ત્વ ભિન્ન છે, એ જડ થઈ જાય, તો જડ રહેતો નથી બહારમાં, પ્રત્યયથી માંડીને બધા પદાર્થો જડ છે. એકકોર આત્મા–ચૈતન્યરાજા ઉપયોગમય રાજા આત્મા ભિન્ન છે. આહાહાહા ! એ તો શુદ્ધ ઉપયોગ જાણન–દેખન સ્વભાવવાળો આત્મા ભિન્ન છે.

એ સિવાય બધુંય આ ઇચ્છાથી લઈને, કર્મ, નોકર્મ, શરીર, વાણી, મન, પૈસા, પૈસા બધું જડ છે. એ જડ, તારા થઈ જાય તો તું જડ થઈ જઈશ–પૈસા મારા છે નોટો મારી છે–પૈસા મારા છે. ( શ્રોતાઃ– આટલા વર્ષથી પૈસા અમારા છે એમ કીધું તો જડ ન થયો ) જડ થયું જ એ માને છે માન્યતામાં નથી થયું શું ? માન્યતામાં જડ છે એ ય. આવું છે. એટલા માટે નિશ્ચયનયનો આ સિદ્ધાંત છે શુદ્ધ નિશ્ચયનો આ સિદ્ધાંત છે કે આસ્રવો ને આત્મામાં એકત્વ નથી. એ અજ્ઞાનભાવ જે રાગાદિ, પુણ્ય, પાપ ભાવ છે એને આત્મામાં એકત્વ– છે નહિ.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ ! )

પ્રગટ થાય છે, તે હું નથી. સ્વના આશ્રયમાં હેય– ઉપાદેય બંનેનું જ્ઞાન પણ વ્યવહાર છે. ( અર્થાત્ ) હેય–ઉપાદેય બેઉનું જ્ઞાન, એ વ્યવહાર જ્ઞાન કહેવાય. અને એકલું ચૈતન્યનું જ્ઞાન, તેને નિશ્ચયજ્ઞાન કહેવાય છે. ( હેય–ઉપાદેયને ) જાણવું એ વચમાં આવે છે. – 'આ હું નહીં' એમ. સમજાવવું હોય તો શું સમજાવે ? 'આ રાગ તે હું નથી' એમ કહેવા જાય તો પણ વિકલ્પ ઊઠે છે. પણ સમજાવવું હોય તો કેમ સમજાવે ? 'હું તો ( શુદ્ધ ચૈતન્યમય ) લક્ષણવાળું એક પરમજ્યોતિ ધામ સદાય છું' "અને આ જે ભિન્ન લક્ષણવાળા ( વિવિધ ભાવો પ્રગટ થાય છે ) તે હું નથી" એમ એમાં નાસ્તિ ( સાથે ) હોય છે. એની, સ્વભાવમાં નાસ્તિ છે. પણ એમાં ( પોતામાં ) એ અસ્તિ છે. આહા.. હા ! "તે હું નથી."

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૮૪, નિયમસાર ગાથા-૫૦ નો શ્લોક )**

## ગાથા-૧૧૬,૧૧૭,૧૧૮,૧૧૯,૧૨૦

अथ पुद्गलद्रव्यस्य परिणामस्वभावत्वं साधयति सांख्यमतानुयायिशिष्यं प्रति-

जीवे ण सयं बद्धं ण सयं परिणमदि कम्मभावेण।
जदि पोग्गलदव्वमिणं अप्परिणामी तदा होदि।।११६।।

कम्मइयवग्गणासु य अपरिणमंतीसु कम्मभावेण।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा।।११७।।

जीवो परिणामयदे पोग्गलदव्वाणि कम्मभावेण।
ते समयपरिणमंते कहं णु परिणामयदि चेदा।।११८।।

अह सयमेव हि परिणमदि कम्मभावेण पोग्गलं दव्वं।
जीवो परिणामयदे कम्मं कम्मत्तमिदि मिच्छा।।११९।।

णियमा कम्मपरिणदं कम्मं चिय होदि पोग्गलं दव्वं।
तह तं णाणावरणाइपरिणदं मुणसु तच्चेव।।१२०।।

जीवे न स्वयं बद्धं न स्वयं परिणमते कर्मभावेन ।
यदि पुद्गलद्रव्यमिदमपरिणामि तदा भवति ।।११६।।

कार्मणवर्गणासु चापरिणममानासु कर्मभावेन ।
संसारस्याभावः प्रसजति सांख्यसमयो वा ।।११७।।

जीवः परिणामयति पुद्गलद्रव्याणि कर्मभावेन ।
तानि स्वयमपरिणाममानानि कथं नु परिणामयति चेतयिता।।११८।।

अथ स्वयमेव हि परिणमते कर्मभावेन पुद्गलं द्रव्यम् ।
जीवः परिणामयति कर्म कर्मत्वमिति मिथ्या।।११९।।

नियमात्कर्मपरिणतं कर्म चैव भवति पुद्गलं द्रव्यम् ।
तथा तद्ज्ञानावरणादिपरिणतं जानीत तच्चैव ।।१२०।।

---

यदि पुद्गलद्रव्यं जीवे स्वयमबद्धं सत्कर्मभावेन स्वयमेव न परिणमेत, तदा तदपरिणाम्येव स्यात्। तथा सति संसाराभावः। अथ जीवः पुद्गलद्रव्यं कर्मभावेन परिणामयति ततो न संसाराभावः इति तर्कः। किं स्वयमपरिणममानं परिणममानं वा जीवः पुद्गलद्रव्यं कर्मभावेन परिणामयेत् ? न तावत्तत्स्वयमपरिणममानं परेण परिणमयितुं

पार्येत; न हि स्वतोऽसती शक्तिः कर्तुमन्येन पार्यते। स्वयं परिणममानं तु न परं परिणमयितारमपेक्षेत; न हि वस्तुशक्तयः परमपेक्षन्ते। ततः पुद्गलद्रव्यं परिणामस्वभावं स्वयमेवास्तु। तथा सति कलशपरिणता मृत्तिका स्वयं कलश इव जडस्वभावज्ञानावरणादिकर्मपरिणतं तदेव स्वयं ज्ञानावरणादिकर्म स्यात्। इति सिद्धं पुद्गलद्रव्यस्य परिणामस्वभावत्वम्।

---

હવે સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ કરે છે ( અર્થાત્ સાંખ્યમતી પ્રકૃતિ-પુરુષને અપરિણામી માને છે તેને સમજાવે છે ) :-

જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,
તો એવું પુદ્‌ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે! ૧૧૬.

જો વર્ગણા કાર્મણ તણી નહિ કર્મભાવે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૧૭.

જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્‌ગલદ્રવ્યને,
કયમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૧૮.

સ્વયમેવ પુદ્‌ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,
જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં-મિથ્યા બને. ૧૧૯.

પુદ્‌ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;
જ્ઞાનાવરણઇત્યાદિપરિણત, તે જ જાણો તેહને. ૧૨૦.

ગાથાર્થઃ- [ इदम् पुद्गलद्रव्यम् ] આ પુદ્‌ગલદ્રવ્ય [ जीवे ] જીવમાં [ स्वयं ] સ્વયં [ बद्धं न ] બંધાયું નથી અને [ कर्मभावेन ] કર્મભાવે [ स्वयं ] સ્વયં [ न परिणमते ] પરિણમતું નથી [ यदि ] એમ જો માનવામાં આવે [ तदा ] તો તે [ अपरिणामि ] અપરિણામી [ भवति ] ઠરે છે; [ च ] અને [ कार्मणवर्गणासु ] કાર્મણવર્ગણાઓ [ कर्मभावेन ] કર્મભાવે [ अपरिणममानासु ] નહિ પરિણમતાં, [ संसारस्य ] સંસારનો [ अभावः ] અભાવ [ प्रसजति ] ઠરે છે [ वा ] અથવા [ सांख्यसमयः ] સાંખ્યમતનો પ્રસંગ આવે છે.

વળી [ जीवः ] જીવ [ पुदगलद्रव्याणि ] પુદ્‌ગલદ્રવ્યોને [ कर्मभावेन ] કર્મભાવે [ परिणामयति ] પરિણમાવે છે એમ માનવામાં આવે તો એ પ્રશ્ન થાય છે કે [ स्वयम् अपरिणममानानि ] સ્વયં નહિ પરિણમતી એવી [ तानि ] તે વર્ગણાઓને [ चेतयिता ] ચેતન આત્મા [ कथं नु ] કેમ [ परिणामयति ] પરિણમાવી શકે? [ अथ ] અથવા જો [ पुदगलम् द्रव्यम् ] પુદ્‌ગલદ્રવ્ય [ स्वयमेव हि ] પોતાની મેળે જ [ कर्मभावेन ] કર્મભાવે [ परिणमते ] પરિણમે છે એમ માનવામાં આવે, તો [ जीवः ] જીવ [ कर्म ] કર્મને અર્થાત્ પુદ્‌ગલદ્રવ્યને [ कर्मत्वम् ] કર્મપણે [ परिणामयति ] પરિણમાવે છે [ इति ] એમ કહેવું

**[ मिथ्या ] મિથ્યા ઠરે છે. [ नियमात् ] માટે જેમ નિયમથી [ कर्मपरिणतं ] *કર્મરૂપે પરિણમેલું [ पुद्गलम् द्रव्यम् ] પુદ્ગલદ્રવ્ય [ कर्म चैव ] કર્મ જ [ भवति ] છે [ तथा ] તેવી રીતે [ ज्ञानावरणादिपरिणतं ] જ્ઞાનાવરણાદિરૂપે પરિણમેલું [ तत् ] પુદ્ગલદ્રવ્ય [ तत् च एव ] જ્ઞાનાવરણાદિ જ [ जानीत ] જાણો.**

**ટીકાઃ-જો પુદ્ગલદ્રવ્ય જીવમાં સ્વયં નહિ બંધાયું થકું કર્મભાવે સ્વયમેવ ન પરિણમે, તો તે અપરિણામી જ ઠરે. એમ થતાં, સંસારનો અભાવ થાય. ( કારણ કે પુદ્ગલદ્રવ્ય કર્મરૂપે ન પરિણમે તો જીવ કર્મરહિત ઠરે; તો પછી સંસાર કોનો ? ) અહીં જો એમ તર્ક કરવામાં આવે કે “જીવ પુદ્ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે તેથી સંસારનો અભાવ થતો નથી”, તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છેઃ-શું જીવ સ્વયં અપરિણમતા પુદ્ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે કે સ્વયં પરિણમતાને ? પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે ( વસ્તુમાં ) જે શક્તિ સ્વતઃ ( પોતાથી જ ) ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. ( માટે પ્રથમ પક્ષ અસત્ય છે. ) અને સ્વયં પરિણમતાને તો પર ( અન્ય ) પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. ( માટે બીજો પક્ષ પણ અસત્ય છે. ) તેથી પુદ્ગલદ્રવ્ય પરિણમનસ્વભાવવાળું સ્વયમેવ હો. એમ હોતાં ( હોવાથી ), જેમ ઘડારૂપે પરિણમેલી માટી જ પોતે ઘડો છે તેમ, જડ સ્વભાવવાળા જ્ઞાનાવરણાદિકર્મરૂપે પરિણમેલું પુદ્ગલદ્રવ્ય જ પોતે જ્ઞાનાવરણાદિકર્મ છે. આ રીતે પુદ્ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.**

* કર્મ = કર્તાનું કાર્ય, જેમ કે-માટીનું કર્મ ઘડો.

## પ્રવચન નં. ૨૧૧ ગાથા-૧૧૬ થી ૧૨૦ રવિવાર, ફાગણ સુદ-૬, તા. ૪/૩/’૭૯

શ્રી સમયસાર, એકસો પંદર ગાથા થઈ ગઈ છે. ૧૧૬ થી ૧૨૦.

સાંખ્યમતનો અનુયાયી શિષ્ય એટલે શું કે પુદ્ગલ અને જીવ જે છે એ પરિણમતા નથી– બદલતા નથી, બીજા એને બદલાવે એમ કહેવાવાળો શિષ્ય સાંખ્યમતનો અનુયાયી છે. ચાહે તો જૈન હો.

પુદ્ગલ જે કર્મ, આંહી તો આવી ગયું ને ( કે ) જ્ઞાનાવરણી કર્મ જે બને છે એ પુદ્ગલની પર્યાય છે, પુદ્ગલથી બને છે. આત્માએ રાગ–દ્વેષ કર્યા તો કર્મની પર્યાયને થવું પડયું એવું છે નહીં. સમજાણું કાંઈ ? જડ અને ચૈતન્યનો પરિણમન સ્વભાવ છે, બદલવાનો સ્વભાવ છે, તો પોતાથી બદલે છે, પરથી બદલતું નથી, એ વાત કહે છે.

जीवे ण सयं बद्धं ण सयं परिणमदि कम्मभावेण।
जदि पोग्गलदव्वमिणं अप्परिणामी तदा होदि।।११६।।

कम्मइयवग्गणासु य अपरिणमंतीसु कम्मभावेण।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा।।११७।।

जीवो परिणामयदे पोग्गलदव्वाणि कम्मभावेण।
ते सयमपरिणमंते कहं णु परिणामयदि चेदा।।११८।।

अह सयमेव हि परिणमदि कम्मभावेण पोग्गलं दव्वं।
जीवो परिणामयदे कम्मं कम्मत्तमिदि मिच्छा।।११९।।

णियमा कम्मपरिणदं कम्मं चिय होदि पोग्गलं दव्वं।
तह तं णाणावरणाइपरिणदं मुणसु तच्चेव।।१२०।।

જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,
તો એવું પુદ્‌ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે! ૧૧૬.

જો વર્ગણા કાર્મણ તણી નહિ કર્મભાવે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૧૭.

જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્‌ગલદ્રવ્યને,
કયમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૧૮.

સ્વયમેવ પુદ્‌ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,
જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં-મિથ્યા બને. ૧૧૯.

પુદ્‌ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;
જ્ઞાનાવરણઇત્યાદિપરિણત, તે જ જાણો તેહને. ૧૨૦.

સૂક્ષ્મ છે થોડો અધિકાર!

ટીકાઃ- શું કહે છે? સાંભળો કે આત્મામાં જે રાગ દ્વેષ થાય છે, એ સમયે જે કર્મબંધન થાય છે, એ કર્મબંધન શું રાગ, દ્વેષ કરાવે છે? એ કર્મબંધન થાય છે એ પોતાની-પુદ્‌ગલની પર્યાયનો પરિણમનનો કાળ છે તો એ જ્ઞાનાવરણી ઉત્પન્ન થાય છે. આહાહા! ઝીણી વાત છે ભાઈ! જ્ઞાનાવરણીપણે જે પુદ્‌ગલ બને છે, તો એ એનાં પરમાણુની વર્ગણા જે છે કર્મ એ પર્યાય કર્મરૂપે થવાનો એ કાળ છે તો એ પરિણમે છે. એ કર્મની પર્યાય જે થાય છે એ આત્માથી થાય છે એમ નથી, એ સ્વતંત્ર દ્રવ્ય છે. સમજાણું કાંઈ...?

આવું કહે છે કે આત્મા કર્તા ને ભોક્તા કર્મનો, તો એ વાત છે નહીં. આત્મા તો પોતામાં અજ્ઞાનભાવે કરે અજ્ઞાનને (કાં) જ્ઞાનભાવે કરે જ્ઞાનને, એને કરે ને ભોગવે, કર્મને આત્મા કરે ને એને ભોગવે, એવું થતું નથી. વાત ઝીણી છે જરી.

-જો પુદ્‌ગલદ્રવ્ય જીવમાં સ્વયં ન બંધાયું થકું, જ્ઞાનાવરણી પુદ્‌ગલ સ્વયં પોતાની પરિણતિથી જો જીવ સાથે બંધન ન હો, તો સ્વયં ન બંધાઈને, કર્મભાવથી સ્વયમેવ પરિણમતું ન હોય તો. આહાહાહા! જ્ઞાનાવરણી આદિ આઠ કર્મ છે, એ સ્વયં પોતાની પરિણતિથી પરિણમે છે. આત્માએ રાગ દ્વેષ કર્યા, મિથ્યાત્વ કર્યું માટે એને કર્મપણે પરિણમવું પડયું એવું છે નહિ. આવી વાત છે.

આ તો અંદરમાં જેટલા રાગ દ્વેષ કરે, એટલા કર્મની પર્યાય પોતાથી બંધાય, તો જ્યારે

અંતરમાં આવો નિમિત્ત-નિમિત્ત સંબંધમાં-નિમિત્તની અપેક્ષા નહીં. આ દેહની ક્રિયા જે થાય છે એમાં આત્માની અપેક્ષા કંઈ પણ નથી. એ પરમાણું શરીર છે. એ પોતાની પર્યાયપણે પરિણમે છે, આમ-આમ આત્મા એને હલાવી શકે ત્રણકાળમાં નહિ. આહાહા ! સમજાણું કાંઈ... ?

અંતરમાં જેટલા રાગ-દ્વેષ ને અજ્ઞાન કરે એ પ્રમાણે, પુદ્‌ગલકર્મની પર્યાય, પુદ્‌ગલથી થાય, એ પણ પોતાના રાગ દ્વેષના કારણે નહીં, જ્યાં નિમિત્ત-નિમિત્ત સંબંધ નજીક છે તો પણ નિમિત્તથી એમાં પરિણમન થાય છે, એવું નથી. આહાહાહા ! તો આ તો આખો દિ' અમે કરીએ છીએ-શરીરનું, વાણીનું કરીએ છીએ શરીરને આ પૈસા દઈએ છીએ-લઈએ છીએ, એ બધી ક્રિયા જડની છે, જડથી સ્વતંત્ર થાય છે, આત્માથી નહીં. કહો, હસમુખભાઈ ! આવી વાત છે. આહાહા ! કહે છે તેં શું હાથ ભગવાનને જોડયા આમ-આમ ક્રિયા ( જોડવાની ) કોણે કરી ? આ હાથ જોડયા એ કોણે કર્યું ? આત્માએ કર્યું ? નહિ, એ પર્યાય જડની છે, એ સમયે એ રીતે પરિણમી છે, આત્મા એનો કર્તા છે નહીં. આહાહાહા !

સ્વાહા. ભક્તિમાં કરે છે ને પૂજામાં, એ સ્વાહાની ભાષા આત્મા નથી કરતો, એ પરમાણુની ભાષા વર્ગણાની પર્યાય સ્વાહાપણે પરિણમી છે. આહાહાહા ! આવી વાત છે. છે ? 'જો પુદ્‌ગલદ્રવ્ય જીવમાં સ્વયં નહિ બંધાયું થકું પોતાથી બંધાય છે આત્માથી નહીં. કર્મભાવે સ્વયમેવ ન પરિણમે-એટલે બીજી ભાષામાં સ્વયં ન બંધાય અને સ્વયમેવ પરિણમે નહીં, તો તે અપરિણામી જ સિદ્ધ થશે. તો પુદ્‌ગલ અપરિણામી ઠરે છે. નહીં બદલાવવાવાળું સિદ્ધ થશે, તો નહિ બદલવાનો સ્વભાવ નહિ તો બધાનો બદલવાનો સ્વભાવ છે. આહાહાહા ! ઝીણી વાત છે ભાઈ લોકો કહે છે ને કે આત્મા જેવાં કર્મ બાંધે એવા ભોગવે, પણ આંહી તો કહે છે કે આત્મા બાંધેય નહીં, કર્મ તો પુદ્‌ગલની પર્યાય છે તો પુદ્‌ગલથી બંધાય છે. અને કર્મનું ભોગવવું આત્માને છે જ નહીં, એ તો જડની પર્યાય છે. ભોગવે અજ્ઞાની તો પોતાના રાગ દ્વેષને ભોગવે, અને ધર્મી છે એ તો પોતાના જ્ઞાન ને આનંદને ભોગવે, કર્મનો ભોગવટો તો અજ્ઞાનીને પણ નથી. આવી વાત છે.

દુનિયાથી ઊંધું છે બધું. આહાહા ! અને એમ થતાં, સંસારનો અભાવ થાય, શું કહે છે ? પુદ્‌ગલ ( જો ) પોતાથી કર્મપણે ન પરિણમે, તો જીવની સાથે કર્મબંધન છે જ નહીં તો પછી સંસારનો અભાવ થઈ જશે. સમજાણું કાઈ ? કર્મ પોતાથી-પુદ્‌ગલ પોતાથી કર્મરૂપ ન પરિણમે તો તો આત્મામાં ( કર્મ ) તો છે નહીં, કાંઈ નિમિત્તપણું કર્મનું તો સંસારનો અભાવ થઈ જશે. છે ? કેમ કે જો પુદ્‌ગલદ્રવ્ય કર્મરૂપ નહીં પરિણમે તો જીવ કર્મ રહિત સિદ્ધ થશે, તો આત્મા કર્મ રહિત થશે, ( કર્મ ) નિમિત્તપણે તો છે, આ તો નિમિત્તપણું ય ન રહ્યું, તો પછી સંસાર કોનો ? આહાહાહા ! અહીં જો એમ તર્ક ઉપસ્થિત કરવામાં આવે કે "જીવ પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે ( તેથી સંસારનો અભાવ થતો નથી ) યુક્તિ-ન્યાયથી વાત છે. સૂક્ષ્મ ( છે ) ભાઈ વેપારીને તો મુશ્કેલ પડે એવું છે.

જીવ, પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે-કોઈ એમ કહે કે જીવ છે એ પુદ્‌ગલકર્મની પર્યાયને-પરિણમાવે છે. એમ જો કોઈ કહે "તેથી સંસારનો અભાવ થતો નથી "તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને આ પ્રમાણે કરવામાં આવે છે" :- શું જીવ સ્વયં અપરિણમતા

પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે કે સ્વયં પરિણમતાને ? આહાહા ! શું કહે છે, પુદ્‌ગલ ( દ્રવ્ય ) કર્મરૂપે પરિણમતું નથી એને જીવ ( કર્મરૂપે ) પરિણમાવે છે ? આહાહા ! આ શરીર આમ આમ ચાલે છે તો એ નહિ પરિણમતાને, આત્મા પરિણમાવે છે ? એ તો પોતાથી પરિણમે છે–એ સ્વયં પરિણમે છે, આત્માથી નહીં.આહાહા !

અહીં તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ નજીકમાં જે રાગ–દ્વેષ આદિ છે એ પ્રમાણે કર્મ બંધાય છે, છતાં એ પુદ્‌ગલ પોતાની પર્યાયથી બંધાય છે, આ રાગ દ્વેષથી નહીં. નિશ્ચયથી તો નિમિત્તની અપેક્ષા પણ નથી. આહાહાહા ! ટીકામાં છે. શું ? શું કહે છે ? જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય આઠ કર્મ છે, એ આઠ કર્મ, પુદ્‌ગલની જડની પર્યાય છે. એ પુદ્‌ગલની પર્યાય કર્મની એનાથી થાય છે, આત્મા એને પરિણમાવે છે ને આત્મા કર્મ બાંધે છે એવું છે નહીં. અરે અરે ! આવી વાતું હવે.

જીવ, સ્વયં અપરિણમતાને બીજા દ્વારા પરિણમાવી શકે નહીં, શું કીધું ? જો પુદ્‌ગલ કર્મરૂપે ન પરિણમે તો જીવ એને પરિણમાવી શકે, એવું ત્રણકાળમાં બને નહીં. આહાહા ! આ આંગળી આમ–આમ ચાલે છે અંદર પોતાની પર્યાયથી આમ થતું ન હોય તો આત્મા એને નહીં પરિણમતાને પરિણમાવી શકે એવું છે નહીં. પુનાતર ? ઝીણી વાત છે બહુ. આહાહાહા ! આ દાઢ છે દાઢ રોટલીના ટુકડા થાય છે તો કહે છે કે રોટલીના ટુકડા ( પણે ) પરિણમવાની શક્તિ એમાં છે કે દાઢે કર્યા ? જો ટુકડા થવાની પરિણમન શક્તિ એમાં ન હોય તો બીજા એને પરિણમાવી શકે, એમ ત્રણકાળમાં બને નહીં. અને પોતાનાથી જો બને તો બીજા કોઈની અપેક્ષા છે નહીં. આહાહાહા ! સમજાણું કાંઈ... ?

“શું જીવ સ્વયં અપરિણમતા એવા પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવરૂપે પરિણમાવે છે ?” કર્મ નથી પરિણમતાને શું જીવ એને પરિણમાવે છે કર્મને ? આહાહા ! છે ? તો, પ્રથમ સ્વયં અપરિણમતાને બીજા દ્વારા પરિણમાવી શકાય નહીં, જો પરિણમવાની શક્તિ એમાં નથી તો બીજા એને પરિણમાવી શકે એવું બને નહીં. આહાહા ! આકરું કામ છે આ ચશ્મા છે ને ચશ્મા ? આમ–આમ ( નાક ઉપર ) આમ અહીં આવ્યા છે એ એની પરિણમન શક્તિના કારણથી છે. આંગળીથી કે આત્માથી અહીં ઉપર આવ્યા છે, એમ છે નહીં, એમ કહે છે. આહાહા ! આ જિનવરની વાત દુનિયાથી ( જુદી જાત ! ) શરીર જડ છે, વાણી જડ છે તો એ જડની પર્યાય જડથી પોતાનામાંથી થાય છે.

આત્મા અંદર છે તો ( તેની ) પ્રેરણાથી જડની પર્યાય થાય છે–શરીરની એવું છે નહીં. આહાહા ! આંહી તો અંતરની વાત લીધી ( છે ), કે આત્મા, પુદ્‌ગલદ્રવ્યને કર્મપણે નથી પરિણમાવતો એને આત્મા પરિણમાવી શકે ? એ કહે છે, જુઓ ! આહાહાહા !

“કારણ કે જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ.” –એ જ્ઞાનાવરણી આદિમાં પુદ્‌ગલની પરિણમવાની શક્તિ ન હોય તો બીજા કોઈ શક્તિ આપી શકે એવું છે નહીં. ઝીણી વાત બહુ બાપુ. આહાહા ! જૈનધર્મ, ઝીણો બહુ. લોકોને વિચારમાં ન મળે મનનમાં ! આત્મા કર્મ બાંધે ને આત્મા કર્મ તોડે. કર્મ તો પુદ્‌ગલની પર્યાય છે, એને આત્મા શી રીતે બાંધે ? અને કર્મ તો પુદ્‌ગલની પર્યાય છે તોડે તો એની પર્યાય તોડે, આત્મા જડની પર્યાય તોડી શકે ? આહાહાહા ! સમજાણું કાંઈ... ?

( “જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ.” ) –સ્વયં પરિણમવાની શક્તિ નથી તો બીજા કોઈ અન્ય કોઈ કરી શકતા નથી. છે ? ‘વસ્તુમાં જે શક્તિ સ્વતઃ ન હોય’ – પુદ્‌ગલમાં જ્ઞાનાવરણીપણે પરિણમવાની શક્તિ ન હોય તો એને અન્ય કોઈ કરી શકે નહીં. આત્મા એને જ્ઞાનાવરણીપણે પરિણમાવી શકે એવું છે નહીં, ઝીણી વાત છે બહુ, આ ગાથા કર્તાકર્મની છે ને ? આહાહા ! આ તો અંતરની વાત છે, જે ખાસ.

અહીં રાગ દ્વેષ ને અજ્ઞાન કરે એટલું કર્મ બાંધે, છતાં એ કર્મ પોતાની પર્યાયથી બંધાય છે, આ રાગ દ્વેષથી નહીં. એ તો નિમિત્ત છે કર્મ, એ સમયે પોતાના ઉપાદાનથી પુદ્‌ગલ–ચીજ કર્મરૂપે થાય છે. આત્મા એને પરિણમાવી શકે નહીં. જો એમાં પરિણમવાની શક્તિ ન હોય તો બીજા એને શક્તિ આપી શકે નહીં. જે પોતાથી પરિણમે છે તો બીજાની અપેક્ષા છે નહીં. આવી વાતું છે. વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે ને આ –ન્યાયના આ વિષયો ઝીણાં, આહાહાહા ! શું કહ્યું આ ? સમજાણું કાંઈ... ?

જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય, અંતરાય, આયુષ્ય, કોઈ કહે કે અમે અમુક પરિણામ કર્યાં, તો મેં આયુષ્ય બાંધ્યું એ જૂઠ છે. આયુષ્યના પરમાણું આયુષ્યપણે પરિણમવાની શક્તિથી પરિણમ્યા છે, તે આયુકર્મમાં નિમિત્ત, પરિણામ થયા પરિણામ પણ–તે પરિણામ તો હવે આયુષ્યના પરિણામ જે બંધાયા એ પુદ્‌ગલની પર્યાયથી બંધાણા છે. આહાહા ! જો એ પુદ્‌ગલની પરિણમવાની શક્તિ ન હોય તો બીજા ( કોઈ એને ) શક્તિ આપી શકે નહીં અને જો પોતામાં શક્તિ હોય તો બીજાની અપેક્ષા છે નહિ. આવું ઝીણું છે બાપુ, વીતરાગ મારગ અલૌકિક છે.

“જો વસ્તુમાં જે શક્તિ સ્વતઃ ન હોય તો તેને અન્ય કોઈ કરી શકે નહિ–માટે પ્રથમ પક્ષ અસત્ય છે–જૂઠો છે, અને સ્વયં પરિણમતાને તો પર ( અન્ય ) પરિણમાવનારની અપેક્ષા ન હોય,” દેખો ! આહાહા ! કર્મ છે ( એ ) પોતાની પર્યાયથી પરિણમે છે, તો બીજાની અપેક્ષા એને છે નહીં, અને પરિણમતું નથી તો બીજા કોઈ પરિણમાવી શકે એવું છે નહીં, આરે... આરે ! આવી વાતું છે. આ વકીલોના જેવું છે ન્યાય, લોજિકથી વાત કરે છે. લોજિક–ન્યાયથી વાત કરે છે. આહાહાહા !

માટે પ્રથમ પક્ષ અસત્ય છે. અને સ્વયં પરિણમતાને તો પર અન્ય પરિણમાવનારની અપેક્ષા ન હોય, –આઠકર્મની પર્યાય પુદ્‌ગલદ્રવ્યથી પોતાથી થાય છે, પોતાથી એટલે પુદ્‌ગલથી, આત્માથી નહીં. ( શ્રોતાઃ– જીવના વિકારથી થયું ) એ પ્રશ્ન જ નહિ અહીં, એ સમયે કર્મની પર્યાય પરિણમવાનો સ્વકાળ છે, તો પરિણમે છે. અહીં રાગ–દ્વેષ હોય ભલે પણ એ નિમિત્તની અપેક્ષા વિના, પોતાથી પરિણમે છે, સૂક્ષ્મ વાત છે ભાઈ, જૈનધર્મ સમજવો એ ઘણી સૂક્ષ્મ વાત છે. આ તો અત્યારે જડની વાત છે, પછી જીવની કહેશે, ( શ્રોતાઃ– આઠ કર્મોની જુદી જુદી જાત છે ) એ જાત જ જુદી, પર્યાયપણે પરિણમવું, એ પરમાણુમાં એ સમયે એવી તાકાત છે, જ્ઞાનાવરણીપણે થવું–દર્શનાવરણીપણે થવું–વેદનીયપણે થવું એમ આયુષ્યપણે થવું–અંતરાયપણે થવું, એ કર્મપણે એ પરમાણુમાં એ શક્તિ એમાં છે એનાથી એ પર્યાય થાય છે.

( શ્રોતાઃ– દ્રવ્ય કર્મના રજકણ ઝીણા અને રૂપીયા મોટાં ) મોટા રૂપિયાને તો રૂપિયો, તો કહે છે ને કે આ રૂપિયા છે, નોટ, એ નોટ આમ જાય છે, તો કહે છે કે તારો વિકલ્પ આવ્યો કે

આને હું નોટ દઉં માટે તે જાય છે તો એમાં પરિણમન શક્તિ નથી–આ જવાની શક્તિ નથી તેનામાં કહે છે ને તેં ( દેવાના ભાવ ) કર્યા તો પૈસા ગયા ( એમ છે નહીં ) ( શ્રોતાઃ– તો પહેલાં કેમ નહોતા ગયા ? ) પહેલાં ? પણ તે સમયની પર્યાયની વાત છે ને પહેલાં બીજી પર્યાય હતી, પહેલા બીજી પર્યાય હતી, અત્યારે કર્મની પર્યાય એમાં છે ! આહાહાહા ! આવું કામ છે ઝીણું.

વીતરાગ મારગ જૈન પરમેશ્વર 'પ્રત્યેક દ્રવ્યને નિત્ય પરિણામી' કહે છે–પ્રત્યેક પદાર્થ નિત્ય નામ કાયમ રહીને બદલે છે, તો બદલે છે તો બીજું એને બદલાવે એવું છે નહીં. આહાહાહા ! આકરું કામ છે ભાઈ ! ( શ્રોતાઃ– બીજો સમજાવી તો શકે ને ) એ સમજાવી શકે તો ભાષા, ભાષા જ આત્માની નથી. આત્મા, ભાષા કરી શક્તો નથી, ત્રણકાળમાં એ ( ભાષા ) પુદ્‌ગલની પર્યાય છે–ભાષા વર્ગણાથી ભાષા થાય છે. આત્માથી ભાષા થતી નથી. ( શ્રોતાઃ– ભાષાથી શિષ્ય સમજી તો જાય છે ને ) એ સમજણ એનાથી એ સમજતો નથી, એનાં ઉપાદાનની યોગ્યતાથી ત્યાં સમજે છે. શબ્દ આવ્યો માટે એ સમજણમાં આવ્યું એને એવું નથી. શબ્દ જડ ભિન્ન ચીજ છે અને એનાથી એને સમજણમાં આવે છે ( એમ નથી ) એને એની ઉપાદાનની યોગ્યતાથી સમજણમાં આવે છે. આહાહા ! આવું બધું ઊંધું છે–જગત ઊંધું એનાથી ઊંધું ઘડો ઊંધો હોય ને ઘડો, તો એના ઉપર સવળો ( ઘડો ) ન બેસે. ઊંધા ઉપર ઊંધો જ રહે. ( શ્રોતાઃ– આમ નાખે તો બેસે ? ) એ એના ઉપર પણ બીજું નાખવું પડે એમ એક દ્રવ્યનો ઊંધો તર્ક છે કે એક દ્રવ્ય, અમે પરિણમાવી શકીએ છીએ–બદલાવી શકીએ છીએ, તો બધા દ્રવ્યોને બદલાવી શકીએ છીએ, એવી એની માન્યતા થઈ, આહાહાહા ! આકરું કામ છે ભાઈ !

આ બે બોલ થયા. કે પુદ્‌ગલ, કર્મરૂપે પરિણમવાની શક્તિ છે તો પરિણમે છે કે શક્તિ નથી ને પરિણમે છે ? જો પરિણમવાની શક્તિ છે તો બીજાની અપેક્ષા નથી ને પરિણમવાની શક્તિ નથી તો બીજો શક્તિ આપી શકે નહીં. આહાહા ! ( શ્રોતાઃ– ધર્મ કરવો એમાં આનું શું કામ છે ? ) હા, ઈ ( જ ) કહે છે કે તારે–તું જડની પર્યાય મારાથી થઈ, એમ તું માનવાવાળો – તારી દૃષ્ટિ મિથ્યાત્વ છે અને તારામાં રાગ થાય છે, એ કર્મથી થાય છે, એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. રાગ ને દ્વેષ, વિષયવાસના આદિ તારાથી ઉત્પન્ન થાય છે, કર્મને કારણે થાય છે, એ જૂઠ છે એમ બતાવવું છે. ( શ્રોતાઃ– રાગ–દ્વેષ પુદ્‌ગલના પરિણામ છે ) નહિ, નહિ એ કઈ અપેક્ષાએ કહ્યું છે, એ તો જીવનો ( સ્વભાવ નથી એ અપેક્ષાએ વાત છે ) અહીં તો પોતાની પર્યાય રાગાદિ પોતાથી થાય છે. એ સિદ્ધ કરવું છે. પછી સ્વભાવની દૃષ્ટિ બતાવવી હોય–જે સ્વભાવ ત્રિકાળ આનંદકંદ પ્રભુ છે તો એ દૃષ્ટિની અપેક્ષાએ વિકારી પરિણામ પુદ્‌ગલ છે–આવું નિમિત્તને આધિન થાય છે એવું કહી દીધું છે. થયાં છે પોતાથી છતાં પોતાના સ્વભાવમાં રાગ દ્વેષ કરવાની શક્તિ નથી. આત્મા આનંદ સ્વરૂપ, સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ એ વિકાર કરે એવી કોઈ ( શક્તિ ) અનંત ગુણમાં એવો કોઈ ગુણ નથી એ કારણે ત્યાં સ્વભાવની દૃષ્ટિ કરાવવા, વિકારને–જે કર્મની પર્યાયમાં થાય છે એ કર્મના નિમિત્તના આધિન થઈને થાય છે, એમ બતાવીને છોડી દે એ. ઝીણી વાત છે અત્યારે તો એ વાત નથી.

અહીં તો ફક્ત રાગ અને દ્વેષ ને અજ્ઞાન તું તારાથી કરે છે, એ આવશે પછી આગળ કે કર્મનો ઉદય આવ્યો ને તારે રાગ કરવો પડયો એવું છે નહીં એ સ્ત્રીવેદનો ઉદય છે તો અહીં

વાસના થઈ એવું છે નહીં-પુરુષવેદનો ઉદય ત્યાં છે તો તને વાસના થઈ એવું છે નહીં. સમજાણું કાંઈ ? સ્વતંત્ર, તારી વિકારી પર્યાય કરવામાં તું સ્વતંત્ર છો કર્મથી વિકારી પર્યાય થઈ એવું છે નહીં. આહાહા ! સમજાણું કાંઈ ? એમ કર્મમાં કર્મની પર્યાય આત્માથી થઈ એમ છે નહીં. આહાહાહા !

"સ્વયં પરિણમતાને તો પર ( અન્ય ) પરિણમાવનારની અપેક્ષા ન હોય" આહાહા ! દેખો અપેક્ષાની ના પાડે છે. પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે છે સ્વયમેવ, તો એને બીજાની અપેક્ષા છે નહીં. આહાહાહા ! ઝીણું બહુ ભાઈ વખત ( કાઢવો ) નિવૃત્તિ લેવી થોડી, તે પછી મનન કરવું તો સમજાય એવી વાત છે. આખો દિ' ધંધા કરે છે કે ( શું ) જડની પર્યાય આત્મા કરી શકે છે કે નહીં ? ( નથી કરી શકાતી ) એમ કહે છે. દુકાને બેસીને આમ આ દીધા-આ લીધા ફલાણું દીધું-લીધું ( કરે છે ને ! )

( શ્રોતાઃ- જડની પર્યાય જડ કરે છે એમ માનીને ધંધો કરીએ તો એમાં શું વાંધો ? ) દુકાન પણ દુકાનની ( ક્રિયા ) કરી શકે જ નહિ ને દુકાનની કોઈ પર્યાય પૈસા લેવા દેવા, માલ દેવો લેવો, એ આત્મા કરી શકતો જ નથી ત્રણકાળમાં, એ તો જડની પર્યાય છે. સમજાણું આમાં ? એવી વાત છે. ( કહે છે કે ) સ્વયં પરિણમતાને અન્ય પરિણમાવનારની અપેક્ષા નથી. જુઓ, પરમાણું પોતાથી પરિણમે છે. જુઓ આ લાકડી છે, તો એ લાકડી અહીંયા પડી છે તો એ એની પરિણમન શક્તિથી અહીંયા આવી છે. આંગળાથી નીચે આવી છે એવું છે નહીં. ( શ્રોતાઃ- અંગુલી ન હોય તો ) પણ અડે જ ક્યાં ? એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું જ નથી ક્યારેય, એ ત્રીજી ગાથા છે સમયસાર ( તેમાં કહ્યું છે ) અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ ભગવાન કહે છે કે એક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયને ચૂંબે છે. ચૂંબતે નામ સ્પર્શે છે પણ અન્ય કોઈ ( દ્રવ્યને ચૂંબતું નથી ). ત્રીજી ગાથામાં છે, આ સમયસાર છે ને ( એમાં ) ત્રીજી ગાથામાં છે, દેખો, એ ટીકાની પાંચમી લીટી છે-છઠ્ઠી કેવા છે તે સર્વ પદાર્થો ? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને ( સમૂહને ) ચૂંબે છે, સ્પર્શે છે તો-પણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી. અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે તો પણ જેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી.

આહાહા ! ( આ વિશ્વમાં ) દરેક આત્મા, દરેક પરમાણુઓ પોતામાં જે ગુણ-પર્યાયો છે એને ચૂંબન કરે છે એને સ્પર્શે છે-અડે છે, તો પણ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી-અડતા નથી એકબીજાને સ્પર્શ નથી કરતા-એક પરમાણું બીજા પરમાણુંને અડતું નથી. આત્મા, બીજા પરમાણુંને સ્પર્શે નહીં. આહાહા ! સમજાણું કાંઈ... ? ભજીયા આમ તીખા-તીખા હોય છે ને તીખાં કહે છે ને, મરચાં-મરી હોય છે ને ? તો એ તીખા મરચાં છે તો એ જીભને અડતા નથી. કેમકે એક તત્ત્વ પોતાના ગુણ-પર્યાયને અડે છે, બીજા દ્રવ્યને સ્પર્શતું નથી, અડતું નથી. અડતા નથી, સ્પર્શતા નથી, ક્યારેય ચૂંબતા નથી. ઓહોહો ! એક દ્રવ્ય બીજા ( દ્રવ્યને ) ચૂંબતું નથી. આહાહાહા ! આ વાત છે.

બાળક નાનું હોય ઓલા ચૂંબે છે ને તો કહે છે કે આ હોઠ એ ગાલ સાથે હોઠ અડયો જ નથી અને હોઠ છે એને આત્મા ક્યારેય સ્પર્શ્યો નથી. અને ગાલ ભીનો થયો એ પોતાથી થયો

છે. આકરી વાત છે ભાઈ જૈનધર્મ-સર્વજ્ઞથી જાણેલો ! એ અલૌકિક વાત છે. આ તો એવું માટે તો આંહી કહેવાય છે ને ? સાંખ્યમતના અનુયાયી હોય. જૈનમાં પણ કહેનારા એવા છે ને ? કે કર્મ પોતાથી બંધાય છે, એ આત્મા કર્મ બાંધે છે તો એ સાંખ્યમતના અનુયાયી છે, એ જૈન નહીં. એને જૈનની ખબર નથી. આહાહાહા !

એ આવ્યું ને પહેલાં અહીંયા (મથાળે) સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રત્યે, જૈનમાં આવ્યા છીએ પણ જો સાંખ્યમતને અનુસારે પોતાના પરિણામ પોતાથી છે એવું ન માનીને, પરનું પરિણમન હું કરી શકું છું અને મારું પરિણમન પર કરી શકે છે-એવું માનવાવાળા મિથ્યાદૃષ્ટિ-સાંખ્યમતી છે, એ જૈન છે નહીં.

આંહી આવ્યું ને, દેખો આવ્યું આ, પોતાના અનંત ધર્મોના ચક્રને ચૂંબન કરે છે, ત્રીજી ગાથા છે, પાંચમી લીટી છે, પાંચમી. આહાહાહા ! દરેક પદાર્થો, બધા પદાર્થો, બધા પદાર્થ છે ? પોતાના દ્રવ્યમાં પોતાના પદાર્થમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોનો ચક્રને ચૂંબન કરે છે-સ્પર્શ કરે છે, તથાપિ પરસ્પર એક બીજાને સ્પર્શ કરતા નથી. આહાહાહા ! આ હાથ અહીં અડે છે આ શરીરને ? કે નહીં. અગ્નિ કરે કોણ ? એ સમયની પર્યાય એવી છે, પરિણમન થવાની યોગ્યતાથી પરિણમે છે અગ્નિથી નહીં. વીંછીનો ડંખ આત્માને-શરીરને અડતોય નથી, ડંખના પરમાણું ભિન્ન છે ને શરીરના ભિન્ન છે. આહાહા ! અરે, એને ક્યાં પહોંચવું ?

આહાહા ! ત્રીજી ગાથા દરેક પરમાણુ-પ્રત્યેક પરમાણું અને પ્રત્યેક આત્મા, એક નિગોદમાં, (અનંતાનંત) નિગોદના જીવ છે, અંગુલના અસંખ્ય ભાગમાં શરીર અસંખ્ય છે નિગોદના, અને એક એક શરીરમાં અનંત જીવ છે નિગોદમાં અને એક એક જીવ એક શ્વાસ ને આદિ એક છે, છતાં એકબીજાને અડતાં નથી. આહાહા ! નિગોદ-લીલ, ફુગ કાય, અનંતકાય એક (કટકી) આટલી અમથીમાં અનંતકાય છે, અનંત શરીર છે, અનંત શરીર તેજસ-કાર્માણ છે, અને ઔદારિક અસંખ્ય છે, એક એક પરમાણું અને એક એક આત્મા એક-બીજાને ક્યારેય સ્પર્શતા નથી. આહાહા ! આ વાત બેસવી કઠણ નવરાશ ન મળે.

(શ્રોતાઃ- જ્ઞાનમાં તો જીવ પકડાય છે) પકડાણું નથી જીવને. શરીરને પ્રાપ્ત થયા છે પોતે-પોતે, આ મારું છે એમ માન્યું છે એમ કહે છે. શરીર તો માટી છે-જડ છે, આ તો માટી છે, એ તો મસાણની રાખ થાશે, એ તારી ચીજ ક્યાં છે ? તારામાં શું (એ) છે ? આહાહા ! શરીરને આત્મા ચૂંબતો નથી-અડતો નથી શરીરને ક્યારેય આત્મા અડયો જ નથી અને શરીર આત્માને ક્યારેય અડતું નથી. (શ્રોતાઃ- શરીર ને આત્માને સંયોગ છે) સંયોગ, એ તો ક્રિયા-સંયોગની વાત કરે છે (પરંતુ) સંયોગ-સંબંધ જ નથી. એ તો પર તદ્દન છે. તદ્દન પર સંબંધ છે. આહાહાહા ! 'નાસ્તિ સર્વોઽપિ સમ્બન્ધઃ' (શ્લોક) ૨૦૦ આવે છે ને ? બસોમો કળશ છે. સર્વોપિ સંબંધ નિષેધાઃ- એક તત્ત્વને, બીજા તત્ત્વને કોઈપણ સંબંધ છે નહીં. આહાહાહા !

દુનિયામાં અત્યારે આખો મારગ ફેરવી નાખ્યો લોકોએ, વ્રત કરવા-વ્રત કરવાના ભાવ છે એ રાગ છે, અને પરની દયા પાળે કે ન પાળે, એનાં રાગથી દયા પળાતી નથી, પરને અડે ય નહિ પછી દયા ક્યાંથી પળે ? પરનું આયુષ્ય ને શરીરને રહેવાનું હોય તો એનાં કારણથી રહે છે, બીજો કહે કે હું દયા પાળી શકું છું પરને અડી શકે જ નહીં પછી (પરની) દયા ક્યાં પાળી

શકે છે ? ( શ્રોતાઃ- પાણીમાંથી માખી કાઢેને આંગળીથી ) એ કાઢે, કાઢે કોણ ? બધી વાતું છે- વિકલ્પ હોય, આંગળીથી નીકળવાની હોય તો નીકળે. આકરી વાત છે ભાઈ પાણીમાં માખી પડી ( ગઈ ) હોય ને એ માખી એ તારાથી નથી નીકળતી, એ આંગળીથી પણ આંગળી પણ એને અડતી ય નથી, માખીને આંગળીઓ અડતી નથી. એ માખી, પોતાના શરીરની પર્યાયથી ઊંચી આવે છે, બહાર નીકળી જાય છે, આહાહાહા ! કેમ બેસે આ ?

આ શરીર અનુકૂળ હોય-બહારના પૈસા અનુકૂળ હોય, પછી પ્યાલા ફાટી જાય. અહીંયા તો કહે છે કે એક પરમાણું બીજા પરમાણુને ક્યારે ય અડતું નથી. એક આત્મા એક પરમાણુંને તથા એક આત્મા બીજા આત્માને ક્યારે ય સ્પર્શતો નથી-અડતો નથી. સ્પર્શતો જ નથી ને. ( શ્રોતાઃ- ખાટું ગળ્યું થાય તો ખબર પડે છે ) એ ખાટું થાય, એ ખાટાને જાણે છે, એ ખાટાની પર્યાય, આત્માને અડતી નથી. આવું છે. દુનિયાથી ઊંધું છે બધું-ઊંધાથી ઊંધું, દુનિયા ઊંધી શરીરને, આ એક શરીરને બીજા શરીરનો સ્પર્શ કરે, ત્રણ કાળમાં થતું નથી. શરીર પોતાની પર્યાયથી પોતાનો સ્પર્શ કરે છે, એ બીજો સ્પર્શ કરે બીજાના શરીરને, ક્યારેય બનતું નથી. એ રાગ કરે એ રાગ કરે અજ્ઞાન કરે, પણ શરીરની સ્પર્શ ક્રિયા એ કરી શકે છે એવું છે નહીં. અને એ રાગ કરે એ પણ કર્મનો ઉદય છે તો રાગ કરે છે, એવું પણ નથી. આહાહાહા ! ( શ્રોતાઃ- છદ્મસ્થ જીવ સ્પર્શ કર્યા વિના કેવી રીતે જાણે ? ) આ ખબર નથી પણ બે ભિન્ન છે કે નહીં ? અન્ય છે કે નહીં ? એટલું જાણે છે કે નહિ ? અન્ય છે એ અન્યનું શું કરે ? ( શ્રોતાઃ- ખ્યાલમાં આવતું નથી ) એ ખ્યાલમાં તો આવે જ નહીં, એને ખ્યાલમાં લાવવું પડશે. અનંત દ્રવ્ય છે કે નહિ ? અનંત દ્રવ્ય છે કે એક દ્રવ્ય છે ? ભગવાને ( અર્હંત-સર્વજ્ઞદેવે ) અનંત આત્મા, અનંત પરમાણુઓ કહ્યા છે, તો અનંત છે તો અનંતપણે રહીને અનંત રહે છે કે એકબીજાને સ્પર્શીને રહે છે ? આહાહા ! આકરી વાત છે ભાઈ !

પ્રભુનો મારગ છે શૂરાનો આ વીરાના કામ છે. આહાહાહા ! અનંત આત્મા અને અનંતા પરમાણું પરમાત્માએ કહ્યા, તો અનંતા અનંતમાં ( અનંતપણે ) રહે છે તો એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે તો, બીજું ત્રીજાને સ્પર્શે તો અનંત ( અનંતપણે ) નથી રહેતાં-ભિન્ન ભિન્ન અનંત છે એ ભિન્ન ભિન્ન નથી રહેતા. આહાહા ! સમજાણું કાંઈ... ?

અહીં શબ્દો છે. "જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ." -આહાહા ! આ પગ પણ ચાલે છે એ એની પરિણમન શક્તિથી ન ચાલે તો આત્મા શક્તિ આપે ચાલવાની, એમ ત્રણકાળમાં બનતું નથી, પગ પગથી ચાલે છે, આત્માથી નહીં. આહાહા ! અને પગ જે જમીનને અડીને ચાલે છે પગ છે જડ-પરમાણુ ( એ પગના પરમાણું ) નીચેની જમીનને અડતા નથી. એ વિના હાલે ? ( શ્રોતાઃ- આપ રોજ ના પાડો છો ) છે ને આ તો એક દ્રવ્ય, બીજા દ્રવ્યને સ્પર્શતું નથી એ ઉપરનો પ્રશ્ન છે. પગ જમીનને અડતો જ નથી. આહાહાહા ! જમીનને આધારે પગ ચાલતો જ નથી. આવી વાત છે-વીતરાગ તત્ત્વ છે-સર્વજ્ઞે દેખ્યું છે કે અનંત તત્ત્વ છે. પ્રત્યેક પદાર્થ પોતાના ગુણ-પર્યાયમાં છે, બીજાના ગુણ પર્યાયમાં કયાંથી જઈ શકે ? ગુણ-પર્યાય એટલે પરિણમન એનું. આહાહા !

અહીં તો ત્યાં સુધી લીધું કે તને રાગ હોય દ્વેષ હોય અને કર્મબંધન હોય તો કર્મબંધન

તારાથી થયું છે એવું છે નહીં. એ સમયમાં પુદ્‌ગલની પરિણમન ( શક્તિ ) કર્મ થવાની તાકાતથી એ પર્યાય થાય છે. એનાં ઉપાદાનથી થાય છે, તારાથી નહીં. આહાહા ! આયુષ્ય પણ બંધાય છે– ભવિષ્યનું આયુષ્ય બંધાય, તો તારાથી બંધાતું નથી, તેં બાંધ્યું નથી. આયુષ્યના પરમાણુની પર્યાયથી આયુષ્ય બંધાય છે. આવું સૂક્ષ્મ છે, રાયચંદભાઈ. આહાહા ! ( શ્રોતાઃ– સમજવા જેવું છે ) આવી વાત છે કહો, પૂંજાભાઈ ! આહાહા !

આંહી તો પરમાત્મા એક તત્ત્વને, બીજા તત્ત્વ ક્યારેય અડતા નથી. અરે રે ! આહાહા ! મરચાં ખાય છે–ઢોકળા કહે છે ને શું કહે છે ? ઢોકળાં કહે છે ને ? તેના ઉપર મરચાની ભૂકી નાખે છે ને ? મરચું તીખું–આમ તો તીખાશ છે એ તો મરચામાં રહી એ હોઠમાં એની તીખાશ આવી નથી અને હોઠ એને ( તીખાસને ) અડતો નથી. આહાહાહા ! આ સિદ્ધાંત, વીતરાગનો સિદ્ધાંત છે, ત્રણ લોકના નાથ, તીર્થંકરદેવ ઇન્દ્રો છે ( સાંભળવા આવે છે પ્રભુને ! )

વસ્તુ છે એ ભિન્ન–ભિન્ન છે, ભિન્ન છે તો ભિન્નને સ્પર્શ કરી શકે નહીં બસ એટલું ચાહે આત્મા હોય કે ચાહે પરમાણું હોય, ભિન્ન ચીજને ભિન્ન ચીજ કોઈ સ્પર્શે જ નહીં તો પછી કરે ક્યાંથી ? આહાહાહા ! એ જ કહે છે ને ‘જે શક્તિ સ્વતઃ ન હોય એને અન્ય કોઈ કરી શકે નહિ’ –આ મહાસિદ્ધાંત છે. જે તત્ત્વમાં શક્તિ પોતાનામાં ન હોય અને એને બીજો શક્તિ આપી શકે એવું છે નહીં, એમ કહે છે.

આ જીભ ચાલે છે એ આત્મા એને અડે તો ચાલે એવું છે નહીં એમ કહે છે. આ પરમાણુમાં પરિણમન એવી ચાલવાની શક્તિ છે તો ચાલે છે. એને આત્મા શક્તિ આપે, એવું છે નહીં. આ જીભ ચાલે છે અને એ જીભ ખાંડ–સાકરને અડતી નથી. અને ખાંડ–સાકર જીભને અડતા નથી. આહાહાહા ! કેમ કે એક બીજામાં અભાવ છે. એક તત્ત્વમાં બીજા તત્ત્વનો અભાવ છે, અભાવ હોવાથી એક તત્ત્વને બીજું ( તત્ત્વ ) અડતું નથી ( સ્પર્શતું નથી ) ક્યારેય આવું છે આકરું. આ હોશિયાર માણસ વેપારમાં, બરોબર થડે બેઠો હોય ને આમ તડામાર કરે, સાચવે ને આમ લીએ ને–આમ દીએ ને આમ કરો ને, આ કરોને, આ કરોને. આહાહાહા ! પ્રભુ તું તારી ચીજમાં શું છે, સાંભળ એ ચીજમાં શું છે એનાં કારણથી પલટાય છે–પલટા મારે છે એને જાણ તો ખરો તારું અભિમાન નીકળી જશે ને શરીરને, વાણીને, કુટુંબને, સ્ત્રીને, પુરુષને, દિકરાને હું પાળી શકું છું–પોષણ કરી શકું છું, ત્રણકાળમાં છે નહિ.

( શ્રોતાઃ– હુશિયારીથી વકીલાત નહોતી કરી ? ) વકીલાત, વકીલાત નહોતી કરી, અભિમાન કર્યાં’તા રામજીભાઈ વકીલ હતા એ વખતે પહેલાં નંબરના હતા ! જજને વકીલ આમ કાયદો કાઢીને બતાવે કે આનું આમ છે ને આનું આમ છે. વકીલ પણ એ તો ભાષા હતી, ત્યાં રામજીભાઈએ શું કર્યું તેમના આત્માએ ? ( શું કર્યું ? ) આહાહા ! ( શ્રોતાઃ– ધોળા દિ’એ તારા બતાવે ! ) ઈ બતાવે તો એ વાત કરતો’તો હતો ઓલો ભાઈ મણિલાલ અમારો, કે રામજીભાઈ એમ કે જજને તારા બતાવે ધોળે દી’એ જજને, ઓલી હતી ને, તર્ક કરે ને ? પણ એ વાણી–વાણી જડની છે પ્રભુ. એ વાણી આત્માની નહીં. આત્માએ એ વાણી કરી જ નથી. આહાહા ! અહીંયા તો નજીકના સંબંધમાં પણ કરી શકે નહીં, એમ બતાવે છે. કે જ્યાં રાગ દ્વેષ થાય છે અજ્ઞાન થાય છે ત્યાં કર્મબંધન થાય છે, એ કર્મબંધનની પર્યાય એનાથી ( પુદ્‌ગલદ્રવ્યથી ) થાય છે–સ્વયં

પરમાણુથી, ( થાય છે ) આ રાગથી નહીં. આહાહાહા !

જ્યાં નિકટ સંબંધ છે ત્યાં પણ પરિણમન એનાથી થાય છે તો જે દૂર સંબંધ છે– ( જેવાં કે ) સ્ત્રી, પુત્ર, લક્ષ્મી, આબરું-કીર્તિ, મકાન એ તો ક્યાંય પર છે એને આત્મા કરી શકે નહીં ત્રણ કાળમાં ! આ મકાન ( પરમાગમ મંદિર ) બન્યું એ કોઈ આત્માએ બનાવ્યું છે ? કડિયાએ. રામજીભાઈ પ્રમુખ હતા લ્યો, આ અમારા વજુભાઈ ઇજનેર હતા, એ તો મકાનની પર્યાય પરમાણુની એ સમયે એવી થવાની હતી તો થઈ છે, બીજા કહે કે મારાથી મકાન બન્યું છે ભ્રમણા છે-અજ્ઞાન છે. આહાહા ! આવી વાત છે.

પ્રભુની પ્રતિમા પધરાવે છે તો તે પ્રતિમાના પરમાણું ભિન્ન છે ને તારો આત્મા ભિન્ન છે, તો એ પરમાણુની ક્રિયા તું કરી શકે છે એવું છે નહીં. તારામાં રાગ આવે છે, શુભ. આહાહાહા ! આકરું કામ છે.

અહીંયા વિશેષ આંહી છે. જે પરમાણુમાં ને આત્મામાં સ્વતઃ પોતાથી શક્તિ ન હોય, એને અન્ય કોઈ કરી શકે નહિ; આ શબ્દોમાં મહાસિદ્ધાંત છે. એટલા માટે પ્રથમ પક્ષ અસત્ય છે-જૂઠા છે અને સ્વયં પરિણમનારને અન્ય પરિણમાવનારની અપેક્ષા હોતી નથી માટે બીજો પક્ષ પણ જૂઠો છે કેમકે તેથી જે કર્મ બાંધે છે ( બંધાય છે ) પોતાથી તો એને પરની ( અન્યની ) અપેક્ષા છે નહીં. આણે રાગ કર્યો તો ત્યાં મોહનીય કર્મ બંધાણું ને, એમ કહે છે. આહાહાહા ! એ વાત જૂઠી છે. આહાહા ! આમ રાગ ન કર્યો હોત તો મોહનીયકર્મ બંધાત ? પણ એ પ્રશ્ન ક્યાં અહીંયા છે

અહીંયા તો રાગ કર્યો તો તારી પર્યાયમાં તેં કર્યો અને દર્શનમોહ કે ચારિત્રમોહના પરમાણું થયા પર્યાય તો એ જડમાં થયા છે-જડથી થયા છે. આહાહા ! જ્ઞાનાવરણી, આવે છે ને પંડિતજી છ કારણે જ્ઞાનાવરણી ( કર્મ ) બંધાય છે, એ પરિણામ જીવ કરે અજ્ઞાની પણ એ જ્ઞાનાવરણી બંધાય છે એ પરમાણુની પર્યાય પોતાથી થાય છે. એ છ કારણ જ્ઞાનાવરણીના બંધનના ભાવ કર્યા તો અહીં જ્ઞાનાવરણી ( કર્મ ) બંધાયું એવું છે નહીં. એમ દર્શનાવરણી એમ વેદનીય, એમ મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય આકરી વાત ભાઈ.

જેમ ઈશ્વર કર્તા નથી કોઈ ચીજનો, એમ તું પણ કોઈ પરચીજની પર્યાયનો કર્તા નથી. આહાહા ! જડ છે ( પર્યાય ) થઈ જાય. 'સ્વયં પરિણમતાને તો પર ( અન્ય ) પરિણમાવનારની અપેક્ષા ન હોય, કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. -એક ટોપી ઓઢે છે ને ટોપી તો કહે છે કે એ પર્યાય ટોપીની જે થાય છે કે એ પરમાણુથી થાય છે, આંગળીઓથી નહીં, આત્માથી નહીં. આહાહા ! કપડું ઓઢે છે ( ને ) આમ-આમ કરે છે ને, આ ભાગ હોય એમાં, તો એ પર્યાયનો કર્તા પરમાણું છે, આંગળાથી એમ થયું જ નથી, ને આત્માથી એમ થતું જ નથી. આવા સિદ્ધાંત છે ભાઈ. આહાહાહા ! આ બે સિદ્ધાંતે તો ગજબ કર્યો છે.

કોઈ પરમાણું કે આત્મા પરિણમતા નથી, તો બીજા એને પરિણમાવે છે એવી શક્તિ જ બીજામાં નથી, અને પોતાથી પરિણમે છે તો બીજાની ( અન્યની ) અપેક્ષા છે નહીં. આહાહા ! આકરું કામ છે. અત્યારે ( તો ) બધા બહારના વ્યવહાર વ્યવહાર કરી-કરીને, આ કર્યું ને આ કર્યું ને આ કર્યું, ધર્મને નામે પણ બધી ગરબડ ગોટા, આણે ગજરથ ચલાવ્યો ને, એણે મંદિર

બનાવ્યા ને, પદવી મળે ને ? શું પણ ધૂળેય નથી ત્યાં. આહાહાહા ! રાગ કર્યો ( હોય તો ) ક્રિયા તો જ્યારે થાય છે ત્યારે એના કારણે થાય છે. આહાહાહા !

આ બે શક્તિમાં બધું આવી જાય છે. -કે સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ, એક વાત, ( અને ) પ્રત્યેક પદાર્થ જો પોતાનાથી બદલે નહિ તો બીજા ( અન્ય દ્રવ્ય ) એને બદલાવી શકે એવું થતું નથી. કેમકે વસ્તુમાં જો સ્વતઃ શક્તિ ન હોય પોતામાં પલટવાની, બદલવાની શક્તિ ન હોય, તો એને અન્ય કોઈ કરી શકે નહીં. આહાહા ! એટલા માટે પ્રથમ પક્ષ અસત્ય છે. બીજું, સ્વયં પરિણમતાને-એને કારણે એની એ પર્યાય થાય છે-ઉપાદાનથી, હાથની, પગની, વાણીની, ખાવા-પીવાની ( ચીજની ) એ સમયે જે પર્યાય થાય છે. આહાહાહા ! રોટલીના ટુકડા થાય આમ ને એ આત્મા કરી શક્તો નથી, એમ કહે છે. અને પછી રોટલી નાખવી છે ( દાળમાં ) ચટણી ( સાથે ) એ આત્મા કરી શકતો નથી. પાગલ જેવું છે, દુનિયાની પાસે, આંહી દુનિયા પાગલ છે એની પાસે, આહા, આ પાગલ જેવી વાત લાગે એ રોટલીનો આવડો ટુકડો લઈને આમ કરે ને દાળમાં લઈને ચટણી સાથે તો એ ક્રિયા આત્મા નથી કરી શકતો.

( શ્રોતાઃપાપડના ટુકડા કરે છે ને ? ) એ ટુકડાય કરી શકતો નથી, પાપડના ટુકડા થવાની પર્યાયના કાળે એ પરિણમન થાય છે, ટુકડા થાય છે. અરે ! એક તણખલાના બે ટુકડા કરવાની આત્મામાં તાકાત નથી' -શ્રીમદ્ રાજચંદ્રજીનું વચન છે. એક તણખલું એ તણખલાંના બે કટકા કરવાની આત્મામાં શક્તિ નથી. કેમ કે એ ( ટુકડા ) પોતાથી થાય છે એને બીજું દ્રવ્ય કેમ કરે ? આહા ! આવી વાતું છે. "વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી." દેખો, ભાષા, નિમિત્તની અપેક્ષા નથી રાખતી. આહાહાહા ! નિમિત્ત આવ્યું તો આમ ( આ ક્રિયા ) થઈ છે ને ? નિમિત્ત થયું તો આમ થયું ને ? એવી વાત જૂઠી છે. અહીં તો આમ કહે છે. આહાહા ! એટલા માટે બીજો પક્ષ પણ અસત્ય છે.

શું કીધું ? સ્વયં અપરિણમતાને ( કોઈ બીજું ) પરિણમાવી શકે એ જૂઠ છે અને ( સ્વયં ) પરિણમતાને ( કોઈ બીજું ) પરિણમાવે એ પણ જૂઠ છે. કોઈ પણ પદાર્થ જો પરિણમતું નથી એને બીજું ( દ્રવ્ય ) પરિણમાવી શકે એ પણ જૂઠ છે. અને પોતાથી પરિણમે છે તો બીજું પરિણમાવી શકે એ પણ જૂઠ છે. લોજિક છે ને ? આહાહાહા ! ( શ્રોતાઃ- કાલ પ્રત્યાસતિ એક સાથે નહોત તો આ શંકા જ ન કરી હોત. ) કાલ, ઈ ભલે હોય જીવ સાથે, હોય તો ( પણ ) એનાથી થતું નથી. એ તો એનાથી એટલે કહેવાય છે. નિમિત્ત, એનાથી થતું નથી-નિમિત્તથી પરમાં કાર્ય થાય છે એ ત્રણકાળ ત્રણલોકમાં નહીં. પોતાના ઉપાદાનની સ્વતઃ શક્તિથી પોતાનામાં પર્યાયનું કાર્ય થાય છે. સત્ય એવું છે ભાઈ. આવું હોવાથી, તેથી પુદ્ગલદ્રવ્ય પરિણામ સ્વભાવવાળા સ્વયમેવ હો. એ કર્મપણે પરિણમે છે તો પરિણમન એનો સ્વભાવ છે. એમ હોતાં જેમ ઘડારૂપે પરિણમેલી માટી જ પોતે ઘડો છે તેમ. દાખલો આપે છે-એ માટી જ ઘડારૂપે પરિણમી છે. કુંભારે ઘડો નથી કર્યો-ઘડાને કુંભારે કર્યો નથી. આહાહાહા ! ઘડારૂપે પરિણમેલી માટી જ સ્વયં ઘડો છે, માટી ઘડારૂપે પરિણમી છે એ માટી જ છે, એ કુંભાર નથી. કુંભારે ઘડો બનાવ્યો નથી. આહાહા !

રોટલી, સ્ત્રી બનાવે છે ? તો ના, નહીં. વેલણ ફેરવી શકે છે લોટ બાંધીને વેલણું ફેરવી શકે

છે આત્મા ? તો કહે, ના. વેલણથી રોટલી થઈ ? તો ના. ( શ્રોતાઃ- રાજકોટમાં એક બાઈ એવી હતી કે પગની આંગળીઓથી રોટલી બનાવે ! ) ઈ ઇ ખોટું-એ બધી જૂઠી વાત આ રોટલી-રોટલી એ વખતે રોટલી થવાનો કાળ હતો ( પુદ્ગલપર્યાયનો ) આવી વાત છે, જગતથી જુદી ! આહાહા ! આવું સાંભળવું મળવું મુશ્કેલ ! આ વાત બેસે ક્યાંથી અંદર ? કહે છે આખો દી "હું કરું-હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' -ગાડું ચાલતું હોય ને ગાડા નીચે કૂતરું ચાલતું હોય ને એનું ઠાઠું અડે ને એને તેથી કૂતરાને ( થાય કે ) જાણે ગાડુ મારાથી હાલે છે. એમ થાય કે મારાથી ગાડું ચાલે છે, એમ આ જગતના આ પરમાણું આદિ જીવ આદિ પરિણમે -પોત-પોતાની ક્રિયાથી ( સૌ ) પરિણમે છે, બીજો કહે મારાથી થાય છે-દુકાન ઉપર બેઠો હોય બરાબર, પછી માલ લેવાનો-દેવાનો બરાબર એનો ભાવ છે, લઈ જાવ બહેન લઈ જાવ ! એ બધી ભાષાની પર્યાય આત્મા કરી શકતો નથી, એમ કહે છે. આરે... આરે... ઊંધું બહુ ભાઈ !

( શ્રોતાઃ- આટલા બધા માણસો બોલે છે ને ) કંઈ ભાષા-ભાષા કોણ કરે ? જડની પર્યાય જડથી થાય છે. આહાહાહા ! મરતી વખતે-દેહ છૂટવાને કાળે, ભાવ થયો થોડો કે મારી પાસે પચાસ-લાખ કરોડ બે કરોડ છે. હું પાંચ લાખ દઉં ( ધર્માદા નામે ) અરે, મેં પાપ કરી-કરીને કર્યું, તો થોડું પુણ્ય લઉં, પણ એ જીભ ચાલે નહીં, વાચા બંધ થઈ ગઈ', વાચા બંધ થઈ ગઈ કે આત્માએ વાચા બંધ કરી ? વાચા ? હેં એ એ પાંચ લાખ-પાંચ લાખ ( થોડી ભાષા થઈ ) ને છોકરા એવા હોંશિયાર હોય ને બધા બાપુજી, અત્યારે પૈસાને નો સંભારીએ, એ જાણે કે પાંચ લાખ ( દેવાનું ) કહેશે, તો આપવા પડશે પાછા. બધા સુખી, બધા એવા જ છે બધા હોં.

બાપુજી અત્યારે પૈસાને ન યાદ કરીએ પણ ઓલો કહે છે કે પણ પાંચ લાખ દેવાના છે ( પૂરું બોલે ) ત્યાં તો વાચા બંધ થઈ ગઈ-વાચા ચાલી નહીં, થઈ રહ્યું જાવ... વાચા કોણ કરી શકે ? વાચા બંધ થઈ ને એમ કહે છે ને ? વાચા થાય છે એ તો વાચાથી થાય છે. આહાહાહા ! ઝીણું બહુ ભાઈ. આકરું.

"એમ હોતાં ( હોવાથી ) જેમ ઘડારૂપે પરિણમેલી માટી જ પોતે ઘડો છે તેમ." -ઘડારૂપે પરિણમિત કોણ થયું છે ? માટી કે કુંભાર ? ઘડારૂપ પરિણમન અવસ્થા કોની થઈ છે ? માટીની. ઘડારૂપે પરિણમિત માટી જ સ્વયં ઘડો છે-એ ઘડો છે એ સ્વયં છે. આહાહા ! કુંભારથી ઘડો થયો નથી. ( શ્રોતાઃ- માટી માટીરૂપે હતી ત્યારે ઘડો કેમ ન થયો ) ન થઈ ? એ વખતે થવાની પર્યાય નહોતી માટે નથી થઈ. એની પર્યાય થવાની હોય ત્યારે કુંભાર નિમિત્ત હો, પણ એનાથી બન્યો નથી. આહાહાહા ! બન્યો નથી એનાથી, પાણીનું બેડું રાખે છે ને ઇંઢોણી માથે, તો કહે છે કે ઇંઢોણી માથાને અડી નથી અને ઇંઢોણી ઉપર ઘડો રહ્યો જ નથી. ઘડો ઘડાની પર્યાયમાં પોતાથી ત્યાં રહ્યો છે. માથા ઉપર નહીં. અરરરર ! આવી વાત ! ગાંડા જ કહે ને દુનિયા.

એ આમ હાલે ( ઘડો ) માથે લઈને આમ, ને કોઈ તો વળી એમ ને એમ લઈ જાય, તે કો'ક વળી લાંબું હોય બે-ત્રણ એક હાથ રાખે આમ-પાણીના બેડા ઉપર. ( શ્રોતાઃ- એ અવગાહન શક્તિ આકાશની છે ! ) ( ના ), એની પોતાની શક્તિ-પોતાની છે આકાશની નહીં. એ એક બેડું આમ ચાલે એ પરમાણુની પર્યાય ગતિ કરવાની પોતાની શક્તિ છે. એય !

હસુભાઈ, આવું સાંભળવા મળે એવું નથી ન્યાં મુંબઈમાં હોળી સળગે છે બધી આખો દી'- પૈસા તો ભલે ( મળે ) બે-પાંચ કરોડ, દશ કરોડ થઈ જાય, ધૂળમાં શું છે? આહાહાહા!

એ પ્રકારે જડસ્વભાવવાળા જ્ઞાનાવરણાદિકર્મરૂપે પરિણમિત થએલ પુદ્‌ગલદ્રવ્ય જ છે. એ જ્ઞાનાવરણી પરિણમ્યા એ પુદ્‌ગલદ્રવ્ય જ છે. પુદ્‌ગલદ્રવ્ય પરિણમ્યા છે. ( જેમ ) માટી ઘડારૂપ પરિણમી છે, તો માટી જ છે. અને પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણીપણે પરિણમ્યા એ પુદ્‌ગલ છે. એ આત્મા છે નહીં. આ પ્રમાણે પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું. વિશેષ કહેશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ! )

## શ્લોક-૬૪

( उपजाति )

स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यमात्मनस्तस्य स एव कर्ता।।६४।।

**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ इति ] આ રીતે [ पुद्गलस्य ] પુદ્‌ગલદ્રવ્યની [ स्वभावभूता परिणामशक्तिः ] સ્વભાવભૂત પરિણમનશક્તિ [ खलु अविघ्ना स्थिता ] નિર્વિઘ્ન સિદ્ધ થઈ. [ तस्यां स्थितायां ] એ સિદ્ધ થતાં, [ सः आत्मनः यम् भावं करोति ] પુદ્‌ગલદ્રવ્ય પોતાના જે ભાવને કરે છે [ तस्य सः एव कर्ता ] તેનો તે પુદ્‌ગલદ્રવ્ય જ કર્તા છે.**

**ભાવાર્થઃ-સર્વ દ્રવ્યો પરિણમનસ્વભાવવાળાં છે તેથી પોતપોતાના ભાવના પોતે જ કર્તા છે. પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના જે ભાવને કરે છે તેનો પોતે જ કર્તા છે. ૬૪.**

**પ્રવચન નં. ૨૧૨** શ્લોક-૬૪ તથા ગાથા ૧૨૧ થી ૧૨૫

**સોમવાર, ફાગણ સુદ-૭, તા. ૫/૩/'૭૯**

स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यमात्मनस्तस्य स एव कर्ता।।६४।।

( કહે છે કે ) આ પ્રકારે પુદ્‌ગલદ્રવ્યની-શું કહે છે અહીંયા કે જે કર્મ બંધાય છે એ પોતાની પર્યાયથી બંધાય છે, કર્મ એની પર્યાય કરે છે એ નહીં જ્ઞાનાવરણી-દર્શનાવરણી આઠ પ્રકારના કર્મ એ સમયમાં, એની પરિણમનશક્તિથી કર્મ થાય છે, આત્મા કરે તો થાય છે એવું નથી.

આહાહા ! ખરેખર તો એ સમયે, એ કર્મવર્ગણા જે છે એ, એ-રૂપે પરિણમવાની લાયકાતવાળા પરિણમે છે, પરમાણું તો ઘણાં છે એ જ એની પર્યાયમાં તે કાળે જ્ઞાનાવરણી-દર્શનાવરણી વિગેરે આઠ કર્મ, એ પુદ્‌ગલદ્રવ્યની સ્વભાવભૂત પરિણમન શક્તિ( થી ) એનો સ્વભાવ જ પરિણમનશક્તિ છે એની એ કોઈ આત્મા કર્મ બાંધે ને આત્મા કર્મના પરિણામ કરે એવું છે નહીં. ( આ રીતે પુદ્‌ગલદ્રવ્યની સ્વભાવભૂત પરિણમન શક્તિ ) નિર્વિઘ્ન સિદ્ધ થઈ. કોઈનું વિઘ્ન નહીં, એ પરિણમનશક્તિ-પરિણમન પોતાથી છે. એ અનાદિ-અનંત પરિણમનશક્તિ છે. છે ?

'તસ્યાં સ્થિતાયાં' -તત્ સ્થિતાયાં એટલે એમાં તે અનાદિ-અનંત પરિણમન છે. માટે પરમાણુમાં પરિણમન અનાદિ-અનંત છે. એ સિદ્ધ થતાં '**सः आत्मनः सम् भावं करोति**' તે પોતાના સ્વરૂપને '**यम् भावं करोति**' -પુદ્‌ગલ ( દ્રવ્ય ) પોતાના જે ભાવને કરે છે- '**तस्य सः एव कर्ता**' તેનો તે પુદ્‌ગલદ્રવ્ય જ કર્તા છે. પુદ્‌ગલદ્રવ્ય પોતાના જે ભાવનો કર્તા છે-એ કર્મની પર્યાય પુદ્‌ગલ કરે છે એનો એ કર્તા છે, એ આઠ કર્મ બંધાય એના પરિણામનો કર્તા એ પુદ્‌ગલ છે, આત્મા નહિ. ( શું કીધું ? ) પુદ્‌ગલની પરિણામશક્તિ છે અનાદિ-અનંત, એ પરિણામશક્તિ છે એ કારણે એ સમયે પરમાણુઓ કર્મરૂપે પરિણમે એ પોતાથી પરિણમે છે, તો એ પરિણમનના કર્તા એ પુદ્‌ગલ છે અને પરિણામ એનું કાર્ય છે. કહો, સમજાય છે આમાં ? પુદ્‌ગલદ્રવ્ય પોતાના નિજ ભાવને કરે છે. '**सःआत्मनः**' છે ? પોતાના નિજ ભાવને કરે છે એનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય જ છે. આહાહાહા ! આત્મા કર્મને બાંધે ને આત્મા કર્મને ભોગવે એમ છે નહીં, એમ કહે છે.

ભાવાર્થઃ- સર્વ દ્રવ્યો પરિણમનસ્વભાવવાળાં છે, બધા આત્માઓ અને પરમાણુઓ, બધાં દ્રવ્યો, પરિણમન-બદલવાની શક્તિવાળા છે, એટલા માટે પોત-પોતાના ભાવના સ્વયં જ કર્તા છે. આહાહાહા ! પરમાણું અને આત્માઓ સમય-સમયે ( પોતાની ) પરિણતિમાં પોતે જ કર્તા છે અને પરિણતિ એનું કાર્ય છે. પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના નિજ ભાવના કર્તા છે. જે ભાવને-કર્મપર્યાયને કરે તો એ ભાવના એ સ્વયં જ કર્તા છે. આહાહા ! નિકટ સંબંધમાં રહેલા કર્મ પણ પોતાની પર્યાયથી પરિણમે છે એમ કહે છે. આ આત્મા એ કર્મ બાંધે ને એ પરિણમે એવું છે નહીં. તો ( પછી ) દૂર જે છે-શરીર, વાણી, મન, કર્મ એની જે પરિણતિ થાય છે એ તો એના કારણે સ્વયં થાય છે, આત્માથી નહીં.

હવે જીવનું પરિણામીપણું સિદ્ધ કરે છે, પુદ્‌ગલદ્રવ્યનું ( પરિણામીપણું ) પહેલાં સિદ્ધ કર્યું ( ગાથા-૧૧૬ થી ૧૨૦ ) હવે જીવનું પરિણામીપણું ( ગાથા-૧૨૧ થી ૧૨૫ માં સિદ્ધ કરે છે આચાર્યદેવ ! )

## ગાથા-૧૨૧,૧૨૨,૧૨૩,૧૨૪,૧૨૫

जीवस्य परिणामित्वं साधयति-

ण सयं बद्धो कम्मे ण सयं परिणमदि कोहमादीहिं।
जदि एस तुज्झ जीवो अप्परिणामी तदा होदि।।१२१।।
अपरिणमंतम्हि सयं जीवे कोहादिएहिं भावेहिं।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा।।१२२।।
पोग्गलकम्मं कोहो जीवं परिणामएदि कोहत्तं।
तं सयमपरिणमंतं कहं णु परिणामयदि कोहो।।१२३।।
अह सयमप्पा परिणमदि कोहभावेण एस दे बुद्धी।
कोहो परिणामयदे जीवं कोहत्तमिदि मिच्छा।।१२४।।
कोहुवजुत्तो कोहो माणुवजुत्तो य माणमेवादा।
माउवजुत्तो माया लोहुवजुत्तो हवदि लोहो।।१२५।।

न स्वयं बद्धः कर्मणि न स्वयं परिणमते क्रोधादिभिः।
यद्येषः तव जीवोऽपरिणामी तदा भवति।।१२१।।
अपरिणममाने स्वयं जीवे क्रोधादिभिः भावैः।
संसारस्याभावः प्रसजति सांख्यसमयो वा।।१२२।।
पुद्गलकर्म क्रोधो जीवं परिणामयति क्रोधत्वम्।
तं स्वयमपरिणममानं कथं नु परिणामयति क्रोधः।।१२३।।
अथ स्वयमात्मा परिणमते क्रोधभावेन एषा ते बुद्धिः।
क्रोधः परिणामयति जीवं क्रोधत्वमिति मिथ्या।।१२४।।
क्रोधोपयुक्तः क्रोधो मानोपयुक्तश्च मान एवात्मा।
मायोपयुक्तो माया लोभोपयुक्तो भवति लोभः।।१२५।।

---

यदि कर्मणि स्वयमबद्धः सन् जीवः क्रोधादिभावेन स्वयमेव न परिणमेत तदा स किलापरिणाम्येव स्यात्। तथा सति संसाराभावाः। अथ पुद्गलकर्म क्रोधादि जीवं क्रोधादिभावेन परिणामयति ततो न संसाराभाव इति तर्कः। किं स्वयमपरिणममानं परिणममानं वा पुद्गलकर्म क्रोधादि जीवं क्रोधादिभावेन परिणामयेत्? न

तावत्स्वयमपरिणममान: परेण परिणमयितुं पार्येत; न हि स्वतोऽसती शक्ति: कर्तुमन्येन पार्यते। स्वयं परिणममानस्तु न परं परिणमयितारमपेक्षेत; न हि वस्तुशक्तय: परमपेक्षन्ते। ततो जीव: परिणामस्वभाव: स्वयमेवास्तु। तथा सति गरुडध्यानपरिणत: साधक: स्वयं गरुड इवाज्ञानस्वभावक्रोधादिपरिणतोपयोग: स एव स्वयं क्रोधादि: स्यात्। इति सिद्धं जीवस्य परिणामस्वभावत्वम्।

હવે જીવનું પરિણામીપણું સિદ્ધ કરે છેઃ-

**કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,**
**તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે! ૧૨૧.**

**ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,**
**સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૨૨.**

**જો ક્રોધ-પુદ્‌ગલકર્મ-જીવને પરિણમાવે ક્રોધમાં,**
**ક્યમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૨૩.**

**અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે-તુજ બુદ્ધિ છે,**
**તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં-મિથ્યા બને. ૧૨૪.**

**ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,**
**માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.**

ગાથાર્થઃ-સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ આચાર્ય કહે છે કે હે ભાઈ! [ एष: ] આ [ जीव: ] જીવ [ कर्मणि ] કર્મમાં [ स्वयं ] સ્વયં [ बद्ध: न ] બંધાયો નથી અને [ क्रोधादिभि: ] ક્રોધાદિભાવે [ स्वयं ] સ્વયં [ न परिणमते ] પરિણમતો નથી [ यदि तव ] એમ જો તારો મત હોય [ तदा ] તો તે ( જીવ ) [ अपरिणामी ] અપરિણામી [ भवति ] ઠરે છે; અને [ जीवे ] જીવ [ स्वयं ] પોતે [ क्रोधादिभि: भावै: ] ક્રોધાદિભાવે [ अपरिणममाने ] નહિ પરિણમતાં, [ संसारस्य ] સંસારનો [ अभाव: ] અભાવ [ प्रसजति ] ઠરે છે [ वा ] અથવા [ सांख्यसमय: ] સાંખ્યમતનો પ્રસંગ આવે છે.

[ पुद्गलकर्म क्रोध: ] વળી પુદ્‌ગલકર્મ જે ક્રોધ તે [ जीवं ] જીવને [ क्रोधत्वम् ] ક્રોધપણે [ परिणामयति ] પરિણમાવે છે એમ તું માને તો એ પ્રશ્ન થાય છે કે [ स्वयम् अपरिणममानं ] સ્વયં નહિ પરિણમતા એવા [ तं ] જીવને [ क्रोध: ] ક્રોધ [ कथं नु ] કેમ [ परिणामयति ] પરિણમાવી શકે? [ अथ ] અથવા જો [ आत्मा ] આત્મા [ स्वयम् ] પોતાની મેળે [ क्रोधभावेन ] ક્રોધભાવે [ परिणमते ] પરિણમે છે [ एषा ते बुद्धि: ] એમ તારી બુદ્ધિ હોય, તો [ क्रोध: ] ક્રોધ [ जीवं ] જીવને [ क्रोधत्वम् ] ક્રોધપણે [ परिणामयति ] પરિણમાવે છે [ इति ] એમ કહેવું [ मिथ्या ] મિથ્યા ઠરે છે.

માટે એ સિદ્ધાંત છે કે [ क्रोधोपयुक्त: ] ક્રોધમાં ઉપયુક્ત ( અર્થાત્ જેનો ઉપયોગ

ક્રોધાકારે પરિણમ્યો છે એવો ) [ आत्मा ] આત્મા [ क्रोधः ] ક્રોધ જ છે, [ मानोपयुक्तः ] માનમાં ઉપયુક્ત આત્મા [ मानः एव ] માન જ છે, [ मायोपयुक्तः ] માયામાં ઉપયુક્ત આત્મા [ माया ] માયા છે [ च ] અને [ लोभोपयुक्तः ] લોભમાં ઉપયુક્ત આત્મા [ लोभः ] લોભ [ भवति ] છે.

ટીકાઃ-જો જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો થકો ક્રોધાદિભાવે સ્વયમેવ ન પરિણમે તો તે ખરેખર અપરિણામી જ ઠરે. એમ થતાં સંસારનો અભાવ થાય. અહીં જો એમ તર્ક કરવામાં આવે કે "પુદ્‌ગલકર્મ જે ક્રોધાદિક તે જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે તેથી સંસારનો અભાવ થતો નથી", તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છેઃ- પુદ્‌ગલકર્મ ક્રોધાદિક છે તે સ્વયં અપરિણમતા જીવને ક્રોધાદિભાવે પરિણમાવે કે સ્વયં પરિણમતાને ? પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે ( વસ્તુમાં ) જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. અને સ્વયં પરિણમતાને તો પર ( અન્ય ) પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. ( આ રીતે બન્ને પક્ષ અસત્ય છે. ) તેથી જીવ પરિણમનસ્વભાવવાળો સ્વયમેવ હો. એમ હોતાં ( હોવાથી ), જેમ ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક પોતે ગરુડ છે તેમ, અજ્ઞાનસ્વભાવવાળા ક્રોધાદિરૂપે જેનો ઉપયોગ પરિણમ્યો છે એવો જીવ જ પોતે ક્રોધાદિ છે. આ રીતે જીવનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.

ભાવાર્થઃ-જીવ પરિણામસ્વભાવ છે. જ્યારે પોતાનો ઉપયોગ ક્રોધાદિરૂપે પરિણમે છે ત્યારે પોતે ક્રોધાદિરૂપ જ થાય છે એમ જાણવું.

## ગાથા-૧૨૧ થી ૧૨૫ ઉપર પ્રવચન

ण सयं बद्धो कम्मे ण सयं परिणमदि कोहमादीहिं।
जदि एस तुज्झ जीवो अप्परिणामी तदा्ो होदि।।१२१।।

अपरिणमंतम्हि सयं जीवे कोहादिएहिं भावेहिं।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा।।१२२।।

पोग्गलकम्मं कोहो जीवं परिणामएदि कोहत्तं।
तं सयमपरिणमंतं कहं णु परिणामयदि कोहो।।१२३।।

अह सयमप्पा परिणमदि कोहभावेण एस दे बुद्धी।
कोहो परिणामयदे जीवं कोहत्तमिदि मिच्छा।।१२४।।

कोहुवजुत्तो कोहो माणुवजुत्तो य माणमेवादा।
माउवजुत्तो माया लोहुवजुत्तो हवदि लोहो।।१२५।।

કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,
તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે ! ૧૨૧.

ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે ! ૧૨૨.

જો ક્રોધ-પુદ્‌ગલકર્મ-જીવને પરિણમાવે ક્રોધમાં,
કયમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે ? ૧૨૩.

અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે-તુજ બુદ્ધિ છે,
તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં-મિથ્યા બને. ૧૨૪.

ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,
માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.

ટીકાઃ- -જો જીવ, કર્મમાં સ્વયં ન બંધાતો હોય- કર્મનાં સ્વયં પોતાના અપરાધથી જો ન બંધાતો હોય, આત્મા સ્વયં અપરાધ કરે છે મિથ્યાત્વ અને રાગદ્વેષ આદિ જો એ સ્વયં ન કરે, તો જીવ, કર્મમાં પોતે જ ન બંધાતો હોય- (અર્થાત્) ક્રોધાદિભાવમાં (જીવ) સ્વયમેવ પરિણમતો ન હોય-જો ક્રોધાદિમાં એ પરિણમે નહીં તો એ વાસ્તવમાં અપરિણામી સિદ્ધ થશે.

શું કહે છે ? ક્રોધ તો શબ્દ લીધો છે (પણ) ક્રોધ, માન, માયા, લોભ, રાગદ્વેષ, વિષયવાસના એ રૂપે જો આત્મા પરિણમતો ન હોય, તો એ પરિણમનહીન ઠરે. વિકારરૂપે પરિણમે નહીં તો એ અપરિણામી ઠરે. વિકારરૂપે પરિણમે છે જીવ એમ સિદ્ધ કરવું છે, અહીંયા. વિકાર જીવનો સ્વભાવ નહિ માટે (વિકાર) કર્મનું કાર્ય છે એ વાત અહીં અત્યારે સિદ્ધ નથી કરવી, અત્યારે તો જીવ, જે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, મિથ્યાત્વ, વિષયવાસનાદિ એ પણે એ આત્મા પરિણમે છે. આહાહા !

એ બીજી વાત હતી કહ્યું ને એ તો. એ તો સ્વભાવદૃષ્ટિ કરાવવા એ વાત હતી. અહીં તો એની પર્યાયનો એ જ કર્તા છે એમ સ્વયં સિદ્ધ કર્તા છે, એ સિદ્ધ કરવું છે. આહાહા ! પહેલાં એ (આત્મા) પોતે જ દોષ કરે છે એ દોષ કર્મ કરાવે છે તો તો દોષ રહિત ઠરે એમ છે નહીં. દોષ કર્મ કરાવતું નથી, કર્મ તો નિમિત્તમાત્ર છે. અને નિમિત્તના વિના પણ પોતાના અપરાધથી અજ્ઞાની જીવ, ક્રોધ, માન, માયા, રાગ દ્વેષ, દયા, દાન, પુણ્ય પાપના ભાવપણે થાય છે. આહાહાહા !

(જે જીવ ખરેખર અપરિણામી જ ઠરે.) એમ થતાં સંસારનો અભાવ થાય. -જો આત્મા, સ્વયં વિકારપણે ન પરિણમે તો સંસારનો અભાવ થશે. વિકારપણે પરિણમે છે-મિથ્યાત્વપણે, રાગ-દ્વેષપણે, પુણ્ય-પાપના ભાવપણે સ્વયં જીવ પરિણમે છે, સ્વયમેવ-સ્વયં જીવ સ્વયમેવ પરિણમે છે, કર્મના કારણે વિકારરૂપે પરિણમે છે એમ છે નહીં. આહાહા !

(શ્રોતાઃ- જૈનમાં કર્મ જ બળવાન છે) એ વાત જ ખોટી છે, જૈનધર્મ તો અનુભૂતિમાત્ર છે. પોતાની અનુભૂતિ-પોતાનું કાર્ય કરે એ એ જ જૈનધર્મ છે. અનુભૂતિ ! (શ્રોતાઃ- કોઈ વખતે તો આપ શુદ્ધ ઉપયોગને જૈન ધર્મ કહો છો) એ બધું-અનુભૂતિ કહો કે શુદ્ધઉપયોગ કહો બધી એક જ વાત છે. અનુભૂતિ કહો, શુદ્ધઉપયોગ કહો, વીતરાગતા કહો, અકષાયભાવ કહો એ તો એક જ વાત છે. આહાહાહા !

'જો અહીં એમ તર્ક કરવામાં આવે કે "પુદ્ગલ કર્મ જે ક્રોધાદિ છે તે જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે" -શું કહે છે કે તારી એવી માન્યતા હોય કે પુદ્ગલકર્મ જે ક્રોધાદિ જડ છે ને, જડ એ જીવને ક્રોધ-માનપણે પરિણમાવે છે-કર્મનો ઉદય આવે એવું અહીં ( જીવને ) પરિણમાવે છે પરમાણું એ ઉદય આવીને આત્માને દોષ કરાવે છે, નહીં ? છે ? ઝીણી વાત છે ! જો આંહી આ તર્ક ઉપસ્થિત કરવામાં આવે કે પુદ્ગલકર્મ ક્રોધાદિક છે જડ, એ જડ એ જીવને ક્રોધાદિકભાવપણે પરિણમાવે છે. જડનો ઉદય જે છે એ આત્માને વિકારરૂપે પરિણાવે છે-આમ જો તમે કહો છો તો એનાથી બે દોષ આવે છે. 'તેથી સંસારનો અભાવ થતો નથી' -શિષ્યનો પ્રશ્ન છે તો એનું નિરાકરણ બે પક્ષ લઈને આ પ્રકારે કરવામાં આવે છે.

સાંભળો ! પુદ્ગલકર્મ ક્રોધાદિક છે જડ તે સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ, શું કીધું ? જે સ્વયં પરિણમતાને કે જે પુદ્ગલકર્મ ક્રોધાદિક છે, જડ એ જડ સ્વયં અપરિણમતાને ( પરિણમાવી શકે નહિ. ) જે કોઈ પરિણમતો નથી જીવ, એ જીવને ક્રોધાદિભાવરૂપે પરિણમાવે જડકર્મ આંહી આત્મા વિકારપણે ન પરિણમે અને ક્રોધપણે-જડ છે એ ( જીવને ) વિકારપણે પરિણમાવે તો એમાં આ કહે છે દેખો સ્વયં પુદ્ગલકર્મ ક્રોધાદિક છે તે સ્વયં અપરિણમતા જીવને ક્રોધાદિપણે પરિણમાવે ? સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહીં.

શું કીધું ? કે જીવમાં જે વિકાર થાય છે, ક્રોધ, માન, માયા, લોભ, ઇચ્છા એ જડક્રોધ કરાવે છે, આત્મા નથી પરિણમતો એને ક્રોધ ( જડપ્રકૃતિ ) પરિણમાવે છે કે શું પરિણમતાને પરિણમાવે છે ? કે નહિ પરિણમતાને પરિણમાવે છે ક્રોધજડ ? કે પરિણમતાને પરિણમાવે છે જડ ? આહાહા ! ન્યાયથી વાત મૂકી છે. છે ? પુદ્ગલકર્મ ક્રોધાદિક છે જડ-જડ તે સ્વયં અપરિણમતો આત્મા, પરિણમતો નથી, એવા બીજા જીવને ક્રોધાદિકભાવે પરિણમાવે છે ? જડ. જડકર્મ આત્મામાં વિકારભાવે ( આત્માને ) પરિણમાવે છે કે સ્વયં પરિણમતા છે કે સ્વયં આત્મા વિકાર કરે ને જડકર્મ પરિણમાવે એવું છે ? આહાહા !

બે પ્રશ્ન થયા, ( શું ? ) કે જડકર્મ જે છે એ આત્મા વિકારરૂપે પરિણમતો નથી એને જડ પરિણમાવે છે ? કે પોતે પરિણમે છે એને ( જડકર્મ ) પરિણમાવે છે ? ( શ્રોતાઃ- સ્વયં પરિણમતાને કોણ પરિણમાવે એનું શું કામ છે ? ) એ માટે તો કહે છે. આત્મા વિકારપણે ન પરિણમતો હોય અને જડકર્મનો ઉદય એને વિકારપણે પરિણમાવે તો તો તારી અપરિણમિત-જે પરિણમતા નથી એને કેમ પરિણમાવી શકે, અને પરિણમે છે પોતાનાથી-જે વિકાર ( પણે ) પરિણમે છે તો પરની અપેક્ષા ક્યાં રહી-પોતાના કારણે વિકાર કરે છે એમાં પરની અપેક્ષા છે નહીં. લોજિકથી વાત કરે છે ભાઈ. વાણિયામાં આવું આવે નહીં, ક્યાંય વેપારમાં ધંધામાં એકલા પાપ કરે છે એમાં આવું ક્યાંથી આવે ? આ તો ભગવાન ત્રિલોકનાથ એમ કહે છે કે પ્રભુ તું એમ માની લે, કે હું તો પરિણમનહીન છું-પરિણમન મારામાં નથી ( અને ) એ જડ છે એ મને પરિણમન કરાવે છે-કર્મનો ઉદય છે એ મને દોષ કરાવે છે, તો જો એમ કહો તો એ પરિણમતાને પરિણમાવે છે કે નહીં પરિણમતાને પરિણમાવે છે ?

જો પરિણમતાને પરિણમાવે છે તો એવું હોય નહીં, સ્વયં પરિણમે છે એને પરની અપેક્ષા

નહીં. નહિ પરિણમતાને-પરિણમાવે તો જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. પરની શક્તિ પરમાં એ શક્તિ દઈ શકે નહીં. છે ? દેખો ! આ તો વાત સારી આવી, કાલ તો પુદ્‌ગલની હતી, આ જીવની છે.

સ્વયં અપરિણમતાને-સ્વયં જો આત્મા વિકારરૂપે ન પરિણમતો હોય તો, પર દ્વારા-પરિણમાવી શકાય નહિ, પોતાનાથી જો આત્મા વિકારપણે ન પરિણમે તો પરથી વિકારરૂપ પરિણમાવી શકાતો નથી. આહાહાહા ! સમજાણું કાંઈ... ?

સ્વયં અપરિણમતાને-આત્મા પોતાથી દોષને ( કરતો ન હોય ) મિથ્યાભ્રાંતિ, રાગ-દ્વેષ, વિષયવાસના આદિથી પોતે પરિણમતો નથી એ નહિ પરિણમતા જીવને પરદ્વારા નહિ પરિણમાવી શકાય-નહિ પરિણમવાવાળાને પરદ્વારા પરિણમાવી શકાય નહિ. જડથી આત્મામાં વિકાર થતો નથી, ક્યારેય કહે છે. અમારે કર્મનો ઉદય આવ્યો તો અમારે વિકાર કરવો પડયો, મૂઢ છે એમ કહે છે. સમજાણું કાંઈ ? અમને ( આ ) ક્રોધ આવ્યો, એ કર્મનો-ક્રોધનો ઉદય આવ્યો, આકરા તો અમને ક્રોધ થયો ! તું ક્રોધરૂપે ( સ્વયં ) પરિણમ્યો છો કે એને તને પરિણમાવ્યો છે ? કે તું નથી પરિણમતો-અપરિણામી છો ને તને પરિણમાવ્યો ? ત્યારે કહે કે મને પરિણમતાને પરિણમાવ્યો તો તું વિકારપણે પરિણમે છે, બીજો શું પરિણમાવે ? અને જો ન પરિણમતો હો તો એ પર પરિણમાવે એવી શક્તિ છે નહીં. આહાહાહા ! છે ? સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ. કારણ કે જે શક્તિ સ્વતઃ ન હોય પરિણમન શક્તિ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ.

પોતાનામાં પરિણમન શક્તિ ન હોય તો કર્મ પરિણમન શક્તિ કરાવી દે એમ ત્રિકાળમાં છે નહીં. આરે ! આવી વાતું તો સમજવી ! ઓલું તો સામાયિક કરે ને પડિક્કમણા કરે થઈ ગયો ધર્મ. આ ભક્તિ કરે ભગવાનની લ્યો, અરે, ભાઈ હજી તારી ચીજમાં શું છે ? પરચીજ શું છે ? એવી ભિન્નતાની ખબર નહિ ત્યાં તો અજ્ઞાન છે. આહાહાહા ! સમજાણું કાંઈ... ?

સ્વયં અપરિણમતાને-અન્ય વસ્તુમાં જે શક્તિ સ્વતઃ ન હોય તો-જો આત્મામાં પરિણમવાની શક્તિ સ્વતઃ ન હોય તો એને અન્ય કોઈ કરી શકે નહિ-તો કર્મ એને કરી શકે નહિ. ભાષા તો સાદી પણ ભાવ તો ઝીણાં છે. આહાહા ! વળી એક ઠેકાણે એમ કહે કે વિકાર આત્મા કરતો જ નથી, વિકાર કર્મ કરે છે-એ તો હજી બીજી ચીજ ( અપેક્ષા ) છે, કરે છે તો એ પણ દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ-સ્વભાવ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ પર દૃષ્ટિ થઈ, તો પર્યાયમાં વિકાર કરવાનો કોઈ ગુણ નથી, એ કારણે વિકાર પોતાનું કાર્ય નથી એ જડનું કાર્ય છે એમ કહેવામાં આવ્યું.

પણ... આંહી તો પોતાની પર્યાયમાં વિકાર થાય છે, એ કર્મથી નહિ, એટલું સિદ્ધ કર્યા પછી, એ સ્વભાવદૃષ્ટિની વાત કરે છે. સમજાણું કાંઈ... ? આહાહાહા ! સ્વયં પરિણમતાને તો અન્ય પરિણમાવવાવાળાની અપેક્ષા હોતી નથી. કેમ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. આહાહા ! વિકારરૂપે પરિણમે એમાં કર્મની અપેક્ષા નથી, સમજાણું કાંઈ ? એ દૃષ્ટાંત આપ્યું છે ને એમાં, સ્ફટિક છે ને સ્ફટિક-સ્ફટિક રતન, તો લાલ, પીળા ફુલ હોય તો એમાં ઝાંય પડે છે, એ પોતાની યોગ્યતાથી પરથી નહિ. જો ફૂલ છે એનાથી સ્ફટિકમાં જો લાલ-પીળી ઝાંય પડતી

હોય તો, પરથી થઈ પરથી થતી જ નથી પોતાની યોગ્યતાથી થાય છે. આમ લાકડી અથવા લાકડાનો સ્થંભ લ્યો એમાં લીલા-પીળા ફૂલ મૂકવાથી ઝાંય પડતી નથી, પોતાની યોગ્યતા નથી. લાકડામાં લાલ-પીળા ફૂલ મૂકો તો ત્યાં લાલ-પીળી ઝાંય પડતી નથી, એની યોગ્યતા નથી, અને સ્ફટિકમાં યોગ્યતા છે-તો પોતાની યોગ્યતાથી લાલ-પીળી ઝાંય પડે છે. એમ લોઢું જે અગ્નિથી ઊનું થઈ જાય છે તો એ લોઢું અગ્નિથી ઊનું થઈ જાય છે, એ અગ્નિથી થતું નથી. લોઢાનો ( ઊના થવાનો ) સ્વભાવ છે તો થઈ જાય છે. બે. હવે ત્રીજું ( દૃષ્ટાંત ) માટીનું. આ તો દાખલા છે. હમણાં આવશે, ઘડારૂપે માટી પરિણમે છે, તો એ માટી ઘડારૂપ છે. તો ( કુંભાર ) ઘડાનો કર્તા નહિ. ઘડો કાર્ય છે ને માટી કર્તા છે. ઘડાનો કર્તા કુંભાર છે એમ નથી. આહાહા ! સુતાર લાકડાને ઘડતો નથી. સોની દાગીના બનાવતો નથી, વણકર કપડું વણી શકતો નથી.

( શ્રોતાઃ- કર્મમાં ભેદ કેમ કર્યો ) જ્યારે એ તો કર્મમાં, હવે આવે છે. આસ્રવ-આસ્રવ શું છે, એમાં કોઈ ( વિપાક ) થાય છે એ પ્રકૃતિ અત્યારે ન હોય તો વિપાક ન આવે-વિપાક આવે તો, એ તો કર્મની વાત છે, અંદર એનાં પરિણમનની વાત છે. આત્માની સાથે સબંધ નથી એને. આહાહાહા ! શું કહે છે ? ( શ્રોતાઃ- જીવ વિપાકમાં તો જીવને ) જીવ વિપાકને, વિપાક છે નહીં એમાં ( જીવ ) પોતાના વિકારથી પરિણમે છે ને પોતાના વિકારને ટાળે છે બસ. પ્રકૃતિમાં ય વિપાક શું છે, એ બીજી ચીજ છે. એ તો કેટલીક પ્રકૃત્તિ સત્તામાં પડી છે તો એ અવિપાક કહેવામાં આવે છે. ઉદયમાં આવે છે એ વિપાક કહેવામાં આવે છે. એ તો પરની-જડની વાત છે એનાથી આત્મામાં કોઈ વિકાર થાય, કર્મનો વિપાક આવ્યો તો આત્મામાં કર્મ ( થી ) વિકાર થાય, એવી ચીજ છે નહિ. આહાહા ! સમજાણું કાંઈ ? આવું ( સમજવા ) નવરાશ ક્યાં ? સત્યનો નિર્ણય કરવાને વખત ન મળે,

જડ-જડની ( પર્યાયને ) બનાવે, ચૈતન્ય ચૈતન્યને બનાવે ! ચૈતન્ય પોતાના વિકારી કે અવિકારી આ બેય લેશે હવે, અહીં તો વિકારની વાત છે, પછી લ્યે છે ચૈતન્ય પોતાના નિર્મળ જ્ઞાનદર્શનને બનાવે, કાં રાગ-દ્વેષને બનાવે, પણ પરને તો બનાવી શકે નહીં અને પરથી પોતાનામાં ( કંઈ પણ ) બની શકે નહીં. આહાહાહા ! સ્વયં પરિણમતાને તો અન્ય પરિણમાવનારની અપેક્ષા હોતી નથી. દેખો ! આહાહા ! જો આત્મા એ સ્વયં પોતાથી વિકારરૂપ પરિણમે છે તો પરની અપેક્ષા એને છે નહિ. આહાહા ! વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી, મહાસિદ્ધાંત આ. દરેક વસ્તુની શક્તિ-જે વસ્તુમાં પોતાનું પરિણમન કરવાની શક્તિ છે એ પરની અપેક્ષા રાખતી નથી. સમજાણું કાંઈ ? આહાહા !

આ હાથ ચાલે છે, દેખો ! તો કહે છે કે એ હાથની પરિણમનશક્તિ એમાં છે, એનાથી છે. એમાં જો શક્તિ ન હોત ને આત્મા એને શક્તિ દઈ શકે ચલાવવાની એવું છે નહીં. એનાં કારણે આ હાથ ચાલે છે, આત્માના કારણથી નહીં. આહાહાહા ! પોતાનામાં જો પરિણમનશક્તિ ન હોય તો બીજા પરિણમન શક્તિ શી રીતે આપી શકે ? અને પોતાનામાં જો શક્તિ પરિણમનની હોય તો બીજાની અપેક્ષાની શું જરૂર રહી ? આહાહા ! ઝીણું બહુ !

જૈનમાં તો કર્મ-કર્મ રામવિજય હતાં ને એ ઓલા ખેડાવાળા જેઠાભાઈ હતા દેરાવાસી, પછી આંહીનું સાંભળ્યું એટલે લાગ્યું કે માળું, આ તો ભારે લાગે છે-સાચી વાત તો આ લાગે

છે, પછી એને એમ થયું કે જો આ અમારા સંપ્રદાયમાં મળે તો આપણે ફેરવવું મટે. પછી પ્રશ્ન મૂક્યા પચાસ સાધુઓમાં ! કોઈએ ઉત્તર આપ્યો નહિ. એક જણે આપ્યો બધો ખોટો, પછી છેવટે રામવિજયને મળ્યા કે આપણે ચર્ચા કરીએ, ત્યાં રામવિજય પણ કહે, પહેલી વાત આ, કે કર્મ વિકાર કરાવે કે ન કરાવે ? કર્મ વિકાર કરાવે છે એ માન્ય હોય તો હું ચર્ચા કરીશ.

મૂળ... ત્યાં આખી લાઈનફેર છે. શ્વેતાંબર શૈલીમાં-આખી સિદ્ધાંતની શૈલી જુદી છે. આહાહા ! પણ હવે આકરું પડે જિંદગી આખી ( એમાં ) કાઢી હોય ને, મા-બાપ એમાં હોય, એમાં દિકરા હોય, એ કરતા હોય એમને એમ કર્યા કરતા હોય, હવે એમાંથી રામવિજયને અને એને ચર્ચા થઈ જેઠાભાઈ, આવે છે ને જેઠાભાઈ આવે છે આપણે ચર્ચા કરીએ ( તો ) રામવિજય કહે, પહેલી આ શર્ત, કર્મથી વિકાર થાય છે એ શર્ત. આ કહે, એ માન્ય નહિ-એ વિકાર પોતાથી થાય છે, કર્મથી નહીં. આહાહાહા ! પોતાથી જો પરિણમે છે આત્મા તો વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. તો કર્મના ઉદયની અપેક્ષા નથી રાખતી-ભલે નિમિત્ત હો પણ એની અપેક્ષા રાખે નહિ, કે એ છે માટે મારે પરિણમવું પડયું એવી અપેક્ષા નથી. સમજાણું કાંઈ ? આહાહાહા !

કસાઈ જે બોકડા કાપે છે, તો કહે છે કે એમાં જે મિથ્યાત્વભાવ છે, એ કોઈ કર્મે કરાવ્યો નથી એણે કર્યો છે. આહાહા ! મહા તીવ્ર પાપના એ પરિણામ જીવે કર્યા છે. કર્મે કરાવ્યા છે ? કર્મ ઉદયમાં આવ્યું ને આવો કષાય કરવો પડયો, એવું છે નહીં. આહાહા ! કોઈએ થપ્પડ મારી અને ક્રોધ થયો, તો કહે ( છે કે ) ક્રોધ થયો એ તો પોતાથી થયો છે, થપ્પડ મારી માટે એનાથી ક્રોધ થયો એ વાત જૂઠી છે, એમ કહે છે. -જો પોતાનામાં ક્રોધરૂપે પરિણમવાની શક્તિ ન હોય તો થપ્પડ શું કરે ? અને પરિણમવાની શક્તિ છે તો પરની અપેક્ષા ક્યાં રહે ? આહાહાહા ! કહો, રાયચંદભાઈ ? આવું છે જુદું, આહાહાહા ! આ જૈનમાં તો કર્મ જ, હોળી ગરી ગઈ છે કર્મ કરાવે... કર્મ કરાવે, કર્મ કરાવે... હોળી ગરી ગઈ છે.

( શ્રોતાઃ- એટલે કર્મની પૂજા કરે છે ને ! ) કર્મદહનની પૂજા જડની. આંહી તો ( સંવત ) એકોતેરથી કહેતા આવીએ છીએ, ૭૧ની સાલ, કેટલા વરસ થયાં ? ચોસઠ-લાઠી ચોમાસું હતું ( કીધું ) વિકાર પોતાથી થાય છે, કર્મથી બિલકુલ નહીં, એ વાત બહાર નીકળીને એ... ય ઝંઝટ લાગી ! ( પ્રથમ ) સ્થાનકવાસીમાં આવ્યું, એ શ્વેતાંબરમાં ગઈ વાત, એણે વિરોધ કર્યો દિગંબરમાં ગઈ, દિગંબરોએ વિરોધ કર્યો ! આહાહા ! નહીં ! કર્મથી વિકાર થાય છે. વર્ણીજી ( ગણેશપ્રસાદ વર્ણી ) સાથે ચર્ચા થઈ હતીને ? તેરની સાલ ! ( તેઓ કહે ) નિમિત્તથી થાય છે. મેં કીધુંઃ જુઓ દેખો ! 'પંચાસ્તિકાય બાસઠ ગાથા' બધા પંડિતો હતા, બધા બેઠા'તા વિકાર પોતાથી થાય છે પરની અપેક્ષા-કારકની એને છે નહીં. કર્મના-નિમિત્તના કારકોની અપેક્ષા વિકાર કરવાવાળાને છે નહીં. તો ( વાત ) નો બેઠી ! ( કહેવા લાગ્યા ) નહિ, નહિ એવું છે નહીં. પોતાનાથી થાય તો સ્વભાવ થઈ જાય એનો, પણ એ વિકાર કરવાનો સ્વભાવ-પરિણમન એની શક્તિ છે. આહાહાહા ! બે ચર્ચા મોટી થઈ, એક આ થઈ ને એક ક્રમબદ્ધ ! દરેક પદાર્થ ક્રમબદ્ધ છે-એક પછી એક પર્યાય થવાવાળી એ જ થશે. એ કહે નહિ, એક પછી એક પણ એક પછી આજ-આવવાવાળી છે ને આ જ આવે ને આજ હોય એમ નહીં. ( તો પછી ) ક્રમબદ્ધ ક્યાં રહ્યું ? ઝીણી

વાત ભાઈ બહુ ! સુક્ષ્મ વાત ( છે ). આહાહાહા !

અહીંયા તો કહે છે, સ્વયં પરિણમતાને તો પર ( અન્ય ) પરિણમાવનારની અપેક્ષા ન હોય; જો શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ પરિણમાવી શકે નહિ. સ્વયં પરિણમતાને તો અન્ય પરિણમાવનારની અપેક્ષા નથી હોતી-આત્મા એ વિકાર કરે છે તો કર્મની-નિમિત્તની અપેક્ષા નથી હોતી-નિમિત્ત હો, પણ ઓલું નિમિત્ત છે માટે આંહી વિકારપણે પરિણમે છે એવું છે નહીં. આહાહા ! કેમ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા નથી રાખતી. ઓહોહોહો ! મહાસિદ્ધાંત !

દરેક આત્મા ને દરેક પરમાણુ, પ્રત્યેક સમયે જે પરિણમન કરે છે એ પરની અપેક્ષા નથી રાખતા. આહાહાહા ! સમજાણું કાંઈ ? મહાસિદ્ધાંત છે આ "વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા નથી રાખતી" -પ્રત્યેક પદાર્થ પોતાની પરિણમન ( શક્તિથી ) પરિણમન કરે છે એ પરની શક્તિની અપેક્ષા રાખતી નથી. આહાહા ! માસ્તર બરાબર ભણાવનાર છે અને છોકરો ઠોઠ નિકળે છે, કેમ કે એની પરિણમનશક્તિ નથી, તો માસ્તર શું કરે ? વિશેષ ભણવાની શક્તિ ન હોય તો માસ્તર શું કરે ? વિશેષ ભણવાનો ક્ષયોપશમ નથી તો એને-શબ્દ ને શાસ્ત્ર શું કરે ? આહાહા ! સમજાણું કાંઈ... ?

એક જ માસ્તર હોય ને પચાસ છોકરાં હોય ( તેમાંથી ) જે છોકરો એક છે તે પોતાની યોગ્યતાથી પાસ થાય છે ને એક નાપાસ થાય છે, તો પોત-પોતાના કારણે, માસ્તરના કારણે નહીં. માસ્તર તો એ એક જ બધાને ભણાવવાવાળા છે. આહાહા ! ( શ્રોતાઃ- બધાને કર્મનો ક્ષયોપશમ જુદો જુદો છે ? ) એ કર્મ નહીં, પોતાનો ક્ષયોપશમ જોઈએ, કર્મ તો નિમિત્ત-જડ છે, પોતાના ક્ષયોપશમ ભાવની પર્યાયની કમી છે પોતાને કારણે, એ કારણથી એ ઠોઠ નિશાળીઓ નીકળે છે, કર્મને કારણે નહીં.

( શ્રોતાઃ- જેતપુરમાં પુરુષોત્તમ હતો, ભગુ પશુ હતો એકડેએકથી દશ સુધી આવડે પછી ન આવડે ) હા, એ તો ભગો હતો ને ? જેતપુરનો ભગો કંદોઈ હતો, એકથી દશ સુધી શીખ્યો પછી આવડે નહિ, એ સિવાય ( કાંઈ ) મને, બીજો મળ્યો તો અમરેલી દશાશ્રીમાળી વણિયા પણ તબડકા તાણે-આમ મજુરી કરે ! આહાહા ! મકાન ચણવામાં ( મજુરીએ જાય ) આ સીત્તેરની વાત છે. મેં એને પૂછ્યું એલા તું વાણિયો છે દશાશ્રીમાળી ને આ શું ? ( તે ) કહે મહારાજ ! એક થી દશ સુધી શીખ્યો છું, પછી કહે મહારાજ ! મને કાંઈ આવડતું નથી. એટલે હું મજુરી કરું છું. તબડકા તાણે ને અંદર માટી-ચૂના ને ફલાણું ને મકાનના કામમાં એમ એ પોત-પોતાની યોગ્યતાથી છે એ કર્મથી નથી. આહાહા ! આ તો મહાસિદ્ધાંત.

આત્મા, પોતાની પર્યાયમાં પરિણમવાની યોગ્યતા પોતાથી છે. ચાહે તો જ્ઞાનપણે પરિણમો કે રાગપણે પરિણમો એ આવશે, આગળ આવશે કળશમાં. પણ એ પોતાના કારણથી છે. કર્મ છે તો રાગ થાય છે એવું નથી. અને કર્મનો ક્ષયોપશમ હોય તો અહીં જ્ઞાન વધે છે એવું પણ નથી. આહાહાહા !

"આ રીતે બન્ને પક્ષ અસત્ય છે ?" કોણ ? કે પરિણમનવાળાને પરિણમાવે છે તું એમ કહે તો એ વાત જૂઠી છે ( અને ) નહિ પરિણમતાને તું પરિણમાવી શકે એ વાત પણ જાુઠી છે. નહી પરિણમનારને પરિણમાવી શકે એવી શક્તિ પરમાં હોતી નથી. આહાહાહા ! સમજાણું

આમાં ? અહીં આકાશ છે એ આકાશના છે અહીંયા પ્રદેશ, એને ઊંચો કરી શકે છે કોઈ ? અહીં પ્રદેશ છે આકાશના ઊંચા કરી શકે છે ? આ લાકડીને ઊંચી કરી શકે છે ? ( ના-ના ) એની પરિણમન શક્તિથી ઊંચી થાય છે, આંગળીથી નહિ, હાથથી નહિ. આહાહાહા ! દરેક પરમાણુમાં અનાદિ-અનંત પરિણમન શક્તિ છે, તો એ પરમાણું જ્યારે પરિણમે છે તે કાળે તે પોતાના પરિણામનો કર્તા છે. એમ ભગવાન આત્મા અનાદિ અનંત પરિણમન શક્તિ છે અનાદિ-અનંત તો જ્યારે જ્યારે એ પરિણમે છે તો એ પોતાની પરિણમન શક્તિથી પરિણમે છે. પરના કારણથી-કર્મથી, નોકર્મથી, એનાથી એવું છે નહીં. આહાહાહા ! આમાં શું કરીએ ભાઈ, ઘરે આવો છોકરો પાક્યો, એને લઈને અમારે આમ થવું પડયું, એ બધી ખોટી વાત ( છે. ) તારી પર્યાયની યોગ્યતાથી તું વિકાર કરે છે. આહાહા ! 'યોગ્યતા હી શરણં' આવે છે નહીં ? આવે છે "યોગ્યતા હી શરણં" -દરેક દ્રવ્યની તે તે સમયની યોગ્યતા છે, એ વાત છે. પરના કારણે એમાં કંઈ થાય છે એવું છે નહીં. આહાહાહા !

( કહે છે ) તેથી જીવ પરિણમનસ્વભાવવાળો ત્રિકાળી સ્વયમેવ હો જીવ, બદલવાના સ્વભાવવાળો સ્વયમેવ હો, એ જીવ, ક્રોધ, માન, માયા, લોભ કરે તો સ્વયં પોતાથી કરે છે, કર્મથી બિલકુલ નહીં. આહાહા ! ( લોકો ) કહે છે ને કે ભાઈ અમારે તો ક્ષમા રાખવી હતી પણ ક્રોધનો એવો ઉદય આવી ગયો કર્મનો ( તેથી ) મારે એ ( ક્રોધ ) કરવો પડયો, જૂઠ છે બધું ! આહાહાહા ! કમાવાનો ભાવ કર્મનો ઉદય છે ત્યાં સુધી અમારે દુકાનમાં કમાવું પડે, જોડાવું પડે જૂઠ વાત છે બધી. એ ત્યાં દુકાન ( માટેનો ) વિકાર કરે છે તો તે તું તારા સ્વતઃ પરિણામ કરવાવાળો છે, કર્મથી એ થયા જ નથી. ધંધાના વિકાર ને દુકાને બેસવાના ભાવ જે થાય છે એ વિકારી એ આત્મા સ્વયં પોતાથી પરિણમે છે, એ વિકારને પરિણમાવવાવાળા દુકાનના ધંધા નથી ને કર્મેય નથી. ધંધા એ નોકર્મમાં જાય છે કર્મ, કર્મમાં જાય છે. આહાહાહા !

'આ રીતે બન્ને પક્ષ અસત્ય છે' -એટલા માટે જીવ પરિણમન સ્વભાવવાળો સ્વયમેવ હો. બદલવાનો સ્વભાવ અનાદિ-અનંત છે. તો એ સમયે પણ વિકારનું પરિણમન પોતાથી છે, પરથી છે નહીં. આવું હોવાથી 'જેમ ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક, પોતે ગરુડ છે તેમ.' ગરુડ થઈ જાય, જાણે કે હું ( જ ) ગરુડ છું ! આહાહા ! ઓલામાં પાડાનો દાખલો આપ્યો, તો-પાડાનું ધ્યાન કરતાં-કરતાં ( જાણે કે હું ) પાડો થઈ ગયો એમ લાગે છે. તેમ, અજ્ઞાનસ્વભાવવાળા -અજ્ઞાન સ્વભાવ એનો, જ્ઞાનીને ક્રોધ-માન-માયા આવે છે એનું તો જ્ઞાન થાય છે જરી સૂક્ષ્મ વાત છે. જ્ઞાનીને જરી રાગઆદિ અસ્થિરતા થાય છે, એને મિથ્યાત્વ ગયું છે-સમ્યગ્દર્શન થયું છે-આત્માનું ભાન થયું-આત્માનું જ્ઞાન થયું છે એને જરી રાગ આવે છે તો એ રાગના કર્તા નથી પણ રાગના જાણનાર રહે છે. આહાહાહા !

આંહી તો અજ્ઞાની રાગને કરે છે, એવા અજ્ઞાનીની વાત લીધી છે. એમ લીધી છે દેખો ! અજ્ઞાનસ્વભાવવાળા-પોતાના સ્વરૂપનું ભાન નહિ એવો ક્રોધાદિરૂપે જેનો ઉપયોગ પરિણમ્યો છે-ક્રોધમાં જેનો ઉપયોગ પરિણમિત છે એવો જીવ સ્વયં ક્રોધ છે. ( જેમ ) માટીથી ઘડો થયો તો ઘડો માટી છે... માટીથી ઘડો થયો તો ઘડો માટી છે. એમ જીવથી ક્રોધ થયો તો ક્રોધ જીવ છે. એ જીવનો ક્રોધ છે. આહાહાહા !

કર્મની રાડ મોટી છે આ જૈનમાં, પહેલેથી મોટી તકરાર, એકોતેરમાં આ વાત મૂકી’તી તો ગરબડ થઈ ગઈ મોટી, દામોદરશેઠ હતા એક દામનગરના પૈસાવાળા ! દશ લાખ રૂપિયા તે દી’ સાઈઠ વરસ પહેલાં, એમણે એકદમ વિરોધ કર્યો, કર્મથી વિકાર ન થાય ? કીધુંઃ બિલકુલ નહીં. એક ટકોય નહીં, સોએ સો ટકા આત્મા વિકાર ને દોષ કરે છે, એ પોતાથી કરે છે, કર્મની અપેક્ષા એમાં છે નહિ. આહાહાહા ! સમજાણું કાંઈ... ? અને વર્ણીજી હારેય એ ચર્ચા થઈ, વર્ણીજીએ કલકત્તા મોકલ્યો પત્ર, એ ( કાનજીસ્વામી ) એમ કહે છે કે પોતાથી વિકાર થાય છે, પરથીં નહીં, મોટી ભૂલ છે. શાહૂજી છે ને ? શાહૂજી, એ લાવ્યા પત્ર, ગજરાજજીને ત્યાં ભોજન હતું, ભોજન કર્યા પછી શેઠ ( શાહૂજી ) લાવ્યા હતા આ પત્ર આવ્યો છે, વિકાર કેમ થાય છે ? કીધુંઃ ઉત્તર દઈ દીધો છે બધો ત્યાં. વિકાર પોતાથી થાય છે, કર્મથી નહીં ! મોટો પંડિત હોય કે ગમે તે હોય. હો. આહાહાહા !

અજ્ઞાની–અજ્ઞાનીની વાત છે ને અહીંયા ! જ્ઞાનીને તો આત્મા શુદ્ધ ચૈતન્ય છે, એનાં ઉપર દૃષ્ટિ છે, જ્ઞાનીની–ધર્મીજીવની ! શુદ્ધ–ચૈતન્ય–ધ્રુવ–અખંડ–અભેદ–જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ હોવાથી, એ તો જ્ઞાન ને–આનંદની પર્યાયના કર્તા છે. આહાહાહા ! છ ખંડનું રાજ્ય કરતો દેખાય પણ એ એનો કર્તા છે નહીં, ચક્રવર્તી સમકિતી છન્નુંહજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ અને એનો કર્તા છે નહીં. એની પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી, જ્ઞાતા–દૃષ્ટાના પરિણામ થયા તો જાણનાર–દેખનાર છે. આહાહાહા ! એવો સ્વભાવ છે.

‘જેમ ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક પોતે ગરુડ છે તેમ,’ અજ્ઞાન સ્વભાવવાળા ક્રોધાદિરૂપે ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ વિગેરે, વિષયવાસના રૂપે જેનો ઉપયોગ પરિણમ્યો છે, એનો ઉપયોગ એમાં પરિણમ્યો છે એવો જીવ સ્વયં ક્રોધાદિ છે. જોયું ? જીવ જ સ્વયં ક્રોધાદિ છે. માટીથી ઘડો થયો, તો ઘડો એ જ માટી છે. એમ જીવથી ક્રોધ થયો તો જીવ જ ક્રોધાદિ છે. આવી વાતું છે. વીતરાગનો મારગ જાણવો, જૈનમાં જન્મ્યા એને ય ખબર નથી, એમને એમ હાંક્યે રાખે માથે કીધું એ ‘જે નારાયણ’ થઈ રહ્યું. આહાહાહા !

‘( ક્રોધાદિરૂપે ) જેનો ઉપયોગ પરિણમ્યો છે એવો જીવ જ પોતે ક્રોધાદિ છે’ –જોયું ? જીવ જ સ્વયં ક્રોધ, માન, માયા, લોભ છે. છે ને અંદર ? ‘ક્રોધોપયોગી ક્રોધ જીવ માનોપયોગી માન છે’ ક્રોધ ઉપયોગ તો ક્રોધો, માન ઉપયોગ તો માન જ છે–જીવ એવો છે. માટીથી ઘડો થયો તો ઘડો માટી જ છે. આહાહા ! તેલની ધાર થઈ તો એ તેલ જ છે. ( તેલની ) ધાર બીજાએ કરી એમ છે નહીં. આહાહાહા ! વાસણમાં ઘી છે ? તો કહે ના, ‘ઘી’ ઘીમાં છે–ઘી ઘીમાં છે એ જ ઘી છે વાસણમાં, વાસણ વાસણમાં છે એ તો જડ છે, એ તો બીજી ચીજ છે એમાં ઘી નથી. આહાહા ! પણ એ ઘી, ઘી ઉપર રહે છે–અહીંયા પણ ઘી, ઘીને આધાર છે ( વાસણ ) છૂટી જાય તોપણ ઘી, ઘીને આધારે છે. ( શ્રોતાઃ– કાશીથી એક બ્રાહ્મણ આવ્યો ’તોને એણે પ્રયોગ કર્યો હતો ને ) કર્યો હવે ખોટા બધા. આહાહા ! આંહી તો કહે છે કે જે દ્રવ્ય, જે દ્રવ્ય જે સમયે પરિણમન કરે છે એ પરિણમન એ દ્રવ્યનું છે. જે સમયે જે દ્રવ્ય પરિણમન કરે છે એ દ્રવ્ય જ છે. દ્રવ્ય જ એ છે–એ દ્રવ્યનું પરિણમન તો દ્રવ્ય એ જ છે. આહાહાહા ! રોટલી બને છે તો રોટલી લોટ છે. લોટથી બની છે રોટલી તો રોટલી લોટ જ છે. રોટલી સ્ત્રીએ કરી એવી વાત છે નહીં. આહાહાહા ! જુઓને

મહાસિદ્ધાંત મૂક્યો છે ને ?

"અજ્ઞાન સ્વભાવયુક્ત ક્રોધાદિ છે" -આ તો અજ્ઞાનીની વાત છે ને ? ક્રોધ, માન, માયા, લોભ વિકારરૂપે પરિણમે છે અજ્ઞાની, ( એ ) પોતાથી સ્વતઃ પરિણમે છે, કર્મના ઉદયને કારણે પરિણમે છે એવું છે નહીં. જેનો ઉપયોગ પરિણમ્યો છે-જેનો ઉપયોગ એવો જીવ, જીવનો ઉપયોગ પરિણમ્યો છે એવો જીવ, જીવ જ સ્વયં ક્રોધરૂપ છે. આહાહાહા ! એક બાજુ તો કહેવું કે જીવ તો જ્ઞાતા-દૃષ્ટા અખંડાનંદ પ્રભુ છે ! ( અને ) આંહી વિકારપણે પરિણમે છે તો એને જીવ કહે છે. આહાહાહા ! એ જીવનું પરિણામ છે ને વિકાર તો... પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ વિકાર તો વિકારપણે પરિણમે છે એ જીવ જ છે. ( આહા ! ) એ જીવ જ છે, અજીવ નહીં-જડ નહીં-કર્મ નહીં એમ કહે છે. આહાહા !

આ કાલે આવ્યું'તું પુદ્‌ગલનું, આજ આવ્યું છે જીવનું ! 'જીવ જ પોતે ક્રોધાદિ છે' ભાષા દેખો, જીવ જ નિશ્ચય સ્વયં ક્રોધ, માન, માયા, લોભરૂપ છે, આત્મા જ ક્રોધ માન માયારૂપ છે ! આહાહાહા ! અજ્ઞાની રાગ ને ક્રોધ માનરૂપે થઈ ગયો, તો અજ્ઞાની જીવ જ ક્રોધરૂપે છે. કહો, કર્મ ક્રોધરૂપે થયું છે એવું છે નહીં. આહાહાહા ! આકરી વાત છે. વાણિયાને નવરાશ ન મળે, સત્યનો નિર્ણય કરવાની, એમ ને એમ જિંદગી ચાલી જાય. આહાહાહા !

'આ રીતે જીવનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું' -જીવનું પરિણામ સ્વભાવત્વ ( સિદ્ધ થયું ) આહાહાહા ! બહુ ગાથા સરસ છે આ ! જ્ઞાની જ્ઞાન થયા પછી ( એ ) બીજી વાત છે. પણ જ્યાં સુધી અજ્ઞાન છે, તે અજ્ઞાનપણે પોતાથી વિકારપણે પરિણમે છે. એ અજ્ઞાનમાં કર્મના કારણે અજ્ઞાનપણે પરિણમે છે એવું છે નહીં. આહાહા ! એ પ્રશ્ન થયો હતો ને ત્યાં, કે જ્યારે જ્ઞાન ક્ષયોપશમરૂપે થાય છે આત્મામાં વધ-ઘટ થાય છે જ્ઞાનમાં ઘટાડો-વધારો થાય છે, એ પોતાથી થાય છે, જ્ઞાનાવરણીથી નહીં. તો વર્ણીજી કહે, નહિ ! એ જ્ઞાનાવરણીથી એ બધી ( વાત ) એમ ચાલી'તી ! એમ બિચારા ! એનો કાંઈ વાંક નથી ! એ પ્રથા ત્રણેય સંપ્રદાયમાં સ્થાનકવાસીમાં, દેરાવાસીમાં, દિગમ્બરમાં ત્રણેયમાં કર્મને લઈને વિકાર થાય છે, કર્મને લઈને વિકાર થાય છે આહાહાહા ! એમ કહ્યું એણે કર્મથી વિકાર થાય છે, કર્મથી ન થાય તો સ્વભાવ થઈ જાય.

( કીધુંઃ ) અરે, સ્વભાવ પર્યાયનો પરિણમન સ્વભાવ છે. પરિણમન સ્વભાવ છે તો થાય છે, એમાં, કર્મથી બિલકુલ નહીં. એક ટકોય નહીં પચ્ચીસ ટકા કર્મના ને પોણોસો ટકા પુરુષાર્થના અહીંયા વિકારમાં એક વળી પચાશ ટકા કહેતો'તો એ અહીં આવ્યો'તો જીવણધર ! આવ્યો'તો તે, શેઠની હારે, શેઠ હુકમીચંદ શેઠ ! પચાસ ટકા નિમિત્તના ને પચાસ ટકા ઉપાદાનના ( હરામ ), કીધુંઃ સો ટકા નિમિત્તના નિમિત્તમાં ને ઉપાદાનના ઉપાદાનમાં, આમ ભગવાન ત્રિલોકનાથના વચનો છે. કીધું, માનો ન માનો તમે જાણો ! શેઠ આવ્યા'તા ને ત્રણ વાર ( અહીં સોનગઢ ) વીસ કરોડ રૂપિયા, સાથે એક જીવણધર પંડિત હતો, નિમિત્તથી થાય છે ? કીધું, એવું છે નહીં. એ કહે પચાસ, પચાસ ટકા રાખો ને. આહા !

એક વળી અમારે પ્રશ્ન થયો હતો સોએ સો ટકા રાખને વિકાર કરવામાં સોએ સો ટકા તારા. અને વિકાર નહીં કરવામાં પણ સો એ સો ટકા તારા. કર્મ છે તો વિકાર થયો છે એવું છે નહીં, કર્મ ખસ્યા તો અવિકારી થયો એમ પણ છે નહીં. આહાહાહા ! એ પ્રશ્ન પહેલાં ચાલ્યો હતો

દામનગર, કે તમે એમ કહો છો કે કર્મથી અહીં ( જીવમાં ) વિકાર થતો નથી. તો એટલું તો રાખો એકાવન ટકા વિકાર કરવાનો પુરુષાર્થ પોતાનો ને ઓગણપચાસ ટકા કર્મનું આંહી, આંહી વધારે રાખો, આવો પ્રશ્ન થયો હતો, આંહી તો ઘણાં પ્રશ્નો થાય છે ને પહેલેથી જ ( પ્રશ્નો ) આવે છે ને એકાવન ટકા રાખો કારણ... બોલ આવ્યો ને બે ટકા અહીં વધી ગયાને આત્માના પુરુષાર્થમાં વિકારના ૫૧ ટકા–૪૯ ટકા કર્મના કીધું: એક ટકોય કર્મનો નહીં ( વિકાર થવામાં ) એકાવન ટકા શું, સોએ સો ટકા વિકાર–કરવામાં ( જીવ ) સ્વયં પોતાથી કરે છે. મોટી ચર્ચા ચાલી હતી. એ ત્રણેય સંપ્રદાયમાં–આ જૈનપણામાં માને એટલે કર્મને જ માનનારા !

અન્ય ( મતમાં ) ઈશ્વરને માને કે ઈશ્વર કર્તા ( છે. ) આ જૈનમાં કર્મ કર્તા ગરી ગયા !

હવે, ઈશ્વર તો ચૈતન્ય છે અને આ તો જડ. જડેશ્વર થઈ ગયો અંદરથી ! આહાહાહા ! શું કરીએ ભાઈ, અમારે કર્મનો ઉદય છે, ન છોડી શકીએ અમે, કર્મનો ઉદય મંદ પડે તો અમે છોડી શકીએ, એ જૂઠ વાત છે. પોતાના સ્વયમેવ પુરુષાર્થથી વિકાર કરે છે અને પોતાના–સ્વયમેવ સવળા પુરુષાર્થથી વિકારનો નાશ કરે છે. પરની અપેક્ષા એમાં છે નહીં. આહાહાહા ! આ તો જીવની વાત હાલે છે, બહુ સરસ છે ( ગઈકાલે ) એમ પુદ્‌ગલમાં લીધું. આહાહાહા ! એમાં પરિણમન શક્તિ છે ને એમાં, કર્મ પરમાણું છે એમાં એ પરમાણુમાં પરિણમનશક્તિ અનાદિ–અનંત છે કે નથી ? અનાદિ–અનંત છે કે નહિ ? ( છે. ) તો જ્યારે કર્મપણે પરિણમ્યા તો એ પરિણમન શક્તિ અનાદિ–અનંત પરિણમનશક્તિ એ વખતે ય છે. આહાહાહા !

કર્મરૂપે થયા, ( આ આત્મા પણ ( વિકારરૂપે થયો ) ! ) પરમાણુમાં પરિણમન શક્તિ છે કે નહીં ? છે, અનાદિ–અનંત ( છે ) તે આમ આમ થાય છે, તો એ પરિણમન અનાદિ–અનંત છે. તો એ પરિણમન એનું છે ને એનાથી એ કામ કરે છે. આત્મા એને હલાવી શકે છે કે આત્મા બોલી શકે છે, ત્રણ કાળ–ત્રણલોકમાં નહિ. આહાહા ! આવી વાત બેસવી, ધર્મ તો હજી સ્વતંત્ર છે–દોષ એ સ્વતંત્ર છે, ને ધર્મ પણ સ્વતંત્ર છે. દોષ, એ પોતાની પર્યાયમાં, પરલક્ષથી ( જીવ ) સ્વતંત્ર કરે છે, ધર્મ પોતાના લક્ષથી ( જીવ ) સ્વતંત્ર કરે છે ! આહાહા !

( આત્મા ) વિકાર પરના લક્ષથી સ્વતંત્ર કરે છે, પરલક્ષ કર્યું તો એનાથી ( પરથી ) થયું નથી, અને સમ્યગ્દર્શનજ્ઞાન–ધર્મ પોતાના લક્ષથી સ્વતંત્ર કરે છે, દર્શનમોહનો ક્ષયોપશમ હોય તો અહીં સમ્યગ્દર્શન થાય છે–મિથ્યાત્વ જાય તો–દર્શનમોહ તો સમકિત થાય છે એવું નથી. આહાહા ! કહો, પંડિતજી ? ત્યાં શું અત્યાર સુધી શીખ્યા ’તા બધું ત્યાં ? એ તો જ્યાં હોય ત્યાં એ જ માંડે છે બધાને. આહાહાહા ! બહુ સરસ વાત છે !

જો પરિણમનશક્તિ પોતાનામાં ન હોય તો બીજો શક્તિ દઈ શકે એ ત્રણકાળમાં બને નહીં. માટીમાં ઘડો થવાની શક્તિ ન હોય તો કુંભાર એ શક્તિ દઈ શકે નહીં. લોટમાં રોટલી થવાની લોટની શક્તિ ન હોય તો રોટલી બને નહીં. લોટની શક્તિથી રોટલી થાય છે, એમ ન હોય તો બીજા કોઈ સ્ત્રી આદિ રોટલી બનાવી શકે એમ છે નહીં. કેમ કે પરમાં જે શક્તિ નથી બીજો શક્તિ આપી શકતો નથી અને પરમાં શક્તિ છે તો પરની શક્તિની અપેક્ષા નથી. આહાહાહા !

આ તો ચાર પૈસાની શેર તો મણના અઢી રૂપિયા. આ દાખલા આ તો સમજવા માટે ( છે ) સિદ્ધાંત આ કે અઢી રૂપિયાનું મણ તો ચાર પૈસાનું શેર કે સાડા સાડત્રીસના ? કે સાડા

સાડત્રીસના સાડી સાડત્રીસ આના. એ તો બધી એની કુંચી ! એમ પ્રત્યેક દ્રવ્યની વર્તમાન પર્યાય, વિકૃતપણે કે અવિકૃતપણે, પરમાણુમાં પણ વિભાવપણે કે સ્વભાવપણે, એમ. આહાહાહા ! તે તે સમયમાં તે તે પરિણતિનો કર્તા તે દ્રવ્ય છે, માટે તે પરિણતિ તે દ્રવ્ય છે. એ પરિણતિ દ્રવ્ય છે. એ પરિણતિ બીજું દ્રવ્ય છે એમ નહિ. આહાહાહા... સમજાણું કાંઈ... ?

આ હુશિયાર માણસો બધું કરે ને ઓલું શું કહે, દુકાનના ધંધા ને કોણ કરે ભાઈ ? એ... ય પુનાતર ! ધંધા કરે આ ? બાઈડીયું હોશિયાર હોય તો ભરત ભરે ! તકતા નહીં શું કહેવાય તકતા નહીં એ આભલા નાખીને આમ ભરે ચારે કોર તખ્તો. આભલાથી આખો-પૂરો હોય, થોડો-થોડો દબાય એવી રીતે ભરે ને એ બધું ભરતા આવડે છે કે નહિ ? આવડે એ કરી શકે કે ન આવડે એ કરી શકે ?

એ તો એની પરિણમવાની શક્તિ ( છે ) એ રીતે થાય છે-થઈ છે, એમાં બીજી શક્તિ ક્યાંથી લાવવી ? એનાં કારણે આ બને છે ભરત ! શું કહેવાય ? ભરત-ભરત ! આહાહાહા ! આવી વાતું ! આ વાત તો આમ જ છે ! આહાહા ! બહુ વાત, આ જીવનો અધિકાર છે ને ? ઓહોહોહો ! મિથ્યાત્વનું પરિણામ થયું તો કહે છે કે જીવ મિથ્યાત્વરૂપ પરિણમે છે તો જીવ જ મિથ્યાત્વ છે. ક્રોધરૂપ પરિણમે છે તો જીવ જ ક્રોધ છે. વિષય-વાસનાપણે પરિણમે છે તો જીવ જ વિષયવાસનારૂપ છે. આહાહા ! બીજું દ્રવ્ય નહિ એમ કહે છે. આહાહા ! બહુ સિદ્ધાંત.

એક સમયમાત્રનું દરેક દ્રવ્યનું પરિણમન પોતાથી થાય છે કેમકે અનાદિ અનંત પરિણમન છે. તો એ પરિણમન સમય-સમયમાં જે થાય છે એમાં બીજા કોઈની અપેક્ષા નથી, કારણ કે જો ન પરિણમે તો બીજું કોઈ પરિણમાવી શકે નહીં અને પરિણમે છે તો બીજાની અપેક્ષા નહિ. આહાહા ! આવું સાંભળવું. મારગ એવો છે ભાઈ. એ રખડે છે અજ્ઞાનથી અનાદિથી, સત્‌ને અસત્ માને ! અને અસત્યને સત્ય માને, એ માન્યતા ઊંધી-ઊલટી. આહાહા ! દયા પાળવાનો ભાવ થયો એ પોતાથી ( આત્માથી ) થયો છે, કર્મથી નહિ એમ કહે છે. પણ એ રાગ છે, એ રાગનો કર્તા થાય છે તો એ અજ્ઞાની છે. આહાહાહા ! એ પરની દયા તો પાળી શકતો નથી, કેમકે પરની શક્તિ ત્યાં રહેવાની છે આયુષ્યની તો બીજો છે જે એને જીવાડી શકે એમ છે નહીં. આહાહાહા !

એ આવ્યું ને ( શ્રી સમયસાર ) બંધ અધિકારમાં કે હું પરને જીવાડું-પરને મારું, પરને સુખી કરું, પરને દુઃખી કરું, એ બધી માન્યતા અજ્ઞાનીની છે. આહાહા ! હું પરને કર્મથી બંધાવું-પરની મુક્તિ કરાવી દઉં એ બધા ( અભિપ્રાય ) મિથ્યાત્વ ભાવ છે. એ મુક્તિ તો પોતાના વીતરાગ ભાવથી થાય છે અને એ સંસાર બાંધે છે પોતાના અજ્ઞાન રાગભાવથી, બીજો કહે કે હું એને કરાવી દઉં ( શ્રોતાઃ- ગુરુ શિષ્યને ભણાવે છે ને ! ) કાંઈ ભણાવે નહીં-આ તો કોણ ભણાવે ? એ તો બધી વાતું છે. કોણ કોને કરે જે જે પરિણમન જે સમયમાં જે ( જે ) દ્રવ્યનું થાય છે તો એ દ્રવ્યમય છે. એ તો એને બીજું દ્રવ્ય શું કરે ? આહાહા ! શરીર જે અહીં રહ્યું છે જીવ નીકળી જાય તો આમ થઈ જાય. જીવ અંદર છે તો જીવને કારણે આમ આવું રહ્યું છે ? પોતાના કારણે આવું સ્થિર છે એ પર્યાય છે તો એનાથી સ્થિર છે એવું નથી, શરીરમાંથી જીવ નીકળી જાય તો શરીર પડી જાય આમ થઈ જાય છે એમ છે નહીં.

વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં. ૨૧૩ ગાથા-૧૨૧ થી ૧૨૫ તથા શ્લોક-૬૫

બુધવાર, ફાગણ સુદ-૯, તા. ૭/૩/'૭૯

શ્રી સમયસાર, ( ગાથા ) ૧૨૧ થી ૧૨૫ નો ભાવાર્થ છે ને ? ગાથા ચાલી ગઈ છે.

જીવ પરિણામ સ્વભાવ છે. શું કહે છે ? ભાવાર્થ છે ભાવાર્થ ! જીવ પરિણામસ્વભાવ છે– અનાદિથી જીવ ધ્રુવપણે રહે છે અને પરિણામસ્વભાવ પણ અનાદિનું છે. પલટવું બદલવું એ પોતાનો સ્વભાવ છે. જ્યારે પોતાનો ઉપયોગ ક્રોધ, માન, માયા, લોભમાં જાય છે તો એ–રૂપે પરિણમે છે, કોઈ કર્મ પરિણમાવે છે એવું છે નહિ. બીજી ચીજ એને વિકારરૂપે પરિણમાવી શકે એવી ચીજ નથી. આહાહાહા ! પોતાનો ઉપયોગ જાણન–દેખન જે ઉપયોગ છે, એ ક્રોધાદિરૂપે પરિણમે છે, રાગ દ્વેષ–રાગના બે ભાગ માયા ને લોભ, દ્વેષના બે ભાગ ક્રોધ ને માન. પરિણમન સ્વભાવ હોવાથી વિકારરૂપે પરિણમે છે, તો એ પરિણામ એનું કાર્ય છે ( ને ) કર્તા આત્મા છે. પરનું કાર્ય તો કિંચિત્ કરી શકતો નથી. આહાહાહા !

આ હાલવું ચાલવું બોલવું એ ક્રિયા આત્મા કરી શકતો નથી. અભિમાનમાં અજ્ઞાનથી માને છે કે હું આમ કરું છું– શરીરનું કામ કરું, સેવા કરું પરની, પરની દયા પાળી શકું, પરને મદદ કરી શકું એવો મિથ્યાદૃષ્ટિ જીવ પોતાને ભૂલીને આવું અભિમાનનું મિથ્યાત્વ કરે છે. આહાહા ! પોતાના પરિણામમાં ક્રોધ, માન, માયા, લોભ કરે છે. મિથ્યાત્વ પણ પોતાના પરિણામમાં કરે છે અને એ પરિણામનો કર્તા આત્મા છે. એ વિકારનો કર્તા, કર્મના કારણે છે એમ છે નહિ. એમ પોતાના પરિણામ સિવાય બીજી કોઈ ચીજ શરીર, વાણી, મન, કુટુંબ કબીલા ધંધા, એ બધાયની પર્યાય આત્મા કરી શકે એવું ત્રણકાળમાં નથી. આહાહા !

એ કહ્યું ને ! 'ત્યારે સ્વયં ક્રોધાદિરૂપ જ થાય છે'–જ્યારે મિથ્યાત્વપણે પરિણમે છે હું પરનું કરું પરને સુખી કરું પરને દુઃખી કરું પરને સગવડતા દઉં છું એને અગવડતા દઉં એવું અભિમાન મિથ્યાત્વ કરે છે ત્યારે મિથ્યાત્વરૂપે પરિણમે છે. આહાહા ! એ કોઈ દર્શનમોહકર્મ એને મિથ્યાત્વરૂપે પરિણમાવે છે એવું છે નહિ. આહાહા ! એ સ્વયં ક્રોધાદિરૂપ જ થાય છે એમ જાણવું.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

### શ્લોક - ૬૫

( उपजाति )

स्थितेति जीवस्य निरन्तराया
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यं स्वस्य तस्यैव भवेत्स कर्ता।।६५।।

**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ इति ] આ રીતે [ जीवस्य ] જીવની [ स्वभावभूता परिणामशक्तिः ] સ્વભાવભૂત પરિણમનશક્તિ [ निरन्तराया स्थिता ] નિર્વિઘ્ન સિદ્ધ થઈ. [ तस्यां स्थितायां ] એ સિદ્ધ થતાં, [ सः स्वस्य यं भावं करोति ] જીવ પોતાના જે ભાવને કરે છે [ तस्य एव सः कर्ता भवेत् ] તેનો તે કર્તા થાય છે.**

**ભાવાર્થઃ-જીવ પણ પરિણામી છે; તેથી પોતે જે ભાવરૂપે પરિણમે છે તેનો કર્તા થાય છે. ૬૫.**

## શ્લોક-૬૫ ઉપર પ્રવચન

स्थितेति जीवस्य निरन्तराया
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यं स्वस्य तस्यैव भवेत्स कर्ता।।६५।।

શ્લોકાર્થ, આ પ્રકારે જીવની સ્વભાવભૂત, સ્વભાવભૂત પરિણમવું એ સ્વભાવભૂત શક્તિ છે, પર કોઈ પરિણમાવે તો પરિણમે એવી કોઈ ચીજ નથી. આહાહા! સ્વભાવભૂત પરિણમનશક્તિ 'નિરંતરાયા સ્થિતા'- નિર્વિઘ્ન સિદ્ધ થઈ-જીવની પોતાની પરિણમનશક્તિ નિર્વિઘ્ન સિદ્ધ થઈ-એનાં પરિણમનમાં કોઈ વિઘ્ન કરે કે બીજું કોઈ સહાય કરે તો પરિણમન થાય, એવું છે નહિ. આહાહા! એકલો પોતાનો આત્મા પોતાના પરિણામનો કર્તા છે. બીજાના પરિણામનો એ કર્તા નથી. અને બીજા કોઈ એને પરિણમન કરાવતા નથી. આહાહા! ( શ્રોતાઃ- કુગુરુનો સંગ કરવાની મનાઈ કેમ કરી ? ) એ તો પરિણામ તારા મિથ્યાત્વના ન થાય એ કારણે, એને ( જે ) મિથ્યાત્વ થાય છે એ કુગુરુના સંગથી નથી થતું, પોતે ઊંધી-ઊલટી માન્યતા કરે છે, તો પોતાના પરિણામ ઊલટા થાય છે. એવી વાત છે સૂક્ષ્મ વાત છે! કોઈ પણ ક્ષણે ને પળે, કોઈ પણ સંયોગી ચીજથી એનામાં કંઈ થતું નથી.

( શ્રોતાઃ- કોઈ વાર તો નિમિત્તથી થાય ) ત્રણકાળમાં નહીં, ત્રણકાળમાં, કોઈ નિમિત્તથી એનામાં કંઈ થાય છે, એવી દ્રવ્યની પરિણતિ શક્તિ, એવી છે જ નહિ. પોતાના કારણે પરિણમન શક્તિથી કરે છે. આહાહા! અનેકાન્ત ( એ છે કે ) આંહી પોતાનાથી પરિણમન કરે છે, પરથી નહીં, એ અનેકાન્ત! પોતાના પરિણામ પોતાથી કરે છે, ચાહે તો મિથ્યાત્વ કરો, ચાહે તો રાગ દ્વેષ કરો ચાહે તો સમ્યગ્દર્શનજ્ઞાનના કરો, પણ પોતે-પોતાના પરિણામના કર્તા છે, પરના પરિણામનો કર્તા નહીં. આહાહા! એક સિદ્ધાંત પણ યથાર્થ બેસી થાય તો એને બધા ખુલાસા ( સમજાય જાય! ) બધા દ્રવ્ય સ્વતંત્ર છે, કોઈ દ્રવ્યની પર્યાય કોઈ દ્રવ્ય કરી શકે એવું ત્રણકાળમાં ( છે ) નહીં. આહાહા!

જુઓ ને આ વાત સાંભળી 'તી આજ સાંભળી 'તી. આહાહા! જુવાનજોધ આંહી બેઠો 'તો ગુરુવારે પચીસ વર્ષનો જુવાન, રમણિક સંઘવીનો દિકરો, લઠ્ઠ અહીં પાસે બેઠો 'તો જુવાનજોધ

નિરોગી–કંઈ નખમાંય રોગ નહીં, સવા વર્ષનું પરણેતર, આહાહાહા ! આ શુક્રવારે તો અહીંયા હતા એના બાપ ને દિકરો બેય, એ પાલીતાણા ગયા'તા, ત્યાં કંઈ ખાધું ને પેટમાં દુઃખાવો ઊપડયો બે દિવસે અમદાવાદ, દેહ છૂટી ગયો ! આહાહાહા ! ભાઈ, આ હમણાં બેઠા'તા ત્યાં બેઠા'તા એક ક્ષણમાં પરિણમન થવું, શરીરની પર્યાય છે, એ રોક્યે રોકી શકે નહીં, લાખ દવા આપે તોપણ શું એમાં ? એની દેહની પરિણતિ શક્તિ જ્યાં છૂટવાની છે એ સમયે છૂટશેજ, ત્રણકાળમાં એને કોઈ રોકી શકે નહીં. આહાહા ! એમાં દવા બવા કામ કરે એવું છે નહીં. દર્શન કરતો'તો ઊભો ઊભો. ઓહોહો ! એકાએક શું થયું શુક્રવારે તો ગયા આ તો હજી બુધવાર થયો ! આહાહાહા !

જે સમયે જે દેહની પરિણતિ–પર્યાય થવાની છે ( એ ) થાય જ છે એને રોકવાને કોઈ સમર્થ છે નહિ, દાક્તર કે દવા એ પરિણમનને બદલાવી શકે ( નહીં ) આહાહા ! આવી ક્ષણિક અવસ્થા દરેકની, ભિન્ન ભિન્ન પોતાની પરિણતિ ક્ષણે ક્ષણે નિર્મળ કે મલિન પોતાથી થાય છે.

એ કહે છે કે દેખો, જીવની સ્વભાવભૂત પરિણમનશક્તિ 'નિરન્તરાયા સ્થિતા'–નિરંતર એટલે કોઈના વિઘ્ન વિના સિદ્ધ થઈ. કોઈના આશ્રયે પરિણમન શક્તિ છે એમ છે નહિ. આહાહાહા ! આ શરીર પણ ચાલે છે દેખો. આ આંગળી ચાલે છે તો એનાં પરિણમનથી છે, આત્માથી નહીં. એવી જે અવસ્થા પરિણમનની, એનાં પરમાણુની છે, એ પરિણમનની શક્તિથી પરમાણું પલટે છે, આત્માથી નહિ ઇચ્છાથી નહિ. આહાહા ! એવી દરેક પરિણમનની શક્તિ, દરેક પદાર્થની અનાદિ અનંત, પરિણમન સ્વભાવ છે. તો જ્યારે જ્યારે પરિણમે છે તે તો પોતાનાથી પરિણમે છે, પરથી નહીં અને પરને ( કારણે ) નહીં. રજનીભાઈ ! આ ધંધા–ધંધાનું કાંઈ કરી શકાતું નથી એમ કહે છે. આહાહા ! મુંબઈમાંય કાંઈ કરી શકતા નથી, એમ કહે છે. આહાહા ! કોઈ પણ પ્રાણી, કોઈ પણ ક્ષેત્રે કે કોઈ પણ કાળે પોતાની પર્યાયનો–પરિણતિનો કર્તા છે, પરની પરિણતિનો કોઈ ક્ષેત્રે, કોઈ કાળે, કોઈ દેશમાં, પરનો કર્તા નથી. વાત એવી આકરી બાપુ ! આહાહા !

આ ચાલે છે પગ, પગ ચાલે છે ને ? તો કહે છે કે એ પગની પરિણતિથી પગ ચાલે છે, આત્માથી નહિ, અરે ! આ કેમ બેસે લોકોને ? ( શ્રોતાઃ– જીવતો જીવ છે માટે નહીં ) જીવ, જીવતો પરિણમન પોતાના પરિણામ પોતામાં કરે, પરમાં શું કરે ? આહાહાહા ! અરે, દુનિયાને ક્યાં ખબર જિંદગી ચાલી જાય છે. આહાહા ! કઈ ક્ષણે દેહ છૂટશે ને ક્યાં જશે, એની ખબરું ય નથી, એને. આહાહા ! એ પગ ચાલે છે આ આમ–આમ ડગલા ભરે છે ને તો કહે છે કે એ પર્યાય પગની–એ પરમાણુંની પર્યાય છે ચાલવાની, આત્મા બિલકુલ પગને ચલાવતો નથી. આહાહાહા ! અને પગ ચાલે છે તો આત્માના પરિણામથી પગ ચાલે છે કે પગના ચાલવાથી આત્માના પરિણામ છે, એમ છે નહીં. આહાહાહા !

( પોતે ) પોતાના પરિણમનમાં સ્વતંત્ર છે. પરના પરિણમનમાં પર સ્વતંત્ર છે. કોઈ કોઈના આશ્રયથી ને અવલંબનથી ( પરિણમન ) થાય છે એવી વસ્તુસ્થિતિ નથી, વસ્તુની સ્થિતિની મર્યાદામાં એ છે. પરની સ્થિતિ ને મર્યાદા પરમાં છે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ વીતરાગનું તત્ત્વ બેસવું. આહાહા !

જીવ પોતાના જે ભાવનો કર્તા છે ચાહે તો જ્ઞાનાનંદના ભાવને કરે કે ચાહે તો રાગના ( ભાવને ) કરે, જીવ પોતાના જે ભાવનો કર્તા છે તે ભાવનો તે કર્તા થાય છે. છે ? આહાહાહા !

ભાવાર્થઃ– જીવ પણ પરિણામી છે જેમ પરમાણું પરિણામી છે, એ તો પહેલાં આવી ગયું કે આત્મા રાગ કરે ને કર્મબંધન થાય તો એ કર્મબંધનની પર્યાયનો કર્તા કર્મ છે, એ કર્મબંધનની પર્યાયનો કર્તા આત્મા નથી, જ્ઞાનાવરણી આદિ આઠ કર્મ જે છે એ પોતાના પરિણમનથી બંધાય છે, એ આત્મા એને બાંધે છે એવું છે નહીં. આહાહાહા ! અરે, વાત કંઈ ખબર નહીં એને અનાદિથી મૂઢતામાં ચાલ્યો જાય છે. જિંદગી ! કર્મબંધન ( જે ) થાય છે એ પરમાણુની પર્યાયમાં પરમાણુથી કર્મબંધનની પર્યાય થાય છે, આત્માથી નહીં. આત્માએ રાગ–દ્વેષ કર્યા તો ત્યાં કર્મબંધનનો કર્તા આત્મા છે એવું છે નહીં. કર્મબંધનના પરમાણુની પર્યાયના–પરિણામના કર્તા એ કર્મ પરમાણું છે, આત્મા નહીં. અહીંયા તો કહે છે કે જીવ પોતાના પરિણામનો કર્તા છે, પરનો નહીં. એ વાત અહીં સિદ્ધ કરી છે. પહેલાં એ વાત સિદ્ધ કરી હતી. જીવ પણ પરિણામી છે, તેથી પોતે જે ભાવરૂપે પરિણમે છે તેનો કર્તા થાય છે.

હવે, જ્ઞાની જ્ઞાનમય ભાવનો અને અજ્ઞાની અજ્ઞાનમય ભાવનો કર્તા છે એમ હવે કહે છેઃ–

આહા... હા ! મુનિઓ–કુંદકુંદાચાર્ય આદિ( એ ) જંગલોમાં શાસ્ત્રો રચ્યાં. તાડપત્રો ત્યાં પડયાં હતા, લઈ લીધાં. સળીઓ વડે કરીને ( અક્ષરોનાં ) કાણાં પાડયાં. તે ( લખાણ કરેલાં ) પત્રો ત્યાં પાછા મૂકીને ( તેઓ ) ચાલ્યા ગયા ! હારે રાખ્યાં નહીં ! લખનારને ( સાચવવાની ) કંઈ પડી નથી કે લાવ... હું ગામવાળાને તાડપત્ર આપી દઉં ! પણ ગૃહસ્થોને ખબર હોય કે મુનિરાજ જંગલમાં છે અને કંઈક શાસ્ત્ર લખે છે. એટલે એ મુનિરાજ ત્યાંથી વિહાર કરે એટલે તે ત્યાં જાય અને તાડપત્ર ત્યાં પડયાં હોય એને ભેગાં કરે ને ઉપાડીને ( સાચવી લે ). આહા... હા ! આવી વાત છે ! મુનિરાજની દશા ! ! અંતરના આનંદમાં ઝૂલી રહ્યા છે. બહાર નીકળતાં એને દુઃખ લાગે છે. આ ( વિકલ્પ ) છોડીને ક્યારે અંદરમાં જઉં ? એમ વારંવાર સાતમું ગુણસ્થાન આવે છે. આહા... હા ! આવી વાતો છે ! ! અરે ! અનંત કાળનાં આ દુઃખ, જેને નાશ થાય છે, બાપા ! એનો ઉપાય તો અલૌકિક જ હોય ને... ! સમજાણું કાંઈ ? એ ( પંચરત્ન ) પાંચ ગાથા પૂરી થઈ.

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૧૮૨, નિયમસાર શ્લોક-૧૦૯ )**

## ગાથા-૧૨૬

तथाहि-

जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स कम्मस्स।
णाणिस्स स णाणमओ अण्णाणमओ अणाणिस्स।।१२६।।

यं करोति भावमात्मा कर्ता स भवति तस्य कर्मणः।
ज्ञानिनः स ज्ञानमयोऽज्ञानमयोऽज्ञानिनः ।।१२६।।

एवमयमात्मा स्वयमेव परिणामस्वभावोऽपि यमेव भावमात्मनः करोति तस्यैवकर्मतामापद्यमानस्य कर्तृत्वमापद्येत। स तु ज्ञानिनः सम्यक्स्वपरविवेकेनात्यन्तोदितविविक्तात्मख्यातित्वात् ज्ञानमय एव स्यात्। अज्ञानिनः तु सम्यक्स्वपरविवेकाभावेनात्यन्तप्रत्यस्तमितविविक्तात्मख्यातित्वादज्ञानमय एव स्यात्।

---

જ્ઞાની જ્ઞાનમય ભાવનો અને અજ્ઞાની અજ્ઞાનમય ભાવનો કર્તા છે એમ હવે કહે છેઃ-

જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;
તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬.

ગાથાર્થઃ- [ आत्मा ] આત્મા [ यं भावम् ] જે ભાવને [ करोति ] કરે છે [ तस्य कर्मणः ] તે ભાવરૂપ કર્મનો [ सः ] તે [ कर्ता ] કર્તા [ भवति ] થાય છે; [ ज्ञानिनः ] જ્ઞાનીને તો [ सः ] તે ભાવ [ ज्ञानमयः ] જ્ઞાનમય છે અને [ अज्ञानिनः ] અજ્ઞાનીને [ अज्ञानमयः ] અજ્ઞાનમય છે.

ટીકાઃ-આ રીતે આ આત્મા સ્વયમેવ પરિણામસ્વભાવવાળો છે તોપણ પોતાના જે ભાવને કરે છે તે ભાવનો જ-કર્મપણાને પામેલાનો-કર્તા તે થાય છે ( અર્થાત્ તે ભાવ આત્માનું કર્મ છે અને આત્મા તેનો કર્તા છે ). તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે ( સર્વ પરદ્રવ્યભાવોથી ) ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી છે. અને તે ભાવ અજ્ઞાનીને તો અજ્ઞાનમય જ છે કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ છે.

ભાવાર્થઃ-જ્ઞાનીને તો સ્વપરનું ભેદજ્ઞાન થયું છે તેથી તેને પોતાના જ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે; અને અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નથી તેથી તેને અજ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે.

## ગાથા-૧૨૬ ઉપર પ્રવચન

जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स कम्मस्स।
णाणिस्स स णाणमओ अण्णाणमओ अणाणिस्स।।१२६।।

જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;
તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬.

ટીકાઃ-આ રીતે આ આત્મા સ્વયમેવ પરિણામસ્વભાવવાળો છે-આત્મા દરેક, સ્વયમેવ= સ્વયં+એવ એટલે સ્વયં જ. આહાહા ! દરેક આત્મા એ સ્વયં જ-સ્વયમેવ એવ એટલે નિશ્ચયથી, સ્વયં જ પરિણામસ્વભાવવાળા છે. બદલવાના સ્વભાવવાળા છે. તોપણ પોતાના જે ભાવને કરે છે તે ભાવનો જ-કર્મપણાને પામેલાને-કર્તા તે થાય છે. શું કહે છે ? આહાહા ! જે ભાવનું એ પરિણમન કરે છે એ ભાવનો તે કર્તા છે. છે ? પરિણમન સ્વભાવ-તોપણ બેય લેવા છે ને હવે, પોતાના જે ભાવનો કર્તા છે-જે ભાવે જેનો કર્તા થાય છે એ ભાવનો જ-એ પરિણામનો જ, નિશ્ચયથી કર્મત્વ નામ કાર્યને પ્રાપ્ત થયેલ જ કર્તા થાય છે, અર્થાત્ આ ભાવ આત્માનું કર્મ છે. કર્મ નામ કાર્ય, કર્મ એટલે જડકર્મ એ આંહી નહિ, આત્મા જે પરિણામને કરે છે એ પરિણામ એનું કર્મ છે, કર્મ નામ કાર્ય. આહાહાહા !

આત્મા જે સમયે જે પરિણામનો કર્તા છે, એ કર્તાનું એ પરિણામ એ તેનું કર્તાનું કાર્ય છે. સમજાણું કાંઈ ? ભાષા તો સાદી છે પ્રભુ પણ ભાવ તો ઊંડા છે. આહાહા ! ટોપી ઓઢી શકતા નથી, એમ કહે છે. એ ટોપીમાં પરમાણુની પર્યાય છે તો એ પર્યાય-પરિણમન કરીને ટોપી ત્યાં રહી છે, પોતાના આત્માથી નહીં. આ વાત દુનિયાને આકરી લાગે. આહાહા ! વીતરાગ જિનેશ્વરદેવ પરમાત્માનો આ હુકમ છે, ગણધરો ને ઇન્દ્રોની વચ્ચે પરમાત્મા આમ ફરમાવતા હતા, એ વાણી અહીંયા આવી છે. મહાવિદેહમાં ગણધરો ને એકાવતારી ઇન્દ્રો અત્યારે ત્યાં છે, ( દિવ્યધ્વનિ ) સાંભળવા આવે છે તો પરમાત્મા આ કહેતા હતા, આ કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા, ભગવાનનો આ હુકમ છે, કે દરેક આત્મા પોતાના પરિણામનો કર્તા છે, સ્ત્રી કુટુંબ પરિવારને બચાવી શકે સંભાળ રાખી શકે એ ત્રણકાળમાં નહિ. આહાહાહા ! સૂક્ષ્મ વાત છે ભાઈ. આહા !

"પોતાના જે ભાવને કરે છે તે ભાવનો જ-કર્મપણાને પામેલાનો-કર્તા તે થાય છે ( અર્થાત્ તે ભાવ આત્માનું કર્મ છે અને આત્મા તેનો કર્તા છે )" -અરે, સિદ્ધાંત મૂકીને ન્યાય આપે છે. 'તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે'-શું કહે છે ? ધર્મી જીવ છે જેને આત્માનું જ્ઞાન છે- એ ( ટીકાના ) શબ્દોમાં શું પડયું છે જુઓ એટલામાં કે 'તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે'- ભાવ એટલે પર્યાય, -જ્ઞાની નામ ધર્મી-સમ્યગ્દૃષ્ટિ, જેને 'જ્ઞાયકભાવ હું છું' એવો અનુભવ છે. એવા જ્ઞાનીને એ પરિણામ જે થાય છે એ જ્ઞાનીને જ્ઞાનમય જ છે. ધર્મીને જ્ઞાનમય સમ્યગ્દર્શન, સમ્યક્શાંતિ, સમ્યક્ચારિત્ર એ જ્ઞાનમય આત્મમય પરિણામ છે, એ પરિણામના કર્તા જ્ઞાની છે. આહાહા ! ધર્મી જીવ દયા, દાન ને રાગ આદિના પરિણામના પણ કર્તા નથી. આહાહાહા !

મુંબઈમાં તો આકરું પડે ભારે આ. આ તમારા જેવા કરોડપતિઓને તો આકરું પડે, આકરું. છોકરાઓ કરોડપતિ છે બધા, ધૂળપતિ છે. ( શ્રોતાઃ- એ ધૂળ વગર દાણા આવે છે ? ) ધૂળ વિના જ દાણા આવે છે, એ તો કીધું ને ? 'ખાનેવાલેકા નામ દાને દાને પે હૈ'-એનો અર્થ શું ? કે જે દાણા આવવાના છે આવશે જ, નહિ આવવાવાળા નહિ આવે. તારા પ્રયત્નથી આવે છે ( આવશે ) એવું છે નહીં ? ( શ્રોતાઃ- પૈસા વિના આવે છે ) પૈસા વિના જ આવે છે-આવ્યું કે નહીં શેઠ-ખાનારનું નામ છે દાણા ઉપર ? નામ ( છે ) એનો અર્થ છે કે જે પરમાણું આવવાવાળા છે, એ, એ સમયે આવશે, તારા પ્રયત્નથી નહિ આવે, તું રાગ કરે તો એવો આહાર આવશે, એવું છે નહીં. ( શ્રોતાઃ- પૈસા વગર આવે છે ? ) પૈસા ! પૈસા કોણ દે ? પૈસા પણ પરમાણુની પર્યાય છે-જવાવાળી જાય છે એનોય કર્તા આત્મા નહીં. નોટ ગણી-ગણીને જાય છે, એ નોટના પરિણામના કર્તા ( તે ) નોટ છે. આત્મા માને કે હું એને દઉં છું-એ કાર્ય મારું છે, મૂંઢ છે. ( શ્રોતાઃ- એ તો હાથ ચલાવે ! ) હાથ ચલાવું છું એમ માને છે ( આવી માન્યતાવાળો ) એ મૂંઢ છે. આહાહાહા !

એ પરમાણુની પરિણમન ( એ પરિણમન ) શક્તિ એમાં છે, તો એ પરિણમનથી એ હાથ હાલે છે. એ પરિણામ હું કરું છું-મિથ્યાત્વદૃષ્ટિ-અજ્ઞાની છે. આખી દુનિયા પાગલ છે. આવી વાત છે પ્રભુ. જુઓ ને, ક્ષણભંગુર છે શરીર ! આ એ લઠ્ઠ જેવું શરીર ક્ષણમાં દેહ છૂટી ગયો. આહાહા ! અને આયુષ્ય હોય તો જીર્ણ શરીર હોય તોય પાંચ-પચ્ચીસ વરસ કાઢે, એ પરિણમન થવાની પર્યાય છે તો એટલા ( વરસ ) કાઢે ! નહિતર... જુવાનજોધ, લઠ્ઠ જેવું શરીર ( શ્રોતાઃ- પણ દાક્તર તો કંઈક કરેને ) દાક્તર ? દાક્તર-દાક્તરનું શું દાક્તર પોતે મરી ગયા બિચારા, દાક્તરનો બાપ નહોતો અહીંયા છ વરસ સુધી અસાધ્ય એ પછી કંઈક આપેને, અસાધ્ય મરી ગયો ! છ વરસ સુધી દાક્તરનો બાપ મોટો દાક્તર, આ રાજકોટમાં પણ એમાં શું કરે ? આહાહાહા !

આંહી તો પરમાત્મા એમ કહે છે કુંદકુંદાચાર્ય ને અમૃતચંદ્રાચાર્ય તો આડતિયા થઈને માલ બતાવે છે પરમાત્માનો આ ફરમાન છે, ભાઈ ! આહાહાહા ! એ ભાવ જ્ઞાનીને-ધર્મીને જ્ઞાનમય જ છે. ધર્મીના તો જ્ઞાન શ્રદ્ધા શાંતિ આનંદમય પરિણામ છે. ધર્મીના પરિણામ, રાગ પુણ્ય દયા દાન એ પરિણામ એના છે નહિ. આહાહાહા ! શરીરના પરિણામ તો એના નથી પણ અંતરમાં દયા-દાનના પરિણામ આવે છે એ જ્ઞાનીના નથી. આહાહાહા ! જ્ઞાનીના પરિણામ, એ રાગ-દ્વેષનું જાણવું અને પોતાને જાણવું એવા જ્ઞાન પરિણામ, શ્રદ્ધાપરિણામ, શાંત પરિણામ, વીતરાગપરિણામ, એ જ્ઞાનીનું કાર્ય છે. આહાહા !

ધર્મી જેમને જ્ઞાયકભાવ ચૈતન્યસ્વરૂપ પરમાત્મા દૃષ્ટિમાં આવ્યો છે, એની દૃષ્ટિમાં જ્ઞાયક ચૈતન્યના પરિણામ થાય છે, જાણનાર-દેખનાર, શ્રદ્ધા, ઠરવું, શાંતિ, વીતરાગતા, આનંદ એ પરિણામના એ કર્તા છે. એ બધા જ્ઞાનમય ભાવ છે. એમાં રાગાદિક વિકલ્પ છે નહીં. આવી વાત છે ભાઈ. ઝીણું બહુ આકરું બાપુ !

આ ચોપાનિયા કાઢવા ને માસિક કાઢવા અને હું કાઢું છું-એ મૂંઢ છે. ( શ્રોતાઃ- એ ચોપાનિયા માટે તો લખાય છે ) લખાય છે કોણ લખે ? લખવાના અક્ષર, પરમાણું પોતે પોતાની

પર્યાયથી ત્યાં અક્ષર પડે છે. ( શ્રોતાઃ- આ જીતુભાઈ લખે છે ને ! ) જીતુભાઈ લખે છે એ ખોટી વાત છે. આહાહાહા ! આવી વાતું છે ગળે ઊતરવું કઠણ જગતને.

એ જુવાનજોધ શરીર નિરોગી-જેના નખમાંય રોગ ન હોય ને ( એક ) ક્ષણમાં ઉત્પન્ન થાય, પેટમાં દુખાવો કંઈ ખાધું પાલીતાણા જઈને, આંહીથી શુક્રવારે ગયો. શુક્રવારે, આજે તો બુધવાર છે, ત્યાં તો આમ પેટમાં દુખાવો ઉત્પન્ન થયો ! આહાહાહા ! જે સમય જે પર્યાય થવાની ( એ થાય જ. ) એ વઢવાણ લઈ ગયા ને પછી અમદાવાદ લઈ ગયા, દેહ છૂટી ગયો શરીર જોયું હોય તો લઠ્ઠ જેવું. બાબુભાઈ બેઠા ત્યાં પાછળ, પાછળ હમણાં આંહી પગે લાગતો'તો તે બુધવારે અહીં હતો. આહાહા ! પચ્ચીસ વરસનો જુવાન, એના બાપનો એકનો એક દિકરો, એની મા મરી ગયેલા, એ બાપ ને દિકરો ને દિકરાની વહુ, હવે સાસરો ને વહુ બે રહ્યા. અરે રે ! કોણ કોના બાપા ? કોણ કોને રોકે ? આહાહા ! અભિમાન, અભિમાન, અભિમાન, મિથ્યાત્વનું અભિમાન ! હું એનો કર્તા છું-હું એનો રક્ષણ કરવાવાળો હું એને મદદ કરવાવાળો છું ! હું એને રાખું છું, જ્ઞાનીને એવા પરિણામનો કર્તા હું છું એવું છે નહીં. આહાહાહા ! ચક્રવર્તીના રાજ્ય હોય જ્ઞાનીને, છ ખંડ ને છન્નુંહજાર સ્ત્રીઓ પણ જ્ઞાની, એનાં પરિણામ મારા છે, એમ માનતા નથી અને હું એને રાખી શકું છું એમ માનતા નથી, અને પોતાનામાં રાગાદિ થાય છે એ મારું કર્તવ્ય છે એમ માનતા નથી. આહાહા !

હું તો જ્ઞાન ને આનંદ છું, સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત-સત્ શાશ્વત, જ્ઞાન, આનંદ ને શાંતિનો સાગર હું છું, આવી દૃષ્ટિ જ્યારે ધર્મીની થઈ તો એનાં પરિણામમાં શાંતિ ને વીતરાગતા ને સ્વચ્છતા જ્ઞાન ને પ્રતીતિના પરિણામ એનાં છે. એનાં પરિણામ રાગ, દયા, દાન, વ્રતના પરિણામ એનાં નહિ. આહાહાહાહા ! આવું આકરું કામ છે.

અરે ! જનમ-મરણથી મરી ગયો છે, અત્યાર લગી અનંતકાળથી ભાઈ, ચોરાશીના ચોરાશી લાખ યોનિમાં, એક એક યોનિમાં અનંત અવતાર કરી ચૂક્યો છે મિથ્યાત્વને લઈને, એ મિથ્યાત્વ પરને પોતાનું માનવું ને પોતાનું ( સ્વરૂપ ) પોતે ભૂલી જવું. આહાહાહા !

ભગવાન આનંદનો નાથ છે તેને ભૂલી જવો, અતીન્દ્રિયજ્ઞાન ને આનંદનો સાગર નાથ ! એને ભૂલી જવું અને પર, પોતાના નથી તેને પોતાના માનવા. આહાહાહા ! એમ માનીને મિથ્યાત્વથી અનંતકાળ( થી ) રખડે છે. કહે છે કે જ્ઞાની થાય છે તો જ્ઞાનમય પરિણામ છે. આહાહાહા ! એ ભગવાનની ભક્તિના પરિણામ પણ એનાં નહિ. આહાહાહા ! એ શાસ્ત્રના વાંચનના વિકલ્પ ઊઠે છે એ પણ જ્ઞાનીના નહિ, સાંભળવામાં જે વિકલ્પ ઊઠે છે, એ જ્ઞાનીનો નહીં. આહાહા ! ઝીણી વાત છે પ્રભુ, ધર્મીના તો ધર્મપરિણામ, વીતરાગી, શાંતિ ને જ્ઞાતાપરિણામ એનાં છે. એ પરિણામ તેનું કાર્ય છે-કર્મ છે અને એ પરિણામના આત્મા કર્તા છે. આહાહાહા !

આ પુસ્તક બનાવવા ને પુસ્તક વેંચવા ને, એ બધું જડની પર્યાય છે. ( શ્રોતાઃ- આપણે તો નક્કી કર્યું છે કે પુસ્તકનો જ પ્રચાર કરવો ) કોણ કરે ? વિકલ્પ ઊઠે, પણ એ ક્રિયા પરથી થાય છે તો થશે ! પ્રચાર-પ્રસાર કરે કોણ ? પોતાની પર્યાયમાં કરે કે પરમાં કરે ? આકરી વાત છે બાપુ ! અત્યારે તો ફેરફાર બહુ થઈ ગયો છે, અત્યારે તો સંપ્રદાયમાં આખી લાઈન ફરી ગઈ છે. આહાહા ! મૂળ સત્યને શોધવાની દરકાર જ જગતને ઓછી, જેમાં પડયાં એમાં માનીને

બેસીને થઈ રહ્યું જિંદગી ગાળવી. ( શ્રોતાઃ- પ્રચાર માટે તો બહાર જવું પડે ને ! ) કોણ જાય ? કોણ આવે ? શરીરની પર્યાય શરીરમાં થવાવાળી થાય છે તો થશે આત્મા શરીરને ચલાવી શકે ને પુસ્તક દઈ શકે ને એવું છે નહીં. આહાહાહા ! કહો, શાંતિભાઈ ? આ તમારે બધા પૈસાવાળાને આ ભારે મોંઘું પડે એવું છે. ( શ્રોતાઃ- પૈસાવાળાને તો સોંઘું છે પૈસા કમાવા ને એમાં રોકાઈ જવું ! ) ધૂળે ય કમાતો નથી, અરે એ જડની પર્યાય છે, એ જેમાં જવાવાળી જશે જ, રહેવાવાળી રહેશે, આત્મા એ પર્યાયનો કર્તા છે નહીં. આહાહા !

ધર્મી તો એ સંબંધી જે રાગ થાય છે એ રાગના પણ કર્તા નહીં, કેમ કે જ્ઞાનમયમાં પ્રભુ તો સર્વજ્ઞ-સર્વજ્ઞ સ્વભાવી ચૈતન્ય પ્રભુ આત્મા, એ સર્વને જાણે કે સર્વનું કંઈક કરે ? ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી વસ્તુ છે, સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય છે તો કેવળીને પણ આ આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ પડયો છે, તો સર્વજ્ઞસ્વભાવમાં સર્વ જાણવાનો સ્વભાવ છે એનો, પણ પોતાના સિવાય રાગાદિ પરનું કરવાનો એનો સ્વભાવ છે નહીં. આહાહા ! સમજાણું કાંઈ... ?

એમાં શરીર જુવાન હોય, પચીસ વરસનો જુવાન બચારો કેવો હતો એ, એ તો સાંભળવા આવ્યા'તા બિચારા, બાપ-દિકરો બેય હજી શુક્રવારે તો અહીંથી ગયા, નખમાં રોગ નહોતો, હમણાં તો પગે લાગતા આમ, મારું ધ્યાન જાતું કીધું રમણિકનો દિકરો લાગે છે. આહાહાહા ! લ્યો પણ એ દેહની પર્યાય જે ક્ષણે પડવાની હોય બાપું. આહાહાહા ! એ પર્યાયનું પરિણમન તેનું પોતાનું છે, અનાદિ પરિણામ એનાં છે જેમ અનાદિ ધ્રુવ એ છે-પરમાણુ ને આત્મા ધ્રુવ છે અનાદિ, એમ પરિણામ પણ અનાદિના છે. એ પરિણમન કરે છે અનાદિથી ( એ ) પરિણમન કરે છે. આહાહા ! તો વર્તમાન પરિણમન પણ એવું છે એનું. આહાહા ! જ્ઞાનીનું વર્તમાન પરિણામ જ્ઞાન ને શ્રદ્ધા છે. આહાહાહા ! ( શ્રોતાઃ- જ્ઞાનીના તો જ્ઞાનમય ભાવ ) એ કીધાં ને જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ છે. એ શબ્દમાં શું આવ્યું ?

ધર્મી જીવ, જેને સમ્યગ્દર્શન છે-હું આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ છું-ચિદ્‌ઘન છું-આનંદકંદ છું, હું જ્ઞાયકસ્વભાવથી પરિપૂર્ણ છું અનાદિ જ્ઞાયક ભાવથી હું ધ્રુવ જ છું. અનાદિ જ્ઞાયક ભાવથી હું સામાન્ય ધ્રુવ જ છું, એવી દૃષ્ટિ થઈ તો એ ધર્મીને તો જ્ઞાનમય, શ્રદ્ધામય, શાંતિમય-સ્વચ્છતામય, પ્રભુતામય, વીતરાગતામય કેમ કે આત્મા પોતે વીતરાગસ્વરૂપ છે તો એની પર્યાયમાં વીતરાગતા જ આવે છે. આહાહાહા ! તો કહે છે ને નીચે સમ્યગ્દર્શન સરાગી છે, એમ છે નહીં. જિનસ્વરૂપી આત્મા- જિનસ્વરૂપી, વીતરાગસ્વરૂપી છે, તો સમ્યગ્દર્શનની પર્યાય વીતરાગી ( જ ) છે. ચોથે ગુણસ્થાને છે, ભાઈ, આહાહા !

"ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન;
મત મદિરાકે પાનસોં, મતવાલા સમજે ન."

આહાહા ! મત એટલે મદિરા દારૂ પીધો છે એ સમજે નહિ કે હું શું ચીજ છું ને પરિણામ કોને કહેવાય, અહીં મારે એમ કહેવું છે કે ચોથે ગુણસ્થાને સરાગ સમકિત ( હોય ને ) આગળ વીતરાગ સમકિત, સમ્યગ્દર્શન એ વીતરાગ પર્યાય છે. કેમ કે આત્મા વીતરાગ જિનસ્વરૂપ છે. ભગવાન આત્મા જિનસ્વરૂપ છે, ત્રિકાળ જિનસ્વરૂપ છે, તો જિનસ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન એનું હોય એ વીતરાગી પર્યાય જ થાય છે. ચોથે ગુણસ્થાને પણ સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય છે.

આહાહાહા ! ભાઈ ! વસ્તુનું સ્વરૂપ તો આવું છે.

જિન સ્વરૂપી પ્રભુ, વીતરાગ ચૈતન્યમૂર્તિ આત્મા, એનું ભાન ને જ્ઞાન થયું તો એ પર્યાયમાં વીતરાગીજ્ઞાન, વીતરાગીસમકિત, વીતરાગી આચરણ બધું વીતરાગી હોય છે, રાગી નહિ. આહાહા ! સમજાણું કાંઈ ? કેમ કે વસ્તુ જિનસ્વરૂપી છે પ્રભુ, તો જિનસ્વરૂપના પરિણામ તો જિનસ્વરૂપી વીતરાગી હોય છે. એ કોઈ એમ કહે કે ચોથે ગુણસ્થાને સરાગ સમકિત હોય, તો એ તો રાગ ચારિત્રનો દોષ બતાવવો છે, સમકિત તો વીતરાગી પર્યાય છે. આ તો જ્ઞાનીનો જ્ઞાનભાવ આ છે. સમજાણું કાંઈ... ? આહાહાહા !

આમાં ક્યારે સમજવાનો વખત લ્યે એ મનુષ્યપણું જાય એ પાછું ક્યારે આવે ? અનંત કાળે મનુષ્યપણું મળે ! ઉપરા-ઉપર કોઈ વખતે મનુષ્યભવ મળે તો આઠ ભવ મળે પછી નવમે ભવે કાં મોક્ષ ને કાં નિગોદમાં જાય ! આહાહા ! અરે રે ! એની દરકાર કરી નહિ એણે, દયા નહીં દયા-પોતાની દયા નહિ હોં પોતાની ! આહાહા ! પોતાની દયા, પરની દયા કોણ કરી શકે છે ? આહાહાહા !

પોતાનો ચૈતન્યસ્વભાવ ભગવાન સર્વજ્ઞે દેખ્યો, એવો જ પોતાને દેખવામાં આવે. આહાહા ! સર્વજ્ઞસ્વભાવ, સર્વજ્ઞપર્યાયમાં બધા જીવનો દેખવામાં આવ્યો. સર્વજ્ઞ પર્યાયમાં એવો જ સર્વજ્ઞસ્વભાવ સમ્યક્દૃષ્ટિમાં દેખવામાં આવે છે, તો એ દૃષ્ટિ પણ વીતરાગી પર્યાય છે. એટલે જ્ઞાનીના જ્ઞાનમય પરિણામનો અર્થ વીતરાગમય પરિણામ છે. આહાહા ! આનો અર્થ જ એવો છે, છે ?

તે ભાવ જ્ઞાનીના જ્ઞાનમય ( હોય છે. ) એટલે વીતરાગ-ધર્મીને વીતરાગી દૃષ્ટિ થઈ છે, વીતરાગી જ્ઞાન થયું છે-વીતરાગી સ્વભાવમાં આચરણ થયું છે અંશે, તો એ બધા પરિણામ વીતરાગી ભાવ એનાં ( ધર્મીનાં ) છે. એ વીતરાગીભાવના તે કર્તા છે ને વીતરાગીભાવ તેનું કાર્ય છે. આહાહાહા ! આવું કામ છે બાપા શું થાય ! ( શ્રોતાઃધર્મીની ઓળખાણ તો અંતર-બાહ્ય લક્ષણોથી થાય છે ને ! ) અંદર સર્વજ્ઞ થયો ને આત્મા સર્વજ્ઞ છે એવી દૃષ્ટિ થઈ ત્યારે અંતર-ભાન થયું હું જ સર્વજ્ઞ છું. સર્વજ્ઞની પર્યાય છે એ તો પર છે. ( શ્રોતાઃ- બાહ્ય ચિહ્ન હોવું જોઈએ ને ! ) બાહ્ય ચિહ્ન આ છે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન એ ચિહ્ન ! આહાહા ! સમ્યક્ નામ જેવો સર્વજ્ઞસ્વભાવ છે, એવી અંદર નિર્વિકલ્પ પ્રતીતિ થવી અને નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન થવું, એ એનું લક્ષણ છે. એ પરિણામના તો જ્ઞાની કર્તા છે. ઝીણી વાત છે ભાઈ ! અત્યારે તો બહુ ગરબડ હાલી, ગોટા ચારે કોર નવરાશ, વેપારીઓને નવરાશ ન મળે વાણિયાને ધંધા આડે અને આ સત્ય અને અસત્યનું મિલાન કેમ કરવું ? રજનીભાઈ ? સાચી વાત છે ને પોપટભાઈના દિકરા છે. પોપટભાઈ મોહનલાલ કરોડપતિ છે, કરોડપતિ હોં પાછા એક નહિ છ છોકરાં, પાસે ઘણાં કરોડો છે, ધૂળ છે મોટી !

અનંત ગુણનો પતિ પ્રભુ ! આહાહા ! અનંતાનંત ગુણની સંખ્યાની મર્યાદા છે નહીં એટલા અનંત ગુણ છે આત્મામાં કે અનંત અનંત અનંત અનંત અનંત અનંત ( ને ) અનંતગુણા કરો તો પણ અનંતમાં આ છેલ્લો છે એવું આવે નહિ, અંદરમાં એવા અનંત અનંત અનંત ગુણનો ભંડાર ભગવાન છે. અરે રે ! એ બધા ગુણો વીતરાગસ્વભાવી છે, અર્થાત્ વીતરાગી

સ્વભાવી આત્માનું જ્ઞાન થયું તો એની પર્યાયમાં વીતરાગતા જ આવે છે. આહાહાહા ! આ એક શબ્દમાં આટલું ભર્યું છે.

આ ભાવ કર્તાનો ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે. જ્ઞાનીને જ્ઞાનમય જ છે. વ્યવહાર રત્નત્રયના વિકલ્પ ઊઠે છે પણ એનું જ્ઞાનીને જ્ઞાન છે, એમને આ વ્યવહાર-રત્નત્રયનો રાગ, એ જ્ઞાનીનું કાર્ય નહિ. સમજાણું કાંઈ... ?

છે ? ત્રીજી લીટી છે ત્રીજી, એમાં ઘણું ભર્યું છે આ કાંઈ કથા નથી, વાર્તા નથી, આ તો ભગવાનની કથા ભાગવત કથા છે. આહાહા ! ત્રણ લોકનો નાથ વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર અકષાય કરુણાથી વાણી નીકળી છે, એ સંતો, જગત પાસે જાહેર કરે છે. પ્રભુ, તું કેવો છો, તારામાં તો અનંતગુણ-વીતરાગી સ્વભાવ છે ને પ્રભુ, કોઈ કષાયવાળો ગુણ છે નહિ તારામાં, રાગ કરવો એવો કોઈ ગુણ છે જ નહિ, દયા પાળવી, ભક્તિ કરવાનો રાગ એ રાગ કરવો, એવો તારામાં અનંતગુણમાં કોઈ ગુણ છે નહીં. એ અનંતગુણ વીતરાગી છે. કેમ કે જિનસ્વરૂપ છે તો અનંતગુણ જિનસ્વરૂપી-વીતરાગી સ્વરૂપ છે. એની જ્યાં દૃષ્ટિ થઈ તો વીતરાગી પર્યાય એ એનું કાર્ય છે. કર્તા આત્મા વ્યવહારથી કહે છે. પર્યાય વીતરાગી કાર્ય, નિશ્ચયથી તો વીતરાગી કાર્ય ને વીતરાગી કર્તા એ પર્યાય છે. આહાહા ! આકરી વાતું બહુ બાપુ !

લોકો કંઈક ટૂંકમાં માનીને બેસી જાય ! અમે સમજી ગયા ! ભાઈ, વીતરાગી મારગની ગહનતા, આહાહા ! ત્રણ જ્ઞાનના ધણી એકાવતારી ઇન્દ્રો સાંભળવા આવે છે, તો તેની ગંભીરતા કેટલી હશે ? એકાવતારી એકભવતારી ! સુધર્મ દેવલોક ( ના ) ઇન્દ્ર ને ઇન્દ્રાણી એકભવતારી-એક મનુષ્યભવ કરીને મોક્ષમાં જશે એવી તાકાત છે. શાસ્ત્રમાં લખાણ છે કે એ પણ સાંભળવા આવે છે, ત્રણજ્ઞાનના ધણી એકાવતારી-એકભવતારી તો એ વાણી કેવી હશે ભાઈ ? આહાહા !

એ અસંખ્ય દેવનો લાડો ! સ્વામી ! એ ત્યાં( થી ) છોડીને સાંભળવા આવે ભગવાન પાસે અને એને પોતાને ખબર છે કે હું એક ભવ કરીને મોક્ષ જવાવાળો છું-મારે છેલ્લો ભવ મનુષ્યનો છે, હવે ખબર છે, તો પણ સાંભળવા આવે છે. પ્રભુ ! એ વાણી કેવી હોય. ( શ્રોતા:- એ કાંઈ વેપાર નથી કરતા ) કરોડો અપ્સરા હોય, અસંખ્ય દેવનો સ્વામી છે, બત્રીસ લાખ તો વિમાન છે, એક એક વિમાનમાં અસંખ્ય દેવ છે, કરોડો અપ્સરાઓ છે. મારું કાંઈ નથી, હું છું ત્યાં એ ચીજ નથી, એ ચીજ છે ત્યાં હું નથી. હું તો આનંદ ને જ્ઞાનમય આત્મા છું. એ સ્ત્રીઓ અને બત્રીસલાખ વિમાન એ મારા નથી. અરે, મારા દેવ ને અમારા ગુરુ એ પણ નહિ કેમ કે એ પરદ્રવ્ય છે. એ મારા ક્યાંથી થશે ? ઝીણી વાત છે પ્રભુ ! આહાહા ! ( શ્રોતા:- પ્રભુ થવાની વાત છે ) પ્રભુ થવાની જ વાત પ્રભુ પોતે પ્રભુ જ છે-આત્મા ભગવાન પ્રભુ છે તો પ્રભુપણે થઈ જશે. પણ પ્રભુની પ્રતીતિ આવનારની વાત છે અહીં. આહાહાહા !

આંહી તો શું કહે છે કે કર્તા થાય છે એ ભાવ આત્માનું કર્મ છે. આત્મા એનો કર્તા આ ભાવ જ્ઞાનીનો જ્ઞાનમય 'જ' ! 'જ' શબ્દ પડયો છે. આહાહા ! ધર્મી-ધર્મ કરવાવાળો, એને કહીએ કે ધર્મીના પરિણામ ધર્મમય-વીતરાગમય હોય, એ વીતરાગમય ( ભાવ ) કાર્ય છે ને આ વીતરાગમયનો કર્તા આત્મા છે. બસ, બીજો લગાવ છે નહિ. આહાહા ! સમજાણું કાંઈ... ?

અરે! આવા અવસર ક્યારે મળે? આવી વાત મહા પુણ્ય હોય તો સાંભળવા મળે. અંતરમાં રુચિ કરવી એ તો અલૌકિક વાત છે. 'તે ભાવ' તે ભાવ એટલે કર્તાનું જે કાર્ય છે તે ભાવ, કર્તાનું કાર્ય છે એ ભાવ, જ્ઞાનીનો જ્ઞાનમય છે. છે શેઠ? એટલા એક શબ્દમાં શું છે? એ શબ્દ છે ઉપર 'તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે'-શું છે? હા, એ. તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે. આહાહાહા!

'તે ભાવ' એટલે? જે કાર્ય થયું તે ભાવ, જ્ઞાનીને જ્ઞાનમય ભાવ છે. જે કાર્ય થયું એવો જ્ઞાનીનો ભાવ જ્ઞાનમય ભાવ છે. જ્ઞાની એના કર્તા છે અને ભાવ-જ્ઞાનમય આનંદમય થયો એ એનું કાર્ય છે. ગજબ વાત છે. આંહી તો એમ કહેવું છે કે જ્ઞાનમય ભાવમાં, રાગમય ભાવ છે જ નહિ એટલે કોઈ સમકિતને-સરાગસમકિત, છે ને રાગ સહિત સમકિત છે એ વાત છે નહિ. આહાહા!

(શ્રોતાઃ- ચારિત્રને ભેગું ભેળવીને વાત છે) એ તો બીજી વાત, એ તો રાગ છે અસ્થિરતાનો પણ સમકિત રાગ સહિત નથી રાગ છે નહિ, કેમ કે આત્મા જિનસ્વરૂપી છે, વીતરાગસ્વરૂપ છે તો એની અનંતશક્તિઓ જેટલી છે એ બધી વીતરાગસ્વરૂપ છે, તો વીતરાગસ્વરૂપ શક્તિની વ્યક્તતા થાય વીતરાગમય વ્યક્તતા થાય છે, રાગની વ્યક્તતા એમાં હોતી નથી. આહાહાહા! કમજોરીથી રાગ આવે છે તો એનો પણ અહીં જ્ઞાતા-દૃષ્ટા રહીને વીતરાગભાવમાં રહે છે. રાગમાં જ્ઞાની રહેતા નથી. આહાહાહા! આવો મારગ છે ભાઈ! (શ્રોતાઃ- આવો જ માર્ગ હોય શકે) બીજો હોય શી રીતે? જગતની હોંશું, એ બધી હોંશું પાપની છે. જ્ઞાનીને તો એ હોંશ હોતી નથી. આહાહાહા!

ધર્મીનો ઉત્સાહ હોય છે આત્મામાં, અજ્ઞાનીનો ઉત્સાહ હોય છે વિકારમાં, પરમાં હોય છે, એ તો માને પણ ખરેખર તો વિકાર હોય એમાં ઉત્સાહ છે એનો અજ્ઞાનીનો, જ્ઞાનીનો ઉત્સાહ સ્વરૂપ સન્મુખ છે, એથી સ્વરૂપ જ વીતરાગી જિનસ્વરૂપ જ છે, વીતરાગ સ્વરૂપ (-છે) તો એમાં સમ્યગ્દર્શન થાય છે, એ વીતરાગી પર્યાય છે. સમ્યક્જ્ઞાન થાય છે (એ) શાસ્ત્રજ્ઞાન નહીં, શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નથી, સ્વરૂપ જ્ઞાનમય એમાંથી જ્ઞાન આવે છે એ વીતરાગી જ્ઞાન છે, અને સ્વરૂપમાં આચરણ કરવું જે છે એ-પણ આચરણ વીતરાગી પર્યાય છે. આહાહાહા! સમજાણું કાંઈ?

એ જ્ઞાનીને, 'તે ભાવ' તે ભાવ એટલે? જે કર્તાના-થનારા ભાવ, કર્તાનો જે ભાવ એ ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે. ઝીણી વાત બહુ, 'કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે' કેમ કે એને સમ્યક્ પ્રકારે જુઓ, જ્ઞાનમય ભાવ કેમ છે? કેમ કે આ બધા ભાવ સમ્યક્ પ્રકારે સાચી રીતે ધારણાથી પણ નહીં એમ કહે છે. કારણ કે તેને સમ્યક્ પ્રકારે, સ્વપરના વિવેક વડે સ્વપરના વિવેકથી, પોતે જ્ઞાતા આનંદમય ને રાગ ભિન્ન, એવો સ્વપરનો વિવેક થયો છે. રાગાદિ દયા દાનના (ભાવ) આવે છે, એનાથી પણ આત્મા ભિન્ન, (છે) એવો સ્વપરનો વિવેક છે. આહાહા!

'સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે' સર્વ પરદ્રવ્યભાવોથી ભિન્ન, પરદ્રવ્ય નામ શરીર, વાણી, મન, કુટુંબ એ તો ઠીક પણ રાગાદિ પણ પરદ્રવ્ય છે. એનાથી પણ ભિન્ન. આહાહા! 'આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી છે'-ધર્મીને આત્માની ખ્યાતિ આ ટીકાનું નામ

આત્મખ્યાતિ છે, આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આહાહા ! તો આત્માની ખ્યાતિ, પ્રસિદ્ધિ, ધર્મીને આત્માની પ્રસિદ્ધિ થઈ છે. અજ્ઞાનીને વિકારની પ્રસિદ્ધિ થાય છે. સમજાણું કાંઈ... ?

( શ્રોતાઃ- ગુરુથી જ્ઞાન મળે ત્યારે થાય ને ) કોઈથી મળતું નથી, પોતાથી મળે છે. શેઠ ? પોતાથી મળે ત્યારે ગુરુગમથી મળ્યું એમ નિમિત્તથી કહેવામાં આવે છે. કોઈથી મળતું નથી. ( શ્રોતાઃ- પોતાથી મળે પછી ગુરુને નિમિત્ત કહેવાયને ! ) એ કર્યું તો પછી વ્યવહારથી કહેવામાં આવે છે, નિમિત્ત હતું-એ ગુરુ નિમિત્ત હતા. પણ આ મળે, પછી કહેવામાં આવે છે, ( શ્રોતાઃ- એ પહેલા ) એ પહેલાં એને મળ્યા જ ક્યાં છે ? આંહી તો ગુરુથી, ત્રણલોકનો નાથ ને ત્રણલોકના નાથની વાણી, એ પણ ઇન્દ્રિયનો વિષય છે. આહાહા ! ( શ્રી સમયસાર ) એકત્રીસમી ગાથામાં આવ્યું છે. આ ભગવાન ત્રણલોકના નાથ આમ બિરાજે છે સમોસરણમાં અને વાણી-દિવ્યધ્વનિ નીકળે છે, તો એ ઇન્દ્રિય છે, જો પોતાનું લક્ષ ત્યાં જશે તો રાગ થશે. આહાહા !

અને ભગવાન તો એમ કહે છે કે અમારા ઉપર તારું લક્ષ જશે તો તારી ચૈતન્યગતિમાં દુર્ગતિ થશે, દુર્ગતિ નામ રાગ થશે. ( શ્રોતાઃ- છતાં પણ સમોસરણમાં દોડતાં-દોડતાં જાય છે ! ) દોડતાં-દોડતાં જતા નથી, અંતરમાં ( નિજની ) ભાવનામાં એકાગ્ર થતા જાય છે. એ રાગ આવે છે એના પણ જ્ઞાતા થઈને જાય છે. આવી વાતું છે, ઝીણી વાત બાપુ ! જિનસ્વરૂપી ભગવાન એને પરની અપેક્ષામાં જ્ઞાન શી રીતે હોય ? એને તો પોતાના જ્ઞાનમય વીતરાગી ભાવ છે, એ એનું કાર્ય છે. કેમ કે સમ્યક્પ્રકારે સ્વપરનો વિવેક થઈ ગયો છે.

રાગનું-પરનું તો ઠીક પણ, પરસંબંધી ( જે ) રાગ આવ્યો એનો પણ વિવેક થઈ ગયો રાગથી હું ભિન્ન છું. ભિન્ન આત્માની ખ્યાતિ-આત્માની પ્રસિદ્ધિ અત્યંત ઉદય પામી છે. આત્માની પ્રસિદ્ધિ અત્યંત પ્રગટ થઈ ગઈ છે-હું તો આનંદ છું-હું શાંતિ છું-હું વીતરાગ-સ્વચ્છ છું. એવી ( આત્માની પ્રસિદ્ધિ ) અત્યંત ઉદય નામ પ્રગટ થઈ ગઈ છે. આહાહા ! એ કારણે જ્ઞાનીને જ્ઞાનમય ભાવ છે. સમજાણું કાંઈ ? બહુ કળશ ઊંચો છે. અમૃતથી ભર્યાં છે કળશ. આહાહાહા !.

અમૃતનો સાગર ભગવાન એની સન્મુખ જ્યાં થયો ને જ્ઞાન થયું તો રાગથી ભિન્ન થઈને-સ્વપરનો વિવેક થયો, તો ત્યાં વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે. અને આ ભાવ અજ્ઞાનીને, એ ભાવ નામ કાર્ય જે થાય છે અજ્ઞાનીને, અજ્ઞાનમય છે. રાગમય ભાવ છે, પુણ્યમય ભાવ છે, પાપમય ભાવ છે, એ અજ્ઞાનભાવ છે.

પરની સાથે તો કાંઈ સંબંધ છે નહિ, અજ્ઞાની કર્તા થઈને અજ્ઞાન ભાવ રાગાદિ દ્વેષનો કર્તા થાય છે. દયા, દાન, વ્રત, આદિ પરિણામનો અજ્ઞાની કર્તા થાય છે એ અજ્ઞાનીનું કાર્ય છે. આહાહા ! ( શ્રોતાઃ- અજ્ઞાની પરનું ન કરી શકે ? ) પરનું શું ધૂળ કરે ? એ માટે તો આ ગાથા છે. જ્ઞાની જ્ઞાનનો કર્તા, અજ્ઞાની અજ્ઞાનનો કર્તા, પરનો કર્તા તો છે નહીં. આહાહા ! ગાથા બહુ ઊંચી છે. આહાહાહા ! કેમ ? અજ્ઞાનમય ભાવ છે ? કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે રાગ અને ભગવાન ભિન્ન છે એનો વિવેક અજ્ઞાનીને છે નહિ. ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ છે- સામે-સામે વાત લીધી છે જ્ઞાનીને ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત પ્રસિદ્ધ થઈ ગઈ છે ( અને ) અજ્ઞાનીને ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ છે. વિશેષ કહેશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ! )

**પ્રવચન નં. ૨૧૪ ગાથા-૧૨૬ ગુરુવાર, ફાગણ સુદ-૧૦, તા. ૮/૩/'૭૯**

શ્રી સમયસાર, એકસો છવીસ ગાથાનો ભાવાર્થ, ભાવાર્થ છે ને બે લીટી છે, બે લીટી!

ભાવાર્થ:-'જ્ઞાનીને તો સ્વપરનું ભેદજ્ઞાન થયું છે'-ધર્મી એને કહીએ કે જેને રાગ-વિકલ્પ અને આત્માના સ્વભાવનું ભેદજ્ઞાન થયું છે. ધર્મી, જ્ઞાની કે ધર્મી બેય એક છે. ધર્મી એને કહીએ કે જેમને પુણ્ય-પાપના ભાવ જે રાગ છે એનાથી પોતાનો સ્વભાવ ધ્રુવ-શુદ્ધ ભિન્ન છે એવું ભેદજ્ઞાન થયું છે. છે? 'જ્ઞાનીને તો સ્વપરનું ભેદજ્ઞાન થયું છે'-એનો અર્થ આ છે, આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે અને પુણ્ય-પાપ, દયા-દાન-વ્રત-ભક્તિ આદિના પરિણામ એ રાગ છે, એ રાગ, 'પર' છે અને આનંદ ને જ્ઞાનસ્વરૂપ 'સ્વ' છે. એ સ્વ પરની જુદાઈનું, ભિન્નતાનું, પૃથક્તાનું ભાન થઈ ગયું છે. આહાહા! સમજાણું કાંઈ...?

એમને એટલા માટે જ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન થયું છે, એટલે એ કારણે એ પોતાને પોતાના જ્ઞાનમયભાવનું જ કર્તૃત્વ છે. ધર્મીને તો પોતાના જ્ઞાન-દર્શન-શ્રદ્ધા-શાંતિ-આનંદ-સ્વચ્છતા એવા પરિણામનો કર્તા એ તો છે. ધર્મી તો પોતાના નિર્મળ-શુદ્ધ-પવિત્ર પરિણામનો કર્તા છે. સમજાણું કાંઈ ? છે? હવે એને પોતાના જ્ઞાનમયભાવ, જ્ઞાનમય એટલે ? જ્ઞાન-જાણવું-દેખવું આનંદ-શાંતિ-સ્વચ્છતા વિગેરે શુદ્ધ પરિણામ જે છે, રાગથી ભિન્ન છે એવા શુદ્ધ પરિણામનું કર્તૃત્વ ધર્મીને હોય છે. આહાહા!

(શ્રોતા:- ચોથે ગુણસ્થાને એવું થાય!) ચોથા ગુણસ્થાનથી એ વાત છે. આત્મા અનંત અનંત ગુણનો પિંડપ્રભુ! અનંત અનંત સામાન્ય સ્વભાવનો પિંડ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત (આનંદ) અનાદિ સામાન્ય સ્વભાવ જે ધ્રુવ છે, એની દૃષ્ટિ ધર્મીને થઈ છે, તે કારણથી દૃષ્ટિમાં ધ્રુવતા આવી છે, તો પુણ્ય ને પાપના પરિણામ તેનાથી પૃથક્ થયો છે. ચાહે તો ભગવાનની ભક્તિનો ભાવ હો, દેવ ગુરુ ને શાસ્ત્ર જે છે એ પર છે, શાસ્ત્ર પણ પર છે દેવ પર છે ગુરુ પર છે. તે એની ભક્તિનો ભાવ છે એ રાગ છે. (શ્રોતા:- જ્ઞાની ભક્તિ તો કરે ને!) એ રાગ આવે છે, એને જાણે છે-જાણનારમાં રહેવું એ જ્ઞાનીનું કર્તવ્ય છે. રાગ આવે છે એ કર્તવ્ય એનું નહીં. આકરી વાત છે ભાઈ! આહાહાહા! (શ્રોતા:- શૂન્ય થઈ જાઓ!) શૂન્ય, રાગથી શૂન્ય જ છે આત્મા. અહીં શું કહે છે? જ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન થયું છે તેથી આ કારણે તેને પોતાના જ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે. શબ્દો તો સહેલા છે શેઠ? ભાવ તો ભાવ જે છે તે છે. આહાહા!

ધર્મી એને કહીએ, સમ્યગ્દૃષ્ટિ એને કહીએ, જ્ઞાની એને કહીએ, બધુંય એક જ છે, કે જેમને પોતાનો આત્મા, અનંત અનંત જ્ઞાન (નું) ધામ-આનંદનું ધામ-શાંતિધામ, ધ્રુવધામનું ધ્યાન થઈ ગયું છે ને દૃષ્ટિમાં આવી ગયું છે ધ્રુવધામ-સ્થાન જે પોતાનું છે ધ્રુવ, એની દૃષ્ટિમાં આવી ગયો છે તો એને રાગ, દયા, દાન, ભક્તિ આદિના જે વિકલ્પ છે એનાથી પણ જ્ઞાન ભિન્ન થઈ ગયું છે. આહાહા! આવી વાત છે ભાઈ. સમજાણું કાંઈ...?

તો તેથી પોતાના જ્ઞાનમય પોતાનું જાણવું દેખવું શ્રદ્ધા, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, આનંદ

એવા નિર્મળ પરિણામનું જ એમને કર્તૃત્વ છે. આહાહા ! અને અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નથી, ચૈતન્ય ભગવાન શુદ્ધ ચૈતન્યઘન અનંત અનંત અનંત ગુણ પવિત્રતાનું ધામ પ્રભુ છે અને રાગ આદિ વિકલ્પ ઊઠે છે એ પર છે, એવા પરનું ને સ્વનું, અજ્ઞાનીને ભેદજ્ઞાન થયું નથી, જુદાપણાનું ભાન થયું નથી. આહાહાહા ! છે ? એટલા માટે ભેદજ્ઞાન નથી તે કારણે, રાગની ક્રિયા ભક્તિની ( ક્રિયા ) ભગવાનની -દયા, વિનયની ( ક્રિયા ) શાસ્ત્રના બહુમાનનો જે રાગ છે, એ રાગ અને પોતાના સ્વભાવનું ભેદજ્ઞાન અજ્ઞાનીને નહિ હોવાથી, મારગ તો આવો છે ભાઈ, આહાહા ! અજ્ઞાનમય ભાવનું જ કર્તૃત્વ છે અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નથી, તે કારણે પરનું અને સ્વનું જુદાપણાનું ભાન નથી, એ કારણે અજ્ઞાનમય ભાવનો જ કર્તા છે. એ તો દયા-દાન-વ્રત-ભક્તિ આદિના ભાવ એનો એ અજ્ઞાની કર્તા છે. આ ભાવાર્થ થયો.

હવે આ કહે છે કે જ્ઞાનમય ભાવથી શું થાય છે, અને અજ્ઞાનમય ભાવથી શું થાય છે એ શ્લોક( ગાથા ) કહે છે. ભગવાન કુંદકુંદાચાર્ય દિગમ્બર સંત-મુનિ એને બનાવેલ છે. ગાથા-૧૨૭. જ્ઞાનમય ભાવથી શું થાય છે અને અજ્ઞાનમય ભાવથી શું થાય છે તે હવે કહે છેઃ-

ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. ચારે અનુયોગોમાં કહેવાની વાતનું ફળ વીતરાગતા છે. પણ એ વીતરાગપણું પણ સ્વાશ્રયે થાય માટે નિશ્ચય કહ્યું; છતાં, તે વીતરાગપણું દ્રવ્યમાં નથી. એ તો પરમ વીતરાગમૂર્તિ પ્રભુ છે ! ત્યારે કહે કેઃ છે ને... ! પર્યાયમાં છે. તે વ્યવહારમાર્ગે છે, એમ કહીએ છીએ.

હવે, એકકોર ધર્મધ્યાન અને શુક્લધ્યાનને નિશ્ચય કહ્યો. એકકોર વ્યવહાર કહ્યો. બેય ( ધ્યાન ) ને અંતર્મુખાકાર સ્વાશ્રય નિશ્ચય કહ્યો. અને અહીં કહે છે કે, એ તો વ્યવહારમાર્ગ છે. આહા... હા ! ( પાઠમાં ) એમ છે કે નહીં ?

હવે, લોકોને આ બેસવું મુશ્કેલ પડે. પોતાની દરકાર કરે નહીં એને શું ( કહેવું ), બાપા ?

આ રીતે વસ્તુ પૂર્ણ શુદ્ધ છે. જેમાં પર્યાય નથી. એવી જેને દૃષ્ટિ ન થાય તો તો તેણે આત્માનો સ્વીકાર કર્યો નથી. જે વસ્તુમાં મોક્ષમાર્ગની પર્યાય, ધ્યાનની પર્યાય પણ નથી; એવું જે પૂર્ણ સ્વરૂપ ભગવાનઆત્મા, એનો સ્વીકાર પર્યાયમાં થાય; જે પર્યાય એમાં નથી; પણ પર્યાયમાં એનો સ્વીકાર થાય; ત્યારે તેને સમ્યગ્દર્શન કહેવાય. છતાંય, એ સમ્યગ્દર્શનની પર્યાય દ્રવ્યમાં નથી, ( એમ ) શુદ્ધનય કહે છે. આ તો પરમ સત્ય ત્રિલોકનાથ જિનેંદ્રના મુખારવિંદથી નીકળેલું છે. માથે ( ટીકામાં ) આવી ગયું છે. “એમ પરમ જિનેંદ્રના મુખારવિંદથી નીકળેલાં દ્રવ્યશ્રુતમાં કહ્યું છે.”

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૩૦૧, નિયમસાર નો શ્લોક-૧૧૯ )**

## ગાથા-૧૨૭

किं ज्ञानमयभावात्किमज्ञानमयाद्भवतीत्याह-

**अण्णाणमओ भावो अणाणिणो कुणदि तेण कम्माणि।**
**णाणमओ णाणिस्स दु ण कुणदि तम्हा दु कम्माणि।।१२७।।**

अज्ञानमयो भावोऽज्ञानिनः करोति तेन कर्माणि।
ज्ञानमयो ज्ञानिनस्तु न करोति तस्मात्तु कर्माणि।।१२७।।

अज्ञानिनो हि सम्यक्स्वपरविवेकाभावेनात्यन्तप्रत्यस्तमितविविक्तात्मख्यातित्वाद्यस्मादज्ञानमय एव भावः स्यात्, तस्मिंस्तु सति स्वपरयोरेकत्वाध्यासेन ज्ञानमात्रात्स्वस्मात्प्रभ्रष्टः पराभ्यां रागद्वेषाभ्यां सममेकीभूय प्रवर्तिताहङ्कारः स्वयं किलैपोऽहं रज्ये रुष्यामीति रज्यते रुष्यति च; तस्मादज्ञानमयभावादज्ञानी परौ रागद्वेषावात्मानं कुर्वन् करोति कर्माणि।

ज्ञानिनस्तु सम्यक्स्वपरविवेकेनात्यन्तोदितविविक्तात्मख्यातित्वाद्यस्मात् ज्ञानमय एव भावः स्यात्, तस्मिंस्तु सति स्वपरयोर्नानात्वविज्ञानेन ज्ञानमात्रे स्वस्मिन्सुनिविष्टः पराभ्यां रागद्वेषाभ्यां पृथग्भूततया स्वरसत एव निवृत्ताहङ्कारः स्वयं किल केवलं जानात्येव, न रज्यते, न च रुष्यति; तस्मात् ज्ञानमयभावात् ज्ञानी परौ रागद्वेषावात्मानमकुर्वन्न करोति कर्माणि।

---

જ્ઞાનમય ભાવથી શું થાય છે અને અજ્ઞાનમય ભાવથી શું થાય છે તે હવે કહે છે:-

**અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;**
**પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭.**

ગાથાર્થ:- [ अज्ञानिनः ] અજ્ઞાનીને [ अज्ञानमयः ] અજ્ઞાનમય [ भावः ] ભાવ છે [ तेन ] તેથી અજ્ઞાની [ कर्माणि ] કર્મોને [ करोति ] કરે છે, [ ज्ञानिनः तु ] અને જ્ઞાનીને તો [ ज्ञानमयः ] જ્ઞાનમય ( ભાવ ) છે [ तस्मात् तु ] તેથી જ્ઞાની [ कर्माणि ] કર્મોને [ न करोति ] કરતો નથી.

ટીકા:-અજ્ઞાનીને, સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ હોવાથી, અજ્ઞાનમય ભાવ જ હોય છે, અને તે હોતાં ( હોવાથી ), સ્વપરના એકત્વના અધ્યાસને લીધે જ્ઞાનમાત્ર એવા પોતામાંથી ( આત્મસ્વરૂપમાંથી ) ભ્રષ્ટ થયેલો, પર એવા રાગદ્વેષ સાથે એક થઈને જેને અહંકાર પ્રવર્ત્યો છે એવો પોતે 'આ હું ખરેખર રાગી છું, દ્વેષી છું ( અર્થાત્ આ હું રાગ કરું છું, દ્વેષ કરું છું ) એમ ( માનતો થકો ) રાગી અને દ્વેષી થાય છે; તેથી અજ્ઞાનમય ભાવને લીધે

**અજ્ઞાની પોતાને પર એવા રાગદ્વેષરૂપ કરતો થકો કર્મોને કરે છે.**

**જ્ઞાનીને તો, સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી હોવાથી, જ્ઞાનમય ભાવ જ હોય છે, અને તે હોતાં, સ્વપરના નાનાત્વના વિજ્ઞાનને લીધે જ્ઞાનમાત્ર એવા પોતામાં સુનિવિષ્ટ ( સમ્યક્ પ્રકારે સ્થિતિ ) થયેલો, પર એવા રાગદ્વેષથી પૃથગ્ભૂતપણાને ( ભિન્નપણાને ) લીધે નિજરસથી જ જેને અહંકાર નિવૃત્ત થયો છે એવો પોતે ખરેખર કેવળ જાણે જ છે, રાગી અને દ્વેષી થતો નથી ( અર્થાત્ રાગ અને દ્વેષ કરતો નથી ); તેથી જ્ઞાનમય ભાવને લીધે જ્ઞાની પોતાને પર એવા રાગદ્વેષરૂપ નહિ કરતો થકો કર્મોને કરતો નથી.**

**ભાવાર્થઃ-આ આત્માને ક્રોધાદિક મોહનીય કર્મની પ્રકૃતિનો ( અર્થાત્ રાગદ્વેષનો ) ઉદય આવતાં, પોતાના ઉપયોગમાં તેનો રાગદ્વેષરૂપ મલિન સ્વાદ આવે છે. અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નહિ હોવાથી તે એમ માને છે કે "આ રાગદ્વેષરૂપ મલિન ઉપયોગ છે તેજ મારું સ્વરૂપ છે-તેજ હું છું." આમ રાગદ્વેષમાં અહંબુદ્ધિ કરતો અજ્ઞાની પોતાને રાગીદ્વેષી કરે છે; તેથી તે કર્મોને કરે છે. આ પ્રમાણે અજ્ઞાનમય ભાવથી કર્મબંધ થાય છે.**

**જ્ઞાનીને ભેદજ્ઞાન હોવાથી તે એમ જાણે છે કે "જ્ઞાનમાત્ર શુદ્ધ ઉપયોગ છે તે જ મારું સ્વરૂપ છે-તે જ હું છું; રાગદ્વેષ છે તે કર્મનો રસ છે-મારું સ્વરૂપ નથી." આમ રાગદ્વેષમાં અહંબુદ્ધિ નહિ કરતો જ્ઞાની પોતાને રાગીદ્વેષી કરતો નથી, કેવળ જ્ઞાતા જ કહે છે; તેથી તે કર્મોને કરતો નથી. આ પ્રમાણે જ્ઞાનમય ભાવથી કર્મબંધ થતો નથી.**

## ગાથા-૧૨૭ ઉપર પ્રવચન

अण्णाणमओ भावो अणाणिणो कुणदि तेण कम्माणि।
णाणमओ णाणिस्स दु ण कुणदि तम्हा दु कम्माणि।।१२७।।

અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;
પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭.

ટીકાઃ– સૂક્ષ્મ વાત છે ભાઈ, અનંત કાળમાં એણે ભેદજ્ઞાન કર્યું નથી ! અને **"भेदज्ञान ए सिद्धा सिद्धा ये किल केचनम्"**– જે કોઈ અત્યાર સુધીમાં મુક્તિ પામ્યા છે, એ ભેદજ્ઞાનથી પામ્યા છે રાગથી પોતાનું સ્વરૂપ ભિન્ન છે એવા ભેદજ્ઞાનથી સિદ્ધિને પ્રાપ્ત કરી છે. 'ભેદજ્ઞાન સિદ્ધા સિદ્ધા યે કિલ કેચનમ્' –જેટલા પણ મુક્તિને પામ્યા છે એ બધાય રાગથી ભિન્ન નિજ સ્વરૂપને પ્રાપ્ત કરીને પામ્યા છે. અને 'તસ્યૈવ અભાવ તો બદ્ધા'–ભેદજ્ઞાનના અભાવથી બંધાયા છે. આહાહા ! પોતાનું સ્વરૂપ જ્ઞાયક ચૈતન્ય આનંદ, શુદ્ધ ચિદાનંદ પ્રભુ અને રાગના ભાવ મલિન ને દુઃખરૂપ, બેયની એકતાના ભાવથી બંધાયા છે. અને એ બંધાયા છે એ જ સંસારમાં રખડે છે, સૂક્ષ્મ છે ભાઈ, મારગ તો આવો છે. જુઓ ! વર્તમાનમાં તો ગરબડ બહુ થઈ ગઈ છે પ્રભુ માર્ગ તો આવો જ છે.

ટીકા:-'અજ્ઞાનીને સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે'-શું કહે છે ? નવ તત્ત્વ છે ને ! તો પુણ્ય ને પાપ, આસ્રવ-બંધ તત્ત્વ ભિન્ન છે અને આત્મતત્ત્વ ભિન્ન છે. આહાહા ! દયા-દાન-વ્રત-ભક્તિ આદિના પરિણામ તો આસ્રવ તત્ત્વ રાગ તત્ત્વ બંધતત્ત્વ છે. આહાહા ! ભગવાન આત્મા તો એનાથી જ્ઞાયકતત્વ, અબંધતત્ત્વ ભિન્ન છે. એ 'અજ્ઞાનીને સમ્યક્ પ્રકારે'- સમ્યક્ પ્રકારે એમ કેમ કહ્યું ? કે ધારણામાં તો એણે લઈ લીધું હતું 'અગિયાર અંગ' ભણ્યો હતો, તો કે રાગથી આત્મા ભિન્ન છે. રાગ તત્ત્વ પુણ્ય તત્ત્વ છે, આત્મા જ્ઞાયકતત્ત્વ છે, એવું ધારણા (જ્ઞાન) કર્યું હતું, પણ સમ્યક્ પ્રકારે ભેદજ્ઞાન નહોતું કર્યું. આહાહા ! ઝીણી વાત છે ભાઈ. જિનેશ્વરનો મારગ, દુનિયામાં ક્યાંય છે નહીં, એનો મારગ કોઈ અલૌકિક છે.

અહીં તો કહે છે કે અજ્ઞાનીને સાચા પ્રકારથી સ્વપરનો વિવેક ન હોવાથી, ન હોવાને કારણે સાચા પ્રકારથી સ્વપરની જુદાઈનું જ્ઞાન નહિ હોવાથી, રાગની ક્રિયા ને સ્વભાવની ક્રિયા બેય ભિન્ન છે, જ્ઞાનસ્વભાવ-આનંદસ્વભાવ અને રાગભાવ એ બેયની ક્રિયા ભિન્ન છે, એવા ભિન્નનું ભાન ન હોવાથી, અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિ જીવ, અનાદિકાળથી વિવેક નહિ હોવાથી-વિવેક ન હોવાને કારણે, ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ છે. આહાહા ! એ રાગની ક્રિયાના પરિણામથી ભિન્ન આત્મા આનંદસ્વરૂપ, એવા ભિન્ન આત્માની પ્રસિદ્ધિ અત્યંત અસ્ત થઈ ગઈ છે. આથમી ગઈ છે, અસ્ત નામ આંધળો થઈ ગયો છે. આહાહાહા !

ભગવાન આનંદમૂર્તિ પ્રભુ અનંત ગુણનો પિંડ સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ ! છે એને રાગની એકતાબુદ્ધિમાં ભેદજ્ઞાનની પ્રસિદ્ધિ અસ્ત થઈ ગઈ છે, આથમી ગઈ છે, એનો સૂર્ય અસ્ત થઈ ગયો છે. (શ્રોતા:- ક્યારથી અસ્ત થઈ ગયો છે ?) અનાદિથી ! આહાહા ! ભગવાન અંતર અતીન્દ્રિય આનંદનો પિંડપ્રભુ (છે). અજ્ઞાનીને એ રાગ અને આત્માની પ્રસિદ્ધિ નથી. રાગ ભિન્ન છે ને મારી ચીજ ભિન્ન છે, એવું ભાન નથી. તો અનાદિથી ભિન્ન આત્માની પ્રસિદ્ધિ, રાગથી ભિન્ન આત્માની સિદ્ધિ અસ્ત થઈ ગઈ છે. આહાહા ! માલ, માલની વાત છે ભાઈ આંહી તો, વીતરાગ મારગ છે, જિનેશ્વરદેવ પરમેશ્વર-પરમાત્મા એમની આ વાણી છે, કુંદકુંદાચાર્ય તો એ ભગવાનની વાણી સાંભળવા ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા, ત્યાંથી આવીને (શાસ્ત્ર) બનાવ્યા. ભગવાન આમ કહે છે, પ્રભુ ! એ તો એ કહે કે ભગવાન, કહે બેય એક જ વાત છે. છતાં ય જિનવરદેવ આમ કહે છે 'બંધ અધિકાર'માં છે.

જિનવર પરમાત્મા એમ કહે છે કે અજ્ઞાનીને સ્વ-શુદ્ધચૈતન્યઆનંદ અને પર-રાગ-આદિ-દુ:ખ ને આકુળતા એ બેયની ભિન્નતાનું ભાન નહિ હોવાથી આત્મખ્યાતિ-આત્માની પ્રસિદ્ધિ રાગની એકતાબુદ્ધિમાં, આત્માની પ્રસિદ્ધિ અસ્ત થઈ ગઈ (છે.) આહાહાહા ! સમજાય છે ભાઈ ? રજનીભાઈ, ભાષા તો સાદી છે, પણ ભાવ ઝીણાં છે ને પ્રભુ.

અનંત અનંત ગુણનો ધામ ભગવાન નિત્યાનંદ પ્રભુ ! જેમાં દયા-દાન-ભક્તિ આદિના વિકલ્પનો પણ જેમાં અભાવ છે, તો આવી ચીજનું ભાન નથી, તો રાગ અને સ્વભાવ બેયને એક માનવાથી, આત્મા જે છે શુદ્ધચૈતન્ય, (એની) પ્રસિદ્ધિ એને અસ્ત થઈ ગઈ. આહાહા ! અરે, આવી વાત સાંભળવા ય ન મળે, તો કેમ પ્રયત્ન ક્યારે કરે ને ક્યારે (અનુભવ કરે ?) આહાહા !

( કહે છે કે ) અજ્ઞાનીને, સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે-ન હોવાને કારણે, ભિન્ન આત્માની રાગની ક્રિયાથી ભગવાન ભિન્ન છે, એવા ભિન્ન આત્માની, ખ્યાતિ નામ પ્રસિદ્ધિ અસ્ત થઈ ગઈ અત્યંત અસ્ત થઈ ગઈ-અંધ થઈ ગયો છે, એ રાગને જ દેખે છે ને પુણ્યને દેખે છે, આત્માને દેખતો નથી. આહાહાહા ! આ પુણ્યના ફળ, ધૂળ-ધૂળ મળે, પાંચ-પચાસ લાખ, કરોડ બે કરોડ એને દેખે, પણ શું છે શું તારી ચીજ છે એ તો અજીવ તત્ત્વ છે. દયા-દાનના પરિણામ એ પુણ્ય તત્ત્વ છે, હિંસા-જૂઠું-મમતામાં પૈસા મારા એવી મમતાના પરિણામ તો પાપ તત્ત્વ છે, તો અજીવ અને પુણ્ય-પાપ તત્ત્વથી જ્ઞાયકતત્ત્વ તો ભિન્ન છે. આહાહા ! આકરું કામ છે ભાઈ, સત્ય વાત બહુ, ભગવાનની કહેલી એવી એ ભગવાન સિવાય એ મારગ ક્યાંય છે નહિ. જિનેશ્વર સિવાય કોઈ સ્થાનમાં આ વાત સત્ય છે નહિ. આહાહા !

અહીં તો પરમાત્મા જે વાત કહે છે કે એ જ સંતો, જગત પાસે પ્રસિદ્ધ કરે છે. પ્રભુ ! તને બેસે ન બેસે, સત્ય તો આ છે. ભગવાન આત્મા સત્સ્વરૂપ, એની ખ્યાતિ-પ્રસિદ્ધિ એની હોવી જોઈએ અજ્ઞાનીને. રાગ ને પુણ્ય પાપની પ્રસિદ્ધિમાં આત્માની ખ્યાતિ-પ્રસિદ્ધિ અસ્ત થઈ ગઈ-આંધળો ગઈ ગયો છે. આહાહા ! શું કહે છે જુઓ ! કે જે અંદર પુણ્ય-પાપના ભાવને દેખવાવાળો, પોતાના છે એમ માનીને આત્મા એનાથી ભિન્ન છે એ એમાં અંધ થઈ ગયો છે અને પુણ્ય ને પાપના ભાવને જ દેખે છે. અને એ જ મારી ચીજ છે ને એમ માનીને, પુણ્ય પાપથી ભિન્ન ભગવાન આત્મા ( ને નહિં દેખતો ) આંધળો, અજ્ઞાની અંધ થઈ ગયો છે ! 'છે જ નહિ જાણે આત્મા' આહાહા ! સમજાણું કાંઈ... ?

અસ્ત થઈ ગઈ, અસ્ત ગઈ ગઈ હોવાથી, અજ્ઞાનમય ભાવ જ હોય છે. દેખો અજ્ઞાનીને, સ્વપરનું ભેદજ્ઞાન-પૃથક્તા નહિ હોવાને કારણે ભિન્ન આત્માની પ્રસિદ્ધિ જ્ઞાનમાં આવી નહીં, અને રાગાદિ પુણ્ય પાપના પરિણામ એના ખ્યાલમાં આવ્યા, તો એ અજ્ઞાનમય ભાવ જ હોય છે-એ રાગાદિ ભાવ એ અજ્ઞાનમય ભાવ જ છે, એમાં આત્માનું જ્ઞાન ને આનંદ એમાં છે નહીં. આહાહાહાહા ! ચાહે તો ભગવાનની ભક્તિનો રાગ હો, શાસ્ત્રની ભક્તિનો રાગ હો, પણ એ રાગ છે, અજ્ઞાન છે, અજ્ઞાન અર્થાત્ એમાં આત્માના જ્ઞાનનાં કિરણ નથી-જ્ઞાનનો અંશ એમાં નથી. આહાહાહા ! ( શ્રોતાઃ- એવી વાત કોને રુચે ? ) ભાગ્યવાન હોય એને રુચે આ તો, ( શ્રોતાઃ- જે પુરુષાર્થ કરે એને રુચે ), અહીં પુરુષાર્થ ( વાળાની વાત છે ) સંસારનો અંત કરવો હોય, એની વાત છે. ભગવાન તમારું નામ તો ભગવાનદાસ છે. ( શ્રોતાઃ- પણ એ રીતનું પરિણામ જોઈને ને ! ) ભગવાન તરીકે તો પ્રભુ બોલાવે છે બોતેર ગાથામાં, ભગવાન આત્મા ! આહાહા ! એ તો પુણ્ય ને પાપના તત્ત્વથી ભિન્ન ભગવાન છે ને ! અજ્ઞાનીને ભિન્નનો ભાસ નહિ હોવાથી, આત્મા પ્રસિદ્ધ છે એની પ્રસિદ્ધિ એને ( નથી તેથી ) અંધ થઈ ગયો.

સાક્ષાત્ બિરાજે છે પરમાત્મા રાગથી ભિન્ન, એની અજ્ઞાનીને, અંધકાર અજ્ઞાનમાં એની પ્રસિદ્ધિ અસ્ત થઈ ગઈ અને રાગની પ્રસિદ્ધિ જાગૃત થઈ ગઈ. એ રાગ એટલે પુણ્ય ને પાપના ભાવની અજ્ઞાનીને પ્રસિદ્ધિ, છે એનું ભાન છે. ઝીણી વાત છે ભાઈ વર્તમાનમાં તો બહુ ગરબડ થઈ ગઈ એટલે લાગે એને, આ વળી શું છે આમાં આ તો એકાંત છે, એકાંત છે એમ કહે છે, તો કહો. પ્રભુ !

આંહી તો પરમાત્મા કુંદકુંદાચાર્ય સંત દિગમ્બર ! મહામુનિ-ભાવલિંગી સંત છે, અનંત આનંદની દશા અંદર પ્રગટ થઈ છે અને રાગ આવે છે તો એને પણ પોતાના જ્ઞાનમાં રહીને, પર છે એમ જાણે છે. પોતાનો છે એમ જાણતા નથી- વિકલ્પ આવ્યો છે અમૃતચંદ્રાચાર્યને ટીકા કરવાનો પણ જાણે છે, કે એ વિકલ્પ પર છે, મારી ચીજમાં એ છે નહીં. હું મારામાં છું ને રાગ પર છે, એવું જાણીને ભિન્ન, રાગથી ભિન્ન પોતાનામાં રહે છે. આહાહાહા ! આવો મારગ કઠણ પડે એટલે માણસને સહેલો રસ્તો બતાવી દે કોઈ આ દાન કરોને, ભક્તિ કરોને, પૂજા કરો. ( શ્રોતાઃ- સહેલો ક્યાં છે ઊંધો છે ! ) પણ, એ કરી શકેને ઝટ દઈને, વ્રત પાળે ને, અપવાસ કરે ને, આ શેઠિયાઓને પૈસા ખરચવાનું કહે, એ પાંચ-દશ લાખ ( ખર્ચે ) તે એમાં શું ન્યાં કરોડપતિ હોય એમાં પાંચ લાખ ખર્ચે, ધૂળમાં, એમાં મનાવી દે ધર્મ, ધૂળમાંય ધર્મ નથી ! આંહી તો એમ કહે છે. આહાહાહા ! સમજાણું કાંઈ... ?

એ આંહી કહે છે, બહુ સરસ ગાથા છે. આહાહા ! લો, શેઠ ? આ તમે આવ્યાને આ ગાથા સરસ આવી ગઈ છે. ( શ્રોતાઃ- સમજવા તો આપશ્રીએ બોલાવ્યા છે ! ) 'અજ્ઞાનમય ભાવ જ હોય છે.' દેખો ! અજ્ઞાનમય ભાવ જ હોય છે-અજ્ઞાનીને રાગ અને પુણ્યના ભાવ છે એ અજ્ઞાન છે, તેનું-અજ્ઞાનીને ભેદજ્ઞાન નથી તેથી રાગમય ભાવ જ-એને અજ્ઞાન ( જ ) હોય છે, એ રાગ એ અજ્ઞાન છે. અજ્ઞાન અર્થાત મિથ્યાત્વ નહિ, પણ રાગમાં જ્ઞાનસ્વરૂપ ચૈતન્યના કિરણ નથી- જ્ઞાનનો અંશ નથી, એ કારણે અજ્ઞાની, એ રાગ-અજ્ઞાન એટલે મિથ્યાત્વ છે એમ નહીં, પણ રાગમાં જ્ઞાનસ્વરૂપ ભગવાનાનો અંશ એમાં નથી એ કારણે રાગને અજ્ઞાન કહેવામાં આવ્યું છે. આહાહાહા ! રાગ એ અજ્ઞાન છે, જ્ઞાન નહીં, આત્માનું જ્ઞાન નહીં એ. આહાહાહા ! સમજાણું કાંઈ ?

'અજ્ઞાનમય ભાવ જ હોય છે, અને તે હોતાં સ્વપરના એકત્વના અધ્યાસને લીધે દેખો, અજ્ઞાની, સ્વઆત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે અને રાગ આકુળતા ને દુઃખરૂપ છે-એ બેયના સ્વપરના એકત્વના અધ્યાસ બે છે તે એક એકતાનો અધ્યાસ છે એવી એની ટેવ પડી ગઈ છે એને, અને એનો જ પરિચય છે. 'શ્રુતપરિચિત અનુભૂતા'-એ વાત સાંભળી છે ને ! પરિચયમાં આવી ગઈ છે, ને રાગની એકતાનો અનુભવ છે. આહાહાહાહા ! છે અંદર ? આ અત્યારની વાત નથી, આ તો હજાર વર્ષ પહેલાના અમૃતચંદ્રાચાર્યે લખ્યું છે. બે હજાર વરસ પહેલાં કુંદકુંદાચાર્યની ગાથા છે. એની આ ટીકા છે. સોનગઢની આ ટીકા નથી. ( શ્રોતાઃ- પણ ટીકા છપાય છે ક્યાંથી ? ) છપાય ગમે ત્યાંથી, ગમે તે સ્થાનેથી પણ ( શ્રોતાઃ- છાપખાનામાં ) ગમે તે છાપખાને છપાય, એમાં શું છે. આહાહાહા !

'તે હોતાં સ્વપરના એકત્વના અધ્યાસને લીધે જ્ઞાનમાત્ર એવા પોતામાંથી થયેલો, ભગવાન તો જાણન-દેખન જ્ઞાતા-દૃષ્ટા પ્રભુ છે. એ આવ્યું હતું ને આપણે અનાદિ જ્ઞાનસામાન્ય સ્વભાવની ઉપર, અનાદિ જ્ઞાનસામાન્ય જે સ્વભાવ ત્રિકાળ, એમ અનાદિ દર્શન સામાન્યસ્વભાવ, ( એમ ), અનાદિ આનંદ સામાન્ય સ્વભાવ, અનાદિ પુરુષાર્થ સામાન્યસ્વભાવ, એમ અનાદિ સામાન્ય અનંતગુણ સ્વભાવ, એ આત્મા છે. એનાથી ભિન્ન રાગાદિ તો ભિન્ન ચીજ છે. અહીંયા તો કહે કે વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો એનાથી

કલ્યાણ થશે. આવી મિથ્યાદૅષ્ટિની મિથ્યાશ્રદ્ધા છે, અને પ્રરૂપણા પણ મિથ્યાત્વની છે. આહાહાહા ! આકરી વાત છે ભાઈ. વીતરાગ માર્ગ આ છે. વીતરાગમાર્ગમાં રાગથી લાભ હો તો એ વીતરાગ માર્ગ છે જ નહીં. એ તો રાગી-અજ્ઞાનીનો મારગ છે, એ જૈન મારગ નહીં. એ રાગથી લાભ માનવાવાળા જૈન માર્ગ નહીં. આહાહાહા !

જૈનસ્વરૂપી આત્મા છે ને ? વીતરાગસ્વરૂપી પ્રભુ છે, એ રાગથી તો ભિન્ન છે, તો અજ્ઞાનીને રાગ અને વીતરાગ સ્વભાવ, બેયની એકતાનો અધ્યાસ થઈ ગયો છે. આહાહાહા ! પૃથક્તાનો અધ્યાસ હોવો જોઈએ ભેદજ્ઞાન, એને ઠેકાણે એકતાનો અધ્યાસ થઈ ગયો છે. આહાહા ! છે ? સ્વપરના એકત્વના અધ્યાસને કારણે, જ્ઞાનમાત્રથી-નિજમાંથી-આત્મસ્વરૂપમાંથી ભ્રષ્ટ થયો છે. આહાહા ! જાણન-દેખન આનંદ ભગવાન આત્મા, એ રાગની ક્રિયા અને આત્માને એક માનવાથી, આત્માના જ્ઞાનથી-શાંતિથી ભ્રષ્ટ થયેલ. સમજાય છે ? આત્મ સ્વરૂપથી. છે ? ભ્રષ્ટ થયેલો પર એવા રાગ-દ્વેષની સાથે એક થઈને પોતાનું જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ પ્રભુ આત્મા, એનાથી ભ્રષ્ટ થઈને, પર એવા રાગાદિ, દેખો ! પહેલાં કહ્યું હતું ને કે નિજમાંથી ભ્રષ્ટ થયો-નિજમાંથી ભ્રષ્ટ થયો અને પર એવા રાગદ્વેષ સાથે એકત્વ કરીને, નિજમાંથી ભ્રષ્ટ થયો. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનો કંદ પ્રભુ, એનાથી ભ્રષ્ટ થયો અજ્ઞાની, રાગની એકત્વબુદ્ધિમાં, રાગને પોતાનો માનીને, રાગની સાથે એક થઈને, એ રાગની સાથે એક બનીને "જેને અહંકાર પ્રવર્ત્યો છે." આહાહા ! એ પુણ્યભાવ ને પાપભાવ એ હું છું- અહમ્...અહમ્...અહમ્ ત્યાં રહ્યો છે 'અહં' અહીં જ્ઞાનાનંદમાં આવવો જોઈએ એને છોડીને રાગમાં અહં આવી ગયો છે. આહાહા ! સમજાણું કાંઈ... ?

'જેને અહંકાર પ્રવર્ત્યો છે એવો પોતે 'આ હું ખરેખર રાગી છું' ખરેખર અજ્ઞાનીને, હું રાગી છું ભાઈ ! હું રાગનો કરવાવાળો છું-રાગી છું. હું જ્ઞાતા-દૃષ્ટા આનંદ છું એ તો અસ્ત થઈ ગયું. આહાહા ! સૂક્ષ્મ વાત છે ભાઈ ! અપૂર્વ વાત છે. અનંતકાળમાં ક્યારેય કર્યું નથી. અનંત અનંત કાળ થયો, દિગમ્બર મુનિ પણ અનંત વાર થયો.

"મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો,"

મુનિવ્રત ધારણ કર્યાં, અઠ્ઠાવીસ મૂળગુણ લીધા, પાંચ મહાવ્રત લીધા, નગ્નપણા લીધા પણ એ બધી ક્રિયા, રાગની ક્રિયા છે, એ તો આહાહાહા ! ( શ્રોતાઃ- કાળલબ્ધિ નહીં પાકી હોય ) પુરુષાર્થ નથી કર્યો, કાળલબ્ધિ શું કરે ? કાળલબ્ધિ પુરુષાર્થથી પાકે છે કે નહિ ? આહાહા ! પોતાનો કાળ-ક્રમબદ્ધમાં જે આવે છે-ક્રમબદ્ધમાં પુરુષાર્થ અકર્તાપણાનો છે. કાળલબ્ધિમાં ક્રમસર જે આવવાવાળું છે ( એ ) આવે છે પણ આવો નિર્ણય કરવાવાળાને રાગના અકર્તાપણાનો પુરુષાર્થ થઈ જાય છે, અને જ્ઞાતા-દૃષ્ટાનો પુરુષાર્થ થાય છે. આહાહાહા ! આવી વાત છે ભાઈ.

સર્વવિશુદ્ધ ( અધિકારમાં ) એમ કહ્યું છે, ક્રમબદ્ધમાં. ક્રમબદ્ધ થશે-સમય સમયમાં જે ક્રમપર્યાય છે તે થશે, પણ કોને ? એ નિર્ણય છે ? કે જે રાગનો અકર્તા થાય છે અને જ્ઞાતા-દૃષ્ટા થાય છે, એને ક્રમબદ્ધનો સાચો નિર્ણય છે. આહાહાહા ! આવી વાતું મોંઘી. આમાં કાંઈ મળે એવું નથી. તમારા ત્યાં પથ્થરા બથરામાં, ઈ છ ભાઈયું ભેગાં થાય, ત્યાં આવી વાત છે ? ત્યાં છે ? પૈસા મળ્યા પાંચ લાખ ને દશ લાખ ધૂળ લાખને થઈ રહ્યું ! રસોડા જુદા ને ધંધો ભેગો !

આહાહા ! વાહ ! રાગનું રસોડું ભેગું-રાગ એ મારો છે-અજ્ઞાનીને, પણ મારો પાક એ જ રાગ છે, મારો પાક જ રાગ, દયા-દાનનો ભાવ એ મારો આ પાક છે, એમ અહંકાર ! અજ્ઞાનીને રાગનો અહંકાર છે, પણ રાગથી ભિન્ન મારી ચીજ એ આનંદકંદ છે એ વાત તો અસ્ત-અંધ થઈ ગઈ છે. ઝીણી વાત છે ભાઈ ! આહાહા !

ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવનું ફરમાન આ છે-ભગવાનનો આ હુકમ છે, કે અજ્ઞાનીને, છે ? રાગ-દ્વેષની સાથે એક થઈને, જેને અહંકાર પ્રવર્ત્યો છે એવો પોતે ( સ્વયં ) સ્વયં કર્મના કારણે નહીં-સ્વયં જ હું વાસ્તવમાં રાગી છું એમ માને છે. આહાહા ! હું તો પુણ્યવાન પુણ્ય કરું છું, દયા કરું છું, ભક્તિ કરું છું એ જ હું છું, એમ અજ્ઞાની માને છે. આહાહાહા ! કહો, પંડિતજી ? આવી આકરી વાત છે. છે ? અંદર છે કે નહિ આ પાઠ ? સામે પુસ્તક પડયું છે. ( શ્રોતા:- પણ એમાં કાંઈ સમજાય એવું નથી ) ઘરનાં ચોપડા વાંચતા આવડે છે, ને ! આ વાંચતા ન આવડે ! એમ કહે છે. વીતરાગની વાણી છે આ ! આહાહાહા !

ખરેખર હું રાગી છું, અજ્ઞાનીને રાગની ખબર નથી હજી. ભક્તિનો રાગ છે, એ રાગ છે એનીય ખબર નથી. ભગવાનની ભક્તિ કરવી, વ્રત કરવા, શાસ્ત્રની ભક્તિ કરવી, શાસ્ત્રનો વિનય કરવો, એ ( ભાવ ) બધા રાગ છે. આહાહા ! અજ્ઞાનીને, એ રાગ હું છું એવું જાણે છે- રાગથી મારી ચીજ ભિન્ન છે એમ નથી જાણતો. આમ છે ભાઈ મારગ તો. આહાહા ! અરે, સાંભળવા મળે નહીં, એ વિચારે કેમ અને ક્યારે કરે આ. આહાહાહા ! મનુષ્યપણું ચાલ્યું જાય છે-મોતની નજીક જાય છે તો મોત ! દેહનો અંત આવવાનો સમય તો નિશ્ચય છે એ દેહનો છૂટવાનો સમય નક્કી છે, તો જેટલો સમય જાય છે એ મોતની-મરણની સમીપ જાય છે. આહાહા ! આમ છે ને ભગવાન. ભગવાન તારી ચીજ તો અંદર નિર્મળાનંદ છે ને નાથ ! આહા ! તો એને ન જાણીને, રાગ હું છું-હું રાગી છું દ્વેષી છું.

અર્થાત્ હું રાગનો કર્તા છું, એ રાગ મારું કર્તવ્ય છે. દયા-દાન-વ્રત-ભક્તિનો રાગ છે, તો એ અજ્ઞાની માને છે કે રાગ મારું કર્તવ્ય છે- કર્તા-કર્મ અધિકાર છે ને ? કર્તા માને છે એ અજ્ઞાની છે એમ કહે છે. આ તો તમારી બીડીયું-બીડીયુંનું તો ક્યાંય રહી ગયું. તમાકું-બમાકું તો ધૂળ બહાર રહી ગઈ. આહાહા !

અહીં આ રાગી હું છું, રાગ કર્તા હું છું, રાગી હું છું અર્થાત્ આ હું રાગને કરું છું. ( શ્રોતા:- અર્થાત્ રાગ મારો છે ) એ રાગ મારો છે, કહો એ રાગ મારો છે તો રાગી હું છું કહો એ રાગનો કર્તા હું કહો એક જ વાત છે. આહાહા ! છે ? આ હું રાગ કરું છું- દ્વેષ કરું છું એમ માનતો થકો રાગી અને દ્વેષી થાય છે. આહાહા !

ભગવાન તો વીતરાગમૂર્તિ છે પ્રભુ અંદર. એને તો અસ્ત કરી દીધો છે, છે નહીં જાણે એમ કરી દીધું છે. આહાહા ! ભગવાન વીતરાગમૂર્તિ, અનંતગુણનું ધામ, શાંત સાગર, એ તો જાણે છે નહીં અને આ રાગની ક્રિયા એ હું છું-રાગી હું છું-રાગનો કર્તા હું છું. તેથી અજ્ઞાનમય ભાવને કારણે, આ કારણે, તેથી એટલે આ કારણે, અજ્ઞાનમયભાવને કારણે અજ્ઞાની પોતાને પર એવા રાગ-દ્વેષને કરતો થકો કર્મોને કરે છે. એ રાગ-દ્વેષ કર્મ છે, કર્મ એટલે વિકારીકર્મ, એટલે જડકર્મની વાત નથી અહીંયાં. એ શુભાશુભ ભાવ છે એ કર્મ એટલે રાગનું કાર્ય, એ મારું કાર્ય

છે. આહાહા ! બહુ શ્લોક, થોડામાં પણ ઘણું ભરી દીધું છે. અરે રે ! દુનિયાને મળે નહીં, બિચારા એમ ને એમ રખડયા કરે. ( શ્રોતાઃ- ક્યાંથી મળે સોનગઢમાં આવે તો મળે. ) સોનગઢને થયા કેટલો, વખત ઘણો થઈ ગયો. માંદા છે એવું સાંભળ્યું હતું, શેઠ માંદા છે શોભાલાલજી ! ઠીક નથી એમ સાંભળ્યું હતું બે-ચાર મહિના પહેલાં, શરીરની સ્થિતિ છે બાપા ! શ્લોક ( ગાથા ) તો બહુ સરસ છે.

તેથી અજ્ઞાનમય ભાવને લીધે, અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિ પોતાને પર એવા રાગ-દ્વેષરૂપ કરતો થકો-હું રાગ ને દ્વેષનો કર્તા છું એમ માનીને રાગ-દ્વેષનું કાર્ય કરે છે, કર્મ નામ રાગનો કર્તા. બહુ સરસ વાત છે.

હવે, જ્ઞાની, હવે ધર્મી કેવો હોય છે ? અજ્ઞાની કેવો હોય છે એ વાત કરી. હવે ધર્મી કેવો હોય છે ?

'જ્ઞાનીને તો', જ્ઞાની કહો કે ધર્મી કહો, ધર્મીને તો, સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક દ્વારા, સાચા પ્રકારથી સ્વ આત્મા આનંદમૂર્તિ છે અને પર-રાગાદિ છે એ સ્વપરનો વિવેક, ભિન્નનું ભાન છે. ધર્મીને સ્વ આનંદસ્વરૂપ અને રાગ દુઃખરૂપ એ બન્નેનું ભિન્ન જ્ઞાન છે.

'જ્ઞાનીને તો, સમ્યક્ પ્રકારે-યથાર્થપણે, સ્વપરના વિવેક દ્વારા ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી હોવાથી' -આહાહાહા ! ધર્મીને તો, રાગથી આત્મા ભિન્ન છે એવી ખ્યાતિ-આત્માની પ્રસિદ્ધિ થઈ છે. હું તો આનંદ છું, શાંત છું, વીતરાગી છું, અકષાય છું, આનંદ છું, એવી આત્માની પ્રસિદ્ધિ જ્ઞાનીને, રાગથી ભિન્ન પ્રસિદ્ધિ થઈ ગઈ છે. આહાહા ! કહો, આવી વાત છે. ભાષા ઘણી ટૂંકી છે પણ ભાવ ઘણાં ભર્યાં છે અંદર, આહાહાહા ! શું કરે ?

આત્માની ખ્યાતિ અત્યંત ઉદય ઓલામાં અસ્ત થઈ ગઈ. આમાં રાગથી ભિન્ન આત્માનો ભાવ પ્રગટ થયો છે-હું તો અનુભવ આનંદ ! હું જ્ઞાયક છું, હું વીતરાગસ્વરૂપ છું-મારી શાંતિ જ મારો સ્વભાવ છે. રાગ આદિ વિકલ્પ એ મારો સ્વભાવ નહિ. આહાહાહા ! 'અત્યંત ઉદય પામી હોવાથી, જ્ઞાનમય ભાવ જ હોય છે.'-ધર્મીને તો, આત્મમય જ ભાવ હોય છે. જ્ઞાનમય શબ્દે આત્મમય. શુદ્ધ આત્મા જે આનંદ-જ્ઞાન-શાંતિ-વીતરાગ સ્વભાવ છે. તો એ બધા ( ભાવ ) વીતરાગ ભાવમય જ આત્માના ભાવ હોય છે. ધર્મીને તો વીતરાગમય ભાવ જ થાય છે, રાગમય ભાવ નહિ. આહાહા ! આવી વાતું છે.

આ એમાં દુનિયામાં હોંશુંમાં પડયા હોય બિચારા, પૈસા ને બાઈડી-છોકરાં ને કુટુંબ ને એમાં આ વાતો કરવી. ( શ્રોતાઃ- નોકર હોય ને ચાકર હોય ! ) નોકર ને ચાકર ને ધૂળમાં બધી હોળી છે. આહાહા ! સીત્તેર લાખનું મકાન નથી કીધું, આમોદવાળા રમણિકભાઈ પાંચ-છ કરોડ રૂપિયા. સીત્તેર લાખનું તો એક મકાન છે. શેઠ ? જોયું છે કે નહિ ? અમે ન્યાં હતા ત્યારે અમે ઊતર્યા'તા ત્યાં ૮૭ મી ( જન્મ જયંતી ) ત્યાં કરી હતી ને આમોદવાળા, અમારે પાલેજની પાસે આમોદ છે ને ? નરમ માણસ છે, પાંચ-છ કરોડ રૂપિયા ( છે ) અને સીત્તેર લાખનું તો એક મકાન છે, જોયું છે ભાઈ તમે કે નહીં ? ત્યાં ઊતર્યા હતા અમે ૮૭મી ( જયંતી ) માં દરિયા કાંઠે ! સીત્તેર લાખનું તો એક મકાન, એવા એવા તો ઘણાં મકાન ને પાંચ-છ કરોડ રૂપિયા, તે એનાં મકાનમાં ઊતર્યા'તા. ( શ્રોતાઃ- સીત્તેર લાખનું એક મકાન, તો અમને થાય કે અમારેય આવું

હોય તો !) એવી હોળી હોય તો ? એ તો હોળી છે ! (શ્રોતાઃ- આપ તો ઊતર્યા'તા એમાં !) ઊતર્યા'તા એ તો અમે રહ્યા હતા, અમે તો અમારામાં હતા, ન્યાં (અમે) નહોતા.

(શ્રોતાઃ- એ તો સંયોગ છે) એ તો સંયોગી ચીજ છે. આંહી એ લોકો બિચારા (આવે) એની મા, ડોસી છે ને બહુ નરમ છે, વૃદ્ધ છે ને પ્રેમ ઘણો છે, એની માને બહુ પ્રેમ, છોકરાઓનેય પ્રેમ છે, ત્યાં ભાઈ મોટાને (પ્રેમ છે) અમે ત્યાં વડોદરા દિગમ્બર મંદિરનો પાયો નાખ્યો ને, માગશર સુદ દશમે, પચ્ચીસ હજાર (રૂપિયા) દીધા, શાંતિભાઈએ પચ્ચીસ હજાર દીધા, આ મંદિર પાંચ લાખનું મંદિર (બનશે) તો મંદિર તો એનું એ પાંચ લાખનું મંદિર બનાવવું છે, બે લાખની તો જમીન લીધી છે. રહ્યા હતા ને અમે બાવીસ દિવસ રહ્યા હતા, પાંચ દિ' વડોદરા રહ્યા હતા ને અમે બાવીસ દિવસ રહ્યા હતા (તેમાં) પાંચ દિ' વડોદરા, આઠ દિ' અમારે પાલેજ, દુકાન હતી ને અમારી ત્યાં આઠ દિવસ ! પછી અમદાવાદ આવ્યા ને અહીં, માગશર વદ બારશે અહીં આવ્યા, હવે આ ઓલું ફાગણ વદ એકમે, બુધવારે રાજકોટ. આહાહાહા !

આંહી કહે છે કે 'જ્ઞાનમય ભાવ જ હોય છે' અને તે હોતાં, સ્વપરના ભિન્નત્વને 'વિજ્ઞાન ને કારણ -ધર્મીને તો, પરની જુદાઈના વિજ્ઞાનના કારણે' જ્ઞાનમાત્ર એવા પોતામાં સુનિવિષ્ટ છે. આહાહાહા ! જ્ઞાન ને આનંદમાં ધર્મી તો સુ=વિશેષ, નિષ્ટ=સ્થિત એ અંદર છે, એ રાગમાં છે નહિ. શરીરમાં તો નથી પરમાં તો નથી-મકાનમાં તો નથી, પણ રાગમાં નથી. આહાહા ! આવી વાતું ભારે આકરી બાપા ! ભિન્નત્વ-સ્વપરની જુદાઈને કારણ, વિજ્ઞાનને કારણે જ્ઞાનમાત્ર એવા નિજમાં જ્ઞાનમાત્ર-આનંદમાત્ર-વીતરાગ સ્વભાવ હું છું એમાં સુનિવિષ્ટ (એટલે કે) સમ્યક્ પ્રકારથી સ્થિત થયેલો. આહાહાહા ! જ્ઞાન-આનંદ શાંતિ-સ્વચ્છતા-પ્રભુતા આદિ અનંતગુણમાં સ્થિત છે. ધર્મી રાગમાં સ્થિત નથી. આહાહાહા ! પર એવા રાગ દ્વેષથી ભિન્નત્વને કારણ, આહાહા ! પુણ્ય ને પાપના ભાવ એ તો ભિન્ન પર છે. ઓહોહો !

દયા-દાન-વ્રત-ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન-વિનય, એ બધું રાગ છે, એ પર છે. પર એવા રાગ-દ્વેષથી ભિન્નત્વને કારણે 'નિજ રસથી જ' -પોતાના આનંદરસ ને શાંતરસથી જ 'જેને અહંકાર નિવૃત્ત થયો છે'-નિજરસથી જ પરનો અહંકાર નિવૃત થયો છે-રાગ-દ્વેષના ભિન્નત્વને કારણે એમ. રાગ-દ્વેષના ભિન્નત્વને કારણે, નિજરસથી જ જેને અહંકાર નિવૃત થયો છે, આત્માના આનંદને કારણે, રાગથી ભિન્ન થઈને, પરનો અહંકાર નિવૃત્ત થયો છે-'રાગ મારો છે' એવો અહંકાર છૂટી ગયો છે. લક્ષ્મી મારી છે, શરીર મારું છે એ તો ક્યાંય દૂર રહી ગઈ, એ તો ધૂળ બહાર છે. આહાહાહા ! સમજાણું કાંઈ... ?

પણ, દયા-દાનનો રાગ એ મારો છે એનાથી નિવૃત્ત થઈ ગયો છે. આવી વાત. અહમ્- હું તો શુદ્ધ ચૈતન્યઘન-આનંદ છું, રાગ મારો છે એવો અહંકાર જ્ઞાનીને છૂટી ગયો છે, તો એમાં દિકરા મારા ને બાઈડી મારી ને છોકરા મારા ને પૈસા મારા ને મકાન મારા, એ તો ક્યાંય ધૂળ રહી ગઈ ! આહાહા ! બહુ આકરું આ કામ ભાઈ ! વીતરાગ મારગ, જ્ઞાનમાં આવવું અલૌકિક વાત છે ! આહાહાહા !

અહીં તો કહે છે કે ભલે તને રાગની આસક્તિ ન છૂટે, પણ શ્રદ્ધામાં રાગનો અહંકાર છૂટી જવો જોઈએ. સમજાણું કાંઈ ? આહાહા ! રાગની આસક્તિ તો જ્ઞાનીને પણ હોય છે, પણ એનો

અહંકાર-એ મારી ચીજ છે એ શ્રદ્ધામાંથી છૂટી ગયો છે. સમજાણું ? આવું વ્યાખ્યાન ! આવો મારગ ! ( શ્રોતાઃ- આ એક જ પરમ સત્ય વાત છે ) આવી વાત છે બાપુ ! શું થાય ? દુનિયાને એકાંત લાગે, નિશ્ચયાભાસ જેવું લાગે, વ્યવહારનો લોપ કરે છે એમ લાગે, મારગ તો છે તો આવો.. વ્યવહાર, જેટલી રાગની ક્રિયા છે એ પોતાની માનવી એ તો મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની છે, આહાહા ! શરીર મારું છે, કર્મ મારા છે એ તો બીજી વાત રહી ગઈ, એ તો સ્થૂળદૃષ્ટિ મિથ્યાત્વ છે, પણ દયા-દાન-વ્રત-ભક્તિનો રાગ પણ મારો છે એ પણ મિથ્યાત્વ ભાવ છે. આહાહાહા !

( શ્રોતાઃ- જ્ઞાનીને તો, રાગ ભિન્ન ભાસે છે તો અનાસક્તિ થઈ જાય છે ) આસક્તિ તો છે, અનાસક્તિનો અર્થ-શ્રદ્ધામાં છૂટી જાય છે, આ મારું છે એ દૃષ્ટિ છૂટી જાય છે. આહાહા ! ગીતા, ગીતા કહે છે કે 'કામ કરવું પરંતુ અનાસક્તિભાવે કરવું'-તો આ એવું છે જ નહીં. કામ કરે એ જ આસક્તિ ને મિથ્યાત્વભાવ છે. આંહી તો આસક્તિનો અર્થ અસ્થિરતા છે, પણ એનો સ્વામી આત્મા છે એ છૂટી ગયો છે. ધણીપતું છૂટી ગયું છે. રાગ, લંગડો થઈ ગયો છે. આહાહા !

મારી ચીજ તો શુદ્ધ ચૈતન્યઘન-આનંદકંદ પ્રભુ, એનાં પાકમાં તો વીતરાગી પર્યાયનો પાક થાય છે, એ જ મારું કર્તવ્ય છે, રાગ મારું કર્તવ્ય છે એવું જ્ઞાનીને છૂટી ગયું છે. આહાહા ! એ વાત તો બાપુ સત્ય વાત ઘણી અલૌકિક છે ! અસત્ય વાત તો બેઠી છે અનાદિથી. આહાહા !

રાગી હું છું એ રાગનો કર્તા છું નહિ, એમ હોવાથી સ્વપરના ભિન્નત્વને કારણે-રાગ-દ્વેષના ભિન્નત્વને કારણે, નિજરસથી એનો અહંકાર નિવૃત્ત થયો છે. દેખો 'એવો પોતે ખરેખર કેવળ જાણે જ છે' સ્વયં ( પોતે ) ખરેખર માત્ર, માત્ર, બિલકુલ રાગનો કર્તા ન થતો માત્ર જાણે જ છે. કહો, સમજાણું ? રાગી અને દ્વેષી નથી થતો. આહાહા ! એ મેલ છે, હું તો નિર્મળાનંદપ્રભુ છું. આહાહા ! નિર્મળ-વીતરાગ સ્વભાવી આત્મા હું છું, એ રાગ, મારો છે એમ થતું નથી, સમ્યક્દૃષ્ટિ ચોથેગુણસ્થાનેથી, છ ખંડના રાજ્યમાં દેખાય ચક્રવર્તી એ આવે છે એમાં, સોગાનીજીમાં છ ખંડમાં દેખાય છે પણ એ અખંડને સાધે છે. એવું છે 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં છ ખંડને સાધતા નથી, એ તો અખંડ આત્મા સમ્યગ્દર્શનને અખંડને સાધે છે. અંતરના અભિપ્રાયની વાત કોઈ બીજી જ છે. અભિપ્રાય રાગથી છૂટી ગયો છે, અભિપ્રાય આત્મા આનંદ હું છું એવો અભિપ્રાય થઈ ગયો છે. એ અભિપ્રાયમાં રાગ મારો છે એવું છૂટી ગયું છે. અજ્ઞાનીને અભિપ્રાયમાં 'હું શુદ્ધ છું' એ અભિપ્રાય છૂટી ગયો છે, અને રાગ મારો છે એવો અભિપ્રાય થઈ ગયો છે. આહાહાહા !

( કહે છે ) 'નિજરસથી અહંકાર છૂટી ગયો છે એવો સ્વયં વાસ્તવમાં માત્ર જાણે જ છે' જાણે જ છે, આહાહા !

"સ્વ-પર પ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચન ભેદ ભ્રમ ભારી,
જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી સ્વરૂપા-પરરૂપા ભાસી."

સ્વજ્ઞેય એ આનંદ-કંદ છે, ને પર રાગાદિ એવું જ્ઞેય, બન્ને ભિન્ન છે. આહાહા ! એમ જ્ઞાનીને રાગનો અહંકાર છૂટી ગયો છે, અને પોતાના પૂર્ણાનંદની શ્રદ્ધાનો અભિપ્રાય દૃઢ થઈ ગયો છે. આહાહા ! સમજાણું કાંઈ... ? કહો, શાંતિભાઈ ! આમાં ક્યાં કાંઈ મળે એવું છે ન્યાં ? ( શ્રોતાઃ- માટે તો આવ્યા છે ) અરે રે ! આવું મનુષ્યપણું એનો એક એક સમય કૌસ્તુભમણિ જેવો છે, એક એક સમય, એમાં આ વાત સમજણમાં ન આવે, સાંભળવામાં ન આવે. આહાહા ! અરે

રે ! તો કે દી' સમજણમાં આવે ? દુર્લભ વસ્તુ છે ભગવાન, અશક્ય તો નથી પણ દુર્લભ તો છે. છે ? આહાહાહા !

(જ્ઞાની) રાગી દ્વેષી થતા નથી-રાગ-દ્વેષ કરતા નથી જ્ઞાની, તેથી જ્ઞાનમય ભાવને કારણે ધર્મીને તો જ્ઞાનમય, આનંદમય, શાંતમય, વીતરાગમયભાવને કારણે, જ્ઞાની-ધર્મી પોતાને પર એવા-રાગ-દ્વેષરૂપ નહિ કરતો થકો, પોતાને રાગ-દ્વેષરૂપ નહીં કરતો, કર્મોને કરતો નથી. રાગ-દ્વેષરૂપી કાર્યને કરતો નથી. રાગ-દ્વેષરૂપી કર્મ નામ ભાવકર્મ, એને કરતો નથી એમ કહે છે. જડકર્મની અહીં વાત નથી, એ ભાવકર્મ-જે દયા-દાન-વ્રત-ભક્તિ ને કામ ક્રોધાદિ જે છે એ ભાવકર્મનો જ્ઞાની કર્તા નથી. આહાહા ! આવો મારગ લોકોને એ રસ્તે ચઢાવી દીધા, જાત્રા કરો, ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો, અપવાસ કરો, ધર્મ થઈ જશે. બિચારા રખડી મરવાના રસ્તે પડયા છે, મિથ્યાત્વને રસ્તે. આહાહા ! (શ્રોતાઃ- કંઈક તો થશે) થશેને કંઈક, જનમ-મરણ કરશે, અને મિથ્યાત્વના ભાવ છે તો નિગોદમાં જશે. આહાહા ! મિથ્યાશ્રદ્ધાના ફળમાં તો અનંત નિગોદમાં (જશે) જે એ અનંતકાળે ત્રસ નહિ થાય એમાં જઈશ, ભાઈ બાપુ તને ખબર નથી. આહાહા !

વીતરાગ પરમાત્મા શું કહે છે એની તો ખબર નથી અજ્ઞાનભાવથી પોતાને માન્યો છે તો પોતાને રાગ-દ્વેષરૂપ ન કરતા થકા, કર્મ, કર્મ નામ રાગ દ્વેષ કાર્ય રાગ-દ્વેષ કર્મોને નથી કરતો રાગ-દ્વેષરૂપી ભાવકર્મને જ્ઞાની કરતા નથી. જડ કર્મની વાત તો અહીં છે નહિ. જડ કર્મને તો અજ્ઞાની પણ કરી શકતો નથી, જડ કર્મ તો જડની પર્યાય સ્વતંત્ર બને છે, પણ આંહી તો જ્ઞાની, રાગ-દ્વેષરૂપી કાર્યને પણ કરતો નથી. એનો જાણનાર-દેખનાર રહેવાવાળો, અભિપ્રાયમાં રાગના કર્તા જ્ઞાની થતા નથી. અજ્ઞાની અભિપ્રાયમાં રાગનો કર્તા થઈને, આત્માનું અજ્ઞાન કરે છે. આહાહા ! બહુ ગાથા ૧૨૭-બેય વાત આવી, અજ્ઞાનીની અને જ્ઞાનીની. આહાહા !

'રાગી અને દ્વેષી થતો નથી (અર્થાત્ રાગ અને દ્વેષ કરતો નથી); તેથી જ્ઞાનમય ભાવને લીધે જ્ઞાની પોતાને પર એવા રાગ-દ્વેષરૂપ નહિ કરતો થકો કર્મોને કરતો નથી.

જેમને રાગથી ભગવાન ભિન્ન નવ તત્ત્વ છે, એમાં રાગ તત્ત્વ-પુણ્ય-પાપ તત્ત્વ છે. આત્મા તો જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે, આમ ભિન્ન છે એમ નહિ માનવાવાળો રાગ ને જ્ઞાનની એકત્વબુદ્ધિમાં, રાગને પોતાનો માને અને જ્ઞાની, રાગ ને સ્વપરનું ભેદજ્ઞાન થયું છે એ કારણથી રાગમાંથી અહંકાર છૂટી ગયો છે, જ્ઞાનાનંદમાં અહંપણું દૃઢ-શ્રદ્ધાપણું આવી ગયું છે, એથી રાગનો કર્તા થતો નથી, જ્ઞાતા-દૃષ્ટા રહીને રાગને જાણે છે. એનું નામ ધર્મી ને જ્ઞાની કહેવામાં આવે છે. (વિશેષ આવશે) (શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૧૫ ગાથા-૧૨૭ શુક્રવાર, ફાગણ સુદ-૧૧, તા. ૯/૩/'૭૯

(ભાવાર્થઃ-) આ આત્માને ક્રોધાદિક મોહનીય કર્મની પ્રકૃતિનો રાગ-દ્વેષનો ઉદય આવતાં,- પ્રકૃતિ છે જડ, એનો ઉદય આવવાથી, પોતાના ઉપયોગમાં રાગ-દ્વેષરૂપ મલિન સ્વાદ આવે છે, કર્મ પ્રકૃતિ તો જડ છે એનો ઉદય આવે છે, ત્યારે આત્માના ઉપયોગમાં મલિન સ્વાદ આવે છે.

એ કર્મની પ્રકૃતિમાં-નિમિત્તમાં જોડાવાથી પોતાના ઊપયોગમાં મલિન-રાગ-ક્રોધ-માનાદિના પરિણામ થાય છે, એ સ્વાદ મલિન છે. આહા !

'અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નહિ હોવાથી અજ્ઞાનીને, આ મલિન સ્વાદ મારી ચીજ નથી, ( તેવી તેને ) ખબર નથી, મારી ચીજ તો જ્ઞાન ને આનંદ છે એવી ખબર નથી, તો એ મલિન ભાવને જ પોતાના માને છે. સૂક્ષ્મ વાત છે ભાઈ આ. આહાહા ! જે કર્મના નિમિત્તે પોતાની પર્યાયમાં, પોતાથી મલિનપરિણામ થાય છે, એનો સ્વાદ મલિન છે. આહાહા ! ચાહે તો શુભાશુભ ભાવ હોય ( પણ ) એનો સ્વાદ મલિન છે, એ મલિન સ્વાદનો અજ્ઞાનીને ભેદ ન હોવાથી, કે આ મલિન સ્વાદ મારી ચીજ નથી, હું તો આનંદ ને જ્ઞાન છું એવું ભેદજ્ઞાન અજ્ઞાનીને નથી. આહાહા ! કેમ ! બાબુભાઈ નથી આવ્યા ? ( શ્રોતાઃ- તબિયત બરાબર નથી. ) ઠીક ! સમજાણું કાંઈ... ? સૂક્ષ્મ વાત છે ભગવાન ! આહાહાહા !

આત્મા તો આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે ! એનો ઉપયોગમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો મલિન સ્વાદ આવે છે, એ પોતાની ચીજ નથી, અજ્ઞાનીને એનું ભેદજ્ઞાન નહિ હોવાથી, આ મલિન સ્વાદ જ હું છું ( એમ માને છે. ) ભગવાન આત્મા તો નિર્મળાનંદ-જ્ઞાન-આનંદસ્વરૂપ છે, એની અજ્ઞાનીને ખબર નથી. આહાહા ! છે ? અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નહિ હોવાથી-અજ્ઞાનીને સ્વ તો હું આનંદ ને જ્ઞાન છું અને પર આ રાગદ્વેષ સ્વાદ આદિ પર છે, એવો 'પર' અને 'સ્વ'નો ( ભેદ નહિ હોવાથી ) -ભેદજ્ઞાન નથી, ( તેથી તે ) એમ માને છે કે આ રાગ-દ્વેષરૂપ મલિન ઉપયોગ જ મારું સ્વરૂપ છે. આહાહા ! શુભ-અશુભ રાગ આવે છે એ મલિન છે-મેલ છે -દુઃખ છે, એ સ્વાદનો અને આત્માના જ્ઞાનાનંદ સ્વભાવનો-સ્વપરનું ભેદજ્ઞાન નથી તેથી આ સ્વાદ જ હું છું ( એમ માને છે ), જડનો સ્વાદ નથી આવતો મેસુબ ખાય છે કે રોટલી, એનો સ્વાદ નથી એ તો જડ છે એમાં અનુકૂળ-પ્રતિકૂળ માનીને જે રાગ-દ્વેષ થાય છે એ મલિન સ્વાદ છે. આહાહા ! મલિનસ્વાદ અને મારીચીજ ભિન્ન છે, એવું અજ્ઞાનીને અનાદિકાળથી ભેદજ્ઞાન નહિ હોવાથી, આ મલિન સ્વાદ જ હું છું ( એમ અજ્ઞાની માને છે. ) સમજાય છે કાંઈ... ? ઝીણી વાત છે. પ્રભુ ! આહા ! અત્યારે તો ઘણી ગરબડ થઈ ગઈ, ત્યાં લોકોને આવું બેસવું-સાંભળવું કઠણ પડે છે ભાઈ !

પ્રભુ ! તું કોણ છો ? તું તો જ્ઞાનને આનંદ છો પ્રભુ ! તારા ઉપયોગમાં જે રાગ-દ્વેષ મલિનતા દેખાય છે એ તારી ચીજ નથી, એ તારું સ્વરૂપ નથી, એ તો મેલનું સ્વરૂપ-કર્મનો મેલ છે-ભાવકર્મનો મેલ છે હોં, જડનો નહીં. સૂક્ષ્મ વાત છે ભાઈ ! આહાહા ! ભેદજ્ઞાન નહિ હોવાથી એ માને છે કે આ રાગ-દ્વેષ મલિન ઉપયોગ જ મારું સ્વરૂપ છે-એ શુભ-અશુભ રાગ થાય છે એ મલિન છે, બેય. આહા ! દયા-દાન-વ્રત-ભક્તિ ( આદિના ) ભાવ છે એ રાગ છે-રૂપી-મલિનભાવ છે, અને હિંસા, જૂઠ, ચોરી, ભોગ-વિષયવાસના, કામ-ક્રોધ ( આદિના ) અશુભ ભાવ મલિન છે, એ બેય મલિન છે. એ મલિન ભાવ છે તે જ હું છું એમ અજ્ઞાની માને ( છે ) એવું માનીને 'તે જ હું છું' એ પ્રકારે રાગ-દ્વેષમાં અહંબુદ્ધિ કરતો અજ્ઞાની પોતાને રાગી-દ્વેષી કરે છે' આવી વાત ઝીણી ઘણી ભાઈ ! આહાહા !

એ રાગ અને દ્વેષના પરિણામ થાય છે એમાં અહંબુદ્ધિ કરતો-આ હું છું એ મારું કાર્ય છે

ને મારી ચીજ છે. આહાહાહા ! ભગવાન આત્મા તો સ્ફટિક જેવો નિર્મળાનંદ છે. સ્ફટિકમાં જેમ લાલ અને પીળા ફૂલના નિમિત્તે અંદરમાં ( સ્ફટિકમાં ) ઝાંય પડે છે, લાલ-પીળી એ સ્ફટિકનો સ્વભાવ નથી. સ્વભાવની પર્યાયમાં એવી લાલ-પીળી ઝાંય દેખાય છે, એ સ્ફટિકનું સ્વરૂપ નથી. એમ આત્માના ઉપયોગમાં, શુભ-અશુભ રાગનું-મલિનનું જે સ્વાદ આવે છે એ આત્માનું સ્વરૂપ નથી. આહાહા ! આવું કામ શેઠ ! રાગ-દ્વેષ પરિણામ એ પોતાનું સ્વરૂપ નહીં. વિકૃત છે- ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો પ્રભુ, એ મલિન છે-મેલ છે-દુઃખ છે-આકુળતા છે, એ આકુળતાથી મારી ચીજ ભિન્ન છે, આવું અજ્ઞાનીને ભાન નહિ હોવાથી એ મલિન પરિણામ જ હું છું એવો અહંકાર કરે છે. ઝીણી વાત છે ભાઈ ! આહાહાહા !

છે ? શબ્દ તો સાદા છે, બહુ સંસ્કૃત ને વ્યાકરણ ને એની કોઈ આમાં જરૂર નથી-સંસ્કૃત ને વ્યાકરણને એની કોઈ જરૂર નથી આમાં. આહાહા ! "જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ રે"-જેમ નિર્મળતા સ્ફટિકની સ્ફટિક અમે જોયું છે આવડું ! સ્ફટિક ! જામનગરમાં ! ( શ્રી સમયસારની ) સોમી ગાથા ચાલતી હતી એકાણુંની સાલની વાત છે, એકાણું આવ્યું ને એકાણું અહીંયા એકાણુંના માગશર માસમાં વ્યાખ્યાન ચાલતું હતું અને સોમી ગાથા, તો ( સાંભળવા ) બધા આવતા હતા, મોટા-મોટા ! આમ વૈદ આવતા ઘણાં ! દાક્તર-દાક્તર ઘણાં દાક્તર આવતા હતા ( તેમાં ) એક અઢી હજારનો પગાર શું નામ ? પ્રાણજીવન દાક્તર, બધા આવતા હતા, દાક્તરે ય આવતા પણ આ વાત બેસવી કઠણ. પછી એણે ( મને ) કહ્યું કે મારે ત્યાં એક છ લાખનું 'સોલેરિયમ' સંચો છે છ લાખનો. એ વખતની વાત હોં ! છ લાખ, ચાલીશ વરસ પહેલાંની તે દાક્તર કહે જોવા પધારો મહારાજ ! તમારે દૃષ્ટાંત આપવામાં કામ આવશે, સોમી ગાથા ચાલતી હતી સમયસારની તો એમણે એ સ્ફટિક બતાવ્યું આવડું ( મોટું ) આવડું, સ્ફટિક નિર્મળ ! નિર્મળ !

એમ આત્મા તો સ્ફટિક રતન જેવો નિર્મળાનંદ પ્રભુ છે. આહાહા ! એ સ્ફટિકમાં જેમ લાલ અને પીળા ફૂલની ઝાંય પોતાની યોગ્યતાથી દેખાય છે પણ એ સ્ફટિકનું સ્વરૂપ નહીં, એમ આત્માની પર્યાયમાં, કર્મના નિમિત્તે, પોતાનાથી ઉત્પન્ન થયેલ શુભાશુભ ભાવ, એ મલિન પર્યાય છે, એ પોતાનું સ્વરૂપ નથી. એ મલિનતાને અજ્ઞાની પોતાની માનીને અહંબુદ્ધિ કરે છે- અજ્ઞાની પોતાને રાગી-દ્વેષી કરે છે. ઓહોહોહો ! પ્રભુ તો વીતરાગસ્વરૂપ-જ્ઞાતા-દૃષ્ટા આત્મસ્વભાવ છે, એને અજ્ઞાની પોતાને રાગ-દ્વેષરૂપ કરે છે ( અર્થાત્ માને છે ) હું તો રાગી છું ને ! દ્વેષી છું ને ! પૈસાવાળો અને લક્ષ્મીવાળો છું એ તો ( વાત ) ઘણી દૂર રહી ગઈ. રજનીભાઈ ? એ તો દૂર રહી ગઈ મૂઢતા. પૈસાવાળા, તો એની વાત ( તો ) અહીંયા છે નહીં કંઈ, ( પણ ) અહીંયા તો પરમાત્મા એમ બતાવે છે કે પ્રભુ, તું તો સ્ફટિક જેવો નિર્મળ છે ને ! તારો ત્રિકાળી સ્વભાવ તો નિર્મળ ને આનંદ છે ને નાથ ! ! તારી પર્યામયાં-ઉપયોગમાં જે રાગ-દ્વેષના મલિન ભાવ દેખાય છે એ તારી ચીજ નહીં, પણ અજ્ઞાનીને આ પુણ્ય-પાપના મલિન ભાવ મારા છે એમ કર્તા થાય છે. આહાહાહા ! ભારે ભાઈ જવાબદારી. છે ? 'અહંબુદ્ધિ કરતો અજ્ઞાની પોતાને રાગ-દ્વેષરૂપ કરે છે.' છે શેઠ ? ત્યાં તમારા ચોપડામાં ક્યાંય આવે નહિ આ વાત ! બીજી વાત છે પ્રભુ ! આહાહા !

ચૈતન્ય હીરલો, અંદર આનંદનો નાથ પ્રભુ ! એનાં ઉપયોગમાં રાગ-દ્વેષ ને મલિનતા જે ભાસે છે, અજ્ઞાની એને પોતાના માનીને કર્તા થાય છે. કેમ કે એની દૃષ્ટિ પર્યાય-રાગ ને પર્યાય ઉપર છે, પર્યાય ઉપર હોવાથી રાગ-દ્વેષ મારા છે ને હું કર્તા છું, એમ અજ્ઞાની માને છે. એટલા માટે એ કર્મોને કરે છે, 'કર્મો' શબ્દે એ શુભ-અશુભભાવ, કર્મ એટલે જડ નહીં. આહાહાહા !

ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એને છોડીને શુભ-અશુભ ભાવ જે ભાવકર્મ છે- વિકારી એનો કર્તા છે. છે ? આહાહા ! કર્મ એટલે જડ નહીં પુણ્ય-પાપના ભાવ-ભાવકર્મ જે છે એ ભાવકર્મનો અજ્ઞાની કર્તા થાય છે. આહાહાહાહા ! 'આ પ્રમાણે અજ્ઞાનમય ભાવથી કર્મબંધ થાય છે'-હવે, નવું કર્મબંધન આ અજ્ઞાનભાવથી થાય છે. શુભ-અશુભ ભાવ મલિન છે એ મારા છે આવું અજ્ઞાની આમ કરતો થકો નવું કર્મબંધન કરે છે-નવું કર્મબંધન થાય છે. કરે છે એવું નથી ત્યાં. અજ્ઞાનમય ભાવથી કર્મબંધન થાય છે. જડ કર્મની પર્યાય જડથી થાય છે. અજ્ઞાની તો પોતાના રાગ-દ્વેષ છે એમ માનીને રાગ-દ્વેષ કરે છે બસ. અને એનાથી કર્મબંધન જડની પર્યાય, જડથી ઉત્પન્ન થાય છે. એ કર્મબંધનમાં નિમિત્ત છે. કર્મ પરિણામ ને કર્મબંધનની પર્યાય પોતાથી સ્વતઃ કર્મપર્યાય થાય છે. આહાહા !

કેટલું ધ્યાન રાખવું ? કહો, શાંતિભાઈ ? આવી વાત છે, હીરા-માણેક લેવા-દેવાની ક્રિયા તો કરતો નથી, એમ કહે તો એ વાત તો અહીંયા છે જ નહીં. એનો તો કોઈ કર્તા હોય છે કે નહીં. આ લાદીમાં છાંટે છે ને ! ભિન્ન ભિન્ન શું કહેવાય એ તમારે ? રંગ છાંટેને દાણા ભિન્ન ભિન્ન, ભિન્ન ભિન્ન લાદીમાં વિચિત્રતા દેખાય, જોયું છે ? ત્યાં જામનગરમાં, જામનગરમાં એક વઢવાણના લાદીના વેપારી મોટા છે, ત્યાં અમે દૂધ પીવાને ગયા હતા ( ત્યાં જોયું'તું ) બાકી તો બધી લાદી આખા ભિન્ન ભિન્ન જરી દેખાય, તે જોયું હતું અમે, તો ભિન્ન ભિન્ન જાતની ભાત અંદર છાંટે, એને નહિ ખબર હોય, અહીંયા અમને ( પણ ) કંઈ ખબર નહોતી. લાદી, તમારે થાણામાં મોટું ( કારખાનું ) લાદીનું છે, થાણામાં મોટું લાદીનું, પંદર લાખનું એક મકાન છે. આહાહા ! ત્યાં ઊતર્યા હતા ને અમે જોયું હતું. આહાહા ! એની તો અહીં વાત જ છે નહીં, ઈ લાદીનું કામ કરે ને આમ છાંટે ઈ વાત તો અહીંયા છે જ નહીં. એ તો લાદીનું કામ લાદી કરે, પણ અજ્ઞાનીને એમાં જે રાગ-દ્વેષ ભાવ થાય છે, એ મલિનભાવ છે. એ મલિનભાવના કર્તા બનીને નવું બંધન કરે છે. આહાહા !

ભાવકર્મથી પોતાના નવા કર્મ બંધાય છે. છે ? આ પ્રકારે અજ્ઞાનમય ભાવથી કર્મબંધ થાય છે-એને કર્મબંધન થાય છે, ચારગતિમાં રખડવાના ભાવ. આહાહાહા !

હવે, ધર્મી લીધા-જ્ઞાનીની ( વાત કહે છે ) પહેલાં અજ્ઞાનીની વાત કરી. હવે ધર્મી-જ્ઞાની, જ્ઞાનીને ભેદજ્ઞાન હોવાથી એ પુણ્ય-પાપના મલિનભાવ એ હું નહી-હું એનો કર્તા નહીં, એ મારી ચીજ નહીં. જ્યાં પુણ્ય-પાપના ( ભાવ ) મારા નહીં તો બીજી પુણ્ય-પાપનાં ફળ એ ચીજ દુનિયાની, એ ચીજ મારી છે એમ તો જ્ઞાની માનતા નથી ત્રણ કાળમાં. આહાહા !

ધર્મી એને કહીએ કે એમને ભેદજ્ઞાન હોવાથી, એ પુણ્ય-પાપના ભાવ જે મોહ છે એનું ભેદજ્ઞાન છે, એ મારી ચીજ નહીં, હું તો જ્ઞાનાનંદ સ્વભાવી છું. રાગ ભાવ એ મારી ચીજ નહીં. આવું ધર્મીને ભેદજ્ઞાન ( વર્તે છે. ) ધર્મી કહો જ્ઞાની કહો ભેદજ્ઞાન હોવાથી એ એમ જાણે છે કે

જ્ઞાનમાત્ર શુદ્ધઉપયોગ છે એ જ મારું સ્વરૂપ છે. એ અશુદ્ધ જે પુણ્ય-પાપનો ઉપયોગ એ હું નહિ, હું તો શુદ્ધઉપયોગ જ હું છું. આ અશુદ્ધ ઉપયોગને જાણવા-દેખવાનો મારો શુદ્ધ ઉપયોગ એ હું છું. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! અનંત કાળમાં કર્યું નથી ક્યારેય અને હજી આ સંસારમાં પણ આખી જિંદગી રાગ-દ્વેષ...રાગ-દ્વેષ કરીને આખી જિંદગી ચાલી જાય છે અજ્ઞાનમાં ને અજ્ઞાનમાં. એમાં આ વાત સમજવી આકરી પડે એને. આહાહાહા !

ધર્મીને ભેદજ્ઞાન હોવાથી એ એમ જાણે છે કે 'જ્ઞાનમાત્ર-જ્ઞાનમાત્ર' જાણવું-જાણવું-આનંદ એવો શુદ્ધ ઉપયોગ છે, જાણવાનો શુદ્ધ વેપાર છે-નિર્મળ વેપાર છે જાણવા-દેખવાનો ઉપયોગ, શુદ્ધ ઉપયોગ છે એ જ મારું સ્વરૂપ છે. આહાહાહા ! શરીર, કર્મ, પૈસા, મકાન તો નહિ પણ અંદર શુભાશુભ ભાવ છે, પર્યાયમાં ઉત્પન્ન થાય છે, એ મારા નહિ. આહાહાહા !

દ્રવ્યસ્વભાવનું જ્ઞાન થવાથી દ્રવ્યસ્વભાવનું જ્ઞાન થવાથી, ભાવ તો જ્ઞાનીને પણ રાગ આદિ થાય છે પણ એ ( ભાવ ) મારા નથી-હું નથી, હું નહીં. આહાહા ! રાગ થાય છે શુભાશુભ રાગ આવે છે પણ ધર્મી તો એનો જ્ઞાતા-દૃષ્ટા, શુદ્ધપરિણામ એ જ હું છું. આહાહા ! રાગ ને દ્વેષ, પુણ્ય-પાપના પરિણામ ભાવ હું નહીં. આહાહાહા ! છે કે નહીં અંદર ? આ તો અમારા શેઠ, નવા તો છે ને સાંભળે, બીડીમાં ગૂંચાઈ ગયા હોય ત્યાં ધંધામાં. આહા ! એ તો સૌની વાત છે ને. એ તો મોઢા આગળ ( બેઠા ) હોય એ શેઠની વાત ( કરાય ! ) કેમ રજનીભાઈ ?

( શ્રોતાઃ- રાગાદિ ભાવ એ વખતે થાય છે ને ) રાગભાવ થાય છે તો પણ ત્યારે પોતાના જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ છે તો હું જ્ઞાતા-દૃષ્ટા છું, દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ હોવાથી હું તો જ્ઞાતા દૃષ્ટા છું એ રાગ-દ્વેષ હું નહીં. આહાહા ! ઝીણી વાત છે પ્રભુ ! આ અનંતકાળથી, એ વાત ચાલતી નથી ને. ઝીણી વાત છે ભાઈ ! આહાહાહા ! આંહીંયા તો ધર્મીને શુભ-અશુભ રાગ આવે છે-ભક્તિનો રાગ આવે છે, વિનયનો રાગ આવે છે પણ એ મારી ચીજ નહીં, હું તો એનો જાણનાર-દેખનાર-શુદ્ધઉપયોગ જ હું છું. આહાહાહા ! આવી જવાબદારી, આટલી શરતું ધર્મની. સમજાણું કાંઈ... ? આહાહાહા !

જ્ઞાની-સમકિતી ચક્રવર્તી હોય તો છન્નું હજાર રાણીઓ હોય છે અને વિષયની વાસના પણ આવે છે પણ એ હું નહિ, હું તો એની દૃષ્ટિમાં નહિ જવાવાળો અને પોતાનામાં રહીને પોતાને જાણનાર ને પરને જાણનાર હું છું. આહાહા ! સમજાણું કાંઈ ! ભાઈ ! વીતરાગ મારગ બહુ સૂક્ષ્મ છે પ્રભુ ! અરે રે, એણે અનંત કાળમાં કદી શું આત્મા અને શું મેલ-રાગ છે. એનું ભેદજ્ઞાન ક્યારેય કર્યું નહીં, તો ચાર ગતિમાં રઝળવાના ભાવ છે એ તો.

આંહી પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ ફરમાવે છે એ સંતો ફરમાવે છે. આહાહા ! સંતો કહે છે પ્રભુ ! ભેદજ્ઞાની જીવ જે છે એ તો મારું સ્વરૂપજ્ઞાન માત્ર છે-આનંદ છે તે જ હું છું, રાગ-દ્વેષ કર્મોનો રસ છે, કર્મો નામ ભાવકર્મ છે, એ કર્મ છે એ વિકારનો રસ છે મારો નહીં. આહાહાહા ! સૂરજના કિરણ કોઈ કોલસા જેવા હોતા નથી. હોય છે ? સૂરજના કિરણ તો સફેદ હોય છે. એમ મારી પર્યાય તો સફેદ-શુદ્ધ છે. એ મલિન જે કોલસા જેવા કિરણ છે એ સૂરજના નહીં, એમ પુણ્ય-પાપના ભાવ ધર્મી પોતાના માનતા નથી. આહાહાહા ! તો, પુણ્ય-પાપના ફળરૂપ જે ચીજો બાહ્ય છે એને તો એ ચીજ મારી છે એવું હોતું

નથી. એ તો ત્રણકાળમાં મારી નહીં. આહાહાહા !

ચક્રવર્તી ! ( એને ) સ્ફટિકના મહેલ હોય છે, સ્ફટિકના મહેલ ! એક સ્ફટિક આવડું ( એ ) સ્ફટિકના અબજો પૈસા એવા સ્ફટિકનો આખો મહેલ. આહાહાહા ! છન્નું હજાર સ્ત્રીઓ, એ મારી ચીજ નહીં, હું તો એ નહીં. આહાહા ! છે ? ( શ્રોતાઃ- દિકરા કેટલા ? ) દિકરા ચોસઠ હજાર, દિકરી બત્રીસ હજાર, બત્રીસ હજાર જમાઈ, શેઠ ? ચક્રવર્તી હોય છે ને ચક્રવર્તી, ચોસઠ હજાર ( દિકરા ), છન્નું હજાર ( રાણીઓ ) દિગંબરમાં કહે છે અને શ્વેતાંબરમાં ચોસઠ હજાર કહે છે. અને છન્નું કરોડ પાયદળ છે, છન્નું કરોડ ગામ છે, બોંતેર હજાર નગર, અડતાલીસ હજાર પાટણ છે, અંદર રાગ આદિ આવે છે પણ એ હું નહીં-એ મારા નહીં. છે ? ( શ્રોતાઃ- ચક્રવર્તી ભોજન શેનું લેતા હશે ) ભોજન ? ભોજન એ કહ્યું હતું ને. એક ફેરી બત્રીસ કવળનું ભોજન. એનું એક દિવસનું ભોજન, કરવા માટેના રસોઈયા હોય છે, એ રસોઈ તો રસોયા કરે છે પણ ત્રણસો સાઠ ( દિવસની રસોઈ બનાવવા માટેના ) એક અધિકારી હોય છે, તો એ અધિકારી ત્રણસો સાઠ દિવસની તૈયારી કરે ! ( તેમાં ) એક એક દિવસની રસોઈ ( શી બનાવવી ? )

શું કીધું ? ( એ અધિકારી ) રસોઈ બનાવે નહીં, રસોઈ શી બનાવવી ( એની સૂચના આપે ) આજે આ રસોઈ એમ ત્રણસો સાઠ દિવસ સુધીની, વિચાર કરી કરીને એ મોટો અમલદાર હોય છે અબજોપતિ ! આહાહા ! એ ત્રણસો સાઠ દિવસ-બાર મહિનાની તૈયારી કરી હોય છે કે આ દિવસે આ આહાર, આ પાણી, આ ભસ્મ આ. સમજાણું ? શું કહેવાય તમારે પાણી આ મોસંબી કે વિગેરે વિગેરે, એ મોસંબીના રસમાં ભસ્મ નાખવી-ભસ્મ, માણેકની ભસ્મ, મોતીની ભસ્મ-ત્રણસો સાઠ દિવસની તૈયારી કરે એક એક દિવસે રસોયાને હુકમ કરે રસોયા રસોઈ બનાવે, રસોઈ કરે નહીં, તૈયારી કરે. રસોયાને એ બતાવે કે આજે આ કરવું-આ કરવું મહારાજા સાહેબ માટે, અને એનો ચક્રવર્તીનો બત્રીસ કવળનો ( આહાર ) એમાંના એક કવળનો આહાર છન્નું કરોડનું પાયદળ પણ પચાવી શકે નહીં, એવો બત્રીસ કવળનો આહાર ( ખોરાક ચક્રવર્તીનો હોય છે ) આહાહા !

પણ આ હું નહીં, એ મારા નહીં. આહાહા ! એનો વિકલ્પ ઊઠે છે જરી, એ-પણ હું નહીં, હું તો આનંદ ને જ્ઞાનસ્વરૂપ-શુદ્ધસ્વરૂપ છું. આહાહાહાહા ! હું તો જાણનાર-દેખનાર છું એ તો મારા જ્ઞાનના પરજ્ઞેય છે. આહાહાહાહા... ભાઈ ! સમ્યગ્દર્શન ને ધર્મ કોઈ અલૌકિક ચીજ છે. આહાહા ! અત્યારે તો સાંભળવા ય મળતી નથી ( આ વાત ! ) ગરબડ થઈ ગઈ ઘણી ગરબડ થઈ ગઈ ! ઓહોહો ! એક વ્રત પાળ્યા ને ભક્તિ કરી ને જાત્રા કરી ને ત્યાં ધર્મ થઈ ગયો. એ ભક્તિ ને જાત્રા ને વ્રતનો ભાવ તો રાગ છે. આહાહા ! આ રાગ મારો છે એમ માનીને અજ્ઞાની, મલિન પરિણામનો સ્વામી થાય છે અને નવા કર્મબંધનને કરે છે. કર્મબંધન થાય છે એ કંઈ કરતો નથી. આહાહા !

ધર્મી જીવ, ચક્રવર્તીનું રાજ્ય હોય-છ ખંડનું પણ હું તો શુદ્ધચૈતન્ય છું, પ્રભુ ! મારી સંપદા તો આનંદ ને જ્ઞાનની મારી સંપદા છે. એ શુભ-અશુભભાવ પણ મારા નથી-મારું કર્તવ્ય નથી. આહાહાહા ! સમજાણું કાંઈ... ? આવો ધર્મી જીવ, શુભાશુભ ભાવને મલિન જાણીને, જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આહાહા ! આવી શરતું-આવી જવાબદારી. લોકો તો કંઈક કંઈક માનીને બેસી ગયા,

બિચારા. આહાહા ! જિંદગી ચાલી જાય છે. આહા ! વાસ્તવિક તત્ત્વ સાંભળવા મળે નહીં. આહાહા ! આ શાસ્ત્રનું બહુમાન કરવું એ પણ એક વિકલ્પ ને રાગ છે, એમ કહે છે, આવે છે પણ એ રાગ પણ મારી ચીજ નહીં. આહાહાહા !

હું તો પોતાના સ્વરૂપમાં, પરનો જાણનાર-દેખનાર હું છું. આહાહા ! એ આવ્યું ને, મારું સ્વરૂપ નહીં, એ તો રાગદ્વેષ કર્મોનો રસ છે-જડનો ભાવ છે, એ પુણ્ય-પાપના ભાવ એ અચેતન છે, હું ચૈતન્ય છું. એ શુભાશુભ ભાવમાં મારા ચૈતન્યનો રસ નથી, એ તો જડનો રસ છે. આહાહાહા ! શુભાશુભ ભાવ એ અચેતનરસ છે કર્મોનો રસનો અર્થ- એ જડનો રસ જડમાં છે. આહાહા ! શુભ-અશુભ ભાવ એ અચેતન રસ છે એ મારું સ્વરૂપ નહીં.

'આ પ્રકારે-આમ રાગદ્વેષમાં અહંબુદ્ધિ નહિ કરતો થકો શુભઅશુભ ભાવ આવે છે પણ અહંબુદ્ધિ નહીં કરતો થકો જ્ઞાની પોતાને રાગી-દ્વેષી કરતો નથી'- અહંબુદ્ધિ નહિ કરતો થકો જ્ઞાની પોતાને રાગી-દ્વેષી કરતો નથી, આવી વાત છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરનો પોકાર, ઇન્દ્રો ને નરેન્દ્રો ને ગણધરોની વચ્ચે આ વાત કરતા હતા, એ વાત અહીંયા કહેવામાં આવે છે. આહાહાહા !

'કેવળ જ્ઞાતા જ રહે છે-ધર્મી તો જાણનાર-દેખનાર હું છું. એ રાગને દ્વેષ મારી ચીજ નથી. મારી હોય તો મારાથી જુદી પડે નહીં-એ તો જુદી ચીજ છે અને જુદી પડી જાય છે. સિદ્ધમાં રહે છે ? તો એ મારી ચીજ નથી. મારી ચીજ તો મારાથી જુદી ન પડે, મારી ચીજ તો જ્ઞાન-દર્શનને આનંદ, એ મારી ચીજ છે. આહાહાહા ! સમજાણું કાંઈ... ?

કોણ ભાઈ ? છેલ્લે બેઠું તું ? નવા છે ? ( શ્રોતાઃ- શાર્દુલભાઈ રબારી ) શાર્દુલભાઈ ? ઠીક ! ઠીક ! સમજાણું આમાં ? આહાહાહાહા !

ધર્મી-જ્ઞાની એને કહીએ કે પોતાનો ધ્રુવ નિત્યાનંદ પ્રભુ ! ધ્રુવ ઉપર દૃષ્ટિ હોવાથી-ધ્રુવ શબ્દમાં સ્વભાવમાં તો એકલો આનંદ ને જ્ઞાન ભર્યાં છે-આનંદ ને શાંતરસ ભર્યો છે. આહાહા ! તો ધર્મી એ શાંતરસનો સ્વામી હોવાથી, પુણ્યનેપાપ-કર્મરસનું સ્વામીપણું છૂટી જવાથી, કેવળ જ્ઞાતા જ રહે છે. આહાહા ! થોડા શબ્દમાં આટલો ( ભાવ ) ભર્યો છે અંદર. આહાહા ! આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે, સમયસાર ! ભગવાનના શ્રીમુખે નીકળેલી વાણી છે ભાઈ ! સંતો, જગત પાસે જાહેર કરે છે.

અહીંયા તો કહે, પુણ્ય પરિણામ કરો, દયા-દાન-વ્રત-ભક્તિ, તપ આદિ, એનાથી કલ્યાણ થશે, એનું તો ચાલે છે ને અત્યારે. અહીં કહે છે કે પુણ્ય પરિણામને પોતાના માને એ તો મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની છે. આહાહા ! જ્ઞાની એ પુણ્ય પરિણામને તો કર્મનો રસ માને છે, મારો રસ નહીં. મારો રસ તો શાન્ત અને આનંદરસ છે. સમજાણું કાંઈ... ?

શું છે એ પુસ્તક લાગે છે, શું છે એ પુસ્તક છે ? ( શ્રોતાઃ- પ્રભાવના ) પ્રભાવના છે પુસ્તકની ? આહાહાહાહા !

આનંદનો નાથ પ્રભુ, સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ નામ શાશ્વત, જ્ઞાન ને આનંદ આદિ અનંતગુણનો પવિત્રતાનો પિંડ પ્રભુ છે. એનો તો સ્વીકાર નહીં ને શુભ-અશુભ ભાવનો સ્વીકાર, એ અજ્ઞાનભાવ નવા કર્મબંધનનું કારણ છે. જ્ઞાનીને તો એ ભાવ મારા નહીં, એ તો

જ્ઞાતા જ રહે છે, તેથી તે કર્મોને કરતા નથી, કર્મ શબ્દે પુણ્ય ને પાપ હોં! શુભ-અશુભ કર્મ અહીંયા-શુભાશુભ કાર્ય એ છે ને ? એ કર્મ, કર્મ એટલે જડની અહીંયા વાત નથી. શુભ-અશુભ કર્મોને કરતા નથી, તેથી જ્ઞાનમય ભાવથી કર્મબંધન થતું નથી. તો એમને કર્મબંધન થતું નથી, એ શુભાશુભ ભાવ થોડા થયા એની પણ નિર્જરા થઈ જાય છે છૂટી જાય છે, પોતાનું સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટામાં રહેતાં એ છૂટી જાય છે. આહાહાહાહા !

હવે આગળની ગાથાના અર્થની સૂચનારૂપ કાવ્ય કહે છે :-

## શ્લોક - ૬૬

(आर्या)

**ज्ञानमय एव भाव: कुतो भवेत् ज्ञानिनो न पुनरन्य:।**
**अज्ञानमय: सर्व: कुतोऽयमज्ञानिनो नान्य:।।६६।।**

**હવે આગળની ગાથાના અર્થની સૂચનારૂપ કાવ્ય કહે છે:-**

**શ્લોકાર્થ:-[ ज्ञानिन: कुत: ज्ञानमय: एव भाव: भवेत् ] અહીં પ્રશ્ન છે કે જ્ઞાનીને કેમ જ્ઞાનમય જ ભાવ હોય [ पुन: ] અને [ अन्य: न ] અન્ય ( અર્થાત્ અજ્ઞાનમય ) ન હોય ? [ अज्ञानिन: कुत: सर्व: अयम् अज्ञानमय: ] વળી અજ્ઞાનીને કેમ સર્વ ભાવ અજ્ઞાનમય જ હોય અને [ अन्य: न ] અન્ય ( અર્થાત્ જ્ઞાનમય ) ન હોય ? ૬૬.**

## શ્લોક-૬૬ ઉપર પ્રવચન

ज्ञानमय एव भाव: कुतो भवेत् ज्ञानिनो न पुनरन्य:।
अज्ञानमय: सर्व: कुतोऽयमज्ञानिनो नान्य: ।।६६।।

'**ज्ञानिन: कुत: ज्ञानमय: एव भाव: भवेत्**'-અહીં પ્રશ્ન આ છે કે જ્ઞાનીને કેમ જ્ઞાનમય જ ભાવ હોય ? આહાહા ! ધર્મીને તો જ્ઞાનમય-આનંદમય-શાંતમય પરિણામ કેમ થાય છે ? શિષ્યનો પ્રશ્ન છે, અને અન્ય કેમ થતો નથી ?-જ્ઞાનીને રાગાદિ અજ્ઞાનમય ભાવ કેમ થતા નથી ? '**अज्ञानिन: कुत: सर्व: अयम् अज्ञानमय:**'-અજ્ઞાનીને સર્વ ભાવ અજ્ઞાનમય જ કેમ હોય છે ? આહાહા ! જેને આત્મા આનંદને જ્ઞાનસ્વરૂપી ભગવાન પ્રભુ છે એની ખબર નથી અજ્ઞાનીને, ( એ ) અજ્ઞાનીને અજ્ઞાનમય ( જ ) ભાવ કેમ હોય છે ? તથા અન્ય કેમ નથી થતા ? આહાહા ? છે-અજ્ઞાનીને, જ્ઞાનમય-ધર્મમય ભાવ કેમ થતા નથી અને જ્ઞાનીને અધર્મ એટલે અજ્ઞાનમય ભાવ કેમ થતા નથી ? આ પ્રશ્ન છે. સમજાણું કાંઈ... ?

## ગાથા-૧૨૮-૧૨૯

णाणमया भावाओ णाणमओ चेव जायदे भावो।
जम्हा तम्हा णाणिस्स सव्वे भावा हु णाणमया।।१२८।।
अण्णाणमया भावा अण्णाणो चेव जायदे भावो।
जम्हा तम्हा भावा अण्णाणमया अणाणिस्स।।१२९।।

ज्ञानमयाद्भावात् ज्ञानमयश्चैव जायते भावः।
यस्मात्तस्माज्ज्ञानिनः सर्वे भावाः खलु ज्ञानमयाः।।१२८।।
अज्ञानमयाद्भावादज्ञानश्चैव जायते भावः।
यस्मात्तस्माद्भावा अज्ञानमया अज्ञानिनः।।१२९।।

यतो अज्ञानमयाद्भावाद्यः कश्चनापि भावो भवति स सर्वोऽप्यज्ञानमयत्वमनतिवर्तमानोऽज्ञानमय एव स्यात्, ततः सर्वे एवाज्ञानमया अज्ञानिनो भावाः। यतश्च ज्ञानमयाद्भावाद्यः कश्चनापि भावो भवति स सर्वोऽपि ज्ञानमयत्वमनतिवर्तमानो ज्ञानमय एव स्यात्, ततः सर्वे एव ज्ञानमया ज्ञानिनो भावाः।

---

આ જ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ-

**વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.**
**અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને. ૧૨૯.**

ગાથાર્થઃ- [ यस्मात् ] કારણ કે [ ज्ञानमयात् भावात् च ] જ્ઞાનમય ભાવમાંથી [ ज्ञानमयः एव ] જ્ઞાનમય જ [ भावः ] ભાવ [ जायते ] ઉત્પન્ન થાય છે [ तस्मात् ] તેથી [ ज्ञानिनः ] જ્ઞાનીના [ सर्वे भावाः ] સર્વ ભાવો [ खलु ] ખરેખર [ ज्ञानमयाः ] જ્ઞાનમય જ હોય છે. [ च ] અને, [ यस्मात् ] કારણ કે [ अज्ञानमयात् भावात् ] અજ્ઞાનમય ભાવમાંથી [ अज्ञानः एव ] અજ્ઞાનમય જ [ भावः ] ભાવ [ जायते ] ઉત્પન્ન થાય છે [ तस्मात् ] તેથી [ अज्ञानिनः ] અજ્ઞાનીના [ भावाः ] ભાવો [ अज्ञानमयाः ] અજ્ઞાનમય જ હોય છે.

ટીકાઃ-ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે તે સઘળોય અજ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો અજ્ઞાનમય જ હોય છે, તેથી અજ્ઞાનીના ભાવો

**બધાય અજ્ઞાનમય હોય છે. અને જ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે તે સઘળોય જ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો જ્ઞાનમય જ હોય છે, તેથી જ્ઞાનીના ભાવો બધાય જ્ઞાનમય હોય છે.**

**ભાવાર્થઃ-જ્ઞાનીનું પરિણમન અજ્ઞાનીના પરિણમન કરતાં જુદી જ જાતનું છે. અજ્ઞાનીનું પરિણમન અજ્ઞાનમય છે, જ્ઞાનીનું જ્ઞાનમય છે; તેથી અજ્ઞાનીના ક્રોધ, માન, વ્રત, તપ ઇત્યાદિ સર્વ ભાવો અજ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી અજ્ઞાનમય જ છે અને જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી જ્ઞાનમય જ છે.**

## ગાથા-૧૨૮-૧૨૯ ઉપર પ્રવચન

ज्ञानमयाद्भावात् ज्ञानमयश्चैव जायते भाव:।
यस्मात्तस्माज्ज्ञानिन: सर्वे भावा: खलु ज्ञानमया:।।१२८।।

अज्ञानमयाद्भावादज्ञानश्चैव जायते भाव:।
यस्मात्तस्माद्भावा अज्ञानमया अज्ञानिन:।।१२९।।

વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,
તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.

અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ જ ઊપજે,
તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને. ૧૨૯.

ટીકાઃ-માલ-માલ આવ્યો છે ! માખણ છે માખણ ! છાશમાંથી માખણ કાઢે છે ને ! છાશ તો કાઢી નાખે છે આમ હાથ નાખે એટલે, આમ કરીને છાશ નીકળી જાય ને આમ માખણ લઈ લે છે એમ માલ-માખણ છે અહીંયા તો........આહાહા !

'ખરેખર ( વાસ્તવમાં ) અજ્ઞાનમય ભાવમાંથી' -શું કહે છે ? ટીકા છે ને ! વાસ્તવમાં નામ ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી-જે રાગ અને પુણ્ય-પાપના ભાવ મારા છે એવું 'અજ્ઞાનમય ભાવથી જે કોઈ પણ ભાવ થાય છે તે સઘળોય અજ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો અજ્ઞાનમય જ હોય છે.'-પુણ્ય ને પાપના શુભ-અશુભ ભાવ, એ અજ્ઞાન છે ને અજ્ઞાની અજ્ઞાનથી પોતાના માને છે. તો અજ્ઞાનમયભાવમાંથી અજ્ઞાનભાવને નહિ ઉલ્લંઘતો એને જ્ઞાનભાવ ક્યારેય થતો નથી. આહાહાહા ! એના બધા અજ્ઞાનમય ભાવને નહિ ઉલ્લંઘતો અજ્ઞાનમય થાય છે.

સ્વરૂપ આનંદ ને જ્ઞાનમય ચૈતન્ય ભગવાન છે, એનું જેને જ્ઞાન નથી અને રાગ-દ્વેષ પરિણામ મારા છે એમ માનીને અજ્ઞાનીને અજ્ઞાનમય ભાવનું ઉલ્લંઘન નહિ કરતો એને ( અજ્ઞાનીને ) અજ્ઞાનમય ભાવ જ થાય છે. આહાહા ! એને જ્ઞાનમયભાવ ક્યારે ય નથી થતા. આહાહા ! 'વાસ્તવમાં અજ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે તે સઘળોય ( બધોય ) અજ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો અજ્ઞાનમય હોય છે.' આહાહા ! રાગ ને પુણ્ય પરિણામ મારા છે તેથી અજ્ઞાનીના બધા ભાવ અજ્ઞાનમય ઉત્પન્ન થાય છે, ચાહે તો દયા પાળે ! રાગ કરે !

ભક્તિ કરે ! પૂજાના ભાવ એ બધા ભાવ અજ્ઞાનમય ભાવ છે. આહાહા ! સૂક્ષ્મ વાત છે ભાઈ ! રજનીભાઈ ! ત્યાં આવું બધું સાંભળવા મળે એવું નથી, ન્યાં કાંઈ મુંબઈમાં. આહાહા ! પૈસાના દરેડા થાય ત્યાં ધૂળના. આહાહા !

ભગવાન આત્મા ! કહે છે કે જે રાગ અને પુણ્યના પરિણામને પોતાના માને છે, એવા અજ્ઞાનીને બધા ભાવો અજ્ઞાનમય જ થાય છે ( એ ) અજ્ઞાનમય ભાવને ઉલ્લંઘતો નથી, એ ચાહે તો ભગવાનની ભક્તિ કરતો હોય, પુણ્ય કરતો હોય, શુભભાવ આવે છે ને, દાન કરતો હોય, કરોડોનું દાન કરે એવો ભાવ હોય એને પણ એ ( બધા ભાવ ) અજ્ઞાનીના રાગભાવ એ અજ્ઞાનમય ( જ ) છે. એને- ઉલ્લંઘતો નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

જેને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવની ખબર નથી અને જે પુણ્ય ને પાપના વિકલ્પ જે રાગ છે-મેલ છે એને પોતાના માનીને અજ્ઞાની છે, એ અજ્ઞાનીના બધા ભાવ ( અજ્ઞાનમય થાય છે. ) આહાહાહા ! ભગવાનના સમોસરણમાં જાય છે અને સાંભળે છે તો રાગ આવે છે, એ રાગનો ભાવ મારો છે એવું જ એ માને છે. ( આ રીતે ) અજ્ઞાનભાવને અજ્ઞાની ઉલ્લંઘતો નથી, અજ્ઞાનભાવને છોડતો નથી. ગજબ વાત છે. આવી વાત સાંભળવી પણ કઠણ પડે. આહાહા !

'તેથી અજ્ઞાનીના ભાવો બધાય અજ્ઞાનમય હોય છે.'-એટલા માટે અજ્ઞાનીઓના બધા ભાવ, જ્યાં જ્યાં એને શુભ-અશુભ ભાવ થાય છે, એ બધા ભાવો મારા છે, એવો અજ્ઞાનભાવમય હોય છે. આહાહા ! સાંભળવાનો જે રાગ થયો તો રાગ મારો છે એવો અજ્ઞાનભાવ ( હોય છે. ) રાગ છે એ રાગને એ ઉલ્લંઘતો-ઓળંગતો નથી. આહાહાહા ! ભગવાનની ભક્તિ કરે-પંચ પરમેષ્ટિની તો પણ રાગ છે અને રાગ મારો છે, એવા અજ્ઞાનભાવમાં-રાગને ઉલ્લંઘતો નથી એ. ( અર્થાત્ ) રાગમાં રચ્યો-પચ્યો છે. આહાહાહા ! આવી વાત છે. અત્યારે સંપ્રદાયમાં તો આકરું પડે એવું છે. સંપ્રદાયમાં તો એ ચાલે વ્રત કરો..ઉપવાસ કરો...દાન કરો...મંદિર બનાવો...સાધુને આહાર આપો...કલ્યાણ થશે તારું.

એ બધી રાગની ક્રિયાને ધર્મ માને છે, એવા રાગને ધર્મ માનવાવાળા અજ્ઞાની કોઈ પણ સમયમાં એને અજ્ઞાનભાવને-રાગભાવને ઓળંગતા નથી-બધામાં અજ્ઞાનભાવ જ ઉત્પન્ન થાય છે ( એમ ) કહે છે. ( શ્રોતાઃ- પૈસા કમાવા એ અજ્ઞાનભાવ ? ) ભાઈ ? પૈસા કમાવાની તો વાતે ય આંહી ક્યાં છે ? આંહી તો ભગવાનની વાણી સાંભળવા જાય તો-પણ અજ્ઞાની ( એ ) રાગને પોતાનો માને છે, તો ત્યાં ( તે ) અજ્ઞાનભાવને ઉલ્લંઘતો નથી. આહાહાહા !

ભગવાન ત્રણલોકના નાથની આરતી ઊતારે તો એય રાગ છે, તો ( એ ) રાગને પોતાનો માને છે તો રાગ-અજ્ઞાનભાવને નથી ઉલ્લંઘતો એ. આહાહાહા ! ( શ્રોતાઃ-પ્રભાવનાનું શું ? ) પ્રભાવના ? પ્રભાવના અંદરમાં થાય છે બાહ્યમાં નહિ એ જ કહે છે, શુભભાવ આવે છે તો વ્યવહાર પ્રભાવના કહે છે શુભભાવને પણ છે બંધનું કારણ. પ્રભાવના તો પોતાનો આનંદમૂર્તિ ભગવાન આત્મા, એનાં આનંદ ને શુદ્ધિ ઉત્પન્ન થાય એ પ્રભાવના છે. દુનિયાથી નિરાલું છે શેઠ ? શું કરીએ ! અરે, પ્રભુનો વિરહ પડયો, વીતરાગ રહ્યા નહિ અને વીતરાગની વાણી આ રહી ગઈ ! આહાહા !

વીતરાગની વાણીનો પોકાર આ છે-જે કોઈ પ્રાણી રાગના વિકલ્પને પોતાનો માને છે,

એ અજ્ઞાની ગમે તે પ્રસંગમાં જાવ તો એ અજ્ઞાનભાવને ઓળંગતો નથી, એ રાગથી ભિન્ન મારી ચીજ છે, એમ નથી માનતો. આહાહા ! આવું કામ છે, ઝીણી વાત બાપા શું થાય, ભાઈ ! પ્રભુ, તારી ચીજ તો નિર્મળાનંદ છે ને. આહા ! જ્ઞાતા-દૃષ્ટા-આનંદ-શાંતિ-સ્વચ્છતા-પ્રભુતા એવી શક્તિઓથી ભર્યો પ્રભુ તું છો, ને એનું ભાન હોવાથી, જ્ઞાતા-દૃષ્ટાના ભાવ તને રહેશે, રાગ આવશે તો એનો પણ તું જ્ઞાતા રહીશ. અજ્ઞાનીને તો રાગ મારો છે તો તે ત્યાં અજ્ઞાનભાવને ઉલ્લંઘતો નથી, ત્યાં રાગ જ ઉત્પન્ન થાય છે એને. આહાહાહા !

( શ્રોતાઃ- જ્ઞાનીને અનંતાનુબંધીનો રાગ આવતો ( જ ) નથી ! ) ત્યાં છે જ નહીં ને રાગ. રાગ, એ અસ્થિરતાનો રાગ આવે છે, એનો પણ જ્ઞાતા, પોતાના જ્ઞાનમાં રહીને, પરને ભિન્ન જાણે છે. શેઠ ? ભાષા તો સાદી છે, પ્રભુ ! વસ્તુ તો એવી છે. આહાહા !

"પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો મુજ રોગ લે હરિ"- દલપતરામનું છે. આંહી તો આંહી ઉતારવાનું છે, હોં ! એ દલપતરામ પંચોતેર વરસ પહેલાં અમે ભણતા હતા ને તો ( આ કવિતા ) આવતી હતી, એ ચોપડીમાં આવતી હતી ગુજરાતીમાં, પ્રભુતા પ્રભુ તારી તો ખરી- પ્રભુ, તમે અનંત આનંદના નાથ ! તારી પ્રભુતા તો અનંત શક્તિથી ભર્યો પડયો છે. ( ત્યારે જ ) ખરી કે એ તારી પ્રભુતા, મુજ રોગ લે હરિ-પ્રભુતાની દૃષ્ટિમાં રાગને અજ્ઞાનનો નાશ થઈ જાય છે, એ રોગ છે. આહાહા ! શરીરનો રોગ, એ તો જડનો રોગ છે, એ કાંઈ આત્માને અડતો નથી. આહાહા ! ભ્રાંતિ સમ રોગ નહીં, છે ને.

"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદગુરુ વૈદ્ય સુજાણ,
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર-ધ્યાન.-

શ્રીમદ્‌ના વાક્ય છે. ગુજરાતી છે. આત્મભ્રાંતિ સમ રોગ નહિ-આ ભગવાન આત્મા રાગ ને પુણ્ય ને પાપમય છે, એ ભ્રાંતિ છે. આહાહા ! આત્મભ્રાંતિ સમ રોગ નહિ, અને સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ-ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ ને ઔષધ વિચાર, ધ્યાન ! એ આત્મા આનંદમયનો વિચાર ને એમાં એકાગ્રતા એ ઓષડ છે અજ્ઞાન નાશ કરવાનું. આહાહા !

આ તો બહારની ધમાધમ ! હો, હા... કરીને, પ્રચાર કર્યો ને પ્રસાર કર્યોને ! આ કર્યું ને...આ કર્યું ને-આ થયું ને ! આ થયું ત્યાં અંદર અરે, ભૈયા, પ્રભુ કોણ પ્રચાર કરે ? કોણ પ્રસાર કરે ? ભાઈ ! આહાહા ! તારી ચીજ તો આનંદ ને વીતરાગસ્વરૂપ છે, એ વીતરાગ સ્વરૂપની પર્યાય પ્રગટ થાય, એ તારો પ્રસાર ને પ્રચાર છે. આહાહાહા !

( શ્રોતાઃ- આમાં નવી દુનિયા બીજાું શું કરે ? )આહાહા ! શું કરે ? માટે તો આ સાંભળવા આવ્યા છો અહીંયા, શું કરવા ( આવ્યા છો ) સાગર મૂકીને શેઠ ? ત્યાં મૂકીને આવ્યા છે ને અત્યારે. મકાન-મકાન કરાવ્યા છે ને, શું મારગ છે એ ( વાત ) સાંભળવા ય મળતી નથી. પ્રભુ ! વાત સાચી છે. આહાહા !

અહીંયા તો કહે છે કે ચાહે તો રાગ શુભ હોય કે અશુભ હોય, પણ એ રાગ મારી ચીજ છે, તો એણે પોતાનો વીતરાગી મૂર્તિ ભગવાન જિન સ્વરૂપનો અનાદર કરી દીધો. એ ભ્રાંતિ થઈ એને-મોટો રોગ થયો. આહાહાહા ! આંહી તો કહે છે કે જ્ઞાની ને અજ્ઞાનીની ( વાત ) પહેલા લીધી અહીંયા, 'વાસ્તવમાં અજ્ઞાનમય ભાવમાંથી-આ અજ્ઞાનીને બધાય ભાવ અજ્ઞાનમય

હોય છે, અને જ્ઞાનમય ભાવમાંથી જે કોઈ ભાવ થાય છે. આહાહા ! રાગ આદિ હો-રૌદ્રધ્યાનના પરિણામ પણ આવે છે, પણ જ્ઞાનમયભાવને ઓળંગતા નથી, એને જાણી લે છે. આહાહા ! શાંતિભાઈ ? આવું ક્યાંય મળતું નથી- સાંભળવા મળે એવું નથી. બહારમાં ને બહારમાં રહે એટલે, ઓલો હોંગકોંગમાં, પૈસા લાખો પેદા કરે ને લાખો દૈ એટલે જાણે કે ધર્મ થઈ ગયો. આહાહા !

ભગવાન, તારી ચીજ ( આત્મા ) તો જ્ઞાતા-દૃષ્ટા ને વીતરાગ સ્વરૂપ છે ને નાથ. આહાહા ! એવું જ્ઞાન જેને થયું, એના બધા ભાવ જ્ઞાનમય-આનંદમય-વીતરાગમય થાય છે, રાગ આવે છે તો એને પણ જાણે છે, પોતાના જ્ઞાનમાં રહીને, પર પરીકે જાણે છે. આહાહા ! રાગ તો આવે છે જ્ઞાનીને પણ આવે છે-દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરે, ભક્તિ કરે, આવે છે પણ એ રાગને પણ પોતાના જ્ઞાનમાં રહીને, પૃથક્ જ્ઞાન કરે છે. અજ્ઞાની રાગને પ્રગટ કરીને અજ્ઞાનમય ભાવ માને છે. રજનીભાઈ ? આવું છે બાપુ ! ક્યાંય મળે એવું નથી હોં. મુંબઈમાં ય ન મળે. ( શ્રોતાઃ- ન મળે તો કરવું શું ? )-આ કરવું-અંદર આનંદનો નાથ છે એના તરફ નજર કરવી. આહાહાહા !

( શ્રોતાઃ-દુકાન ચલાવવી કે નહીં ? ) દુકાન કોણ ચલાવે છે ? આહાહા ! આત્મા આનંદમય-જ્ઞાનમય-વીતરાગમય-શુદ્ધસ્વરૂપી ભગવાન છે, એની દૃષ્ટિ થવાથી, જે કોઈ ભાવ આવે છે રાગ આદિના, એનો તો ( જ્ઞાની ) જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આહાહા ! દુકાન ચાલતી હોય તો-પણ એનો જ્ઞાતા-દૃષ્ટા છે. દુકાન હું ચલાવું છું-નોકર ચલાવે છે એમ નથી માનતા. આહાહા ! આવી વાત છે.

શેઠે તો બહુ પૈસા ભેગાં કર્યાં હતા, સાઈકલમાં જઈને, ચારે કોર બીડીયું-બીડીયું-બીડીયું, તમાકુ...તમાકુ...તમાકુ-એમ વાતું કરતા ’તા લોકો, કે શેઠ પહેલાં ફરતા ’તા ને પછી ખૂબ વેપાર વધાર્યો છે. આહાહા ! બુલંદ શહેરના રાજા કહેવાય છે. બે ભાઈઓ-શોભાલાલ ને ભગવાનદાસ ! અરે, રાજા કોના બાપુ ? ! આહાહા ! ‘ રાજતે શોભતે ઇતિ રાજા ’-સત્તરમી ગાથામાં આવે છે ને પોતાના આનંદસ્વરૂપમાં રાજતે...શોભે એ રાજા છે, રાગમાં શોભે એ તો અરાજા-કરાજા અજ્ઞાન છે. આહાહા ! છે ?

( અહીંયા ) આવ્યા ને ! ભાવ કરે છે એ બધાય જ્ઞાનમયનું ઉલ્લંઘન કરતા નથી, દેખો ! જ્ઞાનીના કોઈ પણ ભાવ થાય છે એ બધા જ્ઞાનમયતાનું ઉલ્લંઘન નથી કરતા, ચાહે તો વિષય-વાસનાનો ભાવ આવે, પણ છે પર ( ભાવ ) એનું જ્ઞાન કરે છે ( જ્ઞાની ) એમાં જોડાય જતા નથી. આહાહા ! આવી વાત છે. ક્યાંય પણ પોતાના જ્ઞાનમયભાવને ઉલંઘતા નથી. ગમે તે ભાવ આવે-આર્તધ્યાન આવી જાય, રુદ્રપ્રધાન આવી જાય, પણ પોતાના ધ્યાનમય, જ્ઞાન એનું કરે છે, એ રુદ્રધ્યાનનો હું કર્તા છું ને એ મારી ચીજ છે, એમ માનતા નથી. આહાહાહા ! જ્ઞાનમય જ થાય છે તેથી જ્ઞાનીઓને બધા ય ભાવ જ્ઞાનમય જ થાય છે, લ્યો ! ધર્મીને બધાય ભાવ જ્ઞાનમય-આનંદનમય શાંતિમય-સ્વચ્છતામય-પ્રભુતામય-શુદ્ધભાવ જ ઉત્પન્ન થાય છે.

થઈ ગયો વખત ને ! થઈ ગયો લો ! ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ! )

**પ્રવચન નં. ૨૧૬ ગાથા-૧૨૮-૧૨૯ શનિવાર, ફાગણ સુદ-૧૨, તા. ૧૦/૩/'૭૯**

ભાવાર્થઃ- 'જ્ઞાનીનું પરિણમન અજ્ઞાનીના પરિણમન કરતાં જુદી જ જાતનું છે'-સૂક્ષ્મ વાત છે ભગવાન ! જ્ઞાની જે છે ધર્મી, એની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર પડી છે-રાગાદિ થાય છે એનાં ઉપર દૃષ્ટિ નથી. આહાહા ! જ્ઞાની એને કહીએ ( કે ) જેમને આત્મા, પુણ્ય ને પાપના વિકલ્પથી ભિન્ન પોતાની ચીજ છે, એવું દૃષ્ટિમાં-અનુભવમાં આવ્યું હોય, એને અહીંયા જ્ઞાની અથવા ધર્મી કહેવામાં આવે છે. તો જ્ઞાનીનું, વાસ્તવમાં જ્ઞાનીનું પરિણમન-ધર્મની દશા-ધર્મીની અવસ્થા, અજ્ઞાનીના પરિણમનથી ભિન્ન પ્રકારનું છે. છે ?

અજ્ઞાની છે એ પોતાના પુણ્ય ને પાપના ભાવ જે છે એને પોતાના માનીને એની રુચિ કરીને રાગમાં પરિણમે છે. આહાહાહા ! અજ્ઞાની, આત્માના સ્વભાવનો અજાણ, એ પુણ્ય ને પાપના શુભ-અશુભ જે ભાવ થાય છે એની રુચિ કરીને, આ મારી ચીજ છે એમ અજ્ઞાનપણે-વિકારપણે પરિણમે છે. સમજાણું કાંઈ... ? 'જ્ઞાનીનું પરિણમન અજ્ઞાનીના પરિણમન કરતાં જુદી જ જાતનું છે. અજ્ઞાનીનું પરિણમન અજ્ઞાનમય છે, જ્ઞાનીનું જ્ઞાનમય છે' આહા !

મિથ્યાદૃષ્ટિ, જ્યાં ( જેને ) રાગની રુચિ છે, ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો, પણ રાગની જેને રુચિ છે એ અજ્ઞાની છે. અને અજ્ઞાનીને રાગની રુચિમાં રાગનું જ પરિણમન થાય છે, મિથ્યાદૃષ્ટિને કારણે, રાગનીરુચિમાં, એની દશા થાય છે. છે ? અજ્ઞાનીનું પરિણમન અજ્ઞાનમય-એ પુણ્ય ને પાપના ભાવ, જે વિકાર છે, એની રુચિમાં અજ્ઞાની વિકારપણે જ પરિણમે છે. આહાહા ! સૂક્ષ્મ વાત છે ભાઈ ! જૈન દર્શન ! વીતરાગ માર્ગ ! કોઈ અલૌકિક છે. આહાહા !

અજ્ઞાનીનું પરિણમન અને જ્ઞાનીનું પરિણમન જુદી જુદી ( જાતનું ) છે. અજ્ઞાનીનું પરિણમન અજ્ઞાનમય છે. આહાહા ! એ શુભ-અશુભ રાગ છે, એમાં આત્માનું જ્ઞાન નહિ, આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચિદાનંદ આત્મા છે, તો આ પુણ્ય-દયા-દાન-વ્રત-ભક્તિ કામ-ક્રોધના ભાવમાં એ જ્ઞાનનો અંશ નથી, એ કારણે પુણ્ય-પાપના ભાવને અજ્ઞાનમય ભાવ કહેવામાં આવ્યા છે. આહાહા ! ભાઈ નથી આવ્યા ? ( શ્રોતાઃ- મોડા આવશે ) સમજાણું કાંઈ... ?

જ્ઞાનીનું જ્ઞાનમય ને અજ્ઞાનીનું અજ્ઞાનમય ( પરિણમન છે. ) 'તેથી અજ્ઞાનીના ક્રોધ, માન, વ્રત, તપ ઇત્યાદિ સર્વ ભાવો અજ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી' અજ્ઞાનમય જ છે. સૂક્ષ્મ વાત છે ભાઈ ! ( શું કહે છે ? ) જેની દૃષ્ટિ પોતાના આનંદ ને જ્ઞાનસ્વરૂપ ઉપર છે નહીં અને વ્રત, તપ, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, ભાવ ઉપર દૃષ્ટિ છે, એ અજ્ઞાનીને ક્રોધ-માન-વ્રત અને તપ એ બધા શુભ ભાવ, ક્રોધ-માન અશુભ ભાવ ( છે ), વ્રત-તપ શુભભાવ છે. ઇત્યાદિ સમસ્ત ભાવ ( સર્વ ભાવ ) અજ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી આ અજ્ઞાનીને એ ભાવ મારા છે, એમ માનીને અજ્ઞાનભાવનું ઉલ્લંઘન કરતા નથી. આહાહાહા ! શરીર, વાણી, મન, તો જડ છે-પર છે, કર્મ જડ છે પણ અંદરમાં-આત્મામાં, જે ક્રોધ-માન-માયા-લોભ વિકાર અશુભ થાય છે અને વ્રત-તપ-ભક્તિના શુભભાવ થાય છે, એ બધાયની 'રુચિ' અજ્ઞાનીને છે-આ ભાવ મારા છે ને હું એ-રૂપ છું, આવી મિથ્યાદૃષ્ટિને કારણે, અજ્ઞાનીને શુભ-અશુભ ભાવ સમસ્ત,

અજ્ઞાનજાતિના છે- અજ્ઞાનજાતિનું ઉલ્લંઘન નહિ કરવાથી, એટલે રાગ એ અજ્ઞાન છે રાગમાં આત્મા નહિ. આહાહાહા !

શુભ-અશુભ-વ્રત-તપના ભાવ પણ શુભરાગ છે, એ કોઈ ધર્મ નથી, એ રાગની રુચિમાં અજ્ઞાનીને, શુભાશુભ રાગ ( છે તે ) અજ્ઞાનમય જાતિને ઉલ્લંઘતા નથી. એ અજ્ઞાનમય ભાવમાં રહે છે. આહાહાહા ! આવી ઝીણી વાત હવે. શેઠ ?

વ્રત-તપ-ભક્તિ-પૂજાના ભાવ, શુભરાગ એની રુચિ અજ્ઞાનીને છે. અજ્ઞાનીને રુચિ છે. થાય છે અજ્ઞાનીને રુચિ છે, આ ઠીક છે. આહાહાહા ! ઝીણી વાત ભાઈ ! એ કહે છે ને દેખો, 'તેથી અજ્ઞાનીના ક્રોધ-માન-વ્રત-તપ-ક્રોધ, માન અશુભ ભાવ છે, વ્રત, તપ શુભભાવ છે પરંતુ એ સમસ્ત ભાવ અજ્ઞાનજાતિના છે. આહાહા ! એ વિકારભાવ છે એ બધા અજ્ઞાનજાતિના છે, આત્માનું જ્ઞાન એમાં છે નહિ, એ તો વિકાર છે-વિભાવ છે-અશુદ્ધ છે. અશુદ્ધભાવમાં અજ્ઞાનીને પ્રેમ ને રુચિ છે એને સ્વભાવની દૃષ્ટિ છે નહીં. હું જ્ઞાન ને આનંદ છું એવું તો ભાન છે નહીં એ અજ્ઞાની, પોતાના શુભ-અશુભ ભાવની જાતને ઉલ્લંઘતો નથી-એ શુભ-અશુભ ભાવ મારો છે એવું માનીને પરિણમે છે. આહાહા ! આવો મારગ છે. આકરો લાગે લોકોને શું થાય.

અનંત કાળમાં-અનંત અનંત અનંત કાળથી, જેની આદિ નથી એવા અનાદિ કાળથી શુભ-અશુભ ભાવ તો અનંતવાર કર્યા છે, એ તો રાગભાવ છે, એ આત્મભાવ નહીં, એ સ્વભાવ ભાવથી વિરુદ્ધ ભાવ છે. તો અજ્ઞાનીઓને શુભ-અશુભનો પ્રેમ હોવાથી, અજ્ઞાનજાતિને એ ઉલ્લંઘતા નથી-એ અજ્ઞાન જાતિને છોડતા નથી. આહાહાહા ! છે અંદર છે કે નહિ ? આકરી વાત ભાઈ ! વીતરાગ જૈનદર્શન ! જૈન પરમેશ્વર ત્રિલોકનાથ સીમંધરસ્વામી ભગવાન બિરાજે છે મહાવિદેહમાં, ત્યાં કુંદકુંદાચાર્ય ગયા હતા સંવત-ઓગણપચાસ, બે હજાર વર્ષ પહેલાં, દિગમ્બર મુનિ કુંદકુંદાચાર્ય. ત્યાંથી આવીને આ સંદેશ લાવ્યા. આહાહાહા !

( કહે છે ) કે અજ્ઞાની, પોતાના શુભ-અશુભભાવની રુચિવાળા, એ શુભાશુભભાવ અજ્ઞાનભાવ છે. એ આત્મસ્વભાવ નહીં, તો અજ્ઞાની, પોતાના અશુભભાવને અને શુભભાવની રુચિને છોડતા નથી અજ્ઞાનજાતિને છોડતા નથી. છે કે નહિ શેઠ ? ( શ્રોતાઃ- આપને દેખા હૈ તો હૈ ) આ તો અર્થ હજાર વર્ષ બે હજાર વરસ પહેલાંના છે. આહાહાહા !

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો '-પંચ મહાવ્રત લીધા, પાંચ સમિતિ-ગુપ્તિ આદિ બધો વ્યવહાર કર્યો પણ એ તો બધો રાગ છે. આહાહા ! રાગની રુચિથી મને ધર્મ થશે, એવું અજ્ઞાનીને રાગની-અજ્ઞાનજાતિ છોડતા નથી. આહાહાહા ! સૂક્ષ્મ વાત છે ભાઈ ! છે કે નથી ? ક્રોધ, માન ને વ્રત ને તપ બધા વિકલ્પ છે-રાગ છે બધા-ઇત્યાદિ સમસ્ત ભાવ અસંખ્ય પ્રકારના શુભભાવ અને અસંખ્ય પ્રકારના અશુભ ભાવ-સમસ્ત ભાવ, અજ્ઞાનજાતિનું ઉલ્લંઘન ન કરવાથી, એ અજ્ઞાનની જાત છે એ બધા, અજ્ઞાની એને છોડતા નથી. અજ્ઞાનમય જ છે-એનાં તો બધા ભાવ અજ્ઞાનમય જ છે. આહાહાહા !

અને...જ્ઞાનીના સમસ્ત ભાવ, જ્ઞાન જાતિનું ઉલ્લંઘન નહિ કરતા. ધર્મીના ભાવ આનંદમય-જ્ઞાનયમ-શાંતમય-અવિકારમય એવા ભાવ થવાથી એ જ્ઞાનમય ભાવને એ ઉલ્લંઘતા નથી. જ્ઞાનમય ભાવને છોડીને અજ્ઞાનભાવ( ને ) પોતાના માનતા નથી. આહાહાહા !

આવી વાતું ! એય ! છે ?

પણ, આ તમારા કરોડપતિઓને તો આમાં સૂઝ પડે નહીં કે આ શું કહે છે ? ધૂળના પત્તિ બધા છે ને કરોડપતિઓ. આહાહા ! આ દયા, દાન, વ્રત, તપ એ ભાવ રાગ છે ને એની રુચિવાળા એ રાગને છોડતા નથી, એ અજ્ઞાનજાતિના ભાવ છે, એમ કહે છે, એ...શેઠ ? આહાહા ! ( શ્રોતાઃ- તેઓ બધા પોતાની માન-બડાઈને માટે કરે છે ) માન-બડાઈ માટે નહીં પણ એ વિકારભાવ મારા છે એવું માને છે બસ. આહાહા !

આત્મા, તો નિર્વિકારી સચ્ચિદાનંદ પ્રભુ છે. "સિદ્ધ સમાન સદા પદ મેરો"-'ચેતનરૂપ અનુપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો'-એ તો ચૈતન્યસ્વરૂપ ભગવાન સિદ્ધસ્વરૂપી અંદર છે એની દૃષ્ટિની ખબર નહીં-એનાં જ્ઞાનની ખબર નહીં, તો એનાથી વિરુદ્ધ જે પુણ્ય-પાપના ભાવની ખબર ને રુચિ કરે છે તેથી અજ્ઞાનજાતિના ભાવને છોડતા નથી. જ્ઞાનીને, પોતાના જ્ઞાનસ્વભાવની દૃષ્ટિથી, એમાં રાગ આવે છે પણ રાગના જ્ઞાતા-દૃષ્ટા રહીને, ( પોતાના ) જ્ઞાનમાં ને દર્શનમાં ને પ્રતીતમાં ને આનંદમાં રહે છે. આહાહા ! સમજાણું કાંઈ... ?

જ્ઞાની, જ્ઞાનજાતિના સમ્યક્જ્ઞાન-સમ્યક્શ્રદ્ધા-સમ્યક્ શાંતિ-વીતરાગતા( આદિ ) એ જ્ઞાનજાતિના ભાવ છે, એ જ્ઞાનજાતિના ભાવ જ્ઞાની છોડતા નથી-ઉલ્લંઘતા નથી એને ઉલ્લંઘીને રાગ-અજ્ઞાનભાવને પ્રેમ કરતા નથી. ( શ્રોતાઃ- બાહ્ય પ્રવૃતિ તો જ્ઞાની-અજ્ઞાનીની એક સરખી હોય છે, તો એની પહેચાન શી રીતે કરીએ ) બાહ્ય પ્રવૃત્તિ સરખી પણ અંદરની દૃષ્ટિમાં ફેર છે.

સમકિતી ( જ્ઞાની ) હોય ચક્રવર્તીના રાજ્યનો રાગ દેખાતો હોય, પણ અંદર દૃષ્ટિમાં ફેર છે. એ રાગ, રાગ મારી ચીજ નહિ-હું તો આનંદ-સચ્ચિદાનંદ પ્રભુ છું-જ્ઞાયક સહજાનંદ-ચિદાનંદ-સહજાત્મસ્વરૂપ-પરમાત્મ જ્ઞાયકભાવ એ હું છું. હુ પર્યાય જેવડો ય નહિ, રાગ હું નહિ-પુણ્ય-પાપ-દયા-દાન એ મારી ચીજ નહીં, એવો ચક્રવર્તીનો રાગ ( છે ) પણ સમ્યગ્દૃષ્ટિ પોતાને ( જ્ઞાયકભાવ સ્વરૂપ ) માને છે. આહાહા ! અને અજ્ઞાની, ત્યાગી થયો-સાધુ નામ ધરાવીને, પણ અંદરમાં પુણ્યના જે ભાવ છે વ્રત-તપના એ મારા છે, મારું કર્તવ્ય છે રાગ મને કલ્યાણનું શરણ છે મિથ્યાદૃષ્ટિ એ ભાવ કરે છે. આહાહા ! છે ? કુંદકુંદાચાર્યના વચન છે, ભગવાન સમોસરણમાં બિરાજે છે, એનાં વચનો છે-ત્યાંથી આવ્યા છે. છે ?

'જ્ઞાનમય જ-માત્ર-જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી જ્ઞાનમય જ છે'-એટલા માટે તો જ્ઞાનયુક્ત કહ્યા, અજ્ઞાનમય છે અજ્ઞાનીના તેથી તેના સમસ્તભાવ અજ્ઞાનજાતિનું ઉલ્લંઘન ન કરવાથી અજ્ઞાનમય જ છે.

હવે, આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-કળશ છે, કળશ અમૃતચંદ્રચાર્ય મુનિ આ ગાથા કુંદકુંદાચાર્યની છે. ( એમને ) બે હજાર વર્ષ થયાં, એ દિગમ્બર મુનિ ! જે ભગવાન ( સીમંધરનાથ ) પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા, ( આ ) એમની ગાથા છે. અને એમના પછી હજાર વર્ષે અમૃતચંદ્રાચાર્ય થયા દિગમ્બર સંત, એમની આ ટીકા છે, એમનો આ કળશ છે.

## શ્લોક-૬૭

( अनुष्टुभ् )

ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि।
सर्वेऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते।।६७।।

**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ ज्ञानिनः ] જ્ઞાનીના [ सर्वे भावाः ] સર્વ ભાવો [ ज्ञाननिर्वृत्ताः हि ] જ્ઞાનથી નીપજેલા ( -રચાયેલા ) [ भवन्ति ] હોય છે [ तु ] અને [ अज्ञानिनः ] અજ્ઞાનીના [ सर्वे अपि ते ] સર્વ ભાવો [ अज्ञाननिर्वृत्ताः ] અજ્ઞાનથી નીપજેલા ( -રચાયેલા ) [ भवन्ति ] હોય છે. ૬૭.**

## શ્લોક-૬૭ ઉપર પ્રવચન

ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि।
सर्वेऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते।।६७।।

શ્લોકાર્થ :– જ્ઞાની નામ ધર્મીને સમસ્ત ભાવ જ્ઞાનથી રચાયેલા હોય છે.–હું જ્ઞાતા છું, હું દૃષ્ટા છું–આનંદ છું–શાંતિ છું–વીતરાગ છું એવા ભાવ જ્ઞાનીને હોય છે. આહાહાહા ! ચાહે તો ચોથા ગુણસ્થાને સમકિતી હો, પણ એમને તો શ્રદ્ધા–જ્ઞાન–શાંતિ વીતરાગપરિણામ છે, એ જાત એની છે. આહાહા ! છે ? જ્ઞાનીના તો સમસ્ત ભાવો–સર્વ ભાવો જ્ઞાનથી રચાયેલા હોય છે. જ્ઞાનથી રચાયેલા–શાંતિથી રચાયેલા–વીતરાગભાવથી રચેલા–આનંદથી રચેલા ભાવ હોય છે. આહાહાહા ! એનું નામ જ્ઞાની અથવા ધર્મી કહીએ.

અજ્ઞાનીના સમસ્ત ભાવ અજ્ઞાનથી રચાયેલાં હોય છે–અજ્ઞાનીના સર્વ ભાવ–ચાહે તો દયા–દાન–વ્રત–ભક્તિ–તપ કરતા હોય પણ એ બધો રાગ ને અજ્ઞાનમય છે એને પોતાના માનીને એમાં પડ્યા છે, અજ્ઞાનજાતિના ભાવ છે બધા. આહાહાહાહા !

હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે, હવે કુંદકુંદાચાર્ય દૃષ્ટાંત કહે છે.

આ માર્ગ સમજવા માટે કાં તો વીતરાગ સંસ્કાર જોઈએ અને કાં તો વીતરાગી સંત જોઈએ. બાકી એ સિવાય આ માર્ગ બહુ ઝીણો છે; ( પોતાની મેળે સમજી લે તેમ નથી ). કાં તો સમ્યગ્દૃષ્ટિ જોઈએ, કાં એને પૂર્વના કોઈ સંસ્કાર જોઈએ; તે વિના આ તો બેસે એવી નથી. એ વસ્તુસ્થિતિ છે.

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૨૦૪, નિયમસાર ગાથા-૮૩ )**

## ગાથા-૧૩૦-૧૩૧

अथैतदेव दृष्टान्तेन समर्थयते-

कणयमया भावादो जायंते कुंडलादओ भावा।
अयमयया भावादो जह जायंते दु कडयादी।।१३०।।
अण्णाणमया भावा अणाणिणो बहुविहा वि जायंते।
णाणिस्स दु णाणमया सव्वे भावा तहा होंति।।१३१।।

कनकमयाद्भावाज्जायन्ते कुण्डलादयो भावाः।
अयोमयकाद्भावाद्यथा जायन्ते तु कटकादयः।।१३०।।
अज्ञानमया भावा अज्ञानिनो बहुविधा अपि जायन्ते।
ज्ञानिनस्तु ज्ञानमयाः सर्वे भावास्तथा भवन्ति।।१३१।।

यथा खलु पुद्गलस्य स्वयं परिणामस्वभावत्वे सत्यपि, कारणानुविधायित्वात् कार्याणां, जाम्बूनदमयाद्भावाज्जाम्बूनदजातिमनतिवर्तमाना जाम्बूनदकुण्डलादय एव भावा भवेयुः, न पुनः कालायसवलयादयः, कालायसमयाद्भावाच्च कालायसजातिमनतिवर्तमानाः कालायसवलयादय एव भवेयुः, न पुनर्जाम्बूनदकुण्डलादयः। तथा जीवस्य स्वयं परिणामस्वभावत्वे सत्यपि, कारणानुविधायित्वादेव कार्याणां, अज्ञानिनः स्वयमज्ञानमयाद्भावादज्ञान-जातिमनतिवर्तमाना विविधा अप्यज्ञानमया एव भावा भवेयुः, न पुनर्ज्ञानमयाः, ज्ञानिनश्च स्वयं ज्ञानमयाद्भावाज्ज्ञानजातिमनतिवर्तमानाः सर्वे ज्ञानमया एव भावा भवेयुः, न पुनरज्ञानमयाः।

---

હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છેઃ-

જ્યમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,
પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે; ૧૩૦.
ત્યમ ભાવ બહુવિધ ઊપજે અજ્ઞાનમય અજ્ઞાનીને,
પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.

ગાથાર્થઃ-[ यथा ] જેમ [ कनकमयात् भावात् ] સુવર્ણમય ભાવમાંથી [ कुण्डलादयः भावाः ] સુવર્ણમય કુંડળ વગેરે ભાવો [ जायन्ते ] થાય છે [ तु ] અને [ अयोमयकात् भावात् ] લોહમય ભાવમાંથી [ कटकादयः ] લોહમય કડાં વગેરે ભાવો [ जायन्ते ] થાય છે, [ तथा ] તેમ [ अज्ञानिनः ] અજ્ઞાનીને ( અજ્ઞાનમય ભાવમાંથી ) [ बहुविधाः अपि ] અનેક પ્રકારના [ अज्ञानमयाः भावाः ] અજ્ઞાનમય ભાવો [ जायन्ते ] થાય છે [ तु ] અને

[ ज्ञानिन: ] જ્ઞાનીને ( જ્ઞાનમય ભાવમાંથી ) [ सर्वे ] સર્વ [ ज्ञानमया: भावा: ] જ્ઞાનમય ભાવો [ भवन्ति ] થાય છે.

ટીકાઃ-જેવી રીતે પુદ્‌ગલ સ્વયં પરિણામસ્વભાવવાળું હોવા છતાં, કારણ જેવાં કાર્યો થતાં હોવાથી, સુવર્ણમય ભાવમાંથી, સુવર્ણજાતિને નહિ ઉલ્લંઘતા એવા સુવર્ણમય કુંડળ આદિ ભાવો જ થાય પરંતુ લોખંડમય કડાં આદિ ભાવો ન થાય, અને લોખંડમય ભાવમાંથી, લોખંડજાતિને નહિ ઉલ્લંઘતા એવા લોખંડમય કડાં આદિ ભાવો જ થાય પરંતુ સુવર્ણમય કુંડળ આદિ ભાવો ન થાય; તેવી રીતે જીવ સ્વયં પરિણામસ્વભાવવાળો હોવા છતાં, કારણ જેવાં જ કાર્યો થતાં હોવાથી, અજ્ઞાનીને-કે જે પોતે અજ્ઞાનમય ભાવ છે તેને-અજ્ઞાનમય ભાવમાંથી, અજ્ઞાનજાતિને નહિ ઉલ્લંઘતા એવા અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવો જ થાય પરંતુ જ્ઞાનમય ભાવો ન થાય, અને જ્ઞાનીને-કે જે પોતે જ્ઞાનમય ભાવ છે તેને-જ્ઞાનમય ભાવમાંથી, જ્ઞાનની જાતિને નહિ ઉલ્લંઘતા એવા સર્વ જ્ઞાનમય ભાવો જ થાય પરંતુ અજ્ઞાનમય ભાવો ન થાય.

ભાવાર્થઃ-'જેવું કારણ હોય તેવું જ કાર્ય થાય છે' એ ન્યાયે જેમ લોખંડમાંથી લોખંડમય કડાં વગેરે વસ્તુઓ થાય છે અને સુવર્ણમાંથી સુવર્ણમય આભૂષણો થાય છે, તેમ અજ્ઞાની પોતે અજ્ઞાનમય ભાવ હોવાથી તેને ( અજ્ઞાનમય ભાવમાંથી ) અજ્ઞાનમય ભાવો જ થાય છે અને જ્ઞાની પોતે જ્ઞાનમય ભાવ હોવાથી તેને ( જ્ઞાનમય ભાવમાંથી ) જ્ઞાનમય ભાવો જ થાય છે.

અજ્ઞાનીને શુભાશુભ ભાવોમાં આત્મબુદ્ધિ હોવાથી તેના સર્વ ભાવો અજ્ઞાનમય જ છે.

અવિરત સમ્યગ્દ્રષ્ટિ ( -જ્ઞાની ) ને જોકે ચારિત્રમોહના ઉદયે ક્રોધાદિક ભાવો પ્રવર્તે છે તોપણ તેને તે ભાવોમાં આત્મબુદ્ધિ નથી, તે તેમને પરના નિમિત્તથી થયેલી ઉપાધિ માને છે. તેને ક્રોધાદિક કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે-આગામી એવો બંધ કરતા નથી કે જેથી સંસારનું ભ્રમણ વધે; કારણ કે ( જ્ઞાની ) પોતે ઉધમી થઈને ક્રોધાદિભાવરૂપે પરિણમતો નથી અને જોકે ઉદયની બળજોરીથી પરિણમે છે તોપણ જ્ઞાતાપણું ચૂકીને પરિણમતો નથી; જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે તેથી તે ક્રોધાદિભાવોનો અન્ય જ્ઞેયોની માફક જ્ઞાતા જ છે, કર્તા નથી. આ રીતે જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનમય જ છે.

## ગાથા-૧૩૦-૧૩૧ ઉપર પ્રવચન

कनकमयाद्भावाज्जायन्ते कुण्डलादयो भावा:।
अयोमयकाद्भावाद्यथा जायन्ते तु कटकादय:।।१३०।।
अज्ञानमया भावा अज्ञानिनो बहुविधा अपि जायन्ते।
ज्ञानिनस्तु ज्ञानमया: सर्वे भावास्तथा भवन्ति।।१३१।।

જ્યમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,
પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે; ૧૩૦.
ત્યમ ભાવ બહુવિધ ઊપજે અજ્ઞાનમય અજ્ઞાનીને,
પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.

ટીકા છે એની ટીકા! 'જેવી રીતે પુદ્‌ગલદ્રવ્ય' આ જડદ્રવ્ય છે-પુદ્‌ગલ, 'સ્વયં પરિણામસ્વભાવવાળું હોવા છતાં'-પુદ્‌ગલદ્રવ્ય સ્વયં પરિણમવાના સ્વભાવવાળું છે-પ્રત્યેક પુદ્‌ગલ પોતાના પરિણામ સ્વભાવવાળાં છે. પરિણમન કરવું-બદલવું એવો સ્વભાવ છે. તો પણ કારણ જેવાં કાર્યો થતાં હોવાથી બદલે છે પણ કારણ જેવાં કાર્ય થાય છે. શું ? કે સુવર્ણમય ભાવમાંથી, સુવર્ણજાતિને નહિ ઉલ્લંઘતા એવા સુવર્ણમય કુંડળ-આદિ ભાવો જ થાય-સોનાના દાગીના થાય છે એ સુવર્ણમય છે. દાગીના શું કહે છે ? જેવર. સુવર્ણના દાગીના સુવર્ણમય હોય છે. છે ? સુવર્ણમય ભાવમાંથી, સુવર્ણજાતિને ઉલ્લંઘન નહિ કરતા, સુવર્ણમય કુંડળ આદિ ભાવો જ થાય ( છે ) 'કારણ જેવું કાર્ય'-સોનામાંથી આ ઉપાદાન જેવું કાર્ય, સોનું છે એમાંથી કુંડળ આદિ સોનાના હોય છે. છે ? પરંતુ લોખંડમય કડાં આદિ ભાવો ન થાય.

સોનામાંથી સોનામય ભાવ થાય છે, સોનામાંથી લોખંડમય ભાવ નથી થતા-લોઢું-લોઢું. આહાહા ! સોનાના કુંડળ આદિ ભાવ થાય છે એ સોનામય જ છે પરંતુ લોખંડમય કડાં આદિ ભાવ નથી થતા અને લોખંડમય ભાવમાંથી, લોખંડજાતિને નહિ ઉલ્લંઘતા એવા લોખંડમય કડાં આદિ ભાવો જ થાય. આહાહા ! 'કારણ જેવું કાર્ય'-સુવર્ણ કારણ છે તો એનું કાર્ય સુવર્ણમય છે. લોઢું કારણ છે તો એનું કાર્ય કડાં આદિ લોઢામય જ છે.

આ તો દૃષ્ટાંત દીધું ભગવાન કુંદકુંદાચાર્ય, દિગમ્બર સંત ! આહાહાહા ! છે ? પરંતુ સુવર્ણમય કુંડળ આદિ ભાવ નથી થતા, સોનામયભાવમાંથી સોનાનાં કડાં આદિ થાય છે એ લોઢામય નથી અને સુવર્ણમય છે. અને લોહમય ભાવમાંથી લોઢું જ થાય છે સુવર્ણ થતું નથી. સમજાણું કાંઈ ? હજી તો ( આ ) દૃષ્ટાંત છે-સોનામાંથી સોનાની જાતના દાગીના બને છે ( એ ) લોઢામય નથી હોતા અને લોઢામાંથી લોઢાની જાતના ઉત્પન્ન થાય છે. ( એ ) સુવર્ણમય નથી હોતા. એ દૃષ્ટાંત થયું.

'તેવી રીતે જીવ સ્વયં પરિણામસ્વભાવવાળો હોવા છતાં'-જેમ પુદ્‌ગલ બદલવાના સ્વભાવવાળું હોવા છતાં-સોનું છે ( તે ) સુવર્ણપણે પરિણમે છે અને લોખંડ છે ( તે ) લોખંડમયપણે પરિણમે છે. લોખંડ છે તે સોનામયપણે પરિણમતું નથી ને સોનું છે તે લોહમયપણે પરિણમતું નથી. તેવી રીતે જીવ પરિણમનસ્વભાવવાળો છે. છે ? ( જીવ ) પરિણમન સ્વભાવવાળો હોવા છતાં-કારણ જેવું કાર્ય થતું હોવાથી, અજ્ઞાનીને- જો કે પોતે અજ્ઞાનમય ભાવ છે તેને-અજ્ઞાનીના તો બધા ( ભાવ ) રાગ-પુણ્ય-દયા-દાન-વ્રત-ભક્તિ-કામ-ક્રોધ, અજ્ઞાનમય ભાવની જાતના છે. આહાહાહા !

લોખંડમાંથી લોખંડના દાગીના થાય છે એમ કીધું ને ! તેવી રીતે અજ્ઞાની, પોતાના ત્રિકાળ આનંદ સ્વરૂપનું ભાન નહિ હોવાથી, એ અજ્ઞાનીને રાગ થાય છે-શુભાશુભ એ શુભ-અશુભ રાગનો અજ્ઞાનમયભાવ એને થાય છે. અજ્ઞાનીને અજ્ઞાનમય શુભાશુભભાવ થાય છે.

લોઢામાંથી લોઢાની ચીજો થાય છે એમ અજ્ઞાનીને, અજ્ઞાનમયભાવમાંથી પુણ્ય-પાપના ભાવ અજ્ઞાનમય ( ભાવ ) થાય છે. આહાહા !

આમને આમ વખત ગાળ્યા છે શેઠ ? જિંદગીમાં નિર્ણય કર્યો નહિ ? શેઠને ઠપકો દઈએ છીએ ! પૈસા ને આમાં ! આ ચીજ-આ ભગવાન આમ કહે છે. આહાહા ! એ દૃષ્ટાંત તો કેવું છે દેખો ને ! સોનામાંથી સોનાના બધા દાગીના, દાગીના-જેવર થાય છે. લોઢામાંથી લોઢાના દાગીના થાય છે. લોઢામાંથી સોનાના ( દાગીના ) થાય છે ? સોનામાંથી લોઢાની ( ચીજો ) થાય છે ? એમ અજ્ઞાનીને અજ્ઞાનજાત-રાગને પુણ્ય-પાપના ભાવ, અજ્ઞાન છે એ ભાવ, એવા ( ભાવ ) ઉત્પન્ન થાય છે. આહાહા ! ( શ્રોતાઃ- એ તો બન્નેની જાત જ જુદી જુદી છે ) બેય જાત જ જુદી છે એ તો બતાવે છે. આહાહા ! ઝીણી વાત ભાઈ !

વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથના કથન કોઈ અલૌકિક છે. ક્યાંય આ વાત છે નહિ બીજે, બીજા મારગમાં આવી ચીજ ક્યાંય છે નહિ. આહાહા ! કેવું દૃષ્ટાંત ! કુંદકુંદાચાર્યે પોતે દૃષ્ટાંત દીધું છે. કુંદકુંદાચાર્યે દૃષ્ટાંત દીધું છે, કે સોનામાંથી સોનાની જાતના આભરણ ( દાગીના ) થાય છે. લોઢામાંથી લોઢાના તાવીથા, આદિ થાય છે. એમ અજ્ઞાનીને, પોતાના ચિદાનંદ સ્વરૂપનું ભાન નથી-શ્રદ્ધા નથી-જ્ઞાન નથી અને પુણ્ય ને પાપ ( ના ભાવની ) રુચિનો ભાવ છે તેથી અજ્ઞાનીને, અજ્ઞાનમય પાપ-પુણ્યના ભાવ ઉત્પન્ન થાય છે. આહાહાહા ! ઝીણી વાત પડે ભાઈ ! આહાહા ! અરે, દુનિયાને નિવૃત્તિ ક્યાં ? ધંધા આડે નિવૃત્તિ ન મળે. એક તો જાણે આખો દી' પાપ એમાં ય નિવૃત્તિ મળે તો સાંભળવા જાય ( ત્યાં ) સાચું સાંભળવા ય ન મળે એને. આહાહાહાહા !

આંહી તો પરમાત્મા ત્રિલોકનાથની આજ્ઞા કે હુકમથી, સંતો ભગવાનની વાત આડતિયા થઈને કરે છે, માલ તો ભગવાનનો છે, ભગવાન આમ કહે છે અજ્ઞાનીને, અજ્ઞાનમય ભાવ થાય છે. લોખંડમય લોઢાથી ( લોઢાના ) આભરણ થાય છે. એમ અજ્ઞાનીઓને, પુણ્ય ને પાપની રુચિવાળાને શુભ ને અશુભ ભાવના પ્રેમીને, બધા શુભ-અશુભભાવ અજ્ઞાનમય થાય છે. આહાહા ! ભાષા તો સાદી છે ને પ્રભુ ! પણ ઝીણી વાત ભાઈ ! અનંત કાળમાં એણે કદી સત્ય લીધું જ નથી. એમ ને એમ અનાદિકાળથી પુણ્ય ને પાપની રુચિ કરીને એમાં ધર્મ થઈ જશે ( એમ માન્યું છે ) દયા-દાન-વ્રત-ભક્તિના શુભભાવ એમાં ધર્મ થઈ જશે એમ અજ્ઞાની અનાદિથી માને છે. આહાહા !

( શ્રોતાઃ- અગિયાર અંગ ભણે તો ય એ પુણ્યથી ધર્મ થાય એમ થોડું કહે ! ) ( અરે ! ) અગિયાર અંગ ભણ્યો હોય તોય આમ માનતો હતો. ( શ્રોતાઃ- પ્રરૂપણા તો એવી નથી કરતા કે પુણ્યથી ધર્મ થાય. ) પુણ્યથી ધર્મ ન થાય એમ કહે, પણ અંદરમાં દૃષ્ટિમાં ( અભિપ્રાયમાં ) ફેર છે. આહાહા ! બહારથી કહેતા હોય અગિયાર અંગ ભણ્યો છે એ ( પણ ) અંદરથી પરિણમનમાં ફેર છે. ( શ્રોતાઃ- અંદરની વાત તો કેવળી જાણે ! ) કેવળી જાણે નહીં, આત્મા જાણે. કેવળી જાણે...કેવળી જાણે...પ્રત્યક્ષ પ્રરૂપણા કરે છે કે રાગથી ધર્મ થાય છે, દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા ( ના ભાવથી ) ધર્મ થાય છે. પ્રત્યક્ષ અજ્ઞાન છે ( એ શું ) દેખવાની ચીજ છે ? આહાહાહા ! સમજાણું કાંઈ... ? આ તો સ્થૂળ અજ્ઞાન છે, સૂક્ષ્મ તો અંદરમાં રાગની રુચિ રહેવી અને

સ્વભાવ આનંદની રુચિનો નાશ કરવો, એનું નામ અજ્ઞાન છે. ઝીણી વાત છે ભાઈ! સમયસાર છે. ભગવાનના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિ! પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવના શ્રીમુખે નીકળેલ પ્રવચન 'સમયસાર'- આત્માનો સાર. આહાહા!

તો કહે છે, શું કહ્યું? દેખો! અજ્ઞાનીને, જે સ્વયં અજ્ઞાનમયભાવ છે તેના અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય જાતિના ઉલ્લંઘન નહિ કરતા અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવ જ થાય છે. આહાહાહા! જેમને શુભ-અશુભ ભાવ, પુણ્ય-પાપનો પ્રેમ છે-રુચિ છે એ અજ્ઞાની, એ અજ્ઞાનીના બધા અજ્ઞાનમય ભાવ પુણ્ય-પાપ ઉત્પન્ન થાય છે-જાત-વિકારી જાત ઉત્પન્ન થાય છે. એને ધર્મ ઉત્પન્ન થતો નથી. આહાહાહા! છે કે નહિ અંદર?

આહાહા! આ તો બે હજાર વર્ષ પહેલાંની વાત છે. કુંદકુંદાચાર્ય દિગમ્બર સંત! ભગવાન પાસે ગયા હતા ને (ત્યાંથી) આવીને આ શાસ્ત્ર રચ્યા છે. લોકોને અર્થની ખબર નહિ, પોતાને નિવૃત્તિ નહિ અને એમ ને એમ જિંદગી અનાદિ અજ્ઞાનમાં ગાળે છે. આહાહાહા! એ શું (કયો) અજ્ઞાનમય ભાવ છે, અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનજાતિના જ ભાવ કરે છે, અને અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવ છે, પરંતુ જ્ઞાનમયભાવ નથી થતો. દૃષ્ટાંત દીધું હતું ને, સોનામાંથી સોનાના જ આભરણ થાય છે ને લોઢાના નહીં, એમ અજ્ઞાનમાંથી અજ્ઞાનમય જ ભાવ થાય છે-લોઢામાંથી લોઢાના જ ભાવ થાય છે, સોનાના નહીં.

અજ્ઞાની, અજ્ઞાનભાવને ઉલ્લંઘતા નથી, અજ્ઞાનીને જ્ઞાનભાવ થતો નથી, સમ્યક્-દર્શન-જ્ઞાનના ભાવ એને થતા નથી, પુણ્યના પ્રેમીને મિથ્યાદૃષ્ટિને પુણ્યભાવનો પ્રેમ છે તો વિકાર જ ઉત્પન્ન થાય છે. આહાહા! (શ્રોતા:મિથ્યાદૃષ્ટિ સુલટા શી રીતે બને?) એ તો કહે છે કે ઊંધી દૃષ્ટિ ફેરવી દે-રાગની રુચિ છે (તે દૃષ્ટિ) છોડીને, આત્મા આનંદ પૂર્ણાનંદ પ્રભુ છે-જ્ઞાયક છે-શુદ્ધચૈતન્યઘન છે, એની દૃષ્ટિ કર તો...ગુલાંટ ખાઈશ. આહાહા! સમ્યગ્દર્શન એને કહે છે કે ભૂતાર્થ ત્રિકાળી શુદ્ધ ચિદાનંદપ્રભુ એના આશ્રયથી જે દૃષ્ટિ હોય એ સમ્યગ્દર્શન (છે.) અને રાગ ને પુણ્ય-પાપની દૃષ્ટિ છે એ મારા છે એ મિથ્યાદૃષ્ટિ. આહાહા! અસત્ય દૃષ્ટિ-જૂઠી દૃષ્ટિ. આહાહા!

તો અજ્ઞાનીમાં અજ્ઞાનમય ભાવ થાય છે, પરંતુ જ્ઞાનમય ભાવ નથી થતાં-જ્ઞાનીના જે ભાવ છે એ સ્વયં જ્ઞાનમય ભાવ છે-ધર્મી જીવને તો હું આનંદ ને જ્ઞાન-આનંદસ્વરૂપ છું-હું તો જ્ઞાતા-દૃષ્ટા છું, રાગ ને પુણ્ય-પાપ એ મારી ચીજ નહીં. આહાહાહા! પુણ્ય-પાપ કે આ બહાર-ધૂળ-માટી છે એ તો હું નહીં, પુણ્યથી આ પૈસા મળે-ધૂળ એ તો હું નહી પણ અંદરમાં પુણ્ય-પાપ ભાવ થાય છે એ પણ હું નહીં. આહાહા! આકરું કામ છે ભાઈ! અનંત કાળ (વીત્યો) "અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુસંતને મૂક્યા નહિ અભિમાન"- અભિમાન મૂક્યા નહીં, સંત શું છે (ભાઈ?) સાચી વાત કોણ કહે? ખબર નહિ એને.

જ્ઞાનમય, જ્ઞાનીના કે જે સ્વયં જ્ઞાનમય ભાવ છે-ધર્મીને તો જ્ઞાતા-દૃષ્ટા, શાંતિ-આનંદ ને વીતરાગતા (ના) ભાવ છે. સમજાણું કાંઈ...? એના જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનની જાતિના ઉલ્લંઘન નહિ કરતા. એ જ્ઞાતા-દૃષ્ટા શાંતિ ને આનંદાદિ એ ભાવનું ધર્મી ઉલ્લંઘન નથી કરતા અને (જે) ઉલ્લંઘન કરે છે ને રાગને પોતાનો માને છે (એ અજ્ઞાની છે) જ્ઞાની એમ માનતા

નથી. તો પછી આ તમારા પૈસા-બૈસા તો ક્યાંય બહાર રહી ગઈ ધૂળ. આ તો પુણ્ય-પાપના ભાવ મારા માને નહીં, એ જ્ઞાની છે.

( શ્રોતાઃ- પૈસાથી તો મોટા કામ ચાલે ! ) ધૂળમાંય ચાલતા નથી, મોટા માને છે, માટી છે-ધૂળ એ તો પુદ્ગલ છે, પુદ્ગલથી પુદ્ગલની પરિણતિ થાય છે. આહાહા ! ( શ્રોતાઃ- પૈસાથી તો પ્લેનમાં આવે છે ! ) શું ? કોણ આવે છે પોતાને કારણે આવે છે, પૈસાને કારણે ( નહીં ) કંઈક આ શરીરની ગતિ થાય છે, આમ પ્લેનથી શરીર આવે છે ? એ પોતાની ક્રિયાથી આવે છે. આહાહા ! આકરી વાત ભાઈ ! આત્મા પણ પ્લેનમાં જાય છે, એ પોતાની ક્રિયા( વતી ) શક્તિની ગતિ થવાથી એ જાય છે. ( શ્રોતાઃ- ક્રિયાવતી શક્તિને કારણે આત્મા જાય છે ) ક્રિયા( વતી ) પોતાની શક્તિ છે, પરની શું શક્તિ છે ? આહાહા ! સૂક્ષ્મ વાત છે ભાઈ ! દુનિયામાં તો અત્યારે, એટલી ચાલે છે ( અહંકારની ) કે બહુ બધી ઊંધી-ગરબડ. નિવૃત્તિ ન મળે ધંધા આડે ને સાંભળવા કલાક જાય, કલાક સાંભળે તો કહે સામે 'જે નારાયણ'-સત્ય ને અસત્યમાં શું ફેર છે, એનું મિલાન કેમ છે, એ ( સમજવાની ) દરકાર નહિ અને એને બે-પાંચ, પચીસ લાખ, કરોડ બે કરોડ ( રૂપિયા ) મળ્યા હોય તો થઈ રહ્યું. જાવ હું પહોળો ને શેરી સાંકળી થઈ ગઈ. મોટો થઈ ગયો હું. આહા !

આંહી કહે છે કે મિથ્યાદૃષ્ટિના મિથ્યાત્વભાવને કારણે, રાગની રુચિને કારણે, તેના બધા મિથ્યાત્વભાવ-રાગ આદિના ભાવ એને ઉત્પન્ન થાય છે, અને જ્ઞાનીને આત્માની રુચિ છે-આનંદની રુચિ છે, રાગની રુચિ નથી. ( છૂટી ગઈ છે ) તેથી ધર્મીને તો આનંદ ને જ્ઞાન પરિણતિ આવે છે, એ જ્ઞાન ને શાંતિની પરિણતિને ઉલ્લંઘીને રાગની પરિણતિને પોતાની માનતા નથી. આહાહા ! આકરું કામ લાગે-આકરું લાગે એવું છે બાપુ ! અને એકાંત લાગે. ( આ એકાંત છે પણ ) સમ્યક્ એકાંત આ જ ( છે. ) આહાહા ! અરે, અનંતકાળ...અનંતકાળ વીત્યો ચોરાશીના અવતાર, સ્વર્ગમાં અનંતવાર ગયો, નવમી ગ્રૈવેયક સ્વર્ગમાં અનંત વાર ગયો તો એ કંઈક પુણ્ય કરીને ગયો હશે ને કે પાપ કરીને ? નવમી ગ્રૈવેયક !

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો'-મુનિવ્રત લીધા-પંચમહાવ્રત પાળ્યા પણ એ તો રાગ છે,-આસ્રવ છે-દુઃખ છે. આહાહાહા ! એનાથી સ્વર્ગ મળે, સ્વર્ગમાંથી નીકળીને તિર્યંચમાં ( જન્મીને ) ઢોરમાં જશે, પશુ નર્કમાં જશે ! આહાહાહા ! અને જ્ઞાની સમકિતી, આત્મજ્ઞાન થયું હોય, શ્રેણિક રાજા ! નરકનું આયુષ્ય પહેલાં બંધાઈ ગયું હતું પછી આ સમ્યગ્દર્શન થયું હું રાગ નહિ હું તો જ્ઞાતા-દૃષ્ટા આનંદ છું તો નર્કગતિનું આયુષ્ય લાંબું હતું તે છૂટીને ઘટી ગયું ( પહેલી ) તેંત્રીસ સાગરની સ્થિતિનું ( હતું તે ઘટીને ) ચોરાશી હજાર વરસ ( ની સ્થિતિ ) રહી ગઈ. ક્ષાયિક સમકિતી-આત્મજ્ઞાની રાગની રુચિ છૂટી ગઈ-રાગ એ મારી ચીજ નહિ, હું તો આનંદ ને જ્ઞાન છું, એવી દૃષ્ટિમાં ચોરાશીહજાર વરસની સ્થિતિ રહી ગઈ તો નરકમાં ગયા છે પણ છે સમકિતી, અને તીર્થંકરગોત્ર બાંધે છે. ભવિષ્યમાં આવતી ચોવીસીમાં પહેલાં તીર્થંકર થશે. આહાહા ! એ આત્મજ્ઞાન ને આત્મદર્શનના પ્રતાપથી છે.

અને......આત્મજ્ઞાન ને સમ્યક્દર્શન, વિના-આત્માના ભાન વિના જેટલી પુણ્યાદિ ક્રિયાઓ કરે એ બધી ક્રિયાથી સ્વર્ગમાં થશે, કદાચિત્ ત્યાંથી નીકળીને આ કરોડપતિ-અબજપતિ ! આ

શેઠિયા ધૂળના. શેઠ કહે છે એમ થાય. એ ત્યાંથી મરીને નર્કમાં જશે કાં ઢોરમાં-પશુમાં જશે ! આહાહા ! આવી વાત છે ભાઈ ! ( શ્રોતાઃ- બધુંય નિષ્ફળ ! ) નિષ્ફળ નહીં પણ સફળ-સફળ છે. પાપ ( ભાવ ) કર્યા છે એ સફળ છે-પાપ કર્યું છે તે સફળ છે-નર્કયોનિ મળશે અને કોઈ પુણ્ય થોડું કર્યું હોય તો 'એરણની ચોરીને સોયનું દાન'-એની શું ગણતરી આવી, ધર્મ તો કર્યા નહિ પોતે. આહાહા !

હું તો આનંદસ્વરૂપ ! પુણ્ય ને પાપ અને પાપ ક્રિયાથી ભિન્ન, મારી ચીજ ( આત્મા ) છે. મારી ચીજમાં તો પુણ્ય-પાપેય નહિ ને પુણ્ય-પાપના કર્તા( નો ભાવ ) પણ હું નહીં. આહાહાહા ! આવી દૃષ્ટિ જ્ઞાનીની હોય છે તો જ્ઞાનીની જાતમાં બધા જ્ઞાનમય જ ભાવ થાય છે. એમાં અજ્ઞાનમય રાગ આદિ ભાવ હોતા નથી-રાગ આવે છે ધર્મીને, કહેશે, હમણાં કહેશે અજ્ઞાનમય ભાવ નથી હોતા ( નથી થતા ). છે ? ભાવાર્થ છે ને !

ભાવાર્થઃ- 'જેવું કારણ હોય તેવું જ કર્મ થાય છે'-કારણ જેવું જ આંહી કાર્ય થાય છે, ઉપાદાન જેવું હોય છે તેવું કાર્ય થાય છે. 'એ ન્યાયે જેમ લોખંડમાંથી લોખંડમય કડાં વગેરે વસ્તુઓ થાય છે' અને સુવર્ણમાંથી સુવર્ણમય આભૂષણો થાય છે. લ્યો ! આભૂષણો તો કહે છે. એ પ્રકારે અજ્ઞાની સ્વયં અજ્ઞાનમય ભાવ હોવાથી, તેના અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય જ ભાવ થાય છે એને તો રાગની રુચિ છે પુણ્યની રુચિ દયા-દાન-વ્રત-આદિ એ તો અજ્ઞાન છે. તેથી ( તેને ) બધા ભાવ અજ્ઞાનભાવ જ ઉત્પન્ન થાય છે. આહાહા ! આકરું કામ છે ભાઈ ! આહાહા !

અનંત કાળ...અનંત-અનંતકાળ વીતી ગયો, ચોરાશી લાખ યોનિઓમાં અનંત વાર અવતાર લીધા, સ્વર્ગમાં પણ અનંત વાર ગયો, નર્કની યોનિઓના અવતારથી સ્વર્ગના અવતાર અસંખ્યગુણા અનંતા કર્યા, પુણ્ય કર્યું તો સ્વર્ગમાં ગયો પણ એમાં શું થયું ? ધર્મ તો ન થયો, રાગની રુચિથી પુણ્ય કર્યાં તો ત્યાં ગયો અને રાગની રુચિ છોડીને હું તો આનંદ છું-જ્ઞાતા છું એવી દૃષ્ટિ કરી નહીં. આહા ! સૂક્ષ્મ છે. છે ? જ્ઞાનમયભાવ થાય છે અજ્ઞાનીને શુભ-અશુભ ભાવમાં-દેખો ! અજ્ઞાનીનો ખુલાસો ( કે ) 'અજ્ઞાનીને શુભાશુભ ભાવોમાં આત્મબુદ્ધિ હોવાથી તેના સર્વ ભાવો અજ્ઞાનમય જ છે.'

મિથ્યા દૃષ્ટિ રાગનો પ્રેમ છે. જેને રુચિ રાગની છે, ચાહે તો દયા દાન, વ્રત, ભક્તિ, તપનો રાગ પણ એની રુચિ છે એ અજ્ઞાની છે. શુભ-અશુભ ભાવોમાં શુભ ને અશુભ ભાવમાં આત્મબુદ્ધિ હોવાથી-એ મારી ચીજ છે ( ભાવ છે )એમ આત્મબુદ્ધિથી માને છે. નવ તત્ત્વમાં આ પુણ્ય-પાપ તત્ત્વ ભિન્ન છે ને ભગવાન આત્મા ભિન્ન જ્ઞાયક તત્ત્વ છે. અજ્ઞાનીને-મિથ્યાદૃષ્ટિને અનાદિથી શુભાશુભ ભાવોમાં આત્મબુદ્ધિ હોવાથી એના સમસ્તભાવ અજ્ઞાનમય છે.

અવિરત સમ્યક દૃષ્ટિ-હવે ચોથે ગુણસ્થાને અવિરત સમ્યક દૃષ્ટિને વ્રત-તપ હજી આવ્યા નથી, નિશ્ચિત વ્રત હો ! વ્રત સમકિત વિનાના તો અનંતવાર કર્યા. એ કોઈ વસ્તુ નહિ પણ સમ્યક દર્શન પછીના ચારિત્રના જે ભાવ સ્વરૂપમાં રમણતા આવવી જોઈએ એ નથી તો સમ્યક્દૃષ્ટિને એ ચારિત્રના મોહના ઉદયથી ક્રોધ આદિ ભાવ પ્રવર્તે છે.-ક્રોધ, રાગ આદિ આવે છે. તથાપિ એને એ ભાવોમાં આત્મબુદ્ધિ નથી. આહાહા ! ધર્મીને રાગ આવે છે. પણ ધર્મીને

રાગમાં આત્મબુદ્ધિ નથી. મારી ચીજ નથી એમ માને છે. તે એને પરના નિમિત્તથી ઉત્પન્ન ઉપાધિ માને છે. શુભ-અશુભ ભાવ આવે છે. પણ પરના નિમિત્તથી એ ઉપાધિ છે. એ મારી ચીજ નહિ. મારી ચીજ હોય એ વિકારી ન હોય નિર્વિકારી એ મારી ચીજ છે. આહાહા !

એને ક્રોધાદિ કર્મ ઉદયમાં આવીને ખરી જાય છે. ધર્મીને અંતર આત્મદૃષ્ટિ છે. આનંદ ને જ્ઞાનમય હું છું. એવી દૃષ્ટિને કારણે ક્રોધાદિ થાય છે પણ એ ખરી જાય છે. એ ભાવમાં પોતાનું સ્વામીપણું માનતા નથી. આહાહા ! એ ભાવમાં આત્મબુદ્ધિ નથી તે એને પરના નિમિત્તથી ઉત્પન્ન ઉપાધિ માને છે. એને કર્મ ઉદયમાં આવીને ખરી જાય છે. તે ભવિષ્યનો એવો બંધ નથી કરતા.-થોડો રાગ આવે છે ધર્મીને તો થોડો બંધ પણ થાય છે. બાકી તો જ્ઞાતા દૃષ્ટાનો ભાવ વિશેષ છે. તેથી થોડો રસ પડે, છે ? એને ભવિષ્યનો એવો બંધ નથી પડતો કે જેનાથી સંસાર પરિભ્રમણ વધે.

સંસાર પરિભ્રમણ વધે એવા ભાવ જ્ઞાનીને આવતાં નથી. આહાહા ! એવો બંધ પણ પડતો નથી થોડો રાગ આવે છે જાણે છે કે મારી ચીજમાં મારી કમજોરી છે પણ મારું કર્તવ્ય નથી. એ મારી ચીજ નહિ તો એને જરી રાગના કર્તા કર્મમાં સ્થિતિ રસ પડે છે. પણ અનંત સંસાર વધે એવું થતું નથી. આહાહા ! છે ? કેમ કે જ્ઞાની સ્વયં ઉદ્યમી થઈને ક્રોધાદિ ભાવરૂપ પરિણમતા નથી. પુરુષાર્થ કરીને રાગ મારો છે એવું માનીને પરિણમતા નથી ( રાગ ) મારે કરવા લાયક છે. એમ માનીને રાગાદિ કરતાં નથી. કમજોરીથી થાય છે. એને જાણે દેખે છે. થોડો રસ પડે છે. પણ સંસારની વૃદ્ધિ થતી નથી. આહાહા !

જેનાથી સંસાર વધે એવો ઉદ્યમ નથી. તથાપિ ઉદયની બળજોરીથી પરિણામ થાય છે. એટલે કે પોતાના પુરુષાર્થમાં કમજોરી છે. એટલું કર્મના નિમિત્તથી બળજોરી કહેવામાં આવે છે. કર્મથી થયું એમ નહિ પણ પોતાની કમજોરી છે. એટલો રાગ સમકિતીને પણ ( આવે છે. ) ભરત ચક્રવર્તી હતા. બે ભાઈ વચ્ચે લડાઈ થઈ.-બાહુબલી ને ભરતજી વચ્ચે. એ તો સમકિતી જ્ઞાની હતા. રાગ આવ્યો. પણ રાગ એટલો ન આવ્યો અને પોતાને એટલે કે આ રાગ ભિન્ન છે એમ જાણે છે. સ્વયં ઉદ્યમી થઈને એ રાગાદિ નથી કરતો. ઉદયની બળજોરીનો અર્થ નીચે આપેલો છે. ( ફૂટનોટમાં નીચે અર્થ છે. )

સમ્યક દૃષ્ટિની રુચિ સર્વદા શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે હોય છે. ધર્મીની રુચિ શુદ્ધઆત્મા-સર્વદા શુદ્ધ આત્મા પ્રત્યે સદા રહે છે. રાગની રુચિ ધર્મીને હોતી નથી. એની ક્યારેય રાગ દ્વેષાદિ ભાવોની રુચિ થતી નથી. આહાહા ! ભારે કામ ભાઈ ! એને જે રાગદ્વેષાદિ ભાવ થાય છે એ ભાવ જો કે એની સ્વયંની નિર્બળતાને ( લીધે ) તથા એના સ્વયંના અપરાધથી થાય છે. કંઈ કર્મના કારણથી નથી થતાં, કર્મ તો જડ છે. "કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ" કર્મ તો જડ છે એ શું કરે ? મારી કમજોરીથી મારામાં રાગ આવે છે. એવું જ્ઞાની જાણીને એના સ્વામી નથી થતા. આહા !

અજ્ઞાની રાગ ને દ્વેષનાં સ્વામી થઈને પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. ધર્મી પોતાના સ્વરૂપને જાણીને રાગ આવે છે એને પોતાનો નહિ માનીને પોતાના સ્વરૂપને ભૂલતા નથી. આહાહા ! આવી વાતું આકરી.

શરીરની જડ અવસ્થા છે. એ તો માટી છે. તો માટી-ધૂળ એની કેવી અવસ્થા થવી એ જડથી થાય છે. આપણાથી નહિ. આહાહા ! સ્વયં જ ઉદ્યમી થઈ નથી પરિણમતા છે અહીંયા નીચે ? અપરાધી જ છે. છતાં પણ તેઓ રુચિપૂર્વક નથી કરતાં. જ્ઞાનીને રુચિ નથી રાગની પણ કમજોરીથી રાગ આવે છે. એને જાણે છે. જડ દ્રવ્યકર્મ આત્માની ઉપર લેશ માત્ર પણ જોર કરી શકતા નથી. પણ એવું સમજવું કે આ વિકારી ભાવોના થવાથી પણ સમ્યકદૃષ્ટિ મહાત્માની શુદ્ધાત્મ દ્રવ્યદૃષ્ટિમાં કિંચિત પણ કમી નથી. સમ્યક્‌દૃષ્ટિ ધર્મી જીવને આત્માની રુચિ આનંદની રુચિ થઈ છે. સમ્યક્‌દૃષ્ટિ મહાત્માની શુદ્ધાત્મદ્રવ્ય રુચિમાં કિંચિત પણ કમી નથી આવી. માત્ર ચારિત્ર આદિ સંબંધી નિર્બળતા છે. રાગ આવે છે એવો આશય બતાડવાને માટે આમ કહ્યું છે. જ્યાં-જ્યાં કર્મની બળવતા-કર્મની જબરજસ્તી કર્મનું જોર બતાવવાનું કથન આવે ત્યાં-ત્યાં એવો આશય સમજવો કે પરના કારણથી થતું નથી. કર્મ તો જડ છે. આપણી કમજોરીથી રાગ આવે છે. પણ પોતાના સ્વરૂપમાં રહી શકતા નથી સ્થિર જ્ઞાતા દૃષ્ટાનું તો ભાન છે. પણ સ્થિર રહી શકતા નથી તો ( અસ્થિરતા )નો રાગ આવે છે. તો એને જાણે છે. પણ પોતાનો માનીને એને કરતાં નથી. આહાહા !

કેટલી શરતું ! કેટલા ભાવ ! ભાઈ આવું છે પ્રભુ ! વીરનો મારગ છે શુરાનો કાયરનાં કામ નહીં. આંહી-પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, એનો સમ્યકદર્શનનો મારગ અલૌકિક છે. આહાહા !

કહે છે, ધર્મીને તો સમ્યક્‌દૃષ્ટિ મહાત્માની, સમ્યક્‌દૃષ્ટિને મહાત્મા કહ્યા. આહા ! શુદ્ધાત્મ દ્રવ્ય રુચિમાં કિંચિત પણ કમી નહિ. ચારિત્રનો દોષ છે. એને જ્યા-જ્યાં કહેવામાં એવું આવ્યું છે. કર્મની બળવતા ( કહી છે. ) બાકી કર્મની બળવતાથી થતાં નથી. પોતાના અપરાધથી એ થાય છે. આહાહા !

શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી ( હતા. ) તીર્થંકર ગોત્ર બાંધતા હતા. પણ મૃત્યુ વખતે જરી ઝેરી હીરો ચૂસ્યો દેહ છુટી ગયો. પણ એ તો ચારિત્રનો દોષ છે. સમકિતનો દોષ નથી. રાગની રુચિ નથી પણ રાગ આવ્યો. અસ્થિરતાનો તો એ દોષ ચારિત્રનો છે. દેહ છૂટીને નર્કમાં ગયા. આયુષ્ય નર્કનું બંધાયું. સમકિતી છે. તીર્થંકર ગોત્ર બાંધ્યું છે. ત્યાં પણ તીર્થંકર ગોત્ર બાંધે છે. આગામી ચોવીસીમાં ત્યાંથી નિકળીને શ્રેણીકરાજાનો જીવ સમકિતી હતો. વ્રત ચારિત્ર ન હતા પણ સમકિતના પ્રતાપથી ભવિષ્યના પહેલા તીર્થંકર થશે. વ્રતચારિત્ર હતા નહિ. છતાં આગામી ચોવીસીમાં ભરતક્ષેત્રમાં પહેલાં તીર્થંકર થશે. એ સમકિતનો આવો મહિમા છે. અને મિથ્યાત્વનો એવો મહિમા છે કે મુનિ થઈને પણ રાગને પોતાનો માને તો એ મિથ્યાત્વી મરીને સ્વર્ગમાં જાય પણ ત્યાંથી નીકળીને તિર્યંચ થઈને નર્કમાં નિગોદમાં જશે. આહાહા ! સમજાણું કાંઈ ? આકરી વાત છે.

જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે. છે ? જ્ઞાતૃત્વનું ઉલ્લંઘન કરીને પરિણમતા નથી- ધર્મી જ્ઞાતાપણાનું ઉલ્લંઘન કરીને રાગમાં પરિણમતા નથી. આહાહાહા ! કર્તા નથી. આહા ! જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે. આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમાં ધર્મીની દૃષ્ટિ-સમ્યક્‌દૃષ્ટિની સદા રહે છે. એની દૃષ્ટિમાં રાગ આવતો નથી-રાગ આવે છે તો એની દૃષ્ટિનો

વિષય નહીં, એ ક્રોધાદિ ભાવોના અન્ય જ્ઞેયોની જેમ ( જ ) જ્ઞાતા છે. દેખો ! આહાહા ! ક્રોધ પણ આવી જાય થોડો, લોભ પણ આવી જાય, તો અન્ય દ્રવ્યોને જેમ જાણે છે તેવી રીતે એને જાણે છે. પોતાના જ્ઞાનસ્વભાવમાં રહીને રાગને જાણે છે. પણ પૃથક્ તરીકે, મારી ચીજ ( છે ) એવું એ માનતા નથી. આહાહાહા... વાત ગજબ છે પ્રભુ !

સમ્યગ્દૃષ્ટિ ને મિથ્યાદૃષ્ટિની વાત સમજવી, આહાહા ! આ રીતે જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનમય જ છે. ધર્મીના સમસ્ત ભાવ સુવર્ણમાંથી સુવર્ણના જ આભૂષણ થાય છે એમ જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનમય જ થાય છે. આહાહાહા ! જાણન-દેખન ( જાણનાર-દેખનાર ) આ તો એનો ભાવ છે. રાગ આદિ ભાવને એ જાણે છે પણ રાગ પોતાનો છે એમ સમકિતી માનતા નથી. અને મિથ્યાદૃષ્ટિ પોતાના શુદ્ધચૈતન્યને માનતો નથી, એ રાગને માને છે ને રાગની ક્રિયાથી મને લાભ થશે એમ મિથ્યાદૃષ્ટિ ત્યાં માને છે. સમ્યગ્દૃષ્ટિને તો પોતાના સ્વભાવમાંથી મને લાભ થશે શાંતિ-વીતરાગતા-કેવળ-જ્ઞાન પણ મારા સ્વભાવમાંથી ( જ ) આવશે, કોઈ બાહ્ય ક્રિયાકાંડથી આવશે નહિ એમ માને છે. આહાહાહા ! લ્યો !

હવે આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ શ્લોક કહે છેઃ-

## શ્લોક-૬૮

( अनुष्टुभ् )

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाम्।
द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्।।६८।।

**હવે આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ શ્લોક કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ अज्ञानी ] અજ્ઞાની [ अज्ञानमयभावानाम् भूमिकाम् ] ( પોતાના ) અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં [ व्याप्य ] વ્યાપીને [ द्रव्यकर्मनिमित्तानां भावानाम् ] ( આગામી ) દ્રવ્યકર્મનાં નિમિત્ત જે ( અજ્ઞાનાદિક ) ભાવો તેમના [ हेतुताम् एति ] હેતુપણાને પામે છે ( અર્થાત્ દ્રવ્યકર્મનાં નિમિત્તરૂપ ભાવોનો હેતુ બને છે ). ૬૮.**

## શ્લોક-૬૮ ઉપર પ્રવચન

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाम्।
द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्।।६८।।

આહાહા ! અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિ, જેને રાગની રુચિ છે, ચાહે તો પુણ્ય-દયા-દાન-વ્રત-તપનો રાગ છે પણ રુચિ છે એની તો એ મિથ્યાદૃષ્ટિ છે, એ અજ્ઞાની છે. આહાહા ! કેમ થયું ? બહાર ઉલટી થઈ. આહાહાહા ! શરીરની સ્થિતિ જુઓ ! આંહી જુઓને ! બે-ચાર-પાંચ દી' પહેલાં જુવાન માણસ, પચીસ વરસની અવસ્થા, જુવાન-લઠ્ઠ જેવું શરીર, એના બાપને એકનો

એક દિકરો, આંહી બેઠા 'તા. હવે એને એકદમ કાંઈ રોગ ન મળે, પાલીતાણા ગયા એમાં રોગ થયો તો બે દિવસે દેહ છૂટી ગયો. પચ્ચીસ વરસની જુવાન અવસ્થા લઠ્ઠ જેવું શરીર, આંહી મારી સામે બેઠા હતા, ગુરુવારે તો અહિંયા બેઠો 'તો શુક્રવારે અહીંયાથી નીકળ્યા, રવિવારે દેહ છૂટી ગયો. આહાહાહા ! દેહની સ્થિતિ આવી છે ભાઈ ! માટી-જડ છે જેટલી સ્થિતિ છે એટલી રહેશે, છૂટી જશે ફટાક દઈને, રાખી રહે નહિ સંભાળીને ( રાખ્યે ) રહે નહિ, એવું છે.

અહીંયા કહે છે, અજ્ઞાની ( **अज्ञानमयभावानाम् भूमिकाम्** ) પોતાના અજ્ઞાનમય ભાવોની ભૂમિકા, અજ્ઞાનીની ભૂમિકા આ પુણ્ય ને પાપ મારા છે એજ એની ભૂમિકા છે. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ પુણ્ય, હિંસા-જૂઠું, ચોરી વિષયના ભાવ પાપ, અજ્ઞાનીને એ પુણ્ય-પાપના ભાવની ભૂમિકા છે. એ પુણ્ય-પાપના ભાવ મારા છે એ ભૂમિકા એની ( અજ્ઞાનીની ) છે. આહાહા !

અજ્ઞાની અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં વ્યાપીને ( દ્રવ્યકર્મનિમિત્તાનાં ભાવાનામ્ ) દ્રવ્યકર્મના નિમિત્ત અજ્ઞાનઆદિ ભાવો, દ્રવ્યકર્મ તો જડ છે પણ એના નિમિતમાં પોતાનું જોડાણ હોવાથી, એ દ્રવ્યકર્મના નિમિત્ત, અજ્ઞાનીના ભાવોના હેતુપણાને પામે છે. અર્થાત્ દ્રવ્યકર્મોના નિમિત્તરૂપ ભાવોના હેતુ બને છે. જડકર્મ નિમિત્ત છે પણ વિકાર કરે છે તો એનો હેતુ બને છે. આહાહા ! નવા કર્મ બને છે અજ્ઞાનીને. જ્ઞાનીને નવા કર્મ બનતા નથી થોડો રાગ ( આવે ) છે તો એનાં બને છે પણ એ તો જરી જશે, થોડો છે આટલો રાગ છે તો એટલું દુઃખ છે-એટલો વિકાર છે જ્ઞાનીને પણ. આહાહા ! અહીં દૃષ્ટિની મુખ્યતામાં એને ગૌણ કરી દીધો છે.

જ્ઞાનની દૃષ્ટિથી જ્યારે લઈએ તો જ્ઞાનીને પણ રાગ આવે છે, એનું દુઃખનું વેદન ( પણ ) છે. અને જેટલું પરિણમન રાગનું છે એના કર્તા પણ એ છે. જ્ઞાનદૃષ્ટિથી કર્તા ( છે ). પરિણમન છે એ મારું છે, તો હું તેનો કર્તા છું પણ ( રાગ ) કરવાલાયક છે એમ એ ( જ્ઞાની ) માનતા નથી. આમ જ્ઞાનીની દૃષ્ટિમાં ફેર છે, અને અજ્ઞાનીની દૃષ્ટિમાં ( રાગ ) કરવાલાયક છે એમ માને છે. તેમના હેતુપણાને પામે છે ( અર્થાત્ દ્રવ્યકર્મના નિમિત્તરૂપ હેતુ બને છે. ) -દ્રવ્યકર્મનો હેતુ બને છે, નવા બંધાય ને જૂનાને હેતુ-નવું કર્મ બાંધે છે, વિકાર કરીને ( અજ્ઞાની ) નવા કર્મ બાંધે છે. એ અર્થની ગાથાઓ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ! )

એકકોર ( કહે કેઃ ) દ્રવ્ય અને પર્યાય માને એ સમ્યગ્જ્ઞાન છે. નિશ્ચયથી દ્રવ્ય અને પર્યાય પોતાના છે એમ માને એ સમ્યગ્જ્ઞાન છે. અહીં કહે છે કે, એ પર્યાય ( બંને ધ્યાનની ) જે કીધી એ અંદર દ્રવ્યમાં નથી. તેથી બે ( ચીજ ) થઈ ને... ? દ્રવ્ય અને પર્યાય બે થઈ ને... ? ( તો એ ) બેને જાણવું-માનવું એ જ્ઞાન, સમ્યગ્જ્ઞાન છે. આહા... હા ! પણ એમાં બેપણું કેમ થયું ? કેઃ દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી. એ રીતે નિશ્ચયથી જ્ઞાન થયું છે એવી જે જ્ઞાનની પર્યાય છે તે પણ સદાશિવમય ભગવાનઆત્મા ( માં નથી ).

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૨૯૯, નિયમસાર શ્લોક-૧૧૯ )**

## ગાથા-૧૩૨-૧૩૩-૧૩૪-૧૩૫-૧૩૬

अण्णाणस्स स उदओ जा जीवाणं अतच्चउवलद्धी।
मिच्छत्तस्स दु उदओ जीवस्स असद्दहाणत्तं।।१३२।।
उदओ असंजमस्स दु जं जीवाणं हवेइ अविरमणं।
जो दु कलुसोवओगो जीवाणं सो कसाउदओ।।१३३।।
तं जाण जोगउदयं जो जीवाणं तु चिट्ठउच्छाहो।
सोहणमसोहणं वा कायव्वो विरदिभावो वा।।१३४।।
एदेसु हेदुभूदेसु कम्मइयवग्गणागदं जं तु।
परिणमदे अट्ठविहं णाणावरणादिभावेहिं।।१३५।।
तं खलु जीवणिबद्धं कम्मइयवग्गणागदं जइया।
तइया दु होदि हेदू जीवो परिणामभावाणं।।१३६।।

अज्ञानस्य स उदयो या जीवानामतत्त्वोपलब्धिः।
मिथ्यात्वस्य तूदयो जीवस्याश्रद्दधानत्वम्।।१३२।।
उदयोऽसंयमस्य तु यज्जीवानां भवेदविरमणम्।
यस्तु कलुषोपयोगो जीवानां स कषायोदयः।।१३३।।
तं जानीहि योगोदयं यो जीवानां तु चेष्टोत्साहः।
शोभनोऽशोभनो वा कर्तव्यो विरतिभावो वा।।१३४।।
एतेषु हेतुभूतेषु कार्मणवर्गणागतं यत्तु :।
परिणमतेऽष्टविधं ज्ञानावरणादिभावैः।।१३५।।
तत्खलु जीवनिबद्धं कार्मणवर्गणागतं यदा।
तदा तु भवति हेतुर्जीवः परिणामभावानाम्।।१३६।।

---

अतत्त्वोपलब्धिरूपेण ज्ञाने स्वदमानो अज्ञानोदयः। मिथ्यात्वासंयमकषाययोगोदयाः कर्महेतवस्तन्मयाश्चत्वारो भावाः। तत्त्वाश्रद्धानरूपेण ज्ञाने स्वदमानो मिथ्यात्वोदयः, अविरमणरूपेण ज्ञाने स्वदमानोऽसंयमोदयः, कलुषोपयोगरूपेण ज्ञाने स्वदमानः कषायोदयः, शुभाशुभप्रवृत्तिनिवृत्तिव्यापाररूपेण ज्ञाने स्वदमानो योगोदयः। अथैतेषु पौद्गलिकेषु मिथ्यात्वाद्युदयेषु हेतुभूतेषु यत्पुद्गलद्रव्यं कर्मवर्गणागतं

ज्ञानावरणादिभावैरष्टधा स्वयमेव परिणमते तत्खलु कर्मवर्गणागतं जीवनिबद्धं यदा स्यात्तदा जीवः स्वयमेवाज्ञानात्परात्मनोरेकत्वाध्यासेनाज्ञानमयानां तत्त्वाश्रद्धानादीनां स्वस्य परिणामभावानां हेतुर्भवति।

---

આ જ અર્થ પાંચ ગાથાઓથી કહે છે:-

અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,
અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨,
જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,
જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો; ૧૩૩.
શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો
ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.
આ હેતુભૂત જ્યાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,
તે અષ્ટવિધ જ્ઞાનાવરણઇત્યાદિભાવે પરિણમે; ૧૩૫.
કાર્મણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,
આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.

ગાથાર્થઃ- [ जीवानाम् ] જીવોને [ या ] જે [ अतत्त्वोपलब्धिः ] તત્ત્વનું અજ્ઞાન ( અર્થાત્ વસ્તુસ્વરૂપનું અયથાર્થ-વિપરીત જ્ઞાન ) છે [ सः ] તે [ अज्ञानस्य ] અજ્ઞાનનો [ उदयः ] ઉદય છે [ तु ] અને [ जीवस्य ] જીવને [ अश्रद्दधानत्वम् ] જે ( તત્ત્વનું ) અશ્રદ્ધાન છે તે [ मिथ्यात्वस्य ] મિથ્યાત્વનો [ उदयः ] ઉદય છે; [ तु ] વળી [ जीवानां ] જીવોને [ यद् ] જે [ अविरमणम् ] અવિરમણ અર્થાત્ અત્યાગભાવ છે તે [ असंयमस्य ] અસંયમનો [ उदयः ] ઉદય [ भवेत् ] છે [ तु ] અને [ जीवानां ] જીવોને [ यः ] જે [ कलुषोपयोगः ] મલિન ( અર્થાત્ જાણપણાની સ્વચ્છતા રહિત ) ઉપયોગ છે [ सः ] તે [ कषायोदयः ] કષાયનો ઉદય છે; [ तु ] વળી [ जीवानां ] જીવોને [ यः ] જે [ शोभनः अशोभनः वा ] શુભ કે અશુભ [ कर्तव्यः विरतिभावाः वा ] પ્રવૃત્તિ કે નિવૃત્તિરૂપ [ चेष्टोत्साहः ] ( મનવચનકાયા-આશ્રિત ) ચેષ્ટાનો ઉત્સાહ છે [ तं ] તે [ योगोदयं ] યોગનો ઉદય [ जानीहि ] જાણ.

[ एतेषु ] આ ( ઉદયો ) [ हेतुभूतेषु ] હેતુભૂત થતાં [ यत् तु ] જે [ कार्मणवर्गणागतं ] કાર્મણવર્ગણાગત ( કાર્મણવર્ગણારૂપ ) પુદ્‌ગલદ્રવ્ય [ ज्ञानावरणादिभावैः अष्टविधं ] જ્ઞાનાવરણાદિભાવોરૂપે આઠ પ્રકારે [ परिणमते ] પરિણમે છે, [ तत् कार्मण-वर्गणागतं ] તે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય [ यदा ] જ્યારે [ खलु ] ખરેખર [ जीवनिबद्धं ] જીવમાં બંધાય છે [ तदा तु ] ત્યારે [ जीवः ] જીવ [ परिणामभावानाम् ] ( પોતાના અજ્ઞાનમય ) પરિણામભાવોનો [ हेतुः ] હેતુ [ भवति ] થાય છે.

ટીકાઃ-તત્ત્વના અજ્ઞાનરૂપે ( અર્થાત્ વસ્તુસ્વરૂપની અન્યથા ઉપલબ્ધિરૂપે ) જ્ઞાનમાં

સ્વાદરૂપ થતો ( -સ્વાદમાં આવતો ) અજ્ઞાનનો ઉદય છે. મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયો-કે જેઓ ( નવાં ) કર્મના હેતુઓ છે તેઓ-તે-મય અર્થાત્ અજ્ઞાનમય ચાર ભાવો છે. તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો મિથ્યાત્વનો ઉદય છે; અવિરમણરૂપે ( અત્યાગભાવરૂપે ) જ્ઞાનમાં સ્વાદરૂપ થતો અસંયમનો ઉદય છે; કલુષ ( મલિન ) ઉપયોગરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો કષાયનો ઉદય છે; શુભાશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિના વ્યાપારરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો યોગનો ઉદય છે. આ પૌદ્ગલિક મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત થતાં જે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિભાવે આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે, તે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય ત્યારે જીવ સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે તત્ત્વ-અશ્રદ્ધાન આદિ પોતાના અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે.

ભાવાર્થઃ-અજ્ઞાનભાવના ભેદરૂપ જે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના ઉદયો તે પુદ્ગલના પરિણામ છે અને તેમનો સ્વાદ અતત્ત્વશ્રદ્ધાનાદિરૂપે જ્ઞાનમાં આવે છે. તે ઉદયો નિમિત્તભૂત થતાં, કાર્મણવર્ગણારૂપ નવાં પુદ્ગલો સ્વયમેવ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે અને જીવ સાથે બંધાય છે; અને તે સમયે જીવ પણ સ્વયમેવ પોતાના અજ્ઞાનભાવથી અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમે છે અને એ રીતે પોતાના અજ્ઞાનમય ભાવોનું કારણ પોતે જ થાય છે.

મિથ્યાત્વાદિનો ઉદય થવો, નવાં પુદ્ગલોનું કર્મરૂપે પરિણમવું તથા બંધાવું, અને જીવનું પોતાના અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમવું-એ ત્રણેય એક સમયે જ થાય છે; સૌ સ્વતંત્રપણે પોતાની મેળે જ પરિણમે છે, કોઈ કોઈને પરિણમાવતું નથી.

## પ્રવચન નં. ૨૧૭ ગાથા-૧૩૨ થી ૧૩૬

રવિવાર, ફાગણ સુદ-૧૩, તા. ૧૧/૩/'૭૯

अण्णाणस्स स उदओ जा जीवाणं अतच्चउवलद्धी।
मिच्छत्तस्स दु उदओ जीवस्स असद्दहाणत्तं।।१३२।।

उदओ असंजमस्स दु जं जीवाणं हवेइ अविरमणं।
जो दु कलुसोवओगो जीवाणं सो कसाउदओ।।१३३।।

तं जाण जोगउदयं जो जीवाणं तु चिट्ठउच्छाहो।
सोहणमसोहणं वा कायव्वो विरदिभावो वा।।१३४।।

एदेसु हेदुभूदेसु कम्मइयवग्गणागदं जं तु।
परिणमदे अट्ठविहं णाणावरणादिभावेहिं।।१३५।।

तं खलु जीवणिबद्धं कम्मइयवग्गणागदं जइया।
तइया दु होदि हेदू जीवो परिणामभावाणं।।१३६।।

અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,
અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨,

જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,
જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો; ૧૩૩.

શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો
ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.

આ હેતુભૂત જ્યાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,
તે અષ્ટવિધ જ્ઞાનાવરણઇત્યાદિભાવે પરિણમે; ૧૩૫.

કાર્મણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,
આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.

સૂક્ષ્મભાવ છે થોડો. ટીકાઃ- છે ને પાંચ ગાથાની "તત્ત્વના અજ્ઞાનરૂપે અર્થાત્ વસ્તુસ્વરૂપની અન્યથા ઉપલબ્ધિરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો અજ્ઞાનનો ઉદય છે"-આત્મા આનંદ સ્વરૂપ છે. જ્ઞાન સ્વરૂપ છે. તેના અભાવથી કર્મનો ઉદય જે હોય છે એ અજ્ઞાનરૂપથી જ્ઞાનમાં સ્વાદરૂપ થતો અજ્ઞાનનો ઉદય છે. એ કર્મનો ઉદય છે એ અજ્ઞાનનો ઉદય છે. પાપનું પછી કહેશે. પણ જે અજ્ઞાનનો ઉદય છે કર્મનો એ બંધનું કારણ છે. ક્યારે ? એ પોતાના પરિણામ વિકારી પરિણામનો હેતુ આત્મા બને ત્યારે. ત્રણ ભાવ છે. સુક્ષમ વાત છે. થોડી ગાથા આ ફેરી આકરી આવી ગઈ.

તત્ત્વનું અજ્ઞાન-આત્મા આનંદ સ્વરૂપ છે એની જેને દૃષ્ટિનો અભાવ છે. તેથી વસ્તુ સ્વરૂપની અન્યથા ઉપલબ્ધિ જ્ઞાનમાં સ્વાદરૂપ થતી તે અજ્ઞાનનો ઉદય છે. એ જડનો ઉદય છે. એનો સ્વાદ આવે છે અજ્ઞાનમય. આહા ! આત્મા તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. પણ એની રુચિ અનાદિથી છે નહિ. એ આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. સુખ સ્વરૂપ છે. અનંત-અનંત જ્ઞાન ને આનંદનો ભંડાર છે. એની રુચિનો અભાવ અનાદિથી છે, અતત્ત્વની રુચિ છે. કર્મનો ઉદય છે. એ તત્ત્વ-અતત્ત્વની રુચિ એ અજ્ઞાનભાવ છે. આહાહા ! સમજાણું કાંઈ ? ઝીણી છે પ્રવીણભાઈ ! ઝીણી વાત છે તમારે ન્યાં એ પથ્થર કરતાં. નરેન્દ્રભાઈ ! કાલે ગયા ભાઈ ! બે આવ્યા આજ આવ્યા. આહાહા !

શું કહે છે ? તત્ત્વના અજ્ઞાનરૂપ. વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એનું ભાન નહિ હોવાથી પોતાની પર્યાયમાં કર્મના ઉદયનો જે સ્વાદ આવે છે. એ અજ્ઞાન છે. એ જ્ઞાન નહિ, આત્માનું જ્ઞાન નહિ એ પરાધિન દુઃખરૂપ છે. આહા ! છે ? તેના ચાર પ્રકાર છે. અતત્ત્વનો ઉદય જે જડનો છે. એના ચાર પ્રકાર મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગનો ઉદય એ નવીન કર્મના હેતુ છે. એ જૂના કર્મ છે એ નવીન કર્મના હેતુ છે. ક્યારે ? જ્યારે અજ્ઞાની રાગ, દ્વેષ અને મિથ્યાત્વભાવ કરે છે ત્યારે જૂના કર્મ જે છે એ નવા કર્મના બંધના કારણ છે. ક્યારે ? આત્માનો સ્વભાવ જે છે એની રુચિનો અભાવ છે જેને અને પુણ્ય ને પાપનો પ્રેમ છે. શુભ-અશુભ રાગનો પ્રેમ છે. એ મિથ્યાદૃષ્ટિ જીવના પરિણામ નવા બંધનમાં નિમિત્તરૂપ-હેતુરૂપ થાય છે. આહાહા !

પુરાણા કર્મ ઉદયમાં આવે છે સ્વતંત્ર અને નવા બંધાય છે એ પણ સ્વતંત્ર ને એમાં આત્માના પરિણામ વિકારી નિમિત્ત થાય છે એ પણ સ્વતંત્ર. આવું ( સમજવા ) ક્યાં નવરાશ છે ? નિવૃત્તિ લઈને આ તત્ત્વ શું છે ? સર્વજ્ઞ ભગવાન શું કહે છે ? આહાહા !

આત્મામાં અતત્ત્વની રુચિ જે ઉત્પન્ન થાય છે. એ ખરેખર તો કર્મનો ઉદય છે. ઉદય છે એ તત્ત્વનો અરુચિ ભાવ છે પણ અહીં ભાવ પછી લીધો છે. એ જે તત્ત્વનો અરુચિ ભાવ કર્મનો ઉદય એ બંધનું કારણ છે પણ એ બંધનું કારણ ક્યારે ? કે તત્ત્વનો જે ઉદય છે એમાં જોડાણ કરીને પોતાના સ્વરૂપની દૃષ્ટિ ભૂલીને રાગ-દ્વેષના પરિણામ મારા છે. અને મિથ્યાત્વભાવ મારો છે એવું માને છે. એ પરિણામ નવા બંધમાં જૂનો બંધ નિમિત થાય છે બંધમાં તો એમાં નવા બંધમાં આત્માના પરિણામ અજ્ઞાન નિમિત થાય છે. આવું ક્યાં આમાં. પ્રવીણભાઈ ! તમારે ન્યાં પથ્થરામાં આવે નહિ. આ કાંઈ કાલ હતા ને ભાઈ રજનીભાઈ એમના ભાઈ છે. આ છ ભાઈઓ છે. આ બીજા નંબરના ને ઓલા છઠ્ઠા નંબરના પોપટલાલ મોહનલાલ કરોડપતિ છે. ધૂળ ! ધૂળ ! ( શ્રોતાઃ- ધૂળ વિના કાંઈ ચાલે છે. ) ધૂળ વિના જ ચાલે છે. અનાદિથી પોતાનું આત્મદ્રવ્ય પોતાથી છે. પર દ્રવ્યથી તો અભાવ છે. આ આંગળી છે એ પોતાથી જ છે ને એમાં બીજી આંગળીનો અભાવ છે. તો એ અભાવથી જ એ ટકી રહી છે. એમ પોતાનો આત્મા પોતાથી છે ને પરદ્રવ્યના અભાવથી જ ટકી રહ્યો છે. ક્યાં વાતને સમજે નહિ ને કાંઈ અનાદિ અજ્ઞાનમાં પડયા. ચાર ગતિમાં રખડે છે.

અહીંયા કહે છે કે મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ એ ચાર અજ્ઞાનના પ્રકાર છે. શું ? જો કે નવીન કર્મોના હેતુ છે. પુરાણા ઉદય નવીન કર્મનો હેતુ છે. ક્યારે ? કે અજ્ઞાની પોતાનામાં અજ્ઞાનભાવ કરે છે ત્યારે. સૂક્ષ્મભાવ છે. આહા ! આત્મા તો આનંદ-સ્વરૂપ પ્રભુ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ-સત્ત શાશ્વત, જ્ઞાન ને આનંદનો ભંડાર આત્મા છે. એની જેમને રુચિ નથી અને જેને પુણ્ય ને પાપના પરિણામની રુચિ છે એ ભાવ મિથ્યાત્વ કર્મનો ઉદય છે. એ ઉદય છે એ નવા બંધમાં કારણ થાય છે. પણ એ નવા બંધમાં કારણ ક્યારે થાય છે ? કે અજ્ઞાની પોતાના મિથ્યાત્વ ભાવને કરે છે. અજ્ઞાનભાવને કરે છે. ત્યારે નવા બંધમાં નિમિત્ત થાય છે. જૂના કર્મ સ્વતંત્ર ઉદયમાં આવે છે. નવા કર્મ સ્વતંત્રપણે પોતાથી પરિણમે છે. અને અજ્ઞાની પોતાથી સ્વતંત્ર અજ્ઞાનભાવના કર્તા થાય છે. આવી વાત છે. સમજાણું કાંઈ ?

એ કહે છે દેખો, મિથ્યાત્વ, અસંયમ, કષાય, યોગનો ઉદય જો કે કર્મોના હેતુ છે. નવા કર્મના ચાર હેતુ છે. અજ્ઞાનમય ચાર ભાવ છે. તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો મિથ્યાત્વનો ઉદય છે. તત્ત્વનું અશ્રદ્ધાન એટલે કે આત્માની શ્રદ્ધા નહિ. અને પુણ્ય ને પાપને તથા પુણ્ય-પાપના ફળ આ લક્ષ્મી ધૂળ આદિ એનો હું છું. અને એ મારી ચીજ છે. એવી માન્યતા મિથ્યાશ્રદ્ધા-અજ્ઞાન છે. શું કરવું આમાં ? સમજાણું કાંઈ ?

જે મિથ્યા શ્રદ્ધા છે પર વસ્તુ જે કર્મનો ઉદય છે એને પોતાનો માનવો અને ઉદયનું ફળ જે આવે છે વિકારાદિ પોતાનામાં પોતાના કારણથી એને પોતાનો માનવો અને કર્મના ઉદયથી લક્ષ્મી આદિ મળે છે એને પોતાના માનાવા. એ મિથ્યા શ્રદ્ધા, પાખંડ શ્રદ્ધા, અજ્ઞાન શ્રદ્ધા છે. આહાહા ! કહો કાંતિભાઈ ! આવું મુંબઈમાંથી નીકળવું ભારે આકરું પડે નવરા થવાનું મુશ્કેલ પડે.

જ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય છે. અવિરમરણ જ્ઞાનમાં સ્વાદરૂપ થતો થકો અસંયમનો ઉદય છે. કર્મનો ઉદય છે. અસંયમનો ઉદય છે. કલુષ મલિન ઉપયોગરૂપીથી જ્ઞાનમાં સ્વાદરૂપ થતો કષાયનો ઉદય છે. અને શુભ ને અશુભ પ્રવૃતિ અર્થાત્ શુભ ને અશુભ ભાવ ચાહે તો દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાના ભાવ શુભ છે. બંધના કારણ છે. આહાહા ! અશુભ છે હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ વાસના, કામ, ક્રોધ, લોભ, રાગ, રતી, અરતી અશુભ એ બંધના ભાવ પણ એ કર્મનો ઉદય છે. એ એમાં જ છે. એ નવા બંધના કારણ છે. પણ ક્યારે ? આત્મા પોતાના અજ્ઞાનભાવથી રાગ, દ્વેષ ને મિથ્યાત્વ ભાવ કરે છે ત્યારે. આહાહા ! ! સૂક્ષ્મ છે વાત. આજ દિવસ મોટો છે ને !

( શ્રોતાઃ– જીવ આવા ભાવ કેમ કરે છે ? ) કરે છે અજ્ઞાનથી, ભાન નથી તેથી કરે છે. જુઓને આ પૈસા દેખે ને ખુશી થઈ જાય છે. આહાહા ! ધૂળ છે એને પોતાની ચીજ એમ માને છે. આહાહા ! અને લાલચંદજી જેવા દીકરા હોય તો મારા દીકરા એમ માને છે. એ મુરખ છે મુરખ એમ કહે છે અહીંયા. ડાહ્યો દીકરો તો પર છે એનો આત્મા તો પર છે શરીર પર છે પર આત્મા છે. એમાં તારે શું આવ્યું ? સમજાણું કાંઈ ? છેને ?

ભગવાન પોતાની ચીજથી, અહીંયા તો પોતાના આનંદ સ્વરૂપમાં વિકાર પરિણામ મિથ્યાશ્રદ્ધા મિથ્યાજ્ઞાન રાગદ્વેષના પરિણામ થાય છે એ પોતાના સ્વતંત્ર પોતાના પરિણામથી ઉત્પન્ન થાય છે. કર્મનો ઉદય તો નિમિત્તમાત્ર છે. તો કર્મનો ઉદય અહીંયા તો કહે છે કે એ નવા બંધમાં કારણ છે. પણ ક્યારે ? કે અજ્ઞાની પોતાના સ્વભાવને ભૂલીને અતત્ત્વનું શ્રદ્ધાન કરે છે મિથ્યાશ્રદ્ધા કરે છે રાગ, દ્વેષ કરે છે પુણ્ય–પાપ કરે છે. ત્યારે નવા કર્મમાં નિમિત્ત છે. નવા કર્મ તો પોતાનાથી ને પોતાના પરિણામથી બને છે. એટલે કે નવા પરમાણું કર્મપણે પોતાના સ્વતંત્ર બંધાય છે. પુરાણા કર્મ પણ સ્વતંત્ર ઉદયમાં આવ્યા છે અને આત્મા પણ પોતાનામાં વિકાર સ્વતંત્ર પોતાનાથી કરે છે. આહાહા ! આવી વાત છે. છે ?

શુભાશુભ પ્રવૃતિ કે નિવૃતિનો વેપાર–અશુભથી નિવૃત્તિ ને શુભથી પ્રવૃતિ એ પણ બંધનું કારણ છે. આહાહા ! દયા, દાન, વ્રત, ભકિત, પૂજા એ બધા ભાવ શુભ છે. એ કર્મનો ઉદયભાવ છે પોતાનો સ્વભાવ નથી. આહાહા ! ભગવાન આત્મા તો જ્ઞાન સ્વરૂપ આનંદમૂર્તિ છે એની તો એને ખબર નથી અને એ પુણ્ય–પાપના ભાવ ને કર્મનું નિમિત્ત છે. એ પોતાનાથી થયા છે. અને નિમિત્ત પરના બંધનું કારણ છે. તો પોતાથી વિકાર કરે છે. તો બંધપણાના હેતુ થાય છે. પુરાણા કર્મ નવા બંધમાં હેતુ ત્યારે થાય છે કે જ્યારે આત્મા પોતાના અજ્ઞાનભાવથી રાગ–દ્વેષને પોતાના માને છે ત્યારે, આહાહા ! આટલું શીખવું ક્યારે ? બહારના વેપાર–ધંધામાં નવરો નહિ. એકલું પાપ ! એમાંથી પુણ્યના ઠેકાણા નહિ. ધર્મ તો ક્યાંય રહ્યો.

( શ્રોતાઃ– ધંધો ન કરે તો ઘર કેવી રીતે ચાલે ? ) કોણ કરે ? એને તો લાખો રૂપિયાની પેદાશ છે. બે લાખ, ચાર–પાંચ લાખ રૂપિયા પેદાશ છે તોય પણ સખ નહિ. આહાહા ! અહીંયા તો પરમાત્મા એમ ફરમાવે છે કે પુરાણા કર્મ છે એનો ઉદય આવે છે. તો નવા બંધનું કારણ છે. પણ ક્યારે ? જ્યારે આત્મા પોતાની અતત્ત્વ શ્રદ્ધાને કરે છે. પુણ્ય–પાપને પોતાના માને છે અને પુણ્ય પરિણામથી મને લાભ થશે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ પુણ્ય છે. એનાથી

મને લાભ થશે, એવી મિથ્યા શ્રદ્ધા કરે છે. તોય મિથ્યા શ્રદ્ધા અને રાગ-દ્વેષના પરિણામ નવા બંધનમાં નિમિત્ત હેતુ કહેવામાં આવે છે. ઝીણી વાત છે બાપા ! આ બહુ આકરી. જગતને તત્ત્વની ખબર નહિ ને એમ ને એમ અનાદિથી ચાલ્યા જાય છે. દરકાર નહિ. બહારના પૈસાને આબરૂ, કીર્તિ મેળવવામાં હોંશ ને હરખ.

ભગવાન આત્મા કોણ છે ? એ કર્મનો ઉદય આવે છે. ત્યારે પોતાના પરિણામ એમાં એને નિમિત્ત થાય છે. ( અર્થાત્ ) વિકારી પરિણામ આત્મા કરે છે. એમાં પુરાણું કર્મ નિમિત્ત થાય છે. અને પુરાણું કર્મ નવા બંધમાં નિમિત્ત ક્યારે થાય છે ? કે જ્યારે અજ્ઞાની રાગ-દ્વેષના પરિણામ કરે છે ત્યારે જૂનું કર્મ નવા બંધમાં કારણ છે. ને નવા બંધમાં વિકારી પરિણામ નિમિત્ત છે. હવે આટલી બધી વાત તેથી તો કેટલીય વાર કહેવાય છે. કે એક આત્મા છે. એક જડ કર્મ છે બે. હવે જડ કર્મનો ઉદય આવે છે. જડ-કર્મ છે ને વસ્તુ છે. એ જડ-કર્મમાં જડ-કર્મ સતામાં પડયા છે. તો એમાં જ્યારે ઉદય આવે છે. ત્યારે નવા કર્મ બંધનમાં એ કર્મ નિમિત્ત થાય છે. પણ ક્યારે ? કે જ્યારે અજ્ઞાની મિથ્યાશ્રદ્ધા ને રાગ-દ્વેષ કરે છે. ત્યારે નવા બંધનમાં જૂનું કર્મ નિમિત છે. અને નવા બંધનમાં આ પરિણામ આત્મા વિકાર કરે છે એ પરિણામ નિમિત્ત છે. નિમિત્તનો અર્થ છે કે બીજી એક ચીજ છે. એ નિમિત્તથી કર્મ બંધાતું નથી. કર્મ તો કર્મથી બને છે. જૂનું કર્મ પણ જૂના કર્મનો ઉદય આવ્યો છે અને તેથી આત્મામાં વિકાર થાય છે એવું પણ નથી અને આત્મામાં વિકાર થયો તો નવું કર્મ બંધાય છે એવું પણ નથી. નવું કર્મ તો પોતાની પર્યાયથી ત્યાં બંધાય છે. એમાં વિકારી પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત કહો, વ્યવહાર કહો, ઉપચાર કહો, વિકલ્પ કહો. આહાહા ! આવી વાત છે.

( શ્રોતાઃ- જૂના કર્મ તો પોતે જ બાંધ્યા'તાને ) પડયા તે પડયા એ તો જડ હવે ઉદય આવ્યો. સત્તામાં પડયા હતા. અંદર પ્રગટ આવ્યા તો આવ્યા. તો આત્મા પોતાના પરિણામમાં જ્યારે વિકાર કરે છે તો એ જૂના કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. અને નવો વિકાર કરે છે તો નવા બંધનમાં નિમિત્ત કહેવામાં આવે છે. અને નવા બંધનમાં જૂના કર્મ નિમિત ક્યારે થાય છે ? કે આત્મા વિકાર કરે છે. ત્યારે જૂના કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. અને નવા કર્મ બંધનમાં વિકારી પરિણામને નિમિત્ત કહેવામાં આવે છે. કહો પ્રવીણભાઈ ! આવી વાતું છે. છે ? ઝીણી વાત છે ને. તમારે બધા સ્થૂળ બધા માથા ફોડતા હોય ત્યાં પથ્થરામાં ને લાદીમાં, ન્યાં તો લાદી છે. થાણામાં લાદી છે કે નહિ ગામમાં બીજો ધંધો છે ? અમે તો થાણામાં ઊતર્યા હતા. બે દિ' ત્યાં થાણામાં. લાદી ને ત્યાં પંદર લાખનું મકાન છે અને લાદીનો વેપાર છે. આ તો કરોડપતિ માણસ છે. ધૂળ-ધૂળ. પુદ્ગલ માટી છે માટી વિના અનાદિથી ચાલ્યું છે. રાગ વિના ચલાવ્યું નથી રાગ કરે છે પુણ્ય પાપના ભાવ કરે છે. તો મિથ્યાત્વ ભાવ થાય છે ને એના કારણથી નવું કર્મ બંધાય છે, સંસારમાં રખડવા માટેનું. આહાહા ! ઝીણી વાત છે ભાઈ !

ત્રણ વાત કરી છે. જૂનું કર્મ એક વસ્તુ છે ને. આ એક જડ કર્મ છે કે નહિ ? આ પૂર્વે એણે પુણ્ય પાપના મિથ્યાત્વ ભાવ કર્યા હોય પૂર્વે મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ કર્યા હોય તો તે નિમિત્ત બનીને કર્મ તો પોતાનાથી બંધાય છે જડ તો છે. જડ-કર્મ છે આ કર્મનો ઉદય આવે છે આ પુણ્ય ( નું ફળ ) મળે છે. એ ક્યાંથી મળે છે ? એ અંદરમાં પુણ્યનો ઉદય આવે છે. પૈસાને

ધૂળ દેખાય છે. કરોડ રૂપિયાને પાંચ કરોડ રૂપિયાને ધૂળ કરોડ મળે ક્યાં એની પાસે ક્યાં મળે છે ? એની પાસે તો મમતા મળે છે. મને મળ્યા મારા છે એવી મમતા એની પાસે છે. પૈસા તો પૈસામાં રહ્યા છે. પ્રવીણભાઈ ! ઝીણી વાત લાગી છે થોડી. ઝીણી તો છે ને ભાઈ.

આ બીજા નંબરના છે ને આ છઠ્ઠા નંબરના છે નરેન્દ્ર. કાલ ગયા હતા એ ત્રીજા નંબરના પેલા આવ્યા હતાં પહેલા નંબરના ચાર આવી ગયા ચાર, બે રહી ગયા વચમાં. આહાહા ! આવે છે ને લોકો આવે છે. પ્રેમ છે પણ હવે આ સમજવાનો વખત લેવો જોઈએ ને ભાઈ. અરે, અનંત કાળથી આ રખડે છે. સચ્ચિદાનંદ પ્રભુ સત્ત, શાશ્વત જ્ઞાન આનંદ ને શાંતિનો સાગર પ્રભુ છે, એની રુચિનો અભાવ અને પુણ્ય-પાપના ક્ષણિક કૃત્રિમ વિકાર ભાવ એની રુચિ અને પુણ્ય-પાપના ભાવના બંધનમાં પડયા કર્મ અને એનો ઉદય આવવાથી આ લક્ષ્મી મળી સ્ત્રી, કુટુંબ, પરિવાર સાનુકૂળ ભલે મળ્યા. એનો પ્રેમ એ પરિભ્રમણનું કારણ છે. આહા ! પરિભ્રમણના કારણનો અર્થ શું છે ? દુઃખના કારણ છે. કેમ દાક્તર ? આકરી વાત છે ભાઈ. કહો શાંતિભાઈ ! આ બધા લાખોપતિ પહેલાં બેઠા ધૂળમાય છે નહીં કાંઈ. એ પેસા જડ છે. માટી છે. ધૂળ છે. અને તે છે. ( શ્રોતાઃ- માણસો કેટલું ખોટું કરે છે. ) એ આવે એ બધાં ભિખારા છે. આંહી તો પરમાત્મા એમ કહે છે કે કોઈ પૈસા, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબને માગે છે. આવો આવો એ મોટા માગણ ભિખારી છે. અહીંયા ક્યાં માખણ છે ? માખણ-બાખણ આંહી ક્યાંય છે નહીં કાંઈ. શાસ્ત્રમાં પાઠ છે ભાઈ હો. “વરાકા” કહ્યા છે. આ માગણ છે ને માગણ ( એને “વરાકા” કહે છે. )

અહીં દરબાર આવ્યા હતા ને દરબાર ભાવનગરના દાક્તર ભાવનગર દરબાર કૃષ્ણકુમાર આવ્યા હતા. આંહી એને તો કરોડની ઉપજ છે. એક કરોડની ઊપજ વર્ષની રાજ કરે રાજ આવ્યા હતા. બે વાર વ્યાખ્યાનમાં આવ્યા હતા. કીધું દરબાર એક મહિનામાં પાંચ લાખ માગે એ સાધારણ માગણ છે ભિખારી છે. કરોડ માગે એ મોટો ભિખારી છે માગણ છે. મને આપો મને આપો એ મોટા માગણ છે. ( શ્રોતાઃ- પ્રભુ પણ માગ્યા વગર મળી જાય તો ) એય માગણ છે. માગે છે કે લાભ મને થાય રાજ, લક્ષ્મી આવા મળે ને કુટુંબી આવા હોય ને દીવાન આવા હોય મકાન-મકાન પચાસ-પચાસ લાખ કરોડ બે કરોડના મકાન આવા હોય ( એ માગનારા ) ભિખારી છે. પોતાની અંતર લક્ષ્મી આનંદ જ્ઞાન પડી છે. અતિન્દ્રિય આનંદ અને અતિન્દ્રિય જ્ઞાન લક્ષ્મી એની તો દરકાર નહિ ને આ ધૂળની લક્ષ્મીના માગણ મોટા ભિખારી છે. એમ કહે છે આંહી તો.

( શ્રોતાઃ- પણ એ ધૂળ, લક્ષ્મી વિના ચાલે છે ખરું ? ) બચાવ કરે છે તમારો વકીલ છે તો વાત સાચી છે. એમ કે તમે ભલે કહો પણ એના વિના ચાલતું નથી અમારે એના વિના. અરે ભગવાન એક દ્રવ્ય છે પોતાનું તત્ત્વ એ પરદ્રવ્યના અભાવથી તે વિકારી ટકી રહ્યું છે. આહાહા ! ભગવાન અંદર આત્મા સચ્ચિદાનંદપ્રભુ એ તો રાગ વિના જ ટકી રહ્યું છે. કર્મ વિના જ ટકી રહ્યું છે. પરની સામગ્રી વિના જ ટકી રહ્યું છે. પોતાની સત્તાથી રહેલ છે. પોતાની સત્તા પરથી છે એમ છે નહિ. આહાહા ! પોતાની સત્તા નામ પોતાનું હોવાપણું પોતાનાથી છે પરથી નહિ. તો પરના કારણે આત્મા છે એવું ત્રણ કાળમાં છે નહિ. આહાહા ! સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત

છે ભાઈ ! પરમાત્મા કર્તા-કર્મનો અધિકાર બતાવે છે. સંતો આડતીયા થઈને જગતને દેખાડે છે કે પ્રભુ તારી ચીજ તો એવી છે કે પૂર્વ કર્મનો ઉદય આવે છે જડ એ જડ છે. તો કહે છે કે એનાથી નવું કર્મ બંધાવામાં એ નિમિત્ત થાય છે. પણ ક્યારે ? કે તું અતત્ત્વ શ્રદ્ધાન મિથ્યાત્વ, રાગ-દ્વેષ, અજ્ઞાનભાવ કરે, શુભાશુભ ભાવ કર ત્યારે તારા એ ભાવ કર્મમાં નિમિત છે અને પૂર્વનું કર્મ એને એટલે એ ભાવને નિમિત્ત છે. આહાહા ! સમજાણું કાંઈ ?

નવા કર્મ બંધાય છે. આઠ પ્રકારના કર્મ એ પૂર્વના કર્મનો ઉદય છે તો બંધાય છે. એકવાત. પણ ક્યારે ? આત્મા એમાં રાગદ્વેષના પરિણામને અજ્ઞાનનો હેતુ બને ત્યારે પોતાના રાગ-દ્વેષ ને અજ્ઞાનનો હેતુ બને ત્યારે પૂર્વનું કર્મ નવા બંધમાં હેતુ છે. ને એ નવા બંધમાં આત્માના પરિણામ નિમિત છે ( નહીં ) નિમિત હેતુ છે ઉપચારથી છે. આંહી કોઈ એનાથી કર્મ થયા એવું છે નહિ. અને કર્મના કારણથી વિકાર થયો એવું પણ છે નહિ. અને કર્મના કારણથી નવા કર્મ બંધાણા એમ છે નહીં. અને નવા કર્મમાં રાગ-દ્વેષ ને અજ્ઞાન પરિણામ છે એ પણ એના કારણે. નવા કર્મ બંધાણા એવું પણ છે નહિ. બધાં પોતપોતાની પરિણતિથી સ્વતંત્ર કામ કરે છે. દેવીલાલજી ? આકરી વાતું ગાથા આવી છે. આજ પાંચ વર્ષ પુરા થશે. દાક્તર આપણા ત્રીસની સાલમાં થયા હતા ને આ ત્રીસને પાંત્રીસ પાંચ વર્ષ થયા. આ ચાર વર્ષે તો હતા નહિ અહીંયા. તેરસે અહીંયા હતા નહિ. બહાર હતા. આ પાંચમે વર્ષે અહીંયા છે. ત્રીસની સાલમાં બન્યું છે એ છવ્વીસ લાખનું છવ્વીસ લાખનું મકાન છે. છવ્વીસ હજાર માણસ આવ્યા હતા. આવ્યા હતા તમે ? પોપટભાઈ આવ્યા હતા !! અગિયાર લાખનો ખર્ચ થયો. છવ્વીસ હજાર માણસ !! લાખનો ખર્ચ, ( મકાન-મકાનના છવ્વીસ લાખ ) ને આ અગિયાર લાખ, સાડત્રિસ લાખ થયા.

એ તો બનવાની ચીજ બને છે. કોણ બનાવે ? કોણ લાવે ? ભાઈ એ બિલકુલ કોઈ કરે નહિ. રામજીભાઈને નિમિત્ત કહેવામાં આવે છે. કે ધ્યાન રાખે તો છે. એનાથી બંધાયું નથી. રામજીભાઈ ધ્યાન રાખે છે ને આમ અમારે વજુભાઈ ધ્યાન રાખે છે. વજુભાઈ છે ને ઇજનેર ઇજનેર છે ને છોડીને બેઠા છે ને અત્યારે તો તેઓ નિમિત્ત હતા. એનાથી જ્યારે બન્યું મંદિર તો એનાથી બન્યું નિમિત્તથી બન્યું નથી. આહાહા ! ( શ્રોતાઃ- પોતપોતાના કારણે આકાર થયા ) સાકાર શું હતું ? આ તો બહુ બનવાની ચીજ બની છે. પોતાથી પણ બનતી નથી. આવ્યા'તા ને ! દેખ્યા હતા સ્વપ્નામાં આખું આકાશ ( ને એમાં ) ચંદ્ર જોયા હતા અને સ્વપ્નામાં આખા આકાશમાં શાસ્ત્ર જોયા હતા-શાસ્ત્રના પાટીયા છે આપણે ( પરમાગમ મંદિરમાં ) એવા એવા આખાય આકાશમાં રાત્રે જોયા હતા સ્વપ્નમાં ! આખાય આકાશમાં આવડા-આવડા ત્રણ હાથ લાંબા ને દોઢ હાથ પહોળા એવા એવા આખા આકાશમાં રાત્રે ( પાટિયા ) જોયા હતા. અતઃ એવા બની ગયા દેખો ! ઘણા વરસ પહેલાંની વાત છે આ તો એકોતેરની સાલની વાત છે. ત્યારે સ્વપ્નામાં જોયું હતું, એ રાણપુર પાસે છે ને એ ગામ કયું ગામ ? વેજલકા ! રાણપુરની વચ્ચે વેજલકા ગામ છે. એ તો બનવાની ચીજ બને, એને કોણ બનાવે ! આહાહા !

આંહી તો કહે છે પ્રભુ ! તું તારી ચીજ ભૂલીને જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કરે છે અને એનો કર્તા થાય છે એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા ! મેં મંદિર બનાવ્યું મેં એ ધર્મ

કર્યો-એનાથી ( મને ) ધર્મ થશે એ બધા મિથ્યાદૃષ્ટિ છે. રાયચંદભાઈ ? ( શ્રોતાઃ- હવે વાંધો નહિ ) હવે તો બની ગયું છે ને એમ કે વાંધો નહીં. આ બને છે ને અહીં આફ્રિકામાં છે ને નૈરોબી, પંદર લાખનું મંદિર બનાવ્યું છે. જેઠ સુદ-૧૧ આફ્રિકા છે નૈરોબી. તો જેઠ સુદ-૧૧ મુહૂર્ત થઈ ગયું છે-પંદર લાખનું મંદિર પંદર લાખનું બનાવ્યું છે. એમાં બે લાખ બે હજાર ( રૂપિયા ) એમણે દીધા છે. આ રાયચંદભાઈએ ! આ જુઓ આંહી બેઠા છે. બે લાખ બે હજાર ખાતમુહૂર્તમાં દીધા છે. અત્યારે પંદર લાખનું કરશે મંદિર ! હજી વિશેષ થશે. પેસાવાળા ઘણા છે ત્યાં, આમંત્રણ છે ત્યાં લઈ જવાનું ! શું થાય છે એ જોશું. આગામી ડિસેમ્બરમાં-ડિસેમ્બરમાં ! આહાહા ! જે સમય જે થવાનું એ થાય છે કોણ કરે કોણ કરે ! ! આહાહા ! અજ્ઞાની અભિમાન કરે છે, નિમિત્તનું જ્ઞાન તો જ્ઞાન કરાવવાની વાત છે પણ નિમિત્તથી થયું એવી વાત છે નહીં. આહાહા ! સમજાણું કાંઈ... ?

રાયચંદભાઈએ બે લાખ ને બે હજાર આપ્યા, એ તો નિમિત્તનું કથન કરે છે. બે લાખ ને બે હજાર એના જવાના પૈસા હતા તો ગયા છે, એ તો એમાં નિમિત્ત છે. રાયચંદભાઈએ રાગ મંદ કર્યો હોય તો પુણ્ય છે. પુણ્યમાં ધરમ-બરમ નહીં. આહાહા ! આવી વાત છે ભાઈ ! કાંતિભાઈ ? આહાહાહા ! શાંતિભાઈ ?

અહીંયા કહે છે કે 'શુભાશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિના વ્યાપારરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો યોગનો ઉદય છે.' આ પૌદગલિક મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત થતાં જે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિક ભાવથી આઠ પ્રકારથી સ્વયમેવ પરિણમે છે. આહાહા ! પુરાણા આઠ કર્મના ઉદયમાં, નવા કર્મ બને છે. એ સ્વયમેવ બને છે. પોતાની પર્યાયની યોગ્યતાથી નવું કર્મ બને છે. એ પુરાણા કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ... ?

'તે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય નવા કર્મ જ્યારે જીવની સાથે નિમિતપણે બંધાય ત્યારે સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે'- અજ્ઞાની પોતાના અજ્ઞાનને કારણે સ્વયમેવ ભગવાન આત્માને ભૂલીને-અજ્ઞાની સ્વયમેવ=**स्वयम्+ऐव**=નિશ્ચયથી અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને કારણે-સ્વપરની એકત્વબુદ્ધિને કારણે, એ મિથ્યાત્વભાવ છે. રાગ ને પુણ્ય-પાપના પરિણામ ને હું એક છું તેવો અધ્યાસ અજ્ઞાનીનો છે તે મિથ્યાભાવ છે. આહાહાહા ! થોડું થોડું પણ ધ્યાન રાખે તો સમજાય એવું છે ભાઈ ! નરેન્દ્ર ? આહાહા ! ભાષા તો ભાઈ આકરી જે હોય એ આવે, શું કરીએ ?

કહે છે પૂર્વના પુદ્‌ગલકર્મ જે છે જડ, એ નવા બંધમાં નિમિત છે નિમિત્ત ! નવો બંધ તો પોતાથી થાય છે, પણ નિમિત્ત ક્યારે થાય છે ? કે જ્યારે આત્મા મિથ્યાશ્રદ્ધા કરે છે-પુણ્ય-પાપના પરિણામ મારા છે-શુભ-અશુભ ભાવ મારું કર્તવ્ય છે, એવી મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષ કરે છે તો નવા કર્મમાં એ પરિણામ નિમિત્ત છે, ત્યારે પુરાણા કર્મ, નવામાં નિમિત્ત કહેવામાં આવે છે. ભાઈ, આવી વાત છે, આ વકિલાતમાં આવી વાત આવે નહિ, દાક્તરમાં આવી આવે નહિ, શેઠિયાની બીડી-તમાકુંમાં આવી વાત આવે નહિ. વકીલાતનું જ્ઞાન એ કુજ્ઞાન છે. આ દાક્તરના જ્ઞાન એ કુજ્ઞાન છે. તો હવે આ શેઠિયાના બીડી-તમાકુના જ્ઞાન એ તો કુજ્ઞાન જ છે. મોટો કરોડોનો વેપાર છે બીડીનો. ઓહોહો ! પ્રભુ ! તું સાંભળ તો ખરો કહે છે. આહાહા !

જૂના કર્મ છે એની સત્તા છે, એની પહેલાં શ્રદ્ધા કરાવે છે. કર્મ છે, એકલો આત્મા છે ત્યારે શુદ્ધ છે- શુદ્ધ છે એને કર્મ હોતા નથી. ( એમ એક મત છે ) તો જૂના કર્મ પૂર્વે ( જીવે ) બાંધ્યા છે, શુભાશુભભાવ-અજ્ઞાનથી એ છે તો એ કર્મ જ્યારે પાકમાં આવે છે, ત્યારે નવું બંધન થાય છે, તો બંધન સ્વયમેવ પોતાથી થાય છે ( તેમાં ) જૂના કર્મ તો નિમિત્ત છે. પણ નિમિત્ત કયારે થાય છે ? એ અજ્ઞાની જ્યારે તત્ત્વ-અશ્રદ્ધાન, રાગ-દ્વેષ-પુણ્ય-પાપ મારા છે અને રાગ-દ્વેષથી મને લાભ થાય છે એમ મિથ્યાત્વ ને રાગ-દ્વેષ પરિણમે ( પરિણમે છે ) એ નવા કર્મમાં બંધન થાય છે, તો જૂના કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આરે ! આરે ! આટલી બધી વાતું હવે કહો, નરેન્દ્ર ? ન્યાં ક્યાંય આવી વાત આવે છે તમારે, છ ભાઈયું વચ્ચે વેપારમાં-ધંધામાં ? આહાહાહા !

અમારે ય ન્યાં દુકાનના ધંધા હતા ત્યાં પણ આ વાત કોઈ સાંભળતું નહોતું, હું તો 'ભગત' કહેવાતો પહેલેથી, હું તો દુકાને બેસી શાસ્ત્ર વાંચતો તે દી' હોં ! એ ચોસઠ-પાસઠ સાલ-સંવત ૬૪-૬૫, ઘરની દુકાન છે પાલેજમાં છે મોટી દુકાન છે. ચાલીસ લાખ રૂપીયા છે વાંચતા હતા, આચારાંગ, સૂયગડાંગ બધા શાસ્ત્રો ! પિતાજી શ્વેતાંબર હતા તો ( શ્વેતાંબર ) શાસ્ત્ર બધા વાંચતો હતો દુકાન ઉપર, વાત થતી ચોસઠ-પાંસઠની સાલ, તમારા જનમ પહેલાની વાત ! ચોસઠ-પાંસઠ કેટલા વરસ થયા ? હેં ? એકોતેર વરસ થયાં, હું તો ત્યાં શાસ્ત્ર વાંચતો હતો, કોઈ બીજા નહોતા વાંચતા, બધા ધંધામાં મશગુલ ! હું તો 'ભગત' કહેવાતો હતો ને ! પહેલેથી શાસ્ત્ર વાંચતો હતો. કે શું કહે છે શાસ્ત્ર ? આ ઘણાં શાસ્ત્ર વાંચતો અધ્યાત્મશાસ્ત્ર વાંચતો હતો, કબીરનું વાંચતો હતો, કબીર છે ને કબીર ને તો અમે 'જૈન સમાચાર' મગાવતા હતા 'માસિક' ( પત્ર ) વાડીલાલ મોતીલાલનું અમદાવાદનું તો એમાં ભેટમાં આવ્યું'તું કબીરનું એ-પણ જોયું ! સ્થાનકવાસી હતા ને અમેતો, ઠીક લાગતા એ વખતે.

પછી તો સમયસાર હાથમાં જ્યાં આવ્યું ! ૭૮ની સાલ, ફાગણ માસમાં, આહાહા ! આ ચીજ બીજી કીધું. શરીર રહિત થવું હોય તો આ જ છે કીધું આ સમયસાર ! ૭૮ ના ફાગણ માસમાં હાથમાં આવ્યું. ચીજ ! શેઠિયાને કહ્યું, દામોદરશેઠ, દશ લાખ રૂપિયા ( તે દી' મેં કીધું ) શેઠ, અશરીરી ( થવાનું ) પુસ્તક છે. ( ત્યારે તો સાંભળ્યું ) પછી ( મેં ) મુહપત્તિ ( છોડી ) નીકળ્યા પછી વિરોધ થઈ ગયા. ભાઈ મારગ બીજો છે ભાઈ ! આહાહાહા ! શ્વેતાંબર ને સ્થાનકવાસી ધર્મ તો દિગમ્બરમાંથી નીકળ્યા છે, બે હજાર વર્ષ પહેલાં શ્વેતાંબર નીકળ્યા છે અને સ્થાનકવાસી, શ્વેતાંબરમાંથી પાંચસો વરસ પહેલાં નીકળ્યો છે. એ તો મૂળ ધર્મ-જૈન ધર્મ છે નહીં. આહાહાહા ! હવે એટલી તપાસેય કોણ કરે ! નવરાશ ક્યાં વેપાર-ધંધા આડે ! એ દેવીલાલજી ? એ ય સ્થાનકવાસી છે ને ! આહાહા !

આ 'સ્થાનક' તો આત્મા જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! એમાં વસવાવાળા એ ભગવાન આત્મા સ્થાનકવાસી છે. આનંદનો નાથ અંદર સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ-ધ્રુવ નિત્યાનંદ આત્મા છે. એમાં વસવું એ વાસ્તુ છે ને એ પોતાનું નિજઘર છે. બાકી, પરઘરનું વાસ્તું કરવું એ તો પાપ છે એકલું. આહાહાહા ! સમજાણું કાંઈ... ? ( શ્રોતાઃ- તો શું કરવું ? ) આ કરવું- સમજવું. આ એ બધા દાક્તર-બાક્તર બધાએ મમતા છોડી દેવી. આ ઓલાને કાંઈક નીકળ્યું'તું ને તમારે નહિ, દાક્તરની વહુએ રૂપિયા મૂક્તા'તા ને પચ્ચીસ હજાર ક્યાંક, છે ધર્મચક્ર ! ખબર

છે ને ખબર છે! ધર્મચક્ર નીકળ્યું હતું તે એમાં મોટા દિકરા દાક્તર છે ને, એની વહુએ કેટલા, પચીસ હજાર મૂકયા હતા, નામ આવ્યું છાપામાં, આંહી તો નામ વાંચ્યા હોય. જોયું હોય, પચીસ હજાર. એમાં બસ એમ માની લ્યે કે, ઓહોહો! અમે કેટલો ધર્મ કર્યો, પચીસ હજાર દીધા. ધૂળમાંય ધર્મ નથી રૂપિયા ક્યાં એના બાપના હતા? જડના હતા. પ્રવિણભાઈ! પૈસા પોપટભાઈના હતા તો પોપટભાઈના હોય તો પોપટભાઈ હારે ન લઈ જાય? આહાહા! કોઈના ક્યાં છે બાપા! જડના જડ છે ભાઈ! આહાહા!

અહીંયા તો પ્રભુ એમ કહે છે, પ્રભુ! તારામાં શુભ-અશુભ ભાવ થાય એ-પણ તારી ચીજ નહિ ભાઈ! એ તો વિકાર છે નાથ! એ દુઃખ છે એ દુઃખ( ના ) રૂપને તું પોતાના આનંદસ્વરૂપ પ્રભુ છે! એ પુણ્ય-પાપના પોતાના માને છે, પ્રભુ, તારી છેતરપિંડિ થઈ જાય છે. આહાહા! એવી વાત છે, જગતથી ઊંધી છે. આહાહા!

'તે કાર્મણ વર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય ત્યારે જીવ સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે' દેખો! દેખો શું કહે છે? એ આત્મા મિથ્યાશ્રદ્ધા ને રાગ-દ્વેષ કરે છે એ સ્વયમેવ કરે છે, કોઈ કર્મથી થાય છે રાગ-દ્વેષ ને અજ્ઞાન, એવું છે નહિ. કે અમારે કર્મનો ઉદય એવો આકરો આવ્યો તો અમારે વિકાર કરવો પડયો, બિલકુલ જૂઠ છે. આહાહાહા! સમજાણું કાંઈ... ? કોને પડી છે આ? આ દુનિયામાં જરી ઠીક લાગે ત્યાં એય થઈ રહ્યું. જાઓ..... !

શું કહે છે દેખો! નવું કર્મ જ્યારે બને છે ત્યારે સ્વયમેવ અજ્ઞાનથી આત્મા, પોતાના સ્વયમેવ અજ્ઞાનથી, સ્વપરના એકત્વના અધ્યાસને કારણે, સ્વ-આત્મા આનંદ છે ને પુણ્ય-પાપના ભાવ વિકાર-દુઃખ છે. બન્નેના એકત્વના અધ્યાસને કારણે-બેયના એકત્વના અધ્યાસને કારણે. આહાહા! આ શરીર-ફરીર તો ક્યાંય રહી ગયું દૂર ધૂળ! આ તો... પૈસાય ક્યાંય ( દૂર ) રહી ગયા, બાયડી-છોકરાં, કુટુંબ, દેશ, ગામ. આહાહા! અહીંયા તો કહે છે કે સ્વપરનો અધ્યાસ અજ્ઞાનીનો-ચિદાનંદપ્રભુ સચ્ચિદાનંદ આત્મા એ 'સ્વ' અને પુણ્ય-પાપના મિથ્યાભાવ 'પર' અને પુણ્ય-પાપના ફળરૂપ સંયોગ, લક્ષ્મી-આદિ 'પર' -એ સ્વ-પરના એકત્વના અધ્યાસને કારણે -સ્વપરની એકત્વબુદ્ધિને કારણે, કહો આ તો ભાષા સમજાય છે કે નહિ? આહાહાહા! 'સ્વયમેવ'- અજ્ઞાનથી-પોતાના અજ્ઞાનથી, કર્મને કારણે નહીં. કર્મનો ઉદય છે તો અજ્ઞાન થયું છે એવું છે નહીં. આહાહા! આહાહા! છે કે નહિ અંદર? અટપટું છે પણ ભાષા જરી....આ અમારે પ્રવિણભાઈ તો હજી આજ આવ્યા, ઘણા વખતથી કાલ વાટ જોતા'તા ઓલા, આહાર વખતે કહે મોડા થઈ ગયા કાલે આહાર હતો ને ભાઈનો, ભાવનગર! હવે આવે ત્યારે આવે, રાત્રે આવ્યા પછી...

અહીંયા કહે છે કે સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વથી-સ્વપરનું એકત્વ સ્વ એટલે ભગવાન આનંદસ્વરૂપ અને પુણ્ય ને પાપ-દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ 'પર'-એ પર અને સ્વની એકત્વબુદ્ધિને કારણે, આહાહાહાહા! છે? અજ્ઞાનથી સ્વયમેવ સ્વપરના એકત્વનો અધ્યાસ, અધ્યાસ એટલે, અભ્યાસ-આ અભ્યાસ થઈ ગયો અનાદિથી. આ અભ્યાસ કર્યો છે એણે. આહાહાહા! મિથ્યાશ્રદ્ધા, પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામના

ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગના ભાવ એ 'પર' છે. ભગવાન 'સ્વ' ભિન્ન છે.

અનાદિથી સ્વ-પરની એકત્વબુદ્ધિને કારણે, આહાહા ! અમૃત ને ઝેરની એકતાબુદ્ધિ થઈ ગઈ, ભગવાન અમૃતસ્વરૂપ છે આત્મા અતીન્દ્રિય આનંદમય પ્રભુ છે અને પુણ્ય-પાપના ભાવ ઝેર છે. આહાહા ! એ અમૃત ને ઝેરની એકત્વબુદ્ધિના અભ્યાસથી, નીચે છે ને છેલ્લી લીટી, ત્યારે જીવ સ્વયમેવ ત્યારે એટલે ? જ્યારે ( જીવ ) નવું કર્મ બાંધે છે ત્યારે જીવ સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના અધ્યાસને કારણે, તત્ત્વ-અશ્રદ્ધાનને કારણે આદિ તત્ત્વનું અશ્રદ્ધાન-હું આનંદ છું-જ્ઞાન છું એ નહિ, હું તો પુણ્ય છું- પાપ છું, પુણ્ય-પાપના ફળ હું છું-એવા અતત્ત્વ શ્રદ્ધાનથી પોતાના અજ્ઞાનમય પરિણામભાવોનો -એ પોતાના અજ્ઞાનમય પરિણામ જે અજ્ઞાનીના, એનો એ હેતુ જીવ થાય છે. અજ્ઞાન પરિણામભાવોનો હેતુ જીવ થાય છે-અજ્ઞાનભાવનો હેતુ જીવ થાય છે અને એ પરિણામ નવાબંધમાં હેતુ થાય છે. આટલી વાતું હવે ક્યાં ? સમજાણું કાંઈ... ?

ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવ વીતરાગ સ્વરૂપ પરમાત્માનો હુકમ આ છે. ઇન્દ્રો ને ગણધરોની વચ્ચે પરમાત્માની વાણી આ નીકળતી હતી. આહા ! પ્રભુ ! તને પૂર્વ કર્મનો ઉદય આવીને નવું બંધન થાય છે, પણ તું તારા સ્વયમેવ અજ્ઞાનભાવને કારણે પરિણમે છે-એ પરિણમન થયું કર્મના કારણે એ અજ્ઞાન ને રાગ-દ્વેષ થયા નથી, કર્મને કારણે મિથ્યાશ્રદ્ધા થઈ એવું છે નહીં. આહાહાહા ! આંહી તો કહે, કર્મનો એવો ઉદય આવ્યો તો અમારે રાગ કરવો પડયો ? મૂંઢ છે ! એ રાગ ને દ્વેષ ને મિથ્યાભાવ સ્વયમેવ અજ્ઞાનથી કરે છે. આંહી તો એમ કહે છે.

( કહે છે કે ) 'પોતાના અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે'-પોતાના ભાવનો હેતુ થાય છે બંધનો હેતુ તો નિમિત્ત પછી. આત્મા અતીન્દ્રિય આનંદ પ્રભુ નિત્યાનંદ ધ્રુવ એને ભૂલીને, ક્ષણિક પુણ્ય-પાપના કૃત્રિમ-અનિત્ય ભાવ એને સ્વયમેવ અજ્ઞાનભાવ પોતાના પરિણામનો આત્મા હેતુ બને છે. આહાહાહા ! એ પરિણામનો હેતુ થતો નથી ને એ પરિણામ નવા બંધમાં હેતુ થાય છે. છે ? 'પરિણામભાવોનો હેતુ થાય છે' એમ કહ્યું ને ! નવા કર્મમાં હેતુ થાય છે એ પછી, આ તો અજ્ઞાની નવો વિકાર-કર્મ કરે છે એનો હેતુ આત્મા થાય છે. આહાહાહા ! અને એ પરિણામ નવા બંધનમાં નિમિત્ત છે. નવું બંધન સ્વતંત્ર થાય છે. આ વિકાર કર્યો તો નવું બંધન થયું એમ નથી. નવું બંધન પોતાના પરમાણુંની પર્યાયમાં કર્મ થવાની યોગ્યતાથી કર્મ બંધાય છે. આહાહાહા ! એ નિમિત્ત, ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે, જ્યારે આત્મા પોતાના અજ્ઞાનપરિણામમાં હેતુ થાય ત્યારે નવા કર્મમાં નિમિત્ત થાય, ત્યારે જૂના કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. નહિતર જૂના કર્મ તો ખરી જાય છે. આહાહાહાહા !

જૂના કર્મ ઉદય હો, પણ આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ કરે છે તો એ જૂના કર્મનો ઉદય ખરી જાય. પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપમાં હું છું તો સચ્ચિદાનંદ શુદ્ધચૈતન્ય સ્વરૂપ-હું તો જ્ઞાયક-જાણન-દેખન સ્વભાવસ્વરૂપ હું, એવી દૃષ્ટિ કરે તો પૂર્વના કર્મ ઉદયમાં આવીને ખરી જાય છે. પણ પૂર્વના ઉદયમાં પોતાના પરિણામ અજ્ઞાનભાવથી-મિથ્યાત્વભાવથી-રાગ-દ્વેષ, પુણ્ય-પાપના કર્તા છે, તો એ પરિણામનો હેતુ આત્મા થાય છે ત્યારે નવા કર્મમાં એ નિમિત્ત

છે. ત્યારે નવા કર્મમાં, જૂના કર્મ નિમિત્ત કહેવામાં આવે છે. આહાહાહા ! ( શ્રોતાઃ- વસ્તુ તો શુદ્ધ છે ને ! ) અજ્ઞાન કરે છે ને ! શુદ્ધ છે તો વસ્તુએ શુદ્ધ છે, પરિણામમાં અશુદ્ધતા કરે છે, એ...સ્વયમેવ કરે છે કીધું ને !

અજ્ઞાનભાવથી આત્મા પોતાના સ્વભાવને ભૂલીને વિકારી પરિણામનો કર્તા અજ્ઞાની થાય છે. આહાહાહા ! ચાહે તો શુભ-અશુભ ( ભાવ ) આવ્યા ને. આવે છે ને શુભ-અશુભ ? શુભાશુભ પ્રવૃત્તિ-શુભમાં પ્રવૃત્તિ ને અશુભમાં નિવૃત્તિ અને બેય પ્રકારના પરિણામ વિકાર છે. આહાહાહા ! ધંધાપાણીમાં અશુભભાવ હતો તો એ નિવૃતિ કરી અને પછી દયા-દાન-પૂજા-ભક્તિના ભાવમાં પ્રવૃતિ કરી, તો એ બધા ભાવ શુભાશુભ વિકાર છે. આહાહાહા ! એ વિકારી પરિણામ અજ્ઞાની સ્વયમેવ-પોતાનાથી સ્વતંત્ર કર્તા થઈને કરે છે, કર્મ કરાવે છે એ નવું બંધન થાય તો વિકાર આત્મા કરે છે એવું છે નહીં. અટપટી વાત છે ભાઈ ! આહાહાહાહા !

ભાવાર્થઃ- અજ્ઞાનભાવના ભેદરૂપ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના ઉદયો તે પુદ્‌ગલના પરિણામ છે. એ તો પુદ્‌ગલના પરિણામ છે પૂર્વનો ઉદય. સમજાણું કાંઈ... ? અને તેમનો સ્વાદ અતત્ત્વ-શ્રદ્ધાનાદિરૂપે જ્ઞાનમાં આવે છે. મિથ્યારાગ-દ્વેષ આદિનો સ્વાદ તે ઉદયરૂપ-નિમિત્તરૂપ થઈને, 'પર' એ કર્મનો ઉદય નિમિત્તરૂપ થવાથી, તે ઉદયો નિમિત્તભૂત થતાં, કાર્મણવર્ગણારૂપ નવાં પુદ્‌ગલો સ્વયમેવ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે. આહાહા ! પૂર્વનું કર્મ તો નિમિત્તરૂપે ઉદય થયું એટલું બસ. નવાં કર્મ કાર્મણવર્ગણારૂપ જે બને છે નવા-નવા ( કર્મ ) એ સ્વયમેવ પોતાના પરિણામથી બંધાય છે. છે ? 'અને જીવની સાથે બંધાય છે.' એ નવું ( કર્મ ) અને એ સમય જીવ પણ સ્વયમેવ પોતાના અજ્ઞાનભાવથી અત્તત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમે છે-જીવ પોતાના અજ્ઞાનભાવથી અત્તત્ત્વશ્રદ્ધાન-પુણ્યને ધર્મ માનવો, પાપને સુખ માનવું-પાપના પરિણામમાં સુખ વિષયની વાસનામાં મજા માને છે, પુણ્યમાં ધર્મ માનવો, એવી અતત્ત્વ-શ્રદ્ધાન અજ્ઞાની સ્વયમેવ પોતાથી કરે છે. આહાહાહા ! આકરું પડે એવું છે. નરેન્દ્ર ? ન્યાં ક્યાં તમારા છ ભાઈમાં, ક્યાંય મળે એવું નથી ન્યાં ક્યાંય ! બધા બેઠાં હોય ને બધી વાતું પાપની કરતાં હોય બધી નહીં ? આ તો આકરી વાત છે ને ભાઈ ! આહાહા ! અનંત કાળમાં કદિ સાંભળી નથી, સત્ય વાત સાંભળી નથી.

એ ( સમયસાર ) ગાથામાં આવે છે ને ! ચોથી ગાથા 'શ્રુતપરિચિત અનુભૂતાઃ'-પ્રભુ, તેં રાગ-દ્વેષના ભાવ કરવા એ તો અનંત વાર સાંભળ્યું છે અને તારા પરિચયમાં આવ્યું છે અને તારા અનુભવમાં રાગ-દ્વેષના અજ્ઞાનભાવ, અનાદિથી ( તને ) અનુભવમાં આવ્યા છે. આહાહા ! 'શ્રુત પરિચિત અનુભૂતાઃ'-એ સર્વસ્વ, કામ-ભોગ કામ નામ રાગ ને ભોગ નામ ભોગવવાં-એ રાગને કરવો ને રાગને ભોગવવો એ ( વાત ) તેં પ્રભુ ! અનંતવાર સાંભળી છે, અને તારા પરિચયમાં ને અનુભવમાં અનંતવાર આવી છે. પણ એનાથી પૃથક્

'सुदचरिचिदाणभूदा सव्वस्स वि कामभोगबंधकहा'
एयत्त्त्स्सुवलंभो णवरि ण मुलहो विहतस्स।।४।।

પણ, એ રાગથી ભિન્ન, એ પુણ્યક્રિયાના પરિણામથી પણ ભગવાન ભિન્ન, એ વાત પ્રભુ તેં સાંભળી નથી ! આહાહાહા ! એમ કહે છે. આ નરેન્દ્રભાઈ ! સાંભળીય નથી એમ કહે છે.

ભગવાન એમ કહે છે, ચોથી ગાથામાં કહે છે, પ્રભુ ! તેં રાગથી પુણ્ય-પાપથી-એ પરિણામથી, એનાથી ભિન્ન તારી ચીજ છે, પ્રભુ ! તેં સાંભળી નથી હોં ! સાંભળી નથી, કાને પડી પણ તને રુચિ નહીં, આમ તો ભગવાનના સમોસરણમાં અનંતવાર ગયા. મહાવિદેહમાં અનંત વાર જન્મ થયો છે, મહાવિદેહમાં ભગવાન ( તીર્થંકરદેવ ) તો બિરાજે છે, કાયમ ત્યાં પણ તું ગયો સમોસરણમાં, વાણી સાંભળી ભગવાનની સાક્ષાત્ પણ ( તને ) રુચિ નહિ. રાગથી ભિન્ન ( આત્મા છે ) એ વાત કરી પણ તને રુચિ નહિ, રાગની રુચિ કરે છે તો પછી એ હું જૂઠું કરું છું સાંભળવાથી શું ? સાંભળવામાં તો આવ્યું છે. આહાહાહા !

એ વાત કરે છે કે રાગથી ભિન્ન એકત્વ ( વિભક્તની ) વાત પ્રભુ તેં સાંભળી નથી. અને તારા પરિચયમાં રાગથી ભિન્ન ભગવાન ( આત્મા છે ) તારો ( પણ ) તને અભ્યાસ પરિચય આવ્યો નહિ. અને રાગથી ભિન્ન ભગવાન આત્મા ( છે ) એનો અનુભવ ક્યારેય સાંભળ્યું'ય નહિ. પરિચય કર્યો નહિ ને અનુભવમાં આવ્યું નહિ. એમ કહે છે. આહાહા !

જ્યાં જન્મે છોકરું ત્યાંથી એ ય આ ધૂળની ને આ ભણ્યોને-દુનિયાની વાતું આ કર્યું ને આ કર્યું ને ધૂળ કરી ધૂળ, એલ-એલ-બીનું પુછડું વળગાડયું એણે વકીલને આમ, દાક્તરને એમ-બી-બી. એસનું પૂછડું વળગાડે ! દાકતરને વકીલનાં બધા કુજ્ઞાનના પૂંછડાં છે. આહાહાહા !

આંહી શું કહે છે ? દેખો ! પુદ્‌ગલ પરિણામ છે એનો સ્વાદ અતત્ત્વ શ્રદ્ધાનાદિ છે ઉદય નિમિત્ત થવાથી કાર્મણવર્ગણારૂપ નવીન પુદ્‌ગલ સ્વયમેવ જ્ઞાનાવરણાદિકર્મ ( રૂપે ) પરિણમે છે. અને જીવની સાથે બંધાય છે. અને તે સમયે જીવ પણ-સમય, સમય તો એ જ પૂર્વકર્મનો ઉદય આવવો, નવું બંધન થવું અને નવા બંધનમાં પોતાના વિકારી પરિણામ નિમિત્ત થવા-ત્રણેયનો સમય એક છે. શું કીધું એ ? છે ? અને એ સમયે જીવ પણ સ્વયમેવ પોતાના અજ્ઞાનભાવથી અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમે છે અને એ રીતે પોતાના અજ્ઞાનમય ભાવોનું કારણ પોતે જ થાય છે. આહાહાહા ! ઝીણી વાત છે ! પણ વાત તો અલૌકિક છે ભાઈ !

આહાહા ! સમય એક-ટાઈમ એક, પૂર્વના કર્મનો ઉદય આવવો, ટાઈમ એક નવો બંધ થવો, ટાઈમ એક અને અજ્ઞાનભાવે જીવના પરિણામ, ટાઈમ એક ! એક સમયમાં ત્રણેય થાય છે. આહાહા ! ભાષા તો સાદી છે ભાઈ ! ભાવ તો સૂક્ષ્મ છે, પણ શું કરીએ ! જે ભાવ હોય ઈ આવે ને બીજા શું કરે ? ત્રણેયનો સમય એક છે. આહા ! છે ? મિથ્યાત્વઆદિનો ઉદય થવો, નવીન પુદ્‌ગલોનું કર્મરૂપ પરિણમવું-બંધાવું અને જીવના પોતાના અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપ પરિણમવું એ ત્રણેય એક જ સમયમાં હોય છે. આહાહા ! ભાષા તો સાદી છે પ્રભુ ! ખ્યાલમાં તો લેવું જોઈએને પ્રભુ ! આ શું કહે છે...બધા સ્વતંત્ર ! પોતે જ પોતાથી પરિણમે છે. આહાહા ! કર્મનો ઉદય સ્વતંત્ર, નવા બંધન સ્વતંત્ર, અને અજ્ઞાની રાગ-દ્વેષાદિ-અજ્ઞાન કરે છે એ સ્વતંત્ર ! ત્રણેય સ્વતંત્ર છે. એક સમયમાં હોય છે. કોઈ કોઈનું પરિણમન કરતું નથી. કર્મનો ઉદય આત્માને વિકાર કરાવતો નથી, વિકાર પરિણામ નવા કર્મને બંધન કરતું નથી, જૂનાં કર્મ નવા કર્મને કરતા નથી, નવા બંધનમાં આ વિકારી પરિણામ ( કંઈ ) કરતા નથી, બધા સ્વતંત્ર છે. જૂનાં કર્મનો ઉદય, નવા કર્મનું બંધાવું ને આત્માના વિકારના પરિણામ, ત્રણેયનો સમય એક છે. વિશેષ કહેશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ! )

# ગાથા-૧૩૭-૧૩૮

जीवात्पृथग्भूत एव पुद्गलद्रव्यस्य परिणामः-

जइ जीवेण सह च्चिय पोग्गलदव्वस्स कम्मपरिणामो।
एवं पोग्गलजीवा हु दो वि कम्मत्तमावण्णा।।१३७।।

एक्कस्स दु परिणामो पोग्गलदव्वस्स कम्मभावेण।
ता जीवभावहेदूहिं विणा कम्मस्स परिणामो।।१३८।।

यदि जीवेन सह चैव पुद्गलद्रव्यस्य कर्मपरिणामः।
एवं पुद्गलजीवौ खलु द्वावपि कर्मत्वमापन्नौ।।१३७।।

एकस्य तु परिणामः पुद्गलद्रव्यस्य कर्मभावेन।
तज्जीवभावहेतुभिर्विना कर्मणः परिणामः।।१३८।।

यदी पुद्गलद्रव्यस्य तन्निमित्तभूतरागाद्यज्ञानपरिणामपरिणतजीवेन सहैव कर्मपरिणामो भवतीति वितर्कः, तदा पुद्गलद्रव्यजीवयोः सहभूतहरिद्रासुधयोरिव द्वयोरपि कर्मपरिणामापत्तिः। अथ चैकस्यैव पुद्गलद्रव्यस्य भवति कर्मत्वपरिणामः, ततो रागादिजीवाज्ञानपरिणामाद्धेतोः पृथग्भूत एव पुद्गलकर्मणः परिणामः।

---

જીવથી જુદું જ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છેઃ-

**જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ, પુદ્‌ગલના બને,**
**તો જીવને પુદ્‌ગલ ઉભય પણ કર્મપણું પામે અરે! ૧૩૭.**

**પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્‌ગલદ્રવ્યને,**
**જીવભાવહેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૩૮.**

ગાથાર્થઃ-[ यदि ] જો [ पुद्गलद्रव्यस्य ] પુદ્‌ગલદ્રવ્યને [ जीवेन सह चैव ] જીવની સાથે જ [ कर्मपरिणामः ] કર્મરૂપ પરિણામ થાય છે ( અર્થાત્ બન્ને ભેળાં થઈને જ કર્મરૂપે પરિણમે છે ) એમ માનવામાં આવે તો [ एवं ] એ રીતે [ पुद्गलजीवौ द्वौ अपि ] પુદ્‌ગલ અને જીવ બન્ને [ खलु ] ખરેખર [ कर्मत्वम् आपन्नौ ] કર્મપણાને પામે. [ तु ] પરંતુ [ कर्मभावेन ] કર્મભાવે [ परिणामः ] પરિણામ તો [ पुद्गगलद्रव्यस्य एकस्य ] પુદ્‌ગલદ્રવ્યને એકને જ થાય છે [ तत् ] તેથી [ जीवभावहेतुभिः विना ] જીવભાવરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ [ कर्मणः ] કર્મનું [ परिणामः ] પરિણામ છે.

**ટીકાઃ-જો પુદ્‌ગલદ્રવ્યને, કર્મપરિણામના નિમિત્તભૂત એવા રાગાદિ-અજ્ઞાનપરિણામે પરિણમેલા જીવની સાથે જ ( અર્થાત્ બન્ને ભેગાં મળીને જ ), કર્મરૂપ પરિણામ થાય છે-એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળાં થયેલાં હળદર અને ફટકડી બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ, પુદ્‌ગલદ્રવ્ય અને જીવ બન્નેને કર્મરૂપ પરિણામ આવી પડે. પરંતુ પુદ્‌ગલદ્રવ્યને એકને જ કર્મપણારૂપ પરિણામ તો થાય છે; તેથી જીવનું રાગાદિ-અજ્ઞાનપરિણામ કે જે કર્મનું નિમિત્ત છે તેનાથી જુદું જ પુદ્‌ગલકર્મનું પરિણામ છે.**

**ભાવાર્થઃ-જો પુદ્‌ગલદ્રવ્ય અને જીવ ભેળાં થઈને કર્મરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને કર્મરૂપ પરિણામ ઠરે. પરંતુ જીવ તો જડ કર્મરૂપે કદી પરિણમી શકતો નથી; તેથી જીવનું અજ્ઞાનપરિણામ કે જે કર્મને નિમિત્ત છે તેનાથી જુદું જ પુદ્‌ગલદ્રવ્યનું કર્મપરિણામ છે.**

## પ્રવચન નં. ૨૧૮ ગાથા-૧૩૭-૧૩૮

**સોમાવાર, ફાગણ સુદ-૧૪, તા. ૧૨/૩/'૭૯**

બે ગાથા છે ને ! હવે અહીં પ્રતિપાદન કરે છે કે, જીવથી જુદું જ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામ છે.

जइ जीवेण सह च्चिय पोग्गलदव्वस्स कम्मपरिणामो।
एवं पोग्गलजीवा हु दो वि कम्मत्तमावण्णा।।१३७।।

एक्कस्स दु परिणामो पोग्गलदव्वस्स कम्मभावेण।
ता जीवभावहेदूहिं विणा कम्मस्स परिणामो।।१३८।।

જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ, પુદ્‌ગલના બને,
તો જીવને પુદ્‌ગલ ઉભય પણ કર્મપણું પામે અરે ! ૧૩૭.
પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્‌ગલદ્રવ્યને,
જીવભાવહેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૩૮.

( ટીકાઃ- ) શું કહે છે ? કે 'જો પુદ્‌ગલદ્રવ્યને, કર્મ પરિણામના નિમિત્તભૂત એવા' શું કહે છે કે કર્મ જે બને છે, એ પોતાના પરિણામથી બને છે, જીવ એને બાંધતો નથી-કર્મરૂપી પરિણામ જીવ કરતો નથી. આહાહા ! જીવ અજ્ઞાનભાવથી રાગ-દ્વેષ ભાવરૂપ હો પણ એ પુદ્‌ગલપરિણામ, એ જીવ કરે છે એવું નથી. કર્મબંધના પુદ્‌ગલપરિણામ સ્વયં પોતાથી પરિણામ થાય છે. જીવના અજ્ઞાનના રાગ-દ્વેષભાવ તો નિમિત્તમાત્ર છે. આહાહા ! સૂક્ષ્મ વાત છે.

આત્મા જ્યારે રાગ-દ્વેષ ને અજ્ઞાન કરે છે, પુણ્ય ને પાપ ભાવ મારાં છે એમ અજ્ઞાનભાવથી રાગ-દ્વેષ કરે છે તો એ સમયમાં કર્મ બને છે તો એ કર્મ બાંધે છે. એ આત્મા નથી બાંધતો, ભિન્ન છે પદાર્થ, દોષ-દોષ કર્યોને-રાગ-દ્વેષ એ દોષ થાય છે, કર્મ-બંધ કરે એ જડની પર્યાય કરે. સૂક્ષ્મ વાત છે ભાઈ ! આહાહાહા !

એમ અહીં રાગ કરે-હું આ હાથ ચલાવું એવો રાગ કરે, ઈ હાથ ચલાવી શકે છે, રાગથી

હાથ ચાલે છે ? ( ના. ) હાથનું ચાલવું તો હાથની પર્યાયથી ચાલે છે, રાગ તો નિમિત્ત કહેવામાં આવે છે. પણ મેં રાગ કર્યો માટે હાથ ચાલ્યો એ વાત જૂઠી છે. આમાં ક્યાંય ( મેળ ) મળે એવું નથી મેળ ખાય આંહી એવું. આહાહાહા ! આ તો બહારની વાત તો ભિન્ન છે પણ અભ્યંતરમાં જેવા રાગદ્વેષ ને અજ્ઞાન જીવ કરે છે અને એ સમયે જે કર્મબંધન થાય છે એ પોતાના પરિણામથી કર્મબંધન થાય છે.આત્માથી નહીં. આત્મા એ કર્મરૂપે પરિણમતો નથી. આહાહા ! સમજાણું કાંઈ... ?

'જો પુદ્‌ગલદ્રવ્યને, કર્મપરિણામના–કર્મ પરિણામ જે થાય છે એને નિમિત્તભૂત એવા રાગાદિ–અજ્ઞાન પરિણામે –રાગ–દ્વેષ, દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધના ભાવ મારાં છે એવો અજ્ઞાની ( જીવ ) એ ભાવને પોતાના માનીને રાગ–દ્વેષરૂપ પરિણમે છે. સમજાણું કાંઈ ? એ રાગ–દ્વેષ ને અજ્ઞાન નવા કર્મમાં નિમિત્ત છે. પણ નવા કર્મ આત્મા બાંધે છે એવું નથી. નવાં કર્મ પરિણામ, પુદ્‌ગલપરિણામના પુદ્‌ગલ દ્રવ્ય કરે છે. આત્મા એનો કર્તા છે નહીં. અંદરમાં જેટલા અજ્ઞાનમાં રાગ–દ્વેષભાવ કરે એ તો નિમિત્ત, પણ એ ભેગાં–પુદ્‌ગલના પરિણામ પણ જીવ કરે–બે મળીને પુદ્‌ગલના પરિણામ થાય એમ છે નહીં. આવી સૂક્ષ્મ વાત ! બહારમાં પણ કહે છે કે રાગ કરે અને પરની દયા પાળી શકે રાગથી, પણ એ કારણ બને એમ છે નહીં. પરનું પરિણમન તો એનાં કારણથી થાય છે. રાગ તો નિમિત્તમાત્ર છે. એ રાગ, પરની દયા પાળી શકે એ તો બાહ્યની વાતું છે. રાગ આવ્યો તો પુદ્‌ગલની રચના બની એવું નથી, એમ કહે છે. પુદ્‌ગલની રચના બને છે, એ રાગ આવ્યો તો રાગથી પુદ્‌ગલની–શાસ્ત્રની રચના બની, એવું છે નહીં. શાસ્ત્રની રચના પુદ્‌ગલપરિણામથી બની છે ( તેમાં જ્ઞાની કે ) અજ્ઞાનીનો રાગ નિમિત્તમાત્ર છે. સમજાણું કાંઈ... ?

રાગનો કર્તા થઈને અજ્ઞાની રાગને કરે છે, એ સૂત્ર–રચનામાં નિમિત્તમાત્ર છે. પણ જે સૂત્રરચના પુદ્‌ગલની થાય છે એ પુદ્‌ગલથી થાય છે. આહાહા ! એ તો બાહ્ય–નોકર્મની વાત છે. અહીં તો અંદરમાં ભાવકર્મ કરે છે જીવ, અને એ સમયે જે દ્રવ્યકર્મ બંધાય છે એ જીવ કર્મોને બાંધે છે ને જીવ પોતાના રાગને પણ કરે છે, એવું છે નહીં. જીવ ને પુદ્‌ગલ મળીને પુદ્‌ગલનું પરિણામ થાય છે એમ છે નહીં. ભારે વાત ભાઈ આ તો. ( શ્રોતાઃ– દેખવામાં તો આવે છે ) શું દેખવામાં આવે છે ? માને છે એ ભ્રમ. શેઠ ? આવું છે ભગવાન ! માને છે એ, તો રાગનો ભાવ કરે, ( એ ) અજ્ઞાની છે. જ્ઞાનીને તો રાગ આવે છે, એ રાગના પણ જાણવાવાળા રહે છે. તો એને તો કર્મબંધન છે નહીં. રાગ છે થોડો એટલો બંધ છે, પણ એ તો અલ્પ સ્થિતિ–રસનો બંધ છે, એનો એ આત્મા સ્વામી નથી, પોતાને રાગ આવ્યો એના પણ એ આત્મા સ્વામી નથી, ધર્મીને રાગ આવે છે પણ રાગના સ્વામી નથી. આહાહા ! અને એ સમયે જે કર્મની પર્યાય બને છે એ રાગ આવ્યો તો બને છે એમ છે નહીં. ઝીણી વાત છે ભાઈ !

અહીંયા તો સમય–સમયની ભિન્નતા ( નું ) વર્ણન કરે છે. આહા !

છે ? 'જો પુદ્‌ગલદ્રવ્યને, કર્મપરિણામના નિમિત્તભૂત એવા' –નવું કર્મ જે બને છે પુદ્‌ગલ–પરિણામથી, એમાં નિમિત્તભૂત એવા 'રાગાદિ–અજ્ઞાન પરિણામ રાગનો કર્તા છે અજ્ઞાની' એની અહીંયા વાત છે. રાગ મારો છે એમ રાગનો કર્તા થઈને અજ્ઞાની, રાગનો કર્તા થાય છે,

એ અજ્ઞાન પરિણામથી પરિણમેલો જીવની સાથે -અજ્ઞાન પરિણમિત રાગી-અજ્ઞાની છે, તો એની સાથે જ અર્થાત્ બન્ને ભેગાં મળીને જ એ રાગના પરિણામ અને પુદ્‌ગલના પરિણામ બન્ને મળીને થયા છે, એવું છે નહીં. આવું સાંભળવા ય મળે એવું નથી ન્યાં ક્યાંય. આખો દી' અમે કરીએ.... આ કરીએ છીએ.... આ કરીએ છીએ નરેન્દ્રભાઈ ? આ પથ્થરામાં શું તમારે કહેવાય એ લાદી. આહાહાહા ! અજ્ઞાનીએ રાગ કર્યો તો પથ્થર જે ઊપડે છે ( ઊપાડે છે ) એ ક્રિયા એ રાગવાળાએ કરી એવું છે નહીં. એ પરિણમન, પુદ્‌ગલ પર્યાયથી પુદ્‌ગલ ઊંચા આમ થયા છે. એ તો બહારની વાત છે. આંહી તો અંદરની વાત છે કહે છે. આહાહા !

જે અજ્ઞાની પુણ્ય ને પાપના ભાવ જે વિકલ્પ-રાગ કરે છે એ પોતાના માનીને અજ્ઞાની રાગને કરે છે, એ નિમિત્ત અને નવું કર્મ બંધાય છે એ પોતાથી બંધાય છે, એ આત્મા નવાં કર્મને બાંધે છે-નવાં કર્મને પરિણમાવે છે બાંધવામાં એમ નથી. સમજાણું કાંઈ ? ( શ્રોતાઃ-જેટલા ટકા રાગ થાય તેટલા ટકા કર્મ બંધાય ? ) જેટલા ટકા કરે એટલા ( બંધાય ) પણ એનાથી-રાગથી નહીં. આહાહા ! આવી વાત છે. જેટલા ટકા રાગ-દ્વેષના પરિણામ કરે પોતાના માનીને અજ્ઞાની, એટલા પ્રમાણમાં સામે કર્મબંધન હો, પણ એ કર્મબંધનમાં એ રાગ તો નિમિત્ત છે, કર્મબંધનના પરિણામ તો કર્મથી થયા છે, રાગથી થયા છે એમ નહીં. આહાહાહા ! આવી વાતું હવે. હેં ? ( શ્રોતાઃ- રાગ ન કરે તો કર્મબંધન થાય ? ) એ પ્રશ્ન અહીં ક્યાં છે ? આ અજ્ઞાની કરે છે. નિમિત્ત, એની વાત છે. રાગના કર્તા નથી ને જ્ઞાની છે એની વાત અહીં છે નહીં. જ્ઞાનીને રાગ આવે છે પણ એ રાગના જ્ઞાતા છે-એ રાગનો જ્ઞાતા કહેવો એ વ્યવહાર છે. એ તો પોતાની પર્યાયનો જાણવાવાળો છે. આવી વાતું આકરી ભાઈ ! સમજાણું કાંઈ ?

ધર્મી જીવ તો જ્ઞાયકસ્વરૂપ હું છું, પર્યાયમાત્ર પણ હું નહીં, તો રાગ માત્ર તો ક્યાં ? નિમિત્ત તો ક્યાં રહ્યું ? આહાહા ! જ્ઞાયકમાત્ર હું અભેદ છું. 'પંચાધ્યાય'માં તો લીધું છે ને, આંહી 'પંચાધ્યાયમાં' આત્મા ગુણસ્વરૂપ છે ( જો ) એમ કહો તો ગુણ ને ગુણી, ભેદ થઈ ગયો, વ્યવહાર થઈ ગયો, એ-પણ હું નહીં. આત્મા સત્તસ્વરૂપ છે એ ય પણ ભેદ થઈ ગયો, એવું ય છે નહીં. આત્મા દ્રવ્ય છે, એ દ્રવ્ય છે એમ કહો તો ભેદ થઈ ગયો, એવું ય છે નહીં. -એ દ્રવ્ય કહો, સત્ત કહો, ગુણ કહો-જે છે તે છે. આકરી વાત ભાઈ ! સમજાણું કાંઈ ? 'પંચાધ્યાય' માં છે.

અહીંયા તો જે આત્મા પોતાનું સ્વરૂપ ચૈતન્યમૂર્તિ-જ્ઞાયક છે, એવા ( આત્માને જે ) જાણતા નથી ને પોતાની પર્યાયમાં પુણ્ય-પાપ-દયા-દાન-વ્રત-ભક્તિ ( આદિના ) પરિણામ આવે છે એનો કર્તા થઈને અજ્ઞાની થાય છે. એને કર્મબંધન થાય છે એ જીવ ( થી ) નહીં, કર્મ બાંધે છે જીવ ( એમ તો નહીં ) જીવ તો પોતાનામાં અજ્ઞાનપરિણામને કરે છે. સમજાણું કાંઈ ? નવાં કર્મ બને છે એ પુદ્‌ગલના પરિણામ છે, એ જીવે કર્યા એવું છે નહીં. જીવ પોતાનામાં રાગ પણ કરે અને પુદ્‌ગલ બંધના પરિણામ પણ કરે એમ હોતું નથી. આહાહા ! સૂક્ષ્મ વાત છે ભાઈ ! વીતરાગ માર્ગ સૂક્ષ્મ છે ભાઈ ! લોકોને સમજવા મળતો નથી અને એને નવરાશે ય નથી ધંધા આડે, પ્રવિણભાઈ ? આહાહા ! આવો મારગ ક્યાં છે ?

આહાહા ! અહીંયા તો જ્ઞાયકસ્વરૂપ ભગવાન છે ( અભેદ ). એ ગુણ છે અને ગુણવાળો છે એવો પણ ભેદ નહીં, વાત બહુ સૂક્ષ્મ છે ભગવાન ! આ ધર્મી છે ને ધર્મવાળો છે-ધર્મ સ્વભાવ

છે ધર્મ, પર્યાય પછી, ધર્મ સ્વભાવવાળો છે એવો ભેદ પણ સદ્‌ભૂત વ્યવહાર ( નો ) એ પણ નહીં, એનો પણ નિષેધ છે. આહાહા ! આત્મા તો જ્ઞાયકસ્વરૂપ ! સત્ત સ્વરૂપ ! ધ્રુવરૂપ ! દ્રવ્યરૂપ–ગુણરૂપ જે કહો તે તે રૂપ છે, ભેદ નહિ એવી ( અભેદ ) દૃષ્ટિ કરવાથી, અને સમ્યગ્દર્શન–ધર્મની પ્રથમ–પહેલી સીઢી ઉત્પન્ન થાય છે. આહાહા !

અહીં તો એ નયમાં એવું જાણે છે અને જે એ રાગ આવે છે, દયા–દાન–વ્રત–ભક્તિ–તપ–શાસ્ત્રવિનય–ગુરુનો વિનય–દેવનો વિનય, એ બધો રાગ છે. આહાહાહા ! એ રાગનો કર્તા થાય છે, અજ્ઞાની કહ્યો ને ? રાગાદિ–અજ્ઞાનપરિણામ કહ્યા. સમજાણું કાંઈ ? રાગ છે એ અજ્ઞાન છે, રાગમાં જ્ઞાન નથી. જ્ઞાનસ્વરૂપ ભગવાન છે એ તો રાગથી ભિન્ન છે. પણ રાગાદિ અજ્ઞાન પરિણામથી પરિણમે છે જીવ અજ્ઞાની. આહાહા ! એ પરિણામ જીવની સાથે બન્ને મળીને–જીવ રાગ–દ્વેષના પરિણામ પણ કરે અને નવાં પુદ્‌ગલના પરિણામ પણ કરે, બન્ને મળીને થાય છે એમ છે નહીં. આહાહા ! સમજાણું કાંઈ ?

ખાવાની ઇચ્છા પણ કરે અને દાઢ પણ હલાવે ખાવાના ( માટે ) એવા બે કામ નથી કરતા–એમ કહે છે. આહાહા ! આ તો બહારની વાત ( થઈ ) અહીં તો અંતરની વાત, જેટલા ટકા વિકાર કરે એટલા ટકા ( પુદ્‌ગલ ) બંધાય તો પણ બંધના પરિણામનો કર્તા જીવ નથી. શાંતિભાઈ ? આમ છે. આહાહાહા ! બહારની તો વાત શું કરવી ? આહાહા ! હીરો ઉપાડયો હાથમાં, ઇચ્છા થઈ તો એ ઇચ્છાનો કર્તા  થયો કે આ મારી ઇચ્છા છે, તો એ ઇચ્છાથી એ હીરો ઊંચો થયો હાથમાં એવું છે નહીં. આત્મા રાગ પણ કરે અને હીરાની ઊંચી થવાની ક્રિયા–પરિણમનની કરે એમ બને નહીં. આહાહાહા ! આવી વાત છે. સાંભળવી જ્યારે કઠણ પડે, કોઈ દી’ સાંભળી ન હોય ને ! નવરાશ ક્યાં છે અંદર. અરેરે ! સાચું શું છે ? આહાહાહા ! ( શ્રોતાઃ–જરા સરળ કરોને ) આ સરળ જ છે. જેવું છે એવું કહેવું એ સત્ય સરળ છે, કે એનાથી વિરુદ્ધ કહેવું સરળ ( સહેલું લાગે ) એ તો અસત્ય છે. શેઠ ? આહાહાહા ! અહીં તો સરળ ભાષાથી કહીએ છીએ આજકાલ.

ભગવંત ! તમે રાગના કર્તાપણે–અજ્ઞાનપણે કરો છો તો તમારા પરિણામ રાગ છે–અજ્ઞાનમય છે ને એ સમયે નવાં કર્મ બાંધે છે ઈ તમારા રાગ પરિણામ થયા માટે બંધાય છે, એવું છે નહીં. એ વખતે પુદ્‌ગલદ્રવ્યના પરિણામ પોતાથી થયા છે ( બંધાયા છે ), આત્મા રાગ પણ કરે ને પુદ્‌ગલના પરિણામ પણ કરે, એમ બને નહીં ક્યારેય. આહાહા ! આવી વાત સત્ય તો આમ સરળ છે, એનાથી વિરુદ્ધ કરે તો અસત્ય છે. આહાહાહાહા !

છે ? અર્થાત બંને મળીને જ કર્મરૂપ પરિણામ થાય છે–એમ વિતર્ક કરવામાં આવે તો......

કોઈ એમ માને કે હું રાગ પણ કરું અને પુદ્‌ગલના પરિણામ પણ બંધનના પરિણામ પણ કરું–એવો તર્ક ઉપસ્થિત કરવામાં આવે તો ‘જેમ ભેળાં થયેલાં હળદર અને ફટકડી બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ’ –જેમ હળદર અને ફટકડી મળે તો લાલ ( રંગ ) રૂપ પરિણામ થાય છે ને ! આ ( હળદર ) પીળી ને ( ફટકડી ) ધોળી ( બન્નેના મળવાથી ) લાલ રંગ થઈ જાય ! તેમ પુદ્‌ગલદ્રવ્ય અને જીવ બન્નેને કર્મરૂપ પરિણામ આવી પડે. –બન્નેને કર્મરૂપ પરિણામની આપત્તિ આવી જાય, ( આહા ! ) પુદ્‌ગલ અને જીવદ્રવ્ય બન્નેને કર્મરૂપ પરિણામની આપત્તિ આવી જાય. આહાહાહાહા ! જીવ રાગ પણ કરે અને કર્મના પરિણામ પણ કરે એમ થઈ જાય

એવું છે નહીં. આહાહા ! 'પરંતુ પુદ્‌ગલદ્રવ્યને એકને જ કર્મપણારૂપ પરિણામ તો થાય છે.' એ પુદ્‌ગલ ( દ્રવ્યના ) પુદ્‌ગલ ( કર્મરૂપ ) પરિણામ થાય છે, એ આત્માથી ભિન્ન છે. આત્માએ અજ્ઞાનરૂપ રાગ કર્યો પણ એ પુદ્‌ગલ-પરિણામથી આ અજ્ઞાન પરિણામ ભિન્ન છે. એ અજ્ઞાન પરિણામથી, કર્મ-પરિણામ થયા, એવું છે નહીં. આથી સરળ ભાષા કેવી કરે ? મારગ તો આ છે. અરે રે, અનંતકાળ થયો ફરતાં-ફરતાં-ફરતાં.

પરંતુ પુદ્‌ગલદ્રવ્યને એકને જ કર્મરૂપ પરિણામ તો થાય છે. 'તેથી જીવનું રાગાદિ-અજ્ઞાનપરિણામ કે જે કર્મનું નિમિત્ત છે' -જોયું ? નિમિત્ત કંઈ કરતું નથી, એ બતાવે છે, એનાથી ભિન્ન જ પુદ્‌ગલ પરિણામ છે. રાગથી ભિન્ન જ પુદ્‌ગલપરિણામ છે. આહાહાહા !

ભાવાર્થઃ- 'જો પુદ્‌ગલદ્રવ્ય અને જીવ ભેળાં થઈને કર્મરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને કર્મરૂપ પરિણામ ઠરે. -બન્નેને કર્મપરિણામ સિદ્ધ થાય-આત્માને પણ કર્મ સિદ્ધ થાય અને જડને ય સિદ્ધ થાય. 'પરંતુ જીવ તો જડ કર્મરૂપ કદી પરિણમી શકતો નથી' છે ? ( જીવ તો ) પરિણામ ( જડનું ) નથી કરતો. 'તેથી જીવનું રાગાદિ-અજ્ઞાન પરિણામ કે જે કર્મનું નિમિત્ત છે તેનાથી જુદું જ પુદ્‌ગલદ્રવ્ય કર્મનું પરિણામ છે.' આહાહા ! અંતરમાં આમ ભિન્ન છે તો બહારની વાત શું કરવી ? આહાહા !

આ શરીરને હું ચલાવું છું ને હું બોલું છું ને હું બીજાને પૈસા આપી શકું છું ને પૈસા લઈ શકું છું. આહાહા ! હું બીડી બનાવી શકું છું ને' શેઠની વાત છે, શું કહેવાય, ઓલા તમાકુ-તમાકુ નહીં, પાંદડા-પત્તા ટિમરુના અને બીજા, ઓલા નહીં નાના-નાના બીડી વાળે છે ને તો બે-ત્રણ પાન ભેગાં કરી બીડી વાળે છે ને, ટીમરૂ-વનસ્પતિના પાન, એની બીડી વાળે છે. બે-ત્રણ પાન ( ભેગાં કરે ) શું કહેવાય ? આપ્ટા-આપ્ટા ! ભૂલી જાઈએ ભાઈ તમારી ભાષા ! આપ્ટા, બે ત્રણ ભેળાં કરીને, તો કહે છે કે અજ્ઞાની રાગ કરે ને એ બીડી કરે એમ બની શકતું નથી. આહાહા ! આ શેઠના ઘરનો દાખલો આપ્યો. શેઠને ઘરે ( કારીગરો ) કામ કરે છે ને બીડી વાળવાનું. આહા !

આંહી કહે છે કે આત્મા રાગ પણ કરે અને કર્મબંધનના પરિણામ પણ કરે, એવું ક્યારેય થતું નથી. કર્મના પરિણામ કર્મથી થાય છે ને અજ્ઞાનીના રાગ પરિણામ-અજ્ઞાનથી થાય છે, ભલે, બંધમાં નિમિત્ત હો પણ નિમિત્ત એને કંઈ ( પણ ) કરી શકતું નથી. આહાહા ! નિમિત્ત અકિંચિત્કર છે. આહાહા ! સ્વતંત્ર છે એ તો પર્યાય સ્વતંત્ર-એક એક સમયની પર્યાય સ્વતંત્ર છે. કોઈથી ( બીજા ) કોઈની ( પર્યાય ) થાય છે એવું છે નહીં.

હવે એ પ્રતિપાદન કરે છે કેઃ- પુદ્‌ગલદ્રવ્યથી જુદું જ જીવનું પરિણામ છે, હવે બીજું લીધું, ઓલું જીવના પરિણામથી પુદ્‌ગલ ( દ્રવ્યનું ) પરિણામ ભિન્ન છે, હવે પુદ્‌ગલ-પરિણામથી જીવનું પરિણમન ભિન્ન છે. ( એમ કહે છે. ) પુદ્‌ગલ કર્મનો ઉદય આવ્યો તો જીવને રાગ-દ્વેષ કરવા પડયા એવું છે નહીં. રાગ-દ્વેષ અજ્ઞાની પોતાનાથી ( સ્વયં ) કરે છે ને પુદ્‌ગલનો ઉદય પોતાથી આવ્યો, તો પુદ્‌ગલ પણ પોતાથી પરિણમ્યા અને પુદ્‌ગલ આત્માને રાગ-દ્વેષ કરાવે, એવું ત્રણ કાળમાં હોતું નથી. આહાહાહા ! આ મોટા વાંધા છે અત્યારે, આ કર્મને લઈને થાય... કર્મને લઈને થાય.

## ગાથા-૧૩૯-૧૪૦

पुद्गलद्रव्यात्पृथग्भूत एव जीवस्य परिणाम:-

जीवस्स दु कम्मेण य सह परिणामा हु होंति रागादी।
एवं जीवो कम्मं च दो वि रागादिमावण्णा।।१३९।।
एक्कस्स दु परिणामो जायदि जीवस्स रागमादीहिं।
ता कम्मोदयहेदूहिं विणा जीवस्स परिणामो।।१४०।।

जीवस्य तु कर्मणा च सह परिणामा: खलु भवन्ति रागादय:।
एवं जीव: कर्म च द्वे अपि रागादित्वमापन्ने।।१३९।।
एकस्य तु परिणामो जायते जीवस्य रागादिभि:।
तत्कर्मोदयहेतुभिर्विना जीवस्य परिणाम:।।१४०।।

यदि जीवस्य तन्निमित्तभूतविपच्यमानपुद्गलकर्मणा सहैव रागाद्य-ज्ञानपरिणामो भवतीति वितर्क:, तदा जीवपुद्गलकर्मणो: सहभूतसुधाहरिद्रयोरिव द्वयोरपि रागाद्यज्ञानपरिणामापत्ति:। अथ चैकस्यैव जीवस्य भवति रागाद्यज्ञानपरिणाम:, तत: पुद्गलकर्मविपाकाद्धेतो: पृथग्भूतो एव जीवस्य परिणाम:।

---

પુદ્‌ગલદ્રવ્યથી જુદું જ જીવનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છેઃ-

**જીવના, કરમ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,**
**તો કર્મ ને જીવ ઉભય પણ રાગાદિપણું પામે અરે! ૧૩૯.**
**પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,**
**તેથી જ કર્મોદયનિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦.**

ગાથાર્થઃ- [ जीवस्य तु ] જો જીવને [ कर्मणा च सह ] કર્મની સાથે જ [ रागादय: परिणामा: ] રાગાદિ પરિણામો [ खलु भवन्ति ] થાય છે ( અર્થાત્ બન્ને ભેળાં થઈને રાગાદિરૂપે પરિણમે છે ) એમ માનવામાં આવે [ एवं ] તો એ રીતે [ जीव: कर्म च ] જીવ અને કર્મ [ द्वे अपि ] બન્ને [ रागादित्वम् आपन्ने ] રાગાદિપણાને પામે. [ तु ] પરંતુ [ रागादिभि: परिणाम: ] રાગાદિભાવે પરિણામ તો [ जीवस्य एकस्य ] જીવને એકને જ [ जायते ] થાય છે [ तत् ] તેથી [ कर्मोदयहेतुभि: विना ] કર્મોદયરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ [ जीवस्य ] જીવનું [ परिणाम: ] પરિણામ છે.

**ટીકાઃ-જો જીવને, રાગાદિ-અજ્ઞાનપરિણામના નિમિત્તભૂત એવું જે ઉદયમાં આવેલું પુદ્‌ગલકર્મ તેની સાથે જ ( અર્થાત્ બન્ને ભેગાં મળીને જ ), રાગાદિ-અજ્ઞાનપરિણામ થાય છે-એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળાં થયેલાં ફટકડી અને હળદર બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ, જીવ અને પુદ્‌ગલકર્મ બન્નેને રાગાદિ-અજ્ઞાનપરિણામ આવી પડે. પરંતુ જીવને એકને જ રાગાદિ-અજ્ઞાનપરિણામ તો થાય છે; તેથી પુદ્‌ગલકર્મનો ઉદય કે જે જીવના રાગાદિ-અજ્ઞાનપરિણામનું નિમિત્ત છે તેનાથી જુદું જ જીવનું પરિણામ છે.**

**ભાવાર્થઃ-જો જીવ અને પુદ્‌ગલકર્મ ભેળાં થઈને રાગાદિરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને રાગાદિરૂપ પરિણામ ઠરે. પરંતુ પુદ્‌ગલકર્મ તો રાગાદિરૂપે ( જીવરાગાદિરૂપે ) કદી પરિણમી શકતું નથી; તેથી પુદ્‌ગલકર્મનો ઉદય કે જે રાગાદિપરિણામને નિમિત્ત છે તેનાથી જુદું જ જીવનું પરિણામ છે.**

## ગાથા-૧૩૯-૧૪૦ ઉપર પ્રવચન.

जीवस्स दु कम्मेण य सह परिणामा हु होंति रागादी।
एवं जीवो कम्मं च दो वि रागादिमावण्णा।।१३९।।
एक्कस्स दु परिणामो जायदि जीवस्स रागमादीहिं।
ता कम्मोदयहेदूहिं विणा जीवस्स परिणामो।।१४०।।

**જીવના, કરમ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,**
**તો કર્મ ને જીવ ઉભય પણ રાગાદિપણું પામે અરે! ૧૩૯.**
**પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,**
**તેથી જ કર્મોદયનિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦.**

આ દુનિયા એમ કહે છે ને ( સંવત ) એકોતેરથી વાંધા છે કર્મ કરાવે... કર્મ કરાવે સ્થાનકવાસીમાં ને દેરાવાસીમાં ને દિગમ્બરમાં ય એ નીકળ્યું છે. એ નીકળ્યું છે કે નહીં ? કર્મ છે તો વિકાર થાય છે–કર્મ છે તો વિકાર થાય છે. આહાહાહા ! આણે લખ્યું છે ભાઈએ, આ ફૂલચંદજી છે ને, એણે એમાં લખ્યું છે, એમ કે એમ લખ્યું છે 'આ કોઈ સોનગઢનું–કોઈ વ્યક્તિ–વિશેષની દૃષ્ટિનું ઉદ્‌ઘાટન નથી. લખ્યું છે આમ સમય સમયની પર્યાય પોતાથી થાય છે અને 'જ્ઞાયકભાવ' દૃષ્ટિનો વિષય છે. ભેદ નહીં, આવી સોનગઢની વ્યક્તિવિશેષનું કથન નથી, એ તો વસ્તુના સ્વરૂપનું કથન છે, એમ કહે છે. આ કોઈ સોનગઢ અથવા કોઈ વ્યક્તિ–વિશેષની દૃષ્ટિનું. નામ મારું ન લીધું. પરંતુ અનાદિ કાળથી ચાલ્યું આવી રહ્યું છે–સનાતન –યથાર્થ મારગ છે.

વર્તમાનમાં સોનગઢ એ જ સનાતન અને યથાર્થ મોક્ષમાર્ગનો, માર્ગનું દિગ્દર્શન કરાવી રહ્યા છે. ૩૩૦ પાનું છે આ તો બીજી આવૃત્તિ છે, પહેલીમાં આ નથી, આ બીજીમાં છે, આ બીજી

આવી છે ને હમણાં–નવી આંહી હમણાં ( અમારા વ્યાખ્યાન ) સાંભળી ગયા' તા ને પંદર દિવસ. આહાહાહા ! એમ કે આ સોનગઢનો મારગ છે એમ નહીં, આ તો સનાતન મારગ છે. એ સોનગઢ કહે છે ને. ( શ્રોતાઃ– આપેન સત્યનું ઉદ્‌ઘાટન કર્યું ) કહે છે ને મારગ તો આવો છે. આહાહાહાહા ! હું તો ( સંવત ) એકોતેરથી કહેતો' તો કે કર્મથી વિકાર થતો નથી. મોટી તકરાર થઈ સંપ્રદાયમાં–સ્થાનકવાસીમાં, ત્યાંથી તકરાર થઈ પછી દિગંબરમાં આવ્યા તો ન્યાં તકરાર થઈ, કહે નહીં ? કર્મથી વિકાર થાય છે, કહે છે કે વિકાર પોતાથી થાય તો તે સ્વભાવ થઈ જાય. તકરાર મચાવી દીધી છે ( પણ ) વાત તો આવી જ છે–મારગ તો આવો જ છે ભગવાન ! એ તો પરમાત્મા ( સીમંધરનાથ ) સમોસરણમાં બિરાજે છે મહાવિદેહમાં એ કહે છે એ જ અહીં કહે છે. ત્યાંની વાત અહીં આવી છે. સમજાણું કાંઈ ?

ત્રણ લોકનો નાથ પરમાત્મા સીમંધર ભગવાન ( ની ) વાણીમાં આવે છે, એ વાણી આ છે, આવી દિવ્ય વાણી ભરતક્ષેત્રમાં આવી ગઈ. દેવ, ગામમાં આવી ગયા. દેવ–ક્ષેત્રમાં આવી ગયા. અત્યારે લોકોને આ 'ચીજ' શું છે ? આહાહા ! આ ( પં. ) ફૂલચંદજીએ લખ્યું છે. આ સોનગઢની વાત છે એ સનાતન મારગની ( યથાર્થ–સત્ય ) વાત છે, એ કોઈ ઘરની વાત છે નહીં. આહાહા ! આ નવામાં નાખ્યું, પહેલાં જૂના ( પુસ્તકમાં ) નથી, જૂની આવૃત્તિમાં નથી.

આહાહા ! શું કહે છે ? ટીકાઃ– ૧૩૯, ૧૪૦ ની ટીકા.

ટીકાઃ– જો જીવને, રાગાદિ–અજ્ઞાનપરિણામના નિમિત્તભૂત એવું જે ઉદયમાં આવેલું પુદ્‌ગલકર્મ તેની સાથે જ –પુદ્‌ગલકર્મની સાથે એટલે કે પુદ્‌ગલકર્મ અને રાગ બન્ને એકત્ર થઈને, રાગાદિ–અજ્ઞાનપરિણામ થાય છે, એવો કોઈ તર્ક કરે– 'રાગાદિ–અજ્ઞાન પરિણામ થાય છે–એમ વિતર્ક કરવામાં આવે તો...' મોટો આ વાંધો હતો ત્યાં આમ. કર્તા નો ઈસરીમાં આ વાંધા. ( તે કહે ) કર્મથી વિકાર થાય છે. ( મેં કીધુંઃ ) બિલકુલ નહીં–કર્મથી વિકાર નહીં, 'પંચાસ્તિકાય' ની બાસઠ ગાથા જુઓ ! ( વિકાર થવામાં ) કર્મના કારકોની કોઈ અપેક્ષા છે નહીં. ન બેઠી આ વાત આ વાત ચાલતી નહોતી, એટલે કાંઈ દોષ નહીં. સારા સંપ્રદાયમાં–ત્રણેયમાં કર્મથી વિકાર થાય છે–કર્મથી વિકાર થાય છે બસ, એ જ ચર્ચા ચાલતી' હતી. ( તેમની દલીલ ) વિકાર સ્વભાવમાં નથી તો ક્યાંથી થાય, કર્મથી થાય. આ વાતનો અહીંયા નિષેધ કરે છે અહીં. આહાહા !

'જો જીવને, રાગ–દ્વેષ–અજ્ઞાનપરિણામ એ નિમિત્તભૂત એવું જે ઉદયગત–ઉદયમાં આવેલું પુદ્‌ગલકર્મ તેની સાથે જ' એટલે બન્ને મળીને, રાગ–દ્વેષ આત્મા પણ કરે અને પુદ્‌ગલ પણ રાગ–દ્વેષ કરાવે. જીવને અજ્ઞાનભાવ બેય મળીને થાય. પહેલાંની ગાથામાં એ હતું કે પુદ્‌ગલ–પરિણામ ને જીવના પરિણામ, બન્ને મળીને પુદ્‌ગલના પરિણામ કરે, અને અહીં આવ્યું કે રાગ–દ્વેષના પરિણામ અને કર્મનો ઉદય એ બન્ને મળીને રાગ–દ્વેષના પરિણામ કરે, એમ છે નહીં. આહાહા ! સૂક્ષ્મ તો વાત છે શું કરીએ ? આહાહા !

છે ? બન્ને ભેગાં મળીને જ રાગાદિ–અજ્ઞાન પરિણામ થાય છે.' આવો તર્ક ઉપસ્થિત કરવામાં આવે તો, દેખો ! આવો તર્ક ઉપસ્થિત કરવામાં આવે–એ તર્ક અહીં થયો હતો ત્યાં ( ઈસરીમાં ) કે કર્મ વિકાર કરાવે, કર્મ વિના વિકાર થાય છે ? કીધુંઃ હા, જુઓ ! બાસઠ ગાથા– 'પંચાસ્તિકાય' કર્મ–કારક વિના વિકાર પોતાથી થાય છે, કર્મ તો નિમિત્ત–માત્ર છે, નિમિત્ત

અકિંચિંત્કર છે. આત્માને વિકાર કરાવવામાં કર્મ અકિંચિત્કર છે. આહાહા ! આ વાત એવી છે.

'એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળાં થયેલાં ફટકડી અને હળદર બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ-બન્ને મળીને લાલરંગ થાય છે, તેમ ( એ પ્રકારે ) જીવ અને પુદ્‌ગલકર્મ બન્નેને રાગાદિ-અજ્ઞાનપરિણામ આવી પડે.' -બન્નેને રાગાદિ પરિણામની આપત્તિ આવી પડે. -પુદ્‌ગલ અને આત્મા બન્ને મળીને વિકાર થાય છે તો પુદ્‌ગલ પણ વિકાર કરાવે ને આત્મા પણ વિકાર કરે-એમ બેય મળીને ( વિકાર ) થાય છે એવું હોતું નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ?

મિથ્યાત્વભાવ ને અજ્ઞાનભાવ એ કરે છે- તો તેમાં દર્શન મોહનું કર્મ ઉદયમાં આવ્યું તો એણે અહીંયા મિથ્યાત્વ કરાવ્યો, તો મિથ્યાત્વભાવ જીવ પણ કરે અને કર્મ પણ કરે-બેય મળીને વિકાર થયો, એમ છે નહીં. આહાહા ! ચારિત્રમોહનો ઉદય આવ્યો અને અહીં રાગ થયો, તો ચારિત્રમોહના ઉદયે રાગ કરાવ્યો ને આત્માએ પણ રાગ કર્યો, બન્ને મળીને રાગને કર્યો, એવું છે નહીં. કહો, પંડિતજી ? આહા !

આ ચર્ચા તો ( સંવત ) એકોતેરથી છે, વાંચ્યું નહોતું તે દિ' તો સમયસાર જોયું નહોતું. આહાહા ! સમયસાર તો ૭૮ મી સાલમાં આવ્યું. ૭૮, ૭૮ માં સમયસાર ( હાથમાં ) આવ્યું હતું, પણ એકોતેરમાં અંદરથી ( આવ્યું હતું કે ) બિલકુલ કર્મથી આત્મામાં વિકાર થાય છે એ બિલકુલ જૂઠી વાત છે. ( આ વાત ) સાંભળીને તો ગભરાઈ ગયા માણસો. અમારા ગુરુ હતા તો એ તો સાંભળતા હતા, બહુ ભદ્રિક હતા, બહુ બુદ્ધિ નહીં. પાંચ-પાંચ હજાર માણસની વચ્ચે વ્યાખ્યાન દેતા હતા. ગંભીર હતા, બહુ ગંભીર પણ, દૃષ્ટિની ખબર નહીં અને આ તત્ત્વ પણ હતું જ નહીં ને. પણ આ વાત સાંભળતા હતા, અમે બપોરના બોલતા હતા એક કલાક બપોરના, એકોતેર ( માં કહ્યું ) પૌષધ કરીને બેઠા હોય ને ( કીધુંઃ ) કર્મથી વિકાર બિલકુલ થતો નથી. જો કર્મથી વિકાર થાય છે તો બે દ્રવ્યો મળીને વિકાર થાય છે, એવી ચીજ છે નહીં. સમજાણું કાંઈ ?

ભ્રાંતિ કરે છે મિથ્યાત્વની-સંશયની વાત હતી તે વખતે, સંશયની વાત હતી મૂળ તો ભગવતી સૂત્રમાં, તો મિથ્યાત્વ કરે છે આ જીવ, એ કર્મ-મિથ્યાત્વનો ઉદય છે-દર્શનનો તો એ મિથ્યાત્વ કરાવે છે, એવું છે નહીં. પુરુષાર્થથી આત્મા વિકાર કરે છે ને પુરુષાર્થથી વિકારને ટાળે છે. પણ એવી ક્યાં નવરાશ મળે માણસને ! હા... હો... હા... હો ! કારણ કે કેટલા માણસ ત્યાં ભેગાં થયા તો શેત્રુંજય... શેત્રુંજય ! હતો ને મેળો કાલે-છ ગાઉનો મેળો હતો કાલે, તેરસનો દિવસ હતો ને, પ્રદક્ષિણાનો છ ગાઉની. તો કોઈ કહેતું' તું સાઈઠ હજાર, સીત્તેર હજાર માણસ. પણ એટલા તો નહીં વીસ-પચીસ હજાર માણસ હશે, માણસ બહુ થાય ત્યાં. ત્યાં વાંકાનેર એક ફેરી દિક્ષા હતી-રામવિજયજી, એકલી દિક્ષા અજ્ઞાનની. માણસ ત્યાં ભેગાં થયા એ બધાં ત્યાં ગયા હશે. હજુ સમકિત કોને કહેવું એ વાતની ખબર નહીં અને એ તો ચોખ્ખું કહે છે રામવિજયજી-કર્મથી વિકાર થાય છે-કર્મથી વિકાર થાય છે, કર્મ વિના વિકાર થતો જ નથી.

આંહી તો આ વાત કહે છે, કર્મ પણ વિકાર કરાવે ને આત્મા પણ વિકાર કરે- ( એમ ) બેય સાથે મળીને વિકાર થાય છે ? એમ છે નહીં, એમ અહીંયા કહે છે. બેય એક થઈ ગયા, એ તો દાખલા માટે કહ્યું છે-એ તો રાગકર્મ ને આત્મા બેય મળીને વિકાર કરે તો ( જેમ ફટકડી ને

હળદર ) બેયનો લાલ રંગ થઈ ગયો ( પરંતુ ) એવું છે નહીં. આહાહાહા ! સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે. વેપારીને નવરાશ ન મળે અને વાત સૂક્ષ્મ રહી ગઈ જૈન ધર્મની....... પ્રવિણભાઈ ? વેપારીઓને બધાને નવરાશ ન મળે ધંધા આડે, આખો દી' પાપ ! નરેન્દ્રભાઈ ? આ લાદી ને લીધા ને દીધા ને આ કર્યું ને આ કર્યું. આહાહાહા ! ( પદાર્થની શોભા શેનાથી વધે ? ) શેનાથી પણ શોભા ? શેઠ ! ઠીક કહે છે, અજ્ઞાનની શોભા વધે. આહાહાહા !

દુકાનની સંભાળ રાખવી, બરોબર માલ રાખવો, જોયું છે ને ! ફલાણાં આમ કરવું ને આમ કરવું–ઘરનો માલ હોય ઈ મોઢા આગળ મૂકવો, જેથી લોકો દેખે. શું છે પણ કોણ મૂકે મોઢા આગળ ? કહો, કાંતિભાઈ, શું તમારે છે ઓલો લોટ–ચૂરણ–ચૂરણ ! શું કહેવાય ઈ ? પ્લાસ્ટીકનો ભૂક્કો ! પ્લાસ્ટીકનો ભૂક્કો ! રાગ પણ કરે ને પ્લાસ્ટીકના ભૂક્કા પણ દઈ શકે, એવું છે નહીં. અને પ્લાસ્ટીકનો ભૂક્કો રાગ કરાવે ને આત્મા પણ રાગ કરે, એમ છે નહીં એમ કહે છે. કહો, સુજાનમલ્લજી ? ( શ્રોતાઃ– બે વચ્ચે કંઈ સંબંધ તો ખરો કે નહીં ? નિમિત્ત સંબંધ છે–નિમિત્ત–નિમિત્ત સંબંધનો અર્થ શું છે ? કોઈ, કોઈનો કર્તા નહીં ! આહાહા ! એ તો કહ્યું ને કે નિમિત્ત છે. કહ્યું ને જુઓ.

'જીવને રાગાદિ–અજ્ઞાનપરિણામના નિમિત્તભૂત' –અજ્ઞાન પરિણામ જીવમાં, એમાં નિમિત્તભૂત કર્મનો ઉદય પણ કર્મનો ઉદય વિકાર કરાવે ને આત્મા વિકાર કરે એવું છે નહીં. નિમિત્ત તો કહ્યું એ તો પુદ્ગલના બંધમાં પણ અજ્ઞાનીના રાગદ્વેષ નિમિત્ત કહયાં પણ નિમિત્ત કરાવે છે પર પરિણામમાં એમ છે નહીં. નિમિત્ત તો અકિંચિત્કર છે–પરના પરિણામમાં અને કર્મ પણ પોતાને વિકાર કરાવવામાં અકિંચિત્કર છે.

અહીં પ્રશ્ન એ આવ્યો હતો શેઠ આવ્યા' તા ને હુકમીચંદજી ! એકની સાલમાં એ જીવણધરજી હતા સાથે, તો કહેઃ પચાસ ટકા કર્મના અને પચાસ ટકા જીવના એમ લ્યોને. ૫૦ % ઉપાદાનના ને ૫૦% નિમિત્તના–કર્મના એમ લ્યો ને. કીધુંઃ એક ટકોય નિમિત્તનો નહીં ને એક ટકોય ઉપાદાનનો નહીં–સોએ સો ટકા નિમિત્તના નિમિત્તમાં ને સોએ સો ટકા ઉપાદાનના ઉપાદાનમાં ! શેઠ ? આવ્યા શેઠ પહેલાં એકની સાલમાં પછી અમારે દામોદર શેઠ એ વળી એમ કહેતા હતા, દામોદર શેઠ આગળ ચર્ચા થઈ ત્યારે દામોદર શેઠ કહે ૫૧% પુરુષાર્થના રાખો ને ૪૯% કર્મના રાખો. આહાહા ! મોટી ચર્ચા, ઘણી ( ચર્ચા ) થતી હતી. એક ગૃહસ્થ હતા ( દામોદર શેઠ દામનગરના ) સીત્તેરવર્ષ પહેલાં દશ લાખ રૂપિયા હતા, ચાલીસ હજાર રૂપિયાની ઉપજ હતી, દામોદર શેઠ આંહી દામનગરના હતા, આવ્યા હતા દામોદર શેઠ ! દૃષ્ટિ વિપરીત તદ્ન એની તો એ કહેતા હતા કે તમે પુરુષાર્થ કહો છો વિકારમાં તો વિકારમાં પુરુષાર્થના ૫૧% રાખો અને ૪૯% કર્મના રાખો. શેઠ ? આમ બોલ્યા હતા. જીવણધરજી બિચારા વળી કહે કે ૫૦% નિમિત્તના ને ૫૦% ઉપાદાનના રાખો. બીજો કહેતો'તો એક પંડિત હતો, આવ્યો'તો પણ હું બોલું મહારાજની સામે ?

મૂળ, એ વાત ચાલતી નથી ત્રણેય સંપ્રદાયમાં મૂળ આખી પ્રથા જ ફરી ગઈ–ઊલટી થઈ ગઈ. સ્થાનકવાસી, શ્વેતાંબરમાં તો કર્મ–ઉપાદાન જ કથન છે અને આંહી દિગમ્બરમાં તો સત્ય વાત પડી છે અંદરમાં–શાસ્ત્રમાં. આ શું લખ્યું છે ? આ શાસ્ત્ર શું કહે છે ? કે કર્મનો ઉદય નિમિત્ત

છે વિકારમાં પણ કર્મનો ઉદય વિકાર કરાવે છે એવું બિલકુલ છે નહીં, કહો, પંડિતજી ? આમ છે કે નહીં એમાં આ પ્રોફેસર છે. આહાહાહા ! અમારા કર્મનો ઉદય આવ્યો આકરો એમાં ( તેથી ) વિષય-વાસના થઈ. જૂઠ છે એમ કહે છે. કર્મ, વિષય-વાસના કરાવે ને તું વિષય-વાસના કર, એવું બન્ને મળીને થાય છે ? ના. ના. એકલાથી થાય છે, કર્મથી બિલકુલ નહીં. આહાહાહાહા ! સમજાણું કાંઈ ?

એ ઓલાએ હમણાં મૂકયું' તું સુલતાનસિંહે બુલંદશહેરનો છે ને ! એણે મૂકયું' તું કે જુઓ, કોઈ વખતે પાણીનું જોર હોય તો ચાલવું પડે ને કર્મનું જોર હોય તો આત્મા ચાલી નહિ શકે. કર્મની મંદ અસર થઈ...... કઈ અપેક્ષાની વાત છે ? એ તો અંદર કર્મ-વિકારની તીવ્રતા હો તો આત્મા જોર નહિ કરી શકે, મંદતા હો તો એ સમયમાં આત્મા પુરુષાર્થ કરી શકે.

કર્મનું શું ? 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત, લોહકી સંગતિ પાયી' -એ તો ભક્તિમાં આવે છે. પણ વિચાર કોને કરવો છે ? બધાં 'જે નારાયણ'

છે ? ટીકા, એ પ્રકારે જીવ અને પુદ્ગલકર્મ બન્નેમાં-બન્નેને રાગાદિ-અજ્ઞાનપરિણામની આપત્તિ આવી જાય, તો એવું છે નહીં. પરંતુ એક જીવને જ રાગાદિ-અજ્ઞાન પરિણામ તો થાય છે. એને પુદ્ગલકર્મનો ઉદય જો કે જીવના રાગાદિ-અજ્ઞાન પરિણામ નિમિત્ત છે. નિમિત્ત હોય પણ એ કરાવે છે એવું છે નહીં. આહાહા ! મોટો આ વાંધો ત્રણેય સંપ્રદાયનો. શ્વેતાંબરમાં તો કર્મની વ્યાખ્યા જ કર્મથી થાય છે. વ્યવહાર નહિ, કર્મથી વિકાર... કર્મથી વિકાર... પહેલાંથી જ એમ, એટલા માટે બિચારા શું કરે ? રામવિજય એ ( જ ) કહે છે.

એક ખેડાવાળા છે ને આપણા જેઠાભાઈ, ખેડાવાળા નહિ. એ શ્વેતાંબર હતા પણ અહીંયાનું સાંભળીને એને શંકા પડી ગઈ કે આ મારગ કંઈક જુદો લાગે છે, તો પ્રશ્નો-પચાસ પ્રશ્ન કાઢયા, શ્વેતાંબરમાં દીધા ( અને તેમણે ) એમ કીધું આપણા શ્વેતાંબરમાં આ પ્રશ્નોનું સમાધાન નીકળે તો મારે માર્ગ બદલવો ન પડે. પચાસ પ્રશ્ન કાઢયા, અહીં સાંભળીને, કોઈએ જવાબ ન દીધો, એકે દીધો તો જૂઠા. પછી રામવિજય સાથે ચર્ચા કરવા ગયા, જેઠાભાઈ આવે છે ને પાઘડીવાળા-લાલ પાઘડી ( પહેરે છે ) જેઠાભાઈ, રામવિજય હારે ( ચર્ચા માટે ) ગયા હતા, તો રામવિજયે પહેલાં જ કહ્યું ( કે ) કર્મથી વિકાર થાય છે એવું માન્ય છે તમારે ( તો ચર્ચા કરીએ ) આ કહે, મારે માન્ય નથી. આંહીનું સાંભળ્યું' તું ને. રામવિજયે પહેલાં કહ્યું ચર્ચા કરીએ પણ તમારે આ માન્ય છે કે કર્મથી વિકાર થાય છે કર્મથી વિકાર થાય છે એવી માન્યતા છે, તો આપણે ચર્ચા કરીએ, તો આ ( જેઠાભાઈ ) કહે કે અમારી માન્યતા છે નહીં હજી ચર્ચા ( તો થઈ નથી ને તેની સાથે ) ચર્ચા શું કરવી ?

પરદ્રવ્યથી વિકાર થાય છે ( એવી પરાધિન શ્રદ્ધા છે ) આહાહાહા ! પોત-પોતાના અપરાધથી, પોતાને ભૂલીને હેરાન થઈ ગયો ( છે ) 'અપનેકો આપ ભૂલકે હેરાન હો ગયા' - પોતાની ભૂલથી પોતાનામાં રાગને અજ્ઞાન થાય છે, પરથી થતા નથી. આહાહા ! અરે રે, વાણિયાને નવરાશ નહિ ને સત્ય નિર્ણય કરવાનો વેપાર-ધંધા આડે, છે ? વાત સાચી છે, વાત સાચી ભાઈ ! ( પણ ) ગળથૂંથીમાંથી મળ્યું છે એ વાત સાચી છે. આહાહાહા !

ત્યાં તો અમારે દુકાન ઉપર અમે હતા તો ત્યાં એક વેદાંતી આવ્યા' તા. પરમહંસ આવ્યા

હતા, અને વેદાંતી કબીરવાળા આવ્યા હતા, તો એમની ( સાથે ) ચર્ચા થઈ હતી, એ પાંસઠ-છાસઠ ( સાલની ) વાત છે. તો અમે જૈન લોકો પણ ( તેમને ) જોવા ગયા તે દી' ઉંમર તો બેયની નાની ઓગણીસ-વીસ વરસની ( હશે ) તો એ કહે કે, ઈશ્વર, જીવનો કર્તા ઈશ્વર છે ( વિશ્વનો કર્તા ઈશ્વર છે ) કબીરપંથી કહેઃ ઈશ્વરે ક્યાં ઊભા રહીને ( આ ) સૃષ્ટિ બનાવી, ઈશ્વરે ક્યાં ઊભા રહીને આ સૃષ્ટિ ( રચી ? ) ઊભો ક્યાં રહ્યો ઈશ્વર ? પછી અમારી સામું જોયું અમે જૈન ! સામે કબીર ( પંથી ) હો કે કેમ ભાઈ ? મેં કહ્યું, વાત બરાબર ( કે ) ઈશ્વર ક્યાંક ઊભો તો ( રહ્યો ) હશે ને ! તો જગત ( વિશ્વ ) થાય કે નહીં ? કોણે બનાવ્યું ને સામગ્રી ક્યાંથી લાવ્યા ? એ મોટી ચર્ચા થઈ હતી પ્રવિણભાઈ ? આ તમારા જનમ પહેલાંની વાત છે. પાંસઠ-છાસઠ અમને તો પહેલેથી શોખ હતો ને. એ દુકાન ઉપરથી અમે ગયા, ચર્ચા થતી'તી ધર્મશાળાએ બહાર, બતાવી'તી ને ભાઈ. નહિ, ધર્મશાળાએ બહાર છે ત્યાં ચર્ચા થતી'તી તે અમે ગયા જૈન લોકો જોવા કે એમ શું કહે છે મોટા મહાત્મા આવ્યા છે. બે જણા ( એક વેદાંતી, એક કબીરપંથી )

ઓલા કબીરપંથી કહે, ઈશ્વર કર્તા છે નહીં, ઓલો ( પરમહંસ ) કહે ઈશ્વર કર્તા વિના સૃષ્ટિ થઈ નથી, તો આ કબીર ( પંથી ) કહે, ઈશ્વર કર્તા હો તો ઈશ્વરને કોણે બનાવ્યા ? અને ઈશ્વરે ક્યાં ઊભા રહીને સૃષ્ટિને બનાવી, અને સામગ્રી ક્યાંથી લાવ્યા ઈશ્વર ? શેઠ, ઓલો કબીર ( પંથી ) અમારી સામુ જુએ, અમે જૈન હતાને, કેમ ભાઈ ? મેં કીધુંઃ વાત બરાબર છે આ હવે. આહાહા ! અમે તો પહેલેથી જ સત્તર-અઢાર વરસની ઉંમરથી આ બધો રસ છે ને, વેપાર કરતા હતા પણ આમાં રસ હતો. ( શ્રોતાઃ- રસ તો આપ ત્યાંથી લઈને જ આવ્યા હતા ને ) વાત તો સાચી છે, વાત તો આવી છે. આહાહાહા !

ભાઈ, અમારા કુંવરજીભાઈ હતા, લો, અમારા ફઈના દિકરા, ભાગીદાર ! હવે આ વાતની એને ખબર નથી, અમે ત્યાં ગયા'તા, સાંભળ્યું'તું છતાં ય હીરાભાઈના મકાનમાં મને એક વાર પૂછેઃ મહારાજ, ઈશ્વર કર્તા છે કે નથી ? અરે રે ! આ શું કહે ( છે ? ) અમારા કુંવરજીભાઈ હતા ને ભાગીદાર, એનાં છોકરાંવ છે ને અત્યારે છોકરાઓ છે એ છોકરાઓ નરમ-છોકરાઓ નરમ ! છે પૈસાવાળા છે ને ! ચાલીસ લાખ રૂપિયા છે ત્રણ-ચારલાખની પેદાશ છે છોકરાંઓની, ત્રણ જુદા પડી ગયા છે ત્રણ, પણ એ બધાં... ઓલો ભાગીદાર ! અમે આ કર્તા, કર્તા ( નીવાત ) સંભળાવતા એને સંભળાવી હતી કે આ લોકો આમ કહે છે ને ખોટી વાત છે એ લોકોની ઈશ્વર કર્તાની, ઈશ્વર કર્તા-ફર્તા છે નહીં. જગત સ્વતંત્ર છે. અને પાછા આંહી મને પૂછે છે હીરાભાઈના મકાનમાં એકાણુંમાં ત્યાં હતા ને ! ત્રણ વરસ ( ત્યાં ને પછી ) ચોરાણુંમાં અહીં આવ્યા સ્ટાર ઓફ ઈન્ડીયામાં, હીરાભાઈનું મકાન છે જોયું છે ને, મહારાજ, આ ઈશ્વર કર્તા છે ને, શું તમે કહો છો ? કાંઈ ભાન ન મળે બિચારાને, પેદાશમાં ખૂંચી જાય આખો દી' બે લાખની પેદાશ વરશની ખૂંચી જાય ત્યાં ધૂળમાં ન મળે નહી, મરીને હેરાન થઈને ઢોરમાં ગયો હશે-તિર્યંચમાં ઊપજ્યો હશે. આહાહાહા ! શું આ બાપા !

આંહી પરમાત્મા એમ કહે છે. છે ? કે પુદ્ગલકર્મ બન્નેને રાગાદિ-અજ્ઞાન પરિણામની આપત્તિ આવી જાય. શું કહે છે. કે રાગ-દ્વેષ આત્મા પણ કરે ને કર્મ પણ કરાવે તો બન્નેને રાગ-દ્વેષ થવાની આપત્તી આવી જાય, તો એવું છે નહીં ( પરંતુ ) એવું છે શેઠ ?

'પરંતુ જીવને એકને જ રાગાદિ-અજ્ઞાનપરિણામ તો થાય છે.' દેખો ! એ ત્યાં પણ ચર્ચા થઈ હતી ઈસરીમાં. કીધુઃ કર્મથી વિકાર બિલકુલ થતો નથી, કર્મ તો ષટ્કારક-કારક એના છે નહીં, ( પં ) ફૂલચંદજીએ કબૂલ કર્યું, બીજા ( પંડિતોએ ) વિરોધ કર્યો કે, નહીં. એ પ્રશ્ન ત્યાં આવ્યો કલકતા, શેઠ લાવ્યા શેઠ શાંતિપ્રસાદ, કે ત્યાંથી પ્રશ્ન ત્યાં આવ્યો વિકાર કર્મથી નથી થતો ? તો કીધું કે ત્યાં જવાબ દઈ દીધો છે, ચાલો ઊઠો, ગજરાજજીને ત્યાં ભોજન( હતું ) ગજરાજજી છે ને ત્યાં કલકતામાં, ત્યાં ભોજન હતું, ભોજન કરીને બેઠા હતા ત્યાં શાહુજી આવ્યા શાંતિપ્રસાદ આવ્યા, ચાલીશ કરોડના આસામી છે ને તે આવ્યા કે આ પત્ર આવ્યો છે ત્યાંથી ચાલીશ કરોડ ( ના આસામી ) સીધા કે આ વિકાર જો પોતાનાથી થાય તો તો ( જીવનો ) સ્વભાવ થઈ જાય, માટે કર્મથી વિકાર ( થાય ). કીધુંઃ જવાબ દઈ દીધો છે ત્યાં. શેઠ હોય તો અમારે શું છે. શેઠ હોતો તમારે જવાબ દઈ દીધો છે ત્યાં વિકાર પોતાથી થાય છે કર્મથી બિલકુલ ( થતો ) નથી. ગાથા પંચાસ્તિકાયની બાસઠ ગાથા જુઓ ( કાઢો-દેખો કે ) અમારી વાત છે નહીં. -કર્મના નિમિત્તને કારણે વિકાર થાય છે એવી અપેક્ષા છે નહીં. આ ( સંવત-૧૯૧૩ ) તેરની સાલની વાત છે. આ શેઠિયાય ત્યાં હતા પણ તેને કયાં ભાન હતું ને, આ તમારી કયાં એકની વાત છે. આ તો તમારી વાત કરતા'તા ઓલો દાખલો છે ને, બધાંય એમજ માનતા શેઠ ! આહાહા !

આ શું કહે છે દેખો ! આ ગાથા એવી આવી ગઈ છે પરંતુ જીવને એકને જ રાગાદિ-અજ્ઞાનપરિણામ તો થાય છે. દેખો ! છે ? તેથી પુદ્ગલકર્મનો ઉદય કે જે જીવના રાગાદિ-અજ્ઞાનપરિણામ નિમિત્ત છે તેનાથી જુદું જ જીવનું પરિણામ છે. પુદ્ગલના ઉદયથી-કર્મના ઉદયથી જીવનું અજ્ઞાનપરિણામ તદ્દ્ન ભિન્ન છે. આહાહાહા ! સમજાય છે ? અંદર વિકાર થાય છે તો કર્મ નિમિત્ત છે, પણ કર્મના નિમિત્તથી વિકાર તદ્દ્ન ભિન્ન છે. એ કર્મ કરાવે છે એવું છે નહીં. આહાહાહા ! કે ભાઈ, અમને ઈચ્છા થાય છે. આ કર્મ આવ્યું તો આવો ભાવ આવ્યો, બિલકુલ જૂઠ છે. તારી કમજોરીથી વિકાર થાય છે. તારા અપરાધથી તારામાં થાય છે, કર્મ બિલકુલ ( વિકાર ) કરાવતું નથી. એમ આ ગાથામાં કહે છે ને, પોકાર કરે છે.

પરિણામ એમ કે વિકાર જો કર્મથી ન થતો હોય તો વિકાર સ્વભાવ થઈ જાય. પણ પર્યાયનો ધર્મ છે એ પર્યાય પોતાથી વિકૃત થાય છે, એ સમયનું પરિણામ ક્રમબદ્ધમાં એ આવે છે-પોતાથી થાય છે, પરથી થતું નથી. માનો ન માનો મારગ 'આ' છે.

અને છેવટે પછી દયા, દાન ને ભક્તિના પરિણામ ધર્મના કારણ છે. એમ કોઈ કહે તો એ મિથ્યાત્વ છે. પરિણામ થાય છે, પોતામાં પોતાથી દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ ( એ ) છે. શુભ ( ભાવ ) એ શુભ ( ભાવ ) બંધના કારણ છે ને એનાથી ધર્મ થાય છે ( એ ) બિલકુલ જૂઠ વાત છે. જેમ કર્મ ને આત્મા બન્ને મળીને વિકાર નહીં એમ વિકાર ને આત્મા બન્ને મળીને ધર્મ નહિ. વિકાર પરિણામ ભિન્ન છે ને આત્માનો સ્વભાવ તદ્દ્ન ભિન્ન છે. આહાહાહા ! ( શ્રોતાઃ-કર્મ પણ વિકાર ન કરાવે ને થાય સ્વાધિન ) આત્મા સ્વાધિન છે અશુદ્ધ નિશ્ચયથી પોતાનાથી છે, વ્યવહારનયથી-આ કરે છે. કર્મ, તો નિમિત્તમાત્ર છે. નિમિત્ત કરતું નથી, કરાવતું નથી બિલકુલ. આહાહા ! એમ શુભરાગ સ્વભાવનો આશ્રય લઈને ધર્મ થાય છે. શુભરાગ

એમાં મદદ કરે છે કષાયની મંદતા-શુભ ઉપયોગ ( એ ) બિલકુલ નહીં. આહાહાહા ! પણ નિર્ણય કરવાનો અવસર નહિ ને ભાઈ. નરેન્દ્રભાઈ ? તમારે છ ભાઈઓમાં વચ્ચે ક્યાં નવરાશ છે ? સૌને એમ છે ને બાપા ! એમ છે. આહાહા !

અમારે દુકાનમાં ( હું હતો ) ત્યારે તો હું એક, એકકોર બેસતો ને હું વાંચું, 'ભગત' અને બીજા સૌ ધમાલ કરતા આખો દી', સાધુ ગામમાં આવે તો ય આહાર ઓરાવવા ન આવે એ તો ધંધા ને દુકાનમાં મશગુલ. અને હું તો દુકાન છોડી દઉં, સાધુ આવ્યા છે ગામમાં પછી આપણે એને આહાર-પાણી આ તે ( સગવડતામાં લાગી જાઉં ) ( એ લોકો બીજા ) દુકાન છોડે નહીં જાતે એ લોકો તો રાતે આઠ વાગ્યે જાય. આખો દી' સાધુ આવ્યા હોય તો બિચારા સામુંય ન જોવે. કીધું: આ તે શું છે ! તમારા ધંધાની એટલી નિવૃત્તિ ન મળે ધંધા આડે ! ધંધા કરે છે, બરાબર ચાલે છે ને સાંજે બસેં-ત્રણસેંની પેદાશ થાય છે તો ય કે સાધુ આવે તો પછી રાતે આઠ વાગ્યા જાય-નામું-બામું લખી બંધ કરીને દુકાન ને પછી જાય. સાધુ કહે, 'રાતડિયા' આવ્યા. આહાહા ! ધંધા આડેના પ્રેમ આડે નિવૃત્તિ કયાં એને કરવી. ( શ્રોતાઃ-ધંધામાં રૂપિયા મળે ને. ) ધૂળમાંય રૂપિયા મળતા નથી, મમતા મળે છે, ત્યાં નહીં ભાઈ પ્રવિણભાઈ ?

આહાહા ! ( એને ) મમતા મળે છે, પૈસા તો દૂર દૂર રહી જાય છે. આંહી ભગવાન કુંદકુંદાચાર્ય ને અમૃતચંદ્રાચાર્યનો પોકાર છે કે આત્મામાં વિકાર થાય છે તો કર્મને આત્મા બેય મળીને વિકાર થાય છે એ બધી ( વાત ) જૂઠી છે. એ તર્ક છે જે સમજણને માટે, એ તર્ક ઉપસ્થિત કરવામાં આવે, છે ને ? તો તારી વાત જૂઠી છે. આત્મા એકલો સ્વતંત્ર વિકારનો કર્તા થઈને વિકાર કરે છે-કર્તા, સ્વતંત્ર છે પરની અપેક્ષા છે નહીં. આહાહા ! ( શ્રોતાઃ- સિધ્ધાંત છે ને કે પરાશ્રિત વ્યવહાર ને નિશ્ચય સ્વઆશ્રિત ) પરાશ્રિત વ્યવહાર, નિશ્ચય સ્વાશ્રય તો સ્વાશ્રય એટલે સ્વરૂપ ચૈતન્ય મૂર્તિ ! ( નિજાત્મા ) એનો આશ્રય એ સ્વાશ્રય ! વિકાર છે પરાશ્રિત, પરાશ્રિત છે પણ કરે છે પોતાનાથી, વિકાર કરાવે છે કોણ ? પરાશ્રિત પર કરાવે છે ? પરનો આશ્રય કરે છે-આશ્રય કરે છે સ્વતંત્ર ! પોતાનો આત્મા કરે છે આશ્રય. અરે, એ તો ગુણભેદ કરો તો ય વ્યવહાર છે. વ્યવહારનો અર્થ શું કે 'ભેદ કરવો' એ વ્યવહાર તો એ પરાશ્રય થઈ ગયો. તમે અભેદમાં ભેદ પાડો છો એ તો ભેદ થઈ ગયો. અભેદ ચિદાનંદ પ્રભુ ! અખંડાનંદ પ્રભુ છે. આહાહા ! જેમાં વિકાર તો નથી પણ પર્યાય જેમાં નથી એવો જ્ઞાયકભાવ એની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન ને ધર્મની શરુઆત છે. આહાહા ! બાકી, બધાં થોથાં છે, એ કહે છે જુઓ.

ભાવાર્થઃ- જો એમ માનવામાં આવે કે 'જીવ અને પુદ્ગલકર્મ ભેળાં થઈને રાગાદિરૂપે પરિણમે છે.' દેખો ! છે ને ? જીવ અને કર્મ મળીને રાગ-દ્વેષ, વિષય-વાસના, મિથ્યાત્વ આદિ ભાવ, બેય મળીને પરિણમે છે તો બન્નેને રાગાદિરૂપ પરિણામ સિદ્ધ થશે-તો રાગાદિ પરિણામ બન્નેને સિદ્ધ થાય, જડને પણ રાગાદિ ( થાય ) ને આત્માને પણ રાગાદિ ( થાય ), પરંતુ પુદ્ગલકર્મ તો રાગાદિરૂપે જીવરાગાદિરૂપે કદી પરિણમી શકતું નથી. પુદ્ગલકર્મ તો રાગાદિરૂપ- જીવરાગાદિરૂપ કયારેય પરિણમી શકતું નથી-આત્માને રાગ કદાપિ કરાવી શકે નહીં. છે ? રાગાદિ શબ્દે પરિણામ રાગ-દ્વેષ, વિષયવાસના, મિથ્યાત્વ આદિ બધાં વિકારભાવ સમજવા.

આહાહા !

એ જીવરાગાદિરૂપ ક્યારેય પરિણમાવી શકતું નથી, કોણ ? પુદ્‌ગલકર્મ ! પુદ્‌ગલકર્મ જીવના રાગદ્વેષરૂપ કદી પરિણમાવી શકે નહીં. આહાહા ! એટલા માટે પુદ્‌ગલકર્મનો ઉદય જો કે રાગાદિ પરિણામનું નિમિત્ત છે, ભલે હો ! કર્મનો ઉદય નિમિત્ત છે. એનાથી ભિન્ન જ-ઉદયથી ભિન્ન જ પોતાના રાગાદિ પરિણામ છે. કર્મથી થતા નથી ને કર્મે કરાવ્યા નથી. આહાહા ! મોટો વાંધો આ 'ઇસરીમાં' ( શ્રી ગણેશપ્રસાદ વર્ણીજી સાથે ) આ ચર્ચા મોટી ચાલી હતી-મોટી ચાલી'તી ! ( પં ) ફૂલચંદજીએ કબૂલ કર્યું હતું કે સ્વામીજી ( સદ્‌ગુરુ શ્રી કાનજીસ્વામી ) કહે છે કે વિકાર નિશ્ચયથી, પરના કારક વિના, ( પોતાથી ) થાય છે એમ બોલ્યા. એક ફૂલચંદજી નીકળ્યા. આંહી આપણા બેઠા'તા રામજીભાઈ ને હિંમતભાઈ બધાં હતા, ( સંવત ) તેરની સાલ, કેટલા વરસ થયા ? બાવીસ, બાવીસ !

અહીં એ કહે છે, રાગ-દ્વેષ વિકાર પોતાની પર્યાયમાં પોતાથી થાય છે-સ્વતંત્ર અજ્ઞાનપણે કર્મ મળીને થાય છે તો બન્ને મળીને થાય છે તો તો બન્નેને રાગ આવ્યો, બન્ને મળીને જ, જડ ને ચૈતન્યના પરિણામ ભિન્ન એકદમ ભિન્ન. કર્મના પુદ્‌ગલથી રાગાદિ અજ્ઞાનભાવ, કર્મથી ભિન્ન છે તો ભિન્નને ભિન્ન ( વિકાર ) કરાવે એવું ક્યારેય હોતું નથી. તેથી એનાથી ભિન્ન જ જીવના પરિણામ છે. લ્યો ! આહાહાહાહા !

હવે અહીં નયવિભાગથી કહે છે કે આત્મામાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે કે અબદ્ધસ્પૃષ્ટ છે-તે હવે કહે છે ગાથા-૧૪૧ છે જરી સૂક્ષ્મ વાત આવશે, વિશેષથી......

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ! )

---

અહીં તો કરવાલાયક છે જે નિર્મળપર્યાય એ પણ જેમાં નથી. આહા... હા ! આત્મા 'કર્તા' અને નિર્મળપર્યાય 'કર્મ' -એ પણ ઉપચાર છે, ( એમ કહે છે ). સમજાણું કાંઈ ? **"તો પછી તે ધ્યાનાવલી આમાં કઈ રીતે ઉપજી"**-ભાષા જોઈ ? **"कथय सा कथमत्र जाता"** -પાઠ એમ છેઃ આ કેમ ઉત્પન્ન થઈ ! આ પર્યાયની, મોક્ષમાર્ગની વાતો બધી કથન ( માત્ર છે ), વસ્તુમાં નથી; ( તો ) ઉત્પન્ન ક્યાંથી થઈ- "આમાં કઈ રીતે ઉપજી." પછી અર્થ કર્યોઃ **"અર્થાત્ ધ્યાનાવલી આ પરમાત્મતત્ત્વમાં કેમ હોઈ શકે."** ઉપજી એટલે પર્યાયમાં નિર્વિકલ્પ ( ધ્યાનાવલી ) ઊપજી ને... ! ( એ ) વસ્તુમાં ક્યાં છે ? આહા... હા ! ભારે વાત આવી છે !

( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૩૦૫, નિયમસાર શ્લોક-૧૨૦ )

## ગાથા-૧૪૧

किमात्मनि बद्धस्पृष्टं किमबद्धस्पृष्टं कर्मेति नयविभागेनाह-

जीवे कम्मं बद्धं पुट्ठं चेदि ववहारणयभणिदं।
सुद्धणयस्स दु जीवे अबद्धपुट्ठं हवदि कम्मं।।१४१।।

जीवे कर्म बद्धं स्पृष्टं चेति व्यवहारनयभणितम्।
शुद्धनयस्य तु जीवे अबद्धस्पृष्टं भवति कर्म।।१४१।।

जीवपुद्गलकर्मणोरेकबन्धपर्यायत्वेन तदात्वे व्यतिरेकाभावाज्जीवे बद्धस्पृष्टं कर्मेति व्यवहारनयपक्षः। जीवपुद्गकर्मणोरनेकद्रव्यत्वेनात्यन्तव्यतिरेकाज्जीवेऽबद्धस्पृष्टं कर्मेति निश्चयनयपक्षः।

---

'આત્માનાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે કે અબદ્ધસ્પૃષ્ટ છે' -તે હવે નયવિભાગથી કહે છેઃ-

**છે કર્મ જીવમાં બદ્ધસ્પૃષ્ટ-કથિત નય વ્યવહારનું;**
**પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં-કથન છે નય શુદ્ધનું. ૧૪૧.**

**ગાથાર્થઃ- [ जीवे ] જીવમાં [ कर्म ] કર્મ [ बद्धं ] ( તેના પ્રદેશો સાથે ) બંધાયેલું છે [ च ] તથા [ स्पृष्टं ] સ્પર્શાયેલું છે [ इति ] એવું [ व्यवहारनयभणितम् ] વ્યવહારનયનું કથન છે [ तु ] અને [ जीवे ] જીવમાં [ कर्म ] કર્મ [ अबद्धस्पृष्टं ] અણબંધાયેલું, અણસ્પર્શાયેલું [ भवति ] છે એવું [ शुद्धनयस्य ] શુદ્ધનયનું કથન છે.**

**ટીકાઃ-જીવના અને પુદ્‌ગલકર્મના એકબંધપર્યાયપણાથી જોતાં તેમને તે કાળે ભિન્નતાનો અભાવ હોવાથી જીવમાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે એવો વ્યવહારનયનો પક્ષ છે. જીવના અને પુદ્‌ગલકર્મના અનેકદ્રવ્યપણાથી જોતાં તેમને અત્યંત ભિન્નતા હોવાથી જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે એવો નિશ્ચયનયનો પક્ષ છે.**

---

**પ્રવચન નં. ૨૧૯ ગાથા-૧૪૧** મંગળવાર, ફાગણ સુદ-૧૫, તા. ૧૩/૩/'૭૯

---

અધિકાર ઘણો સૂક્ષ્મ છે, પણ યથાર્થ છે–અનંતકાળમાં જીવે યથાર્થપણે તો સાંભળી નથી ( આ ) વાત. ઓહોહો ! એ વાત ! સમયસાર ૧૪૧ ગાથા ! અહીં જરી સૂક્ષ્મ કહે છે.

હવે અહીં નયવિભાગથી કહે છે કે આત્મામાં 'કર્મ બદ્ધ સ્પૃષ્ટ છે' કે 'અબદ્ધસ્પૃષ્ટ છે' –એકસો એકતાલીસ ( ગાથા છે ). આહાહા !

जीवे कम्मं बद्धं पुट्ठं चेदि ववहारणयभणिदं।
सुद्धणयस्स दु जीवे अबद्धपुट्ठं हवदि कम्मं।।१४१।।

છે કર્મ જીવમાં બદ્ધસ્પૃષ્ટ-કથિત નય વ્યવહારનું;
પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં-કથન છે નય શુદ્ધનું. ૧૪૧.

ટીકા :- એકસો એકતાલીસની ટીકા, જીવના અને પુદ્‌ગલકર્મના, ભગવાન આત્મા જીવ અને પુદગલકર્મ જડ, એ એકબંધપર્યાયપણાથી, બેયને બંધ સંબંધ છે નિમિત્ત-નિમિત્ત, પરની સાથે તો કોઈ સંબંધ છે જ નહિ, પણ આંહી કર્મની સાથે ( જે ) સંબંધ છે એ વ્યવહારનયથી છે. છે ? એકબંધ પર્યાયપણાથી જોતાં, તેમને તે કાળે ભિન્નતાનો અભાવ છે. કર્મ જડ છે અને આત્મા ચેતન ભગવાન આનંદસ્વરૂપ છે, બેય એક સમયમાં...બંધપર્યાયની એમાં દૃષ્ટિથી જુઓ, તો વ્યવહારનયથી એને છે, બંધ છે. આહાહા ! એવો વ્યવહારનયનો પક્ષ છે. સૂક્ષ્મ છે ભાઈ ભગવાન આત્મા, ચૈતન્યસ્વરૂપ અંદર આનંદસ્વરૂપ પ્રભુ, એની પર્યાયમાં કર્મજડનો સંબંધ, બંધની પર્યાયદૃષ્ટિથી જોવાથી, વ્યવહારનયથી છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

જીવના અને પુદ્‌ગલકર્મના અનેક દ્રવ્યપણાથી જોવામાં આવે તો ભગવાન આત્મા દ્રવ્ય ભિન્ન છે, કર્મરજકણ એ ભિન્ન ચીજ-ભિન્ન ચીજ છે, બહારની તો વાત શું કરવી ? તો આત્મતત્ત્વ જે અંદર સચ્ચિદાનંદ પ્રભુશુદ્ધ આનંદઘન આત્મા, એને કર્મનો સંબંધ નિશ્ચયથી છે નહીં, વર્તમાન પર્યાયદૃષ્ટિથી જોવાથી વ્યવહારદૃષ્ટિથી પક્ષ છે એમ કહેવાય છે. આહાહા ! નિશ્ચયથી જુઓ. છે ? જીવના અને પુદ્‌ગલકર્મના અનેકદ્રવ્યપણાથી જો તો જીવ ભિન્ન તત્ત્વ છે, કર્મ ભિન્ન તત્ત્વ છે, બેય દ્રવ્ય એક નથી. કર્મ જડ અને પ્રભુ ચૈતન્ય આત્મા ભગવાન એ બેય દ્રવ્ય જ ભિન્ન છે. બહારની તો વાત શું કહેવી ? આહાહા !

બધાં ભિન્ન પદાર્થ, પોતપોતાને કારણે છે બધા, પણ અહીંયાં કર્મનો સંબંધ જે છે અંદરમાં નિશ્ચયદૃષ્ટિથી દેખો તો ભગવાન આત્મા અને કર્મનો સંબંધ છે જ નહીં. આહાહા ! સૂક્ષ્મ વાત છે ભાઈ. અનંતકાળમાં ક્યારે'ય કર્યું નથી. ઓહો..ચોરાશી લાખ યોનિઓમાં પરિભ્રમણ કરતાં-કરતાં અનંત ભવ વીત્યા પણ આ આત્મા અંદર કર્મના સંબંધ વિનાની ચીજ છે, એવો નયનો પક્ષ પણ કદી કર્યો નહિ. આહાહા ! સમજાણું કાંઈ... ?

ઘણી સૂક્ષ્મ વાત છે, અધિકાર. આહાહા ! આ શરીર તો માટીજડ ધૂળ છે એ તો આત્મામાં છે નહીં. અહીંયા તો આઠ કર્મ જે અંદર છે, એ પણ આત્માની ચીજમાં એ ચીજ નથી. કેમકે એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અભાવ છે. આહાહા ! આવી વાત છે. વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા, ઈન્દ્રો ને ગણધરોની વચ્ચે આ કહેતા હતા. પ્રભુ બિરાજે છે મહાવિદેહમાં સીમંધર ભગવાન, ત્યાંથી આ વાણી આવેલી છે. ભગવાન એમ કહે છે કુંદકુંદાચાર્ય, કે ભગવાન એમ કહેતા હતા, કે આત્મા અંદર વસ્તુ છે ભગવાન અંદર, એને કર્મનો સંબંધ કહેવો એ વ્યવહાર છે, ઉપચાર છે આરોપિત કથન છે. પણ એ તો કર્મના સંબંધ રહિત જીવ ભિન્ન ચીજ છે. એ નિશ્ચયનયનો પક્ષ છે.

પક્ષનો અર્થઃ- હું કર્મ બંધનથી રહિત છું એકલો, એવો એક નયનો એક વિકલ્પનો પક્ષ છે, સૂક્ષ્મ વાત છે ભાઈ. પરમાત્મા જિનેશ્વર વીતરાગ પરમાત્માનું કથન અત્યારે બહુ ગૂમ થઈ ગયું છે. આંહી પરમાત્મા કહે છે એ...કુંદકુંદાચાર્ય આડતીયા થઈને ભગવાનની વાત કરે છે. આહાહા !

પ્રભુ તારી ચીજ જે અંદર છે, એ કર્મના સંબંધથી રહિત પ્રભુ છે. આહાહાહા ! પણ એ કર્મના સંબંધથી રહિત છે, એવો એક વિકલ્પ કરવો એ નિશ્ચયનયનો પક્ષ છે. એ પણ આત્માનું સાધન નથી. આહાહા ! એ સાધન નહિ, આગળ કહેશે, કેમકે એવો બંધ કર્મથી બંધ છે આત્માનો સંબંધ છે, એવા વ્યવહારનો નિષેધ તો અમે પહેલેથી જ કરતા આવ્યા છીએ. પણ અહીંયા આત્મા કર્મથી રહિત છે–કર્મબંધ રહિત છે, એવી અંદર ચીજ છે ચૈતન્યસ્વરૂપ ભગવાન, એ કર્મના સંબંધથી રહિત છે, એવો એક નિશ્ચયનયનો પક્ષ એટલે વિકલ્પ છે નિશ્ચયનયનો પક્ષ એટલે વિકલ્પ એટલે રાગ છે પક્ષ. આહાહા ! સમજાણું કાંઈ ?

તો, કહે છે ( જીવના અને પુદ્‌ગલકર્મના અનેક દ્રવ્યપણાથી જોતાં તેમને ) અત્યંત ભિન્નતા હોવાથી જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે એવો નિશ્ચયનયનો પક્ષ છે. પક્ષ એટલે વિકલ્પ છે. સમજાણું કાંઈ ? ભાઈ, ગાથા તો બહુ ઊંચી આવી છે હવે. આહાહા ! ભગવાન ત્રિલોકનાથ એમ કહે છે પ્રભુ, તારી ચીજ અંદર કર્મથી ભિન્ન છે એવો વિકલ્પ તને થાય છે–નિશ્ચયનયનો પક્ષ, એ પણ તારે છોડવો પડશે.રાયચંદભાઈ ! આહાહા ! આવી વાત છે. તારે જન્મ મરણથી રહિત થવું હોય, ચોરાશીના અવતારમાં રખડીને અનંતવાર જનમ–મરણ કરીને થાક્યો નથી, થાક નથી લાગ્યો, કે છે એ જનમ–મરણ રહિત થવું હોય તો પહેલાં, આત્મા કર્મથી બંધાયેલ નથી એવો જે નિશ્ચયનયનો વિકલ્પ છે ત્યાં સુધી આવ્યો, પરંતુ તેથી શું ? છે પણ તેથી શું ? ( જુઓ ! ) ૧૪૧ ની પાછળ ગાથા ૧૪૨ ની શરૂઆત ( મથાળે ) પણ તેથી શું ?

નિશ્ચયનયથી ભગવાન આત્મા કર્મબંધના સંબંધથી રહિત છે એવો જે પક્ષ એટલે વિકલ્પ એટલે રાગ છે એ નિશ્ચયનયનો પક્ષ છે. આહાહાહા ! પ્રભુ ! આંહી સુધી તું આવ્યો, તેથી શું ? રમણીકભાઈ ? આહાહા ! આવો મારગ છે પ્રભુ. આહાહાહા ! ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માની દિવ્યધ્વનિ દ્વારા આવેલી વાત એ આગમમાં રચાયેલી છે. આહાહા ! ઓમકાર દિવ્યધ્વનિ સાંભળીને આગમ રચ્યાં. આહાહા ! એ આગમ સાંભળીને ભવિજીવ સંશય ટાળે છે. આહા ! ( સંશય ) શું ? કે હું કર્મનો સંબંધ તો મારામાં છે જ નહીં, એ તો પહેલેથી નિષેધ કરતા આવ્યા છીએ, શરીર તો જડ–માટી છે એનાથી તો કોઈ સંબંધ છે નહીં, સ્ત્રી–કુટુંબ પરિવાર પર વસ્તુ છે એનાથી આત્માનો કોઈ સંબંધ છે નહિ, અહીંયાં તો કર્મ જે જડ છે–પૂર્વે જે એણે પુણ્ય–પાપના ભાવ કર્યા હતા એથી કર્મ બંધાણા છે એ કર્મનો સંબંધ છે એ પણ વ્યવહારનયનું ઉપચારિક કથન છે. આહાહા ! ભગવાન ! તું તો કર્મના સંબંધથી રહિત છો ને ?

એવો નિશ્ચયનયનો પક્ષ કરે છે એ પણ એક વિકલ્પ છે એમ કહે છે. આહાહાહા ! મારગ વીતરાગનો મારગ અલૌકિક છે બાપુ, શું કીધું ? સમજાણું કાંઈ ? વિષય ઘણો સત્ય છે. જેને આત્માનું કલ્યાણ કરવું હોય અને જનમમરણ ચોરાશીના અવતાર કરતાં કરતાં અનંતભવ ગયા પ્રભુ, એથી જો છૂટવું હોય, તો હું કર્મસંબંધથી રહિત છું એવો એક નિશ્ચયનયનો વિકલ્પ છે ત્યાં સુધી આવ્યો તેથી શું, એમ કહે છે. આહાહાહા ! ભગવાન અંદર ચૈતન્ય સ્વરૂપ અંદર શુદ્ધ ચિદાનંદ આત્મા, વસ્તુ છે એ કર્મના સંબંધના ભાવથી તો રહિત છે. કેમકે કર્મ પરપદાર્થ છે એનો તો એમાં અભાવ છે. પણ અભાવ છે એવો એક નિશ્ચયનયનો સ્વઆશ્રયનો વિકલ્પ ઊઠાવે છે–હું અબદ્ધ છું એવો વિકલ્પ એટલે રાગની વૃત્તિ ઉત્પન્ન થઈ...અહીં સુધી આવ્યો, તેથી

શું ? ( શ્રોતાઃ- એ વિકલ્પનું શું કરવું ) ઈ જ કહે છે વિકલ્પને તોડી નાખ, તો તને લાભ-કલ્યાણ થશે. કોણે પૂછ્યું ? ( શ્રોતાઃ- નવલચંદભાઈએ ) આ ઈ જ કહે છે. આહાહા ! ( શ્રોતાઃ- એકલા એકલા શું કરવું ? ) એકલા આ કરવું અંદર, વિકલ્પ તોડીને ( નિર્વિકલ્પ )સ્વરૂપમાં એકાગ્ર થવું. આહાહા ! ભગવાન આનંદપ્રભુ આત્મા, સચ્ચિદાનંદ સત્ એટલે શાશ્વત જ્ઞાન ને આનંદનો પિંડ પ્રભુ અંદર એનો પણ નિશ્ચયનયના પક્ષનો વિકલ્પ ઊઠાવે છે, તેથી શું ? ત્યાં સુધી આવ્યો તેથી શું તારે લાભ શું છે એમાં તારે ? આહાહા ! સમજાણું કાંઈ ?

ઝીણી વાત છે પ્રભુ ! આહા ! ભગવાન અંદર આત્મા, કર્મબંધનના સંબંધ રહિત છે, પરનો તો સંબંધ છે જ નહીં, પણ કર્મબંધનનો સંબંધ જે એકક્ષેત્રાવગાહ છે, એનાથી પણ હું સંબંધ રહિત છું, એવો એક સ્વાશ્રિત વિકલ્પ ઊઠાવે છે, રાગની વૃત્તિ, નિશ્ચયનયથી હું અબદ્ધ છું પરથી રહિત છું એવો વિકલ્પ એટલે રાગની વૃત્તિ ઊઠે છે એને આંહી કહે છે કે એનાથી શું ? ત્યાં સુધી આવ્યો તોય તારું કલ્યાણ નહિ થાય. ઝીણી વાત આ તો પ્રભુ. આહાહા !

પ્રભુ ચૈતન્યમૂર્તિ ભગવાન અંદર આનંદસ્વરૂપ છે, એના નિશ્ચયના પક્ષમાં તું આવ્યો- અને ઊભો રહીને ત્યાં રોકાઈ જઈશ તો તને લાભ નહિ થાય. આહાહાહા ! અરે, ચોરાશીના અવતારમાં રખડતાં પ્રભુ, કહે છે કે અહીંયાં સુધી આવ્યો કેટલીય વાર. આહાહા ! સમજાણું કાંઈ ? મારી ચીજ અંદર વસ્તુ છે, એને કર્મનો સંબંધ છે એનો તો નિષેધ કરતા આવ્યા છીએ, આગળ કહેશે. પણ અહીં તો કર્મસંબંધ રહિત છે, એવી એક વિકલ્પ વૃત્તિ ઊઠે છે, નિશ્ચયનયના પક્ષની સ્વાશ્રયે, પ્રભુ ત્યાં સુધી આવ્યો તેમાં તારું કલ્યાણ શું થયું ? સમજાણું કાંઈ ?

દેવગુરુ શાસ્ત્રની ભક્તિવિનય એ તો વિકલ્પ છે એની તો અહીં વાત છે નહિ, આહાહા ! એનાથી તો તારું કલ્યાણ થશે, એવું છે નહિ, પણ તું અંદર વસ્તુ કર્મના-જડના સંબંધરહિત વસ્તુ છે, કેમકે એ કર્મ પણ દ્રવ્ય છે ને તું પણ એક વસ્તુ છો, તો એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે સંબંધ છે નહીં, આ રીતે આવ્યો અંદર કે હું તો અબદ્ધ છું-કર્મના સંબંધના બંધથી રહિત છું- છે એવું પણ આવો વિકલ્પ ઊઠાવે છે. આહાહાહા ! પ્રવિણભાઈ ! તમારે ન્યાં પૈસા-બૈસામાં આ સાંભળવા મળે તેવું નથી ત્યાં ક્યાંય. પૈસાને તો કાંઈ સંબંધ નથી કહે છે તારે ને શરીરને તો કાંઈ સંબંધ નથી. આ તો જડ-માટી-ધૂળ છે પણ અંદર કર્મબંધન જે છે, તારા ભાવથી કર્મબંધન જે થયું કર્મના કારણથી-હું બંધસહિત છું એ પણ વ્યવહારનયનો પક્ષ વિષય છોડી દે, એ તો છોડી દે, પણ હું બંધરહિત છું-કર્મના સંબંધથી હું રહિત છું ( અબદ્ધ છું ) એવો નિશ્ચયનયમાં આંગણે આવીને વિકલ્પ ઊઠાવે છે, તેથી શું ? આહાહાહા !

આવો પ્રભુનો મારગ છે ભાઈ. દુનિયામાં તો કંઈક-કંઈક રોકાઈને ક્યાંય પડયા છે. ( શ્રોતાઃ- શરૂઆતમાં તો એવો વિકલ્પ આવતો જ હશેને ) આવે પણ કહે છે કે તેથી શું ? એ તો કહે છે. અહીં સુધી તું આવ્યો તેથી શું થયું તારે ? ભગવાન તારી ચીજ ( આત્મા ) તો જે એ નિશ્ચયનયનો વિકલ્પ છે, તેનાથી રહિત છે અંદર એ વિકલ્પ તારો હોય તો ક્યારેય છૂટે નહીં. એ તારો છે નહીં. આહાહાહા ! હું કર્મબંધન રહિત છું એવી જે વિકલ્પની વૃત્તિ ઊઠે છે ત્યાં સુધી આવ્યો પણ કહે છે પરમાત્મા, તેથી શું થયું તારે ? એનાથી તને લાભ શું થયો ? આહાહાહા ! ( શ્રોતાઃ- સમ્યક્ એકાંતનો પક્ષ એ હું નહીં ? ) એ આ છું એવો ભેદ કરે છે ને વિકલ્પ ઊઠે છે

એ નહીં. મારગ પ્રભુના. એ વિકલ્પ છે એ રાગ છે. હું અબદ્ધ છું અમૂઢ છું શુદ્ધ છું એવો વિકલ્પ ઊઠે છે, એ રાગ છે. એ નિશ્ચયનયના પક્ષનો સ્વની અપેક્ષાથી ઊઠેલો રાગ છે. તો એથી તને લાભ શું થયો ? સમજાણું કાંઈ ? બીજાથી તો લાભ નહીં. આહાહા ! દેવગુરુશાસ્ત્રની ભક્તિ કરવી, એ તો રાગ છે એનાથી તો તને લાભ નથી. આહાહા ! પરમાત્મા એમ ફરમાવે છે, ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, એની આજ્ઞા પ્રમાણે કુંદકુંદાચાર્ય જગતને જાહેર કરે છે. પ્રભુ તું અંદર છે ને ચીજ સચ્ચિદાનંદ પ્રભુ. 'સિદ્ધસમાન સદા પદ મેરો' આહા ! ચેતનરૂપ અનૂપ અમૂરત 'ચેતનરૂપ અનૂપ અમૂરત' એને કોઈ ઉપમા નથી અમૂર્તિક વસ્તુ છે, 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આહાહા ! આવો વિકલ્પ આવે છે ત્યાં સુધી ક્યાં તારું કાર્ય થયું ? આવી વાત છે ભગવાન ! આહાહા !

ભાગ્યશાળીને તો કાને પડે એવી વાત છે, એવી ચીજ અત્યારે બહુ ગુપત થઈ ગઈ પ્રભુ શું કરીએ ? સંપ્રદાયમાં તો આ વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને ( તેથી ) કલ્યાણ થાશે ને તારી દેશે, એ તો ક્યાંય વાત રહી ગઈ. પણ આંહી તો હું આત્મા અબદ્ધ એટલે છે એ અબદ્ધ એટલે મુક્તસ્વરૂપી જ છે આત્મા, પણ મુક્તસ્વરૂપ છું, અબદ્ધ છું એવો વિકલ્પ જે વૃત્તિ ઊઠે છે, એ બંધનું કારણ છે. આહાહા ! છે ? ગાથા બહુ સારી આવી ગઈ છે. અમારા રમણીકભાઈ આવ્યા છે ને રમણિકભાઈ પાલેજ હિંમત બહુ કરી છે. વખાણ બહુ કરતા.

આ બાપુ થાય છે ( થવા યોગ્ય ) શું થાય તે બધું, આ સંસારમાં શું ન બને ? એ કહ્યું ને. એ તો આમ લગન થતા'તા મંડપમાં હતા, નીચે સર્પ આવ્યો, ડંખ માર્યો તો મરી ગયો ( વરરાજા ) તો લગન કરતા-કરતા મરી ગયો, ઢળી ગયો. આહાહા ! દેહની સ્થિતિ પુરી થવાની બાપા એને કોણ રોકે ? એક સમય પણ અધિક જિનેન્દ્રદેવ પણ ફેરવી ન શકે, પ્રભુ ! આહા !

આંહી તો કહે છે પ્રભુ. હું અબદ્ધ છું, જ્ઞાન છું, શાંતિ છું, આનંદ છું, સ્વચ્છ છું, પ્રભુ છું મારી ચીજ પરમેશ્વરસ્વરૂપ છે. એવો વિકલ્પ ઊઠાવે છે રાગ, પ્રભુ એથી તને શો લાભ છે ? આહાહા ! ઝવેરીની દુકાનમાં અંદર આવ્યો પણ અંદર આવીને આવું કરવા ( લાગ્યો ) કે આ ઝવેરાત છે ને આ છે ને આ છે ને, એથી તને શો લાભ થયો ? આંગણું છોડીને અંદરમાં જા. આહાહા ! આવી વાત છે. છે ? તેથી શું ? અર્થાત્ આંહી સુધી તું આવ્યો તેથી તારા આત્માનો લાભ શું છે ? તેથી ધર્મ શું થયો ? એ વિકલ્પ છે તે આસ્રવ છે, બંધનો ભાવબંધ છે. આહાહા ! બંધરહિત છું એવો વિકલ્પ પણ ભાવબંધ છે. આ વીતરાગ આમ કહે, વીતરાગ એમ કહે, કે અમારી ભક્તિ કરવાથી પણ તને તો રાગ થશે. તમારા દ્રવ્યનો આશ્રય લે, તો તને ધર્મ થશે. આહાહા ! દ્રવ્યના આશ્રયમાં પણ નિશ્ચયનયના વિકલ્પમાં ઊભો રહીશ, તો પણ આત્માનો આશ્રય નહીં લઈ શકે. શાંતિભાઈ ! આવું છે પ્રભુ ! આહાહા !

જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે-પાર થયો છે દેખો. છે જે આત્મા બન્ને નયપક્ષો-વ્યવહારનો પક્ષ તો છૂટી ગયો, પણ નિશ્ચયનયના પક્ષને પણ છોડીને-જે છોડી ચૂક્યો છે એને, પાર થયો છે તે જ સમયસાર છે. એ આત્મા છે. શુ કહ્યું સમજાણું ? હું અબદ્ધ છું મુક્ત છું, એવો વિકલ્પ નયપક્ષનો છે એ પણ છોડીને અંદરમાં આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરે ઈ સમયસાર આત્મા છે. ત્યારે એને સમ્યગ્દર્શન થાય ને કલ્યાણ થાય છે. આહાહા ! ( જુઓ ને ! )

છે કે નહીં ? ન્યાં તો કાંઈ વખત-મળતો નો હોય વાંચવામાં સમયસાર( શ્રોતાઃ- વાંચીએ છીએ ને ) પણ એ વખત તો ક્યાં લ્યે છે વાંચવા માટે ? આહાહા ! વાંચે તો સૂઝ પડે એવું નથી. આહાહા ! પ્રભુ, તું કોણ છો અંદર ? તારી ચીજ તો 'હું અબદ્ધ છું' એવા વિકલ્પથી પણ પાર છે. આહાહા ! સમજાણું કાંઈ ?

જે આત્મા બન્ને નયપક્ષોને પાર કરી ચૂક્યો છે વ્યવહારના પક્ષને તો ( છોડાવવા જેવો કહીને નિષેધ કરતા ) આવ્યા છીએ, પણ નિશ્ચયનયનો પક્ષ પણ છોડી દે ! પક્ષ છોડી દે આહાહા ! ભગવાન તો અંદર શુદ્ધચૈતન્યઘન આનંદકંદ પ્રભુ છે. એનું અવલંબન લઈને અનુભવ નિર્વિકલ્પ બનીને કર તો તને સમ્યગ્દર્શન થશે ને જન્મ-મરણનો અંત થશે. આહાહા ! એ ગાથા પૂરી થઈ જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે એમ હવે ગાથામાં કહે છે :- એ હવે ગાથા દ્વારા કહે છે.

એ વાત જરી લોકોને આકરી પડે : 'કારણપર્યાય'. એ વાત ચાલતી નથી ને... ! ચાલતી નથી—ક્યાંય છે નહીં. કારણપર્યાય ફકત ૧૫મી ગાથા 'નિયમસાર' માં જ લીધી છે. અને એનો અર્થ ખૂબ સ્પષ્ટ કર્યો હતો તે વખતે. અને એ કાંઈ ચાલે ? આ તો અંતરની વાતો છે, બાપુ ! ( કારણપર્યાય ) બીજે નથી. ત્યાં જ લીધી છે. ચૌદમી ગાથા... પછી ૧૫મી ગાથામાં લીધું છે. અહીંયાં મોક્ષમાર્ગ છે ને... ! "આ 'નિયમસાર' મેં મારી ભાવના માટે બનાવ્યું છે" -એમ કુંદકુંદ-આચાર્યે કહ્યું. તો સારમાં સાર વસ્તુ એમાં નાખી છે. ઝીણી વાત છે, પ્રભુ ! ૧૫મી ગાથામાં છે સ્પસ્ટઃ "કારણપર્યાય" એ ધ્રુવ છે. જેમ દ્રવ્ય ધ્રુવ છે, ગુણ ધ્રુવ છે. સમુદ્ર જેમ કાયમ છે, એનું જળ કાયમ છે, એની સપાટી પણ ઉપર કાયમ છે. અને આમ ઉપર પાણીનો જે લોઢ આવે છે. ઓછોવતો. ( તેમ ) એ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, એ તો પછી ઉપરનો લોઢ છે. આ તો ઝીણી વાત છે, બાપુ ! બધી વાતો સમજવી પડશે, બાપુ ! શું થાય ? પણ અત્યારે આ વાત ચાલતી નથી. એટલે એકદમ સમજાવવી અને સમજવી ( જરી અઘરી છે ). 'કારણપર્યાય' ધ્રુવ છે, એ વાત ચાલતી નથી. વળી 'કારણપર્યાય ધ્રુવ' એમ કેમ કહ્યુ ? પર્યાય કહેવી અને ( તે ) ધ્રુવ ? ! ( શ્રોતાઃ ) આ પર્યાય શ્રુતપ્રમાણ કહેવાય ? ( ઉતરઃ ) પ્રમાણ એટલે ? કહ્યુ ને... ! કેટલી વાતો થઈ ગઈ. ( કારણપર્યાય એ ધ્રુવ છે ). અને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પણ પર્યાય છે ( પણ એ ઉત્પાદવ્યયરૂપ છે ). પછી પ્રશ્ન શું થાય છે ? દ્રવ્ય-ગુણ છે એ પારિણામિક ભાવ છે. અને એ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવની પર્યાય છે તે પ્રગટ મોક્ષમાર્ગ-પર્યાય છે. ( શ્રોતાઃ ) આ પર્યાય કઈ ગણવી ? ( ઉતરઃ ) આ ત્રણમાંથી ગમે તે-ઉપશમ હોય, ક્ષયોપશમ હોય, ક્ષાયિક હોય.

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૧૭૬-૧૭૭, નિયમસાર શ્લોક-૧૦૯ )**

## ગાથા-૧૪૨

ततः किम्-

कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं।
पक्खादिक्कंतो पुण भण्णदि जो सो समयसारो।।१४२।।

कर्म बद्धमबद्धं जीवे एवं तु जानीहि नयपक्षम्।
पक्षातिक्रान्तः पुनर्भण्यते यः स समयसारः।।१४२।।

यः किल जीवे बद्धं कर्मेति यश्च जीवेऽबद्धं कर्मेति विकल्पः स द्वितयोऽपि हि नयपक्षः। य एवैनमतिक्रामति स एव सकलविकल्पातिक्रान्तः स्वयं निर्विकल्पैकविज्ञानघनस्वभावो भूत्वा साक्षात्समयसारः सम्भवति। तत्र यस्तावज्जीवे बद्धं कर्मेति विकल्पयति स जीवेऽबद्धं कर्मेति एकं पक्षमतिक्रामन्नपि न विकल्पमतिक्रामतिः यस्तु जीवेऽबद्धं कर्मेति विकल्पयति सोऽपि जीवे बद्धं कर्मेत्येकं पक्षमतिक्रामन्नपि न विकल्पमतिक्रामति; यः पुनर्जीवे बद्धमबद्धं च कर्मेति विकल्पयति स तु तं द्वितयमपि पक्षमनतिक्रामन् न विकल्पमतिक्रामति। ततो य एव समस्तनयपक्षमतिक्रामति स एव समस्तं विकल्पमतिक्रामति। य एव समस्तं विकल्पमतिक्रामति स एव समयसारं विन्दति।

---

પણ તેથી શું ? જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે, -એમ હવે ગાથામાં કહે છેઃ-

**છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;**
**પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.**

ગાથાર્થઃ- [ जीवे ] જીવમાં [ कर्म ] કર્મ [ बद्धम् ] બદ્ધ છે અથવા [ अबद्धं ] અબદ્ધ છે- [ एवं तु ] એ પ્રકારે તો [ नयपक्षम् ] નયપક્ષ [ जानीहि ] જાણ; [ पुनः ] પણ [ यः ] જે [ पक्षातिक्रान्तः ] પક્ષાતિક્રાંત ( અર્થાત્ પક્ષને ઓળંગી ગયેલો ) [ भण्यते ] કહેવાય છે [ सः ] તે [ समयसारः ] સમયસાર ( અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્ત્વ ) છે.

ટીકાઃ-'જીવમાં કર્મ બદ્ધ છે' એવો જે વિકલ્પ તથા 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવો જે વિકલ્પ તે બન્ને નયપક્ષ છે. જે તે નયપક્ષને અતિક્રમે છે ( -ઓળંગી જાય છે, છોડે છે ), તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો પોતે નિર્વિકલ્પ, એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને સાક્ષાત્ સમયસાર થાય છે. ત્યાં ( વિશેષ સમજાવવામાં આવે છે કે ) -જે 'જીવમાં કર્મ બદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી, અને જે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે પણ 'જીવમાં કર્મ બદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી; વળી જે 'જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે' એમ વિકલ્પ કરે છે તે, તે બન્ને

**પક્ષને નહિ અતિક્રમતો થકો, વિકલ્પને અતિક્રમતો નથી. તેથી જે સમસ્ત નયપક્ષને અતિક્રમે છે તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે; જે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે તે જ સમયસારને પ્રાપ્ત કરે છે -અનુભવે છે.**

**ભાવાર્થઃ-જીવ કર્મથી 'બંધાયો છે' તથા 'નથી બંધાયો'-એ બન્ને નયપક્ષ છે. તેમાંથી કોઈએ બંધપક્ષ પકડયો, તેણે વિકલ્પ જ ગ્રહણ કર્યો; કોઈએ અબંધ પક્ષ પકડયો, તેણે પણ વિકલ્પ જ ગ્રહણ કર્યો; અને કોઈએ બન્ને પક્ષ પકડયા, તેણે પણ પક્ષરૂપ વિકલ્પનું જ ગ્રહણ કર્યું. પરંતુ એવા વિકલ્પોને છોડી જે કોઈ પણ પક્ષ ન પકડે તેજ શુદ્ધ પદાર્થનું સ્વરૂપ જાણી તે-રૂપ સમયસારને-શુદ્ધાત્માને-પામે છે. નયપક્ષ પકડવો તે રાગ છે, તેથી સમસ્ત નયપક્ષને છોડવાથી વીતરાગ સમયસાર થવાય છે.**

**હવે, 'જો આમ છે તો નયપક્ષના ત્યાગની ભાવનાને ખરેખર કોણ ન નચાવે? એમ કહીને શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય નયપક્ષના ત્યાગની ભાવનાનાં ૨૩ કળશરૂપ કાવ્યો કહે છેઃ-**

## ગાથા-૧૪૨ ઉપર પ્રવચન

कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं।
पक्खादिक्कंतो पुण भण्णदि जो सो समयसारो।।१४२।।

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.

ટીકા :– એકસો બેંતાલીસ ( ગાથાની ) ટીકા 'જીવમાં કર્મ બદ્ધ છે' એવો જે વિકલ્પ–રાગ અને 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવો જે રાગ એ બન્ને નયપક્ષ છે. નયનો 'પક્ષ' છે. નયાતિક્રાન્ત અંદરમાં નથી ગયો. આહાહા! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એ વિકલ્પથી પાર, વિકલ્પથી અતીત છે, જે તે નયપક્ષને અતિક્રમ્યો થકો–જે તે ( બન્ને ) નયપક્ષને અતિક્રમે છે, અધિકાર એવો આવ્યો છે ભાઈ.

અરે! આ મનુષ્યપણામાં કરવા લાયક હોય તો આ છે. બાકી બધાં થોથાં છે. આ ભવ તે ભવના અભાવ માટેનો ભવ છે. આહાહા! એ ભવનો અભાવ કેમ થાય ? એ કહે છે. જે એ નયપક્ષને અતિક્રમે છે એને ઉલ્લંઘન કરી દે છે. વિકલ્પ–રાગ છે એને છોડી દે છે. આહાહા! સૂક્ષ્મ વાત છે પ્રભુ. આહાહા! આત્માને તો 'ભગવાન' તરીકે બોલાવે છે બોંતેર ગાથામાં ભગવાન તરીકે બોલાવે છે. ભગવાન આત્મા એ તો જ્ઞાનઘન–આનંદકંદ વિકલ્પાતીત, રહિત છે. સૂક્ષ્મ વાત છે ભાઈ લોકો તો બહારથી જાણે કાંઈક દયા–દાન–વ્રત ને ભક્તિ કરે તો જાણે કે તે કલ્યાણ થઈ જશે આ જાત્રા કરે લ્યો ને શેત્રુંજાની ને સમ્મેદશિખરની એ તો રાગ છે. એય ? આ છ ગાઉ ફર્યાને ઉઘાડે પગે રાગ છે, નરેન્દ્રભાઈ, આંહી તો આવી વાત છે પ્રભુ! આહાહા!

એ વિકલ્પ ઊઠે છે એનાથી ભગવાન શૂન્ય છે. એવો રહિત પ્રભુ અંદર છે. આહાહા! ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની સમોસરણમાં વર્તમાન બિરાજે છે, એ કહે છે એ 'આ' વાત છે. ઈન્દ્રો ને ગણધરોની વચ્ચે મહાવિદેહ જમીન પર છે ( એ ) ક્ષેત્ર. ભગવાન

પાંચસે ધનુષનો દેહ છે, બે હજાર હાથ ઊંચા છે. આહાહા ! કરોડપૂર્વનું આયુષ્ય છે. કરોડપૂર્વ ? એક પૂર્વમાં સીત્તેર લાખ કરોડ ને ૫૬ હજાર કરોડ વરસ જાય એવો એક પૂર્વ ( નો કાળ છે ) એવા કરોડપૂર્વનું પ્રભુનું આયુષ્ય છે. અત્યારે વર્તમાન છે ને હજુ તો ઘણા વર્ષ રહેવાના છે, બેહજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા, ત્યાંથી આ સંદેશ લાવ્યા. આહાહાહા ! આકરી વાત છે પ્રભુ, આહા ! હજી બહારના વેપાર-ધંધામાંથી છૂટવું કઠણ પડે એને. આહાહા !

એને આંહી તો કહે છે કે કર્મબદ્ધ છે એ વ્યવહારનો પક્ષ તો છોડી દે, પણ બંધ રહિત છે એવો નિશ્ચયનયનો પક્ષ પણ છોડી દે, આહાહા ! છે ? જે તે નયપક્ષને અતિક્રમે છે-ઉલ્લંઘન કરી દે છે-છોડી દે છે તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમ્યો થકો-એ સમસ્ત વિકલ્પને છોડીને, સ્વયં નિર્વિકલ્પ પ્રભુ અંદર, અનંત પુરુષાર્થ છે. વિકલ્પને છોડીને વિકલ્પ શબ્દે રાગ, વૃત્તિ છોડીને સ્વયં નિર્વિકલ્પ પ્રભુ છે અંદર-ચૈતન્યમૂર્તિ ભગવાન અંદર બિરાજે છે પ્રભુ, તારા દર્શન કરવા હોય તો ત્યાં જા. આહાહાહા ! આ ભગવાનના દર્શન તો અનંત વાર કર્યાં, મૂર્તિના ને સમોસરણના ને ભગવાન સાક્ષાત ભગવાનના એ તો રાગ છે. આવે છે પણ રાગ છે. આ તો અંદરમાં પ્રભુ, નિર્વિકલ્પ જ્ઞાનઘન-આનંદકંદ પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદનો ખજાનો છે. અતીન્દ્રિય અનંતગુણરૂપ છે-અનંત ગુણવાળો એવુંય નહિ. અનંત અનંત અનંત અનંત અનંત જેનો અંત નહીં એવો અનંત ગુણનું જેનું એકરૂપ પ્રભુ અંદર છે, એ વિકલ્પથી રહિત નિર્વિકલ્પ છે. આહાહા !

તારે સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, ધર્મની પહેલી સીડી ધર્મની પહેલી સીડી, તો ઈ વિકલ્પોને છોડીને પ્રભુ અંદર આનંદસ્વરૂપ નિર્વિકલ્પ છે, એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને 'એક', વિકલ્પ છે એતો બીજી ચીજ થઈ ગઈ, એનાથી ભિન્ન થઈને, આહાહા ! ભિન્ન થઈને અભેદ નિર્વિકલ્પ એટલે વિકલ્પનો અંશ નહીં જ્યાં, એ નિર્વિકલ્પ અભેદ ચીજ છે. એકરૂપ ચીજ છે એને કર્મનો સંબંધ તો નહીં, પણ વિકલ્પનો ય સંબંધ નહીં. આહાહા ! એકડે એક ને બગડે બે, જો વિકલ્પ ઊઠાવે છે તો આત્મામાં બગાડ થાય છે, કહે છે ને એનાથી રહિત એકરૂપ આત્માને પકડે છે તો નિર્મળતા પ્રગટ થાય છે. ઝીણી વાત બહુ ભાઈ ! આહાહા !

આવું મનુષ્યપણું મળ્યું એમાં આવી સત્ય વાત સાંભળવા ન મળે અરે ઈ કે દિ' સમજે ને કે દિ' કરે ? આહાહા ! જિંદગી ચાલી જાય છે. જેટલો સમય જાય છે એ મૃત્યુની સમીપ જાય છે, મૃત્યુનો સમય નક્કી છે. હેં ? નક્કી છે, ભગવાને દેખ્યું છે કે આ સમય આ ક્ષેત્રે આ સ્થિતિયે આયુ પૂરું થઈ જશે. આયુષ્ય આ પ્રમાણે આટલું છે. આહાહા ! એ જુવાન હો કે, આહા ! કહ્યું હતું ને એક વાર. મલકાપુરમાં એક સ્વરૂપચંદ છોકરો છે, સ્વરૂપચંદ કુંવારો હતો ત્યારે પણ મોક્ષમાર્ગ ( પ્રકાશક ) છે ને ટોડરમલ્લનું કંઠસ્થ કર્યું હતું અને પછી મોટો વેપારી છે કાપડનો- દશહજારનો તો તે દિ' હતો અત્યારે તો મોટો હશે, 'તે દિ' દશહજારનો કાપડનો વેપારી કુંવારો હતો ને મોટો ધંધો. મોક્ષમાર્ગ પ્રકાશક મોઢે પછી ઈ પરણ્યો પછી એનો એક મિત્ર હતો, અઠયાવીસ વર્ષનો જુવાન. એ બન્ને વાતુ કરતા'તા. નખમાં રોગ નહીં, સ્વરૂપચંદ કહે મહારાજ...અમે બે બેઠા'તા ને વાતું કરતા'તા એમાં આમ થ્યું મેં આમ જોયું ત્યાં મરી ગયો, સ્વરૂપચંદ છે છોકરો મલકાપુરમાં. આંહી તો પ્રચારેય ઘણો થઈ ગ્યો છે ને ? છોકરો આખું મોક્ષમાર્ગ પ્રકાશક કંઠસ્થ-મોઢે પ્રશ્ન કરતો એના ઉપરથી લાગતું કે, ઓહો ! આ તો આને

આટલું બધું-ઘણું યાદ છે, ઈ કહે મહારાજ મારો મિત્ર બેઠો 'તો ( મારી ) જોડે ને નખમાં રોગ નહીં ને આ વાત કરતાં ઉંહ થયું મેં જોયું તો એ મરી ગયો હતો, દેહ છૂટી ગયો 'તો દેહની સ્થિતિ પૂરી થવાની હોય ત્યારે થાય ને એમાં એક સમયનો ફેરફાર કોઈ કરી શકે નહીં. આહાહા ! કેવળી ફેરફાર ન કરી શકે. સ્વામિ કાર્તિકેય અનુપ્રેક્ષામાં આવે છે ને ? જે સમયે જનમ-મરણ જ્યાં જેમ થવાના છે એને ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવી ન શકે. આહાહા !

આંહી તો પ્રભુ તારી દેહની સ્થિતિ પૂરી થાય એ પહેલાં આ કરવાનું છે આ ભાઈ બાકી, થોથાં છે બધું ભલે કરોડ, બે કરોડ રૂપિયા મળી જાય ને ધૂળ મળે ને, એય ? આહાહા ! વસ્તુ આત્મતત્ત્વ એ નિશ્ચયથી હું મુક્ત છું-અબદ્ધ છું એવો જે વિકલ્પ વૃત્તિ ઊઠે છે એને અતિક્રમી-છોડીને અંદર નિર્વિકલ્પ વસ્તુ આત્મતત્ત્વ છે, એને જેને વિકલ્પનો સંબંધ નથી. અભેદ ને એકરૂપ વસ્તુ છે જેમાં વિકલ્પ બે-પણું છે નહીં, એવો નિર્વિકલ્પ એક વિજ્ઞાનઘન સ્વભાવરૂપ વિજ્ઞાનઘનસ્વભાવ. આહાહાહા !

પહેલાં તો ઘી એવા હતા પહેલાં, પચાસ વર્ષ પહેલાં શિયાળામાં, એવું ઘી હોય કે એમાં તાવિથો માંડ માંડ પેસે અંદર, આંગળી ઘૂસાડે તો ફાંસ લાગે, ઘીની ફાંસ લાગતી એવાં ઘી હતાં, દગો-દગો નહોતો ને ત્યારે, તો હવે તો દગા ( થઈ ગયા ભેગ થયાં ) એ ઘીની ફાંસ લાગે, ( એવું જામેલું કે ) માગશર મહીનાનું ઘી, અમે તો જોયેલું છે ને, ચેલા-ચોરાસી ગામ છે ને જામનગર પાસે એવુ થીનું ઘી કે આંગળી પેસે નહીં એમાં તાવિથો ( પેસાડે ) તાવિથો પણ માંડ માંડ ખૂંચે એમ આ જેમાં તાવિથો ને આંગળી ન પેસે, એમ એવો ભગવાન વિજ્ઞાનઘન છે એમાં રાગ કે વિકલ્પ પ્રવેશ ન થઈ શકે. આહાહાહા ! આવી વાત છે. આહાહા !

દેહ તો માંસ, હાડકાં-ચામડાં છે પ્રભુ મસાણની રાખ થશે આની તો. આંહી અગ્નિ પડશે ને નીકળશે આંહીથી. હળહળહળ આ તો માટી છે, માટી છે એ આટલી નહીં રહે-મસાણમાં માટી આટલી નહીં રહે થોડી 'ક રહેશે અને એનો પવન આવશે તો ( શ્રોતાઃ- ઈ એ ઊડી જશે. )

'રજકણ, રજકણ તારાં રખડશે ને જેમ રખડતી રેત, પણ પછી નરતન પામીશ ક્યાં...ચેત ચેત નર ચેત' -રજકણ તારાં રખડશે, એ રખડશે રાખ થઈ જશે, જેમ રખડતી રેત-રેતી જેમ રખડે છે. આહાહા ! શું કહેવાય ઈ ? ( શ્રોતાઃ- વંટોળિયો ) વંટોળિયામાં તરણા ઊડે ને એમ ઊડી જઈશ બાપા પછી નરતન પામીશ ક્યાં ? ચેત, ચેત નર ચેત. આહાહા ! પ્રભુ આવા સમયમાં ચેતવાના કાળમાં જો ન ચેત્યો તો પ્રભુ ફરી એવો સમય તને ક્યારે મળશે ? આહાહાહા !

વસ્તુ એવી અંદર છે, ભગવાન આત્મા નિર્વિકલ્પ છે. એકરૂપ છે અને વિજ્ઞાનઘન ઘન પિંડ વિજ્ઞાનનો ઘન, એ સ્વભાવ રૂપ થઈને સાક્ષાત્ સમયસાર થાય છે. ત્યારે સમયસાર આત્માનો અનુભવ થાય છે. વિકલ્પને તોડીને નિર્વિકલ્પદૃષ્ટિ કરવાથી નિર્વિકલ્પનો અનભુવ થાય તો સાક્ષાત્ સમયસાર એટલે 'આત્મા છે' એવો( અનુભવ ) થાય છે. આહાહાહા ! આવી વાત છે ભારે ! સમજાણું કાંઈ ?

સાક્ષાત્ સમયસાર થાય છે, જેવો આત્મા છે તેવો પ્રત્યક્ષ અનુભવમાં આવે છે એમ કહે છે. વિકલ્પને તોડીને. આહાહા !

એ તો સત્તરમી ગાથા, રાજકોટ લખી છે. કે આ વાંચવી એ લોકો સત્તરમી ગાથામાં એવું

છે, સમયસાર કે આ જ્ઞાનની પર્યાય જે છે ને જ્ઞાનની પર્યાય, રાગ નહીં, વિકલ્પ નહિ-જ્ઞાનની પર્યાય જે છે ને વિચાર-પર્યાય એમાં આત્મા જ જાણવામાં આવે છે. અજ્ઞાનીને પણ અનાદિથી જ્ઞાનની પર્યાયમાં આત્મા જ જાણવામાં આવે છે. આહાહા ! પણ એ તરફ નજર નહીં, નજરું રાગ ને પર્યાય ઉપર નજર પડી હોવાથી, પર્યાયમાં જણાનારો આત્મા જણાય જ એવો સ્વભાવ ભગવાન કહે છે. તારી જ્ઞાનની પર્યાયમાં, પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી, તારી પર્યાય સ્વને જાણે છે, અંદર દ્રવ્યને જાણે છે. આહાહા ! પણ તારી નજર ત્યાં નથી. સમજાણું કાંઈ ? ઈ સત્તરમી ગાથા, રાજકોટમાં લખી છે ન્યાં શરૂ કરવાની છે. આહાહા !

આ ભગવાન આત્મા...એની જે વિચારધારા છે જ્ઞાનપર્યાય ' પર્યાય જ્ઞાન છે ને પર્યાયમાં જ્ઞાન છે-અવસ્થામાં જ્ઞાન છે ને એ જ્ઞાનમાં, આત્મા ત્રિકાળી જણાય છે, એમ ભગવાન કહે છે. એ પર્યાયનો સ્વભાવ જ્ઞાનનો સ્વપરપ્રકાશક છે તો સ્વને જાણે જ છે. આહાહાહા ! પણ,એ જાણે છે પર્યાયમાં, જ્ઞાયકદ્રવ્ય, પણ પર્યાય ઉપર લક્ષ હોવાથી દ્રવ્યનું લક્ષ કર્યું નહીં-જાણવામાં આવે છે એને જાણ્યો નહિ. આહાહા ! સમજાણું કાંઈ ? આવી વાત છે પ્રભુ, વીતરાગ મારગ આહાહા ! એ સિવાય ક્યાંય છે નહીં, જિનેશ્વર પરમાત્મા સિવાય, ક્યાંય મારગ છે નહીં.

આંહી કહે છે કે એવો વીતરાગ તારી પર્યાયમાં, કેમ કે પર્યાય જ્ઞાનપર્યાય છે, તો જ્ઞાનપર્યાયનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક છે, સ્વ પ્રકાશે છે જ, પર્યાયમાં દ્રવ્ય અખંડ નિર્વિકલ્પ છે એનું જ્ઞાન થાય જ છે, પણ તારી નજર ત્યાં નથી. નજરું રાગ અને પર્યાય ઉપર હોવાથી...પર્યાયમાં ભગવાન દેખાય છે-જણાય છે તો પણ દેખી શકતો નથી. આહાહા ! સત્તરમી ગાથામાં એમ કહે છે, પરમાત્મા જિનેશ્વરદેવ વીતરાગ ભગવાન એમ કહે છે પ્રભુ, તારી વર્તમાન પર્યાય ભલે અજ્ઞાન હો, પણ એ પર્યાયમાં તારી ચીજ સ્વ એ જાણવામાં આવે છે. તારી પર્યાયનો સ્વભાવ એવો છે કે સ્વને જાણે. પણ જાણે છતાં તારી નજર ત્યાં નથી, તારી નજર પર્યાય ને રાગ ઉપર હોવાથી પર્યાયમાં જણાતો હોવા છતાં પણ ન જાણ્યો. આહાહાહા ! સમજાણું કાંઈ ? હવે આવી વાત છે. એમાં જુવાન માણસ હોય ને બે પાંચ-પચ્ચીસ લાખ હોય તો જુઓ. હું 'પહોળો ને શેરી સાંકડી' થઈ ગઈ. આહાહાહા !

પ્રભુ, તું ક્યાં છો ? અંદરમાં છો તું નિર્વિકલ્પ વિજ્ઞાનઘન છો નાથ. આહાહા ! તારામાં હું નિશ્ચયથી અબદ્ધ છું એવો વિકલ્પેય નથી પ્રભુ તારામાં. આહાહા ! સત્તની પરાકાષ્ટા પ્રભુની 'આ' છે. અરે સાંભળવા ય મળે નહીં. આહાહા ! એ કે દિ' સમજે, એ ક્યારે સમજે ને ક્યારે અંતરમાં જાય ? આહાહા ! છે ? ( વિજ્ઞાનઘનસ્વભાવરૂપ ) થઈને સાક્ષાત્ સમયસાર થાય છે. ત્યારે એને અંતરમાં આનંદનો અનુભવ થાય છે. ઈ તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ છે. તો વિકલ્પને છોડીને અંદરમાં તું જા, તો તને આનંદનો-અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે તને. જે અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ સડેલાં-મીંદડાં ને સડેલા કૂતરાં હોય એવા ઈન્દ્રના ઈન્દ્રાસન ને ઈન્દ્રાણીનાં સુખ સડેલાં મીંદડાં ને સડેલા કૂતરાં જેવાં લાગે તને. આહાહા ! એવો આત્માના સમ્યગ્દર્શનમાં આત્માનો સ્વાદ આવે છે, એ સ્વાદ આગળ તને બધી ચીજો કૂતરાં ને મીંદડાં જેમ સડે મરીને એવાં ઈન્દ્રના ઈન્દ્રાસનના અને ઈન્દ્રાણીનાં સુખ, એ સડેલાં કૂતરાં ને મીંદડાં જેવાં લાગશે તને. આહાહાહા !

આવો મારગ છે બાપા, બહુ ઝીણો અત્યારે તો ચાલતો નથી, અત્યારે તો બધું આમ વ્યવહાર કરો, આ કરો ને આ કરો ને આ કરો, ધર્મનો પ્રચાર કરો, હજી તને ખબર નથી ધર્મ શું ને ધર્મનો પ્રચાર ક્યાંથી કરતો'તો ? આહાહા ! પ્રચાર તો તારામાં થાય કે બહારમાં થશે ? આહાહા ! લોકોને બહારની હો'હા એવી રૂચે કે અંદરમાં આ શું ચીજ છે ? ( શ્રોતાઃ- બહારમેં બોજા કમ પડતા હૈ. ) બહારમાં બોજો ઓછો પડે છે ? બહારમાં બોજા વધે છે. આહાહા ! એમ કે 'આ' બોજો લાગે ને આકરી વાત લાગે ને ઓલું હળવું લાગે. ( શ્રોતાઃ- એ તો સ્થૂળ વાત હોય ને ! )

આંહી તો કહ્યું કે પ્રભુ તું એકરૂપ છો વિજ્ઞાનઘન છો, અબદ્ધ છો-મુક્ત છો, સ્વરૂપ તો મુક્ત જ છે, અબદ્ધ કહો કે મુક્ત કહો પણ મુક્ત છે એવો જે વિકલ્પ ઊઠાવે છે રાગ, એનાથી તને મુક્તનો લાભ નહીં થાય. આહાહા ! કાલ આવ્યું'તું પ્રવચનમાં શુભઉપયોગ, દેવ ગુરુ જતિ ને એની પ્રતિમા એની પૂજા ભક્તિ વિનય, એ બધો શુભઉપયોગ છે એ આત્માનો સ્વભાવ નહિ. આહાહા !

ત્યાં વિશેષ સમજાવવામાં આવે છે કે 'જીવમાં કર્મ બદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે, 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં-બદ્ધ છે એવો વિકલ્પ કરે છે તો અબદ્ધ છે એવા વિકલ્પને તજે છે. ( છતાં ) વિકલ્પને અતિક્રમતો નથી-એક પક્ષના વિકલ્પનું અતિક્રમણ કરતો હોવા છતાં 'વિકલ્પ'નું અતિક્રમણ કરતો નથી. એ 'બદ્ધ' છે એવા વિકલ્પમાં આવ્યો એ 'અબદ્ધ'ના વિકલ્પને છોડે છે પણ 'વિકલ્પ'ને છોડતો નથી ઈ, અબદ્ધનો વિકલ્પ છોડે છે ( પરંતુ ) વિકલ્પનું અતિક્રમણ કરતો નથી. શું કહ્યું સમજણમાં આવ્યું ? કે હું કર્મ બદ્ધ છું એવો વિકલ્પ કરે છે, હું કર્મબંધનરહિત છું એવા વિકલ્પને તજે છે ( છતાં ) એ ( એવા ) વિકલ્પને છોડતો હોવા છતાં વિકલ્પને છોડતો નથી. સમજણમાં આવ્યું ?આહાહા ! ત્યાં આવું કાંઈ નૈરોબીમાં મળે તેવું નથી રાયચંદભાઈ ? ( શ્રોતાઃ- માટે તો આપને ત્યાં તેડી જાય છે. ) ( અન્યશ્રોતાઃ- આંહી જેવો એક શબ્દ પણ ક્યાંય મળે એમ નથી. ) મળે એમ નથી. આહાહાહા !

બે લાખ આપ્યા છે એમણે ત્યાં, આફ્રિકામાં મંદિર બને છે ને જેઠ સુદ અગિયારસે, બે લાખ એમણે આપ્યાં, બે લાખ બે હજાર ઉપરાંત એક લાખ અગિયાર હજાર તીર્થ ફંડમાં આપ્યાં, ત્રણ લાખ આપ્યાં. પણ વાત ઈ ( એમાં ) રાગની મંદતા હોય તો પુણ્ય છે ધર્મ નથી. ( શ્રોતાઃ- એક તો રૂપિયા ય જાય ને ધરમ થાય નહીં ! ) રૂપિયા પણ ક્યાં એના હતા ? રૂપિયા તો જડ છે. શેઠ ! તમારી દલીલ કરે છે. એક તો પૈસા ય જાય ને વળી પુણ્યબંધન થાય. ( ધર્મ ન થાય ! ) ( શ્રોતાઃ- પુણ્ય ભલે થાય ત્યારે ) એ તો અજીવ તત્ત્વ છે, અજીવતત્ત્વ, જીવતત્ત્વનું- આત્માનું થાય છે ? આંહી તો વિકલ્પ-પુણ્ય તત્ત્વ એ પણ જીવતત્ત્વનું નથી થતું-હું અબદ્ધ છું એવો વિકલ્પ તે પુણ્યતત્ત્વ છે, શુભરાગ છે એ પણ આત્માનો નહિ. આહાહાહા !

આહાહા ! મારગ બાપુ પરમેશ્વરનો વીતરાગનો કોઈ અલૌકિક છે અને એ વીતરાગ પરમેશ્વર સિવાય બીજે ક્યાંય છે નહીં જૈન પરમાત્મા સિવાય આ મારગ ક્યાંય નથી. બધે કલ્પિત કહ્યો છે બધાએ-કોઈ ઈશ્વર કર્તા ને કોઈ આ કર્તા ને-કોઈ ક્ષેત્રપાલને કોઈ દેવી-દેવલા ને કોઈ હનુમાનને ફલાણાને માનો ને ભ્રમણા બધી ભ્રમણા. આહાહા !

આંહી તો પરમાત્મા-આત્મસ્વરૂપે પરમસ્વરૂપ વિજ્ઞાનઘન એનો 'હું આવો છું' એવો

વિકલ્પ છોડે છે, તો વિજ્ઞાનઘનને પ્રાપ્ત કરે છે, બાકી કહે છે કે કર્મ બદ્ધ છે એવો વિકલ્પ કરે છે, 'કર્મબદ્ધ નહીં' એ વિકલ્પને છોડે છે પણ 'આ વિકલ્પને' છોડતો નથી, એક વાત. છે ?

'જે જીવમાં કર્મ અબદ્ધ છે' બીજી ( વાત ) 'કર્મ જીવમાં અબદ્ધ છે' એવો વિકલ્પ કરે છે–રાગ કરે છે, તે પણ 'જીવમાં કર્મ બદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં–'જીવમાં કર્મ બદ્ધ છે' એને તો છોડે છે–કર્મનો સંબંધ છે એવા વિકલ્પને છોડે છે પણ અબદ્ધ છે એ વિકલ્પને અતિક્રમતો નથી ( એટલે કે ) વિકલ્પને છોડતો નથી. આહાહા ! આવી વાતું હવે, સાંભળવા મળે નહિ. આહાહા !

છે ? હું અબદ્ધ છું–એવો વિકલ્પ આવે છે તો 'કર્મનો બંધ છે' એવો વિકલ્પ એણે છોડયો પણ અબદ્ધ છું એવો વિકલ્પ છોડતો નથી. સમજાણું કાંઈ ? એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં, વિકલ્પને અતિક્રમતો નથી. આહાહા ! 'જીવમાં કર્મ બદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમ્યો હોવા છતાં, વિકલ્પને અતિક્રમતો નથી.

વળી જે 'જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે' એમ વિકલ્પ કરે છે તે, તે બન્ને પક્ષને અતિક્રમતો થકો, વિકલ્પને અતિક્રમતો નથી. આહાહા ! બદ્ધ છું ને 'બદ્ધ નથી' –એવો એક વિકલ્પ છે એ. સમજાણું ? 'જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે'–એવા બન્ને પક્ષનું અતિક્રમણ કરતો હોવા છતાં...વિકલ્પનું અતિક્રમણ નથી કરતો, બદ્ધ નથી અબદ્ધ નથી એવો વિકલ્પ કરે છે પણ વિકલ્પ છોડતો નથી. આહાહા ! સમજાણું કાંઈ ? પાઠમાં બે અર્થ કહ્યા છે, ટીકામાં ત્રણ લીધા. બદ્ધનો વિકલ્પ છોડે પણ બીજો અબદ્ધનો નથી છોડતો, અબદ્ધનો છોડે છે તે છોડતો નથી ને બદ્ધનો, બદ્ધનો ને અબદ્ધનો બન્નેનો વિકલ્પ કરે છે, છતાં એ વિકલ્પને છોડતો નથી. આહાહા ! એવી વાત છે.

તેથી જે સમસ્ત નયપક્ષને અતિક્રમે છે આહાહા ! તે જ સમસ્ત વિકલ્પનું અતિક્રમણ કરે જે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે, જે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે તે જ સમયસારને પ્રાપ્ત કરે છે. આહાહા ! હું અબદ્ધ છું એવા વિકલ્પને છોડે છે. તે આત્માને પ્રાપ્ત કરે છે, તેને સમ્યગ્દર્શન થાય છે, બીજાને સમ્યગ્દર્શન થતું નથી. વિશેષ કહેશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ ! )

## પ્રવચન નં. ૨૨૦ ગાથા-૧૪૨ તથા શ્લોક-૬૯

**સોમવાર, વૈશાખ સુદ-૧૧, તા. ૦૭/૫/'૭૯**

૧૪૨ ગાથા, માથે આવ્યું છે ૧૪૧ ગાથામાં કે જીવને કર્મનો સંબંધ છે, બંધ છે. એ પણ એક વ્યવહાર પક્ષ છે અને કર્મ બંધ નથી એવો એક નિશ્ચયનયનો પક્ષ છે.

અહીંયા હવે કહે છે, પણ તેથી શું ? અહીં સુધી આવ્યા તેથી શું ? પરનું તો કરી શકતો નથી કાંઈ, પરથી તારામાં કાંઈ થતું નથી. એ ઉપરાંત અહીંયા તો પોતાની સ્થિતિ છે પર્યાયમાં, બંધ, કર્મના બંધનો સંબંધ છે એ વ્યવહાર છે–અહીં એ વ્યવહારનો પક્ષ તો નિષેધ કરતા આવ્યા છીએ છતાં અહીંયા અબદ્ધ છે, આત્મા અબદ્ધ છે એવો જે વિકલ્પ છે, તેથી શું ? તેથી આત્માનું કાર્ય શું સિધ્ધ થયું એમ કહે છે. આહાહાહા ! આ તો પરના કરી દે કામ ત્યારે કામ થાય. અહીંયા

તો કહે છે તારામાં અબદ્ધ છું, શુધ્ધ છું, એક છું. અખંડ એવો તને વિકલ્પ આવ્યો, એ વિકલ્પ આવ્યો, પક્ષ આવ્યો હજી, એ પક્ષ આવ્યો એનાથી તને લાભ શું થયો. આહાહાહા ! આવી વાત છે. તેથી શું ?

જે આત્મા તે બંને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે. ઠીક! ચોથે ગુણસ્થાને સમયસાર છે.

कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं।
पक्खादिक्कंतो पुण भण्णदि जो सो समयसारो।।१४२।।

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.

ટીકા :- 'જીવમાં કર્મ બદ્ધ છે' વ્યવહાર સંબંધ છે એવો જે વિકલ્પ તથા 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવો જે વિકલ્પ, રાગ તે બન્ને નયપક્ષ છે, બેય નયનો પક્ષ છે નયનું નિશ્ચય સ્વરૂપ નથી, પક્ષ છે એમ કીધું. જે તે નયપક્ષને અતિક્રમે છે અબદ્ધ છું કે બદ્ધ છું એ તો જાણે વ્યવહારનો નિષેધ કરતાં આવ્યા છીએ, અબદ્ધ છું એવો જે વિકલ્પ છે એને જે ઓળંગી જાય છે, છોડે છે, તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો બધાં વિકલ્પને છોડતો થકો, પોતે નિર્વિકલ્પ, અનુભવમાં નિર્વિકલ્પ અભેદ એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને, વિજ્ઞાનઘન સ્વભાવ થઈ સાક્ષાત્ સમયસાર થાય છે,

આવી વાત છે, હજી લોકોને બહારથી કાંઈક વ્યવહારથી આ કરીએ ને દયા પાળીએ ને આ કરીએ ને વ્રત કરીએ ને ભક્તિ કરીએ ને તપસ્યા કરીએ. ( શ્રોતાઃ- પણ નિશ્ચય વિનાનો વ્યવહાર ક્યાંથી આવ્યો ) પણ વ્યવહારેય ક્યાં છે ? વ્યવહાર ઈ ક્યાં છે. વ્યવહાર આ છે કે બદ્ધ છે, અબદ્ધ છે. એવો વિકલ્પ છે એ વ્યવહાર છે. ઓલો તો વ્યવહારેય ક્યાં છે ? આ પણ વ્યવહાર નિશ્ચય કરે તો થાય નિર્વિકલ્પ એક, એક શબ્દ છે. અબદ્ધ છું એવો પણ વિકલ્પ છે એ બીજા પણું છે. એનાથી રહિત નિર્વિકલ્પ એક વિજ્ઞાનધન સ્વભાવ રૂપ થઈને, આહાહા... છેલ્લામાં છેલ્લો સાર છે. સાક્ષાત સમયસાર થાય છે. ત્યારે તે સમયસાર નિર્વિકલ્પ વેદન થાય વિકલ્પ વિનાનો ત્યારે તે સમયસાર છે અને જેવો છે તેવો અનુભવાયો – આહાહાહા ! અહીં સુધી છે. હજી ઓલા તો કહે વ્યવહારથી નિશ્ચય થાય ને આનાથી આ થાય. અહીં તો કહે કે નિશ્ચયનો વિકલ્પ છે સ્વની અપેક્ષાનો જે વિકલ્પ છે નિશ્ચયનો એય નહીં. બીજા વિકલ્પ દયા દાનના તો બહારની અપેક્ષાની-પર દીશાના આ તો સ્વ તરફના હું અબદ્ધ છું – એ તો સ્વ તરફનો ( વિકલ્પ ) છે. આહાહા ! એવો જે વિકલ્પ છે તેને જે છોડે છે તે નિર્વિકલ્પ વિજ્ઞાનઘન સ્વભાવ થઈને સાક્ષાત સમયસાર છે.

ત્યાં ( વિશેષ સમજાવવામાં આવે છે કે ) -જે 'જીવમાં કર્મ બદ્ધ છે' એમ વિકલ્પ કરે છે કર્મનો સંબંધ છે જીવને, સર્વ સંબંધ નિષેધ કર્યા છે છતાં સંબંધ છે વ્યવહારથી એવો કોઈ વિકલ્પ એટલે રાગ કરે છે તે જીવમાં કર્મ અબદ્ધ છે એવા એક પક્ષને છોડતો હોવા છતાં, એ અબદ્ધને લક્ષમાંથી છોડે છે. બદ્ધને લક્ષમાં લે છે. આહાહાહા ! જીવમાં કર્મ અબદ્ધ છે એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને છોડતો નથી. હુ અબદ્ધ છું, હું બદ્ધ છું એને અબદ્ધ સ્વભાવનો

વિકલ્પ છોડયો. પણ બદ્ધ છું એવા વિકલ્પમાં રહ્યો. આવું આકરું કામ બહુ. અને જે જીવમાં કર્મ અબદ્ધ છે. કર્મ અને આત્મા વચ્ચે તો અત્યંત અભાવ છે, તેથી ભગવાન આત્મા તો અબદ્ધ છે એમ વિકલ્પ કરે છે તે પણ જીવમાં કર્મ બદ્ધ છે એવા એક પક્ષને છોડતો હોવા છતાં, વ્યવહારને એણે છોડયો, પણ આ નિશ્ચયનો પક્ષ છોડયો નહીં. અબદ્ધ છે એ નિશ્ચયનો પક્ષ છે પક્ષ હોં. આહાહા ! આકરું કામ ગાથા એવી છે જરી જીવમાં કર્મ અબદ્ધ છે એમ વિકલ્પ કરે છે, તે પણ જીવમાં કર્મ બદ્ધ છે એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં 'બદ્ધ છે' એને છોડે છે ભલે છતાં વિકલ્પને છોડતો નથી. અબદ્ધ છું અબદ્ધ છું મુક્ત છું મુક્ત છું, એવી વૃત્તિ અંદરમાં સ્વને આશ્રયે સ્વને લક્ષે, એટલે કે 'આ અબદ્ધ છે' તેના લક્ષે, એવો વિકલ્પ કરે છે. આહાહાહા ! પણ તો એ રાગ છે એ બંધનનું કારણ છે, ત્યાં સુધી આત્માનો પત્તો, એને ન ખાધો. આહાહાહા !

વળી જે 'જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે' -એ વિશેષ નાખ્યું છે' ગાથા કર્તાએ, એમ વિકલ્પ કરે છે તે બન્ને પક્ષને નહિ અતિક્રમતો થકો-બેય પક્ષને છોડતો નથી, તેથી ( તેપણ ) વિકલ્પને અતિક્રમતો નથી-બે પક્ષ લીધા. પેલા બદ્ધ લીધો પછી અબદ્ધ લીધો અને આંહી ( હવે ) બદ્ધ ને અબદ્ધ બેય છે-એ પણ એક વિકલ્પ છે. આહાહા ! વિકલ્પને અતિક્રમતો નથી તેથી જે સમસ્ત નયપક્ષને અતિક્રમે છે તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે, ઈ અબદ્ધનોય વિકલ્પ છોડી દે અબદ્ધ છું એટલે કે મુક્ત છું- અબદ્ધનો અર્થ મુક્ત છું...મુક્ત છું એવો એક વિકલ્પવૃત્તિ, એનો પક્ષ છે, પક્ષાતિક્રાન્ત થયો નથી, એ પક્ષ છે એને છોડી દે. આહાહાહા !

છે ? તે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે. જે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે તે જ સમયસારને પ્રાપ્ત કરે છે. આહાહા ! -સૂક્ષ્મ જ્ઞાનનો ઉપયોગ થઈ ને વિકલ્પ છે એ સ્થૂળ ઉપયોગ છે. એ સ્થૂળ ઉપયોગ વડે, સૂક્ષ્મ વસ્તુ આત્મા અનુભવમાં ન આવે. આહા ! સૂક્ષ્મ ઉપયોગ કરે, કે જે વડે એ જણાય-એ વડે જણાય એનું નામ સમયસાર ( છે. ) તે સમયસારને પ્રાપ્ત કરે છે એટલે અનુભવે છે. એટલે ? અબદ્ધસ્વરૂપ છું, મુક્તસ્વરૂપ છું તે આંગણે આવીને વિકલ્પ આવ્યો કે આ આ આ મુક્તસ્વરૂપ છે, કેમકે વસ્તુ છે વસ્તુ છે એ બદ્ધ ન હોય, આવરણ ન હોય વસ્તુને પરની હારે સંબંધ ન હોય. એ પર્યાયને પર હારે નિમિત્ત-નિમિત્તિ સંબંધ છે. વસ્તુ છે એ સંબંધ વિનાની છે. એવો પણ એક વિકલ્પ ઊઠયો એને છોડે આહાહાહા..... આવી વાતું હવે.

( શ્રોતાઃ- વિકલ્પ છોડે તે શૂન્ય ન થઈ જાય ? ) શૂન્ય થઈ જાય ને...વિકલ્પથી. વિકલ્પથી શૂન્ય સ્વભાવથી ભરેલો. આહાહા ! કેમ કે અસ્તિ તત્ત્વ છે ને મોજૂદગી તત્ત્વ વસ્તુ છે ને- વસ્તુ છે તો તે કંઈ ખાલી નથી. એની શક્તિઓના ગુણથી ખાલી નથી. એવી અનંત શક્તિઓનો સંગ્રહ છે એનું એકરૂપ દ્રવ્ય છે. એને વિકલ્પ...અબદ્ધ છું, એવો પણ વિકલ્પના પક્ષમાં ઊભો રહે, ત્યાં સુધી અનુભવ એને સમયનો આત્માનો ન થાય. આહાહા ! વિકલ્પથી શૂન્ય થાય ત્યારે આ હાથ આવે. ઓલા એમ કહે છે કે શૂન્ય થઈ જાવ શૂન્ય થઈ જાવ, એ એમ નહીં વિકલ્પથી શૂન્ય થઈ જાવ. ( શ્રોતાઃ- એ તો પણ આત્માનો આશ્રય નિર્વિકલ્પ કરે ત્યારે થાય ) ઓલા કહે છે ને રજનીશને કે શૂન્ય થઈ જાવ, શૂન્ય થઈ જાય તો શૂન્ય થાય તો અસ્તિ છે કે નહીં કોઈ ચીજ ? છે તો વિકલ્પથી શૂન્ય થાય, પણ વસ્તુથી તો વસ્તુનો અનુભવ થાય. આહા...હા...હા ! ઝીણી બહુ.

ભાવાર્થ :- જીવ કર્મથી બંધાયેલો છે તથા નથી બંધાયેલો-એ બન્ને નયનો પક્ષ છે. બંને જ્ઞાનના અંશનો પક્ષ છે. તેમાંથી કોઈએ બંધપક્ષ પકડયો વ્યવહાર-તેણે વિકલ્પ જ ગ્રહણ કર્યો-કોઈએ અબંધપક્ષ પકડયો, તેણે પણ વિકલ્પ જ ગ્રહણ કર્યો. આહાહા ! અને કોઈએ બન્ને પક્ષ પકડયા, તેણે પણ પક્ષરૂપ વિકલ્પનું જ ગ્રહણ કર્યું. આહાહા ! એમ કે બેય માનવું જોઈએ અનેકાન્ત છે. બદ્ધ પણ છે ને અબદ્ધ પણ છે. અનેકાન્ત અમે માનીએ, નહિ તો એકાંત થઈ જશે. એમ કરીને એ બેયના પક્ષનો વિકલ્પ કરે છે. વિકલ્પ કરે છે, બાકી નિશ્ચય તો નિર્વિકલ્પ અબદ્ધ જ છે નિશ્ચયથી તો નિર્વિકલ્પ અબદ્ધ જ છે.પણ અબદ્ધનો વિકલ્પ અને બદ્ધનો વિકલ્પ એ અનેકાંત છે એમ જે માને ને બેને અમે માન્યું માટે અનેકાન્ત, એ અનેકાન્ત નથી. મિથ્યા અનેકાન્ત છે.

સમ્યક્ એકાંત-વિકલ્પ વિનાની ચીજ છું, અબદ્ધ સ્વરૂપનો અનુભવ, તે સમ્યક્ એકાંત છે. અને સમ્યક્ એકાંત થયું, એ પછી પર્યાયનું જ્ઞાન કરે એને વ્યવહાર અને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. પણ આ સમ્યક્ દ્રવ્ય તરફના વલણવાળું જ્ઞાન થાય એ જ્ઞાન પર્યાયને જાણે પછી, એ વ્યવહાર થયો એ અનેકાન્ત થયું. એક આ અને એક આ બે અનેકાન્ત. આહાહા ! આવી વાતું છે.

કોઈએ બન્ને પક્ષ પકડયા, તેણે પણ પક્ષરૂપ વિકલ્પનું જ ગ્રહણ કર્યું પરંતુ એવા વિકલ્પોને છોડી, આહાહા ! આખો સંસાર, પર તરફના લક્ષવાળો વિકલ્પ એ પણ સંસાર છે, જે વિકલ્પની દશા ખરેખર તો ઈ મનના સંગની-પર તરફની છે. એ સ્વરૂપ નથી. આહાહા ! એ બન્ને પક્ષને છોડી, જે કોઈ પણ પક્ષ ન પકડે, તે જ શુદ્ધ પદાર્થનું સ્વરૂપ જાણી શુદ્ધ પદાર્થનું સ્વરૂપ 'જાણી', તે-રૂપ સમયસારને એટલે શુદ્ધાત્માને પામે છે. તે અંદર સમ્યગ્દર્શનમાં શુદ્ધાત્માને પામે છે. આહાહા !

આંહીથી પહેલું આવ્યું'તું ને. તેથી શું ? આંહી સુધી આવ્યો તેથી શું ? આહાહાહા ! વ્રત ને પૂજા ને ભક્તિ ને નિયમ ને પંચકલ્યાણક ને ધમાધમ, ઓહોહો ! એમાં તો એ એકદમ રાજી-રાજી થઈ જાય છે આપણે કાંઈક ધરમ કર્યો. એ તો ક્યાં'ય રહી ગ્યું પણ અંતરમાં સ્વ તરફના વલણવાળો વિકલ્પ જે રાગ એ પણ બંધનું કારણ છે. અહીં કર્તા કર્મમાં એ વિકલ્પ તેનો કર્તા, વિકલ્પ તેનું કર્મ એ તો મિથ્યાત્વ ભાવ છે. આહાહાહા ! નિર્વિકલ્પ ચીજ જે અંદર છે એનો અનુભવ દૃષ્ટિ લઈને કરવો તે જ એક સમયસાર ને આત્મા છે. આહાહા !

નયપક્ષ પકડવો તે રાગ છે, જોયું ? ચાહે તો નિશ્ચયનયનો હો, પણ એ નય ઉપર લક્ષ રાખવું તે રાગ છે, આંહી રાગવાળી નય લીધી છે. આમ 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો, પ્રાપ્તિ કરે નિર્વાણની' -એ ( જે કહ્યું ) એ વિકલ્પ નહીં ત્યાં, ત્યાં એમ છે, આંહી તો વિકલ્પનો પક્ષ લીધો છે. અને બાકી તો 'શુદ્ધનય' અને આમેય આવ્યું છે ને...વિદ્વતજનો ભૂતાર્થ તજી, વ્યવહારનું વર્તન કરે ત્યાં ભૂતાર્થનો આશ્રય કરે તો કલ્યાણ થાય એમ આવ્યું એમાં વિકલ્પ નહીં. વિદ્વતજનો-વિદ્વાનો ભણી-ભણીને વ્યવહાર કાઢે એમાંથી, લખાણ વ્યવહારનાં ઘણાં, ભણનારાં આગમના અભ્યાસીઓ, ઈ એમાંથી વ્યવહાર કાઢે, પણ ભૂતાર્થને છોડે એમ કહે. આહાહા ! વિદ્વતજનો ભૂતાર્થ તજી-ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ, પૂર્ણાનંદ પ્રભુ તેનો આશ્રય છોડી અને વ્યવહારમાં

વર્તન કરે, એને મુક્તિ નથી. આહાહા ! ( શ્રોતાઃ– અનુભવ પેલા કોઈ સાધન હોય કે નહીં ? ) કાંઈ સાધન બાધન નથી. તદ્દ્ન નિરપેક્ષ છે. આહાહા ! વિકલ્પ જે અબદ્ધનો આવ્યો તેય સાધન નથી પછી પ્રશ્ન ( શું ? ) હેં ? આહાહા ! આ સાધન કહ્યું ને પ્રજ્ઞાછીણી.

જ્ઞાનની જે પર્યાય, પર તરફ જે વળેલી છે તે જ્ઞાનને અંતરમાં વાળવું, વિકલ્પ વિના એ સાધન છે. આહાહાહા ! આકરું કામ છે. પહોંચી ન શકે માટે એને કાંઈ ઢીલું કરી શકાય છે ? આહાહા ! સોનાનો ભાવ જે હોય, એ ભાવે ન સોનું લઈ શકે તો એને કાંઈ લોઢાના ભાવે એને કહેવાય ? કે આ લોઢાનો ભાવ આ છે માટે સોનાનો ( એ ભાવ ) ગણી કાઢો. આહાહા !

એમ આત્મા વીતરાગ મૂર્તિ પ્રભુ એને વીતરાગભાવે જ એનો અનુભવ થાય, એના સ્વભાવનું સાધન એ છે. 'અલિંગગ્રહણ'માં આવ્યું છે ને. છઠ્ઠો બોલ 'પોતાના સ્વભાવથી જ જાણવામાં આવે એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે' ત્યાં સાધન–ફાધન કાંઈ કહ્યું નથી. 'અલિંગગ્રહણ', વીસ બોલ, એનો છઠ્ઠો બોલ છે. 'પોતાના સ્વભાવથી જ જાણવામાં આવે–સ્વભાવથી જાણવામાં આવે એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે',–એવું એનું સ્વરૂપ જ એવું છે. આહાહા ! તેથી લોકોને એકાંત લાગે છે ને ?

તેથી સમસ્ત નયપક્ષને છોડવાથી વીતરાગ સમયસાર થવાય છે, જોયું ? એ ચોથે ગુણસ્થાને વીતરાગ સમયસાર થાય છે. આહા ! કેટલાક વળી કહે કે સરાગસમકિત છે ચોથે ઈ તો ઓલો ચારિત્રનો દોષ છે એમ કરીને ગણ્યું છે, ચોથું ગુણસ્થાન સમ્યગ્દર્શન એ વીતરાગ છે, કેમકે પોતે જિનસ્વરૂપ–વીતરાગ છે, અને એનું અવલંબન લઈને વિકલ્પ તોડીને એનો અનુભવ કર્યો એ સમ્યગ્દર્શન વીતરાગ છે. વસ્તુ વીતરાગ સમ્યગ્દર્શન પર્યાય વીતરાગ, સમ્યગ્જ્ઞાન પર્યાય વીતરાગ, અને સ્વરૂપનું આચરણની એકાગ્રતાનો અંશ એય વીતરાગ. આહાહાહા !

આવું છે, જગતને ક્યાં પડી ? જિંદગીયું હાલી જાય છે, આ તત્ત્વ અંદર એવું છે નિર્મળાનંદ પ્રભુ, 'ઘટ ઘટ અંતર જિન વસે,અને ઘટ ઘટ અંતર જૈન' –એમ કેમ કહ્યું ? કે એ જૈનપણું કાંઈ બહારની ક્રિયાના ત્યાગમાં છે એવું કાંઈ નથી. આહાહા ! બહારમાં ત્યાગી થાય તો એ જૈન છે, એમ નથી. ઘટમાં જૈનપણું વસે છે. એટલે કે એ વિકલ્પના ત્યાગમાં, સ્વભાવની દૃષ્ટિમાં જૈનપણું વસે છે. આહાહાહા ! બે શબ્દ લીધા છે ને ? ઘટ ઘટ અંતર 'જિન વસે' ને 'ઘટ ઘટ અંતર જૈન' –જૈન ઘટમાં વસે છે, એનો અર્થ શું થયો ? કે આ બહારનો ત્યાગ કરે ને બાયડી–છોકરાં છોડે ને દુકાન–ધંધા છોડે તો એ જૈન છે. ( એમ નથી ) આહાહા !

અંતર્ દૃષ્ટિમાંથી રાગની એકતા તોડી છે અને સ્વભાવની એકતા થઈ છે તે જૈન, જિનનો જૈન થયો. જિનસ્વરૂપ જે હતું ત્રિકાળી, એમાં એકાગ્ર થયો–રાગની એકાગ્રતા તોડી, એ ઘટઘટ અંતર જૈન વસે. આહાહાહા ! જૈનપણું આ બહાર ત્યાગ કરે ને...આ પૂજા બહુ કરે ને ભગવાનની–ચાર ચાર કલાક, પાંચ–પાંચ કલાક પૂજા કરે, ને આરતી ઊતારે ને બહુ માટે એ જૈનપણું છે એ જૈનપણું છે એમ નથી કહે છે, જૈનપણું ઘટમાં છે–આહાહાહા !

જ્યાં જિનસ્વરૂપી પ્રભુ છે, તેમાં એકાગ્રતા તે જૈન છે. બહારમાં તો ચક્રવર્તીનું રાજ પણ હોય, ઈન્દ્રના ભોગ હોય, કરોડો અપ્સરાયું હોય, પણ જૈનપણું એ કાંઈ એને લઈને નથી. અંતર્માં જિનસ્વરૂપી પ્રભુ એને વિકલ્પ રહિત, રાગ રહિત અનુભવવો એ જિનનું જૈનપણું છે–જિન એવો જે ભગવાન આત્મા, એની પર્યાયમાં જૈનપણું 'આ' છે. આહાહા !

( શ્રોતાઃ- મહાવ્રત જૈનમાં જ હોય છે. ) મહાવ્રત-ફાવ્રતની આંહી વાત જ નથી...મહાવ્રતે ય રાગ છે. આહાહા ! આંહી તો બીજો શબ્દ કહેવો 'તો આ તો થોડા માણસ છે ને 'ઘટ ઘટ અંતર જૈન વસે' ઈ શું એમ. 'ઘટ ઘટ અંતર જિન વસે' ઈ તો ઠીક, ઈ તો વસ્તુ પણ 'ઘટ ઘટ અંતર જૈન વસે 'ઈ એ શું ?'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન' 'મત્ત મદિરાકે પાનસોં મતવાલા સમઝે ન.' -પોતાના મતમાં ( હઠાગ્રહથી માને કે ) લ્યો, આણે બાયડી છોડીને આણે છોકરાં છોડયાં ને રાજ છોડયાં ફલાણું ફલાણું છે માટે એ ધર્મી નથી. આહાહા !

જૈનપણું ઘટમાં છે. રમણિકભાઈ ? આહાહા ! જેમ જિનપણું એ વસ્તુનું સ્વરૂપ જ 'જિન' છે, વીતરાગી અકષાયી મૂર્તિ પ્રભુ છે, એ પણ ઘટમાં, અને તેની એકાગ્રતા ( થવી ) વિકલ્પ તોડીને એ પણ ઘટમાં, બહારમાં સાધન જોવા જાય તો હજારો રાણીઓ. મોટાં મકાનો. ચક્રવર્તી જેવાને તો બત્રીસ કવળનો આહાર જેનો એક કવળ છન્નું કરોડ પાયદળ પણ પચાવી શકે નહીં. છતાં તે જૈન છે. આહાહાહા ! અને બહારના ત્યાગી છે, બધું છે મહાવ્રત પાળે છે, વસ્ત્રનો ટુકડોય નથી જોડે, પણ અંદરમાં એ રાગની ક્રિયા છે તે હું છું તે ધરમ છે, એ અજૈન છે. એ ઘટમાં અજૈન છે. બહારમાં ભલે આમ ત્યાગી-મહાવ્રત ને નગ્ન દેખાતો હોય. આહાહાહા !

એ આંહી કહ્યું. વીતરાગ સમયસાર થવાય, જોયું ? આહાહા ! ત્રિકાળી જ્ઞાયકભાવ પૂરણ આનંદનું હોવાપણું એને અનુભવવાથી વીતરાગતા પ્રગટ થાય છે, એ વીતરાગતા તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. આહાહાહા !

કહેવાનો આશય તો બનારસીદાસને ઈ હતો, અમૃતચંદ્રાચાર્યને ય ઈ કહેવું છે. ઘટ ઘટ અંતર 'જૈન' વસે, એમ કહેવાનો આશય છે કે તમે બહારની પ્રવૃત્તિ દેખશો માટે તેને સમકિત થયું એમ નહીં. ચક્રવર્તીને રાજ્ય હોય છે મોટું ( છ ખંડનું ને ) છન્નું હજાર સ્ત્રીને પણ અંદરમાં ( ઘટમાં ) જ્યાં વિકલ્પથી ભિન્ન પડી, જેવો ભગવાન જિનસ્વરૂપે છે તેવો જે અનુભવે છે, વેદે છે. તે જૈન છે. બહારમાં ભલે ચક્રવર્તીનું રાજ હોય-ઈન્દ્રના ઈન્દ્રાસન હોય. આહાહા ! 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન' પણ મત્તમદિરાકે પાનસોં પણ પોતાનો મત્ત ને મદિરા બસ, બહારનો ત્યાગ જોઈએ, ફલાણું જોઈએ, આમ જોઈએ, એ વિના ત્યાગી કહેવાય ? એણે તો પોતાના મત્તના મદિરા-દારુ પીધાં છે. આહાહા !

અને ઈ બહાર ત્યાગી હોય બિલકુલ કપડાંનો ટુકડોય નહીં, પણ અંદરમાં જૈનપણું નથી, કેમકે જિનને પકડયો નથી, વિકલ્પ રહિત થયો નથી, તેથી તે જિન થયો નથી, તેથી તે જૈન થયો નથી. જિનને પકડયો નથી માટે તે જૈન થયો નથી. આહાહા ! મુનિ હોય, નગ્ન હોય, હજારો રાણીઓ છોડે ને બેસે, જંગલમાં વસે વાઘ ને વરૂ જંગલમાં ત્રાડ નાખતા હોય ત્યાં બેઠો હોય. તેથી શું ? આહાહા ! મૂળ તળિયાને ન પકડયું તળને ચિદાનંદ વીતરાગમૂર્તિ પ્રભુ એને પકડતાં જે વીતરાગ દશા થાય, એને અહીં સમયસાર પામ્યો કહેવાય એ આત્મા પામ્યો કહેવાય એ જૈન થયો કહેવાય. અજૈનપણાનો નાશ કર્યો કહેવાય. આહાહા ! આવી વાતું છે.

હવે, 'જો આમ છે તો નયપક્ષના ત્યાગની ભાવનાને ખરેખર કોણ ન નચાવે ? કોણ એ રાગને છોડીને અનુભવ ન કરે એમ. એમ કહીને શ્રીમાન અમૃતચંદ્ર આચાર્ય નયપક્ષના ત્યાગની ભાવનાનાં ૨૩ કળશરૂપ  કાવ્યો કહે છે :- ત્રેવીસ કળશ છે, જૈનપણુંનો અર્થ

સમજાણો કીધો-એમાં મર્મ છે, બહારની પ્રવૃત્તિ જોઈને તું કહે છે કે આ જૈન નથી, એમ નથી. અને બહારની નિવૃત્તિ દેખીને તું એમ કહે કે આ જૈન છે એમેય નથી. આહાહાહા ! અંદરમાં સચ્ચિદાનંદ પ્રભુ,અસ્તિપણે પૂર્ણાનંદ વીતરાગ, એને જેણે વિકલ્પ રહિત વીતરાગભાવે જોયો જાણ્યો તે જૈન છે. અને જૈન કોઈ વાડો ને સંપ્રદાય નથી. જૈન કોઈ એક પક્ષ ને પંથ નથી. તે વસ્તુનું સ્વરૂપ છે. જે વસ્તુ જિનસ્વરૂપ છે-વસ્તુ જિનસ્વરૂપ છે તેને તેના વિકલ્પ રહિત થઈને વીતરાગભાવપણે સમયસારને પ્રાપ્ત કરવો એ જૈન. એટલે એમાં કોઈ પક્ષ કે વાડો નથી. એ રમેશભાઈએ કહ્યું છે ને જૈન કોઈ પંથ નથી, વાડો નથી, પક્ષ નથી. ધર્મપિતાએ સ્વરૂપ બતાવ્યું છે ઈ તો આંહીથી વાંચી-વાંચીને ! આહાહા !

સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એણે તો વસ્તુનું સ્વરૂપ બતાવ્યું છે. આ બે આંતરા, આકરા પડે છન્નું હજાર સ્ત્રી, કરોડો અપ્સરાઓ તેને 'જૈન' કહેવા અને વસ્ત્રનો ટુકડોય ન રાખે, જંગલમાં વસે, પંચમહાવ્રત નિરતિચાર-ચોખ્ખાં પાળે, છતાં તેને અજૈન કહેવું. અરરર ! એ રમતું અંદરના રાગ ને રાગ રહિતની અપેક્ષા છે. બહારની હારે કાંઈ સંબંધ નથી. બહારથી ( સંયોગ ) ઘટાડવા માંડયો માટે રાગ ઘટયો, એમ નથી. રાગને રૂંધ્યો છે, કષાય રૂંધ્યો છે. બહેનમાં વચનામૃતમાં આવે છે ને કષાયને રૂંધ્યો છે-દાબી રાખ્યો છે, ફાટશે ત્યારે કસાઈખાના માંડશે પાછો. આહાહા ! અને આ બહારનો સંયોગ હશે ઘણો છતાં અંદરમાં રાગની એકતા તોડીને જૈનપણું જિનમાંથી પ્રગટ કર્યું, એ દશાએ કેવળજ્ઞાન લેવાના. આહાહાહા ! ઓલા ( એ ) રાગને રૂંધ્યો છે, એકતા તોડી નથી, પ્રવૃત્તિમાં છોડી દીધું ઘણું કામકાજ રાગ એણે દુકાન-ધંધા છોડી દીધા છે પણ અંદરમાં રાગની એકતા છે, તે જૈન નથી. અરેરે ! આકરું લાગે ને ? નગ્નમુનિ હોય, કપડાં રાખે નહિ, અઠયાવીસ મૂળગુણ પાળતા હોય, કહે છે એ જૈન નથી લે ? ( શ્રોતાઃ- અઠયાવીસ મૂલ ગુણને પંચમહાવ્રત તો જૈનમાં જ આવે છે. ) હેં ? જૈનમાં આવે છે પણ એ તો રાગ છે, રાગ છે એ જૈનપણું નથી કાંઈ. આહાહા ! આકરું કામ છે.

આંહી એમ કહે છે જ્યારે રાગના અભાવની ભાવના એને ખરેખર કોણ પરિણમાવે ? એમ કહીને શ્રીમાન અમૃતચંદ્ર આચાર્ય નયપક્ષના ત્યાગની ભાવનાનાં ૨૩ કળશરૂપ કાવ્યો કહે છે :-

## શ્લોક-૬૯

( उपेन्द्रवज्रा )

य एव मुक्त्वा नयपक्षपातं<br>
स्वरूपगुप्ता निवसन्ति नित्यम्।<br>
विकल्पजालच्युतशान्तचित्ता-<br>
स्त एव साक्षादमृतं पिबन्ति।।६९।।

શ્લોકાર્થઃ- [ये एव] જેઓ [नयपक्षपातं मुक्त्वा] નયપક્ષપાતને છોડી

**[ स्वरूपगुप्ताः ] ( પોતાના ) સ્વરૂપમાં ગુપ્ત થઈને [ नित्यम् ] સદા [ निवसन्ति ] રહે છે [ ते एव ] તેઓ જ, [ विकल्पजालच्युतशान्तचित्ताः ] જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થયું છે એવા થયા થકા, [ साक्षात् अमृतं पिबन्ति ] સાક્ષાત્ અમૃતને પીએ છે.**

**ભાવાર્થઃ-જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે છે ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી. જ્યારે નયોનો સર્વ પક્ષપાત મટી જાય ત્યારે વીતરાગ દશા થઈને સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે. ૬૯.**

## કળશ - ૬૯ ઉપર પ્રવચન

य एव मुक्त्वा नयपक्षपातं
स्वरूपगुप्ता निवसन्ति नित्यम्।
विकल्पजालच्युतशान्तचित्ता–
स्त एव साक्षादमृतं पिबन्ति।।६९।।

જેઓ નયપક્ષપાતને છોડી–એનો અર્થ એવો નથી કે નયે અબદ્ધ કીધો માટે એ ખોટું છે અબદ્ધ, અને કોઈ બીજું જ હશે. હા, એમ કહે છે ને ઓલો જિનેન્દ્રવર્ણી વાણીમાં આવ્યું પણ બધું આવ્યું નથી માટે કાંઈક બીજું પણ હશે, ( શ્રોતાઃ– પણ આનાથી વિરુદ્ધનું તો ન હોય ને ) અરે, ભાઈ આનાથી વિરુદ્ધ અરે પ્રભુ, ક્યાં જઈને અટક્યો તું ? આ તો ત્રિલોકનાથ પરમાત્માએ જેટલું કહેવાય, તેટલું થોડું કહેવાણું જેટલું કહેવાણું એટલું સત્ છે, એનાથી વિરુદ્ધ હોય નહીં, એનો વિસ્તાર હોય એનાથી, સમજાય છે ? કહ્યું તેનો વિસ્તાર હોય, કહ્યું તેનું વિરુદ્ધ ( કથન ) ન હોય. આહાહાહા ! આવું થોડા ફેરે કેટલો ફેર પડે છે ? પણ ( શ્રોતાઃ– બધોય ફેર પડે છે ) બધોય ફેર થાય છે.

જેઓ નયપક્ષપાતને છોડી, પોતાના સ્વરૂપમાં ગુપ્ત ( થઈને ), આહાહા ! જ્ઞાન ને આનંદ પ્રભુ, તેમાં ગુપ્ત થાય છે, રાગનું અગુપ્તપણું છોડે છે. આહાહા ! ‘છોડે છે’ એ પણ એક નાસ્તિથી કથન છે, બાકી ‘છોડે છે’ એ કાંઈ નથી, ઉપદેશમાં શું આવે ? બાકી સ્વરૂપમાં જાય છે, એટલે વિકલ્પની ઉત્પત્તિ થતી નથી, તેથી તે વિકલ્પને ‘છોડે છે’ એમ કહેવામાં આવે છે, નામમાત્ર કથન. આહાહાહા !

જેઓ નયપક્ષપાતને છોડી, પોતાના સ્વરૂપમાં ગુપ્ત થઈ સચ્ચિદાનંદ પ્રભુ, વીતરાગસ્વરૂપે જિન, ત્રિકાળ જિનસ્વરૂપી પ્રભુ, ત્રિકાળ જિનસ્વરૂપી નિરાવરણ પ્રભુ. આહાહા ! ત્રિકાળ. રાગની સાથે પણ સંબંધ નથી એવો પ્રભુ, રાગનો સંબંધ છે એ એક સમયની પર્યાય હારે છે, વસ્તુ છે, દ્રવ્ય છે એને તો કંઈ સંબંધ છે જ નહીં. એવો જે નયપક્ષ રહિત, પોતાના સ્વરૂપમાં ગુપ્ત થઈને સદા રહે છે સદા રહે છે. આહાહા ! કોઈ ’ક વાર થઈ જાય ને વળી પાછા પડી જાય ને, એ પ્રશ્ન આંહી નથી લેતાં. આહાહા !

એ વસ્તુમાં સદાય રહે છે એમ કહ્યું ને ? સદાય રહે છે. આહાહા ! શું વાણી. જેણે વિકલ્પને

તોડી–તોડી એ તો ભાષા કહેવાય, ન્યાં ભાઈ હતા ને અરૂણભાઈ પ્રોફેસર એણે આ લખ્યું હશે ને ઈ પ્રમાણે ભાષણ આપ્યું હશે, ઈ લખ્યું 'તું મને બતાવતો 'તો એમ કે મેં આમ લખ્યું આમ સમજે તો તોડી નાખે ને છોડી નાખે ને બંધનો નાશ કરે, કહ્યું ભાઈ, એ તો બધાં અપેક્ષાના કથન છે. પણ છે માણસ નરમ, બહુ ખુશી થયો–બહુ ખુશી થયો, દરરોજ સવારે–બપોરે આવતો ને કહેતો કે, ઓહોહો આ વાત ! નહિ તો ન્યાં તો પ્રોફેસર છે ભાવનગરમાં મોટી પાઠશાળામાં ( શ્રોતાઃ– જેતપુરના રહીશ છે. ) જેતપુરનો છે ? પણ માણસ ભારે નરમ–સવાર, બપોર, રાત બરાબર આવે સમયસર. આત્મા રાગને તોડી શકે, એ પણ નહીં. આહાહા ! બંધનને–બંધને આત્મા તોડે એ નહીં, અરે ભગવાન તો બંધનને તોડે તો નહીં પણ ભગવાન તો નિર્જરા કરે નહીં. આહાહાહા ! એ મોક્ષ કરે નહીં, એ તો જાણે, વસ્તુસ્વરૂપ ચૈતન્યમૂર્તિ પ્રજ્ઞાબ્રહ્મ છે. આહાહા !

( સમયસાર, ) ત્રણસો વીસ ( ગાથામાં ) આવ્યું છે ને ? ઉદય ને નિર્જરા, ઉદય તો ઠીક, પણ નિર્જરાને 'જાણે' –નિર્જરાને કરે નહીં એમ કીધું. જ્યારે આખું મૂળતત્ત્વ લ્યો, બંધને 'જાણે' એ તો ઠીક પણ મોક્ષને જાણે, મોક્ષના મારગને પણ જાણે. એ જ્ઞાનનો પર્યાય, એવો જ ઉત્પન્ન થાય કે એનેય જાણે ને પોતાને જાણે, એ રીતે એનો ઉત્પન્ન થવાનો એનો સ્વકાળ એનો હોય છે. મોક્ષની પર્યાય થઈ માટે આંહી જ્ઞાને તેના અવલંબનથી એને જાણ્યું એમેય નહીં. આહાહા ! એ જ્ઞાનસ્વભાવી ભગવાન નિર્જરાને –કર્મની નિર્જરા અથવા અશુદ્ધતા ટળે, એને જાણે એને ટાળે નહીં 'મોક્ષને જાણે' મોક્ષને કરે નહીં. ( શ્રોતાઃ– ક્યાં ઊભા રહેવુ ) ક્યાં ઊતર્યું...આંહી તો હજી પરની દયા પાળવી ને પરની હિંસા કરવી ને મંદિર બનાવવા ને પૈસા બનાવવાને–એ બધું કરી શકે છે ? અરે રે પ્રભુ મારગ બહુ જુદો પ્રભુ છે. આહાહા !

મૂળ મારગ હાથ આવવો ખલાસ થઈ ગયો એને સંસારનો અંત છે. આંહી તો કીધું છે સદા રહે છે–આત્મામાં વસે છે. આહાહા ! એમાં ( લીન ) રહ્યો, રહ્યો એ કેવળજ્ઞાન લેશે. આહાહા !

પોતાના સ્વરૂપમાં ગુપ્ત થઈને સદા રહે છે, તેઓ જ, તેઓ જ. એમ છે ને તે એવ, એવ એટલું કહીને એકાંત કરી નાખ્યું છે. સમ્યક્ એકાંત છે આંહી. કથંચિત્ આમ ને કથંચિત્ આમ એનું નામ અનેકાન્ત એમ નથી. 'આ જ' 'विकल्पजालच्युतशान्तचिता' જેમનું ચિત્ત, વિકલ્પજાળથી રહિત શાંત થયું છે. આહાહા ! વિકલ્પની જાળ આકુળતા છે. પ્રભુ અનાકુળ આનંદ છે. એ વિકલ્પની જાળથી રહિત થઈ શાંત ચિત્ત થયું છે–વિકલ્પની આકુળતા ગઈ છે, તેથી નિર્વિકલ્પ શાંત થયો છે. આહાહા ! એવા થયા થકા–શું કીધું ? એ શાંત થયું છે એવા થયા થકા,પુરુષાર્થ કીધો ઈ. પોતે, પોતાથી થયા થકા, આહાહા ! કર્મનો અભાવ થયો માટે આમ થયા, કાળલબ્ધિ આવી માટે થ્યા ? ( એમ નથી. ) આંહી તો 'એવા થયા થકા બસ એટલું, એને કાળલબ્ધિ આવી ગઈ ભેગી. આહા ! પુરુષાર્થથી ભગવાન આત્માને...વીતરાગભાવે જ્યાં જાણ્યો–એવા થયા થકા, સાક્ષાત્ અમૃતને પીએ છે. એ વિકલ્પ છે ઈ ઝેર છે. આહાહા ! હું અબદ્ધ છું એવો પણ એક વિકલ્પ છે પક્ષ, એ ઝેર છે. કેમ કે આત્મા અમૃતસ્વરૂપ છે. અમર અમૃતસ્વરૂપ છે અમર અમૃતસ્વરૂપ છે એ અમૃતસ્વરૂપથી રાગ વિરુદ્ધ હોવાથી, એ ઝેર છે. આહાહા ! અબદ્ધ છું–એક છું, એવો વિકલ્પ પણ ઝેર છે કહે છે. આહાહાહા ! આવો મારગ વીતરાગનો, વીતરાગ નહીં તારો, તારો સ્વભાવ જ એવો છે. એ તો જે છે એવો કહે છે.

'साक्षाद् अमृतं पीबन्ति' એટલે ? પ્રભુ અમૃતસ્વરૂપ તો હતો પણ, વિકલ્પને તોડીને સાક્ષાત્ વર્તમાન અમૃતને પીએ છે. અમૃતસ્વરૂપ તો હતો, ત્રિકાળ અમૃતસ્વરૂપ ભગવાન છે. આહાહા ! એથી કીધું કે સાક્ષાત્ વર્તમાનમાં અમૃતને અનુભવે છે-એ વિકલ્પ તોડનાર સાક્ષાત્ આનંદને અનુભવે છે. અમૃતને અનુભવે છે. આહાહા ! એ વિકલ્પ છે તે 'ઝેર' છે. એમ થ્યું કે નહીં ? મહાવ્રતના પરિણામ તો ઝેર છે પણ હું અબદ્ધ છું એવો વિકલ્પ પણ પ્રભુ, અમૃતના સાગર પાસે એ ઝેર છે. આહાહા !

કેટલી ધીરજ જોઈએ ? એને સંકેલવા માટે કેટલી અંદર ધગશ જોઈએ. આહા ! આહાહા ! સાક્ષાત્ અમૃત પીએ છે. આહાહા ! ઓલામાં આવ્યું છે ને ત્યાં પુણ્ય-પાપ ( અધિકારમાં ) કે આ તમે બધું કાઢી નાખ્યું વ્રત મહાવ્રત આદિ તો પછી એને શરણ શું ? ( મુનિરાજને શરણ શું ? ) એ આવી ગયું છે, એ શરણ આત્મા, એ -આનંદનો અનુભવ કરે એ શરણ છે. કરવાનું કંઈ છે નહીં, એની તો તમે ના પાડી વ્રત ને-તપ ને-અપવાસ ને આ ને આ, વિનય ને ભક્તિ ને પૂજા ને ભગવાનનો વિનય કે 'ના' એ વિકલ્પ બધાંય. આહાહા !

ત્યારે આ બધું કરવાનો નિષેધ કર્યો તો એને છે હવે છે શું ? છે અણકરાયેલો ભગવાન અમૃતસ્વરૂપ છે, એનું વેદન કરે ઈ સાક્ષાત્ અમૃત પીએ છે, એમ કહેવાય છે. આહાહા ! જેમ શેરડીના રસને ઘૂંટડે ઘૂંટડે જેમ પ્રેમથી પીએ છે, એમ ભગવાન આત્મા અમૃતનો સાગર પ્રભુ, રાગની વિકલ્પની વૃત્તિ તૂટીને સાક્ષાત્ અમૃતના ઘૂંટડા પીએ છે કો' આનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. આહાહા ! ( શ્રોતાઃ- સાક્ષાત્ એટલે ? ) કીધું ને આંહી પર્યાયમાં જેવું છે એવું પર્યાયમાં આવ્યું એમ કીધું'તું-આમ તો ( વસ્તુ ) અમૃતસ્વરૂપ જ છે એમ કહ્યું હતું અમૃતસ્વરૂપ છે જ. પણ પર્યાયમાં સાક્ષાત્ અમૃત પીએ છે. આહાહા ! આવી વાતું. સાંભળવી ય કઠણ પડે વીતરાગ પરમાત્મા આમાં કાંઈ સંખ્યાની કાંઈ જરૂર નથી આને કે બહુ સંખ્યા ઝાઝી હોય તો સાચું. આહા !

વિકલ્પજાળથી ભિન્ન-રહિત શાંત થયું થકું એવા થયા થકા, એમ કહે છે ને થયા થકા એટલે પોતાના પુરુષાર્થથી, સ્વભાવરૂપ થયા થકા, વિભાવને તોડીને-તૂટીને, સ્વભાવરૂપ થયા થકા એટલે કર્મ ખસ્યું માટે થયા એમ કાંઈ નહીં. - પોતાના પુરુષાર્થથી શાંત ચિત્ત થયા થકા, સાક્ષાત્ પર્યાયમાં અમૃત એ આનંદને પીએ છે. એ દ્રવ્ય ને ગુણરૂપે તો અમૃત હતું અંદર, પણ આ વિકલ્પ તોડયો ત્યારે સાક્ષાત્ પર્યાયમાં અમૃતને પીએ છે. આહાહાહા ! નિર્વિકલ્પ રસ પીજીએ, આહાહા ! વિકલ્પની જાળ ! આ તો શાંત ને ધીરજનાં કામ છે ભાઈ, આ કોઈ પક્ષ ને વાડો બાંધીને લાખો માણસને તેને માને તો સાચું ને વિદ્વાનો માને તો સાચું, એવું કાંઈ નથી. વિદ્વાનો તો કીધું ને, વિદ્વાનો ભૂતાર્થ તજીને વ્યવહારમાં વળગ્યા છે, એ વિદ્વાનો, એ એ વખતે કીધું છે ભગવાને-કુંદકુંદાચાર્ય ભગવાને. આહાહા !

ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે, પણ મુક્તિ તો નિશ્ચયઆશ્રિત આત્માને છે. આહાહા ! જેનું હજી જ્ઞાન જ સાચું નથી વ્યવહારનું, ને એ સાચા જ્ઞાન વિના પરમ સત્યસ્વરૂપ તરફ કેમ ઢળી શકશે ? પરમ સત્ય પ્રભુ છે અંદર-સત્ સાહેબ પૂર્ણાનંદનો નાથ એનાં બાહ્યલક્ષવાળા જ્ઞાનમાં પણ હજી ભૂલ છે, વિપરીત છે, એ અંદરમાં નહિ જઈ શકે. વસ્તુનું સ્વરૂપ એમ છે. 'નહિ

જઈ શકે' નો અર્થ એ છે કે વસ્તુની સ્થિતિ જ એવી છે. આહાહા !

ભાવાર્થ :– જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે છે–ત્યારે કોઈ એમ કહે કે આ પરમાત્માએ આમ કહ્યું કે હજી પક્ષ છે, માટે પક્ષ છોડી દે તો કાંઈ બીજી ચીજ હશે ? એમ નથી. આંહી તો ફક્ત ઓલો વિકલ્પને જ પક્ષપાત ( કહ્યો છે ) વસ્તુ તો જે વિકલ્પે નિર્ણય કર્યો ને જોઈ એ તો વસ્તુ બરાબર તેવી જ છે. એમ કે આ વિકલ્પ ઊઠયો ને જે નિર્ણય કર્યો છે એથી કાંઈ બીજી ચીજ હશે તો ? પક્ષપાત છોડી દે–પક્ષને છોડી દે બીજી કાંઈ ચીજ અંદર હશે, ઓલો કહે છે ! જિનેન્દ્ર વર્ણી કહે છે. આહાહાહા ! અરરર ! ભણી ભણીને આ કાઢયું.

બાપુ આંહી તો ફક્ત, એ પર તરફનો વિકલ્પ છે તેને છોડી, વસ્તુ તો વિકલ્પમાં જે જાણી છે, ઈ તો એવી જ છે. પણ વિકલ્પ તોડયો નહોતો માટે તું વિકલ્પના બંધમાં બાકી હતો, વિકલ્પ તોડયો તો જે વિકલ્પે નિર્ણય કર્યો હતો કે વસ્તુ આવી છે–આવી છે, એવી જ વેદનમાં આવી છે. સમજાણું કાંઈ ? પક્ષ છોડયો માટે કોઈ બીજી રીતે વેદનમાં આવી છે કે બીજી રીતે આત્માનું સ્વરૂપ અંદર જણાણું છે, એમ નથી. આહાહાહા !

જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે, ઓલા કહેતા'તા ઈ ગોંડલના, ગોંડલનો હતો ને બનારસીભાઈ...'દર્શન મોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે' –કોઈપણ 'દર્શનનું' લક્ષ ન રાખવું કહે, એ વળી એવો અર્થ કરતા, કાંઈ ખબર ન મળે 'દર્શન મોહ વ્યતીત થઈ, ઉપજ્યો બોધ જે' –એની દિકરી હતા ને આપણે આંહી રહેતા ને બનારસીદાસ, ત્રિભોવનભાઈના મકાનમાં રહેતાં નીચે, આંહી સોનગઢ એ 'દર્શન મોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે' એ 'દર્શન' કોઈપણ દર્શનનો પક્ષ ન રાખવો. ( શ્રોતાઃ– એતો બધુંય સરખું છે એ તો અજ્ઞાન છે. ) પણ આંહી તો 'દર્શનમોહ' ની વ્યાખ્યા છે –'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે' જે દર્શનમોહ વિપરીત પ્રતીત છે ( શ્રદ્ધા છે ) એનાથી વ્યતીત થયો–દર્શનમોહ એનાથી વ્યતીત થયો,એથી કરીને જે કાંઈ ( વિકલ્પસહિત ) જાણ્યું'તું કહ્યું'તું ઈ વસ્તુમાંથી કંઈક ( આત્મવસ્તુ ) બીજી નીકળશે–બીજી કોઈ ચીજ એક વ્યાપક ને ફલાણું ને ઢીકણું ને–અંતરમાં કોઈ પક્ષ રહી ગયો એમાં કોઈ બીજી ચીજ જણાઈ જાય એમ નથી. વસ્તુ તો છે એ જ રીતે ( વિકલ્પમાં ) જાણી છે એ રીતે જ છે. આહાહા !

ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી. જયારે નયોનો સર્વ પક્ષપાત છૂટી જાય છે ત્યાં સુધી 'ચિત્તનો ક્ષોભ' મટતો નથી, એને માટે છે વસ્તુ કોઈ અંદર બીજી છે, એમ નહીં. સમજાણું કાંઈ ? ચિત્તનો ક્ષોભ મટતો નથી, જ્યારે નયોનો સર્વ પક્ષપાત મટી જાય છે–પણ એનો અર્થ એવો નથી, કે જૈનનું તત્ત્વ છે–અનંત આત્માઓ છે–આત્મા છે અનંત ગુણનો પિંડ, એ પાછું પક્ષપાત છૂટી જાય ને બીજું નીકળે પાછું એમાંથી ? એમ નથી. એવો અર્થ કરે છે કેટલા'ક.

સ્વરૂપમાં પ્રવૃતિ થાય છે પક્ષપાત મટી જાય ત્યારે વીતરાગદશા થઈને સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે, આ વાત છે. સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે. વાત આમ છે. પક્ષપાત છોડી દે એટલે બીજી ચીજ અંદરથી નીકળે જિનેન્દ્રવર્ણી એમ કહે છે, ભગવાને કીધું એમાંથી કેટલું'ક આવ્યું છે ને બાકી ઘણું બાકી છે તેથી બીજું પણ હશે કાંઈક–બીજી જાતનું.

કીધું છે એ જ પ્રમાણે છે, પણ વિકલ્પ સહિત જે જાણે છે તેથી એને એનો અનુભવ થતો નથી. વિકલ્પ રહિત થાય તો જેવું છે તેવો જ અનુભવ થાય એને અહીંયા ધર્મ અને સમયસાર કહે છે. (શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ, સદ્‌ગુરુદેવનો જય હો!)

## પ્રવચન નં. ૨૨૧ શ્લોક ૬૯ થી ૯૧ ઉપર પ્રવચન

**મંગળવાર, વૈશાખ સુદ-૧૨, તા. ૮/૫/'૭૯**

સમયસાર, ઓગણોસીત્તેરમો જે કળશ છે ને, તેનો ભાવાર્થ છે. છે ને ? શબ્દાર્થ આવી ગયો છે ભાવાર્થ. જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે છે-પરવસ્તુ મારી છે એ વાત તો ક્યાંય રહી ગઈ, પરનું કાંઈ કરવું, એ પણ ક્યાંય રહી ગયું, ફક્ત આંહી તો આત્મા વસ્તુ છે, એમાં નિમિત્ત તરીકે રાગનો સંબંધ છે, સ્વભાવમાં એ નથી પણ કહે છે જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે-હું અબદ્ધ છું, શુદ્ધ છું, એવો પક્ષ પણ રહે રાગ ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી. આહાહા ! અંતરમાં નયનો પક્ષ રહે ત્યાં સુધી ચિત્તમાં ક્ષોભ વિકલ્પ છે એ ક્ષોભ છે. આંહીયા તો હજી વ્યવહાર, રત્નત્રય કરે વ્યવહાર, તો નિશ્ચય થાય. આંહી ઊંધે રસ્તે ચડી ગયા છે. એ વ્યવહારેય પણ કહેવાય નહિ, નિશ્ચય વિના.

આંહી કહે છે, જ્યાં સુધી વસ્તુનું સ્વરૂપ છે એવો પણ એક નયપક્ષ જો રહે સ્વરૂપ છે એવું, એવું છે એવો પણ એક નયનો પક્ષ વિકલ્પ રહે, ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી. આહાહાહા ! ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન થતું નથી એમ કહે છે. જ્યારે નયોનો સર્વ પક્ષપાત મટી જાય-બધો પક્ષપાત મટી જાય હું શુદ્ધ છું, પૂર્ણ છું, અખંડ છું એવો પણ એક નયનો પક્ષ, વિકલ્પ છે રાગ એ છૂટી જાય, ત્યારે વીતરાગ દશા થઈ (કહો) આંહી તો એ લીધું હજી તો, વીતરાગ કોઈ કહે તો આગળ થાય સાતમે. આ તો વીતરાગ દશા જ છે, નયપક્ષનો વિકલ્પ છોડી, અને સ્વભાવનો અનુભવ કરે દૃષ્ટિ કરીને એ દૃષ્ટિ વીતરાગ છે, એ અનુભવ જ વીતરાગ છે, ધર્મનું પહેલું પગથિયું આ છે. આરેરે !

નયોનો સર્વ પક્ષપાત મટી જાય. આહાહા ! બીજું તો બધું જાય બીજા મને મદદ કરે, તો મને કંઈક લાભ થાય એ વાત-પક્ષ તો ક્યાંય જાય, એ પક્ષ તો બધાંય ખોટાં છે, પણ વસ્તુ રહે સ્વરૂપ છે એનો પણ નયનો પક્ષ રહે ત્યાં સુધી વીતરાગદશા ન થાય. ત્યાં સુધી તો રાગ દશા છે. આવો મારગ સર્વ નયપક્ષો મટી જાય, ત્યારે વીતરાગ દશા થઈને સ્વરૂપની શ્રદ્ધા (થાય). જોયું ? વીતરાગ દશા થઈને સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય (છે.) આહાહા !

છેલ્લામાં છેલ્લું છે. સંપ્રદાયમાં તો છે નહિ આ વાત. લોકોને આકરી લાગે કે આ શું છે ? આ તો ધરમ જેને પ્રગટ કરવો હોય ધર્મ વસ્તુ તો છે, વસ્તુમાં તો ધર્મ એટલે સ્વભાવ છે, પણ પર્યાયમાં જેણે પ્રગટ કરવો હોય, એણે તો બધાં નયપક્ષના વિકલ્પો પણ છોડી દેવા પડશે. ત્યારે તેને વીતરાગ દશા થઈને, સ્વરૂપની શ્રદ્ધા, જોયું હજી તો 'સ્વરૂપની શ્રદ્ધા', સ્થિરતા પછી. આહાહા ! ત્યારે તો 'સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ' થાય છે. જે ઓલી વિકલ્પવાળી હતી તે રાગવાળી ક્ષોભવાળી હતી. આહાહા !

આ રીતે વિકલ્પ તોડીને અંદરમાં સ્વરૂપ છે તેનો અનુભવ કરે, ત્યારે નિર્વિકલ્પ દશા થાય, ત્યારે સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે. ઓલો વિકલ્પ હતો ત્યાં સુધી પરમાં પ્રવૃત્તિ હતી. આહાહાહા ! પરની દયા પાળું કે વ્રત પાળું કે ભક્તિ કરું એ તો વળી ક્યાંય રહી ગ્યું, એ તો બધાં સ્થૂળ રાગ, આહાહા ! આ તો અંતર્ ભૂમિકામાં એ એની જાત છે જેવી, તેનો પણ વિકલ્પ, એનાં પક્ષને પણ છોડી, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે–ત્યારે એને સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે. જ્યાં સુધી નયપક્ષ ને રાગ હતો, ત્યાં સુધી રાગમાં પ્રવૃત્તિ અને ક્ષોભ હતો. એને છોડીને સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે, ત્યારે અતીન્દ્રિય સુખ અનુભવાય છે. આહાહા ! બહુ ટુંકૂ.

શાંતિથી આવું સાંભળવાનું ય મળે નહીં, એ બિચારા શું કરે ક્યાં જાય ? આટલી ત્રણ લીટીમાં તો કેટલું નાખ્યું છે, જોયું ? આહાહા ! ( શ્રોતાઃ– આખુ જૈન શાસન આવી ગયું ) આખું આવ્યું વસ્તુ છે વસ્તુ, એ પોતે છે એ નિરાવરણ છે, નિર્વિકલ્પ છે, અભેદ છે, એવી વસ્તુમાં પણ વિકલ્પ કરવો કે આવો છું આવો છું આવો હું છઉં, એવો વિકલ્પ કરવો એ ક્ષોભ છે કહે છે. આહાહા ! એ આકુળતા છે–એ દુઃખ છે. આહા ! તેને છોડી, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય એ શુદ્ધસ્વરૂપમાં અંદર રમે–એકાગ્ર થાય, અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે–સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે ત્યારે સ્વરૂપ અતીન્દ્રિય છે તેથી અતીન્દ્રિય અનુભવ થાય છે. સ્વરૂપ અતીન્દ્રિય છે, અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ છે, એમાં પ્રવૃત્તિ થતાં, અતીન્દ્રિય સુખ અનુભવાય છે. ત્રણ લીટીમાં તો કેટલું મૂક્યું. કંઈકનો નિષેધ થઈ ગયો.

હવે એના ૨૦ કળશમાં નયપક્ષને વિશેષ વર્ણવે છે અને કહે છે કે આવા સમસ્ત નયપક્ષોને જે છોડે છે તે તત્ત્વવેદી ( એટલે ) તત્ત્વનો જાણનાર, તત્ત્વનો અનુભવનાર સ્વરૂપને પામે છે.

## શ્લોક-૭૦

( उपजाति )

एकस्य बद्धो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७०।।

**( શ્લોકાર્થ :- ) ( बद्धः ) જીવ કર્મથી બંધાયેલો છે ( एकस्य ) એવો એક નયનો પક્ષ છે અને ( न तथा ) જીવ કર્મથી બંધાયેલો નથી ( परस्य ) એવો બીજા નયનો પક્ષ છે; ( इति ) આમ ( चिति ) ચિત્સ્વરૂપ જીવ વિષે ( द्रियो ) બે નયોના ( द्वौ पक्षपातौ ) બે પક્ષપાત છે. ( यः तत्त्ववेदी च्युतपक्षपातः ) જે તત્ત્વવેદી ( વસ્તુ સ્વરૂપનો જાણનાર ) પક્ષપાત રહિત છે ( तस्य ) તેને ( नित्य ) નિરંતર ( चित् ) ચિત્સ્વરૂપ જીવ ( खलु चित् एव अस्ति ) ચિત્સ્વરૂપ જ છે ( અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર**

**અનુભવાય છે ).**

**ભાવાર્થ :- આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. ચૈતન્યના પરિણામ પરનિમિત્તથી અનેક થાય છે તે સર્વને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે, અને જીવને શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો છે, એ રીતે જીવ-પદાર્થને શુદ્ધ, નિત્ય, અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને હવે કહે છે કે-આ શુદ્ધનયનો પણ પક્ષપાત ( વિકલ્પ ) કરશે તે પણ તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે. અશુદ્ધનયની તો વાત જ શી ? પણ જો કોઈ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે તો, પક્ષનો રાગ નહિ મટે તેથી વીતરાગતા નહિ થાય. પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપ વિષે લીન થયે જ સમયસારને પમાય છે. માટે શુદ્ધનયને જાણીને, તેનો પણ પક્ષપાત છોડી, શુદ્ધસ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી, વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે. ૭૦.**

## શ્લોક-૭૦ ઉપર પ્રવચન

एकस्य बद्धो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७०।।

–જીવ કર્મથી બંધાયેલો છે એવો એક નયનો પક્ષ –વિકલ્પ છે. વ્યવહારનો એક વિકલ્પ છે. જીવ કર્મથી બંધાયેલો નથી–એવો બીજો નિશ્ચયનયનો એક વિકલ્પ છે. આમ...ચિત્સ્વરૂપ જીવ ભગવાન –જ્ઞાનસ્વરૂપ પ્રભુ તો છે ચૈતન્યમૂર્તિ, એવો જીવ, એમાં બે નયોના બે પક્ષપાત છે. વસ્તુ સ્વરૂપ તો શુધ્ધ નિર્વિકલ્પ છે. પણ એ વસ્તુના સંબંધમાં, બે નયોના પક્ષપાત છે.

જે તત્ત્વવેદી એટલે કે જે તત્ત્વનો અનુભવનાર–તત્ત્વનો વેદી એટલે તત્ત્વનો જાણનાર, એટલે કે ઈ તત્ત્વનો વેદનાર પક્ષપાત રહિત છે. અબદ્ધ છું કે અબદ્ધ છું, એના પક્ષથી પણ એ તો રહિત છે. આહાહા ! ક્યાં ધીરજ ? ક્યાં લઈ જવી વાત ? ને ક્યાં અટક્યો છે બહારમાં. આહા !

તેને–પક્ષપાત રહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ– 'चिच्चिदेव' પહેલું કહ્યું'તું ને કે 'चिति' ચિત્સ્વરૂપ જીવ વિષે એમ હતું–चिति–ચિત્ સ્વરૂપ વિષે–चिति ચિત્સ્વરૂપ જીવ વિષે, એમ હતું પહેલાં, એમાં બે નય હતી એમ. હતું ને ? એને જાણનારી નય અથવા તે પોતે જ શુદ્ધનય–વસ્તુ, એને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે–પહેલું તો એ સિદ્ધ કર્યું કે પહેલેથી વ્યવહારને તો અમે ગૌણ કરીને નિષેધ કરતા આવ્યા છીએ, એટલે એની વાત તો એક કોર રાખ હવે, પણ શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું, કે ચૈતન્યના પરિણામ પરનિમિત્તથી અનેક થાય છે–એ પક્ષપાતથી ચૈતન્યના પરિણામ, –પરનિમિત્તથી વિકલ્પથી અનેક થાય છે. તે સર્વને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે. આ જીવને શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો છે ભગવાન શુદ્ધ ચૈતન્ય માત્ર અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પ્રભુ આત્મા છે.

એ રીતે જીવ પદાર્થને શુદ્ધ કહ્યો, નિત્ય કહ્યો, અભેદ ચૈતન્ય માત્ર સ્થાપી, સમ્યગ્દર્શનનો વિષય જે આ શુદ્ધ, બુદ્ધ ને નિત્ય, અભેદ ચૈતન્યમાત્રને સ્થાપીને. હવે કહે છે કે–આ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે, અમે સ્થાપી આવ્યા છીએ, શુધ્ધ અભેદ ચૈતન્યમાત્ર છે, પણ એનો જે પક્ષપાત કરશે, એનાં વિકલ્પમાં રોકાશે, તેપણ તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે. આહા !

એ શુદ્ધ, બુદ્ધ ને અભેદ એવો જે આત્મા છે, એને અમે શુદ્ધનયથી સ્થાપતા આવ્યા છીએ, પણ તેના વિકલ્પમાં જો રોકાશે એમ કહે છે. એ વસ્તુ છે એવી, પણ આ આવો છે ને આવો છે એવા વિકલ્પમાં રોકાશે તે પણ શુદ્ધસ્વરૂપના સ્વાદને નહિ પામે. એ રાગના સ્વાદને પામશે ઝેરના. આહાહા ! આ આત્માનો અતીન્દ્રિય આનંદ, એનો એને પર્યાયમાં સ્વાદ નહિ આવે. વસ્તુ તો વસ્તુ છે–વિકલ્પથી અતીન્દ્રિય આનંદ અતીન્દ્રિય જ્ઞાન પણ એને શુધ્ધ સ્વરૂપના સ્વાદને પર્યાયમાં નહિ પામે. આહાહા ! પર્યાયમાં તો રાગનું વેદન શુભ રહેશે. આહાહા !

અશુદ્ધનયની તો વાત જ શી ? શું કીધું ? આહાહા ! ત્રિકાળી શુદ્ધ, બુદ્ધ નિત્ય અભેદ એનો પણ વિકલ્પ ને પક્ષ રહેશે, તો એને શુદ્ધનો સ્વાદ નહિ આવે. આહાહા ! આવી વાતું છે.

આ જૈન ધરમ હશે આવો..કહેશે. ( શ્રોતાઃ– વીતરાગતા પ્રગટ કરવી એનું નામ જ જૈનધર્મ છે. ) હા, વીતરાગતા પ્રગટ કરવી એ વીતરાગસ્વરૂપ જ છે એનો એણે વિકલ્પ છોડીને વીતરાગતા પ્રગટ કરવી એ જૈનધર્મ છે. એ ( વાત ) ચોથા ગુણસ્થાનની હોં. આહાહા ! આંહી તો હજી એ નયપક્ષને છોડીને ચોથાગુણસ્થાનની વાત કરે છે.

વીતરાગપણાની પર્યાયને પ્રગટ કરે અને વિકલ્પ જે છે તેના પક્ષને છોડી દે ત્યારે તેને અતીન્દ્રિય આનંદ–જે વીતરાગી આનંદ છે એનો એને વીતરાગી આનંદનો અંશે સ્વાદ પર્યાયમાં આવે, પરિપૂર્ણ તો વસ્તુ છે. ત્યારે આ પર્યાયમાં થોડો ( સ્વાદ ) આવે. આહાહા ! આવું છે. અશુદ્ધનયની તો વાત જ શી ? પણ જો કોઈ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે તો પક્ષનો રાગ નહિ મટે. આહાહા ! છેલ્લામાં છેલ્લી હદ છે. વાસ્તવિક ભગવાને કહેલું, આત્મતત્ત્વ છે એવું, એનો વિકલ્પ કરશે, એમ કહે છે 'છે' એવું ભલે, આહાહા ! પણ એનો વિકલ્પ 'છે' એવો એનો પક્ષ કરીને રાગમાં રોકાશે, ત્યાં સુધી વીતરાગતા નહિ થાય. આહાહા ! વીતરાગતા થયા વિના ધરમ નહિ થાય. આહાહા ! ( શ્રોતાઃ–એ વિકલ્પ કેમ મટે ) એ કીધું ને વિકલ્પ મટાડવા આમ જાય તો વિકલ્પ મટે. નિર્વિકલ્પ ચીજ છે તેમાં દૃષ્ટિ કરે તો વિકલ્પ મટે. આહાહા ! છેલ્લો 'સાર' છે.

પક્ષપાતને છોડી, જોયું ? એ વિકલ્પને છોડી, કથન શું કરવું ? ( શ્રોતાઃ– અંદરમાં જાય તો છૂટી જાય. ) એ વિકલ્પને છોડી, પક્ષપાતને છોડી... ચિન્માત્ર સ્વરૂપને વિષે લીન થવું લ્યો. આહાહા ! સૂક્ષ્મ–જ્ઞાનનો સૂક્ષ્મ ઉપયોગ કરી અને અંદરમાં જવું–લીન થવું, એ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું કારણ છે. આહાહા ! આવું છે.

પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપને વિષે લીન થયે જ લીન થયે 'જ' લ્યો, 'જ', કીધું એકાંત. સમયસારને પમાય છે. –ત્યારે તે સમયસાર–આત્મા એને પામે છે. ( શ્રોતાઃ–એ પર્યાય કીધી ) પર્યાયમાં સમયસારને પામે છે. સમયસાર વસ્તુ તો છે ત્રિકાળ નિરાવરણ નિર્દોષ, પણ વિકલ્પ છોડીને, પક્ષપાત છોડીને, જ્યારે અંદર લીન થાય, ત્યારે સમયસારને પમાય છે. વાત તો બહુ સારી છે પણ લોકોને આકરી લાગે. આહાહાહા ! આમ ધરમ થાય... દયા પાળવી ને

વ્રત કરવાં ને તપ-અપવાસ કરવા ને તેનાથી ધર્મ થાય અધરમ થાય. આંહી તો પક્ષપાત કરે તોય વિકલ્પ ને અધરમ થાય અબદ્ધ સ્પૃષ્ટ છું સિદ્ધસ્વરૂપ છું, એવો વિકલ્પ ઊઠાવે તો પક્ષ એ પણ દુ:ખ ને રાગ છે. આવું છે!

માટે શુદ્ધનયને જાણીને, જાણવી ખરી કે આ વસ્તુ કેવી છે એમ કે...જાણીને-સર્વજ્ઞપરમેશ્વર જે આત્મા કહે છે અને બીજાઓ આત્મા કહે છે એમાં મોટો ફેર છે. આહાહા! શ્વેતાંબરમાં કહ્યો છે ને સર્વજ્ઞ કહે છે એમાંય ફેર છે-આત્માની શૈલીમાં ફેર છે બેયમાં માટે પહેલું શુદ્ધનયને જાણીને, એમ કહે છે. બીજાંઓથી જુદું કહે છે એ શું છે, એને જાણીને, વિકલ્પમાં આવીને એનો પણ પક્ષપાત છોડી દઈને, આહાહા! શુદ્ધસ્વરૂપનો અનભુવ કરી-શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર, ઈ સ્વરૂપાચરણ, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર. આહાહા! હજી તો આ ચોથાગુણસ્થાનનું સ્વરૂપ-ચારિત્ર, સમકિતીનું. આહાહા! સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી, વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે. બહુ ટુંકૂં! ક્યાંના ક્યાંય હજી અટક્યા હોય. આહાહા!

પછી શ્લોક છે આ બધાં છેલ્લામાં લઈ લીધું. છેલ્લામાં છે જુઓ ભાવાર્થ એ બધાં કળશો થઈ ગ્યાને ભાવાર્થ છે બદ્ધ અબદ્ધ, મૂઢ અમૂઢ (આદિ) બધાંને ભેગાં કર્યાં છે, બધામાં વાત એક જ કરી છે.

---

## શ્લોક - ૭૧

(उपजाति)

एकस्य मूढो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७१।।

---

**શ્લોકાર્થ:- [ मूढः ] જીવ મૂઢ ( મોહી ) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ મૂઢ ( મોહી ) નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે, [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે ( અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે ). ૭૧.**

---

## શ્લોક - ૭૨

(उपजाति)

एकस्य रक्तो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७२।।

શ્લોકાર્થઃ- [ रक्तः ] જીવ રાગી છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ રાગી નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૨.

## શ્લોક - ૭૩

( उपजाति )

एकस्य दुष्टो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७३।।

શ્લોકાર્થઃ- [ दुष्टः ] જીવ દ્વેષી છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ દ્વેષી નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૩.

## શ્લોક - ૭૪

( उपजाति )

एकस्य कर्ता न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७४।।

શ્લોકાર્થઃ- [ कर्ता ] જીવ કર્તા છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ કર્તા નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૪.

## શ્લોક - ૭૫

( उपजाति )

एकस्य भोक्ता न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७५।।

શ્લોકાર્થઃ- [ भोक्ता ] જીવ ભોક્તા છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ ભોક્તા નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૫.

## શ્લોક - ૭૬

( उपजाति )

एकस्य जीवो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७६।।

શ્લોકાર્થઃ- [ जीवः ] જીવ જીવ છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ જીવ નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૬.

## શ્લોક - ૭૭

( उपजाति )

एकस्य सूक्ष्मो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७७।।

શ્લોકાર્થઃ- [ सूक्ष्मः ] જીવ સૂક્ષ્મ છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ સૂક્ષ્મ નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ]

ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૭.

## શ્લોક - ૭૮

( उपजाति )

एकस्य हेतुर्न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७८।।

શ્લોકાર્થઃ- [ हेतुः ] જીવ હેતુ ( કારણ ) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ હેતુ ( કારણ ) નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૮.

## શ્લોક - ૭૯

( उपजाति )

एकस्य कार्यं न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७९।।

શ્લોકાર્થઃ- [ कार्य ] જીવ કાર્ય છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ કાર્ય નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૯.

## શ્લોક - ૮૦

( उपजाति )

एकस्य भावो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८०।।

શ્લોકાર્થઃ- [ भाव: ] જીવ ભાવ છે ( અર્થાત્ ભાવરૂપ છે ) [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ ભાવ નથી ( અર્થાત્ અભાવરૂપ છે ) [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयो: ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ य: तत्त्ववेदी च्युतपक्षपात: ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૦.

## શ્લોક - ૮૧

( उपजाति )

एकस्य चेको न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८१।।

શ્લોકાર્થઃ- [ एक: ] જીવ એક છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે [ च ] અને [ न तथा ] જીવ એક નથી ( -અનેક છે ) [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयो: ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ य: तत्त्ववेदी च्युतपक्षपात: ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૧.

## શ્લોક - ૮૨

( उपजाति )

एकस्य सान्तो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८२।।

શ્લોકાર્થઃ- [ सान्त: ] જીવ સાંત ( -અંત સહિત ) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ સાંત નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयो: ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ य: तत्त्ववेदी च्युतपक्षपात: ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૨.

## શ્લોક - ૮૩

( उपजाति )

एकस्य नित्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८३।।

શ્લોકાર્થઃ- [ नित्यः ] જીવ નિત્ય છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ નિત્ય નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૩.

## શ્લોક - ૮૪

( उपजाति )

एकस्य वाच्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८४।।

શ્લોકાર્થઃ- [ वाच्यः ] જીવ વાચ્ય ( અર્થાત્ વચનથી કહી શકાય એવો ) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ વાચ્ય ( -વચનગોચર ) નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૪.

## શ્લોક - ૮૫

( उपजाति )

एकस्य नाना न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८५।।

શ્લોકાર્થઃ- [ नाना ] જીવ નાનારૂપ છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ નાનારૂપ નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ

[ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૫.

## શ્લોક - ૮૬

( उपजाति )

एकस्य चेत्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८६।।

શ્લોકાર્થઃ- [ चेत्यः ] જીવ ચેત્ય ( -ચેતાવાયોગ્ય ) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ ચેત્ય નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૬.

## શ્લોક - ૮૭

( उपजाति )

एकस्य दृश्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८७।।

શ્લોકાર્થઃ- [ दृश्यः ] જીવ દૃશ્ય ( -દેખાવાયોગ્ય ) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ દૃશ્ય નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૭.

## શ્લોક - ૮૮

( उपजाति )

एकस्य वेद्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८८।।

શ્લોકાર્થઃ- [ वेद्यः ] જીવ વેદ્ય ( -વેદાવાયોગ્ય, જણાવાયોગ્ય ) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ વેદ્ય નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૮.

---

## શ્લોક - ૮૯

( उपजाति )

एकस्य भातो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८९।।

---

શ્લોકાર્થઃ- [ भातः ] જીવ 'ભાત' ( પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ ) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ 'ભાત' નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે ( અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે ).

ભાવાર્થઃ-બદ્ધ અબદ્ધ, મૂઢ અમૂઢ, રાગી અરાગી, દ્વેષી અદ્વેષી, કર્તા અકર્તા, ભોકતા અભોકતા, જીવ અજીવ, સૂક્ષ્મ સ્થૂલ, કારણ અકારણ, કાર્ય અકાર્ય, ભાવ અભાવ, એક અનેક, સાન્ત અનન્ત, નિત્ય અનિત્ય, વાચ્ય અવાચ્ય, નાના અનાના, ચેત્ય અચેત્ય, દૃશ્ય અદૃશ્ય, વેદ્ય અવેદ્ય, ભાત અભાત ઇત્યાદિ નયોના પક્ષપાત છે. જે પુરુષ નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે તે પુરુષને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.

જીવમાં અનેક સાધારણ ધર્મો છે પરંતુ ચિત્સ્વભાવ તેનો પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે. ૮૯.

## શ્લોક-૮૯ ઉપર પ્રવચન

બદ્ધ અબદ્ધનો વિકલ્પ છોડવો, તેમ મૂઢ છે ને અમૂઢ છે એનો વિકલ્પ છોડવો, પર્યાયમાં મૂઢ છે ને વસ્તુએ અમૂઢ છે, એવો વિકલ્પ છોડવો. રાગી અરાગી, વ્યવહારે રાગી છે, નિશ્ચયે અરાગી છે. એનોય પક્ષ છોડવો. દ્વેષી અદ્વેષી, પર્યાયમાં દ્વેષ છે, વસ્તુ અદ્વેષી છે, એનો પક્ષ છોડવો. એ તો પહેલું કહેતા આવ્યા છીએ કે વ્યવહારનો પક્ષ તો છોડાવતા આવ્યા છીએ.

બદ્ધનો, મૂઢનો, રાગીનો, દ્વેષીનો...આંહી તો હવે અબદ્ધનો, અમૂઢનો, અરાગીનો, અદ્વેષીનો-એનો વિકલ્પ છોડાવે છે આંહી. ઈ આવી ગયું ને પહેલું વ્યવહારનો પક્ષ તો છોડાવતા આવ્યા છીએ. આહાહા !

કર્તા અકર્તા-એક પક્ષ કહે છે કે રાગનો કર્તા છે વ્યવહારે, નિશ્ચયથી અકર્તા વસ્તુ છે. પણ એ પક્ષપાત અકર્તાપણાનો પક્ષપાત પણ છોડી દેવો, છોડી દઈને કર્તા છે એમ નહીં, ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ છે એ અકર્તા છે એવો જે વિકલ્પ છે-રાગ છે એને છોડીને અકર્તાપણાનું વેદન કરવું, અકર્તાપણાના સ્વરૂપનું વેદન કરવું. આહાહા ! ભોક્તા અભોક્તા-એક ( પક્ષ ) કહે છે કે રાગનો ભોક્તા છે, બીજો કહે છે ભોક્તા નથી. રાગ ( નો ) ભોક્તા નથી એ વાત સાચી છે, પણ છતાં એનો જે પક્ષરૂપ વિકલ્પ છે, એને છોડી દેવો. ઓલો વ્યવહારનો તો નિષેધ કરતા આવ્યા જ છીએ, એ પહેલું કીધું-ભોક્તા ( છે ) એનો તો નિષેધ કરતા આવ્યા છીએ, અભોક્તાનો નિષેધ ( કર ) હવે તો આંહી એમ કહે છે. 'અભોક્તા છે' પણ એનો વિકલ્પ જે રાગ, એના પક્ષપાતમાં રહેવું, છોડી દેવું. આરે આરે આવું ક્યારે ( કરે ! ) સાંભળવા મળે એવું નથી. આહાહા !

જીવ અજીવ, એક કહે કે જીવ છે, બીજો કહે કે જીવ નથી, પરની અપેક્ષાએ. 'જીવ છે' એવો વિકલ્પ પણ છોડી દેવો, જીવ નથી એ તો વ્યવહારનો વિકલ્પ પ્રથમથી જ છોડાવતા આવ્યા છીએ. જીવ છે, એનો પણ વિકલ્પ છોડી દેવો. આહાહા ! સૂક્ષ્મ સ્થૂલ-સૂક્ષ્મ છે ઈ છે. સ્થૂલ છે ઈ વિકલ્પને તો છોડાવતા આવ્યા છીએ, પણ સૂક્ષ્મ છે એના વિકલ્પને પણ છોડવાનું ( કહે છે ). 'કારણ અકારણ' કારણ છે ઈ વ્યવહાર કહેવાય છે, અકારણ છે એ નિશ્ચય છે. કોઈનું એ કારણ જ નથી. આહાહા ! એને જ હવે નિષેધ કરવા માટે, કારણ તો નથી કોઈનું પણ એ કોઈનું અકારણેય નથી. અકારણ છે એવો એક પક્ષ છે-વિકલ્પ છે ( એને ય છોડી દેવો. ) 'કાર્ય અકાર્ય' કાર્ય કોઈનું નથી, તેમ અકાર્ય છે, એવો પણ એક વિકલ્પ છે એય છોડવાનો ( છે. ) 'ભાવ અભાવ'-ભાવ છે ખરો ઈ પરથી અભાવ છે. અભાવનો તો નિષેધ છે, પણ 'ભાવ' ના વિકલ્પનોય નિષેધ છે. આહાહા ! 'છે ભાવ' સ્વરૂપ ( પણ ) એના વિકલ્પનો નિષેધ છે. હવે આવું ઝીણું

( કહે છે ) 'એક અનેક'-અનેકની દૃષ્ટિ તો છોડાવતા આવીએ છીએ, વ્યવહાર, પણ એક રૂપે છે-એક રૂપે છે, એવો જે વિકલ્પ પણ છોડાવે છે, ઝીણું છે થોડા માણસમાં ઠીક આ 'સાન્ત અનન્ત'-સાન્ત એટલે પર્યાયથી સાન્ત છે, વસ્તુથી અનંત છે. પર્યાયથી સાન્ત છે, એનો તો નિષેધ છે, પણ વસ્તુ અનંત છે અનંત-અનંત છે. 'નિત્ય અનિત્ય'-અનિત્યનો તો નિષેધ કરતા જ આવ્યા છીએ, પણ નિત્યના પક્ષનો વિકલ્પ છોડવો. આહાહા ! 'વાચ્ય અવાચ્ય'-વચનથી કહેવા લાયક છે, એ અપેક્ષા તો છોડતા આવ્યા છીએ, અવાચ્ય-વચનથી કહી શકાય નહીં એવું છે એનો ય પણ વિકલ્પ છોડી દેવો. 'નાના અનાના'-અનેક પ્રકારે છે એનો તો નિષેધ કરતા આવ્યા છીએ, પણ અનેક પ્રકાર નથી, એક જ પ્રકાર છે એવો પણ વિકલ્પ છોડી દેવો. 'ચેત્ય અને અચેત્ય'-ચેત્ય જાણવા લાયક છે, અચેત્ય-જાણવા લાયક નથી. જાણવાલાયક નથી એ તો નાસ્તિ થઈ, જાણવાલાયક છે પણ છતાં એનો વિકલ્પ છોડવા લાયક છે. 'દૃશ્ય અદૃશ્ય'-દેખવા

લાયક છે ને દેખવાલાયક નથી. ઈ તો છે ઈ છે. એ દશ્યનો વિકલ્પ તો છોડયો, પણ અદશ્યનો વિકલ્પે ય છોડવો. વેદ્ય અવેદ્ય-વેદવા યોગ્યને અવેદવા યોગ્ય-વેદવા યોગ્ય છે. અને જે વેદવા યોગ્ય નથી એનો વિકલ્પ તો છોડાવતા આવ્યા છીએ, વેદવા યોગ્ય છે એનો વિકલ્પ છોડવા યોગ્ય છે. આહાહાહા ! 'ભાત-અભાત'-ભાત જણાય એવો છે-પ્રત્યક્ષ થાય એવો-છે, અભાત પ્રત્યક્ષ થાય એવો નથી. આ પ્રત્યક્ષ થાય એવો છે ઈ અસ્તિ છે, પ્રત્યક્ષ થાય એવો નથી એનો તો નિષેધ કરતા આવ્યા છીએ, પણ પ્રત્યક્ષ થાય છે એનો વિકલ્પ પણ તેનો નિષેધ કરીએ છીએ. આહાહા !

નવા માણસને તો આમાં કાંઈ સૂઝ પડે નહીં, આવું સ્વરૂપ છે.

ઈત્યાદિ નયોના પક્ષપાત છે. જે પુરુષ નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક- જે રીતે કહેવા માગ્યું છે, તે રીતે સમજીને, વિવક્ષા એટલે જે રીતે કહેવામાં આવી છે વસ્તુને તે રીતે જ સમજીને, તત્ત્વનો એટલે કે વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને, વિકલ્પ દ્વારા વસ્તુસ્વરૂપનો નિર્ણય કરી નયોના પક્ષપાતને છોડે છે પછી નયનો જે વિકલ્પ છે રાગ એને છોડે છે, તે પુરુષને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે અનુભવ પાઠ છે ને ? चिच्चिदेव -જ્ઞાન છે તે જ્ઞાનનો જ અનુભવ રહે છે. એક વિકલ્પનો ક્ષોભનો અનુભવ મટી જાય છે-માળે અર્થ પર્ણ......

જીવમાં અનેક સાધારણ ધર્મો છે.પરંતુ ચિત સ્વભાવ તેનો પ્રગટ અનુભવ યોગ્ય અસાધારણ ધર્મ છે-એ શું કીધું ? જીવમાં અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ અસાધારણ ધર્મો છે જે પોતામાં પણ છે અને બીજામાં પણ છે એવા અનેક સાધારણ ધર્મો છે. પરંતુ ચિત્ત સ્વભાવ તેનો પ્રગટ અનુભવ ગોચર અસાધારણ ધર્મ છે એ જાણનાર ધર્મ એક જ વસ્તુમાં અસાધારણ જીવ કોઈ બીજામાં નથી અને એવો કોઈ બીજો પોતામાંય નથી. એક જ ચિત સ્વભાવ એવો જે ભગવાન અસાધારણ, કે જે સ્વપરને જાણે, બીજા ધર્મો પોતામાં છે પણ એ અસ્તિ તરીકે છે જાણનાર નથી. જાણનાર તો આ એક અસાધારણ ચિત સ્વભાવ જ છે. આ તો ચિદ એવ ચિદ એવ અનુભવ કર -કેમ કહ્યું એમ એનો ખુલાસો એમ જીવમાં અનેક સાધારણ એટલે આત્મામાં પણ છે, જડમાં પણ છે, બીજા આત્મામાં પણ છે- એવા ધર્મો છે પરંતુ ચિત્ત સ્વભાવ એનો પ્રગટ અનુભવગોચર છે. કારણકે પર્યાયમાં જ્ઞાનનો ઉઘાડ છે - પણ એ દ્વારા અંદરમાં જાય તો પ્રગટ પ્રત્યક્ષ જ્ઞાનનો અનુભવ થાય - ચિત્ત સ્વભાવ તેનો પ્રગટ અનુભવ ગમ્ય અસાધારણ એ એક જ ગુણ એવો છે ( જ્ઞાન કે સર્વને જાણે છે ) એ અનંતગુણ જાણતા નથી.

આ, જ્ઞાન ગુણ જ જાણે છે, બીજા ગુણને ય જાણવા હોય તો તે જાણનારથી પ્રસિદ્ધ થાય. આત્મામાં આનંદ છે ઈ આનંદ નહિ પ્રસિદ્ધ કરી શકે, આનંદને જાણનારું જ્ઞાન ( છે તે ) પ્રસિદ્ધ કરશે કે આનંદ છે ઈ 'જાણનાર' પ્રસિદ્ધ કરશે. આનંદ છે એ અસ્તિત્વ છે પણ આનંદમાં જાણવાનો સ્વભાવ નથી. માટે તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે ભગવાન તો જ્ઞાનસ્વરૂપ જ છે બસ. બીજા ગુણો છે, પણ બીજા અસાધારણ નથી એટલે કે બીજા પણ છે માટે એથી જુદું પાડવાનું સાધન છે.

જ્ઞાન તે આત્મા, અસ્તિત્વ તે આત્મા એમ કહીએ તો 'છે' -અસ્તિત્વ છે. 'છે' તો

આત્મા તો 'છે' તો પરમાણું ય છે. માટે એનાથી આત્મા જુદો ન પડે. 'જાણનાર' આત્મા છે–પ્રજ્ઞાબ્રહ્મ–પ્રજ્ઞાચક્ષુ–જ્ઞાનચંદ્ર–જ્ઞાનસૂર્ય–એ ચૈતન્યસ્વરૂપ, એનાથી બીજાં બધાથી જુદો પાડી શકાય એવો એક જ એ ગુણ છે. છે ? આહા...હા ! તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે.

## શ્લોક-૯૦

( वसन्ततिलका )

स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-
मेवं व्यतीत्य महतीं नय पक्षकक्षाम्।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भामेकमुपयात्यनुभूतिमात्रम्।।९०।।

**ઉપરના ૨૦ કળશના કથનને હવે સમેટે છે :-**

**શ્લોકાર્થઃ-[ एवं ] એ પ્રમાણે [ स्वेच्छा-समुच्छलद्-अनल्प-विकल्प-जालाम् ] જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે એવી [ महतीं ] મોટી [ नयपक्षकक्षाम् ] નયપક્ષકક્ષાને ( નયપક્ષની ભૂમિને ) [ व्यतीत्य ] ઓળંગી જઈને ( તત્ત્વવેદી ) [ अन्तःबहिः ] અંદર અને બહાર [ समरसैकरसस्वभावं ] સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા [ अनुभूतिमात्रम एकम् स्वं भावम् ] અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને ( -સ્વરૂપને ) [ उपयाति ] પામે છે. ૯૦.**

## શ્લોક-૯૦ ઉપર પ્રવચન

स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला–
मेवं व्यतीत्य महतीं नय पक्षकक्षाम्।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भामेकमुपयात्यनुभूतिमात्रम्।।९०।।

"( કહે છે ) એ પ્રમાણે સ્વેચ્છા–સમુચ્છલદ્–અનલ્પ–વિકલ્પ–જાલમ્"–જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે. શું કહે છે ? ભગવાન તો ચિદ્સ્વરૂપ આનંદસ્વરૂપ ધ્રુવ વીતરાગસ્વરૂપ જ છે. એમાં ( હું ) આવો છું ને તેવો છું તેવા વિકલ્પ, એની મેળે ઊઠે છે, એ સ્વભાવમાં નથી એમ કહે છે. આહાહા ! ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા, એ તો ચિત્સ્વરૂપ–આનંદસ્વરૂપ–શુદ્ધસ્વરૂપ સ્વતઃ છે. એમાં જે આ વિકલ્પ ઊઠે રાગ, હું અબદ્ધ છું ને શુદ્ધ છું ને એક છું ને એ બધી બહુ વિકલ્પની જાળો આપોઆપ ઊઠે છે. આપોઆપ એટલે ? દ્રવ્યગુણથી નહીં. પર્યાયથી

આપોઆપ ઊઠે છે. આહાહા ! વસ્તુમાં એ વિકલ્પ ઊઠે એવો સ્વભાવ નથી. આહાહા ! એવો એ ચૈતન્ય છે. બહુ વિકલ્પોની જાળો 'આપોઆપ' ઊઠે છે. એટલે કે આત્માના દ્રવ્યના અવલંબન વિના, દ્રવ્યના આશ્રય વિના, પર્યાયમાં પરના લક્ષે વિકલ્પની જાળ આપોઆપ ઊઠે છે. આહાહા ! એ...વિકલ્પની જાળ કીધી-દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ એ'તો છે જ 'જાળ' પણ ( હું ) આવો છું અબદ્ધ છું-અસ્પર્શી છું એને અહીંયા વિકલ્પની 'જાળ' કીધી. એ જાળમાં ગૂંચાય ગયો કહે છે. આહાહા !

આહા...હા ! એવી મોટી નયપક્ષકક્ષામ્ જોયું ? આપોઆપ ઉઠે છે એવી મોટી નયપક્ષામ્ છે, નયપક્ષકક્ષામ્ નયપક્ષની ભૂમિ, ભગવાને કહેલો એવો આત્મા શુદ્ધચૈતન્યઘન એવો પક્ષનો વિકલ્પ ઊઠે જે નયનો, તેને ઓળંગી જા-એને ઓળંગી જઈને, જે તત્ત્વવેદી अन्त:बहि: -અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા-અંદરમાં સમતા વીતરાગમૂર્તિ છે, અને પર્યાયમાં પણ વીતરાગતા પ્રગટી છે. આહાહા ! अन्त:बहि: -અંતર તો વીતરાગમૂર્તિ આત્મા છે જ પણ બહાર, સમતા-સમરસ-બહારમાં પણ વિકલ્પની જાળ તોડી, તોડી એમ ઉપદેશ કહેવાય છે. બાકી આંહી સ્થિર થાય છે એટલે ( વિકલ્પની જાળ ) તૂટી જાય છે. સમરસ એક રસ જ સ્વભાવ-સમતારસ રૂપ એક જ જેનો એકરસ સ્વભાવ છે. આહાહા ! ભગવાનનો તો વીતરાગ સ્વભાવ જ છે, એકલો સમતા સમતા સમતા વિકલ્પની જાળ વિનાનો સમરસ સમરસ-સમતારસ-એકરૂપ વીતરાગરસ, આહાહા ! એવું જે આત્માનું સ્વરૂપ એવું છે. આહાહા !

સમતા-રસરૂપી એક રસ જ જેનો-ઓલી વિકલ્પ છે ઈ અસમતા હતી. હું નિશ્ચયે આવો છું ને વ્યવહારે આવો છું ને, એ બધી વિકલ્પની જાળ અસમતા હતી, ક્ષોભ હતો, મોહ હતો. આહાહા ! એને છોડીને, છે ને ઓળંગી જઈને-છોડીને એટલે ઓળંગી જઈને સમતા રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે, આહાહા ! વીતરાગ, રાગના વિકલ્પની જાળ વિનાનો, સમતાસ્વરૂપ જ પ્રભુ છે. સમતા એને બહારથી લાવવી નથી. સમતાસ્વરૂપ છે એવો અંતરમાં છે, એવો પર્યાયમાં સમતાસ્વરૂપ પ્રગટ થાય છે. આહાહા ! એ વિકલ્પ છે એ અસમતા છે-એ ક્ષોભ છે એને છોડીને સમરસ પર્યાયમાં, અંદરમાં તો છે-પર્યાય બહાર છે, પર્યાય અંદરમાં નથી. આહા ! અંદરમાં એટલે દ્રવ્યસ્વભાવમાં સમતારસનો પિંડ છે, પણ જ્યારે વિકલ્પ છોડે છે ત્યારે પર્યાયમાં સમતારસ-વીતરાગરસ-શાંતરસ આવે છે. આહાહા ! એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. હજી તો આ ધર્મની પહેલી સીડી. આહાહાહા !

સમરસ એક રસ છે ને ? 'એક' રસ, જેવો અંદર સમતા-વીતરાગમૂર્તિ પ્રભુ છે 'એવો જ' પર્યાયમાં એકરસ-વીતરાગ પર્યાય એકરસ પ્રગટી, એકરસ જ જેનો સ્વભાવ છે,એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને અનુભૂતિમાત્ર 'એક'-સમરસ સમતા સ્વરૂપ ત્રિકાળ છે,તેની પર્યાયમાં-અનુભૂતિમાં સમતા આવી-અનુભૂતિમાત્ર એક પોતાના સ્વરૂપને પામે છે. બધાં વિકલ્પોને છોડી, નિશ્ચયનયના, શુદ્ધનયના પક્ષના વિકલ્પોને પણ છોડી, ત્રિકાળી સમતારસનો પિંડ અંદર, તેને પર્યાયમાં સમરસ-અનુભૂતિ આવે છે. આહાહા !

અજાણ્યા માણસને તો આ શું સૂઝે-શું કહે છે આ ? આવો તો જૈનધરમ હશે ? લ્યો, આ

મિચ્છામિ પડિક્કમણં ઈરિયા વહિયા-તસ્સઉત્તરી કરણેણં એ જડની ક્રિયાઓ ને રાગ છે. વીતરાગ મારગ તો 'આ' છે. સમરસ એક સમરસ દ્વિધા-પણ નહીં જ્યાં. આહાહાહા !

જેવો સમતા રસ, વીતરાગરસસ્વરૂપ છે એવો જ અનુભૂતિમાં ( પર્યાયમાં ) એકરસ-સમરસ પ્રગટયો, એક પોતાના ભાવને-પોતાના સ્વરૂપને પામે છે, તે જીવ પોતાના આત્માના સ્વરૂપને-પામે છે. તે જીવ મોક્ષના મારગમાં આવ્યો. આહાહા !

( શ્રોતાઃ- વ્યવહાર છોડાવ્યો.. ) વ્યવહાર શું ? નિશ્ચય છોડાવ્યો છે-નિશ્ચયનો પક્ષ છોડાવ્યો છે, વ્યવહારનો પક્ષ તો છોડાવતા આવ્યા છીએ, એ તો પહેલું કીધું છે એની વાત તો છે જ નહિ. એ તો પહેલું આવી ગયું ને ૭૦ મા કળશના ભાવાર્થમાં શરૂઆતમાં જ છે કે, આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. એમ પહેલેથી જ વ્યવહારને ગૌણ કરીને છોડાવતા આવ્યા છે. આમાં તો નિશ્ચયનો પક્ષ છે એને છોડાવ્યો છે. આહાહા !

સાંભળેલું સાંભળવાય મળે નહીં, સાંભળવાય મળે નહીં, ઝીણું...શું કહે છે આ તે અંદર ખ્યાલમાં લાવવું મુશ્કેલ. આહાહા ! વિકલ્પ સહિત ખ્યાલમાં લાવવું મુશ્કેલ. આહાહા !

આંહી તો વિકલ્પથી પણ પાર વ્યવહારના બંધ એક અનેક આદિના વિકલ્પોને તો છોડાવવા-છોડવાનું ( કહેતા ) આવ્યા છીએ, અહીં તો એક નિશ્ચયનો જે પક્ષ છે-શુદ્ધનિશ્ચયે અભેદ છે-જાણવાલાયક છે-અનુભવવા લાયક છે-વેદવાલાયક છે, એવો જે વિકલ્પ છે, તેને આંહી છોડાવી અને સમરસ પ્રભુ આત્મા છે, એની એકરૂપ દશા-ઓલી સમરસ વસ્તુ છે ને વિકલ્પ રાગ તો વિષમતા થતી'તી, આ સમરસ વસ્તુ છે, એને વિકલ્પ છોડીને એકાકાર ( - લીન ) થયો તો સમરસ એક ભાવ થયો-જેવો ભાવ હતો એવો ભાવ થયો. આહાહા ! અનુભૂતિ માત્ર એક પોતાના સ્વરૂપને પામે છે. આહાહા !

બહુ ઊંચી વાત હતી. વસ્તુની સ્થિતિ 'આ' છે. 'ઊંચી' ( કહી ) એટલે 'નીચી' કોઈ બીજી દશા છે, એમ નહિ. કો'ક કહેતું'તું બહારમાં કે લોકોને એમ થયું કે આવું છે બધેય ઊંચી છે વાત બહુ ઊંચી છે, સોનગઢની એમ. ઓલા મુંબઈમાં કહેતા'તા પણ ઊંચી છે એટલે બીજી કોઈ હેઠેની છે ? ઊંચી કહો કે સાચી કહો, 'આ એક જ છે' ઊંચી કહીને હેઠલું બીજું અમારું પણ કંઈક છે એમ નથી. આંહીયા તો વ્યવહારનો પક્ષ જ છોડાવતા આવ્યા છીએ. વ્રત ને ભક્તિ ને તપને એ તો વિકલ્પ ને રાગ છે, એને તો છોડાવતા આવ્યા છીએ, પણ નયના પક્ષ બે-જ્ઞાનના પક્ષ બે છે એક પર્યાય પક્ષ જોનાર ને એક દ્રવ્યપક્ષ જોનાર, પણ બેય જોનાર, એવા પર્યાયને જોનાર પક્ષનો તો નિષેધ કરતા આવ્યા છીએ, અથવા ગૌણ કરતા આવ્યા છીએ. આહાહા !

પણ ત્રિકાળી વસ્તુ જે છે, ચૈતન્યમૂર્તિ જે વિકલ્પ રહિત છે તેને સમરસ ભાવે, વેદવો ને જાણવો, એનું નામ ભાવને પ્રાપ્ત કર્યો, સ્વરૂપને પ્રાપ્ત કર્યું, એણે જીવને જાણ્યો. આહાહા !

## શ્લોક-૯૧

( रथोद्धता )

इन्द्रजालमिदमेवमुच्छलत्
पुष्कलोच्चलविकल्पवीचिभिः।
यस्य विस्फुरणमेव तत्क्षणं
कृत्स्नमस्यति तदस्मि चिन्महः।।९१।।

**હવે નયપક્ષના ત્યાગની ભાવનાનું છેલ્લું કાવ્ય કહે છે :-**

**( શ્લોકાર્થ :- ) ( पुष्कल-उत्-चल-विकल्प-वीचिभिःउच्छलत् ) પુષ્કળ, મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી ( इदम् एवम् कृत्स्नम् इन्द्रजालम् ) આ સમસ્ત ઇંદ્રજાળને ( यस्य विस्फुरणम् एव ) જેનું *સ્ફુરણ માત્ર જ ( तत्क्षणं ) તત્ક્ષણ ( अस्यति ) ભગાડી મૂકે છે ( तत् चिन्महः अस्मि ) તે ચિન્માત્ર તેજઃ પુંજ હું છું.**

**ભાવાર્થ :- ચૈતન્યનો અનુભવ થતાં સમસ્ત નયોના વિકલ્પરૂપી ઇંદ્રજાળ તે ક્ષણે જ વિલય પામે છે; એવો ચિત્પ્રકાશ હું છું. ૯૧.**

* સ્ફુરણઃ–ફરકવું તેઃ ધનુષ્ય ટંકાર કરવો તે

## શ્લોક-૯૧ ઉપર પ્રવચન

હવે નયપક્ષના ત્યાગની ભાવનાનું છેલ્લું કાવ્ય કહે છે :–

इन्द्रजालमिदमेवमुच्छलत्
पुष्कलोच्चलविकल्पवीचिभिः।
यस्य विस्फुरणमेव तत्क्षणं
कृत्स्नमस्यति तदस्मि चिन्महः।।९१।।

( કહે છે કે : ) पुष्कल–उत्–चल–विकल्प–वीचिभिः उच्छलत् –પુષ્કળ, ઉત્ત એટલે મોટા. આહાહા ! ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી–ભગવાન તો અંદર સમરસસ્વરૂપ છે. આત્મા તો અંદર જિનસ્વરૂપ જ વીતરાગસ્વરૂપ જ છે. એ અત્યારે છે ? ત્રણે કાળે પ્રભુ જિનસ્વરૂપ જ છે આત્મા. એનો સ્વભાવ–સ્વભાવ વીતરાગી સ્વભાવનું સામર્થ્ય જ તે જ જીવ છે. આહાહા !

આંહી કહે છે કે એમાં પુષ્કળ, મોટા / ઉત્ નો અર્થ મોટા કર્યો છે. ચંચળરૂપ વિકલ્પ છે, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી इदम–एवम–कृत्स्नम् इन्द्रजालम् –આ સમસ્ત ઈન્દ્ર–જાળ જેમ માયાજાળ છે ને ? આ કે.લાલ. નથી કહેતા, કે–લાલની માયાજાળ, જાદુગર ! જાદુ ( કરે છે ને ) આવ્યો ’તો ત્યાં મુંબઈ હતો તે, એકવાર સાંજે છેલ્લે દિ’ આવ્યો ’તો, જાદુગર, માયાજાળ કહેવાય છે, એમ આંહી વિકલ્પની બધી માયાજાળ છે, કહે છે. જે જેવું સ્વરૂપ છે તેવું ન

બતાવતાં, વિકૃતસ્વરૂપ તેને બતાવે, એવા પુષ્કળ મોટા ચંચળ વિકલ્પ તરંગો વડે ઊઠતી, આ ઇંદ્રજાળ આ ઇંદ્રજાળ છે, એ આત્મસ્વરૂપ નહિ. આહાહાહા ! ઇંદ્રજાળ છે ઈ તો કહે ( છે. ) જેમ ઈન્દ્ર જેમ આમ હજ્જારો રૂપ ધારણ કરે ને ? સંકેલે તો બસ એકલો.

આ સમસ્ત ઇંદ્રજાળને 'विस्फुरण' एव' જેનું સ્ફુરણ માત્ર જ અતીન્દ્રિય આનંદ સ્વભાવ ભગવાન, એમાં એકાગ્ર થતાં માત્ર, એ અતીન્દ્રિય આનંદનો અંશ સ્ફુરણ પ્રગટ થતાં, વિકલ્પની જાળ ક્યાંય ચાલી જાય છે. આહાહા ! ઇંદ્રજાળને જેનું સ્ફુરણમાત્ર, છે ને નીચે ( ફુટનોટમાં અર્થ છે કે ) સ્ફુરણ = ફરકવું તે; ધનુષ્યટંકાર કરવો તે, ધનુષનો આમ ટંકાર થાય ત્યાં લશ્કર ચાલ્યું જાય. એમ ભગવાન આત્મા અંદર જ્ઞાતા-દ્રષ્ટા આમ થયો જ્યાં અંદર ત્યાં વિકલ્પજાળ ભાગી જાય બધી. આહાહાહા ! यस्य विस्फुरणम् एव-જેનું સ્ફુરણ માત્ર 'જ' एव- છે ને यस्य विस्फुरणम् 'एव'—નિશ્ચય કર્યું-એને બીજાની જરૂર નથી કહે છે. આહાહા ! એ ભગવાન આનંદનો નાથ જયાં એક અંશે સ્ફૂરે છે તત્ક્ષણ-ભગાડી મુકે છે ઇંદ્રજાળ ને વિકલ્પની જાળ ત્યાં રહેતી નથી.

બહુ આજ તો માલ-માલ બધો આવ્યો, માણસ થોડા છે. આહાહા !

( શ્રોતાઃ- વિકલ્પજાળ ગઈ કે નિર્વિકલ્પ થયો ) 'તત્ ક્ષણ' પાછું એમ. ( કહે છે ) 'विस्फुरणम् एव'- જરી પણ અંદર સ્ફુરણ થઈ આત્મા આનંદમાં જાગ્રત થયો વિકલ્પ છોડીને, ત્યાં સ્ફુરણમાત્રથી, સ્ફુરણમાત્રથી આત્માથી, તત્ક્ષણ ભગાડી મૂકે છે तत् चिन्महः अस्मि-તે ચિન્માત્ર તેજઃપુંજ હું છું. આહાહાહા ! તે જ્ઞાનસ્વરૂપ-ચેતનસ્વરૂપ તે હું છું. એમ સમકિતી પોતાના આત્માને આવો માને છે. આહાહા !

ભાવાર્થ :- ચૈતન્યનો અનુભવ થતાં, સમસ્ત નયોના વિકલ્પરૂપી ઇંદ્રજાળ તે ક્ષણે જ વિલય પામે છે-તે ક્ષણે જ. આંહી ઉત્પન્ન થયો ને ત્યાં વ્યય થાય એમ કહે છે. કેમકે ક્ષણ તો એકની એક જ છે. જે ક્ષણે શાંતિ ઉત્પન્ન થઈ તે જ ક્ષણે -વિકલ્પની અશાંતિનો વ્યય થયો. કારણ કે સમય તો એક છે ને ? આહાહા ! તે ક્ષણે જ વિલય પામે છે, એવો ચિત્પ્રકાશ હું છું.

વિશેષ કહેશે.( શ્રોતાઃ-પ્રમાણ વચન ગુરુદેવ ! )

( હવે કહે છે કેઃ ) "ત્યારે આ ( સમયસાર ) સ્વયં ઉપયોગ હોવાથી" - આત્મભગવાન, એ તો ઉપયોગ જ સ્વરૂપ છે. ત્રિકાળ જાણવું-દેખવું, એવું એનો ઉપયોગ સ્વરૂપ છે. એનો કાયમી સ્વભાવ અને સ્વરૂપ તો ઉપયોગ છે. એ ત્રિકાળ દર્શન-જ્ઞાન છે, એને પણ ઉપયોગ કહેવામાં આવે છે. આહા...હા ! સ્વયં ઉપયોગ હોવાથી "મુકતમોહ( મોહ રહિત ) થયો થકો" -પર્યાયમાં પણ સ્વયં ઉપયોગરૂપ હોવાથી મુકતમોહ થયો થકો ( અર્થાત્ શું કહે છે ? કેઃ ) પરતરફની સાવધાનીનો રાગાદિ ભાવ ( હતો ) એનાથી સ્વતરફના અત્યંત ભેદજ્ઞાનને લઈને રાગથી મુકત થયો છે. -આવું મુનિપણું ! અને એ મુનિપણા વિના મુકિત નથી !

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૧૯૮, નિયમસાર ગાથા-૮૨ )**

## ગાથા-૧૪૩

पक्षातिक्रान्तस्य किं स्वरूपमिति चेत्-

**दोण्ह वि णयाण भणिदं जाणदि णवरं तु समयपडिबद्धो।**
**ण दु णयपक्खं गिण्हदि किंचि वि णयपक्खपरिहीणो।।१४३।।**

द्वयोरपि नययोर्भणितं जानाति केवलं सतुसमयप्रतिबद्धः।
न तु नयपक्षं गृह्णाति किञ्चिदपि नयपक्षपरिहीनः।।१४३।।

यथा खलु भगवान्केवली श्रुतज्ञानावयवभूतयोर्व्यवहारनिश्चयनयपक्षयोः विश्वसाक्षितया केवलं स्वरूपमेव जानाति, न तु सततमुल्लसितसहजविमल-सकलकेवलज्ञानतया नित्यं स्वयमेव विज्ञानघनभूतत्वात् श्रुतज्ञानभूमिकातिक्रान्ततया समस्तनयपक्षपरिग्रहदूरीभूतत्वात् कञ्चनापि नयपक्षं परिगृह्णाति, तथा किल यः श्रुतज्ञानावयवभूतयोर्व्यवहारनिश्चयनयपक्षयोः क्षयोपशमविजृम्भितश्रुतज्ञानात्मकविकल्प प्रत्युद्गमनेऽपि परपरिग्रहप्रतिनिवृत्तौत्सुक्यतया स्वरूपमेव केवलं जानाति, न तु खरतरदृष्टिगृहीतसुनिस्तुषनित्योदितचिन्मयसमयप्रतिबद्धतया तदात्वे स्वयमेव विज्ञानघनभूतत्वात् श्रुतज्ञानात्मकसमस्तान्तर्बहिर्जल्परूपविकल्पभूमिकातिक्रान्ततया समस्तनयपक्षपरिग्रहदूरीभूतत्वात्कञ्चनापि नयपक्षं परिगृह्णाति, स खलु निखिल-विकल्पेभ्यः परतरः परमात्मा ज्ञानात्मा प्रत्यग्ज्योतिरात्मख्यातिरूपोऽनुभूतिमात्रः समयसारः।

---

'પક્ષાતિક્રાન્તનું (પક્ષને ઓળંગી ગયેલાનું) શું સ્વરૂપ છે?'-એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છેઃ-

**નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.**

ગાથાર્થઃ- [ नयपक्षपरिहीनः ] નયપક્ષથી રહિત જીવ, [ समयप्रतिबद्धः ] સમયથી પ્રતિબદ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો), [ द्वयोः अपि ] બન્ને [ नययोः ] નયોના [ भणितं ] કથનને [ केवलं तु ] કેવળ [ जानाति ] જાણે જ છે [ तु ] પરંતુ [ नयपक्षं ] નયપક્ષને [ किञ्चित् अपि ] જરા પણ [ न गृह्णाति ] ગ્રહણ કરતો નથી.

ટીકાઃ-જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ, નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતેજ વિજ્ઞાનઘન થયા

**હોઇને, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે ( અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે ) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઇ પણ નયપક્ષને ગ્રહતા નથી, તેવી રીતે જે ( શ્રુતજ્ઞાની આત્મા ), ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ, અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત, ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે ( અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવ વડે ) તે વખતે ( અનુભવ વખતે ) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઇને, શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઇ પણ નયપક્ષને ગ્રહતો નથી, તે ( આત્મા ) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર, પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ અનુભૂતિમાત્ર સમયસાર છે.**

**ભાવાર્થઃ-જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી ( જ્ઞાતાદ્રષ્ટા ) છે તેમ શ્રુતજ્ઞાની પણ જ્યારે સમસ્ત નયપક્ષોથી રહિત થઇ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવનું અનુભવન કરે છે ત્યારે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે. એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય; પ્રયોજનના વશે એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે; અને જ્યારે નયપક્ષને છોડી વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ ત્યારે તે વખતે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે એમ જાણવું.**

## પ્રવચન નં. ૨૨૨ ગાથા-૧૪૩ બુધવાર, વૈશાખ સુદ-૧૩, તા. ૯/૫/'૭૯

સમયસાર ૧૪૩ ગાથા–'પક્ષાતિક્રાન્તનું એટલે સમયસાર ૧૪૩ ગાથા પક્ષને ઓળંગી ગયેલાનું શું સ્વરૂપ છે ?' –એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છે. ઝીણી છે થોડી.

પક્ષાતિક્રાન્ત–એટલે કે પક્ષરૂપ જે નયો–વ્યવહાર ( નય ) ને નિશ્ચયનય બેય નય, એનો પક્ષ છૂટી ગયો છે એનું શું સ્વરૂપ ? અંતરમાં એ પક્ષ છુટી ગયો એનું શું સ્વરૂપ છે ? પક્ષને ઓળંગી ગયેલાનું શું સ્વરૂપ છે એમ, એવો જેનો પ્રશ્ન હોય એના ઉત્તરરૂપ ગાથા કહે છે. એકસો તેંતાલીસ.

दोण्ह वि णयाण भणिदं जाणदि णवरं तु समयपडिबद्धो।
ण दु णयपक्खं गिण्हदि किंचि वि णयपक्खपरिहीणो।।१४३।।

નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,
નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.

છેલ્લામાં છેલ્લી આ ગાથાનો 'સાર' છે.

ટીકાઃ– જેવી રીતે, આ તો દૃષ્ટાંત આપે છે કેવળી ભગવાનનું, એની હારે મેળવે છે. પાઠમાં તો 'णयपक्खपरिहीणो' કહ્યું છે પણ એને કેવળી હારે મેળવે છે, જેવી રીતે કેવળી

ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે-એ તો વિશ્વના સાક્ષી છે કેવળી. તેવી રીતે છે ? છઠ્ઠી લીટી જેવી રીતે કેવળી ભગવાન વિશ્વના સાક્ષીપણાને લીધે, તેવી રીતે જે શ્રુતજ્ઞાની આત્મા, ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનસ્વરૂપ વિકલ્પો, ઉત્પન્ન થતા હોવા છતાં, પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત થયો હોવાને લીધે-ઓલામાં કેવળીને વિશ્વના સાક્ષીપણાને લીધે અને આમાં શ્રુતજ્ઞાન સ્વરૂપ વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં, પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે આ બેનો મેળ કર્યો. આહા ! ભગવાન તો ચોખ્ખા સાક્ષી છે, નીચે...નયપક્ષરહિત જીવ, આહાહા ! શ્રુતજ્ઞાનથી ઉત્પન્ન થતા વિકલ્પો-વૃત્તિ-ભેદ, તેને પકડવાનો ઉત્સાહ નિવૃત થયો છે. એ વિકલ્પો છે તેના પ્રત્યે ઉત્સાહ નિવૃત્ત થયો છે, આહાહા ! એટલે જેમ કેવળી સાક્ષીપણાને લીધે છે તેમ આને વિકલ્પથી ઉત્સાહ નિવૃત્ત થયો છે. તેથી એ પણ અંદર સાક્ષીપણે છે. ઝીણી ગાથા છે.

શ્રુતજ્ઞાની આત્મા, ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનસ્વરૂપ વિકલ્પ, ભેદો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રત્યે ઉત્સાહ નિવૃત્ત થયો છે. -ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે કેવળી વિશ્વના સાક્ષીપણામાં છે ત્યારે શ્રુતજ્ઞાની વિકલ્પને પકડવાના ઉત્સાહથી નિવૃત થવાને લીધે...આહાહા ! અનુભવ વખતની વાત છે. જ્યારે આત્માનો અનુભવ થાય છે, વિકલ્પના પક્ષથી રહિત થાય છે. ત્યારે તેની સ્થિતિ કેવી છે, એનું વર્ણન છે. 'પક્ષાતિક્રાન્ત' કીધો ને ? એક બોલ થયો.

બીજો શ્રુતજ્ઞાનના અવયવભૂત કેવળીને પહેલી લીટીમાં શ્રુતજ્ઞાનના અવયવ-એવા વ્યવહાર ને નિશ્ચય એ શ્રુતજ્ઞાનનો અવયવ છે, શ્રુતજ્ઞાન અવયવી છે, વ્યવહારનય ને નિશ્ચયનય એનાં અંશો એના અવયવ છે. તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે. કોણ ? કેવળી. શ્રુતજ્ઞાનના અવયયભૂત-શ્રુતજ્ઞાન અવયવી ને નિશ્ચય ને વ્યવહાર તેના ભાગ-અવયવ, એવા વ્યવહાર ને નિશ્ચયનય પક્ષોના સ્વરૂપને જ એટલે કે એને છે નહીં ખરેખર, પણ આંહી તો કહે છે સ્વરૂપને જ કેવળ જાણે છે. વ્યવહાર-નિશ્ચયનય પક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે. કોણ ? કેવળી. આહાહા ! સમજાય છે કાંઈ... ?

કેવળજ્ઞાની ભગવાન શ્રુતજ્ઞાનના અવયવભૂત કારણે કે એને શ્રુતજ્ઞાન છે નહીં, તેથી તેના બે ભાગ વ્યવહાર-નિશ્ચયનય તેમને છે નહીં, તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે કે એટલે એને છે ને એને જાણે છે એમ નહીં. આહાહા ! જાણે છે બસ. શ્રુતજ્ઞાનમાં બે નયો છે, એ છે ને એને જાણે છે એમ નહીં, કેમકે નયો તો એમને છે જ નહીં એથી 'જાણે છે' એમ કહેવામાં આવ્યું છે. ઝીણું છે ભઈ, આજની ગાથા. કાલે'ય આવ્યું'તું સવાર-બપોર ને આજે આ ( ઝીણું તત્ત્વ છે ગાથાનું ) હમણાં થોડાં માણસ છે આજ, ઓલાં બહાર ગયા છે ને બધાં. આહાહા !

કેવળી ભગવાન શ્રુતજ્ઞાનના અવયવભૂત, શ્રુતજ્ઞાન જ નથી એને, એથી એના અવયવો જે વ્યવહાર ને નિશ્ચયનયના પક્ષો ય નથી એથી તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે. એનો અર્થ ? એ નય છે અને જાણે છે એમ નહીં. ( શ્રોતાઃ- નયનું આવું સ્વરૂપ છે તેમ તે જાણે છે. ) એ સ્વરૂપ છે બસ એટલું જ, જ્ઞાનમાં જાણે છે બસ એટલું જ. જાણે છે જેમ બધાને જાણે છે એમ જાણે છે બસ એટલું, નયને જાણે છે ઈ જુદો એમ નથી. આહાહાહા ! તેમના સ્વરૂપને જ એમ શબ્દ છે

ને ? એટલે એ તો જ્ઞાતા-દ્રષ્ટા છે જ ભગવાન તો. -એથી નયના સ્વરૂપને જાણે એમ કહેવું એ તો નય પહેલાં હતી અને ગઈ અને એનું જ્ઞાન રહ્યું, તે જ્ઞાનથી જ્ઞાનને જાણે છે બસ. આહાહા !

( શ્રોતાઃ- ખંડ ખંડ જાણે ) ખંડ ખંડ ન જાણે, ભેદ છે ને એ તો શ્રુતજ્ઞાનનો ભેદ છે ને અને આને છે શ્રુતજ્ઞાન નીચેનાને. એ હવે લેશે જુઓ બીજો બોલ, આનો બીજો બોલ નીચેનો શ્રુતજ્ઞાનના અવયવભૂત, જુઓ આઠમી લીટી શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહાર-નિશ્ચયનય પક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે. જોયું ? બેયને એક જ કહ્યું. કેમકે જયાં વિકલ્પ જ નથી, આ હું અબદ્ધ છું, શુદ્ધ છું એવો જ્યાં વિકલ્પ જ નથી, ત્યાં જાણે છે, કોને ? જાણનારને જાણે છે બસ. આહાહા !

કેવળજ્ઞાની જેમ શ્રુતના અવયવને ( જે ) એમને નથી, છતાં 'જાણે છે' એમ કહેવું, કેવળ જાણે છે એ તો જાણનાર જ છે બસ. આહા ! એમ આ વ્યવહાર-નિશ્ચયના પક્ષોના સ્વરૂપને જ પક્ષ છે ને એને જાણે છે એમ નહીં. પક્ષ ( તો ) છે નહીં એને કેવળ જાણે છે, જાણવું છે બસ ! અનુભવ વખતે જાણવું એક જ છે. ઝીણું છે ભાઈ... ! કેવળ જાણે છે, છે ને. બે ( બોલ થયા )

ત્રીજું, પરંતુ કેવળી, નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ-સ્વાભાવિક વિમળ સકળ કેવળજ્ઞાન વડે-કેવળજ્ઞાન વડે, બસ ન્યાં ભગવાન સહજ કેવળજ્ઞાન વડે અને આંહી ત્રીજું અહીં અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા, અતિ તીક્ષ્ણ અનુભવકાળે જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત, ચિન્મય સમયથી, પ્રતિબદ્ધપણાને લીધે અર્થાત ચૈતન્યમય આત્માના અનભુવને લીધે, તે વખતે કેવળ આટલો શબ્દ છે. અનુભવ કાળે ત્યાં નયનો પક્ષ નથી. ભગવાનને સદાય છે, આને અનુભવ કાળે આટલો ફેર. આહાહા !

ઝીણી વાતું બહુ કેવળીને સદાય જ્ઞાન છે, ત્યારે શ્રુતજ્ઞાનીને અનુભવકાળે-તે જ વખતે પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને-પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને, ઓલામાં એમ હતું નિરંતર પ્રકાશમાન સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે, એમ હતું. આંહી પોતે જ વિજ્ઞાન( ઘન ) ક્યારે ? -અનુભવના કાળમાં-અંતરના અનુભવના કાળમાં, પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને, આ ઈ ચોથો બોલ થયો. ત્રણ બોલ થયાને 'સદા' પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને, ઈ ચોથો બોલ છે જુઓ ! એ કેવળજ્ઞાની-સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને, એ કેવળજ્ઞાની, આંહીયા ( શ્રુતજ્ઞાની ) પણ અનુભવ વખતે પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને, આહાહા ! બસ, એ ચાર ( બોલ થયા ) એ ચાર ત્યાં સુધી થયા.

પાંચમો ( બોલ ), શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે, કેવળી. કેવળીને શ્રુતજ્ઞાનની ભૂમિકા જ નથી. શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે... અહીં શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના, અતિક્રાન્તપણા વડે-આહાહા ! કેવળી, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે-એમને શ્રુતજ્ઞાનની ભૂમિકા છે નહીં ત્યારે આને ( શ્રુતજ્ઞાનીને ) અનુભવમાં, શ્રુતજ્ઞાનસ્વરૂપ સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના 'અતિક્રાન્તપણા' વડે -એને હતા ખરા, એનાં અતિક્રાન્તપણા વડે, પાંચ બોલ થયા.

છઠ્ઠો બોલ શ્રુતજ્ઞાન, કેવળીને, શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે, છે ? કેવળી શ્રુતજ્ઞાનની ભૂમિને ઓળંગી ગયા હોવાને લીધે, સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈપણ નયના પક્ષને ગ્રહતા નથી. છઠ્ઠો બોલ. આહાહા ! શું કહ્યું ? કેવળી શ્રુતજ્ઞાનની

ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે, સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈ પણ નય પક્ષને ગ્રહતા નથી. એ કેવળી. હવે આંહી સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, નીચે છે ? આ તો સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ પણ નય પક્ષને ગ્રહતો નથી, નય 'પક્ષને' ગ્રહતો નથી, ઓલામાં નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, આંહી ( સાધક ) નય પક્ષને ગ્રહતો નથી. ઝીણું બહુ બાપુ ! આહાહા ! કો' સમજાણું કાંઈ ? છ બોલ થયા. ફરીને, કેવળી

૧. જેવી રીતે કેવળી ભગવાન વિશ્વના સાક્ષીપણાને લીધે એ પહેલો બોલ 'છે' ? તેવી રીતે-છઠ્ઠી લીટી, તેવી રીતે જે શ્રુતજ્ઞાની આત્મા, ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પ થતા હોવા છતાં, પરનું ગ્રહણ કરવા પ્રત્યે ઉત્સાહ નિવૃત્ત થયો છે એમ. વિકલ્પ પ્રત્યે ઉત્સાહ નિવૃત થયો છે. આવું ઝીણું !

૨. શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહાર નિશ્ચય પક્ષો, તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે... શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહાર-નિશ્ચય નય પક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...

૩. પરંતુ નિરંતર પ્રકાશમાન સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે-આંહીયા તો સહજ, વિમળ સકળ કેવળજ્ઞાન વડે છે... આને અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી, ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત જોયું ઓલાને તો હજી કેવળીને સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન નિરંતર છે. ને આંહી આને કહે છે કે અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા નિર્મળ, નિત્ય ઉદિત, ચિન્મય, સમયથી પ્રતિબદ્ધપણા વડે-એ વખતે અનુભવમાં ચિન્મયનો અનુભવ થયો.

૪. 'સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને'... એમ છે ને ? કેવળીમાં. ચૈતન્યમય આત્માના અનુભવ વડે 'તે વખતે'-અનુભવ વખતે પોતે વિજ્ઞાનઘન થયો હોઈને કેવળીમાં ઓલામાં કેવળીમાં 'સદા' પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને, એમ છે ને એ ચોથો બોલ છે. અહીયાં ચૈતન્યમય આત્માના અનુભવ વડે-તે વખતે અનુભવ વખતે વિજ્ઞાનઘન થયો હોઈને એ ચોથો બોલ.

૫. પાંચમો, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે... ભગવાન, એમાં શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પ તથા બહિર્જલ્પ વિકલ્પોની ભૂમિકાના, અતિક્રાન્તપણા વડે, આટલી વાત !

૬. છઠ્ઠો બોલ-શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે, સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી-કેવળી, કોઈ પણ નય પક્ષને ગ્રહતા નથી એ છઠ્ઠો. એમ ( શ્રુતજ્ઞાનીને ) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ પણ નય પક્ષને ગ્રહતો નથી...

....તે આત્મા, કેવળી હારે મેળવ્યો એને ( શ્રુતજ્ઞાની-સાધકને ) આહાહા ! ક્યારે ? વાંચતો હોય ને, ભણતો હોય ને, બોલતો હોય ને કહેતો હોય ત્યારે નહીં એમ અંદરમાં નયપક્ષ કરતો હોય ત્યારે પણ નહીં, જ્યારે એ નયપક્ષને છોડી, હું અબદ્ધ છું, શુદ્ધ છું, એક છું-એવો પણ એક વિકલ્પ છે-જ્ઞાનનાં પક્ષનો ક્ષયોપશમને લઈને ઉત્પન્ન થતો એવો એક વિકલ્પ છે, ક્ષાયિકને તો એ થાય જ નહીં પણ એ વિકલ્પને છોડીને, તે વખતે એટલે અનુભવ વખતે, એકલો જ્ઞાતાદૃષ્ટા છે. આહાહા ! છે ? આહાહા !

કેવળી સદાય વિજ્ઞાનઘન છે, આ 'તે વખતે' વિજ્ઞાનઘન છે. કેવળી, શ્રુતજ્ઞાનની ભૂમિકાને

અતિક્રાન્તપણા વડે-કેવળી, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે પણ આને શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની...ભૂમિકાના અતિક્રાન્તપણા વડે, આહા...હા ! કેવળી કોઈપણ નય પક્ષને ગ્રહતા નથી, શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે, સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાને લીધે, કોઈપણ નય પક્ષને ગ્રહતા નથી. કોણ ? કેવળી...એમ શ્રુતજ્ઞાની સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ પણ નય પક્ષને ગ્રહતો નથી. લ્યો ! બે વાર તો આવ્યું. ( શ્રોતાઃ-મોક્ષમાર્ગ સરળ કરી દીધો ) મોક્ષ મારગ નયના વિકલ્પથી પાર છે, એમ કહે છે. વ્યવહાર-રત્નત્રયની વાત તો શું કરવી ? પણ એની જે ચીજ છે, એમાં શ્રુતજ્ઞાનના ઉઘાડથી, શ્રુતજ્ઞાનના અવયવભૂત નિશ્ચયનય ને વ્યવહારનયના વિકલ્પો, એનાથી પણ રહિત, એકલો શ્રુતજ્ઞાનનો વિજ્ઞાનઘન થયો, વિજ્ઞાનઘનને અનુભવે છે. આહાહા !

આ સમકિત-દર્શન ઉત્પત્તિના કાળની વાત છે આ.તે વખતે વિકલ્પ હોતો નથી. વ્યવહાર રત્નત્રયનો તો આશ્રય હોતો નથી. આહાહા ! વ્યવહારના નયનોય વિકલ્પ હોતો નથી. પણ નિશ્ચયનયના પક્ષનો પણ વિકલ્પ હોતો નથી. આહાહા ! એને આંહી અનુભવકાળમાં વિકલ્પરહિત, સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન થયું. આહાહા ! આવી વાત છે. લોકોને આકરી પડે.

'તે આત્મા' આવો થયેલો જે અનુભવમાં આવેલો આત્મા, જેને કેવળી હારે છ બોલ મેળવ્યા 'તે આત્મા'...ખરેખર સમસ્ત વિકલ્પોથી 'અતિ પર' -નયપક્ષના જે બધાં વિકલ્પોથી 'અતિ પર' આહાહા ! પરમાત્મા એ પોતે પરમાત્મા થ્યો પરમ આત્મા, પરમ સ્વરૂપ આત્મા એકલો, વિકલ્પના રાગથી રહિત પરમ આત્મા. આહાહા ! એ પરમાત્મા પરમ સ્વરૂપ કીધું, એ શું કે જ્ઞાનાત્મા-પરમસ્વરૂપ શું પણ ? કે જ્ઞાનસ્વરૂપ એકલો જ્ઞાનાત્મા. આહાહા ! બે ( બોલ થયા )

પ્રત્યગ્જ્યોતિ-પરથી પૃથક્-ભિન્ન, આહાહાહા ! સર્વજ્ઞજ્યોતિ શક્તિ-સ્વભાવ સર્વજ્ઞજ્યોતિ છે ને ? એ પ્રત્યગ્જ્યોતિ છે. આહાહા ! આત્મખ્યાતિરૂપ ઈ ચોથો બોલ, ઈ ટીકામાં છે ( ટીકાનું નામ ) 'આત્મખ્યાતિ' છે ને ? આત્મખ્યાતિ-આત્માની પ્રસિદ્ધિરૂપ વિકલ્પમાં આત્માની પ્રસિદ્ધિ નહોતી, રાગની પ્રસિદ્ધિ હતી. એ રાગના વિકલ્પોને છોડીને સ્વરૂપનો-વિજ્ઞાનઘનનો અનુભવ તે આત્મખ્યાતિ, આત્મા પ્રસિદ્ધિ પામ્યો. આત્મા જે વિજ્ઞાનઘન છે, પર્યાયમાં પ્રસિદ્ધિ પામ્યો. જે સ્વભાવરૂપ છે એ પર્યાયમાં ખ્યાતિ-પ્રસિદ્ધિ થઈ ગઈ, કે આ આત્મા. આહાહા !

વિકલ્પના રાગ વિનાનો નિર્વિકલ્પ આનંદ અને નિર્વિકલ્પ જ્ઞાન એ આત્મખ્યાતિ, એ આત્માની પ્રસિદ્ધિ-આત્મા છે એ તો ત્રિકાળ છે, પણ આંહી તો પર્યાયમાં એની ખ્યાતિ, પ્રસિદ્ધિ આવી. આહાહાહા !

પરમાત્મા...જોયું ? એ ચોથાગુણસ્થાને પણ પરમાત્મા કહ્યો-વિકલ્પ રહિત પરમાત્મા, જ્ઞાનાત્મા-પ્રત્યગ્જ્યોતિ-ભિન્નજ્યોતિ ચૈતન્ય-પૂર્ણાનંદ પોતાના અસ્તિત્વથી અને વિકલ્પઆદિના નાસ્તિત્વથી એવી પ્રત્યગ્જ્યોતિ ભિન્ન ચૈતન્યજ્યોતિ આત્મખ્યાતિરૂપ...આહા... ! ગાથા એક ગાથા એ તો. આહાહા ! આત્મખ્યાતિરૂપ અનુભૂતિ માત્ર સમયસાર છે. 'તે વખતે' અનુભૂતિમાત્ર આનંદનો અનુભવ-આત્માનો અનુભવ, વિકલ્પથી રહિત, એકલો જ્ઞાન ને આનંદ ને શાંતિનો અનુભવ એકલો-અનુભૂતિમાત્ર રાગનો લેશ નહીં જેમાં...એકલો અનુભૂતિ માત્ર. એ સમયસાર છે. આટલા વિશેષણો આપ્યા -પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ અને

અનુભૂતિમાત્ર એ સમયસાર–આ સમયસાર ( છે ). સમયસાર કોઈ વાણીમાં નથી, કોઈ લખાણમાં નથી, કોઈ વિકલ્પમાં નથી એમ કહે છે. આહાહા !

એવો જે ભગવાન આત્મા, સમયસાર સ્વરૂપ–પરમાત્મસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ પરમાત્મ–સ્વરૂપ સમુચ્ચય–પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ તો પરમાણુનેય પરમસ્વરૂપ છે. પણ આંહી પરમસ્વરૂપ કેવું કે જ્ઞાનસ્વરૂપ એમ, જ્ઞાનાત્મા અને તે પણ પ્રત્યગ્જ્યોતિ પરથી તદ્દન ભિન્ન, અને આત્મખ્યાતિ–જે વસ્તુ જેવી છે તેવી પર્યાયમાં પ્રસિદ્ધ થઈ. આહાહા ! અતીન્દ્રિય આનંદનું વેદન–અતીન્દ્રિય જ્ઞાનની કળા ખીલી–અતીન્દ્રિય વીર્યની કળા ખીલી –અતીન્દ્રિય પ્રભુત્વની કળા ખીલી, ઈશ્વર પ્રભુ પોતે એની પણ આત્મખ્યાતિમાં–પર્યાયમાં કળા ખીલી–ઈશ્વરતાની પણ કળા ખીલી એ કળા ખીલી, કેવળજ્ઞાનની કળાને પમાડશે માટે તેને ‘કળા’ એમ કહેવામાં આવી છે. આહાહા ! એવો આ સમયસાર છે. ( શ્રોતાઃ–આને માટે ક્યાંય એકાંતમાં બેસીને કાંઈ વિચારણા કરવી પડે ખરી )

એકાંત તો આ થયું, વિકલ્પરહિત છે ત્યાં બીજું કયુ પછી એકાંત ને...જ્યાં બેઠો હોય ત્યાં વિકલ્પરહિત છે ત્યાં...ઝીણી વાત છે ભાઈ...એકદમ ! સમયસાર ચોથેગુણસ્થાને હજી, અનુભૂતિના કાળમાં, કેવળ વિજ્ઞાનઘન થયો હોવાથી, વિકલ્પને તો પકડવાના ઉત્સાહથી તો નિવૃત્ત થઈ ગ્યો છે. આહાહાહા ! વિકલ્પો આવે, શ્રુતજ્ઞાન છે તેથી, પણ તેને પકડવાનો ઉત્સાહ, ઉત્સાહથી ત્યાંથી નિવૃત્ત થઈ ગયો છે. અને અંતરમાં ઉત્સાહ ગયો છે. વિકલ્પને પકડવાના ઉત્સાહથી નિવૃત્ત થયો છે. ભગવાન પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ તેમાં તેનો ઉત્સાહ ભળી ગયો છે. આહાહા ! હવે આવું સ્વરૂપ હવે છે એ વાડાવાળાને ઓલા વ્યવહારવાળા ને કહે, આવું શું કહેતા હશે એ ? આ તો કોઈ કેવળીની વાત હશે, એમ કહે. કેવળીની વાત છે જ પણ છે ચોથાગુણસ્થાનની. આહાહા ! અનુભૂતિના કાળની વાત છે બાપુ ! કેવળજ્ઞાન પ્રગટ કરવાનું બીજડું એની આ વાત છે. આહાહા ! આમાં વાદ વિવાદ કરવા જાય, કોની હારે વાદ કરે ? ( શ્રોતાઃ– અનાદિનો બહારમાં અભ્યાસ છે ને ? ) બહારનો ને એનો વિકલ્પનો...એ અંતર છે તદ્દન વિકલ્પ રહિત.

એ ચીજ જ એવી છે એ વાત એને સાંભળવા નથી મળી. વસ્તુ જ એવી છે. એ પરમાનંદમૂર્તિ–વીતરાગમૂર્તિ–જિનસ્વરૂપી એ છે.આહાહાહા ! એ વસ્તુ જ જિનસ્વરૂપ વીતરાગસ્વરૂપ જ છે. એનું જ્યારે એને ભાન થાય–જ્ઞાન થાય ત્યારે પર્યાયમાં વીતરાગતા આવે છે. પણ વસ્તુ વીતરાગસ્વરૂપ છે જ ત્રિકાળ. આહાહાહા ! એ વીતરાગ કહ્યું હતું ને ‘ઘટ ઘટ અંતર જિન વસે’ –એ જિનસ્વરૂપ જ છે. અકષાય સ્વભાવ સ્વરૂપનો પિંડ છે. વીતરાગમૂર્તિ છે. વીતરાગ જ્ઞાન, વીતરાગી જ્ઞાનમૂર્તિ એ છે. એ ત્રિકાળ એવો જ છે. પણ ઈ પકડવામાં જ્યારે આવે ત્યારે એને એવો છે એમ જણાય. એ વિના છે તો છે. આહાહા ! જ્યારે એનાં વિકલ્પથી રહિત થઈ–નિર્વિકલ્પપણે જ્યારે એને જાણે, ત્યારે એને એમ થયું કે આ તો જિનસ્વરૂપ જ છે. વીતરાગમૂર્તિ જ આત્મા છે. આહાહા !

આ પ્રશ્ન કર્યો ’તો ને ભાઈએ, ત્રિભોવનભાઈએ, વારીયા એમ કે કારણપરમાત્મા છે તો કાર્ય હોવું જોઈએ. પણ કારણપરમાત્મા છે...એ કોને પ્રતીતમાં આવ્યું ? જેને પ્રતીતમાં આવ્યું નથી, એને કારણપરમાત્મા ક્યાં છે ? એને ભલે ત્યાં હો. આહાહા ! કારણપરમાત્મા કહો કે

જિનસ્વરૂપ કહો કે વિકલ્પાતીત કહો અનુભૂતિસ્વરૂપ કહો એ પણ છે, એ છે તેના અસ્તિત્વનું-વિકલ્પના ભાવનું નાસ્તિત્વપણું, એવું એના ખ્યાલમાં આવે, ત્યારે તે કારણપરમાત્મા છે એમ આવ્યું ત્યારે એને પર્યાય સમ્યગ્દર્શન કાર્ય થયું જ તે, એને અનુભૂતિ ને સમ્યગ્દર્શન થયું જ તે, પણ એને શ્રદ્ધામાં પકડે ત્યારે ને ? માને ત્યારે ને, માન્યતામાં પર્યાયમાં ને રાગમાં વિકલ્પમાં તે રોકાઈ ગયો છે, હવે એને કારણપરમાત્મા ક્યાં છે ? છે ભલે શક્તિએ, પણ એને ક્યાં છે ? આહાહા !

એ પોતાના જ્ઞાનસ્વભાવ દ્વારા, જ્ઞાતા વસ્તુને પકડે, ત્રિકાળી જ્ઞાયકભાવ એને વર્તમાન, જ્ઞાનની પર્યાય દ્વારા પકડે, ત્યારે તેને જાણવામાં આવે કે આ પરમાત્મા છે. ત્યારે તેને જાણવામાં આવે કે આ જિનસ્વરૂપ છે. આહાહા ! ત્યારે તેને સમ્યગ્દર્શનમાં-સમ્યક્ જેવું સત્ય પૂરણ છે તેનું દર્શન એટલે પ્રતીત થઈ. આહાહા ! સમ્યગ્દર્શન સમ્યક્ સત્ય પરિપૂર્ણ પરમાત્મા, વિકલ્પ વિનાની ચીજ જ છે-વસ્તુમાં વિકલ્પ કેવો ? વસ્તુ છે તેમાં અપૂર્ણતા કેવી ? વિકૃતતા કેવી ? આહાહા ! એને આવરણ કેવું ? આહાહા ! નિરાવરણ...પૂરણ... એવી દૃષ્ટિ થઈ જ્યારે જ્ઞાન-અનુભવમાં, ત્યારે એને માટે આ જિનસ્વરૂપ છે એમ આવ્યું, ત્યારે આત્મખ્યાતિ થઈ, ત્યારે આત્મા છે એવો પ્રસિદ્ધિમાં આવ્યો. આહાહાહા ! સમજાય છે કાંઈ... ? ભારે ગાથા ભાઈ એકસો તેંતાલીસ. જેવો છે તેવો કેમ થવું....ઈ વાત છે. જેવો છે...તેવો કેમ થવું ? એ વાત છે. આહાહા !

ભાવાર્થ :- જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી, એનો અર્થ એવો નથી કે નયનો પક્ષ ઉત્પન્ન થાય છે, ન્યાં એમ ન સમજવું, જાણે છે. કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપને એટલે નયનો પક્ષ છે જાણે છે એમ નહીં. તેના સ્વરૂપને પણ એને નય છે જ નહીં. એમ એ જાણે છે. આહાહા ! આવું છે. જેમ કેવળી ભગવાન સદાય એ તો જાણનાર-જ્ઞાતાદૃષ્ટા છે બસ થઈ રહ્યું. એટલે પછી નયપક્ષનો જે ભાગ હતો એમ બીજાને વિશ્વને જાણે છે એ વિશ્વમાં નયપક્ષ પણ ભેગો આવી ગયો, પણ એ, એને નથી, હવે. વિશ્વથી જેમ ભિન્ન પડયો-એમ નયપક્ષથી ભિન્ન પડયો, એ નયપક્ષને જાણે છે એટલે વિશ્વને જાણે છે ભેગો આ જાણે છે નયપક્ષ છે ને એને જાણે છે, એમ નથી. જેને શ્રુતજ્ઞાન જ નથી, શ્રુતજ્ઞાનના ભેદ નિશ્ચય ને વ્યવહાર છે. આહાહા ! આ વ્યવહારવાળાને આકરું લાગે આ... ચરણાનુયોગમાં આમ કહ્યું છે દ્રવ્યાનુયોગમાં ભલે તમારે એમ હોય ચરણાનુયોગમાં વ્રત પાળવા, અતિચાર પાળવા એ સાધન છે ઈ, એમ કરીને એ નાખે છે.

ભાઈ...એ વાતેય ખોટી છે. એ ચરણાનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. આહાહા ! ચરણાનુયોગમાં વાત કરે...એની ભૂમિકા પ્રમાણે વ્રત આવે, નિયમ આવે. આહાહા ! પણ એનું તાત્પર્ય શું ? એને છોડીને વીતરાગતા કરવી, એ એનું તાત્પર્ય છે. એમાં રહેવું ને એને રાખવું, એમ ચરણાનુયોગનું પણ તાત્પર્ય એમ નથી. આહાહા ! ( શ્રોતાઃ- પણ હોય ત્યારે કેવું હોય છે એ જણાવ્યું છે ) એ તો એને જણાવે, પાંચમા ગુણસ્થાને આવા વ્રત હોય, છઠ્ઠે આવું હોય, પણ એનું તાત્પર્ય તો...એનાથી રહિત થઈને વીતરાગતા કર, એ એનો સાર છે. એમાં રહે ને, પાળ ને એનાથી તને લાભ થાય એમ ત્યાં છે નહીં. શું થાય ?

( શ્રોતાઃ- બારમા ગુણસ્થાન સુધી શ્રુતજ્ઞાન હોય છે ને ? ) એ તો ક્યાંય શુભને...શ્રીમદ્‌માં આવે છે ને ખબર છે. એ તો શ્રુતજ્ઞાન છે એટલું જણાવ્યું છે. એને એમ ન થઈ જાય કે હું પૂરો

થઈ ગયો એમ. ઈ છે ખરું છે કે હજુ બારમા ગુણસ્થાન સુધી શ્રુતનું અવલંબન છે, એમ આવે છે ( શાસ્ત્રમાં ) શ્રીમદ્‌માં આવે છે લોકો આને પકડે એમ આવે છે. એ તો બારમાં ગુણસ્થાને શ્રુતજ્ઞાન છે, એમ જણાવ્યું છે. બારમા ગુણસ્થાને તો ચાર જોગેય કહ્યા છે. સત્ય, અસત્ય, મિશ્ર, વ્યવહાર એ ચારેય કહ્યા છે તેથી શું ? આહાહા ! એથી કાંઈ શ્રુતજ્ઞાનનું અવલંબન લઈને, આગળ વધી ગયો છે, એમ નથી. આહાહા ! શ્રુતજ્ઞાનની પર્યાયનું અવલંબન લઈને વધ્યો છે એમેય નથી. આંહી તો એ શ્રુતજ્ઞાનની પર્યાય અથવા એના ભેદો એ તો એકકોર રહ્યા, પણ શ્રુતજ્ઞાનની પર્યાય જે છે વિકલ્પ વિનાની, એનો પણ આશ્રય લેવાનો નથી. એ તો પર્યાય છે, એમાંથી પર્યાય પ્રગટ નહીં થાય. આહાહા ! પૂરણ આનંદસ્વરૂપ ભગવાન જેમાં શ્રુતજ્ઞાનની પર્યાયના આશ્રયની પણ જયાં જરૂર નથી. આહાહાહા ! શ્રુતજ્ઞાનની પર્યાયને પણ બહિ:તત્ત્વ કીધું-નિયમસાર. આહાહા ! કેવળજ્ઞાનને બહિ:તત્ત્વ કીધું છે. આહાહા ! ( શ્રોતા:-પર્યાય છે એટલે ) પર્યાય છે ને ? અંત:તત્ત્વ તો એકસ્વરૂપે ત્રિકાળી પ્રભુ, એનો આશ્રય કરતાં પર્યાયમાં પ્રગટ થાય ત્યારે એને અંત:તત્ત્વ છે આ...એમ ખ્યાતિ પ્રસિદ્ધિ થઈ. પ્રસિદ્ધિ થાય પર્યાયમાં, પણ પ્રસિદ્ધિ થઈ કોની ? એની ( ત્રિકાળીની ). પર્યાયમાં પર્યાયની પ્રસિદ્ધિ નહીં. ( શ્રોતા:-આત્માની ત્રિકાળી આત્માની ) એ તો આવ્યું ને ૩૨૦ ગાથામાં ધ્યાતા...ખંડખંડ જ્ઞાનને અનુભવતો નથી. ખંડખંડ જ્ઞાનને લક્ષમાં લેતો નથી. જ્ઞાતા, ધર્મી જે સકલનિરાવરણ, અખંડ, એક, પ્રત્યક્ષપ્રતિભાસમય, અવિનશ્વર, શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય-જે આ તે હું છું એવો પણ એક ભેદ-વિકલ્પ નથી ત્યાં ( અભેદ છે ) જે સકલ નિરાવરણ તે હું છું, અખંડ તે હું છું...એક તે હું છું અવિનશ્વર તે હું છું પ્રત્યક્ષપ્રતિભાસમય શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. આહાહા ! આમ છે.

એ જ આંહી કહે છે. વિકલ્પ છોડી દઈને ત્રિકાળમાં દૃષ્ટિ થઈ એટલે નિર્વિકલ્પ અનુભવ થયો, એ આત્મખ્યાતિ થઈ. એને પરમાત્મા કહીએ, પર્યાય પ્રગટી એને હોં ! પરમાત્મા જાણવામાં આવ્યો એટલે પર્યાયમાં પરમાત્મા એને કહેવામાં આવે છે. જ્ઞાનાત્મા કહીએ, પ્રત્યગ્જ્યોતિ કહીએ, આત્મખ્યાતિ કહીએ-આત્મખ્યાતિરૂપ અનુભૂતિ, આત્માની પ્રસિધ્ધિરૂપ અનુભૂતિ માત્ર સમયસાર છે. આહાહા !

ભાવાર્થ :- જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી છે. એટલે એ તો જેમ બધાને-લોકાલોકને જાણે છે એમ 'જાણે છે', એ બધું જાણે છે એનો અર્થ એ કે લોકાલોકમાં એ આવી ગયું બધુ. નય છે ને એને જાણે છે એમ નહીં. આહાહાહા ! તેમ શ્રુતજ્ઞાની પણ, જ્યારે સમસ્ત નયપક્ષોથી રહિત થઈ, એકલો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ, જોયું ? શુદ્ધ ચૈતન્યમાત્રભાવ અસ્તિ અનુભવન કરે છે, એ પર્યાય. શુદ્ધચૈતન્યમાત્રભાવ એ વસ્તુ અનુભવન કરે છે તે પર્યાય ત્યારે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે-એટલે કે તેને નયપક્ષનો વિકલ્પ છે જ નહીં. એમ નયપક્ષ છે ને જ્ઞાતા છે એમ નહિ. આહાહા ! નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે.

એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે ત્યારે મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય, એક નયનો પક્ષ કરે ને બીજા નયને લક્ષમાંથી છોડી દે તો તો મિથ્યાત્વ સહિત રાગ થાય. મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય.

પ્રયોજનનાં વશે એક નયને પ્રધાન કરી-ત્રિકાળીની દૃષ્ટિ કરાવવા, પર્યાયને ગૌણ કરી, એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે તો તે મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે, કહે છે ને બોલે છે ને, પ્રરૂપણા કરે ને કહે રાગ રહે એમાં એટલો. અને જ્યારે નયપક્ષને છોડી, વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ છે. વસ્તુ સ્વરૂપ જે ત્રિકાળ છે. ધ્રુવ ભગવાન નિત્યાનંદ પ્રભુ-એકલો જ્ઞાયકસ્વભાવ ભાવ, એને કેવળ જાણે જ છે-જાણે જ ત્યારે તે વખતે, જાણે ત્યારે તે વખતે' શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે. લ્યો આંહી તો આમ કહ્યું આ જે નયપક્ષ છોડીને થાય, એને વીતરાગ કીધો. ઓલા તો ના પાડે છે ના, ના વીતરાગ તો ઓલાએ કીધું નિર્વિકલ્પ સમકિત થાય સાતમે જ્ઞાનસાગરે એમ કહ્યું, શાંતિસાગરેય એમ કહેતા'તા છેલ્લે બોલી ગયા'તા. નિર્વિકલ્પ સમકિત તો સાતમે થાય. આહાહા !

હવે, આંહી તો જ્યારે નયપક્ષને છોડી શ્રુતજ્ઞાની પણ વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ, ત્યારે તે કાળે પછી ભલે વિકલ્પ ઊઠે કહે છે, 'પણ તે કાળે' શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક-શ્રુતજ્ઞાની ચોથે અનુભૂતિના કાળમાં વીતરાગ જેવો જ હોય છે એમ જાણવું.

આ લોકોને કઠણ પડે છે. ચોથે ગુણસ્થાને સમકિત સરાગ હોય બસ વીતરાગ નહીં. (શ્રોતાઃ- એ લોકો એ તો એ ભેળવીને વાત કહે છે) પણ ઈ ક્યાં ? એ તો બીજી ચીજનો રાગ છે એ વસ્તુમાં-સમ્યગ્દર્શન છે એમાં રાગ કેવો ? સમ્યગ્દર્શન છે એ વીતરાગી જ છે જુઓને આ શું કીધું ? (શ્રુતજ્ઞાની) કેવળીની માફક વીતરાગ જેવો છે કીધું. સમ્યગ્દર્શન-અનુભૂતિના કાળમાં-વિકલ્પ વિનાની દશા વીતરાગ જ છે. આહાહા ! પ્રભુ પ્રભુ પ્રભુ શું થાય ? વાદ-વિવાદે ચડે તો કાંઈ પાર ન આવે.

જ્યારે નયપક્ષોને છોડી, છોડી-એ પણ અપેક્ષા છે. સ્વરૂપ તરફ ઢળી ગ્યો ત્યાં નયપક્ષ છૂટી ગ્યો, એને નયપક્ષને છોડે છે, છોડે છે એ કથન છે ન્યાં છોડવું ક્યાં રહે છે ? એ તો લક્ષ પર ઉપર છે. પણ ઉપદેશની શૈલીમાં શું આવે ? કથન પદ્ધતિમાં શું આવે. એ અંદર પૂર્ણાનંદનો નાથ, વીતરાગમૂર્તિ જ્યાં અનુભવમાં આવ્યો તે નયપક્ષને છોડે છે એમ કહેવું એ તો સમજાવ્યું છે. આહાહા ! નયપક્ષ રહેતો નથી એટલે છોડયો છે એમ કહ્યું. આહાહા ! આત્મા આનંદમૂર્તિ પ્રભુ એના અતીન્દ્રિય આનંદના અનુભવના કાળે, નયપક્ષ છોડે છે એમ કહ્યું, પણ એનો અર્થ કે નયપક્ષ છે નહીં...ભાષા શું કહેવી ! આહાહા ! એ તો કેવળીને ય એમ કહ્યું, કેવળી નયપક્ષને જાણે છે-બાપુ ભાષા શું થાય ? (કેવળીને) નયપક્ષ છે ક્યાં તે જાણે છે ! એ પોતે જ પોતાના સ્વને જાણે છે એમ પરને સ્વપરપ્રકાશક છે, એવું જાણવાનું કામ છે. નયપક્ષ-વિકલ્પ છે માટે જાણે છે એમ કાંઈ છે નહીં. આહાહા ! શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે, એમ જાણવું. પહેલાનાં અર્થ કરનારે પણ કેટલું બધું સ્પષ્ટીકરણ કર્યું છે. જયચંદ પંડિતે.

(શ્રોતાઃ-ભાવાર્થ ફરીને લ્યો) ફરીને લઈએ. જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપને નય પક્ષ છે નહીં, પણ બધાને જાણે છે એમ ભેગુ જાણે છે એમ કહેવામાં આવ્યું. તેમ શ્રુતજ્ઞાની પણ જ્યારે સમસ્ત નયપક્ષોથી રહિત થઈ જાય છે. જોયું ? ભગવાનને (કેવળીને) છે જ નહીં, આને છે પણ રહિત થઈ જાય છે. શુદ્ધતચૈન્યમાત્ર ભાવનું અનુભવન-એકલો શુદ્ધચૈતન્ય શુદ્ધચૈતન્યમાત્ર ભાવ-અસ્તિ પૂરણ એનું અનુભવન કરે છે ત્યારે નયપક્ષના સ્વરૂપનો

જ્ઞાતા જ છે.

એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે, હવે શ્રુતજ્ઞાનમાં પણ એક નયને જો સર્વથા ગ્રહણ કરે, બીજો નય ગૌણપણે લક્ષમાં ન રાખે તો તો મિથ્યાત્વ સહિત રાગ છે. ( શ્રોતાઃ-જાણવાને માટે રાગ ? ) છે જ. એક નયને જ પકડે ને -જેમ દ્રવ્યાર્થિક નયને એકલાને જ પકડે પણ પર્યાય નથી જ તો ( તેને ) મિથ્યાત્વસહિત રાગ છે. પ્રયોજનના વશે એક નયને પ્રધાન કરે, જોયું ? આ દ્રવ્યનું પ્રયોજન ભૂતાર્થ છે તે જ સત્ છે 'भूदत्थमस्सिदो खलु' ( ગાથા-૧૧ ) એ પ્રયોજન છે ભૂતાર્થનો આશ્રય કરાવવાનો-સમ્યગ્દર્શન કરાવવા. એથી એને ત્યાં ભૂતાર્થનો આશ્રય ને છતાં ગૌણપણે પર્યાય-વ્યવહાર નથી એમ કહ્યું, વ્યવહાર અભૂતાર્થ-જૂઠો છે એમ કરીને, એમ નહિ. એને ગૌણ કરીને નથી મુખ્ય ( દ્રવ્યને ) કરીને નિશ્ચયનું લક્ષ કરાવવા, ગૌણ કરીને નથી તેનું લક્ષ છોડાવવા, અભૂતાર્થ કહ્યું છે. સર્વથા અભૂતાર્થ માને તો એકાંત-મિથ્યાત્વ છે. આહાહા ! છે ?

મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે, અને જ્યારે નયપક્ષને છોડી મિથ્યાત્વ વિના રાગ આવે, નયપક્ષ છે તે ( શ્રુતજ્ઞાનીને ) આ પર્યાય છે, આ ત્રિકાળી દ્રવ્ય છે એવું આવે પણ એ મિથ્યાત્વ વિનાનો રાગ, એ રાગ એકલો ચારિત્રમોહનો રાગ ( છે ).

જ્યારે નયપક્ષને છોડી વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ ( ત્યારે તે ) એ વખતે તો શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે. એમ જાણવું. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ! )

## શ્લોક-૯૨

( स्वागता )

चित्स्वभावभरभावितभावा-
भावभावपरमार्थतयैकम् ।
बन्धपद्धतिमपास्य समस्तां
चेतये समसारमपारम् ।।९२।।

**તે આત્મા આવો અનુભવ કરે છે એમ કળશમાં કહે છે :-**

**શ્લોકાર્થ :- [ चित्स्वभाव-भर-भावित-भाव-अभाव-भाव-परमार्थतया एकम् ] ચિત્સ્વભાવના પુંજ વડે જ પોતાનાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ભવાય છે ( -કરાય છે )- એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી જે એક છે એવા [ अपारम् समयसारम् ] અપાર સમયસારને હું; [ समस्तां बन्धपद्धत्तिम् ] સમસ્ત બંધપદ્ધતિને [ अपास्य ] દૂર કરીને અર્થાત્ કર્મના ઉદયથી થતા સર્વ ભાવોને છોડીને, [ चेतये ] અનુભવું છું.**

**ભાવાર્થ :- નિર્વિકલ્પ અનુભવ થતાં, જેના કેવળજ્ઞાનાદિ ગુણોનો પાર નથી એવા સમયસારરૂપી પરમાત્માનો અનુભવ જ વર્તે છે, 'હું અનુભવું છું' એવો પણ વિકલ્પ હોતો નથી-એમ જાણવું. ૯૨.**

**પ્રવચન નં. ૨૨૩ શ્લોક-૯૨ ગુરુવાર, વૈશાખ સુદ-૧૪, તા. ૧૦/૫/'૭૯**

સમયસાર, કળશ-કળશ છે ને ? ૯૨

चित्स्वभावभरभावितभावा-
भावभावपरमार्थतयैकम् ।
बन्धपद्धतिमपास्य समस्तां
चेतये समसारमपारम् ।।९२।।

( શ્લોકાર્થઃ- ) ( चित्स्वभाव-भर-भावित-भाव-अभाव-भाव-परमार्थतया एकम् ) ચિત્સ્વભાવના પુંજ વડે જ, અંદરમાં જ્ઞાનસ્વભાવનો પુંજપ્રભુ ! એ ચિત્‌સ્વભાવના પુંજ વડે જ પોતાનાં ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય ભવાય છે. ભાવ-અભાવ-ભાવ એમ છે ને. ભાવ એટલે ઉત્પાદ્ ને અભાવ એટલે વ્યય ને ભાવ એટલે ધ્રુવ. જ્ઞાનસ્વભાવ, અંતરમાં સ્વભાવ જે જ્ઞાન છે એ પુણ્ય-પાપ ને વિકલ્પથી પાર છે. એવા ચિત્‌સ્વભાવ વડે જ ચિત્‌સ્વભાવના પુંજ વડે પોતાનાં ઉત્પાદ-વ્યય ને ધ્રુવ ભવાય છે. એટલે કે ધ્રુવનું ધ્યાન કરતાં ઉત્પાદ-વ્યય થાય છે. ત્રણ થઈને એકત્વ છે. આહા !

નવી નવી નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય, પૂર્વની પર્યાયનો વ્યય થાય, ધ્રુવપણે કાયમ રહે, ( આત્મા ) -એ ચિત્‌પુંજની દૃષ્ટિ વડે ઉત્પાદ્-વ્યય ને ધ્રુવ ભવાય છે એમ કહે છે. આહાહાહા ! ચિત્‌સ્વભાવ જે-જ્ઞાનસ્વભાવનો પુંજ પ્રભુ એ વડે પોતાના ઉત્પાદ્-વ્યય ને ધ્રુવ ભવાય છે એમ. ચિત્‌પુંજ વડે પોતે ત્રણે ભવાય છે એમ કહે છે. આહા !

કેમકે જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં, એ ચિત્‌સ્વભાવના પુંજ વડે ઉત્પાદ્-નિર્મળ પર્યાય થાય છે, પૂર્વની પર્યાયનો વ્યય અભાવ થાય છે-વર્તમાન પર્યાયનો ભાવ થાય છે, પૂર્વનો અભાવ થાય છે અને ધ્રુવ ભાવ તરીકે કાયમ છે. આહાહા ! આવું છે.

ચિત્‌સ્વભાવના પુંજ વડે 'જ' અભેદ વડે જ એમ કહે છે. કોઈ રાગ નહીં, ઉત્પાદ-વ્યયનું લક્ષ નહીં, ચિત્‌સ્વભાવનો પુંજ...એ વડે પછી ઉત્પાદ્-વ્યય- ધ્રુવ ( થાય )-ભવાય છે. આહાહા ! જ્ઞાનસ્વભાવના પુંજ વડે જ પોતાનાં ઉત્પાદ્-વ્યય-ધ્રુવ ભવાય છે. એટલે કે ચિત્‌સ્વભાવનાં પુંજની દૃષ્ટિ વડે પોતાનાં જ ઉત્પાદ્-વ્યય-ધ્રુવ કરાય છે. એમ કહે છે, રાગને કરાય છે ને એ વાત અહીંયાં નથી. ( શ્રોતાઃ-પરને કરી શકાય જ નહીં )

આંહી રાગ કરાય, એ પ્રશ્ન જ નથી આંહી, આંહી તો ચિત્ સ્વભાવના પુંજ વડે જ- ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ પડવાથી, એ ચિત્‌સ્વભાવના પુંજ વડે જ તેનાં નિર્મળપર્યાયનો ઉત્પાદ્, નિર્મળપર્યાયનો વ્યય અને ધ્રુવ એ ચિત્‌સ્વભાવના પુંજ વડે જ એ ત્રણેય હોય છે, એમ કહે છે. ભવાય છે-કરાય છે-હોય છે. આહાહા ! આવું ઝીણું. એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી- છે ને ( શ્લોકમાં ) 'परमार्थतया' -એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી, જે એક છે.

ઉત્પાદ્-વ્યય ને ધ્રુવ ત્રણ થવા છતાં એ ચિત્‌સ્વભાવના પુંજ વડે કરીને એ એક જ છે. એવા 'अपारम् समयसारम्' -અપાર સમયસાર-જેમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ

જેનો પાર નથી એવા સ્વભાવના ભાવ વડે સમયસારને હું અપાર સમયસારને હું, એવો જે પાર વિનાનો સ્વભાવ જેનો અપાર જ્ઞાનાનંદ આદિ અનંત એવા સમયસારને હું 'समस्ता बंधपद्धतिम्' –સમસ્ત બંધપદ્ધતિને–વિકલ્પ તો નહીં પણ કર્મના નિમિત્તથી થતા ભાવો બીજા કોઈપણ ભાવ–બધાથી રહિત, સમસ્ત બંધપદ્ધતિને દૂર કરીને કર્મના ઉદયથી થતા સર્વ ભાવોને છોડીને એમ, આહા ! –બહુ ટુંકુ.

જેણે આત્માનું કરવું હોય, એણે આત્માનો ચિત્જ્ઞાન પુંજ એવો પ્રભુ –એ વડે કરીને, ઉત્પાદ્, વ્યય ને ધ્રુવ થાય. આહાહા ! એમ કરતાં વ્યવહારનાં વિકલ્પથી પણ આ ઉત્પાદ્ વ્યય થાય, એમ નહિ. ચિત્સ્વભાવ પ્રભુ જ્ઞાન સ્વભાવનો પુંજ, અપાર શક્તિનો સાગર, તેના વડે જ પોતાનાં એટલે તેનાં ઉત્પાદ્–વ્યય ને ધ્રુવ કરાય છે, ભવાય છે, થાય છે. આહાહા ! સમસ્ત બંધ પદ્ધતિને દૂર કરીને, કર્મના ઉદયથી થતા સર્વ ભાવોને છોડીને, 'चेतये' ( હું ) અનુભવું છું– એનું નામ સમ્યગ્દર્શન ને જ્ઞાન છે. આહાહા !

ભાવાર્થ :– નિર્વિકલ્પ અનુભવ થતાં–ચિત્–જ્ઞાનસ્વભાવ પ્રભુ એને દૃષ્ટિમાં ધ્રુવને લેતાં, નિર્વિકલ્પ દશા થતાં જેના કેવળજ્ઞાનાદિ ગુણોનો પાર નથી, કેવળજ્ઞાનાદિ એટલે ઓલી પર્યાયની વાત નથી આ. કેવળજ્ઞાન ને કેવળદર્શન ને કેવળ આનંદ એવા અનંત અનંત ગુણોનો પાર નથી, એવા સમયસારરૂપી પરમાત્માનો અનુભવ જ વર્તે છે. આહાહા ! એકસો તેંતાલીસ ગાથાનો શ્લોક છે ને એવા સમયસારરૂપી પરમાત્માનો અનુભવ જ વર્તે છે, એનું નામ આત્મા, એનું નામ આત્મજ્ઞાન, એનું નામ આત્મદર્શન. આહાહા ! બહુ ટુંકૂં. 'હું અનુભવું છું' એવો પણ જ્યાં વિકલ્પ હોતો નથી ભેદ. આહાહા ! જ્ઞાનાનંદ સ્વભાવ પૂરણ, પરમાત્મા, અપાર ગુણનો દરિયો, એને અનુભવું છું, એમાં અનુભવું છું એવો પણ જ્યાં વિકલ્પ નથી. ( શ્રોતાઃ–અનુભવને જાણે તો ખરો ને ? ) એ બે ભેદ નથી ત્યાં. અનુભવે છે છતાં અનુભવું છું એવો વિકલ્પ નથી. અનુભવે છે એ તો દ્રવ્યમાં દૃષ્ટિ આપીને, આહાહા ! નિર્વિકલ્પ આનંદનો અનુભવ, એ આ અનુભવ કરું છું એવો પણ ભેદ ક્યાં છે ત્યાં ? વિકલ્પ ક્યાં છે ત્યાં ? ( શ્રોતાઃ– પણ કરે છે ત્યારે અનુભવ થાય છે ને ) વેદાંત કહે છે ને કે આત્મા અનુભવું છું એ શું ? અનુભવું છું એ તો બે ભેદ થઈ ગયા, એમ આંહી નથી. આંહીં આત્મા અનુભવું છું, એ અનુભવું છું એ વસ્તુ ને વસ્તુનો અનુભવ બે છે ( પરંતુ ) અનુભવું છું એવો વિકલ્પ નથી. ચેતનજી ! ઓલા કહે છે કે આત્મા ને એનો અનુભવ એ તો દ્વૈત થઈ ગયું, વસ્તુ અદ્વૈત છે એમ કહે છે ( વેદાંત માને છે ) તદ્દ્ન જૂઠ્ઠી વાત છે. તદ્દ્ન અજ્ઞાન છે. આહાહા !

અનુભવાય છે એ પર્યાય છે, છતાં અનુભવું છું, એવો વિકલ્પ નથી. અનુભવું છું–એવો ભેદ છે ત્રિકાળી વસ્તુને અનુભવું છું એવો ભેદ છે, પણ ભેદનો વિકલ્પ નથી. આહાહા ! આવું સ્વરૂપ છે. 'હું અનુભવું છું' એવો વિકલ્પ પણ હોતો નથી એમ જાણવું. એ એકસો તેંતાલીસ ( ગાથાનો ) કળશ થયો. હવે ( ગાથા– ) એકસો ચુમાલીસ.

## ગાથા-૧૪૪

पक्षातिक्रान्त एव समयसार इत्यवतिष्ठते-

सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं।
सव्वणयपक्खरहिदो भणिदो जो सो समयसारो।।१४४।।

सम्यग्दर्शनज्ञानमेष लभत इति केवलं व्यपदेशम्।
सर्वनयपक्षरहितो भणितो यः स समयसारः।।१४४।।

अयमेक एव केवलं सम्यग्दर्शनज्ञानव्यपदेशं किल लभते। यः खल्वखिलनयपक्षाक्षुण्णतया विश्रान्तसमस्तविकल्पव्यापारः स समयसारः। यतः प्रथमतः श्रुतज्ञानावष्टम्भेन ज्ञानस्वभावमात्मानं निश्चित्य, ततः खल्वात्मख्यातये, परख्यातिहेतूनखिलाएवेन्द्रियानिन्द्रियबुद्धीरवधार्य आत्माभिमुखीकृतमतिज्ञानतत्त्वः, तथा नानाविधनयपक्षालम्बनेनानेकविकल्पैराकुलयन्तीः श्रुतज्ञानबुद्धीरप्यवधार्य श्रुतज्ञानतत्त्वमप्यात्माभिमुखीकुर्वन्नत्यन्तमविकल्पोभूत्वा झगित्येव स्वरसत एव व्यक्तीभवन्तमादिमध्यान्तविमुक्तमनाकुलमेकं केवलमखिलस्यापि विश्वस्योपरि तरन्तमिवाखण्डप्रतिभासमयमनन्तं विज्ञानघनं परमात्मानं समयसारं विन्दन्नेवात्मा सम्यग्दृश्यते ज्ञायते च; ततः सम्यग्दर्शनं ज्ञानं च समयसार एव।

---

પક્ષાતિક્રાંત જ સમયસાર છે એમ નિયમથી ઠરે છે-એમ હવે કહે છેઃ-

**સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.**

ગાથાર્થઃ-[ यः ] જે [ सर्वनयपक्षरहितः ] સર્વ નયપક્ષોથી રહિત [ भणितः ] કહેવામાં આવ્યો છે [ सः ] તે [ समयसारः ] સમયસાર છે; [ एषः ] આને જ ( -સમયસારને જ ) [ केवलं ] કેવળ [ सम्यग्दर्शनज्ञानम् ] સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન [ इति ] એવી [ व्यपदेशम् ] સંજ્ઞા ( નામ ) [ लभते ] મળે છે. ( નામ જુદાં હોવા છતાં વસ્તુ એક જ છે. )

ટીકાઃ-જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે; ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. ( સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી, એક જ છે. )

પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઇંદ્રિયદ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાનતત્ત્વને ( -મતિજ્ઞાનના

**સ્વરૂપને ) આત્મસંમુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાન-તત્ત્વને પણ આત્મસંમુખ કરતો, અત્યંત વિકલ્પરહિત થઇને, તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતા, આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે ( અર્થાત્ શ્રદ્ધાય છે ) અને જણાય છે તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.**

**ભાવાર્થઃ-આત્માને પહેલાં આગમજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ નિશ્ચય કરીને પછી ઇંદ્રિયબુદ્ધિરૂપ મતિજ્ઞાનને જ્ઞાનમાત્રમાં જ મેળવી દઈને, તથા શ્રુતજ્ઞાનરૂપી નયોના વિકલ્પોને મટાડી શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરીને, એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો તેજ 'સમ્યગ્દર્શન' અને 'સમ્યગ્જ્ઞાન' એવાં નામ પામે છે; સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કાંઇ અનુભવથી જુદાં નથી.**

## ગાથા ૧૪૪ ઉપર પ્રવચન

પક્ષાતિક્રાન્ત જ-નિશ્ચયે અબદ્ધ છું-મુક્ત છું એવો જે નયનો પક્ષ, વિકલ્પ એનાથી અતિક્રાન્ત સમયસાર છે, નયનો પક્ષ છે ઈ સમયસાર નથી. આહાહાહા ! ક્યાં જાવું એને ? ( શ્રોતાઃ-ત્રિકાળીમાં ) પક્ષાતિક્રાન્ત જ સમયસાર છે એટલે ? હું આત્મા...બદ્ધ છું ને ઈ તો પ્રશ્ન છે જ નહીં આંહી હવે, એ વ્યવહારનો તો નિષેધ કરતા આવ્યા છીએ, એ આવી ગયું પહેલાં, આમાં આવી ગયું પહેલો કળશ છે એમાં આવી ગયું ને ? જુઓ ઈ જ આવ્યું જુઓ ? ( કળશ-૭૦ ભાવાર્થ ) 'આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે' -પહેલા કળશમાં છે. આહાહા ! એ જ આંહી ગાથામાં છે. આંહીયા તો કહે છે, પ્રભુ આ તો શાંતિના મારગ છે બાપા ! આ કોઈ વિદ્વતાના ને ક્રિયાકાંડના ધમાલ ને એ કોઈ મારગ નથી.

ભગવાન જ્ઞાનસ્વરૂપ એનો જે વિકલ્પ છે કે હું જ્ઞાન છું-અબદ્ધ છું એવા વિકલ્પથી-પક્ષથી અતિક્રાન્ત એ સમયસાર છે, એમ નિયમથી ઠરે છે-એમ ચોક્કસ એ રીતે વસ્તુનું સ્વરૂપ નક્કી થાય છે-એમ હવે કહે છે. એકસો ચુમાલીસ.

सम्मदंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं।
सव्वणयपक्खरहियो भणियो जो सो समयसारो।।१४४।।

સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,
નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.

ટીકાઃ- જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી-ખરેખર કેમ કીધું ? કે સૂક્ષ્મ અંદર પણ જો નયપક્ષ રહી જાય તો ખરેખર નયપક્ષ રહિત નથી. સૂક્ષ્મ પણ અંદર, હું અબદ્ધ છું પૂરણ છું મુક્ત છું, એવો સૂક્ષ્મ પણ એક રાગનો અંશ રહે નહીં. આહાહા ! ખરેખર

એમ ખરેખર, સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી નયનો જે પક્ષનો વિકલ્પ છે એમાં તો આત્માનું ખંડિતપણું થાય છે, એમ કહે છે. આહાહા ! એમાં અખંડનો અનુભવ થતો નથી. એ વિકલ્પ થતાં અખંડ જ્ઞાનસ્વરૂપ પ્રભુ ખંડપણાને-ભેદપણાને-ભંગપણાને પામે છે. આહાહા !

ખરેખર જે સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી, કોઈ પણ નયનો પક્ષ-નિશ્ચયનો પક્ષ પણ જ્યાં નથી, હવે નિશ્ચયનો પક્ષ નથી એટલે કે નિશ્ચયથી જે જાણ્યું છે, એથી કાંઈ બીજું નીકળશે એમાં એમ નથી. આહાહા ! જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નથી થતો એમ કીધું. નય પક્ષ છોડે છે એટલે વસ્તુ કાંઈક બીજી જાતની નીકળે છે, એમ નથી. ફક્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી-આટલી વાત છે.

શું એ કહ્યું ? હું પરિપૂર્ણ અખંડ અભેદ છું એવા એક વિકલ્પથી પણ ખરેખર, વાસ્તવિક તત્ત્વ છે એ ઉપર દૃષ્ટિ હોવાથી અનુભવમાં, એવા વિકલ્પથી પણ ખંડિત થતો નથી. આહાહાહા ! દયા, દાન, વ્રત ને તપના વિકલ્પ રાગ ( એ તો ) ક્યાંય રહી ગયા. આહાહા ! ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી-જેને સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે, અટકાવ્યો છે એમેય નહીં. જેનો સમસ્ત વિકલ્પોનો, આહાહા ! ( વ્યાપાર અટકી ગયો છે ) સૂક્ષ્મ રાગની વૃત્તિ, સ્વ તરફના, મુક્ત સ્વરૂપ તરફના વલણની સૂક્ષ્મ વૃત્તિ, એ વ્યાપાર અટકી ગયો છે. આહાહા ! આવું વસ્તુનું સ્વરૂપ છે. એમાં વાદ-વિવાદથી પણ પાર પડે એવું નથી.

ઘણે ઠેકાણે એવું આવે કે વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય-જયસેનઆચાર્યની ટીકામાં. તેથી જ્ઞાનસાગરે એનો અર્થ કર્યો છે ને ? આ વિદ્યાસાગરના ગુરુ એમાં ઈ આવે છે બહુ જયસેન- આચાર્યની ટીકામાં, વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય -એ તો જ્ઞાન કરાવ્યું છે વ્યવહારનયનું. આહાહા !

આંહી તો કહે છે, એ વ્યવહારના વિકલ્પની તો વાતું શું કરવી, પણ વસ્તુ છે તેના તરફના વલણવાળી કોઈ વૃત્તિ-વસ્તુ છે પહેલા જાણી નહોતી ને પછી જાણી કે આ તો પૂરણ વસ્તુ છે, અખંડ છે, આખો પરમાત્મસ્વરૂપ છે, એવો એક પક્ષ જે વિકલ્પ ઊઠતો હોય તો, એનાથી પણ આ વસ્તુ ખંડિત થતી નથી. આહાહાહા ! સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એટલે છે નહીં ત્યાં. આહાહા ! આવું છે. અટકી ગયો છે એવો છે,જેનો સમસ્ત વિકલ્પોનો વ્યપાર અટકી ગયો છે, એવો છે. ખંડિત નહિ થતો હોવાથી, વિકલ્પ અટકી ગયો છે એવો છે, એમ કહે છે. આહાહા ! શું ટીકા તે સમયસાર છે. એનું નામ સમયસાર છે.

ખરેખર આ એકને જ એટલે કે વિકલ્પ અટકી ગયો છે અને જેમાં વિકલ્પથી ખંડિતપણું થતું નથી, એવો અખંડ આત્મા અનુભવમાં આવ્યો, તે સમયસાર છે, ખરેખર આ એકને જ, એ સમયસાર વિકલ્પરહિત-નિર્વિકલ્પ અનુભવ થયો તે એકને જ કેવળ સમ્યગ્દર્શન, આહાહાહા ! સમ્યગ્દર્શન કોઈ વ્યવહાર છે ને કોઈ બીજું પણ છે, સમ્યગ્દર્શનનો પ્રકાર કોઈ બીજો પણ છે, એમ નથી. આ એકને જ એકને 'જ' -વિકલ્પની વૃત્તિઓ રોકાઈ ગઈ ને એકલો આત્મા પૂર્ણાનંદ-ચિદાનંદ પ્રભુ અનુભવમાં આવ્યો, તે એકને જ તે એકને જ કેવળ સમ્યગ્દર્શન-એકલું સમ્યગ્દર્શન તેને કહેવાય છે. આહાહા ! ( શ્રોતાઃ-પછી સવિકલ્પ આવે છે ને ત્યારે ! )

એ અપેક્ષા પછી આને જ સમ્યગ્દર્શન કહે છે, વિકલ્પ પછી આવે પણ તેનો આદર ક્યાં

છે ? એ તો જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું, પરજ્ઞેય પરજ્ઞેય છે, આ તો સ્વજ્ઞેય અખંડપણે જે અનુભવાણો, એ એકને જ સમ્યગ્દર્શન નામ અપાય છે એમ કહે છે–નામ અપાય છે એમ કીધું ને ? વ્યપદેશ. આહાહાહા !

'વ્યપદેશ' –એને જ સમ્યગ્દર્શન એ એકને જ કહેવાય છે. આહાહાહા ! જુઓને અત્યારે વ્યાખ્યાઓનો ફેરફાર ખરેખર આ એકને જ–વિકલ્પ રહિત, નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ અનુભવ, તે કાળે તેને એ એકને જ તેને જ કેવળ સમ્યગ્દર્શન એટલે કે એકલું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે, જોયું ? આહાહાહા ! ત્યારે તો એને 'વ્યપદેશમ્' એક તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન એવી સંજ્ઞા એને એવું નામ મળે છે. આહા...હા !

એક પરમાત્મસ્વરૂપમાં નમી ગયો છે ને અનુભવ છે, તેને એકને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ અપાય છે. નામ મળે છે. આહાહા ! એટલે ? કે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન, સમયસાર જે પરમાત્મ સ્વરૂપ ભગવાન, એનાથી જુદાં નથી. એ પૂરણ નિર્વિકલ્પસ્વરૂપ જે ચિદ્‌ઘન ભગવાન અનુભવમાં આવ્યો વિકલ્પથી રહિત, એને જ કેવળ–એકને જ એકલું સમ્યગ્દર્શન નામ એને એકલાને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ મળે છે–સમ્યક્ નામ મળે છે. એને ત્યારે જ નામ મળે છે, આહાહા ! આવો માલ છે.

( શ્રોતાઃ– વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય છે ને ? ) બીજું કોઈ છે જ નહીં. છે જ નહીં નામ નહીં ગંધ નહીં આને જ ફક્ત નામ અપાય છે, કહે છે. આહાહા ! કહો બાબુભાઈ ! આવી વાત છે.

એકલો ભગવાન આત્મા, અભેદ...વિકલ્પની લાગણી અટકી ગઈ છે, અને એકલો આનંદઘન અનુભવવામાં આવ્યો છે, તેને જ કેવળ–તેને જ એકલું એમ આખું કેવળ નથી કહેતા કેવળ મૂરખ છે આખો–કેવળ ગધેડો છે, એમ કેવળ સમ્યગ્દર્શન આને જ કહેવાય છે. આહાહા ! ટીકા તે ટીકા છે ને એ 'વ્યપદેશમ્' નો અર્થ કર્યો. सम्मदंसणणाणं एसो लहदि 'त्ति णवरि ववदेसं' આહાહા ! કેવળ તેને જ, આહાહા ! ( શ્રોતાઃ– ચોખ્ખું કરી નાખ્યું બધું ).

પૂર્ણાનંદનો નાથ, વીતરાગસ્વરૂપે અનંત અનંત કેવળજ્ઞાન એટલે એકલા જ્ઞાનગુણ આદિથી ભરેલો, એનો જે અનુભવ, વિકલ્પ વિનાનો, વિકલ્પના પક્ષ વિનાનો એમ કે પહેલેથી કોઈ વિકલ્પથી નિર્ણય કર્યો છે કે આવો છે તો એને કાંઈ સમ્યગ્દર્શનજ્ઞાન નામ અપાય કે નહીં ? આહાહા ! એમ કે પહેલો નિર્ણય કર્યો વિકલ્પથી નય, નિક્ષેપ, પ્રમાણથી એમ આવ્યું'તું તેર ગાથામાં તોંતેરમાં આવ્યું'તું –આમ–નિશ્ચય કરીને, એ નિશ્ચય કર્યો આવો છે, આવો છે એને સમ્યગ્દર્શનજ્ઞાન નામ અપાય કે નહીં ? ના,કેવળ આ વસ્તુ સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ...પર્યાયમાં નિર્વિકલ્પપણે અનુભવમાં આવ્યો, અનુભવમાં તો પર્યાયમાં આવ્યો છે પણ આવ્યો છે કોણ કે એ પૂરણ સ્વરૂપ છે એ, એવા કેવળ એકને જ–આવા અનુભવવાળાને એકને જ, બીજો કોઈ પ્રકાર નથી, કે સરાગ સમકિત છે ને ફલાણું–ઢીંકણું છે ને. આહાહાહા ! આ વીતરાગી પર્યાય છે, છે ચોથાગુણસ્થાને. આહાહાહા ! વ્યાપાર વિકલ્પોનો અટકી ગયો છે, એવો છે. એવો ઈ છે એમ કહે છે, વસ્તુ એવી છે. આહાહા !

નયના પક્ષનો–નિશ્ચયના પક્ષનો પણ વિકલ્પ અટકી ગયો છે, એવો એ છે. આહાહા ! શું

પણ ટીકા ? અમૃત રેડયાં છે. અમૃતચંદ્રાચાર્યે, લોકોને કિંમત નથી. એનાં શબ્દોમાં કેટલું-શું છે ? એ ભગવાન એ આખો છે કહે છે, એ જે અનુભવમાં વિકલ્પ અટકી ગયો, એવી ચીજ છે ઈ-ઈ ચીજ જ એવી છે. અને તેને એકને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ અપાય છે. છે ? આહા ! અર્થાત્ તે દર્શન ને જ્ઞાનની પર્યાય, દ્રવ્યથી અભેદ છે. સમયસારનો આખો આત્મા તેનાથી, તે દર્શન જ્ઞાનની પર્યાય અભેદ છે એ આત્મા જ છે. આહાહાહ ! 'व्यपदेशम्' કહીને તોએ કથન એને એકને જ કથન કરવામાં આવે છે અથવા એકને જ નામ અપાય છે, એને સમ્યક્દર્શન જ્ઞાન, એવી સંજ્ઞા એને જ મળે છે. આહાહાહ ! ડોલાવી નાખ્યો છે.

અને આંહી તો તકરારું હજી બહારની, વ્યવહાર સાધન છે ને એને ઉથાપે છે ને અરે પ્રભુ સાંભળને ભાઈ... એ સાધન કહ્યું છે એ તો જ્ઞાન કરવા માટે, હતું એને જાણે, સ્વપરપ્રકાશક છે-સ્વપરપ્રકાશક છે તે પરપ્રકાશક છે એને જાણવા કહ્યું.

એવો જે ભગવાન આત્મા, એવો જ છે. વિકલ્પ અટકી ગયો છે, એવો જ છે, એ કાંઈ નવો થ્યો નથી કાંઈ, એવો તો છે જ, તે સમયસાર છે, ખરેખર આ એકને જ, આહાહા ! શું ટીકા ! ખરેખર આ એકને જ...'જ' કથંચિત્ આને ને કથંચિત્ બીજાને એમ ન કહ્યું ત્યાં-કથંચિત્ આને સમ્યગ્દર્શન પણ કહેવું ને કથંચિત્ વ્યવહારને કહેવું એ આહીં વાત જ નથી. આહાહા ! 'વ્યવહાર સમ્યગ્દર્શન' એ સમ્યગ્દર્શન છે જ નહીં. એ તો રાગ છે એ તો આનો એ આરોપ કરીને કથન કરવામાં આવ્યું છે, આંહી તો કહે છે કે ખરું નામ તો આને જ પડે છે. આહાહા ! ઓલાને કથન કરવામાં આવે એની વાત તો ક્યાંય રહી ગઈ...વ્યવહારને કથન કરવામાં આવે વ્યવહારનું એ નહીં... આ તો આ એકને જ કેવળ કથન-સંજ્ઞા નામ આ તો મળે. ત્યારે તેને સમયસાર હાથ લાગ્યો ! આહાહા ! એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ મળે છે. આહાહા ! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, ઓલાં નામ મળે છે એમ કીધું ને એટલે જરી એ સમયસારથી જુદાં નથી, એક જ છે. જે પર્યાય અભેદ થઈ છે, એ સમયસાર છે.

કારણ કે સમયસાર ત્રિકાળી છે એ તો કાંઈ અનુભવમાં-વેદનમાં આવતો નથી. ધ્રુવ છે ...પણ તેનાં લક્ષે આખો માલ પર્યાયમાં જે અનુભવમાં આવ્યો નિર્વિકલ્પપણે એના એકને જ કેવળ સમ્યગ્દર્શન એટલે પૂરણ સમ્યગ્દર્શન, સાચું સમ્યગ્દર્શન, સત્ય સમ્યગ્દર્શન-કેવળ સમ્યગ્દર્શન-એટલે સત્યસમ્યગ્દર્શન ને સત્ સમ્યગ્જ્ઞાન શાસ્ત્રના ભણતરને ય પણ જ્ઞાનનું નામ અપાતું નથી. આંહી તો કહે છે. આહાહા ! પ્રભુ, પ્રભુ એ ભગવાન જે જ્ઞાનની મૂર્તિ પ્રભુ એ જે અનુભવમાં આવ્યો, એને જ સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. સમ્યગ્દર્શનનું નામ મળે છે અને એને જ સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. આહાહાહ ! શાસ્ત્રના ભણતરવાળાને કે વિદ્વાનને કે અગિયાર અંગ ભણી ગ્યો ને કથા આવડે વાર્તા આવડે ને જગતને કહેતાં માટે એને સમ્યગ્જ્ઞાન નામ મળે ? કે ના, ના, ના. ભગવાનનો ભેટો થયો છે જેને. આહાહા !

ભગવાન ચિદાનંદ સમયસાર એનો જ્યાં અનુભવ થયો, તેને સમ્યગ્જ્ઞાન નામ મળે છે. આહાહા ! શું શૈલી ( શ્રોતાઃ-બહુ મોંઘુ કરી નાખ્યું ! ) જેવું છે એવું કરી નાખ્યું. આહાહા ! એમ કીધું ને જુઓને વ્યાપાર અટકી ગયો છે, એવો છે 'ઈ' એવો છે' ચેતનજી ? ( શ્રોતાઃ- જેવું છે એવું કીધું છે ભાઈ એથી ઢીલું કરે તો વિપરીત થઈ જાય ).

મોંઘુ કર્યુ નથી એવો છે. જેવો છે તેવો જાહેર કર્યો છે. આહાહા ! છે ત્રણ લીટી. પછી ઓલો તો કૌંસ છે, પણ છે ત્રણ લીટી. હવે આંહી સમ્યક્ચારિત્રની વાત નથી. હજી તો સમ્યગ્દર્શન–જ્ઞાન ચોથા ગુણસ્થાનની વાત છે. આંહી ચારિત્રની વાત નથી. ( કોઈક કહે છે ને ! ) આ સાતમે ગુણસ્થાને થાય ત્યારે એને સમ્યગ્દર્શનજ્ઞાન નિર્વિકલ્પ કહેવાય એમ કહે છે ને એમ કહે છે. પ્રભુ એમ નથી ભાઈ ! આહાહા !

એ વિકલ્પ અટકી ગયો છે, એવો છે ત્યાં જણાણો, એને સમ્યગ્દર્શન–જ્ઞાન કહેવાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન ને ચારિત્ર કહેવાય છે એમ નથી. હારે આંહી લીધું એ તો સ્વરૂપાચરણ ચારિત્ર ભેગું છે પણ એ લીધું નથી. અહીં તો આ બે વાત. આહાહાહા ! આ ગાથા ગજબ છે. ( શ્રોતાઃ– ઓગણીસમી વારમાં ખુલાસો ઘણો આવ્યો ! ) હવે, એને વિસ્તારે છે. વસ્તુસ્થિતિ તો આ છે.

પ્રથમ હવે અહીંયા કીધું શ્રુતજ્ઞાનના અવલંબનથી, જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને, હજી વિકલ્પ સહિત છે આ. આ વિકલ્પ લીધો કે કેવું છે ( આત્મસ્વરૂપ ) ચીજ, પ્રથમ, તાવત્ છે ને શબ્દ મૂળતો. આહાહા ! પ્રથમ જ શબ્દ છે સંસ્કૃતમાં 'यत: प्रथमत:' પ્રથમ, કહેવાનું એ છે કે શ્રુતજ્ઞાનના અવલંબનથી–ભગવાને કહેલાં શ્રુતજ્ઞાન, એનાં અવલંબનથી...જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરી, છે વિકલ્પવાળો આ. જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા જાણન, જ્ઞાન પ્રધાનથી જ આ આખો આત્મા લીધો છે, જ્ઞાન જ આત્મા બસ આટલું. કારણ કે બીજા બધાં ગુણો હયાતિ રાખે પણ એની પ્રસિદ્ધિ જ્ઞાન જ કરે છે, એની એ બીજા ગુણો ( પોતે ) પ્રસિદ્ધિ કરતાં નથી, એ ( સર્વ ) ગુણોની જાણપણાની પ્રસિદ્ધિ તો જ્ઞાનથી થાય છે, અનંતગુણો બીજા જ્ઞાન સિવાય એની પ્રસિદ્ધિ જ્ઞાન જાણીને એ પ્રસિદ્ધ કરે છે તેથી જ્ઞાનમય જ આત્મા છે એમ કીધું. એમ હજી તો શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને હજી અનુભવની વાત નથી હજી આ પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે–નિર્ણય કર્યો કે આ પ્રભુ તો જ્ઞાનસ્વભાવ છે. ચૈતન્ય પ્રભુ તો જ્ઞાન સ્વભાવ છે. એમાં બીજો કોઈ રાગ કે વિકલ્પ એનાં છે જ નહીં. કર્મનો સંબંધ ને રાગનો સંબંધ, એ વસ્તુમાં છે જ નહીં. એવો પહેલાં વિકલ્પ દ્વારા, આત્માનો નિશ્ચય કરી, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે આત્મખ્યાતિ, હજી તો વિકલ્પથી નિર્ણય કર્યો–આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે–અનુભવ માટે પરપદાર્થની પ્રસિદ્ધિનાં કારણો–પરપદાર્થની પ્રસિદ્ધિનાં કારણો, આહાહાહાહા ! આત્માની પ્રગટ પ્રસિદ્ધિને કારણે–માટે પરપદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઇંદ્રિયદ્વાર–ઇંદ્રિયદ્વાર ને મનદ્વાર એ તો પર પ્રસિદ્ધિનાં કારણો છે. આહાહા !

આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે એક વાત. આ બાજુમાં પરપદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઇંદ્રિયો દ્વારા અને મનદ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ, પરની પ્રસિદ્ધિનાં દ્વાર–મન ને ઇંદ્રિયો એ તો પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો છે.

તે બધીને–તે બુદ્ધિઓને મર્યાદામાં લાવીને...આનો અર્થ કીધો ભાઈ કીધો છે ને ફૂલચંદજીએ અવધાર્ય છે ને ? 'एवेन्द्रियानिन्द्रियबुद्धीरयावधार्य' –એનો અર્થ જાણીને કર્યો છે આ જૈન તત્વ મિમાંસામાં બીજાં અવધાર્ય એટલે જાણીને એમ અર્થ કર્યો છે. અવધાર્ય છે ને ભાઈ સંસ્કૃતમાં 'અવધાર્ય' નો અર્થ ભાઈએ મર્યાદા કર્યો છે. મૂળ સંસ્કૃતમાં છે ચોથી લીટી. 'परख्याति हेतूनखिला एवेन्द्रियानिन्द्रियबुद्धीरअवधार्य' એમ છે, અંદર છે. ચેતનજી ? એનો અર્થ ભાઈએ

એમ કર્યો છે કે એને 'જાણીને' આહાહા ! એ અવધાર્યનો અર્થ, -તે બધીને મર્યાદામાં લાવીને, એટલે કે મન ને ઇંદ્રિય દ્વારા પ્રવર્તતી, પરપદાર્થની પ્રસિદ્ધિનાં કારણો એને આ બાજુ જરી ઢાળીને, અટકાવીને, જેણે મતિજ્ઞાન તત્ત્વને એટલો અર્થ કર્યો છે મતિજ્ઞાનના સ્વરૂપને તત્ત્વ એટલે સ્વરૂપ એવો અર્થ કર્યો છે આત્મસંમુખ કર્યો છે એવો, જે મનદ્વારા પરપદાર્થની પ્રસિદ્ધિ મતિજ્ઞાનથી થતી હતી મતિજ્ઞાનમાં અલ્પજ્ઞાન કે જ્ઞાનમાં મનદ્વારા પરની પ્રસિદ્ધિ થતી'તી એને મર્યાદામાં લાવી, તે મતિજ્ઞાનને સ્વસન્મુખ કર્યું. લ્યો આ પામવાની આ રીત. આહાહાહા !

મતિજ્ઞાનના સ્વરૂપને આત્મસન્મુખ કર્યું. સમજાવવું છે તે શી રીતે સમજાવે. બાકી આ મતિજ્ઞાન છે ને એને આત્મસન્મુખ કરું છું ને, એ તો હજી વિકલ્પ છે. આંહી તો હજી સમજાવવું છે આમ જે છે ને આમ વાળી દે છે બસ. જે મનના દ્વારા પર પ્રસિદ્ધિનું કારણ જે મતિજ્ઞાન હતું તેને ત્યાંથી રોકીને મર્યાદામાં લાવીને અથવા તેનું જ્ઞાન કરીને- એ મતિજ્ઞાનને આત્મસન્મુખ કર્યું તે જ્ઞાનને આત્મસન્મુખ કર્યું. આહાહાહા !

કહો' આ રીત નથી ? આ પામવાની આ 'રીત' નથી ? પછી બીજી કઈ રીત હોય ? કે દેવ-ગુરુ-શાસ્ત્રની બહુ ભક્તિ કરે ને તો એ તો પરપદાર્થની પ્રસિદ્ધિ છે, એનાથી. આહાહા !

આંહી તો જે મન ને ઈન્દ્રિય, પરપદાર્થની પ્રસિદ્ધિનાં કારણ હતાં, એને હવે આત્માની પ્રસિદ્ધિને પ્રગટ કરવા, તે મતિજ્ઞાનને અંતર વાળે છે. આહાહાહા !...( મતિજ્ઞાનના સ્વરૂપને ) આત્મસંમુખ કર્યું છે એવો, એ એક મતિની વાત કરી, કારણકે મતિપૂર્વક શ્રુત છે ને-ખરેખર શ્રુતમાં સમાધિ ને શાંતિ છે. પહેલું આ હોય છે. આહાહા !

( હવે કહે છે ) તથા અનેક પ્રકારના નયપક્ષોના શ્રુતજ્ઞાન, 'શ્રુતવિકલ્પા નયા:' તેથી નાના એટલે અનેક પ્રકારનાં નયપક્ષોના આલંબનથી થતાં, નયપક્ષના આધારથી-આલંબનથી થતા, અનેક વિકલ્પો વડે, આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિ, છે ? ત્યાંય અવધાર્ય છે ત્યાંય છે ભાઈ અવધાર્ય-ત્યાંય અવધાર્ય શબ્દ છે. શ્રુતજ્ઞાનની બુદ્ધિ-અવધાર્ય છે ને ? ઓલામાં અવધાર્ય છે ને મતિમાં આવે છે.

( શું કહે છે ? ) તથા નાના પ્રકારના નયપક્ષોના-આંહી તો નયપક્ષોના હોં ? બીજાની વાત જ નહિ. વ્યવહારના-દયા-દાનના ને ઢીંકણા-ઢીંકણાની વાતું જ નથી. આંહી તો ફક્ત નયપક્ષોના આલંબનથી, થતા અનેક વિકલ્પો વડે ઈ લીધા ઓલા દેવ-ગુરુ શાસ્ત્રની ભક્તિ આદિના ( શુભભાવો ) એની તો આંહી વાતેય નથી, એ તો સ્થૂળ રાગની વાતેય નહિ, આંહી તો એનાં આંગણામાં, એનાં પક્ષના જે વિકલ્પો છે. એનાં તરફના વલણવાળા વિકલ્પો છે, વલણ છે પણ હજી વિકલ્પ છે-એનાથી ઉત્પન્ન થતા અનેક વિકલ્પો વડે 'આકુળતા' ઉત્પન્ન કરનારી, જુઓ આંહી લીધું, દુ:ખ ઉત્પન્ન કરે છે. આહાહા ! શ્રુતજ્ઞાનની બુદ્ધિને પણ, એવા શ્રુતજ્ઞાનની બુદ્ધિને પણ મર્યાદામાં લાવીને ( શ્રોતા:- અવધારીને ) ત્યાંય એને અવધાર્ય કીધું છે-શ્રુતજ્ઞાનને ઢાળીને, આમ ( મન-ઇંદ્રિયો તરફ ) ઢળે છે તેને આમ ( સ્વરૂપતરફ ) ઢાળીને. આહાહા ! શ્રુતજ્ઞાનતત્ત્વને પણ, પણ કેમ કીધું ઓલા મતિને કીધું'તું ને મતિને છે આત્મસંમુખ કરીને એટલે આને પણ એમ-શ્રુતતત્ત્વને પણ આત્મસન્મુખ કરતો, આહાહા... અત્યંત વિકલ્પ રહિત બિલકુલ વિકલ્પનો એક અંશ ન મળે ત્યાં હવે, સૂક્ષ્મ વિકલ્પનો અંશ નથી જ્યાં ગુણ-ગુણીનો ભેદ પણ જ્યાં નથી,

આને અનુભવું છું એવો જે સૂક્ષ્મ વિકલ્પ એ પણ જ્યાં નથી, અત્યંત વિકલ્પ રહિત, બિલકુલ રાગરહિત. ઓહોહોહો ! ભગવાન આખોય એવડો જ છું. અત્યંત વિકલ્પ રહિત થઈને, એ રીતે વસ્તુનું સ્વરૂપ અત્યારે એમ છે એમ કહે છે.

અત્યંત વિકલ્પ રહિત થઈને, થઈ શકે છે એવું જ એનું સ્વરૂપ છે. આહાહાહા ! અરે... ! અત્યંત વિકલ્પ રહિત થઈને, સમજાવવું છે તે શું સમજાવે ? તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતાં– તત્કાળ નિજ આનંદ રસ, વિકલ્પ હતો ત્યાં દુઃખ હતું, શ્રુતનું છે ને આંહીયાં–આકુળતા હતી ને અહીંયા નિજરસ હવે આનંદ આવ્યો. આહાહા ! એ શ્રુતજ્ઞાનને આત્મસન્મુખ કરતાં, વિકલ્પ જાળમાં હતો ત્યારે તો આકુળતા ને દુઃખ હતું. આહાહા ! શ્રુતજ્ઞાનના વિકલ્પો એ પણ આકુળતાને દુઃખરૂપ છે પ્રભુ ! આ તો શુભભાવ સાધારણ જે શુભભાવ, એની તો શું વાત કરવી. આ તો શ્રુતજ્ઞાનના વિકલ્પો એય આકુળતા ને દુઃખરૂપ છે. આહા ! એને તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતાં, ભગવાન વિકલ્પથી રહિત થયો, શ્રુતજ્ઞાનના વિકલ્પથી રહિત થયો, ત્યાં ભાવશ્રુતજ્ઞાન પ્રગટયું, નિજરસ–પોતાના આનંદના રસથી જ, નિજરસથી જ એમ. કોઈની પણ મદદ વિના. આહાહા !

તત્કાળ નિજરસથી જ, પોતાના સ્વભાવના સામર્થ્યના રસથી જ પ્રગટ થતાં...આહાહા ! આદિ મધ્ય અંત રહિત ભગવાનનું અંદર સ્વરૂપ અંદર એને આદિ નથી, એને મધ્ય નથી, એને અંત નથી એ તો છે, છે, છે. આહાહા ! આદિ–મધ્ય–અંત રહિત પ્રભુ છે અંદર ( નિજાત્મા ), આદિ મધ્ય–અંત રહિત, અનાકુળ, એ અને એકલો આનંદ–આનંદ અનાકુળ છે. કેવળ એક, આહાહા ! એકલો ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય એ તો સમજાવે છે વિશ્વ ઉપર તરે છે એવો ન્યાં ભેદેય ક્યાં છે ન્યાં, ઉપર તરે છે એટલે જુદો પડી જાય છે એટલે વિશ્વ ઉપર તરે છે એમ કહેવામાં આવે છે. બાકી વિશ્વ ઉપર તરું છું ને ભિન્ન છું એનાથી જુદો છું એવોય વિકલ્પ ક્યાં છે ત્યાં. આહાહા !

આદિ મધ્ય અંત રહિત, અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય ઉપર જ એકલો રાગ ને સંસારનો આખો ભાવ ચૌદ બ્રહ્માંડ, એનાથી જુદું તરતું ચૈતન્યતત્ત્વ ભિન્ન. આહાહા ! બહુ વાત સારી આવી ગઈ.

તેમ અખંડ પ્રતિભાસમય અખંડ પ્રતિભાસમય, પ્રતિભાસમય–છે તેવો જ્ઞાનમાં ભાસ થયો છે. પ્રતિભાસમય, છે તેવો જ્ઞાનમાં ભાસ થયો 'પ્રતિભાસ' થયો છે એવો જાણવામાં આવ્યો. આહાહા ! અખંડ પ્રતિભાસમય, અનંત વિજ્ઞાનઘન–અનંત અનંત જેની હદ નથી એવું સ્વરૂપ જેનું–સ્વભાવ જેનો અમર્યાદિત અનંત વિજ્ઞાનઘન પ્રભુ પરમાત્મારૂપ. લ્યો, આંહી તો પરમાત્મારૂપ કહ્યું. આહા ! હજી તો સમ્યગ્દર્શન–જ્ઞાન નામ અપાય છે એ આને. આહા...હા !

ભગવાન આત્મા કહેતા એ એકવાર કોક એમ કહેતુ એ તો ભગવાન આત્મા કહે છે. અહીં તો કહે છે વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને જ્યારે આ આત્મા અનુભવે છે–જ્યારે આત્મા અનુભવે છે, તે વખતે જ તે કાળે જ આત્મા સમ્યક્પણે શ્રદ્ધાય છે. એ વેળા પહેલાં શ્રદ્ધે છે ને વિકલ્પથી નિર્ણય કર્યો છે માટે સાચી શ્રદ્ધા છે ( એમ નથી ). તે વખતે જ આત્મા સાચી રીતે શ્રદ્ધાય છે. ત્યારે જ સાચી રીતે શ્રદ્ધાય છે. ત્યારે જ સાચી રીતે જણાય છે, તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૨૨૪ ગાથા-૧૪૪ તથા શ્લોક-૯૩

**શનિવાર, વૈશાખ વદ-૧, તા. ૧૨/૫/’૭૯**

સમયસાર ૧૪૪, એનો ભાવાર્થ :– આત્માને પહેલાં આગમજ્ઞાનથી, એટલે ભગવાને કહેલાં શાસ્ત્રજ્ઞાનથી, જ્ઞાનસ્વરૂપ નિશ્ચય કરીને, વાત તો એ છે કે પોતે ઉત્પાદ, વ્યય ને ધ્રુવ– એટલો સત્ છે આત્મા. એમાં ઉત્પાદ–વ્યય તો પર્યાય છે, એ પર્યાયમાં પર તરફનું લક્ષ છે, તો પર તરફનું લક્ષ હોવાથી પહેલું આગમથી જ્ઞાન કરવું એમ કહે છે. આગમજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ, આત્મા ચૈતન્ય ધ્રુવ, એ તો જ્ઞાયકસ્વરૂપ છે. એ ઉત્પાદ્વ્યયની પર્યાય, એને–ત્રિકાળને– જ્ઞાયકસ્વરૂપ તરીકે જાણે છે. સત્ તો બેય સત્ છે. ઉત્પાદ્ વ્યય છે તે સત્ છે, ( પોતામાં છે ને ) પરની હારે કાંઈ સંબંધ નથી. ઉપજે–વિણસે એવી પર્યાયનું અસ્તિત્વ પણ ક્ષણિક અને સમય પૂરતું છે. અને આખું તત્ત્વ છે એ મહાપ્રભુ જ્ઞાયકતત્ત્વ છે. એને પર્યાયને પર દ્વારા જે અનાદિથી લક્ષ છે, તો કહે છે કે એ લક્ષ છોડી દઈને, આગમજ્ઞાનથી–ભલે પરલક્ષ છે, પણ આગમજ્ઞાનથી, જ્ઞાનસ્વરૂપ નિશ્ચય કરી–ભગવાન જ્ઞાનસ્વરૂપ છે...જ્ઞાયક છે...પછી ઇંદ્રિયબુદ્ધિરૂપ મતિજ્ઞાનને– ઇંદ્રિય અને બુદ્ધિ જે પરપદાર્થને પ્રસિદ્ધ કરે છે તેને–મતિજ્ઞાનને જ્ઞાનમાત્રમાં જ મેળવી દઈને– આ બાજુ લાવીને એમ. આહા ! અહીંયા મેળવી દઈને લખ્યું છે ઓલામાં ગૌણ કરીને–મર્યાદામાં લાવીને ( કહ્યું છે. ) ઝીણી વાત છે.

જે વસ્તુ છે અંદર જ્ઞાયકભાવ, એને વર્તમાન જ્ઞાન પર્યાયમાં પરલક્ષી જ્ઞાન અનાદિથી છે તો એ પરલક્ષીમાંથી આગમજ્ઞાન કરીને, આગમજ્ઞાન પણ પરલક્ષી છે ( છતાં ) તે આગમજ્ઞાનથી પહેલાં આત્માનો નિર્ણય કર, કે આત્મા શું ચીજ છે ? ભલે, હજી નિર્વિકલ્પ નથી. આ આત્મા અંદર જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યના પ્રકાશનું પૂર છે એ તો...ચૈતન્યના પ્રકાશનું નૂર...એવું ઈ સ્વરૂપ છે એનું, એમ કરી પછી એ ઇંદ્રિય બુદ્ધિને આ બાજુ વાળી દેવી–જ્ઞાનમાત્રમાં જ મેળવી દઈને. આહાહા ! એટલે જ્ઞાનસ્વરૂપ આત્મા એમાં તે મતિજ્ઞાનની બુદ્ધિને આમ વાળી લેવી. જુઓ આ ઉપાય. તથા શ્રુતજ્ઞાનરૂપી નયોના વિકલ્પોને મટાડી ત્યાં એટલું કહ્યું. શ્રુતજ્ઞાનથી જે નયોના વિકલ્પ હતા એની પર્યાયના અસ્તિત્વમાં, શ્રુતજ્ઞાન સંબંધી નિશ્ચયથી અબદ્ધ છું વ્યવહારથી બદ્ધ છું, જ્ઞાયક છું નિશ્ચયથી, વ્યવહારે વર્તમાન પર્યાયમાત્ર છું, એવા જે વિકલ્પો હતા શ્રુતજ્ઞાનના, શ્રુતજ્ઞાનના વિકલ્પ, તેને મટાડી, શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરી, એ વર્તમાન શ્રુતજ્ઞાનની દશા એવી જે એની પર્યાય, એ પર્યાયને પણ વિકલ્પ રહિત કરી, આવો છે ઉપાય.

શ્રુતજ્ઞાનને પણ એટલે મતિજ્ઞાનને તો કર્યું પણ શ્રુતજ્ઞાનને પણ, નિર્વિકલ્પ કરીને, એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો. આહાહા ! અંદર એકરૂપ વસ્તુ છે, ધ્રુવ જ્ઞાયક પોતાનું અસ્તિત્વ, પર્યાયનું અસ્તિત્વ છે પણ તે એકરૂપ નથી. ભિન્ન ભિન્ન છે, એથી અંતર્‌ની વસ્તુ જે છે એ એક, અખંડ ઓલામાં આવ્યું છે ને ( ગાથા ) ૩૨૦ માં અખંડ, એક–ત્યાં એમ લીધું છે. સકલ નિરાવરણ, અખંડ એક, પ્રત્યક્ષ પ્રતિભાસમય ત્યાં એમ લીધું છે. આહાહા !

વર્તમાન ઉત્પાદ–વ્યયની પર્યાયનું અસ્તિત્વ પણ તારામાં છે, અને ત્રિકાળી જ્ઞાયક ધ્રુવનું

અસ્તિત્વ પણ તારામાં છે. પણ બેનાં અસ્તિત્વમાંથી ઉત્પાદ્-વ્યયનું અસ્તિત્વ જે છે એ પરતરફના વલણવાળું છે અનાદિથી, એને આગમજ્ઞાનથી એને આત્મા તરફ લાવ ! આહાહા ! પછી, વિકલ્પને મટાડી એ ઉત્પાદ્-વ્યય ને ધ્રુવમાં ભેળવી દે, ભેળવી દે એટલે ત્યાં મેળવી દે, ત્યાં દૃષ્ટિ સ્થાપ. આહાહા !

એ એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો, ભેદનોય નહિ, જ્યાં રાગનો નહિ, એક અખંડ 'પ્રતિભાસ'-જ્ઞાનની પર્યાયમાં આખું 'પ્રતિભાસ' થાય, આખો આત્મા એનો અનુભવ કરવો. આહાહા ! અનુભવ કાંઈ દ્રવ્યનો થતો નથી, પણ એ અખંડ એક જ્ઞાનની પર્યાયમાં 'પ્રતિભાસ થયો' આખી ચીજ છે, એ પર્યાયમાં અનુભવ થાય, એ અખંડ એકનો અનુભવ થયો એમ કહેવામાં આવે છે. આહાહા ! આવું ઝીણું.

( કહે છે ) એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો, તે જ 'સમ્યગ્દર્શન' અને 'સમ્યગ્જ્ઞાન' એવાં નામ પામે છે. આહાહા ! જ્ઞાયકભાવ જે છે-અસ્તિત્વનાં તો અંશો ત્રણ છે એનાં, ઉત્પાદ્ વ્યય ને ધ્રુવ. પણ જે ધ્રુવ જ્ઞાયકભાવ જે ધ્રુવ છે, ધ્રુવ તરીકે તો પરમાણુય છે. આ ધ્રુવ તો જ્ઞાયકભાવ છે આ. એ જ્ઞાયકભાવ તરફના વિકલ્પના લક્ષને છોડી દઈ, આ બાજુને એ બાજુ વાળી દે. એવો એક અખંડ જ્ઞાયક સ્વભાવનો, પર્યાયમાં 'પ્રતિભાસ થઈને' અનુભવ કરવો, દ્રવ્ય એ કાંઈ પર્યાયમાં આવતું નથી, પણ પર્યાયમાં પ્રતિભાસમાં આખી ચીજ જેવડી છે તેનું જ્ઞાન થાય છે. આહાહા ! તેનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન. હવે આ તો મુદ્દાની પહેલી રકમની વાત છે. આ વાત વિના પાધરા ( સીધા ) વ્રત ને તપ ને ચારિત્ર ને બાપુ ક્યાંથી આવ્યા ઈ ? તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવાં નામ પામે છે. એટલે એને જ ખરેખર તો નામ મળે છે. આહાહા ! જે અખંડ જ્ઞાયકભાવ સત્‌રૂપે છે પરિપૂર્ણ એવા અખંડ એક પરિપૂર્ણનો, જ્ઞાનની પર્યાયમાં ભાસ થઈને અનુભવ કરવો તે જ એકને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન એને નામ મળે છે.

આ તો ધ્યાનની વાત છે. હેં ? આત્મા જ્ઞાયકસ્વરૂપ, ( શ્રોતાઃ- કોઈ ઠેકાણે કહે શુદ્ધઉપયોગ કરે કોઈ ઠેકાણે કહે આત્માનો અનુભવ કરે ) એનો અર્થ જ ઈ. જ્ઞાયક તરફના વિકલ્પમાંથી છૂટીને ધ્યાનમાં જ્યાં જાય છે ત્યારે તેનો અનુભવ થાય છે. આહા ! આવી ચીજ છે. જનમ મરણ રહિત થવાની તો આ રીત છે. બાકી બધી વાતું ગમે તે કરે, સાધુપણું તો હજી ક્યાં છે. આ તો હજી સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન, બેની વાત છે. ચારિત્રની તો અહીં હજી વાતેય નથી. આહાહા ! ( શ્રોતાઃ- પહેલાંની વાત છે ને ! ) પહેલી જ છે વાત આ. ચોથા ગુણસ્થાનની આ વાત છે. આહાહા ! અખંડ, એક, આનંદનો નાથ પ્રભુ, અનંત અનંત જેમાં શક્તિઓ અને જેની શક્તિઓનો સ્વભાવ જેનો અપરિમિત એવું એ અખંડ તત્ત્વ જે છે, ઈ એકરૂપ છે. એમાં પર્યાયનો પણ જેમાં ભેદ નથી, એવા અખંડને અનુભવવો એટલે પર્યાયમાં એનો અનુભવ થવો, એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન, એવાં નામ પામે છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કાંઈ અનુભવથી જુદા નથી.

એ ત્રિકાળી જ્ઞાયક ભાવનું અસ્તિત્વ, ઉત્પાદ-વ્યયનું અસ્તિત્વ તો ક્ષણિક છે, એ ઉત્પાદ-વ્યયમાં વિકલ્પો ઊઠે છે એ બધાં પર તરફનાં ઉપાધિવાળા ભાવ છે. એનું મૂળ અસ્તિત્વ તો ત્રિકાળી જે છે ધ્રુવ, તેનાં ઉત્પાદ-વ્યય એ છે એ પણ અસ્તિત્વ છે. અને એ અસ્તિત્વની

પર્યાયમાં આખા ધ્રુવને જ્ઞાનમાં લઈ, એનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, એ કોઈ અનુભવથી જુદી ચીજ નથી. આહાહાહા... આવું ઝીણું પડે. હજી આ તો પહેલી શરૂઆતની પહેલી ભૂમિકા. ધરમની પહેલી ભૂમિકા ! ( શ્રોતાઃ– પર્યાયના અનુમાનથી ધ્રુવ દેખાય છે કે સીધો દેખાય છે ) પર્યાયથી અનુમાન કેવું વળી ? 'પ્રતિભાસ' કીધો ને, પર્યાયમાં આખો જણાય છે. ઓલામાં ય આવે છે ને अहं एक प्रत्यक्ष प्रतिभासमय, ૩૨૦ ( ગાથા ) જયસેન આચાર્યની ટીકા. આહાહા !

આ તો મારી ( નાખે ) મરી જવું હોય જેને સંસારથી, એની વાત છે. સંસારથી મરીને જીવને જાગતો કરવો, જીવને જીવતો રાખવો. આહાહાહા ! રાખવો એટલે છે જ તે એવો જેવો ઈ અખંડ જીવતી ચીજ જીવતો જીવ છે, તેને ઈ પર્યાયમાં પ્રતિભાસમય થઈને એને અનુભવવો, એ અનુભવમાં સમ્યગ્દર્શન ને જ્ઞાન, એના નામ પડે છે. આહાહા ! અનુભવ કહેવાથી અંદર એકાગ્ર ધ્યાન છે એમ કહેવું છે...આ એમ કે વિચાર કરતાં કરતાં કે સાંભળતાં કે એમાંથી સમ્યગ્દર્શન થઈ જાય તો એમ નથી, એમ કહે છે. આહાહા ! એ અનુભવ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન કાંઈ અનુભવથી જુદા નથી.

## શ્લોક-૯૩

( शार्दुलविक्रीडित )

आक्रामन्नविकल्पभावमचलं पक्षेर्नयानां विना
सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम्।
विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किंच्यनैकोऽप्ययम्।।९३।।

**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**

**શ્લોકાર્થ :-** [ नयानां पक्षैः विना ] **નયોના પક્ષો રહિત,** [ अचलं अविकल्प भावम् ] **અચળ નિર્વિકલ્પભાવને** [ आक्रामन् ] **પામતો** [ यः समयस्य सारः भाति ] **જે સમયનો ( આત્માનો ) સાર પ્રકાશે છે** [ स एषः ] **તે આ સમયસાર ( શુદ્ધ આત્મા ) -**[ निभृतैः स्वयम् आस्वाद्यमानः ] **કે જે નિભૃત ( નિશ્ચળ, આત્મલીન ) પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે ( -આસ્વાદ લેવાય છે, અનુભવાય છે ) તે** [ विज्ञान-एक रसः भगवान ] **વિજ્ઞાન જ જેનો એકરસ છે એવો ભગવાન છે,** [ पुण्यः पुराणः पुमान् ] **પવિત્ર પુરાણ પુરુષ છે;** [ ज्ञानं दर्शनम् अपि अयं ] **જ્ઞાન કહો કે દર્શન કહો તે આ ( સમયસાર ) જ છે;** [ अथवा किम् ] **અથવા વધારે શું કહીએ ?** [ यत् किण्चन अपि अयम एकः ] **જે કાંઈ છે તે આ એક જ છે ( -માત્ર જુદાં જુદાં નામથી કહેવાય છે ). ૯૩.**

## શ્લોક-૯૩ ઉપર પ્રવચન

आक्रामन्नविकल्पभावमचलं पक्षेर्नयानां विना
सारो य: समयस्य भाति निभृतैरास्वाद्यमान: स्वयम्।
विज्ञानैकरस: स एष भगवान्पुण्य: पुराण: पुमान्
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किंच्यनैकोऽप्ययम्।।९३।।

आक्रामन्न विकल्प भावम अचलं पक्षैर्नयानां विना, सारो य: समयस्य भाति – સમયસ્ય ભાતિ, શુદ્ધ ભાસે છે કહે છે. સમયસાર भाति निभृतै એ તો નિભૃતૈ નિશ્ચિંત પુરુષને निभृतै आस्वाद्यमानं स्वयं, विज्ञानએक रस स अेष भगवान् पुण्य–આંહી તો હજી સમ્યગ્દર્શનજ્ઞાનમાં 'ભગવાન' આવ્યો આ તો...ઓલા ભગવાનનું નામ પડે ત્યાં રાડ પાડે છે ભગવાન આત્માને કહે છે અરે ભગવાન અત્યારે હોય ? અરે, ત્રણે કાળે હોય અત્યારે શું સાંભળને હવે ! વસ્તુ તારી દૃષ્ટિ જ ઊંધી છે, એ તો અત્યારે ભગવાન જ છે. તને જ્યારે દૃષ્ટિમાં આવે ત્યારે 'છે' એમ માલૂમ પડે, દૃષ્ટિમાં આવ્યા વિના...છે તો છે ભગવાન જ છે. આહા...હા ! નયોના પક્ષો રહિત. છે ? અચળ નિર્વિકલ્પ ભાવને પામતો, આહા...હા ! ( શ્રોતાઃ– ઈ શ્લોક અધૂરો છે ) એ શ્લોક થઈ ગયો આપણે મગજમાં. विज्ञानअेकरस स अेष भगवान् पुराण पुमान्, ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किंच्चनैकअव्ययम्–પ્રભુ એ છે. આહાહા ! જે કોઈ કહો તે પ્રભુ એ છે. આહાહા ! એને બ્રહ્મા કહો, વિષ્ણુ કહો, શિવ કહો, પરમાત્મા કહો, અરિહંત કહો... આહાહા !

( કહે છે ) નયોના પક્ષો રહિત એનો અર્થ હવે, अचलं विकल्प भावम् –નયોના પક્ષમાં જે હું આવો છું ને તેવો છું એવી વૃત્તિઓનો, વિકલ્પનું ઉત્થાન થાય છે, તેને રોકીને, એ તો આવ્યું'તું ને કંઈક, એની મેળાએ થાય છે. પહેલાં ક્યાંક આવ્યું'તું ને કળશમાં આવ્યું'તું. ( શ્રોતાઃ– વિકલ્પ જાળ ) વિકલ્પની જાળ પોતાની મેળે, નહિ ક્યાંક છે ને ક્યાંક નહોતું આવ્યું ? પોતાની મેળે થાય છે એમ કે બધું યાદ રહે છે કાંઈ શ્લોક યાદ રહે છે કાંઈ...વિકલ્પ જાણે એની મેળાએ થાય છે. એનો અર્થ કે એ વસ્તુમાં નથી એમ. પહેલાં આવ્યું'તું. ( શ્રોતાઃ– નેવું કળશમાં છે. )

નેવું ( મો ) કળશ, આ આંહી કળશ ( ટીકા ) છે ને ? ઉપરના ૨૦ કળશના કથનને હવે સમેટે છે :– જુઓ ! શ્લોકાર્થ, એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો 'स्वेच्छा' 'આપોઆપ ઊઠે છે... આહાહા ! એટલે ? કે જેમાં વિકલ્પ છે જ નહીં, અધ્ધરથી, અધ્ધરથી ઉત્પન્ન થાય છે. આહાહા ! જેનાં અસ્તિત્વમાં દ્રવ્યગુણપર્યાયમાં એ ( વિકલ્પો ) છે જ નહીં. આહાહાહા ! એ પર્યાય એટલે કારણ પર્યાય એ ત્રિકાળી ( પર્યાય ) દ્રવ્યગુણપર્યાય છે એમાં તો વિકલ્પ ઉત્પન્ન થાય એવું સ્થાન જ નથી. 'स्वेच्छा' એની મેળાએ ( વિકલ્પ ) ઉત્પન્ન થાય છે. આહા ! પરનું લક્ષ કરે છે તેથી સ્વભાવમાં નથી, એવા સ્વેચ્છાએ એની મેળે એ વિકલ્પ ઉત્પન્ન થાય છે. આહા !

એને, નિર્વિકલ્પ ભાવને પામતો 'य: समयस्य सार: भाति' આત્માનો શુદ્ધ આત્મા પ્રકાશે છે, भाति નો અર્થ કર્યો. 'य: समयस्य सार: भाति' –ત્યાં સમયસાર એટલે આત્મા શુદ્ધચૈતન્યઘન, भाति –પ્રકાશે છે. આહાહા ! य: समयस्य सार: भाति આકરું કામ બહુ ભાઈ. આહાહા !

લોકોને, પહેલી વસ્તુની શરૂઆત વિના ઉપરની બધી વાતું. વ્રત ને તપ ને, અભિગ્રહ ને, આહાહા ! આ મૂળ ચીજ જે આત્મા આવો છે, ઈ ઓલામાં ન આવ્યું ૧૭, ૧૮ માં એમ કે આત્મા આવો જાણ્યો છે ને માન્યો છે, કે માનવામાં એમ આવ્યું છે કે આમાં ઠરીશ એટલી અશુદ્ધતા જશે. કર્મ ટળશે. આહાહા ! ઈ એની ક્રિયા ઈ શ્રદ્ધામાં એમ આવે છે. આહાહા ! અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ દૃષ્ટિમાં ને જ્ઞાનની પર્યાયમાં ભાસે છે પૂરણ જ્યારે, તે ભાસેલી ચીજમાં ઠરવું છે એ શ્રદ્ધા–સમકિત એમ માને છે. સમકિત થતાં એને એમ થાય છે કે 'આ શુદ્ધચેતન્યમાં જેટલું આનંદમાં ઠરીશ, એટલું કર્મ અથવા અશુદ્ધતા ટળશે.' –કોઈ અપવાસ, બપવાસ કરીશને આટલાં અપવાશ કરીશને છ મહિનાનાં ફલાણા કરીશને...આટલું પ્રાયશ્ચિત લઈશ તો એવું નથી એમાં કાંઈ. આહાહા !

આ સમયસાર આત્માનો સાર એટલે શુદ્ધાત્મા, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત, વિકલ્પ રહિત, રાગના આશ્રય રહિત, ત્રિકાળી ભગવાન શુદ્ધચૈતન્યઘન એવો 'समयस्यसार: भाति' સાર તે ભાતિ એવો શોભે છે, પ્રકાશે છે, –અનુભવમાં આવે છે. આહાહા ! હીરાલાલજી ? આવી વાત છે. તમારો રોકાણો છે આંહી સાંભળવા, રાજેષ, રોકાણો છે સાંભળવા. આહા ! આવી ચીજ છે.

તે સમયસાર स एष: તે આ સમયસાર શુદ્ધ આત્મા निभृते: स्वयं आस्वाद्यमान:– નિશ્ચળ એટલે ચિંતા વિનાના પ્રાણીથી निभृत: ચળાચળ વિકલ્પથી રહિત એવા निभृत: પુરુષોથી, આત્મલીન પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે. –સ્વયં આસ્વાદ્યમાન છે–એને આનંદના આસ્વાદ માટે કોઈની અપેક્ષા નથી. આહાહા !

આ તો હજી સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની વાત ચાલે છે. હવે એને કોઈ એમ લઈ લ્યે કે આ તો કોઈ એલ.એલ.બી ને એમ.એ.ની વાત છે. આહાહાહા !

નિભૃત પુરુષો વડે ( એટલે ) ચંચળતાના વિકલ્પ વિનાના પુરુષ વડે, આહા ! એવા આત્મા વડે–પુરુષ એટલે આત્મા, એ વડે સ્વયં–અતીન્દ્રિય આનંદના આસ્વાદ્યમાન લેવાય છે. આહાહા ! –અતીન્દ્રિય આનંદનો અનુભવ निभृत પુરુષો વડે, આહાહાહા ! ચંચળતાના વિકલ્પો વિનાના પુરુષો વડે આસ્વાદ લેવાય છે. આહાહા !

તે વિજ્ઞાન એક રસ ભગવાન, હજી તો ચોથા ગુણસ્થાનની વાત કરે છે ને ત્યાં પ્રભુને ભગવાન કીધો, એ આકરું લાગે માણસને, બાપુ ! ભગવાન જ છો–પરમેશ્વર છો. એ આડત્રીસ ગાથામાં આવ્યું ને પોતાના પરમેશ્વરને ભૂલી ગયો છે.

એક સમયની પર્યાયની પાસે જ પડયો છે પ્રભુ ! ઉત્પાદની જે પર્યાય છે એની અંદરમાં–અંતરમાં પાસે પડયો છે બહારમાં નહીં. એક સમયની પર્યાયમાં–ઉત્પાદ્‌ની પર્યાયમાં...અંતર્‌માં જોતાં ભગવાન ત્યાં સમીપમાં જ પડયો છે. આહાહાહા !

એવો વિજ્ઞાન એક રસ ભગવાન, આહાહા ! વિજ્ઞાન જ જેનો એક રસ છે-વિજ્ઞાન જ જેનું એક સ્વરૂપ છે, વિજ્ઞાન જ જેનું એકલું તત્ત્વ છે. વિજ્ઞાન 'જ' -કથંચિત્ વિજ્ઞાન છે ને કથંચિત્ અલ્પજ્ઞતા છે, કે બીજું છે એવું કાંઈ છે નહીં. એકાંત વિજ્ઞાન 'જ' વિજ્ઞાન 'જ' - એકલો... વિજ્ઞાનઘન જે રસ-વિજ્ઞાનનો જ જેનો રસ છે. એવો ભગવાન છે. એવો આ આત્મા ભગવાન છે. નિર્વિકલ્પમાં અનુભવ થતાં, તે વિજ્ઞાનરસ તેનું એક સ્વરૂપ છે એવો એ ભગવાન છે. આહાહાહા !

વિજ્ઞાન 'એક રસ' -ભેદ નહીં અખંડ એકરસ આખો પ્રભુ ! આહા...હા ! અનંત...અનંત... અનંત...અનંત...અનંત વિજ્ઞાન સ્વભાવ જેની મર્યાદા નથી, પરિમિતતા નથી, હદ નથી એવો બેહદ ભગવાન જેનો વિજ્ઞાન એક રસ છે. આહાહાહા ! એવો એ ભગવાન છે. ચોથા ગુણસ્થાનવાળો અનુભવ કરે ત્યારે કહે આવો વિજ્ઞાન એક રસ ભગવાન છે, એમ કહે છે. આહાહા ! આવી વાત લ્યો.

એમ पुण्यः पुराणः पुमान -આ પુણ્યનો અર્થ પવિત્ર છે. એ પુણ્ય જે બપોરે કહેવાયું તે શુભઉપયોગ ને દુઃખનો વિજય ને એ નહીં, આ પુણ્ય એટલે પવિત્ર ભગવાન એકલા પવિત્રતાના ગુણોનો પિંડ પ્રભુ છે. એકલા પવિત્રતા, અનંતગુણના પવિત્રતાનો રસકંદ છે. આહા ! આત્મા એટલે શું ? આહાહા ! જેની પાસે સિદ્ધભગવાનની પર્યાય પણ જ્યાં તુચ્છતા ગણાય. આહાહા ! એવો જે ભગવાન આત્મા પવિત્ર, એક વાત. 'પુરાણ', અનાદિનો છે કહે છે. આહા !

તને, જણાણો એટલે એમ લાગે કે આ અત્યારે પણ એ અનાદિનો ભગવાન એવો છે જ. આહાહા ! ખ્યાલમાં આવ્યો ત્યારે તને લાગ્યું કે આ છે પણ ઈ તો અનાદિનો એવો હતો જ- હતો એવો તને અનુભવમાં આવ્યો છે. આહા ! શું કળશ ! આહાહાહા ! અમૃત રેડયાં છે, અમૃતચંદ્રે તો, આહા...હા ! હવે એમાંય દોષ કાઢે કેટલા'ક તો કિલષ્ટ ભાષા છે ને ઢીંકણું છે ને ફલાણું છે ને, કોણ, અમૃતચંદ્રાચાર્ય ચાલતા સિદ્ધ છે. આહા ! હશે જ્યારે ભરતક્ષેત્રમાં એક હજાર વર્ષ પહેલાં...આહાહા ! એ પુરુષ પવિત્ર છો પ્રભુ તું, તું પુરાણ છો, પુરાણો છે, નવો નથી એ તો જૂનો અનાદિનો...અનાદિ... અનાદિ...જેની ક્યાંય આદિ નથી એવો તું પ્રભુ પુરાણ છો. આહાહા ! એવા મહાપ્રભુના અસ્તિત્વને અનુભવ.... તેમાં તને આત્માના, આનંદનો સ્વાદ આવશે...અને ભવનો અંત આવશે... ભવ નહિ હવે...આહા ! પુરાણ પુરુષ છે એ અનાદિ આત્મા છે. ज्ञानं दर्शनम् अपि अयं -તેને જ્ઞાન કહો, ત્રિકાળી હો જ્ઞાયક, જ્ઞાન, ધ્રુવ, જ્ઞાન પારિણામિક ત્રિકાળી પરમ પારિણામિક સ્વભાવ એવો જ્ઞાન, એને દર્શન કહો, તે આ સમયસાર જ છે. આહાહાહા ! 'अथवा किम्' અરેરે ! વધારે શું કહીએ ? આહાહા !

यत् किंच्चन अपि अयम एकः -જે કાંઈ છે તે આ એક જ છે, એના નામ ભલે જુદાં જુદાં પાડો કે આ જ્ઞાન ને આ દર્શન ને આ આનંદ ને સત્તા, અસ્તિત્વ ને વસ્તુત્વ ને...સ્વચ્છત્વ ને... પ્રભુત્વ ને એ નામ પાડો ગમે તેટલા પણ વસ્તુ તો તે અખંડ એક છે. જે છે ઈ એક જ છે. આહાહાહા ! 'यत् किंच्चन अपि अयम एक' જે કાંઈ છે તે આ એક જ છે. માત્ર જુદાં જુદાં નામથી કહેવાય છે. આહાહાહા ! બહુ સરસ કળશ આવ્યો.

એનાં જ્ઞાનમાં નિર્ધાર તો કરે આવું, જ્ઞાનમાં આવો નિર્ધાર કરે કે આ વસ્તુ, પૂરણ ધ્રુવ

એક સમયની પર્યાયમાં પણ જે નથી. એવો પૂરણ પરમાત્મા અનંત ભગવાનસ્વરૂપ, તે વિકલ્પ રહિત થઈને અનુભવી શકાય છે, કેમકે એનાં સ્વભાવથી એ અનુભવાય છે. વિકલ્પ છે ઈ કાંઈ એનો સ્વભાવ નથી, એ તો વિભાવ છે. એ આવે છે ને 'અલિંગગ્રહણ'માં –'પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે' છઠ્ઠો બોલ છે ને ? આહાહાહા ! શું વાત એય અમૃતચંદ્રાચાર્યનું છે ને અલિંગગ્રહણ. આહાહા !

પોતાના સ્વભાવથી જણાય એવો તે ભગવાન પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહાહા ! એ વિકલ્પથી તો જણાય નહીં પણ પરોક્ષ રહી શકે તેવી એ ચીજ નથી. આહાહાહા ! જો તું તેના તરફ ઢળને ઝુકાવ કર તો. આહાહા ! જે કાંઈ છે તે આ પ્રભુ એક ભગવાન જ્ઞાયક અનંત ગુણની રાશિ, અનંતગુણની રાશિ, એમાં ગુણભેદનાં વિકલ્પને પણ જ્યાં અવકાશ નથી. એવો એક ગુણરાશિ ઢગલો પડયો છે મોટો. આહાહાહા ! અનંતગુણનો ડુંગર, સુખનો સાગર કહેવો હોય ત્યારે દરિયો કહેવાય આ મોટપવાળો અનંતગુણનો ડુંગર. જે છે તે એ એક જ છે કહે છે. માત્ર જુદાં જુદાં નામથી કહેવાય છે. ભગવાનને પણ એક હજાર ને આઠ નામે કહેવાય છે ને. સ્તુતિ છે ને ભગવાનની એક હજારને આઠ નામ. અનંત નામથી પણ કહે તોય પુરું પડે એવું નથી. આહાહા ! કે જેના ગુણ અનંતા...અનંતા...અનંતા.... અનંતા...અનંતા...અનંતા...અનંતા એવા અનંતાનો અંત નહીં, અનંતાના અનંતાનો અંત નહીં એવો મોટો રાશિ ગુણનો...સ્વભાવ છે, વસ્તુ છે, સત્ છે એને કોઈ મર્યાદા છે નહીં, એવી એ ચીજ છે, એને ગમે તે નામથી કહો તો પણ પ્રભુ, એ છે ઈ છે. આહાહા !

---

## શ્લોક - ૯૪

(शार्दुलविक्रीडित)

दूरं भरिविकल्पजालगहने भ्राम्यन्निजोधाच्चयुतो
दूरादेव विवेक निम्नगमनान्नीतो निजौधं बलात्
विज्ञानैकरसस्तदेकर सिनामात्मानमात्मा हरन्
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत्।।९४।।

---

**આ આત્મા જ્ઞાનથી ચ્યુત થયો હતો તે જ્ઞાનમાં જ આવી મળે છે એમ હવે કહે છે:-**

**શ્લોકાર્થ :- [ तोयवत् ] જેમ પાણી પોતાના સમૂહથી ચ્યુત થયું થકું દૂર ગહન વનમાં ભમતું હોય તેને દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા પોતાના સમૂહ તરફ બળથી વાળવામાં આવે; પછી તે પાણી, પાણીને પાણીના સમૂહ તરફ ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને, પોતાના સમૂહમાં આવી મળે; તેવી રીતે [ अयं ] આ આત્મા [ निज-ओधात्-च्युत: ] પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયો થકો [ भूरि-विकल्प जाल-गहने-दूरं-भ्राम्यन् ] પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં દૂર ભમતો હતો તેને [ दूरात एव ] દૂરથી જ [ विवेक-निम्न-गमनात ] વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા [ निज-ओधं-बलात्**

**नीतः ]પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો; [ तद्-एक-रसिनाम् ] કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને [ विज्ञान एक रसः आत्मा ] જે એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે એવો તે આત્મા, [ आत्मानम् आत्मनि एव आहरन् ] આત્માને આત્મામાં જ ખેંચતો થકો ( અર્થાત્ જ્ઞાન જ્ઞાનને ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને ), [ सदा गतानुगतताम आयाति ] સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.**

**ભાવાર્થ :- જેમ જળ, જળના નિવાસમાંથી કોઈ માર્ગ બહાર નીકળી વનમાં અનેક જગ્યાએ ભમે; પછી કોઈ ઢાળવાળા માર્ગ દ્વારા, જેમ હતું તેમ પોતાના નિવાસસ્થાનમાં આવી મળે; તેવી રીતે આત્મા પણ મિથ્યાત્વના માર્ગે સ્વભાવથી બહાર નીકળી વિકલ્પોના વનમાં ભ્રમણ કરતો થકો કોઈ ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા પોતે જ પોતાને ખેંચતો પોતાના વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે. ૯૪.**

## શ્લોક-૯૪ ઉપર પ્રવચન

આ આત્મા જ્ઞાનથી ચ્યુત થયો હતો તે જ્ઞાનમાંજ આવી મળે છે એમ કહે કહે છેઃ-

दूरं भरिविकल्पजालगहने भ्राम्यन्निजोधाच्चयुतो
दूरादेव विवेक निम्नगमनान्नीतो निजौधं बलात्
विज्ञानैकरसस्तदेकर सिनामात्मानमात्मा हरन्
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत्।।९४।।

આ આત્મા જ્ઞાનથી ચ્યુત થયો હતો, હવે ઈ કહે છે જરી, તે જ્ઞાનમાં જ આવી મળે છે, પહેલી સિદ્ધિ કરે છે કે એ ચ્યુત થયો હતો અનાદિથી, વસ્તુ તો વસ્તુ છે, પણ પર્યાયથી ચ્યુત થયો હતો, પર્યાયથી ચ્યુત નહોતો થયો ને અનુભવમાં આવે ઈ એમ નહીં એમ. આહાહાહા ! આવો ભગવાન આત્મા છતાં, પોતાના સ્વભાવથી ( ચ્યુત થયો હતો ) પર્યાયમાં હોં વસ્તુમાં નહીં, વસ્તુ તો વસ્તુ છે. આહાહાહા ! પર્યાયમાં ચ્યુત થયો હતો. આહાહાહા ! તે જ્ઞાનમાં જ આવી મળે છે. જે પર્યાયથી ચ્યુત થયો હતો તે જ પર્યાયમાં જાય છે ને એમાં મળી જાય છે,

વસ્તુ છે ઈ તો ચ્યુત થતી નથી, એને તો આવરણેય નથી ને મેલેય નથી ને કાંઈ નથી જે છે તે છે દ્રવ્ય, આહાહાહા ! પણ આંહી સમજાવવું છે કે અનુભવ કરવો કીધું તો ત્યારે એ તો પર્યાય થઈ, ત્યારે કે એની પર્યાયમાં ભૂલ તો છે, ત્યારે અનુભવ કરવાનું કહેવાય છે ને પણ ઈ પર્યાયની વાત છે. આહાહાહા !

આત્મા સ્વભાવ જે જ્ઞાન સ્વરૂપ છે, ( જ્ઞાનથી ) ચ્યુત થયો હતો, તે જ્ઞાનમાં જ આવી મળે છે. આહાહા ! એમાં જ, જે છે તેમાં જ આવીને મળી જાય છે. આહાહા ! એમ હવે કહે છે.

હવે આવી વાતું હવે, ઓલી તો દયા પાળવી, માણસો ભેગાં થાય, આ...સવારથી આવવું ધંધો બંધ કરવો, પોષાહ કરો... એમાં વળી સૂઝેય પડે. આહા... એ ક્યાં ચીજ છે એમાં પ્રભુ એ ભગવાન પરિપૂર્ણ છે પ્રવૃત્તિમાં ( ક્યાં છે ) એ પર્યાયથી ચ્યુત થયો છે એટલું છે. પણ પ્રવૃત્તિ છે એ એની છે બહારની ઈ એની નથી. પર્યાયમાં ચ્યુત થયો છે, એટલું એનામાં છે, પણ એથી

આ બહારની પ્રવૃત્તિ બધી જે કરે છે માટે એની છે ને એનાથી છે એમ નથી. આહાહા ! મોટા ગજરથ ને...વરઘોડા ને ફલાણા નીકળે આમ, વરસીતપ કરે તે મોટી ઘોડાગાડીને...કેટલાં માણસ બેસે માથે ને આમ ને. ( ધમાધમ ) ઈ કહે છે કે ઈ તો તારામાં આવ્યું નથી કોઈ દિ'...તું ફક્ત, પર્યાયથી ચ્યુત થયો છો. આહાહાહા ! ( શ્રોતાઃ-એટલો દોષ છે ) એટલો દોષ છે, બીજું પરનું ને આ બધું ય તેં કર્યું ને મેં કર્યું એ બધુ કાંઈ છે જ નહિ. એ બધી કલ્પના તો તદ્દન મિથ્યા. આહાહા ! શરીરની ક્રિયાઓ અને વાણીની ક્રિયાઓ એમાં તો તું આવ્યો ય નથી ને તારાથી તે થયું ય નથી. અને એનાથી તું ભ્રષ્ટ થયો છે એય નથી. એ તો તારામાં નથી પછી પ્રશ્ન જ ક્યાં છે ?

ભગવાન પૂર્ણાનંદ ધાતુ-ધાતુ જે ઉત્પાદ-વ્યય-ધ્રુવ વસ્તુ એ ઉત્પાદ્-વ્યયમાં ચ્યુત થઈ છે. ધ્રુવમાં ચ્યુત થઈ નથી. ધ્રુવ તો ધ્રુવ જ છે, ભગવાનસ્વરૂપ ત્રિકાળ છે. આહાહાહા ! પર્યાયમાં અવસ્થામાં ચ્યુત થઈ છે. એથી કરીને પરનું કરે છે એમે ય નથી. આહા ! અને એ ચ્યુત થઈ છે ઈ પરને લઈને ચ્યુત થઈ છે, એમે ય નથી. આહાહા ! ચ્યુત થઈ છે માટે પરનાં કાર્યો કરે છે એમેય નથી અને ચ્યુત થઈ છે માટે કર્મે-બીજી ચીજે તેને ચ્યુત કરાવી છે ( એમે ય નથી. ) એથી કહ્યું ને જેમ પાણી-જેમ પાણી પોતાના સમૂહથી ચ્યુત થયું થકું-નદીમાં...નદી ચાલતી હોય ને મોટી એમાંથી પાણી જરી આમ વનમાં વળી જાય-વનમાં વળી જાય નીચા ઢાળમાં, એ પાણી પોતાના સમૂહથી ચ્યુત થયું થકું, દૂર ગહન વનમાં ભમતું-ગહન વનમાં એ પાણી નદીમાંથી ઢળતું ઢળતું વનમાં ચાલ્યું જાય આમ ને આમ કહે છે. ભમતું હોય તેને દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા, એને તરત જ પાછું વાળવું એમ કહે છે. દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા પાણીનું વહેણ એ વનમાં હતું ત્યાંથી અટકાવીને એમ કહે છે. પોતાના સમૂહ તરફ બળથી-જેની કોર નદી છે પ્રવાહમાંથી આવ્યું'તું ત્યાં પાછું એને વાળી દેવું. આહાહા ! પોતાના સમૂહ તરફ બળથી વાળવામાં આવે, પછી તે પાણી, પાણીને પાણીના સમૂહ તરફ ખેંચતું, -પાણીમાં; એના પાણીને લઈને ખેંચાતું પછી કોઈ બહારના જોરની જરૂર નહીં, એ પાણીમાં પાણી ભળ્યું તો એ પાણી, પાણીના જોરે હાલે પછી, એને લઈને ખેંચાતું, ખેંચતું-પાણીને પાણીના સમૂહ તરફ ખેંચતું, એ ઢાળ વાળ્યો એટલે જેની કોર નદી હાલી જાય છે એની કોર પાણી ખેંચાતું, ત્યાં ખેંચાઈ જાય છે. આહા ! પ્રવાહરૂપ થઈને-પછી પાણીમાં ભળીને પ્રવાહરૂપ થઈને, પોતાના સમૂહમાં આવી મળે-એ નદીનાં પૂર વહેતાં હોય એમાંથી નીકળ્યું'તું આમ જરી વનમાં, પાછું જઈને ન્યાં ભળી જાય. આહાહા !

તેવી રીતે, આ તો દૃષ્ટાંત થયો, આ આત્મા निज-ओधात् च्युत: આહાહા ! પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત निज-औधात्-च्युत: ભાષા તો એવી છે પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયો થકો-એનો અર્થ કે જે પર્યાય વિજ્ઞાનઘનસ્વભાવ જોઈએ તે તરફ નથી, એટલે વિજ્ઞાનઘનથી તો ચ્યુત થઈ છે મૂળ થઈ છે તો પર્યાય ( ચ્યુત ), વિજ્ઞાનઘનસ્વભાવ છે એ કાંઈ ચ્યુત થતો નથી. આહાહાહા ! આ આત્મા પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયો થકો, પર્યાયમાં હોં. આહાહા ! भूरि-विकल्पजाल-गहने-दूरं-भ्राम्यत् પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં-એટલા વિકલ્પની જાળું ઊભી કરે. આહાહા !

એક પછી એક, એક પછી એક, એક પછી એક વિકલ્પ, પૂણીમાં પૂણી સાંધે જેમ-રૂની પૂણી ( કાંતતા કાંતતા ) એક થઈ રહે ને બીજી જોડે ( એ રીતે ) એ વિકલ્પની જાળ, જાળ હોં ? છે ને ! भूरि–विकल्पजाल–गहने પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં દૂર ભમતો, શરીરમાં ને પરમાં ભમતો-એમ નહીં, શરીરમાં કે કર્મમાં કે પરમાં ભમતો એમ નહીં. આહાહાહા ! પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં, આહાહા... ભગવાન આખો વિજ્ઞાનઘન ભગવાન તેના તરફની પર્યાયમાં ચ્યુત થઈને, પર્યાયમાં એ વિકલ્પજાળ ગહન વન-એટલી વિકલ્પની જાળ ઊભી કરી કે જેમાંથી ગહનપણું-ગંભીરપણું-ઊંડાણ ઊંડાણ હાલ્યો જ જાય વિકલ્પની જાળમાં. આહાહા ! प्रचुर–भूरि–विकल्पजाल–गहन –ગહન, ગહન વન વિકલ્પની જાળ તે પણ પાર ન મળે. આહાહા !

ભગવાન વિજ્ઞાનઘનસ્વભાવ તરફ ઝૂકાવ છોડીને, પર તરફના ઝૂકાવના જાળના ગહન વનમાં ( વિકલ્પોથી ) ત્યાં ભમી ગયો, વનમાં દૂર ભમતો થકો-વિકલ્પની જાળ, સ્વભાવથી ભિન્ન દૂર છે ને ? दूरात–एव –તેને દૂરથી જ-દૂરથી જ એટલે ત્યાં ન જાય ત્યાં પાછી વાળી લે એમ કીધું-વિકલ્પ આઘા, લાંબા ન જાય...પાછા વાળી લ્યે ( એટલે કે ) દૂરથી જ विवेक–निम्न–गमनात् વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા-ભેદજ્ઞાન,આહાહા ! વિવેકરૂપી ભેદજ્ઞાનનો ઢાળવાળો મારગ જેમ ઓલું પાણી ઢાળ માર્ગે નદીમાં હાલ્યું જાય તે એ વહેતું વહેતું નદીમાં હાલ્યું જાય, એમ  વિવેકરૂપી ઢાળ-એ વિકલ્પથી ભિન્ન પડવાનો ભેદજ્ઞાનરૂપી ઢાળ( રૂપી ) મારગ દ્વારા निज्–ओघं–बलात् પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ, બળથી વાળવામાં આવ્યો. આહાહા ! પર્યાયને. વિજ્ઞાનઘન તો છે ઈ છે. આહા...હા !

પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો, એટલે એમ કે પોતાના પુરુષાર્થથી કર્યું છે કામ. કર્મ કંઈ ઘટયું ને કર્મે કાંઈ મારગ આપ્યો ને...આમ એ નથી, એમ કહે છે. પોતાના બળથી-પોતાના વિજ્ઞાનઘન સ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો. જીવને આહાહા ! तद्–एक–रसिनाम् –કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને, આહાહા ! એ વિકલ્પનો જે રસ હતો તે પાછો વાળ્યો તે વિજ્ઞાનઘનના રસના રસીક જીવ. આહાહા ! એ આનંદના રસના રસીલા જીવ અંદરમાં વળી ગયા કે' છે. આહાહા ! કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા જીવ એટલે -એકલા વિજ્ઞાનઘનના જ રસીક, વિકલ્પમાત્ર નહીં, પર્યાયનો આશ્રય નહીં. આહાહા ! એકલા વિજ્ઞાનઘનના 'જ' આ એકાંત કર્યું. ( શ્રોતાઃ-છ આવશ્યક ક્યારે કરવા ? ) એ આવશ્યક આ. છ એ આવશ્યક આવી ગયા. અરે દ્રવ્ય ગુણ પર્યાયનો વિચાર કરે તેય અન્‌આવશ્યક ( છે ). આવે છે ને 'નિયમસાર'માં કાલે સજજાય આવી ગઈ હતી, દ્રવ્ય ગુણ ને પર્યાય ત્રણનો વિચાર કરે એ અનાવશ્યક અરે શુભરાગ આવે ભગવાનની ભક્તિનો એય અનાવશ્યક આવશ્યક નહીં. આવું છે.

विज्ञानएकरस: आत्मा , પણ કોને ? तद् एक रसिनाम् વિજ્ઞાનઘનના રસિલા પુરુષોને, विज्ञान–एक–रस: आत्मा , જે એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે. વિજ્ઞાનઘનના રસિલા પુરુષોને, વિકલ્પોને દૂરથી જ પાછા વાળીને, જે એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે. વિજ્ઞાનધનના રસિલા પુરુષોને, એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે....આ એની પદ્ધતિ ને રીત છે.

એવો તે આત્મા, આત્માને આત્મામાં જ ખેંચતો થકોજેમ ઓલું પાણી, પાણીને ખેંચતું હતું ને ? પાણી તરફ જતાં પાણી ખેંચતું ’તું ને પાણી...એમ આ બાજુ આત્માને આત્મામાં જ અંદર એકાગ્ર થતો, ખેંચતો થકો એટલે અંદર લીન થતો થકો, જ્ઞાન જ્ઞાનને ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને સદા ગતાનુગતામ્–આયાતિ –સદા વિજ્ઞાનસ્વભાવમાં આવી મળે છે. આહાહા ! એ વિકલ્પ તરફના વલણને છોડી, જે વિજ્ઞાનઘનથી પર્યાયમાં ભ્રષ્ટ થયો હતો, તે જ પર્યાયને અંદરમાં વાળતાં, વિજ્ઞાન જ જેનો એક રસ છે, તેને વિજ્ઞાનઘનરસ થઈ જાય છે, એને બીજું બાકી કાંઈ રહેતું નથી. વિશેષ કહેશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૨૨૫ શ્લોક-૯૪-૯૫ રવિવાર, વૈશાખ વદ-૨, તા. ૧૩/૫/૭૯

સમયસાર કળશ–૯૪ એનો ભાવાર્થ છે. જેમ જળ, જળનાં નિવાસમાંથી કોઇ માર્ગે બહાર નિકળી, વનમાં અનેક જગ્યાએ ભમે; પછી કોઇ ઢાળવાળા માર્ગ દ્વારા જેમ હતું તેમ પોતાનાં નિવાસસ્થાનમાં આવી મળે; એ દૃષ્ટાંત છે. તેવી રીતે આત્મા પણ મિથ્યાત્વના માર્ગે સ્વભાવથી બહાર નીકળી, જ્ઞાન ને આનંદ સ્વભાવ... એની રુચિ છોડી અને મિથ્યાશ્રદ્ધા, રાગાદિનો કર્તા અને મિથ્યાત્યાદિનું મારું સ્વરૂપ એમ મિથ્યાત્વાદિના ભાવે સ્વભાવથી બહાર નીકળ્યો, જ્ઞાન ને આનંદ સ્વભાવ, નિત્ય, સત્તા પોતાનું મૌજુદગી, અસ્તિત્વ આપનાર પ્રભુ, તેની સત્તાનો સ્વીકાર કર્યા વિના એકલો રાગાદિનો સ્વીકાર એ મિથ્યાત્વનાં માર્ગે, સ્વભાવનાં માર્ગથી છૂટી ગયો એ... આહા !

મિથ્યાત્વનાં માર્ગે, સ્વભાવથી બહાર નીકળી, વિકલ્પોનાં વનમાં ભ્રમણ કરતો હતો. એક પછી એક વિકલ્પ રાગની વૃત્તિઓ, એમાં ભ્રમણ કરતો હતો... વિકલ્પરૂપિ વનમાં ભ્રમણ કરતો હતો, આહા ! “ કોઇ ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા ” આહાહા ! સ્વભાવ ચૈતન્ય કાયમ, નિત્ય ધ્રુવ અને રાગ પરલક્ષી, કૃત્રિમ, બંધ સ્વરૂપ, એમ બેનાં ભેદજ્ઞાનનાં લક્ષણ દ્વારા રાગનું બંધનું લક્ષણ રાગ, ભગવાન આત્માનું લક્ષણ જ્ઞાન, બેનાં લક્ષણભેદે, અંતર ભેદજ્ઞાન કરી, ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા પોતે જ પોતાને ખેંચતો એટલે કે સ્વભાવની દૃષ્ટિ ને રુચિ થઇ, એ રુચિ જ પોતાને ખેંચે છે અંદર તરફ, પાણીમાં જેમ ભેગું ભળતાં પાણી પાણીને ખેંચીને ભેગું ભળી જાય છે, પછી પાણી, પાણીને ખેંચીને પ્રવાહમાં જાય છે, એમ સ્વભાવ, શુદ્ધ, પૂરણ સ્વભાવ, પરમાત્મા, સત્તા સ્વરૂપ પ્રભુ, એની જ્યાં દૃષ્ટિ, ભેદજ્ઞાન થયું રાગથી એ પોતાનો સ્વભાવ જ પોતા તરફ ખેંચે છે હવે. પર તરફથી છૂટી ગયો. સ્વ તરફનાં ઝૂકાવમાં, પોતાનો સ્વભાવ જ ખેંચતો થકો, એને પરની કોઇ મદદ ને અપેક્ષા રાગની વ્યવહારની નથી, એમ કહે છે. ( શ્રોતાઃ– ત્રિકાળી સ્વભાવ ખેંચે છે કે પર્યાય ) એ પર્યાય, પર્યાય.., ત્રિકાળી નહીં

પર્યાયમાં સ્વભાવનું રાગથી ભિન્ન પડયું, તો એ પર્યાય સ્વભાવ એવો છે કે સ્વતઃ ખેંચાય અને અંતર તરફ જાય છે. પર્યાયની વાત છે. પર્યાય એની તરફ ઢળે છે, પોતાનાં સ્વભાવને પોતે ખેંચે છે અંદરમાં, જેને પરની કોઇ અપેક્ષા નથી. આહાહા ! રાગ કે વિકલ્પ કે દેવ ગુરુ ને શાસ્ત્ર એ પણ પરદ્રવ્ય છે. તેની પણ જયાં ( અપેક્ષા નથી ), રાગથી જ્યાં ભિન્ન ભેદજ્ઞાન થયું તે જ્ઞાનની

પર્યાય સ્વાભાવિક પોતાનાં તરફ ખેંચે છે. આહાહા ! રાગ, રાગ તરફ ખેંચાતું હતું, એક પછી એક પછી એક રાગ. આ રાગના લક્ષણને બંધ લક્ષણ જાણી, અંતર અબંધ સ્વરૂપ તરફનો ઝુકાવને ઢળતો ઢાળવાળો માર્ગ, એ બાજુ, સ્વભાવમાં ઢળતો માર્ગ, સ્વભાવમાં વળતો મારગ, એ મારગ, મારગને ખેંચીને અંદરમાં એકાગ્ર થાય છે. આહાહા ! આમ છે.

પોતે જ પોતાને ખેંચતો આ તો પર્યાયની વાત છે. દૃષ્ટિ ભલે દ્રવ્ય પર છે, પણ પર્યાયમાં રાગથી ભિન્ન પડયો,એ સ્વભાવની પર્યાય પોતે જ પોતાને ખેંચતો પોતાનાં વિજ્ઞાનઘન સ્વભાવમાં.. જોયું ? એ ત્રિકાળ પોતે પોતાને ખેંચતો એ નિર્મળ પર્યાય છે, રાગથી ભિન્ન પડેલી. આહાહા !

એ આત્મા આનંદનો સાગર, અમાપ, ગુણનો ભંડાર, એનાં તરફથી ઝુકાવને લઇને, એની દશા તેનાં સ્વભાવ તરફ ખેંચાય છે. આહા ! પર તરફનું જે ખેંચાણ રાગને પોતાનું જાણ્યું હતું, પોતાનું માન્યું હતું તે, તેથી તેમાં તેનું ખેંચાણ હતું. આહા ! પોતાની મૌજુદગી, હૈયાતી, સત્તાનું સત્ત્વ, સત્‌નું સત્ત્વ, સત્ એવો પ્રભુ, એનું સત્ત્વપણું એટલે ગુણ ને અનંતાદિગુણ, એની દૃષ્ટિને લઇને, તે દૃષ્ટિનું જોર સ્વભાવ તરફ ખેંચે છે. આહાહા !

( શ્રોતાઃ- શ્રુતની લબ્ધિ, દેશનાંલબ્ધિ... ) :- હેં.. ? એ લબ્ધિ-બબ્ધિ અહીંયા નહીં... એ દેશના-બેશનાં લબ્ધિ અહીંયા નહીં.. એ તો કયાંય પરમાં ગઈ. દેશનાલબ્ધિથી થયેલું જે જ્ઞાન, તે પણ પરલક્ષી છે. આહાહા ! અહીંયા તો પર તરફનાં, લક્ષનાં ઝુકાવમાં હતો. તે ગુલાંટ મારે છે પલ્ટો મારે છે કેમ કે પર્યાયને પલટવાનો સ્વભાવ છે, એ જ્યાં સ્વભાવ તરફ ઢળે છે, ત્યારે ત્યાં પલટો ખાઇને સ્વભાવ સન્મુખ, જુઓ પોતામાં પોતે પોતાને ખેંચતો એ દશા, પોતાનાં વિજ્ઞાનઘન એ ત્રિકાળ, પોતાનાં વિજ્ઞાનઘન એ સ્વભાવ, જેમાં વિકલ્પનો અવકાશ તો નથી, પણ જેમાં વર્તમાન જે પર્યાય એનાં તરફ ઢળે છે, એ પર્યાયનો પણ એમાં અવકાશ નથી. આહાહા ! એ તરફ પર્યાય ખેંચાય છે, પોતાનાં વિજ્ઞાનઘન સ્વભાવમાં આવી મળે છે. જેમ પાણીનાં પૂરમાંથી પાણી ખેંચાઇને વનમાં જતું હતું, ઢાળમાર્ગે પાછું નદીનાં પ્રવાહમાં વયું ગયું. એમ પ્રભુનો પ્રવાહ વિજ્ઞાનઘન છે. આહાહા ! જેમ નદીનું પૂર ચાલ્યુ જતું હતું, એમાંથી પાણીનો થોડો ભાગ આમ નીકળીને વનમાં જતું હતું જઇને ઢાળમાર્ગે પાછું ભળી ગયું એમ ભગવાન વિજ્ઞાનઘન છે. ( એનું જ્ઞાન ) રાગનાં પરનાં માર્ગે ઢળી ગયેલું હતું, એને પોતે પોતાનાં સ્વભાવ તરફનાં રાગથી ભેદજ્ઞાન પડેલાં ભાવથી, તે ભાવ ખેંચતું ત્યાં પ્રવાહમાં ભળી ગયું, પાછું જે આમ બહાર હતું. ધ્રુવ પ્રવાહ, ધ્રુવ પ્રવાહ, પાણીનો પ્રવાહ આમ હતો, આ ધ્રુવ પ્રવાહ, આહાહા.. એમાં એ નિર્મળ પર્યાય એમાં ઢળી ગઈ, ભળી ગઈ, ભળી ગઇનો અર્થ ? ઢળી ગઇ છે, કંઇ પર્યાય ને વિજ્ઞાનઘન એક થતાં નથી. પણ આમ જે વલણ ને ઝુકાવ હતો, ભેદજ્ઞાન વડે વિજ્ઞાનઘન સ્વભાવ તરફ મળી ગયો ઝુકાવ, એનું નામ આત્માનો અનુભવ છે. એનું નામ એ આવ્યું છે ને ગાથામાં એને સમ્યગ્દર્શન ને જ્ઞાન નામ પમાય છે.

"વ્યપદેશમ્" નવરંગ વ્યપદેશમ્ શબ્દ છે. આહાહા ! એ ભગવાન પોતાનો વિજ્ઞાનઘન સ્વભાવ, તેમાં જે વર્તમાન પર્યાય આમ ઢળે છે, તે અનુભવ છે, એ અનુભવમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, 'વ્યપદેશ' તેવી સંજ્ઞા ત્યાં મળે છે, કે આ સમ્યગ્દર્શન ને જ્ઞાન; આમાં ચારિત્રની વ્યાખ્યા

નથી, અહીંયા તો એકલું સમ્યગ્દર્શન ને જ્ઞાન, સ્વરૂપાચરણ છે તે વાતને ગૌણ રાખ્યું છે. આહાહા! (શ્રોતાઃ- આગમ પ્રમાણે શ્રદ્ધા ખરી કે નહીં?) આગમ પ્રમાણે શ્રદ્ધા, એ રાગ છે. (શ્રોતાઃ- આવું તો કો'ક જ કરી શકે?) એ તો રાગ છે. (શ્રોતાઃ- આવું તો બે-ચાર જ કરી શકે?) કરી શકે છે કેટલાં એનું અહીંયા કામ નથી, કરી શકાય છે આ રીતે. અનંત કરી ગયા અનંત, કરી શકાય છે, તો અનંત કરી ગયા. આહાહા!

બપોરે તો નહોતું આવ્યું પ્રવચનસાર, મુનિરાજ એમ કહે છે, અરે! પુરુષને પ્રેમવાળી સ્ત્રી, જેમ પુરુષને મળવાં જાય છે, એમ અંદર શુભરાગને મળવાં વ્યભિચાર તરફ જાય છે, એનાથી હું પાછો વળું છું, એનો હું નિકંદન કરવાં મેં કટીબદ્ધ, કડબદ્ધ, કેડબાંધી છે. આહાહા! એ વ્યભિચારી સ્ત્રી જેમ પ્રેમપાત્રને મળવાં જાય છે, એમ અમે આ શુભભાવ એ વ્યભિચારી છે, ત્યાં જ્યાં આમ જાય છે, હવે એમાં એને એનું નિકંદન કરવા અમે તૈયાર થયા છીએ. આહાહા!

પંચમઆરાનાં પંચમઆરામાંથી હજાર વર્ષ પછી થયા સાધુ એ એમ પોકારે છે. આહાહા! અમને આવો કાળ છે માટે અમે કરી શકતા નથી, એમ નથી ત્યાં કહ્યું. આહાહા! ચીજ છે તેને કાળ જ લાગુ પડતો નથી, પ્રશ્ન શું? ત્રિકાળી છે, તેને વર્તમાન પર્યાય પણ જ્યાં પરકાળ તરીકે કહેવાય છે. આહાહા! એને પાંચમાં આરો ને ચોથો આરો ને હલકો આરો છે ને ઢીંકળો આરો છે ને એ ત્યાં લાગુ નથી પડતું. આહાહા! એ તો શુભભાવનો અભાવ કરવા, નિકંદન કરવાં કેડ બાંધી છે, એમ કહે છે.

અહીં તો મિથ્યાત્વનો નાશ કરીને સમ્યક્ત્વ તરફ ઢળે છે, એટલી જ અહીંયા તો વાત છે, અહીંયા તો આટલી જ વાત છે, ૧૪૪ ગાથા છે ને કારણકે એને સમ્યગ્દર્શન ને જ્ઞાન વ્યપદેશ, તેને સમ્યગ્દર્શન, જ્ઞાન, સંજ્ઞા, વ્યપદેશ, નામ મળે છે, આહાહા! આવું સ્વરૂપ છે. એ ૯૪.

## શ્લોક-૯૫

(अनुष्टुभ्)

**विकल्पक: परं कर्ता विकल्प: कर्म केवलम्।**
**न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।।९५।।**

**હવે કર્તાકર્મ અધિકારનો ઉપસંહાર કરતાં, કેટલાંક કળશરૂપ કાવ્યો કહે છે; તેમાં પ્રથમ કળશમાં કર્તા અને કર્મનું સંક્ષિપ્ત સ્વરૂપ કહે છેઃ-**

**શ્લોકાર્થઃ-[ विकल्पक: परं कर्ता ] વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે અને [ विकल्प: केवलम् कर्म ] વિકલ્પ જ કેવળ કર્મ છે; ( બીજાં કોઈ કર્તા-કર્મ નથી; ) [ सविकल्पस्य ] જે જીવ વિકલ્પસહિત છે તેનું [ कर्तृकर्मत्वं ] કર્તાકર્મપણું [ जातु ] કદી [ नश्यति न ] નાશ પામતું નથી.**

**ભાવાર્થઃ-જ્યાં સુધી વિકલ્પભાવ છે ત્યાં સુધી કર્તાકર્મભાવ છે; જ્યારે વિકલ્પનો**

અભાવ થાય ત્યારે કર્તાકર્મભાવનો પણ અભાવ થાય છે. ૯૫.

## શ્લોક-૯૫ ઉપર પ્રવચન

विकल्पक: परं कर्ता विकल्प: कर्म केवलम्।
न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।।९५।।

વિકલ્પકઃ મિથ્યાત્વનો વિકલ્પ કરનાર, "કઃ" છે ને.. વિકલ્પકઃ છે, મિથ્યાત્વનો કરનાર એમ કહેવું છે. આહાહા ! સ્વરૂપ વિજ્ઞાનઘન પ્રભુ એનાં તરફનાં ઝુકાવને છોડીને, મિથ્યાત્વભાવનો કરનારો જ મિથ્યાત્વને કરે છે, આહાહા ! વિકલ્પકઃ એ મિથ્યાત્વને કરનાર જ કેવળ મિથ્યાત્વ કર્તા છે. આહાહા ! એમ કહ્યું એમાં કે ઇ ભઈ, વિકલ્પ જે મિથ્યાત્વનો છે, એ કોઇ દર્શન મોહનીય કર્મ છે, માટે આ થયો છે, એમ નથી. એ વિકલ્પકઃ કર્તા, એ મિથ્યાત્વભાવ જ. આહાહા ! અશુદ્ધભાવ જ એનો કર્તા છે. અશુદ્ધભાવ અશુદ્ધભાવનો કર્તા છે, મિથ્યાત્વ એ મિથ્યાત્વનો કર્તા છે, એમ કહીને કંઇ કર્મ કોઇ કર્તા છે ને કર્મનો ઉદય આવ્યો આકરો એને માટે આ વિકલ્પ આવ્યો છે, ને મિથ્યાત્વ થયું છે, એમ નથી. આહાહા !

વિકલ્પ કરનાર જ મિથ્યાત્વ કરનાર જ, રાગ ને અશુદ્ધતાને પોતાની માનનાર, રાગ ચાહે તો શુભ હો.. એ તો બપોરે આવી ગયું છે ને એ તો દુઃખનાં વિજયને જાહેર કરે છે. શુભભાવ, પુણ્યબંધ થઇ સામગ્રી મળે, તેની તૃષ્ણા તરફ ઢળે ને દુઃખ તરફ જ તેનો વેગ છે. આહાહા ! એ દુઃખને જાહેર કરે છે, શુભભાવ પણ દુઃખને જાહેર કરે છે, શુભભાવમાં દુઃખનો વિજય છે, પ્રભુનો એમાં પરાજય છે. આહાહા !

અહીંયા વિકલ્પ જ કરનાર છે એમ વિકલ્પ કરનાર જ એ મિથ્યાત્વ જ મિથ્યાત્વનો કરનાર છે એમ, કર્મને લઇને આ મિથ્યાત્વ કરનાર લઇને મિથ્યાત્વ થયું એમ નથી. આહાહા ! કારણકે પોતાનું અસ્તિત્વ જ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમાં જ એનું અસ્તિત્વ સમાઇ જાય છે. ઉત્પાદ-વ્યય એટલે પર્યાય ને ધ્રુવ એમાં જ એનું અસ્તિત્વ સમાઇ જાય છે, હવે એનાં અસ્તિત્વમાં પોતાની ભૂલ, પોતાથી થાય છે, એનાં અસ્તિત્વમાં એનાં અસ્તિત્વથી તેની ભૂલ પોતાથી થાય છે. આહાહા ! પરને ને એને કંઇ સંબંધ નથી, એમ કહે છે.

વિકલ્પ કરનાર જ 'જે' છે ને ? કથંચિત્ કર્મ મિથ્યાત્વને કરે ને કથંચિત્ મિથ્યાત્વ મિથ્યાત્વને કરે એમ અનેકાંતથી કહે છે એ એમ નથી. એકાંત આમ છે તે જ અનેકાંત છે. મિથ્યાત્વ મિથ્યાત્વને કરે છે ને કર્મથી તે થતું નથી, એ અનેકાંત છે. આહાહા ! એટલું જોર છે "કઃ" શબ્દમાં, વિકલ્પકઃ આહાહા ! વિકલ્પોનો કરનારો જ કેવળ કર્તા છે. આહાહા ! કેવળ કર્તા, એકલો કર્તા, એ જ કર્તા, બીજો કોઇ કર્તા, કર્મ ? કે નહીં. આહાહા ! અને વિકલ્પકઃ કેવળ કર્મ, કર્તા લેવોતો ને એટલે વિકલ્પકઃ કર્યો હતો હવે એને કર્મ બનાવવું છે, કાર્ય એટલે પછી "કઃ" ની કાંઇ જરૂર નહીં. વિકલ્પ એક કેવળ કર્મ, મિથ્યાત્વ જ કેવળ કાર્ય છે. મિથ્યાત્વ જ કેવળ કાર્ય છે. આહાહા ! બીજા કોઇ કર્તા-કર્મ નથી, બીજું કોઇ કર્તા ને મિથ્યાત્વ કર્મ, એમ નથી. આહાહા !

એનું જે અસ્તિત્વ છે, એને પરનાં અસ્તિત્વ સાથે કાંઇ સંબંધ નથી, પોતાનો જે ઉત્પાદ-વ્યય ને ધ્રુવનું જેટલું અસ્તિત્વ છે, તે અસ્તિત્વમાં, ઉત્પાદવ્યયનાં મિથ્યાત્વભાવમાં કરનારો એ મિથ્યાત્વભાવ જ છે. સ્વભાવ સન્મુખ ન થયો, મહાપ્રભુ જોડે બિરાજે છે, આહાહા... પર્યાયને અંતર્મૂખમાં અંતરાત્મા, પૂર્ણ-આત્મા, જ્ઞાયકભાવ, પરમ સ્વભાવભાવ બિરાજે છે, તે તરફનું લક્ષ છોડી, પામરનાં મિથ્યાત્વભાવમાં લક્ષમાં આવી, તે તેનું કર્મ, કર્તા ને તે તેનું કાર્ય બસ. આહાહા ! પરદ્રવ્યની હારે કાંઇ સંબંધ નથી. પરદ્રવ્ય છે એ પણ ઉત્પાદ-વ્યય ને ધ્રુવવાળાં પરદ્રવ્ય પણ તેનાં કાર્ય વિનાનો કોઇ દિ' નથી, તો તેનાં કાર્યથી આત્માનું કાર્ય થાય કે આત્મા પણ મિથ્યાત્વનાં કાર્યકાળે તે મિથ્યાત્વનું જ કર્તા છે, તેનું કાર્ય બીજો કોઇ કરે તો આ કાર્ય વિનાની દશા થઇ જાય છે, કાર્ય વિનાની દશા, એટલે પર્યાય વિનાનું દ્રવ્ય તે દ્રવ્ય જ હોઇ શકે નહીં. આહાહા !

વિકલ્પ જ કેવળ કર્મ કાર્ય છે, એ મિથ્યાત્વભાવ, ચિદાનંદપ્રભુનો સ્વીકારનો અભાવ અને અશુદ્ધતાનો સ્વીકારનો સદ્‌ભાવ, છે તો તેના અસ્તિત્વમાં પુણ્યભાવ તરીકે તે જ મિથ્યાત્વ તે જ કરનાર છે, ને તે જ મિથ્યાત્વ નામ અશુદ્ધભાવ તે તેનું કાર્ય છે. આહાહા ! અશુદ્ધતા છે તીવ્ર મિથ્યાત્વની માટે કોઇ કર્મનાં કોઇ નિમિત્તનું અનુભાગનું કંઇ જોર હતું માટે ત્યાં થયું છે, તેનું જરી પણ મિથ્યાત્વનાં કાર્યમાં તેની કાંઇ પણ મદદ છે, એમ નથી. આહાહા !

( શ્રોતાઃ- આવો શુદ્ધાત્મા પોતાની મેળે, કેવી રીતે ભૂલ કરે ? ) એ ભૂલ પોતે પોતાથી પોતે ભૂલ કરી છે, શુદ્ધાત્મા તો ત્રિકાળી છે, એ અનાદિ છે, ભૂલ કરી એ પણ અનાદિ છે, જો ભૂલ ન હોય તો આનંદનું વેદન જોઇએ. કેમ કે, એ તો ભગવાન આનંદસ્વરૂપ છે, અને તેનાં કાર્યને નહીં કરતાં, રાગને કરે છે એ સ્વતંત્ર કરે છે. ખરી રીતે તો એ મિથ્યાત્વ ને રાગ ષટ્‌કારકપણે પરિણમતું કરે છે, જેને પરની અપેક્ષા તો નથી, પણ પોતાનાં દ્રવ્યગુણની અપેક્ષા જેને નથી. આહાહા ! એવું એ મિથ્યાત્વ કર્તા, અશુદ્ધ એનું કાર્ય તે ષટ્‌કારકનાં પરિણમનથી થાય છે. અશુદ્ધ કર્તા, અશુદ્ધ કર્મ, અશુદ્ધ સાધન, અશુદ્ધ પોતા માટે કર્યું, અશુદ્ધથી થયું, અશુદ્ધનાં આધારે થયું. આહાહા ! તેથી એમ કહ્યું, વિકલ્પ જ કેવળ એનું કાર્ય છે, રાગ જ એનું કાર્ય છે, મિથ્યાત્વ જ એનું કાર્ય છે. આહાહા ! ભારે કામ ભાઈ ! બીજા કોઇ કર્તા-કર્મ નથી. જરીએ કોઇ બીજાનાં અસ્તિત્વ અનંત છે, એથી એમાં કર્તા નથી.

એ તો ભાઈ આવ્યા'તા ત્યાં મુંબઇ, એક રામદાસ છે. પચાસ કરોડ, મોટી કંપની નામ શું કાંઇક છે ? ( કિલાચંદ ) કિલાચંદ, પચાસ કરોડ, વિષ્ણુ છે, બૈરાઓ આપણાં જૈન છે, શ્વેતાંબર.. આવ્યા'તા કર્તા છે, કર્તા છે,દર્શન કરવા આવ્યા હતા નાળિયેર મુકયું, એક હજાર રૂપિયા મુકયાં, મેં કીધું કર્તા છે તો એટલું સમજો, નરસિંહ મહેતાએ તો એમ કહ્યું કે, જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્હયો નહીં.. ત્યાં તો આત્મા ઉપર મુકયો છે, જ્યાં લગી ઈશ્વર ને આત્મા જાણ્યો નહીં, એક વાત. અને જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્હયો નહીં તે એમ સિદ્ધ કરે છે કે, તે એક તત્ત્વ સિવાય, બીજા તત્ત્વો પણ છે, ભલે આ સર્વજ્ઞની શૈલી પ્રમાણે ત્યાં નથી, ત્યાં તો એક ઓઘે-ઓઘે જ્યાં લગી આત્મા-તત્ત્વ ચિન્હયો નહીં. ત્યાં આત્મા સિવાય, બીજા તત્ત્વોને જાણ્યાં, બીજા તત્ત્વો છે. તારાં તત્ત્વ સિવાય ઈશ્વર તત્ત્વ છે એમ ભલે તું કહે પણ આને તેં જાણ્યું નહીં

ને એને જાણ્યું... આહાહા... એમ થયું ને એમાં ? ભાઈ, તમે શાંતિથી વિચાર કરો, પોતાનું અસ્તિત્વ છે, પોતાનું અસ્તિત્વ ઉત્પાદ્વ્યય અને ધ્રુવ એટલામાં જ સમાઇ ગયું છે. અત્યારે પણ અને ત્રિકાળ એની પોતાની ઉત્પાદ્વ્યયની સત્તાની મર્યાદા સિવાય બહાર મર્યાદા એની જાતી નથી કોઇ દિ', એવાં ઉત્પાદ્, વ્યય ને ધ્રુવવાળું હવે એને તો ઇ ન બેસે, ઉત્પાદ્-વ્યય ને.

પણ અહીં તો કહે છે કે, ધ્રુવ તો છે, પણ અહીંયા એને ભૂલીને મિથ્યાત્વભાવ જે પર્યાયમાં કર્યો છે, તે સ્વતંત્ર કર્તા થઇને કર્યો છે. આહાહા ! સ્વતંત્ર કર્તા થઇને કર્યો છે ને સ્વતંત્ર કર્તા થઇને તોડી શકે છે. તોડી શકે છે, એ પણ એક કથન અપેક્ષા છે, સ્વભાવ સન્મુખ ઢળે છે એટલે એ ભાવ ઉત્પન્ન થતો નથી, તેને તોડે છે એમ કહેવું, એ કહી શકાય ઉપદેશની શૈલીમાં. આહાહા !

"સવિકલ્પસ્ય જ એ જે જીવ વિકલ્પસહિત છે, આહાહા ! જે જીવ નિર્વિકલ્પ ભગવાન વિજ્ઞાનઘનથી સંસરણં ખસી ગ્યો છે, સંસરણં ખસી ગયો છે, મિથ્યાત્વરૂપી સંસાર છે. આહાહા ! સ્વભાવ, વિજ્ઞાનઘન છે, તે મુક્ત સ્વરૂપ છે, અબંધ સ્વરૂપ કહ્યું, મુક્ત સ્વરૂપ. એ પર્યાયમાં બંધભાવમાં રાગમાં આવ્યો, એ પણ સ્વતંત્રપણે રાગનો કર્તા થઈને કાર્ય કરે છે. આહાહા ! વાંધા છે આ બધાં ઘણાં... એ કરમને લઇને કાંઇક થાય, કરમ કાંઇક-કાંઇક કરે અંદર શેમાં કરે ઈ ? પોતાનાં અસ્તિત્વમાં કરે કે કો'કનાં અસ્તિત્વમાં કરે ? આહાહા ! બીજાનાં અસ્તિત્વના ઉત્પાદ્-વ્યયનું અસ્તિત્વ છે,અને આનું અસ્તિત્ત્વ ત્યાં જાતું નથી,ને આનું ઉત્પાદ્-વ્યય ન્યાં જાય તો આ ઉત્પાદ-વ્યય વિનાનું દ્રવ્ય, દ્રવ્ય જ રહેતું નથી, એ પોતાના જ ઉત્પાદ્, વ્યય ને ધ્રુવની સત્તામાં જ અનાદિ-અનંત પોતે છે. એ સત્તાને ભૂલીને ત્રિકાળી સત્તાને ઉત્પાદ્-વ્યય ભલે એ સત્તા એની છે, પણ તે અંશરૂપ સત્તા છે. ત્રિકાળી મહાસત્તા પ્રભુની તેને ભૂલીને, મહાપ્રભુ, ચૈતન્ય ભગવાન, પરમેશ્વર પ્રભુ, આહાહા ! આપણે આવ્યું'તું આમાં વિજ્ઞાનઘન એક જ ભગવાન છે, પેલામાં આવી ગયું છે ૯૩ માં, વિજ્ઞાનએકરસ, ભગવાન આત્મા, છે ? વિજ્ઞાન એક રસ ભગવાન એવો જે ભગવાન, છે ? આ...હા...હા... એ તો વિજ્ઞાનરસઘન ભગવાન સ્વરૂપે છે, એ પર્યાયમાં ભૂલ કરીને કારણ કે બે માંથી એક તો હોય ને ? કાં એનું દ્રવ્ય વિજ્ઞાનઘન ઉપર લક્ષ હોય, કાં એનું વર્તમાન અંશ પર ( લક્ષ ) હોય, સત્તા તો બે ય છે. એટલે કાં એનું લક્ષ ત્રિકાળી ઉપર હોય તો તો ભૂલ ન થાય, અને ભૂલેલો છે એનો અર્થ, એ વર્તમાન પર્યાયમાં એની સત્તામાં, એનાં અસ્તિત્વમાં, પૂરણ સ્વરૂપથી વિરૂદ્ધભાવ એવાં મિથ્યાત્વને પોતે સ્વતંત્રપણે કર્તા થઇને કરે છે. આહાહા !

( શ્રોતાઃ- પૈસા, દાન આપીને કેટલાંક કામ સુધારી દઈએ છીએ ) ધૂળેય સુધારતાં નથી, આ દાકતરો દવા-બવા કરીને સુધારતાં હશે એમ ને... ? આ દાકતર રહ્યાં ત્રણેય...વકીલો બીજાને જીતાવી દેતાં હશે ? આહા ! દરેક દ્રવ્યનું ઉત્પાદ્-વ્યય ને ધ્રુવની સત્તામાં જ જેનો સમાવેશ છે. આહાહા ! આ તો વસ્તુનું સ્વરૂપ છે, એની ઉત્પાદ્-વ્યયમાં ભૂલ કરે અને ટાળે, પરને લઈને નહીં ને સ્વને લઇને નહી... ત્રિકાળીમાં નહીં. આહાહા ! આવું સ્વરૂપ છે. જે જીવ વિકલ્પ સહિત છે, જેમ ત્રિકાળી વિજ્ઞાનઘન છે, તેમ જે જીવ રાગસહિત છે, અને તે જ હું છું એમ માન્યું છે, આહાહા ! આમ પ્રભુ, ત્રિકાળી વિજ્ઞાનઘન છે, તે છે, તે તે રીતે જ છે. એનાથી વિરૂદ્ધ

જેણે રાગસહિત છે એમ જાણ્યું છે, "તેનું કર્તા-કર્મપણું કદી નાશ પામતું નથી." આહાહા ! શ્લોક તે શ્લોક છે ને. આહા ! જે જેનાં સ્વરૂપમાં નથી, એવાં રાગ ને મિથ્યાત્વને કરે છે, તે કર્તાકર્મ પોતાનું વિકલ્પ જે કરે છે, તેનો વિકલ્પનો નાશ કદી થતો નથી, કર્તા કર્મપણું કદી નાશ થતું નથી. આહાહા ! મિથ્યાત્વ તે કર્તા ને મિથ્યાત્વ તે તેનું કર્મ. આહાહા !

ત્રિકાળી વિજ્ઞાનઘન પ્રભુ, એક સમયની ઉત્પાદ-વ્યયની સ્થિતિમાં જેની દૃષ્ટિ છે તે તેનાં ઉત્પાદ-વ્યયને કરે ને તે તેનું કર્મ-કાર્ય છે, કર્તાકર્મ ત્યાં છે. આહાહા ! સમજાય છે કાંઇ ? એનું કર્તા-કર્મપણું પોતાનાં ઉત્પાદ્-વ્યય સિવાય બીજે નથી. જે જીવ વિકલ્પ સહિત છે, આહાહા... જેમ વિજ્ઞાનઘનનો નાશ કદી થતો નથી, તેમ મિથ્યાત્વનો કર્તાકર્મ પણાનો જે કર્તા થાય છે, તે તેનું કર્મ, એ કર્તાનું કર્તા કર્મપણું નાશ નહીં પામે. આહાહા ! આમ ગુલાંટ ખાય તો આ નાશ પામતું નથી ને આમ ગુલાંટ ખાય તો આ નાશ નથી પામતું. આહાહા ! આવી ચીજ છે. જે જીવ વિકલ્પ સહિત છે, તેનું કર્તા કર્મપણું કદી નાશ પામતું નથી. આહાહા ! જેમ ત્રિકાળી વિજ્ઞાનઘન પ્રભુ કદી નાશ પામતો નથી, એમ જે મિથ્યાત્વનાં અશુદ્ધભાવને કરે ને કર્તા ને અશુદ્ધભાવ કર્મ, ત્યાં સુધી તે વિકલ્પ સહિત છે, કર્તા-કર્મનો એનો નાશ થતો નથી. આહાહા ! જ્યાં સુધી તેની કર્તા-કર્મપણાં ઉપર બુદ્ધિ છે, એ કદી નાશ, કર્તા-કર્મપણાને નાશ નહીં પામે, એમાં રહ્યો છે ત્યાં સુધી નાશ નહીં પામે, એટલે ઈ તો ઈ જ થયુંને ? આહાહા !

ભાવાર્થઃ- જ્યાં સુધી વિકલ્પભાવ છે, ત્યાં સુધી કર્તા કર્મભાવ છે. ભગવાન વિજ્ઞાનઘન ત્રિકાળી સત્તા સત્ છે, તેમાં તેની પર્યાયમાં જ્યાં સુધી રાગ એકત્વબુદ્ધિ છે, મિથ્યાત્વભાવ છે, ત્યાં સુધી કર્તા કર્મ ભાવ છે. જ્યારે વિકલ્પનો અભાવ થાય, ત્યારે મિથ્યાત્વના કર્તા કર્મપણાનો અભાવ થાય, ત્યારે કર્તા કર્મભાવનો પણ અભાવ થાય, મિથ્યાત્વભાવનો જ્યાં અભાવ થાય, ત્યારે જ તે મિથ્યાત્વ કર્તા ને કર્મપણાનો અભાવ થાય. આહાહા !

એક નાનો શ્લોક હતો પણ તેમાં આટલું બધુ ભર્યું છે. "વિકલ્પકઃ કર્તા વિકલ્પ, વિકલ્પકઃ" આહાહા ! શરીર, વાણી, મન એ પણ ઉત્પાદ્ વ્યયવાળા છે ને ? તે તેનાં કર્તા-કર્મ તેનાં તેનામાં છે, તો બીજાનાં કર્તા-કર્મપણામાં આત્માનું કર્તા કર્મપણું જરી પણ મદદ કરે છે એમ નથી. જેમ જીવનાં ઉત્પાદ્ વ્યયનાં મિથ્યાત્વનાં કર્તા કર્મપણામાં, બીજા દ્રવ્યનું અસ્તિત્વ ઉત્પાદ-વ્યયનાં મિથ્યાત્વનાં કર્તા-કર્મપણામાં બીજા દ્રવ્યનું અસ્તિત્વ ઉત્પાદ્ વ્યય ધ્રુવવાળું ભલે હોય, પણ આનાં કર્તા-કર્મપણામાં એની મદદ નથી. આહાહા ! સમજાય છે કાંઈ ? આવું ઝીણું છે.

આ તો કહે સામાયિક કરો, પોષા કરો, પડિકમણાં કરો, કરો, કરો, કરો...( શ્રોતાઃ- કરોતિ ક્રિયા થઈ. ) પ્રભુ, જ્યાં સુધી કરો કરો છે, ત્યાં સુધી કર્તા કર્મપણાનો નાશ નહીં થાય. અને જ્યારે એ કર્તા-કર્મપણાનો નાશ પામે, ત્યારે એ કર્તા-કર્મપણાનો એક અંશ પણ ઉત્પાદ્-વ્યયમાં નહીં રહે. આહાહા ! એટલે કે જ્યારે વિજ્ઞાનઘન, ભગવાન સત્તા મહાપ્રભુની એની સત્તાનાં સ્વીકારમાં જયાં આવ્યો, એટલે મિથ્યાત્વનું કર્તા-કર્મપણું નાશ થયું, મિથ્યાત્વનું કર્તા-કર્મપણું નાશ થઇ ગયું, એટલે કે વિજ્ઞાનઘન ભગવાન આ તો હજુ સમ્યગ્દર્શનની વાત છે, ૧૪૪ મી છે ને આ. પાઠમાં ઇ છે ને સમ્યગ્દર્શન જ્ઞાન 'વ્યપદેશમ્' નવરંગ વ્યપદેશે, નવરંગ શબ્દ છે, કેવળ એને નામ પમાય છે પ્રભુ. આહાહા !

પૂર્ણાનંદનો નાથ મહાપ્રભુ. આહાહા ! એમાં જેનો સ્વભાવનો સત્કાર સ્વીકાર થયો, આહાહા ! એ દૃષ્ટિને ને એ જ્ઞાનને જ સમ્યગ્દર્શન ને જ્ઞાન, સંજ્ઞા, નામ અપાય છે. આહા ! વ્યવહાર સમકિત ને વ્યવહાર દર્શન એ વાતેય કરી નહી. આને જ નામ અપાય, એમ કહે છે. વ્યવહાર કયાં ગયો આમાં, વ્યવહાર સમકિત જોઈએ...

( શ્રોતાઃ- માત્ર સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન નામ અપાય છે કે વાસ્તવિક છે ? ) એ નામ અપાય છે એનો અર્થ એમ કે, એને જ કહેવાય છે એમ... એ સિવાય બીજાને નહીં, એમ કહેવું છે. વ્યાજબી તો વ્યાજબી છે, પણ સમ્યગ્દર્શન ને જ્ઞાન એને જ કહેવાય છે, એને જ નામ અપાય છે, એ જ વસ્તુ છે, એ સિવાય બીજી કોઇપણ રીતે સમ્યગ્દર્શન ને જ્ઞાનનું નામ પણ આપી શકાતું નથી. ( શ્રોતાઃ- એ રાગનો ત્યાગ કર્યો એ નામમાત્ર છે ? ) નામ નહી... વસ્તુ એટલે, તેને જ નામ અપાય છે, એમ એટલે વસ્તુ આમ છે...( શ્રોતાઃ- એ રાગનો ત્યાગ કર્યો એ નામ અપાય છે ? ) એ ત્યારે જ એને નામ અપાય છે, નહીંતર તો એને નામેય નથી, એમ કહે છે.

ઈ કાલે ઘણુ કીધું'તું બહુ ઝીણી લીધી'તી ૧૪૪, એક-એક શબ્દનાં અર્થમાં ઘણું ઝીણુ ગયું'તું. પણ બપોરે બહુ ઝીણુ લીધું'તું પુણ્ય પાપનાં ભાવ, શુભભાવ દુઃખને જાહેર કરે છે, પ્રેમવાળી સ્ત્રી જેમ પ્રેમીને મળવાં જાય, એમ જેને શુભભાવનો પ્રેમ છે ને તે ત્યાં કરવા જાય છે, આચાર્યોનાં શબ્દો એકદમ મંત્રો છે-એકદમ મંત્રો છે. થોડામાં ઘણું કહ્યું છે. થોડુ લખ્યું થોડુ કહ્યું, ઘણું કરીને જાણજો. આહાહા ! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, એને ઘણાં નામ લાગુ પડે છે, એને પરમાત્મા કહેવાય છે, જ્ઞાનાત્મા કહેવાય છે, ૧૪૪ છેલ્લે છેલ્લી લીટી પ્રત્યગ્જ્યોતિ કહેવાય છે, આ તો બધાં હજી સમ્યગ્દર્શન જ્ઞાનની દશાની વાત છે. પરમાત્મા કહેવાય જ્ઞાનાત્મા કહેવાય. આહાહા !

એ શ્રુતજ્ઞાનીને વિકલ્પ આવે, છતાં તેના પ્રત્યે ઉત્સાહ નિવૃત્તી છે, આહાહા... ભગવાનને તો નયને જાણે છે ને ? જાણે છે એનો અર્થ એને કયાં નય છે. પાઠ તો એવો આવે કે ભગવાન નયપક્ષને જાણે છે. એટલે કે જેમ બધું જાણે છે, એમ નયપક્ષ છે, ને જાણે છે એમ ત્યાં નહીં લેવું, એમ અહીંયા આત્મા પોતાનાં સ્વરૂપને અનુભવને કાળે તે વખતે એમ શબ્દ છે ને ? તે વખતે નયપક્ષને બિલકુલ જાણે છે, એટલે કે છે નહીં એમ આ. આહાહા !

જેમ ભગવાનને શ્રુતજ્ઞાનના વિકલ્પો નથી, એમ પરમાત્માનાં ભાનમાં આવેલાની પર્યાયમાં પણ એ વિકલ્પો નથી. શ્રુતજ્ઞાનમાં વિકલ્પો નથી, શ્રુતજ્ઞાનની સમાધિ સુખ છે, વિકલ્પ છે તે તો આકુળતા છે, પણ શ્રુતજ્ઞાન સંબંધી ત્યાં સુખ છે. આહાહા ! કેવળી નયપક્ષને જાણે છે ને, આયે જાણે છે, જાણેનો અર્થ ન્યાં નયપક્ષ નથી,ને આંહી પણ નયપક્ષ નથી. આહાહા ! સ્વભાવ સન્મુખ થયો એટલે કેવળ જાણે જ છે, જાણે છે એટલે ? જાણવાની નયપક્ષની વિકલ્પ દશા છે અને જાણે છે, એમ નહીં. આહાહા ! એને નથી તેમ જાણે છે, આહાહા ! તેને સમ્યગ્દર્શન જ્ઞાન નામ અપાય છે. આહાહા ! શું શૈલી ! હવે અહીંયા આ મુદ્દાની વાત ન મળે ને ઉપરથી આ ક્રિયા કરો, ચારિત્ર પાળો, વ્રત પાળો, મુનિપણું લ્યો, આહા..... અરે પ્રભુ તું હજી...

( શ્રોતાઃ- પાલીતાણામાં સાધુ-ભગવંતોનાં ટોળે-ટોળા બીરાજે છે, પણ કોઇ આવી વાત

કરતાં નથી. ) છે ક્યાં બાપા... ક્યાંય નથી ભાઈ બધી ખબર છે અમને એ તો... આપણે શું કોઇ વ્યક્તિને..... આ ચીજ જ કોઇ... ત્રણલોકનો નાથ, વીતરાગ પરમેશ્વર એનો આ હુકમ છે, ઈ આ રીત છે. આહાહા !

ઓલા તો આ જાત્રા કરો, આટલું આમ નવ્વાણું કરો, દાન કરો, જાત્રા કરીને હેઠે સાધુને આહાર આપે તો મહાન-લાભ, આવે છે ને ? ! શત્રુંજ્ય મહાત્મ્યમ આવે છે, ખબર છે ને... અરે, ભગવાન બાપુ ! પરમાત્માનાં વિરહ પડયાં, પરમાત્મા થવાની દશાનાં વિરહ પડયાં. આહાહા ! પરમાત્મા ભલે ન હોય અત્યારે, પણ કેવળજ્ઞાન દશા થવાનાં વિરહ પડયાં અરે, પ્રભુ ! આહાહા ! અવધિજ્ઞાનનાં વિરહ પડી ગયા, એક શ્રુતજ્ઞાનનો વિરહ રહી ગ્યો, એનો વિરહ નથી. આહાહા ! ઇ આ શ્રુતજ્ઞાનમાં આ બધું આમ કહેવાય છે. આહાહા !

અરે ! એકવાર સાંભળે તો ખરો પ્રભુ , આ તો જૈન ધર્મ કોઇ પંથ નથી, કોઇ પક્ષ નથી, કોઇ વાડો નથી, ઇ તો વસ્તુની જે સ્થિતિ છે, તે જૈન ધરમ છે. આહાહા ! ધર્મપિતાએ વસ્તુનાં સ્વરૂપનું વર્ણન કર્યું છે, કોઇ પંથને પક્ષ નથી એ કોઈ જૈન કોઇ વાડો છે ને બીજો આ વાડો એમ નથી. આહાહા ! ત્રણલોકનાં નાથ પિતા, ધરમપિતાએ વસ્તુનું જે રીતે દ્રવ્ય-ગુણ ને પર્યાય છે, તેની પર્યાયમાં અસ્તિત્વની ભૂલ એની કેમ છે ને એ અસ્તિત્વમાંની ભૂલ ટળીને પૂર્ણ અસ્તિત્વને કેમ સ્વીકારે છે, આહાહા ! એનો ભગવાનની વાણીમાં ઉપદેશ આવ્યો છે, પ્રભુ ત્રણલોકનાં નાથ.

આંહી એ કહે છે. જ્યાં સુધી એ દયા-દાનનો તો નહીં, પણ હું શુદ્ધ છું, અબદ્ધ છું, મુક્ત છું, એવો એક વિકલ્પ છે રાગ, એવાં વિકલ્પવાળાનું કર્તા-કર્મપણું ટળતું નથી, એમ કહે છે. બીજાં કર્તાકર્મ દયા પાળવી એ વાત તો છે જ નહીં, દયા તો પાળી શકતો જ નથી, પણ દયાનો ભાવ આવે એ રાગ એ હિંસા છે, એ રાગનું કર્તૃત્વ મારું છે, ત્યાં સુધી તે મિથ્યાત્વ છે. આહાહા... આવી વાત... સહન થવી મુશ્કેલ છે...

( શ્રોતાઃ- આત્માનાં વિકલ્પની પરાકાષ્ટા કરે એટલે અનુભવ થઇ જાય ) પરાકાષ્ટાથી અનુભૂતી થશે નહીં, ઇ છે, ઇ છે એની ઉપર દૃષ્ટિ દેતાં કેવળજ્ઞાન ને કેવળદર્શન છે ઇ પરાકાષ્ટા નથી. આ આખી વસ્તુ-વસ્તુ-વસ્તુ કેવળજ્ઞાનની પર્યાય તો અનંતી પર્યાય જ્ઞાનગુણમાં પડી છે, એવાં-એવાં અનંતા ગુણોનો દરિયો, સાગર અરૂપી મહાસમુદ્ર પ્રભુ, સ્વયંભૂરમણ સમુદ્ર છે ઇ, એનો જેને આદર થઇને વિકલ્પ તોડયો એને હવે કર્તા કર્મપણું રહેતું નથી... વિશેષ કહેશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૨૨૬ શ્લોક-૯૫ થી ૯૭ સોમવાર, વૈશાખ વદ-૩, તા.૧૪/૫/'૭૯

કળશ થઇ ગયો, સમયસાર... ભાવાર્થ જરીક બાકી હતો... જ્યાં સુધી વિકલ્પ ભાવ છે, આહાહા ! ત્રિકાળી જ્ઞાયકભાવ તેની જ્યાં સુધી દૃષ્ટિ નથી, ત્રિકાળી સ્વભાવ સન્મુખ થયો નથી, ત્યાં સુધી વિકલ્પભાવ છે. આહાહા ! કેમ કે ત્રિકાળી સ્વભાવઘન, ધ્રુવ, નિત્ય સ્વભાવ, એમાં તો કોઇ વિકલ્પનો અવકાશ નથી, શુભ-અશુભ કોઇપણ વિકલ્પનો અવકાશ નથી. જ્યાં સુધી વિકલ્પભાવ, વસ્તુ, જ્ઞાતા, જ્ઞાયક ચીજ જ્ઞાયક એનાં તરફનો ઝુકાવ જ્યાં નથી, ત્યાં સુધી

વિકલ્પભાવ છે. આહાહા ! અને ત્યાં સુધી કર્તા-કર્મભાવ છે. કેમ કે જ્ઞાતા, ત્રિકાળી, જ્ઞાયક સ્વભાવ દૃષ્ટિમાં લીધો નથી, ત્યાં સુધી તે રાગનો, વિકલ્પનો કર્તા-કર્મ છે. આહાહા ! જ્યારે વિકલ્પનો અભાવ થાય, એટલે કે વિજ્ઞાનઘન સ્વરૂપ પ્રભુ, એની સન્મુખતા થાય, ત્યારે વિકલ્પનો અભાવ થાય, ત્યારે કર્તા કર્મભાવનો પણ અભાવ થાય. જ્ઞાયક ચીજ છે જ્ઞાન ચીજ જ્ઞાન, જ્ઞાનનો સ્વભાવભાવ રસકંદ, નિત્યાંનદ પ્રભુ એનો જ્યાં સુધી સન્મુખનો ભાવ નથી, ત્યાં સુધી કર્તા કર્મ ભાવ છે, એનો સન્મુખનો ભાવ થયો, ઈ જ્ઞાતા દૃષ્ટા છે. ત્યાં રાગની ઉત્પત્તિ હોવા છતાં, તેનો તે કર્તા નથી, તે જ્ઞાતા-દૃષ્ટા છે. આહાહા ! કર્તા કર્મભાવનો પણ અભાવ થાય છે. એ પંચાણુ ( કળશ પૂરો થયો ).

## શ્લોક-૯૬

( रथोद्धता )

य: करोति स करोति केवलं
यस्तु वेत्ति स तु वेत्ति केवलम्।
य: करोति न हि वेत्ति स क्वचित्
यस्तु वेत्ति न करोति स क्वचित्।।९६।।

**જે કરે છે તે કરે જ છે, જે જાણે છે તે જાણે જ છે-એમ હવે કહે છેઃ-**

**શ્લોકાર્થઃ-[ य: करोति सः केवलं करोति ] જે કરે છે તે કેવળ કરે જ છે [ तु ] અને [ य: वेत्ति सः तु केवलम् वेत्ति ] જે જાણે છે તે કેવળ જાણે જ છે; [ य: करोति सः क्वचित् न हि वेत्ति ] જે કરે છે તે કદી જાણતો નથી [ तु ] અને [ य: वेत्ति सः क्वचित् न करोति ] જે જાણે છે તે કદી કરતો નથી.**

**ભાવાર્થઃ-કર્તા છે તે જ્ઞાતા નથી અને જ્ઞાતા છે તે કર્તા નથી. ૯૬.**

## શ્લોક-૯૬ ઉપર પ્રવચન

જે કરે છે તે કરે જ છે, જે જાણે છે તે જાણે જ છે-એમ હવે કહે છેઃ-

य: करोति स करोति केवलं
यस्तु वेत्ति स तु वेत्ति केवलम्।
य: करोति न हि वेत्ति स क्वचित्
यस्तु वेत्ति न करोति स क्वचित्।।९६।।

કરે છે તે કેવળ કરે જ છે, “ કરે કરમ સો હી કરતારા ” જ્યાં વિકલ્પનો રાગ છે અને એનાં ઉપર દૃષ્ટિ છે એટલે કે જ્યાં સુધી પર્યાયબુદ્ધિમાં રાગમાં જ એનું અસ્તિત્વ માન્યું છે, ત્યાં સુધી

તે કરે છે. ત્યાં સુધી તે, જ્ઞાતાપણાની ખબર નથી, જ્ઞાયક સ્વભાવ ત્રિકાળી આનંદ ને જ્ઞાનનું ચોસલું છે એ આખું, ધ્રુવ. એનો જ્યાં સુધી અસ્તિત્વનો અનુભવ થયો નથી, ત્યાં સુધી કરે છે, વસ્તુમાં કોઈ કરવાપણું છે નહીં પણ વસ્તુની ખબર નથી, એથી રાગનાં કે વિકલ્પનાં કે દયા-દાનનો કોઈપણ વિકલ્પ ત્યાં કરે છે તે કર્તા છે. કર્તા છે ત્યાં સુધી કરે છે. અને "વેત્તિ સતુ કેવલમ્ વેત્તી" જે જાણે છે, તે કેવળ જાણે જ છે. વસ્તુ, જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાયક સ્વભાવ, એવું જ્યાં અંદર લક્ષ દૃષ્ટિ થઈ એટલે જ્ઞાયકનો જ્યાં સ્વીકાર થયો, ત્યાંથી તે જાણનાર દેખનાર રહી ગયો, થઈ ગયો, આહાહા ! તેને પછી રાગાદિ હોવા છતાં, તેનો પોતાનાં અસ્તિત્વમાં રહીને, જાણનાર-દેખનાર રહે છે. આહાહા ! આવી વાત છે.

જે જાણે છે, જ્ઞાયક સ્વભાવ, ત્રિકાળી જ્યાં દૃષ્ટિમાં આવ્યો. વસ્તુ છે. અસ્તિ, એ અસ્તિ તરીકે સત્તનું જ્યાં જ્ઞાન થયું, ત્યારે તો તે જાણનારો રહે છે. તેને રાગાદિ હોવા છતાં તેનું કર્તૃત્વપણું એમાં નથી એને, કેમકે જ્ઞાનભાવ, નિત્ય. નિત્યાનંદ પ્રભુ, એવા નિત્ય સ્વભાવને જ્યાં જોયો, જાણ્યો, એની દશામાં તો જાણવા-દેખવાનાં જ પરિણામ હોય. આહાહા ! જાણે છે તે કેવળ જાણે જ છે એમ. એમાં જરીયે રાગનો કર્તા ( થતો નથી ). સમ્યગ્દૃષ્ટિ થયો જ્ઞાયક સ્વભાવ, ધ્રુવ, ચૈતન્યદળ, એ જ્યાં દૃષ્ટિમાં આવ્યો, અને એનાં તરફનો ઝુકાવ થયો, એથી પછી ગમે તે ભાવ આવે, શુભાશુભ એ પોતામાં તે કાળે પોતાને જાણવાની પર્યાયને અને તેને જાણવાની પર્યાયનો સ્વતઃ ઉત્પન્ન, સ્વતઃ સ્વયં સિદ્ધ થાય, એ રાગાદિ આવે વ્યવહારે શુભેય રાગ હોય, પણ તેથી એને, એને લઇને અહીં જાણવુ-દેખવું નથી, જાણવા દેખવાનો સ્વભાવ જ જ્ઞાતાપણાનાં સ્વભાવને જ્યાં જાણ્યો એટલે એની પર્યાયમાં સ્વપરપ્રકાશકની પર્યાય સ્વતઃ પરની અપેક્ષા વિના તે સ્વતઃ જાણવાની જ પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા ! આવું છે... ( શ્રોતાઃ- આમાં સુખ કયાં આવ્યું સુખ ) હેં ! ( શ્રોતાઃ- સુખ કયાં છે ? ) દુઃખ કયાં છે દુઃખ, દુઃખ કયાંય નથી. ( શ્રોતાઃ- સુખ ) ઇ જાણવું એ સુખ છે.

ત્રિકાળી જ્ઞાયક, ધ્રુવ જ્ઞાયક, વસ્તુ, જ્ઞાયક ધ્રુવ એ તરફ જ્યાં ઢળ્યો તો એને આનંદની જ પર્યાય પ્રગટ થાય છે, અહીં તો જાણવું-દેખવાની વાત લીધી છે ને ? કર્તા નથી ને જાણે છે, જાણે છે તે કર્તા નથી, ને કર્તા છે તે જાણતો નથી, એટલું સિદ્ધ કરવું છે ને ? પણ જાણવા ટાણે એને અનંત ગુણની પર્યાય પ્રગટ છે. આહાહા ! કેમ કે કેવળ જાણે જ છે, એનો અર્થ કે હું એકલો જ્ઞાતા, જ્ઞાન, જ્ઞાયકભાવ, એની જ્યાં અંદર સન્મુખતા થઈ, એથી જેટલાં ગુણો તેમાં છે, એટલાં બધાં ગુણોની એક સમયની પર્યાયમાં વ્યક્તપણે પ્રગટપણે, વેદનમાં આવે, અને એને લઇને જાણનાર-દેખનારનાં પરિણામને અને એનાં વેદનારની અપેક્ષાએ રાગાદિ હોય, છતાં તે પર તરીકે, તેનું જ્ઞાન સ્વતઃ પોતાથી એની અપેક્ષા વિના પણ પોતાનું જ્ઞાન થાય. આહાહા ! સમજાણું કાંઇ ?

આવું છે છેલ્લાં શ્લોક છે ને ? જે જાણે છે. આહા ! એટલે કે પ્રભુ તું તો જ્ઞાયક, જ્ઞાયકનો રસકંદ છે ને. આહાહા ! વસ્તુ તરીકે તો જ્ઞાયકનો રસકંદ છે, એ વસ્તુની સન્મુખતા થઈ, એથી તેને તો તેમાં જે છે તેનું જાણવું ને દેખવું એવું ઉત્પન્ન થાય. આહાહા ! દ્રવ્ય ને ગુણ એ જ્ઞાતા-દૃષ્ટા છે, એનાં સન્મુખથી પર્યાયમાં પણ તેનું જ્ઞાતા-દૃષ્ટાપણાની પર્યાય પ્રગટ થતાં, તે કેવળ

જાણે જ છે, જરીએ પણ રાગનાં અંશને ભલે આવે અશુભ તેનો એ જાણનાર છે, કરનાર નથી. અહીં દૃષ્ટિની અપેક્ષાએ કથન છે. જ્ઞાનની પાછી અપેક્ષાએ કથન કરે ત્યારે એમ ચાલે કે જેટલાં પ્રમાણમાં પરિણમન છે, તેટલો તે કર્તા છે. કર્તા એટલે કરવા લાયક છે એમ નહીં, પરિણમન એટલે કર્તા એમ. આહાહા !

જ્ઞાયક સ્વભાવ, ભગવાન પરિપુર્ણ પ્રભુ બિરાજે છે, એનો જ્યાં અંતર સ્વ–સન્મુખ થઈને સ્વીકાર થયો, તેની પર્યાયમાં તો જે અહીં વસ્તુમાં હતું, તે જાતની પર્યાય તેને પ્રગટાવે, એમાં કોઇ રાગ ને દ્વેષ કાંઇ વસ્તુમાં નથી ને ગુણમાં નથી. છતાં પર્યાયની નબળાઇને લઇને રાગદ્વેષ થાય, તે પર તરીકે, તે કાળે જ્ઞાનની પર્યાય, જ્ઞાતાની પર્યાય, ષટ્કારકપણે પરિણમતી પરની અપેક્ષા વિનાં ઊભી થાય છે. આહાહા ! એથી તે કર્તા કર્મ, કર્મપણું પણ એનું જ્ઞાનની પર્યાયમાં કર્તા–કર્મપણું બધું સમાઇ ગયું, રાગમાં કર્તા–કર્મપણું એમાં આવ્યું નહીં. આહાહા ! આવો મારગ છે.

જે કરે છે, તે કદી જાણતો નથી, આહાહા ! એટલે કે જેની દૃષ્ટિ રાગનાં અસ્તિત્વ ઉપર છે, તે કરે છે, તે વસ્તુ શું છે, તેને ઈ જાણતો નથી. આહાહાહા ! કરે છે, જે વસ્તુમાં નથી એવા વિકલ્પ ને રાગને, ચાહે તો દયા–દાનનાં ગમે તે વિકલ્પ હો, એને કરે છે, હું પરિણમું છું, કરવા લાયક છે એમ કહીને પરિણમે છે, આહાહાહા ! જે કરે છે તે કદી જાણતો નથી, કેમકે એની રાગ ને વિકલ્પ ઉપર રુચિ ને આધાર ત્યાં જ એનો છે, એથી કરે છે તે જ્ઞાતા દૃષ્ટાપણાને કંઇ જાણતો નથી. આહાહા ! રોદ્રધ્યાન થાય તો પણ સ્વભાવ, જ્ઞાયકનું દળ આખું જ્ઞાયકઘન છે, તેનો જ્યાં સ્વીકાર થયો, એની સન્મુખતા થઈ, રાગની વિમુખતા થઈ, એ કેવળ જાણે જ છે.

અહીં જે કરે છે તે કદી જાણતો નથી, પહેલું એ લીધું છે, જે રાગના અંશને પણ સ્વ સત્તાનાં પૂરણતાનાં અભાનમાં રાગની સત્તાનું જ અસ્તિત્વ સ્વીકાર કરીને, જે રાગને કરે છે, તે જ્ઞાયકની સત્તાનાં સ્વીકારનો તેને અભાવ છે, માટે તે જાણતો નથી. આહાહાહા ! આવો ઉપદેશ હવે. આહાહા !

( શ્રોતાઃ– વસ્તુનું સ્વરૂપ જ એવું છે ) વસ્તુ સ્થિતિ જ આવી છે, બાપુ. આહાહા !

આખી વસ્તુ પડી છે ને પ્રભુ, નિત્ય–નિત્ય–નિત્ય, ધ્રુવ, એકલો જ્ઞાયક અને આનંદનો કંદ, એકલાં પૂરણ શુદ્ધ સ્વભાવનો રસકંદ આખી ચીજ પડી છે ને એમ ને એમ. આહાહા ! તેના ઉપર જેની દૃષ્ટિ નથી, એનો સ્વીકાર નથી, તેને રાગના વિકલ્પનો કર્તા છે, તે એનો જાણનાર થતો નથી અને જે જાણનાર જાણે છે, તે કદી કરતો નથી. આહાહા ! કદી છે ? 'સ વેત્તિ સ્ કવચિત્ સ ન કરોતિ" કોઈ વખતે પણ કરતો નથી. આહાહા ! જ્ઞાયક સ્વરૂપ, ચિદ્ઘનદળ, જ્ઞાનના ધ્રુવનો પ્રવાહ, જ્ઞાન ધ્રુવ પ્રવાહ, આનંદ ધ્રુવ પ્રવાહ, શાંતિનો ધ્રુવ પ્રવાહ આખો પિંડ પ્રભુ, એને જેને જાણવામાં અંતરમાં આવ્યો, એ કેવળ જાણે જ છે, એ બિલકુલ કરતો નથી. આહાહા ! "કરે કરમ સો હી કરતારા", જો જાને સો જાનનહારા, જાણે સો કરતા નહીં હોઇ, કરતા સો જાણે નહી કોઈ" ઈ આ છે. આહાહા ! આવું સ્વરૂપ હવે.

હવે ઓલા કે શુભભાવ છે તે અત્યારે છે, અરે પ્રભુ ! કયાં જાય લઈ જાય છે. બાપા ! આખા અસ્તિત્વનો અવ્યક્તપણે પણ વ્યક્તપણે તો ઠીક અવ્યક્તપણે પણ નિષેધ કરે છે.

આહાહા ! ચીજ છે કે નહીં પોતે તત્ત્વ છે કે નહીં તત્ત્વ અસ્તિ છે, તત્ત્વ છે, વસ્તુ છે, વસેલા ગુણોવાળો ઘન, પિંડ, તત્ત્વ છે, તેની સન્મુખ જોતાં, એટલે કે તેનો સ્વીકાર થતાં એને શુભરાગનો પણ એ કર્તા થતો નથી. આહાહા ! એ શુભરાગને જાણે છે એમ કહેવું એ પણ એક વ્યવહાર છે. આહાહા ! એ જ્ઞાયક દળ છે પ્રભુ, આહાહા ! તેનાં સ્વીકારથી જે જ્ઞાન ને દર્શન ને આનંદની પર્યાય આવી, એ રાગ, અશુભ ને રોદ્રધ્યાન ભલે હો પણ તે જાણનાર જરીયે, કદીએ કરતો નથી, અને કરનારો કદી સ્વને જાણતો નથી. આહાહા ! આવું છે.

ભાવાર્થઃ- કર્તા છે તે જ્ઞાતા નથી, ભાષા બહુ ટૂંકી પણ પ્રભુ અંદર રહસ્ય ઘણું છે. આહા ! રાગનો એક સૂક્ષ્મ વિકલ્પ ઊઠે છે, તેનાં અસ્તિત્વ ઉપર એનામાં એટલી સત્તાની હૈયાતિ ઉપર જેની દૃષ્ટિ છે, આહાહા... તે કર્તા છે, તે જ્ઞાતા નથી. ભાવાર્થ. આહાહા... અને જ્ઞાતા છે, ભગવાન પૂરણ આનંદ અનંત ગુણનો પિંડ, દળ આખું, ધ્રુવ, નિત્ય, જ્ઞાયકભાવ, સ્વભાવ એનો જ્યાં સ્વીકાર છે તે બિલકુલ કર્તા નથી, તે જ્ઞાતા છે, તે કર્તા નથી. આહાહા ! ભાષા ભલે સાદી છે, પણ ઘણું અંદર રહસ્ય છે. આહાહા !

( શ્રોતાઃ- આનંદે આનંદનું કાર્ય કર્યું ? ) આનંદ હોય છે, એ પ્રશ્ન કરું એ નથી...એ તો સમજાવવું છે ને. ખરેખર તો દ્રવ્ય સ્વભાવ જ્ઞાયક, દળ આખું જે છે, પૂરણ પ્રભુ, એમાં એક ભાવ નામનો ગુણ છે, એથી તેનાં દ્રવ્યનો જ્ઞાયકભાવનો સ્વીકાર થતાં, તેનાં અનંત ગુણની પર્યાય વર્તમાન નિર્મળ હોય જ.. કરું તો થાય ને ન કરું તો ન થાય એ ત્યાં છે જ નહીં. આહાહા ! મારગ ભારે બાપા. આહાહાહા ! એ શુભ, ભાવ નામનો એક ગુણ છે એમાં "ભાવ" નામનો ગુણ છે શુભ નહીં, "ભાવ" શુભ એટલે ભલો, અહીંયા અત્યારે એટલું એનો મારો અરથ "ભાવ' જે અંદર ત્રિકાળી, આહાહા ! ઓલાં મોક્ષમારગને શુભ કીધો છે ને ત્યાં, ઓલાને અશુભ કીધો છે, એ શુભ એટલે જ શુદ્ધ છે, શુભ એટલે સારો છે. ઈ આ શુભરાગ એ એ નહીં. આહાહા !

ભગવાન અનંત શુદ્ધ સ્વરૂપ શુદ્ધ સ્વરૂપ તેનો જ્યાં સ્વીકાર થયો, પર્યાયમાં એનો આદર નહોતો અનંતકાળથી, ત્યાં સુધી તેને પર્યાયબુદ્ધિમાં રાગનો કર્તા થતો હતો, જ્યાં પર્યાયમાં ત્રિકાળીનો સ્વીકાર થયો તે કાળે તે જરીયે પણ રાગનો કર્તા થતો નથી, કેમ કે તેના ગુણમાં કોઈ રાગને કરવું એવો કોઈ ગુણ નથી, તેથી તેની પર્યાયમાં પણ રાગનું કરવું એવું છે નહીં. આહાહા ! આ તો વસ્તુની સ્થિતિ જ આવી છે. આવું વસ્તુનું સ્વરૂપ ન સમજે ને બહારથી કડાકુટમાં આ ક્રિયા ને આ ક્રિયા ને આ મોટા માનસ્તંભ બનાવો ને પાંચ-પચ્ચીસ લાખ એમાં ખરચો ને, મોટું ભભકો કરવો હોય, માણસ દશ-વીસ લાખ ભેગા થાય, અરે પ્રભુ એમાં શું છે.. ? બાપુ... તું જ્યાં છો, ત્યાં પ્રભુ વિકલ્પ જ્યાં નથી. આહાહા ! એને આ બધું દેખીને તને હરખ આવે અને અનંત આનંદનો નાથ ચોસલું આખું પડયું, પ્રભુ નિત્ય ધ્રુવ, એને દેખવાનો અનાદર થાય ને બહારનાં ભભકાને દેખીને તને હરખ આવે. આહાહા ! એને આત્માનાં સ્વભાવનો અનાદર થાય છે, ભલે એ સાધુ હોય કે હજારો રાણી છોડી હોય, દુકાનની કરોડોની પેદાશ મૂકીને બેઠો હોય, પણ અંદરમાં જેને હજી બહારનાં પદાર્થોનો ભભકો અને એની અધિકતા જ્યાં ભાસે છે, એને આત્માની હિણપ ભાસે છે.

અને જેને આત્માની અધિકતા "णाण सहावा" આવ્યું ને ૩૧મી ગાથા "**णाण सहावाधियं मुणदि आदं**।" જ્ઞાન સ્વભાવ એટલે જ્ઞાયક સ્વભાવ જેને અધિક છે, એટલે પરથી જુદો છે, રાગથી જુદો છે ને અધિક છે એટલે પૂરો છે, અને અધિક છે એટલે જુદો છે પૂરો છે. આહા ! અધિક જાણે જ્ઞાન સ્વભાવને અધિક જાણે, રાગથી ભિન્ન જાણે, રાગથી જુદો જાણે રાગથી જુદો, પૂરો જાણે. આહાહા ! એને "જિન" કહે છે, ત્યાં ભલે મુનિ લીધાં છે પણ એ મુનિમાં મૂળ તો શરૂઆત કરવાની છે, ચોથા ગુણસ્થાનથી. આહાહા ! એ ચોથે ગુણસ્થાને પણ 'જિન' છે, એ "જિન" છે. આહાહા ! અહીંયા એ કહે છે, કે કર્તા છે તે જ્ઞાતા નથી. એક શબ્દમાં કેટલું ભર્યું લ્યો અને જ્ઞાતા છે તે કર્તા નથી, કેમ હોઇ શકે ? વસ્તુનો સ્વભાવ જ્યાં છે. આહાહા ! જ્ઞાયક, આનંદ, શાંત, શુદ્ધ, પ્રભુત્વ, ઈશ્વરતા અને શક્તિઓનો સાગર એની જ્યાં રાગ ને પર્યાયથી અધિકતા નામ ભિન્નતા ભાસી એ કર્તા નથી અને જ્ઞાતા તે કર્તા નથી અને કર્તા તે જ્ઞાતા નથી. આહાહા ! એવી જ રીતે કરવારૂપ ક્રિયા ને જાણવારૂપ ક્રિયા બંન્ને ભિન્ન છે, એમ હવે કહે છે...સતાણું ( શ્લોક ).

## શ્લોક-૯૭

( इन्द्रवज्त्रा )

ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्तः<br>
ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।<br>
ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने<br>
ज्ञाता न कर्तेति ततः स्थितं च।।९७।।

**એવી જ રીતે કરવારૂપ ક્રિયા અને જાણવારૂપ ક્રિયા બન્ને ભિન્ન છે એમ હવે કહે છે:-**

**શ્લોકાર્થ:- [ करोतौ अन्तः ज्ञप्तिः न हि भासते ] કરવારૂપ ક્રિયાની અંદરમાં જાણવારૂપ ક્રિયા ભાસતી નથી [ च ] અને [ ज्ञप्तौ अन्तः करोतिः न भासते ] જાણવારૂપ ક્રિયાની અંદરમાં કરવારૂપ ક્રિયા ભાસતી નથી; [ ततः ज्ञप्तिः करोतिः च विभिन्ने ] માટે જ્ઞપ્તિક્રિયા અને 'કરોતિ' ક્રિયા બન્ને ભિન્ન છે; [ च ततः इति स्थितं ] અને તેથી એમ ઠર્યું કે [ ज्ञाता कर्ता न ] જે જ્ઞાતા છે તે કર્તા નથી.**

**ભાવાર્થ:-'હું પરદ્રવ્યને કરું છું' એમ જ્યારે આત્મા પરિણમે છે ત્યારે તો કર્તાભાવરૂપ પરિણમનક્રિયા કરતો હોવાથી અર્થાત્ 'કરોતિ' ક્રિયા કરતો હોવાથી કર્તા જ છે અને જ્યારે 'હું પરદ્રવ્યને જાણું છું' એમ પરિણમે છે ત્યારે જ્ઞાતાભાવે પરિણમતો હોવાથી અર્થાત્ જ્ઞપ્તિક્રિયા કરતો હોવાથી જ્ઞાતા જ છે.**

**અહીં કોઈ પૂછે છે કે અવિરત-સમ્યગ્દ્રષ્ટિ આદિને જ્યાં સુધી ચારિત્રમોહનો ઉદય છે ત્યાં સુધી તે કષાયરૂપે પરિણમે છે તો તેને કર્તા કહેવાય કે નહિ ? તેનું સમાધાન:-અવિરત-**

**સમ્યગ્દૃષ્ટિ વગેરેને શ્રદ્ધા-જ્ઞાનમાં પરદ્રવ્યના સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય નથી; કષાયરૂપ પરિણમન છે તે ઉદયની બળજોરીથી છે; તેનો તે જ્ઞાતા છે; તેથી અજ્ઞાન સંબંધી કર્તાપણું તેને નથી. નિમિત્તની બળજોરીથી થતા પરિણમનનું ફળ કિંચિત્ હોય છે તે સંસારનું કારણ નથી. જેમ વૃક્ષની જડ કાપ્યા પછી તે વૃક્ષ કિંચિત્ કાળ રહે અથવા ન રહે-ક્ષણે ક્ષણે તેનો નાશ જ થતો જાય છે, તેમ અહીં સમજવું. ૯૭.**

## શ્લોક-૯૭ ઉપર પ્રવચન

ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्तः
ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।
ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने
ज्ञाता न कर्तेति ततः स्थितं च।।९७।।

“કરો તો અંતર જ્ઞપ્તિ નહી ભાસતી.” કરવારૂપ ક્રિયાની અંદરમાં જો પરિણતિ લીધી, ક્રિયા લીધી, જે રાગની ચાહે તો દયા-દાનની, વ્રતની ક્રિયાનો રાગ હો, એ કરવાની ક્રિયાની અંદરમાં, પરિણતિ, પર્યાય ક્રિયા લીધી. કરવારૂપ ક્રિયાની અંદરમાં, જાણવારૂપ ક્રિયા ભાસતી નથી, એની ક્રિયા લીધી, જોયું. આહાહા ! રાગનાં શુભ-અશુભ રાગની ક્રિયાનાં કર્તાપણામાં, જાણવારૂપ ક્રિયા એમાં હોતી નથી, એટલે ભાસતી નથી. શું કીધું ? જેને અંદર રાગનો ભાવ જ ભાસે છે, તેણે તેને જાણવારૂપ ક્રિયા ત્યાં હોતી નથી, તેથી ભાસતી નથી. આહાહા ! આવી વાત છે.

એનો ઉત્પાદ્-વ્યય ને ધ્રુવ એમાં જ બધી વાતું છે, એને પરની હારે કાંઈ સંબંધ મળે નહીં. આહાહા ! એનો ઉત્પાદ્-વ્યયનો પર્યાય પણ ત્યાં ( તેની ) ઉપર જ્યાં દૃષ્ટિ છે, ત્યાં સુધી એને જ્ઞાતા ત્રિકાળી છે, તેની ખબર નથી, તેથી તે પર્યાય ઉત્પાદ-વ્યય પર્યાયની બુદ્ધિવાળો રાગનો કર્તા થાય, તેમાં જ્ઞાતાની ક્રિયા હોતી નથી. આહાહા ! ( શ્રોતાઃ- નિષ્કામ કર્મ ન થઇ શકે ? ) નિષ્કામ હોતો કે દી’ ? નિષ્કામ ઇ આ લોકો કહે છે, ગીતા, નિષ્કામ ખોટી વાત છે કરવાનો ભાવ ને વળી નિષ્કામ બે કયાં છે ? ઝીણી વાત છે, ભાઈ ! દુનિયાથી જુદી જાત છે. વીતરાગ, સર્વજ્ઞ, પરમેશ્વર એ સર્વજ્ઞ પરમેશ્વર પ્રભુ તું છો. આહાહા ! એ સર્વજ્ઞ પરમેશ્વરને જેણે માન્યો નથી, એને કરવાની ક્રિયામાંથી સર્વજ્ઞ સ્વભાવ ભાસતો નથી. આહાહાહા ! કરવારૂપ ક્રિયા પરિણતિ લીધી, બહુ ટૂંકું.

જેને રાગનો અંશ છે, નાનો ભલે, આર્તધ્યાન, રૌદ્રધ્યાન, દયાનો, દયાનો ભલે હો, વ્રતનો હોય, ભગવાનની ભક્તિનો હોય, એની ક્રિયાની જે ક્રિયા છે, તેની જેને ભાસે છે, એ ક્રિયા મારી છે, તેમ જેને ભાસે છે, એને જાણવારૂપ ક્રિયા હોતી નથી, હોતી નથી તેથી ભાસતી નથી. આહાહા ! સમજાણું કાંઇ ? આવો ઉપદેશ હવે કઇ રીતે માણસ પછી એકાંત કહે ને સોનગઢવાળાનું, સોનગઢનું એકાંત છે, આમ છે, અરે પ્રભુ તેં સાંભળ્યું નથી, પ્રભુ ભાઈ, આહાહા... તારી મોટપની વાત પ્રભુ તારી વાણીમાં ન આવે, એવો મોટો પ્રભુ છે, એવી પ્રભુતા જેને ભાસી છે, તેની ક્રિયામાં રાગની ક્રિયા ભાસતી નથી, એટલે હોતી નથી, એ પછી આવ્યું

ને... પહેલું આવ્યું કરવારૂપ ક્રિયાની અંદરમાં જાણવારૂપ ક્રિયા ભાસતી નથી, પર્યાયબુદ્ધિમાં રાગના અંશની ક્રિયાના અસ્તિત્વ ઉપર સ્વીકાર હોવાથી, તેને જાણવાની ક્રિયા હોતી નથી. એથી તેને જ્ઞાતા છું, એવું ભાસતું નથી. આહાહા !

કરવાની ક્રિયામાં જાણવાની ક્રિયા હોતી નથી, જાણવાની ક્રિયામાં કરવાની ક્રિયા હોતી નથી, આહાહા ! કરવારૂપ ક્રિયાની અંદરમાં પર્યાય લીધી, ક્રિયા, કારકોની ક્રિયા છે ને ? ક્રિયાના કારકો છે ને ? છ કારકો છે ને કર્તા, કરમ, કરણ, સંપ્રદાન, ( અપાદાન, અધિકરણ ) એ ક્રિયાનાં છે. ધ્રુવનાં નથી, ધ્રુવમાં તો ત્રિકાળ પડયાં છે, એની સાથે સંબંધ નથી, એ પરિણમતી પર્યાય, ક્રિયાનાં ષટ્કારક હોય છે, આહાહા.. હવે એ જેને કરવારૂપ ક્રિયા રાગની ક્રિયા છે, જેને એનું ષટ્કારકપણે રાગની ક્રિયામાં કરવામાં ભાસે છે, એમાં જ્ઞાતાપણાની પર્યાય હોતી નથી, તેથી ભાસતી નથી.

અને "જ્ઞસો અન્તઃ કરોતિ ન ભાસતી" જાણવારૂપ ક્રિયાની અંદરમાં જાણનાર-દેખનાર ભગવાન, ચક્ષુ, જગતની ચક્ષુ છે, જગતની આંખ છે, એવો જે ચૈતન્ય સ્વભાવ, એવી જે અંતરની એની ક્રિયા, જાણનાર ત્રિકાળ છે, તેની જે પરિણતિની ક્રિયા થઈ, એમાં કરવારૂપ ક્રિયા હોતી નથી, ભાસતી નથી, એટલે એ હોતી જ નથી, હોય એટલે જાણનક્રિયામાં કરવાની ક્રિયા હોતી નથી અને કરવાની ક્રિયામાં જાણવાની ક્રિયા હોતી નથી. પર્યાયનાં અંદરની વાતું કરી... જાણનક્રિયા નામ સ્વભાવ સન્મુખની ક્રિયા જે જાણન છે, તેમાં રાગની ક્રિયા ભાસતી નથી, એટલે કે હોતી નથી અને રાગની ક્રિયા જ્યાં ભાસે કે મેં આ કર્યું મેં પુણ્ય કર્યું, મેં દયા પાળી મેં આ કર્યું, દયા પાળવી તો વળી એક કોર રહી, આ તો દયાનો ભાવ છે એ મેં કર્યો, આહાહાહા ! ( શ્રોતાઃ- ઉપવાસેય કરે ને શાસ્ત્ર અભ્યાસેય કરે તો ) એ બધો વિકલ્પ છે. શાસ્ત્ર અભ્યાસ એ પરદ્રવ્યનો અભ્યાસ છે, સ્વને આશ્રયે કરે ત્યાં આગળ એ જોર સ્વનું છે, એકલો જ્યાં શાસ્ત્ર અભ્યાસમાં રોકાણ સ્વનાં લક્ષ વિનાં તો એ તો અગીયાર અંગનું જ્ઞાન કર્યું એ પણ અજ્ઞાન છે. આહાહા !

અહીંયા તો બે વાત છે, જે રાગની ક્રિયા વર્તમાન વિકલ્પની ક્રિયા, રાગનું મેલ ભાસે છે, કે આ ક્રિયા મારી છે એમ ભાસે છે, ત્યાં જ્ઞાતાની ક્રિયા હોતી નથી એટલે કયાંથી ભાસે ? આહાહા ! અને જ્યાં જ્ઞાતાની ક્રિયા ભાસે છે, જાણનાર-દેખનારનું પરિણમન જ્યાં થયું, એ પરિણમન ક્રિયા ભાસે છે, ત્યાં રાગની ક્રિયા હોતી નથી, એટલે રાગની ક્રિયા ત્યાં ભાસતી નથી. આહાહાહા... આવો મારગ છે.

તતઃ માટે, જ્ઞપ્તિ ક્રિયા ને કરોતિ ક્રિયા બન્ને ભિન્ન છે. આહાહા ! રાગની ક્રિયાનું પરિણમવું અને જ્ઞાનની ક્રિયાનું પરિણમવું બેય ચીજ તદ્દન ભિન્ન છે. છે તો બેય ષટ્કારકના પરિણમનથી પરિણમે છે પણ બેય તદ્દન ભિન્ન છે. આહાહા... રાગ થાય છે, દયાનો એ પણ ષટ્કારકનાં પરિણમનથી તે ઊભો થાય છે પણ તે વખતે જાણવાની ક્રિયાનું ષટ્કારકનું પરિણમન નથી, અને જ્યારે જ્ઞાયક ત્રિકાળી છે, એનાં પરમ સત્તા, મહાસત્તા પ્રભુની, જ્યાં સ્વીકાર થયો, તે જ્ઞપ્તિ ક્રિયામાં કરોતિ ક્રિયા તદ્દન ભિન્ન છે, ત્યાં હોતી જ નથી. આહાહા ! આવી વાતું હવે.

ઓલુ કેવું હતું, ઇચ્છિામી ઇરીયા, વહીયાં, મિચ્છામી દુકડમ્, તાઉં કાય ઠાણંણ... નાનુભાઈ

ગયા ? નાનુભાઈ કહેતા હતા કે, પાણીતાણા કાંઈ સંભળાતું નથી. હેં... ( શ્રોતાઃ– ગોંડલ ગયા છે ) ન્યાંથી આવવાનાં છે... પગાર મળે ને ન્યાં ધુસી ગયો... આહાહા ! સાંભળવાનું મળે છે એ ખોટું બધું. આહા !

માટે જ્ઞપ્તિ ક્રિયા અને કરોતિ ક્રિયા બંને ભિન્ન છે, એક સમયમાં બે ક્રિયા ન હોય એમ કહે છે, ભલે ત્યાં રાગની ક્રિયા હોય, છતાં તેને જાણનારની ક્રિયા તે એક જ વસ્તુ વર્તે છે. જ્ઞાતાપણા તરફનાં લક્ષથી જાણવાની ક્રિયા એક જ વર્તે છે, રાગની ક્રિયા પણ ભેગી છે એમ નથી. આહાહા ! જ્ઞપ્તિ નામ જાણવાની ક્રિયા, પર્યાયની પરિણતિની વાત છે હોં અહીંયા અને કરોતિ ક્રિયા બંને ભિન્ન છે તેથી જે એમ ઠર્યું કે જ્ઞાતા છે તે કર્તા નથી, ત્રિકાળી જ્ઞાયકભાવને જેણે સ્વીકાર્યો, આહાહા ! આખી ચીજ જ જ્ઞાયકપણે પડી છે મૂળ, અનાદિ અનંત, નિત્યાનંદ પ્રભુ, એનો જ્યાં સ્વીકાર થયો તે હવે રાગનો કર્તા છે નહીં. પરની વાતુ તો કયાંય રહી, શરીર ને વાણી ને જડ ને... હવે આંહી તો હજી પરનો કર્તા ન માને તો દિગંબર નહીં, એમ પંડિતો કહે છે લ્યો, ઇન્દોરમાં ને એમ કહ્યું છે, અરે પ્રભુ ! શું કહે છે ભાઈ, સોનગઢનો વિરોધ કરવાં માટે આટલું બધું કાંઇ કરાય ? આખી વસ્તુનો... ઉલ્ટો... આહાહા... પરનો કર્તા ન માને તે દિગંબર જૈન નથી. અહીં કહે છે કે રાગનો કર્તા માને તે દિગંબર જૈન નથી. એણે પણ આ બધે ઠેકાણે–ઠેકાણે કાલે નહોતુ આવ્યું એ શુભભાવને મળવા જાવું, એ પ્રેમીને મળવાં સ્ત્રી જાય એવું છે, અરેરેરે... વ્યભિચાર એમ કહે છે અમને અંદર શુભભાવ આવે, આહાહા... એના અમે તો જાણનાર–દેખનાર છીએ, એમાં અમે જાતા નથી, અમે એમાં ભળતા નથી એમ કહે છે. ભળે છે, એ પ્રેમીની સ્ત્રી જેમ ભળે છે, એમ ભળે છે એ અજ્ઞાની. આહાહા... હવે એ શુભરાગમાં ધરમ મનાવવો, ને કાં ઈ ધરમનું કારણ એને મનાવવું, બધુ એક જ છે ભાઈ ! આહાહા ! વસ્તુ છે ને, અંદર નજીક પડી છે ને, પર્યાયની પાસે જ છે પાસે છે એમ કહેવું એ પણ હજી... છે જ ત્યાં બસ પર્યાયની પાસે એટલે આમ છે જ ઈ ધ્રુવ. આહાહા... જે જ્ઞાતા છે, તે કર્તા નથી. આહાહા !

ભાવાર્થઃ– હું પરદ્રવ્યને કરું છું, પરદ્રવ્ય લીધું આહીં પણ રાગને કરું છું એ... પરદ્રવ્ય જ છે રાગ, સ્વદ્રવ્ય છે જ નહી એ. એમ જ્યારે આત્મા પરિણમે છે, રાગને કરું છું એમ રાગપણે પરિણમે છે, ત્યારે તો કર્તાભાવરૂપ પરિણમન ક્રિયા કરતો હોવાથી, કર્તાભાવરૂપ પરિણમન ક્રિયા ત્યાં કહી છે, કર્તાભાવરૂપ ક્રિયા છે, કરોતિ ક્રિયા કરતો હોવાથી, કર્તા જ છે. આહાહા... અને જ્યારે હું પરદ્રવ્યને જાણું છું એ પણ વ્યવહાર સમજાવવું છે ને ? તેથી શું સમજાવે... ? પરદ્રવ્યને જાણું છું એમ પરિણમે છે, એમ પરિણમે છે, સ્વને જાણે છે ને રાગ થાય છે તેને પણ પોતામાં રહીને, તેની અપેક્ષા વિના જાણે છે. આહાહા ! ત્યારે જ્ઞાતાભાવે પરિણમતો હોવાથી, ત્યારે જાણનાર–દેખનારનાં ભાવપણે થતો હોવાથી જ્ઞપ્તિ ક્રિયા કરતો હોવાથી, એ તો જાણવાની ક્રિયા પરિણમન, જાણવાની પરિણમન ક્રિયા છે, આહાહા... છે તો ક્રિયા... પણ સ્વ ચૈતન્યનાં સન્મુખની છે, રાગનાં વિમુખની છે, એથી જ્ઞપ્તિક્રિયા કરતો હોવાથી જ્ઞાતા જ છે.

હવે કોઇને એમ શંકા કે, આવડી મોટી વાત તો કોઇ ઉપરના ગુણસ્થાને હશે, હેઠલાવાળાને આ ન હોય, એમ કેટલાક કહે છે ઓલા જ્ઞાનસાગર કહેતાને કે નિર્વિકલ્પ સમકિત તો સાતમે થાય, ભાઈ એમ કહેતા ને શાંતિસાગર એમ કહેતાને, નિર્વિકલ્પ સમકિત તો સાતમે થાય, આહાહા !

ત્યારે આ કહે છે કે અત્યારે શુભજોગ જ હોય, બધું ઇ નું ઇ જ છે. અરે પ્રભુ ! શું કરે છે.

અહીં કોઇ પૂછે, અહીં કોઇ પૂછે છે કે, આવી વાત તમે મોટી કરો છો, એ અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિને જ્યાં સુધી ચારિત્રમોહનો ઉદય છે, ત્યાં સુધી તે કષાયરૂપે તો પરિણમે છે તો એને એ ક્રિયાનો કર્તા કહેવો કે નહીં ? આહાહા ! અવિરતી સમ્યગ્દૃષ્ટિ છે, જેને હજી ત્યાગ નથી રાગનો, ચારિત્રમોહનો ત્યાગ નથી, વિષય-વાસના આદિ છે, ગૌમ્મટસારમાં આવે છે ને ઇન્દ્રિયના વિષયથી વિરત્યો નથી, આવે છે ને ? વિષય-કષાયથી નિવર્ત્યો નથી, શ્લોક છે ને ઇ. આહાહા ! અવિરતી સમ્યગ્દૃષ્ટિ આદિ, આદિ એટલે પાંચમે છઠ્ઠે એમ, જ્યાં સુધી ચારિત્રમોહનો ઉદય છે, એને રાગ તો આવે છે, શુભરાગ આવે, અશુભરાગ આવે ક્રિયા તો થાય છે, ત્યાં સુધી તે કષાયરૂપે પરિણમે છે, તો તેને કર્તા કહેવાય કે નહીં ? આહાહા !

તેનું સમાધાનઃ- અવિરતી, અવિરત સમ્યગ્દૃષ્ટિ વગેરે, ભલે ચોથે ગુણસ્થાને હોય કે પાંચમે હોય કે મુનિ, શ્રદ્ધા-જ્ઞાનમાં પરદ્રવ્યનાં સ્વામીપણારૂપ, કર્તાપણાનો અભિપ્રાય નથી, આહાહા... એને રાગ હોય છે, છતાં તેને પરદ્રવ્યનાં સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય નથી. આ મારું છે અને હું એનો સ્વામી છું, એ દૃષ્ટિ નથી, ધર્મીની દૃષ્ટિ સ્વ સ્વામી સંબંધમાં છે, પોતાના દ્રવ્ય ગુણ શુદ્ધ છે, તે સ્વ છે. ને એનો એ સ્વામી છે, રાગ છે, એનો એ સ્વામી નથી, થાય છે. આહાહાહા... અવિરત સમ્યગ્દૃષ્ટિ વિગેરેને શ્રદ્ધા-જ્ઞાનમાં, શ્રદ્ધા-જ્ઞાનમાં, પરદ્રવ્યનાં સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય નથી, કષાયરૂપ પરિણમન છે... રાગ થાય છે... તે ઉદયની બળજોરીથી છે, નબળાઇનું કારણ છે, ઇ ઉદયની બળજોરી કીધી, ત્યાં એનો અર્થ કે એનો નથી એ એમ... એટલે ઉદયની બળજોરી છે, એમ કીધી, એને પોતાનો માનતો નથી ને એટલે એને ઉદયની બળજોરી કીધી, બાકી છે તો પરિણમન પોતાનું હિણી દશા. આહા ! ઉદયની બળજોરી છે, તેનો તે જ્ઞાતા છે. આહાહા !

સમ્યગ્દૃષ્ટિ અવિરતી, ગૃહાસ્થાશ્રમમાં ભલે હોય, હજારો રાણીમાં હોય, એને વિષયની વાસના પણ આવે, છતાં તે તો સ્વામીપણાનાં, કર્તાપણાનો અભિપ્રાય નથી. કષાયરૂપ પરિણમન છે, એ ઉદયની બળજોરી, એટલે કે પોતાને કરવાનો ભાવ નથી, આ ઠીક છે, એમ કરીને કરવાનો ભાવ નથી, પણ પુરુષાર્થની નબળાઇ ને ઉદયનું જોર છે, એવો રાગ અંદર આવે છે, થાય છે. તેનો તે જ્ઞાતા છે, એનો ઈ જાણનાર છે, પોતાની ભૂમિકામાં રહેલો, જાણનાર છે, તેથી અજ્ઞાન સંબંધી કર્તાપણું તેને નથી. રાગ મારો છે, ને મારું કર્તવ્ય છે, એવાં અજ્ઞાનપણા સંબંધીનું કર્તાપણું એને નથી. આહાહા ! નિમિત્તની બળજોરીથી થતાં પરિણમનનું ફળ કિંચિત્ હોય છે, નિમિત્ત છે તો પોતાનું અશુદ્ધ ઉપાદાન પણ એ અશુદ્ધ ઉપાદાનને પરમાં નાખી દઈને પોતાના શુદ્ધ ઉપાદાનની દૃષ્ટિ થઈ છે. આહાહા !

ત્રિકાળી આનંદકંદ પ્રભુ, ચિદાનંદનું દળ, એનાં જે શુદ્ધ ઉપાદાનની દૃષ્ટિ છે, એ અપેક્ષાએ અશુદ્ધ ઉપાદાનને નિમિત્તમાં નાખી દીધું એ નિમિત્તની બળજોરીથી થતાં ઓલામાં ઉદયની બળજોરીથી કહ્યું હતું ને એને અહીં નિમિત્તની બળજોરીથી થતાં એટલે પોતાને કરવારૂપનો પ્રેમ, રસ નથી, એમાં સુખબુદ્ધિ નથી, પણ આવ્યા વિનાં રહેતો નથી નબળાઇને લઈને, તે નિમિત્તની બળજોરીથી પરિણમનનું ફળ કિંચિત્ હોય છે. એનું ફળ તો કિંચિત્, થોડો રસ ને સ્થિતિ પડે

કર્મની તે સંસારનું કારણ નથી.

જોર જ્ઞાયકભાવ ત્રિકાળી આનંદનો સાગર નાથ, આખું દળ પડયું છે, તેનું જ્યાં જોર છે, આખો જ્ઞાયકભાવ છે, તેમાંથી જોર, એનું ખસતું નથી, એને લઈને કિંચિત કંઇક પરિણમનનું ફળ આવે, પણ એ સંસારનું કારણ નથી, એને ભવ નહીં વધે ભવ, એમ કહે છે. અને ભવિષ્યનું આયુષ્ય બંધાય કદાચિત્ તો પણ એને એવાં અશુભભાવને વખતે આયુષ્ય નહીં બંધાય, શુભભાવ આવશે ત્યારે આયુષ્ય બંધાશે મનુષ્યને તિર્યંચ સમકિતી હોય ને અશુભભાવ આવે, પણ આયુષ્ય નહિ બંધાય, આયુષ્ય શુભભાવ આવશે ત્યારે બંધાશે, એટલું દૃષ્ટિનાં જોરને લઈને, આહાહા...

જેમ વૃક્ષની જડ કાપ્યાં પછી, વૃક્ષનું મુળ કાપ્યું હવે ડાળા-પાંખડા કેટલો કાળ રહે? આહા! વૃક્ષની જડ કાપ્યા પછી, છે? તે વૃક્ષ કિંચિત્ કાળ રહે, થોડી વાર પછી સુકાઈ જવાનું ઈ, મૂળીયું કાપી નાખ્યું, આહાહા... એમ જેને રાગની એકતા તોડી નાખીને સ્વભાવની એકતા પ્રગટ કરી, આહાહા... ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવ સ્વભાવ, નિત્ય પ્રભુ, તેની એકતાનો ભાવ પ્રગટ કર્યો ને રાગની એકતાનો (ભાવ) તોડી નાખ્યો મૂળીયું તોડી નાખ્યું, આહાહા!

આ બધું જોર, બહારની ક્રિયા ઉપર આપે લોકો, આવી ક્રિયા કરે ઈ સાધુ ને આવી ક્રિયા કરે એ ઈ સાધુ, અને આને એમ કે ચોથે ગુણસ્થાને જુઓને હિંસા છે, જૂઠું છે એવું છે અને અમારે ઈ ત્યાગ છે, પણ તારે ત્યાગ કયાં છે.. દૃષ્ટિનાં ત્યાગ વિનાં ત્યાગ જ કયાં છે? જ્યાં હજી મિથ્યાત્વનો ત્યાગ નથી, ત્યાં અવ્રતનો ત્યાગ આવ્યો કયાંથી? આહાહા! આકરું કામ છે.

સમ્યગ્દૃષ્ટિને આવાં પરિણામ આવે, છતાં કહે છે, ભાવ અશુભ આવે, છતાં એનું ફળ સંસાર નથી, રખડવાનું... આહા! ત્યારે આ લોકો કહે, એનાં કરતાં અમે શુભભાવને કરીએ છીએ કે નહીં પણ એ શુભભાવ મારો છે એ માન્યું છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે, આહાહા! આકરું કામ ખરું. વૃક્ષ કિંચિત્ કાળ અથવા ન પણ રહે, ઝાડનું મૂળ કાપ્પું પછી કદાચ તરત ને તરત સુકાઇ જાય અને કોઇને થોડી વાર લાગે, અથવા ક્ષણે-ક્ષણે તેનો નાશ થતો જ જાય છે. આહાહા! જ્ઞાયક સ્વભાવ, નિત્યાનંદ પ્રભુ, આખું તત્ત્વ જ્યાં દૃષ્ટિમાં સ્વીકારમાં આવ્યું, એટલે હવે એને રાગાદિ અશુભ આવે, શુભ આવે પણ ઈ લાંબો કાળ ટકશે નહિ. આહાહા! એનો નાશ જ થતો જાય છે. આહાહાહા! એમ અહીં સમજવું. મૂળ દૃષ્ટિ સમ્યગ્દર્શન શું ચીજ છે અને એનો વિષય શું છે? એનો જ્યાં હજી પતો ન મળે, એનાં બધાં તારા વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા, રણમાં પોક મુકવાં જેવાં છે. આહા! અને જ્ઞાનીને આવો રાગ થાય તો કહે છે કે નાશ થવા લાયક છે. આહા... એકતાનો રાગ નથી ને અસ્થિરતાનો રાગ છે, એનું એ મૂળ તો તોડી નાખ્યું છે, એમ અહીંયા સમજવું. એનો અર્થ એમ કયે છે લ્યો... વિશેષ કર્તા-કર્મ કહેવાશે...

(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)

# શ્લોક-૯૮

( शार्दूलविक्रीडित )

कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि
द्वन्द्वं विप्रतिषिध्यते यदी तदा का कर्तृकर्मस्थितिः।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति-
र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम्।।९८।।

**ફરીને એ જ વાતને દૃઢ કરે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ कर्ता कर्मणि नास्ति, कर्म तत् अपि नियतं कर्तरि नास्ति ] કર્તા નક્કી કર્મમાં નથી, અને કર્મ છે તે પણ નક્કી કર્તામાં નથી- [ यदि द्वन्द्वं विप्रतिषिध्यते ] એમ જો બન્નેનો પરસ્પર નિષેધ કરવામાં આવે છે [ तदा कर्तृकर्मस्थितिः का ] તો કર્તાકર્મની સ્થિતિ શી ? ( અર્થાત્ જીવ-પુદ્ગલને કર્તાકર્મપણું ન જ હોય શકે. ) [ ज्ञाता ज्ञातरि, कर्म सदा कर्मणि ] આ પ્રમાણે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે અને કર્મ સદા કર્મમાં જ છે [ इति वस्तुस्थितिः व्यक्ता ] એવી વસ્તુસ્થિતિ પ્રગટ છે [ तथापि बत ] તોપણ અરે ! [ नेपथ्ये एषः मोहः किम् रभसा नानटीति ] નેપથ્યમાં આ મોહ કેમ અત્યંત જોરથી નાચી રહ્યો છે ? ( એમ આચાર્યને ખેદ અને આશ્ચર્ય થાય છે. )**

**ભાવાર્થઃ-કર્મ તો પુદ્ગલ છે, તેનો કર્તા જીવને કહેવામાં આવે તે અસત્ય છે. તે બન્નેને અત્યંત ભેદ છે, જીવ પુદ્ગલમાં નથી અને પુદ્ગલ જીવમાં નથી; તો પછી તેમને કર્તાકર્મભાવ કેમ હોઈ શકે ? માટે જીવ તો જ્ઞાતા છે તે જ્ઞાતા જ છે, પુદ્ગલકર્મનો કર્તા નથી; અને પુદ્ગલકર્મ છે તે પુદ્ગલ જ છે, જ્ઞાતાનું કર્મ નથી. આચાર્યે ખેદપૂર્વક કહ્યું છે કે- આમ પ્રગટ ભિન્ન દ્રવ્યો છે તોપણ 'હું કર્તા છું અને આ પુદ્ગલ મારું કર્મ છે' એવો અજ્ઞાનીનો આ મોહ ( -અજ્ઞાન ) કેમ નાચે છે ? ૯૮.**

## પ્રવચન નં. ૨૨૭ શ્લોક-૯૮ મંગળવાર, વૈશાખ સુદ-૪, તા.૧૫/૫/'૭૯

ફરીને એ જ વાતને દૃઢ કરે છેઃ-

कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि
द्वन्द्वं विप्रतिषिध्यते यदी तदा का कर्तृकर्मस्थितिः।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति–
र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम्।।९८।।

શ્લોકાર્થઃ- કર્તા કર્મણિ નાસ્તિ કર્મ તત્ અપિ નિયતં કર્તરિ નાસ્તિ કર્તા નક્કી કર્મમાં નથી, એટલે આત્મા કર્તા ને રાગ કર્મ, જડ કર્મ, એ કર્તા-કર્મમાં નથી કાંઈ, આહા ! કર્મનું અસ્તિત્વ સ્વતંત્ર જૂદું છે, ભગવાન આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ, હૈયાતિ જૂદી છે, અત્યારે અહીં

જડ કર્મની હારે સંબંધની વાતું છે. કર્તા નક્કી કર્મમાં નથી, કરનારો તે જડ કર્મમાં, આત્મા કર્તા ને જડ કર્મ કાર્ય તો ઈ કર્તા કર્મમાં નથી. આહાહા! જ્ઞાનાવરણી આદિ આઠ કર્મ બંધાય, તે કર્મમાં આત્મા નથી, આત્મા કર્તા તે કર્મમાં નથી, એમ કહે છે. એમાં ભાવકર્મ સમાઈ જાય છે. મુખ્યપણે તો દ્રવ્યકર્મની વાત છે. આહાહા!

કર્તા નક્કી કર્મમાં નથી. ભગવાન જ્ઞાતા સ્વભાવ, જો એને કર્તા કહો, તો જડ કર્મ જ્ઞાનાવરણી જે છે તે કર્મ છે, તેમાં આ કર્તા એમાં નથી. આહાહા! અને કર્મ છે તે પણ નક્કી કર્તામાં નથી, અને જ્ઞાનાવર્ણાદિ જે આઠ કર્મ છે, એ કર્તા એવો આત્મા એમાં ઈ વસ્તુ નથી. આહા! કર્તા, કર્મમાં નથી, કર્મ કર્તામાં નથી. આત્મા જડમાં નથી, જડ આત્મામાં નથી એમ. આહાહા!

એમ જો બન્નેનો પરસ્પર નિષેધ કરવામાં આવે પરસ્પર બંનેનો નિષેધ કરવામાં આવે પણ નિષેધ, નિષેધ છે જ, પણ આંહી તો સમજાવવું છે ને? એમ જો બન્નેનો પરસ્પર કર્તા આત્મા કર્મમાં, અને કર્મ, કર્તામાં, આત્મામાં એમ નથી. એમ જો નિષેધ કરવામાં આવે, તો કર્મની સ્થિતિ શી? તો કર્મની સ્થિતિ શી? આહાહા! હે... તદાઃ કર્તા-કર્મ સ્થિતિ શી એમ. તો કર્મની સ્થિતિ શી? અર્થાત્ જીવ પુદ્‌ગલને કર્તા-કર્મપણું ન જ હોય એમ. તદાઃ કર્તા-કર્મ સ્થિતિ શી? તો આત્મા કર્તા ને જડ આઠ કર્મ, કાર્ય એ રીતે હોય શકે નહીં. આહાહા!

અહીં તો કહે આત્મા કર્મ બાંધે અને આત્મા કર્મ ભોગવે, એનું ફળ આવે એટલે... આંહી ક્હે છે કે પણ કર્તા એમાં નથી, અને ઈ આમાં નથી, તો શી રીતે કર્તા થાય ને ભોગવે એને. આહાહા! કર્મનું બહુ... જૈનમાં કર્મ એવું લાકડું ગરી ગ્યું, આહાહા! હેં! (શ્રોતાઃ- કોકે ઘાલ્યું તો ગરી જાય ને) સંપ્રદાયની શૈલી પણ કોણ જાણે એ વિષય ઉઠી ગઈ બસ! આત્મા કર્મને કરે ને કર્મને લઈને આત્મામાં વિકાર થાય. આહા! ભિન્ન ચીજ ભિન્નને કરે અને ભિન્ન ચીજ ભિન્ન નેય કરે, એટલે આત્મા કર્મને કરે ને કર્મનું ફળ વિકાર આત્મામાં આવે. આહાહા! આટલું હજી સ્થુળપણું પણ જ્યાં આગળ બેસતું નથી. આહા! એને અંદરમાં જ્ઞાયક ત્રિકાળી વસ્તુ જ્ઞાયક, જ્ઞાન, જ્ઞાતા-દૃષ્ટાનાં સ્વભાવથી ભરેલો પ્રભુ, એ રાગનોય કર્તા ક્યાં છે? આહાહા! કેમકે એનાં અનંત અનંત ગુણોમાં કોઈ ગુણ રાગને કરે પર્યાયમાં એવો કોઈ ગુણ નથી. આહાહા! આંહીં તો ફક્ત કર્તા આત્મા, અને જ્ઞાનાવરણી કર્મ અત્માએ બાંધ્યું. જીવે, જ્ઞાનાવરણી કર્મના કારણમાં અશાતનાં આદિ આવે છે ને છ બોલ, નિહ્નવ ને એ આત્માએ કર્યું ત્યારે જ્ઞાનાવરણી બંધાણું, છ પ્રકારે જ્ઞાનાવરણી બંધાય છે ને, એનો નિષેધ છે આંહીં કરનારો ત્યાં જાતો નથી, તે કરે શું કર્મને? જ્યાં હોય ત્યાં કર્મને લઈને આત્માને વિકાર થાય, અને વિકારને લઈને કર્મ બંધાય, તદ્દન માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. જૈનપણાના, વ્યવહારની એને ખબર નથી, આહા!

તો કર્મની સ્થિતિ શી...? જીવ પુદ્‌ગલને કર્તા-કર્મપણું ન જ હોઈ શકે. **ता: ज्ञातरि, कर्म सदा कर्मणि, ता: ज्ञानरि** અને કર્મ સદા કર્મણિ. આ પ્રમાણે જ્ઞાતા સદા, જ્ઞાતામાં જ છે એમ. આહાહા! તેથી જ્ઞાતરિ જ્ઞાન, જાણનારો ભગવાન, જ્ઞાતા જ્ઞાતામાં છે, અને પુદ્‌ગલ કર્મ, કર્મમાં છે. આહાહા! જ્ઞાત સ્વભાવી નટ અને કર્મ, કર્મમાં છે. જડ કર્મ જડમાં છે, અને આત્મા, આત્મામાં છે. આત્મા જડને કરે ને, જડનું કાર્ય આત્માનું કર્તા, એવું કોઈ છે નહીં. આહાહા!

અત્યારે તો ઈ જ મોટું ચાલ્યું છે જૈનનાં નામે, આત્મા કર્મ બાંધે, છ પ્રકારે કરે ને, કર્મ આત્મા બાંધે, કત્તા, વિકત્તા, કત્તા આવે છે ને, અપ્પા, કત્તા વિકત્તા, એ આત્મા કર્તા ઈ અનાથિમુનિમાં આવે છે ગાથા, શ્લોક, આત્મા કર્મને કરે ને, કર્મને આત્મા ભોગવે, જેવાં બાંધ્યા છે, એવાં ભોગવે, તદન વાત જૂઠી છે. આહાહા !

કેમ કે આત્મા તદ્દન જડનાં કર્મથી જુદી ચીજ છે. અને જ્ઞાતા, જ્ઞાતરિ એટલે જાણનાર તત્ત્વથી, કર્મ જડ ચીજ જુદી ચીજ છે. જુદી ને જુદી કરે, એવું ત્રણકાળમાં બને ( નહીં ). તો ઈશ્વર કર્તા છે એમ માને, અને આ કહે કે કર્મને હું કરું છું માને, બેય સરખી માન્યતાવાળા છે. આહાહા ! ઓલા કહે કે ઈશ્વર કરે છે આ બધાં કામને, આ ક્હે કે હું કર્મ, જડને કરું છું, બે ય એક જ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહાહા ! બહુ આકરું કામ ભલે... !

ક્રમબદ્ધમાં તો ત્યાં સુધી એકદમ લઈ ગયા. દરેક દ્રવ્યની પર્યાય, જે સમયે થવાની તે થાય, તે ક્રમસર થાય ને આઘી-પાછી નહીં. આઘી-પાછીની વ્યાખ્યા શું ? આ પર્યાય પછી થાય ને એની પર્યાય આંહી થાય તેનો અર્થ શું ? જે દ્રવ્યની જે સમયે, જે પર્યાયનો કાળ છે તે થાય, તે ક્રમબદ્ધ થાય, ક્રમબદ્ધમાં તો એકદમ અકર્તાપણું સિદ્ધ કરવું છે. પાઠ જ ઈ છે ને અકર્તાનો. ભગવાન આત્મા, જડ કર્મનો તો કર્તા નથી, પણ દયા, દાન ને વ્રતનાં પરિણામનો પણ આત્મા કર્તા નથી. આહાહા ! કેમ કે વિકારી પરિણામ છે તેને નિર્વિકારી પ્રભુ ચૈતન્ય, ઈ વિકારને કરે શી રીતે ? આહા ! આકરું કામ ભારે. ત્યાં તો અકર્તાપણાની પરાકાષ્ટા લીધી છે. આત્મા જડનો કર્તા તો નથી, પણ ઈ દયા-દાન ને ભક્તિ, પૂજાના પરિણામનોય આત્મા કર્તા નથી. આત્મા કર્તા કહો તે મિથ્યાદૃષ્ટિ છે. ઈ શુભરાગ નામ દયા, દાન, પૂજા, ભક્તિનો કર્તા થાય તો ઈ મિથ્યાદૃષ્ટિ છે. એ જ્ઞાયક સ્વરૂપ છે, ચૈતન્યમૂર્તિ પ્રભુ, એ રાગનો કર્તા નથી. ઈ તો સ્થૂળ વાત છે. પણ વર્તમાન તેની પર્યાય છે નિર્મળ, તેનો ય કર્તા નથી. આહાહાહા !

અકર્તાની જિન દર્શનમાં છેલ્લામાં છેલ્લી સ્થિતિ આંહી ગઈ કે નિર્મળ પર્યાય છે તેનો પણ દ્રવ્ય કર્તા નથી, પર્યાય પર્યાયની કર્તા છે. આહાહા ! અરે આ વાત સાંભળી નથી ને જૈનમાં જન્મ્યા છતાં, જૈન પરમેશ્વરને શું કહેવું છે તે ખબર નથી, અને એને ધરમ થઈ જાય. જાત્રાઓ કરી શેત્રુંજયની ને ગિરનારની ને, ધૂળમાંય ધરમ નથી ક્યાંય. આહાહા ! ( શ્રોતાઃ- વર્ષમાં એકવાર તો જાત્રા કરવી જ જોઈએ ) ઈ તો જાય છે ને કાર્તિક સુદ પૂનમે, ચૈત્ર સુદ પૂનમે, એમાં કર્તાબુદ્ધિ છે, આ શરીરને હું હલાવું છું, લઈ જઉં છું ત્યાં, ઈ શરીર, જડની ક્રિયાનો કર્તા થાય, ઈ તો મહા મિથ્યાદૃષ્ટિ, જૂઠ છે. પણ તેનો ભાવ શુભ થાય ત્યાં કદાચ એનો કર્તા થાય તો, કેમકે એનામાં અનંત ગુણ છે, એ કોઈ ગુણ, રાગને કરે એવો એનામાં ગુણ નથી. એથી પર્યાયબુદ્ધિવાળો, દયા, દાન, વ્રત, ભક્તિનાં પરિણામનો કર્તા, પર્યાયબુદ્ધિ, મિથ્યાદૃષ્ટિ થાય છે. અરેરેરે ! આવી વાત ક્યાં છે. આહાહા !

ઈ તો કયાંય રહી ગ્યું, પણ એના નિર્મળ, દયા દાનનાં પરિણામ એને તે કાળે જ્ઞાનનો પર્યાય જાણનારો જે છે તે પર્યાયને પણ તે દ્રવ્ય કરતું નથી. આહાહાહા ! ભારે આકરું કામ બાપું ! કારણકે ઈ બે છે, નિર્મળ પર્યાય અને દ્રવ્ય, બેય નિર્મળ, તો આ એકબીજાને કરે એમ એમાંય નથી. આહાહા ! એકબીજાને કરે તો બેપણું રહેતું નથી, બહુ ઝીણી વાત બાપા ! વીતરાગ

મારગ, બહું ઝીણું, સુક્ષ્મ બહુ...

આંહી તો ઈ કહે છે. અરે આ પ્રમાણે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે અને કર્મમાં કર્મ જ છે. કર્મમાં, કર્મમાં જ છે. "ઇતિઃ વસ્તુસ્થિતિ વ્યક્તઃ" એવી વસ્તુની સ્થિતિ પ્રગટ છે. સત્તા બધી ભિન્ન, સત્તા સૌની ભિન્ન પ્રગટ છે. એમાં ભિન્ન સત્તા જે છે, હોવાવાળી ચીજ, કર્મની સત્તાવાળી ચીજ, એને જીવની સત્તા, એને કરે, એવી વસ્તુ સ્થિતિ નથી. આહાહાહા ! આંહી ઈ તો છે જ માન્યતા લોકોની, પણ આ તો આખો દિ' આ ભક્તિ ને પૂજા ને બખબખીયા વગાડોને, માથે જાત્રા કરવા નવ્વાણું વાર ચઢવું-ઉતરવું ને ગિરનાર ચઢવું ને, અરે ભગવાન... !

( શ્રોતાઃ- રૂષભદેવ ભગવાન શેત્રુંજય ઉપર નવ્વાણું વાર આવ્યા' તા ) ત્યાં નવ્વાણું લાખવાર શું આવ્યાં હોય તો'ય ત્યાં શું એમાં પરની હારે સંબંધ શું છે ? આહાહા ! ( શ્રોતાઃ- સીમંધર ભગવાન જાત્રા કરતાં હતા ને તેનાં અનુયાયી ન કરે ) જાત્રા કોણે કરી'તી, કાંઈ કરી નો'તી એણે, ઈ તો આત્મામાં અંદરમાં ઉતર્યા'તા, અંદરમાં આનંદમાં ઉતર્યા'તા શેત્રુંજયમાં તો ભગવાન, આહાહા ! ઝીણી વાતું બહુ...

એક તો આ લોકોમાં "દિવ્ય ધ્વનિ" એક પુસ્તક, એક માસિક નિકળે છે, હમણાંનું લાગે છે, નવું લાગે છે 'દિવ્ય ધ્વનિ', એમાં વળી એમ.. હેં.. ? ( શ્રોતાઃ- ડો. સોનેજીનું ) સોનેજી છે ને ઓલો કોઈ'ક છે ને... હા... અમદાવાદવાળો છે એક, હેઠે લખ્યું છે કે, "સતપુરુષનું યોગબળ જગતનું કલ્યાણ કરો." કહો હવે આ શું વાત, ધર્માત્માનું યોગબળ, જગતનું કલ્યાણ કરો, બીજાનું કલ્યાણ બીજો કરે, એમ લખાણ છે, હેઠે, દિવ્ય ધ્વનિ નીચે, સતપુરુષોનું યોગબળ, સંબંધ કહો, યોગબળ કહો, અરે પ્રભુ, કલ્યાણ પરનું કોણ કરે ભાઈ તને ખબર નથી. આહા ! કલ્યાણ તો પોતે ભગવાન આત્મા, જ્ઞાન આનંદનો ઘન પ્રભુ છે, તેમાં ઈ જ્ઞાન ને આનંદની પર્યાય થાય તે ધરમ છે, છતાં તે ધરમની પર્યાયનો પણ આત્મા કર્તા નથી. આહાહા ! અકર્તાની છેલ્લી પરાકાષ્ટા છે. બેહવું કઠણ પડે જગતને. અત્યારનાં અભિમાન ચઢી ગ્યાં છે ક્રિયાકાંડનાં રસમાં ચઢી ગ્યા છે ને અત્યારે બધાં... હો અપવાસ કરો, વર્ષીતપ કરો, આ કરો, આ કરો, બધી હોળી સળગે છે, રાગની, કષાયની. આહાહા !

આંહીં તો જરીક શું આવ્યું, ઓલો રાગ નો લીધો પછી, જ્ઞાતા જ્ઞાતા સદામાં છે એમ ભાઈ, લીધું એમ, પાછું પરનો કર્તા નથી, એ તો ઠીક, તો પછી આત્મા રાગનો કર્તા છે, એમ ન લીધું, ઈ પરનું કર્તાપણું છૂટે છે. એટલે આ પ્રમાણે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે એમ લીધું ભાઈ, પાછું એમ ન લીધું કે જાણનાર છે એ જડને ન કરે, કર્મ જડ છે એને પણ રાગને કરે, દયા-દાન, વ્રત, ભક્તિ, પરિણામ 'ના' આહાહા ! અરેરે ! આવી વાતુ ક્યાં ? લોકોને આ જૈનપણું છે, એવું જ ન લાગે આ. હેં ? આહાહા ! અજૈનપણું છે, એને જૈનપણું માને, જૈનપણું છે તેને ઈ અજૈની માને. આહાહા ! જૈનપણું તો એ કે જ્ઞાતા, જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે, આહા ! જાણનાર જાણનારમાં છે. ભગવાન તો ચૈતન્ય સ્વરૂપ જ્ઞાતા, જાણનારમાં છે, ઈ પરનાં કામમાં તો નથી. પણ ઈ રાગમાંય ઈ નથી, આહાહા ! ભાવકર્મમાંય ઈ નથી, ભાવકર્મ છે ખરું જાણવાં-દેખવાનું, ઈ ભાવકર્મ છે ને, ઓલાં દયા-દાન, ભાવકર્મનો તો કર્તા છે નહીં પણ એ જાણવા- દેખવાની પર્યાય જે છે, એનો ય ઈ કર્તા નથી. અરે પ્રભુ, આવું આકરું કામ છે, બાપા. વીતરાગ પરમેશ્વર,

જિનેશ્વરના વિરહ પડયા, પંચમ આરામાં કેવળજ્ઞાન રહ્યું નહીં, ત્રણલોકનાં નાથ રહી ગયા, મહાવિદેહમાં, પ્રભુ રહી ગયા મહાવિદેહમાં, આહાહા! સીમંધર પરમાત્મા, વીસ-તીર્થંકરો, લાખો કેવળીઓ બિરાજે છે મહાવિદેહમાં, ભરતમાં વિરહ પડયા, એનાં વિરહ પડયા પણ કેવળજ્ઞાન ને અવધિ જ્ઞાનનાં વિરહ પડયા. આહાહા! એની ઉત્પત્તિ ન થાય, એમાં આવા કાળમાં આ કહેવું,

ભગવાન તું તો જ્ઞાતા છો ને ? રાગની જે ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ ને જાત્રાની છે. એ તો રાગ છે. શુભરાગ છે, વિકાર છે. પ્રભુ તો નિર્વિકારી અનંતગુણનો પિંડ છે. આહાહા! જેની નિર્વિકારી, અનંતગુણનો પિંડ, જે જ્ઞાન આત્મા, તેની જેને દૃષ્ટિ થાય, તે તો રાગનો કર્તા ન થાય. આ સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મી પહેલી સીઢીવાળો, ધર્મની પહેલી બોણી હજી તો, ચોથે ગુણસ્થાને. આહાહાહા! પાંચમું ને છઠ્ઠું કોને કહેવું, હજી લોકોને ક્યાં ખબર છે ? આહાહા! બહુ આકરું કામ બાપા.

આંહી શબ્દ કેમ આવ્યો કે, ત્યાં તો જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે, ઈ જાણનાર, જાણનારમાં જ છે. આહાહાહા! ઈ જડમાં કર્મમાં તો આવ્યો નથી, પણ એને દયા-દાન ને વ્રતનાં પરિણામમાં એ જ્ઞાતા આવ્યો નથી. એ તો વિકાર પરિણામ છે, અવિકારી પ્રભુ, વિકારમાં ક્યાંથી આવે ? આહાહા! જ્ઞાતા સદા જ્ઞાતામાં છે. સદા જ્ઞાતામાં. છે છે ને સદાય શબ્દ પડયો છે જુઓ. આહા!

જાણનાર ચૈતન્ય, જ્ઞાતા, સ્વભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ. એ જાણનારો જાણનાર પ્રભુ ભગવાને કહ્યો ઈ હોં બીજા અજ્ઞાની આત્મા આત્મા કરે ઈ નહીં, તીર્થંકર સર્વજ્ઞ દેવ, પરમેશ્વરનાં જ્ઞાનમાં, જે જ્ઞાતા આવ્યો છે. આહાહા! ઈ જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે. આહાહાહા! અને કર્મમાં કર્મ છે. આહા! "ઇતિ વસ્તુ સ્થિતિ વ્યક્તા" એવી વસ્તુ સ્થિતિ પ્રગટ છે! અરેરે! તો પણ અરે, આચાર્યને જરીક આશ્ચર્ય ને ખેદ થાય છે, સંત છે. મુનિમહા, પરમાત્મ સ્વરૂપ, પરમેષ્ટીપદ છે. અતિન્દ્રિય આનંદમાં ઝુલે છે. ઈ આચાર્ય એમ કહે છે, અરેરે... આવું હોવાં છતાં, અરે... "નેપથ્યે મોહ કિમ રભસા નાનટીતિ", અરે, અંદરમાં મોહ કેમ નાચે છે, અરેરે મિથ્યાભ્રમણા, એને આ કઈ રીતે નાચે છે, કહે છે. હું રાગનો કર્તા ને હું કર્મનો કર્તા ને આવો મિથ્યાત્વભાવ, અંદરમાં પડદામાં કેમ નાચે છે એને. આહાહા! ઝીણું બહુ બાપુ.

વર્તમાન ચાલતા, દેખનારને તો એવું લાગે આ તે કંઈ મારગ હશે, વીતરાગનો મારગ છે આ તે કંઈ બાપુ, એ વીતરાગ પરમાત્મા, મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે, ત્યાંથી આ વાત આવી છે. આહાહા! કુંદકુંદઆચાર્ય સંવત ૪૯, બે હજાર વર્ષ પહેલાં ત્યાં પ્રભુ પાસે ગયા હતા. ઈ આ કુંદકુંદઆચાર્ય, આઠ દી' ત્યાં રહ્યાં હતાં, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યાં છે. ભગવાનનો આ સંદેશ છે, આહાહા! અમને તો બેઠો છે, ઈ વાત તો અહીંયા શું કરવી કહે, પણ ભગવાન આમ ક્હે છે, એમ ક્હે છે, અમે વળી છદમસ્થ છીએ અમે... આચાર્ય કહે તો ઈ પણ એમ જ છે, તોપણ એમ કહે છે કે, ઈ જિનેશ્વર એમ કહે છે, ત્રણલોકનો નાથ, જિનેશ્વરદેવ, પરમેશ્વર એમ કહે છે. અરેરે! જ્યાં ચીજ જ જુદી છે, ચૈતન સત્તા, ઇ પોતાનાં જ ઉત્પાદ, વ્યય, ધ્રુવની સતામાં છે, ઈ પરની સતામાં જાતું નથી, તો પરનું તો શું કરે, પણ એનામાં એનાં ગુણોની

સત્તા જે છે, અનંત-અનંત-અનંત ગુણની સત્તા છે, એ ગુણ ને દ્રવ્ય પોતે, વિકારને પણ ન કરે, ઈ તો જ્ઞાતા તો જ્ઞાતામાં જ રહે. આહાહાહા !

અરે આમાં હવે વાદ વિવાદ કરો કહે છે, કોની હારે કરે, બાપા શું થાય ભાઈ, અરેરે... પડદા પાછળ આ મોહ તે કેમ નાચે છે, શું થયું આ, તે કહે એમ આચાર્યને આશ્ચર્ય થાય છે, અરે આવું કેમ પણ થયું, કે જ્ઞાતા તો જ્ઞાતા છે, એવી સત્તા મૌજુદ બિરાજે છે, એને તું આ રાગનું કાર્ય સોંપ ને જડનું કાર્ય સોંપ, પ્રભુ આ તે શું થયું તને ? આહાહા !

ચક્રવર્તીને એમ કહે કે આ વાસીદુ... હેં... સાવરણીથી કાઢી નાખ, આ શું કહેવાય ઈ, હેં... વાસીદુ, વાસીદુ ચક્રવર્તીને કહે કે વાસીદુ કર, કાઢી નાખ, એની દાસી કોઈ હોય ઈ કહે, એમ ત્રણલોકનો નાથ અંદર પ્રભુ, સચ્ચિદાનંદ, સર્વજ્ઞ પરમેશ્વરે જોયો ઈ આત્મા હોં, બીજાઓ કહે એમ ઈ નહીં, બીજાએ જોયો નથી. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય, આહાહા ! એવો આ સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ, જ્ઞાતા કીધોને ? જ્ઞાતા કહો કે સર્વજ્ઞ સ્વભાવી કહો, આહાહાહા ! એવો જ્ઞાતા તે જ્ઞાતા જ છે. અને કર્મ તે કર્મ છે, આવી વસ્તુ સ્થિતિની પ્રગટ, પ્રગટ મર્યાદા છે, વ્યક્ત મર્યાદા છે એમ. ગુપ્ત મર્યાદા છે એમ નહીં. હેં... ! તો પણ અરેરે... "નેપથ્યે મોહ એષઃ કિમ રભસા નાનટીતિ," નેપથ્યમાં, અંદરમાં, આહાહા ! અત્યંત જોરથી મિથ્યાત્વ કેમ નાચી રહ્યું છે ? આહાહા !

બહું આકરું કામ... લોકોને નવરાશ ન મળે, વાણીયાને એકકોર ધંધા આડે નવરો ન મળે, ધંધો આખો દિ' એ ઈ હોળી સળગે, દુકાને બેઠો હોય ત્યારે અને સાચવવું ને આ કર્યું ને આ કર્યું ને થોડો નવરાશ મળે ત્યારે છ-આઠ કલાક ઉંઘમાં જાય, એક થોડાક બાયડી-છોકરાવ સાચવવામાં, રાજી કરવામાં જાય, બે અઢી કલાક ખાવામાં જાય, અરે એક કલાક સાંભળવામાં જાય ને આવી વાત સાંભળવામાં મળે નહીં, અરે... રે... સત્ય વાત મળે નહીં, અસત્ય વાત મળે, અરે, જિંદગી ચાલી જાય છે ભાઈ, આવાં અવસર ક્યારે મળશે ભાઈ ! આહાહા !

આંહી આચાર્ય આશ્ચર્ય કરે છે. અમૃતચંદ્ર આચાર્ય, જેણે કુંદકુંદ આચાર્યના ગણધર જેવું કામ કર્યું છે. આહાહાહા ! એ એમ કહે છે કે અત્યંત જોરથી મિથ્યાત્વ-મોહ, મોહ એટલે મિથ્યાત્વ કેમ નાચી રહ્યું છે. આહા !

ભાવાર્થઃ- નેપથ્યમાં આ મોહ કેમ અત્યંત જોરથી નાચે છે. છે ને ? મોહ એટલે મિથ્યા શ્રદ્ધા, જે વાસ્તવિક પ્રભુ ચૈતનસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો સાગર નાથ આત્મા અતીન્દ્રિય અનંતગુણનો પિંડ પ્રભુ, ઈ આ મિથ્યાત્વમાં, આ કેમ આવ્યો આ. રાગને કરું ને કર્મ બંધનને હું કરું ને શું થયું તને પ્રભુ આ. આચાર્યને આશ્ચર્ય થાય છે. પાઠમાં શબ્દ છે ને જ્ઞાતા જ્ઞાતરિ અને કર્મ સદા કર્મણિ "જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે, અને કર્મ સદા કર્મમાં જ છે" સદાય કર્મમાં છે. આહા !

ભાવાર્થઃ- કર્મ તો પુદ્ગલ છે, જ્ઞાનાવરણી આદિ આઠ કર્મ પ્રભુએ કહ્યાં, એ તો જડ છે, અજીવ છે, કર્મ જે જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય, આઠ કર્મ છે ને. ઈ તો જડ છે, ધૂળ છે માટી. જેવી આ માટી છે જાડી, એવી આઠ કર્મ ઝીણી ધૂળ, ઈ માટી છે. આહાહા ! એ તો પુદ્ગલ છે, તેનો કર્તા જીવને કહેવામાં આવે, તે તો અસત્ય છે. આહાહાહા ! ભગવાન જીવ તે અજીવને કરે, આહાહા ! આંહીં તો હજી કર્મ જેવા ભાવ કરે

તેવા કર્મ બંધાય, એવો નિમિત્ત-નિમિત્ત સંબંધ હોવાં છતાં, તેનો તે કર્તા નથી. આહાહાહા ! અને કર્તા નથી, તેથી તો ઉડાવી દીધો, રાગેય ઉડાવી દીધો, રાગેય ખરેખર એનું કર્તવ્ય નથી. આહાહા ! ભગવાન આત્માનું જાણવું-દેખવું, આનંદ એ એનું કર્તવ્ય છે, આહાહા ! અરેરે... આવા જાણવાં દેખવા ને આનંદના કર્તવ્યને ભૂલીને, આ મોહ તે શું કરે છે. આ એમ કહે છે. આહાહા !

આ લખાણ કાંઈ અત્યારનાં નથી, આ તો હજારો વર્ષોનાં છે. અનંતકાળમાં ભગવાનનો જે અભિપ્રાય છે તે પ્રમાણે આ શાસ્ત્ર છે. આહાહા ! પક્ષ મોહને લઈને, સાંભળવાય મળે નહીં, આહાહાહા ! ( શ્રોતા:- વિચાર કરે તો બેસી જાય એવું છે )

પક્ષ, મોહ છે, આ પક્ષ અમારામાં આમ કહ્યું છે, ને અમારામાં આમ કહ્યું છે. આહાહા ! આચાર્ય તો કહે છે, કે કર્મ તો પુદ્‌ગલ છે, તેનો કર્તા જીવને કહેવામાં આવે, તે તો જૂઠું છે. તે બન્નેને અત્યંત ભેદ છે. ભગવાન આત્મા ને કર્મ જડ એ અત્યંત જુદાં છે, અત્યંત જુદાં છે. આહાહા ! ભગવાન અરૂપી ચૈતન અને આ રૂપી જડ, જડ માટી, ધૂળ, બેય તદ્‌ન જુદી ચીજ છે. આહાહાહાહા !

જીવ પુદ્‌ગલમાં નથી એ ભગવાન આત્મા તે કર્મ આઠ જડ માટી, ધૂળ. એ ધૂળમાં પ્રભુ નથી અને ધૂળ તે જીવમાં નથી, કર્મ ઝીણી ધૂળ છે. આહાહા ! લોગસ્સમાં આવે છે ને, "વિહુય રયમલા," હે ભગવાન, વિહુય, વિશેષે આપે ટાળ્યાં છે. હે પ્રભુ સિદ્ધ ભગવાન, વિ-હુય રય મળા રજ એટલે જડ કર્મ અને મળ એટલે પુણ્ય પાપનાં ભાવ, આહા ! પણ એનીય ખબરું ન મળે, ને લોગસ્સ હાંકે રાખેને. કીધું ને એક બાઈએ તો વિહુય રયમલામાં, વિહા રોઈ મર્યા એવો અર્થ કર્યો લિંબડીમાં, દશા ને વીશાને બેયને મેળ નો હતો ને આ દશાશ્રીમાળીની બ્રાહ્મણ બાઈ હતી, ઓલું લઈને બેસે છે ને, ઘડીયાળું, લઈને સામાયિક કરવાં, ક્યાં સામાયિક હતી ને કે દી' હતી ? એમાં આ લોગસ્સ આવ્યો ને આમ બોલી, વિહા રોઈ મળ્યા, પણ એલાં આપણી તકરાર આ લોગસ્સમાં કયાંથી આવી. ત્યાં જોવે તો વિહુય રમયલા, હે પ્રભુ ! સિદ્ધા સિદ્ધ પ્રભુ, વિહુય, વિહુય ટાળ્યાં છે આપે રયમલા, આઠ કર્મની જડ રજ છે, એ ટાળી દીધી છે, અને મળ એટલે પુણ્ય-પાપનો મેલ પણ આપને ટળી ગયો છે. એવો એનો અર્થ છે. તો એનાં અર્થનીય ખબરું ન મળે, અને થઈ ગઈ એને સામાયિક ને પોહા... ધૂળમાંય નથી, આહાહા ! ધૂળમાંય નથી એટલે એને પુણ્યાનુબંધી પુણ્યેય નથી, પાપાનુબંધી પુણ્ય થાય. આહાહા ! આકરું કામ બહુ !

જીવ, પુદ્‌ગલમાં નથી, અને પુદ્‌ગલ જીવમાં નથી, તો પછી તેને કર્તા-કર્મ ભાવ કેમ હોઈ શકે ? જ્યારે એક ચીજમાં બીજી ચીજનો અભાવ છે, તો અભાવ ચીજ ને બીજી ચીજ તેને શું કરે ? આહાહા ! આનો ભાવ એમાં હોય તો એનું કાંઈ કરે, પણ આનાં ભાવમાં, એનો અભાવ ને એનાં ભાવમાં આનો અભાવ, આહાહાહા ! જીવમાં નથી તો પછી તેમને કર્તા કર્મ ભાવ કેમ હોઈ શકે ? માટે જીવ તો જ્ઞાતા છે. આહા ! છે ને ?

ભગવાન તો જાણનાર-દેખનાર આંખ છે, જેમ આ ચક્ષુ આંખ છે, દેખે-દેખે, જાણે, ચક્ષુ કંઈ કામ કરે ? રેતી ખાડો હોય તો આમ-આમ કરે તો રેતી ભરે, અને આમ-આમ આંખ્યુ કરે, રેતીમાં તો ખાડો પડે ? ઈ તો જાણે. આંખ જેમ જાણે, એમ ભગવાન તો જાણનાર-દેખનાર છે.

આહાહા ! અરેરે ! જીવ તો જ્ઞાતા છે તે જ્ઞાતા જ છે. જ્ઞાતા છે તે જ્ઞાતા જ છે. જોયું એમાં રાગ કાઢી નાખ્યો હોં પાછો. હા, જડ કર્મનો કર્તા નિષેધ કરતા, એનાં નિમિત્તથી થતો વિકાર દયા-દાન, રાગ, એનોય કર્તા પ્રભુ નથી, ઈ તો જ્ઞાન સ્વરૂપ છે પ્રભુ જ્ઞાતા, આહાહા ! જ્ઞાતા જ છે, પુદ્ગલ કર્મનો કર્તા નથી, અને પુદ્ગલ કર્મ છે, તે પુદ્ગલ જ છે, તે જ્ઞાતાનું કાર્ય નથી. આહાહા !

આંહી તો એક જ પોકાર જૈનમાં એકોતેરની સાલથી આ વાત શરૂઆત થઈ. પહેલું લાઠીનું ચોમાસું હતું, એકોતેર, ત્યારે બહાર પાડી વાત કે ભાઈ કર્મને લઈને વિકાર છે નહીં, વિકાર થાય છે જીવમાં, પોતાનાં ઊંધા પુરુષાર્થને લઈને, કર્મને લઈને વિકાર નહીં. હે... ખળભળાટ, સ્થાનકવાસીમાં હતા તો એમાં ખળભળાટ ઉઠયો, એમાંથી શ્વેતાંબરમાં ગ્યો તો ન્યાંથી ખળભળાટ ઉઠયો કે આ શું ? કર્મને લઈને વિકાર નહીં ન્યાંથી અહીંયા જ્યાં દિગંબરમાં આવ્યા, ત્યાં ખળભળાટ ઉઠયો. આહાહા ! એકોતેરની સાલની વાત છે, સિતેરમાં દીક્ષા, એકોતેરમાં આ વાત બહાર પાડી, અમારા ગુરુ હતા, બપોરે વ્યાખ્યાનમાં બહાર પાડી વાત આ કે કર્મ જડ છે, તેનાથી આત્મામાં રાગદ્વેષ થાય, એ ત્રણકાળમાં નથી. કર્મને લઈને વિકાર થાય નહીં પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર થાય, સવળા પુરુષાર્થથી વિકાર ટાળે, આ વસ્તુની મર્યાદા છે. એકોતેર, એકોતેર, કેટલાં વર્ષ થ્યાં ચોસઠ વર્ષ થ્યાં.

(શ્રોતાઃ- આ વાત તો અંદરથી જ આવી હશે ને) કીધું ને અમારાં ગુરુ પાસે ક્યાં સાંભળ્યું'તું ગુરુને તો ખબરેય નહીં, ઈ તો બિચારા સાંભળતા ઈ કાંઈ વિરોધ ન કર્યો, પણ દામોદર શેઠ હતાં, દામનગરનાં, દામોદર શેઠ, મોટા ગૃહસ્થ, તે દિ' તો તેમની પાસે પૈસા દશ-લાખ સિતેર વર્ષ પહેલાં, દશ લાખ, ચોસઠ વર્ષ પહેલાં, ઈ તો હવે થઈ ગ્યાં પૈસા ઢગલા, તે દિ' તો ક્યાં હતાં જ. તે દિ'ના એક લાખ ને અત્યારનાં ત્રીસ લાખ, બધાં સરખાં, એની પાસે દશ-લાખ. એને આ સાંભળીને એકદમ વિરોધ કર્યો કે આ શું ? આ કોણે કહ્યું, અમારા ગુરુએ અમને કહ્યું નથી, અમે કોઈ દિ' આવું સાંભળ્યું નથી, ને આ કર્મને લઈને વિકાર થાય જ નહીં, કરો કીધું કરો, આંહીં તો છે ઈ છે.

ત્યાંથી શ્વેતાંબરમાં વાત ગઈ કે, ઈ તો કર્મને લઈને વિકારની ના પાડે છે. એય... ન્યાંય ખળભળાટ આ બધાં હારે... રામ વિજયની હારે, ખેડાવાળા હતા ને આ. કેવા ? જેઠાભાઈ, ઈ અમારું સાંભળ્યું ને પછી રામવિજયની પાસે ગ્યા'ને ઘણી વાત ને ચર્ચા ચાલી, રામવિજયને આણે પૂછયું કે ચર્ચા આપણે કરીએ, પણ રામ વિજયે કીધું કે પહેલી માન્યતા છે કે કર્મને લઈને વિકાર થાય, પહેલી માન્યતા છે કે કર્મને લઈને વિકાર થાય, તો આપણે ચર્ચા કરીએ, આ કહે કે અમારે એ માન્યતા નથી, આ પચ્ચીસ-ત્રીસ વર્ષ પહેલાની વાત છે. રામવિજય પાલીતાણા હતા. છે ને બધી વાતું, આખા સંપ્રદાયની બધાની ખબર છે. અહીંયા તો છાસઠ વર્ષ થ્યા દીક્ષાને, શરીરને નેવું વર્ષ થયા, આહાહા ! બધું જાણ્યું છે ને બધાને ઓળખીએ છીએ બાપા.

પ્રભુ, પ્રભુ શું થાય... મારગની સ્થિતિ તો કોઈ જુદી છે, ભાઈ ! ચર્ચામાં ય એમ કહ્યું એને જેઠાભાઈને રામવિજયે, કર્મને લઈને વિકાર થાય, એ માન્યતા હોય તો ચર્ચા કરીએ, આ કહે કે એ મારી માન્યતા નથી, મારે ચર્ચા નથી કરવી. કારણકે અહીંયાંનું સાંભળેલું ખરું ને, ઘણાં વર્ષ થઈ ગયાં એને હોં, ઘણાં વર્ષ થઈ ગ્યા હો, એમાં રામવિજયનાં ગુરુ હતા પ્રેમ વિજય, ઈ આંહીં ઘણાં

સાલથી નહીં ? તમારો સુમન ને આ જજ બેય જણ ગયા'તા હેં... ? કનુભાઈ, જજ, જજ, અમદાવાદમાં જજ છે ને દામાણી, ને આમનાં દિકરા બેય આંહીથી, તે દિ' તો અહીં મંડળ થ્યું' તું, તેને ઘણાં વર્ષ થઈ ગ્યાં, ઈ તો પચ્ચીસ-ત્રીસ વર્ષ ઉપર હશે. હેં... ? અઠ્ઠાણુંની સાલ, તો કેટલાં વર્ષ થ્યાં ? સાડત્રીસ વર્ષ, ખબર છે તને ? હા... સાડત્રીસ વર્ષની વાત છે. ત્યાં એ બેય અહીંયાથી ગયા તે પ્રેમવિજયને કહ્યું કે, આત્મા કોઈનો કર્તા નથી, તો કે ના. પરમાણુનો કર્તા નથી પણ શરીરનો કર્તા છે. ઈ છે એ લોકોની આખી માન્યતા, પહેલેથી છે ઈ, હું તો નાની ઉંમરથી જાણું છું સતર વર્ષની ઉંમરથી, આહાહા ! અરે રે ! પરદ્રવ્યને કરે તો ઈશ્વર કરે ને, આ પરદ્રવ્યને કરે, એ બેયમાં કર્તામાં ફેર શું પડયો ? આહાહા ! ઓલો ઈશ્વર છે એ ચેતન કર્તા છે, ને આ જડ કર્તા આત્માનો, આ વિકારનો કર્તા, જડ કર્તા ઠરાવવો. અરરર ! પણ ઈ વાત નહોતી બિચારા શું કરે... એનું કાંઈ ( નહીં ). આહાહા !

આંહી તો કહે છે જ્ઞાતા છે તે જ્ઞાતા જ છે. આહાહાહા ! પુદ્‌ગલ કર્મનો કર્તા નથી, અને પુદ્‌ગલ કર્મ છે તે પુદ્‌ગલ છે, તે જ્ઞાતાનું કાર્ય નથી. આહાહા ! આ તો શાંતિની વાતું છે બાપા ! આ કોઈ ઝઘડા ને વાદ વિવાદ, અનંત કાળ થયાં, સત્ય વાતને સમજવામાં દરકાર કરી જ નથી, ક્યાંક-ક્યાંક-ક્યાંક-ક્યાંક અટકવામાં, અટકી-અટકીને પરિભ્રમણ કરી રહ્યો છે. આહાહા ! ચોરાશીનાં અવતાર, આહાહા !

આચાર્યે અહીંયા ખેદપૂર્વક કહ્યું છે કે આમ પ્રગટ ભિન્ન દ્રવ્યો છે, આમ પ્રગટ ભિન્ન તત્ત્વો છે, દ્રવ્યો એટલે તત્ત્વો, અને દ્રવ્યો છે એ જ દ્રવ્યો દ્રવે છે કે 'દ્રવતિ તે દ્રવ્યમ્" , એની પર્યાય ને પોતે દ્રવે, બીજો દ્રવે કોણ ? આહાહા ! એ દ્રવ્યત્વ નામનો ગુણ છે દરેકમાં દ્રવ્યમાં. આહાહા ! આમ પ્રગટ ભિન્ન દ્રવ્યો છે, પદાર્થો ભિન્ન છે, તો પણ હું કર્તા છું અને પુદ્‌ગલ મારું કાર્ય છે, હું કર્મ બાંધુ છું, એ કર્મ બંધાવાની ક્રિયા હું કરું છું, એવો અજ્ઞાનીઓને ( ભ્રમ છે, ) આ અજ્ઞાન કેમ નાચે છે ? આહાહા ! એક કળશમાં તો કેટલું કહ્યું છે ? હેં ? આહાહા !

વીતરાગ, ત્રણલોકના નાથ, પરમેશ્વરનો આ હુકમ છે. નહીંતર ઈશ્વર કર્તા ને તમે ઉથાપો અને તમે પાછાં પોતે ઈશ્વર થઈને, જડનાં કર્તા થાવ, આહાહા ! ઈ તો ઈ નું ઈ થયું. ઈ આવે છે ને ભાઈ, છેલ્લું વિષ્ણુ કર્તા માને છે, પાછળથી સમયસારમાં, વિષ્ણુ ઈશ્વર કર્તા માને છે, અને જૈનનાં સાધુ છ કાયની દયા પાળી શકું છું. છ કાયનાં જીવનું કાર્ય કરી શકું, દયા પાળી શકું, કારણકે એ પરનું કાર્ય છે, એ કાર્ય કરી શકું છું, બેમાં ફેર શું છે ? કહે છ કાય જીવ લીધાં છે ને, આકરું કામ પ્રભુ પાછળ છે. વિષ્ણુ ઈશ્વરને કર્તા માને, ને જૈન છ-કાયની દયા કરી શકું છું, પરનો કર્તા, એની દયા પાળી શકું, એનો કર્તા થાય છે, ઈ તો ઈ નું ઈ થયું, આહાહા ! હેં ? બે ય મિથ્યાત્વ છે. બેય મિથ્યાદૃષ્ટિ સરખાં છે. આકરું કામ પ્રભુ. આહાહા !

અરે રે આવું હોવા છતાં મોહ કેમ નાચે છે, કહે છે. આહાહા ! અઠ્ઠાણું.

## શ્લોક-૯૯

अथवा नानट्यतां, तथापि-

( मन्दाक्रान्ता )

कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव
ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि।
ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तस्तथोच्चै-
श्चिच्छक्तीनां निकरभरतोऽत्यन्तगम्भीरमेतत्।।९९।।

**અથવા જો મોહ નાચે છે તો ભલે નાચો; તથાપિ વસ્તુસ્વરૂપ તો જેવું છે તેવું જ છે- એમ હવે કહે છે:-**

**શ્લોકાર્થ:- [ अचलं ] અચળ, [ व्यक्तं ] વ્યક્ત અને [ चित्-शक्तीनां निकर-भरतः अत्यन्त-गम्भीरम् ] ચિત્શક્તિઓના ( -જ્ઞાનના અવિભાગપરિચ્છેદોના ) સમૂહના ભારથી અત્યંત ગંભીર [ एतत् ज्ञानज्योतिः ] આ જ્ઞાનજ્યોતિ [ अन्तः ] અંતરંગમાં [ उच्चैः ] ઉગ્રપણે [ तथा ज्बलितम् ] એવી રીતે જાજ્વલ્યમાન થઈ કે- [ यथा कर्ता कर्ता न भवति ] આત્મા અજ્ઞાનમાં કર્તા થતો હતો તે હવે કર્તા થતો નથી અને [ कर्म कर्म अपि न एव ] અજ્ઞાનના નિમિત્તે પુદ્ગલ કર્મરૂપ થતું હતું તે કર્મરૂપ થતું નથી; [ यथा ज्ञानं ज्ञानं भवति च ] વળી જ્ઞાન જ્ઞાનરૂપ જ રહે છે અને [ पुद्गलः पुद्गलः अपि ] પુદ્ગલ પુદ્ગલરૂપ જ રહે છે.**

**ભાવાર્થ:-આત્મા જ્ઞાની થાય ત્યારે જ્ઞાન તો જ્ઞાનરૂપ જ પરિણમે છે, પુદ્ગલકર્મનો કર્તા થતું નથી; વળી પુદ્ગલ પુદ્ગલ જ રહે છે, કર્મરૂપે પરિણમતું નથી. આમ યથાર્થ જ્ઞાન થયે બન્ને દ્રવ્યના પરિણામને નિમિત્તનૈમિત્તિકભાવ થતો નથી. આવું જ્ઞાન સમ્યગ્દ્રષ્ટિને હોય છે. ૯૯.**

## શ્લોક-૯૯ ઉપર પ્રવચન

નવ્વાણું છેલ્લે કળશ છે આનો કર્તા-કર્મનો, કર્તા કર્મનો... અથવા જો મોહ નાચે છે તો ભલે નાચો, તથાપિ વસ્તુ સ્વરૂપ તો જેવું છે એવું છે. આહાહા ! ભલે તને ભ્રમણા થાય કર્તા જડને કરું ને રાગને કરું ને ભલે તું માન, પણ ઈ તો જ્ઞાન સ્વરૂપ ભગવાન છે ઈ તો જ્ઞાન સ્વરૂપ જ છે. એમાં કાંઈ ફેરફાર થતો નથી. આહાહા ! તારી માન્યતા કર ભલે તું. આહાહા ! આકરું કામ છે.

कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव
ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि।
ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तस्तथोच्चै–
श्चिच्छक्तीनां निकरभरतोऽत्यन्तगम्भीरमेतत्।।९९।।

ભગવાન આત્મા તો અચળ છે, ચિદ્‌ઘનપ્રભુ છે ઈ તો, તત્ત્વ છે, વસ્તુ છે, આત્મા તત્વ છે તે આનંદઘન, ચિદ્‌ઘન, અનંત અનંત ગુણનો પિંડ, એવો પ્રભુ અચળ છે. ઈ પોતાનાં સ્વરૂપથી ચળે એવી ચીજ નથી. આહાહા ! આરે ! આવું આકરું પડે. સાંભળવા મળે નહીં કાંઈ બિચારાને, આકરું પડે વિચાર કરે ત્યાં, તેથી વિરોધેય કરે છે ને, તેથી તો વિરોધ, એકોતેરથી શરૂ થયો છે. કરો તો કરો બાપા. મારગ તો આ છે. માનો ન માનો, બીજો કોઈ મારગ નથી. અચળ છે ને વ્યક્ત છે, પ્રભુ તો વ્યક્ત પ્રગટ છે ને અંદર કહે કે, દ્રવ્ય સ્વભાવ, જ્ઞાન સ્વભાવ, જ્ઞાતા સ્વભાવ, જ્ઞાયકભાવ, ચિદ્‌ઘન પ્રભુ તો પ્રગટ છે ને ? અસ્તિ છે ને મૌજુદ છે ને ? હયાતિવાળી ચીજ પ્રભુ છે ને ધ્રુવ, આહાહા !

“વ્યક્તં ચિત્શક્તિનાં નીકર ભરત અત્યંત ગંભીરમ્.” શું કહીએ કહે પ્રભુ, ચિત્શક્તિઓનાં, આત્માની જ્ઞાનશક્તિ છે, એનાં અવિભાગ પ્રતિચ્છેદ, જ્ઞાનની પર્યાય અનંતને જાણે એવા ભેદ અંદર પડી જાય છે. અનંત શક્તિ છે. એક ચિત્શક્તિમાં અનંત શક્તિ અવિભાગ પ્રતિચ્છેદ છે. આરેરે ! આવું વળી, ચિત્શક્તિઓ, જ્ઞાનના અવિભાગ પ્રતિચ્છેદ સમૂહનાં, આહાહાહા ! એ જ્ઞાન અનંતગુણને જાણે, એ જ્ઞાન લોકાલોકને જાણે, એ જ્ઞાન અનંતી પર્યાયને જાણે, એવી એક જ્ઞાનની એક ચિત્શક્તિનું અવિભાગ પ્રતિચ્છેદ, જે સમૂહનો ભાર, એનાં જેટલી શક્તિઓનાં પ્રકાર પડયાં એવો જે ચિત્શક્તિઓનો સમૂહ પ્રભુ, અત્યંત ગંભીર છે. પ્રભુ અત્યંત ગંભીર છે. આહાહા !

જેમ ગુમડું અંદર ગંભીર થાય છે, પકડવું કઠણ પડે, એમ આ ( ભાવ ) ગંભીર પડે, ઈ તો હજી જડ છે. આ ચૈતન ભગવાન અંદર અરૂપી, એક જ્ઞાનમાં અનંતા-અનંતાને જાણે એવી અનંતી ચિત્શક્તિઓનો ભાર, સમૂહ. આહાહા ! એવો પ્રભુ અંદર ચિત્શક્તિઓનો ભંડાર, અત્યંત ગંભીર ભગવાન છે અંદર. આહાહા ! એ પોતે પ્રભુ ભગવાન છે અંદર ભાઈ, તને ખબર નથી. ભગવાનપણું જો ન હોય તો ભગવાન અરિહંત, સર્વજ્ઞ ભગવાન થયા, ઈ થયા ક્યાંથી, બહારથી ભગવાનપણું આવે છે કાંઈ ? આહાહાહા ! ઈ અરિહંત, સિદ્ધ ભગવાન, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદને પામ્યા પ્રભુ, એ બધી દશાઓ પામ્યાં, એ આવી ક્યાંથી ? બહારથી આવે છે કાંઈ ? આહાહા ! અંદરમાં એ ભરેલી બધી શક્તિઓનો ભંડાર છે પ્રભુ તને ખબર નથી. આહાહા !

ચિત્શક્તિના નિકર ભરતઃ, છે ને ! ચિત્શક્તિનાં નિકર એટલે સમૂહ, એનો ભરત એટલે ભાર, એનાથી અત્યંત ગંભીર, આહાહા ! ભલે શરીર પ્રમાણે ભિન્ન ચીજ છે, પણ એનાં જ્ઞાનગુણમાં, અનંતને જાણવાની શક્તિ છે, એવી એ ચિત્શક્તિઓનો અનંત સમૂહ, એનો ભાર, અત્યંત ગંભીર છે. એતતઃ જ્ઞાનજ્યોતિ, આ જ્ઞાનજ્યોતિ, એ જ્ઞાનજ્યોતિ પ્રભુ છે. આહાહા ! ચૈતન્ય જ્યોતિ, ઝળહળ જ્યોતિ પ્રભુ છે. પ્રભુ ! તારી નજર ત્યાં ગઈ નથી, તારી રમતું બધી પુણ્ય ને પાપ ને પર્યાયમાં રમતમાં રમ્યો પણ, અંદર ભગવાન છે, પૂર્ણાનંદનો નાથ પ્રભુ જેમાંથી ભગવાનપણું પ્રગટ થાય છે, એ ચીજ ઉપર તારી નજર ગઈ નહીં. આહાહા !

( શ્રોતાઃ- આત્મા સો પરમાત્મા કહ્યું ને ? ) ઈ પરમાત્મા છે ને ! શક્તિએ પરમાત્મા છે,

બાપા, પણ ઈ પછી પર્યાયમાં પરમાત્મા થાય છે. ઈ ક્યાંથી થયો ? ઈ કાંઈ બહારથી આવે છે ? જેમ લીંડી પિપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે તો બહાર આવે છે. ઘુંટે એ કાંઈ પથ્થરાથી આવે છે ? પથ્થરાથી આવે તો કોલસા ને પથ્થરા ઘુંટવા જોય, એમાં ચોસઠ પહોરી પડી છે, એમ આત્મામાં કેવળજ્ઞાન, કેવળદર્શન, સર્વજ્ઞ પૂરણ આનંદ પડયો છે પ્રભુ. આહાહાહા ! આકરું ! પરમાત્મા છે એ શક્તિએ પરમાત્મા જ છે, પણ ઈ વાત... ઈ કરે શું... ઈ ? આહાહાહા !

જ્ઞાન જ્યોતિ અંતરંગમાં, ઉગ્રપણે એવી રીતે જાજવલ્યમાન થઈ છે, ઉગ્રપણે એ રીતે જાજવલ્યમાન અંદર, ચૈતન્ય જ્યોતિ, ઝળહળ જ્યોતિ છે. કે "યથા કર્તા, કર્તા ન ભવતિ," આત્મા અજ્ઞાનમાં કર્તા થતો હતો, એ હવે કર્તા થતો નથી. આહાહા ! જે અજ્ઞાનમાં જડ કર્મનો કર્તા થતો ને રાગનો કર્તા થતો, એ થતો નથી. અજ્ઞાનના નિમિત્તે પુદ્‌ગલ કર્મ થતું હતું, તે કર્મ થતું નથી, હવે થઈ રહ્યું... આહાહા ! ભગવાન જ્ઞાન, જ્ઞાન સ્વરૂપમાં રહ્યો, એથી પરનો કર્તા થતો નથી, એટલે જ્ઞાતા-દૃષ્ટા રહ્યો. કર્મ, કર્મપણે થતું નથી. આહાહા ! બેય પોતાનાં સ્વરૂપમાં રહ્યાં. આહાહા ! વળી જ્ઞાન, જ્ઞાનરૂપ જ રહે છે, ભગવાન તો ચૈતન્ય જ્ઞાતા તે જ્ઞાનરૂપ જ રહે છે અને પુદ્‌ગલ, પુદ્‌ગલરૂપ જ રહે છે. આહાહા ! બેય જુદે-જુદાં છે. વિશેષ કહેશે...

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૨૨૮ શ્લોક-૯૯ બુધવાર, વૈશાખ વદ-૫, તા.૧૬/૫/'૭૯

સમયસાર ૯૯ શ્લોક એનો ભાવાર્થ છે. આત્મા જ્ઞાની થાય ત્યારે આ કર્તા કર્મનું છેલ્લું છે. એટલે કે જ્ઞાયક સ્વભાવ, ત્રિકાળ જે શુદ્ધ છે. તેનું જ્યાં જ્ઞાન થાય છે, સ્વસન્મુખ થઈને, ત્યારે તે જ્ઞાની થાય. જ્ઞાયક સ્વભાવ છે. ધ્રુવ છે, અસ્તિ છે, તેનું જ્ઞાન થાય છે ત્યારે તે જ્ઞાની થાય છે. ત્યારે જ્ઞાન તો જ્ઞાનરૂપે જ પરિણમે છે. જ્ઞાન એટલે આત્મા. આત્મા આત્મારૂપે જ પરિણમે છે. વીતરાગીભાવપણે પરિણમે છે. પુદ્‌ગલ કર્મનો કર્તા થતો નથી. જ્ઞાન એટલે આત્મા પુદ્‌ગલ કર્મનો કર્તા ત્યાં થતો નથી. વળી પુદ્‌ગલ પુદ્‌ગલ જ રહે છે. પુદ્‌ગલ કર્મ છે, એ કર્મરૂપે જ રહે છે. એ કર્મરૂપે પરિણમતું નથી. આમ યથાર્થ જ્ઞાન થયે, બન્ને દ્રવ્યનાં પરિણામને નિમિત્ત-નૈમિત્તિકભાવ થતો નથી. આહાહા ! થાતો તો તો સ્વતંત્ર. અહીંયા રાગદ્વેષ થાય, ત્યારે કર્મ સ્વતંત્રપણે બંધાય અને કર્મનો ઉદય આવે ત્યારે આત્મા સ્વતંત્રપણે વિકાર કરે, એવો નિમિત્ત-નિમિત્ત સંબંધ હતો, એ તૂટી ગયો. આહાહા ! આત્મા ( એ ) પોતાનાં જ્ઞાન આનંદ જ્ઞાયક સ્વભાવને સાવધાનપણે પકડયો, અનુભવ્યો એને હવે રાગનું પણ કર્તાપણું નથી, તો પુદ્‌ગલ એને બંધાય. અને એનો બંધાય ને એનો કર્તા થાય ઈ છે નહીં. આહાહા ! આમ યથાર્થ જ્ઞાન થયે, બન્ને દ્રવ્યનાં પરિણામને નિમિત્ત-નિમિતભાવ હતો તે નથી. આવું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને હોય છે. આહાહા !

આ પ્રમાણે જીવ અજીવ, કર્તા-કર્મનો વેશ છોડીને બહાર નીકળી ગયાં. એટલે કે આત્મા, આત્માપણે થયો. કર્મ કર્મપણે છૂટી ગયાં ને અકર્મપણે થઇ ગયાં ને, બે માં જે નિમિત્ત-નિમિત સંબંધ હતો ઇ છુટી ગયો. આહાહા ! નિમિત્ત-નિમિત્ત સંબંધનો અર્થ એવો નથી કે કર્મનાં

નિમિત્તે અહીં વિકાર થાતો, અને વિકાર થાતો માટે ત્યાં કર્મ બંધાતું, એવું કાંઇ નથી. નિમિત્ત-નિમિત્ત સંબંધનો અર્થ થાય છે ત્યાં સ્વતંત્ર બંધન, અજ્ઞાની રાગદ્વેષ કરે છે એ સ્વતંત્ર. એ કર્મનો ઉદય આવે માટે કરે છે, એમેય નહીં અને વિકાર કરે છે માટે કર્મ બંધન થાય છે, જડની પર્યાય તે કાળે, આમાં આ થયું માટે થાય છે, એમ નહીં. આહાહા !

ભાવાર્થઃ- જીવ અજીવ બન્ને કર્તા કર્મનો વેશ ધારણ કરી, જોયું. રાગ તે અજીવ છે. પુણ્ય પાપનો ભાવ એ અજીવ છે. આત્મા ભગવાન જીવ છે. ઈ જીવ અને અજીવ બન્ને કર્તા કર્મનો વેશ ધારણ કરી, જાણે કે વિકાર અજીવ તે કાર્ય અને જીવ તેનો કર્તા, એમ એક વેશ ધારણ કરી, એક થઇને, આહાહા ! એ વિકારભાવ અને સ્વભાવભાવ, ભગવાન ત્રિકાળ બેને એકરૂપે માનીને રંગભૂમિમાં દાખલ થયાં હતાં. રંગભૂમિ ગણી છે અહીંયા. સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ દેખનારું છે. તેણે જ્યારે તેમનાં જુદાં-જુદાં લક્ષણથી આત્મા જ્ઞાન લક્ષણે જણાય છે, અને બંધનું લક્ષણ એ રાગ છે. તે કર્તા છે તે આત્માનો સ્વભાવ નથી. આહાહા ! એમ બન્નેનાં જુદાં-જુદાં લક્ષણથી એમ જાણી લીધું કે તેઓ એક નથી. આહાહા ! દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિ પરિણામ અને જીવનો સ્વભાવ બેય એક નથી-બે જાત છે. જીવ જ્ઞાયકભાવ એકલા જ્ઞાન ને આનંદાદિ સ્વભાવથી ભરપૂર, ભરચક, ભરેલો પ્રભુ, તે રાગ ને વિકારરૂપે થતો નથી. આહાહા ! એમ જ્યારે આત્માને કર્તા કર્મપણું છૂટી જાય છે ત્યારે સમ્યગ્દર્શન, જ્ઞાન, યથાર્થ, દેખનારું છે. તેને જુદાં-જુદાં લક્ષણ જાણી લીધા, તેઓ એક નથી પણ બે છે.

વિકારીભાવ અને સ્વભાવભાવ બે એક નથી. ભલે આંહી જડકર્મ લીધું છે, પણ ભેગું આહીં છે એમાં, ત્યારે તેઓ વેશ દૂર કરી, તેઓ એક નથી, પણ બે છે એમ જાણ્યું ભિન્ન-ભિન્ન એટલે આત્મા જ્ઞાયક છે ને વિકાર પર છે. બે ય એક નથી. ( શ્રોતાઃ- રાગનો આધાર કોણ ) કોનો ?

રાગનો આધાર રાગ... આહાહા ! રાગનો આધાર આત્માનો દ્રવ્ય ને ગુણેય નહીં. રાગનો કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, જે કંઇ વિકલ્પ ઊઠે, તેનું કર્તા-કર્મપણું, ષટ્કારકપણું, સ્વતંત્ર તે સમયનું તે સમયનું ક્રમબદ્ધમાં સ્વતંત્ર છે. આહાહા ! રાગનો આત્મા આધાર એમ નહીં, રાગનો આત્મા ને ગુણ આધાર એય નહીં. રાગનો આધાર રાગ, ભગવાન આત્મા તેનો જાણનાર થયો ત્યારે જાણનારની પર્યાયનો આધાર આત્મા એમેય નહીં. વ્યવહારથી એમ કહેવાય. બાકી તો જ્ઞાનની પર્યાય જે જાણવામાં આવી એ પર્યાય જ પોતે કર્તા, કર્મ ને કરણ છે. આહાહા ! સત્ છે ને ? પર્યાય સત્ છે ને ? સત્ છે તેને હેતુ કોઈ બીજો હોય નહીં. આહાહા ! અરે, રાગ ને દ્વેષ ને મિથ્યાત્વ પણ સત્ છે, એને પણ કોઈ હેતુ હોઈ નહીં બીજો. આહાહા ! આવું વસ્તુનું સ્વરૂપ જ છે.

'ત્યારે વેશ દૂર કરી રંગભૂમિમાંથી નિકળી ગયા,' એટલે આત્મા આત્માપણે થયો, રહ્યો, કર્મ છૂટી ગયાં, "બહુરૂપીનું એવું પ્રવર્તન હોય છે." ભાંડ, ભાંડ, બહુરૂપી "કે દેખનાર જ્યાં સુધી ઓળખે નહીં, ત્યાં સુધી ચેષ્ટા કર્યા કરે," રાગનો વેશ લઇને આવે, જોગીનો વેશ લઇને આવે, ગરીબનો વેશ લઇને આવે, મોટો શેઠનો વેશ લઈને આવે, પણ ઓલાં કળી લ્યે કે આ તો ઓલો ભાંડ આ દરરોજ ( આવે છે ) ઈ, "જ્યારે યથાર્થ ઓળખી લ્યે ત્યારે નિજરૂપ પ્રગટ કરી, ચેષ્ટા

કરવી છોડી ધ્યે." એ ભાંડ પછી ચેષ્ટા ન કરે. "તેવી રીતે આત્મા, આત્માપણે થયો," એટલે પછી રાગપણે ચેષ્ટા થતી હતી, તે ચેષ્ટા છૂટી ગઈ. આહાહા ! ભાંડપણે ભિન્ન-ભિન્ન રૂપ ધારણ કરતો એમ ભગવાન પણ આત્માનાં રાગદ્વેષ પરિણામનાં રૂપને ભિન્નભાવને, અજીવભાવને ધારણ કરતો બહુરૂપીયો, એકરૂપે ન રહેતાં રાગરૂપે થતો એ ભિન્ન પડી ગયો. બહુરૂપ ધારણ કરતો ઈ છૂટી ગયો. પોતાનું એકરૂપે ધારણ રહ્યું. બહુ ઝીણું !

હવે એનો શ્લોક છે છેલ્લો...

જીવ અનાદિ અજ્ઞાન વસાય વિકાર ઉપાય બણૈ કરતાં સો,
તાકરિ બંધન આન તણૂં ફલ લે સુખ દુઃખ ભવાશ્રમવાસો;
જ્ઞાન ભયે કરતા ન બને તબ બંધન ન હોય ખુલૈ પરપાસો,
આતમમાંહિ સદા સુવિલાસ કરૈ સિવ પાય રહૈ નિતિ થાસો.

'જીવ અનાદિ અજ્ઞાનવસાય' અનાદિ અજ્ઞાનને કારણે, કર્મને વશને કારણે ઇ નહીં. પોતાનાં આનંદનો સ્વરૂપ ભગવાન, જ્ઞાનનાં રસનો કંદ, ધ્રુવ, ચૈતન સ્વભાવ તેનાં અજ્ઞાનને કારણે તે સ્વરૂપનાં પૂર્ણ સ્વરૂપનાં અસ્તિત્વનો અસ્વીકારને કારણે અનાદિથી દૃષ્ટિ પર્યાય ઉપર છે. પર્યાય ઉપર એટલે અજ્ઞાન ઉપર છે. આહાહા ! "જીવ અનાદિ અજ્ઞાનવસાય, વિકાર ઉપાય" વિકારને કરતો, પુણ્ય ને પાપનાં ભાવને, "બને કર્તા" ત્યારે ઇ કર્તા થતો. "વિકાર ઉપાય કરતો" ત્યારે કર્તા થતો હતો એમ. આહાહા ! ઝીણું બહું આકરું કામ. વીતરાગ મારગ ! હજી આ તો બહારનાં આખો દિ' કામમાં હું, હું, હું આ હું મારાથી બધું થાય, મારાથી આ થાય ધંધાપાણી. આહાહા ! અરે એને સંકેલવું પડશે. જ્યાં છે ત્યાં ઇ ચીજ નથી, બહારની આ વેપાર, ધંધા, શરીર, વાણી, એ બધાં ધંધા, ઈ જે છે તેમાં તું નથી, અને તું છો ત્યાં તે નથી. આહાહા ! આ તો વિકાર ઉપજાય બને કર્તા ફક્ત એમ પરનો તો કર્તા થતો નથી, પરનો તો એમાં... શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, ભગવાન જ્ઞાયકમૂર્તિ, ઝળહળ જ્યોતિ ઝળહળ જ્યોતિ ચેતન, અનાદિ-અનંત, નિત્યાનંદ પ્રભુ, તેનાં અજ્ઞાનને કારણે, તેવાં સ્વરૂપનાં અભાનને કારણે વિકાર ઉપાય, એ વિકારને ઉત્પન્ન કરતો હતો. આહાહા ! "બને કર્તા" ત્યારે ઈ કર્તા થતો, દૃષ્ટિ ત્યાં વિકાર ઉપજાવે ને દૃષ્ટિ પણ ત્યાં એટલે આ કાર્ય મારું છે, એમ અજ્ઞાની અનાદિથી વિકારનાં પરિણામનો કર્તા થતો હતો. આહાહા !

"તાકરિ બંધન આન તણું ફલ" એ જે પુણ્ય પાપનો કર્તા થતો, તેથી તેનું બંધનનું આવેલું ફળ આ સુખ દુઃખ "ભવાશ્રમવાસો" બહારનાં અનુકૂળ પ્રતિકૂળ સંયોગ અને એમાં સુખ દુઃખની કલ્પના કરતો, આહાહાહા ! "ભવાશ્રમવાસો" ભવરૂપી આશ્રમનો વાસ થઇ ગયો. આત્માનો આશ્રમવાસ થવો જોઈએ. આહાહા ! ભગવાન આત્મા આનંદનો ધામ નિજઘર. જ્ઞાનાનંદ. સહજાત્મસ્વરૂપ તેમાં આશ્રમ તેનું ધામ ઉદાસીન પરથી આસન ખસીને તેનું આસન ત્યાં લગાવવું જોઈએ. આહાહાહા ! એણે ન્યાંથી ખસીને વિકારના ભવાશ્રમમાં, ભવાશ્રમનો વાસ કર્યો. આશ્રમ તો રાખ્યો પણ ભવના આશ્રમનો વાસ કર્યો. આહાહા !

"જ્ઞાન ભયે કરતાં ન બને" પોતાની જાતને જાણી કે હું તો જ્ઞાયક ચૈતન્યદળ છું. મારું અસ્તિત્વ પૂરણ. અનંતગુણોથી પૂરણ, ભરચક, છલ્લોછલ, ઠસોઠસ ભરેલું છે. આહાહા ! એવું

"જ્ઞાન ભયે" એવું સમ્યગ્દર્શન ને જ્ઞાન થયે. કર્તા ન બને. પછી તે કર્મનો ભાવ એટલે કે જડ તેનો કર્તા ઈ થતો નથી. "કર્તા ન બને, તબ બંધન ન હોય" તેથી તેને બંધન હોતું નથી. "ખુલ્લે પરપાસો" પરનું બંધન છે ઈ ખુલ્લી જાય છે. પોતાના સ્વભાવનું જ્ઞાન કર્યું હું તો આત્મા જ્ઞાન સ્વરૂપ છું, આનંદ છું, વીતરાગ મૂર્તિ એ મારી ચીજ છે. રાગમાં હું આવું એવી મારી ચીજ નથી. આહાહાહા ! એવાં ભવનાં આશ્રમનો સ્થાન છોડી ને અભવાશ્રમ એવા સ્વભાવ એનું આસન લગાવ્યું. આહાહા ! "ખુલ્લૈ પરપાસો" તેથી પરનું બંધન છુટી જાય છે.

"આત્મામાં સદા સુવિલાસ" ભગવાન આત્મામાં સદા સુવિલાસ કરે "સિવપાય" મોક્ષ દશાને પામી સિવપાય નામ દુઃખનો નાશ અને સુખની પ્રાપ્તિ, એવાં સુખની પ્રાપ્તિ રહે. "નિતિ" નિત્યવાસ ત્યાં રહે. સાદિ અનંત-અનંત સમાધિ સુખમાં, આહાહા ! "આત્મમયી સદા સુવિલાસ કરે સિવપાય" મોક્ષને પામીને સિવ શબ્દ આવે છે ને નમોથ્થણુમાં શિવ, મલય, મરૂપ, મણગતં, નથી આવતું. નમોથ્થુણુમાં આવે છે. નિરઉપદ્રવ, કલ્યાણ સ્વરૂપ પ્રાપ્ત કરી અને નિત્ય વાસ, નિત્ય ત્યાં રહે. આ કર્તા-કર્મ અધિકાર પુરો કર્યો. આમ ભગવાન કુંદ-કુંદ આચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્ર આચાર્ય દેવ વિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં કર્તા-કર્મ અધિકારનો બીજો પ્રરૂપક અંક સમાપ્ત થયો.

જુઓ ! એ ( ટીકામાં ) નીચે છે : કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય. જુઓ ટીકા : "ત્યાં, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છેઃ કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય." હવે કારણશુદ્ધપર્યાય કોણ ? તો "અહીં સહજશુદ્ધનિશ્ચયથી, અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળાં અને શુદ્ધ એવાં સહજજ્ઞાન-સહજ-ચારિત્ર-સહજપરમવીતરાગસુખાત્મક શુદ્ધ-અંતઃતત્વસ્વરૂપ જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ તેની સાથેની જે પૂજિત પંચમભાવપરિણતિ- [ ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવની નહીં. ] ( -તેની સાથે તન્મયપણે રહેલી જે પૂજ્ય એવી પારિણામિકભાવની પરિણતિ ) તે જ કારણશુદ્ધપર્યાય છે." પણ એ અધિકાર ચાલતો હોય ત્યારે બધી દલીલ આદિ આવે. આ તો અહીંયા નાખવું કઠણ પડે છે, આ તો જરી અહીંયા નિર્મળપર્યાય પ્રગટ છે એ લેવી છે. અને તે તો અપ્રગટ છે--કારણશુદ્ધપર્યાય 'ધ્રુવ' છે. અનાદિ-અનંત દ્રવ્ય-ગુણ ( ધ્રુવ છે તે ) જોડયું. આ...હા...હા ! બધો ખ્યાલ તો છે ને !

**( પ્રવચન નવનીત ભાગ-૨, પેઈજ નં. ૧૭૭, નિયમસાર શ્લોક-૧૦૯ )**

ॐ

श्री सीमंधरस्देवाय नमः
श्री निज शुद्धात्मने नम

# સમયસાર સિદ્ધિ

## ભાગ-૬

અધ્યાત્મયુગપુરુષ

**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

સમયસારજી શાસ્ત્ર ઉપરના ૧૯ મી વખતના પુણ્ય-પાપ અધિકારની ગાથા ૧૪૫ થી ૧૬૩, આસ્રવ અધિકારની ગાથા ૧૬૪ થી ૧૮૦ તથા સંવર અધિકારની ગાથા ૧૮૧ થી ૧૯૨ તથા પ્રત્યેક અધિકારના શ્લોક ઉપર થયેલા ૪૦ મંગલમયી પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :
શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ–૩૬૦૦૦૫.
ટેલી ન. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૨૮ | ૨૫૩૩ | ૨૦૬૩ | ૨૦૦૭ |

પ્રકાશન
મહા સુદ–૫, વસંતપંચમીના પવિત્ર દિને
તા. ૨૩-૦૧-૨૦૦૭

પ્રથમ આવૃત્તિ -- ૧૦૦૦ પડતર કિંમત – રૂ. ૧૭૫/- મૂલ્ય - રૂ. ૬૦/-

પ્રાપ્તિ સ્થાન

રાજકોટ : **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧. ટેલી. નં. ૨૨૩૧૦૭૩
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫. ટેલી. નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮

મુંબઈ : **શ્રી શાંતિભાઈ ઝવેરી**
૮૧, નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ-૪૦૦૦૨૬ ટેલી. નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨
**શ્રી મહેન્દ્રભાઈ મહેતા**
'સાકેત' સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી. ખોટ સ્કૂલ પાસે, બોરીવલી (વે.),
મુંબઈ-૪૦૦૦૯૨ ટેલી. નં. ૨૮૦૫૪૦૬૬/૦૯૮૨૦૩૨૦૧૫૯
**શ્રી ભરતભાઈ સી. શાહ**
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી (વે.) મુંબઈ-૯૨
ટેલી. નં. ૨૮૩૩૦૩૪૫

કલકત્તા : **શ્રી પ્રકાશભાઈ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર, કલકત્તા-૨૦.
ટેલી. ન. ૨૪૮૫૩૭૨૩

સુરેન્દ્રનગર : **ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી**
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડીકલ સ્ટોર સામે, સુરેન્દ્રનગર. ટેલી. નં. ૨૩૧૫૬૦

અમદાવાદ : **વિનોદભાઈ આર. દોશી**
૨૦૫, કહાન કુટીર, દિગંબર જૈન મંદિર સામે, નવરંગપુરા, અમદાવાદ.
ટેલી. નં. ૨૬૪૨૨૬૭૮

| લેસર ટાઈપ સેટિંગ | મુદ્રક | જેકેટ અને મલ્ટીકલર ફોટા |
|---|---|---|
| **પૂજા ઇમ્પ્રેશન્સ** | **શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ** | **ડોટ એડ** |
| પ્લોટ નં. ૧૯૨૪/બી<br>૬, શાંતિનાથ બંગલોઝ<br>શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ<br>પાસે, ભાવનગર-૩૬૪૦૦૧<br>ફોન નં. ૯૩૨૭૪૯૪૯૭૨ | ૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,<br>ડૉ. યાજ્ઞિક રોડ,<br>રાજકોટ-૩૬૦૦૦૧<br>ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧ | ૨૩૪, રાજ ચેમ્બર્સ,<br>માલવિયા પેટ્રોલ પંપ સામે,<br>ગોંડલ રોડ, રાજકોટ<br>ફોન નં. ૬૬૨૬૦૭૩ |

## પ્રસ્તાવના

**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।**
**मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।**

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯ માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ શાસ્ત્ર છે. જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર સમયસારજી છે તેની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયે; લોપ થયો હતો. મિથ્યાત્વનો ઘોર

અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

જેમણે આ આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. જેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રીએ જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ પ્રદાયક પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. વિરોધીઓના વિરોધનો પણ જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી વિરોધીઓ પણ 'ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં, સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું. અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી

ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :–

❋ સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.

❋ સમયસાર તો સિદ્ધાંત શિરોમણિ–અદ્વિતીય અજોડ ચક્ષુ ને આંધળાની આંખ છે.

❋ સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘ શાસ્ત્ર છે.

❋ સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું શાસ્ત્ર બની ગયું. જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ. ધન્ય કાળ !

❋ સમયસારની એક એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.

❋ સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે.

❋ સમયસાર જેના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.

❋ સમયસાર તો ભરતક્ષેત્રનો પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર શાસ્ત્ર કહેવાય.

❋ સમયસાર તો જગતના ભાગ્ય, સમયસારરૂપી ભેટણું જગતને આપ્યું. સ્વીકાર નાથ !
હવે સ્વીકાર ! ભેટ પણ દે, એ પણ સ્વીકારે નહીં ?

❋ સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.

❋ સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે અમૃત વહેવરાવ્યા છે.

❋ સમયસાર એકવાર સાંભળીને એમ ન માની લેવું કે આપણે સાંભળ્યું છે. એમ નથી બાપુ ! આ તો પ્ર... વચનસાર છે એટલે આત્મસાર છે વારંવાર સાંભળવું.

❋ સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ

કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.

❋ સમયસારની મૂળભૂત એક એક ગાથામાં ગજબ ગંભીરતા પાર ન પડે એવી ચીજ છે. એક એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.

❋ સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ, ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે. જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે. ધર્મનો ધોધ એવો ધર્મી છે. ધ્રુવ પ્રવાહ છે. જ્ઞાનની ધારા છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે. વાસ્તવિક વસ્તુ છે. સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ–શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય વાડો ગચ્છ નથી વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો

છે. એક એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય ? પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ. તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિં તો સાધક હોય તો પણ બધી તૈયારી કરવી પડે.

'શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ' ની રચના સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણાર્થે બેન સરોજબેન ચંદુલાલ મહેતા પરિવાર રાજકોટ દ્વારા કરવામાં આવી છે. આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય કરવામાં આવશે.

આ પરિવારને આદરણીય પૂ. શ્રી લાલચંદભાઈ મોદી–રાજકોટ દ્વારા જ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશની પ્રેરણા તથા આધ્યાત્મિક મહામંત્રોનું રસપાન થયું હોય આ પરિવાર તેમનો અત્યંત ઋણી છે. પૂ. લાલચંદભાઈ હંમેશાં આ પરિવારને

કહેતા કે તમો બધા પૂજ્ય ગુરુદેવશ્રીના ભવભ્રમણનો થાક ઊતારનારા મૂળત્ત્વને સાંભળી ને સમજો. તેઓશ્રી ફરમાવતા કે તને 'જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી' તેમ અમે જાણીએ છીએ, હવે તો સ્વીકાર કરી લે. આવા આવા ઘણા મહામંત્રો જેમાં બાર અંગનો સાર ભરેલો છે તેવા મહામંત્રો તથા પૂ. ભાઈશ્રીની અધ્યાત્મની સૂક્ષ્મ સિદ્ધાંતિક સચોટ શૈલીથી જ આ પરિવાર અધ્યાત્મમાં ઓતપ્રોત થયો હોય તેઓશ્રીનો અત્યંત આભારી છે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની પુણ્ય-પાપ, આસ્રવ તથા સંવર અધિકારની ગાથાઓ ૧૪૫ થી ૧૯૨ તથા તેના શ્લોકો ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સળંગ પ્રવચનો નં. ૨૨૮ થી ૨૬૮ સમયસાર સિદ્ધિ ભાગ-૬માં અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ પ્રવચનોમાં ૪ હિન્દી પ્રવચનો ગુજરાતીમાં ભાષાંતર કરી પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે. અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ કોઈવાર બે વર્ષ કોઈવાર અઢી વર્ષ તેમ ૧૯ વખત ૪૫ વર્ષમાં જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ જેમ જ્ઞાનીની જ્ઞાન સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વારના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ અંતિમ પ્રવચનો પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે. ટોટલ ૪૮૭ પ્રવચનો ૧ થી ૧૧ ભાગમાં ક્રમબદ્ધ શૃંખલારૂપે પ્રકાશિત થશે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર

દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા પૂર્ણ થયેલ છે તથા ડૉ. દેવેન્દ્રભાઈ દોશી, સુરેન્દ્રનગરનો પણ આ કાર્યમાં સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

'સમયસાર સિદ્ધિ' ભાગ-૬ના પ્રવચનોનું સમગ્ર કૉમ્પ્યુટરાઈઝડ ટાઈપસેટિંગનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું સંપૂર્ણ કાર્ય શાર્પ ઓફસેટવાળા શ્રી ધર્મેશભાઈ શાહ-રાજકોટ દ્વારા તથા કલર પેઈજનું કામ ડોટ એડવાળા શ્રી કમલેશભાઈ સોમપુરા-રાજકોટ દ્વારા થયું હોય સંસ્થા તેમનો આભાર માને છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિ અપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના ખૂબ જ સરળ ભાષામાં આચાર્યોના ગૂઢભાવોને રજૂ કરી મુમુક્ષુ જગત ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

સમયસાર સિદ્ધિ ભાગ-૬ માટે એક મુમુક્ષુભાઈ તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

ટ્રસ્ટી
શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
રાજકોટ

# અનુક્રમણિકા


| ગાથા/શ્લોક નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| શ્લોક-૧૦૦ | - | - | ૦૦૧ |
| | ૨૨૮ | ૧૬-૫-૭૯ | ૦૦૨ |
| શ્લોક-૧૦૧ | ૨૨૮ | ૧૬-૫-૭૯ | ૦૦૯ |
| ગાથા-૧૪૫ | ૨૨૮ | ૧૬-૫-૭૯ | ૦૧૨ |
| | ૨૨૯ | ૧૭-૫-૭૯ | ૦૧૪ |
| શ્લોક-૧૦૨ | ૨૩૦ | ૧૮-૫-૭૯ | ૦૨૬ |
| ગાથા-૧૪૬ | ૨૩૦ | ૧૮-૫-૭૯ | ૦૨૭ |
| ગાથા-૧૪૭ | ૨૩૦ | ૧૮-૫-૭૯ | ૦૩૦ |
| ગાથા-૧૪૮-૧૪૯ | ૨૩૦ | ૧૮-૫-૭૯ | ૦૩૪ |
| ગાથા-૧૫૦ | - | - | ૦૪૨ |
| | ૨૩૧ | ૨૦-૫-૭૯ | ૦૪૩ |
| શ્લોક-૧૦૩ | ૨૩૧ | ૨૦-૫-૭૯ | ૦૪૮ |
| શ્લોક-૧૦૪ | ૨૩૧ | ૨૦-૫-૭૯ | ૦૫૨ |
| ગાથા-૧૫૧ | - | - | ૦૫૬ |
| | ૨૩૨ | ૨૧-૫-૭૯ | ૦૫૭ |
| ગાથા-૧૫૨ | ૨૩૨ | ૨૧-૫-૭૯ | ૦૬૬ |
| ગાથા-૧૫૩ | - | - | ૦૭૧ |
| | ૨૩૩ | ૨૨-૫-૭૯ | ૦૭૨ |
| શ્લોક-૧૦૫ | ૨૩૩ | ૨૨-૫-૭૯ | ૦૮૨ |
| ગાથા-૧૫૪ | - | - | ૦૮૫ |
| | ૨૩૪ | ૨૩-૫-૭૯ | ૦૮૬ |
| ગાથા-૧૫૫ | ૨૩૪ | ૨૩-૫-૭૯ | ૦૯૫ |
| | ૨૩૫ | ૨૪-૫-૭૯ | ૧૦૦ |
| ગાથા-૧૫૬ | ૨૩૫ | ૨૪-૫-૭૯ | ૧૦૮ |
| | ૨૩૬ | ૨૬-૫-૭૯ | ૧૧૫ |
| શ્લોક-૧૦૬ | ૨૩૬ | ૨૬-૫-૭૯ | ૧૧૭ |
| શ્લોક-૧૦૭ | ૨૩૬ | ૨૬-૫-૭૯ | ૧૨૪ |
| શ્લોક-૧૦૮ | ૨૩૬ | ૨૬-૫-૭૯ | ૧૨૭ |
| ગાથા-૧૫૭-૧૫૯ | - | - | ૧૩૦ |
| | ૨૩૭ | ૨૭-૫-૭૯ | ૧૩૨ |
| ગાથા-૧૬૦ | - | - | ૧૪૨ |

| ગાથા/શ્લોક નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| | ૨૩૭ | ૨૭-૫-૭૯ | ૧૪૩ |
| | ૨૩૮ | ૨૮-૫-૭૯ | ૧૪૭ |
| ગાથા-૧૬૧-૧૬૩ | - | - | ૧૫૬ |
| | ૨૩૮ | ૨૮-૫-૭૯ | ૧૫૮ |
| | ૨૩૯ | ૨૯-૫-૭૯ | ૧૬૩ |
| શ્લોક-૧૦૯ | ૨૪૦ | ૩૦-૫-૭૯ | ૧૭૬ |
| શ્લોક-૧૧૦ | ૨૪૦ | ૩૦-૫-૭૯ | ૧૮૪ |
| | ૨૪૧ | ૩૧-૫-૭૯ | ૧૯૩ |
| શ્લોક-૧૧૧ | ૨૪૧ | ૩૧-૫-૭૯ | ૧૯૭ |
| શ્લોક-૧૧૨ | - | - | ૨૦૮ |
| | ૨૪૨ | ૧-૬-૭૯ | ૨૦૯ |
| | ૨૪૩ | ૩-૬-૭૯ | ૨૨૨ |
| શ્લોક-૧૧૩ | - | - | ૨૩૨ |
| | ૨૪૩ | ૩-૬-૭૯ | ૨૩૩ |
| | ૨૪૪ | ૪-૬-૭૯ | ૨૩૬ |
| ગાથા-૧૬૪-૧૬૫ | - | - | ૨૪૧ |
| | ૨૪૪ | ૪-૬-૭૯ | ૨૪૨ |
| | ૨૪૫ | ૫-૬-૭૯ | ૨૫૨ |
| ગાથા-૧૬૬ | - | - | ૨૫૯ |
| | ૨૪૫ | ૫-૬-૭૯ | ૨૬૦ |
| | ૨૪૬ | ૬-૬-૭૯ | ૨૬૭ |
| ગાથા-૧૬૭ | - | - | ૨૭૩ |
| | ૨૪૬ | ૬-૬-૭૯ | ૨૭૪ |
| ગાથા-૧૬૮ | - | - | ૨૮૧ |
| | ૨૪૭ | ૭-૬-૭૯ | ૨૮૨ |
| શ્લોક-૧૧૪ | ૨૪૭ | ૭-૬-૭૯ | ૨૯૦ |
| ગાથા-૧૬૯ | - | - | ૨૯૫ |
| | ૨૪૮ | ૮-૬-૭૯ | ૨૯૬ |
| શ્લોક-૧૧૫ | - | - | ૨૯૮ |
| | ૨૪૮ | ૮-૬-૭૯ | ૨૯૯ |
| ગાથા-૧૭૦ | ૨૪૮ | ૮-૬-૭૯ | ૩૦૧ |
| ગાથા-૧૭૧ | - | - | ૩૦૩ |
| | ૨૪૮ | ૮-૬-૭૯ | ૩૦૪ |
| ગાથા-૧૭૨ | - | - | ૩૦૯ |

| ગાથા/શ્લોક નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| | ૨૪૮ | ૮-૬-૭૯ | ૩૧૧ |
| | ૨૪૯ | ૧૦-૬-૭૯ | ૩૧૨ |
| શ્લોક-૧૧૬ | - | - | ૩૨૦ |
| | ૨૪૯ | ૧૦-૬-૭૯ | ૩૨૧ |
| | ૨૫૦ | ૧૧-૬-૭૯ | ૩૨૫ |
| શ્લોક-૧૧૭ | - | - | ૩૩૫ |
| ગાથા-૧૭૩-૭૬ | - | - | ૩૩૬ |
| | ૨૫૦ | ૧૧-૬-૭૯ | ૩૩૯ |
| | ૨૫૧ | ૧૨-૬-૭૯ | ૩૪૧ |
| | ૨૫૨ | ૧૩-૬-૭૯ | ૩૫૫ |
| શ્લોક-૧૧૮ | - | - | ૩૫૬ |
| | ૨૫૨ | ૧૩-૬-૭૯ | ૩૫૭ |
| શ્લોક-૧૧૯ | - | - | ૩૬૩ |
| | ૨૫૨ | ૧૩-૬-૭૯ | ૩૬૪ |
| ગાથા-૧૭૭-૧૭૮ | - | - | ૩૬૫ |
| | ૨૫૨ | ૧૩-૬-૭૯ | ૩૬૬ |
| | ૨૫૩ | ૧૪-૬-૭૯ | ૩૭૦ |
| શ્લોક-૧૨૦ | - | - | ૩૭૩ |
| | ૨૫૩ | ૧૪-૬-૭૯ | ૩૭૪ |
| | ૨૫૪ | ૧૫-૬-૭૯ | ૩૮૨ |
| શ્લોક-૧૨૧ | - | - | ૩૯૦ |
| | ૨૫૪ | ૧૫-૬-૭૯ | ૩૯૧ |
| | ૨૫૫ | ૧૭-૬-૭૯ | ૩૯૪ |
| ગાથા-૧૭૯-૧૮૦ | - | - | ૪૦૦ |
| | ૨૫૫ | ૧૭-૬-૭૯ | ૪૦૧ |
| શ્લોક-૧૨૨ | - | - | ૪૦૭ |
| | ૨૫૬ | ૧૮-૬-૭૯ | ૪૦૯ |
| શ્લોક-૧૨૩ | - | - | ૪૧૦ |
| | ૨૫૬ | ૧૮-૬-૭૯ | ૪૧૧ |
| શ્લોક-૧૨૪ | - | - | ૪૨૦ |
| | ૨૫૬ | ૧૮-૬-૭૯ | ૪૨૧ |
| | ૨૫૭ | ૧૯-૬-૭૯ | ૪૨૩ |
| શ્લોક-૧૨૫ | - | - | ૪૨૫ |
| | ૨૫૭ | ૧૯-૬-૭૯ | ૪૨૬ |

| ગાથા/શ્લોક નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ગાથા-૧૮૧-૧૮૩ | - | - | ૪૩૦ |
| | ૨૫૭ | ૧૯-૬-૭૯ | ૪૩૩ |
| | ૨૫૮ | ૨૦-૬-૭૯ | ૪૪૧ |
| | ૨૫૯ | ૨૧-૬-૭૯ | ૪૫૩ |
| | ૨૬૦ | ૨૨-૬-૭૯ | ૪૬૫ |
| | ૨૬૧ | ૨૪-૬-૭૯ | ૪૭૬ |
| શ્લોક-૧૨૬ | - | - | ૪૮૭ |
| | ૨૬૧ | ૨૪-૬-૭૯ | ૪૮૮ |
| | ૨૬૨ | ૨૫-૬-૭૯ | ૪૮૯ |
| ગાથા-૧૮૪-૪૮૫ | - | - | ૪૯૮ |
| | ૨૬૨ | ૨૫-૬-૭૯ | ૫૦૦ |
| | ૨૬૩ | ૨૬-૬-૭૯ | ૫૦૩ |
| ગાથા-૧૮૬ | - | - | ૫૦૬ |
| | ૨૬૩ | ૨૬-૬-૭૯ | ૫૦૭ |
| શ્લોક-૧૨૭ | - | - | ૫૧૫ |
| | ૨૬૩ | ૨૬-૬-૭૯ | ૫૧૬ |
| | ૨૬૪ | ૨૭-૬-૭૯ | ૫૧૭ |
| ગાથા-૧૮૭-૧૮૯ | - | - | ૫૨૦ |
| | ૨૬૪ | ૨૭-૬-૭૯ | ૫૨૨ |
| શ્લોક-૧૨૮ | - | - | ૫૨૮ |
| | ૨૬૪ | ૨૭-૬-૭૯ | ૫૨૯ |
| ગાથા-૧૯૦-૧૯૨ | - | - | ૫૩૧ |
| | ૨૬૪ | ૨૭-૬-૭૯ | ૫૩૩ |
| | ૨૬૫ | ૨૮-૬-૭૯ | ૫૩૪ |
| | ૨૬૬ | ૨૯-૬-૭૯ | ૫૪૫ |
| શ્લોક-૧૨૯ | ૨૬૬ | ૨૯-૬-૭૯ | ૫૪૮ |
| શ્લોક-૧૩૦ | - | - | ૫૫૪ |
| | ૨૬૬ | ૨૯-૬-૭૯ | ૫૫૫ |
| શ્લોક-૧૩૧ | - | - | ૫૫૭ |
| | ૨૬૭ | ૩૦-૬-૭૯ | ૫૫૮ |
| શ્લોક-૧૩૨ | - | - | ૫૬૬ |
| | ૨૬૭ | ૩૦-૬-૭૯ | ૫૬૭ |
| | ૨૬૮ | ૧-૭-૭૯ | ૫૭૦ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.




ભગવાન કુંદકુંદાચાર્યદેવ વનમાં તાડપત્ર ઉપર શાસ્ત્ર લખે છે



# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું ‘સત સત, જ્ઞાન જ્ઞાન’ ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

# મંગલ સુપ્રભાતની બોણી

આજે સુપ્રભાત છે. આપણે કળશટીકામાં સુપ્રભાત આવે છે, ત્યાં તો અનંત જ્ઞાન, અનંત દર્શનને સુપ્રભાત કહ્યું છે પણ સમ્યગ્દર્શન થાય એ પણ સુપ્રભાત–બીજરૂપે સુપ્રભાત છે. અખંડ આનંદ સ્વરૂપ પ્રભુ, એના આશ્રયે સમ્યગ્દર્શન થાય એ પણ એક સુપ્રભાત છે. એ દિવસ ઊગ્યો એને સુપ્રભાત છે. અહીં તો ૩૮મી ગાથામાં ત્યાં સુધી કહ્યું છે ને ! કે પંચમ આરાના સંત–ગુરુ અપ્રતિબુદ્ધને સમજાવે છે. આહાહા ! અનાદિ અપ્રતિબુદ્ધ અજ્ઞાનીને ગુરુ વારંવાર સમજાવે છે, એનો અર્થ વારંવાર એ વિચાર કરે છે. પંચમકાળના શ્રોતાને ગુરુ સમજાવે છે એ સાંભળીને, અંતર અનુભવીને, જેને સમ્યગ્દર્શન થાય છે એ શ્રોતા એમ કહે છે કે હું એક શુદ્ધ ચૈતન્યઘન છું. દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણમિત છું અને તે પરિણમિત થયેલી ચીજ મને ફરી પાછી પડે એવો હું નથી. આહાહા ! પંચમઆરાના શ્રોતાની આ વાત ! ઓછી વાત નથી. આગમ યુક્તિથી ને અનુભવથી જે અમને આત્મજ્ઞાન થયું તે હવે અમને ફરીને પડવાનું નથી. ઓહોહો ! પંચમઆરાના શ્રોતાની આ દશા ! ભલે કોઈ શ્રોતા પાકે પણ એ શ્રોતાની આવી જ દશા હોય. આહાહા ! શું શૈલી ! જીવ અધિકાર પૂર્ણ કરતાં ૩૮ ગાથામં, પંચમઆરામાં પણ આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેણે સાંભળ્યું, સાંભળીને જેણે મનન કર્યું, ધ્યાનમાં જેને પ્રાપ્ત થયું એ શ્રોતા એમ કહે છે કે અમારૂ આ સમ્યગ્દર્શન-જ્ઞાન અપ્રતિહત છે, એ પાછું ફરવાનું નથી. અરે પંચમઆરાના શ્રોતા ભગવાન પાસે ગયા નથી ને ! કહે છે કે ભગવાન પોતે છે એની પાસે ગયો છે તેથી તેને અંતરમાં એવું અપ્રતિહત દર્શન થયું છે. આહાહા ! ગજબ વાત છે. એનું નામ જઘન્યભાવની–શરૂઆતની સુપ્રભાત કહેવામાં આવે છે.

ઉત્કૃષ્ટ ભાવરૂપ કેવળજ્ઞાન એ તો અત્યારે નથી છતાં પણ જે સમ્યગ્દર્શન પામેલ છે એને અલ્પ ભવમાં કેવળજ્ઞાન થવાનું જ છે, એમાં કાંઈ ફેરફાર છે જ નહિ તેથી તેને જે સુપ્રભાત ઉદ્યોત થવાનું છે એનું અત્યારે જ માંગલિક કરે છે કે અમે સર્વજ્ઞપણું પામવાના છીએ, અમને કેવળજ્ઞાન થવાનું છે. ઓહોહો ! આનું નામ મંગળ સુપ્રભાત છે.

'મમ્' નામ પરનો અહંકાર, એને 'ગલ' નામ જેણે ગાળ્યો છે તે માંગલિક છે. આહાહા ! રાગ ને પર્યાયનું અહમ્‌પણું એવો જે મિથ્યાત્વભાવ તેને, શુદ્ધ ચૈતન્યઘનમાં અહમ્‌પણું માનીને, જેણે ગાળ્યો તેને અહીંયાં માંગલિક કહેવામાં આવે છે.

ખરેખર તો પંચપરમેષ્ઠી–અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપણું એ આત્માનું જ સ્વરૂપ છે–એમ યોગીન્દ્રદેવમાં આવે છે. આત્મામાં જ અર્હંતપણું, સિદ્ધપણું, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપણું–પંચ પરમેષ્ઠીપણું ભરેલું છે. આત્મા પોતે જ પંચપરમેષ્ઠીસ્વરૂપ છે. આહાહા ! એને (–આત્માને) અહીં માંગલિક તરીકે, ઉત્તમ તરીકે, શરણ તરીકે કહેવામાં આવ્યો છે. – પૂજ્ય ગુરુદેવશ્રી, નૂતન વર્ષની વહેલી સુપ્રભાતે.(આત્મધર્મ અંક–૭૦૮)

ૐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર

# સમયસાર સિદ્ધિ

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'સમયસાર' ઉપર પ્રવચન)

(ભાગ–૬)

– ૩ –

## પુણ્ય-પાપ અધિકાર

अथैकमेव कर्म द्विपात्रीभूय पुण्यपापरूपेण प्रविशति -

(द्रूतविलम्बित)

तदथ कर्म शुभाशुभभेदतो
द्वितयतां गतमैक्यमुपानयन्।
ग्लपितनिर्भरमोहरजा अयं
स्वयमुदेत्यवबोधसुधाप्लवः।।१००।।

---

પુણ્ય-પાપ બન્ને કરમ, બંધરૂપ દુર માની;
શુદ્ધાત્મા જેણે લહ્યો, નમું ચરણ હિત જાણી.

પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે એક જ કર્મ બે પાત્રરૂપ થઈને પુણ્ય-પાપરૂપે પ્રવેશ કરે છે.'

જેમ નૃત્યના અખાડામાં એક જ પુરુષ પોતાને બે રૂપે બતાવી નાચતો હોય તેને યથાર્થ જાણનાર ઓળખી લે છે અને એક જ જાણે છે, તેવી રીતે જોકે કર્મ એક જ છે તોપણ

**પુણ્ય-પાપના ભેદે બે પ્રકારનાં રૂપ કરી નાચે છે તેને, સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ છે તે એકરૂપ જાણી લે છે. તે જ્ઞાનના મહિમાનું કાવ્ય આ અધિકારની શરૂઆતમાં ટીકાકાર આચાર્ય કહે છે :–**

**શ્લોકાર્થ :– (अथः) હવે (કર્તાકર્મ અધિકાર પછી), (शुभ-अशुभ-भेदतः) શુભ અને અશુભના ભેદને લીધે (द्वितयतां गतम् तत् कर्म) બે-પણાને પામેલા તે કર્મને (ऐक्यम् उपानयन्) એકરૂપ કરતો, (ग्लपित-निर्भर-मोहरजा) જેણે અત્યંત મોહરજને દૂર કરી છે એવો (अयं अवबोध-सुधाप्लवः) આ (પ્રત્યક્ષ–અનુભવગોચર) જ્ઞાન-સુધાંશુ (સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા) (स्वयम्) સ્વયં (उदेति) ઉદય પામે છે.**

**ભાવાર્થ :– અજ્ઞાનથી એક જ કર્મ બે પ્રકારનું દેખાતું હતું તેને જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું. જ્ઞાનમાં મોહરૂપી રજ લાગી રહી હતી તે દૂર કરવામાં આવી ત્યારે યથાર્થ જ્ઞાન થયું; જેમ ચંદ્રને વાદળાં તથા ધુમ્મસનું પટલ આડું આવે ત્યારે યથાર્થ પ્રકાશ થતો નથી પરંતુ આવરણ દૂર થતાં ચંદ્ર યથાર્થ પ્રકાશે છે, તેવી રીતે અહીં પણ જાણવું. ૧૦૦.**

---

## પ્રવચન નં. ૨૨૮ શ્લોક–૧૦૦ બુધવાર, વૈશાખ વદ ૫, તા. ૧૬-૦૫-૧૯૭૯

---

હવે, ત્રીજો પુણ્ય-પાપ અધિકાર.

**પુણ્ય-પાપ બન્ને કરમ, બંધરૂપ દુર માની;**
**શુદ્ધાત્મા જેણે લહ્યો, નમું ચરણ હિત જાણી.**

પુણ્ય અને પાપ બન્ને બંધનરૂપ (છે એમ જાણી) એને દૂર કરીને પોતાના શુદ્ધાત્માને જેણે જાણ્યો... આ..હા...! **'નમું ચરણ હિત જાણી.'** તેના ચરણમાં હું નમસ્કાર કરું છું. હિતને જાણીને (એટલે) મારું હિત એમાં છે. સ્વરૂપમાં એકાગ્ર થવું એ મારું હિત છે. આહા..હા...! શુદ્ધત્માને જાણવો અને (એમાં) ઠરવું એ મારું હિત છે. એમ જેણે આવું કર્યું તેને પણ હું નમસ્કાર કરું છું. આહા..હા...!

**'પ્રથમ ટીકાકર કહે છે કે, 'હવે એક જ કર્મ બે પાત્રરૂપ થઈને પુણ્ય-પાપરૂપે પ્રવેશ કરે છે.'** નાટકનો દાખલો આપ્યો છે ને ! એક જ પુરુષ હોય ઈ ઘડીકમાં રાજા થઈને આવે અને ઘડીકમાં ગુલામ થઈને આવે. નાટકમાં ! એમ પુણ્ય અને પાપ એકરૂપ વેશ ધારણ કરી પ્રવેશ કરે છે. આહા..હા...!

**'જેમ નૃત્યના અખાડામાં...'** નાચવાના અખાડામાં – સ્થાનમાં **'એક જ પુરુષ પોતાને બે રૂપે બતાવી નાચતો હોય...'** આહા..હા...! **'તેને યથાર્થ જાણનાર ઓળખી લે છે અને એક જ જાણે છે,...'** નાટકમાં ઘડીકમાં સ્ત્રીનો વેશ લઈને આવે, ઘડીકમાં પુરુષનો વેશ લઈને આવે. 'પાલેજ'માં એક ફેરી અમારે બન્યું હતું. ત્યાં મુસલમાનનું જોર અને જે નાટકનો

મૂળ (સૂત્રધાર) હતો એ અંદર સ્ત્રીનો વેશ પહેરતો હતો અને અહીં તકરાર થઈ તો ઘણા મુસલમાનો અંદર મફતમાં પેઠા. આ તો (સંવત) ૧૯૬૫–૬૬ની વાત છે. એને એકદમ બહાર આવી પડ્યું. સ્ત્રીનો વેશ (પહેરેલો રાખીને) બહાર (આવ્યો). ત્યારે લોકોએ પણ જાણ્યું કે આ તો એનો મુખ્ય માણસ છે, નાટકનો મુખ્ય માણસ (હતો) એણે સ્ત્રીનો વેશ (પહેર્યો હતો) રાણીનો (હતો) રાણીનો. ઘણું કરીને તો 'પીંગળા'નો વેશ હતો. 'ભર્તુહરી'ની 'પીંગળા' આવે છે ને ? ઈ અંદર પહેરતો હતો ત્યાં તકરાર થઈ એટલે એને એકદમ બહાર આવવું પડ્યું. સ્ત્રીના વેશમાં આવવું (પડ્યું). માથુ ઉઘાડુ હતું. આહા..હા...! ત્યારે જાણી લીધું કે, ઓ..હો...! આ તો નાટકનો મુખ્ય માણસ ! પ્રમુખ માણસ (છે) એ આ રાણીનો વેશ ધારણ કરે છે.

એમ પુણ્ય અને પાપના બે વેશ છે તો એક જ વિકારના. આહા..હા...! પણ અજ્ઞાની એને બે રૂપે માને છે. (પરંતુ) **'તેને યથાર્થ જાણનાર ઓળખી લે છે અને એક જ જાણે છે,...'** પુણ્ય અને પાપ બેય એક જ છે. ભગવાનઆત્મા એનાથી ભિન્ન અને પુણ્ય અને પાપના ભાવ – દયા, દાન, વ્રત, શીલ, તપ આદિ ભાવ... આહા..હા..! હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, બેય જાત એક જ છે. આ..હા..હા...! આકરું કામ !

**'તેવી રીતે જોકે કર્મ એક જ છે તોપણ પુણ્ય-પાપના ભેદે બે પ્રકારનાં રૂપ કરી નાચે છે તેને, સમ્યગ્દષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ છે તે એકરૂપ જાણી લે છે.'** લ્યો ! અહીં તો સમ્યગ્દષ્ટિ લીધું. પેલો જ્યાં હોય ત્યાં સાધુ.. સાધુ નાખે છે. 'વિદ્યાધરજી'. આહા..હા...! **'સમ્યગ્દષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ છે તે એકરૂપ જાણી લે છે.'** સમ્યગ્દષ્ટિનું જ્ઞાન – ચોથા ગુણસ્થાનનું જ્ઞાન. સમ્યગ્દષ્ટિ પણ વીતરાગી પર્યાય છે. કેમકે જિનસ્વરૂપ છે, પોતે વીતરાગસ્વરૂપ જ છે, એની પ્રતીતિ અને જ્ઞાન થઈને જે દશા થઈ એ દશા ભલે ચોથા (ગુણસ્થાનની) હોય, પણ તે વીતરાગી દશા છે. આહા..હા...! એ વીતરાગી દશાનું જ્ઞાન યથાર્થ છે.

**'તે એકરૂપ જાણી લે છે.'** (અર્થાત્) પુણ્ય અને પાપ બન્ને એક જ છે. ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ (હો), બેય એક જ જાત છે. આ..હા..હા...! (આવું સાંભળે ત્યાં) આકરું કામ પડે છે.

હમણાં સાંભળ્યું, તમે કહ્યું ને ? સ્વરૂપાચરણ ચારિત્ર ! 'કળશટીકા' 'રાજમલજી'ની ટીકામાં ૧૦૬ કળશમાં છ વાર આવે છે. આ તો 'રાજમલજી'નું નામ રાત્રે આવ્યું હતું. ત્રણ નામ આવ્યા અને ચોથું (નહોતું). (મેં) કીધું, આમાં પણ છે ને ? જોકે આમાં વ્રત એટલે ચારિત્ર. ચારિત્ર, સ્વરૂપાચરણ ચારિત્ર. એક જ ૧૦૬ કળશમાં છ વાર આવે છે. સ્વરૂપાચરણ ચારિત્ર... સ્વરૂપાચરણ ચારિત્ર... આહા..હા...!

મૂળ તો સ્વરૂપ જે ભગવાન ચિદ્‌ઘન આનંદકંદ ! એનું ભલે ચોથે (ગુણસ્થાને) અંશે પણ આચરણ છે એ સ્વરૂપાચરણ છે અને પછી પાંચમાં ગુણસ્થાનમાં પણ જે વિશેષ છે એ સ્વરૂપાચરણ છે અને છટ્ઠે પણ સ્થિરતા વધી ગઈ છે એ સ્વરૂપાચરણ છે, સાતમે વધી ગઈ છે એ સ્વરૂપાચરણ છે. આ..હા..હા...! એમાં રાગનું આચરણ નથી એટલે સ્વરૂપાચરણ છે એમ કહેવું છે. આ..હા...! આવો માર્ગ !

અહીં તો સવારે ત્યાં – આ ૧૦૬ કળશમાં નજર ગઈ હતી, કીધું, ત્રણ બોલના નામ આપ્યા હતા એમાં 'રાજમલ' સ્વરૂપાચરણ (કહે છે ઈ નહોતું). પણ 'રાજમલ' સ્વરૂપાચરણ વ્રતને કહે છે. ચોથે સ્વરૂપાચરણ છે. પણ વ્રત શબ્દ જે લીધો છે એ સ્વરૂપાચરણના અર્થમાં (લીધો છે) અને બીજા વ્રતનો અર્થ લીધો છે એ શુભભાવના આચરણમાં (લીધો છે). દયા, દાન, વ્રત આદિ. એ વ્રત એટલે વિકાર અને આ વ્રત એટલે સ્વરૂપાચરણ. આહા..હા...! આકરું કામ બહુ !

શુદ્ધ સ્વરૂપ ચૈતન્યપ્રભુ ! સ્વદ્રવ્ય જે છે એ શુદ્ધ ચૈતન્યઘન છે. એ સ્વદ્રવ્યનું આચરણ તે સ્વરૂપઆચરણ. તે નિર્જરા અને મોક્ષનું કારણ છે. આ..હા...! સંવર, નિર્જરા અને મોક્ષનું એ કારણ છે. શું કહ્યું ઈ ? ભગવાનઆત્મા ધ્રુવ ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકભાવ અનંત ગુણનું એકરૂપ એવો જે ભગવાન, એનું જે આચરણ (છે) એ પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત (છે). એનું એ આચરણ (છે). એ આચરણ સ્વરૂપઆચરણ છે. રાગનું આચરણ છે એ વિરૂપઆચરણ છે. આ..હા..હા...!

એ સ્વરૂપ... સ્વ-રૂપ શુદ્ધ ચૈતન્યઘન આત્મા સ્વરૂપ, એનું આચરણ, એમાં લીનતા અને એકાગ્રતા (થવી) તે સંવર, નિર્જરા અને મોક્ષનું કારણ છે અને એ સ્વરૂપાચરણ સિવાય જેટલી વૃત્તિ રાગાદિમાં જાય એ બધું બંધનનું કારણ (છે). એ પરદ્રવ્યઆચરણ છે, આ સ્વરૂપઆચરણ છે. ત્યારે પેલું પરદ્રવ્ય (આચરણ છે). એમ ૧૦૭માં આવ્યું છે. આ સ્વદ્રવ્યમાં (આચરણ) છે, પેલું પરદ્રવ્ય (આચરણ છે). આહા..હા...! છે ને, આમાં જુઓને ! ૧૦૭ માં છે, જુઓ ! ૧૦૬ માં છે. **'एकद्रव्यस्वभावत्वा'** ૧૦૬માં ઈ છે. **'एकद्रव्यस्वभावत्वा'** અને ૧૦૭ માં **'द्रव्यान्तरस्वभावत्वा'** આહા..હા...! ૧૦૭ (કળશ). **'द्रव्यान्तरस्वभावत्वा'** (અર્થાત્) દ્રવ્યથી અનેરા દ્રવ્યનો સ્વભાવ. આહા.હા..! શું ટૂંકી ભાષા !

**'एकद्रव्यस्वभावत्वा ज्ञानस्य भवनमं वृत्तं'** આહા..હા...! ભગવાન જ્ઞાન અને આનંદનું સ્વદ્રવ્યનું અંદર આચરણ તે વ્રત નામ તે આચરણ અને તેને ચારિત્ર કહીએ. આહા..હા...! અને જે દ્રવ્યાંતર (એટલે) આ દ્રવ્યથી અનેરું – દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ (થાય) એ અનેરા દ્રવ્યનું આચરણ હોવાથી તે અણઆચરણ છે. સ્વરૂપનું અણઆચરણ છે, પરદ્રવ્યનું આચરણ છે. આહા..હા...! ઈ ૧૦૬, ૧૦૭ આમાં આવશે.

(અહીંયાં આપણે) શ્લોક-૧૦૦. **'તે જ્ઞાનના મહિમાનું કાવ્ય આ અધિકારની શરૂઆતમાં**

ટીકાકાર આચાર્ય કહે છે :–'

**तदथ कर्म शुभाशुभभेदतो द्वितयतां गतमैक्यमुपानयन्।**
**ग्लपितनिर्भरमोहरजा अयं स्वयमुदेत्यवबोधसुधाप्लवः।।१००।।**

(શ્લોકાર્થ) :– **'હવે (કર્તાકર્મ અધિકાર પછી), શુભ અને અશુભના ભેદને લીધે...'** (द्वितयतां) **'બે-પણાને પામેલા તે કર્મને...'** ભલે બે-પણાને પામેલું કર્મ લીધું છે એટલે કેટલાક એમ કહે છે કે, એ તો કર્મના બે પ્રકારનો નિષેધ છે. પણ પછી આચાર્ય પોતે કહે છે, કર્મનું કારણ જે શુભાશુભ ભાવ છે, એ પણ બે છે. બે છે તે એક જ છે, બંધન એક છે અને એનું ફળ પણ એક જ છે. આહા..હા...! **'ભેદને લીધે બે-પણાને પામેલા...'** આહા..હા...! શુભભાવ જુદો અને અશુભભાવ જુદો – બે જુદો એમ કહે છે. અજ્ઞાની બેને માને છે. એને **'એકરૂપ કરતો,...'** આહા..હા...! એકરૂપ કરતો એનો અર્થ – પોતાની સાથે એકરૂપ નહિ કરતો. બે (છે) તે એક જ રૂપ વસ્તુ છે. શુભ અને અશુભ ભાવ બે તે એક જ પ્રકાર છે. આહા..હા...!

**'એકરૂપ કરતો,...'** એકરૂપ એટલે બે માન્યતા છે કે, આ પુણ્ય તે ઠીક છે અને અપુણ્ય તે અઠીક છે અથવા પુણ્ય શુભ છે અને પાપ અશુભ છે. એ બે-પણાને માનતો મિથ્યાદષ્ટિ (અને) જ્ઞાની બેને એકપણે જાણતો... આહા..હા...! બેય ભાવ એક જ બંધનના કારણ છે, બેય ઝેર છે, બન્ને દુઃખ છે. આહા..હા...! દયા, દાન, વ્રત, શીલ, તપને ઝેર કહેવું ! કેમકે અમૃતસાગર ભગવાન ! અમૃતનો દરિયો પ્રભુ, એનાથી (શુભ) ભાવ તે વિરુદ્ધ છે. ચાહે તો દયા, દાન, વ્રત, શીલ, તપ ગમે તે હો, પણ પ્રભુ અમૃતનો સાગર દરિયો ધ્રુવ એક જ મહાપ્રભુ છે. આ..હા..હા...! એનાથી આ પુણ્ય-પાપના બે ભાવ અમૃતથી વિરુદ્ધ છે માટે તેને ઝેર કહ્યાં છે. અર..ર..ર...!

આ કહે કે, પરની દયા પાળો તો ધર્મ છે. અહીં કહે છે કે, પરની દયા તો પાળી શકતો નથી પણ પરની દયાનો ભાવ છે તે રાગ અને ઝેર છે. આ વાત..! આકરું કામ છે, બાપુ ! આહા..હા...!

બેમાંથી **'એકરૂપ કરતો,...'** એકરૂપ કરતો એટલે પોતાની સાથે એકરૂપ કરતો (એમ) નહિ. પુણ્ય અને પાપ બન્ને એક જ જાત છે, બંધનું કારણ ઝેર છે. અજ્ઞાની બેને બે-રૂપે ભિન્ન જાણતો હતો તે જ્ઞાની બેને એકરૂપે – ઝેરનું, બંધનું કારણ એક જ પ્રકાર છે (એમ જાણે છે).

**'જેણે અત્યંત મોહરજને દૂર કરી છે...'** આમાં 'મોહરજ' શબ્દ છે પણ એનો અર્થ મોહભાવ – મિથ્યાત્વભાવ (છે). ભાઈમાં મોહરજનો અર્થ મિથ્યાત્વભાવ કર્યો છે. એક ગાથામાં શેઠ આવ્યા હતા ત્યારે (લીધી હતી). પેલામાં પણ આવે છે ને ? મોહરજ ! ઇ ભાવમોહ છે. ઈ તો નામ નથી આપ્યું, મૂળ તો ભાવમોહ છે. ભગવાનઆત્મા પૂર્ણાનંદના નાથને ભૂલી

અને પુણ્ય અને પાપને બેને બે તરીકે ભિન્ન ભિન્ન જાણે, એ મિથ્યાત્વભાવ છે. આહા..હા...!

નવ તત્ત્વ તરીકે ગણતા એના પુણ્ય અને પાપનું તત્ત્વ જુદું ગણ્યું. પણ એક ઠેકાણે પાછું કાઢી નાખ્યું. આસ્રવ ગણીને પુણ્ય-પાપ ન રાખ્યા. સાત તત્ત્વ કીધાં ને ત્યાં ? આહા..હા...! એને – એ પુણ્ય-પાપને બેને આસ્રવ ગણીને એક જ તત્ત્વ ગણ્યું. વ્યવહારે બેને જુદા પાડ્યા હતા. આહા..હા...! એ નિશ્ચયથી બે એક છે, આસ્રવ છે, બંધનું કારણ છે. આહા..હા...! હવે આમાં ક્યારે નિવૃત્તિ લેવી ! અરે..રે...! ચોરાશી લાખ અવતારમાં પરિભ્રમણ કરતો ક્યાંય એને વિશ્રામસ્થાન મળ્યું નહિ.

એ પોતે જ છે અંદર. તેનું માહાત્મ્ય – મહિમા, અને રાગથી જુદાપણાનું ભાન એણે ન કર્યું. આહા..હા...! બાકી બધું એણે ગમે તે કર્યું હોય, પાંચ-પચાસ લાખ ભેગા કર્યા હોય, બે-પાંચ કરોડની ધૂળ (ભેગી કરી હોય)... આહા..હા...! એનું શું ? એ તો દુર્ગતિનું કારણ છે. આહા..હા...!

'મુંબઈ'માં બેને જોયા, ભાઈ ! પેલો બે અબજ અને ચાલીસ કરોડવાળાનો દીકરો આવ્યો હતો. પણ ઈ પગે લાગીને એટલું બોલ્યો કે, 'મારા બાપુજીને આવવાનો ભાવ હતો.' એટલું બોલ્યો. ઠીક, કીધું. 'મારા બાપને આવવાનો ભાવ હતો' એટલું બોલ્યો. ઠીક કીધું. એ તો 'પોપટભાઈ' કહેતા. એના બનેવી પણ કહેતા કે, કોઈવાર પહેલા એવો વિચાર થયો હશે. એમ કે, આ બધા 'સોનગઢ' જાય છે, મારી બેન ત્યાં છે, મારો બનેવી ત્યાં છે. તો જોવા તો જઈએ. બે અબજ અને ચાલીસ કરોડ ! ધૂળમાં ગરી ગયેલા, મરી ગયેલા બિચારા ! આ..હા..હા...!

બીજો આ જોયો. વૈષ્ણવ ! 'મુંબઈ' તમારો શેઠ ! પચાસ કરોડ ! પચાસ કરોડ ! આવ્યો હતો. (પોતે) વૈષ્ણવ, ઘરે બૈરા છે એ જૈન છે. શ્વેતાંબર જૈન એટલે એને પ્રેમ છે. પગે લાગવા આવ્યો હતો. ભાઈ એમાં નોકર હતા ને – 'રામદાસ' !

મુમુક્ષુ :– ત્રણ વખત મળ્યા હતા.

ઉત્તર :– આવ્યા હતા, આવ્યા હતા. ફરીને આવ્યા હતા. પહેલા આવ્યા હતા પછી ઘરે લઈ ગયા, પાછા ફરીને આવ્યા હતા. (શ્રોતા : જન્મજયંતી વખતે...) જન્મજયંતી (વખતે આવેલા), ખબર છે, ખબર છે ને ! પચાસ કરોડ રૂપિયા ! 'પાટણ'ના વૈષ્ણવ (હતા). અરે...! કર્તા.. કર્તા.. કર્તા (માને). વૈષ્ણવ ખરા ને ? મેં તો એમ જ કહ્યું, તમે કર્તા કહો તો પછી 'નરસિંહ મહેતા' એમ કહે છે, 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્યો નહિ' ત્યાં એમણે એમ નથી કીધું કે, 'જ્યાં લગી ઈશ્વરને એણે જાણ્યા નહિ'

મુમુક્ષુ :– અમારામાં એમ છે ને, એમ એણે આપને જવાબ આપ્યો હતો.

ઉત્તર :– ઈ તો એને જરી આધાર દેવા માટે (કહ્યું). 'જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહિ' એમાં બે વાત નીકળી. એક તો ઈશ્વરને જાણ્યો નહિ એમ નથી કીધું તેમ જાણ્યું

છે એ આત્મા સિવાય બીજા તત્ત્વો છે, અસ્તિ છે. ત્યારે એમ કીધું ને (કે), 'જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહિ' બીજા તત્ત્વો છે. એટલે (એ) છે અને આત્મા છે એનો કોઈ કર્તા-ફર્તા છે નહિ.

મુમુક્ષુ :– છે એને કોણ કરે ?

ઉત્તર :– છે, એમ તો એમાંથી આવી ગયું. અને 'ગીતા'માં પણ એવું એક વાક્ય છે. આપણે જોવું છે. આપણે અહીં 'ગીતા' છે ને ! એમાં જોવું છે, એક એવો શ્લોક છે. નથી હું કર્તા, એવો એક શ્લોક છે. 'ना अहम् कर्ता' એવું કાંઈક છે. આહા..હા...! છે વસ્તુ. આહા..હા...! કોણ કરે ? છે એને કરે કોણ ? અને નથી એને કરે કોણ ? કરવું ઈ થાય – દ્રવ્યની પર્યાય. એ કરવું થાય. એ પણ પર્યાયરૂપે કરવું થાય. આહા..હા...! પલટે છે ને ! આહા..હા...!

અહીં કહે છે, **'જેણે અત્યંત મોહરજને દૂર કરી છે એવો આ (પ્રત્યક્ષ–અનુભવગોચર)...'** આ..હા..હા...! (**अयं अवबोध-सुधाप्लवः**) **'આ પ્રત્યક્ષ–અનુભવગોચર...'** એમ, જોયું ? (**अयं**) છે ને ? પ્રત્યક્ષ અવબોધ નામ જ્ઞાન. (**सुधाप्लवः**) નામ ચંદ્ર. આ..હા..હા...! **'જ્ઞાન-સુધાંશુ (સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા)...'** પ્રભુ અંદર છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– પુણ્યમાં ફસાઈ ગયા છે.

ઉત્તર :– ધૂળમાં.. પુણ્ય-પાપમાં એકલું દુઃખ છે.

અહીં સુધાંશું (એટલે) જેમ ચંદ્રમા નિર્મળ છે એમ ભગવાન જ્ઞાનસુધા ચંદ્રમા છે. આહા..હા..! લોગસ્સમાં પણ આવે છે ને ? 'ચંદેસુ નિમ્મલયરા'. લોગસ્સ કર્યું છે કે નહિ ? એના અર્થની પણ ખબર ન હોય. 'ચંદેસુ નિમ્મલયરા' (અર્થાત્) ચંદ્રથી પણ હે પ્રભુ ! આપ તો નિર્મળતર છો. એકલા નિર્મળાનંદ ચંદ્ર ! ચંદ્રનું નિર્મળપણું તો જડનું છે. આનું નિર્મળપણું ચૈતન્યનું છે. આ..હા...! 'આઈચ્ચેસુ અહિયં પયાસયરા' એ લોગસ્સમાં આવે છે (પણ) અર્થની પણ ખબર ન મળે. હાંકે રાખે... આદિત્ય નામ સૂર્ય, એનાથી અધિક. 'આઈચ્ચેસુ અહિયં પયાસયરા' એનાથી અધિક અનંતગુણો પ્રકાશ – ચૈતન્યમૂર્તિ ઝળહળ જ્યોતિ અંદર છે !! આ..હા..હા...!

'સાગરવરગંભીરા' સાગરમાં પ્રધાન સાગર મોટો જેમ સ્વયંભૂરમણ (છે), જેની ગંભીરતાનો પાર ન મળે. અસંખ્ય જોજનમાં (ફેલાયેલો) અને જેમાં નીચે રેતી ન મળે, એકલાં રત્ન ભર્યા છે. છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર. આખીરનો અસંખ્યમો. અસંખ્ય જોજનમાં હેઠે એકલા રત્ન ભર્યા છે અને પાણી અસંખ્ય જોજનમાં (છે). આહા..હા...! એવો 'સાગરવરગંભીરા' ! પ્રભુ ! તારા તળમાં અનંતા રત્નો ભર્યા છે, આહા..હા...! જેના અનંત રત્નની ગંભીરતાનો પાર ન મળે. અને સ્વયંભૂ (એટલે) એ બધું પોતાથી છે. એને કોઈએ કર્યો છે એમ છે નહિ. આહા..હા...!

એવો આ 'अयं' પ્રત્યક્ષ. 'अयं'નો અર્થ પ્રત્યક્ષ કર્યો – આ. અને 'अवबोध' નામ જ્ઞાન. 'सुधाप्लव' 'सुधाप्लव' **'સુધાંશુ (સમ્યગ્જ્ઞાનરૂપ ચંદ્રમા) સ્વયં ઉદય પામે છે.'** આ..હા..હા...! જેને કોઈ દયા, દાન ને રાગની મંદતાની, શુભતાની પણ કોઈ અપેક્ષા નથી. એમાં એ નથી, એનું એ સ્વરૂપ નથી પણ એની એને અપેક્ષા પણ નથી. સ્વયં ! આહા..હા...! 'सुधाप्लव' ચંદ્ર ! શાંતિ.. શાંતિ.. શાંતિ... એવો જે ચંદ્રમા, ભગવાન જ્ઞાનરૂપી ચંદ્રમા ! પુણ્ય-પાપને બેને જ્યાં એક તરીકે ભિન્ન જાણે છે, ત્યારે 'सुधाप्लव' પ્રગટ થાય છે. ત્યારે શુદ્ધ ચંદ્રમા ભગવાન નિર્મળ પ્રગટ થાય છે. આહા..હા...! પુણ્યના ભાવમાં 'ઠીક છે' એમ કરીને રોકાતો. વ્યવહારે ભેદ પાડ્યો. નવ તત્ત્વમાં ભેદ પાડ્યા ને ! નવ કીધા, પછી તો સાત કરીને કાઢી નાખ્યા. આહા..હા...! પણ વ્યવહારે એટલે અભૂતાર્થનયથી. આહા..હા...! ભૂતાર્થ સત્ય વસ્તુથી તો એ પ્રભુ જ્ઞાનચંદ્રમાં જે આ છે, જેમાં કોઈ પુણ્ય ને પાપની ગંધ નથી. આહા..હા...!

**'(પ્રત્યક્ષ–અનુભવગોચર) જ્ઞાન-સુધાંશુ સ્વયં ઉદય પામે છે.'** આહા..હા...! સ્વયં ઉદય પામે છે. એને એમ કે, રાગની કે કોઈ વ્યવહારની મંદતા મળી, વ્યવહાર રત્નત્રય હતો તો આ શુદ્ધ થયો, જણાણો એમ નથી. આ..હા..હા..! એવો સ્વતંત્ર પ્રભુ સ્વયં ઉદય પામે છે. આહા..હા...

**ભાવાર્થ :– 'અજ્ઞાનથી એક જ કર્મ બે પ્રકારનું દેખાતું હતું...'** પુણ્ય અને પાપ બેય એક જ જાતના છે. ભલે અહીં બંધનનું કર્મ લીધું છે પણ એના ભાવ(ની) પણ એક જ જાત છે. **'અજ્ઞાનથી એક જ કર્મ બે પ્રકારનું દેખાતું હતું તેને જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું.'** આ..હા..હા...! જ્યાં ચૈતન્યનું સમ્યક્જ્ઞાન થયું ત્યાં એ શુભ-અશુભ ભાવ બેય એક જ પ્રકારના બંધનના કારણ અને ઝેર છે, એમ જ્ઞાનમાં બેનું એકપણું જણાણું. બેનું બે-પણું અજ્ઞાનમાં ભિન્ન જણાતું હતું કે, પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે. આહા..હા...! એ **'જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું.'**

**'જ્ઞાનમાં મોહરૂપી રજ લાગી રહી હતી...'** આ..હા...! ભાવ ! મોહરૂપી મિથ્યા ભ્રમણા લાગી હતી **'તે દૂર કરવામાં આવી...'** આ..હા..હા...! **'ત્યારે યથાર્થ જ્ઞાન થયું; જેમ ચંદ્રને વાદળાં તથા ધુમ્મસનું પટલ આડું આવે...'** આહા..હા...! ચંદ્રને વાદળાં આડાં આવે કે ધુમ્મસના પટળ આડા આવે **'ત્યારે યથાર્થ પ્રકાશ થતો નથી પરંતુ આવરણ દૂર થતાં...'** ચંદ્ર તો ચંદ્રમાં જ છે.

**'આવરણ દૂર થતાં ચંદ્ર યથાર્થ પ્રકાશે છે, તેવી રીતે અહીં પણ જાણવું.'** ભગવાનઆત્મા પુણ્ય-પાપના વાદળામાં અટકી ગયો હતો. આહા..હા...! એ અંધારું હતું, આડું પટળ હતું, મોટો પડદો હતો. આ..હા...! શુભ અને અશુભ ભાવ બે અંધારું, પડદો હતો એને તોડી નાખ્યો. એ અજ્ઞાન અંધકાર એકરૂપ છે. મારી ચીજ જ્ઞાનસ્વરૂપ તો એનાથી ભિન્ન છે.

આમ જેણે આત્માને સમ્યગ્જ્ઞાનમાં, જ્ઞાનને જ્ઞાન તરીકે અને રાગને ભિન્ન તરીકે (જાણી લીધા). બન્ને એક જ જાત – ચાહે તો શુભ હો કે અશુભ હો. આહા..હા...!

(પટળ આડું આવે) **‘ત્યારે યથાર્થ પ્રકાશ થતો નથી પરંતુ આવરણ દૂર થતાં ચંદ્ર યથાર્થ પ્રકાશે છે, તેવી રીતે અહીં પણ જાણવું.’** લ્યો ! આ..હા..હા...! **‘હવે પુણ્ય-પાપના સ્વરૂપના દૃષ્ટાંતરૂપ કાવ્ય કહે છે :–’** હવે દૃષ્ટાંત દઈને સિદ્ધાંત કહે છે.

## શ્લોક–૧૦૧

(मन्दाक्रान्ता)

**एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-**
**दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव।**
**द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः**
**शूद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण।।१०१।।**

હવે પુણ્ય-પાપના સ્વરૂપના દૃષ્ટાંતરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– (શૂદ્રાણીના એકસાથે જન્મેલા બે પુત્રોમાંથી એક બ્રાહ્મણને ત્યાં ઊછર્યો અને બીજો શૂદ્રના ઘેર જ રહ્યો). (एकः) એક તો (ब्राह्मणत्व-अभिमानात्) ‘હું બ્રાહ્મણ છું’ એમ બ્રાહ્મણત્વના અભિમાનને લીધે (मदिरां) મદિરાને (दूरात्) દૂરથી જ (त्यजति) છોડે છે અર્થાત્ સ્પર્શતો પણ નથી; (अन्यः) બીજો (अहम् स्वयम् शूद्रः इति) ‘હું પોતે શૂદ્ર છું’ એમ માનીને (तथा एव) મદિરાથી જ (नित्यं) નિત્ય (स्नाति) સ્નાન કરે છે અર્થાત્ તેને પવિત્ર ગણે છે. (एतौ द्वौ अपि) આ બન્ને પુત્રો (शूद्रिकायाः उदरात् युगपत् निर्गतो) શૂદ્રાણીના ઉદરથી એકીસાથે જન્મ્યા છે તેથી (साक्षात् शूद्रौ) (પરમાર્થે) બન્ને સાક્ષાત્ શૂદ્ર છે, (अपि च) તોપણ (जातिभेद-भ्रमेण) જાતિભેદના ભ્રમ સહિત (चरतः) તેઓ પ્રવર્તે છે – આચરણ કરે છે. (આ પ્રમાણે પુણ્ય-પાપનું પણ જાણવું).

ભાવાર્થ :– પુણ્ય-પાપ બન્ને વિભાવપરિણતિથી ઊપજ્યાં હોવાથી બન્ને બંધરૂપ જ છે. વ્યવહારદૃષ્ટિએ ભ્રમને લીધે તેમની પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી, સારું અને ખરાબ – એમ બે પ્રકારે તેઓ દેખાય છે. પરમાર્થદૃષ્ટિ તો તેમને એકરૂપ જ, બંધરૂપ જ, ખરાબ જ જાણે છે. ૧૦૧.

## શ્લોક ૧૦૧ ઉપર પ્રવચન

**एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-**
**दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव।**
**द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः**
**शूद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण।।१०१।।**

આહા..હા...! **'(શૂદ્રાણીના એકીસાથે જન્મેલા બે પુત્રોમાંથી એક બ્રાહ્મને ત્યાં ઊછર્યો...)'** બ્રાહ્મણને (પુત્ર) નહોતો તો બ્રાહ્મણને આપ્યો તો એ ત્યાં ઊછર્યો. **'(અને બીજો શૂદ્રના ઘેર જ રહ્યો).'** પોતાને ઘરે (રહ્યો). **'એક તો...'** (ब्राह्मणत्व-अभिमानात्) આહા..હા...! શું આચાર્યની કથની ! **'હું બ્રાહ્મણ છું' એમ બ્રાહ્મણત્વના અભિમાનને લીધે મદિરાને દૂરથી જ છોડે છે...'** મદિરાને અડતો પણ નથી. આહા..હા...! **'સ્પર્શતો પણ નથી;...'**

**'બીજો...'** (अहम् स्वयम् शूद्रः इति) **'હું પોતે શૂદ્ર છું' 'એમ માનીને મદિરાથી જ નિત્ય સ્નાન કરે છે...'** એટલે કે હાથ-બાથ બધે દારૂ ચોટેલો હોય. **'તેને પવિત્ર ગણે છે.'** **(एतौ द्वौ अपि) 'આ બન્ને પુત્રો...'** (शूद्रिकायाः उदरात् युगपत् निर्गतो) **'શૂદ્રાણીના ઉદરથી એકીસાથે જન્મ્યા છે...'** આહા..હા...! **'શૂદ્રાણીના ઉદરથી એકીસાથે જન્મ્યા છે તેથી...'** **(साक्षात् शूद्रौ) '(પરમાર્થે) બન્ને સાક્ષાત્ શૂદ્ર છે,...'** બન્ને ચંડાળ જ છે, ભલે (એક) બ્રાહ્મણને ઘરે ઊછર્યો હોય. આ...હા...! **'તોપણ...'** (जातिभेद-भ्रमेण) **'જાતિભેદના ભ્રમ સહિત...'** (चरतः) **'તેઓ પ્રવર્તે છે – આચરણ કરે છે. (આ પ્રમાણે પુણ્ય-પાપનું પણ જાણવું).'** આહા..હા...! આચાર્યે એવું નાખ્યું છે !

પુણ્યભાવ કરે છે ને ! એને અભિમાન (થાય છે કે), હું પુણ્ય કરું છું, અમારે આ ખપે નહિ, અમારે આ ખપે નહિ. બ્રાહ્મણને ત્યાં ઊછર્યો (ઈ એમ કહે કે), આ ખપે નહિ. એમ આ પુણ્યના પરિણામવાળો, મિથ્યા અભિમાની (એમ કહે છે કે), અમારે વિષયકષાય ખપે નહિ, એ નહિ, આ ખપે નહિ... આહા..હા...! 'અભિમાન' શબ્દ લીધો હતો ને ? **'ब्राह्मणत्व-अभिमानात्'** એમ પુણ્યના પરિણામનો અભિમાની, પુણ્ય પરિણામ વ્રત ને તપ ને ભક્તિ કરનારો, એના અભિમાનમાં (એમ કહે કે), અમને આ પાપ ખપે નહિ, વિષયકષાય ખપે નહિ, સ્ત્રીનો સંગ ન ખપે. પણ છે તો એ ચંડાળનો દીકરો. પુણ્યના પરિણામ પણ છે તો વિભાવનો દીકરો. વિભાવરૂપી ચંડાળણી ! આ..હા..હા...! આકરું કામ આવું ! અત્યારે તો એકલી ધમાધમ (ચાલે છે). આ..હા..! વ્રત કરો ને અપવાસ કરો ને વર્ષીતપ કરો...

મુમુક્ષુ :– અત્યારે તો ઘણું સુધર્યું છે.

ઉત્તર :– બીજા જ્યાં છે ત્યાં તો એમ ને એમ જ પડ્યા છે. એવું ને એવું (છે). જ્યાં છે ત્યાં તો એવું ને એવું (છે), અને એથી પણ સવાયું થઈ ગયું. અહીં થયું એને લઈને ત્યાં વધારે જોર થયું. જ્યાં છે ત્યાં વધારે જોર પકડાણું છે. આપણે બરાબર કરવું જોઈએ, આ કરવું જોઈએ...

મુમુક્ષુ :– વ્યવહારના કામ કરવા જોઈએ.

ઉત્તર :– હા, વ્યવહાર પણ વસ્તુ છે કે નહિ ? વ્યવહાર વિના નિશ્ચય થાય ? (એમ કરીને) જોર પકડે છે. આહા..હા...!

**ભાવાર્થ :– 'પુણ્ય-પાપ બન્ને વિભાવપરિણતિથી ઊપજ્યાં હોવાથી બન્ને બંધરૂપ જ છે, વ્યવહારદૃષ્ટિએ ભ્રમને લીધે...'** જોયું ? **'વ્યવહારદૃષ્ટિએ ભ્રમને લીધે તેમની પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી, સારું અને ખરાબ – એમ બે પ્રકારે તેઓ દેખાય છે.'** આહા..હા...! દુકાન છોડી, ધંધા છોડી, બાયડી-છોકરા છોડી ત્યાગી થયો છે. આ..હા..હા...! એને ભલું માને. પણ એ બધો ભાવ જે છે એ પુણ્ય છે એ પણ ઈ જાતનું છે. આકરું કામ ! બહારનો ત્યાગ દેખીને (એમ દેખે કે), 'આ ત્યાગી છે, ભાઈ ધંધો કરતા નથી, છોકરા નથી, બાયડી-છોકરા કાંઈ નથી...' આહા..હા...!

**'પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી, સારું અને ખરાબ–એમ બે પ્રકારે તેઓ દેખાય છે,...'** આ..હા...! **'પરમાર્થદૃષ્ટિ તો તેમને એકરૂપ જ, બંધરૂપ જ,..'** (દેખે) છે. એકરૂપ છે, બંધરૂપ છે, **'ખરાબ જ જાણે છે.'** ત્રણ બોલ લીધા. આ..હા..હા...! શુભ અને અશુભ ભાવ બેય એકરૂપ છે, બેય બંધરૂપ જ છે અને જ્ઞાની બેય ખરાબ જ જાણે છે. બેમાં એકેયને સારા જાણતો નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**આત્મા અપને દ્રવ્ય સે પર્યાય કો છૂતા નહિ ઔર પર્યાય વો દ્રવ્ય કો છૂતી નહિ. આત્મા પર કો તો છૂતા નહિ પર્યાય કો ભી છૂતા નહિ. જ્ઞાન કી પર્યાય જો રાગ કો જાનતી હૈ વો રાગ કો છૂએ બિના ઉસકા જ્ઞાન કરતી હૈ ઔર જો દ્રવ્ય કો જાનતી હૈ વો દ્રવ્ય કો છૂએ બિના દ્રવ્ય કા જ્ઞાન કરતી હૈ. રાગ હૈ તો જાનતી હૈ યા દ્રવ્ય કા અસ્તિત્વ હૈ તો પર્યાય મેં ઉસકા જ્ઞાન હુઆ ઐસા હૈ નહિ. એક સમય કી પર્યાય કી ઈતની તાકાત હૈ કી વો સબ જાન લેતી હૈ.**

**– પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ, નવેમ્બર–૨૦૦૬**

## ગાથા-૧૪૫

कम्ममसुहं कुसीलं सुहकम्मं चावि जाणह सुसीलं।
कह तं होदि सुसीलं जं संसारं पवेसेदि।।१४५।।

कर्म अशुभं कुशीलं शुभकर्म चापि जानीथ सुशीलम्।
कथं तद्भवति सुशीलं यत्संसारं प्रवेशयति।।१४५।।

शुभाशुभजीवपरिणामनिमित्तत्वे सति कारणभेदात्, शुभाशुभपुद्गलपरिणाममयत्वे सति स्वभावभेदात्, शुभाशुभफलपाकत्वे सत्यनुभवभेदात्, शुभाशुभमोक्षबन्धमार्गाश्रितत्वे सत्याश्रयभेदात्, चैकमपि कर्म किञ्चिच्छुभं किञ्चिदशुभमिति केषाञ्चित्किल पक्षः। स तु सप्रतिपक्षः। तथाहि- शुभोऽशुभो वा जीवपरिणामः केवलाज्ञानमयत्वादेकः, तदेकत्वे सति कारणाभेदात् एकं कर्म। शुभोऽशुभो वा पुद्गलपरिणामः केवलपुद्गलमयत्वादेकः, तदेकत्वे सति स्वभावाभेदादेकं कर्म। शुभोऽशुभो वा फलपाकः केवलपुद्गलमयत्वादेकः, तदेकत्वे सत्यनुभावाभेदादेकं कर्म। शुभाशुभौ मोक्षबन्धमार्गौ तु प्रत्येकं केवलजीवपुद्गलमयत्वादनेकौ, तदनेकत्वे सत्यपि केवल-पुद्गलमयबन्धमार्गाश्रितत्वेनाश्रयाभेदादेकं कर्म।

---

હવે શુભાશુભ કર્મના સ્વભાવનું વર્ણન ગાથામાં કરે છે :–

છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભકર્મને !
તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે ? ૧૪૫.

ગાથાર્થ :– [अशुभं कर्म] અશુભ કર્મ [कुशील] કુશીલ છે (–ખરાબ છે) [अपि च] અને [शुभकर्म] શુભ કર્મ [सुशीलम्] સુશીલ છે (–સારું છે) એમ [जानीथ] તમે જાણો છો ! [तत्] તે [सुशीलं] સુશીલ [कथं] કેમ [भवति] હોય [यत्] કે જે [संसारं] (જીવને) સંસારમાં [प्रवेशयति] પ્રવેશ કરાવે છે ?

ટીકા :– કોઈ કર્મને શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી અને કોઈ કર્મને અશુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી કર્મના કારણમાં ભેદ–તફાવત છે (અર્થાત્ કારણ જુદાં જુદાં છે); કોઈ કર્મ શુભ પુદ્‌ગલપરિણામમય અને કોઈ કર્મ અશુભ પુદ્‌ગલપરિણામમય હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ છે, કોઈ કર્મનો શુભ ફળરૂપે અને કોઈ કર્મનો અશુભ ફળરૂપે વિપાક થતો હોવાથી કર્મના અનુભવમાં (–સ્વાદમાં) ભેદ છે, કોઈ કર્મ શુભ (સારા) એવા મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી અને કોઈ કર્મ અશુભ (ખરાબ) એવા બંધમાર્ગને આશ્રિત હોવાથી કર્મના

આશ્રયમાં ભેદ છે. માટે–જોકે (પરમાર્થે) કર્મ એક જ છે તોપણ–કેટલાકનો એવો પક્ષ છે કે કોઈ કર્મ શુભ છે અને કોઈ કર્મ અશુભ છે. પરંતુ તે (પક્ષ) પ્રતિપક્ષ સહિત છે. તે પ્રતિપક્ષ (અર્થાત્ વ્યવહારપક્ષનો નિષેધ કરનાર નિશ્ચયપક્ષ) આ પ્રમાણે છે :–

શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના કારણમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે. શુભ કે અશુભ પુદ્ગલ પરિણામ કેવળ પુદ્ગલમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે. શુભ કે અશુભ ફળરૂપે થતો વિપાક કેવળ પુદ્ગલમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના અનુભવમાં (–સ્વાદમાં) ભેદ નથી; માટે કર્મ એક જ છે. શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી અને અશુભ (ખરાબ) એવો બંધમાર્ગ તો કેવળ પુદ્ગલમય હોવાથી તેઓ અનેક (–જુદાં જુદાં, બે) છે; તેઓ અનેક હોવા છતાં કર્મ તો કેવળ પુદ્ગલમય એવા બંધમાર્ગને જ આશ્રિત હોવાથી કર્મના આશ્રયમાં ભેદ નથીઃ માટે કર્મ એક જ છે.

ભાવાર્થ :– કોઈ કર્મ તો અરહંતાદિમાં ભક્તિ-અનુરાગ, જીવો પ્રત્યે અનુકંપાના પરિણામ, મંદ કષાયથી ચિત્તની ઉજ્જવળતા ઇત્યાદિ શુભ પરિણામોના નિમિત્તે થાય છે અને કોઈ કર્મ તીવ્ર ક્રોધાદિક અશુભ લેશ્યા, નિર્દયપણું, વિષયાસક્તિ, દેવ-ગુરુ- આદિ પૂજ્ય પુરુષો પ્રત્યે વિનયભાવે ન પ્રવર્તવું ઇત્યાદિ અશુભ પરિણામોના નિમિત્તથી થાય છે; આમ હેતુનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે, શાતાવેદનીય, શુભ-આયુ, શુભનામ અને શુભગોત્ર–એ કર્મોના પરિણામ (–પ્રકૃતિ વગેરે)માં તથા ચાર ઘાતિકર્મો, અશાતાવેદનીય, અશુભ-આયુ, અશુભનામ, અશુભગોત્ર–એ કર્મોના પરિણામ (–પ્રકૃતિ વગેરે)માં ભેદ છે; આમ સ્વભાવનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે. કોઈ કર્મના ફળનો અનુભવ સુખરૂપ છે અને કોઈ કર્મના ફળનો અનુભવ દુઃખરૂપ છે, આમ અનુભવનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે. કોઈ કર્મ મોક્ષમાર્ગને આશ્રિત છે (અર્થાત્ મોક્ષમાર્ગમાં બંધાય છે) અને કોઈ કર્મ બંધમાર્ગના આશ્રયે છે; આમ આશ્રયનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે. આ પ્રમાણે હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય – એ ચાર પ્રકારે કર્મમાં ભેદ હોવાથી કોઈ કર્મ શુભ છે અને કોઈ અશુભ છે એમ કેટલાકનો પક્ષ છે.

હવે એ ભેદપક્ષનો નિષેધ કરવામાં આવે છે :– જીવના શુભ અને અશુભ પરિણામ બન્ને અજ્ઞાનમય છે તેથી કર્મનો હેતુ એક અજ્ઞાન જ છે; માટે કર્મ એક જ છે. શુભ અને અશુભ પુદ્ગલપરિણામો બન્ને પુદ્ગલમય જ છે તેથી કર્મનો સ્વભાવ એક પુદ્ગલપરિણામરૂપ જ છે; માટે કર્મ એક જ છે. સુખરૂપ અને દુઃખરૂપ અનભવ બન્ને પુદ્ગલમય જ છે તેથી કર્મનો અનુભવ એક પુદ્ગલમય જ છે; માટે કર્મ એક જ છે. મોક્ષમાર્ગ અને બંધમાર્ગમાં, મોક્ષમાર્ગ તો કેવળ જીવના પરિણામમય જ છે અને બંધમાર્ગ કેવળ પુદ્ગલના

**પરિણામમય જ છે તેથી કર્મનો આશ્રય કેવળ બંધમાર્ગ જ છે (અર્થાત્ કર્મ એક બંધમાર્ગના આશ્રયે જ થાય છે–મોક્ષમાર્ગમાં થતાં નથી); માટે કર્મ એક જ છે.**

**આ પ્રમાણે કર્મના શુભાશુભ ભેદના પક્ષને ગૌણ કરી તેનો નિષેધ કર્યો; કારણ કે અહીં અભેદપક્ષ પ્રધાન છે, અને અભેદપક્ષથી જોવામાં આવે તો કર્મ એક જ છે – બે નથી.**

---

**પ્રવચન નં. ૨૨૯ ગાથા–૧૪૫** ગુરુવાર, વૈશાખ વદ ૬, તા. ૧૭-૦૫-૧૯૭૯

---

('સમયસાર') 'પુણ્ય-પાપ અધિકાર'(ની) પહેલી ગાથા – ૧૪૫.

**कम्ममसुहं कुसीलं सुहकम्मं चावि जाणह सुसीलं।**
**कह तं होदि सुसीलं जं संसारं पवेसेदि।।१४५।।**
**છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભકર્મને !**
**તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે ? ૧૪૫.**

આ ગાથામાં શુભાશુભ કર્મના સ્વભાવનું વર્ણન (કરવામાં આવે છે). શુભાશુભ કર્મનું વર્ણન, એમ છે હોં ! ભાવનો પાઠ નથી. તેથી કેટલાક લોકો કહે છે ને ! ઈ તો કર્મની વાત છે. પણ 'અમૃતચંદ્રાચાર્યદેવ' એમાંથી ચાર બોલ કાઢશે.

**ટીકા :–** 'કોઈ...' વ્યવહારના પક્ષવાળા '**કર્મને શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી...**' શું કીધું ? જે કર્મબંધન થાય એને '**શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી અને કોઈ કર્મને અશુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી કર્મના કારણમાં ભેદ–તફાવત છે...**' એમ વ્યવહારનયવાળાનો એક પક્ષ છે. આ..હા...! '**(અર્થાત્ કારણ જુદાં જુદાં છે),...**' પુણ્ય બંધાય એમાં શુભભાવ હોય છે અને પાપ બંધાય એમાં અશુભભાવ હોય છે. એટલે અજ્ઞાની વ્યવહારનયવાળા (એમ કહે છે કે), બે બંધના કારણમાં બે ભેદ છે. માટે બે ચીજ જુદી છે, એમ વ્યવહારવાળાનો પક્ષ છે.

'**કોઈ કર્મ શુભ પુદ્‌ગલપરિણામમય...**' એના પરિણામની પહેલી વાત કરી કે, પુણ્ય બંધાય છે તેમાં શુભભાવ નિમિત્ત છે. પાપ બંધાય એમાં અશુભ(ભાવ) નિમિત્ત છે તો પરિણામમાં ભેદ છે, એમ વ્યવહારનયવાળાનો પક્ષ છે. અહીંયાં એ કહે (છે) કે, '**કોઈ કર્મ શુભ પુદ્‌ગલપરિણામમય...**' હવે બંધનની વાત થઈ. પેલા પરિણામની વાત હતી. '**કોઈ કર્મ શુભ પુદ્‌ગલપરિણામમય અને કોઈ કર્મ અશુભ પુદ્‌ગલપરિણામમય હોવાથી...**' એમ કે બંધનમાં ફેર છે. કોઈ શુભ પુદ્‌ગલકર્મ બંધાય અને કોઈમાં અશુભ છે. આહા..હા...! માટે ભેદ છે.

એમ વ્યવહારનયવાળાનો પક્ષ છે. આ..હા...! એથી કર્મબંધનના **'સ્વભાવમાં ભેદ છે;...'** એમ. એક શાતા બંધાય છે, એકમાં અશાતા બંધાય છે. માટે કર્મના સ્વભાવમાં બંધમાં ફેર છે. એમ વ્યવહારનયવાળાનો પક્ષ છે.

**'કોઈ કર્મનો શુભ ફળરૂપે અને કોઈ કર્મનો અશુભ ફળરૂપે વિપાક થતો હોવાથી...'** આહા..હા...! **'કર્મના અનુભવમાં (–સ્વાદમાં) ભેદ છે;...'** (અર્થાત્) કર્મના ફળના સ્વાદમાં ભેદ છે. શાતાવેદનીયથી મળેલી ચીજ, એનો સ્વાદ બીજો હોય છે, શુભ ફળ છે. અશાતાના ઉદયથી રોગાદિ આવે, એના ફળમાં (સ્વાદ બીજો હોય છે). આ..હા...! પેલામાં (–શુભભાવનું) શુભ ફળ છે અને પેલામાં (–અશુભભાવનું) અશુભ ફળ – વિપાક છે. તો ફળમાં ફેર છે. બંધનના કારણમાં ફેર છે, બંધનના પુદ્‌ગલપરિણામના સ્વભાવમાં ફેર છે અને તેના ફળમાં ફેર છે. એમ વ્યવહારનયના પક્ષવાળાએ ત્રણ વાત કરી.

(હવે) વ્યવહારવાળાનો ચોથો પક્ષ (કહે છે). **'કોઈ કર્મ શુભ (સારા) એવા મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી અને કોઈ કર્મ અશુભ (ખરાબ) એવા બંધમાર્ગને આશ્રિત હોવાથી કર્મના આશ્રયમાં ભેદ છે. માટે—જોકે (પરમાર્થે) કર્મ એક જ છે તોપણ...'** પરમાર્થે કર્મ એક જ છે. આ શુભ એવા મોક્ષમાર્ગને આશ્રિત છે ને ! ત્યાં આગળ 'મોક્ષમાર્ગને આશ્રિત'નો અર્થ 'ફૂલચંદજી' એવો કરે છે. અહીં એ નથી (કહેવું).

**'(પરમાર્થે) કર્મ એક જ છે તોપણ—કેટલાકનો એવો પક્ષ છે કે કોઈ કર્મ શુભ છે અને કોઈ કર્મ અશુભ છે.પરંતુ તે (પક્ષ) પ્રતિપક્ષ સહિત છે.'** (એટલે કે) તે પક્ષનો વિરોધપક્ષ છે. નિશ્ચય છે એ વ્યવહારનો વિરોધપક્ષ છે. આહા..હા...! **'તે પ્રતિપક્ષ (અર્થાત્ વ્યવહારપક્ષનો નિષેધ કરનાર નિશ્ચયપક્ષ) આ પ્રમાણે છે :–'** આ..હા..હા...!

**'શુભ કે અશુભ જીવપરિણામ...'** પેલો કહેતો હતો કે, બંધનના પરિણામમાં ફેર છે. એકમાં શુભપરિણામ છે અને એકમાં અશુભ(પરિણામ) છે. એના ઉત્તરમાં નિશ્ચયથી (એવો પ્રતિપક્ષ રજુ કરે છે કે), **'શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી એક (જ) છે;...'** આ..હા..હા...! ચાહે તો શુભ હો કે અશુભ હો, એ અજ્ઞાન છે. એટલે કે એમાં જ્ઞાનસ્વભાવનો અંશ નથી. આ..હા...! ચૈતન્ય સ્વભાવ છે. શુભ-અશુભભાવમાં જ્ઞાનસ્વરૂપી ભગવાન, એના અંશનો એમાં અભાવ છે. એથી તે અજ્ઞાન છે. શુભ-અશુભ બેય પરિણામ અજ્ઞાન છે. આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પણ અજ્ઞાન છે, કહે છે. હમણાં કહેશે. કારણ કે એમાં જ્ઞાનસ્વરૂપ પ્રભુ ! જે જ્ઞાયકસ્વભાવ તત્ત્વ ! એનો એમાં અભાવ છે. એની જે જ્ઞાનની નિર્મળ પર્યાય જોઈએ એ એમાં (–શુભ-અશુભભાવમાં) નથી. એથી એ અજ્ઞાન છે. શુભ-અશુભ બેય પરિણામ અજ્ઞાન છે. અજ્ઞાન છે એટલે મિથ્યાત્વ છે એમ નહિ. એ તો વળી એને પોતાના માને તો મિથ્યાત્વ (છે) પણ એ પોતે અજ્ઞાન છે. (એટલે કે) એમાં જ્ઞાનસ્વરૂપનો – ચૈતન્યસ્વરૂપનો અભાવ છે. આહા..હા...!

**'તે એક જ હોવાથી કર્મના કારણમાં ભેદ નથી;...'** તેં કારણમાં પરિણામ-ભેદ કહ્યો પણ અમે કહીએ છીએ કે, બેય પરિણામ એક (છે), અજ્ઞાન છે એમાં કાંઈ ભેદ નથી. આહા..હા...! બંધના કારણમાં શુભ-અશુભ બેય પરિણામ જીવના ચૈતન્યસ્વભાવથી વિરુદ્ધ હોવાથી તે અજ્ઞાન છે. તેથી પરિણામમાં તું ફેર માને છો એમ નથી. બેય અજ્ઞાન છે. આ..હા...! પાછું **'અજ્ઞાનમય'** કહ્યું છે હોં !

ભગવાન જ્ઞાનમય પ્રભુ છે ત્યારે શુભાશુભ પરિણામ અજ્ઞાનમય છે. કારણ કે એની જાતથી તે વિરુદ્ધ જાત છે. આહા..હા...! **'માટે કર્મ એક જ છે. શુભ કે અશુભ પુદ્ગલપરિણામ કેવળ પુદ્ગલમય હોવાથી...'** તું કહે છે કે, એક પુદ્ગલ શાતાવેદનીયનો સ્વભાવ (છે) અને અશાતા(વેદનીય) આદિનો સ્વભાવ (એ બેમાં) ભેદ છે. તો અમે કહીએ છીએ કે, **'શુભ કે અશુભ પુદ્ગલપરિણામ...'** બેય **'કેવળ પુદ્ગલમય હોવાથી...'** ભલે શાતા બંધાણું કે અશાતા બંધાણું. આ..હા..હા...! **'પુદ્ગલમય હોવાથી (તે) એક (જ) છે;...'** ઈ કોની વાત થઈ ? બંધનની. પહેલાં બંધનના કારણની વાત હતી. (વ્યવહાના પક્ષવાળાએ એમ કહ્યું કે), બંધનના કારણમાં ફેર છે. ત્યારે આ (આચાર્ય મહારાજ) કહે કે, બેયમાં ફેર નથી, બેય અજ્ઞાન છે. ત્યારે પેલાએ એમ કહ્યું કે, પુદ્ગલના બંધનમાં ફેર છે. એકમાં શાતા બંધાય અને એકમાં અશાતા (બંધાય). પુદ્ગલનો સ્વભાવ જુદી જાત છે. એકમાં જશકીર્તિ બંધાય, એકમાં અપજશકીર્તિ બંધાય. આહા..હા...! એના પુદ્ગલના સ્વભાવમાં ફેર છે. એમ વ્યવહારનયવાળાનો પક્ષ હતો એને અહીં તોડ્યો છે.

**'શુભ કે અશુભ પુદ્ગલપરિણામ કેવળ પુદ્ગલમય હોવાથી એક (જ) છે;...'** આ..હા..હા...! **'તે એક હોવાથી...'** બંધન હોં ! **'કર્મના સ્વભાવમાં ભેદ નથી;...'** માટે કર્મના સ્વભાવમાં ભેદ (નથી). પુદ્ગલમય છે માટે કર્મના સ્વભાવમાં ભેદ નથી. ચાહે તો શાતા બંધાય કે અશાતા બંધાય, જશકીર્તિ બંધાય કે અપજશકીર્તિ બંધાય, મનુષ્યગતિ બંધાય કે ઢોરગતિ બંધાય કે દેવગતિ બંધાય. આ..હા...! પણ (જે) બંધાય છે એ પુદ્ગલમય છે. આ..હા..હા...! એમાં ચૈતન્યની જાત ક્યાંક આવી નથી. માટે પુદ્ગલના સ્વભાવમાં તું ભેદ કહે છે એમ નથી. બેય પુદ્ગલમય છે માટે પુદ્ગલનો સ્વભાવ છે. આહા..હા...! **'તે એક હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે.'**

ચોથું. **'શુભ કે અશુભ ફળરૂપે થતો વિપાક કેવળ પુદ્ગલમય હોવાથી...'** તું કહે છે કે, શુભનું ફળ આવે આમ શાતાવેદનીયના સંયોગો, પૈસા-લક્ષ્મી, શરીરાદિ. અશાતાના ઉદયમાં રોગાદિ (આવે). પણ એ બધું પુદ્ગલમય કર્મ હોવાથી કેવળ **'એક (જ) છે;...'** શુભ-અશુભના ફળરૂપે થતો ઈ બધો વિપાક કેવળ પુદ્ગલમય છે. આ..હા..હા...! ચાહે તો રોગ હોય કે ચાહે તો નીરોગ હો, એ બધું પુદ્ગલમય છે. એના ફળમાં તને ફેર દેખાતો હોય (તો કહે છે કે) એના ફળમાં ફેર નથી. આ..હા..હા...!

**'તે એક હોવાથી કર્મના અનુભવમાં (–સ્વાદમાં) ભેદ નથી;...'** શાતાવેદનીયમાં સુખનું વેદન આવે, અશાતમાં દુઃખનું (વેદન) આવે એમ અજ્ઞાની કહે છે. અહીં કહે છે કે, બેયનો સ્વાદ ભૂંડો છે, ખોટો છે. સ્વાદમાં ભેદ નથી. આહા..હા...! શાતાવેદનીયને લઈને મળેલી લક્ષ્મી – કરોડો, અબજો રૂપિયા અને અશાતાને લઈને મળેલી નિર્ધનતા, દરિદ્રતા, રોગ ઈ ફળમાં ફેર છે ને ! એમ અજ્ઞાનીનો પક્ષ છે. આહા..હા...! (તો કહે છે કે), ફળમાં જરીયે ફેર નથી, ઈ બેય પુદ્‌ગલની વાતું છે બધી. આહા..હા...! **'(–સ્વાદમાં) ભેદ નથી; માટે કર્મ એક જ છે.'**

**'શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી...'** આમાં **'શુભ (સારો) એવો મોક્ષમાર્ગ...'** અહીં **'શુભ'** શબ્દે શુદ્ધ. શુભ એટલે સારો. સારો એટલે શુદ્ધ એમ ત્યાં અર્થ લેવો. **'શુભ (સારો) એવો મોક્ષમાર્ગ...'** કેમકે પુણ્ય અને પાપના બેય ભાવ અશુભ છે અને આ મોક્ષમાર્ગ છે તે શુભ છે, આ શુભ છે. પેલા શુભાશુભ બેય પરિણામ તો અશુભ છે. આહા..હા..! ત્યારે મોક્ષનો માર્ગ તે શુભ છે. શુભ છે એટલે સારો છે. સારો છે એટલે શુભાશુભ ભાવથી રહિત છે. આહા..હા...! આહા..હા...! એમ **'મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી...'** એમ લીધું છે ને ! આમાં ક્યાં (શુભભાવને મોક્ષમાર્ગ કહ્યો છે ?) શુભરાગને (મોક્ષમાર્ગ) કહે તો ત્યાં (તો એને) અજ્ઞાન કીધું છે. જો શુભનો અર્થ ત્યાં શુભભાવ (હોય તો) મોક્ષમાર્ગ કેવળ જીવમય (છે) એ વાત મળતી નથી. આહા..હા...! માણસને પકડ થઈ જાય પછી ફરવું કઠણ પડે, આકરું પડે છે.

અહીં તો કહે છે કે, શુભ એટલે કે નિશ્ચય જે મોક્ષમાર્ગ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અવલંબે થાય તેને અહીંયાં શુભ કહેવામાં આવે છે. તેને જ ભલો કહેવામાં આવે છે. શુભ અને અશુભ બેય પરિણામ તે ભલાં નથી, ભુંડા છે. આહા..હા...! આ..હા..હા...!

હવે પેલા લોકો ટીકા કરે છે, એમ કે તમે પુણ્યને વિષ્ટા (કહીને) હલકી ઉપમા આપી દીધી. 'ઉત્તરાધ્યયન'નું પહેલું અધ્યયન છે ને ! એમાં બોલ છે ઈ આવી ગયો હતો. તદ્દન હલકી ઉપમા આપી છે. અહીં તો કહે છે કે, ઝેર છે ને અજ્ઞાન છે. શુભ અને અશુભ ભાવ બેય અજ્ઞાન છે. અને મોક્ષમાર્ગમાં તો કહે છે કે, ઝેર છે, ભલો નથી. શુભ-અશુભ ભાવ બેય ભલાં નથી. ભલો તો એક આત્માનો શુદ્ધ મોક્ષમાર્ગ (છે તે ભલો છે).

આત્મા ચિદાનંદ પ્રભુ ! એને આશ્રયે નિશ્ચય મોક્ષમાર્ગ (પ્રગટે). નિશ્ચય કેમ (કહ્યું) ? કે, પેલા રાગની અપેક્ષાએ (કહ્યું). બાકી પર્યાય અપેક્ષાએ તેને વ્યવહાર કહેવાય છે. આહા..હા...! પણ પર્યાયની અપેક્ષાએ જે વ્યવહાર કહેવાય છે તે રાગની અપેક્ષાએ નિશ્ચય છે. તે અહીં ભલો કીધો છે. ભલો અહીં શુભભાવને ભલો કીધો છે એમ નથી. આહા..હા...!

મુમુક્ષુ :– જે સંસારમાં દાખલ કરે એને ભલો કહેવાય કેમ ?

ઉત્તર :– પણ સંસારમાં રખડે એને (ભલો) કેમ કહેવાય ? એના માટે તો ગાથા છે. **'कथं तद्भवति सुशीलं यत्संसारं प्रवेशयति।'** એનો તો આ અર્થ છે. આહા..હા...! જેનાથી ભવ મળે એને સારો કેમ કહેવાય ? આહા..હા...! સારો તો મોક્ષનો માર્ગ (છે) કે જેનાથી મોક્ષ થાય તેને સારો ને ભલો ને શુભ કહેવામાં આવે. શુભ એ છે. મોક્ષ જે ત્રિકાળી કેવળજ્ઞાન એ જેનાથી પ્રાપ્ત થાય એવો નિશ્ચય મોક્ષમાર્ગ તે શુભ છે. બાકી શુભાશુભ પરિણામ તે બેય અશુભ અને અજ્ઞાન છે. આહા..હા...! આમાં આવી તો ચોખવટ પડી છે. માણસને પક્ષ થઈ જાય છે ને ! અને એકવાર, બે વાર બોલાઈ ગયું હોય પછી માળું ફરવું મુશ્કેલ પડે. એમ નહિ કે, ભઈ ! મારી ભૂલ થઈ હતી, એમાં શું છે.

શુભ એટલે મોક્ષમાર્ગ. અહીં શુભ એટલે પુણ્યને મોક્ષમાર્ગ વ્યવહાર (કહેવો છે) એમ નહિ. શુભ એટલે એ શુભ(ભાવરૂપ) વ્યવહાર મોક્ષમાર્ગ તે નહિ. અહીંયા તો શુભ એટલે નિશ્ચય મોક્ષમાર્ગ, જે નિશ્ચય વીતરાગી પર્યાય (પ્રગટી તે શુભ). જે જિનસ્વરૂપી પ્રભુ ! એને આશ્રયે થયેલી જિનદશા તે વીતરાગીદશા તે મોક્ષમાર્ગ (છે), તેને અહીં શુભ કહેવામાં આવે છે. આહા..હા...! તેને અહીંયાં ભલો કહેવામાં આવે છે. તેને અહીંયાં સારો કહેવામાં આવે છે. સામે છે ને ! પાઠ સામે પડ્યો છે ને ! આહા..હા...!

**'અને અશુભ (ખરાબ) એવો બંધમાર્ગ...'** દેખો ! શુભ-અશુભ બન્ને ભાવ અશુભ છે. આહા..હા...! વ્રત, અવ્રતના પરિણામ, દયા, દાનના પરિણામ, પ્રભુની ભક્તિના પરિણામ... આહા..હા...! કહે છે કે, એ બેય અશુભ છે. **'અશુભ (ખરાબ) એવો બંધમાર્ગ તો કેવળ પુદ્ગલમય હોવાથી...'** આ..હા..હા...! બંધમાર્ગ તો કેવળ પુદ્ગલમય હોવાથી. મોક્ષમાર્ગ કેવળ જીવમય હોવાથી. એમ એની સામે લેવું. મોક્ષમાર્ગ કેવળ જીવમય હોવાથી. એકલો આનંદનો સાગર પ્રભુ ! એની નિર્મળ દશા એ કેવળ જીવમય છે. એમાં પુદ્ગલનો કોઈ અંશ નથી. આહા..હા...! અને બંધમાર્ગ તો કેવળ પુદ્ગલમય હોવાથી. બંધમાર્ગ એકલો પુદ્ગલમય છે. આહા..હા...! આવું છે.

**'તેઓ અનેક (–જુદાં જુદાં, બે) છે;...'** જુદાં જુદાં બે છે. મોક્ષમાર્ગ ભલો, એક, જીવમય (છે) અને પુદ્ગલમય બંધમાર્ગ બીજો. એમ બે છે. બેય એક નથી, એમ (કહે છે). આહા..હા...! શું કહ્યું ? સારો એવો મોક્ષમાર્ગ કેવળ જીવમય હોવાથી (અર્થાત્) શુદ્ધ ચૈતન્યની પરિણતિ નિર્મળ હોવાથી તે ભલો અને સારો કહેવામાં આવે છે અને શુભ કહેવામાં આવે છે. અને જે બંધમાર્ગ છે તે કેવળ પુદ્ગલમય હોવાથી. આ..હા..હા..હા...! એ શુભાશુભ પરિણામ કેવળ બંધમાર્ગ, કેવળ પુદ્ગલમય હોવાથી. શુભાશુભ પરિણામ હોં ! એ કેવળ પુદ્ગલમય હોવાથી. આહા..હા...!

દયા, દાન, વ્રત, ભક્તિ(ના) પરિણામ હો કે હિંસા, જૂઠું, ચોરી આદિના પરિણામ હો, બેય બંધમાર્ગ તો કેવળ પુદ્ગલમય હોવાથી. આહા..હા...! **'તેઓ અનેક (–જુદાં જુદાં, બે)**

**છે;...'** એટલે કે સારો એવો મોક્ષમાર્ગ અને ખરાબ એવો બંધમાર્ગ. સારો એવો મોક્ષમાર્ગ જીવમય (અને) ખરાબ એવો બંધમાર્ગ અજીવ – પુદ્‌ગલમય. એમ બે છે. બેમાં આ એક ઠીક અને એક અઠીક એવા ભાગ નથી. આહા..હા...!

**'તેઓ અનેક હોવા છતાં કર્મ તો કેવળ પુદ્‌ગલમય એવા બંધમાર્ગને જ આશ્રિત હોવાથી...'** દેખો ! **'અનેક હોવા છતાં કર્મ તો કેવળ પુદ્‌ગલમય એવા બંધમાર્ગને જ આશ્રિત...'** છે. મોક્ષમાર્ગને આશ્રિત જરીયે અંશે રાગ કે બંધ નથી. આહા..હા...! **'અનેક હોવા છતાં...'** એ અનેક એટલે (શું) ? જીવમય મોક્ષનો માર્ગ – નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ ભલો. અને એનાથી વિરુદ્ધ પુણ્ય અને પાપનો પુદ્‌ગલમય બંધમાર્ગ. એ તો પુદ્‌ગલમય છે, એ જીવમય નહિ. આહા..હા...!

મોક્ષમાર્ગ અને બંધમાર્ગ બે અનેક હોવા છતાં **'કર્મ તો કેવળ પુદ્‌ગલમય એવા બંધમાર્ગને જ આશ્રિત...'** છે એમ કહે (છે). આહા..હા...! કર્મ તો એ પુણ્ય-પાપને આશ્રિત કર્મબંધન છે. મોક્ષમાર્ગને આશ્રિત બંધ છે નહિ. બંધનો આશ્રય મોક્ષમાર્ગ નથી. બંધનો આશ્રય બંધમાર્ગ છે. આહા..હા...! આવી વાત છે. દુનિયાને આકરું પડે.

લાખો, કરોડો રૂપિયા ખર્ચે, મંદિર બનાવે... કેટલાક એમ કહે કે, પૈસા ખર્ચે (છે), લ્યો ! આ 'શાંતિભાઈ ઝવેરી' જુઓ ! કેટલા ખર્ચ્યા ! પોણા બે લાખ રૂપિયા ! પંદર દિ'માં પોણા બે લાખ (ખર્ચ્યા). આહા..હા...! એક લાખ ને સાંઈઠ હજાર તો ખર્ચ્યા. ચોખ્ખું દેખાય. બીજું અંદર ઘણું (ખર્ચતા), દરરોજ મૂકતા, મહેમાનોને જમાડતા ને... પેલી બુકું આપતા. એકમને બુકું 'હસુભાઈ'એ આપી હતી, બીજ-ત્રીજે એણે આપી હતી. જેની પાસે નહોતી ને (એને) એના તરફથી (આપી). ચારે બાજુમાં એનો હાથ હતો.

મુમુક્ષુ :– જમણ હતું.

ઉત્તર :– હા, જમણમાં રૂપિયા આપ્યા. આખા જમણના અગિયાર હજાર રૂપિયા મંડળને (આપ્યા). બાકી મંડળને ખર્ચ તો મોટો થયો હોય. ચાર હજાર માણસ જમે તોપણ વીસ હજાર થાય. પણ એને એમ કે કોઈને કાંઈ આમાં આપવું છે ? તો એમના તરફથી એમણે અગિયાર હજાર આપ્યા. એ તો ઠીક. પણ વાત એ છે કે, એ બેય બંધમાર્ગને આશ્રયે જ શુભાશુભ પરિણામ છે, એ બંધમાર્ગ છે, એ પુદ્‌ગલમય છે, અજ્ઞાનમય છે. આ..હા..હા...!

પેલી ટીકામાં આવે કે, વ્યવહારે ફેર છે. પણ વ્યવહારે ફેર છે એનો અર્થ ? વ્યવહારનય અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. આહા..હા...!

મુમુક્ષુ :– લૌકિકમાં એમ કહેવાય.

ઉત્તર :– બહારથી લૌકિક બહારની અપેક્ષાએ (કહેવાય) એનો અર્થ શું ? ત્યાં સત્ય ક્યાં આવ્યું ? સત્ ચિદાનંદ પ્રભુ ! પૂર્ણાનંદનો સાગર ! એની જે નિર્મળ પરિણતિ છે (એ) રાગ, પુણ્યના પરિણામ વિનાની છે. એ એક જ મોક્ષમાર્ગ (છે) અને એને આશ્રયે બંધ

છે નહિ. આહા..હા...!

**'તેઓ અનેક (–જુદાં, જુદાં બે) છે; તેઓ અનેક હોવા છતાં કર્મ તો કેવળ પુદ્ગલમય એવા બંધમાર્ગને જ આશ્રિત...'** છે. આહા.હા...! જુઓ ! **'કર્મના આશ્રયમાં ભેદ નથી;...'** કર્મના બંધનના આશ્રયમાં – અવલંબનમાં ભેદ નથી. **'માટે કર્મ એક જ છે.'** આ..હા...! આવું સ્પષ્ટ છે છતાં (લોકો) ગોટા વાળે. પ્રભુ એક કોર શુદ્ધ ચૈતન્યમૂર્તિ !

ત્યાં 'પુણ્ય-પાપ અધિકાર'માં વ્રતમાં પણ એ કહ્યું ને ! ચારિત્ર જે છે એ સ્વદ્રવ્યને આશ્રિત છે. સ્વરૂપાચરણ ! પોતાનો શુદ્ધ ચૈતન્યઘન ભગવાન ! એને આશ્રયે જે સ્વરૂપ એનું આચરણ (થયું) તે દર્શન-જ્ઞાન-ચારિત્ર છે અને પરદ્રવ્યને આશ્રયે જે વ્રત, તપ, આદિ ભગવાનની ભક્તિ આદિ (થાય) એ તો પરદ્રવ્યને આશ્રયે છે. આહા..હા...! તેથી તે પરદ્રવ્યને આશ્રયે બંધમાર્ગ છે. આ સ્વરૂપ આશ્રયથી મોક્ષનો માર્ગ છે. આ..હા...! સ્વદ્રવ્યને આશ્રયે છે એ મોક્ષમાર્ગ છે અને પરદ્રવ્યના લક્ષે જે થાય એ પરદ્રવ્યને આશ્રયે છે. આહા..હા...! એ બંધમાર્ગ છે. ભગવાન એમ કહે કે, અમારા ઉપર લક્ષ કરતા તને બંધભાવ ઉત્પન્ન થશે, બાપા ! આહા..હા...! તારું તત્ત્વ અંદર ભરેલું ભગવાનસ્વરૂપ છે ને ! ન્યાં જો ને ! ન્યાં જા ને ! ત્યાં માલ પડ્યો છે. રાગાદિમાં કાંઈ માલ નથી, પ્રભુ ! વૃથા (છે). આહા..હા...! એ તો પુદ્ગલમય છે. શુભભાવ બંધમાર્ગ હોવાથી પુદ્ગલમય છે. આહા..હા..! શુદ્ધભાવ – શુભભાવ – ભલો ભાવ – મોક્ષ સ્વદ્રવ્યને આશ્રયે હોવાથી તે મોક્ષમાર્ગ છે. આ..હા..હા...! સ્વદ્રવ્ય આશ્રયે મોક્ષમાર્ગ અને પરદ્રવ્ય આશ્રયે બંધમાર્ગ – આ સિદ્ધાંત. પછી એના બધા ભેદ પાડ્યા. આહા..હા...!

હવે એનો ખુલાસો કરે છે. **ભાવાર્થ :– 'કોઈ કર્મ તો અરહંતાદિમાં ભક્તિ-અનુરાગ,...'** પંચ પરમેષ્ઠીમાં ભક્તિ, વ્રત, તપ... આ..હા..હા...! **'જીવો પ્રત્યે અનુકંપાના...'** ભાવ. આ..હા...! **'કોઈ કર્મ તો અરહંતાદિમાં ભક્તિ-અનુરાગ, જીવો પ્રત્યે અનુકંપાના પરિણામ,...'** એ બંધ શુભરાગ (છે). **'મંદ કષાયથી ચિત્તની ઉજ્જવળતા ઇત્યાદિ શુભ પરિણામોના નિમિત્તે થાય છે અને કોઈ કર્મ તીવ્ર ક્રોધાદિક અશુભ લેશ્યા,...'** આહા..હા...! **'નિર્દયપણું,...'** અનુકંપા હો કે નિર્દયપણું હો. આહા..હા...! **'વિષયાસક્તિ, દેવ-ગુરુ આદિ પૂજ્ય પુરુષો પ્રત્યે વિનયભાવે ન પ્રવર્તવું ઇત્યાદિ અશુભ પરિણામોના નિમિત્તથી...'** કોઈ કર્મ બંધાય છે એમ.

**'કોઈ કર્મ'** પહેલું (લખ્યું) છે ને ? **'કોઈ કર્મ તો...'** એમ. અરહંતાદિની ભક્તિ આદિ, જીવની અનુકંપાથી, મંદ કષાયથી, શુભ પરિણામોના નિમિત્તથી. કોઈ કર્મ તીવ્ર ક્રોધાદિક અશુભ લેશ્યા આદિ અને દેવ-ગુરુ (પ્રત્યે વિનયભાવે ન પ્રવર્તવું ઇત્યાદિ). **'આમ હેતુનો ભેદ હોવાથી...'** (એમ) વ્યવહારનયના પક્ષથી પક્ષકાર કહે છે. છે ? **'હેતુનો ભેદ હોવાથી...'** બંધનના હેતુના કારણમાં ભેદ હોવાથી. અરહંતાદિની ભક્તિમાં પુણ્ય બંધાય અને નિર્દયપણામાં પાપ બંધાય. આહા..હા...! તો વ્યવહારનયના પક્ષવાળો કહે છે કે, આમ હેતુનો ભેદ છે.

**'કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે.'** આહા..હા...! પેલા પરિણામના ભેદ કીધાં, આ બંધનના ભેદ છે. આ..હા..હા...!

**'શાતાવેદનીય, શુભ-આયુ,...'** આહા..હા...! શાતાવેદનીય બંધાય કે દેવનું શુભ-આયુ હો. **'શુભનામ...'** જશોકીર્તિ. **'શુભગોત્ર,...'** ઊંચ ગોત્ર. **'એ કર્મોના પરિણામ (-પ્રકૃતિ વગેરે)માં તથા ચાર ઘાતિકર્મો, અશાતાવેદનીય....'** એની સામે ફેર છે એમ કહે છે. **'ચાર ઘાતિકર્મો, અશાતાવેદનીય, અશુભ-આયુ, અશુભનામ, અશુભગોત્ર—એ કર્મોના પરિણામ (-પ્રકૃતિ વગેરે)માં ભેદ છે;...'** એમ અજ્ઞાનીનો પક્ષ છે. એક બાજુ ચાર ઘાતિનો... આ..હા..હા...! બંધ પડે અને એક બાજુ શાતાનો બંધ પડે. આ..હા..હા..હા...! ઘાતિકર્મનો બંધ પડે અને એક બાજુ શાતાનો બંધ પડે, કહે છે. ફેર નથી ? આટલો બધો ફેર નથી લાગતો ? કાંઈ ફેર નથી. આ..હા..હા...! ઘાતિકર્મનો બંધ પડો, શાતાનો પડો કે જશકીર્તિનો પડો. આ..હા..હા..! પણ બંધ છે, એ તો બધો પુદ્ગલનો સ્વભાવ છે. આહા..હા...! આ 'સોનગઢ'ની વાણી છે આ ? 'સોનગઢ'થી છપાણું એટલે ('સોનગઢ'ની વાત થઈ ગઈ ?) આ તો પહેલાની વાત છે. આ..હા...!

**'અશુભગોત્ર—એ કર્મોના પરિણામ (-પ્રકૃતિ, વગેરેમાં) ભેદ છે;...'** ક્યાં શાતાવેદનીય બંધાય અને ક્યાં દર્શનમોહનીય બંધાય ! ચારિત્રમોહનીય બંધાય. એમ અજ્ઞાની કહે છે કે, આમાં તમને ફેર લાગતો નથી ? (તો કહે છે), ના. ત્યાં બેય પુદ્ગલના પરિણામ છે. આ..હા..હા...! કારણમાં પણ બેય અજ્ઞાનમય પરિણામ અને બંધમાં (પણ) શાતા બંધાય કે ઘાતિ (બંધાય), બેય પુદ્ગલના પરિણામ છે. આમ છે. આકરું પડે એવું છે.

**'કર્મના શુભ ને અશુભ એવા બે ભેદ છે.'** ક્યાં શાતાવેદનીય બંધાય અને ક્યાં ઘાતિકર્મ ! તમે કાંઈ ફેર ન માનો ? અમને તો કેટલો ફેર લાગે છે, કહે છે. સાંભળ, સાંભળ ! હજી એનો પ્રશ્ન છે. **'કોઈ કર્મના ફળનો અનુભવ સુખરૂપ છે...'** આ કલ્પના (છે). અનુકૂળ દેખીને સુખની કલ્પના થાય. **'અને કોઈ કર્મના ફળનો અનુભવ દુઃખરૂપ છે;....'** છે તો બેય દુઃખરૂપ. પણ એણે માન્યું છે ને કે, શાતાવેદનીયના ઢગલા આવવા, અબજો રૂપિયાના ઢગલા ! આમ એકલા મખમલના ગાદલાં ને મખમલના પાથરણા ! લાખો રૂપિયાના મખમલના આ પાથરવાના ! ત્યાં આવા (સાદા) પાથરે ?

આહા..હા...! અરે...! પેલા 'રાવણ'ને સ્ફટિકમણિના બંગલા (હતા) ! સ્ફટિકમણિની નિસરણી ! સ્ફટિકમણિની લાદી ! સ્ફટિકમણિની લાદી !! અને સાતમી નરકમાં અગ્નિના (ભડકા) ! એમ ફેર નથી લાગતો ? (એમ) વ્યવહારવાળો કહે છે. કાંઈ ફેર નથી, બાપા ! સાંભળ ! આ..હા..હા...! એ સાતમી નરકની અગ્નિની વેદના અશાતાનું ફળ (છે) અને અહીંયાં સ્ફટિકમણિની લાદી ! આમ નિસરણી ચડતાં અંદર વિચારે ચડી જાય કે, આ ચડાય છે કે પગલું આમ જાય છે ? પગ હેઠે દેખાય. આહા..હા...! ભાઈ ! એ બધા પુદ્ગલના

પરિણામ છે, બાપા ! પ્રભુ ! એમાં ભગવાન ક્યાંય આવ્યો નહિ. આહા..હા...! એ શુભાશુભ પરિણામમાં પ્રભુ ન આવ્યો. તો એના બંધન અને એના ફળમાં ક્યાંથી પ્રભુ આવે ? આ..હા...! આ..હા..હા...! આકરું કામ છે. (આની) મોટી તકરાર છે ને ! એક ફેરી પુણ્યને વિષ્ટા કીધી ત્યાં તો લોકો રાડ નાખી ગયા ! અહીં તો (કહે છે) શુભભાવ છે એ પુદ્‌ગલ છે, ઝેર છે.

મુમુક્ષુ :– આત્મા અમૃત છે.

ઉત્તર :– પેલો પ્રભુ અમૃત છે. અમૃતનો સાગર પ્રભુ અંદર ડોલે છે. આ..હા..હા...! સચ્ચિદાનંદ પ્રભુ ! અતીન્દ્રિય આનંદનું ધ્રુવ... ધ્રુવ... (ધામ) બિરાજે છે. એની સામે શુભ-અશુભ પરિણામ તો ઝેર છે, કહે છે. આહા..હા...! પેલો કહે કે, તમે આટલો બધો ફેર માનો ? આ નરકના દુઃખો અને ક્યાં સ્ફટિકમણિના બંગલામાં રહેવું ! ક્યાં સાતમી નરકમાં તેંત્રીસ સાગરે રહેવું ? બાપુ ! બેય પુદ્‌ગલના પરિણામ છે, ભાઈ ! એમાં ક્યાંય આત્મા આવ્યો નહિ. આ..હા..હા..હા...! એના ફળમાં ફેર નથી. સાતમી નરકનું નારકીપણું મળે કે સ્ફટિકમણિના બંગલા મળે (બેમાં કાંઈ ફેર નથી). આ..હા..હા...! ‘રાવણ’ સ્ફટિકમણિના (મહેલમાં) રહેતો ! આ..હા..હા...! એ મરીને નરકે ગયો. આહા..હા...! અને મુનિ જંગલમાં ઊના તપેલા પથરા (ઉપર) બેસે અને અંદર આનંદના ધ્યાનમાં જાય ! આ..હા..હા...! એને કેવળજ્ઞાન થાય !! આ..હા..હા...! અંદર ભગવાનનું અવલંબન લીધું છે. પ્રભુ મોટો (બિરાજે છે) ! આહા..હા...! એનું જ્યાં અવલંબન છે ત્યાં મોક્ષમાર્ગ અને મોક્ષ તો એની હથેળીમાં (છે) ! અંદર ભર્યું છે. આહા..હા...! શક્તિમાં છે તે વ્યક્તિમાં પ્રગટ થાય જ. તો આ પુણ્ય અને પાપના પરિણામ શક્તિમાં ક્યાં હતા ? અને એનું બંધન ને ફળ, એ ક્યાં આત્માનું કોઈ ફળ છે ? આ..હા..હા...! આવું છે.

અહીં તો જરીક અનુકૂળતા હોય ત્યાં બસ ! આપણે જાણે સુખી છીએ, સુખી છીએ. અને સાધારણ ગરીબ માણસને બિચારાને એવું હોય... ‘મુંબઈ’માં નહિ ? શું કહેવાય ઈ ? પેલા ઉપર સૂતા હોય છે. ફૂટપાથ ! ગરીબ માણસ બધે ‘અમદાવાદ’, ‘ભાવનગર’ જ્યાં હોય ત્યાં એકલા પડ્યા હોય બહાર. જ્યાં મોટર ચાલતી ન હોય એવી જગ્યા હોય ને આમ ત્યાં બિચારા પડ્યા હોય. આ..હા..હા...! એ ખાવાના ક્યાં ? પીવાના ક્યાં ? નળના પાણી પીવા ! આ..હા..હા...! અને મોટરું ઉભી રહે એની પાસે માંગવું. જ્યાં મોટર ઉભી રહે ને ! પેલું લાલ લાલ થાય ને ! લાલ (સિગ્નલ) આવે ત્યાં જ્યાં સુધી (ગાડી) ચાલે નહિ ત્યાં સુધી બધા ભિખારી ત્યાં માંગવા માટે ભેગા થાય. મોટરું ઉભી રહે ને ! આહા..હા...! અને ક્યાં માગે ત્યાં મળે હજાર ફળ ! કહે છે કે, પણ પ્રભુ ! બેયના ફળમાં ફેર નથી હોં ! આ..હા..હા...! બાપુ ! તને ફળમાં ફેર લાગે છે.

અતીન્દ્રિય આનંદનો નાથ જેમાં અતીન્દ્રિય આનંદનું ફળ આવે, પ્રભુ ! એની પાસે

એ પુદ્ગલના ફળ તો અજ્ઞાનના ફળ (છે), બંધના ફળ છે, એ પુદ્ગલમય છે. પ્રભુ એમાં નથી. આ..હા..હા...! અને ભગવાન ત્રિલોકનાથ ચૈતન્યપ્રભુ ! એનો એક જરીક આશ્રય લીધો ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને આનંદ આવ્યો ! આ..હા..હા...! એ ચીજ આગળ આ બધા તારા સુખની સાહેબીઓ પુદ્ગલની જાત અને ઝેરની જાત છે. આહા..હા...! આવું છે. ગરીબ થઈ જાય એટલે આમ દીન થઈ જાય અને પૈસા થાય એટલે આમ ચાલે ત્યાં... (આમ ચાલે) ! અમારે 'બોટાદ'માં (એક) સ્વામિનારાયણના 'હિંમતલાલ' શેઠ હતા. એની ચાલ એવી હતી ને ચાલ... એની કોપી બીજો એક કરતો. સ્થાનકવાસી હતો એ એની કોપી કરતો. ઈ ચાલે એના જેવું ચાલે. શેઠ જેવું (ચાલે). આ..હા...! શું છે પણ આ ? એમ કે આમ નગરશેઠ ! શરીર મજબુત ! લાખો રૂપિયા ! આબરુ મોટી ! એની સાથે આપણે હોડ કરીએ, થોડું થોડું તો કરીએ, એમ (કહે). અરે... પ્રભુ ! કોની સાથે હોડ કરવી (છે) ? એ બધા પુદ્ગલના ફળ, ઝેરના ફળ છે, ભાઈ ! આ..હા..હા..હા...! પ્રભુ ! તારો આનંદનો સાગર ! ચિંતામણિ રત્ન પડ્યું છે ને ! આ..હા..હા...!

૧૪૬ (ગાથામાં) દાખલો આપ્યો છે. ૧૪૬ ગાથા છે ને ! (એની) 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં (દાખલો આપ્યો છે). છાશને માટે રત્નને વેંચે છે. ૧૪૬માં 'જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકામાં (છે). છાશ... છાશ જોવે છે એમાં રત્નને વેંચી નાખે ! રત્નને વેંચીને છાશ લે !! આહા..હા...! રાખ માટે રત્નનો ઢગલો બાળે ! થોડી રાખ જોઈતી હોય, આ મગ સડી ન જાય (એટલે) નાખે છે ને ! એ રાખ માટે રત્નની રાશિ – ઢગલો બાળે. આ..હા..હા...! એક દોરા માટે હીરાના હારનું ચૂર્ણ કરી નાખે ! 'જયસેનાચાર્યદેવે' ચાર દાખલા (આપ્યા) છે અને એક કોદરવા માટે ચંદનનું વન છેદી નાખે. ચંદનનું વન ! 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં ચાર દાખલા છે. પહેલા કહેવાય ગયા છે. આહા..હા...! એમ પુણ્યને માટે મરી જાય છે, કહે છે. આહા..હા...! રાગના પુણ્યના પ્રેમમાં આત્માને હારી દે છે. આ..હા...! છાશ માટે જેમ રત્નને વેંચે એમ એ પુણ્યના પરિણામના પ્રેમમાં આખો વેંચાઈ જાય છે, આખો આત્માનો અનાદર કરી નાખે છે. આહા..હા...!

રાખ માટે રત્નની રાશિનો – ઢગલો બાળે છે. એમ એક પુણ્યના પરિણામમાં ભગવાન મોટો રત્નની રાશિ છે... આહા..હા...! એનો એ અનાદર કરે છે. સૂતરના દોરા માટે એક હારને ચૂરી નાખે છે, ચૂરણ કરે છે. (એમ) એક શુભભાવના રસમાં અનંત રત્નનો હીરલો પ્રભુ !... આ..હા..હા..હા...! એને એ બાળી મૂકે છે, અનાદર કરી નાખે છે. આહા..હા...! કોદરવા માટે ચંદનના વનને છેદી નાખે છે. આહા..હા...! એમ એક શુભ પરિણામના પ્રેમમાં ભગવાન ચંદનવૃક્ષ મહાપ્રભુ ! આ..હા..હા...! એનો અનાદર કરે છે. આહા..હા...! સાધારણ કામ નથી, બાપા ! આ તો અંતરની વાતું (છે). આહા..હા...! વીતરાગમાર્ગને સત્યપણે, (સત્ય) રીતે સાંભળવા પણ મહાભાગ્ય જોઈએ ! આ..હા..હા...! આહા..હા...! ક્યાં

ચૈતન્યરત્નથી ભરેલો ભગવાન અને ક્યાં પુણ્ય-પાપનો અજ્ઞાન ભાવ ! આહા..હા...! અને એના બંધનમાં પણ પુદ્‌ગલના પરિણામ, એના ફળમાં પુદ્‌ગલમય પરિણામ અને એ બંધ પણ પુદ્‌ગલ ને બંધને આશ્રયે થાય છે. મોક્ષમાર્ગના આશ્રયે કાંઈ રાગ, બંધ ન થાય. આહા..હા...!

આ..હા...! (શુભ-અશુભના સ્વાદમાં) **'અનુભવનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે. કોઈ કર્મ મોક્ષમાર્ગને આશ્રિત છે...'** જોયું ! ઈ સામું કહે છે. મોક્ષમાર્ગને આશ્રિત કોઈ કર્મ છે. **'(અર્થાત્ મોક્ષમાર્ગમાં બંધાય છે) અને કોઈ કર્મ બંધમાર્ગના આશ્રયે છે; આમ આશ્રયનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે.'** એમ વ્યવહારનયના પક્ષવાળા અજ્ઞાની માને છે. આહા..હા...! આકરું બહુ !

**'આ પ્રમાણે હેતુ,...'** એટલે પરિણામ. **'સ્વભાવ,...'** એટલે પુદ્‌ગલબંધન. **'અનુભવ,...'** એટલે એનું ફળ **'અને આશ્રય...'** એટલે બંધને આશ્રયે વિકાર છે. મોક્ષના માર્ગને આશ્રયે પુણ્ય ન હોય, આત્માના આશ્રયે પુણ્ય ન હોય. બંધમાર્ગને આશ્રયે પુણ્ય હોય. આહા..હા...! આમ **'કોઈ કર્મ શુભ છે અને કોઈ અશુભ છે એમ કેટલાકનો પક્ષ છે.'** આહા..હા...!

**'હવે એ ભેદપક્ષનો નિષેધ કરવામાં આવે છે :– જીવના શુભ અને અશુભ પરિણામ બન્ને અજ્ઞાનમય છે...'** શું કહે છે ? કે, શુભ પરિણામ રાગની મંદતા અને અશુભ પરિણામ રાગની તીવ્રતા. આટલો ફેર (છે). અહીં કહે છે કે, **'બન્ને અજ્ઞાનમય છે...'** ઈ આમાં પહેલું આવી ગયું છે ને ! શુભ-અશુભ પરિણામ અજ્ઞાનમય છે. પહેલું આવી ગયું છે. એનો ખુલાસો કરે છે. **'તેથી કર્મનો હેતુ એક અજ્ઞાન જ છે;...'** આ..હા..હા..! કર્મના હેતુના બે પરિણામ, જાત, બે ભેદ છે એમ નથી. કર્મનો હેતુ તો એક જ અજ્ઞાન છે. આહા..હા...! **'માટે કર્મ એક જ છે.'**

**'શુભ અને અશુભ પુદ્‌ગલપરિણામો બન્ને પુદ્‌ગલમય જ છે...'** (અર્થાત્) બંધન. શાતા બંધાય કે અશાતા બંધાય, જશ બંધાય કે અપજશ બંધાય... આહા...હા...! એ શુભ-અશુભ પુદ્‌ગલપરિણામ **'બન્ને પુદ્‌ગલમય જ છે...'** તેથી તે બંધના કર્મનો સ્વભાવ **'એક પુદ્‌ગલપરિણામરૂપ જ છે;...'** આહા..હા...! તું એ પુદ્‌ગલપરિણામના સ્વભાવમાં ભેદ પાડે છો (પણ) અમે કહીએ છીએ કે, બન્ને પુદ્‌ગલપરિણામ છે. હવે એમાં ભેદ શાનો પાડે છે ? આહા..હા...!

ત્યારે પેલા છાંયા અને તડકાનો દાખલો આપે છે. જુઓ ! અવ્રત છોડીને વ્રતમાં આવવું. છાંયે બેસીને શુદ્ધઉપયોગની વાટ જોવી. પણ ઈ તો એની વાત બીજી (છે). એ વ્રતના વિકલ્પોની ભૂમિકા કોને હોય ? જેને સમ્યગ્દર્શન છે અને એમાં પ્રભુનો વિશેષ આશ્રય લીધો છે એને વ્રતના વિકલ્પ હોય છે. એને પુણ્યબંધ થાય છે એમ કહે છે. આહા..હા...! પણ એને લઈને એમ કહે કે, અવ્રતમાં રહેવું ઈ કરતાં વ્રતના પરિણામ સારા, ઈ કઈ અપેક્ષાએ કીધા ?

ઈ તો સમ્યગ્દર્શન સહિત છે અને એમાં જ્યાં વ્રતના વિકલ્પ છે એને થોડી શાંતિ વધી છે. આહા..હા...! એ વ્રતવાળાના વ્યવહારને એનું ફળ શાતા અને સ્વર્ગ છે, છાંયો છે એમ. આહા..હા...! પણ મૂળ જે મથાળું છે એને તું જોતો નથી. આહા..હા...! જુઓ ! અવ્રતના ફળમાં નરક છે. 'સમાધિશતક'(માં) કહે છે. વ્રતના ફળમાં છાંયા છે, ઝાડનો છાંયો મળે એમ અને અવ્રતના ફળમાં અગ્નિનો તડકો છે. બાપુ ! બેના ફેરમાં એ તો અંદર શાંતિ થોડીક વધી છે ને ! એની ભૂમિકામાં શુભભાવ છે ઈ એને ત્યાં પાપાનુબંધી પુણ્યને છોડીને પુણ્યાનુબંધની પુણ્યની વાતું કરી છે. પણ એ ભૂમિકાના જોરથી વાત કરી છે. આહા..હા...! આણે 'વિદ્યાસાગર' મુનિએ ઈ નાખ્યું છે.

(અહીંયાં કહે છે), **'કર્મનો સ્વભાવ એક પુદ્‌ગલપરિણામરૂપ જ છે; માટે કર્મ એક જ છે. સુખરૂપ અને દુઃખરૂપ અનુભવ બન્ને પુદ્‌ગલમય જ છે...'** આ..હા..હા..હા...! શાતાવેદનીયના ઢગલા પડ્યા (હોય). ચૂરમા, લાડવા ખાતો હોય અને એમાં જે ભાવ છે એ તો અશુભભાવ છે. આહા..હા...! પુદ્‌ગલપરિણામ છે. જે સુખ તેં માન્યું છે ઈ સુખ નથી. બેય અનુભવ પુદ્‌ગલનો છે. આહા..હા...! **'તેથી કર્મનો અનુભવ એક પુદ્‌ગલમય જ છે;....'** કર્મના અનુભવમાં બે ભેદ પાડે કે, શાતાથી આમ ઢગલા થાય ને ઠંડી હવા, શાતમાં રહે... આહા..હા..! એનાથી નિવૃત્તિ લઈને ત્યાં ધર્મ થઈ શકે, શરીર સારું હોય તો ફલાણું (થાય). અહીં કહે છે કે, ભગવાન સારો હોય તો ધર્મ થઈ શકે, એક જ વાત છે. બહારમાં સારું (હોય) ઈ બધી પુદ્‌ગલમયની વાતું છે.

**'મોક્ષમાર્ગ અને બંધમાર્ગમાં, મોક્ષમાર્ગ તો કેવળ જીવના પરિણામમય...'** લ્યો ! અહીં તો ઈ લીધું, ત્યાં પણ ઈ લીધું. **'મોક્ષમાર્ગ તો કેવળ જીવના પરિણામમય...'** (છે). ઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વને આશ્રયે થાય એને જ કેવળ જીવના પરિણામ કીધા છે. શુભ-અશુભ ભાવ ઈ જીવના પરિણામ નહિ. એ તો અજ્ઞાન, પુદ્‌ગલના પરિણામ છે. આ..હા..હા..હા...!

**'બંધમાર્ગ કેવળ પુદ્‌ગલના પરિણામમય જ છે...'** મોક્ષમાર્ગ કેવળ જીવના પરિણામ છે. શુભાશુભ નહિ, શુદ્ધ (પરિણામ). **'અને બંધમાર્ગ કેવળ પુદ્‌ગલના પરિણામમય જ છે તેથી કર્મનો આશ્રય કેવળ બંધમાર્ગ જ છે...'** મોક્ષના માર્ગને આશ્રયે બંધ છે ઈ વાત બિલકુલ ખોટી છે. **'(અર્થાત્ કર્મ એક બંધમાર્ગના આશ્રયે જ થાય છે – મોક્ષમાર્ગમાં થતાં નથી); માટે કર્મ એક જ છે.'** આહા..હા...!

**'આ પ્રમાણે કર્મના શુભાશુભ ભેદના પક્ષને ગૌણ કરી...'** એમ કહ્યું. **'તેનો નિષેધ કર્યો;...'** છે. જેમ પર્યાયને અભૂતાર્થ કીધી હતી એ ગૌણ કરીને અભૂતાર્થ કીધી હતી. ભલે છે, છે ખરું પણ ગૌણ કરીને તેનો નિષેધ કર્યો છે. (ઊંધું) કાઢવું હોય (એ) આમાંથી કાઢે કાઢવું હોય તો. **'કારણ કે અહીં અભેદપક્ષ પ્રધાન છે, અને અભેદપક્ષથી જોવામાં આવે તો કર્મ એક જ છે–બે નથી.'** વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## શ્લોક-૧૦૨

(उपजाति)

हेतुस्वभावानुभवाश्रयाणां
सदाप्यभेदान्न हि कर्मभेदः ।
तद्बन्धमार्गाश्रितमेकमिष्टं
स्वयं समस्तं खलु बन्धहेतुः ।।१०२।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- (हेतु-स्वभाव-अनुभव-आश्रयाणां) હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય — એ ચારનો (અર્થાત્ એ ચાર પ્રકારે) (सदा अपि) સદાય (अभेदात्) અભેદ હોવાથી (न हि कर्मभेदः) કર્મમાં નિશ્ચયથી ભેદ નથી; (तद् समस्तं स्वयं) માટે સમસ્ત કર્મ પોતે (खलु) નિશ્ચયથી (बन्धमार्ग-आश्रितम्) બંધમાર્ગને આશ્રિત હોવાથી અને (बन्धहेतुः) બંધનું કારણ હોવાથી, (एकम् इष्टं) કર્મ એક જ માનવામાં આવ્યું છે – એક જ માનવું યોગ્ય છે. ૧૦૨.

---

### પ્રવચન નં. ૨૩૦ શ્લોક-૧૦૨, ગાથા – ૧૪૬થી૧૪૯.

શુક્રવાર, વૈશાખ વદ ૭, તા. ૧૮-૦૫-૧૯૭૯

---

'સમયસાર' કળશ-૧૦૨. કળશ છે ને ?

हेतुस्वभावानुभवाश्रयाणां
सदाप्यभेदान्न हि कर्मभेदः ।
तद्बन्धमार्गाश्रितमेकमिष्टं
स्वयं समस्तं खलु बन्धहेतुः ।।१०२।।

'**હેતુ,...**' કળશનો ઉત્તર આપે છે કે, બંધના કારણનો હેતુ પુણ્ય અને પાપ, શુભ અને અશુભ ભાવ એક જ છે. બંધનો હેતુ એક જ છે, શુભ અને અશુભ બેય એક જ છે. શુભથી પુણ્ય અને અશુભથી પાપ એવા બે ભેદ એમાં નથી. ભાવમાં હોં ! શુભ

અને અશુભ ભાવ બે હેતુ અજ્ઞાનરૂપ છે. એટલે હેતુમાં કોઈ ફેર નથી.

**'સ્વભાવ,...'** (એટલે) એનું પુદ્‌ગલ(માં) બંધન પડે કે, શુભભાવથી પુણ્ય બંધાય અને અશુભ(ભાવથી) પાપ (બંધાય). એ બધો પુદ્‌ગલ સ્વભાવ છે. એમાં પણ કાંઈ ભેદ છે નહિ. **'અનુભવ,...'** શુભનો અનુભવ પણ દુઃખરૂપ છે અને અશુભનો અનુભવ – પણ દુઃખરૂપ ફળ છે. આહા..હા...! એમાં ક્યાંય આત્માનો આનંદ નથી. શુભ પરિણામનું ફળ શાતાવેદનીય આદિ આવે પણ એમાં પણ સુખરૂપ કલ્પના છે, ઈ છે દુઃખ. એટલે ફળમાં ફેર નથી. શુભનું ફળ સારું અને અશુભનું ફળ ખરાબ, એવું કાંઈ નથી. બેયનું ફળ એક જ છે. આ..હા...!

**'આશ્રય...'** શુભ-અશુભ બંધનું કારણ એ બંધને આશ્રયે છે. શુભ કોઈ મોક્ષને આશ્રયે અને અશુભ બંધને આશ્રયે (છે) એવા આશ્રયમાં ભેદ નથી. આહા..હા...! બેય(નો) એક જ આશ્રય છે. શુભ અને અશુભ ભાવ બેય બંધને આશ્રયે જ થાય છે.

**'એ ચારનો (અર્થાત્ એ ચાર પ્રકારે)...'** **(सदा अपि)** **'સદાય...'** આહા..હા...! **(अभेदात्)** **'અભેદ હોવાથી...'** ચારે બધા અભેદ – એક જ છે. આહા..હા...! **(न हि कर्मभेदः)** **'કર્મમાં નિશ્ચયથી ભેદ નથી;...'** આ કારણે કોઈ પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે અથવા પુણ્યનું બંધન થાય એ ઠીક (છે) અને પાપનું અઠીક (છે) એમ છે નહિ. બધું બંધનું કારણ અઠીક છે. **(तद् समस्तं स्वयं)** **'માટે સમસ્ત કર્મ પોતે...'** કર્મ જે છે, શુભ-અશુભ ભાવ કે બંધન એ પોતે **'નિશ્ચયથી...'** **(बन्धमार्ग-आश्रितम्)** **'બંધમાર્ગને આશ્રિત હોવાથી...'** આહા..હા...! એ વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાન, દયા આદિ ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષય (આદિ) ભાવ, એ બન્ને ભાવ બંધને આશ્રયે છે. આહા..હા...! આવું છે. લોકોને ખટક પડે.

શુભ-અશુભ ભાવ બેય બંધરૂપ છે અને બેય બંધનું કારણ છે. બેય અજ્ઞાનરૂપ છે. આહા..હા...! **'બંધનું કારણ હોવાથી, કર્મ એક જ માનવામાં આવ્યું છે...'** કર્મ તો એક જ પ્રકારે (છે). 'કર્મ' શબ્દ લીધો હતો ને ! એટલે. બાકી પછી ચાર પ્રકાર પાડ્યા. કર્મ **'એક જ માનવું યોગ્ય છે.'** એ ૧૪૫ ગાથાનો કળશ કહ્યો.

## ગાથા–૧૪૬

**अथोभयं कर्माविशेषेण बन्धहेतुं साधयति -**

**सोवण्णियं पि णियलं बंधदि कालायसं पि जह पुरिसं।**
**बंधदि एवं जीवं सुहमसुहं वा कदं कम्मं।।१४६।।**

सौवर्णिकमपि निगलं बध्नाति कालायसमपि यथा पुरुषम्।
बध्नात्येवं जीवं शुभमशुभं वा कृतं कर्म।।१४६।।

शुभमशुभं च कर्माविशेषेणैव पुरुषं बध्नाति, बन्धत्वाविशेषात्, काञ्चनकालायसनिगलवत्।

---

હવે, (શુભ-અશુભ) બન્ને કર્મો અવિશેષપણે (કાંઈ તફાવત વિના) બંધનાં કારણ છે એમ સિદ્ધ કરે છે :-

**જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,**
**એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને. ૧૪૬.**

ગાથાર્થ :- [यथा] જેમ [सौवर्णिकम्] સુવર્ણની [निगलं] બેડી [अपि] પણ [पुरुषम्] પુરુષને [बध्नाति] બાંધે છે અને [कालायसम्] લોખંડની [अपि] પણ બાંધે છે, [एवं] તેવી રીતે [शुभम् वा अशुभम्] શુભ તેમ જ અશુભ [कृतं कर्म] કરેલું કર્મ [जीवं] જીવને [बन्धाति] (અવિશેષપણે) બાંધે છે.

ટીકા :- જેમ સુવર્ણની અને લોખંડની બેડી કાંઈ પણ તફાવત વિના પુરુષને બાંધે છે કારણ કે બંધનપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી, તેવી રીતે શુભ અને અશુભ કર્મ કાંઈ પણ તફાવત વિના પુરુષને (-જીવને) બાંધે છે કારણ કે બંધપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી.

---

## ગાથા-૧૪૬ ઉપર પ્રવચન

---

'હવે, (શુભ-અશુભ) બન્ને કર્મો અવિશેષપણે...' એટલે સામાન્યપણે '(કાંઈ તફાવત વિના) બંધનાં કારણ છે...' આહા..હા...! 'એમ સિદ્ધ કરે છે :-' ૧૪૬ (ગાથા).

सोवण्णियं पि णियलं बंधदि कालायसं पि जह पुरिसं।
बंधदि एवं जीवं सुहमसुहं वा कदं कम्मं।।१४६।।

**જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,**
**એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને. ૧૪૬.**

ટીકા :- 'જેમ સુવર્ણની અને લોખંડની બેડી કાંઈ પણ તફાવત વિના પુરુષને બાંધે છે...' સોનાની બેડી હોય કે લોઢાની હોય. આહા..હા...! એમ શુભભાવ હોય કે અશુભ (ભાવ) હોય, બેય બંધનનું કારણ છે. એમાં ધર્મનું એકેય કારણ છે નહિ. આહા..હા...!

**'કારણ કે બંધનપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી,...'** શુભ અને અશુભ ભાવ સોના અને લોઢાની બેડીની અપેક્ષાએ, શુભ સોનાની બેડી, અશુભ લોઢાની બેડી (છે). આહા..હા...! બંધનમાં કાંઈ ફેર નથી, બેય બાંધે છે.

**'તેવી રીતે શુભ અને અશુભ કર્મ...'** કાર્ય – ભાવ, ભાવ કે બંધન. મૂળ અહીં કર્મથી ઉપાડ્યું છે ને એટલે કેટલાક લોકો એમ કહે (છે) કે, ઈ તો કર્મની વાત છે, ભાવની વાત ક્યાં છે ? એમ કહે છે. પણ આ હેતુ, સ્વભાવ, (અનુભવ, આશ્રય એમ) ચારપણે તો સ્પષ્ટ કર્યું છે. આહા..હા...! **'શુભ અને અશુભ કર્મ કાંઈ પણ તફાવત વિના પુરુષને (–જીવને) બાંધે છે...'** ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો ભાવ હો કે ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગ, કામ, ક્રોધ, રાગ-દ્વેષના ભાવ હો, બેય ભાવ બંધનનું કારણ છે. આહા..હા...! બેયમાં એકેય ધર્મ અને ધર્મનું કારણ છે નહિ.

મુમુક્ષુ :– ભાવબંધ...

ઉત્તર :– ઈ પોતે બેય ભાવબંધ જ છે. શુભ-અશુભ ભાવ ભાવબંધ છે અને જડ છે ઈ દ્રવ્યબંધ છે. ભાવબંધ એક જાત છે અને જડબંધ છે એક જાત છે. પુદ્‌ગલનું ફળ, એક જાત છે. આહા..હા...!

મુમુક્ષુ :– ભાવબંધ...

ઉત્તર :– ઈ પુણ્ય-પાપના ભાવ એ જ ભાવબંધ છે. ઈ કહેશે. ઈ તો પેલામાં આવ્યું ને ! સ્વયં સમસ્ત કર્મ પોતે બંધમાર્ગને આશ્રિત છે. ઈ (૧૦૨) કળશમાં આવી ગયું. ઈ શુભ-અશુભ ભાવ પોતે જ બંધને માર્ગે આશ્રિત છે. આહા..હા...! આકરું પડે જગતને. તેથી એમ કોઈ કહે કે, શુભ-અશુભ ભાવ વ્યવહાર રત્નત્રય કરતા નિશ્ચય થાય. ઘણે ઠેકાણે આ લાકડા ગરી ગયા છે. આવે ક્યાંક લખાણમાં આવે પણ ખરું પણ ઈ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે (કે) નિમિત્ત આવું હતું. એ વસ્તુ પોતે આત્માને કોઈ મદદ કરે છે કે ધર્મનું કારણ છે એમ નથી. આહા..હા...!

**'કારણ કે બંધપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી.'** ચાહે તો શુભભાવ હો કે અશુભભાવ હો, બેય બંધનું કારણ છે. બંધના કારણની અપેક્ષામાં કાંઈ ફેર નથી. વ્યવહારે ફેર કહે પણ ઈ પરમાર્થે ફેર છે નહિ. એટલે ખરેખર ફેર નથી. વ્યવહારે કહે કે અશુભભાવથી શુભ(ભાવ) ઠીક (છે), એમ. આહા..હા...! પરમાર્થે – વાસ્તવિક રીતે તો એ શુભ અને અશુભ બેય ભાવ બંધના કારણ (છે) અને એક જ રૂપે બંધ છે. આ..હા...! ૧૪૬ (ગાથા પૂરી) થઈ. ૧૪૭ (ગાથા).

## ગાથા-૧૪૭

अथोमयं कर्म प्रतिषेधयति -

तम्हा दु कुसीलेहि य रागं मा कुणह मा व संसग्गं।
साहीणो हि विणासो कुसीलसंसग्गरायेण।।१४७।।

तस्मात्तु कुशीलाभ्यां च रागं मा कुरुत मा वा संसर्गम्।
स्वाधीनो हि विनाशः कुशीलसंसर्गरागेण।।१४७।।

कुशीलशुभाशुभकर्मभ्यां सह रागसंसर्गो प्रतिषिद्धौ, बन्धहेतुत्वात्, कुशीलमनोरमामनोरम-करेणुकुट्टनीरागसंसर्गवत्।

---

હવે બન્ને કર્મોનો નિષેધ કરે છે :-

તેથી કરો નહિ રાગ કે સંસર્ગ એ કુશીલો તણો,
છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા તણો. ૧૪૭.

ગાથાર્થ :- [तस्मात् तु] માટે [कुशीलाभ्यां] એ બન્ને કુશીલો સાથે [रागं] રાગ [मा कुरुत] ન કરો [वा] અથવા [संसर्गम् च] સંસર્ગ પણ [मा] ન કરો [हि] કારણ કે [कुशीलसंसर्गरागेण] કુશીલ સાથે સંસર્ગ અને રાગ કરવાથી [स्वाधीनः विनाशः] સ્વાધીનતાનો નાશ થાય છે (અથવા તો પોતાનો ઘાત પોતાથી જ થાય છે).

ટીકા :- જેમ કુશીલ (ખરાબ) એવી મનોરમ અને અમનોરમ હાથણીરૂપ કૂટણી સાથે રાગ અને સંસર્ગ (હાથીને) બંધનાં કારણ થાય છે તેવી રીતે કુશીલ એવાં શુભ અને અશુભ કર્મ સાથે રાગ અને સંસર્ગ બંધનાં કારણ હોવાથી, શુભાશુભ કર્મો સાથે રાગ અને સંસર્ગનો નિષેધ કરવામાં આવ્યો છે.

---

### ગાથા-૧૪૭ ઉપર પ્રવચન

---

૧૪૭. '**હવે બન્ને કર્મોનો નિષેધ કરે છે :-**' ચાહે તો શુભભાવ હો કે અશુભ હો, બન્ને બંધનું કારણ હોવાથી બન્નેનો નિષેધ કરવામાં આવે છે. આહા..હા...!

**तम्हा दु कुसीलेहि य रागं मा कुणह मा व संसग्गं।**
**साहीणो हि विणासो कुसीलसंसग्गरायेण।।१४७।।**
**તેથી કરો નહિ રાગ કે સંસર્ગ એ કુશીલો તણો,**
**છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા તણો. ૧૪૭.**

આમ કહે છે. **'જેમ કુશીલ (ખરાબ) એવી મનોરમ અને અમનોરમ હાથણી...'** મનોરમ (અમનોરમ એટલે) અનુકૂળ અને પ્રતિકૂળ. **'હાથણીરૂપ કૂટણી સાથે રાગ અને સંસર્ગ (હાથીને) બંધનાં કારણ થાય છે...'** જે હાથણી મનોરમ – અનુકૂળ હોય અને પ્રતિકૂળ હોય. બેય હાથણી બંધનું કારણ છે. આ ખાડામાં નાખીને પકડે છે. બન્ને રાગ અને સંસર્ગ બંધના કારણ થાય છે. એના પ્રત્યેનો પ્રેમ અને એનો સંસર્ગ કરવો એ બધા બંધના કારણ છે. આહા..હા...!

અહીં તો કહે છે કે, ચાહે તો જાત્રાનો ભાવ હો કે ચાહે તો દુનિયાના વેપારના, હિંસાના (ભાવ હો)... આહા..હા...! સમેદશીખરની જાત્રાનો ભાવ હોય અને દુકાનનો માલ વેચવાનો ભાવ (હો) બેય ભાવ બંધના કારણ છે. આહા..હા...!

મુમુક્ષુ :– દાખલો (આપો એટલે ખ્યાલ આવે).

ઉત્તર :– દાખલો... આ..હા...હા...! અહીં તો સામાન્ય વાત કરે છે. આમ જુઓ તો સમેદશીખરનો જાત્રાનો ભાવ અને દુકાને બેસીને વેપારનો ભાવ એ અશુભ છે, પેલો શુભ છે, બેય બંધનું કારણ છે. આહા..હા...! આવું કામ છે. દુકાને બેસીને ધંધાનો ભાવ અને (એ બધું) છોડીને બિચારો સમેદશીખર જાત્રાએ જાય (કે) ભઈ ! સમેદશીખરની જાત્રા માટે આઠ દિ'ની નિવૃત્તિ લ્યો. એ 'ચીમનભાઈ' ! બેય (ભાવ) વિકલ્પ છે, બાપુ ! શુભ અને અશુભ બેય રાગ છે. એ મનોરમ અને અમનોરમ હાથણીના પેઠે બેય બંધના કારણ છે. આહા..હા..! આકરું કામ પડે માણસને. દુકાનનો ધંધો છોડી અને કોઈ પાંજરાપોળના કામ કરવા જાય, કોઈની સેવા માટે જાય તોપણ કહે છે કે, બેય ભાવ સરખા છે.

પ્રશ્ન :– અમારી સ્વાધીનતા શું રહી ?

સમાધાન :– સ્વાધીનતાનો નાશ થાય છે. સ્વતંત્રતા, શાંતિ રહી નહિ. ઈ તો હવે આવે છે ને ! શાંતિ... જ્ઞાયકભાવ... વીતરાગસ્વભાવથી ભરેલો ભગવાનઆત્મા ! એની વિતરાગતાની પર્યાયને શુભ અને અશુભભાવથી ઘા પડે છે. આ..હા...! 'કર્તા-કર્મ અધિકાર'માં આવ્યું નહિ ? જે વીતરાગ પર્યાય – ઉદાસીન પર્યાય ઉત્પન્ન થવી જોઈએ એને છોડીને શુભાશુભ ભાવ ઉત્પન્ન કરે એ કર્તા-કર્મ બંધનું કારણ છે. આહા..હા...! 'કર્તા-કર્મ અધિકાર'ની ૬૯-૭૦ (ગાથા). આહા..હા...!

પ્રશ્ન :– પુણ્ય-પાપ અને કર્તા-કર્મ અધિકારમાં ફેર શું ?

સમાધાન :– એક જ સરખુ છે. કર્તા-કર્મમાં કર્તા-કર્મ સિદ્ધ કરવું છે, અહીં પુણ્ય-

પાપના ભાવ બેય સરખા (છે), ઈ સિદ્ધ કરવું છે. પેલામાં કર્તા (એટલે કે) કરનારો અને કર્મ, બેય અભેદ છે (એમ સિદ્ધ કરવું છે). એટલે કે અજ્ઞાન-કર્તા અને પુણ્ય-પાપ એનું કામ, એ કર્તા-કર્મ એક છે, અજ્ઞાન છે. આત્મા સ્વભાવિકનો કર્તા અને એનું વિકારી કાર્ય એમ ભેદ નથી. આહા..હા...! ક્યાં પણ નવરાશ (છે) ? નિવૃત્તિ ન મળે. આહા..હા...! આ તો મોટા બીજા ભાગની વાત છે ને !

**'કુશીલ એવાં શુભ અને અશુભ...'** એ પણ કુશીલ. જોયું ? કુશીલ એટલે ખરાબ એવી હાથણીની પેઠે (અને) મનોરમ – અનુકૂળ હાથણી હોય પણ હાથીને તો બેય બંધના કારણ છે. એમ શુભભાવ તને મનોરમ લાગે અને અશુભ રાગ અમનોરમ લાગે (તોપણ) બેય બંધના કારણ છે. આ..હા...! લોકો આમાંથી ઘણું બીજું કાઢે છે કે, આ તો નિશ્ચયની વાત છે, પણ વ્યવહાર આવે છે એ કારણ છે. વ્યવહાર આવે એ કારણ છે. બાપુ ! એ તો વ્યવહાર આવે એને સાધન કહ્યું છે એ તો જ્ઞાન કરાવ્યું છે.

નિશ્ચયથી તો **'दुविहं पि मोक्खहेउं झाणए पाउणदि जं मुणी णियमा।'** ('દ્રવ્યસંગ્રહ ગાથા-૪૭)' શુભ-અશુભ વિકલ્પ છે એ તો આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે. આહા..હા...! અહીંયાં તો આત્મા શુભાશુભ ભાવથી રહિત જ્ઞાયકભાવમાં ધ્યાનમાં એકાગ્ર થાય ત્યારે તેને સાચો – નિશ્ચય મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય છે. આહા..હા...! અને તે વખતે રાગ કાંઈ બાકી છે, હજી પૂર્ણ વીતરાગતા થઈ નથી એથી એને વ્યવહાર મોક્ષમાર્ગ તરીકે કહેવામાં આવ્યું છે. આવી વસ્તુ છે. એ **'दुविहं पि मोक्खहेउं झाणए पाउणदि'** એમ કીધું છે. એનો સાર આખો (કહી દીધો). આહા..હા...!

અહીંયાં તો જેને આત્મકલ્યાણ કરવું હોય એને માટે વાત છે. એને શુભ ને અશુભ ભાવ બેય અકલ્યાણનું કારણ છે. તેથી તેને હાથણીની પેઠે કુશીલ એવો શુભ... ઓ..હો..હો...! **'અને અશુભ કર્મ સાથે રાગ અને સંસર્ગ...'** વચનથી પણ એનો પરિચય – સંસર્ગ એમ ન કરવો કે, આ ઠીક છે એમ વચનથી પણ કહેવું નહિ. આ..હા...! **'રાગ અને સંસર્ગ બંધના કારણ હોવાથી,...'** એમાં બહુ પરિચય કરવાથી. રાગ અને બહુ પરિચય કરવાથી. **'સંસર્ગ બંધના કારણ હોવાથી, શુભાશુભ કર્મો સાથે રાગ અને સંસર્ગનો નિષેધ કરવામાં આવ્યો છે.'** લ્યો ! અહીં તો શુભાશુભ કર્મ લીધું છે હોં ! પણ એના કારણો ભાવ (આદિ) ચારે આવી ગયા. આહા..હા...!

પેલા આમાંથી વિશેષ કાઢે છે ને ! એમ કે, અહીં કર્મ કીધું છે, કંઈ શુભાશુભ ભાવ (નથી કહ્યા). પણ એ ખુલાસો કર્યો ને ! 'અમૃતચંદ્રાચાર્યે' પોતે કર્યો. (તો કહે) 'અમૃતચંદ્રાચાર્યે' એમ કહ્યું છે પણ 'કુંદકુંદાચાર્યદેવ' તો કર્મ જ કહે છે. પણ ઈ કર્મમાં બધું આવી ગયું. શુભાશુભ ભાવકર્મ, જડકર્મ, એના ફળ અને બંધમાર્ગનો આશ્રય. એ શુભનો આશ્રય એ બંધમાર્ગનો આશ્રય છે. આહા..હા...!

દુનિયાથી વિલક્ષણ લાગે. અને આ દુનિયાની હોંશું...! આહા..હા...! એમાંથી અટકીને રોકાઈ જવું. આહા..હા...! ન્યાં અટકે છે એનું રોકાવું (અને) અહીં આવીને રોકાઈ જવું. આહા..હા...! શુભ-અશુભ ભાવ બેય એક જ પ્રકારના છે માટે એનો રાગ (ન કરવો) અને વાણીથી પણ કંઈક ઠીક છે એમ ન કહેવું. એનો પરિચય – સંસર્ગ જ ન કરવો. આહા..હા...! કાયા ને વાણી ને મન – ત્રણેથી (સંસર્ગ ન કરવો). આહા..હા...!

**'રાગ અને સંસર્ગનો નિષેધ કરવામાં આવ્યો છે.'** કેમકે **'રાગ અને સંસર્ગ બંધના કારણ હોવાથી...'** એમ. રાગ અને સંસર્ગ બંધના કારણ હોવાથી શુભ-અશુભ કર્મોનો નિષેધ કરવામાં આવ્યો છે. આહા..હા...! અહીં તો જરીયે આશ્રય કરવાલાયક છે એમ કાંઈ કહ્યું નથી. નિશ્ચયમાં જરી મદદ કરે એમ કાંઈ કહેવામાં આવ્યું નથી. અને ક્યાંક ક્યાંક કહેવામાં આવ્યું હોય ઈ તો સાધનને ઓળખાવ્યું છે. અંદર સાધન – રાગ કોણ છે ? જ્યાં નિશ્ચય સાધ્ય પ્રગટ્યું છે ત્યારે ત્યાં રાગ કોણ હતો ? એમ નૈગમનયથી વાત કરે અને કાં વર્તમાન છે તેને ઉપચારથી કરે. પૂર્વના રાગથી થયું એમ કહે તો ઈ નૈગમનયથી કહ્યું અને વર્તમાન રાગ છે તેનાથી કહે તો એ ઉપચારથી કહ્યું. આહા..હા...! આમ છે.

મુમુક્ષુ :– સ્વાધીનતાનો નાશ થાય છે.

ઉત્તર :– સ્વાધીનતાનો નાશ થાય છે. એનો અર્થ ઈ કે, પોતાનો ઘાત પોતાથી થાય છે. પુણ્ય અને પાપમાં સ્વાધીનતા, સ્વતંત્રતા(નો નાશ થાય છે). એને બંધ કીધું ને ! બંધનું કારણ છે એટલે એનો અર્થ (એનો ઘાત થાય છે). એ બંધનું કારણ છે એટલે સ્વાધીનતાનો નાશ છે, એમ. સ્વતંત્રતા જે શુદ્ધતા થવી જોઈએ (એ ન થઈ). આ..હા..હા...! સ્વાધીનતાનો નાશ થાય, પોતાનો ઘાત પોતાથી થાય એનો અર્થ ઈ. એમ. ઘાત થાય છે ને ! એને બંધમાં નાખી દીધું. આહા..હા...! શુભ-અશુભ ભાવ બેય(માં) શાંતિનો ઘાત થાય છે, આત્માના સ્વભાવની શુદ્ધ પર્યાયનો ઘાત થાય છે. આહા..હા...! એટલે કે ઉત્પન્ન થતી નથી તેનો ઘાત થાય છે. આહા..હા...! શુભ અને અશુભ ભાવ ઉત્પન્ન થાય છે ત્યાં શુદ્ધ ભાવ ઉત્પન્ન થતો નથી તેથી તેનો ઘાત થાય છે. એ સ્વાધીનતાનો નાશ છે, એમ. આહા..હા...! આકરું પડે જગતને !

મુમુક્ષુ :– સાધકને શુભભાવ વખતે શુદ્ધિ વધી જાય છે.

ઉત્તર :– ધૂળમાંય વધતી નથી. ઈ તો બીજી વાત કરે છે. સમ્યગ્દર્શન છે, દૃષ્ટિ શુદ્ધ (સ્વભાવ) ઉપર પડી છે, શુદ્ધ ઉપર વિશેષ (સ્થિર થાય છે) એને જે શુભભાવ છે એમાં જરી અશુભ (ભાવ) ઘટ્યો છે. એમ. એને (માટે તે વાત છે). છતાં શુભભાવ છે એ છે તો બંધનું કારણ પણ 'સને સને' એ મોક્ષમાર્ગમાં આવે છે ને ! સને એટલે સ્વભાવની દૃષ્ટિ થઈ છે. શુભાશુભ ભાવ બંધનું કારણ છે. ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ તે મુક્તિનું કારણ છે. એવો અનુભવ, સમ્યગ્દર્શન થયું છે. એને માટે એ વાત કરી છે. ન્યાં શુભ છે એમાં

અશુભ ઘટે છે. મિથ્યાત્વ ટળ્યું છે અને સમકિત થયું છે એ અપેક્ષાએ પેલા શુભમાં અશુભ ઘટે છે એમ કીધું છે. પણ જ્યાં હજી શુભ ને અશુભને બે માને એ તો હજી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! એને તો શુભમાં અશુભ ઘટતું પણ નથી કારણ કે મૂળ અશુભ મિથ્યાત્વ તો પડ્યું છે. શુભભાવ અને અશુભભાવ બન્ને(માં) ફેર છે એવો મિથ્યાત્વભાવ તો પડ્યો છે. આહા..હા...!

ઘણે ઠેકાણે એવું આવે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં આવે. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. ઈ તો છે એનું જ્ઞાન કરાવ્યું, બાપુ ! આહા..હા...! લોકોને 'જયસેનાચાર્યદેવ'ની ટીકા ઠીક પડે. તે દિ' 'જ્ઞાનસાગરે' એના અર્થ કર્યા ને ! 'જયસેનાચાર્યદેવ'ની ટીકાના (અર્થ કર્યા). અને 'વિદ્યાસગરે' પણ એ કર્યું છે, એણે એમાંથી બધા પદ લીધા છે. આ..હા...! બાપુ !

ધ્રુવ પોતે અંદર સ્વતંત્ર ચૈતન્ય (દ્રવ્ય છે). રાગ થાય, આવે, હોય છે પણ એ આશ્રય કરવાલાયક છે કે જરીયે લાભદાયક છે એમ નથી. જ્ઞાનીને પણ રાગ આવે, અશુભ રાગ આવે, શુભ રાગ આવે પણ અહિતકર જાણીને, હેય જાણીને, દુઃખરૂપ જાણીને દૃષ્ટિમાંથી છોડે છે. આ..હા...! એને દૃષ્ટિમાંથી છોડે છે. એ અસ્થિરતામાં આવી ગયા છે. આહા..હા...!

## ગાથા-૧૪૮થી૧૪૯

अथोभयं कर्म प्रतिषेध्यं स्वयं दृष्टान्तेन समर्थयते -

जह णाम को वि पुरिसो कुच्छियसीलं जणं वियाणित्ता।
वज्जेदि तेण समयं संसग्गं रागकरणं च।।१४८।।
एमेव कम्मपयडीसीलसहावं च कुच्छिदं णादुं।
वज्जंति परिहरंति य तस्संसग्गं सहावरदा।।१४९।।

यथा नाम कोऽपि पुरुषः कुत्सितशीलं जनं विज्ञाय।
वर्जयति तेन समकं संसर्गं रागकरणं च।।१४८।।
एवमेव कर्मप्रकृतिशीलस्वभावं च कुत्सितं ज्ञात्वा।
वर्जयन्ति परिहरन्ति च तत्संसर्गं स्वभावरताः।।१४९।।

यथा खलु कुशलः कश्चिद्वनहस्ती स्वस्य बन्धाय उपसर्प्पन्तीं चटुलमुखीं मनोरमाममनोरमां वा करेणुकुट्टनीं तत्त्वतः कुत्सितशीलां विज्ञाय तया सह रागसंसर्गौ प्रतिषेधयति, तथा किलात्माऽरागो ज्ञानी स्वस्य बन्धाय उपसर्प्पन्ती मनोरमाममनोरमां वा सर्वामपि कर्मप्रकृतिं तत्त्वतः कुत्सितशीलां विज्ञाय तया सह रागसंसर्गौ प्रतिषेधयति।

---

હવે, બન્ને કર્મ નિષેધવાયોગ્ય છે એ વાતનું ભગવાન કુંદકુંદાચાર્ય પોતે જ દૃષ્ટાંતથી સમર્થન કરે છેઃ–

જેવી રીતે કો પુરુષ કુત્સિતશીલ જનને જાણીને,
સંસર્ગ તેની સાથ તેમ જ રાગ કરવો પરિતજે; ૧૪૮.
એમ જ કરમપ્રકૃતિશીલસ્વભાવ કુત્સિત જાણીને,
નિજ ભાવમાં રત રાગ ને સંસર્ગ તેનો પરિહરે. ૧૪૯.

ગાથાર્થઃ– [यथा नाम] જેમ [कोऽपि पुरुषः] કોઈ પુરુષ [कुत्सितशीलं] કુત્સિત શીલવાળા અર્થાત્ ખરાબ સ્વભાવવાળા [जनं] પુરુષને [विज्ञाय] જાણીને [तेन समकं] તેની સાથે [संसर्ग च रागकरणं] સંસર્ગ અને રાગ કરવો [वर्जयति] છોડી દે છે, [एवम् एव च] તેવી જ રીતે [स्वभावरताः] સ્વભાવમાં રત પુરુષો [कर्मप्रकृतिशीलस्वभावं] કર્મપ્રકૃતિના શીલસ્વભાવને [कुत्सितं] કુત્સિત અર્થાત્ ખરાબ [ज्ञात्वा] જાણીને [तत्संसर्ग] તેની સાથે સંસર્ગ [वर्जयन्ति] છોડી દે છે [परिहरन्ति च] અને રાગ છોડી દે છે.

ટીકાઃ– જેમ કોઈ કુશળ વન-હસ્તી પોતાના બંધને માટે સમીપ આવતી સુંદર મુખવાળી મનોરમ કે અમનોરમ હાથણીરૂપી કૂટણીને પરમાર્થે બૂરી જાણીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી, તેવી રીતે આત્મા અરાગી જ્ઞાની થયો થકો પોતાના બંધને માટે સમીપ આવતી (ઉદયમાં આવતી) મનોરમ કે અમનોરમ (શુભ કે અશુભ) – બધીયે કર્મપ્રકૃતિને પરમાર્થે બૂરી જાણીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી.

ભાવાર્થઃ– હાથીને પકડવા હાથણી રાખવામાં આવે છે; હાથી કામાંધ થયો થકો તે હાથણીરૂપી કૂટણી સાથે રાગ તથા સંસર્ગ કરે છે તેથી પકડાઈ જઈને પરાધીન થઈને દુઃખ ભોગવે છે, અને જો ચતુર હાથી હોય તો તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી; તેવી રીતે અજ્ઞાની જીવ કર્મપ્રકૃતિને સારી સમજીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરે છે તેથી બંધમાં પડી પરાધીન થઈને સંસારનાં દુઃખ ભોગવે છે, અને જો જ્ઞાની હોય તો તેની સાથે રાગ તથા સંસર્ગ કદી કરતો નથી.

---

## ગાથા–૧૪૮ થી ૧૪૯ ઉપર પ્રવચન

૧૪૮-૧૪૯ (ગાથા). **'હવે બન્ને કર્મ નિષેધવાયોગ્ય છે એ વાતનું ભગવાન કુંદકુંદાચાર્ય પોતે જ દૃષ્ટાંતથી સમર્થન કરે છે :–'** પેલું તો 'અમૃતચંદ્રાચાર્યદેવે' સિદ્ધ કર્યું હતું. આહા..હા...!

**जह णाम को वि पुरिसो कुच्छियसीलं जणं वियाणित्ता।**
**वज्जेदि तेण समयं संसग्गं रागकरणं च।।१४८।।**
**एमेव कम्मपयडीसीलसहावं च कुच्छिदं णादुं।**
**वज्जंति परिहरंति य तस्संसग्गं सहावरदा।।१४९।।**

**જેવી રીતે કો પુરુષ કુત્સિતશીલ જનને જાણીને,**
**સંસર્ગ તેની સાથ તેમ જ રાગ કરવો પરિતજે; ૧૪૮.**
**એમ જ કરમપ્રકૃતિશીલસ્વભાવ કુત્સિત જાણીને,**
**નિજ ભાવમાં રત રાગ ને સંસર્ગ તેનો પરિહરે. ૧૪૯.**

આહા..હા...! **'જેમ કોઈ કુશળ વન-હસ્તી...'** વનનો હાથી, પણ ડાહ્યો, કુશળ. **'પોતાના બંધને માટે સમીપ આવતી સુંદર મુખવાળી મનોરમ કે અમનોરમ હાથણીરૂપી કૂટણીને પરમાર્થે બૂરી જાણીને...'** આહા..હા...! **'જેમ કોઈ કુશળ...'** ડાહ્યો. વનનો હાથી. ડાહ્યો વનનો હાથી – કુશળ. **'પોતાના બંધને માટે સમીપ આવતી સુંદર મુખવાળી...'** એટલે અનુકૂળ હાથણી. **'મનોરમ કે અમનોરમ હાથણીરૂપી કૂટણીને પરમાર્થે બૂરી જાણીને...'** આહા..હા...! તે કુશળ હાથી બેયને બૂરી જાણીને **'તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી,...'** 'જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત (ટીકામાં) એમ આવ્યું (છે) કે, વચનને. મન, વચન ને કાયા ત્રણ નાખ્યા છે સંસર્ગમાં. **'પરમાર્થે બૂરી જાણી...'** હાથણી મનોરમ – અનુકૂળ હોય કે પ્રતિકૂળ હો. આહા..હા...! **'તેની સાથે રાગ કે સંસર્ગ કરતો નથી,...'**

**'તેવી રીતે આત્મા અરાગી જ્ઞાની થયો થકો...'** પેલો કુશળ (લીધો હતો). આ અરાગી આત્મા આનંદ, જ્ઞાનસ્વરૂપ છે. આત્મા વીતરાગસ્વરૂપ છે તે રીતે વીતરાગી પર્યાયને કરતો થકો. **'અરાગી જ્ઞાની થયો થકો...'** આહા..હા...! **'પોતાના બંધને માટે સમીપ આવતી (ઉદયમાં આવતી)...'** કહે છે, ભલે પુણ્યનો ઉદય આવે. આહા..હા...! કે પાપનો ઉદય આવે, બેયને સમકિતી બંધનું કારણ જાણે છે. પુણ્યનો ઉદય આવ્યો એટલે એમ કે પૈસા થયા ને આ બધું કુટુંબ ને કબીલા જામ્યું... એને એ દુઃખરૂપ લાગે છે. આહા..હા...!

**'અરાગી જ્ઞાની થયો થકો પોતાના બંધને માટે સમીપ આવતી...'** (એટલે કે) ઉદય.

કર્મનો ઉદય આવે ને ! સત્તામાંથી સમીપ આવ્યો ને ! **'મનોરમ કે અમનોરમ (શુભ કે અશુભ) – બધીયે કર્મપ્રકૃતિને...'** આહા..હા...! ચાહે તો પુણ્યની પ્રકૃતિનો ઉદય આવો કે ચાહે તો પાપ પ્રકૃતિનો ઉદય આવો, (બધું) આવે. (બન્નેને) **'પરમાર્થે બૂરી જાણીને...'** બેય પ્રકૃતિની વાત લીધી છે. એમાં ભાવ આવી ગયા. **'પરમાર્થે બૂરી જાણીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી.'** આ..હા...!

**ભાવાર્થ :– 'હાથીને પકડવા હાથણી રાખવામાં આવે છે; હાથી કામાંધ થયો થકો...'** (અર્થાત્) કામને વશ થયો થકો. **'હાથણીરૂપી કૂટણી સાથે રાગ તથા સંસર્ગ કરે છે...'** રાગ કરે છે અને એની સાથે ભાષા કરે. હાથી આમ ગલ.. ગલ.. ગલ ભાષા બોલે છે ને ! આમ અનુકૂળ બોલે. આહા..હા...! **'તેથી પકડાઈ જઈને પરાધીન થઈને દુઃખ ભોગવે છે,...'** એ હાથી હાથણીની અનુકૂળતાના... આહા..હા...! કે પ્રતિકૂળ હોય, લ્યો ! બેયની સાથે રાગ અને સંસર્ગ કરે (તો) એ **'પકડાઈ જઈને પરાધીન થઈને દુઃખ ભોગવે છે,...'** આ..હા...!

**'અને જો ચતુર હાથી હોય...'** આ..હા...હા...! **'તો તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી;...'** ભલે અનુકૂળ મનોરમ હાથણી હોય તોપણ તે ચતુર ડાહ્યો હાથી એની સાથે રાગ અને અનુકૂળ ભાષા બોલતો નથી. હાથી બોલે છે ને ! ગુલ.. ગુલ.. ગુલ... આમ હાથણી માટે અનુકૂળ ભાષા (બોલે). આહા..હા...! (પણ ચતુર હાથી) **'રાગ તથા સંસર્ગ કરતો નથી;...'** આહા..હા...!

**'તેવી રીતે અજ્ઞાની જીવ કર્મપ્રકૃતિને સારી સમજીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરે છે...'** આહા..હા..! અજ્ઞાની કર્મની પુણ્યપ્રકૃતિ અનુકૂળ દેખીને, હમણાં અમને બધું સુખ છે, કર્મનો ઉદય અનુકૂળ છે, કુટુંબ-કબીલા બધા અનુકૂળ છે, ધંધો પણ બહુ સારો ચાલે છે... આહા..હા...! મુનિમો પણ બધા સારા મળ્યા છે.

મુમુક્ષુ :– પ્રમાણિક મુનિમ મળ્યા છે.

ઉત્તર :– પ્રમાણિક મુનિમો મળ્યા છે. એમાં પણ શું ધૂળ થયું ? આહા..હા...! મુનિમો પ્રમાણિક છે, છોકરાઓ પણ ડાહ્યા જાગ્યા છે, છોડીયું પણ સારે ઠેકાણે પડી છે, બધી રીતે હમણાં સુખી છીએ ! એમ અજ્ઞાની અજ્ઞાનમાં આવા વિકારના રાગમાં અને વાણીની અનુકૂળતામાં પકડાય જાય છે. આહા..હા...! હવે આવા તો ચોખ્ખા લખાણ છે છતાં પણ જ્યાં હોય ત્યાં લાકડા પાછા નાખે.

**'અજ્ઞાની જીવ કર્મપ્રકૃતિને સારી સમજીને...'** પુણ્યનો ઉદય નિરોગતા. શાતાનો ઉદય, જશકીર્તિનો ઉદય... આ..હા..હા...! બહારની બધી સામગ્રી, જેવી જોઈએ એવી, હાથી, ઘોડા, એના હાથી, ઘોડાના બધા સામાન સોનાના ને રૂપાના ! આહા..હા...! અજ્ઞાની એ કર્મપ્રકૃતિના ફળને સારી જાણીને. એ તો કર્મ પ્રકૃતિ થઈ. તારો સ્વભાવ ક્યાં આવ્યો ત્યાં ? આ..હા...! **'કર્મપ્રકૃતિને સારી સમજીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરે છે...'** લોકો પણ એવું (કહે

કે)... આ..હા..હા...! હમણાં અમે સુખી છીએ, બધી રીતે ધંધા-પાણીમાં અવળું નાખીએ તો સવળું પડે (છે). 'ચીમનભાઈ' ! આહા..હા...! એમ કે, પાસા અવળા પણ નાખવા જઈએ ત્યાં સવળા પડે છે. અમારે હમણા એવી સરખાઈ છે. શેની પણ છે ? આહા..હા...! છોકરાઓ પણ મોટા કરોડોપતિને ઘરેથી દીકરીઓ પરણ્યા છે. પાંચ-પચીસ લાખ રૂપિયા લઈને આવ્યા છે. બધી રીતે અમારે હમણા સુખી છીએ. દુઃખી (છે). આહા..હા...! છે દુઃખી અને માને છે સુખી ! આહા..હા...! ત્યાં પર તરફના વલણવાળો ભાવ જ દુઃખ છે. આ..હા...! આ ઠીક છે. આહા..હા...!

એકલો રોગી માણસ કોઈ ઘરમાં બીજુ માણસ ન હોય, ઘર ન હોય, ઝૂંપડી ન હોય. આહા..હા...! એક માણસને જોયો હતો, 'વડીયા'માં ! સવારમાં વહેલા દિશાએ જાતા હતા. એકલો (હતો) ને રોગ હતો, કોઈ ઘર નહિ, મકાન નહિ, બાયડી-છોકરા નહિ. કો'કનું મકાન હતું એમાં ખૂણે બેઠો બેઠો રોતો હતો. સવારમાં વહેલા દિશાએ જઈએ ને ! 'વડીયા'... 'વડીયા' ! ત્યાં કો'ક મકાનને ખૂણે ગરીબ માણસ (હતો). અમને દેખીને (એમ થાય ને કે) પુણ્યવંત છે. એટલે એકદમ રોવા મંડ્યો. એકલો માણસ અને ટાઢ – ઠંડી, અંધારું, કોઈ નહિ ને રોગી. એક મકાનને ખૂણે બેઠો બેઠો (રોતો હતો). આહા..હા...! રહેવાના મકાન નહિ, સૂવાના સ્થળ – જમીન. આહા..હા...! શરીરમાં રોગ (હોય) એને લોકો પ્રતિકૂળ માને છે. અને પાંચ-દસ લાખના મોટા મકાન હોય, આમ હવા નાખે, ગરમી આવે ત્યાં પંખા (ચાલુ કરે), અત્યારે તો પંખા કર્યા છે ને ! વીજળીના પંખા ફરે, ફર..ર.. ફર..ર..! હવા આવે, હવા ! બહારની હવા કરતા અંદરની હવા આવે. હા..શ...! એમ જે માને છે (કે), અમે કાંઈક સરખાઈમાં છીએ... આહા..હા...!

એ અજ્ઞાની જીવ પ્રકૃતિને સારી સમજીને. કોઈપણ પ્રકૃતિનું ફળ (હો). એમાં અનુકૂળ હોય શું ? ઓ..હો..હો...! ઔદારિક શરીર મળે, ભગવાનને તો પહેલેથી પરમ ઔદારિક શરીર મળે, લ્યો ઠીક ! તીર્થંકરને તો પહેલેથી પરમ ઔદારિક શરીર (હોય). આહાર હોય અને નિહાર ન હોય. આ..હા...! પાણી હોય ને પેશાબ ન હોય. આહા..હા...! છતાં તેમાં ક્યાંય ઠીક છે એમ એ માનતા નથી. આહા..હા...! તીર્થંકર જીવ ત્રણ જ્ઞાન લઈને આવે છે. કેટલાક ક્ષાયિક સમ્યગ્દર્શનાદિ લઈને (આવે).. આહા..હા...! એવી સ્થિતિમાં ક્યાંય એને ઠીક છે, આ પરમ ઔદારિક શરીર મળ્યું ને ખોરાક લઈએ છતાં દસ્ત નહિ, પાણી પીએ છતાં પેશાબ નહિ, રોગ માટેની દવા નહિ. જન્મથી હોં ! આહા..હા...! પણ એ સમકિતી ભગવાન તો માતાના પેટમાં સમકિત લઈને આવે છે. આહા..હા...! ક્યાંય એવી ચીજને એ ઠીક છે એમ માનતા નથી. આહા..હા...! એટલી અનુકૂળતા ! માતાના પેટમાં પણ ત્યાં દેવ એમને રહેવાનું સ્થાન અનુકૂળ કરી દ્યે છે. આહા..હા...! એ બહાર આવે ત્યારે આટલી અનુકૂળતા, ઇન્દ્રાણી ઉભી હોય. ત્રણ જ્ઞાનના ધણી છે. ત્રણ જ્ઞાનમાં બધો ખ્યાલ આવે

છે. ક્યાંય એમાં ઠીક છે... આહા..હા...! અનુકૂળ છે એમ એ માનતા નથી. આહા..હા...! અને સમકિતી એકલો વાંઢો મકાન વિનાનો રોગી ક્ષય રોગ લાગુ પડ્યો હોય... આહા..હા...! છતાં સમકિતી તેને ખરાબ છે એમ માનતો નથી. આહા..હા...! છે એ જ્ઞાનમાં જણાય છે, જ્ઞાન જાણે છે કે, આમ છે બસ. બાકી કાંઈ છે નહિ. આહા..હા...! આટલો બધો ફેર !

દૃષ્ટિ એવી સૃષ્ટિ ! જેને ચૈતન્ય ભગવાન ઉપર દૃષ્ટિ પડી છે એને બાહ્યના અનુકૂળ ને પ્રતિકૂળના ઢગલા હોય તોપણ એને સૃષ્ટિ નામ શાંતિની ઉત્પત્તિ હોય છે. આ..હા..હા...! અજ્ઞાનીને અનુકૂળતાના ઢગલા હોય તો દૃષ્ટિ મિથ્યા છે એટલે એમાં એને પ્રેમના વાણલા વાવ્યા. પચીસ વરસથી સુખી છીએ, શરીરમાં રોગ આવ્યો નથી, સૂંઠ ચોપડી નથી, સૂંઠ પણ ચોપડી નથી એવું નિરોગ (શરીર) છે. શું પણ એમાં થયું ? આ..હા..હા...! એ બધા પુદ્‌ગલના ચાળા (છે), પ્રભુ ! આહા..હા...! આ..હા..હા...! પણ બેયમાં ધર્મી ક્યાંય અનુકૂળ-પ્રતિકૂળ છે એમ માનતો નથી. આહા..હા...! કેમકે જેને આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ વીતરાગમૂર્તિ જ્યાં દૃષ્ટિમાં આવ્યો એને આ અનુકૂળ ને પ્રતિકૂળમાં ક્યાંય બેમાં ફેર છે, એમ એ માનતો નથી. આહા..હા...!

ત્યારે પેલામાં કહ્યું છે ને ! જ્યાં સુધી શરીરમાં રોગ ન આવે, ઇન્દ્રિય હિણી ન પડે, જીર્ણતા ન આવે (ત્યાં સુધીમાં આત્મહિત કરે લે). એ તો એના પુરુષાર્થની નબળાઈની ઉગ્રતા બતાવવા (કહ્યું છે). એનાથી જરાવસ્થામાં (આત્મહિત) ન થાય અને રોગ અવસ્થામાં ન થાય, એ પ્રતિકૂળ છે માટે (ન થાય એમ નથી). આહા..હા...! આવે છે ને ! ‘મોક્ષ પાહુડ’માં આવે છે, ‘છ ઢાળા’માં આવે છે. આહા..હા...! મારગડા બહુ જુદા, ભાઈ ! આહા..હા...! આ શબ્દો શ્વેતાંબરના ‘દશવૈકાલિક’ના છે. ઇન્દ્રિયો હિણી ન પડે, રોગની વૃદ્ધિ દેખાય નહિ... આહા..હા...! અવસ્થા જીર્ણ ન થાય, ઇન્દ્રિયો હિણી ન પડે... આહા..હા...! ત્યાં ધર્મ કરી લેજે. એનો અર્થ ઈ કે, એટલી અનુકૂળતામાં ધર્મ થાય એમ છે ? પછી પ્રતિકૂળતામાં ધર્મ ન થાય. એ તો એક વૈરાગ્યથી વાત કરી. પાછો એનો અર્થ એવો લ્યે કે, જુઓ ! અનુકૂળતામાં ધર્મ કરી લે, પ્રતિકૂળતામાં ધર્મ નહિ થાય. અહીં તો કહે છે કે, પ્રતિકૂળતા ને અનુકૂળતા બન્ને એક જાત છે. આહા..હા...! પગ ચાલી શકે નહિ, પગલું ભરી શકે નહિ.

અમારે ‘જીવરાજજી’ અત્યારે જુઓ, ખાટલે પડ્યા છે, પગ ભરી શકે નહિ, બેસી શકે નહિ. દરરોજ સવારે જઈને એકવાર કહીએ, જ્ઞાયકસ્વરૂપ છે, ભાઈ ! ધ્યાન રાખજે, બાપા ! આ શું છે ઈ ભૂલી જજો. જોર બતાવે, હોં ! વારંવાર મારો એકલો પારિણામિકભાવ (છે) એ હું યાદ કરું છું એમ કહે. આ..હા...! દોઢ મહિનાથી આમ પડ્યા છે. પેશાબ ને ઝાડા (પથારીમાં થાય). એ પ્રતિકૂળતા છે માટે મને ધર્મ ન થઈ શકે અને એના પ્રત્યે દ્વેષ થાય... આ..હા..હા...! એમ નથી.

અહીં તો કહે છે કે, કર્મપ્રકૃતિ સારી, બહારમાં આમ અનુકૂળતા આવે... આહા..હા...! એકને જ્યાં હુકમ કરે ત્યાં હજાર હાજર થાય. શું જોઈએ છે પ્રભુ ? પાણી ? એને ઠેકાણ બરફ આપે, આઈસક્રીમ આપે. કહો, 'ચીમનભાઈ' ! તમારા શેઠનું તમે ઘણું બધું જોયું હશે, નહિ ? આહા..હા...! પચાસ કરોડ રૂપિયા ! અત્યારે મોટો માણસ વૈષ્ણવ, 'મુંબઈ' ! આ..હા..હા...! શું છે પણ એમાં ? જ્યાં હોય ત્યાં દુકાનો, મુનિમો સારા, પેદાશ સારી આપે, 'હોંગકોંગ'માં દુકાન, મકાન, ફલાણામાં દુકાન, ઢીકણામાં દુકાન. 'મધુ', 'શાંતિભાઈ'નો ભાઈ કહેતો, એમની દુકાન 'હોંગકોંગ'માં છે. દુકાનનું નામ 'કેવળચંદ' ને ? શું હતું ? 'કીલાચંદ દેવચંદ' ! ત્યાં 'હોંગકોંગ'માં પણ છે. અહીં લાખોની પેદાશ છે. પેલાની પેદાશ મોટી હશે, પચાસ કરોડ રૂપિયા ! પણ એથી શું ? અરે...! એમાં આત્માને શું ? આહા..હા...! અજ્ઞાની અનુકૂળતામાં રાગ કરે છે અને પ્રતિકૂળતામાં દ્વેષ કરે છે. એ બેય તો પ્રકૃતિના ફળ છે, એમાં એકમાં રાગ ને એકમાં દ્વેષ (કરવો) એનો અર્થ શું ? કહે છે. આહા..હા...!

**'તેથી બંધમાં પડી...'** આહા..હા...! એ અનુકૂળતાના શરીર ને વાણી આદિ સાધન જોઈને, પ્રકૃતિના બધા ફળ અનુકૂળ હોય અને શરીરમાં રોગ (હોય) ને વાણી બોલી શકાય નહિ, બહારના પ્રતિકૂળ સાધન (હોય).. આહા..હા...! એકલો માણસ હોય, પણ નરકનો નારકી લ્યો ને ! સાતમી નરકનો નારકી ! આહા..હા...! સમ્યગ્દૃષ્ટિ (હોય એને) એટલી પ્રતિકૂળતા (હોય) કે, તેંત્રીસ સાગર પાણીનું બિંદુ નહિ, આહારનો કણ નહિ, શીતળતાનો પાર નહિ. શીતળતા તે શીતળતા ! આહા..હા...! એ તો એક શરીર સહન કરે, છતાં આયુષ્ય હોય ત્યાં સુધી એનું કાંઈ ન થાય. આહા..હા...! છતાં એ વખતે સમ્યગ્દૃષ્ટિ... આહા..હા....! એવી સાતમી નરકની પ્રતિકૂળતાને જાણવા લાયક માને છે. એના પ્રત્યે દ્વેષ (થતો નથી કે), આ પ્રતિકૂળ કેમ ? હવે અનુકૂળ પ્રકૃતિ આવે તો ઠીક (એમ થતું નથી). આહા..હા...! એક કોર સાતમી નરકનો નારકી અને એક કોર 'રાવણ' ! સ્ફટિકમણિના બંગલા ! બેય સરખા છે. આહા..હા...! બેય પુદ્ગલના નાટક છે. આહા..હા...! એમાં પ્રભુ આત્મા ક્યાંય આવ્યો નહિ. આહા..હા...!

એમ **'બંધમાં પડી પરાધીન થઈને...'** આહા..હા...! **'સંસારનાં દુઃખ ભોગવે છે,...'** એ સ્ફટિકમણિના બંગલા અને હજારો રાણીઓ ખમા ખમા કરે. આ..હા...! દુઃખી છે. અરે...! આ દૃષ્ટિ છે. દૃષ્ટિ એને સ્વીકારે કે મને અનુકૂળ છે. પેલો દૃષ્ટિનો સ્વીકાર (કરે) કે, સાતમી નરકનો નારકી કહે, આ મને પ્રતિકૂળ છે. તો કહે (છે), ના. આહા..હા...! અહીં તૃષા લાગે ત્યાં ઠંડા બરફના પાણી, મોસંબીના (રસ) મળે, ત્યાં તેંત્રીસ સાગર સુધી (પાણીનું એક) બિંદુ ન મળે. છતાં એ તો પ્રકૃતિના ફળ છે, પ્રભુ ! આ..હા..હા...! એ જડનો સંસાર છે. એમાં પ્રભુઆત્મા નથી. આત્મા એનાથી જુદો છે. આ..હા...! એવા ભાનમાં... આહા..હા...! એને પરાધીનતા થતી નથી. અને અજ્ઞાની બંધમાં પડી, પરાધીનતા(નું) દુઃખ ભોગવે છે.

**'અને જો જ્ઞાની હોય...'** એટલું આવ્યું, જોયું ? **'તો તેની સાથે...'** સાતમી નરકની પ્રતિકૂળતા (હોય) અને 'રાવણ'ની સ્ફટિકરત્નના મકાનની અનુકૂળતા ! આ..હા..હા...! **'જ્ઞાની હોય તો તેની સાથે રાગ તથા સંસર્ગ કદી કરતો નથી.'** કદી (કરતો નથી). આહા..હા...!

મુમુક્ષુ :– જ્ઞાતા-દૃષ્ટા રહે.

ઉત્તર :– એ જાણનાર, દેખનાર (સાથે) ભેગો આનંદ છે ને ! આનંદ... આનંદ.. આનંદ... અનંત ગુણની વ્યક્તતા અંશે પ્રગટ થઈ ગઈ છે. આહા..હા..હા...! અનંત ગુણની અંશે વ્યક્તતા પ્રગટ થઈ છે. એના અસ્તિત્વના સ્વામિપણે આ વાતનો સ્વામિ થતો નથી, એનો ધણી થતો નથી. તેને જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણે. આ..હા..હા...! એવી વસ્તુ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**આહાહા ! દૃષ્ટિનાં વિષયમાં પર્યાય છે જ નહિ ! પણ પર્યાય છે જ નહિ–કાંઈ વસ્તુ જ નથી એમ નથી. પર્યાય પર્યાયમાં છે એમ જાણવું જોઈએ. પર્યાય દ્રવ્યમાં નથી પણ પર્યાય પર્યાયમાં છે. પર્યાયને જે અભૂતાર્થ–અસત્યાર્થ કહી હતી–ગૌણ કરીને પર્યાય નથી એમ કહ્યું હતું તે તો પર્યાયમાં છે તેને પણ દૃષ્ટિનાં વિષય વખતે ગૌણ કરીને અભૂતાર્થ કહી છે. તેનો મતલબ એમ નથી કે પર્યાય દ્રવ્યમાં છે અને એમ પણ નથી પર્યાય પર્યાયમાં પણ નથી. ઝીણી વાત છે બાપુ !**

**દ્રવ્ય બે પ્રકારનું છે : એક તો પ્રમાણનું દ્રવ્ય અને બીજું દૃષ્ટિના વિષયનું દ્રવ્ય. પ્રમાણનાં દ્રવ્યમાં દ્રવ્ય અને પર્યાય બંનેનો સમાવેશ થાય છે. જ્યારે દૃષ્ટિનાં વિષયનું દ્રવ્ય તો ત્રિકાળી ધ્રુવ છે, તેમાં પર્યાયનો સમાવેશ જ નથી. નિશ્ચયથી તો દ્રવ્ય ત્રિકાળી ધ્રુવ જ છે, તેમાં પર્યાય છે જ નહિ,–તે દૃષ્ટિનાં વિષયનું દ્રવ્ય છે. તેમાં પર્યાયને ભેળવતાં તે પ્રમાણનું દ્રવ્ય થાય છે.**

**શ્રોતા :– દ્રવ્ય અને પર્યાયમાં ભેદ છે ?**

**પૂજ્ય ગુરુદેવશ્રી :– દ્રવ્ય અને પર્યાયમાં સર્વથા ભેદ છે. દ્રવ્ય સર્વથા ત્રિકાળી નિત્ય છે અને પર્યાય સર્વથા અનિત્ય છે. દ્રવ્ય કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય છે–એમ નથી. પર્યાય સર્વથા દ્રવ્યમાં–ત્રિકાળી ધ્રુવમાં પણ નથી. પર્યાય પર્યાયમાં તો છે, પર્યાય પર્યાયમાં પણ નથી એમ નથી.**

**–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ નવેમ્બર–૨૦૦૬**

## ગાથા-૧૫૦

अथोभयं कर्म बन्धहेतु प्रतिषेध्यं चागमेन साधयति -

रत्तो बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो।
एसो जिणोवदेसो तम्हा कम्मेसु मा रज्ज।।१५०।।

रक्तो बध्नाति कर्म मुच्यते जीवो विरागसम्प्राप्तः।
एषो जिनोपदेशः तस्मात् कर्मसु मा रज्यस्व।।१५०।।

यः खलु रक्तोऽवश्यमेव कर्म बध्नीयात् विरक्त एव मुच्येतेत्ययमागमः स सामान्येन रक्तत्वनिमित्तत्वाच्छुभमशुभमुभयं कर्माविशेषेण बन्धहेतुं साधयति, तदुभयमपि कर्म प्रतिषेधयति च।

---

હવે, બન્ને કર્મો બંધનાં કારણ છે અને નિષેધવાયોગ્ય છે એમ આગમથી સિદ્ધ કરે છે :-

જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,
-એ જિન તણો ઉપદેશ; તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦.

ગાથાર્થ :- [रक्तः जीवः] રાગી જીવ [कर्म] કર્મ [बध्नाति] બાંધે છે અને [विरागसम्प्राप्तः] વૈરાગ્યને પામેલો જીવ [मुच्यते] કર્મથી છૂટે છે-[एषः] આ [जिनोपदेशः] ઉપદેશ છે; [तस्मात्] માટે (હે ભવ્ય જીવ !) તું [कर्मसु] કર્મોમાં [मा रज्यस्व] પ્રીતિ-રાગ ન કર.

ટીકા :- 'રક્ત અર્થાત્ રાગી અવશ્ય કર્મ બાંધે અને વિરક્ત અર્થાત્ વિરાગી જ કર્મથી છૂટે' એવું જે આ આગમવચન છે તે, સામાન્યપણે રાગીપણાના નિમિત્તપણાને લીધે શુભ અને અશુભ બન્ને કર્મને અવિશેષપણે બંધના કારણ તરીકે સિદ્ધ કરે છે અને તેથી બન્ને કર્મને નિષેધે છે.

---

## પ્રવચન નં. ૨૩૧ ગાથા–૧૫૦, શ્લોક–૧૦૩, ૧૦૪

રવિવાર, વૈશાખ વદ ૯, તા. ૨૦-૦૫-૧૯૭૯

('સમયસાર', ગાથા–૧૫૦) છે ? વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મ. એમ. પેલું જડકર્મ એમ નહિ. આવા શુભભાવો જે છે એને અહીંયાં શુભકર્મ કહેવામાં આવ્યા છે. વ્રતના, તપના, નિમયના, શીલના એ ભાવ છે, શુભભાવ (છે) એને પણ અહીંયાં કર્મ તરીકે કહેવામાં આવ્યા છે. જોકે એક ઠેકાણે એવું કહ્યું કે, એની જે ક્રિયાઓ છે તે કર્મ છે અને એનો ભાવ છે તે શુભ ઉપયોગ છે. 'કળશટીકા'માં એમ કહ્યું છે. પણ એનો અર્થ ઈનો ઈ છે.

૧૫૦. **'બન્ને કર્મો...'** બન્ને કર્મો એટલે ઈ. વ્રત, નિયમ, શીલ, તપ, હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના બેય ભાવ કર્મ કહેવામાં આવે છે અને એ આત્મા નહિ, આત્માની જાત નહિ. આહા..હા...! **'બન્ને કર્મો બંધનાં કારણ છે...'** વ્રત, નિયમ, તપ, શીલ એ બધો શુભભાવ બંધનું કારણ છે. આ..હા...! **'અને નિષેધવાયોગ્ય છે...'** પાછુ એમ આવ્યું છે. બંધના કારણ છે અને નિષેધવા યોગ્ય છે. એનાથી આત્માને લાભ થાય એ વાત તો નહિ પણ નિષેધવા લાયક છે. આહા..હા...!

મુમુક્ષુ :– નુકસાનકારક કહ્યું છે.

ઉત્તર :– નુકસાન છે. આગળ કળશમાં આવશે. અંદર એક કળશ છે ને ? એમ કે, ઘાતનું કારણ નથી પણ આમ છે. આવે છે ને એક (કળશમાં) ? ૧૦૮ (કળશ). **'કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું હોવાથી, તે પોતે જ બંધસ્વરૂપ હોવાથી અને તે મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી...'** એ જુદું. એક નાનો કળશ છે. યાદ આવે તો આવે ને ! શું કીધું ઈ ? આ તો કળશમાં છે. ઘાત કરનારું છે, નિષેધવા યોગ્ય નથી, ઘાત કરનારું છે એમ છે. તિરોધાઈ એ તો છે. આ તો કળશમાં એક શબ્દ છે.

(૧૬૧-૧૬૩ ગાથાનો ભાવાર્થ) **'પહેલાં ત્રણ ગાથાઓમાં કહ્યું હતું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોનું–સમ્યક્ત્વાદિનું–ઘાતક છે. પછીની એક ગાથામાં એમ કહ્યું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. આ છેલ્લી ત્રણ ગાથાઓમાં કહ્યું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોથી વિરોધી ભાવોસ્વરૂપ છે...'** એ છે પણ એક કળશમાં ક્યાંક છે. એક કળશમાં ક્યાંક એકદમ (લખ્યું છે). એ ક્યાંક આવી ગયું હશે. આવે ત્યારે ખરું.

અહીં તો કહેવું છે કે, બન્ને બંધના કારણ છે અને નિષેધવાયોગ્ય છે **'એમ આગમથી સિદ્ધ કરે છે :–'** આગમ એટલે વીતરાગની વાણી. જિનેશ્વરદેવની આગમની વાણીમાં આમ છે એમ કહે છે. ત્રણ પ્રકાર કહ્યા. બંધના કારણ છે, નિષેધવા યોગ્ય છે એમ આગમની

વાણી છે. સર્વજ્ઞ પરમાત્મા, એની દિવ્યધ્વનિ જે આગમ, એનું પ્રમાણ છે. ૧૫૦ (ગાથા).

**रत्तो बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो।**
**एसो जिणोवदेसो तम्हा कम्मेसु मा रज्ज।।१५०।।**

નીચે હરિગીત.

**જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,**
**–એ જિન તણો ઉપદેશ; તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦.**

એની ટીકા. **'રક્ત અર્થાત્ રાગી અવશ્ય કર્મ બાંધે...'** આ..હા...! ચાહે તો એ શુભરાગ હો કે અશુભરાગ હો. દયા, દાન, વ્રત, તપનો ભાવ હો, હિંસા, જૂઠું, વિષયનો ભાવ હો બન્ને રાગી છે, બન્ને રાગ છે અને રાગી જરૂર કર્મ બાંધે. આ..હા...! વૈરાગ્ય પામેલ – વૈરાગી એટલે પુણ્ય, શુભ-અશુભ ભાવથી છૂટવું એનું નામ વૈરાગ્ય છે. વૈરાગ્ય (એટલે) આ બાયડી, છોકરા છોડ્યા ને દુકાન છોડી માટે વૈરાગી છે એમ નહિ. આહા..હા...! વૈરાગ્ય એને કહે છે કે, જે પુણ્ય અને પાપ, શુભ-અશુભ ભાવ, રાગ, એનાથી વિરક્ત છે તેને વૈરાગ્ય કહે છે. આહા..હા...! બહારથી કોઈ કુટુંબ-કબીલા છોડી, દુકાન છોડી બેઠો (એટલે) વૈરાગી છે એમ નહિ. આહા..હા...!

એ તો 'નિર્જરા અધિકાર'માં આવ્યું છે ને ! જ્ઞાન-વૈરાગ્ય શક્તિ. અસ્તિપણે જે ભગવાન પૂર્ણાનંદ છે તેના અસ્તિત્વનો, સત્તાનો, ભૂતાર્થનો, જ્ઞાયકનો જે શ્રદ્ધા ને જ્ઞાનભાવ (થયો) તે જ્ઞાન. અને પુણ્ય ને પાપ, શુભાશુભ ભાવથી વિરક્ત તે વૈરાગ્ય. જ્ઞાન ને વૈરાગ્ય બે શક્તિ સમકિતીને કાયમ હોય છે. એમ ત્યાં કીધું છે. વસ્તુસ્વરૂપ જે પૂર્ણાનંદ પ્રભુ ! આ..હા...! પૂર્ણ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક ! અનંત અતીન્દ્રિય ગુણમણિ રત્નની ખાણ ! આ..હા...! એવો જે ભગવાનઆત્મા, એનું જ્ઞાન (તે જ્ઞાન). અને શુભ ને અશુભ ભાવથી વૈરાગ્ય, એ રાગથી રહિત તે વૈરાગ્ય. આહા..હા...!

એ અહીં કહે છે, **'રાગી અવશ્ય કર્મ બાંધે અને વિરક્ત અર્થાત્ વૈરાગી જ કર્મથી છૂટે' 'વૈરાગી જ'** (કહ્યું છે). એ શુભ-અશુભ ભાવથી જેને છૂટવું છે, વૈરાગ્ય છે એ વૈરાગી કર્મથી છૂટે છે. રાગી પુણ્ય, દયા, દાન, વ્રતના પરિણામવાળો છૂટે છે અને છૂટવામાં મદદગાર છે એમ નથી. આહા..હા...! વિરક્ત – વૈરાગી જ કર્મથી છૂટે છે. પુણ્ય-પાપમાં જે રક્ત છે તે બંધાય છે અને શુભ-અશુભ ભાવથી જે વિરક્ત છે (તે છૂટે છે). રક્ત છે તે બંધાય છે, વિરક્ત છે તે છૂટે છે. વિરક્ત નામ ત્યાંથી છૂટ્યો, નિવૃત્ત થયો છે. આહા..હા...! બહારની નિવૃત્તિ લીધી એટલે એ વૈરાગી છે એમ નહિ. આહા..હા...! અંદરના શુભ ને અશુભ ભાવ, એનાથી જે વિરક્ત નામ વૈરાગ્ય છે... આહા..હા...! તે જ કર્મથી છૂટે છે.

**'એવું જે આ આગમવચન છે...'** જુઓ ! મૂઠ પાઠમાં **'जिणोवदेसो'** છે ને ! જિનનો એ ઉપદેશ છે. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરો એ જિનેશ્વરદેવનો એ ઉપદેશ છે. એ ઉપદેશ

છે ઈ આગમવચન છે. કેમકે 'ૐકાર ધ્વનિ સુણી, અર્થ ગણધર વિચારે' અને તેમાંથી આગમ રચે. ઈ આગમ જિનવાણી છે. આ..હા...! જિનવાણીમાં એટલે કે આગમમાં પુણ્ય-પાપથી છૂટવું એવું વચન છે. શુભાશુભ ભાવથી કંઈ લાભ થાય એવું વચન વીતરાગના ઉપદેશમાં – વાણીમાં નથી. આહા..હા...! 'હીરાલાલજી' આવું છે.

રાગી બંધાય છે અને વૈરાગી છૂટે છે – આ બે શબ્દો થયા. ચાહે તો પુણ્ય અને પાપના શુભ-અશુભ ભાવ (હો), એ બંધનને પામે છે અને એ શુભાશુભ ભાવથી વિરક્ત વૈરાગી (છે) એ કર્મથી છૂટે છે. આહા..હા..હા...! આમ તો કહ્યું ને ! વ્રત, નિયમ, શીલ, તપ. ચારે શુભકર્મ છે, શુભરાગ છે. એ શુભ કર્મ છે. આહા..હા...! એનાથી વૈરાગ્ય પ્રાપ્ત કરે, એનાથી વિરક્ત થાય અને આત્માના સ્વભાવમાં રક્ત થાય. આત્મા આનંદ, અતીન્દ્રિય આનંદ સ્વભાવ, એમાં રક્ત થાય અને પુણ્ય-પાપથી વિરક્ત થાય. આહા..હા...! એ કર્મથી છૂટે છે. આહા..હા...! આ આકરું પડે છે. કોઈ ઠેકાણે પાછું એવું લખાણ હોય ખરું (કે) વ્યવહાર છે ઈ સાધન છે. પણ ઈ તો નિમિત્તના જ્ઞાન કરાવ્યા, ભાઈ ! સાધન તો આ છે.

રાત્રે જરી કહ્યું હતું, નહિ ? અંતરાત્મા તે પરમાત્માનું સાધન છે. બહિરાત્મા એ પુણ્ય અને પાપને પોતાના માનનાર બહિર્ જે વસ્તુમાં નથી. ચિદાનંદ પ્રભુ ! જ્ઞાનઘન પ્રભુ ! એમાં પુણ્ય અને પાપના ભાવ નથી. આહા..હા..હા...! એ પુણ્ય ને પાપ એમાં નથી. આ..હા...! એમાં જે રાચે છે એ બંધનને પામે છે. એનાથી અંતરાત્મા ભિન્ન પડે છે. પેલો બહિરાત્મા થયો. શુભરાગમાં પણ પોતે રાચે છે તે બહિર્ છે. બહિર્ વસ્તુમાં નથી તેમાં તે રાચે છે. માટે તે બહિરાત્મા છે. આ..હા..હા...! અને જે વસ્તુમાં નથી તેવા રાગમાં રાચતો નથી અને વસ્તુની અસ્તિત્વની શ્રદ્ધાપૂર્વક શુભ-અશુભ ભાવથી જે વિરક્ત છે અને સ્વરૂપમાં રક્ત છે તે કર્મથી છૂટે છે. આહા..હા..હા...! આવું સ્વરૂપ છે.

અહીં પંદર દિ'ના અપવાસ કરે ને મહિનાના અપવાસ કરે ત્યાં મોટા વરઘોડા ચલાવે, જાણે એણે શું કર્યું ! ભાઈ ! પણ (એ) બંધનું કારણ (છે). શુભ રાગ અને એમાં વળી જો ધર્મ માને તો મિથ્યાત્વનું પોષણ છે. જે મિથ્યાત્વમાં અનંત ભવ કરવાની તાકાત છે. આહા..હા..હા...! એવા ભાવમાં ધર્મ માનનાર મિથ્યા નામ સત્યથી વિપરીત છે. સત્ય એવો પ્રભુ ! જે રાગ વિનાનો છે એવો સત્ય પ્રભુ ! એની દૃષ્ટિ અને એમાં રક્તતા (થવી) અને શુભ-અશુભ ભાવથી વિરક્તતા (થવી) તે અંતરાત્મા છે. એ અંતરાત્મા પરમાત્માનું સાધન કરે છે. રાગ પરમાત્માનું સાધન છે એમ નથી. મોક્ષમાર્ગમાં આવે છે ને ! અંતરાત્મા થઈને પરમાત્માને સાધે. આહા..હા...!

એટલે શુભ-અશુભ રાગ... આકરું કામ બહુ, બાપુ ! આહા..હા...! બેયને એક જાત કહી અને આગમનું વચન છે એમ કીધું. 'કુંદકુંદાચાર્યદેવે' એમ કીધું કે, '**जिणोवदेसो**' (એટલે

કે) જિનનો આ ઉપદેશ – વાણી છે. આ..હા...! ટીકાકાર કહે છે કે, એ આગમવચન છે હોં ! ભગવાનનું વચન છે ને પ્રભુ ! આહા..હા..હા...! કેમકે પ્રભુ વીતરાગ છે. એ વીતરાગ થવાનો ઉપદેશ દે. તો એ વીતરાગ થવાના ઉપદેશમાં આગમનું વચન એ આવ્યું કે, રાગથી વિરક્ત થા. રાગમાં રાચ (–રાચવું) એ બંધન અને અજ્ઞાન છે. આહા..હા...! રાગમાં રાચવું છોડી ભગવાનમાં રાચ અને રાગથી વિરક્ત થા, એને કર્મથી છૂટે એવું આગમનું વચન છે. સિદ્ધાંતનું આ વચન (છે). ચારે કોર ગોતીને ગોત તો આ વચન – સિદ્ધાંત છે એમ કહે છે. આ..હા..હા...! ચારે અનુયોગની અંદરમાંથી ગોત તો વચન તો આ છે. આહા..હા...! કે, ફલાણાં અનુયોગમાં એમ કહ્યું છે કે, આ કર્મથી લાભ થાય. આ..હા...! તો અહીં કહે છે કે, એ આગમવચન નહિ. આહા..હા...!

**'જે આ આગમવચન છે તે,...'** એટલે ? કે, રાગથી વિરક્ત થા એટલે ? કે, **'સામાન્યપણે રાગીપણાના નિષેધપણાને લીધે...'** એમાં કંઈ એમ ન આવ્યું કે, અશુભનો નિષેધ અને શુભનો આદર (કરવો). **'સામાન્યપણે રાગીપણાના નિમિત્તપણાને લીધે...'** સંક્ષેપમાં શુભ અને અશુભ બેયને ભાવ આવ્યા. આહા..હા..હા...!

પ્રશ્ન :– ચરણાનુયોગમાં પણ એ છે ?

સમાધાન :– ચારે અનુયોગમાં બધે વીતરાગતા કીધી છે. વ્યવહારથી ઉપદેશ આપ્યો છે (કે), આમ કરવું, આમ કરે. 'ભાવપાહુડ'માં પણ ઘણું કહ્યું છે ને ! 'ભાવપાહુડ'માં તો બહુ કહ્યું છે. ષોડશકારણ ભાવનાથી એ તીર્થંકર ગોત્ર બાંધે, પંચ મહાવ્રતની પચીસ ભાવના કરે... બધી વાતું (આવે) છે. એ વ્યવહારનયથી ત્યાં જ્ઞાન કરાવ્યું છે. એ ચીજ છે ને ! પણ છે એ બંધનું કારણ. આ..હા...! એમ આગમ – મૂળ આગમનું નિશ્ચય વચન, આગમનો પરમાર્થ ઉપદેશ તો આ છે. પેલો ઉપદેશ છે ઈ બધો વ્યવહારથી જાણવા માટે કહ્યો છે. આ..હા...! આદરવા માટેનું આગમનું વચન આ છે. આહા..હા...! આ તો બહારથી મરી જાય ત્યારે સમજાય એવું છે. ક્યાંક બહારમાં રસ રહે, દેવ-ગુરુ-શાસ્ત્રમાં રસ રહે તોપણ રાગ (છે) અને રાગ તે બંધનું કારણ (છે). આહા..હા..હા...!

મુમુક્ષુ :– મુનિને મહાવ્રત સહજ હોય.

ઉત્તર :– હોય છે છતાં બંધનું કારણ છે. સહજ હોય છે એનો અર્થ કે, ત્યાં કર્તાબુદ્ધિ – કરવાલાયક છે નહિ. એથી આવે છે. અને જ્ઞાનનયે તે પરિણમન છે માટે કર્તા છે એમ પણ કહેવાય છે. આહા..હા...! છટ્ઠે (ગુણસ્થાને) પંચ મહાવ્રતપણે એટલો પરિણમે છે ને ! એ પ્રમાદ છે. અને પરિણમે છે માટે તેને કર્તા પણ કહેવાય છે. પરિણમનની અપેક્ષાએ, કરવાલાયક છે એ અપેક્ષાએ નહિ. આહા..હા...!

પ્રશ્ન :– બંધનું કારણ બરાબર છે પણ નિષેધ કેવી રીતે કરવો ?

ઉત્તર :– નિષેધ છે, એમ કીધું ને ! આગમનું વચન (છે કે તે) નિષેધ (કરવા લાયક) છે.

મુમુક્ષુ :– ઇ ગુણસ્થાને તો આવશે ને.

ઉત્તર :– ત્યાં ભલે કહ્યું હોય.

મુમુક્ષુ :– ઇ ગુણસ્થાને તો આવશે ને.

ઉત્તર :– ગુણસ્થાન પણ આદરવા લાયક નથી. ગુણસ્થાન જીવમાં છે જ નહિ. ૬૮ ગાથા ! આહા..હા...! 'જય જયમાં વ્યવહાર નિશ્ચય મુંચઈ' ત્યાં એનો અર્થ ઈ કે, ભેદ છે. પણ તત્ત્વમાં – અંદર વસ્તુમાં એ ભેદ નથી. આહા..હા..! ચોથું, પાંચમું, છઠ્ઠું (ગુણસ્થાન) એ તીર્થ છે. તીર્થ છે એટલે એનાથી અહીં પમાય છે એ પ્રશ્ન અહીં નથી. આ..હા...! ઈ અવસ્થા છે, એટલું. એ વ્યવહાર નથી એમ નહિ. અને એ વ્યવહારથી ભિન્ન ભગવાન તત્ત્વ નિશ્ચય છે, એમાં તો એ ગુણસ્થાનનો ભેદ પણ નથી, માર્ગણાસ્થાનના ભેદ પણ નથી, જીવ(સ્થાનના) ભેદ પણ નથી. આ..હા..હા...! જેમાં ક્ષાયિકભાવ નથી... આહા..હા...! એવો જે ભગવાનઆત્મા ! એ જ અંતરમાં ઉપાદેય તરીકે, આદરણીય તરીકે, સ્વીકાર તરીકે, સત્કાર તરીકે માનવા લાયક છે. આહા..હા..હા...! શું થાય ? જગત પહોંચી ન વળે એટલે કંઈ વસ્તુ બીજી થઈ જાય ? પહોંચી ન શકે એટલે કાંઈ માર્ગ બીજો થાય, બાપુ ! આહા..હા...!

અહીં આચાર્ય કહે છે, **'સામાન્યપણે રાગીપણાના નિમિત્તપણાને લીધે શુભ અને અશુભ બન્ને કર્મને અવિશેષપણે બંધનાં કારણ તરીકે સિદ્ધ કરે છે...'** એમાં એમ ન લેવું કે, પુણ્ય શુભભાવ વ્રત છે એ ઠીક છે. સામાન્યપણે જે રાગી કીધો એમાં બધું આવી ગયું. શુભ અને અશુભ બેય ભાવ રાગીપણામાં આવી ગયા. **'રાગીપણાના નિમિત્તપણાને લીધે શુભ અને અશુભ બન્ને કર્મ...'** એટલે પર્યાય, બન્ને પરિણામ **'અવિશેષપણે...'** એટલે સામાન્યપણે **'બંધનાં કારણ તરીકે...'** બેય સરખા બંધના કારણ છે. આહા..હા...! **'અવિશેષપણે...'** (એટલે) શુભભાવમાં બંધમાં કાંઈ ફેર છે (અને) અશુભમાં કાંઈ ફેર છે એમ નથી. અવિશેષ (એટલે) સામાન્યપણે શુભ અને અશુભ બેય કાર્ય – કામ **'બંધનાં કારણ તરીકે સિદ્ધ કરે છે...'** આગમ. આહા..હા...! હવે આમાં ચર્ચા-વાર્તા કરે. આ..હા...! 'ખાણિયા'ની મોટી ચર્ચા થઈ છે ને ! એની સામે આ મૂકે છે, 'બંસીધરજી'. 'જૈનદર્શન'માં મોટું ચાલ્યું છે, લાંબુ.. લાંબુ.. લાંબુ... (લખાણ આવે છે). અહીં તો વાંચ્યું પણ નથી. 'જૈનદર્શન'માં (એમ લખે છે કે), 'ખાણિયા'માં આમ છે ને આમ છે ને આમ છે... અરે... ભગવાન ! શું થાય ? બાપુ ! આ..હા...!

અહીં તો **'સામાન્યપણે રાગીપણાના નિમિત્તપણાને લીધે શુભ અને અશુભ બન્ને કર્મને અવિશેષપણે બંધનાં કારણ તરીકે સિદ્ધ કરે છે અને તેથી બન્ને કર્મને નિષેધે છે.'** લ્યો ! આહા..હા..હા...! ચરણાનુયોગમાં એને કરવાલાયક કહ્યા. કાલે આવ્યું હતું, નહિ ? પંચ મહાવ્રતનું ! મોટા પુરુષે આચર્યા છે, મોટા પુરુષે કરેલા છે, ઈ મોટા છે. મહાવ્રત પોતે મોટા છે. ત્રણ શબ્દ મૂક્યા હતા, ત્રણ હતા. આહા..હા...! એને એ વખતે એની દશામાં

મહાવ્રતના વિકલ્પ ટાણે તે દશા છે, એ દશાસહિતના વિકલ્પ છે એને અહીંયાં મહાવ્રત તરીકે, વ્યવહાર તરીકે કીધું. નિશ્ચય તરીકે તો મહાવ્રત (એટલે) પોતાના સ્વરૂપમાં ઠર્યો છે એ મહાવ્રત છે. આહા..હા..હા...! ઈ આવે છે ને ? 'નિયમસાર' ! ધ્યાનમાં બધું આવે છે. ઈ આવે છે. 'નિયમસાર'માં એક (ઠેકાણે આવે છે). જે બધી ક્રિયાઓ કરે તેનો ત્યાગ કરીને આત્માનું ધ્યાન (થવું) એ વ્રત ને તીર્થ ને સંયમ ને એ બધું ઈ છે. (આવે) છે ને ! આહા..હા...! એ બન્ને કર્મ એટલે કાર્ય, તેને નિષેધે છે.

## શ્લોક–૧૦૩

(स्वागता)

कर्म सर्वमपि सर्वविदो यद्<br>
बन्धसाधनमुशन्त्यविशेषात्।<br>
तेन सर्वमपि तत्प्रतिषिद्धं<br>
ज्ञानमेव विहितं शिवहेतुः।।१०३।।

શ્લોકાર્થ :– (यद्) કારણ કે (सर्वविदः) સર્વજ્ઞદેવો (सर्वम् अपि कर्म) સમસ્ત (શુભ તેમ જ અશુભ) કર્મને (अविशेषात्) અવિશેષપણે (बन्धसाधनम्) બંધનું સાધન (કારણ) (उशन्ति) કહે છે (तेन) તેથી (એમ સિદ્ધ થયું કે સર્વજ્ઞદેવોએ) (सर्वम् अपि तत् प्रतिषिद्धं) સમસ્ત કર્મને નિષેધ્યું છે અને (ज्ञानम् एव शिवहेतुः विहितं) જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. ૧૦૩.

## શ્લોક ૧૦૩ ઉપર પ્રવચન

'આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–' ૧૦૩ (શ્લોક).

कर्म सर्वमपि सर्वविदो यद्<br>
बन्धसाधनमुशन्त्यविशेषात्।<br>
तेन सर्वमपि तत्प्रतिषिद्धं<br>
ज्ञानमेव विहितं शिवहेतुः।।१०३।।

(यद्) નામ **'કારણ કે...'** (सर्वविदः) એટલે **'સર્વજ્ઞદેવો...'** 'विदः' એટલે જ્ઞાની. સર્વ જાણનારા સર્વજ્ઞદેવ પરમાત્મા એણે **(सर्वम् अपि कर्म) 'સમસ્ત (શુભ તેમ જ અશુભ)...'** ભાવને **'અવિશેષપણે...'** (એટલે) સામાન્યપણે. બેમાં કંઈ પણ ફેર છે એમ નહિ. આહા..હા...! અવિશેષ એટલે સામાન્ય, વિશેષ નહિ. સામાન્યપણે **(बन्धसाधनम्) 'બંધનું સાધન (કારણ) કહે છે...'** લ્યો, ઠીક ! આ..હા...! શુભ ને અશુભ ભાવ બેય બંધના સાધન છે. આહા..હા...! હવે જે બંધના સાધન છે એ મોક્ષના સાધન તરીકે વ્યવહારે નાખે એ ન ચાલે. આહા..હા..!

સર્વજ્ઞદેવો, અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ.... આહા..હા...! એ શુભ ને અશુભ ભાવને સામાન્યપણે બન્ને એક જ સરખા છે (એમ) માનીને બંધનું કારણ કહે છે. ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એમ દિવ્યધ્વનિમાં ફરમાવે છે. આ..હા..હા...! **'તેથી (એમ સિદ્ધ થયું કે સર્વજ્ઞદેવોએ)...' (सर्वम् अपि तत् प्रतिषिद्धं) 'સમસ્ત કર્મને નિષેધ્યું છે...'** આહા..હા...! અને શુભાશુભ બેય ભાવને જિનેશ્વરદેવે નિષેધ્યા છે. બેય ધર્મ નથી. આહા..હા...! ત્યારે છે શું ?

**'ज्ञानम् एव शिवहेतुः विहितं'** આહા..હા..હા...! ભગવાન સર્વજ્ઞદેવોએ જ્ઞાન એટલે આત્મા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ પ્રભુ ! આહા..હા...! એકલો પુણ્ય-પાપ વિનાનો પ્રભુ શુદ્ધ, શુદ્ધ એવા જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. એકલો જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, જે દયા, દાનના વિકલ્પથી ભિન્ન છે, એ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, તે જ્ઞાનને મોક્ષનું કારણ કહ્યું છે. આગમમાં એ કહ્યું છે. ચારે અનુયોગ લ્યો. આગમમાં તો એ આવી ગયું કે નહિ ? કે, પેલા ત્રણ આગમ નહિ ? ચરણાનુયોગમાં આમ કહ્યું છે ને કરણાનુયોગમાં આમ કહ્યું છે. બધું કહ્યું છે. આહા..હા...!

ભગવાનના આગમમાં તો સમસ્ત કાર્યનો નિષેધ છે. **'ज्ञानम् एव'** શબ્દ છે. જોયું ? એકાંત કર્યું ! જ્ઞાનને જ. કથંચિત્ આત્માના સ્વભાવને અને કથંચિત્ રાગના ભાવને મોક્ષનું કારણ (કહ્યું છે એમ નથી). એમ કથંચિત્ (શબ્દનો અર્થ) નથી. આહા..હા...! **'ज्ञानम् एव'** ભગવાનઆત્મા શુભ-અશુભ ભાવ વિનાનો એવો જે ચૈતન્યસ્વરૂપ, મહાન ધ્રુવ નિત્ય આત્મસ્વરૂપ, પુણ્ય-પાપ તો ક્ષણિક, કૃત્રિમ, વિકાર, દુઃખરૂપ એક સમય પૂરતા વિભાવ છે. અને આ ભગવાન જ્ઞાનસ્વભાવી ત્રિકાળ છે. એ ત્રિકાળી જ્ઞાનસ્વભાવને જ મોક્ષના સાધન તરીકે પ્રભુએ વર્ણવ્યું છે. આ..હા..હા...!

આમાં તો ભગવાનની ભક્તિને પણ મોક્ષના સાધન તરીકે નિષેધ્યું છે. દેવ-ગુરુ ને શાસ્ત્ર, એની ભક્તિ એ પણ રાગમાં – સામાન્ય રાગમાં આવી જાય છે. રાગ કીધો, રાગથી બંધાય છે એ સામાન્ય રાગમાં એ વાત આવી જાય છે. આહા..હા...! ભારે કામ આકરું ! ભક્તિવાળાને આકરું પડે, ક્રિયાકાંડવાળાને આકરું (પડે) અને ન કરી શકે એને આકરું પડે. કરી શકાય નહિ. માટે (એમ થાય કે) માળું આ શું !

મુમુક્ષુ :– કરી શકતા નથી પછી કેવી રીતે કરે ?

ઉત્તર :– કરી શકે છે, હા. એના જ્ઞાનમાં પહેલો નિર્ધાર તો નક્કી કરે કે, શુભાશુભ ભાવ તે બંધના જ કારણ છે અને જ્ઞાનસ્વરૂપ ભગવાન, જે શુભ-અશુભ ભાવથી રહિત ત્રિકાળ છે, વીતરાગમૂર્તિ છે, જિનસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, ઈશ્વરસ્વરૂપ છે તેને, તેનું સાધન કરે તેને મોક્ષ થાય છે. આહા..હા...! આવું છે.

**'જ્ઞાનને જ...'** એમ કીધું છે ને ! **'ज्ञानम् एव'** ન્યાં એમ નથી કહ્યું કે, આત્માનો સ્વભાવ સાધન છે અને રાગ પણ કથંચિત્ સાધનમાં કહીએ છીએ. આ ૪૭ નયમાં આવે છે ને ! વ્યવહારનય, નિશ્ચયનય, ક્રિયાનય, જ્ઞાનનય બેય આવે છે. લ્યો ! ૪૭ નયમાં તો ક્રિયાનયને નાખી છે. ઈ તો એક સમયની યોગ્યતા બધી આ જાતની ગણી. કો'કને ક્રિયાનય ને કો'કને જ્ઞાનનય, કો'કને વ્યવહારનય ને કો'કને નિશ્ચયનય, એમ નહિ. આ..હા..હા...! ૪૭ નયમાં (આવે છે ને !) એ તો એકના એક જીવને જેની દૃષ્ટિ સ્વભાવ ઉપર પડી છે એની પર્યાયમાં આવા એક એક નયના ભાવોની યોગ્યતા ગણીને કહેવામાં આવ્યું છે. તે એકસાથે (છે). કો'કને ક્રિયાનયથી ને કો'કને જ્ઞાનનયથી, કો'કને વ્યવહારથી ને કો'કને નિશ્ચયથી (થાય) એમ નથી. આહા..હા...!

આવો માર્ગ છે. આકરો માર્ગ (છે). એક તો સાંભળવા મળે નહિ... આહા..હા...! અને આ દુનિયાની પંચાતના પાર ન મળે. ધંધા-પાણી પાપના કરે અને એમાં નવરો થાય તો સાંભળવાનું મળે (કે) વ્રત કરો ને તપ કરો ને ભક્તિ કરો ને.. ઈ મળે બિચારાને. એનો કલાક લૂંટાય જાય. આહા..હા...! આવો મનુષ્યદેહ મળ્યો એમાં શું કર્યું તેં ? ભાઈ ! આહા..હા...! મનુષ્યદેહ તો ચાલ્યો જશે, બાપુ ! આ..હા...! એની ક્ષણ ને પળ નક્કી છે. જે સમય છે તે સમયે દેહ છૂટીને ચાલ્યો જશે. આ..હા...! તારું તેં શું કર્યું ? પ્રભુ ! આહા..હા...! બહારમાં નામ કાઢ્યા કે આ પાંચ-પચાસ હજાર કે લાખ, બે લાખ, પાંચ લાખ, પચીસ લાખ ભેગા કર્યા, કુટુંબમાં મોઢાઆગળ પડ્યો. (ઈ તો) પાપી પ્રાણીમાં મોઢાઆગળ પડ્યો. આહા..હા...! કર્મી.. કર્મી કર્મી નથી કહેતા ? અમારા છોકરા કર્મી જાગ્યા છે. કર્મ જાગ્યા છે ને ? (એનો અર્થ) પાપી જાગ્યા છે. આહા..હા...! આ..હા..હા...!

ભગવાન જિનેશ્વરદેવે તો આત્માનો જે સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન (છે) તેનો આશ્રય લઈને મોક્ષનું સાધન થાય એમ કહ્યું છે. આહા..હા...! અનંત તીર્થંકરો, અનંત થઈ ગયા, વર્તમાન પ્રભુ બિરાજે છે, મહાવિદેહમાં વીસ તીર્થંકર, લાખો કેવળીઓ બિરાજે છે, પ્રભુ ! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ થઈ ગયા, છે અને થશે (એ) બધા તીર્થંકરોના ઉપદેશનો આ ધ્વનિ છે. આ..હા..હા...! અરે...! કેમ બેસે ? વાડામાં – સંપ્રદાયમાં પકડાય ગયા હોય (એને આ ન બેસે). એના ગુરુ એને કહેતા હોય, આ વ્રત કરો, આ તપ કરો, આ અપવાસ કરો, આ કરો, આ કરો... છપરબી કંદમૂળ ન ખાવા, છપરબી બ્રહ્મચર્ય પાળવું એ ધર્મ નથી ? ધૂળેય નથી, સાંભળને ! ધૂળેય નથી એટલે ? કે ત્યાં પુણ્યાનુબંધી પુણ્ય પણ નથી. આ..હા..હા..હા...! આવું કામ આકરું પડે બિચારાને. આ તો 'સોનગઢ' ને જંગલ ! આમાં

કોઈનો વાડો નથી કે વાડામાં રહે. આવી વાત (કરે તો) વાડામાં રહેવા ન દ્યે. આહા..હા...!

પ્રભુ ! તારું હિત કેમ થાય ? બાપુ ! આવો મનુષ્યદેહ મળ્યો. અનંત કાળે માંડ મનુષ્યદેહ (મળ્યો) એમાં પણ આર્યકુળ. જૈનકુળમાં અવતાર. ભલે નામ જૈન (હોય), એમાં વીતરાગની વાણી પ્રભુ ! તને સાંભળવા મળે ! આ..હા..હા...! આવી દુર્લભતામાં આ વાત જો ન સમજ્યો પ્રભુ ! આ..હા...! ભાઈ ! તારા આરા ક્યાં આવશે ? તારા ટાણાં ચૂકીને બાપુ ! એ અનંત ભવના ગર્ભમાં અનંત ભવનું દુઃખ છે, ભાઈ ! એમાં રખડપટ્ટીમાં અજાણ્યા ક્ષેત્રે, અજાણ્યા કાળે જઈને અવતરશે. આહા..હા...! એમાં આ માંહ્યલું સાથે કાંઈ નહિ આવે એને. આહા..હા...!

અનંત તીર્થંકરો...! અહીં વજન કેમ આપવું છે ? (**ज्ञानम् एव शिवहेतुः विहितं**) આગમમાં, વીતરાગના આગમ એને કહીએ કે જે આગમમાં... આહા..હા...! આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન, આત્માનું ચારિત્ર, આત્માને આશ્રયે થતી વીતરાગી દશા તે જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, તે જ એક મોક્ષનું સાધન છે એમ અનંત તીર્થંકરોએ દિવ્યધ્વનિમાં આ વચનો કહ્યા છે, પ્રભુ ! તને કેમ (બેસે) ? આહા..હા...! '**જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે.**' અહીં વજન આટલું છે. કથંચિત્ વ્યવહાર અને કથંચિત્ આત્માના સ્વભાવને (સાધન કહ્યું છે એમ નથી). તેમ એ જ્ઞાનનો આત્મસ્વભાવ વ્યવહાર પહેલો આવે તો એનાથી થાશે એ વાત અહીં તો કરી નથી. આહા..હા...!

ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ ! ચૈતન્યઘન આત્મા ! જ્ઞાયકભાવ નિત્યભાવ, ધ્રુવભાવ, અભેદ ભાવ, એક ભાવ, સામાન્ય ભાવ, સદૃશ ભાવ, ભૂતાર્થ ભાવ ! આ..હા...! તેને આશ્રયે જે સાધન થાય તેને મોક્ષનું સાધન કહ્યું છે. આહા..હા...! બાકી વચ્ચે બધા મંદિરો ને આ ધામધૂમ ને આ બધું હા.. હો.. હા.. એમાં કાંઈ પણ મોક્ષનું કારણ છે એમ નથી, કહે છે. આ મોટું બાવીસ લાખનું મંદિર (બનાવ્યું). તે શું છે ? આહા..હા...! એનો પ્રેમ ને ભક્તિ હોય તો શુભભાવ છે. શુભભાવ એ કંઈ મોક્ષનું કારણ નથી. આહા..હા...!

ત્રણ શબ્દ છે. (**ज्ञानम् एव शिवहेतुः विहितं**) ફરમાવ્યું છે. અનંત તીર્થંકરોએ આત્માના જ્ઞાનસ્વભાવમાં જવું, ત્યાં ઠરવું, ત્યાં રહેવું, ત્યાં દૃષ્ટિ કરવી... આહા..હા..હા...! એને અનંત સર્વજ્ઞોએ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. આહા..હા..! થોડું લખ્યું ઘણું કરીને જાણજો એમ લખ્યું છે. આહા..હા...! એમ થોડું કહ્યું બહુ કરીને માનજો. આહા..હા...! આહા..હા...!

પહેલો એના જ્ઞાનમાં નિર્ણય તો કરે, પ્રભુ ! કે એ આત્મા જે ત્રિકાળ સ્વભાવ છે એ શુભ-અશુભ ક્રિયાકાંડના રાગ, એથી તો એ ભિન્ન ચીજ છે. ભિન્ન ચીજને ભિન્ન રાગથી લાભ થાય એવું ત્રણકાળમાં બને નહિ. આહા..હા...!

'**જ્ઞાનને જ મોક્ષનું કારણ...**' ઓ..હો...! આટલા શબ્દોમાં તો કેટલું ભર્યું છે !! આ..હા..હા...! આત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા, તેને જ. વ્યવહાર પણ વચ્ચે આવે માટે સાધન છે એમ નહિ. એને મોક્ષનું કારણ, પરમાત્મ(પદની) પ્રાપ્તિનું કારણ અનંત તીર્થંકરોએ '**ફરમાવ્યું છે.**' આ..હા...! છે ને ? '**विहितं**' આ '**विहितं**' આહા..હા...!

અનંત સર્વજ્ઞ પરમેશ્વરે આવી '**विहितं**' વિધિ આ કીધી છે. કહ્યું છે, ફરમાન આ છે. આ..હા..હા...! હવે એમાં ચર્ચા ને વાર્તા ને... આ..હા...!

'**જો સમસ્ત કર્મ નિષેધવામાં આવ્યું છે તો પછી મુનિઓને શરણ કોનું રહ્યું...**' તમે કહો છો કે, વ્રત ને તપ ને ભક્તિ બિચારા આખો દિ' કરે તો વખત તો મળે, આધાર તો મળે. એનો તો તમે નિષેધ કર્યો. હવે એને શરણ કોનું ? અહિંસા, સત્યદત્ત, વ્રત પાળવા, બ્રહ્મચર્ય પાળવું, સ્ત્રીનો સંસર્ગ કરવો નહિ, નવ વાડે બ્રહ્મચર્ય પાળવું આવું કાંઈક એને કરવાનું તો આવે. આહા..હા...! જ્યારે તમે આવા ભાવનો તો નિષેધ કર્યો ત્યારે મુનિ કોને શરણે મુનિપણું પાળે ? આવા વ્રતાદિ, તપાદિ ભાવને તો તમે સંસાર અને બંધનું કારણ કહ્યું. મૂળ પાઠમાં સંસાર કહ્યો છે. રાગ એટલે સંસાર – એવો શબ્દ છે. રાગ તે સંસાર. ચાહે તો દયા, દાન, વ્રતનો, તપનો રાગ, વિકલ્પ હો પણ (એ) સંસાર (છે). આહા..હા..હા...! જ્યારે તમે એનો નિષેધ કર્યો ત્યારે તેને શરણ શું ? કરવાનું જે હતું, જે આચરણમાં મુકવાનું હતું, જે કરી શકાય એવું હતું, જે તેમ કરી શકે છે, હવે એનો તો તમે નિષેધ કર્યો. આ..હા...! ત્યારે હવે એને કરવું શું ? એને રહ્યું શું ? જે કરવાની ક્રિયાઓ (હતી) વ્રત ને નિયમ ને અપવાસ ને ભક્તિ ને વિનયનો તમે નિષેધ કર્યો, તો હવે એને કરવાનું શું રહ્યું ? આ..હા...! એમ શિષ્યનો પ્રશ્ન છે. '**હવેના કળશમાં એ કહે છે :–**'

## શ્લોક-૧૦૪

(शिखरिणी)

**निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल**
**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः ।**
**तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं**
**स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः ।।१०४ ।।**

**જો સમસ્ત કર્મ નિષેધવામાં આવ્યું છે તો પછી મુનિઓને શરણ કોનું રહ્યું તે હવેના કળશમાં કહે છે :–**

**શ્લોકાર્થ :–** (सुकृतदुरिते सर्वस्मिन् कर्मणि किल निषिद्धे) **શુભ આચરણરૂપ કર્મ અને અશુભ આચરણરૂપ કર્મ – એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં અને** (नैष्कर्म्ये

प्रवृत्ते) એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં, (मुनयः खलु अशरणाः न सन्ति) મુનિઓ કાંઈ અશરણ નથી; (तदा) (કારણ કે) જ્યારે નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ–અવસ્થા) પ્રવર્તે છે ત્યારે (ज्ञाने प्रतिचरितम् ज्ञानं हि) જ્ઞાનમાં આચરણ કરતું–રમણ કરતું–પરિણમતું જ્ઞાન જ (एषां) તે મુનિઓને (शरणं) શરણ છે; (एते) તેઓ (तत्र निरताः) તે જ્ઞાનમાં લીન થયા થકા (परमम् अमृतं) પરમ અમૃતને (स्वयं) પોતે (विन्दन्ति) અનુભવે છે–આસ્વાદે છે.

ભાવાર્થ :– 'સુકૃત કે દુષ્કૃત – બન્નેનો નિષેધ કરવામાં આવ્યો છે તો પછી મુનિઓને કંઈ પણ કરવાનું નહિ રહેવાથી તેઓ મુનિપણું શાના આશ્રયે, શા આલંબન વડે પાળી શકે ?' – એમ કોઈને શંકા થાય તો તેનું સમાધાન આચાર્યદેવે કર્યું છે કે :– સર્વ કર્મનો ત્યાગ થયે જ્ઞાનનું મહા શરણ છે, તે જ્ઞાનમાં લીન થતાં સર્વ આકુળતા રહિત પરમાનંદનો ભોગવટો હોય છે – જેનો સ્વાદ જ્ઞાની જ જાણે છે. અજ્ઞાની કષાયી જીવ કર્મને જ સર્વસ્વ જાણી તેમાં લીન થઈ રહ્યો છે, જ્ઞાનાનંદનો સ્વાદ નથી જાણતો. ૧૦૪.

## શ્લોક ૧૦૪ ઉપર પ્રવચન

(शिखरिणी)

**निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल**
**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः ।**
**तदा ज्ञाने ज्ञानं प्ररतिचरितमेषां हि शरणं**
**स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः ।।१०४ ।।**

આહા..હા...! **'सुकृतदुरिते सर्वस्मिन् कर्मणि किल निषिद्धे'** પ્રભુ ! **'શુભ આચરણરૂપ...'** જોયું ? શુભ આચરણ (કહ્યું છે). દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, અપવાસ એ **'શુભ આચરણરૂપ કર્મ...'** એટલે ભાવ – કાર્ય **'અને અશુભ આચરણરૂપ કર્મ...'** હિંસા, જૂઠું, ચોરી, વિષય, આ દુકાનના ધંધા-પાણી, દુકાનના થડે બાવીસ કલાક બેસે ને ! બાવીસ કલાક તો (ન બેસે), છ-સાત કલાક તો સુવે ને ! બે-ચાર કલાક ખાવા-પીવામાં, બાયડી, છોકરા રાજી કરવામાં જાય, દુકાને છ-સાત કલાક બેસે. દસ-દસ કલાક બેસે !

અમારે દુકાન હતી ને ! અમારા 'કુંવરજીભાઈ' સવારમાં ઉઠે તે.. છ વાગ્યાથી રાતના નવ વાગ્યા સુધી ! અમારે 'પાલેજ' દુકાન (હતી). શું કરો છો કીધું તમે આ ? આખો દિ' આ ! આ તો એકલું પાપ (છે). એ.. બેન આવો, એ.. ભાઈ આવો, આ માલ લ્યો,

ફલાણું લ્યો, ઢીકણું લ્યો, આમ છે, તેમ છે... આના બે રૂપિયા છે, તો પેલા કહે, અમારી (પાસે) એટલા નથી. તો કહે, બે આના ઓછા આપજો, લ્યો ને ! તમારી જિંદગી આમાં જાય, આ શું છે કીધું આ ? દુકાનના ધંધા, બાયડી-છોકરાને રાજી કરવામાં, છ-સાત કલાક ઊંઘમાં (જાય)... અરે..રે..રે...! એને કલાક-બે કલાક વખત મળે (અને) સાંભળવા જાય તો (સાંભળવા) આવું મળે પાછું ! વ્રત કરો, તપ કરો, એનાથી તમારે કલ્યાણ થશે. અરે... પ્રભુ ! ત્યારે હવે એને કરવું શું ? આહા..હા...!

જે કાંઈ કરી શકાય, દેખાય છે, બીજાને દેખાય છે એ વાતનો તો તમે નિષેધ કરો છો. આહા..હા...! ત્યારે મુનિને શું કરવું ? પણ પ્રભુ ! તને ખબર નથી, સાંભળ ! આહા..હા...! **'અને...' 'नैष्कर्म्ये प्रवृत्ते' 'એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,...'** આહા..હા...! એ શુભ-અશુભ જે કર્મ નામ ભાવ, તેનાથી રહિત નિષ્કર્મ અવસ્થા. પેલી કર્મ અવસ્થા છે. આહા..હા...! શુભ-અશુભ ભાવ એ કર્મ વિકાર, સંસાર અવસ્થા (છે). એનાથી **'નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,...'** આહા..હા...! મુનિઓ એને કહીએ કે, એ શુભ-અશુભ ભાવથી નિવૃત્તિ થઈ અને **'નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,...' 'मुनयः खलु अशरणाः न सन्ति' 'મુનિઓ કાંઈ અશરણ નથી;...'** કાંઈ અંદર કરવાનું નથી એમ નથી. આહા..હા...! શુભાશુભ ભાવથી રહિત થયો, નિષ્કર્મ અવસ્થામાં પ્રવર્તે છે ઈ કાંઈ કરવાનું નથી એમ નહિ. એ આત્મભગવાન અંદર નિષ્કર્મ અવસ્થામાં પ્રવર્તે છે. આહા..હા...!

શુદ્ધ જ્ઞાનઘન ભગવાનઆત્મા ! એમાં એ શુભ-અશુભ ભાવ રહિત નિષ્કર્મ દશામાં પ્રવર્તે છે. પ્રભુ ! આ..હા..હા..હા...! છે ને ? **'नैष्कर्म्ये प्रवृत्ते' 'એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,...'** આહા..હા...! **'मुनयः खलु अशरणाः न सन्ति' 'મુનિઓ કાંઈ અશરણ નથી;...'** આ..હા..હા...! **'(કારણ કે) જ્યારે નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ–અવસ્થા) પ્રવર્તે છે...'** આહા..હા...! જ્યારે એ શુભભાવથી પણ નિવૃત્તિ(રૂપ) એવી અવસ્થા સંતો, સાચા મુનિઓને પ્રવર્તે છે... આ..હા..હા...! એ શુભભાવ કર્મ છે, વિકાર છે, કાર્ય છે એનાથી નિવૃત્તિરૂપ નિષ્કર્મ અવસ્થા(માં એટલે કે) સ્વભાવ સન્મુખમાં (પ્રવર્તે છે)... આહા..હા...! **'નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ–અવસ્થા) પ્રવર્તે છે ત્યારે...'**

**'ज्ञाने प्रतिचरितम् ज्ञानं हि'** આ..હા..હા...! **'જ્ઞાનમાં આચરણ કરતું–રમણ કરતું–પરિણમતું જ્ઞાન જ...'** આ..હા..હા..હા...! આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એ આનંદ અને જ્ઞાનમાં રમતો... આ..હા..હા...! એ નિષ્કર્મ અવસ્થા તે એણે કરવા જેવી શરણ છે. શુભાશુભ છૂટી ગયું માટે એને કાંઈ કરવાનું રહ્યું નથી એમ નથી. આહા..હા...! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! અંદર આનંદનો સાગર ! અતીન્દ્રિય અનંત ગુણની રત્નની માળા ભરી છે ! આહા..હા...! એવા ભગવાનઆત્મામાં એકાગ્રતા એ નિષ્કર્મ અવસ્થા, એ મુનિઓને શરણ છે. આ..હા..હા..હા...! હવે અહીં તો બહારના વ્રત પાળે ને આ કર્યું... (એના) પણ

ઠેકાણાં ક્યાં છે ? આહા..હા...!

નિષ્કર્મ અવસ્થા પ્રવર્તે ત્યારે **'ज्ञाने प्रतिचरितम् ज्ञानं'** આ..હા..હા...! આત્મા આત્મામાં આચરણ કરતો. અહીં 'જ્ઞાન' શબ્દ લીધો એટલે આત્મા. પુણ્ય-પાપ ભાવ એ કાંઈ આત્મા નથી, એ તો અનાત્મા (છે). આહા..હા...! **'જ્ઞાનમાં આચરણ કરતું...'** ભગવાન શુદ્ધ સ્વરૂપ, તેના ઉપર દૃષ્ટિ પડતાં શુદ્ધ સ્વભાવનું અવલંબન લેતાં, જ્ઞાનમાં એટલે આત્મામાં આચરણ કરતું, આત્મામાં **'રમણ કરતું...'** આત્મામાં **'પરિણમતું...'** આ.હા..હા..હા...! એ **'જ્ઞાન જે તે મુનિઓને શરણ છે;...'** આહા..હા...! આવો માર્ગ ! અંતર આત્મામાં ધ્યાનમાં પ્રવર્તે છે એ જ એને શરણ છે. રાગ ને પુણ્ય-પાપના પરિણામ છોડી, સંતો – જૈનના સંતો એને કહીએ. આ..હા..હા..હા...!

જૈન કોઈ પક્ષ નથી, વાડો નથી. જૈન તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા...! જૈન કોઈ પક્ષ–વાડો નથી. એ તો વસ્તુ જિનસ્વરૂપ છે. 'ઘટ ઘટ અંતર જિન વસે' એ જિનસ્વરૂપી પ્રભુ ભગવાન છે આત્મા ! બાપુ ! તને ખબર નથી. આ..હા...! એ પુણ્ય ને પાપના ભાવના ત્યાગમાં એને જિનસ્વરૂપ એવું વીતરાગ (સ્વરૂપ)નો આશ્રય લઈને નિષ્કર્મ અવસ્થામાં પ્રવર્તે છે. આહા..હા...! અરે..રે...! આવું આકરું ! આવું સાંભળ્યું પણ ન હોય. એકલા પાપમાં જિંદગી (ગાળે). આહા..હા...! અરે..રે...! ઢોરના જીવન અને માણસના જીવનમાં ફેર શું ? એ પણ ખાય-પીવે, મૈથૂન ને વિષય ને સૂવે, આ પણ ઈનું ઈ (કરે), એમાં ફેર શું ? બાપા !

અહીં તો જ્યારે શુભ વ્રતાદિના પરિણામનો નિષેધ કર્યો, પ્રભુ ! ત્યારે એને હવે આચરવું શું ? આચરણ જે છે, દેખાય, કરી શકાય એનો તો તમે નિષેધ કર્યો કે, એ તો રાગ છે. આહા..હા...! એ બંધનું કારણ છે. પ્રભુ ! તારો નાથ અંદર બિરાજે છે કે નહિ ? ભાઈ ! એ પુણ્ય-પાપનો નિષેધ થયો એટલે તારી વસ્તુનો ત્યાં નિષેધ થયો ? આ..હા...! શુભ-અશુભ ભાવનો નિષેધ થતાં, પ્રભુ અંદર જ્ઞાનઘન, આનંદઘન, ચિદાનંદ પ્રભુ બિરાજે છે. આહા..હા...! એ શુભાશુભ ભાવથી નિવર્તે છે ત્યારે શુદ્ધ સ્વભાવમાં પ્રવર્તે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'જ્ઞાનમાં આચરણ કરતું,...'** **'प्रतिचरितम्'** છે ને ? **'ज्ञाने प्रतिचरितम्'** જ્ઞાનમાં આચરણ, એમ. **'જ્ઞાનમાં આચરણ કરતું,...'** એ **'प्रतिचरितम्'** નો અર્થ કર્યો. પાછું આ **'રમણ કરતું...'** એનો અર્થ (પણ ઈ છે) અથવા **'પરિણમતું...'** ઈ **'प्रतिचरितम्'** નો અર્થ છે. **'ज्ञाने प्रतिचरितम् ज्ञानं हि'** **'एषां'** **'તે મુનિઓને (સંતોને) શરણ છે;...'** આહા..હા...! **'તેઓ તે જ્ઞાનમાં લીન થયા થકા...'** આ..હા..હા...! સંતો તો એને કહીએ કે જે આનંદ ને આ જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એમાં લીન થયા થકા. આ..હા..હા...! શુભાશુભ પરિણામના ક્રિયાકાંડમાંથી છૂટીને... આહા..હા...! **'જ્ઞાનમાં...'** એટલે આત્માના શુદ્ધ સ્વભાવમાં **'લીન થયા થકા...'** શું કીધું જોયું ?

**'तत्र निरताः'** પોતાના પુરુષાર્થથી જ્ઞાનમાં લીન થતાં. સ્વરૂપ જે આત્મા છે, જ્ઞાયકભાવ,

ધ્રુવભાવ, નિત્યભાવ, તેમાં લીન થતાં. આહા..હા...! અનિત્ય અને કૃત્રિમ શુભાશુભ ભાવથી છૂટ્યા માટે કાંઈ શરણ નથી એમ નહિ. આહા..હા...! ભગવાનઆત્માનું એને શરણ છે. **'તે જ્ઞાનમાં લીન થયા થકા...'** **'परमम् अमृतं'** એ શુભ-અશુભ ભાવ તો ઝેર હતો. આહા..હા..હા...! એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામ તો ઝેર હતા. આહા..હા...! ત્યાંથી છૂટ્યો તે **'પરમ અમૃતને પોતે અનુભવે છે...'** આ..હા..હા...! અમૃતને **'આસ્વાદે છે.'** અંદર અમૃતઘન છે, પ્રભુ ! આનંદનો નાથ પરમાત્મા પોતે છે ! આ..હા..હા...! એવા અમૃતને (અનુભવે છે). **'परमम् अमृतं'** પાછું. દુનિયાના બહારના અમૃત ઘણા કહેવાતા હોય. આ..હા...!

**'પરમ અમૃતને...'** **'स्वयं'** **'પોતે...'** સ્વયં પોતે (એટલે) પરની અપેક્ષા વિના. **'विन्दति'** નામ **'અનુભવે છે–આસ્વાદે છે.'** એ એને શરણ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## ગાથા-૧૫૧

अथ ज्ञानं मोक्षहेतुं साधयति -

**परमट्ठो खलु समओ सुद्धो जो केवली मुणी णाणी।**
**तम्हि ट्ठिदा सहावे मुणिणो पावंति णिव्वाणं।।१५१।।**

परमार्थः खलु समयः शुद्धो यः केवली मुनिर्ज्ञानी।
तस्मिन् स्थिताः स्वभावे मुनयः प्राप्नुवन्ति निर्वाणम्।।१५१।।

ज्ञानं हि मोक्षहेतुः, ज्ञानस्य शुभाशुभकर्मणोरबन्धहेतुत्वे सति मोक्षहेतुत्वस्य तथोपपत्तेः। तत्तु सकलकर्मादिजात्यन्तरविविक्तविज्जातिमात्रः परमार्थ आत्मेति यावत्। स तु युगपदेकीभावप्रवृत्तज्ञानगमनमयतया समयः, सकलनयपक्षासङ्कीर्णैकज्ञानतया शुद्धः, केवलचिन्मात्रवस्तुतया केवली, मननमात्रभावतया मुनिः, स्वयमेव ज्ञानतया ज्ञानी, स्वस्य भवनमात्रतया स्वभावः स्वतश्चितो भवनमात्रतया सद्भावो वेति शब्दभेदेऽपि न च वस्तुभेदः।

---

હવે, જ્ઞાન મોક્ષનું કારણ છે એમ સિદ્ધ કરે છે :–

**પરમાર્થ છે નકી, સમય છે, શુધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,**
**એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧.**

ગાથાર્થ :– [खलु] નિશ્ચયથી [यः] જે [परमार्थः] પરમાર્થ (પરમ પદાર્થ) છે, [समयः] સમય છે, [शुद्धः] શુદ્ધ છે, [केवली] કેવળી છે, [मुनिः] મુનિ છે, [ज्ञानी] જ્ઞાની છે [तस्मिन् स्वभावे] તે સ્વભાવમાં [स्थिताः] સ્થિત [मुनयः] મુનિઓ [निर्वाणं] નિર્વાણને [प्राप्नुवन्ति] પામે છે.

ટીકા :– જ્ઞાન મોક્ષનું કારણ છે, કેમ કે જ્ઞાન શુભાશુભ કર્મોના બંધનું કારણ નહિ હોવાથી તેને એ રીતે મોક્ષનું કારણપણું બને છે. તે જ્ઞાન, સમસ્ત કર્મ આદિ અન્ય જાતિઓથી ભિન્ન ચૈતન્ય-જાતિમાત્ર પરમાર્થ (–પરમ પદાર્થ) છે–આત્મા છે. તે (આત્મા) એકીસાથે (યુગપદ્) એકીભાવે (એકત્વપૂર્વક) પ્રવર્તતાં એવાં જે જ્ઞાન અને ગમન (પરિણમન) તે-સ્વરૂપ હોવાથી સમય છે, સકળ નયપક્ષોથી અમિલિત (અમિશ્રિત) એવા એક જ્ઞાનસ્વરૂપ હોવાથી શુદ્ધ છે, કેવળ ચિન્માત્ર વસ્તુસ્વરૂપ હોવાથી કેવળી છે, ફક્ત મનનમાત્ર (જ્ઞાનમાત્ર) ભાવસ્વરૂપ હોવાથી મુનિ છે, પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે, 'સ્વ'ના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સ્વભાવ છે અથવા સ્વતઃ (પોતાથી જ) ચૈતન્યના [1]ભવનમાત્રસ્વરૂપ હોવાથી સદ્ભાવ છે (કારણ કે જે સ્વતઃ હોય તે સત્-સ્વરૂપ જ હોય). આ પ્રમાણે શબ્દભેદ હોવા છતાં વસ્તુભેદ નથી (–નામ જુદાં જુદાં છે છતાં વસ્તુ એક જ છે).

ભાવાર્થ :– મોક્ષનું ઉપાદાન તો આત્મા જ છે. વળી પરમાર્થે આત્માનો જ્ઞાનસ્વભાવ છે; જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. માટે જ્ઞાનને જ મોક્ષનું કારણ કહેવું યોગ્ય છે.

[1]ભવન = હોવું તે.

## પ્રવચન નં.૨૩૨ ગાથા–૧૫૧,૧૫૨ સોમવાર, વૈશાખ વદ ૧૦, તા. ૨૧-૦૫-૧૯૭૯

'સમયસાર' ૧૫૧ ગાથા. ૧૫૦ (ગાથા) પૂરી થઈ ગઈ. **'હવે, જ્ઞાન મોક્ષનું કારણ છે એમ સિદ્ધ કરે છે :–'** ૧૫૧. જ્ઞાન એટલે આત્માનો સ્વભાવ, શુદ્ધ સ્વભાવ (છે) એ જ મોક્ષનું કારણ છે. પુણ્ય અને પાપના (ભાવ), વ્રતાદિ બંધના કારણ છે. એ કંઈ મોક્ષના કારણ નથી.

**परमट्ठो खलु समओ सुद्धो जो केवली मुणी णाणी।**
**तम्हि ट्ठिदा सहावे मुणिणो पावंति णिव्वाणं।।१५१।।**

**પરમાર્થ છે નકી, સમય છે, શુધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,**
**એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧.**

**'જ્ઞાન મોક્ષનું કારણ છે,...'** જ્ઞાન એટલે આત્મા. આત્માનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ.

શુભ-અશુભભાવ રહિત એવો જે આત્માનો જ્ઞાનસ્વભાવ, એ મોક્ષનું કારણ છે. **'કેમ કે જ્ઞાન...'** એટલે આત્માનો શુદ્ધ સ્વભાવ **'શુભાશુભ કર્મોના બંધનું કારણ નહિ હોવાથી...'**

આજે ઈ મોટો લેખ આવ્યો છે, એમ કે, વ્રત ને એ બધું સંવર, નિર્જરાનું કારણ છે. કેમકે 'દ્રવ્યસંગ્રહ'માં ૩૫ મી ગાથામાં આવે છે ને ! એ વાત અહીં (સંવત) ૧૯૯૪ પહેલા 'હીરાભાઈ'ના મકાનમાં પહેલી થઈ ગઈ હતી. 'દ્રવ્યસંગ્રહ' ! વ્રત, સમિતિ સંવર, નિર્જરાનું કારણ (છે). ટીકામાં ચોખ્ખું (લખ્યું) છે. વ્રત એટલે શુભાશુભ ભાવ રહિત – એવી ચોખ્ખી ટીકા છે. નિશ્ચયની વાત છે. હવે ઈ આ મોક્ષનું કારણ (છે). ઈ અને એક 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'(માં) 'અસમગ્ર' આવે છે ને ! રાગાદિ છે ઈ મોક્ષનો પણ ઉપાય છે, બંધનું (પણ કારણ છે). બન્ને લ્યે છે. એમ. એમાં ઈ ઠરાવે છે. અને એક શ્રાવકના અધિકાર(માં) શુભભાવ પરંપરા મોક્ષનું કારણ (છે એમ) આવે છે ને ! ઈ આ બધા નાખે. 'દ્રવ્યસંગ્રહ'ની ૩૫ મી ગાથામાં તો ચોખ્ખા (શબ્દો છે). ઈ વાત તો 'હીરાભાઈ'ના મકાનમાં (સંવત) ૧૯૯૪ પહેલા ઘણી થઈ ગઈ છે (કે), ભઈ આ તો નિશ્ચયની વાત છે. પાઠ – ટીકા છે. વ્રત એટલે શુભાશુભ ભાવ રહિત એવું જે વ્રત, એ મોક્ષનું કારણ છે, એ સંવર, નિર્જરાનું કારણ છે. ૩૫ મી ગાથા છે. આમાં એ નાખ્યું છે કે, જુઓ ! એ સંવર, નિર્જરાનું કારણ છે. પણ સંવર, નિર્જરાનું કારણ તો શુદ્ધ છે. 'વ્રત' શબ્દ પડ્યો એટલે ? આહા..હા...! પેલો 'ઉજ્જૈન'નો 'દયાચંદજી જૈન' છે. આ.હા...!

અહીં કહે છે કે, આત્મ સ્વભાવ **'શુભાશુભ કર્મોના બંધનું કારણ નહિ હોવાથી...'** આત્મ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ શુભાશુભા ભાવ રહિત, એવા સ્વભાવની પરિણતિ બંધનું કારણ નહિ હોવાથી **'તેને એ રીતે મોક્ષનું કારણપણું બને છે.'** આહા..હા...! આમાં મોટા ઝઘડા ! કાયાથી ને મનથી એમ કે નિવૃત્તિ લ્યે તો સંવર, નિર્જરા થાય, એમ (અજ્ઞાની કહે છે).

અહીંયાં કહે છે કે, મોક્ષનું કારણ તો એક આત્માનો સ્વભાવ શુદ્ધ સ્વભાવ, પવિત્ર સ્વભાવ (છે). એને અહીં જ્ઞાન તરીકે કહ્યું છે. એ જ્ઞાન તે મોક્ષનું કારણ (છે). કેમકે તે જ્ઞાન એટલે આત્મ સ્વભાવ. પરિણતિ હોં ! **'શુભાશુભ કર્મોના બંધનું કારણ નહિ હોવાથી તેને એ રીતે મોક્ષનું કારણપણું બને છે.'** આ..હા..હા...! અસ્તિ-નાસ્તિ કરી. જ્ઞાનસ્વભાવ એ મોક્ષનું કારણ છે અને શુભાશુભ ભાવ બંધનું કારણ એ જ્ઞાન નથી. જ્ઞાન શુભાશુભ બંધનું કારણ નથી અને જ્ઞાન મોક્ષનું કારણ છે. એમ બે અસ્તિ-નાસ્તિ સિદ્ધ કરી. આ..હા...!

**'તે જ્ઞાન, સમસ્ત કર્મ આદિ અન્ય જાતિઓથી ભિન્ન...'** (અર્થાત્) શુભાશુભ પરિણામાદિ, કર્માદિથી ભિન્ન. **'ચૈતન્ય-જાતિમાત્ર...'** એ તો ચૈતન્યજાતિમાત્ર. આહા..હા...! અને આ શુભાશુભ ભાવ (થાય) એ ચૈતન્યજાતિ નહિ. આહા..હા...! ચૈતન્યજાતિ (એટલે) જ્ઞાન, શ્રદ્ધા, આનંદ, શાંતિ, સ્વચ્છતા વગેરે (છે) એ **'ચૈતન્ય-જાતિમાત્ર પરમાર્થ (–પરમ પદાર્થ) છે...'** આહા..હા...! **'તે જ્ઞાન'** એટલે અહીં જ્ઞાનનું પરિણમન લેવું છે, સ્વભાવ ! ત્રિકાળી જ્ઞાનનો

આશ્રય છે ત્યાં પરિણતિ થાય તે મોક્ષનું કારણ છે એમ. ત્રિકાળી દ્રવ્ય મોક્ષનું કારણ છે એ સિદ્ધ નથી કરવું. ત્રિકાળી વસ્તુ શુદ્ધ છે તેને આશ્રયે જે જ્ઞાન, દર્શન, આનંદ પ્રગટ થાય તે મોક્ષનું કારણ છે. કેમકે તે શુભાશુભ બંધનું કારણ નથી. માટે તેને પરમ પદાર્થ કહેવામાં આવે છે. આહા..હા...!

**'અન્ય જાતિઓથી ભિન્ન ચૈતન્ય-જાતિમાત્ર...'** આ..હા..હા...! જાણક-દેખન, આનંદાદિ ચૈતન્યજાતિ માત્ર. એમાં પુણ્ય-પાપના ભાવ (થાય) એ ચૈતન્યજાતિ નહિ, કજાત છે. આહા..હા...! આવું આકરું પડે છે લોકોને. મહાવ્રત ને વ્રત લઈને બેઠા, હવે એને સંવર, નિર્જરા ઠરાવવી છે. એ **'આત્મા છે.'** **'ચૈતન્ય-જાતિમાત્ર પરમાર્થ (–પરમ પદાર્થ) છે–આત્મા છે.'** એટલે એ જ્ઞાનસ્વભાવનું જે પરિણમન (થયું) તે મોક્ષનું કારણ છે, તે આત્મા છે. સમજાણું ?

બીજો બોલ. **'તે (આત્મા) એકીસાથે (યુગપદ્) એકીસાથે (એકત્વપૂર્વક) પ્રવર્તતાં એવા જે જ્ઞાન...'** પ્રવર્તતાં હોં ! **'એવાં જે જ્ઞાન અને ગમન (પરિણમન) તે-સ્વરૂપ હોવાથી સમય છે,...'** અંતર આનંદ અને જ્ઞાનનું પરિણમન. છે ને ? આહા..હા...! **'એવાં જે જ્ઞાન અને ગમન...'** જાણવું અને પરિણમવું એમ. જાણવું અને જાણવાનું પરિણમન, આનંદ અને આનંદનું પરિણમન, શાંતિ અને શાંતિનું પરિણમન. આહા..હા...! એ મોક્ષનું કારણ છે. તેને સમય કહેવાય છે, એમ કહે છે. પણ સમય એટલે દ્રવ્ય નહિ, પર્યાયની વાત છે.

શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તેને અવલંબે – આશ્રયે તેની જાતની પરિણમન દશા થાય, ચૈતન્યની જાતિનું પરિણમન થાય તે મોક્ષનું કારણ છે અને તે શુભાશુભ બંધનું કારણ નથી. માટે તે મોક્ષનો ઉપાય છે. એને પરમ પદાર્થ કહેવાય છે. એ આત્માનું પરિણમન છે એ પરમ પદાર્થ છે. એ આત્મા પોતે પરમ પદાર્થ છે તો એનું પરિણમન, મોક્ષનું કારણ એ પરમ પદાર્થ છે. શુભાશુભ ભાવ એ પરમ પદાર્થ નથી. આહા..હા...! આ..હા...! એ જ્ઞાન અને ગમન (અર્થાત્) જાણવું અને પરિણમવું **'તે-સ્વરૂપ હોવાથી સમય છે,...'** એ મોક્ષના માર્ગની દશાની આ વાત છે. આહા..હા...! સમય છે, એ સમય – ત્રિકાળી તો સમય છે, પણ ત્રિકાળી સમયનો આશ્રય લઈને જે પરિણતિ થઈ તેને પણ અહીંયાં સમય કહેવામાં આવે છે. સમજાણું ?

રાત્રે 'ભિંડરવાળા' ભાઈ (આવ્યા) હતા, ઈ ગયા ? નથી લાગતા. ગયા હશે. 'ભિંડરવાળા' નહિ ? રાત્રે (આવ્યા હતા). (શ્રોતા : 'ઉદય પ્રકાશ' એનું નામ...) ઈ ગમે એ હોય. ચાલતું હોય અને કહે કાંઈક. એની શૈલી એવી છે. બધી વિરુદ્ધ શૈલી. અહીં છે કે નહિ ? ત્યારે કહે, ના.

(અહીંયાં આપણે) બીજો બોલ (ચાલે છે). **'परमट्ठो'** કહ્યું છે ને ? એટલે પહેલી પરમાર્થની વ્યાખ્યા કરી. ૧૫૧ (ગાથા) છે ને ? **'परमट्ठो'**ની વ્યાખ્યા કરી. પહેલું પદ **'परमट्ठो'** છે

ને ! એની વ્યાખ્યા કરી. પછી બીજો (બોલ) **'समओ'** કહ્યું. પછી ત્રીજો (બોલ) **'सुद्धो'**

**'સકલ નયપક્ષોથી અમિલિત...'** અહીં શુદ્ધની ઈ વ્યાખ્યા છે. **'अहंमेक्को खलु सुद्धो'** (૩૮મી ગાથામાં કહ્યું) ત્યાં બીજી વ્યાખ્યા (કરી). જે ઠેકાણે જે વ્યાખ્યા (હોય તે પ્રમાણે અર્થ સમજવો) અને 'શુદ્ધ' શબ્દ આવે એના અર્થો ઘણા હોય. એકરૂપને શુદ્ધ કહેવાય, શુદ્ધને એકરૂપ કહેવાય. અહીં **'સકલ નયપક્ષોથી...'** આ..હા..હા...! વિકલ્પથી રહિત એમ કહેવું છે. નયપક્ષો (કહ્યું છે ને) ? (એટલે એનો અર્થ) વિકલ્પ. હું અબદ્ધ છું, મુક્ત છું એવા નયના પક્ષથી **'અમિલિત...'** એવા વિકલ્પથી નહિ મળેલું **'એવો એક જ્ઞાનસ્વરૂપ હોવાથી...'** એક જ્ઞાનસ્વરૂપ હોવાથી **'શુદ્ધ છે,...'** આહા..હા...! જેમાં શુભાશુભ ભાવનું મિલન નથી. એકલા આત્માની ચૈતન્યજાતિની શુદ્ધતાનું પરિણમન છે. આહા..હા...! તેને અહીં શુદ્ધ કહેવામાં આવે છે.

૭૩ ગાથામાં શુદ્ધ કહ્યું હતું એ વળી એક સમયની ષટ્કારકની પરિણતિ(થી પાર ઉતરેલી જે અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છે). ત્યાં બીજું કહ્યું હતું. આ તો પહેલા લીધું છે ને ? **'अहंमेक्को खलु सुद्धो'** અખંડિત છું, એક છું, પૂર્ણ છે. શુદ્ધની વ્યાખ્યા ત્યાં એ કરી.

અહીંયાં નયપક્ષથી રહિત (કહ્યું). શુભથી તો રહિત જ (છે). સાધારણ જે દયા, દાન, વ્રત, ભક્તિના શુભ (ભાવ) છે એનાથી તો રહિત છે, પણ નયપક્ષના ભાવથી પણ રહિત (છે). એ વિકલ્પ છે, રાગ છે. આહા..હા...! એનાથી રહિત **'એક જ્ઞાનસ્વરૂપ હોવાથી શુદ્ધ છે,...'** આહા..હા...!

**'કેવળ ચિન્માત્ર વસ્તુસ્વરૂપ હોવાથી કેવળી છે,...'** એ પર્યાય પોતે કેવળી (છે). નિર્મળ છે ને (એટલે એમ કહ્યું). અને 'ચારિત્ર પાહુડ'માં આવ્યું ને ! 'અમેયા' ! અક્ષય અને અમેયા. પર્યાય હોં ! પોતે ભગવાનઆત્મા અક્ષય અને અમેય છે. એટલે કે મર્યાદા વિનાનો સ્વભાવ જેનો અમર્યાદિત છે. આહા..હા...! મર્યાદા નહિ. એટલો એટલો અપા..ર અપા..ર, ગહન ગંભીર એવો ભગવાનઆત્માનો એક એક ગુણનો એવો ઊંડો ઊંડો સ્વભાવ (છે). એવા અનંતા ગુણોનો ઊંડો સ્વભાવ ! આ..હા..હા...! તેનું પરિણમન.. આહા..હા...! તેને (અહીંયાં) કેવળી (કહ્યું છે). કેવળી એટલે કેવળ, એમ. કેવળ ! રાગ વિનાનો એકલો કેવળી ભાવ, એ કેવળ. કેવળી એટલે પેલા કેવળી ભગવાન અહીં નથી લેવા. અહીં તો મોક્ષમાર્ગ લેવો છે. આહા..હા...! એકલો ! શુભાશુભ ભાવથી રહિત એકલો શુદ્ધ પરિણમનનો ભાવ – કેવળ. એથી એને કેવળી એમ કહેવામાં આવ્યું. આહા..હા...!

'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં 'અસમગ્ર' (આવે) છે ને ! ત્યાં એના અર્થ (લોકો) ઊંધા કરે છે ને ! જુઓ ! બંધ પણ મોક્ષનું કારણ છે ! એનો અર્થ ભાઈએ બીજો કર્યો છે. 'કૈસાલચંદજી'એ. 'ટોડરમલ્લજી'એ તો બરાબર અર્થ ભર્યા છે. એનું બરાબર ભરેલું છે.

આહા..હા...! શું થાય પણ ? પ્રભુ ! પોતાની માન્યતાની પુષ્ટી કરવી છે એવા શાસ્ત્રના અર્થ કરવા (છે), પણ શાસ્ત્રને જે પુષ્ટી કરવી છે એ રીતે એના અર્થ કરવા (જોઈએ). આ..હા...!

અહીં તો કેવળી (કહ્યું છે એટલે) એકલો કેવળ. પુણ્યનો જેને સંબંધ નહિ. એમ. શુભરાગનો જેને જરી સંબંધ નહિ, સંગ નહિ. આહા..હા...! એવો જે શુદ્ધ માર્ગ, એને અહીંયાં કેવળી તરીકે (કહ્યો છે). કેવળ, એકલો, શુદ્ધ (છે) એથી કેવળી, એમ. છે તો મોક્ષમાર્ગ. આહા..હા...! (એ) કેવળી.

(હવે કહે છે), **'ફક્ત મનનમાત્ર...'** આ..હા..હા...! **'ભાવસ્વરૂપ હોવાથી મુનિ છે,...'** એ તો જ્ઞાનનું એકાગ્રપણું, જ્ઞાનનું મનન એટલે ચિંતવન. વિકલ્પ નહિ. આત્મસ્વભાવનું મનન એટલે એકાગ્રતા. એથી તે મુનિ કહેવામાં આવે છે. એને મુનિ (કહે છે). આહા..હા...! આત્માના સ્વભાવનું મનન એટલે એકાગ્રતા (થવી) તેને અહીંયાં મોક્ષમાર્ગ અને મુનિ કહેવામાં આવે છે. મોક્ષમાર્ગને મુનિ તરીકે પણ કહેવામાં આવે (છે). આહા..હા...!

પૂર્વના પક્ષના આગ્રહ રાખીને શાસ્ત્રના અર્થ કરે ઈ કાંઈ મેળ ન ખાય. પોતે પુષ્ટી કરવા જાય પણ એમ કંઈ ખોટી પુષ્ટી થાય ? આ..હા...! આ તો ભગવાન, સંતો કેવળી (કહે છે). આહા..હા...! એ મુનિને અહીં કેવળી કીધા. કેવળીને મુનિ કીધા. ઈ કેવળી એટલે આ. રાગના સંબંધ વિનાનો એકલો શુદ્ધ ભાવ (થયો) તે કેવળ, તે કેવળી, તે મુનિ. આહા..હા...! આવું મુનિપણું ! એમાં ક્યાંય વ્રત ને તપ ને ક્રિયા ને એવું કાંઈ આવ્યું નહિ. આહા..હા...!

મનન, મનન નામ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ ત્રિકાળી, એનું મનન. એટલે એકાગ્રતા. મનન એટલે વિકલ્પ નહિ. આહા..હા...! ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો, અતીન્દ્રિય અનંત ગુણોનો સાગર ! એનું મનન, એમાં એકાગ્રતા (થવી) તેને મનનને કરનારો છે માટે તેને મુનિ કહીએ. મોક્ષમાર્ગને મુનિ કહીએ. આહા..હા...! આવી વાત છે.

મુમુક્ષુ :– અહીં એક જ્ઞાયક સ્વભાવની શુદ્ધ પરિણતિ લેવી ?

ઉત્તર :– પરિણતિ લેવી છે, મોક્ષમાર્ગ લેવો છે. અહીં મનન કહ્યું ને ?

**'ફક્ત મનનમાત્ર (જ્ઞાનમાત્ર)...'** મનન એટલે જ્ઞાનસ્વભાવરૂપ. શુદ્ધ સ્વભાવના પરિણમનરૂપ. એકલો **'ભાવસ્વરૂપ હોવાથી મુનિ છે,...'** એકલા જ્ઞાનના ભાવસ્વરૂપ હોવાથી. જ્ઞાન એટલે ત્રિકાળી સ્વભાવ. એના મનન (એટલે) એકાગ્રમાત્ર હોવાથી તે મુનિ છે. મોક્ષમાર્ગ છે તેને મુનિ કહેવામાં આવે છે. આ..હા..હા...! આવી વાત છે. વાડામાં પકડાય ગયા હોય એને તો આ એવું લાગે કે, આ શું ? આ શું વાત કરે છે ? જે કરી શકાય, ખ્યાલમાં આવે વાતો કહે છે (કે), બંધનું કારણ (છે). હવે, કોઈ અગમ્ય વાતું ! આહા..હા...! ભાઈ ! માર્ગ કોઈ એવો છે. આહા..હા...!

**'ફક્ત મનનમાત્ર...'** એમ કીધું ને ? ફક્ત ! ફક્ત ભગવાન શુદ્ધ ચૈતન્યનું મનન. આહા..હા...! રાગનું, પુણ્યનું, દયા, દાનનું મનન નહિ. આહા..હા...! બહુ માર્ગ (આકરો છે), બાપુ ! એને હા પાડવી એ પણ... આહા..હા...! પુરુષાર્થ છે કે, માર્ગ તો આ છે. આહા..હા...! પહોંચી વળી શકે નહિ માટે ફેરફાર કરવો, બીજી રીતે માનવું અને મનાવવું એ કંઈ વસ્તુ છે ? આહા..હા...!

**'ફક્ત મનનમાત્ર...'** એમ કેમ કહ્યું ? કંઈ પણ, એને શુભરાગનો સંબંધ કંઈ નહિ. એકલું આનંદ અને જ્ઞાનનું મનન – એકાગ્રતા. ભગવાનઆત્મા તો શુદ્ધ છે. એના અનંત ગુણો શુદ્ધ છે. એક વસ્તુ તરીકે આત્મા (એક) અને ગુણ તરીકે અનંત. એ શુદ્ધ (છે), બધા ગુણો શુદ્ધ છે. (એ અનંત) ગુણનો ધરનારો પ્રભુ ! એનું ફક્ત એકનું જ મનન. આહા..હા...! એના તરફની એકની જ એકાગ્રતા. એ મુનિ છે. અહીંયાં મોક્ષમાર્ગમાં મુનિને આમ (આવા) કીધા. એમ ન કીધું કે, પંચ મહાવ્રત પાળે છે, નગ્ન છે માટે (મુનિ છે). આહા..હા...! આવી વ્યાખ્યા છે.

એકલો – ફક્ત ભગવાન એકલો, નિરાળો, ત્રિકાળ નિરાવરણ, અખંડ એક શુદ્ધ પારિણામિક લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય, તેનું મનન, આહા..હા...! તેનું મનન ! મનન એટલે આમ વિકલ્પથી મનન (કરે) એમ નહિ. એ જ્ઞાનનું એકાગ્ર થવું (તે મનન છે). મુનિ છે ને ! એટલે મનન. મનન એટલે મુનિ, એમ. મનન એટલે મુનિ એટલું લીધું. એ મનનનો અર્થ શુદ્ધ ચૈતન્યમાં એકાગ્રતા. આહા..હા...! તેને અહીં મુનિ કહીએ, તેને શુદ્ધ કહીએ, તેને પરમાર્થ કહીએ, તેને સમય કહીએ. આહા..હા...!

હવે (કહે છે), **'પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે,...' 'પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી...'** એટલે કે એના જ્ઞાનને પ્રગટ કરવા માટે પોતે જ્ઞાનસ્વરૂપ જ ત્રિકાળ છે અને એમાંથી જ્ઞાનની પરિણતિ આવે છે. એને કોઈના સહારાની કે મદદની અપેક્ષાની જરૂર નથી. એ **'જ્ઞાનસ્વરૂપ હોવાથી...'** પરિણતિ એકદમ જ્ઞાનસ્વરૂપ હોવાથી. એટલે કે એની પર્યાય, પરિણતિ એટલે આત્મસ્વભાવ શુદ્ધ હોવાથી તેને જ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા...! પોતે જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે. આહા..હા...! અહીં શાસ્ત્રનું આટલું ભણતર થયું માટે જ્ઞાની છે, એમ ન કહ્યું. આહા..હા...! કે આટલું એને આવડે છે માટે તે જ્ઞાની છે એમ ન કહ્યું. આહા..હા...! એ તો **'જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે,...'** એની પરિણતિ જ જ્ઞાનસ્વરૂપ છે. જેમ વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે એમ એની પરિણતિ પણ અનંત ગુણની વ્યક્તતાના અંશ (સ્વરૂપ છે). એ જ્ઞાનસ્વરૂપ હોવાથી, રાગસ્વરૂપ નહિ, વિકલ્પસ્વરૂપ નહિ હોવાથી, જ્ઞાનસ્વરૂપ હોવાથી તે જ્ઞાની છે. આહા..હા...! એક એક ગાથાના એક એક શબ્દ, એકાંત લાગે એવું છે.

આ..હા..હા...! એક સમયમાં કેવળજ્ઞાનને લઈ શકે ! અરે... પ્રભુ ! આહા..હા...! એક સમયમાં અનંત આનંદનો લાભ લઈ શકે એવી તાકાતવાળો પ્રભુ તું એને નાનો કેમ માને

(છો) ? એનું જે જ્ઞાનનું, આનંદનું સ્વરૂપ (છે)... આહા..હા...! તેની પરિણતિથી તે જ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા...! એ જ્ઞાની એટલે આટલું જાણ્યું ને આટલું જાણવામાં આવ્યું માટે જ્ઞાની છે (એમ નથી). પર, શાસ્ત્ર આદિ (જાણવાની) વાત નહિ. આહા..હા...! ગાથા તો એક પછી એક ચડતી આવે છે !! આ..હા...! 'સમયસાર' એટલે આ..હા..હા...! અજોડ ચક્ષુ છે ! એની સાથે બીજા કોઈનો મેળ ખાય એવું નથી. આહા..હા...! એને જ્ઞાની કહે છે. મોક્ષમાર્ગની પરિણતિને જ્ઞાનસ્વરૂપ, આત્મસ્વરૂપ હોવાથી તેને જ્ઞાની કહે છે, તેને મુનિ કહે છે, તેને પરમાર્થ કહે છે, તેને સમય કહે છે, તેને શુદ્ધ કહે છે. આહા..હા...!

**'સ્વ' ભવનમાત્રસ્વરૂપ હોવાથી સ્વભાવ છે...'** **'सहावे'** શબ્દ છે ને ? ઈ પછી છે. એટલા અર્થ થઈ ગયા – પરમાર્થ, સમય, શુદ્ધ, કેવળી, મુનિ અને જ્ઞાની. **'तम्हि द्विदा'** પછી **'सहावे'** આવે છે. એ **'सहावे'**ની વ્યાખ્યા કરી. ત્રીજા પદમાં **'तम्हि द्विदा सहावे'** (છે) એ **'सहावे'**ની વ્યાખ્યા કરે છે.

**'સ્વ'ના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સ્વભાવ છે...'** સ્વભાવ કેમ કીધું ? સ્વભાવ કેમ કીધો ? આહા..હા...! સ્વના ભવનમાત્ર (અર્થાત્) એકલો પ્રભુ ! અનંત ગુણનો સાગર પ્રભુ ! એ અનંત ગુણની પરિણતિ એકલી શુદ્ધ ! આ..હા...! એ સ્વનું ભવન છે. એકલા નિર્મળાનંદના નાથનું સ્વનું ભવન છે. રાગ છે ઈ પર છે એનું એમાં ભવન નથી, થવું નથી. આહા..હા...! અરે...! પ્રભુ ! આ તો હિતની વાત છે ને ! એને એકાંત કરીને એમ ન નખાય. આહા..હા...!

દેહ છૂટી જાય છે, જુઓ ને આ ! કેટલા સાંભળીએ છીએ. આહા..હા...! આ ડૉક્ટર ગુજરી ગયા, એક પચીસ વર્ષની છોડી હમણા ગુજરી ગઈ ! આ..હા...! 'ચૂડગર'ની છોડી હતી ને ! ભાઈ ! 'રાજકોટ' આવી હતી. એકની એક દીકરી. લગ્નમાં ચાલીસ-પચાસ હજાર ખર્ચ્યા. સવા વર્ષનું લગ્ન, એમાં બે મહિનાનું બાળક. અંદર આંતરડા બે થઈ ગયા. પેલી પોતે (કહે) મારે કાંઈ જોઈતું નથી. સમાધિ મરણ કાળ ! અહીં બે-ત્રણ વાર આવી ગઈ છે. આહા..હા...! પચીસ વર્ષની ઉંમર ! ક્યારે દેહ છૂટે, બાપુ ! એની સ્થિતિ (નિશ્ચિત છે). આહા..હા...! એમ ન જાણવું કે, અત્યારે અમે નિરોગી છીએ, અમને ક્યાંય રોગ દેખાતો નથી માટે અમને (હમણાં મરણ નહિ આવે). આહા..હા...! ક્યે પળે (પરમાણુઓ) ફરે.. આહા..હા...! ફરવાનો એક સમય છે. સમ્યગ્દર્શન થવામાં, જ્ઞાનાંતર થવામાં પણ એક સમય છે. આહા..હા...! દેહ છૂટવામાં પણ... આ..હા...! એક જ સમય (લાગે છે). જા..ય... બીજે. આહા..હા...! પ્રભુ ! ક્યાં જઈશ તું ? આહા..હા...! તારો સ્વભાવમાત્ર જે છે તે રીતે સ્વભાવ પ્રગટ કર્યો હશે... આ..હા...! તો જ્યાં જઈશ ત્યાં તું સ્વભાવમાં જ છો. આહા..હા...!

'શ્રીમદ્'ને એકે 'શ્રીકૃષ્ણ'નું પૂછ્યું હતું ને ! 'શ્રીકૃષ્ણ' ક્યાં છે ? એ આત્માના સ્વભાવમાં છે, એમ કીધું. પેલા જાણે કે, આમ ફલાણું ફલાણું કહેશે. એ ત્યાં પણ આત્મસ્વભાવમાં છે, ભાઈ ! આહા..હા...! સમકિતી છે, જ્ઞાની છે. આહા..હા...! એ કોઈ પણ ગતિમાં છે

એમ નથી. આહા..હા...! એ ગતિના સ્થળમાં છે એ (પણ) નથી. એ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ ! તેનું પરિણમન છે તેમાં તે છે. વિકલ્પ આવે એમાં પણ એ જ્યાં નથી (તો ગતિમાં તો ક્યાંથી હોય) ? આહા..હા...! બહુ દુઃખ ત્યાં થાય (ત્યારે) જરી અણગમાનો દ્વેષ પણ આવે છતાં એમાં એ નથી. આહા..હા...! એ તો મનન – ભાવ જે સ્વભાવ છે, ચૈતન્યનો જે સ્વભાવ છે... આ..હા...! એ માત્ર છે. આહા..હા...!

સમ્યક્દૃષ્ટિ ગમે તે... કાલે કહ્યું નહોતું ? ૩૪મે પાને. મિથ્યાત્વના નાશથી સાક્ષાત્ ત્રણ રત્નત્રય ઘટે (પ્રગટે) છે. આ..હા...! કાલે આવ્યું હતું. આહા..હા...! એટલો પણ સ્વરૂપનો સ્થિરતાનો અંશ ચોથે ગુણસ્થાને પણ આવે છે, ભાઈ ! પાંચમે તો દર્શન, ચારિત્રમાં, ભક્તિમાં સ્થિત છે એમ તો કીધું છે પણ અહીં તો ચોથે કીધું. આહા..હા...! એ તદ્દન અસ્થિરતા બિલકુલ પૂરી હતી એમાંથી અનંતાનુબંધી અને મિથ્યાત્વ ગયું. આહા..હા...! એ ઘરમાં આવ્યો અને ઘરમાં થોડો સ્થિર થયો. આહા..હા...! એથી એ તો સ્વભાવમાત્ર છે. આહા..હા...!

**'અથવા...'** સ્વભાવની બે વ્યાખ્યા કરી. **'सहावे'** એ શબ્દ છે એના બે અર્થ કર્યા. એક આ – **'સ્વ'ના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સ્વભાવ છે' 'અથવા સ્વતઃ (પોતાથી જ) ચૈતન્યના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સદ્‌ભાવ છે...'** બીજો અર્થ સદ્‌ભાવ કર્યો. **'સ્વતઃ ચૈતન્યના ભવનમાત્ર...'** આહા..હા...! ચૈતન્યનું હોવું. ભગવાન આનંદ અને જ્ઞાનનું સ્વરૂપ, એની પર્યાયમાં એ ચૈતન્યનું હોવું. રાગના હોવાનો અભાવ, ચૈતન્યના હોવાનો સદ્‌ભાવ. આહા..હા...! ભગવાન ચૈતન્યસ્વરૂપ, એનું હોવું એ સદ્‌ભાવ. સદ્‌ભાવ – જેવો સ્વભાવ છે તેવું થવું તેનું નામ સદ્‌ભાવ. આહા..હા...!

**'સ્વતઃ (પોતાથી જ) ચૈતન્યના ભવનમાત્ર...'** ભવન એટલે થવું. 'હોવું તે' (મૂળ ગ્રંથમાં) નીચે (ફૂટનોટ છે). ચૈતન્યના હોવામાત્રસ્વરૂપ **'હોવાથી સદ્‌ભાવ છે (કારણ કે જે સ્વતઃ હોય તે સત્–સ્વરૂપ જ હોય).'** જોયું ? સદ્‌ભાવ છે ને ? સદ્‌ભાવ – સત્‌ભાવ. આહા..હા...! **'(કારણ કે જે સ્વતઃ હોય તે સત્–સ્વરૂપ જ હોય).'** સ્વતઃ હોય તે સત્ જ હોય, સત્‌સ્વરૂપ જ હોય. આહા..હા...! મોક્ષનો માર્ગ સદ્‌ભાવ છે, સત્‌સ્વભાવ છે. સત્ છે તેવો જ એનો સદ્‌ભાવ – પરિણમન છે. આહા..હા...! જેવું સ્વતઃ ત્રિકાળી સ્વરૂપ છે એવો જ એનો મોક્ષનો માર્ગ પણ સદ્‌ભાવ સ્વતઃ છે. આહા..હા...! એને કોઈ વ્યવહાર ને નિમિત્ત કોઈની અપેક્ષા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાત છે. એક ગાથાએ ગજબ કર્યું છે ને ! આ..હા..હા...!

**'सहावे'**ના બે અર્થ કર્યા. **'सहावे'** છે ને ? **'तम्हि द्विदा सहावे'** એક, બે, ત્રણ, ચાર, પાંચ ને છ અર્થ કર્યા એમાં સાતમો (અર્થ છે). સાતમાના બે અર્થ કર્યા. આહા..હા...! એક તો સ્વના પરિણમનરૂપ, હોવારૂપે (છે) માટે સ્વભાવ. બીજું **'સ્વતઃ (પોતાથી જ) ચૈતન્યના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સદ્‌ભાવ છે...'** આહા..હા...! આહા..હા...! હવે આવો ઉપદેશ...!

માર્ગ બાપા ! બહુ ઝીણો, ભાઈ !

આ..હા...! ચોરાશીના અવતારમાં રખડી રખડીને મરી ગયો. આ..હા...! અહીં અબજોપતિ (હોય ઈ) ઇંડા, માંસ ખાતા હોય તો મરીને નરકમાં જાય અને નહિતર તિર્યંચમાં (જાય). આહા..હા...! કાગડીને કુંખે, કાબરને કુંખે (જાય). આહા..હા...!

ભગવાનઆત્મા ! પૂર્ણ અનંત પવિત્ર સ્વભાવ (સ્વરૂપ છે), તેનું તે રીતે થવું માટે સ્વભાવ. અને સદ્દ્ભાવ... આહા..હા...! (એટલે કે) એ સત્‌સ્વરૂપ છે... આહા..હા...! **'સ્વતઃ (પોતાથી જ) ચૈતન્યના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સદ્દ્ભાવ છે (કારણ કે જે સ્વતઃ હોય તે સત્‌-સ્વરૂપ જ હોય).'**

**'આ પ્રમાણે શબ્દભેદ હોવા છતાં...'** સાત શબ્દભેદ પડ્યા ને ? અર્થ કર્યા આઠ. **'શબ્દભેદ હોવા છતાં વસ્તુભેદ નથી (-નામ જુદાં જુદાં છે છતાં વસ્તુ એક જ છે).'** મોક્ષના માર્ગની પરિણતિ તો એક જ પ્રકારની છે. નામભેદે ભલે સાત પ્રકાર કહ્યા. આહા..હા...! ઊંડે ભગવાનના ઘરે ગયો, ભોંયરામાં ગયો, પ્રભુ ! બહારમાં જ્યાં રખડતો (હતો), પર્યાય ને બહારમાં (રખડતો હતો)... આહા..હા...! પર્યાય જે અવસ્થા છે એ બહારમાં રખડતી (હતી), પુણ્ય, શુભ-અશુભ ભાવમાં રખડતી (હતી). ઘણાને તો અશુભમાં વર્તતી. આહા..હા...! એને ઘરમાં વાળી લીધી. જે પોતે તળિયે પડ્યો છે, પર્યાયને તળિયે ધ્રુવ જોડે જ છે. આમ જોડે છે, આમ જોડે નથી. બહારમાં જોડ્યે રાગ છે અને અંતરમાં જોડ્યે ધ્રુવ છે. આહા..હા...! આવા મોક્ષમાર્ગના નામ જુદા જુદા હોવા છતાં વસ્તુ એક જ છે.

**ભાવાર્થ :- 'મોક્ષનું ઉપાદાન તો આત્મા જ છે.'** મૂળ ઉપાદાન - શુદ્ધ ઉપાદાન તો એ જ છે. આ..હા...! **'વળી પરમાર્થે આત્માનો જ્ઞાનસ્વભાવ છે;...'** બધા ગુણો કરતાં, બીજા ગુણોની હયાતી છે પણ આ જ્ઞાન તો પોતે પોતાને જાણે, પોતે પરને જાણે. આહા..હા...! છતાં વિકલ્પ વિના જાણે એવો તેનો સ્વભાવ (છે). છતાં વિકલ્પ એનો સ્વભાવ (અર્થાત્) સ્વ-પરને જાણવું એવો વિકલ્પ એ સ્વભાવ (છે). રાગ વિકલ્પ એ નહિ. આહા..હા...! આવી વસ્તુ (છે).

**'પરમાર્થે આત્માનો જ્ઞાનસ્વભાવ છે; જ્ઞાન છે તે આત્મા છે...'** જોયું ? **'અને આત્મા છે તે જ્ઞાન છે. માટે જ્ઞાનને જ મોક્ષનું કારણ કહેવું યોગ્ય છે.'** આહા..હા..! એ આત્માનો સ્વભાવ છે તેનું પરિણમન (થાય) તે જ મોક્ષનું કારણ છે. એ જ્ઞાનનું જ પરિણમન છે, રાગનું નહિ. આહા..હા...!

## ગાથા-૧૫૨

अथ ज्ञानं विधापयति -

परमट्ठम्हि दु अठिदो जो कुणदि तवं वदं च धारेदि।
तं सव्वं बालतवं बालवदं बेंति सव्वण्हू।।१५२।।

परमार्थे त्वस्थितः यः करोति तपो व्रतं च धारयति।
तत्सर्वं बालतपो बालव्रतं ब्रुवन्ति सर्वज्ञाः।।१५२।।

ज्ञानमेव मोक्षस्य कारणं विहितं, परमार्थभूतज्ञानशून्यस्याज्ञानकृतयोर्व्रततपःकर्मणोः बन्धहेतुत्वाद्बालव्यपदेशेन प्रतिषिद्धत्वे सति तस्यैव मोक्षहेतुत्वात्।

---

હવે, આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે એમ બતાવે છે :-

પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,
સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨.

ગાથાર્થ :- [परमार्थे तु] પરમાર્થમાં [अस्थितः] અસ્થિત [यः] એવો જે જીવ [तप) करोति] તપ કરે છે [च] તથા [व्रतं धारयति] વ્રત ધારણ કરે છે, [तत्सर्वं] તેનાં તે સર્વ તપ અને વ્રતને [सर्वज्ञाः] સર્વજ્ઞો [बालतपः] બાળતપ અને [बालव्रतं] બાળવ્રત [ब्रुवन्ति] કહે છે.

ટીકા :- આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે (એમ સિદ્ધ થાય છે); કારણ કે જે જીવ પરમાર્થભૂત જ્ઞાનથી રહિત છે તેનાં, અજ્ઞાનપૂર્વક કરવામાં આવેલાં વ્રત, તપ આદિ કર્મો બંધનાં કારણ હોવાને લીધે તે કર્મોને 'બાળ' એવી સંજ્ઞા આપીને નિષેધ્યાં હોવાથી જ્ઞાન જ મોક્ષનું કારણ ઠરે છે.

ભાવાર્થ :- જ્ઞાન વિના કરાયેલાં તપ તથા વ્રતને સર્વજ્ઞદેવે બાળતપ તથા બાળવ્રત (અર્થાત્ અજ્ઞાનતપ તથા અજ્ઞાનવ્રત) કહ્યાં છે, માટે મોક્ષનું કારણ જ્ઞાન જ છે.

---

## ગાથા ૧૫૨ ઉપર પ્રવચન

**'હવે, આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે એમ બતાવે છે :–'** આ..હા...! ૧૫૨ (ગાથા).

परमट्ठम्हि दु अठिदो जो कुणदि तवं वदं च धारेदि।
तं सव्वं बालतवं बालवदं बेंति सव्वण्हू।।१५२।।

**પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,**
**સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨.**

આહા..હા...! **'આગમમાં પણ...'** (અર્થાત્) વીતરાગના ઉપદેશમાં, દિવ્યધ્વનિમાં. 'ૐ ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ' એ ભગવાનની વાણીમાંથી આગમની રચના થઈ છે. ગણધરોએ તે આગમમાંથી રચના કરી. આહા..હા...! **'આગમમાં...'** એનો અર્થ કે જેના આગમમાં રાગની વૃત્તિ મોક્ષમાર્ગ માને તે આગમ નહિ. આહા..હા...! એ ભગવાનના આગમ નહિ. આહા..હા...! ભગવાનના આગમમાં ત્રિલોકનાથની વાણીમાં આવ્યું તે આગમમાં રચાણું. એ આગમમાં... આહા..હા...! **'આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે...'** ઉપરથી તો કહીએ છીએ પણ સિદ્ધાંત, વીતરાગની વાણી આમ કહે છે. આહા..હા...!

**'આગમમાં પણ...'** આ..હા...! એટલે કે કોઈ એમ કહે કે, વ્રત ને તપ ને આ બધું છે એ પણ મોક્ષનું કારણ છે. તો કહે (છે), ના, ના. આગમમાં એમ કહ્યું નથી. વીતરાગ ત્રણલોકના નાથ અનંત તીર્થંકરો, એની રચાયેલી વાણી, એના રચાયેલા આગમ, એમાં પણ જ્ઞાન એટલે આત્માને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. આહા..હા...!

આમાં મોટો લેખ આવ્યો છે. આહા..હા...! આ વ્યવહાર વ્રત ને ઈ બધા સંવર, નિર્જરાનું કારણ છે. કહો ! આહા..હા...! 'ઉજ્જૈન'નો કોઈ 'દયાળચંદ' શેઠ છે, કોઈ શાસ્ત્રી છે. આ..હા...! એક તો પેલો 'ઉજ્જૈન'નો છે ને ! નહિ ? 'ઉજ્જૈન'નો પેલો મુખ્ય નથી ? પંડિત ! 'સત્યેન્દ્ર' ! આ કો'ક બીજો છે. 'દયાળચંદ' ! એને બિચારાના બેઠું હોય એમ કહે. ઈ કંઈ વ્યક્તિ પ્રત્યે (દ્વેષ નથી). આહા..હા...!

અહીંયાં તો સત્ય વસ્તુ હાથ આવે એને મોક્ષનો માર્ગ થાય. બાકી રાગ ને દ્વેષના પરિણામ અંદર અનંતકાળથી થયા. આહા..હા...! એ સત્‌ને માનવાની સંખ્યાની કાંઈ જરૂર નથી. ઘણા માને માટે એ સાચું છે, થોડા માને માટે (ખોટું છે), એવું કાંઈ નથી. સત્ તો

સત્ છે. આહા..હા...!

**'આગમમાં પણ...'** આ..હા..હા...! આવ્યું ને ! **'बेंति सव्वण्हू'** પાઠમાં છે ને ! (અર્થાત્) સર્વજ્ઞો આમ કહે છે. એનો અર્થ કર્યો છે. આહા..હા...! સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ આમ કહે છે. આહા..હા...! વીતરાગ સર્વજ્ઞપ્રભુની વાણીમાં – આગમમાં પણ **'જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે...'** આત્માનું જે શુદ્ધ સ્વરૂપ (છે) તે જ મોક્ષનું કારણ છે. આહા..હા...! એ લાખ-કરોડ વ્રત ને તપ ને ભક્તિના પરિણામ (કરે પણ) આગમમાં એને મોક્ષનું કારણ કહ્યું નથી. તું એના અર્થ ઊંધા કરીને આગમમાંથી કાઢ (પણ) એ આગમના અર્થો નથી. આહા..હા...! આગમના અર્થમાં તો આ ભર્યું છે.

અંદર જ્ઞાન – આત્મા ચૈતન્યસ્વરૂપ પ્રભુ ! આ..હા..હા...! વિકલ્પથી પેલે પાર એવો પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્ય (બિરાજે છે) તેને અહીંયાં 'જ્ઞાન' શબ્દે કીધો. એનું પરિણમન ને એનું પરિણમન તે જ્ઞાન, એમ. એ **'જ્ઞાનને જ...'** **'જ'** શબ્દ પાછો વાપર્યો છે. એકાંત કરી નાખ્યું. કથંચિત્ મોક્ષનો માર્ગ જ્ઞાન અને કથંચિત્ રાગ (કહો) તો અનેકાંત થાય, નહિંતર એકાંત થઈ જાય છે. આહા..હા...!

**'જ્ઞાનને જ...'** એમ. ત્રણલોકના નાથની વાણીમાં આત્માના આનંદસ્વભાવ અને જ્ઞાનસ્વભાવની એકાગ્રતાને મોક્ષનો માર્ગ કહ્યો છે. આહા..હા...! અરે...! પરમેશ્વર ને જૈનને માનનારાઓ(ને)... આહા..હા...! એમ કહે છે કે, જૈનને જો તમે માનનારાઓ હો તો જૈન ભગવાનના ઉપદેશમાં તો – આગમમાં તો આ આવ્યું છે. આ..હા...!

**'જ્ઞાનને જ...'** (કોઈ) કહે કે, જૈનદર્શનમાં 'જ' હોય જ નહિ. એમ એક પત્રમાં આવે છે, નહિ ? 'શ્રીમદ્'માં આવે છે. એ તો નિત્ય જ છે કે અનિત્ય જ છે, એમ નહિ, એમ (કહેવું છે). કથંચિત્ નિત્ય છે, કથંચિત્ અનિત્ય છે એમ (કહેવું છે). નિત્ય છે તે નિત્ય જ છે, અનિત્ય છે તે અનિત્ય જ છે. એમાં 'જ' નહિ, એમ નહિ. આખું દ્રવ્ય કહેવું હોય તો કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય (કહેવાય), પણ નિત્યથી કહેવું હોય તો નિત્ય તે નિત્ય જ છે. વળી, કથંચિત્ નિત્ય તે નિત્ય છે અને કથંચિત્ અનિત્ય તે નિત્ય છે (એમ નહિ). આ..હા..હા...! એમ અનિત્ય છે તે અનિત્ય જ છે. કથંચિત્ અનિત્ય પણ નિત્ય છે અને અનિત્ય છે, એમ અનેકાંત નથી. આહા..હા...! એમ જે મોક્ષનો માર્ગ છે તે માર્ગ એક જ છે. આ..હા...!

**'મોક્ષનું કારણ ફરમાવ્યું છે...'** જોયું ? **'(એમ સિદ્ધ થાય છે); કારણ કે જે જીવ પરમાર્થભૂત જ્ઞાનથી રહિત છે...'** આહા..હા...! પરમાર્થભૂત (એટલે) પરમ પદાર્થ પ્રભુ ભગવાન ! એનું જ્ઞાન અને એની શ્રદ્ધા. પરમ પદાર્થ પ્રભુ આત્મા ! એની જ્ઞાન, શ્રદ્ધા. એનાથી રહિત છે. આહા..હા...! **'પરમાર્થભૂત જ્ઞાનથી રહિત છે...'** ત્રિકાળી નહિ, આ તો એનું – ત્રિકાળીનું જ્ઞાન અને શ્રદ્ધા, એનાથી રહિત છે. આહા..હા...! **'તેનાં, અજ્ઞાનપૂર્વક**

**કરવામાં આવેલાં...**' આહા..હા...! એ તો 'કળશટીકા'માં કહ્યું નથી ? પેલા 'યાવત્' કર્મધારા અને જ્ઞાનધારા. સમકિતીના વ્રત, તપાદિ હોય એ પણ બંધના કારણ છે. અજ્ઞાની કોઈ એમ કહે (માને) કે, મિથ્યાદૃષ્ટિના વ્રતાદિ બંધના કારણ (છે), અને સમકિતીના નહિ. એમ ટીકામાં છે. 'કળશટીકા'... 'કળશટીકા' ! એ કળશ થોડા વખત પછી આવશે. આહા..હા...!

ભગવાન પૂર્ણ અનંત ગુણનો (સાગર) હાજરાહજૂર બિરાજે છે ને ! આ..હા...! અમારે ત્યાં લખાતું. 'કુંવરજીભાઈ' અને ઈ બધા હૈદરશાહીને માનનારા ને ! (એટલે) ચોપડામાં લખે, હૈદરશાહી હાજરાહજૂર. ફકીર છે. 'પાલીતાણા' છે ને ! નીચે, નહિ ? ત્યાં ઉતર્યા હતા. આ બાજુ 'ભૈરવનાથ'નું મંદિર છે અને આ બાજુ આગળ જતાં (બીજું છે). બેય જોયા છે. ત્યાં તો આહાર કર્યા હતા. હૈદરશાહીમાં ! (સંવત) ૧૯૬૯માં 'હરગોવિંદ'ના લગ્ન હતા (ત્યારે) ગયા હતા. મેં કીધું, ભઈ ! હું રાત્રે ખાતો નથી. તમારે જાનને મોડી કરશે ને સામૈયુ કરશે ને વાર લાગશે તો રાત્રે હું નહિ ખાઉં. ૧૯૬૯ની વાત છે. દીક્ષા લીધા પહેલા, હોં ! હૈદરશાહીનું મકાન છે. આમ જતાં 'ભૈરવનાથ' છે ને ! ત્યાં ઉતારો કર્યો હતો. પછી ત્યાંથી લાડવા કે ગાંઠીયા હતા ઈ ખાય લીધા, પાણી પી લીધું. ચોવિહાર (કરી લીધો). હું રાત્રે નહિ ખાઉં. આહા..હા...! એ હાજરાહજૂર લખે, માળા !

એ હાજરાહજૂર નહિ પણ ત્રણલોકનો નાથ પરમાત્મા હાજરાહજૂર છે. એ ભગવાન તો હાજરાહજૂર છે પણ આ ભગવાન હાજરાહજૂર છે, એમ કહે છે. આહા..હા...! સચ્ચિદાનંદ પ્રભુ ! અનંત અનંત અતીન્દ્રિય ગુણનો સાગર પ્રભુ ! આ..હા..હા...! એ હાજરાહજૂર પ્રભુ છે. તારી નજરુંમાં તું લેતો નથી એટલે તને દેખાતો નથી. આ..હા...! આહા..હા...! તારી નજરું રાગ અને પર્યાય ઉપર હોવાથી પ્રભુ હાજરાહજૂર નિત્યાનંદ સહજાનંદ છે, એ છે તે એને દેખાતો નથી. આહા..હા...!

'**જે જીવ પરમાર્થભૂત જ્ઞાનથી રહિત છે...**' જેને આત્મજ્ઞાન નથી, આત્મજ્ઞાન નથી, આત્મદર્શન નથી (એવા જીવ). આહા..હા...! '**તેનાં, અજ્ઞાનપૂર્વક કરવામાં આવેલાં વ્રત, તપ આદિ કર્મો...**' દેખો ! કર્મ એટલે અહીં જડકર્મ નથી લીધું. વ્રત અને તપ, બે શબ્દ લીધા છે. પછી આગળ બીજા વધારી દેશે. વ્રત, નિયમ, શીલ, તપ પછી લેશે. પછીની ૧૫૩ મી ગાથામાં નિયમ અને શીલ (એ) બે વધારે નાખશે. અહીં બે નાખ્યા. '**વ્રત અને તપ આદિ કર્મો...**' એટલે રાગના કાર્યો. આહા..હા...! '**બંધના કારણ હોવાને લીધે તે કર્મોને 'બાળ' એવી સંજ્ઞા આપીને...**' આહા..હા...! સર્વજ્ઞ પરમેશ્વરે તેને 'બાળ' એવી સંજ્ઞા આપીને... આહા..હા...! '**નિષેધ્યાં હોવાથી...**' એનો નિષેધ કર્યો છે. આ..હા...! આગમમાં કહ્યું ને ! ઈ સર્વજ્ઞ શબ્દનો (અર્થ કર્યો). '**सव्वण्हू**' કીધું (એનો અર્થ) સર્વજ્ઞ, એમ. આ..હા...! અત્યારે સર્વજ્ઞ નથી ને ! સર્વજ્ઞ (ભલે) નથી (પણ) સર્વજ્ઞની વાણી છે ને ! અહીંયાં ભલે સર્વજ્ઞ નથી (પણ) બીજે સર્વજ્ઞ પ્રભુ છે. અને અહીં સર્વજ્ઞ નથી તેથી 'આગમ' શબ્દ લીધો, સર્વજ્ઞની

વાણી લીધી. સર્વજ્ઞની વાણી છે કે નહિ ? આહા..હા...!

**'તે કર્મોને...'** એટલે કાર્યોને. આત્માના જ્ઞાન વિનાના વ્રત ને તપ ને આ વર્ષીતપ ને... આહા..હા...! શરીરથી જાવજીવના બ્રહ્મચર્ય (પાળે), એ બધાને **'બાળ' એવી સંજ્ઞા આપીને નિષેધ્યાં હોવાથી જ્ઞાન જ મોક્ષનું કારણ ઠરે છે.'** આહા..હા...! આવી ચોખ્ખી વાત છે છતાં ગડબડ કરે.

**ભાવાર્થ :–** આત્માના **'જ્ઞાન વિના કરાયેલાં..'** આત્મજ્ઞાન વિના કરાયેલા તપ ને વ્રતને **'સર્વજ્ઞદેવે બાળતપ તથા બાળવ્રત (અર્થાત્ અજ્ઞાનતપ તથા અજ્ઞાનવ્રત) કહ્યાં છે,...'** આહા..હા...! માટે **'મોક્ષનું કારણ જ્ઞાન જ છે.'** આત્મા (છે). એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! આ..હા...! 'પ્રવચનસાર'માં આવે છે ને ! ત્રિકાળી જ્ઞાન. ત્રિકાળી જ્ઞાનને કારણપણે ગ્રહીને. ઈ કારણપણે ગ્રહ્યું ત્યારે અહીં જ્ઞાન થયું. આહા..હા...! ત્રિકાળી જ્ઞાનને જ્યાં ગ્રહે છે ત્યાં જ પર્યાયમાં જ્ઞાન અને સમ્યગ્દર્શન થયું. તેને મોક્ષનું કારણ કહ્યું, બીજાને મોક્ષનું કારણ કહ્યું નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**પ્રભુ ! તું જ્ઞાતા છો ને ! એ જ્ઞાતાની પર્યાયનો ઉત્પાદ પરને જાણે છે માટે છે એમ નથી પણ જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ એના પહેલાની પર્યાયના સંહારને લઈને થયો છે. શ્રી સમયસારની ૩૨૦ ગાથામાં નિર્જરા ને મોક્ષ કરે નહિ પણ જાણે એમ કહ્યું છે. એ નિર્જરા ને મોક્ષની પર્યાય છે માટે જાણવાની પર્યાય એને જાણે છે એમ નથી પણ એ જાણવાની પર્યાય તેની પહેલાની જે જાણવાની પર્યાય હતી તેના અભાવસ્વભાવે પ્રકાશે છે. જ્ઞાતાદૃષ્ટાની પર્યાય જેને જાણે છે તેનાથી થઈ છે એમ નથી, જ્ઞાતાદૃષ્ટાની પર્યાય ઉત્પન્ન થઈ તે તેના પૂર્વની પર્યાયના અભાવસ્વભાવે પ્રકાશે છે. કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને જાણે છે માટે લોકાલોકને લઈને જાણે છે એમ નથી, કેવળજ્ઞાનની પર્યાય તેની પૂર્વપર્યાયના અભાવસ્વભાવે અવભાસે છે. પ્રગટ પર્યાય વિનાનું કોઈ દ્રવ્ય ન હોય, એ પ્રગટ પર્યાય તેના પૂર્વ પર્યાયના અભાવસ્વભાવે પ્રકાશે છે.**

–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ સપ્ટેમ્બર–૨૦૦૬

## ગાથા–૧૫૩

अथ ज्ञानाज्ञाने मोक्षबन्धहेतू नियमयति -

वदणियमाणि धरंता सीलाणि तहा तवं च कुव्वंता।
परमट्ठबाहिरा जे णिव्वाणं ते ण विंदंति।।१५३।।

व्रतनियमान् धारयन्तः शीलानि तथा तपश्च कुर्वन्तः।
परमार्थबाह्या ये निर्वाणं ते न विन्दन्ति।।१५३।।

ज्ञानमेव मोक्षहेतुः, तदभावे स्वयमज्ञानभूतानामज्ञानिनामन्तर्व्रतनियमशीलतपःप्रभृतिशुभकर्मसद्भावेऽपि मोक्षाभावात्। अज्ञानमेव बन्धहेतुः, तदभावे स्वयं ज्ञानभूतानां ज्ञानिनां बहिर्व्रतनियमशीलतपःप्रभृतिशुभकर्मासद्भावेऽपि मोक्षसद्भावात्।

---

જ્ઞાન જ મોક્ષનો હેતુ છે અને અજ્ઞાન જ બંધનો હેતુ છે એવો નિયમ છે એમ હવે કહે છે :–

વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,
પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. ૧૫૩.

ગાથાર્થ :– [व्रतनियमान्] વ્રત અને નિયમો [धारयन्तः] ધારણ કરતા હોવા છતાં [तथा] તેમ જ [शीलानि च तपः] શીલ અને તપ [कुर्वन्तः] કરતા હોવા છતાં [ये] જેઓ [परमार्थबाह्याः] પરમાર્થથી બાહ્ય છે (અર્થાત્ પરમ પદાર્થરૂપ જ્ઞાનનું એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્માનું જેમને શ્રદ્ધાન નથી) [ते] તેઓ [निर्वाणं] નિર્વાણને [न विन्दन्ति] પામતા નથી.

ટીકા :– જ્ઞાન જ મોક્ષનો હેતુ છે; કારણ કે તેના (–જ્ઞાનના) અભાવમાં, પોતે જ અજ્ઞાનરૂપ થયેલા અજ્ઞાનીઓને અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો સદ્ભાવ (હયાતી) હોવા છતાં મોક્ષનો અભાવ છે. અજ્ઞાન જ બંધનો હેતુ છે; કારણ કે તેના અભાવમાં, પોતે જ જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો અસદ્ભાવ હોવા છતાં મોક્ષનો સદ્ભાવ છે.

ભાવાર્થ :– જ્ઞાનરૂપ પરિણમન જ મોક્ષનું કારણ છે અને અજ્ઞાનરૂપ પરિણમન જ બંધનું કારણ છે; વ્રત, નિયમ, શીલ, તપ આદિ શુભ ભાવરૂપ શુભ કર્મો કાંઈ મોક્ષના કારણ નથી. જ્ઞાનરૂપે પરિણમેલા જ્ઞાનીને તે શુભ કર્મો ન હોવા છતાં તે મોક્ષને પામે છે; અજ્ઞાનરૂપે પરિણમેલા અજ્ઞાનીને તે શુભ કર્મો હોવા છતાં તે બંધને પામે છે.

પ્રવચન નં.૨૩૩ ગાથા-૧૫૩, શ્લોક-૧૦૫ મંગળવાર, વૈશાખ વદ ૧૧,
તા. ૨૨-૦૫-૧૯૭૯

'સમયસાર' ૧૫૩ ગાથા. એનું મથાળું. **'જ્ઞાન જ મોક્ષનો હેતુ છે અને અજ્ઞાન જ બંધનો હેતુ છે એવો નિયમ છે એમ હવે કહે છે :-'**

वदणियमाणि धरंता सीलाणि तहा तवं च कुव्वंता।
परमट्ठबाहिरा जे णिव्वाणं ते ण विंदंति।।१५३।।
**વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,**
**પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. ૧૫૩.**

ચાર બોલ તો પાઠમાં આવ્યા. પહેલા વ્રત ને તપ બે આવ્યા હતા. આમાં ચાર આવ્યા – વ્રત, નિયમ, શીલ અને તપ (એમ) ચાર. પાઠમાં ચાર આવ્યા.

**ટીકા :- 'જ્ઞાન જ મોક્ષનો હેતુ છે;...'** એટલે ? એ જ્ઞાન એટલે ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી આત્મા, એમ અહીં નહિ. જે ત્રિકાળી આત્મા જ્ઞાનસત્ત્વ, અનંત ગુણનું સત્ત્વ છે તે સત્ત્વનું પર્યાયમાં સત્ત્વપણું આવે, જેવું અંદર છે, આત્મામાં અનંત જ્ઞાનાદિ રસ, સત્ત્વ (ભર્યું છે), એવું જે સત્ત્વ છે તેનું સત્ત્વના પરિણમનમાં એ સત્ત્વનું પરિણમન આવે, એનું જે અબંધ સ્વરૂપ છે, મોક્ષસ્વરૂપ છે, અબંધ કહેશે, એવું જેનું પરિણમનમાં અબંધ સ્વરૂપ – મોક્ષ સ્વરૂપનું પરિણમન, સત્ત્વ આવે. સત્‌નું સત્ત્વ પર્યાયમાં આવે એમ કહે છે. પુણ્ય અને પાપના ભાવ (થાય છે) એ સત્‌નું સત્ત્વ નથી. એ તો અધ્ધરથી ઊભો થયેલો વિકૃત ભાવ છે. અહીંયાં એને બંધભાવ કહેશે. પુણ્ય અને પાપ, વ્રત, તપ, શીલને ભાવબંધ (કહે છે). આ ભાવમોક્ષ (સ્વરૂપ છે).

ભગવાનઆત્મા ! મોક્ષસ્વરૂપ સત્ત્વ છે. એનું પર્યાયમાં જે સત્‌નું સત્ત્વ છે એટલે કે સત્‌નો જે કસ છે... આહા..હા...! એ કસ જે પર્યાયમાં આવે એને અહીંયાં જ્ઞાન કહે છે. આ..હા...! ભગવાનઆત્મા...! અહીં પોતે કહેશે, મુક્તસ્વરૂપ છે. મુક્તસ્વરૂપ છે તો મોક્ષનું કારણ થાય છે, એમ. વિકાર છે એ તો બંધસ્વરૂપ છે. ઈ ભાવબંધ બંધસ્વરૂપ જ છે. ભાવબંધ છે ઈ બંધનું કારણ થાય.

**'જ્ઞાન જ...'** (એમ કહીને) એકાંત કર્યું છે. કથંચિત્ આત્માનું જ્ઞાન પરિણમન, અનંત ગુણનું સત્ત્વનું પરિણમન અને કથંચિત્ વ્યવહાર રાગ મોક્ષનું કારણ છે એમ નથી કહ્યું. દયા, દાન, વ્રત, શીલ, તપ કંઈક કંઈક એના સત્ત્વના પરિણમનમાં મદદ કરે છે એમ નથી. એ તો આવી ગયું છે ને પહેલાં ? 'પ્રવચનસાર' ! કે, જે દ્રવ્ય છે એ ગુણ અને એની

પર્યાયને પહોંચી વળે છે. અહીં નિર્મળ પર્યાયને પહોંચી વળે છે એટલું લેવું. ન્યાં તો મલિન, નિર્મળ બધી (પર્યાયની) વાત હતી. આ..હા...!

જે ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનાદિ સત્ત્વનો રસ છે એ આત્માનો કસ છે. આહા..હા...! એ કસ છે તેનું પર્યાયમાં પરિણમન થવું તેને અહીંયાં જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...! તે **'જ્ઞાન જ...'** પાછું (જ કહીને) એકાંત કર્યું. સમ્યક્ એકાંત ! એ **'જ્ઞાન જ મોક્ષનો હેતુ છે;...'** આહા..હા...! ભગવાનઆત્મામાં અનંત ગુણનો આખો રસ પડ્યો છે, સત્ત્વ છે. એ સત્‌નું સત્ત્વ છે, એ સત્‌નો કસ છે. આહા..હા...! ત્રિકાળી જ્ઞાન, દર્શન ને આનંદાદિ અનંત ગુણ (છે) એ સત્‌નું સત્ત્વ છે, એ સત્‌નો કસ છે. એના ઉપર દૃષ્ટિ પડતાં જે સત્‌નું સત્ત્વ છે તે સત્ત્વ પર્યાયપણે પરિણમે. ભલે ઈ સત્ત્વ ગુણ છે એ તો ભલે ગુણરૂપે રહે પણ તેવી જાતનું પરિણમન, સત્ત્વનું સત્ત્વ તરીકેનું (પરિણમન), એના પોતામાં છે ઈ જાતનું પરિણમન. એ રાગ અને પુણ્ય, દયા એ કંઈ આત્માનો કસ નથી, આત્માનું સત્ત્વ નથી. એ તો બંધસત્ત્વ સ્વરૂપ છે. આહા..હા...! આકરું કામ છે. લોકો એકાંત... એકાંત કહે છે.

જ્ઞાન જ, આત્માનો ચૈતન્ય સ્વભાવ, જે અનંત ગુણથી ભરેલો ભંડાર (છે), એનું પરિણમન અને એની દશા (થાય), દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય પણ એ જાતની શુદ્ધ (થાય) એ એક જ મોક્ષનો હેતુ છે. આહા..હા...! **'કારણ કે તેના (–જ્ઞાનના) અભાવમાં,...'** ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! અનંત અનંત ગુણનો રસકંદ પ્રભુ આત્મા, એના ભાવના પરિણમન વિના.. આ..હા...! **'પોતે જ અજ્ઞાનરૂપ થયેલા અજ્ઞાનીઓને...'** આ..હા...! જેને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય ગુણનો રસકંદ છે, તેના પર્યાયમાં તેના સત્ત્વના ભાવ વિના અજ્ઞાનીઓને જે **'અંતરંગમાં વ્રત,...'** કરે. વ્રત પાળે, વ્રત ! એ સંસાર છે, બંધ છે. આ..હા...! એ વસ્તુમાં નથી. આહા..હા...!

વ્રત ને તપ બે શબ્દો તો આવ્યા હતા. આ ગાથામાં ચાર શબ્દ છે. મૂળપાઠ (છે). વ્રત, નિયમ ધારણ કરવા, વિકલ્પ (કરવો), શીલ, કષાયની મંદતાનો ભાવ (થાય), મંદ.. મંદ ઘણોય મંદ (હોય). એવો એનો સ્વભાવ કે, શરીરથી બ્રહ્મચર્ય પાળવું એવું જે શીલ અને તપ. જે વિકલ્પ ઉઠે, બાર પ્રકારના તપમાંથી વિકલ્પ ઉઠે એ વગેરે. જેટલા પરના લક્ષે ઉત્પન્ન થયેલા અસંખ્ય પ્રકારના શુભભાવ. જુઓને અહીં તો શુભનું નાખ્યું છે ને !

**'વગેરે શુભ કર્મો...'** એટલે શુભ કાર્યો. જોયું ? અહીં કર્મ એટલે પેલું જડકર્મ નહિ. આહા..હા...! પર્યાયમાં વ્રત, તપ, શીલ, નિયમ વગેરે વિભાવના અસંખ્ય પ્રકાર (થાય) એ કોઈ જીવનું સત્ નથી, એનું સત્ત્વ નથી, જીવનો સ્વભાવ નથી. આહા..હા...! એવા જીવના સ્વભાવના અભાવને લઈને અજ્ઞાનીને પર્યાયમાં જે વ્રત, શીલ, તપ થાય તે બધા **'શુભ**

**કર્મોનો સદ્‌ભાવ (હયાતી)...**' હો. એવી શુભકર્મની હયાતી '**હોવા છતાં...**' છે, કહે છે એનો શુભભાવ  બરાબર છે, એમ. આહા..હા...! વ્રતનો ભાવ, તપ, ઉપવાસ આદિનો (ભાવ), શીલના નિયમાદિ – આકરાં નિયમ ધારણ કરે. એવા શુભભાવની હયાતી છે. છે ને ?

આવા કાર્યના અભાવમાં (પોતે જ) '**અજ્ઞાનરૂપ થયેલા અજ્ઞાનીઓને અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો સદ્‌ભાવ હોવા છતાં...**' આહા..હા...! શુભ આચરણના શુભ પરિણામનો ભાવ હોવા છતાં. એની હયાતી – મોજૂદગી (છે). શુભભાવ છે, પણ જ્ઞાયકભાવના સત્ત્વના ભાન વિના ચૈતન્યનો રસકંદ જે સ્વરૂપ પ્રભુ (છે), તેના સત્ત્વના પરિણમનના ભાન વિના આવા વ્રત, તપ, નિયમ ને શીલ (આદિના) શુભકર્મો હોવા છતાં '**મોક્ષનો અભાવ છે.**' એવા શુભભાવ હો, ભલે હયાતી ધરાવે. આહા..હા..! શુક્લલેશ્યા હો, એ ભાવ હયાતી ધરાવે છે. પણ એ ભાવ એને મોક્ષનું કારણ નથી. કેમકે ભગવાનઆત્મા વિકાર વિનાના સત્ત્વનું સત્ છે તેના તરફનું પરિણમનનું સત્ત્વ આવ્યા વિના આવા ભાવોની હયાતી હોવા છતાં તેને '**મોક્ષનો અભાવ છે.**' આહા..હા...! છે ?

'**અજ્ઞાન જ બંધનો હેતુ છે;...**' હવે સામે નાખે છે. સ્વરૂપનું અજ્ઞાન એટલે કે વ્રત, તપ, શીલ, નિયમ(ના ભાવ છે) એ અજ્ઞાન છે. આ..હા...! એમાં જ્ઞાનનો અંશ નથી (માટે) અજ્ઞાન છે. આહા..હા...! '**અજ્ઞાન જ...**' '**અજ્ઞાન જ...**' પાછું (કહ્યું છે). ન્યાં પણ એકાંત કર્યું છે. '**બંધનો હેતુ છે;...**' એટલે કે આત્માના સ્વભાવનું પરિણમન (થાય) એ બિલકુલ બંધનો હેતુ નથી. આહા..હા...! એ તો મોક્ષનો જ હેતુ છે. એક કોર ભગવાનઆત્મારામ આત્મરામનું જે પરિણમન છે... આહા..હા...! એ તો બિલકુલ બંધના અભાવ કારણરૂપ, મોક્ષના સદ્‌ભાવના કારણરૂપ છે.

આવે છે ને કેટલેક ઠેકાણે ? કે, મોક્ષમાર્ગ છે એ પણ બંધનું કારણ છે. એમ (કેટલાક) લ્યે છે. 'અસમગ્ર' 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'(માં આવે છે). જે બંધનું કારણ છે તે બિલકુલ અબંધનું કારણ હોઈ શકે નહિ અને જે અબંધનું સ્વરૂપ પ્રભુ છે, મુક્ત સ્વરૂપ જ છે. આત્મા તો અબંધસ્વરૂપ જ છે, એના ગુણોનું સત્ત્વ આખું અબંધ સ્વરૂપ છે. આહા..હા...! એ પ્રભુ પોતે અને તેના અનંત ગુણો, એ બધા મુક્ત સ્વરૂપ, સત્‌ના સત્ત્વ સ્વરૂપ, કસ સ્વરૂપ, એનું જે પરિણમન (થાય), એનો – સત્‌નો પર્યાયમાં કસ આવે, એ બિલકુલ મોક્ષનું કારણ છે (અને) બિલકુલ બંધનું કારણ નથી. સમજાણું કાંઈ ? અને જે આત્માના સ્વભાવના, ચૈતન્યબિંબ પ્રભુ ! અનંત ગુણનો રસકંદ ! તેના સત્‌નું સત્ત્વ પરિણમનમાં આવ્યા વિના અજ્ઞાનીને મોક્ષનું કારણ છે નહિ. આહા..હા...!

'**અજ્ઞાન જ બંધનો હેતુ છે; કારણ કે તેના અભાવમાં,...**' કોના અભાવમાં ? અજ્ઞાનના અભાવમાં. આહા..હા...! એટલે કે રાગ અને દ્વેષની પર્યાય અજ્ઞાનસ્વરૂપ (છે) તે જ બંધનું કારણ (છે). '**તેના અભાવમાં,...**' આ..હા..હા...! છે ? '**પોતે જ જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને...**'

આહા..હા...! પોતે જ આત્માના સ્વભાવ, શુદ્ધ પરિપૂર્ણ ભગવાનઆત્મા, એના રૂપે પોતે થયેલ. આહા..હા...! **'તેના અભાવમાં,...'** કોના અભાવમાં ? બંધના અભાવમાં. **'પોતે જ જ્ઞાનરૂપ થયેલા...'** એટલે ? ભગવાનઆત્મા આનંદ ને જ્ઞાન શાંતિ ને પ્રભુતાના શક્તિરૂપ જે સત્ત્વ છે તે રૂપે પોતે જ પરિણમનમાં થયેલો. એને કોઈ વ્યવહારના વ્રત, નિયમની અપેક્ષા છે નહિ. અહીં તો બીજી વાત કરશે. આ..હા...!

**'જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને...'** અંતરના આત્માના સ્વભાવના પર્યાયમાં તે સ્વભાવનું પરિણમન થવાથી એ જ્ઞાનીને **'બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો અસદ્ભાવ હોવા છતાં...'** આગળ વધીને એકલું આત્મ પરિણમન થઈ ગયું એને આ વ્રત, નિયમ, શીલનો તો અભાવ છે છતાં મોક્ષનું કારણ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

બે બાજુ લીધી. એક કોર ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન જ છે. એક સમયની પર્યાયમાં જે વિકાર છે એ અજ્ઞાન છે. એથી આખું સ્વરૂપ જે છે તેનું જે પરિણમન થવું તે મોક્ષનું કારણ (છે), એમાં બંધનો બિલકુલ અભાવ (છે) અને એ આનંદના જ્ઞાનના સ્વભાવના ભાવના પરિણમન વિના એકલા રાગ-દ્વેષ, વ્રત, નિયમ, શીલ, તપ (કરે એ) એકલું બંધનું કારણ (છે). બિલકુલ મોક્ષના કારણમાં મદદગાર, સહાયક (નથી). નિમિત્ત કહેવાય, નિમિત્ત કહેવાનો અર્થ એ (કે) નિમિત્ત કાંઈ કરે નહિ. આહા..હા...! વ્રત, નિયમના વિકલ્પોને શુદ્ધ જ્ઞાનના પરિણમનમાં નિમિત્ત કહેવાય. નિમિત્તનો અર્થ એક બીજી ચીજ છે. એનાથી થયું છે અને થાય છે એમ નહિ. આહા..હા...!

**'જ્ઞાનીઓને...'** એવા જ્ઞાની અહીં લીધા છે કે જેનું પરિણમન ઉગ્ર થઈ ગયું છે. એકલો ચૈતન્યમૂર્તિ ભગવાન, જેવો એનો સ્વભાવ ત્રિકાળી, નિર્મળ, શુદ્ધ રસકંદ (છે) તેવું જ જેનું પરિણમન થઈ ગયું છે, એને આ વ્રત, નિયમ, શીલ છે નહિ. આ..હા...! એ **'બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો અસદ્ભાવ...'** છે. (તેમ) **'હોવા છતાં મોક્ષનો સદ્ભાવ છે.'** આહા..હા...!

મુમુક્ષુ :– બાહ્ય શબ્દ લખ્યો છે તો તે બાહ્ય વ્રત છે ?

ઉત્તર :– બાહ્ય બધી વિકલ્પની વાત છે. બાહ્ય વ્રત એટલે શરીરની ક્રિયા નહિ, વિકલ્પ.

વ્રત, શીલ ને તપ (એવી જે) રાગની ક્રિયા છે એ અજ્ઞાનરૂપ છે અને બંધનું જ કારણ છે. એના અભાવમાં એકલા જ્ઞાનસ્વભાવના, આનંદ સ્વભાવના, ચૈતન્ય સ્વભાવના પરિણમનમાં બંધના ભાવનો બિલકુલ અભાવ છે. એકલા જ્ઞાન અને આનંદભાવે પરિણમ્યો છે. એને વ્રત, નિયમનો અભાવ છે છતાં મોક્ષનું કારણ છે. આહા..હા...!

અજ્ઞાનીને વ્રત, નિયમ, તપ, શીલની હયાતી છે, પંચ મહાવ્રત છે, પાંચ સમિતિ, ગુપ્તિ વ્યવહાર છે, એવો વ્યવહાર ભાવ હોવા છતાં એ બંધનું કારણ છે. એકલું બંધનું કારણ (છે), બિલકુલ મોક્ષના કારણમાં એ સહાયક નથી. કેમકે જ્યાં આત્મા – ભગવાનઆત્મા

પોતાનું જે દ્રવ્ય છે અને એના જે આનંદાદિ ત્રિકાળી શુદ્ધ ગુણ છે એ રૂપે જ્યાં પરિણમન થયું એને વ્રત ને નિયમનો અભાવ છે છતાં મોક્ષનું કારણ છે. આહા..હા...! આવું છે.

પેલા રાડેરાડ પાડે છે. એ..ઈ...! 'સોનગઢીયા' આમ કરે છે ને આમ કરે છે. બાપુ ! ભાઈ ! તારા હિતની વાત છે, પ્રભુ ! આ..હા...! એમાં તારો અનાદર નથી આમાં. તું અંદર મહાપ્રભુ છો ! આ..હા...! એકલો અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય પ્રભુતાનો રસકંદ – સત્ત્વ છે ને ! એ સત્ત્વનું પરિણમન થાય... આહા..હા...! તે પરિણમનના કાળમાં વ્રત ને નિયમ, શીલ, તપનો અભાવ હોવા છતાં મોક્ષનું કારણ થાય છે. આહા..હા...! અને અજ્ઞાનીને પોતાનો ભગવાનઆત્મા, એના શુદ્ધના સત્ત્વના પરિણમનના અભાવમાં એને વ્રત, નિયમ, શીલ, તપ બંધનું જ કારણ છે. આ..હા...! કેટલી વાત કરી છે, કહો ! બિલકુલ મોક્ષના માર્ગને જરીયે સહાય થાય, એમ નથી. આહા..હા...!

બધાએ એ નાખ્યું (છે). 'વિદ્યાસાગરે' એ નાખ્યું, ભાઈએ 'જગમોહનલાલજી'એ નાખ્યું છે. વ્રત, નિયમ (આદિના) શુભભાવ અંદર શુદ્ધતાનું કારણ છે. એટલે એનાથી શુદ્ધમાં જવાય છે. આહા..હા...! ઝેર પીતાં પીતાં અમૃતના ઓડકાર આવે ! એવો એ અર્થ છે. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...!

જ્ઞાન શબ્દે અહીંયાં એનું પરિણમન લેવું છે. પરિણમન – જ્ઞાનનું પરિણમન છે. મૂળ જ્ઞાન શબ્દે કાંઈ ત્રિકાળી ગુણ નહિ. નહિતર ત્રિકાળી ગુણ – કારણ પરમાત્મા પણ મોક્ષનું જ કારણ છે પણ અત્યારે એ વાત નથી. અત્યારે તો પર્યાય જ્ઞાનરૂપે, આનંદરૂપે પ્રગટી છે, એ વસ્તુમાં જે સત્ છે તે રૂપે પર્યાયમાં પરિણમન થયું છે તેને અહીંયાં જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...!

આવું હવે મોંઘું ! સાંભળવા મળે નહિ અને સાંભળવા મળે તો ઊંધું મળે. નિવૃત્તિ મળે નહિ. આહા..હા...! આ કરો, આ કરો, વ્રત કરો, તપ કરો, વ્યવહાર ચારિત્ર પાળો. વ્યવહાર ચારિત્ર એટલે રાગ. (શ્રોતા :– વ્યવહારને પોષો). એને પાળો, એને કરો, એ રસ્તો છે. અંતર શુદ્ધતા (તરફ) જવાનો રસ્તો છે. અશુભને ટાળી અને શુભ કરવું એ શુદ્ધમાં જવાનો રસ્તો છે એમ સ્થાપે છે. અરે...! બે જાત ભેદ છે, બે વસ્તુભેદ છે. આ..હા...! એક કજાત છે અને એક સજાત છે.

અંદર ભગવાનઆત્મા ! અનંત અનંત અનંત પવિત્ર ગુણનું ધામ ! આ..હા..હા...! તેનો આશ્રય લેતાં, તેના ઉપરની એકાગ્રતા, દૃષ્ટિ થતાં એ પૂર્ણ સ્વરૂપનો જ્ઞાનની પર્યાય અને શ્રદ્ધાની પર્યાયમાં સ્વીકાર થતાં, પર્યાય સત્ત્વનું સત્ત્વ છે, તે રૂપે પરિણમે છે. આહા..હા...! એ બંધના ભાવની (મદદથી) જરીયે પણ પરિણમે છે એ નહિ. આહા..હા...! શું કરવું આ ? 'નવલચંદભાઈ' ! બીજું કાંઈક સહેલું હશે કે નહિ ? સહેલું એટલે રાગ. માર્ગ આ છે. આહા..હા...!

**'પોતે જ જ્ઞાનરૂપ થયેલા જ્ઞાની...'** એટલે પોતે કેમ કીધું ? એ કંઈ પેલા વ્રત ને શીલ ને તપ હતા માટે અહીં જ્ઞાનરૂપ, આનંદરૂપ પરિણમન થયું એમ નથી. આહા..હા...! પોતે સ્વયં ભગવાનઆત્મા ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! એનું અવલંબન લઈને પોતે જ સ્વયં શુદ્ધપણે પરિણમ્યો. એ જ્ઞાન થયું, એ પરિણમન થયું એ આત્માની દશા થઈ. એ આત્માના સ્વભાવની દશા થઈ. આહા..હા...!

એ જ્ઞાનીને **'બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મો...'** જોયું ? એ કર્મ એટલે પેલા જડ(કર્મ) ન લીધા. ભાવ, શુભભાવ છે ઈ ભાવકર્મ શુભ વિકારી છે. આહા..હા...! મૂળ પાઠમાં છે ને ! મૂળ પાઠ છે ને ! **'वदणियमाणि धरंता सीलाणि तहा तवं च कुव्वंता।** લ્યો ! **'परमट्ठबाहिरा'** (એટલે) પરમાર્થ ભગવાન ચૈતન્યનું સત્ત્વ તો હાથ આવ્યું નથી. આહા..હા...! પરમપ્રભુ ભગવાનઆત્મા મોજૂદ હાજરાહજૂર પડ્યો છે ! આ..હા...! અનંત ગુણથી બિરાજમાન આત્મા, એને તો હાથ લાગ્યો નથી, એનો પત્તો લીધો નથી એ બધા **'परमट्ठबाहिरा'** છે, પરમાર્થથી બાહ્ય છે. આહા..હા...! આ તો છોકરાઓને સમજાય એવી ભાષા છે. અમારે 'ધરમચંદ માસ્તર' કહે છે ને ! ચાર ચોપડી ભણેલો હોય એને સમજાય એવી વાત (છે) એમ કહે છે. નહિ ? આ તો અમારે 'ધરમચંદ' એમ કહે (કે), આ તો એવી સહેલી ભાષા છે (કે) ચાર ચોપડીવાળો (પણ સમજી જાય). આહા..હા...! ભગવાન આત્મા છો ને ! એને ચોપડીના ભણતરનું શું કામ છે ? આહા..હા...!

તુષ-માષ.. શું નામ ? 'શિવભૂતિ' મુનિ ! આહા..હા...! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની ખાણ ને મોટું ભોંયરું, ભંડાર ! આ..હા..હા...! એનો જ્યાં પત્તો લીધો અને જ્યાં એકાગ્ર થયો (તો) કહે છે કે, (એમને) તુષ-માષના શબ્દો પણ યાદ ન રહ્યા. તુષ એટલે ફોતરાં અને માષ એટલે અડદનો કસ. પેલી બાઈ અડદની દાળ ધોતી હતી. અડદની દાળ પડેલી તે ધોતી હતી. પેલા કૂચા કાઢતી હતી. 'શિવભૂતિ' મુનિ નીકળ્યા (ત્યાં) કો'ક બાઈએ પૂછ્યું, બા ! શું કરો છો તમે ? (તો બાઈએ કહ્યું), 'તુષ-માષ – ફોતરાં અને માષ...' માષ એટલે અડદની દાળ, અડદ, કસ 'બન્ને જુદા પાડીએ છીએ.' આહા..હા...! ફોતરાં ઉપરના અને પેલી અડદની દાળ, જે કસ હોય ઈ જુદી પાડીએ છીએ. આહા..હા...! એટલું જ્યાં સાંભળ્યું એને... ઓ..હો...! ભગવાન અંદર, જેમ ધોળી અડદની દાળ... શું કહેવાય ? ધોળીને શું કહે છે ? છડી.. છડી ! છડી દાળ. તમારી ભાષા હોય ઈ આવવું જોઈએ ને ત્યારે ! છડી દાળ કહે છે, છડી દાળ ! પેલા ફોતરાં કાઢી નાખે (એટલે) છડી દાળ (રહે). એમ ભગવાનઆત્મા એવું જ્યાં સાંભળ્યું કે તુષ-માષ, જે વિકલ્પ છે એ તુષ – ફોતરાં (છે). જ્ઞાન તો હતું, ભાન હતું પણ સ્થિરતા નહોતી એમાં જરી આ શબ્દ જ્યાં કાને પડ્યા.. અરે...! માષ નામ ધોળી અડદની દાળ. એમ આત્મા ધોળો, ઉજળો, શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ અને વ્રત, નિયમના વિકલ્પો (થાય) એ તો બંધના કારણ ને રાગ – ફોતરાં (છે). એ ફોતરાં

ને માષને આમ જ્યાં જુદા કર્યા નથી ત્યાં, સ્થિર થયા ત્યાં કેવળજ્ઞાન થઈ ગયું !! આ..હા...! કહો, સમજાણું કાંઈ ? 'શિવભૂતિ મુનિ' ! આ..હા..હા...! જે કરવાનું છે ત્યાં એની દૃષ્ટિ અને સ્થિરતા પોગી ગઈ. આહા..હા...! હવે એને કહે છે, વ્રત ને નિયમ નથી છતાં એ મોક્ષનું કારણ છે. આહા..હા...!

મુમુક્ષુ :- વ્રત ને નિયમ મોક્ષનું કારણ નથી.

ઉત્તર :- હા. વ્રત ને નિયમ ને તપ, શીલ મોક્ષનું કારણ નથી. (જે) બંધનું કારણ છે એ મોક્ષના કારણમાં મદદ કરે, સહાય થાય એમ લખ્યું છે. અરે... પ્રભુ ! સહાયની વ્યાખ્યા શું છે ? નિમિત્ત હોય એટલું. ધર્માસ્તિકાયવત્. આહા..હા...!

મુમુક્ષુ :- પહેલા વ્યવહારજ્ઞાન કરે.

ઉત્તર :- વ્યવહારજ્ઞાન કરે એ બિલકુલ - કાંઈ મદદ ન કરે અંદર. આવે ભલે પણ એનાથી ન થાય. ઈ તો પહેલા આવ્યું નહિ ? શાસ્ત્ર ભણવું ને ઈ. છતાં જ્યાં સુધી પરલક્ષી વિકલ્પ છે અને એનાથી જે ઉઘડેલું જ્ઞાન છે એનાથી આત્માનું જ્ઞાન ન થાય. આ..હા...! ભાવજ્ઞાનના અવલંબન વડે, આવ્યું હતું ને ? ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢપણે... આહા..હા...! અંદરમાં એકાગ્ર થાય છે. આહા..હા...! 'પ્રવચનસાર'માં આવ્યું હતું. આ..હા...! વાત તો બહુ થોડી છે પણ માલ છે મોટો ! આહા..હા...!

ભગવાનઆત્મા ! શરીર પ્રમાણે આત્મા એમ કહેવાય પણ બાપુ ! એ ભગવાનસ્વરૂપ છે, ભાઈ ! આહા..હા...! એ પરમેશ્વર છે, એ જિન છે, એ વીતરાગ છે, એ કેવળજ્ઞાન છે - એકલો જ્ઞાનનો પિંડ સર્વજ્ઞ સ્વભાવ છે. આ..હા..હા...! સર્વદર્શી સ્વભાવ છે, અનંત વીર્ય નામ પુરુષાર્થ છે. આહા..હા...! એ બધાનું અનંત સત્નું સત્તાનું સ્વરૂપ એવું છે. આહા..હા...! એનું પરિણમન થતાં બાહ્ય વ્રત, તપાદિ ન હોય તોપણ મોક્ષનું કારણ છે, કહે છે. આહા..હા...! અને અંતરનો આ ભગવાનઆત્મા જાગ્યો નહિ, જગાડ્યો નથી... આહા..હા...! એના અભાવમાં કીધું ને ? સ્વરૂપના સત્ત્વના ભાવ વિના. એમાં વ્રત, શીલ, તપ છે એ તો એકલું બંધનું કારણ છે. આહા..હા...! ત્યારે કહે, અંદર મોક્ષના માર્ગની સાથે આવો વ્યવહાર હોય છે એટલે એનાથી કાંઈક કાંઈક મદદ તો મળે કે નહિ ? કાંઈક. થોડું એનાથી હળવે હળવે શુભભાવમાં આવે તો થોડો વિશ્રામ મળે પછી અંદર સ્થિરમાં જવાય. આહા..હા...! એમ નથી. વિશ્રામસ્થાન ! વિશ્રામઠામ તો પ્રભુ છે. જે રાગ અને વિકલ્પ વિનાનું ઠામ - ધામ છે.

સ્વયં જ્યોતિ સુખધામ છે. આહા..હા...! 'શ્રીમદ્'માં આવે છે ને ! 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ' શુદ્ધ, બુદ્ધ ! આહા..હા...! શુદ્ધ બુદ્ધ સ્વયં. ચૈતન્યઘન (એટલે) પ્રદેશ લીધા. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' પવિત્ર જ્ઞાનનો પિંડ, અસંખ્ય પ્રદેશી પિંડ. સ્વયં જ્યોતિ - પોતાથી પોતે સ્વયં છે. આહા..હા...! એને પોતાથી પરિણમન કરીને. આહા..હા...! એ સુખનું

ધામ છે. પ્રભુ ! એ આનંદનું સ્થળ છે, અતીન્દ્રિય આનંદનો એ બેટ છે. આ..હા..હા...! મોટા દરિયાના સમુદ્રમાં બેટ ક્યાંક મળે (ત્યાં) વિશ્રામ લ્યે. એમ આ મોટો પ્રભુ મોટો બેટ છે. આહા..હા...!

એક વ્હોરા કહેતા. 'જામનગર'માં વ્યાખ્યાનમાં આવતા. એ કહે, અમે એકવાર વહાણમાં ગયા એમાં દરિયામાં લોહચુંબકનો ડુંગરો હશે (એટલે) વહાણ ખેંચાઈ ગયું. ખેંચાઈ ગયું એટલે ત્યાં કાંઈ ન મળે, કોઈ માણસ ન મળે. નાળિયેરના ઝાડ (હતા) અને હેઠે ગંધાયેલા પાણી પડ્યા (હતા). ત્યાં સુધી કોઈ વહાણને ઓળખે (તો) આવે. વહાણ ખેંચાઈ ગયેલું. પછી કહે, પાણી અંદર બંધાયેલુ હોય, નાળિયેર નાખીએ. ટોપરા અને પાણી બે લઈએ. પાણી મીઠું નીકળે અને ટોપરું ખાઈએ. આહા..હા...!

એમ ભગવાનઆત્મા... આહા..હા...! અંદરમાં અનંત અનંત પુરુષાર્થના વીર્યે ચડાવી.. આહા..હા...! જેણે અનંત આનંદમાં ખીલવટ કરી છે, અનંત જ્ઞાનની ખીલવટ કરી છે. પરિણમન કર્યું છે ને અહીં ! શક્તિરૂપે પડ્યો છે, સ્વભાવે ભલે હો. આહા..હા...! જે વસ્તુ છે, ગુણનો ભંડાર, આનંદનો ભંડાર (છે) એને ખીલવ્યો છે. આ..હા..હા...! કમળ જેમ લાખ પાંખડીએ ખીલે એમ ભગવાન અનંત ગુણની નિર્મળ વ્યક્ત પર્યાય ખીલી નીકળે છે ! આહા..હા...!

પેલાને લાખ પાંખડી હોય છે. એક સાંભળ્યું છે, ત્યાં હજાર પાંખડીવાળું (કમળ છે). ગામમાં ગયા હતા. 'ચીખલી... ચીખલી' ! ત્યાં કહેતા કે, આ ખેતર છે. આમાં કમળ થાય છે, હજાર પાંખડીનું થાય છે. ઊંચુ થાય છે. હજાર પાંખડીનું એક ગુલાબ ! લાખ પાંખડીનું સાંભળ્યું છે. આ તો અનંત (ગુણની) પાંખડીનો આત્મા ! આહા..હા...!

કહે છે, એને અંતરમાં હોવાથી.. આહા..હા...! **'પોતે જ જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને...'** ધર્માત્માને. એકવચન નથી લીધું. ઘણા જ્ઞાનીઓને. આ..હા...! જેટલા જ્ઞાનીઓ થયા તે બધા જ્ઞાનીઓ. **'પોતે જ જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે કાર્યોનો અસદ્ભાવ છે...'** એ કાર્ય એની પાસે નથી. આહા..હા...! છતાં મોક્ષનો સદ્ભાવ છે. વસ્તુના સ્વભાવનું પરિણમન થયું એ મોક્ષનો સદ્ભાવ છે. આ..હા..હા...!

**ભાવાર્થ :–** જુઓ ! આ ખુલાસો આવ્યો. **'જ્ઞાનરૂપ પરિણમન જ મોક્ષનું કારણ છે...'** જ્ઞાન (એટલે) ત્રિકાળી જ્ઞાનની અહીં વાત નથી. ચૈતન્યબિંબ પ્રભુ પોતે જ્ઞાનરૂપે, સમ્યગ્દર્શનરૂપે, શાંતિરૂપે, આનંદરૂપે, સ્વચ્છતારૂપે, ઈશ્વરતારૂપે જે પર્યાયમાં પરિણમે છે એને અહીંયાં જ્ઞાનનું પરિણમન કહેવામાં આવ્યું છે. એ મોક્ષનું કારણ છે. **'પરિણમન જ મોક્ષનું કારણ છે...'** વચ્ચે બંધનો ભાવ પણ જરીયે મદદ કરે (એમ નથી). આ અત્યારે મોડી રાડ (છે). આ..હા...!

'વિદ્યાસાગરે' લખ્યું છે. વ્રતને અંદર સંભાળવા. બારમી ગાથામાં આવે છે ને ! જાણેલો પ્રયોજનવાન. ત્યાં એમ કે, સંભાળવા. એમ લખ્યું છે, એવો અર્થ કર્યો છે. બારમી ગાથામાં સંભાળવાની ક્યાં (વાત છે). છે એને જાણે છે એ તો. તે તે પ્રકારના જ્ઞાનની પર્યાયનો

એનો કાળ છે. આહા..હા...!

મુમુક્ષુ :– એકાંત જંગલમાં જાય પછી ધ્યાન કરે...

ઉત્તર :– ઈ બહારમાં કાંઈ જાય નહિ. બહારમાં પણ ગિરીગુફામાં ગરી જાય. (પણ) આ (આત્મારૂપ) ગિરીગુફા વિના કાંઈ ન મળે. ઈ 'સમયસાર'માં ૪૯મી ગાથામાં સંસ્કૃત ટીકામાં આવે છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં (આવે છે). અનુભવની નિર્વિકલ્પ સમાધિરૂપ ગિરીગુફામાં જતાં. આહા..હા...! એ ગિરીગુફા છે. બહારની ગિરીગુફામાં તો વાઘ ને સર્પ બધા રહે છે. આહા..હા...! આવો માર્ગ ! સંપ્રદાયમાં જુઓ તો વ્યાખ્યાનમાં એવી વાતું ચાલે છે (કે), વ્રત કરો ને અપવાસ કરો ને તપસ્યા કરો. ભગવાને બાર વર્ષ તપસ્યા કરી હતી. ત્યારે તો એમને કેવળ થયું. અરે... ભગવાન ! સાંભળ. એ તપ તું કહે છે ઈ નહિ.

અતીન્દ્રિય આનંદનું (વેદન) જ્યાં ઉગ્રપણે પ્રગટ થયું એને ત્યાં તપ કહ્યું (છે). 'પ્રતપન તે ઇતિ તપ' આત્માની ચારિત્રદશા (છે), સમ્યગ્દર્શન સહિત ચારિત્ર છે એ વિશેષે ઓપે છે, શોભે છે, વધે છે, શુદ્ધિ કરે છે એને તપ કહેવામાં આવે છે. આ તો બધી લાંઘણું છે. વર્ષીતપ ને ઢીકણા તપ ને... આ..હા..હા...!

મુમુક્ષુ :– ઇ કહે એક વખત કરી તો જુઓ પછી ખબર પડે.

ઉત્તર :– કરી જોયું નથી ? અત્યાર સુધી પહેલાં ઘણું કર્યું છે. એવી ક્રિયાકાંડ હતી કે, લોકો રાડ દેતા ! વ્હોરવા જાઈએ ત્યાં શેઠિયાઓ રાડ નાખે. શેઠિયાની વહુ (અમને) દેખીને આમ ધ્રુજે (કે) કેમ થશે ? પહેલા જ્યારે (સંવત) ૧૯૭૭માં 'ભાવનગર'માં આવ્યા હતા ત્યારે તો તમે (નહોતા), કણબીવાડના 'હરગોવિંદભાઈ' હતા. ૧૯૭૭માં 'ભાવનગર'માં ઠેકાણા વિનાનું હતું. 'ઉમેચંદજી' હતા ને ! બધું ઠેકાણા વિનાનું હતું. ખબર છે ને ! મળ્યા હતા, 'ઉમેચંદજી' મળ્યા હતા. પહેલાવહેલા ગયા ત્યારે રાડ નાખતા હતા. ત્રીસ-પાંત્રીસ ઘરે જાઈએ ત્યારે માંડ આહાર મળે. નહિતર (તો) ક્યાંક ... ક્યાંક ઢીકણું... પછી ચોપાનીયા છાપવા પડ્યા. 'અમરચંદભાઈ'એ (છાપ્યા), 'હરિભાઈ'ના ભાઈ. ચોપાનીયા છાપવા પડ્યા (કે) આટલો આ પ્રમાણે આહાર દેવો. નહિતર ગર્ભમાં ગળશો. આ ૧૯૭૭ની સાલ, (પહેલીવાર) દીક્ષા લઈને 'ભાવનગર' આવ્યા હતા. લોકોમાં રાડ ! માણસો વ્યાખ્યાનમાં ખુબ ભરાય. બહારમાં એમ બોલાય કે, 'ગાંધીજી' ધર્મમાં આવ્યા છે. પેલા 'ગાંધી' સંસારના 'ગાંધી' હતા અને આ 'ગાંધી' ધર્મના છે ! ગામના અપસરામાં હોં ! પેલો અપાસરો છે ને ! મેડી ! માણસ માય નહિ. ૧૯૭૭ની સાલ ! આહા..હા...! ક્રિયા તો (એવી પાળતા કે) વ્હોરવા જઈએ ત્યાં લોકો રાડ પડતા. જરી કંઈક ફેર પડે, કળશામાં પાણીનું એક ટીપુ પડ્યું હોય અને એનો સાડલો અડી ગયો હોય (તો) બંધ. ગુવારનું શાક પડ્યું હોય, ગુવાર... ગુવાર ! એનો કટકો ક્યાંક પડ્યો હોય અને ચાલતા એનો પગ અડી ગયો (હોય તો) આહાર બંધ ! બિચારા પછી કેટલાક રોવે ! અરે..રે...! અમારે ત્યાં આવ્યા (ને આવું થયું). ગામમાં પહેલાવહેલા

અમારે ત્યાં આવ્યા (અને આવું થયું). એ તો બધી ધૂળધાણી ! બધી રાગની ક્રિયાઓ છે. (એમાં પણ) પાછું અભિમાન (કરે), અમે આ કરીએ છીએ ને આ અમે કરીએ છીએ ને બીજા કરતા નથી. આહા..હા...!

(અહીંયાં કહે છે), **'અજ્ઞાનરૂપ પરિણમન જ બંધનું કારણ છે;...'** એમાં ઈ પરિણમન છે, જોયું ? પેલામાં પણ જ્ઞાનનું પરિણમન (લીધું હતું). એટલે સ્વભાવનું પરિણમન. આમાં વિભાવનું પરિણમન (છે). એ વિભાવને અજ્ઞાન કીધો. **'અજ્ઞાનરૂપ પરિણમન જ બંધનું કારણ છે; વ્રત,...'** (એટલે) પાંચ મહાવ્રત. આ..હા...! બાર વ્રત. **'નિયમ,...'** (એટલે) અભિગ્રહ (ધારવો).

એ 'શ્રીમદ્'માં પણ આવે છે ને ! 'યમ, નિયમ, સંયમ આપ કિયો' 'શ્રીમદ્'માં આવે છે. 'યમ, નિયમ, સંયમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો, વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો' આહા..હા...! 'જપ ભેદ જપે તપ ત્યોંહિ તપે, ઉરસેં હી ઉદાસી લહી સબસે, સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો, અબ ક્યોં ન બિચારત હૈ મન સે, કછુ ઔર રહા ઉન સાધન સે' કોઈ સાધન બીજું છે. આહા..હા...!

**'નિયમ,...'** એટલે આ નિયમ. આમાં નિયમ છે ને ! એ નિયમ. યમ એટલે મહાવ્રત. નિયમ એટલે આ નિયમ. એવા 'યમ, નિયમ, સંયમ આપ કિયો' અનંતવાર ઇન્દ્રિયના દમન કર્યા. આહા..હા...! પણ અણિન્દ્રિય એવા ભગવાનને પહોંચ્યા વિના... આ..હા...! એ બધા (કાર્યો) ધર્મને માટે નિષ્ફળ ગયા. સંસાર માટે – રખડવા માટે સફળ થયા. આહા..હા...!

**'અજ્ઞાનરૂપ પરિણમન જ બંધનું કારણ છે; વ્રત, નિયમ, શીલ, તપ આદિ શુભ ભાવરૂપ શુભ કર્મો કાંઈ મોક્ષનાં કારણ નથી.'** જરીયે મોક્ષનાં કારણ નથી. આ..હા...! આકરું કામ છે. એને જ્ઞાનમાં હજી પહેલો નિર્ધાર તો કરે પછી અંદર જવામાં પ્રયોગ કરે. પણ હજી જ્ઞાનના પણ ઠેકાણા ન મળે (એ પ્રયોગ ક્યારે કરે ?) એ સાચું જ્ઞાન (થયા) વિના અંતર સત્ સત્ય છે ત્યાં કેમ જવાશે ? આ..હા...! હજી આનાથી મદદ થાય, આનાથી આમ થાય, એ શુભક્રિયાથી શુદ્ધમાં ત્યાં જવાય, કેમકે છેલ્લો શુભભાવ હોય છે. હોય છે એટલે શું ? આહા..હા...! છેલ્લો શુભભાવ (હોય) પણ અંદર તેની રુચિ અને લક્ષ છોડે ત્યારે ભગવાન ઉપર લક્ષ જાય. આહા..હા...! આવી વાતું છે, 'ચીમનભાઈ' ! આહા..હા...!

**'વ્રત, નિયમ, શીલ, તપ શુભ ભાવરૂપ શુભ કર્મો...'** (એટલે) કાર્યો **'કાંઈ મોક્ષનાં કારણ નથી, જ્ઞાનરૂપે પરિણમેલા જ્ઞાનીને...'** આ..હા..હા...! ઉત્કૃષ્ટ લીધો ને ! છેલ્લો ! આત્મારૂપે થયેલા ધર્મીને **'શુભ કર્મો ન હોવા છતાં...'** એ વખતે વ્રત ને નિયમનો વિકલ્પ નથી પણ અંદરમાં ઠર્યો છે અને (આશ્રય) ઉગ્ર થઈ ગયો છે **'તે મોક્ષને પામે છે;...'** નીચલી દશામાં નિશ્ચય અને સાથે વ્યવહાર હોય, ઈ અહીં નહિ. જ્યાં પૂર્ણ જ્ઞાનનું પરિણમન થયું ત્યાં

તો આ રાગ જરીયે છે નહિ. તો ત્યાં તો વ્રત, તપ વિનાનો મોક્ષ થયો. મોક્ષનું કારણ તો એ થયું. વ્રત, નિયમ કાંઈ કારણ થયું નહિ. એ તો બંધના કારણ છે. આહા..હા...! ભલે નીચે હોય, નિશ્ચય પણ હોય અને વ્યવહાર પણ હોય. વ્યવહાર એ બંધનું કારણ છે અને નિશ્ચય મોક્ષનું કારણ છે. આવું છે.

**'અજ્ઞાનરૂપે પરિણમેલા અજ્ઞાનીને તે શુભ કર્મો હોવા છતાં...'** જોયું ? એ શુભ કાર્યો – આચરણ – વ્રત ને નિયમ ને તપ ને પંચ મહાવ્રત ને બાર વ્રત ને ભક્તિ ને જાત્રા ને પૂજા ને કરોડો રૂપિયા ખર્ચીને મોટા ગજરથ કાઢે ને રથયાત્રા કાઢે. આ..હા...! એ શુભકર્મો હોવા છતાં અજ્ઞાનરૂપે પરિણમેલ છે (એટલે) જેની દૃષ્ટિ આત્મા ઉપર છે નહિ, એની દૃષ્ટિ જ રાગની ક્રિયા ઉપર છે. આ..હા...! **'તે શુભ કર્મો હોવા છતાં તે બંધને પામે છે.'** **'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'**

મુમુક્ષુ :– બન્ને હોય તો મોક્ષ થાય એમ 'ધવલ'માં આવે છે.

ઉત્તર :– બિલકુલ નહિ. બન્ને હોય તો ઈ કઈ અપેક્ષાએ કહ્યું છે ? ભાવલિંગ હોય ત્યાં આવું દ્રવ્યલિંગ હોય છે એમ સિદ્ધ કરવા એવું આવે છે. ભાઈ ! 'મોક્ષપાહુડ'માં આવે છે. ભાવ છે ત્યાં આવું દ્રવ્ય હોય. એમ. હોય એટલું. બીજી જાતનું વિરુદ્ધ ન હોય એટલું બતાવવા (એમ કહ્યું). દ્રવ્યલિંગ અને દ્રવ્ય મહાવ્રતના પરિણામ નિશ્ચય છે ત્યાં આવા હોય, એમ (કહેવું છે). ભાવસહિતનું દ્રવ્ય મુક્તિનું કારણ છે એમ પણ શાસ્ત્રમાં શબ્દ આવે છે. પાહુડમાં આવે છે. સમજાણું કાંઈ ? એ તો જોડે અધુરાશ છે એટલે રાગ છે ઈ બતાવ્યો છે, એટલું. એ મોક્ષનું કારણ નથી, મોક્ષનું કારણ તો આ છે. પણ અપૂર્ણ છે એમાં એને હજી વ્રતના વિકલ્પો ઊભા છે. અહીં તો ઈ કાઢી નાખ્યા.

અહીં તો જ્યાં એકલું આત્માનું પરિણમન પૂર્ણ થઈ ગયું ત્યાં આ વ્રતના વિકલ્પો પણ નથી. છતાં એ બંધના કારણ છે ઈ જો મોક્ષના કારણ હોય તો આને તો (એવું) કાંઈ છે નહિ. મોક્ષનું કારણ તો એકલો આત્મા રહ્યો. પરિણમન હોં !

## શ્લોક-૧૦૫

(शिखरिणी)

**यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं**
**शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति।**
**अतोऽन्यद्बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्**
**ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्।।१०५।।**

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– (यद् एतद् ध्रुवम् अचलम् ज्ञानात्मा भवनम् आभाति) જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા ધ્રુવપણે અને અચળપણે જ્ઞાનસ્વરૂપે થતો–પરિણમતો ભાસે છે (अयं शिवस्य हेतुः) તે જ મોક્ષનો હેતુ છે (यतः) કારણ કે (तत् स्वयम् अपि शिवः इति) તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે; (अतः अन्यत्) તેના સિવાય જે અન્ય કાંઈ છે (बन्धस्य) તે બંધનો હેતુ છે (यतः) કારણ કે (तत् स्वयम् अपि बन्धः इति) તે પોતે પણ બંધસ્વરૂપ છે. (ततः) માટે (ज्ञानत्मत्वं भवनम्) જ્ઞાનસ્વરૂપ થવાનું (–જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું) એટલે કે (अनुभूतिः हि) અનુભૂતિ કરવાનું જ (विहितम्) આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે. ૧૦૫.

## શ્લોક ૧૦૫ ઉપર પ્રવચન

यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं
शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति।
अतोऽन्यद्बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्
ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्।।१०५।।

૧૦૫ (કળશ). લ્યો, પહેલામાં '**विहितम्**' આવ્યું છે ને ! કળશમાં આવ્યું હતું પહેલું. '**विहितं शिवहेतुः**' નહિ ? આવ્યું હતું. '**शिवहेतुः**' ૧૦૩ (કળશ). '**ज्ञानमेव विहितं शिवहेतुः**' ૧૦૩. આહા..હા...! **(यद् एतद् ध्रुवम् अचलम् ज्ञानात्मा भवनम् आभाति) 'જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા...' 'एतद् ध्रुवम्' 'ધ્રુવપણે અને અચલપણે...' 'ज्ञानात्मा भवनम्' 'જ્ઞાનસ્વરૂપે થતો...' 'ज्ञानात्मा भवनम्'** (અર્થાત્) જેવું સ્વરૂપ છે તેવું ભવનમ્ (અર્થાત્) તે રૂપે સત્ત્વ થતું. સત્‌નું સત્ત્વ સત્ત્વરૂપે પરિણમતું. આહા..હા...! એ પુણ્ય અને પાપ એ કાંઈ આત્માનું સત્ત્વ નથી, એ કાંઈ આત્માનો કસ નથી. આહા..હા...! આવું સાંભળે એટલે પછી માણસને, સંપ્રદાયનું સાંભળ્યું હોય એમાં આવું સાંભળે એટલે (રાડ પાડે કે), એ...ય આ તો વ્યવહારને ઉડાવે છે, ઉડાડે છે. વ્યવહારને ઉડાડે છે એટલે ? ઈ બંધનું કારણ છે. પૂર્ણ (દશા) જ્યાં ન હોય ત્યાં વ્યવહાર હોય ખરો, પણ છે બંધનું કારણ. આહા..હા...!

જ્યાં પૂર્ણ સ્થિરતા નથી... ત્યાં 'આસ્રવ અધિકાર'માં આવ્યું છે ને ! જઘન્ય જ્ઞાનનું પરિણમન. 'સમયસાર'(માં) 'આસ્રવ અધિકાર'(માં) આવ્યું છે. જ્યાં જઘન્ય જ્ઞાનનું પરિણમન છે ત્યાં અનેરાપણે જાય છે, વિકલ્પમાં જાય છે, ત્યાં સુધી ત્યાં બંધ છે. એટલો વિકલ્પ થાય છે એટલો હજી બંધ છે. યથાખ્યાત પૂર્ણ સ્થિરતા થઈ ગઈ એને આ નથી એમ અહીં

કહ્યું. એને વ્રતનો વિકલ્પ – વ્યવહાર છે નહિ, બીજાને વ્યવહાર હો પણ એ બંધનું કારણ છે. વ્યવહાર કંઈ મદદગાર છે અને વ્યવહાર પાળવો પડે એમ નથી. છતાં ચરણાનુયોગમાં એમ આવે (કે), એને પાળવું, આનું આમ કરવું, એનું આમ કરવું... આહા..હા...! એ તો વસ્તુની સ્થિતિ જણાવે છે. આહા..હા...!

જ્ઞાનસ્વરૂપે ભવનમ્ છે ને ? જોયું ! વજન ત્યાં છે. ભગવાનઆત્માનું જે ચૈતન્યસ્વરૂપ છે તેનું ભવનમ્ (એટલે કે) તેનું તે રૂપે થવું. છે ? જ્ઞાનસ્વરૂપે પરિણમતો, જ્ઞાનસ્વરૂપે થતો. આહા..હા...! શુદ્ધ ચૈતન્યઘન ભગવાન, એ રૂપે થતો. જેવું એનું સત્ છે તે રૂપે તે થતો. આ..હા...! તે રૂપે એટલે જ્ઞાનસ્વરૂપે એટલે એનું જે સ્વરૂપ છે તે રૂપે પરિણમતો. એનો સ્વભાવ જે શુદ્ધ પરમઆનંદાદિ છે તે રૂપે થયો થકો. આહા..હા...! **'પરિણમતો ભાસે છે...'** અને શુદ્ધપણે પરિણમતો જ્ઞાનીને ભાસે છે. આહા..હા...!

**'अयं शिवस्य हेतुः'** **'તે જ મોક્ષનો હેતુ છે...'** **'अयं शिवस्य हेतुः'** જોયું ? આ જ મોક્ષનો હેતુ છે. આટલા તો 'જ' નાખે છે. **'કારણ કે તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે;...'** કેમ મોક્ષનો હેતુ છે ? કે, મોક્ષસ્વરૂપ છે. પ્રભુ આત્મા છે એ તો મોક્ષસ્વરૂપ છે. આ..હા..હા...! મોક્ષસ્વરૂપ ન હોય તો પર્યાયમાં મોક્ષદશા આવશે ક્યાંથી ? આ..હા..હા...! **'પોતે પણ મોક્ષસ્વરૂપ છે;...'** પણ કેમ કીધું ? કે, એનું પરિણમન છે એ મોક્ષનો હેતુ છે અને તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે, એમ. આહા..હા...! એનું પરિણમન છે એ મોક્ષનું કારણ છે અને એ કેમ ? કે, વસ્તુ પોતે મોક્ષસ્વરૂપ છે.

**'તેના સિવાય જે અન્ય કાંઈ છે તે બંધનો હેતુ છે...'** કેમ પાછું ? **'स्वयम् अपि बन्धः'** પોતે બંધસ્વરૂપ છે. બંધસ્વરૂપ છે તે બંધનું કારણ છે, મોક્ષસ્વરૂપ છે તે મોક્ષનું કારણ છે. આ..હા...! **'જ્ઞાનસ્વરૂપ થવાનું (–જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું) એટલે કે...'** જેવો સ્વભાવ છે તેવું થવાનું. **'એટલે કે અનુભૂતિ કરવાનું જ આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે.'** લ્યો ! બાર અંગમાં અનુભૂતિ (કરવાનું કહ્યું છે). બાર અંગનું આવ્યું છે ને ! કે, બાર અંગ ભલે વિકલ્પ છે પણ એમાં કીધી છે અનુભૂતિ. પેલા ઈતિહાસીકે પણ એમ કહ્યું છે. જૈનધર્મ એ અનુભૂતિ છે. 'જાપાન'નો કો'ક જૂનો ઇતિહાસીક છે. એ (અહીંયાં) આવ્યું.

**'અનુભૂતિ કરવાનું જ...'** **'अनुभूतिः हि'** છે ને ? **'हि'** **'આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે.'** આ..હા..હા...! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

# ગાથા-૧૫૪

अथ पुनरपि पुण्यकर्मपक्षपातिनः प्रतिबोधनायोपक्षिपति -

परमट्ठबाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंति।
संसारगमणहेदुं पि मोक्खहेदुं अजाणंता।।१५४।।

परमार्थबाह्या ये ते अज्ञानेन पुण्यमिच्छन्ति।
संसारगमनहेतुमपि मोक्षहेतुमजानन्तः।।१५४।।

---

इह खलु केचिन्निखिलकर्मपक्षक्षयसम्भावितात्मलाभं मोक्षमभिलषन्तोऽपि, तद्धेतुभूतं सम्यग्दर्शनज्ञानचारित्रस्वभावपरमार्थभूतज्ञानभवनमात्रमैकाग्र्यलक्षणं समयसारभूतं सामायिकं प्रतिज्ञायापि, दुरन्तकर्मचक्रोत्तरणक्लीबतया परमार्थभूतज्ञानभवनमात्रं सामायिकमात्मस्वभावमलभमानाः, प्रतिनिवृत्तस्थूलतमसंक्लेशपरिणामकर्मतया प्रवृत्तमानस्थूलमविशुद्धपरिणामकर्माणः, कर्मानुभवगुरुलाघवप्रतिपत्तिमात्रसन्तुष्टचेतसः, स्थूललक्ष्यतया सकलं कर्मकाण्डमनुन्मूलयन्तः, स्वयमज्ञानादशुभकर्म केवलं बन्धहेतुमध्यास्य च, व्रतनियमशीलतपःप्रभृतिशुभकर्म बन्धहेतुमप्यजानन्तो, मोक्षहेतुमभ्युपगच्छन्ति।

---

હવે ફરીને પણ, પુણ્યકર્મના પક્ષપાતીને સમજાવવા માટે તેનો દોષ બતાવે છે :–

પરમાર્થબાહ્ય જીવો અરે ! જાણે ન હેતુ મોક્ષનો,
અજ્ઞાનથી તે પુણ્ય ઇચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.

ગાથાર્થ :– [ये] જેઓ [परमार्थबाह्याः] પરમાર્થથી બાહ્ય છે [ते] તેઓ [मोक्षहेतुम्] મોક્ષના હેતુને [अजानन्तः] નહિ જાણતા થકા – [संसारगमनहेतुम् अपि] જોકે પુણ્ય સંસારગમનનો હેતુ છે તોપણ – [अज्ञानेन] અજ્ઞાનથી [पुण्यम्] પુણ્યને (મોક્ષનો હેતુ જાણીને) [इच्छन्ति] ઇચ્છે છે.

ટીકા :– સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી ઊપજતો જે આત્મલાભ (-નિજ સ્વરૂપની પ્રાપ્તિ) તે આત્મલાભસ્વરૂપ મોક્ષને આ જગતમાં કેટલાક જીવો ઇચ્છતા હોવા છતાં, મોક્ષના કારણભૂત સામાયિકની – કે જે સામાયિક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનના *ભવનમાત્ર છે, એકાગ્રતાલક્ષણવાળું છે અને સમયસારસ્વરૂપ છે તેની – પ્રતિજ્ઞા

*ભવન = થવું તે; પરિણમન.

લઈને પણ, દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે (અસમર્થતાને લીધે) પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર જે સામાયિક તે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા, જેમને અત્યંત સ્થૂલ સંક્લેશપરિણામરૂપ કર્મો નિવૃત્ત થયાં છે અને અત્યંત સ્થૂલ વિશુદ્ધપરિણામરૂપ કર્મો પ્રવર્તે છે એવા તેઓ, કર્મના અનુભવના ગુરુપણા–લઘુપણાની પ્રાપ્તિમાત્રથી જ સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા, (પોતે) સ્થૂલ લક્ષ્યવાળા હોઈને (સંક્લેશપરિણામોને છોડતા હોવા છતાં) સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી. આ રીતે તેઓ, પોતે પોતાના અજ્ઞાનથી કેવળ અશુભ કર્મને જ બંધનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મો પણ બંધનાં કારણ હોવા છતાં તેમને બંધનાં કારણ નહિ જાણતા થકા, મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે – મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે.

ભાવાર્થ :– કેટલાક અજ્ઞાની લોકો દીક્ષા લેતી વખતે સામાયિકની પ્રતિજ્ઞા લે છે પરંતુ સૂક્ષ્મ એવા આત્મસ્વભાવની શ્રદ્ધા, લક્ષ તથા અનુભવ નહિ કરી શકવાથી, સ્થૂલ લક્ષ્યવાળા તે જીવો સ્થૂલ સંક્લેશપરિણામોને છોડીને એવા જ સ્થૂલ વિશુદ્ધપરિણામોમાં (શુભ પરિણામોમાં) રાચે છે. (સંક્લેશપરિણામો તેમ જ વિશુદ્ધપરિણામો બન્ને અત્યંત સ્થૂલ છે; આત્મસ્વભાવ જ સૂક્ષ્મ છે). આ રીતે તેઓ – જોકે વાસ્તવિક રીતે સર્વકર્મરહિત આત્મસ્વભાવનું અનુભવન જ મોક્ષનું કારણ છે તોપણ – કર્માનુભવના બહુપણા–થોડાપણાને જ બંધ-મોક્ષનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો મોક્ષના હેતુ તરીકે આશ્રય કરે છે.

---

**પ્રવચન નં.૨૩૪ ગાથા–૧૫૪,૧૫૫** બુધવાર, વૈશાખ વદ ૧૩, તા. ૨૩-૦૫-૧૯૭૯

---

'સમયસાર' ગાથા–૧૫૪. **'હવે ફરીને પણ, પુણ્યકર્મના પક્ષપાતીને...'** ૧૫૪ (ગાથાની) ઉપરની લીટી. **'ફરીને પણ, પુણ્યકર્મના પક્ષપાતીને...'** એટલે કે શુભભાવથી ધર્મ થાય એવો પક્ષપાતી પ્રાણી. આ..હા...! એનો જેને પક્ષ છે કે એનાથી ધર્મ થાય છે, એને **'સમજાવવા માટે તેનો દોષ બતાવે છે :–'** આ..હા...!

**परमट्ठबाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंति।**
**संसारगमणहेदुं पि मोक्खहेदुं अजाणंता।।१५४।।**
**પરમાર્થબાહ્ય જીવો અરે ! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઇચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.**

આ..હા...! 'પુણ્ય-પાપ અધિકાર' છે ને ! ટીકા :– **'સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી...'**

શુભ અને અશુભ ભાવ, એવા જે ભાવકર્મો, એના પક્ષનો નાશ કરવાથી. આહા..હા..! **'ઊપજતો જે આત્મલાભ...'** શુભ અને અશુભ ભાવનો નાશ કરવાથી (કે) જે કર્મનો પક્ષ છે. એટલે વિકારી પક્ષ છે, એનો નાશ કરવાથી **'ઊપજતો જે આત્મલાભ...'** (એટલે) **'(–નિજ સ્વરૂપની પ્રાપ્તિ)...'** આત્મા એટલે નિજ સ્વરૂપ. લાભ (એટલે) પ્રાપ્તિ. આહા..હા...! એવા **'તે આત્મલાભસ્વરૂપ મોક્ષને...'** આત્મલાભસ્વરૂપ મોક્ષને **'આ જગતમાં કેટલાક જીવો ઇચ્છતા હોવા છતાં,...'** કેટલાક જીવો ઇચ્છે છે. આહા..હા...! છતાં **'મોક્ષના કારણભૂત સામાયિક...'** મોક્ષનું કારણ તો સામાયિક છે. પુણ્ય-પાપ ભાવ એ કોઈ (મોક્ષનું) કારણ નથી. આહા..હા...!

**'સામાયિકની – કે જે સામાયિક...'** સામાયિક કોને કહેવી ? કહે છે. જે **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાળા...'** નિશ્ચય જે સમ્યગ્દર્શન (અર્થાત્) સ્વભાવ જે ચૈતન્યપ્રભુ ! એનું દર્શન – પ્રતીતિ, તેનું જ્ઞાન અને તેમાં રમણતા. એવા જે **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર છે,...'** સામાયિક તો એને કહીએ, કહે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવવાળા પરમાર્થભૂત આત્મા. એટલે (કે) જ્ઞાન. જ્ઞાનનું પરમાર્થે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે થવું, પરિણમવું એ સામાયિક છે. લો, આ સામાયિકની વ્યાખ્યા !

અંતરમાં ભગવાનઆત્મા પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન (છે). અંતર અનંત ગુણનો સાગર આત્મા, તેના પ્રત્યે સન્મુખ થઈને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સ્વજ્ઞાન અને નિર્વિકલ્પ સ્વરૂપની ચારિત્રની રમણતા (પ્રગટ થાય) એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ સામાયિક (છે). એવા પરમાર્થભૂત જ્ઞાનનું થવું. આ..હા..હા..! એવો પરમાર્થભૂત ભગવાનઆત્મા, એનું આત્માના શુદ્ધ સ્વભાવપણે થવું. જેવું એનું સ્વરૂપ, સ્વભાવ છે એ રીતે એની દશામાં શુદ્ધ સ્વભાવનું પરિણમન થવું. આ..હા...!

**'એકાગ્રતાલક્ષણવાળું...'** કેવું છે ઈ પરમાર્થભૂત જ્ઞાનનું ભવન ? કે, એકાગ્રતા – શુદ્ધ સ્વરૂપમાં એકાગ્રતા છે. શુભાશુભ ભાવની એકાગ્રતા છૂટી ગઈ છે અને ચૈતન્ય સ્વભાવ, એવો શુદ્ધ પ્રભુ, એમાં એકાગ્રતાલક્ષણવાળું (ભવન) છે. સામાયિક – બે પ્રકાર કહ્યા. એક દર્શન-જ્ઞાન સ્વભાવવાળા જ્ઞાનનું થવું એટલે કે એકાગ્રતાલક્ષણવાળું છે. આહા..હા...! શુદ્ધ સ્વરૂપમાં એકાગ્રતાલક્ષણવાળું છે.

**'અને સમયસારસ્વરૂપ છે...'** એ સામાયિક તો સમયસાર સ્વરૂપ છે. આહા..હા...! સમયસાર જે ત્રિકાળ છે એનું વર્તમાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાનપણે શુદ્ધ નિશ્ચયપણે થવું એનું નામ સમયસાર છે. આ..હા..હા...! અને એ સમયસાર સ્વરૂપ એકાગ્રતા લક્ષણ દર્શન-જ્ઞાન-ચારિત્રનું આત્મસ્વરૂપનું થવું – ભવન, એનું નામ સામાયિક છે. લ્યો, આ સામાયિકની આવી વ્યાખ્યા ! અહીં તો કંઈ સમજ્યા વિના સામાયિક ને પોસા ને (કંઈક કર્યા કરે). આ..હા...!

પ્રશ્ન :– સાતમા ગુણસ્થાન પછીની વાત છે ને ?

ઉત્તર :– આ તો મુનિની મુખ્યતાથી વાત છે, સામાયિકની વાત છે. વ્યવહાર-ફ્યવહારનો

અહીં પ્રશ્ન છે નહિ. વ્યવહાર એ રાગ છે. માથે કહ્યું નહિ ? એના પક્ષપાતીને સમજાવવા માટે દોષ બતાવે છે. આહા..હા...! જે શુભભાવનો પક્ષપાતી છે એને દોષ બતાવે છે કે એ તો રાગ છે, વિકાર છે. એ સામાયિક નહિ. આહા..હા...! સામાયિક તો આત્મા અંદર પૂર્ણાનંદ પ્રભુ ! તેનું નિર્વિકલ્પ દર્શન, તેનું રાગના અવલંબન વિનાનું આત્માનું જ્ઞાન અને આત્મામાં ચરવું, આનંદમાં રમવું એવું જે ચારિત્ર (તે સામાયિક છે). દર્શન-જ્ઞાન-ચારિત્ર લક્ષણવાળું (કહ્યું) છે ને ? **'પરમાર્થભૂત જ્ઞાન...'** એટલે આત્માનું થવું. એટલે કે એકાગ્રતા લક્ષણવાળુ. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં એકાગ્રતા લક્ષણવાળું. એટલે કે તે સમયસાર સ્વરૂપ છે. આહા..હા...! આવી સામાયિક !

અહીં તો કહે છે કે, એવી પ્રતિજ્ઞા લેતા છતાં. એમ કહેશે. **'તેની પ્રતિજ્ઞા લઈને પણ...'** પ્રતિજ્ઞા તો આ છે. પ્રતિજ્ઞા જે લે છે, એ પ્રતિજ્ઞા તો આ છે કે શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા ! શુભ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી પણ ભિન્ન (છે), એવા શુદ્ધ સ્વરૂપના દર્શન-જ્ઞાન ને ચારિત્ર, એવા આત્માનું થવું, એ રૂપે સ્વભાવ છે તેનું તે રીતે થવું એટલે કે તેમાં એકાગ્રતા લક્ષણ એવું જે સમયસાર સ્વરૂપ તેની પ્રતિજ્ઞા લઈને પણ. આહા..હા...! પ્રતિજ્ઞા એની – સામાયિકની લે છે, પણ આવા સામાયિકની. આહા..હા...!

**'દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નાર્મદાઈ...'** આ..હા..હા...! પણ જે શુભભાવ છે, પુણ્ય છે, બંધનનું કારણ છે. એવો એનો અંત લાવવો. કર્મચક્ર એટલે શુભ અને અશુભ બેય. એ કર્મચક્ર છે. ચાહે તો અશુભભાવ હો કે ચાહે તો શુભ હો, છે બેય કર્મચક્ર. એ કોઈ આત્માનું સ્વરૂપ નથી. **'કર્મચક્રને પાર ઊતરવાની નાર્મદાઈ...'** જોયું ? આહા..હા...! 'ક્લીબ' શબ્દ છે.

શુભભાવથી પાર ઊતરવાની નાર્મદાઈ (એટલે) નપુંસક છે, (એમ) કહે છે. આહા..હા...! જેનું વીર્ય એ શુભભાવ દયા, દાન, વ્રતમાં રોકાઈ ગયું છે એ નામર્દ છે, એ મર્દ નહિ. એ પુરુષ નહિ, એ નપુંસક છે, કહે છે. આહા..હા...! જેમ નપુંસકને વીર્ય ને હોય ને પુત્ર ન હોય, એમ શુભભાવમાં ધર્મની પ્રજા ન હોય. આહા..હા...! નામર્દાઈ ! પહેલી ૩૯થી ૪૩ (ગાથા) આવી ગઈ છે અને ૧૫૪, બે ઠેકાણે 'ક્લીબ' શબ્દ છે. પાઠમાં **'कर्मचक्रोत्तरणक्लीबतया'** (એમ છે). પુણ્ય અને પાપના બે ભાવ, એનાથી પાર ઊતરવાની નપુંસકતા છે, નામર્દાઈ છે. આહા..હા...! મર્દ તો એને કહીએ કે એ શુભ-અશુભ ભાવથી રહિત આત્માના શુદ્ધ સ્વરૂપનું પરિણમન કરે તેને મર્દ કહીએ. આહા..હા...! આવી વાત છે.

એ દુરંત કર્મચક્રને પાર ઊતરવાની ક્લીબતાને લઈને, નપુંસકતાને લઈને નામર્દાઈ – **'(અસમર્થતાને લીધે)...'** આહા..હા...! **'પરમાર્થભૂત જ્ઞાન...'** એટલે આત્મા. પરમાર્થભૂત આત્મસ્વભાવ એનો અનુભવમાત્ર. આત્મસ્વભાવનો અનુભવમાત્ર. એમાં કોઈ શુભભાવ દયા,

દાન, વ્રતનો ભાવ આવે નહિ. આહા..હા...! **'જે સામાયિક...'** કેવી (સામાયિક) ? આટલા સુધી (લીધું તેવી). પહેલું લીધું – દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવ(વાળા) પરમાર્થભૂત આત્માનું થવું, અંતરમાં એકાગ્રતા થવી, સમયસારરૂપ રહેવું, કર્મચક્રના પારને ઊતરીને પરમાર્થભૂત જ્ઞાનના અનુભવન(માત્ર રહેવું). આ..હા..હા...!

અંતર ભગવાન પૂર્ણ આનંદ અતીન્દ્રિય અનંત ગુણનો દરિયો ભર્યો છે. એમાં જવાને અસમર્થ અને નામર્દાઈને લઈને તેનો જે આત્મસ્વભાવ (છે) તેનું પરિણમન થવું એવી જે સામાયિક. આ..હા..હા...! **'તે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવ...'** આહા..હા...! આટલી (વાત) લીધી. એ સામાયિક સ્વરૂપ કેવું છે ? કે, એ તો આત્માનો સ્વભાવ છે. આહા..હા...! દયા, દાન, વ્રત, તપનો ભાવ એ કંઈ આત્મસ્વરૂપ નથી. આ..હા...! આ સામાયિકસ્વરૂપ જે અંદર પુણ્ય અને પાપના ભાવ રહિત, ચૈતન્ય સ્વભાવ જે ધ્રુવ (છે), જે સ્વભાવથી ભરેલો ધ્રુવ (છે), એવા ધ્રુવના સ્વભાવને નહિ પામતા, એવા **'આત્મસ્વભાવને નહિ પામતા થકા,...'** આહા..હા...!

**'જેમને અત્યંત સ્થૂલ સંક્લેશપરિણામરૂપ કર્મો નિવૃત્ત થયાં છે...'** (અર્થાત્) અશુભભાવ એણે છોડ્યો છે. આહા..હા...! હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના, ભોગ એ અશુભભાવ એણે છોડ્યો છે અને **'અત્યંત સ્થૂલ વિશુદ્ધપરિણામરૂપ કર્મો પ્રવર્તે છે...'** એ અશુભભાવ પણ અત્યંત સંક્લેશ સ્થૂળ છે. એનાથી નિવર્ત્યો છે પણ અત્યંત સ્થૂળ એવા વિશુદ્ધ પરિણામમાં પ્રવર્તે છે. આહા..હા...! તેથી તે ધર્મમાં (એટલે કે) સામાયિકમાં આવ્યો નથી. આહા..હા...! હવે, આવી સામાયિક ! આ તો આઠ આઠ વર્ષના છોકરાઓ પણ સામાયિક કરે અને વળી એને કાંઈક આપે. રૂપિયો કે બે આઠ આના (આપે). થઈ ગઈ સામાયિક ! અરે... પ્રભુ ! આહા..હા...!

સામાયિક તો એને કહીએ કહે છે કે, જે આત્મા પુણ્ય-પાપના ભાવ રહિત અને પૂર્ણ સ્વભાવથી ભરેલો ભગવાન, એનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આત્મસ્વભાવનું થવું... આ..હા...! અને તેમાં એકાગ્ર થવું એવું જે સમયસારસ્વરૂપ (તેને સામાયિક કહીએ). એને નહિ પહોંચતા **'સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા,...'** આહા..હા...! આહા..હા...!

**'જેમને અત્યંત સ્થૂલ સંક્લેશપરિણામરૂપ કર્મો...'** કર્મ એટલે પરિણામ, ભાવકર્મ. અહીં કર્મ શબ્દમાં કેટલાક ઈ લ્યે છે કે, જડકર્મ... જડકર્મ... જડકર્મ. પહેલેથી જડકર્મ લીધું છે ને ! પણ ઈ જડકર્મની સાથે ભાવકર્મ છે એ બધા કર્મમાં જાય છે. આહા..હા...! સંક્લેશ, અત્યંત સ્થૂળ સંક્લેશ અશુભ પરિણામના કાર્યથી, પરિણામથી નિવૃત્ત છે. પણ **'અત્યંત સ્થૂલ વિશુદ્ધપરિણામ...'** આહા..હા...! શુભભાવ અત્યંત સ્થૂળ વિશુદ્ધ પરિણામ છે, અત્યંત સ્થૂળ છે, ભગવાન(આત્મા) સૂક્ષ્મ છે. એ વિશુદ્ધ – શુભભાવથી ભિન્ન અંતર સૂક્ષ્મ તત્ત્વ

અરૂપી સૂક્ષ્મ છે. આહા..હા...!

જેને અત્યંત સંક્લેશ પરિણામ (થતા હતા) એમાંથી નિવર્ત્યો. દુકાન છોડી દીધી, ધંધા છોડી દીધા, સ્ત્રી છોડી, વિષય છોડ્યા, ભોગ છોડ્યા પણ એથી શું ? કહે છે. પણ અત્યંત સ્થૂળ જે વિશુદ્ધ પરિણામ છે એમાં એણે માન્યું છે અને એમાં અટકી ગયો છે. આ..હા...! એમાં એ પ્રવર્તે છે, એમ છે ને ?

**'અત્યંત સ્થૂલ વિશુદ્ધ...'** એટલે શુભ પરિણામરૂપ ભાવ, એવા કાર્ય, તેમાં એના પરિણામ પ્રવર્તે છે. આહા..હા...! **'એવા તેઓ, કર્મના અનુભવના ગુરુપણા-લઘુપણાની પ્રાપ્તિમાત્રથી...'** એ તો કર્મનો અનુભવ છે. ગુરુ (એટલે) અશુભભાવ. એ ગુરુપણે ભારે હતા અને શુભભાવ જરી લઘુ હતો, પણ છે બેય કર્મ. શુભભાવ છે ભલે લઘુ પણ છે કર્મચક્ર. અશુભભાવ સ્થૂળ છે પણ છે કર્મચક્ર. બેય કર્મચક્ર (છે). આહા..હા...! આવું સાંભળવું મળવું મુશ્કેલ પડે. થઈ ગઈ સામાયિક કરી ને આ કર્યા, તે કર્યા, બે ઘડી બેસે, ણમો અરહંતાણં, તિક્ખુત્તો, સામાયિક (થઈ ગઈ).

મુમુક્ષુ :– છ કાયના જીવની રક્ષા એમાં થાય.

ઉત્તર :– કોની રક્ષા ? તારી રક્ષા તેં કરી નથી. પરની રક્ષા કરી શકતો નથી. પરની રક્ષા કરી શકતો નથી. કેમકે દરેક દ્રવ્ય પોતપોતાની પર્યાયને પ્રાપ્ત થાય છે. ઈ તો આપણે આવી ગયું. દરેક દ્રવ્ય વર્તમાન પોતાની પર્યાયને પહોંચે છે, પ્રાપ્ત કરે છે, પામે છે. એ કંઈ બીજાની પર્યાયને પ્રાપ્ત કરે છે, બીજાની પર્યાયને મદદ કરે છે એમ નથી. આહા..હા...!

મુમુક્ષુ :– છ કાયના રક્ષક કહેવામાં આવે છે ને.

ઉત્તર :– એ બધી વાતું (છે). છ કાયમાં પોતે આત્મા છે કે નહિ ? આત્માનો રક્ષક ! પેલામાં છ કાયના ગોવાળ, છ કાયના પીયર. એ... 'ચીમનભાઈ' ! સંવત્સરી પછી એકબીજા સગાવહાલાંને કાગળ લખે ને ! છ કાયના રક્ષક, છ કાયના પીયર, છ કાયના ગોવાળ એવું લખતા. આહા..હા...! છ કાયમાં આ ભગવાનઆત્મા છે કે નહિ ? (શ્રોતા :– આત્મામાં કાય ક્યાં છે ?) એ અસંખ્યપ્રદેશી કાય છે. આહા..હા...! અસંખ્યપ્રદેશી કાય છે એમ પાઠ છે. અસંખ્યપ્રદેશીને કાય એ જ એને કાય કહીએ. આ..હા...! તે પણ ઘન છે. આહા..હા...! પરમાણુ અને કાળાણુને કાય નથી. આ તો અસંખ્યપ્રદેશી કાય છે. આહા..હા...!

નિર્મળાનંદ અનંત આનંદનું ધામ ભગવાન ! આ..હા..હા...! એના ભાવને ન પામતાં સ્થૂળ ગુરુ અને લઘુપણું. અશુભભાવ તે ગુરુ છે અને શુભભાવ તે લઘુ છે, પણ છે કર્મનું ચક્ર, એ કર્મનો અનુભવ (છે). પુણ્ય અને શુભ ને અશુભ ભાવ બેય છે કર્મનો અનુભવ, આત્માનો અનુભવ નહિ. આહા..હા...! એ **'ગુરુપણા-લઘુપણાની પ્રાપ્તિમાત્રથી જ...'** પ્રાપ્તિમાત્રથી **'જ'** **'સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા,...'** (એમ કે) આપણે કંઈક સામાયિક કરી, આપણે પોષા કર્યા. આહા..હા...! ચોવીસ કલાકમાંથી બે કલાક બચાવ્યા, બે સામાયિક કરી.

અમારે ત્યાં 'બોટાદ'માં ચાર-ચાર કરતા. વહેલા ઊઠતા, 'કુંવરભાઈ' સાથે. આહા..હા...! કોને કહેવી સામાયિક ? હજી જેના દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા નથી એને વળી સામાયિક કેવી ? આ તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જેને મળ્યા, એની શ્રદ્ધાનો ભાવ એ પણ શુભભાવ (છે), કર્મચક્રનો શુભભાવ છે. આહા..હા...!

એ **'સ્થૂળ લક્ષ્યવાળા હોઈને...'** આહા..હા...! કેમ ? કે, અશુભભાવ છોડ્યો પણ શુભભાવમાં સંતુષ્ટ થઈ ગયો. સંતુષ્ટ ચિત્તવાળો થયો. એથી એ તો સ્થૂળ લક્ષ્યવાળો છે. આહા..હા...! એનું લક્ષ શુભ પરિણામ સ્થૂળ છે તેના ઉપર એનું લક્ષ છે. ભગવાનઆત્મા ! શુભ પરિણામથી ભિન્ન સૂક્ષ્મ છે તેના લક્ષની એને ખબરે નથી. આહા..હા...! આવી વાતું હવે. **'સ્થૂળ લક્ષ્યવાળા હોઈને (સંક્લેશપરિણામોને છોડતા હોવા છતાં) સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી.'** પણ એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો ભાવ શુભભાવ (છે), એ તો કર્મ છે, એ કર્મચક્રનો ભાવ છે. એને મૂળમાંથી, **'સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી.'** આહા..હા...! આવો માર્ગ સાંભળ્યો કઠણ પડે. આ તો સામાયિક કરી ને આ બધા ઘડિયાલું લઈને બેસે ને ! બૈરાએ સામાયિક કરી નાખી અને હવે રાંધવામાં રોકાઈ ગયા. સવારમાં ઊઠીને પહેલી સામાયિક કરી. ક્યાં સામાયિક હતી, બાપા ! મિથ્યાત્વનું પોષણ છે. આહા..હા...! કર્મકાંડને ધર્મ માનતા થકા ત્યાં સંતોષાય ગયા છે. આપણે કાંઈ કર્યું ! આહા..હા...! **'સમસ્ત કર્મકાંડ...'** એટલે કર્મની ક્રિયાઓને મૂળથી **'ઉખેડતા નથી.'** આહા..હા...!

**'આ રીતે તેઓ પોતે પોતાના અજ્ઞાનથી...'** કોઈ કર્મને કારણે નહિ. આ..હા...! **'પોતે પોતાના અજ્ઞાનથી...'** આહા..હા...! જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલો પ્રભુ ! તેને પોતે પોતાના અજ્ઞાનથી, સ્વરૂપના અજ્ઞાનથી. સ્વરૂપ આખું મોટું મહાપ્રભુ છે, તેના સ્વભાવના અજ્ઞાનથી. આહા..હા...! અનંત અનંત ગુણનો સાગર ! ગુણધામ પ્રભુ ! એવો શુભભાવની પાસે બિરાજે છે, એના અજ્ઞાનને લીધે. આહા..હા...! એ શું ચીજ છે ? અંદર ભગવાન પરમાત્મસ્વરૂપ જિનસ્વરૂપ (બિરાજે છે), તેના અજ્ઞાનને લીધે. આહા..હા...!

**'કેવળ અશુભ કર્મને જ બંધનું કારણ માની...'** બસ ! એ અશુભ કર્મને જ કર્મબંધનનું કારણ માનીને. **'વ્રત, નિયમ, શીલ, તપ વગેરે...'** વગેરે એટલે શુભભાવના અસંખ્ય પ્રકાર. આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ગુણસ્મરણ, પ્રભુનું સ્મરણ (આદિ). આહા..હા...! પ્રભુ પરદ્રવ્ય છે, એનું સ્મરણ પણ શુભભાવ છે. આવી વાત ! એ વગેરે શુભ કાર્યો પણ **'બંધનાં કારણ હોવા છતાં...'** એ શુભભાવ પણ બંધનું કારણ છે, એ સંસાર છે. આહા..હા...! મોક્ષસ્વરૂપ પ્રભુ તો એનાથી અંદર ભિન્ન છે. આહા..હા...! પહેલાં એ અંદર આવી ગયું છે. પોતે મોક્ષસ્વરૂપ છે માટે મોક્ષનું કારણ છે અને શુભ-અશુભભાવ બંધસ્વરૂપ જ છે માટે બંધનું કારણ (છે). આહા..હા...! આવી વાત હવે. હજારો સામાયિક થાય, પોષા થાય, સાંજે પડિક્કમણા કરે પછી સૌને કંઈક કંઈક આપે. પછી આઠ આઠ વર્ષના છોકરા આવે.

મુમુક્ષુ :– રૂપિયો, બે રૂપિયા મળે ને !

ઉત્તર :– પહેલાં એટલું બધું નહોતા હતા. પહેલા સાધારણ થાતું. પહેલા રૂપિયાની કિંમત હતી નહિ, પણ તે દિ' કાંઈક પતાસા આપે, પેંડા આપે એવું સાધારણ આપે. ચોપડી આપે, પથરણું – સારું પથરણું આપે. એવું આપતા. અત્યારે તો બે-બે રૂપિયાની કિંમત શું છે ? ચાર પૈસાનો રૂપિયો ! રૂપિયો આપે, બે રૂપિયા આપે (એટલે) પેલા ખુશી થાય. સામાયિક કરવા બહુ ભેગા થાય. ક્યાં સામાયિક હતી, બાપુ !

એ **'અશુભ કર્મને જ બંધનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે...'** વગેરે શુભભાવના પ્રકાર. (એ) **'પણ બંધનાં કારણ હોવા છતાં...'** એ શુભભાવ બંધનું કારણ છે. આહા..હા...! **'તેમને બંધનાં કારણ નહિ જાણતા થકા,...'** આ..હા...! અત્યારે તો ઈ કહે છે કે, વ્યવહાર દયા, વ્રત, તપાદિ નિશ્ચયનું સાધન છે. લ્યો, ઠીક ! બહિરંગ સાધન તો આમાં 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં પણ (આવે) છે. બહિરંગ સાધન (કહ્યું છે). પેલું નિશ્ચય સાધન કરે છે ત્યારે રાગની મંદતાને બહિરંગ સાધનનું નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. 'સમયસાર' ! એને પકડે કે જુઓ આ બહિરંગ સાધન (કીધું છે).

અંદરમાં ભગવાન શુભ-અશુભ ભાવથી તદ્દન ભિન્ન નિરાળો (બિરાજે છે). ત્રિકાળ પવિત્રતાનો પિંડ પ્રભુ ! એકલો આત્મસ્વભાવ, જેમાં વિભાવની ગંધ નથી. એવા સ્વભાવને ન પામતાં શુભભાવ કરીને સંતોષમાં આવી જતાં... આહા..હા...! **'તેમને બંધનાં કારણ નહિ જાણતા થકા, મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે...'** આહા..હા...! એ શુભભાવ પણ મોક્ષનું કારણ છે. આ..હા...! અશુભમાંથી કાંઈ શુદ્ધમાં જવાશે ? માટે શુભભાવ છે (કારણ છે). એક જણો વળી એમ કહેતો. ઈ પગથીયું છે. શુભભાવમાંથી શુદ્ધમાં જવાય માટે શુભભાવ કારણ છે. અરે..રે...! લસણ ખાતા ખાતા કસ્તૂરીના ઓડકાર આવે એવું કહે છે. આકરી વાત છે.

**'મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે...'** શુભભાવ તો જ્ઞાનીને આવે પણ એ બંધનું કારણ જાણી અને દુઃખરૂપ જાણીને હેય જાણે. આહા..હા...! પોતાનો જે ચૈતન્ય સ્વભાવ નિત્યાનંદ પ્રભુ ! ધ્રુવ સ્વભાવ જે નિત્ય પ્રભુ છે અને નિત્યમાં પણ બધા ગુણો પણ નિત્ય છે. આ..હા..હા...! એ અનંત અનંત ગુણની રાશિનું નિત્યપણું જે પ્રભુનું (છે), એના સ્વભાવ તરફ ન જતાં આહા..હા...! (એ) રાગની ક્રિયાને મોક્ષના કારણ તરીકે અંગીકાર કરે (છે). એ શુભ ક્રિયાકાંડના ભાવને... આ..હા..હા...! **'મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે.'** લ્યો ! એ શુભભાવ આશ્રય કરવાલાયક છે એવું (માને છે). બારમી ગાથામાં જાણેલો પ્રયોજનવાન છે એમ કીધું છે ને ! એને ઠેકાણે એનો અર્થ એવો કર્યો કે, વ્યવહારને સંભાળો ! આહા..હા...! હોય છે, પણ એ જાણવાલાયક છે, આદરવા લાયક નથી. હોય

છે, જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં (સુધી) એવો ભાવ આવે પણ છતાં એ દુઃખરૂપ છે અને હેય છે. તે કાળે તેને તે પ્રકારે છે એવું જાણવું. આવી સામાયિકની ખબર ન મળે. અને આ સામાયિક... સામાયિક... સામાયિક...! બહાર છોકરા તોફાન કરે છે.

**'મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે.' 'બંધના કારણ હોવા છતાં તેમને બંધનાં કારણ નહિ જાણતા થકા,...'** આહા..હા...! વ્રત, નિયમ, શીલ, તપ વગેરે. અહીં તપ (એટલે) આ બહારના તપ. અંદરનું તપ છે એ જુદી વાત (છે), ઈ તો આનંદસ્વરૂપમાં રમવું એ અંતર તપ છે. એ નિર્જરાનું કારણ છે. બાકી આ બધા અપવાસ (કરે) એ બધી બાહ્ય લાંઘણું છે. આહા..હા...! આવો વીતરાગનો માર્ગ છે.

મુમુક્ષુ :– છઠ્ઠા ગુણસ્થાન સુધી વ્યવહાર મોક્ષનું કારણ નથી પણ સાતમા ગુણસ્થાન પછી કારણ છે ?

ઉત્તર :– એકેએક, વ્યવહાર મોક્ષનું કારણ ક્યાંય જરીયે નથી, બંધનું કારણ છે. ઈ કીધું ને પહેલું.

**'બંધનાં કારણ નહિ જાણતા થકા, મોક્ષના કારણ તરીકે...'** માને ઈ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! **'મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે.'** તેમનો આશ્રય કરે છે. આવી જાય છે, સ્વભાવની દૃષ્ટિ છે, શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને જ્ઞાન છે, છતાં એમાં સ્થિર થઈ શકતો નથી એટલે શુભભાવ આવે પણ એનો આશ્રય નથી. એને જાણવાલાયક જાણીને છોડે છે. આ તો આશ્રય કરે છે કે, એનાથી મને લાભ થશે. શુભનું અવલંબન રહેશે તો મને લાભ થશે. આહા..હા...!

**ભાવાર્થ :– 'કેટલાક અજ્ઞાની લોકો...'** કેટલાક અજ્ઞાની લોકો **'દીક્ષા લેતી વખતે...'** મુખ્ય તો અહીં દીક્ષાની વાત છે ને ! **'સામાયિકની પ્રતિજ્ઞા લે છે પરંતુ સૂક્ષ્મ એવા આત્મસ્વભાવની...'** સૂક્ષ્મ એવો આત્મસ્વભાવ. આ પુણ્ય-પાપ એ સ્થૂળ છે. આહા..હા...! **'સૂક્ષ્મ એવા આત્મસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન તથા અનુભવ...'** લક્ષ એટલે જ્ઞાન. એ **'નહિ કરી શકવાથી, સ્થૂલ લક્ષ્યવાલા તે જીવો સ્થૂલ સંક્લેશપરિણામોને છોડીને...'** (એટલે કે) અશુભને છોડે. **'એવા જ સ્થૂલ વિશુદ્ધપરિણામોમાં (શુભ પરિણામોમાં) રાચે છે.'** પાછા **'એવા જ'** એમ શબ્દ છે ને ? આ..હા...! એવા જ. જેવા અશુભભાવ બંધનું કારણ છે એવા જ શુભભાવ છે. આહા..હા...! આમાં મોટી તકરારું, વાંધા મોટા ! આહા..હા...! અત્યારે તો ગડબડ જ બધી ચાલે (છે). વ્યવહારની વાતું હોય તો લોકોને ઠીક પડે.. ઓ.હો..હો...! આમ સેવા કરો, આનું આ કરો, દેશસેવા, હિન્દી ભાષાનો પ્રચાર કરો (તો) લાભ થાય. બધી રાગની ને વિકલ્પની વાતું. આહા..હા...! એમાં એનો આશ્રય કરીને ધર્મ માનનારા. આહા..હા...!

**'એવા જ સ્થૂલ વિશુદ્ધપરિણામોમાં (શુભ પરિણામોમાં) રાચે છે. (સંક્લેશપરિણામો તેમ જ વિશુદ્ધપરિણામો બન્ને અત્યંત સ્થૂલ છે;...)'** અત્યંત સ્થૂળ છે. આહા..હા...! ભગવાન

તો અંદર વિકારી પરિણામથી તદ્દન (ભિન્ન) સૂક્ષ્મ.. સૂક્ષ્મ ઝીણો છે. આહા..હા...! એ અત્યંત સ્થૂળ પરિણામથી પકડાય એવો નથી. આહા..હા...! એ દયા, દાન, વ્રતાદિ શુભભાવ છે (એ અત્યંત સ્થૂળ છે). ઘણાને તો અત્યારે આ જ વાત છે. વ્યવહાર છે એ સાધન છે, વ્યવહાર છે એ સાધન છે. નિશ્ચય ભલે સાધ્ય છે. આહા..હા...! અહીં કહે છે, વ્યવહાર (છે) એ બંધનું કારણ છે. એ સ્વભાવનું સાધન નથી. આહા..હા...! શું થાય પણ ? હવે મોટો ભાગ અત્યારે એ થઈ ગયો અને આ વાણિયાને નવરાશ ન મળે. જે માથે બેસે ઈ જય નારાયણ ! તુલના કરીને સત્ય શું છે ? અસત્ય શું છે ? (એની પરીક્ષા કરતા નથી).

**'આ રીતે તેઓ – જોકે વાસ્તવિક રીતે સર્વકર્મરહિત આત્મસ્વભાવનું અનુભવન જ મોક્ષનું કારણ છે...'** જોયું ? શુભ અને અશુભ ભાવથી રહિત આત્મસ્વભાવનું અનુભવન મોક્ષનું કારણ છે. આહા..હા...! **'તોપણ – કર્માનુભવના બહુપણા-થોડાપણાને જ બંધ-મોક્ષનું કારણ માનીને,...'** આહા..હા...! અશુભ (ભાવ) છે એ બંધનું કારણ, શુભ (ભાવ) એ મોક્ષનુ કારણ એમ (માને છે). કર્માનુભવનું બહુપણું-થોડું(પણું) (એટલે કે) અશુભ બહુ, શુભ થોડું એમ બેમાં ભાગલા પાડતાં **'બંધ-મોક્ષનું કારણ માનીને,...'** અશુભ છે એ બંધનું કારણ (છે), શુભ છે એ મોક્ષનું કારણ (છે) એમ અજ્ઞાની માને છે.

**'વ્રત, નિયમ, શીલ, તપ વગેરે...'** રસનો ત્યાગ કર્યો, આણે આનો આટલો ત્યાગ કર્યો, આટલા રસ ખાતા નથી, આમ લે છે, ઢીકણું લે છે... આહા..હા...! **'વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો મોક્ષના હેતુ તરીકે આશ્રય કરે છે.'** એનું અવલંબન લ્યે છે.

### ક્રમબદ્ધનો નિર્ણય જ્ઞાતાપણાના નિર્ણય તરફ લઈ જાય છે

**જે સમયે જે પર્યાય થવાની તે જ થવાની પણ તેનો નિર્ણય ક્યારે થાય કે હું અકર્તા છું એમ નિર્ણય કરે ત્યારે. એવો નિર્ણય ક્યારે થાય ?–હું જ્ઞાયક છું એમ જ્ઞાયકની દૃષ્ટિ થાય ત્યારે અકર્તૃત્વનો નિર્ણય થાય. જ્ઞાયકની દૃષ્ટિ થતાં જ્ઞાતાપણાનો નિર્ણય થાય છે. તેથી ક્રમબદ્ધનો નિર્ણય જ્ઞાતાપણાના નિર્ણય તરફ લઈ જાય છે એટલે કે જ્ઞાયકની દૃષ્ટિ થાય છે.**

–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ ઓક્ટોબર–૨૦૦૬

# ગાથા-૧૫૫

अथ परमार्थमोक्षहुतं तेषां दर्शयति -

जीवादीसद्दहणं सम्मत्तं तेसिमधिगमो णाणं।
रागादीपरिहरणं चरणं एसो दु मोक्खपहो।।१५५।।

जीवादिश्रद्धानं सम्यक्त्वं तेषामधिगमो ज्ञानम्।
रागादिपरिहरणं चरणं एषस्तु मोक्षपथः।।१५५।।

मोक्षहेतुः किल सम्यग्दर्शनज्ञानचारित्राणि। तत्र सम्यग्दर्शनं तु जीवादिश्रद्धानस्वभावेन ज्ञानस्य भवनम्। जीवादिज्ञानस्वभावेन ज्ञानस्य भवनं ज्ञानम्। रागादिपरिहरणस्वभावेन ज्ञानस्य भवनं चारित्रम्। तदेवं सम्यग्दर्शनज्ञानचारित्राण्येकमेव ज्ञानस्य भवनमायातम्। ततो ज्ञानमेव परमार्थमोक्षहेतुः।

---

હવે એવા જીવોને પરમાર્થ મોક્ષકારણ (ખરું મોક્ષનું કારણ) બતાવે છે :-

જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,
રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫.

ગાથાર્થ :- (जीवादिश्रद्धानं) જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન (सम्यक्त्वं) સમ્યક્ત્વ છે, (तेषाम् अधिगमः) તે જીવાદિ પદાર્થોનો અધિગમ (ज्ञानम्) જ્ઞાન છે અને (रागादिपरिहरणं) રાગાદિનો ત્યાગ (चरणं) ચારિત્ર છે; — (एषः तु) આ જ (मोक्षपथः) મોક્ષનો માર્ગ છે.

ટીકા :- મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે છે; જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું – પરિણમવું તે જ્ઞાન છે; રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનનું થવું – પરિણમવું તે ચારિત્ર છે. તેથી એ રીતે એમ ફલિત થયું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન (-પરિણમન) જ છે. માટે જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે.

ભાવાર્થ :- આત્માનું અસાધારણ સ્વરૂપ જ્ઞાન જ છે. વળી આ પ્રકરણમાં જ્ઞાનને જ પ્રધાન કરીને વ્યાખ્યાન છે. તેથી 'સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર – એ ત્રણેય સ્વરૂપે જ્ઞાન જ પરિણમે છે' એમ કહીને જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે. જ્ઞાન છે તે અભેદ વિવક્ષામાં આત્મા જ છે – એમ કહેવામાં કાંઈ પણ વિરોધ નથી. માટે ટીકામાં કેટલેક સ્થળે આચાર્યદેવે જ્ઞાનસ્વરૂપ આત્માને 'જ્ઞાન' શબ્દથી કહ્યો છે.

---

## ગાથા-૧૫૫ ઉપર પ્રવચન

**'હવે એવા જીવોને પરમાર્થ મોક્ષકારણ (ખરું મોક્ષનું કારણ) બતાવે છે :–'** ખરેખરું મોક્ષનું કારણ કોણ છે ? (એ બતાવે છે). આ ગાથા(ની) 'વિદ્યાનંદજી'ની સાથે ચર્ચા થઈ હતી. ક્યાં ? 'કલકત્તા'ને ? 'દિલ્હી... દિલ્હી' ! 'દિલ્હી' ! બધા શેઠિયા હતા. 'શાહૂજી શાંતિપ્રસાદ' પેલા 'દિલ્હી'વાળા હતા, ઘડિયાળવાળા ! જૈના વોચ કંપની ! ઈ ઘણા બધા હતા અને આ પ્રશ્ન થયો હતો. આ ૧૫૫ મી ગાથાનો 'વિદ્યાનંદજી'ની સાથે 'દિલ્હી'માં (પ્રશ્ન થયો હતો).

શું કહે છે ? જુઓ ! **'એવા જીવોને પરમાર્થ મોક્ષકારણ (ખરું મોક્ષનું કારણ) બતાવે છે :–'** ૧૫૫.

**जीवादीसद्दहणं सम्मत्तं तेसिमधिगमो णाणं।**
**रागादीपरिहरणं चरणं एसो दु मोक्खपहो।।१५५।।**
**જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,**
**રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫.**

**ટીકા :– 'મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેમાં...'** હવે આ સમ્યગ્દર્શનમાં વાંધા. હવે વાંધાવાળી ગાથા (છે). **'સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે...'** (એ લોકો) એમ (કહે છે) કે, જીવાદિ પદાર્થનું શ્રદ્ધાન થવું એ સમકિત છે. એમ નથી કીધું. ઈ **'જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું – પરિણમવું...'** (અર્થાત્) શુદ્ધ સ્વભાવનું પરિણમવું. એકલા જીવાદિ (પદાર્થની) શ્રદ્ધા, વ્યવહાર નવ તત્ત્વની (શ્રદ્ધા) એ તો વ્યવહાર છે, રાગ છે. 'જયસેનાચાર્યદેવ'ની 'જયસેનાચાર્યદેવે' ટીકામાં નાખ્યું છે કે, જીવાદિ (પદાર્થની) શ્રદ્ધા વ્યવહાર સમકિત (છે) અને આત્માનો સ્વભાવ નિશ્ચય છે. ટીકામાં બેય નાખ્યું છે. અહીં તો 'અમૃતચંદ્રાચાર્યદેવે' નિશ્ચય નાખ્યો છે.

પણ એ જીવાદિ પદાર્થનું શ્રદ્ધાન એટલે શું ? કીધું. 'દિલ્હી'માં વાત થઈ. એ જીવાદિ શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું, કીધું. જોયું આ ? કીધું, અહીં વજન છે. આત્મ શુદ્ધ સ્વભાવ છે એ આત્માને અહીં જ્ઞાન કીધો છે. ઈ આત્માનું શુદ્ધનું થવું તેનું નામ સમ્યગ્દર્શન છે. એકલા જીવાદિ શ્રદ્ધાનની વાત એકલી એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? શેઠિયા બધા હતા પણ પછી બધાને બહાર કાઢ્યા. એક 'જિનેન્દ્ર વર્ણી' (હતા). આ ચર્ચા કાઢી હતી કે, આ જીવાદિ પદાર્થના શ્રદ્ધાનસ્વભાવે આત્માનું પરિણમવું. એકલી જીવાદિ શ્રદ્ધાનનો

વ્યવહાર વિકલ્પ છે એ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આ જ ગાથા ખાનગી પૂછી હતી. બધા માણસને બહાર કાઢી શેઠીયાઓને કીધું, આ જીવાદિ પદાર્થના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાન એટલે આત્માનો શુદ્ધ સ્વભાવ, તેનું પરિણમવું એનું નામ સમ્યગ્દર્શન છે. એકલી જીવાદિ શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા એ તો મિથ્યાત્વ છે.

આમાં 'કળશટીકા'માં આવી ગયું છે. નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા એ તો મિથ્યાત્વ છે. આમાં આવી ગયું છે. આ 'કળશટીકા' નહિ ? કેટલામું છે ઈ ? છઠ્ઠો (કળશ). છઠ્ઠો જુઓ ! **'સંસાર -અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો વિભાવપરિણતિ છે, તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.'** એ વાત અહીં નથી, કીધું.

અહીં તો આત્માના આનંદ અને જ્ઞાન સ્વભાવ જે શુદ્ધ છે તેનું પરિણમવું, તેનું થવું એનું નામ સમકિત છે. એકલી જીવાદિ શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા થઈ એટલે સમકિત થયું એમ નથી. આહા..હા...! શું થાય પણ ? માર્ગ એવો છે અને બહારથી (દીક્ષા) લઈને બેઠા હોય એને કરવું શું ? વસ્તુ નથી. સ્વભાવની વાત છે નહિ એટલે પેલી ક્રિયાકાંડમાં ક્યાંક મનાવવું છે. એમાં વ્યવહારમાં મનાવ્યા વિના બીજો ઉપાય નથી. આહા..હા...!

અહીં તો કહે છે કે, જીવાદિ પદાર્થો (કહીને) ભલે જીવાદિ લીધા, પણ એની શ્રદ્ધાસ્વભાવે – એના શ્રદ્ધાનના સ્વભાવે આત્માનું પરિણમવું થવું. આત્મા નિર્વિકલ્પ શ્રદ્ધાપણે પરિણમે એને સમ્યગ્દર્શન કહીએ. આહા..હા...! અનાદિના એકલા ભેદવાળા નવ તત્ત્વને માને, એ નહિ. આહા..હા...! અને આ નવા નવ તત્ત્વ લ્યો – સંવર, નિર્જરા અને મોક્ષ, પણ એને પણ બહિર્તત્ત્વ કહ્યું છે. 'નિયમસાર' ૩૮ મી ગાથા. ઈ બહિર્તત્ત્વ છે. (કેમકે) પર્યાય છે ને ! આ..હા...! એટલે એના ઉપરનું લક્ષ નહિ. લક્ષ તો ત્રિકાળી ભગવાન ઉપર(ના) લક્ષથી જે આત્માનું શુદ્ધ સ્વરૂપ છે, જે એનું સત્ત્વ છે, સત્નું સત્ત્વ છે તે સત્ત્વરૂપે, પર્યાય સત્ત્વરૂપે પરિણમે તેને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. આહા..હા...! આકરું કામ છે, બાપુ ! બહુ માર્ગ એવો છે. આહા..હા...! અત્યારે સાંભળવા મળવો મુશ્કેલ પડે. સાંભળવામાં પણ એને પાછું વ્યવહારે પરલક્ષી બેસવું (કે) વસ્તુ આ છે (એ પણ કઠણ પડે). આહા..હા...!

એકલો ભગવાનઆત્મા ! અનંત ગુણની પવિત્રતાનો પિંડ પ્રભુ ! આ..હા..હા...! એ અનંત ગુણ જે પવિત્ર છે, તે પર્યાયપણે – પવિત્રપણે પરિણમે. આહા..હા...! એ દ્રવ્યપણે પવિત્ર, ગુણપણે પવિત્ર અને પર્યાયપણે પણ એ પવિત્રપણે, નિર્દોષપણે, નિર્વિકલ્પપણે, આનંદપણે, શાંતિપણે, સ્વભાવપણે, જ્ઞાનના પરિણમનપણે થાય એને સમ્યગ્દર્શન કહે છે. આહા..હા...! આવી સમ્યગ્દર્શનની વ્યાખ્યા !

શ્વેતાંબરમાં એવું આવે, ૨૮મી ગાથા, ૨૮ 'ઉત્તરાધ્યયન' ! 'ભાવેણસદહંત સમંત...' ! એનો અર્થ કર્યો હોય, અંતઃકરણથી શ્રદ્ધે તેને સમકિત (કહીએ). પણ અંતઃકરણ એટલે તો મન (થાય). ૨૮મું અધ્યયન છે. મોટી વ્યાખ્યા ચાલતી. (સંવત) ૧૯૫૦ માં. કઈ સાલ

કીધી ? (સંવત) ૧૯૭૪ ! 'રાજકોટ'માં ચોમાસુ હતું. (સંવત) ૧૯૮૦ ની સાલ ! 'બોટાદ'માં માણસ તો ઘણું (આવે), હજારો માણસ ભેગું આવે. એમાં ઈ આ વાત ચાલી હતી. ભઈ, આ સમ્યગ્દર્શન એટલે શું ? એટલે આ સંક્ષેપરુચિ કરીને બેઠા છીએ માટે સમકિત (છે). સંક્ષેપરુચિ આવે છે કે નહિ ? અને પાછું નવ તત્ત્વના નામ લઈ 'ભાવેણંસદહંત...' શુદ્ધ અંતઃકરણથી શ્રદ્ધે ઈ સમકિત. અંતઃકરણ એટલે અહીં તો મન (અર્થ થાય) છે.

આ તો અંતર સ્વરૂપ ભગવાનઆત્મા શુભ-અશુભના રાગથી ભિન્ન છે, તેવું સ્વભાવનું પરિણમન થવું તેનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા...! છે ? આ આખો બીજી લીટીનો અર્થ છે. **'મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેમાં...'** મોક્ષનું કારણ જે આ ત્રણ છે તેમાં. **'સમ્યગ્દર્શન...'** એને કહીએ, મોક્ષના કારણ તરીકેના સમ્યગ્દર્શન એને કહીએ... આહા..હા...! કે, **'જીવાદિ પદાર્થોના...'** શ્રદ્ધા, એના સ્વભાવે, શ્રદ્ધાના સ્વભાવે, જેવી શ્રદ્ધા ત્રિકાળી શુદ્ધ છે, શ્રદ્ધા ત્રિકાળી શુદ્ધ છે. શ્રદ્ધા નામનો ત્રિકાળી ગુણ છે ને ! એના **'શ્રદ્ધાનસ્વભાવે...'** આ..હા..હા...! આત્માનું પરિણમવું થવું. આહા..હા...! આત્મા નિર્વિકલ્પપણે રાગના આશ્રય વિના પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! **'भूदत्थमस्सिदो खलु'** એ ભૂતાર્થનો – ત્રિકાળનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન સ્વભાવરૂપે પરિણમે, એ સ્વભાવરૂપ પરિણમે ત્યાં આનંદની સાથે શાંતિ (આદિ) બધું છે. આહા..હા...! તેને અહીંયાં સમ્યગ્દર્શન કહ્યું છે.

**'જ્ઞાનનું થવું...'** અહીં કીધું. જોર અહીં છે. એકલી જીવાદિ પદાર્થની શ્રદ્ધાન એમ નહિ. આ..હા...! તેમાં જ્ઞાન એટલે આત્માના સ્વભાવનું થવું (એટલે કે) આત્માના સ્વભાવનું પરિણમવું. શુભભાવથી ભિન્ન શુદ્ધ આત્માના સ્વભાવનું શુદ્ધપણે પરિણમવું, શુદ્ધપણે થવું, તેને સમ્યગ્દર્શન કહે છે. આ તો હજી એકડાની પહેલી વાત છે. આહા..હા...! છે ? એનું નામ સમ્યગ્દર્શન છે. આમ જીવાદિ શ્રદ્ધા તો 'યોગસાર'માં આવે છે, બીજેય આવે છે. જીવાદિ શ્રદ્ધા છે એ વ્યવહાર શ્રદ્ધા છે. નિશ્ચયશ્રદ્ધા તો શુદ્ધ સ્વભાવનું પરિણમવું તે નિશ્ચય છે. આવે છે ને ! આમાં 'પાહુડ'માં (આવે છે). જીવાદિ શ્રદ્ધા તે વ્યવહાર છે, નિશ્ચય તો સ્વભાવનું પરિણમવું તે છે. એ અહીંયાં નિશ્ચય છે. આહા..હા...!

જેને એ ખ્યાલે નથી, સમ્યગ્દર્શનની સ્થિતિ કેવી હોય અને કેને આશ્રયે થાય ? અને એ થાય તો એની શ્રદ્ધા કેવી હોય ? એ શુદ્ધ સ્વભાવનું પરિણમન થવું તે તેનું સમ્યગ્દર્શન છે. શુભનું પરિણમન થવું એ તો કર્મચક્રનું (પરિણમન) છે. આહા..હા...! નિર્ણય કરવાનો, તુલના કરવાનો વખત મળે નહિ અને જિંદગી ચાલી જાય છે. આહા..હા...!

મુમુક્ષુ :– તત્ત્વોની શ્રદ્ધા એમ છે ?

ઉત્તર :– એકવચન છે. અનેકવચન નથી. જીવાદિ શ્રદ્ધાનું એકવચન છે. જીવની શ્રદ્ધા થતાં તેમાં પેલાની શ્રદ્ધા આવી ગઈ. એમાં નથી એમ ભેગી શ્રદ્ધા આવી જાય છે. જ્ઞાનપ્રધાન કથન છે. આહા..હા...! 'તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્' ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એ જ

આખું લીધું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો આ નવ તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન (કહ્યું છે). ઈ નવ તત્ત્વ આ રીતે (છે).

એક જીવ સ્વભાવનું શ્રદ્ધવું થઈ અને બીજી બધી પર્યાયો એમાં નથી એવું જ્ઞાન થઈને શ્રદ્ધા થાય એનું નામ સમ્યગ્દર્શન (છે). 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો 'તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શન' છે ને ! તત્ત્વાર્થના નામ તો નવ છે, ભલે ત્યાં સાત આપ્યા છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. પણ એમાં એક વચન છે. એકવચન એટલે નવમાંથી એકરૂપની જે ભેદ વિનાની શ્રદ્ધા (થવી તે સમ્યગ્દર્શન છે). આહા..હા...! સાતનો ભેદ પણ જેમાં નથી. '**भूदत्थेणाभिगदा**' તેરમી ગાથા(માં) આવે છે ને ! '**भूदत्थेणाभिगदा**' ભૂતાર્થથી જાણેલા નવ તત્ત્વને એટલે કે આત્માને ભૂતાર્થથી જાણતા નવ તત્ત્વ જણાય જાય છે અંદર. આહા..હા...!

એટલે અહીં (કહ્યું કે), '**મોક્ષનું કારણ ખરેખર...**' ખરેખર '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.**' એ ખરેખરની આ વ્યાખ્યા આવે છે. તેમાં ખરેખર '**સમ્યગ્દર્શન...**' એ '**જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે...**' આત્માનું પરિણમવું, નિર્વિકલ્પપણે પરિણમવું. આહા..હા...! ભેદ વિનાનું અભેદપણે પરિણમવું. આહા..હા...! તે સમ્યગ્દર્શન છે. શેઠિયાઓને બહુ તુલના કરવાની ઓલી (દરકાર) ન હોય. પૈસા ખર્ચે, દાન આપે એટલે જાણે ધર્મ થઈ જાય એમ માને.

'સાહુજી' ઘણા પૈસા આપતા હતા. અમારી ૮૭મી (જન્મજયંતી) ત્યાં હતી ને ! 'મુંબઈ'માં સત્યાસીમી જન્મજયંતી (હતી) ઈ વખતે સત્યાસી હજાર આપ્યા હતા. તીર્થમાં ! તીર્થ ફંડમાં સત્યાસી હજાર (આપ્યા). પેલી સત્યાસીમી જન્મજયંતિ હતી (એટલે) સત્યાસી હજાર (આપ્યા). લોકોને એમ થઈ જાય કે, આ..હા..હા...! સત્યાસી હજાર શું, સત્યાસી લાખ આપે તોય શું ? એમાં રાગ મંદ કર્યો હોય તો પુણ્ય છે. પણ આબરુ માટે ને દુનિયા મને વખાણે, એ હોય તો એ પાપ છે. અહીં તો એ વાત છે. આ..હા...!

હવે સમ્યક્જ્ઞાન કોને કહેવું ? '**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું...**' આહા..હા...! શાસ્ત્રનું જ્ઞાન ને આ જ્ઞાન, એ નહિ. જીવાદિ નવ પદાર્થોના જ્ઞાનસ્વભાવે (થવું). એનો જે આત્મસ્વભાવ છે, એ આત્મસ્વભાવે પરિણમવું. એ જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું, આત્મ સ્વભાવે આત્માનું પરિણમવું. આ..હા..હા...! તે જ્ઞાન છે, બાકી આ બધા જ્ઞાન બહારના વ્યાકરણ ને સંસ્કૃત એ કોઈ જ્ઞાન નથી. આહા..હા...! શાસ્ત્રજ્ઞાન, અગિયાર અંગનું જ્ઞાન એ કંઈ જ્ઞાન નથી.

અહીંયાં તો આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ છે, એ જ્ઞાનપણે પરિણમે, જ્ઞાનપણે જ્ઞાતાનું જ્ઞાન પરિણમે એનું નામ જ્ઞાન છે. આ..હા..હા...! બહારના શાસ્ત્રના ભણતર-બણતર (એ કંઈ જ્ઞાન નથી). આવ્યું (છે), 'પરમાત્મપ્રકાશ'માં આવ્યું છે. ભાવના અવલંબે સૂત્રનો અભ્યાસ કરવો. આવે. આ..હા...! પણ એ તો ભગવાન ચૈતન્યસ્વરૂપ છે, જેમાં આખું જ્ઞાન ભર્યું

છે. શાસ્ત્રશબ્દોમાં ક્યાં જ્ઞાન ભર્યું છે ? એ તો શબ્દજ્ઞાન છે. એ તો શબ્દનું જ્ઞાન છે. આહા..હા...! આ તો આત્મજ્ઞાન. આત્મજ્ઞાન કોને કહીએ ? કે, જેને રાગનું તો નહિ પણ એની પર્યાય સંબંધીનું પણ નહિ. આહા..હા...!

આત્મજ્ઞાન ! આત્મા જે જ્ઞાનસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ છે, એનું જ્ઞાન તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...! છે ? '**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે...**' આત્મસ્વભાવે આત્માનું થવું, પરિણમવું. આહા..હા...! એ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપે સ્વભાવપણે પરિણમે તેને જ્ઞાન કહીએ. આ..હા..! બીજાને બોલાવતા આવડ્યો ને બોલતા આવડ્યું ને સમજાવતા આવડ્યું માટે જ્ઞાન છે, એ જ્ઞાનની વ્યાખ્યા જ નથી. આહા..હા...! બહુ આકરું કામ.

'**જીવાદિ પદાર્થ...**' એમાં જીવ, અજીવ બધું આવ્યું ને ? પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. બધાનું જ્ઞાન છે તેવું જ્ઞાનપણે પરિણમવું. આત્મા(નું) જ્ઞાનપણે પરિણમવું. આહા..હા...! તેનું નામ જ્ઞાન કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !

---

## પ્રવચન નં. ૨૩૫ ગાથા-૧૫૫,૧૫૬ ગુરુવાર, વૈશાખ વદ ૧૪, તા. ૨૪-૦૫-૧૯૭૯

---

('સમયસાર' ૧૫૫ ગાથા ચાલે છે). ફરીને (લઈએ). '**મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.**' આ એનો સિદ્ધાંત સિદ્ધ કરવો છે. હવે સમ્યગ્દર્શન કોને કહેવું ? '**તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે...**' આત્માનું થવું, આત્માનું પરિણમવું '**તે છે;...**' આત્મા જે પવિત્ર પૂર્ણ સ્વભાવ છે, એ પવિત્ર સ્વભાવનું શ્રદ્ધાપણે પરિણમવું. એકલી શ્રદ્ધા એટલે વિકલ્પની શ્રદ્ધા ને એ નહિ. ચૈતન્ય સ્વરૂપ જે વીતરાગ સ્વભાવ સ્વરૂપ પ્રભુ, એનું દર્શન એટલે સમ્યગ્દર્શન, વીતરાગ સ્વભાવની પર્યાયપણે આત્માનું પરિણમવું એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા...! એ કાલે આવી ગયું છે.

એ લોકો એમ જ કહે છે કે, જીવાદિ (પદાર્થોની) શ્રદ્ધા તે સમકિત છે. શ્રદ્ધા એટલે શું પણ ? શ્રદ્ધા એટલે વિકલ્પ છે ? આ જીવાદિ વિકલ્પ છે ઈ શ્રદ્ધા છે ? ચૈતન્ય સ્વરૂપ રાગરહિત પૂર્ણ શુદ્ધ પવિત્ર સ્વરૂપ, અનંત ગુણનો પિંડ, એ એનું અનંત ગુણનું શુદ્ધ સ્વરૂપ છે એ પર્યાયમાં સમ્યગ્દર્શનપણે, વીતરાગ પર્યાયપણે થવું એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા...!

(હવે) સમ્યક્‌જ્ઞાન (કોને કહે છે ?) '**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે...**' અનંત ગુણ (સ્વરૂપ) જે જીવ વસ્તુ છે, એનું જ્ઞાનનું થવું, સ્વભાવનું જ્ઞાનનું થવું, આત્મ સ્વભાવનું જ્ઞાનનું પરિણમવું તે જ્ઞાન છે. આહા..હા...! આને જ્ઞાન કહીએ. આ બધા વકીલાતના ને ડૉક્ટરના,

એમ.એ.ના ને એલ.એલ.બી.ના એ બધા કુજ્ઞાન છે. એ.. 'કનુભાઈ' ! જજનું જ્ઞાન કુજ્ઞાન છે એમ કહે છે. એ તો ઠીક કુજ્ઞાન પણ શાસ્ત્રનું જ્ઞાન એ કરે એ પણ કુજ્ઞાન છે. પરલક્ષી છે (માટે). આહા..હા...!

ભગવાનઆત્મામાં અનંત અનંત ગુણની રાશિ – મોટો ઢગલો ! શુદ્ધ સ્વરૂપ, તેનું પરિણમવું. જ્ઞાન એટલે આત્મા. એ આત્માનું તે જ્ઞાનપણે એટલે સ્વભાવપણે, શુદ્ધ સ્વભાવપણે થવું તેનું નામ જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...! બે બોલ તો આવ્યા હતા.

હવે, ચારિત્ર કોને કહેવું ? આહા..હા...! **'રાગાદિના ત્યાગસ્વભાવે...'** આત્માનું પરિણમવું. આહા..હા...! મહાવ્રતાદિ તો રાગ છે, એ કંઈ ચારિત્ર નથી. આહા..હા...! એ તો અચારિત્ર છે. એ રાગાદિનું (એટલે) રાગ, દ્વેષ, વિકલ્પાદિ, એના ત્યાગસ્વભાવે. રાગના વિકલ્પના અભાવસ્વભાવે, ત્યાગસ્વભાવે. રાગનો વિકલ્પ છે ચાહે તો પંચ મહાવ્રતનો (હો), પણ એ રાગના ત્યાગસ્વભાવે, રાગના અભાવસ્વભાવે. **'જ્ઞાનનું...'** એટલે આત્માનું થવું. આહા..હા...!

આત્મા પોતાના આનંદ અને અનંત ગુણના શુદ્ધ સ્વરૂપમાં રમણતાથી થતું જે ચારિત્ર, એને ચારિત્ર કહે છે. પંચ મહાવ્રત ને પાંચ સમિતિ ને ગુપ્તિ ને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ (આવે) એ ચારિત્ર નથી. આહા..હા...! એ અચારિત્ર છે, દોષ છે. આવી ચારિત્રની વ્યાખ્યા ! આ..હા...!

જે રાગ, દ્વેષાદિના ત્યાગસ્વભાવ (અર્થાત્) એનો અભાવસ્વભાવ. રાગનો અભાવસ્વભાવ, રાગનો ત્યાગસ્વભાવ, એ રૂપે આત્માનું થવું. ભગવાનઆત્મા જેવો વીતરાગ સ્વભાવે છે એવા વીતરાગ સ્વભાવની શ્રદ્ધા, વીતરાગ સ્વભાવનું પરિણમવું જ્ઞાન અને વીતરાગપણે થવું, રમવું એનું નામ ચારિત્ર છે. આહા..હા...!

**'રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનનું થવું...'** રાગના સદ્ભાવે ચારિત્ર થવું એમ નથી. આહા..હા...! આવી વ્યાખ્યા. રાગ – વિકલ્પ શુભ કે અશુભ, એના ત્યાગ – અભાવસ્વભાવે આત્માનું પરિણમવું. રાગપણે ન થવું અને વીતરાગ સ્વભાવપણે, રાગના સ્વભાવના અભાવ સ્વભાવપણે શુદ્ધ ચારિત્રપણે, શુદ્ધ પવિત્રપણે પરિણમવું એનું નામ ચારિત્ર છે. આહા..હા...! છે ? **'તે ચારિત્ર છે.'**

**'તેથી એ રીતે એમ ફલિત થયું...'** તેથી એ રીતે એમ પરિણામ આવ્યું, એનો સરવાળો એ ફળરૂપે આવ્યો કે, **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન (–પરિણમન) જ છે.'** એ ત્રણે એકલું આત્માનું ભવન છે, આત્માનું પરિણમવું છે, રાગાદિ નહિ. ત્રણેમાં... આ.હા..હા...! સરવાળો જુઓ લીધો ! અરે...! ભગવાનઆત્મા અનંત ગુણનું અનંત ધામ ! સ્વયં જ્યોતિ સુખધામ ! એ સુખસ્થાન, આનંદધામ, એનું આનંદપણે પરિણમીને પ્રતીતિ – સમ્યગ્દર્શન આત્માનો સ્વભાવ (થાય) એનું નામ સમ્યગ્દર્શન. અને આનંદનું જ્ઞાન, સ્વભાવનું જ્ઞાન, રાગનું નહિ, શાસ્ત્રનું નહિ, સ્વભાવનું જ્ઞાન – સ્વભાવ સન્મુખ થઈને સ્વભાવમાંથી

થતું જ્ઞાન તે જ્ઞાન અને સ્વભાવમાં રાગના અભાવસ્વભાવરૂપે સ્વભાવનું – આત્માનું, જ્ઞાનનું એટલે આત્માનું થવું તેને ચારિત્ર કહે છે. આ..હા...!

આ રીતે, આ જ રીતે **'એમ ફલિત થયું...'** એનું ફળ એ આવ્યું, એનો સરવાળો એ આવ્યો કે, **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે...'** એ ત્રણે **'એકલું જ્ઞાનનું ભવન...'** એકલા આત્માના સ્વભાવનું થવું એ છે. આહા..હા...! સમ્યગ્દર્શન હો કે સમ્યક્જ્ઞાન (કે) સમ્યક્ચારિત્ર (હો), ત્રણે અનંત શુદ્ધ પવિત્ર જે સ્વભાવ (છે), રાગના અભાવસ્વભાવ રૂપ ધ્રુવ સ્વભાવ, એ ધ્રુવ સ્વભાવનું પરિણમવું... આહા..હા...! પર્યાયપણે (પરિણમવું), તેમાં શક્તિ જે સત્ત્વ છે તેનું પર્યાયપણે સત્ત્વપણું આવવું એને અહીંયાં દર્શન-જ્ઞાન અને ચારિત્ર કહે છે. આહા..હા...!

જે સત્ પ્રભુ છે, અકારણિક સત્ છે. જ્ઞાયક અકારણિક છે. સત્ અનંત અનંત ગુણનું ભરેલું સત્, એ સત્નું સત્રૂપે, એનું સત્ત્વ જે શુદ્ધ, પવિત્ર, વીતરાગતા છે, એ વીતરાગતાપણે પરિણમવું, એ પરિણમનને ત્રણ પ્રકાર લાગુ પડે — દર્શન-જ્ઞાન અને ચારિત્ર. આહા..હા...! આવી તો વાત છે.

'પ્રવચનસાર'માં છેલ્લે આવ્યું ને ! રાગ છોડીને. વચમાં રાગ આવે છે, પણ એ કંઈ ચારિત્ર નથી. છઠ્ઠે ગુણસ્થાને પણ રાગ આવે ઈ ચારિત્ર નથી એમ કહે છે. જેટલું સ્વભાવનું પરિણમન થયું છે એટલું ચારિત્ર (છે), પણ રાગનો અભાવ થઈને જ્યારે ચારિત્રની સાતમા ગુણસ્થાનની પરિણતિ થાય એને ત્યાં ચારિત્ર વર્ણવ્યું છે. આહા..હા...! આવો માર્ગ !

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્યદેવે' મહાવ્રત પાળ્યા હતા કે નહિ ?

ઉત્તર :– પાળ્યા નહોતા. મહાવ્રતના વિકલ્પ આવ્યા હતા એને જાણ્યા હતા કે, આ દુઃખરૂપ છે. એના સ્વામિ નહોતા, એના ધણિ નહોતા, એનું સ્વસ્વામિપણું એમાં નહોતું. આત્મામાં સ્વસ્વામિસંબંધ નામનો ૪૭ મો ગુણ છે. એ આત્મા દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય શુદ્ધ, એ એનું સ્વ અને એ એનો સ્વામિ. રાગ થાય એનો એ સ્વામિ નહિ અને એ એનું સ્વ નહિ. એનું સ્વ નહિ માટે એનો સ્વામિ નહિ. આહા..હા...! આવી વાતું છે.

જે પોતાનું દ્રવ્ય સ્વ શુદ્ધ, ત્રિકાળી ગુણ સ્વ શુદ્ધ અને વર્તમાન પવિત્ર પર્યાય, વીતરાગી અનંત ગુણની નિર્મળ પર્યાય સ્વ શુદ્ધ, એનો એ સ્વામિ છે. વચ્ચે રાગાદિ આવે (પણ) એનો એ સ્વામિ નથી, એનો ધણિ નથી. આહા..હા...! મારા ધણિ વિનાનો એ માલ છે. આ..હા..હા...!

એક ફેરી ઘણા લાખો રૂપિયાનો માલ દરિયાને કાંઠે આવ્યો હતો. પછી એમાં એવું હતું કે, જો એ પકડાય તો બહુ મોટો ગુનો થાય એવું હતું. એટલે એ માલનો ધણિ થયો નહિ. લાખોનો, ઘણા લાખોનો માલ હતો. (કોઈ) ધણિ ન થયો. એમ ભગવાનઆત્મા ! વચમાં રાગ આવે એનો ધણિ ન થાય. પકડાય (જાય), ધણિ થાય તો પકડાય જાય. 'ખંભાત'ના કાંઠે મોટું થયેલું. ઘણા લાખોનો કાપડની ગાંસડિયું (આવેલી). ઘણા લાખોના

ગાંસડિયું (આવેલી). કાંઈક ગુનાથી ખાનગી લાવ્યા હશે. એમાં કોઈ કહે કે, આ છે કોની ? એ પકડાણો. એટલે એનો ધણિ (કહે), મારો માલ નથી આ. થઈ રહ્યું. આહા..હા...!

એમ આત્મામાં પવિત્ર ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં આનંદ અને શાંતિપણે પરિણમે છે, તેની પ્રતીતિપણે, તેના જ્ઞાનપણે અને તેના રાગના અભાવના સ્વભાવપણે પરિણમે છે તે ચારિત્ર, દર્શન ને જ્ઞાન છે. આહા..હા...! આવું છે. મુદ્દાની રકમની વાત મૂકીને બધી વાતું (કરે). આમ પાળો ને આ કરો ને આ કરો ને દેશસેવા કરો ને વ્રત પાળો ને અપવાસ કરો, શાસ્ત્ર બનાવો, શાસ્ત્રની પ્રભાવના કરો, પ્રસાર કરો... પણ કોનો ? બાપુ ! શું છે આ ? આહા..હા...! કરોડો શાસ્ત્રો બનાવો, પચીસ લાખના, પચાસ લાખના (બનાવો) પછી શાસ્ત્રની પ્રભાવના કરો. પણ શું છે એમાં ? એ તો બધો વિકલ્પ છે.

મુમુક્ષુ :- શાસ્ત્ર છપાવવાની પ્રભાવના તો આપે કરી.

ઉત્તર :- એ પ્રભાવના નથી. એને અંદર રાગથી રહિત એવી દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા (કરવી) એ એની પ્રભાવના છે, સ્વ પ્રભાવના (છે). પણ વચ્ચે આવો રાગ આવે એને વ્યવહાર પ્રભાવના કહેવામાં આવે છે, પણ છે બંધનું કારણ. આહા..હા...! આવી વાતું છે.

ત્રણનો સરવાળો કર્યો. **'એમ ફલિત થયું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન...'** (છે). એકલા આત્માના સ્વભાવનું ભવન (છે), જેમાં રાગના અંશની બિલકુલ મદદ ને સહાય નહિ. આહા..હા...! શાસ્ત્રમાં વ્યવહાર રત્નત્રયને નિમિત્ત કહેવામાં આવે પણ એ નિમિત્તની સહાય નથી અને નિમિત્તપણું કહ્યું એ તો ઉપચારથી એને કહ્યું, વસ્તુસ્થિતિ તો આ છે. આહા..હા...! વીતરાગમાર્ગ આકરો છે.

ત્રણેની વ્યાખ્યા કરી. પછી કીધું કે, **'એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન...'** એકલા આત્મસ્વભાવનું થવું એમ. જોયું ? એકલું (કહ્યું છે). આ એકલા ઉપર વજન છે. બેકલો રાગનો વિકલ્પ ભેગો નહિ. બેકલો હોય તો બગડશે, એકડે એક ને બગડે બે. આહા..હા...! એક ચૈતન્ય સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ ને પૂર્ણ ચૈતન્ય જ્યોતિ, અતીન્દ્રિય અનંત અનંત ગુણનો પિંડ, એ એના ગુણોના સ્વભાવપણે પર્યાયમાં પરિણમવું, સ્વભાવપણે પરિણમવું, એ ત્રણે **'એકલું જ્ઞાનનું ભવન...'** (છે). એકલા આત્મસ્વભાવનું થવું (છે). આ..હા..હા...! આવી સ્પષ્ટ વાત છે. એમાં વ્યવહાર ચારિત્ર ને રાગની ગંધેય અહીં નથી. આહા..હા...! એને કારણે પાળતા પાળતા (શુદ્ધતા) થાય. એ વળી કેટલાક કહે છે. ટીકામાં ક્યાંક આવે (કે), વ્યવહાર સાધન-સાધ્ય. એ તો સમજાવ્યું છે. આહા..હા...!

એકલો ભગવાન રાગ અને વિકલ્પ વિનાનો જે ગુણ – સ્વભાવ, એવો એકલો પ્રભુ, પોતાના શુદ્ધ સ્વભાવપણે દ્રવ્યે અને ગુણે છે એ રીતે પર્યાયમાં શુદ્ધપણે, એનું જે સત્ત્વ છે તે પર્યાયપણે સત્ત્વ આવ્યું, પરિણમ્યું એને દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે. આહા..હા...! આકરું કામ છે. અહીં તો જરી બાળ બ્રહ્મચારી છોડીયું હોય, દીક્ષા લે (તો) ઓ..હો..હો...! શું

ચારિત્ર ! ધૂળેય ચારિત્ર નથી. આહા..હા...! હજી સમ્યગ્દર્શન, શુદ્ધ સ્વભાવના પરિણમનની ખબર નથી (ત્યાં ચારિત્ર આવ્યું ક્યાંથી ?)

આહા..હા...! ત્રિકાળી ભગવાન મહાસત્તા જેની શુદ્ધ પવિત્ર, એના હોવાપણે, એનું હોવાપણું છે તેવું જ હોવાપણું પરિણમનમાં – પર્યાયમાં – અવસ્થામાં આવે ત્યારે તો તેને હજી સમ્યગ્દર્શન કહે છે. એવું જ પરિણમન આવે ત્યારે તેને જ્ઞાન કહે છે અને એવું જ સ્વભાવનું પરિણમન આવે તેને રાગાદિના ત્યાગસ્વભાવરૂપ ચારિત્ર કહે છે. આહા..હા...! છે કે નહિ એમાં ?

પહેલી ત્રણેની વાત તો કરી, પછી લીધું કે, '**ત્રણે એકલું જ્ઞાનનું ભવન...**' (છે), એકલા આત્મસ્વભાવનું થવું (છે). આ..હા..હા...! ભાષા મૂકી, જોઈ ? એકલો સ્વભાવ શુદ્ધ ચૈતન્યપ્રભુ ! એકલું જ્ઞાન ને આનંદ ને શુદ્ધ સ્વભાવનું થવું, જેમાં વ્યવહારની ગંધ નહિ, વ્યવહારની સહાય નહિ... આહા..હા...! વ્યવહાર આવો હોય તો એ નિશ્ચય પામે (એવી) જેમાં ગંધ નથી. ઈ વાત જ જૂઠી છે. આહા..હા...! વાતું વ્યવહારની કરે (એટલે) લોકો રાજી થાય. આમ કરો, આમ કરો, સાધર્મીને મદદ કરો. અરે...! પણ સાધર્મી છે ક્યાં ? તું હજી સાધર્મી (નથી), મિથ્યાદૃષ્ટિ (છે). સાધર્મીને આમ કરો (એમ કહે) એટલે લોકોને એવું થાય કે, આ..હા..હા...! એક તો ઓશિયાળા સાધારણ હોય. સાધર્મીને આમ દેવું, મદદ કરવી, ફલાણું કરવું, આમ કરવું ઈ પ્રભાવના છે, એ સમ્યગ્દર્શનની પ્રભાવના છે. આહા..હા...!

અહીં તો પરમાત્માનું કહેલું 'કુંદકુંદાચાર્યદેવ' સંત કહે છે અને એના ટીકાકાર એમાંથી કાઢીને આ ભાવ કહે છે. આહા..હા...! પાઠ છે ને ! જુઓને ! '**रागादीपरिहरणं चरणं**' પાઠમાં છે. '**जीवादीसद्दहणं सम्मत्तं**' એ પણ રાગરહિત જે સ્વભાવની શ્રદ્ધા, એમ છે. '**जीवादीसद्दहणं**' આવ્યું એટલે જાણે જીવની શ્રદ્ધા ને અજીવ ને નવ તત્ત્વની શ્રદ્ધા થઈ એટલે થઈ ગયું. આહા..હા...!

'**એ ત્રણે એકલું...**' આત્માનું ભવન. એકલું આત્માના શુદ્ધ સ્વરૂપનું ભવન – થવું ભવન (થવું). '**ભવન જ છે.**' એમ છે, જોયું ? એકલું આત્માના સ્વભાવનું થવું જ છે. (એ) ત્રણ એકલું આત્માના સ્વભાવનું થવું જ છે. આ..હા..હા...! સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ ત્રણ એકલા આત્મસ્વભાવનું થવું જ છે. એમાં બિલકુલ રાગાદિની, નિમિત્તની મદદ નથી. આહા..હા...! અને વ્યવહાર રત્નત્રયથી આ સ્વભાવનું પરિણમન થાય એવી એ વસ્તુ નથી. આ..હા...!

'**એકલું જ્ઞાનનું...**' એટલે સ્વભાવનું એટલે આત્માનું '**(–પરિણમન) જ છે...**' આહા..હા...! એકલું આત્માનું પરિણમન જ છે, એકલું આત્માના સ્વભાવનું પરિણમન જ છે. રાગના પરિણમનનો અંશ જેમાં બિલકુલ નથી. આહા..હા...! આમાં છે કે નહિ એમાં ? કોઈ કહે કે, 'સોનગઢ'વાળા એકાંત નિશ્ચયની જ વાતું કરે છે. ભેગી વ્યવહારની (વાત) કહેતા નથી.

પણ કથનમાં વિકલ્પ આવે છતાં આવે ઈ વસ્તુ નથી. આહા..હા...! આ 'સમયસાર' શું કહે છે ? આ અત્યારનું 'સમયસાર' છે ? બે હજાર વર્ષ પહેલાંનું 'કુંદકુંદાચાર્યદેવ'નું (રચેલું છે) અને આ અભિપ્રાય તો અનાદિનો છે. આ (અભિપ્રાય) કાંઈ એકલા 'કુંદકુંદાચાર્યદેવ'નો નથી. અનાદિ સંતો, દિગંબર મુનિઓ, કેવળીઓનો આ અભિપ્રાય છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' એના બે ભાગ ન હોય કે આમેય હોય ને આમેય હોય. આહા..હા...! કઠણ પડે, એકાંત લાગે. અનેકાંત જોઈએ, વ્યવહારથી પણ થાય, સ્વભાવથી પણ થાય (એમ કહો). પણ એકલું 'જ', 'એકલું જ', એકલો સ્વભાવ 'જ', સ્વભાવપણે પરિણમવું 'જ' તે દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એકલું અને જ, બેય જોડી દીધા. આ..હા..હા...! અરે... પ્રભુ ! સત્યનો માર્ગ તો આવો છે ને પ્રભુ ! દુનિયા કોઈ માને ને મનાવી દ્યે, એને લાખો માણસ માને... ઓ..હો..હો...! શું વ્યવહાર આ છે ને ફલાણું આ છે ! આ..હા...! મોટા ગજરથ કાઢ્યા, દસ લાખ ખર્ચ્યા માટે એમાં ધર્મ થઈ ગયો !

મુમુક્ષુ :– સંઘવીની પદવી મળે.

ઉત્તર :– પદવી અજ્ઞાનીઓ આપે. સંઘવીની પદવી આપે. આહા..હા...! આ તો સંઘ મોટો ભગવાન અનંત ગુણનો સંઘ ! આ..હા..હા...! એની પદવી જેણે પર્યાયમાં પ્રાપ્ત કરી છે, આહા..હા...! જેને નિમિત્ત અને રાગની સાથે લાગતુંવળગતું કાંઈ નથી. વ્યવહાર રત્નત્રય સાથે નિશ્ચય રત્નત્રય જે આ છે એને બીજાનું લાગતુંવળગતું કાંઈ નથી. આહા..હા...!

મુમુક્ષુ :– નિશ્ચય તો વ્યવહારનો નિષેધ કરે છે.

ઉત્તર :– સ્વભાવ સ્વભાવરૂપે પરિણમે છે એ અભાવપણું બતાવે છે કે વ્યવહાર હતો એનો અભાવસ્વભાવ. આહા..હા...! વ્યવહારથી થાય છે (એમ જે કહે) એ તો જૈનદર્શન નથી, એ વીતરાગમાર્ગ નથી. આહા..હા...!

પહેલી વ્યાખ્યા આત્માની કરી. આત્મા આ પ્રમાણે સ્વભાવપણે પરિણમે એ સમ્યગ્દર્શન, સ્વભાવપણે પરિણમે તે જ્ઞાન, સ્વભાવપણામાં રાગાદિ રહિત થઈ પરિણમે તે ચારિત્ર. પછી ભેગું કરીને એકદમ એકાંત કરી નાખ્યું. **'એ ત્રણે એકલું...'** આત્માનું ભવન (છે), જેમાં રાગ અને નિમિત્તની કાંઈ લેશ અપેક્ષા નથી, નિરપેક્ષપણે (પરિણમે છે). એકલા આત્માના સ્વભાવનું ભવન જ. ભવવું એટલે થવું, પરિણમન. **'માટે જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે.'** લ્યો. છેવટે સરવાળો (આ કર્યો). જ્ઞાન એટલે આત્મા. આત્માનો સ્વભાવ શુદ્ધ જે છે એ જ પરમાર્થે મોક્ષનું કારણ છે. એ શુદ્ધનું પરિણમન થવું તે (મોક્ષનું કારણ છે). જે ત્રિકાળ શુદ્ધ છે... આહા..હા...! એ શુદ્ધનું પરિણમન થવું એ જ પરમાર્થે મોક્ષકારણ છે. ચાર લીટી, પાંચ લીટીમાં તો ઘણું ભર્યું ! આહા..હા...!

**ભાવાર્થ :– 'આત્માનું અસાધારણ સ્વરૂપ જ્ઞાન જ છે.'** હવે અહીં શું કહે છે ? કે, જ્ઞાન જ્ઞાન કેમ કહ્યું ? આત્મા ન લીધો અને જ્ઞાન જ્ઞાન કેમ કહ્યું ? (કેમકે), **'આત્માનું**

**અસાધારણ...**' એટલે કોઈ બીજામાં આ (ગુણ) નથી, આને બીજો કોઈ આવો ગુણ નથી. '**અસાધારણ સ્વરૂપ જ્ઞાન જ છે.**' કે જે સ્વ અને પરને જાણવાની સ્વતઃ તાકાત છે. બીજા ગુણો જાણવાની તાકાત રાખતા નથી અને રાગાદિની વાત તો અહીં છે જ નહિ. આહા..હા...!

'**આત્માનું અસાધારણ...**' એટલે બીજું કોઈ નહિ એવું સ્વરૂપ તે '**જ્ઞાન જ છે. વળી આ પ્રકરણમાં...**' આ અધિકારમાં '**જ્ઞાનને જ મુખ્ય કરીને વ્યાખ્યાન છે.**' જ્ઞાનનું થવું, જ્ઞાનનું થવું, રાગનું થવું નહિ, રાગનું થવું નહિ. આહા..હા...! એ જ્ઞાનને જ મુખ્ય કરીને વ્યાખ્યાન છે. તેથી '**જ્ઞાનને જ...**' આત્માના જ્ઞાનને જ. '**પ્રધાન...**' મુખ્ય '**કરીને વ્યાખ્યાન છે. તેથી...**' એમ કેમ કહ્યું ? કે, બીજા ગુણો અંદર ભેગા છે ખરા પણ જ્ઞાનને પ્રધાન કરીને કહ્યું એટલે રાગને ગૌણ કરીને કહ્યું એમ અહીં નથી (કહેવુ). અહીં તો ગુણ જે અનંત છે એમાં અસાધારણ જે જ્ઞાન છે એને જ મુખ્ય કરીને કહ્યું. અંદર બીજા અનંત ગુણો છે. સમજાણું કાંઈ ? પણ જ્ઞાનને મુખ્ય કરીને કહ્યું એટલે અંદર રાગ પણ ગૌણપણે છે, એમ નથી. આહા..હા...! આવો માર્ગ સાંભળવો કઠણ પડે. આ ભવના અંતની વાતું છે ને પ્રભુ ! જેમાં ભવના અંત ન આવે, બાપા ! એ ભવભ્રમણ કરી કરીને મરી ગયો છે. આહા..હા...!

'અષ્ટપાહુડ'માં તો કહે છે, પ્રભુ ! તેં સાધુના દ્રવ્યલિંગ એટલી વાર ધાર્યા... આહા..હા...! કે, એના પછી પણ તેં અનંતા ભવ કર્યા છે. દ્રવ્યલિંગ દિગંબર સાધુ પંચ મહાવ્રતધારી, એવા દ્રવ્યલિંગ એટલી વાર ધાર્યા કે અનંત અનંત વાર પાળ્યા અને એના પછી અનંત વાર તેં અનંતા ભવ કર્યા છે. આહા..હા...! અને તારા જન્મની જનની માતા(ના), તારા દુઃખને દેખીને તારા રૂદનના આંસુ એવા પડ્યા, તારી માને (એટલા આંસુ આવ્યા)... આહા..હા...!

આમ વીસ વર્ષનો જુવાન, છ મહિના-બાર મહિનાનું પરણેતર હોય, એકનો એક દીકરો હોય અને એની મા જોતી હોય (કે), અરે...! હવે (મરવાની) તૈયારી છે. અર..ર..ર...! આહા..હા...! ચાલ્યો આ ! એમ કીધું હતું, ભાઈ ! કેવા 'લાખાણી' ? 'મૂળજી લાખાણી' ! 'મૂળજી'નો મોટો છોકરો હતો ને ? 'ભાનુભાઈ' ! જુવાન માણસ ! 'ભૂરાભાઈ'ને ત્યાં પરણ્યો હતો. 'પોરબંદર' ! એની વહુ કહે, આ છોકરો ચાલ્યો. આ...હા...! પરણેલો ! શું કહેવાય જૈનપ્રકાશ ? આપણું 'આત્મધર્મ' ! 'ભાનુ'નું હતું. પહેલા ઈ 'ભાનુ'નું હતું. સંપાદક તરીકે (ઈ હતા). પરણેલો મોટા ગૃહસ્થમાં. આહા..હા...! જેના લગ્નમાં આમ પ્લેનમાં કેરીઓ ઉતારી હતી ને મોટા જમણ કર્યા હતા. એની મા કહે, જુઓ ! છોકરો (ચાલ્યો). દેહ છૂટી ગયો, ફડાક દઈને ! આ..હા..! એવા મરણ થતાં તારી માંના આંસુ, જનની આંસુના ઢગલા કરે તો આખા દરિયા ભરાય, કહે છે. દરિયો ભરાય એટલા તારી માતાએ તારી પાછળ (આંસુ પાડ્યા) છે, બાપા ! આહા..હા...! ભાઈ ! તને ખબર નથી. અનંત અનંત ભવમાં ક્યાં ભેડું પડી ગઈ છે અને ક્યાં દુઃખોના ઢગલા વેઠ્યા છે ? ભાઈ ! ભૂલી ગયો તું. આહા..હા...!

તારા દુઃખને દેખી બીજાને રોણા આવ્યા છે, પ્રભુ ! એવા દુઃખ વેઠ્યા છે, ભાઈ ! આહા..હા...! એ આ સ્વરૂપની પ્રાપ્તિ વિના. આ વિના બધું થયું. દ્રવ્યલિંગે ધારણ કર્યા, પંચ મહાવ્રત અનંત વાર પાળ્યા, દિગંબર સાધુ અનંત વાર થયો. આહા..હા...! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો' મુનિવ્રત પાળ્યા. પંચ મહાવ્રત (પાળ્યા). વસ્ત્રનો ત્યાગ (કર્યો), એક દોરો (રાખ્યો) નહિ એવા મુનિવ્રત પાળ્યા પણ અંદર સમ્યગ્દર્શન – આત્મ સ્વભાવની દૃષ્ટિ વિના બધા થોથા નીકળ્યા. આહા..હા...! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' પણ આત્મા રાગથી ભિન્ન (છે) એનું જ્ઞાન અને સમકિત વિના એને સુખનો સ્વાદ ન આવ્યો. એ પંચ મહાવ્રતના પરિણામનો સ્વાદ એ દુઃખ છે. આહા..હા...! આહા..હા...! પંચ મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો એ દુઃખ છે, બાપા ! તેં દુઃખ વેઠ્યા. તને સુખ મળ્યું નથી. આહા..હા...! આ..હા..હા...!

એ અહીં કહે છે. **'આ પ્રકારણમાં જ્ઞાનને જ...'** મુખ્ય કરીને. મુખ્ય કરીનો અર્થ એના અનંતા ગુણો છે એ અપેક્ષાએ. જ્ઞાનને મુખ્ય કરીને એટલે કે વ્યવહારને ગૌણ કરીને એમ અહીં નથી, એવી અહીં અપેક્ષા નથી. આહા..હા...! **'જ્ઞાનને જ...'** મુખ્ય કરીને **'વ્યાખ્યાન છે.'** વળી, **'તેથી 'સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર–એ ત્રણેય સ્વરૂપે જ્ઞાન જ પરિણમે છે'** ત્રણે સ્વરૂપે જ્ઞાન જ પરિણમે છે. **'એમ કહીને જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે.'**

**'જ્ઞાન છે તે અભેદ વિવક્ષામાં આત્મા જ છે...'** જોયું ? એ તો જ્ઞાન(થી) વાત કરી બાકી અભેદથી તો ઈ આત્મા જ છે. આહા..હા...! **'જ્ઞાન છે તે અભેદ...'** જ્ઞાન અને દ્રવ્ય આત્મા, બે. અભેદ કથનમાં જ્ઞાન તે જ આત્મા છે. **'એમ કહેવામાં કાંઈ પણ વિરોધ નથી.'** આહા..હા...! **'માટે ટીકામાં કેટલેક સ્થળે આચાર્યદેવે જ્ઞાનસ્વરૂપ આત્માને 'જ્ઞાન' શબ્દથી કહ્યો છે.'** જ્ઞાનસ્વરૂપ ભગવાનને 'જ્ઞાન' શબ્દથી જ કહ્યો છે. જ્ઞાનનું પરિણમવું... જ્ઞાનનું પરિણમવું... જ્ઞાનનું પરિણમવું, રાગનું પરિણમવું નહિ એટલે કે આત્માનું પરિણમવું એમ અર્થ લેવો. આ..હા...!

**અજ્ઞાની પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરવા જાય છે ત્યાં અનાદિના અભ્યાસથી પર્યાયમાં અહંપણાનું જોર રહેવાથી દ્રવ્યનું જ્ઞાન સાચું થતું નથી. અજ્ઞાનીને એમ થાય છે કે પર્યાય છે ને ! પર્યાય છે તો ખરી ને ! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી.**

–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ મે–૨૦૦૨

## ગાથા-૧૫૬

अथ परमार्थमोक्षहेतोरन्यत् कर्म प्रतिषेधयति -

मोत्तूण णिच्छयट्ठं ववहारेण विदुसा पवट्टंति।
परमट्ठमस्सिदाण दु जदीण कम्मक्खओ विहिओ।।१५६।।

मुक्त्वा निश्चयार्थं व्यवहारेण विद्वांसः प्रवर्तन्ते।
परमार्थमाश्रितानां तु यतीनां कर्मक्षयो विहितः।।१५६।।

यः खलु परमार्थमोक्षहेतोरतिरिक्तो व्रततपःप्रभृतिशुभकर्मात्मा केषाञ्चिन्मोक्षहेतुः स सर्वोऽपि प्रतिषिद्धः, तस्य द्रव्यान्तरस्वभावत्वात् तत्स्वभावेन ज्ञानभवनस्याभवनात्; परमार्थमोक्षहेतोरेवैकद्रव्यस्वभावत्वात् तत्स्वभावेन ज्ञानभवनस्य भवनात्।

---

હવે પરમાર્થ મોક્ષકારણથી અન્ય જે કર્મ તેનો નિષેધ કરે છે :-

વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,
પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬.

ગાથાર્થ :- (निश्चयार्थं) નિશ્ચયનયના વિષયને (मुक्त्वा) છોડીને (विद्वांसः) વિદ્વાનો (व्यवहारेण) વ્યવહાર વડે (प्रवर्तन्ते) પ્રવર્તે છે; (तु) પરંતુ (परमार्थम् आश्रितानां) પરમાર્થને (-આત્મસ્વરૂપને) આશ્રિત (यतीनां) યતીશ્વરોને જ (कर्मक्षयः) કર્મનો નાશ (विहितः) આગમમાં કહ્યો છે. (કેવળ વ્યવહારમાં પ્રવર્તનારા પંડિતોને કર્મક્ષય થતો નથી.)

ટીકા :- પરમાર્થ મોક્ષહેતુથી જુદો, જે વ્રત, તપ વગેરે શુભકર્મસ્વરૂપ મોક્ષહેતુ કેટલાક લોકો માને છે, તે આખોય નિષેધવામાં આવ્યો છે; કારણ કે તે (મોક્ષહેતુ) અન્ય દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ પુદ્‌ગલસ્વભાવી) હોવાથી તેના સ્વ-ભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી, - માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ એક દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ જીવસ્વભાવી) હોવાથી તેના સ્વભાવ વડે જ્ઞાનનું ભવન થાય છે.

ભાવાર્થ :- મોક્ષ આત્માનો થાય છે તો તેનું કારણ પણ આત્મસ્વભાવી જ હોવું જોઈએ. જે અન્ય દ્રવ્યના સ્વભાવવાળું હોય તેનાથી આત્માનો મોક્ષ કેમ થાય ? શુભ કર્મ પુદ્‌ગલસ્વભાવી છે તેથી તેના ભવનથી પરમાર્થ આત્માનું ભવન ન થઈ શકે; માટે તે આત્માના મોક્ષનું કારણ થતું નથી. જ્ઞાન આત્મસ્વભાવી છે તેથી તેના ભવનથી આત્માનું ભવન થાય છે; માટે તે આત્માના મોક્ષનું કારણ થાય છે. આ રીતે જ્ઞાન જ વાસ્તવિક મોક્ષહેતુ છે.

## ગાથા – ૧૫૬ ઉપર પ્રવચન

**'હવે, પરમાર્થ મોક્ષકારણથી અન્ય જે કર્મ તેનો નિષેધ કરે છે :–'** મોક્ષના કારણથી અન્ય જે રાગાદિ, વ્યવહાર રત્નત્રયાદિ, એનો આમાં નિષેધ કરે છે. ૧૫૬.

**मोत्तूण णिच्छयट्ठं ववहारेण विदुसा पवट्टंति।**
**परमट्ठमस्सिदाण दु जदीण कम्मक्खओ विहिओ।।१५६।।**

વિદ્વજ્જનો ભૂતાર્થ તજી, વિદ્વાનો તમે અંદર નિશ્ચયને છોડી દઈને વ્યવહાર, વ્યવહારની વાતો કરવા મંડી પડ્યા છો અને વ્યવહારના વર્તન, વ્યવહારના વર્તન (કરો છો). આહા..હા...! 'કુંદકુંદાચાર્યદેવ' ટાણે (આવા) લોકો હશે. **'વિદ્વજ્જનો ભૂતાર્થ તજી...'** નિશ્ચય વસ્તુ છે તેને છોડી દઈને અરે..રે...! વિદ્વાનો તમે શું કર્યું ? તમારી વિદ્વત્તાની અંદરમાં આ ફળ શું લાવ્યા ? આ..હા...! વ્યવહાર કરો, વ્યવહાર કરો, વ્યવહારથી થાશે. આહા..હા...! છે કે નહિ અંદર ? ભાઈ ! પાઠ છે કે નહિ ? આહા..હા...! **'વિદ્વજ્જનો ભૂતાર્થ તજી'**

'જયસેનાચાર્યદેવ' જરી બીજો અર્થ કર્યો (છે). વિદ્વાનો વ્યવહારને કરતા નથી, નિશ્ચયને કરે છે, વ્યવહારમાં પ્રવર્તતા નથી એમ કહે છે. એવો અર્થ કર્યો છે. અહીં મૂળ પાઠને 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની શૈલીથી (કહે છે). આહા..હા...! **'મોક્ષકારણથી અન્ય જે કર્મ તેનો નિષેધ કરે છે :–**આ..હા...!

**વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,**
**પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬.**

આ..હા..હા...! હજી તો ઓળખાણે ન મળે, શ્રદ્ધાના ઠેકાણા ન મળે અને ચારિત્ર થઈ ગયા ને મોક્ષ જશે (એમ કહે). આહા..હા...! બાપુ ! આકરી વાત છે, ભાઈ !

'દીપચંદજી' થઈ ગયા, 'દીપચંદજી' ! એણે અધ્યાત્મનું 'પંચસંગ્રહ' (બનાવ્યું) છે. 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં લખ્યું છે. 'દીપચંદજી' શું કહેવાય ? 'ચિદ્‌વિલાસ' બનાવ્યું છે ને ! 'અનુભવ પ્રકાશ' ! એમણે કહ્યું, તે દિ' એમ કહ્યું હોં ! 'અત્યારે કોઈ(ની) આગમ પ્રમાણે મને શ્રદ્ધા દેખાતી નથી. જો મોઢે કહેવા જાઈએ તો સાંભળતા નથી.' એમ એમાં લખે છે. 'અધ્યાત્મ પંચસંગ્રહ' છે. પાંચ મોટા પુસ્તક છે. એ પાંચનો એક સંગ્રહ (છે). છે, બધા જોયા છે ને ! આગમ પ્રમાણે શ્રદ્ધા (દેખાતી નથી). એ વખતે, ૨૦૦ વર્ષ પહેલાં ! આગમ પ્રમાણે કોઈની શ્રદ્ધા (હું) જોતો નથી. આહા..હા..! મોઢેથી કહેવા માગીએ તો સાંભળતા નથી. માટે લખી જાઉં છું. એવું લખ્યું છે.

મુમુક્ષુ :– આજે તો સાંભળનારા ઘણા થઈ ગયા છે.

ઉત્તર :– હવે છે ખરા. હવે સાંભળનારા થયા છે. લાખો માણસો જરી વિચારમાં ફેરફાર કરીને વિચાર કરે છે. માર્ગ તો કાંઈક બીજો છે.

ટીકા, ૧૫૬ની ટીકા. **'પરમાર્થ મોક્ષહેતુથી જુદો,...'** (અર્થાત્) મોક્ષના કારણથી જુદો. **'વ્રત, તપ...'** શીલ, તપ **'વગેરે શુભકર્મ...'** શુભ પરિણામ. **'મોક્ષહેતુ કેટલાક લોકો માને છે,...'** આને મોક્ષનું કારણ કેટલાક અજ્ઞાની માને છે. આહા..હા...! પેલો 'વિદ્વાન'નો અર્થ 'કેટલાક લોકો' કરી નાખે છે. આહા..હા...! પરમાર્થે મોક્ષકારણથી, હેતુ એટલે કારણ. મોક્ષના કારણથી – હેતુથી જુદો. એ વ્રત, તપ મોક્ષનો હેતુ નથી. આહા..હા...! પંચ મહાવ્રત ને સમિતિ, ગુપ્તિ વ્યવહાર ને અઠ્યાવીસ મૂળગુણ... આ..હા...! અત્યારે તો એનાય ક્યાં ઠેકાણા છે ? હંમેશાં એને માટે ચોકા કરી આહાર લે. આહા..હા...! ઉદ્દેશીક આહાર – એને માટે (બનાવેલો આહાર લે). વ્યવહાર અઠ્યાવીસ મૂળગુણના ઠેકાણા નથી (તો ત્યાં) નિશ્ચય તો ક્યાં હતો ? આહા..હા...! આ..હા..! એને માટે બધું બનાવે. પાણી, આહાર, મોસંબીનો રસ, ઢીકણું... આહા..હા...!

કોઈક અહીં કહેતું હતું (કે), 'જયપુર'માં 'વિદ્યાનંદજી' હતા. એક મહિનાના ત્રીસ દિવસના શેઠિયાઓ નક્કી કરે. આ દિવસે (આ) ઠેકાણે જવું, આ (દિવસે) આ ઠેકાણે (જવું એમ) ત્રીસના ઠેકાણા (નક્કી કરે). એને માટે બનાવી અને શેઠિયા બનાવે અને ત્યાં વ્હોરવા જાય. હમણાં કો'ક કહેતું હતું. કોણ કહેતું હતું ? કો'ક કહેતું હતું. 'શ્રીપાળજી' ! 'દિલ્હી'વાળા ! આહા..હા...! 'શ્રીપાળજી' ! એક મહિનાના (ઘર) નક્કી થાય. આ દિવસે આના ઘરે જાવું. એને ત્યાં એના માટે બધું એકેએક બન્યું હોય. અરે..રે...! અરે... ભાઈ ! જ્યાં અઠ્યાવીસ મૂળગુણના છેદ છે. 'અષ્ટપાહુડ'માં પાઠ છે. એના મૂળગુણમાં છેદ છે એનું બધું ખોટું છે, એનું એકેય સાચું છે નહિ. આહા..હા...! શું થાય ? અત્યારે આખી વાત ક્યાં કરવી ? આહા..હા...! (શ્રોતા :– 'કુંદકુંદાચાર્યદેવ'ના વખતમાંય એવું હતું). એવું છે એટલે પોકાર કર્યો છે. આહા..હા...!

પરમાર્થે મોક્ષના હેતુથી જુદો. મોક્ષના હેતુથી જુદો એટલે બંધનું કારણ. **'વ્રત, તપ વગેરે શુભકર્મ...'** એટલે શુભ ઉપયોગ, શુભ પરિણામ. એ **'મોક્ષહેતુ કેટલાક...'** એટલે અંદર (પાઠમાં) જે પેલા વિદ્વાન કીધા ને ! એવા **'કેટલાક લોકો માને છે,...'** આહા..હા...! **'તે આખોય નિષેધવામાં આવ્યો છે;...'** આખોય વ્યવહાર (નિષેધવામાં આવ્યો છે). આ..હા..હા...! આકરું કામ છે.

**'આખોય...'** એટલે શું કીધું ? વ્રત વગેરે શુભ પરિણામ, એ આખોય નિષેધવામાં આવ્યો છે. શુભના અનેક પ્રકાર છે, અસંખ્ય પ્રકાર (છે). શુભભાવ એ વ્યવહાર પ્રભાવના.. પણ એ બધો શુભભાવ તો નિષેધવામાં આવ્યો છે. આહા..હા...! બહારમાં કોઈ સમજે માટે વ્યવહાર પ્રભાવના (કરે છે) એ (કંઈ પ્રભાવના નથી). એને શું સંબંધ છે ? એને શુભભાવ આવ્યો

છે એ વ્યવહાર પ્રભાવના. નિશ્ચય સ્વભાવની એકાગ્રતા અંદર છે એ નિશ્ચય પ્રભાવના અને શુભ(ભાવ) આવ્યો છે (એ) વ્યવહાર. એ પણ નિષેધવામાં આવ્યો છે. આહા..હા...!

(આવું સાંભળીને) પછી 'સોનગઢ'વાળાનું એકાંત છે કહે ને ! વ્યવહારથી કંઈ પણ થાય, પાંચમો આરો છે, હલકો આરો (છે) અને એકલી નિશ્ચય નિશ્ચયની વાતું કરો. એમ કહે. બાપુ ! માર્ગ તો આ છે, ભાઈ ! અને તે પણ હિતને માટે છે, ભાઈ ! આ દેહ છૂટીને ચાલ્યો જાઈશ, બાપા ! એ વ્યવહારના પક્ષથી ધર્મ માનીને મિથ્યાત્વ સેવી... આહા..હા...! ક્યાંય અજાણ્યા ક્ષેત્રે (ચાલ્યો જાઈશ). વિશેષ તો મિથ્યાદૃષ્ટિ નિગોદમાં જાય એની વાત છે. અને ચૌદ બોલમાં પશુ થાય એવો પાઠ છે. પશુ ! 'સમયસાર'માં છેલ્લે ચૌદ બોલ છે ને ! પશુ ! 'પશ્યતિ ઇતિ પશુ બધ્યતે' મિથ્યાત્વથી બંધાય છે એ બધા પશુ છે. આહા..હા...! અને એ પશુમાં અવતાર (થાય) એ નિગોદ પણ પશુ છે ને ! તિર્યંચ છે ને ! નિગોદ તિર્યંચ છે ને ! આહા..હા...!

જેની શ્રદ્ધા વ્યવહારથી થાય, નિશ્ચયનો લાભ થાય, એવો જે મિથ્યાત્વ ભાવ (છે)... આહા..હા...! તેના ફળ તરીકે તો નિગોદ છે અને નિગોદ તરીકે જાય એને પશુ પણ કીધા છે. આહા..હા...! ચૌદ બોલ પાછળ આવે છે. તત્, અતત્, એક, અનેક (વગેરે). (શ્લોક) દીઠ પશુ છે. ચૌદ બોલ પાછળ આવે છે. (શ્લોક) દીઠ પશુ... પશુ (કીધા છે). સંસ્કૃતમાં એનો અર્થ કર્યો છે. 'પશ્યતિ ઇતિ પશુ, બધ્યતિ ઇતિ પશુ' આહા..હા...! બંધન એટલે મૂળ તો મિથ્યાત્વ. મિથ્યાત્વથી બંધાય છે તે પશુ છે. આહા..હા...! અને તેના ફળ તરીકે પશુમાં જશે. આહા..હા...! ભાઈ ! બહારમાં કોઈ મદદ કરે (કે), આટલું કર્યું હતું ને !

'રામવિજય'ના ગુરુ 'પ્રેમવિજય' હતા ને ! શ્વેતાંબર ! આ 'રામવિજય'ના ગુરુ મરતાં બિચારા બોલી ગયા, અરે..રે...! મેં જૈનધર્મનો વિરોધ કર્યો છે. મને કોઈ ભેદજ્ઞાન સંભળાવો. છાપામાં આવ્યું હતું. શ્વેતાંબર ! આહા..હા...! છેવટે એને બિચારાને મરતાં થઈ ગયું, મેં જૈનધર્મનો વિરોધ કર્યો છે. આહા..હા...! મને હવે કોઈ ભેદજ્ઞાન સંભળાવો. કોણ સંભળાવે ? બીજા કહે, ના, ના સાહેબ ! આપે તો બહુ કામ કર્યા છે ! આપે તો (બહુ કર્યું છે). આહા..હા...! શું થાય ? અરે..રે...! દુનિયા રાજી થાય અને માને એટલે શું ? મિથ્યાત્વનો નાનામાં કણ, શલ્ય પણ અનંત અનંત સંસારનું કારણ છે. આહા..હા...! ચારિત્રદોષ એ જુદી વસ્તુ છે.

'દર્શનપાહુડ'માં પહેલાં (ત્રીજી ગાથામાં) કીધું ને ! **'दंसणपट्टा ण सिज्झंति' 'सिज्झंति चरियभट्टा'** ચારિત્રભ્રષ્ટ હશે, ચારિત્ર નહિ હોય ઈ સીઝશે. એની દૃષ્ટિમાં ખ્યાલ છે કે, મારામાં દોષ છે. **'दंसणपट्टा ण सिज्झंति'** પણ દર્શન – શ્રદ્ધાભ્રષ્ટ છે... આહા..હા...! એ મુક્તિએ નહિ જાય. **'सिज्झंति चरियभट्टा'** સમકિત હશે ને ચારિત્ર નહિ હોય, ચારિત્રના દોષ સેવતો હશે છતાં એના ખ્યાલમાં છે કે, આ દોષ છે. એ આગળ એને ટાળીને સ્થિર

થઈને મોક્ષ જશે. **'सिज्झंति चरियभट्ठा'** એવો પાઠ છે. આહા..હા...! અહીં (અજ્ઞાની) એકલા વ્રત ને નિયમ ને ક્રિયાઓ, વ્યવહારની વાત (કરે) એનાથી મોક્ષ થશે (એમ કહે). આ..હા...! શું થાય આમાં ?

અહીં (કહે છે), **'પરમાર્થ મોક્ષહેતુથી જુદો, જે વ્રત, તપ વગેરે શુભકર્મસ્વરૂપ મોક્ષહેતુ કેટલાક લોકો...'** એટલે પેલા વિદ્વાન જે કીધા હતા તે. **'તે આખોય નિષેધવામાં આવ્યો છે; કારણ કે તે (મોક્ષહેતુ) અન્ય દ્રવ્યના સ્વભાવવાળો...'** આહા..હા...! વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો ભાવ... આહા..હા...! એ તો અન્યદ્રવ્યના સ્વભાવવાળો હોવાથી **'(અર્થાત્ પુદ્‌ગલસ્વભાવી) હોવાથી...'** આહા..હા...! એ રાગની ક્રિયા (છે) એ પુદ્‌ગલસ્વભાવી છે, આ..હા...! એ ભગવાનસ્વભાવી નહિ. આહા..હા...! એક લીટી, એક ગાથા પણ બરાબર સમજે તો (કલ્યાણ થઈ જાય). પણ એમને એમ મોટા મોટા થોથા વાંચે ને એ..ઈ..! દસ-દસ હજાર, વીસ-વીસ હજાર માણસ ભેગું થાય. ઓ..હો..હો...! ભારે કર્યો, ભારે કર્યો (એમ લોકો કહે).

મુમુક્ષુ :– ભારે કર્યો !

ઉત્તર :– ભારે એટલે આમ તો અનુકૂળ એમ કહેવા માગે (છે). ભારે પ્રભાવના થઈ ! સભામાં વીસ હજાર માણસ ! આ..હા..હા...! એમાં શું થયું ? કીડીયુંનાં ઢગલા બધા ભેગા થયા એટલે. કીડીના ઢગલા ભેગા થાય એટલે કંઈ ઈ માણસની સંખ્યા ગણાય ? આહા..હા...!

અહીંયાં પ્રભુ કહે છે, 'કુંદકુંદાચાર્યદેવ', 'અમૃતચંદ્રાચાર્યદેવ' મહાસંત ભગવંત સ્વરૂપે છે, એ એમ કહે છે, આ..હા...! કે, વ્રત ને તપ ને શીલ ને સંયમ ને દમન એ અન્ય દ્રવ્યનો સ્વભાવ છે, ભાઈ ! તારા દ્રવ્યનો સ્વભાવ નહિ, પ્રભુ ! આહા..હા...! એ તો પુદ્‌ગલ દ્રવ્યનો સ્વભાવ છે, ભાઈ ! આહા..હા...! છે ?

**'અન્ય દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ પુદ્‌ગલસ્વભાવી) હોવાથી તેના સ્વ-ભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી,...'** એ વ્રત ને તપ ને ભક્તિ લાખ, કરોડ, અબજ કર તું. આહા..હા...! 'છ ઢાળા'માં આવે છે ને ! 'લાખ વાતની વાત, નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિશ્ચય આતમ ઉર ધ્યાવો' 'છ ઢાળા'માં આવે છે. આહા..હા...! પહેલાના પંડિતો(એ) બહુ સારું કામ (કર્યું છે). 'ટોડરમલજી', 'બનારસીદાસ', 'ભાગચંદજી' બહુ કામ કરી ગયા, માળા ! આહા..હા...! ભલે ગૃહસ્થાશ્રમમાં (હોય) પણ દર્શનશુદ્ધિની બહુ સરસ વાત (કરી ગયા). આહા..હા...!

**'તેના સ્વ-ભાવ વડે જ્ઞાન...'** એટલે આત્મા. વ્રત ને તપ ને ભક્તિ આદિના રાગથી આત્માના જ્ઞાનનું **'ભવન થતું નથી,...'** એથી આત્માનો નિશ્ચય સ્વભાવ શુદ્ધ છે, તેનું થવું નથી. આહા..હા...! આ વ્યવહારની આટલી આટલી ક્રિયાઓ લાખ, કરોડ કરે (પણ) ક્લેશ છે, કહે છે. એનાથી આત્માના સ્વભાવનું પરિણમવું એ નથી. આહા..હા...! આકરું કામ,

પ્રભુ !

**'તેના સ્વ-ભાવ વડે...'** એટલે પુદ્‌ગલસ્વભાવ વડે એટલે વ્રત, તપના વિકલ્પ એ પુદ્‌ગલ સ્વભાવ. એનાથી આત્માનું ભવન થતું નથી. એનાથી આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર થતું નથી. **'-માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ...'** પરમાર્થ મોક્ષનું કારણ જ. અહીં તો 'જ' લગાવી દીધો છે. **'એક દ્રવ્યના સ્વભાવવાળો...'** આહા..હા...! એક જીવદ્રવ્યના સ્વભાવવાળો મોક્ષહેતુ. જીવદ્રવ્ય જે છે, પ્રભુ ! એનો સ્વભાવ તદ્દન વીતરાગી આનંદ, શાંતિ, અતીન્દ્રિય પવિત્ર ભગવાન... આહા..હા...! એ એક જ **'દ્રવ્યના સ્વભાવવાળો...'** અને એ દ્રવ્યના સ્વભાવવાળો મોક્ષમાર્ગ છે. આ..હા..હા...! આવું સ્પષ્ટીકરણ કરવા જાય તો કહે, એ.. એકાંત છે, એકાંત છે. પણ આમાં... બાપુ !

મુમુક્ષુ :- આચાર્યનું છે પણ છપાવ્યું તો 'સોનગઢે' ને !

ઉત્તર :- 'સોનગઢે' છપાવ્યું હોય તો ભલે છપાવ્યું. ગમે તેણે (છપાવ્યું હોય) ભાવ, શબ્દો કોના છે ? અનંત તીર્થંકરો, અનંતા કેવળીઓ (આ કહે છે). 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે એ સર્વજ્ઞો કહે છે તે કહે છે. આ..હા..હા...! 'અમૃતચંદ્રાચાર્યદેવ' હજાર વર્ષ પહેલા થયા. પણ અનંત તીર્થંકરો ને કેવળીઓ ને સંતો કહે છે તે કહે છે. આહા..હા...! એની પરંપરા (છે) એ સર્વજ્ઞની પરંપરા છે. આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્યદેવ' છે ને ! આ..હા...! ભગવાન અનંત સંતો અને ભગવાન કેવળીઓ થયા, તેના સ્વભાવના અનુસારે પરમાર્થે ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ' કહે છે. આહા..હા...!

**'માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ એક દ્રવ્યના સ્વભાવવાળો...'** જોયું ? એ જીવસ્વભાવી છે. આ..હા...! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ – રાગ પુદ્‌ગલસ્વભાવી છે, અન્ય દ્રવ્યસ્વભાવી છે. ત્યારે સાચો મોક્ષનો માર્ગ એક જીવદ્રવ્યસ્વભાવી છે, એક જીવદ્રવ્યસ્વભાવી છે. પુદ્‌ગલ વ્યવહારનો અને નિમિત્તનો એમાં કાંઈ સંબંધ ને સંગ નથી. આહા..હા...! અરે..રે...! અનંત તીર્થંકરોનો આ માર્ગ છે, ભાઈ ! ભગવાનના વિરહ પડ્યા, પ્રભુ રહ્યા ત્યાં. આહા..હા...! અને માર્ગને કંઈ જુદી જુદી રીતે મલાવે. સાંભળનારાને ખબર ન હોય એટલે રાજી રાજી થઈ જાય. આ..હા...! અરે... પ્રભુ ! આ..હા...!

વ્રત ને તપ ને જેટલા શુભભાવના ભાવ ને અસંખ્ય પ્રકારના આચરણ, એ બધો પુદ્‌ગલસ્વભાવી છે. આ..હા..હા...! માટે તે મોક્ષના હેતુનો નિષેધ કર્યો છે. એક જીવદ્રવ્યસ્વભાવ, એક જીવદ્રવ્ય પોતાનો ભગવાન ! આ..હા...! વિકાર તો એક સમયની પર્યાયમાં છે. બાકી આખું દ્રવ્ય તો પવિત્ર ધામ છે. આ..હા...! ધ્રુવધામ મોટો પરિપૂર્ણ ગુણથી ભરેલો ભગવાન છે. એનો સ્વભાવ – એકદ્રવ્યસ્વભાવી – એક જ દ્રવ્ય. એમાં બીજા દ્રવ્યના સંગ ને નિમિત્તની જરૂર નહિ. આહા..હા...!

એક દ્રવ્યસ્વભાવી એટલે કે જીવસ્વભાવી **'હોવાથી તેના સ્વભાવ વડે જ્ઞાનનું ભવન**

**થાય છે.**' તે દ્રવ્યના – જીવના સ્વભાવ વડે જ્ઞાન એટલે સ્વભાવનું (એટલે કે) જ્ઞાનનું, શ્રદ્ધાનું, શાંતિનું, આત્માનું પરિણમન થાય છે. એક દ્રવ્યના સ્વભાવ વડે શુદ્ધ પરિણમન થાય છે. બાકી અન્ય દ્રવ્યનો જે રાગાદિ સ્વભાવ (છે) એ બધો પુદ્‌ગલનો સ્વભાવ છે. વિશેષ કહેશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

**સમયસારની ૩૨૦મી ગાથાની શ્રી જયસેનાચાર્યદેવની ટીકામાં આવે છે કે આત્મા એ મોક્ષનો માર્ગ અને મોક્ષની પર્યાયથી ભિન્ન છે. મોક્ષની પર્યાયનો કર્તા આત્મા નહિ, ધ્રુવ નહિ. આવી વાત છે ! કેમ કે કર્તા હોય તો બે એક થઈ જાય જેમ, એક સત્તાવાળું દ્રવ્ય બીજા સત્તાવાળાને કાંઈ કરે તો બન્ને એક થઈ જાય તેમ.**

**ભગવાન આત્માની સ્વભાવ સત્તા અને વિભાવ સત્તા બે સત્તા જ ભિન્ન છે, બન્ને હોવાપણે ભિન્ન છે. માટે, હોવાપણે ભિન્ન તે સ્વભાવ તે વિભાવને કેમ કરે ? સ્વભાવની પર્યાય તે વિભાવને કેમ કરે ? ન જ કરે. સ્વભાવ પર્યાય જે છે તે વિભાવ પર્યાયની કર્તા નથી. ભગવાન આત્મા આસ્રવ સત્તાનાં હોવાપણાનાં ઉદયભાવથી તો ભિન્ન વસ્તુ છે. ઉદયભાવ એ તો ભાવબંધ તત્ત્વ છે અને સ્વભાવ અબંધતત્ત્વ છે; તેથી અબંધતત્ત્વ એ બંધતત્ત્વનો કર્તા નથી. જો કર્તા થાય તો એ બન્ને એક થઈ જાય, પણ એમ છે નહિ. હવે, જે વીતરાગી પર્યાય થઈ તે આસ્રવની કર્તા નથી. તે વીતરાગી પર્યાય આસ્રવની પર્યાયને અડતી જ નથી, આલિંગન કરતી જ નથી. જો આલિંગન કરે તો બન્ને એક થઈ જાય. વીતરાગી પર્યાય અને આસ્રવની પર્યાય બન્ને ભિન્ન છે. મૂળ સિદ્ધાંત તો એ છે કે જેનું હોવાપણું ભિન્ન છે તેને બીજું હોવાપણું અડી શકતું નથી; અડી શકતું નથી માટે કર્તા નથી.**

**આમ ત્રણ ભિન્ન સત્તા થઈ : (૧) સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય એ ભિન્ન સત્તા છે માટે પરનો કર્તા નહિ. (૨) સ્વાભાવિક વસ્તુ અને તેની નિર્મળ પર્યાય તેનાથી આસ્રવ પર્યાય તદ્દન ભિન્ન છે. આસ્રવભાવ ઉદયભાવ પણ પરદ્રવ્ય છે માટે દ્રવ્ય અને તેની નિર્મળ પર્યાય પણ તે આસ્રવભાવ-પરદ્રવ્યની કર્તા છે નહિ અને (૩) વીતરાગી પર્યાય અને દ્રવ્યની સત્તા એક નથી. એક સામાન્ય સત્તારૂપ ધર્મ છે અને એક વિશેષ સત્તારૂપ ધર્મ છે. બે એક સત્તાપણે નથી, બન્ને સત્તા ભિન્ન છે માટે, ભિન્ન સત્તા હોવાથી દ્રવ્ય એ વીતરાગી પર્યાયનો પણ કર્તા નથી. મોક્ષમાર્ગની પર્યાયનો–મોક્ષની પર્યાયનો પણ દ્રવ્ય કર્તા નથી.**

–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ નવેમ્બર–૨૦૦૬

**પ્રવચન નં. ૨૩૬ ગાથા-૧૫૬, શનિવાર, જેઠ સુદ ૧, તા. ૨૬-૦૫-૧૯૭૯**
**શ્લોક – ૧૦૬, ૧૦૭**

'સમયસાર' ૧૫૬ ગાથાનો ભાવાર્થ. **'મોક્ષ આત્માનો થાય છે...'** મોક્ષ એટલે પરમ આનંદનો લાભ કે અનંતા ગુણની પૂર્ણ પર્યાયનો લાભ આત્માને થાય છે. **'તો તેનું કારણ પણ આત્મસ્વભાવી જ હોવું જોઈએ.'** મોક્ષનું કારણ મોક્ષ જ્યારે આત્માનો થાય છે **'તો તેનું કારણ પણ આત્મસ્વભાવી જ હોવું જોઈએ.'** કેમકે આત્માના જે અનંત ગુણો છે એ બધા શુદ્ધ છે. કોઈ ગુણ વિકારરૂપે થાય એવો કોઈ ગુણ નથી. તેથી તેના અનંત ગુણ જે સ્વભાવ (છે), એ એનું – મોક્ષનું એ કારણ છે. અનંત ગુણનો સ્વભાવ, એનો જે આશ્રય, એનું જે પરિણમન, એ આત્માનો મોક્ષ થાય છે તો આત્માનો સ્વભાવ મોક્ષનું એ કારણ છે. દયા, દાન, વ્રત, વ્યવહાર રત્નત્રય એ બધાનો નિષેધ છે. અહીંયાં (એને) પુદ્ગલસ્વભાવી કહ્યો છે. કેમકે આત્માનો (એ) કોઈ ગુણ નથી. પર્યાયમાં થાય છે તે નિમિત્તને આધીન (થાય છે તેથી થાય છે). તેથી **'તેનું કારણ પણ આત્મસ્વભાવી જ હોવું જોઈએ.'** આહા..હા...!

**'જે અન્ય દ્રવ્યના સ્વભાવવાળું હોય તેનાથી આત્માનો મોક્ષ કેમ થાય ?'** એ પુણ્ય અને પાપનો ભાવ આત્માનો કોઈ સ્વભાવ નથી. અનંત ગુણમાં કોઈ ગુણ નથી. પર્યાયમાં છે માટે એ પર્યાયમાં પરને આધીન થયેલો હોવાથી... આહા..હા...! અન્ય દ્રવ્યના સ્વભાવવાળો હોવાથી **'તેનાથી આત્માનો મોક્ષ કેમ થાય ?'** આહા..હા...!

**'શુભ કર્મ પુદ્ગલસ્વભાવી છે...'** દયા, દાન, વ્રત, ભક્તિ, નામસ્મરણ, ચિંતવનાદિ બધું એ શુભભાવ પુદ્ગલસ્વભાવી છે, આત્મસ્વભાવી નહિ. આત્માના અનંતા અનંતા ગુણો છે, પણ બધા શુદ્ધ (છે) અને શુદ્ધપણે પરિણમે તે તેનો સ્વભાવ છે. તેથી પર્યાયમાં – અવસ્થામાં જે કર્મના નિમિત્તના લક્ષે થાય એ બધા પુદ્ગલના સ્વભાવ ગણીને મોક્ષના કારણમાં એનું કારણ નથી. આહા..હા...!

**'અન્ય દ્રવ્યના સ્વભાવવાળું હોય તેનાથી આત્માનો મોક્ષ કેમ થાય ? શુભ કર્મ પુદ્ગલસ્વભાવી છે...'** આ અપેક્ષાએ. એનો ત્રિકાળી પુદ્ગલ જે છે, પર્યાયમાં તેને આશ્રયે થાય છે. કોઈ ગુણ આત્માનો નથી, કોઈ સ્વભાવ નથી કે વિકાર થાય. આહા..હા...! તેથી એ દયા, દાન, વ્રત, ભક્તિ(નું) થવું (એ) પુદ્ગલસ્વભાવી છે. જીવ સ્વભાવી ત્રિકાળ નથી તેથી પુદ્ગલસ્વભાવી છે. આહા..હા...! આવું છે. લોકોને (ખ્યાલ નથી). થાય છે એની પર્યાયમાં પણ પર્યાયમાં થતાં થતાં એનો એવો કોઈ ગુણ નથી. ગુણ તે વિકારપણે પરિણમે એવો કોઈ ગુણ નથી. આહા..હા...! એ કારણે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ અન્ય દ્રવ્યસ્વભાવી

છે. કાયમી પ્રભુનો સ્વભાવ... આ..હા..હા...! એ તો પૂર્ણ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદાદિ પૂર્ણ ગુણનો સ્વભાવ, અનંતી શક્તિનો સ્વભાવ શુદ્ધ છે અને એની અનંતાઅનંતી શક્તિનો કોઈ શક્તિનો ગુણ કે સ્વભાવ વિકારરૂપે થાય એવો નથી. આ..હા...! દયા, દાનના વિકલ્પરૂપે પરિણમે એવો કોઈ ગુણ નથી. આહા..હા...! તેથી તેને અન્ય દ્રવ્યસ્વભાવ (કહ્યું).

**'તેથી તેના ભવનથી પરમાર્થ આત્માનું ભવન ન થઈ શકે;...'** આહા..હા...! વાંચન, શ્રવણ, મનન, ચિંતવન બધું વિકલ્પ – રાગ છે. આ..હા...! એ રાગ પુદ્ગલસ્વભાવી છે, જીવસ્વભાવી નથી. ભગવાન એ તો પૂર્ણ અનંત ગુણનો પિંડ એ તો પવિત્ર સ્વભાવ છે. એ પવિત્ર સ્વભાવી ભગવાન, પવિત્ર પૂર્ણ મોક્ષનું કારણ છે પણ વિકારનું કારણ એ નહિ. આહા..હા...! વિકારનું કારણ તો પુદ્ગલ છે તે નિમિત્ત છે અને તે અધ્ધરથી પર્યાયમાં તેના લક્ષે થાય છે તેથી તે પુદ્ગલસ્વભાવી કીધા. આહા..હા...! વ્રત ને નિયમ ને તપ ને એ બધો પુદ્ગલસ્વભાવી છે એમ કહ્યું.

એ **'શુભ કર્મ...'** કર્મ એટલે કાર્ય. **'પુદ્ગલસ્વભાવી છે તેથી તેના ભવનથી પરમાર્થ આત્માનું ભવન ન થઈ શકે;...'** પરમ પદાર્થ એવો ભગવાનઆત્મા ! તેનું થવું તેનાથી ન થઈ શકે. **'માટે તે આત્માના મોક્ષનું કારણ થતું નથી.'** આહા..હા...! માટે વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાન, સ્મરણ, ચિંતવન વગેરે એ બધાં કોઈ આત્માને મોક્ષના કારણ થતા નથી.

**'જ્ઞાન આત્મસ્વભાવી છે...'** જ્ઞાન, દર્શન, આનંદ એ આત્માનો સ્વભાવ છે. એ આત્મસ્વભાવી જ્ઞાનથી, **'તેના ભવનથી...'** (અર્થાત્) તેના પરિણમનથી. શુદ્ધ પૂર્ણ અનંત ગુણના આશ્રયે જે પરિણમન થાય એ આત્માનું ભવન થાય છે. તેથી તેના સ્વભાવે (પરિણમવાથી), જ્ઞાનસ્વભાવી હોવાથી તેનું ભવન થવાથી. **'આત્માનું ભવન...'** એટલે આત્માનું પૂર્ણ સ્વરૂપ પરિણમે છે. **'માટે તે આત્માના મોક્ષનું કારણ થાય છે.'** આહા..હા...!

કાલે તો ભક્તિમાં આવ્યું નહોતું ? 'પ્રભુ મેરે તુમ સબ બાતે પૂરા' આ..હા...! તારામાં શું ખામી છે ? ભાઈ ! 'પ્રભુ મેરે તુમ સબ બાતે પૂરા, પર કી આશ કહાં કરે પ્રિતમ' પ્રભુ ! પ્રિતમ કહીને કહ્યું, હે પ્રેમ કરવાવાળા ભગવાન ! તું પ્રીતમ છો, પ્રભુ ! આ..હા...! અન્ય કી આશ કહાં કરે પ્રીતમ ? કઈ વાતે તું અધૂરા ? કયા ભાવે, કયા ગુણે, કઈ શક્તિએ તું અધુરો ક્યાં છે ? આ..હા..હા...!

એક એક ગુણ જે જીવતરશક્તિ આદિ છે એમાં અનંત ગુણનું રૂપ (છે), એવો એક એક ગુણ પરિપૂર્ણ, પ્રભુત્વ આદિથી ભરેલો પરિપૂર્ણ, એવા અનંત ગુણનું રૂપ પ્રભુ તારું એ ક્યાં અધુરું અને વિરુદ્ધ છે. આ..હા...! એ તો પરિપૂર્ણ પ્રભુ છે. એ પરિપૂર્ણ પ્રભુને આશ્રયે જે ભવન થાય એટલે દશા થાય તે મોક્ષનું કારણ છે. આહા..હા...!

**'આત્માના મોક્ષનું કારણ થાય છે. આ રીતે જ્ઞાન જ...'** આત્માનો સ્વભાવ જે જ્ઞાનાદિ છે તેનું પરિણમન જ **'વાસ્તવિક મોક્ષહેતુ છે.'** તેનું પરિણમન (કહ્યું). જ્ઞાન એટલે જ્ઞાનનું

પરિણમન, આત્માનું પરિણમન. ત્રિકાળી પરિપૂર્ણ પ્રભુ ! એનું પરિણમન (થાય) એ જ મોક્ષનું કારણ હેતુ છે. આ..હા...! વાસ્તવિક તો એ મોક્ષનું કારણ છે. વિકાર તે પુદ્ગલસ્વભાવી હોવાથી, ચૈતન્યના કોઈ ગુણસ્વભાવી નહિ હોવાથી તે પુદ્ગલસ્વભાવી (છે અને) તે આત્મસ્વભાવનું મોક્ષનું કારણ થતું નથી. આહા..હા...! આવું આકરું પડે.

ચિંતવન, મનન, વિકલ્પાદિ (પુદ્ગલસ્વભાવી છે). આહા..હા...! પ્રભુ તો પરિપૂર્ણ ભગવાન (છે). ગુણે પરિપૂર્ણ પડ્યો છે ને પ્રભુ ! એમાં વિકલ્પ ઊઠાવવો એ એની જાત નથી. આહા..હા...! એ પુદ્ગલસ્વભાવી જાત કજાત છે. એનાથી આત્માનો મોક્ષ અને પરિપૂર્ણ (દશાનું) કારણ, પરિપૂર્ણ સ્વભાવની શક્તિની વ્યક્તતાનું કારણ એ થતું નથી. આહા..હા...!

## શ્લોક-૧૦૬

(अनुष्टुभ्)

वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्।।१०६।।

હવે આ જ અર્થના કળશરૂપ બે શ્લોકો કહે છે :-

શ્લોકાર્થ :- (एकद्रव्यस्वभावत्वात्) જ્ઞાન એકદ્રવ્યસ્વભાવી (-જીવસ્વભાવી-) હોવાથી (ज्ञानस्वभावेन) જ્ઞાનના સ્વભાવથી (सदा) હંમેશાં (ज्ञानस्य भवनं वृत्तं) જ્ઞાનનું ભવન થાય છે; (तत्) માટે (तद् एव मोक्षहेतुः) જ્ઞાન જ મોક્ષનું કારણ છે. ૧૦૬.

## શ્લોક ૧૦૬ ઉપર પ્રવચન

'હવે આ જ અર્થના કળશરૂપ બે શ્લોકો કહે છે :-'

वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्।।१०६।।

આહા..હા...! આ ૧૦૬ કળશ છે ને ! એમાં પેલા સ્વરૂપાચરણ(ના) છ બોલ લખ્યા છે. આમાં - 'ज्ञानस्य भवनं वृत्तं' નીચે છે ને બીજે ? એના અર્થમાં (લખ્યા છે). જ્ઞાનનું

ભવન એટલે કે સ્વરૂપાચરણ. એટલે કે સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય છે તેનું પરિણમન – આચરણ (થવું) તે જ એક મોક્ષનું કારણ છે. આહા..હા...!

**'एकद्रव्यस्वभावत्वात्'** જ્ઞાનાદિ અનંત ગુણ જે શુદ્ધ છે એ એકદ્રવ્યસ્વભાવી (છે). એક જ દ્રવ્યસ્વભાવી (છે), બીજા દ્રવ્યનું ત્યાં અવલંબન, નિમિત્ત છે જ નહિ. આહા..હા...! **'એકદ્રવ્યસ્વભાવી...'** પૂર્ણ પ્રભુ ! અનંત ગુણે પ્રભુ પૂર્ણ (છે), એવો એકદ્રવ્યસ્વભાવ. આહા..હા...! **'स्वभावत्वात्'** છે ને ? એકદ્રવ્યસ્વભાવ હોવાથી એમ. એક દ્રવ્યનો એ સ્વભાવ હોવાથી. આહા..હા...!

અનંત અનંત ગુણ જે પવિત્ર પ્રભુ ! એનું એકદ્રવ્યસ્વભાવી એટલે તે ગુણનું પરિણમન શુદ્ધ (થયું) તે એકદ્રવ્યસ્વભાવી છે. આ..હા...! **'જ્ઞાન...'** એટલે ગુણ. શાંતિ, વીતરાગ આનંદ વિગેરે. **'એકદ્રવ્યસ્વભાવી...'** એક આત્મદ્રવ્યસ્વભાવી ઈ વસ્તુ છે. એનું પરિણમન.

**'ज्ञानस्वभावेन'** આ..હા..હા...! એવા **'एकद्रव्यस्वभावत्वात्'** એક દ્રવ્યના સ્વભાવ હોવાથી. પરિપૂર્ણ પવિત્ર એકદ્રવ્ય સ્વભાવ એવો જે હોવાથી. **'ज्ञानस्वभावेन'** તે શુદ્ધનું પરિણમન થવું. આહા..હા...! શુભાશુભનું પરિણમન (થવું) તે અશુદ્ધ પરિણમન (છે અને તે) પુદ્‌ગલસ્વભાવી કહેવામાં આવ્યું. આહા..હા...! હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના એ પણ પુદ્‌ગલસ્વભાવી છે.

અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતાનો અંત નહિ એટલા ગુણો ! પણ કોઈ એક ગુણ વિકૃતપણે પરિણમે એવો કોઈ ગુણ એનામાં છે નહિ. આ..હા..હા...! એ ગુણનો ગુણ અનંતા... અનંતા... અનંતા ગુણોનો ગુણ વિકારપણે થવું તે ગુણનો ગુણ નથી. આહા..હા...! એ ગુણનો ગુણ અનંત પવિત્ર જે ગુણોની સંખ્યા, તે ગુણનો ગુણ પવિત્રપણે પરિણમવું તે ગુણનો ગુણ છે.

આહા..હા...! અરે...! એને પોતાની મોટપની ખબર ન મળે. પોતાના માહાત્મ્યની ખબર ન મળે કે આ ચૈતન્યતત્ત્વ શું છે ? કરોડોની કિંમતના હીરા કહેવાય છે, એના પાસા હોય છે. આ તો અનંતા પાસાવાળો, પવિત્ર પાસાવાળું તત્ત્વ પ્રભુ (છે એમાં) અનંતા ગુણના પાસા ભર્યા છે. આ..હા..હા...! એવો એકદ્રવ્યસ્વભાવ જેમાં પરનું લક્ષ અને પર્યાયમાં પરનો આશ્રય છે એ આમાં નથી. આહા..હા...!

અહીં આ ત્રણ લીટીમાં પૂરું કર્યું છે. કળશમાં આખું પાનું ભર્યું છે ! છ વાર સ્વરૂપાચરણ, સ્વરૂપાચરણ એવા શબ્દ છે. આ..હા...! એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપાદિ સ્વરૂપાચરણ નથી. આ..હા....! એ તો વિભાવઆચરણ છે તેથી તે પુદ્‌ગલસ્વભાવ છે.

ભગવાનઆત્મા ! અનંત ગુણથી પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો પ્રભુ ! એના ગુણથી ગુણનું પરિણમવું. એના ગુણનો ગુણ શુદ્ધ નિર્વિકારી આનંદ ને જ્ઞાન ને શાંતિ ને સ્વચ્છતા ને પ્રભુતા, એવી નિર્મળ પર્યાયપણે થવું એ ગુણનો ગુણ છે. આહા..હા...! એ ગુણે શું ગુણ

કર્યો ? આહા..હા...! એ અનંતા અનંતા ગુણો છે તેણે શું ગુણ કર્યો ? કે એનો આદર કરતાં શુદ્ધ પરિણમન કર્યું તે તેનો ગુણ કર્યો. આહા..હા...! માણસ કહે ને, ભઈ ! આના સંગે તને શું લાભ થયો ? એમ પ્રભુ ! ભગવાન ! તું પરિપૂર્ણ છો, પ્રભુ ! આ..હા..હા...! (તારામાં) વિકાર તો નહિ પણ અપૂર્ણતા નહિ. આહા..હા...! એવો પરિપૂર્ણ સ્વભાવી અનંત ગુણથી ભરેલો પ્રભુ ! તેનો ગુણ તો શુદ્ધપણે, પવિત્રપણે, આનંદપણે, શાંતિપણે, સ્વચ્છતાપણે, ઈશ્વરતાપણે થવું. અનંત ગુણનું ગુણપણે પરિણમન થવું તે તેનો ગુણ અને તે મોક્ષનું કારણ છે. આહા..હા...!

મુમુક્ષુ :– મંદ કષાય કરતાં કરતાં શાંત થઈ જાય.

ઉત્તર :– ધૂળમાંય થાય નહિ. મંદ કષાય છે (એ) ઝેર છે. ઝેર કરતાં કરતાં અમૃત થાય ! લસણ ખાતાં ખાતાં કસ્તૂરીનો ડકાર આવે તો શુભભાવ કરતાં કરતાં શુદ્ધતા થાય. આ..હા...!

અહીં તો એકદ્રવ્યસ્વભાવી વસ્તુ અનંત ગુણનો પિંડ પ્રભુ ! પરિપૂર્ણ પ્રભુ ! તેનું પરિણમન, તે ગુણનું પરિણમન (મોક્ષનું કારણ કહ્યું છે). આ..હા...! અનંતા અનંતા ગુણોનું વર્તમાન પર્યાયમાં પરિણમન તે એકદ્રવ્યસ્વભાવી હોવાથી, એક સ્વદ્રવ્યનો સ્વભાવ તે પરિણમન થયું, એ મોક્ષનું કારણ છે. રાગની મંદતા લાખ, કરોડ, અનંત કરે, અનંત વાર કરી છે (છતાં તે મોક્ષનું કારણ નથી). આ..હા...!

મુમુક્ષુ :– વિશુદ્ધ લબ્ધિ કીધી છે, વિશુદ્ધ લબ્ધિ પ્રગટ થાય પછી શુદ્ધ થાય.

ઉત્તર :– લબ્ધિ-બબ્ધિ પછી, અહીં તો સીધો સ્વભાવ (પ્રગટ કરે). લબ્ધિ સાંભળે છે, સાંભળ્યું છે, દેશનાલબ્ધિ, એનાથી ન થાય. કારણ કે એ તો પરલક્ષે સાંભળ્યું. સ્વલક્ષે સાંભળવામાં જાય તો તો પરલક્ષ છૂટી જાય છે. (એ) હો, પણ એનાથી થાય નહિ. આહા..હા...! ઈ તો આમાં 'ભાવપાહુડ'માં પહેલા આવ્યું નહોતું ? કે, મોક્ષમાર્ગ થાય છે તો અંદરના નિર્મળ ભાવથી, પણ દ્રવ્યલિંગ નગ્ન અને પંચ મહાવ્રત એવો દ્રવ્ય સાથે હોય જ. ભાવ અને દ્રવ્ય બેય આવ્યા હતા. પણ એ દ્રવ્ય મોક્ષનું કારણ (નથી). છતાં એ નિમિત્ત તરીકે હોય ખરું. આહા..હા...!

પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! અંદર સળવળીને, ચળીને જ્યારે.. આહા..હા...! પરિણમે છે... આહા..હા...! ત્યારે ત્યાં અંદર આનંદની લહેર ઊઠે છે. એની સાથે અનંતા ગુણોનું પરિણમન ઊઠે છે. તે એકદ્રવ્યસ્વભાવી હોવાથી, તે એકદ્રવ્યસ્વભાવ એવો જે મોક્ષ, મોક્ષ આત્માનો સ્વભાવ છે તેથી આત્માના દ્રવ્યસ્વભાવથી તેનો મોક્ષ થાય છે. આહા..હા...! એનો સંગ કરવાથી શું લાભ થયો ? પૂર્ણાનંદના નાથનો સંગ કરવાથી શું થયું ? એ અસંગ છે તેનો સંગ કરવાથી (શું લાભ થયો) ? આ..હા..હા...! અંદર એ અસંગ વસ્તુ છે. જેને રાગનોય સંગ નથી. વસ્તુ ત્રિકાળ નિરાવરણ અસંગ શુદ્ધ (પડી છે). આહા..હા...! એનો સંગ કરવાથી

શું થયું ? કે, એનો સંગ કરવાથી મોક્ષનું કારણ (પ્રગટ) થયું. આ..હા...! કેમકે એનો સંગ પૂર્ણ કરવાથી મોક્ષ થાય છે. તો શરૂઆતનો સંગ કરવાથી મોક્ષનું કારણ થાય છે. આહા..હા...! આવી વાતું હવે લોકોને સાંભળવા મળે નહિ, બહારમાં વખત ન મળે. અરે..રે...! આવા ટાણા – ટાઈમ મળ્યો.

આ એક શ્લોકમાં છ વાર સ્વરૂપાચરણ ચારિત્ર નાખ્યું છે. છ વાર ! સ્વરૂપાચરણ... સ્વરૂપાચરણ. રાગ એ કરૂપાચરણ – પુદ્ગલઆચરણ (છે). આહા..હા...! **'वृत्तं'**, **'वृत्तं'**નો અર્થ ત્યાં એ કર્યો છે. સ્વદ્રવ્ય આચરણ. છે ને ? **'ज्ञानस्य' 'જ્ઞાનના સ્વભાવથી હંમેશાં...'** **'सदा'** નામ હંમેશાં, ત્રિકાળ – ત્રણે કાળમાં. આહા..હા...! **'ज्ञानस्य भवनं वृत्तं'** જ્ઞાનનું થવું – સ્વરૂપાચરણ, દ્રવ્યસ્વરૂપનું આચરણ, દ્રવ્યસ્વભાવનું વર્તન, દ્રવ્યસ્વભાવનું પરિણમન. એ મોક્ષનું કારણ થાય છે.

કાલે તો ભક્તિમાં આવ્યું હતું, નહિ ? 'પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા' 'પ્રભુ મેરે તુમ સબ વાત પૂરા, પર કી આશ કહાં કરે પ્રીતમ' મારા નાથ ! પ્રેમનો નાથ ! સાગર ! 'પર કી આશ' રાગ અને પરની આશ તું શું કરે છે ? 'પર કી આશ કહાં કરે પ્રતીમ, કઈ વાતે તું અધૂરા' કઈ વાતે તું અધૂરો છો ? આહા..હા...! કયા ભાવે તું અધૂરો છો કે પરની આશા રાખે છે ? કે આ દયાથી, રાગથી, પુણ્યથી (ધર્મ) થશે. અરે...! પ્રભુ ! શું કરે છે તું આ ? તારામાં ક્યાં અધૂરાશ છે ને ક્યાં પૂરું નથી ભરેલું ? આ..હા..હા...! એ પૂરો હશે તે છલકાશે. આહા..હા...!

અનંત અનંત ગુણનો સાગર પ્રભુ ! એવું જે તેનું **'वृत्तं'** એટલે સ્વરૂપાચરણ., એ આ **'ज्ञानस्य भवनं वृत्तं'** આત્માનું થવું તે ચારિત્ર છે. **'वृत्तं'** એટલે ચારિત્ર. વ્રત ને તપ ને ભક્તિ ને એ કોઈ ચારિત્ર નથી. એ તો અચારિત્ર છે. આહા..હા...! **'ज्ञानस्य'** આત્માના પરિપૂર્ણ સ્વભાવનું પર્યાયમાં **'भवनं'** નામ સત્‌નું જે સત્ત્વ છે (તેનું પરિણમન). સત્ એવો જે પ્રભુ, એનું જે સત્ત્વ અનંત ગુણ છે તેનું પર્યાયમાં પરિણમવું... આ..હા...! ત્રણ એક જાત થઈ જાય. આહા..હા...!

દ્રવ્ય પદાર્થ પ્રભુ ! જેને ચૈતન્યનો આશ્રય છે... આ..હા...! ચૈતન્ય એવા ગુણને જેનો આશ્રય છે, એનો આશ્રય છે... આહા..હા...! એવા સ્વસ્વભાવી ભગવાન... આહા..હા...! એક સાધારણ વાતમાં લલચાય જાય, લોભાય જાય અને રાજી થાય એને આવો મારો નાથ પ્રભુ પૂર્ણ સ્વરૂપે (છે) એને એનો પ્રેમ કેમ આવે ? આહા..હા..! સાધારણ કોઈ પાંચ-પચીસ લાખ પૈસા થયા, છોકરા બે-પાંચ રળાવ, કર્મી થયા, કર્મી ! કર્મી થયા અને કંઈક બાયડી ઠીક થઈ ને બાયડી પીયરમાંથી પાંચ-પચીસ લાખ લઈને આવી, ત્યાં તો આમ જાણે... આ..હા..હા...! (થઈ જાય). શું છે પ્રભુ તને ? આ..હા...! આ દુઃખના સ્થાનમાં તને રાજીપો ! એ આનંદના નાથનો રાજીપો તને નહિ આવે, નાથ ! આહા..હા...!

અતીન્દ્રિય અનંત ગુણનો સાગર પ્રભુ ! આ..હા..હા...! જેમાં અનંતા ગુણોના એક એક ગુણનું અનંત રૂપ, એવો છલોછલ, ઠસોઠસ પરિપૂર્ણ પ્રભુ ભગવાન છે ને નાથ ! આ..હા..હા...! પ્રભુ ! તેની સામું જો ને ! એનો સંગ કર ને ! આ રાગ ને વિકારના સંગથી તો સંસારમાં દુઃખી છો, પ્રભુ ! વર્તમાન દુઃખી છો, એમ આવ્યું છે, કાલે આવ્યું હતું. પૈસાવાળા આદિ કરોડોપતિ વર્તમાન દુઃખી છે. આહા..હા..! કેમકે એનું લક્ષ પર ઉપર – ધૂળ ઉપર જાય છે. આહા..હા...! કાં પંદર-પચીસ હજારનો માસિક પગાર હોય તો જાણે ઓ..હો..હો....! અમે જાણી વધી ગયા ! ધૂળમાં ! ધૂળમાં વધી ગયા. આહા..હા...!

ચૈતન્ય સ્વભાવ... **'ज्ञानस्य भवनं वृत्तं'** આ (આવ્યું) એટલો અર્થ અહીં ચાલે છે. એ ભગવાન પૂર્ણ સ્વરૂપ જે છે તેનું **'वृत्तं'**, **'वृत्तं'** એટલે તેનું આચરણ. સમજાય છે ? એને **'वृत्तं'** કીધાં, પણ સ્વરૂપનું આચરણ તે નિશ્ચય વ્રત. આહા..હા...! અરે...! આત્માનું થવું – **'भवनं'** સત્ત્વ પ્રભુ જે છે, સત્‌નું સત્ત્વ. પ્રભુ સત્ છે, ચિદાનંદ એ ગુણોનું પૂર્ણ સ્વરૂપ છે, એ સત્ત્વ છે, એ સત્ત્વનું પરિણમન થવું... આ..હા...! એટલે એ સત્ત્વનું નહિ પણ સત્‌નું પરિણમન થવું. આહા..હા...! એ સત્‌નું સત્ત્વ છે તેનું સત્‌નું પરિણમન સત્ત્વપણે પર્યાયમાં થવું. ઈ 'ચિદ્‌વિલાસ'માં આવે છે. ગુણનું પરિણમન નથી, દ્રવ્યનું પરિણમન છે. ગુણનું પરિણમન (એટલે) એક ગુણ ભિન્ન (પરિણમે છે) એમ નથી, આખું દ્રવ્યનું પરિણમન. ગુણનું પરિણમન તે દ્રવ્યનું પરિણમન નહિ પણ દ્રવ્યનું પરિણમન તે ગુણનું પરિણમન છે. 'ચિદ્‌વિલાસ'માં આવે છે. આહા..હા...! આવી વાતું હવે ક્યાંય સાંભળી ન હોય, બીજી જાત બધી. માર્ગ બહુ જુદો, ભાઈ ! આહા..હા...!

કહે છે કે, આત્મા જે સ્વભાવથી પરિપૂર્ણ છે તે સ્વભાવનું થવું. એટલે તે સ્વરૂપનું આચરણ થવું, તે સ્વરૂપનું પર્યાયમાં આચરણ થવું તેને અહીંયાં વ્રત કહેવામાં આવે છે અને તે વ્રત તે મોક્ષનું કારણ છે. આહા..હા...! છે કે નહિ અંદર ?

આત્મ-ભવનં (અર્થાત્) આત્માનું પર્યાયમાં થવું તે વ્રત, તે ચારિત્ર. આહા..હા...! ભગવાન પરિપૂર્ણ અનંત ગુણે ભરેલો. એવો જે દ્રવ્યસ્વભાવ, તે સ્વભાવ પોતે – દ્રવ્ય આખું પર્યાયમાં પરિણમે છે. આહા..હા...! શુદ્ધ શુદ્ધપણે, શુદ્ધ ઉપયોગપણે પરિણમન (થવું) તેને અહીંયાં ચારિત્ર કહ્યું છે. આ..હા...! એ વાત તો પડી રહી ને બહારના આ વ્રત ને આ તપ ને આ અતિચાર (કર્યા), રસ ત્યાગ્યો ને ફલાણું ત્યાગ્યું ને ધૂળ. પણ આત્મરસ ત્યાગી દીધો એનું શું કરવું ?

આત્મરસ ! ભગવાન અનંત ગુણનો રસ ! એની તો દૃષ્ટિ છોડી દીધી અને રાગના રસના રસમાં પડ્યો, પ્રભુ ! એ તો મિથ્યા આચરણ છે. ભલે તેણે (બીજા) રસ છોડી દીધા હોય, એક જ રસ ખાતો હોય, પાંચ રસ છોડીને ઢીકણું કર્યું. આ..હા...! અને તે પણ રસનો ત્યાગ કરે ત્યારે કહે કે, આને બે રસ ખપે, ઈ બે રસ બનાવો. એને ખપે

ઈ બનાવે ને ! અર..ર...! આહા..હા...!

પ્રભુનો મારગ બહુ શુરાનો, એ કાયરના કામ નથી. આહા..હા...! નામર્દનું અહીં કામ નથી. ઈ આવી ગયું હતું. પુણ્ય પરિણામમાં રોકાનારા નામર્દો છે, ક્લીબ છે. આહા..હા...! ઈ આપણે પહેલાં આવી ગયું છે. કેટલામી ગાથા છે ? ૧૫૪, ૧૫૪ (ગાથામાં) આવ્યું છે. **'નામર્દાઈને લીધે'** **'દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે...'** આહા..હા...! (જે) ભગવાનના સ્મરણ ને વિકલ્પને જરીયે અડ્યો નથી, આહા..હા...!

એક બાજુ કહ્યું કે, દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયને ચૂંબે છે. એ તો પરદ્રવ્યથી ભિન્ન કરીને (કહ્યું). પછી જ્યારે સ્વદ્રવ્યમાં ભિન્ન, પોતાના દ્રવ્યના પવિત્રને ચૂંબે છે, અપવિત્રને એ ચૂંબતો અને અડતોય નથી. એ અધ્ધર જેમ પાણીના દળમાં તેલના બિંદુ ઉપર ઉપર રહે છે, પાણીના દળમાં તલના તેલના ટીપા અંદર નહિ જાય. એમ ભગવાન આનંદનો સાગર પ્રભુ ! એમાં એ પુણ્યના પરિણામ તેલ જેવા અંદર નહિ જાય. એ ઉપર ઉપર રહેશે. આહા..હા...! એ એનો સ્વભાવ નથી. આહા..હા...! આવું સ્વરૂપ આકરું પડે.

(અહીંયાં કહે છે), **'ज्ञानस्य भवनं वृत्तं'** આત્માના અનંતા ગુણો પવિત્ર છે, એ પવિત્રનો પિંડ પ્રભુ આત્મા દ્રવ્ય, તેનું થવું. જે પવિત્ર ગુણો છે તે પણે દ્રવ્યનું પરિણમન થવું. આહા..હા...! તેને ચારિત્ર કહે છે. આ ચારિત્રની વ્યાખ્યા ! આહા..હા...! એ **'ज्ञानस्य भवनं'** સ્વરૂપનું થવું તે સ્વરૂપાચરણ છે. સ્વરૂપનું થવું તે સ્વરૂપાચરણ છે. સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય છે તેનું પરિણમવું તે સ્વરૂપાચરણ છે. સ્વરૂપાચરણ છે તે ચારિત્ર છે. આહા..હા...! આવું છે.

સંપ્રદાયમાંથી વિરોધ ઊભો કરે.. એ... એકાંત છે, એ તો એકાંત છે. જા જઈને પ્રભુને કહે. પ્રભુને કહે, આ એકાંત છે, એકાંત છે. આહા..હા...! શું કરે ? લાખ શાસ્ત્ર ભણ્યો હોય પણ ભણી ભણીને કાઢ્યું હોય પાછું ઈ કે, રાગથી લાભ થાય ને વ્યવહારથી લાભ થાય.

અહીં પરમાત્મા કહે છે, પરમાત્માએ કહેલું જ સંતો કહે છે. આત્માનું પરિણમન, ભવન એટલે પરિણમન. સત્, એનું અનંત ગુણનું જે સત્ત્વ – ગુણ, તેનું પરિણમન તે વ્રત છે, તે ચારિત્ર છે. આહા..હા...! માટે **'तद एव मोक्षहेतुः'** **'तद एव मोक्षहेतुः'** એક **'तत्'**નો અર્થ એ કર્યો. **'तत् तत् एव मोक्षहेतुः'** તે જ, તે જ મોક્ષનો હેતુ. એમ. વાત એમ છે. **'तत् तत् एव मोक्षहेतुः'** તે જ, તે જ મોક્ષનો હેતુ – કારણ છે. આહા..હા...! એમાં બે તત્ જ છે. હા, તત્ જ છે. બે વાર તત્, તત્ કરીને (વાત કરી છે). તે જ, તે જ મોક્ષનું કારણ છે. આમાં છે. બે ટીકા છે ને ! એક આ ટીકા છે અને એક આ ટીકા છે. 'કળશટીકા' ! બે ટીકા છે. આ..હા..હા...! અહીં ત્રણ લીટી છે, ન્યાં તો આખુ પાનું ભર્યું છે. આહા..હા...!

સ્વરૂપાચરણ ! વ્રત, તપ, દયા, દાનના વિકલ્પો (થાય) એ પુદ્ગલ આચરણ (છે). આહા..હા...! બે ભાગ જ પાડ્યા. એક કોર પુદ્ગલ આચરણ અને એક કોર સ્વરૂપાચરણ.

આહા..હા...! ભગવાન પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો પ્રભુ, તેનું પરિણમન થવું, પરિપૂર્ણ દ્રવ્યનું પરિપૂર્ણપણે પરિણમન થવું, પરિપૂર્ણ પરિણમન થવું એ તો મોક્ષ (થયો), પણ એ પરિપૂર્ણ પરિણમન (થવું) એ દ્રવ્યનો સ્વભાવ છે. એમ અહીંયાં પરિપૂર્ણ દ્રવ્યનું પરિણમન ભલે અધૂરું છે તેને અહીંયાં ચારિત્ર – મોક્ષનો માર્ગ કહે છે. આહા..હા...!

**'માટે...'** **'तद एव मोक्षहेतुः'** **'જ્ઞાન જે મોક્ષનું કારણ છે.'** આ તો એકાંત 'જ' કહ્યો. **'एव'** છે ને **'एव'**. આત્માનું શુદ્ધ પરિણમન, શુભ-અશુભ ભાવથી રહિત, શુદ્ધ સ્વભાવે શુદ્ધના ઉપયોગનું પરિણમન (થવું) તે એક જ મોક્ષનું કારણ છે. એને એક જ મોક્ષનું કારણ છે, બે મોક્ષના કારણ નથી કે, વ્યવહાર અને નિશ્ચય. આહા..હા...! આવું આકરું કામ. ધંધા, બાયડી, છોકરા, પાપ આડે નવરો થાય નહિ, થોડો વખત મળે (અને) કલાક સાંભળવા જાય ત્યાં પેલા એવી વાતું કરે કે, આ..હા...! વ્રત કરો ને તપ કરો ને રસત્યાગ કરો, આમ કરો ને તેમ કરો. આહા..હા...! પરનું ત્યાગ-ગ્રહણ તો આત્મામાં છે જ નહિ. ત્યાગ-ગ્રહણ શૂન્ય છે. આહા..હા...! પરનો ત્યાગ અને પર રજકણનું ગ્રહવું એનાથી તો શૂન્ય છે. પછી રસનો ત્યાગવો એ ક્યાં (આવ્યું) ? રસને કે દિ' ગ્રહ્યો તો તે ત્યાગે ? આહા..હા...! ફક્ત રાગને પર્યાયમાં ગ્રહ્યો હતો, એ સ્વભાવનો આશ્રય લઈને તેને ત્યાગે છે. એમ એ નામકથન છે, નામકથન છે. આ..હા...! રાગનો ત્યાગ કરે છે એ પણ નામકથન (છે). પરમાર્થે તો એ વસ્તુસ્વરૂપ છે ઈ તો રાગરૂપે તો થઈ નથી. પછી થઈ નથી એને છોડ્યું ? (એ કેમ બને ?) આહા..હા...!

મુમુક્ષુ :– રાગ હોય તોય !

ઉત્તર :– એ થાય તોય વસ્તુ એ રૂપે થઈ નથી. આહા..હા...! વસ્તુએ તો રાગનો ત્યાગ (કર્યો) એ પણ વ્યવહાર છે. વસ્તુ પોતે જ્ઞાનસ્વભાવ છોડીને રાગરૂપે થઈ નથી. પરદ્રવ્યરૂપે તો થઈ નથી, પ્રશ્ન જ નહિ. પણ રાગરૂપે થઈ નથી. તો પછી રાગનો ત્યાગ કરવો એ તો નામમાત્ર છે. આહા..હા...! એ તો વસ્તુસ્વરૂપ પવિત્ર પ્રભુ છે, એમાં જામી જાય છે, ઠરી જાય છે, બસ ! એનું નામ ચારિત્ર. એણે અચારિત્રનો – રાગનો ત્યાગ કર્યો એ પણ અહીંયાં તો ઉપચારમાત્ર છે. વ્યવહાર રત્નત્રયનો ત્યાગ કર્યો એ પણ ઉપચારમાત્ર કથન છે. આહા..હા...! આવી વાતું છે. શું કરે પણ ?

**'तद एव मोक्षहेतुः'** **'तद एव'** આત્માના સ્વભાવનું પરિણમન, શુદ્ધનું પવિત્ર પરિણમન થવું એ રાગની ક્રિયાના અભાવસ્વભાવરૂપે પરિણમવું, તે એક જ મોક્ષનું કારણ છે. બીજું કોઈ મોક્ષનું કારણ છે નહિ. આહા..હા...!

## શ્લોક-૧૦૭

(अनुष्टुभ्)

वृतं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।
द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्।।१०७।।

**શ્લોકાર્થ :– (द्रव्यान्तरस्वभाववात्) કર્મ અન્યદ્રવ્યસ્વભાવી (– પુદ્‌ગલસ્વભાવી–) હોવાથી (कर्मस्वभावेन) કર્મના સ્વભાવથી (ज्ञानस्य भवनं न हि वृत्तं) જ્ઞાનનું ભવન થતું નથી; (तत) માટે (कर्म मोक्षहेतुः न) કર્મ મોક્ષનું કારણ નથી. ૧૦૭.**

## શ્લોક ૧૦૭ ઉપર પ્રવચન

બીજો શ્લોક.

वृतं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।
द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्।।१०७।।

આહા..હા...! **'द्रव्यान्तरस्वभाववात्' 'કર્મ અન્યદ્રવ્યસ્વભાવી (–પુદ્‌ગલસ્વભાવી) હોવાથી...'** આહા..હા...! એ વ્યવહાર વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દયા ને દાનના ભાવ (થાય એ) કર્મ અન્યદ્રવ્યસ્વભાવી (છે અર્થાત્) એ કાર્ય છે એ અન્યદ્રવ્યસ્વભાવી છે. ચૈતન્યસ્વભાવી એ કાર્ય નથી. આહા..હા...! ચૈતન્યનો સ્વભાવ તો વિકારરૂપે થવો એવો કોઈ છે નહિ. આહા..હા...! કર્મ નામ પુણ્યના પરિણામ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ **'અન્યદ્રવ્યસ્વભાવી...'** એ તો **'(–પુદ્‌ગલદ્રવ્યસ્વભાવી) હોવાથી...'** આહા..હા...!

**'कर्मस्वभावेन' 'કર્મના સ્વભાવથી..'** એ પુણ્યના પરિણામના સ્વભાવથી એટલે કે કર્મના સ્વભાવથી. **'ज्ञानस्य भवनं न हि वृत्तं'** આત્માનું હોવું થતું નથી. આહા..હા...! **'ज्ञानस्य भवनं न हि वृत्तं'** ચારિત્ર – જ્ઞાનનું થવું નથી તે ચારિત્ર. જ્ઞાનનું થવું નથી તે ચારિત્ર નથી, એમ (કહેવું છે). આહા..હા...! **'ज्ञानस्य भवनं न हि वृत्तं'** એ વ્રત પુદ્‌ગલના પરિણામ (છે) ઈ જ્ઞાનભવન નથી. આ..હા...! ઈ તો પુદ્‌ગલનો સ્વભાવ છે. આહા..હા...!

**'કર્મ અન્યદ્રવ્યસ્વભાવી (–પુદ્ગલસ્વભાવી) હોવાથી...'** એક કોર ભગવાનસ્વભાવીનું પરિણમન અને એક કોર કર્મસ્વભાવી પરિણમન (અર્થાત્) રાગ, દયા, દાન, વ્રતાદિ. આ..હા...! બે વાત (કરી). બહારની ધમાધમ. પંચકલ્યાણક થાય એટલે રથ જોડે, ઘોડા જોડે, હાથી (લાવે) અને બોલી બોલે, ત્રીસ-ત્રીસ લાખ, પચાસ લાખ ભેગા થાય ને (માને કે) ઓ..હો..હો...! શું ધર્મ થયો ! અહીં કહે છે કે, એ ધર્મ નથી, બાપુ ! એ તો પુદ્ગલસ્વભાવી વસ્તુ છે. આવું છે. આ..હા...!

**'કર્મના સ્વભાવથી...'** એટલે વિકારી ભાવ તો કર્મનો સ્વભાવ છે, આત્માનો સ્વભાવ (તો) વિકારપણે થવું એવો સ્વભાવ નથી. આહા..હા...! તેથી કર્મસ્વભાવથી આત્માનું **'ભવનં ન હિ વૃત્તં' 'જ્ઞાનનું ભવન...'** ચારિત્ર **'થતું નથી;...'** કર્મના સ્વભાવથી આત્માનું એવું ચારિત્ર તે થતું નથી. આહા..હા...! **'માટે...' 'કર્મ મોક્ષહેતુઃ ન'** (અર્થાત્) એ પુણ્યના પરિણામ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ કર્મ (છે). કર્મ એટલે કાર્ય. તે **'મોક્ષનું કારણ નથી.'** આહા..હા...! શુભરૂપી કાર્ય તે મોક્ષનું કારણ નથી. આહા..હા...!

મુમુક્ષુ :– મોક્ષમાર્ગનું તો કારણ છે.

ઉત્તર :– બિલકુલ નહિ. મોક્ષમાર્ગની વાત જ અહીં ચાલે છે. મોક્ષમાર્ગનું કારણ જરીયે નથી, બંધનો માર્ગ – સંસારમાર્ગ છે. આવું છે. આહા..હા...!

મુમુક્ષુ :– 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં ઘણી વાર આવે છે.

ઉત્તર :– હા, ઈ તો હતું એનું જ્ઞાન કરાવ્યું. દૂધ શેમાં હતું, દહી શેમાં હતું, એ વાસણનું – નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. નિમિત્ત હોય છે પણ તે નિમિત્તથી અંદર થાતું નથી. અહીં પહેલું કહ્યું ને ! ભાવચારિત્રપણું સમ્યગ્દર્શન, અનુભવપૂર્વક અંદર જ્યાં પ્રગટે ત્યાં આગળ વ્રતાદિના વિકલ્પ અને નગ્નપણું જ હોય છે. દ્રવ્યપણું – દ્રવ્ય એવું જ હોય છે. જેવો અહીં ભાવ – સ્વભાવ શુદ્ધપણે પરિણમ્યો તો એનું નિમિત્ત પણ ત્યાં નગ્નપણું ને પંચ મહાવ્રત ને એ જ નિમિત્ત હોય છે. છતાં એનાથી થાય છે એમ નહિ. આહા..હા...! આહા..હા...!

પેલા કહે છે ને ! 'જાતિવેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય' ગમે તે જાત ને ગમે તે વેશ હોય, એમ નહિ. નગ્નપણું અને પંચ મહાવ્રતના પરિણામ જ નિમિત્તપણે, દ્રવ્યપણે હોય. ત્રિકાળી સ્વભાવનું, મોક્ષનું કારણનું જે પરિણમન થયું ત્યાં નિમિત્ત આવું જ હોય છતાં એનાથી મોક્ષ ન થાય. છતાં નિમિત્ત હોય તો એવું જ હોય. આહા..હા...! કોઈ વસ્ત્રસહિત હોય તોપણ જાણે મુનિ થાય (એમ) ત્રણકાળ ત્રણલોકમાં (નથી).

મુમુક્ષુ :– આ લોકમાં તો બધા મુનિ થાય છે, આચાર્ય થાય છે, ઉપાધ્યાય થાય છે.

ઉત્તર :– એ આચાર્ય, ઉપાધ્યાય થાય એ બધા વિકલ્પ. ક્યાં હતા ? આકરું કામ, બાપુ ! બહુ મુશ્કેલી પ્રભુ ! છે તો પ્રભુ તારા હિતની વાતું. બાપુ ! આ દેહ આવ્યો. દેહ

છૂટી જશે. ભાઈ ! આ તો મુદતી ચીજ છે. તું તો અનાદિઅનંત છો, પ્રભુ ! આ તો મુદતની ચીજ છે, મુદત છે ત્યાં સુધી રહેશે (પછી) ચાલી જશે. આહા..હા...! પછી ક્યાં જઈશ ? પ્રભુ ! આહા..હા...! તારી દૃષ્ટિ જો રાગ અને પુણ્ય ઉપર હશે તો પ્રભુ ! તું પુદ્‌ગલમાં જઈશ, રખડવામાં જઈશ. આહા..હા...! અને જે રાગરહિત પ્રભુઆત્મા શુદ્ધ ચૈતન્યઘન છે, એવી જો દૃષ્ટિ હશે તો અહીંથી જઈને પણ તું આત્મામાં જ રહીશ. ગમે તે અવતાર થાવ, પછી મનુષ્યનો કે દેવનો, પણ ત્યાં તું આત્મામાં જ રહીશ. ગતિમાં તું નહિ જઈ શકે. નિમિત્તપણે ભલે (ગતિમાં) હો. આહા..હા...! આવી વાતું.

**'કર્મ મોક્ષનું કારણ નથી.'** એ ૧૦૭ (શ્લોક પૂરો) થયો.

**શુદ્ધ નિશ્ચયનયના બળથી વ્યવહારનયને હેય કહ્યો છે, તે હેયરૂપ વ્યવહારનયના વિષયમાં ઉદય આદિ ચાર ભાવો આવી જાય છે. ચૌદ જીવસ્થાનો અને ચૌદ માર્ગણાસ્થાનો અને ચૌદ ગુણસ્થાનો પણ આવી જાય છે. એ બધાને શુદ્ધ નિશ્ચયનયના બળથી હેય ગણવામાં આવે છે. અરે ! સંસાર અને મોક્ષ એ બધી પર્યાયો હોવાથી ત્રિકાળી શુદ્ધ જીવ વસ્તુમાં તેનો અભાવ હોવાથી તેને વ્યવહાર જીવ ગણીને હેય કહ્યા છે. આહાહા ! ગજબ વાત કરી છે. નિમિત્તને તો પરસ્વભાવ ગણી પરદ્રવ્ય ગણીને હેય કહેવામાં આવે છે અને રાગને પણ પરસ્વભાવ ગણી પરદ્રવ્ય ગણીને હેય કહેવામાં આવે છે પણ અહીં નિયમસાર ગાથા ૫૦ માં તો નિર્મળ પર્યાયને પણ પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહીને હેય કહે છે. આહાહા ! આચાર્યદેવે અંતરના મૂળ માખણની વાત ખુલ્લી કરી દીધી છે. નિર્મળ પર્યાય ઉપર લક્ષ જતાં વિકલ્પ ઊઠે છે, તેથી તેનું લક્ષ છોડાવવાના હેતુથી તેને પરસ્વભાવ ને પરદ્રવ્ય કહીને હેય કહી છે.**

–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ ઓક્ટોબર–૨૦૦૬

## શ્લોક–૧૦૮

(अनुष्टुभ्)

मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।
मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते।।१०८।।

હવે આગળના કથનની સૂચનાનો શ્લોક કહે છે :–

શ્લોકાર્થ :– (मोक्षहेतुतिरोधानात्) કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું હોવાથી, (स्वयम् एव बन्धत्वात्) તે પોતે જ બંધસ્વરૂપ હોવાથી (च) અને (मोक्षहेतुतिरोधायिभावत्वात्) તે મોક્ષના કારણના *તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી (तत् निषिध्यते) તેને નિષેધવામાં આવે છે. ૧૦૮.

### શ્લોક ૧૦૮ ઉપર પ્રવચન

'હવે આગળના કથનની સૂચનાનો શ્લોક કહે છે :–'

मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।
मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते।।१०८।।

આહા..હા...! પુણ્યના પરિણામ **'મોક્ષના કારણનું તિરોધાન કરનારું...'** ઢાંકનારું ઘાતક છે. આહા..હા...! જે એની પર્યાયમાં થાય છે છતાં તે પર્યાય તે દ્રવ્યના ગુણથી થઈ નથી. આહા..હા...! એ પુદ્ગલ અધ્ધર, એક કોર દ્રવ્ય ભગવાનઆત્મા અને એક કોર પુદ્ગલ. તો એ પુદ્ગલસ્વભાવી દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ. એ **'કર્મ મોક્ષના કારણનું...'** ઘાત કરનારું છે. તિરોધાન નામ ઘાત કરનારું છે. આહા..હા...! **'स्वयम् एव बन्धत्वात्'** એક વાત – ઘાત કરનારું છે અને (બીજું) સ્વયં બંધસ્વરૂપ છે. આહા..હા...! એ દયા, દાન, વ્રત ભાવબંધસ્વરૂપ છે. આહા..હા...! કર્મ દ્રવ્યબંધસ્વરૂપ છે. ભગવાન શુદ્ધ સ્વભાવ સ્વરૂપ છે. આહા..હા...!

**'પોતે જ બંધસ્વરૂપ હોવાથી...'** પુણ્યના પરિણામ શુભ, દયા, દાન, વ્રત, ભક્તિ એ

(*તિરોધાયિ = તિરોધાન કરનાર)

પોતે બંધસ્વરૂપ છે. આહા..હા...! **'અને...'** **'मोक्षहेतुतिरोधायिभावत्वात्'** **'તે મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ...'** વિરુદ્ધ ભાવસ્વરૂપ એમ. આ..હા...! પેલું ઘાત કરનારું હતું. પેલામાં આવ્યું છે ને ! કળશમાં કહ્યું હતું. દ્રવ્યચારિત્ર જે દયા, દાન, વ્રતાદિ જે ક્રિયા છે એ દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે. વિષયકષાયના પરિણામની પેઠે તે પણ બંધનું કારણ છે. આમાં આવ્યું હતું. બતાવ્યું હતું ને ?

'કળશટીકા' ૧૦૮ (કળશ). લ્યો, એ જ આવ્યું ! જુઓ ! **'કારણ કે વ્યવહારચારિત્ર...'** (અર્થાત્) એ પંચ મહાવ્રતના પરિણામ, પાંચ સમિતિ, ગુપ્તિ આદિ. વ્યવહારના બધા વિકલ્પો. **'એવું હોતું થકું દુષ્ટ છે,...'** વ્યવહારચારિત્ર તે દુષ્ટ છે. આ 'કળશટીકા' છે, 'રાજમલજી' કૃત. **'અનિષ્ટ છે,...'** દુષ્ટ છે, અનિષ્ટ છે અને **'ઘાતક છે;...'** વ્યવહારચારિત્ર નિશ્ચયચારિત્રની અપેક્ષાએ દુષ્ટ છે, અનિષ્ટ છે અને શાંતિનો ઘાતક છે. આહા..હા...! હવે આ વાતું ગુપ્ત પડી રહી ને ઉપરની બધી વાતું કરવી. દર્શનશુદ્ધિ કેમ થાય અને કેમ એનો સ્વભાવ હોય તો એનું શું સ્વરૂપ કહેવાય ? એ વાત પડી રહી અને ઉપરની વાતું બધી હો.. હા.., હો.. હા...! દસ-દસ હજાર, વીસ-વીસ હજાર માણસ ભેગા થાય (એટલે) રાજી થાય, લોકરંજન થાય. આહા..હા...! હવે આવા તો...

મુમુક્ષુ :– લોકરંજન એટલે રાગરંજન.

ઉત્તર :– લોકરંજન 'ભાવપાહુડ'માં આવ્યું હતું. રંજન ! વેશ પહેરીને લોકરંજન કરીશ નહિ. એવા મહાવ્રતના વેશ પહેરીને લોકરંજન કરીશ નહિ કે અમે સાધુ છીએ. 'ભાવપાહુડ'માં આવ્યું હતું. અને ભાઈ 'તારણસ્વામી' તો ત્યાં કહે (છે). એના શ્લોકમાં તો બહુ આવે છે કે, લોકરંજન કરનારાઓ નિગોદમાં જનારા છે. લોકને ખુશી કરે. આ..હા..હા...! શુભભાવ કરતા (કરતા) પણ લાભ થાય. બાપુ ! આહા..હા...!

મુમુક્ષુ :– આ કાળમાં તો શુભભાવ જ છે.

ઉત્તર :– અને આ કાળમાં શુભભાવ જ હોય (એમ તું કહે). અરે... પ્રભુ ! આત્મા નથી ? અને આત્મા છે તો એની (આત્માની) પ્રતીતિ અને અનુભવ એ શુભભાવ છે ? નથી. પ્રભુ... પ્રભુ ! શું કરે ? બાહ્યનો ત્યાગ નગ્નપણું દેખી લોકો બિચારા મૂર્છાય જાય છે.

મુમુક્ષુ :– વ્યવહારચારિત્રને છોડવું નહિ એની પર્યાયની એવી સ્થિતિ હશે.

ઉત્તર :– છોડવાનો અહીં ક્યાં પ્રશ્ન છે ? છે જ નહિ ને આમાં પછી છોડવું ક્યાં છે ? સ્વરૂપમાં ઠરે છે એ ચારિત્ર છે. પેલું ચારિત્ર નથી. (શુભભાવ) છે એ ભિન્ન રહી ગયું, છૂટી ગયું. છોડવું પડતુંય નથી. આ..હા...! રાગને છોડવો પડતો નથી. સ્વરૂમાં ચારિત્રમાં રમણતામાં તે ઉત્પન્ન થતું નથી, એ અપેક્ષાએ છોડ્યું એમ નામથી કહેવામાં આવે.

અહીં તો (કહે છે), **'વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે...'** વિષય-

કષાયની માફક (કહ્યું). આ..હા..હા...! વિષય-કષાયનો ભાવ જેમ પાપ છે તેમ આ વ્યવહારચારિત્ર પણ (તેની જેમ) નિષેધ કરવાલાયક છે. આ..હા...! બેય નિષેધ છે. આ..હા...! આમાં આખો ૧૦૮ મોટો શ્લોક છે. 'રાજમલજી'ની ટીકા છે.

(અહીં કહે છે), **'તિરોધાયભાવસ્વરૂપ...'** છે. વર્તમાન ભાવ, વિરોધભાવ હોવાથી. પેલો તો ઘાતક છે અને આ તો સ્વભાવથી વિરુદ્ધ ભાવ ભાવસ્વરૂપ હોવાથી **'તેને નિષેધવામાં આવે છે.'** લ્યો ! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

**આહા ! જેણે અનંતા સિદ્ધોને પોતાની પર્યાયમાં સ્થાપ્યા અને જેને જ્ઞાનનું-જ્ઞાયકનું જ્ઞાન થયું તેનું જ્ઞાન રાગને અને શરીરને જાણે છે. પરંતુ તેથી તેને જ્ઞેયકૃત-પ્રમેયકૃત અશુદ્ધતા થઈ નથી. કેમકે એ તો જ્ઞાયકની પર્યાયને જ જાણે છે. અહા ! એ રાગને જાણવા કાળે રાગ આકારે જે જ્ઞાન થયું છે તે રાગને કારણે (રાગને આકારે) થયું છે એમ નથી. પરંતુ તે કાળે જ્ઞાનપર્યાયનો જ પોતાના જ્ઞાનાકારે થવાનો સ્વભાવ હોવાથી એ રીતે થયું છે. માટે, તે વખતે રાગ જણાયો નથી પણ જાણનારની પર્યાયને તેણે જાણી છે. સમજાણું કાંઈ ?**

**શ્રોતા :- દ્રવ્ય ને પર્યાયની સત્તા ભિન્ન કરી નાખી ?**

**પૂજ્ય ગુરુદેવશ્રી :- બન્ને સત્તા ભિન્ન જ છે. દ્રવ્યની સત્તા દ્રવ્યમાં અને પર્યાયની સત્તા ભિન્ન છે. નિશ્ચયથી તો ચૈતન્યની સત્તાનાં પ્રદેશ છે તે પર્યાયનાં પ્રદેશથી ભિન્ન જ છે.**

**શ્રોતા :- તો પછી નિમિત્ત-નૈમિત્તિકસંબંધ કેમ કહ્યો ?**

**પૂજ્ય ગુરુદેવશ્રી :- એ નિમિત્ત-નૈમિત્તિકસંબંધનો અર્થ જ એમ છે કે કાંઈ સંબંધ જ નથી.**

**-પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ ઓક્ટોબર-૨૦૦૬**

## ગાથા-૧૫૭ થી૧૫૯

अथ कर्मणो मोक्षहेतुतिरोधानकरणं साधयति -

वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।
मिच्छत्तमलोच्छण्णं तह सम्मत्तं खु णादव्वं।।१५७।।
वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।
अण्णाणमलोच्छण्णं तह णाणं होदि णादव्वं।।१५८।।
वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।
कसायमलोच्छण्णं तह चारित्तं पि णादव्वं।।१५९।।

वस्त्रस्य श्वेतभावो यथा नश्यति मलमेलनासक्तः।
मिथ्यात्वमलावच्छन्नं तथा सम्यक्त्वं खलु ज्ञातव्यम्।।१५७।।
वस्त्रस्य श्वेतभावो यथा नश्यति मलमेलनासक्तः।
अज्ञानमलावच्छन्नं तथा ज्ञानं भवति ज्ञातव्यम्।।१५८।।
वस्त्रस्य श्वेतभावो यथा नश्यति मलमेलनासक्तः।
कषायमलावच्छन्नं तथा चारित्रमपि ज्ञातव्यम्।।१५९।।

---

ज्ञानस्य सम्यक्त्वं मोक्षहेतुः स्वभावः परभावेन मिथ्यात्वनाम्ना कर्ममलेनावच्छन्नत्वात्तिरोधीयते, परभावभूतमलावच्छन्नश्वेतवस्त्रस्वभावभूतश्वेतस्वभाववत्। ज्ञानस्य ज्ञानं मोक्षहेतुः स्वभावः परभावेनाज्ञाननाम्ना कर्ममलेनावच्छन्नत्वात्तिरोधीयते, परभावभूतमलावच्छन्नश्वेतवस्त्रस्वभाव-भूतश्वेतस्वभाववत्। ज्ञानस्य चारित्रं मोक्षहेतुः स्वभावः परभावेन कषायनाम्ना कर्ममलेनावच्छन्नत्वात्तिरोधीयते, परभावभूतमलावच्छन्नश्वेतस्त्रस्वभावभूतश्वेतस्वभाववत्। अतो मोक्षहेतुतिरोधानकरणात् कर्म प्रतिषिद्धम्।

---

હવે પ્રથમ, કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું છે એમ સિદ્ધ કરે છે :-

મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. ૧૫૭.

મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ્ વસ્ત્રનું,
અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. ૧૫૮.
મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. ૧૫૯.

ગાથાર્થ :– (यथा) જેમ (वस्त्रस्य) વસ્ત્રનો (श्वेतभावः) શ્વેતભાવ (मलमेलनासक्तः) મેલના મળવાથી ખરડાયો થકો (नश्यति) નાશ પામે છે – તિરોભૂત થાય છે, (तथा) તેવી રીતે (मिथ्यात्वमलावच्छन्नं) મિથ્યાત્વરૂપી મેલથી ખરડાયું–વ્યાપ્ત થયું–થકું (सम्यक्त्वं खलु) સમ્યક્ત્વ ખરેખર તિરોભૂત થાય છે (ज्ञातव्यम्) એમ જાણવું. (यथा) જેમ (वस्त्रस्य) વસ્ત્રનો (श्वेतभावः) શ્વેતભાવ (मलमेलनासक्तः) મેલના મળવાથી ખરડાયો થકો (नश्यति) નાશ પામે છે – તિરોભૂત થાય છે, (तथा) તેવી રીતે (अज्ञानमलावच्छन्नं) અજ્ઞાનરૂપી મેલથી ખરડાયું–વ્યાપ્ત થયું–થકું (ज्ञानं भवति) જ્ઞાન તિરોભૂત થાય છે (ज्ञातव्यम्) એમ જાણવું. (यथा) જેમ (वस्त्रस्य) વસ્ત્રનો (श्वेतभावः) શ્વેતભાવ (मलमेलनासक्तः) મેલના મળવાથી ખરડાયો થકો (नश्यति) નાશ પામે છે – તિરોભૂત થાય છે, (तथा) તેવી રીતે (कषायमलावच्छन्नं) કષાયરૂપી મેલથી ખરડાયું–વ્યાપ્ત થયું–થકું (चारित्रम् अपि) ચારિત્ર પણ તિરોભૂત થાય છે (ज्ञातव्यम्) એમ જાણવું.

ટીકા :– જ્ઞાનનું સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તે, પરભાવસ્વરૂપ જે મિથ્યાત્વ નામનો કર્મરૂપી મેલ તેના વડે વ્યાપ્ત થવાથી, તિરોભૂત થાય છે – જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ. જ્ઞાનનું જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તે, પરભાવસ્વરૂપ અજ્ઞાન નામના કર્મમળ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે – જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ. જ્ઞાનનું ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તે, પરભાવસ્વરૂપ કષાય નામના કર્મમળ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે – જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ. માટે મોક્ષના કારણનું (– સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનું –) તિરોધાન કરતું હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.

ભાવાર્થ :– સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર મોક્ષમાર્ગ છે. જ્ઞાનનું સમ્યક્ત્વરૂપ પરિણમન મિથ્યાત્વકર્મથી તિરોભૂત થાય છે; જ્ઞાનનું જ્ઞાનરૂપ પરિણમન અજ્ઞાનકર્મથી તિરોભૂત થાય છે; અને જ્ઞાનનું ચારિત્રરૂપ પરિણમન કષાયકર્મથી તિરોભૂત થાય છે. આ રીતે મોક્ષના કારણભાવોને કર્મ તિરોભૂત કરતું હોવાથી તેનો નિષેધ કરવામાં આવ્યો છે.

## પ્રવચન નં. ૨૩૭ ગાથા–૧૫૭થી ૧૬૦ રવિવાર, જેઠ સુદ ૨, તા. ૨૭-૦૫-૧૯૭૯

'સમયસાર' ૧૫૬ ગાથા પૂરી થઈ. ૧૫૭ (ગાથા). એનું મથાળું.

**'હવે પ્રથમ, કર્મ...'** જે શુભ-અશુભ ભાવ, મિથ્યાત્વ ભાવ એ **'મોક્ષના કારણનું...'** ઢાંકનારું છે. શુભ-અશુભ ભાવ એ મારો છે એવો મિથ્યાત્વ ભાવ અને સ્વરૂપનું અજ્ઞાન અને અચારિત્ર, એ સ્વરૂપને ઢાંકનારું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવું જે સ્વરૂપ, એને નહિ પ્રગટ કરવા દેતા, ઢાંકનારું (છે). એ કહે છે. ગાથા.

**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**
**मिच्छत्तमलोच्छण्णं तह सम्मत्तं खु णादव्वं।।१५७।।**
**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**
**अण्णाणमलोच्छण्णं तह णाणं होदि णादव्वं।।१५८।।**
**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**
**कसायमलोच्छण्णं तह चारित्तं पि णादव्वं।।१५९।।**

હરિગીત.

**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. ૧૫૭.**
**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ્ વસ્ત્રનું,**
**અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. ૧૫૮.**
**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. ૧૫૯.**

**ટીકા :– 'જ્ઞાનનું સમ્યક્ત્વ...'** આ..હા...! ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પ્રભુ ! એનું સમ્યક્. એનું જ્ઞાન થઈને તેની સ્વસંવેદનમાં પ્રતીતિ થવી, એવું જે જ્ઞાનનું સમકિત. જ્ઞાનનું સમકિત એટલે આત્માનું સમકિત **'કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** સમકિત જે આત્માનું સમકિત એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. આહા..હા...!

એ **'પરભાવસ્વરૂપ જે મિથ્યાત્વ નામનો કર્મરૂપી મેલ...'** મિથ્યાત્વ મેલ છે. વિપરીત માન્યતા એ જ મૂળ તો મેલ છે. એ મિથ્યાત્વ નામનું કર્મ એટલે વિપરીત ભાવ એ મેલ (છે), **'તેના વડે વ્યાપ્ત થવાથી,...'** ઊંધી માન્યતાના ભાવથી સમકિતનું ઢંકાઈ જવું. આ..હા...!

વ્યાપ્ત, **'મેલ તેના વડે વ્યાપ્ત...'** (થવાથી) **'તિરોભૂત થાય છે...'** એટલે કે સમ્યગ્દર્શનને ઢાંકી દ્યે છે. સમ્યગ્દર્શન થવા દેતું નથી. આ..હા...!

**'જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ.'** પરભાવસ્વરૂપ મેલથી વસ્ત્રનું સફેદપણું, તે ઢંકાઈ જાય છે. આહા..હા...! તેમ આત્માનું સમ્યગ્દર્શન મિથ્યાત્વના ભાવથી ઢંકાઈ જાય છે. આહા..હા...! આચ્છાદન થઈ જાય છે. કર્મ તો નિમિત્તથી છે. ખરેખર તો એ ભાવ – મિથ્યાત્વ ભાવ, શ્વેત વસ્ત્રને જેમ શ્વેતપણું મેલથી ઢંકાઈ જાય, એમ ભગવાનઆત્માનું સમકિત તે મિથ્યાત્વ ભાવથી ઢંકાઈ જાય છે, એટલે થતું નથી. આહા..હા...!

**'તેમ,...'** હવે બીજું. પેલું જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રનો સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ. તેમ આત્માનું સમકિત મિથ્યાત્વની વિપરીત માન્યતાના મેલથી ઢંકાઈ જાય છે, આચ્છાદન થઈ જાય છે. આ..હા...!

મુમુક્ષુ :– મેલ આવે છે ક્યાંથી ?

ઉત્તર :– મેલ પોતે કરે છે. આવે ક્યાંથી ? પોતે મિથ્યાત્વ મેલ કરે છે (તો) મેલથી ઢંકાઈ જાય છે એમ કહે છે. સમકિત જે કરવું જોઈએ (તે) ન કરતાં, વિપરીત મિથ્યાત્વના મેલથી એ સમકિત આચ્છાદન થઈ જાય છે એટલે કે ઉત્પન્ન થતું નથી. પછી બંધનું કારણ લેશે અને પછી લેશે એ મોક્ષના કારણ(રૂપ) સમ્યક્ ભાવથી વિરુદ્ધ ભાવ (છે). એ પછી ત્રણ ગાથામાં લેશે.

અહીંયાં તો ત્રણ પ્રકાર (લે છે). પહેલો એ કે, શ્વેતને જેમ મેલ ઢાંકી દે છે એમ ભગવાનઆત્માના સમકિતને મિથ્યાત્વ ભાવ ઢાંકી દે છે. ત્રીજામાં એમ આવશે.. બીજામાં બંધસ્વરૂપ આવશે (અને) ત્રીજામાં એમ આવશે કે, જે સમકિત કારણ છે તેનાથી ઈ વિરુદ્ધ ભાવ છે. મિથ્યાત્વ છે તે વિરુદ્ધ ભાવ છે. અહીં કહે છે કે, મિથ્યાત્વ છે તેનાથી સમકિત ઢંકાઈ જાય છે, આચ્છાદન થઈ જાય છે. વસ્ત્રનું શ્વેતપણું મેલથી (ઢંકાઈ જાય છે). (એમાં કોઈ પૂછે કે) મેલ આવ્યો ક્યાંથી ? કે, મેલ છે. વસ્ત્રમાં મેલ છે એ મેલથી સફેદાઈ ઢંકાઈ જાય છે. એમ ભગવાનઆત્માનું સમ્યગ્દર્શન છે નહિ, પણ એ મિથ્યાત્વને લઈને ઢંકાઈ જાય છે એટલે થાતું નથી. આહા..હા...!

મુમુક્ષુ :– શક્તિમાં છે.

ઉત્તર :– અહીં એમ નથી. શક્તિ તો ત્રિકાળ છે. અહીં તો સમકિત જે પ્રગટ થવું, સમ્યગ્દર્શન જે પ્રગટ થવું તેને મિથ્યાત્વરૂપી ભાવ ઢાંકી દે છે એટલે થવા દેતું નથી. પર્યાયની વાત છે. શકિતમાં છે ઈ અત્યારે (નહિ). શક્તિમાં તો ત્રિકાળ છે. આ..હા...! અહીં જ્ઞાનનું સમકિત કીધું ને ! જ્ઞાનનું સમકિત એટલે ત્રિકાળની શ્રદ્ધા એ નહિ. જ્ઞાનનું સમકિત એટલે આત્મસ્વભાવ, તેની જે સમ્યક્ પ્રતીતિ (થવી) તે. તેને મિથ્યાત્વરૂપી મેલ ઢાંકી દે છે.

આહા..હા...! આ મૂળ પહેલી ચીજ છે.

અધિકાર તો પુણ્ય-પાપનો છે ને ! આહા..હા...! પુણ્ય-પાપનો ભાવ મારો છે એવો જે મિથ્યાત્વ ભાવ, એ જ્ઞાનનું સમકિત – આત્માનું સમકિત, તેને તે ઢાંકી દે છે. આહા..હા...! (એટલે કે) થવા દેતું નથી. આ..હા...! પછી ત્રીજા બોલમાં આવશે કે, સમકિતરૂપી કારણનો મિથ્યાત્વ (છે) તે વિરુદ્ધ ભાવ છે. મોક્ષના કારણનો એ વિરુદ્ધ ભાવ છે. અહીં કહે છે કે, મોક્ષનું કારણ સમ્યગ્દર્શન, જે આત્માનું સમ્યક્જ્ઞાન, તેને મિથ્યાત્વ ઢાંકી દે છે, તિરોધાયી કરી નાખે છે. આહા..હા...!

બીજું, **'જ્ઞાનનું જ્ઞાન...'** છે ? આત્મા જે જ્ઞાનસ્વરૂપ છે... **'જ્ઞાનનું જ્ઞાન...'** એટલે ? આત્માનું જ્ઞાન. આત્મા જે વસ્તુ ત્રિકાળ છે તેનું પર્યાયમાં જ્ઞાન (થવું). **'કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** જોયું ? આ તો કારણરૂપ સ્વભાવ પર્યાયની વાત છે ને ! આહા..હા...! **'જ્ઞાનનું જ્ઞાન...'** ત્રિકાળ વસ્તુ ભગવાન ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ, તેનું પર્યાયમાં જ્ઞાન (થવું) એ **'મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** જ્ઞાનનું જ્ઞાન મોક્ષના કારણરૂપ સ્વભાવ છે, જ્ઞાનનું સમકિત મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. એ પહેલું આવી ગયું. આ..હા...! પર્યાયની વાત છે. દ્રવ્યને તો ક્યાં ઢંકાવું છે ? એ તો ત્રિકાળી નિરાવરણ (છે). આ..હા...! વસ્તુ છે એ તો ત્રિકાળ નિરાવરણ અખંડ શુદ્ધ જ્ઞાનઘન અખંડ (છે). એનો તિરોભાવે નથી ને આવિર્ભાવે નથી. આહા..હા...! એ તો જણાય ત્યારે આવિર્ભાવ થયો એમ કહેવામાં આવે. એ તો છે ઈ છે. જણાતો નથી તેને તિરોભાવ થઈ ગયો એમ કહેવામાં આવે. દ્રવ્ય (તિરોભાવ થઈ ગયું એમ કહેવામાં આવે પણ) અહીં પર્યાયની વાત છે. અગિયારમી ગાથામાં છે ને ! આવિર્ભાવ ને તિરોભાવ. એ જ્ઞાયકની વાત છે. આ..હા...!

ત્રિકાળી ચૈતન્ય ભગવાન ! જ્ઞાનમૂર્તિ ! એ જેને જાણવામાં આવતો નથી તેને તે તિરોભૂત થઈ ગયો, તિરોભાવ થઈ ગયો. એ તો છે ઈ છે, પણ જેને જાણવામાં આવતો નથી એને તિરોભાવ જ છે અને જેને જાણવામાં આવે છે તેને તે જ્ઞાયકભાવ આવિર્ભાવ (છે). જ્ઞાયકભાવ તો આવિર્ભાવ, તિરોભાવ વિનાનો ત્રિકાળ છે, પણ પર્યાયમાં જ્યારે આત્મા ન જણાણો અને વિરોધ થયો ત્યારે તે જ્ઞાયકભાવ તિરોભૂત છે. આહા..હા...! અને જ્યારે જણાણો (કે), છે ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળ શુદ્ધ ચૈતન્ય, એમ જણાણો ત્યારે તે જ્ઞાયકભાવ આવિર્ભાવ થયો. પર્યાયની અપેક્ષાએ આવિર્ભાવ અને તિરોભાવ (કહ્યું છે). ત્યાં પાઠ તો એવો છે કે, જ્ઞાયકભાવ તિરોભાવ, આવિર્ભાવ (થયો). જ્ઞાયકભાવ તિરોભાવ, આવિર્ભાવ (થતો નથી). વસ્તુ (છે) એ તો ત્રિકાળી એકરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે. પણ તેના ખ્યાલમાં ન આવ્યું તેથી તે જ્ઞાયક એને તિરોભૂત થઈ ગયો અને ખ્યાલમાં આવ્યો ત્યારે તેને તે જ્ઞાનભાવ – જ્ઞાયકભાવ આવિર્ભાવ થઈ ગયો, પ્રગટ થઈ ગયો. એ તો છે ઈ છે, પણ પર્યાયમાં જાણવામાં આવ્યો ત્યારે પ્રગટ થયો એમ (કહેવામાં આવે છે). આહા..હા...! હવે

આવી બધી વાતું(નો) નિર્ણય કરવો. (આવું) ક્યાંય (નથી), બાપુ !

જગતના ઝગડા, જગતના તોફાનો... આહા..હા...! તોફાન તો તેં અંદરમાં ઊભું કર્યું છે, કહે છે. જે આત્માનું સમકિત છે, જે મોક્ષનું કારણ છે એને તેં મિથ્યાત્વભાવે ઢાંકી દીધું. આહા..હા...! તેં ઝગડો ઊભો કર્યો છે.

જ્ઞાનનું જ્ઞાન છે, પર્યાયમાં હો ! એ જ્ઞાનસ્વરૂપ ભગવાન શુદ્ધ ચૈતન્ય, એનું જ્ઞાન છે તે જ જ્ઞાન મોક્ષના કારણ(રૂપ) સ્વભાવ છે. આહા..હા...! **'તે, પરભાવસ્વરૂપ અજ્ઞાન...'** સ્વરૂપનું અજ્ઞાન એવો જે ભાવ. **'અજ્ઞાન નામના કર્મમળ વડે...'** અજ્ઞાન નામ અજ્ઞાનના ભાવ વડે **'વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે...'** આ..હા...! (અર્થાત્) એને જ્ઞાન થતું નથી. જ્ઞાન ઢંકાઈ જાય છે. આહા..હા...!

એ તો 'કર્તા-કર્મ (અધિકાર)'(ની) ૬૯-૭૦ (ગાથામાં) આવ્યું ને ! ભાઈ ! એમ કે, અવસ્થા (છે) તેને પ્રગટ થવા દેતું નથી. અવસ્થા જાણે કે (પ્રગટ) હોય નહિ. 'કર્તા-કર્મ'(ની) ૬૯-૭૦ (ગાથા). જ્ઞાયકની અવસ્થા, એને ઉત્પન્ન થવા દેતું નથી. એટલે કે અવસ્થા જાણે થઈ હોય. એને ઢાંકી દીધી છે. ૬૯-૭૦માં આવે છે. ઢાંક્યું છે એનો અર્થ કે એને પ્રગટ કર્યું નથી. તેથી તે પર્યાય ઢંકાઈ ગઈ છે તેથી તે દ્રવ્ય એને દૃષ્ટિમાં ઢંકાઈ ગયું છે. આહા..હા...! આવું છે.

**'પરભાવસ્વરૂપ અજ્ઞાન નામના કર્મમળ...'** વિકારભાવ **'એ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે – જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો...'** શ્વેતપણું તો એનો સ્વભાવ છે અને મેલ છે એ તો પરભાવ છે. એ **'પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે...'** આહા..હા...! **'તેમ,...'** તે જ્ઞાન. જ્ઞાનનું જ્ઞાન અજ્ઞાન વડે તિરોભૂત થાય છે. બસ ! બે બોલ થયા – દર્શન અને જ્ઞાન.

(હવે કહે છે), ચારિત્ર **'જ્ઞાનનું ચારિત્ર...'** આહા..હા...! સ્વરૂપ જે ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ, તેનું ચારિત્ર. એટલે તેમાં જ રમણતા. આહા..હા...! ભગવાનઆત્મા ! એ તો કાલે તો આવ્યું હતું ને ! વીતરાગભાવરૂપ ચારિત્ર શુદ્ધ ઉપયોગરૂપી ધર્મ. આહા..હા...! વીતરાગ, પરમવીતરાગ ચારિત્રસ્વરૂપ.. આહા..હા...! શુદ્ધ ઉપયોગરૂપ જે ધર્મ.. આ..હા..! તે આ ચારિત્ર. તે (આ) અચારિત્રના પરિણામથી ઢંકાઈ જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'જ્ઞાનનું ચારિત્ર...'** એટલે કે આત્માનું ચારિત્ર. એટલે કે આત્માનું પરમ વીતરાગચારિત્ર રૂપ શુદ્ધ ઉપોયગરૂપી ધર્મ. આ..હા...! તે **'મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** જે આત્માનું ચારિત્ર (છે) એ તો મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. આહા..હા...!

**'તે, પરભાવસ્વરૂપ કષાય,...'** દેખો ! આ..હા...! કષાય મેલ. ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ. એ ચાર ક્રોધ, માન (આદિ) રાગ-દ્વેષના પ્રકાર છે. રાગ – માયા અને લોભ,

દ્વેષ – ક્રોધ અને માન. એવો જે કષાય, પરભાવસ્વરૂપ કષાય મેલ. આહા..હા...! **'મેલથી વ્યાપ્ત થયેલો...' 'પરભાવસ્વરૂપ કષાય નામના કર્મમળ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે...'** ચારિત્ર પ્રગટ થતું નથી, એને ઢાંકી દે છે. અકષાય ચારિત્ર, પરમ વીતરાગ ચારિત્રરૂપ શુદ્ધ ઉપયોગરૂપી ધર્મ. 'ચરિતમ્ ખલુ ધમ્મો' એ ધર્મ. તેને પરભાવ એવો જે વિકાર કષાયભાવ તેને ઢાંકી દે છે. આહા..હા..! ચાહે તો શુભરાગ હો તોપણ તે પરમ ચારિત્રને ઢાંકી દે છે. આહા..હા...! ઝીણી વાત છે, બાપુ ! માર્ગ એવો ઝીણો છે. આ..હા...! છે એના ઘરમાં પણ ઘરમાં જાય, જોવે ત્યારે ખબર પડે ને !

આ..હા...! જે જ્ઞાનનું ચારિત્ર. જ્ઞાનનું સમકિત, જ્ઞાનનું જ્ઞાન (એ) બે તો આવી ગયું. (હવે) આત્માનું ચારિત્ર (કહે છે). ભગવાનઆત્મા ચિદાનંદ શુદ્ધ ચૈતન્ય, એનું ચારિત્ર. એટલે ? પરમ વીતરાગરૂપી શુદ્ધ ઉપયોગરૂપી ધર્મ, તે મોક્ષનું કારણ છે તેને કષાય ઢાંકી દે છે. આહા..હા...! કહો, 'હીરાભાઈ' ! આવી ઝીણી વાત છે. આ તો ભઈ ! બહુ ધીરજથી કામ લેવું જોઈએ. આ..હા...! આ કાંઈ ઉતાવળે આંબા પાકે એવું નથી. ગોટલું વાવ્યું અને આંબો તરત થઈ જાય એમ છે ? એથી લોકો નથી કહેતા, ઉતાવળે આંબો ન પાકે. ગોટલું વાવ્યું હોય એટલે કે લાવો આંબો – કેરી. પણ એમ ન થાય ભાઈ ! જરી ધીરજ રાખ.

એમ ભગવાનઆત્મા ! પૂર્ણાનંદનો નાથ ! એનું સમકિત તે મિથ્યાત્વ ભાવથી ઢંકાઈ જાય છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! એનું જ્ઞાન, તે અજ્ઞાનથી ઢંકાઈ જાય છે. આહા..હા...! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! એનું જે ચારિત્ર, પરમ વીતરાગ ચારિત્રરૂપ શુદ્ધ ઉપયોગ, એવો જે ધર્મ, એ અશુદ્ધ ઉપયોગ એવો જે વિકાર ભાવ – કષાય, તેનાથી ઢંકાઈ જાય છે. આહા..હા...! હવે આવી વાતું !

**'જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ, માટે મોક્ષના કારણનું (–સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રનું–) તિરોધાન કરતું હોવાથી...'** તિરોભૂત (એટલે) ઢાંકી દેતું હોવાથી. **'કર્મને નિષેધવામાં આવ્યું છે.'** એ પુણ્ય અને પાપના ભાવ એ મારા, એવો જે મિથ્યાત્વ ભાવ, પુણ્ય અને પાપના ભાવને જાણનારું એ અજ્ઞાન, અને પુણ્ય ને પાપરૂપી ભાવ તે અચારિત્ર. આહા..હા...! એ **'તિરોધાન કરતું હોવાથી તેને નિષેધવામાં આવ્યું છે.'** એ મિથ્યાત્વરૂપી ભાવ, અજ્ઞાનરૂપી ભાવ અને શુભ-અશુભ રૂપી મેલ – ભાવ, એને નિષેધવામાં આવ્યું છે. આહા..હા...! આ કારણે નિષેધવામાં આવ્યું છે એમ કહે છે.

આત્માનું જે સમ્યગ્દર્શન પર્યાયમાં થવું જોઈએ તે વિપરીત માન્યતાના મેલથી ઢંકાઈ જાય છે. માટે તે કર્મ એટલે શુભાશુભ ભાવ અને તેને પોતાના માનવા એનો અહીંયાં નિષેધ છે, નિષેધ કર્યો છે. આ..હા...! સમજાણું કાંઈ ? આ..હા...!

મુમુક્ષુ :– મોક્ષના કારણરૂપ સ્વભાવ વ્યક્ત છે ?

ઉત્તર :– ના, વ્યક્ત ક્યાં છે ? થાતું નથી, ઢાંકી દે છે એમ કીધું ને ! 'કર્તા-કર્મ' (અધિકારમાં) કીધું ને ! 'કર્તા-કર્મ'નું ન કહ્યું ? ૬૯ ગાથા. દાખલો આપ્યો છે ને !

મુમુક્ષુ :– તિરોધાન કરતું હોવાથી (એમ કીધું ને) ?

ઉત્તર :– એ તો થવા દીધું નથી એટલે એનો અર્થ ઈ થયો. જુઓ !

જુઓ ! **'જે આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન (જ્ઞાતાદૃષ્ટામાત્ર) અવસ્થા તેનો ત્યાગ કરીને...'** એટલે અવસ્થા હતી ? હતી તેનો ત્યાગ કરીને નહિ પણ એ અવસ્થા થતી નથી એનો ત્યાગ (કરીને એમ) એનો અર્થ (છે). આહા..હા...! જ્ઞાતા-દૃષ્ટાની અવસ્થા થઈ નહિ એનો એણે અજ્ઞાન, મિથ્યાત્વ ભાવથી ત્યાગ કર્યો (એમ કહેવું છે). આ..હા...! છે ? **'જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન (જ્ઞાતાદૃષ્ટામાત્ર) અવસ્થા...'** જાણે હોય. **'તેનો ત્યાગ કરીને...'** એટલે એ અવસ્થાને ઉત્પન્ન થવા ન દેતા. એમ. એનો ત્યાગ કર્યો, મિથ્યાત્વાદિને ગ્રહણ કર્યું. આહા..હા...! એમ અહીંયાં (લેવું).

**ભાવાર્થ :– 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે.'** એ પ્રગટ છે, પર્યાય છે એમ નહિ. આ..હા...! એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે એવું સિદ્ધ કર્યું. એ **'જ્ઞાનનું સમ્યક્ત્વરૂપ પરિણમન...'** આત્માનું સમકિતરૂપી પરિણમન **'મિથ્યાત્વ...'** મેલથી **'તિરોભૂત થાય છે;...'** મિથ્યાશ્રદ્ધા રૂપી મેલ, પુણ્યથી ધર્મ છે, વ્યવહારથી નિશ્ચય થાય છે, એનાથી મને લાભ છે, એવો જે મિથ્યાત્વ ભાવ તેનાથી સમકિત થતું નથી પણ સમકિત ઢાંકી દે છે, એમ.

મુમુક્ષુ :– જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી સમકિત થતું નથી ને ?

ઉત્તર :– મિથ્યાત્વ છે પણ અહીં તો મિથ્યાત્વથી ઢંકાઈ જાય છે ઈ વાત કરવી છે. મિથ્યાત્વ છે ઈ ત્રીજા બોલમાં લેશે. સમકિતથી વિરુદ્ધ ભાવ છે ઈ પછી લેશે. અહીં તો પહેલાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ છે એ અહીં નથી, એને ઢાંકી દેનારું મિથ્યાત્વ, અજ્ઞાન ને રાગ-દ્વેષ છે. એટલી વાત છે. સમજાણું કાંઈ ?

ત્રણ પ્રકાર લેશે. એક તો ભગવાનઆત્મા ! એનું જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે નહિ પણ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનું કારણ જે છે તેને મિથ્યાત્વ, અજ્ઞાન અને કષાય ઢાંકી દે છે. એટલે એને તે છે નહિ. એને છે મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગ-દ્વેષ. આ..હા...! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– જે છે નહિ એને કેમ રાખી શકે ?

ઉત્તર :– ઈ જ કીધું ને ! વાત કરી ને ! થવી જોઈએ આ એને થવા દીધું નહિ એટલે થઈ નહિ (એમ કહ્યું). એટલે તો પહેલા ૬૯ (ગાથા) બતાવી. જ્ઞાતાદૃષ્ટાની ઉદાસીન અવસ્થા (તેનો ત્યાગ કર્યો). એમ કહીને તેને થવા દીધી નહિ, તેનો ત્યાગ કર્યો. ત્યાગ કર્યો એટલે થઈ છે અને ત્યાગ કર્યો એમ નહિ. થઈ નહિ એનું નામ ત્યાગ કર્યો. ઈ તો પહેલા ૬૯-૭૦ (ગાથાનો) દાખલો આપ્યો. ઝીણી વાત છે, બાપુ ! બહુ આકરી વાત !

આ..હા...! જૈનધર્મ એ સમજવો વસ્તુનો સ્વભાવ છે. આહા..હા...!

અહીંયાં તો ૬૯-૭૦ (ગાથામાં) કીધું નહિ ? જ્ઞાતાદષ્ટાની ઉદાસીન અવસ્થાનો ત્યાગ કરીને. એટલે અવસ્થા છે ? ત્યાગ જ છે.

મુમુક્ષુ :- અનાદિથી ત્યાગ છે.

ઉત્તર :- ત્યાગ જ છે. એને અવસ્થા થઈ જ નથી. મિથ્યાત્વ, અજ્ઞાન અને કષાયને લઈને એ અવસ્થાનો ત્યાગ છે. ત્યાગ છે એટલે કે (એ) અવસ્થા એને નથી, આ અવસ્થા છે. આહા..હા...! મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગ-દ્વેષની અવસ્થા છે. મોક્ષના કારણની અવસ્થાનો એણે ત્યાગ કર્યો છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! શબ્દફેરે (મોટો ફેર થઈ જાય). આ તો શાસ્ત્ર છે ને ! આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે, ગંભીર શાસ્ત્ર છે, ભાઈ ! એમાં 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ટીકા ! આ..હા..હા...! ખોલી નાખ્યા છે કપાટ ! કહે છે કે, ખોલી નાખેલા કપાટની જે દશા જોઈએ તે દશાને મિથ્યાત્વએ ઢાંકી દીધી છે અને ખોલી છે નહિ. 'શશીભાઈ' ! આહા..હા...!

આ પહેલી ત્રણ (વાતમાં) કીધું ને ! શ્વેત વસ્ત્ર છે એનું શ્વેતપણું પ્રગટ જોઈએ, એને મેલે ઢાંકી દીધું. ત્રિકાળી શ્વેત છે એમ નહિ, પણ શ્વેતની જે શ્વેત પર્યાય જોઈએ તેને મેલે ઢાંકી દીધું. એટલે શ્વેતની પર્યાય રહી નહિ. એને ઢાંકી દીધી. પર્યાયની વાત છે. આહા..હા...! એમ ભગવાનઆત્મા ! અમૃતનો સાગર પ્રભુ ! તેની દશા તો જ્ઞાતા-દષ્ટા ને સમકિતની થવી જોઈએ. આહા..હા...! તે દશાને ન થવા દેતાં તેનો ત્યાગ કરીને મિથ્યાત્વ ભાવે તેને ઢાંકી દીધો. એટલે થવા દીધું નહિ. એમ. આહા..હા...! એક ન્યાય ફરે તો આખી વસ્તુ ફરી જાય. આ તો વસ્તુસ્થિતિ છે.

એ ૬૯-૭૦ (ગાથામાં) કહ્યું ને ! જ્ઞાતા-દષ્ટાની ઉદાસીન અવસ્થાનો ત્યાગ કરીને. ત્યાગ કરીને એટલે અવસ્થા હતી ? એ અવસ્થા ન થઈ એનો ત્યાગ કર્યો એમ તેનો અર્થ (છે). આહા..હા...! ભવગાનઆત્માની અવસ્થા તો જ્ઞાતા-દષ્ટા થવી જોઈએ. રાગનું પણ જ્ઞાન અને પરનું જ્ઞાન ને પરની ઉદાસીન અવસ્થા થવી જોઈએ. એ ઉદાસીન અવસ્થાનો ત્યાગ કરીને. ત્યાગ કરીને એટલે કે ઉદાસીન અવસ્થા પ્રગટ ન થવા દેતા. આહા..હા...! મિથ્યાત્વ, અજ્ઞાન અને કષાયે તે પર્યાયને ઢાંકી દીધી. એટલે કે પ્રગટ છે અને ઢાંકી દીધી એમ નહિ. થવા ન દીધી. આહા..હા...! સમજાય એવું છે, ભાઈ ! આ..હા...! ભાષા તો સાદી છે પણ ભાવ તો ભાઈ, છે ઈ છે. આહા..હા...!

**ભાવાર્થ :- 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે.'** આ તો સમજાવે છે. એક આત્માનું **'સમકિતરૂપ પરિણમન...'** જોયું ? એ **'મિથ્યાત્વકર્મથી તિરોભૂત થાય છે;...'** (એટલે કે) પરિણમન થયું નહિ. મિથ્યાશ્રદ્ધા (અર્થાત્) રાગ, પુણ્યથી મને ધર્મ થશે, પાપમાં સુખપણું છે (એવી માન્યતા). આહા..હા...!

આગળના અધિકારમાં તો છેલ્લે એવું લેશે કે, ભઈ ! આ અધિકાર તો વ્યવહાર સમ્યગ્દર્શન, ચારિત્રનો ચાલે છે અને એમાં તમે આ વ્યવહાર છે તે જૂઠો છે. આ તો છેલ્લે આવે છે. પુણ્ય છે ઈ ખરેખર તો પવિત્ર છે અને અધિકાર તો પાપનો ચાલે છે. એટલે કે વ્યવહાર રત્નત્રયનો અધિકાર ચાલે છે અને તમે (કહો છો) અધિકાર પાપનો ચાલે છે. ત્યાં તમે વ્યવહાર રત્નત્રયને શું કહેવા માગે છે ? બાપુ ! વ્યવહાર રત્નત્રય છે ઈ નિશ્ચયથી તો પાપ છે. એ વ્યવહાર રત્નત્રય નિશ્ચય રત્નત્રયની સાથે હોવાથી વ્યવહારે પવિત્રતાનું કારણ (છે) એવું આરોપથી કહેવાય છે. છતાં તે પવિત્રતાનું કારણ ન થતાં, થવું જોઈએ અને પરંપરાએ મોક્ષનું કારણ છે વ્યવહાર (એ) નિશ્ચય છે માટે. પણ એમ ન થતાં... આહા..હા...! એ વસ્તુના સ્વરૂપથી પતીત થઈ જાય છે, નિશ્ચયનયથી પતીત થઈ જાય છે માટે તે વ્યવહાર રત્નત્રયને અમે અહીંયાં પાપ કહીએ છીએ. પહેલું પવિત્રતા, નિશ્ચય રત્નત્રય(ની) પવિત્રતાનું નિમિત્તપણું છે એવું કારણ કહ્યું પણ છતાં પાછી ગુલાંટ ખાઈને વાત કરી. આહા..હા...! કે, ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ પવિત્ર છે એમાંથી ખસી જવાય છે. વ્યવહાર રત્નત્રયમાં રાગમાં ખસી જવાય છે, પતીત થાય છે. માટે તે વ્યવહાર રત્નત્રયને પાપ કહીએ છીએ. આહા..હા...! સંસ્કૃત ટીકામાં છેલ્લે છે.

મુમુક્ષુ :– 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે.

ઉત્તર :– હા, છે ને ! બધી વાત થઈ છે, ઘણી વાત થઈ ગઈ. આ તો ૧૯મી વાર ચાલે છે, આ તો ૧૯મી વાર વંચાય છે. અઢાર વાર તો વંચાય ગયું છે. આ પહેલેથી ઠેઠ સુધી આખું અઢાર વાર વંચાય ગયું છે. પાછું ઓગણીસમી વાર (ચાલે છે). આહા..હા...! ઈ આવશે ત્યારે લેશું.

**'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે.'** આ તો સ્વરૂપ જણાવ્યું. એને પ્રગટેલું છે એમ નહિ. **'જ્ઞાનનું સમ્યક્ત્વરૂપ પરિણમન...'** એમ જોઈએ. ત્રિકાળી ભગવાનઆત્મા સચ્ચિદાનંદ શુદ્ધ પ્રભુ ! તેનું સમકિતનું પરિણમન જોઈએ. વસ્તુનું સ્વરૂપ છે તેનું પરિણમન (જોઈએ), શ્રદ્ધાનું સમ્યક્ પરિણમન જોઈએ. તે મિથ્યાત્વરૂપ ભાવથી **'તિરોભૂત થાય છે;...'** જડ મિથ્યાત્વકર્મ નિમિત્ત છે પણ અહીંયાં મિથ્યાત્વ ભાવ – મેલ છે. મિથ્યાત્વરૂપી મેલથી ઢંકાઈ જાય છે. એટલે કે સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા...!

**'જ્ઞાનનું જ્ઞાનરૂપ પરિણમન...'** દેખો ! જ્ઞાન એટલે આત્મા. એનું **'જ્ઞાનરૂપ...'** એટલે જ્ઞાન આત્મારૂપ પરિણમન. શુદ્ધ સ્વરૂપનું શુદ્ધરૂપે પરિણમન એ જ્ઞાન, પરિણમન. એ અજ્ઞાનરૂપ મેલથી તિરોભૂત થાય છે. અજ્ઞાનરૂપી મેલથી સ્વરૂપનું અજ્ઞાન અને રાગનું જ્ઞાન, તેના તરફના લક્ષથી એવા અજ્ઞાનભાવથી તે જ્ઞાનનું જ્ઞાન – સ્વરૂપનું જ્ઞાન તે તિરોભૂત થઈ જાય છે. આહા..હા...! એકલું રાગ અને નિમિત્તનું જ્ઞાન કરવા જાય છે ત્યારે જે આત્માનું જ્ઞાન છે તે ત્યાં તિરોભૂત થઈ જાય છે એમ કહે છે. આહા..હા...! સામે પુસ્તક છે ને ? ક્યા

શબ્દનો અર્થ થાય છે ? આહા..હા...! માર્ગ બહુ ઝીણો છે, બાપા ! આ..હા...! આ કંઈ 'હળદરના ગાંઠીયે ગાંધી' થવાય એવું નથી. ગંભીર ચીજ છે. પ્રભુનો વીતરાગમાર્ગ બહુ ગંભીર છે. આ..હા...!

**'અને જ્ઞાનનું ચારિત્રરૂપ પરિણમન...'** ભાષા જુઓને ચોખ્ખી લીધી ! જ્ઞાન એટલે આત્મા, એનું ચારિત્ર એટલે વીતરાગ ચારિત્ર શુદ્ધ ઉપયોગરૂપી ધર્મ, એનું પરિણમન. **'કષાયકર્મથી તિરોભૂત થાય છે.'** એ પરિણમન થતું નથી. પુણ્ય અને પાપના ભાવ થતાં વીતરાગી ચારિત્ર છે તે થતું નથી તેથી તે ઢંકાઈ ગયું એમ કહે છે. આહા..હા...! આ કાંઈ કથા વાર્તા નથી, બાપા !

(આ તો) ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવની વાણી છે. સંતો એ વાણી કહે છે. 'કુંદકુંદાચાર્યદેવ', 'અમૃતચંદ્રાચાર્યદેવ' દિગંબર સંતો... આહા..હા...! ભગવાનની વાણીથી કહે છે. 'બંધ અધિકાર'માં આવે છે ને ! ભગવાન આમ કહે છે, લ્યો ! પોતે કહે છે એમ નહિ કહેતા જિનવરદેવ આમ કહે છે (એમ કહે છે). પોતે કહે ઈ સત્ય છે. મુનિ છે. પણ જિનવરદેવ આમ કહે છે કે, પરને જીવાડી શકું એ માન્યતા તે મિથ્યાત્વ છે. આહા..હા...! એમ જિનવરદેવ કહે છે. પરની દયા પાળી શકું, તને આકરું લાગે તો પ્રભુ ! કહું છું કે, એ તો જિનવરદેવ કહે છે. આહા..હા...! તું પરની દયા પાળી શકતો તો નથી પણ પરની દયાનો ભાવ, રાગ થાય... આ..હા..હા...! એ પણ સ્વરૂપની હિંસા થાય છે. વીતરાગભાવ થતાં વીતરાગભાવ સ્વરૂપમાં રાગ થતાં પર્યાયની વીતરાગતાનો હ્રાસ થાય છે એમ જિનવરદેવ કહે છે પ્રભુ ! તને આકરું લાગતું હોય તો. આ..હા..હા...! અરે...! ક્યાં જાવું ? આહા..હા...!

**'જ્ઞાનનું...'** એટલે આત્માનું **'ચારિત્રરૂપ પરિણમન...'** પરિણમન – પર્યાય લેવી છે ને અહીંયાં ! એ થવા દેતું નથી એમ કહે છે. કષાયરૂપી કર્મ (એટલે) પુણ્ય અને પાપના ભાવ, એ બધા કષાય છે, અચારિત્ર છે. ઈ અચારિત્રથી ચારિત્ર તિરોભૂત થાય છે. આહા..હા...! એ જો દયા, દાન, વ્રતના પરિણામના પ્રેમમાં ગયો તો ત્યાં ચારિત્ર છે તે થતું નથી, ઢંકાઈ જાય છે. એ અચારિત્ર ઊભું થયું. આહા..હા...! મહાવ્રતના પરિણામમાં ગયો, (તેના) પ્રેમમાં ત્યાં ગયો... આહા..હા...! તો ત્યાં એ અચારિત્ર ઊભું થાય છે, ત્યાં ચારિત્ર ઢંકાઈ જાય છે. આવી વાતું છે. જયંતીભાઈ ! ક્યાંય ન મળે, સાંભળવા મળે એવું નથી. આહા..હા...! આહા..હા...!

**'એ રીતે મોક્ષના કારણભાવોને...'** જોયું ? મોક્ષના કારણભાવો (રૂપ) પર્યાયને **'કર્મ તિરોભૂત કરતું...'** એ પુણ્ય અને પાપનો ભાવ, મિથ્યાત્વાદિ ઢાંકી દેતું (હોવાથી) **'તેનો નિષેધ કરવામાં આવ્યો છે.'** માટે તેનો નિષેધ કરવામાં આવ્યો છે. ઈ દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનું કારણ છે તેને વ્યવહાર રત્નત્રયના રાગાદિ ભાવ એ મારા અને એ મને લાભદાયક (છે), એવો જે મિથ્યાત્વ ભાવ એ ચારિત્ર થવા દેતું નથી, દર્શન થવા દેતું નથી, જ્ઞાન (થવા દેતું

નથી) માટે તેનો નિષેધ કર્યો છે. સમજાણું કાંઈ ?

એ પુણ્ય પરિણામ મારા, એવી માન્યતા. પુણ્ય પરિણામ ઉપરનું એકલું જ્ઞાન અને પુણ્ય પરિણામની રમણતા એ ત્રણે, પ્રભુ ! આત્માનું સમકિત, જ્ઞાન અને ચારિત્ર થવા દેતું નથી. માટે તેનો અમે નિષેધ કર્યો છે. આહા..હા...! આવી વાત ક્યાં છે ? '**તેનો નિષેધ કરવામાં આવ્યો છે.**' લ્યો !

હવે કર્મ પોતે બંધસ્વરૂપ છે એની એક ગાથા છે. પુણ્ય અને પાપનો ભાવ એ મારો, એ મિથ્યાત્વભાવ, એનું જ્ઞાન તે અજ્ઞાન અને એનું આચરણ તે અચારિત્ર. એ ત્રણે મોક્ષના માર્ગને ઢાંકનારું હોવાથી એનો અમે નિષેધ કર્યો છે. આહા..હા...! હવે ઈ કહે છે કે, ઈ પોતે પુણ્ય-પાપનો ભાવ એ મારો એવો મિથ્યાત્વભાવ અને પુણ્ય-પાપ ભાવ એ પોતે કર્મસ્વરૂપ છે, એ બંધસ્વરૂપ છે (એમ કહે છે). એ તો બંધસ્વરૂપ જ છે.

ભગવાનઆત્મા અબંધસ્વરૂપ છે. આહા..હા...! '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**' આવે છે ને ! ૧૪ અને ૧૫ ગાથા. એ અબદ્ધસ્વરૂપ જે ભગવાનઆત્મા ! એમાં પુણ્ય અને પાપ ભાવ એ બંધસ્વરૂપ છે. એ પુણ્ય અને પાપનો ભાવ, કર્મ એટલે કાર્ય, એ બંધસ્વરૂપ છે. આહા..હા...! સ્વયં બંધસ્વરૂપ છે.

**વરસાદ આવે છે... વરસાદ તો ખરેખર આ છે. આત્માને શરીર જ નથી તો ગતિ ક્યાંથી મળે ! અનંતગુણનો પિંડ આત્મા, ક્રમસર થતાં પરિણામનો જ્ઞાતા-દ્રષ્ટા છે, કર્તા નથી. ૩૨૦ ગાથાની જયસેનાચાર્યની ટીકામાં લીધું છે કે ધ્રુવદ્રવ્ય મોક્ષમાર્ગનો કે મોક્ષનો પણ કર્તા નથી. ધ્રુવ પર્યાયનો કર્તા નથી એ બતાવવું છે. પર્યાય પર્યાયની કર્તા છે. રાજકોટમાં આ વ્યાખ્યાન બહુ થયા. આ તો શાંતિની વાત છે. આમ ને આમ મોટી મોટી વિદ્વત્તાની વાતો કરે અને લાખો માણસ રાજી થઈ જાય એવી આ વાત નથી. આ તો સંસારનો અંત અને મોક્ષની શરૂઆત થાય એવી વાત છે. એ પણ દ્રવ્યમાં નથી એમ કહે છે. કાંઈ પણ પરિણમન હું કરું... એ દ્રવ્યનું કાર્ય નથી. દ્રવ્યનું ભાન થતાં શુદ્ધ પરિણમન સ્વયં થાય છે. રાગ આવે છે તેનું પણ જ્ઞાન થાય છે.**

–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ નવેમ્બર–૨૦૦૬

## ગાથા–૧૬૦

अथ कर्मणः स्वयं बन्धत्वं साधयति -

सो सव्वणाणदरिसी कम्मरएण णियेणावच्छण्णो।
संसारसमावण्णो ण विजाणदि सव्वदो सव्वं।।१६०।।

स सर्वज्ञानदर्शी कर्मरजसा निजेनावच्छन्नः।
संसारसमापन्नो न विजानाति सर्वतः सर्वम्।।१६०।।

---

यतः स्वयमेव ज्ञानतया विश्वसामान्यविशेषज्ञानशीलमपि ज्ञानमनादिस्वरुपुरुषापराधप्रवर्तमान-कर्ममलावच्छन्नत्वादेव बन्धावस्थायां सर्वतः सर्वमप्यात्मानमविजानदज्ञानभावेनैवेदमेवमवतिष्ठते; ततो नियतं स्वयमेव कर्मैव बन्धः। अतः स्वयं बन्धत्वात् कर्म प्रतिषिद्धम्।

---

હવે, કર્મ પોતે જ બંધસ્વરૂપ છે એમ સિદ્ધ કરે છે :–

તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,
સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.

ગાથાર્થ :– (सः) તે આત્મા (सर्वज्ञानदर्शी) (સ્વભાવથી) સર્વને જાણનારો તથા દેખનારો છે તોપણ (निजेन कर्मरजसा) પોતાના કર્મમળથી (अवच्छन्नः) ખરડાયો–વ્યાપ્ત થયો–થકો (संसारसमापन्नः) સંસારને વ્યાપ્ત થયેલો તે (सर्वतः) સર્વ પ્રકારે (सर्वम्) સર્વને (न विजानाति) જાણતો નથી.

ટીકા :– જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (–સર્વ પદાર્થોને) સામાન્ય વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય, અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મ મળ વડે લેપાયું – વ્યાપ્ત થયું – હોવાથી જ, બંધ-અવસ્થામાં સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતું થકું, આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે (–અજ્ઞાનદશામાં) વર્તે છે; તેથી એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. માટે, પોતે બંધસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.

ભાવાર્થ :– અહીં પણ 'જ્ઞાન' શબ્દથી આત્મા સમજવો. જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય

**સ્વભાવથી તો સર્વને દેખનારું તથા જાણનારું છે પરંતુ અનાદિથી પોતે અપરાધી હોવાથી કર્મ વડે આચ્છાદિત છે, અને તેથી પોતાના સંપૂર્ણ સ્વરૂપને જાણતું નથી; એ રીતે અજ્ઞાનદશામાં વર્તે છે. આ પ્રમાણે કેવળજ્ઞાનસ્વરૂપ અથવા મુક્તસ્વરૂપ આત્મા કર્મ વડે લિપ્ત હોવાથી અજ્ઞાનરૂપ અથવા બદ્ધરૂપ વર્તે છે, માટે એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. તેથી કર્મનો નિષેધ કરવામાં આવ્યો છે.**

## ગાથા ૧૬૦ ઉપર પ્રવચન

**'બંધસ્વરૂપ છે એમ સિદ્ધ કરે છે :–'** ૧૬૦ (ગાથા).

આ..હા...! 'હુકમચંદજી' શેઠ આવ્યા ત્યારે એ અધિકાર ચાલ્યો હતો.

**सो सव्वणाणदरिसी कम्मरएण णियेणावच्छण्णो।**
**संसारसमावण्णो ण विजाणदि सव्वदो सव्वं।।१६०।।**

**તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,**
**સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.**

**'તે સર્વજ્ઞાની-દર્શી પણ'** ભગવાન પોતે સર્વજ્ઞાન, સર્વદર્શી છે. આ..હા...! આહા..હા...! કોઈપણ ચીજ પરને મારનારો નથી તેમ પરથી પોતામાં થાય એવો થનાર નથી. એ તો સર્વજ્ઞ, સર્વદર્શી સ્વભાવી પ્રભુ છે. આ..હા...!

**'તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને'** જુઓ ! અહીં 'રજ' (શબ્દ) મૂક્યો છે, છતાં પુરુષાર્થ લેશે. 'કર્મરજ' શબ્દ છે. તે દિ' અહીં 'જીવણધર'ને ઈ હતા. આ..હા...! જુઓ ! આ 'કર્મરજ' (શબ્દ) છે એનો અર્થ કરશે – પુરુષાર્થ. એનો ઊંધો પુરુષાર્થ છે. **'સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને.'** આ..હા..હા...! ગાથા...!

**'જે પોતે જ જ્ઞાન હોવાને લીધે...'** ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. જેમ આંખ જ્ઞાનસ્વરૂપ છે, એમ બીજા બધાને તેથી જાણનાર છે. કોઈને રચનાર અને કોઈને તોડનાર, કોઈની પર્યાયનો ઉત્પાદ કરનાર, કોઈની પર્યાયનો વ્યય કરનાર આંખ નથી. એમ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એ પોતા સિવાય પરની કોઈ પર્યાયનો ઉત્પાદ કરનાર અને કોઈ પર્યાયનો વ્યય કરનાર આત્મા નથી. આહા..હા...!

**'જે પોતે જ જ્ઞાન હોવાને લીધે...'** એ જાણનાર... જાણનાર... જાણનાર ચંદ્રમા, જિનચંદ્ર પ્રભુ ! આહા..હા...! વીતરાગી જ્ઞાનસ્વરૂપી શીતળ પ્રભુઆત્મા ! **'પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને એટલે (–સર્વ પદાર્થોને)...'** સર્વ પદાર્થ. **'સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળું**

**છે...'** ભગવાનઆત્મા એકલો જ્ઞાન ને દર્શન સ્વભાવ, એનો એ ત્રિકાળી સ્વભાવ છે. એથી તે પરપદાર્થને જાણવા-દેખવાના સ્વભાવવાળો છે. આ..હા...! એ સામાન્ય એટલે દર્શનથી અને વિશેષ એટલે જ્ઞાન. જાણવા-દેખવાના સ્વભાવવાળું છે.

**'એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય,...'** એમ. મૂળ તો દ્રવ્ય લેવું છે ને આ ! એવું જે **'આત્મદ્રવ્ય, અનાદિ કાળથી...'** દેખો ! પેલો 'કર્મરજ' શબ્દ હતો ને ! 'કર્મરજ આચ્છાદને' કર્મની રજથી ઢંકાયેલ છે. એનો 'અમૃતચંદ્રાચાર્યદેવે' અર્થ કર્યો. એ **'પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા...'** 'જીવણધર' શેઠ હતા તે દિ' આ અર્થ કર્યો હતો. એ લોકોને કર્મ કાઢવું (હતું). સૌને કર્મ, કર્મ, કર્મ નડે ને કર્મને લઈને (વિકાર થાય). જૈનમાં કર્મ ગરી ગયું. બીજામાં ઈશ્વર કર્તા ગરી ગયો. (ત્યાં) ઈશ્વર કર્તા (અને) આને જડકર્મનો કર્તા. પેલાને ચૈતન્યકર્તા. આહા..હા...! જ્યાં હોય ત્યાં કર્મ કર્તા, કર્મ કર્તા... રાગ થાય તો કર્મને લઈને થાય, દ્વેષ થાય (એ) કર્મને લઈને, વિષયવાસના કર્મને લઈને થાય... એલા જડને લઈને તારામાં વિકાર થાય, આ તું શું કહે છે ? પેલો ઈશ્વર કર્તા કહે, તું તારા ભાવનો તારા જડ કર્મને કર્તા કહે. આહા..હા...! મૂઢ છે. આહા..હા...!

મુમુક્ષુ :– ઢંઢેરો નવો પીટ્યો આપે !

ઉત્તર :– આ છે. એટલું શાંતિથી કહ્યું. કેટલા વર્ષ થયા ? ચોસઠ ! ચોસઠ વર્ષ થયા. (સંવત) ૧૯૭૧થી 'લાઠી'માં ઢંઢેરો પીટ્યો હતો. બપોરે એક કલાક વાંચવું પડતું. (ત્યારે કહ્યું હતું), કર્મને લઈને વિકાર થાય એ વાત છે નહિ. 'ભગવતી' વાંચતો હતો, 'ભગવતી' ! એનું ત્રીજું અધ્યયન આવ્યું હતું. એમાં સંશયનો અધિકાર આવ્યો હતો. એમાંથી કાઢ્યું હતું. તે દિ' તો આ 'સમયસારે' હાથ(માં) ક્યાં હતું ? 'સમયસાર' તો (સંવત) ૧૯૭૮માં મળ્યું. એને કહીને બપોરના વ્યાખ્યાનમાં મૂક્યું હતું. કર્મને લઈને, જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન ઢંકાય, દર્શનમોહનીયને લઈને મિથ્યાત્વ થાય એ વાત શાસ્ત્રમાં નથી, કીધું. એ કર્મ જડ છે, પ્રભુ ! તું તારી ભૂલ કરે છો એ તને નુકસાનકર્તા છે. આહા..હા..!

અહીં પાઠમાં 'કર્મરજ' શબ્દ છે. 'અમૃતચંદ્રાચાર્યદેવે' અર્થ કર્યો – **'પોતાના પુરુષાર્થના અપરાધથી'** જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન ઢંકાય એમ નહિ. આહા..હા...! તારા પુરુષાર્થની ઊલટાઈ છે, પ્રભુ ! તને ખબર નથી. તું ભગવાનને ભૂલ્યો, ભૂલને લઈને રખડે (છો) અને એ ભૂલ તારી એ (છે)... 'શ્રીમદ્'માં આવે છે કે, પરને પોતાનું માનવું, પોતે પોતાને ભુલી જવું. આહા..હા...!

જોયું ? પાઠમાં શું હતું ? **'कम्मरएण'** છે ને ? બીજું પદ – **'कम्मरएण'** કર્મરૂપી રજ. અર્થ કર્યો કે, પોતાનો અપરાધ. એ કર્મ એટલે ભાવ વિકારી પરિણામ એ કર્મરજ. આહા..હા...! જડ બિચારા શું કરે ? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ પાઈ' એકલી અગ્નિને કોઈ ઘણ ન મારે. પણ એ અગ્નિ જો

લોઢામાં ગરી... આ લોહના પાટા થાય છે ને ? આ પેડાના પાટા, ગાડાના. ઊની થાય એમ ઘણ પડે.

એમ ભગવાનઆત્મા એકલો જ્ઞાતાદૃષ્ટા રહે એને દુઃખ નહિ હોય, પણ એ રાગ ને પુણ્ય ને પાપમાં ઘૂસી જાય છે, એ મારા છે (એમ જે માને છે) એને દુઃખના ઘણ પડે છે, બાપા ! આહા..હા...! 'અષ્ટપાહુડ'માં ત્યાં સુધી લીધું છે પૈસાવાળાને માટે કે, તું વર્તમાન દુઃખી છો, હોં ! એમ લીધું છે. વર્તમાન તું દુઃખી છો, દુઃખી. ભૂતકાળમાં થઈ ગયો એ નહિ, પણ તું વર્તમાન દુઃખી છો. આત્માનું જ્ઞાન નથી, આત્મા કોણ છે એનું ભાન નથી. વર્તમાન તું દુઃખી છો. આહા..હા...! એ દુઃખના પરિણામ મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષ, એ પરિણામ તેં કર્યા છે. તારા અપરાધને લઈને તારામાં થયા છે. કર્મને લઈને થયા છે એમ નથી. આહા..હા...! આવી વાતું હવે. એને ન બેસે ને (એટલે) બિચારા વિરોધ કરે (કે), આ તો બિલકુલ કર્મથી કંઈ થાય નહિ (એમ જ કહે છે). જૈનદર્શન તો કહે, કર્મકર્તા ને કર્મનો ભોક્તા. 'ઉત્તરાધ્યયન'ના વીસમા અધ્યયનમાં આવે છે. 'અપ્પાકર્તા વિવર્તાયે' 'અનાથી મુનિ'ના અધિકાર(માં આવે છે). બાપુ ! ઈ કર્તા કોણ ? કીધું. પોતાના અશુદ્ધ પરિણામનો કર્તા. એથી કર્મ નિમિત્ત (દેખીને) કીધું કે, એ કર્તા (છે). એ તો આરોપ દઈને કર્તા કીધો છે. આ..હા..! જડને અડતો નથી, પ્રભુ ! અને ચૈતન્ય પોતે જડને અડતો નથી. હવે અડ્યા વિના એકબીજાના ભાવ બીજો કરે, પ્રભુ ! આ શું છે ? આ..હા..હા...! આવી વાત છે.

**'વિશ્વને...'** પોતે જ જ્ઞાન ને જ્ઞાનસ્વરૂપ ને દર્શનસ્વરૂપ (છે). જ્ઞાનની પ્રધાનતાથી કહ્યું ને ! પણ જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા. ત્યાં જ્ઞાતા-દૃષ્ટા લીધા છે ને ? ૬૯-૭૦ (ગાથામાં). ૬૯-૭૦ (ગાથામાં) જ્ઞાતા-દૃષ્ટા (લીધો છે). જ્ઞાતા-દૃષ્ટાની અવસ્થા ઉદાસીન થવી જોઈએ તેનો ત્યાગ કરીને એ રાગનો કર્તા થાય છે. આહા..હા...!

અહીંયાં કહે છે કે, જ્ઞાન – આત્મા જે વિશ્વને જાણવાના સ્વભાવવાળું (છે). **'જાણવાના સ્વભાવવાળું છે...'** જ્ઞાન એટલે આત્મા. **'એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય અનાદિ કાળથી...'** નિગોદમાં પણ પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્ત્યો છે. આહા..હા...! નિગોદમાં કર્મનું જોર છે અને અહીં મનુષ્ય થયો ત્યારે કર્મનું જોર કાંઈ ઓછું છે માટે અહીં (જ્ઞાનનો) ઉઘાડ થયો છે એમ નથી. આહા..હા...!

**'અનાદિ કાળથી...'** જ્યારે નિગોદમાં હતો ત્યારે. અનંતે કાળે તો ત્રસ થયો છે, પ્રભુ ! એમાંથી ઇયળ ને કીડોય અનંત કાળે થયો. એમાંથી અનંત કાળે મનુષ્યપણું મળ્યું છે. આ..હા...! એમાં જૈનકુળ મળ્યું ને જૈનની વાણી મળી ત્યાં સુધી પ્રભુ ! તું આવ્યો છો ને ! સબ અવસર આ ગયા હૈ. આ..હા...! આહા..હા...!

વિવાહમાં ગાય છે. 'પાછો નહિ ફરે રે, નાણાનો બળનો વળિયો' એમ કાંઈક ગાય

છે. ઈ તો મેં સાંભળેલું એટલે (યાદ છે). વર તોરણથી પાછો નહિ ફરે. કેમ ? (કે), નાણાનો બળિયો વર છે. નાણું એટલે પૈસાના બળનો બળિયો છે. વિવાહમાં ગાય, વિવાહમાં. એમ આનંદ અને જ્ઞાનનો બળિયો આત્મા, એ પાછો નહિ ફરે. હવે સંસારમાં નહિ જાય. આહા..હા...! 'તોરણે આવ્યો...' એમ કાંઈક છે ખરું, સાંભળ્યું છે. 'ખુશાલભાઈ'ના લગ્નમાં તો હું આમ જુદો રહ્યો, પણ 'કુંવરજીભાઈ'નો રથ નીકળ્યો હતો. એના આ બીજા લગ્ન થયા, આ બીજા લગ્નના છોકરા છે. તે દિ' હું ત્યાં અપાસરામાં હતો. (સંવત) ૧૯૭૨ ! રથમાં નીકળ્યો એમ ત્યાં અંદર બોલતા હતા. 'નાણાનો બળિયો પાછો તોરણથી નહિ ફરે' એવું કાંઈક છે, બાયું ગાય છે. આહા..હા...!

એમ આનંદ ને જ્ઞાનનો બળિયો પ્રભુ ! એ હવે પાછો નહિ ફરે. એ આપણે ૯૨ ગાથામાં આવી ગયું છે. બપોરે ! આગમકૌશલ્ય અને આત્મજ્ઞાન વડે મિથ્યાત્વ દૃષ્ટિ હણાય ગઈ છે. તે અમને હવે ફરીને થવાની નથી. આ..હા..હા...! આ તે સંતનો પોકાર ! આ સંત કહેવાય, બાપુ ! આ..હા..હા..હા...! શાંતિ પમાડે તેને સંત કહીએ, તેના દાસાનુદાસ થઈને રહીએ. આહા..હા...!

એ **'આત્મદ્રવ્ય અનાદિ કાળથી...'** અનાદિ કાળથી. નિગોદથી માંડીને હોં ! કોઈ એમ કહે કે, ના, ના. ત્યાં કર્મનું જોર છે માટે ત્યાં રહી ગયો છે, એમ નથી. ઘણા એમ કહે છે કે, નિગોદમાં છે તો કર્મનું જોર છે. પછી હવે બહાર આવ્યો (તો) કર્મનું જોર ઘટી ગયું. 'કચ્છવી કમ્મ બળિયો, કચ્છવી જીવો બળિયો' 'ઇષ્ટોપદેશ'માં આવે છે. ટીકામાં આવે છે. ત્યાં આ નાખે – કોઈવાર કર્મનું જોર છે અને કોઈવાર જીવનું જોર છે. એ 'પ્રભાશંકર પટણી' અહીં બોલ્યો હતો. દિવાન ! 'ભાવનગર'ના દિવાન હતા ને ! 'પ્રભાશંકર પટણી' ! વ્યાખ્યાનમાં આવ્યા હતા. (સંવત) ૧૯૯૩ની સાલની વાત છે. ૧૯૯૩ ! કેટલા થયા ? બેતાલીસ વર્ષ થઈ ગયા. ઈ એમ બોલ્યો હતો. મોટો દિવાન ! ઊભો થઈને બોલ્યો હતો (કે), કોઈવાર કર્મનું જોર છે અને કોઈવાર આત્માનું જોર છે. વ્યાખ્યાન સાંભળીને પછી (આ બોલ્યા). અરે..! કીધું, આ તો બધું ઊંધું માર્યું ! 'પ્રભાશંકર પટણી' દિવાન હતા ને !

અહીં કહે છે કે, **'પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે...'** જોયું ? એ ઊંધો પુરુષાર્થ (છે) એ કર્મમળ છે. આહા..હા...! કર્મ જડ છે, અજીવ છે એને તો કોઈ દિ' અડ્યોય નથી. એક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાય સિવાય પરની પર્યાયને કદી ત્રણકાળમાં અડ્યું નથી. આહા..હા...!

**'પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું –વ્યાપ્ત થયું...'** આહા..હા...! **'હોવાથી જ, બંધઅવસ્થામાં...'** પહેલું કીધું ને ! **'વિશ્વને (–સર્વ પદાર્થોને)...'** જાણવા-દેખવાનો સ્વભાવ છે એવું આત્મદ્રવ્ય છે. વસ્તુ તો એવી છે પણ **'બંધઅવસ્થામાં સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને**

**નહિ જાણતું થકું,...'** આહા..હા...! **'સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતું થકું...'** એ તો સર્વને જાણનાર-દેખનારું છે તેને નહિ જાણતો થકો. આ..હા...! એ પોતાના અપરાધને લઈને છે, કર્મને લઈને છે એમ નથી.

બંધ અવસ્થામાં પોતાના અપરાધથી પ્રવર્તતા મેલની દશામાં. આહા..હા...! **'સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને...'** પોતે આત્મા સર્વ પ્રકારે અને સંપૂર્ણ એવો પોતાને. **'સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારો એવા પોતાને નહિ જાણતું થકું,...'** આહા..હા...! **'આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે (–અજ્ઞાનદશામાં) વર્તે છે;...'** પોતે પોતાને કારણે (વર્તે છે). **'તેથી એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.'** એ ભાવકર્મ – પુણ્ય-પાપાદિ એ બધું બંધસ્વરૂપ છે. **'માટે, પોતે બંધસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.'** લ્યો, વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## પ્રવચન નં. ૨૩૮ ગાથા–૧૬૦ થી ૧૬૩

**સોમવાર, જેઠ સુદ ૩, તા. ૨૮-૦૫-૧૯૭૯**

---

'સમયસાર' ૧૬૦ ગાથાનો ભાવાર્થ. શું કહે છે ? **'અહીં પણ 'જ્ઞાન' શબ્દથી આત્મા સમજવો.'** જ્ઞાનનું કહ્યું ને ? જ્ઞાનનું સમકિત, જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનનું ચારિત્ર. **'અહીં પણ 'જ્ઞાન'** એટલે **'આત્મા...'** ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ તે આત્મા. **'જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય સ્વભાવથી તો સર્વ દેખનારું...'** પાઠમાં છે ને ઈ ? **'સવ્વણાણ'** એનો સ્વભાવ તો સંપૂર્ણ પોતાને જાણે ત્યારે એ વિશ્વને જાણે એવો એનો સ્વભાવ છે. પોતે જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ છે. એ સર્વને પોતાના સ્વરૂપને સર્વને જાણવું, એ જાણે ત્યારે સર્વને પરને પણ જાણવું એમાં આવી જાય છે. આ..હા...!

એ **'આત્મદ્રવ્ય...'** વસ્તુ **'સ્વભાવથી તો સર્વને દેખનારું તથા જાણનારું છે...'** એટલે અહીં સર્વને દેખનાર-જાણનાર (છે) એમ કહીને એનો સ્વભાવ સર્વને જાણવું-દેખવું એ સ્વરૂપ છે (એમ કહેવું છે). આ દેહમાં પ્રભુઆત્મા (બિરાજે છે) એનો સ્વભાવ તો સંપૂર્ણ સર્વને બધાને દેખવું-જાણવું એવો એનો સ્વભાવ છે. જ્ઞાતા-દૃષ્ટા પૂર્ણપણે થાય એ તો એનો સ્વભાવ છે. આહા..હા...! કોઈનું કરે એ વાત અહીં છે નહિ.

અહીંયાં તો કહે છે કે, અનાદિ કાળથી **'પોતે અપરાધી હોવાથી...'** એ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના શુભભાવ એ મારા છે એવી માન્યતા (જે કરે છે) તે અપરાધી છે. આહા..હા...! એ મિથ્યાદૃષ્ટિ સ્વરૂપનો અપરાધી છે. આ..હા...! સ્વરૂપમાં એ પુણ્ય-પાપના ભાવ એમાં નથી અને એના નથી. એમાં નથી, એના નથી. એ તો પર્યાયમાં પુદ્ગલના નિમિત્તના લક્ષે ઉત્પન્ન થતા હોવાથી તેને પુદ્ગલસ્વભાવી કીધા છે. આહા..હા...! બહુ કામ

(આકરું).

અહીંયાં (કહે છે કે), અનાદિ કાળથી પોતે પોતાનો અપરાધી હોવાથી. કર્મને લઈને નહિ. સર્વને જાણનાર-દેખનાર એનો સ્વભાવ હોવા છતાં પોતાના અપરાધથી પોતે જ અલ્પજ્ઞપણાં રાગાદિમાં રહી અને આ જ મારું સ્વરૂપ છે એમ માને છે. એ પોતાનો અપરાધ છે. આહા..હા...! પાઠમાં 'કર્મરજ' (શબ્દ હતો). **'કર્મરજ-આચ્છાદને'** (એમ છે). એનો અર્થ આચાર્યે કર્યો કે, પોતાનો અપરાધ છે. કર્મરજ કહેતાં પોતાનું સ્વરૂપ જે ચિદાનંદ, જ્ઞાનાનંદ (છે) એને ન જાણતાં એ રાગને અને પુણ્યને જાણવામાં રોકાય ગયો એ એનો અપરાધ છે. આહા..હા...! એ પુણ્ય પરિણામના કરવાપણામાં રોકાણો અને પુણ્ય પરિણામમાં જાણવામાં રોકાણો એ એનો અપરાધ છે. એમ કહે છે. આ..હા...! આવી વાતું હવે !

તેથી **'અનાદિથી પોતે અપરાધી હોવાથી કર્મ વડે આચ્છાદિત છે,...'** ખરેખર એ પુણ્ય અને પાપના ભાવ એ મારા (છે એમ માને છે) એને લઈને એ ઢંકાઈ ગયો છે. સ્વરૂપ એનું ઢંકાઈ ગયું છે. એ સ્વરૂપમાં નથી અને એની જાત નથી. છતાં એ પુણ્ય અને પાપના ભાવ પોતાના માની અને સ્વરૂપનું અજ્ઞાન કરી અને પોતાના અપરાધથી જ પોતે ઢંકાઈ ગયો છે. આહા..હા...!

**'અપરાધી હોવાથી કર્મ...'** એટલે પુણ્ય-પાપના ભાવ. એ વડે ઢંકાઈ ગયો છે. એટલે ? એને પોતાનું સ્વરૂપ શુદ્ધ છે તે જોવું જોઈએ, તે જાણવું જોઈએ, તે દેખવું જોઈએ એમ ન કરતાં એ પુણ્યના પરિણામ, પાપના ભાવને એટલામાં જાણવામાં રોકાણો એ એનો અપરાધ છે. સર્વને જાણનાર-દેખનાર એ રાગને જાણવા રોકાણો એ એનો અપરાધ છે. આહા..હા...! આવો માર્ગ !

વીતરાગદેવ જિનેશ્વરદેવ સર્વજ્ઞની વાણી આ છે. સંતો એ પ્રભુની વાણી તરીકે બતાવે છે. આ..હા...! પ્રભુ ! તું સર્વને જાણનાર-દેખનાર છો ને ! એ સર્વને જાણનાર-દેખનાર ઉપર તારી દૃષ્ટિ નથી એથી પુણ્ય અને પાપના પરિણામ જે બંધસ્વરૂપ છે (તેને જાણવામાં રોકાઈ ગયો). અબંધ સ્વરૂપ તો સર્વને જાણનાર-દેખનાર (છે) એ અબદ્ધ સ્વરૂપ છે. પણ તેના ઉપર તારી દૃષ્ટિ નહિ હોવાથી પુણ્ય અને પાપના શુભ-અશુભ ભાવ તેને જ, એટલાને જ જ્ઞેય કરીને જ્ઞાનમાં ત્યાં રોકાઈ ગયો. આહા..હા...! એટલા જ જ્ઞેયનું જ્ઞાન કરીને રોકાણો. નહિતર સર્વને જાણે. પોતાનું સ્વરૂપ સંપૂર્ણ જાણે તો સર્વ જ્ઞેયને જાણે. સમજાણું કાંઈ ? આ..હા...! ઝીણી વાત છે, ભાઈ !

આત્મા પોતે ચૈતન્ય સ્વભાવ સર્વને જાણવા-દેખવાનો જ એનો સ્વભાવ છે, પણ એ ક્યારે ? કે, પોતે પોતાને જોવે અને જાણે ત્યારે તે સ્વભાવ જાણવા-દેખવાનો છે એમ એના અનુભવમાં આવે. પણ તેના ઉપર તો અનાદિથી નજર નથી. એની નજરું વર્તમાન દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા કરું છું, એવો જે વિકારીભાવ (છે), એટલાને જ્ઞેય બનાવી અને

જ્ઞાનનો વિષય એટલો છે અને જ્ઞાન એવડું છે... આહા..હા...! (એમ માન્યું) એ એનો અપરાધ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

બાપુ ! માર્ગ બહુ ઝીણો છે, ભાઈ ! આહા..હા...! જિનેશ્વરદેવનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. અત્યારે તો બહારની સ્થૂળ વાતુંમાં બધા રોકાઈ ગયા. આ વ્રત કર્યા ને તપ કર્યા ને અપવાસ કર્યા ને ભક્તિયું કરી ને પૂજા કરી ને જાત્રા કરી. આ..હા...! એ તો બધી રાગની ક્રિયા (છે). (એટલું જ) જ્ઞેય (છે) એમ જાણીને ત્યાં એટલામાં જ્ઞાન રોકાઈ ગયું. આહા..હા...! એ એનો પોતાનો અપરાધ છે, કર્મને લઈને નહિ. કર્મે એને ત્યાં રાગમાં રોક્યો છે એમ નહિ. એકલા પુણ્ય-પાપના ભાવમાં જ્ઞાન રોકાણું છે એ કર્મને લઈને છે, જ્ઞાનાવરણીય કર્મને લઈને તે જ્ઞાન ત્યાં રોકાઈ ગયું એમ નહિ.

સર્વને જાણનાર-દેખનાર પ્રભુ ! પાઠ એવો લીધો છે ને ! જુઓ ને ! '**सव्वणाणदरिसी**' આ..હા...! એ તો સર્વને જાણવું-દેખવું એ એનું સ્વરૂપ છે. એ સ્વભાવ ઉપર નજર ન રાખતાં અનાદિથી તે પ્રભુ સર્વને જાણનાર-દેખનાર, સર્વને જાણનાર-દેખનાર એવો સ્વભાવ, એની ઉપર નજરું ન કરતાં, વર્તમાન પૂરતા પુણ્ય અને પાપના ભાવ (થાય છે) તેમાં મારું આ કર્તવ્ય છે અને એ હું છું, એ મારું આચરણ છે, એમ ત્યાં રોકાણો એ જ એનો અપરાધ છે. સમજાય છે ? ઝીણી વાત છે થોડી, પણ આ તો ઝીણા રહસ્ય છે. 'સમયસાર' એટલે ભગવાનની વાણી બહુ ઊંડી ! એ કોઈ કથા-વાર્તા નથી. આહા..હા...!

મુમુક્ષુ :– અખંડ પ્રતિભાસ જોઈએ ને !

ઉત્તર :– અખંડ પ્રતિભાસ જોઈએ તે નથી માટે ખંડમાં રોકાણો એ એનો અપરાધ છે. છે અબદ્ધસ્પૃષ્ટ. એ તો આવી ગયું છે ને પહેલું ! મુક્તસ્વરૂપ છે. આહા..હા...! અબદ્ધસ્પૃષ્ટ છે. આ..હા...! એવો હોવા છતાં એને.. એને.. એને જાણતો નથી. એને જાણે તો તો એ સર્વજ્ઞ, સર્વદર્શી સ્વભાવ છે. એથી એ રાગમાં રોકાઈને એને જાણવા રોકાય એટલું (સ્વરૂપ) નથી. આહા..હા...!

પોતાનો ભગવાનઆત્માનો સ્વભાવ, બધા આત્મા ભગવાનસ્વરૂપ (છે). એનો સ્વભાવ જ બધું પૂર્ણ પોતાને જાણવું અને પૂર્ણ પોતાને જાણે એથી પર જાણવામાં એમાં આવી જાય છે. સમજાય છે કાંઈ ?

પોતાના અપરાધથી આચ્છાદિત છે, ઢંકાઈ ગયેલો છે. આ..હા...! '**અને તેથી પોતાના સંપૂર્ણ સ્વરૂપને...**' જોયું ? અને તેથી તે પોતાના સંપૂર્ણ સ્વરૂપને '**જાણતું નથી;...**' આમ લીધું. ભગવાનઆત્મા સંપૂર્ણ એનું સ્વરૂપ તો જાણવું-દેખવું છે. એ જાણવું-દેખવું એનું સ્વરૂપ છે એને એ જાણતો નથી. અનાદિથી દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા આદિના ભાવ – રાગ, એને જાણવામાં રોકાય ગયો. એને જાણવાનો સ્વભાવ તો પોતામાં પોતાનું પૂર્ણ સ્વરૂપ છે તેને જાણવાનો સ્વભાવ છે. અને એ પૂર્ણને જાણતા બીજા બધા જાણવામાં આવી જાય છે.

પણ એમ ન જાણતાં... આહા..હા...! એ શુભ અને અશુભ ભાવ, પુણ્ય અને પાપના ભાવ, એમાં રોકાઈને, તેટલાને જ્ઞેય બનાવીને, તેટલું જ જ્ઞાન મારું, એને જાણનારું જ્ઞાન તેટલો હું,... આહા..હા...! અને એ રાગ છે એ મારું સ્વરૂપ છે, એ રાગ મારું કર્તવ્ય છે એમ પોતાના અપરાધથી ત્યાં રોકાય ગયેલો છે. આહા..હા...! આકરી વાત છે, બાપુ ! વીતરાગમાર્ગ (બહુ ઝીણો).

શું કહ્યું ? જુઓ ! **'તેથી પોતાના સંપૂર્ણ સ્વરૂપને જાણતું નથી;...'** એમ કીધું ને ? આહા..હા...! એ રાગ – પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ, એ પુણ્ય છે, રાગ છે. એને જાણવામાં રોકાણું અને એ મારા છે એમ માનીને ત્યાં રોકાણો. આહા..હા...! **'તેથી પોતાના સંપૂર્ણ સ્વરૂપને જાણતું નથી;...'** આ..હા..હા...! હવે વાત આવી પકડવી ક્યારે ? વાડાબંધી બાંધીને (એમાં) પડી, જિંદગી ચાલી જાય છે. આ..હા...! ભગવાન ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવ એમ કહે કે, પ્રભુ ! તું તો સર્વને તારા પૂર્ણ સ્વરૂપને જાણનારો છો ને ! એ સંપૂર્ણને જાણનારો છો એટલે સર્વ વિશ્વને જાણનારો છે, એમ. આહા..હા...! વિશ્વમાં પોતે અને પર બેય આવી ગયા ને ! આહા..હા...!

એ ભગવાનઆત્મા અંદર ચૈતન્ય સર્વજ્ઞસ્વરૂપી છે. સર્વદર્શી, સર્વજ્ઞ કહ્યું ને ? પાઠમાં એમ આવ્યું ને ? **'सव्वणाणदरिसी'** એ સર્વજ્ઞ અને સર્વદર્શી તેનો સ્વભાવ છે. ભગવાન સર્વજ્ઞ અને સર્વદર્શી પરમાત્મા અરિહંત થયા એ ક્યાંથી થયા ? એ (દશા) કંઈ બહારથી આવે છે ? આહા..હા...! એ સર્વજ્ઞ, સર્વદર્શી એની શક્તિ, એનું સત્ત્વ, એનો સ્વભાવ છે. આહા..હા...! એને સંપૂર્ણપણે, જે પોતાનું સ્વરૂપ છે તેને જાણવું જોઈએ... આહા..હા...! એ પોતાના સંપૂર્ણ સ્વરૂપને જાણતો નથી. એને જાણવું જોઈએ, એને જાણતો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, પ્રભુ !

વીતરાગ પરમેશ્વર ! એનો હુકમ, એની આજ્ઞા કોઈ જુદી જાતની છે. અત્યારે તો બધી ગડબડ ગડબડ (ચાલે છે). આખો રસ્તો ઊંધી લાઈને ચડી ગયો છે. આ..હા..!

શું કહ્યું ? એ સર્વને દેખનારું, જાણનારુંનો અર્થ – પોતાના સંપૂર્ણ સ્વરૂપને જાણવું-દેખવું એ એનું સ્વરૂપ છે. આહા..હા...! એને ન જોતાં, એ પુણ્ય ને પાપના, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય, ત્યાં જ્ઞાનની પર્યાયને રોકી, વસ્તુ તો વસ્તુ છે, (પણ) પર્યાયને ત્યાં રોકી. આહા..હા...!

મુમુક્ષુ :– (પોતાના ભગવાનને) જોવાની વિધિ આપે બતાવી.

ઉત્તર :– આ છે. ભગવાન ત્રણલોકનો નાથ પોકાર કરે છે ! આ..હા..હા...! 'સીમંધરસ્વામી' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. એની આ વાણી છે. આહા..હા...! પ્રભુ બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે, ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. વીસમા 'મુનિસુવ્રત' ભગવાનના વાડામાંથી પોતે કેવળજ્ઞાન પામ્યા છે. તે કાળે ત્યાં કેવળજ્ઞાન પામ્યા છે. અબજો વર્ષથી

છે અને હજી અબજો વર્ષ રહેવાના છે. આવતી ચોવીશીના તેરમા તીર્થંકર અહીં થશે ત્યારે તે અરિહંતપદ છૂટીને સિદ્ધપદ થશે. અત્યારે ણમો અરિહંતાણંમાં છે. 'મહાવીર' આદિ પરમાત્મા ણમો સિદ્ધાણંમાં છે. અત્યારે ણમો અરિહંતાણમમાં નથી. અહીં હતા ત્યારે અરહંતાણમમાં હતા. અત્યારે પ્રભુ ણમો સિદ્ધાણંમાં છે. આહા..હા...!

અરિહંત ભગવાન બિરાજે છે એ અત્યારે સિદ્ધપદમાં નથી, અત્યારે એ અરિહંતપદમાં છે. ચાર કર્મ બાકી, ચાર કર્મ છેદ્યા. કેવળજ્ઞાન થયું પણ હજી ચાર અઘાતિકર્મ બાકી છે. આહા..હા...! એ ભગવાન પાસે 'કુંદકુંદાચાર્યદેવ' ગયા. અરે..રે....! (લોકોને) એય વિશ્વાસ ન આવે.

પેલામાં વિચાર આવ્યો છે. 'વિદ્યાનંદજી' તરફથી 'સમયસાર' (બહાર) પડ્યું છે ને ? 'સમયસાર' ! આજે વળી કો'કે ત્યાં મૂક્યું હતું. એમાં એ (–'કુંદકુંદાચાર્યદેવ') મહાવિદેહમાં ગયા એ વિશ્વસનીય નથી એમ (લખ્યું છે). અર..ર..ર...! આચાર્યોએ કહ્યું, 'જયસેનાચાર્યદેવે' કહ્યું. મહામુનિ ! ટીકામાં (કહ્યું છે). 'જયસેનાચાર્યદેવ'ની ટીકા છે. 'પંચાસ્તિકાય'માં, આમાં નહિ. 'પંચાસ્તિકાય'ની ટીકામાં છે કે, 'કુંદકુંદાચાર્યદેવ' સંવત ૪૯માં નગ્ન મુનિ, દિગંબર મુનિ ભગવાન પાસે ગયા હતા. 'દેવસેનાચાર્યદેવ' (કહે છે કે), ભગવાન પાસે ગયા હતા અને એ જો ત્યાંથી આવો માર્ગ ન લાવે તો અમે મુનિપણું ક્યાંથી સમજત ? આહા..હા...! અરે..રે...!

અહીં તો એમ કહે છે કે, પોતાનો સ્વભાવ તો સર્વને જાણવું-દેખવું છે એમ છતાં પોતાનો અપરાધ એટલે અલ્પ જ્ઞાનને રાગમાં રોકી, એણે ત્યાં મિથ્યાત્વનો અપરાધ કર્યો. આહા..હા...! એ મિથ્યાત્વના અપરાધ વડે કરીને સર્વને જાણનારું-દેખનારું (સ્વરૂપ) તે ઢંકાઈ ગયું છે. આ બંધસ્વરૂપની વ્યાખ્યા ચાલે છે ને ! ઢંકાઈ ગયું છે ઈ પહેલી ત્રણ ગાથામાં આવ્યું હતું. આ તો (કહે છે) બંધસ્વરૂપ જ છે, પુણ્ય-પાપ એ બંધસ્વરૂપ છે. તેથી અબંધસ્વરૂપ એવો ભગવાન સર્વને જાણનાર-દેખનારને ન જાણતા... આહા..હા...! પોતાના અપરાધથી ફક્ત એ દયા, દાન, વ્રત, ભક્તિ અને કામ, ક્રોધના શુભાશુભભાવને જાણીને એને થઈ ગયું કે, જાણે ઓ..હો..હો...! આપણે જાણે ઘણું જાણ્યું ! એવો જે મિથ્યાત્વ ભાવ, એ બંધભાવ છે. એ અબંધભાવથી વિરુદ્ધ ભાવ છે. બંધભાવ તરીકે, હોં ! મોક્ષના માર્ગના પરિણામથી વિરુદ્ધ ભાવ (છે એમ) હવેની ત્રણ ગાથામાં આવશે. આ તો અબંધથી વિરુદ્ધ ભાવ બંધ છે, એટલી વાત છે. સમજાણું કાંઈ ?

પહેલી ત્રણ ગાથામાં એમ આવ્યું હતું કે, ભગવાનઆત્માનો જે મોક્ષમાર્ગ – આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એને મિથ્યાત્વાદિએ ઢાંકી દીધું છે. એમ આવ્યું હતું. અને આમાં એમ આવ્યું કે, ભગવાનઆત્મા અબદ્ધ સ્વરૂપ સર્વજ્ઞ સર્વદર્શી છે છતાં રાગાદિના બંધસ્વરૂપમાં રોકાઈ ગયેલો છે. માટે એ બંધસ્વરૂપ છે, માટે એ નિષેધ કરવામાં આવે છે. ચાહે તો

દયા, દાન, વ્રત, ભક્તિના, જાત્રાના પરિણામ હોય પણ છે એ બંધસ્વરૂપ – રાગ. આહા..હા..! આકરું પડે ભાઈ ! માણસને બિચારાને, શું કરે ? કોઈ દિ' જિંદગીમાં સાંભળ્યું નથી અને એ ઉપદેશ થતો નથી. ઉપદેશ તો આ કરો, આ કરો, આ કરો... 'પાલીતાણા'ની જાત્રા કરો, 'ગિરનાર'ની કરો, 'સમેદશીખર'ની કરો, જાઓ ! પણ આ ત્રણલોકનો નાથ છે એની તો જાત્રા એકવાર કર ! એવી પરની જાત્રાઓ તો અનંતવાર કરી. આહા..હા...!

ભગવાનઆત્મા ! **'પોતાના સંપૂર્ણ સ્વરૂપને જાણતું નથી;...'** આ..હા..હા...! એમ કહ્યું, જોયું ? **'એ રીતે અજ્ઞાનદશામાં વર્તે છે.'** પોતાનું જાણવું-દેખવું સંપૂર્ણ સ્વરૂપ છે તેને જાણતો નથી. તેથી તે રાગને એકલાને જાણવામાં રોકાઈને અજ્ઞાનમાં વર્તે છે. **'આ પ્રમાણે કેવળજ્ઞાનસ્વરૂપ અથવા મુક્તસ્વરૂપ આત્મા...'** જોયું ? આ..હા...! અહીં ઈ રાગાદિ બંધસ્વરૂપ છે (એમ કહ્યું ને) ! અહીં મુક્તસ્વરૂપ છે, આ..હા...! અહીંયાં જ્ઞાનની પર્યાય ફક્ત રાગમાં રોકાણી છે, ત્યારે એનું સ્વરૂપ કેવળજ્ઞાન, આખું કેવળજ્ઞાન છે. આહા..હા...! 'શ્રીમદ્દે' કહ્યું છે કે, સમકિત થતાં શ્રદ્ધામાં કેવળજ્ઞાન પ્રગટે છે. આમ વસ્તુ હતી પણ એને શ્રદ્ધામાં ન આવી ત્યાં સુધી શું ? આ..હા..હા...! સમજાણું ?

એક આ સવાલ આવ્યો હતો. અમૂર્તનું આવ્યું ને ? અમૂર્તનું ! કર્મના છેદવાથી પછી અમૂર્તપણું પ્રગટે છે. એનો અર્થ ઈ કે, અમૂર્તપણું તો છે, પણ એની દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી એ અમૂર્તપણું એને નથી. વ્યાખ્યા એવી આવે છે ને ! અમૂર્તની વ્યાખ્યા છે આમાં, જુઓ ! કેટલામો બોલ છે એ ? અમૂર્ત. એકવીસમાં આવ્યું છે, વીસ.. વીસ ! વીસ છે. **'કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા, સહજ, સ્પર્શાદિ શૂન્ય (–સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી રહિત) એવા આત્મપ્રદેશોસ્વરૂપ અમૂર્તશક્તિ.'** એટલે લીધું કે, અમૂર્તશક્તિ તો છે પણ એની પ્રતીતમાં આવી જાય ત્યારે (એને માટે) અમૂર્તશક્તિ (છે). રાગથી ભિન્ન પડી, બંધથી ભિન્ન પડી અને અબંધ જ્યારે શક્તિ તો અમૂર્ત છે, ત્યારે તેને અમૂર્તશક્તિની પર્યાયમાં પ્રગટતા થઈ, એને આ અમૂર્ત છે એમ જાણવામાં આવ્યું. અજ્ઞાનીને તો રાગ ને પુણ્ય ને મૂર્ત છું એમ અનાદિથી માને છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! ઘણું ગંભીર છે.

અહીં તો કર્મના અભાવથી વ્યક્ત કરવામાં આવતા, એમ કહ્યું ને ? **'સહજ, સ્પર્શાદિ શૂન્ય... એવા આત્મપ્રદેશોસ્વરૂપ અમૂર્તશક્તિ.'** આહા..હા...! એટલે કે જેને અંદરમાં રાગની એકતા તૂટીને સ્વરૂપનું જ્ઞાન થયું છે તેને અમૂર્તશક્તિ છે (એવી) એને પ્રતીતિ થઈ. આહા..હા...! ભગવાન તો ત્રિકાળ અમૂર્ત જ છે. ભગવાન તો ત્રિકાળ કારણપરમાત્મા છે. પણ કારણપરમાત્માની દૃષ્ટિ થયા વિના, આ છે, એને રાગની એકતા તૂટીને સ્વભાવની એકતા કરે ત્યારે તેને કારણપરમાત્મા છે એમ પ્રતીતમાં – દૃષ્ટિમાં આવ્યું. આ..હા...!

ઈ તો 'ત્રિભોવન વારિયા'એ પ્રશ્ન કર્યો હતો ને ! કે, કારણપરમાત્મા છે તો તો કાર્ય

આવવું જોઈએ. બધા કારણપરમાત્મા અંદર વસ્તુ ભગવાનસ્વરૂપ છે અને કાર્ય તો આવતું નથી. આહા..હા...! એમ પ્રશ્ન કર્યો હતો. પણ ભાઈ ! કારણપરમાત્મા છે... બાપુ ! માર્ગ પ્રભુ ! (શું કહીએ) ? એ કારણપરમાત્મા પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... અનંત ગુણનો પિંડ પૂર્ણ છે.. આ..હા...! એવી જેને સ્વસન્મુખ થઈને દૃષ્ટિ થઈ છે એને કારણપરમાત્મા છે, એને કાર્યસમકિત થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ ? અરે..રે...! આવી વાતું હવે ! જિંદગી ચાલી જાય છે. આ..હા...! સત્યને ભગવાને કહ્યું ઈ સત્ય એક કોર પડ્યું રહે છે અને બહારમાં ખોટા ઢસરડા કરી જિંદગી (પૂરી કરે છે). આહા..હા...!

પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો પોકાર છે આ, પ્રભુ ! આહા..હા...! તું છો તો કારણપરમાત્મા. પરમાણુને કારણપરમાણુ કીધો છે ને ! 'નિયમસાર'માં. આહા..હા...! પણ એ વસ્તુ તો છે  એ ત્રિકાળ આનંદકંદ અબદ્ધ છે, મુક્તસ્વરૂપ છે. અહીં આવ્યું ને ? '**કેવળજ્ઞાનસ્વરૂપ અથવા મુક્તસ્વરૂપ આત્મા...**' છે. છે તો એવો એ ત્રિકાળ. વસ્તુને આવરણ નથી, વસ્તુમાં વિપરીતતા નથી, વસ્તુમાં ઉણપ નથી. આહા..હા...! પણ કર્મ પુણ્ય અને પાપના ભાવમાં રોકાયેલો, એનાથી લિપ્ત હોવાથી. આ..હા..હા...! એ શુભ અને અશુભ ભાવ જે મલિનભાવ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો, જાત્રાનો હો પણ એ રાગ મલિન છે. રાગભાવ છે ઈ દુનિયાને ખબર નથી. દુનિયા જાણે (કે) આ ધર્મ છે (એમ માને છે). આ..હા...!

ધર્મ તો અંતર આનંદસ્વરૂપ ભગવાન ! એને રાગથી ભિન્ન પોતાનું પૂર્ણ સ્વરૂપ છે એમ જ્યારે જાણે અને માને ને અનુભવે ત્યારે એને ધર્મ થાય. આહા..હા...! એને ઠેકાણે આ દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રાના પરિણામમાં જ્ઞાન રોકાયેલું (રહે છે) તેથી તે પૂર્ણને જાણતું નથી. અલ્પને જાણવા રોકાતા પૂર્ણને જાણતું નથી એ જ એનો અપરાધ છે. આહા..હા...! હવે આવું પકડાય નહિ પછી વિરોધ કરે.

મુમુક્ષુ :– બરાબર સાંભળે, સમજે નહિ ને વિરોધ કર્યા કરે.

ઉત્તર :– શું કરે ? ભાઈ ! 'જામાં જિતની બુદ્ધિ હૈ, ઇતનો દિયે બતાય, વાંકો બૂરો ન માનિયે ઔર કહાં સે લાય ?' ક્યાંથી લાવીએ ? ભાઈ !

આ..હા..હા...! મહાપ્રભુ અંદર બિરાજે છે. ત્રણે કાળે ચૈતન્યદ્રવ્ય તો નિરાવરણ પડ્યું છે. આહા..હા...! એને રાગમાં રોકાયને આવરણમાં – એ ભાવઆવરણમાં નાખી દીધું. પર્યાયમાં, પર્યાયમાં. એ દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા આદિનો ભાવ રાગ છે. તેમાં રોકાઈ ગયો એ મુક્તસ્વરૂપને એણે ઢાંકી દીધું. કેવળજ્ઞાન સ્વરૂપ પ્રભુ અંદર છે એનો એણે અનાદર કર્યો છે. આવી વાતું છે. દુનિયા પાગલ માને એવું છે. અરે..રે...! આખી વાત (ફેરફાર થઈ ગઈ). આહા..હા...!

મુમુક્ષુ :– પહેલા મંદ કરે પછી (શુદ્ધમાં આવી જાય).

ઉત્તર :– મંદ કરે ઈ અજ્ઞાન છે. મંદ છે તે કરવુંય નથી. મંદ છે એ રાગ છે, ઝેર છે. એને કરે પછી (ધર્મ થાય એ તો) લસણ ખાય પછી કસ્તૂરીનો ડકાર આવે તો આ શુભભાવ કરે તો એને ધર્મ થાય (એના જેવી વાત છે). બાપુ ! મારગડા જુદા પ્રભુ ! શું કરીએ ? આહા..હા...! પ્રભુના ભરતમાં વિરહ પડ્યા, ભગવાન બિરાજે ત્યાં પણ વાણીનો વિરહ નહિ. વાણી તો ભગવાનની જે છે એ વાણી છે. આહા..હા...!

અહીં તો સંપૂર્ણ જાણનારો એ પોતાના સંપૂર્ણ (સ્વરૂપને) ન જાણતા અપૂર્ણ અથવા વિપરીત પર્યાયને જાણવામાં રોકાણો એ એનો અપરાધ છે. આહા..હા...! એ એનો મિથ્યાત્વનો અપરાધ છે. આહા..હા...! બહુ આકરી વાત, બાપા ! આહા..હા...!

**'એ પ્રમાણે કેવળજ્ઞાનસ્વરૂપ અથવા મુક્તસ્વરૂપ આત્મા...'** પોતાના વિકારી પરિણામ **'વડે લિપ્ત હોવાથી...'** આહા..હા...! લિપ્ત હોવાથી (એટલે) મિથ્યાત્વ ભાવથી ઢંકાયેલો હોવાથી **'અજ્ઞાનરૂપ અથવા બદ્ધરૂપ વર્તે છે,...'** સ્વરૂપના અજ્ઞાનરૂપ અને રાગના બદ્ધરૂપમાં વર્તે છે. આહા..હા...! **'માટે એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.'** પુણ્ય અને પાપના ભાવ પ્રભુ ! એ બંધસ્વરૂપ છે. પ્રભુ ! તું તો અબદ્ધસ્વરૂપ આખો ભિન્ન છો. આ..હા...! અરે...! કેમ બેસે ? અત્યારે હું અબદ્ધસ્વરૂપ છું. ભગવાન ! તારું સ્વરૂપ તો અબદ્ધસ્વરૂપ જ છે. અબદ્ધ ન હોય તો પર્યાયમાં અબદ્ધપણું મુક્તપણું ક્યાંથી આવશે ? ભાઈ ! કાંઈ બહારથી આવતું નથી. આહા..હા..હા...!

મુમુક્ષુ :– એકાએક કેવી રીતે થઈ જશે ?

ઉત્તર :– એકાએક અહીં તો તૂટી પડે એવું છે. એક સમયનો ફેર છે. એક સમયમાં રાગને જોનાર એકતા રોકી છે, એ ગુંલાટ ખાઈને આત્માને જોવે તો એક સમયનો ફેર છે.

મુમુક્ષુ :– સ્વપરપ્રકાશકપણું તો છે, સ્વપરપ્રકાશક તો હતો ને.

ઉત્તર :– હા, ઈ છે. એ પોતે પોતાને જ જાણ્યો નથી. એમ કીધું ને ? એ પરને, રાગને, દયાને જાણવા રોકાય ગયો. એ સ્વને જાણવામાં જાય એને એક સમયની વાત છે. આહા..હા...! શું થાય ? મારગ તો આ છે, પ્રભુ ! દુનિયા પછી સાધુને નામે, પંડિતોના નામે ગમે ઈ ગડબડી ચલાવે એ મારગ વીતરાગનો નથી, બાપા ! આહા..હા...!

**'તેથી કર્મનો નિષેધ કરવામાં આવ્યો છે.'** કર્મ એટલે પુણ્ય-પાપ. પુણ્ય-પાપ બંધસ્વરૂપ છે, શુભ-અશુભ ભાવ બંધસ્વરૂપ છે. પહેલામાં એમ કહ્યું હતું કે, પુણ્ય-પાપના ભાવ મારા એમ માનીને સમ્યગ્દર્શનને ઉત્પન્ન થવા દેતું નથી, ઢાંકી દીધું, ઘાત કર્યો, ઘાત કર્યો. આમાં કહ્યું કે, એ બંધસ્વરૂપ છે. આહા..હા...!

હવે ત્રીજો બોલ. બે બોલ ગયા. આ બે બોલ. ક્યા ? કે, એક તો ભગવાનઆત્મા આત્માનું સમકિત, આત્માનું જ્ઞાન અને આત્માનું ચારિત્ર, તેનો મિથ્યાત્વભાવથી ઘાત થાય છે, એનો એમાં ઘાત થાય છે. પુણ્ય પરિણામ મારા એવા મિથ્યાત્વથી સમકિત ઉત્પન્ન

થતું નથી તેને ઘાત કરે છે (એમ કહ્યું). આ રાગાદિ છે એને પોતાનો માનતા, રાગ બંધસ્વરૂપ છે, એણે અબંધસ્વરૂપની દૃષ્ટિ ન કરતાં બંધમાં છે, બંધસ્વરૂપ છે માટે નિષેધ છે. હવે ત્રીજામાં (કહે છે), એ ભાવો સમકિતદર્શન, જ્ઞાન, ચારિત્રથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા...! એ ત્રણે મિથ્યાત્વ – પુણ્યમાં ધર્મ છે, દયા, દાન, વ્રત, ભક્તિમાં ધર્મ છે એવો મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વભાવ સમકિતભાવથી વિરુદ્ધ છે. એ ત્રીજા બોલમાં છે.

## ક્રમબદ્ધ દ્વારા આત્માના અકર્તાપણાની સિદ્ધિ

**આ બહુ સરસ ગાથા છે. આ ગાથા મોક્ષ અધિકારની ચૂલિકા છે. અહીં આચાર્યદેવ આત્માનું અકર્તાપણું બતાવે છે. અકર્તાપણું એટલે કે જ્ઞાયકસ્વભાવની સિદ્ધિ ક્રમબદ્ધ દ્વારા કરી છે. એક પછી એક થાય અને જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય તેનું નામ ક્રમબદ્ધ છે. દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની તે જ થાય છે એટલે કે તેને અન્ય દ્રવ્ય તો કરતું નથી પણ તે પર્યાયને તે દ્રવ્ય પણ આઘી-પાછી કરી શકે– ફેરફાર કરી શકે એમ નથી. ક્રમબદ્ધ તો મહાસિદ્ધાંત છે. ક્રમબદ્ધનો સાચો નિર્ણય કરવા જાય ત્યાં દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઊપર જાય છે અને ત્યારે જ ક્રબમદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. ક્રમબદ્ધ પર્યાયના આશ્રયે ક્રમબદ્ધનો નિર્ણય નહિ થાય, અકર્તાસ્વભાવની દૃષ્ટિ કરવાથી ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. માટે, ક્રમબદ્ધના નિર્ણયમાં પુરુષાર્થનો નિષેધ થઈ જતો નથી પણ ક્રમબદ્ધના નિર્ણયમાં દ્રવ્યસ્વભાવનો અનંતો પુરુષાર્થ છે. અકર્તાપણું એ નાસ્તિનું કથન છે. ક્રમબદ્ધ દ્વારા જ્ઞાયકસ્વભાવની અહીં સિદ્ધિ કરવામાં આવી છે.**

–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ સપ્ટેમ્બર–૨૦૦૬

## ગાથા-૧૬૧થી૧૬૩

अथ कर्मणो मोक्षहेतुतिरोधायिभावत्वं दर्शयति -

सम्मत्तपडिणिबद्धं मिच्छत्तं जिणवरेहि परिकहियं।
तस्सोदयेण जीवो मिच्छादिट्ठि त्ति णादव्वो।।१६१।।
णाणस्स पडिणिबद्धं अण्णाणं जिणवरेहि परिकहियं।
तस्सोदयेण जीवो अण्णाणी होदि णादव्वो।।१६२।।
चारित्तपडिणिबद्धं कसायं जिणवरेहि परिकहियं।
तस्सोदयेण जीवो अचरित्तो होदि णादव्वो।।१६३।।

सम्यक्त्वप्रतिनिबद्धं मिथ्यात्वं जिनवरैः परिकथितम्।
तस्योदयेन जीवो मिथ्यादृष्टिरिति ज्ञातव्यः।।१६१।।
ज्ञानस्य प्रतिनिबद्धं अज्ञानं जिनवरैः परिकथितम्।
तस्योदयेन जीवोऽज्ञानी भवति ज्ञातव्यः।।१६२।।
चारित्रप्रतिनिबद्धः कषायो जिनवरैः परिकथितः।
तस्योदयेन जीवोऽचारित्रो भवति ज्ञातव्यः।।१६३।।

---

सम्यक्त्वस्य मोक्षहेतोः स्वभावस्य प्रतिबन्धकं किल मिथ्यात्वं, तत्तु स्वयं कर्मैव, तदुदयादेव ज्ञानस्य मिथ्यादृष्टित्वम्। ज्ञानस्य मोक्षहेतोः स्वभावस्य प्रतिबन्धकं किलाज्ञानं, तत्तु स्वयं कर्मैव, तदुदयादेव ज्ञानस्य मोक्षहेतोः स्वभावस्य प्रतिबन्धकं किलाज्ञानं, तत्तु स्वयं कर्मैव, तदुदयादेव ज्ञानस्याज्ञानित्वम्। चारित्रस्य मोक्षहेतोः स्वभावस्य प्रतिबन्धकः किल कषायः, स तु स्वयं कर्मैव, तदुदयादेव ज्ञानस्याचारित्रत्वम्। अतः स्वयं मोक्षहेतुतिरोधायिभावत्वात्कर्म प्रतिषिद्धम्।

---

હવે, કર્મ મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ (અર્થાત્ મિથ્યાત્વાદિભાવસ્વરૂપ) છે એમ બતાવે છે :-

સમ્યક્ત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું. ૧૬૧.

એમ જ્ઞાનપ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું. ૧૬૨.
ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું. ૧૬૩.

ગાથાર્થ :– (सम्यक्त्वप्रतिनिबद्धं) સમ્યક્ત્વને રોકનારું (मिथ्यात्वं) મિથ્યાત્વ છે એમ (जिनवरे:) જિનવરોએ (परिकथितम्) કહ્યું છે; (तस्य उदयेन) તેના ઉદયથી (जीव:) જીવ (मिथ्यादृष्टि:) મિથ્યાદૃષ્ટિ થાય છે (इति ज्ञातव्य:) એમ જાણવું. (ज्ञानस्य प्रतिनिबद्धं) જ્ઞાનને રોકનારું (अज्ञानं) અજ્ઞાન છે એમ (जिनवरै:) જિનવરોએ (परिकथितम्) કહ્યું છે; (तस्य उदयेन) તેના ઉદયથી (जीव:) જીવ (अज्ञानी) અજ્ઞાની (भवति) થાય છે (ज्ञातव्य:) એમ જાણવું. (चारित्रप्रतिनिबद्ध:) ચારિત્રને રોકનાર (कषाय:) કષાય છે એમ (जिनवरै:) જિનવરોએ (परिकथित:) કહ્યું છે; (तस्य उदयेन) તેના ઉદયથી (जीव:) જીવ (अचारित्र:) અચારિત્રથી (भवति) થાય છે (ज्ञातव्य:) એમ જાણવું.

ટીકા :– સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનારું મિથ્યાત્વ છે; તે (મિથ્યાત્વ) તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ જ્ઞાનને મિથ્યાદૃષ્ટિપણું થાય છે. જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકાનારું અજ્ઞાન છે; તે તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ જ્ઞાનને અજ્ઞાનીપણું થાય છે. ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેનો રોકનાર કષાય છે; તે તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ જ્ઞાનને અચારિત્રીપણું થાય છે. માટે, (કર્મ) પોતે મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.

ભાવાર્થ :– સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષના કારણરૂપ ભાવો છે તેમનાથી વિપરીત મિથ્યાત્વાદિ ભાવો છે; કર્મ તે મિથ્યાત્વાદિ ભાવો-સ્વરૂપ છે. આ રીતે કર્મ મોક્ષના કારણભૂત ભાવોથી વિપરીત ભાવો-સ્વરૂપ છે.

પહેલાં ત્રણ ગાથાઓમાં કહ્યું હતું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોનું – સમ્યક્ત્વાદિનું – ઘાતક છે. પછીની એક ગાથામાં એમ કહ્યું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. આ છેલ્લી ત્રણ ગાથાઓમાં કહ્યું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોથી વિરોધી ભાવોસ્વરૂપ છે – મિથ્યાત્વાદિસ્વરૂપ છે. આ પ્રમાણે એમ બતાવ્યું કે કર્મ મોક્ષના કારણનું ઘાતક છે, બંધસ્વરૂપ છે અને બંધના કારણસ્વરૂપ છે, માટે નિષિદ્ધ છે.

અશુભ કર્મ તો મોક્ષનું કારણ છે જ નહિ, બાધક જ છે, તેથી નિષિદ્ધ જ છે; પરંતુ શુભ કર્મ પણ કર્મસામાન્યમાં આવી જતું હોવાથી તે પણ બાધક જ છે તેથી નિષિદ્ધ જ છે એમ જાણવું.

**'હવે, કર્મ મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ (અર્થાત્ મિથ્યાત્વાદિભાવસ્વરૂપ) છે...'** જોયું ? સમ્યગ્દર્શનને ઠેકાણે મિથ્યાત્વાદિ ભાવ (થાય છે) એ મોક્ષના માર્ગથી વિરુદ્ધ ભાવ છે. આ..હા...! બંધભાવ તો પેલામાં ગયો. અહીં તો એને વિરુદ્ધભાવ (તરીકે) સિદ્ધ કરવું છે. વસ્તુના સ્વરૂપથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ જોઈએ તેનાથી આ મિથ્યાત્વાદિ વિરુદ્ધ પરિણામ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'(મિથ્યાત્વાદિભાવસ્વરૂપ) છે...'** જોયું ? ત્રણ ગાથા (છે).

**सम्मत्तपडिणिबद्धं मिच्छत्तं जिणवरेहि परिकहियं।**
**तस्सोदयेण जीवो मिच्छादिट्ठि त्ति णादव्वो।।१६१।।**
**णाणस्स पडिणिबद्धं अण्णाणं जिणवरेहि परिकहियं।**
**तस्सोदयेण जीवो अण्णाणी होदि णादव्वो।।१६२।।**
**चारित्तपडिणिबद्धं कसायं जिणवरेहि परिकहियं।**
**तस्सोदयेण जीवो अचरित्तो होदि णादव्वो।।१६३।।**

**'सम्मत्तपडिणिबद्धं मिच्छत्तं जिणवरेहि परिकहियं।'** આ..હા...! જુઓ ! આચાર્યો સંતો પણ નામ ભગવાનનું આપીને કહે છે. **'जिणवरेहि परिकहियं'** ત્રણલોકના નાથ જિનવરદેવ સર્વજ્ઞ મહાવિદેહમાં બિરાજે છે એમણે આ કહ્યું છે. આહા..હા...! **'तस्सोदयेण जीवो मिच्छादिट्ठि त्ति णादव्वो।।'** આમાંય કેટલોક ઊંધો ગોટો છે. ત્રણેમાં જિનવર, જિનવર, જિનવર નાખ્યા. નીચે હરિગીત.

**સમ્યક્ત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું.૧૬૧.**
**એમ જ્ઞાનપ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું.૧૬૨.**
**ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું.૧૬૩.**

**'સમ્યક્ત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું, એના હૃદયથી...'** એટલે પ્રગટ થવાથી.

**ટીકા :– 'સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** જોયું ? ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણાનંદ, એની સન્મુખની પ્રતીતિ, જ્ઞાન કરીને થવી એનું નામ સમ્યગ્દર્શન (છે). આહા..હા...! જે અનંત કાળમાં (એક) સેકંડ કર્યું નથી. 'મુનિવ્રત ધાર અનંત બૈર, ગ્રૈવેયક ઊપજાયો' મુનિ થયો, દિગંબર થયો, વસ્ત્રનો ટૂકડો ન રાખ્યો પણ આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન વિના એ બધા ભવના ભ્રમણના કારણ થયા. આહા..હા...!

અહીં શું કહે છે ? **'સમ્યકત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** પરિણતિ હોં !

ત્રિકાળી સ્વભાવ નહિ. ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ છે, તેનું જ્ઞાન થઈને તેની નિર્વિકલ્પ પ્રતીતિ થવી એ **'એ સમ્યકત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** (અર્થાત્) મોક્ષના કારણરૂપ પરિણામ છે. આ..હા...! આવી વાતું હવે. એ કરતાં એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, તેઇન્દ્રિયા, જીવિહા, તસ્સ મિચ્છામી દુક્કડમ્ (કરો), જાઓ ! અને ઓસરે.. તાઉકાયઠાયણં, અપ્પાણં વોસરે (કરે એટલે) થઈ ગઈ સામાયિક ! અરે... ભગવાન ! બાપા ! લોગસ્સમાં 'ઉજ્જોયગરે..' કર્યું. 'વિહુય રયમલા, પહેણ જરમરણા..' એના અર્થની ખબર ન મળે. અરે...! ભાઈ !

અહીં તો સમ્યક્ત્વ જે ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ, પુણ્ય-પાપના રાગરહિત (છે), તેના અનુભવમાં પ્રતીતિ થવી તેને સમકિત કહે છે. આહા..હા..હા...! એ **'સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ...'** પરિણામ **'સ્વભાવ છે...'** જોયું ? આ પરિણામની વાત છે. **'તેને રોકનારું મિથ્યાત્વ છે;...'** ભાવ, વર્તમાન મિથ્યાત્વ છે એમ કહે છે. સમકિતથી વિરુદ્ધ એવો મિથ્યાત્વ ભાવ વર્તમાન છે. જોઈએ સમકિત. ત્રિકાળી જ્ઞાયકભાવની પ્રતીતિ અનુભવમાં (હોવી જોઈએ) પણ એનાથી વિરુદ્ધ મિથ્યાત્વ, તે તેની પાસે છે. એ સમકિતના ભાવથી વિપરીત ભાવ છે. આહા..હા...! પહેલામાં ઘાતક કહ્યું હતું. આમાં એનાથી વિપરીત ભાવ છે એમ કહે છે. વચમાં બંધસ્વરૂપી (કહ્યો) હતો.

આહા..હા...! આવો ઝીણો માર્ગ. વેપારીને ધંધા આડે નવરાશ ન મળે, આખો દિ' પાપ ! ધંધા.. ધંધા... ધંધા... દુકાન. નવરો થાય તો બાયડી, છોકરાને રાજી રાખવા જાય. અર..ર..ર...! છ-સાત કલાક ઊંઘમાં જાય એમાં આ વસ્તુ શું છે ? વીતરાગ શું કહે છે ? એનો નિર્ણય કરવાનો ટાઈમે ન મળે. અરે...! આહા..હા...! એ જીવન શેના જીવન ? એ જીવન બધા ઢોર જેવા જીવન છે. ભલે પછી કરોડોપતિ ને અબજોપતિ હોય. આહા..હા...!

અહીં પ્રભુ એમ કહે છે કે, જે સમકિત છે, જે મોક્ષના કારણ(રૂપ) પરિણામ (છે) તેનાથી મિથ્યાત્વ તે વિરુદ્ધ ભાવ છે. સમ્યગ્દર્શનના ભાવથી મિથ્યાત્વ (વિરુદ્ધ પરિણામ છે). મિથ્યાત્વ એ પરિણામ છે. સમકિત એ પરિણામ છે, પણ સમકિતના પરિણામથી મિથ્યાત્વ પરિણામ વિપરીત છે. આહા..હા...! એ દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રાના ભાવ મારા અને મને લાભ કરશે, એવો જે મિથ્યાત્વભાવ એ સમકિતભાવથી વિરુદ્ધ ભાવ છે. સમજાય છે કાંઈ ?

બાપુ ! આ પાગલપણે નથી કહેવાતું. ભાઈ ! દુનિયા આખી પાગલ છે. આ..હા...! અરે..રે...! ત્રણલોકના નાથ જિનેશ્વરદેવને કહેવું શું છે ? એ સાચી વાતને પાગલ ઠરાવે, પાગલોની વાતને સાચી ઠરાવે ! આહા..હા...! પ્રભુ ! એકવાર તત્ત્વજ્ઞાન તો કર. તત્ત્વવિચાર તો કર, જાણપણું, તુલના તો કર કે, સમકિત જે છે એ ત્રિકાળી ચૈતન્ય ભગવાન પ્રભુ ! એનું જ્ઞાન થઈને તેમાં આ છે એમ પ્રતીતિ થવી, એવું સમ્યગ્દર્શન જે મોક્ષનું કારણ, એમાં હજી પુણ્યના પરિણામ મારા અને મને લાભ કરશે, એવો જે મિથ્યાત્વ ભાવ, એ સમકિતથી

વિરુદ્ધ ભાવ છે. આહા..હા..હા...! આવી વાતું પકડવી કઠણ પડે. આહા..હા...! છે ?

**'તે (મિથ્યાત્વ) તો પોતે કર્મ જ છે,...'** (એટલે કે) વિકાર ભાવ છે. પેલું સમકિત છે એ તો મોક્ષના કારણરૂપ પરિણામ હતું અને એનાથી આ મિથ્યાત્વ છે એ પરિણામ તો મિથ્યાત્વરૂપી કર્મ – કાર્ય છે, વિપરીત શ્રદ્ધાનું કાર્ય છે. પોતે જ એક કર્મ છે. એ ધર્મ નથી તેમ આત્મા નથી. આહા..હા...!

આ..હા...! બે વાત કરી કે, સમ્યગ્દર્શન જે છે એ આત્માનું જે સમ્યગ્દર્શન છે એ મોક્ષનું કારણ છે. એમ કહ્યું ને ? હવે એનાથી વિરુદ્ધ જે મિથ્યાત્વ છે, એ વિરુદ્ધ ભાવ છે એ મિથ્યાત્વ કાર્ય છે. આહા..હા...! **'તેના ઉદયથી...'** એટલે તેના પ્રગટ થવાથી. વિપરીત ભાવના પ્રગટ થવાની જ્ઞાનને મિથ્યાદૃષ્ટિપણું થાય છે. પેલા નિમિત્તથી કર્મ લે પણ અહીં તો વિપરીત ભાવ પ્રગટ થયો એનાથી તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...!

મુમુક્ષુ :– પરની ભ્રમણતાથી ?

ઉત્તર :– એ પોતાની છે. પેલું કર્મ નિમિત્ત છે.

પોતાની વિપરીત માન્યતાના ઉદયથી, પ્રગટ થવાથી... આહા..હા...! **'જ્ઞાનને મિથ્યાદૃષ્ટિપણું થાય છે.'** આત્માને તેથી મિથ્યાદૃષ્ટિપણું થાય છે. આહા..હા...! કર્મનો ઉદય છે એ તો જડ છે. જડ કંઈ આત્માને મિથ્યાત્વ કરાવતું નથી. આહા..હા...!

મુમુક્ષુ :– આમાં તેના ઉદયથી 'જ' લીધું.

ઉત્તર :– પોતાનો (મિથ્યાત્વ) સ્વભાવ વિપરીત જડ છે. ભાવકર્મ એ જડ છે. એના ઉદયથી એટલે એના પ્રગટ થવાથી. આહા..હા...!

**'ઉદયથી જ...'** એટલે મિથ્યાશ્રદ્ધાના પ્રગટ થવાથી જ **'મિથ્યાદૃષ્ટિપણું થાય છે.'** આહા..હા...! હવે આમાં કેટલી વાત યાદ રાખવી ? એક કલાકમાં સાંભળેલી વાત બધી બીજી નીકળે. અરે... પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! મારગડા જુદા રહી ગયા, પ્રભુ ! આ.હા...! અને બીજે રસ્તે ચડી ગયા. ઊંધે રસ્તે ચડી અને અમે જૈનધર્મી છીએ એમ માને! આહા..હા..હા...!

એ કર્મ (એટલે) જડ ઉદય લેવો પણ ઉદય ત્યારે એને કહેવાય કે, અહીંયાં પરિણામ વિપરીત કર્યા તો પેલાને ઉદય કહેવાય. નહિ તો એ ઉદય શું ? એ તો જડની પર્યાય છે. આ..હા...! જડની પર્યાયનો ચૈતન્યને સ્પર્શ પણ નથી. ભગવાનઆત્મા તો અરૂપી છે અને જડકર્મ છે એ તો રૂપી છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળું (છે), પણ તેના ઉદયના કાળમાં પોતે પોતાથી વિપરીત માન્યતા કરે છે તે જ તેને રોકનારું છે. એટલે તે જ વિપરીત ભાવ છે. અહીં તો વિપરીત ભાવ બતાવવો છે ને ? સમકિતથી વિરુદ્ધ ભાવ તે મિથ્યાત્વ છે એમ અહીં સિદ્ધ કરવું છે.

પહેલાં ત્રણ ગાથામાં એમ (કહ્યું) હતું કે, સમકિતને ઢાંકી દેનારું છે માટે તે કર્મ છે.

પછી મિથ્યાત્વાદિ છે એ ભાવબંધ છે (એમ કહ્યું). ભાવબંધ છે માટે અબંધ (સ્વરૂપથી) ભિન્ન જાત છે. આમાં કહે છે કે, સમકિતરૂપી મોક્ષનું કારણ એનાથી વિરુદ્ધ મિથ્યાત્વ તે વિપરીત ભાવ છે. કહો, સમજાય છે કાંઈ ? 'વજુભાઈ' આવું બધું ઝીણું છે, બાપુ ! ધંધા આડે નવરાશ ન કરી. આહા..હા...! કોઈ ક્યાંય શરણ નથી, પ્રભુ ! આહા..હા...! કહે છે કે, એ દયા, દાન(નો) રાગ છે એ શરણ નથી. પણ એ રાગને પોતાનો માન્યો છે એ મિથ્યાત્વ ભાવ સમકિત (કે જે) મોક્ષનું કારણ છે એનાથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા...! આ તો વીતરાગની વાણી છે, બાપા ! આ કાંઈ કથા-વાર્તા નથી. ત્રણલોકનો નાથ, જેને ઇન્દ્રો સાંભળવા આવે, ગણધરો સાંભળવા આવે, એ જ વનના વાઘ ને સિંહ અને નાગ સાંભળવા આવે. ભાઈ ! સમવસરણમાં પ્રભુ બિરાજે છે. અહીં ભગવાન હતા ત્યારે સમવસરણ હતું. 'વીરપ્રભુ' બિરાજતા ત્યારે. અત્યારે તો સિદ્ધ થઈ ગયા. આહા..હા...! બાપુ ! એ વાણી કેવી હોય ! એકાવતારી ઇન્દ્રો સાંભળવા આવે એ વાણી કેવી હોય ! એક ભવે મોક્ષ જનારા એ પહેલા ઇન્દ્ર છે. એની ઇન્દ્રાણી પણ એક ભવે મોક્ષ જનારી (છે). એ જ્યારે પ્રભુની સભામાં આવે છે. આ..હા..હા...! બાપુ ! એ દયા પાળો, વ્રત કરો એ તો પેલા કુંભારે કહે છે.

કહ્યું નહોતું પહેલાં ? અમારા 'ઉમરાળા' જન્મગામમાં પોણોસો વર્ષ પહેલાની વાત છે. (સંવત) ૧૯૮૦. શ્રાવણ મહિનો બેસે તે ભાદરવા સુદ પાંચમ સુધી, જે શેઠિયા હોય (એ) ઘાંચીની ઘાણી હોય, ઘાંચીની ! અને કુંભારના નિંભાડા (હોય), એની પાસે જાય. પાંચ સોપારી આપે. એટલે પેલા સમજી જાય કે, વાણિયાના પર્યૂષણ આવ્યા. શ્રાવણ સુદ એકમથી, ભાદરવા સુદ પાંચમ (સુધી) મુસલમાન ઘાણી ચલાવે નહિ. જન્મગામ 'ઉમરાળા' ! બધું જોયું છે ને ! હવે એવું તો મુસલમાન કરતા. એક મહિનો ને પાંચ દિ' ઘાણી ન કરે. કુંભાર એક મહિનો ને પાંચ દિ' નિંભાણો ન કરે. નિંભાણો સમજે ? ઇંટુ (બનાવે). પછી પણ જરી હરીફાઈ ચાલે. પાંચમ પછી પહેલો કોણ શરૂ કરે છે ? કારણ કે પાપ છે. એમ તો માળા મુસલમાનો પણ એ વખતે (સમજતા). ન્યાં ઘાંચી મુસલમાન છે પણ પાંત્રીસ દિ' બંધ કરી દ્યે. મહાજન લોકોનું ત્યાં જોર હતું.

અમારે એક 'રુખડ' શેઠ હતા, (એ તો ગુજરી ગયા), છોકરાઓ 'મુંબઈ' (રહે) છે. આમ બિચારા સાધારણ હતા પણ માણસ ખાનદાન બહુ. પૈસા-બૈસા કાંઈ નહોતા બહુ. પાંચ સોપારી (લઈને) જાય. એટલે પેલાને એમ થાય કે, પાંત્રીસ દિ' બંધ કરવું, ઘાણી ચલાવવી નહિ. હવે એવું તો મુસલમાનો (પણ કરતા). બાપુ ! વીતરાગની વાણી કોઈ જુદી છે. આહા..હા..હા...!

અહીં કહે છે, સમકિત જે મોક્ષનું કારણ... આહા..હા...! તેને રોકનારો વર્તમાન વિરુદ્ધ મિથ્યાત્વ ભાવ છે. એ વિરુદ્ધ ભાવ બતાવવો છે. રોકનારું પેલામાં કહ્યું હતું, ઈ તો ઢાંકી

દેનારું (કહ્યું હતું). મિથ્યાત્વથી સમકિતને ઢાંકવું અને આ ઘાત કરનારું. અને અહીં કહે છે કે, વર્તમાન મિથ્યાત્વ ભાવ છે. સમકિતથી મિથ્યાત્વ ભાવ વિરુદ્ધ ભાવ છે. આહા..હા...! સમજાય એવું છે, હોં ! ભાષા કાંઈ એવી (અઘરી) નથી. ભાવ તો બાપા શું કરે ? પ્રભુની વાણી (એવી છે). આહા..હા...! કાલે ગાયું નહોતું ? 'પ્રભુની વાણી જોર રસાળ, સાંભળવા તલસે છે.' આહા..હા...! આહા..હા...!

ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવ એમ ફરમાવે છે, પ્રભુ ! પૂર્ણ સ્વરૂપ તારું સર્વજ્ઞ સર્વદર્શી અતીન્દ્રિય આનંદ, એવી અનંતી શક્તિ ! એક એક શક્તિ પૂર્ણ એવી અનંતી પૂર્ણ (શક્તિઓનું) રૂપ ! તેની સન્મુખ થઈને અનુભવ થવો અને અનુભવ થઈને પ્રતીત થવી એનું નામ સમ્યગ્દર્શન (છે). એ સમ્યગ્દર્શનથી વિરુદ્ધ ભાવ તે મિથ્યાત્વ ભાવ (છે). આ..હા...! સમ્યગ્દર્શન મોક્ષનું કારણ અને મિથ્યાત્વ છે તે બંધનું કારણ. બંધસ્વરૂપ છે એ તો આવી ગયું, પણ આ મિથ્યાત્વ વિપરીત ભાવ છે. આહા..હા...!

આ હા..હો ને જાત્રાવાળા આવે ને ! અહીં દર્શન કરવા આવે પણ હા..હો સાંભળીને (ચાલ્યા જાય). સાંભળવા-બાંભળવમાં કંઈ (ખબર ન પડે). આ 'પાલીતાણા' જાત્રા કરી ને 'ગિરનાર' જાત્રા કરી (એટલે) થઈ ગયો ધર્મ ! ધૂળમાંય ધર્મ નથી. આહા..હા...!

મુમુક્ષુ :– આપને વિનંતી કરે કે બે મિનિટ સંભળાવો, બે મિનિટ.

ઉત્તર :– એ તો પેલા કહેતા હતા. મેં કીધું, વ્યાખ્યાન થાય ત્યારે. વ્યાખ્યાન સાંભળો. ઈ વખતે અહીં વ્યાખ્યાન રાખ્યું હતું. આહા..હા...!

**'પોતે કર્મ જ છે,...'** તેના પ્રગટવાથી જ આત્માને **'મિથ્યાદૃષ્ટિપણું થાય છે.'** આ..હા..હા...! પર્યાયમાં મિથ્યાદૃષ્ટિપણું (થાય છે). પુણ્યના પરિણામ અને પાપના પરિણામ બે મારા છે એવો જે મિથ્યાત્વ ભાવ, એનો ઉદય થવાથી એટલે કે પ્રગટ થવાથી. આ..હા..હા...! આત્માને **'મિથ્યાદૃષ્ટિપણું થાય છે.'** જ્ઞાનને એટલે આત્માને. છે ?

પહેલી બે લીટી. આહા..હા...! પહેલી લીટીમાં મોક્ષનું કારણ છે એમ કીધું અને મિથ્યાત્વ છે તે મોક્ષના કારણથી વિપરીત ભાવ છે એમ કહ્યું. આહા..હા...! ઈ પુણ્ય પરિણામથી મને ધર્મ થશે એવો જે મિથ્યાત્વ ભાવ તે સમકિત ભાવથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા..હા...! આવું ઝીણું કાંતવું... મારગ બાપા ! પ્રભુનો બહુ જુદી જાત છે, ભાઈ ! આહા..હા...!

**'જ્ઞાન...'** શબ્દે સમજાણું ? જ્ઞાન એટલે આત્મા. તેના પ્રગટવાથી વિપરીત શ્રદ્ધા થવાથી આત્માને **'મિથ્યાદૃષ્ટિપણું થાય છે.'** આહા..હા...! એને મિથ્યાદૃષ્ટિપણું વર્તમાન (છે તે) સમ્યગ્દર્શન (કે જે) મોક્ષનું કારણ (છે), એનાથી વિપરીત ભાવ તે મિથ્યાદૃષ્ટિપણું (છે), તે વિપરીત ભાવ છે. સમ્યગ્દર્શન એ મોક્ષના કારણનો અવિપરીત ભાવ (છે) અને આ મિથ્યાત્વ છે (તે) આત્માના મોક્ષના કારણથી વિપરીત ભાવ (છે) અને બંધના કારણરૂપ (છે), બંધરૂપ છે. એ વાત કરી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૩૯ ગાથા-૧૬૧-૧૬૩ મંગળવાર, જેઠ સુદ ૪, તા. ૨૯-૦૫-૧૯૭૯

'સમયસાર' ૧૬૧થી ૧૬૩ ગાથા, એની ટીકા. એક શબ્દ ચાલ્યો છે, નહિ ? ટીકા છે ને ? **'સમ્યકત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** ટીકા, ૧૬૧ થી ૧૬૩ ની ટીકા. એને બતાવો. છેલ્લી ત્રણ ગાથાની (ટીકા). શું કહે છે ? સમ્યક્ત્વ જે છે એ આત્મા શુદ્ધ પરિપૂર્ણ અખંડ આનંદ (સ્વરૂપ છે) તેની સન્મુખ થઈને તેનું જ્ઞાન થઈ તેની પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શન એ પર્યાય છે. પર્યાયરૂપ ભાવ છે. છે ને ? સમ્યક્ત્વ એ પર્યાય છે. ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ ભગવાન, (તેમાં) અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન અનંત કાળમાં થયું નથી, એવા સ્વભાવનો અનુભવ થઈને પ્રતીતિ થવી તેનું નામ સમ્યગ્દર્શન (છે). એ સમ્યગ્દર્શન **'સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. સમ્યગ્દર્શનની પર્યાય મોક્ષના કારણરૂપ સ્વભાવ છે.

**'તેને રોકનારું મિથ્યાત્વ છે;...'** એ સમ્યગ્દર્શનથી વિરુદ્ધ, સમ્યગ્દર્શનની પર્યાય જે મોક્ષનું કારણ છે તેનાથી વિરુદ્ધ મિથ્યાત્વ ભાવ (છે). દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં ધર્મ માનવો, પરને હું કાંઈક કરી શકું છું એવી મિથ્યાશ્રદ્ધા, એ મિથ્યાશ્રદ્ધાના સ્થૂળપણે અસંખ્ય (પ્રકાર) છે અને સૂક્ષ્મ અનંત (પ્રકાર) છે. એ મિથ્યાત્વભાવ, સમકિતરૂપી ભાવથી વિરુદ્ધ છે. સમજાણું ?

સમ્યક્ત્વ (અર્થાત્) સમ્યક્પણું, સત્યપણું. એ પૂર્ણ સત્યસ્વરૂપ પ્રભુ ! તેની અનુભવમાં પ્રતીત થવી અને આત્માનું આત્મારૂપે શુદ્ધ પરિણમન થવું. પુણ્ય અને પાપના વિકલ્પ - રાગથી ભિન્ન (પરિણમન થવું), એવું જે સમ્યગ્દર્શન છે એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. આ..હા...! મોક્ષ નામ આત્માનો પૂર્ણ આનંદરૂપી લાભ તે મોક્ષ. અને પૂર્ણથી દુઃખથી મુક્ત થવું તે મોક્ષ. એ મોક્ષનું સમ્યગ્દર્શન કારણરૂપ સ્વભાવ છે. આ..હા...! કારણરૂપ સ્વભાવ છે. તેનાથી વિપરીત, મિથ્યાત્વભાવ તેનાથી વિપરીત છે.

મિથ્યાત્વભાવનો અર્થ કે, પુણ્યના દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ પુણ્ય છે તેને ધર્મ માને અને તેને ધર્મનું કારણ માને તો એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ, સમ્યગ્દર્શન (કે જે) મોક્ષના કારણ(રૂપ) સ્વભાવ (છે તેનાથી) વિરુદ્ધ ભાવ છે.

મુમુક્ષુ :- પુણ્યમાં દોષ શું ?

ઉત્તર :- મિથ્યાત્વ દોષ છે. અનંત સંસારનું કારણ વિપરીત માન્યતા. શ્રદ્ધા વિપરીત (છે). જેવું સત્ય છે તેવી માન્યતા નહિ કરી, હું પરનું કંઈક કરી શકું છું અને પરથી મારામાં

લાભ-નુકસાન થાય છે અને મારામાં જે દયા, દાન, વ્રતાદિ પરિણામ થાય છે એ ધર્મ છે અને ધર્મનું કારણ છે, એવી માન્યતા મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વભાવ મોક્ષના કારણરૂપ સ્વભાવ (એવા) સમકિતથી વિપરીત છે. આ..હા...! ઝીણી વાત છે. આટલું તો કાલે આવી ગયું છે. આટલું તો કાલે આવ્યું હતું. આ તો આજે હિન્દી લોકો આવ્યા છે ને (એટલે ફરીથી લીધું).

**'સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** જુઓ ! પર્યાયને સ્વભાવ કહ્યો, હોં ! સમકિતરૂપી પર્યાય જે છે એ સ્વભાવિક પર્યાય છે. શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! તેનું જેવું પૂર્ણ સ્વરૂપ છે એવું જ્ઞાનમાં આવી, તેમાં પ્રતીતિ, વિશ્વાસ, રુચિ, દૃષ્ટિ થવી એ સમ્યક્ત્વ (છે). એ અનંતકાળમાં અનંતકાળથી થયું નથી. એ **'સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** પર્યાય છે ને ! **'તેને રોકનારું...'** તેનાથી વિપરીત. **'મિથ્યાત્વ છે;...'** આ..હા...! **'તે (મિથ્યાત્વ) તો પોતે જ કર્મ છે,...'** વિપરીત માન્યતા જે છે, ઊલટી શ્રદ્ધા જે છે એ સ્વયં કર્મ છે. એ કોઈ આત્માની દશા, આત્મા છે નહિ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ !

અનંતકાળમાં સમ્યગ્દર્શન (પ્રગટ કર્યું નથી). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' 'છ ઢાળા'માં આવે છે. મુનિવ્રત લીધા, દિગંબર સાધુ (થઈને) અઠ્યાવીસ મૂલગુણ, પંચ મહાવ્રત (પાળ્યા) પણ મિથ્યાદૃષ્ટિ રહ્યો. એ ક્રિયાકાંડ મારી ક્રિયા છે અને પંચ મહાવ્રત પરિણામ મને લાભદાયક છે એવો જે મિથ્યાત્વભાવ એ સમ્યક્ મોક્ષના કારણથી વિપરીત ભાવ છે. આહા..હા..! આવું આકરું કામ છે.

**'પોતે કર્મ જ છે,...'** એ આત્મા નહિ. આહા..હા...! મિથ્યાત્વભાવ – વિપરીત માન્યતા (એટલે) ધર્મને અધર્મ માનવું અને અધર્મને ધર્મ માનવો, જીવને અજીવ માનવો અને અજીવને જીવ માનવો. આહા..હા...! પુણ્ય અને પાપના ભાવ જે મેલ છે તેને ધર્મનું કારણ માનવું, એવો જે મિથ્યાત્વભાવ, એ સમ્યક્ત્વ જે મોક્ષના કારણ(રૂપ) સ્વભાવ છે એનાથી વિપરીત ભાવ છે. આહા..હા...! છે ?

**'તેના ઉદયથી...'** (અર્થાત્) તેના પ્રગટ થવાથી. વિપરીત પ્રતીતિ પ્રગટ થવાથી. કર્મનો ઉદય તો નિમિત્ત છે. **'તેના ઉદયથી જ...'** વિપરીત શ્રદ્ધાના પ્રગટપણાને કારણે જ **'જ્ઞાનને મિથ્યાદૃષ્ટિપણું થાય છે.'** જ્ઞાન શબ્દે આત્મા. આત્માને વિપરીત શ્રદ્ધાને કારણે મિથ્યાદૃષ્ટિપણું થાય છે. આહા..હા..હા...!

એ તો બપોરે ઘણું આવ્યું હતું. કાલે બપોરે આવ્યું હતું ને ? પોતાની પર્યાયને દ્રવ્ય કરે છે. પોતાની પર્યાય વિકૃત હો કે અવિકૃત, તે પોતાના દ્રવ્યથી થાય છે. કર્મથી વિકાર થતો નથી અને રાગથી સમ્યગ્દર્શન થતું નથી. એમાં આવ્યું છે. આ..હા...! તેના બદલે માનવું કે, કષાયની મંદતાનો ભાવ પુણ્ય, એનાથી મને ધર્મ થશે, એવો જે મિથ્યાત્વભાવ

એ સમ્યક્ મોક્ષનું કારણ (જે) સ્વભાવ, તેનાથી વિપરીત ભાવ છે. આમ છે. ત્યાં સુધી તો કાલે આવ્યું હતું.

હવે જ્ઞાન. જ્ઞાન એટલે ? પોતાના શુદ્ધ સ્વરૂપનું સ્વસંવેદન જ્ઞાન. પોતાનું સ્વરૂપ જે ચૈતન્યમૂર્તિ ભગવાન ! અનંત અનંત અતીન્દ્રિય પૂર્ણ ગુણથી ભર્યો પડ્યો પ્રભુઆત્મા ! તેનું જ્ઞાન. આ પર્યાયની વાત છે ને ! **'જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ...'** છે. એ સમ્યક્જ્ઞાન જે ત્રિકાળી ચૈતન્ય પ્રભુ તેનું જ્ઞાન. ત્રિકાળી વસ્તુ તો ધ્રુવ છે પણ તેના આશ્રયે જે (જ્ઞાન થયું તે) સમ્યક્જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન નહિ, પરનું જ્ઞાન નહિ. એ જ્ઞાન (એટલે) આત્માનું જ્ઞાન. જે જ્ઞાન જોકે, **'મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** આહા..હા...! આત્માનું સ્વભાવિક જ્ઞાન. ત્રિકાળી જ્ઞાન નહિ. એની વર્તમાન જ્ઞાનની પર્યાય. આહા..હા...! એ મોક્ષના કારણરૂપ સ્વભાવ સમ્યક્જ્ઞાન છે. તેનાથી વિરુદ્ધ અજ્ઞાન છે. રાગને પણ જાણવું. દયા, દાનના પરિણામને પણ જાણવા અને પોતાને ન જાણવું એ અજ્ઞાનભાવ સમ્યક્જ્ઞાનથી વિરુદ્ધ ભાવ છે.

આહા..હા...! વીતરાગમાર્ગ બહુ ઝીણો, બાપુ ! આહા..હા...! સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ મહાવિદેહમાં તો 'સીમંધર' ભગવાન બિરાજે છે ત્યાંથી આ વાત આવી છે. 'કુંદકુંદાચાર્યદેવ' સંવત ૪૯ માં પ્રભુ પાસે ગયા હતા. સંવત ૪૯ ! બે હજાર વર્ષ (પહેલાં). 'કુંદકુંદાચાર્યદેવ' દિગંબર (સંત). (અહીંયાં પરમાગમ મંદિરમાં) વચમાં મુનિ છે ઈ. એમણે ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. તો એ શાસ્ત્રમાં તો આ કહ્યું છે કે, સમ્યક્જ્ઞાન (એટલે કે) પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું સ્વસંવેદન જ્ઞાન. સ્વ (એટલે) પોતાના વેદનનું જ્ઞાન. એ જ્ઞાન મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. એ જ્ઞાનથી વિપરીત, રાગ અને પર્યાયને જ જાણવું અને પરને જ જાણવું અને પોતાને ભૂલી જવું, એ પરને જાણવામાં રોકાવું થાય છે એ અજ્ઞાન ભાવ છે. આહા..હા...! પોતાને જાણવારૂપ જે ભાવ છે, જે મોક્ષનું કારણ (છે), તે માત્ર પરને જાણવામાં રોકાઈ ગયું તે અજ્ઞાન, જ્ઞાનથી વિરુદ્ધ ભાવ છે. આવી વાતું હવે. સમજાણું કાંઈ ?

જ્ઞાન, જે આત્મજ્ઞાન, આ આત્મજ્ઞાનનો અર્થ કોઈ નિમિત્તનું નહિ, રાગનું નહિ, પર્યાયનું (જ્ઞાન નહિ), આત્મા જે ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ ! સત્ શાશ્વત જ્ઞાન અને આનંદાદિ ગુણનો ભંડાર ! એવા આત્માનું જ્ઞાન, એ જ્ઞાન મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. એ જ્ઞાનથી વિપરીત માત્ર શુભ-અશુભ ભાવ અથવા જ્ઞાનને પરમાં રોકવું તે અજ્ઞાન છે. એ અજ્ઞાન, આત્મજ્ઞાન (કે) જે મોક્ષનું કારણ છે, તેનાથી આ અજ્ઞાન વિપરીત ભાવ છે. આહા..હા...! આવી વાતું છે.

મુમુક્ષુ :– ચૌદ ગુણસ્થાન જીવસમાસ વાંચીએ ને ભણીએ તો.

ઉત્તર :– એ જ્ઞાન અનંતવાર ભણ્યો. અભેદ દૃષ્ટિ કરી નહિ, અભેદનું જ્ઞાન કર્યું નહિ ત્યાં એ બધા થોથાં છે.

મુમુક્ષુ :– અગિયાર અંગ ભણ્યો.

ઉત્તર :– અગિયાર અંગ અનંત વાર ભણ્યો. એક આચારાંગમાં અઢાર હજાર પદ અને એક પદમાં એકાવર કરોડ જાજેરા શ્લોક, એવા અગિયાર અંગ પણ અનંતવાર ભણ્યો. આ..હા...! અને પંચ મહાવ્રત ને પાંચ સમિતિ, ગુપ્તિ વ્યવહાર પણ અનંત વાર કર્યા. એ તો રાગની ક્રિયા છે. શાસ્ત્રનું જ્ઞાન (કર્યું) એ તો પર તરફના લક્ષવાળું જ્ઞાન છે. આહા..હા...! એ પરના લક્ષમાં રોકાવાથી પોતાનું જે આત્મજ્ઞાન, જે આત્માના જ્ઞાનની સમ્યક્ પર્યાય, જે મોક્ષનું કારણ છે, એ જ્ઞાનને માત્ર પરમાં રોકવું, એ અજ્ઞાન (છે અને) એ જ્ઞાન સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા...! ઝીણી આકરી વાત છે, પ્રભુ !

મોક્ષનો માર્ગ ભગવાન જિનેશ્વરની અલૌકિક વાત છે ! એ કંઈ સાધારણ વાત નથી. આહા..હા...! અનંતકાળમાં કદી કર્યું નથી. અનંત વાર દિગંબર સાધુ થયો પણ મિથ્યાદૃષ્ટિ (રહ્યો). રાગ કર્યો છે, મહાવ્રતનો રાગ એ આસ્રવ, દુઃખ છે. તેને ચારિત્ર માન્યું અને તેને ધર્મ માન્યો. એવું જે આત્મજ્ઞાનથી વિરુદ્ધ જ્ઞાન એ અજ્ઞાન (છે), આત્મજ્ઞાનથી વિરુદ્ધ છે. આ..હા...! એકલું પરનું જ્ઞાન એ પોતાના સ્વરૂપના જ્ઞાનથી વિરુદ્ધ છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! વીતરાગ ધર્મ, વીતરાગ જિનેશ્વરદેવ ત્રિલોકનાથ ! તેમની વાત અલૌકિક છે !

એ જ્ઞાન એટલે ત્રિકાળી જ્ઞાન નહિ, ત્રિકાળી આત્માનું જ્ઞાન જે મોક્ષના કારણરૂપ સ્વભાવ... છે ? **'તેને રોકનારું અજ્ઞાન છે;...'** જ્ઞાન પરમાં રોકાય ગયું એ અજ્ઞાન છે. આહા..હા...! પોતાને જાણવું હતું એવું જે જ્ઞાન, તે જ્ઞાન એકલું પરમાં રોકાય ગયું એ અજ્ઞાન છે. એ અજ્ઞાન, જ્ઞાન (કે જે) મોક્ષનું કારણ (છે તેનાથી) વિપરીત ભાવ છે. આવી વાત છે. અહીં તો (અજ્ઞાનીઓ કહે), બહારથી આ કરો, આ કરો, દયા પાળો, વ્રત કરો. હવે એ તો બધી રાગની ક્રિયા છે અને રાગની ક્રિયામાં ધર્મ માનવો એ મિથ્યાજ્ઞાન અને મિથ્યાશ્રદ્ધા છે. આવી વાત છે, ભાઈ ! સમજાણું કાંઈ ?

(જ્ઞાન) **'મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** જ્ઞાન એટલે આત્મજ્ઞાન, આત્માનું જ્ઞાન. ભગવાન સ્વરૂપ પ્રભુ ! તેનું જ્ઞાન, સમ્યક્જ્ઞાન જે મોક્ષના કારણ(રૂપ) પર્યાય છે તેનાથી વિરુદ્ધ. **'રોકનારું...'** નામ વિરુદ્ધ. પરના જ્ઞાનમાં રોકાઈ ગયું તો પોતાના જ્ઞાનથી વિરુદ્ધ અજ્ઞાન છે. એ અજ્ઞાન પોતાના સમ્યક્જ્ઞાનથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા...! ભલે એકલું શાસ્ત્રનું જ્ઞાન હો, પણ પોતાના જ્ઞાનથી તે વિરુદ્ધ છે, પરલક્ષી જ્ઞાન છે. આહા..હા...! ઈ શબ્દજ્ઞાન છે, એ આત્મજ્ઞાન નહિ. આહા..હા...! માર્ગ બહુ સૂક્ષ્મ, ભાઈ !

**'તે તો પોતે કર્મ જ છે,...'** શું કહે છે ? કે, પોતાના સ્વરૂપનું જે જ્ઞાન છે, નિર્મળ પર્યાય થવી જોઈએ, તેને છોડી એકલા પરના જ્ઞાનમાં રોકાઈ ગયું, એ જ્ઞાન કર્મ છે. ખરેખર તો એ વિકારી ભાવ છે. આહા..હા...! એ આત્માનું જ્ઞાન નહિ. શાસ્ત્રનું શાબ્દિક જ્ઞાન હો એ પણ અજ્ઞાન છે. આહા..હા...! એકલું પરમાં રોકાઈ ગયું અને સ્વનું આત્મજ્ઞાન છે

એ પરમાં રોકાઈ ગયું એ પોતાના જ્ઞાનથી વિપરીત અજ્ઞાન છે. તો એ જ્ઞાનને રોકનારું અથવા જ્ઞાનથી વિરુદ્ધ એ અજ્ઞાન છે. આહા..હા...! આવી વાત, લ્યો !

**'પોતે કર્મ જ છે,...'** એ કાર્ય છે. વિકાર, અજ્ઞાન, પરને જાણવું એ સરખું જ કાર્ય છે, કર્મ જ છે, એ આત્મા નહિ. **'તેના ઉદયથી...'** માત્ર પરના જ્ઞાનમાં રોકાવાથી. તેના ઉદયથી (અર્થાત્) પ્રગટ થવાથી, પોતાનું જે આત્મજ્ઞાન છે એનાથી તે જ્ઞાન વિરુદ્ધ છે. આ..હા...! **'જ્ઞાનને અજ્ઞાનીપણું થાય છે.'** એ જ્ઞાન શબ્દે આત્માને અજ્ઞાનીપણું થાય છે. આહા..હા...! ભાષા કઈ જાતની ! ગ્રીક લેટિન જેવું નવું લાગે ! પેલા (અજ્ઞાનીઓ) કહે, જાત્રા કરો ને ભક્તિ કરો ને આ કરો, એનાથી ધર્મ (થશે). અહીં કહે છે કે, એમાં ધર્મ માનનારાને આત્મજ્ઞાનથી વિરુદ્ધ ભાવ છે, અજ્ઞાન છે. આહા..હા...! બે બોલ થયા.

ત્રીજો. **'ચારિત્ર...'** ત્રીજો બોલ. **'ચારિત્ર...'** ચારિત્ર કોને કહે છે ? કે, પોતાનું શુદ્ધ સ્વરૂપ જે આનંદકંદ પ્રભુ છે, તેમાં લીન થવું, રમણતા કરવી, ચરવું, રમવું, જામી જવું. આ ચારિત્ર પર્યાયમાં, હોં ! આત્માનો ગુણ ચારિત્ર છે એ તો ત્રિકાળ છે, પણ એ ચારિત્રગુણમાં વર્તમાન પર્યાય એ ગુણમાં, આનંદમાં રમે (એ ચારિત્ર છે). આહા..હા...! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ ! આહા..હા...! એમાં રમવું. રમવું ક્યારે થાય છે ? કે, જ્યારે તેનું જ્ઞાન થાય છે, દૃષ્ટિમાં – શ્રદ્ધામાં એ વસ્તુ આવી ગઈ હોય તો એમાં રમણતા થાય છે. એમાં જે રમણતા થાય છે તે ચારિત્ર. એ ચારિત્ર જે છે એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. આ ચારિત્ર, હોં ! પંચ મહાવ્રતના પરિણામ (થાય) એ ચારિત્ર નથી. આ..હા...! એ તો અચારિત્ર છે. પણ અહીંયાં જે ચારિત્ર મોક્ષનું કારણ છે (તેની વાત છે). એ અચારિત્ર ભાવ ચારિત્રથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા...!

પંચ મહાવ્રતના પરિણામ, વ્યવહાર સમિતિ, ગુપ્તિના ભાવ, એ જે આત્માનું ચારિત્ર છે, જે મોક્ષના કારણ (રૂપ) સ્વભાવ છે, તેનાથી વિપરીત ભાવ છે. આહા.હા...! અચારિત્ર છે. પંચ મહાવ્રતના પરિણામ, વ્યવહાર અઠ્યાવીસ મૂળગુણાદિ એ બધું અચારિત્ર છે. એ ચારિત્રથી વિરુદ્ધ અચારિત્ર છે. એ ચારિત્રના ભાવથી વિરુદ્ધ ભાવ છે. આ..હા..હા...! આવું છે. અત્યારે તો ગડબડ ગડબડ એવી ચાલી છે બધી, ક્યાંય મૂળ તત્ત્વ – આખી વાતને જ જગતે ફેરફાર કરી નાખ્યો. લોકોનો નવરાશ ન મળે અને માથે જે કહે ઈ જી..હા ! જી.. હા ! કરીને (માની લે). આ..હા...!

આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવનું આ કથન છે. 'કુંદકુંદાચાર્યદેવ' ભગવાન પાસે સંવત ૪૯માં ગયા હતા. બે હજાર વર્ષ પહેલાં ! આઠ દિવસ ત્યાં રહીને અહીંયાં આવ્યા હતા. 'કુંદકુંદાચાર્યદેવ' દિગંબર સંત ! એ આવે છે ને ! 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં' એ 'કુંદકુંદાચાર્યદેવ' ત્યાં ભગવાન પાસે ગયા હતા. ભગવાન અત્યારે બિરાજે છે. સમવસરણમાં મહાવિદેહમાં બિરાજે

છે. બે હજાર વર્ષ પહેલાં 'કુંદકુંદાચાર્યદેવ' ગયા હતા, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. આહા..હા...! ભાષા સમજાય છે ને, ભાઈ ! વાત ઝીણી છે, ભગવાન ! બહુ ઝીણું તત્ત્વ, પ્રભુ ! આ..હા...!

તારી પ્રભુતા... આ..હા..હા...! આપણે ભજન નહોતું આવ્યું ? પંડિતજીએ નહોતું ગાયું ? 'પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા, પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા, પર કી આશ કહાં કરત પ્રીતમ, પર કી આશ કહાં કરે પ્રીતમ, કઈ બાતે તુમ અધુરા, પ્રભુ મેરે...' આ..હા..હા...! 'તુમ સબ વાતે પૂરા...' આહા..હા...! અંદર ભગવાનઆત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા.. એવી અનંત શક્તિનો ભંડાર ભગવાનઆત્મા છે. પૂર્ણાનંદ પ્રભુઆત્મા છે. આહા..હા...! 'પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા' આ.હા...! ભજન છે. 'પર કી આશ કહાં કરે પ્રીતમ' અરે.. વ્હાલા પ્રભુ ! એ શુભના રાગ દયા, દાન ને પરની આશા રાખીને એનાથી ધર્મ થશે (એમ માને છો), પ્રભુ ! તને શું થયું આ ? શું થયું તને ? 'પર કી આશ કહાં કરે પ્રીતમ, કઈ વાતે તુમ અધૂરા' પ્રભુ ! તું કઈ વાતે અધૂરો છે ? અંદર પૂર્ણાનંદ છે ને નાથ ! કેમ બેસે ? આહા..હા...!

એ પૂર્ણ આનંદ અને પૂર્ણ સ્વભાવમાં રમવું, ચરવું, રમવું, આનંદનું ભોજન કરવું... આહા..હા...! અતીન્દ્રિય આનંદનું વેદન કરવું એ ચારિત્ર (છે). એ ચારિત્ર. એ ચારિત્ર મોક્ષના કારણ (રૂપ) સ્વભાવ છે. એ ચારિત્રથી વિરુદ્ધ પંચ મહાવ્રતના પરિણામ આદિ દયા, દાનના પરિણામ આદિ રાગ, એ ચારિત્રથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા...! કહો, સમજાય છે કાંઈ ? આહા..હા...!

**'ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** આ..હા...! ચારિત્ર એટલે શું ! બાપા ! સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન સહિત આત્માના આનંદમાં રમવું, ચરવું, જામી જવું. અતીન્દ્રિય આનંદનો અનુભવ – વેદન કરવું એ ચારિત્ર (છે).

મુમુક્ષુ :– આ ચારિત્ર તો આઠમા ગુણસ્થાને થાય ને !

ઉત્તર :– છટ્ઠે ગુણસ્થાનથી ચારિત્ર છે, અંશે ચોથેથી છે. સ્વરૂપાચરણ ચારિત્ર સમ્યગ્દર્શનથી (શરૂ) થાય છે. આહા..હા...! આ ચારિત્ર સાતમાનું લીધું છે. સાતમાથી નીચે છટ્ઠે આવે છે (ત્યારે) પંચ મહાવ્રતનો વિકલ્પ ઊઠે છે તો કહે છે કે, એ ચારિત્રથી વિપરીત ભાવ છે. આહા..હા...! અરે..રે...! સત્ય વાત સાંભળવા મળે નહિ.

પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એમનો આ હુકમ છે કે, ચારિત્ર જે છે એ તો મોક્ષના કારણરૂપ પર્યાય સ્વભાવ છે, એ વીતરાગી પર્યાય છે. આ..હા...! ચારિત્ર જે છે... આત્મા જિનસ્વરૂપ છે, 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, મતમદિરા કે પાન સો મતવાલા સમજે ન' 'ઘટ ઘટ અંતર જિન વસે' પ્રભુ ! જિનસ્વરૂપી તું છો, ભગવાન એમ કરીને આચાર્ય બોલાવે છે. આ..હા..હા...! ભગવાન ! 'ઘટ ઘટ અંતર જિનસ્વરૂપી'

તું છો ને પ્રભુ ! આહા..હા...! પૂર્ણ જિનસ્વરૂપી સ્વભાવ જિનસ્વરૂપ ન હોય તો વીતરાગ જિનસ્વરૂપની પર્યાય ક્યાંથી આવશે ? આહા..હા...! સમજાણું કાંઈ ? તારું સ્વરૂપ જિનસ્વરૂપ છે એમાં રમવું એ વીતરાગી ચારિત્ર થયું. આહા..હા...! એ આપણે આવી ગયું હતું, નહિ ? પરમ વીતરાગ ચારિત્રરૂપ શુદ્ધ ઉપયોગરૂપી ધર્મ. આવ્યું હતું ને ? આ..હા..હા...! પરમ વીતરાગ વીતરાગી ચારિત્ર.. આ..હા...! બાપુ ! (એવા) ચારિત્ર ક્યાં (છે) ? પરમ વીતરાગી ચારિત્ર શુદ્ધ ઉપયોગ, દયા, દાન, વ્રતના પરિણામ તો અશુદ્ધ ઉપયોગ છે, એ તો મેલ છે. આહા..હા...! આ જે શુદ્ધ ઉપયોગ, વીતરાગ ચારિત્રરૂપ શુદ્ધ ઉપયોગ એ ધર્મ ને ચારિત્ર છે. એ ચારિત્ર મોક્ષના કારણ (રૂપ) સ્વભાવ છે. એનાથી વિરુદ્ધ જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ આવે છે, ભાવ, એ બધું અચારિત્ર છે, એ ચારિત્રથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા...!

**'ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** કારણરૂપ ભાવ છે, સ્વભાવ છે. પછી આમાં – ભાવાર્થમાં ભાવ (એવો અર્થ) કર્યો છે. **'કારણરૂપ સ્વભાવ છે તેને રોકનાર...'** ભાવ કેમ કીધો ? પેલી પર્યાય છે ને ! કો'ક (એમ) માની ન લે કે, આ ત્રિકાળી સ્વભાવ છે. ત્રિકાળી સ્વભાવ તો શુદ્ધ ધ્રુવ ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય છે, ધ્રુવ ! એમાં રમવું, આનંદમાં રમવું એ ચારિત્ર પર્યાય છે. એ ચારિત્રની પર્યાય મોક્ષનું કારણ છે. આ ચારિત્રની પર્યાય. વ્યવહાર પંચ મહાવ્રતના પરિણામ, પાંચ સમિતિ, ગુપ્તિનો ભાવ એ ચારિત્રથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા...! ચારિત્રથી વિરુદ્ધ ભાવ છે એને અહીંયાં (લોકો) ચારિત્ર માને છે. આહા..હા...! સમજાય છે ? ઝીણી વાત છે, બાપુ ! આહા..હા...! એનો માર્ગ અલૌકિક છે ! લૌકિક સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. આહા..હા...!

**'ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** ભાવ છે, પર્યાય છે ને એટલે. કોઈ એમ માની ન લે કે, આ વળી ત્રિકાળી સ્વભાવ છે. **'તેને રોકનાર કષાય છે;...'** એ પુણ્ય અને પાપના ભાવ એ કષાય છે. ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પાંચ મહાવ્રતનો (ભાવ) એ કષાયભાવ છે, રાગ છે, કષાયભાવ છે. ચારિત્ર જે આત્માનું ચારિત્ર છે, જે વીતરાગી દશા, શુદ્ધ ઉપયોગ, ધર્મ તેનાથી આ રાગ એ વિરુદ્ધ છે, કષાય એનાથી વિરુદ્ધ છે. આહા..હા...! સમજાય છે ? ઝીણી વાત આવી છે, ભાઈ ! ગાથા જ એવી છે ત્યાં (શું થાય ?)

પહેલી ત્રણ ગાથામાં એમ આવ્યું હતું કે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ઘાત કરનાર છે. મિથ્યાત્વ, અવ્રત, વિકલ્પ અને પરનું જ્ઞાન એ ઘાત કરવાવાળા (છે). બીજી ગાથામાં એમ આવ્યું કે, પુણ્ય અને પાપ ભાવ, બંધસ્વરૂપ જ છે. બંધસ્વરૂપ જ છે તો બંધનું કારણ છે. આ ત્રણ ગાથામાં એમ આવ્યું કે, જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તારો નિર્મળ સ્વભાવ છે, પર્યાય, ત્રિકાળી સ્વભાવનો અનુભવ, દર્શન, જ્ઞાન અને ચારિત્ર, એ જે મોક્ષનું કારણ

છે, તેનાથી આ રાગ (ભાવ) એ વિપરીત ભાવ છે. સમકિતથી મિથ્યાત્વ વિપરીત છે, સમ્યક્જ્ઞાનથી પરમાં રોકાયેલું જ્ઞાન (એવું) અજ્ઞાન વિપરીત છે, સ્વરૂપનું ચારિત્ર જે મોક્ષનું કારણ છે તેનાથી કષાય વિપરીત છે. ચાહે તો પંચ મહાવ્રતનો શુભ રાગ હો પણ એ ચારિત્રથી વિપરીત છે. આહા..હા...! આવું છે. ભગવાનની વાણી આવી છે. આ..હા...!

'કુંદકુંદાચાર્યદેવ' પ્રભુ પાસે ગયા હતા. સંવત ૪૯ ! આ 'કુંદકુંદાચાર્યદેવ' ! અને આ ટીકા છે 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની. એક હજાર વર્ષ પહેલા થયા. ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' બે હજાર વર્ષ પહેલા થયા અને ટીકા કરવાવાળા 'અમૃતચંદ્રાચાર્યદેવ' હજાર વર્ષ પહેલા થયા. એમની આ ટીકા છે. આહા..હા...! સમજાય છે ? આ તો 'પદ્મપ્રભમલધારીદેવ' છે. 'નિયમસાર'ની ટીકા કરનાર. આ બાજુ 'પદ્મપ્રભમલધારીદેવ' દિગંબર સંત મુનિ ! આ..હા..હા...!

અહીંયાં કહે છે કે, ચારિત્ર જે છે એ તો મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. શું ? ચારિત્ર કોને કહેવું ? કે, ચારિત્ર નામ ચરવું, રમવું. ભગવાનઆત્માના દર્શન થયા છે અને જ્ઞાન થયું છે, તો જ્ઞાનમાં જે પૂર્ણાનંદ ચીજ જાણવામાં આવી તેમાં રમવું, લીન થવું, ચરવું, અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન પ્રગટ કરવું તેનું નામ ચારિત્ર છે. એ ચારિત્ર મોક્ષના કારણરૂપ સ્વભાવ છે અને એનાથી આ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ કષાય છે, રાગ છે. એ ચારિત્રથી વિરુદ્ધ છે. આહા..હા...!

**'તેને રોકનાર કષાય છે;...'** પણ કષાય કોને કહેવો ઈ હજી ખબર ન મળે. ઈ પંચ મહાવ્રતના પરિણામ (કર્યા) એટલે જાણે એ તો ચારિત્ર (થઈ ગયું). પણ એ કષાય છે, રાગ છે, વિકલ્પ છે. આહા..હા...! આ..હા...!

મુમુક્ષુ :- મહાવ્રત તો મોટા પુરુષો પણ ધારણ કરે છે.

ઉત્તર :- ઈ તો અંદર સ્થિરતા છે, ત્રણ કષાયના અભાવની એ ભૂમિકામાં આવો વ્યવહાર હોય એમ કરીને એને મોટા પુરુષો (ધારણ કરે છે) એમ કહ્યું. મોટા પુરુષને મોટા મહાવ્રત છે ને ! પણ કોણ ? અંદર ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર ઉછળે છે, તેનું દર્શન, જ્ઞાન અને ચારિત્ર થયા... આહા..હા...! સમજાણું કાંઈ ? તેની સાથે જે પંચ મહાવ્રતના વિકલ્પ છે એ વ્યવહાર (છે). એમાં સ્થિરતાની પ્રશંસા કરવા માટે મહાવ્રતને મોટા કર્યા છે. આ..હા...! બાકી મહાવ્રત, પંચ મહાવ્રત છે (એ તો રાગ છે). ઈ આવશે. હવેના શ્લોકમાં એ આવશે. કળશમાં છે ભઈ ! મિથ્યાદૃષ્ટિનું જે યતિપણું છે, વ્યવહાર રત્નત્રય બંધનું કારણ છે અને સમ્યક્દૃષ્ટિના જે વ્યવહાર રત્નત્રયના પરિણામ છે એ એને મોક્ષનું કારણ છે, એમ છે નહિ. સમ્યક્દૃષ્ટિનો શુભ ભાવ હો કે મિથ્યાદૃષ્ટિનો (હો), ઈ બંધનું જ કારણ છે. છે ને એમાં ? એ શ્લોક હવે આવશે. આ શ્લોક છે ને ? ૧૧૦ મો શ્લોક આવશે. જુઓ ! એમાં છે. આમાં - 'કળશટીકા' !

**'અહીં કોઈ ભ્રાંતિ કરશે કે મિથ્યાદૃષ્ટિનું યતિપણું ક્રિયારૂપ...'** પંચ મહાવ્રતાદિ ક્રિયારૂપ **'તે બંધનું કારણ છે, સમ્યક્દૃષ્ટિનું છે જે યતિપણું...'** શુભ ભાવ પંચ મહાવ્રતાદિ એ **'શુભ ક્રિયારૂપ, તે મોક્ષનું કારણ છે;...'** એમ કોઈ અજ્ઞાની માને છે. **'કારણ કે (આત્માનું) અનુભવ–જ્ઞાન તથા દયા, વ્રત, તપ, સંયમરૂપ ક્રિયા બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે.'** એમ કેટલાક અજ્ઞાની માને છે. **'આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે.'** કળશની 'રાજમલજી'ની ટીકા છે.

**'ત્યાં સમાધાન આમ છે કે – જેટલી શુભ-અશુભ ક્રિયા,...'** આ..હા..હા...! ચાહે તો હિંસા, જૂઠું, ચોરીના ભાવ, ચાહે તો દયા, દાન, વ્રત, સંયમ, શીલના ભાવ (હો), આ..હા...! દયા, દાન, વ્રત, તપ, સંયમના વિકલ્પ. **'બહિર્જલ્પરૂપ વિકલ્પ અથવા અંતર્જલ્પરૂપ અથવા દ્રવ્યોના વિચારરૂપ અથવા શુદ્ધસ્વરૂપનો વિચાર ઇત્યાદિ સમસ્ત, કર્મબંધનું કારણ છે.' આવી ક્રિયાનો આવો જ સ્વભાવ છે. સમ્યક્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિનો એવો ભેદ તો કાંઈ નથી; એવા કરતૂતથી (કૃત્યથી) એવો બંધ છે,...'** આહા..હા...! **'શુદ્ધસ્વરૂપ પરિણમનમાત્રથી મોક્ષ છે.'** આહા..હા...! લખાણ મોટું છે, આખા બે પાના ભર્યા છે. (આપણે) હવેનો શ્લોક આવશે ને ! ૧૧૦ મો આવશે. હવે ૧૦૯ આવશે પછી ૧૧૦ મો આવશે. એમાં એ છે. આહા..હા..!

ચારિત્ર જે આત્માના આનંદમાં રમવું, અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન કરવું, પ્રચુર વેદન ! અલ્પ વેદન તો સમકિતીને પણ ચોથે ગુણસ્થાને હોય છે પણ જેને સાચું મુનિપણું હોય છે એમને અતીન્દ્રિય આનંદ પ્રચુર હોય છે. અતીન્દ્રિય આનંદ જે અંદર સ્વરૂપમાં છે, એ પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન થાય છે એ ચારિત્ર છે. એ ચારિત્ર મોક્ષના કારણરૂપ સ્વભાવ છે, એને રોકનાર આ કષાય છે. આહા..હા...! એનાથી વિરુદ્ધ તો પુણ્યભાવ છે. આહા..હા...! એ ચારિત્ર જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે એનાથી વિરુદ્ધ ભાવ, અંદર કહ્યા ને ! દયા, દાન, વ્રતાદિ ભાવ, એ બધા... આ..હા...! કષાય છે. **'તે તો પોતે કર્મ જ છે,...'** એ કષાય તો કર્મ જ છે, એ કંઈ આત્મા નહિ. આ.હા..હા...! આકરું કામ બહુ, ભાઈ ! દરકાર ક્યાં છે ? એમને એમ જગતમાં જ્યાં જન્મ્યો એમાં જે કોઈ માથે બેઠા હોય (એણે જે) કહ્યું એ હા પાડી. જાવ ! જિંદગી પૂરી. આ..હા...! ચાર ગતિમાં રખડવું છે, બાપુ ! ચોરાશી લાખ યોનિ ! એક એકમાં અનંતવાર અવતાર કર્યા. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર(ને કારણે). આહા..હા...!

એ અહીંયાં કહે છે કે, ચારિત્ર જે છે સ્વરૂપમાં ચરવું, આનંદમાં રમવું એવી જે ચારિત્રની દશા એ તો મોક્ષનું કારણ છે, એનાથી વિપરીત કષાય ભાવ છે. ચાહે તો વ્રત, તપ, દયા, દાનના વિકલ્પ ઊઠે છે એ ચારિત્રથી વિરુદ્ધ ભાવ છે.. આ..હા...! એ કષાય છે. **'તે તો પોતે કર્મ જ છે,...'** એ આત્મા નહિ. એ તો સ્વયં રાગ કર્મ જ છે. આહા..હા...! ભાવકર્મ !

**'તેના ઉદયથી જ જ્ઞાનને અચારિત્રપણું થાય છે.'** રાગના ઉદયથી જ, પ્રગટપણાથી

જ સ્વરૂપની વીતરાગ ચારિત્ર દશા (થવી જોઈએ તે ન થતાં)... આ..હા...! તેનાથી આત્માને અચારિત્રપણું થાય છે. જ્ઞાન એટલે આત્મા લેવો. તેના ઉદયથી આત્માને અચારિત્રપણું થાય છે. આહા..હા...! ચાહે તો લાખ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને અનંત વાર કરે પણ એ ભાવ રાગ છે, એ ચારિત્રભાવથી વિપરીત ભાવ છે. અચારિત્ર ભાવ છે, કષાય ભાવ છે, કર્મ છે, સ્વયં કર્મ છે. આ..હા...! '**તેના ઉદયથી...**' એવા કષાયના ભાવને કારણે '**જ્ઞાન...**' નામ આત્માને '**અચારિત્રપણું થાય છે.**' અહીંયાં જ્ઞાન એટલે આત્મા લેવો. આ..હા...! સમજાણું કાંઈ ?

તેથી '**(કર્મ) પોતે મોક્ષના કારણના...**' સ્વયં મોક્ષનું કારણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિર્મળ નિર્વિકલ્પ અનુભવ આદિ, તે કારણના '**તિરોધાયિભાવસ્વરૂપ...**' (અર્થાત્) તેનાથી વિરુદ્ધ ભાવસ્વરૂપ. મોક્ષના કારણરૂપ સ્વભાવથી વિરુદ્ધ ભાવ સ્વરૂપ '**હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.**' એ ક્રિયાકાંડનો રાગ તે ધર્મ નથી એમ નિષેધ કર્યો છે. આહા..હા...! અંદર છે કે નહિ ? (શ્રોતા :- એમાં તો છે પણ આપ સમજાવો ત્યારે સમજાય છે).

આ તો ઓગણીસમી વાર ચાલે છે. 'સમયસાર' (ઉપર) પહેલેથી (છેલ્લે સુધી) અઢાર વખત તો વ્યાખ્યાન થઈ ગયા છે. અઢાર.. અઢાર, ઓગણીસમી વાર ચાલે છે. અહીં તો ૪૪ વર્ષ થયા. જંગલમાં ! ૪૪ વર્ષ (થયા) અને ૪૫ મું ચાલે છે. પિસ્તાલીસ વર્ષે આવ્યા હતા, નેવુંમું વર્ષ ચાલે છે, શરીરને ! શરીરને નેવું, હોં ! આત્માને નહિ, આત્મા તો અનાદિઅનંત છે. આ..હા..હા..! અહીં તો ૪૪ વર્ષથી અઢાર વાર તો સભામાં વંચાઈ ગયું. આ ઓગણીસમી વાર ચાલે છે. વ્યાખ્યાન પણ થઈ ગયા છે, એક પુસ્તક થઈ ગયું છે. બાવીસ-ત્રેવીસ લાખ તો પુસ્તક છપાય ગયા છે.

હવે 'મુંબઈ'માં ઘણા પુસ્તક છપાશે. ત્યાં સાત લાખ રૂપિયા ભેગા કર્યા ને ! નેવુમી જન્મજયંતી ! વૈશાખ સુદ બીજ, આજે તો ચોથ છે. એક મહિનો ને બે દિ' થઈ ગયા. 'મુંબઈ' ! એક સાત લાખ કાઢ્યા છે, એમાંથી વ્યાખ્યાનના પુસ્તક બનશે. આહા..હા...! અરે..રે...! આવી વાત સંપ્રદાયનો આગ્રહ હોય એને આકરું લાગે. અરે..રે...! આ શું ? બાપુ ! બધી ખબર છે, ભાઈ ! આહા..હા....!

ભાવાર્થ :- '**સમ્યગ્દર્શન, (સમ્યક્) જ્ઞાન અને (સમ્યક્) ચારિત્ર મોક્ષના કારણરૂપ ભાવો છે...**' પેલો સ્વભાવ કીધો હતો ને ! એટલે કો'ક એ સમજી ન જાય કે, ત્રિકાળી(ની વાત) છે. એટલે પંડિતજીએ 'ભાવ' (શબ્દ) લખ્યો. આ..હા...! માથે 'સ્વભાવ' (શબ્દ) આવ્યો હતો ને ! એટલે પાછું કોઈ ત્રિકાળી ન સમજી જાય. આ..હા...! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વર્તમાન નિર્મળ પર્યાયરૂપ ભાવ છે. મોક્ષનો માર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ વર્તમાન શુદ્ધ નિર્મળ પર્યાયરૂપ ભાવ છે. ત્રિકાળી ભગવાન ધ્રુવ છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્ ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે ઉત્પાદરૂપ પર્યાય થઈ એ તો પર્યાયરૂપી ભાવ છે અને

પર્યાય સિવાય ધ્રુવ જે છે એ તો ત્રિકાળી ધ્રુવ સત્ ત્રિકાળ વસ્તુ પડી છે. એ સ્વભાવ સ્વરૂપ, સ્વભાવનો પિંડ, સ્વભાવનો ગંજ, સ્વભાવનું આખું પોટલું છે. આ..હા..હા...! પ્રભુ ! અંદર ધ્રુવ છે.

એ 'તત્ત્વાર્થ સૂત્ર'માં આવે છે ને ! ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્. તો આ ચારિત્ર પર્યાય છે એ ઉત્પાદ છે. વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે, એ મોક્ષનો માર્ગ છે અને એ પર્યાય ધ્રુવ જે સ્વરૂપ છે તેના આશ્રયે થાય છે. એ ચારિત્રથી વિપરીત જે વિકલ્પ – રાગ ઊઠે છે (તે બંધનું કારણ છે). આમાં ('–કળશટીકા'મા) બહુ આવ્યું છે, શુદ્ધ (સ્વરૂપનો) વિચાર કરે એ વિકલ્પ પણ બંધનું કારણ છે. આહા..હા...! આમાં બહુ નાખ્યું (છે). વાંચ્યું ને હમણાં એમાં. 'રાજમલજી'એ બહુ સ્પષ્ટ કર્યું છે.

ભાવાર્થ :– **'સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષના કારણરૂપ ભાવો છે તેમનાથી વિપરીત મિથ્યાત્વાદિ ભાવો છે;...'** આ લેવું છે ને ! મિથ્યાત્વ, અજ્ઞાન અને અચારિત્ર એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ભાવથી, એ ત્રણ ભાવ વિપરીત ભાવ છે. આ..હા...! પહેલાં એ બધું કહેવાય ગયું. **'કર્મ તે મિથ્યાત્વાદિ ભાવો-સ્વરૂપ છે.'** એ કર્મ જ મિથ્યાત્વાદિ સ્વરૂપ છે. એ આત્મા નહિ. પુણ્ય અને પાપના ભાવ એ કર્મસ્વરૂપ જ છે.

**'આ રીતે કર્મ...'** એટલે વિકારી ભાવ **'મોક્ષના કારણભૂત ભાવોથી...'** મોક્ષના કારણરૂપ ભાવથી (એટલે) પર્યાયથી **'વિપરીત ભાવો-સ્વરૂપ છે.'** લ્યો ! છે ? આહા..હા...! આકરું કામ બહુ. અહીં તો થોડા વ્રત લ્યો ને અપવાસ કરો એટલે થઈ ગયું ! ભાઈ ! સાંભળ તો ખરો પ્રભુ ! એ તો વિકલ્પ છે, રાગ છે અને એ રાગ છે તે મોક્ષના કારણ (રૂપ) સ્વભાવ ભાવથી વિપરીત ભાવ છે. આહા..હા...! છે કે નહિ અંદર ? 'સોનગઢ'નું નથી આ.

મુમુક્ષુ :– ભગવાનનું છે.

ઉત્તર :– ભગવાન આમ કહે છે. ત્રણલોકનો નાથ 'સીમંધર' પરમાત્મા ગણધરો અને ઇન્દ્રોની વચ્ચે પરમાત્માની દિવ્યધ્વનિ આ આવી છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'આ રીતે કર્મ મોક્ષના કારણભૂત ભાવોથી વિપરીત ભાવો-સ્વરૂપ છે. પહેલાં ત્રણ ગાથાઓમાં કહ્યું હતું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોનું–સમ્યક્ત્વાદિનું–ઘાતક છે.'** સમકિત આદિના ઘાતક છે. પહેલી ત્રણ ગાથા – ૧૫૭, ૧૫૮, ૧૫૯, ઈ ત્રણ. પછી ૧૬૦ એક, ૧૬૧, ૧૬૨, ૧૬૩ ત્રણ. (એમ) સાત ગાથામાં (આ સિદ્ધ કર્યું).

**'પહેલાં ત્રણ ગાથાઓમાં કહ્યું હતું કે કર્મ...'** એટલે વિકારી ભાવ એ **'મોક્ષના કારણરૂપ ભાવોનું–સમ્યક્ત્વાદિનું–ઘાતક છે.'** આહા..હા...! **'પછીની એક ગાથામાં એમ કહ્યું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.'** ૧૬૦ (ગાથા). એ પુણ્ય અને પાપના ભાવ કર્મસ્વરૂપ છે, આત્મ સ્વરૂપ છે જ નહિ, બંધસ્વરૂપ છે. આહા..હા...! બંધના કારણરૂપ ભાવ એ બંધસ્વરૂપ જ છે. પંચ મહાવ્રતાદિ પરિણામ બંધસ્વરૂપ છે. (આવું સાંભળીને) રાડ નાખે. આહા..હા...!

**‘આ છેલ્લી ત્રણ ગાથાઓમાં...’** આ ચાલી તે. **‘કહ્યું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોથી વિરોધી ભાવોસ્વરૂપ છે...’** જોયું ? કર્મ જે પુણ્ય-પાપના ભાવ છે એ મારા છે એવો મિથ્યાત્વ ભાવ, પરનું જ્ઞાન એવું અજ્ઞાન અને રાગ-દ્વેષ ભાવ, એ ત્રણે **‘મોક્ષના કારણરૂપ ભાવોથી વિરોધી ભાવોસ્વરૂપ છે...’** એ કર્મ જે વિકારી ભાવ છે, એ મોક્ષના કારણરૂપ ભાવોથી વિરોધી ભાવસ્વરૂપ છે. આહા..હા...! **‘મિથ્યાત્વાદિસ્વરૂપ છે.’** વિરોધી ભાવોસ્વરૂપ છે એટલે ? મિથ્યાત્વાદિસ્વરૂપ છે. આહા..હા...! એ પુણ્ય પરિણામમાં ધર્મ માનવો એ મિથ્યાત્વ ભાવસ્વરૂપ સમ્યગ્દર્શનથી વિપરીત ભાવ છે અને એ રાગને જ જાણવો અને પરને જાણવામાં જ્ઞાનને રોકવું એ અજ્ઞાન છે. એકલું પરપ્રકાશકજ્ઞાન છે. એ સ્વનું જ્ઞાન જે થયું તે જ્ઞાનથી એ ભાવ – અજ્ઞાન વિરુદ્ધ છે. અને સ્વરૂપની ચારિત્ર દશા છે તેનાથી રાગ કષાય ભાવ વિરુદ્ધ છે.

**‘આ પ્રમાણે એમ બતાવ્યું કે કર્મ મોક્ષના કારણનું ઘાતક છે,...’** (પહેલી) ત્રણ ગાથા. **‘બંધ સ્વરૂપ છે...’** ૧૬૦ (ગાથા). **‘બંધના કારણસ્વરૂપ છે,...’** એ આ ૧૬૧, ૧૬૨, ૧૬૩ (ગાથામાં કહ્યું). આહા..હા...! માર્ગ તો બાપા...! આ..હા..હા...! અનંત અનંત કાળ ચોરાશીના અવતાર કરતા કરતા કરતા દ્રવ્યલિંગ એટલી વાર ધારણ કર્યું, જૈન દિગંબર સાધુ (થયો), સમ્યગ્દર્શન અનુભવ વિના. રાગથી ભિન્ન ભગવાન છે તેના સમ્યગ્દર્શન વિના દ્રવ્યલિંગ એટલી વાર ધારણ કર્યું કે, પછી (આકાશના) દરેક પ્રદેશે અનંત વાર જન્મ્યો. ‘ભાવપાહુડ’માં આવ્યું છે. દ્રવ્યલિંગ ધારણ કરી મુનિવ્રત પંચ મહાવ્રત ધારણ કર્યા એ દ્રવ્યલિંગ છે, એ વસ્તુ આત્મા નહિ. નગ્નપણું, પંચ મહાવ્રત એવા દ્રવ્યલિંગ તો અનંત વાર ધારણ કર્યા અને અનંત વાર ધારણ કર્યા પછી પણ આ લોકના દરેક પ્રદેશમાં અનંત વાર જન્મ-મરણ થયા. આહા..હા...! એટલી વાર પહેલા પણ અનંત વાર દ્રવ્યલિંગ ધારણ કર્યું. મહાવ્રતાદિ અનંત વાર લીધા પણ એમાં ધર્મ માન્યો અને એ મહાવ્રતના પરિણામને ચારિત્ર માન્યું... આહા..હા...! અને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ રાગ છે તેને સમકિત માન્યું અને શાસ્ત્રનું જ્ઞાન (જે) પરજ્ઞેય નિષ્ટ છે તેને પોતાનું જ્ઞાન માન્યું. આહા..હા...! જરી મગજને કેળવવું પડે એવું છે, બાપુ ! આ કાંઈ વાર્તા નથી, આ કાંઈ કથા નથી. આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ ભગવાનની વાણી છે. અત્યારથી ચાલતી બધી (વાતથી) ઊંધી છે. આહા..હા...!

તમારા ‘લાડનૂ’માં તો પેલા એક તેરાપંથી છે. ‘તુલસી’ ! ક્યાંના છે ઈ ? ‘લાડનૂ’ના ખબર છે. સ્થાનકવાસીમાં ‘તુલસી’ છે. વિપરીત માન્યતા, મોટી વિપરીત (માન્યતા). ખબર છે ને ! ‘લાડનૂ’ તો અમે બે વાર આવ્યા છીએ. આહા..હા...! એ ‘તુલસી’ આવ્યા હતા પણ અહીં આવ્યા નહિ. અહીં આવે નહિ, (કેમકે) વિપરીત માન્યતા ને ! એ બધી ક્રિયાકાંડમાં ધર્મ માનનારા. એને અધ્યાત્મ માનનારા. આ ક્રિયા કરવી, વ્રત ને એ બધું અધ્યાત્મ છે. આહા..હા...! અહીં કહે છે કે, એ અધ્યાત્મ નહિ, એ તો કર્મ છે. આહા..હા...! બહુ આકરું કામ, ભાઈ !

ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ ! અનંત ગુણથી પરિપૂર્ણ ભરેલો પ્રભુ અંદર છે. એવા અનંત આત્માઓ છે. પરમાત્મા સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવે તો એમ કહ્યું કે, બધા જીવ જિનસ્વરૂપે છે. અર્થાત્ સર્વ જીવ સિદ્ધ સમાન છે. 'નિયમસાર'માં આવ્યું છે, 'નિયમસાર' ! 'કુંદકુંદાચાર્યદેવે' 'નિયમસાર'માં કહ્યું ને (કે), મારી માટે મેં બનાવ્યું છે. એમાં આવ્યું છે. 'નિયમસાર' ! સર્વ જીવ સિદ્ધ સમાન છે. સિદ્ધ સમાન સ્વરૂપ ન હોય તો સિદ્ધપણું પર્યાયમાં આવશે ક્યાંથી ? આહા..હા...! અહીંયાં તો રાગની ક્રિયા (થાય તેને) અમારે ધર્મ થયો માને. મિથ્યાત્વ થયું છે અને એ મિથ્યાત્વના ભાવમાં તો અનંતા સંસારનો ગર્ભ છે. ગર્ભ છે એમાં, અનંતા જન્મ-મરણની ઉત્પત્તિનો એ ગર્ભ છે. એમાંથી ઉત્પત્તિ થશે. આહા..હા...! આવ્યું ?

**'આ પ્રમાણે એમ બતાવ્યું કે કર્મ મોક્ષના કારણનું ઘાતક છે, બંધસ્વરૂપ છે અને બંધના કારણસ્વરૂપ છે, માટે નિષિદ્ધ છે. અશુભ કર્મ તો મોક્ષનું કારણ છે જ નહિ,...'** હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ તો એકલા પાપ છે. એ તો અશુભ કર્મ છે, તેની તો અહીં વાત જ નથી, એ તો પાપ છે. **'અશુભ કર્મ તો મોક્ષનું કારણ છે જ નહિ, બાધક જ છે,...'** એ અશુભ ભાવ તો વિઘ્ન કરનાર છે. **'તેથી નિષિદ્ધ જ છે;...'** નિષિદ્ધ જ છે. **'પરંતુ શુભ કર્મ પણ કર્મસામાન્યમાં આવી...'** જાય છે. શુભ પરિણામ એ કર્મ સામાન્યમાં એ શુભભાવ આવી ગયા. આહા..હા...! એ શુભકર્મ કહો કે શુભભાવ કહો. ચાર બોલ આવ્યા હતા ને ! એ સામાન્યમાં આવી જાય છે તેથી **'તે પણ બાધક જ છે...'** એ શુભકર્મ અને શુભકાર્ય પણ વિઘ્ન કરનાર છે. આહા..હા...! આવું આકરું પડે. નવરાશ ન મળે, આખો દિ' ધંધા, બાયડી, છોકરા. એકાદ કલાક, બે કલાક મળે (અને) સાંભળવા જાય ત્યાં એવી વાતું કરે કે એને સમજાય કે, આ દયા પાળો, આ વ્રત કરો, આ અપવાસ કરો. અહીં કહે છે કે, એ બધું કરવું કરવાનો જે વિકલ્પ – રાગ છે એ તો વિકાર છે, એ આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે, ભાઈ ! આહા..હા...! લ્યો ! **'એમ જાણવું.'**

શું કહ્યું ઈ ? કે, અશુભભાવ જે છે એ તો નિષિદ્ધ જ છે. આ..હા...! કેમકે એ તો બાધક જ છે, પણ શુભભાવ પણ (બાધક જ છે). શુભ-અશુભ કર્મ – ભાવનો નિષેધ કર્યો તો એમાં શુભભાવ પણ આવી ગયો. તેથી તે પણ બાધક જ છે. શુભભાવ પણ વિઘ્ન કરનાર છે. **'તેથી નિષિદ્ધ જ છે એમ જાણવું.'** કળશ વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## શ્લોક-૧૦૯

(शार्दूलविक्रीडित)

संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना
संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।
सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्
नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।।१०९।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– (मोक्षार्थिना इदं समस्तम् अपि तत् कर्म एव संन्यस्तव्यम्) મોક્ષાર્થીએ આ સઘળુંય કર્મમાત્ર ત્યાગવા યોગ્ય છે. (संन्यस्ते सति तत्र पुण्यस्य पापस्य वा किल का कथा) જ્યાં સમસ્ત કર્મ છોડવામાં આવે છે ત્યાં પછી પુણ્ય કે પાપની શી વાત ? (કર્મમાત્ર ત્યાજ્ય છે ત્યાં પુણ્ય સારું અને પાપ ખરાબ – એવી વાતને ક્યાં અવકાશ છે ? કર્મસામાન્યમાં બન્ને આવી ગયાં.) (सम्यक्त्वादिनिजस्वभावभवनात् मोक्षस्य हेतुः भवन्) સમસ્ત કર્મનો ત્યાગ થતાં, સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ તે-રૂપે થવાથી–પરિણમવાથી મોક્ષના કારણભૂત થતું, (नैष्कर्म्यप्रतिबद्धम् उद्धतरसं) નિષ્કર્મ અવસ્થા સાથે જેનો ઉદ્ધત (–ઉત્કટ) રસ પ્રતિબદ્ધ અર્થાત્ સંકળાયેલો છે એવું (ज्ञानं) જ્ઞાન (स्वयं) આપોઆપ (धावति) દોડ્યું આવે છે.

ભાવાર્થ :– કર્મને દૂર કરીને, પોતાના સમ્યક્ત્વાદિસ્વભાવરૂપે પરિણમવાથી મોક્ષના કારણરૂપ થતું જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે, ત્યાં પછી તેને કોણ રોકી શકે ? ૧૦૯.

---

**પ્રવચન નં. ૨૪૦ શ્લોક–૧૦૯, ૧૧૦ બુધવાર, જેઠ સુદ ૫, તા. ૩૦-૦૫-૧૯૭૯**

---

('સમયસાર') ૧૦૯ કળશ.

संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना
संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।
सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्
नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।।१०९।।

શું કહે છે ? જુઓ ! (**मोक्षार्थिना इदं समस्तम् अपि तत् कर्म एव संन्यस्तव्यम्**) **'મોક્ષાર્થીએ...'** 'રાજમલજી'ની ટીકામાં એમ કહ્યું છે કે, મોક્ષાર્થી (એટલે) જેને મોક્ષની અભિલાષા છે, જેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થયો હોય. અતીન્દ્રિય આનંદના અભિલાષીને 'કળશટીકા'માં મોક્ષાર્થી કહે છે. 'રાજમલજી'ની ટીકા છે ને ! ૧૦૯ (કળશ). મોક્ષાર્થી – **'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ – અતીન્દ્રિય પદ, તેમાં જે અનંત સુખ તેને ઉપાદેય અનુભવે છે...'** અતીન્દ્રિય આનંદ મોક્ષમાં છે, એ અતીન્દ્રિય આનંદ જે અનુભવે છે તે જીવ. આ..હા...! મોક્ષનો અભિલાષી – મોક્ષાર્થીનો અર્થ એ (છે). આત્માનો જે અનંત આનંદ છે, સહજ સ્વરૂપ, તેનો અનુભવ થઈ ઉપાદેયપણે માને છે... આહા..હા...! તે જીવ મોક્ષાર્થીની વ્યાખ્યા મોટી લાંબી છે.

(અહીંયાં કહે છે), **'મોક્ષાર્થીએ આ સઘળુંય કર્મમાત્ર ત્યાગવા યોગ્ય છે.'** પુણ્ય અને પાપના ભાવ બધું ત્યાગવા યોગ્ય છે. આહા..હા...! ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, કામ, ક્રોધ હો કે ચાહે તો દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એ બધા ભાવ બંધના કારણ છે. આહા..હા...! **'મોક્ષાર્થીએ...'** અનંત આનંદ, સુખને ઉપાદેયપણે અનુભવે છે એવા મોક્ષાર્થીએ **'સઘળુંય કર્મ..'** કર્મ શબ્દે શુભાશુભ. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એ બધું **'ત્યાગવા યોગ્ય છે.'** એ ધર્મ નહિ. આહા..હા...!

(**संन्यस्ते सति तत्र पुण्यस्य पापस्य वा किल का कथा**) **'જ્યાં સમસ્ત કર્મ છોડવામાં આવે છે...'** આહા..હા...! જ્યાં સમસ્ત પુણ્ય અને પાપના ભાવનો ત્યાગ કરવામાં આવે છે **'ત્યાં પછી પુણ્ય કે પાપની શી વાત ?'** કે, પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે.

રાત્રે તમારો સમાનજાતિનો પ્રશ્ન થયો હતો ને એ હું સમજ્યો નહોતો. સમાનજાતિ તો અહીંયાં લેવાનું છે. દ્રવ્ય અને ગુણ સમાનજાતિમાં લેવાનું છે. અહીં દ્રવ્ય-પર્યાય લેવું છે ને ! દ્રવ્ય-પર્યાય લેવું છે ને ! આ..હા...!

અહીંયાં કહે છે કે, જેને આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ (છે), તેને અનુભવમાં ઉપાદેય તરીકે જાણે છે, એવા મોક્ષાર્થીને પુણ્ય અને પાપ બેય ભાવ કર્મરૂપ છે માટે ત્યાગવા યોગ્ય છે. તેમાં વળી આ પુણ્ય ઠીક અને પાપ અઠીક, એવી વાત ક્યાં છે ? બેય બંધના કારણ છે. આહા..હા...! વ્રત ને તપ, દયા ને દાન, પૂજા ને ભક્તિ, હિંસા ને જૂઠું, ચોરી ને વિષયવાસના, બધું કર્મ વિકાર છે, એ ત્યાગવા યોગ્ય છે. આહા..હા...!

**'ત્યાં પછી પુણ્ય કે પાપની શી વાત ?'** કે, પુણ્ય શુભભાવ વ્રત, તપાદિ ઠીક છે એવી વાત ક્યાં આવી ? એમ કહે છે. આહા..હા...! **'કર્મમાત્ર ત્યાજ્ય છે ત્યાં પુણ્ય સારું અને પાપ ખરાબ – એવી વાતને ક્યાં અવકાશ છે ?'** આહા..હા...! ઝીણી વાત, પ્રભુ ! શુદ્ધ ચૈતન્ય પરમાનંદની મૂર્તિ પ્રભુ આત્મા ! તેનું જેને શુદ્ધ પરિણમન કરવું છે અને પૂર્ણ પરિણમનનો અભિલાષી છે, તેને તો પુણ્ય-પાપમાં પુણ્ય ઠીક અને પાપ અઠીક, એવું કાંઈ

છે જ નહિ. બન્ને છોડવા યોગ્ય છે. આહા..હા...!

મુમુક્ષુ :- પુણ્ય તો સિદ્ધમાં છૂટે છે.

ઉત્તર :- નહિ, પહેલેથી જ દૃષ્ટિમાંથી છોડવું. પછી શુદ્ધ ઉપયોગ પૂર્ણ થશે ત્યારે એ અસ્થિરતામાંથી છૂટી જશે. પણ દૃષ્ટિમાંથી તો પહેલા છોડવું. શ્રદ્ધામાંથી તો પહેલા જ છોડવું. પછી જ્યારે શુદ્ધ ઉપયોગ પૂર્ણ થશે ત્યારે એ શુભ પરિણામ ઉત્પન્ન નહિ થાય. પણ અહીંયાં તો પહેલેથી શ્રદ્ધામાં પુણ્ય અને પાપ બન્ને ત્યાગવા યોગ્ય છે અને ત્રિકાળી આનંદ સ્વરૂપ જ ઉપાદેય છે, એમ પહેલેથી શ્રદ્ધામાં લેવું. આ..હા...! એવી વાત છે, ભાઈ ! ઝીણી વાત છે, બાપા !

વીતરાગમાર્ગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ! એ વીતરાગ ભાવમાં મોક્ષમાર્ગ કહે છે. રાગમાં મોક્ષમાર્ગ નથી (કહેતા). આહા..હા...! વીતરાગ છે, સર્વજ્ઞ પરમાત્મા છે. એ વીતરાગ કેમ થયા ? કે, વીતરાગ ભાવથી વીતરાગ ભાવ થયો. રાગની ક્રિયાથી વીતરાગ ભાવ નથી થતો. આ..હા..હા...! શુભ કે અશુભ બન્ને ભાવ કર્મબંધનના કારણ છે. માટે બન્ને ભાવ ત્યાજ્ય છે. બેમાંથી કોઈ ભાવથી વીતરાગતા થશે એમ છે નહિ. આહા..હા...!

**'(એવી વાતને ક્યાં અવકાશ છે ? કર્મસામાન્યમાં બન્ને આવી ગયાં).'** (**सम्यक्त्वादिनिजस्वभावनात् मोक्षस्य हेतुः भवन्**) ત્યારે હવે શુભ અને અશુભનો ત્યાગ છે તો મોક્ષનું કારણ શું ? જ્યારે શુભ-અશુભ ભાવ મોક્ષનું કારણ નથી અને ત્યાજ્ય છે તો હવે મોક્ષનું કારણ છે શું ? **'સમસ્ત કર્મનો ત્યાગ થતાં, સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ તે-રૂપે થવાથી-પરિણમવાથી મોક્ષના કારણભૂત થતું,...'** પોતાનો પૂર્ણાનંદ પ્રભુ ! તેનું સમ્યગ્દર્શન, શુદ્ધ સ્વભાવ, પૂર્ણ શુદ્ધ સ્વભાવના અવલંબનથી નિશ્ચય સમ્યગ્દર્શન શુદ્ધ પરિણમન છે, તે મોક્ષનું કારણ છે. આહા..હા...! શુભ-અશુભ ભાવ બન્ને અશુદ્ધ પરિણમન હોવાથી મોક્ષના કારણને ત્યાગી દીધા છે. તેમાં મોક્ષનું કારણ છે નહિ. ચાહે લાખ વ્રત, તપ કરે, ભક્તિ-પૂજા કરે કરોડો વાર, પણ એ તો શુભરાગ છે એમાં કોઈ મોક્ષનું કારણ છે નહિ. મોક્ષનું કારણ તો શુદ્ધ ચૈતન્યપ્રભુ ! તેનું સમ્યગ્દર્શનમાં શુદ્ધ પરિણમન (થાય), શુદ્ધ પરિણમન (થાય તે મોક્ષનું કારણ છે). શુભ-અશુભ ભાવ છે એ અશુદ્ધ પરિણમન છે. પુણ્ય અને પાપના બન્ને ભાવ અશુદ્ધ ભાવ છે. આ આત્માના સ્વભાવના અવલંબને જે સમ્યગ્દર્શન (થયું તે મોક્ષનું કારણ છે). કહ્યું છે, જુઓ !

**'સમ્યક્ત્વાદિ...'** (અર્થાત્) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર **'જે પોતાનો સ્વભાવ તે રૂપે હોવાથી...'** એ તો પોતાની પર્યાયમાં પોતાનો સ્વભાવ છે. ત્રિકાળી નહિ, ત્રિકાળી સ્વભાવ તો ધ્રુવ છે. આ તો પર્યાયમાં પોતાનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સ્વભાવ છે. વિભાવરહિત સ્વભાવ છે. આહા..હા...!

**'સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ તે-રૂપે થવાથી-પરિણમવાથી...'** પેલો ત્રિકાળી સ્વભાવ

નહિ. ત્રિકાળી શુદ્ધ ભગવાનઆત્મા ! **'भूदत्थमस्सिदो खलु'** ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે એ અગિયારમી ગાથા(માં કહ્યું છે). ત્રિકાળ ભૂતાર્થ ભગવાન પૂર્ણ આનંદ, ધ્રુવ ચૈતન્યના અવલંબને, તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એ સમ્યગ્દર્શન શુદ્ધ પરિણમન છે. નિશ્ચય સમ્યગ્દર્શન એ શુદ્ધ પરિણમન છે, વ્યવહાર સમકિત (કહ્યું એ તો) રાગને આરોપ કરીને કહ્યું. એ કોઈ (સમકિત) છે નહિ. વ્યવહાર-બ્યવહાર સમકિત છે જ નહિ. આહા..હા...! એ તો નિશ્ચય સમકિત છે ત્યાં રાગને વ્યવહાર સમકિતનો આરોપ દઈને સમજાવ્યું. પણ એ સમકિત છે જ નહિ. નિશ્ચય સમ્યક્ત્વ એ જ સમ્યગ્દર્શન છે. આહા..હા...!

ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ! પૂર્ણ અતીન્દ્રિય અનંત આનંદાદિ ગુણનો સાગર છે. અનંત અનંત ગુણનું ગોદામ આત્મા છે. ગોદામ સમજાય છે ? મોટું મકાન હોય એમાં ગોદામ હોય. (એમાં) મોટી ચીજ રહી શકે, મોટું ગોદામ ! ગોદામ કહે છે ને ? અમારે ત્યાં 'પાલેજ'માં તેર ગોદામ છે. ગોદામ ! અમારી દુકાન ત્યાં હતી ને ! 'પાલેજ' ! 'ભરૂચ' અને 'વડોદરા'ની વચ્ચે 'પાલેજ' છે. 'ગુજરાત'માં ! ત્યાં અમારી દુકાન હતી ને ! મેં તો (સંવત) ૧૯૬૮થી છોડી દીધી. પણ (અત્યારે) દુકાન ચાલે છે. મોટી દુકાન છે. તેર તો ગોદામ છે. પચાસ-પચાસ, સાઠ-સાઠ હજારના તેર ગોદામ ! મોટી દુકાન છે. ચાલીસ લાખ રૂપિયા છે. ચાર લાખની વર્ષની આવક છે. 'પાલેજ' 'ભરૂચ' અને 'વડોદરા'ની વચ્ચે છે. તેર ગોદામ છે. અંદર માલ પડ્યો હોય. ચોખાની ગુણોની થપ્પી પડી હોય. એમ આ ભગવાન ગુણી ! આ ચોખાની ગુણીની મોટું ગોદામ હોય છે. આ ગુણી આત્મા ગુણનું ગોદામ છે. આહા..હા...! ભગવાનઆત્મા ! આ..હા..હા...!

**'સમ્યક્ત્વાદિ...'** આદિ એટલે ત્રણે. સમ્યગ્દર્શન-સમ્યક્જ્ઞાન-સમ્યક્ચારિત્ર. એ **'પોતાનો સ્વભાવ તે-રૂપે થવાથી...'** પર્યાય હોં ! ત્રિકાળી નહિ. પર્યાય જે છે એ સમ્યગ્દર્શન, જ્ઞાન તો પોતાના સ્વભાવરૂપ શુદ્ધ પરિણમન છે. આહા..હા...! એ સ્વભાવરૂપ હોવાથી અર્થાત્ લીટી (એટલે) અર્થાત્. **'પરિણમવાથી...'** ત્રિકાળી ભગવાનઆત્મામાં જે અનંત ગુણ ભર્યા છે, શ્રદ્ધાગુણ છે, ચારિત્રગુણ છે, આનંદગુણ ત્રિકાળ છે. તેના આશ્રયે પર્યાયમાં શુદ્ધ સ્વભાવનું પરિણમન થવું એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (છે), એ મોક્ષનું કારણ (છે). આવી વાત છે. સંપ્રદાયમાં લોકોએ તો બહારથી કાંઈક મનાવી લીધું છે. આ અપવાસ કરો ને આ વર્ષીતપ કરો ને આ શું કહેવાય ? ભગવાનની ભક્તિ કરો, પૂજા કરો. એ ભાવ હોય છે પણ એ ભાવ બંધનું કારણ છે, મોક્ષનું કારણ નહિ. આહા..હા...!

મુમુક્ષુ :– હેય માનશે તો કોઈ કરશે નહિ.

ઉત્તર :– કરે નહિ એ જ સત્ય છે. કરવાલાયક છે નહિ, પણ થશે. કરવાલાયક નથી. સમ્યક્દૃષ્ટિને રાગ આવે છે પણ કરવાલાયક છે એમ માનતા નથી. એમ તે હિતકર છે એમ માનતા નથી અને એ પોતાનો સ્વભાવ છે એમ માનતા નથી અને એ મોક્ષનું

કારણ છે એમ માનતા નથી. આહા..હા...! આકરી વાત, ભાઈ ! દુનિયા કાંઈક રસ્તે ચડી ગઈ છે. પ્રભુનો માર્ગ અંદર ક્યાંય રહી ગયો. આ..હા...!

**'પરિણમવાથી મોક્ષના કારણભૂત થતું,...'** દેખો ! આહા..હા...! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પોતાનું શુદ્ધ પરિણમન (છે). દયા, દાન, વ્રત, ભક્તિ એ તો અશુદ્ધ પરિણમન છે. આ શુદ્ધ પરિણમન છે. પર્યાય છે પણ શુદ્ધ છે. ત્રિકાળીના આશ્રયે ઉત્પન્ન થયેલી પર્યાય એ શુદ્ધ છે. એ શુદ્ધ પર્યાય જ મોક્ષનું કારણ છે. આહા..હા...! કેમકે મોક્ષ પણ પર્યાય છે, મોક્ષ પણ પર્યાય છે અને તેનું કારણ મોક્ષનો માર્ગ પણ પર્યાય છે અને સંસાર પણ પર્યાય છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષની પર્યાય એ સંસાર છે. સંસાર પોતાની પર્યાયમાં છે. સંસાર બહારમાં રહેતો નથી. આહા..હા...! એમ મોક્ષમાર્ગ પોતાની પર્યાયમાં છે, બહારમાં નથી. મોક્ષ પણ પોતાની શુદ્ધ પૂર્ણ પર્યાય છે. બહારમાં મોક્ષ નથી. આહા..હા...! પોતાનું શુદ્ધ પરિણમન થવું (તે મોક્ષમાર્ગ છે).

(**नैष्कर्म्यप्रतिबद्धम् उद्धतरसं**) **'નિષ્કર્મ અવસ્થા સાથે...'** એ પુણ્ય અને પાપના ભાવ તો કર્મ અવસ્થા છે, આ નિષ્કર્મ અવસ્થા (છે). આહા..હા...! નિષ્કર્મ અવસ્થા હોં ! વસ્તુ તો ત્રિકાળ છે. પણ ત્રિકાળના અવલંબને નિષ્કર્મ અવસ્થા પ્રગટ થાય છે. પર્યાય ! અવસ્થા કહો, પર્યાય કહો, અલ્પ દશા કહો, વર્તમાન શુદ્ધ પરિણમન કહો. આહા..હા...!

**'નિષ્કર્મ અવસ્થા સાથે...'** એ પુણ્ય અને પાપના પરિણામ તો કર્મ છે. તેનાથી રહિત નિષ્કર્મ અવસ્થા આત્મામાં થાય છે. સ્વભાવના અવલંબને પુણ્ય અને પાપની કર્મ-અવસ્થાથી ભિન્ન નિષ્કર્મ અવસ્થા થાય છે. આહા..હા...! એ અવસ્થાની સાથે **'જેનો ઉદ્ધત (-ઉત્કટ) રસ પ્રતિબદ્ધ...'** છે. એ શુદ્ધ પરિણમનમાં લીન છે. ધર્માત્મા મોક્ષના માર્ગમાં પોતાના શુદ્ધ પરિણમનમાં એ લીન છે, એ જ મોક્ષમાર્ગ (છે). આહા..હા...! **'(-ઉત્કટ) રસ પ્રતિબદ્ધ...'** છે. નિર્મળાનંદ નાથ પર્યાય, પર્યાય હોં ! શુદ્ધ નિર્મળ પવિત્ર પર્યાય ઉત્કટ રસવાળી છે. અતીન્દ્રિય આનંદના રસવાળી છે. આહા..હા...!

સમ્યગ્દર્શનમાં, સમ્યગ્દર્શન જ્યારે થાય છે ત્યારે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. રાગ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ છે એ દુઃખનો સ્વાદ છે. આહા..હા...! એ આસ્રવ છે, રાગ છે, દુઃખનો સ્વાદ છે અને આત્મસ્વભાવમાં જ્યારે દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું તો અંતરમાં અતીન્દ્રિય આનંદના સ્વાદનું વેદન થયું તો એ સ્વાદના વેદનમાં ઉત્કટ રસ પ્રતિબદ્ધ છે. આ..હા..! મોક્ષમાર્ગની પર્યાય અતીન્દ્રિય આનંદના રસમાં પ્રતિબદ્ધ છે. આહા..હા...! આવું ઝીણું ! ક્રિયાકાંડમાં લોકોને ઘુસાડી દીધા અને ધર્મ મનાવીને સંપ્રદાય ચલાવ્યો. વીતરાગમાર્ગ ભિન્ન છે, પ્રભુ ! આ..હા...! ઓ..હો..હો...! શું કહે છે ?

**'નિષ્કર્મ અવસ્થા સાથે જેનો ઉદ્ધત (-ઉત્કટ) રસ...'** અતીન્દ્રિય આનંદનો રસ જેમાં પ્રતિબદ્ધ છે. આ..હા..હા...! અતીન્દ્રિય આનંદનું જેમાં વેદન છે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર

મોક્ષના કારણરૂપ પર્યાય છે. આહા..હા...! વસ્તુ તો ભઈ ! આચાર્યોએ બહુ ટૂંકામાં (સમાડી દીધી). દિગંબર ભાવલિંગી સંત છે. પ્રચુર સ્વસંવેદન જેને વર્તમાનમાં છે. મુનિ એને કહીએ, સમકિતીને પણ આત્મિક અતીન્દ્રિય આનંદનો અંશ આવે છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. તો મુનિ તો પ્રચુર સ્વસંવેદનમાં (છે). અંદર અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન થાય છે. ત્યારે સાચા મુનિ થાય. એ ક્રિયાકાંડ વ્રત ને તપ ને ક્રિયા એ બધું તો બંધનું કારણ (છે). એમાં મુનિપણું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– નિષ્કર્મ અવસ્થા સાથે.

ઉત્તર :– એ નિષ્કર્મ અવસ્થા છે. રાગ કર્મ છે, તેના વિનાની મોક્ષની નિષ્કર્મ અવસ્થા છે.

મુમુક્ષુ :– નિષ્કર્મ અવસ્થા સાથે..

ઉત્તર :– નહિ, નિષ્કર્મ અવસ્થા જ પોતે છે. જે મોક્ષનો માર્ગ છે એ નિષ્કર્મ અવસ્થા છે. સાથે-બાથેની વાત નહિ. મોક્ષનો માર્ગ છે એ નિષ્કર્મ અવસ્થા છે. સાથે રાગ હોય છે એ તો કર્મ અવસ્થા છે, એ તો બંધનું કારણ છે, માટે ત્યાગ કર્યો. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ !

નિષ્કર્મ દશા ! પુણ્યના પરિણામ છે એ કર્મ દશા છે. તેનાથી ભગવાન મોક્ષના માર્ગની દશા નિષ્કર્મ દશા છે. તેમાં કર્મ અવસ્થા છે જ નહિ. આહા..હા...! એમાં તો આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ ! તેનું શુદ્ધ પરિણમન થાય એ નિષ્કર્મ અવસ્થા છે. આહા..હા...! આચાર્ય ખુલાસો કરે છે.

'અમૃતચંદ્રાચાર્યદેવ'નો કળશ છે. ટીકા એમની છે, ગાથા 'કુંદકુંદાચાર્યદેવ'ની છે, ગાથા ! આ કળશ છે અને ટીકા છે એ 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની છે. એમણે બનાવી છે. એક હજાર વર્ષ પહેલાં અહીંયાં સંપ્રદાયમાં હતા, દિગંબર સંપ્રદાયમાં ! 'કુંદકુંદાચાર્યદેવ' બે હજાર વર્ષ પહેલા હતા. એની ટીકા 'અમૃતચંદ્રાચાર્યદેવે' બનાવી. મૂળ રહસ્ય ! પછી એક ટીકા 'જયસેનાચાર્યદેવ'ની છે. સંસ્કૃતમાં બે ટીકા છે. આહા..હા...!

**'એવું જ્ઞાન...'** એટલે આત્માનો સ્વભાવ. **'આપોઆપ દોડ્યું આવે છે.'** આ..હા..હા...! શું કહે છે ? પુણ્ય અને પાપના ભાવનો નિષેધ કરીને, જે પોતાના શુદ્ધ સ્વરૂપનો આશ્રય કરીને નિષ્કર્મ અવસ્થા જે પ્રગટ થાય છે, કહે છે કે, એ તો દોડતી આવે છે. નિર્મળ પરિણતિ, પરિણતિ, પરિણતિ... પરિણતિ... એકદમ... એકદમ દોડતી આવે છે. આહા..હા...! પેલામાં એકમાં દોડતું કહ્યું છે ને ! 'પ્રવચનસાર'માં ! પર્યાય દોડતી – આયત સમુદાય (છે). બપોરે આવ્યું હતું ને ? વિસ્તારસમુદાય (એટલે) ગુણ, આયતસમુદાય એ પર્યાય (છે). દોડતી પર્યાય, એવો પાઠ છે. દોડતી એટલે એકદમ એક પછી એક થતી. એમ આનંદની દશા દોડતી એક પછી એક આનંદની દશા અંદર ચાલે છે. આહા..હા..હા...! તેને અહીંયાં પ્રભુ મોક્ષમાર્ગ કહે છે. આહા..હા...! હવે આવા સમ્યગ્દર્શન, જ્ઞાનનું તો ભાન નહિ અને

બહાર વ્રત ને તપ ને ભક્તિ, પૂજા કરીને કાય ક્લેશ કરીને મરી જાય. આવી વાત છે, પ્રભુ !

આહા..હા...! **'આપોઆપ દોડ્યું આવે છે.'** શું કહે છે ? કે જેને રાગની મંદતાની પણ અપેક્ષા નહિ. એ નિર્મળ અવસ્થા આપોઆપ દોડતી આવે છે, આમ નિર્મળ થઈને આવે છે. આહા..હા...! શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા પૂર્ણાનંદ ! તેના અવલંબનથી જે સમ્યગ્દર્શન, જ્ઞાન શુદ્ધ થયું એ દોડતી પર્યાય ઉત્પન્ન થાય છે. એને કોઈની અપેક્ષા નથી. `**स्वयं धावति**' `**स्वयं धावति**' પોતાથી, પોતાના પુરુષાર્થથી આ ત્રણે વીતરાગ દશા (પ્રગટ થાય છે). સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે વીતરાગ દશા છે. આહા..હા...! કેમકે પ્રભુ પોતે જિનસ્વરૂપ છે. આત્મા 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, મતમદિરા કે પાન સો મતવાલા સમજે ન' 'ઘટ ઘટ અંતર જિન વસે' પ્રભુ ! અંદર વીતરાગમૂર્તિ આત્મા છે. તેની શક્તિ – સ્વભાવ ત્રિકાળી વીતરાગ સ્વરૂપ છે. જિનસ્વરૂપી આત્મા છે. આહા..હા...! સ્વભાવ ! એ જિનસ્વરૂપમાંથી.. આ..હા..હા..! આશ્રય લઈને જે પર્યાય થઈ એ સ્વયં પોતાથી (થઈ છે). કોઈ સંહનન કે મનુષ્ય કે દેવ-ગુરુની કૃપાથી કે મદદથી એ શુદ્ધ પરિણતિ થાય છે એમ નથી. સ્વયં આપોઆપ દોડતી આવે છે. આહા..હા...! જેમ આયત દોડતી આવે છે કહ્યું છે એમ અહીંયાં સ્વયં દોડતી આવે છે (એમ કહ્યું છે). દોડતી કહે છે ને ? આહા..હા...! એક પછી એક નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. આહા..હા...! કેમકે પર્યાય તો એક સમયની અવસ્થા છે, ધ્રુવ ત્રિકાળ છે. એક સમયની અવસ્થાની પાછળ બીજા, ત્રીજી.. એમ એક પછી એક દોડતી નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે. એ પરિણતિને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આવું છે, ભગવાન ! આ..હા...!

૭૨ ગાથામાં ભગવાન તરીકે તો બોલાવે છે. 'સમયસાર'ની ૭૨ ગાથા છે. આચાર્યમહારાજ પોતે ભગવાનઆત્મા (એમ કહે છે). આ..હા..હા...! ૭૨મી ગાથામાં છે. ભગવાનઆત્મા ! એમ કરીને બોલાવે છે. આ..હા...! હે જીવ કર્મસહિત, એમ કહીને નથી બોલાવતા. આહા..હા...! ભગવાનઆત્મા ! એ તો રાગ પુણ્યની ક્રિયાથી ભિન્ન એવો ભગવાનઆત્મા છે. આહા..હા...! એ ભગવાનઆત્માના અવલંબનથી જે નિષ્કર્મ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગ અવસ્થા છે એ દોડતી પ્રગટ થાય છે. એક પછી એક, એક પછી એક.. વીતરાગી પર્યાય જ ઉત્પન્ન થાય છે. મોક્ષમાર્ગનો આશ્રય લેનાર, મોક્ષમાર્ગ કી પર્યાય કા આશ્રય દ્રવ્ય, દ્રવ્યનો આશ્રય લેનારી એ પર્યાય એક પછી એક દોડતી ઉત્પન્ન થાય છે. આહા..હા...! સાંભળતા આ વાત જ આકરી લાગે.

અત્યારે તો વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો, સાધુ થઈ જાઓ, લૂગડાં છોડીને નગ્ન (થઈ જાઓ). હવે નાગા અનંત વાર થયા છે. પંચ મહાવ્રતના પરિણામ (અનંત વાર કર્યા). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' ઈ 'છ ઢાળા'માં આવે છે. 'પણ આત્મજ્ઞાન

બિન લેશ સુખ ન પાયો' એ પંચ મહાવ્રતના પરિણામ દુઃખ છે, આસ્રવ છે. આહા..હા..હા...! પણ આત્મજ્ઞાન, આનંદનો અનુભવ એ વિના સંસારમાં ભટક્યો. પંચ મહાવ્રત પાળ્યા, દિગંબર મુનિ દ્રવ્યલિંગી (થયો). દ્રવ્યલિંગી મુનિપણું નગ્ન વસ્ત્રનો કટકો ન રાખે, એમાં શું થયું ? અંતરમાં દૃષ્ટિનો અનુભવ નહિ, સમ્યગ્દર્શન (નહિ), આનંદનો સ્વાદ આવ્યો નહિ તો એ ક્રિયાકાંડ તો પરિભ્રમણનું કારણ છે. આહા..હા...!

**'એવું જ્ઞાન આપોઆપ દોડ્યું...'** એટલે પર્યાય. જ્ઞાન એટલે અહીંયાં આત્માના જ્ઞાનની પર્યાય, સમકિતની પર્યાય, ચારિત્રની પર્યાય, બધાને જ્ઞાન કહીએ. એ **'જ્ઞાન આપોઆપ દોડ્યું આવે છે.'** આ..હા..હા...! આપોઆપ ! સ્વયં અને આપોઆપ. શુદ્ધ ચૈતન્ય ભગવાનનું અવલંબન લેવાથી જે સમ્યગ્દર્શન, જ્ઞાન થયા એ સ્વયં પોતાથી અને દોડતા આવ્યા. એક પછી એક પછી એક શુદ્ધ પરિણતિ તેને પ્રગટ થાય છે અને શુદ્ધ પરિણતિ પૂર્ણ થઈ જાય એ મોક્ષ છે. આ..હા...! સમજાણું કાંઈ ?

**ભાવાર્થ :– 'કર્મને દુર કરીને,...'** (અર્થાત્) શુભાશુભ ભાવને દૂર કરીને. પોતાના **'સમ્યક્ત્વાદિસ્વભાવરૂપે પરિણમવાથી...'** પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન સ્વભાવરૂપ પરિણમવાથી (એટલે કે) પર્યાયમાં પરિણમન કરવાથી, અવસ્થા પ્રગટ કરવાથી. **'મોક્ષના કારણરૂપ થતું જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે,...'** એ જ્ઞાનનું સમકિત, જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનનું ચારિત્ર આપોઆપ પ્રગટ થાય છે. **'ત્યાં પછી તેને કોણ રોકી શકે ?'** આહા..હા...! વિકાર પણ પોતાથી થાય છે, એ કંઈ કર્મથી નથી થતો. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' સ્તુતિમાં આવે છે. બધા એમ કહે કે, રાગ કર્મથી થાય છે, કર્મથી થાય છે. અરે...! કર્મ તો જડ છે, ધૂળ છે અને રાગ, વિકાર તો અરૂપી તારી દશામાં છે. તેને તો કાઢી નાખવા માટે પુદ્ગલનો કહ્યો છે. છે તો તારી પર્યાયનો વિકાર. સમજાણું કાંઈ ?

અહીંયાં કહે છે કે, મોક્ષના કારણરૂપ થતો પોતાનો આત્મા, તેની પર્યાય, આપોઆપ પ્રગટ થાય છે. તેને વ્યવહારની પણ અપેક્ષા નથી કે, મંદ રાગનો વ્યવહાર કર્યો તો આ શુદ્ધ સમકિતદર્શન થયું (એમ) એની અપેક્ષા નથી. આહા..હા...! એ માટે સ્વયં કહે છે અને દોડ્યું (આવે છે એમ કહ્યું). અંદરથી એક પછી એક નિર્મળ પર્યાય ચાલી આવે છે. દ્રવ્યનું અવલંબન લીધું તો અંદર શુદ્ધ પરિણતિ એક પછી એક દોડતી આવે છે. આહા..હા...! આવો માર્ગ છે. સંપ્રદાયમાં તો આકરું પડે. ધમાલ.. ધમાલ...! એ.. મોટા મંદિર બનાવો ને પ્રતિષ્ઠા કરો ને એમાં ઇન્દ્રો બને ને એમાં લાખ-લાખ રૂપિયાના ઇન્દ્રોને (એમ થાય કે) જાણે ધર્મ થઈ ગયો ! ધૂળેય ધર્મ નથી.

મુમુક્ષુ :– ધર્મનું કારણ તો થાય ને ?

ઉત્તર :– બંધનું કારણ છે. શું કહ્યું ?

મુમુક્ષુ :– ધર્મનું કારણ થાય.

ઉત્તર :- અરે...! ધર્મ (શું) પુણ્યનું કારણ છે. નિશ્ચયથી તો 'પાપ કો પાપ સહુ કહે પણ અનુભવીજન પુણ્યને પાપ કહે.' 'યોગીન્દ્રદેવ'ના દોહરામાં આવે છે. 'પાપ કો પાપ તો સહુ કહે પણ અનુભવીજન...' સમકિતી 'પુણ્યકો પાપ કહે.' પાપ (અર્થાત્) પોતાના સ્વરૂપથી ડગી જાય છે. આહા..હા...! આવી વાત સાંભળવા મળવી મુશ્કેલ. જ્યાં હોય ત્યાં આ વ્રત કરો, તપ કરો, અપવાસ કરો. ક્રિયાકાંડમાં ધર્મ માની લીધો. આ..હા..હા...!

## શ્લોક-૧૧૦

**હવે આશંકા ઊપજે છે કે – અવિરત સમ્યગ્દષ્ટિ વગેરેને જ્યાં સુધી કર્મનો ઉદય રહે ત્યાં સુધી જ્ઞાન મોક્ષનું કારણ કેમ થઈ શકે ? વળી કર્મ અને જ્ઞાન બન્ને (–કર્મના નિમિત્તે થતી શુભાશુભ પરિણતિ અને જ્ઞાનપરિણતિ બન્ને–) સાથે કેમ રહી શકે ?**

(शार्दूलविक्रीडित)

यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा
कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः ।
किन्त्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्-
मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः ।।११०।।

શ્લોકાર્થ :- (यावत्) જ્યાં સુધી (ज्ञानस्यं कर्मविरतिः) જ્ઞાનની કર્મવિરતિ (सा सम्यक् पाकम् न उपैति) બરાબર પરિપૂર્ણતા પામતી નથી (तावत्) ત્યાં સુધી (कर्मज्ञानसमुच्चयः अपि विहितः, न काचित् क्षतिः) કર્મ અને જ્ઞાનનું એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે; તેમના એકઠા રહેવામાં કાંઈ પણ ક્ષતિ અર્થાત્ વિરોધ નથી. (किन्तु) પરંતુ (अत्र अपि) અહીં એટલું વિશેષ જાણવું કે આત્મામાં (अवशतः यत् कर्म समुल्लसति) અવશપણે (–જબરદસ્તીથી) જે કર્મ પ્રગટ થાય છે અર્થાત્ ઉદય થાય છે (तत् बन्धाय) તે તો બંધનું કારણ થાય છે, અને (मोक्षाय) મોક્ષનું કારણ તો, (एकम् एव परमं ज्ञानं स्थितम्) જે એક પરમ જ્ઞાન છે તે એક જ થાય છે – (स्वतः विमुक्तं) કે જે જ્ઞાન સ્વતઃ વિમુક્ત છે (અર્થાત્ ત્રણે કાળે પરદ્રવ્ય-ભાવોથી ભિન્ન છે).

ભાવાર્થ :- જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી ત્યાં સુધી સમ્યગ્દષ્ટિને બે ધારા

**રહે છે – શુભાશુભ કર્મધારા અને જ્ઞાનધારા. તે બન્ને સાથે રહેવામાં કાંઈ પણ વિરોધ નથી. (જેમ મિથ્યાજ્ઞાનને અને સમ્યગ્જ્ઞાનને પરસ્પર વિરોધ છે તેમ કર્મસામાન્યને અને જ્ઞાનને વિરોધી નથી.) તે સ્થિતિમાં કર્મ પોતાનું કાર્ય કરે છે અને જ્ઞાન પોતાનું કાર્ય કરે છે. જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે તેટલા અંશે કર્મબંધ થાય છે અને જેટલા અંશે જ્ઞાનધારા છે તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે. વિષય-કષાયના વિકલ્પો કે વ્રતનિયમના વિકલ્પો – શુદ્ધ સ્વરૂપનો વિચાર સુદ્ધાં – કર્મબંધનું કારણ છે; શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે. ૧૧૦.**

## શ્લોક ૧૧૦ ઉપર પ્રવચન

૧૧૦ કળશ. આમાં હજી બાકી છે ને ! '**હવે આશંકા ઊપજે છે કે – અવિરત સમ્યગ્દષ્ટિ વગેરેને જ્યાં સુધી કર્મનો ઉદય રહે છે...**' શું કહે છે ? કે, સમ્યક્દષ્ટિને રાગ તો આવે છે. '**ત્યાં સુધી જ્ઞાન મોક્ષનું કારણ કેમ થઈ શકે ?**' ત્યાં સુધી જ્ઞાન મોક્ષનું કારણ કેમ થઈ શકે ? શું (કહ્યું) ? કે, સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો, આત્માના આનંદનો સ્વાદ આવ્યો તેને પણ રાગ તો આવે છે. વીતરાગ થાય તો રાગ ન થાય. નીચલા દરજ્જામાં રાગ તો આવે છે. ભક્તિનો, વિનયનો, વાંચનનો, શ્રવણનો એવો રાગ તો આવે છે. તો કહે છે, ઇત્યાદિ '**કર્મનો ઉદય રહે ત્યાં સુધી જ્ઞાન મોક્ષનું કારણ કેમ થઈ શકે ? વળી કર્મ અને જ્ઞાન બન્ને (–કર્મના નિમિત્તે થતી શુભાશુભ પરિણતિ અને જ્ઞાનપરિણતિ બન્ને–) સાથે કેમ રહી શકે ?**' (એમ) શિષ્યનો પ્રશ્ન છે કે, એક તો પોતાના શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને નિર્વિકારી પરિણતિ અને સાથે રાગ, એ એકસાથે બેય કેવી રીતે રહી શકે ?

શિષ્યનો પ્રશ્ન આ છે કે, જ્યાં સુધી આત્મા પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર(ની) નિર્મળ પરિણતિ પણ છે અને સાથે રાગ પણ છે. જો રાગ ન હોય તો વીતરાગ થઈ જાય. તો એકસાથે આ બન્ને કેવી રીતે રહી શકે ? એમ પૂછે છે. સમજાણું કાંઈ ? સમ્યક્દષ્ટિને પણ જ્યાં સુધી વીતરાગતા નથી ત્યાં સુધી ભક્તિનો, વિનયનો શુભરાગ તો આવે છે પણ છે બંધનું કારણ. તો કહે છે કે, એક સમયમાં શુદ્ધ પરિણમન અને બીજો અશુદ્ધ રાગ, એમ કેમ થાય છે ? અવિરત સમ્યક્દષ્ટિ ચોથે, પાંચમે (ગુણસ્થાને) કંઈ વીતરાગ નથી. પોતાના સ્વભાવની દષ્ટિ થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (થયા) એટલી તો વીતરાગતા (છે), પણ હજી પૂર્ણ વીતરાગતા નથી તો રાગ પણ આવે છે. એ રાગ બંધનું કારણ અને શુદ્ધ પરિણમન અબંધનું કારણ, બેય એકસાથે કેવી રીતે રહી શકે ?

એમ પ્રશ્ન છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'શુભાશુભ પરિણતિ અને જ્ઞાનપરિણતિ બન્ને–સાથે કેમ રહી શકે ?'** એવી શિષ્યની આશંકા છે, હોં ! છે ને ? શંકા બીજી ચીજ છે. શંકા (એટલે) તમે કહો છો એ ખોટું છે, ઈ શંકા (છે). અને તમે કહો છો એ ઠીક છે પણ હું સમજી શકતો નથી તેને આશંકા કહે છે. શંકા તો તમે કહો છો તે ખોટું છે, એ શંકા (છે), પણ આશંકા (એટલે) તમે કહો છો એ બરાબર છે પણ મને સમજાતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આશંકા લીધી ને ? **'આશંકા ઊપજે છે'** એમ કહ્યું હતું. આ શું ? પ્રભુ !

આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા એ વીતરાગી પરિણતિ થઈ એ મોક્ષનો માર્ગ (છે) પણ એટલામાં પૂર્ણ વીતરાગતા નથી તો રાગ તો સાથે આવે છે. દયાનો, દાનનો, ભક્તિનો, વિનયનો, શાસ્ત્ર વાંચનનો, સાંભળવાનો (રાગ તો આવે છે) તો બન્ને એકસાથે કેવી રીતે રહી શકે ? એવી આશંકા છે. આહા..હા...! ૧૧૦. આમાં તો બહુ થોડું છે. એમાં (–'કળશટીકા'માં) બે પાના ભર્યા, 'કળશટીકા'માં આ ૧૧૦ (કળશમાં) બે પાના ભર્યા છે. 'રાજમલજી'ની ટીકા !

(शार्दूलविक्रीडित)

**यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा**
**कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः ।**
**किन्त्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्-**
**मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः ।।११०।।**

આહા..હા...! (**यावत्**) **'જ્યાં સુધી...'** (**ज्ञानस्यं कर्मविरतिः**) **'જ્ઞાનની કર્મવિરતિ...'** જ્ઞાનની કર્મવિરતી એટલે આત્માની શુદ્ધ પરિણતિમાં જ્યાં સુધી રાગની પૂર્ણ નિવૃત્તિ જ્યાં નથી ત્યાં સુધી **'જ્ઞાનની કર્મવિરતિ બરાબર પરિપૂર્ણતા પામતી નથી...'** આત્માનું જ્ઞાન, દર્શન, ચારિત્ર શુદ્ધ ચૈતન્યના અવલંબને થયા પણ રાગની ક્રિયાનો જ્યાં સુધી પૂર્ણ અભાવ નથી થતો ત્યાં સુધી રાગની પરિણતિ સાથે છે. આહા..હા...! છે ?

**'જ્ઞાનની કર્મવિરતિ...'** જ્ઞાન એટલે આત્માની શુદ્ધ પરિણતિ, એ જ્યાં સુધી રાગની પૂર્ણ નિવૃત્તિ ન થાય, રાગથી પૂર્ણ નિવૃત્તિ ન થાય (ત્યાં સુધી) **'બરાબર પરિપૂર્ણતા પામતી નથી ત્યાં સુધી...'** (**कर्मज्ञानसमुच्चयः अपि विहितः, न काचित् क्षतिः**) તો પુણ્યના પરિણામ પણ સાથે હોય અને જ્ઞાન પણ સાથે છે, સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની દર્શન, જ્ઞાન અને ચારિત્ર, વીતરાગી પર્યાય પણ અપૂર્ણ વીતરાગી પર્યાય પણ ધર્મીને હોય છે અને સાથે રાગ પણ હોય છે. એમાં કોઈ વિરોધ નથી. જેટલો રાગ આવે છે તેટલું બંધનું કારણ છે અને જેટલું સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા (એ) અબંધનું કારણ છે, મોક્ષનું કારણ

છે. આહા.હા...! સમજાણું કાંઈ ?

માટે **'તેમના એકઠા રહેવામાં કાંઈ પણ ક્ષતિ અર્થાત્ વિરોધ નથી.'** શું કહે છે ? ભગવાનઆત્મા ! શુદ્ધ સ્વરૂપ પવિત્ર આનંદકંદ ! તેના સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર એવી નિર્મળ પરિણતિ ઉત્પન્ન થઈ પણ પૂર્ણ નિર્મળ નથી તો સાથે રાગ પણ આવે છે તો એમાં કોઈ વિરોધ નથી. જેટલો રાગ છે તેટલું બંધનું કારણ છે. શુદ્ધ આત્માના સ્વભાવના આશ્રયે જેટલો મોક્ષમાર્ગ ઉત્પન્ન થયો એ મોક્ષનું કારણ છે. બન્ને ભલે હો, બે ધારા (ભલે) હો.

અજ્ઞાની મિથ્યાદૃષ્ટિને એક ધારા છે, બંધની ધારા (છે). વીતરાગને એક અબંધની ધારા (છે) અને સાધકને બે (ધારા) છે. મોક્ષમાર્ગની ધારા પણ છે અને રાગની પણ ધારા છે, બન્ને સાથે છે. આહા..હા...! શું કહ્યું ? કે, મિથ્યાદૃષ્ટિ રાગથી ધર્મ માને છે, પુણ્યથી ધર્મ માને છે એવા મિથ્યાદૃષ્ટિને તો એકલી કર્મધારા, વિકારધારા છે તો એને તો સમ્યગ્દર્શન, જ્ઞાન કંઈ છે નહિ અને સર્વજ્ઞ વીતરાગ થયા એમને કર્મ, રાગ છે નહિ. એકલી નિર્મળ ધારા છે. મિથ્યાદૃષ્ટિને એકલી મલિન ધારા છે, સર્વજ્ઞને એકલી નિર્મળ ધારા છે. અને સાધકજીવને ચોથે ગુણસ્થાનેથી નિર્મળ ધારા પણ છે અને મલિન (ધારા) પણ છે. અધૂરાશ છે ને ! આહા..હા...! સમજાણું કાંઈ ?

જ્યાં સુધી રાગ, પુણ્યના દયા, દાનના પરિણામ મારા છે અને મને લાભ થશે, એવી મિથ્યાદૃષ્ટિ છે ત્યાં સુધી તો એકલી મિથ્યાત્વની મલિન ધારા છે અને સર્વજ્ઞ પરમાત્માને એકલી નિર્મળ ધારા છે, તેમને રાગ છે નહિ. પણ જ્યાં સુધી ચોથા ગુણસ્થાને, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને સાધક છે ત્યાં સુધી બન્ને ધારા સાથે છે. આત્માના આશ્રયે જે નિર્મળ પવિત્ર પર્યાય થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય પણ હો અને સાથે જરી રાગ પણ હોય, પૂર્ણ વીતરાગ નથી તો રાગ આવે છે તો એમાં કોઈ વિરોધ નથી. બે સાથે (રહે એમાં) વિરોધ નથી. હા, સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનને સાથે રહેવામાં વિરોધ છે. સમ્યગ્દર્શન પણ હોય અને મિથ્યાદર્શન પણ હોય, એ (સાથે રહેવામાં) વિરોધ છે. પણ આત્મામાં શુદ્ધ પરિણતિ છે અને અશુદ્ધ પરિણતિ સાથે રહે એમાં વિરોધ નથી. બન્ને હો. આહા..હા..હા...! સમજાણું કાંઈ ? મારગ પ્રભુનો ભાઈ ! અલૌકક છે ! ભાઈ !

અત્યારે તો પ્રરૂપણા એવી ચાલે, સાધુ પણ એવી પ્રરૂપણા કરે કે, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, આમ કરો, આમ કરો.. એ તો ક્રિયાકાંડ છે, રાગ છે. સમ્યગ્દર્શનની વાત પહેલી નહિ. કે ભઈ રાગથી ભિન્ન થઈ, પુણ્ય-પાપની ક્રિયાથી ભિન્ન થઈ, પોતાનો આત્મસ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘન પડ્યો છે, તેનું અવલંબન લેવાથી જે સમ્યગ્જ્ઞાન, દર્શન થાય છે એ જ મોક્ષનું કારણ છે, એ ધર્મ છે. ધર્મીને વચ્ચે રાગ આવે છે, એ ધર્મ નથી. આવે છે, હોય છે, વીતરાગ નથી ત્યાં સુધી થાય છે. આ..હા...! સમજાણું કાંઈ ?

**'જ્યાં સુધી જ્ઞાનની કર્મવિરતિ...'** આત્મામાં રાગની પૂર્ણ વિરતિ ન થાય **'બરાબર**

**પરિપૂર્ણતા પામતી નથી...'** જ્ઞાન નામ આનંદની દશા, વીતરાગી દશા પરિપૂર્ણ ન થાય **'ત્યાં સુધી...'** (**कर्मज्ञानसमुच्चयः अपि विहितः, न काचित् क्षतिः**) પુણ્યના પરિણામ અને જ્ઞાનની નિર્મળ દશા (તેનું) **'એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે;...'** બેય ભગવાને શાસ્ત્રમાં કહ્યું છે કે, બેય સાથે ચાલે છે. આ..હા...! સમ્યક્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને છે તો એની સમ્યગ્દર્શનની પર્યાય જે વીતરાગી છે તે નિર્મળ છે પણ સાથે હજી ત્રણ કષાયનો રાગ છે. તો રાગ પણ હો અને આ પણ હો, એમાં કોઈ વિરોધ નથી. પણ જેટલો રાગ છે એ બંધનું કારણ છે અને મોક્ષનું કારણ (નિર્મળ પરિણતિ છે). બે હોવાથી, બે ધારાના બે ફળ છે. આહા..હા..હા..! સમજાણું કાંઈ ? આ..હા...!

**'કર્મ અને જ્ઞાનનું એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે;...'** જોયું ? **'विहितः'** છે ને ? જ્ઞાન **'कर्मज्ञानसमुच्चयः अपि विहितः'** શબ્દમાં **'विहितः'** શબ્દ છે. ભગવાને શાસ્ત્રમાં કહ્યું છે કે, જ્યારે આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન થાય છે, સ્વભાવના આશ્રયે શુદ્ધ આનંદનો સ્વાદ (આવે છે) પણ અપૂર્ણ (છે) તેને રાગ પણ છે, તો રાગ પણ છે અને સ્વભાવ પણ છે, શુદ્ધ પરિણતિ પણ છે. શાસ્ત્રમાં કહ્યું છે, ભગવાને કહ્યું છે.

મુમુક્ષુ :– બધા એમ કહે છે શાસ્ત્રમાં છે પણ મને અનુભવમાં નથી આવતો.

ઉત્તર :– હજી પૂર્ણ નથી ત્યાં સુધી રાગ છે એમ શાસ્ત્રમાં પણ કહે છે.

મુમુક્ષુ :– રાગ અનુભવમાં નથી આવતો.

ઉત્તર :– રાગ તો અનુભવમાં – વેદનમાં આવે છે. વેદનમાં તો બન્ને આવે છે. (રાગને) પોતાનો માનતા નથી. વેદન આવે છે, રાગનું વેદન તો છે. નય હૈ, ૪૭ નય છે એમાં લીધું છે. 'પ્રવચનસાર' ! સમકિતીને પણ રાગનું પરિણમન છે અને રાગનો ભોક્તા પણ છે. પણ એ જ્ઞાનની દૃષ્ટિથી (કહ્યું).

મુમુક્ષુ :– અનુભવ છે કે નથી ?

ઉત્તર :– અનુભવ પણ છે અને રાગનું વેદન પણ છે, બેય છે. એક જો હોય તો વીતરાગ થઈ જાય. અને એક જ રાગ હોય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય.

મુમુક્ષુ :– જ્ઞાનીને પણ બેય છે ?

ઉત્તર :– ત્યાં પણ બે છે. હજી પૂર્ણ નથી ને ! ઉપશમ છે ને ! ઉપશમ છે. બારમા ગુણસ્થાને પણ હજી પૂર્ણ નથી. કેવળજ્ઞાન પૂર્ણ નથી થયું ત્યાં. આ..હા...! અહીં તો નીચલા (ગુણસ્થાનની) વાત ચાલે છે.

મુમુક્ષુ :– અહીંયાં છઠ્ઠા ગુણસ્થાનની વાત ચાલે છે.

ઉત્તર :– ચોથે, પાંચમે, છઠ્ઠે (ગુણસ્થાનની વાત ચાલે છે). ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને પોતાના સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચેતનની નિર્મળ પરિણતિ છે, સાથે રાગ પણ છે. શાસ્ત્ર કહે છે અને અમે પણ કહીએ છીએ.

મુમુક્ષુ :– જ્ઞાનમાં પકડાય છે ?

ઉત્તર :– પકડાય છે, જાણે છે. રાગ (છે એમ) જાણે (છે). આત્માનું જ્ઞાન (થયું અને) સાથે રાગ આવ્યો તો એ સમયે જાણે છે કે, રાગ છે. પણ એ મારી ચીજ નહિ, દુઃખદાયક છે (એમ જાણે છે). ઈ બારમી ગાથામાં આવ્યું છે. વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. સંસ્કૃતમાં **'तदात्वे'** (શબ્દ) છે. નિશ્ચય પોતાના ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થયું, ત્રિકાળ જ્ઞાયકભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. પર્યાયદૃષ્ટિથી અને રાગથી ક્યારેય સમ્યગ્દર્શન થતું નથી. આવું થયું તોપણ જ્યાં સુધી પર્યાયમાં પૂર્ણ વીતરાગતા નથી ત્યાં સુધી, જ્યાં સુધી આવું છે ત્યાં સુધી રાગ પણ થાય છે. થાય છે, પણ રાગ છે તે બંધનું કારણ છે અને સ્વભાવના આશ્રયે જે નિર્મળ (પર્યાય થઈ) તે મોક્ષનું કારણ છે. બન્ને સાથે રહે છે. સાથે આવે છે તો એ રાગ મોક્ષનું કારણ છે એમ નથી. આહા..હા...!

જુઓ ! શું કહ્યું ? **'કર્મ...'** એટલે શુભ ભાવની ક્રિયા, પરિણામ **'અને જ્ઞાન...'** એટલે આત્માની શુદ્ધ પરિણતિ. (બન્નેનું) **'એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે;...'** **'विहितः'** **'તેમના એકઠા રહેવામાં કાંઈ પણ ક્ષતિ અર્થાત્ વિરોધ નથી.'** સાથે હોય એમાં વિરોધ નથી. બે છે તો બન્ને (પોતપોતાના) કામ કરે છે. શુદ્ધ પરિણમન છે એ મોક્ષના કારણનું – નિર્જરાનું કામ કરે છે અને અશુદ્ધ છે એ બંધનું કામ કરે છે. આહા..હા...!

એમાં બહુ લખ્યું છે કે, જે સમ્યગ્દર્શન છે ત્યાં મિથ્યાદર્શન સાથે હોય એમ બનતું નથી. પણ અહીંયાં શુદ્ધ પરિણતિ અલ્પ છે તેની સાથે રાગની પરિણતિ (પણ છે તેમાં) વિરોધ નથી. સમ્યગ્દર્શનની સાથે મિથ્યાદર્શનનો વિરોધ છે. મિથ્યાદર્શનની સાથે સમ્યગ્દર્શનનો વિરોધ છે. પણ શુદ્ધ પરિણતિની સાથે રાગનો વિરોધ નથી. રાગ થાય છે તો જ્ઞાનમાં ખટક થઈ ગઈ અથવા મોક્ષમાર્ગ ચાલ્યો ગયો એમ નથી. આહા..હા...! આવો માર્ગ !

વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહમાં (બિરાજે છે એમની) આ બધી વાણી છે. ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' ત્યાં ગયા હતા (એમણે આ શાસ્ત્ર) બનાવ્યું. એના કળશ 'અમૃતચંદ્રાચાર્યદેવે' બનાવ્યા, જે એક હજાર વર્ષ પછી થયા. અત્યારથી એક હજાર વર્ષ પહેલાં અને ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' પછી એક હજાર વર્ષે (થયા). અત્યારથી એક હજાર વર્ષ પહેલા અને 'કુંદકુંદાચાર્યદેવ' પછી એક હજાર વર્ષ (બાદ). 'કુંદકુંદાચાર્યદેવ'ને બે હજાર વર્ષ થયા, 'અમૃતચંદ્રાચાર્યદેવ'ને એક હજાર વર્ષ (થયા). આ..હા..હા...!

આમાં ('કળશટીકા'માં) તો મોટા બે પાના ભર્યા છે. ૧૧૦ (કળશ) છે ને ! બે પાના હોં ! મોટા ! આહા..હા...! જુઓ ! આ ૧૧૦, ૧૧૦ અહીંથી શરૂ (થાય) છે. મોટુ લાંબુ બહુ છે. બે પાના ભર્યા છે. આ બધું સ્પષ્ટીકરણ થાય છે. 'રાજમલજી'ની ટીકા (છે). 'રાજમલ' જૈન ધર્મી, જૈન ધર્મના મર્મી ! એ બધું વંચાઈ ગયું છે.

અત્યારે (નહિ). સામે પુસ્તક ન હોય ને ! વ્યાખ્યાનમાં બધું વંચાઈ ગયું છે. અહીં

તો ૪૪ વર્ષ થયા. ચાલીસ અને ચાર ! આ તો ઓગણીસમી વાર 'સમયસાર' ચાલે છે. અઢાર વાર તો આખું અક્ષરે અક્ષરના અર્થ (સહિત) ચાલી ગયું. આ ('કળશટીકા') પણ ચાલી ગયું, 'પ્રવચનસાર' બપોરે ચાલે છે એ પણ છઠ્ઠી-સાતમી વાર ચાલે છે. એ ચાલતું હોય ને તો સાથે હોય તો એના અર્થ નીકળે.

અહીંયાં એનો વિસ્તાર આ છે કે, કર્મ નામ પુણ્ય પરિણામ – દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અને જ્ઞાનનું એકઠાપણું (અર્થાત્) આત્માના સ્વભાવનું શુદ્ધ પરિણમન (બેને) એકસાથે રહેવામાં વિરોધ નથી. સાધકપણું છે તો બાધકપણું પણ છે, સાધકપણું પણ છે. આહા..હા...! રાગને ધર્મ માનનાર જીવને એકલું બાધકપણું, મિથ્યાદષ્ટિપણું છે. અને વીતરાગ એકલા પૂર્ણાનંદને પ્રાપ્ત થઈ ગયા તો એકલી વીતરાગધારા છે અને સમ્યગ્દર્શન ચોથે, પાંચમે, છઠ્ઠે (ગુણસ્થાને) છે ત્યાં આગળ શુદ્ધધારા પણ છે અને અશુદ્ધ ધારા પણ છે. બેય એકસાથે રહેવામાં વિરોધ નથી. એકસાથે રહેવામાં વિરોધ નથી. છે તો રાગ નુકસાનકારક, પણ (સાથે) રહેવામાં વિરોધ નથી. આહા..હા...!

આમાં ('કળશટીકા'માં) વિસ્તાર કર્યો છે. એનો વિસ્તાર તો એમ કર્યો છે. જુઓ ! પહેલો શબ્દ છે, ૧૧૦ છે. **'કોઈ ભ્રાંતિ કરશે કે મિથ્યાદષ્ટિનું યતિપણું...'** (અર્થાત્) જે દિગંબર સાધુ થાય અને રાગથી ધર્મ માને છે, પુણ્યથી ધર્મ માને છે, મહાવ્રતથી મને ધર્મ થશે એ મિથ્યાદષ્ટિ છે. એ મિથ્યાદષ્ટિનું **'યતિપણું ક્રિયારૂપ છે, તે બંધનું કારણ છે. સમ્યગ્દષ્ટિનું છે જે યતિપણું...'** કોઈ એમ કહે કે, સમ્યક્દષ્ટિનું જે મુનિપણું છે એમાં પણ પંચ મહાવ્રતના પરિણામ તો આવે છે, તો એ **'શુભ ક્રિયારૂપ, તે મોક્ષનું કારણ છે;...'** એમ કોઈ કહે છે **'કારણ કે અનુભવ–જ્ઞાન તથા દયા-વ્રત-તપ-સંયમરૂપ ક્રિયા બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે. આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે.'** એનું તો અહીં સ્પષ્ટીકરણ છે.

**'ત્યાં સમાધાન આમ છે કે – જેટલી શુભ-અશુભ ક્રિયા, બહિર્જલ્પરૂપ વિકલ્પ અથવા અંતર્જલ્પરૂપ અથવા દ્રવ્યોના વિચારરૂપ અથવા શુદ્ધસ્વરૂપનો વિચાર ઇત્યાદિ સમસ્ત, કર્મબંધનું કારણ છે.'** આટલું (સ્પષ્ટીકરણ) આપ્યું. 'બનારસીદાસે' લખ્યું છે, 'રાજમલ જૈનધર્મી, જૈનધર્મ કા મર્મી'. 'બનારસીદાસ' ! 'સમયસાર નાટક' બનાવ્યું ને ! આમાંથી બનાવ્યું છે. એમણે 'સમયસાર નાટક' લખ્યું છે. પહેલેથી બધું જોયું છે ને ! (સંવત) ૧૯૭૮માં 'સમયસાર' મળ્યું છે. કેટલા વર્ષ થયા ? ૧૯૭૮ની સાલમાં પહેલું 'સમયસાર' મળ્યું. બાવીસ અને પાંત્રીસ, સત્તાવન વર્ષ પહેલાં ! પચાસ અને સાત ! 'બનારસીદાસે' પણ 'સમયસાર નાટક'માં એમ કહ્યું, 'રાજમલ જૈનધર્મી, જૈનધર્મ કા મર્મી હૈ' એમણે આ ટીકા બનાવી છે. આહા..હા...! આ પછી મળ્યું હતું.

મુમુક્ષુ :– સમ્યક્દષ્ટિને મહાવ્રતનો ભાવ આવે કે નહિ ?

ઉત્તર :- કીધું ને, સ્વસંવેદનમાં જ્યારે મુનિ થાય છે, આત્માના આનંદનું ઉત્કૃષ્ટ વેદન (થાય) એ દશામાં મહાવ્રતના પરિણામ આવે છે, પણ છે બંધનું કારણ. એ તો કહે છે કે, આત્મદ્રવ્યના અવલંબને જેટલું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયું એ મોક્ષનું કારણ (છે) અને વચમાં પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનો વ્યવહાર આવે છે એ બંધનું કારણ છે. જો ન આવે તો વીતરાગ થઈ જાય. અને બિલકુલ જ્ઞાનપરિણતિ ન હો, શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ન હોય તો મિથ્યાદૃષ્ટિ છે, મિથ્યાત્વ છે. એને એક ધારા છે. આ તો બે ધારા છે. શુદ્ધ પરિણતિ પણ છે અને અશુદ્ધ પરિણતિ પણ છે. આહા..હા...!

(અહીંયાં કહે છે), **'તેમના એકઠા રહેવામાં કાંઈ પણ ક્ષતિ અર્થાત્ વિરોધ નથી.'** એમાં એમ લખ્યું છે કે, સમ્યગ્દર્શન (અને) મિથ્યાદર્શન (સાથે) રહેવામાં વિરોધ છે. પણ વીતરાગી પરિણતિ અલ્પ છે એમાં રાગ આવવો એ કાંઈ વિરોધ નથી. રાગ આવે છે પણ છે બંધનું કારણ. બંધનું કારણ અને મોક્ષનું કારણ એકસાથે રહેવામાં વિરોધ નથી.

મુમુક્ષુ :- સાધકને બાધક હોય જ.

ઉત્તર :- હોય જ, સાધક કોને કહે ? સાધક છે ત્યાં સુધી થોડો બાધક ભાવ તો આવે જ છે. પૂર્ણ સાધ્ય સિદ્ધ કેવળી થઈ ગયા (તેમને રાગ નથી). કાં એકલા રાગને ધર્મ માનનાર મિથ્યાદૃષ્ટિને એકલી અજ્ઞાન ધારા છે. એને સમ્યગ્દર્શન છે નહિ. આહા..હા...!

**'પરંતુ અહીં એટલું વિશેષ જાણવું જોઈએ કે આત્મામાં...'** '**(अवशतः यत् कर्म समुल्लसति)**' **'અવશપણે...'** જે રાગ આવે છે, કર્મ એટલે રાગ, રાગ કરવાનો ભાવ નથી પણ રાગ આવ્યા વિના રહે નહિ. પુરુષાર્થની કમજોરી છે ને ! ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને રૌદ્રધ્યાન પણ છે. પાંચમા ગુણસ્થાન સુધી રૌદ્રધ્યાન છે. છઠ્ઠા ગુણસ્થાનમાં આર્તધ્યાન છે. મલિન (ભાવ) આવે છે પણ નિર્મળ પણ સાથે છે અને મલિન પણ સાથે છે. મલિન છે તે બંધનું કારણ છે અને નિર્મળ છે એ મોક્ષનું કારણ (છે). આ..હા...! એકલા પંચ મહાવ્રત પાળે છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. પંચ મહાવ્રતના પરિણામ આસ્રવ છે તેને ધર્મ માને છે એ તો મિથ્યાદૃષ્ટિની ધારા એક જ છે. પણ પોતામાં શુદ્ધ ચૈતન્યના આશ્રયે સમ્યગ્દર્શન થયું અને પંચ મહાવ્રતના પરિણામ બંધનું કારણ છે એમ દૃષ્ટિ થઈ, આગળ (જતાં) તેની સ્વસંવેદનની દશા ઉગ્ર થઈ ગઈ તો પંચ મહાવ્રતના પરિણામ આવે છે. તો ધારા નિર્મળ પણ છે અને મલિન પણ છે. મલિન ધારા બંધનું કારણ છે, નિર્મળ ધારા મોક્ષનું કારણ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવું ઝીણું પડે. આ..હા...! આ તો લઈ લ્યો પડિમા ! પણ હજી સમ્યગ્દર્શન વિના પડિમા-ફડિમા આવી ક્યાંથી ? બે પડિમા, ચાર પડિમા, સાત પડિમા, અગિયાર પડિમા.

મુમુક્ષુ :- સાત પડિમા સુધી તો કોઈ એનો ભાવ ન પૂછે.

ઉત્તર :- ક્યાં (પડિમા) છે ? આ છે ને, એક જણો અહીં આવ્યો હતો. મારી પાસે

સાત પડિમા છે તોપણ હજી અમને કોઈ પૂછતું નથી એટલે અગિયાર પડિમા લઈ લેશું. પછી લોકો પૂછે તો ખરા ! અરે..રે...! એ 'રાજકોટ' આવ્યા હતા, 'રાજકોટ' ! પંચ ક્લાયણકમાં (આવ્યો હતો). ઈ તો એકલા ક્રિયાકાંડ. આત્મા કોણ છે ? રાગથી ભિન્ન છે, એ રાગની ક્રિયાના કર્તા માનવું એ મિથ્યાદષ્ટિ છે. રાગ આવે છે જરૂર, પણ જ્ઞાની તેને કર્તાપણે – કરવાલાયક છે એમ માનતા નથી અને રાગમાં પોતાપણાની બુદ્ધિ નથી અને પરબુદ્ધિ તરીકે તેને જાણે છે કે, જાણવાલાયક ચીજ છે. પણ છે બંધનું કારણ. ધર્મીને પણ રાગ આવ્યો એ બંધનું કારણ (છે). આહા..હા...!

છઠ્ઠે ગુણસ્થાને સાચા સંત હો એમને પંચ મહાવ્રતના વિકલ્પ આવે છે, પણ છે રાગ. એને છોડીને સ્વરૂપમાં સ્થિર થાય ત્યારે અપ્રમત્ત દશા સાતમે (ગુણસ્થાને) આવે છે. અને છઠ્ઠું (ગુણસ્થાન) પણ પહેલાં સમ્યગ્દર્શન થયું હોય એને મુનિપણું આવે છે. સમ્યગ્દર્શનના હજી ઠેકાણા ન હોય (ત્યાં મુનિપણું ક્યાંથી હોય ?) શરીરની ક્રિયા હું કરી શકું છે, પરની દયા પાળી શકું છે (એમ માનનાર) તો બધા મિથ્યાદષ્ટિ છે. પોતાની પર્યાયમાં વિકાર થાય છે તો એ વિકાર કર્મથી થાય છે (એમ માનનાર) મિથ્યાદષ્ટિ છે. કર્મ તો જડ છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' મારી ભૂલ અધિક છે. કર્મ તો જડ છે. 'અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ પાઈ.' ભજનમાં આવે છે. આ..હા...!

અહીંયાં કહે છે, '**અવશપણે...**' અવશ એટલે બળજોરી નહિ, જ્ઞાનીને કરવાનો ભાવ નથી, પણ અવશપણે પુરુષાર્થની કમીથી રાગ આવે છે. '**તે તો બંધનું કારણ છે,...**' સમ્યક્દષ્ટિને અને મુનિને પણ જે પંચ મહાવ્રતનો વિકલ્પ આવે છે, સમ્યક્દષ્ટિને જે દયા, દાન, ભક્તિના પરિણામ આવે છે એ બંધનું કારણ છે. આહા..હા...!

મુમુક્ષુ :- અવશપણે એટલે કર્મના ઉદયના કારણે ?

ઉત્તર :- એટલે પોતાનો કરવાનો ભાવ નથી, પણ પુરુષાર્થની નબળાઈથી આવે એ અવશ, પરવશ થઈ ગયો. નિમિત્તને આધીન થઈ ગયો. નિમિત્તે કરાવ્યું નથી. નિમિત્તને આધીન થઈ ગયો. પુરુષાર્થની કમી એ અવશ, પરવશથી (થયો છે). પરવશ પણ પોતે પોતાથી થયો છે, પરવશ બીજો કરાવે છે એમ નહિ. આહા..હા...! '**તે તો બંધનું કારણ થાય છે,...**' છે ? પરવશપણે નામ પોતાનો કરવાનો ભાવ નથી, એમાં સુખબુદ્ધિ નથી, હિતબુદ્ધિ નથી (અને) રાગ આવે છે તો અવશ કહેવામાં આવ્યું. એ બંધનું કારણ છે.

(**एकम् एव परमं ज्ञानं स्थितम्**) એક પરમ જ્ઞાન સ્વરૂપ નિર્મળ પરિણતિ તે એક જ મોક્ષનું કારણ છે. આહા..હા...! શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! રાગના વિકલ્પથી નિર્વિકલ્પ ભિન્ન ચીજ છે, એ નિર્વિકલ્પ સ્વભાવના આશ્રયે જે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, જ્ઞાન થયું એ તો મોક્ષનું કારણ છે. એ બંધનું અંશે પણ કારણ નથી. એમાં આનાથી પણ સ્પષ્ટ લીધું છે કે, રાગ છે એ અંશે પણ મોક્ષનું કારણ નથી. બિલકુલ બંધનું કારણ છે. અને

મોક્ષનું કારણ છે એ અંશે પણ બંધનું કારણ નથી. એના સ્પષ્ટીકરણમાં એ લીધું છે. સમજાણું કાંઈ ?

**‘(અર્થાત્ ત્રણે કાળે પરદ્રવ્ય-ભાવોથી ભિન્ન છે).’** આહા..હા...! મોક્ષની પર્યાય જે કારણ છે એ રાગથી તો ત્રણે કાળ ભિન્ન છે. રાગની સાથે ભલે હો પણ વસ્તુ ભિન્ન છે. રાગથી ભિન્ન છે એ મોક્ષનું કારણ છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## પ્રવચન નં. ૨૪૧ શ્લોક ૧૧૦, ૧૧૧ ગુરુવાર, જેઠ સુદ ૫, તા. ૩૧-૦૫-૧૯૭૯

---

‘સમયસાર’ ૧૧૦ કળશનો ભાવાર્થ છે. **‘જ્યાં સુધી...’** યથાખ્યાત ચારિત્ર થતું નથી. ભાવાર્થમાં છે. આત્મામાં પૂર્ણ ચારિત્ર યથા જેવું અંતર ચારિત્રનું સ્વરૂપ છે તેવું પર્યાયમાં યથાર્થ ચારિત્ર પ્રગટ (ન) થાય **‘ત્યાં સુધી સમ્યગ્દષ્ટિને...’** યથાખ્યાત પૂર્ણ ચારિત્ર – સ્વરૂપની રમણતા પૂરી ન થાય **‘ત્યાં સુધી સમ્યગ્દષ્ટિને બે ધારા રહે છે...’** બે ધારા એટલે એક જ્ઞાનધારા અને એક શુભાશુભ વિકારધારા. શુભાશુભ કર્મધારા (અને જ્ઞાનધારા) બેય લીધા. શુભ અને અશુભ પરિણામ એ પણ હોય છે અને જ્ઞાનધારા (એટલે કે) શુદ્ધ સ્વરૂપની જેવી અનુભવદશા થઈને જે શુદ્ધ પરિણતિ થઈ છે એને અહીંયાં જ્ઞાનધારા કહે છે. એટલે શુદ્ધ પરિણતિ થઈ એને અહીંયાં જ્ઞાનધારા કહે છે.

**‘તે બન્ને સાથે રહેવામાં કાંઈ પણ વિરોધ નથી.’** શુદ્ધ પરિણતિ પણ હોય અને પુણ્ય-પાપના ભાવ પણ હોય. બે રહેવામાં વિરોધ નથી. વિરોધ નથી એટલે ? હોય છે. આત્માનું સમ્યગ્દર્શન – શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પૂર્ણ ધ્રુવ, તેને ધ્યેયમાં લઈ અને જે સમ્યગ્દર્શનમાં અનુભવ થાય તે શુદ્ધ ધારા તો સદાય રહે છે અને એની સાથે શુભાશુભ પરિણામના ભાવ પણ સાથે હોય છે. એ **‘સાથે રહેવામાં કાંઈ પણ વિરોધ નથી.’**

**‘(જેમ મિથ્યાજ્ઞાનનને અને સમ્યગ્જ્ઞાનને પરસ્પર વિરોધ છે...)’** મિથ્યાજ્ઞાન હોય અને તે વખતે સમ્યક્જ્ઞાન પણ હોય એમ ન હોય. મિથ્યાદૃષ્ટિ પણ હોય અને સમ્યક્દૃષ્ટિપણું પણ હોય એવું ન હોઈ શકે. બેય(માં) તદ્દન વિરોધ છે.

મુમુક્ષુ :– ત્રીજે ગુણસ્થાને હોય છે.

ઉત્તર :– ત્રીજે શું છે ? ત્રીજે અનંતાનુબંધીનો ઉદય નથી, મિશ્ર છે. પણ એ તો અંતર્મુહૂર્તની મિશ્રની સ્થિતિ છે.

અહીંયાં તો ચારિત્રમોહનો ઉદય અને નિર્મળ ધારા બેયની વાત કરવી છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન અને જેટલે અંશે શુદ્ધતા થઈ એ ધારા તો સદાય રહે છે અને તેમાં જેટલી

કમી છે એટલો શુભાશુભ ભાવ પણ થાય. એ બેને સાથે રહેવામાં વિરોધ નથી.

મિશ્રમાં તો જરી અંતર્મુહૂર્તની સ્થિતિ છે. કુદેવને પણ માને અને સુદેવને પણ માને એવી એક સૂક્ષ્મ સાધારણ વાત છે.

અહીંયાં તો રાગધારા અને આત્માની શુદ્ધિધારાની વાત છે. ચારિત્રમોહનો ઉદય હોય, રાગ-દ્વેષ હોય, વિષયકષાય પણ હોય અને એક બાજુ આત્માની તરફની દૃષ્ટિ, જ્ઞાન અને નિર્મળતા પણ હોય. યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી બે ધારા હોય છે.

**'(તેમ કર્મસામાન્યને અને જ્ઞાનને વિરોધ નથી).'** મિથ્યાજ્ઞાન અને સમ્યક્જ્ઞાન એક સમયમાં બે સાથે હોઈ શકે નહિ. એમ કર્મસામાન્ય. સામાન્ય એટલે શુભ-અશુભ. શુભ હો કે અશુભ ભાવ હો અને આત્માની શુદ્ધતા. સમ્યગ્દર્શનની શુદ્ધતા, જ્ઞાનનું અંશે વેદન અને સ્વરૂપનું આચરણ વગેરે. એવી ધારા (સાથે રહેવામાં) વિરોધ નથી. કર્મસામાન્ય એટલે શુભાશુભ ભાવ અને આ બાજુમાં સ્વભાવને આશ્રયે થયેલી શુદ્ધતા, બેયને એકસાથે રહેવામાં વિરોધ નથી.

**'તે સ્થિતિમાં કર્મ પોતાનું કાર્ય કરે છે...'** આહા..હા...! શુભાશુભ ભાવ થાય એ પોતાનું બંધનું કાર્ય કરે છે. કોઈ વખતે એમ આવે કે, સમ્યક્દૃષ્ટિને બંધ નથી. ત્યાં એકાંત તાણી લે એમ નહિ. એ તો દૃષ્ટિના જોરની અપેક્ષાએ બંધ નથી અને ભોગ નિર્જરાનો હેતુ છે એમ પણ કહ્યું. પણ એ ભોગનો ભાવ કંઈ નિર્જરાનો હેતુ નથી. એ ભાવ હોય છે, એ ભાવ પોતાનું બંધનું કાર્ય કરે. આહા..હા...!

મુમુક્ષુ :- સમ્યક્દૃષ્ટિનો ભોગ તો નિર્જરાનો હેતુ કહેવાય છે.

ઉત્તર :- ઈ તો દૃષ્ટિના જોરની અપેક્ષાએ વાત છે. (બાકી) ભોગ છે એ રાગ છે. રાગ છે એ બંધનું કારણ છે. ઈ તો દૃષ્ટિના જોરની અપેક્ષાએ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ ઉપર જોર છે (એટલે કહ્યું). પરમ સ્વભાવભાવ પારિણામિક ત્રિકાળ જ્ઞાયકભાવ, એના આશ્રયમાં પડ્યો છે એ જોરથી એને રાગાદિ આવે એ ખરી જશે એમ કહે. આ..હા...! જેમ ભગવાનને હાલવા-ચાલવાનો ઉદય આવે છે એ પણ ખરી જાય છે. ક્ષાયિકભાવ છે ને !

અહીંયાં તો પુણ્ય-પાપના ભાવમાંથી ગમે તે કર્મસામાન્ય હો, રૌદ્રધ્યાન પણ હોય. પાંચમે ગુણસ્થાને, લ્યો ! છઠ્ઠે આર્તધ્યાન હોય, ચોથે-પાંચમે રૌદ્રધ્યાન હોય. એવા બે ભાગ હોય છે. તેથી તેમાં **'કર્મ પોતાનું કાર્ય કરે છે...'** શુભ-અશુભ ભાવ આવે એ બંધનું કાર્ય કરે અને **'જ્ઞાન પોતાનું કાર્ય કરે છે.'** જ્ઞાન એટલે શુદ્ધ પરિણતિ હોં ! પર્યાયમાં જેટલું સમ્યગ્દર્શન, જ્ઞાન શુદ્ધ થયું છે એટલું જ્ઞાન પોતાનું કાર્ય કરે. એટલે કે, એ તો નિર્જરાનું કાર્ય કરે. આહા..હા...! એક સમયમાં બે હોઈ શકે છે. અંધકાર અને પ્રકાશમાં વિરોધ છે, એમાં અવિરોધ નથી. પ્રકાશ હોય ત્યાં અંધકાર ન હોય અને અંધકાર હોય ત્યાં પ્રકાશ ન હોય. એમ આ વિરોધ નથી. ચૈતન્યની દ્રવ્યદૃષ્ટિ ધ્રુવ(ને) ધ્યેય કરીને જ્યાં શુદ્ધ ચૈતન્ય પર્યાયમાં

પ્રગટ્યું છે (ત્યાં) અનંત ગુણની શુદ્ધિનો અંશ પ્રગટ્યો છે. આહા.હા...! તે અનંત ગુણની શુદ્ધિનો અંશ જે પ્રગટ્યો છે તે પોતાનું કાર્ય કરે. જાણવા-દેખવાનું કે નિર્જરાનું (કાર્ય કરે) અને પુણ્ય-પાપ ભાવ બંધનું કાર્ય કરે.

**'જેટલા અંશ શુભાશુભ કર્મધારા છે...'** આ..હા...! પુણ્ય અને પાપના જેટલે અંશે ભાવ છે **'તેટલા અંશે કર્મબંધ થાય છે...'** લ્યો ! એક કોર એમ કહ્યું કે, સમકિતીને બંધ નથી. એમાંથી લોકો પકડે, જુઓ ! સમકિતીને (બંધ નથી). 'દીપચંદજી'એ ઈ પકડ્યું હતું ને ! કે, સમકિતીને દુઃખ હોય નહિ. અહીં કહે છે, શુભાશુભ ભાવ છે (તો) દુઃખ હોય. જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી થોડો આનંદનો પણ અનુભવ હોય અને શુભાશુભ ભાવનું દુઃખનું પણ વેદન હોય. આહા..હા...! પોતાના પક્ષમાં પકડાય જાય ને ત્યારે આકરું પડે. એને છૂટવું આકરું પડે.

અહીં તો યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી મુનિ છટ્ઠે ગુણસ્થાને હોય એને જેટલી શુદ્ધિ પ્રગટી છે એ તો નિર્જરાનું કામ કરે પણ એની સાથે પંચ મહાવ્રત આદિના પરિણામ છે એ બંધનું કામ કરે. આહા..હા...! બે એ રીતે રહેવાને વિરોધ નથી.

**'જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે તેટલા અંશે કર્મબંધ થાય છે...'** 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં પણ લીધું છે ને ! 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં ત્રણ ગાથા આવે છે ને ! જેટલે અંશે રાગ એટલે અંશે બંધ અને જેટલે અંશે ધર્મ – સમ્યગ્દર્શન, તેટલે અંશે નિર્જરા. ત્રણ ગાથા છે – દર્શન, જ્ઞાન અને ચારિત્ર. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' ! કઈ અપેક્ષાએ કથન છે એમ ન સમજે (પછી) એકાંત તાણે કે, સમ્યગ્દર્શન થયું એટલે પછી એને ઉદય આવીને ખરી જાય છે. ઉદય આવી ખરી જાય છે પણ ઉદયમાં જોડાય છે કે નહિ ? જોડાતો ન હોય તો તો વીતરાગ થઈ જાય. આ..હા...! એટલું પોતાની દશામાં પરાધીન (થઈને) કર્તા-ભોક્તાના પરિણામ થાય. જ્ઞાનનયમાં એમ કહ્યું કે, જ્ઞાનીને પણ કર્તા અને ભોક્તાના પરિણામ થાય છે. પણ એ કર્તા-ભોક્તાના જેટલા અશુદ્ધ પરિણામ છે એ બંધનું કારણ છે અને જેટલી દ્રવ્યને આશ્રયે શુદ્ધતા થઈ છે એ પવિત્રતાનું કારણ છે. આહા..હા...! **'જેટલા અંશે જ્ઞાનધારા છે તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે.'** જોયું ? એટલા અંશે કર્મ નિર્જરે છે.

**'વિષય-કષાયના વિકલ્પો...'** હોય છે. આહા..હા...! સમ્યક્દૃષ્ટિ છ ખંડના રાજમાં પડ્યો હોય, છન્નુ હજાર સ્ત્રી હોય, એના તરફનો રાગ પણ હોય અને આત્મા તરફના સમ્યગ્દર્શનની શુદ્ધતા પણ હોય. બેય સાથે હોય છે. **'વિષય-કષાયના વિકલ્પો...'** હોય કે **'વ્રત-નિયમના વિકલ્પો...'** પેલા અશુભ લીધા અને આ શુભ (લીધા). **'શુદ્ધ સ્વરૂપનો વિચાર સુદ્ધાં...'** શુદ્ધ સ્વરૂપનો વિચાર શબ્દે વિકલ્પ છે. એ સુદ્ધાં **'કર્મબંધનું કારણ છે;...'** આહા..હા...! શુદ્ધ છું, પવિત્ર છું એવો જે વિકલ્પ ઊઠે છે એને અહીં વિચાર કહીને એ બંધનું કારણ (કહ્યું

છે). આહા..હા...!

જેટલે અંશે વીતરાગ સ્વરૂપ પ્રભુ છે, એને આશ્રયે જેટલે અંશે વીતરાગતા પ્રગટી છે તેટલે અંશે કર્મની નિર્જરા છે. આ..હા...! જેટલી સ્વને આશ્રયે પરિણતિ પ્રગટી છે એ નિર્જરાનું કારણ છે અને પરલક્ષે જેટલા શુભાશુભ થયા એટલું બંધનું કારણ છે. આ..હા...!

મુમુક્ષુ :– વિષય-કષાય અને વ્રતમાં પરસ્પર અંતર છે ?

ઉત્તર :– શુભાશુભ છે ને ! ભલે નામ નથી. આ આવ્યું ને ! કર્મધારા આવી ને ! **'यावत् ज्ञानस्य कर्मविरतिः'** પૂર્ણ થઈ નથી એમ એમાં આવ્યું ને ! કર્મમાં આવી ગયું કે નહિ ? કર્મવિરતિ પૂર્ણ થઈ નથી ત્યાં શુભાશુભ ભાવ છે. આવ્યું કે નહિ ? **'अवशतः यत् कर्म समुल्लसति'** એ અંદર આવ્યું. એને પરાધીનપણે કર્મ એટલે શુભાશુભ ભાવ ઉત્પન્ન થાય છે. (મૂળ) કળશમાં છે. **'अवशतः यत् कर्म समुल्लसति'** જોયું ? **'(જબરજસ્તીથી) જે કર્મ પ્રગટ થાય છે અર્થાત્ ઉદય થાય છે...'** એ શુભાશુભ છે, તે બંધાય છે. આહા..હા...! સામાન્ય બંધનું કારણ કીધું એમાં શુભાશુભ ભાવ આવી ગયા. 'અમૃતચંદ્રાચાર્યદેવ'ના કળશના પાઠમાં આવી ગયા. કર્મસામાન્ય અને એકકોર જ્ઞાનધારા. કર્મસામાન્યમાં શુભાશુભ આવ્યા. આહા..હા...!

**'શુદ્ધ સ્વરૂપનો વિચાર સુદ્ધાં – કર્મબંધનું કારણ છે; શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે.'** એક આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકભાવ, એને આશ્રયે જે પરિણતિ થઈ તેટલી જ જ્ઞાનધારા (છે), એ મોક્ષનું કારણ છે. કેમકે આત્મા પોતે મોક્ષસ્વરૂપ છે, અબંધસ્વરૂપ છે, મુક્તસ્વરૂપ છે. એને અવલંબે જેટલી પરિણતિ થઈ તે બધી મોક્ષનું કારણ છે. આહા..હા...! અને તે ક્ષણે જેટલા વિષય-કષાયના પરિણામ, શુભાશુભ ભાવ થાય કે દયા, દાન, વ્રતના (ભાવ) થાય એ બંધનું કારણ છે. એક ક્ષણમાં બે રહેવામાં વિરોધ નથી. વિરોધ નથીનો અર્થ એવો નથી કે, શુદ્ધ પરિણતિથી રાગ છે તે વિરોધ નથી. એ શુદ્ધ પરિણતિથી તો વિરોધ છે પણ અહીં સાથે રહેવામાં વિરોધ નથી. એમ. નહિતર શુદ્ધ પરિણતિથી તો શુભાશુભ ભાવ વિરોધ છે. વિરોધ છે, વિરોધ ભાવ આવ્યું હતું ને ? વિરોધ ભાવ. પણ એ તો પવિત્રતાની દશાની અપેક્ષાએ વિરોધ છે એમ કહ્યું પણ સાથે રહી શકે નહિ એમ વિરોધ નથી. સમ્યગ્દર્શનની સાથે જેમ મિથ્યાદર્શન રહી શકે નહિ એમ અહીંયાં શુદ્ધ પરિણતિની સાથે શુભાશુભ ભાવ રહી શકે નહિ એમ નથી. આહા..હા...!

કોઈ ઠેકાણે એમ કીધું હોય કે ભઈ, સમ્યક્દૃષ્ટિને તો જે કંઈ ઉદય છે એ ખરી જાય છે. નિર્જરાની ગાથામાં આવે છે, ઇન્દ્રિયનો ભોગ છે એ બધો નિર્જરી જાય છે. જુઓ ! ('નિર્જરા અધિકાર'ની) પહેલી ગાથા. કઈ અપેક્ષાએ કહે છે ? એ શુદ્ધતાના જોરે. નહિતર ત્યાં ગાથામાં તો સચેત-અચેતનો ભોગ પણ લીધો છે. સચેત-અચેતનો ભોગ પણ નિર્જરાનો હેતુ છે એમ કીધું. **'उवभोगमिंदियेहिं'** આ..હા...! એ તો સ્વભાવની દૃષ્ટિ તરફ ઢળી ગયેલો

ભાવ, અલ્પ જે પરને આશ્રયે રહ્યો એને ગૌણ કરીને બંધનું કારણ નથી એમ કહ્યું છે. આહા..હા...! એમ કરીને કોઈ સ્વચ્છંદી થઈ જાય કે, સમ્યક્દૃષ્ટિ થયો હવે પછી ગમે તેટલા વિષય-કષાય સેવું તો મારે બંધ નથી એમ નહિ ચાલે. આહા..હા...!

જેટલે અંશે વિષય-કષાયના પરિણામ, શુભાશુભ ભાવ જેટલે અંશે થાય તેટલે અંશે બંધન છે, તેટલે અંશે દુઃખ છે, તેટલે અંશે આસ્રવ છે. આહા..હા..! એકસાથે રહેવામાં વિરોધ નથી એટલું અહીં સિદ્ધ કરવું છે.

## શ્લોક-૧૧૧

(शार्दूलविक्रीडित)

मग्नाः कर्मनयाबलम्बनपरा ज्ञानं न जानन्ति यन्-
मग्ना ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छन्दमन्दोद्यमाः।
विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्तः स्वयं
ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च।।१११।।

હવે કર્મ અને જ્ઞાનનો નયવિભાગ બતાવે છે :–

શ્લોકાર્થ :– (कर्मनयावलम्बनपराः मग्नाः) કર્મનયના આલંબનમાં તત્પર (અર્થાત્ કર્મનયના પક્ષપાતી) પુરુષો ડૂબેલા છે (यत्) કારણ કે (ज्ञानं न जानन्ति) તેઓ જ્ઞાનને જાણતા નથી. (ज्ञाननय-एषिणः अपि मग्नाः) જ્ઞાનનયના ઇચ્છક (અર્થાત્ પક્ષપાતી) પુરુષો પણ ડૂબેલા છે (यत्) કારણ કે (अतिस्वच्छन्दमन्द-उद्यमाः) તેઓ સ્વચ્છંદથી અતિ મંદ-ઉદ્યમી છે (સ્વરૂપપ્રાપ્તિનો પુરુષાર્થ કરતા નથી. પ્રમાદી છે અને વિષયકષાયમાં વર્તે છે). (ते विश्वस्य उपरि तरन्ति) તે જીવો વિશ્વના ઉપર તરે છે કે (ये स्वयं सततं ज्ञानं भवन्तः कर्म न कुर्वन्ति) જેઓ પોતે નિરંતર જ્ઞાનરૂપ થતા – પરિણમતા થકા કર્મ કરતા નથી (च) અને (जातु प्रमादस्य वशं न यान्ति) ક્યારેય પ્રમાદને વશ પણ થતા નથી (–સ્વરૂપમાં ઉદ્યમી રહે છે).

ભાવાર્થ :– અહીં સર્વથા એકાંત અભિપ્રાયનો નિષેધ કર્યો છે કારણ કે સર્વથા એકાંત અભિપ્રાય જ મિથ્યાત્વ છે.

કેટલાક લોકો પરમાર્થભૂત જ્ઞાનસ્વરૂપ આત્માને તો જાણતા નથી અને વ્યવહાર દર્શનજ્ઞાનચારિત્રરૂપ ક્રિયાકાંડના આડંબરને મોક્ષનું કારણ જાણી તેમાં તત્પર રહે છે – તેનો

પક્ષપાત કરે છે. આવા કર્મનયના પક્ષપાતી લોકો – જેઓ જ્ઞાનને તો જાણતા નથી અને કર્મનયમાં જ ખેદખિન્ન છે તેઓ – સંસારમાં ડૂબે છે.

વળી કેટલાક લોકો આત્મસ્વરૂપને યથાર્થ જાણતા નથી અને સર્વથા એકાંતવાદી મિથ્યાદષ્ટિઓના ઉપદેશથી અથવા પોતાની મેળે જ અંતરંગમાં જ્ઞાનનું સ્વરૂપ ખોટી રીતે કલ્પી તેમાં પક્ષપાત કરે છે. પોતાની પરિણતિમાં જરાય ફેર પડ્યા વિના તેઓ પોતાને સર્વથા અબંધ માને છે અને વ્યવહાર દર્શનજ્ઞાનચારિત્રના ક્રિયાકાંડને નિરર્થક જાણી છોડી દે છે. આવા જ્ઞાનનયના પક્ષપાતી લોકો જેઓ સ્વરૂપનો કાંઈ પુરુષાર્થ કરતા નથી અને શુભ પરિણામોને છોડી સ્વચ્છંદી થઈ વિષય-કષાયમાં વર્તે છે તેઓ પણ સંસારસમુદ્રમાં ડૂબે છે.

મોક્ષમાર્ગી જીવો જ્ઞાનરૂપે પરિણમતા થકા શુભાશુભ કર્મને હેય જાણે છે અને શુદ્ધ પરિણતિને જ ઉપાદેય જાણે છે. તેઓ માત્ર અશુભ કર્મને જ નહિ પરંતુ શુભ કર્મને પણ છોડી, સ્વરૂપમાં સ્થિર થવાને નિરંતર ઉદ્યમવંત છે – સંપૂર્ણ સ્વરૂપસ્થિરતા થતાં સુધી તેનો પુરુષાર્થ કર્યા જ કરે છે. જ્યાં સુધી, પુરુષાર્થની અધૂરાશને લીધે, શુભાશુભ પરિણામોથી છૂટી સ્વરૂપમાં સંપૂર્ણપણે ટકી શકાતું નથી ત્યાં સુધી – જોકે સ્વરૂપસ્થિરતાનું અંતર્-આલંબન (અંતઃસાધન) તો શુદ્ધ પરિણતિ પોતે જ છે તોપણ – અંતર્-આલંબન લેનારને જેઓ બાહ્ય આલંબનરૂપ કહેવાય છે એવા (શુદ્ધ સ્વરૂપના વિચાર આદિ) શુભ પરિણામોમાં તે જીવો હેયબુદ્ધિએ પ્રવર્તે છે, પરંતુ શુભ કર્મોને નિરર્થક ગણી છોડી દઈને સ્વચ્છંદપણે અશુભ કર્મોમાં પ્રવર્તવાની બુદ્ધિ તેમને કદી હોતી નથી. આવા જીવો – જેઓ એકાંત અભિપ્રાય રહિત છે તેઓ – કર્મનો નાશ કરી, સંસારથી નિવૃત્ત થાય છે. ૧૧૧.

## શ્લોક ૧૧૧ ઉપર પ્રવચન

‘**હવે કર્મ અને જ્ઞાનનો નિયવિભાગ બતાવે છે :–**’ હવે ૧૧૧ શ્લોક આવ્યો.

(शार्दूलविक्रीडित)

मग्नाः कर्मनयावलम्बनपरा ज्ञानं न जानन्ति यन्-
मग्ना ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छन्दमन्दोद्यमाः।
विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्तः स्वयं
ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च।।१११।।

આહા..હા...! ‘પુણ્ય-પાપ’ વ્યાખ્યાનનો આ કળશ છે. (**कर्मनयावलम्बनपराः मग्नाः**) ‘**કર્મનયના આલંબનમાં તત્પર...**’ એટલે કે વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો જેને પક્ષ છે

કે એનાથી મારું કલ્યાણ થશે એ'**(કર્મનયના પક્ષપાતી) પુરુષો ડૂબેલા છે...**' આ..હા..હા...! વ્રત ને તપ ને ભક્તિ, પૂજા ને શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ છું એવો જે વિકલ્પ, એ પણ બંધનું કારણ છે એમ ન માનતા, એ નિર્જરા, ધર્મ છે એમ માને ઈ ડૂબી ગયા છે. આહા..હા...! એ સંસારમાં મિથ્યાત્વમાં ડૂબી ગયા છે. આહા..હા...! મિથ્યાત્વ એ સંસાર છે.

આત્માની પર્યાય સિવાય સંસાર કાંઈ દૂર રહેતો નથી. એથી જે શુભાશુભ ભાવ થાય અને એમ માને કે, આ બંધનું કારણ નથી, મને લાભનું કારણ છે, એવી જે મિથ્યાદષ્ટિ, એ મિથ્યાદષ્ટિ એ સંસાર છે. આ..હા...! એ મિથ્યાત્વમાં ડૂબી ગયા છે એમ કહે છે. આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી કલ્યાણ થશે એમ માનનારા મિથ્યાત્વમાં ડૂબી ગયા છે. આ..હા...! છે ? '**કર્મનયના આલંબનમાં તત્પર પુરુષો ડૂબેલા છે...**' આહા..હા...!

'**કારણ કે તેઓ જ્ઞાનને જાણતા નથી.**' સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! એ શુદ્ધ છે તેની પરિણતિને પ્રગટ કરતા નથી અને જાણતા નથી. આહા..હા...! રાગની ક્રિયા છે એમાં જે સર્વસ્વ માનીને બેઠા છે એ મિથ્યાત્વમાં ડૂબી ગયા, સંસારમાં ડૂબીને પડ્યા છે. આહા..હા...! કેમ ? કે, (**ज्ञानं न जानन्ति**) ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્ય વીતરાગમૂર્તિ, એને તો એ પર્યાયમાં જાણતા નથી, પર્યાયમાં એને અનુભવતા નથી, પર્યાયમાં એને શ્રદ્ધા, જ્ઞાનમાં લેતા નથી. આહા..હા...! તે કારણે જ્ઞાનને એટલે આત્માની શુદ્ધ પરિણતિ એને નથી તેથી તે મિથ્યાત્વમાં ડૂબી ગયેલા છે. આ..હા..હા...!

(**ज्ञाननय-एषणः अपि मग्नाः**) '**જ્ઞાનનયના ઇચ્છક...**' ઇચ્છક કીધા છે. જ્ઞાનનય પ્રગટ્યું છે એમ નહિ. અનુભવ પ્રગટ્યો છે એમ નહિ. આત્મા શુદ્ધ ચૈતન્ય છે એ અનુભવમાં આવ્યો છે એમ નહિ, ફક્ત જ્ઞાનના ક્ષયોપશમની ધારાને ઇચ્છ્યા કરે છે. ઉઘાડ થયો એટલે જાણે અમને જ્ઞાન થઈ ગયું ! આહા..હા...! '**જ્ઞાનનયના...**' '**एषिणः**' શબ્દ છે ને ! જ્ઞાનનયના શોધનારા, જ્ઞાન પ્રગટ્યું નથી. જ્ઞાનાનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ ! એ દષ્ટિમાં, જ્ઞાનમાં અને પરિણતિમાં આવ્યો નથી. ફક્ત જ્ઞાનના ક્ષયોપશમમાં... આ..હા...! તેના ઇચ્છક '**(અર્થાત્ પક્ષપાતી)...**' જ્ઞાન ઉઘડ્યું એનો ફક્ત પક્ષપાતી કે અમને આનાથી મોક્ષ થશે. ભલે અમે વિષય-કષાય ગમે તેટલા સેવીએ પણ અમારે આ જ્ઞાન થયું એનાથી મુક્તિ થશે. એ પણ ડૂબી ગયા છે. આ..હા...!

જેમ પુણ્ય-પાપના પક્ષકાર મિથ્યાત્વમાં ડૂબ્યા છે એમ જ્ઞાન-પરિણતિ, શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન છે નહિ, અનુભવ અંતર વસ્તુ નથી, અંતર (સ્વરૂપ) સન્મુખ દષ્ટિ થઈ નથી, અંતર્મુખ કરતો નથી. ફક્ત વર્તમાનમાં જ્ઞાનના ક્ષયોપશમ દ્વારા અમને આ ધર્મ થયો એમ માને એ પણ મિથ્યાત્વમાં ડૂબી ગયા છે. આહા..હા...! અમે સમ્યક્દષ્ટિ છીએ, અમને હવે વિષય-કષાય ભોગવવામાં શું વાંધો છે ? એમ માનનારા (મિથ્યાત્વમાં ડૂબી ગયા છે). આહા..હા...! વિષય-કષાય ભાવ, ભાઈ ! દુઃખરૂપ છે. ભગવાનનો સ્વભાવ તો આનંદ છે. એ આનંદની

ધારા જેને પ્રગટી નથી અને ફક્ત જ્ઞાનના ઉઘાડની વાતું કરીને વિષય-કષાયમાં એકાકાર લીન થઈ ગયા છે એ ડૂબી ગયા છે. આહા..હા...!

બે વાત કરી. શુભ-અશુભ ભાવને મોક્ષ માનનારા એ ડૂબી ગયા છે, એને શુદ્ધતાનું ભાન નથી અને અહીં જ્ઞાનના ક્ષયોપશમમાં શુદ્ધતાનો અનુભવ નથી. તેમ શુદ્ધતા તરફ મંદ ઉદ્યમ છે. પાઠ છે ને ? **'मन्द-उद्यमाः'** આ..હા...! તે તરફનો પુરુષાર્થ મંદ છે અને વિપરીત ભાવમાં તીવ્ર પુરુષાર્થ છે. શુભાશુભ ભાવ, વિષય-કષાયના ભાવમાં... આ..હા...! તીવ્ર ઊંધો ભાવ છે. **'પ્રમાદી છે,...'** પ્રમાદના પોટલા ! અંદર જ્ઞાનનું ભાન ન મળે અને અમે જ્ઞાતા-દૃષ્ટા છીએ એવું જ્ઞાનના ક્ષયોપશમની એકલી દશાથી અંતર્મુખના વલણની દશા વિના આ ઉઘાડથી જ મને ધર્મની પ્રાપ્તિ થશે, એ પણ કહે છે જ્ઞાનના ઇચ્છકો (એને) સ્વભાવનું ભાન નથી અને વિષય-કષાયમાં તલ્લીન થઈ ગયા છે એ પણ ડૂબશે. આહા..હા...! આવું છે.

**'જ્ઞાનનયના...'** **'एषिणः'** એમ કીધું ને ? એ તો ફક્ત ઇચ્છક છે. વસ્તુ ઉઘડી નથી. તેમ અંતર્મુખ પ્રયત્ન છે નહિ. શુદ્ધ ચૈતન્યમૂર્તિ, તેના પ્રત્યેનું વલણ પણ નથી. આ..હા...! ભાવાર્થમાં છે, આમાં – અર્થમાંય છે. જેઓ સ્વરૂપનો કાંઈ પુરુષાર્થ કરતા નથી – જેઓ સ્વરૂપનો કાંઈ પુરુષાર્થ કરતા નથી. નીચે છે. પેલામાંય છે – **'मन्द-उद्यमाः'** છે ને ? એવો શબ્દ છે ને ? આ..હા...! (**अतिस्वच्छन्दमन्द-उद्यमाः**) એમ છે ને ? કેવા છે ? ડૂબેલા કેમ છે ? કે, **'તેઓ સ્વચ્છંદથી અતિ મંદ-ઉદ્યમી છે...'** સ્વરૂપ તરફનો પ્રયત્ન જ નથી. આહા..હા...!

મુમુક્ષુ :– સ્વરૂપનો પ્રયત્ન જ નથી.

ઉત્તર :– હા, એ નથી. સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય છે એ તરફનું વલણ જ નથી. તેના તરફનો ઝુકાવ જ નથી અને સ્વચ્છંદ સેવીને જ્ઞાનના ઉઘાડને નામે વિષય-કષાય સેવીએ તોપણ અમને બંધ નથી (એમ માનનારા) ડૂબી ગયા છે. આહા..હા...! વસ્તુ તો આ જેટલે અંશે જેમ છે તેમ છે આ. આહા..હા...! જ્ઞાનના ઉઘાડના નામે અમે પંડિત છીએ, અમને જાણપણું છે (અને) અમને 'નિર્જરા અધિકાર'માં કહ્યું છે કે, અરતિભાવે સેવતા એને બંધ નથી. આવે છે ને ? એનો અમને પ્રેમ નથી અને અમે સેવીએ છીએ. પણ પ્રેમ નથી અને સેવીએ છીએ (એમ તું કહે તો) સ્વરૂપનો ઉઘાડ હોવો જોઈએ. તો પ્રેમ નથી. સ્વરૂપની દૃષ્ટિની સ્થિરતા આદિ શ્રદ્ધા-જ્ઞાન હોય તો આમાં પ્રેમ નથી એમ કહેવાય, પણ એનો પ્રેમ નથી તો આમાં પ્રેમ છે અને વિષય-કષાયમાં ડૂબી ગયો છે. આહા..હા...! આવું છે. બેય પડખેથી (વાત કરી). આહા..હા...!

જ્ઞાનના ઉઘાડને નામે પોતાની મોટપ સેવે. આ..હા..હા...! દુનિયા પાસેથી પૈસા માગે, અનુકૂળતા લ્યે અને એમ કહે કે, અમને તો જ્ઞાન છે. પણ જ્ઞાન હોય તો નિર્મળતા હોય તો આ જાતનો લોભ જ તીવ્ર ન હોય. જ્ઞાનના ઉઘાડને નામે પર પાસે માગવું એ હોઈ

શકે જ નહિ. આહા..હા...! આકરી વાત છે, ભાઈ ! વીતરાગની એકેએક વાત એવી છે. આહા..હા...!

જુઓ ! એનો અર્થ કર્યો, જુઓ ! **'તેઓ સ્વચ્છંદથી અતિ મંદ-ઉદ્યમી છે...'** અતિ મંદ-ઉદ્યમી છે એમ કીધું. **'(સ્વરૂપપ્રાપ્તિનો પુરુષાર્થ કરતા નથી,...)'** અંતરમાં વલણ કરતા નથી. હજી ભલે પામ્યા ન હોય પણ અંતરમાં વલણ હોય છે એને પણ અહીં ઊભા રાખ્યા છે. પણ જેને અંતરનું વલણ જ નથી અને એકલો મંદ ઉદ્યમ (છે), સ્વભાવ તરફ છે નહિ અને પુણ્ય-પાપની તીવ્રતામાં પડ્યો છે. આહા..હા...! છે ? **'સ્વચ્છંદથી અતિ મંદ-ઉદ્યમી છે...'** (**अतिस्वच्छन्दमन्द-उद्यमाः**) એ શબ્દ પડ્યો છે. સમ્યક્દૃષ્ટિ ન હોય પણ સમ્યગ્દર્શન સન્મુખ, મિથ્યાદૃષ્ટિ હોય તેને અહીંયાં આગળ આમાં નથી રાખ્યો. સમજાણું કાંઈ ? સમ્યગ્દર્શનની સન્મુખ છે, છે હજી મિથ્યાત્વ પણ સન્મુખ છે એને આ પર તરફના વિષય-કષાયમાં લીનતા હોતી નથી, એમાં અંદર રસ હોતો નથી. આહા..હા...! એથી આ શબ્દ વાપર્યો છે – (**अतिस्वच्छन्दमन्द-उद्यमाः**).

અંતર ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એના તરફનો ઝુકાવ અને વલણ જરીયે નથી અને એકલા વિષય-કષાયના પરિણામ તરફના ઝુકાવમાં પડ્યો છે... આહા..હા...! ભારે શ્લોક છે. જેમ એ પુણ્ય-પાપના કરનારાઓ પણ ધર્મ માનીને ડૂબેલા છે એમ જેને અંતર્મુખનો પ્રયત્ન જ નથી, અંતર્મુખ (થવાનો) જે પ્રયત્ન જોઈએ એ પ્રયત્ન જ નથી અને એકલો બહિર્મુખનો પ્રયત્ન (છે) અને જ્ઞાનનો ઉઘાડ (છે), એનાથી અમને ધર્મ થશે (એમ માનનારા) પણ ડૂબેલા છે. આહા..હા...! એ પણ મિથ્યાત્વમાં છે એમ કહેવું છે. ડૂબેલા એટલે ક્યાં ડૂબ્યા છે ? મિથ્યાત્વમાં ડૂબ્યા (છે) ઈ સંસારમાં ડૂબ્યા છે. આહા..હા...!

વાસ્તવિક અંદર વસ્તુ પ્રભુ ! શુદ્ધ આનંદઘન ! તેના તરફનું વલણ જ નથી, ઝુકાવ જરીયે નથી અને એકલા જ્ઞાનના ઉઘાડને નામે વિષય-કષાયને સેવી સ્વચ્છંદી (થઈ) પૈસા આદિ અનેક પ્રકારે છે ને અત્યારે ? જ્ઞાનને નામે પૈસા ઉઘરાવે, અમને જ્ઞાન થયું માટે પૈસા આપો, આમ કરો, તેમ કરો. આહા..હા...! એ પરમાં એકદમ લાલસાવાળા (મિથ્યાદૃષ્ટિ છે). અંદરમાં તો અતિ મંદ ઉદ્યમ છે. એટલે કે તેના તરફનું વલણ જરીયે નથી. આ.હા..હા...!

સ્વભાવ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! જે એ જ ચીજ છે એ આત્મા છે એવા પૂર્ણાનંદનું ધ્યેય નથી, ધ્રુવનું જેને ધ્યેય નથી અને જ્ઞાનના ઉઘાડમાં ધ્યેય (અને) લક્ષ તો ફક્ત પર તરફ છે. આ..હા...!

મુમુક્ષુ :– પર તરફ લક્ષ છે એટલે ?

ઉત્તર :– અંતર તરફ નહિ, પર તરફ (જ છે). આત્મા સિવાયના જેટલા પરપદાર્થ છે એટલી તરફનું વલણ છે. આત્મા તરફનો મંદ ઉદ્યમ પણ નથી અને સ્વચ્છંદમાં મહા ઉદ્યમવાળા થઈને (ફરે છે). આહા..હા...! એવી વાત છે.

**'(સ્વરૂપપ્રાપ્તિનો પુરુષાર્થ કરતા નથી,...)'** જુઓ ! ઈ મંદ ઉદ્યમની વ્યાખ્યા આમ કરી. સ્વરૂપપ્રાપ્તિનો અંતર ઝુકાવ, પુરુષાર્થ કરતા નથી. પ્રમાદી (થઈને) પડ્યા (છે). પ્રમાદના પોટલા (છે). આ..હા...! **'(અને વિષય-કષાયમાં વર્તે છે).'** પાછું જોયું ? અતિ સ્વચ્છંદ છે ને ! મંદ ઉદ્યમ એટલે પુરુષાર્થ સ્વ તરફ કરતા નથી, પ્રમાદી છે અને એકલા વિષય-કષાયમાં વર્તે છે એમ. આહા..હા...! એ પણ ડૂબેલા છે. એ પણ મિથ્યાત્વમાં જ પડ્યા છે એમ કહેવું છે. આહા..હા...!

(**ते विश्वस्य उपरि तरन्ति**) હવે ત્રીજો, ત્રીજો.. ત્રીજો (બોલ છે). બે બોલ કીધા, હવે ત્રીજો સમ્યક્દૃષ્ટિનો (બોલ કહે છે). **'તે જીવો વિશ્વના ઉપર તરે છે કે...'** (**ये स्वयं सततं ज्ञानं भवन्तः कर्म न कुर्वन्ति**) આહા..હા...! **'જેઓ પોતે નિરંતર...'** આનંદરૂપ થતા **'જ્ઞાનરૂપ થતા–પરિણમતા...'** જ્ઞાન એટલે વસ્તુ જે જ્ઞાનસ્વરૂપ છે તે રીતે પરિણતિમાં જ્ઞાનરૂપ થતા, એમ. આહા..હા...! જાણવાના ક્ષયોપશમનું જ્ઞાન નહિ. આ તો જેવું સ્વરૂપ ચૈતન્ય છે તેવી રીતે તેનું જ્ઞાન થતા, તેનું પરિણમન થતા, એમ. આહા..હા...!

**'જેઓ પોતે નિરંતર જ્ઞાનરૂપ થતા...'** આ..હા...! વિશ્વના ઉપર તરતા એટલે રાગથી માંડીને બધી ચીજોથી ભિન્ન રહેતા. ઉપર તરતા એમ આવે છે ને ? ૧૪૪ (ગાથામાં) 'ઉપર તરતો' (શબ્દ) આવે છે ને ! ત્યાં આવે છે. વિશ્વ ઉપર તરંતા. રાગથી માંડીને બધી ચીજથી ભિન્ન રહેતા. આ..હા...! એ વિશ્વ ઉપર તરંતા એટલે ભિન્ન રહેતા. આહા..હા...! જ્ઞાનીને રાગ હોય છતાં એનાથી તે ભિન્ન રહે છે. આહા..હા...! સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે તેના ધ્રુવના ધ્યાનમાં ધ્યેય તો ધ્રુવ છે. એની અંદર મગ્ન છે એ વિશ્વ ઉપર તરે છે. રાગથી માંડીને બધી ચીજથી ભિન્ન રહ્યા છે, એમ. તરે છે એટલે એનાથી ભિન્ન રહ્યા છે. આહા..હા...!

**'તે જીવો વિશ્વના ઉપર તરે છે કે...'** (**ये स्वयं सततं ज्ञानं भवन्तः कर्म न कुर्वन्ति**) એમ. જે પોતે નિરંતર જ્ઞાનસ્વરૂપ પરિણમતા થકા. જ્ઞાન એટલે આત્મસ્વરૂપ (તે રૂપે) પરિણમતા થકા. આખા આત્માના સ્વરૂપનું પરિણમન કરતા થકા. આહા..હા...! **'કર્મ કરતા નથી...'** રાગ આવે તેનો કર્તા થતો નથી, અકર્તાપણે જાણે છે. **'અને...'** (**जातु प्रमादस्य वशं न यान्ति**) **'ક્યારેય પ્રમાદને વશ પણ થતા નથી (–સ્વરૂપમાં ઉદ્યમી રહે છે).'** આ..હા..હા...! ધર્મી જીવ તો સદાય સ્વરૂપ તરફના વલણથી ચૂકતા નથી. આ..હા...! ધ્રુવના ધ્યેયને ભૂલતા નથી. આ..હા...! એથી તે પ્રમાદને વશ થતા નથી. આહા..હા...! ભારે ભાઈ શ્લોક ! 'અમૃતચંદ્રાચાર્યદેવે' ટૂંકામાં ઘણું નાખ્યું છે ! ઘણું નાખ્યું છે !!

(**जातु प्रमादस्य वशं न यान्ति**) **'ક્યારેય...'** પણ. કદાચિત્ કહે છે ને ! **'जातु'** શબ્દનો (અર્થ) આવે (છે) ને ? કદાચિત્, ક્યારેય. એમ. અહીં 'ક્યારેય' નાખ્યું છે. **'પ્રમાદને વશ પણ થતા નથી...'** આ..હા..હા...! એ સ્વરૂપને ભૂલી અને રાગને વશ થતા નથી. સ્વરૂપની જાગૃતિ તો ધર્મીને સદાય રહે છે. એને પછી ભેદજ્ઞાન કરવું પડતું નથી. આહા..હા...! ભેદજ્ઞાન

થયું છે એ સદાય રહ્યા જ કરે છે. ભેદપણે જ રહ્યા કરે છે. સ્વરૂપ તરફ જ વલણ જાવાથી રાગથી ભિન્નની ભેદ-દશા સદાય રહ્યા જ કરે છે. આહા..હા...! આવો માર્ગ છે.

ભાવાર્થ :– **'અહીં સર્વથા એકાંત અભિપ્રાયનો નિષેધ કર્યો છે...'** સર્વથા એકાંત. પુણ્ય-પાપના ભાવથી મોક્ષ થશે એ સર્વથા એકાંત મિથ્યાત્વ (છે). એમ આત્માના સ્વરૂપ તરફના વલણ વિના એકલા જાણપણાથી મોક્ષ થશે એ પણ એકાંત અભિપ્રાય છે. આહા..હા...! **'સર્વથા એકાંત અભિપ્રાયનો નિષેધ કર્યો છે કારણ કે સર્વથા એકાંત અભિપ્રાય જ મિથ્યાત્વ છે.'** આહા..હા...!

**'કેટલાક લોકો પરમાર્થભૂત જ્ઞાનસ્વરૂપ આત્માને તો જાણતા નથી...'** ભગવાન તો જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા છે. ત્રિકાળી જ્ઞાતા-દૃષ્ટા છે તેનું તો જ્ઞાન નથી, તેની પ્રતીત નથી, તેનો અનુભવ નથી **'અને વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ક્રિયાકાંડના આડંબરને...'** આહા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને દયા, દાન, વ્રતના વિકલ્પ. એવા **'ક્રિયાકાંડના આડંબરને...'** ક્રિયાકાંડનો બધો આડંબર છે. આહા..હા...! એમાં ઘેરાય ગયો છે. એનાથી ભિન્ન ભગવાન જ્ઞાતા-દૃષ્ટા છે તેના તરફ તો ઝુકાવ, વલણ છે નહિ અને એકલા પુણ્યની ક્રિયામાં અને પાપની ક્રિયામાં. **'ક્રિયાકાંડના આડંબરને મોક્ષનું કારણ જાણી તેમાં તત્પર રહે છે...'** આહા..હા...! અજ્ઞાની. **'તેનો પક્ષપાત કરે છે.'**

**'આવા કર્મનયના પક્ષપાતી લોકો...'** કર્મનય એટલે આ પુણ્ય-પાપના ભાવ, ઈ (કર્મનય). **'જેઓ જ્ઞાનને તો જાણતા નથી...'** ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ ધ્રુવ, તેના તરફ તો ધ્યેય નથી, વલણ નથી, વિશ્વાસ નથી. તે તરફની રુચિની મંદતા છે, ઠેકાણું નથી. અહીં બહારમાં રુચિની ઉગ્રતા છે. આ..હા...! દયા, દાન, વ્રત, ભક્તિ(માં) એટલો ઉત્સાહ.. એટલો ઉત્સાહ... ઓ..હો..હો....! મંદિરમાં પ્રતિમા સ્થાપી એટલે જાણે શું કર્યું અમે ! કૂદે... કૂદે આમ નાચે સ્થાપનારો ! એમ કે, આહા..હા...! અમે તો ભગવાનને (બિરાજમાન કર્યા) ! પણ એ તો એકલો રાગ છે. એ ટાણે આત્મા રાગરહિત છે તે તરફનું વલણ તો જરીયે નથી. શુદ્ધ ચૈતન્યઘન આત્મા તરફ તો વલણ, ઝુકાવ છે નહિ અને એકલા પર તરફના રાગમાં અમે મંદિર સ્થાપ્યા, અમે લાખો (રૂપિયા) ખર્ચ્યા, પાંચ લાખ ખર્ચ્યા, દસ લાખ ખર્ચ્યા.

મુમુક્ષુ :– પુણ્યને હેય માનતો નથી.

ઉત્તર :– એ પુણ્યને ઉપાદેય માને છે. આહા..હા...! એટલે ધર્મનું કારણ માને છે. આહા..હા...!

**'આવા કર્મનયના પક્ષપાતી લોકો – જેઓ જ્ઞાનને તો જાણતા નથી...'** વસ્તુ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન છે તેના તરફનું તો વલણ જ નથી, તેના તરફનો તો કોઈ ઝુકાવેય નથી. થોડો પણ પુરુષાર્થ સ્વભાવ તરફ હોય એ પણ નથી. બધો પુરુષાર્થ પુણ્ય અને પાપમાં રોકી દીધો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ક્રિયાકાંડ...'**

એ બધો ક્રિયાકાંડ, રાગ છે. આહા..હા...! પંચ કલ્યાણક કરે, ધમાધમ ! એમાં લાખ-બે લાખ ખર્ચે. ઇન્દ્રો થાય. આહા..હા...! જાણે કે અમે શું કર્યું ! આ..હા...! ભાઈ ! એ તો પર તરફના વલણવાળો રાગ છે. એ આત્મા તરફના વલણવાળી દશા ક્યાં છે ત્યાં ? આહા..હા...! ગમે એટલા પંચકલ્યાણકમાં કરોડ રૂપિયા ખર્ચે અને આખા ગામને જમાડે. ગામ ધુમાડાબંધ (જમાડે કેમકે) ભગવાનની પ્રતિષ્ઠા કરી છે ! તેથી શું થયું, કહે છે. અંતર આનંદસ્વરૂપ ભગવાન, તેના તરફનો તો ઝુકાવ નથી અને એકલા આ તરફના ઝુકાવથી ધર્મ માને છે ઈ (મિથ્યાત્વમાં) ડૂબી ગયેલા છે. આ..હા...! આ વાત...! હાથી કાઢે, ઘોડા કાઢે. આહા..હા...!

મુમુક્ષુ :– આપણે હાથી તો લાવીએ છીએ.

ઉત્તર :– ઈ જ કહીએ છીએ. લાવે છે છતાં એની મર્યાદા છે. એ તરફના વસ્તુના ભાગ ઉપર મર્યાદા છે, જોર ત્યાં નથી. અહીં જોર જોઈએ. હોય ભલે, ઈ તો કીધું ને ! જ્ઞાનીને (એવો ભાવ) હોય છે પણ તેમાં એ એકાકાર થતો નથી. આ..હા...! હાથી, ઘોડા...

મુમુક્ષુ :– લોકો એમ કહે છે કે, તમે કરો ઈ બરાબર અને અમે કરીએ એ બરાબર નહિ.

ઉત્તર :– એમ કોણે કીધું ? જે કંઈ આત્માના સ્વભાવ તરફનો ઝુકાવ નથી અને કરે છે અને એકલો પર તરફ ઝુકાવ છે તે મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો ઈ (વાત છે). ગમે તે મોટી ધમાલ કરે, પંચ કલ્યાણક કરે, ગજરથ ચલાવે એથી શું થયું ? એ તો પરની ક્રિયા છે. એ બાજુ ભાવ કદાચિત્ હોય તો રાગ મંદ છે અને એ તો ક્રિયાકાંડ છે. એનાથી ધર્મ માને છે એ તો ડૂબી ગયા છે. આહા..હા...! આવી વાત છે. એમાં સાધુને આહાર-પાણી દ્યે ને એમાં ઉત્સાહ કરે. જાણે આપણું તો કલ્યાણ થઈ જશે ! ભાઈ ! એ તો પર તરફના વલણનો ભાવ છે, ભાઈ !

મુમુક્ષુ :– એવું તો શાસ્ત્રમાં લખ્યું છે કે, મુનિને આહાર દે તો સંસાર પરિત કરે.

ઉત્તર :– પરિત સંસાર કર્યો ઈ કહેતા નથી. શ્વેતાંબરમાં છે, દિગંબરમાં નથી. શ્વેતાંબરમાં છે (કે), આ સાધુને આહાર આપે તો પરિત સંસાર (કર્યો). બિલકુલ જૂઠી વાત છે. પરદ્રવ્ય તરફના વલણનો ભાવ ઈ રાગ છે, રાગ ઈ તો સંસારનું કારણ છે. અંતરદૃષ્ટિ તે વખતે સ્વભાવ સન્મુખ હોય તો એ રાગ પુણ્યનું કારણ છે અને અહીંયાં જેટલી શુદ્ધતા છે તે નિર્જરાનું કારણ છે. એમ બેય એકસાથે હોય પણ આત્માની શુદ્ધતા તરફનું વલણેય નથી, ઝુકાવ નથી, રુચિ નથી... આહા..હા...! એની પૂર્ણતાના પ્રભુતાની મોટપ જેને ભાસતી નથી અને આ રાગની ક્રિયાની મોટપ જેને ભાસે છે (તે મિથ્યાત્વમાં ડૂબેલા છે). આહા..હા...! આ તો વીતરાગમાર્ગ ચોખ્ખો છે, બાપુ ! આમાં ક્યાંય (પોલ ચાલે તેવું નથી). આ..હા...!

**'જ્ઞાનને તો જાણતા નથી અને કર્મનયમાં જ ખેદખિન્ન છે...'** જોયું ? એ શુભભાવમાં

ખેદખિન્ન (છે). દુઃખ, એકલું દુઃખ વેદે છે. **'તેઓ – સંસારમાં ડૂબે છે.'** સંસાર (કહીને) મિથ્યાત્વમાં ડૂબી ગયા છે એમ કહેવું છે.

**'વળી કેટલાક લોકો આત્મસ્વરૂપને યથાર્થ જાણતા નથી...'** જેઓ ભગવાનઆત્મા પૂર્ણ જ્ઞાનઘન નિર્મળ સ્વરૂપને તો જાણતા નથી **'અને સર્વથા એકાંતવાદી મિથ્યાદષ્ટિઓના ઉપદેશથી અથવા પોતાની મેળે જ અંતરંગમાં જ્ઞાનનું સ્વરૂપ...'** આહા..હા...! **'ખોટી રીતે કલ્પી...'** વાસ્તવિક સ્વરૂપ તરફનો ઝુકાવ નથી અને એકલા બહારના જાણપણામાં (રોકાઈને) આહા..હા...! **'તેમાં પક્ષપાત કરે છે. પોતાની પરિણતિમાં જરાય ફેર પડ્યા વિના...'** જોયું ? વાત અહીં છે. આમાંય છે. પોતાની દશામાં કાંઈ ફેર પડ્યા વિના, અંતર્મુખના કાંઈ જરીયે વલણ વિના. આહા..હા...!

**'પોતાની પરિણતિમાં જરાયે ફેર પડ્યા વિના તેઓ પોતાને સર્વથા અબંધ માને છે...'** અમારે અબંધ છે. અમારે શું છે ? ઈ તો આવે છે ને ! 'નિર્જરા અધિકાર'માં નથી આવતું ? ક્લેશ કરો તો કરો. આહા..હા...! એક 'અમૃતચંદ્રાચાર્યદેવ'નો કળશ છે. આ..હા...!

મુમુક્ષુ :– તપશ્ચર્યા કરે છે તેને માટે છે.

ઉત્તર :– ઈ તપસ્યા કરે ઈ તો રાગ છે, ઈ બધી તપસ્યા ક્યાં (છે) ? આત્મા તરફનું વલણ નથી (ત્યાં) તપસ્યા (કેવી) ? છ છ મહિનાના અપવાસ અનંત વાર કર્યા. ભગવાનની આરતી અનંત વાર ઉતારી, ભગવાનની સેવા, ભક્તિ, પૂજા અનંત વાર (કરી). ઈ તો પર તરફનું વલણ તો રાગ છે. આ..હા...! **'परदव्वादो दुग्गई'** પરદ્રવ્યના વલણ તરફ તો ચૈતન્યની ગતિ છે જ નહિ. એમાં જાણપણાને નામે તેમાં રોકાઈ જઈ અને અંતરનું વલણ કરતા નથી એ ડૂબી ગયેલા છે. આહા..હા...!

**'પોતાની પરિણતિમાં જરાય ફેર પડ્યા વિના...'** છે ને ? અતિ મંદ ઉદ્યમ છે ખરું ને ! **'તેઓ પોતાને સર્વથા અબંધ માને છે અને વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રના ક્રિયાકાંડને નિરર્થક જાણી છોડી દે છે.'** નથી થતી શુદ્ધતા અને અશુભમાં પડીને શુભને છોડી દે છે, એમ કહે છે. આહા..હા...! ક્રિયાકાંડ શુભભાવ છે એ છોડી દે છે અને અશુભમાં પડયો છે, શુદ્ધતાનું લક્ષ નથી.

મુમુક્ષુ :– ક્રિયાકાંડ નિરર્થક થયું ને ?

ઉત્તર :– નિરર્થક જ છે. ક્રિયાકાંડ તો નિરર્થક જ છે પણ ક્રિયાકાંડ નિરર્થક છે ઈ જ્ઞાનના સ્વરૂપની ખબર છે, આ બાજુ વલણનો ઝુકાવ છે એનો ક્રિયાકાંડ નિરર્થક છે. ઈ તો જ્ઞાનીનેય ક્રિયાકાંડ નિરર્થક છે. એ તો આમાં આવી ગયું ને ? મિથ્યાદષ્ટિનું યતિપણું ઈ બંધનું કારણ છે અને સમ્યક્દષ્ટિનું યતિપણું મોક્ષનું કારણ છે એમ છે નહિ. યતિપણું છે, ઈ બેય ક્રિયાકાંડ છે. યતિને ભરોસે રહીશ નહિ. અંદર ભગવાનનો ભરોસો કર ! આહા..હા...! બહારના અઠ્યાવીસ મૂળગુણના ભરોસે રહીશ નહિ. અઠ્યાવીસ મૂળગુણ પાળીએ

છીએ, પંચ મહાવ્રત પાળીએ છીએ, જાવજીવ બ્રહ્મચર્ય પાળીએ છીએ. એના ભરોસે રહીશ નહિ. કારણ કે એ તો પર તરફના વલણનો ભાવ છે. આહા..હા...!

**'વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રના ક્રિયાકાંડને નિરર્થક જાણી છોડી દે છે.'** એમ જાણીને (છોડી દે છે). સ્વરૂપ તરફ દૃષ્ટિ નથી, ઝુકાવ નથી અને પુણ્યને છોડીને પાપમાં પડ્યા છે, એમ કહે છે. આ..હા...! **'આવા જ્ઞાનનયના પક્ષપાતી લોકો જેઓ સ્વરૂપનો કાંઈ પુરુષાર્થ કરતા નથી...'** એમ. આહા..હા...! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! તેના તરફ જરીયે ઝુકાવ નથી, વલણ નથી, તેના તરફના પ્રયત્નનો બિલકુલ અભાવ છે અને એકલા જ્ઞાનના ઉઘાડથી ધર્મ માનીને વિષય-કષાયને સેવે છે. આ..હા...! **'આવા જ્ઞાનનયના પક્ષપાતી લોકો જેઓ સ્વરૂપનો કાંઈ પુરુષાર્થ કરતા નથી...'** જોયું ? **'અને શુભ પરિણામોને છોડી...'** દે છે. એમ લ્યે છે. શુભ પરિણામને છોડી દે છે. એ **'વિષય-કષાયમાં વર્તે છે તેઓ પણ સંસારસમુદ્રમાં ડૂબે છે.'**

આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ ! જરીયે પણ ફેરફાર હોય તો અહીં પાલવે એવું નથી, કહે છે. જ્ઞાનનો ઉઘાડ ક્ષયોપશમ છે ઈ પરલક્ષી છે. એ તો શબ્દજ્ઞાન છે, કંઈ આત્મજ્ઞાન નથી. એ શબ્દજ્ઞાનમાં સંતોષાય અને આત્મજ્ઞાન તરફ વલણ કરતો નથી અને બાકી કષાયના ભાવ તીવ્ર આવ્યા જ કરે તોપણ દરકાર કરતો નથી. આહા..હા...! એ ડૂબી ગયેલા છે. આહા..હા...!

**'વિષય-કષાયમાં વર્તે છે...'** પાછુ એમ કીધું ને ! સ્વરૂપનો જરીયે ઉદ્યમ નથી, **'શુભ પરિણામોને છોડી સ્વચ્છંદી થઈ વિષય-કષાયમાં વર્તે છે તેઓ પણ સંસારસમુદ્રમાં ડૂબે છે.'** સંસારસમુદ્ર એટલે મિથ્યાત્વ. આહા..હા...! મિથ્યાત્વ એ જ સંસાર છે. એ એકાંતપણું છે એ જ મિથ્યાત્વ છે અને એ જ સંસાર છે. અંતરના સ્વરૂપ તરફ વલણ નથી અને એકલા જ્ઞાનના ઉઘાડના ભાવમાં જ ધર્મ માની (બેસે). શબ્દજ્ઞાન થઈને, એ શબ્દજ્ઞાન તો અગિયાર અંગનું જ્ઞાન અનંત વાર કર્યું. એ જો ધર્મનું કારણ હોય તો અગિયાર અંગનું જ્ઞાન અનંત વાર થયું. આહા..હા...! એ શબ્દજ્ઞાનમાં સંતોષાય જાય છે પણ આત્મજ્ઞાન તરફ વલણ કરતા નથી. અહીં તો એવું છે રોકડેરોકડા, જેટલા હોય એટલા. આહા..હા...!

મુમુક્ષુ :– શરાફની પેઢી હોય ને.

ઉત્તર :– આડુંઅવળું કાંઈ ચાલે નહિ. પહેલા એવો રિવાજ હતો. રૂપિયો ખોટો હોય તો ચાલવા ન દ્યે. ચોડી દ્યે પોતે, ઉંબરામાં ચોડી દ્યે. પોતાના ઉંબરામાં ચોડી દ્યે. પેલો ના પાડે તો કહે, નહિ, ચાલવા નહિ દઉં. (આ તો) વીતરાગની દુકાન છે, શરાફી ! એમાં કાંઈ આડુંઅવળું ચાલે એવું નથી. આહા..હા...!

મુમુક્ષુ :– ઉભયાભાસી હોય તો ?

ઉત્તર :– એ ઉભયાભાસી પણ ઈ છે. આહા..હા..!

**'મોક્ષમાર્ગી જીવો જ્ઞાનરૂપે પરિણમતા થકા...'** દેખો ! શુદ્ધ આત્માની શ્રદ્ધા, જ્ઞાનરૂપે પરિણમતા થકા ધર્મી. **'શુભાશુભ કર્મને હેય જાણે છે...'** ત્રીજા નંબરના (જીવ લીધા). **'મોક્ષમાર્ગી જીવો...'** શુદ્ધ સ્વરૂપે પરિણમતા થકા. આ..હા...! **'શુભાશુભ કર્મને હેય જાણે છે અને શુદ્ધ પરિણતિને જે ઉપાદેય જાણે છે.'** એ તો શુદ્ધ સ્વભાવની નિર્મળ પરિણતિ થાય તે જ ઉપાદેય છે (એમ માને છે). સમકિતી શુભભાવને ઉપાદેય માનતો નથી. આ..હા...!

**'તેઓ માત્ર અશુભ કર્મને જ નહિ પરંતુ શુભ કર્મને પણ છોડી,...'** શુભ – પુણ્ય. આહા..હા...! ધર્મી **'સ્વરૂપમાં સ્થિર થવાને નિરંતર ઉદ્યમવંત છે...'** સ્વરૂપમાં સ્થિર થવાને નિરંતર ઉદ્યમવંત છે. આહા..હા...! **'સંપૂર્ણ સ્વરૂપસ્થિરતા થતાં સુધી તેનો પુરુષાર્થ કર્યા જ કરે છે.'** તે તરફ એ પુરુષાર્થ હોય જ છે. આ..હા..હા...! ભેદજ્ઞાનથી... આવતું નથી ? ભેદજ્ઞાનથી ચારિત્ર થાય છે (એવી) ગાથા આવે છે ને ! ઈ એના તરફનું વલણ જ હોય છે. અંતર... અંતર... અંતર... અંતર્મુખ. એથી તે **'સંપૂર્ણ સ્વરૂપસ્થિરતા થતાં સુધી તેનો પુરુષાર્થ કર્યા જ કરે છે.'**

**'જ્યાં સુધી, પુરુષાર્થની અધૂરાશને લીધે, શુભાશુભ પરિણામોથી છૂટી સ્વરૂપમાં સંપૂર્ણપણે ટકી શકાતું ત્યાં સુધી – જોકે સ્વરૂપસ્થિરતાનું અંતર્-આલંબન (અંતઃસાધન) તો શુદ્ધ પરિણતિ પોતે જ છે...'** અંતર ધ્રુવ ધ્યેય તો એને જ છે. આહા..હા...! ધ્રુવનું જ આલંબન છે, જ્ઞાયકનું જ આલંબન છે. શુદ્ધ ભાવ ત્રિકાળ અંતર તત્ત્વનું જ આલંબન છે. બહિર્તત્ત્વ રાગાદિનું આલંબન પણ નહિ એમ કહે છે. આ..હા...!

**'જોકે સ્વરૂપસ્થિરતાનું અંતર્-આલંબન (અંતઃસાધન) તો શુદ્ધ પરિણતિ પોતે જ છે તોપણ – અંતર્-આલંબન લેનારને જેઓ બાહ્ય આલંબનરૂપ કહેવાય છે એવા (શુદ્ધ સ્વરૂપના વિચાર આદિ) શુભ પરિણામોમાં તે જીવો હેયબુદ્ધિએ પ્રવર્તે છે,...'** સમકિતીને શુભભાવ આવે છે (પણ) હેયબુદ્ધિએ પ્રવર્તે છે. આ..હા...! **'પરંતુ શુભ કર્મોને નિરર્થક ગણી છોડી દઈને સ્વચ્છંદપણે અશુભ કર્મોમાં...'** નથી પ્રવર્તતા. વાત ઈ છે. (એમ) **'પ્રવર્તવાની બુદ્ધિ તેમને કદી હોતી નથી.'** શુભને છોડીને અશુભમાં પ્રવર્તવું એવી બુદ્ધિ કદી હોતી નથી.

**'આવા જીવો – જેઓ એકાંત અભિપ્રાય રહિત છે તેઓ – કર્મનો નાશ કરી, સંસારથી નિવૃત્ત થાય છે.'** લ્યો ! એ ત્રીજા બોલની વાત કરી.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## શ્લોક-૧૧૨

(मंदाकांता)

भेदोन्मादं भ्रमरसभरान्नाटयत्पीतमोहं
मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।
हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि
ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण।।११२।।

इति पुण्यपापरूपेण द्विपात्री भूतमेकपात्रीभूय कर्म निष्क्रान्तम्।

इति श्रीमदमृतचंद्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ पुण्यपापप्ररूपकः तृतीयोऽङ्कः।।

---

હવે પુણ્ય-પાપ અધિકારને પૂર્ણ કરતાં આચાર્યદેવ જ્ઞાનનો મહિમા કરે છે :–

શ્લોકાર્થ :– (पीतमोहं) જેણે મોહરૂપી મદિરા પીધી હોવાથી (भ्रम-रस-भरात् भेदोन्मादं नाटयत्) જે ભ્રમના રસના ભારથી (અતિશયપણાથી) શુભાશુભ કર્મના ભેદરૂપી ઉન્માદને (ગાંડપણાને) નચાવે છે (तत् सकलम् अपि कर्म) એવા સમસ્ત કર્મને (बलेन) પોતાના બળ વડે (मूलोन्मूलं कृत्वा) મૂળથી ઉખેડી નાખીને (ज्ञानज्योतिः भरेण प्रोज्जजृम्भे) જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્ય સહિત પ્રગટ થઈ. કેવી છે તે જ્ઞાનજ્યોતિ ? (कवलिततमः) જે અજ્ઞાનરૂપી અંધકારને કોળિયો કરી ગઈ છે અર્થાત્ જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે, (हेला-उन्मिलत्) જે લીલામાત્રથી (–સહજ પુરુષાર્થથી) ઊઘડતી–વિકસતી જાય છે અને (परमकलया सार्धम् आरब्धकेलि) જેણે પરમ કળા અર્થાત્ કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે એવી તે જ્ઞાનજ્યોતિ છે. (જ્યાં સુધી સમ્યગ્દષ્ટિ છદ્મસ્થ છે ત્યાં સુધી જ્ઞાનજ્યોતિ કેવળજ્ઞાન સાથે શુદ્ધનયના બળથી પરોક્ષ ક્રીડા કરે છે, કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ થાય છે.)

ભાવાર્થ :– પોતાને (જ્ઞાનજ્યોતિને) પ્રતિબંધક કર્મ કે જે શુભ અને અશુભ – એવા ભેદરૂપ થઈને નાચતું હતું અને જ્ઞાનને ભુલાવી દેતું હતું તેને પોતાની શક્તિથી ઉખેડી નાખી જ્ઞાનજ્યોતિ સંપૂર્ણ સામર્થ્ય સહિત પ્રકાશિત થઈ. આ જ્ઞાનજ્યોતિ અથવા જ્ઞાનકળા કેવળજ્ઞાનરૂપી પરમકળાનો અંશ છે અને કેવળજ્ઞાનના સંપૂર્ણ સ્વરૂપને તે જાણે છે તેમ જ તે તરફ પ્રગતિ કરે છે, તેથી એમ કહ્યું છે કે 'જ્ઞાનજ્યોતિએ કેવળજ્ઞાન સાથે ક્રીડા માંડી

છે.' જ્ઞાનકળા સહજપણે વિકાસ પામતી જાય છે અને છેવટે પરમકળા અર્થાત્ કેવળજ્ઞાન થઈ જાય છે. ૧૧૨.

ટીકા :- પુણ્ય-પાપરૂપે બે પાત્રરૂપ થયેલું કર્મ એક પાત્રરૂપ થઈને (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયું.

ભાવાર્થ :- કર્મ સામાન્યપણે એક જ છે તોપણ તેણે પુણ્ય-પાપરૂપી બે પાત્રોનો સ્વાંગ ધારણ કરીને રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો. તેને જ્ઞાને યથાર્થપણે એક જાણી લીધું ત્યારે તે એક પાત્રરૂપ થઈને રંગભૂમિમાંથી બહાર નીકળી ગયું, નૃત્ય કરતું અટકી ગયું.

આશ્રય, કારણ, રૂપ, સવાદસું ભેદ વિચારી ગિને દોઊ ન્યારે,
પુણ્ય રુ પાપ શુભાશુભભાવનિ બંધ ભયે સુખદુ:ખકરા રે;
જ્ઞાન ભયે દોઊ એક લખૈ બધુ આશ્રય આદિ સમાન વિચારે,
બંધકે કારણ હૈં દોઊ રૂપ, ઇન્હૈં તજિ જિનમુનિ મોક્ષ પધારે.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં પુણ્ય-પાપનો પ્રરૂપક ત્રીજો અંક સમાપ્ત થયો.

---

**પ્રવચન નં. ૨૪૨, શ્લોક-૧૧૨** શુક્રવાર, જેઠ સુદ ૬, તા. ૦૧-૦૬-૧૯૭૯

---

'સમયસાર' કળશ-૧૧૨. '**હવે પુણ્ય-પાપ અધિકારને પૂર્ણ કરતાં આચાર્યદેવ જ્ઞાનનો મહિમા કરે છે :-**' છેલ્લો (કળશ).

भेदोन्मादं भ्रमरसभरान्नाटयत्पीतमोहं
मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।
हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि
ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण।।११२।।

'**જેણે મોહરૂપ મદિરા પીધી...**' છે એમ કહે છે. આ..હા...! જેણે મિથ્યાત્વનો દારૂ પીધો છે. '**भ्रम-रस-भरात्**' એની ભ્રમણાના રસથી – ભારથી – બોજથી. મિથ્યાશ્રદ્ધા (**पीतमोहं**) મહા મિથ્યાત્વ એવો મોહ જેણે પીધો છે એટલે જેના અનુભવમાં મિથ્યાત્વ છે. આ..હા...! તે જીવ '**ભ્રમના રસના ભારથી...**' ભ્રમણાના કારણે '**भेदोन्मादं नाटयत्**' એ કર્મમાં ભેદ પાડે છે. મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વના રસ(થી) અતિશય ભારથી થયેલા. '**भेदोन्मादं**' પુણ્ય

અને પાપમાં બેમાં ભેદ પાડે છે. પુણ્ય છે તે ઠીક છે, પાપ એ ઠીક નથી એમ અજ્ઞાની મિથ્યાદષ્ટિ મિથ્યાત્વના જોરને લઈ, કર્મનો એક જ પ્રકાર છે એમાં બે ભેદ પાડે છે. આહા..હા..! **'भेदोन्मादं नाटयत्'** કર્મના ભેદને – ઉન્માદને – ગાંડપણાને. આ..હા...! એ શુભભાવ વ્રત, તપ, ભક્તિ ઠીક છે કે એનાથી હળવે હળવે આગળ જવાય એમ અજ્ઞાની... આહા..હા...! ભેદરૂપી ગાંડપણાને લઈને. એ ભેદ ગાંડપણું – પાગલ મિથ્યાત્વ છે એથી ભેદ પાડે છે. આ..હા...!

પુણ્ય અને પાપ બેય ભાવ એક જ કર્મ જ છે. એમાં અજ્ઞાની ભેદ ગાંડપણું કરીને પાડે છે. કેટલા વિશેષણ આપ્યા ! મોહ પીધો છે, મોહના ભારથી વિશેષપણે અતિશયપણે મિથ્યાત્વનું જોર ફાટ્યું છે. આ..હા...! એ જીવ કર્મ એક પ્રકારના, પુણ્ય અને પાપ બેય એક જ પ્રકાર છે (છતાં) અજ્ઞાની એમાં ભેદ પાડે છે. આહા..હા...! આવો તો ખુલાસો છે તોય પછી બધા નાખે છે. અંદર નાખે શુભભાવ આ વ્રત, તપ, પડિમામાંથી પણ નિશ્ચય(માં) જવાય. કહો !

અહીં કહે છે, **'એવા સમસ્ત કર્મને...'** હવે ટાળવાની વાત છે. આ વાત તો ગાંડપણે ઉન્માદ થઈને કર્મ – પુણ્ય શુભ અને અશુભ ભાવ બેય એક જ કર્મ છે એને ગાંડપણે ભેદ પાડે છે. આહા..હા...! પાગલ થઈને મિથ્યાત્વના ભ્રમમાં પુણ્ય વ્રત, નિયમ, તપ ઠીક છે અને પાપ પરિણામ ઠીક નથી એમ અજ્ઞાની મિથ્યાત્વના પીધેલા, અનુભવી – મિથ્યાત્વના અનુભવી... આહા..હા...! ભેદને ઉન્માદ(માં) ગાંડપણે નચાવે છે. આકરી વાત છે. આવું તો ચોખ્ખું છે.

મુમુક્ષુ :– આચાર્ય ગાંડા તો કહે છે. બેયમાં ભેદ પાડે તેને (ગાંડા કહે છે).

ઉત્તર :– ગાંડા જ છે. ભેદને ઉન્માદ કીધો ને ! **'भेदोन्मादं'** ભેદ પાડે છે તે જ ઉન્માદ, ગાંડપણું છે. આહા..હા...! હવે અત્યારે તો ગડબડ બધી એ ચાલે છે, શુભભાવ હોય, વ્રત હોય, તપ હોય, ભક્તિ (હોય). અર..ર..ર...! આવી વાત પ્રભુ ! આ..હા...!

શુદ્ધ ચૈતન્ય ભગવાન ! અતીન્દ્રિય અમૃતનો ચૈતન્ય રસકંદ બિરાજે છે, પ્રભુ ! એમાં ઉણપ, ખોટ, વિઘ્ન કે આવરણ છે જ નહિ. એવું સત્ત્વ ભગવાનઆત્મા ! એનો અનાદર કરી મિથ્યાત્વના દારૂ પીધેલાઓ. મિથ્યાત્વરૂપી દારૂ પીધો એમ કહ્યું. પેલો દારૂ નહિ. ભેદને ઉન્માદ — બેને જુદા પાડે છે. ઉન્માદ અને ગાંડપણાને લઈને (ભેદ પાડે છે). આહા..હા...! આવું આકરું લાગે. અત્યારે બધે ઈ ચાલે છે. સાધુપણામાં પડિમાધારી (એમ કહે કે), પડિમા લ્યો ને આ લ્યો. પણ હજી મૂળમાં ઠેકાણા નહિ (ત્યાં) પડિમાનો તો વિકલ્પ છે. એ સારો ક્યાંથી આવ્યું ? આહા..હા...!

શુભ અને અશુભ ભાવ બે એક જ છે. શુભાશુભ કર્મ આઠે (લઈ લેવા). છતાં તેના **'ભેદરૂપી ઉન્માદને (ગાંડપણાને) નચાવે છે...'** આ..હા...! મિથ્યાત્વને પરિણમાવે છે. આ..હા...!

ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અમૃત ચૈતન્યરત્નાકરનો દરિયો ! એનાથી ઊંધું પુણ્ય અને પાપમાં ભેદ પાડીને ઘેલછાઈ ઊભી કરે છે. આ..હા...! એવા કર્મને, **'એવા સમસ્ત કર્મને...'** (**बलेन**) **'પોતાના બળ વડે...'** હવે સવળો પડ્યો. આ..હા...! ભગવાન શુદ્ધ છે આત્મા એમ અંતરના બળ વડે પુણ્ય અને પાપ બેયને એક માની અને છોડી દ્યે છે. આહા..હા...! **'પોતાના બળ વડે...'** પાછુ, ભાષા આમ છે. આત્માના બળ – પુરુષાર્થ વડે. એ પુરુષાર્થ કોઈ રાગની મંદતા થઈ માટે આ બળ એને નાશ કરવાનું પ્રગટ્યું (એમ નથી). જેને નાશ કરવું છે એનાથી બળ કેમ પ્રગટે ? આહા..હા...! એને તો જુદું પાડવું છે, એનો નાશ કરવો છે. ઈ એના બળમાં મદદ કરે ? એથી શબ્દ વાપર્યો છે – **'પોતના બળ વડે'** એમ કહે છે. આત્માના બળ વડે.

શુદ્ધ ભગવાન પરમાત્મા અમૃતસ્વરૂપ ! અમૃતનો મોટો દરિયો ! સ્વયંભૂરમણ ! આ..હા...! અનંત અનંત ગુણથી પવિત્રતાથી બિરાજમાન પ્રભુ ! એના બળ વડે. આત્મા તરફના બળ વડે ધર્મી જીવ... આ..હા...! (**मूलोन्मूलं कृत्वा**) મૂળથી ઉન્મૂલં (અર્થાત્) એનું મૂળ ઉખેડી નાખે છે. આહા..હા...! મિથ્યાત્વનો એક અંશ ન રહે એ રીતે ઉખેડી નાખે છે એમ કહે છે. આ..હા...!

નટુભાઈ ! તમારે 'પાલીતાણા' કાંઈ ચાલે છે કે નહિ ? આહા..હા...! પેલા 'નાનુભાઈ' ત્યાં આવ્યા છે ને ? 'પાલીતાણા' નહિ ? અહીં બોર્ડિંગમાં ઈ કહેતા હતા કે, આવું અમારે ત્યાં 'પાલીતાણા'માં તો ચાલતું નથી. ત્યાં તો આખો દિ' હોળી સળગતી હોય. આ ચડ્યા ને ઉતર્યા ને આ કર્યા ને તે કર્યા, ફલાણું કર્યું, ડોલીમાં બેસીને ગયા ને આવ્યા. આહા..હા...! માળા ગણીને ચડે અને માળા ગણીને ઉતરે. જોયા છે ને ! આહા..હા...!

કહે છે કે, એવો જે ભેદ પાડે છે કે, આ જાત્રાનો ભાવ સારો અને ઘરે બેઠા વિષય-કષાયનો ભાવ (થાય એ) ખરાબ (એ મિથ્યાદૃષ્ટિ છે). આહા..હા...! દુકાનનો, ધંધાનો ભાવ ખરાબ અને ભક્તિ ને જાત્રાનો ભાવ સારો એવો મિથ્યાદૃષ્ટિના જોરથી ભેદને ઘેલછાથી જુદા પાડે છે. એમ કહે છે. તેને – **'સમસ્ત કર્મને...'** સમસ્ત એટલે શુભ હો કે અશુભ હો, એમ. પુણ્ય હોય કે પાપ હોય, એમ. બેયને સમસ્ત કર્મનો અર્થ એ છે. શુભ હોય કે અશુભ હોય, બેયને **'પોતાના બળ વડે...'** ભગવાનઆત્મા ! શુદ્ધ સ્વભાવના આશ્રયે, બળ વડે, એના અવલંબનથી... આ..હા...! (**मूलोन्मूलं कृत्वा**) આહા..હા...! શુભ અને અશુભને મૂળમાંથી ઉખેડી નાખે છે. આહા..હા...! ગધેડા જેમ ઘાસ ચરે ઈ મૂળમાંથી કાઢે. એમ આ મૂળમાંથી જ્ઞાનીઓ (મિથ્યાત્વને ઉખેડી નાખે છે). આહા..હા...! પેલો ગધેડો છે અને આ જ્ઞાની છે. આકરું કામ.

વળી કહેશે કે, આખો દિ' કામ કરવું અને વળી કહે... બાપુ ! કોણ કરે ? ભાઈ ! ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ ! બાદશાહ મોટો આનંદનો ! આ..હા...! અનંત ચૈતન્ય રત્નાકર

બાદશાહ ! એનું જ્યાં પુરુષાર્થમાં જોર આવ્યું, એના બળ વડે. ભેદને – ઉન્માદને અજ્ઞાની નચાવતો હતો એને મૂળમાંથી ઉખેડી નાખે છે. અંશે રાગનો અંશ રહે છે (એમ નહિ). જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ઠીક છે એ ભાવને પણ અહીંયાં મૂળમાંથી ઉખેડી નાખે છે. આહા..હા...! આવી વાત છે. મૂળમાંથી ઉખેડી નાખીને. ત્રણ શબ્દ છે ને ? (**मूलोन्मूलं कृत्वा**) મૂળમાંથી ઉન્મૂલં – ઉન્મૂલં – ઉખેડી નાખીને, મૂળિયું તોડી નાખીને એટલે ઉખેડી નાખીને. આહા..હા...!

(**ज्ञानज्योतिः भरेण प्रोज्जजृम्भे**) ચૈતન્યમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટા **'જ્ઞાનજ્યોતિ...' 'भरेण'** એટલે **'અત્યંત...' 'प्रोज्जजृम्भे' 'સામર્થ્ય સહિત...'** આહા..હા...! પોતાના **'અત્યંત સામર્થ્ય સહિત...'** પરિણતિમાં, હોં ! આહા..હા...! જ્ઞાનજ્યોતિ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ થતા શુદ્ધ પૂર્ણ પરમાત્મસ્વરૂપનો આશ્રય થતા જ્ઞાનજ્યોતિ પર્યાયમાં પ્રગટે છે, પરિણમે છે. એ (મોહને) **'મૂળથી ઉખેડી નાખીને જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્ય સહિત...'** અત્યંત સામર્થ્ય સહિત (એટલે) એને હવે કોઈ વિઘ્ન કરી શકે કે (એ) પર્યાયને કોઈ પાછી પાડે એમ નથી કહે છે. આહા..હા...! પંચમ આરાના સાધુ સંત આમ વાત કરે. પરમાત્માના વિરહમાં રહ્યા. આહા..હા...!

મુમુક્ષુ :– પરમાત્માના વિરહ ભૂલાવી દીધા.

ઉત્તર :– આ..હા..હા...! ભગવાન ! એ પરમાત્માને મળે તો એ તો રાગ છે. આહા..હા...! આ પરમાત્માને મળતા વીતરાગતા થાય છે. આહા..હા...! ત્રણલોકના નાથ વીતરાગ તીર્થંકરની હાજરી સમવસરણમાં (હોય) એમાં શું ? એના તરફનું સાંભળવાનું કે ભક્તિનું વલણ છે ઈ તો શુભરાગ છે.

અહીંયાં તો આત્મબળ વડે, શુભ કે અશુભના કોઈપણ અંશને મૂળમાંથી ઉખેડી નાખીને. આહા..હા...! શું વાણી ! ફરીને ઉત્પન્ન ન થાય એ રીતે મૂળમાંથી ઉખેડીને, એમ કહે છે. આહા..હા...! **'જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્ય સહિત...' 'भरेण'** (શબ્દ) છે ને ? ભાર.. ભાર, બોજો. **'प्रोज्जजृम्भे' 'પ્રગટ થઈ.'** જ્ઞાનજ્યોતિ અતિશય બળ વડે પ્રગટ થઈ. ભગવાનઆત્મા ચૈતન્યસાગર ! બાદશાહ ! અનંત ગુણનો બાદશાહ ! આહા..હા...! નિર્મળ પર્યાયાદિ મારી પ્રજા. એવો જે ભગવાન બાદશાહ, પોતાની પરિણતિમાં નિર્મળપણાને જોરે રાગના બે ભાગને મૂળથી ઉખેડી નાખે છે. આહા..હા...! અહીંયાં તો હજી (લોકોને) પાપથી નિવર્તવાનો વખત ન મળે. દુકાન ને ધંધો ને વકીલાત ને... એ..ઈ...! 'નટુભાઈ' ! આહા..હા...! એ પ્રભુ પુણ્ય-પાપના પરિણામથી નિવૃત્ત સ્વરૂપ જ છે. આ..હા...!

મુમુક્ષુ :– વકીલાતનો ધંધો પાપનો છે ?

ઉત્તર :– વકીલાતનો ધંધો એકલા મોટા પાપનો. ઘણા માણસને પાપમાં જોડી દીધેલા. ઘણાને પાપમાં જીતાવ્યા છે. એ વખતે વકીલાતમાં ઈ જ મોટા કહેવાતા. કાઠિયાવાડમાં 'રામજીભાઈ' એટલે.. અમારા 'મનુભાઈ' કહે છે, 'કાંપ'માં એક 'મનહરભાઈ' વકીલ છે.

(શ્રોતા : 'અમદાવાદ'). 'અમદાવાદ'... 'અમદાવાદ' હોં ! ત્યાં ઈ રાત્રે દરરોજ આવે, દિવસે વ્યાખ્યાનમાં આવે. એના વખતમાં તો ઈ એક જ હતા, બસ ! 'રામજીભાઈ' એટલે 'રામજીભાઈ' બસ !

મુમુક્ષુ :– વકીલ એક જ હોય ને !

ઉત્તર :– એક જ હોય, પણ પાપ. આહા..હા...!

અહીંયાં તો પ્રભુ એકલો આત્મા, જેને પુણ્ય, શુભાશુભ ભાવની જેને ગંધ નથી. જે પ્રભુ શુભાશુભ ભાવરૂપે પ્રભુ કદી થયોય નથી. આહા..હા...! ગમે તેટલા શુભ-અશુભ ભાવ કર્યા હોય, થયા હોય પણ વસ્તુ પ્રભુ છે ઈ ચૈતન્યરસ અતીન્દ્રિય અમૃતનો સાગર પ્રભુ ! સ્વયંભૂરમણ સમુદ્ર (છે) એમ સ્વયંભૂ પ્રભુઆત્મા ! એ શુભ અને અશુભ ભાવે કદી થયો નથી. પર્યાયમાં (મિથ્યાત્વ) હતું તેને મૂળથી ઉખેડી નાખ્યું. આહા..હા...! કહો, 'સુરેન્દ્રભાઈ' આવી વાતું છે. લોકોને એવું થાય કે, આ એકાંત.. એકાંત.. એકાંત (છે). વ્યવહારનો તો લોપ કરે છે. લોપેય નહિ, અહીં તો વ્યવહારને ઉન્મૂલ (મૂળમાંથી) કાઢી નાખે છે. એનું મૂળિયું ફરીને ઉત્પન્ન ન થાય એમ કાઢી નાખે (છે). આહા..હા...! આ દિગંબર સંતોની વાણી ! એ જ વસ્તુની સ્થિતિ છે. આહા..હા...!

પ્રભાવનાનો શુભભાવ આવે. ભગવાનની પ્રભાવના કરે, પુસ્તક – શાસ્ત્ર બનાવે, એમાંથી તો કાંઈક લાભ થાય કે નહિ ? ત્યાગ-ગ્રહણમાં તો એવું આવે છે. નહિ પેલા દસ પ્રકારના ? ત્યાગ-ગ્રહણ. ત્યાગમાં એવું આવે છે કે, પોતા પાસે પુસ્તકાદિ હોય તો બીજાને આપવું. ઈ તો ત્યાં પ્રમાદના રાગનો અંશ એ બાજુ વળેલો છે એને ઘટાડે છે, નાશ કરે છે. પુસ્તક બીજાને આપવાથી ત્યાં ત્યાગધર્મ થાય (એમ નથી). પુસ્તકનો ત્યાગ તો પહેલેથી અંદર છે. ત્યાગ-ગ્રહણ રહિત જ આત્મા છે. પુસ્તકના ત્યાગ-ગ્રહણથી તો રહિત જ છે. છતાં 'પદ્મનંદિ પંચવિંશતિકા'(માં) લખાણ એવું આવે કે, ઈ ત્યાગ કરે. પોતા પાસે પુસ્તક હોય અને કોઈ માગે તો તરત આપે. એનો હેતુ ઈ કે, એ તરફની જરી આસક્તિ હતી એ છોડી દે. મારો પ્રભુ મારી પાસે છે. મારે કોઈ શાસ્ત્રની પણ જરૂર નથી. આ..હા..હા...! એ બધા શાસ્ત્ર નીકળ્યા છે, મારી જ્ઞાનની શુદ્ધ પરિણતિ થઈ એમાંથી નીકળ્યા છે. આહા..હા...! કેવળજ્ઞાનની પરિણતિ થઈ એમાંથી શાસ્ત્ર નિમિત્તથી નીકળ્યા, તો એ શાસ્ત્રમાંથી મને મળે એવું નથી, હું શાસ્ત્રને બનાવું, વિકલ્પ હોય તો રચના (કરું), એમ કહે છે. પણ એ વિકલ્પને હું તો મૂળમાંથી ઉખેડી નાખું છું. એ મને લાભદાયક છે એમ નથી. આહા..હા...! (આવું સાંભળે) પછી 'સોનગઢવાળા'ને એકાંત કહે ને ! એકાંત છે... એકાંત છે... બધા રાડ્યું પાડે છે. ભગવાન ! ખબર નથી, એને ખબર નથી.

એક કોર મહાપ્રભુ બિરાજે છે. એક પડખે પુણ્ય-પાપ ભાવ અને એક પડખે પરમાત્મા છે. હવે તારે કોને પડખે જાવું છે ? આ..હા...! એક બાજુ ભગવાન અનંત... અનંત.. અનંત...

અનંત... આમાં ક્યાંક કહેશે, હોં ! **‘परमकलया’** એમાં કહેશે. આ..હા...! **‘જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્ય સહિત પ્રગટ થઈ. કેવી છે તે જ્ઞાનજ્યોતિ ?’** (कवलिततमः) **‘જે અજ્ઞાનરૂપી અંધકારને કોળિયો કરી ગઈ...’** (**कवलिततमः**) આ..હા..હા...! રાગથી ધર્મ થાય એવો જે મિથ્યાત્વ ભાવ એને તો નાશ કરી નાખ્યો, કોળિયો કરી નાખ્યો. આહા..હા...!

ચૈતન્યસ્વરૂપ મહાપ્રભુ ! અનંત અનંત અમૃતના સાગરથી ભરેલો ! એક એક ગુણ અમૃત સ્વરૂપ છે. એક એક ગુણમાં સુખનું રૂપ છે. આ..હા..હા...! સુખ, આનંદ આત્માનો સ્વભાવ છે, એ આનંદનું રૂપ દરેક ગુણમાં છે. અનંત અનંત ગુણમાં સુખનું સ્વરૂપ (છે). અતીન્દ્રિય અનંત આનંદના અનંત ગુણનો પિંડ પ્રભુ ! આહા..હા...! એની દૃષ્ટિના જોરે, એના સ્વીકારના જોરે, એ ચીજની ઉપાદેય અને સત્કારપણે જ્યાં દશા થઈ, તેણે પુણ્ય અને પાપના ભેદને મૂળમાંથી ઉખેડી નાખ્યા, કોળિયો કરી ગયા. આ..હા..હા...! આ વસ્તુ ! જૈનદર્શનની આ ચીજ ! વસ્તુદર્શનની આ ચીજ !

વસ્તુ છે આખી પોતે અને પુણ્ય-પાપ તો ભિન્ન વિકાર ઝેર છે. એવી જ વસ્તુની સ્થિતિ છે. આહા..હા...! એ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિના ભાવ, એક કોર ભગવાન પરમાત્મા અમૃતસાગરથી ભરેલો, એનાથી તો વિરુદ્ધ છે. એટલે કે જેને ભેદનો ઉન્માદ નાચતો હતો, ભેદ પાડીને ગાંડપણે નાચતા હતા કે, ઘણું સારું છે, પુણ્ય સારા છે, વ્રત સારા છે, એ અંતર આત્માના ચૈતન્યના જોરના બળે, એ (વિપરીત) શ્રદ્ધા અને પુણ્ય-પાપ મારા, એમાંથી ઉખેડી નાખ્યું. આહા..હા...! ઉન્મૂલ કરી નાખ્યું. ફરીને ઉગે નહિ, ફરીને પ્રગટ ન થાય એવી રીતે કરી નાખ્યું. આ..હા...! ક્ષયોપશમ સમકિતી છે પણ જોડણી ક્ષાયિકવાળા છે !! આ..હા..હા...!

‘બેન’ને જાતિસ્મરણમાં આવ્યું છે ને ! જોડણી ક્ષાયિક ! ઈ આ જોડણી ક્ષાયિકભાવ છે. આહા..હા...! કેમકે અત્યારે ભગવાન તો નથી એટલે ક્ષાયિક સમકિતની યોગ્યતા નથી. કહે છે કે, અમારી યોગ્યતા એવી છે... આ..હા..હા...! કે, અમે ક્ષાયિક જ લેવાના. એ ક્ષયોપશમમાંથી પડવાના નહિ. અવિચલિત ચેતનાવિલાસ આત્મા વ્યવહાર, બપોરે આવ્યું હતું. આહા..હા...!

ભગવાન અંદર રાગના પડદે પડ્યો, રાગના પ્રેમમાં પડદે પડ્યો એને ભગવાન દેખાતો નથી. એ રાગનો પ્રેમ છોડે તો પ્રભુનો પ્રેમ થાય ત્યારે તેને આત્મા દેખાય. આહા..હા...! એ પુણ્ય ને પાપના બેય ભાવ બંધનના કારણભૂત છે. એમ એનો પ્રેમ જેને છૂટી જાય... આહા..હા...! તેનો પ્રેમ, ઈ પ્રેમ તો કરે (છે), પ્રેમ શબ્દે અંદર એકાગ્રતા, આ બાજુ એકાગ્ર થાય. આ..હા..હા...! પુણ્યની ક્રિયા કરીને એકાગ્ર થઈને માનતો હતો કે, હું કાંઈક સારું કરું છું. એ એકાગ્રતા તોડીને અહીં પ્રભુમાં એકાગ્ર થાય. આ..હા..હા...!

અનંત અનંત અમૃતના સાગરથી ભરેલો સ્વયંભૂ આત્મા ! ૧૬મી ગાથામાં સ્વયંભૂ

કીધો છે ને ! 'પ્રવચનસાર' ! બપોરે (આવી ગયું). સ્વયંભૂ – પોતે. પોતે પોતાથી ઉત્પન્ન થયો છે. વીતરાગી દશા ક્ષાયિક સમકિત આદિ કે આ ક્ષયોપશમિક ક્ષાયિક જોડણી, એ પોતાથી ઉત્પન્ન થયેલું છે. એને કોઈ બીજાની સહાય કે મદદ છે નહિ. આ..હા...! કેવળીની સમીપે, શ્રુતકેવળીની સમીપે ક્ષાયિક સમકિત થાય. માટે તેની મદદ છે, માટે ક્ષાયિક થયું એમ નથી. આહા..હા..! નિમિત્તપણે સામે હો. પણ થયું છે પોતાના આત્મબળે. આહા..હા...! આખો ચૈતન્યમૂર્તિ ભગવાન, એને હલાવી નાખ્યો ! જાગૃત કર્યો !

અજ્ઞાનરૂપી અંધકારને (જ્ઞાન) પ્રકાશ કોળિયો કરી ગયો. એ ચૈતન્યના પ્રકાશનો પ્રકાશ પુણ્ય અને પાપમાં ભેદ પાડતો એવો જે અજ્ઞાન અંધકાર, એ પ્રકાશ વડે કરીને અંધકાર નાશ થયો. જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર હોય નહિ, અંધકાર હોય ત્યાં પ્રકાશ હોય નહિ. આહા..હા...! જ્યાં સૂરજમાં પ્રકાશ (છે) ત્યાં અંધારા કેવા ? એમ ભગવાનઆત્મા ચૈતન્યજ્યોતનો જ્યાં આદર થઈને જ્યાં સ્વભાવની જાગૃતિ થઈ... આ..હા..હા...! તેમાં રાગ, દયા, દાન, વ્રત ઠીક છે એવું જે અજ્ઞાન હતું, અંધકાર હતો એ તો, એ તો અંધકાર હતો. ચૈતન્યના પ્રકાશથી એ અંધકાર નાશ થઈ ગયો. આહા..હા...! આ ક્રિયા એની છે, 'ચીમનભાઈ' ! આહા..હા...! આવું છે.

પેલામાં આવ્યું નહિ ? સ્તવનમાં આવ્યું નહિ ? 'પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા' 'પ્રભુ મેરે તુમ સર્વ વાતે પૂરા' કોઈપણ પ્રકારે ભગવાન તો પૂરો અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શાંતિ, એના અનંતા ગુણો તે અનંત સ્વરૂપ છે. આહા..હા...! 'પરની આશ કહાં કરે પ્રીતમ' રાગ ને પુણ્ય ને પરની આશા (ક્યાં કરે છે) ? ભગવાન મને આપી દે, દેવ-ગુરુ મને આપી દે, એ પરની આશા પ્રભુ (કેમ કરે છે ?) 'પરની આશ કહાં કરે પ્રીતમ, કઈ વાતે તુમ અધૂરા' 'કઈ વાતે પ્રભુ તુમ અધૂરા, પ્રભુ મેરે તુમ સબ બાતે પૂરા' આ..હા..હા...! આવું છે.

(અહીંયાં કહે છે), **'અત્યંત સામર્થ્ય સહિત પ્રગટ થઈ.'** આ..હા...! (**कवलिततमः**) અજ્ઞાનને તો કોળિયો કરી ગઈ. એટલે મોઢું મોટું અને કોળિયો નાનો. એમ પ્રકાશનું જોર, ચૈતન્યની શ્રદ્ધાનું જોર, એ પ્રકાશ. એમાં અજ્ઞાન અંધકાર (એટલે) રાગ ઠીક છે, પુણ્ય ધર્મ છે, એ અંધકારનો નાશ કરી નાખ્યો. આહા..હા...! એવી રીતે નાશ કર્યો કે, ફરીને ઉત્પન્ન ન થાય. આહા..હા...! પંચમ આરાના પ્રાણી સંતો તમે છદ્મસ્થ, કેવળીના વિરહમાં શું કહો છો પ્રભુ આ તમે ? આહા..હા...! એ કેવળીના વિરહ પડ્યા પણ અમારા નાથના વિરહ અમે તોડી નાખ્યા, કહે છે. આ..હા..હા...! અમે જે રાગની રમતુંમાં હતા તે છોડીને આત્માની રમતુંમાં (આવી ગયા). 'નિજપદમાં રમે સો રામ કહીએ' આત્મામાં રમતા, આત્માના જોરે કહીએ છીએ કે, અજ્ઞાન અંધકારનો મૂળમાંથી ઉખેડીને નાશ કરી નાખ્યો છે. આહા..હા...! અસંખ્ય પ્રદેશે પુરુષાર્થના અંકુરા ફૂટ્યા ! આત્મસ્વભાવના પુરુષાર્થના અંકુર ફૂટ્યા !

આ..હા..હા...! એણે અંધકારનો નાશ કરી નાખ્યો. આ..હા...!

**'જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે,...'** (**हेला-उन्मिलत्**) આ..હા..હા...! અરે...! એ તો લીલામાત્રથી અજ્ઞાનનો નાશ કર્યો છે. આ..હા..હા...! રમતમાં, આત્માની રમતું કરતા કરતા નાશ થઈ ગયો છે. આહા..હા...! શબ્દો તો જુઓ ! આ..હા..હા...! કંઈક કષ્ટ પડ્યું છે ને બહુ બહારનું જોર કરવું પડ્યું છે, કોઈની મદદ લેવી પડે છે એમ નહિ. (**हेला-उन्मिलत्**) લીલામાત્રથી. આહા..હા...! પ્રભુની લીલા – આત્માની લીલામાત્રથી, અનંત ગુણથી જાગૃત થયો એની લીલામાત્રથી અમે એને હણી નાખ્યા છે. આહા..હા...!

(**हेला-उन्मिलत्**) **'લીલામાત્રથી...'** એટલે કે અંતરના સ્વાભાવિક પુરુષાર્થથી. આહા..હા...! **'અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે.'** (**कवलिततमः**) છે ને ? અને (**हेला-उन्मिलत्**) છે. `**हेला**' એટલે લીલામાત્રથી. `**उन्मिलत्**' આ..હા..હા...! તેનો નાશ કર્યો. **'લીલામાત્રથી (–સહજ પુરુષાર્થથી) ઊઘડતી–વિકસતી જાય છે...'** ત્યાં તો એમ કીધું. (**हेला-उन्मिलत्**) લીલામાત્રથી વિકસીત થતું જાય છે, કહે છે. આહા..હા...! **'લીલામાત્રથી (–સહજ પુરુષાર્થથી) ઊઘડતી–વિકસતી જાય છે...'** શું કીધું ?

આ..હા..હા...! ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, જ્યાં એનો સ્વીકાર થયો, સત્કાર કર્યો, સચ્ચિદાનંદ પ્રભુ જ્યાં દૃષ્ટિમાં આવ્યા... આ..હા..હા...! (**हेला-उन्मिलत्**) લીલામાત્રથી તેની શક્તિ વધતી જાય છે. રમતુંમાં, આનંદની રમતમાં ઈ શક્તિઓનો શુદ્ધતાનો વિકાસ થતો જાય છે. આ..હા..હા...! આવું સ્વરૂપ છે. સાંભળવાનું મુશ્કેલ પડે. (લોકોને) પેલા વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો આદિ (સહેલું લાગતું હતું). આહા..હા...! જુઓ ! આ પુણ્ય-પાપના (અધિકારનો) પૂર્ણતાનો છેલ્લો કળશ. આહા..હા...!

`**उन्मिलत्**'નો અર્થ શું કર્યો ? `**उन्मिलत्**' વધારી દીધું એમ કહે (છે). પેલામાં `**उन्मिलत्**' એટલે મૂળમાંથી અંધકારને તોડી નાખ્યો. અહીં `**हेला**' લીલામાત્રથી આત્મા શાંતિ અને શાંતિની રમતુંમાં, આનંદમાં રમતા રમતા આનંદને વધારી નાખ્યો. આહા..હા...! શુદ્ધતાના સ્વભાવમાં રમતા શુદ્ધતા વધારી નાખી. આહા..હા...! એ પુણ્ય-પાપના ભાવથી અહીં કંઈપણ લાભ થયો (એમ નથી). એક જણો વળી એમ કહેતો, પેલા 'છોટાલાલ' કહેતા કે, વ્યવહારમાં આવે તો થોડો વિશ્રામ મળે. અરે..રે...! ભગવાન ! પછી ફરી ગયા હતા, પછી છેલ્લે ફરી ગયા હતા. છેલ્લે ફરી ગયા હતા. પહેલું ઠીક હતું, વચમાં અઠીક હતું, પછી ફરી ગયું. આ વાત...! આ..હા...! અરે..રે...!

એક ક્ષણનો પુણ્ય-પાપનો દોષ એ પર્યાયમાં (છે), એને જે મારું માનીને... આહા..હા...! રખડતો હતો, આહા..હા...! એણે પોતાના ભગવાનઆત્માના સ્વભાવના નિધાન ખોલી નાખ્યા. આહા..હા...! શક્તિરૂપે સ્વભાવ જે પરમાત્મસ્વરૂપ છે એને વ્યક્તરૂપે પર્યાયમાં પ્રગટ કરી અતીન્દ્રિય આનંદમાં રમતા રમતા પ્રગટ કરી. આહા..હા...! `**उन्मिलत्**' વધારી દીધું છે.

લીલામાત્રથી શુદ્ધ પરિણતિ વધારી દીધી છે. આહા..હા...! આવો શ્લોક છે. આ..હા...! (**હેલા-उन्मिलत्**) આહા..હા...! લીલામાત્રથી – સ્વભાવિક પુરુષાર્થથી. આત્માની શાંતિમાં રમતા રમતા '**ઊઘડતી–વિકસતી જાય છે...**' પોતાની શક્તિ. આ..હા...! ઓ..હો..હો...!

મુમુક્ષુ :– દેહ દુઃખમય, મહાદુઃખમય છે.

ઉત્તર :– એ બધી વાતું. એ શ્વેતાંબરમાં છે. ઈ તો અહીં આપણે આવે કે, ભઈ ! દુઃખ વખતે જો પૂર્વે ચેતીશ નહિ તો પાછું સુખ વખતે તને ભ્રષ્ટ થવું પડશે. માટે પુરુષાર્થથી સ્વભાવ ઉપર જા. અનુકૂળ વખતે તને ધર્મ છે, ધર્મ છે એમ તને થશે પણ જો સહન કરવાની શક્તિ, જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવને વિકસીત નહિ કર્યો હોય... આહા..હા...! તો નાશ થઈ જશે. આહા..હા...! વિકારના પ્રતિકૂળતાના દુઃખ વખતે તારું સ્વરૂપ નહિ રહી શકે. અનુકૂળ શાતાની વેદનામાં, અનુકૂળતામાં અમે ધર્મ કર્યો છે, આમ છે, એમ માન્યું હોય પણ જ્યારે પ્રતિકૂળતા આવે એ વખતે ભ્રષ્ટ થઈ જઈશ. આ..હા...! આહાર આવે નહિ, મોઢામાં પાણી મૂકે તો ઊલટી થઈ જાય, પેટ સંગ્રહે નહિ, શરીરમાં બીજો રોગ ન હોય એને કરવું શું ? ક્યાં જાવું ? દવા કોઈ લાગુ પડે નહિ. આહા..હા...! એવા પ્રતિકૂળ (પ્રસંગ) વખતે, અનુકૂળતાના વખતમાં જ શાંતિના સાગરને જગાડી દેજે. આહા..હા...! પ્રતિકૂળ (પ્રસંગ) ભલે પછી આવે પણ અનુકૂળતાના ટાઈમમાં, અનુકૂળ એટલે વસ્તુ તો છે ઈ છે, જ્ઞેય અનુકૂળ-પ્રતિકૂળ તો આવે. શરીર ઠીક હોય. જરા જરે પિલ્લઈ આવે છે ને ! એ તો એના બળની – પુરુષાર્થની ઉગ્રતા કરવા માટે. ઇન્દ્રિયો હાનિ ન પામે, શરીરમાં જીર્ણતા ન આવે અને શરીરમાં રોગ ન ફાટે તે પહેલા કરી લેજે. એ તો પુરુષાર્થની નબળાઈવાળાને પુરુષાર્થની ઉગ્રતા કરાવે છે. આહા..હા...! બાકી સાતમી નરકનો નારકી... બાપુ ! એનું દુઃખ સાંભળ્યું જાય નહિ. એ મિથ્યાત્વનો નાશ કરીને સમકિત પામે છે. આહા..હા...!

એ સાતમી નરકના અસંખ્ય નારકીઓ... આ..હા..હા...! મિથ્યાત્વનો અંધકાર લઈને ગયેલા, પણ ત્યાં પૂર્વે સાંભળેલું, પ્રભુ ! તું ચૈતન્ય શુદ્ધ આનંદ છો ને ! આ..હા...! એનું જ્યાં સ્મરણ આવ્યું (ત્યાં મિથ્યાત્વના અંધકારનો નાશ થઈ ગયો). આ..હા..હા...! સાતમી નરકની પીડા, બાપુ ! ઓ..હો...! સંયોગની અપેક્ષાએ વાત છે. આમ તો નિગોદનું દુઃખ ઘણું હિણું થઈ ગયું છે ને ! નિગોદમાં તો હિણી દશા થઈ છે તો નરક કરતાંય દુઃખ વધારે છે. કારણ કે દશા જ હિણી થઈ ગઈ. અને અહીં પણ હિણી દશા ને વિપરીત ભાવ એ દુઃખનું કારણ છે. આહા..હા...! અને આવા સંયોગ ! સાતમી નરક ! ઠંડીની એક લહેરની કટકી આખી અહીં આવે તો દસ-દસ હજાર વિઘામાં માણસ મરી જાય. અરે...! એવી ઠંડીમાં નાથ ! તેં તેંત્રીસ સાગર કાઢ્યા, પ્રભુ ! એક વાર નહિ એવા અનંત વાર ! આ..હા..હા...! ભાઈ ! તને કોના માન જોઈએ છે ? આ..હા...! તારે કોની પાસે ગણાવવું છે ? પ્રભુ ! આ..હા...! જે ગણતરીમાં ગણાવા લાયક છે એને જોને ! આ..હા..! પુણ્ય-

પાપ એ ગણતરીમાં ગણાવા લાયક નથી, એના ફળ પણ ગણાવા લાયક નથી. આહા..હા...! એ સાતમી નરક, બાપા ! આહા..હા...! તેંત્રીસ સાગર સુધી પાણીનું બિંદુ નહિ. અહીં સવારના છ કલાક થાય ને તૃષા લાગી હોય ને પાણી ન મળે (તો) પાણી લાઓ, પાણી લાઓ, પાણી લાઓ (થઈ જાય). એમાં આવી ગરમી હોય. આ ફેરી ગરમી ઘણી પડી ગઈ. લૂ... લૂ ! આ..હા..હા...! આ લૂ થી તો અનંતગુણી ઉષ્ણતા પહેલી નરકમાં છે. પહેલી નરકમાં શીત નથી, ઉષ્ણ છે, નીચે શીત છે. આહા..હા...!

એવી પીડામાં પણ ગુલાંટ ખાય જાય છે, પડખું ફેરવી નાખે છે. આહા..હા...! મારો પ્રભુ ચૈતન્ય આનંદનો નાથ ! આ..હા...! એ બાજુ પડખું, દૃષ્ટિ હતી એ પડખું ફેરવી નાખે, આમ ફેરવી નાખે. આ..હા...! અને શક્તિને વધારતો જ જાય છે. આ..હા...! નિર્મળ શક્તિની વ્યક્તતાને વધારતો જાય છે. આહા..હા...! અને અજ્ઞાનના અંધકારને મૂળમાંથી છેદી નાખ્યું છે. આહા..હા...!

આ..હા..હા...! 'શ્રીમદ્' કહે છે ને ! દિગંબરના વચનોની તીવ્રતાને લઈને કંઈક રહસ્ય સમજી શકાય છે. એની ભાષા તો જુઓ ! ઓ..હો...! આ..હા..હા...! પ્રભુ ! એવો છે. આહા..હા...! પ્રભુ ! તું અમૃતનો સાગર છો ! પ્રભુ ! તને બેસતું નથી અને જ્યાં ત્યાં સુખ છે, સુખ છે એવી બુદ્ધિ એ અજ્ઞાન, મહા મિથ્યાત્વ છે. આહા..હા...!

અરે...! જરી ઠંડી હવા આવે ત્યાં તને ઠીક લાગે, પ્રભુ ! આ..હા...! અને જ્યાં ગરમી આવે ત્યાં (બોલવા માંડે) પંખો કરો, પંખો કરો ! શું છે પણ પ્રભુ ? આ..હા..હા...! એવી જરીક ગરમી ને જરીક ઠંડીમાં તને રાડ નખાય જાય છે, બાપા !! ત્યાં નરકમાં અનંતી ઠંડી અને અનંતી ગરમી, પ્રભુ ! તેં અનંત સાગરોપમ વેઠી છે. એક ભવમાં તેંત્રીસ સાગર એવા અનંત તેંત્રીસ સાગર કર્યા, પ્રભુ ! આ..હા...! પણ ભગવાન તારો તારા સમીપમાં, પર્યાયની સમીપમાં જ પડ્યો હતો. એને તેં દૂર કરીને રાખ્યો અને પુણ્ય પરિણામ દૂર છે તેને મારા કરીને રાખ્યા. મારા કરીને રાખ્યા. મારનાર ! આહા..હા...!

ભગવાન ધ્રુવ ચૈતન્ય જ્ઞાયકભાવ ભર્યો છે ને પ્રભુ ! એના જોરથી જેણે તમ ને અજ્ઞાનનો નાશ કર્યો, પણ અહીં પોતાની શક્તિને હવે વધારતો જ જાય છે. આહા..હા...! સમયે સમયે શુદ્ધિની વૃદ્ધિ થાય છે. આહા..હા...! ભાષા જરી સાદી છે પણ ભાવ જરી બહુ ઊંડા છે, બાપુ ! આ..હા..હા...! દુનિયા માને, ન માને, એની સંખ્યા હોય થોડી કે ન હોય એની સાથે કંઈ સંબંધ નથી. આ..હા...! સત્ તો આવું છે. આહા..હા...!

હવે (કહે છે), એ શુદ્ધ કલા **'ઊઘડતી – વિકસતી જાય છે અને...'** (**परमकलया सार्थम् आरब्धकेलि**) એણે તો **'પરમ કળા અર્થાત્ કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે...'** આ..હા..હા...! શું કહે છે ? (જે) પુણ્ય ને પાપમાં ભેદ માનતો હતો એ મિથ્યાત્વ હતું એનો તો કોળિયો કરી ગયો, નાશ કર્યો. આ બાજુ ચૈતન્યનો પ્રકાશ પ્રગટ થયો. એ ચૈતન્યના

પ્રકાશની પ્રગટ દશા કેવળજ્ઞાનની સાથે ક્રીડા કરે છે, ક્રિડા ! આહા..હા...! આવ કેવળજ્ઞાન, આવ થોડા કાળમાં ! આવે છે ને 'ધવલ'માં ? આ..હા...! મતિ-શ્રુત જ્ઞાન નિર્મળ થઈને જ્યાં આવ્યું, થયું (તો એ) કેવળજ્ઞાનને બોલાવે છે. આ કેવળજ્ઞાન સાથે ક્રિડા કરે છે.આત્માના સ્વભાવના અનુભવનું મતિ-શ્રુત જ્ઞાન છે.. આ..હા...! એ વિકસતી જાતી જે શક્તિ (છે અને) (**परमकलया सार्थम्**) પરમ કળા જે કેવળજ્ઞાન. પરમ કળા એટલે કેવળજ્ઞાન. આ સમ્યગ્દર્શન, જ્ઞાનમાં હજી અલ્પ કળા છે. આહા..હા...! (**परमकलया सार्थम्**) પરમ કેવળજ્ઞાનની ક્રીડા શરૂ કરી છે દીધી છે. **'કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે...'** આ..હા...! આ..હા..હા...!

અહીં તો એ સમ્યગ્દર્શન ને જ્ઞાન થયું એ પર્યાય વધતી જાય છે. વધતા વધતા કહે છે કે, એ કેવળજ્ઞાન સાથે ક્રીડા કરે છે. કેવળજ્ઞાન અલ્પ કાળમાં પ્રગટ થાય એ રીતે એનો પુરુષાર્થ છે. આહા..હા...! અજ્ઞાનનો નાશ થયો એ તો (હવે) નહિ થાય પણ આટલી અલ્પ દશામાં અમે નહિ રહી શકીએ, નહિ રહીએ. આહા..હા...! પૂર્ણાનંદનો નાથ હાથ આવ્યો.. આ..હા...! ગજબ વાતું છે !

પૂર્ણ ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્મા ! અતીન્દ્રિય અનંત અનંત અતીન્દ્રિય ગુણનો દરિયો ! એ પુણ્ય ને પાપના ભેદ પાડતો (હતો) એ અજ્ઞાનનો નાશ કરી.. આહા..હા...! પોતાની શક્તિની વ્યક્તતા પ્રગટ કરી એ વ્યક્તતા કેવળજ્ઞાનની વ્યક્તતા સાથે ક્રીડા કરે છે. આહા..હા...! આ..હા..હા...! આવું સાંભળવા મળવું મુશ્કેલ પડે એવું છે. કઠણ પડે કે, આ એકાંત છે. લાખ તારા દયા, દાન ને વ્રત, ભક્તિ ને પૂજા કર, જાત્રા કર. મરી જા તો એમાં ધર્મ નથી, લે ! અમે 'સમેદશીખર'ની દસ ને વીસ ને પચીસ જાત્રા કરી ! લાખ કરને ! અનંત કાળમાં અનંત વાર ત્યાં રહ્યો છે, જઈ આવ્યો છે. 'સમેદશીખર' ! ઈ તો બધી રાગની ક્રિયા (છે), ન્યાં ક્યાં એમાં ધર્મ હતો. આહા..હા...!

જેણે આવી ચૈતન્યસ્વરૂપને જાગતી જ્યોતને જગાડી અને એ દયા, દાનના, વ્રતના પરિણામ ઠીક છે ને મને મદદ કરે (છે એવા) અજ્ઞાનને તોડી નાખ્યું, કહે છે. તોડી નાખ્યું એટલે તે હવે રહ્યું નથી. ઉઘડેલું જ્ઞાન કેવળજ્ઞાન સાથે ક્રીડા કરે છે. આહા..હા...! સમ્યક્જ્ઞાન અને સમ્યગ્દર્શન થયું... આ..હા..હા...! એ કેવળજ્ઞાન અને કેવળ પૂર્ણ આનંદ.. આ..હા..હા...! એની સાથે ક્રીડા (કરે છે). **'आरब्ध'** છે ને ? **'आरब्ध'** (અર્થાત્) **'શરૂ કરી છે...' 'सार्थम् आरब्धकेलि'** એ **'ક્રીડા શરૂ કરી છે...'** એની સાથે હવે શરૂ કરી નાખી. આહા..હા...! અરે...! આવી વાત ક્યાં છે ?

મુમુક્ષુ :– ક્રીડા કરે છે એટલે શું ?

ઉત્તર :– એકાગ્રતા વધતી જાય છે. શુદ્ધતાની એકાગ્રતા વધી ને કેવળજ્ઞાન લેવાના છે એમ કહે છે. આ મુનિરાજ એમ કહે છે. અમે પાંચમા આરાના સાધુ માટે અમને કેવળજ્ઞાન

નહિ થાય, વાર લાગશે એમ નહિ કહે છે. આહા..હા...! ભલે આ ભવમાં ન થાય પણ અમે ક્રીડા શરૂ કરી છે કેવળજ્ઞાનની સાથે. વચમાં એકાદ ભવ (થશે કેમકે) પંચમ આરામાં જન્મી ગયા છીએ. આ..હા...! વચમાં એકાદ સ્વર્ગનો ભવ ધર્મશાળા તરીકે આવશે. ધર્મશાળામાં ઉતારા કર્યા પણ ત્યાં તો આગળ નહિ ચાલે. ત્યાંથી નીકળીને અમે પૂરું કરી દેશું. કેવળજ્ઞાનની સાથે ક્રીડા શરૂ કરી દીધી છે. આ..હા...! અમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયે છૂટકો છે એમ કહે છે. અહીં મૂળમાં (મિથ્યાત્વ) નાશ કર્યું છે, અહીં મૂળ પૂરું કરવાનું છે. આહા..હા...!

મુમુક્ષુ :– જોડણી ક્ષાયિક.

ઉત્તર :– એ ક્ષાયિક-બાયિક, એ જોડણી... ત્યાં પહોંચી જવાના છીએ. આ..હા..હા...! પ્રભુ ! એવી તારી મોટપ છે, નાથ ! પ્રભુ ! તું એમ માન કે આ સ્ત્રીનું શરીર ને બાળક ને યુવાન ને વૃદ્ધ ને વાણિયો ને એ તું નહિ. અરે...! દયા, દાનના પરિણામ (થાય) એ તું નહિ. આ..હા...! તું તો પરમાત્મા જિનસ્વરૂપી પ્રભુ છો ને ! આ..હા..હા...! આહા..હા...! એની દૃષ્ટિ થતાં જે જ્ઞાનનો વિકાસ થયો એ વિકાસની શ્રેણી વધતી જતા જતા કેવળજ્ઞાનની સાથે ક્રીડા કરી કેવળજ્ઞાન લેવાના છીએ. આ..હા..હા...! કહો, આ એક કળશમાં કેટલું ભર્યું છે ! પાર નથી, બાપુ ! એમાં એટલું ભર્યું છે, પાર નથી ! એમના એ વખતના હૃદયમાં... આ..હા..હા...! આવો ભાવ મુનિની દશામાં હતો. પંચમ આરાના મુનિ હજાર વર્ષ પહેલાં (થયા) અને અહીં કહે કે, પંચમ આરામાં (શુભ ભાવ જ હોય). અરે...! પ્રભુ ! સાંભળને પ્રભુ ! આવું શું કરે છે ? બાપા ! આ..હા...! અરે...! પ્રભુ ! તું આચાર્ય સાધુ નામ ધરાવીને આવું શું કહે છે ? ભાઈ ! તને શોભે નહિ, બાપા ! આ..હા...! આ..હા..હા...!

કેવળજ્ઞાનની સાથે **'आरब्ध'** લીલા શરૂ કરી દીધી, **'ક્રીડા શરૂ કરી...'** કેવળજ્ઞાન સાથે રમતું માંડી. આ..હા..હા...! નાના છોકરા નાના સાથે રમતા હોય અને મોટા ઘરમાં જાય (તો) એમ કહે કે, અમે તો હવે મોટા સાથે રમીશું. રાગથી તો નહિ, પણ આ સાધક અવસ્થા એટલામાં નહિ રહીએ. આ..હા..હા...!

**'आरब्धकेलि'** શરૂ કરી દીધી છે. આહા..હા...! પરમાત્મ કેવળજ્ઞાન લેવાની અમે શરૂ કરી દીધી છે. આહા..હા...! પંચમ આરાના સંત તમે શું કહો છો ? બાપુ ! આરો-ફારો આત્મામાં ક્યાં છે ? આરાથી અંદરમાં ઉતરી ગયા છીએ. પગથીયાના આરા હોય ને ?

આ..હા..હા...! 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ટીકા વખતની દશા કેટલી જોરદાર છે !! આ..હા...! નગ્ન મુનિ છે. વ્રતાદિના વિકલ્પ છે પણ એને તો મૂળમાંથી નાશ કરવા ઊભા થયા છે. એને રાખવા ઊભા થયા નથી, એને પાળવા, રાખવા ઊભા થયા નથી. વ્યવહારનયમાં એમ આવે કે એને પાળે. એટલે હોય છે તે જણાવ્યું છે, એમ. આહા..હા...!

**'એવી તે જ્ઞાનજ્યોતિ છે.' 'परमकलया सार्थम् आरब्धकेलि' 'हेला-उन्मिलत्'** એવી જ્ઞાનજ્યોતિ છે. આ..હા..હા...! **'(જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ છદ્મસ્થ છે ત્યાં સુધી જ્ઞાનજ્યોતિ**

**કેવળજ્ઞાન સાથે શુદ્ધનયના બળથી પરોક્ષ ક્રીડા કરે છે,...)**' એટલે કે કેવળજ્ઞાન નથી પણ શુદ્ધનયના જોરથી ભગવાનઆત્મા પૂર્ણ કેવળજ્ઞાન ઘન છે, એનું જ્યાં જોર આવ્યું છે એટલે પર્યાયમાં કેવળજ્ઞાન સાથે, વર્તમાન પ્રગટ નથી છતાં એની સાથે ક્રીડા કરે છે. આહા..હા...! આ પુણ્ય-પાપના અધિકારની પૂર્ણતામાં આ વાત ! આત્માની પૂર્ણતાની પ્રાપ્તિ ! આ..હા..હા...! આવો એક શ્લોક તો જુઓ ! (સંપ્રદાયના) બત્રીસ ને પીસ્તાલીસ (આગમ) વાંચે તો મળે એવું નથી. આહા..હા...! આ સંતો તો કેવળજ્ઞાનીની કેડાયતો છે, પ્રભુ ! આ..હા..હા...! દિગંબર સંતો તો કેવળજ્ઞાનીના દીકરા છે ! આહા..હા...! કેવળજ્ઞાન એના પિતા છે. એ કેવળજ્ઞાન લેવાના છે. એક-બે ભવે કેવળી થવાના છે, આ 'અમૃતચંદ્રાચાર્યદેવ', 'કુંદકુંદાચાર્યદેવ', 'પદ્મપ્રભમલધારીદેવ' ! આ..હા..હા...! (અહીંની) સ્થિતિ પૂરી થઈ ગઈ. ચાલતા ચાલતા પચીસ ગાઉ જાવું હતું, ચૌદ-પંદર-સોળ ગાઉ ચાલ્યા, અંધારું થઈ ગયું તો ધર્મશાળામાં રોકાવું પડ્યું. સવાર પડે ત્યાંથી ચાલતા થશું. એમ આ સ્વર્ગમાં ધર્મશાળા તરીકે રોકાય ગયા છીએ પણ અમે નીકળ્યા ભેગા ત્યાંથી કેવળજ્ઞાન લેવાના છીએ. આહા..હા...! કારણ કે કોઈ એ ચીજ બહારથી આવતી નથી. અમારી પાસે જ છે. આ..હા...! અને તેનો સ્વીકાર કરીને વિકાસ તો થયો છે, સ્વીકાર કરીને વિકાસ તો થયો છે. એ વિકાસ પૂર્ણ વિકાસની સાથે રમતું કરે છે.

મુનિરાજ એમ કહે છે કે, અમે પંચમા આરામાં સ્વર્ગમાં જશું પણ અમે કેવળજ્ઞાનની સાથે ક્રીડા માંડી છે. એમ થઈને ત્યાં જાશું. આ..હા..હા...! સ્વર્ગમાં પણ અમારું સાધકપણું... આ..હા..હા...! છૂટવાનું નથી.

'**(સમ્યગ્દષ્ટિ છદ્મસ્થ છે...)**' છદ્મસ્થ એટલે હજી આવરણમાં (છે). '**(ત્યાં સુધી જ્ઞાનજ્યોતિ કેવળજ્ઞાન સાથે શુદ્ધનયના બળથી પરોક્ષ ક્રીડા કરે છે,...)**' પ્રત્યક્ષ કેવળજ્ઞાન અત્યારે છે નહિ. પ્રતીતમાં આવ્યું છે કે, કેવળજ્ઞાન આવું હોય અને કેવળજ્ઞાન થાય અને સાધક, આ સાધનથી થાય એ બધું ખ્યાલમાં, દૃષ્ટિમાં આવ્યું છે. હવે એ શ્રેણીને વધારતા જાય છે. નિર્મળ ધારાને શુદ્ધના આશ્રયે પુણ્ય-પાપના ભાવનો નાશ કરીને, પવિત્રતાનો પિંડ પ્રભુ ! પવિત્રતાનો પિંડ પરમાત્મા ! એની પવિત્રતાની પ્રતીતિ અને જ્ઞાનનો અનુભવમાં વિકાસ થયો. પણ એ પવિત્રતાનો પ્રભુ પૂર્ણ છે ઈ પવિત્રતા પર્યાયમાં આવે એવી અમે રમતું માંડી છે હવે. આ..હા..હા...!

'**(કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ થાય છે).**' લ્યો, ઠીક ! શુદ્ધનય ક્રીડા કરે છે કેવળજ્ઞાન થતા સાક્ષાત્ પ્રગટ થાય છે. મોક્ષ થઈ ગયો. જે સ્વભાવ અને શક્તિએ મોક્ષસ્વરૂપ હતો, એ પર્યાયમાં મુક્તરૂપ દશા થઈ. વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૪૩, શ્લોક–૧૧૨, ૧૧૩ રવિવાર, જેઠ સુદ ૮, તા. ૦૩-૦૬-૧૯૭૯

'સમયસાર' ૧૧૨ કળશનો ભાવાર્થ છે ને ? ૧૧૨ કળશ છે, એનો ભાવાર્થ. નીચે ભાવાર્થ છે. ૧૧૨ કળશનો ભાવાર્થ. શ્લોકાર્થ થઈ ગયો છે. ઝીણી વાત છે, પ્રભુ ! શું કહે છે ? કે, આ આત્મા જે છે એ તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય ઈશ્વરતા – પ્રભુતાનો પિંડ પ્રભુ છે. એવી જે આ જ્ઞાનજ્યોતિ પ્રભુ, એને પ્રતિબંધ કર્મ છે. છે ભાવાર્થમાં ? શું કહે છે ? કે આ ચૈતન્યસ્વરૂપ જે ચૈતન્ય જેને આત્મા કહીએ, એ તો શુદ્ધ આનંદકંદ અને ચૈતન્યસ્વરૂપ છે. એમાં જે આ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એ ભાવ થાય એ બધા વિકારી છે. એ આત્માનું સ્વરૂપ નહિ. એ આત્માને ધર્મનું કારણ નહિ. આહા..હા...!

વ્રત, તપ, ભક્તિ, પૂજા, દયા ને દાન વગેરે ભાવ કર્મ છે, શુભરાગ છે. આહા..હા...! એ રાગ કર્મ છે **'કે જે શુભ અને અશુભ – એવા ભેદરૂપ થઈને નાચતું હતું...'** શુભભાવ ઠીક છે અને અશુભભાવ અઠીક છે એમ જે મિથ્યાત્વમાં નાચતું હતું... આહા..હા...! અનાદિકાળથી ભગવાન ચૈતન્યજ્યોતમાં એની જાતથી વિરુદ્ધ જે પુણ્ય અને પાપ, શુભ અને અશુભ ભાવ (થાય છે) એ વિરુદ્ધ છે. એ વિરુદ્ધ હોવા છતાં ભેદરૂપે નાચતું હતું. એટલે ? કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ઠીક છે અને હિંસા, જૂઠું અઠીક છે, એ મિથ્યાત્વ છે. એ ભેદરૂપે નાચતું હતું એ અજ્ઞાન છે. આહા..હા...! બેય બંધના કારણ છે, ધર્મનું કારણ એકેય નથી. ઝીણી વાત છે, ભાઈ ! ચાહે તો દયા, દાનનો ભાવ હો કે વ્રત, તપનો ભાવ – વિકલ્પ હો કે પૂજા, ભક્તિનો હો એ ભાવ શુભરાગ (છે) અને રાગ એ આત્માની ચૈતન્યજ્યોતિથી વિરુદ્ધ છે.

અનાદિથી પુણ્ય પરિણામ શુભભાવ તે ઠીક છે એમ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ માનતા હતા તેથી તે પુણ્ય અને પાપ બે રૂપે પરિણમતું અને નાચતું હતું. આહા..હા...! છે ? **'અને જ્ઞાનને ભૂલાવી દેતું હતું...'** એ શુભભાવ કે અશુભભાવ મને મારા ઠીક છે અને મારું કલ્યાણ કરશે એમ માનીને આત્મ સ્વભાવને તે ભાવે ભૂલાવી દીધો હતો. આ..હા...! ઝીણી વાત, બાપુ ! ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ ચિદ્ અને આનંદનો કંદ પ્રભુ છે. એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ વિકાર છે, એ ધર્મ નથી તેમ તે ધર્મનું કારણ નથી. ઝીણી વાત છે, પ્રભુ ! આ..હા...!

અનાદિથી દયા, દાન, વ્રત, ભક્તિ, તપાદિ, અપવાસ કરું, બે-પાંચ મહિનાના કરું એ તો બધો વિકલ્પ અને રાગ છે. આ દયા, દાનના, વ્રતના પરિણામ એ પણ એક શુભરાગ છે. અજ્ઞાનમાં એ શુભરાગ ઠીક છે અને અશુભરાગ ઠીક નથી એમ મિથ્યાત્વ ભાવમાં

બે પ્રકાર નાચતાં હતાં એ **'જ્ઞાનને ભૂલાવી દેતું હતું...'** ચૈતન્યસ્વરૂપ પુણ્ય-પાપમાં રોકાય અને એનાથી ભિન્ન ભગવાન ચૈતન્ય સ્વભાવ, પુણ્યને પોતાનો માની અને આત્મસ્વભાવને ભુલાવી દેતું (હતું). સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ !

અનંત કાળ થયા એણે આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, સત્ શાશ્વત ચિદાનંદ જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ છે એને ભૂલીને પુણ્ય-પાપના પરિણામમાં બે ભેદ પાડી, પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે, પુણ્ય ધર્મ છે અને પુણ્ય ધર્મનું કારણ છે એમ માની અને આત્માનો આનંદ સ્વભાવ સચ્ચિદાનંદ પ્રભુ ! એને એ ભૂલાવી દેતું (હતું). આહા..હા...! છે ?

**'તેને પોતાની શક્તિથી ઉખેડી નાખી...'** આ..હા..હા...! પ્રભુ ચૈતન્ય જાગ્યો. હું તો જ્ઞાન ને આનંદ સ્વરૂપ છું. મારા સ્વરૂપમાં એ પુણ્ય અને પાપના ભાવ મારામાં નથી, એમાં હું નથી, અને એ મને મારા ધર્મનું કારણ નથી. આ..હા...! ઝીણી વાત છે, ભાઈ ! અનંતકાળથી રખડે છે. સત્ય વસ્તુ એને મળતી નથી, સાંભળવા મળતી નથી. જ્યાં હોય ત્યાં વ્રત કરો ને અપવાસ કરો ને તપસ્યા કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને મંદિર બનાવો (ચાલે છે). એ તો બધો પરની ક્રિયાનો કર્તાભાવ તો મિથ્યાત્વ છે પણ એમાં થતો શુભભાવ એ પણ ધર્મ નથી. એ ધર્મ માનીને આત્માને ભૂલાવી દેતું. આ..હા...! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ શુભ છે એના પ્રેમમાં પ્રભુનો પ્રેમ, આત્મા ચિદાનંદનો પ્રેમ ભૂલાવી દેતો. આહા..હા...! અરે..રે...! અનંતકાળથી રખડે છે એનું મૂળ શું છે એની એને ખબર નથી. એ કહ્યું.

**'તેને પોતાની શક્તિથી...'** હું તો જ્ઞાનસ્વભાવ છું, સચ્ચિદાનંદ પ્રભુ છું. આ..હા...! મારામાં એ પુણ્ય-પાપની ગંધ નથી. એ પુણ્ય-પાપ ધર્મના કારણ તો નથી પણ એ બંધના કારણ છે. સંસારની વૃદ્ધિનું, બંધનું કારણ છે. આહા..હા...! ભગવાનની ભક્તિનો ભાવ પણ રાગ છે. કારણ કે ઈ પરદ્રવ્ય છે, પર તરફનું વલણ થાય છે ત્યાં રાગ થયા વિના રહે જ નહિ. સ્વદ્રવ્ય ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એનું જ્યાં જ્ઞાન રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન આત્માનું થાય છે ત્યારે તે જ્ઞાનશક્તિના જોરથી રાગને ઉખેડી નાખી. આહા..હા...! એ રાગ હું નહિ, એ રાગ બંધનું કારણ છે.

મારું સ્વરૂપ તો સર્વજ્ઞ વીતરાગમૂર્તિ પ્રભુ છે. આહા..હા...! સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ છે. આ અંદર ભગવાનઆત્મા છે. આ..હા...! અને પૂર્ણ અતીન્દ્રિય આનંદનો ઈ કંદ છે. એવું જ્યાં અંતરમાં ભાન થાય છે ત્યારે એને ધર્મની શરૂઆત થાય છે. આહા..હા...! એ ધર્મની શરૂઆતમાં એ જ્ઞાનની શક્તિથી ઉખેડી નાખી. પુણ્ય અને પાપ બેય બંધન છે, મારું સ્વરૂપ નથી. એમ તેને ઉખેડી નાખે છે. આહા..હા...! ગધેડા જેમ ઘાસ ખાતા એને મૂળસહિત ઉખેડી નાખે છે એમ ધર્મીજીવ ધર્મ જ્યાં અંદર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, શુદ્ધ ચિદાનંદ આનંદનો નાથ પ્રભુ છે, એનું જ્યાં ભાન થાય છે ત્યાં એ પુણ્ય-પાપને મૂળમાંથી ઉખેડી નાખે છે કે, પુણ્ય અને પાપ બેય અધર્મ છે. આહા..હા...! આવી વાતું ! શું થાય ? બાપુ !

પરમસત્ય કોઈ એવી ચીજ છે. જગતને અનંત કાળથી (મળી નથી). 'અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.' સાચા સંત શું કહે છે ? અને એણે શું કહ્યું એની ખબર વિના અનંત કાળથી ચોરાશીના અવતારમાં રખડે છે.

એ અહીં કહે છે, '**પોતાની શક્તિથી ઉખેડી નાખી...**' હું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. જાણક સ્વભાવ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ હું છું. હું અતીન્દ્રિય આનંદનો ભરચક ભરેલો ભંડાર છું. એવું જ્યાં ભાન થાય છે તે ભાન પુણ્યના, પાપના ભાવને મૂળમાંથી ઉખેડીને કાઢી નાખે છે. એ નહિ, એ ધર્મ નહિ અને ધર્મનું કારણે નહિ. આહા..હા...! આવું આકરું પડે પ્રભુ ! અનંત અનંત કાળ ગયો, ચોરાશી લાખની યોની ! ચોરાશ લાખ યોનિએ એક એક યોનિમાં અનંત વાર અવતર્યો છે. કાં તો પાપના પરિણામમાં મીઠાશ વેદી. હિંસા, વિષય-વાસના, ભોગમાં મીઠાશ માની એ પણ મિથ્યાત્વ – ભ્રમ છે અને કાં પુણ્ય પરિણામમાં ધર્મ માન્યો એ મીઠાશ પણ મિથ્યાત્વ છે. આહા..હા...!

એને મૂળથી '**ઉખેડી નાખી જ્ઞાનજ્યોતિ...**' ચૈતન્ય ઝળહળ જ્યોતિ પ્રભુ અંદર આત્મા '**સંપૂર્ણ સામર્થ્ય સહિત...**' પોતાના પૂર્ણ બળ સહિત '**પ્રકાશિત થઈ.**' શું (પ્રકાશિત) થઈ ? જ્ઞાનજ્યોતિ. આહા..હા...! જે પુણ્ય અને પાપના ભાવની પ્રસિદ્ધિ હતી, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનની ભક્તિ આદિ ભાવની પ્રસિદ્ધિ હતી એ તો રાગની પ્રસિદ્ધ હતી, એ કંઈ આત્મા નહિ. આહા..હા...! એ પ્રસિદ્ધિને મૂળમાંથી ઉખેડી અને હું તો જ્ઞાન અને આનંદ છું એની પ્રસિદ્ધિ આત્માએ પ્રગટ કરી. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન, ધર્મની પહેલી સીઢી, પહેલી શ્રેણી કહેવામાં આવે છે. આ વિના બધા થોથાં છે. આહા..હા...!

'નરસિંહ મહેતા'એ કહ્યું ને ! 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી' એ આત્મા શું ? ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ છે. આહા..હા...! એને જાણે નહિ, એને અનુભવે નહિ, એને આદરે નહિ, એનો સત્કાર કરે નહિ. તે વિના જેટલા સાધનો ભક્તિ, પૂજા, દાન, દયા એ બધા નિરર્થક છે. નિરર્થક નથી પણ સંસારમાં રખડવામાં સાર્થક છે. ધર્મને માટે નિરર્થક છે. આકરી વાત છે, પ્રભુ ! આ..હા..હા...!

'**જ્ઞાનજ્યોતિ સંપૂર્ણ સામર્થ્ય સહિત પ્રકાશિત થઈ.**' આ..હા..હા...! હું તો ચૈતન્યસ્વરૂપ છું. એ રાગના દયા, દાનના, વ્રતના, પૂજાના ભાવથી પણ પૃથક્ મારી ચીજ તો ચૈતન્ય છે. શુદ્ધ આનંદકંદ પ્રભુ છું એમ જ્ઞાનજ્યોતિ એટલે આત્મા પોતાના સામર્થ્યથી પુણ્ય-પાપથી ભિન્ન પડીને પ્રકાશિત થઈ. આત્મખ્યાતિ થઈ, આત્મા પ્રસિદ્ધ પામ્યો. આ..હા..હા...! જે અનાદિથી પુણ્ય અને પાપની પ્રસિદ્ધિ હતી અને એને જ બધું સર્વસ્વ માનતો હતો... આહા..હા...! એને જ્ઞાનજ્યોતિના ભાનથી પોતાનો પ્રકાશ કરી પ્રસિદ્ધ પામ્યો. હું તો આત્મા શુદ્ધ ચૈતન્ય છું, મારામાં પુણ્ય અને પાપ નથી અને પુણ્ય-પાપના ભાવ મને મારા ધર્મનું કારણ નથી. મારી ચૈતન્યજ્યોતિને સમજવા માટે પણ એ કારણ છે નહિ. આ..હા..હા...!

એમ **'જ્ઞાનજ્યોતિ સંપૂર્ણ સામર્થ્ય સહિત પ્રકાશિત થઈ.'** આત્મધર્મ થયો. જે પુણ્યમાં ધર્મ માનતો એ મિથ્યાત્વ હતું, અજ્ઞાન હતું, પાખંડ હતું. આહા..હા...! એ જ્ઞાનજ્યોતિ પોતે ચૈતન્યસ્વરૂપ છું, ઝળહળ જ્યોતિ ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનના સ્વભાવથી ભરેલો એવો હું છું એમ જ્ઞાનજ્યોતિ પ્રસિદ્ધ થઈ. ત્યારે તેને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થયું. આહા..હા...!

**'આ જ્ઞાનજ્યોતિ અથવા જ્ઞાનકળા...'** શું કહે છે ? જે આત્મામાં પુણ્ય અને પાપના ભાવથી ભિન્ન પડી, જુદો થઈ અને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું એમ ભાન થયું એ જ્ઞાનની એક કળા ઉઘડી. જેમ બીજ ઉઘડે છે, બીજ એમ આ કળા ઉઘડી. હવે બીજ જેમ (પૂર્ણતાને) પામે છે, બીજ થાય અને તેર દિ'એ પૂર્ણ પૂનમ થયા વિના રહે નહિ. જેને બીજ ઉગી (એને) તેરમે દિ'એ પૂનમ થાય, થાય ને થાય જ. એમ જેને ભગવાનઆત્મા જે પુણ્ય અને પાપના ભાવથી પૃથક્ થઈ અને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનની કળા જાગી (એને પૂર્ણતા થયા વિના નહિ રહે). આ..હા..હા...! ઝીણી વાત છે, પ્રભુ !

આ..હા...! ભગવાન તો આત્માને પ્રભુ તરીકે બોલાવે છે. ભગવાનઆત્મા ! એમ કરીને (બોલાવે છે). ૭૨ ગાથા છે. ભગવાનઆત્મા ! અતીન્દ્રિય આનંદનું દળ, અતીન્દ્રિય જ્ઞાનનો સાગર, અતીન્દ્રિય ઈશ્વરતા ને સ્વચ્છતા ને શાંતિનું પૂર છે ઈ ! અરે..રે...! એ આત્મા શું ચીજ છે તેને જાણ્યા વિના એ બધા દયા, દાન, વ્રત, તપ, ભક્તિ અનંત વાર કરી. એમાંથી સંસાર રખડવાનું મટ્યું નહિ. આહા..હા...! આ જ્ઞાન કેવળ જ્યાં પ્રગટ્યું... આ..હા..હા...! જ્ઞાનકળા જાગી હજી તો. એ **'કેવળજ્ઞાનરૂપી પરમકળાનો અંશ છે...'** શું કહે છે ? પરમાત્મ દશા જે આત્મામાં કેવળજ્ઞાન થાય છે (તે) ત્રણકાળ, ત્રણલોકને જાણનારું સર્વજ્ઞપણું જ્યાં આત્મામાં પ્રગટ થાય છે એ સર્વજ્ઞપણું (એટલે) કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એ કેવળજ્ઞાનનો આ જ્ઞાનકળા એક અંશ છે.

પૂનમને દિ' જે પૂર્ણ ચંદ્રમાં થાય છે એનું બીજ એ એક એનો અંશ છે. પૂનમને દિ' પૂર્ણ ચંદ્રમા જે સોળ કળાએ ખીલે એ બીજનો જે ચંદ્રમાં છે એ એનો અંશ છે. એમ જ્યાં આત્મા – ભગવાનઆત્મા પોતાના સ્વરૂપની જાગૃતિ કરીને... આ..હા..હા...! એ રાગના વિકલ્પની ચાહે તો ભગવાનની ભક્તિનો રાગ હો, એ પણ બંધનું કારણ અને રાગ છે. આહા..હા...! એનાથી ભિન્ન પડીને જ્ઞાનની કળા જાગી એ **'કેવળજ્ઞાનરૂપી પરમકળાનો અંશ છે...'** આ..હા...! એ પૂનમ છે એ ચંદ્રની પૂર્ણ કળા છે. બીજ છે એ પૂર્ણ કળાનો અંશ છે. એમ આત્મામાં કેવળજ્ઞાન પરમાત્મદશા જે થાય તેની આ સમ્યક્જ્ઞાન ચૈતન્યકળા જાગી કે હું તો પુણ્ય અને પાપના પરિણામથી ભિન્ન મારું સ્વરૂપ છું, પુણ્ય-પાપ તો બંધના કારણ, ધર્મના કારણ નહિ, એમ જે જ્ઞાનની જ્યોતિ – જ્ઞાનકળા, એ જ્ઞાન સ્ફૂર્યું, એ કળા કેવળજ્ઞાન જે પૂર્ણ જ્ઞાન છે એનો એ અંશ છે. હાય.. હાય.. આવી વાતું છે. લોકો કંઈક કંઈક સલવાઈને પડ્યા છે. પરિભ્રમણ કરતાં કરતાં અનંત કાળ થયો. ચોરાશી લાખ યોનિ, એમાં એક એક

યોનિમાં અનંત વાર અવતર્યો, એ એક આત્મજ્ઞાન વિના. બાકી તો બધું પુણ્યના, દયાના, વ્રતના, તપના ભાવ તો અનંત વાર કર્યા. બહુ પુણ્ય કરે તો કદાચિત્ દેવ થાય અને એમાંથી વળી મરીને કદાચ આ ધૂળના શેઠિયાઓ કહેવાય, આ કરોડપતિ ને લાખોપતિ ને એ ધૂળના શેઠિયા થાય. એમાં આત્માને કાંઈ લાભ છે નહિ. આહા..હા...! કહો, 'ચીમનભાઈ' !

મુમુક્ષુ :- ગરીબી ટળીને શાહુકારી આવી એ લાભ ન થયો ?

ઉત્તર :- શાહુકારી આવી, શેની શાહુકારી ? કોને કહેવી ? ભિખારા છે. પૈસા આપો, પૈસા મળે, પૈસા મળે, બાયડી મળે, છોકરા મળે... માગણ છે મોટા ભિખારા ! અનંત અનંત જ્ઞાન અને આનંદ અંદર ભર્યો છે એની લક્ષ્મીની તો એને ખબર નથી અને ભિખારા માગણ માગે છે પૈસો લાવો, બાયડી લાવો, આબરૂ લાવો, કો'ક મોટો માનો.. એને તો શાસ્ત્ર ભિખારી કહે છે. 'ચીમનભાઈ' તમારા શેઠ (પાસે) પચાસ કરોડ રૂપિયા ! ભિખારા છે. 'મુંબઈ' ! વ્યાખ્યાનમાં આવ્યા હતા. પચાસ કરોડ રૂપિયા ! ભિખારા છે, કીધું બધા ભિખારા – માગણો છે. પૈસા લાવો ! માગણ... માગણ... માગણ જેમ રોટલી માગે એમ આ પૈસા માગે, બાયડી માગે, છોકરા માગે, આબરૂ માગે. માગણ છે, માગણ – ભિખારા.

મુમુક્ષુ :- પૈસા છે એટલે તો કો'ક શેઠ કહે, પૈસા વગર કોઈ શેઠેય ન કહે.

ઉત્તર :- ધૂળના શેઠ કહે એમાં ડાળિયા શું થયા ? એ તો અમારે 'કુંવરજીભાઈ'ને કીધું હતું કે નહિ ? ફઈના દીકરા ભાગીદાર. એને પૂછ્યું હતું, તમને કેટલી વાર શેઠ કહે ? હજાર વાર કહે ? તો કહે, ના, પાંચસો વાર કહે. બુદ્ધિ કાંઈ ન મળે. પુણ્યને લઈને રળી ખાતા, બુદ્ધિમાં ઠેકાણા કાંઈ ન મળે. આહા..હા...! બાર મહિને બે-બે લાખની પેદાશ ! અક્કલ આવી, અક્કલમાં માલ ન મળે. અમે તો ભેગા રહ્યા હતા, દુકાન(માં) ભાગીદાર (હતા). કાંઈ ખબરું ન મળે. આ..હા...! પણ પૂર્વના કોઈ પુણ્યને લઈને પાંચ-પચીસ-પચાસ લાખ ભેગા થાય ત્યાં એમ થઈ જાય કે ઓ..હો..હો...!

મુમુક્ષુ :- ઘણાની પેઢી ઊઠી ગઈ ને 'કુંવરજીભાઈ'ની પેઢી રહી.

ઉત્તર :- રહી એમાં ડાળિયા શું થયા ? મરીને ગયો ઢોરમાં. એમાં ડાળિયા શું થયા ? આહા..હા...! પશુ થયો, પશુ. અહીં બે લાખની પેદાશ. મેં તો એને (સંવત) ૧૯૬૬ની સાલમાં કહ્યું હતું, ૧૯૬૬, વીસ વર્ષની ઉંમર હતી, અત્યારે તો નેવુ (થયા), સીત્તેર વર્ષ પહેલાની વાત છે. મારી દુકાનેય હતી અને એની દુકાને (હતી), બે દુકાન જુદી હતી. એનો મોટો ભાઈ અને હું ભાગીદાર. મેં તો એકવાર ચોખ્ખુ કહ્યું હતું, 'કુંવરજી' તારી આવી મમતા એટલી દેખાય છે... હું તો 'ભગત' કહેવાતો ને ! ભલે દુકાન ચલાવતો. બોલે નહિ મારી સામું. મરીને ઢોર થાઈશ, યાદ રાખજે, કીધું. તારા લખણ દેવના થવાના નથી, માણસના થવાના મને લાગતા નથી. અમારા ફઈના દીકરા ભાગીદાર હતા. સીત્તેર વર્ષ પહેલાની વાત છે, અત્યારે નેવુ થયા. બોલે નહિ, મારી સામું બોલે નહિ. 'ભગત' છે ઈ, 'ભગત' છે, બોલશો નહિ. શું માંડી છે આખો દિ' આ ? આખો દિ' આ રળવું, આ બાયડી ને આ

છોકરા ને આ લાવો ને.. 'મુંબઈ'થી માલ લાવે તો જાણે... આ..હા..હા...! શું છે પણ આમાં ? ધૂમાડાને બાચકા ભરીને જાણે અમૃત પીએ છીએ એમ તું માને છો. આહા..હા...! આ તો સીત્તેર વર્ષ પહેલાની વાત છે. વીસ વર્ષની ઉંમર (હતી). દેહનો જન્મ (સંવત) ૧૯૪૬માં જન્મ છે. ૧૯૬૬ની વાત છે. વીસ વર્ષ(ના હતા). આ દુનિયા ગાંડી છે, પાગલ છે. પોતાને કાંઈ પૈસા-બૈસા મળ્યા ને આબરૂ થઈ તો જાણે અમે પૈસાવાળા થઈ ગયા. પૈસાવાળા ! એક વાળો અહીં નીકળે છે તો રાડ પાડે છે. અહીં પૈસાવાળો, બાયડીવાળો, છોકરાવાળો, આબરૂવાળો, કીર્તિવાળો... કેટલા વાળા વળગ્યા તને આ ? 'દવે' અંહી વાત આવી છે હવે. આહા..હા...!

પ્રભુ ! તારી મોટપનો પાર નથી, નાથ ! તું કોણ છો અંદર ? આ..હા..હા...! એને સચ્ચિદાનંદ પ્રભુને જ્યાં જગાડ્યો અને જાણે પુણ્ય ને પાપના ભાવનો તિરસ્કાર કરીને ઉખેડી નાખ્યું (કે) તું ધર્મ નહિ. આ..હા...! એ જ્ઞાનકળા – સમ્યક્‌કળા જાગી, બીજ ઉગી. એ **'કેવળજ્ઞાનરૂપી પરમકળાનો અંશ છે...'** એ બીજ ઉગી એ પૂનમનો અંશ છે. એમ જે પહેલું સમ્યક્‌જ્ઞાન જાગ્યું, શરૂઆત (થઈ), ભલે હજી પુણ્ય ને પાપ ભાવ હોય પણ એનાથી મારી ચીજ ભિન્ન છે એવો અનુભવ થયો, સમ્યગ્દર્શન અને સમ્યક્‌જ્ઞાન, અનુભવ થયો, એ કળા કેવળજ્ઞાનની પરમકળાનો અંશ છે. આહા..હા...!

એમાંય (લોકોને) વાંધા છે. એમ કે, કેવળજ્ઞાન સર્વ ઘાતી (કર્મનો) નાશ થાય ત્યારે થાય અને તમે મતિ-શ્રુત જ્ઞાનને એનો અંશ કહો ! અત્યારે દિગંબરમાં (આ) વાંધા છે.

મુમુક્ષુ :– 'શ્રીમદ્'ના વખતમાંય ઈ વાંધો હતો.

ઉત્તર :– અત્યારે અહીંનો વિરોધ કરે છે ને ! અહીં જ્યારે એમ કહેવાય છે કે, મતિ ને શ્રુતજ્ઞાન એ કેવળજ્ઞાનનો અંશ છે, ત્યારે એ કહે કે, કેવળજ્ઞાન તો સર્વ ઘાતીનો નાશ થાય ત્યારે થાય, એનો અંશ ક્યાંથી આવ્યો આ ? અહીં આ શું કહે છે ? 'ચેતનજી' આ શું કહે છે આ ? આ 'સોનગઢ'નું છે ? આહા..હા...!

ભગવાનઆત્મા ચૈતન્યના બળથી જ્યાં જાગૃત થયો.. આહા..હા...! ભલે તે અંશરૂપે હજી પ્રગટ્યો, ધર્મનો અંશ આવ્યો અને પૂર્ણ કેવળજ્ઞાન થવાને એને વાર હોય છતાં તે કેવળજ્ઞાનકળાનો આ જ્ઞાનકળા એક અંશ છે. આહા..હા...! એની જાત છે. એની જાત વધી વધીને કેવળજ્ઞાન થવાનું છે. એ આત્માનો આશ્રય લઈને સમ્યક્ જ્ઞાનકળા જાગી એ પૂર્ણ આશ્રય લઈને એને કેવળજ્ઞાન થવાનું છે. આહા..હા...! એને એ પુણ્યના પરિણામ નડશે નહિ, વિઘ્ન નહિ કરે, એને ઉખેડી નાખશે. આહા..હા...! મારી જાતમાં પુણ્ય પરિણામ ત્રણ કાળમાં છે નહિ. એ મારી જાતમાં તો અનંત આનંદ ને અનંત શાંતિ, વીતરાગતા ને સ્વચ્છતાનો ભંડાર છે. એવું જ્યાં સમ્યક્‌માં ભાન થયું તે જ્ઞાનનો અંશ ધર્મની શરૂઆતનો અંશ, એ પૂર્ણ કેવળજ્ઞાનની કળાનો અંશ છે. આહા..હા...!

આ તો મતિ ને શ્રુતનો અંશ છે એ કેવળજ્ઞાનનો અંશ છે. (આનો) વિરોધ કર્યો

હતો. ‘જયધવલ’માં છે. ‘જયધવલ’ શાસ્ત્ર છે ને, એમાં (આવે છે). કેવળજ્ઞાન છે, સર્વજ્ઞ છે એનો આ મતિ-શ્રુત જ્ઞાન અંશ છે, અવયવ છે. પૂર્ણ કેવળજ્ઞાન એ અવયવી છે, આખી ચીજ છે. સર્વજ્ઞપણું તો પ્રભુનો સ્વભાવ છે. આ આત્માનો સર્વજ્ઞ સ્વભાવ છે. એ સ્વભાવનું હજી ભાન થયું કે, હું તો સર્વજ્ઞ સ્વરૂપી છું. હજી સર્વજ્ઞપણું પ્રગટ્યું નથી પણ સર્વજ્ઞ છું એવી પ્રતીતિ અને અનુભવમાં આવ્યું. ત્યારે તેની કળાનો એક અંશ જાગ્યો, ધર્મની શરૂઆત (થઈ), ત્યારે એને ધર્મની શરૂઆત થઈ. એ પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થવાનો અવયવ છે. કેવળજ્ઞાન એ અવયવી છે, જેમ આખું શરીર અવયવી છે (એમાં) આ હાથ, પગ એ અવયવ છે, આખું શરીર અવયવી છે, હાથ-પગ એના અવયવ છે. એમ પૂર્ણ સર્વજ્ઞપણું અવયવી છે, એનું આ જ્ઞાનકળા – મતિ-શ્રુત જે સમ્યક્જ્ઞાન થયું તે તેનો એક અવયવ છે. ભાઈ ! ત્યાં અવયવ લીધો છે. આહા..હા...! અરે..રે...! અંતરની વાતની કાંઈ ખબરું ન મળે. બહારમાં ગોથા મારીને મરી ગયો અનંત કાળ. સાધુપણાનું નામ ધરાવીને પણ ઊંધા ગોટા વાળ્યા. આ..હા...! ધર્મના નામે, પુણ્યને નામે ધર્મ સ્થાપી અને સાધુપણું પણ મિથ્યાદૃષ્ટિપણે કર્યું. આહા..હા...!

અહીં કહે છે, જ્ઞાનકળા **‘કેવળજ્ઞાનરૂપી પરમકળાનો...’** પરમકળા (કહ્યું) જોયું ? એનો એ **‘અંશ છે અને કેવળજ્ઞાનના સંપૂર્ણ સ્વરૂપને તે જાણે છે...’** આહા..હા...! બીજ ઉગી એ બીજને જાણે, આખા ચંદ્રને જાણે છે. કાળપને પણ જાણે છે અને આખો ચંદ્ર દેખાય. બીજમાં આખો ચંદ્ર આમ દેખાય. બીજ બીજને જાણે, બીજ આખા ચંદ્રને પણ જાણે અને વચમાં અંધારું કેટલું છે એને પણ એ જાણે. આહા..હા...! એમ સમ્યક્જ્ઞાનની દશા, પ્રથમ આત્મજ્ઞાન થતાં, એની દશામાં આત્માને ઈ જાણે અને પૂર્ણ સર્વજ્ઞ કેવા હોય એને પણ એ જાણે. આહા..હા...! અરે...! આવી ધર્મની વાતું. લોકોને નવરાશ ન મળે અને નવરાશ હોય એ ધર્મને નામે ઊંધે રસ્તે ચડી ગયેલા હોય. આહા..હા...! અરે..રે...! મનુષ્યના અવતાર ઢોરના જેવા અવતાર થઈને ચાલ્યા જશે.

જેને આ ભગવાનઆત્મા ! આ..હા...! સચ્ચિદાનંદ પ્રભુ ! સત્ શાશ્વત. શાશ્વત જ્ઞાન ને શાશ્વત આનંદનો ભંડાર છે. એવી દશા પ્રથમમાં પ્રથમ જ્ઞાનધારા, સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાનની કળા જાગી એ કેવળજ્ઞાનને પણ જાણે. આ અવયવ છે અને પૂર્ણ સર્વજ્ઞ કેવા હોય એને પણ જાણે. સમજાણું કાંઈ ? છે ?

**‘સ્વરૂપને તે જાણે છે...’** પૂર્ણ સ્વરૂપને તે જાણે છે. **‘કેવળજ્ઞાનના સંપૂર્ણ સ્વરૂપને તે જાણે છે તેમ જ તે તરફ પ્રગતિ કરે છે,...’** જોયું ? આ..હા..હા...! એ જ્ઞાનાનંદ પ્રભુ છું એમ જ્યાં અનુભવ થયો એ હવે જ્ઞાન તરફમાં એકાગ્રતા, સ્વરૂપ તરફમાં એકાગ્રતાનું જ વલણ છે. હવે રાગની એકાગ્રતાનું વલણ છૂટી ગયું છે. આહા..હા...! આરે...! આવી વાતું છે. **‘તેમ જ તે તરફ પ્રગતિ કરે છે,...’** જોયું ? સંપૂર્ણ (સ્વરૂપને) જાણે છે, સમ્યક્જ્ઞાન થતાં મતિ-શ્રુતની જ્ઞાનકળા જ્યાં અંદરમાંથી જાગી, પુણ્ય-પાપ ધર્મ નથી, એમ જ્યાં જ્ઞાન

થયું એ જ્ઞાનની કળા કેવળજ્ઞાનનો અંશ છે પણ એ અંશ કેવળજ્ઞાનને પણ જાણે છે. પરમકળાનો અંશ છે પણ પરમકળા કેવી હોય તેને પણ તે જાણે છે. આહા..હા...! આવો ઉપદેશ હવે. પેલું તો આમ કરો, આમ કરો, દયા પાળો, વ્રત કરો, તપ કરો, ભગવાનની ભક્તિ કરો (એ સહેલું હતું). એ ભક્તા-ફક્તામાં બધો રાગ છે. આ..હા...!

પરદ્રવ્ય તરફના વલણમાં જેટલો ભાવ (થાય) એ બધો રાગ છે. સ્વ તરફના વલણમાં જ્યાં આત્મભગવાન છે એના વલણમાં ભાવ થાય તે ભાવ નિર્મળ અને ધર્મ છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! અનંત કાળથી કર્યું નથી. એમાં અત્યારે તો ગડબડ, ગોટા બહુ ચાલ્યા છે. પોતાને જેમ લાગે એમ સ્વચ્છંદે પ્રરૂપે, મનાવે. અરે..રે...! ભવ ચાલ્યા જશે, બાપા ! કુદરતના નિયમમાં જે સત્ય હશે તે રહેશે. અસત્ય ત્યાં નહિ રહે. આહા..હા...!

આ..હા..હા...! એ કેવળજ્ઞાનના સ્વરૂપને તે જાણે છે **'તેમ જ તે તરફ પ્રગતિ કરે છે,...'** એટલે પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ કરવા માટે સ્વભાવની સન્મુખતાનો પ્રયત્ન કર્યા કરે છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? **'તેથી એમ કહ્યું છે કે 'જ્ઞાનજ્યોતિએ કેવળજ્ઞાન સાથે ક્રીડા માંડી છે.'** કેવળજ્ઞાન સાથે રમતું માંડી. આહા..હા...! ઓલી રાગ સાથે રમતું માંડી હતી. દયા, દાન ને વ્રત ને તપ ને ભક્તિ ને એ બધો રાગ (હતો). આ..હા...! 'નિજપદ રમે સો રામ કહીએ, રાગમાં રમે તે હરામ કહીએ' આહા..હા...!

એ અહીં કહે છે. **'તેથી એમ કહ્યું છે કે 'જ્ઞાનજ્યોતિએ કેવળજ્ઞાન સાથે ક્રીડા માંડી છે.'** રમતું માંડી એણે. આ..હા..હા...! અલ્પ કાળમાં કેવળજ્ઞાન લેશે, ભવમુક્ત થશે. આહા..હા...! **'જ્ઞાનકળા સહજપણે વિકાસ પામતી જાય છે...'** એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવથી મારી ચીજ ભિન્ન છે એમ જ્યાં અનુભવ ને દૃષ્ટિ થઈ ત્યારે તેનું જ્ઞાન સહજપણે વિકાસ પામતું જાય છે. એ જ્ઞાન એટલે આનંદ ને શાંતિ સહજપણે વિકાસ થતી જાય છે. બીજ, ત્રીજ, ચોથ, પાંચમ, છઠ, સાતમ, આઠમ કરીને પૂનમ (થાય) એમ. એમ આત્મામાં ધર્મની પહેલી કળા, સમ્યક્જ્ઞાન જ્યાં ઉગી... આ બાપુ ! એ તો કોઈ અલૌકિક વાતું છે. ભાઈ ! એ જ્ઞાનકળા વધતા વધતા.. આ..હા..હા...! કેવળજ્ઞાન સાથે ક્રીડા માંડી.

**'જ્ઞાનકળા સહજપણે વિકાસ પામતી જાય છે...'** સહજપણે વિકાસ પામતી જાય છે. ત્યાં હઠ નથી કરવી પડતી. આહા..હા...! **'અને છેવટે પરમકળા અર્થાત્ કેવળજ્ઞાન થઈ જાય છે.'** લ્યો ! પૂર્ણ દશા – પરમાત્મ દશા થઈ જાય છે. દેહ છૂટીને સિદ્ધ થઈ જાય છે. આહા..હા...!

**ટીકા :– 'પુણ્ય-પાપરૂપે બે પાત્રરૂપ થયેલું કર્મ...'** પુણ્ય અને પાપ બે છે એમ માનનારા **'એક પાત્રરૂપ થઈને (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયું.'** પુણ્ય હોય કે પાપ હોય, શુભ હોય કે અશુભ હોય, બેય અધર્મ છે, બેય ધર્મ નથી. આહા..હા...! આત્માનું જ્ઞાન ને ભાન થયું એટલે એ બેય પુણ્ય-પાપના ભાવ કર્મરૂપે નીકળી ગયા (અર્થાત્) બેય કર્મ છૂટી ગયા. આહા..હા...! છે ?

**'પુણ્ય-પાપરૂપે બે પાત્ર...'** એટલે બે પ્રકાર થઈને, **'કર્મ એક પાત્રરૂપ થઈને...'** નીકળી ગયું. એ બેય કર્મ જ છે, પુણ્ય ને પાપ બેય કર્મ છે. બેયમાં ધર્મ અને આત્મા નહિ. આ..હા...!

**ભાવાર્થ :– 'કર્મ સમાન્યપણે એક જ છે...'** પુણ્ય હો કે પાપ હો, શુભ હો કે અશુભ હો **'તોપણ તેણે પુણ્ય-પાપરૂપી બે પાત્રોનો સ્વાંગ ધારણ કરીને...'** સ્વાંગ ધારણ કરી (એટલે) એકનો એક આદમી સ્વાંગ ધારણ (કરે એમ). **'રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો.'** આહા..હા...! પુણ્યનો જ્યાં આમ ઠાઠ આવે... કરોડો રૂપિયા, અબજોપતિ, બાયડી રૂપાળી, પોતાનું શરીર રૂપાળુ, પૈસા, મોટા કરોડોના મકાનો... આ..હા..હા...! એ પુણ્યના ઠાઠ દેખીને માણસ એમાં મરતો હોય. એ તો કર્મનું ફળ છે, પ્રભુ ! ત્યાં તું એમાં નથી. અને પાપના ફળમાં નરકાદિ ગતિ લ્યો, પણ એ તો પરવસ્તુ છે, એ કંઈ તારી ચીજ નથી. આહા..હા...! જાણે હેરાન.. હેરાન (થઈ ગયા). અર..ર..ર...! અમે નિર્ધન, અમે ગરીબ, અમને ખાવા મળતું નથી. બાપુ ! એ તો પાપની વાત છે. પાપની પ્રતિકૂળતા હોય, એ કંઈ આત્માને નડતી નથી. આહા..હા...!

**'કર્મ સામાન્યપણે એક જ છે તોપણ તેણે પુણ્ય-પાપરૂપી બે પાત્રોનો સ્વાંગ ધારણ કરીને રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો.'** નાટકનું બતાવ્યું છે ને અહીંયાં ! રંગભૂમિમાં બે આવ્યા હતા. **'તેને જ્ઞાને યથાર્થપણે એક જાણી લીધું...'** ચૈતન્ય સ્વરૂપે જાણી લીધું કે એ પુણ્ય ને પાપ બેય કર્મ છે, બેય સંસાર છે, બેય બંધનું કારણ છે. આ..હા...! છે ? **'તેને જ્ઞાને યથાર્થપણે જાણી લીધું ત્યારે તે એક પાત્રરૂપ થઈને રંગભૂમિમાંથી બહાર નીકળી ગયું,...'** બહાર નીકળી ગયું. **'નૃત્ય કરતું અટકી ગયું.'** પુણ્ય-પાપ અટકી ગયા. એકલો આત્મા રહી ગયો. આહા..હા...!

એનું આ હિન્દી છે.

> **આશ્રય, કારણ, રૂપ, સવાદસું ભેદ વિચારી ગિને દોઊ ન્યારે,**
> **પુણ્ય રુ પાપ શુભાશુભભાવનિ બંધ ભયે સુખદુઃખકરા રે;**
> **જ્ઞાન ભયે દોઊ એક લખૈ બુધ આશ્રય આદિ સમાન વિચારે,**
> **બંધકે કારણ હૈં દોઊ રૂપ, ઇન્હૈં તજિ જિનમુનિ મોક્ષ પધારે.**

આખા અધિકારનો સાર મૂક્યો. આહા..હા...! અજ્ઞાની પુણ્ય છે ઈ જુદી ચીજ છે અને પાપ જુદું એમ માને. કારણ જુદું છે. પુણ્ય બંધનનું કારણ શુભભાવ છે અને પાપબંધનનું કારણ અશુભ છે એમ અજ્ઞાની બે ભેદ માને. એનું રૂપ (એટલે) બંધનમાં ફેર માને અને એના સ્વાદ એટલે ફળ. પુણ્યના ફળમાં આ પૈસા–ધૂળ, બાયડી, છોકરા મળે, પાપના ફળમાં દુર્ગતિ મળે એમ **'ભેદ વિચારી ગિને દોઊ ન્યારે,...'** અજ્ઞાની બેનો ભેદ વિચાર બેય જુદી જાત છે એમ માને.

**'પુણ્ય રુ પાપ શુભાશુભભાવનિ બંધ ભયે સુખદુઃખકરા રે;'** પુણ્ય અને પાપ બેય શુભાશુભ ભાવ **'બંધ ભયે...'** બેય સુખ-દુઃખ એટલે લૌકિક સુખ, હોં ! લૌકિક સુખ-દુઃખને

કરે છે. એમાં કાંઈ આત્મા છે નહિ. અબજોપતિ હોય તોય ભિખારા બિચારા દુઃખી છે. આહા..હા...! આપણે અહીં આવતા નહિ ? 'શાંતિપ્રસાદ', 'દિલ્હી' ચાલીસ કરોડ ! અહીં તો બધા ઘણા આવતા. ચાલીસ કરોડ ! એ..ઈ...! તમારા (શેઠ) પાસે પચાસ કરોડ છે. પણ આ બીજો આપણો હતો ને ? આ 'પાણસણા'નો ! છે ને 'ગોવા'માં ! બે અબજ ચાલીસ કરોડ ! બે અબજ ચાલીસ કરોડ !! 'શાંતિલાલ ખુશાલ' મરી ગયો હમણાં પોણા બે વર્ષ પહેલાં. છોકરો હમણાં ત્યાં 'મુંબઈ' દર્શન કરવા આવ્યો હતો. 'મારા બાપને આવવું હતું.' એમ બોલ્યો. પણ ગુજરી ગયા. મારા બાપને તમારા દર્શન કરવા આવવું હતું. કાંઈ ધૂળ.. બે અબજ ને ચાલીસ કરોડ ! બસો ચાલીસ કરોડ ! મરી ગયા બિચારા એમાંને એમા. આ..હા...! મારા પૈસા, મારા પૈસા, મારા પૈસા અને હું ઘણા મોટા ધંધા કરૂં છું અને ઘણાને નભાવું છું, ઘણાને નભાવું છું એવા અભિમાન ! આ..હા...! મરી જવાના બધા. આહા..હા...! કુદરતના નિયમમાં એ બધા પામરો થઈ જવાના. આહા..હા...!

અહીં કહે છે, અજ્ઞાની આશ્રયમાં, કારણમાં, એના બંધનમાં અને એના સ્વાદમાં ભેદ વિચારી જુદા જુદા ન્યારે વિચારતો. **'પુણ્ય રુ પાપ શુભાશુભભાવનિ બંધ ભયે સુખદુઃખકરા રે;'** બંધથી બધી એક જ જાત છે. **'જ્ઞાન ભયે દોઊ એક લખૈ...'** છે ? સમ્યક્‌જ્ઞાન ચૈતન્યમૂર્તિ પ્રભુ હું તો છું, એમ જ્યાં જ્ઞાન થયું ત્યાં બેય એક જ જાત છે, પુણ્ય અને પાપમાં કાંઈ ફેર નથી. આહા..હા...!

**'જ્ઞાન ભયે દોઊ એક લખૈ...'** લખૈ એટલે જાણે. સમ્યક્‌જ્ઞાન થતાં ધર્મની પહેલી દશા થતાં, પુણ્ય અને પાપ બેય એક જ જાત છે, બંધનું કારણ છે એમ જ્ઞાની જાણે. આહા..હા...! લખૈ એટલે જાણે. **'જ્ઞાન ભયે દોઊ એક લખૈ બુધ આશ્રય આદિ સમાન વિચારે,...'** બેયનો આશ્રય બંધનું કારણ છે. શુભ ને અશુભ બંધનું કારણ અને બંધરૂપ છે. આ..હા...!

**'બંધ કે કારણ હૈં દોઊ રૂપ,...'** શુભ અને અશુભ ભાવ **'બંધ કે કારણ હૈં દોઊ રૂપ, ઇન્હૈં તજિ જિનમુનિ મોક્ષ પધારે.'** એ પુણ્ય ને પાપને છોડી સ્વરૂપની સ્થિરતા, દૃષ્ટિ, અનુભવ કરી જિનમુનિ પરમાત્મપદને પામ્યા. એ પુણ્ય-પાપને લઈને નહિ, પુણ્ય-પાપને છોડીને પામ્યા. આહા..હા...! આવું છે.

સમાજમાં તો મુશ્કેલી પડે એવું (છે). આ તો જંગલ છે. અહીં ક્યાં, અહીં કોઈ સમાજ નથી. અહીં તો આત્માની વાત છે. સંપ્રદાયમાં તો વાંધા ઉઠાવે, તકરાર ઉઠાવે. એ.. આમ નહિ, એ.. આમ નહિ. આમ નહિ તો રાખ તારા ઘરે. માર્ગ તો આ છે. આહા..હા...!

**'આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ...'** આ ટીકાનું નામ આત્મખ્યાતિ (છે). આ ટીકા છે ને ? આત્મપ્રસિદ્ધિ. આત્મખ્યાતિ એટલે પ્રસિદ્ધિ. **'આત્મખ્યાતિ નામની ટીકામાં પુણ્ય-પાપનો પ્રરૂપક ત્રીજો અંક સમાપ્ત થયો.'** લ્યો. જીવ-અજીવ પછી કર્તા-કર્મ અને આ પુણ્ય-પાપ.

# – ૪ –
# આસ્રવ અધિકાર

## શ્લોક-૧૧૩

अथ प्रविशत्यास्त्रवः।

(द्रुतविलम्बित)
अथ महामदनिर्भरमन्थरं
समररङ्गपरागतमास्त्रवम्।
अयमुदारगभीरमहोदयो
जयति दुर्जयबोधधनुर्धरः।।११३।।

---

દ્રવ્યાસ્રવથી ભિન્ન છે, ભાવાસ્રવ કરી નાશ;
થયા સિદ્ધ પરમાત્મા, નમું તેહ, સુખ આશ.

પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે આસ્રવ પ્રવેશ કરે છે :–'

જેમ નૃત્યના અખાડામાં નૃત્ય કરનાર માણસ સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે છે તેમ અહીં આસ્રવનો સ્વાંગ છે. તે સ્વાંગને યથાર્થ જાણનારું સમ્યગ્જ્ઞાન છે; તેના મહિમારૂપ મંગળ કરે છે :–

શ્લોકાર્થ :– (अथ) હવે (समररङ्गपरागतम्) સમરાંગણમાં આવેલા, (महामदनिर्भरमन्थरं) મહા મદથી ભરેલા મદમાતા (आस्त्रवम्) આસ્રવને (अयम् दुर्जयबोधधनुर्धरः) આ દુર્જય જ્ઞાન-બાણાવળી (जयति) જીતે છે – (उदारगभीरमहोदयः) કે જે જ્ઞાનરૂપી બાણાવળીનો મહાન ઉદય ઉદાર છે (અર્થાત્ આસ્રવને જીતવા માટે જેટલો પુરુષાર્થ જોઈએ તેટલો પૂરો પાડે એવો છે) અને ગંભીર છે (અર્થાત્ જેનો પાર છદ્મસ્થ જીવો પામી શકતા નથી એવો છે).

ભાવાર્થ :– અહીં નૃત્યના અખાડામાં આસ્રવે પ્રવેશ કર્યો છે. નૃત્યમાં અનેક રસનું

**વર્ણન હોય છે તેથી અહીં રસવત્ અલંકાર વડે શાંત રસમાં વીર રસને પ્રધાન કરી વર્ણન કર્યું છે કે 'જ્ઞાનરૂપી બાણાવળી આસ્રવને જીતે છે'. આખા જગતને જીતીને મદોન્મત્ત થયેલો આસ્રવ સંગ્રામની ભૂમિમાં આવીને ખડો થયો; પરંતુ જ્ઞાન તો તેના કરતાં વધારે બળવાન યોદ્ધો છે તેથી તે આસ્રવને જીતી લે છે અર્થાત્ અંતર્મુહૂર્તમાં કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન ઉપજાવે છે. એવું જ્ઞાનનું સામર્થ્ય છે. ૧૧૩.**

## શ્લોક ૧૧૩ ઉપર પ્રવચન

હવે ચોથો આસ્રવ અધિકાર.

**'દ્રવ્યાસર્વથી ભિન્ન છે,...'** શું કહે છે ? કે, કર્મ છે ને આ જડ, એ પરમાણુ દ્રવ્ય આસ્રવ કહેવાય. એના પરમાણુ જે પુણ્યના પરમાણુ આવે, પાપના આવે એ દ્રવ્ય આસ્રવ કહેવાય. જેમ વહાણમાં છિદ્ર હોય અને પાણી આવે એમ આત્મામાં પુણ્ય અને પાપના ભાવ એ ભાવ આસ્રવ છે અને એનાથી પરમાણુ આવે એ દ્રવ્યઆસ્રવ છે. અરે...! શું કીધું ઈ ?

દ્રવ્ય આસ્રવથી ભિન્ન છે, પ્રભુ ! **'ભાવાસ્રવ કરી નાશ;...'** અને પુણ્યનો, પાપનો ભાવ બેય આસ્રવ છે, નવા આવરણનું કારણ છે. એનો મુનિઓએ, ધર્માત્માએ ભાવાસ્રવનો નાશ કર્યો. **'થયા સિદ્ધ પરમાતમા,...'** આ..હા..હા...! ણમો સિદ્ધાણં સિદ્ધ થયા એ. **'નમું તેહ, સુખ આશ.'** અર્થકાર કહે છે, મારા સુખની આશાએ તેને હું નમસ્કાર કરું છું. મારો સચ્ચિદાનંદ પ્રભુ જાગે અને આનંદમાં આવે તે માટે હું નમસ્કાર નિમિત્તથી કરું છું. આહા..હા...!

**'પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે આસ્રવ પ્રવેશ કરે છે :–'**

**'જેમ નૃત્યના અખાડામાં...'** આ નાટકમાં. **'નૃત્ય કરનાર માણસ સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે...'** કોઈ રાજાનો, ભર્તૃહરિનો, પીંગળાનો સ્વાંગ લઈને (પ્રવેશ કરે) **'તેમ અહીં આસ્રવનો સ્વાંગ છે.'** પુણ્ય અને પાપના બેય ભાવ તે આસ્રવ છે. આસ્રવ એટલે નવા આવરણનું કારણ છે. વહાણમાં જેમ છિદ્ર પડે ને પાણી આવે એમ ભગવાનઆત્મામાં પુણ્ય અને પાપ બેય ભાવ આસ્રવ છે એટલે આવે. જેનાથી નવા આવરણ આવે. એ કોઈ ધર્મ નથી. આહા..હા...!

**'અહીં આસ્રવનો સ્વાંગ છે. તે સ્વાંગને યથાર્થ જાણનારું સમ્યગ્જ્ઞાન છે;...'** આહા..હા...! બહુરૂપી વેશ ધારણ કરીને આવે. રાજાનો લઈને આવે, ગરીબ માણસ થઈને આવે (તો) ડાહ્યો માણસ જાણી લે કે, આ તો બહુરૂપીયો છે. સરાફની મોટી દુકાન હોય ને ! ગાદી,

તકિયે બેઠા હોય. ત્યાં કોઈ રસોડું ન હોય, કાંઈ ન હોય (ને બોલતો હોય) એ મા-બાપ મને રોટલા આપજો. એમ ભાંડ થઈને આવે. પણ સમજે કે, આ ખબર નથી ? અહીં ઘર પણ નથી અને રોટલા પણ નથી. પણ ભાંડ છે. ફરીને વળી રાજા થઈને આવે તો સમજી જાય કે આ તો ભાંડ છે. એમ પુણ્ય અને પાપના બેય ભાવ ભાંડની પેઠે બહુરૂપક છે, એ આત્માનું સ્વરૂપ ને આત્માનું કારણ નથી. આહા..હા...!

**'તે સ્વાંગને યથાર્થ જાણનારું સમ્યગ્જ્ઞાન છે; તેના મહિમારૂપ મંગળ કરે છે :--'** લ્યો ! મંગળિક કરે છે, મંગળિક ! પહેલો શ્લોક સંસ્કૃત છે. ૧૧૩, મંગળિક.

**(द्रुतविलम्बित)**

**अथ महामदनिर्भरमन्थरं**
**समररङ्गपरागतमास्त्रवम् ।**
**अयमुदारगभीरमहोदयो**
**जयति दुर्जयबोधधनुर्धरः । ।११३ । ।**

આહા..હા...! એનો શ્લોકાર્થ. **'હવે...'** **'समरङ्गपरागतम्'** **'સમરાંગણમાં...'** જેમ યુદ્ધનું સ્થળ હોય અને જેમ આવે એમ સમરાંગણમાં **'મહા મદથી ભરેલા મદમાતા...'** મહામદથી ભરેલા પુણ્ય-પાપ. કેમકે મેં કંઈકને બાદશાહને પાડ્યા, સાધુ થયા એને પણ મેં તો પાડ્યા છે. સાધુ થઈને પણ એ પુણ્યની ક્રિયામાં ધર્મ માનનારાને બધાને મેં પાડ્યા છે. એટલે આસ્રવને અભિમાન થઈ ગયું છે. આ..હા...! સમજાણું કાંઈ ? છે ?

**'સમરાંગણમાં આવેલા, મહા મદથી ભરેલા મદમાતા આસ્રવને...'** આ..હા..હા...! મહામદથી ભરેલો મદમાતા આસ્રવ છે. પુણ્ય ને પાપ મહા અભિમાની છે, કહે છે. માંધાતાને મેં મારા પુણ્યના પરિણામને ધર્મ મનાવીને હેઠે પાડ્યા છે. આહા..હા...! મેં દુર્ગતિમાં નાખ્યા છે. દુર્ગતિ, આ ચાર ગતિ દુર્ગતિ છે. સ્વર્ગેય દુર્ગતિ છે. આ..હા...! **'परदव्वादो दुग्गई'** આવે છે ને ? ભગવાનઆત્માના વલણ સિવાય જેટલું પરદ્રવ્ય તરફ લક્ષ જાય એ બધું ચૈતન્યની ગતિ નહિ. આહા..હા...! ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરદેવ, એની પ્રતિમા કે તીર્થંકરનું સ્મરણ કે પ્રતિમાના દર્શન, એ બધો શુભભાવ છે. એ કોઈ ધર્મ નથી. આહા..હા...!

એથી આસ્રવ કહે છે, મેં તો એને ધર્મ મનાવીને કેટલાયને હેઠે પાડ્યા છે. મારા પંજામાંથી કોઈને નીકળવા દીધો નથી. આહા..હા...! જ્યાં હોય ત્યાં એ દયા, દાન, વ્રત, તપને ધર્મ મનાવી, સાધુ નામ ધરાવીને પણ ભ્રષ્ટ થયેલા મિથ્યાદૃષ્ટિઓ, આસ્રવ કહે છે કે, (હું) મદમાતો છું. આહા..હા...! મારું રાજ ચાલે છે ! જ્યાં હોય ત્યાં પુણ્ય ઠીક છે, ધર્મનું કારણ છે, ઈ શુભભાવ કરતા કરતા ધર્મ થાય, એમ (એના વિના) પરબાર્યો થતો હશે ? એવું અજ્ઞાનીઓ મનાવીને... આહા..હા...! આકરું કામ છે, બાપુ ! ધર્મ કોઈ એવી ચીજ છે કે, અત્યારે

ગડબડી બધે બહુ થઈ ગઈ. આહા..હા...!

એ પુણ્ય અને પાપનો ભાવ આવ્યો. શું કહેવાય ? સંગ્રામમાં. સંગ્રામમાં જેમ આવે ને ? એમ મહા મદથી ભરેલો મદમાતા. આહા..હા...! પુણ્યને નામે ધર્મ મનાવીને મેં તો મહાત્માને માર્યા છે, દુર્ગતિમાં નાખી દીધા છે. (એમ) આસ્રવને અભિમાન થઈ ગયું છે. કારણ કે અત્યાર સુધી એની જીત છે. આત્મા એનાથી ભિન્ન છે એની જીત થઈ નથી. આહા..હા...! આ તો ઝીણી વાત છે, બાપુ !

આ તો 'સમયસાર' છે ! આ કાંઈ વાર્તા-કથા નથી. આ ભગવત આત્મા એની વાર્તા, અધ્યાત્મકથા છે. એક એક કડી કે એક એક લીટી સમજવું કઠણ છે, ભાઈ ! આ..હા..હા...!

ભાષા કેવી (છે), જોઈ ? **'महामदनिर्भर'** ભરેલો એવો મંથર, મદમાતો. આહા..હા...! છેવટે ભગવાનની ભક્તિ કરશું, (ઈ) કરતા કરતા કલ્યાણ થશે. ભજન કરો. પણ ઈ ભજન-બજન છે ઈ પડવાનું ભજન છે, ઈ બધો શુભરાગ છે, એ ધર્મ નથી. તને ખબર નથી. ધર્મ તો આત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુ છે એનું અવલંબન લઈને ધર્મ થાય. બહારનું અવલંબન લઈને તો રાગ જ થાય, ભાઈ ! સ્ત્રી, કુટુંબનું અવલંબન લે તો અશુભરાગ થાય, દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન લે તો શુભરાગ થાય, પણ બેય રાગ છે. આહા..હા...!

એ મહા મદથી ભરેલા મદમાતા આસ્રવને હવે **'अयम् दुर्जयबोधधनुर्धरः'** આહા..હા...! **'આ દુર્જય જ્ઞાન-બાણાવળી...'** (અર્થાત્) અંદર પુણ્ય-પાપથી ભિન્ન સ્વરૂપનું જે જ્ઞાન પ્રગટ્યું તે **'દુર્જય જ્ઞાન-બાણાવળી...'** એ બાણાવળી (એટલે) એક પછી એક જ્ઞાનની બાણાવળી અંદરથી જાગી. રાગને તોડી નાખ્યો. આ..હા...! દુર્જય જ્ઞાન (એટલે) જે જ્ઞાનને જીતવું (અસંભવ છે), જગતમાં કોઈ જીતી શકે નહિ. એવું દુર્જય આત્માનું જ્ઞાન કેવું છે ?

**'धनुर्धरः'** બાણાવળી છે. આહા..હા...! એ દયા, દાન, વ્રત, તપના વિકલ્પથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન થયું એ જ્ઞાનને જીતવા હવે કોઈ સમર્થ નથી. એ જ્ઞાન બાણાવળી એક પછી એક બાણ છોડે છે. પુણ્ય ને પાપનો નાશ કરે છે અને આત્માની શાંતિની જાગૃતિ કરે છે. આહા..હા...! એક કલાકમાં આવી વાતું ! ચાલતામાં તો આ કરો, આ કરો, ભક્તિ કરો ને વ્રત કરો, તપ કરો, મંદિર બનાવો, પૂજા કરો. ધૂળ તારા લાખો-કરોડો ખર્ચ ને ! એ પરની ક્રિયા કરી શકું છું એ માન્યતા જ મિથ્યા ભ્રમ છે. એમાં ભાવ હોય તારો તો શુભભાવ – પુણ્ય છે. એ બંધનું કારણ છે. આહા...હા...!

એને આ **'દુર્જય જ્ઞાન-બાણાવળી જીતે છે...'** એ જે આસ્રવ મદમાતો હતો એને આ દુર્જય જ્ઞાન – સમ્યક્જ્ઞાન – રાગથી ભિન્ન પડેલું જ્ઞાન તેને જીતે છે. આહા..હા...! **'उदारगभीरमहोदयः'** કેવું છે ? **'કે જે જ્ઞાનરૂપી બાણાવળીનો મહાન ઉદય ઉદાર છે...'** આ..હા..હા...! રાગના વિકલ્પથી, દયા, દાન, વ્રત, તપના વિકલ્પથી (જ્ઞાન) ભિન્ન પડ્યું પ્રભુ ! એનું જે જ્ઞાન થયું એ જ્ઞાન ઉદાર છે. **'મહાન ઉદય ઉદાર છે...'** છે ? **'उदारगभीरमहोदयः'**

**‘જ્ઞાનરૂપી બાણાવળીનો મહાન ઉદય ઉદાર છે (અર્થાત્ આસ્રવને જીતવા માટે જેટલો પુરુષાર્થ જોઈએ તેટલો પૂરો પાડે એવો છે)...’** આહા..હા...! આવું આકરું કામ છે. એક એક શ્લોક સમજવો કઠણ, બાપા ! આમ ભણી જાય, વાંચી જાય, વાંચી ગયા (એમ ન ચાલે). આહા..હા...!

એ જ્ઞાન કેવું છે ? ઉદાર છે. એટલે ? વિકારને નાશ કરવા માટે જેટલો પુરુષાર્થ જોઈએ તે જ્ઞાન પૂરો પાડે છે. આહા..હા...! ઉદાર છે. જ્ઞાન અંદરથી ઉદાર થઈને પ્રગટ્યું છે. જેટલું જોઈએ તેટલું (એટલે) રાગને નાશ કરવા માટે (જેટલું) જ્ઞાન જોઈએ તેટલું પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન થતા એની સાથે સમ્યક્જ્ઞાન થતા એ જ્ઞાનની ધારા એવી છે કે રાગને નાશ કરવાનો જેટલો પુરુષાર્થ જોઈએ એટલો તૈયાર થઈને જ જાગે છે. આહા..હા...! ઉદાર છે.

**‘ગંભીર છે (અર્થાત્ જેનો પાર છદ્મસ્થ જીવો પામી શકતા નથી...’** આહા..હા...! **‘महोदयो’** મહા ઉદય. **‘महोदयो’**નો પહેલો અર્થ બાણાવળીનો મહાન ઉદય કર્યો. જ્ઞાનરૂપી બાણાવળીનો મહાન ઉદય અને ઉદાર છે. ગંભીર છે. જેનો પાર પામવો... આ..હા..હા...! અલંઘ્ય છે. અંદર મધ્ય પામવું કે આ જ્ઞાનનો શું અર્થ છે ? અપાર.. અપાર ! પ્રભુનો જ્ઞાનસ્વભાવ અપાર અપાર છે. એવો એ ગંભીર છે. જેનો પાર અલ્પજ્ઞાની પામી શકતા નથી. આહા..હા...!

એક કોર કહ્યું કે, મતિ ને શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનનો અંશ છે. આ એની મહિમા બતાવે છે. અપાર જ્ઞાન છે. ચૈતન્યના જ્ઞાનસ્વરૂપ છે, જેના જ્ઞાનનો મહિમાનો પાર ન મળે. અપાર... અપાર... અપાર... અપાર... અપાર.. અનંત.. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એવું જ્ઞાન ગંભીર છે. આહા..હા...! એણે રાગ-દ્વેષને જીત્યા અને પોતાનું સામર્થ્ય પ્રગટ કરી જન્મ-મરણ રહિત થયો એની આ વાત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## પ્રવચન નં. ૨૪૪ શ્લોક–૧૧૩ સોમવાર, જેઠ સુદ ૯, તા. ૦૪-૦૬-૧૯૭૯ ગાથા–૧૬૪-૧૬૫

---

આ ‘સમયસાર’, એના (‘આસ્રવ અધિકાર’ના) પહેલા કળશનો ભાવાર્થ. પહેલો કળશ કાલે થઈ ગયો છે ને ? **‘અહીં નૃત્યના અખાડામાં...’** નાચવાના સ્થાનમાં **‘આસ્રવે પ્રવેશ કર્યો...’** એ રીતે લીધું છે. શુભ-અશુભ ભાવ એ બેય આસ્રવ છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ બધો આસ્રવ (છે). આસ્રવ એટલે નવા આવરણ આવે. વહાણમાં જેમ છિદ્ર હોય, છિદ્ર (એમાંથી) પાણી આવે એમ ભગવાનઆત્મામાં મિથ્યાત્વ અને શુભાશુભ ભાવ, એ બધા આસ્રવો છે. નવા આવરણનું કારણ છે. એ આસ્રવે રંગભૂમિમાં પ્રવેશ કર્યો. નાટકની ઉપમા આપી છે ને ! રંગભૂમિમાં આસ્રવ એટલે પુણ્ય-પાપના પરિણામે પ્રવેશ કર્યો.

**'નૃત્યમાં અનેક રસનું વર્ણન હોય...'** શાંતરસ, અદ્‌ભુતરસ, વીરરસ આદિ(નું) વર્ણન (હોય છે). **'અહીં રસવત્ અલંકાર વડે શાંત રસમાં વીર રસને પ્રધાન કરી વર્ણન કર્યું છે કે 'જ્ઞાનરૂપી બાણાવળી...'** આ..હા...! ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાયકભાવ, એનું જ્ઞાન, જ્ઞાયકભાવ ધ્રુવભાવ સદૃશ નિત્ય ભાવ, એવું જે આત્માનું સ્વરૂપ, એનું જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન કે બાહ્યજ્ઞાનની અહીં વાત નથી. આત્મા જે છે, આત્મજ્ઞાન (એની વાત છે).

આત્મા અનંત શુદ્ધ ગુણનો પિંડ છે. આત્મા અનંત ચૈતન્ય રત્નાકર, ચૈતન્યના રત્નના દરિયા, સ્વભાવથી ભરેલો છે, એનું જ્ઞાન. એ આત્માનું જ્ઞાન કે જે આસ્રવને નાશ કરવાની તાકાતવાળું છે. આહા..હા...! છે ? જ્ઞાન(રૂપી) બાણાવળી. બાણાવળી કેમ કહ્યું ? કે, આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે એ કર્મથી તો અભાવ સ્વરૂપ છે, પર શરીરાદિથી તો અભાવ સ્વરૂપ છે, પણ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને કામ, ક્રોધ એ ભાવથી પણ પ્રભુઆત્મા ભિન્ન છે. આહા..હા...! એવા આત્માનું જ્ઞાન થતાં... સ્વ-આત્મજ્ઞાન. આત્મજ્ઞાનનો અર્થ એવો નથી કે, કોઈ નિમિત્તનું જ્ઞાન, રાગનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન, એમ નહિ. આત્મજ્ઞાન. આત્મા જે ત્રિકાળી ધ્રુવ ચિદાનંદ પ્રભુ ! ભૂતાર્થ, સત્યાર્થ, એનું જ્ઞાન, એનું દર્શન અને એમાં લીનતા. એ જ્ઞાનરૂપી બાણાવળી. (અર્થાત્) એક પછી એક જ્ઞાનની ધારા. સ્વભાવ શુદ્ધનો આશ્રય જેણે લીધો, સમ્યગ્દર્શને, એ એક પછી એક જ્ઞાનની ધારા, આત્માની ધારા શુદ્ધ વધતી જાય છે. આહા..હા...! ઝીણી વાત છે, પ્રભુ !

**'જ્ઞાનરૂપી બાણાવળી...'** બાણની આવળી. જેમ એક પછી એક બાણ પડે એમ ભગવાનઆત્મા આનંદ સચ્ચિદાનંદ પ્રભુ, એનું જ્ઞાન અને અનુભવ થતા, તેનું સમ્યગ્દર્શન થતા, તેમાંથી જ્ઞાન અને આત્માની પવિત્રતાની ધારા વહે એને અહીંયાં જ્ઞાનની બાણાવળી કહેવામાં આવે છે. આહા..હા...! એ **'આસ્રવને જીતે છે.'** એ મિથ્યાત્વ અને પુણ્ય-પાપના ભાવ એ આસ્રવ (છે), એને જ્ઞાનની ધારા – ભગવાનઆત્માના સ્વભાવનું જ્ઞાન અને આનંદની ધારા, એ આસ્રવને જીતે છે. એટલે ? જ્ઞાન આત્માનું અને આનંદ આત્માની દશાનો જેમ ઉત્પાદ થાય છે તેમ તેમ પુણ્ય-પાપના પરિણામનો વ્યય થાય, નાશ થાય છે. આ..હા...!

**'આખા જગતને જીતીને મદોન્મત્ત થયેલો આસ્રવ...'** આખા જગતને આસ્રવે ગાંડા બનાવ્યા છે, પાગલ ! આસ્રવ જ હું છું અને એનાથી મને લાભ થશે (એમ) આસ્રવે (ગાંડા બનાવ્યા છે). **'જગતને જીતીને મદોન્મત્ત થયેલો આસ્રવ...'** એને અભિમાન થયું કે, મેં તો મોટા માંધાતાને પાડ્યા છે. મુનિ થયા દિગંબર દ્રવ્યલિંગી, એને પણ પંચ મહાવ્રતના પરિણામ આસ્રવ છે, એનાથી મને લાભ થાય છે. એવાઓને પણ આસ્રવ કહે છે કે, મેં પાડ્યા છે. આહા..હા...! નવમી ગ્રૈવેયકે ગયો. આવે છે ને ! 'મુનિવ્રત ધાર અનંત વાર મુનિવ્રત ધાર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' મુનિવ્રત ધાર, અઠ્યાવીસ મૂળગુણ લીધા, પંચ મહાવ્રત લીધા પણ એ તો આસ્રવ છે. આ..હા...! એ દુઃખ છે. એ

મહાવ્રતનો ભાવ પણ આસ્રવ (છે), દુ:ખ (છે). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' એનો અર્થ શું થયો ? કે, પંચ મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણ રાગ ને આસ્રવ ને દુ:ખ છે. આત્માના જ્ઞાન વિના આનંદનો સ્વાદ એને આવે નહિ. આહા..હા...!

અહીં પરનું જ્ઞાન નહિ, શાસ્ત્રનું જ્ઞાને નહિ. પ્રભુ ! સચ્ચિદાનંદ પ્રભુ આત્મા ! એનું જ્ઞાન થતા એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. આહા..હા...! તે અતીન્દ્રિય (આનંદના) સ્વાદ વિના અનંત વાર મુનિપણું પંચ મહાવ્રત ધાર્યા પણ એને આત્મજ્ઞાનનો સ્વાદ ન આવ્યો. કારણ કે એ તો આસ્રવ છે. એ આસ્રવથી અમને કલ્યાણ થશે એ માન્યતા મિથ્યાત્વની છે. આ..હા...! એને લઈને 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' જરી સુખ ન મળ્યું. પંચ મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણ, રાગ અનંત વાર પાળ્યા પણ એ તો રાગ અને આસ્રવ છે. આહા..હા...!

એ **'મદોન્મત્ત થયેલો આસ્રવ...'** મદમાં પાગલ થયો. મેં કંઈકને, માંધાતાને પાડ્યા છે. દિગંબર જૈન સાધુ થયો અનંત વાર, નવમી ગ્રૈવેયકે ગયો. પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ પાળે એટલે એ જાણે કે મારું કલ્યાણ થશે. એવો આસ્રવને, એવા મુનિઓને પણ આસ્રવના પ્રેમમાં મિથ્યાત્વમાં લીધા છે. આહા..હા...! આકરી વાત છે, પ્રભુ ! માર્ગ બહુ જુદો છે. જિનેશ્વર વીતરાગ પરમાત્મા...!

(એવો મદોન્મત્ત થયેલો) **'આસ્રવ સંગ્રામની ભૂમિમાં આવીને ખડો થયો;...'** ઘણાને મેં તો પાડ્યા છે. આસ્રવ કહે છે કે, મેં મારા ઝપાટામાંથી કોઈને ખસવા દીધા નથી. આહા..હા...! છેવટે પરની દયાનો ભાવ આવે એ રાગ છે. રાગ પણ મને લાભ કરશે, એવો જે મિથ્યાત્વ આસ્રવ, એને ગર્વ થયો કે, મેં તો આવા મહાત્માને હેઠે પાડ્યા છે. આહા..હા...! એવો **'આસ્રવ સંગ્રામની ભૂમિમાં આવીને ખડો થયો; પરંતુ જ્ઞાન તો તેના કરતાં વધારે બળવાન...'** ભગવાનઆત્માના સ્વભાવમાં અનંત અનંત વીર્ય અને અનંત પુરુષાર્થ ભર્યો છે.

ભગવાનઆત્મામાં અતીન્દ્રિય અનંત જ્ઞાન, અતીન્દ્રિય અનંત આનંદ, અતીન્દ્રિય અનંત વીર્ય – પુરુષાર્થ પૂર્ણ ભર્યો છે. આ..હા..હા...! એવા બળના જોદ્ધે, પોતાના આત્મજ્ઞાન ને શ્રદ્ધાના – જોદ્ધાના બળે. આહા..હા...! **'તેના કરતાં વધારે બળવાન...'** શાસ્ત્ર કરતા પણ ચૈતન્ય ભગવાનનું જ્ઞાન ને શ્રદ્ધા, શાંતિ થતા વીતરાગી સમ્યગ્દર્શન (વધારે બળવાન છે). કેમકે આત્મા જિનસ્વરૂપ જ છે. 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, મતમદિરા કે પાન સો મતવાલા સમજે ન' 'ઘટ ઘટ અંતર જિન વસે' ઘટ ઘટમાં વીતરાગ સ્વરૂપ આત્મા જિન સ્વરૂપ અંદર છે. આ..હા..હા...! એ 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન' જૈનપણું અંદરમાં હોય છે. એ જિનપણાનો આશ્રય લઈ અને મિથ્યાત્વનો જેણે નાશ કર્યો છે તેને અંતરમાં – ઘટમાં જૈન કહેવામાં આવે છે. બહારની પ્રવૃત્તિ દેખીને જૈનપણું

માને, કોઈ ત્યાગી થયો, એમ નથી કહે છે. આહા..હા...!

'ઘટ ઘટ અંતર જૈન વસે' એ જિનસ્વરૂપ ભગવાનઆત્મા, જેનું અનાદિ વીતરાગ સ્વરૂપ જ એનો સ્વભાવ છે. એનો આશ્રય લઈને એના અવલંબે જે વીતરાગતા પ્રગટ થાય તે આસ્રવ કરતાં પણ તે વીતરાગતા મહા બળવાન છે. ઈ **'વધારે બળવાન યોદ્ધો છે...'** આ..હા...! શું કહે છે ?

મિથ્યાત્વ અને શુભ-અશુભ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ આસ્રવ છે. એના બળથી જગતને અનાદિ (કાળથી) અનંત વાર ચાર ગતિમાં રખડાવ્યા પણ એના કરતા ભગવાનઆત્માનું બળ... આ..હા....! અનંત અનંત વીર્ય – પુરુષાર્થ, અંદર આત્મામાં વીર્ય ભર્યું છે. વીર્ય એટલે પુરુષાર્થ, વીર્ય એટલે રેત નહિ. અનંત વીર્ય આત્મામાં ભર્યું છે. એવું એ અનંત વીર્યનું રૂપ અનંત જ્ઞાન, અનંત દર્શનમાં પણ ભર્યું છે. અનંત ગુણમાં અનંત વીર્યનું રૂપ છે. આહા..હા...! એવા અનંત ગુણના રૂપમાં અનંતનું વીર્ય, એના સ્વભાવના બળને જોરે, એના સન્મુખના બળને જોરે આસ્રવને જીતી લીધો છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...!

**'તેથી તે આસ્રવને જીતી લે છે...'** આ..હા..હા...! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! અનંત ચૈતન્યરત્નના દરિયા, દરિયો, સાગર એ (છે). અનંત ચૈતન્યના ગુણનો પ્રભુ સાગર છે. એક એક આત્મા ! આ..હા..હા...! એના જોરના બળે, એનો આશ્રય લઈને. આ..હા...! શક્તિમાં જે અનંત જ્ઞાન ને દર્શન, આનંદ છે તેને પર્યાયમાં વ્યક્તમાં આનંદ ને જ્ઞાન પ્રગટ કર્યું. આહા..હા...! એ ચૈતન્યના સ્વભાવના આશ્રયે પ્રગટ કર્યું. એ કોઈ દયા, દાન ને વ્રતના વિકલ્પને આશ્રયે પ્રગટ થતું નથી. કેમકે એ તો બધો આસ્રવ છે. આહા..હા...!

એને **'અંતર્મુહૂર્તમાં કર્મોનો નાશ કરી...'** આ..હા..હા...! અહીં તો છેલ્લું લેવું છે ને ! સમ્યગ્દર્શન થયું કે પૂર્ણાનંદ પ્રભુ આત્મા છે. એનો અનુભવ થયો. અનુભવ એટલે એને અનુસરીને દશા થઈ. પૂર્ણ સ્વરૂપ ભગવાનઆત્માને અનુસરીને દશા થઈ. એ 'અનુભવ રત્ન ચિંતામણિ ને અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ' એ અનુભવ દ્વારા આસ્રવને જીતી અને ઉત્કૃષ્ટ અનુભવ દ્વારા **'કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન ઉપજાવે છે.'** આ..હા..હા...!

આ તો પંચમ આરાના મુનિ છે, એને કાંઈ કેવળજ્ઞાન નથી પણ સામર્થ્ય બતાવે છે. 'કુંદકુંદાચાર્યદેવ', 'અમૃતચંદ્રાચાર્યદેવ' એ બધા પંચમ આરાના સાધુ. 'કુંદકુંદાચાર્યદેવ' બે હજાર વર્ષ પહેલા થયા. 'અમૃતચંદ્રાચાર્ય' ટીકાકાર હજાર વર્ષ પહેલા થયા. એ એમ પોકાર કરે છે કે, આત્માના સ્વભાવના જોરના બળે અમે મિથ્યાત્વ ને અજ્ઞાન ને રાગ-દ્વેષનો અંશ તો ટાળ્યો છે પણ એના પૂર્ણના, આત્માના આશ્રયના બળે કર્મનો નાશ કરીને કેવળજ્ઞાન પામશું. આહા..હા...! છે ?

**'અંતર્મુહૂર્તમાં કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન ઉપજાવે છે. એવું જ્ઞાનનું સામર્થ્ય છે.'** જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન એટલે ભગવાનઆત્મા, એની પરિણતિ જે શુદ્ધ, એને અહીંયાં જ્ઞાન કહેવામાં આવ્યું છે. એ શુદ્ધ પરિણતિ દ્વારા અશુદ્ધ આસ્રવને જીતી અને કેવળજ્ઞાન ઉપજાવે છે. આ..હા..હા...!

**જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય છે તેમ પર્યાયની અપેક્ષાએ દ્રવ્ય અદ્રવ્ય છે એમ કહીને પર્યાયનું કેટલું સામર્થ્ય છે એ બતાવવું છે. એક સમયની પર્યાય જ વસ્તુ છે, બાકી બધું તેની અપેક્ષાએ અવસ્તુ છે. એક પર્યાય સ્વદ્રવ્યને પણ જાણે અને છે દ્રવ્યને પણ જાણે તો હવે તેમાં બાકી શું રહ્યું ? બધું જ આવી ગયું. દ્રવ્યની મહત્તા કરનાર પર્યાય છે માટે પર્યાયની મહત્તા છે. દ્રવ્યની મહત્તાને જાણનાર પર્યાય છે. આવી વાત છે. પર્યાય એમ જાણે છે કે હું ધ્રુવ છું કેમ કે પર્યાયનું લક્ષ ધ્રુવ ઉપર છે. ૩૨૦ ગાથામાં આવે છે કે ધર્મી અખંડ ત્રિકાળી નિરાવરણ પરમાત્માનું ધ્યાન કરે છે, ખંડ ખંડનું નહિ.. આ જરા ઝીણું આવી ગયું.**

**અહીં, જ્ઞાન પરના ક્ષેત્રમાં વ્યાપે છે એમ નહિ, પોતાના ક્ષેત્રમાં વ્યાપે છે. અહીં દ્રવ્ય ને પર્યાયનાં ભેદની વાત નથી. આ તો જાણવાની પર્યાય સર્વ પર ક્ષેત્રને વ્યાપીને જાણે છે–એમ નથી. પોતાના ક્ષેત્રમાં રહીને જાણે છે.**

**શ્રોતા :– અહીંયાં પોતાનું ક્ષેત્ર એટલે શું ?**

**પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો પર્યાયનું જેટલું ક્ષેત્ર છે તેટલું ક્ષેત્ર છે. એ તો પરથી જુદું પાડવાની વાત છે ને. પોતાનામાં પણ બે ભેદ છે. બે ચીજ ભિન્ન છે. આહાહા !**

**પ્રમાણનો વિષય દ્રવ્ય અને પર્યાય બન્ને છે અને નિશ્ચયનો વિષય એકલું દ્રવ્ય છે પણ તેને વિષય કરનાર પર્યાય છે. કાર્ય પણ પર્યાયમાં થાય છે. ત્રિકાળી કારણદ્રવ્યમાં કાર્ય નથી આવતું. આ તો પ્રશ્ન થયો હતો રાજકોટમાં કે કારણપરમાત્મા તો ત્રિકાળી છે તો કાર્ય કેમ આવતું નથી ? કીધું સાંભળો... કારણપરમાત્મા છે તેનો જેને સ્વીકાર છે એને માટે જ એ કારણપરમાત્મા છે. જેને સ્વીકાર નથી તેને માટે નહિ.**

**–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ ઑગસ્ટ–૨૦૦૬**

## ગાથા–૧૬૪થી૧૬૫

तत्रास्रवस्वरूपमभिदधाति -

मिच्छत्तं अविरमणं कसायजोगा य सण्णसण्णा दु।
बहुविहभेया जीवे तस्सेव अणण्णपरिणामा।।१६४।।
णाणावरणादीयस्स ते दु कम्मस्स कारणं होंति।
तेसिं पि होदि जीवो य रागदोसादिभावकरो।।१६५।।

मिथ्यात्वमविरमणं कषाययोगौ च संज्ञासंज्ञास्तु।
बहुविधभेदा जीवे तस्यैवानन्यपरिणामाः।।१६४।।
ज्ञानावरणाद्यस्य ते तु कर्मणः कारणं भवन्ति।
तेषामपि भवति जीवश्च रागद्वेषादिभावकरः।।१६५।।

---

रागद्वेषमोहा आस्रवाः इह हि जीवे स्वपरिणामनिमित्ताः अजडत्वे सति चिदाभासाः। मिथ्यात्वाविरतिकषाययोगाः पुद्गलपरिणामाः, ज्ञानावरणादिपुद्गलकर्मास्रवणनिमित्तत्वात्, किलास्रवाः। तेषां तु तदास्रवणनिमित्तत्वनिमित्तं अज्ञानमया आत्मपरिणामा रागद्वेषमोहाः। तत आस्रवणनिमित्तत्वात् रागद्वेषमोहा एवास्रवाः। ते चाज्ञानिन एव भवन्तीति अर्थादेवापद्यते।

---

હવે આસ્રવનું સ્વરૂપ કહે છે :–

મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ [1]સંજ્ઞ [2]અસંજ્ઞ છે,
[1]એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે; ૧૬૪
વળી [2]તેહ જ્ઞાનાવરણઆદિક કર્મનાં કારણ બને,
ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫.

ગાથાર્થ :– (मिथ्यात्वम्) મિથ્યાત્વ, (अविरमणं) અવિરમણ, (कषाययोगौ च) કષાય અને યોગ — એ આસ્રવો (संज्ञासंज्ञाः तु) સંજ્ઞ (અર્થાત્ ચેતનના વિકાર) પણ છે અને અસંજ્ઞ (અર્થાત્ પુદ્‌ગલના વિકાર) પણ છે. (बहुविधभेदाः) વિવિધ ભેદવાળા સંજ્ઞ આસ્રવો – (जीवे) કે જેઓ જીવમાં ઉત્પન્ન થાય છે તેઓ — (तस्य एव) જીવના જ (अनन्यपरिणामाः) અનન્ય પરિણામ છે. (ते तु) વળી અસંજ્ઞ આસ્રવો (ज्ञानावरणाद्यस्य कर्मणः) જ્ઞાનાવરણ

આદિ કર્મનું (कारणं) કારણ (નિમિત્ત) (भवन्ति) થાય છે (च) અને (तेषाम् अपि) તેમને પણ (અર્થાત્ અસંજ્ઞ આસ્રવોને પણ કર્મબંધનું નિમિત્ત થવામાં) (रागद्वेषादिभावकरः जीवः) રાગદ્વેષાદિ ભાવ કરનારો જીવ (भवति) કારણ (નિમિત્ત) થાય છે.

ટીકા :– આ જીવમાં રાગ, દ્વેષ અને મોહ – એ આસ્રવો પોતાના પરિણામના નિમિત્તે થાય છે માટે તેઓ જડ નહિ હોવાથી ચિદાભાસ છે (–જેમાં ચૈતન્યનો આભાસ છે એવા છે, ચિદ્વિકાર છે).

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ – એ પુદ્‌ગલપરિણામો, જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મના આસ્રવણનાં (–આવવાનાં) નિમિત્ત હોવાથી, ખરેખર આસ્રવો છે; અને તેમને (મિથ્યાત્વાદિ પુદ્‌ગલપરિણામોને) કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું નિમિત્ત રાગદ્વેષમોહ છે–કે જેઓ અજ્ઞાનમય આત્મપરિણામો છે. માટે (મિથ્યાત્વાદિ પુદ્‌ગલપરિણામોને) આસ્રવણના નિમિત્તપણાના નિમિત્તભૂત હોવાથી રાગ-દ્વેષ-મોહ જ આસ્રવો છે. અને તે તો (–રાગદ્વેષમોહ તો) અજ્ઞાનીને જ હોય છે એમ અર્થમાંથી જ નીકળે છે. (ગાથામાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું નથી તોપણ ગાથાના જ અર્થમાંથી એ આશય નીકળે છે).

ભાવાર્થ :– જ્ઞાનાવરણાદિ કર્મોના આસ્રવણનું (–આગમનનું) કારણ તો મિથ્યાત્વાદિકર્મના ઉદયરૂપ પુદ્‌ગલના પરિણામ છે, માટે તે ખરેખર આસ્રવો છે. વળી તેમને કર્મઆસ્રવણના નિમિત્તભૂત થવાનું નિમિત્ત જીવના રાગદ્વેષમોહરૂપ (અજ્ઞાનમય) પરિણામ છે માટે રાગદ્વેષમોહ જ આસ્રવો છે. તે રાગદ્વેષમોહને ચિદ્વિકાર પણ કહેવામાં આવે છે. તે રાગદ્વેષમોહ જીવને અજ્ઞાન-અવસ્થામાં જ હોય છે. મિથ્યાત્વ સહિત જ્ઞાન જ અજ્ઞાન કહેવાય છે. માટે મિથ્યાદૃષ્ટિને અર્થાત્ અજ્ઞાનીને જ રાગદ્વેષમોહરૂપી આસ્રવો હોય છે.

## ગાથા ૧૬૪-૧૬૫ ઉપર પ્રવચન

હવે ગાથા ૧૬૪-૧૬૫. 'આસ્રવનું સ્વરૂપ...'

मिच्छत्तं अविरमणं कसायजोगा य सण्णसण्णा दु।
बहुविहभेया जीवे तस्सेव अणण्णपरिणामा।।१६४।।
णाणावरणादीयस्स ते दु कम्मस्स कारणं होंति।
तेसिं पि होदि जीवो य रागदोसादिभावकरो।।१६५।।

નીચે હરિગીત.

મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ [1]સંજ્ઞ [2]અસંજ્ઞ છે,
[1]એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે; ૧૬૪.

**વળી ²તેહ જ્ઞાનાવરણઆદિક કર્મનાં કારણ બને,**
**ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫.**

આ..હા...! ટીકા :– **'આ જીવમાં...'** પર્યાયમાં જે રાગ ને દ્વેષ છે એ જીવના પરિણામ છે. આહા..હા...! **'આ જીવમાં રાગ, દ્વેષ અને મોહ–એ આસ્રવો પોતાના પરિણામના નિમિત્તે થાય છે...'** એ શું કહે છે ? કે, રાગ-દ્વેષ ને મોહ કોઈ કર્મને કારણે થયા છે એમ નહિ. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાયી' આહા..હા...! એ અહીં કહે છે કે, **'આ જીવમાં...'** ભગવાનઆત્મામાં, એની પર્યાયમાં **'રાગ, દ્વેષ અને મોહ–એ આસ્રવો...'** છે. મિથ્યાત્વ આસ્રવ છે તેમ હિંસા, જૂઠું, ચોરી, ભોગ, વાસના આસ્રવ છે તેમ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પણ આસ્રવ છે. આહા..હા...!

એ **'રાગ, દ્વેષ અને મોહ–એ આસ્રવો પોતાના પરિણામના નિમિત્તે...'** એ શું કહેવા માગે છે ? કે, મોહ, રાગ, દ્વેષના પરિણામ થયા એ કોઈ એમ કહે કે, કર્મને કારણે થયા એમ નથી. પોતાના પરિણામને કારણે થયા છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? સંસ્કૃત ટીકા છે. **'स्वपरिणामनिमित्ताः'** સંસ્કૃત છે. **'स्वपरिणामनिमित्ताः'** આહા..હા...! નિમિત્ત એટલે કારણ. પોતાના પરિણામને કારણે થયા છે. એ કર્મને કારણે રાગ, દ્વેષ ને મોહ થયા છે એમ નથી. કર્મ જડ બીજી ચીજ છે, ભગવાન ચૈતન્ય બીજી ચીજ છે. એક ચીજ બીજી ચીજને કદી અડતી નથી. આહા..હા...! અડે નહિ, અડે નહિ, સ્પર્શે નહિ. કર્મ આત્માને સ્પર્શતું નથી, આત્માનો રાગ કર્મને સ્પર્શતો નથી. આહા..હા..! ઝીણી વાતું બહુ, બાપુ !

મુમુક્ષુ :– કર્મે વાળ્યો આડો આંક.

ઉત્તર :– ઈ વાતું લોકની. એ માટે તો આચાર્ય મહારાજ પોતે કહે છે.

આસ્રવો **'स्वपरिणामनिमित्ताः'** પોતાની પરિણતિને કારણે આસ્રવો થયા છે, કર્મને લઈને નહિ. કર્મ જડ છે, અજીવ છે અને આ પરિણામ જીવે પોતે કર્યાં, તે જીવના પરિણામ જીવ છે.

મુમુક્ષુ :– કર્મ-શાસ્ત્રમાં તો કર્મના કારણે વિકાર થાય (એમ આવે છે).

ઉત્તર :– એ તો નિમિત્તના કથન છે.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને કંઈ પણ કરે (એ) ત્રણકાળ, ત્રણલોકમાં નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી ને ! એ તો ત્રીજી ગાથામાં કહી ગયા. 'સમયસાર' ત્રીજી ગાથા. દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયને ચૂંબે છે. ત્રીજી ગાથામાં આવી ગયું છે. દરેક દ્રવ્ય, દરેક આત્મા ને દરેક પરમાણુ પોતાના ગુણ ને પર્યાયને ચૂંબે છે. પરને કદી ચૂંબતું નથી. એ ત્રીજી ગાથામાં આવી ગયું. આહા..હા...! બહુ ફેર. આ તો કહે, કર્મ કરાવે. કર્મનો ઉદય આકરો આવે એટલે આત્માને રાગ-દ્વેષ કરવો પડે. એ અહીં આચાર્ય ના પાડે છે.

પોતાના પરિણમનને કારણે રાગ, દ્વેષ અને મોહ થયો છે. છે ? **'આ જીવમાં...'** આ

જીવ, એમાં **'રાગ, દ્વેષ ને મોહ–એ આસ્રવો...'** બંધના કારણો, મલિન ભાવ **'પોતાના પરિણામના નિમિત્તે થાય છે...'** પોતાના પરિણમનની દશાને કારણે થાય છે. પોતાના પરિણમન, પર્યાયને કારણે થાય છે. પરને કારણે થતા નથી. આહા..હા...! છે કે નહિ અંદર ? 'અમૃતચંદ્રાચાર્યદેવ' ટીકાકાર છે, 'કુંદકુંદાચાર્યદેવ'ની ગાથા છે. ઈ 'અમૃતચંદ્રાચાર્યદેવ' હજાર વર્ષ પહેલા થયા. 'કુંદકુંદાચાર્યદેવ' પછી હજાર વર્ષ અને અત્યાર પહેલા હજાર વર્ષ. 'કુંદકુંદાચાર્યદેવ'ને બે હજાર વર્ષ થયા. એમણે આ મૂળ શ્લોકો બનાવ્યા અને એની ટીકા 'અમૃતચંદ્રાચાર્યદેવ' દિગંબર સંત એ એમ કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ !

આ..હા...! તારા આત્મામાં રાગ-દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધ, મિથ્યાત્વ, પુણ્ય-પાપ ભાવ થાય એ તારા પરિણમનને કારણે છે. આહા..હા...! કોઈ નવું કર્મ સ્ત્રી, કુટુંબ-પરિવારથી તો ન થાય પણ કર્મના ઉદયથી પણ તારામાં પરિણમન થાય એમ નથી. આહા..હા...! કેમકે કર્મનો ઉદય જડ છે અને આ ચૈતન્યના અરૂપી વિકારી પરિણામ છે. આહા..હા...! કર્મ જે છે એના દ્રવ્ય-ગુણ-પર્યાય જડ છે અને આ જે રાગ-દ્વેષ-મોહ છે ઈ... છે ? **'તેઓ જડ...'** નથી. આહા..હા...! રાગ-દ્વેષ અને મોહ જે આત્માના પરિણામ અજ્ઞાનથી કરેલા (છે), એ આસ્રવો પોતાના પરિણામને કારણે થાય છે. પોતાના પલટવાના, બદલવાના, અવસ્થાને કારણે થાય છે, પરને કારણે નહિ. આહા..હા...! **'માટે તેઓ જડ નહિ હોવાથી...'** જોયું ? એ જડ નથી. કેમકે આત્મા ભગવાન પોતે અરૂપી ચિદાનંદ, એ જ પોતે ભૂલમાં પોતે પરિણામમાં ભૂલ ઊભી કરે છે. એ મિથ્યાત્વ ને રાગ-દ્વેષ એની ભૂલ, એના પરિણામ પોતાથી થયેલા છે. તેથી તે જીવના છે. **'માટે તેઓ જડ નહિ હોવાથી...'** આહા..હા...!

બીજે ઠેકાણે પુદ્ગલના કહે છે. એ બીજી વાત છે. એ આત્મસ્વભાવ જે અનંત ગુણ છે, એમાં અનંત ગુણમાં એવો કોઈ ગુણ વિકાર કરે એવો ગુણ છે જ નહિ. પર્યાયમાં વિકાર થાય છે ત્યારે સ્વભાવની દૃષ્ટિ કરતા, પર્યાયમાં જે વિકાર થાય છે એ પુદ્ગલના નિમિત્તે થયો છે માટે પુદ્ગલ કહેવામાં આવ્યા. બીજે ઠેકાણે એમ કહ્યું છે પણ આ અપેક્ષાએ. બીજે ઠેકાણએ કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ ને ! બીજે ઠેકાણે એમ કહ્યું કે, એ પુણ્ય અને પાપના ભાવ પુદ્ગલ છે. કેમકે પુદ્ગલના નિમિત્ત અધ્ધરથી પર્યાયમાં થાય છે. આત્માનો એવો કોઈ ગુણ નથી. આત્મામાં અનંતા... અનંતા... અનંતા... અનંતા... ગુણ છે, પણ એમાં એકેય ગુણ એવો નથી કે વિકાર કરે. એથી તેની પર્યાયમાં જે વિકાર થાય છે તે સ્વભાવની દૃષ્ટિ કરનારને, સ્વભાવની દૃષ્ટિ કરાવવા એ પુદ્ગલના છે એમ કરીને કાઢી નાખે છે. આહા..હા...!

અહીંયાં તો કોઈ એમ માને કે, પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ જેવો કર્મનો ઉદય આવે એવા જીવને પરિણામ થાય. (તો કહે છે), ના. 'કર્મ બિચારે કૌન ?' એ તો જડ છે, માટી – ધૂળ છે. જેવી આ ધૂળ છે એવી ઝીણી ધૂળ છે, ધૂળ. આ જાડી ધૂળ છે.

આ ધૂલી.. ધૂલી ! એ ઝીણી ધૂળ છે, અજીવ છે, માટી છે. એને કંઈ ખબર નથી કે, અમે કર્મ છીએ કે નહિ, એની એને ક્યાં ખબર છે ? આહા..હા...!

ઓ..હો..હો....! મથાળામાં કેટલું બાંધ્યું ! એ આસ્રવો પોતાના પરિણામના કારણે થાય છે, કર્મને કારણે નહિ. સ્ત્રી, કુટુંબ-પરિવાર, દીકરાને કારણે રાગ-દ્વેષ થાય છે (એમ) નહિ. **'માટે તેઓ જડ નહિ હોવાથી...'** એ રાગ-દ્વેષ ને મોહ, તે જડ નહિ હોવાથી **'ચિદાભાસ છે...'** ચિદાભાસ છે. આત્મા(નું) પ્રગટ ચિદાનંદ સ્વરૂપ નથી, ચિદાભાસ – ચૈતન્યનો આભાસ છે (એવા) એ પરિણામ છે. આહા..હા...! છે ? **'(–જેમાં ચૈતન્યનો આભાસ છે એવા છે, ચિદ્વિકાર છે).'** આહા..હા...! આમાંય ફેર. વાત વાતમાં ફેર. તત્ત્વની ખબર ન મળે. આ..હા...! પહેલેથી કહે, કર્મને લઈને રખડ્યો, કર્મને લઈને રખડ્યો, કર્મને લઈને રખડ્યો. પણ કર્મ તો જડ છે.

મુમુક્ષુ :– કર્મનો નાશ કરવા માટે અમે પૂજામાં ધૂપ નાખીએ છીએ.

ઉત્તર :– ધૂલ કોણ નાખે ? ધૂપના પરમાણુ પણ ત્યાં પડવાના (હતા), એને આત્મા નાખે, એ ત્રણકાળમાં ખોટી વાત છે. આહા..હા...! તે પરમાણુની તે સમયની અવસ્થા થવામાં એ પરમાણુ કારણ છે, આત્મા કારણ નથી. આમ સ્વાહા (કરે એમાં) આ હાથ હલે છે એ આત્માથી નહિ. આહા..હા...! એની – આ જડની, શરીરની પર્યાય છે. એ શરીરના પરિણામ છે, આત્માના નહિ. આહા..હા...! અને જીવના જે રાગ-દ્વેષ, મોહ પરિણામ (છે) એ જડના નહિ, એ કર્મના નહિ. આહા..હા...!

**'માટે તેઓ જડ નહિ હોવાથી...'** જ્ઞાનાભાસ. વાસ્તવિક ચૈતન્ય સ્વરૂપ નથી, પણ ચિદાભાસ (છે). ચૈતન્ય જેવો આભાસ (થાય) એવા પરિણામ એના છે. **'(–જેમાં ચૈતન્યનો આભાસ છે એવા છે, ચિદ્વિકાર છે).'** આહા..હા...! અઢી લીટીમાં તો કેટલું ભર્યું છે ! દિગંબર સંતોના વાણી ઘણી ગંભીર ! આ..હા...! શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં એ કંઈ છે જ નહિ. આ..હા...! શ્વેતાંબર અને સ્થાનકવાસીને તો 'ટોડરમલે' પાંચમા અધ્યાયમાં અન્ય મતમાં નાખ્યા છે. એ જૈન મત જ નથી. આહા..હા...! આ વસ્તુની સ્થિતિ છે. આહા..હા...!

મુમુક્ષુ :– ઇચ્છા ન હોય તોય રાગ થઈ આવે છે, એનું શું ?

ઉત્તર :– ઇચ્છા નથી કોણ કહે છે ? રાગ થયો એ જ ઇચ્છા છે, રાગ થયો એ જ ઇચ્છા છે. રાગના બે પ્રકાર. માયા અને લોભ. લોભ રાગમાં આવી ગયો. દ્વેષના બે પ્રકાર – ક્રોધ અને માન. દ્વેષના બે પ્રકાર – ક્રોધ અને માન. રાગના બે પ્રકાર – માયા અને લોભ. ઇચ્છા આવી ગઈ. રાગ થયો એ જ ઇચ્છા થઈ. આહા..હા...! બહુ ફેર, ભાઈ !

વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. ત્યાંથી આ વાણી આવી છે. આહા..હા...! 'કુંદકુંદાચાર્યદેવ' ત્યાં ગયા હતા, આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી આવીને આ શ્લોકો બનાવ્યા છે. એની ટીકા 'અમૃતચંદ્રાચાર્યદેવે' હજાર વર્ષ પછી

(બનાવી). 'કુંદકુંદાચાર્યદેવે' તીર્થંકર જેવું કામ કર્યું અને 'અમૃતચંદ્રાચાર્યદેવે' એના ગણધર જેવું કામ કર્યું ! આ..હા..હા...! આવી વસ્તુ છે. આ ત્રણ લીટીમાં કેટલું ભર્યું !!

રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ બધો કષાય છે. એ આસ્રવો છે. એ પોતાના પરિણમનના નિમિત્તે થાય છે. આહા..હા...! **'માટે તેઓ જડ નહિ હોવાથી ચિદાભાસ છે...'** આ..હા...! આત્માની જ એ વિકારદશા છે. એ જડની વિકારદશા નથી. આહા..હા...!

મુમુક્ષુ :– પહેલા અધિકારમાં તો એને અજીવપણું કહ્યું છે.

ઉત્તર :– ઈ કઈ અપેક્ષાએ કીધું ? પોતાના સ્વભાવ શુદ્ધની દૃષ્ટિ કરાવવા એ વિકારની ઉત્પત્તિ પુદ્ગલને કારણે થઈ માટે એને અજીવ કીધાં. નિમિત્તને આધીન થઈને થયા તેને અજીવ કીધાં. પણ છે તો આત્માની પર્યાયમાં થતા પોતાના પરિણામનો અપરાધ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

મુમુક્ષુ :– નિશ્ચયથી શું છે ? એમ ભાઈ પૂછે છે.

ઉત્તર :– આ નિશ્ચય, નિશ્ચય છે. આ અશુદ્ધ નિશ્ચય છે. એ જીવની પર્યાયમાં છે. શુદ્ધ નિશ્ચયની દૃષ્ટિ કરાવવા એ પરિણામ પુદ્ગલના છે એમ કરીને કાઢી નખાવવા માટે (કહ્યું). સમજાય છે કાંઈ ? અશુદ્ધ નિશ્ચય કહો કે વ્યવહાર કહો. આહા..હા...! એ એની પર્યાયમાં થાય છે. એના પરિણામ, પરિણમનને કારણે થાય છે. પરને કારણે બિલકુલ નહિ. આહા..હા...! તેથી તો કહ્યું કે, **'તેઓ જડ નહિ હોવાથી ચિદાભાસ છે...'** આત્માની ચિદાભાસ, જ્ઞાનાભાસ જેવી એની ઈ દશા છે. આહા..હા...!

હવે, એનો વિસ્તાર (કરે છે). **'મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ–એ પુદ્ગલપરિણામો,...'** કયા ? એ પૂર્વના. એ પૂર્વના જે કર્મ છે ને, એની અહીંયાં વાત છે. મિથ્યાત્વ (એટલે) દર્શનમોહ, અવિરતિ (એટલે) ચારિત્રમોહ, કષાય અને યોગ એ પુદ્ગલપરિણામ જડ છે. એ **'જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મના આસ્રવણનાં (–આવવાનાં) નિમિત્ત હોવાથી,...'** શું કહે છે ? પૂર્વના જે કર્મ જડ છે એ પુદ્ગલના પરિણામ છે. કર્મ... કર્મ. ધ્યાન રાખજો, બાપુ ! એ પુદ્ગલપરિણામ છે. **'જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મના આસ્રવણનાં (–આવવાનાં) નિમિત્ત...'** છે. શું કહે છે ? જૂના જડ કર્મ, એ નવા કર્મને આવવાનું નિમિત્ત અને આસ્રવ છે. સાંભળજો ! જૂના જડ કર્મ, મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ પુદ્ગલપરિણામ એ જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મના આસ્રવના નિમિત્ત હોવાથી. ખરેખર એ પૂર્વના કર્મનો ઉદય છે એ આસ્રવ છે.

હવે (કહે છે), **'તેમને (મિથ્યાત્વાદિ પુદ્ગલપરિણામોને) કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું નિમિત્ત...'** એ પૂર્વનું જડ જે છે એ આસ્રવ નવા આવવાનું કારણ કહ્યું. પણ કોને ? કે, તે પૂર્વના કર્મ છે, તેમાં જે રાગ-દ્વેષ ને મોહ જેમાં નિમિત્ત થાય છે એને કારણે એ નિમિત્ત નવા કર્મનું કારણ થાય છે.

ફરીને, ખરેખર '**(મિથ્યાત્વાદિ પુદ્‌ગલપરિણામોને)...**' એટલે જડને. '**કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું...**' જુના જડ કર્મને નવા કર્મને આવવાનું નિમિત્ત છે તેને, '**રાગદ્વેષમોહ...**' આહા..હા...! તે '**(મિથ્યાત્વાદિ પુદ્‌ગલપરિણામોને) કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું નિમિત્ત રાગદ્વેષમોહ છે...**' જીવના પરિણામ છે. આહા..હા...!

ફરીને, જૂના કર્મ જે જડ છે, એ નવા કર્મનું આસ્રવનું નિમિત્ત કહ્યું. પણ એ નિમિત્ત પણ ક્યારે થાય ? કે, જ્યારે આત્માને રાગ, દ્વેષ, મોહ થાય, રાગ-દ્વેષ, મોહ કરીને જ્યારે નિમિત્તને (આધીન) થાય ત્યારે નવા કર્મનો આસ્રવ નિમિત્તને કહેવામાં આવે. આરે..રે...!

ફરીને, ભગવાનઆત્મા ! એમાં જે જોડે કર્મ જડ છે, માટી – ધૂળ (છે), એનો જે ઉદય છે એ નવા કર્મને આવવાનું નિમિત્ત છે. પણ એ નિમિત્ત ક્યારે ? તે જડ કર્મને આત્માના રાગ-દ્વેષ-મોહ નિમિત્ત થાય ત્યારે. આહા..હા...! શું કહ્યું સમજાણું કાંઈ ?

અહીંયાં તો માથે કહ્યું કે, રાગ-દ્વેષ-મોહ એ જીવના પરિણામ (છે), એ સિદ્ધ કરવું છે. એ પૂર્વના જડ કર્મ છે એ નવા આવવાનું કારણ છે, એ ક્યારે ? કે, એ નિમિત્તને રાગ-દ્વેષ ને મોહ જીવના પરિણામ મળે તો. રાગ-દ્વેષ ને મોહના જીવના પરિણામ ન મળે તો એ નિમિત્ત નવા કર્મનો આસ્રવ થતો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાઈએ જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં નાખ્યું છે.

ફરીને, જૂના જડ કર્મ એ નવા કર્મને આવવાનું નિમિત્ત. પણ ક્યારે ? કે, જૂના જડ કર્મમાં જીવના રાગ-દ્વેષ-મોહ નિમિત્ત થાય તો. જીવના રાગ-દ્વેષ-મોહ નિમિત્ત ન થાય તો જૂનું કર્મ નવાનું આવરણ કારણ થાય નહિ.

મુમુક્ષુ :– ઉદયને લેવામાં ન આવ્યો.

ઉત્તર :– ઉદય ઉદયમાં રહી ગયો.

અહીંયાં રાગ-દ્વેષ ને મોહ જીવ કરે તો જૂના કર્મને નિમિત્ત નવા આવવાનું કહેવામાં આવે, પણ રાગ-દ્વેષ-મોહ જીવ ન કરે તો જૂના કર્મને નવા આવવાનું કારણ પણ કહેવાય નહિ. આહા..હા...! અરે..રે...! આવી વાતું છે. શું કીધું ?

ફરીને, મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ એ પૂર્વના પુદ્‌ગલના પરિણામ (છે). પૂર્વના કર્મની વાત કરી. એ જ્ઞાનાવરણી પુદ્‌ગલકર્મના આવવાના નિમિત્ત (છે). એ પૂર્વના કર્મનો ઉદય, નવા કર્મને આવવામાં નિમિત્ત (છે). પણ '**તેમને (મિથ્યાત્વાદિ પુદ્‌ગલપરિણામોને) કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું નિમિત્ત રાગદ્વેષમોહ છે...**' અહીંયાં અજ્ઞાની રાગ-દ્વેષ-મોહ કરે તો જૂના કર્મને નવા કર્મનું નિમિત્તકારણ કહેવાય. રાગ-દ્વેષ ન કરે તો જૂનું કર્મ નવાનું આવવાનું નિમિત્ત પણ છે નહિ. આહા..હા...! સમજાય છે ? ભાષા તો સાદી છે પણ પ્રભુ શું થાય ? માર્ગ તો પ્રભુનો એવો છે. આહા..હા...!

જૂના કર્મને નવા કર્મનું નિમિત્ત કહ્યું. પણ ક્યારે ? કે, એ જૂના કર્મને જીવના રાગ-

દ્વેષ-મોહ નિમિત્તપણે આવે તો તે નિમિત્ત નવા આવવાનું કારણ કહેવાય, પણ રાગ-દ્વેષ-મોહ જીવ ન કરે તો જૂનું કર્મ નવા (કર્મ) આવવાનું કારણ બને નહિ. આહા..હા...! ભાષા તો સમજાય એવી છે, પણ બાપા ! માર્ગ એવો છે કોઈ. આહા..હા...!

ભગવાન પોતાના પરિણમનમાં જ્યારે અજ્ઞાની પોતાના સ્વરૂપને ન જાણતા, રાગ-દ્વેષ ને મોહરૂપે પરિણમે છે એ પરિણમનમાં કારણ આત્મા છે. એમાં કર્મ (કારણ) નહિ. હવે અહીં કહે છે કે, જૂના કર્મ નવાનું કારણ થાય ક્યારે ? કે, જૂના કર્મના નિમિત્તમાં અહીં રાગ-દ્વેષ ને મોહ જીવ કરે તો તેને નવા આવવાનું કારણ નિમિત્ત કહેવાય, પણ રાગ-દ્વેષ, મોહ જીવ ન કરે તો જૂના કર્મ નવા આવરણ થવાનું કારણ પણ છે નહિ. આહા..હા...! આવી વાત છે. અટપટી વાત જેવું લાગે.

મુમુક્ષુ :- આમ હોય તો જ છૂટી શકાય.

ઉત્તર :- પણ આમ જ છે. જો કર્મનો ઉદય માત્ર (કારણ) હોય તો સર્વને ઉદય છે. એ સંસ્કૃત ટીકામાં છે – 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે કે, ઉદયથી જો થતું હોય તો ઉદય તો સર્વને છે. તો કદી બંધરહિત થઈ શકે નહિ. પણ ઉદયમાં રાગ-દ્વેષ, મોહ પોતે કરે તો તે નિમિત્ત નવા આવવાનું કારણ થાય, ન કરે તો છૂટી જાય. આહા..હા...! 'જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકામાં છે. છે અહીં ? 'સમયસાર'. આ 'પ્રવચનસાર' છે ? હિન્દી.. હિન્દી (જોઈએ). આ તો 'નિયમસાર' છે, નથી લાગતું. 'પ્રવચનસાર' આવ્યું નથી. શું કહ્યું ?

ફરીને, એક વાત તો પહેલી એ કરી કે, જેટલા પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ જીવના પરિણમનથી થાય. આ તો 'સમયસાર' છે, 'સમયસાર'ની ટીકા જોઈએ. નથી. આમાં 'જયસેનાચાર્યદેવ'ની ટીકા નથી. અહીં છે, લ્યો ને, આટલામાં જ આ (આવી જાય છે). એક સિદ્ધાંત કે, જીવ પોતે રાગ-દ્વેષ, મોહપણે પરિણમે તો તે પરિણમનનું કારણ જીવ થાય. પણ એ પરિણમે તો કર્મનું કારણ કહેવાય, એમ નથી. આહા..હા...! એક સિદ્ધાંત તો એ સિદ્ધ કર્યો.

બીજો સિદ્ધાંત કે, પૂર્વના કર્મનો ઉદય નવાને નિમિત્ત થાય. નિમિત્ત થાય ને ! ઉપાદાન તો આવે ઈ છે. નવા કર્મ આવે ઈ ઉપાદાન છે અને આ તો નિમિત્ત (છે). પણ નિમિત્ત ક્યારે થાય ? કે, જો જીવ મિથ્યાત્વ ને રાગ-દ્વેષનું પરિણમન કરે તો તે નિમિત્ત નવા આવવાનું કારણ થાય. પણ જો રાગ-દ્વેષ-મોહ ન કરે તો એ નિમિત્ત ખસી જાય અને નવા કર્મ આવે નહિ. આહા..હા...! ભારે કામ ! છે ને એમાં ?

મુમુક્ષુ :- એમ જ હોય ને ! તત્ત્વ તો જે છે તે જ છે.

ઉત્તર :- આમ જ છે, વસ્તુ આ છે. વસ્તુની સ્થિતિ જ આ છે. ભગવાને કાંઈ કરી નથી. ભગવાને તો જેવી છે એવી જાણી છે. જાણી છે એવી કહી છે. ભગવાન કંઈ એની

સ્થિતિમાં કરતા નથી. આ..હા...! ઈશ્વરકર્તા છે એમ કંઈ નથી આ. આ..હા...! જગતનો કર્તા ઈશ્વર, જૈનના વિકારનો કર્તા જડ કર્મ. આહા..હા...! એને જડ વધી ગયો. પેલાને કહે કે, બધાનો ઈશ્વરકર્તા છે. ત્યારે આ કહે કે, અમારા વિકારનો કર્તા જડ કર્મ. આહા..હા...!

મુમુક્ષુ :– ઈશ્વર તો કલ્પિત છે અને જડ તો વસ્તુ છે.

ઉત્તર :– આ તો કર્મ વસ્તુ છે. ઈશ્વર તો કલ્પિત (છે), ઈશ્વર હતો કે દિ' ? વસ્તુ છે એને કર્તા કોણ ? છે એને કર્તા કોણ ? અને નથી એને કર્તા કોણ ? આહા..હા...! અનાદિઅનંત વસ્તુ સ્વતંત્ર છે. એ તો અહીંયાં કહેવા માગે છે. આહા..હા...!

કર્મનો ઉદય જડ છે. એ નવાને નિમિત્ત થાય. પણ ક્યારે ? કે, જો જીવ રાગ-દ્વેષ-મોહ, મિથ્યાત્વ કરે તો. પુણ્ય પરિણામથી ધર્મ થાય, રાગ છે એ મારું સ્વરૂપ છે એવું મિથ્યાત્વ કરે અને પુણ્ય-પાપના ભાવ કરે તો એ જૂના કર્મના નિમિત્તને તે પરિણામ નિમિત્ત થાય. તેથી નવા કર્મ આવે એ આ રાગ-દ્વેષ-મોહને કારણે છે. ખરો તો રાગ-દ્વેષ-મોહ જ આસ્રવ છે. આ..હા...!

મુમુક્ષુ :– કર્મનો ઉદય આવે તો ડિગ્રી ટુ ડિગ્રી રાગ થાય જ.

ઉત્તર :– થાય એ વાત જુદી, ન થાય એમ નહિ. તો તો પછી ઉદયથી તો આમાં પહેલી વાત કરી ને ! ઉદય તો બધાને છે. ઉદયમાત્રથી બંધ થાય તો કોઈ દિ' બંધથી છૂટવાનો પ્રસંગ આવે નહિ. ઉદય કે દિ' નથી ? બધાને છે. ઈ છે, 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં. છે ને ! આમાંય છે, આના અર્થમાંય છે. આના અર્થમાં છે. પુસ્તક ત્યાં રહી ગયું. પણ અહીં લ્યો ને ! અહીં આ શું વાંચ્યું ? ગડબડ... ગડબડ, જગતને ગડબડ કરીને મારી નાખ્યા. કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને વિકાર થાય. તીવ્ર કર્મનો ઉદય આવે તો આત્માને મિથ્યાત્વ થાય અને મંદ આવે તો શુભભાવ થાય. આહા..હા...!

અહીં કહે છે કે, ઈ જીવના પરિણામ પોતાના પરિણામનું કારણ પોતે છે. એને કર્મ કારણ છે નહિ. અને અહીંયાં જે કર્મકારણ નવાને કીધું એ ક્યારે ? કે, જીવ જો રાગ-દ્વેષ-મોહ કરે તો. રાગ-દ્વેષ-મોહ ન કરે તો જૂના કર્મ નવાનું કારણ થાય નહિ અને બેય ખરી જાય. જૂનું કર્મ છે ઈ ખરી જાય, નવું તો આવે નહિ. આહા..હા...! આવી વાત છે, ભાઈ ! પ્રભુનો માર્ગ તો આવો છે. જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા, એનો હુકમ આ છે. એમાં આડીઅવળી ગડબડ કરે (તો) એની વિપરીત માન્યતા થાય. આહા..હા...!

**'કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું નિમિત્ત રાગદ્વેષમોહ છે–કે જેઓ અજ્ઞાનમય આત્મપરિણામો છે.'** જોયું ? રાગ-દ્વેષ-મોહ એ તો અજ્ઞાનમય જીવના પરિણામ છે. એ કંઈ જડના પરિણામ નથી. કર્મનો ઉદય છે એ તો જડના પરિણામ છે. આહા..હા...! જૂના કર્મ નવાનું કારણ છે, પણ ક્યારે ? કે, તેને નિમિત્તપણાનું નિમિત્ત રાગ-દ્વેષ-મોહ હોય તો. **'કે જેઓ અજ્ઞાનમય આત્મપરિણામો છે.'** અજ્ઞાનમય (પરિણામો છે). જ્ઞાનીને તો રાગ-દ્વેષ-મોહ છે નહિ.

આહા..હા...! અજ્ઞાની રાગથી ધર્મ માનનારા, પુણ્યથી ધર્મ માનનારા એવા મિથ્યાદૃષ્ટિનું અજ્ઞાન, એ અજ્ઞાન પરિણામ એનામાં પોતામાં છે. તે અજ્ઞાન પરિણામ જૂના કર્મને નિમિત્ત થાય છે. ત્યારે જૂનું કર્મ નવાને નિમિત્ત થાય છે. આમાં કાંઈક વાત તો ચોખ્ખી થાય છે. આમાં કાંઈ ગડબડ ચાલે એવું કાંઈ નથી. આહા..હા...!

આ વાત તો અમારે (સંવત) ૧૯૭૧થી ચાલે છે. ૧૯૭૧ની સાલ ! કેટલા વર્ષ થયા ? ચોસઠ ! ચોસઠ વર્ષ પહેલા ૧૯૭૧માં વાત બહાર પાડી હતી. ૧૯૭૧નું ચોમાસુ, ચોસઠ વર્ષ પહેલા. 'લાઠી' ચોમાસામાં હતા. આત્મામાં જે કંઈ મિથ્યાત્વ ને રાગ-દ્વેષ થાય એ કર્મને લઈને નહિ. ૧૯૭૧માં વાત બહાર પાડી હતી. સંવત ૧૯૭૧. ચોસઠ વર્ષ પહેલા. ઢૂંઢિયામાં દીક્ષા હતી ને ! સ્થાનકવાસી. એમાંય આ સત્ય વાત છે નહિ. આહા..હા...! વિકાર જીવમાં થાય એ કર્મને લઈને નહિ. (આટલું કહ્યું ત્યાં) એ... શરૂઆત થઈ. ભડક્યું.. ભડક્યું !

૧૯૭૧ની સાલ, ચોસઠ વર્ષ પહેલા. શ્વેતાંબરનું 'ભગવતીસૂત્ર' છે. સોળ હજાર શ્લોક છે અને એક લાખની ટીકા છે. એ સત્તર વાર વાંચ્યું હતું. આ વાત એમાં ન મળે. પણ આટલી વાત એમાંથી કાઢી હતી કે, વિકાર થાય તે કર્મને લઈને નહિ. વિકાર કરે તો આત્માને કર્મ નિમિત્ત કહેવામાં આવે. બાકી કર્મનો ઉદય થયો માટે અહીં વિકાર કરવો પડે છે એ વાત તદ્દન મિથ્યા (છે). બીજાના પરિણામને લઈને પોતાના પરિણામ થાય (એ વાત) તદ્દન મિથ્યા છે.

બીજી વાત, આપણે 'પ્રવચનસાર'માં આવી ગયું કે, પોતાના પરિણામને દ્રવ્ય પોતે પહોંચી વળે છે. પછી મિથ્યાત્વનું હોય કે રાગ-દ્વેષના હોય કે નિર્મળ (પરિણામ હોય). સમ્યગ્દર્શનના પરિણામને પણ આત્મા પ્રાપ્ત કરે છે. મિથ્યાત્વના પરિણામને પણ આત્મા પ્રાપ્ત કરે છે. એ એને પહોંચી વળે છે. એક ગાથા આવી ગઈ છે. બીજી ગાથા કે, પર્યાય દ્રવ્ય-ગુણથી થાય છે. ૯૩ મી ગાથા. 'પ્રવચનસાર' જ્ઞેય અધિકારની પહેલી ગાથા.

દ્રવ્ય-ગુણને દ્રવ્ય અને ગુણથી પર્યાય થાય છે, પરથી નહિ. તો વિકારી, અવિકારી પર્યાય પણ પોતાના દ્રવ્ય-ગુણથી થાય છે, પરથી નહિ. આહા..હા...! આવું જ જ્ઞેયનું સ્વરૂપ છે. જ્ઞેય અધિકાર છે. 'પ્રવચનસાર'નો જ્ઞેય અધિકાર છે. ૯૨ ગાથા (સુધી) જ્ઞાન અધિકાર (છે), ૯૩ થી ૨૦૦ (ગાથા સુધી) જ્ઞેય અધિકાર (છે), પછી ૭૫ (ગાથામાં) ચરણાનુયોગનો અધિકાર (છે). એ તો બધા ઘણી વાર જોયા છે.

અહીંયાં કહે છે કે, પર્યાય દ્રવ્યમાં થાય છે એ એના દ્રવ્ય-ગુણને લઈને (થાય છે). ચાહે તો વિકારી થાય કે અવિકારી (થાય). આ..હા...! એ આપણે બપોરે આવી ગયું કે, દ્રવ્યથી થાય છે, પરથી નહિ. આહા..હા...! દરેક દ્રવ્યના પરિણામ – પર્યાય – વર્તમાન દશા જડની કે ચૈતન્યની, તે પર્યાય તેના દ્રવ્ય-ગુણને લઈને થાય છે, પરને લઈને નહિ. અને દરેક પર્યાયને તેનું દ્રવ્ય પહોંચી વળે છે. દરેક પર્યાયને તેનું દ્રવ્ય પ્રાપ્ત કરે છે, પામે

છે. ઈ પહેલી ગાથામાં આવી ગયું. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...!

માટે '**(મિથ્યાત્વાદિ પુદ્દ્ગલપરિણામોને)...**' જૂના. '**આસ્રવણના નિમિત્તપણાના નિમિત્તભૂત હોવાથી રાગ-દ્વેષ-મોહ જ આસ્રવો છે.**' આહા..હા...! હવે આવી ચોખ્ખી સ્પષ્ટ વાત છે (તોય તકરાર કરે). જૂના કર્મ નવા આવવાનું નિમિત્ત છે, ક્યારે કે તે નિમિત્તને – જડના ઉદયને અહીં જીવ રાગ-દ્વેષ-મોહ કરે તો. આહા..હા...! એ જીવના અજ્ઞાન પરિણામ છે, રાગ-દ્વેષ-મોહ એ અજ્ઞાન પરિણામ છે. આ..હા...! ભેગો મોહ છે ને ! મિથ્યાત્વ પરિણામ અને રાગ-દ્વેષ પરિણામ, એ જીવના પરિણામ છે. આહા..હા...!

'**માટે (મિથ્યાત્વાદિ પુદ્દ્ગલપરિણામોને)...**' જૂના. '**આસ્રવણના નિમિત્તપણાના નિમિત્તભૂત હોવાથી રાગ-દ્વેષ-મોહ જ આસ્રવો છે.**' આહા..હા...! '**અને તે તો (–રાગદ્વેષમોહ તો) અજ્ઞાનીને જ હોય છે...**' જ્ઞાનીને આત્માનું જ્ઞાન હોવાથી તેને મોહ, મિથ્યાત્વ હોતો નથી અને મિથ્યાત્વને લગતા જે રાગ-દ્વેષ છે એ જ્ઞાનીને હોતા નથી. જ્ઞાનીને અસ્થિરતાના રાગ-દ્વેષ હોય, ચારિત્રદોષ (હોય), પણ મિથ્યાત્વને લગતા જે અનંતાનુબંધીના રાગ-દ્વેષ અને મિથ્યાત્વ એ જ્ઞાનીને હોતા નથી. આ તો અજ્ઞાનીને હોય છે. આહા..હા...!

જેને આત્મા ચિદાનંદ પ્રભુની ખબર નથી. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા નિર્મળાનંદ અનંત ગુણનો પિંડ છે, એવો જેણે અંદરમાં આદર કર્યો નથી અને જેને રાગ ને દ્વેષના, પુણ્ય, દયા, દાનના પરિણામનો આદર કર્યો છે, તે મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અને અજ્ઞાન હોય છે. આહા..હા..હા...! 'ગોવિંદરામજી' ! આમાં ક્યાં ઢાંકીને (વાત કરીએ છીએ), અહીં (તો) ઢંઢેરો પીટીને વાત ચાલે છે. અહીં કાંઈ ગુપ્ત વાત નથી. બાવીસ લાખ પુસ્તક અહીંના બહાર પડી ગયા છે. બધામાં આ લખાણ છે. આહા..હા...!

એ રાગ-દ્વેષ-મોહ તો '**અજ્ઞાનીને જ...**' આ..હા..હા...! જૂના કર્મમાં નિમિત્તપણું અજ્ઞાનીના રાગ-દ્વેષ-મોહ થાય. તે રાગ-દ્વેષ-મોહ અજ્ઞાનીને હોય છે. આ..હા...! મોહ ભેગો નાખ્યો છે ને, મિથ્યાત્વ ! '**એમ અર્થમાંથી જ નીકળે છે.**' એ ટીકા છે, ટીકામાં છે હોં ! '**निमित्तत्वात् रागद्वेषमोहा एवास्त्रवाः। ते चाज्ञानिन एव भवन्तीति अर्थादेवापद्यते।**' એવો અર્થ એમાંથી નીકળે છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકા છે. આહા..હા...!

'**(ગાથામાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું નથી તોપણ ગાથાના જ અર્થમાંથી એ આશય નીકળે છે).**' શું આશય ? કે, જૂના કર્મને અજ્ઞાનીના રાગ-દ્વેષ-મોહ પરિણામ પોતે કરેલા પરિણામનું કારણ પોતે, અજ્ઞાનીને તે પરિણામ જૂના કર્મને નિમિત્ત થાય ત્યારે જૂનું કર્મ નવા (કર્મ) આવવાને નિમિત્ત થાય. આહા..હા...! જૂના કર્મને, જ્ઞાનીને રાગ-દ્વેષ-મોહ નથી.. આહા..હા...! જેને આત્મા આનંદ, જ્ઞાતા-દ્રષ્ટા છે એવું ભાન સમકિતમાં થયું એને આ મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષ-મોહ નથી તો જૂના કર્મને નિમિત્ત પણ થતું નથી, તો જૂના કર્મ નવાને (નિમિત્ત થતા નથી તો) એને આવરણ પણ આવતું નથી. આહા..હા...! (એમ) ગાથાના અર્થમાંથી નીકળે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**પ્રવચન નં. ૨૪૫ ગાથા-૧૬૪ થી ૧૬૬ મંગળવાર, જેઠ સુદ ૧૦,**
**તા. ૦૫-૦૬-૧૯૭૯**

'સમયસાર' ૧૬૪-૧૬૫ ગાથા, એનો ભાવાર્થ. **'જ્ઞાનાવરણાદિ કર્મોના આસ્રવણનું (-આગમનનું) કારણ...'** શું કહે છે ? નવા કર્મ જે જ્ઞાનાવરણીય આદિ બંધાય છે, એનું **'કારણ તો મિથ્યાત્વાદિ કર્મના ઉદયરૂપ પુદ્‌ગલના પરિણામ છે,...'** પૂર્વના જે મિથ્યાત્વાદિ કર્મના પરિણામ છે એ જડના પરિણામ એ જડને લાવવામાં નિમિત્ત છે. આહા..હા...! આ ક્યાં વિચારે કે દિ' ? આ આત્મા છે એ તો શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ છે. ત્યારે એને કર્મ નવા આવે છે ને ? (તો કહે છે) એ તો પૂર્વના પુદ્‌ગલ કર્મ જે જડ પડ્યા છે, પૂર્વના બંધાયેલા (પડ્યા છે), એ કર્મ નવા આવવાનું નિમિત્ત છે. નવા આવે છે પરિણામ તો એના ઉપાદાનથી. નવા કર્મ આવે છે એ તો એના ઉપાદાનથી, પણ એનું નિમિત્ત પૂર્વના જડકર્મ છે. એક વાત (થઈ).

(માટે) **'તે ખરેખર આસ્રવો છે.'** પૂર્વના કર્મનો ઉદય, બાંધેલા જે કર્મ છે એનો જે ઉદય, એ નવા કર્મને બંધનું કારણ છે. **'વળી તેમને કર્મઆસ્રવણના નિમિત્તભૂત નિમિત્ત...'** એટલે કે જૂના કર્મ જે છે, નવા કર્મને આવવાનું નિમિત્ત, નવા કર્મ આવે છે તેના ઉપાદાનથી પણ આ નિમિત્ત છે. પણ એ નિમિત્તને પણ નવા આવવાનું કારણ ક્યારે થાય ? કે, જીવ રાગ-દ્વેષ અને મોહ કરે તો. જીવ(ના) રાગ-દ્વેષ અને મોહ, એ ભાવ જૂના કર્મને નિમિત્ત થાય ત્યારે જૂનું કર્મ નવા કર્મને નિમિત્ત થાય. સમજાણું કાંઈ ? થોડો કંઈક અભ્યાસ હોય તો ખબર પડે. આ તત્ત્વની ખબર વિના અનાદિથી ચાર ગતિમાં ચોરાશીના અવતારમાં રખડે છે. આ..હા...!

કહે છે કે, ભગવાનઆત્મા ! એ તો પૂર્ણ શુદ્ધ અને ચિદ્‌ઘન છે. છતાં એણે પૂર્વના બાંધેલા કર્મો એ નવા આવવાનું નિમિત્ત થાય, એ નિમિત્ત થાય ક્યારે ? કે, જીવ પોતે રાગ-દ્વેષ અને અજ્ઞાન કરે તો જૂના કર્મને નિમિત્ત થાય, તો જૂનું કર્મ નવાને બાંધે. આહા..હા...! આટલું યાદ રાખવું (કઠણ પડે), આ તો હજી સાધારણ વાત છે. અભ્યાસ ન મળે. અનાદિથી ચોરાશીના અવતારમાં રખડે છે. ચોરાશી લાખ યોનિમાં એક એક ઉત્પત્તિના સ્થાનમાં અનંત વાર ઊપજ્યો. હેતુ મિથ્યાત્વ છે. અજ્ઞાન આગળ કહેશે.

મુમુક્ષુ :- મિથ્યાત્વ એ જ અજ્ઞાન.

ઉત્તર :- એ અજ્ઞાન, મિથ્યાત્વ. પેલો લોહચુંબકનો દાખલો આપે છે ને ! પછી આવશે કે, લોહચુંબક છે અને સોય છે. એ સોયમાં લોહચુંબકના સંસર્ગથી સોયમાં પોતામાં પર્યાય

એવી ઉત્પન્ન થાય કે (એ) લોહચુંબકમાં ખેંચાય જાય. શું કહ્યું ? લોહચુંબક જે છે એ સોયને ખેંચે છે, એ કેમ ? કે, સોય પોતે લોહચુંબકના સંસર્ગમાં આવતા સોયમાં પોતામાં તે તરફ ગતિ થાય તેવો ભાવ ઉત્પન્ન થાય છે. આહા..હા...!

એમ નવા કર્મ બાંધવામાં જૂના કર્મનું નિમિત્ત થાય છે, ક્યારે ? કે, જીવ પોતે રાગ-દ્વેષ-મોહ (કરે છે). એ કર્મના નિમિત્તના સંસર્ગે, નિમિત્તથી નહિ, પણ પોતાનો સ્વભાવ શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ છે તેનો પરિચય છોડી દઈ અને જૂના કર્મના નિમિત્તના પરિચયમાં આવે છે તેથી તેને પોતામાં મિથ્યાત્વ ભાવ ઉત્પન્ન થાય છે અને મિથ્યાત્વ ભાવ તે રાગ-દ્વેષ-મોહને કરે છે અને તે રાગ-દ્વેષ-મોહ જૂના કર્મને નિમિત્ત થતા નવા કર્મ બંધાય છે. હવે આટલું યાદ રાખવું. છે ?

**'તેમને...'** એટલે જૂના કર્મને પણ નવા આવવાનું નિમિત્ત ત્યારે થાય કે, **'તેમને કર્મઆસ્રવણના નિમિત્તભૂત થવાનું નિમિત્ત જીવના રાગદ્વેષમોહ...'** જીવને રાગ-દ્વેષ-મોહરૂપ **'(અજ્ઞાનમય) પરિણામ....'** ભાષા દેખો ! અજ્ઞાન છે, સ્વરૂપનું એને ભાન નથી. આહા..હા...! પ્રભુ ! ચૈતન્યસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા છે. તેનું એને અજ્ઞાન છે. એ અજ્ઞાનને લઈને રાગ-દ્વેષ-મોહનો કર્તા થાય અને તેથી રાગ-દ્વેષ-મોહ પૂર્વના કર્મને નિમિત્ત થાય ત્યારે પૂર્વનું કર્મ નવાને નિમિત્ત થાય. આહા..હા...! 'ચીમનભાઈ' પકડાય છે ? અરે..રે...! શું ? સંસારમાં કેમ રખડ્યો એની વાત કરે છે. ચોરાશીના અવતારમાં પરિભ્રમણ કરીને ઈ દુઃખી છે. કરોડોપતિ, અબજોપતિ જીવ હોય એ મહાદુઃખી બચારા ભિખારી છે. કારણ કે પરવસ્તુ માગે છે.

અહીં તો એમ કહેવું છે કે, આત્મામાં કર્મના નિમિત્ત છે તેનો સંસર્ગ કરતા, પરિચય કરતા આત્મામાં પોતાના સ્વભાવનું અજ્ઞાન ઉત્પન્ન થાય છે. એ અજ્ઞાન તે રાગ-દ્વેષ-મોહના કર્તા થાય તે રાગ-દ્વેષ-મોહનો કર્તા થાય. તે ભાવ જૂના કર્મને નિમિત્ત થાય છે. ત્યારે જૂનું કર્મ નવાને નિમિત્ત થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– રાગ-દ્વેષ-મોહ ભાવ નવા કર્મને નિમિત્ત થાય છે કે જૂના કર્મને ?

ઉત્તર :– જૂના કર્મને, કીધું નહિ ? કાલેય કીધું હતું, અત્યારેય કહીએ છીએ. જૂનું કર્મ નિમિત્ત થાય છે, ક્યારે ? જૂના કર્મ નવાને નિમિત્ત ક્યારે થાય ? કે, જૂના કર્મના નિમિત્તનો આત્મા પરિચય કરતા, પોતાના સ્વભાવને ભૂલી અને તે તરફના લક્ષમાં અજ્ઞાન કરી અને અજ્ઞાનને લઈને રાગ-દ્વેષ-મોહનો કર્તા થાય, તે રાગ-દ્વેષ-મોહ જૂના કર્મને નિમિત્ત થાય અને જૂનું કર્મ નવા આવવાને નિમિત્ત થાય. આહા..હા...! આવું છે. અરે...! તત્ત્વની ખબર ન મળે. અનાદિકાળથી બિચારા રખડી મરે છે.

મુમુક્ષુ :– એનો અર્થ એ થયો કે, જેને જૂના કર્મ હોય એને જ નવા કર્મ આવે.

ઉત્તર :– નવા કર્મ, જૂના કર્મ હોય એને (આવે) પણ પરિચય કરે એને. જૂના કર્મની

સાથે પરિચય કરે, એ બાજુ લક્ષ કરે અને પોતાના લક્ષને છોડે એવો અજ્ઞાન ભાવ રાગ-દ્વેષ-મોહનો કર્તા થઈ અને એ રાગ-દ્વેષ-મોહ જૂના કર્મને નિમિત્ત થાય અને જૂનું કર્મ નવા આવવાને નિમિત્ત થાય. આટલી તો (સ્પષ્ટ) વાત છે, બાપુ ! આહા..હા...!

અહીં કહેવાનો આશય તો એવો છે કે, ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુ છે, તેનું તે જ્ઞાન કરતો નથી, તેને આદરતો નથી, તેની શ્રદ્ધાની એને ખબર નથી. સમજાય છે કાંઈ ? આસ્રવમાં પહેલું આ લીધું છે. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ જ્ઞાતા-દૃષ્ટા અનંત અનંત અતીન્દ્રિય ગુણથી ભરેલો ભંડાર છે. તેનું અજ્ઞાની જ્ઞાન કરતો નથી, તેનો આદર કરતો નથી, તેને પોતાનું માનતો નથી, તેને ઉપાદેય તરીકે સ્વીકારતો નથી. તે જીવ જૂના કર્મના નિમિત્તના સંગમાં અજ્ઞાનભાવે, પોતાના અજ્ઞાનને ભાવે, રાગ-દ્વેષ-મોહનો કર્તા થાય ત્યારે પૂર્વના કર્મને આ નિમિત્ત થાય. ત્યારે પૂર્વનું કર્મ નવા આવવાને નિમિત્ત થાય. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! વીતરાગમાર્ગ જિનેશ્વરનો માર્ગ અપૂર્વ છે. આહા..હા...! ખૂબ તો શું કરી છે.

અજ્ઞાનભાવે, અજ્ઞાન મૂક્યું છે ને ? **'વળી તેમને કર્મઆસ્રવણના નિમિત્તભૂત થવાનું નિમિત્ત જીવના રાગદ્વેષમોહરૂપ (અજ્ઞાનમય) પરિણામ છે...'** જોયું ? મિથ્યાત્વ – મોહના પરિણામ છે. આહા..હા...! ભગવાનઆત્મા અનંત અનંત અતીન્દ્રિય ગુણનો સાગર ભંડાર છે આત્મા ! એને ન ઓળખતા, એનો આદર ન કરતા, કર્મનું જડપણું જે પૂર્વનું છે તેના તરફમાં દોરાયને, જોડાઈને, લક્ષ કરીને પોતે અજ્ઞાનપણું, મિથ્યાત્વપણું ઉત્પન્ન કરે છે તે મિથ્યાત્વશ્રદ્ધા, રાગ-દ્વેષનો કર્તા થાય છે અને તે રાગ-દ્વેષ અને મોહ, જૂના કર્મને નવા આવવામાં નિમિત્ત થાય છે. આહા..હા...!

અરે..રે...! 'અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન' ભાન વિના ચોરાશીના અવતાર કર્યા. અબજોપતિ અનંત વાર થયો, રાજા અનંત વાર થયો પણ મરીને પાછો નરકે ગયો. એ શેઠિયાઓ મરીને જાય નરકમાં કાં ઢોરમાં અવતરે.

મુમુક્ષુ :– શેઠિયા નરકમાં જાય ઈ વાત આકરી પડે છે.

ઉત્તર :– શેઠિયા માંસ, દારૂ ખાતા હોય તો તો નરકમાં જાય. પણ માંસ, દારૂ ન ખાતા હોય તો એકલા કષાય ભાવ, આખો દિ' ધંધામાં પાપ જ કરે છે. ધંધા.. ધંધા.. ધંધા.. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. એકલું પાપ જ કરે છે અને એમાંથી નવરો થાય (તો) છ-સાત કલાક સૂવે, એમાંથી બે-ચાર કલાક બાયડી, છોકરા સાથે રાજી કરવા રોકાય. એટલે આખો દિ' એ તો પાપ જ કરે છે. અર..ર...! એને આવા પાપમાં એ માંસ ને દારૂ ખાતા ન હોય તો એ પાપ એવા છે કે તેને તિર્યંચગતિમાં લઈ જશે.

અહીં તો જરીક એવી વાત આવી હતી કે, તિર્યંચગતિ પછી મૂળ તો તિર્યંચગતિ નિગોદ છે. ભાઈ ! એમ કહ્યું ને કે, મુનિ વસ્ત્રનો એક ધાગો રાખી અને અમે મુનિ છીએ

એમ માને અને મનાવે અને એને માનનારાઓ મિથ્યાદષ્ટિઓ, વસ્ત્રસહિત સાધુ માને એવા મિથ્યાદષ્ટિઓ એ નિગોદમાં જવાના. એમ શાસ્ત્રમાં પાઠ છે. નિગોદ છે એ તિર્યંચગતિનો એક ભાગ છે.

મુમુક્ષુ :– મિથ્યાત્વ છે એટલે તો નિગોદમાં જાય છે.

ઉત્તર :– (નિગોદ) એ તિર્યંચ છે, તિર્યંચ. આહા..હા...! અરે..રે...! પોતાની જાતને જાણી નહિ અને જે એમાં નથી, એનું નથી એવા પુણ્ય ને પાપના ભાવ અને પુણ્ય-પાપના બાહ્ય ફળ, પૈસા, બાયડી, છોકરા, કુટુંબ, હજીરા – મકાન જે પર છે એને મારા માની મિથ્યાત્વથી રાગ-દ્વેષનો કર્તા થઈ અને નવા કર્મ બાંધવામાં જૂના કર્મને નિમિત્ત થાય છે. આહા..હા...! શું શૈલી !

એ અજ્ઞાનમય પરિણામ છે. આહા..હા...! વસ્તુના ભાન વિનાના એ પરિણામ છે. ભગવાન જ્ઞાતા-દષ્ટા પ્રભુ ! અને તેવા જીવને અતીન્દ્રિય અનંત ગુણનો મોટો ભંડાર છે, જેની સંખ્યાનો પાર નથી, એવા ગુણનો ભંડાર પ્રભુ ! એનું જેને અજ્ઞાન છે એટલે કે જેના સ્વરૂપની તેને ખબર નથી, એવો જે અજ્ઞાની રાગ-દ્વેષ-મોહને કરે છે. તે રાગ-દ્વેષ-મોહ જૂના કર્મને નિમિત્ત થાય છે અને જૂનું કર્મ નવા આવવાને નિમિત્ત થાય છે. આહા..હા...! મૂળ કારણ પેલું અજ્ઞાન લીધું, ભાઈ !

આહા..હા...! ધીરેથી સમજવાની વાત છે, બાપુ ! જે વાત ઇન્દ્રો અને ગણધરો સાંભળવા આવતા હશે એ કેવી વાત હશે, ભાઈ ! ઇન્દ્ર મોટા બત્રીસ લાખ વિમાનનો સ્વામી ! એક એક વિમાનમાં અસંખ્ય દેવ ! એવા બત્રીસ લાખ વિમાનનો (સ્વામી) શક્રેન્દ્ર ! એક ભવે મોક્ષ જનારા છે, મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. એ ભગવાનની વાણી સાંભળવા આવતા હશે, એ વાણી કેવી હશે !! આ તમે દયા પાળો, વ્રત કરો એવી વાતું (હશે) ? (એવી વાતું તો) કુંભારે કરે છે. આ..હા..હા...!

ત્રિલોકનાથ જિનેશ્વરદેવની વાણીમાં આમ આવ્યું એ સંતો જગતને જાહેર કરે છે. પ્રભુ ! તારા સ્વરૂપનું અજ્ઞાન... આહા..હા...! અને તે અજ્ઞાનને લઈને જૂના કર્મના લક્ષમાં જતા તેના જૂના કર્મને તારા અજ્ઞાનભાવના રાગ-દ્વેષ નિમિત્ત થતા નવા આઠ કર્મ – જ્ઞાનાવરણાદિ બંધાય. આહા..હા...! અને એને લઈને એ ચાર ગતિમાં રખડે. નરક ને નિગોદમાં (જાય). આહા..હા...! અંતર્મુહૂર્તમાં એક નિગોદના ભવ, લસણ ને ડુંગળીમાં એક અંતર્મુહૂર્ત – અડતાલીસ મિનિટની અંદરમાં અઢાર ભવ કરે. મરીને જન્મે, એવા (ભવ) અનંત વાર કર્યા. ભાઈ ! એ ભૂલી ગયો.

આ કાલે આવ્યું નહોતું ? 'વાદીરાજ'નું ! (કહે છે), પ્રભુ ! જ્યારે પૂર્વના દુઃખ યાદ કરું છું... આ મુનિ કહે છે. આહા..હા...! ભાવલિંગી સંત જેને એક-બે ભવે કેવળ લેવાનું છે. એ 'વાદીરાજ' મુનિ એમ કહે છે, પ્રભુ ! હું પૂર્વના દુઃખને યાદ કરું ત્યાં કંપારી આવે

છે. આવ્યું હતું ને, ભાઈ ! ઘા વાગે છે. આયુધ ઘા લાગે છે. આ..હા..હા...! પ્રભુની સ્તુતિ કરતા કહે છે, પ્રભુ ! મારા પૂર્વના દુઃખો નરકના, નિગોદના અનંત અનંત ભવમાં સહ્યા પ્રભુ ! એને યાદ કરું તો આયુધ – જેમ શસ્ત્ર તરવારનો ઘા વાગે, જમૈયાનો ઘા વાગે એવો ઘા વાગે છે. આહા..હા...! ઈ તો પહેલાય કહ્યું હતું. પણ કોને પડી છે ? આ બહારમાં ધૂળ.. આ..હા..હા...! બાયડી, છોકરા, કુટુંબ ને આ પૈસા ને આબરૂ ને કીર્તિ ને ધંધો.. એકલું પાપ આખો દિ'. ધર્મ તો નથી પણ એને તો પુણ્યેય નથી. આહા..હા...!

અહીં પ્રભુ એમ કહે છે, પ્રભુ ! તને નવા કર્મ જે બંધાય એનું કારણ શું ? કે, એનું કારણ જૂના કર્મનું નિમિત્ત છે તે. તે નિમિત્ત છે તે કારણ એમ કેમ થાય ? કે, એ નિમિત્તનો પરિચય – સંગ કરી, સ્વભાવનો સંગ છોડ્યો... આહા..હા...! અને સ્વરૂપનું અજ્ઞાન ઉત્પન્ન કર્યું એ અજ્ઞાનભાવથી પુણ્ય ને પાપનું કર્તાપણું આવ્યું, એથી તે જૂના કર્મને નિમિત્ત એ થાય છે. તેથી જૂનું કર્મ નવાને લાવે છે. આ..હા...! અને એ આઠ કર્મ બાંધીને ચાર ગતિમાં રખડે છે. આહા..હા...! અરે..રે...! છે ?

**'(અજ્ઞાનમય) પરિણામ છે...'** મારે તો આમાં બીજું કહેવું હતું. લોહચુંબકમાંથી કહેવું છે કે, જે સોય ખેંચાય છે એ સોયમાં પોતાની પર્યાય થઈ છે. એ સોયે લોહચુંબકનો સંગ – સંસર્ગ કર્યો, પોતે જાતે (કર્યો), માટે તેમાં ખેંચાવાની પોતામાં યોગ્યતા થઈ છે. લોહચુંબક એને ખેંચે છે એમ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? એમ જૂના કર્મ નવાને લાવે છે અને જૂના કર્મ તને રાગ-દ્વેષ કરાવે છે એમ નથી. આહા..હા...!

ભગવાન અતીન્દ્રિય શુદ્ધ પ્રભુ ! એને તેં યાદ કર્યો નહિ, એને સ્મર્યો નહિ, એના તેં ધ્યાન કર્યા નહિ. એ શું અંદર અનંત અતીન્દ્રિય ગુણનો ભંડાર મોટો ભગવાન અંતર લક્ષ્મી પડી છે. અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત જીવતર શક્તિ આદિ અનંતી શક્તિઓનો સાગર ભગવાન ! એને તેં યાદ ન કર્યો ને કર્મને યાદ કર્યા. આહા..હા...! આ..હા..હા...! જે તારામાં નથી એને તેં યાદ કરીને અજ્ઞાનપણે રાગ-દ્વેષ ઊભા કર્યા અને એ રાગ-દ્વેષ ને મોહનો કર્તા અજ્ઞાનપણે થયો. આહા..હા...! એથી તેને નવા કર્મ બાંધવામાં જૂના કર્મ નિમિત્ત થયા. હવે, આવું છે. વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે ને આવી અટપટી વાતું. આહા..હા...! અરે..રે...!

**'માટે રાગદ્વેષમોહ જ આસ્રવો છે.'** જોયું ? જૂના કર્મને આસ્રવ કહ્યા હતા. બીજી લીટીમાં **'ખરેખર આસ્રવો છે.'** એમ કહ્યું હતું. પણ ખરેખર તો રાગ-દ્વેષ ને મોહ જ આસ્રવ છે. સ્વરૂપનું અજ્ઞાન અને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા રાગ-દ્વેષ-મોહ ભાવ, એ જ નવા કર્મને લાવવાનું કારણ છે. આહા..હા...! **'માટે રાગદ્વેષમોહ...'** એટલે મિથ્યાત્વ, ભ્રમણા, અજ્ઞાન એ જ **'આસ્રવો છે. તે રાગદ્વેષમોહને ચિદ્વિકાર પણ કહેવામાં આવે છે.'** એ આત્માના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો મિથ્યાત્વ ભાવ અને રાગ-દ્વેષ ભાવ તે ચિદાભાસ છે. એ આત્મા નથી પણ

આત્માનો ચિદાભાસ છે. એ ચિદ્વિકાર પણ કહેવામાં આવે છે. આત્માનો એ વિકાર છે એમ પણ કહેવામાં આવે છે. આ.હા.હા...!

**'તે રાગદ્વેષમોહ જીવને અજ્ઞાન-અવસ્થામાં જ હોય છે.'** જોયું ? એ રાગ-દ્વેષ ને મોહ જીવને ભગવાનના સ્વરૂપના ભાન વિના અજ્ઞાન અવસ્થામાં તે રાગ-દ્વેષ-મોહ હોય છે. આહા..હા...! **'મિથ્યાત્વ સહિત જ્ઞાન જ અજ્ઞાન કહેવાય છે.'** જોયું ? પોતે પ્રભુ પૂર્ણ છે તેને વિપરીત માનતા – રાગવાળો છું, હું પુણ્યવાળો છું, હું પૈસાવાળો છું, હું બાયડીવાળો છું, છોકરાવાળો છું એવો જે મિથ્યાત્વ ભાવ. આહા..હા...! એ મિથ્યાત્વ ભાવ **'સહિત જ્ઞાનને અજ્ઞાન કહેવાય છે.'** અજ્ઞાન કેમ કહ્યું ? કે, પેલો મિથ્યાત્વ ભાવ છે તો તેને અજ્ઞાન કહ્યું. આ..હા...! અને એ અજ્ઞાનભાવ રાગ-દ્વેષ-મોહનો કર્તા થતા જૂના કર્મને તે નિમિત્ત થાય અને જૂનું કર્મ નવા આવવામાં નિમિત્ત થાય. આવું હવે બધું... અભ્યાસ ન મળે હજી તો સાંભળવાનો અભ્યાસ ન મળે. સમજવાની વળી ક્યાં (વાત કરવી) ? આહા..હા...! અરે..રે...!

**'રાગદ્વેષમોહ જીવને અજ્ઞાન-અવસ્થામાં જ હોય છે. મિથ્યાત્વ સહિત જ્ઞાન જ અજ્ઞાન કહેવાય છે. માટે મિથ્યાદૃષ્ટિને અર્થાત્ અજ્ઞાનીને જ રાગદ્વેષમોહરૂપી આસ્રવો હોય છે.'** જોયું ? જ્ઞાની (કે જેને) આત્માનું ભાન છે તેને રાગ-દ્વેષ-મોહ છે જ નહિ. અલ્પ જે રાગાદિ થાય છે તેની અહીં ગણતરી ગણી નથી. આહા..હા...! આત્મા ચૈતન્યમૂર્તિ ભગવાન ! અનંત ગુણ ગંભીર, એવો અનંત ગુણનું ગોદામ પ્રભુઆત્મા ! એનું જ્યાં જ્ઞાન થાય છે... આહા..હા...! ત્યારે તેને અજ્ઞાન અને મિથ્યાત્વનો નાશ થાય છે અને તેથી તે મિથ્યાત્વનો નાશ થતા તેને રાગ-દ્વેષ થાય છે તેનો એ કર્તા થતો નથી. થોડા રાગ-દ્વેષ હોય છે પણ તેનો કર્તા થતો નથી. તેથી તેને અજ્ઞાન ભાવથી બંધાતા જે કર્મ તે એને બંધાતા નથી. સમજાણું કાંઈ ? આવું ઝીણું છે. એક તો બહારની વિભૂતિ પૈસા, બાયડી, છોકરા, ધૂળ, મકાન એ બહારની મસાણની વિભૂતિ છે. એના ભપકામાં ખેંચાયને બચારો પડ્યો છે, મૂઢ થઈને મરી ગયો છે. આહા..હા...!

જાગતી જ્યોત ચૈતન્ય ભગવાન ! આ..હા..હા...! એના સ્વભાવને તો જાણ્યો નહિ, અનુભવ્યો નહિ, આદર્યો નહિ અને અજ્ઞાન ભાવે સ્વરૂપના અજ્ઞાનથી બહારની વિભૂતિ, સંસારની આ જે મસાણની ચમક દેખાય, મસાણમાં (જેમ) હાડકાની ચમક દેખાય એવી આ બધી બહારની ચમક છે. મકાન ને બાયડી ને છોકરા ને પૈસા ને.. અબજોપતિ ને પૈસા ને ધૂળ ને.. આહા..હા...! આ..હા..હા...!

મુમુક્ષુ :– 'અમેરિકા'ના લોકો કહે છે કે અમોને શાંતિ નથી.

ઉત્તર :– છે ક્યાં ? ધૂળમાં. ત્યાં અબજોપતિ છે. શાંતિ નથી જરીયે. પછી 'મુંબઈ'માં આવીને આ ઢોંગ કરે. હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, હરે કૃષ્ણ.. 'મુંબઈ'માં આવે જ છે ને ! જોયા છે ને બાવા ! એ બધું કૃત્રિમ છે. આહા..હા...! અબજોપતિ છે ત્યાં. કેટલા માળ ? માળા

પચાસ પચાસ માળના મોટા બંગલા ! ઓ..હો....! આ..હા..હા...! હોય. ગમે એટલા ઊંચા લઈ જાય. પચાસ-પચાસ તો અહીં ‘મુંબઈ’માં છે ને ! જમીન થોડી હોય ત્યારે આમ ઊંચાઈ ઉપર કરે અને વસ્તી વધારે. આમ માય નહિ પછી આમ માય. અરે..રે...! આવું મનુષ્યપણું મળ્યું પણ એમાં તેં આત્માને ન જાણ્યો, પ્રભુ ! આ..હા...! અનંત વાર આવા મનુષ્યપણા મળ્યા. પ્રભુ ! તને પહેલું (મળ્યું) નથી. અબજોપતિ અનંત વાર મનુષ્યપણે થયો છો. આહા..હા...! આહા..હા...! ત્રણ તો આપણે અહીં જોયા ને ! ‘શાંતિલાલ ખુશાલ’ !

મુમુક્ષુ :– ‘શાંતિલાલ ખુશાલ’ તો ઘણા બુદ્ધિવાળા હતા.

ઉત્તર :– બુદ્ધિવાળા લાવે, ધૂળેય નહિ. બુદ્ધિવાળા ઘણા હોય તોય રખડે છે. પૈસા આવે એ તો પૂર્વના પુણ્યના પરમાણુ પડ્યા હોય. એ આપણે ત્રણ તો મોટા જોયા ને ! ‘શાંતિલાલ ખુશાલ’ આપણા ‘પાણાસણા’વાળો દશાશ્રિમાળી. બે અબજ ચાલીસ કરોડ ! મરી ગયો. છોકરો હમણા ‘મુંબઈ’માં આવ્યો હતો. દર્શન કરવા આવ્યો હતો. ઈ છોકરો ખ્રીસ્તીને પરણ્યો છે. પૈસા બે અબજ ચાલીસ કરોડ ! મગજ ફાટી ગયેલા ! દર્શન કરવા આવ્યો હતો. એમ બોલ્યો, મહારાજ ! મારા બાપ મરી ગયા છે પણ એને તમારી પાસે આવવાનો ભાવ હતો.

આપણા ‘શાહૂજી’ ! ‘દિલ્હી’ ! ચાલીસ કરોડ ! અહીં આવતા ને, આવે છે ને ! હમણા મરી ગયા, ગુજરી ગયા. એમાં ધૂળમાં શું થયું ? તમારો શેઠ. ‘રામલાલ’ ! પચાસ કરોડ ! એની પાસે પચાસ કરોડ છે. ‘મુંબઈ’ ! આવ્યા હતા, દર્શન કરવા આવ્યા હતા. વૈષ્ણવ છે, બૈરાઓ બધા આપણા શ્વેતાંબર જૈન છે અને ઘરના બધા આદમી વૈષ્ણવ. આવો ધર્મ ! બાઈયુંને પ્રેમ (હતો). એમને કંઈ ધૂળ-ધાણી ને વાહપાણી ! એની પાસે પચાસ કરોડ રૂપિયા છે. આહા..હા...! ચારે કોર મકાન ને બંગલા. દુનિયા ગાંડી એને શેઠ કરીને (બોલાવે). ઓ..હો..હો....! તમારા શેઠ હતા. એમાં ઈ નોકર હતા ને ! આહા..હા...! પ્રભુ ! આ મોટો શેઠ – શ્રેષ્ઠ તો આ ભગવાન છે ને ! અરે...! એના અજ્ઞાનને લઈને રાગ-દ્વેષ-મોહનો કર્તા થઈ, જૂના કર્મને નિમિત્ત થઈ અને નવા કર્મ બંધાય છે, ભાઈ ! આહા..હા...!

**‘માટે મિથ્યાદૃષ્ટિને અર્થાત્ અજ્ઞાનીને જ રાગદ્વેષમોહરૂપ આસ્રવો હોય છે.’** દેખો ! એ મિથ્યાત્વ સંબંધીના ગણવા છે, હોં ! મિથ્યાદૃષ્ટિ એટલે ચૈતન્ય ભગવાનને ભૂલી અને પર વસ્તુ મારી છે, જે એનામાં પોતે નથી એ આમાં નથી, બાયડીમાં આત્મા નથી, આત્મા બાયડીમાં નથી છતાં બાયડી મારી, છોકરા મારા, પૈસા મારા, આબરૂ મારી (કરે છે). મારી નાખ્યા ! મારા બધા ઊભા કરી મરી ગયો. આહા..હા...! એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીને જ રાગ-દ્વેષ-મોહરૂપ આસ્રવ થાય. જ્ઞાનીને નહિ. આ એમ કહે છે. જ્ઞાનીને રાગાદિ થાય એ થોડા છે, અલ્પ છે એની અહીં ગણતરી નથી. અનંતાનુબંધીના રાગ-દ્વેષ અને મિથ્યાત્વની અહીં વાત છે. એ શ્લોક ત્યાં પૂરો થયો.

# ગાથા–૧૬૬

अथ ज्ञानिनस्तदभावं दर्शयति -

णत्थि दु आसवबंधो सम्मादिट्ठिस्स आसवणिरोहो।
संते पुव्वणिबद्धे जाणदि सो ते अबंधंतो।।१६६।।

नास्ति त्वास्रवबन्धः सम्यग्दृष्टेरास्रवनिरोधः।
सन्ति पूर्वनिबद्धानि जानाति स तान्यबन्धत्।।१६६।।

यतो हि ज्ञानिनो ज्ञानमयैर्भावैरज्ञानमया भावाः परस्परविरोधिनाऽवश्यमेव निरुध्यन्ते; ततोऽज्ञानमयानां भावानां रागद्वेषमोहानां आस्रवभूतानां निरोधात् ज्ञानिनो भवत्येव आस्रवनिरोधः। अतो ज्ञानी नास्रवनिमित्तानि पुद्गलकर्माणि बन्धाति, नित्यमेवाकर्तृत्वात् तानि नवानि न बन्धन् सदवस्थानि पूर्वबद्धानि, ज्ञानस्वभावत्वात्, केवलमेव जानाति।

---

હવે જ્ઞાનીને આસ્રવોનો (ભાવાસ્રવોનો) અભાવ છે એમ બતાવે છે :–

સુદૃષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;
નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬.

ગાથાર્થ :– [सम्यग्दृष्टेः तु] સમ્યગ્દૃષ્ટિને [आस्रवबन्धः] આસ્રવ જેનું નિમિત્ત છે એવો બંધ [नास्ति] નથી, [आस्रवनिरोधः] (કારણ કે) આસ્રવનો (ભાવાસ્રવનો) નિરોધ છે; [तानि] નવાં કર્મોને [अबध्नन्] નહિ બાંધતો [सः] તે, [सन्ति] સત્તામાં રહેલાં [पूर्वनिबद्धानि] પૂર્વે બંધાયેલાં કર્મોને [जानाति] જાણે જ છે.

ટીકા :– ખરેખર જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે અજ્ઞાનમય ભાવો અવશ્યમેવ નિરોધાય છે–રોકાય છે–અભાવરૂપ થાય છે કારણ કે પરસ્પર વિરોધી ભાવો સાથે રહી શકે નહિ; તેથી અજ્ઞાનમય ભાવોરૂપ રાગ-દ્વેષ-મોહ કે જેઓ આસ્રવભૂત (આસ્રવસ્વરૂપ) છે તેમનો નિરોધ હોવાથી, જ્ઞાનીને આસ્રવનો નિરોધ હોય જ છે. માટે જ્ઞાની, આસ્રવો જેમનું નિમિત્ત છે એવાં (જ્ઞાનાવરણાદિ) પુદ્‌ગલકર્મોને બાંધતો નથી,–સદાય અકર્તાપણું હોવાથી નવાં કર્મો નહિ બાંધતો થકો સત્તામાં રહેલાં પૂર્વબદ્ધ કર્મોને, પોતે જ્ઞાનસ્વભાવવાળો હોઈને, કેવળ જાણે જ છે. (જ્ઞાનીનો જ્ઞાન જ સ્વભાવ છે, કર્તાપણું સ્વભાવ નથી; કર્તાપણું હોય તો કર્મ બાંધે,

**જ્ઞાતાપણું હોવાથી કર્મ બાંધતો નથી).**

**ભાવાર્થ :- જ્ઞાનીને અજ્ઞાનમય ભાવો હોતા નથી, અજ્ઞાનમય ભાવો નહિ હોવાથી (અજ્ઞાનમય) રાગદ્વેષમોહ અર્થાત્ આસ્રવો હોતા નથી અને આસ્રવો નહિ હોવાથી નવો બંધ થતો નથી. આ રીતે જ્ઞાની સદાય અકર્તા હોવાથી નવાં કર્મ બાંધતો નથી અને પૂર્વે બંધાયેલાં જે કર્મો સત્તામાં રહ્યાં છે તેમનો જ્ઞાતા જ રહે છે.**

**અવિરતસમ્યગ્દષ્ટિને પણ અજ્ઞાનમય રાગદ્વેષમોહ હોતા નથી. મિથ્યાત્વ સહિત રાગાદિક હોય તે જ અજ્ઞાનના પક્ષમાં ગણાય છે, સમ્યક્ત્વ સહિત રાગાદિક અજ્ઞાનના પક્ષમાં નથી. સમ્યગ્દષ્ટિને નિરંતર જ્ઞાનમય પરિણમન જ હોય છે. તેને ચારિત્રમોહના ઉદયની બળજોરીથી જે રાગાદિક થાય છે તેનું સ્વામીપણું તેને નથી; તે રાગાદિકને રોગ સમાન જાણીને પ્રવર્તે છે અને પોતાની શક્તિ અનુસાર તેમને કાપતો જાય છે. માટે જ્ઞાનીને જે રાગાદિક હોય છે તે વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવા છે; તેઓ આગામી સામાન્ય સંસારનો બંધ કરતા નથી, માત્ર અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ કરે છે. આવા અલ્પ બંધને અહીં ગણવામાં આવ્યો નથી.**

**આ રીતે જ્ઞાનીને આસ્રવ નહિ હોવાથી બંધ થતો નથી.**

## ગાથા ૧૬૬ ઉપર પ્રવચન

'**હવે જ્ઞાનીને આસ્રવોનો (ભાવાસ્રવોનો) અભાવ છે...**' શું કહે છે ? ધર્મી જે છે, જેને આત્મજ્ઞાન થાય છે, હું તો આત્મા સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપી પૂર્ણાનંદનો સાગર ! આ..હા..હા...! મારામાં શું અધૂરાશ છે ? પેલી (ભક્તિ) આવી હતી ને ? 'પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા, પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા, પર કી આશ કહાં કરે પ્રીતમ' પરની આશ, હે પ્રીતમ વ્હાલા નાથ ! તારામાં શું અધૂરાશ છે ? અને તારામાં શું ભર્યું નથી ? 'કીસ વાતે અધૂરા ?' કઈ વાતે પ્રભુ ! તું અધૂરો છો ? ક્યાં વલખા તેં ક્યાં માર્યા ? આહા..હા...! તારા પૂર્ણ આત્માના સ્વભાવથી ભરેલો ભગવાન પૂર્ણ છો ને અંદર ! કઈ વાતે અધૂરો છો તે તું પરમાં વલખા નાખે છે ? મારે પૈસા જોવે ને બાયડી જોવે ને વિષય જોવે ને ભોગ જોવે ને છોકરા (જોવે).. આહા..હા...! અરે..રે...! એણે આત્માને મારી નાખ્યો. જીવતી જ્યોત અનંત ગુણનો ધણી, એનો અનાદર કર્યો અને જેમાં આત્મા નથી એવી ચીજને મારી છે એમ માની આદર કર્યો. આહા..હા...! અરે..રે...!

હવે અહીં કહે છે કે, અજ્ઞાનીને એ રાગ-દ્વેષ ને મોહ અજ્ઞાનને લઈને થતા. જ્ઞાનીને તે ભાવાસ્રવ થતા નથી. શું કીધું ઈ ? જેને આત્મજ્ઞાન થાય છે, આ આત્મા ભગવાન

સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે જે આત્મા કહ્યો એ આત્મા અનંત ગુણનો ભંડાર અંદર આત્મા છે. એ જિનસ્વરૂપી પ્રભુ આત્મા, ભગવત સ્વરૂપ આત્મા અંદર છે. આહા..હા...! એવા ભગવત સ્વરૂપ પ્રભુનું જેને ભાન છે તેને ભાવાસ્રવ એટલે અજ્ઞાનથી થતા રાગ-દ્વેષ ભાવ તે થતા નથી. તેથી તેને જૂના કર્મ નવા બંધનનું કારણ થતું નથી. એને બંધન જ થતું નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? અરે...! આવી વાતું !

ભગવાનઆત્મા ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર કઈ વાતે (તું) પૂરો નથી ? કઈ વાતે તું અધૂરો છો ? પ્રભુ ! આહા..હા...! જ્ઞાનથી પૂરો, આનંદથી પૂરો, શાંતિથી પૂરો, સ્વચ્છતાથી પૂરો, પ્રભુતાથી પૂરો. એવી અનંતી શક્તિથી પ્રભુ તું પૂરો ભગવાન છો અંદર. એવું જેને પૂરો પરમાત્મ સ્વભાવ (લક્ષમાં આવ્યો), પરમાત્મા એટલે પોતે હોં ! એનું જેને જ્ઞાન થયું, એનો જેને આદર થયો તેને મિથ્યાત્વ સંબંધી જે આસ્રવ થતા – પુણ્ય-પાપના ભાવ, એ એને થતા નથી. આહા..હા...! અહીં તો મિથ્યાત્વ એ સંસાર અને સમકિત એ મોક્ષ, બે વાત છે. પછી બીજી વાતું. આહા..હા...!

ધર્મી – જ્ઞાનીને, જ્ઞાની એટલે ધર્મીને. ધર્મી એટલે ? પોતાના જે અનંત ગુણ – ધર્મ સ્વભાવથી ભરેલો ભગવાન, એની સન્મુખ થઈને રાગ ને નિમિત્ત ને પર્યાયથી વિમુખ થઈને ભગવાન પોતાના પૂર્ણ સ્વરૂપને જેણે જાણ્યું એવો જે ધર્મી નામ સમકિતી. આહા..હા...! તે સમકિતીને અહીંયાં જ્ઞાની કહ્યો. એ જ્ઞાનીને આસ્રવોનો એટલે કે અજ્ઞાનભાવે જે પુણ્ય-પાપનો કર્તા થઈને જે આસ્રવ થતા, એ આસ્રવ એને થતા નથી.

આસ્રવ એટલે નવા કર્મને આવવાનું કારણ. આસ્રવવું. વહાણમાં જેમ છિદ્ર પડે અને પાણી આવે એમ ભગવાનઆત્મામાં પોતાના સ્વરૂપના અજ્ઞાનભાવે છિદ્ર પડેલા તેથી તેને વિકારભાવનો ભાવઆસ્રવ થાય છે. ધર્મીને તે ભાવાસ્રવનું છિદ્ર બુરાઈ જાય છે. આહા..હા...! ભલે એ ચક્રવર્તીના રાજમાં બેઠો હોય. અહીં સમકિતીની વાત લેવી છે. પણ છતાં અંદર ચૈતન્ય ભગવાનનું એને ભાન છે. એ સ્વરૂપના ભાનના આદર આગળ કોઈ ચીજ તેને કિંમતી લાગતી નથી. ચક્રવર્તીના રાજ પણ સમકિતીને કિંમતી લાગતા નથી. આહા..હા...! પોતાના અણમૂલ એવા ભગવાનની જ્યાં કિંમત ટાંકી, એવો જે ધર્મી સંસારમાં ભલે હો, પણ એને પોતાના આત્માની કિંમત આગળ બીજી કોઈ ચીજની તેને કિંમત દેખાતી નથી. આહા..હા...!

ધર્મીને, જ્ઞાની એટલે ધર્મી. ધર્મી એટલે ચોથા ગુણસ્થાનવાળો સમકિતી. જેને રાગથી ભિન્ન પડીને આત્માના સ્વરૂપનું વેદન, ભાન થયું છે એવો ધર્મી. ધર્મની પહેલી સીઢીવાળો, ધર્મની પહેલી શ્રેણીવાળો. એ **'જ્ઞાનીને આસ્રવો...'** એટલે પુણ્ય-પાપના **'ભાવાસ્રવોનો અભાવ છે એમ બતાવે છે :–'** ૧૬૬ ગાથા.

**णत्थि दु आसवबंधो सम्मादिट्ठिस्स आसवणिरोहो।**
**संते पुव्वणिबद्धे जाणदि सो ते अबंधंतो।।१६६।।**

નીચે હરિગીત.

**સુદૃષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;**
**નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬.**

આહા..હા...! આમાં એ લીધું પાછું. પૂર્વે જે બંધાયેલું છે, ભલે સત્તા પડી હોય, કહે છે. એને એ જાણે છે. આ..હા...! એમાં એ મિથ્યાત્વસહિત જોડાતો નથી. આહા..હા...! ભગવાનનો માર્ગ બહુ અલૌકિક છે, ભાઈ ! સુખના પંથ આ, સુખના પંથી, સુખનો પંથ કોઈ અલૌકિક છે ! બાકી આ બધા દુઃખના પંથે દોરાય ગયા છે. આખી દુનિયા દુઃખને રસ્તે દોરાય ગઈ છે. આહા..હા...! સુખનો પંથ તો એ પરમાત્માએ કહ્યો તે એક જ છે. એ આત્મા આનંદ ને જ્ઞાનની મૂર્તિ, તેના સ્વભાવનું ભાન કરીને તેમાં જાય એ સુખનો પંથ છે. આહા..હા...! આ બહારના સુખની વાત નથી, હોં ! બહારના ધૂળ સુખ નથી, એ તો દુઃખ છે. અબજોપતિ હોય એ દુઃખી મોટા, ભિખારી પ્રાણી બિચારા માગે છે, માગે છે. આ લાવ, આ લાવ, આ લાવ. પૈસા લાવ, આબરૂ લાવ, બાયડી લાવ, બાયડી એક હોય ને છોકરા ન થાય તો બીજી લાવો, ભિખારા એક પછી એક માગ્યા જ કરે છે, માળા ! માગણો !

મુમુક્ષુ :- વાણિયા માગતા હશે ? વાણિયા ન માગે.

ઉત્તર :- જ્ઞાની માગતો નથી. વાણિયા એટલે ? વાણિયા તો મોટા ભિખારા.

મુમુક્ષુ :- બ્રાહ્મણ માગે.

ઉત્તર :- અરે...! વાણિયા મોટા ભિખારા ! કીધું નથી પેલાએ ? હમણાં આવ્યું નથી ? 'જાપાન'માંથી 'જાપાન'નો એક લેખ આવ્યો છે. મોટો ઇતિહાસિક છે કોઈ, ૬૭ વર્ષની ઉંમર છે. મોટો ઇતિહાસિક ! લાખો પુસ્તક (તેણે વાંચ્યા). એણે કહ્યું કે, ભઈ, જિનધર્મ તે કોને કહેવો ? અનુભૂતિ જિનધર્મ છે. આત્મા આનંદસ્વરૂપ છે એનો અનુભવ કરવો એ જૈનધર્મ છે. પણ પછી એણે જરી લખ્યું, પણ આવો જૈનધર્મ વાણિયાને મળ્યો. વાણિયા વેપારમાં પાપ આડે નવરા થાતા નથી. એમ બિચારાએ લખ્યું છે. 'જાપાન'થી લેખ આવ્યો છે. આવો જૈનધર્મ વાણિયાને મળ્યો ને વાણિયા વેપાર આડે આખો દિ' હોળી સળગે આખી ! આ લાવો ને આ દીધુ ને આ ઘરાક આવ્યા ને આ આપ્યું ને આ માલ થઈ રહ્યો છે, 'મુંબઈ'થી નવો લવો, જૂનો થઈ રહ્યો છે ને નવો લાવો, આ ભાવે આવશે, આ ભાવે (જાશે). અરે...! હોળી આખો દિ' સળગે. અર..ર...! એમાંથી એણે નીકળવું.

અહીં કહે છે કે, એ બધું હો પણ છતાં જેને આત્મજ્ઞાન થયું... આહા..હા...!

ભગવાનઆત્મા અંદર આનંદનો સાગર અને અનંત ગુણનો ભંડાર (બિરાજે છે), એવું સ્વસન્મુખ થઈને આત્મજ્ઞાન થયું તે જ્ઞાનીને ભાવાસ્રવ એટલે મિથ્યાત્વ સહિત થતા રાગ-દ્વેષના ભાવ, એને છે નહિ. આહા..હા...! એમ બતાવે છે. છે ને ? આવી ગયું ને ઈ ? **'સુદૃષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે; નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે.'**

એની ટીકા. ટીકા છે ને ઓલી કોર ? **'ખરેખર જ્ઞાનીને...'** જેને આત્માની કિંમત જાગી છે... આ..હા..હા...! મારી ચીજ અણમૂલ અને એની એણે કિંમત ટાંકી. આહા..હા...! અણમૂલો હીરો પ્રભુ ચૈતન્ય ! એની જેણે અંદર જઈને કિંમત ટાંકી. આ..હા...! એનું જેને જ્ઞાન થયું, એ **'ખરેખર જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે...'** એને તો આત્માના જ્ઞાન, દર્શન, આનંદના ભાવ વડે. **'અજ્ઞાનમય ભાવો અવશ્યમેવ નિરોધાય છે...'** એટલી જ અહીં તો વાત છે. અજ્ઞાનથી ઉત્પન્ન થતા જે મિથ્યાત્વ ને રાગ-દ્વેષના ભાવ, એ જ્ઞાનીને થતા નથી. આહા..હા...!

**'ખરેખર જ્ઞાની...'** એટલે આત્મજ્ઞાનીને. ભલે એ ગૃહસ્થાશ્રમમાં પડ્યો હોય પણ જેને આત્મજ્ઞાન થયું છે એવા જ્ઞાનીને **'જ્ઞાનમય ભાવો વડે...'** પોતાના જ્ઞાન, આનંદ ને શાંતિના ભાવ વડે **'અજ્ઞાનમય ભાવો...'** એવા જે રાગ-દ્વેષ ને મિથ્યાત્વ એ રોકાય જાય છે. રુંધાય છે, **'રોકાય છે – અભાવરૂપ થાય છે...'** આહા..હા...! ચૈતન્ય ભગવાનઆત્મા ! પૂર્ણાનંદનો સાગર નાથ પ્રભુ ! એવા આત્માનું જેને અંતર્મુખ થઈને બહારની કિંમત, બધી વિભૂતિની કિંમત છોડી દઈને, અંતરની વિભૂતિની કિંમત જેને અંદરથી જાગી ગઈ છે.. આહા..હા...! એવો જે ધર્મી તેને અજ્ઞાનમય ભાવ એટલે કે મિથ્યાત્વ ભાવ. રાગ ઠીક છે ને રાગમાં લાભ છે, એવો જે અજ્ઞાનમય ભાવ જરૂર રોકાય છે, જરૂર અજ્ઞાનનો અભાવ થાય છે. આ..હા...! ઝીણી વાતું છે, બાપુ ! આહા..હા...! વીતરાગનો માર્ગ બહુ ઝીણો. પેલા તો કહે, કાંઈ ખબરું ન મળે, સામાયિક કરો, પોષા કરો, પડિકમ્મણા કરો. ક્યાં હતા પણ હવે ? હજી આત્મા શું છે એની ખબરું ન મળે, આ તારી સામાયિક આવી ક્યાંથી ? આહા..હા...! સામાયિકમાં તો સમતાનો લાભ આવે.

સામાયિકનો અર્થ શું ? સમતાનો લાભ, વીતરાગપણાનો લાભ. પણ વીતરાગપણાનો લાભ કોને હોય ? જે આત્મા વીતરાગ સ્વરૂપ જિન સ્વરૂપ છે, એવી જેને દૃષ્ટિ અને અનુભવ થયો છે, તેને તેમાં ઠરવાની સામાયિક આવે. આ..હા...! હજી વસ્તુની જ ખબર ન મળે (ત્યાં) તને સામાયિક આવી ક્યાંથી ? પોષા આવ્યા ને પડિકમ્મણા કર્યા ને... ધર્મના પડિકમ્મણા કર્યા. ધર્મથી પાછો વળ્યો ! વિકારથી પાછો વળવો જોઈએ, મિથ્યાત્વનું પ્રતિક્રમણ જોઈએ.. આહા..હા...!

મિથ્યાત્વનું પ્રતિક્રમણ એટલે ? કે, પુણ્ય અને પાપ છે એમાં મને લાભ છે એવો જે મિથ્યાત્વ ભાવ અને પુણ્યના ફળ તરીકે આ બહારમાં સામગ્રી ધૂળ મળે, એનાથી હું મોટો છું, એવો જે મિથ્યાત્વ ભાવ.. આહા..હા...! એનો જેને નાશ થાય તેને અહીંયાં જ્ઞાની

અને સમકિતી કહેવામાં આવે છે. એને અહીંયાં અજ્ઞાન ભાવનો નાશ થાય છે. આહા..હા...! આવી વાતું !

**'કારણ કે પરસ્પર વિરોધી ભાવો સાથે રહી શકે નહિ;...'** શું કહે છે ઈ ? કે, જેને આ આત્મા ચિદાનંદ ભગવાનનું ભાન થયું તેને તો તે આત્મમય ભાવ થાય. શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા, આનંદ એ ભાવ થાય. એને પુણ્ય-પાપના ભાવ એ તો એનાથી વિરુદ્ધ ભાવ છે. મિથ્યાત્વ સહિતના પુણ્ય ભાવ તો વિરુદ્ધ છે. તો એક સ્થાનમાં બે ભાવ રહી શકે નહિ. આહા..હા...! એને આત્માનો જ્ઞાનમય ભાવ પણ થાય અને અજ્ઞાનમય રાગ-દ્વેષના ભાવ પણ થાય, એમ હોઈ શકે નહિ. આ..હા...!

**'કારણ કે પરસ્પર વિરોધી...'** પરસ્પર વિરોધી સમજાણું ? કે, રાગ-દ્વેષના પરિણામ, એ મારા છે અને હું કર્તા છું એવો જે મિથ્યાત્વ ભાવ, એ અજ્ઞાનભાવ અને એક કોર આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને હું શુદ્ધ ચૈતન્ય છું, હું રાગનો કર્તાય નથી, રાગ મારામાં છે જ નહિ, રાગથી મને લાભ છે નહિ એવું જે જ્ઞાન આત્માનું થયું એવા આત્મજ્ઞાન ટાણે એને એનાથી વિરુદ્ધ મિથ્યાત્વના રાગ-દ્વેષના કરવાના ભાવ, એ મિથ્યાત્વ ભાવ હોતો નથી. એક મ્યાનમાં બે તરવાર રહેતી નથી. આહા..હા...! જેને આ ભગવાન ચૈતન્યપ્રભુ અંદર ચમત્કારિક ચીજ પડી છે, મહાપ્રભુ ! આ..હા..હા...! જેના ચૈતન્યના ચમત્કાર આગળ ઇન્દ્રોના ઇન્દ્રાસન સડેલા તરણા જેવા લાગે. ઇન્દ્રના ઇન્દ્રાસનો સડેલા કૂતરા અને મીંદડાં મરી ગયેલા હોય એવું લાગે. આહા..હા...! એના ભોગ ને એના સુખ જ્ઞાનીને એવા લાગે. અજ્ઞાનીને તો એક જરીક કાંઈક અનુકૂળતા પાંચ-પચીસ લાખ મળ્યા, બાયડી ઠીક (મળી) ત્યાં (એમ માની બેસે કે) અમે સુખી છીએ. ધૂળેય નથી. મરી ગયો, સાંભળને !

ભગવાન અંદર ચૈતન્યજ્યોતિ બિરાજે છે. એનો તેં અનાદર કર્યો છે. અનાદર કર્યો એટલે તેં એની હિંસા કરી છે. અને જે તારમાં નથી, પુણ્ય અને પાપના ભાવ, તેનો કર્તા થઈને એને – વિકારને તેં જીવતો રાખ્યો. ચેતન જીવતો છે તેને તેં મારી નાખ્યો. આહા..હા...! અરે...! આવું સાંભળવું ક્યાં મળે ? બાપા ! શું થાય ? આંખ્યું મીચાઈ જશે, ભાઈ ! ચોરાશીના અવતારમાં ક્યાંય રખડવા ચાલ્યો જઈશ. આત્મા તો નિત્ય છે. દેહ છૂટતા કંઈ આત્મા નાશ થાય એવો નથી. અજ્ઞાનપણે ભવ કાઢ્યા, જઈને રખડશે ચોરાશીમાં ક્યાંય ! કાગડા, કૂતરા, કંથવા, સિંહ, વાઘમાં જન્મશે. આહા..હા...!

અહીં કહે છે, જ્ઞાનીના જ્ઞાનમય ભાવ સાથે અજ્ઞાનીના રાગ-દ્વેષના કર્તાના અજ્ઞાન ભાવ, બેય એક ઠેકાણે રહી શકે નહિ. સમજાય છે કાંઈ ? આહા..હા...! **'પરસ્પર વિરોધી ભાવો સાથે...'** પરસ્પર વિરોધી (એટલે) આત્મા ચૈતન્ય આનંદનું જ્ઞાન અને ભાન થયું ત્યાં જ્ઞાનમય શુદ્ધતાના ભાવ થયા અને અજ્ઞાનભાવે તો રાગ-દ્વેષનો કર્તા થાય અને એ રાગ-દ્વેષ ભાવ થાય. એ બે એક સ્થાનમાં રહી ન શકે. જ્ઞાનમય ભાવમાં અજ્ઞાનમય ભાવ નહિ

અને અજ્ઞાનમય ભાવ ટાણે જ્ઞાનમય ભાવ નહિ. આહા..હા...! આવો ઉપદેશ કઈ જાતનો ? પેલું તો બહારથી બધા રાજી થાય. આમ વ્રત પાળો, ભક્તિ કરો, અપવાસ કરો લોકો રાજી થાય બિચારા ! અરે..રે...! એ બધા અજ્ઞાન ભાવના પોષક છે. આહા..હા...!

**'પરસ્પર વિરોધી...'** એમ કીધું ને ? અજ્ઞાન સ્વરૂપના અજ્ઞાનપણે અજ્ઞાનથી રાગ-દ્વેષ(નો) કર્તા થતો હતો તે આત્માના જ્ઞાનભાવમાં જ્ઞાનભાવનો કર્તા થઈ અને રાગભાવનો કર્તા થતો નથી. તેથી એક સ્થાનમાં બે ભાવ હોઈ શકે નહિ. આહા..હા...!

**'તેથી અજ્ઞાનમય ભાવોરૂપ રાગ-દ્વેષ-મોહ...'** જે અજ્ઞાનથી થયેલા અનંતાનુબંધીનો રાગ-દ્વેષ અને મિથ્યાત્વ **'કે જેઓ આસ્રવભૂત...'** છે. એ પોતે ભાવાસ્રવ જ છે. સ્વરૂપનું અજ્ઞાન અને મિથ્યાત્વ ભાવ રાગ અને દ્વેષનો કર્તા થાય એ મિથ્યાત્વ ભાવ પોતે જ આસ્રવ છે. નવા કર્મનું કારણ એ ભાવ જ છે. આહા..હા...! **'જેઓ આસ્રવભૂત (આસ્રવસ્વરૂપ) છે તેમનો નિરોધ હોવાથી,...'** જ્ઞાનીને તે આસ્રવભૂત અજ્ઞાનભાવના રાગ-દ્વેષ તો રોકાય ગયા છે. આહા..હા...! જાણી લીધું કે, મારો પ્રભુ તો આનંદ છે અને આ રાગ તો વિકાર છે. આહા..હા...! ત્યાં વાત અટકી ગઈ. અજ્ઞાનમય ભાવ હતો (તે) ત્યાં રોકાય ગયો અને જ્ઞાનમય ચૈતન્યનો ભાવ નિર્મળાનંદ પ્રભુ પ્રગટ થયો. આહા..હા...!

જેને અંતર ચૈતન્યનું ભાન થયું એ બાપુ ! અલૌકિક વાતું, ભાઈ ! એ કોઈ બાહ્ય ક્રિયાકાંડથી મળે એવી ચીજ નથી. આહા..હા...! કે, ખૂબ વ્રત કરીએ ને બહુ અપવાસ કરીએ (તો) સમકિત થઈ જાય. એ તો બધો અજ્ઞાનભાવ, કર્તા (ભાવ છે), એનાથી સમકિત ન થાય. આહા..હા...! પ્રભુ ! માર્ગ જુદો છે. એ આત્મા અંદર પરિપૂર્ણ પરમાત્મ સ્વરૂપ બિરાજમાન (છે). 'અપ્પા સો પરમઅપ્પા' આત્મા તે પરમાત્મસ્વરૂપ જ છે અંદર. એનો સ્વભાવ પરમાત્મ સ્વરૂપ છે, પ્રભુ ! આહા..હા...! કેમ બેસે ? બે બીડી સરખી પીવે ત્યારે ભાઈસાહેબને પાયખાને દિશા ઉતરે, એને હવે એમ કહેવું કે, તું પ્રભુ છો આવડો !! ક્યે ગજે માપે ? આહા..હા...!

**'અજ્ઞાનમય ભાવોરૂપ રાગ-દ્વેષ-મોહ કે જેઓ આસ્રવભૂત (આસ્રવસ્વરૂપ) છે...'** જોયું ? એ આસ્રવભૂત છે ખરું તો. સ્વરૂપનું અજ્ઞાન અને મિથ્યાત્વ ભાવ અને જે મિથ્યાત્વ ભાવ રાગ-દ્વેષનો કર્તા થાય તે રાગ-દ્વેષ ને તે મિથ્યાત્વ ભાવ તે જ આસ્રવ છે, તે જ બંધના કારણ છે. આહા..હા...!

**'તેમનો નિરોધ હોવાથી, જ્ઞાનીને આસ્રવનો નિરોધ હોય જ છે.'** આહા..હા...! સમ્યગ્દર્શન થતા આત્મા પૂર્ણાનંદનો નાથ, તેની સમૃદ્ધિનું ભાન થયું. મારામાં પૂર્ણ આનંદ અને પૂર્ણ ગુણો ભર્યા છે. એમ સમ્યક્ – સત્ય દર્શન, સાચી પૂર્ણ વસ્તુ છે તેનો અનુભવ દર્શન થતાં તેને આત્માની ઋદ્ધિ જે અંદર અનંતી છે એનો નમૂનો એને પર્યાયમાં આવ્યો. આહા..હા...! પર્યાય એટલે અવસ્થા. એથી એને **'આસ્રવનો નિરોધ હોય જ છે.'** અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો એવો જે રાગ-દ્વેષ ભાવ એ એને હોતો નથી.

**'માટે જ્ઞાની, આસ્રવો જેમનું નિમિત્ત છે એવાં (જ્ઞાનાવરણાદિ) પુદ્ગલકર્મને બાંધતો નથી,...'** લ્યો ! આસ્રવો જેને નિમિત્ત છે. નવા કર્મને આસ્રવ નિમિત્ત છે, અહીં (એ) લેવું છે. એવા મિથ્યાત્વ, રાગ-દ્વેષનો કર્તા થાય. દયા, દાનના પરિણામનો કર્તા થાય એ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે એ રાગ છે. આહા..હા...! એ મિથ્યાદૃષ્ટિને જે રાગ-દ્વેષ ને અજ્ઞાનભાવ હતા તે જ્ઞાનીને નથી. તેથી **'આસ્રવ જેમનું નિમિત્ત છે એવાં (જ્ઞાનાવરણાદિ) પુદ્ગલકર્મને બાંધતો નથી,...'** તે આઠ કર્મને બાંધતો નથી અથવા એ અનંતાનુબંધીના રાગ-દ્વેષ અને મિથ્યાત્વ એને હોતું નથી. આ..હા...!

**'સદાય અકર્તાપણું હોવાથી...'** ધર્મી તો રાગનો ને દયા, દાનનો વિકલ્પ આવે પણ તેનો કર્તા થતો નથી. તેનો જાણનાર-દેખનાર રહે છે. આહા..હા...! **'સદાય અકર્તાપણું હોવાથી નવા કર્મો નહિ બાંધતો થકો સત્તામાં રહેલાં પૂર્વબદ્ધ કર્મોને, પોતે જ્ઞાનસ્વભાવવાળો હોઈને,...'** આહા..હા...! શુદ્ધ જ્ઞાન, આનંદ છે તે હું છું, એમ ધર્મીને પહેલે દરજ્જે ભાન થાય છે. આહા..હા...! તેના ભાનમાં એને **'પૂર્વબદ્ધ કર્મોને, પોતે જ્ઞાનસ્વભાવવાળો હોઈને, કેવળ જાણે જ છે.'** જોયું ? પેલું પૂર્વકર્મ જે હતું તેનો સંસર્ગ કરે છે, અજ્ઞાની પરિચય કરે છે, એના ઉપર લક્ષ (કરે છે). અહીં લક્ષ છોડી દે છે. આ (જ્ઞાની) જૂના કર્મની સાથે સંબંધ કરતો નથી. પોતાના સ્વરૂપની સાથે સંબંધ કર્યો છે. તેથી પૂર્વનું કર્મ જે છે તેને **'કેવળ જાણે જ છે.'**

**'(જ્ઞાનીનો જ્ઞાન જ સ્વભાવ છે, કર્તાપણું સ્વભાવ નથી;...'** ધર્મી રાગ ને દયા, દાનના પરિણામનો પણ કર્તા નથી. આહા..હા...! આવું ગળે ઉતરવું (કઠણ પડે). **'(જ્ઞાનીનો જ્ઞાન જ સ્વભાવ છે, કર્તાપણું સ્વભાવ નથી; કર્તાપણું હોય તો કર્મ બાંધે,...)'** પરની, શરીરની, વાણીની ક્રિયા કરી શકું છું અને પુણ્ય-પાપના પરિણામ પણ મારા કર્તાથી થાય છે એમ જેની કર્તાબુદ્ધિ પડી છે... આ..હા...! એ તો નવા કર્મને બાંધે છે. જ્ઞાનીનો જ્ઞાનસ્વભાવ (છે), કર્તાસ્વભાવ નથી. **'(કર્તાપણું હોય તો કર્મ બાંધે,...)'** એ પુણ્ય-પાપ ને પરનો કર્તા થાય તો નવા કર્મ બાંધે. **'(જ્ઞાતાપણું હોવાથી કર્મ બાંધતો નથી).'** આહા..હા...! બહુ સરસ !

પહેલા દરજ્જાનો ચોથે ગુણસ્થાને સમકિતી, ધર્મની પહેલી સીઢીવાળો, એવો સમકિતી જ પહેલો. પાંચમુ ગુણસ્થાન એ તો વળી આગળ (છે). શ્રાવક કોને કહેવા ? મુનિ એ તો આગળ બહુ ચીજ આકરી છે. આ તો હજી સમ્યક્દૃષ્ટિ જીવ. આહા..હા...! રાગ ને પરની ક્રિયાનો કર્તા થતો નથી અને પોતાના જ્ઞાનસ્વરૂપમાં જ્ઞાતા-દૃષ્ટા રહે છે. તેથી તેને કર્મ બંધાતા નથી. **'(જ્ઞાતાપણું હોવાથી કર્મ બાંધતો નથી).'** વિશેષ કહેવાશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૪૬ ગાથા–૧૬૬-૧૬૭ બુધવાર, જેઠ સુદ ૧૧, તા. ૦૬-૦૬-૧૯૭૯

આ 'સમયસાર' ચાલે છે. ૧૬૬ ગાથાનો ભાવાર્થ, 'આસ્રવ અધિકાર'. ખરેખર જે મિથ્યાત્વ છે એ જ આસ્રવ છે, મિથ્યાત્વ એ જ સંસાર છે. પછી પાછળ થોડો દોષ રહે છે એ અલ્પ સંસાર છે. મિથ્યાત્વ કોને કહે છે ? કે, જે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે તેમાં તો શુભ-અશુભ ભાવ થાય છે એ મારા છે અને તેનાથી મને લાભ થશે. દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ આવે છે એ બધા શુભ ભાવ છે, પુણ્ય છે. એનાથી મને લાભ થશે એ મિથ્યાત્વ ભાવ છે. એ મિથ્યાત્વ ભાવ સંસાર અને આસ્રવ છે.

**ભાવાર્થ :– 'જ્ઞાનીને અજ્ઞાનમય ભાવો હોતા નથી,...'** આહા..હા...! જેને આત્મજ્ઞાન થયું, જે અનંત કાળમાં ક્યારેય કર્યું નથી. આમ વ્રત ને તપ ને ભક્તિ, પૂજા તો અનંત વાર કર્યું. એ કોઈ નવી ચીજ નથી. એ તો પુણ્ય આસ્રવ ભાવ છે. પણ એનાથી રહિત મારી ચીજ (છે), શુભ-અશુભ ભાવથી ભિન્ન પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન સર્વજ્ઞ પરમેશ્વરે જે પૂર્ણ આત્મા જોયો એવો હું છું, એવી અંતર અનુભવદૃષ્ટિ થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. તેનું નામ જ્ઞાની છે. તેને જ્ઞાની કહેવામાં આવે છે.

આત્મા શરીરની ક્રિયાથી તો ભિન્ન છે, આ તો જડ છે, એ પરની ક્રિયા આત્મા કરી શકતો નથી. પરની ક્રિયા કરી શકું છું એ તો મિથ્યાદૃષ્ટિ છે, એ તો ધર્મી નહિ. પણ અંદરમાં પુણ્ય અને પાપ ભાવ થાય છે તેમાં પણ જેને પ્રેમ છે, પુણ્યભાવ પ્રત્યે પ્રેમ છે અને પુણ્યથી રહિત મારી ચીજ અંદર ભિન્ન છે એનો જેને પ્રેમ નથી એ મિથ્યાદૃષ્ટિ જીવ છે, અજ્ઞાની છે. આહા..હા...!

જેને અંતરમાં પુણ્ય-પાપના ભાવનો પ્રેમ અને રુચિ છૂટી ગઈ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ ભગવાનઆત્મા, એનો અનુભવ થઈને દૃષ્ટિ થઈ તેને અહીંયાં જ્ઞાની કહે છે. ધર્મી કહો કે જ્ઞાની કહો. પણ ધર્મી આ. બહારની કોઈ પ્રવૃત્તિ – વ્રત ને નિયમ ને તપ ને કરે માટે એ ધર્મી છે એમ છે નહિ. એ તો બધી પુણ્ય-ક્રિયા છે.

**'જ્ઞાનીને અજ્ઞાનમય ભાવો હોતા નથી,...'** એ પુણ્ય પરિણામ મારા, એવો અજ્ઞાનભાવ ધર્મીને નથી હોતો. આહા..હા...! ઝીણી વાત બહુ. ધર્મીને **'અજ્ઞાનમય ભાવો હોતા નથી, અજ્ઞાનમય ભાવો નહિ હોવાથી...'** રાગ – દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ બંધનું કારણ છે, મારી ચીજ એનાથી ભિન્ન છે, એમ જેને ધર્મની પહેલી સીડી, પહેલું પગથિયું, સમ્યગ્દર્શન અને જ્ઞાન થયા એને અજ્ઞાનભાવ હોતા નથી. એ શુભ-અશુભ ભાવ મારા છે એવો ભાવ એને નથી હોતો. સમજાણું કાંઈ ?

**'(અજ્ઞાનમય) રાગદ્વેષમોહ અર્થાત્ આસ્રવો હોતા નથી...'** એ કારણે જ્ઞાની – ધર્મીને મિથ્યાત્વનો નાશ થયો અને સમ્યગ્દર્શન – સ્વરૂપની પ્રતીતિ અનુભવ થયો તો મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષ-મોહ એને થતા નથી. આ..હા...! અનંતાનુબંધીના રાગ-દ્વેષ અને મિથ્યાત્વ ભાવ ધર્મીને હોતા નથી. આહા..હા...! પહેલી વાત જ કઠણ છે.

**'આસ્રવો નહિ હોવાથી...'** ધર્મીને પોતામાં શુદ્ધ શ્રદ્ધા – સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન આત્મામાં અનુભવથી થયા એ કારણે એને મિથ્યાત્વ સંબંધી આસ્રવ થતો નથી. **'આસ્રવો નહિ હોવાથી નવો બંધ થતો નથી.'** આહા..હા...! **'આ પ્રકારે જ્ઞાની સદાય અકર્તા હોવાથી...'** ધર્મી એને કહીએ કે, પરનો કર્તા તો છે નહિ પણ પુણ્ય પરિણામનો એ કર્તા નથી. આહા..હા...! પાપનો તો કર્તા નથી પણ પુણ્ય પરિણામનો કર્તા પણ ધર્મી (નથી). પહેલે દરજ્જે ધર્મી અકર્તા હોવાથી (અર્થાત્) પરનો કર્તા નહિ અને રાગનો પણ કર્તા નહિ, ધર્મી તો પોતાના જ્ઞાન સ્વરૂપ આનંદનો કર્તા છે. આહા..હા...! આવી વાત છે.

**'આ પ્રકારે જ્ઞાની સદાય અકર્તા હોવાથી...'** ધર્મી તો પરથી, પરપદાર્થની કોઈપણ પર્યાય થાય છે તેનો આત્મા કર્તા નહિ. આ શરીર ચાલે છે, વાણી બોલાય છે એ ક્રિયાનો આત્મા કર્તા નથી. આહા..હા...! અજ્ઞાની પરનું કરી તો શકતો નથી પણ માને છે કે હું પરનું કરું અને કરી શકે છે એ કે, પુણ્ય-પાપના ભાવનો અજ્ઞાની કર્તા થાય છે. જ્ઞાની એ પુણ્ય-પાપનો પણ કર્તા થતો નથી. તેનો જાણનાર રહે છે.

**'પૂર્વે બંધાયેલાં જે કર્મો...'** નવા કર્મ બાંધતો નથી કેમકે મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષ નથી તો એ સંબંધીનો આસ્રવ નથી તો નવા કર્મ બંધાતા નથી. અને જૂના કર્મો જે બંધાયેલા પડ્યા હતા તેનો માત્ર **'જ્ઞાતા જ રહે છે.'** પૂર્વકર્મ બંધાયેલા પડ્યા છે તેનો તો ધર્મી જાણનાર છે. એ કર્મ મારા છે અને મારામાં બંધ છે, એમ ધર્મી માનતો નથી. બહુ ચીજ ઝીણી છે, ભાઈ ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એની ધર્મની શરૂઆતવાળી ચીજ કેવી છે એ બહુ કઠણ છે અને સમ્યગ્દર્શન વિના તો જ્ઞાન અને ચારિત્ર તો હોતા જ નથી. આ..હા...!

અહીંયાં તો કહ્યું કે, સમ્યક્દૃષ્ટિને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અનંતાનુબંધીના થતા નથી તો એટલો બંધ પણ થતો નથી. અને પૂર્વ બંધ છે એને જાણનાર રહે છે. પૂર્વ બંધ જડ છે એ મારી ચીજ નહિ. આ..હા...! મારામાં છે નહિ એ તો જડમાં છે. એમ ધર્મી જૂના કર્મ પડ્યા છે તેનો જાણનાર-દેખનાર રહે છે. નીચે.

**'અવિરતસમ્યગ્દષ્ટિને...'** હજી ગૃહસ્થાશ્રમમાં હોય, સમકિતી છે. 'શ્રેણિક' રાજા આદિ અવિરત સમ્યક્દૃષ્ટિ (છે). હજી અંતરમાં નિવૃત્તિ નથી. પુણ્ય અને પાપથી નિવૃત્તિ નહિ, વ્રત ને પચ્ચખાણ આદિ ચારિત્ર પણ નથી પણ અવિરતસમ્યક્દૃષ્ટિ, જેને અવ્રત છે પણ છે સમ્યક્દૃષ્ટિ. ચોથે ગુણસ્થાને. ચોથું ગુણસ્થાન. (તેને પણ) **'અજ્ઞાનમય રાગદ્વેષમોહ હોતા નથી.'** ચોથે ગુણસ્થાને પાંચમા (ગુણસ્થાનનો) શ્રાવક થયા પહેલાં. છઠ્ઠું (ગુણસ્થાન) મુનિપણું

એ તો કોઈ અલૌકિક વાતું છે !

અહીંયાં તો ચોથે ગુણસ્થાને પહેલો ધર્મ પ્રાપ્ત કર્યો, પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયો તો એ અવિરત (સમ્યગ્દષ્ટિ છે). ભલે રાગનો ત્યાગ નથી, ઇન્દ્રિયના વિષયનો પણ ત્યાગ નથી, છતાં અવિરત સમ્યક્દષ્ટિ(ને) દૃષ્ટિ સત્ય પ્રગટ થઈ છે. આત્મા પૂર્ણ આનંદ સ્વરૂપ છે, એ વિકાર રહિત છે અને પૂર્ણ આનંદ છે એમ અનુભવમાં ધર્મી જીવને શરૂઆતમાં ચોથે ગુણસ્થાને અવિરત સમ્યક્દષ્ટિ હોય છે. આહા..હા...! એને પણ અજ્ઞાનમય રાગ-દ્વેષ હોતા નથી. સમ્યક્દષ્ટિ – ધર્મી થયો એને અજ્ઞાનમય રાગ-દ્વેષ હોતા નથી.

**'મિથ્યાત્વ સહિત રાગાદિક હોય...'** આહા..હા...! જેની શ્રદ્ધા મિથ્યાત્વ છે એ પાપ પરિણામમાં ઠીક – સુખ છે અને પુણ્ય પરિણામમાં ધર્મ છે એવી જેની દૃષ્ટિ છે એ મિથ્યાદૃષ્ટિ છે. એ જૈન નહિ. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! **'મિથ્યાત્વ સહિત રાગાદિક હોય તે જ અજ્ઞાનના પક્ષમાં ગણાય છે,...'** વિપરીત માન્યતા, રાગ-દ્વેષ મારા છે એવી જે માન્યતા છે, એવા મિથ્યાદૃષ્ટિનો રાગાદિ ભાવ **'અજ્ઞાનના પક્ષમાં ગણાય છે,...'** એ અજ્ઞાન છે.

પોતાના સ્વરૂપનું ભાન નહિ અને રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ મારો ધર્મ છે અને એનાથી ધર્મ થશે, એવી મિથ્યાદૃષ્ટિ છે તેના અજ્ઞાનમય ભાવમાં (રાગ-દ્વેષ ગણાય છે). મિથ્યાદૃષ્ટિના અજ્ઞાનમય પક્ષમાં રાગ-દ્વેષ થાય છે. મિથ્યાત્વનો નાશ થયો અને સમ્યગ્દર્શન થયું તો અજ્ઞાન પક્ષમાં જે રાગ-દ્વેષ થાય છે એ થતા નથી. આવી વાત છે.

**'સમ્યક્ત્વ સહિત રાગાદિક અજ્ઞાનના પક્ષમાં નથી.'** જેને પોતાનો સ્વભાવ પુણ્ય અને પાપના ભાવથી, શુભ-અશુભ ભાવથી ભિન્ન છે એમ અંતર દૃષ્ટિ થઈ એ સમકિત સહિત રાગાદિ અજ્ઞાનના પક્ષમાં નથી. એ સમકિતીને રાગ થાય છે પણ અજ્ઞાનના પક્ષમાં નથી. જ્ઞાની રાગનો જાણનાર રહે છે. રાગ મારું કર્તવ્ય છે એમ જ્ઞાનીને હોતું નથી. આહા..હા...!

**'સમ્યગ્દષ્ટિને નિરંતર જ્ઞાનમય પરિણમન જ હોય છે.'** આહા..હા...! ધર્મી પહેલા દરજ્જાનો એને કહેવાય કે, જેને દયા, દાન, વ્રત પરિણામ રાગ, એનાથી ભિન્ન જ્ઞાનધારા સદાય ચાલે છે. હું તો સદા જ્ઞાતા-દૃષ્ટા, આનંદ છું એવી દૃષ્ટિમાં રાગથી ભિન્ન ભેદજ્ઞાનની ધારા ચાલે છે. આહા..હા...! આવી વાત છે. લોકોને નવરાશ નહિ (અને) બહારથી ધર્મ માની લે. આહા..હા...! આ જાત્રા કરી આવ્યા (એટલે) ધર્મ થઈ ગયો. 'સમેદશીખર'ની જાત્રા, એ તો પુણ્ય છે, ધર્મ નહિ. 'ગિરનાર'ની જાત્રા, 'શેત્રુંજય'ની જાત્રા એ તો રાગ છે. રાગથી મને ધર્મ થશે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિના પક્ષમાં જે રાગ-દ્વેષ થતા હતા એવા સમ્યક્દષ્ટિને અજ્ઞાન પક્ષના રાગ-દ્વેષ હોતા નથી. આહા..હા...! રાગ-દ્વેષ થાય છે પણ એ મારા છે અને મને લાભદાયક છે એવી સમકિતી જીવને દૃષ્ટિ હોતી નથી. આહા..હા...!

**'નિરંતર જ્ઞાનમય પરિણમન જ હોય છે.'** 'જ' કહ્યું છે. હું તો જાણનાર-દેખનાર જ

છું. હું તો જ્ઞાતા-દૃષ્ટા છું. એ દયા, દાન, વ્રતના પરિણામ પણ મારું કર્તવ્ય નથી. આહા..હા...! તેને અહીંયાં પ્રથમ દરજ્જાનો સમકિતી કહેવામાં આવે છે. આહા..હા...! **'સમ્યગ્દષ્ટિને નિરંતર જ્ઞાનમય પરિણમન જ હોય છે. તેને ચારિત્રમોહના ઉદયની બળજોરીથી...'** ચોથા ગુણસ્થાનમાં સમ્યક્‌દૃષ્ટિને અજ્ઞાનમય રાગ-દ્વેષ હોતા નથી. ત્યારે પૂર્વના ચારિત્રના બળના દોષે, ચારિત્રમોહના કારણે **'જે રાગાદિક થાય છે તેનું સ્વામીપણું તેને નથી;...'** સમકિતી ભલે ગૃહસ્થાશ્રમમાં હો અને રાગાદિ ચારિત્રમોહનો ઉદય હો પણ ધર્મી તેનો સ્વામી નથી. સ્વામી તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એનો હું સ્વામી છું. આવી વાત છે, ભાઈ !

ચારિત્રમોહના ઉદયથી ધર્મીને પણ રાગ-દ્વેષ, વિષયવાસના આદિ હોય છે પણ એમાં સ્વામીત્વ નથી, એમાં સુખબુદ્ધિ નથી, એમાં હિતબુદ્ધિ નથી. આહા..હા...! **'રાગાદિક થાય છે તેનું સ્વામીપણું તેને નથી; તે રાગાદિકને રોગ સમાન જાણીને પ્રવર્તે છે...'** આહા..હા...! ધર્મી એને કહીએ કે, જેને રાગ થાય છે એને રોગ સમાન જાણે. એ તો રોગ છે, મારી દશા નહિ. આહા..હા...! ધર્મની પહેલી સીઢીવાળો, એને રાગ આવે છે પણ રાગને એ રોગ સમાન જાણે છે. આહા..હા...!

છ ખંડનું રાજ (હોય). 'ભરત' ચક્રવર્તી સમકિતી હતા પણ (એના) સ્વામી નહિ. રાગનો સ્વામી તો નહિ પણ પરનો સ્વામી તો છે જ નહિ. રાગમાં દેખાવા છતાં પણ પોતાનું શુદ્ધ સ્વરૂપ રાગથી ભિન્ન (છે), એના સ્વામી થઈને રાગ આવે છે તેના સ્વામી થતા નથી. આહા..હા...! આ તો જ્યાં-ત્યાં દયા, દાન, વ્રત, જાત્રા, ભક્તિના પરિણામ કર્યા એ મારા છે અને મને લાભ થશે (એમ માનનાર) તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે, એને ધર્મ નથી. એ તો અજ્ઞાની છે. આહા..હા...! આકરી વાત છે.

**'રાગાદિકને રોગ સમાન જાણીને...'** જેમ રોગ આવે છે તો એને ભલો જાણે છે ? એમ ધર્મીને રાગ આવે છે પણ રોગ સમાન જાણે છે. એનો સ્વામી હું નહિ. મારી ચીજ તો એનાથી ભિન્ન છે. એવો બોધ અને સમ્યગ્દર્શન થયું, (તે) રાગ(ને) રોગ સમાન જાણે છે. અજ્ઞાની રાગને પોતાનો માની હિતકર માને છે. આહા..હા...! આ 'આસ્રવ અધિકાર' છે.

**'પોતાની શક્તિ અનુસાર તેમને કાપતો જાય છે.'** આ..હા...! ધર્મી જીવ, પોતાનો શુદ્ધ ચિદાનંદ પ્રભુ, જિનસ્વરૂપી ભગવાનઆત્મા, એનું ભાન, સમ્યગ્દર્શન થયું, (એમને) પૂર્વના કારણે રાગ આવે છે પણ એ રાગને કાપે છે, રાગને રાખતા નથી. આહા..હા...! રાગ આવે છે એની રક્ષા કરતા નથી. આ..હા...! રાગને કાપતા જાય છે. હું તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું. ધર્મીની પહેલે દરજ્જે, ચોથેગુણસ્થાને (આવી માન્યતા હોય છે). પાંચમું ગુણસ્થાન શ્રાવક એ તો બાપુ ! ઊંચી ચીજ છે. સમકિત વિના શ્રાવક હોય નહિ. સમકિત વિના સાધુ પણ હોય નહિ. પહેલું સમકિત આ ચીજ છે કે, ચાહે તો શુભ-અશુભ ભાવ હો એ મારા નથી,

હું એનો નથી. હું એનો સ્વામી નથી અને હું મારી શુદ્ધ ચીજનો સ્વામી છું. આવો માર્ગ છે.

**'પોતાની શક્તિ અનુસાર તેમને કાપતો જાય છે.'** પોતાનો પુરુષાર્થ સ્વભાવ સન્મુખ કરીને રાગને કાપતા જાય છે. રાગ પોતાનો માની સ્વામી થાય છે એ જ્ઞાની નહિ. આહા..હા...! આવો વીતરાગનો માર્ગ છે. અત્યારે તો દુનિયા(એ) બહારથી વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને જાત્રામાં ધર્મ માની લીધો, છે રાગ. એને ધર્મ માની લીધો. (એ) મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન નથી, એને જૈનની ખબર નથી. આહા..હા...!

**'માટે જ્ઞાનીને...'** આ..હા...! **'જે રાગાદિક હોય છે તે...'** રાગાદિ, દ્વેષાદિ, રતિ, અરતિના પરિણામ થાય છે **'તે વિદ્યમાન હોવા છતાં અવિદ્યમાન જેવા છે;...'** છે છતાં નથી, એના સ્વામી નથી અને પોતામાં નથી (એમ માને છે). વ્યવહાર રત્નત્રયનો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, એ પણ પોતાનો નહિ. રાગ પર છે. આહા..હા...! એવો ધર્મી. ઝીણી વાત છે, બાપુ ! અનંત કાળમાં 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' અનંત વાર મુનિ થયો, દિગંબર સંત (થયો) પણ 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' સમકિત (પ્રગટ) ન કર્યું તો બધું નિરર્થક છે. વ્રતના પરિણામ પુણ્ય થયા, સ્વર્ગાદિ મળ્યા (પણ) જન્મ-મરણનો અંત ન આવ્યો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' નવમી ગ્રૈવેયકે દિગંબર સાધુ થઈને અનંત વાર ગયો પણ આતમજ્ઞાન (વિના). પુણ્ય-પાપના વિકલ્પથી મારી ચીજ ભિન્ન છે અને પુણ્ય-પાપ બેય બંધના કારણ છે, મારી ચીજ નહિ એવું આત્મજ્ઞાન કર્યું નહિ. આત્મજ્ઞાન વિના લેશ સુખ ન મળ્યું. એ મહાવ્રતના ને અઠ્યાવીસ મૂળગુણના પરિણામ તો દુઃખરૂપ છે, આસ્રવ છે. આહા..હા...!

આ 'આસ્રવ અધિકાર' છે ને ! ધર્મીને જરી ચારિત્રદોષના રાગાદિ થાય છે એ વિદ્યમાન હોવા છતાં **'અવિદ્યમાન જેવા છે;...'** મારી ચીજ નહિ, મારામાં નહિ, એમાં હું નહિ. આહા..હા...! (એવું) ભેદજ્ઞાન જેને વર્તે છે. એ રાગમાં હું નહિ અને મારામાં રાગ નહિ. છે ? **'તે વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવા છે; તેઓ આગામી સામાન્ય સંસારનો બંધ કરતા નથી,...'** સામાન્ય સંસારનો અર્થ અનંત સંસારનું બંધન હો એ સામાન્ય સંસાર. સમકિતીને રાગાદિ આવે છે પણ સામાન્ય સંસાર નહિ, પણ અલ્પ રાગ છે તો સ્થિતિ અને રસ, અનુભાગ પણ થોડો પડે છે, પણ અનંત સંસારનું કારણ નથી. આહા..હા...!

**'સામાન્ય સંસારનો બંધ કરતા નથી,...'** અનંત સંસારનું કારણ મિથ્યાત્વ છે એવો સંસાર એને નથી. **'માત્ર અલ્પ સ્થિતિ-અનુભાગવાળો...'** થોડી સ્થિતિ, કર્મની સ્થિતિ, રસ પડે છે પણ એના પણ એ તો જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા...! આકરી વાત છે, ભાઈ ! ધર્મ – વીતરાગ માર્ગ પરમેશ્વર જિનેશ્વરે જે ધર્મ કહ્યો એ કોઈ અલૌકિક વાત છે ! અત્યારે તો બધી ગડબડ ચાલી છે. બહારની પ્રવૃત્તિ અને એમાં ધર્મ (માની બેઠા). આ વ્રત કરો ને

અપવાસ કરો ને પૂજા કરો ને ભક્તિ કરો ને જાત્રા કરો એ ધર્મ. એ બધો રાગ છે અને એમાં ધર્મ માને છે. મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. મિથ્યાત્વનો સંસાર એની પાસે છે. મિથ્યાત્વ એ જ સંસાર છે. છે એમાં ? છે, આમાં છે. જુઓ ! ૬૮ ગાથામાં છે. ૧૬૮ (ગાથા) છે ને !

**'સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...'** ૧૬૮ ગાથાથી પાછળ છેલ્લે. છેલ્લું પદ. ૧૬૯ (ગાથા) પહેલાં. ૧૬૮ની છેલ્લે. છે ? **'સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...'** અલ્પ રાગાદિ થાય છે એ સંસારનું, મૂળ સંસારનું કારણ નથી. છે એમાં ? છે કે નહિ ? આહા..હા...! પણ મિથ્યાત્વ કોને કહેવું એ ખબર નહિ. એ જાણે કે જૈનધર્મમાં આવી ગયા અને આ વ્રત કરીએ ને તપસ્યા કરીએ ને પૂજા, ભક્તિ કરીએ તો ધર્મ થશે (એમ માને). ધૂળમાંય ધર્મ નથી. એવું તો તેં અનંત વાર કર્યું છે. અત્યાર કરતાં નવમી ગ્રૈવેયક ગયો ત્યારે તો અનંત વાર મુનિપણું પાળ્યું. પણ એ પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ તો રાગ અને આસ્રવ છે. એનાથી ભિન્ન મારી ચીજ આનંદ છે તેનું સમ્યક્જ્ઞાન વિના, એ બધો મિથ્યાત્વનો આસ્રવ એને સંસાર છે. આહા..હા...!

**'અલ્પ બંધને અહીં ગણવામાં આવ્યો નથી.'** ૧૬૬ (ગાથા) પૂરી. **'આ રીતે જ્ઞાનીને...'** ધર્મીજીવને રાગથી ભિન્ન પોતાના સ્વરૂપનું ભાન છે. ધર્મી એને કહીએ કે, પોતાના સ્વરૂપમાં રાગની ભિન્નતા છે. રાગમાં હું નહિ અને મારામાં રાગ નહિ. દયા, દાન, વ્રતના પરિણામ પણ રાગ છે એ મારામાં નથી અને હું એમાં નથી. એવું ભેદજ્ઞાન સમ્યક્દૃષ્ટિને થયું છે. **'આ રીતે જ્ઞાનીને આસ્રવ નહિ હોવાથી બંધ થતો નથી.'** મિથ્યાત્વ સંબંધી આસ્રવ નથી તો એ સંબંધી અનંત સંસારનું કારણ એવો બંધ નથી. આહા..હા...!

## રાગ રાગમાં રહ્યો છે, મારા સ્વરૂપમાં પ્રવેશ થયો જ નથી

**મારી ચૈતન્યસ્વરૂપ ચીજ તો અનાદિથી એવી ને એવી છે. મારા ધામમાં કોઈએ પ્રવેશ કર્યો જ નથી. રાગ રાગમાં રહ્યો છે, ઉપર ઉપર રહ્યો છે. મારા સ્વરૂપમાં એ કોઈનો પ્રવેશ થયો જ નથી. મારું કાંઈ ખોવાણું નથી. મારું કાંઈ ઓછું થયું નથી. આમ જાણીને હે ભાઈ ! તું પ્રસન્ન થા, પ્રસન્ન થા.**

**–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ ઓક્ટોબર–૨૦૦૨**

# ગાથા–૧૬૭

अथ रागद्वेषमोहानामास्रवत्वं नियमयति -

भावो रागादिजुदो जीवेण कदो दु बंधगो भणिदो।
रागादिविप्पमुक्को अबंधगो जाणगो णवरि।।१६७।।

भावो रागादियुतो जीवेन कृतस्तु बन्धको भणितः।
रागादिविप्रमुक्तोऽबन्धको ज्ञायकः केवलम्।।१६७।।

इह खलु रागद्वेषमोहसम्पर्कजोऽज्ञानमय एव भावः, अयस्कान्तोपलसम्पर्कज इव कालायससूचीं, कर्म कर्तुमात्मानं चोदयतिः, तद्विवेकजस्तु ज्ञानमयः, अयस्कान्तोपलविवेकज इव कालायससूचीं, अकर्मकरणोत्सुकमात्मानं स्वभावेनैव स्थापयति। ततो रागादिसङ्कीर्णोऽज्ञानमय एव कर्तृत्वे चोदकत्वाद्बन्धकः। तदसङ्कीर्णस्तु स्वभावोद्भावसकत्वात्केवलं ज्ञायक एव, न मनागपि बन्धकः।

---

હવે, રાગદ્વેષમોહ જ આસ્રવ છે એવો નિયમ કરે છે :–

રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;
રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહીં, જ્ઞાયક નર્યો. ૧૬૭.

ગાથાર્થ :– [जीवेन कृतः] જીવે કરેલો [रागादियुतः] રાગાદિયુક્ત [भावः तु] ભાવ [बन्धकः भणितः] બંધક (અર્થાત્ નવાં કર્મનો બંધ કરનાર) કહેવામાં આવ્યો છે. [रागादिविप्रमुक्तः] રાગાદિથી વિમુક્ત ભાવ [अबन्धकः] બંધક નથી, [केवलम् ज्ञायकः] કેવળ જ્ઞાયક જ છે.

ટીકા :– ખરેખર, જેમ લોહચુંબક-પાષાણ સાથે સંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને (ગતિ કરવાને) પ્રેરે છે તેમ રાગદ્વેષમોહ સાથે ભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો અજ્ઞાનમય ભાવ જ આત્માને કર્મ કરવાને પ્રેરે છે, અને જેમ લોહચુંબક-પાષાણ સાથે અસંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને (ગતિ નહિ કરવારૂપ) સ્વભાવમાં જ સ્થાપે છે તેમ રાગદ્વેષમોહ સાથે અભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો જ્ઞાનમય ભાવ, જેને કર્મ કરવાની ઉત્સુકતા નથી (અર્થાત્ કર્મ કરવાનો જેનો સ્વભાવ નથી) એવા આત્માને સ્વભાવમાં જ સ્થાપે છે; માટે રાગાદિ સાથે

**મિશ્રિત (-મળેલો) અજ્ઞાનમય ભાવ જ કર્તૃત્વમાં પ્રેરતો હોવાથી બંધક છે અને રાગાદિ સાથે અમિશ્રિત ભાવ સ્વભાવનો પ્રકાશક (-પ્રગટ કરનાર) હોવાથી કેવળ જ્ઞાયક જ છે, જરા પણ બંધક નથી.**

**ભાવાર્થ :- રાગાદિક સાથે મળેલો અજ્ઞાનમય ભાવ જ બંધનો કરનાર છે, રાગાદિક સાથે નહિ મળેલો જ્ઞાનમય ભાવ બંધનો કરનાર નથી-એ નિયમ છે.**

## ગાથા ૧૬૭ ઉપર પ્રવચન

**'હવે, રાગદ્વેષમોહ જ આસ્રવ છે એવો નિયમ કરે છે :-'** ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' દિગંબર સંત સંવત ૪૯ માં ભરતક્ષેત્રમાં બે હજાર વર્ષ પહેલાં થયા. ભગવાન પાસે ગયા હતા. 'સીમંધર' ભગવાન અત્યારે મહાવિદેહમાં વિચરે છે. પાંચસો ધનુષનો દેહ છે. ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને 'કુંદકુંદાચાર્યદેવે' આ શાસ્ત્ર બનાવ્યું છે. આહા..હા...! એ કહે છે, **'હવે, રાગદ્વેષમોહ જ આસ્રવ છે...'** એ મિથ્યાત્વ સંબંધી જે રાગ-દ્વેષ-મોહ છે એ જ આસ્રવ છે. આહા..હા...! ૧૬૭ (ગાથા).

**भावो रागादिजुदो जीवेण कदो दु बंधगो भणिदो।**
**रागादिविप्पमुक्को अबंधगो जाणगो णवरि।।१६७।।**

**રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;**
**રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહીં, જ્ઞાયક નર્યો. ૧૬૭.**

આહા..હા...! ઝીણી વાત બહુ, બાપુ ! અહીં તો કહે છે કે, વ્યવહાર કરતા કરતા નિશ્ચય થઈ જશે. એ અજ્ઞાનીની માન્યતા છે. રાગ કરતા કરતા ધર્મ થઈ જશે. આહા..હા...! લસણ ખાતા ખાતા કસ્તૂરીનો ઓડકાર આવી જશે. એમ ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિ કરતા કરતા સમકિત થશે એ બધા મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! એ મિથ્યાદૃષ્ટિના **'રાગદ્વેષમોહ જ આસ્રવ છે...'**

**ટીકા :- 'ખરેખર, જેમ લોહચુંબક-પાષાણ...'** છે ને ? લોહચુંબક પથ્થર. સંત દિગંબર મુનિ 'અમૃતચંદ્રાચાર્યદેવ' દૃષ્ટાંત આપે છે. લોહચુંબક પથ્થર છે તેની **'સાથે સંસર્ગથી...'** એના સંસર્ગમાં. **'(લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ...'** એના સંસર્ગથી, એનાથી નહિ. શું કહ્યું ? લોહચુંબક પથ્થર છે (અને) સોય (છે). સોયે (લોહચુંબકનો) સંસર્ગ કર્યો તો

ખેંચાવાનો ભાવ ઉત્પન્ન થયો. એ લોહચુંબકથી નહિ. સોયએ લોહચુંબકનો સંસર્ગ કર્યો તો પોતાની પર્યાયમાં લોહચુંબક તરફ ખેંચાય જાય એવી પર્યાય ઉત્પન્ન થઈ. આ..હા...! છે ?

**'(લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ...'** સંસર્ગથી ઉત્પન્ન થયેલો ભાવ. ભાવ તો પોતામાં થયો છે. એ લોહચુંબક તો નિમિત્ત છે. લોહચુંબક તો પરવસ્તુ છે, સોય પરવસ્તુ છે. સોયમાં એ બાજુ ખેંચાવાની જે પર્યાય થઈ એ લોહચુંબકના સંસર્ગથી થઈ, પણ પોતાથી થઈ છે. આહા..હા...! **'લોહચુંબક-પાષાણ સાથે સંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને (ગતિ કરવાને) પ્રેરે છે...'** એ સોય લોહચુંબક તરફ જાય છે.

**'તેમ રાગદ્વેષમોહ સાથે ભેળસેળપણાથી...'** આહા..હા...! શું કહે છે ? અજ્ઞાની, જેમ લોહચુંબકના સંસર્ગથી સોયમાં ગતિ કરવાની પર્યાય થઈ, એમ અજ્ઞાની કર્મના ઉદયમાં રાગ-દ્વેષ અને સંસર્ગ કરે છે, એનો પરિચય કરે છે. આહા..હા...! રાગ મારો, દ્વેષ મારો. આહા..હા...!

મુમુક્ષુ :– પરપદાર્થથી થયું એમ ચોખ્ખું કીધું.

ઉત્તર :– કોઈ પરપદાર્થે કર્યું (એમ) કીધું નથી. પોતાથી થયું એમ કહ્યું છે.

એનો – પેલા લોહચુંબકનો સંસર્ગ કર્યો માટે ઉત્પન્ન થયું. **'તેમ રાગદ્વેષમોહ સાથે ભેળસેળપણાથી...'** દેખો ! અજ્ઞાની પોતાનો સ્વભાવ ચૈતન્ય આનંદ સચ્ચિદાનંદ પ્રભુ, એને ભૂલીને અજ્ઞાની એ પુણ્ય-પાપનો રાગ અને દ્વેષનો સંસર્ગ કરે છે, પરિચય કરે છે... આહા..હા...! એની સાથે જોડાણ કરે છે. **'ભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો અજ્ઞાનમય ભાવ...'** રાગ-દ્વેષના પરિણામનો પરિચય કરવાથી, એ મારા છે (એવો) સંસર્ગ (કરવાથી) આત્મામાં અજ્ઞાનમય ભાવ થયો. જેમ સોયમાં લોહચુંબકના પથ્થરનો સંસર્ગ કરવાથી એમાં ખેંચાવાની પર્યાય પોતાથી પોતામાં થઈ. એમ રાગ-દ્વેષ અને મોહ, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હો પણ છે રાગ, એનો પરિચય કર્યો – સંસર્ગ કર્યો. આહા..હા...! છે ?

**'રાગદ્વેષમોહ સાથે ભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો અજ્ઞાનમય ભાવ...'** પોતામાં રાગની એકત્વબુદ્ધિથી, એ પુણ્ય પરિણામ મારા છે અને મને લાભદાયક છે... આહા..હા...! એવા અજ્ઞાનભાવથી **'અજ્ઞાનમય ભાવ જ આત્માને કર્મ કરવાને પ્રેરે છે,...'** આહા..હા...! એ અજ્ઞાનભાવ જ વિકાર કરવાને પ્રેરે છે. વિકાર કર્મ મારું છે, એ અજ્ઞાનભાવ પ્રેરે છે. અજ્ઞાનભાવ રાગનો કર્તા થાય છે. દયા, દાન પરિણામ મારું કર્મ છે અને હું કર્તા છું, એ અજ્ઞાનમય ભાવ છે. આહા..હા...! છે કે નહિ અંદર ? આ..હા...!

**'આત્માને કર્મ કરવાને...'** કર્મ એટલે વિકાર પરિણામ કરવામાં. વિકાર પરિણામના કર્તા થવામાં, વિકારના પરિણામની સાથે પરિચય કર્યો તો વિકાર કર્મ મારું છે, એમ કર્તા થાય છે. કર્મ કરવા માટે પ્રેરિત થાય છે. રાગ મારો છે એમ પ્રેરિત થાય છે. આહા..હા...! ઝીણી વાત.

લોહચુંબકનો સંસર્ગ કરવાથી સોયમાં પોતામાં ગતિ કરવાની શક્તિ ઉત્પન્ન થઈ. એમ ભગવાનઆત્મા, પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલી, પુણ્ય અને પાપનો રાગ છે એનો સંસર્ગ કરવાથી, એની કર્તાબુદ્ધિ હોવાથી રાગ મારું કાર્ય છે, એવી પ્રેરિત બુદ્ધિ થાય છે. આહા..હા...! આવો માર્ગ. વાણિયાને વેપાર-ધંધા આડે નવરાશ ન મળે. આખો દિ' ધંધો ને પાપ. એમાં આવું સાચુ સાંભળવા મળે નહિ. બહારનું સાંભળવા મળે. કરો જાત્રા, કરો ભક્તિ, કરો વ્રત ને કરો અપવાસ, કલ્યાણ થઈ જશે. એમ અજ્ઞાનીને રાગની ક્રિયાના પરિચયથી અજ્ઞાનભાવ ઉત્પન્ન થયો એ અજ્ઞાનભાવ રાગનો કર્તા થાય છે. આહા..હા...! સૂક્ષ્મ છે, ભાઈ ! અનંત કાળ (ગયો).

જિનેશ્વરદેવનો માર્ગ દિગંબર સંત કહે છે. નગ્ન મુનિ ! 'કુંદકુંદાચાર્યદેવ', 'અમૃતચંદ્રાચાર્યદેવ' જગત પાસે (જાહેર કરે) છે. પ્રભુ ! તારામાં રાગ અને પુણ્યનું કર્તાપણું કેમ થયું ? તું તો જ્ઞાતા છો અને રાગ-દ્વેષ પરિણામમાં કર્તાબુદ્ધિ કેમ થઈ ? કે, રાગ ને દ્વેષનો પરિચય કરવાથી, સંસર્ગ કરવાથી... આ..હા...! રાગની કર્તાબુદ્ધિ તારામાં થઈ. આ..હા...! પહેલી વાત સમજવી કઠણ. સમ્યગ્દર્શન શું ચીજ છે, બાપુ !

**'આત્માને કર્મ કરવાને પ્રેરિત કરે છે,...'** શું કહ્યું ? લોહચુંબકના સંસર્ગથી સોયમાં ગતિ કરવાની શક્તિ થઈ, એમ ભગવાનઆત્મા તો જ્ઞાતા-દૃષ્ટા છે પણ રાગ ને દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામના સંસર્ગથી, એ મારા છે એમ પરિચય કરવાથી અજ્ઞાનભાવથી રાગ મારો છે એમ પ્રેરિત કરે છે. આહા..હા...! સમજાય છે ? આવી વાત છે, ભાઈ ! શું થાય ? 'અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને' સાચી ચીજ શું છે ? મળી તો આદર ન કર્યો. (માન્યું) નહિ, એ તો એકાંત છે, એકાંત છે એમ કરીને ટાળી દીધી. આહા..હા...!

પરમાત્મા જિનેશ્વરદેવે જે કહ્યું એ સંતો, દિગંબર સંત આડતિયા થઈને જગતને માલ બતાવે છે. આડતિયા.. આડતિયા ! દિગંબર સંત આડતિયા છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માના ભાવને બતાવવામાં અને કહેવામાં આડતિયા છે. આડતિયાને હિન્દીમાં શું કહે છે ? આહા..હા...! (દલાલ કહે છે).

દાખલો તો કેવો આપ્યો છે, જુઓને ! આ..હા..હા...! લોહચુંબકના સંસર્ગથી સોયમાં પોતાની પર્યાયમાં લોહચુંબક તરફ ગતિ થવાની શક્તિ ઉત્પન્ન થઈ. આહા..હા...! એમ ભગવાનઆત્મા આનંદકંદ પ્રભુ ! જ્ઞાતા-દૃષ્ટા સહજાનંદ મૂર્તિ પ્રભુ ! એમાં જે પુણ્ય-પાપના વિકાર ઉત્પન્ન થાય છે એનો પરિચય કરે છે કે, આ મારા છે.. આ મારા છે.. આ મારા છે. આહા..હા...! તેના પરિચયમાં આવે છે, એના સંસર્ગમાં (આવે છે), એની સોબત કરે છે. આહા..હા...! રાગ ને પુણ્ય પરિણામની સોબત કરે છે, પુણ્ય પરિણામના કર્તા થવાની શક્તિ અજ્ઞાનમાં ઉત્પન્ન થઈ. આહા..હા...! ઝીણું ઘણું, ભાઈ ! એ અજ્ઞાનીની વાત કરી.

**'અને જેમ લોહચુબંક-પાષાણ સાથે અસંસર્ગથી...'** સોયે લોહચુંબકનો સંસર્ગ જ કર્યો નહિ, નજીક જ ગઈ નહિ. આહા..હા...! સોય લોહચુંબકના પથ્થર પાસે ગઈ જ નહિ, સંસર્ગ કર્યો નહિ. આ..હા...! છે ? **'અસંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને (ગતિ નહિ કરવારૂપ) સ્વભાવમાં જ સ્થાપે છે...'** સોય પોતાના સ્વભાવમાં રહે છે. સોયે લોહચુંબકનો સંસર્ગ ન કર્યો તો ગતિ કરીને લોહચુંબક પાસે જાતી નથી, પોતાના સ્વભાવમાં રહે છે. આહા..હા...! એ દૃષ્ટાંત (આપ્યો).

**'તેમ રાગદ્વેષમોહ...'** ભગવાનઆત્મા તો જ્ઞાતા-દૃષ્ટા છે. એમાં તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા, અંદર ઈશ્વરતા (ભરી છે) એવી અનંત શક્તિઓનો સાગર પ્રભુ તો છે. આત્મા ! અહીં તો આત્માને પ્રભુ કહે છે. આ..હા...! એ આત્મા પોતા તરફનો સંસર્ગ છોડીને રાગનો સંસર્ગ કરે છે તો એને રાગનો કર્તા ભાવ થાય છે. પણ પોતાના સ્વભાવના પરિચયવાળો ધર્મી... આ..હા...! **'રાગદ્વેષમોહ સાથે અસંસર્ગપણાથી...'** રાગ મારો છે અને મને લાભદાયક છે, એવી દૃષ્ટિ ધર્મીને નથી. આહા..હા...!

**'રાગદ્વેષમોહ સાથે અભેળસેળપણાથી...'** જોયું ? હું રાગ છું ને હું દ્વેષ છું, એમ મિશ્રિત નહિ થવાથી જ્ઞાનીને **'(આત્મામાં) ઉત્પન્ન થયેલો જ્ઞાનમય ભાવ,...'** આહા..હા...! ધર્મી જીવ તો એમ જાણે છે કે, હું તો જ્ઞાન અને આનંદ છું. હું રાગના પરિચયમાં આવ્યો જ નથી. રાગ પરચીજ છે, એનો પરિચય શું ? આહા..હા...! મારી ચીજના પરિચયમાં આવનાર રાગનો પરિચય જ્ઞાની કરતા નથી. આહા..હા...! છે ?

**'તેમ રાગદ્વેષમોહ સાથે અભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો જ્ઞાનમય ભાવ,...'** એ રાગાદિ થાય છે પણ તેના તરફનું લક્ષ નથી, એનો પરિચય નથી, તેને પોતાનો માનવો એવો સંસર્ગ નથી. આહા..હા...! એમ જ્ઞાની નામ ધર્મી ચોથે ગુણસ્થાને સમકિતી (પ્રવર્તે છે). શ્રાવક તો પંચમ ગુણસ્થાન. એ તો વળી આગળ દશા છે. એ તો અલૌકિક વાતું છે ! અત્યારે બધા માની બેઠા છે કે, અમે શ્રાવક છીએ. માનીને બેઠા, વસ્તુ નથી, બાપુ ! વસ્તુ જુદી છે. આહા..હા...!

રાગ-દ્વેષ અને મિથ્યાત્વની સાથે મિશ્રિત નહિ થવાથી, પોતાપણું નહિ માનતા હોવાથી... આહા..હા...! રાગ ને લોભની ઇચ્છા આદિ થઈ એમાં પોતાપણું નહિ માનવાથી **'ઉત્પન્ન થયેલો જ્ઞાનમય ભાવ,...'** એ તો જ્ઞાનમય (ભાવ). હું તો જ્ઞાતા-દૃષ્ટા છું. સમકિતી એમ જાણે છે કે, હું તો જ્ઞાનમય ભાવ છું. એ રાગમય ભાવ હું નહિ. આહા..હા...! ભારે (કામ) ! કમજોરીથી, ચારિત્રમોહના ઉદયથી રાગ આવે છે, પણ એનો સંસર્ગ નહિ, સ્વામીપણું નહિ, એની ઉપર દૃષ્ટિ નથી. એની ઉપર દૃષ્ટિ નહિ હોવાથી આત્મામાં રાગનું કર્તાપણું ઉત્પન્ન થતું નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? બહુ સરસ વાત કીધી !

સોય લોહચુંબકના સંસર્ગ કરે તો સોયમાં ગતિ કરવાની પર્યાય ઉત્પન્ન થાય છે. એમ અજ્ઞાની રાગ અને પુણ્ય પરિણામનો સંસર્ગ કરે તો પુણ્ય પરિણામનો કર્તા અજ્ઞાનભાવથી ઉત્પન્ન થાય છે. આહા..હા...! અને સોય લોહચુંબકના સંસર્ગમાં આવતી નથી અને પોતાના ભિન્ન સ્વભાવમાં રહે છે. એમ ધર્મી જીવ એને કહીએ, જ્ઞાની – ધર્મી ચોથે ગુણસ્થાને (એને કહીએ) કે, રાગ ને દ્વેષના પરિણામ થાય છે, એની ઉપર દૃષ્ટિ નથી, એનો સંસર્ગ નથી, એનો પરિચય નથી, ભગવાનનો સંસર્ગ છે, પોતાના સ્વભાવનો પરિચય છે તો પોતાના સ્વભાવમાં જ્ઞાનમય રહે છે. આહા..હા...! આવી વાત છે. દિગંબર સંતોની વાતું બહુ ઝીણી. એવી વાત ક્યાંય બીજે (છે નહિ). શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં આવી વાત ક્યાંય નથી.

મુમુક્ષુ :– આ દુકાન જ બીજી જાતની છે. આ માલ ક્યાંય મળે નહિ.

ઉત્તર :– આ..હા...! દિગંબર સંતો તો કેવળજ્ઞાનીના કેડાયત છે. કેવળજ્ઞાનીના પેટ ખોલીને મૂક્યા છે. પેટ ખોલીને (કહે છે કે), આ માર્ગ છે, ભાઈ ! દુનિયા માને, ન માને (ઈ જાણે). સમાજની તુલના રહે કે ન રહે, એની સંતોને દરકાર નથી. નાગા બાદશાહથી આઘા ! નગ્મ મુનિ અંતરમાં આનંદકંદમાં ઝુલવાવાળા, રાગ આવે છે તેના પણ જાણનાર (છે), એના કર્તા નથી. મહાવ્રતના પરિણામ પણ મુનિને આવે છે પણ મુનિ એને કહીએ કે, એના કર્તા નથી અને પોતાના જ્ઞાતા-દૃષ્ટા આનંદમાં રહે છે. આહા..હા...! એમને રાગનો સંસર્ગ નથી એ કારણે રાગના કર્તા થતા નથી. આહા..હા...!

લોહચુંબકનો દાખલો 'અમૃતચંદ્રાચાર્યદેવે' આપ્યો છે. ધર્મીને તો જ્ઞાનમય ભાવ (છે). આ..હા..હા...! હું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. રાગનો ભાવ થયો એની ઉપર દૃષ્ટિ નથી તો એનો પરિચય નથી તો એનો સંસર્ગ નથી તો એનું કાર્ય કરવાનો – એ કાર્ય મારું, એ કરવાનો ભાવ ન થયો. આહા..હા...! રાગનો સંસર્ગ નથી તો પોતાના જ્ઞાતા સ્વભાવમાં જ્ઞાનમય હોવાથી, રાગનું કાર્ય મારું નહિ, પણ રાગનો હું જાણનાર છું, એવો સ્વભાવ ભાવ ઉત્પન્ન થાય છે. આહા..હા...! છે ? થોડી ઝીણી વાત છે, ભાઈ ! ભાવ તો જે હોય ઈ આવે. હિન્દીમાં પણ ભાવ તો હોય ઈ આવે ને ! આહા..હા...!

ભગવાનઆત્મા ! અતીન્દ્રિય અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એ ઇન્દ્રિયના સંસર્ગના કારણે જે રાગાદિ ઉત્પન્ન થાય છે તે રાગનો કર્તા અજ્ઞાની થાય છે. આહા..હા...! એ અણિન્દ્રિયનો પરિચય નહિ અને ઇન્દ્રિયનો પરિચય ને ઇન્દ્રિયના વિષયનો પરિચય ને ઇન્દ્રિયના વિષયમાં પ્રેમ – રાગ (કરીને) રાગનો પરિચય (કરે છે). આહા..હા...! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ રાગ (છે). રાગનો પરિચય જ્ઞાનીને નથી. થાય છે તો એનો પરિચય નથી કે, એ મારો છે અને એ મારું કર્તવ્ય છે એ પણ નથી. એ કારણે રાગનું અકર્તાપણું જ્ઞાનીને હોય છે અને જ્ઞાનમય, જ્ઞાનમય જ્ઞાનના કર્તા થાય છે. ભારે આવ્યું ! આ..હા...!

આવી વાત ક્યાં છે ? વીતરાગના પેટ છે ! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ બિરાજે છે

ત્યાંથી તો આ વાત આવી છે. પ્રભુ બિરાજે છે. પ્રભુનો પાંચસે ધનુષનો દેહ છે. પ્રભુનું કરોડ પૂર્વનું આયુષ્ય છે. 'સીમંધર' ભગવાન મહાવિદેહ ક્ષેત્ર ઉપર બિરાજે છે, હોં ! આ..હા..હા...! ત્યાં આગળ સંવત ૪૯માં 'કુંદકુંદાચાર્યદેવ' ગયા હતા, ત્યાંથી આવીને આ બનાવ્યું. અને ટીકાકાર પણ એવા નીકળ્યા... આ..હા..હા...! કે, 'કુંદકુંદાચાર્યદેવ'ને જે ભાવ કહેવા છે એ જ ભાવ 'અમૃતચંદ્રાચાર્યદેવ' કહે છે.

પ્રભુ ! તું રાગનો કર્તા કેવી રીતે થયો ? તું તો જ્ઞાનસ્વરૂપ છો ને પ્રભુ ! એ દયા, દાન, રાગનો કર્તા કેમ થયો ? કે, તારા જ્ઞાનનો સંસર્ગ નામ પરિચય, અનુભવ છોડીને એ રાગનો પરિચય અને રાગના કર્તાપણાની બુદ્ધિ તને થઈ અને તારી દૃષ્ટિ રાગ ઉપર રહી, એ કારણે રાગનું કર્તાપણું તારામાં ઉત્ન્ન થયું. આહા..હા...! જે શુભ-અશુભ રાગ થયા એની ઉપર તારી દૃષ્ટિ રહી. સંસર્ગનો અર્થ એ છે. એ કારણે તારામાં એ પુણ્ય-પાપના ભાવના કર્તાનો અજ્ઞાનમય ભાવ ઉત્પન્ન થયો. આહા..હા...! કહો, 'ચેતનજી' ! આ ક્યાં તમારે શ્વેતાંબરમાં ક્યાંય હતું ? આ દાખલો તો જુઓ ! આહા..હા...!

ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ ! જ્ઞાન ને શ્રદ્ધા ને આનંદના સ્વભાવથી ભરેલો પ્રભુ ! એનો જેણે પરિચય ન કર્યો. શ્રુત, પરિચિત ત્યાંથી આવ્યું, લ્યો ! એ..ઈ...! ભાઈ ! શ્રુત પરિચિત આવ્યું ને ? આહા..હા...! એ રાગનો જેણે પરિચય કર્યો, ચાહે તો શુભરાગ હો, તો એના પરિચયથી તારામાં એ રાગ મારું કર્તવ્ય છું, એવી કર્તાબુદ્ધિ અને કર્મબુદ્ધિ તારામાં ઉત્પન્ન થઈ. આહા..હા...! પણ એ રાગ, પુણ્ય-પાપ એ મારી ચીજ જ નથી. હું તો જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છું. જેની દૃષ્ટિમાં જ્ઞાતાપણાના સ્વભાવ ઉપર દૃષ્ટિ છે એનો રાગ સાથે પરિચય નથી. પરિચય નથી તો કર્તાપણું નથી અને કર્તાપણું નથી તો એ એનું કાર્ય છે, એમ છે નહિ. આહા..હા...! આવી વાત છે. દુનિયાથી બીજી જાત લાગે. વ્યવહાર લોપ કરે છે ને એકાંત છે એમ કહે. કહો, પ્રભુ કહો ! આ તો પ્રભુના ઘરની વાત છે. આહા..હા...!

અહીં પરમાત્મા કહે છે એ વાત આચાર્ય દૃષ્ટાંત દઈને સિદ્ધ કરે છે. આ..હા..હા...! લોકોને ખ્યાલ આવે કે, એકલી સોય લોહચુંબક પાસે ન જાય તો સંસર્ગ વિના ખેંચાવાની તાકાત ઉત્પન્ન થતી નથી. આહા..હા...! એમ ભગવાનઆત્મા પુણ્ય-પાપના પરિણામના પરિચયમાં ન જાય... આહા..હા...! અને પોતાના જ્ઞાતા-દૃષ્ટાના પરિચયમાં આવે તો રાગના કર્તાપણાની બુદ્ધિ, અજ્ઞાનપણું જ્ઞાનીને થતી નથી. આહા..હા...! આવું છે. થોડી વાતે પણ વાત મોટી બહુ, ભાઈ !

'કુંદકુંદાચાર્યદેવ' પેલામાં આવ્યું છે ને ! 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં' ત્રીજે નંબરે 'કુંદકુંદાચાર્યદેવ' આવ્યા ! આવે છે ને ? 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો' 'ગૌતમ' પછી 'કુંદકુંદાચાર્યદેવ' આવ્યા. અલૌકિક 'કુંદકુંદાચાર્યદેવ' હતા ! ભગવાન પાસે ગયા હતા. આ..હા..હા...! ત્યાં

આ ધર્મ વર્તે છે. એ ધર્મ 'કુંદકુંદાચાર્યદેવે' અહીંયાં કહ્યો. આહા..હા...!

(ઉત્પન્ન થયેલો) **'જ્ઞાનમય ભાવ, જેને કર્મ કરવાની ઉત્સુકતા નથી...'** શું કહ્યું ? પુણ્ય અને પાપના ભાવ થવા છતાં એની ઉપર દૃષ્ટિ નહિ હોવાથી, એનો પરિચય એટલે મારા છે, એમ નહિ કરવાથી પોતાના જ્ઞાનમય ભાવમાં રહેવાથી તેની કર્તાબુદ્ધિનો ભાવ થતો નથી. જ્ઞાતાપણાના ભાવમાં રહે છે. ધર્મીજીવ તો જ્ઞાતા-દૃષ્ટાપણું, જાણવા-દેખવામાં રહે છે. આહા..હા...! આવી વાત !

**'અજ્ઞાનમય ભાવ જ કર્તૃત્વમાં પ્રેરતો હોવાથી...'** આહા..હા...! **'માટે રાગાદિ સાથે મિશ્રિત (–મળેલો) અજ્ઞાનમય ભાવ...'** મિશ્રિતનો અર્થ એ. રાગ મારો છે, રાગથી લાભ થશે. એવો અજ્ઞાનમય ભાવ જ કર્તૃત્વમાં પ્રેરિત કરે છે. રાગ મારું કાર્ય છે, એ અજ્ઞાનમય ભાવથી પ્રેરિત થઈને થાય છે. આહા..હા...! અને જેની દૃષ્ટિમાં, પુણ્ય પરિણામ ઉપર દૃષ્ટિ પડી છે તો એને અજ્ઞાનભાવથી આ કર્મ મારું છે, એવી પ્રેરણા થાય છે. જ્ઞાનીને પણ પુણ્ય-પાપ પરિણામ થાય છે પણ એ પ્રત્યે દૃષ્ટિ નથી, એ પ્રત્યે પરિચય નથી, એનો સંસર્ગ નથી. જેમ ભિન્ન ચીજ છે એમ પોતામાં જ્ઞાનમાં રહીને, એ પુણ્ય-પાપનું કાર્ય મારું છે એવી બુદ્ધિ થતી નથી. આહા..હા...! ત્યારે થાય છે શું ?

**'અને રાગાદિ સાથે અમિશ્રિત ભાવ સ્વભાવનો પ્રકાશક (–પ્રગટ કરનાર) હોવાથી...'** દેખો ! રાગની સાથે અમિશ્રિત (એટલે) રાગ મારો છે એવું મિશ્રિતપણું છૂટી ગયું. હું તો જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ (છું). એમ રાગથી અમિશ્રિત – રાગથી મિશ્રિત નહિ, ભેળસેળ નહિ. આહા..હા...! ભારે ગાથા ! રાગ પુણ્ય, દયા, દાન, વ્રત, કામ, ક્રોધાદિ ભાવ સાથે જ્ઞાનીને અમિશ્રિત ભાવ (છે). હું ભિન્ન છું. એ સહિત હું છું એમ નહિ. આ..હા...!

**'સ્વભાવનો પ્રકાશક (–પ્રગટ કરનાર) હોવાથી...'** (એ) તો સ્વભાવનો પ્રકાશક છે. ધર્મીને જાણવું-દેખવું ભાવ પ્રગટ થયો તો એ રાગનો કર્તા થતા નથી. રાગ મારું કાર્ય એમ થતું નથી. **'પ્રકાશક (–પ્રગટ કરનાર) હોવાથી કેવળ જ્ઞાયક જ છે,...'** આ..હા..હા...! એ સમકિતી ધર્મી પહેલા દરજ્જાવાળો માત્ર જ્ઞાયક જ છે. પોતાને અને પરને જાણવાવાળો જ રહે છે. પરનો પરિચય કરીને પરનું કાર્ય મારું એ જ્ઞાની માનતા નથી. **'જરા પણ બંધક નથી.'** મિથ્યાત્વ સંબંધી. મિથ્યાત્વ અને અનંતાનુબંધી સંબંધી સમકિતીને જરીયે બંધન નથી. અબંધ છે. અસ્થિરતા જે ચારિત્રદોષની છે એની અહીં ગણતરી નથી. મિથ્યાત્વ અને અનંતાનુબંધી સંબંધી જે બંધ હતો એ બંધ એને થતો નથી.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

# ગાથા–૧૬૮

अथ रागाद्यसङ्कीर्णभावसम्भवं दर्शयति -

पक्के फलम्हि पडिए जह ण फलं बज्झए पुणो विंटे।
जीवस्स कम्मभावे पडिए ण पुणोदयमुवेदि।।१६८।।

पक्के फले पतिते यथा न फलं बध्यते पुनर्वृन्तैः।
जीवस्य कर्मभावे पतिते न पुनरुदयमुपैति।।१६८।।

यथा खलु पक्कं फलं वृन्तात्सकृद्विश्लिष्टं सत् न पुनर्वृन्तसम्बन्धमुपैति, तथा कर्मोदयजो भावो जीवभावात्सकृद्विश्लिष्टः सन् न पुनर्जीवभावमुपैति। एवं ज्ञानमयो रागद्यसङ्कीर्णो भावः सम्भवति।

---

હવે રાગાદિ સાથે નહિ મળેલા ભાવની ઉત્પત્તિ બતાવે છે :–

ફળ પક્વ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,
ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮.

ગાથાર્થ :– [यथा] જેમ [पक्के फले] પાકું ફળ [पतिते] ખરી પડતાં [पुनः] ફરીને [फलं] ફળ [वृन्तैः] ડીંટા સાથે [ न बध्यते] જોડાતું નથી, તેમ [जीवस्य] જીવને [कर्मभावे] કર્મભાવ [पतिते] ખરી જતાં (અર્થાત્ છૂટો થતાં) [पुनः] ફરીને [उदयम् न उपैति] ઉત્પન્ન થતો નથી (અર્થાત્ જીવ સાથે જોડાતો નથી).

ટીકા :– જેમ પાકું ફળ ડીંટાથી એકવાર છૂટું પડ્યું થકું ફરીને ડીંટા સાથે સંબંધ પામતું નથી, તેમ કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડ્યો થકો ફરીને જીવભાવને પામતો નથી. આ રીતે જ્ઞાનમય એવો, રાગાદિક સાથે નહિ મળેલો ભાવ ઉત્પન્ન થાય છે.

ભાવાર્થ :– જો જ્ઞાન એકવાર (અપ્રતિપાતી ભાવે) રાગાદિકથી જુદું પરિણમે તો ફરીને તે કદી રાગાદિક સાથે ભેળસેળ થઈ જતું નથી. આ રીતે ઉત્પન્ન થયેલો, રાગાદિક સાથે નહિ મળેલો જ્ઞાનમય ભાવ સદાકાળ રહે છે. પછી જીવ અસ્થિરતારૂપે રાગાદિકમાં જોડાય તે નિશ્ચયદષ્ટિમાં જોડાણ છે જ નહિ અને તેને જે અલ્પ બંધ થાય તે પણ નિશ્ચયદષ્ટિમાં

**બંધ છે જ નહિ, કારણ કે અબદ્ધસ્પૃષ્ટરૂપે પરિણમન નિરંતર વર્ત્યા જ કરે છે. વળી તેને મિથ્યાત્વની સાથે રહેનારી પ્રકૃતિઓનો બંધ થતો નથી અને અન્ય પ્રકૃતિઓ સામાન્ય સંસારનું કારણ નથી; મૂળથી કપાયેલા વૃક્ષનાં લીલાં પાંદડાં જેવી તે પ્રકૃતિઓ શીઘ્ર સુકાવાયોગ્ય છે.**

---

**પ્રવચન નં. ૨૪૭ ગાથા–૧૬૮, શ્લોક-૧૧૪ ગુરુવાર, જેઠ સુદ ૧૨,**
**તા. ૦૭-૦૬-૧૯૭૯**

---

'સમયસાર' ગાથા–૧૬૮. 'આસ્રવ અધિકાર'. '**હવે રાગાદિ સાથે નહિ મળેલા ભાવની ઉત્પત્તિ બતાવે છે :–**' એટલે કે રાગની સાથે જ્ઞાનનું જે એકત્વ હતું એ અનાદિ સંસાર હતો. એ રાગથી ભિન્ન પડીને જ્ઞાનસ્વભાવ, ભલે રાગ રહ્યો, પણ રાગથી ભિન્ન પડીને જ્ઞાન સ્વભાવ પ્રગટ થયો એનું સ્વરૂપ બતાવે છે.

**पक्के फलम्हि पडिए जह ण फलं बज्झए पुणो विंटे।**
**जीवस्स कम्मभावे पडिए ण पुणोदयमुवेदि।।१६८।।**

**ફળ પક્વ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,**
**ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮.**

ટીકા :– '**જેમ પાકું ફળ...**' કેરી આદિ જે પાકું ફળ હોય ને ! '**ડીંટાથી એકવાર છૂટું પડ્યું...**' એના ડીંટાથી એકવાર છૂટું પડી ગયું '**ફરીને ડીંટા સાથે સંબંધ પામતું નથી,...**' કેરી, જમરૂખ (તુટતાં) ફરીને એના ડીંટડા સાથે જોડાતું નથી. '**તેમ કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ...**' જીવમાં પુણ્ય ને પાપના ભાવ મારા છે, એવો ઉત્પન્ન થયેલો ભાવ. એકલા રાગ-દ્વેષ નહિ. રાગ-દ્વેષ છે ઈ મારા છે, એવો જે મિથ્યાત્વ ભાવ '**ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડ્યો...**' અંતરમાં સ્વભાવની દૃષ્ટિ કરી ચૈતન્ય ભગવાન પરિપૂર્ણ પરમાત્મા, એનો આશ્રય કરી અને એકવાર ઈ સમ્યગ્દર્શન પામ્યો તો મિથ્યાત્વનો ભાવ જે હતો તે નાશ થઈ ગયો. રાગની એકતાબુદ્ધિનો જે મિથ્યાત્વ ભાવ હતો એ સ્વભાવની એકતાબુદ્ધિના ભાવ દ્વારા નાશ થયો.

'**જીવભાવથી...**' એમ છે, હોં ! દ્રવ્ય નહિ, જીવભાવ. કર્મના ઉદયથી થતો જીવભાવ. એ પુણ્ય અને પાપ મારા છે, એવો જે મિથ્યાત્વ ભાવ. આહા..હા...! '**એકવાર છૂટો પડ્યો...**' સમ્યગ્દર્શનથી આત્માને જાણ્યો, માન્યો, અનુભવ્યો એથી તેનું મિથ્યાત્વ તો એકવાર છૂટું પડ્યું. આ..હા...! '**ફરીને જીવભાવને પામતો નથી.**' ફરીને તે મિથ્યાત્વ ભાવ જીવભાવને પામતો નથી. આહા..હા...!

મુમુક્ષુ :– મિથ્યાત્વભાવ જીવભાવ નથી ?

ઉત્તર :– મિથ્યાત્વ ભાવ જીવભાવ છે. જડના ભાવનું અહીં કામ નથી. જડકર્મના નિમિત્તના સંબંધે પોતાના સ્વભાવને ભૂલી જે રાગ અને દ્વેષ મારા, એવો જે મિથ્યાત્વ ભાવ એ જીવનો ભાવ અહીંયાં કહેવામાં આવે છે. એવી વાત છે.

મુમુક્ષુ :– એકવાર એમ કહે કે એ જીવનો ભાવ નથી.

ઉત્તર :– ઈ કઈ અપેક્ષાએ ? એ જીવનું સ્વરૂપ નથી તે અપેક્ષાએ (કહ્યું છે). અહીં તો એની પર્યાયમાં સ્વભાવના ભાન વિના પર્યાયમાં જે પુણ્ય અને પાપ, શુભ-અશુભ ભાવ એ મારા છે (એવો જે મિથ્યાત્વ ભાવ). ઈ શુભ-અશુભ ભાવ ભલે હો, પછી શુભ-અશુભ ભાવ તો રહેશે. પણ એ શુભ-અશુભ ભાવ મારા છે, એવો જે જીવનો મિથ્યાત્વ ભાવ. આહા..હા...!

**'એકવાર છૂટો પડ્યો થકો...'** આહા..હા...! અહીં તો અપ્રતિહતની જ વાત છે. જેને એકવાર ચૈતન્ય ભગવાન અનંત ગુણગંભીર તત્ત્વ દૃષ્ટિમાં લીધું અને સ્વભાવની સાથે એકતા કરી એને જીવભાવ જે મિથ્યાત્વ ભાવ હતો તે છૂટી ગયો એ ફરીને ઉત્પન્ન નહિ થાય. આહા..હા...! આમ છે. આચાર્યોની વાત જ અપ્રતિહતની વાત છે.

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પૂર્ણ ચિદ્‌ઘન એવી દ્રવ્ય વસ્તુ છે, વસ્તુ છે એનું જ્યાં ભાન થઈને પ્રતીત થઈને અનુભવ થયો ત્યારે તે જીવમાં મિથ્યાત્વ ભાવ હતો તે નાશ થઈ ગયો. ફરીને હવે એ મિથ્યાત્વ ભાવ થશે નહિ. અહીં તો ઈ કહે છે. ઈ હવે પડવાનું નથી એમ કહે છે. આહા..હા...! મૂળ પહેલી વાત મિથ્યાત્વ અને સમકિત, ઈ બેની વાત જ પહેલી સમજવી કઠણ (છે). પછી તો રાગ-દ્વેષ હોય ને ટળે ને અસ્થિરતા થાય એ બધી સાધારણ વાત છે. એ કોઈ ચીજ (નથી). આ..હા...! ભગવાન પૂર્ણાનંદ અને પૂર્ણ અતીન્દ્રિય ગુણનો ગંભીર ભગવાન, એની સાથે પુણ્ય અને પાપ એ મારા છે, એવો જે મિથ્યાત્વ ભાવ, એ જીવનો ભાવ (છે) એમ કીધું ને ? જડકર્મ છે એ તો જડ અજીવમાં ગયું. પણ આ ભાવ જે ખર્યો છે કે, પુણ્ય-પાપ મારા, એ ભાવ જીવનો ભાવ છે. મિથ્યાત્વ (ભાવ છે). આહા..હા...! સમજાય છે કાંઈ ?

એ મિથ્યાત્વ ભાવ **'એકવાર છૂટો પડયો થકો ફરીને જીવભાવને પામતો નથી.'** આહા..હા...! એ મિથ્યાત્વ ભાવ જે શરીર, વાણી, મન તો એક કોર ભિન્ન રહ્યા પણ પુણ્ય ને પાપનો વિકલ્પ જે વિકૃત ભાવ છે, એની ઉપર જ્યાં સુધી દૃષ્ટિ છે ત્યાં સુધી તેને જીવનો મિથ્યાત્વ ભાવ કહેવામાં આવે છે. આકરું કામ છે. ચાહે તો પંચ મહાવ્રતધારી ત્યાગી થયો હોય, હજારો રાણીને છોડીને મુનિ થયો હોય પણ અંતરના એ શુભ પરિણામ જે છે એ મારા છે એવો જે મિથ્યાત્વ ભાવ... આહા..હા...! એ જીવનો ભાવ છે, એ જીવમાં થયેલો ભાવ છે.

એક બાજુ એમ કહેવું કે, મિથ્યાત્વ ને અવ્રત ને પ્રમાદ, કષાય બધા પુદ્‌ગલના પરિણામ

છે. ઈ પહેલા આવી ગયું છે ને ? ૫૦-૫૫ (ગાથા). મિથ્યાત્વ ને બધા પુદ્‌ગલના પરિણામ કીધાં. કઈ અપેક્ષાએ ? જીવનો સ્વભાવ નથી એ અપેક્ષાએ એ વાત કરી છે. પણ થાય છે ત્યારે જીવમાં થાય છે. આહા..હા...! એ કર્મને લઈને નહિ તેમ દ્રવ્ય સ્વભાવને લઈને નહિ. પર્યાયમાં રાગ છે એ મારો (છે), એવી બુદ્ધિ. આહા..હા..! પર્યાયબુદ્ધિ કહેવા માગે છે.

ત્રિકાળી ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનું પરમાત્મ સ્વરૂપ બિરાજે છે તેનો તેને આદર નથી, તેનો તેને સ્વીકાર નથી અને કૃત્રિમ જે ક્ષણિક વિકૃત દશા દયા, દાન, કામ, ક્રોધ ભાવ (થાય) એ મારા, એ જીવનો મિથ્યાત્વ ભાવ છે. એ મિથ્યાત્વ ભાવ એકવાર જીવ સ્વભાવની એકત્વબુદ્ધિથી, રાગની એકત્વબુદ્ધિ એવો જે મિથ્યાત્વ ભાવ, એ સ્વભાવની એકત્વબુદ્ધિથી નાશ થયો એ ફરીને ઉત્પન્ન થવાનો નથી. આહા..હા...! આવું સ્વરૂપ !

**'આ રીતે જ્ઞાનમય એવો,...'** આત્મામય એવો. પછી જે અસ્થિરતાના રાગ-દ્વેષ છે એની અહીં ગણતરી ગણી નથી. અહીંયાં તો સમ્યગ્દર્શન થતાં આત્માના પરિપૂર્ણ સ્વભાવનો અનુભવ થઈને પ્રતીત થતાં... આહા..હા...! તે **'જ્ઞાનમય એવો,...'** ભાવ. ત્યારે જ્ઞાનમય ભાવ થયો. ઓલો મિથ્યાત્વ ભાવ હતો. પર્યાયબુદ્ધિમાં રાગને પોતાનો માનવો એ મિથ્યાત્વ ભાવ હતો. એ મિથ્યાત્વ ભાવ સ્વભાવ ભાવના ભાન દ્વારા છોડ્યો તો એ જ્ઞાનભાવ રહ્યો. આત્મ સ્વભાવ ભાવ થયો. આહા..હા...! એને આ **'જ્ઞાનમય એવો, રાગાદિક સાથે નહિ મળેલો...'** છે ? આહા..હા...! જ્ઞાનમય એટલે ચૈતન્ય સ્વરૂપ છે, ભગવાન, એના જ્ઞાનમય એટલે સ્વભાવમય – આત્મામય ભાવ. એ રાગ સાથે નહિ મળેલો ભાવ છે. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– રાગ સાથે નહિ મળેલો એવો ભાવ એટલે શું ?

ઉત્તર :– રાગ કીધું ને, રાગની એકતાબુદ્ધિથી જે મિથ્યાત્વ ભાવ હતો તે સ્વભાવની એકતાબુદ્ધિથી ટળ્યો, એ જ્ઞાન ભાવ હવે રાગની એકતાબુદ્ધિમાં નહિ આવે. સમજાણું કાંઈ ? ગાથાઓ તો એક એક ગાથા 'સમયસાર'ની, 'પ્રવચનસાર'ની અલૌકિક વાતું છે ! આ..હા...!

અરે...! આ ભગવાન અંદર ભગવાન સ્વરૂપ આત્મા બિરાજે છે. ત્રણે કાળે નિરાવરણ અખંડ આનંદકંદ પ્રભુ છે. એને નાનામાં નાનો રાગનો વિકલ્પ ભગવાનની ભક્તિ આદિનો હો કે કોઈપણ (શુભ વિકલ્પ હો), એ રાગને આત્માના સ્વભાવ સાથે એકત્વબુદ્ધિ કરી, તે મિથ્યાત્વ ભાવ જીવનો ભાવ કહ્યો, એ જીવનો ભાવ એકવાર જ્ઞાનસ્વભાવના ભાવની એકાગ્રતાથી નાશ થયો એ ફરીને મિથ્યાત્વ ઉત્પન્ન નહિ થાય. આહા..હા...!

**'આ રીતે જ્ઞાનમય એવો,...'** આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શાંતસ્વરૂપ, વીતરાગ સ્વરૂપ એવા અનંત ગુણની પરિણતિરૂપ ભાવ. આ..હા...! અનંત ગુણની પરિણતિરૂપ જ્ઞાનમય એવો (ભાવ), **'રાગાદિક સાથે નહિ મળેલો...'** વિકલ્પ ઉઠે એની સાથે એકત્વપણે નહિ થયેલો. આહા..હા...! રાગ થાશે ખરો, પણ તેમાં એકત્વબુદ્ધિ નહિ રહે. એને ભિન્ન તરીકે જાણવામાં

રહેશે. આ..હા...! આવી વાત.

**'રાગાદિક સાથે નહિ મળેલો ભાવ ઉત્પન્ન થાય છે.'** એટલે મિથ્યાત્વ ભાવ ટળતા એકલો સ્વભાવ ભાવ ઉત્પન્ન થાય છે. આ..હા...! મિથ્યાત્વ ભાવ ટળતા જ્ઞાનમય ભાવ, સ્વભાવમય ભાવ, વીતરાગમૂર્તિ પ્રભુ, એનો ભાવ ઉત્પન્ન થાય છે. એ જ્ઞાનમય ભાવ કહેવામાં આવે છે. આહા..હા...! આવી ધર્મની (વાતું). મિથ્યાત્વ (ટાળીને) સમકિતને (પ્રગટ કરવાની) આ રીતે છે, કહે છે. આ તો શરૂઆતની વાત છે.

**ભાવાર્થ :– 'જો જ્ઞાન...'** એટલે આત્મસ્વભાવ, ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ, પૂર્ણ જિન સ્વરૂપ જ છે, એ જિનસ્વરૂપને. **'જ્ઞાન...'** એટલે જિનસ્વરૂપ **'એકવાર (અપ્રતિપાતી ભાવે) રાગાદિકથી જુદું પરિણમે...'** આહા..હા...! ભગવાનઆત્મા આનંદ ને જ્ઞાન ને શાંત ને વીતરાગમૂર્તિ, એ એકવાર રાગથી ભિન્ન પડીને... આહા..હા...! **'જુદું પરિણમે...'** રાગ પરિણમે ભલે પણ રાગથી આત્માનો સ્વભાવ ભિન્ન પડીને જુદો પરિણમે **'તો ફરીને તે કદી રાગાદિક સાથે ભેળસેળ થઈ જતું નથી.'** આહા..હા...!

આત્માના આનંદ અને જ્ઞાન સ્વભાવની એકતા દ્વારા મિથ્યાત્વ ભાવ રાગનો એકતાભાવ ટળી ગયો એ જ્ઞાનભાવ સાથે હવે ફરીને એકરૂપ થતો નથી. એક એવી જ વાત અહીં લીધી છે. ફરીને મિથ્યાત્વ પામશે, ફલાણું થાશે (એ વાત નથી લીધી). આહા..હા...! આ તો ધીરાના કામ છે. આ કંઈ બહારની ચીજ નથી. આહા..હા...!

અંતરમાં પૂર્ણાનંદ પ્રભુ (બિરાજે છે) એને ભૂલીને રાગના નાનામાં નાના કણ સાથે એકત્વબુદ્ધિ (થાય એ મિથ્યાત્વ છે). બંધમાં એ લીધું છે ને ? ભાઈ ! ઉપયોગમાં રાગને એક કરે છે, એમ ત્યાં લીધું છે. 'બંધ અધિકાર'. એકલો રાગ રહે છે એમ નથી લીધું. 'બંધ અધિકાર' જે એને લીધો છે. ઉપયોગમાં રાગને એક કરે છે એ બંધનું કારણ છે એમ ત્યાં લીધું છે. મિથ્યાત્વ ! ઉપયોગ – જાણવું-દેખવું એવો જે ઉપયોગ, એમાં એ રાગને ઉપયોગમાં એકપણે કરે છે, એ જ મિથ્યાત્વ અને એ જ બંધનું કારણ છે. ત્યાં એમ લીધું છે. 'બંધ અધિકાર'માં આગળ આવશે. આ..હા..!

અહીં પણ એ લીધું. ધીરો થઈને એકવાર ચૈતન્યપ્રભુ પૂર્ણ સ્વભાવની વીતરાગી શક્તિઓથી ભરેલો, વીતરાગી શક્તિઓથી ભરેલો ! એમાં એકવાર રાગની એકતા તોડીને સ્વભાવની એકતા કરે તો એ જ્ઞાનમય ભાવ રહેશે. એટલે પછી વીતરાગ ભાવ રહેશે. ભલે ચોથે ગુણસ્થાન (છે) પણ એ બધો વીતરાગ ભાવ છે. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન કોઈ એમ કહે છે ને, સમકિત તો સરાગ ચોથે હોય પછી સાતમે વીતરાગ થાય. અહીં તો ચોથેથી જ્ઞાનમય કહો કે સમકિતમય કહો કે વીતરાગમય ભાવ કહો (એ શરૂ થઈ જાય છે). એમ આવ્યું ને ભાઈ આમાં ? હવે પેલા કહે છે કે, સાતમે (વીતરાગ સમકિત) થાય. અરે... પ્રભુ ! સાંભળ, ભાઈ ! અરે...! ભાઈ ! પહેલી શરૂઆત જ થઈ નથી ત્યાં સાતમું

ક્યાંથી આવશે ? આહા..હા...!

પહેલી જડ જ કાપી નથી. રાગનો સૂક્ષ્મ વિકલ્પ અને એનાથી પણ પ્રભુ તો અનંત ગુણનો સૂક્ષ્મ... આહા..હા...! એવી સૂક્ષ્મતાની સાથે સૂક્ષ્મ નાનામાં નાનો રાગ, પર્યાયબુદ્ધિથી જેણે એકત્વ કર્યું છે, તેના જીવભાવને મિથ્યાત્વ ભાવ કહે છે. આહા..હા...! પછી ચાહે તો ભલે દિગંબર સાધુ હો, હજારો રાણી છોડી, પંચ મહાવ્રત પાળતો હોય. પણ જેને એ સૂક્ષ્મ સ્વરૂપ ત્રિકાળ સ્વભાવ, એની સાથે આ રાગ સ્થૂળ છે. આમ સૂક્ષ્મ પણ અત્યંત સ્થૂળ 'પુણ્ય-પાપ અધિકાર'માં કીધું છે ને ? અત્યંત સ્થૂળ શુભરાગ પણ અત્યંત સ્થૂળ. પ્રભુ તો અંદર અનંત સૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવનો સાગર પ્રભુ (છે). આહા..હા...! એની સાથે આ રાગ અત્યંત સ્થૂળ (છે). આહા..હા...! પથરા જેવો અંદર સ્થૂળ એની (સાથે) એકત્વ કર્યું છે. જેણે એ આત્માના સ્વભાવમાં એ રાગને એકત્વ માન્યો છે, એનાથી મને લાભ થશે, એમ માનનારે રાગને એકત્વપણે જ માન્યો છે. આહા..હા...! દયા, દાન, વ્રત પરિણામથી...

મુમુક્ષુ :– અજ્ઞાનમાં ક્યાં ખબર પડે કે આ રાગ છે ?

ઉત્તર :– એને ખબર જ ક્યાં છે ? એના માટે તો વાત ચાલે છે. આહા..હા...! વ્રત ને તપ ને રાગ છે, કોણ કહે છે ? પણ એને ખબર જ ક્યાં છે ? વૃત્તિ ઊઠે છે એ વિકાર છે અને એ સ્થૂળ છે. પ્રભુ તો અંદર અતિ સૂક્ષ્મ અરૂપી ભગવાન (છે). આ..હા...! એવા સૂક્ષ્મ સ્વભાવી પરમાત્મા, એને સ્થૂળ સ્વભાવી ભાવી વિકાર – રાગ, એનાથી જે જુદો પડ્યો.. આહા..હા...! છે ?

**'રાગાદિકથી જુદું પરિણમે તો ફરીને તે કદી રાગાદિક સાથે ભેળસેળ થઈ જતું નથી.'** આહા..હા...! **'આ રીતે...'** **ઉત્પન્ન થયેલો,** શું ? **'રાગાદિક સાથે નહિ મળેલો જ્ઞાનમય ભાવ...'** ઉત્પન્ન થયેલો શું ? પેલો તો ગયો. રાગની એકતાબુદ્ધિનો મિથ્યાત્વ ભાવ તો ગયો. હવે ઉત્પન્ન શું થયું ? પેલાનો વ્યય થઈ ગયો. ઉત્પન્ન શું થયું ? આહા..હા...! **'આ રીતે ઉત્પન્ન થયેલો, રાગાદિક સાથે નહિ મળેલો જ્ઞાનમય ભાવ સદાકાળ રહે છે.'** ભગવાન જેમ સદાકાળ રહે છે તેમ રાગની એકતા તૂટીને જ્ઞાન ને આનંદમય ભાવ થયો, વીતરાગી પરિણતિ થાય (એ) સદાકાળ રહે છે. પરિણતિ, હોં ! વસ્તુ તો વસ્તુ (છે), ઈ નહિ. આ..હા...! આવું સમજવું મુશ્કેલ પડે. એટલે પછી કરો ધર્મ, પુણ્ય ને પાપના પરિણામ. પુણ્યના (પરિણામ) કરે (એટલે) એને થઈ ગયો ધર્મ ! આહા..હા...!

**'આ રીતે ઉત્પન્ન થયેલો, જ્ઞાનમય ભાવ સદાકાળ રહે છે.'** આહા..હા..! પછી તે રાગની સાથે એકત્વ થતું જ નથી. ભગવાનની ધારા, જ્ઞાન અને આનંદની ધારા રાગની ધારાથી સદાય છૂટી જ રહે છે. આહા..હા...! ઈ આવી ગયું છે ને આપણે ! બે ધારા – કર્મધારા અને જ્ઞાનધારા. **'પછી જીવ અસ્થિરતારૂપે રાગાદિકમાં જોડાય...'** રાગ અને વિકલ્પથી એકતા જેણે તોડી છે અને સ્વભાવની એકતા પ્રગટી છે એને હવે મિથ્યાત્વ ભાવ તો ઉત્પન્ન

થતો નથી. ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન એવો ચૈતન્યનો ભાવ ઉત્પન્ન થાય. એ ઉત્પન્ન થયો તે તેને સદાકાળ (રહે છે). એ ભાવ સદાકાળ રહે છે. રાગથી ભિન્ન પડેલી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની દશા એ રાગથી સદાકાળ ભિન્ન રહે છે. આહા..હા...!

**'પછી જીવ અસ્થિરતારૂપે...'** જરી રાગ આવે. જ્ઞાનીને જરી અશુભ રાગ અને શુભ રાગ આવે. ઈ અસ્થિરતાનો છે, એકતાબુદ્ધિનો એ નથી. આહા..હા...! **'જીવ અસ્થિરતારૂપે...'** રાગાદિ કીધું ને ? જરી દ્વેષ આવે. આહા..હા...! જ્ઞાનીને દ્વેષનો અંશ આવે, રાગ આવે, વિષય વાસના આવે, અશુભ રાગ થાય અને શુભ રાગ ભક્તિ આદિનો પણ જ્ઞાનીને આવે. **'અસ્થિરતારૂપે રાગાદિકમાં જોડાય તે નિશ્ચયદૃષ્ટિમાં જોડાણ છે જ નહિ...'** આહા..હા...! સ્વભાવની સાથે જોડાણ થયું તેથી રાગની સાથે હવે જોડાણ છે જ નહિ. ભલે અસ્થિરતારૂપે રાગ આવ્યો, દ્વેષ આવ્યો. આહા..હા...! છે ?

નિશ્ચયદૃષ્ટિમાં એ રાગમાં જોડાણ નથી, એકત્વબુદ્ધિ નથી ને એથી જોડાણ નથી. આહા..હા...! આવું હવે. ઝીણી વાતું ક્યારે સમજવી ? બહારમાં કો'ક દિ' માંડ કલાક નવરો થાય તો (સાંભળવા મળે) સામાયિક કરો ને કાં ભક્તિ કરો ને પૂજા કરો ને વ્રત કરો ને અપવાસ કરો.. થઈ રહ્યું, જાઓ જિંદગી (લૂંટાઈ જાય) !

મુમુક્ષુ :– લુંટાઈ જાય.

ઉત્તર :– રોકાય ગયો. આહા..હા...!

અહીંયાં તો કહે છે કે, એ રાગના વિકલ્પમાં રોકાણો એની સાથે એકત્વબુદ્ધિ થઈ. તેથી તે મિથ્યાત્વ ભાવ થયો અને એ મિથ્યાત્વ ભાવને જેણે એકવાર જીવના સ્વભાવ સન્મુખ થઈને રાગથી વિમુખ થઈ, સ્વભાવની સન્મુખ થઈને એકવાર રાગની એકતા તોડી તેને હવે રાગ સાથે એકત્વ – જોડાણ થાતું નથી. રાગ સાથે એકત્વનું જોડાણ થાતું નથી. આહા..હા...! **'નિશ્ચયદૃષ્ટિમાં જોડાણ છે જ નહિ...'** આહા..હા...! એ તો વ્યવહારનયથી અસ્થિરતા છે એ જાણે છે વ્યવહારનય.

**'અને તેને જે અલ્પ બંધ થાય...'** સમકિતીને જ્ઞાનીને રાગની એકતા તૂટી તે ધર્મીને જે અસ્થિરતાનો રાગ થાય તેમાં જોડાણ – એકત્વપણું નથી તેથી તે નિશ્ચયદૃષ્ટિમાં તેનું જોડાણ છે નહિ અને તે દૃષ્ટિમાં તેને બંધ અલ્પ થાય તે નિશ્ચયદૃષ્ટિમાં બંધ છે જ નહિ. આહા..હા...! અલ્પ રાગાદિ થાય, એ તીવ્ર વિષયવાસના (થાય), અરે...! રૌદ્ર ધ્યાન થાય. આ..હા...!

મુમુક્ષુ :– અનંત સંસારનું કારણ ન થાય.

ઉત્તર :– અલ્પ સ્થિતિ, રસ હોય છે. એ નિશ્ચયદૃષ્ટિમાં એનો બંધ ગણવામાં આવ્યો નથી. આહા..હા...! એની સાથે જોડાણ નથી તેથી તેનો બંધ થાય તેને પણ અહીં ગણવામાં આવ્યો નથી. સમજાણું કાંઈ ? આવી વાત !

**'કારણ કે અબદ્ધસ્પૃષ્ટરૂપે પરિણમન નિરંતર વર્ત્યા જ કરે છે.'** શું કીધું ઈ ? જે ચૌદમી, પંદરમી ગાથામાં આવ્યું ને ! અબદ્ધસ્પૃષ્ટ ! રાગના ભાવના બંધથી ભિન્ન. રાગ જેને સ્પર્શ્યો નથી, એવો જે અબદ્ધસ્વરૂપ ભગવાન, એની રાગની એકતા તૂટીને અબદ્ધ સ્વરૂપનું જ્ઞાન ને ભાન થયું તે અબદ્ધસ્પૃષ્ટપણાનું પરિણમન તો સદા નિરંતર રહ્યા જ કરે છે. રાગની એકતાબુદ્ધિ તૂટી તે રાગ વિનાનો અબદ્ધસ્પૃષ્ટ ભાવ સદા નિરંતર રહ્યા જ કરે છે. આહા..હા...! વીતરાગતા છે. આ..હા...! પેલા ના પાડે છે કે, ચોથે ગુણસ્થાને વીતરાગતા ન હોય. અરે...પ્રભુ !

વીતરાગ સ્વરૂપ જ આત્મા છે, એની શ્રદ્ધા, જ્ઞાન ને પરિણમન થયું એ વીતરાગરૂપે પરિણમન હોય કે રાગરૂપે હોય ? ભલે સમકિત હોય અને ચોથું ગુણસ્થાન હોય. આહા..હા...! એ વીતરાગભાવપણે ભલે જઘન્ય ભાવ છે, ઉત્કૃષ્ટ તો યથાખ્યાત થાય ત્યારે (થાય), પણ જઘન્ય ભાવ છે એ વીતરાગભાવપણે પરિણમે છે અને રાગની સાથે જોડાણ – એકત્વ નથી. માટે રાગ સાથે જોડાણ નથી અને એ રાગથી કંઈ કર્મથી થોડો રસ બંધ પડે એ નિશ્ચયદૃષ્ટિમાં એને ગણવામાં આવતો નથી. આહા..હા...!

**'અબદ્ધસ્પૃષ્ટરૂપે પરિણમન નિરંતર વર્ત્યા જ કરે છે.'** સમ્યક્દૃષ્ટિને રાગના વિકલ્પની એકતા તૂટતાં વીતરાગ ભાવની અબદ્ધસ્પૃષ્ટ પર્યાય નિરંતર પરિણમ્યા જ કરે છે. આ..હા..હા...! એક વાર ગયું ને થયું, એ થયું તો થયું જ તે, એમ કહે છે. એ થયું તે તે જ રીતે રહ્યા કરે છે. આહા..હા...! રાગથી સંબંધ અને બંધ વિનાનો સ્વભાવ પ્રગટ્યો એ પરિણમન નિરંતર રહ્યા કરે છે. ચાહે તો એ લડાઈમાં ઊભો હોય, સમકિતી ! બે ભાઈ બાઝ્યા ને ! 'બાહુબલીજી' અને 'ભરત'. પણ અંદર તો અબદ્ધસ્પૃષ્ટ પરિણમન નિરંતર રહે જ છે. અરે...! આ વાત કેમ બેસે ? એના ઉપર ઉપર રાગ થાય છે, એનું પરિણમન અહીં અબદ્ધસ્પૃષ્ટમાં ગણવામાં આવ્યું નથી. આહા..હા...! આવું છે.

**'વળી તેને મિથ્યાત્વની સાથે રહેનારી પ્રકૃતિઓનો બંધ થતો નથી...'** જે ૪૧ પ્રકૃતિ મિથ્યાત્વમાં બંધાતી. આહા..હા...! ૧૪૮માંથી ૪૧ વધારે અંદર હતી. એ સમિકત થતાં ૪૧ પ્રકૃતિનો બંધ થતો જ નથી. આહા..હા...! **'મિથ્યાત્વની સાથે રહેનારી પ્રકૃતિઓનો બંધ થતો નથી અને અન્ય પ્રકૃતિઓ સામાન્ય સંસારનું કારણ નથી;...'** એ શું કહ્યું ? બીજી પ્રકૃતિ થોડી બંધાય છે પણ સામાન્ય સંસાર જે મિથ્યાત્વ (તેનું કારણ નથી). કહેશે, આના પછી તરત કહેશે. **'સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...'** ઓલી કોર કહેશે. ઓલી કોર પાછળ કહેશે. **'સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...'** પહેલી લીટી. ખરેખર મિથ્યાત્વ જ આસ્રવ છે. ખરેખર મિથ્યાત્વ જ સંસાર છે. ખરેખર મિથ્યાત્વ જ પાપ છે. આહા..હા...!

**'તેને મિથ્યાત્વની સાથે રહેનારી પ્રકૃતિઓનો બંધ થતો નથી અને અન્ય પ્રકૃતિઓ સામાન્ય સંસારનું કારણ નથી;...'** સામાન્ય એટલે જે અનંત સંસારનું કારણ મિથ્યાત્વ હતું, અનંત સંસારનું કારણ મિથ્યાત્વ, એ નથી. એ સામાન્ય સંસાર કહેવાય. અલ્પ સ્થિતિ રસ

પડે છે એની અહીં ગણતરી ગણવામાં આવી નથી. આ..હા...! અને તે પણ સમકિતીને અશુભ ભાવ આવે ભલે, પણ છતાં આયુષ્ય જ્યારે બંધાશે ત્યારે શુભભાવ આવશે એમાં બંધાશે. આહા..હા...! ચોથે ગુણસ્થાને ગમે ઈ લડાઈમાં ઊભો હોય, વિષયવાસનામાં આવી ગયો હોય પણ તે ટાણે એને ભવિષ્યનું આયુષ્ય નહિ બંધાય. આહા..હા...! કેમકે આત્મા અબદ્ધસ્પૃષ્ટ ચૈતન્યમૂર્તિ ભગવાન દૃષ્ટિ અને જ્ઞાનમાં નિરંતર પરિણમ્યો છે એને ભવિષ્યનું આયુષ્ય બંધાય એ શુભભાવ આવશે ત્યારે બંધાશે. એટલું એ દૃષ્ટિ અને નિર્મળતાનું જોર છે. આહા..હા...!

**'અન્ય પ્રકૃતિઓ...'** એટલે કે મિથ્યાત્વ સાથેની ૪૧ બંધાય એ સિવાય, **'અન્ય પ્રકૃતિઓ સામાન્ય...'** અનંત **'સંસારનું કારણ નથી;...'** સામાન્ય એટલે મિથ્યાત્વનું કારણ નથી અને મિથ્યાત્વ નથી એટલે સામાન્ય અનંત સંસારનું કારણ નથી. **'મૂળથી કપાયેલા વૃક્ષનાં લીલાં પાંદડાં...'** આહા..હા...! જે વૃક્ષનું મૂળ કાપી નાખ્યું પછી એના **'લીલાં પાંદડાં જેવી તે પ્રકૃતિઓ શીઘ્ર...'** સુકાવાની છે. મૂળ કાપ્યું એના પાંદડાં સુકાઈ જવાના. અલ્પ કાળે હવે ઈ પાંદડાં વધવાના નહિ. આહા..હા...! મૂળ પહેલી ચીજ છે એના પર જોર નથી અને જોર બધું આ વ્રત ને તપ ને ત્યાગ ને આ ને આ... પંચ કલ્યાણક કરો મોટા...!

મુમુક્ષુ :– પંચ કલ્યાણક તો આપના હાથે જ થાય છે એટલે બિચારા કરે ને !

ઉત્તર :– પંચ કલ્યાણક (વખતે) શુભભાવ હોય, બીજું શું ? એ ક્રિયા તો જડની પરથી થાય છે અને શુભભાવ હોય તે પણ પોતાની ચીજ નથી. આહા..હા...!

એ તો લખાણ આવ્યું છે, પાનું આવ્યું છે ને ! પાનું ! સૌરાષ્ટ્રમાં એમ કે, 'શ્રીમદ્'ને લઈને દિગંબર ધર્મ શરૂ થયો, પછી 'કાનજીસ્વામી'ને લઈને દિગંબર ધર્મના મંદિરો થયા. છાપુ આવ્યું હતું. ક્યાંક એ છાપુ છે. કાલે બપોરે હતુ. નથી ને ? 'નિયમસાર' (છે). આ પાનું છે, આ. આમાં આવ્યું છે. અહીં કે દિ'નું પડ્યું હતું. સૌરાષ્ટ્રમાં દિગંબર જૈન સંપ્રદાય. લેખક : શ્રી સત્ય. એમ કરીને બધું નાખ્યું છે. 'શ્રીમદ્'ને લઈને થયેલું પછી 'કાનજીસ્વામી'ને લઈને સૌરાષ્ટ્રમાં જિનમંદિરો થયા, દિગંબર ધર્મ (વિસ્તાર પામ્યો). આ..હા...! એ તો બહારની વાતું છે. બહાર થાય ને ન થાય, એની સાથે કાંઈ (લેવાદેવા નથી). આહા.હા...!

**'મૂળથી કપાયેલા વૃક્ષનાં લીલાં પાંદડાં જેવી તે પ્રકૃતિઓ શીઘ્ર સુકાવાયોગ્ય છે.'** જેના ઝાડના મૂળિયાં કાપ્યા એના પાંદડાં થોડા દિ'માં સુકાઈ જશે. એમ જેણે મિથ્યાત્વની ગાંઠ ગાળી નાખી અને સમ્યગ્દર્શન આત્માનું કર્યું એને બીજી પ્રકૃતિઓ જે થોડી છે એ થોડા કાળમાં સુકાઈ જવાની. આહા..હા...! આવું કઠણ.

હવે, સમકિતીને અશુભભાવ થાય તોપણ કહે છે કે, તેનો એ જાણનાર છે અને એને બંધ પડે એ નિશ્ચયથી નથી. મિથ્યાદૃષ્ટિને ભક્તિ આદિ પુણ્યનો શુભભાવ હોય તો કહે છે કે, મિથ્યાદૃષ્ટિને અનંત સંસારનું કારણ છે. રાગની સાથે એકતા અને સ્વભાવ સાથે એકતા, એમ આ વસ્તુ છે. આ..હા...! એ બેસવું કઠણ જગતને. આ..હા...!

## શ્લોક-૧૧૪

(शालिनी)

भावो रागद्वेषमोहेर्विना यो
जीवस्य स्याद् आननिर्वृत्त एव।
रुन्धन् सर्वान् द्रव्यकर्मास्त्रबौधान्
एषोऽभावः सर्वभावास्त्रवाणाम्।।११४।।

હવે, 'જે જ્ઞાનમયભાવ છે તે જ ભાવાસ્રવનો અભાવ છે' એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [जीवस्य] જીવને [यः] જે [रागद्वेषमोहैः विना] રાગદ્વેષમોહ વગરનો, [ज्ञाननिर्वृत्तः एव भावः] જ્ઞાનથી જ રચાયેલો ભાવ [स्यात्] છે અને [सर्वान् द्रव्यकर्मास्त्रव-ओघान् रुन्धन्] જે સર્વ દ્રવ્યકર્મના આસ્રવના થોકને (અર્થાત્ જથ્થાબંધ દ્રવ્યકર્મના પ્રવાહને) રોકનારો છે, [एषः सर्व-भावास्त्रवाणाम् अभावः] તે (જ્ઞાનમય) ભાવ સર્વ ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે.

ભાવાર્થ :– મિથ્યાત્વ રહિત ભાવ જ્ઞાનમય છે. તે જ્ઞાનમય ભાવ રાગદ્વેષમોહ વગરનો છે અને દ્રવ્યકર્મના પ્રવાહને રોધનારો છે; તેથી તે ભાવ જ ભાવ-આસ્રવના અભાવસ્વરૂપ છે.

સંસારનું કારણ મિથ્યાત્વ જ છે; તેથી મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ થતાં, સર્વ ભાવાસ્રવનો અભાવ થયો એમ અહીં કહ્યું. ૧૧૪.

---

### શ્લોક ૧૧૪ ઉપર પ્રવચન

---

**'હવે, જે જ્ઞાનમય ભાવ છે...'** મિથ્યાત્વ ગયા પછી જે આત્મજ્ઞાન થયું અને આત્માની શ્રદ્ધા, સ્થિરતા આદિ (થયા) એ બધા આત્મભાવ થયા. અનંતા ગુણોની પર્યાય પ્રગટી એ બધી આત્મામય થઈ. સમકિત કહ્યું ને ! 'સર્વ ગુણાંશ તે સમકિત'. જેટલા ગુણો છે એની વ્યક્ત અંશે બધી પર્યાય પ્રગટી એ બધા જ્ઞાનમય ભાવ છે, આનંદમય છે, સ્વભાવમય

છે. આહા..હા...!

**'તે જ ભાવાસ્રવનો અભાવ છે...'** **'જે જ્ઞાનમય ભાવ છે તે જ ભાવાસ્રવનો અભાવ છે'** મિથ્યાત્વરૂપી ભાવાસ્રવ. આ..હા..હા...! એનો અભાવ છે. **'એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'** લ્યો ! ૧૧૪ (કળશ).

(शालिनी)

भावो रागद्वेषमोहेर्विना यो
जीवस्य स्याद् आननिर्वृत्त एव।
रुन्धन् सर्वान् द्रव्यकर्मास्त्रबौधान्
एषोऽभावः सर्वभावास्त्रवाणाम्।।११४।।

**'જીવને જે રાગદ્વેષમોહ...'** વિના. એ મિથ્યાત્વ અને અનંતાનુબંધી એ લેવા. **'રાગદ્વેષમોહ વગરનો, જ્ઞાનથી જ રચાયેલો ભાવ...'** અહીં એમ કહે કે, બિલકુલ રાગ વિનાનો, એ નહિ. રાગની એકતાની બુદ્ધિવાળો રાગ-દ્વેષ, એ વિનાનો ભાવ. રાગ-દ્વેષ હો. ઈ તો વાત થઈ કે, અસ્થિરતામાં ગઈ. આહા..હા...! એકતામાં જે સંસારમાં હતો તે અસ્થિરતામાં સંસાર અલ્પ રહી ગયો. રાગની એકતાના મિથ્યાત્વ ભાવમાં જે સંસાર અનંત હતો એ અસ્થિરતામાં અલ્પ સંસાર રહી ગયો. એ અલ્પ સંસાર પણ સુકાય જવાનો, સ્વભાવની દૃષ્ટિના જોરથી. આહા..હા...! આવું છે.

**'રાગદ્વેષમોહ વગરનો...'** એટલે સમજાણું ? મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષ વિનાનો, એમ. બધા રાગ-દ્વેષ વિનાનો એમ નહિ. **'જ્ઞાનથી જ રચાયેલો...'** એ આત્માના સ્વભાવથી જ બનેલો. આહા..હા...! સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન, શાંતિની સ્થિરતા, સ્વરૂપાચરણ, આનંદ, વીતરાગતા વગેરે. એ **'જ્ઞાનથી જ રચાયેલો ભાવ છે અને...'** **'सर्वान् द्रव्यकर्मास्रव-ओघान् रुन्धन्'** **'તે સર્વ દ્રવ્યકર્મના આસ્રવના થોકને (અર્થાત્ જથ્થાબંધ દ્રવ્યકર્મના પ્રવાહને) રોકનારો છે,...'** એટલે તે આવતો નથી, એમ. રોકનારાનો અર્થ ઈ. આવતો ને રોક્યો છે એમ નહિ.

**'જે સર્વ દ્રવ્યકર્મના આસ્રવના થોકને...'** જે મિથ્યાત્વમાં અને અનંતાનુબંધીના ભાવમાં જે આસ્રવ આવતા એ થોક અહીંયાં સમકિતદર્શન, જ્ઞાન અને શાંતિની સ્થિરતાના ભાવમાં એ દ્રવ્યાસ્રવ રુંધાય જાય છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીથી જે આસ્રવ આવતો એ આસ્રવ રુંધાય જાય છે. આહા..હા...! હવે આવું ઝીણું પડે માણસને. પછી એને જોડી દીધા, વ્રત ને તપ ને અપવાસ ને શરીરથી બ્રહ્મચર્ય પાળે એટલે થઈ ગયો ધર્મ ! હવે એવું તો અનંત વાર કર્યું છે, બાપા !

અંદર ભગવાન વીતરાગમૂર્તિ પડ્યો છે, એની એકતા વિના અને રાગની એકતા તૂટ્યા વિના જન્મ-મરણનો અંત એને આવતો નથી. આહા..હા...! આ તો ભવના અંતની વાત છે. આ..હા...!

**'સર્વ દ્રવ્યકર્મના આસ્રવના થોક...'** **'ઓઘ'** છે ને ? **'ઓઘ'**, **'ઓઘાન્'** દ્રવ્યકર્માસ્રવ **'ઓઘ'**, **'ઓઘ'** મોટા. **'ઓઘાન્'** એને રોકનારો છે. આહા..હા...! શું કહે છે ? આત્મા ચૈતન્ય ભગવાન જ્યાં રાગની એકતા તૂટીને સ્વભાવની એકતાનું પરિણમન કર્યું ત્યારે જે પહેલા મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ કાળે જે દ્રવ્યાસ્રવનો થોક આવતો એ હવે અહીં આવતો નથી. રોક્યોનો અર્થ એ આવતો નથી. સમજાણું કાંઈ ? આવતો હતો ને રોક્યો છે, એમ નથી. એને એ આવતો જ નથી. એ આવવાનું પહેલા મિથ્યાત્વ વખતે હતું એ અત્યારે આવતું નથી, એમ. આવવાનું હતું એને રોક્યો છે, એમ નહિ. આવી વાતું છે. કથનમાં શું આવે ? સમજાવવું છે એમાં (આમ જ આવે). પહેલા આવતો હતો અને અત્યારે નથી આવતો એ અપેક્ષાએ એને રોક્યો છે (એમ કહ્યું).

**'સર્વ દ્રવ્યકર્મના આસ્રવના...'** આહા..હા...! **'(જથ્થાબંધ દ્રવ્યકર્મના પ્રવાહને)...'** રાગની એકતાબુદ્ધિમાં જથ્થાબંધ કર્મ આવતા. આહા..હા...! તે **'રોકનારો છે,...'** કોણ ? જ્ઞાનમય ભાવ, આત્મામય ભાવ. રાગની એકતાબુદ્ધિ વિનાનો સ્વભાવની એકતાનો ભાવ, કર્મના ઓઘને – થોકને રોકનારો છે. આહા..હા...!

**'एष सर्व-भावास्त्रवाणाम् अभावः'** અને **'તે (જ્ઞાનમય) ભાવ સર્વ ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે.'** બેય વાત લીધી. જડકર્મનો જે મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો થોક આવતો એ નથી આવતો અને જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો આસ્રવ હતો, ભાવ.. ભાવ, એ નથી. દ્રવ્યાસ્રવ જે મિથ્યાત્વ અને અનંતાનુબંધી વખતે જે દ્રવ્યાસ્રવ આવતા તે અહીંયાં સમ્યગ્દર્શનની પરિણતિમાં એ આવતો નથી અને તેને ભાવાસ્રવ જે મિથ્યાત્વ ને રાગનો હતો એ ભાવાસ્રવ અહીં નથી. દ્રવ્યાસ્રવ અટકી ગયા અને ભાવાસ્રવ છે નહિ. અરે... અરે...! ભાવાસ્રવ એટલે આ મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો જે ભાવ તે ભાવાસ્રવ. છે ને સામે ? પુસ્તક છે કે નહિ ? આહા..હા...!

(તે જ્ઞાનમય) **'ભાવ સર્વ ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે.'** **'एष सर्व-भावास्त्रवाणाम् अभावः'** આહા..હા...! એને દ્રવ્યાસ્રવ મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો આવતો એ તો નથી. સમ્યગ્દર્શન થતાં, રાગની એકતા તૂટતા અને મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો જે ભાવાસ્રવ હતો એ પણ એને છે નહિ. દ્રવ્યાસ્રવ આવતો નથી, ભાવાસ્રવ છે નહિ. આહા..હા...! મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો ભાવાસ્રવ.

ભાવાર્થ :– **'મિથ્યાત્વ રહિત ભાવ...'** જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવનો ભાવ, દયા, દાન, વ્રતાદિના વિકલ્પની એકતા વિનાનો ભાવ. આહા..હા...! તે **'જ્ઞાનમય છે.'** એ આત્મામય છે, એ સ્વભાવમય છે, એ શુદ્ધ છે. મિથ્યાત્વ રહિત ભાવ તે જ્ઞાનમય છે, સમકિતમય છે, શાંતિમય છે, વીતરાગ પર્યાયમય છે. એ ચોથે (ગુણસ્થાને) !

મુમુક્ષુ :– અનંતાનુબંધીનો જાય છે.

ઉત્તર :– એ અનંતાનુબંધીનો ગયો એટલી સ્વરૂપ આચરણ વીતરાગતા આવી. એ

ના પડે છે ને ઘણા ! (સમકિતીને) સ્વરૂપાચરણ નથી. ઓલો ‘વિદ્યાસાગર’ ના પાડે છે, નહિ ? ‘વિદ્યાસાગર’ નામ ને ? લખ્યું છે. એ ના પાડે છે. અરે... પણ પ્રભુ ! આહા..હા...!

આત્મા જિનસ્વરૂપ ત્રિકાળ છે. એનું જ્યાં જિનસ્વરૂપનું (ભાન થયું)... રાગથી એકતાબુદ્ધિમાં સંસાર હતો, મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો (ભાવ હતો), એ ભાવ હવે સમકિતના ભાવ વખતે એ ભાવ નથી. એ ભાવ નથી તો જ્ઞાનમય ભાવમાં, શ્રદ્ધામય આવ્યો, શાંતિમય આવ્યો, સ્થિરતા આવી, અંશે વીતરાગતા આવી, અંશે આનંદ આવ્યો. આહા..હા...! જેટલી શક્તિઓ છે તેની અંશે વ્યક્ત દશા (થઈ), એ જ્ઞાનમય ભાવ કીધો, રાગ નહિ. સમજાય છે ને ? આહા..હા...! ભાષા તો સાદી છે. આવું સમજાય એવું છે.

આહા..હા...! સંતોએ જગતને ન્યાલ કરી દીધા છે ! આહા..હા...! ન્યાલકરણ ! એ લોકોમાં આવે છે. ‘સ્વામીનારાયણ’ હતા ને ? ‘સ્વામીનારાયણ’ જ્યાં ત્યાં દારૂને છોડાવે. ન્યાલકરણ.. ન્યાલકરણ કહેતા એને. ‘સ્વામીનારાયણ’ કાઠીમાં જાય માંસ છોડાવે, દારૂ છોડાવે, એવું છોડાવે એટલે (લોકો કહે) ન્યાલકરણ.. ન્યાલકરણ.. ન્યાલકરણ. હવે એમાં શું ? આ તો મિથ્યાત્વ અને અનંતાનુબંધીની એકતાનો રાગ છોડાવ્યો એ ન્યાલકરણ છે. આહા..હા...! અને ન્યાય જે આત્માનો ન્યાલ છે એ પ્રગટ દશા થઈ. આહા..હા...!

**‘મિથ્યાત્વ રહિત ભાવ જ્ઞાનમય છે. તે જ્ઞાનમય ભાવ રાગદ્વેષમોહ વગરનો છે...’** જોયું ? ચોથે ગુણસ્થાને કે પાંચમે પણ જે નિર્મળ પરિણતિ થઈ એ તો રાગ-દ્વેષ-મોહ વગરની છે. મોહ એટલે મિથ્યાત્વ. રાગ-દ્વેષ અનંતાનુબંધી આદિ. એ વગરનું પરિણમન છે. આહા..હા...! ‘આસ્રવ અધિકાર’ ! આગળ ૧૭૦ (ગાથામાં) લેશે. જઘન્યપણે છે એટલે યથાખ્યાત નથી ત્યાં સુધી એને આસ્રવ આવે છે, પણ આ નહિ. રાગની એકતાબુદ્ધિનો મિથ્યાત્વ ભાવનો જે આસ્રવ એમાં દર્શનમોહ આવે છે. આહા..હા...! અને ચારિત્રમાં તે અનંતાનુબંધીનો ભાવ આવે છે. આહા..હા...!

**‘આ જ્ઞાનમય ભાવ રાગદ્વેષમોહ વગરનો છે...’** મિથ્યાત્વ અને અનંતાનુબંધીના. મિથ્યાત્વ – મોહ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષ વિનાનો છે. આ..હા...! હવે આને સ્વરૂપાચરણ ન કહેવું ત્યારે શું કહેવું એને ? અહીં તો બિલકુલ રાગની એકતા વિનાનો ભાવ. અને ‘બંધ અધિકાર’માં પણ એ કહેશે, ઉપયોગમાં રાગને એકત્વ કરે છે એ બંધનું કારણ (છે), એમ ત્યાં કહ્યું. રાગ બંધનું કારણ એમ નથી કહ્યું. આહા..હા...! ઉપયોગની શરૂઆત કરી. ‘બંધ અધિકાર’માં, પાંચ ગાથા. ઉપયોગમાં રાગને એકત્વ કરે તે મિથ્યાત્વ બંધનું કારણ છે. આહા..હા...! બંધ.. બંધ અધિકાર ! ચારે કોરથી જુઓ તો... આહા..હા...! વસ્તુની ખબર ન મળે.

સચ્ચિદાનંદ પ્રભુ અંદર પૂર્ણાનંદનો સાગર ! અનંત ગુણગંભીર મોટો દરિયો પડ્યો છે. છે અરૂપી પણ સ્વભાવનો દરિયો છે ઈ. આહા..હા...! એનું જ્યાં શ્રદ્ધા-જ્ઞાન થાય છે ત્યારે મિથ્યાત્વ અને અનંતાનુબંધીના જે આસ્રવ આવતા હતા એ અટકી ગયા અને ભાવાસ્રવ

જે મિથ્યાત્વના હતા એ પણ નથી. દ્રવ્યાસ્રવ નથી અને ભાવાસ્રવે નથી. આહા..હા...! **'એ દ્રવ્યકર્મના પ્રવાહને રોધનારો છે; તેથી તે ભાવ જ ભાવ-આસ્રવના અભાવસ્વરૂપ છે.'** બેય લીધું. આહા..હા...! સમજાય છે કાંઈ ? 'ઝાંઝરીજી' ! આવી વાત (અલૌકિક વાત છે) !

આહા..હા...! કહે છે કે, જ્યાં મિથ્યાત્વની ગાંઠ ગળી ત્યાં અંદર જ્ઞાનમય ભાવ રહે છે અહીં તો. આહા..હા...! આત્મામય ! જ્ઞાનમય એટલે આત્મામય. આત્માના જે શુદ્ધ સ્વભાવ અનંત છે તેની પર્યાયમાં અનંત ભાવનો જ્ઞાનમય, આનંદમય, શાંતિમય, શ્રદ્ધામય એ બધી પર્યાયોની વ્યક્તતા એકલું પરિણમન જ રહે છે. આહા..હા...! એને દ્રવ્યકર્મ જે મિથ્યાત્વ અને અનંતાનુબંધીના આવતા એ તો રોકાય ગયા પણ મિથ્યાત્વ અને અનંતાનુબંધીના જે ભાવાસ્રવ છે એ જ્ઞાનમય ભાવમાં એ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! **'તેથી તે ભાવ જ ભાવ-આસ્રવના અભાવસ્વરૂપ છે.'**

અહીં કીધું, જુઓ ! **'સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...'** મિથ્યાત્વ **'જ'** કીધું છે. એકાંત કરી નાખ્યું નથી ? મિથ્યાત્વ જ સંસારનું કારણ છે ? પછી બીજા કોઈ કારણ નથી ? ભઈ ! બીજા છે ઈ અલ્પ છે એની ગણતરી નથી. અનંત અનંત નરક ને નિગોદના ભવ, બાપા...! એ ચોરાશી લાખના અનંતા... અનંતા.. અનંતા.. ભવ, એનું કારણ એક મિથ્યાત્વ જ છે. આહા..હા...! સમકિત થાય પછી એક, બે-ચાર ભવ હોય ઈ કાંઈ ગણતરીમાં નથી, એ તો જ્ઞાનનું જ્ઞેય છે. આહા..હા...!

**'સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...'** અને બીજે પણ આવે છે. મિથ્યાત્વ જ આસ્રવ છે. ખરો તો એ જ આસ્રવ છે. આહા..હા...! હવે આ ટીકાકાર કરનારા આમ કહે છે. એને એકાંત કોઈ ઠરાવી દ્યે. લ્યો ! મિથ્યાત્વ જ સંસાર (એ) એકાંત છે. સાંભળને ! અને સમકિત છે તે જ મોક્ષનું કારણ અને મોક્ષ છે. જેમ મિથ્યાત્વ સંસાર છે તેમ સમ્યગ્દર્શન તે મોક્ષ છે. આહા..હા...! કેમકે મોક્ષ – મુક્ત સ્વરૂપ, એની પ્રતીતિ અનુભવમાં આવી તે મુક્ત સ્વરૂપ જ છે. આ..હા...! 'પ્રવચનસાર'માં કહ્યું ને ! પાંચ ગાથા ! પાંચ ગાથા મોક્ષમાર્ગની છે છતાં મોક્ષતત્ત્વ કહ્યું છે. આહા..હા...! શું શૈલી ! નિજ સ્વભાવને પ્રાપ્ત કરવા માટેની શૈલી ! આ..હા..હા...! બીજા લાખ ક્રિયાકાંડો કરે, દયા ને વ્રત ને તપ ને ભક્તિ ને પંચ કલ્યાણક કરે ને બધા ગજરથ કાઢે. આ સમ્યગ્દર્શનની શ્રદ્ધાના ભાન વિના એ બધા સંસાર ખાતે છે. આહા..હા...!

**'સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...'** **'જ'**, **'જ'** છે, એમ કીધું છે. ત્યારે પછી અવ્રત ને પ્રમાદ, કષાય નહિ ? આ જ કારણ છે ? એ અનંત સંસારનું કારણ નથી. **'તેથી મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ થતાં, સર્વ ભાવાસ્રવનો અભાવ થયો એમ અહીં કહ્યું.'** એ જાતના સર્વ ભાવાસ્રવ જે મિથ્યાત્વ અને અનંતાનુબંધીના, (એ) સર્વ ભાવનો એને અભાવ થયો. સર્વ ભાવનો – આસ્રવનો અભાવન થયો એમ અહીંયાં કહ્યું. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## ગાથા–૧૬૯

अथ ज्ञानिनो द्रव्यास्त्रवाभावं दर्शयति -

पुढवीपिंडसमाणा पुव्वणिइबद्धा दु पच्चया तस्स।
कम्मसरीरेण दु ते बद्धा सव्वे वि णाणिस्स।।१६९।।

पृथ्वीपिण्डसमानाः पूर्वनिबद्धास्तु प्रत्ययास्तस्य।
कर्मशरीरेण तु ते बद्धाः सर्वेऽपि ज्ञानिनः।।१६९।।

ये खलु पूर्वमज्ञानेन बद्धा मिथ्यात्वाविरतिकषाययोगा द्रव्यास्त्रवभूताः प्रत्ययाः, ते ज्ञानिनो द्रव्यान्तरभूता अचेतनपुद्गलपरिणामत्वात् पृथ्वीपिण्डसमानाः। ते तु सर्वेऽपिलस्वभावत एव कार्माणशरीरेणैव सम्बद्धाः, न तु जीवेन। अतः स्वभावसिद्ध एव द्रव्यास्त्रवाभावो ज्ञानिनः।

---

હવે, જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ છે એમ બતાવે છે :–

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા તે જ્ઞાનીને,
છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે બદ્ધ છે. ૧૬૯.

ગાથાર્થ :– [तस्य ज्ञानिनः] તે જ્ઞાનીને [पूर्वनिबद्धाः तु] પૂર્વે બંધાયેલા [सर्वे अपि] સમસ્ત [प्रत्ययाः] પ્રત્યયો [पृथ्वीपिण्डसमानाः] માટીનાં ઢેફાં સમાન છે [तु] અને [ते] તે [कर्मशरीरेण] (માત્ર) કાર્મણ શરીર સાથે [बद्धाः] બંધાયેલ છે.

ટીકા :– જે પૂર્વે અજ્ઞાન વડે બંધાયેલા મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ દ્રવ્યાસ્રવભૂત પ્રત્યયો છે, તે અન્યદ્રવ્યસ્વરૂપ પ્રત્યયો અચેતન પુદ્ગલપરિણામવાળા હોવાથી જ્ઞાનીને માટીનાં ઢેફાં સમાન છે (–જેવા માટી વગેરે પુદ્ગલસ્કંધો છે તેવા જ એ પ્રત્યયો છે); તે તો બધાય, સ્વભાવથી જ માત્ર કાર્મણ શરીર સાથે બંધાયેલા છે – સંબંધવાળા છે, જીવ સાથે નહિ; માટે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ સ્વભાવથી જ સિદ્ધ છે.

ભાવાર્થ :– જ્ઞાનીને જે પૂર્વે અજ્ઞાનદશામાં બંધાયેલા મિથ્યાત્વાદિ દ્રવ્યાસ્રવસમૂહ પ્રત્યયો છે તે તો માટીનાં ઢેફાંની માફક પુદ્ગલમય છે તેથી તેઓ સ્વભાવથી જ અમૂર્તિક ચૈતન્યસ્વરૂપ જીવથી ભિન્ન છે. તેમનો બંધ અથવા સંબંધ પુદ્ગલમય કાર્મણ શરીર સાથે જ છે, ચિન્મય જીવ સાથે નથી. માટે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ તો સ્વભાવથી જ છે. (વળી જ્ઞાનીને

**ભાવાસ્રવનો અભાવ હોવાથી, દ્રવ્ય આસ્રવો નવાં કર્મના આસ્રવણનું કારણ થતા નથી તેથી તે દૃષ્ટિએ પણ જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ છે).**

---

**પ્રવચન નં. ૨૪૮ ગાથા-૧૬૯ થી ૧૭૧, શ્લોક-૧૧૫ શુક્રવાર, જેઠ સુદ ૧૩, તા. ૦૮-૦૬-૧૯૭૯**

---

'સમયસાર' ૧૬૯ ગાથા. **'હવે, જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ છે એમ બતાવે છે :-** ભાવાસ્રવનો અભાવ છે એમ તો પહેલું કહ્યું. ઈ ભાવાસ્રવ એટલે મિથ્યાત્વ અને અનંતાનુબંધી સંબંધી રાગ-દ્વેષ, એનો આસ્રવ એને નથી. એથી સમ્યક્દૃષ્ટિને એ દૃષ્ટિ વિપરીતનો જે આસ્રવ હતો તે આસ્રવ નથી, ભાવાસ્રવ (નથી). હવે અહીં દ્રવ્યાસ્રવ કહે છે.

**पुढवीपिंडसमाणा पुव्वणिइबद्धा दु पच्चया तस्स।**
**कम्मसरीरेण दु ते बद्धा सव्वे वि णाणिस्स।।१६९।।**
**જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા તે જ્ઞાનીને,**
**છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે બદ્ધ છે. ૧૬૯.**

ટીકા :- **'જે પૂર્વે...'** સમ્યગ્દર્શન, આત્મજ્ઞાન પામ્યા પહેલાં **'અજ્ઞાન વડે બંધાયેલા મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ...'** પ્રમાદ નથી નાખ્યો. પાંચ છે ને ! મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય (અને યોગ)). કષાયમાં પ્રમાદ લઈ લીધો. **'મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ દ્રવ્યાસ્રવભૂત પ્રત્યયો...'** ખૂબી શું છે કે, જે કર્મ પડ્યા છે એને દ્રવ્યાસ્રવ કહે છે. જડ.. જડ ! ઉદયને તો કહે પણ આ જડ આઠ કર્મ પડ્યા છે. અજ્ઞાનથી પહેલા બાંધેલા એને અહીંયાં દ્રવ્યાસ્રવ (કહે છે). જડ પરમાણુ પડ્યા (છે) તેને દ્રવ્યાસ્રવ કહે છે. પડ્યા છે એને.

મુમુક્ષુ :- ઉદય આવે ત્યારે ખરે ને નવા થાય.

ઉત્તર :- ઈ જુદી વસ્તુ, ઈ પછી. આ તો પૂર્વના પડ્યા છે દ્રવ્યાસ્રવ એ જડ છે. એ તો જડ છે પણ એને દ્રવ્યઆસ્રવ કહ્યા, એમ કહેવું છે. અજ્ઞાનથી પહેલા બંધાયેલા જે જડ કર્મ આત્માના પ્રદેશે પરદ્રવ્ય તરીકે પડ્યા છે એને અહીંયાં દ્રવ્યઆસ્રવ કહ્યા. દ્રવ્યાસ્રવ છે, છે એને.

તે **'દ્રવ્યાસ્રવભૂત પ્રત્યયો...'** કીધા ને ? એ જડ આસ્રવો છે. **'તે અન્યદ્રવ્યસ્વરૂપ પ્રત્યયો...'** એ તો પૂર્વે બંધાયેલા પરમાણુ અન્ય દ્રવ્યસ્વરૂપ છે. સ્વદ્રવ્ય સ્વરૂપ નથી તેમ

સ્વદ્રવ્યમાં જે વિપરીત વિકાર થાય એ પણ એ નથી. એ તો જડ પરમાણુ છે. **'અન્ય દ્રવ્યસ્વરૂપ પ્રત્યયો અચેતન...'** એ અનેરા જડ આઠ કર્મ અન્યદ્રવ્યસ્વરૂપ આસ્રવો અચેતન **'પુદ્‌ગલપરિણામવાળા હોવાથી...'** એ પુદ્‌ગલના પરિણામ છે. આહા..હા...!

**'જ્ઞાનીને માટીનાં ઢેફાં સમાન છે...'** ધર્મીને, જેમ માટીનું ઢેફું ભિન્ન છે તેમ એ જડ કર્મ તો અજ્ઞાનીને પણ એના આત્માથી ભિન્ન છે. અહીંયાં તો ધર્મી (જેને) આત્મજ્ઞાન થયું, ચૈતન્ય અખંડ અભેદ સ્વરૂપ પૂર્ણ પરમાત્મ સ્વરૂપનું સમ્યગ્દર્શનમાં પર્યાયમાં ભાન થયું, ભાન તો પર્યાયમાં થાય છે ને ! તો શેનું ભાન ? અખંડ પરમ પંચમભાવ જ્ઞાયકભાવ ધ્રુવભાવ અખંડ ભાવ, એકરૂપ સ્વભાવભાવ, એનું જ્યાં સમ્યક્‌જ્ઞાન થયું એને આ જડકર્મ પડેલા છે એ માટીનાં ઢેફાં સમાન છે. અજીવ છે ને, અજીવ !

**'(–જેવા માટી વગેરે પુદ્‌ગલસ્કંધો છે તેવા જ એ પ્રત્યયો છે);...'** જડ પરમાણુ માટી છે. જેમ આ માટી બહારની છે એમ એ માટી છે. આ..હા...! **'તે તો બધાય, સ્વભાવથી જ માત્ર કાર્મણ શરીર સાથે બંધાયેલા છે...'** એમ પાઠ છે ને એ તો ! **'कम्मसरीरेण बद्धा'** એ કાર્મણ શરીર સાથે રજકણોનો બંધ છે. આત્માની સાથે એને કંઈ સંબંધ છે નહિ. આહા..હા...! **'જીવ સાથે નહિ;...'** **'કાર્મણ શરીર સાથે બંધાયેલા છે–સંબંધવાળા છે,...'** એટલો તો પાઠ છે. પછી આચાર્યે એમાંથી કાઢ્યું કે, **'જીવ સાથે નહિ;...'** જડ આઠ કર્મના પરમાણુ પડ્યા છે એ અજીવ છે. એ અજીવ દ્રવ્ય તરીકે છે, જીવદ્રવ્ય તરીકે નથી.

**'માટે જ્ઞાનીને...'** આહા..હા...! ત્રિકાળ જ્ઞાયકભાવ ભૂતાર્થ ભાવ, અખંડ પૂર્ણ સ્વભાવ ભાવ, એનું જ્યાં સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું એને **'દ્રવ્યાસ્રવનો અભાવ સ્વભાવથી જ સિદ્ધ છે.'** એ જડ છે એ તો જડમાં છે, આત્માને કાંઈ સંબંધ નથી. એ તો સ્વભાવથી જ, અભાવ સ્વભાવથી જ સિદ્ધ છે.

**ભાવાર્થ :– 'જ્ઞાનીને જે પૂર્વે અજ્ઞાનદશામાં બંધાયેલા મિથ્યાત્વાદિ દ્રવ્યાસ્રવભૂત પ્રત્યયો...'** એને પ્રત્યય કીધા. પડ્યા છે એને આસ્રવ કીધા. **'તે તો માટીનાં ઢેફાંની માફક પુદ્‌ગલમય છે...'** અજીવમય પુદ્‌ગલ (છે). **'તેથી તેઓ સ્વભાવથી જ અમૂર્તિ ચૈતન્યસ્વરૂપ જીવથી ભિન્ન છે.'** આહા..હા...! આસ્રવની વ્યાખ્યા ચાલે છે.

આસ્રવ બે પ્રકારના – દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવ. ભાવાસ્રવ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ, સમ્યગ્દર્શન થતાં ભાવાસ્રવનો પણ અભાવ છે. બીજા અસ્થિરતાના ભાવ છે એની અહીં ગણતરી નથી અને દ્રવ્યાસ્રવ તો જડ છે. એટલે જ્ઞાનીને દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવ બેય નથી. આહા..હા...! અહીં સમ્યગ્દર્શનની અપેક્ષાએ (વાત) છે, હોં ! સર્વથા આસ્રવ નથી જ (એમ નહિ). મિથ્યાત્વ અને અનંતાનુબંધી એ સંબંધીના પરિણામ એને નથી. એથી ભાવાસ્રવ નથી. જડ આસ્રવ પણ અજીવ છે. એ તો સ્વભાવથી જ પુદ્‌ગલ છે.

**'માટીનાં ઢેફાંની માફક પુદ્‌ગલમય છે તેથી તેઓ સ્વભાવથી જ અમૂર્તિક ચૈતન્યસ્વરૂપ**

**જીવથી ભિન્ન છે. તેમનો બંધ અથવા સંબંધ...'** આહા..હા...! **'પુદ્‌ગલમય...'** 'બદ્ધ' શબ્દ પડ્યો છે ને ! **'कम्मसरीरेण बद्धा'** **'बद्धा'**નો અર્થ કર્યો છે બદ્ધ અથાવ સંબંધ. એમ. એ કાર્મણશરીર સાથે એને બંધ, સંબંધ છે, આત્મા સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા...! **'ચિન્મય જીવ સાથે નથી.'** ભગવાન તો ચિન્મય, જ્ઞાનમય (છે). આહા..હા...! એકલો જ્ઞાયકભાવ, એની સાથે એને કાંઈ સંબંધ છે નહિ. ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ જ્ઞાયકભાવની સાથે એને કાંઈ સંબંધ નથી.

**'માટે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ તો સ્વભાવથી જ છે. (વળી જ્ઞાનીને ભાવાસ્રવનો અભાવ હોવાથી, દ્રવ્ય આસ્રવો નવાં કર્મના આસ્રવણનું કારણ થતા નથી...'** બીજું કારણ મૂકી દીધું. એક તો દ્રવ્યાસ્રવ જડ છે માટે આત્માની સાથે સંબંધ નથી. બીજું કે, ધર્મીને **'(ભાવાસ્રવનો અભાવ હોવાથી, દ્રવ્ય આસ્રવો નવાં કર્મના આસ્રવણનું કારણ થતા નથી)...'** જુના કર્મ જ્ઞાનીને નવા આસ્રવનું કારણ થતું નથી. માટે પણ તે ભિન્ન છે, એમ (કહેવું છે). આહા..હા...!

મુમુક્ષુ :– રાગ-દ્વેષ-મોહ નથી.

ઉત્તર :– નથી, રાગ-દ્વેષ-મોહ નથી. માટે દ્રવ્યાસ્રવથી નિમિત્તમાં થઈને ભાવાસ્રવ થવો જોઈએ તે તો છે નહિ તેથી તે દ્રવ્યાસ્રવ જડ છે અને તેનાથી ભાવાસ્રવ થતા નથી માટે પણ એ પર છે એમ સિદ્ધ કરવું છે. **'(તે દૃષ્ટિએ પણ જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ છે).'**

## શ્લોક-૧૧૫

(उपजाति)

भावास्रवाभावमयं प्रपन्नो
द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः।
ज्ञानी सदा ज्ञानमयैकभावो
निरास्रवो ज्ञायक एक एव।।११५।।

---

**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–**

**શ્લોકાર્થ :– [भावास्रव-अभावम् प्रपन्नः] ભાવાસ્રવોના અભાવને પામેલો અને [द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः] દ્રવ્યાસ્રવોથી તો સ્વભાવથી જ ભિન્ન એવો [अयं ज्ञानी] આ જ્ઞાની–**

[सदा ज्ञानमय-एक-भाव:] કે જે સદા એક જ્ઞાનમય ભાવવાળો છે તે– [निरास्त्रव:] નિરાસ્રવ જ છે, [एक: ज्ञायक: एव] માત્ર એક જ્ઞાયક જ છે.

ભાવાર્થ :– રાગદ્વેષમોહરૂપ ભાવાસ્રવનો જ્ઞાનીને અભાવ થયો છે અને દ્રવ્યાસ્રવથી તો તે સદાય સ્વયમેવ ભિન્ન જ છે કારણ કે દ્રવ્યાસ્રવ પુદ્ગલપરિણામસ્વરૂપ છે અને જ્ઞાની ચૈતન્યસ્વરૂપ છે. આ રીતે જ્ઞાનીને ભાવાસ્રવ તેમ જ દ્રવ્યાસ્રવનો અભાવ હોવાથી તે નિરાસ્રવ જ છે. ૧૧૫.

## શ્લોક ૧૧૫ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–' ૧૧૫ (કળશ).

भावास्त्रवाभावमयं प्रपन्नो
द्रव्यास्त्रवेभ्य: स्वत एव भिन्न:।
ज्ञानी सदा ज्ञानमयैकभावो
निरास्त्रवो ज्ञायक एक एव।।११५।।

આમાંથી ઘણા કાઢે કે, સમકિતીને નથી, એ તો વીતરાગી સમકિતીને નથી. સાતમા ગુણસ્થાને. આ ટીકામાં પણ છે ને ! પંચમ ગુણસ્થાન ઉપરાંત. 'મુખ્ય' શબ્દ પાછો પડ્યો છે. ગૌણતા છે. આહા..હા...! મુખ્ય તરીકે પંચમ ગુણસ્થાન ઉપરની વાત આમાં છે. પણ ગૌણ તરીકે સમકિતીને પણ અહીંયાં લીધા છે. આહા..હા...! કારણ કે મિથ્યાત્વ એ જ આસ્રવ અને સંસાર છે. એ જ્યાં ગયું એટલે અલ્પ આસ્રવ જે છે ઈ પછી ગણતરીમાં નથી. એ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

**'ભાવાસ્રવોના અભાવને પામેલો...'** દૃષ્ટિની મહિમા. જ્ઞાન્ અને સમ્યગ્દર્શન ત્રિકાળી દ્રવ્યનું ભાન, એની મહિમા કહે છે. **'ભાવાસ્રવોના અભાવને પામેલો...'** ધર્મી. **'द्रव्यास्त्रवेभ्य: स्वत एव भिन्न:'** **'દ્રવ્યાસ્રવોથી તો સ્વભાવથી જ ભિન્ન...'** એ તો અજીવ છે. ભાવાસ્રવ તો હજી એના પરિણામમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીના થાય. એનો અભાવ છે. મિથ્યાદૃષ્ટિના પરિણામમાં રાગ હું છું, પુણ્ય હું છું, એવો મિથ્યાત્વ ભાવ અને એના સંબંધી અનંતાનુબંધીનો રાગ-દ્વેષ થાય છે. એ જ ખરેખર તો સંસાર અને આસ્રવ છે. ત્યારે ખરેખર ભગવાનઆત્મા પૂર્ણ છે એનું અંદર જ્યાં ભાન થતાં એ ભાવાસ્રવ એને હોતો નથી. આહા..હા...!

**'દ્રવ્યાસ્રવોથી તો સ્વભાવથી જ ભિન્ન...'** છે. એ તો એના પરિણામમાંય નથી. અજ્ઞાનીના પરિણામમાં પણ દ્રવ્ય જડ છે એ તો છે નહિ. અજ્ઞાનીના પરિણામમાં તો મિથ્યાત્વ અને

અનંતાનુબંધીનો ભાવ હતો. એ પરિણામ જ્ઞાનીને નથી તેથી ભાવાસ્રવનો અભાવ છે. દ્રવ્યાસ્રવ તો જડ છે. આહા..હા...!

**'સદા એક જ્ઞાનમય ભાવવાળો છે તે નિરાસ્રવ જ છે,...'** 'જ' છે, જોયું ? નિરાસ્રવ જ છે. **'एक ज्ञायक एव'** આહા..હા...! **'માત્ર એક જ્ઞાયક જ છે.'** જાણનાર-દેખનાર જ આત્મા તો છે. બસ ! એ જ્ઞાયક પરિણમે એનો અર્થ ઈ. જ્ઞાયક છે એવું જે જાણ્યું એના પરિણામ જ્ઞાતા-દૃષ્ટાના થયા. ત્રિકાળી જ્ઞાયક છે જે પ્રમત્ત-અપ્રમત્ત નથી ને જ્ઞાયક કીધો ને ! છઠ્ઠી ગાથા. એ જ્ઞાયક છે એવું તો પરિણામમાં ભાન થાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાનમાં એ પરિણામમાં જ્ઞાયક છે એવું જ્ઞાયક થયું, એને જ્ઞાયકના જ પરિણામ રહે છે. જાણનાર-દેખનારના પરિણામ રહે છે. ભાવાસ્રવ ને દ્રવ્યાસ્રવ બેય નથી. આહા..હા...!

**'एक ज्ञायक एव'** એમ શબ્દ છે, જોયું ? **'માત્ર એક જ્ઞાયક જ...'** જ્ઞાયક જ. જ્ઞાયક શબ્દે ત્રિકાળી જ્ઞાયક દૃષ્ટિમાં છે પણ પરિણામમાં જાણવા-દેખવાનો ભાવ થાય છે. ઈ જ્ઞાયક જ છે – જાણનાર જ છે. આહા..હા...! રાગાદિ થાય છે તેનો એ પોતે પોતાના જ્ઞાનપર્યાયમાં સ્વપર પ્રકાશકના પોતાના સામર્થ્યથી જાણે-દેખે છે. આહા..હા...! આવું ઝીણું.

**ભાવાર્થ :– 'રાગદ્વેષમોહસ્વરૂપ ભાવાસ્રવનો...'** મિથ્યાત્વ સંબંધી **'જ્ઞાનીને અભાવ થયો છે...'** આમાંથી કાઢે કે, જ્ઞાનીને કાંઈ છે જ નહિ. આસ્રવ નથી, દુઃખ નથી. 'દીપચંદજી' કાઢતા ને ! જ્ઞાનીને દુઃખ ન હોય એટલે આસ્રવ હોય નહિ. આહા..હા...! અહીં તો મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષની વાત છે. આહા..હા..! ઈ તો કહેશે, હમણા જ કહેશે. એકાંત સમજે એમ ચાલે ? જેવું સ્વરૂપ છે એવું (સમજવું જોઈએ). આહા..હા...!

જ્ઞાયકનું ભાન થયું એટલા સંબંધીના એના ભાવાસ્રવ નથી. બાકી બીજા ભાવાસ્રવ છે તે જ્ઞાતાનું જ્ઞેય છે. જાણનાર (છે) એમ અહીં અત્યારે સિદ્ધ કરવું છે. પછી પાછું સિદ્ધ કરશે કે, જ્ઞાનીને યથાખ્યાત ચારિત્ર નથી ત્યાં સુધી આસ્રવ છે. આહા..હા...! આસ્રવ છે એટલું દુઃખ છે. આસ્રવ પોતે દુઃખ છે. આહા..હા...!

**'જ્ઞાની ચૈતન્યસ્વરૂપ છે.'** આહા..હા...! **'દ્રવ્યાસ્રવ પુદ્ગલપરિણામસ્વરૂપ છે...'** ધર્મી ચૈતન્યસ્વરૂપ છે. આહા..હા...! **'આ રીતે જ્ઞાનીને ભાવાસ્રવ તેમ જ દ્રવ્યાસ્રવનો અભાવ હોવાથી તે નિરાસ્રવ જ છે.'** અહીં તો નિરાસ્રવ જ છે (એમ કહ્યું). કથંચિત નિરાસ્રવ છે ને કથંચિત સાસ્રવ (છે), એમ ન નાખ્યું. મિથ્યાત્વ અને અનંતાનુબંધી સંબંધી નિરાસ્રવ જ છે. આહા..હા...!

એ છ ખંડના રાજમાં હોય છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં હોય છતાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો આસ્રવ નથી. તેથી તે ચૈતન્યસ્વરૂપી ભગવાન એ અપેક્ષાએ નિરાસ્રવ છે. બાકી બીજા પરિણામ છે એ આસ્રવ છે, ઈ પછી કહેશે. અહીંથી નીકળી જાય છે એ પરિણામ એને નથી જ, એમ નહિ. આહા..હા..!

# ગાથા–૧૭૦

कथं ज्ञानी निरास्त्रव इति चेत् -

चउविह अणेयभेयं बंधंते णाणदंसणगुणेहिं।
समए समए जम्हा तेण अबंधो ति णाणी दु।।१७०।।

चतुर्विधा अनेकभेदं बध्नन्ति ज्ञानदर्शनगुणाभ्याम्।
समये समये यस्मात् तेनाबन्ध इति ज्ञानी तु।।१७०।।

ज्ञानी हि तावदास्त्रवभावनाभिप्रायाभावान्निरास्त्रव एव। यत्तु तस्यापि द्रव्यप्रत्यया: प्रतिसमय-मनेकप्रकारं पुद्गलकर्म बध्नन्ति, तत्र ज्ञानगुणपरिणाम एव हेतु:।

---

હવે પૂછે છે કે જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે ? તેની ઉત્તરની ગાથા કહે છે :–

ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી
બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦.

ગાથાર્થ :– [यस्मात्] કારણ કે [चतुर्विधा:] ચાર પ્રકારના દ્રવ્યાસ્રવો [ज्ञानदर्शन-गुणाभ्याम्] જ્ઞાનદર્શનગુણો વડે [समये समये] સમયે સમયે [अनेकभेदं] અનેક પ્રકારનું કર્મ [बध्नन्ति] બાંધે છે [तेन] તેથી [ज्ञानी तु] જ્ઞાની તો [अबन्ध: इति] અબંધ છે.

ટીકા :– પ્રથમ, જ્ઞાની તો આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે નિરાસ્રવ જ છે; પરંતુ જે તેને પણ દ્રવ્યપ્રત્યયો સમય સમય પ્રતિ અનેક પ્રકારનું પુદ્ગલકર્મ બાંધે છે, ત્યાં જ્ઞાનગુણનું પરિણમન જ કારણ છે.

---

## ગાથા ૧૭૦ ઉપર પ્રવચન

---

'હવે પૂછે છે કે જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે ?' ૧૭૦ (ગાથા).

चउविह अणेयभेयं बंधंते णाणदंसणगुणेहिं।
समए समए जम्हा तेण अबंधो ति णाणी दु।।१७०।।

ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી
બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦.

ટીકા :- **'પ્રથમ, જ્ઞાની તો આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે...'** આ, આ સિદ્ધાંત ! અજ્ઞાનીને મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષની ભાવના છે. કારણ કે વસ્તુ શુદ્ધ ચિદાનંદ આત્મા અનુભવમાં આવ્યો નથી, દૃષ્ટિમાં આવ્યો નથી. તેથી અજ્ઞાનીને તો એકલા મિથ્યાત્વ અને અનંતાનુબંધીના પરિણામ, ભાવ હોય છે. જ્ઞાનીને તો આસ્રવભાવની ભાવનાનો અભાવ છે. જોયું ? અભિપ્રાય.

અજ્ઞાનીને તો અભિપ્રાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ભાવના છે. કારણ કે વસ્તુ ચિદાનંદ અખંડ આનંદ, એની તો શ્રદ્ધા ને જ્ઞાન થયા નથી. એથી અજ્ઞાનીને ભાવના મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષની ભાવના છે, જ્ઞાનીને એ ભાવના નથી. એ રીતે લીધું.

**'જ્ઞાની તો આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે...'** જોયું ? અભિપ્રાય નથી એનો. આહા..હા...! સમકિતી ધર્મી જીવને આસ્રવ ભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે. અભિપ્રાયમાં રાગ ને મિથ્યાત્વની ભાવના નથી. અભિપ્રાય તો સમ્યગ્દર્શન ને શાંતિનો અભિપ્રાય છે. આહા..હા...! પૂર્ણ આનંદનો જે અભિપ્રાય છે તે આનંદની ભાવનાવાળો છે. એ આસ્રવની ભાવનાવાળો નથી. આહા..હા...! આવી વાતું હવે. જ્ઞાની તો આસ્રવભાવની ભાવના, એનો જે અભિપ્રાય એના અભાવને લીધે **'નિરાસ્રવ જ છે;...'** આ અપેક્ષા લેવી. અભિપ્રાયમાં એની ભાવના નથી માટે નિરાસ્રવ છે. આવું તો ચોખ્ખું કર્યું. તદ્દન નિરાસ્રવ જ છે એમ નથી. અભિપ્રાયની વાત (છે). આહા..હા...! અને એમાં સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન, એનું માહાત્મ્ય વર્ણવ્યું છે. એ મિથ્યાત્વ ને રાગ-દ્વેષની ભાવના ત્યાં ક્યાં છે ? અરે...! દયા, દાનના પરિણામની ભાવના એને નથી કે, આ હોય તો ઠીક. આહા..હા...! દયા, દાન, વ્રત(ના) પરિણામ આવે પણ અભિપ્રાયમાં એને રાખવાને લાયક (છે) ને કરવા લાયક છે એવી ભાવના નથી. આહા..હા...! કેટલું સ્પષ્ટ કર્યું છે !

**'પરંતુ જે તેને પણ દ્રવ્યપ્રત્યયો...'** એને પણ જે દ્રવ્યાસ્રવો **'સમય સમય પ્રતિ અનેક પ્રકારનું પુદ્‌ગલકર્મ બાંધે છે,...'** એ જૂના કર્મ છે એ ઉદય આવે અને નવા કર્મ બાંધે છે. **'ત્યાં જ્ઞાનગુણનું પરિણમન જ કારણ છે.'** કહે છે કે, એ તો પરનું કારણ (છે). આ જ્ઞાનગુણનું પરિણમન તો ભિન્ન છે. જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ નથી. આહા..હા...! જ્ઞાન અને સમકિતનો ભાવ તે બંધનું કારણ નથી. તેને પૂર્વનું કર્મ બંધાયેલું ઉદય આવીને બંધ કરે પણ એ જ્ઞાન ને શ્રદ્ધાનો ભાવ એ નથી. એ અસ્થિરતાનો ભાવ છે એથી જ્ઞાનનું પરિણમન તે બંધનું કારણ નથી. પણ જે ઉદય આવીને નવા રાગ-દ્વેષ થયા અને બંધાય એ પરમાં જાય છે. જ્ઞેયમાં (જાય છે). આહા..હા...!

**'પુદ્‌ગલકર્મ બાંધે છે, ત્યાં જ્ઞાનગુણનું પરિણમન જ કારણ છે.'** એટલે ? હિણી દશા છે, હિણી દશા છે એ કારણે ત્યાં રાગ-દ્વેષ થાય અને (કર્મ) બંધાય છે. એમ ઈ કહેશે. એ કહે છે હવે, જુઓ !

## ગાથા–૧૭૧

कथं ज्ञानगुणपरिणामो बन्धहेतुरिति चेत -

जम्हा दु जहण्णादो णाणगुणादो पुणो वि परिणमदि।
अण्णत्तं णाणगुणो तेण दु सो बंधगो भणिदो।।१७१।।

यस्मातु जघन्यात् ज्ञानगुणात् पुनरपि परिणमते।
अन्यत्वं ज्ञानगुणः तेन तु स बन्धको भणितः।।१७१।।

ज्ञानगुणस्य हि यावज्जघन्यो भावः तावत् तस्यान्तर्मुहूर्तविपरिणामित्वात् पुनः पुनरन्यतयास्ति परिणामः। स तु, यथाख्यातचारित्रावस्थाया अधस्तादवश्यम्भाविरागसद्भावात्, बन्धहेतुरेव स्यात्।

---

હવે વળી પૂછે છે કે જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે ? તેના ઉત્તરની ગાથા કહે છે :–

જે જ્ઞાનગુણની જઘન્યતામાં વર્તતો ગુણ જ્ઞાનનો,
ફરીફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧.

ગાથાર્થ :– [यस्मात् तु] કારણકે [ज्ञानगुणः] જ્ઞાનગુણ, [जघन्यात् ज्ञानगुणात्] જઘન્ય જ્ઞાનગુણને લીધે [पुनरपि] ફરીને પણ [अन्यत्वं] અન્યપણે [परिणमते] પરિણમે છે, [तेन तु] તેથી [सः] તે (જ્ઞાનગુણ) [बन्धकः] કર્મનો બંધક [भणितः] કહેવામાં આવ્યો છે.

ટીકા :– જ્ઞાનગુણનો જ્યાં સુધી જઘન્ય ભાવ છે (–ક્ષાયોપશમિક ભાવ છે) ત્યાં સુધી તે (જ્ઞાનગુણ) અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો હોવાથી ફરીફરીને તેનું અન્યપણે પરિણમન થાય છે. તે (જ્ઞાનગુણનું જઘન્ય ભાવે પરિણમન), યથાખ્યાતચારિત્ર-અવસ્થાની નીચે અવશ્યંભાવી રાગનો સદ્ભાવ હોવાથી, બંધનું કારણ જ છે.

ભાવાર્થ :– ક્ષાયોપશમિક જ્ઞાન એક જ્ઞેય પર અંતર્મુહૂર્ત જ થંભે છે, પછી અવશ્ય અન્ય જ્ઞેયને અવલંબે છે; સ્વરૂપમાં પણ તે અંતર્મુહૂર્ત જ ટકી શકે છે. પછી વિપરિણામ પામે છે. માટે એમ અનુમાન પણ થઈ શકે છે કે સમ્યગ્દૃષ્ટિ આત્મા સવિકલ્પ દશામાં હો કે નિર્વિકલ્પ અનુભવદશામાં હો–યથાખ્યાતચારિત્ર-અવસ્થા થયા પહેલાં તેને અવશ્ય

**રાગભાવનો સદ્ભાવ હોય છે; અને રાગ હોવાથી બંધ પણ થાય છે. માટે જ્ઞાનગુણના જઘન્ય ભાવને બંધનો હેતુ કહેવામાં આવ્યો છે.**

## ગાથા ૧૭૧ ઉપર પ્રવચન

**'હવે પૂછે છે કે જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે ?'** જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ ? એક કોર તમે કહો કે, જ્ઞાન ને શ્રદ્ધાનો અભિપ્રાય નથી માટે બંધ નથી. વળી કહો કે બંધનું કારણ જ્ઞાનનું પરિણમન છે. આહા..હા...! એ **'જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે ? તેના ઉત્તરની ગાથા કહે છે :–'** ૧૭૧ (ગાથા).

**जम्हा दु जहण्णादो णाणगुणादो पुणो वि परिणमदि।**
**अण्णत्तं णाणगुणो तेण दु सो बंधगो भणिदो।।१७१।।**

**જે જ્ઞાનગુણની જઘન્યતામાં વર્તતો ગુણ જ્ઞાનનો,**
**ફરીફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧.**

ટીકા :– **'જ્ઞાનગુણનો જ્યાં સુધી જઘન્ય ભાવ છે...'** જોયું ? જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર નથી અને જ્યાં સુધી પૂર્ણ સ્થિરતાના પરિણામ નથી ત્યાં સુધી જ્ઞાનગુણનો વર્તમાન જઘન્ય ભાવ પરિણમન છે. થોડો ભાવ પરિણમ્યો છે, એમ. **'(–ક્ષયોપશમિક ભાવ છે) ત્યાં સુધી તે (જ્ઞાનગુણ) અંતર્મુહૂર્તમાં વિપરિણામ (વિપરીત પરિણામ) પામતો હોવાથી...'** આહા..હા...! **'ફરીફરીને તેનું અન્યપણે પરિણમન થાય છે.'** જ્ઞાન અંતર્મુહૂર્ત જ સ્થિર રહી શકે છે. પછી ફરીને એને રાગ થાય વિના રહેતો જ નથી. આહા..હા...! પહેલા ના પાડી. ઈ અભિપ્રાયની અપેક્ષાએ ના પાડી હતી. ચારિત્રના દોષની અપેક્ષાએ છે. એને નથી જ એમ કરી નાખે. સમ્યક્દૃષ્ટિ થયો એટલે કાંઈ જરીયે આસ્રવ નથી, જરીયે દુઃખ નથી... આ..હા...! તો પૂર્ણ સુખ અને પૂર્ણ (શાંતિ) હોવી જોઈએ. આહા..હા...! અટકવાના સાધન ઘણા, છૂટવાનું એક. આ..હા...! ભગવાન પરિપૂર્ણ સ્વરૂપ એક જ એનો આશ્રય છૂટવાનું કારણ. બાકી અટકવાના સાધન અનંતમાંથી કંઈક કંઈક કંઈક અટકીને અનાદિકાળથી મિથ્યાત્વમાં પડીને બંધન કરે છે.

શું કીધું અહીંયાં ? **'જ્ઞાનગુણનો જ્યાં સુધી જઘન્ય...'** નામ ક્ષયોપશમ ભાવ છે, ક્ષાયિક ભાવ નથી **'ત્યાં સુધી તે (જ્ઞાનગુણ) અંતર્મહૂર્તમાં વિપરિણામ...'** પામે છે. વિકારનું પરિણમન થઈ જાય છે. ધર્મીને પણ અંતરમાં સ્થિરતા નિર્વિકલ્પ હોય છે ત્યાં સુધી ભલે એને બુદ્ધિપૂર્વક (વિકલ્પ) નથી પણ જ્યાં બહાર આવ્યો એટલે એના પરિણામ વિકલ્પ ને રાગમાં આવે છે. ધર્મીને પણ રાગ થાય છે. આહા..હા...! ચોથે, પાંચમે અશુભ રાગેય થાય છે. છઠ્ઠે પછી

શુભ (રાગ હોય છે).

**'અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો...'** જે સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા છે તે અંતર્મુહૂર્તમાં અંદરમાં સ્થિર રહી શકે. પછી ગુલાંટ ખાઈને અંદર રાગ-દ્વેષના પરિણામ થાય છે. એક કોર જ્ઞાનીને નિરાસ્રવ કહ્યો અને એક કોર જ્ઞાનીને હજી રાગ-દ્વેષ થાય છે એમ કહ્યું. કઈ અપેક્ષા છે જાણવું જોઈએ. **'અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો હોવાથી ફરીફરીને તેનું અન્યપણે...'** એટલે વિકારપણે **'પરિણમન થાય છે.'** જ્ઞાનીને પણ સ્વરૂપ પૂર્ણ જ્યાં સુધી નથી પામ્યો ત્યાં સુધી નીચલી દશામાં અન્યપણે એટલે વિકારપણે પરિણમન થાય છે. આહા..હા...! ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન પણ છે. છટ્ઠે રૌદ્રધ્યાન નથી. રૌદ્રધ્યાન છે એ આમ ધ્યાન છૂટી, લબ્ધરૂપે ઉપયોગ રહે, પણ ઉપયોગ જ્યાં આર્ત અને રૌદ્રધ્યાનમાં જાય છે ત્યારે અન્ય પરિણામ – વિકાર થઈ જાય છે. એની જાતના પરિણામ જે જ્ઞાતા-દૃષ્ટાના છૂટીને એનાથી વિપરીત વિકાર પરિણામ જ્ઞાનીને પણ આર્ત અને રૌદ્રધ્યાન થાય છે.

મુમુક્ષુ :– હેયબુદ્ધિએ થાય છે.

ઉત્તર :– હેયબુદ્ધિએ થાય છે. છે તો હેયબુદ્ધિ, પણ છે. અહીં તો છે એમ સિદ્ધ કરવું છે. પહેલા ના પાડી હતી કે એને નથી એ તો મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અપેક્ષાએ (કહ્યું હતું). પણ એની અસ્થિરતાના પરિણામ થાય છે તેથી તેને એટલો આસ્રવ છે. આહા..હા...!

**'તે (જ્ઞાનગુણનું જઘન્ય ભાવે પરિણમન),...'** એટલે જ્ઞાન એટલે આત્મા. એનો સ્વભાવ જઘન્ય એટલે નીચલા દરજ્જાનું પરિણમન છે. ઊંચે યથાખ્યાત જોઈએ તેવું પરિણમન નથી. અથવા ક્ષાયિકભાવનું પરિણમન નથી. ભલે સમકિત ક્ષાયિક હોય પણ ક્ષાયિક ભાવ જે ચારિત્રનો છે તે પરિણમન નથી. આહા..હા...! ક્ષાયિક સમકિતી પણ અસ્થિરતાના પરિણામને પામે છે. આહા..હા...!

ચોથે ગુણસ્થાને ક્ષાયિક સમકિત છે. 'શ્રેણિક' રાજા વગેરે. છતાં અસ્થિરતાના પરિણામમાં ઈ આવી જાય છે. આહા..હા...! મરતા ઝેર ચૂસ્યું. 'શ્રેણિક' રાજા ! ક્ષાયિક સમકિત ! સમયે સમયે તીર્થંકર ગોત્ર બાંધે છે. છતાં ઓલો 'કોણિક' મારવા આવ્યો, એ આવ્યો હતો બચાવવા, પણ એ જાણે મને મારવા આવ્યો (એમ લાગ્યું એટલે) હીરો ચૂસી લીધો, ઝેર ખાધું. આપઘાત કર્યો ! એ પરિણામ વિપરીત (છે ખરા પણ) સમકિતથી વિપરીત નથી પણ અસ્થિરતામાં વિપરીત છે. આહા..હા...! કહો ! 'શ્રેણિક' રાજા આવતી ચોવીસીમાં તીર્થંકર થવાના. હજારો રાણીઓ ! કેદમાં પૂર્યા. એને છોડાવવા જતો (હતો ત્યાં) પોતે ઝેર ખાઈને આપઘાત કર્યો. એ મિથ્યા પરિણામ(થી) સમકિતને દોષ નથી. એ પરિણામથી સમકિતને દોષ નથી, ક્ષાયિક સમકિત છે પણ ચારિત્રના દોષનું પરિણમન એને થાય છે. એટલો તો એને આસ્રવ પણ છે.

**'યથાખ્યાતચારિત્ર-અવસ્થાની નીચે...'** જોયું ? સ્થિરતાની અપેક્ષાએ અહીં વાત છે ને ! સમકિત ને દર્શન ને જ્ઞાનની અપેક્ષાએ તો વાત થઈ ગઈ. અહીં તો હવે સ્થિરતાની અપેક્ષાએ જ્ઞાનીને જઘન્ય સ્થિરતા છે. છે ? જ્ઞાનગુણનું જઘન્ય ભાવે પરિણમનની સ્થિરતા છે. **'યથાખ્યાતચારિત્ર-અવસ્થાની નીચે...'** પૂર્ણ યથાખ્યાત ચારિત્ર.. આહા..હા...! એની નીચે **'અવશ્યંભાવી...'** જરૂર. **'રાગનો સદ્‌ભાવ હોવાથી,...'** લ્યો ! **'બંધનું કારણ જ છે.'** ત્યાંય 'જ' મૂક્યો. આ..હા...! અસ્થિરતાની અપેક્ષાએ બંધ જ છે. દૃષ્ટિ અને જ્ઞાનની અપેક્ષાએ એને બંધ નથી. એ જાતના વિપરીત પરિણામ નથી એમ કહે છે. આ..હા...! કઈ અપેક્ષાએ ત્યાં કહ્યું એની ખબર (હોવી જોઈએ).

**'યથાખ્યાતચારિત્ર-અવસ્થાની નીચે...'** એકદમ વીતરાગ અવસ્થા ! યથાખ્યાત એટલે જેવી એની શાંતિ અને ચારિત્રની સ્થિરતાનો સ્વભાવ છે એવો જ સ્થિરતાનો સ્વભાવ પૂર્ણ પ્રગટે નહિ ત્યાં સુધી જરૂર **'રાગનો સદ્‌ભાવ હોવાથી, બંધનું કારણ જ છે.'** દસમા ગુણસ્થાન સુધી બંધનું કારણ છે. યથાખ્યાતચારિત્ર પહેલા કીધું ને ! અગિયાર અને બાર ગુણસ્થાન પહેલા પણ બંધનું કારણ છે. એક કોર ચોથે ગુણસ્થાને (આસ્રવ નથી એમ કહ્યું). કઈ અપેક્ષાએ કહ્યું ? મિથ્યાત્વ અને અનંતાનુબંધી સમ્યક્ અને સ્થિરતા – સ્વરૂપાચરણ થઈ એને લઈને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો જે બંધ હતો, આસ્રવ (હતો) એ નથી. જરૂર નથી, એમ પાછું. એ એને જરૂર નથી. નિરાસ્રવી છે એ અપેક્ષાએ. પણ સ્થિરતાની અપેક્ષાએ પૂર્ણ સ્થિરતા નથી, સ્થિરતા જઘન્ય છે એ કારણે એને રાગ-દ્વેષના પરિણામ થાય છે. આહા..હા...! (રાગનો) સદ્‌ભાવ **'બંધનું કારણ જ છે.'** આહા..હા...!

**ભાવાર્થ :– 'ક્ષાયોપશમિક જ્ઞાન એક જ્ઞેય પર અંતર્મુહૂર્ત જ થંભે છે,...'** એટલે શું કહે છે ? અંતર ધ્યાનમાં અંદર જ્ઞાયક સ્વરૂપને પકડીને સ્થિર રહે છે એ અંતર્મુહૂર્ત જ રહી શકે. ચિદાનંદ અખંડ જ્ઞાયકભાવ, એના ધ્યાનમાં રહે તો એ અંતર્મુહૂર્ત રહી શકે, વધારે રહી શકે નહિ. એ **'જ્ઞાન એક જ્ઞેય પર અંતર્મુહૂર્ત જ થંભે છે,...'** પછી જરૂર **'અન્ય જ્ઞેયને અવલંબે છે;...'** સ્વજ્ઞેયને છોડી પરજ્ઞેયને અવલંબે છે. આહા..હા...!

**'સ્વરૂપમાં પણ તે અંતર્મુહૂર્ત જ ટકી શકે છે.'** સ્વરૂપમાં વધારે રહી શકતો નથી. આહા..હા...! અંતરમાં ધ્યાનમાં સમકિત, જ્ઞાન થાય છે એ ધ્યાનમાં થાય છે. પણ એ ધ્યાન અંતર્મુહૂર્ત જ રહે છે. પછી પણ ધ્યાન થાય એ પણ અંતર્મુહૂર્ત જ રહે. અંતર્મુહૂર્તના તો ઘણા અસંખ્ય પ્રકાર છે. **'પછી વિપરિણામ પામે છે.'** સમકિતી પણ, જ્ઞાની પણ અંતર્મુહૂર્ત સ્વરૂપમાં સ્વજ્ઞેયમાં રમે પછી એને પરજ્ઞેયનું અવલંબન થાય (ત્યારે) જરૂર તે રાગને પામે. આહા..હા...! 'કુંદકુંદાચાર્યદેવે' કહ્યું ને ! 'परदव्वादो दुग्गई' સ્વદ્રવ્યનું અવલંબન છૂટીને જેટલું પરદ્રવ્યનું અવલંબન જાય પછી તીર્થંકર અને ત્રણલોકના નાથનું અવલંબન રાગ અને બંધનું કારણ છે. આહા..હા...!

સ્વદ્રવ્યમાં તો અંતર્મુહૂર્ત જ ધ્યાનમાં રહી શકે છે. પછી એને પરદ્રવ્યનું અવલંબન, પરજ્ઞેયનું (અવલંબન) આવે છે, **'વિપરિણામ પામે છે.'** આહા..હા...! એટલે ? વિકાર પરિણામ જે સ્વભાવથી વિરુદ્ધ છે તેને એ પામે છે. આહા..હા...! અશુભ ભાવ પણ પામે છે. જ્ઞાની અશુભ ભાવ.. આહા..હા...! એને પામે છે. 'બાહુબલી' ને 'ભરત' બેય સમકિતી. એકબીજાએ ચક્ર માર્યું. એ અસ્થિરતાનો રાગ છે, ચારિત્રનો દોષ છે. આહા..હા...! સમકિતની અપેક્ષાએ અબંધ છે પણ અસ્થિરતાની અપેક્ષાએ હજી બંધ છે. સ્થિરતા પૂરી થઈ નથી. આહા..હા...! આમાં એકાંત તાણે, સમકિતીને બંધ જ નથી, એને દુઃખ જ નથી. (રાગ) બાકી છે. દસમે ગુણસ્થાને છ કર્મ બાંધે, દસમે ! તેથી યથાખ્યાત પહેલા કીધું ને ! દસમે ગુણસ્થાને પણ એક મોહનીય અને આયુષ્ય વિના છ કર્મને બાંધે છે. રાગ છે ને, રાગ ! આહા..હા...!

એક કોર સમ્યગ્દર્શન થતાં તે સંબંધીના વિપરીત પરિણામ નથી તેથી તેનું બંધન એને આસ્રવ નથી પણ અસ્થિરતાના અપેક્ષાએ જઘન્ય સ્થિરતા છે, પૂરી સ્થિરતા નથી તેથી તે વિપરિણામ – વિકારમાં આવી જાય છે. વિકારને લઈને બંધન પણ છે. આહા..હા...!

**'માટે એમ અનુમાન પણ થઈ શકે છે...'** માટે એમ અનુમાન પણ થઈ શકે છે **'કે સમ્યગ્દષ્ટિ આત્મા સવિકલ્પ દશામાં હો કે નિર્વિકલ્પ અનુભવદશામાં હો...'** આહા..હા...! જોયું ? ચાહે તો વિકલ્પ આવે, રાગ આવે એમાં હો કે ચાહે તો નિર્વિકલ્પ દશા ધ્યાનમાં હો. આહા..હા...! જોયું ? ભલે નિર્વિકલ્પ દશા ધ્યાનમાં હો, ચોથે, પાંચમે, છઠ્ઠે (હો). **'યથાખ્યાતચારિત્ર-અવસ્થા થયા પહેલાં...'** આ..હા..હા...! સ્થિરતા પૂર્ણ જામ્યા પહેલા. વીતરાગતા ! પર્યાયમાં સ્થિરતાની વીતરાગતા થયા વિના... આહા..હા...! દૃષ્ટિ છે એ વીતરાગ છે, જ્ઞાને વીતરાગ છે પણ સ્થિરતામાં વીતરાગતા નથી એમ કહે છે. પાછું એમ અહીં લઈ જાય કે, દૃષ્ટિ તે રાગી છે. એમ નથી. દૃષ્ટિ તો સમ્યક્ વીતરાગ છે. જ્ઞાન પણ પ્રગટ્યું તે વીતરાગી જ્ઞાન છે. આહા..હા...! સ્વરૂપની સ્થિરતા પ્રગટી છે એ પણ વીતરાગી છે, પણ જઘન્ય સ્થિરતા છે. જે ચારિત્રની સ્થિરતા યથાખ્યાત (હોવી જોઈએ એ નથી). એના અભાવને લઈને અનુમાન થઈ શકે છે કે સમ્યગ્દષ્ટિ આત્મા નિર્વિકલ્પ ધ્યાનમાં હો તોપણ કર્મબંધન કરે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

નિર્વિકલ્પ ધ્યાનમાં હોય, જ્ઞાતા-જ્ઞેય(ના ભેદ) ભૂલી જાય, એકલું ધ્યેય રહે. 'છ ઢાળા'માં આવે છે ને ! જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય ભૂલી જાય, એકલો જ્ઞાનનો અનુભવ ચોથે, પાંચમે આદિ (રહે). છતાં તે કાળે પણ એને અસ્થિરતા ઊઠી છે માટે તે કાળે પણ આસ્રવ છે, બંધ છે. આહા..હા...!

મુમુક્ષુ :– નિર્જરા તે કાળે નથી ?

ઉત્તર :– નિર્જરા છે પણ સાથે બંધ છે ને ! નિર્જરા થોડી છે. કીધું ને, સંવર ને નિર્જરા થોડો છે. સ્થિરતા થોડી છે એનો અર્થ શું ? એને અસ્થિરતા છે અને સ્થિરતા

ઓછી છે. સ્થિરતા ઓછી છે એટલે કે એટલો સંવર અને નિર્જરાનો ભાવ હજી નથી. ઉગ્ર સંવર જે જોઈએ તે ભાવ નથી. આહા..હા...!

અહીં તો સમકિતી નિર્વિકલ્પ ધ્યાનમાં હોય ત્યારે પણ એને કર્મબંધન તો છે. કેમકે સ્થિરતા પૂર્ણ ક્યાં છે ? સ્વરૂપનું આચરણ આદિ સ્થિરતા ભલે ત્યાં આવી. પણ સ્થિરતા પૂર્ણ નથી માટે તેને બંધન છે. ધ્યાનમાં બેઠેલા જીવને પણ, ચોથા-પાંચમાવાળાને બંધન છે, અસ્થિરતાનું બંધન છે. આહા..હા...!

જુઓ ! શું કીધું ? **'સમ્યગ્દષ્ટિ આત્મા સવિકલ્પ દશામાં હો...'** ચાહે તો રાગના બાહ્ય ઉપયોગમાં હો કે **'નિર્વિકલ્પ...'** દશામાં હો. આત્માની અંદર ધ્યાનમાં હો. આહા..હા...! **'યથાખ્યાતચારિત્ર-અવસ્થા થયા પહેલાં તેને જરૂર રાગભાવનો સદ્ભાવ હોય છે;...'** નિર્વિકલ્પ ધ્યાન ચોથે-પાંચમે હોય છે. બાકી સાતમે હોય છે. પછી છઠ્ઠે રાગ આવ્યો કે ચોથે-પાંચમે પણ રાગ આવ્યો એ નિશ્ચય જરૂર બંધનું કારણ (છે). એ આસ્રવ છે. આહા..હા...! દર્શન, જ્ઞાન થયું છતાં હજી જ્ઞાન પણ પૂર્ણ ક્યાં છે ? કેવળજ્ઞાન (ક્યાં છે) ? ભલે ક્ષાયિક સમકિત થયું પણ જ્ઞાન પૂર્ણ નથી. દર્શન પૂર્ણ થઈ ગયું છે અને સ્થિરતા પૂર્ણ નથી, સ્થિરતા ઓછી છે. એટલી અસ્થિરતા નિર્વિકલ્પ ધ્યાનકાળમાં પણ.. આહા..હા...! ચોથે ગુણસ્થાને નિર્વિકલ્પ ધ્યાનમાં પણ હજી ત્રણ કષાયના ભાવનો રાગ છે. નિર્વિકલ્પ ધ્યાન વખતે પણ ! આ..હા...! આવુ બધું લાંબુ. જ્યાં આત્મા જ્ઞાતા-જ્ઞેય ને જ્ઞાન એવા ભેદ ભૂલીને ચોથે-પાંચમે ધ્યાનમાં છે એને પણ સ્થિરતા ઓછી છે માટે એને આસ્રવ ને બંધ છે. આહા..હા...! છે ?

નિર્વિકલ્પ અને સવિકલ્પ દશામાં પણ **'યથાખ્યાતચારિત્ર-અવસ્થા થયા પહેલાં તેને અવશ્ય (જરૂર) રાગભાવનો સદ્ભાવ હોય છે;...'** ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને નિર્વિકલ્પ ધ્યાન છે, આવે છે. એ વખતે તો ધ્યાન-ધ્યાતા-ધ્યેયના ત્રણ ભેદ પણ ભૂલી જાય છે. છતાં નીચલા દરજ્જામાં તે કાળે પણ ત્રણ કષાયનો રાગ છે. આહા..હા...! બે વાત લીધી. નિર્વિકલ્પ, સવિકલ્પ બે વાત લીધી. એકલા સવિકલ્પમાં રાગાદિ છે એમ નહિ. આહા..હા...! ચોથે-પાંચમે કે છઠ્ઠે, નિર્વિકલ્પ છઠ્ઠે નથી, સાતમે થઈ જાય છે, અહીં ચોથે-પાંચમે નિર્વિકલ્પતા આવી જાય છે છતાં તે કાળમાં પણ ચોથે ત્રણ કષાયનો ભાવ છે, પાંચમે બે કષાયનો ભાવ છે. આહા..હા...! અરે...! સાતમે પણ ધ્યાનમાં આવી જાય તોય એક કષાયનો ભાવ હજી છે. છે ને ? અસ્થિરતા, યથાખ્યાત સ્થિરતા પહેલાની વાત લીધી છે ને ? પૂર્ણ યથાખ્યાત નથી ત્યાં સુધી સાતમે પણ નિર્વિકલ્પ ધ્યાનમાં હોય તેને પણ રાગ છે, બંધન પણ છે. આહા..હા...!

એક બાજુ સમકિતીને આસ્રવ ને બંધ નથી, એક બાજુ સાતમે ગુણસ્થાને નિર્વિકલ્પ ધ્યાનમાં પણ રાગ અને બંધન છે. કઈ અપેક્ષા કીધી ? આ..હા..હા...! આઠમે પણ નિર્વિકલ્પ ધ્યાનમાં હજી રાગ છે. ભલે નિર્વિકલ્પ છે, પણ રાગ છે એટલું બંધન છે. નવમે પણ એટલું

છે, દસમે પણ એમ છે. આહા..હા...! અરે...! ગુણસ્થાનની પણ ખબર ન મળે કે, કયું ગુણસ્થાન (ક્યારે હોય) ? કયા ગુણસ્થાનમાં કેટલો આસ્રવ અને કયા ગુણસ્થાનમાં કેટલું બંધન નહિ, એને આ સમજવું કઠણ પડે.

**'સવિકલ્પ દશામાં હો કે નિર્વિકલ્પ...'** દશામાં હો, રાગ થાય છે તે ધર્મી જ્ઞાનના જ્ઞેય તરીકે જાણે છે. છતાં **'અવશ્ય રાગભાવનો સદ્ભાવ હોય છે;...'** આહા..હા...! ચોથે, પાંચમે, સાતમે, આઠમે, નવમે નિર્વિકલ્પ ધ્યાન છે છતાં હજી એના ગુણસ્થાન પ્રમાણમાં જે રાગ ગયો એટલો નથી, પણ હજી બાકી છે. એટલો યથાખ્યાત પહેલા રાગ છે. આહા..હા...! **'રાગ હોવાથી બંધ પણ થાય છે.'** દસમે બંધ થાય છે. દસમે ગુણસ્થાને ! તેથી યથાખ્યાત લીધું છે ને ! યથાખ્યાત અગિયાર ને બારમે હોય.

**'માટે જ્ઞાનગુણના જઘન્ય ભાવને બંધનો હેતુ કહેવામાં આવ્યો છે.'** શું કીધું ? **'માટે જ્ઞાનગુણના જઘન્યભાવ...'** (એટલે) અસ્થિરતા. આત્મભાવમાં સ્થિરતા થોડી છે, એમ. એ **'જ્ઞાનગુણના જઘન્ય ભાવને બંધનો હેતુ કહેવામાં આવ્યો છે.'** સ્થિરતાની જઘન્ય સ્થિતિ ઓછી છે ઈ અપેક્ષાએ. જે ગુણ છે, નિર્મળ છે એ તો બંધનું કારણ નથી. જેટલી અંદર અસ્થિરતા અને રાગ-દ્વેષ છે એવો જ્ઞાનગુણના જઘન્ય ભાવને **'બંધનો હેતુ કહેવામાં આવ્યો છે.'** આહા..હા...!

## ગાથા–૧૭૨

एवं सति कथं ज्ञानी निरास्रव इति चेत् -

दंसणणाणचरित्तं जं परिणमदे जहण्णभावेण।
णाणी तेण दु बज्झदि पोग्गलकम्मेण विविहेण।।१७२।।

दर्शनज्ञानचारित्रं यत्परिणमते जघन्यभावेन।
ज्ञानी तेन तु बध्यते पुद्गलकर्मणा विविधेन।।१७२।।

---

यो हि ज्ञानी स बुद्धिपूर्वकरागद्वेषमोहरूपास्त्रवभावाभावात् निरास्त्रव एव। किन्तु सोऽपि यावज्ज्ञानं सर्वोत्कृष्टभावेन द्रष्टुं ज्ञातुमनुचरितुं वाऽशक्तः सन् जघन्यभावेनैव ज्ञानं पश्यति जानात्यनुचरति च तावत्तस्यापि, जघन्यभावान्यथानुपपत्त्याऽनुमीयमानाबुद्धिपूर्वककलङ्कविपाक-सद्भावात्, पुद्गलकर्मबन्धः स्यात्। अतस्तावज्ज्ञानं द्रष्टव्यं ज्ञातव्यमनुचरितव्यं च यावज्ज्ञानस्य यावान् पूर्णो भावस्तावान् दृष्टो ज्ञातोऽनुचरितश्च सम्यग्भवति। ततः साक्षात् ज्ञानीभूतः सर्वथा निरास्त्रव एव स्यात्।

હવે વળી ફરી પૂછે છે કે – જો આમ છે (અર્થાત્ જ્ઞાનગુણનો જઘન્ય ભાવ બંધનું કારણ છે) તો પછી જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે ? તેના ઉત્તરની ગાથા કહે છે :–

**ચારિત્ર, દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,**
**તેથી જ જ્ઞાની વિવિધ પુદ્ગલકર્મથી બંધાય છે. ૧૭૨.**

ગાથાર્થ :– [यत्] કારણ કે [दर्शनज्ञानचारित्रं] દર્શન-જ્ઞાન-ચારિત્ર [जघन्यभावेन] જઘન્ય ભાવે [परिणमते] પરિણમે છે [तेन तु] તેથી [ज्ञानी] જ્ઞાની [विविधेन] અનેક પ્રકારનાં [पुद्‌गलकर्मणा] પુદ્ગલકર્મથી [बध्यते] બંધાય છે.

ટીકા :– જે ખરેખર જ્ઞાની છે તે, બુદ્ધિપૂર્વક (ઇચ્છાપૂર્વક) રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી, નિરાસ્રવ જ છે. પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે – તે જ્ઞાની જ્યાં સુધી જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને, જાણવાને અને આચરવાને અશક્ત વર્તતો થકો જઘન્ય ભાવે જ જ્ઞાનને દેખે છે, જાણે છે અને આચરે છે ત્યાં સુધી તેને પણ, જઘન્ય ભાવની અન્યથા અનુપપત્તિ વડે (અર્થાત્ જઘન્ય ભાવ અન્ય રીતે નહિ બનતો હોવાને લીધે) જેનું અનુમાન થઈ શકે છે એવા બુદ્ધિપૂર્વક કર્મકલંકના વિપાકનો સદ્‌ભાવ હોવાથી, પુદ્ગલકર્મનો બંધ થાય છે. માટે ત્યાં સુધી જ્ઞાનને દેખવું, જાણવું અને આચરવું કે જ્યાં સુધીમાં જ્ઞાનનો જેવડો પૂર્ણ ભાવ છે તેવડો દેખવામાં, જાણવામાં અને આચરવામાં બરાબર આવી જાય. ત્યારથી સાક્ષાત્ જ્ઞાની થયો થકો (આત્મા) સર્વથા નિરાસ્રવ જ હોય છે.

ભાવાર્થ :– જ્ઞાનીને બુદ્ધિપૂર્વક (અજ્ઞાનમય) રાગદ્વેષમોહનો અભાવ હોવાથી જ્ઞાની નિરાસ્રવ જ છે. પરંતુ જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે ત્યાં સુધી તે જ્ઞાની જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવ દેખી, જાણી અને આચરી શકતો નથી — જઘન્ય ભાવે દેખી, જાણી અને આચરી શકે છે; તેથી એમ જણાય છે કે તે જ્ઞાનીને હજુ અબુદ્ધિપૂર્વક કર્મકલંકનો વિપાક (અર્થાત્ ચારિત્રમોહસંબંધી રાગદ્વેષ) વિદ્યમાન છે અને તેથી તેને બંધ પણ થાય છે. માટે તેને એમ ઉપદેશ છે કે – જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી જ્ઞાનનું જ નિરંતર ધ્યાન કરવું, જ્ઞાનને જ દેખવું, જ્ઞાનને જ જાણવું અને જ્ઞાનને જ આચરવું. આ જ માર્ગે દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન વધતું જાય છે અને એમ કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે. કેવળજ્ઞાન પ્રગટે ત્યારથી આત્મા સાક્ષાત્ જ્ઞાની છે અને સર્વ પ્રકારે નિરાસ્રવ છે.

જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે ત્યાં સુધી અબુદ્ધિપૂર્વક (અર્થાત્ ચારિત્રમોહનો) રાગ હોવા છતાં, બુદ્ધિપૂર્વક રાગના અભાવની અપેક્ષાએ જ્ઞાનીને નિરાસ્રવપણું કહ્યું અને અબુદ્ધિપૂર્વક રાગનો અભાવ થતાં અને કેવળજ્ઞાન પ્રગટતાં સર્વથા નિરાસ્રવપણું કહ્યું. આ, વિવક્ષાનું વિચિત્રપણું છે. અપેક્ષાથી સમજતાં એ સર્વ કથન યથાર્થ છે.

## ગાથા ૧૭૨ ઉપર પ્રવચન

**'હવે વળી ફરી પૂછે છે કે–જો આમ છે (અર્થાત્ જ્ઞાનગુણનો જઘન્ય ભાવ બંધનું કારણ છે) તો પછી જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે ?'** એક કોર તમે નિરાસ્રવ કહો અને એક કોર જ્ઞાનની સ્થિરતાની જઘન્યતામાં આસ્રવ કહો (એ કઈ રીતે ?) તેનો ઉત્તર.

**दंसणणाणचरित्तं जं परिणमदे जहण्णभावेण।**
**णाणी तेण दु बज्झदि पोग्गलकम्मेण विविहेण।।१७२।।**

**ચારિત્ર, દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,**
**તેથી જ જ્ઞાની વિવિધ પુદ્‌ગલકર્મથી બંધાય છે. ૧૭૨.**

આહા..હા...! ત્રણેને લીધા. ટીકા :– **'જે ખરેખર જ્ઞાની છે તે, બુદ્ધિપૂર્વક (ઇચ્છાપૂર્વક) રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી,...'** બુદ્ધિ એટલે રુચિ. આહા..હા...! ઇચ્છાપૂર્વક, રુચિપૂર્વક એને રાગ-દ્વેષ નથી. રાગ-દ્વેષની રુચિ એને નથી. ધર્મીને રાગ-દ્વેષની રુચિનો અભાવ છે. બુદ્ધિપૂર્વક અને ઇચ્છાપૂર્વક **'રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી, નિરાસ્રવ જ છે. પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે–તે જ્ઞાની જ્યાં સુધી જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવે...'** આ..હા..હા...! જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવે દેખે, સર્વોત્કૃષ્ટ ભાવે જાણે અને સર્વોત્કૃષ્ટ ભાવે **'આચરવાને અશક્ત વર્તતો થકો...'** આહા..હા...!

મુમુક્ષુ :– અહીં શુદ્ધનયની વાત છે. શુભાશુભ વગર જાણવાની વાત છે, દર્શન ઉપયોગની વાત છે ?

ઉત્તર :– ઉપયોગ નહિ. દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણે. સમકિત છે પણ હજી નીચે છે ને ! ઓલી મૂળ જે પરમઅવગાઢ (દશા જોઈએ) એ નથી. આમ સમકિત બંધનું કારણ તો છે જ નહિ. પણ અહીં તો એનું જ્ઞાન અને સ્થિરતા ઓછી છે એ અપેક્ષાએ ત્રણે ઓછું છે એમ કહ્યું છે.

મુમુક્ષુ :– ત્યાં સુધી એને પરમઅવગાઢ કહેવાતું નથી.

ઉત્તર :– છે ને, પરમઅવગાઢ નથી. સમકિત છે, પણ પરમઅવગાઢ પૂર્ણ જે કેવળીને (યોગ્ય) જોઈએ તે નથી. આહા..હા...! વિશેષ કહેવાશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૪૯ ગાથા-૧૭૨, શ્લોક-૧૧૬ રવિવાર, જેઠ સુદ ૧૪, તા. ૧૦-૦૬-૧૯૭૯

આ 'સમયસાર' ૧૭૨ ગાથા. ટીકા. શું ચાલે છે ? 'આસ્રવ અધિકાર'.

આસ્રવ – મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ આસ્રવ છે. અહીંયાં જ્ઞાનીને શેનો આસ્રવ છે ? અને કયો આસ્રવ નથી તેનો ખુલાસો કરે છે. ટીકા.

**'ખરેખર જ્ઞાની છે...'** જ્ઞાનીનો અર્થ, આત્મા પરદ્રવ્યથી તો ભિન્ન છે અને શુભ-અશુભ ભાવ, એનાથી ભિન્ન છે અને વર્તમાન જે એક સમયની પર્યાય છે તેની દૃષ્ટિ જ્યારે અભેદ ઉપર જાય છે, જ્યાં ગુણ-ગુણીના ભેદ પણ નથી. અખંડ, અભેદ ચૈતન્ય વસ્તુ પરમાત્મ સ્વરૂપ જ આત્મા છે. એ ઉપર દૃષ્ટિ જઈને આત્માનું જ્ઞાન અને આત્માનું સમકિત દર્શન થાય છે તો તેની સાથે આત્માનો અતીન્દ્રિય સ્વાદ અનુભવમાં પણ આવે છે ત્યારે જ્ઞાની, સમકિતી કહેવામાં આવે છે. જ્ઞાની કહો કે સમ્યક્દૃષ્ટિ કહો, તેને **'ખરેખર જ્ઞાની છે તે(ને), બુદ્ધિપૂર્વક (ઇચ્છાપૂર્વક) રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો તેને અભાવ...'** છે. એને પુણ્ય-પાપના ભાવને કરવાની ઇચ્છા નથી, રુચિ નથી, રુચિ છે નહિ.

સમ્યક્દૃષ્ટિ થયો તો તેની રુચિ તો આત્મા અતીન્દ્રિય આનંદની રુચિ છે. એ આનંદને વૃદ્ધિ કરવી એવી રુચિ છે. ધર્મ – આત્મજ્ઞાન થયું, સમ્યગ્દર્શન (થયું) તો પુણ્ય-પાપના ભાવ અને મિથ્યાત્વ ભાવ, તેની ધર્મીને રુચિ નથી. આહા..હા...! ધર્મીને સમ્યગ્દર્શનમાં રુચિ પોતાનું પૂર્ણ પરમાત્મ સ્વરૂપ, એ તરફની દૃષ્ટિ છે અને એની રુચિ છે. એવા વાસ્તવિક જ્ઞાનીને બુદ્ધિપૂર્વક, રુચિપૂર્વક કે ઇચ્છાપૂર્વક રાગ-દ્વેષ-મોહના આસ્રવ ભાવનો અભાવ છે. મિથ્યાત્વ અને મિથ્યાત્વની સાથે અનંતાનુબંધીના રાગ-દ્વેષ, તેનો તો તેને અભાવ છે. ઝીણી વાત છે, ભાઈ !

તેથી **'નિરાસ્રવ જ છે.'** પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ વીતરાગ સ્વરૂપી પ્રભુ, એની દૃષ્ટિ અને અનુભવ થયો તો એ સંબંધી જ્ઞાનીને મિથ્યાત્વ અને મિથ્યાત્વ સંબંધી જે રાગ-દ્વેષ, તેને છે નહિ. એ અપેક્ષાએ (કહ્યું કે તે) **'નિરાસ્રવ જ છે.'** નિરાસ્રવ એ અપેક્ષાએ કહેવામાં આવે છે. આ..હા...!

**'પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે...'** જ્ઞાની – ધર્મી જીવ પણ, પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય પરિપૂર્ણ વીતરાગમૂર્તિ, તેનો અનુભવ દૃષ્ટિ થઈ **'તે જ્ઞાની જ્યાં સુધી જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને,...'** આત્માને સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને. જ્યાં સુધી સર્વોત્કૃષ્ટ ભાવથી દેખતો નથી. કાલે પરમઅવગાઢ શ્રદ્ધા લીધી હતી. ૧૪૪માં આવે છે ને ? જ્યાં સુધી પૂર્ણ દેખતો નથી ત્યાં સુધી, ૧૪૪માં પાઠ એવો છે. જ્યાં સુધી આત્મા પૂર્ણ સ્વરૂપ દેખતો નથી અથવા

દેખવાનો અર્થ કે શ્રદ્ધા કરતો નથી, એવો ૧૪૪માં પાઠ છે.

આ..હા...! પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ, જ્યાં સુધી દેખતો નથી અર્થાત્ શ્રદ્ધતો નથી. પાઠ તો દેખતો નથી, એમ છે. પછી અર્થકારે શ્રદ્ધા (કર્યો છે). કોઈ વાર દેખવાના અર્થમાં શ્રદ્ધા પણ આવે છે અને શ્રદ્ધાના અર્થમાં કોઈ વખતે દેખવું પણ આવે છે.

**'ત્યાં એટલું વિશેષ છે કે–તે જ્ઞાની...'** ધર્મી જીવ. આત્મજ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું, મિથ્યાત્વ ને અનંતાનુબંધી વિકારનો નાશ થયો એટલો આસ્રવ તો એને આવતો નથી. પણ જ્યાં સુધી જ્ઞામ નામ આત્માને... આહા..હા...! જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એમાં પુણ્ય અને પાપના વિકલ્પ, રાગ પણ છે નહિ. એવી ચીજને – આત્માને **'સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને,...'** ઉત્કૃષ્ટ ભાવે દેખવાને એટલે કેવળજ્ઞાન જ્યાં સુધી થતું નથી ત્યાં સુધી ઉત્કૃષ્ટ ભાવે દેખતો નથી.

**'સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને, જાણવાને અને આચરવાને અશક્ત વર્તતો થકો...'** ધર્મી જીવ સમ્યગ્દર્શન થયું તોપણ ભગવાન પૂર્ણ સ્વરૂપ છે તેને પૂર્ણ રૂપે દેખવું, જાણવું, આચરવું એ અશક્ય છે. સમકિતી જઘન્ય દશામાં છે, નીચલી દશામાં છે એ કારણે પૂર્ણ રૂપે આત્માને શ્રદ્ધવો, દેખવો, જાણવો અને આચરણ કરવાને અશક્ત છે. આ..હા...! આવી વાત છે.

**'જઘન્ય ભાવે જ જ્ઞાનને...'** એટલે આત્માને. નીચલા દરજ્જામાં ચોથે, પાંચમે આદિ ગુણસ્થાનમાં **'જઘન્ય ભાવે જ જ્ઞાનને...'** એટલે આત્માને **'દેખે છે, જાણે છે અને આચરે છે...'** આહા..હા...! ધર્મની ત્યારે શરૂઆત થાય છે કે, આત્મા નિર્વિકલ્પ વસ્તુ છે, જેમાં શુભરાગનો પણ અભાવ છે અને જેમાં વર્તમાન એક સમયની પર્યાય છે, તેનો પણ તેમાં – વસ્તુમાં અભાવ છે. એવી વસ્તુની અનુભવદૃષ્ટિ અને જ્ઞાન, આચરણ – સ્વરૂપાચરણ આનંદ આવ્યો તો એટલા પ્રકારના મિથ્યાત્વ અને અનંતાનુબંધીના આસ્રવ નથી. એ અપેક્ષાએ એને નિરાસ્રવ કહીએ. એ અપેક્ષાએ નિરાસ્રવ કહીએ. પણ જ્યાં સુધી પૂર્ણ દેખવું, જાણવું, આચરવું નથી ત્યાં સુધી પૂર્ણ નિરાસ્રવી નથી. આહા..હા...! છે ?

**'જઘન્ય ભાવે જ જ્ઞાનને દેખે છે, જાણે છે અને આચરે છે ત્યાં સુધી તેને પણ, જઘન્ય ભાવની અન્યથા અનુપપત્તિ...'** જો જઘન્ય ભાવ ન હોય તો આસ્રવભાવ ન હોય તો જઘન્ય ભાવ છે. જઘન્ય ભાવ છે તો રાગ-દ્વેષનો આસ્રવ પણ છે. જઘન્ય ભાવ ન હોય, ઉત્કૃષ્ટ ભાવ હોય તો રાગ-દ્વેષ ભાવ જ ન હોય. અસ્થિરતાના રાગ-દ્વેષ છે એ પણ ન હોય. આહા..હા...!

**'જઘન્ય ભાવની અન્યથા અનુપપત્તિ...'** (અર્થાત્) આસ્રવ ન હોય તો જઘન્ય ભાવની અન્યથા ઉત્પત્તિ, જઘન્ય ભાવની ઉત્પત્તિ જ ન દેખવામાં આવે. જો આસ્રવ બિલકુલ ન હોય તો જઘન્ય ભાવની ઉત્પત્તિ ન હોય, તો ઉત્કૃષ્ટ ભાવની ઉત્પત્તિ હોય. આહા..હા...! **'જઘન્ય ભાવની અન્યથા અનુપપત્તિ વડે (અર્થાત્ જઘન્ય ભાવ અન્ય રીતે નહિ બનતો**

**હોવાને લીધે) જેનું અનુમાન થઈ શકે છે એવા અબુદ્ધિપૂર્વક કર્મકલંકના વિપાકનો સદ્ભાવ હોવાથી,...'** આહા..હા...! ધર્મી સમ્યક્દૃષ્ટિ ક્ષાયિક સમકિત હોય તોપણ જઘન્ય ભાવ છે. ચારિત્ર અને જ્ઞાનની પૂર્ણતા નથી અને પૂર્ણ જાણવું-દેખવું નથી ત્યાં સુધી આસ્રવની સ્થિતિ છે. અન્યથા જઘન્ય ભાવરૂપ પરિણમન ન હોય. આસ્રવ જો ન હોય તો જઘન્ય ભાવની પરિણતિ ન હોત. જઘન્ય ભાવની પરિણતિ જ્યારે છે ત્યાં સુધી આસ્રવ ભાવ પણ છે. બીજો (આસ્રવ), મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નહિ. આહા..હા...!

**'એવા અબુદ્ધિપૂર્વક કર્મકલંકના વિપાકનો સદ્ભાવ હોવાથી,...'** આ..હા...! રુચિ નહિ, દૃષ્ટિ નહિ પણ પોતાની કમજોરીને (કારણે) પર્યાયમાં રાગ-દ્વેષ અસ્થિરતાના આવે છે એ કર્મકલંક વિપાકનો સદ્ભાવ છે. એ ભાવ વિકાર છે એ જ કર્મકલંક છે. જડકર્મ નહિ. જે પુણ્ય અને પાપના ભાવ આવે છે એ વિકારી કર્મ છે. એ વિકારી કર્મ છે એટલું કલંક છે. આહા..હા...! સમ્યગ્દર્શન થયું, ક્ષાયિક સમકિતી થયો, તોપણ જઘન્ય પરિણતિ નીચે છે એ જ બતાવે છે કે એને પણ હજી રાગ-દ્વેષના પરિણામ આસ્રવ ઉત્પન્ન થાય છે. એટલું કર્મ કલંક છે. આહા..હા...! સમજાય છે ? ઝીણી વાત છે, ભાઈ ! 'સમયસાર' 'આસ્રવ અધિકાર' છે. બપોરે 'પ્રવચનસાર' (ચાલે છે).

**'પુદ્ગલકર્મનો બંધ થાય છે.'** ધર્મી જીવને સમ્યક્દૃષ્ટિને પણ નીચલા દરજ્જામાં છે, ઊંચે દરજ્જામાં જ્ઞાન, દર્શન, ચારિત્રની ઉત્કૃષ્ટ દશા છે નહિ ત્યાં સુધી કર્મ કલંકનો સદ્ભાવ હોવાથી રાગ-દ્વેષાદિના ચારિત્રદોષના પરિણામ ઉત્પન્ન થાય છે. તેનાથી પુદ્ગલકર્મનો બંધ થાય છે. એને પુદ્ગલકર્મનો બંધ થાય છે.

**'માટે ત્યાં સુધી જ્ઞાનને દેખવું,...'** ત્યાં સુધી અંદર ભગવાનઆત્માને દેખવો, ઉત્કૃષ્ટપણે શ્રદ્ધવું અને જાણવું, દેખવું અને ઠરવું. આહા..હા...! **'ત્યાં સુધી જ્ઞાનને દેખવું, જાણવું અને આચરવું કે જ્યાં સુધીમાં જ્ઞાનનો જેવડો પૂર્ણ ભાવ છે...'** આહા..હા...! આત્મા પૂર્ણ સ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ ! એનું પૂર્ણ આચરણ વીતરાગ ભાવ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી પૂર્ણને દેખવો. આહા..હા...! પૂર્ણને દેખવો, પૂર્ણને જાણવો અને પૂર્ણનું આચરણ કરવાનો પ્રયત્ન કરવો. સમજાય છે ?

**'અને આચરવામાં બરાબર આવી જાય.' 'ત્યાં સુધી જ્ઞાનને દેખવું,...'** આહા..હા...! જ્યાં સુધી પૂર્ણ આત્માનું આચરણ, જ્ઞાન – કેવળજ્ઞાનાદિ ન હો ત્યાં સુધી **'જ્ઞાનનો જેવડો પૂર્ણ ભાવ છે તેવડો દેખવામાં, જાણવામાં અને આચરવામાં બરાબર આવી જાય. ત્યારથી સાક્ષાત્ જ્ઞાની થયો થકો...'** ત્યારે સાક્ષાત્ જ્ઞાની (થયો). પહેલા નિરાસ્રવ તો કહ્યું પણ ચોથે, પાંચમે ગુણસ્થાને તેની હદ પ્રમાણે નિરાસ્રવ હતો. પણ સાક્ષાત્ નિરાસ્રવ... આ..હા..હા...! આત્માને પૂર્ણ જાણવો, દેખવો અને આચરવું થઈ જાય ત્યારે સાક્ષાત્ નિરાસ્રવ થાય છે. આહા..હા...!

મુમુક્ષુ :– તેરમા ગુણસ્થાનમાં સાક્ષાત થાય છે.

ઉત્તર :– ઈ આ તેરમે કેવળજ્ઞાન પૂર્ણ દશા થઈ ગઈ, ખલાસ ! આહા..હા...!

એટલે જઘન્ય દશામાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો આસ્રવ નથી એ અપેક્ષાએ નિરાસ્રવ કહ્યો. પણ પૂર્ણ દશા જ્યાં સુધી પ્રગટ ન થાય ત્યાં સુધી ધર્મીને પણ રાગ-દ્વેષના ચારિત્રદોષના પરિણામ કલંક છે તો એટલો પુદ્ગલનો બંધ પણ છે. આહા..હા...! તો જ્યાં સુધી પૂર્ણ સ્વરૂપ દેખવામાં, જાણવામાં, આચરવામાં ન આવે ત્યાં સુધી પૂર્ણ આસ્રવ રહિત નથી. જ્યારે પૂર્ણ થઈ ગયો તો પૂર્ણ આસ્રવ રહિત છે. અપેક્ષાથી વાત કરી છે. પહેલા નિરાસ્રવ કહ્યું હતું વળી કહે છે કે, પૂર્ણ હોય ત્યારે નિરાસ્રવ થાય. સમજાય છે ?

જેને હજી મિથ્યાત્વ, રાગ, દયા, દાન, ભક્તિ, વ્રત, તપ એ પુણ્ય ભાવ છે, એ ધર્મ છે અને ધર્મનું કારણ છે એમ જ્યાં સુધી માને છે ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! કારણ કે રાગ એ સમ્યગ્દર્શનનું કારણ નથી. સમ્યગ્દર્શનનું કારણ તો પૂર્ણ પરમાત્મ સ્વરૂપ પોતાનો પૂર્ણ દ્રવ્ય સ્વભાવ (છે) એ જ સમ્યગ્દર્શનનું કારણ છે. આહા..હા...! અને એ સમ્યગ્દર્શનની પ્રથમ દશા, એમ કે આપણે આ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા કરીએ તો એ સમ્યગ્દર્શન થશે (એમ માને છે) ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! આવો માર્ગ છે. અને જ્યાં સુધી પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદનું આચરણ ન હોય ત્યાં સુધી પણ તેને કર્મકલંકનો સદ્ભાવ છે અને બંધ પણ છે. આહા..હા...! છે કે નહિ ? બેય અપેક્ષા લીધી.

આ..હા...! **'ત્યારથી સાક્ષાત્ જ્ઞાની...'** સાક્ષાત્ નામ કેવળજ્ઞાની. **'થયો થકો (આત્મા) સર્વથા નિરાસ્રવ જ હોય છે.'** તેને બિલકુલ આસ્રવ છે નહિ. આહા..હા...!

**ભાવાર્થ :– 'જ્ઞાનીને બુદ્ધિપૂર્વક (અજ્ઞાનમય) રાગદ્વેષમોહનો અભાવ હોવાથી...'** ધર્મી એને કહીએ કે, જેને આત્મા પૂર્ણાનંદ અને શુદ્ધ ચૈતન્યઘન, એનો અનુભવ અને દૃષ્ટિ અને સ્વરૂપમાં આચરણ થોડું થયું છે, ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ પણ થયું છે... આહા..હા...! એ **'જ્ઞાનીને (અજ્ઞાનમય) રાગદ્વેષમોહનો અભાવ હોવાથી...'** એને બુદ્ધિપૂર્વક અજ્ઞાનમય રાગ કરવા લાયક છે અને રાગ ધર્મનું કારણ છે એવી મિથ્યબુદ્ધિનો તો નાશ થયો છે. સમજાણું ? એવા **'(અજ્ઞાનમય) રાગદ્વેષમોહનો અભાવ હોવાથી જ્ઞાની નિરાસ્રવ જ છે.'** અહીંયાં પણ **'જ'** કહ્યું. **'નિરાસ્રવ જ છે.'** કહો, ઠીક ! આ અપેક્ષાએ. આહા..હા...!

'ભરત' ચક્રવર્તી સમકિતી હતા, 'શ્રેણિક' રાજા ક્ષાયિક સમકિતી હતા. 'ભરત' પણ ક્ષાયિક સમકિત. તો સમકિત છે ત્યાં આત્માનો અનુભવ થાય છે અને એમાં અતીન્દ્રિય આનંદનું આચરણ હોવાથી અતીન્દ્રિય આનંદનું વ્યક્ત અંશે વેદન થાય છે. આહા..હા...! એ અપેક્ષાએ અજ્ઞાનમય રાગ-દ્વેષ-મોહ તો એને છે જ નહિ. સમજાણું ? એ અપેક્ષાએ તો નિરાસ્રવ જ છે. આહા..હા...!

આ..હા...! **'પરંતુ જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે...'** જ્ઞાનની દશા ક્ષયોપશમ છે, હિણી છે **'ત્યાં સુધી તે જ્ઞાની જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવે દેખી,...'** શકતો નથી. પોતાના સ્વરૂપને સર્વોત્કૃષ્ટ ભાવે તો દેખી શકતો નથી અને ન જાણી શકે છે અને ન આચરણ કરી શકે છે. આહા..હા...! પરંતુ **'જઘન્ય ભાવે દેખી,...'** શકે છે. આહા..હા...! નીચલા દરજ્જામાં... જઘન્ય ભાવ આવે છે ને ? હિન્દી, હિન્દીમાં જઘન્ય કહે છે ને ? નીચલો દરજ્જો. આ..હા...! ચોથે, પાંચમે, છટ્ઠે આદિ જઘન્ય ભાવ છે. સાચું ગુણસ્થાન, હોં ! ચોથે, પાંચમે, છટ્ઠે. જે કોઈ પુણ્યની ક્રિયા ને દેહ-ક્રિયા હું કરી શકું છું, શરીરની આ ક્રિયા હું કરી શકું છું, હું પરની દયા પાળી શકું છું અને દયા પાળવાનો ભાવ થયો એ ધર્મ છે એમ જ્યાં સુધી માને છે ત્યાં સુધી તો મિથ્યાદષ્ટિ છે. આહા..હા...! કેમકે પરની દયા પાળવાનો ભાવ (રાગ છે). (દયા) પાળી શકતો નથી, ભાવ થાય છે એ રાગ છે. પરદ્રવ્ય તરફનું લક્ષ છે, રાગ છે. રાગ છે તો એ સ્વરૂપની હિંસા છે. સ્વરૂપની હિંસા થાય છે. આહા..હા...! અહીં (લોકો કહે) દયા એ ધર્મ છે. ઈ તો આત્માની દયા. પૂર્ણાનંદનો નાથ જેવું એનું જીવન છે, જેવી ચીજ છે એવી પ્રતીતિમાં જ્ઞાન અને અનુભવમાં લેવી એ આત્માની દયા છે. આહા..હા...! એ આત્માની અહિંસા છે. પરને ન મારવો એ કોઈ અહિંસા નથી. પરની દયા એ કાંઈ પરમાર્થ-અહિંસા નથી. આહા..હા...!

જેટલે અંશે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે એટલા અંશે તો અબંધ પરિણામ છે પણ એ જ્ઞાનીને પણ, 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં કહ્યું, જેટલા અંશમાં રાગ-દ્વેષનો અંશ આવે છે એટલું આસ્રવનું કારણ છે, નવા કર્મનું કારણ છે. આહા..હા...!

**'તેથી એમ જણાય છે કે...'** એ કારણે એમ જણાય છે કે, **'તે જ્ઞાનીને હજુ અબુદ્ધિપૂર્વક...'** રુચિપૂર્વક નહિ. અરુચિપૂર્વક. **'કર્મકલંકનો વિપાક (અર્થાત્ ચારિત્રમોહસંબંધી રાગદ્વેષ) વિદ્યમાન છે...'** આહા..હા...! 'આસ્રવ અધિકાર' છે ને !**'અને તેથી તેને બંધ પણ થાય છે.'** પહેલા કહ્યું હતું કે, સમ્યક્દષ્ટિ નિરાસ્રવી નિર્બંધ છે. એ મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અપેક્ષાએ કહ્યું હતું. અહીંયાં તો બેય – આસ્રવ અને બંધ બેય છે. આહા..હા...!

જેટલા અંશે પોતાના સ્વરૂપમાં નિર્મળ દષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા છે એટલો તો અબંધ ભાવ છે અને જેટલા અંશે અંદરમાં રાગ આવ્યો, એટલા અંશમાં આસ્રવ છે અને એટલા અંશમાં એ બંધ પણ છે. આહા..હા...! આવી ઝીણી વાતું હવે.

**'માટે તેને એમ ઉપદેશ છે...'** સમકિતીને ! **'માટે તેને એમ ઉપદેશ છે કે–જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે...'** આ..હા..હા...! સમકિતીને ઉપદેશ છે એમ કહે છે. આહા..હા...! પ્રભુ ! જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી રાગ છે અને રાગ છે તો એટલો બંધ પણ છે. માટે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ભગવાનને દેખવો, જાણવો અને આચરણ કરવું. આહા..હા...! એ આચરણનો અર્થ અહીંયાં રાગ કરવો એ આચરણ નહિ.

સ્વરૂપ આનંદસ્વરૂપમાં આચરણ કરવું, લીન (થવું). ભગવાન આનંદ, અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ ! એની પ્રતીતિ, એનું જ્ઞાન અને એમાં આચરણ – રમવું. અતીન્દ્રિય આનંદમાં રમવું એ આચરણ કહેવામાં આવે છે. બાકી વ્રત ને તપ ને ભક્તિ આદિ(ના ભાવ થાય) એ આચરણ નહિ. એ તો અસદાચરણ છે. એ સત્‌આચરણ નહિ. આહા..હા...!

**'માટે તેને એમ ઉપદેશ છે કે–જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી (આત્માનું) જ્ઞાનનું જ નિરંતર ધ્યાન કરવું,...'** જ્ઞાન એટલે આત્મા. શુભ અને અશુભ ભાવનું ધ્યાન છોડી... આહા..હા...! ધર્મીને પણ આર્તધ્યાન, રૌદ્રધ્યાન ચોથે, પાંચમે હોય છે. છટ્ઠે આર્તધ્યાન હોય છે. ચોથા, પાંચમા ગુણસ્થાન સુધી રૌદ્રધ્યાન હોય છે. તો કહે છે કે, જ્યાં સુધી પૂર્ણ (સ્વરૂપ) દેખવામાં ન આવે ત્યાં સુધી સ્વરૂપનું ધ્યાન કરવું, એ રાગનું ધ્યાન છોડી દેવું. આહા..હા...!

જ્યાં સુધી પૂર્ણ દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પુરુષાર્થ સ્વભાવ તરફનો કરવો અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવું એમ કહે છે. સમકિતીને એ ઉપદેશ આપે છે. સમકિતીને તો બધી ખબર છે. એ ૧૭-૧૮ ગાથામાં આવ્યું કે, આત્મજ્ઞાન થયું, શુદ્ધ ચૈતન્યનો અનુભવ (થયો) તો શ્રદ્ધામાં એમ આવ્યું કે, આ આત્મા પવિત્ર પૂર્ણ છે અને એમાં જેટલો હું લીન થઈશ એટલો કર્મનો નાશ થશે. વ્રતાદિ ને તપાદિની ક્રિયાથી કર્મનો નાશ થશે, એ નહિ. એ બાહ્યતપ નહિ. નિશ્ચયતપ આ (છે). અંદર આનંદસ્વરૂપ ભગવાન ! 'તપંતિ ઇતિ તપ'. જેમ સોનામાં ગેરુ લગાવવાથી સોનું શોભે છે, ઓપે છે એમ ભગવાનઆત્મામાં સમ્યગ્દર્શન થયું એ ઉપરાંત સ્વરૂપમાં લીનતાનો, આનંદમાં રમવાનું ચારિત્ર અને એમાં ઉગ્ર – વિશેષ રમવું એનું નામ તપ (છે). આત્માના આનંદમાં વિશેષ રમવું એ તપ (છે). એ તપ. એ વિના આ બહારના તપ છે એ બધું લાંઘણ છે. આહા..હા...! આવો માર્ગ છે.

પહેલા નિરાસ્રવ કહ્યું પછી વળી ફરી આસ્રવ કહ્યું અને પૂર્ણ થાય ત્યારે નિરાસ્રવ થશે (એમ કહ્યું). આ..હા...! જેને ખ્યાલમાં એ વાત નથી કે, શું ચીજ છે અને સમ્યગ્દર્શન કેમ થાય છે ? આ તો વ્રત કરો ને અપવાસ કરો ને પડિમા લઈ લ્યો ને ભગવાનની ભક્તિ કરો, મંદિર બનાવો... પરની ક્રિયા કોણ કરી શકે છે ? ભાવ થાય છે તો એ શુભરાગ છે, પુણ્ય છે. એ કોઈ ધર્મ નથી. આહા..હા...!

મુમુક્ષુ :– ધર્મ માને તો વાંધો શું છે ?

ઉત્તર :– ધર્મ માને તો મિથ્યાત્વ છે. ધર્મીને શુભભાવ આવે છે પણ ધર્મ માનતા નથી. આ..હા...! સમ્યક્‌દૃષ્ટિને પણ ભગવાનની ભક્તિ, પૂજાનો ભાવ આવે છે પણ તે એને હેય માને છે, તેને દુઃખરૂપ માને છે, મારી કમજોરીથી મારામાં એ આવે છે, મને એ આદરણીય નથી. આહા..હા...!

**'માટે તેને એમ ઉપદેશ છે કે – જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે...'** આ..હા..હા...!

**'ત્યાં સુધી જ્ઞાનનું જ નિરંતર...'** નિરંતર ! આત્મા આનંદ અતીન્દ્રિય વીતરાગમૂર્તિ, તેનું નિરંતર જ્ઞાન એટલે આત્માનું ધ્યાન કરે. આહા..હા...! ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયકભાવ છે, અલ્પજ્ઞપણું છે નહિ, રાગ-દ્વેષ તો એમાં છે જ નહિ, એવા જ્ઞાયકભાવનું ધ્યાન કરવું (કે) જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી. આહા..હા...!

**'જ્ઞાનને જ દેખવું, જ્ઞાનને જ જાણવું...'** આત્માને જ જાણવો અને આત્માને જ **'આચરવું.'** આહા..હા...! **'આ જ માર્ગે દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન વધતું જાય છે...'** જુઓ ! શું કહે છે ? શુભ-અશુભ ભાવથી ભિન્ન ભગવાન તેને દેખવું, જાણવું અને આચરણ કરતા કરતા શુદ્ધિની વૃદ્ધિ થાય છે. છે ? ત્યારે **'દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન વધતું જાય છે...'** કોઈ વ્રત ને પાંચ મહાવ્રત ને પડિમા લઈને ધર્મની વૃદ્ધિ થઈ જાય છે એમ છે નહિ. આહા..હા...! એવો ભાવ આવે છે પણ એ જાણે છે કે આ હેય છે.

**'આ જ માર્ગે...'** આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એને દેખવો, જાણવો અને તેનું આચરણ કરવું. તેનાથી **'પરિણમન વધતું જાય છે...'** શુદ્ધતા વધતી જાય છે. આહા..હા...! **'અને એમ કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે.'** આમ કરતાં કરતાં (કહ્યું). વ્યવહાર કરતા કરતા કેવળજ્ઞાન પ્રગટ થાય છે એમ નહિ. આહા..હા...! બહુ આકરું કામ છે. અંદર આનંદસ્વરૂપ પ્રભુ, તેની પ્રતીતિ, જ્ઞાન થયું તોપણ અંદરમાં પૂર્ણ આત્માને દેખવું, જાણવું અને આચરણ કરવું. ત્યારે શુદ્ધિ વધતી જાય છે. અંતરમાં આચરણ કરવાથી શુદ્ધિ વધતી જાય છે. આહા..હા...!

**'અને એમ કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે.'** આહા..હા...! જ્યારે **'કેવળજ્ઞાન પ્રગટે ત્યારથી આત્મા સાક્ષાત્ જ્ઞાની છે...'** ધર્મી (છે) **'અને સર્વ પ્રકારે નિરાસ્રવ છે.'** તેને કોઈ પ્રકારનો આસ્રવ છે નહિ. ભગવાન પરમાત્મા આત્મા સર્વજ્ઞાની થયા, કેવળજ્ઞાની (થયા) એ બિલકુલ નિરાસ્રવ છે. જ્યારે **'કેવળજ્ઞાન પ્રગટે ત્યારથી આત્મા સાક્ષાત્ જ્ઞાની છે અને સર્વ પ્રકારે નિરાસ્રવ છે.'** આ..હા...!

**'જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે...'** અપૂર્ણ જ્ઞાન છે **'ત્યાં સુધી અબુદ્ધિપૂર્વક (અર્થાત્ ચારિત્રમોહનો) રાગ હોવા છતાં,...'** આહા..હા...! **'બુદ્ધિપૂર્વક રાગના અભાવની અપેક્ષાએ જ્ઞાનીને નિરાસ્રવપણું કહ્યું...'** જોયું ? આ..હા...! ખુલાસો કર્યો છે. પહેલું કહ્યું એનો ખુલાસો કર્યો. જ્યાં સુધી જ્ઞાન અલ્પ છે, સમ્યક્ છે **'ત્યાં સુધી અબુદ્ધિપૂર્વક (અર્થાત્ ચારિત્રમોહનો) રાગ હોવા છતાં,...'** ત્યાં ચારિત્રમોહનો રાગ છે. **'બુદ્ધિપૂર્વક રાગના અભાવની અપેક્ષાએ...'** રુચિપૂર્વક – દૃષ્ટિપૂર્વક રાગ કરવાની અપેક્ષાએ **'જ્ઞાનીને નિરાસ્રવપણું કહ્યું...'** છે. આહા..હા...! **'અને અબુદ્ધિપૂર્વક રાગનો અભાવ થતાં અને કેવળજ્ઞાન પ્રગટતાં સર્વથા નિરાસ્રવપણું કહ્યું.'** ત્યારે સર્વથા નિરાસ્રવ છે. આહા..હા...!

**'આ, વિવક્ષાનું વિચિત્રપણું છે.'** એમ કે, આમ કેમ કહ્યું ? કે, કથનની અપેક્ષા અનેક પ્રકારે છે. સમ્યગ્દર્શન થયું તો બંધ નથી અને આસ્રવ નથી એમ પણ કહ્યું અને સમ્યગ્દર્શન

થયા પછી પણ ચારિત્રનો દોષ છે, તો આસ્રવ અને બંધ પણ છે એમ કહ્યું અને પૂર્ણ જ્ઞાન જ્યારે થાય ત્યારે નિરાસ્રવ છે. પહેલા સમ્યક્દૃષ્ટિને નિરાસ્રવ કહ્યો, પછી કેવળજ્ઞાન થાય તો સર્વથા નિરાસ્રવ કહ્યું. વિવક્ષા છે, અપેક્ષાથી કથન છે એમ કહે છે. કઈ અપેક્ષાએ છે તે સમજવું જોઈએ. એકાંત ન તાણવું જોઈએ કે, સમ્યગ્દર્શન થયું એટલે બસ નિરાસ્રવ જ થઈ ગયો. સમ્યગ્દર્શન થયું તો મિથ્યાત્વ અને અનંતાનુબંધી પૂરતો નિરાસ્રવ છે પણ હજી ચારિત્રમોહનો દોષ છે. સ્વરૂપમાં રમવું (એવું) ચારિત્ર જ્યાં સુધી નથી (ત્યાં સુધી દોષ છે). ચારિત્રનો અર્થ એ નથી કે આ નગ્નપણું લઈ લેવું અને પંચ મહાવ્રત પાળવા એ ચારિત્ર નથી. આહા..હા...!

ચારિત્ર તો ચરવું, રમવું, જામવું. અતીન્દ્રિય આનંદનું અંદર ભોજન કરવું. આહા..હા...! અતીન્દ્રિય આનંદની ભૂમિમાંથી અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ લેવો એનું નામ ચારિત્ર છે. અરે..રે...! વ્યાખ્યાય બહુ આકરી.

**'અને અબુદ્ધિપૂર્વક રાગનો અભાવ થતાં અને કેવળજ્ઞાન પ્રગટતાં સર્વથા નિરાસ્રવપણું કહ્યું. આ, વિવક્ષાનું વિચિત્રપણું છે.'** શું કહ્યું ? કથનની અપેક્ષાની વિચિત્રતા (છે). ખુલાસો કરવો પડ્યો. આહા..હા...! કઈ અપેક્ષાએ કહ્યું છે એ કથનની વિચિત્રતા છે. જે જે પ્રકારે જ્યાં (કહ્યું હોય તે પ્રકારે સમજવું જોઈએ). 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થીજન એહ' એકાંતે (લઈ લે કે) સમ્યગ્દર્શન થયું એટલે આસ્રવ રહિત થયો એમ માની લ્યે એ પણ નહિ અને સમ્યગ્દર્શન વિના રાગ મંદ હોય અને એને આસ્રવ નથી એમ માનવું એ પણ મિથ્યાત્વ છે અને સમ્યગ્દર્શનમાં પૂર્ણ આચરણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી આસ્રવ છે અને બંધ પણ છે. એ વિવક્ષાની કથનની વિચિત્રતા છે. આહા..હા...!

**આબાળ-ગોપાળ સૌ ખરેખર જાણનારને જ જાણે છે, પણ એને જાણનારનું જોર દેખાતું નથી તેથી આ રાગ છે, આ પુસ્તક છે, આ વાણી છે માટે જ્ઞાન થાય છે એમ એનું જોર પરમાં જ જાય છે. એની શ્રદ્ધામાં પોતાના સામર્થ્યનો વિશ્વાસ જ આવતો નથી. તેથી જાણનારને જ જાણે છે એ બેસતું નથી.**

**–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ મે–૨૦૦૨**

## શ્લોક–૧૧૬

(शार्दूलविक्रीडित)

संन्यस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं
वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्तिं स्पृशन्।
उच्छिन्दन्परवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भव-
न्नात्मा नित्यनिरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा।।११६।।

---

હવે, આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

શ્લોકાર્થ :– [आत्मा यदा ज्ञानी स्यात् तदा] આત્મા જ્યારે જ્ઞાની થાય ત્યારે, [स्वयं] પોતે [निजबुद्धिपूर्वम समग्रं रागं] પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને [अनिशं] નિરંતર [संन्यस्यन्] છોડતો થકો અર્થાત્ નહિ કરતો થકો, [अबुद्धिपूर्वम्] વળી જે અબુદ્ધિપૂર્વક રાગ છે [तं अपि] તેને પણ [जेतुं] જીતવાને [वारंवारम्] વારંવાર [स्वशक्तिं स्पृशन्] (જ્ઞાનાનુભવનરૂપ) સ્વશક્તિને સ્પર્શતો થકો અને (એ રીતે) [सकलां परवृत्तिम् एव उच्छिन्दन्] સમસ્ત પરવૃત્તિને–પરપરિણતિને–ઉખેડતો [ज्ञानस्य पूर्णः भवन्] જ્ઞાનના પૂર્ણભાવરૂપ થતો થકો, [हि] ખરેખર [नित्यनिरास्रवः भवति] સદા નિરાસ્રવ છે.

ભાવાર્થ :– જ્ઞાનીએ સમસ્ત રાગને હેય જાણ્યો છે. તે રાગને મટાડવાને ઉદ્યમ કર્યા કરે છે; તેને આસ્રવભાવની ભાવનાનો અભિપ્રાય નથી; તેથી તે સદા નિરાસ્રવ જ કહેવાય છે.

પરવૃત્તિ (પરપરિણતિ) બે પ્રકારની છે – અશ્રદ્ધારૂપ અને અસ્થિરતારૂપ. જ્ઞાનીએ અશ્રદ્ધારૂપ પરવૃત્તિ છોડી છે અને અસ્થિરતારૂપ પરવૃત્તિ જીતવા માટે તે નિજ શક્તિને વારંવાર સ્પર્શે છે અર્થાત્ પરિણતિને સ્વરૂપ પ્રતિ વારંવાર વાળ્યા કરે છે. એ રીતે સકળ પરવૃત્તિને ઉખેડીને કેવળજ્ઞાન પ્રગટાવે છે.

'બુદ્ધપૂર્વક' અને 'અબુદ્ધિપૂર્વક'નો અર્થ આ પ્રમાણે છે :– જે રાગાદિપરિણામ ઇચ્છા સહિત થાય તે બુદ્ધિપૂર્વક છે અને જે રાગાદિપરિણામ ઇચ્છા વિના પરનિમિત્તની બળજોરીથી થાય તે અબુદ્ધિપૂર્વક છે. જ્ઞાનીને જે રાગાદિપરિણામ થાય છે તે બધાય અબુદ્ધિપૂર્વક જ છે; સવિકલ્પ દશામાં થતા રાગાદિપરિણામો જ્ઞાનીની જાણમાં છે તોપણ અબુદ્ધિપૂર્વક છે કારણ

**કે ઇચ્છા વિના થાય છે.**

**(રાજમલ્લજીએ આ કળશની ટીકા કરતાં ‘બુદ્ધિપૂર્વક’ અને ‘અબુદ્ધિપૂર્વક’નો આ પ્રમાણે અર્થ લીધો છે :– જે રાગાદિપરિણામ મન દ્વારા, બાહ્ય વિષયોને અવલંબીને, પ્રવર્તે છે અને જેઓ પ્રવર્તતા થકા જીવને પોતાને જણાય છે તેમ જ બીજાને પણ અનુમાનથી જણાય છે તે પરિણામો બુદ્ધિપૂર્વક છે; અને જે રાગાદિપરિણામ ઇંદ્રિયમનના વ્યાપાર સિવાય કેવળ મોહના ઉદયના નિમિત્તે થાય છે અને જીવને જણાતા નથી તે અબુદ્ધિપૂર્વક છે. આ અબુદ્ધિપૂર્વક પરિણામને પ્રત્યક્ષ જ્ઞાની જાણે છે અને તેમના અવિનાભાવી ચિહ્ન વડે તેઓ અનુમાનથી પણ જણાય છે). ૧૧૬.**

## શ્લોક ૧૧૬ ઉપર પ્રવચન

**‘હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય છે :–’** ૧૧૬ ? ‘અમૃતચંદ્રાચાર્યદેવ’(નો) શ્લોક છે, કળશ છે.

**संन्यस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं**
**वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्तिं स्पृशन्।**
**उच्छिन्दन्परवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भव-**
**न्नात्मा नित्यनिरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा। ।११६। ।**

**(आत्मा यदा ज्ञान स्यात् तदा) ‘આત્મા જ્યારે જ્ઞાની થાય...’** આહા..હા...! દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ જે છે એનાથી ભિન્ન થઈને આત્માની દૃષ્ટિ અને અનુભવ થાય છે ત્યારે જ્ઞાની થાય છે. કોઈ શાસ્ત્રનું ભણતર ઘણું કરી લીધું અને લાખો માણસને રંજન કરાવ્યું માટે જ્ઞાન છે એમ નથી. આહા..હા...! હજારો શાસ્ત્ર બનાવ્યા, વ્યાખ્યાનમાં લાખો માણસ ભેગા કર્યા એ કોઈ જ્ઞાની નથી. જ્ઞાન તો રાગથી રહિત આત્મા ચિદાનંદ પ્રભુ, એનું જ્ઞાન થાય એ જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...!

તિર્યંચ છે, તિર્યંચ. અઢી દ્વિપ બહાર અસંખ્ય તિર્યંચ છે. સમકિતી છે. પંચમ ગુણસ્થાનવાળા અસંખ્ય (તિર્યંચ) બહાર પડ્યા છે. અઢી દ્વિપ બહાર સ્વયંભૂરમણ સમુદ્રમાં મચ્છ ને કચ્છ અને દ્વિપમાં સિંહ અને વાઘ સમકિતી છે એવો શાસ્ત્રમાં પાઠ છે. આહા..હા...! ચારિત્ર નથી. અંદર સ્વરૂપનું આચરણ નથી પણ સમ્યગ્દર્શન અને પંચમ ગુણસ્થાન(વર્તી) સિંહ અને વાઘ, નાગ, મચ્છ ને કચ્છ – કાચબા... આહા..હા...! જેણે ભગવાનઆત્માને પૂર્ણાનંદ સ્વરૂપ જ્યાં અંતર દૃષ્ટિમાં અનુભવમાં લીધું, ભલે શરીર તિર્યંચનું હો, અરે...!

નારકીનું શરીર હો. સાતમી નરકમાં મિથ્યાત્વ લઈને જાય છે અને ત્યાં સમકિત પામે છે. આહા..હા...! અને નીકળે ત્યારે મિથ્યાત્વ થઈ જાય. સાતમી નરક ! આહા..હા...! એટલી શીત વેદનાની પીડા (છે), જન્મથી સોળ રોગ... આહા..હા...! તેંત્રીસ સાગરમાં પાણીનું બિંદુ નહિ, આહારનો કણ નહિ, એ દશામાં પણ જીવ સમકિત પામે છે ! આ.હા..હા...! કોઈ એમ કહે કે, અમને કંઈક ખાવા, પીવાની, સૂવાની અનુકૂળતા હોય, દીકરા-બીકરા વેપાર અનુકૂળ ચાલે, નિવૃત્તિ હોય તો નિવૃત્તિ ઠીક પડે. આહા..હા...! એ બધી કલ્પનાઓ છે. સાતમી નરકમાં એટલી પ્રતિકૂળતા (છે) છતાં દૃષ્ટિ ગુલાંટ ખાઈને, પલટો મારી સ્વભાવ તરફની દૃષ્ટિ કરીને અનુભવ કરે છે. એટલી પ્રતિકૂળતામાં સમકિત થાય છે. પ્રતિકૂળતા એ તો જ્ઞાનનું જ્ઞેય છે. આહા..હા...!

કોઈ જ્ઞેય પ્રતિકૂળ અને અનુકૂળ છે જ નહિ. જ્ઞેય તો જ્ઞાનમાં જાણવા લાયક જ્ઞેય છે. એ જ્ઞેયમાં છાપ મારી નથી કે આ પ્રતિકૂળ ને આ અનુકૂળ છે. એ તો અજ્ઞાની પ્રતિકૂળ, અનુકૂળ એવી કલ્પના કરે છે. આહા..હા...! અનુકૂળ ચીજ આ છે એ તો જ્ઞેય છે. પ્રતિકૂળ એ પણ જ્ઞેય છે. તેને અનુકૂળ-પ્રતિકૂળ કલ્પના કરવી એ મિથ્યાત્વ ભાવ છે. આહા..હા...!

એવી સાતમી નરક અને તિર્યંચના ભવ, સ્વયંભૂરમણ સમુદ્ર(માં) એક હજાર જોજનના મચ્છ સમકિતી છે. આહા..હા...! ત્રણ જ્ઞાન – મતિ, શ્રુત, અવધિ (છે). આહા..હા...! અહીંયાં મનુષ્ય હોય રાજા મોટા અબજોપતિ (હોય), કાંઈ ભાન ન મળે, ભિખારાની જેમ પૈસા લાવો, આ લાવ, આ લાવ... અંતરમાં અનંત લક્ષ્મી પડી છે, પ્રભુ ! અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત વીતરાગતા એવી અનંત શક્તિનો ભંડાર પ્રભુ ! એનો તો પ્રેમ નથી, એની તો રુચિ નથી અને ધૂળમાં રુચિ (છે). આ પૈસા પાંચ-પચીસ લાખ, કરોડ-બે કરોડ મળ્યા ત્યાં (રાજી રાજી થઈ જાય). આહા..હા...!

આહા..હા...! અંતરમાં લક્ષ્મી પડી છે, અંતર આનંદ, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રય જ્ઞાનનો સાગર પ્રભુ (બિરાજે છે). અંતર અનંત અતીન્દ્રિય ગુણનો છલોછલ ભરેલો ભગવાન છે. આહા..હા...! એની તો દૃષ્ટિ કરતો નથી અને બહારની આ ધૂળ મળી ને પૈસા મળ્યા ને કાં પૈસા પાંચ-દસ લાખ ગજરથમાં ખર્ચ્યા (તો માની લીધું કે), ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી. આહા..હા...! એ અહીં કહે છે.

**'આત્મા જ્યારે જ્ઞાની થાય ત્યારે, પોતે પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને નિરંતર છોડતો થકો...'** **'संन्यस्यन'** જુઓ ! **'संन्यस्यन'** (કહ્યું છે), લ્યો, આ ત્યાગ ! બહારના ત્યાગ તો અનંતવાર કર્યા, એ કંઈ આત્મામાં છે નહિ. બહારના ત્યાગ-ગ્રહણ તો આત્મામાં છે જ નહિ. આત્મામાં એક શક્તિ એવી છે. 'સમયસાર'(માં) પાછળ ૪૭ શક્તિ (છે એમાં) ત્યાગઉપાદાન શક્તિ (છે). પરદ્રવ્યનું ગ્રહણ અને ત્યાગથી તો પ્રભુ રહિત છે, પરનું ગ્રહણ પણ કર્યું નથી અને પરનો ત્યાગ પણ (કર્યો નથી). ત્યાગ છે જ અનાદિથી. આ તો બહારથી

થોડો ત્યાગ કરે ત્યાં ઓ..હો..હો...! (થઈ જાય). આ (ખરો) ત્યાગ છે **'संन्यस्यन'** જુઓ ! આહા..હા...!

**'પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને નિરંતર...'** **'संन्यस्यन'** નામ સન્યાસ કરે છે. આહા..હા...! એ ત્યાગ કરે છે. આહા..હા...! ધર્મી તો રુચિપૂર્વક રાગનો ત્યાગ કરે છે. રાગની રુચિ નથી. આહા..હા...! એ મિથ્યાત્વનો ત્યાગ છે, સમકિતનું ગ્રહણ છે. આહા..હા...! આવી વાતું.

**'નિરંતર...'** **'संन्यस्यन'** આ..હા..હા...! નિરંતર ત્યાગી. આહા..હા...! પરનો ત્યાગી તો અજ્ઞાની પણ નિરંતર છે જ. આહા..હા...! પરવસ્તુ શરીર, વાણી, મન, જડ કર્મ પર, એ તો આત્મામાં છે જ નહિ તો પરનો ત્યાગ તો અનાદિથી છે જ. આહા..હા...! પણ રાગની રુચિ (છોડી) અને સ્વભાવની રુચિ કરીને રાગની રુચિ છોડવી, ત્યાગ કરવી એ ખરો ત્યાગ છે. આહા..હા...! આવી કઈ જાતનો ઉપદેશ આ તે ! આ બધું વ્રત પાળો ને પડિમા લ્યો ને એક લ્યો ને બે લ્યો ને ત્રણ લ્યો ને અગિયાર લ્યો ને... અરે...! ભાઈ ! વસ્તુની ખબર વિના પડિમા કેવી ? આહા..હા...! મિથ્યાદષ્ટિને પડિમા ક્યાંથી આવી ? જેને રાગની પુણ્ય, દયા, દાનની રુચિ છે ત્યાં તો મિથ્યાત્વ છે. આહા..હા...! મિથ્યાત્વનો ત્યાગ નથી ત્યાં રાગનો ત્યાગ ક્યાંથી આવે ? અને પરનો ત્યાગ તો છે જ નહિ. આત્મા તો ત્યાગ-ગ્રહણ રહિત છે. આહા..હા...!

**'સમસ્ત બુદ્ધિપૂર્વક...'** બુદ્ધિપૂર્વક સમજાણું ? રુચિપૂર્વક. આ રાગ કરવા લાયક છે, રાગ લાભ દાયક છે, એવી બુદ્ધિપૂર્વક. (એ) છોડી દેવું. આહા..હા...! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ હો, અરે...! ત્રણલોકના નાથનું સ્મરણ હો, પ્રભુનું સ્મરણ થાય એ પણ રાગ છે. એ રાગની રુચિ છોડી દે. આહા..હા...! આહા..હા...! ભગવાન વીતરાગસ્વરૂપ અંદર છે એની રુચિ કર. અરે.. અરે...! આવી વાત છે.

**'संन्यस्यन'** છે ને પહેલો શબ્દ ? સંસ્કૃતમાં પહેલો (શબ્દ) છે. **'संन्यस्यन'** શ્લોકમાં (છે). એને ત્યાગ કહીએ. રાગની રુચિ બુદ્ધિપૂર્વક છોડવી એનું નામ ત્યાગ કહીએ. આહા..હા...! પહેલો શબ્દ છે ને ! શ્લોક.. શ્લોક(નો) પહેલો શબ્દ છે. આહા..હા...! **'છોડતો થકો અર્થાત્...'** રાગ **'નહિ કરતો થકો,...'** રુચિપૂર્વક રાગ નહિ કરતો થકો. રાગનો પ્રેમ છોડતો થકો અને પ્રેમથી રાગ નહિ કરતો થકો. આહા..હા..! અબુદ્ધિપૂર્વક રાગ છે. જ્ઞાનીને હજી અસ્થિરતાનો (રાગ છે). રુચિ નથી છતાં પુરુષાર્થની કમજોરીના કારણે અબુદ્ધિપૂર્વકનો રાગ છે. **'તેને પણ જીતવાને...'** અસ્થિરતા, અબુદ્ધિપૂર્વકનો રાગ રહ્યો **'તેને પણ જીતવાને વારંવાર...'** આહા..હા...!

**'स्वशक्तिं स्पृशन्'** **'(જ્ઞાનાનુભવનરૂપ) સ્વશક્તિ...'** એ શક્તિ, સ્વશક્તિ. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ ! એ સ્વશક્તિનું સ્પર્શન કરવું... આહા..હા...! એને અનુભવવું. આહા..હા...!

**‘स्वशक्तिं स्पृशन्’** સ્વગુણ – સ્વભાવ આનંદ, એનો અનુભવ. એ **‘સ્વશક્તિને સ્પર્શતો થકો...’** શું કહે છે ? કે, પ્રથમ સમ્યગ્દર્શન થયું, શુદ્ધ ચૈતન્યની – સ્વરૂપની સન્મખ થઈને (સમ્યગ્દર્શન થયું) એ પછી એને બુદ્ધિપૂર્વક – રુચિપૂર્વક રાગનું કરવું છૂટી ગયું, એનો સન્યાસ થઈ ગયો. પણ અબુદ્ધિપૂર્વક હજી અસ્થિરતાનો રાગ છે એને પણ છોડવા માટે આત્માના અનુભવનો સ્પર્શ કર. આહા..હા...! વીતરાગી સ્વરૂપ ભગવાનઆત્માને સ્પર્શ, એને સ્પર્શ, એને જગાડ, સ્થિરતા કર, એ સ્પર્શન છે. આહા..હા...! આવી બધી વાત. આ જાણે નિશ્ચયની વાત, વ્યવહાર ક્યાં ગયો ? વ્યવહાર ગયો વ્યવહારમાં, રાગમાં, આત્મામાં છે નહિ. આહા..હા...!

**‘અબુદ્ધિપૂર્વક રાગ છે તેને પણ જીતવાને...’** (અર્થાત્) નાશ કરવા માટે **‘વારંવાર..’** સ્વશક્તિ એટલે આત્માનો અનુભવ. સ્વ આત્માની શક્તિ એટલે આનંદ, એનું સ્પર્શન. સ્વ એટલે જ્ઞાન, પોતાની શક્તિ જ્ઞાન, તેનું સ્પર્શન. સ્વ એટલે આત્મા, એની શક્તિ એટલે વીતરાગ ભાવ, એનું સ્પર્શન. આહા..હા...!

**‘સ્વશક્તિને સ્પર્શતો થકો અને (એ રીતે)...’** **‘सकलां परवृत्तिम् एव उच्छिन्दन्’** **‘સમસ્ત પરવૃત્તિને–પરપરિણતિને–ઉખેડતો...’** ઉપદેશ તો એમ જ આવે ને ! અંદરમાં જાય છે એટલે રાગ ઉત્પન્ન થતો નથી એને ઉખેડતો થકો એમ કહેવામાં આવે છે. ભાષા તો (એમ જ હોય). રાગને ઉખેડતો થકો. રાગ, શુભ વિકલ્પ આવે છે એને પણ નાશ કરતો થકો. સ્વરૂપની દૃષ્ટિ તો રાગરહિત થઈ છે એમાં સ્થિર થઈને... આહા..હા...! આત્માનો સ્પર્શ કરી, અનુભવ કરી રાગને છોડતો – ઉખેડતો થકો.

**‘ज्ञानस्य पूर्णः भवन्’** આત્માના **‘પૂર્ણભાવરૂપ થતો થકો,...’** આત્મા પૂર્ણભાવ એટલે કેવળજ્ઞાન. યથાખ્યાત ચારિત્ર ને કેવળજ્ઞાન ને અનંત આનંદ અને અનંત વીર્ય, એવું પૂર્ણ ભવન. પૂર્ણ ભાવરૂપ થતો થકો. આહા..હા...! દ્રવ્ય સ્વભાવમાં – ગુણસ્વભાવમાં તો પૂર્ણતા છે જ, પણ એને સ્પર્શ કરતાં કરતાં, અનુભવ કરતા (કરતા), પર્યાયમાં પૂર્ણ થઈ જાય. આહા..હા...! કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ અનંત આનંદ, અનંત વીર્યાદિ. **‘જ્ઞાનના...’** એટલે આત્માના **‘પૂર્ણભાવરૂપ થતો થકો, ખરેખર...’** **‘नित्यनिरास्त्रवः भवति’** ખરેખર **‘हि’** છે ને **‘हि’**. **‘हि’** એટલે નિશ્ચય, ખરેખર. ત્યાં ઓલામાંય **‘हि’** હતું. પણ આ **‘हि’** જુદી જાતનું. આહા..હા...!

**‘ખરેખર સદા નિરાસ્રવ છે.’** પછી સદા નિરાસ્રવ છે. પહેલા નિરાસ્રવ કહ્યું હતું ત્યારે તો સમ્યગ્દર્શનની અપેક્ષાએ, અનંતાનુબંધી, મિથ્યાત્વની અપેક્ષાએ કહ્યું હતું. વિવક્ષાની વિચિત્રતાની કથનની અપેક્ષાએ (કહ્યું હતુ). અહીંયાં કહ્યું કે જ્યારે પૂર્ણ વીતરાગતા અંદર થાય, સમ્યગ્દર્શન થયા પછી પણ સ્વરૂપનો અનુભવ કરતા કરતા રાગ છૂટી જાય છે અને વીતરાગ પૂર્ણ થઈ જાય છે ત્યારે નિરાસ્રવ થાય છે. ત્યારે તેને બિલકુલ આસ્રવ હોતો

નથી. છે ?

**ભાવાર્થ :– 'જ્ઞાનીએ સમસ્ત રાગને હેય જાણ્યો છે.'** જુઓ ! ધર્મી તો કોઈપણ રાગ હોય એને હેય માને છે. ભગવાનની ભક્તિનો ભાવ આવે છે પણ માને છે હેય. આહા..હા...! **'જ્ઞાનીએ સમસ્ત રાગને હેય જાણ્યો છે. તે રાગને મટાડવાને ઉદ્યમ કર્યા કરે છે; તેને આસ્રવભાવની ભાવનાનો અભિપ્રાય નથી;...'** આસ્રવભાવના અભિપ્રાયની ભાવના નથી. આ ઠીક છે અને કરવા લાયક છે એમ નથી. **'તેથી તે સદા નિરાસ્રવ જ કહેવાય છે.'** લ્યો ! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૫૦ ગાથા–૧૭૩થી૧૭૬, શ્લોક-૧૧૬, ૧૧૭

**સોમવાર, જેઠ વદ ૧, તા. ૧૧-૦૬-૧૯૭૯**

'સમયસાર' 'આસ્રવ અધિકાર' ૧૭૨ના ભાવાર્થની નીચે છે. વિવક્ષાનું વિચિત્રતાનું લખ્યું છે ને ? ઈ કળશટીકાકારે લખ્યું નથી. આ 'હેમરાજજી'એ લખ્યું છે.

**'પરવૃત્તિ (પરપરિણતિ) બે પ્રકારની છે...'** આત્મામાં પરિણતિ, પર્યાય થાય એ બે પ્રકારની છે. એક **'અશ્રદ્ધારૂપ...'** અને એક **'અસ્થિરતારૂપ.'** એક મિથ્યાત્વરૂપ અને એક અસ્થિરતારૂપ. આત્મામાં દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે, હવે પરિણતિ, એની જે પર્યાય છે ઈ પર્યાયમાં બે પ્રકાર (છે) અનાદિથી અશ્રદ્ધારૂપ, મિથ્યાત્વરૂપ અને અસ્થિરતારૂપ.

**'જ્ઞાનીએ અશ્રદ્ધારૂપ પરવૃત્તિ છોડી છે...'** ધર્મીએ અશ્રદ્ધારૂપ નામ મિથ્યાત્વરૂપ (અર્થાત્) રાગ એ મારો છે અને રાગથી મને હિત છે, એ બુદ્ધિ જ્ઞાનીએ છોડી છે. આહા..હા...! અજ્ઞાનીને રાગ તે હિતકર છે અને રાગ તે મારી ચીજ – સ્વરૂપ છે, એનું એ અશ્રદ્ધાનું – મિથ્યાત્વનું પરિણમન છે અને અસ્થિરતાનું પણ છે. જ્ઞાની – ધર્મીને અશ્રદ્ધા એટલે મિથ્યાત્વ રૂપ પરવૃત્તિ છોડી છે. પરનું કરી શકું છું એ વાત ધર્મીએ છોડી દીધી છે. (પરનું કરી શકું છું) એ શ્રદ્ધા મિથ્યાત્વ છે. પરનું કાંઈક કરી શકું કાં દયા, દાન, વ્રત પરિણામ ધર્મ (છે) કાં ધર્મનું કારણ (છે), એવી જે મિથ્યા શ્રદ્ધા એ ધર્મીએ છોડી દીધી છે. આહા..હા...!

**'અસ્થિરતારૂપ પરવૃત્તિ જીતવા માટે...'** હવે ધર્મીને અસ્થિરતા છે. રાગ-દ્વેષની વાસના એવી ઉત્પન્ન થાય છે. આ..હા...! એને **'જીતવા માટે તે નિજ શક્તિને વારંવાર સ્પર્શે છે...'** એને રાગ-દ્વેષ ને અસ્થિરતા હોય છે પણ એને જીતવા માટે આત્માના અનુભવને વારંવાર સ્પર્શે છે. નિર્વિકલ્પ આનંદની દશાને વારંવાર સ્પર્શે છે. આહા..હા...! **'અર્થાત્ પરિણતિને સ્વરૂપ પ્રતિ વારંવાર વાળ્યા કરે છે.'** પોતાની જે પરિણતિ – પર્યાય છે એ અસ્થિરતામાં જાય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય-વાસનામાં જાય છે છતાં અંતરમાં વાળવાનો પ્રયત્ન કરે છે. સ્વરૂપ તરફ વાળવાનો પ્રયત્ન કરે છે.

**'એ રીતે સકળ પરવૃત્તિને ઉખેડીને...'** આ રીતે સકળ વિકારની (અર્થાત્) અશ્રદ્ધારૂપ અને અસ્થિરતારૂપ, બેય પરિણતિને ઉખેડીને **'કેવળજ્ઞાન પ્રગટાવે છે.'** લ્યો ! આ તો આગળ આવ્યું હતું ને કે, સમકિતી નિરાસ્રવ છે, એને બંધન નથી. એ અશ્રદ્ધાની ઉત્પાદરૂપી બંધન નથી. મિથ્યાત્વનો અને અનંતાનુબંધીનો આસ્રવ નથી. અસ્થિરતારૂપ છે પણ દૃષ્ટિનું બહુ જોર દીધું હોય તો એને એ અસ્થિરતા એની ચીજ જ નથી. એ તો જ્ઞાતાના જ્ઞેયમાં જાય છે. એમ કહીને સમકિતીને આસ્રવ અને બંધ નથી. પણ પાછો વિચાર કરતાં એને આસ્રવ અને બંધ હજી છે અને થોડો સ્થિતિ, રસ કર્મમાં બંધ પણ (પડે) છે પણ તેને ગૌણ કરીને દૃષ્ટિના જોરથી વાત કરી હોય પણ એકાંત માની લેવું કે એને બિલકુલ અસ્થિરતાના આસ્રવ, રાગાદિ છે જ નહિ અને બંધન છે જ નહિ, એમ નહિ. એ વક્તાની અપેક્ષાનું કથન છે. કઈ અપેક્ષાએ કહેવા માગે છે, એમ એણે જાણવું જોઈએ. આહા..હા...!

**'બુદ્ધિપૂર્વક' અને 'અબુદ્ધિપૂર્વક'નો અર્થ આ પ્રમાણે છે :– જે રાગાદિપરિણામ ઇચ્છા સહિત થાય તે બુદ્ધિપૂર્વક છે...'** એટલે ? જે કંઈ દયા, દાન, પુણ્ય, પાપના ભાવ રુચિપૂર્વક હોય, ઇચ્છાપૂર્વક હોય, હિતબુદ્ધિએ હોય એને બુદ્ધિપૂર્વક છે એમ કહે છે. **'અને જે રાગાદિપરિણામ ઇચ્છા વિના પરનિમિત્તની બળજોરીથી...'** છે તો પોતાની કમજોરી પણ નિમિત્તની અપેક્ષાએ વાત કરી છે. **'પરનિમિત્તની બળજોરીથી...'** જુઓ ! આમાં માણસ કહે કે, જોયું ! પરનિમિત્તની બળજોરીથી વિકાર થાય છે. એ તો કઈ અપેક્ષાએ કહે છે ? પોતાને રાગની રુચિ છે નહિ, રાગ દુઃખરૂપ ભાસે છે પણ પોતાની પર્યાયમાં કમજોરીને લઈને વિકાર થાય એને નિમિત્તની બળજોરીથી થાય એમ કહેવામાં આવ્યું. આહા..હા...!

એક કોર એમ કહેવું કે, દરેક દ્રવ્ય પોતાની પર્યાયને પામે, પહોંચી વળે. એમાં પરનો કોઈ અધિકાર નથી. આહા..હા...! અને તેની પર્યાય તેના દ્રવ્ય-ગુણથી થાય, પરથી ન થાય અને તેની પર્યાય તેને સ્વ-અવસરે જે થવાની હોય તે થાય. આ..હા...! ઘણા પ્રકાર. કઈ અપેક્ષાએ છે (તે સમજવું જોઈએ). આવ્યું હતું ને ? **'વિવક્ષાનું વિચિત્રપણું'** આ ટીકામાં છે કે નહિ ? આ 'કળશટીકા'માં નથી. 'હેમરાજજી'એ નાખ્યું છે. વક્તાને કઈ અપેક્ષાએ કહેવું છે એ કથનનું વિચિત્રપણું છે. કથનનું (વિચિત્રપણું છે), વસ્તુસ્વરૂપ તો જેમ છે એમ છે. આહા..હા...!

સમ્યક્દૃષ્ટિ થયો એટલે બંધન નથી એમ બહુ જોર આપ્યું હોય એટલે એમ જ માની લેવું કે એને જરીયે બંધન નથી તો તો કેવળજ્ઞાન થઈ ગયું તો યથાખ્યાત ચારિત્ર થઈ ગયું હોય. આહા..હા..! પણ દૃષ્ટિના જ્ઞાનના જોરમાં જે રાગાદિ અસ્થિરતાનો આવે એનું તે જ્ઞાન કરે છે, જ્ઞાનનું જ્ઞેય છે. દૃષ્ટિમાં હેય છે, જ્ઞાનમાં જ્ઞેય છે, ચારિત્રની અપેક્ષાએ તે રાગ ઝેર છે. આહા..હા...! એમ જાણતા છતાં આવ્યા વિના રહે નહિ, કહે છે. પણ દૃષ્ટિના જોરની અપેક્ષાએ એમ કહ્યું કે, એને નથી. પણ એકાંતે નથી એમ ન માની લેવું.

આહા..હા...!

દસમા ગુણસ્થાન સુધી રાગ – લોભરાગ છે. છ કર્મ બંધાય છે. અને અહીં ચોથા ગુણસ્થાને આસ્રવ અને બંધ છે જ નહિ (એમ કહ્યું તો એ) કઈ અપેક્ષાએ (કહ્યું) ? એ તો દૃષ્ટિના જોરમાં અને જ્ઞાનમાં રાગાદિ આવે ઈ જ્ઞાન અને દૃષ્ટિમાં પોતાના માનતો નથી, એને દુઃખરૂપ અને હેય જાણે છે. ઈ આવી ગયું ને માથે ? **'જ્ઞાનીએ સમસ્ત રાગને હેય જાણ્યો છે.'** ભાવાર્થ. **'સમસ્ત રાગને હેય જાણ્યો છે.'** ચાહે તો ભગવાનની ભક્તિનો, વિનયનો (રાગ) હો, વાંચનનો હો પણ એ રાગને હેય જાણ્યો છે. આ..હા..હા...! ભગવાનઆત્મા પરમાત્મ ચિદાનંદ સ્વરૂપ (છે) એ એક જ જ્ઞાનીને ઉપાદેય, આદરણીય છે. રાગમાત્ર (હેય છે). રાગનો કણ પણ રહી ગયો હોય, એક લોભ, ઇચ્છા (રહી ગયો), દસમે દ્વેષ ગયો, દસમે ગુણસ્થાને દ્વેષ નથી. રાગનો અંશ લોભ રહ્યો તોય છ કર્મ બાંધે છે. સમજાણું કાંઈ ? અને અહીં એમ કહેવું કે, સમકિત થયું એટલે રાગેય નથી, આસ્રવેય નથી, બંધેય નથી. ઈ તો એક પૂર્ણ દૃષ્ટિ અને એના જ્ઞાનના જોરને જણાવવા એ વાત કરી. અસ્થિરતાનો રાગ આવે એ અલ્પ આવે છે અને એને કર્મબંધન પણ સ્થિતિ અને રસ અલ્પ પડે છે. એમ એની ગણતરી ન ગણતા, ગૌણ કરીને એને બંધન અને આસ્રવ નથી એમ કહ્યું છે. પણ જ્યારે મુખ્યપણે બેય વાત જણાવવી હોય (તો) નિર્મળધારા છે તેટલો એને આસ્રવ અને બંધ નથી. એ ગાથા આવી ગઈ છે. અને જ્યાં સુધી રાગની પૂર્ણ નિવૃત્તિ નથી ત્યાં સુધી રાગધારા અને જ્ઞાનધારા બેય હોય છે. આહા..હા...!

રાગથી ભિન્ન પડેલું જ્ઞાન એ ભેદજ્ઞાન (થયું) એ પછી ભેદજ્ઞાન કરવું પડતું નથી. એ રાગથી ભિન્ન પડ્યું જ્ઞાન અને જ્ઞાન ને શ્રદ્ધાની ધારા નિરંતર હોય છે. આહા..હા...! અને જેટલો કમજોરીને લઈને રાગાદિ થાય એ રાગધારા – કર્મધારા પણ સાથે હોય છે. જેટલે અંશે રાગધારા તેટલે અંશે બંધ છે, જેટલે અંશે જ્ઞાનધારા તેટલે અંશે અબંધ છે. આહા..હા...!

અહીંયાં હવે કહે છે, **'રાગાદિપરિણામ ઇચ્છા વિના પરનિમિત્તની બળજોરીથી થાય તે અબુદ્ધિપૂર્વક છે. જ્ઞાનીને જે રાગાદિપરિણામ થાય છે તે બધાય અબુદ્ધિપૂર્વક જ છે;...'** રુચિપૂર્વક નથી, એમ. કરવાયોગ્ય છે, કર્તવ્ય છે એમ નથી. છતાં વળી એક અપેક્ષાએ જ્ઞાનનયની અપેક્ષાએ એને એમેય કહેવાય કે, રાગનો કર્તા પણ છે, ભોક્તા પણ છે. આહા..હા...! ૪૭ નય, 'પ્રવચનસાર' ! જ્ઞાનપ્રધાન કથન છે ને ! ત્યાં રાગનો અંશ છે, પરિણમે તે કર્તા (એમ કહ્યું). એ કરવાલાયક છે માટે (કર્તા) એમ નહિ. પણ પરિણમે છે એ અપેક્ષાએ કર્તા અને પરિણમે ને એને ભોગવે છે, એને ઈ વેદનમાં છે, જ્ઞાનીને રાગનું, દુઃખનું વેદન છે, ન હોય તો પૂર્ણ આનંદનું વેદન હોવું જોઈએ અને પૂર્ણ આનંદનું વેદન નથી ત્યાં થોડો આનંદ ને થોડું દુઃખ, બેયનું વેદન સાથે છે. અરે.. અરે...! આટલી બધી

વાતું હવે.

એકાંત તાણી જવું કે, બસ ! જ્ઞાનીને કંઈ છે જ નહિ. દુઃખેય નથી, આસ્રવેય નથી, બંધેય નથી (એમ ન હોય). એક ગાથામાં, કળશમાં જોર બહુ આપ્યું છે. જ્ઞાનીને કાંઈ છે જ નહિ. કઈ અપેક્ષાએ ? ભાઈ ! જ્ઞાનીને ભોગ નિર્જરાનો હેતુ કહ્યો છે. ભોગ નિર્જરાનો હેતુ થાય ? જ્ઞાની કે અજ્ઞાની ગમે તે હોય. ભોગમાં તો રાગ છે. રાગ તો બંધનનું કારણ જ્ઞાનીનેય થાય. પણ દૃષ્ટિના જોરમાં રાગની રુચિ નથી, રાગમાં સુખબુદ્ધિ નથી, રાગમાં સુખબુદ્ધિ નથી. એથી એને ભોગ ખરી જાય છે, હિતબુદ્ધિ નથી એ અપેક્ષાએ કથન કર્યું. આ..હા...! બાકી તો અંશેઅંશ રાગ જ્યાં સુધી છે ત્યાં સુધી અસ્થિરતાનો દોષ છે, એ આસ્રવ છે અને એ પ્રમાણે બંધન પણ છે. આહા..હા...!

**'જ્ઞાનીને જે રાગાદિપરિણામ થાય છે તે બધાય અબુદ્ધિપૂર્વક જ છે; સવિકલ્પ દશામાં થતા રાગાદિપરિણામો જ્ઞાનીની જાણમાં છે...'** એટલે શું ? કે, રાગથી ભિન્ન એવું ભેદજ્ઞાન તો છે પણ વિકલ્પ દશા આવી, રાગદશામાં આવ્યો. ચાહે તો દયા, દાનાદિ કે હિંસા, જૂઠું, વિષયાદિ, એ **'સવિકલ્પ દશામાં થતા રાગાદિપરિણામો...'** રાગ-દ્વેષાદિ પરિણામ જ્ઞાનીની જાણમાં છે, ધર્મીને જાણવામાં આવે છે. મારી નબળાઈ છે, પર્યાયમાં ભાવકર્મનું જોર છે.

પેલામાં તો એમ આવ્યું છે ને ! 'કમ્મો બળિયો, કબ્બા જીવો બળિયો'. ઈ કર્મ તો જડ છે, એની વાત નથી. કદાચિત્ ભાવકર્મનું બળ વિશેષ વધી ગયું હોય કાં આત્માના જ્ઞાનના આનંદનું બળ વધી ગયું હોય, એમ. 'કમ્મો બળિયો' (કહ્યું) એમાં કર્મબળ થઈને આત્માનો કોઈ પર્યાય કરે તો તો પછી એમ તો ઘણીવાર કહેવાણું કે, પોતપોતાની વિકારી કે અવિકારી પર્યાયને તે દ્રવ્ય પામે છે, પહોંચે છે, પ્રાપ્ત કરે છે. આહા..હા...! એમાં બીજું દ્રવ્ય એને પમાડે છે એમ છે નહિ. ગોટા ઘણા, ગોટા અત્યારે તો (ચાલે છે). એક વાત જ્યાં કરે ત્યાં બીજામાં ભૂલે અને બીજી કરે ત્યાં (ત્રીજામાં ભૂલે). આહા..હા...!

રાગ ધર્મીને આવે છે માટે તે હિતબુદ્ધિથી આવે છે એમ નથી. હેયબુદ્ધિએ આવે. આહા..હા...! અંદરમાં સ્થિરતા નથી (થતી)... આ..હા..હા...! એથી એને રાગ અને દ્વેષ એવા પરિણામ આવે પણ તેમાં હિતબુદ્ધિ અને રુચિ, બુદ્ધિ નથી. **'જ્ઞાનીની જાણમાં છે તોપણ અબુદ્ધિપૂર્વક છે કારણ કે ઇચ્છા વિના...'** ઇચ્છા વિના એટલે ? કે, રુચિની ઇચ્છા નથી. કરવાલાયક છે, દૃષ્ટિમાં એને કરવાલાયક છે એમ ભાવ નથી. આ..હા...! બાકી તો ઇચ્છા થઈ છે તે ઇચ્છા થઈ છે. આ..હા...! પણ આ મને કર્તવ્ય છે અને મને કરવાલાયક છે એમ નથી. પોતાનો આનંદસ્વરૂપ ભગવાનઆત્મા... આ..હા..હા...! પરમાત્મા આત્મા પ્રભુ ! એનું જ્યાં અંદર જ્ઞાન ને આનંદ ને શ્રદ્ધાનું પરિણમન થયું, એમાં પછી એને રાગનો ભાવ આવે પણ સુખબુદ્ધિ નથી, હિતબુદ્ધિ નથી. એ મને ઠીક આવ્યો એમ નથી. આ..હા...! **'તોપણ અબુદ્ધિપૂર્વક છે...'** એટલે રુચિપૂર્વક નથી, એમ. **'ઇચ્છા વિના થાય છે.'**

હવે બીજો અર્થ 'રાજમલ્લજીએ' આ ટીકા – 'કળશટીકા'માં કર્યો છે. **('રાજમલ્લજી'એ આ કળશની ટીકા કરતાં 'બુદ્ધિપૂર્વક' અને 'અબુદ્ધિપૂર્વક'નો આ પ્રમાણે અર્થ લીધો છે :– જે રાગાદિ પરિણામ મન દ્વારા...'** મન દ્વારા એટલે કે મનના સંબંધ દ્વારા રાગ-દ્વેષ વિકારાદિ થાય **'અને બાહ્ય વિષયોને અવલંબીને, પ્રવર્તે...'** મૂળ તો રાગાદિ બાહ્ય વિષયોને અવલંબીને પ્રવર્તે છે. જે રાગ-દ્વેષ થાય એ દશાની દિશા પર તરફ જ છે. શું કીધું સમજાણું ? જેટલા રાગ અને દ્વેષ, દયા, દાનાદિ પરિણામ (થાય), એ દશાની દિશા પર તરફ છે. વીતરાગ પરિણતિની દશા, એની દિશા આત્મા તરફ છે. આહા..હા...! આવી વાતું હવે. કેમકે વીતરાગતા – ધર્મદશા એ તો દ્રવ્યને આશ્રયે થાય છે. ઓલા છોકરાઓ તોફાન કરે છે. આ એને સમજાય નહિ તો શું કરવું ? બહાર બાથમબાથા ભીડતા હતા. આહા..હા...!

'રાજમલ્લજી'એ એવી અપેક્ષાએ વાત કરી છે કે, જે રાગાદિ રાગ-દ્વેષ, વિષયવાસના આદિ મન દ્વારા થાય અને બાહ્ય વિષયોને અવલંબીને થાય. આમ તો રાગ થાય એ બાહ્ય વિષયોને જ અવલંબીને થાય. પણ અહીં એની જરીક બીજી ભાષા કરી. **'પ્રવર્તે છે...' 'બાહ્ય વિષયોને અવલંબીને પ્રવર્તે છે...'** રાગ-દ્વેષ થાય એ બાહ્ય વિષયોને (અવલંબીને) પ્રવર્તે છે. મન દ્વારા બાહ્ય વિષયોને અવલંબે (છે).

**'અને જેઓ પ્રવર્તતા થકા જીવને પોતાને જણાય છે...'** આ..હા...! જીવને જાણવામાં પણ આવે કે, આ રાગ થયો, અશુભરાગ (થયો) એમ જાણવામાં આવે. **'તેમ જ બીજાને પણ અનુમાનથી જણાય...'** કે, આને અત્યારે અશુભ રાગ છે કે શુભ (રાગ છે). બહારની ભગવાનની (પૂજા, ભક્તિની) પ્રવૃત્તિમાં હોય ત્યારે શુભ છે અને બીજામાં હોય તો અશુભ છે. એમ અનુમાનથી જાણવામાં (આવે). **'તે પરિણામો બુદ્ધિપૂર્વક છે;...'** એમ કહ્યું છે. તે પરિણામને બુદ્ધિપૂર્વક કહ્યું છે. શું કહ્યું ?

એક તો વિકાર થાય તે મન દ્વારા બાહ્ય વિષયોને અવલંબીને પ્રવર્તતા થકા પોતાને જણાય, બીજાને અનુમાનથી પણ જણાય. આ ચાર બોલ લીધા. સમજાણું કાંઈ ? આ તો ધીમાની વાત છે, બાપુ ! આ..હા...! 'રાજમલ્લજીએ' આવો અર્થ લીધો (કે), રાગ થાય એ મન દ્વારા (થાય). જોકે રાગ થાય છે એ મન દ્વારા જ થાય. પણ અહીં એક વાત બીજી કાઢી નાખશે. મોહના ઉદયથી થાય તેને મન દ્વારા નહિ, એવી એ વાત કરશે. નહિતર તો જેટલો રાગ-દ્વેષ થાય એ મનના સંબંધથી થાય. કાં પરનો, વિષયોનો સંબંધ (છે). મનના સંબંધ વિના સીધો રાગ થાય નહિ. મોહકર્મનો ઉદય આવે અને પોતે જોડાય તો એમાં મનનો સંબંધ છે. આહા..હા...!

અહીં 'રાજમલ્લજી' એક બીજી અપેક્ષા લેશે. 'કળશટીકા' છે ને ! જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ મન દ્વારા થાય, બાહ્ય વિષયોને અવલંબીને થાય, બે (વાત થઈ), (એ) પ્રવર્તતા પોતાને જણાય એ (ત્રીજી વાત), બીજાને અનુમાનથી પણ જણાય **'તે પરિણામો બુદ્ધિપૂર્વક**

**છે; અને જે રાગાદિપરિણામ ઇંદ્રિયમનના વ્યાપાર સિવાય...'** અપેક્ષાથી લીધું છે. નહિતર રાગ થાય એ મનના અવલંબન વિના હોય જ નહિ. પણ બુદ્ધિપૂર્વક મનનું અવલંબન નથી એમ (કહેવું છે). બુદ્ધિપૂર્વક મનનું અવલંબન નથી એ અપેક્ષાએ કહ્યું છે. નહિતર રાગ થાય એ કોઈ રીતે મનના અવલંબન વિના હોય શકે જ નહિ. પરદ્રવ્યના અવલંબન વિના રાગ થાય જ નહિ. મોહનો ઉદય આવીને એકલો રાગ થાય એમ નહિ. પણ અહીં બીજી રીતે સિદ્ધ કરવું છે.

એ પરિણામ ઇન્દ્રિય અને મનના વ્યાપાર સિવાય. પોતાનો વ્યાપાર હું કરું એવું નથી. મનમાં જોડાયને રાગ કરું એવો વિશેષ નથી. એથી એને **'કેવળ મોહના ઉદયના નિમિત્તે થાય છે...'** સમજાણું આમાં કાંઈ ? આ રીતે લીધું. મન દ્વારા થાય, મન દ્વારા ન થાય. ફક્ત મોહના ઉદયથી થાય એવી એક-બે શૈલી લીધી. બાકી તો રાગ જે થાય એ પરદ્રવ્યના સંબંધ વિના, નિમિત્તના સંબંધ વિના થાય જ નહિ. મોહનો ઉદય આવ્યો પણ મન સંબંધમાં જોડાય ત્યારે જ તેને રાગ થાય. આહા..હા...! પણ અપેક્ષાથી અહીં કથન છે. આવું બધું જાણવું. આ..હા...!

**'ઇંદ્રિયમનના વ્યાપાર સિવાય...'** આ તો જ્યારે પહેલું વાંચ્યું ત્યારે ખ્યાલ હતો કે, ટીકા આટલી બધી કેમ કરે છે. કળશમાં મન દ્વારા એકલા મોહથી (થાય છે) એ તો એક અપેક્ષાએ ખ્યાલમાં નથી એથી એને મોહ દ્વારા થયું એમ કહેવામાં આવે. જણાય નહિ, એમ આવ્યું હતું ને ? ઓલામાં આવ્યું હતું ને ? કે, જીવ જણાય, બાહ્ય વિષયોનું અવલંબન (છે), મન દ્વારા (થાય તે) બીજાને અનુમાનથી જણાય. એવું આમાં નથી એટલે મોહ દ્વારા (થાય છે એમ) કહ્યું. શું કહ્યું ? એને ખ્યાલમાં આવે નહિ પણ છે તો મનનો સંબંધ. ખ્યાલમાં આવે નહિ એ અપેક્ષાએ મોહના ઉદયથી રાગ ને દ્વેષ થયો એમ કહેવામાં આવ્યું. મન દ્વારા બાહ્ય વિષયોને અવલંબીને પોતાને જાણવામાં આવે અને બીજાને અનુમાનથી પણ જાણે કે આ મને અત્યારે રાગ (થાય) છે. આ..હા...!

સમકિતી દુકાને વેપાર કરવા બેઠો હોય ત્યારે બધો રાગ જણાય છે કે નહિ ? પોતાને જણાય છે કે નહિ ? મન દ્વારા થયો છે કે નહિ ? પરનું અવલંબન છે કે નહિ ? પોતાને જણાય છે કે નહિ ? બીજા પણ અનુમાન કરે કે, અહીં બેઠો (છે એટલો) રાગ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! અને તેના ખ્યાલમાં ન આવે અને પરનો, ઇન્દ્રિયોના વિષયોનો સંબંધ નથી અને બીજા પણ અનુમાન કરી શકે નહિ એ અપેક્ષાએ એને મન વિના, મોહના ઉદયથી થયો એમ કહેવામાં આવ્યું છે. આહા..હા...!

મુમુક્ષુ :– મોહના ઉદયની મુખ્યતાથી.

ઉત્તર :– મુખ્યતા આપી એટલું. બાકી છે તો અંદર મન દ્વારા ખરું. પણ અંદર ઝીણો, સૂક્ષ્મપણે જણાતો નથી અને બીજાઓ પણ એને અનુમાન કરી શકે કે આ રાગમાં છે.

એ રીતે રાગ હોવામાં મનથી નહિ પણ મોહના ઉદયથી થાય એમ અહીં અબુદ્ધિપૂર્વક કહેવામાં આવ્યું છે. આરે...! આવું હવે આ બધું ક્યાં યાદ રહે ? કેટલું યાદ (રાખવું) ? દરરોજ ફેરફારો. સવારે કાંઈક, બપોરે કાંઈક. માર્ગ તો બાપા એવો ઝીણો (છે). આહા..હા...! જે અપેક્ષાથી કહ્યું છે તે અપેક્ષાથી એણે જાણવું જોઈએ. ભગવાનનો માર્ગ સ્યાદ્વાદ છે. કઈ અપેક્ષાએ કહ્યું તે અપેક્ષાએ જાણવું જોઈએ. સ્યાદ્વાદ કરીને એમ નથી (કહેવું) કે, નિમિત્તથી પણ થાય અને આત્માથી પણ થાય, વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય. એમ સ્યાદ્વાદ નથી. પણ નિમિત્ત પણ છે, ઉપાદાન પણ છે, વ્યવહાર પણ છે, નિશ્ચય પણ છે. આહા..હા...!

**'ઇંદ્રિયમનના વ્યાપાર સિવાય કેવળ મોહના ઉદયના નિમિત્તે થાય છે અને જીવને જણાતા નથી...'** જોયું ? સૂક્ષ્મ છે ને ઈ અપેક્ષા લીધી. ઓલામાં જણાતા છે અને અહીં જણાતા નથી એટલી અપેક્ષા લીધી. **'તે અબુદ્ધિપૂર્વક છે.'** કહ્યું છે બરાબર ઈ. મન દ્વારા એટલે આમ કરું, આમ કરું એમ એટલું જોડાણ, એટલો સ્થૂળ ઉપયોગ નથી. સૂક્ષ્મપણે છે તેને મન દ્વારા નથી એમ કીધું. અને મોહના ઉદયથી થાય છે અને પોતાને જણાતા નથી તેથી તેને અબુદ્ધિપૂર્વક કહેવામાં આવે છે.

એકમાં બુદ્ધિપૂર્વક એટલે રુચિપૂર્વક (અર્થ કર્યો), અબુદ્ધિપૂર્વક એટલે રુચિ વિના (એમ અર્થ કર્યો). અહીંયાં બીજી ચીજ (સિદ્ધ કરે છે). અહીંયાં બુદ્ધિપૂર્વક મન દ્વારા ખ્યાલમાં આવે, બીજા જાણે એનું નામ બુદ્ધિપૂર્વક અને પોતાને ખ્યાલમાં ન આવે, ભલે છે મન દ્વારા પણ મન દ્વારા થાય એમ ખ્યાલમાં ન આવે અને મોહના ઉદયથી થાય એને અબુદ્ધિપૂર્વક કહેવામાં આવે (છે). આવું છે. ઈ તો જે દિ' પહેલાં વાંચ્યું ત્યારથી આ ખ્યાલ છે કે, આ મન દ્વારા ના પાડે છે. ઈ આ અપેક્ષાએ, કીધું ને ? કે, જીવને જણાતા નથી એ અપેક્ષાએ. આહા..હા...! આવો ધર્મ સમજવા માટે... આવું બધું રોકાવું પડતું હશે ?

ધર્મ ચીજ ઝીણી બહુ, બાપુ ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ ! એનું જે જ્ઞાન ત્રણકાળ ત્રણલોકનું, એનો જે સ્વભાવ અને એ સ્વભાવને પોતે પોતામાં પામવું અને સ્વભાવને પામ્યા છતાં રાગ-દ્વેષનું રહેવું... આહા..હા...! સ્વભાવમાં રાગ-દ્વેષ છે નહિ. સ્વભાવની દૃષ્ટિ થતાં, અનુભવ થતાં પણ સ્વભાવમાં રાગ-દ્વેષ નથી, દૃષ્ટિમાં રાગ-દ્વેષ નથી, દૃષ્ટિનો વિષય તો સ્વભાવ ત્રિકાળી છે. છતાં એને પણ સૂક્ષ્મપણે મન દ્વારા જણાય નહિ ઈ અપેક્ષાએ મન દ્વારા નથી અને મોહના ઉદયથી રાગ થયો અને પોતાને જાણવામાં આવતો નથી. એને અબુદ્ધિપૂર્વક કહેવામાં આવે છે. કહો, 'ચીમનભાઈ' ! આમાં કેટલું આમાં (યાદ રાખવું) ?

મુમુક્ષુ :– દુકાનમાં ધંધો કરે તો બધું યાદ રાખે છે.

ઉત્તર :– ત્યાં બધી જાત (યાદ રાખે). દુકાનમાં અમારે 'આણંદજી' હતો. તે કેટલી ચીજો અને કેટલું ધ્યાન રાખતો હતો ! આપણને બહુ એવું કાંઈ નહિ. દુકાનમાં બેસતા..

અને માલ લઈને આવે ત્યારે હાથમાં છત્રી લટકતી આમ... રેલમાંથી ઉતરે તો આવે. ત્રણ-ચારિ દિ'એ, ત્રણ-ચાર દિ'એ 'મુંબઈ' માલ લેવા જાવું પડે. મહિનાનો પાસ લીધેલો. આ તો તે દિ' (સંવત) ૧૯૬૪-૬૫-૬૬ની વાતું છે. ૧૯૬૩માં 'કુંવરજી'ની દુકાન કરી હતી. અમારા મોટાભાઈને સાથે લીધા હતા. આહા..હા...! એ બધી વાત જાણે, એકેએક ! 'મુંબઈ'માં આ ચીજનો આ ભાવ છે, આ ભાવે આ ચીજ આપણે લાવેલા એમાં આટલી ખપી છે અને આટલી બાકી છે અને (એ ચીજ) નવા ભાવમાં આવા ભાવની આવવાની છે. એ..ઈ...! અમારે 'આણંદજી' હતો, 'આણંદજી' ! છેવટે પગ તૂટી ગયો હતો એટલે ચાલી શકતો નહોતો. બાયડી-ભાયડો બે જ હતા, લાખો રૂપિયા હતા. પછી દુકાન છોડી હતી. તોય બે કલાક દુકાને આવે.

મુમુક્ષુ :– ઘરે શું કરે ?

ઉત્તર :– આ ઘર નથી અંદર ? આહા..હા...! નિજઘરમાં જાય તો ત્યાં મહાપ્રભુ બિરાજે છે. આહા..હા...! એમને એમ મરી ગયો. છેવટે કહે કે, અરે..રે...! મને કોઈએ કહ્યું નહિ. કારણ કે એકલો. બાયડી-ભાયડો બે જ હતા ને દુકાનમાં પાપ કર્યા ઘણા. અને મેં એને કહેલું પણ ઈ મારું કાંઈ (માન્યો નહિ). ઈ તો મહારાજ ત્યાગી છે તો કહે (એમ લઈ લ્યે). પણ મને કોઈ કુટુંબીએ કહ્યું નહિ કે, છોડી દે. પણ તું શું કરવા (કરે છે) ? મજૂર કરીને બેઠો હોય તો મજૂરી કર ને અહીં. આહા..હા...! અરે..રે...! હવે હું જાઉં છું. કોઈએ મને છોડવાનું કહ્યું નહિ. મેં છોડ્યું નહિ, મારે કાંઈ નહોતું તોય. એક જ બાયડી છતાં (છોડ્યું નહિ). લાખો રૂપિયા (હતા). પછી તો બેય મરી ગયા. વહુ પણ મરી ગઈ. આહા..હા...! આ નાટક સંસારનું ! આ..હા...!

'દામનગર'માં એક 'ખુશાલભાઈ' હતા. આપણે અહીં 'જગુભાઈ' રહેતા, 'જગુભાઈ' ! મોટા 'ગજુભાઈ' ! 'ગઢડા'એ ગુજરી ગયા. એના બાપ હતા. લૌકિકમાં ડાહ્યા કહેવાતા. એક આંખ હતી ને એક આંખ નહોતી. ગામમાં જ્યાં તકરાર હોય, એવું હોય (ત્યાં) જાય તો સમાધાન કરી નાખે. ઘણા વખત એવું બધું કરેલું. ઈ મરવા ટાણે, ભાઈ ! આ..હા..હા...! એનાથી શ્વાસે લેવાય નહિ, મુંઝવણનો પાર ન મળે. જોવા આવે, શેઠિયાઓ જોવા આવે. 'દામોદરશેઠ' જોવા આવે. ગામમાં કર્તા-હર્તા ઈ હતા ને ! જોવા આવે. પછી રોવે. અરે..રે...! મેં મારું કાંઈ ન કર્યું. મેં પરનું કરવામાં રોકાઈને મેં મારું બગાડ્યું. અરે...! હવે ટાઈમ રહ્યો નહિ. એમ છેલ્લો બોલતો હતો. સંસારના ડાહ્યા કહેવાતા. 'ખુશાલભાઈ' 'ખુશાલ પ્રેમચંદ' ! એના બાપનું નામ. આહા..હા...! એ ભાઈ રોતા રોતા દેહ છૂટી ગયો. મેં મારું કાંઈ ન કર્યું. અરે..રે...! આમ દેહ પૂરો થઈ જશે. માણસો એમને એમ બફમમાં રહ્યા કરે. હજી પછી કરશું, પછી કરશું, પછી કરશું. આટલું કરશું, આટલા પછી કરશું, આટલા પછી કરશું. ઈ પછીમાં પહેલું આવે નહિ અને પછીનું પછી રહ્યા કરે. આહા..હા...! અરે..રે...! આવા

ટાણા ક્યારે આવે ? ભાઈ ! અનંત અનંત કાળનો બાપુ ! ઈ એણે વિચાર કર્યો નથી. આહા..હા...!

અનંતા નરકના, નિગોદના ભવ કરી બાપુ ! અહીંયાં આવ્યો છો તું. આહા..હા...! હવે તો આ નરક ને નિગોદના ભવ, બાપુ ! કેમ સહ્યા છે એ વાત આકરી (છે). આ..હા...! એ ભવ ન થાય એ કરવાનું છે, ભાઈ ! આ..હા..હા...! બાકી તો બધી ચીજ ઠીક, દુનિયા, પૈસા બધા થયા ને આબરૂ થઈ ને છોકરાઓ પાંચ-સાત-દસ થયા ને બધા રળાઉ થયા ને ઢીકણા થયા... એમાં ધૂળમાં કાંઈ (નથી). આહા..હા...! મરીને દુર્ગતિએ જાઈશ, બાપા ! આ..હા...!

અહીં એ કહે છે, '**(અબુદ્ધિપૂર્વક પરિણામને પ્રત્યક્ષ જ્ઞાની જાણે છે અને તેમના અવિનાભાવી ચિહ્ન વડે તેઓ અનુમાનથી પણ જણાય છે).**' ઓલાની સાથે – પૂર્વની સાથે મેળવ્યું. બીજા જાણે છે એમ આવ્યું હતું ને ! ભાઈ ! મન દ્વારા થાય એ પોતાને જણાય અને પરના અવલંબને થાય, બીજા પણ અનુમાનથી એને જાણે એમ આવ્યું હતું. હવે આમાં બીજી રીતે (કહે છે). જે '**અબુદ્ધિપૂર્વક પરિણામને પ્રત્યક્ષ જ્ઞાની જાણે છે...**' પોતે જાણતો નથી પણ જ્ઞાની જાણે. '**તેમના અવિનાભાવી ચિહ્ન વડે તેઓ અનુમાનથી...**' બીજા પણ જાણે. અનુમાનથી (જાણે). હજી કેવળજ્ઞાન થયું નથી, પૂર્ણ (થયો) નથી અને રાગ છે. આહા..હા...!

'શ્રીમદ્'માં એક આવે છે. 'સોભાગભાઈ', 'સોભાગભાઈ' ને ? 'સોભાગભાઈ' ! 'સોભાગભાઈ' મરતા નહિ, છેલ્લે ? જોડે કો'ક હતું, જોડે હતું કો'ક એને ખાટલામાં સૂતા સૂતા કહે, મને કેવળજ્ઞાન થશે તો હું તને કહીશ. મૂળ સ્થૂળ વાતો. એલા પણ હજી ખાટલામાં સૂતો (છો)... 'સોભાગભાઈ' ને ? અને ઓલો જોડે હતો એ ? 'ડુંગરશી', 'ડુંગરશી' ! આવી સ્થિતિ ! કેવળજ્ઞાન કોને કહેવું, બાપુ ! આ..હા...! અરે...! એ ખાટલે હોય નહિ, લૂગડાં હોય નહિ. અને કેવળજ્ઞાન થશે તો હું તને કહીશ. આવી વાત આવી છે બહાર. આહા..હા...! આવી વાત બહાર આવી છે, હવે સાચી-ખોટી કેટલી છે (કોણ જાણે) ? અહીં કાને આવી છે. આહા..હા...! ક્યાંક લખાણમાંય છે, ક્યાંક લખાણ છે. આહા..હા...! અરે... બાપા ! હજી મુનિપણું કોને કહેવું ? ભાઈ !

આ..હા..હા...! જેને ત્રણ કષાયનો નાશ (થયો છે), સ્વસંવેદન પ્રચુર આનંદનું વેદન (પ્રગટ થયું છે) અને જેની દશા નગ્ન, વસ્ત્રનો ટૂકડોય ન હોય, ભાઈ ! આહા..હા...! એને બાયડી, છોકરા, મકાન તો ક્યાં હતા ? એ મુનિદશા બાપુ ! એ કોઈ અલૌકિક છે ! જૈનદર્શનની મુનિદશા ! આ..હા..હા...! જેને અંતર સ્વસંવેદન, આનંદનું પ્રચુર વેદન (હોય), અતીન્દ્રિય આનંદના ઉભરા... ઉભરા આવે ! અતીન્દ્રિય આનંદના અંદર ઉત્સાહ, ઉભરા આવે અંદરથી !! આ..હા..હા...! એને જ્યાં નગ્નદશા હોય એને આવું થાય. વસ્ત્રવાળો હોય એને આવી દશા હોય નહિ. આહા..હા...! તો વળી ખાટલે સૂતા કેવળજ્ઞાન થાય ?

મુમુક્ષુ :- 'મરુદેવી' માતાને હાથીના હોદ્દે કેવળજ્ઞાન થયું એમ તો કહેવાય છે.

ઉત્તર :- હાથીના હોદ્દે કેવળજ્ઞાન બધી ખોટી વાત. એ વળી શ્વેતાંબર કહે છે. 'મરુદેવી' હાથીના હોદ્દે દર્શન કરવા જતા હતા, ત્યાં માથે કેવળ થઈ ગયું, માથે મોક્ષ થઈ ગયા. આહા..હા...! આહા..હા...! બાપુ ! એમ ન ચાલે, ભાઈ ! સ્ત્રીનો દેહ હોય એને તો પાંચમા ગુણસ્થાન ઉપર ન આવે, મુનિપણું ન આવે, ભાઈ ! આ તો પદાર્થની વ્યવસ્થા એવી છે. ભગવાને કરી છે નહિ, જેમ છે તેમ કહી છે. આહા..હા...!

અહીં કહે છે, '**(અબુદ્ધિપૂર્વક પરિણામને પ્રત્યક્ષ જ્ઞાની જાણે છે...)**' પોતાને જાણવામાં ન આવે એમ કહે છે. '**(તેમના અવિનાભાવી ચિહ્ન વડે તેઓ અનુમાનથી પણ જણાય છે).**' બીજાને પણ જણાય. સૂક્ષ્મ છે (એટલે) પોતાને ભલે જાણવામાં ન આવે. એને અહીંયાં મોહના ઉદયથી થતા અબુદ્ધિપૂર્વક કહેવામાં આવ્યા છે અને મન દ્વારા બુદ્ધિપૂર્વક રાગાદિ થાય તેને પોતે પણ જાણી શકે, એનું અવલંબન બાહ્ય વિષયનું હોય છે અને તેને જાણતા બીજાને પણ અનુમાનથી જાણી શકાય, બીજા પણ અનુમાનથી એને જાણે. એને બુદ્ધિપૂર્વક રાગ કહે છે અને આ અબુદ્ધિપૂર્વક રાગ પોતાને ન જણાય અને બીજાને પણ ન જણાય. પ્રત્યક્ષ કેવળી જાણે અને બીજા અનુમાનથી જાણે. એને અબુદ્ધિપૂર્વક કહે છે.

મુમુક્ષુ :- સાતમા ગુણસ્થાનથી દસમા ગુણસ્થાન સુધી અબુદ્ધિપૂર્વક છે.

ઉત્તર :- પછી અબુદ્ધિપૂર્વક છે. એ અહીં વાત નથી, એ વાત અહીં નથી. અહીં તો નીચલા દરજ્જામાં બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વકની વાત છે, ઓલી વાત અહીં નથી. ઓલી તો સાતમા પછી અબુદ્ધિપૂર્વક છે ઈ અહીં વાત નથી. અહીં તો નીચલા દરજ્જામાં પણ રુચિપૂર્વક જે હોય, પોતાને જણાય. જ્ઞાનીને રુચિપૂર્વક ન હોય પણ પોતાને જણાય અને બીજા પણ અનુમાનથી જાણી શકે અને એનું અવલંબન પર તરફ જાય. (એવા) રાગને બુદ્ધિપૂર્વક કહેવાય. અને જે રાગને સૂક્ષ્મપણે મન દ્વારા નથી અને મન દ્વારા સ્થૂળપણું નથી દેખાતું. એથી તેને મોહના ઉદયથી થયેલું (કહેવામાં આવ્યું). પ્રત્યક્ષ કેવળી જાણે અને બીજા અનુમાનથી પણ જાણે. છે ને ? '**(અનુમાનથી (પણ) જણાય...)**' એને અહીંયાં અબુદ્ધિપૂર્વક કહે છે. પેલું (સાતમાથી દસમા ગુણસ્થાનના) અબુદ્ધિપૂર્વકની વાત અત્યારે નથી. આ..હા...!

પહેલા આમાં આવ્યું હતું. બુદ્ધિપૂર્વક, નહિ ? પહેલા આવ્યું હતું, જુઓ ! '**રાગાદિ પરિણામ ઇચ્છા સહિત થાય તે બુદ્ધિપૂર્વક છે...**' એ (વાત) અહીં પહેલી આવી હતી. '**અને જે રાગાદિપરિણામ ઇચ્છા વિના પરનિમિત્તની બળજોરીથી થાય તે અબુદ્ધિપૂર્વક છે.**' એમ આવ્યું હતું. એ જુદું, આ જુદું, પેલું જુદું. આ..હા...! ધીમે ધીમે સમજવાની વાત છે, બાપા ! આ..હા...! આ તો વીતરાગમાર્ગ છે, સૂક્ષ્મ માર્ગ છે. આ..હા...! ભગવાનઆત્મા જ સૂક્ષ્મ છે ને ! આ..હા...!

એટલે ગ્રંથકારની અપેક્ષાથી રાગાદિપરિણામ બુદ્ધિપૂર્વક થાય અને અબુદ્ધિપૂર્વક થાય

એટલી વાત ત્યાં લીધી. અને ટીકાકાર વાત નાખતા (કહે છે), બુદ્ધિપૂર્વક નામ એના ખ્યાલમાં આવે, મનનું જોડાણ હોય, બીજા પણ જાણી શકે એને બુદ્ધિપૂર્વક કહે. અને અહીંયાં મનમાં જોડાણ નથી, ખ્યાલમાં આવ્યું (કે) જોડાણ નથી તેથી મોહના ઉદયથી થયું, પોતાને પણ જણાય નહિ, પ્રત્યક્ષ કેવળી જાણી શકે (એમ કહ્યું).

## શ્લોક–૧૧૭

(अनुष्टुभ्)

**सर्वस्यामेव जीवन्त्यां द्रव्यप्रत्ययसन्ततौ।**
**कुतो निरास्त्रवो ज्ञानी नित्यमेवेति चेन्मतिः ।।११७ ।।**

**હવે શિષ્યની આશંકાનો શ્લોક કહે છે :–**

**શ્લોકાર્થ :– '[सर्वस्याम् एव द्रव्यप्रत्ययसंततौ जीवन्त्यां] જ્ઞાનીને સમસ્ત દ્રવ્યાસ્રવની સંતતિ વિદ્યમાન હોવા છતાં [ज्ञानी] જ્ઞાની [नित्यम् एव] સદાય [निरास्त्रवः] નિરાસ્રવ છે [कुतः] એમ શા કારણે કહ્યું ?' – [इति चेत् मतिः] એમ જો તારી બુદ્ધિ છે (અર્થાત્ જો તને એવી આશંકા થાય છે) તો હવે તેનો ઉત્તર કહેવામાં આવે છે. ૧૧૭.**

## શ્લોક ૧૧૭ ઉપર પ્રવચન

'**હવે શિષ્યની આશંકાનો શ્લોક કહે છે :–**' ૧૧૭.

**सर्वस्यामेव जीवन्त्यां द्रव्यप्रत्ययसन्ततौ।**
**कुतो निरास्त्रवो ज्ञानी नित्यमेवेति चेन्मतिः । ।११७ ।।**

આ..હા...! શું કહે છે ? [सर्वस्याम् एव द्रव्यप्रत्ययसंततौ जीवन्त्यां] '**જ્ઞાનીને સમસ્ત દ્રવ્યાસ્રવની સંતતિ વિદ્યમાન હોવા છતાં...**' આહા..હા...! શંકાકાર પૂછે છે. આશંકા, હોં ! આંશકા છે, હોં ! શંકા નહિ. તમે કહો છો એ ખોટું છે એમ નહિ પણ મને સમજાતું નથી. શું કહો છો તમે આ ? ધર્મીને સમસ્ત દ્રવ્યાસ્રવની સંતતિ જીવતી છે. છે ને ? 'जीवन्त्यां' વિદ્યમાન છે. 'जीवन्त्यां' એટલે વિદ્યમાન છે. સમકિતી – જ્ઞાનીને પણ હજી આઠ કર્મ છે, આયુષ્ય સહિત (છે), એ જીવતા આઠે કર્મ (છે). જીવતા એટલે વિદ્યમાન છે અને

તમે કહો છો કે એને બંધન નથી અને આસ્રવ નથી. આ શું કહો છો ? આહા..હા...! એવી વાતું, બાપુ ! ઝીણું બહુ.

**[सर्वस्याम् एव द्रव्यप्रत्ययसंततौ जीवन्त्यां]** ધર્મી જીવ – ક્ષાયિક સમકિતી હોય તોય એને **'સમસ્ત દ્રવ્યાસ્રવની સંતતિ...'** પરંપરા અંદર વિદ્યમાન છે. એમ હોવા છતાં **'જ્ઞાની...' [नित्यम् एव] 'સદાય...'** આ..હા..હા...! સદાય નિરાસ્રવ છે ? અંદર એને આઠ કર્મ જીવતા બિરાજે છે. આહા..હા...! નવા (કર્મ) બંધાય છે, રાગ થાય છે, પૂર્વના કર્મ છે, નવા પણ આવે છે. આવું બધું હોય છતાં તમે પ્રભુ ! આહા..હા...! **'જ્ઞાની સદાય નિરાસ્રવ છે એમ શા કારણે કહ્યું ?' [इति चेत् मतिः] 'એમ જો તારી બુદ્ધિ...'** હોય, આ રીતે તને સમજવા માટે આશંકા હોય, **'(અર્થાત્ જો તને એવી આશંકા થાય છે) તો હવે તેનો ઉત્તર કહેવામાં આવે છે.'**

## ગાથા–૧૭૩થી૧૭૬

**सव्वे पुव्वणिबद्धा दु पच्चया अत्थि सम्मदिट्ठिस्स।**
**उवओगप्पाओगं बंधंते कम्मभावेण।।१७३।।**
**होदूण णिरुवभोज्जा तह बंधदि जह हवंति उवभोज्जा।**
**सत्तट्ठविहा भूदा णाणावरणादिभावेहिं।।१७४।।**
**संता दु णिरुवभोज्जा बाला इत्थी जहेह पुरिसस्स।**
**बंधदि ते उवभोज्जे तरुणी इत्थी जह णरस्स।।१७५।।**
**एदेण कारणेण दु सम्मादिट्ठी अबंधगो भणिदो।**
**आसवभावाभावे ण पच्चया बंधगा भणिदा।।१७६।।**

सर्वे पूर्वनिबद्धास्तु प्रत्ययाः सन्ति सम्यग्दृष्टेः।
उपयोगप्रायोग्यं बन्धाति कर्मभावेन।।१७३।।
भूत्वा निरुपभोग्यानि तथा बन्धाति यथा भवन्त्युपभोग्यानि।
सप्ताष्टविधानि भूतानि ज्ञानावरणादिभावैः।।१७४।।
सन्ति तु निरुपभोग्यानि बाला स्त्री यथेह पुरुषस्य।
बन्धाति तानि उपभोग्यानि तरुणी स्त्री यथा नरस्य।।१७५।।
एतेन कारणेन तु सम्यग्दृष्टिरबन्धको भणितः।
आस्रवभावाभावे न प्रत्यया बन्धका भणिताः।।१७६।।

यतः सदवस्थायां तदात्वपरिणीतबालस्त्रीवत् पूर्वमनुपभोग्यत्वेऽपि विपाकावस्थायां प्राप्तयौवनपूर्वपरिणतीस्त्रीवत् उपभोग्यत्वात् उपयोगप्रायोग्यं पुद्गलकर्मद्रव्यप्रत्ययाः सन्तोऽपि कर्मोदयकार्यजीवभावसद्भावादेव बन्धति। ततो ज्ञानिनो यदि द्रव्यप्रत्ययाः पूर्वबद्धाः सन्ति, सन्तुः तथापि स तु निरास्त्रव एव, कर्मोदयकार्यस्य रागद्वेषमोहरूपस्यास्त्रवभावस्याभावे द्रव्यप्रत्ययानामबन्धहेतुत्वात्।

---

હવે, પૂર્વોક્ત આશંકાના ઉત્તરની ગાથા કહે છે :–

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા સુદ્રષ્ટિને,
ઉપયોગને પ્રાયોગ્ય બંધન કર્મભાવ વડે કરે. ૧૭૩.
અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,
જ્ઞાનાવરણ ઇત્યાદિ કર્મો સપ્ત-અષ્ટ પ્રકારનાં. ૧૭૪.
સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;
ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. ૧૭૫.
આ કારણે સમ્યક્ત્વસંયુત જીવ અણબંધક કહ્યા,
આસરવભાવઅભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યા. ૧૭૬.

ગાથાર્થ :– [सम्यग्दृष्टेः] સમ્યગ્દ્રષ્ટિને [सर्वे] બધા [पूर्वनिबद्धाः तु] પૂર્વે બંધાયેલા [प्रत्ययाः] પ્રત્યયો (દ્રવ્ય આસ્રવો) [सन्ति] સત્તારૂપે મોજૂદ છે તેઓ [उपयोगप्रायोग्यं] ઉપયોગના પ્રયોગ અનુસાર, [कर्मभावेन] કર્મભાવ વડે (–રાગાદિક વડે) નવો બંધ કરે છે. તે પ્રત્યયો, [निरुपभोग्यानि] નિરુપભોગ્ય [भूत्वा] રહીને પછી [यथा] જે રીતે [उपभोग्यानि] ઉપભોગ્ય [भवन्ति] થાય છે [तथा] તે રીતે, [ज्ञानावरणादिभावैः] જ્ઞાનાવરણાદિ ભાવે [सप्ताष्टविद्यानि भूतानि] સાત-આઠ પ્રકારનાં થયેલાં એવા કર્મોને [बध्नाति] બાંધે છે. [सन्ति तु] સત્તા-અવસ્થામાં તેઓ [निरुपभोग्यानि] નિરુપભોગ્ય છે અર્થાત્ ભોગવવાયોગ્ય નથી – [यथा] જેમ [इह] જગતમાં [बाला स्त्री] બાળ સ્ત્રી [पुरुषस्य] પુરુષને નિરુપભોગ્ય છે તેમ; [तानि] તેઓ [उपभोग्यानि] ઉપભોગ્ય અર્થાત્ ભોગવવાયોગ્ય થતાં [बध्नाति] બંધન કરે છે – [यथा] જેમ [तरुणी स्त्री] તરુણ સ્ત્રી [नरस्य] પુરુષને બાંધે છે તેમ. [एतेन तु कारणेन] આ કારણથી [सम्यग्दृष्टिः] સમ્યગ્દ્રષ્ટિને [अबन्धकः] અબંધક [भणितः] કહ્યો છે, કારણ કે [आस्त्रवभावाभावे] આસ્રવભાવના અભાવમાં [प्रत्ययाः] પ્રત્યયોને [बन्धकाः] (કર્મના) બંધક [न भणिताः] કહ્યા નથી.

ટીકા :– જેમ પ્રથમ તો તત્કાળની પરણેલી બાળ સ્ત્રી અનુપભોગ્ય છે પરંતુ યૌવનને પામેલી એવી તે પહેલાંની પરણેલી સ્ત્રી યૌવન-અવસ્થામાં ઉપભોગ્ય થાય છે અને જે રીતે

ઉપભોગ્ય થાય તે અનુસારે, પુરુષના રાગભાવને લીધે જ, પુરુષને બંધન કરે છે – વશ કરે છે, તેવી રીતે જેઓ પ્રથમ તો સત્તા-અવસ્થામાં અનુપભોગ્ય છે પરંતુ વિપાક-અવસ્થામાં ઉપભોગયોગ્ય થાય છે એવા પુદ્ગલકર્મરૂપ દ્રવ્યપ્રત્યયો હોવા છતાં તેઓ જે રીતે ઉપભોગ્ય થાય તે અનુસારે અર્થાત્ ઉપયોગના પ્રયોગ અનુસારે કર્મોદયના કાર્યરૂપ જીવભાવના સદ્ભાવને લીધે જ, બંધન કરે છે. માટે જ્ઞાનીને જો પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો વિદ્યમાન છે, તો ભલે હો; તથાપિ તે (જ્ઞાની) તો નિરાસ્રવ જ છે, કારણ કે કર્મોદયનું કાર્ય જે રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ તેના અભાવમાં દ્રવ્યપ્રત્યયો બંધનાં કારણ નથી. (જેમ પુરુષને રાગભાવ હોય તો જ જુવાની પામેલી સ્ત્રી તેને વશ કરી શકે છે તેમ જીવને આસ્રવભાવ હોય તો જ ઉદયપ્રાપ્ત દ્રવ્યપ્રત્યયો નવો બંધ કરી શકે છે).

ભાવાર્થ :– દ્રવ્યાસ્રવો ઉદયને અને જીવના રાગદ્વેષમોહભાવોને નિમિત્ત-નૈમિત્તિકભાવ છે. દ્રવ્યાસ્રવોના ઉદય વિના જીવને આસ્રવભાવ થઈ શકે નહિ અને તેથી બંધ પણ થઈ શકે નહિ. દ્રવ્યાસ્રવોનો ઉદય થતાં જીવ જે પ્રકારે તેમાં જોડાય અર્થાત્ જે પ્રકારે તેને ભાવાસ્રવ થાય તે પ્રકારે દ્રવ્યાસ્રવો નવીન બંધનાં કારણ થાય છે. જીવ ભાવાસ્રવ ન કરે તો તેને નવો બંધ થતો નથી.

સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાયનો ઉદય નહિ હોવાથી તેને તે પ્રકારના ભાવાસ્રવો તો થતા જ નથી અને મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાય સંબંધી બંધ પણ થતો નથી. (ક્ષાયિક સમ્યગ્દષ્ટિને સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય થતી વખતે જ અનંતાનુબંધી કષાયનો તથા તે સંબંધી અવિરતિ અને યોગભાવનો પણ ક્ષય થઈ ગયો હોય છે તેથી તેને તે પ્રકારનો બંધ થતો નથી; ઔપશમિક સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાયો માત્ર ઉપશમમાં–સત્તામાં–જ હોવાથી સત્તામાં રહેલું દ્રવ્ય ઉદયમાં આવ્યા વિના તે પ્રકારના બંધનું કારણ થતું નથી; અને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને પણ સમ્યક્ત્વમોહનીય સિવાયની છ પ્રકૃતિઓ વિપાક-ઉદયમાં આવતી નથી તેથી તે પ્રકારનો બંધ થતો નથી).

અવિરત સમ્યગ્દષ્ટિ વગેરેને જે ચારિત્રમોહનો ઉદય વર્તે છે તેમાં જે પ્રકારે જીવ જોડાય છે તે પ્રકારે તેને નવો બંધ થાય છે; તેથી ગુણસ્થાનના વર્ણનમાં અવિરતસમ્યગ્દષ્ટિ આદિ ગુણસ્થાનોએ અમુક અમુક પ્રકૃતિનો બંધ કહ્યો છે. પરંતુ આ બંધ અલ્પ હોવાથી તેને સામાન્ય સંસારની અપેક્ષાએ બંધમાં ગણવામાં આવતો નથી. સમ્યગ્દષ્ટિ ચારિત્રમોહના ઉદયમાં સ્વામિત્વભાવે તો જોડાતો જ નથી. માત્ર અસ્થિરતારૂપે જોડાય છે; અને અસ્થિરતારૂપ જોડાણ તે નિશ્ચયદષ્ટિમાં જોડાણ જ નથી. માટે સમ્યગ્દષ્ટિને રાગદ્વેષમોહનો અભાવ કહેવામાં આવ્યો છે. જ્યાં સુધી કર્મનું સ્વામીપણું રાખીને કર્મના ઉદયમાં જીવ પરિણમે છે ત્યાં સુધી જ જીવ કર્મનો કર્તા છે; ઉદયનો જ્ઞાતાદષ્ટા થઈને પરના નિમિત્તથી માત્ર અસ્થિરતારૂપે પરિણમે

ત્યારે કર્તા નથી, જ્ઞાતા જ છે. આ અપેક્ષાએ, સમ્યગ્દષ્ટિ થયા પછી ચારિત્રમોહના ઉદયરૂપ પરિણમવા છતાં તેને જ્ઞાની અને અબંધક કહેવામાં આવ્યો છે. જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય છે અને તેમાં જોડાઈને જીવ રાગદ્વેષમોહભાવે પરિણમે છે ત્યાં સુધી જ તેને અજ્ઞાની અને બંધક કહેવામાં આવે છે. જ્ઞાની-અજ્ઞાનીનો અને બંધ-અબંધનો આ વિશેષ જાણવો. વળી શુદ્ધ સ્વરૂપમાં લીન રહેવાના અભ્યાસ દ્વારા કેવળજ્ઞાન પ્રગટવાથી જ્યારે જીવ સાક્ષાત્ સંપૂર્ણજ્ઞાની થાય છે ત્યારે તો તે સર્વથા નિરાસ્રવ થઈ જાય છે એમ પહેલાં કહેવાઈ ગયું છે.

## ગાથા ૧૭૩ થી ૧૭૬ ઉપર પ્રવચન

ગાથા. ચાર છે ને ગાથા ?

सव्वे पुव्वणिबद्धा दु पच्चया अत्थि सम्मदिट्ठिस्स।
उवओगप्पाओगं बंधंते कम्मभावेण।।१७३।।
होदूण णिरुवभोज्जा तह बंधदि जह हवंति उवभोज्जा।
सत्तट्ठविहा भूदा णाणावरणादिभावेहिं।।१७४।।
संता दु णिरुवभोज्जा बाला इत्थी जहेह पुरिसस्स।
बंधदि ते उवभोज्जे तरुणी इत्थी जह णरस्स।।१७५।।
एदेण कारणेण दु सम्मादिट्ठी अबंधगो भणिद्री।
आसवभावाभावे ण पच्चया बंधगा भणिदा।।१७६।।

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા સુદૃષ્ટિને,
ઉપયોગને પ્રાયોગ્ય બંધન કર્મભાવ વડે કરે. ૧૭૩.
અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,
જ્ઞાનાવરણ ઇત્યાદિ કર્મો સપ્ત-અષ્ટ પ્રકારનાં. ૧૭૪.
સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;
ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. ૧૭૫.
આ કારણે સમ્યક્ત્વસંયુત જીવ અણબંધક કહ્યા,
આસરવભાવઅભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યા. ૧૭૬.

આ..હા..હા...! **ટીકા :– 'જેમ પ્રથમ તો તત્કાળની પરણેલી બાળ સ્ત્રી અનુપભોગ્ય છે...'** પરણ્યો હોય પણ છોડી દસ વર્ષની કે અગિયાર વર્ષની કે આઠ વર્ષની હોય તે અણભોગ્ય છે. **'પરંતુ યૌવનને પામેલી એવી...'** એ જ્યારે યુવાન થાય **'તે પહેલાંની પરણેલી સ્ત્રી યૌવન-અવસ્થામાં ઉપભોગ્ય થાય છે...'** દૃષ્ટાંત (કહે છે). **'અને જે રીતે ઉપભોગ્ય થાય...'** જે રીતે વર્તમાનમાં ઉપભોગ્ય થાય **'તે અનુસારે, પુરુષના રાગભાવને લીધે જ, પુરુષને બંધન કરે છે–'** આ..હા..હા...! **'વશ કરે છે.'** આ દૃષ્ટાંત.

**'તેવી રીતે જેઓ પ્રથમ તો સંસાર-અવસ્થામાં અનુપભોગ્ય છે...'** ધર્મીને સત્તામાં પડેલા કર્મો એ કંઈ ભોગ્ય નથી, પડ્યા છે. આ..હા...! **'સત્તા-અવસ્થામાં અનુપભોગ્ય છે પરંતુ વિપાક-અવસ્થામાં ઉપભોગયોગ્ય થાય છે...'** એ કર્મનો ઉદય જ્યારે વિપાક આવે ત્યારે તે ઉપભોગ થાય છે. આ..હા...! **'એવા પુદ્ગલકર્મરૂપ દ્રવ્યપ્રત્યયો...'** જડકર્મનો ઉદય હોવા છતાં... આ..હા..હા...! **'તેઓ ઉપયોગના પ્રયોગ અનુસારે...'** એ જે પ્રમાણે વર્તમાન પુરુષાર્થથી જોડાય તે અનુસારે. આ..હા...! **'ઉપયોગના પ્રયોગ અનુસારે...'** વર્તમાન ઉપયોગ અનુસાર. કર્મ સત્તા(માં) પડ્યું છે એ કાંઈ નહિ. એનો ઉદય આવે ત્યારે પણ વર્તમાન પુરુષાર્થથી જેટલો જોડાય તેટલું તેને બંધન છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'કર્મોદયના કાર્યરૂપ જીવભાવના સદ્ભાવને લીધે જ,...'** કર્મના ઉદયના કાર્યમાં જો જીવભાવનો સદ્ભાવ હોય, ભેગું જોડાણ હોય તો **'બંધન કરે છે.'** શું કહ્યું ઈ ? જ્ઞાનીને સત્તામાં કર્મ પડ્યા હતા એ તો કંઈ ભોગ નથી. ઉદયમાં આવે ત્યારે વર્તમાનમાં જેટલો જે જાતનો પોતાને ઉપયોગ જોડાય તે પ્રમાણે બંધન થાય. હવે, જ્ઞાનીનો ઉપયોગ સમ્યગ્દર્શન સહિતનો છે. આ..હા...! આહા..હા...! છે ?

**'કર્મોદયના કાર્યરૂપ જીવભાવ...'** (એટલે કે) વિકારી ભાવ. એના સદ્ભાવને લીધે જ બંધન કરે. **'માટે જ્ઞાનીને જો પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો વિદ્યમાન છે,...'** ધર્મીને પૂર્વે બંધાયેલા મિથ્યાત્વથી બાંધ્યા હતા તે કર્મો પડ્યા છે **'તો ભલે હો; તથાપિ તે (જ્ઞાની) તો નિરાસ્રવ જ છે,...'** પૂર્વના કર્મની અપેક્ષાએ પણ, તે પડેલા છે એ અપેક્ષાએ નિરાસ્રવ છે. **'કારણ કે કર્મોદયનું કાર્ય જે રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ તેના અભાવમાં દ્રવ્યપ્રત્યયો બંધનાં કારણ નથી.'** એ કર્મના ઉદયનું કાર્ય વર્તમાન રાગ-દ્વેષ-મોહ થાય તો આસ્રવ (થાય) પણ એ **'આસ્રવભાવ તેના અભાવમાં દ્રવ્યપ્રત્યયો બંધનાં કારણ નથી.'** ધર્મીને એ (કર્મનો) ઉદય આવે પણ એને રાગ-દ્વેષ થતો જ નથી, કહે છે. એમાં એનું જોડાણ જ નથી. આ..હા..હા...! આ તો સમકિતી છે એના જ્ઞાનનું જોડાણ તો આત્મા સાથે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'દ્રવ્યપ્રત્યયો બંધનાં કારણ નથી.'** જડ પડેલા કર્મો કોઈ બંધના કારણ નથી. વર્તમાનમાં ઉદય આવે ત્યારે જેટલો પોતે એ બાજુમાં જોડાય તો એને ભાવ થાય.

**'(જેમ પુરુષને રાગભાવ હોય તો જ જુવાની પામેલી સ્ત્રી તેને વશ કરી શકે છે તેમ**

**જીવને આસ્રવભાવ હોય તો જ ઉદયપ્રાપ્ત દ્રવ્યપ્રત્યયો નવો બંધ કરી શકે છે).'** નવા ભાવ કરે, જૂના કર્મ પડ્યા હોય, નવા ભાવ કરે તો બંધનનું કારણ થાય. જૂના કર્મ પડ્યા (છે) માટે એને બંધનનું કારણ થાય એમ નથી. આ..હા...! વર્તમાનમાં એની દશા જડકર્મની સાથમાં ઉદય આવે ત્યારે જેટલા પ્રમાણમાં વર્તમાનમાં જોડાય, જોડાણ સ્વભાવ તરફ તો છે જ, (છતાં) આમ (ઉદયમાં) જોડાય તેટલા પ્રમાણમાં (બંધન) થાય. આ તો સમકિતીનું જોડાણ તો આત્મા સાથે છે. સમજાણું કાંઈ ? થોડું જોડાણ છે. છતાં તેને અહીંયાં આસ્રવ અને બંધનરહિત કહેવામાં આવ્યો છે. આહા..હા...! એ મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અપેક્ષાએ છે, હોં ! એ ખુલાસો કરશે. આહા..હા...!

**(ભાવાર્થ) 'દ્રવ્યાસ્રવોના ઉદયને અને જીવના રાગદ્વેષમોહભાવોને નિમિત્ત-નૈમિત્તિકભાવ છે.'** શું કીધું ઈ ? જૂના જડ કર્મ છે નિમિત્ત અને નવા વર્તમાન રાગ-દ્વેષ થાય એ નૈમિત્તિક. એ રાગ-દ્વેષ કરે તો ઓલાને નિમિત્ત કહેવામાં આવે. **'દ્રવ્યાસ્રવોના ઉદય વિના જીવને આસ્રવભાવ થઈ શકે નહિ...'** એકલા નિમિત્ત વિના સ્વભાવમાં એકલો આશ્રવ થઈ શકે નહિ. એટલું અહીં આસ્રવ સિદ્ધ કરવું છે ને ! **'જીવને આસ્રવભાવ થઈ શકે નહિ અને તેથી બંધ પણ થઈ શકે નહિ. દ્રવ્યાસ્રવોનો ઉદય થતાં જીવ જે પ્રકારે તેમાં જોડાય અર્થાત્ જે પ્રકારે તેને ભાવાસ્રવ થાય તે પ્રકારે દ્રવ્યાસ્રવો નવીન બંધનાં કારણ થાય છે. જીવ ભાવાસ્રવ ન કરે તો તેને નવો બંધ થતો નથી.'** કર્મનો ઉદય આવ્યો માટે બંધન થાય એમેય નથી. આહા..હા...! પોતાના જોડાણમાંથી છૂટીને એમાં જેટલું જોડાણ કરે, એટલું એને નવું બંધન થાય. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## પ્રવચન નં. ૨૫૧ ગાથા–૧૭૩-૧૭૬, મંગળવાર, જેઠ વદ ૨, તા. ૧૨-૦૬-૧૯૭૯

---

'સમયસાર' ભાવાર્થ પછી બીજો પેરેગ્રાફ છે. **'સમ્યગ્દષ્ટિને...'** એટલે શું ? કે, આત્મા જે છે એ શુદ્ધ સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છે. એનું મૂળ સ્વરૂપ સત્ છે અને જ્ઞાન, આનંદાદિ એનો સ્વભાવ છે. એની દશામાં જે પુણ્ય ને પાપના ભાવ થાય એ તો આસ્રવ છે. આસ્રવ એટલે બંધના કારણ છે. જેમ વહાણમાં છિદ્ર હોય અને પાણી આવે એમ આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ છે છતાં જેને ભાન નથી, એને અંદર મિથ્યાત્વને લઈને (તેનો અનુભવ થતો નથી). અહીં વધારે એ વાત લેવી છે.

વસ્તુસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે તેનું જ્ઞાન ને ભાન નથી, એ આત્મા સિવાય પર પદાર્થનો કર્તા થાય છે અને અંદર રાગ ને પુણ્ય ને પાપના ભાવ થાય, હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગ પાપ (ભાવ છે). દયા, દાન, વ્રત, તપ, ભક્તિ એ પુણ્ય (ભાવ છે), પણ બેય આસ્રવ

છે એટલે બંધના કારણ છે. એ બંધના કારણનો (જેને અભાવ થયો છે એવો) સમ્યગ્દષ્ટિ (અર્થાત્ જેને) સ્વરૂપની અંતરદષ્ટિ થઈ છે, શુદ્ધ ચૈતન્ય આનંદકંદ પ્રભુ, એની સત્ય દૃષ્ટિ થઈ છે અને તે ચૈતન્યસ્વરૂપ પવિત્ર (છે) તેનો અહીંયાં અનુભવ (થયો છે), એને શુદ્ધ ચૈતન્યને અનુસરીને જે આનંદનું વેદન આવવું જોઈએ તે વેદન થઈને અનુભવ થયો હોય તેને સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. આ સમ્યગ્દષ્ટિની વ્યાખ્યા ! આહા..હા...! બાકી આ પુણ્ય અને પાપના ભાવ (થાય) એ મારું કર્તવ્ય છે એમ જે માને છે એ તો મિથ્યાદષ્ટિ, અજ્ઞાની મૂઢ છે. અનાદિનો ચાર ગતિમાં ચોરાશીના અવતારમાં રખડે છે. આહા..હા...! ઈ પરવસ્તુનો કર્તા થાય છે અને પોતામાં થતાં વિકારના પરિણામનો રચનારો, કરનારો, બનનારો, સ્વામી થાય છે ત્યાં સુધી તે મિથ્યાદષ્ટિ, અજ્ઞાની, મૂઢ છે. આહા..હા...! આવું સ્વરૂપ આકરું !

જ્યારે આ ભગવાનઆત્મા વસ્તુ છે ને ? પદાર્થ છે, તત્ત્વ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે. એનો જેને પુણ્ય અને પાપના ભાવથી જુદું છે ઈ તત્ત્વ એમ અંદર ભાન થાય ત્યારે તે સમ્યગ્દષ્ટિ થાય અને ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે ત્યારે તે સુખને પંથે પડ્યો છે એમ કહેવાય. અને એનું જ્યાં ભાન નથી અને પુણ્ય ને શુભ-અશુભ ભાવનો કર્તા થઈને મિથ્યાત્વભાવથી ત્યાં રોકાયેલો છે એ દુઃખને પંથે છે. આ..હા...! આવી વાતું છે, બાપુ ! જગતથી જુદી બહુ. આ..હા...!

એ '**સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વનો...**' એટલે વિપરીત માન્યતાનો એટલે કે પરનું કરી શકું, પરનું ભલું-ભૂંડું કરી શકું, પુણ્ય-પાપના ભાવ એ મારા, વિકાર છે એ ત્રિકાળી સ્વભાવથી ભિન્ન છે છતાં એ વિકાર પરિણામ મારા (છે) એવી માન્યતાવાળાને અહીંયાં મિથ્યાત્વ કહે છે. મિથ્યાશ્રદ્ધા (કહે છે). આહા..હા...! અને '**અનંતાનુબંધી કષાય...**' એ મિથ્યાત્વની સાથે અનંત સંસારના કારણ, રખડવાના એવા રાગ-દ્વેષ એને અહીંયાં અનંત અનંતાનુબંધી (કહે છે). અનંત એટલે મિથ્યાત્વની સાથે રહેલા કષાયો, રાગ ને દ્વેષ, તેને અહીંયાં અનંતાનુબંધી કષાય કહે છે. ઝીણી વાત છે, બાપુ ! ધર્મ કોઈ બીજી ચીજ છે. આ..હા..હા...!

એ '**સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાયનો ઉદય નહિ હોવાથી...**' એને મિથ્યાત્વ ભાવ પણ નથી અને મિથ્યાત્વ સાથે અનંત સંસારનું કારણ જે કષાય, એ પણ તેને નથી. આ ઝીણી વાત છે બહુ, બાપુ ! આ..હા..હા...! '**તેને તે પ્રકારના ભાવાસ્રવો તો થતા જ નથી...**' સમ્યગ્દષ્ટિને મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાત્વની સાથે રહેલા અનંત સંસારના કારણરૂપ રાગ-દ્વેષ એ ધર્મની દૃષ્ટિ અને આત્મા-દૃષ્ટિ થયો, આત્મજ્ઞાન થયું ત્યારે એ ભાવ તો એને હોતા નથી. આહા..હા...!

'**તેને તે પ્રકારના ભાવાસ્રવો...**' એટલે પુણ્ય ને પાપના ને મિથ્યાત્વ ભાવ, તેને તે પ્રકારના મિથ્યાશ્રદ્ધા અને અનંત સંસારના કારણના ભાવાસ્રવ એટલે જે પરિણામથી નવા બંધન થાય તેવા '**ભાવાસ્રવો તો થતા જ નથી...**' આહા..હા...! સમજાય છે કાંઈ ? માર્ગ

બહુ જુદી જાતનો (છે), બાપુ ! ધર્મ કોઈ એવી ચીજ છે (કે) અનંતકાળમાં એણે (કરી નથી). ચોરાશીના અવતાર અનંતકાળથી કરે છે. કેમકે એ તો અનાદિ આત્મા છે, એ કંઈ નવો નથી, તેમ કૃત્રિમ નથી, કોઈએ કરેલો નથી, એ તો છે વસ્તુ. અનાદિની ચીજ છે એની ખબરુ વિના ચોરાશીના અવતારમાં રખડે છે એનું રખડવાનું બંધ ક્યારે થાય ? કે, આત્મા પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપ છું અને એ પુણ્ય ને શુભ-અશુભ જે દયા, દાન, વ્રતના પરિણામ (થાય) એ પણ મારી ચીજ નહિ... આ..હા..હા...! એવું જ્યાં અંતર ભાન થાય ત્યારે તેને તે પ્રકારના આસ્રવો એટલે મિથ્યાશ્રદ્ધા અને તેની સાથમાં રહેલા રાગ-દ્વેષ, એવા પરિણામ એને હોતા નથી. અરે...! અજાણ્યાને એક એક ભાષા અજાણી લાગે.

**'અને મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાય સંબંધી બંધ પણ થતો નથી.'** કેમકે એ ભાવ નથી તો પછી નવો બંધ પણ એને લઈને થતો નથી. આ..હા...! જરીક ઝીણી વાત છે, ભાઈ ! ગમે તેટલી વાત એને સહેલી કરીને મૂકે પણ એની મર્યાદામાં સહેલી થાય ને ? આ..હા...! હવે આ જરી ઝીણું આવ્યું છે આ.

**'(ક્ષાયિક સમ્યગ્દષ્ટિને...)'** સમ્યગ્દર્શન તો થયું છે પણ ક્ષાયિક એટલે કે જે હવે નાશ ન થાય અને કેવળજ્ઞાન, પરમાત્મપદને પ્રાપ્ત કરે ત્યાં સુધી ક્ષાયિક ભેગું રહે એવું એ ક્ષાયિક સમ્યગ્દર્શન. પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! એનો અનુભવ થઈને એના જ્ઞાનમાં, વર્તમાન જ્ઞાનમાં એ પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન થઈને, આ પૂર્ણ સ્વરૂપ આવું છે એવી જે પ્રતીતિ જ્ઞાનમાં જ્ઞેય થઈને આત્માને પ્રતીતિ થાય અને તે પ્રતીતિ ક્ષાયિક થાય કે જે થઈ તે જાય નહિ. આહા..હા...!

એવા **'(ક્ષાયિક સમ્યગ્દષ્ટિને સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય થતી વખતે...)'** આહા..હા...! અધિકાર એ જાતનો આવ્યો છે, બાપુ ! શું થાય ? આ..હા...! અંતર સ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ ! અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય શાંતિનો સાગર છે ઈ ! વસ્તુ છે, આત્મા પદાર્થ છે. એમાં અનંત અનંત શાંતિ ને અનંત આનંદ, અતીન્દ્રિય આનંદ અનંત અનંત (ભર્યો છે). એવી અનંત અનંત શક્તિઓનો એ સાગર છે ! એવું જેને અંતરમાં સન્મુખ થઈને, પરથી વિમુખ થઈને એવી દૃષ્ટિ પ્રગટ થઈ કે જે ક્ષાયિક એટલે તેને વિઘ્ન કરનાર રાગ, મિથ્યાત્વાદિનો અંશ રહ્યો નહિ. એવું **'(ક્ષાયિક સમ્યગ્દષ્ટિને સત્તામાંથી...)'** આહા..હા...! **'(મિથ્યાત્વનો...)'** વિપરીત શ્રદ્ધાનો **'(ક્ષય થતી વખતે જ અનંતાનુબંધી કષાયનો...)'** આ..હા..હા...! એ અનંત સંસારનું કારણ એવા રાગ-દ્વેષનો પણ એને અભાવ છે. **'(તે સંબંધી અવિરતિ...)'** આ..હા..હા...! હજી શબ્દોય ન આવડતા હોય ત્યાં (આ સમજાય કેવી રીતે ?)

આ તો અધ્યાત્મશાસ્ત્ર છે, આ કાંઈ લૌકિક વાત નથી. ભાષા જ અધ્યાત્મ છે. આત્મા અંદર આનંદનો નાથ પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો સાગર છે. એનું એવું અંતરમાં ભાન

થઈને પ્રતીતિ થઈ કે જે પ્રતીતિને કાળે મિથ્યાત્વ સંબંધીનો તો ક્ષય થયો, અનંતાનુબંધી કષાયનો પણ નાશ થયો (તથા) **'(તે સંબંધી અવિરતિ...)'** આહા..હા...! એ સંબંધી જે અવિરતિ એટલે એ મિથ્યાત્વ ને અનંતાનુબંધીને લગતી જે અવિરતિ. આહા..હા...! બધી ભાષા ઝીણી કરી.

**'(અવિરતિ અને યોગભાવનો...)'** શું કહે છે ? આત્મામાં એક અજોગ એવો સ્વભાવ છે. (આત્મ) પ્રદેશમાં આ કંપન થાય છે એ તો વિકાર છે. અંતર સ્વરૂપમાં એક અજોગ નામનો (સ્વભાવ છે). જેમ આત્મામાં જ્ઞાન, આનંદાદિ, શાંતિ આદિ સ્વભાવ છે તેમ એક અજોગ નામનો એનો ગુણ – સ્વભાવ છે. એ અજોગ નામના ગુણનું પણ (પરિણમન થાય છે). આહા..હા...! **'(યોગભાવનો પણ ક્ષય થઈ...)'** એક અંશે પણ એ અજોગભાવનો અંશ પ્રગટ થાય છે. એટલે કંપનભાવનો એટલો એને નાશ થાય છે. બધી ભાષા જુદી જાત છે. ચોથે ગુણસ્થાને, હોં !

આત્મા હજી તો પાંચમુ, છઠ્ઠું ને કેવળજ્ઞાન, પરમાત્મા થાય એ તો તેરમું (ગુણસ્થાન) જુદું. મેડીએ ચડવામાં જેમ દાદરાનાં પગથિયાં હોય છે એમ ગુણધારાના ચૌદ પગથિયા હોય છે. એ માહ્યલું ચોથા ગુણસ્થાનની ધારાની વાત અત્યારે ચાલે છે. આ..હા...! એ ચોથા ગુણસ્થાનની ધારામાં ક્ષાયિક દશા જ્યાં થઈ, ભલે ગૃહસ્થાશ્રમમાં હો, પણ અંતરમાં એ સ્વામીપણું એને રાગનું અને રાજનું ઊડી ગયું છે. રાજ હોય મોટું ચક્રવર્તીનું તોપણ સ્વામીપણું જેને અંતરમાંથી ઊડી ગયું છે. આહા..હા...!

અંતરમાં ભગવાન અંતર આનંદનું દળ છે, આનંદનું દળ ! આ..હા..હા...! અતીન્દ્રિય આનંદનું દળ પિંડ પ્રભુ આત્મા છે. આહા..હા...! એવું જ્યાં અંતરની દૃષ્ટિ ને સન્મુખ થઈને ભાન થયું તો કહે છે કે, મિથ્યાત્વ ને અનંતાનુબંધી તો ગયા પણ એને લગતી અવિરતિનો અંશ પણ ગયો અને એને લગતા યોગના કંપનના અંશનો પણ એટલો અભાવ થયો. કેમ ? કે, સમ્યગ્દર્શન એટલે 'સર્વ ગુણાંશ તે સમકિત'. જે આત્મા પ્રભુ છે,... આ તો હાડકાં, દેહ જડ માટી છે, આ કાંઈ આત્મા નથી, આ તો માટી, ધૂળ છે. આ વાણી ધૂળ જડ છે. અંદર એક કર્મ છે, પૂર્વે પુણ્ય-પાપ, શુભ-અશુભ ભાવ કરેલા હોય (એવા) પુણ્ય, પાપ. આ પુણ્યના ઉદયને લઈને બે-પાંચ લાખ પૈસા (–રૂપિયા) મળે ને ? બુદ્ધિ વિનાના હોય પણ છતાં કરોડો પૈસા પેદા કરે. ઈ પૂર્વના પુણ્યને કારણે છે. ઈ એક જડકર્મ છે. એ જડથી પણ પ્રભુ તો અંદર જુદો છે. આહા..હા...! એમાં દયા, દાન ને વ્રતના પરિણામ ને કામ, ક્રોધના પરિણામથી પણ એ જુદો છે. એવું જુદાનું ભાન થયું તો એમાં જેટલા ગુણો છે એની એક અંશે શક્તિઓની વ્યક્તતા થઈ. એ એમ કહે છે કે, તે કાળે યોગનો અંશ પણ ગયો અને અજોગનો અંશ પણ વ્યક્ત – પ્રગટ થયો. આહા..હા...! સમજાય છે કાંઈ ?

આ..હા..હા...! **'(યોગભાવનો પણ ક્ષય થઈ ગયો હોય છે...)'** ક્ષાયિક સમકિત લીધું છે ને ? ક્ષયોપશમ (સમકિતમાં) પણ અંશે હોય છે પણ આ તો ક્ષાયિક (સમકિત) લીધું. આ..હા..હા...! જેનું મૂળ તોડી નાખ્યું આખું ! ફરીને ઊગે નહિ. એવી આત્માના આનંદના સ્વરૂપની, જ્ઞાનમાં વસ્તુને જ્ઞેય બનાવીને વર્તમાન જ્ઞાનની દશામાં આખા તત્ત્વને જ્ઞેય બનાવીને જે અંતરમાં એ જ્ઞાન થઈને પ્રતીતિ થઈ એ પ્રતીતિ અહીંયાં ક્ષાયિક કરવામાં આવી છે. એ ક્ષાયિક પ્રતીતિમાં વિપરીત માન્યતા અને એની સાથે રહેલા રાગ-દ્વેષ, એનો તો એને અભાવ છે, પણ તેને લગતો અવિરતિ ભાવ જે છે એ પણ નાશ થાય છે અને તેમાં યોગના કંપનનો ભાવ જે છે એક અંશે એનો પણ નાશ થાય છે અને અજોગનો એક અંશ પ્રગટ થાય છે. આહા..હા...!

હજી ગૃહસ્થાશ્રમમાં હો, સાધુ ચીજ તો અલૌકિક, બીજી ચીજ છે ! શ્રાવક પણ કોઈ અલૌકિક છે ! શ્રાવક એટલે આ વાડાના શ્રાવક છે એ કંઈ (શ્રાવક નથી). અંદરમાં આત્મઅનુભવ થઈ અને સ્વરૂપમાં લીનતાનો, આનંદનો અંશ વધે ત્યારે તેને શ્રાવક કહેવામાં આવે અને એમાંથી વિશેષ અતીન્દ્રિય આનંદનું (વેદન આવે), પ્રચુર અતીન્દ્રિય આનંદનો અંદરથી ઊભરો આવે, આનંદનું પ્રચુર સ્વસંવેદન (આવે), એને સાધુ કહેવામાં આવે છે. અર..ર..ર....! 'સાધતે ઇતિ સાધુ' ! જે અનંત સ્વભાવ છે તેને સાધે છે, ગુણ અનંત છે તેને સાધે માટે સાધુ. આહા..હા...! એ સાધુને પણ તેટલા પ્રકારનું ક્ષાયિક સમકિત સહિત સાધુપણું હોય છે, તો એને મિથ્યાત્વ અને બીજા બે કષાય પણ નથી અને અહીં તો ચોથે ગુણસ્થાનથી પણ તેને લાયક અવિરતિ અને તેને લાયક યોગનો અંશ નાશ થઈ ગયો છે. આહા..હા...! એમ કહીને એમ કહેવા માગે છે કે, પ્રભુ ! અનંત અનંત ગુણનું ગોદામ આત્મા છે. બાપુ ! આત્મા અનંત ગુણનું ગોદામ, બાપુ ! એણે કે દિ' સાંભળ્યો છે ? આ..હા..હા...!

અનંત જેની સંખ્યાનો પાર ન મળે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એને અનંતા ગુણાકાર કર્યા જ કરો તોપણ એ છેલ્લે અનંતનો છેલ્લો અનંત આવે નહિ એટલા બધા એક એક આત્મામાં ગુણ ભર્યા છે. આહા..હા...! એ બધાય ગુણો ક્ષાયિક સમકિત થતાં બધા ગુણોનો એક અંશ પ્રગટરૂપે અનુભવમાં વ્યક્તરૂપે આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીં તો હવે આપણે આ ઓગણીસમી વાર ચાલે છે. આ 'સમયસાર' તો પહેલેથી અક્ષરેઅક્ષર અઢાર વાર તો પૂરું થઈ ગયું છે. આ તો ઓગણીસમી વાર ચાલે છે. આ..હા...! ઝીણી વાતું બહુ, બાપુ ! દેહથી તો ભિન્ન પ્રભુ (છે) પણ અંદર દયા, દાન, વ્રત ને તપનો વિકલ્પ, રાગ ઊઠે છે એનાથી પ્રભુ અંદર ભિન્ન છે. આ..હા..હા...! એવો પ્રભુ ચૈતન્ય ભગવાન ! સત્ ચિદાનંદ સત્ છે અને ચિદ્ જ્ઞાનાનંદ છે એવું અંતરમાં જેવી ચીજ, જેવડી

ચીજ છે એવડી ચીજનું જેને અંતરમાં જ્ઞાન થઈને પ્રતીતિ, શ્રદ્ધા થઈ તેને અનંતા ગુણ જેટલી સંખ્યામાં છે એ બધા ગુણોનો એક અંશ શક્તિમાંથી વ્યક્તતા આવે છે. આ..હા..હા...! ભાષા ફેર, ભાવ ફેર. કહો ! સમજાણું કાંઈ ?

ચોથે ગુણસ્થાને યોગના અંશનો ક્ષય થાય છે (એમ) કહે છે. પૂરો યોગ ભલે ચૌદમે (ગુણસ્થાને) થાય. ગુણસ્થાન ચૌદ છે તે. આ..હા...! પણ અહીં પણ તેને **'સંબંધી અવિરતિ અને યોગભાવનો પણ ક્ષય થઈ ગયો હોય છે...'** આ..હા..હા...! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ ! એનું શુદ્ધ ચૈતન્યઘન અનાદિથી છે પણ એના ભાન વિના શરીર મારું, શરીરની ક્રિયા હું કરું ને કો'કનું ભલું કરી દઉં ને કો'કનું ભૂંડું કરી દઉં ને એવો જે મિથ્યાત્વ ભાવ... આ..હા..હા...! એવો જે સ્વભાવથી વિપરીત ભાવ એવા મિથ્યાત્વની સાથે રહેલા રાગ-દ્વેષ, એને લઈને ઈ ચાર ગતિમાં ચોરાશીના અવતારમાં રખડે છે. આ..હા...! એને રખડવાનું ક્યારે ટળે ? કે, જેમાં તે ભાવ, વિકાર ને વિકારનું ફળ જે અંદર સ્વરૂપમાં નથી, એવો જે સચ્ચિદાનંદ પ્રભુ આત્મા ! એનું અવલંબન લેતા જે કંઈ અંદર અજ્ઞાન ને રાગ-દ્વેષ ને તે પ્રકારનો કષાય ટળે છે એ ટાણે તેને લગતા અવિરતિ ને યોગભાવનો અંશ પણ ટળે છે. આહા..હા...! અજાણ્યા નવી ભાષા(વાળાને) તો તદ્દન નવું લાગે. અહીં તો ચુમ્માલીસ વર્ષથી (આ) ચાલે છે. આ..હા...! આ તો અંતરની વાતું છે, બાપુ ! બહારની વાતું અત્યારે અહીં ક્યાંય છે જ નહિ. બહારની વાતું બધે છે.

આ અંતર પ્રભુ કોણ છે ? આ (શરીર દેખાય એ) તો માટી છે. એની આ બધી દશાઓ થાય છે એ પણ એ માટીને લઈને (થાય છે), આત્માને લઈને નહિ. આહા..હા...! આ હાલવું-ચાલવું, બોલવું બધી જડની પર્યાય – અવસ્થા છે, આત્માથી નહિ. કેમ બેસે ? આખો દિ' હું કરું, હું કરું... આ મેં કર્યું, મેં આને કરી દીધું ને મેં આનું કર્યું... 'નરસિંહ મહેતા' પણ કહે છે ને ! વૈષ્ણવમાં થયા ઈ ! 'હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' ગાડા હેઠે કૂતરું (હોય) એને ઠુંઠું અડે (તો ઈ એમ માને કે), ગાડું મારાથી ચાલે છે ! એમ અજ્ઞાની દુકાનને થડે કે ઘરે જઈને બેઠો હોય ત્યાં (એમ માને કે), આ બધા ઘરના, દુકાનના કામ મારાથી થાય છે, એ બાયડી મારી ને છોકરા મારા, મેં એને પરણાવ્યા ને મેં એને ઠેકાણે નાખ્યા ને મેં એને રળવાને રસ્તે દોરી દીધા.. આવું જે અજ્ઞાન ને મિથ્યાત્વ ભાવ... આહા..હા...! એ ચાર (ગતિમાં રખડાવનારો ભાવ છે).

મુમુક્ષુ :– બધુંય અજ્ઞાન ?

ઉત્તર :– બધું મિથ્યા છે. 'સુમનભાઈ'ને એણે ભણાવ્યો હતો. પાંત્રીસ હજાર રૂપિયા ખર્ચીને ભણાવ્યો ! અને અત્યારે આઠ હજારનો એમના દીકરાને પગાર છે. 'મુંબઈ' !

મુમુક્ષુ :– એનાથી શું વળ્યું ?

ઉત્તર :– ધૂળ ! ડાળિયા શા ? છોકરા કોના ? પૈસા કોના ? વાતું કોની ? શું છે

આ ? પાંત્રીસ હજાર તે દિ' ખર્ચ્યા (ઈ) વકીલાતમાં પાપ કરીને ભેગા કર્યા હતા. કોર્ટમાં પાંચ કલાક જાતા (ત્યારે) બસો રૂપિયા લેતા. પાંત્રીસ વર્ષ પહેલાંની વાત છે, હોં ! અત્યારે તો બધી (ચીજ) મોંઘી થઈ ગઈ ને ! અત્યારે તો દાણા મોંઘા થયા એટલે પૈસા સોંઘા થઈ ગયા. પહેલાના એક લાખ અને અત્યારના પચીસ લાખ, બેય સરખા. આહા..હા...! અરે...! કોના દીકરા ? કોના બાપ ? ભાઈ ! અરે..રે...! અરે...! એમાં દયાનો ભાવ આવે એ રાગ છે, ઈ જીવનો નહિ, ભાઈ ! પ્રભુ ! તને તારી પ્રભુતાની ખબર નથી. આહા..હા...! પરને નહિ મારવાનો ને બચાવવાનો ભાવ આવે પણ ઈ કાંઈ બચાવી શકે નહિ. પરનું તો એને કારણે થાય પણ આ જાણે કે, બચાવી દઉં એવો ભાવ આવે, રાગ (આવે), એ રાગનો સ્વામી થાય તે મિથ્યાદૃષ્ટિ છે. આ..હા...! એ આત્માના સ્વભાવની શાંતિને હણે છે. આહા..હા...!

અહીં કહે છે કે, જેને આવો પ્રભુ છે એવું જ્યાં અંતરમાં ભાન થયું, જ્ઞાતા-દૃષ્ટા થયો, સ્વરૂપ જ્ઞાન ને આનંદાદિ છે, તેને જ્ઞાનની પર્યાયમાં – વર્તમાન દશામાં, તેનું જેટલું, જેવડું સ્વરૂપ છે તેવું તેને જણાયું અને જાણીને પ્રતીત થઈ એ પ્રતીતમાં વિપરીત મિથ્યાત્વ ને અનંતાનુબંધી કષાય તો એને આવતો નથી પણ તેને તે સંબંધી અવિરતિ અને યોગભાવ પણ ટળી ગયો છે. આ..હા..હા...! વાડામાં તો વાતું આ કરે, દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, દયામંડળી કરો ને આ ધૂળ કરો ને પાંચ-પચીસ હજાર ભેગા કરે, લાખ-બે લાખ-પાંચ લાખ ભેગા કરીને બીજાને સહાય કરો. શું કરે ? ધૂળ ! આ..હા...! ભાઈ ! ઝીણી વાત, બાપા !

આ આંગળી જડ છે, ધૂળ છે, આ તો માટી (છે). ઈ આ ચાલે છે ઈ જડ જડને કારણે (ચાલે છે), આત્માને કારણે નહિ. આહા..હા...! એ માને કે મારાથી થાય છે તે દૃષ્ટિ તેની સત્યનું ખૂન કરનાર અસત્ય છે. અસત્ય કહો કે મિથ્યા કહો, મિથ્યા કહો કે મિથ્યાદૃષ્ટિ કહો (બધું એકાર્થ છે). આહા..હા...! આવી વાતું છે. ચોરાશીના અવતાર અનંતકાળથી (કરી રહ્યો છે). ચોરાશી લાખ યોનિમાં એક એકમાં અનંત વાર અવતર્યો છે. અબજોપતિ અનંત વાર થયો, માણસ અનંત વાર થયો, સ્વર્ગ(માં) અનંત વાર (ગયો), ઢોર અનંત વાર થયો, કીડી, કાગડો, કૂતરો અનંત વાર થયો. બાપા ! અનંત ભવ થયા. આમ ભૂતકાળમાં ભવ વિનાનો કોઈ દિ' રહ્યો નથી. આ ભવ પહેલા ભવ, પહેલા ભવ, પહેલા ભવ... ભવ... ભવ... ભવ... અનાદિથી ભવમાં પરિભ્રમણ કરી રહ્યો છે. આહા..હા...! એને પરિભ્રમણને મટવાનો ઉપાય આ છે. આહા..હા...!

આત્મા પુણ્ય, શુભ દયા, દાન, વ્રતના પરિણામથી પણ જુદો (છે) અને પોતાના સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો ! આ..હા..હા...! રાગ ને દયા, દાનથી ખાલી અને પોતાના અનંત ગુણના સ્વભાવથી ભરેલો એવું જ્યાં અંતરમાં જ્ઞાન ને આનંદની પ્રતીતિ થાય છે ત્યારે કહે છે

કે તે તે કાળે અમુક અમુક અવિરતિ અને યોગનો પણ નાશ થઈ જાય છે. એકલા મિથ્યાત્વ અને અનંતાનુબંધી ગયા એટલો નાશ થયો એટલો એમ નહિ. આહા..હા...!

મુમુક્ષુ :– મિથ્યાત્વની ભૂમિકાનો બધો વિકાર ગયો.

ઉત્તર :– ઈ ગયું એટલે એને જેટલા ગુણો છે, શક્તિ, સત્ત્વ ત્રિકાળી પ્રભુ ! જ્ઞાન, દર્શન, આનંદાદિ અનંત... અનંત... અનંત... એની શક્તિ છે. શક્તિ એટલે ગુણ. દરેક ગુણનો અંશે, વસ્તુનું જ્ઞાન ને અનુભવ થતાં, એ દયા, દાનના વિકલ્પથી – રાગથી પણ પ્રભુ ભિન્ન છે. આહા..હા...! એવી ધર્મની પહેલી દશા, ધર્મની પહેલી સીઢી... આ..હા..હા...! એ હજી ધર્મની પહેલી સીઢી (છે). આહા..હા....! તે દશામાં પણ જેટલા ગુણો સંખ્યાએ અનંત છે એ બધાનો વ્યક્ત અંશ પ્રગટ થાય છે, તો અજોગગુણ જે છે એનો અંશ પણ પ્રગટ થતા તે કાળે જોગના કંપનનો એટલો તો નાશ થઈ જાય છે. આહા..હા...! આવી વાતું છે. આ કઈ જાતની વાતું ?

આ તો પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વરપદ જેને પ્રગટ થયું એને ત્રણકાળ ત્રણલોક જણાણા એની વાણી ઇચ્છા વિના નીકળે. ૐ ધ્વનિ ! એમાં આવેલી આ વાત છે. જગતને બહુ કઠણ પડે, બાપુ ! આખે બીજે પંથે – રસ્તે ચડી ગયું જગત. ધર્મગુરુઓને નામે પણ બીજે રસ્તે ચડાવી દીધા છે. આહા..હા...! દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને દાન કરો ને મંદિર બનાવો ને દાનમાં પૈસા ખર્ચો... એમાં શું છે ? બાપુ ! એ ક્રિયા તો પરની, જડની છે. એમાં કદાચિત્ રાગ મંદ કર્યો હોય તો પુણ્ય, શુભભાવ છે, એ બંધનું કારણ છે.

મુમુક્ષુ :– એને ધર્મ માને તો ?

ઉત્તર :– ધર્મ માને તો મિથ્યાત્વ છે. એ તો મિથ્યાદૃષ્ટિ – જૂઠી દૃષ્ટિ છે, સત્યથી વિરૂદ્ધ દૃષ્ટિ છે. આહા..હા...!

(અહીંયાં કહે છે) **'તેથી તેને તે પ્રકારનો બંધ થતો નથી;...'** શું કહે છે ? તે પ્રકારનો અવિરતિનો અંશ નથી, યોગનો તે પ્રકારનો ક્ષય થયો માટે તે પ્રકારનો બંધ પણ તેને થતો નથી. આ ઘણું ગોઠવ્યું માળાએ ! **'ઔપશમિક સમ્યગ્દષ્ટિને...'** કહે છે કે, ક્ષાયિક થયું ન હોય પણ જેમ પાણીમાં મેલ હોય અને મેલ બેસી જાય અને પાણી જેમ નીતરી જાય પણ મેલ અંદર હોય, એમ આત્મામાં અંતર અનુભવમાં મિથ્યા ભ્રાંતિ છે એ ઠરી ગઈ હોય એને અહીંયાં ઉપશમ સમકિત કહે છે. પહેલામાં ક્ષય થઈ ગઈ ગયું હોય એને ક્ષાયિક કહે છે. ક્ષય એટલે ? ઈ પાણીમાં જેમ મેલ છે એ એકદમ પૂર્ણ કાઢી નાખીને એકલું નિર્મળ થઈ જાય એમ આત્મા પૂર્ણાનંદના નાથને ક્ષાયિક સમકિત દ્વારા પ્રતીત કરે એને તે સંબંધીના પ્રકારના બંધના કારણો ત્યાં ન હોય. એમ ઉપશમ સમકિતીને પણ... આ..હા..હા...! છે ?

**'મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાયો માત્ર ઉપશમમાં – સત્તામાં – જ હોવાથી**

**સત્તામાં રહેલું દ્રવ્ય ઉદયમાં આવ્યા વિના...**' કહે છે કે, ભલે નિર્મળતા એકલી બહાર આવી નહિ પણ નિર્મળતા થઈ છે તેમાં મલિનતાનો અંશ, સત્તામાં કર્મનો અંશ પડ્યો છે પણ એ સત્તામાં પડ્યો છે ઈ બહાર આવ્યા વિના આત્માને મલિનતા થાય નહિ. આ..હા...! '**ઉપશમમાં–સત્તામાં–જ હોવાથી સત્તામાં રહેલું દ્રવ્ય...**' (અર્થાત્) જડ કર્મ '**ઉદયમાં આવ્યા વિના તે પ્રકારના બંધનું કારણ થતું નથી; અને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને પણ...**' ત્રણે લીધા. '**સમ્યક્ત્વમોહનીય સિવાયની...**' સમકિત મોહનીય છે. જરીક અંદર સૂક્ષ્મ(પણે છે). '**છ પ્રકૃતિઓ વિપાક–ઉદયમાં આવતી નથી તેથી તે પ્રકારનો બંધ થતો નથી).**' આહા..હા...! આટલામાં કેટલું નાખ્યું છે, લ્યો ! પંડિતજી અર્થ કરે છે, હોં ! 'હેમરાજજી પંડિત' એણે મૂક્યું. મૂળ પાઠ છે 'કુંદકુંદાચાર્યદેવ'નો શ્લોક છે અને 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ટીકા છે અને આ અર્થ પંડિતજીનો છે. આ..હા...!

આત્મા એટલે શું કંઈ ખબર નથી. આત્મા એટલે આ બીજાનું કાંઈક કરે ને કરી દ્યે, હાલે ને ચાલે ને આ ને તે... અરે...! પ્રભુ ! આત્મા શું ? બાપુ ! તને ખબર નથી. અનંત કાળ થયો. ચોરાશીના અવતાર(માં) સાધુ પણ અનંત વાર થયો, હજારો રાણી છોડીને મુનિ થયો પણ રાગથી ભિન્ન આત્મજ્ઞાન કર્યા વિના એના પરિભ્રમણ મટ્યા નહિ. આહા..હા...! એ આવે છે ને ? 'છ ઢાળા'માં આવે છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો' 'છ ઢાળા'માં આવે છે, 'છ ઢાળા' ! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' આ..હા...! પણ ભગવાનઆત્મા...! આ..હા..હા...! એ દયા, દાન, વ્રતના વિકલ્પથી પણ ભિન્ન અંદર છે એવા અતીન્દ્રિય આનંદનો સ્વાદ ન આવ્યો અને પંચ મહાવ્રતાદિ અનંતવાર પાળ્યા પણ એમાં કાંઈ ભવ ઘટયો નહિ. આહા..હા...! આવી ચીજ છે.

'**અવિરતસમ્યગ્દષ્ટિ વગેરેને જે...**' ત્યારે કહે કે, સમ્યગ્દર્શન, આત્માનું ભાન થયું છતાં એને હજી '**ચારિત્રમોહનો ઉદય વર્તે છે...**' અસ્થિરતાનો ઉદય વર્તે છે. સમ્યગ્દર્શન થયા છતાં હજી પૂર્ણ અંદર સ્વરૂપમાં ઠરતો નથી. ચરવું – ચારિત્ર એટલે ચરવું, ચરવું એટલે રમવું. આનંદસ્વરૂપ ભગવાનનું ભાન થઈ અને ઓળખાણ થઈને પછી એમાં રમવું એનું નામ ચારિત્ર. ચારિત્ર કોઈ ક્રિયાકાંડ ને પંચ મહાવ્રત ને નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. આહા..હા...! આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિનું જ્ઞાન થઈ 'આ વસ્તુ છે' એમ ભાન થયું પછી એમાં ઠરે એનું નામ ચારિત્ર કહેવાય છે. એ (વખતે જે) ચારિત્ર(મોહનો) જ્યાં સુધી ઉદય વર્તે છે (એટલે કે) સ્થિરતા નથી '**તેમાં જે પ્રકારે જીવ જોડાય...**' સમ્યગ્દર્શન છે, આત્મજ્ઞાન છે પણ પૂર્વ(નું) ચારિત્રમોહનીયનું કર્મ પડ્યું છે એ ઉદયમાં આવે છે, પ્રગટ થાય છે ત્યારે જે પ્રકારે જોડાય તેને નવો બંધ થાય, '**જોડાય છે તે પ્રકારે તેને નવો બંધ થાય છે;...**' પૂર્વનો (ઉદય) આવ્યો માટે એનાથી જ એને વિકાર થાય એમ નહિ. જેટલો

પોતે કરે તે પ્રકારે તેને વિકાર થાય. ધર્મીને પણ, હોં ! સમકિતીને પણ ! આહા..હા...! અસ્થિરતાનો રાગ-દ્વેષ હોય છે. આ..હા...!

**'તેથી ગુણસ્થાનોના વર્ણનમાં...'** ગુણસ્થાન એટલે જેમ મેડીએ ચડવામાં દાદરાના પગથિયાં છે એમ આત્માની પૂર્ણ દશા પામવામાં ચૌદ પગથિયાં છે. આ..હા..હા...! વાતે વાતે ફેર લાગે. આ..હા...! છે ? (અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિ) **'ગુણસ્થાનોએ અમુક અમુક પ્રકૃતિનો બંધ કહ્યો છે. પરંતુ આ બંધ અલ્પ હોવાથી તેને સામાન્ય સંસારની અપેક્ષાએ બંધમાં ગણવામાં આવતો નથી.'** ઈ શું કહ્યું ? કે, જેને આ આત્માનો અનુભવ થાય છે, અતીન્દ્રિય આનંદનો જ્યાં સ્વાદ આવે છે એને ભલે ચારિત્રનો દોષ આવે, રાગ હોય, પુણ્ય હોય, પાપ હોય એવા ભાવ આવે પણ એની અહીં મુખ્યતા નથી. એનું એને વિશેષ બંધન નથી અને બંધનમાં હોય છતાં તેની સ્થિતિ ને રસ વિશેષ નથી. મૂળિયું કાપી નાખ્યું. જેણે મૂળ કાપ્યું એના પછીના પાંદડાં સૂકાવાને હવે વાર નહિ લાગે. આહા..હા...! આકરું કામ છે. એમ જેણે મિથ્યાત્વનું મૂળ તોડી નાખ્યું અને સમ્યગ્દર્શન જેણે પ્રગટ કર્યું... આ..હા..હા...! એને હવે ચારિત્રનો દોષ છે.

'ભરત' ચક્રવર્તી સમકિતી હતા, છન્નુ હજાર સ્ત્રી હતી. 'શ્રેણિક' રાજા ! હજારો રાણી ને ક્ષાયિક સમકિતી ! તીર્થંકર ગોત્ર બાંધ્યું છે. અત્યારે પહેલી નરકમાં ગયા છે પણ ત્યાંથી નીકળીને આવતી ચોવીશીમાં તીર્થંકર થવાના. વ્રત ને તપ ને ચારિત્ર નહોતું. અંતરના વ્રત ને તપ, હોં ! આ બહારના વ્રત, તપ કરે એ તો રાગની ક્રિયાકાંડ, સંસાર છે. અંતરમાં સ્વરૂપમાં વીંટાઈ જવું અને અંદર ઠરી જવું. આ..હા..હા...! આનંદસ્વરૂપ ભગવાનઆત્મામાં ભાન થઈને ઠરી જવું, અંદર જામી જાવું. આ..હા..હા...!

બરફની જેમ મોટી પાટ હોય છે ને ? 'મુંબઈ'માં પચાસ પચાસ મણની (હોય છે). ઠંડી પાટ આમ મોટી પચાસ પચાસ મણની ! બરફ ! એમ આ ભગવાન અંદર શાંતરસની મોટી પાટ છે. અરે..રે...! કેમ બેસે ? અવિકારી શાંતરસની પાટ છે આ પ્રભુઆત્મા ! આ..હા..હા...! એનું જેને ભાન થયું એને હજી અસ્થિરતાનું કારણ દોષ છે પણ **'તેને સામાન્ય સંસારની અપેક્ષાએ બંધમાં ગણવામાં આવતો નથી.'** સામાન્ય એટલે મિથ્યાત્વ. મિથ્યાત્વથી જે સંસારબંધ થાય એવો સમ્યક્દૃષ્ટિને ચારિત્રના દોષથી એટલો બંધ એવો થતો નથી. સામાન્ય સંસાર એટલે અનંત સંસારનું કારણ જે મિથ્યાત્વ (તે સામાન્ય સંસાર). આહા..હા...! છે ?

અલ્પ **'સામાન્ય સંસારની અપેક્ષાએ...'** ભાષા શું કહે છે ? સામાન્ય સંસાર એટલે ? કે જે આત્મા આનંદ ને શુદ્ધ ચૈતન્યઘન છે એવું ભાન ન હોવાથી વિપરીત માન્યતા છે કે, પુણ્ય ને દયા, દાન એ મારા અને એનાથી મારો લાભ એવો જે મિથ્યાત્વભાવ એ મુખ્ય સંસાર છે. એ મિથ્યાત્વ ભાવ એ સંસાર છે. એ સંસાર – સામાન્ય સંસાર એટલે અનંત છે. એવો એ સંસાર સમકિતીને હોતો નથી. આહા..હા...! સમજાય છે ?

**'પરંતુ આ બંધ અલ્પ હોવાથી તેને સામાન્ય સંસારની અપેક્ષાએ બંધમાં ગણવામાં આવતો નથી.'** આહા..હા...! **'સમ્યગ્દૃષ્ટિ ચારિત્રમોહના ઉદયમાં...'** ધર્મી છે (કે જેને) આત્માનું જ્ઞાન થાય છે ત્યારે તેને જરી રાગ આવે છે, છતાં તે, તે રાગ(માં) **'સ્વામિત્વભાવે તો જોડાતો જ નથી,...'** એ રાગ – વિકલ્પ છે ઈ મારો છે એ રીતે રાગમાં જોડાતો નથી. અસ્થિરતાથી જોડાય છે પણ મારો છે એવા સ્વામિપણે જોડાતો નથી. આહા..હા...! આ કઈ જાતનો ઉપદેશ ? કઈ જાતની આ વાત ? બાપા ! આ તો જુદી છે, દુનિયાથી જુદી છે, બાપા ! આખી દુનિયાને જાણીએ છીએ ને ! આહા..હા...! ધર્મની રીત અને ધર્મથી વિરુદ્ધ શું છે એ વાતું જ કોઈ અલૌકિક છે, બાપુ ! લોકને બિચારાને પડી છે ક્યાં ? વેપારમાં ચડે ને બે-પાંચ-પચાસ હજાર, લાખ-બે લાખ મળે એટલે જાણે કે આહા..હા...! નોકરીમાં પાંચ હજારનો પગાર (હોય) ને એમાં દસ હજારનો થઈ જાય (તો કહે), લાપસી માંડો ! શું ધૂળમાં છે હવે ? આહા..હા...! એકલા પાપ છે, બાપા !

પ્રભુ અંદર સચ્ચિદાનંદ નિર્મળ આત્મા સ્વભાવે સ્ફટિક જેવો પડ્યો છે. જેમ નિર્મળ સ્ફટિક તેમ પ્રભુ નિર્મળ અંદર છે. પણ જેમ એ સ્ફટિકને લાલ ને પીળા ફૂલ હોય છે તેથી અંદર લાલ, પીળી ઝાંય દેખાય, એમ પ્રભુ આત્મામાં પૂર્વના કર્મના નિમિત્તમાં જોડાતા અંદર રાગ ને દ્વેષની ઝાંય દેખાય, પણ એ રાગ-દ્વેષના સ્વામિપણે ધર્મી ન થાય. આહા..હા...! અજ્ઞાની તો જ્યાં હોય ત્યાં મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું (માને છે).

મુમુક્ષુ :– કોણે કર્યું ?

ઉત્તર :– કરે કોણ ? ઈ વસ્તુ નથી એની ? એની દશા એના જડથી, એનાથી થાય છે. બીજો આત્મા અને બીજા પરમાણુ છે એની પર્યાય – અવસ્થા એનાથી થાય. આહા..હા...! કીધું ને ? બાપુ ! આકરું પડે. આ હાથ જુઓને આમ ચાલે છે આ, ઈ પરમાણુ છે કે નહિ ? જડ છે કે નહિ આ ? અજીવતત્ત્વ છે કે નહિ ? એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ભર્યા છે કે નહિ ? એની અવસ્થા આમ થવાની અવસ્થા એને લઈને થાય છે, આત્માને લઈને નહિ. આકરી વાતું છે. દુનિયાથી જુદી જાત છે. પ્રત્યક્ષમાં તો જ્યારે પક્ષઘાત થાય ત્યારે ખબર નથી પડતી ? ઘણી પ્રેરણા કરે પણ એની જડની અવસ્થા થવાની ન હોય ઈ પરથી થાય એ ત્રણકાળમાં ન થાય. આહા..હા...!

'લાભુભાઈ' બિચારા પડ્યા છે અત્યારે, 'વડોદરા'માં ! ૬૮ વર્ષની ઉંમર. ૩૫ વર્ષથી તો બ્રહ્મચર્ય છે. ૩૩ વર્ષની ઉંમરે બ્રહ્મચર્ય લીધું. કોણ જાણે શું થયું, ચાલતા ચકરી આવી ગઈ. બેશુદ્ધ છે. અંદર સ્થિતિ બેશુદ્ધ છે. 'વડોદરા' ! અહીં રહેતા ને અહીં બેસતા. આહા..હા...! ૩૩ વર્ષની ઉંમરે જાવજીવનું બ્રહ્મચર્ય લીધું. એક દીકરો અને એક દીકરી થઈ. અમારી પાસે (સંવત) ૨૦૦૦ની સાલમાં 'રાજકોટ'માં (પ્રતિજ્ઞા લીધી). એનો બાપ વિરોધમાં, છતાં પોતે ૩૩ વર્ષની ઉંમરે જાવજીવ બ્રહ્મચર્ય(ની પ્રતિજ્ઞા લીધી). ૩૫ વર્ષ એને થયા અને ૩૩

(પોતાની ઉંમર એટલે અત્યારે) ૬૮ થયા. અત્યારે બિચારા... આહા..હા...! ચકરી આવી ગઈ છે આમ. હેમરેજ થયું છે, બેશુદ્ધ પડ્યા છે. આ..હા..હા....! આ જડની દશા, ભાઈ ! તારી રાખી નહિ રહે, ભાઈ ! બાપા ! અમે ધ્યાન રાખીએ તો જડમાં આમ થાય. નહિ તારું ધ્યાન ત્યાં ન કામ આવે, બાપા ! આહા..હા...! જડની જે અવસ્થા જે સમયે – કાળે જે જડની દશા થવાની તે થવાની જ છે. આત્મા કરી શકે નહિ, આત્મા રોકી શકે નહિ. આહા..હા...! ત્યારે પછી આ દુનિયાના ડાહ્યા શી રીતે કહેવા ? દુનિયાના ડાહ્યા કોને કહેવાય ? વેપાર કરે, ધંધા કરે, આ વકીલાત કરે. લ્યો, 'રામજીભાઈ' વકીલાત કરતા, ઈ વખતે વકીલોમાં હોશિયાર કહેવાતા. આ..હા...! ધૂળમાંય નહિ, બધા અભિમાન હતા. આહા..હા...!

અરે..રે...! પ્રભુ ! તું કોણ છો ? આત્મા ! આત્મા એટલે શું ? એ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો સાગર તે આત્મા ! આ..હા...! અરે... પ્રભુ ! તને ખબર નથી. એ પુણ્ય દયા, દાન, વ્રત પરિણામના વિકલ્પ ઊઠે એ પણ તું નહિ, એ તને નુકસાનકારી. આહા..હા...! કેમ બેસે ? આખી દુનિયા જ્યાં ત્યાં અભિમાને ચાલી છે. આનું કર્યું, આનું કર્યું ને આનું કર્યું... આહા..હા...!

પ્રભુ ! તું તારી સત્તામાંથી બહાર તો નીકળતો નથી. તારું જે હોવાપણું છે એમાંથી બહાર નીકળતો નથી તો બહારનું કોનું કરીશ તું ? આહા..હા...! અને જગતની ચીજો છે તે તેની અવસ્થાના કાર્ય વિના, એ ચીજ અવસ્થા વિના હોતી નથી. કોઈપણ અવસ્થા તે તે જડ, ચૈતન્યની એનાથી હોય છે. એનાથી હોય એમાં ત્યાં તું શું કરી દ્યે ? આહા..હા...! બાયડી, છોકરાને સાચવીએ છીએ, છોડીયું મોટી છે એને ઠેકાણે પાડી, છોકરાઓ સારે ઠેકાણે વરાવ્યા. મૂઢ છો ! આ..હા...! મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વના અસત્ય ભાવને સેવનારા સંસારના મૂળિયા સેવે છે. આહા..હા...! આકરી વાત છે, ભાઈ !

અહીં એ કહે છે, સમકિતીને જરી રાગ-દ્વેષ થાય. '**તે નિશ્ચયદૃષ્ટિમાં જોડાણ જ નથી.**' આ..હા...! છે ? '**સ્વામિત્વભાવે તો જોડાતો જ નથી, માત્ર અસ્થિરતારૂપે જોડાય છે;...**' એ અસ્થિરતારૂપ જોડાય છતાં નિશ્ચયદૃષ્ટિમાં જોડાણ નથી. આહા..હા...! '**માટે સમ્યગ્દૃષ્ટિને રાગદ્વેષમોહનો અભાવ કહેવામાં આવ્યો છે.**' આ અપેક્ષાએ. '**જ્યાં સુધી કર્મનું સ્વામીપણું...**' છે... આહા..હા...! 'નિષ્કામ કામ કરવા' એમ અજ્ઞાનીઓ કહે છે. નિષ્કામ (કામ) કરવા, એ વાત જ મૂઢ છે. પરનું કરી શકું એ જ વાત નિષ્કામ નથી, એ જ મિથ્યા અભિમાન છે. આહા..હા...! અનાસક્તિએ કામ લેવું, એમ બધા બોલે છે. ઘણું એ બધું આવે છે. અભિમાનીઓ બધા ! નિષ્કામ કરવું, કામ કરવું (એ) નિષ્કામ કરવું. એના ફળની આશા ન રાખવી. અહીં તો કહે છે કે, પરનું કાંઈ કરી શકું છું એ માન્યતા જ મિથ્યાત્વ ને ભ્રમ ને સંસાર મોટો છે. આહા..હા...!

જે જુદી ચીજ છે તેનું જુદાપણું ત્યારે રહે કે તેના કાર્ય બીજો ન કરી શકે અને

એનાથી તું જુદો, તારું કાર્ય તે ન કરી શકે. ત્યારે તો તે જુદા જુદાપણે રહી શકે. નહિતર તો એક થઈ જાય. આહા..હા....! આવું સાંભળવા મળવું મુશ્કેલ પડે. છે દુનિયા જોઈ છે ને, બાકી આખી દુનિયા જોઈ (છે). આ..હા...!

અહીં કહે છે, **'જ્યાં સુધી કર્મનું સ્વામીપણું...'** રાખે. કંઈ પણ રાગ, દયા, દાનના પરિણામ થાય એનું ધણીપત્તું કરે (અર્થાત્) ઈ મેં કર્યું, મેં કર્યું, મારું સ્વરૂપ છે. (એમ) **'કર્મના ઉદયમાં જીવ પરિણમે છે ત્યાં સુધી જ જીવ કર્મનો કર્તા છે;...'** ત્યાં સુધી તો જીવ રાગનો ને પરનો કર્તા માને છે. આહા..હા...! આ મોટી દુકાને બેસતા હોય ત્યારે (ધંધો) નહિ કરતા હોય ? થડે આમ બરાબર બેસે, પાંચ પાંચ હજારની પેદાશ કરે, લ્યો ! કર્મી છોકરા જાગે. કર્મી... કર્મી ! ધર્મી નહિ. કર્મી છોકરા જાગે મોટા, પાંચ પાંચ હજાર પેદા કરે. ધૂળેય નથી સાંભળને ! એ તો જગતના પરમાણુ છે તે આવવાના હોય એ આવે, જવાના હોય એ જાય. ઈ તારી બુદ્ધિને લઈને આવ્યા છે (એમ નથી). આહા..હા...! એનો તું કર્તા થા છો, મારી હોશિયારીથી એ પૈસા આવ્યા. મૂઢ છો ! ભલે બહાર(માં) મોટો પંડિત કહેવાતો હોય.

મુમુક્ષુ :– હોશિયારને તો નોકરીએ રાખે.

ઉત્તર :– નોકરીએ રાખે, ઈ એના પુણ્ય હોય તે પ્રમાણે આવ્યા વિના રહે નહિ. ઘણા બુદ્ધિના બારદાન જોયા છે ને અમે. બારદાન સમજાણું ? ખાલી ! પાંચ પાચ હજાર પેદા કરે, દસ દસ હજાર પેદા કરે. ઘણા જોયા છે ને ! (સંવત) ૧૯૬૪-૬૫ની વાત હશે, ૬૫-૬૬ ! અમારી 'પાલેજ'માં દુકાન હતી ને ! માલ લેવા ગયેલા (ત્યાં) એક ખોજો જડ જેવો હતો. (સંવત) ૧૯૬૫-૬૬ની વાત છે. પચાસ હજાર તે દિ' પેદા કરતો. પચાસ હજાર વર્ષના ! અત્યારને હિસાબે એના પચીસગુણા ગણો. એમાં બુદ્ધો (–બુદ્ધિ) શું કામ આવે ? બુદ્ધિના ખાં હોય (એને) બે હજાર પેદા કરવા પરસેવા ઉતરે અને બુદ્ધિના બારદાન હોય ઈ લાખો પેદા કરે. એની સાથે – પરની સાથે શું સંબંધ છે ? બાપુ ! તને ખબર નથી. આહા..હા...!

ઈ અહીં કહે છે. **'ઉદયનો જ્ઞાતાદ્રષ્ટા થઈને...'** જોયું ? ધર્મી થતાં, આત્માનું જ્ઞાન થતાં જે કાંઈ રાગ-દ્વેષાદિ આવે તેને જ્ઞાતા-દ્રષ્ટા એટલે જાણનાર-દેખનાર રહે. **'પરના નિમિત્તથી માત્ર અસ્થિરતારૂપે પરિણમે ત્યારે કર્તા નથી,...'** આ..હા..હા...! ઈ રાગની અસ્થિરતા ધર્મી જીવને – ધર્મનું, આત્માનું ભાન (છે એને) આવે છતાં તેનો એ કર્તા નથી. આહા..હા...! છે ? **'કર્તા નથી, જ્ઞાતા જ છે.'** જાણનાર જ છે. ધર્મી તો જ્ઞાતા (છે). આંખ જેમ જાણવાનું કામ કરે. આંખ કોઈ ખાડો પૂરે અને ખાડો કરે, એવું આંખ કરે ? આમ... આમ કરે ? ધૂળ કાઢવી (એવું કરે) ? એમ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છે ઈ કરે શું કો'કનું ? આ..હા...! એ તો જાણવા-દેખવાનું કામ પોતામાં પોતાથી કરે. આહા..હા...!

મુમુક્ષુ :– પરનું કામ કરવું કે ન કરવું ?

ઉત્તર :– કોણ કરી શકે છે ? ઘણાને જીતાવ્યા હતા. ઈ વખતે મોટા વકીલ કહેવાતા. પાંત્રીસ વર્ષ પહેલા મોટા વકીલ (કહેવાતા) બસે રૂપિયા લેતા !

મુમુક્ષુ :– મોટા પાપી.

ઉત્તર :– બધું પાપ. ઈ 'મંગળભાઈ' કહેતા કે, ઈ વખતે વકીલ ઈ હતા. 'રામજીભાઈ'ના વખતમાં, પાંત્રીસ વર્ષ પહેલા ! અત્યારે ૯૬ (વર્ષ) થયા. આહા..હા...!

અહીં તો કહે છે, પ્રભુ ! તું તારા સિવાય પરના કામ તો અડી શકતો નથી ને પરને અડતો નથી તો કરી શકે ક્યાંથી ? પણ તારામાં જે રાગાદિ થાય એ જો તને ધર્મ ને આત્માનું ભાન હોય તો તે રાગનો સ્વામી થઈને કર્તા ન થાય, જ્ઞાતા-દૃષ્ટા રહે. આહા..હા...! આટલી બધી શરતું હવે. ધર્મીની શરતું આવી.. ભાઈ ! ધર્મ તો જેનાથી જન્મ-મરણના અંત આવે, ચોરાશીના અવતાર – આંટા મટી જાય, પ્રભુ ! (એને ધર્મ કહેવાય). એ તો આત્મા અંદર પૂર્ણાનંદ (સ્વરૂપે બિરાજે છે). આહા..હા...!

'નરસિંહ મહેતા'એ કહ્યું નથી ? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી' એ..ઈ...! તમારા શેઠને કહ્યું હતું નહિ ? 'મુંબઈ' ! પચાસ કરોડ ! પચાસ કરોડ ને ? એમના શેઠ પાસે પચાસ કરોડ (હતા). હમણા 'મુંબઈ' (હતા ત્યારે) અમારી પાસે આવ્યો હતો. બૈરાં જૈન અને આદમીઓ બધા વૈષ્ણવ. દર્શન કરવા આવ્યા હતા બિચારા. નાળિયેર ને એક હજાર મૂક્યા હતા. પચાસ કરોડ રૂપિયા છે. એમાં આત્માને શું દાળિયા થયા ?

મુમુક્ષુ :– શેઠ કહેવાય.

ઉત્તર :– શેઠ કહેવાય, હેઠ જાશે. શેઠ બધા હેઠે જાશે, હેઠે ! શેઠ તો એને કહીએ, શ્રેષ્ઠ ! જેણે ચૈતન્ય ભગવાન આનંદનો નાથ અનુભવ્યો, જાણ્યો અને જે રાગનો સ્વામી ન થાય તેને શેઠ અને શ્રેષ્ઠ કહીએ. આહા..હા...! જગતથી જુદી વાત છે, બાપુ ! જગતને જાણીએ છીએ ને ! આ તો નેવું વર્ષ થયા. ૬૭ વર્ષથી તો દુકાન છોડી છે. બધી દુનિયાને (જોઈ છે). દસ હજાર માઈલ તો હિન્દુસ્તાનમાં ત્રણ વાર ફર્યા છીએ. અને આ ચીજ બાપુ ! જુદી કોઈ ચીજ છે, ભાઈ !

એ અહીં સિદ્ધ કરે છે. (જ્ઞાની) અસ્થિરતા(રૂપે) પરિણમે પણ કર્તા નથી તેથી તેને **'અબંધક કહેવામાં આવ્યો છે.'** વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૫૨ ગાથા–૧૭૩-૧૭૬, શ્લોક–૧૧૮-૧૧૯

બુધવાર, જેઠ વદ ૩, તા. ૧૩-૦૬-૧૯૭૯

('સમયસાર)' ૧૧૮ કળશ છે એના ઉપર (ચાલે છે). **'જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય છે...'** એટલે શું ? કે, દર્શનમોહ જે કર્મ છે, એનો ઉદય છે અને તેમાં જોડાયને, એમાં જ્યારે જોડાય છે, એ દર્શનમોહનો ઉદય છે ઈ કાંઈ કરાવતું નથી, પણ સ્વરૂપ ચૈતન્યસ્વરૂપ પોતાનું અખંડ (છે) તેના તરફનો આશ્રય, લક્ષ છોડીને દર્શનમોહના ઉદય કાળે **'તેમાં જોડાઈને જીવ રાગ-દ્વેષ-મોહભાવે પરિણમે છે...'** આહા..હા...! **'ત્યાં સુધી જ તેને અજ્ઞાની અને બંધક કહેવામાં આવે છે.'**

અહીંયાં દૃષ્ટિપ્રધાન કથન છે ને ! જ્યાં સુધી મિથ્યાત્વના ઉદયમાં જોડાય છે ત્યાં સુધી તેને આસ્રવ અને બંધન કહેવામાં આવે છે. **'ત્યાં સુધી જ તેને અજ્ઞાની...'** છે ને ? **'અને બંધક કહેવામાં આવે છે. જ્ઞાની-અજ્ઞાનીનો અને બંધ-અબંધનો આ વિશેષ જાણવો.'** ધર્મી જીવ(ને) તો આત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ (છે તેની) તરફની દૃષ્ટિ છે, ધર્મીનું પર્યાયમાં વલણ દ્રવ્યસ્વભાવ સન્મુખ છે, એથી તેને જ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા...!

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમ્યગ્દર્શન, જેવું શુદ્ધ સ્વરૂપ (છે) એની પ્રતીતિ અને જ્ઞાન (થાય) એ સ્વની સન્મુખ થઈને સ્વની પ્રતીતિ ને જ્ઞાન થાય અને એનો અનુભવ થાય તેને સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની કહેવામાં આવે છે. અને જ્યાં સુધી દર્શનમોહનો ઉદય હોય અને તેમાં મોહ–મિથ્યાત્વ ને રાગ-દ્વેષપણે જોડાય ત્યાં સુધી તેને અજ્ઞાની અને બંધક (કહેવામાં આવે છે). જ્ઞાનીને જ્ઞાની અને અબંધક (કહેવાય છે). એ શૈલી અત્યારે (લીધી છે). **'જ્ઞાની-અજ્ઞાનીનો અને બંધ-અબંધનો આ વિશેષ જાણવો.'**

**'વળી શુદ્ધ સ્વરૂપમાં લીન રહેવાના અભ્યાસ દ્વારા...'** ધર્મી પોતાનું પવિત્ર આનંદધામ મૂળ વસ્તુ (છે) એના ભાનમાં તો છે પણ એના અભ્યાસ (દ્વારા) – અંતરમાં એકાગ્રતાના અભ્યાસ દ્વારા **'કેવળજ્ઞાન પ્રગટવાથી...'** એ વસ્તુસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે તેનો અનુભવ છે અને હવે પણ પછી તેના તરફના અભ્યાસમાં એટલે એકાગ્રતામાં અભ્યાસ કરતાં એને કેવળજ્ઞાન થાય છે. કોઈ ક્રિયાકાંડ કરતાં વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરતા કેવળજ્ઞાન થતું નથી. આહા..હા...!

**'જ્યારે જીવ સાક્ષાત્ સંપૂર્ણજ્ઞાની થાય છે...'** ઓલો (જ્ઞાની કહ્યો) હતો એ ચોથે ગુણસ્થાનથી મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો અભાવ (થયો હતો), સમ્યગ્દર્શન અને સ્વરૂપના અંશની સ્થિરતા (થઈ) તેથી તેને જ્ઞાની અને અબંધક કહ્યો હતો. હવે એ પોતે પોતાના

સ્વરૂપનો અંતરમાં અભ્યાસ – એકાગ્રતાનો અભ્યાસ કરતા કરતા એને જ્યારે કેવળજ્ઞાન થાય (ત્યારે) તે સાક્ષાત્ સંપૂર્ણજ્ઞાની (થાય છે). સાક્ષાત્ અને સૂંપર્ણજ્ઞાની. પહેલા નીચલા દરજ્જામાં જ્ઞાની અને અબંધક (કહ્યો) પણ એ આત્માના આનંદસ્વરૂપમાં જે અનુભવમાં આત્મા આવ્યો હતો તે આત્મામાં અંતર સ્થિરતા... સ્થિરતા... સ્થિરતા.. અંતરમાં લીનતાનો અભ્યાસ કરતા કેવળજ્ઞાન થાય એ સાક્ષાત્ જ્ઞાની અને પૂર્ણ જ્ઞાની (થયો). સાક્ષાત્ પૂર્ણ જ્ઞાની (થાય છે) **'ત્યારે તો તે સર્વથા નિરાસ્રવ થઈ જાય છે...'** એને પછી કાંઈ આસ્રવ રહેતો નથી. **'એમ પહેલાં કહેવાઈ ગયું છે.'**

## શ્લોક-૧૧૮

(मालिनी)

विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः
समयमनुसरन्तो यद्यपि द्रव्यरूपाः।
तदपि सकलरागद्वेषमोहव्युदासा-
दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः।।११८।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :– [यद्यपि] જોકે [समयम् अनुसरन्तः] પોતપોતાના સમયને અનુસરતા (અર્થાત્ પોતપોતાના સમયે ઉદયમાં આવતા) એવા [पूर्वबद्धाः] પૂર્વબદ્ધ (પૂર્વે અજ્ઞાનઅવસ્થામાં બંધાયેલા) [द्रव्यरूपाः प्रत्ययाः] દ્રવ્યરૂપ પ્રત્યયો [सत्तां] પોતાની સત્તા [न हि विजहति] છોડતા નથી (અર્થાત્ સત્તામાં છે–હયાત છે), [तदपि] તોપણ [सकलरागद्वेषमोहव्युदासात्] સર્વ રાગદ્વેષમોહનો અભાવ હોવાથી [ज्ञानिनः] જ્ઞાનીને [कर्मबन्धः] કર્મબંધ [जातु] કદાપિ [अवतरति न] અવતાર ધરતો નથી–થતો નથી.**

**ભાવાર્થ :– જ્ઞાનીને પણ પૂર્વે અજ્ઞાન-અવસ્થામાં બંધાયેલા દ્રવ્યાસ્રવો સત્તા-અવસ્થામાં હયાત છે અને તેમના ઉદયકાળે ઉદયમાં આવતા જાય છે. પરંતુ તે દ્રવ્યાસ્રવો જ્ઞાનીને કર્મબંધનું કારણ થતા નથી. કેમ કે જ્ઞાનીને સકળ રાગદ્વેષમોહભાવોનો અભાવ છે. અહીં સકળ રાગદ્વેષમોહનો અભાવ બુદ્ધિપૂર્વક રાગદ્વેષમોહની અપેક્ષાએ સમજવો. ૧૧૮.**

# શ્લોક ૧૧૮ ઉપર પ્રવચન

હવે ૧૧૮ કળશ.

**विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः**
**समयमनुसरन्तो यद्यपि द्रव्यरूपाः।**
**तदपि सकलरागद्वेषमोहव्युदासा-**
**दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः।।११८।।**

આ..હા...! આસ્રવમાં મુખ્ય વધારે આ વાત લીધી. બાકી તો કીધું જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી હજી અસ્થિરતા છે અને એટલો દોષ પણ છે અને એટલું બંધન પણ છે પણ મુખ્યપણે આમ જ્યારે જ્ઞાનીની વાત કરવા જાય એટલે કે આત્માનો જ્યાં અનુભવ થયો, પરમાત્માનો અનુભવ થયો એ પૂર્ણ અનંત ગુણના રસનો કંદ પ્રભુ છે, એની સન્મુખ થઈને જે અનુભવ થયો ત્યારથી તેને જ્ઞાની અને અબંધક કહેવામાં આવે છે. અને તે જ્ઞાનમાં અભ્યાસ કરતાં કરતાં કેવળજ્ઞાન થાય ત્યારે સાક્ષાત્ સંપૂર્ણ જ્ઞાની કહેવામાં આવે છે. ઓલામાં જ્ઞાની કહેવું એટલું હતું. આ સંપૂર્ણ જ્ઞાની (થાય છે). આ..હા...! પણ એ થાય કઈ રીતે ? સંપૂર્ણ જ્ઞાની કે અપૂર્ણ જ્ઞાની થાય શી રીતે ?

એ અંતર આત્મા પ્રભુ પરમાત્મા સર્વજ્ઞદેવે જે આત્મા કહ્યો એ અનંત અનંત ગુણનો રસકંદ પ્રભુ છે. વીતરાગમૂર્તિ છે, અનાકુળ આનંદનો ઢગલો છે, અનાકુળ શાંતિનો પૂર્ણ વીતરાગ સ્વભાવનો રસ છે. આહા..હા...! એના (તરફના) ઝુકાવથી, એવા સ્વભાવની તરફના ઝુકાવથી જે જ્ઞાન અને દર્શન થાય તેને અહીંયાં જ્ઞાની કહેવાય અને તેને અબંધક કહેવાય. બાહ્યથી ગમે તેટલા પંચ મહાવ્રત પાળતો હોય પણ જેને હજી રાગ છે એની એકતાબુદ્ધિ (છે) ત્યાં જ નજર છે, ભગવાન આખો પરમાત્મા પડ્યો એની નજરું નથી. આહા..હા...! ભલે પંચ મહાવ્રત પાળે, નગ્ન થાય, દિગંબર થાય, હજારો રાણી છોડે પણ અંતરમાં જ્યાં સુધી પૂર્ણાનંદનો સ્પર્શ ન કરે અને રાગની ક્રિયાથી ભિન્ન ન પડે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ અને અજ્ઞાની છે. આ..હા..હા...! આવું છે.

હવે શ્લોક. **'જોકે...'** **[समयम् अनुसरन्तः]** શું કહે છે ? જ્ઞાનીને પૂર્વના જે કર્મ સત્તામાં પડ્યા છે એ **'પોતપોતાના સમયને અનુસરતા (અર્થાત્ પોતપોતાના સમયે ઉદયમાં આવતા)'** તે તે સમયે તે કર્મ ઉદયમાં આવે **'એવા પૂર્વબદ્ધ (પૂર્વે અજ્ઞાનઅવસ્થામાં બંધાયેલા)...'** જ્ઞાનીને પૂર્વમાં અજ્ઞાન અવસ્થામાં બંધાયેલા કર્મો તે સમય સમયમાં ઉદયમાં આવે. આ..હા...!

**[द्रव्यरूपाः प्रत्ययाः]** **'દ્રવ્યરૂપ પ્રત્યયો...'** ઈ પરમાણુ વસ્તુ છે. આઠ કર્મરૂપ પરમાણુ (વસ્તુ છે) એ **'પોતાની સત્તા છોડતા નથી...'** **[सत्तां न हि विजहति]** **'(સત્તામાં છે–હયાત છે), તોપણ...'** **[सकलरागद्वेषमोहव्युदासात्]** આ..હા..હા...! અહીં તો રાગ-દ્વેષ-મોહ, મિથ્યાત્વનો મોહ અને અનંતાનુબંધીનો રાગ-દ્વેષને અહીં ગણવામાં આવ્યો છે. ઈ સકળ **'સર્વ રાગદ્વેષમોહનો અભાવ હોવાથી જ્ઞાનીને કર્મબંધ કદાપિ અવતાર ધરતો નથી...'** આહા..હા...! અલ્પ રાગ થાય છે અને એને લઈને કર્મમાં જરી સ્થિતિ, રસ પડે છે પણ એ અલ્પ છે તેની ગણતરી અહીંયાં ન ગણતા, આત્મજ્ઞાનસ્વરૂપ આત્માનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો ત્યારે આત્મા આનંદસ્વરૂપ પૂર્ણ છે એમ જાણવામાં, પ્રતીતમાં આવ્યું એને અહીંયાં જ્ઞાની કહેવામાં આવે છે. એ જ્ઞાનીને અજ્ઞાનપણે બંધાયેલા કર્મો સમયે સમયે ઉદયમાં આવે પણ અહીંયાં જોડાણમાં રાગ-દ્વેષ-મોહનું જોડાણ નથી. મિથ્યાત્વ સંબંધીનું રાગનું જોડાણ નથી. એને લઈને એનો અભાવ હોવાથી **'જ્ઞાનીને કર્મબંધ કદાપિ...'** **[अवतरति न]** એટલે **'થતો નથી'**. અવતરતો નથી એટલે થતો નથી. આહા..હા...! આમાં પાછું એકાંત લઈ જાય (તો ન ચાલે).

મુમુક્ષુ :– અનંતાનુબંધી અને મિથ્યાત્વનો અવતાર થતો નથી.

ઉત્તર :– અહીં તો મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અપેક્ષાએ વાત છે. એકાંત લઈ જાય (કે) સમકિતી થયો એટલે, જ્ઞાની થયો એટલે એને હવે કાંઈ દુઃખ પણ નથી ને આસ્રવ નથી, બંધન નથી એમ નથી. આ..હા...! ક્યાં ક્યાં કયુ કહેવાનો આશય છે ? (એનો) હાર્દ સમજે. નહોતું આવ્યું ? ધર્મી જીવ જે ઠેકાણે શું કહેવું છે તેનો હાર્દ સમજે અને કહેનારની અપેક્ષા શું છે તેનો હાર્દ સમજે છે. આવ્યું હતું ને ? આહા..હા...!

આ શરીર માટી જડથી ભિન્ન, કર્મના રજકણોથી ભિન્ન અને અંદર પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવથી પણ ભગવાન તો અંદર ભિન્ન છે. એવો જે આત્મા અંદર સત્ દળ પડ્યું છે, અતીન્દ્રિય આનંદનું દળ.. દળ પિંડ (છે). આ..હા...! એની જેને દૃષ્ટિ થઈને અનુભવ થયો એને હવે મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષ-મોહ, પૂર્વના બંધાયેલા ઉદયને અનુસારે જે થતા એ હવે થતા નથી. આહા..હા...! ભારે કામ આકરું ! આખું સંકેલીને અંદરમાં જાવું. બહારના સંયોગો ભલે કરોડો મંદિરો બનાવ્યા હોય, કરોડો ગજરથ કાઢ્યા હોય એ કોઈ ચીજ નથી. એ તો પરમાણુની તે વખતે તે અવસ્થા થવાની તે પરમાણુથી થાય, આત્મા એને ન કરી શકે. આહા..હા...! એમાં કરે તો શુભરાગ કરે. એ શુભરાગ પણ જો મારા છે એમ માને તો એ પણ મિથ્યાદૃષ્ટિ અનંતાનુબંધીના રાગ-દ્વેષને કરે છે. આહા..હા...!

જેણે ભગવાનઆત્માને પૂર્ણ બધાથી ભિન્ન વિકલ્પથી માંડીને બધી ચીજોથી ભિન્ન (જાણ્યો), આખો એક કોર આત્મરામ અને એક કોર બધું ગામ, પ્રભુ પૂર્ણાનંદનો નાથ, અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા પ્રભુ, એના ઉપર જેની દૃષ્ટિ પડી, એના ઉપર ઝુકાવ

થયો એણે પરમાત્માને સ્વીકાર્યો, એણે પરમાત્મસ્વરૂપનો સત્કાર કર્યો એ જીવને હવે કહે છે મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષ થતા નથી. આહા..હા...!

આમ હજારો રાણી છોડી નગ્ન દિગંબર થાય, પંચ મહાવ્રત પાળે, અઠ્યાવીસ મૂળગુણ પાળે છતાં એ તો એને ધર્મ માને છે એટલે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! (નિજ) ભગવાનને ભૂલી જાય છે. ભગવાન એટલે ભગ નામ લક્ષ્મી. અનંત અનંત અંતર આનંદ ને જ્ઞાનની લક્ષ્મી પડી છે. એનો વાન. ભગવાન — એ ભગનું વાન (એટલે) સ્વરૂપ છે. અંતરની લક્ષ્મી એ એનું – આત્માનું સ્વરૂપ છે. આહા..હા...! એ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ એ કંઈ આત્માનું સ્વરૂપ નથી. એ તો વિકૃત વ્યભિચાર દશા છે. આહા..હા...!

જેણે અંતર્મુખના પરિણામ શરૂ કર્યા છે... આ..હા..હા...! જેણે સુખના પંથને આદર્યા છે... આ..હા..હા...! અંતરમાં એકાગ્ર થઈને અનુભવ (કર્યો છે) એ સુખને પંથે સમકિતી સમ્યક્દૃષ્ટિ પડ્યો. આ..હા...! દુઃખના પંથ જેણે પૂર્ણ રોક્યા. એ રીતે અહીં પૂર્ણ લેવું છે. થોડો રાગ-દ્વેષ છે, આસ્રવ છે પણ એ અલ્પતા ગણીને તેને નથી (કહ્યું). પણ બિલકુલ નથી એમ એકાંત કોઈ લઈ જતું હોય તો એમ નથી. સમ્યગ્દર્શન થાય પછી પણ એને ચારિત્રદોષ છે. એ એને ટાળીને જ્યારે સ્વરૂપમાં સ્થિર થશે ત્યારે આનંદ અને શાંતિ પ્રગટશે. ત્યારે એને આસ્રવ અને બંધ જરીયે નહિ થાય. આહા..હા...! આવો માર્ગ ! વાણીથી પાર, વચનથી, વિકલ્પથી પાર, રાગથી પાર એવી ભગવાન અંદર ચીજ છે. આહા..હા...!

મુમુક્ષુ :– જ્ઞાનમાં રાગને જુદો પાડ્યો છે ને ?

ઉત્તર :– ઈ (જુદો) પાડ્યો નહિ (પણ) પડી ગયો છે. અંતરમાં આમ (અંતર્મુખ) થયો એટલે રાગ જુદો પડી ગયો. આમ (રાગ) આવ્યો નહિ. કારણ કે એની ચીજ નથી. આહા..હા...!

પ્રભુ ! વાત તો મુશ્કેલી(વાળી છે). અનંતકાળનો અભ્યાસ નહિ, લોકોની આખી પ્રવૃત્તિ ક્રિયાકાંડમાં (ચડી ગઈ). રાગ ને આ દયા પાળો ને વ્રત કરો ને પૂજા કરવી, ભક્તિ કરવી, અપવાસ કરવા, ગજરથ કરવા, રથ ચલાવવા... ક્યાં ત્યાં ધર્મ છે ? લાખ જાત્રાયું ‘સમેદશીખર’ની કરવી...

મુમુક્ષુ :– આગમમંદિરની તો જાત્રા કરવી કે નહિ ?

ઉત્તર :– આગમમંદિરની લાખ વાર જાત્રા કર તો શુભભાવ છે. આ મંદિરની ગણતરી શી ? આ તો છવીસ લાખનું છે. પણ ‘ભરત’ ચક્રવર્તીએ ત્રણ ચોવીસીના મંદિર બનાવ્યા. ‘ભરત’ ચક્રવર્તીએ અષ્ટાપદ પર્વતમાં ત્રણ ચોવીસીના મંદિર (બનાવ્યા). અબજો અબજો રૂપિયાનું એક એક મંદિર !

મુમુક્ષુ :– રત્નના બનાવ્યા.

ઉત્તર :– અબજોના રત્નના એકલા ! એક એક રત્ન લાખોની કિંમતનું ! એવા એકલા રત્નથી (બનાવ્યા). એથી શું ? એના તરફનું લક્ષ છે એ શુભરાગ છે, ધર્મ નહિ અને ધર્મનું

કારણ પણ નહિ. એ ભાવ બંધનું કારણ છે. આહા..હા...! આવે, ધર્મીને પણ અશુભથી વંચનાર્થં – અશુભને છોડવા (આવે), એમ કહેવાય બાકી તો એ સમયે આવે. આ..હા...! પણ હેયબુદ્ધિએ આવે. ઉપાદેયબુદ્ધિએ આવે તો આત્મા હેય થઈ જાય. જો શુભભાવમાં ઉપાદેયબુદ્ધિ આવે, આદરણીય (મનાય) તો ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર હેય થઈ જાય અને જેણે ભગવાનઆત્માને ઉપાદેય કર્યો તે સમકિતીને રાગ – તીર્થંકરગોત્ર બાંધે એ રાગ પણ હેય થઈ જાય છે. આહા..હા...! આવે, હોય. પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે રાગ આવે. આહા..હા...! પણ એ બધું હેય તરીકે હોય છે. ઉપાદેય તો એક પ્રભુ ત્રણલોકનો નાથ... આહા..હા...!

કળશો જેમ અમૃતના રસથી ભર્યો હોય, કળશો.. કળશો.. લોટો ! આ પણ આ લોટો છે ને ! આ જુઓને ! અંદર ભગવાન અમૃતના રસથી પૂર્ણ ભરેલો છે. આહા..હા...! અતીન્દ્રિય અમૃતના રસથી ભરેલો પ્રભુ આત્મા છે, ભાઈ ! આહા..હા...! જેને દ્રવ્યસ્વભાવ કહીએ. પર્યાય તો એક સમયની છે પણ દ્રવ્યસ્વભાવ કહીએ તો પૂર્ણ.. પૂર્ણ... પૂર્ણ... અમૃતના રસથી ભરેલો (છે). આ કળશાને આકારે આકાર એવો છે એનો, આને (કળશાને) લઈને નહિ. પોતાને લઈને આકાર (છે). વ્યંજનપર્યાય છે ને ! આહા..હા...! એવો જે ભગવાનઆત્મા...! અરે..રે...! આત્મા(ને) મૂકીને (બધી) વાતું (કરે).

હવે અત્યારે પેલો એક જણ એમ કહે છે, પેલા ‘શ્રુતસાગર’ ! ‘શ્રુતસાગર’ ને ? કે, અત્યારે તો શુભભાવ જ હોય. એવી પ્રરૂપણા કરે છે. છાપામાં આવ્યું છે. ‘શ્રુતસાગર’ છે, ‘શાંતિસાગર’ને કેડે. ઈ કહે છે કે, અત્યારે તો શુભભાવ જ હોય. અર..ર..ર...! પ્રભુ... પ્રભુ... પ્રભુ....! શુભભાવ તો અભવીને પણ હોય છે. નવમી ગ્રૈવેયક જાય એને શુભભાવ કેવો હોય ? એવો ભાવ તો અત્યારે હોતોય નથી. આ..હા...! એ શુભભાવ તો ઝેર અને બંધનનું કારણ (છે). ‘શાંતિસાગર’ અહીં આવ્યા હતા. (સંવત) ૧૯૯૭ માં અહીં આવ્યા હતા. ચોવીસ કલાક રહ્યા હતા. પણ દૃષ્ટિ બીજી ચીજ, બાપુ બહુ. પ્રવૃત્તિની ક્રિયાઓ જુદી, દૃષ્ટિ જુદી ચીજ છે. આહા..હા...!

(અહીં) તો એમ કહે છે કે, ચોથે ગુણસ્થાનથી જ્ઞાનીને અબંધ કહ્યો. કઈ અપેક્ષાએ ? મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અપેક્ષાએ. બાકી તો દસમા ગુણસ્થાન સુધી ધર્મી, સમકિતી, ક્ષાયિક સમકિતી હોય. અરે...! તીર્થંકર હોય એને દસમા ગુણસ્થાન સુધી રાગનો અંશ છે અને છ કર્મ બંધાય છે. એકાંત તાણી જાય કે, બસ ! સમકિતી થયો એટલે કંઈ બંધ જ નહિ, આસ્રવ નહિ. એમ નહિ. એને યોગ્ય જે છે તે આસ્રવ અને બંધ નથી, એમ. આહા..હા...!

**‘સર્વ રાગદ્વેષમોહનો અભાવ હોવાથી...’** જોયું ? પાઠ તો આવો છે, જોયું ? **[सकलरागद्वेषमोहव्युदासात्]** છે ને ? મૂળ પાઠ જ છે. આ ટીકા છે, ટીકા(માં) અંદર અર્થ

(છે). **[सकलरागद्वेषमोहव्युदासात्]** આહા..હા...! **'સર્વ રાગદ્વેષમોહનો અભાવ હોવાથી જ્ઞાનીને કર્મબંધ કદાપિ... થતો નથી.'** ભાવાર્થ.

અહીં તો મહિમા પ્રભુની છે. એ મહિમા કરીને અંતરમાં જવાની વાતું છે, બાપુ ! બાકી બધી લાખ, કરોડ (વાતો કરે), કરોડો મંદિર બનાવે ને કરોડો પુસ્તક બનાવે... (એ કોઈ ચીજ નથી).

મુમુક્ષુ :– હજી આપણે કરોડો નથી બનાવ્યા.

ઉત્તર :– આ તો બનાવે કો'ક (એની વાત છે). આ તો બાવીસ લાખ થયા છે. બાવીસ લાખ અહીં છપાણા છે. ઈ તો એ પરમાણુની પર્યાય તે કાળે થવાની એ થાય. કોણ કરે ? બાપુ ! ભાઈ ! એ પરમાણુ પુદ્ગલમાં તે સમયની તે અવસરે તે પર્યાય થવાની હોય તે થાય. આહા..હા...! એને બીજો કોણ કરે ? આ..હા..હા...! થતી હોય તેને કોણ કરે ? તે તે પરમાણુમાં તે સમયે તે પર્યાય (તે) અવસરે થવાની હોય તે થાય. થાય છે તેને કરે કોણ ? આહા..હા...! અભિમાન કરે કે અમે આમ કર્યા ને અમે આમ કર્યા ને અમે પુસ્તકો બનાવ્યા, શાસ્ત્રો બનાવ્યા, મંદિરો બનાવ્યા.. કોણ બનાવે ? પ્રભુ ! અહીંયાં તો અંતરમાં શુભરાગ થાય એને પણ બનાવું છું અને મારો છે એ પણ દૃષ્ટિ મિથ્યા છે. આહા..હા...! આકરું કામ બહુ, ભાઈ ! વીતરાગમાર્ગ દિગંબર જૈનદર્શન અલૌકિક છે. ક્યાંય છે નહિ. આવો માર્ગ ક્યાંય છે નહિ. આહા..હા...! શ્વેતાંબરમાં તો બધા ગોટા વાળ્યા છે. આ..હા...! આ નિર્મળાનંદ પ્રભુ તો જુઓ ! આ..હા..હા...!

એવો જે ભગવાનઆત્મા ! એનું જેને જ્ઞાન અને અનુભવ થયો એને પૂર્વે (બાંધેલા) સત્તામાં પડેલા કર્મ હોય અને ઉદય આવે પણ તેમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનું જોડાણ નથી માટે સકળ રાગ-દ્વેષ-મોહનો અભાવ (છે એમ) મૂળમાં આ અપેક્ષાએ કહ્યો છે. આહા..હા...!

**ભાવાર્થ :– 'જ્ઞાનીને પણ...'** એટલે કે અજ્ઞાનીને તો ઠીક પણ **'જ્ઞાનીને પણ પૂર્વે અજ્ઞાન-અવસ્થામાં બંધાયેલા દ્રવ્યાસ્રવો...'** એટલે પરમાણુ આઠ જડ કર્મ સત્તામાં અજીવ તરીકે પડ્યા છે. **'દ્રવ્યાસ્રવો સત્તા-અવસ્થામાં હયાત છે...'** જોયું ? એ પડેલા (છે) એને દ્રવ્યાસ્રવ કહ્યો. પરમાણુ નવા આવે એને દ્રવ્યાસ્રવ (કહે) એ તો વળી જુદી વસ્તુ. આ તો સત્તામાં પડ્યા (છે એને દ્રવ્યાસ્રવ કહ્યું). પેલામાં આવે છે. 'સિદ્ધાંત પ્રવેશિકા'માં આ આવે છે. પૂર્વના પડેલા કર્મની સત્તા પડી છે એને પણ દ્રવ્યાસ્રવ કહેવાય છે. આ..હા...! નવા આવે ઈ જુદી વસ્તુ. 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા' !

મુમુક્ષુ :– આમાં આગળ આવી ગયું છે.

ઉત્તર :– આવી ગયું છે ને ! આ તો 'સિદ્ધાંત પ્રવેશિકા'માં નાખ્યું છે. એને દ્રવ્યાસ્રવ કહેવા. આવ્યા હતા ને, આવ્યા હતા ને એટલે. પડ્યા છે ને ! આહા..હા...! એ **'દ્રવ્યાસ્રવો**

**સત્તા-અવસ્થામાં હયાત છે અને તેમના ઉદયકાળે ઉદયમાં આવતા જાય છે.**' એનો સમય જ્યારે સત્તામાંથી ઉદય (આવવાનો) હોય તે સમયે તે ઉદયમાં આવતા જાય છે. '**પરંતુ તે દ્રવ્યાસ્રવો જ્ઞાનીને કર્મબંધનું કારણ થતા નથી,...**' આહા..હા...! કારણ કે તેમાં તેને અનંતાનુબંધી અને મિથ્યાત્વના પરિણામ નથી માટે તે જોડાતો નથી. આ અપેક્ષાએ (કહ્યું).

'**કેમ કે જ્ઞાનીને સકળ રાગદ્વેષમોહભાવોનો અભાવ છે.**' અહીં 'સકળ' શબ્દ પડ્યો છે ને ! મૂળ પાઠમાં છે. સકળ ગયા છે. આખા મૂળ જ એ છે. આહા..હા...! એ દયા, દાન, વ્રતના પરિણામ એ મારા અને મને લાભદાયક (છે એવો ભાવ એ) મિથ્યાત્વ (છે) અને એની સાથે થયેલા રાગ-દ્વેષ એ અનંતાનુબંધી એ મૂળ ચીજ છે. સંસાર-મૂળ ઈ છે. મિથ્યાત્વ તે આસ્રવ છે અને મિથ્યાત્વ તે સંસાર છે. આહા..હા...! બાયડી, છોકરા, કુટુંબ સંસાર નથી. એ તો પરચીજ છે. સંસાર તો આત્માની પર્યાયમાં હોય, મોક્ષ પણ આત્માની પર્યાયમાં હોય, મોક્ષમાર્ગ પણ આત્માની પર્યાયમાં હોય, સંસાર પણ આત્માની પર્યાયમાં હોય. આહા..હા...! આ..હા..હા...!

સંસાર એટલે કે મિથ્યાત્વ. આહા..હા...! એ રાગના કણને પણ પોતાનો માનવો અને લાભદાયક માનવો એ મિથ્યાત્વ, એ સંસાર છે. આ કહે છે ને બાયડી, છોકરા છોડ્યા (એણે) સંસાર છોડ્યો. ખોટી વાત છે. કુટુંબ, બાયડી છોડ્યા, દુકાન છોડી માટે સંસાર છોડ્યો (એ) ખોટી વાત છે. મિથ્યાત્વ તે સંસાર (છે અને) એ મિથ્યાત્વ છોડે તો સંસાર છોડ્યો કહેવાય. આહા..હા...! ભાષા સમજ મેં આતી હૈ થોડી થોડી ?

આ..હા...! ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા બિરાજે છે, મહાવિદેહમાં પ્રભુ તો બિરાજે છે. આહા..હા...! પ્રભુનું કરોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં સીત્તેર લાખ કરોડ છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એવું કરોડ પૂર્વનું પ્રભુનું આયુષ્ય છે. બે હજાર વર્ષ પહેલાં 'કુંદકુંદાચાર્યદેવ' ત્યાં ગયા હતા. સાક્ષાત્ ભગવાનના સમવસરણમાં આઠ દિ' રહ્યા. ભરતના માણસ એ મહાવિદેહની જાત્રાએ ગયા ! ત્રણલોકના નાથની હાજરી, તેની પાસે ગયા આઠ દિ' સાંભળ્યું. થોડી-ઘણી શંકાનું સમાધાન શ્રુતકેવળીઓ પાસે કર્યું. ત્યાં તો શ્રુતકેવળીઓ બિરાજે છે, વર્તમાન (બિરાજે) છે. આ..હા...! ત્યાંથી આવીને આ બનાવ્યું છે. આહા..હા...! અને એમાંથી 'અમૃતચંદ્રાચાર્યદેવે' ટીકા અને કળશ (કર્યા). આહા..હા...! અમરના ધામમાં જાવું હોય એને કેમ જાવું એમ અહીં તો કહે છે. અમર-આત્મા અમરધામ છે ! આ..હા...! અને મોક્ષને પણ અમર કહે છે ને ! મોક્ષને અમૃત કહે છે, શાસ્ત્રમાં મોક્ષને અમૃત પણ કહે છે. અમર કહે છે, અમૃત કહે છે, મોક્ષ કહે છે. આ..હા...!

ઈ આત્મા અમૃત અને અમર સ્વરૂપ છે, પ્રભુ ! ખરેખર તો એને દયા, દાનના વિકલ્પ, વ્રતના વિકલ્પનો પણ સંબંધ નથી. એ તો સકળ ત્રિકાળ નિરાવરણ પ્રભુ અંદર બિરાજે છે. આહા..હા...! સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ

પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. આહા..હા...! આ..હા..હા...! એમ ધર્મી પોતાના આત્માને આમ ભાવે છે. આહા..હા...! હું રાગી છું ને બાયડીવાળો ને છોકરાવાળો ને પૈસાવાળો ઈ તો કંઈ છે જ નહિ. આહા..હા...! પણ એક સમયની પર્યાય જેટલી ખંડ ખંડ છે એની પણ ભાવના જ્ઞાનીને નથી. જ્ઞાનીને પોતાની – અખંડની ભાવના છે. આહા..હા...! ઈ અખંડની ભાવનામાં જ્યારે સમ્યગ્દર્શન, જ્ઞાન થયું એથી તે ધર્મીને પૂર્વના બાંધેલા કર્મોદય આવે પણ મિથ્યાત્વ ને અનંતાનુબંધીનું જોડાણ નથી. આહા..હા...! સમ્યક્ અને સ્વરૂપ સ્થિરતાનું જોડાણ અહીં થઈ ગયું. એથી મિથ્યાત્વ અને અનંતાનુબંધીનું આમ જોડાણ હતું એ ગયું. આહા..હા...! માર્ગ અંતરનો બાપુ બહુ એવો ઝીણો છે. આહા..હા...! વાદવિવાદે તો કાંઈ (પાર આવે એવું નથી).

જેને અંતર (લગની) લાગી હોય (એનું કામ છે). આ ભવ.. ભવ ચોરાશી લાખના અવતાર અનંત ભવ, એ ભવનો જેને ડર લાગે. ચાહે તો સ્વર્ગનો ભવ (હોય) પણ એ દુર્ગતિ છે. તારી ગતિ નહિ, નાથ ! આહા..હા...! તારી ગતિ તો અંદર શુદ્ધરૂપે પરિણમવું એ ગતિ તારી છે. આહા..હા...! સ્વર્ગની ગતિ પણ દુર્ગતિ છે. ત્યાં દુઃખ છે, આકુળતા છે, કષાય છે. ઈ સુખી નથી.

સુખ તો આત્મામાં છે. આહા..હા...! એવા સુખસાગરને જ્યાં ઢંઢોળીને જોયો, જાણ્યો... આ..હા..હા...! કહે છે કે એને હવે પૂર્વની સત્તાના કર્મો ઉદયમાં સમયે સમયે આવતા છતાં તેમાં તેનું જોડાણ નથી. આમ (અંતરમાં) જોડાણ થયું છે તો આમ (બહારમાં) જોડાણ નથી, એવી બે વાત કરી. અસ્થિરતાની વાતને ગૌણ કરી નાખી. આ..હા...! પ્રભુમાં જોડાય ગયો છે એ રાંકમાં, ઉદયમાં જોડાતો નથી. આહા..હા...! આવી વાત છે.

**‘અહીં સકળ રાગદ્વેષમોહનો અભાવ બુદ્ધિપૂર્વક રાગદ્વેષમોહની અપેક્ષાએ સમજવો.’** જોયું ? બુદ્ધિ એટલે રુચિપૂર્વક. પ્રેમપૂર્વક જે રાગ-દ્વેષ-મોહ (થાય) એ એને નથી. બુદ્ધિપૂર્વક (એટલે) કરવાલાયક છે એવી બુદ્ધિપૂર્વક. એને રાગ-દ્વેષ ને મોહનો અપેક્ષાએ અભાવ કહ્યો. આહા..હા...!

## શ્લોક–૧૧૯

**હવે આ જ અર્થ દૃઢ કરનારી બે ગાથાઓ આવે છે તેની સૂચનિકારૂપ શ્લોક કહે છે :–**

(अनुष्टुभ्)

रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः ।
तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम् ।।११९।।

શ્લોકાર્થ :– [यत्] કારણ કે [ज्ञानिनः रागद्वेषविमोहानां असम्भवः] જ્ઞાનીને રાગદ્વેષમોહનો અસંભવ છે [ततः एव] તેથી [अस्य बन्धः न] તેને બંધ નથી; [हि] કેમ કે [ते बन्धस्य कारणम्] તે (રાગદ્વેષમોહ) જ બંધનું કારણ છે. ૧૧૯.

## શ્લોક ૧૧૯ ઉપર પ્રવચન

**'હવે આ જ અર્થ દૃઢ કરનારી બે ગાથાઓ આવે છે તેની સૂચનિકારૂપ શ્લોક કહે છે :–'** ૧૧૯ કળશ.

रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः ।
तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम् ।।११९।।

આહા..હા...! શ્લોકાર્થ :– **'કારણ કે...' [ज्ञानिनः रागद्वेषविमोहानां असम्भवः] 'જ્ઞાનીને રાગદ્વેષમોહનો અસંભવ છે...'** મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અભાવ (થયો) એને અહીંયાં અભાવ કહ્યો છે. આહા..હા...! ધર્મીને, ધર્મી જીવની દૃષ્ટિમાં તો ભગવાન છે. આહા..હા...! અજ્ઞાનીની દૃષ્ટિમાં રાગ છે અને પર્યાય છે. આહા..હા...! મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિમાં પર્યાય એક સમયની કાં રાગ (છે) એ એની દૃષ્ટિમાં છે. તેથી દૃષ્ટિનો વિષય (જે) સ્વભાવ, તેનો એને અનાદર છે. આહા..હા...! સમકિતીને પૂર્ણાનંદનો સ્વભાવ તે જ આદરણીય અને (તેનો જ) સત્કાર છે. એ જ એની ચીજ છે અને એને એ આદરે છે. તેથી તે રાગ-દ્વેષ અસ્થિરતાના થાય તેને આદર આપતો નથી. એમાં હોંશ અને હરખ કરતો નથી. આવે, ધર્મીને રાગ, વિનય વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એવો ભાવ આવે (પણ) છે બંધનું કારણ. આહા..હા...! આવી વાત છે, ભાઈ ! બહુ કામ (આકરું). જગતની સાથે મેળ કરવો મુશ્કેલ પડે એવું છે. જગત એટલે મિથ્યાત્વ અને સંસાર. આહા..હા...!

આ..હા..હા...! તેથી **'જ્ઞાનીને રાગદ્વેષમોહનો અસંભવ છે...'** પેલો અભાવ કહ્યો હતો આ અસંભવ કહ્યું. **'તેથી...' [अस्य बन्धः न] 'તેને બંધ નથી;...' 'કેમ કે...' [ते बन्धस्य कारणम्] 'તે (રાગદ્વેષમોહ) જ બંધનું કારણ છે.'** મિથ્યાત્વ ને અનંતાનુબંધીના રાગ-દ્વેષ, એ જ બંધનું કારણ (છે) એ જ્ઞાનીને નથી. આહા..હા...! હવે આવું બધું વાંચે ને એકાંત લઈ જાય. આ..હા...! અને પાછું તે એમાં કહી ગયા છે ને કે, યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી જઘન્ય ભાવમાં છે એને બંધ છે. ઈ કહી ગયા છે. આહા..હા...! એ વાત જણાવી દીધી છે.

# ગાથા–૧૭૭ થી ૧૭૮

रागो दोसो मोहो य आसवा णत्थि सम्मदिट्ठिस्स।
तम्हा आसवभावेण विणा हेदू ण पच्चया होंति।।१७७।।
हेदू चदुव्वियप्पो अट्ठवियप्पस्स कारणं भणिदं।
तेसिं पि य रागादी तेसिमभावे ण बज्झंति।।१७८।।

रागो द्वेषो मोहश्च आस्रवा न सन्ति सम्यग्दृष्टेः।
तस्मादास्रवभावेन विना हेतवो न प्रत्यया भवन्ति।।१७७।।
हेतुश्चतुर्विकल्पः अष्टविकल्पस्य कारणं भणितम्।
तेषामपि च रागादयस्तेषामभावे न बध्यन्ते।।१७८।।

रागद्वेषमोहा न सन्ति सम्यग्दृष्टेः, सम्यग्दृष्टित्वान्यथानुपपत्तेः। तदभावे न तस्य द्रव्यप्रत्ययाः पुद्गलकर्महेतुत्वं बिभ्रति, द्रव्यप्रत्ययानां पुद्गलकर्महेतुत्वस्य रागादिहेतुत्वात्। ततो हेतुहेत्वभावे हेतुमदभावस्य प्रसिद्धत्वात् ज्ञानिनो नास्ति बन्धः।

---

હવે આ અર્થના સમર્થનની બે ગાથાઓ કહે છે :–

નહિ રાગદ્વેષ, ન મોહ–એ આસ્રવ નથી સુદ્રષ્ટિને,
તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને; ૧૭૭.
હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,
તેનાંય રાગાદિક કહ્યા, રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૭૮.

ગાથાર્થ :– [रागः] રાગ, [द्वेषः] દ્વેષ [च मोहः] અને મોહ — [आस्रवाः] એ આસ્રવો [सम्यग्दृष्टेः] સમ્યગ્દ્રષ્ટિને [न सन्ति] નથી [तस्मात्] તેથી [आस्रवभावेन विना] આસ્રવભાવ વિના [प्रत्ययाः] દ્રવ્યપ્રત્યયો [हेतवः] કર્મબંધનાં કારણ [न भवन्ति] થતા નથી.

[चतुर्विकल्प हेतुः] (મિથ્યાત્વાદિ) ચાર પ્રકારના હેતુઓ [अष्टविकल्पस्य] આઠ પ્રકારનાં કર્મોનાં [कारणं] કારણ [भणितम्] કહેવામાં આવ્યા છે, [च] અને [तेषाम् अपि] તેમને પણ [रागादयः] (જીવના) રાગાદિ ભાવો કારણ છે; [तेषाम् अभावे] તેથી રાગાદિ ભાવોના અભાવમાં [न बध्यन्ते] કર્મ બંધાતા નથી. (માટે સમ્યગ્દ્રષ્ટિને બંધ નથી).

ટીકા :– સમ્યગ્દષ્ટિને રાગદ્વેષમોહ નથી કારણ કે સમ્યગ્દષ્ટિપણાની અન્યથા અનુપપત્તિ છે (અર્થાત્ રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દષ્ટિપણું બની શકતું નથી); રાગદ્વેષમોહના અભાવમાં તેને (સમ્યગ્દષ્ટિને) દ્રવ્યપ્રત્યયો પુદ્‌ગલકર્મનું (અર્થાત્ પુદ્‌ગલકર્મના બંધનનું) હેતુપણું ધારતા નથી કારણ કે દ્રવ્યપ્રત્યયોને પુદ્‌ગલકર્મના હેતુપણાના હેતુઓ રાગાદિક છે; માટે હેતુના હેતુના અભાવમાં હેતુમાનનો (અર્થાત્ કારણનું જે કારણ તેના અભાવમાં કાર્યનો) અભાવ પ્રસિદ્ધ હોવાથી જ્ઞાનીને બંધ નથી.

ભાવાર્થ :– અહીં, રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દષ્ટિપણું હોઈ શકે નહિ એવો અવિનાભાવી નિયમ કહ્યો છતાં મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ સમજવો. મિથ્યાત્વસંબંધી રાગાદિકને જ અહીં રાગાદિક ગણવામાં આવ્યા છે. સમ્યગ્દષ્ટિ થયા પછી કાંઈક ચારિત્રમોહસંબંધી રાગ રહે છે તેને અહીં ગણ્યો નથી; તે ગૌણ છે. આ રીતે સમ્યગ્દષ્ટિને ભાવાસ્રવનો અર્થાત્ રાગદ્વેષમોહનો અભાવ છે. દ્રવ્યાસ્રવોને બંધના હેતુ થવામાં હેતુભૂત એવા રાગદ્વેષમોહનો સમ્યગ્દષ્ટિને અભાવ હોવાથી દ્રવ્યાસ્રવો બંધના હેતુ થતા નથી, અને દ્રવ્યાસ્રવો બંધના હેતુ નહિ થતા હોવાથી સમ્યગ્દષ્ટિને–જ્ઞાનીને–બંધ થતો નથી.

સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે યોગ્ય જ છે. 'જ્ઞાની' શબ્દ મુખ્યપણે ત્રણ અપેક્ષાએ વપરાય છે :– (૧) પ્રથમ તો, જેને જ્ઞાન હોય તે જ્ઞાની કહેવાય; આમ સામાન્ય જ્ઞાનની અપેક્ષાએ તો સર્વ જીવો જ્ઞાની છે. (૨) સમ્યક્ જ્ઞાન અને મિથ્યા જ્ઞાનની અપેક્ષા લેવામાં આવે તો સમ્યગ્દષ્ટિને સમ્યગ્જ્ઞાન હોવાથી તે અપેક્ષાએ તે જ્ઞાની છે અને મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. (૩) સંપૂર્ણ જ્ઞાન અને અપૂર્ણ જ્ઞાનની અપેક્ષા લેવામાં આવે તો કેવળી ભગવાન જ્ઞાની છે અને છદ્મસ્થ અજ્ઞાની છે કારણ કે સિદ્ધાંતમાં પાંચ ભાવોનું કથન કરતાં બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે. આ પ્રમાણે અનેકાંતની અપેક્ષા વડે વિધિનિષેધ નિર્બાધપણે સિદ્ધ થાય છે; સર્વથા એકાંતથી કાંઈ પણ સિદ્ધ થતું નથી.

## ગાથા – ૧૭૭, ૧૭૮ ઉપર પ્રવચન

'હવે આ અર્થના સમર્થનની બે ગાથાઓ કહે છે :–'

रागो दोसो मोहो य आसवा णत्थि सम्मदिट्ठिस्स।
तम्हा आसवभावेण विणा हेदू ण पच्चया होंति।।१७७।।
हेदू चदुव्वियप्पो अट्ठवियप्पस्स कारणं भणिदं।
तेसिं पि य रागादी तेसिमभावे ण बज्झंति।।१७८।।

**નહિ રાગદ્વેષ, ન મોહ—એ આસ્રવ નથી સુદૃષ્ટિને,**
**તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને; ૧૭૭.**
**હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,**
**તેનાંય રાગાદિક કહ્યા, રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૭૮.**

**ટીકા :– 'સમ્યગ્દૃષ્ટિને રાગદ્વેષમોહ નથી...'** એ આ. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ. મોહ એટલે મિથ્યાત્વ (અને) રાગ-દ્વેષ એટલે અનંતાનુબંધીના રાગ-દ્વેષ. આવું વાંચીને 'દીપચંદજી (શેઠિયાજી)'ને થઈ ગયું હતું ને ! ભૂલ કાઢી હતી ને પેલી ? 'સોગાની'ની ! 'ન્યાલચંદ સોગાની' કહે કે, જ્ઞાનીને પણ શુભરાગ આવે એ આમ દુઃખ લાગે છે, દુઃખ છે. ઈ એને ન ગોઠ્યું. બાપુ ! ધર્મી છે, ભલે ક્ષાયિક સમકિતી હોય... આહા..હા...! 'બાહુબલીજી' અને 'ભરત' બેય લડ્યા, છતાં સમકિતી છે. અંદર રાગ આવ્યો છે પણ એ રાગ અસ્થિરતાનો રાગ દોષ છે, દુઃખ છે. આ..હા...! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ દુઃખ છે. રાગ છે તે ઝેર છે, દુઃખ છે. પ્રભુ અમૃતનો સાગર છે એનાથી ઊલટો ભાવ છે. એ શુભભાવ પણ અમૃતના સાગરથી ઊલટો ભાવ છે. આહા..હા...!

અરે..રે...! ભગવાન મહાપ્રભુ બિરાજે છે, કહે છે. ત્યાં તારું આસન નાખતો નથી અને આસન... આહા..હા...! સારા સ્થાનમાં આસન નાખતો નથી અને વિષ્ટામાં આસન નાખે છે. એમ રાગ ને દ્વેષ, પુણ્ય-પાપમાં આસન નાખ્યા. આ..હા...! ઉદાસીનોસિ આવે છે ને અંદર ? ઉદાસીનોસિ ! ધર્મી તો રાગ ને દ્વેષથી ઉદાસીન છે, એનાથી એનું આસન ભિન્ન અંદર આત્મા ઉપર પડ્યું છે. આ..હા..હા...! ઉદાસીન – ઉદ + આસીન. ભગવાન ધામ છે, ચૈતન્યવસ્તુ (છે) ત્યાં તેના આસન દૃષ્ટિ સ્થપાણી છે. તે તેનું સ્થળ છે, તે તેની જમીન છે, તે તેનો ધણી છે અને તે તેનો સ્વામી છે. આ..હા...! જમીનના સ્વામી હોય છે ને ? ઈ (ખરી) જમીન આ છે. અનંત અનંત ગુણથી ભરેલો ભગવાન, એ ધર્મીનું સ્થાન ને ક્ષેત્ર, દળ એ ચીજ છે. રાગાદિ થાય પણ એ એની ચીજ નથી. આહા..હા...!

**'સમ્યગ્દૃષ્ટિને રાગદ્વેષમોહ નથી...'** (એમ) અહીં તો કીધું છે. **'કારણ કે સમ્યગ્દૃષ્ટિપણાની અન્યથા અનુપપત્તિ છે...'** ભાષા દેખો ! આહા..હા...! મિથ્યાત્વ સંબંધીના ભાવ અને રાગ-દ્વેષ ગયા ન હોય અને સમ્યક્દૃષ્ટિ હોય એમ ત્રણકાળમાં બને નહિ. સમ્યક્દૃષ્ટિના શુદ્ધ સમ્યગ્દર્શનનો ભાવ (થયો) અને અનંતાનુબંધીના અભાવરૂપ ભાવ થયો ત્યાં રાગ-દ્વેષ મારા છે એવો ભાવ હોઈ શકે નહિ.

આહા..હા...! એ કહે છે, **'સમ્યગ્દૃષ્ટિપણાની અન્યથા અનુપપત્તિ છે (અર્થાત્ રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દૃષ્ટિપણું બની શકતું નથી);...'** અહીં કેટલાક કહે છે કે, જરી પણ રાગ રહે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે, એમ કેટલાક કહે છે. ઈ વાત અહીં

નથી. આ..હા...! અહીં તો મિથ્યાત્વ સંબંધી, વિપરીત માન્યતા મહા સંસાર (છે). આ..હા...! ભગવાન પૂર્ણાનંદનો નાથ મોક્ષસ્વરૂપ છે એનાથી મિથ્યાત્વ ભાવ (અર્થાત્) રાગના વિકલ્પને પોતાનો માનવો એવો મિથ્યાત્વ ભાવ એ જ મહાસંસાર ને અનંત જન્મ-મરણનો ગર્ભ છે. આહા..હા...! હવે એની જેને કિંમત નથી, ઈ આ દયા, દાન ને વ્રત, તપ ને ભક્તિ કરીએ એટલે ધર્મ થઈ જશે એમ અજ્ઞાની માને. આ..હા...! ભાઈ ! ઈ શુભભાવ છે. આહા..હા...! ધર્મ તો શુદ્ધ ઉપયોગ થાય ત્યારે ધર્મ છે. શુભ ને અશુભ, બેય અશુભ છે, અશુદ્ધ છે. આહા..હા...! એ અશુદ્ધતા અહીં નથી. સમ્યક્દૃષ્ટિમાં જે રાગ-દ્વેષ-મોહ તીવ્ર છે એ અશુદ્ધતા એને નથી માટે સર્વ રાગ-દ્વેષ-મોહનો અભાવ છે. આહા..હા...!

એ ૧૭૧ ગાથામાં કહી ગયા. જ્ઞાનીને પણ જઘન્યભાવે દેખે છે, શ્રદ્ધે છે. દેખે-જાણે છે એમ ત્યાં લીધું. એથી હજી ઉત્કૃષ્ટ ભાવે દેખતો નથી. એટલે હજી એને આસ્રવ ને બંધ આવે છે. પૂર્ણાનંદના નાથને પૂર્ણ રૂપે દેખી, શ્રદ્ધે ને ઠરે, પૂર્ણ રૂપે ઠરે એને હવે આસ્રવ અને બંધ હોતો નથી. અહીંયાં જે કહે છે ઈ તો સમકિતની અપેક્ષાની વાત છે. આહા..હા...! આવો ધર્મ કેવો ! આ બધા જાત્રા કરે, મંદિર કરે, લાખો રૂપિયા ખર્ચે, દસ-દસ લાખ (ખર્ચે), દસ શું તારા અબજ ખર્ચ ને ! ઈ ક્યાં તારી ચીજ છે ? ઈ તો જડ છે. આહા..હા...! પૈસા મારા છે એમ માનીને આપે ઈ તો મિથ્યાત્વ છે. અજીવ જીવનું છે (એમ નથી), ઈ તો અજીવ છે. આત્મા ભગવાન તો જીવ છે. જીવનો અજીવ – પૈસા હોય ? એ અજીવને જીવ માને એ મિથ્યાત્વ છે. આહા..હા...! આકરું કામ. સમ્યગ્દર્શનમાં એ વાત છૂટી જાય છે. એ રાજપાટમાં પડ્યો હોય, કરોડો રૂપિયા દાનમાં આપતો હોય પણ અંદર સ્વામી (થતો) નથી, જાણે છે કે આમ થાય છે, આ જાય છે, આ જાય છે. આ રહે છે, આ જાય છે. આહા..હા...! આવી વાતું છે.

**'(સમ્યગ્દૃષ્ટિને) દ્રવ્યપ્રત્યયો પુદ્ગલકર્મનું...'** દ્રવ્ય એટલે જોડાણ, જૂના જડ કર્મ. **'પુદ્ગલકર્મનું (અર્થાત્ પુદ્ગલકર્મના બંધનનું) હેતુપણું ધારતા નથી...'** આહા..હા...! ધર્મની જ્યાં અંદર આત્મઅનુભવની દૃષ્ટિ થઈ, ભેદજ્ઞાન થઈ ગયું, રાગથી – વિકલ્પથી જુદો પડી ગયો એ જુદો પડ્યો તે ભગવાનઆત્મા... આહા..હા...! એને જૂના કર્મ પડ્યા છે એ બંધનો હેતુ થતો નથી. આહા..હા...! છે ? દ્રવ્યપ્રત્યયો એટલે જૂના જડ (કર્મ). આસ્રવ કીધા ને ? પ્રત્યય એટલે આસ્રવ. ઓલા દ્રવ્યાસ્રવ કીધા, અહીં પ્રત્યય કીધું. પૂર્વના પડ્યા (છે) ઈ હોં !

**'પુદ્ગલકર્મના હેતુપણાના હેતુઓ રાગાદિક છે;...'** **'હેતુપણું ધારતા નથી કારણ કે દ્રવ્યપ્રત્યયો પુદ્ગલકર્મના હેતુપણાના હેતુઓ રાગાદિક છે;...'** પૂર્વના કર્મ નવા કર્મના કારણમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ હોય તો બંધનું કારણ થાય. આહા..હા...! છે ? જડકર્મો પુદ્ગલકર્મના હેતુપણું – નવા બંધનનું નિમિત્ત, જૂના કર્મ નવા બંધનનું નિમિત્ત, એ નિમિત્તમાં પણ હેતુ રાગાદિ છે. જૂનું (કર્મ) નિમિત્ત છે એ આવી ગયું છે કે, જૂનું કર્મ છે એ નવા કર્મનું

કારણ છે, પણ ક્યારે ? કે, જૂના કર્મમાં (જોડાઈને) પોતે રાગ-દ્વેષ ને મિથ્યાત્વ કરે ત્યારે. આહા..હા...! આવી વાતું હવે, હજી તો સમજવી કઠણ પડે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એની રીત જ – કળા જ જુદી જાત છે. આખી દુનિયાથી એની રીત જુદી છે. આ..હા...! એક એક પરમાણુ પોતાની પર્યાયે તે સમયે પરિણમે એને કોણ પરિણમાવે, કહે છે. આ શરીર છે જુઓ ! આમ આમ ચાલે ઈ તો એની પર્યાય જડની છે. આત્મા એને કરે, આત્મા હાથને હલાવી શકે એ ત્રણકાળમાં બનતું નથી. ઈ કોણ માને ? આહા..હા...! આ લાકડી છે, (આ) પણ આમ ઊંચી-નીચી થાય છે જુઓ ! એની અવસ્થા (થાય) એનો કર્તા ઈ પુદ્ગલ છે, એનો કર્તા આંગળી નથી. આ..હા...! આ હાથને આધારે આ લાકડી રહી છે ? ના. ઈ પરમાણુમાં આધાર નામનો ગુણ છે એને કારણે લાકડી (એને) આધારે રહી છે, હાથને આધારે નહિ. અરે...! આ (કેમ) બેસે ? 'દેવીલાલજી' ! આહા..હા...!

જગતનો એક એક રજકણ, આ તો અનંતા રજકણનો દળ છે, એક એક રજકણની તે સમયે થતી જે અવસ્થા, તેને બીજો રજકણ કે બીજો આત્મા કરી શકે નહિ. આહા..હા...! હળવો.. હળવો.. હળવો કરી નાખ્યો. હળવો છે જ. પરના કાર્યના કર્તાપણાથી રહિત પ્રભુ છે. આહા..હા...!

એ કહે છે, આ.હા..હા...! ધર્મીને બંધનું કારણ ક્યારે થાય ? કે, જૂના કર્મ નવા કર્મનું આવવાનું (કારણ) ક્યારે થાય ? કે, એ જૂના કર્મમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું નિમિત્ત થાય, જૂના કર્મમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું નિમિત્ત થાય તો જૂના કર્મ નવા કર્મનું કારણ થાય. આહા..હા...! છે ?

'**દ્રવ્યપ્રત્યયો...**' એટલે જડ પુદ્ગલકર્મના (એટલે) નવા (કર્મના) હેતુનો હેતુ. નવા કર્મ આવવાનું નિમિત્ત એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ છે. આહા..હા...! 'બંધ અધિકાર'માં પણ એમ કહ્યું છે ને ? જે કોઈ આત્માના ઉપયોગમાં રાગ કરે તે બંધ મિથ્યાત્વ છે. રાગ કરે (એમ) એકલાની વાત નથી લીધી. જાણવાના ઉપયોગમાં રાગને કરે એ બંધનું કારણ છે. આહા..હા...! 'બંધ અધિકાર'માં પહેલી શરૂઆત(માં વાત કરી છે).

'સમયસાર' તો અલૌકિક ચીજ છે ! બપોરે 'પ્રવચનસાર' (ચાલે છે), 'નિયમસાર' કોઈ અલૌકિક શાસ્ત્ર (છે) ! 'કુંદકુંદાચાર્યદેવ'ના શાસ્ત્રો એટલે કેવળીની વાણી છે !! આ..હા..હા...! પણ સમજવા માટે ઘણો પ્રયત્ન જોઈએ, બાપુ ! આહા..હા...!

'**દ્રવ્યપ્રત્યયોને પુદ્ગલકર્મના હેતુ...**' નવાનો હેતુ, એનો હેતુ '**રાગાદિક છે; માટે હેતુના હેતુના અભાવમાં...**' આહા..હા...! શું કીધું ઈ ? જૂના કર્મ જે હેતુ છે એનો હેતુ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ છે. એવા '**હેતુના હેતુના અભાવમાં હેતુમાનનો (અર્થાત્ કારણનું જે કારણ તેના અભાવમાં કાર્યનો) અભાવ પ્રસિદ્ધ હોવાથી જ્ઞાનીને બંધ નથી.**' આહા..હા...! જૂના

કર્મ નવાને નિમિત્ત થાય, પણ એ જૂના કર્મને નિમિત્ત જીવના મિથ્યાત્વ ને રાગ-દ્વેષ થાય તો. આહા..હા...! તેથી ધર્મીને આત્માનો અનુભવ સમ્યગ્દર્શનમાં છે તેથી તેને મિથ્યાત્વ ને રાગ-દ્વેષ નથી તેથી તેને જૂના કર્મને નિમિત્ત થાવું અને નવું કર્મ થાય, એ એકેય છે નહિ. નથી મિથ્યાત્વ, રાગ-દ્વેષ પરિણામ, નથી જૂના કર્મને નિમિત્ત થવું અને જૂનું કર્મ નવાને લાવવું એ એકેય એને નથી. આહા..હા...! એને બંધન જ નથી એમ કહે છે. છે ?

**'(અર્થાત્ કારણનું જે કારણ તેના અભાવમાં...)'** કારણનું કારણ એટલે ? જૂના કર્મ નવાનું કારણ છે પણ એ કારણનું કારણ અજ્ઞાનીના રાગ-દ્વેષ ને મોહ છે. એવા **'(કારણ તેના અભાવમાં કાર્યનો)...'** એટલે નવા બંધનનો **'અભાવ પ્રસિદ્ધ હોવાથી જ્ઞાનીને બંધ નથી.'** આ કારણે ધર્મીને બંધ છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## પ્રવચન નં. ૨૫૩ ગાથા–૧૭૭-૧૭૮, શ્લોક-૧૨૦

ગુરુવાર, જેઠ વદ ૪, તા. ૧૪-૦૬-૧૯૭૯

---

'સમયસાર' ૧૭૭-૧૭૮ (ગાથાના) ભાવાર્થનો બીજો પેરેગ્રાફ. સમ્યક્દૃષ્ટિનું અહીં માહાત્મ્ય કહ્યું. એમ કહ્યું ને (કે), સમ્યક્દૃષ્ટિને આસ્રવ અને બંધ નથી. એ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય (છે). પૂર્ણ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય... આ..હા...! અખંડ સ્વરૂપ અનંત.. અનંત... અનંત... શક્તિનો સંગ્રહાલય. અનંતની દૃષ્ટિ થઈ એ અલૌકિક વાત છે. એ દૃષ્ટિએ સંસારનો ત્યાં અંત છે. દયા, દાન, વ્રત, ભક્તિ (આદિની) ગમે તે ક્રિયા કરે, એની કંઈ મહિમા નથી. શુભભાવ અનંત વાર કર્યો અને કરે એની કોઈ મહિમા નથી. મહિમા અને માહાત્મ્ય, ચમત્કાર તો પ્રભુ ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે એને જેણે સ્પર્શ્યો છે, એનો જેને અનુભવ થયો છે, એનું જેને જ્ઞાન થઈને પ્રતીતિ થઈ છે એના મહાત્મ્યનું વર્ણન છે. એને આસ્રવ અને બંધ નથી. અનંત સંસારનું કારણ એવો આસ્રવ અને બંધ એને નથી. અલ્પ છે એની ગણતરી (નથી). (સમ્યગ્દર્શનના) માહાત્મ્ય આગળ (એની) ગણતરી ગણી નથી.

**'સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે...'** છે ? ભાવાર્થનો બીજો ભાગ, બીજો પેરેગ્રાફ. **'સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે...'** કેટલાક એમ કહે છે કે, જ્ઞાની તો સાતમે (ગુણસ્થાનથી) હોય. વીતરાગપણે હોય ત્યારે (હોય). વીતરાગ દૃષ્ટિ ત્યારે હોય, નીચે સમ્યદૃષ્ટિને સરાગ દૃષ્ટિ (છે). એમ છે નહિ. પહેલે દરજ્જામાં ભગવાન પૂર્ણ સ્વરૂપ પ્રભુ બહારથી સર્વથા પ્રકારે ઉપયોગ સંકેલી નાખ્યો ને. અંતર્મુખમાં દૃષ્ટિએ પલટો માર્યો એ કાંઈ ઓછી વાત નથી. બહારના લક્ષે તો વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા (અનંત વાર કરી), મંદિરો બનાવ્યા, ગજરથ (કાઢ્યા) બધું અનંત વાર કર્યું. એમાં કંઈ કોઈ ભવનો અંત નથી. આહા..હા...!

આ તો ભવના અંતના કરનારને જ્ઞાની કહેવામાં આવે છે **'તે યોગ્ય જ છે.'** તે વ્યાજબી છે. શાસ્ત્રનું આટલું ભણ્યો માટે જ્ઞાની (છે) એમ નથી. આહા..હા...! જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! જાણક સ્વભાવનો પિંડ જ્ઞાયક, તેનું જ્ઞાન (થાય) તેને જ્ઞાની કહે છે. બીજી આવડત ઓછી હોય કે સમજાવતા ન પણ આવડે એથી કરીને જ્ઞાન, અજ્ઞાન થતું નથી અને અગિયાર અંગનું જ્ઞાન થતા એ અજ્ઞાન છે તે કાંઈ જ્ઞાન થતું નથી. આહા..હા...!

ચૈતન્ય મહાપ્રભુ ! એનું જેને જ્ઞાન થયું, એને જેણે જ્ઞાનમાં જ્ઞેય બનાવી, અનાદિથી પરને જ્ઞેય બનાવીને પર્યાય ત્યાં રોકાણી છે... આહા..હા...! એ પર્યાયને પર્યાયમાં સ્વ-સ્વરૂપને જ્ઞેય બનાવી. આહા..હા...! જ્યાં સમ્યગ્દર્શન પૂર્વક સમ્યક્‌જ્ઞાન થયું છે તેથી તેને જ્ઞાની કહેવો યોગ્ય જ છે. ભલે તિર્યંચ ભૂંડ હોય. આહા..હા...! ઉંદર હોય, ખિસકોલી હોય પણ ભગવાનઆત્મા પૂર્ણ પ્રભુ ત્યાં તો એને પડ્યો છે. એનું જેને અંતરમાં સન્મુખ થઈને, સંયોગનું લક્ષ છોડી, નિમિત્તનું છોડી, રાગનું છોડી ને પર્યાયનું (લક્ષ પણ) છોડી, પર્યાયે પર્યાયનું લક્ષ છોડીને પર્યાય દ્રવ્યને અવલંબે છે (તો) કહે છે કે, એને જ્ઞાની કહેવો ઈ વ્યાજબી છે. આહા..હા...!

**'જ્ઞાની' શબ્દ મુખ્યપણે ત્રણ અપેક્ષાએ વપરાય છે :– (૧) પ્રથમ તો, જેને જ્ઞાન હોય તેને જ્ઞાની કહેવાય; આમ સામાન્ય જ્ઞાનની અપેક્ષાએ તો સર્વ જીવો જ્ઞાની છે.'** શું કહે છે ? બધા જીવો જ્ઞાન સ્વરૂપે છે એ અપેક્ષાએ જ્ઞાની કહેવાય, પણ એ કંઈ સમ્યક્‌જ્ઞાન નહિ. મિથ્યાજ્ઞાન એ સમ્યક્‌જ્ઞાન નથી. જ્ઞાની (એટલે) જે આત્મા જ્ઞાનનો ધરનારો, પૂર્ણ જ્ઞાનનો ધરનાર, એકલો જ્ઞાયકભાવ (છે) એથી બધાને જ્ઞાની કહેવાય. સમ્યક્-મિથ્યા જ્ઞાની અહીંયાં નહિ. પહેલી સામાન્યની (વાત છે). **'આમ સામાન્ય જ્ઞાનની અપેક્ષાએ સર્વ જીવો જ્ઞાની છે.'** આહા..હા...! અભવી પણ જ્ઞાની છે. કેમકે એનો સ્વભાવ જ જ્ઞાનસ્વરૂપ છે ને ! જાણક સ્વભાવભાવથી ભરેલો ભગવાન, એને લઈને બધાને જ્ઞાની કહેવાય, પણ એથી એ ભવના અંતનું કારણ છે, એ નહિ. આહા..હા...!

**'(૨) સમ્યક્ જ્ઞાન અને મિથ્યા જ્ઞાનની અપેક્ષા લેવામાં આવે તો...'** અહીં જે કીધું છે ઈ. અહીં તો સમ્યક્‌જ્ઞાન અને મિથ્યાજ્ઞાન, એની અપેક્ષાએ જ્ઞાન લેવામાં આવે તો **'સમ્યક્‌દૃષ્ટિને સમ્યક્‌જ્ઞાન હોવાથી...'** રાગથી ભિન્ન પડી સ્વરૂપનું જ્ઞાન (થયું એવું) સમ્યક્‌દૃષ્ટિ ભેદજ્ઞાનીને હોવાથી. **'સમ્યગ્દૃષ્ટિને સમ્યક્‌જ્ઞાન હોવાથી તે અપેક્ષાએ તે જ્ઞાની છે...'** એ અપેક્ષાએ તેને અહીં જ્ઞાની કહ્યો છે. આ મોટા વાંધા કેટલાક ઉઠાવે છે. ખરેખર જ્ઞાની (એટલે એમ કે) નિર્વિકલ્પ દૃષ્ટિ સાતમે (ગુણસ્થાને) થાય ત્યારે સમ્યગ્દર્શન નિર્વિકલ્પ થાય. આહા..હા...! 'જ્ઞાનસાગરે' એવું લીધું છે. જ્યાં સુધી પૂર્ણ નિર્વિકલ્પ સમાધિ ન થાય ત્યાં સુધી એને જ્ઞાન નહિ. એમ કહ્યું. આ..હા...! આ વાત માને નહિ. એમ કે આ તો પંડિતનું કથન છે ને ! પંડિતનું કથન પાઠમાં બોલે છે. ૧૪૪ ગાથા. સ્વરૂપની પ્રાપ્તિ કરે તેને સમ્યગ્દર્શન અને સમ્યક્‌જ્ઞાન (નામ) પામે. ત્યાં એમ કીધું, ત્યાં ચારિત્ર તો લીધું નથી. પાઠ છે, એવા તો ઘણા પાઠ છે. આ..હા...! 'કુંદકુંદાચાર્યદેવ' પોતાનો આશય આપશે. **'સમ્યક્‌દૃષ્ટિને**

**સમ્યક્‌જ્ઞાન હોવાથી તે અપેક્ષાએ તે જ્ઞાની છે અને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.'** આહા..હા...!

**'(૩) સંપૂર્ણ જ્ઞાન અને અપૂર્ણ જ્ઞાનની અપેક્ષા લેવામાં આવે...'** આ..હા..હા...! સંપૂર્ણ જ્ઞાન અને અપૂર્ણ જ્ઞાનની અપેક્ષા લઈએ **'તો કેવળી ભગવાન જ્ઞાની છે...'** આ..હા...! બારમે ગુણસ્થાન સુધી હજી પૂર્ણ જ્ઞાન નથી અને છદ્મસ્થ અજ્ઞાની છે. અજ્ઞાની છે એટલે પૂર્ણ જ્ઞાન નથી, એમ. છદ્મસ્થ છે, છદ્મસ્થ (એને) આવરણ છે, ભાવઆવરણમાં જે રહ્યો છે એથી એને અજ્ઞાની કહેવામાં આવે છે. બારમા ગુણસ્થાન સુધી. એ જ્ઞાનની પૂર્ણતાની અપેક્ષાએ અને પૂર્ણતાના અભાવની અપેક્ષાએ અજ્ઞાની કહ્યો. પણ સમ્યક્‌જ્ઞાન પણ નથી એમ નહિ. પૂર્ણ જ્ઞાનના અભાવે એને અજ્ઞાની (કહ્યો), પૂર્ણ જ્ઞાનનો અભાવ (છે) તેથી અજ્ઞાની (છે) એટલું કહ્યું. મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શન એ નહિ. આહા..હા...!

**'કારણ કે સિદ્ધાંતમાં પાંચ ભાવોનું કથન કરતાં...'** શાસ્ત્રમાં જ્યાં પાંચ ભાવોનું કથન છે, પંચમ ભાવપૂર્વક ચાર ભાવ પર્યાયના (લીધા છે). આહા..હા...! ત્રિકાળી પંચમભાવ ભગવાન એનો ભાવ અને ચાર પર્યાયમાં ભાવ, એ પાંચ ભાવનું જ્યાં કથન છે ત્યાં **'બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે.'** વીતરાગ થયો છે, અંતર્મુહૂર્ત પછી કેવળજ્ઞાન થવાનું છે પણ એ પૂર્ણ જ્ઞાનના અભાવની અપેક્ષાએ બારમુ ગુણસ્થાન વીતરાગી (છે) તેને પણ અજ્ઞાની કહ્યો છે. આહા..હા...! અજ્ઞાની એટલે મિથ્યાજ્ઞાની એમ નહિ. પૂર્ણ જ્ઞાનનો અભાવ એટલી અપેક્ષાએ અજ્ઞાની, એમ.

**'આ પ્રમાણે અનેકાંતથી અપેક્ષા વડે...'** જુઓ ! આ અનેકાંત ! સમ્યક્‌દૃષ્ટિને જ્ઞાની કહ્યો એ વસ્તુના સ્વરૂપના ભાનની અપેક્ષાએ. મિથ્યાદૃષ્ટિને અજ્ઞાની કહ્યો એ સ્વરૂપના અજ્ઞાનની (અપેક્ષાએ). બારમે ગુણસ્થાને અજ્ઞાની કહ્યો એ પૂર્ણ જ્ઞાનના અભાવની (અપેક્ષાએ). એક જ અપેક્ષા લ્યે કે, જુઓ ! મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે તેવો જ બારમા ગુણસ્થાનવાળો અજ્ઞાની છે એમ નથી. આહા..હા...!

**'આ પ્રમાણે અનેકાંતથી અપેક્ષા વડે વિધિનિષેધ નિર્બાધપણે સિદ્ધ થાય છે;...'** વિધિનિષેધ (એટલે) સમ્યક્‌દૃષ્ટિમાં જ્ઞાન છે, બારમે ગુણસ્થાને અજ્ઞાન છે. સંપૂર્ણ (જ્ઞાન) નથી માટે. એ રીતે વિધિનિષેધથી, અનેકાંતથી વાત સાબિત થાય છે. આહા..હા...! **'સર્વથા એકાંતથી કાંઈ પણ સિદ્ધ થતું નથી.'** સર્વથા એકાંત કરવા જાય તો કોઈ વાત સિદ્ધ નહિ થાય. એનો અર્થ એવો નથી કે, અનેકાંત એટલે નિમિત્તથી પણ થાય અને ઉપાદાનથી પણ થાય. વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય, ઈ અનેકાંત નથી. એ અનેકાંત છે કે, નિશ્ચયથી થાય અને વ્યવહારથી ન થાય. ઉપાદાનથી થાય અને નિમિત્તથી ન થાય. એ ત્યાં અનેકાંત છે. અહીં અનેકાંત તો અપેક્ષિત સમ્યક્‌જ્ઞાન અને પૂર્ણતાના અભાવની અપેક્ષાએ અજ્ઞાન (કહ્યું) અને નીચે મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ અજ્ઞાન (કહ્યું), એ અપેક્ષાએ આ વાત કરી છે. આહા..હા...!

# શ્લોક–૧૨૦

(वसन्ततिलका)

अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न-
मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते।
रागादिमुक्तमनसः सततं भवन्तः
पश्यन्ति बन्धविधुरं समयस्य सारम्।।१२०।।

હવે, જ્ઞાનીને બંધ થતો નથી એ શુદ્ધનયનું માહાત્મ્ય છે માટે શુદ્ધનયના મહિમાનું કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [उद्धतबोधचिह्नम् शुद्धनयम् अध्यास्य] ઉદ્ધત જ્ઞાન (–કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત જ્ઞાન) જેનું લક્ષણ છે એવા શુદ્ધનયમાં રહીને અર્થાત્ શુદ્ધનયનો આશ્રય કરીને [ये] જેઓ [सदा एव] સદાય [ऐकाग्र्यम् एव] એકાગ્રપણાનો જ [कलयन्ति] અભ્યાસ કરે છે [ते] તેઓ, [सततं] નિરંતર [रागादिमुक्तमनसः भवन्तः] રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા, [बन्धविधुरं समयस्य सारम्] બંધરહિત એવા સમયના સારને (અર્થાત્ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને) [पश्यन्ति] દેખે છે–અનુભવે છે.

ભાવાર્થ :– અહીં શુદ્ધનય વડે એકાગ્રતાનો અભ્યાસ કરવાનું કહ્યું છે. 'હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ છું' – એવું જે આત્મદ્રવ્યનું પરિણમન તે શુદ્ધનય. આવા પરિણમનને લીધે વૃત્તિ જ્ઞાનમાં વળ્યા કરે અને સ્થિરતા વધતી જાય તે એકાગ્રતાનો અભ્યાસ.

શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે અને શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે તેથી તે અપેક્ષાએ શુદ્ધનય દ્વારા થતો શુદ્ધ સ્વરૂપનો અનુભવ પણ પરોક્ષ છે. વળી તે અનુભવ એકદેશ શુદ્ધ છે તે અપેક્ષાએ તેને વ્યવહારથી પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે. સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે. ૧૨૦.

## શ્લોક ૧૨૦ ઉપર પ્રવચન

**'હવે, જ્ઞાનીને બંધ થતો નથી એ શુદ્ધનયનું માહાત્મ્ય છે...'** જોયું ! આહા..હા...! શુદ્ધ ભગવાન પૂર્ણ શુદ્ધ સ્વરૂપ, પૂર્ણાનંદનો નાથ અનંત ગુણનો સાગર, દરિયો પવિત્ર પ્રભુ ! એકલી પવિત્રતાનો પિંડ પ્રભુ ! આ..હા..હા...! ચૈતન્યપ્રતિમા ! એકલી પવિત્રતાના ગુણની પ્રતિમા પ્રભુ ! આ..હા..હા...! એને જો લઈએ તો એનું માહાત્મ્ય છે. (માટે) **'શુદ્ધનયના મહિમાનું કાવ્ય કહે છે :–'** એ શુદ્ધનયને (લઈને) જ્ઞાનીને બંધ થતો નથી એ શુદ્ધનયનું માહાત્મ્ય (છે). શુદ્ધનય એટલે નિર્વિકલ્પ આનંદના અનુભવનું એ માહાત્મ્ય છે. પૂર્ણ સ્વરૂપનો અનુભવ ને પ્રતીતિ (થઈ) એનું માહાત્મ્ય છે. જ્ઞાનીને બંધ થતો નથી એમાં શુદ્ધનયનું માહાત્મ્ય છે. આહા..હા...!

નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય ભગવાન જ્યાં સમાધિમાં અંદર શાંતિમાં પડ્યો છે... આહા..હા...! તે શુદ્ધનયનું માહાત્મ્ય છે. **'માટે શુદ્ધનયના મહિમાનું કાવ્ય કહે છે :–'**

**अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न-**
**मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते।**
**रागादिमुक्तमनसः सततं भवन्तः**
**पश्यन्ति बन्धविधुरं समयस्य सारम्।।१२०।।**

આહા..હા...! **[उद्धतबोधचिह्नम् शुद्धनयम् अध्यास्य]** **'ઉદ્ધત જ્ઞાન...'** આ..હા..હા...! જ્ઞાન જે આત્માનું થયું એ જ્ઞાન ઉદ્ધત થઈ ગયું. એ કોઈને ગણતું નથી. આહા..હા...! કર્મના ઉદયને ગણતું નથી, શાસ્ત્રના પાના વાંચ્યું તો જ્ઞાન થાય એમેય ગણતું નથી એવું ઉદ્ધત જ્ઞાન છે. આહા..હા...! **'ઉદ્ધત જ્ઞાન (–કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત જ્ઞાન)...'** આહા..હા...! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચૈતન્યચંદ્ર, ચૈતન્યચંદ્ર અંદર બિરાજે છે ! શાંતિનો સાગર ! આ..હા...! જ્ઞાન ને એની સાથે શાંતિ ને એની સાથે આનંદ, એવો જે ભગવાન નિર્વિકલ્પ વસ્તુ તેને અહીં શુદ્ધનય કીધી છે. એ શુદ્ધનયનું – આત્માનું જ્ઞાન થયું (એ) ઉદ્ધત જ્ઞાન (છે). આ..હા..હા...! **'(–કોઈનું દબાવ્યું દબાય નહિ...)'** એ કર્મના ઉદયના જોરમાં દબાય નહિ. આહા..હા...! અથવા વિશેષ વિદ્વતા અને પંડિતાઈ ન હોય તેથી જ્ઞાન એમ માને કે, અરે...! મને જ્ઞાન નથી, એવું એ નથી. એ ઉદ્ધત જ્ઞાન છે. આહા..હા...!

ઘણા (લોકો) બહારમાં જ્ઞાનમાં નિપુણ દેખાય એથી પોતાને એમ ન થઈ જાય કે, અરે..રે....! આ મને જ્ઞાન બહુ ઓછું (છે). તે ઉદ્ધત જ્ઞાન કોઈને ગણતું નથી. વિશેષ જાણનારોને પણ (એ) જ્ઞાની છે એમ એ ગણતું નથી. આહા..હા...! અને હું ઓછું જાણું

છું માટે હું જ્ઞાની નહિ, એમ એ જ્ઞાન ઉદ્ધત થઈ ગયું છે. આહા..હા...! જુઓ ! સમ્યગ્દર્શનનું માહાત્મ્ય અને સમ્યક્જ્ઞાનનું માહાત્મ્ય ! ભગવાનઆત્માનું દર્શન અને આત્માનું જ્ઞાન એટલે શું !! આ..હા..હા...! જેને ભગવાનના ભેટા થયા. આ ભગવાન હોં પોતે ! આ..હા..હા...! એનું જે જ્ઞાન થયું તે જ્ઞાની છે અને તે જ્ઞાન ઉદ્ધત થઈ ગયું છે. આહા..હા...! હું શાસ્ત્ર વાંચું તો મને જ્ઞાન થાય એવું પણ એને જ્ઞાનમાં નથી. એટલું જ્ઞાન ઉદ્ધત થઈ ગયું. આહા..હા...!

નિજખાણમાંથી જ્ઞાન આવ્યું. આ..હા..હા...! જેમાં અનંત અનંત જ્ઞાન ભર્યું છે, જેનો પાર નથી એવો ભગવાન સ્વભાવ, એમાંથી જ્ઞાન આવ્યું એ જ્ઞાન બીજાના વિશેષ જ્ઞાન દેખીને હું હીણું છું એમ નથી કહેતું, એમ દબાઈ નથી જતું. આહા..હા...! અને કેવળજ્ઞાનીને દેખીને એને એમ થતું નથી કે, આ તો કેવળજ્ઞાની છે, પૂર્ણ જ્ઞાની છે, એ અપેક્ષાએ તો હું અજ્ઞાની છું. ના, હું તો જ્ઞાની છું. સમજાય છે કાંઈ ? આહા..હા...!

સ્વદ્રવ્યના આશ્રયે ભગવાન જાગીને ઉઠ્યો એ જ્ઞાન જગતની કોઈ ચીજથી દબાતું નથી. એટલે કે કોઈને ગણતું નથી. આ..હા...! તે જ્ઞાન, ભગવાનથી પણ મને જ્ઞાન થશે તેમ એ જ્ઞાન ગણતું નથી. આહા..હા...! **'ઉદ્ધત જ્ઞાન (–કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત જ્ઞાન)...'** એવું ઉન્નત જ્ઞાન છે. આહા..હા...! જેની સાથે અતીન્દ્રિય આનંદના નમૂના સ્વાદમાં આવ્યા. આ..હા..હા...! એ જ્ઞાન કોઈથી દબાય જતું નથી. આ..હા...! જેવો સ્વભાવ એવું શ્રુતજ્ઞાન.

**'જેનું લક્ષણ છે એવા શુદ્ધનયમાં રહીને અર્થાત્ શુદ્ધનયનો આશ્રય કરીને...'** એટલે કે પૂર્ણ નિર્વિકલ્પ વસ્તુ છું તેનો આશ્રય કરીને જે દશા થઈ. આ..હા..હા...! **'જેઓ સદાય એકાગ્રપણાનો જ અભ્યાસ કરે છે...'** એટલે કે આનંદ ને જ્ઞાન સ્વરૂપ, એવો જે સ્વભાવ તેમાં એકાગ્રતાનો અભ્યાસ કરે છે. આહા..હા...! એ શાસ્ત્રનો અભ્યાસ કરે છે કે (એમ નહિ). આ..હા..હા...! ઈ તો આવ્યું નહિ ? 'કળશટીકા'માં આવ્યું નહિ ? અનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની અટક નથી. 'કળશટીકા'માં (આવે છે). આહા..હા...! ભણે, આવે પણ ત્યાં આગળ એમ નથી કે, હું આ ભણું તો જ મારું આ જ્ઞાન રહી જાય, નહિતર જ્ઞાન નહિ રહે. આહા..હા...!

ભગવાન ચૈતન્ય સ્વભાવ પૂર્ણ પ્રભુ ! અરે...! જે અનંતકાળમાં હાથ નહોતો આવ્યો (એ હાથ) આવ્યો, એ જ્ઞાન અપૂર્ણ ભલે હો અને બીજાને વિશેષ જ્ઞાન હો. વિશેષના બે પ્રકાર – જાણપણાનું વિશેષ અને એક પ્રગટેલું વિશેષ કેવળજ્ઞાન. પણ એને એમ થતું નથી કે, હું અજ્ઞાની છું ને આ કેવળજ્ઞાની (છે). આવી વાત છે. અરે...! આ તો મુદ્દાની રકમની વાત છે.

**'સદાય એકાગ્રપણાનો જ અભ્યાસ કરે છે.'** શેની એકાગ્રતા ? પ્રભુ ! ચૈતન્ય વીતરાગમૂર્તિ પ્રભુ ! નિર્વિકલ્પ સમાધિ ને એકાગ્રતાનો જ અભ્યાસ (કરે છે). આ અભ્યાસ ! 'પ્રવચનસાર'માં

કહ્યું કે, ભાવજ્ઞાનના લક્ષે આગમ અભ્યાસ કરવો. કહ્યું છે, અપેક્ષાથી જ્યાં વ્યવહારથી કહ્યું છે. આહા..હા...! આ તો પ્રભુ જ્યાં એકાગ્ર થવું છે ત્યાં થાય છે. આહા..હા...! મહા દરિયો ભર્યો છે ભગવાન ! આ..હા..હા...! જેની પૂર્ણતાની અંદરમાં કોઈ અનંતા ગુણોમાં છેલ્લો આ ગુણ છે, એટલા ગુણો ભર્યા છે કે જેનો છેલ્લો ગુણ છે એટલું નહિ. એવા અનંતા ગુણો ભર્યા છે ! આ..હા..હા...! શું કીધું ઈ ?

આત્મામાં એટલા અનંતા... અનંતા... અનંતા.. અનંતા... ગુણ છે કે, આ ગુણ છેલ્લો છે અને આ અનંતા માહ્યલો અનંતમો (છેલ્લો છે એવું જેમાં નથી)... આ..હા..હા...! એવા દ્રવ્યનું જ્ઞાન થયું – એવા પ્રભુનું જ્ઞાન થયું, એવા ભગવાનનું જ્ઞાન થયું.. આ..હા...! એ જ્ઞાન પોતામાં જ અભ્યાસ કરે છે, એકાગ્ર થાય (છે). મને જ્ઞાન વધશે કે આગળ કેમ થશે ? એ તો આમાં એકાગ્ર (થાય છે). આમ બહુ ભણીશ ને શાસ્ત્રજ્ઞાન કરીશ તો મને કેવળજ્ઞાન થાશે (એમ નથી). આહા..હા...! જેમાં જ્ઞાન આખું ભર્યું છે. એકલો સમજણ.. સમજણ.. જ્ઞાનનો પિંડ છે. અનંત બેહદ ભરેલું જ્ઞાન અને એ જ્ઞાનમાં અનંતા ગુણનું રૂપ છે. આહા..હા...! પુરુષાર્થ છે, આનંદ છે, એમાં શાંતિ છે. આહા..હા...! એવું જે જ્ઞાન એ પોતામાં એકાગ્રતાનો અભ્યાસ કરે છે. આહા..હા...! કઈ શૈલી લીધી છે, જુઓને ! આ..હા...!

પૂર્ણાનંદ... આ..હા...! આઠ વર્ષની બાલિકાને સમ્યગ્દર્શન થાય, સમ્યક્‌જ્ઞાની છે અને તે અંતરમાં એકાગ્રતાનો અભ્યાસ કરવા લાગે. આ..હા..હા..હા...! જ્યાં પ્રભુની મહત્તા — મોટપનું ભાન પડ્યું છે. આ..હા..હા...! તેમાં એકાગ્રતાનો અભ્યાસ જ્ઞાની કરે છે.

મુમુક્ષુ :– ઈ શાસ્ત્રનો અભ્યાસ ક્યારે કરે ?

ઉત્તર :– એ વ્યવહારે આવે ત્યારે થાય. ભાવના લક્ષે (સ્વાધ્યાયનો ભાવ) આવે, પણ જોર (ત્યાં) છે, જ્ઞાન વધવામાં (જોર છે), આ શાસ્ત્રને ભાવ લક્ષે પણ ઘણું ઘણું વધી જાય (એમ નથી), અંદર એકાગ્ર થાય તો જ્ઞાન વધશે. આહા..હા...! અરે..રે...! આવો માર્ગ પ્રભુ ! ચૈતન્ય મહાપ્રભુ બિરાજે છે એની લોકોને કિંમત નથી. કિંમત આ દયા, દાન ને વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને... રાંકા છે, ભિખારી છે. ઝેરના પ્યાલા છે. આહા..હા...! એને માહાત્મ્ય આપે છે. અમૃતનો સાગર નાથ ! આ..હા..હા...! એને માહાત્મ્ય આપતા નથી તેથી એના ભવભ્રમણ ટળતા નથી. આહા..હા...!

મુમુક્ષુ :– આગમના અભ્યાસ કરવાની વૃત્તિ પછી રહેતી જ નથી ?

ઉત્તર :– દૃષ્ટિ થાય તોય આનો જ અભ્યાસ કરવાનો છે, એમાં એકાગ્ર થવાનું છે. જેને જોવું છે કે, આ તો આત્મા ભગવાન પરિપૂર્ણ આનંદથી ભરેલો શુદ્ધ છે. માટે તેમાં જ એકાગ્ર થતાં મારું જ્ઞાન અને શાંતિ વધશે. આ..હા..હા...! આ તો અગમ્યગમ્યની વાતું છે. આ..હા...! દિગંબર સંતોએ જગતને જાહેર કરી છે. દુનિયા માને, ન માને, સમતોલ રહે, ન રહે (એની દરકાર નથી). આહા..હા...!

એક ઠેકાણે એમ કહ્યું કે, ભાવલક્ષે દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવો. એક ઠેકાણે એમ કહ્યું કે, શાસ્ત્રમાં બુદ્ધિ જાય ઈ વ્યભિચારી છે. કઈ અપેક્ષાએ કહ્યું ? બાપુ ! અહીં એમ કહે છે કે, મારે તો સ્વભાવ ભગવાન પરિપૂર્ણ છે એને મેં જાણ્યો. હવે મારે તો એમાં જ એકાગ્રતા કરવાની છે. આ..હા..હા...! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ' આહા..હા...!

અનંત અનંત ચૈતન્યના ચમત્કાર, બાપુ ! એના એક એક ગુણનો ચમત્કાર ! આ..હા..હા...! પૂર્ણ ગુણ, પૂર્ણ સ્વભાવ, પૂર્ણ શક્તિ, પૂર્ણ એક એક સત્‌નું સત્ત્વ.. આ..હા...! એના ચમત્કારની શું વાતું કરવી !! એવા એવા અનંતા.. અનંતા.. અનંતા.. ગુણોનો ચમત્કાર, ચૈતન્ય ચમત્કારી પદાર્થ છે ! આ..હા...! આ..હા..હા...! જગતના ચમત્કાર એ બધા તુચ્છ છે. આ..હા...! આ પ્રભુનો ચમત્કાર ! આ..હા..હા...! એક એક ગુણ ચમત્કારથી ભરેલો, એવા અનંતા ગુણનો ચૈતન્ય ચમત્કારી તત્ત્વ પ્રભુ ! એનું જ્ઞાન થાય એ એમાં એકાગ્ર થવા માટે છે. આહા..હા...! શું શૈલી !

એક કોર એમ કહ્યું કે, ભાવશ્રુત જ્ઞાન દ્વારા – લક્ષે દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવો, આગમ અભ્યાસ કરવો. આહા..હા...! પણ બધી વાત સ્વદ્રવ્યના અવલંબનમાં એકાગ્રતા વધવાની છે. એમાં એકાગ્રતા વધે એ જ જ્ઞાનીનું પરિણમન ને હેતુ છે. આહા..હા...! આવી ચીજ છે. અભ્યાસ **[कलयन्ति]** છે ને ? **[कलयन्ति]** એટલે અનુભવે છે, **'અભ્યાસ કરે છે...'** **'એકાગ્રપણાનો જ...'** એમ છે, જોયું ? **[एकाग्रम् एव]** શબ્દ છે ને ? છે ? સંસ્કૃત દેખો. શ્લોકાર્થ. **[एकाग्रम् एव]** એમ છે. એક આ નિશ્ચય કરી નાખ્યું. આ..હા...!

જ્ઞાની તો ભગવાનઆત્મા... આ..હા..હા...! એની પાછળ ચક્રવર્તીના રાજ પણ ફોતરા જેવા લાગે. આહા..હા...! આ..હા...! અહીંયાં મહા કસદાર પડ્યો પ્રભુ ! એને આ (બહારના) કસની શું કિંમત ? આ..હા...! એટલે જેને એનું જ્ઞાન થયું એ એમાં એકાગ્ર થવા માગે છે. આહા..હા...! **[एकाग्रम् एव]** એમ શબ્દ છે.

મુમુક્ષુ :– જ.

ઉત્તર :– હા, જ. આહા..હા...! શું શૈલી ! 'અમૃતચંદ્રાચાર્યદેવ' હજાર વર્ષ પહેલા જે થયા પણ એની શૈલી તો જુઓ ! આ..હા..હા...! ભાવઉદયથી મરી ગયા છે. પારિણામિકભાવને જગાડવા જીવી રહ્યા છે ! આ..હા..હા...! પારિણામિકભાવે પરિપૂર્ણ પરમભાવ પડ્યો છે એનું જ્ઞાન તો થયું પણ હવે વિશેષ એમાં એકાગ્રતાનો જ અભ્યાસ કરે છે. આ..હા..હા...! ઉડાડી દીધી વાત બધી ! **[एकाग्रम् एव]** સંતો કહે છે. પ્રભુ ! 'અમૃતચંદ્રાચાર્યદેવ' કહે છે. ભગવાનના કેડાયત છે. કેવળજ્ઞાન એકાદ ભવે લેવાના છે. આહા..હા...! કેવળજ્ઞાન જેની નજરે તરે છે. જેનું શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવી રહ્યું છે ! આ..હા..હા...! જેનું મતિ અને શ્રુતજ્ઞાન પંચમ આરામાં (કેવળજ્ઞાનને બોલાવી રહ્યું છે) ! મુનિને પણ બાપુ ! આરો-ફારો ક્યાં ત્યાં

છે ? આહા..હા...! એ પણ મુક્તિ, મોક્ષને, કેવળને બોલાવી રહ્યું છે. આ..હા..હા...! પેલા બોલાવે (ને), ભાઈ ! આવ.. આવ. એમ નથી કહેતા ? આ એમ બોલાવે છે, આવ... આવ... આવ. અમે એકાગ્રતાનો અભ્યાસ કરીએ એમાં કેવળજ્ઞાન આવ. આવી વાતું છે, 'ચીમનભાઈ' ! વાણિયા સાધારણ એવા વીર્યહીનનું અહીં કામ નથી. 'સુરેન્દ્રભાઈ' ! આ..હા...! એ વીરાના માર્ગ (છે). આહા..હા...!

મુમુક્ષુ :– સર્વાર્થસિદ્ધિના દેવો તો તેંત્રીસ સાગરોપમ સુધી આગમની ચર્ચા કરે.

ઉત્તર :– કરે, કરે. એ ભાઈએ લખ્યું નથી ? 'સોગાની'એ લખ્યું છે કે, ચર્ચા બહુ કરે એથી શું થયું ? (આવે) છે ? આ..હા..હા...! તેંત્રીસ સાગર સુધી સમકિતી ત્યાં ચર્ચા કરે તોપણ એ આગળ વધતા નથી. ચોથેથી પાંચમે જતા નથી. આહા..હા...! સર્વાર્થસિદ્ધના દેવ ! બાપુ ! આ તો અગમ્યગમ્યની વાતું છે, નાથ ! આ..હા...! એ તેંત્રીસ સાગર કોને કહે, ભાઈ ! એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ (જાય). દસ ક્રોડાક્રોડી પલ્યોપમ ! એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ (જાય). એવા તેંત્રીસ સાગર ચર્ચા કરે પણ ચોથેથી પાંચમે જતા નથી. આહા..હા...! અને ભગવાન જ્યાં છે ત્યાં એકાગ્ર થાય તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લઈ લ્યે. તેંત્રીસ સાગરની ચર્ચાએ પાંચમું ગુણસ્થાન આવતું નથી. આહા..હા...!

(અહીંયાં) ત્રણલોકનો નાથ પૂર્ણ સ્વરૂપમાં એકાગ્ર થતાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લ્યે છે. પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિનું જ્ઞાન વિશેષ ન પણ હોય. આહા..હા...! પણ અંતરંગ એકાગ્રતા (કરે છે). આ..હા..હા...! એ બધી મહિમા પ્રભુની છે. પોતે પ્રભુ છે એ પ્રભુતા પામરતાને લઈને એ પ્રભુતા કેમ પ્રગટે ? એ પ્રભુતાની તો એકાગ્રતા થાય, એનામાં એને મોટપ આપે અને એકાગ્ર થાય ત્યારે પ્રભુતા પ્રગટે. આહા..હા...! આ..હા...!

એક કોર શાસ્ત્રમાં બુદ્ધિ જતા વ્યભિચારી કહે, એક કોર શાસ્ત્રનો અભ્યાસ કર તો કલ્યાણ થાશે, એમ કહે. એક કોર (કહે) સ્વના લક્ષે શાસ્ત્રનો અભ્યાસ કરવો (એ) કલ્યાણનો હેતુ છે. અપેક્ષાથી વાત છે, બાપુ ! મૂળ તો આ છે. આહા..હા...! જેમાં – ગુણમાં અનંતી અનંતી કેવળજ્ઞાનની પર્યાય ઠસોઠસ પડી છે, એવા અનંતા (ગુણોના એકરૂપમાં) એકાગ્ર થાતાં તને કેવળજ્ઞાન થઈ જશે. શાસ્ત્રનો બહુ અભ્યાસ થઈ ગયો અને બહુ જ્ઞાન થયું માટે તને કેવળજ્ઞાન થઈ જશે (એમ નથી). આહા..હા...! 'મીઠાલાલજી' આવી વાત છે.

છે દરકાર 'અમૃતચંદ્રાચાર્યદેવ'ને દુનિયાની ? તમે એકાગ્રતાની જ વાત કરો. આહા..હા...! ભગવાન તમારો પરિચય કરવો ઈ પણ તમે કહેતા નથી ? આ..હા...! સત્‌સમાગમ કરવો (એમ કહેતા નથી). ભાઈ ! આ..હા...! તું સત્ નથી ? આહા..હા...! સત્ સમાગમ, તે શું સત્ નથી ? પ્રભુ ! મહાપ્રભુ સત્ છે. મહાસત્તા ચૈતન્ય સત્ છે. મહા હોવાપણે ચૈતન્યસત્તા છે, સત્ છે. મહા ચમત્કારીનો પિંડ, મહાસત્તાની સત્તાનો ચમત્કારી ભગવાન છે. એ સત્‌માં

એકાગ્ર થા ! આ..હા..હા...! બાકી એની પાસે બીજી વાતું થાય વ્યવહારે. આહા..હા...! અને એમાં તો એમેય કહ્યું ને કે, બાર અંગમાં અનુભૂતિનો ઉપદેશ છે. બાર અંગ છે એ પણ વિકલ્પ છે. એમાં પણ અનુભૂતિ (એટલે કે) આત્માને અનુસરવું (એમ કહ્યું છે). આહા..હા...! બાર અંગમાં એ કથન છે. આહા..હા...!

ભગવાન ત્રણલોકનો નાથ પ્રભુ ! આ..હા..! જેની પાસે પરમાત્મા અરિહંતની પર્યાય પણ અલ્પ કહેવાય. આ તો અનંત અનંત ગુણનો (પિંડ છે). આ..હા...! એવા મહાપ્રભુમાં એકાગ્રતાનો અભ્યાસ કર, પ્રભુ ! આહા..હા...! આ બહારની ધમાલું, ગજરથ કાઢે, માણસ ભેગા થાય, જન્મ મહોત્સવ ને દીક્ષા મહોત્સવ ને પંચ કલ્યાણક ને પૈસાની બોલી બોલે, ઓલો કહે, પાંચ હજાર, ઓલો કહે દસ હજાર, ઓલો કહે લાખ ! પણ છે શું ? બાપુ ! ભાઈ ! છે ને 'આફ્રિકા'માં ! ત્યાં તો પૈસાવાળા બહુ છે તો પૈસા બહુ ઉડાડશે માળા ! 'આફ્રિકા' ! ક્યાં ગયા 'રામજીભાઈ' ? ઈ 'રામજીભાઈ' આવવાના. એનો ભાણેજ છે ને ત્યાં ! આ..હા...! એ બધું ઠીક. આહા..હા...! બહુ આવું થઈ ગયું ને બહુ (પૈસા ભેગા થયા) ને બહુ માણસ ભેગા થયા, બે-પાંચ કરોડ ખર્ચાણા. આહા..હા...! એ બધો શુભ વિકલ્પ છે. બહારની ક્રિયા તો એને કારણે થાય છે, ભાઈ ! સત્‌ને આંચ દઈશ નહિ, બાપા ! એ બહારના ભભકામાં સત્ છે તેનો આશ્રય લેવો અને એના આશ્રયથી જ બધું થાય, એ સિવાય આંચ દઈશ નહિ. આવું કરશે તો અમને લાભ થશે ને આ કરશું તો લાભ થશે (એમ) રહેવા દે, પ્રભુ ! આહા..હા...! એ આડ લગાડવી રહેવા દે. આહા..હા...!

ઓ..હો...! આચાર્યના હૃદય શું કામ કરે છે ! એને અંતરમાં સમાધિમાં એકાગ્રતા સિવાય ક્યાંય સૂઝ પડતી નથી. સૂઝ-બૂઝ ઈ અંતરની છે. આહા..હા...! છે કે નહિ એમાં કળશમાં ?

**[एकाग्र्यम् एव कलयन्ति]** એમ શબ્દ છે ને ? આ..હા...! આ શબ્દમાં એ ભરેલું છે, હોં પ્રભુ ! આ..હા..હા...! બીજું આવડે, ન આવડે, કવિતા કરતા આવડે, ન આવડે, યાદગીરી બહુ ન હોય, આહા..હા...! પણ એક યાદગીરી કરનારો ભગવાન એને યાદ કરીને એકાગ્ર થા. આ..હા..હા...! 'ચીમનભાઈ' ! આવી વાતું છે. આ..હા...! અત્યારે તો મુશ્કેલ થઈ પડી છે. પ્રભુના માહાત્મ્ય પડ્યા રહ્યા અને આ બધા (બહારના) માહાત્મ્ય વધારી દીધા. આ..હા...! શાસ્ત્રના ભણતર ને મંદિરો ને ઇન્દ્રો થાય મોટા એક લાખ, બે-બે લાખ (ખર્ચે).

મુમુક્ષુ :– આપણેય અહીં શિબિર ગોઠવી છે ને !

ઉત્તર :– આ ફેરે માણસ વધારે આવશે એવું લાગે છે. ચારસો માણસ તો આવે છે, આ ફેરી પાંચસો લગભગ થઈ જશે. આ ફેરી વધારે આવશે એવું લાગે છે. ચારેકોરથી આવવા માગે છે. આવે, હોય છે, એ બધું છે. પણ એમાં કરવાનું તો જે દ્રવ્ય છે તેમાં દૃષ્ટિ કરીને પછી પણ તેનો જ અભ્યાસ કરવો. આ વાત છે. એ..ઈ...! આ..હા...!

મુમુક્ષુ :- એકાગ્રતાનો અભ્યાસ કેવી રીતે કરવો ?

ઉત્તર :- પ્રશ્ન ઈ છે. વસ્તુ છે એ અનુભવ થયો એટલે પછી એમાં એકાગ્ર થાય. વસ્તુ પહેલી સમ્યગ્દર્શનમાં અનુભવી છે ને ! એની વાત છે ને ! સમ્યગ્દર્શન કેમ થાય ? એમ પૂછે તો તો આખો દિ' વાત તો ચાલે છે. પૂર્ણાનંદના નાથના અભેદ ઉપર દૃષ્ટિ જતાં સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શનની પર્યાયના લક્ષે પણ સમ્યગ્દર્શન ન થાય. અને પછી તેમાં જ એકાગ્ર થવું. પછીની વાત ચાલે છે, પહેલાની વાત નથી.

ઈ તો અહીં કીધું ને ? **'ઉદ્ધત જ્ઞાન (-કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત જ્ઞાન) જેનું લક્ષણ છે એવા શુદ્ધનયમાં રહીને અર્થાત્ શુદ્ધનયનો આશ્રય કરીને જેઓ સદાય એકાગ્રપણાનો જ અભ્યાસ કરે છે...'** આ..હા..હા...! બહુ ભર્યું પ્રભુએ ! સંતોના હૃદયમાં એ વખતે ભાવ (કેવા હશે) ! આ..હા..હા...!

મુમુક્ષુ :- ચારિત્ર માટે એકાગ્રતા કરવી ને.

ઉત્તર :- એ સ્વરૂપમાં એકાગ્રતા એ બધું ઈ. એ દર્શન ને એ જ્ઞાન ને એ ચારિત્ર ને એ શુક્લધ્યાન ને કેવળજ્ઞાન બધું. આ..હા..હા...! એવી વાત છે, ભાઈ ! બહારમાં તો છવીસ હજાર માણસ ! ગામમાં એમ થઈ ગયું, ઓ..હો..હો...! છવીસ હજાર માણસ ! પણ એથી શું ? બાપુ !

મુમુક્ષુ :- ધર્મનો પ્રચાર થાય.

ઉત્તર :- ધર્મનો પ્રચાર એમ થાય ? ભગવાનઆત્મા ધર્મના સ્વભાવથી ભરેલો ધર્મી ! ધર્મથી ભરેલો ધર્મી ! તેને પર્યાયમાં ધર્મ પ્રગટ થવો. ત્રણેમાં ધર્મ થઈ ગયો. ધર્મી ધર્મસ્વરૂપ, ધર્મ ગુણધર્મ સ્વરૂપ, તેવો જ પર્યાયમાં ધર્મસ્વરૂપ, સ્વરૂપ તરફની એકાગ્રતા થતાં થાય તે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ધર્મસ્વરૂપ છે અને તેમાં પણ આગળ વધવા માટે એ ભગવાન જ્યાંથી સમ્યગ્દર્શન, જ્ઞાન થયું, એમાં ને એમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન થવાનું છે. આહા..હા...! આવું છે, માણસને એકાંત લાગે, વ્યવહારનો લોપ લાગે. લાગો બાપા ! શું કરીએ ? આહા..હા...!

મુમુક્ષુ :- વ્યવહારના પક્ષવાળાને આકરું લાગે.

ઉત્તર :- આકરું લાગે, બહુ આકરું લાગે. વસ્તુ સત્ય જ આ છે, પરમસત્ય આ છે, બાકી બધી વાતું છે. આજે માનો, કાલે માને, ક્યારે માનો, જ્યારે (પણ માનો) આ માન્યે એને છૂટકો છે. આહા..હા...! અહીં કરોડોના દાન આપે માટે દાની થઈ ગયો ! આ..હા..હા...!

દાની તો (એને કહીએ) અંદર સંપ્રદાન નામનો ગુણ છે એ ગુણીને પકડતાં, એકાગ્ર થતાં જે દશા થઈ ને એ દશા પોતે રાખી એ દાની છે. આ..હા..હા...! એ વ્યવહારદાની એટલે વિકલ્પ ને રાગ. હોય છે, હેય તરીકે જાણવાલાયક હોય છે. એ 'વીરચંદભાઈ' આ તમારું 'નાઈરોબી'નું બાકી છે. એમાં આ બધું અહીં તો હલકું કરી નાખ્યું. અહીં તો હલકા

કરી નાખે છે, પૈસા-બૈસા ખરચવા ને રાખવા એની કાંઈ કિંમત નથી, એમ અહીં કહે છે. આ..હા...!

હમણાં ત્યાં નેવુંમી જન્મજયંતીનો ખરડો કર્યો. સવા બે લાખ ભેગા કર્યા. 'નાઈરોબી' ! મુહર્ત કર્યું ત્યારે બે લાખ ને બે હજાર આપ્યા. 'રામજીભાઈ'ના ભાણેજે ! આવ્યા (છે) ને ! બે લાખ ને બે હજાર. જેઠ સુદ ૧૧, ભીમ અગિયારસને દિવસે મુહૂર્ત કર્યું. આવ્યા હતા ને, હમણા આવ્યા હતા. 'રાયચંદભાઈ' અહીં આવ્યા હતા. દીકરો-દીકરી કાંઈ નથી. એની મા ને બાયડી-ભાયડો (ત્રણ) છે. ઈ ઠીક, રાગની મંદતા છે, બાપા ! એને એમ માની બેસે કે, એમાંથી કાંઈક કલ્યાણ થઈ જશે (તો એમ નથી). અરે..રે...! આવી વાતું ભારે આકરી ! આહા..હા...! મંદિર વીસ-વીસ લાખના બનાવે ને કલ્યાણ ન થાય ? શાસ્ત્રમાં તો એવું લખ્યું છે કે, જવ જેટલી પ્રતિમા સ્થાપે તો એના પુણ્ય સરસ્વતી ન કહી શકે. પુણ્ય ને પણ ? ધર્મ નહિ ને ? આહા..હા...! ઈ પુણ્ય (છે), ધર્મ નહિ. આહા..હા...!

અહીંયાં તો એટલું આવ્યું છે કે, ઉદ્ધત અને એકાગ્રતા. બે આવ્યું (એના) ઉપરથી આ બધું ચાલે છે. જે આત્મજ્ઞાન થયું એ કોઈને ગણતું નથી. વ્યવહાર રત્નત્રયનો રાગ આવ્યો એને ગણતું નથી. ઓ..હો..હો...! તીર્થંકર ગોત્રનો ભાવ બંધાણો એને પણ ગણતું નથી. આહા..હા...! પરમાં જેટલી એકાગ્રતા થાય તેને તો એ ગણતું નથી, નહિ.. નહિ.. નહિ. અહીં એકાગ્રતા થાય તે (ખરી) વસ્તુ (છે). આહા..હા...!

**[एकाग्र्म् एव कलयन्ति] 'તેઓ,'નિરંતર...' [रागादिमुक्तमनसः भवन्तः] 'રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા,...'** રાગાદિ છે ને ? **'રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા,...'** આહા..હા...! હવે આ પંચમઆરાના સંત કહે છે, પ્રભુ ! અને પંચમઆરાના સાધુ એમ કહે (કે), અત્યારે શુભભાવ જ હોય. અર..ર..ર...! એવી વાત કરે છે. 'શાંતિસાગર'ના કેડાયતો. 'શાંતિસાગર'ને પણ વ્યવહારની ક્રિયા હતી, બાકી કાંઈ નહિ. લોકોને મહિમા આવી જાય (કેમકે) બહારમાં (કોઈ) નગ્નવેશ નહોતું ને ! માણસ સાફ, ઉદ્ધત (નહિ) પણ દૃષ્ટિ (નહિ). બાપુ ! દૃષ્ટિ કોઈ અલૌકિક વાત છે, ભાઈ ! આહા..હા...! પેલા 'શ્રુતસાગર' એના કેડાયત એમ કહે છે કે, અત્યારે તો શુભભાવ હોય, બીજું હોય નહિ. ભગવાન ! તું શું કરે છો ? પ્રભુ ! તું છો એવો અવ્યક્તપણે પણ કબુલાત તેં કરી નથી. મહાપ્રભુ અંદર છે. આ..હા..હા...! ભલે શુભભાવથી રહિત, આટલી પણ એકાગ્રતા, એક વસ્તુ છે અંદર મહાપ્રભુ ! અને એમાં એકાગ્ર થવું તે જ માર્ગની શરૂઆત છે, એ જ માર્ગ છે, બીજો માર્ગ નથી. પાંચમો આરો હોય કે ચોથો આરો હોય કે પાંચમા આરાનો છેડો હોય. આહા..હા...! કાળ આવો (છે) માટે કાંઈક હલકું કરો, હલકું ! બીજે હળવે રસ્તે જવાય એવું (કહો). આ..હા...!

**'રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા,...' [बन्धविधुरं]** આહા..હા...! એ બંધથી તો રાંડ્યા છે. વિધુર નથી કહેતા ? બાઈને વિધવા કહે ને ધણીને વિધુર કહે. એમ આ જ્ઞાની

બંધથી વિધુર છે. આ..હા..હા...! રાંડ્યા છે, એને બંધ છે નહિ. આહા..હા...! **[बन्धविधुरं समयस्य सारम्] 'બંધરહિત એવા...'** રહિત કોનો અર્થ કર્યો ? એ વિધુરનો. વિધુરનો અર્થ રહિત. આપણે અહીં કહે છે ને માણસને બાઈ મરી જાય ત્યારે કે, આ વિધુર થયો. વિધુર એટલે રહિત થયો. એમ આ સમકિતી બંધથી રહિત છે, વિધુર છે, રાંડ્યો છે. આહા..હા...!

**'એવા સમયના સારને (અર્થાત્ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને) દેખે છે-અનુભવે છે.'** આ..હા..હા...! શું કળશ ! આ..હા...! એક એક કળશે (અમૃત ભર્યા છે) ! અંતરમાં એકાગ્ર થાય છે તે બંધરહિત થઈ જાય છે એમ કહે છે. સમકિતીને ભલે પહેલા બંધરહિત કીધો પણ એ સમ્યક્દૃષ્ટિ પણ પછી અંદર એકાગ્ર થાય તેટલો બંધરહિત થાય અને સંપૂર્ણ એકાગ્ર થાય એટલે તદ્દન બંધરહિત થાય. આમ એનું સ્વરૂપ છે. ભલે સમકિતીને બંધ અને આસ્રવ રહિત કહ્યો પણ છતાં એ પોતામાં એકાગ્ર થશે. આ..હા..હા...! (નિજ સ્વરૂપનું) ભાન તો થયું છે પણ એકાગ્ર થશે તેટલે અંશે બંધરહિત થશે. સમજાણું ? વિશેષ કહેશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## પ્રવચન નં. ૨૫૪ શ્લોક-૧૨૦, ૧૨૧ શુક્રવાર, જેઠ વદ ૬, તા. ૧૫-૦૬-૧૯૭૯

---

('સમયસાર)' ૧૨૦ કળશનો ભાવાર્થ. **'અહીં શુદ્ધનય વડે એકાગ્રતાનો અભ્યાસ કરવાનું કહ્યું...'** એટલે શું કહે છે ? શાસ્ત્ર વાંચવાનો અભ્યાસ કરવો એ અહીં કહ્યું નથી. હું જ્ઞાનસ્વરૂપ છું એમ પરિણમનમાં આવવું એ શુદ્ધનયનો અભ્યાસ છે. આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક છે તેની સન્મુખ થઈને પરિણમન થાય એ શુદ્ધનયનો અભ્યાસ કહેવામાં આવે છે. ઝીણી વાત છે, ભાઈ ! મૂળ વસ્તુ પહેલી પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન, એને દૃષ્ટિમાં અનુભવ લઈને અને પછી પણ તેમાં વારંવાર એકાગ્રતાનો અભ્યાસ કરવો એનું નામ શુદ્ધનયનો અભ્યાસ છે.

કેટલાક તો આમાં કહે છે કે, આ ચોથા ગુણસ્થાનની વાત નથી, આ તો સાતમાની વાત છે, વીતરાગ સમકિતની (વાત છે). કેમકે અહીં કીધું ને કે, સમકિતીને આસ્રવ, બંધ નથી. માટે એ તો વીતરાગી સમકિતની વ્યાખ્યા છે. અહીં 'હેમરાજજી' પોતે કહે છે, સ્પષ્ટ કરે છે, પાઠ પણ સ્પષ્ટ કરે છે.

અહીંયાં સમ્યગ્દર્શન પહેલી ચીજ જ કોઈ એવી છે કે, અનંતકાળમાં એણે સ્વસ્વરૂપ પૂર્ણ અખંડ એક (છે) એના ઉપર નજર કરી નથી, એના ઉપર ઝુકાવ કર્યો નથી, એનું વલણ જ કર્યું નથી. બાકી બધું કર્યું. બધું એટલે ? બીજી ક્રિયાઓ નહિ. શુભાશુભ ભાવ અસંખ્ય પ્રકારના (છે) તે કર્યા. પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છે તેની એકાગ્રતાનો અભ્યાસ તે શુદ્ધનયનો

અભ્યાસ છે. આહા..હા...! છે ?

**'હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ છું' – એવું જે આત્મદ્રવ્યનું પરિણમન...'** આત્મદ્રવ્ય શુદ્ધ છે એની સન્મુખ થઈને શુદ્ધતાનું પરિણમન (થાય તે શુદ્ધનય છે). કળશમાં નાખ્યું છે. અશુદ્ધ પરિણમન મિથ્યાદૃષ્ટિને હોય. કળશમાં (છે). આ..હા...! પહેલું એનું જ્ઞાન તો કરે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! વસ્તુ છે. પૂર્ણ જ્ઞાન, આનંદાદિ ભરેલું તત્ત્વ છે. ભલે ક્ષેત્રથી શરીર પ્રમાણે હોય, અસંખ્ય પ્રદેશી હો, ક્ષેત્રથી ભલે અનંત પ્રદેશ ન હો, સ્વભાવથી તો અગાધ જ્ઞાન, દર્શન, આનંદાદિ (ગુણોથી પૂર્ણ છે).

અહીં એ કહ્યું. ખુલાસો આમાં આવ્યો. શુદ્ધનયનો એકાગ્રતાનો અભ્યાસ એટલે કે વસ્તુસ્વરૂપ જે શુદ્ધ છે તેની એકાગ્રતા એટલે તેનું શુદ્ધ પરિણમન (થાય) એ શુદ્ધનયનો અભ્યાસ કહેવામાં આવે છે. આહા..હા...! પણ એ અભ્યાસ થાય ક્યારે ? કે, પ્રથમ શુદ્ધ સ્વરૂપ, એની દૃષ્ટિમાં આવીને સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન થાય ત્યારે તેનું શુદ્ધ પરિણમન થાય અને ત્યારે તે પછી એકાગ્રતા, શુદ્ધ પરિણમનની એકાગ્રતા (થાય). અભ્યાસ છે ને ? જેથી કેવળજ્ઞાન થાય. આહા..હા...! આવી વાતું હવે. એમાં બાહ્યના કોઈ વ્રત, તપ, ભક્તિ, પૂજા, આ બધા મંદિરો બનાવવાના ને આ બધું કંઈ સહાયક થાતું હશે કે નહિ એમાં ? ઈ કહે છે કે, જરીયે સહાયક થાતું નથી. એવી વાત છે.

અંદર આખી નિરપેક્ષ વસ્તુ પડી છે. અતીન્દ્રિય અનંત ગુણનો દરિયો, એની અનુભવની દૃષ્ટિ કરીને અને શુદ્ધ પરિણમનને વધારવું એ એકાગ્રતા છે. એ એકાગ્રતાનો અભ્યાસ છે. આહા..હા...!

મુમુક્ષુ :– એક અગ્રનો અર્થ શું ?

ઉત્તર :– એક અગ્ર એટલે દ્રવ્યને મુખ્યને લક્ષમાં લેવું. એક અગ્ર – એક જ મુખ્ય આખું દ્રવ્ય. એક અગ્ર એટલે મુખ્ય. આહા..હા...!

મુમુક્ષુ :– એક એટલે આત્મા ?

ઉત્તર :– આત્મા. હા. એક સ્વરૂપી ભગવાન પૂર્ણ આનંદ, એકરૂપ જે છે. એક આવે છે ને ? બધામાં આવે છે. ૩૨૦ ગાથામાં આવ્યું છે. જે સકળ નિરાવરણ પ્રભુ વસ્તુ જે છે એ સકળ નિરાવરણ અખંડ અને એક વસ્તુ છે. આહા..હા...! ભઈ ! આ તો અપૂર્વ વાત છે. શાસ્ત્રને વાંચવા ને અભ્યાસ ખૂબ કરવો એથી એ શુદ્ધનયનો અભ્યાસ છે એમ નથી. આહા..હા...! એમાં વાંચવાનો વિકલ્પ પણ જ્યાં ઝેર જેવો છે. આહા..હા...! અરે...! જેના જન્મ-મરણના અંત લાવવા, પ્રભુ ! એ કોઈ ચીજ અલૌકિક છે ! એનો પહેલા જ્ઞાનમાં નિર્ણય થવો જોઈએ.

એ વસ્તુ જે પૂર્ણ શુદ્ધ છે એ અખંડ ને એક ને સકળ નિરાવરણ છે. પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક સહજ ભાવરૂપ લક્ષણ જેનું (છે), એવું નિજ પરમાત્મદ્રવ્ય તેની

એકાગ્રતા એ શુદ્ધનયની એકાગ્રતા છે. આવી વાત છે, ભાઈ ! બીજું શું થાય ? આ..હા...! અનંતકાળથી રખડે છે.

મુમુક્ષુ :– એકલો આત્મા ઉપાદેય આવ્યો.

ઉત્તર :– એકલો આત્મા જ ઉપાદેય છે, પર્યાયે નહિ, ગુણભેદેય નહિ. આહા..હા...! લોકોને એકાંત લાગે અથવા આ વાત એમ કે, વીતરાગી સમકિતીની છે. સાતમા અને આઠમા ગુણસ્થાનની વાત છે, એમ કહે છે. પ્રભુ ! એમ નથી. તું પૂર્ણ સ્વરૂપ પ્રભુ (છો એ) દૃષ્ટિમાં આવે ! આ..હા..હા...! પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. જેવો (છે તેવો). આ..હા...!

મુમુક્ષુ :– તારામાં ખામી શું છે ?

ઉત્તર :– ઈ તો આવ્યું નહોતું ? સ્તવનમાં નહોતું (આવ્યું) ? 'પ્રભુ મેરે સબ વાતે તું પૂરા, પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા, પર કી આશ કરે કહાં પ્રીતમ' 'પર કી આશ' (એટલે) રાગ ને વિકલ્પ ને પરદ્રવ્ય ત્રિલોકના નાથની પણ આશા શું કરે ? 'પર કી આશ કહાં કરે પ્રીતમ, કહાં કિણ વાતે તુમ અધૂરા ? કઈ વાતે તુમ અધૂરા, પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા' આ..હા..હા...! અહીં વાત એવી છે, ભાઈ ! આ..હા..હા...! એક સમયની પર્યાય જેટલોય નહિ, કેવળજ્ઞાનની પર્યાય જેટલોય નહિ. આ.હા..હા...! બધા ગુણોથી પૂરો છે ને પ્રભુ ! એ તને વિશ્વાસમાં આવતું નથી. માહાત્મ્ય એનું દેખાતું નથી.

એટલે અહીં કહે છે કે, **'આત્મદ્રવ્યનું...'** દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ. પરિપૂર્ણ વસ્તુ. એનું જે પર્યાયમાં પરિણમન (થાય)... આહા..હા...! એને બધું થઈ ગયું. આહા..હા...! **'તે શુદ્ધનય. આવા પરિણમનને લીધે...'** પૂર્ણ શુદ્ધ ભગવાન અખંડ નિર્વિકલ્પ વસ્તુ છે તેના અભ્યાસને લીધે. આહા..હા...! લોકોને વ્યવહારવાળાને તો એવું લાગે કે, કાંઈક વ્યવહાર (કરીએ) એનાથી લાભ (થાય). ગજરથ કરીએ, રથયાત્રા (કાઢીએ), મંદિરો (બનાવીએ), દસ-દસ, વીસ-વીસ અપવાસ કરીએ. પ્રભુ ! એ વસ્તુ તો બાહ્યની ચેષ્ટાની ક્રિયાઓ, રાગ છે. આહા..હા...! જેમાં પ્રભુ આવ્યો નથી એને તું અડે છો એ તો સ્વરૂપથી ભ્રષ્ટ છે. રાગના વિકલ્પનો ભાવ, એમાં પ્રભુ ચૈતન્યદ્રવ્ય આવ્યું નથી. એના સ્વરૂપના ભાવનો જેમાં અભાવ (છે), એના ભાવમાં હોંશું અને તેના પરિણમનની ક્રિયા (કરે) એ કોઈ ધર્મ નથી. આહા..હા...!

અહીંયાં તો ત્યાં સુધી કહ્યું, 'નિયમસાર'માં ! આ..હા...! ચાર ભાવથી અગોચર છે. આહા..હા...! રાગથી તો અગોચર છે, ચાર ભાવથી અગોચર છે. એટલે ? કે, ચાર ભાવની પર્યાય છે તેને આશ્રયે તે જણાય એવો નથી. પર્યાયને આશ્રયે જણાય એવો ચૈતન્ય નથી. એવા ભગવાન પૂર્ણ છે. આહા..હા...! અરે...! અહીં શાક જરી સારું થયું ને દાળ સારી થઈ, દૂધપાક (ખાય) ત્યાં હો... (થઈ જાય). બળદની જેમ હોહકારો કરે. આ..હા...! તૃપ્ત તૃપ્ત થઈ જાય. અરે..રે...! પ્રભુ ! શું છે ? ભાઈ ! ક્યાં ચાલ્યો ગયો ? પ્રભુ ! તારા ઘરમાં આનંદ છે ને નાથ ! આ..હા...! એ આનંદને સ્પર્શીને પરિણમન થવું એ શુદ્ધનયનો

એકાગ્રતાનો અભ્યાસ (છે). આ..હા..હા...! આવી વાત છે. વળી પાછો કહે કે, આખો દિ' ભક્તિ, પૂજા, વાંચન ઈ તો હોય. એ હોય ઈ બધું હેયબુદ્ધિએ (છે). આહા..હા...! દુનિયાને બેસવું, પંડિતો અને રૂઢિગતમાં ઢસડાઈ ગયા છે અનાદિથી એને આ વાત બેસવી (કઠણ પડે). આહા..હા...!

**'તે શુદ્ધનય. આવા પરિણમનને લીધે વૃત્તિ જ્ઞાનમાં વળ્યા કરે...'** છે. જોયું ? પરિણતિ. વૃત્તિ એટલે પરિણતિ. વર્તમાન શુદ્ધ દ્રવ્યને આશ્રયે થયેલી પરિણતિ, એ જે પરિણતિ અંદર વળ્યા જ કરે છે, દ્રવ્ય તરફ ઢળ્યા જ કરે છે. આહા..હા...! **'અને સ્થિરતા વધતી જાય...'** છે **'તે એકાગ્રતાનો અભ્યાસ'** છે. આ તમારા પ્રશ્નનો ખુલાસો આવ્યો. ભાવાર્થમાંય આ છે. આહા..હા...!

ભાઈ ! આ તો જન્મ-મરણ રહિત (થવાના) માર્ગ છે, બાપા ! અનંત.. અનંત... અનંત... કાળથી... આ..હા...! અશુદ્ધતાને રગડી. જેમ પેલો મિથ્યાત્વ સંસાર કહ્યો, મિથ્યાત્વ આસ્રવ છે ને મિથ્યાત્વ સંસાર છે. એમ અશુદ્ધ પરિણમન એ સંસાર છે. આમાં ક્યાંક આવ્યું છે ખરું. ક્યાંક આવ્યું છે. મિથ્યાત્વના પરિણામ અશુદ્ધરૂપ છે. મિથ્યાત્વના પરિણામ જ અશુદ્ધરૂપ છે. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ મારા, એવો જે મિથ્યાત્વ ભાવ (તે અશુદ્ધરૂપ છે). ૧૨૧ (કળશમાં) નાખ્યું છે. મિથ્યાત્વના પરિણામ જ અશુદ્ધરૂપ છે. એટલે બીજા અશુદ્ધ છે એની ગણતરી અહીં નથી. આ..હા...! મિથ્યાત્વ જ સંસાર છે. અવ્રત, પ્રમાદના પરિણામ એ તો અલ્પ અલ્પ સંસાર (છે), એને ગૌણ ગણી નાખીને અને એને અલ્પ કાળમાં એનો અભાવ થઈ જવાનો છે. આહા..હા...! એ પરમાત્મા થવાનો છે. એ અસ્થિરતા રહેવાની નથી. આહા..હા...!

એવા ચિદ્‌બિંબને જ્યાં પકડ્યું, આ..હા..હા...! ધ્રુવ ચિદ્‌બિંબ ભગવાન ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ સકળ નિરાવરણ પરમાત્મા.. આ..હા...! ત્રિકાળ સકળ નિરાવરણ.. આ..હા..હા...! એને જ્યાં પકડ્યો અને પરિણમન કર્યું, એ પરિણમન અંદર વળ્યા જ કરે. આહા..હા...! જેને આશ્રયે પરિણમન શુદ્ધ થયું તેમાં તે પરિણમન વળ્યા કરે એ એકાગ્રતાનો અભ્યાસ છે. વાત બીજી છે, બાપા ! ... વાતો બીજી છે. આહા..હા...! ભાગ્યશાળી છે બાપા ! કે, આ વસ્તુ કાને પડે છે. આહા..હા...! આ ત્રણલોકના નાથ તીર્થંકરના હૃદયની વાતું છે. આ..હા..હા...! અહીં એ કહ્યું, મિથ્યાત્વના પરિણામ જ અશુદ્ધરૂપ છે. પેલા શુભાશુભ ભાવ અશુદ્ધ છે એની પછી ગણતરી (ગણી) નથી. ૧૨૧માં છે. આ ૧૨૧ છે ને ? હવે ૧૨૧ (કળશ) ચાલશે, એમાં છે. 'કળશટીકા'માં (છે).

પહેલાના તો પંડિતોય માળા આકરા ! આવા અર્થ કર્યા, જુઓને ! આહા..હા...! વળી (કોઈ) કહે, ચર્ચામાં પંડિતોનું ન લેવું. ભાઈની 'ફૂલચંદજી' સાથે ચર્ચા થઈ ને ! (એમાં એમ કહ્યું કે), પંડિતોનું નહિ, આચાર્યોનું લેવું. આહા..હા...! 'બનારસીદાસ' તો કહે છે,

ભઈ ! 'કથા સંસ્કૃતા પ્રાકૃતા દેશભાષા' ચાહે તો સંસ્કૃત હોય કે પ્રાકૃત હોય તે દેશભાષા હોય પણ જેમાં ભગવાન પ્રભુ આત્માની વાત છે એ વાત પંડિતો કહે તોપણ માન્ય છે. આહા..હા...! અરે...! તિર્યંચને ભાષા નથી પણ એ સમકિતી પણ જે કહે એ માન્ય છે. કેમકે તિર્યંચનું સમકિત અને સિદ્ધના સમકિતમાં કાંઈ ફેર નથી. આહા..હા...! એક આટલી ગરોળી હોય, ઉંદરડી સમકિતી હોય. આહા..હા...! અને સિદ્ધનું સમકિત. સમકિતમાં કાંઈ ફેર નથી, પ્રભુ ! આ..હા..હા...! જેણે આખો આત્મા પૂર્ણાનંદ વિશ્વાસમાં લઈને પ્રતીતમાં લઈને, આ.હા..હા...! આદર કર્યો છે ને ! આ..હા...! પૂર્ણાનંદ, જેમાં પર્યાયનો પણ આદર રહ્યો નહિ. આહા..હા...! એવું જે પૂર્ણ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એનું જે પરિણમન થવું એ શુદ્ધનયનો અભ્યાસ (છે) અને એ પરિણમન અંદર વળ્યા કરે એ એકાગ્રતાનો અભ્યાસ છે. આહા..હા...!

**'શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે...'** શુદ્ધનય શ્રુતજ્ઞાન જે અવયવી છે એનો એક અવયવ છે, ભાગ છે. શ્રુતજ્ઞાન જે પ્રમાણ છે એ સ્વ અને પર્યાયને બરાબર જાણે એવું જે શ્રુતજ્ઞાન, એ શ્રુતજ્ઞાનનો શુદ્ધનય અંશ છે. એક બાજુનું પડખું છે. શ્રુતજ્ઞાન છે એ દ્રવ્યને, પર્યાયને, રાગને બેયને જાણે. પણ એનો શુદ્ધનય છે એક ભાગ છે. એ ભાગ તો ત્રિકાળને સ્વીકારે છે. આહા..હા..!

શ્રુતજ્ઞાન અવયવી છે. જેમ આ શરીર અવયવી છે અને હાથ-પગ અવયવ છે. એમ શ્રુતજ્ઞાન અવયવી છે અને શુદ્ધનય એનો અવયવ છે. વ્યવહાર પણ એનો નય છે પણ આ નય એવો છે કે ખરેખર તેને જ નય કહે છે. નયપરિચ્યુતા આવે છે ને ? આમાં, હમણાં આવશે, હવે આવશે. નયપરિહીણા ! ૧૮૦ ગાથા ! નયપરિહીણા ! એમ નથી કહ્યું, એ નય જ ખરેખર તો એ જ છે. આહા..હા...! ૧૮૦ ગાથા. નયપરિહીણા. એ નય જ એને કીધી છે. આહા..હા...! ઓલું તો એક કહેવામાત્ર, જાણવામાત્ર (છે). આહા..હા...!

**'શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે...'** આહા..હા...! અરે...! આવા માણસપણા ચાલ્યા જશે, બાપુ ! પછી ક્યાં જઈશ ? ભાઈ ! કોઈ સામું (નહિ જોવે), ત્યાં પાંજરાપોળ નથી. આહા..હા...! અનાદિઅનંત ભગવાન, એની પકડ અને અનુભવ ન કર્યો.. આ..હા..! અને રાગની પકડ કરી, બહારની ચીજની તો વાત જ શી કરવી ? આહા..હા...! ક્યાં શરીર ને કર્મ ને બાયડી ને છોકરા ને કુટુંબ ને દેશ ને ગામ, ઈ તો ક્યાંય જુદા.. જુદા.. જુદા.. (રહી ગયા). આ..હા...! આ તો અંતરમાં થતો રાગ, એ રાગની એકતાબુદ્ધિમાં ભગવાનના સ્વરૂપનો નાશ થાય છે. એની દૃષ્ટિમાં (નાશ થાય છે), હોં ! વસ્તુ તો વસ્તુ રહે છે. વસ્તુનો (નાશ) નથી. આહા..હા...!

રાગનો એક પણ નાનામાં નાનો અંશ, એનો જ્યાં આદર છે, સ્વીકાર છે, ઉત્સાહ છે, પ્રેમ છે, રુચિ છે, આ..હા..હા...! ત્યાં પરમાત્મસ્વરૂપનો અનાદર છે. આહા..હા...! આવું

વસ્તુનું સ્વરૂપ છે, ભાઈ ! આકરું લાગે (પણ) બીજું શું થાય ? આહા..હા...!

જેમાં ભવ અને ભવના ભાવનો અભાવ છે અરે...! જેમાં એનો જે અનુભવ કરે એ અનુભવનો પણ જેમાં અભાવ છે, એવી જે ચીજ.. આ..હા...! એ ચીજનું જે પરિણમન થયું અને એ પરિણમન તેના તરફ વળ્યા કરવું એ શુદ્ધનય શ્રુતજ્ઞાનનો એક અંશ છે. **'અને શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે તેથી તે અપેક્ષાએ શુદ્ધનય દ્વારા થતો શુદ્ધ સ્વરૂપનો અનુભવ પણ પરોક્ષ છે.'** આ અપેક્ષાએ, હોં !

**'વળી તે અનુભવ એકદેશ...'** અંશ છે. એકદેશ શુદ્ધનું પ્રત્યક્ષ વેદન છે. આ..હા...! **'તે અપેક્ષાએ તેને વ્યવહારથી પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે.'** કેવળજ્ઞાનની પેઠે પ્રત્યક્ષ થયું નથી ને એથી તેને પરોક્ષ વ્યવહાર કહેવામાં આવ્યો. આહા..હા...! છે ? પ્રત્યક્ષ પણ વ્યવહારથી કહેવાય છે. શુદ્ધનય એટલે સ્વભાવની એકાગ્રતા, પરિણમનનું વલણ અંદર રહેવું. એક કોર રામ અને એક કોર ગામ. વિકલ્પથી, પર્યાયથી માંડીને આખુ બધું, તેનાથી ખસી જઈ ભગવાનઆત્માને પડખે આવી જવું... આહા..હા...! એ છૂટ્યો. એ ભવથી છૂટ્યો. આહા..હા...! બાકી બધી વાતું છે.

મોટા ગજરથ ને રથ ને... આ..હા...! ઇન્દ્રો બનાવવા ને.. અહીં તમારે નહોતા ? ઇન્દ્ર. એક લાખ ને ચૌદ હજારનો એક ઇન્દ્ર ! એવા સોળ ઇન્દ્રમાં એક એંસી હજારનો ઇન્દ્ર. અહીં સવા પાંચ વર્ષ પહેલા (થયું હતું). 'પૂનમચંદ' ! 'પૂનમચંદ' ને ? શું નામ ? 'પૂર્ણચંદ... પૂર્ણચંદ' ! એક લાખ ચૌદ હજારનો એક ઇન્દ્ર થયો હતો. એક ઇન્દ્ર ! અમારા આ ભાઈ 'મનહરે' (થયો હતો). એ એંસી હજારનો ઇન્દ્ર થયો હતો. એંસી હજારનો ! એવા સોળ ઇન્દ્ર ! એમાં લોકોને એમ થઈ જાય કે, આ..હા..હા...! આવા ઇન્દ્રો ને આવી સભા ને છવીસ-છવીસ હજાર માણસ, માણસને હાથી પર બેસાડે. એથી શું ? બાપુ ! એ બધી બહારની ચીજ (છે). આ..હા..હા...! એ તરફ ઢળતો રાગ છે એ તો, પ્રભુ ! આહા..હા...! એ રાગનું વલણ તો પર તરફ જાય છે અને ભગવાનઆત્મા પવિત્રનું ધામ, એનું પરિણમન તે સ્વભાવ તરફ ઢળે છે, એ એકાગ્રતા (છે). આ..હા...! સમજાય છે કાંઈ ? ગાથા આવી છે તો એનો જે વિષય હોય એ ચાલે ને ! બાપુ ! આહા..હા...! બાકી આ વાદવિવાદે પાર પડે એવું નથી.

'કુંદકુંદાચાર્યદેવ' પણ કહે છે, બાપુ ! સ્વસમય, પરસમયની સાથે વાદ કરીશ નહિ. શી રીતે કરીશ ? તું એમ કહેવા જાય કે, લાખ વ્રત ને તપ ને ભક્તિ કરે ઈ કાંઈ નથી. ઈ કહે કે, બધુંય છે. ત્યારે તું કહે છે કે, કાંઈ નથી. શી રીતે વાત બેસશે ? આહા..હા...! અને ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો એને આખો આત્મા પરમાત્મા પ્રતીતમાં આવી ગયો. એ પરમાત્મ થવાની એની તૈયારી થઈ ગઈ. પર્યાયમાં પરમાત્મા થવાની તૈયારી ! બાપુ ! એની વાતું શું કરવી ? આ બધા બહારની ભક્તિ ને હાથી મોટા (લાવે),

હાથી (ઉપર) બેસે છે ને ? આખું કુટુંબ બેસાડે. પાંચ હજારમાં, દસ હજારમાં ! ભાઈ ! એ બધી ક્રિયા તો તે કાળે તેની પર્યાય તે કાળે થવાની તે થાય. એમાં કાંઈ તારાથી થાય છે (એમ નથી). આ..હા..હા...!

મુમુક્ષુ :– પહેલા આપ આવું નહોતા કહેતા.

ઉત્તર :– પહેલેથી કહેતા હતા. અત્યારથી ક્યાં કહીએ છીએ ? આ તો હવે વધારે ખુલાસો (આવ્યો). હો..હામાં બધા મંડી પડ્યા છે ને ! આહા..હા...! અહીં તો પહેલેથી કહીએ છીએ કે, ભઈ ! રાગ છે તે બંધનનું કારણ છે. આ રાગ છે તેની દિશા પર તરફ છે. વીતરાગની દશા તે સ્વ તરફ છે. આહા..હા...! રાગ છે તે ઝેર છે. એ તો મોક્ષ અધિકારમાં ઘણી વાર કહેવાઈ ગયું છે. આહા..હા...! બહાર તરફના વલણમાં છે એ તો બધો રાગ છે. આહા..હા...!

અંતર જ્યાં પ્રભુ પૂર્ણ બિરાજે છે એના વલણનો ભાવ (થાય) એ શુદ્ધ પરિણામની એકાગ્રતા અને તે શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ (છે). અનુભવ અપેક્ષાએ એને એકદેશ પ્રત્યક્ષ પણ કહેવાય. **'સાક્ષાત્ શુદ્ધનય...'** પૂર્ણ શુદ્ધનય, ભાષા દેખો ! (એ) **'તો કેવળજ્ઞાન થયે થાય છે.'** એક કોર કહે કે, શુદ્ધનય તો ભૂતાર્થ તે શુદ્ધનય છે. અગિયારમી ગાથા. અગિયારમી ગાથામાં કહ્યું કે, 'भूयत्थो देसिदो सुद्धनयो' ભૂતાર્થ ત્રિકાળી વસ્તુ તે શુદ્ધનય છે. અહીં કહે છે કે, શુદ્ધનયની પરિપૂર્ણતા કેવળજ્ઞાને થાય. એટલે કે એને હવે આશ્રય લેવો રહ્યો નહિ. જ્યાં સુધી શુદ્ધનય છે ત્યાં સુધી આશ્રય લે છે પણ પૂર્ણ થઈ ગયો એટલે ત્યાં હવે શુદ્ધનય ખરેખર પૂર્ણ થઈ ગઈ, એમ. આશ્રય લેવો રહ્યો નહિ. એટલે શુદ્ધનય કેવળજ્ઞાન થયે થાય છે એમ (કહ્યું). પછી એને આશ્રય લેવાનો, પરિણતિને આમ ઢળવાનું ન રહ્યું. પરિણતિ પૂર્ણ થઈ ગઈ. એને શુદ્ધનય પૂર્ણ થઈ એમ કહેવામાં આવે છે. આસ્રવ (અધિકારમાં) બે ઠેકાણે (આવે) છે. આહા..હા..!

આ તો જેને ભવનો ભય લાગ્યો હોય, બાપુ ! ભવનો ડર ! ચોરાશીના અવતાર ! આહા..હા...! એ નિગોદ, કીડી, કાગડા, કૂતરા જંગલમાં (રહેતા હોય). આહા..હા..! સડી ગયેલા પાણીમાં ભૂંડ પડ્યા હોય અને જાણે આમ ગમ્મત કરતા હોય. સડી ગયેલા પાણીમાં ! ત્યાં 'કુરાવડ'માં (જોયું હતું). ભૂંડ સંડેલા પાણીમાં પડે એ..ય એને ઠીક લાગે. આ..હા...! અરે... ભગવાન ! સડેલા પાણી, હોં ! ગંધાય. એના બચ્ચા પછી ત્યાં રહે. આ..હા...! એ પણ ભગવાન ત્યાં પ્રેમ કરીને પડ્યો. એક કોર રાજા થાય ને મખમલના ગાદલા હોય અને એમાં પડ્યો હોય, એ બધી જાત એક જ છે. આહા..હા...! પર તરફના વલણમાં તો રાગ છે, બાપુ ! આહા..હા...! અને એ દુઃખનો અનુભવ છે, દુઃખનું વેદન છે, ભાઈ ! આહા..હા...!

અહીંયાં તો શુદ્ધનય કેવળજ્ઞાન થયે પૂર્ણ થાય છે. સાક્ષાત્ ! ત્યાં પછી આશ્રય લેવો

રહ્યો નથી ને એટલે પૂર્ણ થઈ, એમ (કહ્યું). એક કોર કીધું કે, શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે. શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે અને બીજી રીતે કહે છે કે, શુદ્ધનયની પરિપૂર્ણતા કેવળજ્ઞાનમાં થાય છે. તો કેવળજ્ઞાનમાં શ્રુતજ્ઞાન છે ? કઈ અપેક્ષાએ કહે છે ? આહા..હા...! એક કોર (કહે કે) શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે અને અહીં કહે છે કે, શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે સાક્ષાત્ પૂર્ણ થાય છે. ત્યાં શ્રુતજ્ઞાન રહે છે ? ત્યાં નય છે ? કઈ અપેક્ષાએ કહે છે ? બાપુ ! જે આશ્રય આમ (લેતો હતો), સ્વદ્રવ્યની દૃષ્ટિ હતી એ શુદ્ધનય છે. એનું હજી અંદરમાં વલણ હતું. માથે કહ્યું ને ? (આત્મદ્રવ્યનું) **'પરિણમન તે શુદ્ધનય'** છે. પરિણમન એટલે જ્ઞાનમાં વળ્યા કરે. એ શુદ્ધ વૃત્તિ, પરિણતિ અંદર વળ્યા કરે. એ વળ્યા કરવાનું પૂરું થઈ ગયું તેથી તેને શુદ્ધનય પૂરી થઈ એમ કહેવામાં આવે છે. આહા..હા...! આવો ઉપદેશ હવે.

એક કોર કહે કે, સમ્યગ્દર્શનના અનુભવ કાળે નયાતીત વાત છે. નય કોઈ નથી, નયનો પક્ષ નથી. આહા..હા...! અને અહીં કહે કે, શુદ્ધનયની સાક્ષાત્ પૂર્ણતા કેવળજ્ઞાન (થતાં થાય છે). એ..ઈ...! આહા..હા...! ભાઈ ! વીતરાગમાર્ગ ગંભીર છે, પ્રભુ ! આહા..હા...! એ કંઈ હળદરના ગાંઠીયે ગાંધી થવાતું નથી. એ ચીજ બહુ ઊંડી છે. આહા..હા...!

એક બાજુ કહે કે, શુદ્ધનય... આ..હા...! એ આત્મદ્રવ્યનું પરિણમન (છે). તેનું વલણ અંદર રહ્યા કરે એ એકાગ્રતાનો અભ્યાસ. બીજી રીતે કહે કે, શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે. શ્રુતજ્ઞાનનો પણ અંશ છે. તે સાક્ષાત્ શુદ્ધનય કેવળજ્ઞાન થયે થાય છે. આહા..હા...! એનો અર્થ જ કે, હવે એને આશ્રય લેવો (રહ્યું નહિ). વલણ હતું, વલણ, આમ આ (અંદર) બાજુ વલણ હતું ને, ઈ વલણ પૂરું થઈ ગયું. ઈ અપેક્ષાએ શુદ્ધનય પૂરી થઈ ગઈ એમ કીધું. આહા..હા...! હવે એને આમ વલણમાં આમ હતું ને, કીધું ને માથે ? વૃત્તિ જ્ઞાનમાં વળ્યા કરે છે, એ હતું ને ? એમાં હતું ને ? એ હવે વળ્યા કરે નથી રહેતું. તેથી એને શુદ્ધનય પૂરી થઈ એમ કહેવામાં આવે છે. આહા..હા...! લખાણ સાધારણ (લાગે). પંડિતે લખાણ કર્યું (છે) છતાં કેટલા (ગંભીર ભાવ છે). આહા..હા...! આકરું કામ બહુ, ભાઈ ! અને જેના ફળ, આ.હા...! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં' જેના શુદ્ધનયના વલણથી એના ફળ તરીકે કેવળજ્ઞાન સાદિ અનંત સમાધિ શાંતિ ! આ..હા...! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન, અનંત જ્ઞાન સહિત જો' અનંત દર્શન ને અનંત જ્ઞાન સહિત. સાદિ અનંત આનંદ ! એની દશાની પ્રાપ્તિ એ શુદ્ધનયનું સ્વભાવ તરફ વલણ (થયું), એ વલણ પૂરું થયું ત્યારે એ પ્રાપ્તિ થાય છે. આહા..હા...!

હવે આમાં કોઈ કંઈક રીતે તર્ક ઉઠાવે કે, આ તો બધી સાતમા ગુણસ્થાનની વાત છે, આઠમાની વાત છે. અને 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે કે, પંચમ ગુણસ્થાન ઉપરની વાત છે પણ મુખ્યપણે, મુખ્યપણે. આહા..હા...! અને અહીં અબુધને સમજાવે છે, અપ્રતિબુદ્ધને

સમજાવે છે. એ તો પાઠ આવી જાય છે. અપ્રતિબુદ્ધ છે, અજ્ઞાની છે એને સમજાવે છે. આહા..હા...! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ' તેમ તેને સમજવું જોઈએ, ભાઈ ! એમ આગ્રહ કરીને એકાંતમાં કાંઈકનું કાંઈક કૂટાવો કૂટાવો થઈ જાય. કૂટાઈ જઈશ તું ! આહા..હા...!

## શ્લોક-૧૨૧

(वसंततिलका)

प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु
रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।
ते कर्मबन्धमिह बिभ्रति पूर्वबद्ध-
द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्।।१२१।।

હવે કહે છે કે જેઓ શુદ્ધનયથી ચ્યુત થાય તેઓ કર્મ બાંધે છે :-

શ્લોકાર્થ :- [इह] જગતમાં [ये] જેઓ [शुद्धनयतः प्रच्युत्य] શુદ્ધનયથી ચ્યુત થઈને [पुनः एव तु] ફરીને [रागादियोगम्] રાગાદિના સંબંધને [उपयान्ति] પામે છે [ते] એવા જીવો, [विमुक्तबोधाः] જેમણે જ્ઞાનને છોડ્યું છે એવા થયા થકા, [पूर्वबद्धद्रव्यास्रवैः] પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવો વડે [कर्मबन्धम्] કર્મબંધને [बिभ्रति] ધારણ કરે છે (-કર્મોને બાંધે છે) - [कृत-विचित्र-विकल्प-जालम्] કે જે કર્મબંધ વિચિત્ર ભેદોના સમૂહવાળો હોય છે (અર્થાત્ જે કર્મબંધ અનેક પ્રકારનો હોય છે).

ભાવાર્થ :- શુદ્ધનયથી ચ્યુત થવું એટલે 'હું શુદ્ધ છું' એવા પરિણમનથી છૂટીને અશુદ્ધરૂપે પરિણમવું તે અર્થાત્ મિથ્યાદૃષ્ટિ બની જવું તે. એમ થતાં, જીવને મિથ્યાત્વ સંબંધી રાગાદિક ઉત્પન્ન થાય છે, તેથી દ્રવ્યાસ્રવો કર્મબંધના કારણ થાય છે અને તેથી અનેક પ્રકારનાં કર્મ બંધાય છે. આ રીતે અહીં શુદ્ધનયથી ચ્યુત થવાનો અર્થ શુદ્ધતાના ભાનથી (સમ્યક્ત્વથી) ચ્યુત થવું એમ કરવો. ઉપયોગની અપેક્ષા અહીં ગૌણ છે, અર્થાત્ શુદ્ધનયથી ચ્યુત થવું એટલે શુદ્ધ ઉપયોગથી ચ્યુત થવું એવો અર્થ અહીં મુખ્ય નથી; કારણ કે શુદ્ધોપયોગરૂપ રહેવાનો કાળ અલ્પ હોવાથી માત્ર અલ્પ કાળ શુદ્ધોપયોગરૂપ રહીને પછી તેનાથી છૂટી જ્ઞાન અન્ય જ્ઞેયોમાં ઉપયુક્ત થાય તોપણ મિથ્યાત્વ વિના જે રાગનો અંશ છે તે અભિપ્રાયપૂર્વક નહિ હોવાથી જ્ઞાનીને માત્ર અલ્પ બંધ થાય છે અને અલ્પ બંધ સંસારનું કારણ નથી. માટે અહીં ઉપયોગની અપેક્ષા મુખ્ય નથી.

**હવે જો ઉપયોગની અપેક્ષા લઈએ તો આ પ્રમાણે અર્થ ઘટે :– જીવ શુદ્ધસ્વરૂપના નિર્વિકલ્પ અનુભવથી છૂટે પરંતુ સમ્યક્ત્વથી ન છૂટે તો તેને ચારિત્રમોહના રાગથી કાંઈક બંધ થાય છે. તે બંધ જોકે અજ્ઞાનના પક્ષમાં નથી તોપણ તે બંધમાં તો છે જ. માટે તેને મટાડવાને સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને શુદ્ધનયથી ન છૂટવાનો અર્થાત્ શુદ્ધોપયોગમાં લીન રહેવાનો ઉપદેશ છે. કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે. ૧૨૧.**

## શ્લોક ૧૨૧ ઉપર પ્રવચન

**'હવે કહે છે કે શુદ્ધનયથી ચ્યુત થાય તેઓ કર્મ બાંધે છે :–'** હવેના કળશમાં આવશે. ૧૨૧ (કળશ).

(वसंततिलका)

**प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु**
**रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।**
**ते कर्मबन्धमिह विभ्रति पूर्वबद्ध-**
**द्रव्यास्त्रवैः कृतविचित्रविकल्पजालम्।।१२१।।**

આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્યદેવ' ! આ **'જગતમાં જેઓ શુદ્ધનયથી ચ્યુત...'** થાય છે એટલે કે શુદ્ધ પરિણમનથી ભ્રષ્ટ થાય છે અને એકલો શુભના રાગના અશુદ્ધ પરિણમનમાં આવી જાય છે... આહા..હા...! **'શુદ્ધનયથી ચ્યુત થઈને ફરીને રાગાદિના સંબંધને પામે છે...'** આહા..હા...! એક વાર તો રાગનો સંબંધ તોડ્યો, સ્વભાવનો સંબંધ કર્યો વળી પાછો સંબંધ તોડીને રાગનો સંબંધ કરે એ શુદ્ધનયથી ચ્યુત થાય છે એમ કહે છે. આહા..હા...! ઓ..હો...! નાનામાં નાનો દયાનો રાગ એની સાથે પણ જોડાય જાય, એ એણે રાગનો સંબંધ કર્યો. ચૈતન્યના સ્વભાવથી ચ્યુત – ભ્રષ્ટ થયો. આહા..હા...!

શાંત માર્ગ છે. પ્રભુનો શાંત માર્ગ છે. પ્રશાંત ! આ..હા...! 'પ્રશાંત સુધામય જે' આવે છે ને ક્યાંક ? સુધામય જે, એવું કાંઈક આવે છે. 'પ્રશાંત અનંત સુધામય જે, પ્રશાંત અનંત સુધામય જે, પ્રણમું પદ તે વરતે જયતે' એ. ઈ તો 'શ્રીમદ્'માં આવ્યું. આ..હા...! છેલ્લી લીટી, છેલ્લી લીટી. 'સુખધામ અનંત સુસંત ચહી' આ..હા...! ધ્યાનમાં રહે. 'પ્રશાંતિ અનંત સુધામય જે' 'પ્રશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વરતે જયતે' 'શ્રીમદ્'નો છેલ્લો શબ્દ 'જયતે' આવ્યો છે. આહા..હા...! એકાવતારી થઈ ગયા છે. ભલે ગૃહસ્થાશ્રમમાં હતા. એક વૈમાનિકનો સ્વર્ગનો ભવ (છે). એ લોકો મનુષ્ય કહે છે, ખોટી વાત છે. મહાવિદેહમાં

ગયા છે ને કેવળજ્ઞાનપણે વિચરે છે, એ તદ્દન ખોટી વાત છે. સમકિતી મરીને મનુષ્ય મરીને મનુષ્ય થાય જ નહિ. ભાઈ ! તું મોટપ કરવા જા છો પણ કાંઈકનું કાંઈક થઈ જાય છે. આહા..હા...! ભરતક્ષેત્રના સમકિતી વૈમાનિકદેવ સિવાય ક્યાંય ન જાય. આહા..હા...! ભલે ત્યાંથી નીકળીને મનુષ્ય થઈ 'અશેષ કર્મનો ભોગ છે' આ..હા...! 'ભોગવવો અવશેષ રે, જેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે...' આહા...હા...! લ્યો ! આ સ્વદેશ કીધું. બેનમાં નથી આવતું ? ૪૦૧ બોલ. એમાં આવે છે ને ? આ..હા...!

શુદ્ધ સ્વરૂપ ભગવાન એમાંથી નીકળીને વિકલ્પમાં આવે અરે...! એને (એમ થાય છે કે) અમે ક્યાં પરદેશમાં આવી ચડ્યા ? આહા..હા...! સ્વદેશ તો આ છે અંદર ! જેના ભાનમાં અનંતા અનંતા આનંદ, શાંતિ આદિ ભરેલા છે. આહા..હા...! એમાંથી નીકળીને શુભરાગમાં આવવું એ પરદેશ (છે). અહીં તો શુભરાગની એકતા કરે છે તે સ્વથી ભ્રષ્ટ થાય છે ઈ કહેવું છે. જેને શુભરાગનો પ્રેમ જાગ્યો (એને) આ પ્રેમ છૂટી ગયો, ભ્રષ્ટ થઈ ગયો. ભગવાન આનંદનું ઘર.. આ..હા..હા...! નિજઘરમાં આનંદ છે તેનો પ્રેમ છોડી અને નિજઘરમાં જે ચીજ નથી, બહારની રખડતી ચીજ (છે), એ રાગની ચીજમાં જેને પ્રેમ થયો તે સ્વભાવથી ચ્યુત થયો. આહા..હા...! બહારથી તો મુનિપણું થઈ અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, પંચ મહાવ્રત પાળતો હોય બધું હોય. આહા.હા...! પણ અંદરમાં ભગવાન શુદ્ધ ચિદાનંદ સ્વરૂપથી ભ્રષ્ટ થયો અને રાગના પ્રેમમાં આવી ગયો એ શુદ્ધનયથી ભ્રષ્ટ થયો છે. બહારથી પંચ મહાવ્રત પાળે, જંગલમાં વાઘ, વરુની વચ્ચે એકલો રહેતો હોય. આ..હા...! એથી શું થયું ? ઈ આવે છે ને ? અનશન આદિ ઘણું કર્યું એ શું છે ? એથી શું છે ? આહા..હા...!

**'ફરીને...'** ફરીને એટલે શું ? પહેલું (સમ્યગ્દર્શન) થયું હતું ને વળી છૂટી ગયું એમ કહે છે. પહેલો રાગનો સંબંધ છોડ્યો હતો અને સ્વભાવનો સંબંધ કર્યો હતો એ સ્વભાવનો સંબંધ છોડી દીધો અને ફરીને રાગનો સંબંધ કર્યો. આહા..હા...! પાછો જે પરઘર છે ત્યાં આવીને પડ્યો, બાપા ! આહા..હા...! નિજઘરમાંથી ખસી ગયો. આહા..હા...!

આનંદનું ધામ ભગવાન સુખધામ ! ત્યાંથી ખસી ગયો ને રાગના ધામમાં રસિક થઈ ગયો, એમાં રસીલો થઈ ગયો. આહા..હા...! રાગના રસ ચડ્યા એ સ્વભાવથી ભ્રષ્ટ થયા. આહા..હા...! આવું કામ છે. દુનિયા સાથે અત્યારે મેળ ખાય એવું નથી. આહા..હા...! એ તો અહીંના માણસો હવે જે નીકળ્યા એ વળી (સમજે છે). માર્ગ તો બાપા ! આ છે, ભાઈ ! આ..હા...!

**'જગતમાં જેઓ શુદ્ધનયથી ચ્યુત થઈને...'** પરિણમે. શુદ્ધનું પરિણમન છોડી અશુદ્ધના પરિણમનમાં (આવી જાય). ફરીને રાગાદિ અશુદ્ધ પરિણમન, એના **'સંબંધના પામે છે...'** આહા..હા...! **'એવા જીવો,...'** **[विमुक्तबोधाः]** **'જેમણે જ્ઞાનને...'** છોડી દીધું. **[विमुक्तबोधाः]** બોધ નામ ભગવાન જ્ઞાનસ્વરૂપ, તેને એણે વિમુક્ત (એટલે) છોડી દીધું. આહા..હા...!

**[विमुक्तबोधा:]** ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ આત્મ-ભગવાન, એને વિમુક્ત નામ છોડી દીધો. રાગનો રસીલો રાગના પ્રેમમાં રોકાઈ ગયો. આહા..હા...! અરે...! આવી વાત ક્યાં છે ? એના ઘરની વાતું (છે), બાપા ! આહા..હા...! એને માળા એકાંત કહે છે. અહીંનું – 'સોનગઢ'નું જ્યાં નામ આવે તો (કહે), એ... એકાંત, એ.. એકાંત (છે). એ ભાષા ઠીક છે. આહા..હા...! ગાળ્યું દેવાની એક રીત ઠીક કાઢી. એકાંત છે... એકાંત છે... એકાંત છે... મિથ્યાદૃષ્ટિ એકાંત (છે). આહા..હા...! વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને જેને મુનિની બહારની ક્રિયાઓ છે એને મુનિ માને તો એ સાચો ! અરે... બાપા ! મુનિપણું કેવું છે ? આહા..હા...!

ગમે તેવા જંગલમાં એકલો વર્તતો હોય. એકલો જંગલમાંથી આવીને આહાર લઈને પાછો એકલો ચાલ્યો જાય, એવી ક્રિયા અનંત વાર કરી. એ કંઈ ચીજ નથી. જુવાન અવસ્થા, આમ શરીર ઠીક હોય એ ગમે તે કરે. જંગલમાં પડ્યો રહે પણ એ જંગલમાંથી આ રાગરહિત સ્વરૂપ છે એની ખબર ન મળે અને વિકલ્પ – રાગ ઉઠે છે એનો રસીલો થઈ ગયો. આહા..હા...! એ સ્વરૂપથી ભ્રષ્ટ થઈ ગયો.

**[विमुक्तबोधा:]** બોધ, બોધ એટલે જ્ઞાનથી છૂટ્યો, આત્માથી છૂટી ગયો. **'એવા થયા થકા, પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવો...'** પૂર્વબદ્ધ જે જડ દ્રવ્યાસ્રવ સત્તામાં હતા. આહા..હા...! એ **'કર્મબંધને ધારણ કરે છે...'** કારણ કે રાગનો પ્રેમ થયો એટલે પૂર્વના કર્મના બંધનો સંબંધ અહીં થયો. હવે એને નવા કર્મ બંધાશે. આ..હા...! જ્ઞાનીને બંધાતા નહોતા એ હવે અહીં બંધાશે એમ કહે છે. રાગના રસમાં પૂર્વના કર્મના નિમિત્તને રાગ આપ્યો.. આહા..હા...! એથી નવા કર્મ બંધાશે. જ્ઞાનીને આસ્રવ અને બંધનો નકાર કર્યો હતો. એ અલ્પ આસ્રવ, અલ્પ બંધ છે એને ગૌણ કરીને એમ કહ્યું હતું. સર્વથા નથી એમ નહિ. આહા..હા...! જ્યાં સુધી કેવળ(જ્ઞાન) ન થાય ત્યાં સુધી, દસમા ગુણસ્થાન સુધી પણ આ આઠ કર્મ આવે છે અને લોભનો આસ્રવ પણ અબુદ્ધિપૂર્વક છે. અબુદ્ધિપૂર્વક પણ છે એના પુરુષાર્થમાં, એના અવળા પુરુષાર્થમાં, એની દશામાં છે ને ! આહા..હા...! એ રાગ કંઈ કર્મને લઈને નથી. દસમે લોભનો અંશ છે, એના પુરુષાર્થની કમજોરી, નબળાઈને લઈને છે. આ..હા...! અને એ રાગ આસ્રવ છે અને એનાથી નવા છ કર્મ બંધાય છે. આહા..હા...!

એક કોર અહીં કહેવું કે, સમકિત થયું તેને બંધન નથી. કઈ અપેક્ષા છે ? ભાઈ ! અનંત મિથ્યાત્વ તે અનંત સંસાર છે અને મિથ્યાત્વ તે જ આસ્રવ છે. એને અપેક્ષાએ કહ્યું કે, એ છૂટ્યું તેને આસ્રવ, બંધ નથી એમ કીધું. આ..હા...! મૂળિયું તો એ છે. આ..હા...! પછી ચારિત્રના દોષો (છે) એની કાંઈ ગણતરી નથી. જેના ઝાડનાં મૂળિયાં તોડ્યા એના પાંદડાં, ડાળ્યું પંદર દિ'એ સૂકાઈ જવાની. આહા..હા...! જેના મૂળિયાં સાજાં એનાં પાંદડાં તોડ્યા, કાઢી નાખ્યા, એક એક પાંદડું (કાઢી નાખ્યું) એ મહિને પાછું પાંગરી જશે. આ..હા...! એમ જેણે મિથ્યાત્વના મૂળિયાં તોડી નાખ્યા છે... આ..હા..હા...! એને હવે રાગ-દ્વેષ ને

અસ્થિરતાના પાંદડાં રહ્યાં છે એ સૂકાઈ જવાના, નાશ થઈ જવાના. અને અજ્ઞાનીએ રાગ-દ્વેષ મંદ કર્યા છે, જંગલમાં પડ્યો છે પણ અંદરમાં સ્વરૂપની દૃષ્ટિનો અભાવ છે... આહા..હા...! એણે સંસારનાં મૂળિયાં સાજા રાખ્યા છે. એને કર્મબંધન ને આસ્રવ છે. આહા..હા...! નગ્ન મુનિ હોય, જંગલમાં મહાકષ્ટ વેઠતો હોય પણ એ રાગના પ્રેમમાં પડ્યો ઈ આસ્રવ ને બંધમાં પડ્યો છે. આહા..હા...! અને સ્ફટિક રત્નના મકાનમાં ગૃહસ્થાશ્રમી સમકિતી હોય.. આ..હા..હા...! તેને પણ અનંત સંસારના કારણ આસ્રવ અને બંધ છે નહિ. એ અપેક્ષાએ આસ્રવ ને બંધ નથી એમ કહ્યું. આહા..હા...!

**'ધારણ કરે છે...'** **[કૃત-વિચિત્ર-વિકલ્પ-જાલમ્]** **'કે જે કર્મબંધ વિચિત્ર ભેદોના સમૂહવાળો હોય છે...'** આહા..હા...! **'(અર્થાત્ જે કર્મબંધ અનેક પ્રકારનો હોય છે).'** અહીં અજ્ઞાનીને વિકલ્પ ઝાળ પણ અનેક પ્રકારની છે અને બંધન પણ અનેક પ્રકારનું છે, પાછું એમ. અનેક પ્રકારની પ્રકૃતિમાં રસ અને સ્થિતિવાળા કર્મ બંધાય. વિચિત્ર કર્મ બંધાય. આહા..હા...! જ્ઞાનીને (કર્મબંધની) ના પાડી ત્યારે આવા અજ્ઞાની જંગલમાં વસતા હોય.. આહા.હા...! બાયડી, છોકરા છોડ્યા હોય, જંગલમાંથી બહાર આવી એક વખત ખાતો હોય... આહા..હા...! પણ (જે) રાગના પ્રેમમાં પડ્યો છે એને જૂના કર્મ વિચિત્ર પ્રકારના નવા બંધનનું કારણ થશે. કારણ કે રાગ થઈ ગયો ને પાછો ! આ..હા...! જ્ઞાનીને રાગ છે એ રાગ અસ્થિરતાનો છે, એ મૂળ નહિ. મૂળિયું તોડી નાખ્યું. આહા..હા...! એથી એ રાગને હવે જવાને વાર નથી, ટળવાને વાર નથી. આ..હા...! તેથી એને બંધ અને આસ્રવ નથી અને આને બંધ અને આસ્રવ છે. (વિચિત્ર ભેદોના (સમૂહવાળો) **'(અર્થાત્ જે કર્મબંધ અનેક પ્રકારનો હોય છે).'** વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## પ્રવચન નં. ૨૫૫ શ્લોક-૧૨૧, ૧૨૨ ગાથા–૧૭૯-૧૮૦

**રવિવાર, જેઠ વદ ૮, તા. ૧૭-૦૬-૧૯૭૯**

---

'સમયસાર' ૧૨૧ કળશનો ભાવાર્થ છે. **'શુદ્ધનયથી ચ્યુત થવું એટલે...'** શું કહે છે ? શુદ્ધ જે આત્માનો નિર્વિકલ્પ અનુભવ, પરથી ભિન્ન પડી, રાગથી ભિન્ન પડી પર્યાયને ત્રિકાળી દ્રવ્ય સ્વભાવમાં જોડી અને અનુભવ થાય, શુદ્ધ અનુભવ થાય, શુદ્ધ આનંદનું વેદન થાય એને શુદ્ધનય અથવા શુદ્ધનયનો વિષય કહે (છે). એનાથી જ્યારે ચ્યુત થાય, સ્વભાવના આનંદનું વેદન, પરમાત્મ સ્વભાવને જે પહોંચી વળ્યો છે, સમ્યગ્દર્શનથી, એમાંથી જે કોઈ ચ્યુત થાય **'એટલે 'હું શુદ્ધ છું' એવા પરિણમનથી છૂટીને...'** તદ્દન શુદ્ધ પરિણમન ને આનંદ છે, એવા શુદ્ધ પરિણમન એટલે પર્યાય. શુદ્ધ વસ્તુ તો શુદ્ધ છે પણ જેવી ચીજ છે તેવું

પરિણમન થવું, એવા શુદ્ધ **'પરિણમનથી છૂટીને અશુદ્ધરૂપે પરિણમવું તે અર્થાત્ મિથ્યાદષ્ટિ બની જવું તે.'** શુદ્ધનયથી ચ્યુત થવાની વ્યાખ્યા આ. આહા..હા...!

પોતાનો પ્રભુ અનંત આનંદની અંતરંગ મીઠાશમાં સ્વભાવથી ભરેલા અનંતા ગુણો, મધુર મીઠા અરૂપી સ્વભાવ જેનો મીઠો (છે), એવો જેનો અનુભવ (થયો) એમાંથી ચ્યુત થવું એટલે અશુદ્ધરૂપે થવું. શુદ્ધરૂપે જે પરિણમન હતું એ છૂટીને વળી અશુદ્ધ વિકારરૂપે પરિણમન થઈ અને મિથ્યાત્વ ભાવને પામે. આવી વાત છે.

**'શુદ્ધનયથી ચ્યુત થવું એટલે 'હું શુદ્ધ છું' એવા પરિણમનથી...'** હું શુદ્ધ છું એવો વિકલ્પ કરે એમ નહિ. શુદ્ધનય પરિણમન જે છે, નિર્વિકારી વીતરાગી પરિણમન જે છે એ શુદ્ધ પરિણમન છે. એનાથી છૂટીને **'અશુદ્ધરૂપે પરિણમવું અર્થાત્ મિથ્યાદષ્ટિ બની જવું...'** અશુદ્ધરૂપે પરિણમવું એટલે જ મિથ્યાદષ્ટિ. આહા..હા...! કેમકે આત્મા શુદ્ધ સ્વરૂપ છે, પવિત્ર સ્વરૂપ છે. એ તો વીતરાગ શક્તિઓનો ભંડાર છે. એનું પરિણમન છે એ તો વીતરાગી શુદ્ધ છે. એમાંથી ભ્રષ્ટ થવું એટલે વીતરાગી શુદ્ધ પરિણમનથી ખસી જવું અને અશુદ્ધ વિકારી પરિણમનથી પરિણમવું એટલે કે મિથ્યાદષ્ટિ થવું. આવું છે. **'મિથ્યાદષ્ટિ બની જવું તે.'** તે શુદ્ધનયથી ચ્યુત થવું, એમ. આહા..હા...!

સમ્યક્દષ્ટિમાં તો આત્માના શુદ્ધ સ્વભાવરૂપે પરિણમનની મુખ્ય દશા છે. અશુદ્ધતા થોડી છે એ ગૌણ છે. શુદ્ધ પરિણમનની મુખ્યતા છે. આ..હા...! એ શુદ્ધની મુખ્યતા વેદન અને પરિણમનથી ચ્યુત થવું એટલે કે અશુદ્ધના વેદનમાં આવવું એટલે કે મિથ્યાદષ્ટિ થવું. આવી વાત છે. કહો, 'લાલચંદજી' આવી વાત છે. બહુ ઝીણી ! મૂળ વાત બહુ સૂક્ષ્મ છે. ઉપરટપકે વ્રત ને તપ ને એ બધું કરે એ બધું સાધારણ છે. પુણ્ય બંધાય. આ વસ્તુ કોઈ અલૌકિક છે !

પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! જેના અતીન્દ્રિય સ્વાદની આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો, ઇન્દ્રાણીના ભોગ સડેલા કૂતરા ને મીંદડાં સડી ગયેલા હોય એવું જેને લાગે. પોતાના સુખની આગળ જગતના કલ્પનાના સુખો સડેલા તરણા જેવા, મીંદડાં જેવા લાગે. આહા..હા...! આવો માર્ગ છે.

**'એમ થતાં, જીવને મિથ્યાત્વ સંબંધી...'** એટલે પેલો રાગ નહોતો એમ પહેલા કહેતા હતા ને ! સમકિતીને રાગ નથી એમ કહ્યું ને ? સમકિતીને રાગ નહોતા, એમ કહ્યું હતું. ઈ મિથ્યાત્વ સંબંધીના રાગ એને નહોતા. આ એના સંબંધીના રાગાદિ ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વ સંબંધી રાગાદિ ઉત્પન્ન થાય છે. આહા..હા...! **'તેથી દ્રવ્યાસ્રવો કર્મબંધના કારણો થાય છે...'** તેથી જૂના દ્રવ્યાસ્રવ કર્મ એ કર્મબંધના કારણ થાય છે. **'તેથી અનેક પ્રકારના કર્મ બંધાય છે.'**

**'આ રીતે અહીં શુદ્ધનયથી ચ્યુત થવાનો અર્થ શુદ્ધતાના ભાનથી (સમ્યક્ત્વથી) ચ્યુત થવું એમ કરવો.'** ભલે એનો ઉપયોગ રાગમાં ગયો હોય પણ શુદ્ધ પરિણમનથી ચ્યુત થયો

નથી. ઉપયોગ કદાચિત્ રાગમાં ગયો હોય છતાં શુદ્ધ ચૈતન્યના પરિણમનથી ચ્યુત થયો નથી. દૃષ્ટિએ શુદ્ધ ચૈતન્યને પકડ્યું છે એનાથી તે ચ્યુત થયો નથી. અહીં તો સમકિતીને રાગ થતો નથી એમ જ કહેવું છે. પેલો જરી અસ્થિરતાનો છે એ થતો નથી એટલે શુદ્ધ સ્વરૂપનું પરિણમન જ એને છે. આહા..હા...! આવો માર્ગ હવે. આ તો શરૂઆતનો માર્ગ જ આ છે.

**'ઉપયોગની અપેક્ષા અહીં ગૌણ છે.'** ઈ કહ્યું, જોયું ? રાગાદિમાં સમકિતીનો ઉપયોગ જાય એ વાત ગૌણ છે. ચૈતન્યના શુદ્ધ સ્વરૂપની પ્રતીતિનો અનુભવ (થયો છે) એનાથી તે ચ્યુત થતો નથી. ઉપયોગમાં રાગ આવે એ વાત ત્યાં ગૌણ કરી છે. આહા..હા...! અને રાગ આવે માટે શુદ્ધ સ્વરૂપથી ચ્યુત થયો છે એમ નથી. શુદ્ધ સ્વરૂપથી ચ્યુત તો ત્યારે કહેવાય કે અશુદ્ધ પરિણમન ને મિથ્યાદૃષ્ટિ થાય ત્યારે શુદ્ધથી છૂટ્યો કહેવાય. શુદ્ધ સ્વરૂપનું ભાન અંતર દૃષ્ટિમાં છે અને ઉપયોગ કદાચિત્ રાગાદિમાં જાય છે, છતાં એ શુદ્ધ સ્વરૂપથી ચ્યુત થયો નથી. આહા..હા...!

અજ્ઞાની શુભરાગના ઉપયોગમાં છે છતાં તે શુદ્ધ સ્વરૂપથી તો ભ્રષ્ટ જ છે. આહા..હા...! અને જ્ઞાનીને શુભભાવ કે અશુભભાવ, ઉપયોગમાં અશુભ ભાવ આવે છતાં શુદ્ધ સ્વરૂપથી ચ્યુત ન થાય. ત્યાં જે દૃષ્ટિ છે ત્યાંથી ખસે નહિ. મૂળ સમ્યગ્દર્શનનું પરિણમન ખસે નહિ. આહા..હા...! અશુભરાગ ઉપયોગમાં આવ્યો છતાં ! અને અજ્ઞાનીને શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિનો હોવા છતાં એ મિથ્યાદૃષ્ટિ છે અને શુદ્ધ સ્વરૂપથી તો ભ્રષ્ટ જ છે. આહા..હા...! આવો માર્ગ છે.

**'ઉપયોગની અપેક્ષા અહીં ગૌણ છે, અર્થાત્ શુદ્ધનયથી ચ્યુત થવું એટલે શુદ્ધ ઉપયોગથી ચ્યુત થવું એવો અર્થ અહીં મુખ્ય નથી;...'** શું કીધું ? ઉપયોગની અપેક્ષાએ શુદ્ધનયથી ચ્યુત થવું એટલે શુદ્ધ ઉપયોગથી ચ્યુત થવું, શુદ્ધ ઉપયોગથી ખસી જઈને અશુદ્ધ ઉપયોગમાં આવી જાય એ વાત અહીંયાં નથી. અશુદ્ધ ઉપયોગ જ્ઞાનીને પણ આવે. આહા..હા...! આર્તધ્યાન, રૌદ્રધ્યાન થાય. એ ઉપયોગ અશુદ્ધ થાય. છતાં સ્વરૂપની શુદ્ધતાથી ચ્યુત નથી. આનંદનું વેદન તો સાથે છે. આહા..હા...!

શુદ્ધ સ્વરૂપથી ચ્યુત છે એ ભલે શુભરાગના ઉપયોગમાં આવે તોપણ તે સ્વરૂપથી તો ચ્યુત છે. શુભમાં આવે તોય શુદ્ધ સ્વરૂપથી ચ્યુત છે. જ્ઞાની અશુભમાં આવે તોપણ શુદ્ધ સ્વરૂપથી ચ્યુત નથી. આહા..હા...! આવી વાત છે. મૂળ માર્ગ.. 'શ્રીમદ્'માં આવે છે ને ! 'મૂળ માર્ગ સાંભળો જિનનો...' મૂળ માર્ગની શરૂઆત જ કોઈ અલૌકિક છે. એ વિના બધું થોથાં (છે). આ..હા...!

ભગવાન આખો પૂર્ણાનંદ પ્રભુ ! આનંદનો રસકસ એકલો છે. એવા અનંતા ગુણોનો આનંદ, એવો રસકસવાળો પ્રભુ, એનો જેને અંતરમાં અનુભવ થયો એ ઉપયોગમાં કદાચિત્

અશુભ ભાવ આવી જાય છતાં એ શુદ્ધ સ્વરૂપથી ચ્યુત નથી. આહા..હા...! ઉપયોગની અપેક્ષાએ તેને ચ્યુત થયો એમ કહેવાતું નથી. ઉપયોગ ભલે એમાં છે પણ લબ્ધરૂપે શુદ્ધ ચૈતન્યની પ્રતીતિ ને અનુભવ લબ્ધરૂપ છે. સમજાણું કાંઈ ?

**'કારણ કે શુદ્ધોપયોગરૂપ રહેવાનો કાળ અલ્પ હોવાથી...'** શું કહે છે ? ભગવાનઆત્મા પોતાનો શુદ્ધ આનંદ સ્વભાવ, એમાં ઉપયોગ અંદર રહેવો, ધ્યેય બનાવીને ત્યાં ઉપયોગ રહેવો એનો કાળ અલ્પ છે. એ વિશેષ કાળ રહી શકે નહિ. સમજાય છે કાંઈ ? **'શુદ્ધોપયોગરૂપ રહેવાનો કાળ અલ્પ હોવાથી...'** કારણ કે શુદ્ધોપયોગરૂપ, અંદર આનંદના ઉપયોગમાં રહેવું એનો કાળ ઘણો અલ્પ છે. પોણી સેકંડની અંદર તો છઠ્ઠા ગુણસ્થાનમાં, તેનાથી અડધી સાતમામાં (આવે). એમ નીચે ઉપયોગ તો ઘણો થોડો કાળ છે. શું કહ્યું ઈ ? છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ પોણી સેકંડની અંદર, સાતમાની એનાથી અડધી (છે). તો ત્યાં સાતમાથી અડધીનો એટલો ઉપયોગ રહે તો ચોથે, પાંચમે તો ઉપયોગ થોડો રહે. આહા..હા...! ભલે અસંખ્ય સમય રહે પણ ઘણો થોડો વખત રહે. એટલે ઉપયોગની અપેક્ષાએ ભ્રષ્ટ થવું એમ અહીં ન ગણવું. ચારિત્રદોષમાં એ અસ્થિર થયો પણ વસ્તુમાં અસ્થિર થયો નથી. શુદ્ધ ચૈતન્યના મૂળિયાં પકડ્યા છે. આહા..હા...!

**'માત્ર અલ્પ કાળ શુદ્ધોપયોગરૂપ રહીને પછી તેનાથી છૂટી જ્ઞાન અન્ય જ્ઞેયોમાં ઉપયુક્ત થાય તોપણ મિથ્યાત્વ વિના...'** આહા..હા...! ભગવાનઆત્મા ! પોતાનું શુદ્ધ પવિત્ર સ્વરૂપ ભગવાન પૂર્ણ, એને ધ્યેય બનાવીને ઉપયોગ ત્યાં રહે એ અલ્પ કાળ રહે. ત્યાંથી છૂટી ઉપયોગ રાગમાં આવે. છે ને ? **'તેનાથી છૂટી જ્ઞાન અન્ય જ્ઞેયોમાં ઉપયુક્ત થાય...'** સ્વ-જ્ઞેયમાં જે ઉપયોગ હતો એ તો સમકિતીને પણ થોડો કાળ રહે. પછી અન્ય જ્ઞેયોમાં ઉપયુક્ત થાય. બીજા જાણવાયોગ્ય પદાર્થો છે એમાં ઉપયોગ જાય. આહા..હા...! **'તોપણ મિથ્યાત્વ વિના...'** શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ અને અનુભવ છે એનાથી **'મિથ્યાત્વ વિના જે રાગનો અંશ છે તે અભિપ્રાયપૂર્વક નહિ હોવાથી...'** અભિપ્રાયપૂર્વક એટલે રાગ કરવાલાયક છે અને આ રાગ એ મારું સ્વરૂપ છે, એવો અભિપ્રાય ધર્મીનો હોતો નથી. આવો ધર્મ મોંઘો કર્યો એમ કોઈ કહે છે. કો'ક એમ કહેતું હતું, 'સોનગઢવાળા'એ સમકિત મોંઘું કર્યું. મોંઘુ કે સોંઘું, લોકો પોતાની રીતે માનતા હોય ને એનાથી આ બીજું નીકળ્યું એટલે (એમ કહે કે) મોંઘું કર્યું. આ કોનું લખાણ છે ? 'સમયસાર', 'હેમરાજજી'નું લખાણ છે. મૂળ પાઠ...!

આ..હા...! **'મિથ્યાત્વ વિના જે રાગનો અંશ છે તે અભિપ્રાયપૂર્વક નહિ હોવાથી...'** (અર્થાત્) રુચિપૂર્વક નથી. ધર્મીને અશુભ રાગ અને શુભ રાગ આવે (છતાં એની) રુચિ નથી, પોસાણ નથી, પોસાતો નથી, હેયબુદ્ધિએ આવે. આહા..હા...! **'જ્ઞાનીને માત્ર અલ્પ બંધ થાય...'** તેને અભિપ્રાયપૂર્વક રાગ નથી એથી તેને રાગ આવે એનો અલ્પ બંધન, અલ્પ સ્થિતિ પડે. આહા..હા...! **'અને અલ્પ બંધ સંસારનું કારણ નથી.'** એ કંઈ સંસાર, મિથ્યાત્વ(ના)

અનંત સંસાર(નું) કારણ નથી. અલ્પ કોઈ એકાદ-બે ભવ હોય એ કંઈ (ગણતરીમાં નથી). આહા..હા...!

સમ્યક્દૃષ્ટિ ચૈતન્યના સ્વભાવની દૃષ્ટિવંતને, અનુભવીને થોડો રાગ આવે પણ એ રાગ અભિપ્રાયપૂર્વક નથી તેથી તે અનંત સંસારનું કારણ નથી. એ અલ્પ સ્થિતિ બંધાય એટલો આવે. અન્ય જ્ઞેય છે ને ? સ્વજ્ઞેયમાંથી ખસીને (બહાર આવ્યો છે). આ..હા...! **'જ્ઞાનીને માત્ર અલ્પ બંધ થાય છે અને અલ્પ બંધ સંસારનું કારણ નથી.'** જોયું ? અલ્પ બંધ (એ ગણતા નથી). અનંત સંસારનું કારણ (નથી). મિથ્યાત્વ અને અનંતાનુબંધી અનંત સંસારનું કારણ છે. આહા..હા...!

સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગનો અંશ અંદર છે એની જેને અંદર મીઠાશ છે, રાગ છે તે મારું કર્તવ્ય છે, મારું સ્વરૂપ છે, એવું શલ્ય છે તે મિથ્યાત્વ છે. આહા..હા...! અને જ્ઞાનીને રૌદ્રધ્યાન જેવો ભાવ પણ ચોથે-પાંચમે આવે... આહા..હા..! છતાં તેનો ઉપયોગ ભલે પરજ્ઞેયમાં ગયો, લબ્ધિ, દૃષ્ટિ કંઈ સ્વરૂપથી ખસી નથી. તેથી તેનો રસ અને સ્થિતિ અલ્પ બંધાય છે. **'માટે અહીં ઉપયોગની અપેક્ષા મુખ્ય નથી.'** ઉપયોગથી ખસી જવું તો સંસાર છે ઈ અહીં મુખ્ય નથી. આહા..હા...! આત્મા પૂર્ણાનંદ પ્રભુ ! ચૈતન્ય ભગવાન ! એની અનુભવમાં પ્રતીતિ થઈ, એનો ઉપયોગ કદાચિત્ રાગમાં જાય એની અહીં મુખ્યતા નથી. એની અહીં મુખ્યતા ગણી નથી.

**'હવે જો ઉપયોગની અપેક્ષા લઈએ...'** હવે ઉપયોગથી વાત આવી. **'તો આ પ્રમાણે અર્થ ઘટે :– જીવ શુદ્ધસ્વરૂપના નિર્વિકલ્પ અનુભવથી છૂટે પરંતુ સમ્યક્ત્વથી ન છૂટે...'** આહા..હા..! શુદ્ધ ચૈતન્ય સ્વભાવ પરિપૂર્ણ પરમાત્મા, એકલો અતીન્દ્રિય આનંદનું ધામ એની અંતરથી દૃષ્ટિ થઈ... આ..હા...! એ શુદ્ધ **'નિર્વિકલ્પ અનુભવથી છૂટે...'** કદાચિત્ નિર્વિકલ્પ અનુભવમાંથી ખસી જાય **'પરંતુ સમ્યક્ત્વથી ન છૂટે...'** શુદ્ધ સ્વરૂપની જે નિર્વિકલ્પ પ્રતીતિ થઈ છે એમાંથી ન છૂટે **'તો તેને ચારિત્રમોહના રાગથી કાંઈક બંધ થાય છે. તે બંધ જોકે અજ્ઞાનના પક્ષમાં નથી...'** જ્ઞાનીને થોડો રાગ થાય છે પણ તે અજ્ઞાનના પક્ષ અને અજ્ઞાનની ધારામાં નથી. આહા..હા...! **'તોપણ તે બંધ તો છે જ.'** ભલે અજ્ઞાનના પક્ષમાં નથી પણ બંધ તો છે. અત્યારે તો ઉપયોગની અપેક્ષાએ લેવું છે ને ! પહેલા ઉપયોગની અપેક્ષા નહિ, એને બંધ નથી એમ કહ્યું. અને હવે ઉપયોગ જરી અસ્થિર થાય છે (એની વાત કરે છે). આહા..હા...!

**'માટે તેને મટાડવાને...'** ઉપયોગમાં પણ રાગ આવે એને મટાડવાને ધર્મી જીવ સ્વરૂપ તરફના ઉપયોગને પણ વાળવા પ્રયત્ન કરે છે. આ..હા...! લબ્ધરૂપ તો પ્રગટ્યું છે પણ ઉપયોગ જે રાગમાં જાય છે એને પણ અંતરમાં વાળવા પ્રયત્ન કરે છે. સમજાય છે કાંઈ ? આવી વાતું હવે. શું કરવું આમાં ? કરવું ઈ આત્મા શું છે તેના તરફ ઢળી જવું, તેને

પડખે ચડી જવું, રાગને પડખેથી છૂટી જવું. આહા..હા...!

**‘બંધ તો છે જ. માટે તેને મટાડવાને સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને શુદ્ધનયથી ન છુટવાનો અર્થાત્ શુદ્ધોપયોગમાં લીન રહેવાનો ઉપદેશ છે.’** શુદ્ધ ઉપયોગમાં જ લીન રહેવું તેવો ઉપદેશ છે. આહા..હા...! એમાં દયા, દાનનો વિકલ્પ પણ ઉઠાવવો નહિ. આહા..હા...! સ્વરૂપમાં, શુદ્ધ સ્વરૂપમાં એકાકાર થઈને રહેવું, ઉપયોગમાં બહાર લઈ ન જવો, એવો અહીં ઉપદેશ છે.

**‘કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે.’** લ્યો ! પાછું આવ્યું. પહેલાં આવી ગયું છે. આ બાજુ (છે), શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે, આ બાજુ (૧૨૦ કળશના ભાવાર્થની છેલ્લી લીટીમાં) આવ્યું. આ બાજુની છેલ્લી લીટી. આહા..હા...! છેલ્લી લીટી. અહીંયાં પણ એ કીધું, **‘કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય...’** એટલે પછી એને અંતરમાં ઉપયોગને વાળવો એ રહેતું નથી. પૂર્ણ શુદ્ધ થઈ ગયો. પરમાત્મદશા કેવળજ્ઞાન (થઈ ગયું). આ..હા..હા...!

**જે જીવ જ્ઞાયકના લક્ષે સાંભળે છે, હું સાંભળીને કોઈને કહીશ અથવા ઉપદેશ આપી શકીશ એવા ભાવે સાંભળતો નથી પણ પોતાના જ્ઞાયકના લક્ષપૂર્વક સાંભળે છે, જ્ઞાયકના લક્ષપૂર્વક ચિંતવન કરે છે, મંથન કરે છે તે જીવ સમ્યક્ત્વ પામવાને લાયક છે. જ્ઞાયકના લક્ષ વિના માત્ર સાંભળવા ખાતર સાંભળી લેવું કે ચિંતવન કરવું એ કાંઈ કાર્યકારી નથી.**

**આ તો સમ્યક્ત્વ પામવાની કળા છે. જ્યાં સુધી અંતર સ્વરૂપ દૃષ્ટિમાં અને અનુભવમાં આવ્યું નથી ત્યાં સુધી તે જીવ જ્ઞાયકનું મંથન કરે છે. આમ, જ્ઞાયકના લક્ષપૂર્વક શ્રવણ, ચિંતવન અને મનન કરે છે તે જીવ સમ્યક્ત્વની સન્મુખ થઈ જાય છે.**

**અંદર દૃઢ સંસ્કાર પાડે, જ્ઞાયકની ધૂન અંદરથી લાગે, બીજું કાંઈ ગમે નહિ, એક જ્ઞાયકની જ ધૂન લાગે તો સમ્યક્ત્વસન્મુખ છે. વાંચનની કે શ્રવણની ધૂન લાગે એમ નહિ પણ અંદરથી જ્ઞાયકની ધૂન લાગે તે જીવ સમ્યક્ત્વનો પાત્ર છે.**

–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ ઑગસ્ટ–૧૯૭૬

## ગાથા-૧૭૯ થી ૧૮૦

जह पुरिसेणाहारो गहिदो परिणमदि सो अणेयविहं।
मंसवसारुहिरादी भावे उदरग्गिसंजुत्तो।।१७९।।
तह णाणिस्स दु पुव्वं जे बद्धा पच्चया बहुवियप्पं।
बज्झंते कम्मं ते णयपरिहीणा दु ते जीवा।।१८०।।

यथा पुरुषेणाहारो गृहीतः परिणमति सोऽनेकविधम्।
मांसवसारुधिरादीन् भावान् उदराग्निसंयुक्तः।।१७९।।
तथा ज्ञानिनस्तु पूर्वं ये बद्धाः प्रत्यया बहुविकल्पम्।
बध्नन्ति कर्म ते नयपरिहीनास्तु ते जीवाः।।१८०।।

यदा तु शुद्धनयात् परिहीणो भवति ज्ञानी तदा तस्य रागादिसद्भावात्, पूर्वबद्धाः द्रव्यप्रत्ययाः, स्वस्य हेतुत्वहेतुसद्भावे हेतुमद्भावस्यानिवार्यत्वात्, ज्ञानावरणादिभावैः पुद्गलकर्म बन्धं परिणमयन्ति। न चैतदप्रसिद्धं, पुरुषगृहीताहारस्योदराग्निना रसरुधिरमांसादिभावैः परिणामकरणस्य दर्शनात्।

---

હવે આ જ અર્થને દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છે :–

પુરુષે ગ્રહેલ આહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે
બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે; ૧૭૯.
ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળનિબદ્ધ તે
બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને. ૧૮૦.

ગાથાર્થ :– [यथा] જેમ [पुरुषेण] પુરુષ વડે [गृहीतः] ગ્રહાયેલો [आहारः] જે આહાર [सः] તે [उदराग्निसंयुक्तः] ઉદરાગ્નિથી સંયુક્ત થયો થકો [अनेकविधम्] અનેક પ્રકારે [मांसवसारुधिरादीन्] માંસ, વસા, રુધિર આદિ [भावान्] ભાવોરૂપે [परिणमति] પરિણમે છે, [तथा तु] તેમ [ज्ञानिनः] જ્ઞાનીને [पूर्वं बद्धाः] પૂર્વે બંધાયેલા [ये प्रत्ययाः] જે દ્રવ્યાસ્રવો છે [ते] તે [बहुविकल्पम्] બહુ પ્રકારનાં [कर्म] કર્મ [बध्नन्ति] બાંધે છે;– [ते जीवाः] એવા જીવો [नयपरिहीनाः तु] શુદ્ધનયથી ચ્યુત થયેલા છે. (જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત થાય તો તેને

કર્મ બંધાય છે).

ટીકા :– જ્યારે જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત થાય ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થવાથી, પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો, પોતાને (–દ્રવ્યપ્રત્યયોને) કર્મબંધના હેતુપણાના હેતુનો સદ્ભાવ થતાં હેતુમાન ભાવનું (–કાર્યભાવનું) અનિવાર્યપણું હોવાથી, જ્ઞાનાવરણાદિ ભાવે પુદ્ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે, અને આ અપ્રસિદ્ધ પણ નથી (અર્થાત્ આનું દૃષ્ટાંત જગતમાં પ્રસિદ્ધ–જાણીતું છે); કારણ કે ઉદરાગ્નિ, પુરુષે ગ્રહેલા આહારને રસ, રુધિર, માંસ આદિ ભાવે પરિણમાવે છે એમ જોવામાં આવે છે.

ભાવાર્થ :– જ્ઞાની શુદ્ધનયથી છૂટે ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થાય છે, રાગાદિભાવોના નિમિત્તે દ્રવ્યાસ્રવો અવશ્ય કર્મબંધનાં કારણ થાય છે અને તેથી કાર્મણવર્ગણા બંધરૂપે પરિણમે છે. ટીકામાં જે એમ કહ્યું છે કે 'દ્રવ્યપ્રત્યયો પુદ્ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે', તે નિમિત્તથી કહ્યું છે. ત્યાં એમ સમજવું કે 'દ્રવ્યપ્રત્યયો નિમિત્તભૂત થતાં કાર્મણવર્ગણા સ્વયં બંધરૂપે પરિણમે છે.'

## ગાથા ૧૭૯ થી ૧૮૦ ઉપર પ્રવચન

'હવે આ જ અર્થને દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છે :–'

**जह पुरिसेणाहारो गहिदो परिणमदि सो अणेयविहं।**
**मंसवसारुहिरादी भावे उदरग्गिसंजुत्तो।।१७९।।**
**तह णाणिस्स दु पुव्वं जे बद्धा पच्चया बहुवियप्पं।**
**बज्झंते कम्मं ते णयपरिहीणा दु ते जीवा।।१८०।।**

`णयपरिहीणा' એમ શબ્દ વાપર્યો છે. વ્યવહારનય એમ ન કહીને, એને જ યથાર્થ નય કહીયે. વ્યવહારનય તો કથનમાત્ર (છે). આહા..હા...! શુદ્ધનયથી પરિહીણ એને નયપરિહીણ કીધાં. નીચે.

**પુરુષે ગ્રહેલ આહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે**
**બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે; ૧૭૯.**
**ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળનિબદ્ધ તે**
**બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને. ૧૮૦.**

ત્યાં ખુલાસો કરવો પડ્યો. 'નયપરિહીણ' શબ્દ છે ને ? એને શુદ્ધનય પરિહીણનો

ખુલાસો કર્યો. કારણ કે અહીં શુદ્ધનયની વાત છે. નયપરિહીણ (કહીએ તો) નય તો વ્યવહારનય પણ છે. પણ એ તો કથન (માત્ર છે). મૂળ ચીજ (નહિ), મૂળ ચીજ આ શુદ્ધનય (છે). આહા..હા...! અને શુદ્ધનય એટલે ખરેખર શુદ્ધ ભૂતાર્થ સ્વરૂપ ભગવાન પૂર્ણ. ભૂતાર્થ 'भूयत्थ देसिदो सुद्धनयो' અનંત ગુણના રસથી ભરેલો ભગવાન સત્યાર્થ, સત્ય પદાર્થ, સત્ય પદાર્થ, ભૂતાર્થ – ભૂત પદાર્થ, ત્રિકાળ એ જ શુદ્ધનય છે. પછી કીધું કે, એ શુદ્ધનયનો વિષય છે. પહેલું એમ કીધું કે, શુદ્ધનય ઈ જ છે. આહા..હા...!

**'પુરુષે ગ્રહેલ આહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે'** કહ્યું ને ? **'જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને'** ટીકા :- **'જ્યારે જ્ઞાની...'** ધર્મી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના આનંદની પરિણતિમાં છે.. આહા..હા...! એ **'શુદ્ધનયથી ચ્યુત થાય ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થવાથી,...'** ત્યારે તેને રાગાદિ થાય. **'પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો,...'** પછી પૂર્વના જે દ્રવ્યપ્રત્યયો – જડ આસ્રવો છે, એ **'પોતાને (-દ્રવ્યપ્રત્યયોને) કર્મબંધના હેતુપણાના હેતુનો સદ્ભાવ થતાં...'** પૂર્વના કર્મના નિમિત્તમાં રાગ-દ્વેષ નિમિત્ત થયું. પૂર્વકર્મ નવાનું બંધન અને પૂર્વકર્મને હેતુ થયો રાગ-દ્વેષ. ઉપયોગમાંથી ખસી ગયો અને થયો રાગ-દ્વેષ. એ રાગ-દ્વેષ કર્મને નિમિત્ત થયું અને નિમિત્ત પછી નવાને નિમિત્ત થયું. આહા..હા...!

**'(-દ્રવ્યપ્રત્યયો) કર્મબંધના હેતુપણાના હેતુનો સદ્ભાવ થતાં હેતુમાન ભાવનું (-કાર્યભાવનું)...'** આહા..હા...! દ્રવ્યાસ્રવોને જ્યારે રાગ-દ્વેષ નિમિત્ત થયા તેથી તેનું કાર્ય નવું બંધન એને થાય. તે કાર્ય થયું. કારણ જડકર્મના નિમિત્તને રાગ-દ્વેષના પરિણામનું નિમિત્ત થયું તેથી તેનું કાર્ય નવું બંધન તે કાર્ય થયું. આહા..હા...! **'હેતુમાન ભાવનું (-કાર્યભાવનું) અનિવાર્યપણું હોવાથી,...'** એનું બંધનનું કાર્ય થાય જ, અનિવાર્ય છે, વારી શકાય નહિ. આહા..હા...!

**'જ્ઞાનાવરણાદિ ભાવે પુદ્ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે.'** જ્યારે જૂના કર્મ પડ્યા છે પણ ધર્મી જ્યારે શુદ્ધ ઉપયોગમાંથી ખસી જાય છે અને રાગ-દ્વેષમાં આવે છે ત્યારે તે રાગ-દ્વેષ જૂના કર્મને નિમિત્ત થાય છે અને તેથી નવું કર્મનું કાર્ય થાય છે. નવા કર્મમાં બંધન રૂપી કાર્ય થાય છે. આહા..હા...! **'અને આ અપ્રસિદ્ધ પણ નથી (અર્થાત્ આનું દૃષ્ટાંત જગતમાં પ્રસિદ્ધ-જાણીતું છે); કારણ કે ઉદરાગ્નિ, પુરુષે ગ્રહેલા આહારને...'** ઉદરાગ્નિ – પેટમાં ક્ષુધા લાગી છે, એ ઉદરાગ્નિને પુરુષે ગ્રહેલો આહાર. એ ઉદરાગ્નિથી **'રસ, રુધિર, માંસ આદિ ભાવે પરિણમાવે છે...'** આહાર ભલે અમુક જાતનો લીધો પણ ઉદરાગ્નિ છે એને લઈને કોઈ વસાપણે, કોઈ ચામડીપણે, કોઈ લોહીપણે ભિન્ન ભિન્નપણે તે આહાર પરિણમાવે છે. **'ગ્રહેલા આહારને રસ, રુધિર, માંસ આદિ ભાવે પરિણમાવે છે એમ જોવામાં આવે છે.'** આહા..હા...! શું કીધું ઈ ?

જ્ઞાનીને પણ જરીક (શુદ્ધ) ઉપયોગથી ખસી જાય.. આહા..હા...! તો એને જૂના કર્મમાં

વિકારનું નિમિત્તપણું મળ્યું. એથી નવા કર્મ બંધાવાનું કાર્ય થયું. દૃષ્ટાંત : જેમ ઉદરાગ્નિએ આહાર ગ્રહ્યો પણ આહાર ગ્રહ્યો પછી ઉદરાગ્નિને કારણે ભિન્ન ભિન્ન રસ, રુધિર આદિ પરિણમે. એમ ઉપયોગમાં રાગ આવ્યો, એ જૂના કર્મને નિમિત્ત થયું તેથી નવા અનેક પ્રકારના જ્ઞાનાવરણી, દર્શનાવરણી આદિ ભિન્ન ભિન્ન કર્મ થાય. જેમ ઉદરાગ્નિથી માંસ, લોહી આદિ ભિન્ન ભિન્ન થાય એમ આ કર્મ પણ ભિન્ન ભિન્ન બંધાય. આહા..હા...! આ બધો વિષય બરાબર ઝીણો છે.

મુમુક્ષુ :– અનંત સંસારનો બંધ પડે કે અલ્પ સંસારનો પડે ?

ઉત્તર :– જ્ઞાનાવરણાદિ અનેક પ્રકાર છે ને ! એક જ ક્યાં છે ? એમ કહે છે. આઠ પ્રકાર થયા ને ! આયુષ્ય ન હોય તો આઠ હોય. અનેક પ્રકારના છે ને ! એક જ પ્રકારનું ક્યાં છે ? આ..હા...! એમ આહાર ગ્રહણ કર્યો તો એક જ પ્રકારે કાંઈ પરિણમન થાય છે એમ નથી. રસ, લોહી, ચામડી વગેરે પણે (પરિણમે છે). આહા..હા...!

એમ ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના ઉપયોગથી છૂટી જાય તોપણ તેને એકલા રાગને કારણે જૂના કર્મને રાગનું નિમિત્ત મળ્યું. એથી નવા અનેક પ્રકારના કર્મ બંધાય. એક જ પ્રકારનું બંધાય એમ નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'કારણ કે ઉદરાગ્નિ, પુરુષે ગ્રહેલા આહારને રસ,...'** રસ થાય ને ? લોહી, માંસ, ચરબી વગેરે **'ભાવે પરિણમાવે છે એમ જોવામાં આવે છે.'** લ્યો ! આ..હા...!

**(ભાવાર્થ) :– 'જ્ઞાની શુદ્ધનયથી છૂટે ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થાય છે,...'** આહા..હા...! પહેલા તો એમ કહ્યું હતું કે, દૃષ્ટિથી છૂટતો નથી તેથી શુદ્ધનયથી છૂટતો નથી. હવે અહીં કહ્યું કે, શુદ્ધનયથી છૂટ્યો એટલે ઉપયોગમાંથી છૂટી ગયો. દૃષ્ટિ રહી પણ ઉપયોગમાં જે ધ્યાનમાં ઉપયોગ એકાકાર હતો એ ઉપયોગ બાહ્યમાં ખસી ગયો. એને પણ બંધન થાય છે, હવે એમ કહ્યું. પહેલા ના પાડી હતી (કે), સમ્યક્દૃષ્ટિને બંધન અને આસ્રવ છે જ નહિ. એ એના સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ ને એના ભાનને લઈને (કહ્યું હતું). આહા..હા...!

અહીંયાં કહ્યું કે, સમ્યક્દૃષ્ટિને ભલે દૃષ્ટિ સમ્યક્ રહી, જ્ઞાન સમ્યક્ છે પણ નિર્વિકલ્પ અંતર અનુભવમાંથી ખસી ગયો અને રાગાદિમાં ભલે શુભરાગાદિમાં આવ્યો, ભક્તિ આદિમાં રાગ આવે છે ને ! ત્યારે તે નવા કર્મનું જૂનું કર્મ બંધન (નિમિત્ત) થાય એમ આ નિમિત્ત થાય છે. આહા..હા...! આટલું બધું યાદ રાખવું ! કેટલા બોલો આમાં ગયા.

**ભાવાર્થ :– 'જ્ઞાની શુદ્ધનયથી છૂટે ત્યારે...'** છૂટવાની વ્યાખ્યા(માં) અત્યારે ઉપયોગ લીધો. પહેલો શુદ્ધનયથી છૂટે (કહ્યું) ત્યારે મિથ્યાત્વ થયું હતું. સમજાણું ? ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર છે એવું જે ભાન થાય તે ભાનથી છૂટ્યો નહિ. એથી તેને બંધન છે નહિ. હવે અહીં કહે છે કે, નિર્વિકલ્પ ઉપયોગથી છૂટ્યો પણ

સમ્યગ્દર્શનથી છૂટ્યો નથી. ઉપયોગ જરી પરજ્ઞેયમાં ગયો પણ લબ્ધરૂપ અંદર સમ્યગ્દર્શન ને જ્ઞાન એ ચૈતન્ય ઉપર છે. આહા..હા...!

**'ત્યારે તેને રાગાદિભાવોનો સદ્‌ભાવ થાય છે,...'** જોયું ? અપેક્ષાથી કથન છે ને ! **'રાગાદિભાવોના નિમિત્તે દ્રવ્યાસ્રવો અવશ્ય કર્મબંધનાં કારણ થાય છે...'** એ રાગાદિના કારણે જૂના કર્મો જરૂર નવા કર્મનું કારણ થાય છે. સમજાણું આમાં ? જ્ઞાનીને પણ શુદ્ધ ઉપયોગમાંથી ખસી ગયો, વીતરાગ ઉપયોગ છે એમાંથી ખસીને ઉપયોગ જરી રાગમાં આવ્યો તો એ રાગને લઈને જૂના કર્મ નવા બંધનું કારણ, રાગને લઈને થાય. આહા..હા...! નહિતર જૂના કર્મ તો રાગ ન કરે તો તો જૂનું કર્મ ખસી જાય, નિર્જરી જાય. આ જૂના કર્મને રાગાદિ ઉપયોગ થયો એને લઈને નિમિત્ત થયું, કારણ મળ્યું (એટલે) નવા બંધનનું કારણ થાય. આહા..હા...! સમજાય છે આમાં ? 'ચીમનભાઈ' !

**'દ્રવ્યાસ્રવો અવશ્ય કર્મબંધનાં કારણ થાય છે અને તેથી કાર્મણવર્ગણા બંધરૂપે પરિણમે છે. ટીકામાં જે એમ કહ્યું છે કે 'દ્રવ્યપ્રત્યયો પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે,...'** એ તો નિમિત્તથી કહ્યું. ટીકામાં એમ કહ્યું ને, દ્રવ્યાસ્રવો આ રાગ થયો એટલે નવા કર્મ બાંધે. એમ કીધું ને ? **'દ્રવ્યપ્રત્યયો પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે'** તે નિમિત્તથી વાત છે. અહીં રાગ-દ્વેષ થયો, ઉપયોગ પોતામાંથી ખસ્યો અને પરજ્ઞેય તરફનો ઉપયોગ થયો તેથી જૂના કર્મ છે એ નવા કર્મને બાંધે અને પરિણમાવે. પરિણમાવે એટલે નવા કર્મને નિમિત્ત થાય, એમ. પરિણમે છે એનાથી. **'પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે', તે નિમિત્તથી કહ્યું છે.'**

**'ત્યાં એમ સમજવું કે 'દ્રવ્યપ્રત્યયો નિમિત્તભૂત થતાં...'** આ..હા...! જૂના આસ્રવો જે કર્મબંધ, રજકણો છે, ... પૂર્વના સત્તામાં પડ્યા છે તે, એ **'નિમિત્તભૂત થતાં કાર્મણવર્ગણા સ્વયં બંધરૂપે પરિણમે છે.'** એ નિમિત્ત થતાં નવા કર્મો પોતાની મેળાએ પરિણમે છે. એને એમ નહિ કે, આ નિમિત્ત હતું માટે પરિણમવું પડ્યું. એ વખતે પરમાણુમાં કર્મ થવાની અવસ્થાથી પરિણમે છે. જૂનું કર્મ તેને નિમિત્ત છે અને જૂના કર્મને રાગ-દ્વેષ નિમિત્ત છે. આહા..હા...! આજે તો ઘણા બોલ આડાઅવળા આવ્યા. એક બાજુ કહે કે, બંધ નથી ને વળી બીજી બાજુ કહે, બંધ છે. કઈ નયની અપેક્ષા છે ? (તે સમજવું જોઈએ).

એમ જ માની લે કે, સમકિત છે એટલે બસ, અમારે હવે કંઈ બંધ છે નહિ. તો તો પછી મુનિપણું લેવાની જરૂર રહી નહિ. ચારિત્ર આ..હા..હા...! એકલા સમકિતથી થઈ જાય તો ચારિત્રદશા.. આ..હા..હા...! વીતરાગતા વનમાં વાઘ ને વરુ વિચરે ત્યાં વિચરે એવી ચારિત્ર દશા, સીધું સમકિત થતાં (પૂર્ણ થવાતું હોત) તો એવી ચારિત્ર (દશાની) જરૂર નહિ. ચારિત્ર આવે, ચારિત્ર વિના મુક્તિ થાય નહિ. એ ક્ષાયિક સમકિત હોય તોય ચારિત્ર વિના મુક્તિ નથી. તીર્થંકર જેવા હોય એ ક્ષાયિક સમકિત લઈને આવે છે. આહા..હા...!

'અષ્ટપાહુડ'માં છે કે, તીર્થંકર જેવા પણ વસ્ત્રસહિત હોય તો મુક્તિ નહિ પામે. એવો

પાઠ છે. તીર્થંકર જેવા પણ મોક્ષ એ ભવે નક્કી છે, ત્રણ જ્ઞાન લઈને આવ્યા પણ એ વસ્ત્રસહિત છે તો એને પણ સાધુપણું નહિ થાય. આહા..હા...! વસ્ત્ર તો નિમિત્ત છે પણ એ પ્રત્યેનો જે મમત્વભાવ છે એ મમત્વભાવ છૂટ્યા વિના મુનિપણું આવે નહિ. આહા..હા...! સમકિત થયું એથી એ છૂટી ગયો (એમ નથી). આ..હા...! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ. મોક્ષનો માર્ગ ત્રણે છે. ત્રણની પરિપૂર્ણતા (થાય) ત્યારે સાચો મોક્ષમાર્ગ (છે).

આ..હા..હા...! ક્ષાયિક સમકિતી 'શ્રેણિક' રાજા ! તીર્થંકરો ક્ષાયિક સમકિત લઈને આવે. આહા..હા...! એ પણ ચારિત્ર અંગીકાર કરે છે. આહા..હા...! ભાવચારિત્ર, હોં ! દ્રવ્ય એ તો નગ્નપણું. દ્રવ્યથી નગ્નપણું, ભાવે ચારિત્ર. વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. ઉપયોગમાં જે રાગ હતો, (એ વખતે) ભલે સમ્યગ્દર્શન હતું.. આહા..હા...! પણ ઉપયોગમાં જે રાગ હતો એને ખસેડીને ઉપયોગમાં વીતરાગતા પ્રગટ કરી ત્યારે તેને ચારિત્ર થાય ને ત્યારે તેને સાક્ષાત્ મુક્તિ થાય, એકલા સમકિતથી પણ થાય નહિ. આહા..હા...! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ', 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થીજન એહ' ખેંચાતાણ ન કરે, જુઓ ! આ ઠેકાણે આ કહ્યું. આહા..હા...! અને તે ચારિત્ર પણ સમકિત વિના હોય નહિ પાછું. કોઈ કહે કે, ચારિત્ર વિના મુક્તિ નથી માટે અમે આ વ્રત ને તપ ને લઈને બેઠા. સમ્યગ્દર્શન વિના એ ચારિત્ર હોય જ નહિ. આહા..હા...! એ તો બધા બાળવ્રત ને બાળતપ છે. કષ્ટો સહન કરે, ઉપસર્ગ સહન કરે એથી શું થયું ? એથી અનંતગુણી શુક્લલેશ્યા પૂર્વે કરી. આ..હા...! નવમી ગ્રૈવેયક ગયો પણ આત્મસ્પર્શ વિના, આત્મજ્ઞાન વિના એ બધું થોથાં – એકડા વિનાનાં મીંડાં છે. આ..હા...! એ આવે છે, હોં ! કાલે આવ્યું હતું. 'આત્મધર્મ' ! ભાઈનું છે ને ? 'હુકમચંદજી'નું કાલે આવ્યું છે. એમાં આ બધું નાખ્યું છે. મોઢા આગળ એક શ્લોક નાખ્યો (છે), બહુ સારો નાખ્યો (છે), મોઢા આગળ છે. એમ કે, સમ્યગ્દર્શન વિના, આત્માના અનુભવ વિના એના વ્રત ને તપ ને પૂજા ને ભક્તિ બધા થોથાં છે. આહા..હા...! અને સમ્યગ્દર્શન આવ્યા પછી પણ ચારિત્ર તો હોય, જોઈએ, એ ચારિત્ર એ આ વ્રત, તપાદિ નહિ. અંતરની રમણતાનું ચારિત્ર હોય ત્યારે તેને મુક્તિ થાય. આહા..હા...!

રાજકુમારો આમ ચાલી નીકળ્યા, જુઓને ! આ..હા...! સમકિતી હતા. મખમલની ગાદીએ સૂતા હતા. આ..હા...! સ્ફટિકના મકાન હતા એમાં સૂતા હતા, એ ચાલી નીકળ્યા. એ અંતરની રમણતા માટે. આહા..હા...! એકલા એક મોરપીંછી ને કમંડળ, બાકી કાંઈ ન મળે. આ..હા..હા...! જંગલમાં ચાલ્યા ગયા. એવી ચારિત્રની અંતર રમણ દશા (પ્રગટ કરવા). એકલા જંગલમાં તો અનંત વાર ગયા. આહા..હા...! જંગલમાં ગયો માટે ચારિત્ર થઈ ગયું એમ નથી.. આહા..હા...! આ ભગવાનઆત્મામાં વીતરાગતા થઈ અને તે વીતરાગતા (પૂર્ણ) થવા જંગલમાં જેના વાસ હોય છે. આહા..હા...! નીચે ધરતી, ઉપર આભ, કોઈ આશ્રય નહિ.

પરમાત્મા અંદર આશ્રય છે. આહા..હા...! જેને સૂવા-બેસવાનું સ્થાન નથી, પાણીનું પરબ નથી (કે) તૃષા લાગે ત્યારે પાણી પીવું. આહા..હા...! એવી અંતરની દશા, ચારિત્ર દશા થયા વિના સમકિતનીને પણ મુક્તિ ન થાય. આહા..હા...! સમકિતીનો મહિમા બહુ ગાય, મહિમા તો બહુ ગાય ને ? (કે), એને બંધન નથી, એને આસ્રવ નથી, જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. એ બધી મહિમા ગાય પણ મહિમા ગાય પણ ચારિત્ર વિના એ આગળ વધી શકે નહિ. આ..હા..હા...!

અંતર સ્વરૂપની રમણતા, આનંદમાં ચરવું એટલે અતીન્દ્રિય આનંદનું દળ જેણે જોયું... આ..હા..હા...! ભગવાન અતીન્દ્રિય આનંદની ખાણ જોઈ.. આ..હા..હા...! જે ખાણમાંથી સોનું નીકળે ને જોયું એ ખાણ ખોદ્યા કરે. આ..હા..હા...! એમ જે ખાણમાં અનંત જ્ઞાન, અનંત આનંદાદિ ભરેલો (છે), એવા ભગવાનને જેણે જાણ્યો અને પ્રતીતિ કરી છે તે પ્રતીતિમાં એ આવ્યું છે કે, આવા આનંદના ધામમાં હું રમીશ, ઠરીશ એટલી અશુદ્ધતા અથવા કર્મોનો નાશ થશે. બાકી અપવાસ-બપવાસ કરીશ માટે કર્મનો નાશ થશે, એમ નહિ. આહા..હા...! એક બાજુ હા ને એક બાજુ ના. કઈ અપેક્ષા છે ? આ..હા...! ખાતાં-પીતાં સંસારમાં રહેતા મુક્તિ થઈ જાય ?

'ભરત' ચક્રવર્તી જેવા ચાલી નીકળ્યા. આહા..હા...! ત્રણ જ્ઞાનના ધણી હતા. ખબર હતી, ભગવાને કીધું હતું કે, આ ભવે તારી મુક્તિ છે. આ..હા..હા...! એ પણ છન્નું કરોડ પાયદળ, છન્નું હજાર રાણી, એ ઇન્દ્રોએ બનાવેલા પાંચ મોટા બંગલા છોડીને ચાલી નીકળ્યા. અંતરમાં ચાલી નીકળ્યા, હોં ! અંતરમાં આનંદની રમણતા, સ્વરૂપની રમણતા (થાય) એનું નામ ચારિત્ર છે. ચારિત્ર આ કોઈ વ્રત ને તપ ને એ કંઈ ચારિત્ર નથી. આ..હા...!

આહા..હા...! અહીંયાં કહે છે કે, આત્માનું જ્ઞાન થવા છતાં, સમ્યગ્દર્શન એટલે આત્માનો અનુભવ, આનંદનો અનુભવ, અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એનો અનુભવ થવો એનું નામ સમકિત (છે), એના આનંદનો સ્વાદ આવવો... આ..હા..હા...! એટલેથી પણ તેની મુક્તિ નહિ થાય, કહે છે. એનો પણ હજી રાગમાં થોડો અસ્થિરતાનો ઉપયોગ વર્તે છે... આહા..હા...! એ છોડીને સ્વરૂપમાં જામશે, અતીન્દ્રિય આનંદના ધામમાં જામી જશે, અંદરમાં સ્વરૂપમાં આનંદમાં જામી જશે ત્યારે ચારિત્ર થશે. એનું નામ ચારિત્ર છે. આ વ્રત ને તપ ને ભક્તિ-બક્તિ એ કંઈ ચારિત્ર નથી. એ તો બધો શુભરાગ છે. આહા..હા...!

## શ્લોક-૧૨૨

(अनुष्टुभ्)

इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।
नास्ति बन्धस्तदत्यागात्तत्त्यागाद्बन्ध एव हि।।१२२।।

હવે આ સર્વ કથનના તાત્પર્યરૂપ શ્લોક કહે છે :–

શ્લોકાર્થ :– [अत्र] અહીં [इदम् एव तात्पर्यं] આ જ તાત્પર્ય છે કે [शुद्धनयः न हि हेयः] શુદ્ધનય ત્યાગવાયોગ્ય નથી; [हि] કારણ કે [तत्-अत्यागात् बन्धः नास्ति] તેના અત્યાગથી (કર્મનો) બંધ થતો નથી અને [तत्-त्यागात् बन्ध एव] તેના ત્યાગથી બંધ જ થાય છે. ૧૨૨.

## શ્લોક ૧૨૨ ઉપર પ્રવચન

इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।
नास्ति बन्धस्तदत्यागात्तत्त्यागाद्बन्ध एव हि।।१२२।।

એ અહીં કહે છે, '**હવે આ સર્વ કથનના તાત્પર્યરૂપ શ્લોક કહે છે :–**' છે ને ? '**અહીં આ જ તાત્પર્ય છે કે શુદ્ધનય ત્યાગવાયોગ્ય નથી;...**' આ..હા..હા...! એટલે ? આત્મા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી પણ જુદી ચીજ છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ તો રાગ છે. આહા..હા...! એનાથી ભવગાનઆત્મા અંદર વીતરાગમૂર્તિ પ્રભુ, એ શુદ્ધનય... છે ? એ '**શુદ્ધનય ત્યાગવાયોગ્ય નથી;...**' આહા..હા...! એ પૂર્ણાનંદના નાથને પ્રતીતમાં શ્રદ્ધા, જ્ઞાનમાં લીધો છે તે શુદ્ધનય છોડવા લાયક નથી. આહા..હા...! જુઓ ! આમાં આ તાત્પર્ય નાખ્યું.

ભગવાનઆત્મા અનંત અનંત પવિત્ર ગુણથી ભરેલો પ્રભુ ! સર્વજ્ઞ જિનેશ્વરે જોયો એવો જે ભગવાનઆત્મા અનંત આનંદનું દળ છે, અનંત શાંતિનો સાગર છે, અનંત સ્વચ્છતાનો ભરેલો સાગર છે, અનંત અનંત જ્ઞાનાદિ અતીન્દ્રિય ગુણનો એ સાગર (છે), એનો અંતરમાં અનુભવ થવો, એને અનુસરીને થવું એનું નામ તો પ્રથમ સમ્યગ્દર્શન છે. આહા..હા...! એ

સમ્યગ્દર્શન અને એના સહિત સ્થિરતા (થવી) એ **‘શુદ્ધનય ત્યાગવાયોગ્ય નથી;...’** આહા..હા...! વ્યવહારનય તો વ્રત ને તપ ને ભક્તિ એ તો ત્યાગવા યોગ્ય છે, એ તો રાગ છે. આહા..હા...! આકરું કામ છે, બાપુ ! વીતરાગનો ધર્મ જિનેશ્વરનો ધર્મ ઝીણો બહુ. આ ત્યાગવા યોગ્ય નથી. ઓલું દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ શુભ છે, એ તો ત્યાગવા યોગ્ય છે, એ તો રાગ છે. આહા..હા...! ‘ગીરનાર’ ને ‘શેત્રુંજા’ની જાત્રા ને બાત્રા ને બધો રાગ છે, એ ધર્મ નથી. આ..હા...! એ તો અશુભરાગથી બચવા માટે આવે પણ છે શુભરાગ, ધર્મ નહિ.

ધર્મ તો આત્મા રાગ વિનાની જે ચીજ અંદર છે, શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ ! સત્ નામ કાયમ શાશ્વત રહેલો, આનંદ ને જ્ઞાનથી ભરેલો પ્રભુ ! એની સન્મુખમાં એને પડખે થઈને એનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે, એનું નામ ધર્મની પહેલી સીઢી છે. ધર્મનું પહેલું પગથીયું એ છે, બાકી બધા થોથાં છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આકરું પડે જગતને, શું કરે ? એક તો નવરા ન મળે, વેપારીઓ વેપાર આડે નવરા ન મળે, નવરા હોય તો એવું જાડું, વિપરીત, સ્થૂળ સાંભળવાનું મળે (કે), વ્રત કરો ને તપ કરો ને આ કરો, કલ્યાણ થાશે. મરી ગયો અનંતકાળથી (એ) કરી કરીને. આહા..હા...! એ વ્રત ને તપ ને દયા ને દાન ને પૂજા ને ભક્તિ એ તો રાગ છે, વિકલ્પ છે, વિકાર છે.

અહીંયાં કહે છે કે, અંદર શુદ્ધ ચૈતન્ય જે છે, રાગ વિનાની ચીજ (છે), એને પકડીને જે અનુભવ કર્યો છે એ છોડવા જેવો નથી. **‘કારણ કે તેના અત્યાગથી (કર્મનો) બંધ થતો નથી...’** આહા..હા...! ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એને ગ્રહ્યો, શ્રદ્ધ્યો, જાણ્યો ને અંદર ઠર્યો એના અત્યાગથી બંધ થતો નથી. એનો ત્યાગ ન કરે તો બંધ થતો નથી. શું કીધું ઈ ?

ભગવાનઆત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ ! જિનેશ્વરે નિર્મળાનંદ જોયો છે. અનંત આનંદનો કંદ ! એને કોઈ રીતે ત્યાગવા યોગ્ય નથી. આ..હા..હા...! છે ? **‘તેના અત્યાગથી...’** ત્યાગવા યોગ્ય નથી એમ કહીને પછી એના અત્યાગથી એટલે કે તેને છોડે નહિ તો. શુદ્ધ સ્વરૂપ આનંદનો નાથ, એને પકડીને અનુભવે તો **‘બંધ થતો નથી...’** આહા..હા...! તો એને **‘(કર્મનો) બંધ થતો નથી...’** આહા..હા...! માટે આત્માના જ્ઞાન ને ભાન વિના જેટલા વ્રત ને તપ ને ભક્તિ ને જાત્રા કરે એ બધા સંસાર, બંધનું કારણ છે. એમાં ધર્મનો અંશ નથી અને ધર્મનું કારણે નથી. આકરી વાત છે, બાપુ ! આહા..હા...! જગત આખું સલવાઈ ગયું છે. ‘કૈલાસચંદજી’ ! તમારા ‘લાડનું’માંય કેટલાય ગોટા ઊઠ્યા છે. ઓલું ‘સુજાનગઢ’ શું છે ? ત્યાં તો બહુ વિપરીત છે. ‘સુજાન’ કેવું (નામ કીધું) ? ‘સુજાનગઢ’ ! ત્યાં તેરાપંથી છે. ‘તુલસી’ તમારા ગામના છે ને ? ‘લાડનુ’ના ! આ..હા...!

આ વીતરાગનો માર્ગ જુદો, બાપુ ! સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ કહે છે કે, ભાઈ ! તારા ઉપર અનંત અનંત કાળ વીત્યા નાથ ! તેં અનંત વાર બાહ્ય ત્યાગ કર્યો, વ્રત લીધા,

નિયમ લીધા, બાહ્ય સાધુ થયો પણ અંતરમાં આત્મજ્ઞાન જે જોઈએ, આત્માનો સ્વાદ સમકિતમાં લેવો જોઈએ એ લીધો નહિ. અને તેના ત્યાગથી જ બંધન છે. એના અત્યાગથી બંધન નથી. સ્વરૂપ જે છે તેના અત્યાગથી બંધન નથી, એના ત્યાગથી બંધન છે. આહા..હા...! 'હીરાલાલજી' ! આહા..હા...!

**'તેના ત્યાગથી બંધ જ થાય છે.'** ભાષા જુઓ. પ્રભુ ! ચૈતન્યમૂર્તિ પરમાત્મા ! વીતરાગ સ્વરૂપે અંદર બિરાજમાન છે, એને છોડીને જે રાગાદિ કરે, એને નિશ્ચયથી બંધ જ થાય છે. એને અબંધ, કોઈ સંવર, નિર્જરા છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? અંતરમાં સ્વરૂપની દૃષ્ટિનો ત્યાગ નથી તેને બંધ નથી અને સ્વરૂપની દૃષ્ટિનો જેને ત્યાગ છે, એ પછી ભલે વ્રત ને તપ કરીને મરી જાય, સૂકાઈ જાય, તો એને બંધન છે.

તાત્પર્ય (એ છે) કે (શુદ્ધનય) ત્યાગવા યોગ્ય નથી અને અત્યાગથી બંધ થતો નથી અને તેના ત્યાગથી બંધ થાય, બે અર્થ લીધા. ત્રિકાળી શુદ્ધ સ્વરૂપનો શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં આદર છે એનો ત્યાગ નથી ત્યાં બંધ નથી અને એનો જ્યાં ત્યાગ થયો, રાગમાં આવ્યો એને બંધન છે. આહા..હા...! આ આખો એક સિદ્ધાંત (કહ્યો). શુદ્ધ સ્વરૂપની રમણતા, શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા (થાય) તેના ત્યાગથી બંધન છે. તેના અત્યાગથી મુક્તિ છે. આ..હા..હા...! એના ત્યાગથી શુભભાવમાં આવે તો બંધન છે. આહા..હા...! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૫૬ શ્લોક-૧૨૩, ૧૨૪ સોમવાર, જેઠ વદ ૯, તા. ૧૮-૦૬-૧૯૭૯

('સમયસાર') ૧૨૩ કળશ. ૧૨૨માં આવી ગયું કે, શુદ્ધનય ત્યાગવા યોગ્ય નથી. એટલે શું ? વ્યવહારનય ત્યાગવા યોગ્ય છે. બે વાત થઈ ને એમાં ? આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એનું પરિણમન ને દૃષ્ટિ (થઈ) એ છોડવા લાયક નથી. અને તેના અત્યાગથી કર્મબંધ થતો નથી, તેના ત્યાગથી બંધ થાય અને તેના અત્યાગથી બંધ થતો નથી. એટલે ? શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એનો જેને ત્યાગ નથી તેને બંધ થતો નથી. અને જેને વ્યવહારનો ત્યાગ છે એને બંધ થતો નથી. આહા..હા...! અને જેને વ્યવહારનો અત્યાગ છે એને બંધ થાય છે. તાત્પર્ય કહ્યું છે ને ? અહીં એ શ્લોક(માં) તાત્પર્ય છે, રહસ્ય છે. તાત્પર્ય એટલે રહસ્ય. આખા સિદ્ધાંતનું આ રહસ્ય છે.

મુમુક્ષુ :– સિદ્ધાંતનો સાર શું ?

ઉત્તર :– તાત્પર્ય ઈ સાર છે, રહસ્ય છે. આહા..હા...! ગમે એટલા પછી બાર અંગ ભણો, વાંચો. વાત ઈ કે, આ ચૈતન્યવસ્તુ પૂર્ણ શુદ્ધ આનંદ, એની શ્રદ્ધા અને એનું પરિણમન

(થાય) તે છોડવા જેવું નથી. એને છોડીને વ્યવહાર આદરવા જેવો નથી. એને છોડે નહિ તો બંધ થાય નહિ. એને છોડે નહિ તો બંધ થાય નહિ. અને વ્યવહારને (ગ્રહે) તો બંધ થાય. વ્યવહારને છોડે તો અબંધ રહે અને વ્યવહારને આદરે તો બંધ થાય. આહા..હા...! એમાં આવી ગયું ને ઈ ? **'તેના અત્યાગથી (કર્મનો) બંધ થતો નથી...'** જેને શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ થઈ અને શુદ્ધનું પરિણમન થયું, ઈ જેણે છોડ્યું નથી એટલે કે તેના આદરમાં છે એને બંધ થતો નથી. આહા..હા...! અને જેણે શુદ્ધનયને છોડી છે અને અશુદ્ધ એવો વ્યવહારનયને જેણે ગ્રહણ કર્યો છે એને બંધ (થશે). અહીં તો ચોખ્ખી વાત છે. તાત્પર્ય છે, હોં ! તાત્પર્ય (લખ્યું) છે ને ? **'इदम् एव तात्पर्य'** આ રહસ્ય છે. આહા..હા...! નિશ્ચય અને વ્યવહારનયનું આ રહસ્ય છે.

જેણે આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમ આનંદ ને અમૃતનો સાગર, એનો જેણે સ્પર્શ કરીને આદર કર્યો અને અનુભવ્યો અને જેને શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ તે છોડવા જેવું નથી. કેમકે તેનાથી મુક્તિ છે. અને વ્યવહાર છોડવા જેવો છે. કેમકે એને છોડ્યે મુક્તિ છે. વ્યવહારને ન છોડે બંધન છે. આહા..હા...! ઈ તાત્પર્ય(ભૂત) આખી વાત (છે). ઈ શ્લોક જ એવો મૂક્યો છે. **'इदम् एव तात्पर्य हेयः शुद्धनयो न हि।'** આહા..હા...! લાખ વાત થઈ હોય અને અનેક પ્રકારના નયના અને પ્રમાણના પ્રકાર આવે પણ આ ચીજ જે છે, શુદ્ધ સ્વરૂપ (જે) રાગથી ભિન્ન એવું જે શુદ્ધ સ્વરૂપનું પરિણમન એ જ મોક્ષનો માર્ગ (છે), એનાથી બંધ નથી પણ એનાથી મુક્તિ છે. અને શુદ્ધનયને છોડી અને રાગને, વ્યવહારનયને આદર કરશે એને મુક્તિ નથી, એને બંધ છે. આહા..હા...!

મુમુક્ષુ :- વ્યવહારને જાણવાલાયક રાખીએ તો ?

ઉત્તર :- જાણવાલાયકનો અર્થ એવો કે, છે એમ જાણ્યું. પણ છે બંધનું કારણ. જાણવાલાયક છે કે નહિ ? પણ જાણવાલાયક એકલો છે ? બંધનું કારણ છે. આહા..હા...!

## શ્લોક-૧૨૩

(शार्दूलविक्रीडित)

**धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबध्नन्धृतिं**
**त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वङ्कषः कर्मणाम्।**
**तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहत्य निर्यद्बहिः**
**पूर्ण ज्ञानघनौघमेकमचलं पश्यन्ति शान्तं महः।।१२३।।**

ફરી, 'શુદ્ધનય છોડવાયોગ્ય નથી' એવા અર્થને દ્રઢ કરનારું કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [धीर-उदार-महिम्नि अनादिनिधने बोधे धृतिं निबध्नन् शुद्धनयः] ધીર (ચળાચળતા રહિત) અને ઉદાર (સર્વ પદાર્થોમાં વિસ્તારયુક્ત) જેનો મહિમા છે એવા અનાદિનિધન જ્ઞાનમાં સ્થિરતા બાંધતો (અર્થાત્ જ્ઞાનમાં પરિણતિને સ્થિર રાખતો) શુદ્ધનય – [कर्मणाम् सर्वंकषः] કે જે કર્મોને મૂળથી નાશ કરનારો છે તે – [कृतिभिः] પવિત્ર ધર્મી (સમ્યગ્દષ્ટિ) પુરુષોએ [जातु] કદી પણ [न त्याज्यः] છોડવાયોગ્ય નથી. [तत्रस्थाः] શુદ્ધનયમાં સ્થિત તે પુરુષો, [बहिः निर्यत् स्व-मरीचि-चक्रम् अचिरात् संहृत्य] બહાર નીકળતા એવા પોતાનાં જ્ઞાનકિરણોના સમૂહને (અર્થાત્ કર્મના નિમિત્તે પરમાં જતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને) અલ્પ કાળમાં સમેટીને, [पूर्ण ज्ञान-घन-ओघम् एकम् अचलं शान्तं महः] પૂર્ણ, જ્ઞાનઘનના પુંજરૂપ, એક, અચળ, શાંત તેજને–તેજઃપુંજને– [पश्यन्ति] દેખે છે અર્થાત્ અનુભવે છે.

ભાવાર્થ :– શુદ્ધનય, જ્ઞાનના સમસ્ત વિશેષોને ગૌણ કરી તથા પરનિમિત્તથી થતા સમસ્ત ભાવોને ગૌણ કરી, આત્માને શુદ્ધ, નિત્ય, અભેદરૂપ, એક ચૈતન્યમાત્ર ગ્રહણ કરે છે અને તેથી પરિણતિ શુદ્ધનયના વિષયસ્વરૂપ ચૈતન્યમાત્ર શુદ્ધ આત્મામાં એકાગ્ર–સ્થિર–થતી જાય છે. એ પ્રમાણે શુદ્ધનયનો આશ્રય કરનારા જીવો અલ્પ કાળમાં બહાર નીકળતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને સંકેલીને, શુદ્ધનયમાં (આત્માની શુદ્ધતાના અનુભવમાં) નિર્વિકલ્પપણે ઠરતાં સર્વ કર્મોથી ભિન્ન કેવળ જ્ઞાનસ્વરૂપ, અમૂર્તિક પુરુષાકાર, વીતરાગ જ્ઞાનમૂર્તિસ્વરૂપ પોતાના આત્માને દેખે છે અને શુક્લધ્યાનમાં પ્રવૃત્તિ કરીને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટાવે છે. શુદ્ધનયનું આવું માહાત્મ્ય છે. માટે શુદ્ધનયના આલંબન વડે જ્યાં સુધી કેવળજ્ઞાન ઊપજે નહિ ત્યાં સુધી સમ્યગ્દષ્ટિ જીવોએ શુદ્ધનય છોડવાયોગ્ય નથી એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે. ૧૨૩.

## શ્લોક ૧૨૩ ઉપર પ્રવચન

૧૨૩ (કળશ).

(शार्दूलविक्रीडित)

धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबध्नन्धृतिं
त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वङ्कषः कर्मणाम्।
तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यद्बहिः
पूर्णं ज्ञानघनौघमेकमचलं पश्यन्ति शान्तं महः।।१२३।।

આ..હા..હા...! **[धीर-उदार-महिम्नि अनादिनिधने बोधे धृतिं निबध्नन् शुद्धनयः]** કેવું છે સ્વરૂપ ? **'ધીર (ચળાચળતા રહિત)...'** છે. ભગવાન અંદરમાં શુદ્ધ જે ધ્રુવ, શુદ્ધ તે ચળચળતા રહિત છે. **'ઉદાર...'** છે. **'(સર્વ પદાર્થોમાં વિસ્તારયુક્ત)...'** એટલે કે બધા પદાર્થને જાણે એવું એ ઉદાર છે. પોતે એક પદાર્થમાં આવું જ્ઞાન થયા છતાં એ જ્ઞાન બધા પદાર્થને જાણે એવું ઉદાર છે. આહા..હા...!

**'જેનો મહિમા...'** આ..હા..હા...! ઉદાર છે. જેનો મહિમા ઉદાર છે. જેના જ્ઞાનની પર્યાય શુદ્ધ ચૈતન્યવસ્તુને અવલંબને પ્રગટી તે લોકાલોકને જાણવાની તાકાત રાખે છે, એવી એની મહિમા છે. **'જેના મહિમા છે એવા અનાદિનિધન જ્ઞાનમાં...'** અનાદિનિધન – અનાદિ એટલે આદિ નહિ, અનિધન એટલે અંત નહિ. જેની શરૂઆત નહિ અને જેનો છેડો નહિ, એવો અનાદિઅનંત આત્મા (છે). આહા..હા...! એવા અનાદિઅનંત જ્ઞાનમાં એટલે કે આત્મામાં **'સ્થિરતા બાંધતો...'** આહા..હા...! ખીલે જેમ બાંધે છે ને ? એમ આ ધ્રુવમાં આત્માની પર્યાયને બાંધતો. આહા..હા...! અનાદિઅનંત જે આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એમાં સ્થિરતા કરતો. આ..હા...! **'(અર્થાત્ જ્ઞાનમાં પરિણતિને સ્થિર રાખતો)...'** સ્થિર કરતો. શુદ્ધ સ્વરૂપ, તેમાં તેની સ્થિરતાને સ્થિર રાખતો.

**'શુદ્ધનય – કે જે કર્મોને મૂળથી નાશ કરનારો છે...'** આહા..હા...! 'આસ્રવ અધિકાર' છે ને ! **'કર્મોને મૂળથી નાશ કરનારો...'** આહા..હા...! એ જેણે ચૈતન્ય શુદ્ધની દૃષ્ટિ કરી અને અનુભવ કર્યો, એ શુદ્ધનય કર્મોને મૂળમાંથી ઉખેડી નાખે છે. મૂળ વસ્તુને જ્યાં પકડી, ચૈતન્યઘન અનાદિઅનંત મૂળ (વસ્તુને) જ્યાં પકડી ત્યાં કર્મનો મૂળમાંથી નાશ થઈ જાય છે. આ મૂળને પકડ્યું તો આનું મૂળ નાશ થાય છે. આહા..હા...!

**'કર્મોને મૂળથી નાશ કરનારો છે તે...' [कृतिभिः] 'પવિત્ર ધર્મી...'** આહા..હા...! ધર્મીને 'પવિત્ર ધર્મી' એવી ઉપમા આપી. **[कृतिभिः] [कृतिभिः]** છે ને ? **[कृतिभिः] [कृतिभिः]** એટલે સમકિતી. **[कृतिभिः]** એટલે સમકિતી. જેણે કાર્ય કર્યું છે. આહા..હા...! જે આ ચૈતન્ય શુદ્ધ દળ, એને દૃષ્ટિમાં લીધો છે એણે કાર્ય કર્યું છે. એ કાર્ય કરનારો (છે માટે) એને અહીં સમકિતી કહે છે. આહા..હા...!

**'પવિત્ર ધર્મી (સમ્યગ્દૃષ્ટિ) પુરુષોએ...'** એટલે આત્માએ. સમ્યક્દૃષ્ટિ આત્માએ **'કદી પણ...' [न त्याज्यः]** આ..હા...! **'છોડવાયોગ્ય નથી.'** કોઈ ક્ષણે પણ શુદ્ધનય – સ્વનો આશ્રય છે એ શુદ્ધ પરિણતિ છોડવા જેવી નથી. આહા..હા...! આકરું કામ ઘણું. એક આદરણીય છે ત્યારે એક હેય છે. છે ને ? **'हि'** આવે છે ને ? આ.હા...! **[तत्रस्थाः] 'શુદ્ધનયમાં સ્થિત તે પુરુષો,...'** જ્ઞાનસ્વરૂપી ભગવાન, એમાં જે આત્માઓ સ્થિત છે. આહા..હા...! **[बहिः निर्यत् स्व-मरीचि-चक्रम् अचिरात् संहृत्य]** આહા..હા...! એ જીવોએ **'બહાર નીકળતા એવા પોતાનાં જ્ઞાનકિરણો...'** જ્ઞાનની કિરણો બહારમાં જાતી, રાગમાં કે એમાં જોડાતી એને

સમેટી લે. આહા..હા...!

જ્ઞાનની કિરણો (એટલે કે) પર્યાય જે બહાર દયા, દાન, વ્રતાદિમાં જતી હોય... આહા..હા...! તેને પણ સમેટી લ્યે. આહા..હા...! સંકેલી લ્યે. છે ? **'જ્ઞાનકિરણોના સમૂહને...'** **'બહાર નીકળતા એવા પોતાનાં...'** (જ્ઞાનકિરણો). પોતાની જે જ્ઞાનની પર્યાય – ઉપયોગ બહાર જતી હોય તેને. **'(અર્થાત્ કર્મના નિમિત્તે પરમાં જતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને)...'** એટલે મૂળ તો વિકાર. જ્ઞાન અંદરમાંથી (છૂટીને) બહાર જાય ત્યાં વિકાર (ઉત્પન્ન થાય છે). (એ વ્યક્તિઓને) **'અલ્પ કાળમાં સમેટીને,...'** આહા..હા...! રાગમાં જતું જ્ઞાન, એને અલ્પ કાળમાં સમેટીને. પછી કરશું, પછી કરશું, પછી કરશું, એમ નહિ એમ કહે છે. આહા..હા...! જે જ્ઞાનસ્વરૂપ ભગવાન ! શુભાશુભ રાગમાં એ જ્ઞાનનું કિરણ જતું તેને **'અલ્પ કાળમાં સમેટીને,...'** આહા..હા...! કેમકે જે પરમાં જતું (એ) તો બંધનું કારણ છે. એથી એને અલ્પ કાળમાં સમેટી આત્મામાં સમાવે. આહા..હા...!

**'અલ્પ કાળમાં...'** (સમેટીને) **'પૂર્ણ, જ્ઞાનઘન...'** **[पूर्ण ज्ञान-घन-ओघम् एकम् अचलं शान्तं महः]** **'પૂર્ણ, જ્ઞાનઘનના પુંજરૂપ,...'** પ્રભુ એકલો પુંજ – જ્ઞાનનો ઢગલો ! સમજણનો પિંડ ! જ્ઞાનનો રસકંદ ! ધ્રુવ ! આ..હા..હા...! એવો જે જ્ઞાનનો પુંજ. જ્ઞાનઘનના પુંજમાં. જ્ઞાનઘનરૂપી પુંજમાં, **'પુંજરૂપ, એક,...'** આહા..હા...! એ એક સ્વરૂપ છે તેમાં સ્થિર થાય. અનેકપણા તરફ વળતું હોય એને છોડી દ્યે. રાગાદિભાવ(ને છોડી દ્યે).

એક તો એ કીધું, **'પૂર્ણ, જ્ઞાનઘનના પુંજરૂપ,..'** બે **'એક,...'** વસ્તુ એકરૂપ છે. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... અનાદિનિધન એકરૂપ વસ્તુ છે. એમાં સમેટી લ્યે. ઊલટી પ્રવૃત્તિ જતી હોય તો (એમાંથી) ખસીને આમ લાવી દ્યે. **'અચળ,...'** છે. એવો ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ અચળ છે. આ..હા...! **'શાંત તેજને...'** શાંત તેજ ! શાંતિ – ઉપશમરસથી ભરેલો ! આ..હા..હા...! શાંતપુંજ – શાંત તેજનો પુંજ ! (એ) **'તેજઃપુંજને દેખે છે...'** પર તરફની વૃત્તિ ખેંચીને આત્મા ઉપર આવે છે ત્યારે પોતાના આવા પૂર્ણને, પૂર્ણ જ્ઞાનઘન પુંજરૂપને, એકને, અચળને, શાંત તેજને, શાંત તેજના પુંજને **'અનુભવે છે.'** દેખે છે એટલે અનુભવે છે. એનું નામ આત્માનું જ્ઞાન અને આત્માનો અનુભવ, એનું નામ મોક્ષનો માર્ગ. આહા..હા...!

'न त्याज्यः' આમાં ક્યાંક આવ્યું હતું. પહેલામાં આવ્યું હતું ને ? આમાંય આવ્યું 'न त्याज्यः' (એટલે કે શુદ્ધનયનો) ત્યાગ ન કરવો, એમ. રાગનો ત્યાગ કરવો. પરવસ્તુના ત્યાગ-ગ્રહણની અહીં વાત નથી. પરવસ્તુનો ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ. આહા..હા...! રાગ જે છે તે ત્યાજ્ય (છે) અને સ્વભાવ જે છે તે અત્યાજ્ય (છે). સ્વભાવનો આદર, સત્કારનું પરિણમન (અને) રાગનો અભાવ. આહા..હા...! આવું સમજવું પહેલું કઠણ પડે માણસને (એટલે) લોકો ક્રિયાકાંડમાં તણાય ગયા, એમાં ધર્મ મનાઈ ગયો.

ભાવાર્થ :- **'શુદ્ધનય, જ્ઞાનના સમસ્ત વિશેષોને ગૌણ કરી...'** શું કહે છે ? કે, જ્ઞાન છે તે મતિ ને શ્રુત ને અવધિના જે ભેદ છે એ ઉપરનું લક્ષ છોડી દ્યે. સમ્યક્‌દૃષ્ટિ જીવ (એને) આત્માના સ્વભાવનો ધર્મનો અનુભવ કરવો હોય ત્યારે જ્ઞાનના ભેદો જે છે એને છોડી દ્યે, ગૌણ કરે. આહા..હા...! લ્યો ઠીક ! ગૌણ કરે.

**'પરનિમિત્તથી થતા સમસ્ત ભાવોને ગૌણ કરી,...'** બે (વાત) થઈ. એક તો જ્ઞાનના ભેદ પડે છે એને ગૌણ કરી નાખે, અભેદ ઉપર દૃષ્ટિ કરે અને પરનિમિત્તથી થતાં રાગાદિ, એને ગૌણ કરીને સ્વભાવ તરફ દૃષ્ટિ કરે. આહા..હા...! આવો માર્ગ છે. **'પરનિમિત્તથી થતા સમસ્ત ભાવો...'** પહેલામાં એમ હતું, જ્ઞાનના સમસ્ત વિશેષો, જ્ઞાનના સમસ્ત વિશેષો તેને ગૌણ કરીને. અહીં (એમ કહ્યું કે) પરનિમિત્તથી થતા વિકલ્પો – એ સમસ્ત વિકલ્પોને છોડી દઈને.

**'આત્માને શુદ્ધ,...'** જ્ઞાનના ભેદોનું લક્ષ છોડી દઈ (એટલે કે) ગૌણ કરીને. ભલે અભાવ નહિ. અને પરનિમિત્તથી થતા રાગાદિ વિકલ્પ, એને ગૌણ કરીને. હવે શું કરવું ? કે, **'શુદ્ધ, નિત્ય, અભેદરૂપ,...'** ભગવાન પવિત્ર છે. આહા..હા...! એકલો પવિત્રતાની ખાણ છે ! આહા..હા...! **[કૃતિભિઃ]** નહોતું (આવ્યું) ? સમ્યક્‌દૃષ્ટિ પવિત્ર ધર્મી એમ કહ્યું છે ને ! **[કૃતિભિઃ]** ઓલામાં આવ્યું છે. એટલે પવિત્ર ધર્મી. આહા..હા...! પોતાના જે પવિત્ર ગુણો છે તેનો જે અર્થ થયો. અભેદથી, અભેદ, હોં ! ગુણભેદ પણ નહિ. એને **'અભેદરૂપ,..'** (કહે છે).

**'એક ચૈતન્યમાત્ર ગ્રહણ કરે છે...'** આહા..હા...! સમ્યક્‌દૃષ્ટિ આવા આત્માને ગ્રહણ કરે છે. ભેદના પ્રકારને ગૌણ કરી, પરનિમિત્તથી થતા વિકલ્પોને પણ છોડી.. આહા..હા...! ગૌણ કેમ કહ્યું ? કે, ભલે ટળી ન જાય પણ તેનો આશ્રય છોડી તેનું લક્ષ છોડી દઈને, એમ. રહે, રાગાદિ રહે. પર્યાયના ભેદાદિ રહે પણ ગૌણ કરી, એના ઉપરનું લક્ષ છોડી દઈ. રાગાદિ રહે, પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી (રહે) પણ તેનું લક્ષ છોડીને (એમ કહેવું છે). આહા..હા...! આ ધર્મ કરનારને આ કરવું પડશે એમ કહે છે. ત્યારે ધર્મ થશે. આહા..હા...!

**'ગ્રહણ કરે છે અને તેથી પરિણતિ શુદ્ધનયના વિષયસ્વરૂપ...'** પરિણતિ એટલે વર્તમાન દશા **'શુદ્ધનયના વિષયસ્વરૂપ ચૈતન્યમાત્ર...'** શુદ્ધનયનો વિષય તો ચૈતન્યમાત્ર એક ધ્રુવ, અખંડ, અભેદ, એક (છે). આહા..હા...! એવો જે વિષય **'ચૈતન્યમાત્ર શુદ્ધ આત્મામાં એકાગ્ર–સ્થિર–થતી જાય છે...'** પરિણતિ (સ્થિર થતી જાય છે). આ રીતે આત્મા શુદ્ધમાં (પરિણતિની) એકાગ્રતા થતી જાય છે. લ્યો, આ એકાગ્રતાનું આવ્યું ! 'દેવીલાલજી' ! વિકલ્પથી એકાગ્રતાનો અભ્યાસ કરવો એ નહિ. આહા..હા...! એ વસ્તુ છે ભગવાન આનંદકંદ, શુદ્ધ, અભેદ, એકરૂપ, તેમાં એકાગ્ર થતો જાય છે. તેમાં પરિણતિ સ્થિર થતી જાય (છે).

**'એ પ્રમાણે શુદ્ધનયનો આશ્રય કરનારા જીવો...'** આ પ્રમાણે ભગવાન પૂર્ણ અભેદ

ચૈતન્યનો આશ્રય કરનારા જીવો **'અલ્પ કાળમાં બહાર નીકળતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓ...'** બહાર નીકળતી જ્ઞાનની (વ્યક્તિઓ) એટલે ભેદો. અને **'સર્વ કર્મોથી ભિન્ન કેવળ જ્ઞાનસ્વરૂપ, અમૂર્તિક પુરુષાકાર,...'** આ..હા...! પુરુષના આકારે આકાર છે. સ્ત્રીના શરીરમાં રહેલો આત્મા પણ, છે તો એ પોતે પોતાના પૂર્ણ સ્વરૂપરૂપ જ છે. એનો એ પણ પુરુષાકાર કહેવામાં આવે છે, એને પુરુષાકાર કહેવામાં આવે છે. આ..હા..હા...! **'વીતરાગ જ્ઞાનમૂર્તિસ્વરૂપ...'** આ..હા..હા...! વીતરાગ જ્ઞાનસ્વરૂપ **'પોતાના આત્માને દેખે છે...'** આહા..હા...!

કેટલી અર્થકારે સ્પષ્ટતા કરી છે ! પેલા કહે, નહિ. આચાર્યનું કથન લાવો. પણ આચાર્યના કથનમાં ગંભીરતા ઘણી છે અને પંડિતો થયા એવા કે એનું સ્પષ્ટીકરણ બહુ સારું કર્યું. 'બનારસીદાસ', 'ટોડરમલ' આ..હા...! ચર્ચામાં એમ થયું ને ત્યાં ? કેવું કહેવાય ગામ ? 'ખાણીયા.. ખાણીયા !' 'ખાણીયા'માં ચર્ચા થઈ તો એ લોકો કહે, પંડિતોના શબ્દો નહિ, આચાર્યોના (કથનો) ચર્ચામાં લાવો. 'ફૂલચંદજી' કહે, આચાર્યો, મુનિ અને પંડિતો બધાના જોશે. સંસ્કૃત, પ્રાકૃત, દેશભાષા પંડિતોએ કરી એ બધું જોશે. 'બનારસીદાસ'માં પણ ત્રણ ભાષા આવે છે. આહા..હા...! કારણ કે, પંડિતોએ સ્પષ્ટ કરી નાખ્યું છે. એટલે એને ઈ ખટકે. શાસ્ત્રોમાં ગંભીર વાત ગંભીર છે. ગંભીરને સ્પષ્ટ (રીતે) સાધારણ માણસને સમજાય એ રીતે (અર્થકારે અર્થ) કર્યા. 'ટોડરમલ', 'બનારસીદાસ', 'ભાગચંદજી', 'જયચંદજી', 'હેમરાજજી' પણ. આહા..હા...!

એવા **'જીવો અલ્પ કાળમાં બહાર નીકળતી જ્ઞાનની વિશેષ...'** વ્યક્તિઓ એટલે ભેદો, એને **'સંકેલીને,...'** એકરૂપ જ્ઞાનરૂપ થઈ જાય. આહા..હા...! ભેદને પણ છોડી દઈ. રાગને તો છોડ, પણ ભેદને છોડ. કેમકે ભેદ ઉપર લક્ષ જશે તો રાગ થશે. આહા..હા...! નિમિત્ત ઉપર લક્ષ જશે તો રાગ થશે અને કર્મના નિમિત્તે થતા રાગ થાય પણ ભેદ ઉપર લક્ષ જશે (તોપણ) રાગ થશે. આહા..હા...! એટલે નિમિત્તને છોડી, ભેદને છોડી, કર્મના નિમિત્તથી થતા વિકારને પણ છોડી... આ..હા..હા...! નિર્વિકારી ભગવાન અંદર એકરૂપે બિરાજે છે એનો અનુભવ કરવો. આહા..હા...! અહીંયાંથી ધર્મની શરૂઆત અહીંથી છે. બાકી બધી વાતું (છે). મૂળ વાત ઉપરથી ગઈ, પડી રહી.

આ..હા..હા...! વસ્તુ છે આખી, પૂર્ણ સ્વરૂપ (છે), અખંડ છે, અભેદ છે. એને ભેદનું લક્ષ છોડી, રાગનું લક્ષ છોડી.. આ..હા..હા...! અખંડ જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ ભૂતાર્થ જે છે તેના ઉપર દૃષ્ટિ લગાવ, તેનો અનુભવ કર. આવું છે.

**'શુદ્ધનયમાં (આત્માની શુદ્ધતાના અનુભવમાં) નિર્વિકલ્પપણે ઠરતાં...'** જોયું ? આહા..હા...! અહીં તો વાત જ (આ છે). વિકલ્પથી નિર્ણય કરે એ નહિ. અંદર નિર્વિકલ્પપણે ઠરતાં, ભેદ ઉપર લક્ષ નહિ તો વિકલ્પ(નો) તો ક્યાં પ્રશ્ન (છે) ? આહા..હા...! જ્ઞાનના ભેદો, દર્શનના ભેદો, એવા ભેદ પર્યાયમાં છે એનું પણ લક્ષ છોડીને. રાગના વિકલ્પની તો વાત શી કરવી ?

આહા..હા...! એવો નિર્વિકલ્પ આત્મા... આ..હા..હા...! **'નિર્વિકલ્પપણે ઠરતાં...'** આ..હા...! સ્વરૂપમાં ભેદ અને રાગનું લક્ષ છોડીને ઠરતાં. **'સર્વ કર્મોથી ભિન્ન કેવળ જ્ઞાનસ્વરૂપ,...'**એકલો જ્ઞાનસ્વરૂપ **'અમૂર્તિક પુરુષાકાર,...'** આ..હા..હા...! **'વીતરાગ જ્ઞાનમૂર્તિસ્વરૂપ...'** એ તો વીતરાગ જ્ઞાનમૂર્તિસ્વરૂપ પ્રભુ છે. આહા..હા...! આકરું લાગે. અહીં જાવું.

એક તો બહારના ધંધા-ફંદા છોડી પછી કર્મના નિમિત્તથી થતાં રાગને છોડી, પછી જ્ઞાનાદિના મતિ-શ્રુત (આદિ) ભેદ પડે એને છોડી.. આ..હા...! નિર્વિકલ્પ વસ્તુમાં ઠર. ત્યારે તેને મોક્ષનો માર્ગ (પ્રગટ) થાય. આ..હા...! ઈ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રનો અંશ સાથે આવે. આહા..હા...! બહુ સરસ લખ્યું છે. આસ્રવનો અધિકાર (બહુ સરસ છે). આહા..હા...! આ તો પંડિતે બહુ સારું (સ્પષ્ટીકરણ) કર્યું (છે).

**'વીતરાગ જ્ઞાનમૂર્તિસ્વરૂપ પોતાના આત્માને દેખે છે અને...'** એ ધર્મધ્યાન (થયું). **'અને શુક્લધ્યાનમાં પ્રવૃત્તિ કરીને...'** આગળ જતાં અંદર શુક્લધ્યાનમાં (આવે). આ પહેલું ધર્મધ્યાન (થયું). નિશ્ચય ધર્મધ્યાન, હોં ! પછી નિશ્ચય શુક્લધ્યાન. ત્યાં શુક્લધ્યાનનો તો એક જ પ્રકાર જ હોય છે. ધર્મધ્યાનના બે પ્રકાર હોય છે – વ્યવહાર અને નિશ્ચય. એ નિશ્ચય ધર્મધ્યાનમાં આવી, આગળ વધી અને **'અને શુક્લધ્યાનમાં પ્રવૃત્તિ કરીને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટાવે છે.'** આહા..હા...! એની તાકાત અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટવાની છે ! આ..હા..હા...! એનાંમાં પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદ ને પૂર્ણ વીર્ય ભર્યું છે. આહા..હા...! એનો જેણે આશ્રય લીધો અને ભેદાદિનો આશ્રય છોડ્યો તો પહેલો તો શુદ્ધ નિર્વિકલ્પ સ્વરૂપમાં ઠરે છે અને આગળ વધતાં શુક્લધ્યાનમાં (આવે છે). શુક્લ એટલે ઉજળું ધ્યાન. ઉજળા ધ્યાનમાં જતાં કેવળજ્ઞાન થાય છે. લ્યો, અહીં તો પહેલેથી ઠેઠ સુધી વાત કરી. આમ છે. આમાં વ્યવહાર કરવો ને વ્યવહારથી થાય ને એ કાંઈ ન આવ્યું. 'ગુલાબચંદજી' ! આહા..હા...!

આ પંડિત લખે છે, હોં આ ! આ 'જયચંદ' પંડિત છે ને આ ! 'પ્રવચનસાર'ના 'હેમરાજ' (પંડિત છે). આ 'સમયસાર'(નો ભાવાર્થ) 'જયચંદજી' પંડિત (લખે છે).

**'અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટાવે છે.'** આ..હા..હા..હા...! એ શુદ્ધનયનું આવું માહાત્મ્ય છે. એટલે કે આત્મા શુદ્ધ પૂર્ણ છે એના પરિણમનનું આ માહાત્મ્ય છે. વ્યવહારનું માહાત્મ્ય નથી કે વ્યવહાર એને આગળ લઈ જાય. આહા..હા...! વ્યવહાર તો લક્ષમાંથી છોડી દીધો છે. આહા..હા...! ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ પૂર્ણ આનંદ, નિત્યાનંદ પ્રભુ, એકરૂપ, અભેદ છે તેમાં ઠરતાં... આ..હા..હા...! બાહ્યથી દૃષ્ટિને સંકેલીને, નિમિત્તથી, રાગથી અને ભેદથી (સંકેલીને). આ..હા..હા...! નિમિત્તથી સંકેલીને પૂર્ણ શુદ્ધ ઉપર આવવું, રાગને સંકેલીને વીતરાગ સ્વભાવ તરફ આવવું, ભેદને છોડીને અભેદમાં આવવું. આહા..હા...! છે તો એક સમય, હોં ! એકસાથે (થાય છે). સમજાવવા માટે (ક્રમ પડે છે). બાકી આમ ચૈતન્યજ્યોત પરમાત્મા, એમાં ઠરતાં, ભેદ છૂટી જાય છે, રાગ છૂટી જાય છે (અને) નિમિત્ત તો એમાં છે જ નહિ.

આહા..હા...! એને અહીંયાં આસ્રવ રહિત મોક્ષમાર્ગ કહે છે. આ ‘આસ્રવ અધિકાર’ છે ને ! આહા..હા...!

મુમુક્ષુ :– આસ્રવનો અભાવ થાય.

ઉત્તર :– આસ્રવનો અભાવ એ ધર્મ છે, એમ બતાવવું છે. તેથી તાત્પર્ય કહે છે ને ? શુદ્ધનયનું તાત્પર્ય – રહસ્ય આ છે. શુદ્ધનય ત્યાગવા યોગ્ય નથી અને તેના અત્યાગે જ મુક્તિ છે. રાગના ત્યાગે મુક્તિ છે અને શુદ્ધનયના અત્યાગે મુક્તિ છે. આહા..હા...! એના માટે આ પછી વિસ્તાર કર્યો. બે ગાથાઓ (બનાવી). અરે...! પાંચમા આરાના (શ્રોતા) માટે ? એને માટે વસ્તુની સ્થિતિ આ છે. આહા..હા...! જ્યારે પણ કેવળજ્ઞાન પ્રગટ કરશે ત્યારે આ વિધિએ જ થશે. જેટલા કેવળજ્ઞાન પામ્યા છે (એ) **‘भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।’** અત્યાર સુધી જે મુક્તિને પામ્યા એ બધા ભેદજ્ઞાન (એટલે કે) પરથી (પોતાને) ભિન્ન કર્યો છે. આહા..હા...! **‘अस्यैवाभावतो बद्धा’** (અર્થાત્) ભેદજ્ઞાનના અભાવે બંધાયેલા છે. કર્મના જોરને લઈને બંધાયેલા છે એમ નથી કહ્યું. આ..હા...! ‘સમયસાર’માં એ બીજી અપેક્ષા છે.

**‘अस्यैवाभावतो बद्धा’** આ..હા..હા...! રાગ અને ભેદથી ભેદ પાડી અને ભેદજ્ઞાન કરે એની મુક્તિ થાય છે. એ ભેદજ્ઞાનના અભાવે (બંધાય છે). આહા..હા...! રાગ અને ભેદના લક્ષે, નિમિત્તના લક્ષે સંસાર થાય છે, એને લઈને રખડવું થાય છે. આહા..હા...!

મુમુક્ષુ :– સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે પણ નિર્વિકલ્પ એકાગ્રતાનો અભ્યાસ કરવો ?

ઉત્તર :– એ થાય, ઈ નિર્વિકલ્પ થઈ જાય. અંતર નિર્વિકલ્પ થાઉં, થાઉં એમેય નથી. એ થાય એની વાત છે. પરથી સંકેલીને અંદર (ગયો) એટલે નિર્વિકલ્પ થઈ ગયો. આહા..હા...! ઝીણી વાત છે. એ જ કીધું ને ? ભેદનું લક્ષ અને નિમિત્તથી થતા રાગનું લક્ષ છોડી, અભેદના અનુભવમાં આવે એ નિર્વિકલ્પમાં આવ્યો. એ જ કીધું. આહા..હા...!

મુમુક્ષુ :– શુદ્ધ ઉપયોગમાં આવવું.

ઉત્તર :– શુદ્ધ ઉપયોગ અંદરમાં જાય. એ ઉપયોગ શુદ્ધ ત્યાં જ અંદરમાં જાય. આહા..હા...! શુભ-અશુભ ઉપયોગ બહારના લક્ષે થાય અને શુદ્ધ (ઉપયોગ) છે તે અંતરના લક્ષે થાય. આહા..હા..!

મુમુક્ષુ :– જે જાતનો પુરુષાર્થ ચારિત્રમાં તે જ જાતનો પુરુષાર્થ સમ્યગ્દર્શનમાં ?

ઉત્તર :– તે જ જાતનો પુરુષાર્થ ચારિત્ર માટે (છે). સ્વના આશ્રય માટે જે પુરુષાર્થ, સમકિત માટે છે એ જ વિશેષ આશ્રય આત્માનો કરવો એ ચારિત્ર છે અને વિશેષ આશ્રય કરવો એ શુક્લધ્યાન (છે). આશ્રય પૂર્ણ થઈ ગયો એ કેવળજ્ઞાન. વાત તો એનો – ત્રિકાળનો આશ્રય કરવો એ છે. આહા..હા...! આવી વાતું છે. લોકો પછી વિરોધ કરે ને ! એકાંત (છે). લોકો (બહારની) પ્રવૃત્તિમાં પડ્યા હોય. ધંધામાંથી નવરા ન થાય, નવરા થાય તો

પછી પ્રવૃત્તિમાં જોડી દે. પૂજા કરો ને ભક્તિ કરો... આહા..હા...! શ્રાવકના છ પ્રકારના કર્તવ્ય છે ને ? દેવપૂજા (આદિ), એમાં જોડી દે.

મુમુક્ષુ :- શ્રાવક તો થા પછી ખ્યાલ આવે.

ઉત્તર :- શ્રાવક થયા વિના એ વિકલ્પ ને પૂજા આદિ છે ક્યાં ? આ..હા...! દેવપૂજા ને એ આવે છે ને ? ગુરુભક્તિ, દાન,.. આહા..હા...! સંયમ એ ક્યારે ? બાપુ ! એ તો હજી સ્વરૂપના આશ્રયે દૃષ્ટિ થઈ, સ્વરૂપારૂઢ થઈ અને ભેદથી પણ જુદો પડ્યો એને પછી સ્વરૂપમાં ઠરી શકતો નથી ત્યારે એને આવા છ વિકલ્પ આવે. દેવપૂજા, શ્રાવકના છ કર્તવ્ય તરીકે વિકલ્પ આવે. એને વ્યવહારે કર્તવ્ય કહેવાય. આહા..હા...! અહીં તો આવા મોટા મકાન બનાવવા. મોટી મૂર્તિઓ (બનાવવી). ના પાડવી કે એનાથી ધર્મ થાય નહિ. આહા..હા...! કેટલું માણસ ! હો..હા.. થઈ જાય. છવીસ હજાર માણસ ! ગામમાં એમ થઈ ગયું ઓ..હો..હો...! છવીસ હજાર ! આટલા માણસ ! હાથી, માણસ લોકો બહારના ભભકા દેખે. અરે... ભાઈ !

બહારથી તો દૃષ્ટિ ઉઠાવ, એમાં બહારમાં કાંઈ નથી પણ રાગ થાય ત્યાંથી દૃષ્ટિ ઉઠાવ અને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ(જ્ઞાન) ભેદ પડે, એવા ભેદ ઉપરથી દૃષ્ટિ ઉઠાવ. આહા..હા...! કરવાનું તો આ છે. બહારના ગમે એવા ઠાઠમાઠ હોય (એમાં શું) ?

મુમુક્ષુ :- પુરુષાર્થ તો નિર્વિકલ્પતાનો જ કરવો. ન થાય તો ફરીવાર કરવો.

ઉત્તર :- એનો જ કરવો.

મુમુક્ષુ :- ન થાય તો ફરી કરવો, ન થાય તો ફરીવાર કરવો.

ઉત્તર :- ઈ એક જ (પુરુષાર્થ) કરવો. પૂર્ણ નિર્વિકલ્પ કરવા માટે પણ વારંવાર ત્યાં જ જવું. પહેલી નિર્વિકલ્પતા શરૂ થાય પછી પણ અંદર વલણ થાય, રહ્યા કરે, એ વલણ કરતાં કરતાં કરતાં કેવળજ્ઞાન થઈ જશે. વચ્ચે કોઈ ક્રિયા કરે ને આમ કરે તો થાય (એમ નથી). આહા..હા...! વચ્ચે આવે, પૂર્ણ વીતરાગ ન થાય તો વચ્ચે ઘણો કાળ હોય તો રાગાદિ રહે પણ તે બંધનું કારણ છે. એ કંઈ મોક્ષનું – મુક્તિનું કારણ નથી. આહા..હા...! નિર્વિકલ્પતામાં તો શાસ્ત્રનું જ્ઞાનેય કામ ન કરે. આહા..હા...! એ પણ પરલક્ષથી ભેદ પડ્યો. આહા..હા...! એવા જ્ઞાનમાં પોતાને જ્ઞાન માની અને દુનિયાને સમજાવે, કરે એટલે જાણે આનાથી ધર્મ થાય એ પણ ભૂલમાં પડ્યા છે. આહા..હા...!

(અહીંયાં કહે છે) **'શુદ્ધનયનું આવું માહાત્મ્ય છે. માટે શુદ્ધનયના આલંબન વડે...'** આહા..હા...! **'જ્યાં સુધી કેવળજ્ઞાન ઉપજે નહિ ત્યાં સુધી સમ્યગ્દષ્ટિ જીવોએ...'** ધર્મી જીવોએ. **'શુદ્ધનય છોડવાયોગ્ય નથી...'** આહા..હા...! અંતરમાં ભંડાર ભર્યો છે, પૂર્ણાનંદ (ભર્યો છે), એના ઉપરથી લક્ષ છોડવા જેવું નથી. એનો આશ્રય છોડવા જેવો નથી. જ્યાં સુધી કેવળજ્ઞાન (ન) થાય ત્યાં સુધી એનો આશ્રય કરવાયોગ્ય છે, પ્રભુનો આશ્રય કરવા જેવો છે. પર્યાયનો ને રાગનો આશ્રય કરવા જેવો નથી. આહા..હા...!

**'એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.'** લ્યો ! 'इदम् एव तात्पर्य' આવ્યું હતું ને ? એટલે કહે છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ' (કહે છે), આનું તાત્પર્ય આ છે. પરથી હઠીને સ્વનો – ચૈતન્યનો આદર (કરવો). એ શુદ્ધનયનો ત્યાગ નહિ. ત્યાગ (કરવો તો) વ્યવહારનયનો ત્યાગ (કરવો). શુદ્ધનયનો કોઈ દિ' ત્યાગ નહિ. શુદ્ધનયના ત્યાગે સંસાર છે, શુદ્ધનયના અત્યાગે મોક્ષ છે. આહા..હા...! એનો આ વિસ્તાર કર્યો છે. મૂળ તો ઈ (શ્લોક) ૧૨૨ (છે) એ જ ઊંચો છે. **'इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।'** જોયું ? **'हेयः शुद्धनयो न हि। नास्ति बन्धस्तदत्यागात्तत्त्यागाद्बन्ध'** બહુ ટૂંકું (કર્યું). શુદ્ધ સ્વભાવનો આદર, એનું પરિણમન એના અત્યાગે મોક્ષ છે. અત્યાગે મોક્ષ છે અને એના ત્યાગે બંધ છે. બહુ ટૂંકું ! માલ (ઘણો) છે.

ત્રિકાળ દ્રવ્યના આશ્રયે, તેના અત્યાગથી મુક્તિ છે. વ્યવહારના ત્યાગથી મુક્તિ છે. વ્યવહારના અત્યાગથી બંધન છે. આહા..હા...! અને શુદ્ધનયના અત્યાગથી મુક્તિ છે. આહા..હા...! બહુ ટૂંકું ! અત્યારે તો આકરું પડે. સાંભળવા મળે નહિ. આ કરો ને છેવટે (એમ કહે), ગુરુની ભક્તિ કરો ! દેવ-ગુરુની ભક્તિ કરો, બસ ! ધુન લગાવો ! ઈ તો રાગ છે. આહા..હા...! એ કંઈ સમ્યગ્દર્શનનું કારણ નથી.

મુમુક્ષુ :– ગુરુની આજ્ઞા કરી (માની).

ઉત્તર :– આજ્ઞા એણે એની કરી જ નથી કે, મારી ભક્તિથી તારું કલ્યાણ થશે એમ કહ્યું નથી. તારી ભક્તિથી તારું કલ્યાણ થશે. એ બધી તો વ્યવહારભક્તિ – રાગ છે. એ તો આવે છે ને ! સિદ્ધભક્તિ ! ઈ નિશ્ચય (ભક્તિ) આવે છે. સિદ્ધભક્તિ, છે નામ સિદ્ધભક્તિ. પણ એ પોતાની સિદ્ધ ભક્તિ છે. આહા..હા...! બીજે ઠેકાણે સિદ્ધભક્તિ આવે છે એ વ્યવહારે (છે). પહેલી નિશ્ચયભક્તિ કહી. 'ભક્તિ અધિકાર' 'નિયમસાર' ! પહેલી નિશ્ચયભક્તિ કહી, પછી વ્યવહાર સિદ્ધની ભક્તિ વ્યવહારથી (કહી). પછી વ્યવહાર લીધી અને આમાં તો ઈ સિદ્ધની ભક્તિ એટલે કે તારી ભક્તિ એમ. એવું લીધું છે. આ..હા...! એવી ગાથા આવે છે.

'સિદ્ધ સમાન સદા પદ મેરો' આ..હા...! સદાય શુદ્ધ ચૈતન્ય એકલો પવિત્રનો ધામ, ઈ પવિત્ર પુરુષોએ પવિત્રના ધામને ધ્યાનમાં લેવું. આહા..હા...! એના ધ્યાનનો વિષય પૂર્ણ પવિત્રતા લેવો. એના ધ્યાનનો વિષય ધ્યાનની પર્યાય પણ નહિ. આહા..હા...! આવું છે.

## શ્લોક–૧૨૪

(मन्दाक्रान्ता)

रागादीनां झगिति विगमात्सर्वतोऽप्यास्त्रवाणां
नित्योद्योतं किमपि परमं वस्तु सम्पश्यतोऽन्तः ।
स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा-
नालोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत् ।।१२४ ।।

હવે આસ્રવોનો સર્વથા નાશ કરવાથી જે જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [नित्य-उद्योतं] જેનો ઉદ્યોત (પ્રકાશ) નિત્ય છે એવી [किम् अपि परमं वस्तु] કોઈ પરમ વસ્તુને [अन्तः सम्पश्यतः] અંતરંગમાં દેખનારા પુરુષને, [रागादीनां आस्त्रवाणां] રાગાદિક આસ્રવોનો [झगिति] શીઘ્ર [सर्वतः अपि] સર્વ પ્રકારે [विगमात्] નાશ થવાથી, [एतत् ज्ञानम्] આ જ્ઞાન [उन्मग्नम्] પ્રગટ થયું – [स्फारस्फारैः] કે જે જ્ઞાન અત્યંત અત્યંત (–અનંત અનંત) વિસ્તાર પામતા [स्वरसविसरैः] નિજરસના ફેલાવથી [आ-लोक-अन्तात्] લોકના અંત સુધીના [सर्वभावान्] સર્વ ભાવોને [प्लावयत्] તરબોળ કરી દે છે અર્થાત્ સર્વ પદાર્થોને જાણે છે, [अचलम्] જે જ્ઞાન પ્રગટ થયું ત્યારથી સદાકાળ અચળ છે અર્થાત્ પ્રગટ્યા પછી સદા એવું ને એવું જ રહે છે – ચળતું નથી, અને [अतुलं] જે જ્ઞાન અતુલ છે અર્થાત્ જેના તુલ્ય બીજું કાંઈ નથી.

ભાવાર્થ :– જે પુરુષ અંતરંગમાં ચૈતન્યમાત્ર પરમ વસ્તુને દેખે છે અને શુદ્ધનયના આલંબન વડે તેમાં એકાગ્ર થતો જાય છે તે પુરુષને, તત્કાળ સર્વ રાગાદિક આસ્રવભાવોનો સર્વથા અભાવ થઈને, સર્વ અતીત, અનાગત ને વર્તમાન પદાર્થોને જાણનારું નિશ્ચળ, અતુલ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે જ્ઞાન સર્વથી મહાન છે, તેના સમાન અન્ય કોઈ નથી. ૧૨૪.

## શ્લોક ૧૨૪ ઉપર પ્રવચન

**'હવે, આસ્રવોના સર્વથા નાશ કરવાથી જે જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :–'** લ્યો ! ૧૨૪ (કળશ).

**(मन्दाक्रान्ता)**

**रागादीनां झगिति विगमात्सर्वतोऽप्यास्रवाणां**
**नित्योद्योतं किमपि परमं वस्तु सम्पश्यतोऽन्तः ।**
**स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा-**
**नालोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत् ।।१२४ ।।**

**[नित्य-उद्योतं]** ભગવાનઆત્મા ! નિત્ય જેનો ઉદય છે, જેનો નિત્ય ત્રિકાળ ઉદય છે. આ..હા...! એવી જે આત્મા ચીજ, ચૈતન્યથી ભરેલી ઝળહળ જ્યોતિ નિત્ય વસ્તુ છે. પરમાત્મસ્વરૂપથી ભરેલી પરમઆત્મા એટલે પરમ સ્વરૂપથી ભરેલી પરમાત્મ સ્વરૂપ. આહા..હા...! એવી કોઈ ચીજ નિત્ય છે.

**'એવી...' [किम् अपि परमं वस्तु] 'કોઈ પરમ વસ્તુને...'** આ રીતે કોઈ પરમ વસ્તુને એટલે આત્માને. આ..હા...! **[अन्तः सम्पश्यतः] 'અંતરંગમાં...'** સમ્યક્ પ્રકારે **દેખનારા પુરુષને,...'** સમ્યક્ છે ને ? **[सम्पश्यतः]** છે. **[सम्पश्यतः]** છે ને ? એટલે કે દેખવાનું લીધું. **[अन्तः सम्पश्यतः]** ત્યાં (એનો અર્થ) અંતરંગમાં દેખનારને, સમ્યક્ નહિ. **'અંતરંગમાં દેખનારા પુરુષને,...'** ભગવાન જે આત્મા બીજાને દેખે છે એ દેખનારાને દેખતા... આહા..હા...! જેની દશામાં પરનું દેખાવું થાય છે તે દશામાં સ્વને દેખે. આહા..હા...! હજી સમ્યગ્દર્શન કેને કહેવું એની ખબરું ન મળે અને સાધુ નામ ધરાવે. આહા..હા...!

નિત્ય ઉદ્યોત છે એવી પરમવસ્તુને **'અંતરંગમાં દેખનારા પુરુષને રાગાદિ આસ્રવોનો...' [झगिति]** તે રાગાદિનો ત્યાગ શીઘ્રતાથી થાય છે. આહા..હા...! વીતરાગ સ્વરૂપ ભગવાનઆત્મા ત્રિકાળ વીતરાગ સ્વરૂપ જ છે. આહા..હા...! તેને દેખનારાઓ. ત્રિકાળી વીતરાગી સ્વરૂપ પ્રભુ છે. ત્રિકાળ વીતરાગ સ્વરૂપ છે. એવા આત્માને દેખનારાઓ. આ..હા..હા...! આસ્રવોથી **'શીઘ્ર સર્વ પ્રકારે...'** આસ્રવથી શીઘ્ર તો ઠીક પણ સર્વ પ્રકારે (એમ કહ્યું). (એટલે કે) કોઈ અંશ ન રહે. આ..હા...!

**'સર્વ પ્રકારે નાશ થવાથી,...'** આસ્રવનો સર્વ પ્રકારે નાશ થવાથી. આહા..હા...! **[एतत् ज्ञानम्] 'આ જ્ઞાન...'** એટલે આત્મા. **[उन्मग्नम्]** આવ્યું. **[उन्मग्नम्]** બાહ્ય **'પ્રગટ થયું...'**

નિમગ્નમાં અંદર સમાઈ ગયું. આ પ્રગટ થયું. આહા..હા...! ઉન્મગ્ન, નિમગ્ન બે નદી છે ને ! આપણે આવી ગયું ને ! ઉન્મગ્ન. સવારમાં ઉન્મગ્ન. પર્યાયદૃષ્ટિથી જોવે તો ઉન્મગ્ન. દ્રવ્યદૃષ્ટિથી જોવે તો નિમગ્ન છે. આહા..હા...! રાગાદિ આસ્રવોનો **'નાશ થવાથી, આ જ્ઞાન પ્રગટ થયું...'** **[स्फारस्फारैः]** આ..હા..હા...! **[स्फारस्फारैः]** નો અર્થ ? અત્યંત અત્યંત. **[स्फारस्फारैः]** નો અર્થ અત્યંત અત્યંત. ચૈતન્યજ્યોતિનો જ્યાં આશ્રય લીધો ત્યારે અત્યંત અત્યંત પર્યાયમાં પ્રગટ થાતું જાય છે. આ..હા...! એવો **'અત્યંત અત્યંત (–અનંત અનંત)...'** **[स्फारस्फारैः]** નો અર્થ કર્યો.

**'વિસ્તાર પામતા...'** જ્ઞાનની પર્યાયની વિશાળતા પ્રગટ થતાં. **[स्वरसविसरैः]** **'નિજરસના ફેલાવથી...'** આનંદના ફેલાવથી, વિસ્તારથી જ્ઞાન જ્યાં આસ્રવરહિત થઈને પૂર્ણપણાને પ્રાપ્ત થયું, ત્યારે પોતાના નિજ આનંદના રસથી ફેલાણું. જ્ઞાન તો પૂર્ણ થયું પણ અતીન્દ્રિય આનંદનો રસ ફેલાણો. જ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદ આવ્યો. આહા..હા...! **'નિજરસના ફેલાવથી લોકના અંત સુધીના સર્વ ભાવોને...'** આહા..હા...! **'તરબોળ કરી દે છે...'** એટલે કે જાણે છે. આહા..હા...! એ જ્ઞાન જ્યાં અંતર પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત થયું, પૂર્ણ સ્વરૂપને આશ્રયે, પૂર્ણ સ્વરૂપને આશ્રયે પૂર્ણ સ્વરૂપ પ્રગટ થયું એ લોકાલોક પૂર્ણને તરબોળ કરી દે (છે). તરબોળ (કરી દે છે) એટલે એને જાણી લે છે. આહા..હા...! કોઈ વસ્તુ બાકી રહેતી નથી. તરબોળ કરી દે છે, જાણી લે છે.

**[अचलम्] જે જ્ઞાન 'પ્રગટ થયું ત્યારથી સદાકાળ અચળ છે...'** જે જ્ઞાન કેવળ થયું એ તો થયું એ થયું. સાદિ અનંત અચળ છે. આહા..હા...! એવી એવી પર્યાયની અનંતી શક્તિઓનો સાગર છે ઈ. આહા..હા...! એક પર્યાય એક ગુણની, એવી અનંતી પર્યાય અનંત ગુણની. **'જે જ્ઞાન પ્રગટ થયું ત્યારથી સદાકાળ અચળ છે અર્થાત્ પ્રગટ્યા પછી સદા એવું ને એવું જ રહે છે...'** જે સ્વરૂપ પ્રગટ્યું એ એવું ને એવું રહે છે. સોળ આને જેમ સોનું પ્રગટ્યું એમ આ પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન જે પ્રગટ્યું (એ) એવું ને એવું રહે છે. 'સાદિ અનંત અનંત સમાધિ સુખ' **'સદા એવું ને એવું જ રહે છે – ચળતું નથી, અને...'** **[अतुलं] 'જે જ્ઞાન અતુલ છે...'** આહા..હા...! જેને કોઈ ઉપમા આપી શકાતી નથી એવું અતુલ છે.

**'જેના તુલ્ય બીજું કોઈ નથી.'** એવું એ જ્ઞાન આસ્રવરહિત થતા અનાસ્રવી ભગવાનઆત્મા, એનો આશ્રય લેતા પૂર્ણ અનાસ્રવી દશા થાય છે ત્યારે આસ્રવ જરીયે રહેતો નથી. પણ એ પૂર્ણને જાણે અને અનંત આનંદને ફેલાવતું જ્ઞાન પ્રગટ થાય છે. અનંત જ્ઞાન અને અનંત આનંદ – બે. સાથે અનંત આનંદ – સુખ પણ પ્રગટ્યું. એકલું જ્ઞાન નહિ, જ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદ પણ ફેલાણો. આહા..હા...! **'જેના તુલ્ય બીજું કોઈ નથી.'** લ્યો ! આ..હા...!

**ભાવાર્થ છે. 'જે પુરુષ અંતરંગમાં ચૈતન્યમાત્ર પરમ વસ્તુને દેખે છે અને શુદ્ધનયના આલંબન વડે તેમાં એકાગ્ર થતો જાય છે તે પુરુષને, તત્કાળ સર્વ રાગાદિક આસ્રવભાવોનો સર્વથા અભાવ થઈને, સર્વ અતીત, અનાગત ને વર્તમાન પદાર્થોને જાણનારું નિશ્ચળ, અતુલ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે જ્ઞાન સર્વથી મહાન છે, તેના સમાન અન્ય કોઈ નથી.'** વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## પ્રવચન નં. ૨૫૭ શ્લોક-૧૨૫, ગાથા-૧૮૧-૧૮૩ મંગળવાર, જેઠ વદ ૧૦, તા. ૧૯-૦૬-૧૯૭૯

---

**इति आस्त्रवो निष्क्रान्तः।**

**इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यामात्मख्यातौ आस्त्रवप्ररूपकः चतुर्थोऽङ्कः।।**

**ટીકા :- આ રીતે આસ્રવ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.**

**ભાવાર્થ :-આસ્રવનો સ્વાંગ રંગભૂમિમાં આવ્યો હતો તેને જ્ઞાને તેના યથાર્થ સ્વરૂપે જાણી લીધો તેથી તે બહાર નીકળી ગયો.**

**યોગ કષાય મિથ્યાત્વ અસંયમ આસ્રવ દ્રવ્યત આગમ ગાયે,**
**રાગ વિરોધ વિમોહ વિભાવ અજ્ઞાનમયી યહ ભાવ જતાયે;**
**જે મુનિરાજ કરૈ ઇનિ પાલ સુરિદ્ધિ સમાજ લયે સિવ થાયે,**
**કાય નવાય નમૂં ચિત લાય કહૂં જય પાય લહૂં મન ભાયે.**

**આમ શ્રી સમયસારની (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં આસ્રવનો પ્રરૂપક ચોથો અંક સમાપ્ત થયો.**

---

('સમયસાર', ૧૨૪ કળશનો) ભાવાર્થ, છેલ્લી બે લીટી છે ને ! **'આસ્રવનો સ્વાંગ રંગભૂમિમાં આવ્યો હતો તેને...'** ઓળખીને ટાળ્યો, એ વાત છે. એમાં કાંઈ વિશેષ બીજી વાત નથી. મિથ્યાત્વ આદિ આસ્રવ રંગભૂમિમાં આવ્યા હતા એને જ્ઞાને જોઈ લીધું. જ્ઞાને (જોયું કે), હું તો ચૈતન્ય છું, પૂર્ણ આનંદ છું એવા ભાવ દ્વારા એ આસ્રવને જીતી લીધો. આસ્રવનો નાશ કર્યો. આ છે, એમ. આખા આસ્રવ અધિકારનો, આસ્રવનો સ્વાંગ આવ્યો હતો. એમ. નાટકની પેઠે આમાં કહ્યું છે ને ! **'રંગભૂમિમાં આવ્યો હતો તેને જ્ઞાને તેના યથાર્થ સ્વરૂપે જાણી...'** જે શુભ-અશુભ ભાવાદિ આસ્રવ છે, જે સ્વભાવથી ભિન્ન જાત છે.

સ્વભાવ છે એ શુદ્ધ ચૈતન્ય છે, એમ જાણી અને એ સ્વાંગને જેણે દૂર કર્યો. સ્વરૂપમાં સ્થિર થઈ એ અસ્થિરતાનો નાશ કર્યો. **'તેથી તે બહાર નીકળી ગયો.'** તેથી આસ્રવ રંગભૂમિમાં આવ્યો હતો એ નીકળી ગયો.

હવે, એના ઓલાનું (–અર્થનો) કળશ.

**યોગ કષાય મિથ્યાત્વ અસંયમ આસ્રવ દ્રવ્યત આગમ ગાયે,**
**રાગ વિરોધ વિમોહ વિભાવ અજ્ઞાનમયી યહ ભાવ જતાયે;**
**જે મુનિરાજ કરૈ ઇનિ પાલ સુરિદ્ધિ સમાજ લયે સિવ થાયે,**
**કાય નવાય નમૂં ચિત લાય કહૂં જય પાય લહૂં મન ભાયે.**

હિન્દીમાં ટૂંકું કર્યું. **'યોગ કષાય મિથ્યાત્વ અસંયમ આસ્રવ...'** એ દ્રવ્યત્વ છે. જડ, જડ પૂર્વના (બાંધેલા છે). **'દ્રવ્યત આગમ ગાયો,..'** પૂર્વના (કર્મ) સત્તામાં પડ્યા છે. **'રાગ વિરોધ વિમોહ વિભાવ અજ્ઞાનમયી યહ ભાવ...'** એ ભાવાસ્રવ. ઓલા પૂર્વના પડ્યા (છે) ઈ જડ આસ્રવ (કહ્યા). એ કંઈ બંધનું કારણ નથી. રાગ અને વિરોધ એટલે દ્વેષ, વિમોહ એટલે મિથ્યાત્વ. એવો વિભાવ અજ્ઞાનમય. અજ્ઞાનમય જે ભાવ **'યહ ભાવ જતાયે;...'** એ ભાવાસ્રવ બતાવ્યા.

**'જે મુનિરાજ કરૈ ઇનિ પાલ...'** જે મુનિરાજ પોતાનું પાલન (એટલે કે) સ્વરૂપની સ્થિરતા કરે **'સુરિદ્ધિ સમાજ...'** (અર્થાત્) અતીન્દ્રિય આનંદની ઋદ્ધિરૂપી પોતાનો સમાજ. **'લયે શિવ થાયે,...'** એ અનંત આનંદ ને અનંત શાંતિને પામી મુક્તિને પામે. **'કાય નવાય..'** 'જયચંદજી' પંડિત પોતે કહે છે. હિન્દી ટીકાકાર ! **'કાય નવાય...'** હું કાયાથી તેને નમું છું. **'ચિત્ત લાય...'** ચિત્તને સાથે રાખીને. એટલે ચિત્તથી પણ નમું છું, એમ. **'જય...'** એ આ 'જયચંદ્ર' ટીકાકાર. **'જય પાય...'** આમ જય મળે અને આસ્રવ ટળીને જય થાય અને એમ 'જય' પોતાનું નામ નાખ્યું. **'જય પાય લહૂં મન ભાયે.'** મનમાં ભાવના એ છે કે રાગથી રહિત થઈને હું શુદ્ધ થાઉં એવી મારી ભાવના છે.

**'આમ શ્રી સમયસારની (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં આસ્રવનો પ્રરૂપક ચોથો અંક સમાપ્ત થયો.'**

– ૫ –

# સંવર અધિકાર

## શ્લોક–૧૨૫

अथ प्रविशति संवरः।

(शार्दूलविक्रीडित)

आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रव-
न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं सम्पादयत्संवरम्।
व्यावृत्तं पररूपतो नियमितं सम्यक्स्वरूपे स्फुर-
ज्ज्योतिश्चिन्मयमुज्जवलं निजरसप्राग्भारमुज्जृम्भते।।१२५।।

---

મોહરાગરુષ દૂર કરી, સમિતિ ગુપ્તિ વ્રત પાળી;
સંવરમય આત્મા કર્યો, નમું તેહ, મન ધારી.

પ્રથમ ટીકાકાર આચાર્યમહારાજ કહે છે કે 'હવે સંવર પ્રવેશ કરે છે'. આસ્રવ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા પછી હવે સંવર રંગભૂમિમાં પ્રવેશે છે.

ત્યાં પ્રથમ તો ટીકાકાર આચાર્યદેવ સર્વ સ્વાંગને જાણનારા સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે :–

શ્લોકાર્થ :– [आसंसार-विरोधि-संवर-जय-एकान्त-अवलिप्त-आस्रव-न्यक्कारात्] અનાદિ સંસારથી માંડીને પોતાના વિરોધી સંવરને જીતવાથી જે એકાંત-ગર્વિત (અત્યંત અહંકારયુક્ત) થયો છે એવો જે આસ્રવ તેનો તિરસ્કાર કરવાથી [प्रतिलब्ध-नित्य-विजयं संवरम्] જેણે સદા વિજય મેળવ્યો છે એવા સંવરને [सम्पादयत्] ઉત્પન્ન કરતી, [पररूपतः व्यावृत्तं] પરરૂપથી જુદી (અર્થાત્ પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતા ભાવોથી જુદી), [सम्यक्-स्वरूपे नियमितं स्फुरत्] પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચળપણે પ્રકાશતી, [चिन्मयम्] ચિન્મય, [उज्ज्वलं]

**ઉજ્જવળ (–નિરાબાધ, નિર્મળ, દેદીપ્યમાન) અને [निज-रस-प्राग्भारम्] નિજરસના (પોતાના ચૈતન્યરસના) ભારવાળી – અતિશયપણાવાળી [ज्योतिः] જ્યોતિ [उज्जृम्भते] પ્રગટ થાય છે, ફેલાય છે.**

**ભાવાર્થ :– અનાદિ કાળથી જે આસ્રવનો વિરોધી છે એવા સંવરને જીતીને આસ્રવ મદથી ગર્વિત થયો છે. તે આસ્રવનો તિરસ્કાર કરીને તેના પર જેણે હંમેશને માટે જય મેળવ્યો છે એવા સંવરને ઉત્પન્ન કરતો, સમસ્ત પરરૂપથી જુદો અને પોતાના સ્વરૂપમાં નિશ્ચળ એવો આ ચૈતન્યપ્રકાશ નિરજરસની અતિશયતાપૂર્વક નિર્મળપણે ઉદય પામે છે. ૧૨૫.**

## શ્લોક ૧૨૫ ઉપર પ્રવચન

હવે, પાંચમો સંવર (અધિકાર).

**મોહરાગરુષ દૂર કરી, સમિતિ ગુપ્તિ વ્રત પાળી;**
**સંવરમય આત્મા કર્યો, નમું તેહ, મન ધારી.**

‘**મોહ...**’ એટલે મિથ્યાત્વ. ‘**રાગ..**’ અને ‘**રુષ...**’ (એટલે) દ્વેષ. ‘**દૂર કરી, સમિતિ ગુપ્તિ વ્રત પાળી;...**’ જેણે નિશ્ચય સમિતિ ગુપ્તિ અને વ્રતનો વિકલ્પ હોય એ. એ પણ લેવાય. ‘**સંવરમય આત્મા કર્યો,...**’ જેણે આત્માને રાગના વિકલ્પના આસ્રવથી રહિત કર્યો. ‘**નમું તેહ, મન ધારી.**’ તેને હું નમસ્કાર કરું છું. મનથી નમસ્કાર કરું છું.

‘**પ્રથમ ટીકાકાર આચાર્યમહારાજ કહે છે કે ‘હવે સંવર પ્રવેશ કરે છે’**. અખાડાની, રંગભૂમિની વાત લેવી છે ને ! ‘**આસ્રવ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા પછી હવે સંવર રંગભૂમિમાં પ્રવેશ કરે છે**’ :– સંવર આવે છે. આની ટીકા કરી છે ને ? ‘કળશટીકા’ ! ત્યાં બીજાની ટીકા કરતા પહેલા ૐ નમઃ લીધું છે. ‘સંવર અધિકાર’ છે ને ! આ ‘સંવર અધિકાર’ પહેલા કળશટીકાકારે ૐ નમઃ (લખ્યું છે). ‘સંવર અધિકાર’ અલૌકિક છે. જે અનંત કાળમાં કર્યો નથી. એથી બધી ટીકાઓ કરી પણ આ ટીકા કરતાં ૐ નમઃ નાખ્યું છે.

‘**ત્યાં પ્રથમ તો ટીકાકાર આચાર્યદેવ સર્વ સ્વાંગને જાણનારા સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે**’ :– લ્યો !

आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्त्रव-
न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं सम्पादयत्संवरम्।
व्यावृत्तं पररूपतो नियमितं सम्यक्स्वरूपे स्फुर-
ज्ज्योतिश्चिन्मयमुज्वलं निजरसप्राग्भावरमुजृम्भते।।१२५।।

**[आसंसार-विरोधि-संवर-जय-एकान्त-अवलिप्त-आस्त्रव-न्यक्कारात्] ‘અનાદિ સંસારથી માંડીને પોતાના વિરોધી...**’ આસ્રવ છે એનો વિરોધી સંવર છે. મિથ્યાત્વ, અવ્રત આદિ આસ્રવ,

એનો વિરોધી સંવર છે. એ આસ્રવે **'પોતાના વિરોધી સંવરને જીતવાથી...'** સંવર થવા ન દીધો. આસ્રવના પ્રેમમાં સંવર થવા ન દીધો એમ કહે છે. આહા..હા...! **'સંવરને જીતવાથી એકાંત-ગર્વિત...'** થયો છે. કોણ ? આસ્રવ. મેં મોટા માંધાતાને પાડ્યા છે. સાધુ નામ ધરાવનારા, અગિયાર અંગના ભણનાર, પંચ મહાવ્રતના પાળનાર એવાને પણ મેં પાડ્યા છે. આસ્રવ છે એમાં એને પ્રેમ છે. એ આસ્રવ છે. આહા..હા...! મારા પંજામાંથી કોઈને નીકળવા નથી દીધા. એવો અહંકાર આસ્રવને થયો. આહા..હા...!

**'એકાંત-ગર્વિત (અત્યંત અહંકારયુક્ત) થયો છે એવો જે આસ્રવ તેનો તિરસ્કાર કરવાથી...'** હવે સંવર(ની વાત કરે છે). આહા..હા...! સ્વનો આશ્રય લઈ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરી તેનો તિરસ્કાર કર્યો. **[प्रतिलब्ध-नित्य-विजयं संवरम्] 'જેણે સદાય વિજય મેળવ્યો છે...'** ઓલાએ (–આસ્રવે) તો ફક્ત અનાદિકાળથી અમુક (સમય) સુધી વિજય (મેળવ્યો) હતો અને આણે (–સંવરે) તો સદાય વિજય મેળવ્યો છે. શું કહે છે એમ કહીને ? કે, જેણે રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન આત્માનો અનુભવ કર્યો, શુદ્ધ ચૈતન્ય અને સંવર પ્રગટ કર્યો એનો હવે સદાય વિજય રહેવાનો. આહા..હા...! એ સંવર હવે આસ્રવ થવાનો નહિ, સંવરથી પડવાના નહિ, એમ કહે છે. આહા..હા...!

જેણે ભગવાનઆત્મા પૂર્ણ આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એમ જેણે અનુભવમાં લીધો એ સંવર (છે). એ સંવરે સદા.. આ..હા...! વિજય મેળવ્યો છે. આહા..હા...! એવો સંવર – આસ્રવ ઉપર સદાય વિજય મેળ્વયો છે એવો સંવર. જે સંવર એકવાર થયો એ ફરીવાર પડવાનો નહિ, એમ કહે છે. આહા..હા...! આચાર્યની ભાષા જુઓ ! **'સદા વિજય મેળવ્યો છે...'** એવો સંવર. કારણ કે આસ્રવ તો અમુક અનાદિસાંત હતો. આ તો સાદિઅનંત સંવર પ્રગટ્યો એટલે સાદિઅનંત સંવર રહેવાનો. આહા..હા...! સમકિત થયું એ સમકિત સાદિઅનંત રહેવાનું. એવી વાત છે. શ્લોક ઊંચો છે આ !

**[प्रतिलब्ध-नित्य-विजयं संवरम्] 'જેણે સદાય વિજય મેળવ્યો છે...'** એવો જે સંવર. **[सम्पादयत्] 'ઉત્પન્ન કરતી,...'** આહા..હા...! ચિન્‌જ્યોતિની વાત કરવી છે ને ! ચિન્‌જ્યોતિ – જ્ઞાનરૂપી જ્યોતિ એવો જે ભગવાનઆત્મા, એ ચિન્મય જ્યોતિ ઉત્પન્ન કરતી. સંવરને ઉત્પન્ન કરતાં ચૈતન્યજ્યોતિ ઉત્પન્ન થઈ. ઓલો જે આસ્રવ ઉત્પન્ન થતો એ અહીં ચૈતન્ય ઉત્પન્ન થયો. ચૈતન્ય ! સંવરે, ચૈતન્યસ્વરૂપ ત્રિકાળ, એના આશ્રયથી ચિન્મય ચૈતન્યજ્યોતિ પ્રગટ થઈ. આ..હા...! આવું છે.

**[पररूपतः व्यावृत्तं]** પુણ્ય અને પાપના વિકલ્પો, એનાથી સંવર દશા વ્યાવૃત્ત થઈ, દશા રહિત થઈ. આહા..હા...! આ સંવર ! આમ તો સંવર ઘણા લઈને બેસે છે. આસ્રવનો તમે કરાવો સંવર. એ સંવર નહિ. અંતરના અનંત આનંદના સ્વભાવનો ભેટો કરી અને તેમાં લીનતા થઈ, તેથી આસ્રવ ઉત્પન્ન થયો નહિ અને તે ન થયો તે હવે થવાનો નહિ. એવી રીતે સંવર સદાય રહે (એવો) વિજય મેળવ્યો. આ..હા...! અને તેથી ચૈતન્યજ્યોતિ

પરરૂપથી નિવૃત્તિ થઈ. ચૈતન્યજ્યોતિ – ભાષા એમ છે ને ? **'ઉત્પન્ન કરતી...'** એટલે શું (ઉત્પન્ન કરતી) ? (કે) ચૈતન્યજ્યોતિ ઉત્પન્ન કરતી. આહા..હા...!

**'પરરૂપથી જુદી (અર્થાત્ પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતા ભાવોથી જુદી),...'** પરદ્રવ્ય – શરીર, કર્મ વગેરે અને પરદ્રવ્યના નિમિત્તથી થતા વિકાર ભાવ, એનાથી ચૈતન્યજ્યોતિ જુદી થઈ. આહા..હા...! આમાં પર્યાયની વાત છે, હોં ! ત્રિકાળી ચૈતન્ય છે એ તો (છે). આ તો ચૈતન્યજ્યોતિ પર્યાયમાં પ્રગટ થઈ. સંવર પર્યાયની વાત છે ને ! સંવર એ પર્યાય છે. તો એ ચૈતન્યજ્યોતિ ત્રિકાળ જે છે તેનો આશ્રય લઈને પરથી રહિત થઈને, સ્વથી સહિત થઈને, ચૈતન્યજ્યોતિ પર્યાયમાં પ્રગટ થઈ. આહા..હા...!

**[सम्यक्-स्वरूपे नियमितं स्फुरत्] 'પોતાના સમ્યક્ સ્વરૂપમાં...'** જે ચૈતન્યજ્યોતિ જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ એ પોતાના નિશ્ચળ સ્થિર સ્વરૂપમાં **'પ્રકાશતી,...' 'પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચળપણે પ્રકાશતી,...'** આહા..હા...! **'ચિન્મય, ઉજ્જવળ (–નિરાબાધ, નિર્મળ, દેદીપ્યમાન)...'** એવી **[निज-रस-प्राग्भारम्]** (અર્થાત્) પોતાની શક્તિના જોરથી. **[प्राग्भारम्] '(પોતાના ચૈતન્યરસના) ભારવાળી...'** આ..હા..હા...! આસ્રવને તો ક્યાંય તોડી નાખ્યો, કહે છે. પોતાના ચૈતન્યસ્વરૂપના ભારવાળી દશા પ્રગટી છે. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... એવી જે શુદ્ધ પરિણતિ અને **[निज-रस-प्राग्भारम्] 'નિજરસના (પોતાના ચૈતન્યરસના)...'** આહા..હા...! આસ્રવમાં તો દુઃખરસ હતો. આ નિજરસ, આનંદના રસથી ફેલાય છે. બે બોલ લીધા. ચૈતન્ય ચિન્જ્યોતિ પ્રગટી પણ નિજરસ – આનંદસહિત પ્રગટી. ત્યાં ત્યાં જ્ઞાન ને આનંદ વધારે લે છે.

**'પોતાના સમ્યક્ સ્વરૂપમાં...' '(નિર્મળ, દેદીપ્યમાન) નિજરસના (પોતાના ચૈતન્યરસના) ભારવાળી...'** ચૈતન્યરસનો અતિશય – વિશેષતા થઈ. આહા..હા...! આસ્રવનો અભાવ કરી અને સ્વરૂપનો આશ્રય કર્યો ત્યારે આવી ચૈતન્યજ્યોતિ નિજરસ – આત્માના રસવાળી, આનંદના રસવાળી પ્રગટ થઈ. આવું છે. આ..હા...! **'જ્યોતિ પ્રગટ થાય છે,...'** લ્યો ! અહીં કહ્યું છે ને ? ઉત્પન્ન. ઉત્પન્ન કરતી, હતું ને ન્યાં ? એ ઉત્પન્ન કરતી (એટલે) આ ચૈતન્યજ્યોતિ. **'પ્રગટ થાય છે, ફેલાય છે.'** આ..હા..હા...! આ તો જ્ઞાનની માંગળિકતા કરી.

પોતાના ચૈતન્યસ્વરૂપથી ભરેલો, તેનો આશ્રય લઈને ચૈતન્યજ્યોતિ પ્રગટ થઈ એ નિત્ય પ્રકાશમાન રહેતી અને પોતાના નિજરસથી પ્રગટ થઈ. એનો પરરસ ટળી ગયો. આનંદના રસથી પ્રગટ થઈ. સંવર થાય તેને આનંદ આવે, એમ કહે છે. આહા..હા...! નિજરસના... આ..હા...! અતિયશયથી જ્યોતિ – ચૈતન્યજ્યોતિ પ્રગટ થાય છે, વિસ્તાર પામે છે. જ્ઞાન પોતે પર્યાયમાં વિસ્તાર... વિસ્તાર.. વિસ્તાર પામે છે, ફેલાય છે. જેમ કમળ ખીલે એમ ભગવાનઆત્મા આસ્રવથી રોકાયને સ્વરૂપ તરફ ઢળતા એ આત્મા પર્યાયમાં ખીલી નીકળે છે. જ્ઞાન, આનંદ, શ્રદ્ધા આદિ શાંતિ આદિથી ખીલી નીકળે છે. એને અહીં સંવર કહેવામાં આવે છે. લોકોમાં આમ થોડો હાથ જોડીને ઉભો રહે તો (કહે) સંવર થઈ ગયો ! આ

'જામનગર'માં આઠમ ને પાખીના અપવાસ કરે ને ઘણા સંવર કરે. જેમ પોષા કરે ને એવી રીતે સંવર કરે.

ભાવાર્થ :– **'અનાદિ કાળથી જે આસ્રવનો વિરોધી છે...'** (એટલે કે) સંવર **'એવા સંવરને જીતીને આસ્રવ મદથી ગર્વિત થયો છે.'** આહા..હા...! નવમી ગ્રૈવેયક ગયા એવા દિગંબર સાધુ મિથ્યાદૃષ્ટિને પણ મેં વશ કર્યા છે. હજારે રાણી છોડી, ઘર, દુકાન, મકાન છોડી, ધંધા છોડીને ત્યાગી થયો પણ છતાં આસ્રવ કહે છે કે, એમાં મારી જીત થઈ છે. (કેમકે) રાગનો ભાવ છે એને જ એણે ધર્મ માન્યો. આહા..હા...! મહાવ્રતના પરિણામ આદિ છે એને પોતાનો ધર્મ માની (લીધો).

અહીં સંવર લે છે. **'તેના પર જેણે હંમેશને માટે જય મેળવ્યો છે...'** લ્યો ! **'તે આસ્રવનો તિરસ્કાર કરીને...'** તિરસ્કાર કરીને એટલે કે ફરીને હવે તું થઈશ નહિ. આહા..હા...! **'તે આસ્રવનો તિરસ્કાર કરીને તેના પર જેણે હંમેશને માટે જય મેળવ્યો છે...'** આહા..હા...! શું આચાર્યની શૈલી ! ઓ..હો..હો...! કહે છે ને, **'હંમેશને માટે જય મેળવ્યો છે...'** આમાંથી હું હવે પડી જઈશ, સંવરથી પડી જઈશ હવે એ વસ્તુસ્વરૂપમાં એમ નથી. આહા..હા...! એક વાત છે ને, 'નયપરીહિણા'માં ? 'આસ્રવ (અધિકાર)'માં. બાકી આદરવાનું આ (છે). આહા..હા...! સંવર ઉત્પન્ન થયો એ હંમેશને માટે જય મેળવ્યો. આહા..હા...!

આનંદસાગર આત્મા ! પુણ્ય અને પાપના શુભ-અશુભ બધા રાગ મેલ, આસ્રવ, અશુચિ અને જડ, દુઃખરૂપ (છે). આ..હા...! તેનાથી ભિન્ન પડી, તેને તિરસ્કાર કરી અને પોતાના ચૈતન્યસ્વરૂપમાં લીન થયો એના નિજરસથી, આનંદના રસથી ચૈતન્યજ્યોતિ ફેલાય. આહા..હા...!

(લોકો) એમ કહેતા કે, આ તો માળું કષ્ટ છે. મુનિપણું કે આ ધર્મ કષ્ટ(રૂપ) છે. એમ નથી. આનંદરસવાળું છે. ધર્મ છે એ આનંદના રસવાળો છે અને ઓલું તો આકરું પડે, પરિષહ સહન કરવામાં તો. આહા..હા...! નિજરસના ચૈતન્યપ્રકાશ પોતાના સ્વરૂપથી (અભિન્ન) **'અને પોતાના સ્વરૂપમાં નિશ્ચળ એવો આ ચૈતન્યપ્રકાશ નિજરસની અતિશયતાપૂર્વક નિર્મળપણે ઉદય પામે છે.'** આ..હા..હા...! ટીકાકારી ટીકા વખતે ઉમેદ છે, ઉમેદ અંદરથી ! આ..હા..હા...! અમે હવે અમારા તરફ ગયા એ હવે બહાર નહિ નીકળવાના. આ..હા..હા...! અમે અમારા ઘરમાં ગયા (એટલે) સદાય અમારો વિજય થયો. આસ્રવ ઉપર સદાયને માટે વિજય મેળવ્યો. આહા..હા...! એક આસ્રવ (અધિકારમાં) વળી નય પરીહિણા જણાવ્યું હતું. કો'કને એવું થાય. શુદ્ધનયથી ભ્રષ્ટ થઈ જાય.

અહીં કહે છે કે, આ તો જેવો અંદર ભગવાન પ્રગટ્યો છે, ચૈતન્યજ્યોત, જાગતી જ્યોત એવી ને એવી રહેવાની છે. આ..હા..હા...! એમ કહીને અપ્રતિહત સંવરદશા બતાવી છે. આ..હા..હા...!

# ગાથા-૧૮૧ થી ૧૮૩

तत्रादावेव सकलकर्मसंवरणस्य परमोपायं भेदविज्ञानमभिनन्दति -

उवओगे उवओगो कोहादिसु णत्थि को वि उवओगो।
कोहो कोहे चेव हि उवओगे णत्थि खलु कोहो।।१८१।।
अट्ठवियप्पे कम्मे णोकम्मे चावि णत्थि उवओगो।
उवओगम्हि य कम्मं णोकम्मं चावि णो अत्थि।।१८२।।
एदं तु अविवरीदं णाणं जइया दु होदि जीवस्स।
तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा।।१८३।।

उपयोगे उपयोगः क्रोधादिषु नास्ति कोऽप्युपयोगः।
क्रोधः क्रोधे चैव हि उपयोगे नास्ति खलु क्रोधः।।१८१।।
अष्टविकल्पे कर्मणि नोकर्मणि चापि नास्त्युपयोगः।
उपयोगे च कर्म नोकर्म चापि नो अस्ति।।१८२।।
एतत्त्वविपरीतं ज्ञानं यदा तु भवति जीवस्य।
तदा न किञ्चित्करोति भावमुपयोगशुद्धात्मा।।१८३।।

---

न खल्वेकस्य द्वितीयमस्ति, द्वयोर्भिन्नप्रदेशत्वेनैकसत्तानुपपत्तेः। तदसत्त्वे च तेन सहाधाराधेयसम्बन्धोऽपि नास्त्येव। ततः स्वरूपप्रतिष्ठत्वलक्षण एवाधाराधेयसम्बन्धोऽवतिष्ठते। तेन ज्ञानं जानत्तायां स्वरूपे प्रतिष्ठितं, जानत्ताया ज्ञानादपृथग्भूतत्वात्, ज्ञाने एव स्यात्। क्रोधादीनि क्रुध्यत्तादौ स्वरूपे प्रतिष्ठितानि, क्रुध्यत्तादेः क्रोधादिभ्योऽपृथग्भूतत्वात्, क्रोधादिष्वेव स्युः। न पुनः क्रोधादिषु कर्मणि नोकर्मणि वा ज्ञानमस्ति, न च ज्ञाने क्रोधादयः कर्म नोकर्म वा सन्ति, परस्परमत्यन्तं स्वरूपवैपरीत्येन परमार्थाधाराधेयसम्बन्धशून्यत्वात्। न च यथा ज्ञानस्य जानता स्वरूपं तथा क्रुध्यत्तादिरपि, क्रोधादीनां च यथा क्रुध्यत्तादि स्वरूपं तथा जानत्तापि कथञ्चनापि व्यवस्थापयितुं शक्येत, जानत्तायाः क्रुध्यत्तादेश्च स्वभावभेदेनोद्भासमानत्वात् स्वभावभेदाच्च वस्तुभेद एवेति नास्ति ज्ञानाज्ञानयोराधाराधेयत्वम्।

किञ्च यदा किलैकमेवाकाशं स्वबुद्धिमधिरोप्याधाराधेयभावो विभाव्यते तदा शेषद्रव्यान्तराधिरोपनिरोधादेव बुद्धेर्न भिन्नाधिकरणापेक्षा प्रभवति। तदप्रभवे चैकमाकाशमेवैकस्मिन्नाकाश

एव प्रतिष्ठितं विभावयतो न पराधारधेयत्वं प्रतिभाति। एवं यदैकमेव ज्ञानं स्वबुद्धिमधिरोप्याधाराधेय-भावो विभाव्यते तदा शेषद्रव्यान्तराधिरोपनिरोधादेव बुद्धेर्न भिन्नाधिकरणापेक्षा प्रभवति। तदप्रभवे चैकं ज्ञानमेवैकस्मिन् ज्ञान एव प्रतिष्ठितं विभावयतो न पराधाराधेयत्वं प्रतिभाति। ततो ज्ञानमेव ज्ञाने एव, क्रोधादय एव क्रोधादिष्वेवेति साधु सिद्धं भेदविज्ञानम्।

---

ત્યાં (સંવર અધિકારની) શરૂઆતમાં જ, (ભગવાન કુંદકુંદાચાર્ય) સકળ કર્મનો સંવર કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છે :–

ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,
છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.
ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,
કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.
આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્ભવે છે જીવને,
ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩.

ગાથાર્થ :– [उपयोगः] ઉપયોગ [उपयोगे] ઉપયોગમાં છે, [क्रोधादिषु] ક્રોધાદિકમાં [कोऽपि उपयोगः] કોઈ ઉપયોગ [नास्ति] નથી; [च] વળી [क्रोधः] ક્રોધ [क्रोधे एव हि] ક્રોધમાં જ છે, [उपयोगे] ઉપયોગમાં [खलु] નિશ્ચયથી [क्रोधः] ક્રોધ [नास्ति] નથી. [अष्टविकल्पे कर्मणि] આઠ પ્રકારનાં કર્મ [च अपि] તેમ જ [नोकर्मणि] નોકર્મમાં [उपयोगः] ઉપયોગ [नास्ति] નથી [च] અને [उपयोगे] ઉપયોગમાં [कर्म] કર્મ [च अपि] તેમ જ [नोकर्म] નોકર્મ [नो अस्ति] નથી. – [एतत् तु] આવું [अविपरीतं] અવિપરીત [ज्ञानं] જ્ઞાન [यदा तु] જ્યારે [जीवस्य] જીવને [भवति] થાય છે, [तदा] ત્યારે [उपयोगशुद्धात्मा] તે ઉપયોગસ્વરૂપ શુદ્ધાત્મા [किञ्चित् भावम्] ઉપયોગ સિવાય અન્ય કોઈ પણ ભાવને [न करोति] કરતો નથી.

ટીકા :– ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી) કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી તેમને એક સત્તાની અનુપપત્તિ છે (અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે); અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ. તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દ્રઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે. માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (–રહેલું) છે તે, જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે, જ્ઞાનમાં જ છે; ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે તે, ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું હોવાને લીધે, ક્રોધાદિકમાં જ છે. (જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે, માટે જ્ઞાન આધેય અને જાણનક્રિયા આધાર છે. જાણનક્રિયા આધાર હોવાથી

એમ ઠર્યું કે જ્ઞાન જ આધાર છે, કારણ કે જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી. આ રીતે એમ સિદ્ધ થયું કે જ્ઞાન જ્ઞાનમાં જ છે. એવી જ રીતે ક્રોધ ક્રોધમાં જ છે). વળી ક્રોધાદિકમાં, કર્મમાં કે નોકર્મમાં જ્ઞાન નથી અને જ્ઞાનમાં ક્રોધાદિક, કર્મ કે નોકર્મ નથી કારણ કે તેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા હોવાથી (અર્થાત્ જ્ઞાનનું સ્વરૂપ અને ક્રોધાદિક તેમ જ કર્મ-નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી) તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી. વળી જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે તેમ (જ્ઞાનનું સ્વરૂપ) ક્રોધાદિક્રિયા પણ છે એમ, અને ક્રોધાદિકનું સ્વરૂપ જેમ ક્રોધાદિક્રિયા છે તેમ (ક્રોધાદિકનું સ્વરૂપ) જાણનક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી; કારણ કે જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે અને એ રીતે સ્વભાવો ભિન્ન હોવાથી વસ્તુઓ ભિન્ન જ છે. આ રીતે જ્ઞાનને અને અજ્ઞાનને (ક્રોધાદિકને) આધારાધેયપણું નથી.

વળી વિશેષ સમજાવવામાં આવે છે :– જ્યારે એક જ આકાશને પોતાની બુદ્ધિમાં સ્થાપીને (આકાશનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં સ્થાપવાનું અશક્ય જ હોવાથી) બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી (–ફાવી શકતી નથી, ઠરી જાય છે, ઉદ્‌ભવતી નથી); અને તે નહિ પ્રભવતાં, 'એક આકાશ જ એક આકાશમાં પ્રતિષ્ઠિત છે' એમ બરાબર સમજી જવાય છે અને તેથી એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી. એવી રીતે જ્યારે એક જ જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને (જ્ઞાનનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી; અને તે નહિ પ્રભવતાં, 'એક જ્ઞાન જ એક જ્ઞાનમાં પ્રતિષ્ઠિત છે' એમ બરાબર સમજી જવાય છે અને તેથી એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી. માટે જ્ઞાન જ જ્ઞાનમાં જ છે, ક્રોધાદિક જ ક્રોધાદિકમાં જ છે.

આ પ્રમાણે (જ્ઞાનનું અને ક્રોધાદિક તેમ જ કર્મ-નોકર્મનું) ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું.

ભાવાર્થ :– ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે અને ક્રોધાદિ ભાવકર્મ, જ્ઞાનવરણાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ–એ બધાંય પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી જડ છે; તેમને અને જ્ઞાનને પ્રદેશભેદ હોવાથી અત્યંત ભેદ છે. માટે ઉપયોગમાં ક્રોધાદિક, કર્મ તથા નોકર્મ નથી અને ક્રોધાદિકમાં, કર્મમાં તથા નોકર્મમાં ઉપયોગ નથી. આ રીતે તેમને પારમાર્થિક આધારાધેયસંબંધ નથી; દરેક વસ્તુને પોતપોતાનું આધારાધેયપણું પોતપોતામાં જ છે. માટે ઉપયોગ ઉપયોગમાં જ છે, ક્રોધ ક્રોધમાં જ છે. આ રીતે ભેદવિજ્ઞાન બરાબર સિદ્ધ થયું. (ભાવકર્મ વગેરેનો અને ઉપયોગનો ભેદ જાણવો તે ભેદવિજ્ઞાન છે).

## ગાથા–૧૮૧ થી ૧૮૩ ઉપર પ્રવચન

**'ત્યાં (સંવર અધિકારની) શરૂઆતમાં જ, (ભગવાન કુંદકુંદાચાર્ય) સકળ કર્મનો સંવર કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છે :–'** ભેદવિજ્ઞાન ઉત્કૃષ્ટ ઉપાય છે. ગમે તેવો વિકલ્પ હોય એનાથી ભિન્ન પડવું અને સ્વરૂપમાં અભેદ થવું એ ઉપાય છે. એ વાત કરે છે, જુઓ !

**उवओगे उवओगो कोहादिसु णत्थि को वि उवओगो।**
**कोहो कोहे चेव हि उवओगे णत्थि खलु कोहो।।१८१।।**
**अट्ठवियप्पे कम्मे णोकम्मे चावि णत्थि उवओगो।**
**उवओगम्हि य कम्मं णोकम्मं चावि णो अत्थि।।१८२।।**
**एदं तु अविवरीद णाणं जइया दु होदि जीवस्स।**
**तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा।।१८३।।**

હરિગીત.

**ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,**
**છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.**
**ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,**
**કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.**
**આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્ભવે છે જીવને,**
**ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩.**

**ટીકા :– 'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)...'** આહા..હા...! ખરેખર ભગવાન એક આત્મસ્વરૂપ, તેની બીજી વસ્તુ નથી, બીજી તેની નથી. એકની બીજી નથી. આહા..હા...! એના પુણ્ય-પાપેય, એના નથી. આ..હા...! એક વસ્તુની બીજી વસ્તુ નથી. **'કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** આહા..હા...!

મુમુક્ષુ :– વિકારના પ્રદેશો જુદા છે.

ઉત્તર :– આમાં કહ્યું શું ? ઉપયોગમાં ઉપયોગ છે, ઉપયોગમાં ઉપયોગ છે. શુદ્ધ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ(ની) પરિણતિ એ ઉપયોગમાં ઉપયોગઆત્મા છે. શું કીધું ? ઉપયોગમાં ઉપયોગ છે. પહેલો ઉપયોગ છે એ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પરિણતિ. એ ઉપયોગમાં ઉપયોગ છે (એટલે કે) એમાં આત્મા છે. કારણ કે એ દ્વારા આત્મા જણાય છે. છે ને ?

ઉપયોગમાં ઉપયોગ છે. આ..હા...! પહેલો શબ્દ જ આકરો છે. આત્મા શેમાં છે ? કહે છે કે, આત્મા શુભ-અશુભ ભાવરહિત શુદ્ધ ભાવ દર્શન, જ્ઞાન ને ચારિત્ર, એવા ભાવમાં આત્મા છે. આત્મામાં આ ભાવ છે એમ નહિ લેતાં આ ભાવમાં આત્મા છે (એમ કહ્યું). કેમ ? એને આધાર બનાવ્યો. આધેય બનાવ્યો આત્માને. શું કીધું ઈ ? શુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન પવિત્ર પરિણામ, એને આધાર બનાવ્યો. એને આધારે જ આત્મા આધેય છે. આ ઝીણી વાત છે.

ઉપયોગમાં ઉપયોગ છે. પહેલો ઉપયોગમાં એટલે શુદ્ધ પરિણતિ. વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ શુદ્ધ પરિણતિ તે ઉપયોગ. એ ઉપયોગમાં ઉપયોગ છે. એ ઉપયોગની પરિણતિમાં આત્મા છે. આમ જોઈએ તો દ્રવ્યને આધારે પર્યાય છે. અહીં તો કહે છે કે, પર્યાયને આધારે દ્રવ્ય છે. કારણ કે પર્યાયથી જણાણો ને એટલે. સમજાય છે ? બીજી શૈલી કરતાં આ શૈલી જુદી લીધી.

ઉપયોગમાં આત્મા છે. ઉપયોગ એટલે શુદ્ધ ઉપયોગ. રાગ-દ્વેષ રહિત એવો જે શુદ્ધ ઉપયોગ, એ ઉપયોગમાં ઉપયોગ એટલે આત્મા દ્રવ્ય છે. કેમકે એ શુદ્ધ ઉપયોગ દ્વારા જણાય છે. જેનાથી જણાણો એને આધારે આત્મા છે એમ કીધું. થોડી ઝીણી વાત છે. આ ગાથા થોડી ઝીણી છે. આ..હા...! કેમકે પરિણતિ જે શુદ્ધ છે, એ શુદ્ધમાં શુદ્ધ દ્રવ્ય છે એમ જણાય છે. અશુદ્ધથી જણાતો નથી તેમ શુદ્ધમાં દ્રવ્ય છે એવું જાણ્યું કોણે ? કે, શુદ્ધ પરિણતિએ. એટલે શુદ્ધ પરિણતિમાં શુદ્ધ દ્રવ્ય છે. આહા..હા...! ઉપયોગમાં ઉપયોગ છે. આ..હા...! હજી આગળ લેશે.

**'કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** શું કહે છે ? આ આવ્યું આમાં. ઉપયોગ શુદ્ધ છે એમાં આત્મા છે. હવે, અહીં તો એ લેવું છે કે, જે પુણ્ય અને પાપના ભાવ છે એના પ્રદેશો ભિન્ન છે. અસંખ્ય પ્રદેશમાં એ પર્યાય ઉત્પન્ન થાય એના ભેદ છે. વિકારી ભાવ ઉત્પન્ન થાય તે આત્માના અસંખ્ય પ્રદેશથી ભિન્ન પ્રદેશ છે. લ્યો, આવું ઝીણું છે. છે તો એ અસંખ્ય પ્રદેશ, પણ એનો જે છેલ્લો ભાગ છે એના એ પ્રદેશમાં છે. એથી અહીં કહ્યું કે, **'બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** ભગવાનઆત્માની શુદ્ધ પરિણતિમાં જણાણો એ પ્રદેશ અને આસ્રવના પ્રદેશ બે તદ્દન ભિન્ન છે. છે તો એના અસંખ્ય પ્રદેશ. ઝીણી વાત છે, ભઈ ! અહીં તો વિકાર (લીધું છે). નહિતર નિર્વિકારીમાં પણ પ્રદેશ ભિન્ન છે.

નિર્વિકારી પરિણતિ અને શુદ્ધ દ્રવ્ય, ઓલી પર્યાય છે માટે એટલો અંશ, પ્રદેશ ભિન્ન છે. પણ ઈ અહીં અત્યારે નથી કહેવું. એ 'ચિદ્‌વિલાસ'માં આવે છે. 'ચિદ્‌વિલાસ'માં ! 'ચિદ્‌વિલાસ' ! નિર્મળ પરિણતિના પ્રદેશ ભિન્ન છે અને દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે. નિર્મળ પરિણતિ પર્યાય છે અને દ્રવ્ય છે તે ધ્રુવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ ! એનું

જે ભાન થયું એ ભાનમાં આત્મા જણાણો માટે ભાનમાં આત્મા છે. આત્મામાં ભાન છે એમ નહિ. રાગથી, શુભથી તો જણાય નહિ. રાગથી ભિન્ન (છે). દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ આસ્રવ છે. એનાથી આત્મા જણાય નહિ અને એનાથી આત્માને લાભ થાય નહિ. એ અંદર જણાય (તો) આસ્રવરહિત શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા, શાંતિ ને આનંદની જે પરિણતિ થાય એમાં આત્મા જણાણો. એમાં આત્મા છે. જેમાં જણાણો તેમાં તે છે. આ ઝીણું છે.

કેમકે એક વસ્તુની બીજી વસ્તુ નથી. એક આત્મા બીજા આત્મામાં નથી, બીજા આત્માને લઈને નથી. આહા..હા...! એક પરમાણુ બીજા પરમાણુને લઈને નથી. આહા..હા...! એમ આ આત્મા બીજા દ્રવ્યને લઈને નથી, કર્મને લઈને નથી. આહા..હા...! **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી. એ આત્માને અને કર્મને પણ કાંઈ સંબંધ નથી. કર્મ પરદ્રવ્ય છે, આ ચૈતન્ય સ્વદ્રવ્ય છે.

**'બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** જોઈ ઓલી વસ્તુ કીધી ! કોને ? એ આસ્રવને પણ વસ્તુ કીધી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આસ્રવ, રાગ (છે) એને અહીં વસ્તુ કીધી. **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** કેમકે બન્નેના પ્રદેશો ભિન્ન છે. આ..હા..હા...! પહેલું એ સિદ્ધ કર્યું કે, ચૈતન્યપ્રભુ એ આસ્રવ વસ્તુથી ભિન્ન છે. આસ્રવ વસ્તુ એ જીવની નહિ અને જીવ આસ્રવનો નહિ. આહા..હા...! **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** આસ્રવો આત્માની વસ્તુ નથી. આત્માના પરમાણુ આદિ નથી. આત્માના આ છોકરા, બાયડી, પૈસા, ધંધો એના નથી.

મુમુક્ષુ :– નિશ્ચયે નથી, વ્યવહારે છે.

ઉત્તર :– વ્યવહાર એટલે ખોટું બોલવા માટે હોય. આહા..હા...!

અહીં તો આસ્રવમાં એ વસ્તુ નથી. વસ્તુ છે એ બીજી વસ્તુની નથી એટલે આસ્રવની નથી. મિથ્યાત્વ ને રાગ-દ્વેષના પરિણામ થાય તેની આ વસ્તુ નથી. આહા..હા...! તો બહારની વાત તો ક્યાં કરવી ? કહો, 'ચીમનભાઈ' શું કરવું આમાં ? કારખાનામાં જાવું ? આ..હા...! અહીં બે વસ્તુ લીધી. એક કોર આસ્રવ અને એક કોર આત્મા. બીજી ચીજ તો છે જ નહિ પણ એક વસ્તુ બીજી વસ્તુમાં નથી. એટલે આત્મા આસ્રવમાં નથી અને આસ્રવ આત્મામાં નથી. આહા..હા...!

આ ગંભીર શ્લોક છે. કારણ કે, (એક વસ્તુને બીજી વસ્તુ સાથે) સંબંધ જ નથી. આહા..હા...! ભગવાનઆત્મા અને આસ્રવને કાંઈ સંબંધ જ નથી. આહા..હા...! ભિન્ન તત્ત્વ છે કે નહિ ? આત્મા અને આસ્રવ તો ભિન્ન તત્ત્વ છે ને ? નવ તત્ત્વમાં ભિન્ન છે કે નહિ ? તો આ નવ તત્ત્વમાં આવ્યું. આત્મા જ્ઞાયકતત્ત્વ છે, આસ્રવ મલિનતત્ત્વ છે, ભિન્ન તત્ત્વ છે. આહા..હા...! આવી વાત સાંભળે નહિ, સાંભળવા મળે નહિ પછી ગોટા

વાળે. એક સમયનો સંવર એના જન્મ-મરણના અંત લાવે. આ..હા..હા...!

બે વાત થઈ કે, એક વસ્તુને બીજી વસ્તુ (સાથે) સંબંધ નથી. આત્માને અને આસ્રવને સંબંધ નથી, આત્માને અને કર્મને સંબંધ નથી, આત્માને અને શરીરને સંબંધ નથી, આત્માને બહારના ધંધા, બાયડી, છોકરાની સાથે કાંઈ સંબંધ નથી, કહે છે.

મુમુક્ષુ :– કોઈ રોટલા નહિ ઘડી દ્યે.

ઉત્તર :– કોણ (ઘડે) ? એનો આત્મા છે એ બીજી ચીજનો નથી. એનો આત્મા છે – સ્ત્રીનો આત્મા છે એ પતિનો નહિ. પતિનો આત્મા છે એ પત્નીનો નહિ. આહા..હા...! એક વસ્તુને બીજી વસ્તુ (સાથે) સંબંધ નથી. આ..હા..હા...! આવું છે.

અહીં તો આગળ લઈ ગયા. એક વસ્તુ – આસ્રવ એ બીજી વસ્તુ છે, એમ કહે છે. આમ તો નવ તત્ત્વમાં તો સંવરતત્ત્વ જ ભિન્ન લીધું છે. અત્યારે એને શુદ્ધ સંવર છે તેમાં એ જણાય છે માટે તેને આધારે જણાણો માટે એનો આધાર – સંવરનો આધાર આત્માને છે. સંવરનો આધાર આત્માને છે ! કેમકે સંવર દ્વારા જણાણો. સમજાણું કાંઈ ? આહા..હા...!

બહુ ટૂંકું થોડામાં શરૂઆત કરી છે, ભારે કરી છે. **'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** નિશ્ચયથી એટલે ખરેખર એમ કીધું છે. પણ વ્યવહારે છે કે નહિ ? કોઈ એમ કહે. વ્યવહારે કહેવામાં આવે એ તો કથનમાત્ર છે કે, ભઈ ! આ મારું શરીર છે કે આ મારા કર્મ છે કે જીવને ત્રણ શરીર છે ને જીવને ઔદારિક, તૈજસ, કાર્મણ શરીર છે. ઈ કથનમાત્ર કહેવામાં આવે છે. બાકી એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા...! એ તો વળી પ્રદેશભિન્નવાળી ચીજો તો નથી પણ આ આસ્રવ છે એ તો પોતાના પ્રદેશમાં છે, છતાં એ પ્રદેશ ભિન્ન છે અને આત્માના પ્રદેશ ભિન્ન છે. નિર્મળ શુદ્ધ ધ્રુવના પ્રદેશ ભિન્ન છે અને જેટલા અંશમાંથી આસ્રવ ઉત્પન્ન થાય તે પ્રદેશ જુદા છે. આ..હા..હા...! એ વસ્તુ જુદી છે તો વસ્તુના પ્રદેશો પણ જુદા છે. અરે...! શું કીધું સમજાણું ?

આત્મા ભગવાન ચિદાનંદ સ્વરૂપ, એમાં પુણ્ય અને પાપના ભાવ બીજી વસ્તુ છે તો એને ને એને કાંઈ સંબંધ નથી. કાંઈ સંબંધ નથી એટલું નહિ પણ હવે (કહે છે) એના પ્રદેશ ભિન્ન છે. આહા..હા...! જે ક્ષેત્રમાં, જેટલામાં ધ્રુવપણું છે એટલામાં એ આસ્રવ નથી. એનાથી જરી ભિન્ન પ્રદેશ છેલ્લા અંશમાં આસ્રવ છે. એટલે એના પ્રદેશ અસંખ્ય માહ્યલો પ્રદેશ ભિન્ન છે. છે તો પોતાના અસંખ્ય (પ્રદેશ) જે છે ઈ. આહા..હા...!

મુમુક્ષુ :– એક અપરિણમતા પ્રદેશ ને એક પરિણમતા પ્રદેશ છે ? ધ્રુવ અપલટતા પ્રદેશમાં બિરાજમાન અને આસ્રવ પલટતા પ્રદેશમાં છે.

ઉત્તર :– છેલ્લા અંશમાં (છે). છેલ્લો અંશ, અસંખ્ય પ્રદેશનો છેલ્લો અંશ. એ પ્રદેશ એટલા ભિન્ન છે. આની કોર આખો ધ્રુવ આત્મા ભિન્ન છે. આહા..હા...!

મુમુક્ષુ :– છેલ્લાનો મતલબ કે પરિણમતા પ્રદેશ, પલટતા પ્રદેશ લેવા ને ?

ઉત્તર :– પલટતા નહિ, પલટવાની અપેક્ષા નથી. અહીં તો ક્ષેત્રની અપેક્ષા (છે). ક્ષેત્ર જ ભિન્ન છે. એ ભાવ ભિન્ન છે તેથી તેનું ક્ષેત્ર ભિન્ન છે. આહા..હા...! શરીર, વાણી એક કોર રાખો પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ ભાવ ભિન્ન છે તેથી વસ્તુ ભિન્ન છે એથી તેના પ્રદેશો ભિન્ન છે. આ..હા..હા...! પ્રદેશ તો અસંખ્યપ્રદેશ માહ્યલા જ છે. પણ એ ભિન્ન છે, આ ભિન્ન છે. ઝીણી વાત છે. આ..હા...! બહુ ઝીણી વાત છે. આહા..હા...!

**'કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી તેમને એક સત્તાની અનુપપત્તિ છે...'** આહા..હા...! ભગવાનઆત્માની સત્તા અને આસ્રવની સત્તા, બેય ભિન્ન હોવાથી બેયની એક સત્તાની અનુપપત્તિ છે (અર્થાત્) બેયની એક સત્તા નથી. બેની બે સત્તા છે. આહા..હા...! બે-ત્રણ લીટીમાં તો (કેટલું ભરી દીધું છે) ! **'તેમને એક સત્તાની અનુપપત્તિ છે...'** આસ્રવભાવ મલિન ભાવ, અશુચિ ભાવ. ભગવાન નિર્મળ ને શુચિ – પવિત્ર ભાવ (છે). બેની સત્તા ભિન્ન ભિન્ન છે. આ..હા..હા...! બેનું હોવાપણું જુદું જુદું છે. આહા..હા...!

જેમ શરીર અને કર્મથી આત્મા જુદો (છે) અને આત્માથી આ જુદી ચીજ છે. એ તો પૃથક્ પ્રદેશ છે. આ શરીર, વાણી, કર્મના પૃથક પ્રદેશ છે અને આસ્રવના પૃથક પ્રદેશ નથી, એ માહ્યલા પ્રદેશનો છેલ્લો અંશ એ એનો પ્રદેશ છે. આ શરીર, વાણી, મન એના પ્રદેશ ભિન્ન છે, પૃથક પ્રદેશ છે. આત્માના પૃથક અને આના પૃથક. આમાં (–આસ્રવમાં) પૃથક છે ખરા પણ એ અસંખ્ય માહ્યલા પૃથક છે. બીજા જુદા પ્રદેશ છે એમ નહિ. શું કહ્યું ?

અસંખ્ય પ્રદેશ છે એ માહ્યલા જેટલા અંશમાં જેટલા ક્ષેત્રમાંથી આસ્રવ થાય છે એને પ્રદેશ ભિન્ન ગણ્યા છે, એના પ્રદેશ જુદા ગણવામાં આવ્યા છે. ઝીણું બહુ ! અસંખ્ય પ્રદેશમાંથી એના પ્રદેશ ભિન્ન ગણવામાં આવ્યા છે. છે તો અસંખ્ય (પ્રદેશ), પણ જેટલા ક્ષેત્રમાંથી આસ્રવ ઉત્પન્ન થાય તે ક્ષેત્ર ભિન્ન, તેના પ્રદેશ ભિન્ન. જેમાં આત્મા નિર્મળાનંદ પડ્યો છે એના પ્રદેશ ભિન્ન, તે નિર્મળ ક્ષેત્ર છે.

મુમુક્ષુ :– દૃષ્ટાંત દઈને સમજાવો.

ઉત્તર :– દૃષ્ટાંત ! આ તો સાદી ભાષા છે, આ તો સાદી ભાષા (છે). જ્યાં આત્માની પર્યાયમાં આસ્રવ જે છે, એ અશુચિ અને મલિન છે. તેથી તે આત્માની ચીજથી ભિન્ન છે – એક વાત. અને ભિન્ન છે માટે તેના પ્રદેશ પણ ભિન્ન છે. કોઈપણ ચીજ, આ ઘાસ ઉગે, જમીન છે એમાં પથ્થર આમ ઊંચો હોય. એમાં છેલ્લે ભાગે ઘાસ ઉગે. તો એ ઘાસ જેટલામાં ઉગે એટલા પ્રદેશ ભિન્ન છે અને એ સિવાય આખો પથરો મોટો ભિન્ન છે. આહા..હા...!

મુમુક્ષુ :– આત્માના પૂરા પ્રદેશમાં આસ્રવતત્ત્વ નથી ?

ઉત્તર :– અસંખ્ય પ્રદેશમાંથી... અસંખ્ય પ્રદેશમાંથી જેટલા અંશમાંથી પુણ્ય-પાપ, આસ્રવ ઉત્પન્ન થાય તે પ્રદેશ અને આ પ્રદેશના – નિર્મળના પ્રદેશથી ભિન્ન ગણવામાં આવ્યા છે. ઝીણી વાત છે, ભઈ !

મુમુક્ષુ :– એક એક પ્રદેશમાં ભિન્ન છે ?

ઉત્તર :– દરેક પ્રદેશે પ્રદેશે ભિન્ન છે. અસંખ્ય પ્રદેશથી ભિન્ન છે એટલે એ તો દરેક પ્રદેશથી એ ભિન્ન જ છે. અસંખ્ય પ્રદેશમાં છેલ્લા અંશમાં આસ્રવ થાય છે અને આ અસંખ્ય પ્રદેશમાં આખો આત્મા છે. એટલે કોઈ પ્રદેશ આત્માનો – ધ્રુવનો જે છે, એ આસ્રવોનો નથી. આસ્રવનો પ્રદેશ છે તે આનો નથી. આહા..હા...!

મુમુક્ષુ :– આપ એમ કહેવા માગો કે, ઉપરનો ભાગ અને અંદરનો ભાગ ?

ઉત્તર :– ઈ છે તો એની એ ચીજ, પણ જરી ઉપર છેલ્લી સ્થિતિ અને આમ અંદર.

મુમુક્ષુ :– આત્મામાંથી નીકળી જાય છે માટે.

ઉત્તર :– નીકળી જાય છે માટે અથવા પ્રદેશ તો કાંઈ નીકળતા નથી. ભાવ નીકળી જાય છે એટલે નથી કીધું, ખ્યાલમાં છે. આસ્રવનો ભાવ નીકળી જાય છે પણ કાંઈ ઓલા પ્રદેશ નીકળી નથી જતા. પણ જ્યાં સુધી આસ્રવ છે ત્યાં સુધીના પ્રદેશ ભિન્ન છે એમ કહેવામાં આવે. આહા..હા...!

(અહીંયાં કહે છે) **'તેમને એક સત્તાની અનુપપત્તિ છે...'** આસ્રવ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ (છે) એ આસ્રવ છે અને તે જેટલા અંશમાંથી ઉત્પન્ન થાય તેનું ક્ષેત્ર જુદું છે. તેથી આત્મસત્તા અને આસ્રવની સત્તા બેય એક નથી. બેયની સત્તા બે જુદી જુદી છે. બેનું હોવાપણું બેપણે છે. આસ્રવનું હોવાપણું આત્માથી નહિ અને આત્માનું હોવાપણું આસ્રવથી નહિ. આહા..હા...! આવું છે.

મુમુક્ષુ :– બે વચ્ચે અતદ્‌ભાવ છે કે અત્યંતઅભાવ છે ?

ઉત્તર :– અહીં તો અત્યંતઅભાવ છે. વિકાર છે ને ! અત્યંતઅભાવ છે. આ..હા..! વિકારને અત્યંતઅભાવ કહ્યું ને ! આકરી વાત છે ભાઈ આ બધી. 'સંવર અધિકાર' આકરો છે. આ..હા...!

મુમુક્ષુ :– આત્મામાંથી નીકળી જાય છે.

ઉત્તર :– નીકળી જાય છે છતાં પ્રદેશ તો એના રહે છે. આસ્રવ નીકળી જાય પણ જે પ્રદેશ નિર્મળ છે ને એ રહે. અહીં તો જ્યાં સુધી આસ્રવ છે અને આત્મા છે ત્યાં સુધીની વાત છે. જ્યાં સુધી ભગવાન અહીં છે અને આસ્રવ છે ઈ વસ્તુ ભિન્ન છે. તો ભિન્ન છે તો પ્રદેશ ભિન્ન છે. પછી આસ્રવ નીકળી ગયા પછી ઓલા એના પ્રદેશ હતા એ બધા નિર્મળ થઈ ગયા. અરે.. અરે...! વાતું ભારે !

મુમુક્ષુ :– જરી કઠણ પડે.

ઉત્તર :– હા, કઠણ પડે તેથી ધીમે ધીમે લઈએ (છીએ).

એ ભાવ આવે છે તે રીતે પકડો. જે આસ્રવ ભાવ છે એ આત્મવસ્તુથી એને બીજી વસ્તુ જ કહેવામાં આવી છે. પર્યાયને પણ વસ્તુ કહેવામાં આવી છે. અન્ય વસ્તુ (કહેવામાં આવી છે). ત્રિકાળની અપેક્ષાએ પર્યાયને અન્ય વસ્તુ (કહી છે). અમથી નિર્મળ પર્યાય (પણ). આ..હા...! 'ચિદ્વિલાસ'માં ઘણો અધિકાર છે. નિર્મળ પર્યાય અન્ય વસ્તુ છે. આહા..હા...! ત્રિકાળીની અપેક્ષાએ એક સમયની અવસ્થા તે ભિન્ન છે. છતાં એ પર્યાય નિર્મળ છે અંદર અને વસ્તુ પણ નિર્મળ છે. આમાં (ચાલતા વિષયમાં) ફેર છે.

જેટલામાં ભગવાન શુદ્ધ ચૈતન્ય છે એ બધા નિર્મળ પ્રદેશો (છે) અને જે પ્રદેશના અંશમાં પુણ્ય-પાપ, મિથ્યાત્વ આદિ ઉત્પન્ન થયું એ વસ્તુ જુદી અને તે પ્રદેશ જુદા. જે પ્રદેશ જુદા તો એમ કોઈ કહે કે, આસ્રવ ગયા પછી એ પ્રદેશ ક્યાં ગયા ? કે, આસ્રવ ગયા પછી પ્રદેશ નિર્મળ થઈ ગયા. પછી ઈ અનેરી વસ્તુ ન રહી. આહા..હા...! સમજાણું કાંઈ ? આસ્રવ છે ત્યાં સુધી અન્ય વસ્તુના પ્રદેશ ભિન્ન છે. આસ્રવનો નાશ થયો ત્યારે પછી એ આસ્રવના જે પ્રદેશ હતા એ તો અભિન્ન થઈ ગયા, નિર્મળ થઈ ગયા. પછી એ પ્રદેશ આસ્રવના હતા માટે ભિન્ન રહી ગયા, નિર્મળ પણ એમ નથી. એ..ઈ...!

મુમુક્ષુ :– અગમનિગમની વાત છે.

ઉત્તર :– અગમનિગમની વાત છે. આહા..હા...!

**'(અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે); અને એ રીતે એક વસ્તુની બીજ વસ્તુ નહિ હોવાથી...'** આહા..હા...! હવે ત્રીજો બોલ આવ્યો. **'એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** આ..હા..હા...! આત્માને આધારે કર્મ રહે અને કર્મને આધારે આત્મા તો નથી. આ શરીર આત્માને આધારે રહે છે (એમ નથી). આ જીવતું શરીર છે ત્યાં સુધી આમ રહે, લ્યો ! જીવ નીકળી ગયા પછી ?

મુમુક્ષુ :– પડી જાય.

ઉત્તર :– પડી જાય !

અહીં કહે છે કે, જીવને આધારે આ માથું રહ્યું નથી. આહા..હા...! કોઈને આધારે કોઈ દ્રવ્ય રહેતું નથી. અહીં તો આસ્રવને આધારે આત્મા નથી (એમ કહે છે). આ..હા..હા...! ઝીણી વાત છે. (કળશ) ટીકાકારે તેથી આ ૐ નમઃ કરીને ટીકા શરૂ કરી. બીજે ૐ નમઃ નથી લખ્યું. ૐ નમઃ નથી લખ્યું. ક્યાંક મેં મૂક્યું છે, હોં ! છે ? આ નહિ, ઓલું. નથી. એમાં છે. સંવર એટલે કે મોક્ષનો માર્ગ, આત્માની નિર્મળ પરિણતિ. તેનું મંગળિક કરતાં પહેલો ૐ નમઃ કર્યો. આહા..હા...!

પહેલી એ વાત થઈ કે, એક વસ્તુની બીજી વસ્તુ નથી. આવી ગયું ? પછી એક

વસ્તુના (અને) બીજી વસ્તુના પ્રદેશ ભિન્ન છે એમ કહ્યું. તેથી બેની સત્તા એક નથી. એમ કહ્યું. હવે કહે છે કે, એકબીજાને આધાર-આધેય પણ નથી. આધાર-આધેય સંબંધ પણ નથી, એમ છે ને ? **'આધારાધેયસંબંધ પણ નથી...'** ઓલા બે તો કીધા, હવે આ ત્રીજું કહેવું છે. આહા..હા...! શરીરને આધારે આત્મા અને આત્માને આધારે શરીર. આત્મા જ્યારે નીકળીને સ્વર્ગમાં જાય ત્યારે કર્મને આધારે આત્મા ત્યાં જાય છે અને આત્માને આધારે કર્મ જાય છે એમ નથી. સૌનું કારણ સૌ. આહા..હા...! સ્વર્ગમાં જાય ત્યારે કર્મ તો સાથે છે ને ? પણ એ કર્મને આધારે આત્મા ચાલે છે અને આત્મા ગતિ કરે છે માટે આત્માને આધારે કર્મ સાથે આવે છે એમ નથી. આહા..હા...! આવી ચીજ છે. આચાર્યોએ ગજબ કામ કર્યાં છે ! સાદી ભાષામાં...

એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી, એમ. એક સાથે બીજીને, એકની સાથે એટલે બીજાની સાથે બીજીને આધાર-આધેયસંબંધ પણ નથી જ. **'તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દ્રઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે.'** આહા..હા...! તેથી પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ આધારાધેયસંબંધ છે. એટલે આત્માની નિર્મળ પરિણતિ તે આધાર છે, ભગવાન તે આધેય છે. એનાથી જણાય માટે તે આધેય છે. આહા..હા...! આસ્રવ આધેય છે અને આત્મા એને આધાર છે, એમ છે નહિ. ઓલા રાડ્યું પાડે છે ને કે, વ્યવહારથી નિશ્ચય થાય. જૂઠી વાત છે. રાગ – પુણ્ય-પાપના દયા, દાનનો આસ્રવ એ વસ્તુ જ ભિન્ન છે, તેના પ્રદેશ ભિન્ન છે, તેની સત્તા ભિન્ન છે. આહા..હા...! આવો માર્ગ છે.

હવે, ચોથું. **'પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દ્રઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે.'** આહા..હા...! શું કહે છે ઈ ? ભગવાનઆત્મા નિર્મળ શુદ્ધ ચૈતન્ય, એની શુદ્ધ પરિણતિને આધાર-આધેય છે. (શુદ્ધ પરિણતિ) આધાર છે, એને આત્મા આધેય છે. બીજાના આધાર-આધેય સાથે સંબંધ કાંઈ નથી. જેની શુદ્ધ પરિણતિથી જણાય તેથી તેને આધાર કહ્યો અને આત્માને આધેય કહ્યો. આવું છે.

**'તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દ્રઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે.'** પોતાની સાથે આધાર છે. એટલે ? નિર્મળ પરિણતિ તે આધાર અને આત્મા તે આધેય એમ સંબંધ છે. સમજાય છે કાંઈ ? નિર્મળ મોક્ષનો માર્ગ તે આધાર, આત્મા તે આધેય. સંવર તે આધાર, આત્મા આધેય. કેમકે સંવરથી તે આત્મા જણાય છે. નિર્મળ પરિણતિથી તે આત્મા જણાય છે. એટલે સંવરની સત્તા અને આની સત્તા ત્યાં એક ગણી નાખી અને એને આધારઆધેય સંબંધ ગણ્યો. સંવર આધાર છે, વસ્તુ આધેય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૫૮ ગાથા–૧૮૧-૧૮૩, બુધવાર, જેઠ વદ ૧૧, તા. ૨૦-૦૬-૧૯૭૯

('સમયસાર)' ૧૮૧થી ૧૮૩ ગાથા). **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** એમાં આખો સિદ્ધાંત છે. એક ચીજની બીજી ચીજ નથી. એનો અર્થ એ થયો કે પુણ્ય અને પાપના વિકાર પણ એના – આત્માના નથી. **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** બીજી અનંત અન્ય (ચીજ) છે એ તો નથી. પણ અંદરમાં થતાં ક્રોધ, માન, પુણ્ય, દયા, દાનાદિના ભાવ એ પણ એક વસ્તુની – એ વસ્તુ આત્માની નથી, આત્મામાં એ નથી. આ..હા...! **'(એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)...'** નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ક્યાં ગયો ?

મુમુક્ષુ :– નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એટલે કાંઈ નથી.

ઉત્તર :– ઈ કાંઈ તો કહે, જાણવા માટે છે. એ નિમિત્ત એના પણે, નૈમિત્તિક પોતાની પર્યાયરૂપે પરિણમે. એકબીજાને કાંઈ સંબંધ છે નહિ.

**'કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** છે ? આત્માના પ્રદેશ અને શરીર, વાણી, કર્મના પ્રદેશ તો જુદા છે પણ એમાં પુણ્ય-પાપના ભાવ થાય એનાય પ્રદેશ અહીં જુદા ગણવામાં આવ્યા છે. જુદા ગણવામાં આવ્યા છે. જુદા એટલે છે તો અસંખ્ય પ્રદેશ માહ્યલા પણ એનો અંશ જેમાં જેટલો વિકાર ઉત્પન્ન થાય તેટલા ક્ષેત્રને ભિન્ન પ્રદેશ ગણવામાં આવ્યા છે. સમજાય છે ? કેમકે બીજી બીજાની વસ્તુની નથી અથવા સંબંધ નથી. કેમ ? કે, બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી.. આહા..હા...!

ઓલા 'કાંતિલાલે' લખ્યું છે, રત્નત્રયમાં એક ઓલામાં આવે છે ને ? પંચ પરમેષ્ઠીની સ્તુતિ-ભક્તિથી વિશુદ્ધ પરિણામ થાય છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' અને વિશુદ્ધથી પછી શુદ્ધ થાય છે, એમ આવે છે. વિશુદ્ધિથી શુદ્ધ થાય છે. એવું ગોતીને નાખે. એ તો જરી નિમિત્તથી કથન કર્યું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. જ્યાં પંચ પરમેષ્ઠીની વાત કરી ને ત્યાં પંચ પરમેષ્ઠીની સ્તુતિ વિશુદ્ધ (છે). વિશુદ્ધ પણ એને એમ વિશુદ્ધ (એટલે) જાણે કે શુભને જ વિશુદ્ધ કહે છે, એમ. પણ વિશુદ્ધ તો શુદ્ધને પણ કહે છે, શુભને પણ કહે છે. આ ઠેકાણે ભલે વિશુદ્ધ શુભ છે. પણ બીજે ઠેકાણે શુદ્ધને પણ વિશુદ્ધ કહે છે અને શુભભાવને પણ વિશુદ્ધ કહે છે. અને શુભભાવ વિશુદ્ધ એ બંધનું કારણ છે.

અહીંયાં તો ઈ શુભભાવના પ્રદેશ જ જુદા (કહ્યા છે). ભાવ જુદો તો એનું ક્ષેત્ર – સ્થાન પણ જુદું, એમ કહે છે. આહા..હા...! આત્માના શુભભાવ એના નહિ. એ વસ્તુ બીજી, એના પ્રદેશો જ બીજા છે. આના પ્રદેશો બીજા (છે). ભાવ બીજો એટલે વસ્તુ બીજી. દયા, દાનના પરિણામમાં આત્માની અપેક્ષાએ બીજી વસ્તુ (છે) અને એની અપેક્ષાએ.. કેમ ? કે,

પ્રદેશ ભિન્ન છે. **'બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી. તેમને એક સત્તાની અનુપપત્તિ છે...'** તેમને બેને એક સત્તાની ઉત્પત્તિ નથી. રાગના પરિણામ, દયા, દાન આદિ દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહાર શ્રદ્ધાના (પરિણામ) અને આત્મા, એ બેની સત્તા એક નથી. આહા..હા...! બેયની સત્તા તો જુદી, તદ્દન જુદી છે. આહા..હા...! આમ છે.

ઓલું છે એટલે એમાં નાખ્યું છે, આજે કાંઈક આવ્યું છે – રત્નત્રય. એક છાપું કાઢે છે ને ! ઈ આમાં છે ને – 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ! એ ખબર છે, વિશુદ્ધિ (શબ્દ) બેય ઠેકાણે વપરાય છે. શુભમાંય વપરાય છે, શુદ્ધમાંય વપરાય છે. આ નાખ્યું છે. અરિહંતાદિની પ્રત્યે જે સ્તવનાદિરૂપ ભાવ થાય છે તે કષાયની મંદતાપૂર્વક હોય છે. માટે તે વિશુદ્ધ પરિણામ છે. એને વિશુદ્ધ (કહ્યા છે). જુઓ ! આમાં છે. વિશુદ્ધ કહેવાય છે. તથા સમસ્ત કષાયભાવ મટાડવાનું સાધન છે. નિમિત્તથી કહે (છે). વ્યવહાર સાધન ક્યાંક કહ્યું છે ને ! એ અપેક્ષાએ એમ કહ્યું. તેથી તે શુદ્ધ પરિણામનું કારણ પણ છે. આટલું છે. અરે...!

એનું ક્ષેત્ર જુદું, પ્રદેશ જુદા, સત્તા જુદી. ક્યે ઠેકાણે કહ્યું હોય (એ સમજવું જોઈએ). એ તો વ્યવહાર સાધન-સાધ્ય (આવે છે). નિર્મળ પર્યાયનું ક્ષેત્ર જુદું છે. પણ અહીં અત્યારે એનું કામ નથી. અહીં તો મલિન પરિણામ જે શુભ છે, ક્રોધાદિ ક્રોધ કહેશે, સ્વભાવ પ્રત્યેથી વિરુદ્ધ ભાવ એવો જે ક્રોધ, માન, માયા, લોભ. ક્રોધ-માન એટલે દ્વેષ અને માયા-લોભ એટલે રાગ. એ રાગ અને દ્વેષની સત્તા જુદી છે, એના પ્રદેશ જુદા છે. એ આત્માની વસ્તુથી વસ્તુ જુદી છે. આ..હા...! આવી વાત છે.

**'(બન્નેની સત્તા જુદી જુદી છે);...'** આ..હા..હા...! ચૈતન્ય ભગવાન જ્ઞાયકસ્વભાવ અને વ્યવહાર રત્નત્રયનો રાગ એ બેના પ્રદેશ જુદા અને સત્તા જુદી. આહા..હા...! જગતને બેસવું (કઠણ પડે). **'અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી...'** એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી **'એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** નથી જ, એમ કહ્યું છે. રાગ આધાર અને નિશ્ચય સ્વભાવ આધેય સમજાય, રાગને આધારે નિર્મળ (સ્વભાવ) સમજાય એમ નથી. આહા..હા...! નિર્મળ પર્યાય છે એમાં નાશવાન ઉપયોગ લીધો છે પણ એકલો શુદ્ધ ઉપયોગ છે એ સદાય ન રહી શકે એટલે એનું શુદ્ધ પરિણમન આધાર લીધું. નહિતર ઉપયોગમાં ઉપયોગ છે. શુદ્ધ ઉપયોગમાં આત્મા છે. પણ એમ કહેવા જાય તો એકલો શુદ્ધ ઉપયોગ કેટલીક વાર નથી, પરિણમન શુદ્ધ છે અને ઉપયોગ રાગમાં જાય છે. એટલે એનું શુદ્ધ પરિણમન છે, આત્માનું શુદ્ધ પરિણમન છે તેમાં આત્મા છે. સમજાણું કાંઈ ? ઉપયોગનો અર્થ એવો થયો. જ્ઞાનસ્વરૂપ જાણનક્રિયા. એ જાણનક્રિયા ઉપયોગનો અર્થ કર્યો છે. આ..હા...! ઓલો તદ્દન શુદ્ધ ઉપયોગ કરે તો શુદ્ધ ઉપયોગ સદાય હોતો નથી. આહા..હા...!

**'એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધારાધેયસંબંધ**

**પણ નથી જ.'** સંબંધ પણ નથી, એમ કહ્યું. સત્તા તો જુદી છે પણ આધાર-આધેય સંબંધ પણ નથી, એમ. તેથી **'પણ નથી જ.'** એમ (કહ્યું). આ પણ નથી, એમ (કહેવું છે). ઓલું તો પ્રદેશ જુદા છે, સત્તા જુદી છે પણ આધાર-આધેય સંબંધ પણ નથી. રાગ, વ્યવહાર રત્નત્રયનો રાગ આધાર અને એને લઈને આત્મા જણાય એમ નથી. આહા..હા...! આવી વાત 'સંવર અધિકાર'માં ચોખ્ખી વાત મૂકી. **'તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ...'** દરેક વસ્તુ પોતાના સ્વરૂપમાં આધાર – દઢપણે રહેવારૂપ 'જ'. એકાંત કીધું. **'આધારાધેયસંબંધ છે.'** એટલે કે દરેક વસ્તુને પોતાના સ્વરૂપમાં જ રહેવારૂપ આધાર છે.

**'માટે જ્ઞાન કે જે...'** જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન એટલે આત્મા. એ પોતાની **'જાણનક્રિયા...'** આમ ભાષા લીધી છે. ઓલો ઉપયોગ ન લેતા આ લીધું. જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એની જે જાણવાની, શ્રદ્ધવાની, સ્થિરતાની, આનંદની ક્રિયા.

ટીકા. **'ખરેખર...'** એટલે નિશ્ચયથી **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** એટલે ? એક વસ્તુને બીજી વસ્તુ સાથે કાંઈ સંબંધ નથી. એટલે ? ચૈતન્યસ્વરૂપને અને દયા, દાન, વ્રત કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વ્યવહારનો રત્નત્રયનો રાગ, એ રાગને અને આત્માને કાંઈ સંબંધ નથી. આહા..હા...! છે ? **'(એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)...'** કાંઈ સંબંધ નથી. આહા..હા...!

મુમુક્ષુ :– જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ નહિ ?

ઉત્તર :– એ સંબંધ એટલે નિમિત્ત-નિમિત્ત થયો. એ તો કહે. એમાં કાંઈ એ તો નિમિત્ત વસ્તુ નથી. ખરેખર તો એ જ્ઞેય અને આ, ઈ પણ વ્યવહાર છે. જ્ઞાન જ્ઞેયને જાણે ઈ વ્યવહાર છે, જ્ઞાન જ્ઞાનને જાણે એ નિશ્ચય છે. ઝીણી વાત, ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...!

અહીં તો પાઠ તો એવો છે, ઉપયોગમાં ઉપયોગમાં નથી એમ નથી કીધું. ઉપયોગમાં ઉપયોગ છે. ત્યારે અહીં ઉપયોગમાં ઉપયોગ છે એમ જો લેવા જઈએ તો શુદ્ધ ઉપયોગમાં આત્મા છે. તો એમ લેવા જઈએ તો શુદ્ધ ઉપયોગ તો સદાય હોતો નથી. એથી શુદ્ધ ઉપયોગમાં શુદ્ધ ઉપયોગ જે છે એનો અર્થ ઈ કરશે, પછી જાણનક્રિયા અર્થ કરશે, ઉપયોગ અર્થ નહિ કરે. કારણ કે ઉપયોગ છે એ શુદ્ધ ઉપયોગ સદાય રહેતો નથી. તો પછી એને આધારે જ હોય તો જાણનક્રિયા પરિણમન જે શુદ્ધ છે એનો આધાર નથી એમ થઈ જાય. છે ઈ. ઉપયોગ ભલે બહારમાં – રાગાદિમાં જાય છતાં આત્માની જાણનક્રિયા, પરિણમનક્રિયા, શુદ્ધ પરિણમનક્રિયા એ જ એટલો ઉપયોગ (છે). એમાં આત્મા છે. આહા..હા...! નથી રાગમાં, નથી અજીવમાં, નથી શરીરમાં, નથી ખરેખર તો શુદ્ધ ઉપયોગમાંય પણ ત્રિકાળ વસ્તુ નથી. જાણનક્રિયામાં ઈ વસ્તુ છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– જાણનક્રિયામાં નિષ્ક્રિય વસ્તુ કેમ કહેવાય ?

ઉત્તર :– જાણનક્રિયા એ નિર્મળ પરિણતિ છે એના દ્વારા જણાય છે. જાણનક્રિયાનો

અર્થ ઈ કે, સ્વભાવનું નિર્મળ પરિણમન છે એ દ્વારા જણાય છે. પરિણમન છે એ આધાર છે, આત્મા તે આધેય છે. આહા..હા...! એવી શૈલી લીધી છે.

**'(એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી) કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** આ..હા..હા...! એ વ્યવહાર રત્નત્રયનો રાગ અને ભગવાનઆત્મા, બેના પ્રદેશો ભિન્ન છે. છે અસંખ્ય પ્રદેશ માહ્યલા પણ અસંખ્ય પ્રદેશમાં જે પ્રદેશના અંશમાં રાગ ઉત્પન્ન થાય તે રાગભાવ અને તેનું ક્ષેત્ર, ભાવ અને તેનું ક્ષેત્ર, આના ભાવ અને આ ક્ષેત્રથી ભિન્ન છે. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, ભઈ ! આહા..હા...!

મુમુક્ષુ :– મનમાં કલ્પના કરવાની કે બેય જુદા છે ?

ઉત્તર :– જ્ઞાનસ્વરૂપ અહીં તો આત્મા લેવો છે.

મુમુક્ષુ :– કાલ્પનિક રીતે જુદા ન પડે.

ઉત્તર :– જુદા નહિ. આત્મા અને જ્ઞાન બેય એક જ અહીં તો લીધા. રાગ જુદો. જ્ઞાન શબ્દે અહીંયાં આત્મા છે. ઉપયોગ કીધો, ઉપયોગ કીધો ને ? ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં ઉપયોગ છે ઈ ઉપયોગ છે તો આ. આત્મા ઉપયોગમાં એટલે જાણનક્રિયામાં ઉપયોગ છે એટલે આત્મા છે. આહા..હા...! થોડી ઝીણી વાત છે, ભઈ ! આહા..હા...!

કેમકે બેયના પ્રદેશ જુદા છે. બેને સંબંધ નથી, કેમ ? કારણ આપે છે કે, બેયના પ્રદેશ જુદા છે. કારણ કે ભાવ જુદો છે તો ભાવનું ક્ષેત્ર પણ જુદું છે. ધ્રુવ અને ધ્રુવનું ક્ષેત્ર, ધ્રુવભાવ અને ક્ષેત્ર આનાથી જુદું છે અને આનાથી (–ક્રોધાદિથી) એ જુદું છે. અહીં તો વિકારમાં લીધું છે પણ નિર્વિકારી પરિણતિ થાય એનાય પ્રદેશ જુદા છે. કેમકે બે ભાવ થયા ને ! એક ધ્રુવભાવ છે અને એક પરિણતિ ભાવ છે. બે ભાવ થયા માટે બે ભાવના પ્રદેશ બેયના જુદા છે. શુદ્ધ પરિણતિના પ્રદેશ જુદા છે. અહીં તો અશુદ્ધ (પરિણતિની) વાત કરી છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આવું ઝીણું છે. ઓલા કહે, દયા પાળો, વ્રત કરો ને અપવાસ કરો, લ્યો ! થઈ ગયો (ધર્મ) જાઓ ! હવે એ વાણિયાને આ સમજવું ! એકબીજાને સંબંધ નથી કારણ કે બન્નેના અંશો – ક્ષેત્ર, ભાવ ભિન્ન હોવાથી **'તેમને એક સત્તાની અનુપપત્તિ છે...'** શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા અને રાગ, બેની એક સત્તાની અનુપપત્તિ છે. બેની એક સત્તા જ નથી, બેની સત્તા જુદી છે. આહા..હા...!

એ તો હમણાં કહ્યું, પેલા 'કાંતિલાલ ઈશ્વર' છે ને ? માસિક કાઢે છે ને એમાં નાખ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પહેલા (આવે) છે કે, ભગવાનની સ્તુતિથી વિશુદ્ધ પરિણામ થાય છે. પણ વિશુદ્ધ તો શુભનેય કહેવાય છે, શુદ્ધને (પણ કહેવાય છે). અહીં શુભને (વિશુદ્ધ) કહે છે. એનો અર્થ એમ નથી કે, શુભ છે માટે એને વિશુદ્ધ (પરિણામ થાય છે). અપેક્ષાએ વિશુદ્ધ કીધા છે. પણ એ ઉપરાંત 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં જરી પોતે એવું લીધું છે (કે), વિશુદ્ધિ છે એ શુદ્ધનું કારણ છે. એમ લીધું છે. નિમિત્તથી કથન છે.

અહીં કહે છે, વિશુદ્ધિ જે શુભભાવ છે એ આત્મામાં નથી. બેની સત્તા જુદી છે. જુદી સત્તા જુદી સત્તાને શું કરે ? આહા..હા...! આવું છે. કઠણ વાત છે, કઠણ. **'એક સત્તાની અનુપપત્તિ છે (અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે);...'** આહા..હા...! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવનો ભાવ, એને દ્રવ્ય ગણીએ તો એના પ્રદેશો પણ ભિન્ન છે. જેટલામાંથી ઈ ઉઠે છે એટલા અંશ – ક્ષેત્ર જુદું છે. એને પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ લઈએ તો કાળ એનો એક સમય પૂરતો, ક્ષેત્ર એ પ્રદેશનો છેલ્લો અંશ, વસ્તુ પોતે ઈ, ભાવ એનો એ વિકારી. સમજાણું કાંઈ આમાં ?

જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ રાગના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા. આહા..હા...! અને ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એના પ્રદેશ જુદા. આહા..હા...! તેમને એક સત્તાની પ્રાપ્તિ છે જ નહિ. આહા..હા...! પણ ઓલું 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં જરીક લખ્યું છે ને ! વિશુદ્ધિનું આઠમે પાને છે. સ્તવનથી એને વિશુદ્ધિ થાય છે. એને જાણે એમ કે, શુભને વિશુદ્ધ કીધો ને ! એમ. પણ એ શુભનેય વિશુદ્ધ કીધો છે અને શુદ્ધનેય વિશુદ્ધ કીધો (છે), બેય છે. શાસ્ત્રમાં બેય શબ્દ છે. વિશુદ્ધ એટલે ઓલા કષાયની તીવ્રતાની અપેક્ષાએ એને વિશુદ્ધિ કીધી છે, પણ છે તો રાગ, કષાય અને આત્માની સત્તા બે જુદી, બેના પ્રદેશ જુદા, બેના ભાવ જુદા. એ ઉપરાંત **'એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** આહા..હા...! રાગ આધાર અને નિર્મળ પરિણતિ આધેય, એને આશ્રયે પ્રગટે એમ નથી. આહા..હા...! આધારઆધેય સંબંધ પણ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ (આધાર અને આત્મા આધેય એમ નથી).

એક કોર 'કુંદકુંદાચાર્યદેવ' 'મોક્ષ પાહુડ'માં કહે કે, 'परदव्वादो दुग्गई' ! 'परदव्वादो दुग्गई' અને એક કોર એમ કહે કે, એ વિશુદ્ધિ એ શુદ્ધતાનું કારણ (છે). શુભભાવ એ પરદ્રવ્યને લક્ષે (થાય છે). પણ એ દુર્ગતિ છે, ચૈતન્યગતિ નથી. આહા..હા...! ઝીણી વાત બહુ. ચર્ચાએ કાંઈ પાર ન પડે. ભાવ સમજવા માગે તો સમજાય એવી વાત છે.

**'એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** શું (કહ્યું) ? સત્તા જુદી છે, પ્રદેશ જુદા છે (અને) આ પણ નથી, એમ. તેથી 'પણ' (શબ્દ) લેવો પડ્યો. સમજાણું કાંઈ ? આહા..હા...! રાગની ક્રિયા અને આત્માનો સ્વભાવ, બેને કાંઈ સંબંધ નથી, બેના પ્રદેશ ભિન્ન છે માટે, બેની સત્તા તેથી જુદી છે માટે અને તેથી એને બેયને આધાર-આધેય સંબંધ પણ નથી. આહા..હા...! આવો માર્ગ છે.

વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે, ઈ ના પાડે છે. એની સત્તા જુદી છે, પ્રદેશ જુદા છે અને બેને આધાર-આધેય સંબંધ પણ નથી. આહા..હા...! આવો માર્ગ છે. સંપ્રદાયથી તો આ (વાતનો) મેળ ખાવો મુશ્કેલ. કેટલા બોલો સ્પષ્ટ કર્યા છે ! આ..હા..હા...!

ચૈતન્ય ભગવાન નિર્મળાનંદ પ્રભુ ! અતીન્દ્રિય આનંદાદિ અતીન્દ્રિય ગુણનું ધામ !

એ આધેય છે અને એનો આધાર, જે એની પરિણતિથી જણાય છે માટે તેનો આધાર પરિણતિ છે. આ..હા...! શુદ્ધ પરિણતિથી આત્મા જણાય. એ હતો, છે ભલે હો. છે ભલે, પણ છેનું છેપણું એને ક્યારે આવે ? આહા..હા...! એ કારણપરમાત્મા છે ખરો પણ એ છે ક્યારે ? કે, પર્યાયમાં કાર્યપણું થાય એને એ કારણપરમાત્મા છે. એટલે બીજાને કારણપરમાત્મા છે એમ આવ્યું ક્યાં ? આહા..હા...! બધાને કારણપરમાત્મા છે ઈ તો બરાબર છે પણ કારણપરમાત્માનું જેને ભાન થયું નથી એને કારણપરમાત્માની શ્રદ્ધા ક્યાં છે ? આહા..હા...! તેથી ભાઈએ કહ્યું હતું ને ? 'ત્રિભુવન વારિયા' ! એમ કે, કારણપરમાત્મા તમે કહો છો તો કારણ હોય તો કાર્ય તો આવવું જોઈએ. પણ કારણપરમાત્મા છે, એનું અસ્તિત્વ છે એવું જેને પ્રતીતમાં આવ્યું એને છે કે ન હોય એને છે ? અને જેને પ્રતીતમાં આવ્યું એને સમકિતનું કાર્ય આવ્યું. સમજાણું કાંઈ ? આહા..હા...! એવું છે. ઝીણો માર્ગ બહુ.

એકબીજાની સાથે **'આધારાધેયસંબંધ પણ નથી જ.'** પાછો **'જ'** (લખીને) એકાંત કર્યું છે. કથંચિત્ આધાર-આધેય સંબંધ અને કથંચિત્ આધાર-આધેય સંબંધ નહિ, કથંચિત્ બેની સત્તા એક છે અને (કથંચિત્) બેની સત્તા જુદી છે, એમ નહિ. આહા..હા...! સમ્યક્ એકાંત નયનો વિષય સિદ્ધ કર્યો છે. આહા..હા...! **'તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં...'** પોતાના સ્વરૂપમાં (કહ્યું છે). **'પ્રતિષ્ઠારૂપ (દૃઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે.'** આ તો પહેલા સિદ્ધાંત કર્યા. હવે આત્મા ઉપર ઉતારે છે.

**'માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (–રહેલું) છે...'** આ..હા..હા...! સિદ્ધાંત અહીં છે. ઉપયોગમાં ઉપયોગ છે, ઈ અહીં. પહેલા તો સિદ્ધાંત સિદ્ધ કર્યા. આહા..હા...! જે આત્મા, એની જે જાણનક્રિયા, જે પરિણમન દ્વારા આત્મા જણાણો... આહા..હા...! જે પરિણમન દ્વારા આત્મા જ્ઞેય જણાણો, જ્ઞેય થયો તે જાણનક્રિયાને આધારે તે જણાણો. આહા..હા...! કારણ કે તે કાર્ય થાય ત્યારે કારણ કહેવાય ને ? એમ અહીં કાર્ય જ્યારે જાણનક્રિયા થઈ તો એનાથી આત્મા જણાણો કે, આ આત્મા (છે).

આમ દ્રવ્યને આશ્રયે ગુણ ને પર્યાય રહે છે. એ તો એક વસ્તુની સિદ્ધિ કરવી (છે). દ્રવ્યને આશ્રયે ગુણ ને પર્યાય છે. બસ ! 'દ્રવ્યાશ્રયા ગુણા' 'તત્ત્વાર્થ સૂત્ર'નું સૂત્ર છે. દ્રવ્યને આશ્રયે ગુણ (રહેલા છે), એ 'તત્ત્વાર્થ સૂત્ર'નું (સૂત્ર છે). આહા..હા...! આમાંય – શ્વેતાંબરમાં ૨૮મા અધ્યયનમાં પણ છે. 'દ્રવ્યાશ્રયા ગુણો, એક દવ્વસિયા ગુણા' ત્યાં એ બીજી વાત છે.

અહીં કહે છે, એને આશ્રયે જે કીધું હતું એ તો વસ્તુ સિદ્ધ કરવા (કહ્યું હતું). પણ એકલી વસ્તુસ્થિતિ જેને ખ્યાલમાં, અનુભવમાં ન આવે એને શું ? કહે છે. આહા..હા....! જેને ખ્યાલમાં આવે, જ્ઞાનના પરિણમનમાં, શ્રદ્ધાના પરિણમનમાં, શાંતિના પરિણમનમાં એટલે સ્વરૂપાચરણ સ્થિરતા, વગેરે પરિણમનમાં ખ્યાલ આવે કે, આ આત્મા છે માટે જાણનક્રિયા,

એવું પોતાનું સ્વરૂપ. એ જાણનક્રિયા એનું સ્વરૂપ છે. રાગાદિ એનું સ્વરૂપ નથી. જાણવું.. જાણવું-દેખવું એવું પરિણમન એ તો એનું સ્વરૂપ છે.

એ **'જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (–રહેલું) છે...'** આ..હા..હા...! એ પોતાના સ્વરૂપમાં આત્મા – જ્ઞાન રહ્યું છે, એમ કહેવું છે ને ? જ્ઞાન પોતાના સ્વરૂપમાં રહ્યું છે. સ્વરૂપ એટલે ? જ્ઞાન એવો જે આત્મા. એને જાણનક્રિયારૂપી જે પોતાનું સ્વરૂપ તેમાં એ રહેલો છે. એટલે તેમાં તે જણાય છે. આવી વાત છે. સમજાય છે આમાં ?

**'જ્ઞાન...'** એટલે આત્મા **'કે જે જાણનક્રિયારૂપ...'** ઈ પોતાનું સ્વરૂપ છે. આ..હા..હા...! રાગાદિ એનું સ્વરૂપ નહોતું. જે જાણનક્રિયા, આત્મા જે જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પ્રભુ, એની જે વર્તમાન જાણનક્રિયા, શ્રદ્ધાક્રિયા, શાંતિની ક્રિયા, આનંદની (ક્રિયા) એ જાણનક્રિયામાં બધા ગુણોની પર્યાય આવી ગઈ. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (–રહેલું) છે...'** બે વસ્તુ જુદી પાડી. જ્ઞાન એટલે જ આધેય અને જાણનક્રિયા એ આધાર. એ જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં રહેલું છે. આહા..હા...! સમજાય છે ? પુસ્તક છે ને સામે ? આમાં લોઢામાં-બોઢામાં ક્યાંય ત્યાં હાથ આવે એવું નથી. પૈસા આવે, એ પણ એની પર્યાયનો કાળ (હોય તો આવે). આહા..હા...!

અહીં તો પહેલું એમ કીધું, 'પ્રવચનસાર'માં તો એમ આવી ગયું કે, દ્રવ્ય પોતાની પર્યાયને પહોંચી વળે છે. દ્રવ્ય પોતાની પર્યાયને પહોંચે છે, પ્રાપ્ત કરે છે, પામે છે. અને પર્યાય દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? પર્યાય દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે અને પર્યાયને દ્રવ્ય પ્રાપ્ત કરે છે. પછી વિકાર કે અવિકાર બેય, હોં ! ત્યાં નિર્વિકારી (પર્યાયની) વાત નથી. દ્રવ્ય જે છે એ પોતાની જે પરિણતિ છે કે પર્યાય છે, વિકારી કે અવિકારી, દ્રવ્ય છે એ પોતે મિથ્યાત્વને પામે છે એ પોતાની ક્રિયા પર્યાય છે. આવું છે. એ તો આપણે ઘણા બોલ ગયા. ૯૮ ને ૯૯. એને અવસરે થતો મિથ્યાત્વ ભાવ તેને દ્રવ્ય પહોંચી વળે છે, દ્રવ્ય પ્રાપ્ત કરે છે, દ્રવ્ય પામે છે. એને દ્રવ્ય પામે છે. આહા..હા...! આ..હા..હા...! બીજી કોઈ ચીજ નથી પામતું એટલું ત્યાં સિદ્ધ કરવું છે.

અહીં બીજી વાત સિદ્ધ કરવી છે. આહા..હા...! અહીં તો વસ્તુ છે પણ એ વસ્તુનું જ્યાં અંદર ભાન કરે છે, એની સન્મુખ થાય છે ત્યારે જે જ્ઞાન ને શ્રદ્ધાનું પરિણમન થયું એના સ્વરૂપને આધારે એ ચીજ છે. કારણ કે એના સ્વરૂપને આધારે એ જણાણું છે. આટલું હવે યાદ ક્યારે રાખવું ? કહો, 'ત્રંબકભાઈ' ! એને 'મુંબઈ'નું સાંચવવું કે 'કાંપ'નું સાચવવું કે આ (સમજવું) ? શું કરવું ? 'ઉલ્લાસજી' ! આ જુદી જાતનો ઉલ્લાસ છે. આહા..હા..! (શ્રોતા :– 'મુંબઈ'નું ને લોઢાનું બેયનું સાચવવું ?)

કહે છે, પ્રભુ ! એક વસ્તુની બીજી વસ્તુ નથી. એ રાગાદિ અને પર આદિની અપેક્ષા. બેયની સત્તા જુદી એ રાગાદિ અને પરની અપેક્ષા. બેયનો આધારાધેય નહિ એ રાગાદિ

અને પરની અપેક્ષા. અહીંયાં આધાર-આધેય છે. આ..હા..હા...! એ વસ્તુ તો વસ્તુ છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે, એ છેનું અહીંયાં પરિણમનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ પરિણમન થયું એ પરિણમનને આધારે 'આ છે', આ છે અંશનું પરિણમન થયું એ અંશમાં 'આ અંશી આવડો પૂરો છે' એમ એને આધારે જણાણું માટે એને આધાર (કહ્યો), વસ્તુને આધેય (કહી). આહા..હા...! કહો, 'મીઠાલાલજી' ! આવી ચીજ છે. લોકોને આકરી પડે પણ શું થાય ?

એક બાજુ એમ કહે કે, 'પ્રવચનસાર' એમ પોકારે (કે), દ્રવ્ય પર્યાયને પહોંચે. વિકારી કે અવિકારી, હોં ! ત્યાં તો દ્રવ્ય ને ગુણ ને પર્યાય સિદ્ધ કરવું છે, એટલું. અહીં તો સંવર સિદ્ધ કરવો છે. સંવર ક્યારે થાય ? કે ચૈતન્યમૂર્તિ શુદ્ધ છે તેનો આશ્રય લઈ અને શુદ્ધ પરિણમન જે થાય, ત્યારે એ પરિણમનમાં એ ચીજ જણાણી માટે એ પરિણમન તે આધાર છે, આત્મા તે આધેય છે. આહા..હા...! આટલું બધું ફેરવવું કેટલું ! સાફ છે, આમ ચોખ્ખી (વાત છે). આ..હા..હા...!

જેને રાગ અને કર્મનો સંબંધ જ નથી. નિમિત્ત-નિમિત્ત એ કોઈ સંબંધ નથી. જ્ઞેય-જ્ઞાયક સંબંધ એ પણ વ્યવહાર છે. આહા..હા...! આહા..હા...! એમાં થતી શુદ્ધ પરિણતિ, શુદ્ધની દૃષ્ટિએ, લક્ષે (થતી એ) પરિણતિમાં એને જણાણો કે 'આ દ્રવ્ય છે'. પરિપૂર્ણ ભગવાન પરિપૂર્ણ વસ્તુ, ભલે એ પરિણતિમાં એ દ્રવ્ય આવ્યું નહિ પણ પરિણતિમાં એ દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે તેટલું જ્ઞાન અને પ્રતીત થઈ ગઈ. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! આ બધું માથા ફરી જાય એવું છે. આહા..હા...!

**'જાણનક્રિયારૂપ પોતાનું સ્વરૂપ...'** જોયું ઈ ? એનું પરિણમન છે ને ઈ પોતાનું સ્વરૂપ છે. ચૈતન્ય ભગવાન ધ્રુવ છે એનું જે પરિણમન છે એ પોતાનું સ્વરૂપ છે. આહા..હા...! એક ઠેકાણે એમ કહે કે, પર્યાયસ્વરૂપમાં દ્રવ્ય આવતું નથી અને દ્રવ્યસ્વરૂપમાં પર્યાય આવતી નથી. ઈ વાત તો એમ જ (છે). અહીં પણ એમ કીધું, પર્યાય સ્વરૂપ છે એમાં દ્રવ્ય જણાણું. દ્રવ્ય એમાં આવ્યું નથી પણ જેટલું, જેવડું દ્રવ્ય છે, જેટલા સામર્થ્યવાળું (છે), અનંત ગુણના પુરુષાર્થના, એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે, જ્ઞાનમાં અનંત પુરુષાર્થનું રૂપ છે, અનંત આનંદનું રૂપ છે, અનંત અકર્તા, અકારણનું રૂપ છે. એવા એવા અનંતા ગુણનું જે સામર્થ્ય, એવું જે તત્ત્વ જે જાણનક્રિયાના ઉપયોગમાં (આવ્યું), જાણનક્રિયા લીધી. ઉપયોગમાં ઉપયોગ છે, એમાં ઉપયોગમાં (એટલે) એને અહીં જાણનક્રિયા લીધી. આહા..હા...! સમજાણું કાંઈ ? છે ને સામે ? પુસ્તક છે કે નહિ ?

**'જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-રહેલું) છે...'** આ..હા...! કેમ ? (કે) **'જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,...'** આહા..હા...! આત્મા ચૈતન્યસ્વરૂપ પૂર્ણ આનંદાદિ એનું જાણવું થયું, શ્રદ્ધવું થયું, ઠરવું થયું, અનંત ગુણાંશ શક્તિમાં જે હતા તે વ્યક્તરૂપે થયા, બધા અંશ (વ્યક્તરૂપે થયા) તે પરિણમનને આધારે જણાણું કે આ (આત્મા

છે). આનંદને આધારે જણાણું કે પૂર્ણ આનંદ છે, જ્ઞાનની વ્યક્તતાનો અંશ પૂર્ણ જ્ઞાન(ને જણાવે છે), શાંતિના આશ્રયે પૂર્ણ શાંતિ (જણાણી), પુરુષાર્થને આશ્રયે પૂર્ણ (પુરુષાર્થ જણાણો). એમ એ પ્રગટ જે પર્યાય (થઈ) એમાં જે અંશ આવ્યા, એ અંશો દ્વારા તે જણાણો છે માટે તેને – અંશને આધાર કહેવામાં આવે છે અને અંશીને આધેય કહેવામાં આવે છે. સમજાય છે ? આહા..હા...!

**'જાણનક્રિયારૂપ જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે જ્ઞાનમાં જ છે;...'** એ આત્મા ભગવાન ત્રિલોકનાથ, એની જે જાણવાની, દેખવાની, શ્રદ્ધવાની પર્યાય થઈ એ એનું સ્વરૂપ છે અને તેથી એ જ્ઞાનની ક્રિયા, શ્રદ્ધાની ક્રિયા, શાંતિની ક્રિયા એ જ્ઞાનથી અભિન્ન છે, આત્માના સ્વભાવથી તે પર્યાય અભિન્ન છે. આહા..હા...! **'અભિન્ન હોવાને લીધે જ્ઞાનમાં જ છે;...'**

મુમુક્ષુ :– પર્યાયમાં દ્રવ્ય આવે ?

ઉત્તર :– ઈ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી પણ આ બાજુ સન્મુખ થઈ ગયું માટે અભિન્ન છે, એમ (કહેવું છે). બાકી પર્યાય પર્યાય છે અને દ્રવ્ય દ્રવ્ય છે. એ અત્યારે નથી લેવું. અભિન્નનો અર્થ અભેદ થઈ ગયો. રાગ છે ભિન્ન છે એવી રીતે આ અભિન્ન છે, એમ.

મુમુક્ષુ :– દ્રવ્યને અને પર્યાયને અભિન્ન કહેવું એ કઈ નયનું કથન છે ?

ઉત્તર :– અત્યારે નિશ્ચયનયનું કથન છે. એવી વાત છે. આ તો ઓગણીસમી વખત વંચાય છે ને ! આમાં તાકડે તમે આવ્યા. 'રતિભાઈ' ન આવ્યા ? 'મુંબઈ' હશે, ઠીક ! આહા..હા...!

મુમુક્ષુ :– જ્ઞાન અને આત્માના પ્રદેશ અભિન્ન હોવાથી અભિન્ન કહ્યું ?

ઉત્તર :– પ્રદેશ તો ભિન્ન ઈ નહિ. વસ્તુ એની છે, એક જ સત્તા છે. એમાં સ્વરૂપમાં વસ્તુ રહેલી છે. સ્વરૂપ જે જાણનક્રિયા છે એમાં આ વસ્તુ રહેલી છે. માટે તે વસ્તુનું સ્વરૂપ છે, તે સ્વરૂપ હોવાને લીધે વસ્તુ અભિન્ન છે, એમ. પકડાય એટલું પકડો, બાપુ ! આ તો (ભંડાર છે).

મુમુક્ષુ :– પર્યાયના પ્રદેશો ભિન્ન છે.

ઉત્તર :– અત્યારે જુદા નથી (કહેવા). અત્યારે તો વિકારી પર્યાયના પ્રદેશો જુદા કહેવા છે પછી નિર્વિકારી પર્યાયના પ્રદેશો જુદા, અત્યારે નહિ. એ વાત તો કાલે થઈ ગઈ હતી, નહિ ? કે, ભઈ ! વિકારી પર્યાય મટી ગઈ પછી નિર્મળ પર્યાય ભળી ગઈ નિર્મળ સાથે. એટલે એ પર્યાય ભળી ગઈ નિર્મળ પણ છતાં એના પ્રદેશ તો, પર્યાયના અંશ જુદા છે. જે ત્રિકાળી પ્રદેશ છે અને એક સમયના પ્રદેશ છે એ જુદા છે. અત્યારે અહીં તો ફક્ત પરથી જુદું પાડવું છે. આહા..હા...! એવું છે.

**'જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,...'** એટલે જાણવાની જે પરિણતિની ક્રિયા છે તેનાથી જ્ઞાન એટલે આત્મા **'અભિન્નપણું હોવાને લીધે, જ્ઞાનમાં જ છે;...'** એમ.

એ આત્મા આત્મામાં જ છે. જે આત્માનું પરિણમન કીધું એને આત્મા કીધો, જાણનક્રિયાને આત્મા કીધો. એટલે આત્મા આત્મામાં છે. એ આત્મા પોતાના સ્વરૂપમાં છે. તે સ્વરૂપ જાણનક્રિયા એવું સ્વરૂપ છે. માટે આત્મા એમાં છે. સમજાણું કાંઈ ? આવું સ્વરૂપ છે.

જાણનક્રિયા છે એ પર્યાય છે. એ પર્યાયને આધારે આત્મા છે. એ પર્યાયને આધારે જણાય છે માટે તે આધાર કીધો છે. આહા..હા...! જાણનક્રિયા એ ઉત્પન્ન ક્રિયા છે. ઉત્પાદ છે, ઉત્પન્ન છે. એ ઉત્પન્ન ક્રિયાને આધારે આત્મા જણાય છે. માટે તે આત્માનું એ સ્વરૂપ છે. માટે તે સ્વરૂપને આધારે તે આત્મા છે માટે સ્વરૂપ અને આત્મા, બે અભિન્ન છે. આ અપેક્ષા. આહા..હા...! કેટલા પડખાં આમાં (સમજવા) ? નવા માણસને (આકરું લાગે). બાપુ ! વીતરાગમાર્ગ બહુ અલૌકિક છે ! વીતરાગ સિવાય કોઈ ધર્મમાં, કોઈમાં આ સાચી વાત છે જ નહિ. બધાએ કલ્પિત કરેલ છે. શ્વેતાંબર ધર્મમાં આ વાત નથી ને ! આ..હા...! શું કહીએ પણ લોકોને આકરું પડે. શ્વેતાંબર ધર્મ અને સ્થાનકવાસી, એમાં જૈનપણાની શૈલી જ નથી. આહા..હા...! આ..હા..હા...!

કહે છે, રાગ અને આત્માની સત્તા બે ભિન્ન (છે) પણ રાગને જાણનારું અને પોતાને જાણનારું, એવી જે જાણવાની ક્રિયા, એવું જાણવાનું જે ઉત્પાદ પરિણમન, એને આધાર (કહેવાય છે) અને આત્મા આધેય (છે). આહા..હા...!

મુમુક્ષુ :– સંવરની વાત તો કઠણ છે.

ઉત્તર :– સંવરની વાત તો બહુ સાદી ભાષામાં તદ્દન સાદી ભાષામાં મર્મ ખોલ્યા છે. બાપુ ! સંવર એટલે શું ? આહા..હા...! આસ્રવરહિત સંવરની ઉત્પત્તિ છે. એ સંવરની ઉત્પત્તિ (થવી) એ જાણનક્રિયા છે. એ આત્માની જાણનશ્રદ્ધા એ ક્રિયા છે. એ ક્રિયા આત્માનું સ્વરૂપ છે અને આત્માનું સ્વરૂપ હોવાથી તેને આધારે આત્મા રહ્યો છે. આ..હા..હા...! એને જાણનારી ઉત્પન્ન પર્યાય જો ન હોય તો એ કોને આધારે જણાય ? એ..ઈ...! રાગ(ના) આધારે તો જણાતી નથી. તો પર્યાય જ ઉત્પન્ન ન હોય, પ્રગટ (ન હોય) તો આ ત્રિકાળ છે એને જાણ્યો કોણે ? આહા..હા...! મૂળમાં મોટો ફેર છે. આહા..હા...!

જાણનસ્વરૂપ જ એનું છે એમ કહે છે. એ રાગાદિ એનું સ્વરૂપ નહિ. તેથી તેની સત્તા ભિન્ન, પ્રદેશ ભિન્ન, આધાર-આધેય ભિન્ન. આહા..હા...! અને જાણનક્રિયા અને આત્મા, બેની સત્તા એક, બેમાં આધાર-આધેય એક, જાણન(ક્રિયા) આધાર અને વસ્તુ આધેય. બેને અંદર સંબંધ ખરો. એને આધારે રહે અને આધેય એમાં રહે એવો સંબંધ. આહા..હા...!

એ જાણન જે શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ એટલે પરિણમન, શુદ્ધ ઉપયોગ પાઠમાં લીધો છે પણ અર્થમાં જાણનક્રિયા લીધી. કારણ છે કે, ઓલો ઉપયોગ જે છે, શુદ્ધ ઉપયોગમાં જો આત્મા કહો તો શુદ્ધ ઉપયોગ સદાય રહેતો નથી, કોઈ વિકલ્પમાં રહે. પણ શુદ્ધનું પરિણમન સદાય રહે છે. 'ચંદુભાઈ' ! સમજાણું ? શુદ્ધનું પરિણમન. આ..હા...! પર્યાયની

પ્રગટ દશા શુદ્ધની કાયમ રહે છે. ઉપયોગ કદાચ ન રહે. એથી આ શબ્દ વાપર્યો છે. આ..હા..હા...! ઉપયોગને 'જાણનક્રિયા' શબ્દ વાપર્યો છે. આહા..હા...! આ ટીકા કહેવાય, આવી ! આ..હા..હા...! સંતો દિગંબર મુનિઓ(એ) ગજબ કામ કર્યાં છે ! આ..હા..હા...!

લોકોને અભ્યાસ નહિ (અને) પ્રવૃત્તિ આડે નિવૃત્તિ નહિ. આહા..હા...! પ્રવૃત્તિ પ્રવૃત્તિને ઘરે રહી. એની સત્તામાં એ પ્રવૃત્તિ છે નહિ. આહા..હા...! એની સત્તામાં તો શુદ્ધ પરિણમન છે. આહા..હા...! રાગે નથી તો પર શરીર, વાણી, મન ને ધંધાની ક્રિયા એ તો ક્યાં છે એમાં ? આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'જાણનક્રિયાનું જ્ઞાનથી...'** જાણનક્રિયા એટલે પરિણમન – શુદ્ધ પરિણમન. એનું **'જ્ઞાનથી...'** એટલે આત્માથી **'અભિન્નપણું હોવાને લીધે,...'** જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે જાણનક્રિયા **'જ્ઞાનમાં જ છે;...'** આહા..હા...! એનાથી જુદી નથી, એમ કહે છે. છે ? આ..હા...! **'જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે...'** જાણનક્રિયા **'જ્ઞાનમાં જ છે;...'** આત્મામાં જ છે. ઈ નિર્મળ પર્યાય છે એ આત્મામાં જ છે, એમ કહે છે. એ આત્મા છે. આહા..હા...!

હવે, ઈ સિદ્ધ કરીને હવે વિરુદ્ધ સિદ્ધ કરે છે. એ અવિરુદ્ધ સિદ્ધ કર્યું, જાણનક્રિયા સ્વરૂપ પ્રતિષ્ઠિત એમાં આત્મા રહેલો છે. જાણનક્રિયા સ્વરૂપ, એને આધારે પ્રતિષ્ઠિત એટલે એને આધારે રહ્યો છે. કારણ કે એ આત્મા છે. જાણનક્રિયાનો સંવરભાવ એ આત્મા છે. આહા..હા...! એક કોર 'શુદ્ધભાવ અધિકાર' 'નિયમસાર'(માં એમ કહે કે), સંવર, નિર્જરા ને કેવળજ્ઞાન બહિર્તત્ત્વ છે. કઈ અપેક્ષા છે ? બધાય તત્ત્વો. સંવર, નિર્જરા ને બધું બહિર્તત્ત્વ છે. અંતઃતત્ત્વ તો એક ત્રિકાળી આનંદનો નાથ (છે). પણ એને જાણનારા વિના, છે એવું જાણ્યું કોણે ? એમ કહે છે. એને જ્ઞેય બનાવ્યા વિના, આ જ્ઞેય છે, એમ જાણ્યું કોણે ? આ..હા..હા...!

મહાપુરુષ કોઈ કરોડપતિ, અબજોપતિ મળવા આવ્યો પણ એની સામું જોયું નહિ અને છોકરા સાથે અડધો કલાક રમતમાં રહી ગયો તો ઓલો ઉઠીને ચાલ્યો ગયો. એટલે એને તો મળ્યો જ નથી. એમ આખી ચીજ પ્રભુ મહાઆત્મા પડી છે, મહાત્મા – મહાપુરુષ એ સમીપમાં પડી છે પણ એની સામું જોયા વિના (ખબર કેમ પડે ?) આહા..હા...!

મુમુક્ષુ :– ઈ ચાલ્યો નથી જાતો.

ઉત્તર :– ઈ તો ત્યાંને ત્યાં (છે પણ) એની દૃષ્ટિમાંથી ચાલ્યો ગયો છે ને ! ઈ ચાલ્યો ગયો. અનંતકાળથી ચાલ્યો ગયો. આહા..હા...! એની સત્તાનું અસ્તિત્વ જેવું અને જેટલું છે એટલું તેની સન્મુખ થઈને જાણ્યું નહિ તો એને તો એ સત્તા ચાલી ગઈ છે. આહા..હા...! આવું છે. અરે...! ધન્ય ભાગ્ય ! આ ચીજ ક્યાંથી કાને પડે ? આ કોઈ સંપ્રદાયની ચીજ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા...! વસ્તુના સ્વરૂપની આ બધી ટીકા છે. આહા..હા...!

એ (કહીને) હવે વિરુદ્ધનું લે છે.

**'ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે...'** આહા..હા...! ક્રોધાદિ છે એનું પરિણમન જે છે, એને આધારે એ ક્રોધ છે. **'ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયા...'** (એટલે) પરિણમન. આ..હા...! ક્રોધ વસ્તુ છે ઈ વસ્તુ ગણી અને પછી એનું પરિણમન ગણ્યું. એ પરિણમનને આધારે ક્રોધ છે. આહા..હા...! ઝીણું આવ્યું આજે પણ અધિકાર એવો છે ત્યાં (શું થાય ?) આહા..હા...!

ક્રોધ શબ્દે દ્વેષ અને આદિ શબ્દે રાગ. રાગમાં લોભ અને માયા આવે. એ લોભની ઇચ્છાની વૃત્તિ ઉત્પન્ન થઈ... આહા..હા...! એ ઇચ્છાની પરિણતિ, એ ક્રોધની ક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. એ ઇચ્છાની પરિણતિ, જે ક્રોધ, માન, માયા, લોભ છે એની પરિણતિ છે, એને આધારે એ છે. એ પરિણતિને આધારે એ ક્રોધ છે, આત્માને આધારે નહિ. આહા..હા...!

ક્રોધાદિ છે ને ? ક્રોધ, માન, માયા, લોભ, વિષય-વાસના, રાગાદિ એ જે ક્રોધાદિ ક્રિયા, એનું પરિણમન, એ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. એના સ્વરૂપ – પરિણમન સ્વરૂપ એનું છે. વિકારી ભાવનું પરિણમન એ એનું સ્વરૂપ છે. આહા..હા...! એ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. એના સ્વરૂપને આધારે વિકાર છે, આત્માને આધારે નહિ, આત્માની પર્યાયને આધારે નહિ. આહા..હા...! બહુ ઝીણું !

મુમુક્ષુ :– ક્રોધાદિનો આધાર મોહકર્મ ગણવામાં આવે ?

ઉત્તર :– કર્મ-ફર્મ અહીં નહિ. અહીં તો અંદરની વાત છે. કર્મ-ફર્મ, નોકર્મ તો બહાર રહ્યા. ઈ આવશે. આ મેળવ્યા પછી આવશે. આઠ કર્મ ને નોકર્મ પછી (આવશે). આઠે કર્મ આવશે. પણ આ તો પહેલાં અંદરનું નક્કી કરે પછી ઓલું (છે). એ તો બહારનું (તત્ત્વ છે), જુદા છે. પણ આ જુદા ભાસતા નથી માટે તેને જુદાપણું બતાવીને પછી કહે, આની પેઠે બધું લઈ લેવું. કર્મ, શરીર, ફલાણું-ઢીકણું... (બધું લઈ લેવું). આહા..હા...!

મૂળ પ્રાણ તો સાધારણ શરીર જુદું છે, કર્મ જુદું છે, એવી ધારણા તો ઘણીવાર થઈ ગઈ છે. અગિયાર અંગના જાણપણા (તો થઈ ગયા છે) પણ આ જુદું થયા વિના એ જુદા છે એવું યથાર્થપણું ન આવે. આહા..હા...! આમ તો અગિયાર અંગના જાણપણા નથી કર્યા ? શરીર જુદું છે, કર્મ જુદું છે. એટલું તો આવ્યું ને ? રાગ જુદો છે એવું પણ ખ્યાલમાં – ધારણામાં આવ્યું હતું પણ ભાવમાં નહોતું આવ્યું. આહા..હા...!

રાગરહિત સ્વભાવની દૃષ્ટિ કરીને જે પરિણમન થવું (જોઈએ) તે નહોતું. તેથી તેને કહે છે કે, પરિણમનને આધારે તે જણાણો. અને ક્રોધ ને વિકાર છે એ પરિણતિને આધારે વિકાર છે, એ આત્માને આધારે વિકાર છે જ નહિ. વિશેષ કહેવાશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૫૯ ગાથા–૧૮૧-૧૮૩ ગુરૂવાર, જેઠ વદ ૧૨, તા. ૨૧-૦૬-૧૯૭૯

'સમયસાર', 'સંવર અધિકાર' અહીં (સુધી) આવ્યું છે. ક્રોધાદિક આવ્યું. આત્મા છે એ ત્રિકાળી નિત્ય ધ્રુવ છે પણ વર્તમાન જાણનક્રિયા એ સન્મુખની થાય એમાં એ જણાય. માટે જાણનક્રિયા એ આધાર છે અને આત્મા આધેય છે. બેય એકસ્વરૂપ છે. ઉપયોગે ઉપયોગ. જાણનક્રિયામાં આત્મા છે. આત્મા રાગમાં, શરીરમાં, વાણીમાં ક્યાંય નથી. એ જાણનક્રિયા – જાણવાનો ઉપયોગ જે થાય, ક્રિયા થાય તેને આધારે જણાય છે એથી તે જાણનક્રિયામાં પ્રતિષ્ઠિત છે. આહા..હા...!

હવે '**ક્રોધાદિક...**' એટલે કે પુણ્ય અને પાપના ભાવ જે વિકારી ભાવ '**કે જે ક્રોધાદિક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે...**' એ વિકારી ભાવ વિકારી પરિણતિમાં રહેલા છે. જાણનક્રિયામાં આત્મા રહેલ છે એમ વિકારી પરિણતિની ક્રિયામાં વિકાર રહેલો છે. એટલે વ્યવહાર વ્યવહાર કરે તો કહે છે કે, એ વ્યવહાર વિકાર છે અને વિકારની પરિણતિમાં વિકાર રહેલો છે, આત્મામાં નહિ. આહા..હા...! આવું (છે).

ક્રોધાદિનું અભિન્નપણું હોવાથી. કોને ? ક્રોધાદિકમાં જ છે એ. ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું હોવાથી. આહા..હા...! જેમ જાણનક્રિયા આત્મા સાથે અભિન્ન હોવાથી તે જાણનક્રિયા તે આધાર પ્રતિષ્ઠિત, એને આધારે આત્મા છે, જણાય છે. એમ ક્રોધાદિ ક્રિયા ભિન્ન છે. આત્માથી તદ્દન ભિન્ન છે. આહા..હા...! વ્યવહાર રત્નત્રયનો જે રાગ, કષાય એ ક્રોધાદિથી અભિન્ન છે, એ વિકારથી એ અભિન્ન છે. આત્માથી તદ્દન ભિન્ન છે. આ..હા...! આવું છે.

'**પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે...**' એટલે કે વિકાર ભાવ જે છે એની પર્યાયમાં જે પરિણમન છે એમાં એ રહેલ છે. એ એમાં પ્રતિષ્ઠિત છે, આત્મામાં નહિ. આહા..હા...! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ – રાગ એ એની પર્યાયની ક્રિયામાં રહેલ છે, પ્રતિષ્ઠિત ક્રિયા(માં રહેલ છે), આત્મામાં નહિ. આહા..હા...! '**ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું હોવાને લીધે, ક્રોધાદિકમાં જ છે.**'

'**(જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે,...)**' વધારે સ્પષ્ટ કર્યું જ્ઞાનનું સ્વરૂપ એટલે આત્માનું સ્વરૂપ જાણનક્રિયા (છે). જાણવું-દેખવું, આનંદ, શાંતિ આદિ ક્રિયા જાણનક્રિયા કહેવામાં આવે છે. આહા..હા...! આત્માની પર્યાયમાં જે જાણન, શ્રદ્ધા, શાંતિ, આનંદ (છે) એ બધી જાણનક્રિયા કહેવામાં આવે (છે). એ જાણનક્રિયા, '**(જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે,...)**' આત્માનું સ્વરૂપ જાણનક્રિયા છે. રાગ ને ક્રોધાદિ સ્વરૂપ એ એનું સ્વરૂપ નથી. '**(માટે જ્ઞાન આધેય અને**

**જાણનક્રિયા આધાર છે).**' આત્મા તેમાં રહેલ છે. શેમાં ? જાણનક્રિયામાં. જાણનક્રિયા આધાર છે, આત્મા આધેય છે. કેમકે એનાથી જણાય છે માટે. આ..હા...!

'તત્ત્વાર્થ સૂત્ર'માં તો એવો પાઠ છે. 'દ્રવ્યાશ્રયા...' દ્રવ્યને આશ્રયે ગુણ છે એવો પાઠ છે. 'દ્રવ્યાશ્રયા નિર્ગુણા ગુણાઃ' એવો પાઠ છે. દ્રવ્યને આશ્રયે ગુણ છે. અહીં તો પર્યાયનું વર્ણન છે. ત્યાં દ્રવ્યને આશ્રયે ગુણ છે અને પર્યાયે ખરેખર તો દ્રવ્યને આશ્રયે છે. પણ અહીં તો (એ) સિદ્ધ કરવું છે કે, જેના દ્વારા તે જણાય તેના આધારે તે છે. આહા..હા...!

જાણન, શ્રદ્ધા આદિ પરિણમન જે થાય એના પરિણમનને આધારે તે જણાય માટે તે જાણનક્રિયા તે આધાર છે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે આધેય છે. બેય એક જ જાત છે. એની જાતમાં એ આધારમાં છે. કજાત જે રાગ છે એમાં એ આત્મા નથી. આહા..હા...! **'(જાણનક્રિયા આધાર હોવાથી એમ ઠર્યું કે જ્ઞાન જ આધાર છે,...)'** એટલે શું ? કે, આત્મા જે જ્ઞાન છે તેની ક્રિયા જ્ઞાનની જ છે. માટે એ બધી ક્રિયાને આધારે એ જ્ઞાન જ છે, એ આત્મા જ છે. જાણનક્રિયા અને આત્મા, જાણનક્રિયાને આધારે આત્મા, બેય એક જ છે. બેય એક જાત છે. આહા..હા...! બહુ ઝીણું, બહુ જ. જાણવાની ક્રિયા, શ્રદ્ધવાની ક્રિયા, એને પ્રતિષ્ઠિત — એને આધારે આત્મા (છે). કેમકે બેય એક જ જાત છે, એમ કહે છે. જ્ઞાન જ સ્વરૂપ છે, ઈ આત્મા સ્વરૂપ (છે). જાણનક્રિયા એ આત્માનું જ સ્વરૂપ છે. આહા..હા...!

**'(કારણ કે જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી. આ રીતે એમ સિદ્ધ થયું કે જ્ઞાન જ્ઞાનમાં જ છે).**' આત્મા આત્મામાં જ છે, એમ. આત્મા જાણનક્રિયા, એવી આત્મા, એ આત્મા આત્મામાં જ છે. જાણન, શ્રદ્ધા આદિ આત્મા એ આત્મા આત્મામાં જ છે. આત્મા રાગમાં, વિકલ્પમાં નથી. સમજાણું ? **'(એવી જ રીતે ક્રોધ ક્રોધમાં જ છે).**' વિકાર પરિણામ છે એ વિકારને આધારે, વિકારની પરિણતિને આધારે વિકાર છે. આહા..હા...!

આમ તો કીધું ને, 'દ્રવ્યશ્રયા નિર્ગુણા ગુણાઃ' એ 'તત્ત્વાર્થ સૂત્ર'માં (છે) અને 'તત્ત્વાર્થ સૂત્ર'નો એક શબ્દ એવો છે કે, ધર્માસ્તિ, અધર્માસ્તિ છે એ ઉપકાર કરે છે. એવો પાઠ છે. અને અહીં 'ઇષ્ટોપદેશ'માં કહે કે, ભઈ ! બધું ધર્માસ્તિકાયવત છે. ઉપકારનો અર્થ છે, એટલી વાત. ત્યાં ઉપકારનો અર્થ ઉપકાર કરે છે એમ લઈ લ્યે એમ નથી. પાઠ એવો છે. અહીં પુસ્તક નથી.

મુમુક્ષુ :– પાઠ છે એ પ્રમાણે અર્થ કરવો જોઈએ ને !

ઉત્તર :– ઈ ઉપકારનો અર્થ જ આ છે. આ પેલા લોકનું છાપું આવે છે ને ? પછી નીચે (લખે), 'જીવાનામ્ પરસ્પર ઉપગ્રહા' પરસ્પર ઉપગ્રહ (એટલે) ઉપકાર કરે. ઉપકારનો અર્થ એક બીજી ચીજ છે, એટલું. ઉપકાર કરે છે એનો અર્થ ઉપકાર (ખરેખરે કરે છે એમ નથી). અહીં ઈ પુસ્તક નથી ને ? 'તત્ત્વાર્થ સૂત્ર' ! 'સુખ-દુઃખ, જીવિત, મરણ' લીધું છે. એટલે શું પણ ? સુખ-દુઃખે ઉપકાર કરે છે ? દુઃખ ઉપકાર કરે છે ? મરણ ઉપકાર

કરે છે ? છે, એમ જણાવે છે. આ..હા..! પણ શું થાય ? ઓલામાં તો ઉપગ્રહ છે. 'પરસ્પર જીવાનામ ઉપગ્રહો' આવે છે ને છાપામાં જ્યાં ત્યાં ? લોકનું (ચિત્ર) કરી નીચે લખે. 'પરસ્પર જીવનામ ઉપગ્રહો' ઉપગ્રહ એટલે ઉપકાર કરવામાં માને છે. અને 'સર્વાર્થસિદ્ધિ વચનિકા'માં ખુલાસો કર્યો છે કે, આ ઉપકારનો અર્થ શું ? એમ નથી. ફક્ત એ વખતે હોય છે માટે ઉપકાર કહેવામાં આવ્યો છે. એવો અર્થ કર્યો છે. 'સર્વાર્થસિદ્ધિ વચનિકા' ! પણ એ બીજી ચીજને અડતી નથી. એકબીજામાં અભાવ છે. આ..હા...! ક્યાંક ઉપગ્રહ છે, બીજામાં હશે.

મુમુક્ષુ :– પાંચમા અધ્યાયમાં છે.

ઉત્તર :– પાંચમામાં છે ? ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પાંચમામાં છે. એમાં હશે. આ આવ્યું, લ્યો ! હા, એમાં છે. (સૂત્ર–૧૭) 'गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः' એમ શબ્દ છે, લ્યો ! ઉપગ્રહનો અર્થ ઉપકાર કરે. ઉપકારનો અર્થ ઉપગ્રહ કર્યો છે. છે, બસ એક (વસ્તુ). સમીપમાં છે. 'गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः' લ્યો, 'ઉપકાર' શબ્દ છે. જડનો ઉપકાર ઉપકાર ? જડ શું ઉપકાર કરે ? પાઠ તો આવો છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ જડ ઉપકાર કરે. એટલે શું ?

મુમુક્ષુ :– ધર્માસ્તિકાય ઉપકાર તો કરે ને !

ઉત્તર :– ધૂળેય કરે નહિ. આહા..હા...! ત્યાં 'ઇષ્ટોપદેશ'માં તો એ અર્થ કર્યો કે, નિમિત્તથી છે એ કેવી ? ધર્માસ્તિકાયવત. ઉદાસીન નિમિત્ત છે. ઉદાસીન નિમિત્તને અહીં ઉપકાર કીધો. શું થાય પણ હવે ?

મુમુક્ષુ :– આચાર્યોએ ઉપકાર કર્યો છે.

ઉત્તર :– ઈ ટૂંકી ભાષામાં ઉપકારનો અર્થ ઉપગ્રહ કર્યો છે. ઉપગ્રહનો અર્થ ઉપકાર કર્યો છે. અને એ આચાર્ય પોતે કહે છે કે, નિમિત્ત અને બેને કાંઈ સંબંધ નથી. ઈ વાત રાખીને આ વાત કરવી જોઈએ કે નહિ ? કે, એક દ્રવ્યની પર્યાયમાં બીજા દ્રવ્યની પર્યાય(નો) અત્યંતઅભાવ (છે). એક દ્રવ્યની પર્યાયમાં બીજા દ્રવ્યની પર્યાયનો અત્યંતઅભાવ (છે). હવે એ અત્યંતઅભાવ ક્યારે સિદ્ધ થાય ? એકબીજા ઉપકાર કરે (ત્યારે સિદ્ધ થાય) ? બીજી વાત. ત્રીજી ગાથા :– દરેક દ્રવ્ય પોતાના ગુણધર્મને સ્પર્શે છે પણ બીજાને અડતું નથી. અડતું નથી તો ઉપકાર ક્યાં (કરે) ? એનો અર્થ એકબીજાથી મેળ ખાવો જોઈએ ને ? મેળ વિના કરે ઈ કાંઈ કામ આવે ? આહા..હા...!

મુમુક્ષુ :– સર્વાર્થસિદ્ધિમાં એ અર્થ કર્યો છે.

ઉત્તર :– બધે અર્થ કર્યો છે. 'સર્વાર્થસિદ્ધિ' કહ્યું ને ! 'સર્વાર્થસિદ્ધિ વચનિકા'માં અર્થ કર્યો છે. ઉપકારનો અર્થ કર્યો છે. એક બીજી ચીજ હોય છે એને ઉપકાર તરીકે કહેવામાં આવે છે. સમીપે હોય છે. ઉપકારી – સમીપ, બસ એમ. ઉચિત નિમિત્ત આમાંય આવી ગયું ને ? આહા..હા...! વાંધા એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈક કરે. મોટા વાંધા ! અડે નહિ

એને કરે શું ? આહા..હા...!

અહીં કહે છે, '**વળી ક્રોધાદિકમાં,...**' એટલે વિકારી ભાવમાં. હવે કર્મ ભેળવ્યા. પહેલું આ લઈ, સૂક્ષ્મ ભાવ, વિકારી ભાવ એની ક્રિયા અને એનું પરિણમન તદ્દન જુદું જ્ઞાન થયું. એ સિદ્ધ કરી અને હવે જડ પરવસ્તુ (લે છે). ક્રોધ એટલે પુણ્ય-પાપની ક્રિયામાં. '**કર્મમાં...**' અહીં તો ક્રોધાદિ શબ્દમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ભાવ એમાં આત્મા નથી. એ વિકારી પરિણતિને આધારે વિકાર છે, આત્માને આધારે નથી, એને આધારે આત્મા નથી. આવું ઝીણું છે. કહો, 'ગુલાબચંદજી' ! જુદું છે. દિગંબર આચાર્યોની એવી વાત છે. ગજબ વાત છે ! ધીરેથી, શાંતિથી (સમજવું). એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, ચૂંબતું નથી. હવે ચૂંબતુ નથી તે ઉપકાર કરે ?

મુમુક્ષુ :– ઉપકાર તો કરે ને, અહીંથી સો રૂપિયા મોકલવા હોય તો ?

ઉત્તર :– કોણ રૂપિયા મોકલે ? રૂપિયા રૂપિયાને કારણે જાય. આહા..હા...! કોથળીમાં જાય માટે કોથળીથી જાય છે, રેલથી જાય છે એમેય નથી. એ પોતાની તે સમયની ક્રિયાવર્તી શક્તિ છે એનું પરિણમન થઈને એમ જાય છે. આહા..હા...! આકરી વાત.

અહીં પહેલું આ લીધું કે, જાણનક્રિયા એટલે શુદ્ધ ઉપયોગ. જાણનક્રિયા લીધું કારણ કે ઓલો (શુદ્ધ) ઉપયોગ સદાય ન હોય. પાઠમાં ભલે ઉપયોગ છે. પણ જાણવાની ક્રિયા, પરિણમન, શ્રદ્ધવાની એને આધારે આત્મા જણાય છે. એથી એને પ્રતિષ્ઠિત – આત્માનો આધાર એને લીધો. હવે ઈ વાત કરી અને પછી એ વાત લીધી કે, વિકારી પરિણામ તે વિકારને આધારે છે. વિકારને આધારે (છે), એ વાત લીધી. પહેલું કર્મ ને નોકર્મ ન લીધું. કારણ કે સૂક્ષ્મપણું સિદ્ધ કરી (આ લીધું). આહા..હા...! આવી વાત છે, ભઈ !

મુમુક્ષુ :– પહેલા તો આપ એમ કહેતા હતા કે, વિકાર એ પુદ્‌ગલ જનિત છે.

ઉત્તર :– પુદ્‌ગલ જનિત કઈ અપેક્ષાએ ? એ નિશ્ચયથી તો પુદ્‌ગલ જ છે. આત્માનો સ્વભાવ નથી, પરિણતિનો સ્વભાવ એનો નથી. એની પરિણતિ દ્રવ્યને અનુસારે પરિણતિ હોય છે. એ ખરેખર પુદ્‌ગલજન્ય છે. પણ જ્યારે એની પર્યાયને સિદ્ધ કરવી હોય ત્યારે પર્યાય પોતામાં, પર્યાય પર્યાયને આધારે છે, વિકાર વિકારને આધારે છે, એમ (કહે). ઓલામાંથી લ્યે તો વિકાર પુદ્‌ગલને આધારે છે એમ થાય. પુદ્‌ગલથી વિકાર થાય, આત્માથી નહિ. આત્મામાં અનંતા.. અનંતા.. અનંતા.. ગુણો (છે એમાં) એક પણ ગુણ વિકાર કરે એવો ત્રણકાળમાં (કોઈ) ગુણ નથી. એવું જે દ્રવ્ય, આનંદનું દળ, અનંત ગુણની પવિત્રતાનો મોટો સાગર, એમાં કોઈ ગુણ એવો નથી કે, વિકૃતિ (કરે). પર્યાયમાં વિકાર થાય છે એથી અશુદ્ધ ઉપાદાને એનામાં છે અને એ અશુદ્ધ ઉપાદાન છે ઈ વ્યવહાર છે અને વ્યવહાર છે તે નિમિત્તને આધીન થયેલો છે માટે ઇ આત્માનો નથી, એ પરનો છે. આહા..હા...! આવું છે. વાણિયાને પણ ધંધા આડે એટલી બધી નવરાશ ન મળે. આ..હા...! આવી વાત છે,

એમ નક્કી કરવું જોશે ને, બાપુ ! આવી વસ્તુ જે રીતે છે તે રીતે (નક્કી કરવી જોઈશે). આહા..હા...!

અહીં તો મારે બીજું શું કહેવું હતું ? આત્મા જાણનક્રિયાને આધારે (છે) અને ક્રોધાદિ ક્રોધાદિક્રિયાને આધારે (રહેલા છે). વિકારી ભાવ વિકારી પર્યાયને આધારે (છે). આહા..હા...! પહેલી એ વાત સિદ્ધ કરી. આત્માને આધારે એ નહિ અને એને આધારે આત્મા નહિ. આહા..હા...! છે કે નહિ ? ભાઈ ! આ ફેરી 'ઉલ્લાસચંદજી'એ વખત લીધો. નિવૃત્તિ મળી. સારું કર્યું. આ તો બાપુ ! સમજવા જેવી વાત છે, ભાઈ ! અત્યારે તો મુશ્કેલી પડી ગઈ. આહા..હા...! આ તો પરમસત્યનો પ્રવાહ છે. પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરનું કથન આ શૈલીનું છે.

આ..હા..હા...! એ કહીને હવે કહે છે, વળી વિકારમાં એ પહેલું સિદ્ધ કર્યું. હવે સાથે બીજું ભેળવી દ્યે છે. વિકારમાં **'કર્મમાં કે નોકર્મમાં...'** પેલું જડકર્મ. પહેલું ભાવકર્મ લીધું. ભાવકર્મની સાથે એને સંબંધ નથી. પછી એની સાથે મેળવવા લીધું, દ્રવ્યકર્મ. પછી નોકર્મ – બહારના નિમિત્તો (લીધા). એ **'જ્ઞાન નથી...'** એ ત્રણે જ્ઞાન નથી, એ ત્રણેમાં આત્મા નથી. જેમ વિકારમાં આત્મા નથી, કર્મમાં આત્મા નથી, નોકર્મમાં આત્મા નથી. આહા..હા...! 'મીઠાલાલજી' ! આવું છે. ક્યાં ગયો તમારો છોકરો ગયો ? કહો, સમજાણું કાંઈ ? આહા..હા...!

કર્મમાં આત્મા નથી અને નોકર્મ નોકર્મમાં. આમ એક નોકર્મ તો આહાર, શરીર વર્ગણા આદિ લીધી છે ને ? એને નોકર્મ લીધું અને એક નોકર્મ એટલે બીજી બધી ચીજો. ભાવકર્મ, દ્રવ્યકર્મ સિવાયની બધી ચીજો તેને નોકર્મ કહેવામાં આવે છે. બાયડી, છોકરા, કુટુંબ બધું નોકર્મ છે. એમાં આ આત્મા નથી. આહા..હા...!

મુમુક્ષુ :– આત્મા નથી પણ એની સાથે સગપણ છે.

ઉત્તર :– ધૂળેય સગપણ નથી. કલ્પના માની છે. પરદ્રવ્યની સાથે શું ? આહા..હા...! જ્યાં સ્વચતુષ્ટથી છે અને પરચતુષ્ટયથી નથી. એવી સપ્તભંગિ પહેલો અને બીજો બોલ. આહા..હા...! ભઈ ! આ તો શાંતિથી, આગ્રહ છોડીને સમજવા જેવી વાત છે. બહુ ઝીણું. તેથી પ્રભુએ કહ્યું ને કે, વાદવિવાદ કરીશ નહિ. કારણ કે શાસ્ત્રમાં એટલા બધા કઈ જાતના શબ્દો હોય એને માળો સામે મુકે. આ ઉપગ્રહ મૂક્યો, લ્યો ! ધર્માસ્તિ, અધર્માસ્તિ ઉપગ્રહ કરે છે. હવે અહીં 'ઇષ્ટોપદેશ'માં તો એમ (કહ્યું કે), ધર્માસ્તિ, અધર્માસ્તિકાયવત બધા ઉદાસીન નિમિત્ત છે. આહા..હા...! એ તો પોતે ગતિ કરે ત્યારે એને નિમિત્ત કહેવાય. એટલું. બીજી ચીજ જાણવાને માટે છે. એ માટે તો ખુલાસો કર્યો છે કે, જો એ ગતિ કરાવે તો સદાય ગતિ જ થયા કરે. ધર્માસ્તિકાયની સ્થિતિનું નિમિત્તપણું પણ ન રહી શકે. માટે ગતિ કરે એને ઓલા નિમિત્ત કહેવાય, સ્થિતિ કરે એને ઓલું નિમિત્ત કહેવાય. એમ કરીને આમ સ્વતંત્ર સિદ્ધ કર્યું. આ..હા...!

બે દ્રવ્ય છે અને એ બેય દ્રવ્યની જે ક્રિયા એકસાથે ઈ કરાવતી હોય તો એક અહીં ગતિ કરાવે અને એક સ્થિતિ કરાવે ? એમ તો છે નહિ. આહા..હા...! જે ગતિ કરતી હોય તેને ધર્માસ્તિ નિમિત્ત કહેવાય. ઈ તો ગતિ કરતી હોય એને કીધું. તેને નિમિત્ત કહેવાય. ગતિ કરતા જીવ કે જડ સ્થિર થઈ જાય (તો) એ અધર્માસ્તિકાય સ્થિર કરે ? એ તો પોતે સ્થિર થાય છે ત્યારે અધર્માસ્તિનું નિમિત્ત કહેવાય છે. આવી વાત છે. આહા..હા...!

વિકારમાં, ભાવકર્મમાં જેમ આત્મા નથી... આ..હા..હા...! તેમ જડકર્મમાં આત્મા નથી તેમ બાહ્યના બધા નિમિત્તો છે તેમાં આત્મા નથી. આહા..હા...! અને **'જ્ઞાનમાં...'** આત્મામાં **'ક્રોધાદિક...'** ભાવક્રોધ, જડકર્મ અને નોકર્મ નથી. આત્મામાં એ નથી અને એમાં એ આત્મા નથી, અરસપરસ (છે). આહા..હા...!

આ તો સંવરનો અધિકાર છે. એકદમ બધું અટકી ગયું. ભગવાનઆત્માએ પોતાની સામું જોયું ત્યાં જે જાણનક્રિયા થઈ ત્યાં આસ્રવ રોકાઈ ગયો. આ..હા...! અને જાણનક્રિયામાં આત્મા જણાણો. આહા..હા...! ત્યાં ક્રોધાદિ એટલે ભાવઆસ્રવ છે એ અટકી ગયો અને એને લઈને પછી દ્રવ્ય નવા પરમાણુ આવવાના હતા એ એને આવવાના હતા જ નહિ. એનાથી ન આવ્યા એમ કહેવામાં આવે છે. આહા..હા...! અરે..રે...! વાતે વાતે ફેર લાગે.

**'કારણ કે તેમને પરસ્પર અત્યંત સ્વરૂપ વિપરીતતા હોવાથી...'** લ્યો ! ભાષા દેખો ! ધર્માસ્તિ, અધર્માસ્તિ ઉપકાર તો એક કોર રહી ગયા પણ આત્મામાં થતા દયા, દાનના પરિણામ, ભક્તિ આદિના પરિણામ અને આત્માને પરસ્પર અત્યંત વિપરીતતા છે. છે ? સમજાણું ? આહા..હા...! **'તેમને પરસ્પર...'** એટલે કે વિકારી પરિણામને, જડકર્મને અને નોકર્મને પરસ્પર આત્મામાં એ નહિ અને એમાં આત્મા નહિ. એમ પરસ્પર અત્યંત સ્વરૂપ વિપરીત છે. ઓ..હો..હો...! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ રાગ શુદ્ધ ચૈતન્ય ભગવાનથી અત્યંત સ્વરૂપ વિપરીત છે. વિપરીત એમ નથી લીધું, અત્યંત સ્વરૂપ વિપરીત છે. આહા..હા...! છે કે નહિ એમાં ? કો'ક કહે કે, ઘરના અર્થ કરે છે. એમ કહે છે. ઘરના ખરા, આત્માના ઘરના ખરા. આહા..હા...!

અરે... ભાઈ ! તારે શું કરવું છે ? તારે બીજી ચીજને સંબંધમાં રાખવી છે ? રાખવું છે (ક્યાં) ? એ તો અનાદિથી છે. તો અનાદિથી સંબંધમાં રાખ્યું તો સંયોગો નરક, નિગોદના મળશે. આહા..હા...! આત્માના આનંદ અને જ્ઞાનની પરિણતિ સિવાય કોઈપણ ચીજને જો સંબંધમાં રાખવી હોય તો એ સંબંધમાં રાખવાથી નરક અને નિગોદનો સંબંધ થશે. આહા..હા...! 'ગોવિંદરામજી' આવી વાત છે. આ સમજીને શું કરવું ? બપોરે પ્રશ્ન કર્યો હતો ને ? આહા..હા...!

**'તેમને...'** એટલે વિકારી ભાવને અને આત્માને, કર્મને અને આત્માને. જોયું ? અને નોકર્મને અને આત્માને **'પરસ્પર...'** પરસ્પર (અર્થાત્) એ આમાં નહિ અને આ એમાં નહિ. આહા..હા...! વિકાર પરિણામ આત્મામાં નહિ અને આત્મા વિકાર પરિણામમાં નહિ. કર્મ

આત્મામાં નહિ અને આત્મા કર્મમાં નહિ. નોકર્મમાં આત્મા નહિ અને આત્મા નોકર્મમાં નહિ. આ..હા...! બધી ચીજો આવી ગઈ. રાગથી માંડીને બધી ચીજો (આવી ગઈ). આહા..હા...!

**'પરસ્પર અત્યંત સ્વરૂપ વિપરીતતા હોવાથી...'** આહા..હા...! ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા અને એની વાણી પણ... આહા..હા...! નોકર્મમાં એ આવે છે ને ? એને અને આત્માને સ્વરૂપ વિપરીતતા છે, કહે છે. આહા..હા...! અરે...! આવું છે. અત્યંત સ્વરૂપ વિપરીતતા. પરસ્પર – આનાથી આ અને આનાથી આ. એકબીજાને **'પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા હોવાથી...'** આત્માનું સ્વરૂપ અને વિકારી અને કર્મ-નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી. લ્યો ! વિપરીતનો અર્થ વિરુદ્ધ છે. આહા..હા...! હવે ભાવકર્મનું સ્વરૂપ આત્માના સ્વરૂપથી અત્યંત વિપરીત અને વિરુદ્ધ છે. એ ભાવકર્મ જીવને લાભ કરે ? કહો ! આ..હા...! ઓલો 'કાંતિલાલ' બધે ઈ લખે છે (કે), એને વિશુદ્ધિ કીધી છે. માટે વિશુદ્ધિ શુદ્ધનું કારણ કેટલાક માનતા નથી. તમારો 'કાંતિ ઈશ્વર'. આહા..હા...!

મુમુક્ષુ :– એકાંતથી એવું જ માનવું જોઈએ શું ?

ઉત્તર :– એને કાંઈ ખબર નથી. એકાંત જ માને છે. વિશુદ્ધિથી થાય. એને વિશુદ્ધિ શબ્દ વાપર્યો છે. ભઈ ! ઈ તો અહીં ઘણી વાર કહેવાય ગયું છે કે, વિશુદ્ધિ શુભનેય કહેવાય અને વિશુદ્ધિ શુદ્ધનેય કહેવાય. વિશુદ્ધિ શબ્દ આવ્યો માટે શુદ્ધનું કારણ છે એમ છે જ નહિ.

અહીં તો એ વિશુદ્ધિ જે કષાયની મંદતા અને આત્માને પરસ્પર અત્યંત વિરુદ્ધ છે. અહીં તો ઈ કીધું. કહ્યું કે નહિ એમાં ? આવ્યું કે નહિ એમાં ? વિશુદ્ધ ભાવ. કષાય મંદ ભાવ ક્રોધાદિમાં આવી ગયો. આહા..હા...! ક્રોધ વિભાવ ભાવ છે (એ) અત્યંત સ્વરૂપ વિપરીત છે. વ્યવહારનું સ્વરૂપ અને નિશ્ચય આત્માનું (સ્વરૂપ) બે વચ્ચે પરસ્પર અત્યંત સ્વરૂપ વિરુદ્ધ છે. આહા..હા...! કેટલા ભેદ થયા ?

એકની બીજી ચીજ નહિ, બીજાના પ્રદેશ ભિન્ન, આ..હા...! એટલે સત્તાની ઉત્પત્તિ એક નહિ. આહા..હા...! તેથી આધાર-આધેય સંબંધ નહિ. આહા..હા...! આટલા બધા (ભેદ) ! કેટલું સ્પષ્ટ કર્યું છે. મધ્યસ્થ થઈને (સમજ) બાપુ ! તારે તારું કલ્યાણ કરવું હોય (તો). દુનિયા દુનિયાની જાણે. દુનિયા નવ તત્ત્વ સદાય રહેવાના છે. આસ્રવ, બંધ રહેવાના છે. અનંત કાળ અનંત તીર્થંકરો થયા અને હજી થશે તો એ તત્ત્વના શ્રદ્ધનારા રહેવાના છે. આસ્રવ અને બંધને ધર્મ માનનારા એવા તત્ત્વ માનનારા રહેનારા છે. અનંત તીર્થંકરો થયા, મહાવિદેહમાં થયા.. આહા..હા...! અને ત્યાં પણ તું અનંત વાર ગયો. આહા..હા...! ઈ સ્વરૂપ સાંભળીને પણ અંદર વિપરીતતા ગઈ નહિ. ઈ વિપરીતતામાં રહ્યો હતો. વિપરીતતામાં રહ્યો તો એનો સ્વભાવ સંબંધ સંયોગો વિપરીત મળે. આ..હા...! સંયોગમાં નરક ને નિગોદ, તિર્યંચ ને પશુ (મળે). આહા..હા...!

મુમુક્ષુ :– 'કાંતિ ઈશ્વરે' તો શાબાશી આપવી જોઈએ એમ કહે છે.

ઉત્તર :– ઈ તો આપે. ઘણો મોઢા આગળ છે. હોય એના માનનારા પણ. સૌના માનનારા હોય ને ! બોકડા કાપે તો બોકડાના લેનારાય હોય કે નહિ ? એમ. ઉંધી માન્યતા(ના) માનનારાય હોય કે નહિ ? આહા..હા...! અરે..રે...! શું થયું ? ભાઈ ! બાપુ ! તું અનાદિઅનંત એની સંભાળ ન કરી અને રાગથી મને લાભ થાય એમાં સંભાળ કરે, તો જેને સંયોગથી લાભ થાય એમ માન્યું ઈ સંયોગ એને નહિ છૂટે. ચાર ગતિનો સંયોગ ભાવ તારો માન્યો એનાથી લાભ માન્યો તો સંયોગભાવ નહિ છૂટે. સંયોગી ચીજ નહિ છૂટે. આહા..હા...!

જ્ઞાન એટલે આત્માનું સ્વરૂપ **'(અને ક્રોધાદિક...)'** વ્યવહાર ભાવકર્મ **'(તેમ જ કર્મ-નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી) તેમને પરમાર્થભૂત...'** હવે બીજું વધારે આવ્યું. ત્યાં હતું, પહેલામાં આવી ગયું હતું. **'એક સાથે બીજીને આધારાધેય સંબંધ પણ નથી જ.'** પહેલા આવી ગયું હતું. ચોથી લીટી. અહીં વિશેષ સિદ્ધ કર્યું. **'તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.'** આહા..હા...! ઓલામાં તો એક બીજીને આધારાધેય સંબંધ નથી એટલું આવ્યું હતું. ચોથી લીટી. એકબીજાને આધારાધેય (સંબંધ નથી). હવે અહીં પરમાર્થે (સંબંધ નથી એમ કહે છે). **'પરમાર્થભૂત...'** આહા..હા...! રાગને અને આત્માને પરમાર્થભૂત આધાર છે જ નહિ. વ્યવહાર રત્નત્રયને અને આત્માને પરમાર્થભૂત આધારાધેય છે જ નહિ. આહા..હા...! આવી ચીજ છે.

**'પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.'** પહેલા એ આવી ગયું હતું પણ ઈ એકબીજાને આધાર-આધેય (સંબંધ નથી) એટલું (હતું). હવે અહીં (કહે છે) પરમાર્થે આધાર-આધેય સંબંધ નથી. ખરેખર એકબીજી ચીજને આધાર-આધેય સંબંધ નથી, એમ. ખરેખર રાગને અને ભગવાનઆત્માને ખરેખર આધાર-આધેય સંબંધ નથી. કે રાગને આધારે આત્મા જણાય અને આત્માને આધારે રાગ થાય એમ છે નહિ. આહા..હા...! બહુ ઝીણું. આ..હા...!

**'વળી જ્ઞાનનું સ્વરૂપ...'** એટલે આત્માનું સ્વરૂપ **'જેમ જાણનક્રિયા છે...'** જાણનક્રિયા છે **'તેમ (જ્ઞાનનું સ્વરૂપ) ક્રોધાદિક્રિયા પણ છે એમ,...'** અરસપરસ લ્યે છે. પરસ્પર હતુ ખરું ને ? **'એમ ક્રોધાદિકનું સ્વરૂપ જેમ ક્રોધાદિક્રિયા છે તેમ (ક્રોધાદિકનું સ્વરૂપ) જાણનક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી;...'** આહા..હા...! કેટલું સ્પષ્ટ કર્યું છે ! બે તદ્દન (જુદા છે). રાગાદિ પદાર્થ, બીજો પદાર્થ જુદો પણ અંદર રાગ (થાય એ) પર પદાર્થ છે. ભાવકર્મ. આહા..હા...! અશુદ્ધનયે એની પર્યાયમાં છે પણ શુદ્ધદષ્ટિથી જોઈએ તો એને અને આત્માને કાંઈ સંબંધ નથી એમ કહે છે. અશુદ્ધનયથી રાગ-દ્વેષ આદિ એની પર્યાયમાં છે અને અશુદ્ધનય એટલે વ્યવહાર થયો. ત્યાં તો એ લીધું, અશુદ્ધ દ્રવ્યાર્થિકનયે એમ લીધું છે. અશુદ્ધ દ્રવ્યાર્થિકનયે, દ્રવ્યાર્થિક કેમ (કહ્યું) ? કેમકે ઈ દ્રવ્યની પર્યાય છે ને એમ. એટલે અશુદ્ધ દ્રવ્યાર્થિકનયે વિકાર એનો છે. એમ કહ્યું. પણ એ તો વસ્તુની સ્થિતિ જણાવવા

(કહ્યું). હવે જ્યારે એને સંવર ભેદ બતાવવો છે. આ..હા...! જે વાસ્તવિક એક તત્ત્વમાં નથી અને એ તત્ત્વમાં એ તત્ત્વ નથી. એમ ભેદજ્ઞાન બતાવવું છે. ત્યાં તો રાગમાં આત્મા અત્યંત વિરુદ્ધ (છે એટલે આત્મામાં) છે જ નહિ. આહા..હા...! ઈ વિરુદ્ધ છે એ આત્મામાં છે જ નહિ, એમ.

**'ક્રોધાદિનું સ્વરૂપ જેમ ક્રોધાદિક્રિયા છે તેમ (ક્રોધાદિકનું સ્વરૂપ) જાણનક્રિયા પણ છે...'** આહા..હા...! રાગમાં રાગ છે અને રાગ જાણનક્રિયા પણ કરી શકે છે. આત્માની જાણન, સમ્યગ્દર્શન પણ કરી શકે છે એમ નથી. આહા..હા...! રાગ રાગને કરે તેમ રાગ સમકિતને કરે એમ ત્રણકાળમાં નથી. આહા..હા...! **'એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી;...'** વિકારને, કર્મને અને નોકર્મને આત્માની સાથે અને આત્મા એની સાથે, કોઈ રીતે સ્થાપી શકાતું નથી.

**'કારણ કે જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે...'** અહીં આ વધારે લીધું, જોયું ? જાણનક્રિયા એ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાનની ક્રિયા અને રાગની ક્રિયા ભિન્ન ભિન્ન સ્વભાવ – બેયના સ્વભાવ ભિન્ન છે. હવે આટલું તો સિદ્ધ કર્યું. આહા..હા...! બેયના સ્વભાવ ભિન્ન છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અને આત્માના પરિણામ જે જાણવાના પરિણામ, સમ્યગ્દર્શનના (પરિણામ) એ બેયનું સ્વરૂપ ભિન્ન છે. આહા..હા...! તે બેયના સ્વભાવ જ જુદા છે. બેયના સ્વભાવ ભિન્ન સ્વભાવે પ્રકાશે છે. આહા..હા...! રાગ રાગના સ્વભાવે પ્રકાશે છે, ભગવાનઆત્મા જાણનક્રિયાથી પ્રકાશે છે. આહા..હા...! કહો. કહ્યું ને, જ્યાં હોય ત્યાં બધે ઈ જ શબ્દ લ્યે છે. ક્ષમાની સામે. કષાય ભાવ છે. બધે ઠેકાણે એ આવે છે. કર્તા-કર્મમાં આવે છે. આહા..હા...! બહુ સારું લખ્યું, હોં ! પહેલો અધિકાર આખો ઘણો સારો અધિકાર !!

કારણ વિકારપણે આત્માનું જાણનપણું સ્થાપી શકાતું નથી અને આત્માનું જાણપણું વિકારથી થાય એમ સ્થાપી શકાતું નથી. **'કારણ કે જાણનક્રિયા...'** એટલે સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિ અને ક્રોધાદિની પરિણતિ, રાગની પરિણતિ **'ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે...'** બેયનો સ્વભાવ જ ભિન્ન ભિન્ન છે એમ જાણે છે. આહા..હા...! હવે આમાં વ્યવહારના રત્નત્રય શાસ્ત્રમાં આવે. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે (એમ આવે) પણ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે. આ વાતને ખોટી પાડીને કરે ? (જો એમ કહે તો) પૂર્વાપર વિરોધ થઈ ગયો. આહા..હા...!

આત્મા આનંદસ્વરૂપ એ જ્ઞાન અને આનંદસ્વરૂપની પરિણતિ અને રાગની પરિણતિ બેનું સ્વરૂપ ભિન્ન સ્વભાવ છે. બેયનો સ્વભાવ જ ભિન્ન પ્રકાશે છે. આહા..હા...! શરીર, વાણી, મન તો ક્યાંય આઘા નોકર્મમાં રહી ગયા પણ અંદર ભાવકર્મ અને આત્માનો સ્વભાવ, બે ભિન્ન સ્વભાવે પ્રકાશે છે. ભગવાન જાણન-દેખનથી પ્રકાશે છે અને રાગ છે એ વિકારથી

પ્રકાશે છે. આહા..હા...! અત્યંત સ્વરૂપ વિપરીતથી પ્રકાશે છે. આહા..હા...! સામે છે કે નહિ ? એકેએક લીટીમાં ઘણું ભર્યું છે. ઓ..હો..હો...!

**'અને એ રીતે...'** હજી એક નવી (વાત). **'સ્વભાવો ભિન્ન હોવાથી...'** દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અને ચૈતન્યના જાણવાના પરિણામ, બે જાત સ્વભાવ ભિન્ન છે. આહા..હા...! એ પાછું કારણ બીજું લેવું છે. **'એ રીતે સ્વભાવો ભિન્ન હોવાથી વસ્તુઓ ભિન્ન જ છે.'** એ વસ્તુ જુદી છે. પણ હવે એ વસ્તુ જુદી છે એમાં જરીક કહેવું છે. **'વસ્તુઓ ભિન્ન જ છે. આ રીતે જ્ઞાનને અને અજ્ઞાનને...'** જોયું ? આ લેવું છે પાછું. એ રાગાદિ અજ્ઞાન છે. એમાં જ્ઞાન નથી, એમ પાછું કહેવું છે. આહા..હા...!

આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનપરિણતિથી આત્મા જણાય અને રાગ છે તે તદ્દન ભિન્ન સ્વભાવ છે. કારણ કે, કીધું ને ? જ્ઞાન અને અજ્ઞાન, બેને આધાર-આધેય છે જ નહિ. રાગ અજ્ઞાન છે. એ દયા, દાનનો વિકલ્પ પણ અજ્ઞાન એટલે એમાં જ્ઞાનનો અંશ નથી. અજ્ઞાન છે. આહા..હા...! એ પુણ્ય-પાપના ભાવ તે અજ્ઞાન છે. ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છે. તેથી **'વસ્તુઓ ભિન્ન જ છે. આ રીતે જ્ઞાનને અને અજ્ઞાનને (ક્રોધાદિકને) આધારાધેયપણું નથી.'** આહા..હા...! એક-બે આ ગાથા વાંચે તો (સમાધાન થઈ જાય એવું છે). આહા..હા...! કેવું કહ્યું છે, જુઓને ! **'ભિન્ન સ્વભાવે પ્રકાશે છે...'** બેયના સ્વભાવ ભિન્ન પ્રકાશે છે. બેયના સ્વભાવ ભિન્ન પ્રકાશતા હોવાથી બેય વસ્તુ જુદી છે. બેય વસ્તુ જુદી હોવાથી જ્ઞાન અને અજ્ઞાન કીધું. (સ્પષ્ટતા) કરતા કરતા લાવે છે. રાગના દયા, દાનના, વ્રતના પરિણામ એ અજ્ઞાન છે, એમાં જ્ઞાન નથી એ તો રાગ છે. આહા..હા...! અને ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ અને અજ્ઞાન બેય તદ્દન ભિન્ન છે. આહા..હા...!

**'આ રીતે...'** ગજબ વાત કરી છે ! ટીકા.. ઓ..હો..હો...! જ્ઞાન એટલે આત્માને. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. એની પરિણતિ જ્ઞાન અને આનંદની છે. એ પરિણતિ દ્વારા એ જણાય એવો છે. માટે પરિણતિ તેનો આધાર છે. રાગનો આધાર રાગ છે. રાગને અને આને બેને, જ્ઞાન ને અજ્ઞાનનો બેનો ફેર છે. આહા..હા...! સ્વરૂપનું જ્ઞાન, શ્રદ્ધા-જ્ઞાનનું પરિણમન અને રાગનું પરિણમન એ અજ્ઞાન છે. જ્ઞાન અને અજ્ઞાન બેય વસ્તુ જુદી છે. કહીને પછી (કહે છે કે) જ્ઞાન અને અજ્ઞાન બેય જુદા છે. **'જ્ઞાનને અને અજ્ઞાનને (ક્રોધાદિકને) આધારાધેયપણું નથી.'** એમ. બન્ને વસ્તુ ભિન્ન છે તેથી રાગને આત્માનો આધાર જરીયે છે, શુભરાગ આત્માને સમ્યગ્દર્શનમાં કંઈક મદદ કરે છે એમ જરીયે નથી.

'કાંતિલાલ'નું ઈ જ કહેવું છે, બસ ! શુભભાવ છે ને ? અધઃકરણ ને અનિવૃત્તિકરણ (આવે છે ને ?) આહા..હા...! અરે..રે...! શું થાય ? ભાઈ ! પાછું અભિમાન મૂકી દેવું કઠણ પડે. આવતા, સાંભળવા આવતા. સાંભળવા તો આવે જ તે (પણ) પોતાની વાત રાખીને. ઈ અહીં 'સોભાગભાઈ' આવતા ઈ પોતાની વાત રાખીને સાંભળતા. પણ આખરે નરમ

પડી ગયા. 'રાજકોટ'વાળા 'સોભાગચંદ'. આવે સાંભળવા પણ બરાબર એની વાત રાખીને (સાંભળે). બેનની ચોપડી વાંચી ને એકદમ નરમ પડી ગયા અને એકદમ મારી પાસે આવ્યા. મહારાજ ! આ ચોપડી કોઈ એકાદ જણો પણ વાંચીને ભવનો અંત લાવશે તોય શું ? છ હજાર પુસ્તક લીધા. રૂપિયે, રૂપિયે આપતા હતા ને ? આમ ત્રણ રૂપિયા (કિંમત છે) પણ 'મુંબઈ'વાળા બે (રૂપિયા) આપતા. છ હજાર પુસ્તક સભામાં વહેંચવા લીધા. સાડા ત્રણ હજાર વેંચાણા. કારણ કે કેટલાક છોકરા હોય, કેટલાક અન્યમતિ હોય, કેટલાકને પાસે તો છે. એટલે એમ કે ન હોય એને આપો. સાડા ત્રણ હજાર વેંચ્યા. કહો, ઈ નવીન વાત થઈ છે. 'રાજકોટ' બે હજાર ઘરનો અગ્રેસર માણસ, સાધુ એને પૂછે એ માણસ 'મુંબઈ'માં બેનની ચોપડીમાં લખ્યું છે એ દિગંબર ધર્મ સત્ય છે એમાં લખેલું છે ને ? ઈ ચોપડી સભામાં વેંચી. સ્થાનકવાસી છોડીને. બાપુ ! આ માર્ગ બીજો છે, બાપા ! આહા..હા...! અને પાછા મારી પાસે હરખ કરવા આવ્યા. હરખ કરે, હોં ! આ..હા..હા...! આ પુસ્તક કોઈ એકાદ બાઈ વાંચશે, એકાદ આદમી વાંચીને ભવનો અંત લાવશે તોય લાભ થશે. એમ બોલ્યા, હોં ! આહા..હા...! લોકોને એવું સાધારણ લાગે. નાને મોઢે મોટી વાતું કહે છે આ તે. સાધુપણું નહિ, મોટરુંમાં બેસવું એવામાં પાછી વાતું આવી કરવી. કહે. આ..હા...! બાપુ ! એ બહારની ચીજ જુદી છે, અંતરની જુદી છે. ક્ષાયિક સમકિતી તો ચક્રવર્તીના રાજમાં હોય, દેખાય. છન્નુ હજાર સ્ત્રી હોય, આસક્તિનો રાગ હોય છે. આહા..હા...! રુચિ ઊડી ગઈ છે, સુખબુદ્ધિ ઊડી ગઈ છે. કોઈપણ ચીજમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહા..હા...! ધર્મીને આત્માના સુખ સિવાય બધેય સુખબુદ્ધિ (ઊડી ગઈ છે). તીર્થંકર ગોત્ર ભાવ બંધાય એમાંથી પણ સુખબુદ્ધિ ઊડી ગઈ છે કે, આ ઠીક બંધાણું, આ ઠીક ફળશે. આહા..હા...! આવું છે. બહુ સરસ વાત કરી, હોં ! આખો પેરેગ્રાફ એકલા તત્ત્વથી ભરેલો છે. સંવર, સંવર. આહા..હા...! હવે દસ મિનિટ છે.

**'વળી વિશેષ સમજાવવામાં આવે છે :— જ્યારે એક જ આકાશને પોતાની બુદ્ધિમાં સ્થાપીને...'** જુઓ ! આધાર-આધેયની વ્યાખ્યા. **'આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...'** આકાશ કોઈ બીજાને આધારે છે ઈ છે જ નહિ. આકાશ જે સર્વવ્યાપક છે ઈ તો આકાશ આકાશના આધારે છે. આહા..હા...! આ આધારનો દાખલો આપે છે. ભારે ગાથા !

**'એક જ આકાશને પોતાની બુદ્ધિમાં સ્થાપીને (આકાશનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં અરોપવાનો નિરોધ જ હોવાથી (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં સ્થાપવાનું અશક્ય જ હોવાથી) બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી...'** બુદ્ધિમાં આકાશને બીજો આધાર હોય એવી વાત પ્રભવતી નથી. **'(–ફાવી શકતી નથી, ઠરી જાય છે, ઉદ્ભવતી નથી);...'** આકાશ બીજા દ્રવ્યને આધારે છે એ વાત ઠરી જાય

છે. એમ છે નહિ. આકાશને વળી આધાર કોણ ? પરવસ્તુ એમાં રહે, એથી વ્યવહાર અવગાહન કહેવાય, પણ આકાશ શેમાં રહે ? આહા..હા...! આધારે ઈ અને આધેય ઈ. આહા..હા...!

આ રાગ ને આત્માને આધાર-આધેય સંબંધ નથી ઈ સિદ્ધ કરવા આ વાત લીધી છે. વાત તો પેલી સિદ્ધ કરવી છે પણ એ ન સમજાય એને તે દાખલો આપ્યો કે, ભઈ ! તું આકાશ છે એ વિચાર. આકાશને આધાર કોણ ? બીજા કોઈ દ્રવ્યનો આધાર છે ? તારી કલ્પના ત્યાં ઠરી જશે. આકાશનો આધાર આકાશ છે. આહા..હા...! વાહ ! **'અને તે નહિ પ્રભવતાં, 'એક આકાશ જ એક આકાશમાં જ પ્રતિષ્ઠિત છે'** ઠીક ! આ..હા...! આકાશ છે એ જ આકાશને આધાર છે. **'એમ બરાબર સમજી જવાય છે અને તેથી એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી.'** આકાશને કોઈ બીજો આધાર છે એમાં આકાશ રહેલ છે, એવું ભાસતું નથી. આ..હા...!

**'એવી રીતે જ્યારે એક જ જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને...'** હવે આત્મા ઉપર ઉતારીએ. આહા..હા...! જ્ઞાનસ્વભાવ ભગવાનઆત્મા, આનંદ સ્વભાવ શુદ્ધ પવિત્ર સ્વભાવ, પરમાત્મા એને **'પોતાની બુદ્ધિમાં સ્થાપીને...'** આ..હા..હા...! ભેદજ્ઞાન કરાવ્યું. **'જ્ઞાનનો આધારાધેયભાવ વિચારવામાં આવે...'** આત્માનો આધાર-આધેય ભાવ વિચારવામાં આવે **'ત્યારે જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...'** એ આત્મા કોઈ બીજા દ્રવ્યને આધારે છે નહિ. આહા..હા...! આત્મા રાગને આધારે નથી, રાગ આત્માને આધારે નથી. આહા..હા...! છે ?

**'બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી; અને તે નહિ પ્રભવતાં 'એક જ્ઞાન જ એક જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે'** આત્મા આત્માની પરિણતિમાં, પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. પોતે વસ્તુ પોતે પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. આહા..હા...! **'એમ બરાબર સમજી જવાય છે અને તેથી એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી.'** પરનું આધારપણું અને આત્મા આધેય, એવું ભાસતું નથી. જેમ આકાશને પર આધાર અને આકાશ આધેય નથી એમ ભગવાનઆત્માને આધાર રાગાદિ અને આત્મા આધેય એમ ભાસતું નથી. એનું સ્વરૂપ છે તે આધાર અને આત્મા તે આધેય. આહા..હા...! એમાં છે ?

**'પર-આધારાધેયપણું ભાસતું નથી. માટે જ્ઞાન જ જ્ઞાનમાં જ છે,...'** આહા..હા...! આત્મા આત્મામાં જ છે. એટલે કે આત્માનું સ્વરૂપ જે પરિણતિ કરે એ આત્મામાં છે, એ પણ આત્મા છે. રાગાદિ આત્મા નથી, શરીર, નોકર્મ એ આત્મા નથી. પણ આત્માનું જાણવું-દેખવું, શ્રદ્ધવું, ઠરવું એ આત્મા છે. એનું સ્વરૂપ છે ઈ આત્મા છે અને એ સ્વરૂપના આધારે આત્મા રહેલ છે. તો જ્ઞાન જ્ઞાનમાં રહ્યું છે, આત્મા આત્મામાં રહ્યો છે. આહા..હા...!

**'જ્ઞાન જ જ્ઞાનમાં જ છે, ક્રોધાદિક જ ક્રોધાદિકમાં જ છે.'** જેમ આકાશનો આધાર આકાશ જ છે. એમ વિકારનો આધાર આત્મા છે એમ નહિ. આહા..હા...! એક બાજુ એમ

કહે કે, પુણ્ય અને પાપ, રાગ-દ્વેષાદિ લક્ષણ છે અને આત્મા લક્ષ છે. એ..ઈ...! 'પંચાસ્તિકાય' ! એ પરથી ભિન્ન વસ્તુની સ્થિતિ બતાવવી છે. અહીં તો હવે વિકારથી ભિન્ન બતાવવો છે. ક્ષણિક કૃત્રિમ વિકૃત અને ત્રિકાળી અવિકૃત સ્વરૂપ, બે વચ્ચેની વહેંચણીની વાત છે. 'પંચાસ્તિકાય'માં ત્યાં સુધી આવે – 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્' તો રાગ-દ્વેષનો ઉત્પાદ એ લક્ષણ છે અને આત્મા દ્રવ્ય લક્ષ છે. ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય લક્ષણ છે. ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્ય લક્ષણ છે અને દ્રવ્ય છે તે લક્ષ છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્ છે અને સત્ છે તે દ્રવ્ય છે. બે સૂત્ર છે ને ! એક કલાકમાં કેટલું યાદ રહે ? એવી ઘણી વાતું છે. આહા..હા...!

**'આ પ્રમાણે...'** આત્માનું અને વિકારીનું. આહા..હા...! સ્વભાવ જ્યાં શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ... શુદ્ધ... એવું જ્યાં શુદ્ધનું ભાન થયું એ શુદ્ધની પરિણતિમાં રાગનું અને રાગની પરિણતિમાં આત્માનું... આહા..હા...! **'ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું.'** ઠીક ! આહા..હા...! આ પ્રમાણે આત્માનું અને વિકારનું – ભાવક્રોધનું, દ્રવ્યક્રોધ તો જડ (છે), તેમજ કર્મ-નોકર્મનું.. આહા..હા...! ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું. વિશેષ આવશે..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૬૦ ગાથા–૧૮૧-૧૮૩ શુક્રવાર, જેઠ વદ ૧૩, તા. ૨૨-૦૬-૧૯૭૯

('સમયસાર') 'સંવર અધિકાર' પહેલેથી શરૂ (કરીએ), ફરીને. **'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** ઉપચારથી કથન કહેવાય એ તો જાણવા માટે છે બાકી એક વસ્તુને (અને) બીજી વસ્તુને કાંઈ સંબંધ નથી. એક આત્માને અને બીજા આત્માને કાંઈ સંબંધ નથી. એક પરમાણુને અને આત્માને કાંઈ સંબંધ નથી. એક પરમાણુને બીજા પરમાણુ સાથે કાંઈ સંબંધ નથી. બધું આમાં આવી જાય.

**'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)...'** આહા..હા...! એમ આત્માને દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ કાંઈ સંબંધ નથી. એમ છે. આહા..હા...!

મુમુક્ષુ :– વ્યવહાર સંબંધ તો છે.

ઉત્તર :– ઈ તો કીધું, કથન – ભાષા કહેવાય બાકી વસ્તુ નથી. વ્યવહાર તો કથનમાત્ર છે. આવે છે ને ? 'કળશટીકા'માં.

બાકી એક ચીજ આત્મા છે એને બીજા આત્મા સાથે કે પરમાણુ સાથે કાંઈ સંબંધ નથી. **'કારણ...'** કાંઈ સંબંધ નથી એનું કારણ કે, **'બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** બેયના

પ્રદેશ ભિન્ન છે. આહા..હા...! વિકારી પરિણામ અને નિર્વિકારી વસ્તુ બેના ક્ષેત્ર ભિન્ન છે. બેનું રહેવાનું સ્થાન ભિન્ન છે. વિકાર અલ્પ પ્રદેશ – અંશમાં રહે છે અને આખી ચીજ બધા પ્રદેશમાં રહે છે. રાગ દયા, દાન, ભક્તિ આદિ એના પ્રદેશો એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એના જુદા છે અને આત્મા ત્રિકાળી આનંદસ્વરૂપ (છે) એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તો જુદા છે. આહા..હા...! પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તો જુદા છે પણ એની પર્યાયનો અંશ જેટલો, જેટલામાંથી ઉઠે એટલા પ્રદેશો પણ દ્રવ્ય આત્માની અપેક્ષાએ જુદા છે.

**'તેમને એક સત્તાની અનુપપત્તિ છે...'** બે થઈને એક સત્તા ઉત્પન્ન થતી નથી. વસ્તુ સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એનું પરિણમન અને રાગનું પરિણમન બેની સત્તા જુદી જુદી છે, બેનું હોવાપણું જુદું જુદું છે. આ..હા...! આ ભેદજ્ઞાન કરાવ્યું છે. ભગવાનઆત્મા જ્ઞાનપરિણમનમાં જણાય એવો છે. એથી જ્ઞાનપરિણમન તે આત્માનું સ્વરૂપ છે. રાગ છે તે જડ છે, અચેતન છે. તેથી તેના પ્રદેશો જુદા હોવાથી બેની એક સત્તા નથી. બેનું હોવાપણું એકપણે નથી, બેનું હોવાપણું બેપણે જુદું જુદું છે. આહા..હા...!

**'(અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે); અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી...'** એ રીતે એક વસ્તુ આત્મા અને એની સાથે બીજા આત્મા અને શરીરાદિ... આહા..હા...! ભગવાનઆત્માને અને પંચ પરમેષ્ઠીને પણ ભિન્ન સત્તા છે, ભિન્ન હોવાપણું છે તેથી કાંઈ સંબંધ નથી. **'એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી...'** આ કારણ (છે).

**'એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** આહા..હા...! રાગનો આધાર અને આત્મા આધેય એમ નથી. આ..હા...! દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ રાગ જડ છે. જડનો આધાર ને ચૈતન્ય એમાં આવે એમ નથી. આહા..હા...! એમ ચૈતન્યની શુદ્ધ પરિણતિ નિર્મળ પરિણતિ તે આધાર, આત્મા આધેય. આહા..હા...! અહીં તો ઈ સિદ્ધ કરવું છે ને ! નહિંતર તો પર્યાય છે તે દ્રવ્યમાં નથી. વર્તમાન પર્યાય પ્રગટ છે એ સિવાયની બધી પર્યાયો દ્રવ્યમાં છે, બાહ્ય નથી. પણ વર્તમાન પર્યાય છે એ દ્રવ્યમાં નથી. ઈ શું કહ્યું ? કે, આત્મામાં જે અનાદિઅનંત પર્યાય છે એમાં પ્રગટ એક સમયની પર્યાય તે પર્યાય દ્રવ્યમાં નથી, એનું સત્ત્વ ભિન્ન છે. ભૂત અને ભવિષ્યની પર્યાયો અંદરમાં રહી છે એ દ્રવ્યમાં છે. આહા..હા...! અને વર્તમાન પ્રગટ પર્યાય વિનાનો કોઈ દિ' એનો કાળ હોય નહિ. એ પ્રગટ પર્યાય અને વસ્તુ બેની સત્તા – પ્રદેશ ભિન્ન છે. આહા..હા...! તેથી તેની સત્તા ભિન્ન છે. અરે...! આ..હા..હા...!

માટે **'એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** વ્યવહાર રત્નત્રય પહેલા થાય તો એના આધારે સમ્યગ્દર્શન થાય એમ નથી. શુભરાગ મંદ રાગ પહેલા થાય અને પછી સમ્યગ્દર્શન થાય એવી વસ્તુ નથી. આહા..હા...! આકરી વાત છે, ભાઈ ! જૈનદર્શન ઝીણું બહુ. પણ એ વસ્તુને સમજવામાં એનું ફળ પણ અનંત આનંદ છે ને ! આ..હા...!

આકરું પડે. પંચ પરમેષ્ઠીની સાથે આધાર-આધેય નહિ. ઇષ્ટ કહેવાય છે ને ? પંચ પરમેષ્ઠી. પણ પંચ પરમેષ્ઠી તો એમના માટે. ઈ તો વ્યવહારથી ઇષ્ટ કહેવાય છે. બાકી આત્માને અને એને કાંઈ સંબંધ નથી. આહા..હા...!

**'આધારાધેયસંબંધ પણ નથી જ.'** એમ. એટલે શું ? માથે ઘણું કહ્યું ને ? એક વસ્તુને (બીજી વસ્તુ સાથે) પ્રદેશ સંબંધ નથી. એક બીજીને કાંઈ સંબંધ નથી અને એકબીજાની સત્તા ભિન્ન છે માટે આધાર-આધેય સંબંધ પણ નથી. **'નથી જ.'** એમ છે. આ..હા..હા...! ગમે તેટલો કષાયનો મંદ ભાવ હોય, શુક્લ લેશ્યા હોય પણ એનાથી આત્માને ધર્મ થાય એમ નથી. આહા..હા...! હજી તો ધંધા આડે એ પણ નવરાશ ન મળે, સંસારના પાપ.

અહીં તો કહે છે કે, ઈ કષાયની એટલી બધી મંદતા હોય છતાં એના આધારે સમ્યગ્દર્શન થાય એમ નથી. અથવા એને આધારે આત્મા જણાય એમ નથી. આહા..હા...! **'તેથી (દરેક વસ્તુને) પોતના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ...'** હવે છે શું ? વસ્તુ પોતાનું સ્વરૂપ છે, જ્ઞાન, દર્શન, આનંદ સ્વરૂપ ઈ આત્મા કહેવાય. ઈ સ્વરૂપમાં પ્રતિષ્ઠા છે. તેમાં રહેવું એની શોભા છે અને તેનો એને આધાર છે. આહા..હા...!

**'પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ...'** આ..હા..હા...! એ પર્યાયનો આધાર છે એમ કહે છે. વસ્તુ છે તેનું સ્વરૂપ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ સ્વરૂપને આધારે એ વસ્તુ છે. આહા..હા...! પ્રગટ પર્યાય જે છે એ આત્માનું સ્વરૂપ છે. અહીં પર્યાયને આત્માનું સ્વરૂપ કહેવું છે. એક કોર પર્યાયને પરદ્રવ્ય કહે. 'નિયમસાર' ! કઈ અપેક્ષાએ ? પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી એ અપેક્ષાએ એને પરદ્રવ્ય કીધું. પણ અહીંયાં તો પર્યાય જે છે, પહેલીવહેલી એને અનંત કાળમાં જણાણું નથી એ સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિ દ્વારા જણાય છે. માટે તેને આધાર અને આત્માને આધેય કહ્યો છે. આહા..હા...! પર્યાય આધાર.

એ તો સિદ્ધ કરવા પહેલા આવી ગયું હતું, પર્યાય કર્તા, કર્મ, કરણ અને દ્રવ્ય તેનું કાર્ય. કર્તા-કર્મમાં આવી ગયું છે ને ? આહા..હા...! ઝીણી વાતું, બાપુ ! વીતરાગનો મારગ્ બહુ ઝીણો છે. અત્યારે તો બધા ગોટા ઉઠાવ્યા છે. એ દરકારે ક્યાં છે ? આહા..હા...! તદ્દન વસ્તુ ભગવાન દ્રવ્ય છે ને ! વસ્તુ છે ને ! તો વસ્તુનું જે સ્વરૂપ – પરિણતિ છે તે તેનો આધાર છે. આહા..હા...! પ્રગટ જે પર્યાય છે તે તેનો આધાર છે. કેમકે એ પર્યાય દ્વારા જણાણો. આત્મા છે એ પ્રગટ પર્યાય(માં જણાણો). બીજી ભૂત-ભવિષ્યની પર્યાયો અંદરમાં છે પણ વર્તમાન જે પર્યાય પ્રગટ છે એનાથી એ જણાય છે. તેથી તે પર્યાય આધાર છે, દ્રવ્ય આધેય છે. આહા..હા...! આવું ઝીણું છે.

**'માટે જ્ઞાન...'** જ્ઞાન એટલે આત્મા. પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ છે, આધાર-આધેય સંબંધ છે. પોતાના સ્વરૂપની સાથે આધાર-આધેય સંબંધ છે. એટલે જે પર્યાય પ્રગટ શુદ્ધ પરિણતિ છે એનો આધાર છે, એને આધારે જણાણો છે. એવો આધાર. પર્યાયમાં એ છે

એ પ્રતિષ્ઠા છે. આહા..હા...! શુદ્ધ સ્વભાવની પરિણતિ વર્તમાન છે તેને આધારે છે તેથી પ્રતિષ્ઠા ત્યાં રહી છે. દ્રવ્યનો આધાર ત્યાં રહ્યો છે. આહા..હા...! એક કોર પરિણતિને બહિર્તત્ત્વ કહે. આ..હા...! ઈ કઈ અપેક્ષા છે ? અહીંયાં કહે, પરિણતિને આધારે વસ્તુ જણાય છે. માટે પરિણતિ તે આત્મા છે. રાગ દયા, દાન, વ્રત, તપનો, જાત્રા આદિનો વિકલ્પ એ બધા જડ છે. આહા..હા...!

**'માટે જ્ઞાન...'** એટલે આત્મા **'કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં...'** જોયું ? એને જાણવાની જે વર્તમાન ક્રિયા, પ્રગટ પર્યાય વિનાનો કોઈ દિ' ન હોય. ઈ પ્રગટ પર્યાય તેને જાણનારી છે. આહા..હા...! આત્મા કે જે જાણનક્રિયારૂપ પોતાનું સ્વરૂપ. પાછું એ પર્યાય પોતાનું સ્વરૂપ છે (એમ કહ્યું છે). આહા..હા...! એક કોર પર્યાયને પરસ્વરૂપ પરદ્રવ્ય કહે. પરદ્રવ્ય પરભાવ હેય (છે). ઈ કઈ અપેક્ષાએ છે ? ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ (કહ્યું છે). 'કુંદકુંદાચાર્યદેવ' તો એમ કહે (છે) કે, મારી ભાવના માટે 'નિયમસાર' બનાવ્યું છે. આ..હા..હા...!

**'માટે જ્ઞાન...'** એટલે આત્મા **'કે જે જાણનક્રિયા...'** જાણનક્રિયા (એટલે) વર્તમાન પર્યાય, હોં ! આહા..હા...! એ **'જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-રહેલું) છે...'** એને જાણનક્રિયા, દ્રવ્યને જાણવાની ક્રિયા કરે તો તે એમાં જાણ્યું માટે એનો આધાર છે. ત્યાં દ્રવ્ય રહેલું છે. આહા..હા...! દ્રવ્ય દ્રવ્યમાં રહ્યું છે નહિ. દ્રવ્ય અહીં જાણન આધાર(રૂપ ક્રિયામાં) એ રહેલું છે. આહા..હા...! આ તો ફરીને લીધું. આ..હા...!

એ જાણનક્રિયાનું એટલે આત્મા જે અનંત ગુણનો પિંડ વસ્તુ છે એને જે વર્તમાન પર્યાય જાણે છે, વર્તમાન પર્યાય પ્રગટ છે એ જાણનક્રિયા છે. ક્રિયા તો આવી. રાગની ક્રિયા અને પરની ક્રિયા નહિ. જાણનક્રિયા આવી. ક્રિયાનો નિષેધ નથી પણ કઈ ક્રિયા ? એ કર્તા-કર્મમાં પણ આ આવે છે. આહા..હા...! આ ભગવાનઆત્મા ધ્રુવ નિત્ય છે એની પરિણતિ વર્તમાનમાં જે પ્રગટ પર્યાય (છે) એ પરિણતિ છે એ જાણનક્રિયા છે અને જાણનક્રિયાને આધારે આત્મા રહેલો (છે). કેમકે એ જાણનક્રિયાથી જણાણો. નહિતર છે એવી કાંઈ ખબર નહોતી. વસ્તુ હતી છતાં પર્યાયમાં જાણનક્રિયા તેના તરફ ન ઢળી તો એને માટે કાંઈ હતી નહિ. આહા..હા...!

છે ભગવાન અંદર પરિપૂર્ણ, પણ એ બાજુ જ્ઞાનની પર્યાય ઢળી ત્યારે જાણનક્રિયાને આધારે તે જણાણો માટે જાણનક્રિયા એ આત્માનું સ્વરૂપ છે અને તેને આધારે તે (જણાણો). આત્મા પોતાના સ્વરૂપને આધારે જણાણો. આત્મા પોતાના સ્વરૂપને આધારે જણાણો. પોતાનું સ્વરૂપ આ જાણનક્રિયા. આહા..હા...! કેમ ? કે, **'જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું...'** આહા..હા...! વર્તમાન જે પ્રગટ જ્ઞાનપર્યાય દ્રવ્યને જાણે... આ..હા..હા...! એ જાણનક્રિયાનું અને આત્માનું અભિન્નપણું છે. આ..હા...! રાગ અને જગતના ક્રિયાકાંડ એ બધા આત્માથી

ભિન્ન છે. આહા..હા...! જેનાથી જણાણો, વર્તમાન પર્યાયથી (જણાણો) તો એ જાણનક્રિયારૂપ પરિણમન એનું સ્વરૂપ છે અને તેથી સ્વરૂપમાં રહેલો છે અને તેથી તે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જાણનક્રિયા સ્વરૂપ જ છે. જ્ઞાન જાણનક્રિયા એ પર્યાય છે અને જ્ઞાન તે દ્રવ્ય – વસ્તુ છે. આહા..હા...! આવો માર્ગ. કોને પડી છે ? અરે...! ક્યાંક ચાલ્યું જાવું છે.

**'જ્ઞાનમાં જ છે;...' 'જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,...'** એ જાણનક્રિયામાં જ્ઞાનમાં જ છે. એટલે વસ્તુનું સ્વરૂપ અભિન્ન છે. વસ્તુ તે વસ્તુમાં જ છે. વસ્તુના સ્વરૂપમાં છે એટલે વસ્તુ વસ્તુના સ્વરૂપમાં જ છે. સમજાણું કાંઈ ? ત્યાં સુધી તો અસ્તિની વાત લીધી.

હવે, જે કંઈ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, જાત્રાના પરિણામ થાય એ વિકાર છે. જે ક્રોધાદિ છે એ ક્રોધાદિ ક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. એનું — ક્રોધાદિનું પરિણમન છે એ પરિણમનમાં એ વિકાર છે. આહા..હા...! નિર્મળ પરિણમનમાં જેમ આત્મા છે એમ એની પરિણમનની ક્રિયામાં એ વિકાર છે. આ..હા...! આત્મામાં નહિ. આવી ચીજ પડી છે. અભ્યાસ માટે વખત મળે નહિ. આખો દિ' પાપ. બાયડી, છોકરા ને ધંધો. પાપના ધંધા કરી કરીને ચાલ્યા જવાના. આહા..હા...! આવી ચીજ હજી સમજવામાં પણ ન આવે (એ અનુભવમાં ક્યારે લે ?)

મુમુક્ષુ :– આપને ગુરુ ધાર્યા ને સમજવામાં ન આવે ?

ઉત્તર :– જેણે ઘણો પરિચય કર્યો છે એની વાત અત્યારે નથી. આ..હા...! પણ કંઈ પરિચય નથી (કે), આ શું ચીજ છે ? અને એ ચીજને જે પર્યાયે જાણી એ પર્યાય એનું સ્વરૂપ છે અને તેથી તે સ્વરૂપ અને જ્ઞાન બે અભિન્ન છે. આ..હા...! જે પર્યાયે જાણ્યું તે પર્યાય અને આત્મા અભિન્ન એક છે. આહા..હા...! ઓલામાં એમ કહે કે, પર્યાયમાત્ર હેય છે, પરભાવ છે અને પરદ્રવ્ય છે. ત્યાં આગળ એકલો ઉપાદાન ધ્રુવ સ્વભાવ જણાવવો છે. અહીં આશ્રય કોનો લેવાય છે એટલું જણાવવું છે. પર્યાય વિના એ જણાય શેમાં પણ ? કાર્ય તો પર્યાયમાં છે. ધ્રુવ તો કૂટસ્થ છે. એ હલતું નથી સદશરૂપે કાયમ છે. એને ત્રિકાળી ભગવાનને જાણવા માટે વર્તમાન પર્યાય પ્રગટ છે તે જ એને જાણે છે. સમજાણું કાંઈ ? આ..હા...!

વિકારી પર્યાય વિકારને આધારે છે. **'ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું...'** જોયું ? જેમ ઓલા આત્મા જે પર્યાયથી જણાણો તે તેનું સ્વરૂપ છે. તે સ્વરૂપને અને આત્માને અભિન્નપણું છે. એમ ક્રોધાદિની પર્યાયનું પરિણમન અને વસ્તુ બે અભિન્ન છે. આત્માથી તદ્દન ભિન્ન છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આત્માથી ભિન્ન છે. આ..હા..હા...! અને એની વિકારની પરિણતિથી તે વસ્તુ અભિન્ન છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'(જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે,...)'** આત્માનું સ્વરૂપ તો જાણવું એ (છે). અહીં

જ્ઞાનપ્રધાન કથન છે ને ! શ્રદ્ધા, આનંદ અનંત ગુણનો વ્યક્ત અંશ છે એ બધા અંશો એ પર્યાય દ્રવ્યને જાણે છે. જાણે છે જ્ઞાન. બીજી તો એક બાજુ ઢળેલી વસ્તુ છે. આહા..હા...! આત્માનું સ્વરૂપ જાણનક્રિયા છે. **'માટે જ્ઞાન આધેય છે...'** આહા..હા...! આત્મા વસ્તુ છે તે આધેય છે. આ..હા...! રહેનારનું રહેઠાણ એ આત્મા નહિ. રહેનારનું રહેઠાણ જ્ઞાનપર્યાયનું સ્વરૂપ તે એનું રહેવાનું રહેઠાણ છે. આહા..હા...!

**'જ્ઞાન આધેય...'** છે. જ્ઞાન એટલે આત્મા. ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એ આધેય છે એટલે રહેનાર છે. શેમાં (રહેનાર છે) ? **'જાણનક્રિયા આધાર છે.'** આ..હા..હા...! જાણનક્રિયા જે ચૈતન્યનું નિર્મળ પરિણમન (થયું), ચૈતન્યનું નિર્મળ પરિણમન (થયું) તેનાથી તે જણાણો માટે તે આત્મા જાણનક્રિયામાં છે. જાણનક્રિયા(ને) આધારે છે. આહા..હા...! આવી વાતું હવે. શું આમાં કરવું ? આ કરીને, આ સમજીને શું કરવું ? ઈ સમજીને આત્મા આમ છે, આ પર્યાય છે, જાણન પર્યાય છે એમાં આત્મા રહેલ છે. એટલે એમાં આત્મા જણાય છે એટલે રહેલ છે. આહા..હા...! રાગ અને પુણ્ય-પાપના પરિણામમાં પરિણતિ તેની તેમાં એ વિકાર રહેલો છે. આહા..હા...! આ તો બીજી-ત્રીજી વાર વંચાણું. થોડું ચાલ્યું હતું નહિ ? પછી 'રાજકોટ'વાળા આવ્યા હતા (એટલે) ફરીને (લીધું).

**'જ્ઞાન જ આધાર છે,...'** એટલે ? આ..હા...! આ જ્ઞાન જ આધાર, ઈ જ્ઞાન કોણ ? જાણનક્રિયા. પહેલું લીધું ને (કે), જ્ઞાન આધેય છે અને જાણનક્રિયા આધાર છે. એ જ્ઞાન એટલે આખી ત્રિકાળી વસ્તુ અને જાણનક્રિયા એ વર્તમાન પરિણમન, એને આધારે છે. આ..હા...! કેમકે જાણન પરિણમનમાં જણાણો. છે તો છે પણ એને જણાણો નહિ તો એને ક્યાં છે ? આહા..હા...! વસ્તુ તો ભગવાન અનંત ગુણનો પિંડ, ભગવત્ સ્વરૂપ બિરાજે છે. દરેક ભગવાનઆત્મા, ભગવત્ સ્વરૂપ છે અંદર. આહા..હા...! બાળગોપાળ બધા. શરીર કાઢી નાખો, એને ન જુઓ, શરીરને ન જુઓ, રાગને ન જુઓ તો બધા ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય એ એની પરિણતિમાં જણાય છે. (માટે) એ પરિણતિ એનું સ્વરૂપ છે. તેથી સ્વરૂપ અને પરિણતિ, પરિણતિ અને વસ્તુ અભિન્ન છે. જ્ઞાનની પરિણતિ અને વસ્તુ અભિન્ન છે. આહા..હા...!

**'જ્ઞાન જ આધાર છે, કારણ કે જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી.'** જે જાણવાની પર્યાય થઈ, જેણે સ્વને જ્ઞેય બનાવ્યું, જે જ્ઞાનની વર્તમાન દશાએ સ્વને જ્ઞેય બનાવ્યું એ જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી, આત્મા જુદા નથી. આહા..હા...! હળવે હળવે તો કહેવાય છે.

મુમુક્ષુ :- જ્ઞાન આધારરૂપ છે.

ઉત્તર :- કીધું નહિ ? જ્ઞાન આધાર છે, તો એ કયું જ્ઞાન ? જાણનક્રિયા. જે પર્યાયે આત્માને જાણ્યો તે જ્ઞાન. એ આધાર છે.

**'જ્ઞાન જ આધાર છે...'** અને **'જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી.'** પરિણતિ જાણવાની

દશા છે એમાં જ્ઞાન રહ્યું છે અને એ જાણવું જ્ઞાનનું સ્વરૂપ જ છે. એ સ્વરૂપને આધારે જણાણો છે માટે આધાર એ છે, જ્ઞાન એમાં રહેલું છે. આહા..હા...! **'જ્ઞાન જ આધાર છે...'** **'જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી.'** ઈ પરિણમન એ જ્ઞાનનું સ્વરૂપ જ છે, એમ કહે (છે). એ પરિણમનને આધારે રહ્યું એ બધું અભિન્ન જ છે. રાગ-દ્વેષના પરિણામ ભિન્ન છે એમ આ ભિન્ન નથી. આહા..હા...!

અહીં **'જ્ઞાન જ આધાર છે...'** એમ કીધું ને ? ઈ જ્ઞાન આધાર છે કોણ ? કે, જાણનક્રિયા. જ્ઞાન આધાર છે ઈ કોણ ? કે, જાણનક્રિયા. કીધું છે ને ? જુઓને ! **'જ્ઞાન જ આધાર છે, કારણ કે જાણનક્રિયા અને જ્ઞાન...'** એટલે વર્તમાન જાણવાની પરિણતિ અને જ્ઞાન એટલે કાયમી ચીજ, તે **'જુદાં નથી.'** આહા..હા...! હવે આવું કંઈ અભ્યાસમાં આવે નહિ, વકીલાતમાં આવે નહિ, બી.એ., એલ.એલ.બી.માં નિશાળમાં આવે નહિ. પાપના ધંધા આખો દિ'. આ વસ્તુ !

અહીંયાં તો તારું સ્વરૂપ તને જાણે, જે જાણવાની ક્રિયા તે તારું સ્વરૂપ અને તેને આધારે તું. આહા..હા...! અરે...! આવા મોટા છોકરા હોય, આધાર મળે નહિ, ઘરડા થઈ ગયા. મકાન ઠીક હોય તો ઠીક આધાર કહેવાય. આ..હા..હા...! અહીં તો દયા, દાનનો, ભગવાનની ભક્તિનો રાગ એ આધાર અને આત્મા એમાં આધેય એમ નથી. એ રાગને અને ત્રિકાળને જાણનારી પર્યાય, રાગ છે તેનું અસ્તિત્વનું જ્ઞાન અને ત્રિકાળી અસ્તિત્વ પ્રભુ, એનું જ્ઞાન એ જાણનક્રિયામાં આધાર, એ જ્ઞાન આધાર – એ જાણનક્રિયા આધાર, આધેય આત્મા. આહા..હા...! ઈ તો આપણે આ બધું આવી ગયું છે.

**'(આ રીતે એમ સિદ્ધ થયું કે જ્ઞાન જ્ઞાનમાં જ છે).'** જ્ઞાન એટલે વસ્તુ, જ્ઞાનમાં જ એટલે જાણનક્રિયા, એમાં જ છે. આહા..હા...! વસ્તુ છે એની પર્યાય એ એનું સ્વરૂપ છે. જાણ્યું (કે), આ ભગવાન જ્ઞાયક છે, ચૈતન્ય છે, પૂર્ણ છે, પ્રભુ છે, ભગવાન છે એમ જે જ્ઞાનપર્યાયે જાણ્યું એ પર્યાય જ, **'(જ્ઞાન જ્ઞાનમાં જ છે).'** માટે તે આત્માનું સ્વરૂપ પણ, આત્મા કહો કે જ્ઞાન કહો, એ બેય જ્ઞાન જ્ઞાનમાં જ છે. આહા..હા...! આત્મા પોતાના સ્વરૂપમાં પર્યાયમાં છે. **'(જ્ઞાન જ્ઞાનમાં જ છે).'** જ્ઞાન એટલે ત્રિકાળી સ્વરૂપ, જાણનક્રિયામાં જ છે. આહા..હા...!

**'(એવી રીતે ક્રોધ ક્રોધમાં જ છે).'** મુનિ છે ને ? (એટલે) ઉત્તમ ક્ષમાની સામેનો ક્રોધ લીધો છે. અણગમો. વસ્તુ સ્વરૂપ છે તેનો અણગમો અને રાગનો પ્રેમ, રાગનો પ્રેમ એ ક્રોધ છે. આહા..હા...! **'(ક્રોધ ક્રોધમાં જ છે).'** આત્મામાં નથી. આત્મા એમાં નથી અને ક્રોધ આત્મામાં નથી. આત્મા ક્રોધમાં નથી, ક્રોધ આત્મામાં નથી. આહા..હા...! જેમ જાણનક્રિયાનો ભાવ એમાં આત્મા છે માટે જ્ઞાન તે જ્ઞાનસ્વરૂપ જ છે, જાણવું ઈ પોતાનું સ્વરૂપ છે. ક્રોધ – અણગમો, આત્મા જેને રુચતો નથી, ગોઠતો નથી એવો જે ક્રોધભાવ,

એ ક્રોધ ક્રોધમાં છે. એને આધારે આત્મા નથી. અને ક્રોધ આત્માને આધારે થયો નથી. આવી વાત છે. **'(ક્રોધ ક્રોધમાં જ છે).'**

**'વળી ક્રોધાદિકમાં,...'** એટલે વિકારના પરિણામમાં. **'કર્મમાં,...'** પેલા ભાવકર્મ છે. ભાવકર્મ (એટલે) ક્રોધ, માન, માયા, રાગ, દયા, દાનાદિ એ ભાવકર્મ. જડકર્મ. **'કર્મમાં,...'** એટલે જડ (કર્મ). એ પણ જડ છે, ઓલા પણ જડ છે. વિકારાદિ એ જડ છે. આ કર્મ દ્રવ્ય જડ છે. અને **'નોકર્મ...'** મન-વચન ને કાયાથી બીજી બધી ચીજો એને નોકર્મ (કહે છે). આહા..હા...! નોકર્મમાં આત્મા નથી. **'(ક્રોધ ક્રોધમાં જ છે). વળી ક્રોધાદિકમાં, કર્મમાં કે નોકર્મમાં જ્ઞાન નથી...'** આત્મા નથી. આહા..હા...! વિકાર વિકારમાં જ છે તેથી વિકાર અને કર્મ, નોકર્મ જ્ઞાન નથી (એટલે કે) આત્મા નથી. આહા..હા...! વિકાર વિકારમાં જ છે. આહા..હા...! તેથી વિકારમાં અને કર્મમાં અને નોકર્મમાં આત્મા નથી. ભાષા તો સાદી છે પણ પરિચય ન મળે એટલે એવું લાગે કે, આ શું વાત (કરે છે) ? આ તે જૈન પરમેશ્વરની વાત હશે ? કે આ તે બીજો ધર્મ હશે ? આહા..હા...! ભઈ ! જૈનધર્મમાં તો સામાયિક, પડિકમ્મણા, પોસા કરો (એવું હોય). ધૂળેય સામાયિક, પોસા નથી. મિથ્યાત્વ છે.

હજી દર્શનની તો ખબર ન મળે. સમકિત ને સામાયિક. સમકિતરૂપી પરિણમનને આધારે દ્રવ્ય છે. કારણ કે જાણવાની પર્યાયમાં સાથે પ્રતીતિ છે ઈ કંઈ દ્રવ્યને જાણતું નથી. તેથી જાણવાની પર્યાયમાં જણાણો છે તેથી તે જાણવાની પર્યાય તે આત્માનું સ્વરૂપ છે. તેથી તે જ્ઞાન એટલે આત્માનું સ્વરૂપ, પર્યાય સ્વરૂપથી ભિન્ન નથી, અભિન્ન છે. આહા..હા...!

વિકારી પરિણામમાં, જડકર્મમાં અને નોકર્મમાં આત્મા નથી અને આત્મામાં **'ક્રોધાદિક, કર્મ કે નોકર્મ નથી...'** અરસપરસ લીધું. આ..હા...! **'કારણ કે તેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા હોવાથી...'** ભાષા દેખો ! **'તેમને પરસ્પર...'** આત્મામાં જે દયા. દાન, વ્રતના પરિણામ થાય અને આત્મા જે જાણનક્રિયાથી જણાય એ બેનું સ્વરૂપ વિપરીત છે. આહા..હા...! **'કારણ કે તેમને...'** તેમને એટલે ? પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા, એ ભાવ... આહા..હા...! અને આત્મા. કર્મ, નોકર્મ તો ઠીક જડ છે. **'તેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા હોવાથી...'** આહા..હા...! વ્યવહાર રત્નત્રયનો રાગ અને ભગવાન જાણનક્રિયાથી જણાય એ સ્વરૂપ, બેય વિપરીત છે. આહા..હા...! વિપરીત છે તો વિપરીત ભાવથી આત્મા જણાય (એમ નથી). થોડું રાખો, વ્યવહારનું થોડું રાખો (એમ લોકો કહે). શાસ્ત્રમાં આવે, આવે પણ એ તો એક નિમિત્તનું જ્ઞાન કરાવવા (કહ્યું હોય). 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે કે, વ્યવહાર આવે. એ નિમિત્તનું જ્ઞાન કરાવવા (કહ્યું છે). એમ નથી. વ્યવહાર થયો એમાં એમ નથી. પણ ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવવું (છે). આહા..હા...!

**'તેમને...'** એટલે કે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને અને આત્માના સ્વરૂપને એટલે જ્ઞાનથી આત્મા જણાણો એ જ્ઞાનસ્વરૂપને. **'તેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા**

**હોવાથી...**' એ બેમાં અત્યંત સ્વરૂપવિપરીતતા છે. આહા..હા...! જાણનક્રિયા જે જાણવાની-દેખવાની, સ્વને દેખીને જાણવાની-દેખવાની ક્રિયા થઈ એ તો આત્મા જ છે. કેમકે આત્માનું સ્વરૂપ છે. અને એને આધારે તો જણાણો માટે ઈ આધાર છે. એ પર્યાયને અને ક્રોધાદિ રાગાદિ દયા, દાનના પરિણામને અંદરમાં પરસ્પર છે ? '**અત્યંત સ્વરૂપવિપરીતતા...**' છે. આહા..હા...! અત્યંત સ્વરૂપ વિપરીત છે. અરે...! આવો કઈ જાતનો ધર્મ ? એમાં હવે આ ભેદજ્ઞાનનો 'સંવર અધિકાર' ગજબ અધિકાર છે !

**'(જ્ઞાનનું સ્વરૂપ અને ક્રોધાદિક તેમ જ કર્મ, નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી)'** જ્ઞાનનું સ્વરૂપ તો જાણનસ્વરૂપ છે અને વિકારનું સ્વરૂપ તો મલિનતા, દુઃખરૂપ છે. અજ્ઞાનમય છે એમ આવશે, આવશે. જ્ઞાનને અને અજ્ઞાનને આધાર-આધેય (સંબંધ) નથી. છેલ્લી લીટી આવશે, આ પેરેગ્રાફની છેલ્લી લીટી. ભગવાનઆત્મા, એની વર્તમાન જાણનક્રિયા એનું સ્વરૂપ છે, એમાં એ જણાણો એને અને રાગાદિ છે એ અજ્ઞાન છે. આહા..હા...! આ જ્ઞાનસ્વરૂપ છે. જે પર્યાયમાં જણાણો, એ પર્યાયમાં જણાય છે. એ એનું સ્વરૂપ છે. એ સ્વરૂપમાં જ પોતે આત્મા છે. એને અને ક્રોધને એટલે અજ્ઞાન છે. આ જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા...! દ્રવ્યે જ્ઞાન, ગુણેય જ્ઞાન અને પર્યાયે જ્ઞાન. એ જ્ઞાનસ્વરૂપ છે અને ક્રોધાદિ બીજી ચીજ અજ્ઞાન છે. એમાં આ જ્ઞાન નથી. આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામમાં જ્ઞાન નથી. ત્યાં આત્મા નથી. એ તો અણાત્મા છે. આહા..હા...! આવું ઝીણું છે. ભાષા સાદી છે. બહુ ટીકા સાદી ભાષા(માં છે). કેટલા બોલ કહ્યા ! આ..હા..હા...!

**'(જ્ઞાનનું સ્વરૂપ અને ક્રોધાદિક તેમ જ કર્મ-નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી)...'** આ..હા...! આત્મામાં રાગ, દયા, દાન, વ્રત, પૂજાનો વિકલ્પ ઉઠે એ આત્મા નથી, એ જડ છે અને ભગવાન(આત્મા) જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ છે એટલે જ્ઞાનની પર્યાયમાં એ જણાણો માટે જ્ઞાનપર્યાય પણ આત્માનું જ સ્વરૂપ છે અને આ રાગાદિ છે એ જડસ્વરૂપ છે. બેય તદ્દન ભિન્ન સ્વરૂપ છે. અરે...! લ્યો, આવું સાંભળે નહિ ને (રાડ પાડે) વ્યવહાર ઉથાપે છે, એકાંત છે. એમ કહે બિચારા. અરે...! ભાઈ ! આ..હા...! માંડ સાચું બહાર આવ્યું ત્યારે આળ દેવા માંડ્યા. એકાંત.. એકાંત.. એકાંત પોકારે છે. 'કરુણાદીપ' (પત્રિકા) આવે છે (એમાં) અહીંનું એકેએક વિરુદ્ધ (આવે). 'જૈનદર્શન'માં થોડું બીજો નાખે. વસ્તુનો ખ્યાલ નથી, બહુ ગૂઢ વસ્તુ. આહા..હા...!

અહીંયાં આત્મા છે એમાં એ જ્ઞાનની જાણવાની પરિણતિ છે. એ જાણવાની પરિણતિ દ્વારા જણાણો. આત્મા રાગ દ્વારા ન જણાણો. જ્ઞાનની પરિણતિ દ્વારા જણાણો. માટે તે પરિણતિ તે જ્ઞાનનું સ્વરૂપ છે અને તેથી તે આત્માનું સ્વરૂપ અભિન્ન છે. સાથે દયા, દાનનો રાગ ઉઠ્યો, એ રાગનું પરિણમન વિકાર છે અને એ ક્રોધાદિનું પરિણમન તે ક્રોધ છે, વિકારનું પરિણામ તે વિકાર છે. એને જડપણું છે, એને અજ્ઞાનપણું છે. આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયે

જ્ઞાનસ્વરૂપ (છે). પર્યાયથી જાણ્યો ને એટલે. પર્યાયથી દ્રવ્ય જણાણું એટલે જાણનક્રિયા એ આત્માનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- સમ્યક્જ્ઞાન.

ઉત્તર :- સમ્યક્જ્ઞાનની જ વાત છે ને, ઓલી વાત છે જ નહિ. આહા..હા...!

**'(જ્ઞાનનું સ્વરૂપ અને ક્રોધાદિક તેમ જ કર્મ-નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી) તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.'** લ્યો ! આહા..હા...! રાગનો કણિયો મંદ હોય તો આત્માનું જ્ઞાન થાય, આત્મા તરફ ઢળે એમ જરીયે નથી, કહે છે. આહા..હા...! ક્યાં ગયો ? 'જીતુ' નથી ? જુદી જાત છે આ બે. આહા..હા...! ઝીણી વાત છે, બાપુ ! જન્મ-મરણ રહિતની વાતું જુદી છે અને જન્મ-મરણ કરી કરીને અનાદિથી મરી ગયો છે. આહા..હા...! નરકના, નિગોદના ભવ કરી કરીને (મરી ગયો છે). આહા..હા...! જેના દુઃખ દેખીને દેખનારને રોણા આવ્યા છે. એવા દુઃખ અનંત વાર વેઠ્યા છે, બાપુ ! અત્યારે તું ભૂલી ગયો. આહા..હા...! નરક ને નિગોદના દુઃખો. નિગોદમાં હીણી (દશાનું દુઃખ છે). નરકમાં સંયોગની અપેક્ષાએ દુઃખ કહેવમાં આવે અને નિગોદમાં હીણી દશાની અપેક્ષાએ દુઃખ કહેવામાં આવે. તદ્દન હીણી દશા, અક્ષરનો અનંતમો ભાગ રહી ગયો. આહા..હા...! આનંદ ને જ્ઞાન ને ક્યાંય (નથી). આનંદ તો જરીયે નથી, જ્ઞાન અનંતમાં ભાગનું રહી ગયું. આહા..હા...! અને સંયોગી દુઃખ આવે (તો) લોકો એને દેખે.

મુમુક્ષુ :- વ્યવહાર કથનમાત્ર છે.

ઉત્તર :- એ તો કથનમાત્ર છે, કીધું નહિ ? બીજો નય છે પણ એ કથનમાત્ર (છે), જાણવું (કે) આમ કહે છે. બસ ! એટલું. એમાં એ આદરવા લાયક છે નહિ. આહા..હા...!

આ..હા...! માટે **'પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.'** કોની સાથે ? જાણનક્રિયા જે આત્માની પરિણતિ છે એનાથી જણાણો એ જાણનક્રિયા અને ક્રોધની જે પરિણતિ, ક્રોધની ક્રિયા, માનની ક્રિયા એ બેને તદ્દન સ્વરૂપ વિપરીત છે. તેથી બેમાં આધાર-આધેય સંબંધ નથી. આહા..હા...! પણ આવે, કોઈ ઠેકાણે (આવે), વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. 'જયસેનાચાર્યદેવ'માં તો બહુ આવે. 'જયસેનાચાર્યદેવ'માં ! એ તો નિમિત્ત છે એનું જ્ઞાન કરાવ્યું. એક વસ્તુ છે એનું જ્ઞાન (કરાવ્યું), બાકી એ તો એનું સ્વરૂપ જ નથી. સ્વરૂપ તો એ જાત જે આનંદ અને જ્ઞાન છે એનું પરિણમન થાય એ એની જાત છે. રાગનું પરિણમન તો કજાત છે. અહીં તો એને જડ કીધું. જડ છે. 'चिद्रूप' છે ને ? શ્લોક આવશે ને ? 'चिद्रूप जड़तो' એ શ્લોક જ આવશે. **'चिद्रूप्यं जड़रूपतां च दधतोः'** આ..હા...! (૧૨૬) કળશમાં (છે).

ભગવાનઆત્મા જ્ઞાન ને આનંદનો સાગર પ્રભુ, એને જાણવાની પરિણતિથી જાણ્યો. આહા..હા...! એ ચૈતન્ય છે. ભલે પરિણતિ પર્યાય છે પણ એ ચૈતન્ય છે. એ ચૈતન્યનું

સ્વરૂપ છે અને દયા, દાનનો વિકલ્પ ઉઠે એ જડસ્વરૂપ છે. એક કોર જડ અને એક કોર આત્મા. આહા..હા...! અને આમાંય કહેશે. **'જ્ઞાનને અને અજ્ઞાનને (ક્રોધાદિકને) આધારાધેયપણું નથી.'** છેલ્લે કહેશે. (આ) પેરેગ્રાફનો છેલ્લો શબ્દ (છે). આહા..હા...!

આ તો ફરીને લેવાનું કહ્યું હતું તેથી ફરીને લીધું. **'વળી જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણન...'** જોઈ ભાષા ? આત્માનું સ્વરૂપ તો જાણનક્રિયા છે. આહા..હા...! આ આત્માનું સ્વરૂપ તો જાણનક્રિયા છે. જે પ્રગટ પર્યાય જાણે છે એ આત્માની જાણનક્રિયા સ્વરૂપ છે. આહા..હા...! **'જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે તેમ (જ્ઞાનનું સ્વરૂપ) ક્રોધાદિક્રિયા પણ છે...'** રાગ પણ છે એમ કોઈ રીતે સિદ્ધ થતું નથી, કોઈ રીતે સ્થાપી શકાતું નથી. આહા..હા...! અહીં તો આમ કહે છે, લ્યો ! વ્યવહારે પણ સ્થાપી શકાય કે નહિ ? કોઈ રીતે સ્થાપી શકાય નહિ. જુઓ !

**'(ક્રોધાદિકનું સ્વરૂપ) જાણનક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી;...'** ભાષા શું છે ? કોઈ રીતે. એમાં કોઈમાં વ્યવહારથી પણ નહિ એમ કહે છે. આહા..હા...! 'દેવીલાલજી' ! આવી વાત છે. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ ! અતીન્દ્રિય અનંત અનંત અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ આત્મા છે. ભગવાન જિનેશ્વરદેવ ત્રિલોકનાથે ભગવાનને આત્મા જોયો એ તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. એનું પરિણમન એને જાણનારું થયું એ જાણવાનું થયું એ તો એનું સ્વરૂપ છે, કહે છે. એ સ્વરૂપ વડે જણાણું માટે એ સ્વરૂપ છે. આ..હા...! પર્યાય એનું સ્વરૂપ છે. બીજે ઠેકાણે એમ કહે કે, પર્યાય તે પરદ્રવ્ય છે. આહા..હા...! આશ્રય, એના તરફનું લક્ષ છોડાવવું છે. ત્રિકાળ ઉપર દૃષ્ટિ કરાવવી છે. આનું પરિણામ પણ ત્રિકાળ ઉપર દૃષ્ટિ છે.

રાત્રે કહ્યું હતું કે, સમય સમયની પર્યાય થાય, જે સમયે પર્યાય થાય તે થાય. એક વાત. અને તે પણ નિર્મળ પરિણતિ, જે સમયે નિર્મળ પરિણતિ થાય તે સમયે તે જણાણો. એનો અર્થ કે બધામાં જે સમયે જે પર્યાય થાય તે અને જાણનક્રિયા પણ જે સમયે જાણનક્રિયા થાય તે, એ આત્માને જાણવાની પણ જે સમયે થાય ઈ ક્રિયાનો સમય છે ને ? એટલે ખરેખર તો અવસરે પરિણામ થાય કે જાણનક્રિયાથી જણાય એમ થતાં એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય. એનો સાર આ છે. આહા..હા...! જેને જાણવો છે એ જાણનક્રિયા એ આવ્યું, એનું સ્વરૂપ આત્મા પોતે જાણે છે. આ..હા...! કેમકે દરેક અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. આમાંય આનું તાત્પર્ય તો વીતરાગતા કહેવી છે. વીતરાગતા શી રીતે થાય ? જે સમયે જે થાશે તેના ઉપર નજર રાખ્યે ન થાય. આહા..હા...! અને સ્વરૂપને જાણવાની જાણનક્રિયા એ પણ જે સમયે થવાની તે થશે. એવો નિર્ણય જેને કરવો હોય એણે તો જ્ઞાયકભાવ ઉપર જાવું પડશે. વીતરાગભાવ જેમાંથી પ્રગટે, વીતરાગભાવ પ્રગટે તેમાં જાવું પડશે. આહા..હા...! ગજબ વાત છે ! આ તો આખી દુનિયા મૂકીને એકલો થાવું હોય એની વાત

છે. એકલો છે. આહા..હા...! ક્યાં છે કાંઈ ? છે અનંતુ પણ એનામાં. બેની સત્તા જ જુદી છે, કીધું ને ? રાગની, દયા, દાનની સત્તા અને આત્માની સત્તા જ ભિન્ન ભિન્ન છે. આહા..હા...! તો દયા, દાન, વ્રત, પૂજાના પરિણામનો આધાર અને આત્મા (એનાથી) જણાય (એનો) નિષેધ છે. કહો, 'ચીમનભાઈ' ! આહા..હા...! આ શાસ્ત્ર કાંઈ 'સોનગઢ'નું છે ? આ..હા...! 'સોનગઢ'માં છપાણું છે.

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. પ્રભુ 'સીમંધર' ભગવાન, એમની આ વાણી છે. અરે...! જગતના જીવો ! 'સમયસાર' ભેટણું રહી ગયું. લોકોને ભેટ આપી, ભેટ. ભાઈ ! એકવાર તું આ 'સમયસાર' લે. લે એટલે કે પરિણતિમાં આત્માને લઈ લે. આહા..હા...! આ..હા..હા...! થોડું પણ સત્ય હોવું જોઈએ, ભાઈ ! એ.. મોટી ક્રિયા ને અપવાસ ને વર્ષીતપ ને મોટા પચીસ, પચાસ, સો છોકરાઓ લઈને સામાયિક કરવા બેસે. એ બધો કાંઈ ધૂળેય ધર્મ નથી, અધર્મ છે, અધર્મનું પોષણ છે. આહા..હા...!

**'જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે...'** (એટલે કે) શુદ્ધ પરિણતિ. **'તેમ (જ્ઞાનનું સ્વરૂપ) ક્રોધાદિક્રિયા પણ છે એમ, અને ક્રોધાદિકનું સ્વરૂપ જેમ ક્રોધાદિક્રિયા છે...'** ક્રોધાદિક્રિયા લેવી છે ને ? અહીં જાણનક્રિયા છે ને ત્યાં ક્રિયા લેવી છે. **'તેમ (ક્રોધાદિકનું સ્વરૂપ) જાણનક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી;...'** અહીં વજન છે. આચાર્ય મહારાજનું અહીં વજન છે. આમ કોઈપણ રીતે સ્થાપી શકાતું નથી. કોઈપણમાં બધુંય આવી ગયું. વ્યવહાર પણ (આવી ગયો). આહા..હા...! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## પ્રવચન નં. ૨૬૧ ગાથા-૧૮૧ થી ૧૮૩, શ્લોક-૧૨૬

**રવિવાર, જેઠ વદ ૧૫, તા. ૨૪-૦૬-૧૯૭૯**

---

આ 'સમયસાર', 'સંવર અધિકાર'. સંવર એટલે ધર્મની ઉત્પત્તિ, ધર્મની ઉત્પત્તિ. નિર્જરા એટલે ધર્મની વૃદ્ધિ. એ અધિકાર છે. અહીં તો હવે દૃષ્ટાંત આપશે પણ એના પહેલાં આ આત્મા છે એનાથી પુણ્ય અને પાપના ભાવ જે અંદર (થાય) છે, શુભ-અશુભ ભાવ (છે), દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, હિંસા, વેપાર-ધંધાના પરિણામ, એ શુભ-અશુભ પરિણામને વસ્તુ જ બીજી ગણી છે. આત્માથી તે વસ્તુ બીજી છે. આહા..હા...!

આત્મા તો સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ અતીન્દ્રિય આનંદઘન (છે) અને આ વિકાર શુભ અને અશુભ ભાવ બેય દુઃખરૂપ અને પરવસ્તુ છે, બેય એક વસ્તુ નથી. એક વસ્તુ નથી તેથી તેના પ્રદેશ એક નથી. આહા..હા...! તેનું રહેવાનું ક્ષેત્ર એક નથી. વસ્તુ જુદી એટલે

એનું ક્ષેત્ર પણ જુદું. બે (વાત થઈ). ત્રીજું એની સત્તા ભિન્ન (છે). તેથી પુણ્ય-પાપના ભાવ અને આત્મા આનંદકંદ, સચ્ચિદાનંદ પ્રભુ – બેયની સત્તા ભિન્ન છે, બેયનું હોવાપણું ભિન્ન છે અને તેથી બેયમાં આધાર-આધેયપણું નથી. કે શુભ-અશુભ ભાવ આધાર અને એને લઈને આત્મા જણાય, એમ નથી. આહા..હા...! અને શુભ-અશુભ ભાવ અને આત્મા, બેને પરસ્પર અત્યંત વિપરીતતા છે. એ આવી ગયું છે. પરસ્પર વિપરીત છે. આહા..હા...! આત્મ સ્વભાવ અને પુણ્ય-પાપના ભાવ બે વચ્ચે અત્યંત સ્વરૂપ વિપરીતતા છે. એટલું કહીને છેલ્લે એમ કહ્યું કે, એ રીતે જ્ઞાનને અને અજ્ઞાને આધાર-આધેયપણું નથી. છે છેલ્લી લીટી ? એટલે શું કહ્યું ?

આ રીતે છે માટે જ્ઞાન એટલે આત્મા – પ્રજ્ઞાચક્ષુ, જે જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા એને અને અજ્ઞાન એટલે પુણ્ય અને પાપના શુભ-અશુભ ભાવ એ અજ્ઞાન છે, એમાં જ્ઞાન નથી. તેથી બે તદ્દન જુદા છે. જ્ઞાનને અને અજ્ઞાનને આધારાધેયપણું નથી. એટલે કે રાગાદિ દયા, દાન, વ્રત પરિણામ આધાર અને એને લઈને આત્મા જણાય અને સમ્યક્જ્ઞાન થાય, એમ નથી. આહા..હા...! આવી વાત છે. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કહે છે કે રાગ છે અને આત્મસ્વરૂપ ચિદાનંદથી એ વસ્તુ જ ભિન્ન છે. પ્રદેશ ભિન્ન છે, સત્તા ભિન્ન છે, આધારઆધેય ભિન્ન છે અને અત્યંત બે વચ્ચે સ્વરૂપ વિપરીતતા છે. માટે જ્ઞાન અને અજ્ઞાન, જ્ઞાન એટલે આત્મા, છેલ્લો શબ્દ છે ને ? આત્માને અને અજ્ઞાનને, એ પુણ્ય અને પાપના ભાવ તે અજ્ઞાન છે, એને જ્ઞાન નથી, એનામાં જ્ઞાન નથી. જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા અને અજ્ઞાનસ્વરૂપ એ પુણ્ય-પાપના ભાવ, તદ્દન જુદેજુદા છે. એ અજ્ઞાનને આધારે આત્મા જણાય એવો નથી. આહા..હા...! સમજાણું ? આ વાત તો પહેલી સિદ્ધ કરી ગયા.

હવે, એને દાખલો આપીને સમજાવે છે. '**વળી વિશેષ સમજાવવામાં આવે છે :– જ્યારે એક જ આકાશને પોતાની બુદ્ધિમાં સ્થાપીને...**' આકાશ સર્વવ્યાપક છે ને, આકાશ ! આ દેખાય એ આકાશ નહિ, હોં ! આકાશ અરૂપી છે. આ લોકમાં ચૌદ બ્રહ્માંડમાં છે અને ખાલી ભાગ, ખાલી.. ખાલી.. ખાલી.. ખાલી.. અલોક આકાશ, ક્યાંય અંત નથી, અંત નથી. અંત હોય તો અંત પછી શું ? આ ચૌદ બ્રહ્માંડની ચારે બાજુ આકાશ છે એ અનંત છે. એ આકાશ સર્વવ્યાપક છે. આ લોકમાંય છે અને અલોકમાંય છે. જેનો અંત ક્યાંય નથી. એનાથી ક્ષેત્રમાં મોટી કોઈ ચીજ નથી. આકાશના ક્ષેત્રથી મોટી (બીજી) કોઈ ચીજ નથી.

'**જ્યારે એક જ આકાશને પોતાની બુદ્ધિમાં સ્થાપીને...**' જ્ઞાનમાં એ વાતને લઈને '**આધારાધેયભાવ વિચારવામાં આવે...**' કે એ આકાશનો આધાર કોણ ? અને આકાશમાં રહે છે એ શું ? એ આધેય શું છે ? રહેનાર શું છે ? અને આધાર દેનાર શું છે ? આહા..હા...! બુદ્ધિમાં જો આકાશને માટે વિચારે '**ત્યારે આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...**' આકાશ આકાશને જ આધારે છે. આકાશથી મોટું કોઈ ક્ષેત્ર નથી

કે જેથી એને આધારે આકાશ હોય. આહા..હા...! એમાં કહેશે. આકાશ ક્ષેત્રથી મોટું છે, ભગવાન જ્ઞાન અને આનંદથી મોટો છે. આહા..હા...!

મુમુક્ષુ :– બે મોટામાંથી મોટું કોણ ?

ઉત્તર :– મોટો આત્મા. એ આકાશને પણ જાણનારો આત્મા (છે). આ...હા...! ઝીણી વાત છે, ભાઈ ! તાત્ત્વિક વિષય બહુ સૂક્ષ્મ છે.

આત્માને, એ પાંચ બોલે કહ્યો એનો આ તો હવે દાખલો આપે છે. **'(આકાશનો) આધારાધેયભાવ વિચારવામાં આવે...'** જ્ઞાનમાં – બુદ્ધિમાં આકાશનો વિચાર કરો કે એ સર્વવ્યાપક આકાશ છે એ અરૂપી છે, ઈ અરૂપી છે, હોં ! એને આધાર કોણ ? એનાથી મોટું કોણ છે કે જે આધાર હોય ? આહા..હા...! એ આકાશ છે એ જ આધાર અને આધેય છે. આધારે એ અને આધેય પણ ઈ. આહા..હા...! આકાશ. **'ત્યારે આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ હોવાથી (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં સ્થાપવાનું અશક્ય જ હોવાથી) બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી...'** જ્ઞાનમાં વિચાર કરે તો આકાશને લક્ષમાં લે અને એ આકાશને આધાર કોણ ? એમ વિચાર કરે તો બુદ્ધિમાં આધાર-આધેય, એવી ભિન્નતા એમાં ભાસતી નથી. આકાશ આધાર અને આકાશ આધેય. બાકી બીજી આધાર અને આકાશ આધેય, એમ નથી. આહા..હા...!

**'અને તે નહિ પ્રભવતાં,...'** શું કહે છે ? બુદ્ધિમાં આકાશનો વિચાર કરતાં.. આ..હા..હા...! એક તો આચાર્ય કહે છે કે, અમે તને તારા આત્માની વાત કરશું પણ એક આકાશનો તો તારી બુદ્ધિમાં વિચાર કર. નાસ્તિક હોય તોય એને જરી વિચાર કરવો પડશે કે, આકાશ ખાલી ખાલી અરૂપી છે. અહીંયાં છે, બહાર ખાલી અલોક છે, જ્યાં આ ચૌદ બ્રહ્માંડ છે નહિ. જીવ, જડનો જ્યાં સંગ્રહ નથી. ખાલી ભાગ અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત... અનંત... અનંત... ક્યાંય ચાલ્યા જાવ તોય ક્યાંય અંત નથી. એવું અનંત આકાશ ચારે બાજુ છે. આહા..હા...! એવડા આકાશને બુદ્ધિમાં સ્થાપીને વિચાર કર. આહા..હા...! કે, એ આકાશને રહેવાનું સ્થાન કોણ ? કે, એ પોતે જ રહેવાનું સ્થાન અને પોતે આધેય છે. એને બીજો કોઈ આધાર હોતું નથી. આ..હા...! છે ?

**'એક આકાશ જ એક આકાશમાં જ પ્રતિષ્ઠિત છે'** આ..હા...! એક આકાશ જ આકાશને આધારે છે. પ્રતિષ્ઠિત (એટલે) આધારે. ઓ..હો..હો...! આકાશનો દાખલો આપ્યો. એ ક્ષેત્રથી આમ વ્યાપક છે. આ ચૌદ બ્રહ્માંડ જે જડ અને ચૈતન્યનો (સંગ્રહ) છે એ અસંખ્ય જોજનમાં જ છે, અનંતમાં નહિ. આ જડ-ચૈતન્યનો સંગ્રહ અસંખ્ય જોજનમાં (છે), પછી ખાલી ભાગ છે અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત... ત્યાં અરૂપી આકાશ છે. એનો ક્યાંય અંત નથી. એવડા આકાશને તું બુદ્ધિમાં લે, વિચાર કર. આહા..હા...! અને એનો વિચાર કરતાં તને એમ આવશે કે, આકાશ આવડું મોટું એને આધાર કોણ ? એ જ મોટી ચીજ છે.

હવે એને આધાર કોણ ? આધાર ને આધેય એનો એ છે. આહા..હા...! જોયું ?

આચાર્યે બુદ્ધિમાં.. છે ને ? સ્થાપીને (કહ્યું છે). આહા..હા...! **'બુદ્ધિમાં સ્થાપીને...'** (એટલે) લક્ષમાં લઈને. આકાશ અમાપ (છે). ચારે બાજુ ખાલી ભાગ અનંત.. અનંત.. અનંત.. અનંત... અનંત નહિ તો પછી પછી શું ? પછી શું ? પછી શું ? નાસ્તિકને પણ એકવાર વિચાર કરવો પડે કે, આ બધું જડ-ચૈતન્ય અહીંને અહીં ખલાસ થઈ જાય. પછી ખાલી ભાગ છે એનો અંત ક્યાં ? આકાશને અંત ન હોય. દશે દિશા અનંત.. અનંત.. અનંત... ચારે કોર. એમ બુદ્ધિમાં આકાશને સ્થાપીને વિચાર કરતાં આકાશ જ આકાશનો આધાર છે. આહા..હા...! છે ? **'એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી.'** આવું સમજી જનારને આકાશનો પર આધાર (છે) એવું ભાસતું નથી.

**'એવી રીતે...'** હવે સિદ્ધાંત (કહે છે). આ તો દૃષ્ટાંત (હતો). **'એક જ જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને...'** હવે આ જ્ઞાનસ્વરૂપ આત્મા પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ ભગવાન, જાણનારો આત્મા.. આ..હા..હા...! એનો એ ત્રિકાળી જાણક સ્વભાવ (છે). ત્રિકાળી જ્ઞાનસ્વભાવ, એ **'જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને...'** આહા..હા...! રાગમાં સ્થાપીને કે એમ નથી કીધું. સમજાણું કાંઈ ? આ..હા...! આકાશને માટે પણ બુદ્ધિમાં સ્થાપીને કહ્યું હતું. ત્યાં રાગમાં, વિકલ્પમાં રાખીને વિચાર કર એમ ત્યાં કહ્યું નથી. આહા..હા...! અલૌકિક વાતું છે.

આ આત્મા અંદર દેહથી ભિન્ન છે. આ તો જડ, માટી (છે), આ વાણી જડ, મન જડ (છે). અંદર ચૈતન્યપ્રભુ, જે જ્ઞાનની મુખ્યતાથી જ્ઞાનપ્રધાન છે એ જ્ઞાનને પોતાની બુદ્ધિમાં પર્યાયમાં સ્થાપીને. બુદ્ધિમાં એટલે જ્ઞાનની પર્યાયમાં. આ એક જ્ઞાન જે ત્રિકાળી વસ્તુ છે એનો વિચાર કર. **'(જ્ઞાનનો) આધારાધેયભાવ વિચારવામાં આવે...'** એ આત્માનો આધાર-આધેય ભાવ વિચારવામાં આવે. જ્ઞાન એટલે આત્મા. ભાષા તો સાદી છે પણ ભાવ તો (ગંભીર છે). આ..હા...!

આકાશને જેમ બુદ્ધિમાં સ્થાપીને એનો આધાર-આધેય (ભાવ) નથી તેમ આ જ્ઞાનને એટલે આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ, સત્ શાશ્વત ચિદ્ જ્ઞાન અને આનંદ, એનો સાગર પ્રભુ અંદર આત્મા (છે). અરે...! કેમ બેસે ? આવડું શરીર ને એક બીડી પીવે ત્યાં રાજી થઈ જાય. સિગારેટ પીવે (ત્યારે) પાયખાને દસ્ત ઉતરે (એમાં) રાજી થઈ જાય. આહા..હા...! એને આવો આત્મા (સમજવો). બાપુ ! આત્મા તો અલૌકિક છે ! આકાશ જેમ ક્ષેત્રથી અવ્યાપક નથી, પ્રસરેલો છે. એમ આ મહાજ્ઞાન, અનંત જ્ઞાન, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા... આ..હા..હા...! એના ભાવની અનંતતા છે. એ ભાવને બુદ્ધિમાં લઈને... આહા..હા...! આધારાધેયભાવ વિચારવામાં આવે. વાત તો બહુ સારી આવી છે. 'મનસુખભાઈ' ! તમારો રવિવાર (આવે ત્યારે) વાત સારી આવી છે. આહા..હા...!

જેમ એ શુભ-અશુભ ભાવ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ અને કામ, ક્રોધ, આ રળવું, વિષય-વાસના એ બધા ભાવો આત્માની ચીજથી બીજી ચીજ છે, એની જાત બીજી છે. આ જાત છે ત્યારે એ કજાત છે. અને તેથી તેના રહેવાના અંશો જુદા છે. અને તેથી તેની સત્તા જુદી છે અને તેથી તેના આધાર-આધેય જુદા છે અને તેથી તેની સ્વરૂપ વિપરીતતા, સ્વરૂપની વિપરીતતા અનંતી ભિન્ન છે. આહા..હા...! અને તેથી તે અજ્ઞાન અને જ્ઞાન બે ભિન્ન છે. અજ્ઞાન (એટલે) એ પુણ્ય-પાપના પરિણામને અજ્ઞાન કહ્યું. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો સમજાય એવું છે, કાંઈ બહુ ઝીણું નથી. આહા..હા...!

અંદર જાણનાર છે એ કોને ન જાણે ? એને જાણનારને મર્યાદા શું હોય ? અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત દર્શન એનો જો વિચાર કરવામાં આવે... આ..હા..હા...! **'જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને (જ્ઞાનનો) આધારાધેયભાવ વિચારવામાં આવે...'** આ..હા..હા...! **'ત્યારે જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...'** આ..હા..હા...! એ વસ્તુ છે, જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ કોઈ બીજી ચીજને આધારે છે એમ છે જ નહિ. એ ચીજ પોતે વસ્તુ છે એ પોતે પોતાના આધારે (છે). એટલે પર્યાય જેનું સ્વરૂપ જાણવું (છે), એને જાણવાની જે સ્વરૂપની બુદ્ધિ, એ સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ છે, એ આત્મ સ્વરૂપ છે. તેથી જ્ઞાનસ્વરૂપ જાણનક્રિયા તે આધાર છે અને આત્મા તે આધેય છે. પણ આત્મા આધેય છે અને કોઈ બીજાને આધારે રહે છે, રાગને આધારે ને પુણ્યને આધારે રહે છે એમ નથી. આહા..હા...! આવી વાતું. વાડાવાળાને તો આકરી લાગે એવી છે. (વાડા) બાંધીને બેઠા છે. ત્રણે કાળ આવો માર્ગ છે, બાપુ ! શું કહ્યું ?

**'જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને...'** જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને, હોં ! કો'કની બુદ્ધિમાં સ્થાપીને તું વિચાર કર, એમ (નથી કહ્યું). જ્ઞાનમાં જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને **'(જ્ઞાનનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...'** ત્યારે આત્મા બીજા કોઈપણ તત્ત્વને આધારે છે એમ છે જ નહિ. એ તો પોતે પોતાને આધારે જ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

**'બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી; અને તે નહિ પ્રભવતાં, 'એક જ્ઞાન જ એક જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે'** એટલે શું કહ્યું ? જાણક સ્વભાવ જે છે, કાયમી અસલી ત્રિકાળી જ્ઞાનસ્વભાવનો વિચાર કરતાં **'એક જ્ઞાન જ એક જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે'** એટલે કે બીજી કોઈ ચીજ નહિ. એનું જે જ્ઞાનનું પરિણમન કર્યું, જ્ઞાનનું પરિણમન પર્યાયમાં દશા કરી, તે દશાને આધારે એ જણાણો. એથી જ્ઞાનદશા એ આત્માનું સ્વરૂપ છે, જ્ઞાનનું સ્વરૂપ (છે). જ્ઞાનના સ્વરૂપને જ્ઞાનના જ સ્વરૂપનો આધાર છે. આહા..હા...! આવું હવે ધર્મને નામે.. વસ્તુ એવી છે, બાપુ ! આકરી છે. ધર્મ તો એક સેકંડ થાય તો એને જન્મ-મરણ મટે એવી ચીજ છે. પણ ધર્મ કોને કહેવો એ સમજવું કઠણ બહુ, બાપુ ! આહા..હા...!

અહીંયાં તો કહે છે, જ્યારે આકાશને બુદ્ધિમાં સ્થાપતા એનો આધાર-આધેય કોઈ દેખાતો નથી. એમ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ ત્રિકાળી, એને વર્તમાન પરિણમન જ્ઞાનમાં વિચારતાં વર્તમાન જ્ઞાનના પરિણમનમાં વિચારતાં એને જ્ઞાનને આધારે જ્ઞાન છે. એ પરિણમન જે થયું એને આધારે જણાણો માટે આત્માને આધારે આત્મા છે, એ જ્ઞાનને આધારે આત્મા છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– જ્ઞાન તો ઇન્દ્રિયો દ્વારા થાય.

ઉત્તર :– ધૂળેય ઇન્દ્રિય દ્વારા ન થાય, ઇન્દ્રિય જડ છે, આ તો માટી જડ ધૂળ છે. આ જાણે છે ? જાણે છે તો આત્મા. જેની સત્તામાં જણાય છે, જેની સત્તામાં જણાય છે તે આત્મા છે. આમાં જણાય છે આમાં ? આ તો જડ માટી છે. જેના હોવાપણામાં, જેની મોજૂદગીમાં આ છે, આ છે, આ છે એમ જણાય છે એ આત્મા છે, જ્ઞાનસ્વરૂપ છે. આવી વાતું છે. દુનિયાથી જુદી લાગે. શું થાય ? બાપુ ! માર્ગ જ આ છે. આહા..હા...!

જેમ બુદ્ધિમાં આકાશને સ્થાપીને આકાશનો કોઈ આધાર નથી (એમ ભાસે છે). એવી બુદ્ધિ પ્રસરતી નથી, એવી બુદ્ધિ થતી જ નથી કે આકાશને કોઈ (બીજો) આધાર હોય. એમ ભગવાનઆત્મા વર્તમાન જ્ઞાનનું પરિણમન, જ્ઞાનનો ઉત્પાદ દશા જે છે.. આહા..હા...! એ જ્ઞાનની વર્તમાન દશાને એ જ્ઞાનનો વિચાર કર કે, આ આત્માને આધાર કોનો છે ? કે, આત્માને જે જાણવાની દશા પ્રગટ કરી તે જ આત્મા છે. તો તેનો આત્માને આત્માનો આધાર રહ્યો. આહા..હા...! સમજાણું કાંઈ ?

રાગ નહિ, પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ નહિ. જ્ઞાન(ને) બુદ્ધિમાં સ્થાપીને. આહા..હા...! એ કંઈ ઓછી વાત છે ? બુદ્ધિમાં જ્ઞાન આત્મા છે એમ સ્થાપીને વિચાર કર તો તે જ્ઞાનનું જે પરિણમન છે, જ્ઞાનનો જે જાણવાનો ભાવ થયો તે ભાવમાં આત્મા જણાશે તેથી તે ભાવમાં આત્મા છે. એ ભાવ પણ આત્મા જ છે. એ ભલે જાણનપર્યાય છે પણ છે ઈ આત્મા. તો આત્માને આધારે આત્મા છે, આત્મા બીજાને આધારે છે નહિ. આહા..હા...! એ દયા, દાન ને વ્રત ને ભક્તિ, પૂજાપાઠ કરે તેથી આત્મા જણાય એની ના પાડી છે. એ રાગ છે, એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :– છટ્ઠા ગુણસ્થાન સુધી રાગ છે.

ઉત્તર :– બુદ્ધિપૂર્વક રાગ છે. રાગ છે, અચેતન છે.

મુમુક્ષુ :– ક્યાં સુધી આધાર છે ?

ઉત્તર :– આત્માનો આત્માને આધાર છે. રાગનો આધાર છે જ નહિ. એ માટે તો આ વાત ચાલે છે. રાગનો આધાર નથી પણ એના કારણો પહેલા આપી ગયા ને ? કે, રાગ અને આત્મા બે વસ્તુ ભિન્ન છે. બેના લક્ષણો ભિન્ન છે, બેનો સ્વભાવ ભિન્ન છે અને તેથી બેના પ્રદેશો ભિન્ન છે અને તેથી તેની સત્તા ભિન્ન છે. તેથી તેનો આધાર-

આધેય પણ ભિન્ન છે. અને તેથી તે બે વચ્ચે અત્યંત સ્વરૂપ વિપરીતતા છે. માટે તેનો આધાર-આધેય ભિન્ન છે. આહા..હા...! આવી વાત છે. અત્યારે તો આ દયા પાળે ને વ્રત કરે ને ભક્તિ, પૂજા કરે ત્યાં ધર્મ થઈ જશે. ધૂળેય ધર્મ નથી. એ તો બધી રાગની ક્રિયા છે.

આત્મા તો જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. જે જ્ઞાન જાણવું અને આનંદ સ્વરૂપ (છે) તે અજ્ઞાન અને દુઃખરૂપ રાગાદિ, એના પરિણામથી એ જણાય ? આહા..હા...! અજ્ઞાનથી જ્ઞાન જણાય ? દુઃખથી આનંદ જણાય ? આહા..હા...! 'શશીભાઈ' આ 'સંવર અધિકાર'(ની) શરૂઆતમાં છે. આહા..હા...! ચૈતન્યપ્રકાશનો પૂર, નૂર પ્રભુ, એ ચૈતન્યના પ્રકાશનું પૂર, એનાથી દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તદ્દન જુદી જાત છે. જાત જુદી, ભાત જુદી, ક્ષેત્ર જુદું અરે...! કાળ જુદો. એ એક સમય રહે છે અને અહીં ભગવાન તો ત્રિકાળ રહે છે. આહા..હા...! ભાવ જુદો (છે). આહા..હા...! સમજાણું કાંઈ ? બેય ભાઈ આવ્યા લાગે છે. 'માણેકચંદજી' આવ્યા લાગે છે. આહા..હા...! આવી વાત છે.

આચાર્યોએ તો એવી ભાષા કરીને, કરુણા કરીને જગતને સત્યમાં એને બેસાડ્યો છે. પ્રભુ ! તું સત્ય વસ્તુ છો ને ! અને સત્ય વસ્તુ તારામાં પ્રભુ ! જ્ઞાન અને આનંદ છે ને ! એ જ્ઞાન અને આનંદનો વિચાર કર તો એ વિચાર ને મનનને આધારે એ જણાય છે માટે મનન પરિણમન આધાર અને એ (પોતે) આધેય. રાગ આધાર ને આધેય ત્રણકાળમાં નહિ. આહા..હા...! આવું છે. લોકોને ન બેસે એટલે એકાંત કહે, પછી લોકો એમ કહે. એ હતું નહિ. નહોતું એટલે (એકાંત લાગે). વસ્તુ તો આ છે, બાપુ ! આહા..હા...! અને તે ન્યાયથી વિચાર કરે તો એને બેસી જાય એવું છે.

ન્યાયથી વિચાર કરે કે, જે વિકારી ભાવ છે, શુભ-અશુભ ભાવ, પુણ્ય-પાપ (ભાવ છે) એ દુઃખરૂપ છે, આકુળતા છે. ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. એ આકુળતા અને આનંદ સ્વરૂપની જાત એક છે ? અને એ આકુળતાને આધારે આત્મા જણાય એમ છે ? આહા..હા...! એનું જાણવું તો, બુદ્ધિમાં આત્માને સ્થાપીને, બુદ્ધિમાં રાગ (સ્થાપીને) નહિ, જ્ઞાનમાં (સ્થાપીને), જ્ઞાનની પર્યાયમાં – બુદ્ધિમાં આત્માને સ્થાપીને વિચાર કરતાં એ બુદ્ધિમાં બીજો આધાર છે એમ પ્રસરતું નથી, એમ જણાતું નથી. કેટલા બોલ નાખ્યા છે ને એમાં ? પહેલા નાખ્યા છે. પ્રભવતી નથી, નાખ્યું ને ? પહેલા (આવી ગયું છે). ક્યાં આવ્યું ઈ ? (શ્રોતા : બીજા પેરેગ્રાફની ચોથી લીટી). ચાલે એની ચોથી ? હા, ઈ. બરાબર છે. '**પ્રભવતી નથી.**' ઈ લ્યો. (ભિન્ન) આધાર-આધેયની '**અપેક્ષા પ્રભવતી નથી. (ફાવી શકતી નથી, ઠરી જાય છે, ઉદ્ભવતી નથી);...**' આહા..હા...!

બુદ્ધિમાં આત્માને લઈને લક્ષમાં લઈને જો એનો વિચાર કર તો તને એમ લાગશે કે, આત્મા જે હું જાણું છું, વિચાર મનન (કરું છું), એ સ્વરૂપમાં એ જણાણો. એ સ્વરૂપ છે એ આત્માનું સ્વરૂપ જ છે. માટે સ્વરૂપનો આધાર એ જાણનક્રિયાનો આધાર, આત્મા

આધેય. પણ જાણનક્રિયા સિવાય રાગ આધાર અને જાણનક્રિયા બે થઈને આધાર (છે), એમ નથી. કહો, સમજાણું કાંઈ ? છે ને ? સામે પડ્યું છે ને ? આહા..હા...!

પ્રભવતી નથી એટલે અહીં કહેવું છે કે, જ્ઞાનમાં – જ્ઞાન પર્યાયમાં સૂક્ષ્મપણું કરીને જ્યારે આત્મા જે ત્રિકાળ છે, એનો વિચાર કરે આ..હા...! તો એની બુદ્ધિમાં એ આત્માને બીજો કોઈ આધાર છે એ વાત પ્રભવતી નથી, ફાવી (શકતી) નથી, એમ લખ્યું ને ? ફાવી શકતી નથી. આત્માને બીજો કાંઈક રાગનો આધાર છે એમ ફાવી શકતું નથી. ઠરી જાય છે, ઉદ્ભવતી નથી. આહા..હા...! એટલે કહે છે, સત્તા સ્વરૂપ ભગવાન ત્રિકાળ, એને બુદ્ધિમાં સ્થાપીને વિચાર કરતાં પરનું આધારપણું છે એ ઠરી જાય છે એટલે હોતું નથી. એનાથી જણાણો એથી જાણનક્રિયા જે ધર્મની (થઈ), સમ્યગ્દર્શન-જ્ઞાનની ક્રિયા (થઈ) તે આધાર, આત્મા આધેય (છે). એનાથી આત્મા જણાણો માટે (આત્મા) આધેય. પહેલું કાલે ઘણું આવી ગયું છે.

**‘ત્યારે જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી;...’** લ્યો ! જેમ આકાશની વાત હતી એમ આની વાત (છે). આહા..હા...! **‘અને તે નહિ પ્રભવતાં, ‘એક જ્ઞાન જ એક જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે’** એટલે ? વસ્તુ છે એનું જ્યાં અંતર્મુખ થઈને મનન કરે, જ્ઞાન કરે છે, જ્ઞાનનું પરિણમન થાય છે એ જ્ઞાન જ એક જ્ઞાનમાં જ, જ્ઞાન એટલે આત્મા, એક જ્ઞાન એ પણ એક નિર્વિકલ્પ જ્ઞાન એમ, રાગ, ભેદ નહિ. આહા..હા...! શું આચાર્યની ટીકા !

એક આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ, તે એક જ જ્ઞાનમાં પ્રતિષ્ઠિત છે. એ એક જ જ્ઞાનમાં પ્રતિષ્ઠિત છે. જ્ઞાન પરિણતિ એક જ એની છે. એ પરિણતિમાં એ જણાય છે માટે એ પરિણતિમાં પ્રતિષ્ઠિત છે, પરિણતિમાં એને આધાર છે. આહા..હા...! એ શબ્દો બીજા, ભાવ બીજા. આ તો વીતરાગની કૉલેજ છે. જાત જુદી, બાપુ ! અત્યારે બધો ફેરફાર થઈ ગયો છે. ઘણો ફેરફાર. વાડામાં સાચી વાત કહે તો એને ખોટી ઠરાવે, ખોટી વાતને સાચી ઠરાવે. આહા..હા...!

એ **‘એક જ્ઞાન જ...’** એટલે આત્મા **‘એક જ્ઞાનમાં જ...’** એક જ્ઞાનમાં જ એટલે તેની જાતમાં. જ્ઞાનનું પરિણમન, જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનમાં રમણતા વગેરે વગેરે એક જ્ઞાનમાં જ આધાર છે. એ આત્માને, જ્ઞાન એટલે મનન જે પરિણમન થયું એમાં જ એ આત્મા છે, બીજે ક્યાંય આત્મા છે નહિ. **‘એમ બરાબર સમજી જવાય છે...’** એમ બરાબર સમજી જવાય છે **‘અને તેથી એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી.’** આહા..હા...! એ દયા, દાનનો મંદ રાગ આવ્યો, મંદ હતો (એટલે) આ જણાણું એવું ત્યાં રહેતું નથી. ધર્મી જીવને જ્ઞાન સ્વરૂપના પરિણમનથી આ આત્મા છે, એમ જણાણું એને આ જ્ઞાન પરિણમનનો આધાર છે, પણ રાગ આધાર છે (એમ) જણાતું નથી. આહા..હા...! વ્યવહાર

રત્નત્રય આધાર છે અને નિશ્ચય રત્નત્રય આધેય છે (એમ નથી). અહીં તો આધેય આખા તત્ત્વને કહેવું છે પણ આમેય નથી, એમ. આહા..હા...!

એ તો સમકિત આદિ મોક્ષનો માર્ગ જે અંદર પ્રગટ કર્યો, જેનાથી જણાણો, એ જેનાથી જણાણો એ એનો આધાર. કારણ કે જણાણો શેનાથી ? કે, જ્ઞાનથી. આમ જ્ઞાનને અંતરમાં વાળ્યું ત્યારે જણાણો. માટે જ્ઞાનને એટલે આત્માને જ્ઞાનનો આધાર એટલે એના સ્વરૂપનો આધાર છે. આહા..હા...!

**'ક્રોધાદિક જ ક્રોધાદિકમાં જ છે.'** જોયું ? **'જ્ઞાન જ જ્ઞાનમાં જ છે,...'** ક્રોધાદિ એટલે રાગ. ક્રોધ ને માન બે દ્વેષ છે. માયા ને લોભ બે રાગ છે. એટલે એ લોભમાં રાગ આવી જાય છે. એટલે રાગાદિ બધું પર છે. એ રાગાદિ રાગમાં છે. આત્મા જ્ઞાનની પરિણતિમાંથી જણાણો (તે) પરિણતિમાં છે. આાહા..હા...! સમજાણું કાંઈ ? અંદર બુદ્ધિમાં આખો આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ પૂર્ણ, 'પૂર્ણમ્ ઇદમ્' પૂર્ણ સ્વરૂપ છે. તત્ત્વ છે ઈ કંઈ અધૂરું હોય ? પૂર્ણ છે. એ પૂર્ણ જ્ઞાન ને આનંદનો ઢગલો છે. એને બુદ્ધિમાં – લક્ષમાં લઈને વિચાર કરે કે, આને આધાર કોણ ? ઈ વસ્તુને આધાર કોણ ? આધાર એ મનન કરવાનું પરિણમન, જાણનક્રિયા થઈ તે આધાર (છે). એનાથી જણાણો માટે આધાર. રાગથી જણાણો નહિ માટે આધાર નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવું ઝીણું પડે.

**'જ્ઞાન જ જ્ઞાનમાં જ છે,...'** રાગાદિ રાગાદિમાં જ છે. આહા..હા...! વ્યવહાર છે ઈ વ્યવહારમાં જ છે અને નિશ્ચય છે, મનન ઈ નિશ્ચય પરિણમન થયું એમાં એ આત્મા છે. એમાં આત્મા જણાણો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો સંવરનો શરૂઆતનો અધિકાર છે, ઘણો અલૌકિક છે. આ..હા..હા...!

અહીં તો કીધું કે, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ વસ્તુ જ આત્માથી જુદી છે અને એના પ્રદેશ જુદા છે, એની સત્તા જુદી છે, એનો આધાર જુદો છે. આ..હા..! અને બે વચ્ચે અત્યંત સ્વરૂપ વિપરીતતા છે. આહા..હા...! તેથી જ્ઞાન અજ્ઞાનમાં નથી. એટલે રાગાદિ અજ્ઞાન છે તેમાં આત્મા નથી. એટલે એવી ક્રિયાકાંડથી આત્મા જણાય એવો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'આ પ્રમાણે (જ્ઞાનને અને ક્રોધાદિક...)'** આત્માનું અને રાગ-દ્વેષનું – ક્રોધ, માન, માયા, લોભ **'(તેમ જ કર્મ-નોકર્મનું)...'** કર્મ જડ માટી છે એ આત્મા નથી અને કર્મને આધારે આત્મા નથી તેમ કર્મ આત્માને આધારે નથી. આહા..હા...! કર્મની પર્યાય કર્મને આધારે છે. ઈ કર્મપર્યાયને આધારે છે. એની પર્યાય જણાણી કે આ વિકાર છે એને આધારે કર્મ છે. આત્માને આધારે કર્મ (નથી). અહીં એક પ્રદેશ ભેગા છે. જ્યાં આત્મા છે ત્યાં કર્મ છે પણ કર્મનો આધાર આત્માને નથી તેમ આત્માનો આધાર કર્મને નથી. આહા..હા...! એમ આ શરીર છે, નોકર્મ લીધું છે ને ? એનો અર્થ કરે છે. **'ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ**

**થયું.'** લ્યો. આ રીતે ભાવકર્મ (અર્થાત્) પુણ્ય-પાપ, દ્રવ્ય કર્મ જડ અને નોકર્મ (એટલે) બહારની ચીજો. (એમનું) **'ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું.'** આહા..હા...!

**ભાવાર્થ :– 'ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે...'** એ વ્યાખ્યા કરી. ઉપયોગમાં ઉપયોગ છે, એમ કહ્યું હતું ને ? ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે, આત્મસ્વરૂપ છે. **'અને ક્રોધાદિ ભાવકર્મ,...'** પુણ્ય અને પાપના ભાવ, ભાવકર્મ, વિકાર છે. '

**'જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ,...'** જ્ઞાનાવરણાદિ આઠ જડ કર્મ છે ને ! **'અને શરીરાદિ નોકર્મ...'** શરીરને આધારે આત્મા અત્યારે નથી. તેમ શરીર આત્માને આધારે અત્યારે નથી. અરે.. અરે...! આવી વાતું ! કઈ જાતની વાત હશે આ ? આ (શરીર) માટી, ધૂળ છે (એ) અજીવતત્ત્વ છે એને આધારે અંદર આત્મા નથી. તેમ આત્માને આધારે આ શરીર રહ્યું છે એમ નથી. શરીર શરીરની પર્યાયને આધારે શરીર રહ્યું છે. આહા..હા...! કેટલું ફેરવવું એણે. ધાર્યું હોય કાંઈક, નીકળે કાંઈક. હવે બધું ફેરવી નાખવું પડે. આહા..હા...! શ્રદ્ધા આખી લાઈને ફેરવી નાખવી પડે. આ..હા...!

**'એ બધાંય પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી...'** કોણ ? એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ, કર્મ અને શરીર એ બધાં પુદ્‌ગલના પરિણામ હોવાથી પુદ્‌ગલદ્રવ્ય છે. આહા..હા...! એ જીવદ્રવ્ય નહિ. **'પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી જડ છે;...'** આહા..હા...! વ્રત કરું ને તપ, અપવાસ કરું ને એવો જે વિકલ્પ હોય એ જડ છે. પુદ્‌ગલના પરિણામ (છે), જીવના નહિ. આહા..હા...! અજીવ છે.

મુમુક્ષુ :– પર કરે એમ કહે તો જડ થઈ જાય.

ઉત્તર :– એ માન્યતા એની જડ થઈ જાય. મને ધર્મ થયો, અપવાસ કરું છું તો મેં વસ્તુ છોડી, એ માન્યતા મિથ્યાત્વ – જડ છે. આહા..હા...! આવું આકરું છે. લૌકિક કેળવણીથી આ કેળવણી જુદી જાત છે. આહા..હા...!

**'તેમને અને જ્ઞાનને...'** એટલે (ક્રોધાદિને) અને જ્ઞાનને, આત્માને એટલે જ્ઞાનને અને તેમને એટલે પુણ્ય-પાપાદિ ભાવને **'પ્રદેશભેદ હોવાથી અત્યંત ભેદ છે.'** જેમાંથી જેટલા ક્ષેત્રમાં ઉત્પન્ન થાય એ પ્રદેશ ભિન્ન છે. જડના પ્રદેશો, જડના ભાવ એ જે પ્રદેશ છે ચૈતન્યનો પણ એ પ્રદેશ ભિન્ન પ્રદેશ છે. આહા..હા...! **'અત્યંત ભેદ છે.'**

**'માટે ઉપયોગમાં ક્રોધાદિક, કર્મ તથા નોકર્મ નથી...'** ચૈતન્યના પરિણમનમાં અને ચૈતન્ય વસ્તુમાં એ રાગ-દ્વેષાદિ નથી તેમ કર્મ અને શરીરાદિ નથી. આહા..હા...! **'અને ક્રોધાદિકમાં,...'** એ રાગાદિમાં **'કર્મમાં તથા નોકર્મમાં ઉપયોગ નથી.'** એમાં આત્મા નથી. આત્મામાં એ નથી અને એમાં આત્મા નથી. આહા..હા...! જાણક સ્વભાવથી જે આત્મા જણાણો એમાં રાગ નથી, ક્રોધ નથી, કર્મ નથી, શરીર નથી. અને શરીર અને રાગ એ પુદ્‌ગલના પરિણામ

(છે) તેમાં આત્માનું પરિણમન જ્ઞાન કે આત્મા એમાં છે જ નહિ. આત્માનું પરિણમન એમાં નથી. આત્માનું પરિણમન તો શુદ્ધ છે. આહા..હા...! શુદ્ધ પરિણમનને આધારે આત્મા જણાણો માટે શુદ્ધ પરિણમન આધાર છે. એમ અહીં લેવું છે. આહા..હા...!

**'આ રીતે તેમને પારમાર્થિક આધારાધેયસંબંધ નથી;...'** આત્માને અને રાગને, કર્મને અને શરીરને આધાર-આધેય નથી. **'દરેક વસ્તુને પોતપોતાનું આધારાધેયપણું પોતપોતામાં જ છે.'** આહા..હા...! આ માથા ઉપર આ પરમાણુ છે ને, ઉપરનો પરમાણુ, એ નીચલા પરમાણુને આધારે નથી. એના આધારે ઈ છે. આ ચોપડીને આધારે આ નથી. એનામાં આધાર નામનો ગુણ છે એને આધારે ઈ છે. આવું દુનિયાથી (ઊંધું).

મુમુક્ષુ :- ઠવણીના આધારે ચોપડી છે.

ઉત્તર :- એને આધારે ચોપડી નથી. આહા..હા...! વ્યવહારને આધારે નિશ્ચય નથી અને નિશ્ચયને આધારે વ્યવહાર નથી. આહા..હા...! એવી ચીજ છે. અરે...! પોતાનો વિચાર કરીને હું કોણ છું ? આ શું છે ? નિર્ણય કરવાના ટાણા ઓછા. જગતના પાપના ધંધા આખો દિ'. આહા..હા...! અરે...! આ તે શું ચીજ છે ? અને આ શું કહે છે આ ? આહા..હા...! પહેલી ત્રણ ગાથામાં તો ગજબ કામ કર્યું છે ! ત્રણ છે ને ? ઓ..હો..હો...!

**'ઉપયોગમાં ક્રોધાદિક, કર્મ તથા નોકર્મ નથી...'** ઉપયોગ એટલે આત્મા. **'અને ક્રોધાદિકમાં, કર્મમાં તથા નોકર્મમાં ઉપયોગ નથી. આ રીતે તેમને પારમાર્થિક આધારાધેયસંબંધ નથી; દરેક વસ્તુને પોતાપોતાનું આધારાધેયપણું પોતપોતામાં જ છે. માટે ઉપયોગ...'** એટલે આત્મા **'ઉપયોગમાં જ છે,...'** આત્મા આત્મામાં જ છે. ઈ આત્માનું પરિણમન થયું એ ઉપયોગ, એ આત્મા. એને આધારે આત્મા છે. રાગનું પરિણમન થયું એ જડને આધારે છે, ઈ જડ છે. આહા..હા...! અંદર ભિન્ન પડીને જ્ઞાનનું પરિણમન થયું એમાં આત્મા છે. કારણ કે એ પરિણમનમાં આત્મા જણાણો છે. આ..હા...! રાગ પરિણમનમાં જડ જણાણું છે, અજ્ઞાન જણાણું છે. આહા..હા...!

**'ઉપયોગ ઉપયોગમાં જ છે,...'** મૂળ પાઠ હતો એનું લીધું. **'ક્રોધ ક્રોધમાં જ છે. આ રીતે ભેદવિજ્ઞાન બરાબર સિદ્ધ થયું.'** લ્યો. જુદાપણું બરાબર સિદ્ધ થયું. જેવું જુદું છે તેવું જુદું બરાબર સિદ્ધ થયું. આહા..હા...! **'(ભાવકર્મ વગેરેનો અને ઉપયોગનો ભેદ જાણવો તે ભેદવિજ્ઞાન છે).'** ભાવકર્મ, હોં ! **'(ભાવકર્મ વગેરેને અને ઉપયોગનો ભેદ જાણવો તે ભેદવિજ્ઞાન છે).'** છેલ્લું.

## શ્લોક–૧૨૬

(शार्दूलविक्रीडित)

चैद्रूप्यं जडरूपतां च दधतोः कृत्वा विभागं द्वयो-
रन्तर्दारुणदारणेन परितो ज्ञानस्य रागस्य च।
भेदज्ञानमुदेति निर्मलमिदं मोदध्वमध्यासिताः
शुद्धज्ञानघनौघमेकमधुना सन्तो द्वितीयच्युताः।।१२६।।

एवमिदं भेदविज्ञानं यदा ज्ञानस्य वैपरीत्यकणिकामप्यनासादयदविचलितमवतिष्ठते, तदा शुद्धोपयोगमयात्मत्वेन ज्ञानं ज्ञानमेव केवलं सन्न किञ्चनापि रागद्वेषमोहरूपं भावमारचयति। ततो भेदविज्ञानाच्छुद्धात्मोपलम्भः प्रभवति। शुद्धात्मोपलम्भात् रागद्वेषमोहाभावलक्षणः संवरः प्रभवति।

---

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– (चैद्रूप्यं जडरूपतां च दधतोः ज्ञानस्य रागस्य च) ચિદ્રૂપતા (ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન અને જડરૂપતા ધરતો રાગ – (द्वयोः) એ બન્નેનો, (अन्तः) અંતરંગમાં (दारुण-दारणेन) દારુણ વિદારણ વડે (અર્થાત્ ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે), (परितः विभागं कृत्वा) ચોતરફથી વિભાગ કરીને (– સમસ્ત પ્રકારે બન્નેને જુદાં કરીને –), (इदं निर्मलम् भेदज्ञानम् उदेति) આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે; (अधुना) માટે હવે (एकम् शुद्ध-ज्ञानघन-ओधम् अध्यासिताः) એક શુદ્ધ વિજ્ઞાન ઘનના પુંજમાં સ્થિત અને (द्वितीय-च्युताः) બીજાથી એટલે રાગથી રહિત એવા (सन्तः) હે સત્પુરુષો ! (मोदध्वम्) તમો મુદિત થાઓ.

ભાવાર્થ :– જ્ઞાન તો ચેતનાસ્વરૂપ છે અને રાગાદિક પુદ્ગલવિકાર હોવાથી જડ છે; પરંતુ અજ્ઞાનથી, જાણે કે જ્ઞાન પણ રાગાદિરૂપ થઈ ગયું હોય એમ ભાસે છે અર્થાત્ જ્ઞાન અને રાગાદિક બન્ને એકરૂપ–જડરૂપ–ભાસે છે. જ્યારે અંતરંગમાં જ્ઞાન અને રાગાદિનો ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ કરવાથી ભેદજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે એમ જણાય છે કે જ્ઞાનનો સ્વભાવ તો માત્ર જાણવાનો જ છે, જ્ઞાનમાં જે રાગાદિકની કલુષતા – આકુળતારૂપ સંકલ્પ-વિકલ્પ – ભાસે છે તે સર્વ પુદ્ગલવિકાર છે, જડ છે. આમ જ્ઞાન અને રાગાદિકના ભેદનો સ્વાદ આવે છે અર્થાત્ અનુભવ થાય છે. જ્યારે આવું ભેદજ્ઞાન થાય ત્યારે આત્મા આનંદિત થાય છે કારણ કે તેને જણાય છે કે 'પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે, રાગાદિરૂપ કદી

**થયો નથી'. માટે આચાર્યમહારાજે કહ્યું છે કે 'હે સત્પુરુષો ! હવે તમે મુદિત થાઓ.' ૧૨૬.**

**ટીકા :– આ રીતે આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ (રાગાદિવિકારરૂપ) વિપરીતતા નહિ પમાડતું થકું અવિચળપણે રહે છે, ત્યારે શુદ્ધ-ઉપયોગમયાત્મકપણા વડે જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું જરા પણ રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી; તેથી (એમ સિદ્ધ થયું કે) ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે અને શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી રાગદ્વેષમોહનો (અર્થાત્ આસ્રવભાવનો) અભાવ જેનું લક્ષણ છે એવો સંવર થાય છે.**

---

## શ્લોક ૧૨૬ ઉપર પ્રવચન

---

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'** શ્લો. ૧૨૬ (કળશ).

**(शार्दूलविक्रीडित)**

**चैद्रूप्यं जडरूपतां च दधतोः कृत्वा विभागं द्वयो-**
**रन्तर्दारुणदारणेन परितो ज्ञानस्य रागस्य च।**
**भेदज्ञानमुदेति निर्मलमिदं मोदध्वमध्यासिताः**
**शुद्धज्ञानघनौघमेकमधुना सन्तो द्वितीयच्युताः।।१२६।।**

આહા..હા...! અર્થ :– **'ચિદ્રૂપતા (ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન...'** ભગવાન તો આત્મા જાણક સ્વભાવને ધારતો. છે ? **'જડરૂપતા ધરતો રાગ...'** 'રાગ' શબ્દે રાગ-દ્વેષ, પુણ્ય, પાપ બધું (લઈ લેવું). આહા..હા...! ટીકાનો પાછો ટૂંકો કળશ કર્યો. ટીકાનો જ ભાવ છે. **'(ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન અને જડરૂપતા ધરતો રાગ–એ બંનેનો, અંતરંગમાં દારુણ વિદારણ વડે...'** આ..હા..હા...! અંદર **'(ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે),...'** આહા..હા...! અંતરમાં એ રાગ, વિકલ્પ છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ અને ભગવાન જ્ઞાનસ્વરૂપ છે (એ) બેને ઉગ્ર ભેદ પાડીને. આહા..હા...! આ ભેદજ્ઞાન, આનું નામ ધર્મ. આવી વાત છે.

ભેદ, આ..હા..હા...! '(**दारुणदारणेन**)' **'દારુણ વિદારણ વડે (અર્થાત્ ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે),...'** જોયું ? આહા..હા...! કેમકે અંદર જે રાગાદિ છે એની દિશા પર તરફ જાય છે અને જ્ઞાનસ્વરૂપનું પરિણમન એ સ્વ તરફ જાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? રાગ થાય છે એનું લક્ષ બહાર જાય છે અને જ્ઞાનનું પરિણમન છે એ ચૈતન્યદ્રવ્ય છે. લક્ષ ત્યાં જાય છે. આહા..હા...! '(**दारुणदारणेन**)' **'(ઉગ્ર અભ્યાસ વડે),...'** '(**परितः विभागं कृत्वा**)' **'ચોતરફથી વિભાગ કરીને...'** આહા..હા...! **'(–સમસ્ત પ્રકારે બન્નેને જુદાં**

**કરીને–)'** ક્યાંય પણ રાગઅંશ આત્મામાં રહે નહિ (એ રીતે). આહા..હા...! ચારે તરફથી જુદું પાડીને. '

**'(–સમસ્ત પ્રકારે બન્ને જુદાં કરીને–)'** '(इदं निर्मलम् भेदज्ञानम् उदेति)' **'આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે;...'** આહા..હા...! અનંત કાળમાં કર્યું નહોતું એ આ કર્યું, કહે છે. એનું નામ ધર્મ કહેવાય છે, બાકી બધી વાતું, થોથાં છે. આ..હા...! રાગથી ભિન્ન પડેલો જે આત્મા, ઉગ્ર અભ્યાસથી વિભાગ કરીને ચારે તરફથી વિભાગ કરીને. કોઈપણ રાગનો અંશ કે શરીરનો અંશ આત્મામાં ન આવે. આહા..હા...! આત્માનો જ્ઞાનાંશ છે એ કંઈ રાગમાં ને શરીરમાં ન જાય. ચારે તરફથી વિભાગ કરીને **'(–સમસ્ત પ્રકારે બન્નેને જુદાં કરીને–)'** (इदं निर्मलम् भेदज्ञानम् उदेति)' **'આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય...'** થાય છે. આ સમ્યક્જ્ઞાન, આનું નામ સમ્યક્જ્ઞાન, આનું નામ સમ્યગ્દર્શન. આ..હા...!

સમ્યક્ એટલે જેવું છે તેવું દર્શન. સમ્યક્ એટલે સત્યનું દર્શન. સત્ય જેવો આત્મા છે, રાગથી ભિન્ન પડીને, ભેદ પાડીને જેવો છે તેવો અંદર અનુભવ્યો એ સત્ છે, તેથી તેને સમ્યગ્દર્શન કહે છે. આત્માના સત્યને સત્ય તરીકે જાણીને, અનુભવીને કબુલ્યું. આહા..હા...!

**'માટે હવે એકશુદ્ધ વિજ્ઞાનઘનના પુંજમાં સ્થિત...'** આ..હા..હા...! જોયું ? **'અને બીજાથી એટલે રાગથી રહિત એવા હે સત્પુરુષો !'** **'मोदध्वम्'** આનંદમાં આવી જાવ, એમ કહે છે. આ..હા..હા...! રાગના વિકલ્પથી, વૃત્તિથી આત્માને જુદો પાડતાં આત્મામાં અતીન્દ્રિય આનંદ આવે ત્યારે તેને ભેદજ્ઞાન અને સમકિત થયું એમ કહેવામાં આવે. ત્યારે તેને ધર્મની શરૂઆત થઈ. આહા..હા...! આવો માર્ગ. **'मोदध्वम्'** છે ને ? આનંદ, આનંદને પ્રાપ્ત કર. **'હે સત્પુરુષો ! તમે મુદિત થાઓ.'** અંદર આનંદમાં આવી જાઓ. આ..હા..હા...! (રાગાદિથી) ભેદ પાડીને. જેમ તું દુઃખમાં હતો, રાગ એટલે દુઃખ, (તેનાથી) ભેદ પાડતાં આત્માનો આનંદ આવે, મુદિત થાઓ, ખુશી થાઓ, રાજી થાઓ, રાજીપો એમાં આવો. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## પ્રવચન નં. ૨૬૨ શ્લોક-૧૨૬, ગાથા–૧૮૪-૧૮૫ સોમવાર, અષાઢ સુદ ૧, તા. ૨૫-૦૬-૧૯૭૯

---

('સમયસાર', ૧૨૬ કળશનો ભાવાર્થ). **'જ્ઞાન તો ચેતનાસ્વરૂપ છે...'** એટલે આ આત્મા ચેતનાસ્વરૂપ છે, એમ. જાણે-દેખે એ એનું સ્વરૂપ છે **'અને રાગાદિક...'** શુભ-અશુભ રાગ એ **'પુદ્‌ગલવિકાર હોવાથી જડ છે;...'** આ ચૈતન્યસ્વરૂપ છે તો આ જડ છે. બેય સામેસામા

લીધા. જાણનાર-દેખનાર એનું સ્વરૂપ છે. રાગ-દ્વેષ એટલે પુણ્ય અને પાપ, શુભ અને અશુભ ભાવ બેય **'પુદ્‌ગલવિકાર હોવાથી જડ છે;...'** આહા..હા...!

**'પરંતુ અજ્ઞાનથી, જાણે કે જ્ઞાન પણ રાગાદિરૂપ થઈ ગયું હોય...'** અનાદિ અજ્ઞાનને લઈ ચૈતન્યસ્વરૂપ એ જાણે રાગરૂપ થઈ ગયું હોય એમ અજ્ઞાનીને ભાસે છે. રાગથી ભિન્ન છે એ ભાસતું નથી. આ..હા...! **'રાગાદિરૂપ થઈ ગયું હોય એમ ભાસે છે અર્થાત્ જ્ઞાન અને રાગાદિક બન્ને એકરૂપ–જડરૂપ–ભાસે છે.'** આ..હા...! રાગ જડ છે અને આ જીવ ચૈતન્ય સ્વરૂપ છે. એને બે જડરૂપે ભાસે છે. રાગ હું છું (એમ ભાસે છે). અસ્તિત્વ એનું જે ચૈતન્યસત્ત્વ છે એ સત્તાનું સત્ત્વ ખબર નથી અને આ રાગ છું એમ અચેતનને જડને પોતાનો જાણી અને જડરૂપે પરિણમે છે. આહા..હા...!

**'જ્યારે અંતરંગમાં જ્ઞાન અને રાગાદિનો ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ...'** જીવ કરે. તીવ્ર દારુણ આવ્યું હતું ને ? ચૈતન્યના સ્વરૂપને અંતરમાં વાળીને રાગથી ભિન્ન પાડી અંદર ચૈતન્યનો અભ્યાસ કરે. આહા..હા...! નહિતર ચૈતન્ય તો જાણ્યો નથી તેથી એના જાણવામાં ક્યાંક પોતાપણું તો માનશે ને ? ચૈતન્યપણું જણાણું નહિ એટલે દયા, દાન, રાગાદિ ભાવ એ મારા છે, એમ પોતાનું અસ્તિત્વ એને માને. પોતાનું અસ્તિત્વ ચૈતન્ય છે એ જાણ્યું નહિ (એટલે) ક્યાંક પોતાની હયાતી તો માનવી પડશે ને ! એ રાગ અને દ્વેષના પરિણામ... આહા..હા...! એ અચેતનને આત્મા તરીકે માને છે.

ભેદજ્ઞાન કરવાથી અંતરંગમાં આત્મા અને રાગનો ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ કરવાથી. વાંચીને કે એમ નહિ, એમ કહે છે. અંદર ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ. જ્ઞાનસ્વરૂપ અને પર તરફ જતા રાગાદિની દિશા બેના લક્ષણો જુદા જાણી અને જે ભેદજ્ઞાનનો તીવ્ર અભ્યાસ કરે. આહા..હા...! **'ભેદજ્ઞાન પ્રગટ થાય છે...'** **'ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ કરવાથી ભેદજ્ઞાન...'** આત્માનું જ્ઞાન જુદું પડે છે. આ..હા...!

**'ત્યારે એમ જણાય છે કે જ્ઞાનનો સ્વભાવ તો માત્ર જાણવાનો જ છે,...'** આ..હા..હા...! બધી લાખ વાત આવે, કરોડ વાત આવે. જડ બધા, ચૈતન્ય બધા, એના ગુણ-પર્યાયો બધાય ખરેખર તો જાણવાનો સ્વભાવ છે. કોઈ મારા છે એમ માનવાનો એનો સ્વભાવ નથી. જાણવું. સમય સમયની અવસ્થા થાય તે અવસ્થા જીવદ્રવ્યની છે. એમ એ અવસ્થાનું લક્ષ છોડી અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે અને તીવ્ર પુરુષાર્થથી આ અભ્યાસ કરે તો એને ભેદજ્ઞાન થાય.

મુમુક્ષુ :– અંતરંગમાં શું લેવું ?

ઉત્તર :– અંતરંગમાં રાગ અને આત્મા, બે (લેવા). એ તો વાત થઈ ને ! આ ચૈતન્યસ્વરૂપ છે અને આ રાગ, એ બેનો ભેદ. અંતરમાં બે ભેદ પાડ, બહારમાં નહિ એમ કહે છે. બહાર નહિ, અંદરમાં રાગ અને આત્મા બેય ભિન્ન પાડે. આહા..હા...! અંતરંગમાં એટલે અંદરમાં. બહારથી કાંઈ (ભેદ) પાડવો છે ? અંદરમાં રાગ, દયા, દાનનો વિકલ્પ આવે એનાથી

ચૈતન્ય સ્વરૂપનો ભેદ – જુદો પાડવાનો અભ્યાસ કરે. આહા..હા...! રાગાદિ ટળે નહિ ભલે, ચારિત્ર વિના (ટળે નહિ) પણ પહેલો અભ્યાસ કરીને હું રાગ નથી, હું ચૈતન્ય છું. એમ રાગથી ભિન્ન કરીને ભેદજ્ઞાન કરે. આહા..હા...!

અંતરંગમાં જ્ઞાન અને રાગ-દ્વેષાદિનો ભેદ પાડવાનો. અંતરમાં ભેદ પાડવાનો. શાસ્ત્ર વાંચીને કે એમ કરીને ધારે, એ નહિ. સાંભળીને ધારી રાખે (કે), રાગ ભિન્ન છે અને આત્મા ભિન્ન છે એમ નહિ, એમ કહે છે. અંતરમાં ચૈતન્ય સ્વરૂપ રાગથી પૂર્ણ ભિન્ન છે, એમ અંદરનો અભ્યાસ કરે. આહા..હા...! કેમ ? કે, **'જ્ઞાનનો સ્વભાવ તો માત્ર જાણવાનો જ છે,...'** માત્ર અને જાણવાનો જ છે, એમ. રાગાદિ કરવું એ પણ એનો સ્વભાવ નથી તો પરનું કરવું એ તો બની શકતું નથી. રાગથી માંડીને બધી પર ચીજ, આખો લોકાલોક જ્ઞાતાનું જ્ઞેય છે. જાણનારો છે (અને) એ જાણવામાં જણાય (એવું) જ્ઞેય (છે).

સમય સમયની અવસ્થા સમય સમયે થાય. દ્રવ્ય પોતે પર્યાયને પામે, પહોંચી વળે, દ્રવ્ય અને ગુણથી પર્યાય થાય પણ એનું તાત્પર્ય શું ? એવું જાણીને અંતરમાં જુદું પાડવું. આહા..હા...! રાગ અને જ્ઞાન સ્વરૂપ ભગવાન બે જુદા છે.

**'જ્ઞાનમાં જે રાગાદિકની કલુષતા...'** આત્મામાં જે રાગ-દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધ ભાવ (થાય એ) કલુષિત છે. ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો ભાવ હોય (પણ) છે એ કલુષિત. વિકલ્પ છે, રાગ છે, કલુષિત છે. એ કલુષતા **'આકુળતારૂપ સંકલ્પ-વિકલ્પ–ભાસે છે...'** એ આકુળતારૂપ છે. આહા..હા...! ભગવાન તો અતીન્દ્રિય અનાદિઅનંત આનંદ અને શાંત સ્વરૂપ છે. રાગાદિ આકુળતા અને દુઃખરૂપ છે. એમ બેને જુદા (પાડે).

**'તે સર્વ પુદ્‌ગલવિકાર છે, જડ છે...'** એ બધા. એ નથી જાણતા પોતાને. રાગ-દ્વેષ, દયા, દાન એ નથી જાણતા પોતાને, નથી જાણતા આત્માને. પર વડે જણાય છે. ઈ આવી ગયું છે. પર વડે જણાય છે માટે ઈ જડ છે. જાણનાર વડે જણાય છે. રાગ જાણનાર વડે જણાય છે. આહા..હા...! રાગ રાગ દ્વારા જણાતો નથી.

**'આમ જ્ઞાન અને રાગાદિકના ભેદનો સ્વાદ આવે છે...'** આહા..હા...! એમ જ્યારે રાગના વિકલ્પથી ચૈતન્ય સ્વરૂપ જાણક ભિન્ન છે એમ ભેદજ્ઞાન થાય ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. આહા..હા...! અનાદિનો જે રાગનો સ્વાદ આકુળતા હતો (એ) દુઃખનો સ્વાદ હતો, એનાથી ભિન્ન પડીને ચૈતન્ય સ્વરૂપમાં રાગ નથી, રાગમાં સ્વરૂપ નથી. એમ સર્વત્ર અભ્યાસ કરતાં, ભિન્ન પાડતાં એને આનંદનો સ્વાદ આવે છે. આ લક્ષણ બતાવ્યું.

આમ તો ઘણા કહે છે કે, ભેદ પડ્યો છે, ભેદજ્ઞાન થયું છે. પણ ભેદજ્ઞાન થાય એને અતીન્દ્રિય આત્માના આનંદનો સ્વાદ આવે. આહા..હા...! સમજાય છે કાંઈ ? જેને ચૈતન્યસ્વરૂપ ત્રિકાળી છે અને રાગ વિકૃત આકુળતા અને દુઃખરૂપ છે એમ બે વચ્ચેનો તફાવત જાણી અને આત્મા તરફ વળે છે, વળતાં એને રાગથી જુદો પડે છે તેથી તેને

રાગનો સ્વાદ હતો એ છૂટી જાય છે. આ..હા...! એટલે અંશે (છૂટી જાય છે). અને આત્માના આનંદનો સ્વાદ આવે, ત્યારે એને ભેદજ્ઞાન થયું કહેવાય. આહા..હા...! ત્યારે એને સમ્યગ્દર્શન થાય. આહા..હા...!

આ તો પહેલી શરૂઆતની વાત છે. પહેલી ભૂમિકા. સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે. શું કહેવાય, કેમ થાય એની ખબરું ન મળે અને વ્રત ને તપ ને અપવાસ કરીને... આ..હા...! જિંદગી મિથ્યાત્વમાં ગાળે.

**'અર્થાત્ અનુભવ થાય છે.'** ભેદજ્ઞાન થાય છે એટલે રાગ અને દ્વેષના વિકલ્પો.. આ..હા...! એ આકુળતા છે અને ભગવાન અંદર નિરાકુળ આનંદસ્વરૂપ છે. એમ ભેદજ્ઞાન થતાં એ આત્માનો જે સ્વભાવ છે તેનો અંશે આનંદનો સ્વાદ આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ત્યારે તેને ભેદજ્ઞાન કહેવામાં આવે છે. આ..હા...! **'અનુભવ થાય છે.'**

**'જ્યારે આવું ભેદજ્ઞાન થાય ત્યારે આત્મા આનંદિત થાય છે...'** આ..હા...! આવ્યું હતું ને ? આનંદ આવે. રાગના વિકલ્પની આકુળતા અને ભગવાન સ્વભાવની અનાકુળ દશા, બેનો આંતરો પાડતા એને અતીન્દ્રિય આનંદ આવે એટલે કે અતીન્દ્રિય આનંદનો – આત્માનો અનુભવ થાય. ત્યારે એને જ્ઞાનમાં જણાય કે, આ આત્મા આવો છે. એ જ્ઞાનમાં જણાયા વિના આત્મા આવો છે, એવો નિર્ણય અજ્ઞાનીને થાય નહિ. આહા..હા...! આવો માર્ગ. આ તો ધર્મની પહેલી સીઢીની વાત છે.

**'કારણ કે તેને જણાય છે કે 'પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે,...'** એ શું કહ્યું ? કે, રાગ-દ્વેષના પરિણામ જે પુણ્ય-પાપના વિકલ્પ હતા એ આકુળતા હતી. એનાથી આત્માના ચૈતન્યસ્વરૂપ તરફ ઝુકાવથી તેનાથી – વિકારથી ભેદ પડી ગયો. ભેદ પડતાં આનંદનો સ્વાદ આવ્યો. સ્વાદ આવતાં જણાણું કે, આત્મા તો સદાય આવો જ રહ્યો છે, કોઈ દિ' રાગરૂપે થયો નથી. આહા..હા...! દૃષ્ટિ જ્યાં પડીને આત્માનો અનુભવ થયો એથી (એમ થયું કે), આ આત્મા જો આવો ને આવો ન રહેતો હોય તો અનુભવ થયો તે ટાણે આ ક્યાંથી આવ્યું ? એ અનુભવ થતાં આત્મા અનાદિ(થી) આવો જ છે. એમાં નથી રાગ, નથી દ્વેષ, નથી વિકલ્પ, દયા, દાનનો વિકલ્પ એમાં નથી. આહા..હા...!

**'આનંદિત થાય છે કારણ કે તેને જણાય છે કે 'પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે,...'** એટલે કે જ્ઞાનની પર્યાય રાગથી ભિન્ન પડતાં જ્ઞાનનો ભાવ – સ્વાદ આવ્યો એથી તેમાં જણાણું કે આ આત્મા તો આ જ્ઞાનસ્વરૂપ અને આનંદ સ્વરૂપ જ સદાય છે. કોઈ દિ' રાગરૂપે આત્મા થયો નથી. આકરી વાત છે, ભઈ ! મૂળ વાત (મૂકીને) આ બધું ઉપરટપકે કરે, લોકોને અભ્યાસ નહિ. વ્રત ને તપ ને એમાં જોડી દ્યે. ધામધૂમ ! મોટી મૂર્તિઓ સ્થાપે ને વરઘોડા (કાઢે).

જ્યાં લગી રાગના વિકલ્પથી ચૈતન્યસ્વભાવી પ્રભુ, ભિન્ન છે એમ ભાન થયા વિના

એ ચૈતન્યની જાતનો નમૂનો, સ્વાદનો અર્થ કે સમ્યક્જ્ઞાનનો (સ્વાદ) નહિ આવે. નમૂનો આવ્યો એ દ્વારા જણાણું કે આ તો આખો આત્મા આ સ્વરૂપે જ છે. જ્ઞાનસ્વરૂપે જ છે અને આનંદસ્વરૂપે જ છે. આહા..હા...!

**'પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે,...'** જોયું ? **'સ્વરૂપ જ રહ્યો છે'** (એમ કહ્યું). વસ્તુ જે છે એ દયા, દાનના રાગરૂપે કોઈ દિ' થઈ જ નથી. આહા..હા...! થઈ હોય તો ભિન્ન જણાણું કેમ ? એમ. આહા..હા...! રાગના વિકલ્પ દયા, દાનથી ભિન્ન પાડીને જણાણો ત્યારે જણાણો કે, આ કોઈ દિ' રાગરૂપ થયો નથી. થયો હોય તો આ અનુભવમાં કેમ આવે ? સમજાણું કાંઈ ? આહા..હા...! મૂળ સમ્યગ્દર્શનની વાત મૂકીને બધી વાતું (લોકો કરે). વ્રત પાળવા ને અપવાસ કરવા ને આ કરવા ને તે કરવા. લોકોમાં (ધર્મીષ્ઠ) માને, લોકો માને કરી શકે નહિ અને (કહે), બિચારા કષ્ટ કરે છે. પણ એના ફળ તો ચાર ગતિના રખડવાના છે. આ..હા...! આ વસ્તુ ભવના અભાવની છે.

ચૈતન્ય સ્વરૂપ જાણક સ્વભાવ અને રાગ આકુળતા અને આ (સ્વરૂપ) અનાકુળ. બેની ભિન્નતા જાણી એટલે આત્માને જાણ્યો. આત્માને જાણ્યો એટલે કે આત્મા આવો જ સદાય રહ્યો છે એમ જાણ્યું. આહા..હા...! **'રાગાદિરૂપ કદી થયો નથી' માટે આચાર્યમમહારાજે કહ્યું છે કે, 'હે સત્પુરુષો !'** આ..હા...! જુઓને કરુણા ! છે ને કળશમાં ? હે સત્રપુરુષો ! આ..હા...! **'भेदज्ञानमुदेति निर्मलमिदं मोदध्वमध्यासिताः'** આમ કરો, પ્રભુ ! એમ કહે છે. આહા..હા...! હે સત્પુરુષો ! 'લિંગ પાહુડ'માં બહુ આવે, 'લિંગ પાહુડ' છે ને ? એમાં હે મહાજસ ! એવા શબ્દ આવે. એ ગમે એવો હોય પણ એને હે મહાજસ ! હે મહાસંત ! હે મારા મિત્ર ! મિત્ર ! એવી ભાષા ઘણી આવે છે, હોં ! હે મહાભાગ્ય ! એમ કહીને બોલાવે. આહા..હા...! 'અષ્ટ પાહુડ' ! આ..હા...!

અહીં તો એને જુદો પાડીને અનુભવવાવો છે ને ! રાગના કણથી પણ જુદો. હવે પછી બહારના (પદાર્થોનું) શું ? લોઢાના (વેપાર કરે). આ..હા...! બહુ આકરું કામ. ધંધો કરી શકે નહિ. કરી શકે એમ માને છે. ધંધો કરી શકતો નથી. આહા..હા...! કેમકે એ જ્ઞાનસ્વરૂપ છે. જે જ્ઞાન છે એ કોઈ એક ચીજને મારી માને એ તો જ્ઞાનનું સ્વરૂપ જ નથી. જ્ઞાન સર્વને જાણે એ એનું સ્વરૂપ છે. આત્મા સિવાય સર્વ વસ્તુઓ એ માહ્યલી કોઈ એક-બે ચીજ પણ મારી છે એમ માનવું એ વસ્તુ નથી. પણ આત્મા સિવાય અનંતી ચીજો છે તે બધાને જાણે એવો એનો સ્વભાવ છે. માટે જ્ઞાતા-દ્રષ્ટા પોતે છે. આહા..હા...! આ બધું કહીને પણ જ્ઞાતા-દ્રષ્ટા કરાવવો છે. આહા..હા...!

**'હે સત્પુરુષો ! હવે તમે મુદિત થાઓ.'** આહા..હા...! હે ધર્માત્મા ! આ..હા..હા...! હવે ધર્મમાં આનંદ કરો. ધર્મનો આનંદ લ્યો. રાગનો આનંદ તો અનંતકાળથી લીધો. દુઃખનો (સ્વાદ હતો). ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હોય કે ચાહે તો હિંસા, જૂઠું,

ચોરી(ના પરિણામ હોય) એ બધા પરિણામ દુઃખરૂપ છે, આકુળતા છે. ભગવાનઆત્મા ! અતીન્દ્રિય આનંદનો સાગર છે. કેમ બેસે ? અતીન્દ્રિય વીતરાગ સ્વભાવથી ભરેલો છે. આહા..હા...! અતીન્દ્રિય શાંતિ એ ચારિત્ર (છે). વીતરાગ સ્વરૂપી ચારિત્રથી ભરેલો ભગવાન છે. આ..હા..હા...! એમાં વિકાર તો નથી પણ અપૂર્ણતા નથી. એવી પરમાત્મ વસ્તુ પોતે છે. આહા..હા...! એને રાગથી ભિન્ન પાડીને એને જો.

**'હે સત્પુરુષો ! હવે તમે મુદિત થાઓ.'** હવે ગયો કાળ ગયો કાળ ભલે ગયો, પણ હવે અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આવો. આ..હા..હા...! લ્યો, આવું છે, 'ચીમનભાઈ' ! ફલાણું કરો, એમ નથી કહ્યું. હે સત્પુરુષો ! મંદિર બનાવો, શાસ્ત્રો બનાવો, દાન કરો (એમ નથી કહ્યું). આહા..હા...! ભગવાનની ભક્તિ કરો, એ તો બધો રાગ છે. આહા..હા...! વીતરાગ સ્વરૂપ જ પ્રભુ છે. ચારિત્ર સ્વરૂપ કહો કે રાગરહિત વીતરાગ સ્વરૂપ કહો. એનું સ્વરૂપ જ વીતરાગ છે, એનું સ્વરૂપ જ જ્ઞાન છે, એનું સ્વરૂપ જ શ્રદ્ધા છે, એનું સ્વરૂપ જ શાંતિ છે, એનું સ્વરૂપ સ્વચ્છતા છે, એનું સ્વરૂપ પ્રભુતા છે. એવા અનંતા ગુણથી પવિત્રતાથી ભરેલો ભગવાન એને આ કૃત્રિમ ક્ષણિક વિકારના દુઃખમાંથી ભિન્ન પાડી પ્રભુને જો. આહા..હા...! અને જોઈને આનંદ કરો, એમાં આનંદ થશે. આહા..હા...! **'મુદિત થાઓ.'** એમાં તને આનંદ આવશે. કેટલાક આમ કહે છે કે, આવી દશા સાતમે ગુણસ્થાને હોય. આવું બધું પાળે, વ્રત બધા (પાળે) પછી સાતમે ગુણસ્થાને (આવી દશા) થાય. અરે..રે...! ઘણું ઊંધું.

**ટીકા :– 'આ રીતે આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ (રાગાદિવિકારરૂપ) વિપરીતતા નહિ પમાડતું...'** ભેદવિજ્ઞાન – રાગથી જુદાપણાનું જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન. આત્મજ્ઞાન થયું એટલે રાગથી ભિન્ન પડ્યો. **'આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ...'** આત્માને જરી અણુમાત્ર રાગનો અંશ, ગુણ-ગુણીના ભેદનો અંશ એક રાગ, એવા અણુમાત્ર રાગને પણ. આહા..હા...! **'(રાગાદિવિકારરૂપ) વિપરીતતા નહિ પમાડતું...'** જ્ઞાનસ્વભાવમાં રાગ મારો છે, એમ વિપરીતતા નહિ પમાડતું. આહા..હા...! ચોથે ગુણસ્થાને આમ થાય છે. રાગ આવે છતાં પોતાપણે નહિ માનતો. જ્ઞાનસ્વરૂપી ભગવાન હું જ્ઞાતા-દૃષ્ટા છું. આહા..હા...! એ જ્ઞાતા-દૃષ્ટા અનાદિનો સ્વભાવ છે. આ રાગાદિ કૃત્રિમ હતા, ક્ષણિક અને કૃત્રિમ હતા. આ સદાય અકૃત્રિમ રહે છે. રાગથી ભિન્ન પડી.. આહા..હા...! **'વિપરીતતા નહિ પમાડતું...'** જ્ઞાન અણુમાત્ર રાગને પોતાનો નહિ માનતો. આહા..હા...!

ભગવાનને સાંભળવાનો ભાવ એ રાગ (છે). આ..હા...! આવી વાતું. સ્વદ્રવ્યના આશ્રય સિવાય કોઈપણ પરદ્રવ્ય ઉપર લક્ષ ગયું એટલે રાગ થયા વિના રહે જ નહિ. એનો અર્થ કહે છે. રાગથી જુદો પાડ એટલે તારો આશ્રય લે. ભગવાન ચૈતન્યજ્યોતિ સચ્ચિદાનંદ પ્રભુ, એનો આશ્રય લે. આહા..હા...! આત્મા શું છે ? (એ) જણાયા વિના આશ્રય શી રીતે લેવો ?

પહેલા અનુમાનથી જાણે, વિકલ્પથી જાણે. પહેલો આવે. છતાં એ છોડીને પછી અનુભવ કર. આહા..હા...!

**'ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને...'** જ્ઞાનને એટલે આત્માને **'અણુમાત્ર પણ (રાગાદિવિકારરૂપ) વિપરીતતા નહિ પમાડતું...'** અણુમાત્ર પણ રાગાદિરૂપે નહિ પમાડતું. સમકિતીને ભલે બીજા રાગ આવે પણ એથી ભિન્ન એ જ્ઞાનને રાગરૂપે નહિ પરિણમાવતું. આહા..હા...! જ્ઞાનને રાગરૂપે નહિ કરાતું. આ..હા...! **'અવિચળપણે રહે છે,...'** જ્ઞાનમાં જ્ઞાન ચળે નહિ તેમ રહે છે. ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ પ્રભુ ! શાંત શાંત સ્વભાવનો ડુંગર ! આનંદનો ડુંગર પ્રભુ ! આહા..હા...! એને જ્યાં દૃષ્ટિમાં આવ્યો (તો) હવે ત્યાં અવિચળપણે રહે છે. સ્વભાવમાં અવિચળપણે – ચળે નહિ એમ રહે છે. રાગમાં તો ફેરફાર ફેરફાર થયા જ કરતું અને બેય (ભાવમાં) દુઃખ હતું. શુભરાગ તે દુઃખ અને અશુભરાગ તે દુઃખ. આહા..હા...!

**'ત્યારે શુદ્ધ-ઉપયોગમયાત્મકપણા વડે...'** શુદ્ધ ઉપયોગાત્મપણા વડે. જોયું ? અહીં શુદ્ધ ઉપયોગ નાખ્યો. એ આત્માનો ભેદ પાડીને ઉપયોગ થાય ઈ શુદ્ધ ઉપયોગથી થાય છે. શુભઉપયોગથી નહિ. આહા..હા...! કેટલાક એમ કહે છે કે, શુદ્ધ ઉપયોગ સાતમે (ગુણસ્થાને) હોય. હજી અહીં તો (એની) પહેલાંની વાત છે. આહા..હા...! શુભરાગમાં એ ન થાય. શુભરાગમાં શુભ ઉપયોગમાં એ ન જણાય. રાગથી રહિત શુદ્ધ ઉપયોગમાં એ આત્મા જણાય. આહા..હા...! છે ?

**'શુદ્ધ-ઉપયોગ...'** ઉપયોગમયાત્મક એટલે ઉપયોગસ્વરૂપ. શુદ્ધઉપયોગ સ્વરૂપપણા વડે. **'જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું...'** જ્ઞાન એટલે આત્મા. શુદ્ધ ઉપયોગ પરિણમનમાં આવીને સ્વરૂપમાં દૃષ્ટિ કરી ત્યાં જ હવે ઠરે છે. આનંદ જ્યાંથી આવ્યો ત્યાં ઠરે છે. જેમાંથી અતીન્દ્રિય આનંદ ભાળ્યો એમાં હવે ઠરે છે, એમ કહે છે. આહા..હા...! શુદ્ધ ઉપયોગાત્મક **'જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું...'** આહા..હા...! શુભ અને અશુભ ઉપયોગ છૂટી જઈ અને સ્વ તરફનો શુદ્ધ ઉપયોગ થયો ત્યારે બધું છૂટું પડી જાય. **'જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું...'** જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું, લ્યો ! આત્મા તે કેવળ આત્મારૂપે જ રહેતો થકો. આહા..હા...!

**'જરા પણ રાગદ્વેષમોહના ભાવને કરતું નથી;...'** એમ કહે છે. આહા..હા...! ભગવાનઆત્માનો સ્વભાવ જ્ઞાન અને આનંદથી પૂર્ણ ભરેલો, એનું રાગથી ભિન્ન પડતાં તે આત્માને રાગરૂપે કરતો નથી. આહા..હા...! જ્ઞાન **'જરા પણ રાગદ્વેષમોહના ભાવને કરતું નથી; તેથી (એમ સિદ્ધ થયું કે) ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ...'** (થાય છે). આહા..હા...! ભેદવિજ્ઞાનથી આત્માનો અનુભવ (થાય છે). આ..હા...! બીજા કોઈ સાધન નહિ. વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય, (એવા) લખાણ ઘણા આવે છે. આહા..હા...!

મુમુક્ષુ :– ભેદવિજ્ઞાન અને આત્માનુભવ બન્ને સાથે થાય કે પહેલા ભેદવિજ્ઞાન થાય

અને પછી આત્માનુભવ થાય ?

ઉત્તર :– બન્ને એકનું એક જ છે. અહીં ભેદજ્ઞાન થયું ઈ જ (આત્માનુભવનું) સ્વરૂપ છે, શબ્દફેર (છે). રાગથી ભિન્ન પડીને અનુભવ થયો એ જ ભેદજ્ઞાન. શુદ્ધ ઉપયોગ થયો. શુદ્ધ ઉપયોગમાં જ સમ્યગ્દર્શન થાય છે. આહા..હા...!

મુમુક્ષુ :– ભેદવિજ્ઞાનને વિકલ્પરૂપી કહ્યો છે.

ઉત્તર :– ઈ અહીં નહિ. ઈ તો ('સમયસાર નાટક'માં છે). 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં કહ્યું છે કે, ભેદજ્ઞાન તે સમ્યક્જ્ઞાન (છે). ઓલો વિકલ્પથી જણાવ્યું. આ હું નહિ, આ હું નહિ, આ હું નહિ. ત્યાં સુધી વિકલ્પ છે, એમ. પણ (અંદર) ઠરે છે ત્યારે વિકલ્પ નથી. આહા..હા...! આવો ધર્મ. (શ્રોતા :– આવો ધર્મ સાંભળે થોડા).

આ..હા...! શુદ્ધઉપયોગાત્મક થતો **'જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું જરા પણ રાગદ્વેષમોહભાવને કરતું નથી; તેથી (એમ સિદ્ધ થયું કે) ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ)...'** એનાથી ઉપલબ્ધિ (થાય છે). ભેદજ્ઞાનથી રાગ-દ્વેષ-મોહથી ભિન્નતાની ઉપલબ્ધિ (થાય છે). આ..હા...! રાગ કરતા થાશે, વ્યવહાર સાધન છે (એનાથી) થાશે, (એની) અહીં ના પાડે છે. વ્યવહાર સાધન છે, આવ્યું હતું, કાલે આવ્યું હતું. 'પ્રવચનસાર'માં અંતરંગ, બહિરંગ સાધન (આવ્યું હતું). એ સાધન, નિમિત્ત છે એનું જ્ઞાન કરાવ્યું. આ..હા...! હોય છે, નિમિત્ત ક્યે સમયે ? કયા કાર્ય કાળે નિમિત્ત નથી ? નિમિત્ત હોય જ છે, જાણે છે. એનાથી કાંઈ થાતું નથી. આહા..હા...!

આત્માનો અનુભવ ભેદવિજ્ઞાનથી થાય છે. આ સિદ્ધાંત કહ્યો. રાગથી ભેદ પાડવું એવું ભેદજ્ઞાન (તેનાથી) આત્માની પ્રાપ્તિ થાય. રાગને ભેગો રાખીને એનાથી લાભ થાશે, એમ રાખીને આત્માનો લાભ નહિ થાય. આહા..હા...! **'ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ...'** એટલે પ્રાપ્તિ **'અને શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી...'** શુદ્ધ આત્માના અનુભવથી **'રાગદ્વેષમોહનો (અર્થાત્ આસ્રવભાવનો) અભાવ...'** આ..હા...! જેટલે અંશ અંદરમાં એકાગ્ર થાય એટલે અંશે રાગ-દ્વેષનો અભાવ (થાય). મોહનો અભાવ તો થઈ ગયો છે પણ અસ્થિરતા રહી છે એનો (અભાવ કરે છે). અને શુદ્ધ આત્માના અનુભવથી **'રાગદ્વેષમોહનો (અર્થાત્ આસ્રવભાવનો) અભાવ જેનું લક્ષણ છે...'** એવું જેનું લક્ષણ છે **'એવો સંવર થાય છે.'** લ્યો, આ સંવર. આહા..હા...! અહીં તો અત્યારે (લોકો માને છે કે), છોકરા-છોડીયું બેસે ને સંવર થઈ જાય ને પછી લાડવા ને પતાસા એવું કાંઈક મળે. આ..હા...!

મુમુક્ષુ :– છ કાયની રક્ષા તો થઈ ને.

ઉત્તર :– છ કાયની રક્ષામાં પોતે આત્મા છ કાય(માં) નથી ? અનંત અનંત આનંદનો દરિયો છે, પવિત્ર ગુણથી ભરેલો છે. આહા..હા...! એની સત્તાનો તો સ્વીકાર હજી કરતો નથી, એની હયાતીનો સ્વીકાર કરતો નથી અને બાહ્ય ચીજનો સ્વીકાર (કરે છે એ) અજ્ઞાન

છે. આહા..હા...! આ સંવર થયો, સંવર. એ રાગ છે તે આસ્રવ છે. એનાથી ભિન્ન પડીને સ્વરૂપનો અનુભવ કરવો તે અનાસ્રવ અને સંવર છે. એનાથી હવે કર્મ આવતું નથી. આ..હા...! આ સંવર. અહીં તો (લોકોએ) સંવરને સહેલો કરી નાખ્યો. સામાયિક કરીને જરી બેઠા (એટલે) થઈ ગયો સંવર, પોસો કર્યો એટલે થઈ ગયો સંવર. એમ નથી એમ કહે છે. આ..હા...!

**'એવો સંવર થાય છે.'** કેવો ? આત્માનો અનુભવ અને રાગ-દ્વેષ-મોહનો અભાવ જેનું લક્ષણ છે એવો સંવર થાય છે. આહા..હા...! એને સંવર કહીએ, પછી નિર્જરા પછી થાય. રાગ-દ્વેષથી ભિન્ન પડ્યો, પ્રભુ ! એનો અનુભવ થાય ત્યારે તેને સંવર થાય. આહા..હા...! એ પૂરું થયું.

**જેને કેવળજ્ઞાનની પર્યાયનો મહિમા આવે, જગતના સર્વદ્રવ્યોની (જે પર્યાયો) થઈ, થાય છે, થશે એ સર્વ પર્યાયોને એક સમયમાં જાણી લે, બધા દ્રવ્યોની પર્યાયોને વર્તમાનવત્ જાણી લે, એવી જ્ઞાનપર્યાયોનું માહાત્મ્ય આવે તેને તેની ધૂન લાગે, અને એવી પર્યાયના ધરનાર દ્રવ્યની ધૂન લાગે, એ ધૂનમાંથી ધ્યાન થઈ જાય છે... જ્ઞાનની આવડી મોટી પર્યાય ! એમ જ્ઞાનની પર્યાયની તાકાતનો ભરોંસો કરવા જાય ત્યાં તેને ધ્યાન થયા વિના રહે નહિ, – એની ધૂન પર્યાય ઉપર ન રહેતાં ગુણ ઉપર ધૂન જાય અને એમાં કેવળજ્ઞાનની પ્રત્યક્ષતા થઈ જાય. જેના જ્ઞાનની વર્તમાન એક દશામાં ત્રણકાળની પર્યાયને જાણે અહો ! આ જ્ઞાનની પર્યાયનું આટલું જોર ! આટલી જોરદાર ! એ જ્ઞાનગુણની ધૂન વિના એને જોર આવે જ નહિ.**

**–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ માર્ચ–૨૦૦૨**

# ગાથા-૧૮૪થી૧૮૫

कथं भेदविज्ञानादेव शुद्धात्मोपलम्भ इति चेत् -

जह कणयमग्गितवियं पि कणयभावं ण तं परिच्चयदि।
तह कम्मोदयतविदो ण जहदि णाणी दु णाणित्तं।।१८४।।
एवं जाणदि णाणी अण्णाणी मुणदि रागमेवादं।
अण्णाणतमोच्छण्णो आदसहावं अयाणंतो।।१८५।।

यथा कनकमग्नितप्तमपि कनकभावं न तं परित्यजति।
तथा कर्मोदयतप्तो न जहाति ज्ञानी तु ज्ञानित्वम्।।१८४।।
एवं जानाति ज्ञानी अज्ञानी मनुते रागमेवात्मानम्।
अज्ञानतमोऽवच्छन्नः आत्मस्वभावमजानन्।।१८५।।

---

यतो यस्यैव यथोदितं भेदविज्ञानमस्ति स एव तत्सद्भावात् ज्ञानी सन्नेवं जानाति - यथा प्रचण्डपावकप्रतप्तमपि सुवर्णं न सुवर्णत्वमपोहति तथा प्रचण्डकर्मविपाकोपष्टब्धमपि ज्ञानं न ज्ञानत्वमपोहति, कारणसहस्त्रेणापि स्वभावस्यापोढुमशक्यत्वात् ; तदपोहे तन्मात्रस्य वस्तुन एवोच्छेदात् ; न चास्ति वस्तूच्छदः, सतो नाशासम्भवात्। एवं जानंश्च कर्माक्रान्तोऽपि न रज्यते, न द्वेष्टि, न मुह्यति, किन्तु शुद्धमात्मानमेवोपलभते। यस्य तु यथोदितं भेदविज्ञानं नास्ति स तदभावादज्ञानी सन्नज्ञानतमसाच्छन्नतया चैतन्यचमत्कारमात्रमात्मस्वभावमजानन् रागमेवात्मानं मन्यमानो रज्यते द्वेष्टि मुह्यति च, न जातु शुद्धमात्मानमुपलभते। ततो भेदविज्ञानादेव शुद्धात्मोपलम्भः।

---

હવે પૂછે છે કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) કઈ રીતે થાય છે ? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-

જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,
ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪.
જીવ જ્ઞાની જાણે આમ, પણ અજ્ઞાની રાગ જ જીવ ગણે,
આત્મસ્વભાવ-અજાણ જે અજ્ઞાનતમ-આચ્છાદને. ૧૮૫.

ગાથાર્થ :– (यथा) જેમ (कनकम्) સુવર્ણ (अग्नितप्तम् अपि) અગ્નિથી તપ્ત થયું થકું પણ (तं) તેના (कनकभावं) સુવર્ણપણાને (न परित्यजति) છોડતું નથી (तथा) તેમ (ज्ञानी) જ્ઞાની (कर्मोदयतप्तः तु) કર્મના ઉદયથી તપ્ત થયો થકો પણ (ज्ञानित्वम्) જ્ઞાનીપણાને (न जहाति) છોડતો નથી. – (एवं) આવું (ज्ञानी) જ્ઞાની (जानाति) જાણે છે, અને (अज्ञानी) અજ્ઞાની (अज्ञानतमोऽवच्छन्नः) અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત હોવાથી (आत्मस्वभावम्) આત્માના સ્વભાવને (अजानन्) નહિ જાણતો થકો (रागम् एव) રાગને જ (आत्मानम्) આત્મા (मनुते) માને છે.

ટીકા :– જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે તે જ તેના (ભેદવિજ્ઞાનના) સદ્ભાવથી જ્ઞાની થયો થકો આ પ્રમાણે જાણે છે :– જેમ પ્રચંડ અગ્નિ વડે તપ્ત થયું થકું પણ સુવર્ણ સુવર્ણત્વ છોડતું નથી તેમ પ્રચંડ કર્મોદય વડે ઘેરાયું થકું પણ (અર્થાત્ વિઘ્ન કરવામાં આવતાં છતાં પણ) જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી, કેમ કે હજાર કારણો ભેગાં થવા છતાં સ્વભાવને છોડવો અશક્ય છે; કારણ કે તેને છોડતાં સ્વભાવમાત્ર વસ્તુનો જ ઉચ્છેદ થાય, અને વસ્તુનો ઉચ્છેદ તો થતો નથી કારણ કે સત્‌ના નાશનો અસંભવ છે. આવું જાણતો થકો જ્ઞાની કર્મથી આક્રાંત (ઘેરાયેલો, આક્રમણ પામેલો) હોવા છતાં પણ રાગી થતો નથી, દ્વેષી થતો નથી, મોહી થતો નથી, પરંતુ શુદ્ધ આત્માને જ અનુભવે છે. અને જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન નથી તે તેના અભાવથી અજ્ઞાની થયો થકો, અજ્ઞાન-અંધકાર વડે આચ્છાદિત હોવાથી ચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને નહિ જાણતો થકો, રાગને જ આત્મા માનતો થકો, રાગી થાય છે, દ્વેષી થાય છે, મોહી થાય છે, પરંતુ શુદ્ધ આત્માને બિલકુલ અનુભવતો નથી. માટે એમ સિદ્ધ થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે.

ભાવાર્થ :– જેને ભેદવિજ્ઞાન થયું છે તે આત્મા જાણે છે કે 'આત્મા કદી જ્ઞાનસ્વભાવથી છૂટતો નથી'. આવું જાણતો હોવાથી તે, કર્મના ઉદય વડે તપ્ત થયો થકો પણ, રાગી, દ્વેષી, મોહી થતો નથી પરંતુ નિરંતર શુદ્ધ આત્માને અનુભવે છે. જેને ભેદવિજ્ઞાન નથી તે આત્મા, આત્માના જ્ઞાનસ્વભાવને નહિ જાણતો થકો, રાગને જ આત્મા માને છે તેથી તે રાગી, દ્વેષી, મોહી થાય છે પરંતુ કદી શુદ્ધ આત્માને અનુભવતો નથી. માટે એ નક્કી થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થાય છે.

## ગાથા ૧૮૪-૧૮૫ ઉપર પ્રવચન

(હવે) ગાથા બે આવી. **'હવે પૂછે છે કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ)...'** તમે એક જ વાત કરો, એક જ (કહો તો) એકાંત (થઈ જાય છે). કાંઈક બીજું તો કહો, કાંઈક સાધનથી થાય, આનાથી થાય, આનાથી થાય. ભગવાનનું સ્મરણ કરે, ભગવાન.. ભગવાન.. ભગવાન... ભગવાન... એ રાગ છે. આહા..હા...! **'ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) કઈ રીતે થાય છે ?'** ક્યા પ્રકારે થાય છે ? એમ પૂછે છે. શિષ્યનો પ્રશ્ન (છે). આવું જેને અંદર ઉગ્યું એને ઉત્તર દેવામાં આવે છે. પૂછે છે, **'ભેદવિજ્ઞાનથી જ...'** રાગથી ભિન્ન પાડીને સ્વરૂપ આત્માનું જ્ઞાન થયું એ વાત કાંઈ ઓછી નથી, બાપુ ! ઓ..હો..હો...! આત્મા જેને નજરે પડ્યો, એનું જ્ઞેય બનાવ્યું અને તેનું જ્ઞાન થયું એ અલૌકિક વાત છે. આહા..હા...! એની આગળ આ બધા વ્રત ને નિયમ ને તપસ્યા એની પાસે પાણી ભરે. બંધના કારણ છે. આહા..હા...!

**'હવે પૂછે છે કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ)...'** ઉપલબ્ધિનો અર્થ (અનુભવ કર્યો). **'કઈ રીતે થાય છે ?'** તેનો ઉત્તર કહે છે.

**जह कणयमग्गितवियं पि कणयभावं ण तं परिच्चयदि।**
**तह कम्मोदयतविदो ण जहदि णाणी दु णाणित्तं।।१८४।।**
**एवं जाणदि णाणी अण्णाणी मुणदि रागमेवादं।**
**अण्णाणतमोच्छण्णो आदसहावं अयाणंतो।।१८५।।**

**જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,**
**ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪.**
**જીવ જ્ઞાની જાણે આમ, પણ અજ્ઞાની રાગ જ જીવ ગણે,**
**આત્મસ્વભાવ-અજાણ જે અજ્ઞાનતમ-આચ્છાદને. ૧૮૫.**

**ટીકા :- 'જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે...'** રાગના વિકલ્પથી તદ્દન નિર્વિકલ્પ પ્રભુ આત્મદળ અંદર આનંદદળ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે. આહા..હા...! એના જ્ઞાનનો પાર ન મળે. વકીલાતના ને ડૉક્ટરના બધા જ્ઞાન કરે છે ને, ઈ બધા અજ્ઞાન (છે). આ તો જ્ઞાનનો (અભ્યાસ છે). આહા..હા...! જ્ઞાનસ્વભાવ, એનો શું પાર ! એવા જ્ઞાનસ્વભાવથી **'ભેદવિજ્ઞાન છે તે જ તેના (ભેદવિજ્ઞાનના) સદ્ભાવથી જ્ઞાની થયો...'** ભેદજ્ઞાન છે **'તે જ તેના (ભેદવિજ્ઞાનના) સદ્ભાવથી જ્ઞાની થયો...'** આહા..હા...! કોઈ શાસ્ત્ર ભણીને જ્ઞાની થયો

થકો, એમ નથી કહ્યું. અગિયાર અંગ અનંત વાર ભણી ગયો. આહા..હા...!

**'ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે તે જ તેના (ભેદવિજ્ઞાનના) સદ્ભાવથી જ્ઞાની થયો થકો આ પ્રમાણે જાણે છે :–'** જ્ઞાની થયો થકો આ પ્રમાણે જાણે છે. **'જેમ પ્રચંડ અગ્નિ વડે તપ્ત થયું થકું...'** સુવર્ણ. પ્રચંડ આકરી અગ્નિ વડે તપ્ત થયેલું એવું સુવર્ણ **'સુવર્ણત્વ છોડતું નથી...'** સુવર્ણપણું સુવર્ણ છોડે નહિ. ગમે એવી એને અગ્નિ લાગી હોય... આહા..હા...! અગ્નિની આંચ એને લાગતી નથી. સુવર્ણપણું છોડતું નથી. આહા..હા...! એ દૃષ્ટાંત થઈ ગયો.

**'તેમ પ્રચંડ કર્મોદય વડે ઘેરાયું થકું...'** આહા..હા...! આકરા કર્મના ઉદયથી ઘેરાયેલું થકું. કુટુંબ ને કબીલા ને બાયડી ને છોકરા ને ધંધા ને વેપાર ને દુકાન (એનાથી) ઘેરાયેલો. પ્રભુ આત્મા આનંદસ્વરૂપ જ્ઞાન સ્વરૂપ છે (એ) બહારના કર્મોદયથી ઘેરાયેલો. આ..હા...! **'ઘેરાયું થકું પણ (અર્થાત્ વિઘ્ન કરવામાં આવતાં છતાં પણ) જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી,...'** એટલે આત્મા તે આત્માપણું છોડતો નથી. આહા..હા...! અગ્નિને લઈને જેમ સુવર્ણ સુવર્ણપણું છોડતું નથી. એમ ધર્મી જીવને પ્રતિકૂળતાના ગંજ આવો તોપણ તે પોતાના સ્વરૂપને છોડતો નથી. આહા..હા...!

**'જ્ઞાન જ્ઞાનત્વ...'** (અર્થાત્) આત્મા આત્મત્વ છોડતો નથી. **'કેમ કે હજાર કારણો ભેગા થવા છતાં સ્વભાવને છોડવો અશક્ય છે;...'** આહા..હા...! સ્વભાવ છે ઈ શી રીતે છૂટે ? હજાર કારણો, લાખ કારણા હોય નહિ. આહા..હા...! ચૈતન્ય સ્વભાવ છે, નિર્લેપ છે, નિરાલંબ છે. એવી ચીજને કદી... આ..હા...! છોડતું નથી અને પરવસ્તુને પોતાની માનતો નથી. **'હજાર કારણો ભેગા થવા છતાં સ્વભાવને છોડવો અશક્ય છે;...'** સ્વભાવ કાંઈ છુટે ? **'કારણ કે તેને છોડતા સ્વભાવમાત્ર વસ્તુનો જ ઉચ્છેદ થાય,...'** આહા..હા...! સુવર્ણને અગ્નિ દેવા છતાં સુવર્ણ સુવર્ણપણું છોડે નહિ. એમ ધર્મીએ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ જાણ્યો છે એથી પ્રતિકૂળતા ગમે તે આવે પણ પોતાના આનંદસ્વરૂપને, અનુભવને છોડતો નથી. આહા..હા...!

**'વસ્તુનો જ ઉચ્છેદ થાય,...' 'તેને છોડતાં સ્વભાવમાત્ર વસ્તુનો જ ઉચ્છેદ થાય,...'** આહા..હા...! વસ્તુ વસ્તુ તો જ્ઞાન શુદ્ધ ચૈતન્ય પવિત્રનો પિંડ પ્રભુ છે. પર્યાયમાં જે વિકાર દશા છે એનાથી જુદો પાડીને ભેદજ્ઞાન થયું પછી હવે રાગરૂપ થાય એમ છે નહિ. એમ થાય તો વસ્તુનો નાશ થઈ જાય. વસ્તુનું અસ્તિત્વ નિર્મળ છે, પવિત્ર છે, એવું ભાન થયું છે તેથી અપવિત્રતાના પ્રસંગમાં પણ આત્માનું પવિત્રપણું છૂટતું નથી. આહા..હા...! ગમે એટલા પરિષહ હજાર (આવે), ગમે તેટલા પરિષહ આવે, ઉપસર્ગ આવે. આહા..હા...! પોતાના સ્વરૂપને છોડતું નથી. છોડે તો વસ્તુનો નાશ થાય. આહા..હા...!

**'કારણ કે સત્ના નાશનો અસંભવ છે.'** સત્ છે. છે એનો અભાવ શી રીતે થાય ?

એમ ભગવાનઆત્મા જ્ઞાનાનંદ છે એવું ભાન, અનુભવ થયો, રાગનો (અનુભવ) નહિ, એવો છે, સત્ છે એનો ઉચ્છેદ કેમ થાય ? આહા..હા...! સત્ સ્વરૂપ ભગવાનઆત્મા, એને જ્યાં અનુભવમાં લીધો, હવે કહે છે એ સત્સ્વભાવ જાય ક્યાં ? સત્ સ્વભાવ પોતે સ્વભાવ છે એ ઉચ્છેદ થઈ જાય ? સત્ સ્વભાવ અસત્ થઈ જાય ? આહા..હા...! એ સત્ સ્વભાવ કાંઈ રાગરૂપ થઈ જાય ? એ સત્ સ્વભાવ દયારૂપ થઈ જાય ? આ..હા...! સત્ સ્વભાવ તો સત્ સ્વભાવરૂપે જ રહે છે. છે ? **'કારણ કે સત્‌ના નાશનો અસંભવ છે.'**

**'આવું જાણતો થકો જ્ઞાની કર્મથી આક્રાંત (ઘેરાયેલો,...)'** કર્મ એટલે બહારની પ્રતિકૂળતા. ઓ..હો..હો...! સાતમી નરકની પ્રતિકૂળતા, છતાં ત્યાં સમ્યક્દૃષ્ટિ જીવ છે. સમ્યક્ દૃષ્ટિ છોડતા નથી. આહા..હા...! પોતાનું આનંદસ્વરૂપ જાણ્યું છે એને લાખ, કરોડ, અનંત પ્રતિકૂળ સંયોગ આવે પણ પોતાના સ્વરૂપનો વિચ્છેદ થતો નથી. છોડતો નથી એટલે વિચ્છેદ થતો નથી એટલે નાશ થતો નથી. આહા..હા...!

**'આવું જાણતો થકો...'** ધર્મી – જ્ઞાની... આહા..હા...! **'રાગી થતો નથી, દ્વેષી થતો નથી,...'** આહા..હા...! ઘેરાયેલો હોય છતાં, એમ કહે છે. પ્રતિકૂળતાના ઘેરામાં પડ્યો હોય. આહા..હા...! ઈ સાતમી નરકની પીડા દુઃખના ઘેરામાં પડ્યો છે, એ દુઃખ સાંભળ્યું જાય નહિ. આહા..હા...! એવું અનંત વાર વેદ્યું છે. કહે છે, ત્યાં પણ સમકિતી છે એ આવી પ્રતિકૂળતામાં પણ પોતાના સ્વરૂપને છોડતા નથી. આહા..હા...! જેને અનાજનો કણ મળતો નથી, પાણીનું બિંદુ (મળતું) નથી. આહા..હા...! (અહીં) તો જરી (ગરમ) હવા લાગે તો પંખા ખાય ને આ ખાય ને આ ખાય. એને બિચારાને અગ્નિ જેવી ગરમ હવા દરરોજ (લાગે). ક્ષુધાનો પાર નહિ. આખા અઢી દ્વિપના અનાજ ખવડાવે તોય એને દુઃખ મટે નહિ. દરિયાના પાણી પૂરા પાડો તો તૃષા મટે નહિ. એટલી તૃષા, એટલી ક્ષુધા. છતાં ત્યાં મરે નહિ, દેહ છૂટે નહિ. જ્યાં સુધી આયુષ્ય છે. એના શરીરના ટૂકડા થાય, કટકા થાય. આહા..હા...!

(આમ હોવા છતાં પણ) **'રાગી થતો નથી, દ્વેષી થતો નથી, મોહી થતો નથી, પરંતુ શુદ્ધ આત્માને જ અનુભવે છે.'** લ્યો. આહા..હા...! ગમે તેવા બહારના પ્રસંગમાં, અનુકૂળતામાં રાજી નથી, પ્રતિકૂળતામાં દ્વેષ નથી. આત્મા સિવાય જેટલી ચીજ છે એ તો બધી જ્ઞેય છે. જ્ઞાનીને તો જ્ઞેય છે. જ્ઞેયના બે ભાગલા પાડવા કે આ પ્રતિકૂળ છે અને આ અનુકૂળ છે એ અજ્ઞાની છે. આહા..હા...! એ તો અજ્ઞાન છે. મંદવાડ પડે, બાયડી સાચવે, એ કાંઈક કરી આપે, લૂગડાં ધોઈ દ્યે, આવું બધું સાધન કરે કે નહિ ? કરે એમાં આત્માને શું ? એ તો બહારની વાત છે. આ તો પ્રતિકૂળ સંયોગ હોય તોપણ તે આત્માને અનુભવે છે.

**'અને જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન નથી તે તેના અભાવથી અજ્ઞાની થયો થકો, અજ્ઞાન-અંધકાર વડે આચ્છાદિત હોવાથી...'** એ જ્ઞાનસ્વરૂપી ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એ અજ્ઞાનથી

ઢંકાઈ ગયો છે, ભેદજ્ઞાન નથી. રાગથી જુદો (નથી પડ્યો). રાગ તે હું, એ દયા, દાન, વ્રત હું છું. આહા..હા...! એનાથી ઢંકાયેલ હોવાથી **'ચૈતન્યચમત્કારમાત્ર...'** **'ચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને નહિ જાણતો થકો, રાગને જ આત્મા માનતો થકો,...'** લ્યો. **'રાગી થાય છે, દ્વેષી થાય છે, મોહી થાય છે, પરંતુ શુદ્ધ આત્માને બિલકુલ અનુભવતો નથી.'** આહા..હા...! **'માટે એમ સિદ્ધ થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ...'** એટલે પ્રાપ્તિ. ભેદજ્ઞાનથી જ પ્રાપ્તિ થાય, બીજા કોઈ કારણથી થાતી નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## પ્રવચન નં. ૨૬૩ ગાથા–૧૮૪-૧૮૫, ૧૮૬શ્લોક-૧૨૭

**મંગળવાર, અષાઢ સુદ ૨, તા. ૨૬-૦૬-૧૯૭૯**

---

'સમયસાર' ૧૮૪-૧૮૫ (ગાથાનો) ભાવાર્થ. **'જેને ભેદવિજ્ઞાન થયું છે તે આત્મા જાણે છે કે...'** એટલે ? આ આત્મા જે છે, એ અંદર રાગથી ભિન્ન છે. શરીર જડ છે એનાથી તો ભિન્ન છે, જુદો છે પણ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ, એનાથી પણ એ પ્રભુ જુદો છે. એવું જેને ભેદવિજ્ઞાન થયું છે. આત્મા શુદ્ધ ચૈતન્ય છે એમાં રાગ ભિન્ન છે. **'જેને ભેદવિજ્ઞાન થયું છે તે આત્મા જાણે છે કે 'આત્મા કદી જ્ઞાનસ્વભાવથી છૂટતો નથી.'** શું કહ્યું ? ધર્મી થાય ત્યારે એને આત્મા આનંદ, જ્ઞાન સ્વરૂપ છે એવું ભાન થાય ત્યારે એને ખ્યાલમાં આવે કે આ આત્મા જ્ઞાનસ્વભાવથી કદી છૂટ્યો નથી. અનાદિથી જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે. આવો ધર્મ છે. **'જ્ઞાનસ્વભાવથી છૂટતો નથી.'**

**'આવું જાણતો હોવાથી...'** ધર્મી જીવની શરૂઆત રાગના વિકલ્પથી ભિન્ન પડી પોતાને અનુભવે, જાણે અને એમ જાણે કે આ તો કોઈ દિ' રાગરૂપ થયો જ નથી, એકલો જ્ઞાનરૂપ રહ્યો છે. આહા..હા...! **'આત્મા કદી જ્ઞાનસ્વભાવથી છૂટતો નથી.' આવું જાણતો હોવાથી તે, કર્મના ઉદય વડે તપ્ત થયો થકો...'** એટલે ? કર્મના નિમિત્તથી પ્રતિકૂળતાનો ગંજ આવે, સાતમી નરક જેવી પ્રતિકૂળતા હો. આહા..હા...! તોપણ **'રાગી, દ્વેષી, મોહી થતો નથી...'** ઝીણી વાત છે, ભઈ ! 'સંવર અધિકાર' છે. લોકો કહે કે, અમને સંવર કરાવો. એ સંવર નથી. એ તો બધી આસ્રવની વાતું છે. સંવર જેનાથી ધર્મ થાય, જેનાથી જન્મ-મરણના છેડા આવે, અંત આવે એને અહીંયાં સંવર – ધર્મ કહે છે.

**'તે, કર્મના ઉદય વડે તપ્ત થયો થકો પણ, રાગી, દ્વેષી, મોહી થતો નથી...'** કેમકે આત્મા પુણ્ય-પાપના રાગથી અંદર ભિન્ન જાણ્યો, અંતર્મુખ થઈને જાણ્યો કે જ્ઞાનસ્વભાવી, આનંદસ્વભાવી છે. એથી એને પ્રતિકૂળતાના ગંજ હોય છતાં તે રાગ, દ્વેષ અને મોહને

પામતો નથી. આહા..હા...! **'પરંતુ નિરંતર શુદ્ધ આત્માને અનુભવે છે.'** આ..હા...! ધર્મી જીવ તો એને કહીએ. આહા..હા...! આત્મા તદ્દન આનંદ અને શુદ્ધ સ્વરૂપ, પવિત્રતાનો ધામ પ્રભુ છે, એને રાગ-દ્વેષથી ભિન્ન કરીને અનુભવવો. જેવું એનું પવિત્ર સ્વરૂપ છે તે પ્રકારે અનુસરીને દશામાં થવું એનું નામ અહીંયાં ધર્મ અથવા સંવર કહે છે. આહા..હા...!

**'જેને ભેદવિજ્ઞાન નથી...'** જેને રાગના વિકલ્પથી, વૃત્તિથી પણ આત્મા તદ્દન જુદો છે એવો ભેદ – જુદાપણાનું જ્ઞાન નથી. આહા..હા...! **'તે આત્મા, આત્માના જ્ઞાનસ્વભાવને નહિ જાણતો...'** જે આત્મા જ્ઞાનસ્વભાવી છે, આનંદ સ્વભાવી છે. અનંત અનંત સ્વચ્છ શક્તિનો પિંડ છે એવું ભેદજ્ઞાન છે નહિ તે તેવું જાણતો નથી. આહા..હા...! આવી વાત છે. **'આત્મા, આત્માના જ્ઞાનસ્વભાવને નહિ જાણતો...'** જ્ઞાનસ્વભાવ શબ્દે આખો આત્મા. આખો આત્મા આનંદ અને જ્ઞાન ને શુદ્ધ ચૈતન્ય છે. એવું જેને જ્ઞાન નથી તે અજ્ઞાની **'રાગને જ આત્મા માને છે...'** એ રાગની વૃત્તિ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ ઉઠે એ બધો રાગ છે. એનાથી કલ્યાણ માને અને મારું સ્વરૂપ છે એમ માને. એ બધો રાગ છે, આસ્રવ છે. નવા આવરણનું કારણ છે. વર્તમાન દુઃખરૂપ છે. આ..હા...! પણ તેનાથી ભિન્નને જાણતો નથી તેથી ક્યાંક પોતાને જાણવાનું માનવું તો (થાય છે), પોતાપણું ક્યાંક માને તો ખરો ને ! એટલે ચૈતન્ય ભગવાન રાગથી ભિન્ન જાણવામાં ન આવ્યો એટલે રાગ છે તે હું છું, એમ માન્યું. આહા..હા...!

**'રાગને જ આત્મા માને છે તેથી તે રાગી, દ્વેષી, મોહી થાય છે...'** આહા..હા...! પોતાના સ્વરૂપને વીતરાગી સ્વરૂપ છે, જ્ઞાન સ્વરૂપી છે એને જાણતો નથી તેથી તે રૂપે પરિણમતો નથી. રાગને જાણે છે માટે રાગરૂપે પરિણમે છે. આ..હા...! ઝીણી વાત ભારે. આખો દિ' બીજું કરવું અને એમાં આવી વાત (સમજવી). **'પરંતુ કદી શુદ્ધ આત્માને અનુભવતો નથી.'** આહા..હા...! જે કોઈ આત્મા બહિર્મુખ વૃત્તિ એવો જે રાગ, એને પોતાનો જાણે છે એ કદી રાગથી ભિન્ન આત્માને અનુભવતો નથી. આહા..હા...! ઝીણો અધિકાર છે. બહારથી ધર્મ થઈ ગયો એમ આ નથી. વ્રત કર્યા ને તપ કર્યા ને પૂજા કરી ને ભક્તિ કરી, ભગવાનની ખૂબ ભક્તિ કરી માટે ધર્મ થઈ ગયો. ઈ રાગને પોતે આત્મા માને છે, બસ ! આહા..હા...! રાગથી ભિન્ન ભગવાન પડ્યો છે એનું એને જ્ઞાન અને અનુભવ નથી. એથી તે રાગના જ અનુભવને આત્મા માને છે. આહા..હા...!

**'માટે એ નક્કી થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થાય છે.'** ઉપલબ્ધિ એટલે પ્રાપ્તિ. **'માટે એમ નક્કી થયું કે ભેદવિજ્ઞાન...'** રાગના વિકલ્પથી પણ જુદો, પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ, એવું જેને ભેદજ્ઞાન થયું એનાથી શુદ્ધ આત્માનો અનુભવ થાય છે. ક્રિયાકાંડ કરતાં શુદ્ધ આત્માનો અનુભવ થતો નથી. આ..હા...!

મુમુક્ષુ :– ચરણાનુયોગથી આત્માનો અનુભવ થાય છે.

ઉત્તર :– એ બિલકુલ નહિ. ચરણાનુયોગથી નહિ, ઈ તો આ દૃષ્ટિ ઉઘડ્યા પછી ચરણાનુયોગનો ભાવ આવે એને જાણે. પહેલું આ થયા પછી ચરણાનુયોગ ને વ્રત ને અતિચાર રહિત પાળવા ને ફલાણું એ પછી (આવે).

મુમુક્ષુ :– પડિમાઓ ન પાળવી ?

ઉત્તર :– પડિમા સમ્યગ્દર્શન પછી. પહેલી પડિમા ક્યાં હતી ? આહા..હા...! આત્મા આનંદમૂર્તિ પ્રભુ અંદર છે, જેમાં દયા, દાનનો વિકલ્પ રાગ પણ જેમાં નથી એવી ચીજને અંદર જાણ્યા વિના એની પડિમા-ફડિમા બધી મીંડાં છે. મીંડું મોટું (છે). એકડા વિનાની બિંદી નથી કહેતા ? આહા..હા...! અને અંતર્મુખ જોતા આત્મા રાગથી ભિન્ન છે તેમ ભાસે. તે ભાસે તે આત્માના અનુભવને કરે. તેને રાગ-દ્વેષ ને મોહ ન થાય. પણ અંતર્મુખની જેને દૃષ્ટિ નથી, બહિર્મુખની જ્યાં દૃષ્ટિ છે ત્યાં એને રાગાદિ ભળાય છે, ભાસે છે. રાગ ભાસે, દ્વેષ ભાસે. ભ્રમણા એ રૂપે પરિણમે. આહા..હા...!

**પ્રભુ ! સાંભળ તો ખરો ! તારી પ્રભુતા તો જો ! વ્યવહારના શુભ રાગની પર્યાય તો ક્યાંય રહી ગઈ, પણ વીતરાગ નિર્મળ દશારૂપ મુનિપર્યાયનો પણ જેમાં અભાવ છે એવી તારી ધ્રુવ જ્ઞાયક પ્રભુતા છે. નિર્મળ પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે અને સમસ્ત પર્યાયથી રહિત એવું ધ્રુવ જ્ઞાયક દ્રવ્ય તે નિશ્ચયનયનો વિષય છે. આહાહા ! આત્મા મુનિ છે અથવા કેવળજ્ઞાની છે–એવી પર્યાયનો ભેખ પણ ધ્રુવ જ્ઞાયકમાં નથી. કેવળજ્ઞાન પણ પૂર્ણ નિર્મળ પર્યાય છે, જ્ઞાનની પૂર્ણ પર્યાયવાળો પણ આત્મા નથી. એ પર્યાય ધ્રુવ દ્રવ્યનો વેશ નથી. આત્મા તો ધ્રુવ ગુણસ્વરૂપ સહજ જ્ઞાનની મૂર્તિ છે. ગજબની વાત છે નાથ ! આ જૈનદર્શન–વસ્તુદર્શન છે.**

**–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ અંક–૭૦૯**

## ગાથા–૧૮૬

कथं शुद्धात्मोपलम्भादेव संवर इति चेत् -

सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो।
जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहदि।।१८६।।

शुद्धं तु विजानन् शुद्धं चैवात्मानं लभते जीवः।
जानंस्त्वशुद्धमशुद्धमेवात्मानं लभते।।१८६।।

यो हि नित्यमेवाच्छिन्नधारावाहिना ज्ञानेन शुद्धमात्मानमुपलभमानोऽवतिष्ठते स ज्ञानमयात् भावात् ज्ञानमय एव भावो भवतीति कृत्वा प्रत्यग्रकर्मास्रवणनिमित्तस्य रागद्वेषमोहसन्तानस्य निरोधाच्छुद्धमेवात्मानं प्राप्नोति; यस्तु नित्यमेवाज्ञानेनाशुद्धमात्मानमुपलभमानोऽवतिष्ठते सोऽज्ञानमयाद्भावादज्ञानमय एव भावो भवतीति कृत्वा प्रत्यग्रकर्मास्रवणनिमित्तस्य रागद्वेषमोहसन्तानस्यानरोधादशुद्धमेवात्मानं प्राप्नोति। अतः शुद्धात्मोपलम्भादेव संवरः।

---

હવે પૂછે છે કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી જ સંવર કઈ રીતે થાય છે ? તેનો ઉત્તર કહે છે :–

જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;
અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬.

ગાથાર્થ :– (शुद्धं तु) શુદ્ધ આત્માને (विजानन्) જાણતો–અનુભવતો (जीवः) જીવ (शुद्धं च एव आत्मानं) શુદ્ધ આત્માને જ (लभते) પામે છે (तु) અને (अशुद्धम्) અશુદ્ધ (आत्मानं) આત્માને (जानन्) જાણતો–અનુભવતો જીવ (अशुद्धम् एव) અશુદ્ધ આત્માને જ (लभते) પામે છે.

ટીકા :– જે સદાય અચ્છિન્નધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે તે, ‘જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે’ એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ (પરંપરા) તેનો નિરોધ થવાથી, શુદ્ધ આત્માને જ પામે છે; અને જે સદાય અજ્ઞાનથી અશુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે તે, ‘અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ થાય છે’ એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ તેનો

નિરોધ નહિ થવાથી, અશુદ્ધ આત્માને જ પામે છે. માટે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.

ભાવાર્થ :– જે જીવ અખંડધારાવાહી જ્ઞાનથી આત્માને નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે છે તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાય છે તેથી તે શુદ્ધ આત્માને પામે છે; અને જે જીવ અજ્ઞાનથી આત્માને અશુદ્ધ અનુભવે છે તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાતા નથી તેથી તે અશુદ્ધ આત્માને જ પામે છે. આ રીતે સિદ્ધ થયું કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.

## ગાથા ૧૮૬ ઉપર પ્રવચન

**'હવે પૂછે છે કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિ...'** એટલે અનુભવથી **'સંવર કઈ રીતે થાય છે ?'** તે જ રીતે ધર્મ થાય ? એમ (પૂછે છે). ધર્મની શરૂઆત શુદ્ધ આત્માના અનુભવથી જ થાય એ કઈ રીતે ? એમ પૂછે છે. શું કીધું ઈ ? કે, સંવર એટલે ધર્મ. શુદ્ધ આત્માના અનુભવથી જ **'સંવર કઈ રીતે થાય છે' ?** એવો પ્રશ્ન છે. એને ઉત્તર દેવામાં આવે છે. આહા..હા...! જેને આ પ્રશ્ન અંદરથી એવો ઉદ્ભવે છે કે, આ પ્રભુ આત્મા શુદ્ધ આત્માના અનુભવથી જ એને ધર્મ થાય, બાકી ધર્મ ન થાય, એ કઈ રીતે છે ? એની વિધિ શી રીતે છે ? એમ શિષ્ય પૂછે છે. આ..હા...! શિષ્યે એમ પૂછ્યું નથી કે, અમે રાગક્રિયા કરીએ તો ધર્મ થાય, ભક્તિ કરીએ, પૂજા કરીએ, વ્રત કરીએ (તો) ધર્મ થાય. એમ તો પૂછ્યું નથી. અહીંયાં તો શુદ્ધ આત્માના અનુભવથી સંવર કઈ રીતે થાય ? (એમ પૂછ્યું છે). આહા..હા...! ગાથા.

सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो।
जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहदि।।१८६।।

નીચે હરિગીત.

**જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;**
**અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬.**

આ..હા...! **'જે સદાય અચ્છિન્નધારાવાહી...'** આ તો બધી ઝીણી વાત છે, ભઈ ! **'જ્ઞાનથી શુદ્ધ આત્માને અનુભવ્યા કરે...'** જે સદાય ત્રૂટક પડ્યા વિના, અચ્છિન્નધારા. રાગથી ભિન્ન ભેદજ્ઞાન (થયું) એ અચ્છિન્ન ધારા (છે). એકધારાથી જેને રાગથી ભિન્નનો અનુભવ છે. આહા..હા...! અચ્છિન્ન ધારાવાહી જ્ઞાન એટલે આત્માથી શુદ્ધ આત્માને અનુભવતા.

શુદ્ધ સ્વરૂપ છે. પુણ્ય અને પાપના રાગથી તો ભિન્ન છે એને અનુભવતા. **'શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે તે, 'જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે'** આહા..હા...! શું કહે છે ? જુઓ ! સંવર કેમ થાય ? એમ કહે છે.

જ્ઞાનમય આત્મા (છે) તો જ્ઞાનસ્વરૂપમાં જ્ઞાનમયની પરિણતિ કરે તો સંવર થાય છે. ભેદજ્ઞાનથી આ રીતે સંવર થાય છે. **'જ્ઞાનમય ભાવમાંથી...'** જ્ઞાનવાળો એમેય નહિ. જ્ઞાનમય એવા ભાવમાંથી. હું તો જ્ઞાનસ્વરૂપ જ છું. જાણનાર-દેખનાર જ્ઞાતા-દૃષ્ટા છું, એમ જાણનારને **'જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે'** એને તો શુદ્ધ જ ભાવ થાય. અશુદ્ધતા તો થાય જ નહિ. આ..હા...! જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા એને જ્ઞાનની અંતર એકાગ્રતા થતાં જ્ઞાન થાય, રાગ ન થાય. એટલું કહેવું છે. જ્ઞાન શબ્દની સાથે શ્રદ્ધા થાય, સ્થિરતા થાય, આનંદ થાય. પણ જ્ઞાનમય (ભાવ)માંથી જ્ઞાન થાય. રાગને પોતાનો માને તો રાગ થાય. આહા..હા...!

મુમુક્ષુ :- આ તો સાતમા ગુણસ્થાનની વાત છે ને ?

ઉત્તર :- ચોથા, ચોથાની વાત છે. હજી તો ભેદજ્ઞાન ચોથાની વાત છે.

મુમુક્ષુ :- સંવર કયે ગુણસ્થાને થાય ?

ઉત્તર :- સંવર ચોથેથી શરૂ થાય. ઘણા એમ જ કહે છે, ભાઈ કહે છે (ઈ જ કહે છે). સાતમાની વાત છે, સાતમાની વાત છે. અહીં તો હજી ચોથા ગુણસ્થાનની, ધર્મની પહેલી શરૂઆત(ની વાત છે). આહા..હા...! કેમકે આત્મા પુણ્ય-પાપના રાગથી ભિન્ન છે એવું જ્યાં ભેદજ્ઞાન થયું ત્યારે તે જ્ઞાનસ્વરૂપને અનુભવે અને જ્ઞાનસ્વરૂપ અનુભવતા જ્ઞાનમય જ ભાવ પ્રગટ થાય. આહા..હા...!

જ્ઞાનસ્વભાવી આત્મા, એને જ્ઞાનમયથી અનુભવતા તેમાં રાગરહિત જ્ઞાનમય ભાવ થાય. રાગરહિત જ્ઞાનમય ભાવ થાય. જ્ઞાનમયમાંથી જ્ઞાનમય ભાવ થાય. આહા..હા...! આવી વાત. જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય જ ભાવ થાય. જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય. એટલે શું કહે છે ? કે, શુદ્ધ આત્મા પવિત્ર પૂર્ણ પ્રભુ છે એને વિકારથી રહિત અનુભવ કરે તો એ જ્ઞાનમય ભાવથી જ્ઞાનમય જ ભાવ થાય. એ શુદ્ધના અનુભવમાંથી શુદ્ધનો જ અનુભવ થાય. ત્યાં આનંદ આવે અને શાંતિ આવે અને વીતરાગતા આવે. આહા..હા...! એને સંવર કહે છે. આહા..હા...! આવું છે.

**'જ્ઞાનમય ભાવમાંથી...'** એટલે આત્મા સ્વભાવ છે. શુદ્ધ ચૈતન્ય નિત્યાનંદ પ્રભુ (છે) એને જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ થાય. એ જ્ઞાનમય ભાવ છે એ શુદ્ધ છે તેમાંથી શુદ્ધ ભાવ થાય. પાઠ તો ઈ છે ને ? **'सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि'** એ શુદ્ધ ચૈતન્યને જાણતા, તેના તરફ વળતા, તેની સન્મુખ થતા શુદ્ધ સ્વરૂપ છે તે શુદ્ધ રૂપે પરિણમે. આહા..હા...! એમાં પુણ્ય અને પાપનું પરિણમન આવે નહિ. અરે.. અરે...! આવી આકરી

વાતું છે.

શિષ્યનો પ્રશ્ન હતો (કે), ભેદવિજ્ઞાનથી સંવર કઈ રીતે થાય ? એનો આ ઉત્તર છે કે, **'सुद्धं तु वियाणंतो'** શુદ્ધને પામે. પાઠ આ છે. આત્મા અંદર શુદ્ધ પવિત્ર ઊંડે રાગથી ભિન્ન પડીને ઊંડે તળમાં પવિત્ર છે એને જો અનુભવે તો શુદ્ધને અનુભવતા શુદ્ધતા આવે. જ્ઞાનને અનુભવતા જ્ઞાન આવે, આનંદને અનુભવતા આનંદ આવે, શ્રદ્ધાને અનુભવતા શ્રદ્ધા આવે. એ બધી નિર્મળ પર્યાયો સંવર છે. સમજાણું કાંઈ ?

**'જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે.'** આહા..હા...! રાગથી ભિન્ન શુદ્ધ ચૈતન્ય વસ્તુ (છે) એનું જ્ઞાન અને શ્રદ્ધા કરતા તો આનંદ અને જ્ઞાનમય જ ભાવ થાય. જ્ઞાનમય જ (ભાવ થાય), રાગ નહિ. જ્ઞાનમય ભાવ જ થાય, રાગ ન થાય. દ્રવ્યના અવલંબને, વસ્તુ જે શુદ્ધ છે તેના અનુભવથી રાગ કેમ થાય ? આહા..હા...! આવી વાતું. અહીં નવરાશ – ફુરસદ ન મળે. હજી આનો નિર્ણય કરવાની ફુરસદ ન મળે કે, આ શું છે પણ અંદર આ ? અંદર એ છે એ શરીરથી જુદો છે. એ તો દ્રવ્ય (જ) પર છે. પણ અંદરમાં પુણ્યના પરિણામ થાય છે એનાથી પણ એ ભિન્ન – જુદી ચીજ છે. બે એક વસ્તુ નથી. આહા..હા...! એ સંવર પહેલું આવી ગયું (છે કે) બે વસ્તુ એક નથી. બેની સત્તા એક નથી. બેની પરસ્પર સ્વરૂપ વિપરીતતા છે. આહા..હા...! એને અંદરમાં જોતા શુદ્ધ આત્મા પવિત્ર જે પૂર્ણાનંદનો નાથ પ્રભુ, તેને જોતા, અનુભવતા તે જાતની જ દશા પ્રગટ થાય. જ્ઞાનમય (ભાવમાંથી) જ્ઞાન થાય એનો અર્થ આ. જે શુદ્ધ પવિત્ર જાત છે એનો અનુભવ કરતા પવિત્રતા જ પ્રગટ થાય. એ સંવર છે. આહા..હા...!

હવે અજાણ્યા માણસને તો (એમ લાગે કે) કઈ જાતની વાત હશે ? ભાષા (જુદી). આ તે જૈનધર્મની વાત હશે ? આ કઈ જાતની વાત આવી ? દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા, લીલોતરી ન ખાવી એવી વાત તો આવતી નથી. ભાઈ ! એ ચીજ તો જુદી છે. જડની ચીજ છે, એ જડની પર્યાયથી જડ ટકી રહ્યું છે. તારે લઈને એ શરીર, વાણી ટકે છે, આવે છે, જાય છે એમ નથી. એ જડ કર્મને શરીરાદિ તેના પરમાણુમાં આવવું, જવું, નીકળવું, ઓછું થવું એ બધી એની જડની દશા તારે લઈને નથી. તારે લઈને તો ફક્ત વસ્તુનો અજાણ – ચૈતન્યમૂર્તિનો અજાણ, એને રાગ-દ્વેષ થાય. આહા..હા...!

જેને ચૈતન્યમૂર્તિ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન છે એવું જ્યાં અંતર ભાન થયું, એને જ્ઞાનમયથી જ્ઞાનમય એટલે શુદ્ધમાંથી શુદ્ધમય જ ભાવ થાય. એને અશુદ્ધ ભાવ થાય નહિ. એને પુણ્યના પરિણામ પણ ન થાય, એમ કહે છે. આહા..હા...! દયા, દાન ને વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા, એ ભાવ શુદ્ધને અનુભવતા ન થાય. આ..હા...!

**'એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત...'** નવા આવરણનું આવવાનું નિમિત્ત **'જે રાગદ્વેષમોહની સંતતિ...'** રાગ-દ્વેષ, મોહ – મિથ્યાત્વાદિ, એનો **'(પરંપરા) તેનો નિરોધ**

**થવાથી,...**' જ્ઞાનીને તેનો નિરોધ (થાય છે) – અટકી જાય છે. સંવર છે ને ? સંવર લેવો છે. આ..હા...! પોતાનું જે શુદ્ધ સ્વરૂપ, શુદ્ધ છે કેવડું ક્યાં ? એની ખબર ન મળે. શી રીતે અનુભવે ? આ..હા...! એ રાગના વિકલ્પની પાછળ અંદર શુદ્ધ સ્વરૂપ અંદર છે, પર્યાયની વર્તમાન અવસ્થાની જોડે અંતર્મુખમાં ધ્રુવ તત્ત્વ આખું પડ્યું છે. એને શુદ્ધ તરફના વલણથી શુદ્ધતા જ પ્રગટે. એને રાગ-દ્વેષ અને મોહ જે આસ્રવનું કારણ, એ એને હોતા નથી. તેનો નિરોધ થાય છે. લ્યો ! આસ્રવનો નિરોધ તે સંવર. પણ આ. આ રીતે (સંવર થાય). આસ્રવના પચ્ચખાણ કરાવો (એ નહિ). આહા..હા..!

આ ચૈતન્યસ્વરૂપ અનંત પવિત્રતાનો પિંડ પ્રભુ છે. એની વસ્તુમાં પુણ્ય અને પાપના વિકલ્પો – રાગ વસ્તુમાં નથી. નવા કૃત્રિમ ઉભા કરે છે. આહા..હા...! એથી સંસારમાં પરિભ્રમણ કરે છે. પણ આ તો અકૃત્રિમ સદાય સ્વભાવ શુદ્ધ છે. આહા..હા...! પવિત્ર છે, શુદ્ધ છે તેનો અંતર અનુભવ કરતા, શુદ્ધતાના અનુભવથી શુદ્ધતા જ પ્રગટે. એમાં પુણ્ય-પાપની અશુદ્ધતા પ્રગટે નહિ. અને શુદ્ધતા પ્રગટે તે રાગ-દ્વેષ અને મોહનું કારણ ન થાય. એથી એને રાગ-દ્વેષ, મોહનો આસ્રવ અટકી ગયો. રાગ-દ્વેષ, મોહથી જે નવા આવરણ આવતા એ અટકી ગયા. નિરોધ કીધો ને, નિરોધ. આહા..હા...!

મુમુક્ષુ :– એ અશુદ્ધતા કહીને નિરોધ...

ઉત્તર :– એ આવવાના હતા નહિ. સમજાવવું શી રીતે ? અહીં શુદ્ધતા પ્રગટ કરી એટલે એને આવરણ આવવાનું હતું જ નહિ. એને આવરણનો નિરોધ કર્યો એમ કહેવામાં આવ્યું. આહા..હા...! ધર્મની વાત ઝીણી બહુ, બાપુ ! લોકોએ તો બહારમાં સ્થૂળ સ્થૂળ જાડી વાતમાં બધું મનાવી દીધું. આહા..હા...! અનંતકાળથી એ તો માન્યું છે.

'**નિરોધ થવાથી,...**' કહ્યું ને ? રાગ-દ્વેષ, મોહની સંતતિથી તેનો નિરોધ થાય છે. એ રાગ-દ્વેષ, મોહ કોણ ? કોના ? કે, કર્મના આસ્રવણનું નિમિત્ત. નવા આવવાનું નિમિત્ત. એવા જે રાગ-દ્વેષ, મોહ એની પરંપરા તેનું અટકવાથી નવો આસ્રવ આવતો નથી. એને એ સમયે નવા આસ્રવ આવવાના હતા નહિ, પણ સમજાવવું શી રીતે ? અંદર શુદ્ધ ચૈતન્યના સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ થયો એટલો તો ત્યાં આગળ આસ્રવ થતો નથી. થતો નથી પછી આસ્રવ ક્યાંથી આવે ? ભાવઆસ્રવ થતો નથી તો દ્રવ્યઆસ્રવ આવે ક્યાંથી ? દ્રવ્યાસ્રવ એને આવે જ નહિ. આહા..હા...!

'**શુદ્ધ આત્માને જ પામે છે;...**' એ તો શુદ્ધ આત્માને જ પામે છે. આહા..હા...! શુદ્ધને અનુભવતો શુદ્ધને જ પામે છે. પવિત્રતા પ્રભુની અનુભવતો પવિત્રતાને જ પામે છે, એ સંવર છે. આહા..હા...! આ તો જરીક પોસા કર્યા એટલે સંવર થઈ ગયો માને. એક દિ' બે ટંક ન ખાય. આ..હા...!

'રાણપુર'માં (સંવત) ૧૯૮૪માં ચોમાસુ હતું ને ? હતા તમે ? 'મનસુખ' તે દિ' હતો.

નાની ઉમરનો આઠ વર્ષનો (હતો). આઠ વર્ષનો. તમારો 'મનસુખ'. એ બધા ત્યાં અપવાસ કરીને બેઠા હતા. ચોરાશીની સાલ હતી. બેસી ગયા, અમારે સંવર છે, અમારે ધર્મ છે. પાઠશાળામાં પડિકમ્મણામાં બોલે કે, ઉત્કૃષ્ટ ભાવ થાય તો એ તીર્થંકર ગોત્ર બાંધે. નહિતર નિર્જરા થાય. આહા..હા...! ઈ આવે છે. આહા..હા...! એલા પણ કીધું, આ ક્યાંથી આવું (આવ્યું) ? તે દિ' (સંવત) ૧૯૮૪માં કહ્યું હતું. ઉત્કૃષ્ટ ભાવ આવે તો તીર્થંકર ગોત્ર બાંધે નહિતર નિર્જરા થાય. જે ભાવે બંધ થાય એથી તો નિર્જરાનો ભાવ ઊંચો છે. જે ભાવે બંધ થાય એ તો રાગ છે અને જે ધર્મ થાય એ તો રાગરહિત છે. કાંઈક શબ્દ આવે છે ને ? ... ભાષા ભૂલી ગયા. એમાં આમ હોય તો કર્મની કરોડ ખપે. અને ઉત્કૃષ્ટ ભાવ થઈ જાય તો તીર્થંકર ગોત્ર બંધાય, એમ. ઉત્કૃષ્ટ થાય તો તીર્થંકર ગોત્ર બંધાય. આવી વાતું. તે દિ' કહ્યું હતું, આ તમે પડિકમ્મણામાં વગર વિચાર્યે આ શું બોલો છો ? એ..ઈ...! તમારા સ્થાનકવાસીમાં બધું આવે છે. આ..હા...! ભગવાનનું ઓલું કરતાં વગેરે એમ કે કર્મની કરોડો ખપે. ઉત્કૃષ્ટ ભાવ આવે તો તીર્થંકર ગોત્ર બંધાય. ઉત્કૃષ્ટ સારો ભાવ આવે તો (બંધ થાય) ? પણ એ જ પ્રથા છે. આહા..હા...!

**'આત્માને જ પામે છે; અને જે સદાય અજ્ઞાનથી અશુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે...'** હવે સામે વાત લીધી. **'જે સદાય અજ્ઞાનથી અશુદ્ધ આત્માને...'** અશુદ્ધ આત્મા એટલે રાગ ને દયાવાળો હું છું, એ અશુદ્ધ આત્માને અનુભવ્યો. આહા..હા...! હું પરનો કર્તા છું, કરી શકું છું અને દયા, દાન, વ્રતનો રાગ આવ્યો એ મારો છે, એ અશુદ્ધ આત્માને અનુભવે છે. આહા..હા...! **'અને જે સદાય અજ્ઞાનથી અશુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે તે, 'અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ થાય છે'** રાગ અને પુણ્યના પરિણામ પોતાના માની અને અનુભવે એને રાગ થાય છે. દ્વેષ થાય, રાગ થાય, મિથ્યાત્વ થાય. આહા..હા...!

**'અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ થાય છે' એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ તેનો નિરોધ નહિ થવાથી,...'** અજ્ઞાનમાં નિરોધ ક્યાંથી થાય ? આ..હા...! એટલે રાગ-દ્વેષને કારણે એને નવા આવરણ આવશે. આહા..હા...! અહીં તો કહે, સંવરના પચ્ચખાણ કરાવો (એટલે) એને સંવર થઈ જાય. આવું બધું ચાલ્યું છે. ધર્મને નામે ધતિંગ છે. ધર્મ તો જુદી જાત છે, બાપુ ! આ..હા...! એ શુદ્ધ આત્મા પુણ્ય-પાપ વિનાનો, એની સન્મુખ થઈને અનુભવે ત્યારે તેને રાગ-દ્વેષ, મોહ ન થાય. તેથી તે તેનું આવવાનું નિમિત્ત છે એ કર્મનો નિરોધ થાય. અજ્ઞાની રાગને પોતાનો માને છે. રાગરહિત સ્વરૂપ ચૈતન્ય છે એની ખબર નથી એથી તેને રાગ-દ્વેષ, મોહ ભાવ જ થાય. અશુદ્ધતાને જાણનારો, અશુદ્ધતાને અનુભવનારો, (એને) અશુદ્ધતા જ થાય એને એ અશુદ્ધતા નવા કર્મનું કારણ એવા રાગ-દ્વેષ, મોહનું કારણ થાય. આહા..હા...! એ અશુદ્ધતા નવા કર્મ જે આવે એનું કારણ છે. લ્યો, છે ને ?

**'અશુદ્ધ આત્માને જ પામે છે.'** એ અજ્ઞાની તો અશુદ્ધ આત્માને જ (પામે છે). ભલે ચાહે તો વ્રત ને અપવાસ કરે ને ભક્તિ કરે ને પૂજા કરે ને જાત્રા કરે (તોપણ) એ અશુદ્ધતાને જ પામે છે. કારણ કે એ પરિણામ મારા અને મને એમાં લાભ (છે), એ અશુદ્ધ મલિનતાને અનુભવે છે. આહા..હા...! **'માટે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.'** આ સંવર થાય, નહિતર સંવર નથી. આ..હા...!

'લાઠી'માં આઠમના પેલા પોસા કરેને બધાય ? વીસ-પચીસ જણા ભેગા થઈને (કરે). ધર્મ થઈ ગયો, સંવર થઈ ગયો. સંવર કર્યો, પોષા કર્યા, લ્યો ! આહા..હા...! 'લાઠી'માં ચોમાસુ હોય ત્યારે એ લોકો કરે. આઠમના અને પાકી, અમાસ એમ એક મહિનાના ચાર (પોષા કરે), એ સંવર કર્યો કહેવાય. એ..ઈ...! બધા માનતા હતા. 'હીરાજી મહારાજ' બિચારા કહેતા. ઈ કહેતા. આ..હા...! વાત આખી ફેર છે, ઉલટપુલટ વાત છે.

છેલ્લો શું સરવાળો કીધો ? કે, શુદ્ધ આત્માના અનુભવથી જ સંવર થાય છે. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ, એની પ્રાપ્તિ થાય, ઉપલબ્ધિ થાય, અનુભવ થાય તો સંવર થાય. આહા..હા...! સમજાણું કાંઈ ?

**ભાવાર્થ :– 'જે જીવ અખંડધારાવાહી જ્ઞાનથી આત્માને નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે...'** આ..હા..હા...! જેને આત્મા અંદર શુદ્ધ ચિદાનંદ પ્રભુ ! રાગ, દયા, દાનના વિકલ્પથી ભિન્ન છે એવા આત્માને જેણે જાણ્યો અને અનુભવ્યો... આ..હા..હા...! એ અખંડ ધારાવાહી જ્ઞાન. જ્ઞાનધારા અખંડ વહે. ઘડીકમાં રાગની એકતા અને ઘડીકમાં જ્ઞાનની એકતા, એમ નહિ. આહા..હા...!

આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એને જ્ઞાનમાં એકાગ્રતાની અખંડ ધારા વહે, ભેદજ્ઞાન નિરંતર વહે. પછી કરવું પડે નહિ. આહા..હા...!

મુમુક્ષુ :– નિદ્રાકાળમાં તો જ્ઞાન મૂર્છિત રહે છે.

ઉત્તર :– અહીં નીચલી દશાની વાત છે. વીતરાગ થાય એને પૂરું થઈ ગયું.

મુમુક્ષુ :– નિદ્રામાં તો મૂર્છિત રહે છે.

ઉત્તર :– નિંદ્રામાં પણ આસ્રવ અટકી ગયો છે. સમકિત છે ને ! નિંદ્રામાં નિદ્રાને ઠેકાણે. અંદર રાગથી નિર્મળ પરિણમન ભિન્ન પડી ગયું એ પરિણમન કે દિ' છૂટે ? નિંદ્રા હોય તોય શું ? અને રોગ હોય તોય શું ? આહા..હા...! આત્મા ચિદાનંદ પ્રભુ...

મુમુક્ષુ :– નિદ્રામાં તો ઉપયોગ શુદ્ધ હોતો નથી.

ઉત્તર :– ઉપયોગ ભલે અશુદ્ધ હોય, લબ્ધરૂપ પરિણમન નિરંતર વહે છે. નિંદ્રામાં પણ લબ્ધરૂપ પ્રાપ્તિ નિરંતર છે. ઉપયોગ ફક્ત પરમાં ગયો છે. આહા..હા...! છતાં રાગથી ભિન્ન પડેલી જેટલી દશા છે એ દશા તો નિરંતર નિંદ્રામાંય હોય છે. આહા..હા...! માતાના પેટમાં પ્રભુ આવે છે, લ્યોને ! એ તો સમકિત, ત્રણ જ્ઞાન લઈને આવે છે. ત્યાંય સંવર,

નિર્જરા છે. આહા..હા...! સમકિત અને ત્રણ જ્ઞાન લઈને તીર્થંકર માતાના પેટમાં આવે. સવા નવ મહિના પણ ત્યાં ધારા, રાગથી ભિન્ન પડેલી ધારા કાયમ રહે. આહા..હા...! એવી વસ્તુ છે. દુનિયાથી જુદી જાત છે, ભઈ ! દુનિયા બહારથી માનીને બેસી ગઈ છે. આહા..હા...! એક તો મનુષ્યપણું મળ્યું, (એ) હારી જશે. આહા..હા...!

આ આત્મા અંદર ચિદાનંદ પ્રભુ, એના **'અખંડધારાવાહી જ્ઞાનથી...'** જોયું ? ભાવાર્થ. **'આત્માને નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે છે...'** જોયું ? નિરંતર ભલે ત્યાં ઉપયોગ ન હોય પણ અનુભવ્યા કરે છે. આહા..હા...! અડદની દાળમાં જેમ ફોતરું છૂટું પડ્યું એ ફોતરું પછી એને ચોંટે જ નહિ. અડદની ધોળી દાળ થાય ને ? એમ ભગવાનઆત્મા, એ કાળુ જે ફોતરું, એવો પુણ્ય-પાપનો ભાવ કાળો મેલ, એનાથી ભિન્ન પડી અને નિરંતર જ્ઞાનની ધારા વહે છે. આ..હા...! તેને **'ભાવાસ્રવો રોકાય છે...'** તેને રાગ-દ્વેષ-મોહરૂપી ભાવાસ્રવ. ભાવાસ્રવ સમજાણું ? રાગ-દ્વેષ અને મોહ એ ભાવાસ્રવ છે, નવા આવરણનું કારણ (છે). નવા આવરણ આવે એ દ્રવ્યઆસ્રવ અને આ ભાવાસ્રવ. આહા..હા...!

**'તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાય છે...'** જે આત્માના આનંદ અને જ્ઞાનને નિરંતર વેદે છે, અનુભવે છે, ભેદજ્ઞાનની ધારામાં સદાય રહે છે. આહા..હા...! **'તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાય છે...'** અનંતાનુબંધી આદિના જેટલા રાગ-દ્વેષ-મોહ છે (તે) રોકાય છે. આગળ જતા જેટલી સ્થિરતા થાય એટલું આગળ વધાય છે. આહા..હા...! **'તેથી તે શુદ્ધ આત્માને પામે છે;...'** **'सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि'** એ ગાથા છે ને ? શુદ્ધને પામે, શુદ્ધને કારણે. શુદ્ધને જે અવલંબે એ શુદ્ધને પામે. આહા..હા...! **'તેથી તે શુદ્ધ આત્માને પામે છે;...'**

**'અને જે જીવ અજ્ઞાનથી આત્માને અશુદ્ધ અનુભવે છે...'** આ..હા..હા...! હું તો પુણ્ય ને પાપના ભાવવાળો છું, કેમકે જુદી ચીજ છે એ તો જણાણી નથી. આત્માનો ધર્મ જે જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવ એ તો જણાણો નથી. રાગ ને દયા, દાન પરિણામ જણાણા. એને પોતાના માનીને રાગ-દ્વેષ કરે છે. આ..હા...! શુદ્ધ આત્માને પામે છે. **'અને અજ્ઞાનથી આત્માને અશુદ્ધ અનુભવે છે તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાતા નથી...'** આહા..હા...! ભલે સાધુ થઈ જાય, હજારો રાણી છોડે પણ અંદરમાં રાગની એકતા જ્યાં સુધી છે ત્યાં સુધી એને મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવાસ્રવ છે, એનાથી નવા દ્રવ્યાસ્રવ થાય છે. આહા..હા...! હજારો રાણી છોડે, સાધુ થાય તોય. અંતરમાં રાગની એકતા તૂટે નહિ ત્યાં સુધી અશુદ્ધતા જાય નહિ. આહા..હા...! આવો માર્ગ !

મુમુક્ષુ :– ઉપયોગ બહાર હોય તો આનંદ આવે. આનંદ જણાય ?

ઉત્તર :– લબ્ધ છે એટલે આનંદ સદાય છે.

મુમુક્ષુ :– જ્ઞાનમાં જણાય ?

ઉત્તર :- જણાય છે ને, જણાય. ઉપયોગ ભલે બહાર હોય. ઉઘડેલો આનંદ ક્યાં જાય ? આ..હા...!

**'આ રીતે સિદ્ધ થયું કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.'** લ્યો ! આહા..હા...! બહુ ટૂંકામાં (ભર્યું છે). ચૈતન્યમૂર્તિ નિર્મળાનંદ પ્રભુ ! એને પુણ્ય અને પાપના રાગથી ભિન્ન પાડીને એને અનુભવે એને સંવર થાય, ધર્મ થાય. એને ધર્મ થાય, બીજાને ધર્મ ન થાય. એ કરોડો મંદિરો કરાવે ને કરોડો રૂપિયા ખર્ચે... આહા..હા...! કરોડો શાસ્ત્રો બનાવે, પછી સોંઘા આપે, દસ રૂપિયે પડે ઈ પાંચે આપે એ તો શુભરાગ છે. આહા..હા...! 'મુંબઈ'માં બેનના છ હજાર પુસ્તક વેંચાણા ને ? થોડા બાકી હતા ઈ 'શાંતિભાઈ'એ વેંચ્યા હતા. 'ચીમનલાલ ઠાકરશી', લ્યો ! ત્રણ દિ' વહેંચ્યા હતા. એકમને દિ' ભાઈએ વહેંચ્યા હતા. 'સોભાગ' ! વૈશાખ સુદ ૧, એના હશે, તમારા હશે ને ત્રીજા ઓલાના (હશે). મોટી સભામાં વહેંચાણા. વાતમાં ઈ છે કે એમાં રાગની મંદતા હોય તો શુભ ભાવ (છે). એમાંથી એમ માની લ્યે કે આમાં ધર્મ થઈ જાય છે (તો મિથ્યાત્વ છે). આહા..હા...! અરે...! આવી આકરી વાતું, લ્યો ! પૈસાવાળાને પૈસાથી ધર્મ થાતો હોય તો રાજી થાય. તો નિર્ધનને ધર્મને માટે પૈસા ગોતવા પડે. આ..હા...! અરે...! આ શરીર જ કામ ન કરે ત્યાં... આહા..હા...! શરીરની ક્રિયા થાય છે એ શરીરની જડથી (થાય છે). એ કામ જ્યાં આત્માનું નથી... આ..હા..હા...!

મુમુક્ષુ :- મંદ કષાયમાં ધર્મ તો ન થાય પણ ધર્મનો ચાન્સ અવકાશ, અવસર અવશ્ય મળે.

ઉત્તર :- જરીયે નહિ મળે. એ શુદ્ધતાને પ્રગટે ત્યારે એને ધર્મનો અવસર મળશે. શુભભાવ ગમે એટલા લાખ, કરોડ કરે (તોપણ) શુદ્ધતાનો અવસર નહિ મળે. આહા..હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એક ઠેકાણે જરી કહ્યું છે કે, શુભ બહુ હોય તો નિમિત્તો સારા મળે. તો ક્યાંક કદાચિત્ ત્યાંથી સમજે, એમ. એવું એક આવે છે. એ તો ક્યાંક સમજે તો નિમિત્ત કહેવાય ને, નહિતર (ન કહેવાય). 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. બધી ખબર છે. આ..હા...! એમાંથી આ લોકો કાઢે છે. જુઓ ! આમાં કહ્યું છે, શુભભાવ કરે તો એમ કરતા કરતા એને નિમિત્ત ક્યાંક સારા મળે તો નિમિત્તથી પામી જાય. નિમિત્તથી પામે નહિ, ઉપાદાનથી પામે. એના ઉપાદાનથી પામે ત્યારે નિમિત્ત કહેવામાં આવે. આહા..હા...! ઘણો બધો ફેરફાર છે, ભઈ !

## શ્લોક–૧૨૭

(मालिनी)
यदि कथमपि धारावाहिना बोधनेन
ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते।
तदयमुदयदात्मारामात्मानमात्मा
परपरिणितिरोधाच्छुद्धमेवाभ्युपैति।।१२७।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– (यदि) જો (कथम् अपि) કોઈ પણ રીતે (તીવ્ર પુરુષાર્થ કરીને) (धारावाहिना बोधनेन) ધારાવાહી જ્ઞાનથી (शुद्धम् आत्मानम्) શુદ્ધ આત્માને (ध्रुवम् उपलभमानः आस्ते) નિશ્ચળપણે અનુભવ્યા કરે (तत्) તો (अयम् आत्मा) આ આત્મા, (उदयत्-आत्मआरामम् आत्मानम्) જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે (અર્થાત્ જેની આત્મસ્થિરતા વધતી જાય છે) એવા આત્માને (पर-परिणति-रोधात्) પરપરિણતિના નિરોધથી (शुद्धम् एव अभ्युपैति) શુદ્ધ જ પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ :– ધારાવાહી જ્ઞાન વડે શુદ્ધ આત્માને અનુભવવાથી રાગદ્વેષમોહરૂપ પરપરિણતિનો (ભાવાસ્રવોનો) નિરોધ થાય છે અને તેથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે.

ધારાવાહી જ્ઞાન એટલે પ્રવાહરૂપ જ્ઞાન–અતૂટક જ્ઞાન. તે બે રીતે કહેવાય છે :– એક તો, જેમાં વચ્ચે મિથ્યાજ્ઞાન ન આવે એવું સમ્યગ્જ્ઞાન ધારાવાહી જ્ઞાન છે. બીજું, એક જ જ્ઞેયમાં ઉપયોગના ઉપયુક્ત રહેવાની અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું કહેવામાં આવે છે, અર્થાત્ જ્યાં સુધી ઉપયોગ એક જ્ઞેયમાં ઉપયુક્ત રહે છે ત્યાં સુધી ધારાવાહી જ્ઞાન કહેવાય છે; આની સ્થિતિ (છદ્મસ્થને) અંતર્મુહૂર્ત જ છે, પછી તે ખંડિત થાય છે. આ બે અર્થમાંથી જ્યાં જેવી વિવક્ષા હોય તેવો અર્થ સમજવો. અવિરતસમ્યગ્દ્રષ્ટિ વગેરે નીચેનાં ગુણસ્થાનવાળા જીવોને મુખ્યત્વે પહેલી અપેક્ષા લાગુ પડે. શ્રેણી ચડનાર જીવને મુખ્યત્વે બીજી અપેક્ષા લાગુ પડે કારણ કે તેનો ઉપયોગ શુદ્ધ આત્મામાં જ ઉપયુક્ત છે. ૧૨૭.

## શ્લોક ૧૨૭ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–' લ્યો. ૧૨૭ (કળશ).

(मालिनी)

यदि कथमपि धारावाहिना बोधनेन
ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते।
तदयमुदयदात्मारामात्मानमात्मा
परपरिणितिरोधाच्छुद्धमेवाभ्युपैति।।१२७।।

આહા..હા...! **'જો કોઈ પણ રીતે...'** પુરુષાર્થથી. આહા..હા...! અંતરના તીવ્ર પુરુષાર્થથી. 'दारुण दारेणन्' આવી ગયું હતું ને ? ઉગ્ર પુરુષાર્થથી સ્વ તરફ (વળે). **'धारावाहिना बोधनेन'** **'ધારાવાહી જ્ઞાનથી...'** આહા..હા...! જેની જ્ઞાનધારા છૂટે નહિ. રાગ રહે પણ રાગધારા જુદી અને જ્ઞાનધારા જુદી (રહે). બેય ધારા બેય ધારાનું કામ કરે. આહા..હા...! **'ધારાવાહી જ્ઞાનથી...'** **'શુદ્ધ આત્માને...'** **'शुद्धम् आत्मानम्'** પવિત્ર આત્માને. **'ध्रुवम् उपलभमानः आस्ते'** **'નિશ્ચળપણે અનુભવ્યા કરે...'** ધ્રુવ એટલે નિશ્ચળ, ઉપલભ એટલે અનુભવ. આસ્તે એટલે કરે. **'નિશ્ચળપણે અનુભવ્યા કરે...'** આહા..હા...!

પહેલી તો એ વાત છે કે, એને આત્માની મહિમા જ આવતી નથી. બધી આખી દુનિયાથી ચીજ નિરાળી કોઈ જુદી છે, જેની મહિમાનો પાર નથી. આ..હા..હા...! એવો આ ભગવાનઆત્મા અંદર દયા, દાનના વિકલ્પથી જુદો પડ્યો છે. આહા..હા...! પણ એ વાત કેમ બેસે ? અનાદિની બહાર નજર છે. આ દયા પાળો ને આ વ્રત કરો ને આ અપવાસ કરો ને પૂજા કરો ને ભક્તિ કરો. આહા..હા...! એથી એને આ રાગની ક્રિયાથી જુદો છે એ કેમ બેસે ? રાગમાં જેને પ્રેમ છે અને રાગનો જે રસીલો છે (એ) રાગમાં રસીલો થઈ ગયો છે. એને ભગવાન રાગથી ભિન્ન છે, આનંદકંદ પ્રભુ (છે) એ શુદ્ધ કેમ બેસે ?

અહીં તો કહે છે, **'ધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને નિશ્ચળપણે અનુભવ્યા કરે...'** આહા..હા...! તો **(अयम् आत्मा)** આ આત્મા, **(उदयत्-आत्मआरामम् आत्मानम्)** **'જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે...'** આહા..હા...! **(उदयत्-आत्मआरामम् आत्मानम्)** આહા..હા...! **'જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે...'** જેની આત્મપરિણતિ વધતી જાય છે. **'એવા આત્માને...'** **(पर-परिणति-रोधात्)** પરપરિણતિ એટલે રાગની દશાને રોકીને.**'નિરોધથી...'** આહા..હા...! સંવરે છે ખરો ને ? રાગનો કણ ગમે તે હોય, ભગવાનની ભક્તિ આદિ

(હોય) પણ એને રોકીને. આહા..હા...! આત્માને સ્થિરતા વધતી જાય છે, રાગાદિ નાશ થતો જાય છે.

**'પરપરિણતિના નિરોધથી...' (शुद्धम् एव अभ्युपैति) 'શુદ્ધ જ પ્રાપ્ત કરે છે.'** લ્યો ! બહુ ટૂંકું કર્યું. પોતે પોતાનો આત્મા શુદ્ધ સ્વરૂપે ત્રિકાળ છે તેને વર્તમાનમાં પામીને, નિરંતર ધારાવાહી અનુભવીને, એને અશુદ્ધતા થતી નથી. તેથી તે શુદ્ધતા પામે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૬૪ ગાથા–૧૮૭ થી ૧૯૨, શ્લોક-૧૨૭, ૧૨૮

**બુધવાર, અષાઢ સુદ ૩, તા. ૨૭-૦૬-૧૯૭૯**

('સમયસાર'), ૧૨૭ કળશ થઈ ગયો, એનો ભાવાર્થ. ભાવાર્થની બે લીટી થઈ ગઈ છે. **'ધારાવાહી જ્ઞાન...'** ત્યાંથી શરૂ (થાય) છે. છે ? ૧૨૭ કળશનો અર્થ થઈ ગયો છે, ભાવાર્થ બે લીટી થઈ ગઈ છે.

મુમુક્ષુ :– બે લીટી લેવાની છે.

ઉત્તર :– લેવાની છે ? લેવાઈ ગઈ છે, લેવાઈ ગઈ છે. કાલે લેવાઈ ગઈ છે.

**'ધારાવાહી જ્ઞાન એટલે પ્રવાહરૂપ જ્ઞાન...'** અહીં 'સંવર અધિકાર' છે. જ્યાં અંતર રાગથી આત્મા ભિન્ન પડ્યો એની શુદ્ધ પરિણમનની એક ધારાવાહી ધારા ચાલે. શુદ્ધને ભલે થોડું અશુદ્ધ હોય પણ શુદ્ધ ધારા તો કાયમ ચાલે. પવિત્ર એ સંવર છે. અત્રુટક ધારા – જ્ઞાનાનંદ સ્વભાવની જે પરિણતિ છે એ અત્રુટક ધારા (છે), ધારા તૂટે નહિ. આહા..હા...!

**'તે બે રીતે કહેવાય છે' :–** એ બે રીતે કહેવાય. શું ? ધારાવાહી જ્ઞાન પ્રવાહરૂપ અતૂટક બે રીતે કહેવાય છે. **'એક તો, જેમાં વચ્ચે મિથ્યાજ્ઞાન ન આવે...'** મિથ્યાદષ્ટિપણું ન આવે અને સમ્યગ્દર્શનપણું હોય, ઉપયોગ ભલે પરમાં હોય. આ..હા...! **'એવું સમ્યગ્જ્ઞાન ધારાવાહી જ્ઞાન છે.'** સમ્યક્જ્ઞાન થયું, રાગથી ભિન્ન પડીને ભગવાનઆત્મા (જુદો પડ્યો) એટલે એ જ્ઞાન ધારાવાહી અખંડ રહે છે. મિથ્યાજ્ઞાન ન આવે ત્યાં સુધી અખંડ જ્ઞાનધારા કહે છે.

**'એ અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું...'** કીધું ને ? હવે બીજી વાત **'એક જ જ્ઞેયમાં...'** એક વાત કીધી. શું એક વાત કીધી ? કે, આત્મા રાગથી ભિન્ન છે એનું ભાન થયું અને ભલે એને રાગ આવે પણ જે શુદ્ધતા પ્રગટી છે એ તો એક ધારાવાહી હોય. મિથ્યાજ્ઞાન ન આવે ત્યાં સુધી ધારાવાહી જ્ઞાન છે. બીજી વાત – **'એક જ જ્ઞેયમાં ઉપયોગના ઉપયુક્ત રહેવાની અપેક્ષાએ...'** એક જ્ઞાયક સ્વરૂપ તેને જ્ઞેય કરીને એમાં જ સ્થિર થવું, **'ઉપયોગના**

**ઉપયુક્ત રહેવાની અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું...'** ઉપયોગનું ધારાવાહીપણું. ઓલામાં ઉપયોગ નહોતો. કોઈ વખતે આવતો પણ સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે એટલું તો ભેદજ્ઞાન સદાય હોય છે. બીજું આ. ઉપયોગ એમાં રહેવાથી જ્ઞાનનું ધારાવાહીપણું કહેવામાં આવે છે. જ્યાં સુધી આત્મા પોતાના ધ્યાનમાં જ્ઞાતા-જ્ઞેય ને જ્ઞાનના ભેદને ભૂલી એક ઉપયોગમાં ઉપયોગ પડ્યો હોય એને પણ અંતર્મુહૂર્ત સુધી ધારાવાહી કહે છે. અંતર્મૂહુર્ત સુધી.

**'અર્થાત્ જ્યાં સુધી ઉપયોગ એક જ્ઞેયમાં ઉપયુક્ત રહે છે ત્યાં સુધી ધારાવાહી જ્ઞાન કહેવાય છે;...'** આ..હા...! ધારાવાહી એટલે એકધારાએ સરખું ચાલતું. એક સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વ ન આવે ત્યાં સુધી સમ્યગ્દર્શનની ધારા ચાલે, એક એ પ્રકાર. અને એક તો આ ઉપયોગને લાગુ પડે. એ ઉપયોગ અંતર્મૂહુર્ત રહે, વધારે નહિ. એ ઉપયોગને પણ અંતર ધારાવાહી એટલા કાળમાં કહે છે. **'ત્યાં સુધી ધારાવાહી જ્ઞાન કહેવાય છે;...'**

**'આની સ્થિતિ (છદ્મસ્થને) અંતર્મુહૂર્ત જ છે,...'** છદ્મસ્થને તો ઉપયોગ અંતર્મૂહુર્ત રહેવાનો છે. **'ત્યાં સુધી ધારાવાહી જ્ઞાન કહેવાય છે;...' 'પછી તે ખંડિત થાય છે.'** ઉપયોગ અંદર ન રહી શકે ત્યારે ત્યાંથી બહાર આવી જાય. **'આ બે અર્થમાંથી જ્યાં જેવી...'** કથન શૈલી હોય **'તેવો અર્થ સમજવો. અવિરતસમ્યગ્દષ્ટિ...'** ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને, છઠ્ઠે ગુણસ્થાને એણે એમ લેવું કે, **'બે અર્થમાંથી જ્યાં જેવી વિવક્ષા હોય તેવો અર્થ સમજવો. અવિરતસમ્યગ્દષ્ટિ વગેરે નીચેનાં ગુણસ્થાનવાળા જીવોને મુખ્યત્વે પહેલી અપેક્ષા લાગુ પડે.'** કઈ ? ચોથું, પાંચમે, છઠ્ઠે ધારાવાહી સમ્યગ્દર્શન થયું એ લાગુ પડે. ઉપયોગ નહિ. ઉપયોગ કોઈવાર થાય. એટલે એ ધારાવાહી ઉપયોગની અપેક્ષાએ નહિ. સમ્યગ્દર્શન, જ્ઞાન થયું એ ધારાવાહી કાયમ રહે એ અપેક્ષાએ ધારાવાહી કહેવામાં આવે છે. ચોથે, પાંચમે, છઠ્ઠે. આહા..હા...!

**'શ્રેણી ચડનાર જીવને મુખ્યત્વે બીજી અપેક્ષા લાગુ પડે...'** છે. મુખ્યપણે. આમ તો એને અબુદ્ધિપૂર્વક રાગ છે, પણ એ ન ગણે એટલે મુખ્યપણે શુદ્ધ ઉપયોગમાં એકાગ્ર હોય. શ્રેણી ચડનાર અંદર સ્થિરતા કરે. આઠમા ગુણસ્થાનથી ધારા સ્થિર થાય (એ) સ્થિર થતાં **'જીવને મુખ્યત્વે બીજી અપેક્ષા લાગુ પડે...'** ઉપયોગ ત્યાંથી નીકળે નહિ, ઉપયોગ ત્યાં રહે એની અપેક્ષાએ ત્યાં ધારાવાહી ઉપયોગ કહેવાય છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! ધારાવાહી જ્ઞાન ને આ બધું શું હશે ? પૈસાની ધારાવાહીથી રળે નહિ.

મુમુક્ષુ :– પૈસાની ધારાવાહી એટલે ?

ઉત્તર :– દરરોજ પચીસ-પચાસ-સો, બસો, પાંચસો રળે. આ..હા...!

અહીં અમારે 'પાલેજ' દુકાન હતી ને ? ત્રણ ભાઈઓ ભેગા હતા. હંમેશાં સાતસો-આઠસોની પેદાશ. દિવસની, હોં ! એક દિવસના સાતસો-આઠસો ધારાવાહી આવે. ઘરાક એવા આવે. પાપની ધારા !

આ તો ધર્મની ધારાની વાત ચાલે છે. ધર્મની ધારાના બે પ્રકાર – એક ઉપયોગરૂપ ધારા રહે. એ તો છદ્મસ્થને અંતર્મૂહુર્ત રહે પછી ખસી જાય. આઠમા ગુણસ્થાનથી ઉપયોગ ચાલે એ ખસે નહિ. એ ઉપયોગ થઈને પાછો શ્રેણી ચડીને કેવળજ્ઞાન પામે. અને નીચે ચોથે, પાંચમે, છઠ્ઠે (ગુણસ્થાને) આ ધારાવાહી જ્ઞાન જે નિર્મળ પ્રગટ્યું છે એ ધારાવાહી (જ્ઞાન છે). એને ઉપયોગ ભલે રાગમાં જાય, પરમાં જાય (પણ) અંદર સમ્યગ્દર્શન, જ્ઞાન થયું એ કંઈ ખસતું નથી. આહા..હા...!

આવા બધા બોલ ધારવા. શું કરવા ધારવા આવા બોલ ? એને સમજાવે છે. ભાઈ ! ખરેખર તો તારું સ્વરૂપ છે એ નિત્યાનંદ પ્રભુ, એના ઉપર ઉપયોગ ગયો, લાગ્યો. બસ ! પછી ભલે થોડો ખસી જાય પણ એ ઉઘાડ થયો અને દર્શન થયું એ તો સદાય રહેશે. ઉપયોગની અપેક્ષાએ બે. નીચલા ગુણસ્થાનવાળાને ઉપયોગ આવે પણ અંતર્મૂહુર્ત રહે. તરત ખસી જાય અને આઠમા ગુણસ્થાનથી ઉપયોગ આવે (એ) એક ધારાવાહી ઉપયોગ થઈને કેવળજ્ઞાન પામે. સમજાણું કાંઈ ? આહા..હા...! આવું છે.

**ધર્મધૂરંધર યોગીન્દ્રદેવ પોકાર કરે છે કે અરે ! આત્મા ! તું પરમાત્મા જેવો છો છતાં તું જિનમાં ને તારામાં ફેર પાડે છો ? ફેર પાડીશ તો ફેર કે દી છૂટશે ? તેથી કહે છે કે હું રાગવાળો અલ્પજ્ઞતાવાળો એમ મનન નહિ કરો પણ જે જિનેન્દ્ર છે તે જ હું છું એવું મનન કરો ! અરેરે, હું અલ્પજ્ઞ છું, મારામાં આવી કાંઈ તાકાત હોતી હશે ? – એ વાત રહેવા દે ભાઈ ! હું પૂરણ પરમાત્મા થવાને લાયક છું – એમ નહિ પણ પૂરણ પરમાત્મા અત્યારે હું છું – એમ મનન કર ! આહાહા !**

**–પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ મે–૨૦૦૨**

## ગાથા-૧૮૭થી૧૮૯

केन प्रकारेण संवरो भवतीति चेत् -

अप्पाणमप्पणा रुंधिऊण दोपुण्णपावजोगेसु।
दंसणणाणम्हि ठिदो इच्छाविरदो य अण्णम्हि।।१८७।।
जो सव्वसंगमुक्को झायदि अप्पाणमप्पणो अप्पा।
ण वि कम्मं णोकम्मं चेदा चिंतेदि एयत्तं।।१८८।।
अप्पाणं झायंतो दंसणणाणमओ अणण्णमओ।
लहदि अचिरेण अप्पाणमेव सो कम्मपविमुक्कं।।१८९।।

आत्मानमात्मना रुन्ध्वा द्विपुण्यपापयोगयोः।
दर्शनज्ञाने स्थितः इच्छाविरतश्चान्यस्मिन्।।१८७।।
यः सर्वसङ्गमुक्तो ध्यायत्यात्मानमात्मनात्मा।
नापि कर्म नोकर्म चेतयिता चिन्तयत्येकत्वम्।।१८८।।
आत्मानं ध्यायन् दर्शनज्ञानमयोऽनन्यमयः।
लभतेऽचिरेणात्मानमेव स कर्मप्रविमुक्तम्।।१८९।।

---

यो हि नाम रागद्वेषमोहमूले शुभाशुभयोगे वर्तमानं दृढतरभेदविज्ञानावष्टम्भेन आत्मानं आत्मनैवात्यन्तं रुन्ध्वा शुद्धदर्शनज्ञानात्मन्यात्मद्रव्ये सुष्ठु प्रतिष्ठितं कृत्वा समस्तपरद्रव्येच्छापरिहारेण समस्तसङ्गविमुक्तो भूत्वा नित्यमेवातिनिष्प्रकम्पः सन् मनागपि कर्मनोकर्मणोरसंस्पर्शेन आत्मीयमात्मानमेवात्मना ध्यायन् स्वयं सहजचेतयितृत्वादेकत्वमेव चेतयते, स खल्वेकत्वचेतनेनात्यन्तविविक्तं चैतन्यचमत्कारमात्रमात्मानं ध्यायन् शुद्धदर्शनज्ञानमयमात्मद्रव्यमवाप्तः, शुद्धात्मोपलम्भे सति समस्तपरद्रव्यमयत्वमतिक्रान्तः सन्, अचिरेणैव सकलकर्मविमुक्तमात्मानमवाप्नोति। एष संवरप्रकारः।

---

હવે પૂછે છે કે સંવર ક્યા પ્રકારે થાય છે ? તેનો ઉત્તર કહે છે :-

પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્મને આત્મા થકી,
દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્યઇચ્છા પરિહરી. ૧૮૭.

જે સર્વસંગવિમુક્ત, ધ્યાવે આત્મને આત્મા વડે,-
–નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને. ૧૮૮.
તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,
બસ અલ્પ કાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯.

ગાથાર્થ :– (आत्मानम्) આત્માને (आत्माना) આત્મા વડે (द्विपुण्यपापयोगयोः) બે પુણ્ય-પાપરૂપ શુભાશુભયોગોથી (रुन्ध्वा) રોકીને (दर्शनज्ञाने) દર્શનજ્ઞાનમાં (स्थितः) સ્થિત થયો થકો (च) અને (अन्यस्मिन्) અન્ય (વસ્તુ)ની (इच्छाविरतः) ઇચ્છાથી વિરમ્યો થકો, (यः आत्मा) જે આત્મા, (सर्वसङ्गमुक्तः) (ઇચ્છારહિત થવાથી) સર્વ સંગથી રહિત થયો થકો, (आत्मानम्) (પોતાના) આત્માને (आत्मना) આત્મા વડે (ध्यायति) ધ્યાવે છે – (कर्म नोकर्म) કર્મ અને નોકર્મને (न अपि) ધ્યાતો નથી, (चेतयिता) (પોતે) [૧]ચેતયિતા (હોવાથી) (एकत्वम्) એકત્વને જ (चिन्तयति) ચિંતવે છે – ચેતે છે – અનુભવે છે, (सः) તે (આત્મા), (आत्मानं ध्यायन्) આત્માને ધ્યાતો, (दर्शनज्ञानमयः) દર્શનજ્ઞાનમય અને (अनन्यमयः) [૨]અનન્યમય થયો થકો (अचिरेण एव) અલ્પ કાળમાં જ (कर्मप्रविमुक्तम्) કર્મથી રહિત (आत्मानम्) આત્માને (लभते) પામે છે.

ટીકા :– જે જીવ રાગદ્વેષમોહ જેનું મૂળ છે એવા શુભાશુભ યોગમાં વર્તતા આત્માને દ્રઢતર (અતિ દ્રઢ) ભેદવિજ્ઞાનના અવલંબનથી આત્મા વડે જ અત્યંત રોકીને, શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્યમાં સારી રીતે પ્રતિષ્ઠિત (સ્થિર) કરીને, સમસ્ત પરદ્રવ્યની ઇચ્છાના ત્યાગ વડે સર્વ સંગથી રહિત થઈને, નિરંતર અતિ નિષ્કંપ વર્તતો થકો, કર્મ-નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના પોતાના આત્માને જ આત્મા વડે ધ્યાતો થકો, પોતાને સહજ ચેતયિતાપણું હોવાથી એકત્વને જ[૩] ચેતે છે (–જ્ઞાનચેતનારૂપ રહે છે), તે જીવ ખરેખર, એકત્વ–ચેતન વડે અર્થાત્ એકત્વના અનુભવન વડે (પરદ્રવ્યથી) અત્યંત ભિન્ન ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ધ્યાતો, શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો, શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) થતાં સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થયો થકો, અલ્પ કાળમાં જ સર્વ કર્મથી રહિત આત્માને પામે છે. આ સંવરનો પ્રકાર (રીત) છે.

ભાવાર્થ :– જે જીવ પ્રથમ તો રાગદ્વેષમોહ સાથે મળેલા મનવચનકાયાના શુભાશુભ યોગોથી પોતાના આત્માને ભેદજ્ઞાનના બળ વડે ચળવા ન દે, પછી તેને શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મસ્વરૂપમાં નિશ્ચળ કરે અને સમસ્ત બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત થઈને કર્મ-નોકર્મથી ભિન્ન પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઈ તેને જ અનુભવ્યા કરે અર્થાત્ તેના જ ધ્યાનમાં રહે, તે જીવ આત્માને ધ્યાવવાથી દર્શનજ્ઞાનમય થયો થકો અને પરદ્રવ્યમયપણાને ઓળંગી ગયો થકો અલ્પ કાળમાં સમસ્ત કર્મથી મુક્ત થાય છે. આ સંવર થવાની રીત છે.

---

૧. ચેતયિતા = ચેતનાર; દેખનાર-જાણનાર
૨. અનન્યમય = અન્યમય નહિ એવો
૩. ચેતવું = અનુભવવું; દેખવું-જાણવું.

**'હવે પૂછે છે કે સંવર ક્યા પ્રકારે થાય છે ?'** લ્યો, આ પ્રશ્ન તો બરાબર છે. સંવર એટલે ધર્મની પહેલી શુદ્ધિ. નિર્જરા એ તો (શુદ્ધિની) વૃદ્ધિ છે. અનાદિથી અશુદ્ધિ છે. પર્યાયમાં અનાદિથી રાગની અશુદ્ધિ છે. આસ્રવ છે, ભાવાસ્રવ (છે). હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે, હવે સંવર ક્યા પ્રકારે થાય ? એનો પ્રકાર શી રીતે છે ? એનો ઉત્તર (કહે છે).

**अप्पाणमप्पणा रुंधिऊण दोपुण्णपावजोगेसु।**
**दंसणणाणम्हि ठिदो इच्छाविरदो य अण्णम्हि।।१८७।।**
**जो सव्वसंगमुक्को झायदि अप्पाणमप्पणो अप्पा।**
**ण वि कम्मं णोकम्मं चेदा चिंतेदि एयत्तं।।१८८।।**
**अप्पाणं झायंतो दंसणणाणमओ अणण्णमओ।**
**लहदि अचिरेण अप्पाणमेव सो कम्मप्रविमुक्कं।।१८९।।**

**પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્માને આત્મા થકી,**
**દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્યઇચ્છા પરિહરી. ૧૮૭.**
**જે સર્વસંગવિમુક્ત, ધ્યાવે આત્મને આત્મા વડે,-**
**–નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને. ૧૮૮.**
**તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,**
**બસ અલ્પ કાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯.**

ટીકા :– **'જે જીવ રાગદ્વેષમોહ જેનું મૂળ છે એવા શુભાશુભ...'** ભાવ. શું કહ્યું ? કે, શુભાશુભ ભાવનું મૂળ રાગ-દ્વેષ ને મોહ છે. આહા..હા...! અહીં તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ શુભાશુભ ભાવની ઉત્પત્તિનું મૂળ છે એમ કહે છે. સમજાણું કાંઈ ? રાગ-દ્વેષ ને મોહ – મિથ્યાત્વ જેનું મૂળ છે **'એવા શુભાશુભ યોગમાં વર્તતા આત્માને...'** આહા..હા...! **'દઢતર (અતિ દઢ) ભેદવિજ્ઞાનના અવલંબનથી...'** હવે સવળું કહે છે. એ રીતે છે. શુભાશુભ ભાવ મારા, એવો મિથ્યાત્વભાવ અને એને લાયક રાગ-દ્વેષ છે. એ બધા શુભાશુભ ભાવના મૂળિયા રાગ-દ્વેષ-મોહ છે. તેને દઢતર (અતિ દઢ). એકલું દઢ લીધું નહિ, તેમ દઢતમ ન લીધું, દઢતમ છેલ્લું છે. દઢતર વચલો બોલ લીધો. દઢ, દઢતર અને દઢતમ. દઢતમ એ ઉત્કૃષ્ટ બોલ છે. આહા..હા...!

**'આત્માને દઢતર ભેદવિજ્ઞાનના અવલંબનથી...'** લ્યો. **'ભેદવિજ્ઞાનના અવલંબનથી આત્મા વડે જ અત્યંત રોકીને,...'** આહા..હા...! શુદ્ધ સ્વરૂપ સન્મુખની એકાગ્ર થઈને રાગ ને દ્વેષ ને મોહને રોકીને. **'શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્યમાં...'** હવે આત્મા કેવો છે (એ) પહેલું સિદ્ધ કર્યું. આત્મા શુદ્ધ દર્શનજ્ઞાનરૂપ આત્મા (છે). આત્મા એટલે શુદ્ધ જ્ઞાન-દર્શનરૂપ તે આત્મા.

દયા, દાન, વ્રતાદિના વિકલ્પ છે એ કંઈ આત્મા નહિ, એ અનાત્મા છે. આહા..હા...!

**'ભેદવિજ્ઞાનના અવલંબનથી આત્મા વડે જ અત્યંત રોકીને,..'** આત્મા વડે જ અત્યંત રોકીને. એની મેળાએ રોકાય, એમ નહિ એમ કહે છે. આહા..હા...! પોતાનો ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપ, તેનો આશ્રય લઈ તેના અવલંબનથી દઢપણે રાગ-દ્વેષ-મોહને અટકાવે છે. અટકાવે છે એ શબ્દ છે, એ તો ઉપદેશમાં કહેવાય. અટકી જાય છે. શબ્દ તો આવે, ઉપદેશ શૈલી છે ને ! આ..હા...!

**'અત્યંત રોકીને શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્ય...'** આત્મા કોને કહીએ ? કહે છે પ્રભુ. તો શુદ્ધ દર્શન, જ્ઞાન – જ્ઞાતા-દૃષ્ટા તે આત્મા. આ..હા..હા...! આખા લોકાલોક હો, રાગથી માંડીને તે બધા જ્ઞાનના, દર્શનના જ્ઞેય અને દૃષ્ય છે. આહા..હા...! ભગવાનઆત્મા દર્શન, જ્ઞાનરૂપ છે, જ્ઞાન અને દર્શન સ્વરૂપ છે. આહા..હા...!

મુમુક્ષુ :– શુદ્ધ એટલે શું ?

ઉત્તર :– પવિત્ર. શુદ્ધનો અર્થ (પવિત્ર). શુદ્ધ છે, અશુદ્ધતા નથી. શુભ અને અશુભ ભાવ અશુદ્ધ છે, શુભ અને અશુભ ભાવ અશુદ્ધ છે. એ અશુદ્ધને શુદ્ધ ભાવથી રોકીને. આ..હા...! આવો સંવર. આમ કરે ત્યારે ધર્મ થાય. અહીં મોં-માથું હાથ આવે નહિ. આહા..હા...!

આચાર્યોના તો હૃદય – અભિપ્રાય તો બહુ જોરદાર છે. એ તો દઢતર અભ્યાસથી રોકીને સ્વરૂપની પ્રાપ્તિ પૂર્ણ કરી લેજે. આહા..હા...! **'શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્યમાં સારી રીતે પ્રતિષ્ઠિત...'** ભાષા છે ? એકલો 'પ્રતિષ્ઠિત' શબ્દ નથી વાપર્યો. સારી રીતે સ્થિર થઈને. સારી રીતે અંદર આનંદમાં (સ્થિર થઈને). આ..હા...! પ્રભુ દર્શન ને જ્ઞાન ને આનંદરૂપ છે તેમાં સારી રીતે ઠરીને. આહા..હા...!

**'સમસ્ત પરદ્રવ્યની ઇચ્છાના ત્યાગ વડે...'** પોતાના આત્મા સિવાય જેટલા પરઆત્માઓ અને પરશરીરો, પરદ્રવ્ય (છે), એ બધા પ્રત્યેની ઇચ્છાના ત્યાગ વડે. આવું તો બાવો થાય તો થાય એમ કહે. (કોઈ) એમ કહેતો હતો. બાવો જ છે, સાંભળને ! જ્યાં હોય ત્યાં તું પરથી તો રહિત જ છો. ખરેખર તો અંદર ઇચ્છાથી પણ રહિત જ તારું સ્વરૂપ છે. આ..હા...! ઈ તો પહેલું કહ્યું. શુદ્ધ દર્શનજ્ઞાનરૂપ જ તું આત્મા છો. આહા..હા...! ઇચ્છા તારામાં છે જ નહિ પછી કરવી ને રોકવી ઈ ક્યાં રહ્યું ? આ..હા...! પણ સ્વરૂપમાં ઠરે ત્યારે ઇચ્છા ઉત્પન્ન થતી નથી એટલે એને રોકે છે એમ કહેવામાં આવે છે. કારણ કે સંવર છે ખરો ને. (ઇચ્છાનો) નિરોધ કરે છે, એમ.

**'પરદ્રવ્યની ઇચ્છાના ત્યાગ વડે...'** સમસ્ત પરદ્રવ્ય. દેવ-ગુરુ-શાસ્ત્ર (પણ) પરદ્રવ્ય છે. **'ત્યાગ વડે સર્વ સંગથી રહિત થઈને,...'** આહા..હા...! અંતરમાં સર્વ સંગથી રહિત થઈ પરદ્રવ્યથી તો ઇચ્છા નિરોધ કરી અને અંદર જે રાગ છે ત્યાંથી સંગ છોડી.. આ..હા...!

**'નિરંતર અતિ નિષ્કંપ વર્તતો થકો...'** આહા..હા...! **'નિરંતર અતિ નિષ્કંપ વર્તતો થકો...'** ભાષા જુઓ ! નિરંતર અતિ નિષ્કંપ વર્તતો, પાછો. અતિ નિષ્કંપ. આહા..હા...! **'કર્મ-નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના...'** કર્મ અને શરીરાદિ, વાણી આદિ કોઈને અડ્યા વિના **'પોતાના આત્માને જ...'** પોતાનો ભગવાન દર્શન, જ્ઞાનરૂપ આત્મા. એવા **'આત્માને જ આત્મા વડે...'** **'પોતાના આત્માને જ...'** આ..હા..હા...! જે શુદ્ધ દર્શન-જ્ઞાનરૂપછે તેને. આત્મા વડે, એ શુદ્ધ દર્શનપર્યાય વડે. આહા..હા...!

**'પોતાને સહજ ચેતયિતાપણું હોવાથી...'** ભેગું કર્યું. પહેલા દર્શન-જ્ઞાન કહ્યું હતું ને ? દર્શન-જ્ઞાનરૂપ ત્યાં (કહ્યું હતું). હવે ભેગું લીધું. **'પોતાને સહજ ચેતયિતાપણું હોવાથી...'** ચેતયિતા – એ તો જાણનાર-દેખનાર જ છે, બસ ! જગતને ચેતનારો છે. જગતને બનાવનારો નથી, જગતમાં ભળનારો નથી, જગતથી કાંઈ લેવું નથી, જગતથી નિરાળો ચેતનારો જીવ ભગવાન છે. આહા..હા...! પહેલા દર્શન-જ્ઞાનરૂપ આત્મા કીધો હતો ને ? અહીં એક શબ્દ વાપર્યો. **'પોતાને સહજ ચેતયિતાપણું હોવાથી એકત્વને જ ચેતે છે...'** આ..હા..હા...! જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, જ્ઞાનને ચેતે છે – અનુભવે છે. એકલું જ્ઞાનને અનુભવે. આ..હા...! આ બધી વાત મોટી, પણ પહેલું શું કરવું ? પહેલું આ જ કરવું. પહેલું જ આ છે. ૧૭ ગાથામાં કીધું નહિ ? ૧૭ ગાથામાં કીધુ, પહેલું શું ? પહેલો આત્માને જાણવો. પહેલો નય, નિક્ષેપથી જાણવો એમ કાંઈ કહ્યું નથી. ૧૭ ગાથા. ભગવાનઆત્મા જેવો તું ભૂલ્યો છો એને એવી જ રીતે પહેલો જાણ. આહા..હા...!

જેવી રીતે તેં તને જાણવાની ભૂલ કરી છે, જાણવાની રીત છોડીને એ ભૂલને છોડીને એકાકાર થા. આહા..હા...! જગતની બધી ચીજો વ્યવહારે જ્ઞેય છે. એમાં કોઈ ઠીક-અઠીક કે એવું કોઈ જ્ઞેય નથી. બે ભાગલા પાડવા એવું કંઈ જ્ઞેયમાં નથી. એથી ચેતયિતાપણું હોવાથી એ એકત્વને જ ચેતે છે. એકપણાને જ જાણે છે. આહા..હા...! પંચ પરમેષ્ઠી, આ વેપાર-ધંધા, બાયડી, છોકરા ઠીક એવો ભેદ આમાં નથી. જાણનારને જાણવામાં આવતી ચીજમાં ભેદ નથી. એકરૂપે બધી ચીજો જ્ઞેય તરીકે છે. આહા..હા...! પંચ પરમેષ્ઠીને પરદ્રવ્યમાં નાખ્યા. આ..હા...!

**'ચેતે છે...'** (એટલે) અનુભવવું, દેખવું-જાણવું. **'(–જ્ઞાનચેતનારૂપે રહે છે),...'** શું કહ્યું ? રાગચેતના, કર્મચેતના અને કર્મફળચેતના. રાગની ચેતના અનુભવવું એ કર્મચેતના. એના ફળનો દુઃખનો અનુભવ કરવો એ કર્મફળચેતના. એ તો અનાદિથી રાગનું કર્મચેતનાપણું કરતો આવે છે. એ તો સંસાર છે. આહા..હા...! એ સંસારમાર્ગમાં મોટો અબજોપતિ હોય તોપણ એ રાગને જ અનુભવે છે. સ્વર્ગના દેવતા, લ્યો. આહા..હા...! મિથ્યાદૃષ્ટિ છે એ તો રાગને જ વેદે છે, બસ ! કષાયને વેદે છે. આહા..હા..! તેને છોડી દઈ. છે ?

અહીં આવ્યું. **'ચેતયિતાપણું હોવાથી એકત્વને જ ચેતે છે (–જ્ઞાનચેતનારૂપ રહે છે),**

**તે જીવ ખરેખર, એકત્વ-ચેતન વડે...'** પોતા તરફના એકત્વ-ચેતન વડે. પોતાના તરફના જાણવા-દેખવાના સ્વભાવ વડે. આહા..હા...! **'અર્થાત્ એકત્વના અનુભવન વડે...'** એકપણાનો જ અનુભવ, જેમાં કોઈ વિકલ્પ, બીજી ચીજ નહિ. આહા..હા...! એવા અનુભવ વડે. શું આ પૂછે છે ? એનો ઉત્તર છે. સંવર ક્યા પ્રકારે થાય ? એ પ્રકારની વાત ચાલે છે. આહા..હા...! દુકાનના ધંધા કે વેપાર આખો દિ' ત્રેવીસ કલાક એ લ્યે. એકાદ કલાક સાંભળવા જાય. એમાં એરણની ચોરી ને સોયનું દાન. ધર્મ તો એક કોર રહ્યો પણ પુણ્ય પણ નહિ એમ કહે છે. આહા..હા...! અરે...! મોહે મારી નાખ્યા જગતને. આહા..હા...!

એકલો ચેતન પ્રભુ, એને ચેતીને – અનુભવીને. આહા..હા...! **'(પરદ્રવ્યથી) અત્યંત ભિન્ન...'** અત્યંત ભિન્ન, એકલું ભિન્ન નહિ. આહા..હા...! **'અત્યંત ભિન્ન ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ધ્યાતો,...'** ચૈતન્યચમત્કાર, ચૈતન્યચમત્કાર ! આ..હા...! જેને જ્ઞાનની દશામાં અનંતુ જાણવું થાય, જેના દર્શનમાં અનંતુ દેખવું થાય, આ..હા...! એવો ચૈતન્યચમત્કાર. ચૈતન્યચમત્કાર, દુનિયામાં ચમત્કાર હોય તો એ છે. બીજા ચમત્કાર તો થોથાં છે. આ..હા...! **'ચૈતન્યચમત્કારમાત્ર આત્માને...'** **'(પરદ્રવ્યથી) અત્યંત ભિન્ન...'** અને **'ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ધ્યાતો,...'** આ..હા...! **'શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો,...'** ત્યાંથી હઠીને અંદરમાં અનુભવે ત્યારે તો શુદ્ધ આત્મા દર્શન-જ્ઞાનમય અનુભવે. શુદ્ધ દર્શન-જ્ઞાન છે ઈ આત્મા. પહેલા કહ્યું હતું, શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મા. ત્રીજી લીટીમાં કહ્યું હતું. આહા..હા...!

**'ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ધ્યાતો, શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો,...'** આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો (કહ્યું છે), જોયું ? ગુણને નહિ, પર્યાયને નહિ. આહા..હા...! પરદ્રવ્યથી, ઇચ્છાથી ખસ્યો એટલે સ્વદ્રવ્યમાં આવ્યો, બસ ! એ આત્માને **'આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો,...'** લ્યો ! આત્માને ગુણ છે, એ ગુણને પ્રાપ્ત થયો એમ નથી લીધું. આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો એમાં અનંતા ગુણ આવી ગયા. આહા..હા...! **'આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો, શુદ્ધ આત્માની ઉપલબ્ધિ...'** (એટલે) અનુભવ. શુદ્ધ આત્માનો અનુભવ એ સંવર. આહા..હા...! પાને પાને આ ભર્યું છે. છતાં લોકો પણ એમ (કહે છે) શુભભાવથી ધર્મ, શુભભાવથી ધર્મ પોકાર્યા કરે છે. અને (અહીંનો) વિરોધ કરે છે.

મુમુક્ષુ :– આચાર્યે શુદ્ધ ઉપયોગ જ કહી દીધો.

ઉત્તર :– આત્મા છે કે નહિ ? આત્મા છે કે નહિ આ કાળે ? આહા..હા...! ત્રણે કાળે (છે), એને કોઈ કાળ લાગુ પડતો નથી. આ..હા...!

સચ્ચિદાનંદ પ્રભુ ! ચેતનારો દર્શન-જ્ઞાનરૂપ એ આત્મદ્રવ્ય, એને પ્રાપ્ત કરે. પરદ્રવ્યથી દૃષ્ટિ છોડી આને પ્રાપ્ત કરે. છે ? **'શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) થતાં સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થયો થકો,..'** શુદ્ધ સ્વરૂપની અંતર દૃષ્ટિ અને ઉપયોગ જામતો.. આહા..હા..! ત્યારે **'પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થયો થકો,...'** પરદ્રવ્યથી અતિક્રાંત (એટલે)

વેગળો પડ્યો. **'અલ્પ કાળમાં જ...'** **'अचिरेण'** શબ્દ છે ને ? **'अचिरेण'** શબ્દ છે ને અંદર ? **'अचिरेण'** (મૂળ ગાથાની) છેલ્લી લીટી (છે). **'लहदि अचिरेण'** અલ્પ કાળમાં એ પરમાત્મા થાય છે. **'अचिरेण'** **'અલ્પ કાળમાં જ...'** એમ છે ને ? **'अचिरेण'** એમ છે. **'अचिरेण'** **'અલ્પ કાળમાં જ...'** ક્યાં આમાં ક્રમબદ્ધ રહ્યું ? અલ્પ કાળમાં પામે. એ તો એની સ્થિતિ બતાવે છે. (જેને) આવું હોય, કેવળ પામવાને લાંબો કાળ હોય નહિ. ક્રમબદ્ધ એમાં જ આવી જાય છે. આહા..હા...! એના ક્રમમાં આ અનુભવ કરે, એને ક્રમમાં કેવળજ્ઞાન લેવાને થોડી જ વાર હોય, એમ કહે છે. આહા..હા...!

**'અલ્પ કાળમાં જ સર્વ કર્મથી રહિત આત્માને પામે છે. આ સંવરનો પ્રકાર (રીત) છે.'** સંવર કરવાની આ રીત છે. બેય હાથ જોડે ને આ કરો ને એ રીત નથી, કહે છે. આ છોકરાઓ સંવર કરવા બેસે ને ! સામાયિક (કરે એટલે) પૈસા ચાર આના, આઠ આના, રૂપિયો કે કાંઈક આપે (એટલે) બધા ભેગા થાય. થઈ ગયો સંવર, ઓ..હો..હો...!

**'આ સંવરનો પ્રકાર...'** સંવર થવાની આ રીત અને પ્રકાર અને આ વિધિ, સંવર થવાની વિધિ છે. આહા..હા...! દુકાનનું કરીએ, નોકરનું કરીએ, બાયડીનું કરીએ અને સંવર કરીએ એવા બે ભાગ હશે ? જ્યાં સુધી પરનું કર્તાપણું માને છે, ભલે સ્ત્રી હોય કે એનો આત્મા હોય કે એનું શરીર (હોય) એનાથી ઠીક માને છે, આ ઠીક છે (એમ માને છે) ત્યાં સુધી મિથ્યાત્વ ભાવ છે.

મુમુક્ષુ :– આત્મા એક છે.

ઉત્તર :– એકલો આત્મા, એક જ આત્મા, એમાં બીજો કોઈ છે નહિ. આહા..હા...! ગૃહસ્થાશ્રમમાં ક્ષાયિક સમકિત પામે તોપણ મારા શુદ્ધ એક દર્શન-જ્ઞાનમય, અપૂર્ણ પણ નહિ, આહા..હા...! વિકાર તો નહિ, પર તો નહિ. સંપૂર્ણ જ્ઞાન-દર્શનમય ભગવાન, તેને પામે છે, લ્યો !

**ભાવાર્થ :– 'જે જીવ પ્રથમ તો રાગદ્વેષમોહ સાથે મળેલા મનવચનકાયાના શુભાશુભ યોગોથી...'** એમાં (–ટીકામાં) કહ્યું હતું ને ? **'રાગદ્વેષમોહ જેનું મૂળ છે એવા શુભાશુભ...'** શુભાશુભમાં આનું મૂળિયું, રાગ-દ્વેષ-મોહ છે, એમ કહે છે. આહા..હા...! **'પ્રથમ તો રાગદ્વેષમોહ સાથે મળેલા મનવચનકાયાના શુભાશુભ યોગોથી પોતાના આત્માને ભેદજ્ઞાનના બળ વડે...'** જુદા પાડવાના બળ વડે. આહા..હા...! **'ચળવા ન દે,...'** પરદ્રવ્ય અને પરદ્રવ્ય તરફના વલણનો રાગ, એનાથી ભેદજ્ઞાન કરતાં **'ચળવા ન દે,...'** આહા..હા...! જ્ઞાનનું ખેંચાણ જ્ઞાનમાં રહે. રાગ અને પરદ્રવ્યમાં જાય નહિ. આહા..હા...! આ સંવરની રીત છે.

**'પછી તેને શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મસ્વરૂપમાં નિશ્ચળ કરે...'** અંદર નિશ્ચળ કરે. ચળે નહિ, આમ સ્થિર થાય. આ..હા...! **'અને સમસ્ત બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત થઈ...'** નિર્ગ્રંથ લીધું છે ને ? (એટલે) મુનિ. આહા..હા...! મુનિ આવા હોય, એમ કહે છે.

**'શુદ્ધદર્શનજ્ઞાનમય...'** આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો, શુદ્ધ આત્માને અનુભવી. શુદ્ધ આત્માનો અનુભવ પ્રાપ્ત થતાં સમસ્ત પરદ્રવ્યથી અતિક્રાંત થયો થકો. પરદ્રવ્યથી છૂટી ગયો, એ તો આવી ગયું નહિ ? **'ચળવા ન દે'** એ ભાવાર્થમાં આવ્યું.

**'બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત થઈને કર્મ-નોકર્મથી ભિન્ન પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઈ તેને જ અનુભવ્યા કરે અર્થાત્ તેના જ ધ્યાનમાં રહે,...'** આહા..હા...! સમ્યગ્દર્શન એ ધ્યાનમાં જ પ્રાપ્ત થાય છે. વિકલ્પના વિચારમાં ન થાય. કેમકે વસ્તુ પોતે વીતરાગ સ્વરૂપ છે, એથી એને વીતરાગી પર્યાયનું ધ્યાન (થાય) એમાં જ ઈ મોક્ષ પ્રાપ્ત થાય. આહા..હા...! **'અનુભવ્યા કરે અર્થાત્ તેના જ ધ્યાનમાં રહે, તે જીવ આત્માને ધ્યાવવાથી...'** (અર્થાત્) આત્માનું ધ્યાન કરવાથી. આહા..હા...! **'દર્શનજ્ઞાનમય થયો થકો અને પરદ્રવ્યમયપણાને ઓળંગી ગયો...'** આહા..હા...! આત્મા સિવાયના જેટલા દ્રવ્યો, રાજપાટ, સ્ત્રી, છોકરા, કુટુંબ, દીકરી, દીકરા, પટારા, માલ એ બધાથી છૂટી ગયો. બધાથી જુદો જ છે. પણ ઇચ્છાથી જ્યાં છૂટી ગયો તો બધા પરદ્રવ્યથી છૂટી ગયો. આહા..હા...! જુઓ ! આ મુનિપણાની દશા ! આ..હા...! **'પરદ્રવ્યમયપણાને ઓળંગી ગયો થકો અલ્પ કાળમાં સમસ્ત કર્મથી મુક્ત થાય છે. આ સંવર થવાની રીત છે.'** લ્યો ! સંવર કેમ થાય ? કે, આમ થાય. આહા..હા..! એની રીતેય આકરી.

મુમુક્ષુ :– ભેદવિજ્ઞાનથી થાય.

ઉત્તર :– બધું તદ્દન જુદું છે. આ..હા..! ઇચ્છા અને પરદ્રવ્યથી ખાલી છો. તારા અનંત ગુણથી ભરેલો છો. આ બે વાત. ઇચ્છા માત્રથી અને પરદ્રવ્ય માત્રથી તું ખાલી છો. આહા..હા...! અને તારા અનંત ગુણોથી પૂર્ણ ભરેલો છો. ઓ..હો...! આવું આત્માનું માહાત્મ્ય કેમ આવે ? આખો દિ' ગૂંચવણમાં પડ્યો (હોય). આ વિના એને જન્મ-મરણના અંત ન આવે, ભવભ્રમણ ન મટે. આ..હા...! શુદ્ધ દર્શનજ્ઞાનમય આત્માને પરદ્રવ્યથી ભિન્ન ચેતતો, અનુભવતો, ધ્યાતો સ્થિર થઈને અલ્પ કાળમાં પૂર્ણ પરમાત્માને પામે છે. અલ્પ કાળમાં જેવો આત્મા છે એવો પામે છે. આહા..હા...! પંચમ આરાના મુનિ પણ આમ કહે છે. ગાથા એવી છે ને ! એમ કહેતા નથી કે, અત્યારે મોક્ષ નથી. આમ કરતાં કરતાં મોક્ષ થાય ઈ છે.

આ તો (કેટલાક) એમ કહે કે, અત્યારે શુભઉપયોગ જ છે. અર..ર...! એટલે અધર્મ જ છે. આહા..હા...! શુભ ઉપયોગ છે એ પુણ્ય છે અને પુણ્યના અભિલાષી છે એ ભોગના અભિલાષી છે. આ..હા...! જેને શુભભાવ – પુણ્ય વ્હાલું લાગે છે, એના ફળ તરીકે વિષય મળે, તેના ભોગવવાના એ કામી છે. આહા..હા...! શુભભાવ પુણ્ય છે એ ભોગનું કારણ છે. હવે ઈ કહે છે, પુણ્ય છે ઈ ભોગનું કારણ છે, એ અત્યારે મળે. આહા..હા...! દુનિયા આંધળી પણ ચાલે છે ને !

મુમુક્ષુ :– શુભ ભાવમાં આત્માની અભિલાષા રાખે છે.

ઉત્તર :- (શુદ્ધભાવમાં) એકલી આત્માની (અભિલાષા) છે, શુદ્ધ આત્મા. અભિલાષા એટલે એની તરફ વલણ, એકાગ્રતા. અભિલાષા એટલે ઇચ્છા એમ નહિ.

મુમુક્ષુ :- શુભભાવમાં (આચરણ) કરે ને આત્માની અભિલાષા..

ઉત્તર :- નહિ, નહિ. શુદ્ધ, શુદ્ધ. શુદ્ધ ભાવની અભિલાષા કરે. શુભને તો સંસાર... સંસાર... સંસાર (કીધું છે). અરે...! પુણ્યને તો ત્યાં સુધી કીધું છે, જે કોઈ પુણ્ય કરે એને વિષયના ભોગની ઇચ્છા છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં (છે). 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં (આવે છે). જે કોઈ પ્રેમથી શુભભાવને કરે છે, ભોગ જેના ફળ, એની (એને) અભિલાષા છે. આહા.હા...! અભવી માટે પણ આવ્યું ને ? 'ભોગનિમિત્તમ્' 'બંધ અધિકાર', બીજે ઠેકાણે છે. આ.હા...! શુભભાવ એ પુણ્ય છે અને તેના ફળ તરીકે બંધ છે અને એના ફળ તરીકે વિષયો મળે. એટલે પુણ્યના પ્રેમીઓ વિષયના ભોગવવાના પ્રેમી છે. આહા..હા...! પુણ્ય તો જ્ઞાનીને ય આવે પણ પ્રેમ નથી. આહા..હા...! રુચિ અને સુખબુદ્ધિ નથી. અજ્ઞાનીને તો એમાં સુખબુદ્ધિ છે. આહા..હા...! બે-ત્રણ ઠેકાણે આવશે. શુભભાવ ભોગનું કારણ છે, શુભભાવના ફળમાં એને ભોગ મળે છે. ઘણે ઠેકાણે શુભભાવનું (આવે છે). આ..હા...!

## શ્લોક-૧૨૮

(मालिनी)

निजमहिमरतानां भेदविज्ञानशक्त्या
भवति नियतमेषां शुद्धतत्त्वोपलम्भः।
अचलितमखिलान्यद्रव्यदूरेस्थितानां
भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः।।१२८।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

**શ્લોકાર્થ :-** (भेदविज्ञानशक्त्या निजमहिमरतानां एषां) જેઓ ભેદવિજ્ઞાનની શક્તિ વડે નિજ (સ્વરૂપના) મહિમામાં લીન રહે છે તેમને (नियतम्) નિયમથી (ચોક્કસ) (शुद्धतत्त्वोपलम्भः) શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ (भवति) થાય છે; (तस्मिन् सति च) શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થતાં, (अचलितम् अखिल-अन्यद्रव्य-दूरे-स्थितानां) અચલિતપણે સમસ્ત અન્યદ્રવ્યોથી દૂર વર્તતા એવા તેમને, (अक्षयः कर्ममोक्षः भवति) અક્ષય કર્મમોક્ષ થાય છે (અર્થાત્ ફરીને કદી કર્મબંધ ન થાય એવો કર્મથી છુટકારો થાય છે). ૧૨૮.

## શ્લોક ૧૨૮ ઉપર પ્રવચન

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'** શ્લો. ૧૨૮ (કળશ).

**निजमहिमरतानां भेदविज्ञानशक्त्या**
**भवति नियतमेषां शुद्धतत्त्वोपलम्भः ।**
**अचलितमखिलान्यद्रव्यदूरेस्थितानां**
**भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः ।।१२८।।**

આહા..હા..! **'જેઓ ભેદવિજ્ઞાનની શક્તિ વડે...'** એટલે શું ? દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ જે થાય છે, એ રાગથી પણ ભિન્ન પડીને. આહા..હા...! **'ભેદવિજ્ઞાનની શક્તિ વડે...'** એમ કીધું ને ? કે રાગની શક્તિ વડે ? આ..હા...! રાગથી પણ ભિન્ન પાડીને ભેદજ્ઞાનની શક્તિ વડે. આહા..હા...! શુભરાગની સહાયથી કે મદદથી (એમ નથી કહ્યું). આહા..હા...! દિગંબર મુનિના વચનો આકરા છે. એકદમ પૂર્ણાનંદનો નાથ છે અને રાગાદિ બધી ચીજો તો કૃત્રિમ છે. આહા..હા...! અકૃત્રિમ એવો ભગવાન શુદ્ધ દર્શન-જ્ઞાનમય, એનું ધ્યાન કર, એને ધ્યાનમાં લે. આહા..હા...! એને લક્ષમાં લે. આ..હા...! એને જ્ઞેય બનાવ, એને દૃષ્ટા થઈને દૃશ્ય બનાવ. આ..હા...! પૂર્ણ સ્વરૂપ તે દૃષ્ટા છે, તે જ્ઞાન છે. એમ જ્ઞાન અને દર્શન પર્યાયમાં બનાવ. આહા..હા...!

**'भेदविज्ञानशक्त्या निजमहिमरतानां' 'ભેદવિજ્ઞાનની શક્તિ વડે નિજ (સ્વરૂપના) મહિમામાં લીન રહે છે...'** આ..હા...! સમકિતી ધર્મમાં લીન રહે છે. રાગથી ભિન્ન પડેલું જ્ઞાન, એ જ્ઞાનમાં લીન રહે છે. આહા..હા...! રાગ આવે પણ તેમાં એકાગ્ર થતો નથી તેમ તેમાં પોતાનું સ્વરૂપ છે એમ માનતો નથી. ભેદવિજ્ઞાનના બળથી. આહા..હા...! નિજ સ્વરૂપના મહિમામાં લીન રહે છે. રાગથી આમ ભેદ પાડ્યો પણ પાછું નિજ સ્વરૂપમાં લીન રહે છે, એમ. ભેદજ્ઞાનના બળથી ઇચ્છા માત્રથી જુદો પડી અને નિજ સ્વરૂપમાં લીન રહે છે. આહા..હા...! સમજાણું ? નિજ સ્વરૂપમાં લીન રહે છે, એમ કહે છે.

**'તેમને નિયમથી (ચોક્કસ)...' 'शुद्धतत्त्वोपलम्भः' 'શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થાય છે...'** નિયમથી થાય, નિશ્ચયથી થાય. ભેદવિજ્ઞાનની શક્તિથી **'निजमहिमरतानां'** પોતાના સ્વરૂપની મહિમામાં લીન. આ..હા...! સ્વરૂપની મહિમામાં લીન (રહે છે). **'તેમને નિયમથી (ચોક્કસ)...'** શુદ્ધ તત્ત્વનો અનુભવ એટલે શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ થાય છે, એને શુદ્ધ તત્ત્વ પ્રાપ્ત થાય છે. આહા..હા...! શુદ્ધ તત્ત્વનો અનુભવ થાય છે.

**'तस्मिन् सति'** **'શુદ્ધ તત્ત્વનો...'** અનુભવ થતાં. **'तस्मिन्'** થતાં. આત્માનો રાગથી ભિન્ન અનુભવ થતાં. શુદ્ધ દર્શન-જ્ઞાનરૂપનો અનુભવ થતાં. **'અચલિતપણે સમસ્ત અન્ય દ્રવ્યોથી દૂર...'** આહા..હા...! ચળે નહિ એ રીતે. સમસ્ત અન્ય દ્રવ્યોમાં બધું આવી ગયું. દેવ-ગુરુ-શાસ્ત્ર, મંદિર, મૂર્તિ (બધું આવી ગયું). રાગ તો ક્યાંય રહી ગયો. આ તો બધું બહાર, બહાર.

**'સમસ્ત અન્યદ્રવ્યોથી દૂર વર્તતા એવા તેમને,...'** આ..હા...! **'अक्षयः कर्ममोक्षः भवति'** આ..હા..હા...! **'અક્ષય કર્મમોક્ષ થાય છે...'** એટલે ? **'(ફરીને કદી કર્મબંધ ન થાય એવો કર્મથી છૂટકારો થાય છે).'** આ..હા...! જુઓ ભાષા ! ઇચ્છાથી અને પરદ્રવ્યથી આત્માને ભિન્ન પાડી અને ભિન્ન આત્માનો જે અનુભવ કરે, એમાં સ્થિર થાય, એમાં જમવટ થાય તો તેને અલ્પ કાળમાં મુક્તિ થાય. એમ નથી કીધું કે, એવું થઈને વચ્ચે પડી જશે, ફલાણું થશે. આ..હા...! આ તો વીરાના કામ છે. કાયરના કામ નથી. બચાવ કરવો કે આનાથી થાય ને આનાથી થાય. આ..હા...!

**'અક્ષય કર્મમોક્ષ થાય છે (અર્થાત્ ફરીને કદી કર્મબંધ ન થાય...)'** એવો મોક્ષ થાય છે. કર્મનો ક્ષય થયો એ થયો. આહા..હા...! **'(એવો કર્મથી છૂટકારો થાય છે).'** એને કોઈ જાતનું પછી કર્મ રહેતું નથી. આ..હા...!

**અંદર ભગવાન આત્મામાં બે પ્રકાર છે; એક ત્રિકાળી ધ્રુવ ને એક વર્તમાન પર્યાય. આ સિવાયની બીજી કોઈ વસ્તુ એમાં છે જ નહિ. સ્ત્રી-પુત્ર, કુટુંબ એ તો બધાં પર છે, તે તેને કારણે આવ્યા છે, તેના કારણે રહે છે, તારામાં નથી ને તારા નથી; અંદર હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગ, વાસનાના અશુભભાવ એ તારા નથી, તારામાં નથી અને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, જાત્રા, ભગવાનના સ્મરણના ભાવ એ પણ પુણ્યભાવ છે એ પણ તારી વસ્તુમાં નથી પણ અહીં તો કહે છે કે ક્ષણિક નિર્મળ પર્યાય પણ તારી વસ્તુમાં નથી. જ્યાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે ત્યાં અંદરમાં જાને ! પર્યાય ક્ષણિકને ત્યાં લઈ જાને ! ક્ષણિક પર્યાય ઉપર નજર ન કર. આહાહા ! શું અદ્ભુત વાત કરી છે !**

– પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ જૂન-૨૦૦૨

# ગાથા-૧૯૦-૧૯૨

केन क्रमेण संवरो भवतीति चेत् -

तेसिं हेदू भणिदा अज्झवसाणाणि सव्वदरिसीहिं।
मिच्छत्तं अण्णाणं अविरयभावो य जोगो य।।१९०।।
हेदुअभावे णियमा जायदि णाणिस्स आसवणिरोहो।
आसवभावेण विणा जायदि कम्मस्स वि णिरोहो।।१९१।।
कम्मस्साभावेण य णोकम्माणं पि जायदि णिरोहो।
णोकम्मणिरोहेण य संसारणिरोहणं होदि।।१९२।।

तेषां हेतवो भणिता अध्यवसानानि सर्वदर्शिभिः।
मिथ्यात्वमज्ञानमविरतभावश्च योगश्च।।१९०।।
हेत्वभावे नियमाज्जायते ज्ञानिन आस्त्रवनिरोधः।
आस्त्रवभावेन विना जायते कर्मणोऽपि निरोधः।।१९१।।
कर्मणोऽभावेन च नोकर्मणामपि जायते निरोधः।
नोकर्मनिरोधेन च संसारनिरोधनं भवति।।१९२।।

---

सन्ति तावज्जीवस्य आत्मकर्मैकत्वाध्यासमूलानि मिथ्यात्वाज्ञानाविरतियोगलक्षणानि अध्यवसानानि। तानि रागद्वेषमोहलक्षणस्यास्त्रवभावस्य हेतवः। आस्त्रवभावः कर्महेतुः। कर्म नोकर्महेतुः। नोकर्म संसारहेतुः इति। ततो नित्यमेवायमात्मा आत्मकर्मणोरेकत्वाध्यासेन मिथ्यात्वाज्ञानाविरतियोगमयमात्मानमध्यवस्यति। ततो रागद्वेषमोहरूपमास्त्रवभावं भावयति। ततः कर्म आस्त्रवति। ततो नोकर्म भवति। ततः संसारः प्रभवति। यदा तु आत्मकर्मणोर्भेदविज्ञानेन शुद्धचैतन्यचमत्कारमात्रमात्मानं उपलभते तथा मिथ्यात्वाज्ञानाविरतियोगलक्षणानां अध्यवसानानां आस्त्रवभावहेतूनां भवत्यभावः। तदभावे रागद्वेषमोहरूपास्त्रवभावस्य भवत्यभावः। तदभावे भवति कर्माभावः। तदभावेऽपि भवति नोकर्माभावः। तदभावेऽपि भवति संसाराभावः। इत्येष संवरक्रमः।

હવે પૂછે છે કે સંવર ક્યા ક્રમે થાય છે ? તેનો ઉત્તર કહે છે :–

રાગાદિના હેતુ કહે સર્વજ્ઞ અધ્યવસાનને,
–મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ તેમ જ યોગને. ૧૯૦.
હેતુઅભાવે જરૂર આસ્રવરોધ જ્ઞાનીને બને,
આસ્રવભાવ વિના વળી નિરોધ કર્મ તણો બને; ૧૯૧.
કર્મોતણા ય અભાવથી નોકર્મનું રોધન અને
નોકર્મના રોધન થકી સંસારસંરોધન બને. ૧૯૨.

ગાથાર્થ :– (तेषां) તેમના (પૂર્વે કહેલા રાગદ્વેષમોહરૂપ આસ્રવોના) (हेतवः) હેતુઓ (सर्वदर्शिभिः) સર્વદર્શીઓએ (मिथ्यात्वम्) મિથ્યાત્વ, (अज्ञानम्) અજ્ઞાન, (अविरतभावः च) અવિરતભાવ (योगः च) અને યોગ – (अध्यवसानानि) એ (ચાર) અધ્યવસાન (भणिताः) કહ્યા છે. (ज्ञानिनः) જ્ઞાનીને (हेत्वभावे) હેતુઓના અભાવે (नियमात्) નિયમથી (आस्रवनिरोधः) આસ્રવનો નિરોધ (जायते) થાય છે, (आस्रवभावेन विना) આસ્રવભાવ વિના (कर्मणः अपि) કર્મનો પણ (निरोधः) નિરોધ (जायते) થાય છે, (च) વળી (कर्मणः अभावेन) કર્મના અભાવથી (नोकर्मणाम् अपि) નોકર્મોનો પણ (निरोधः) નિરોધ (जायते) થાય છે, (च) અને (नोकर्मनिरोधेन) નોકર્મના નિરોધથી (संसारनिरोधनं) સંસારનો નિરોધ (भवति) થાય છે.

ટીકા :– પ્રથમ તો જીવને, આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ (અભિપ્રાય) જેમનું મૂળ છે એવાં મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે, તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે; આસ્રવભાવ કર્મનું કારણ છે; કર્મ નોકર્મનું કારણ છે; અને નોકર્મ સંસારનું કારણ છે. માટે – સદાય આ આત્મા, આત્મા ને કર્મના એકપણાના અધ્યાસથી મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગમય આત્માને માને છે (અર્થાત્ મિથ્યાત્વાદિ અધ્યવસાન કરે છે); તેથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે, તેથી કર્મ આસ્રવે છે; તેથી નોકર્મ થાય છે; અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે. પરંતુ જ્યારે (તે આત્મા), આત્મા ને કર્મના ભેદવિજ્ઞાન વડે શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ઉપલબ્ધ કરે છે – અનુભવે છે ત્યારે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો કે જે આસ્રવભાવનાં કારણો છે તેમનો અભાવ થાય છે; અધ્યવસાનોનો અભાવ થતાં રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવનો અભાવ થાય છે; આસ્રવભાવનો અભાવ થતાં કર્મનો અભાવ થાય છે; કર્મનો અભાવ થતાં નોકર્મનો અભાવ થાય છે; અને નોકર્મનો અભાવ થતાં સંસારનો અભાવ થાય છે. આ પ્રમાણે આ સંવરનો ક્રમ છે.

ભાવાર્થ :– જીવને જ્યાં સુધી આત્મા ને કર્મના એકપણાનો આશય છે – ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો વર્તે છે,

**અધ્યવસાનથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ થાય છે, આસ્રવભાવથી કર્મ બંધાય છે, કર્મથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થાય છે અને નોકર્મથી સંસાર છે. પરંતુ જ્યારે તેને આત્મા ને કર્મનું ભેદવિજ્ઞાન થાય છે ત્યારે શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થવાથી મિથ્યાત્વાદિ અધ્યવસાનોનો અભાવ થાય છે, અધ્યવસાનના અભાવથી રાગદ્વેષમોહરૂપ આસ્રવનો અભાવ થાય છે આસ્રવના અભાવથી કર્મ બંધાતાં નથી, કર્મના અભાવથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થતાં નથી અને નોકર્મના અભાવથી સંસારનો અભાવ થાય છે. – આ પ્રમાણે સંવરનો અનુક્રમ જાણવો.**

---

## ગાથા ૧૯૦ થી ૧૯૨ ઉપર પ્રવચન

---

**'હવે પૂછે છે કે સંવર કયા ક્રમે થાય છે ?'** પહેલાં કઈ રીતે થાય એમ હતું. હવે એનો ક્રમ શું છે ? (એમ પૂછે છે). પહેલો, પછી ક્રમ પણ છે કે નહિ એને ? એ પૂછે છે. પહેલામાં તો સંવરની પામવાની પદ્ધતિ શું છે ? (એમ પૂછ્યું હતું). આમાં કહે (છે) કે, સંવરનો કર્મ શું છે ? આહા..હા...! ગાથા.

**तेसिं हेदू भणिदा अज्झवसाणाणि सव्वदरिसीहिं।**
**मिच्छत्तं अण्णाणं अविरयभावो य जोगो य।।१९०।।**
**हेदुअभावे णियमा जायदि णाणिस्स आसवणिरोहो।**
**आसवभावेण विणा जायदि कम्मस्स वि णिरोहो।।१९१।।**
**कम्मस्साभावेण य णोकम्माणं पि जायदि णिरोहो।**
**णोकम्मणिरोहेण य संसारणिरोहणं होदि।।१९२।।**

લ્યો, આ ક્રમ.

**રાગાદિના હેતુ કહે સર્વજ્ઞ અધ્યવસાનને,**
**–મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ તેમ જ યોગને. ૧૯૦.**
**હેતુઅભાવે જરૂર આસ્રવરોધ જ્ઞાનીને બને,**
**આસ્રવભાવ વિના વળી નિરોધ કર્મ તણો બને; ૧૯૧.**
**કર્મો તણા ય અભાવથી નોકર્મનું રોધન અને**
**નોકર્મના રોધન થકી સંસારસંરોધન બને. ૧૯૨.**

ક્રમ આગળ આવશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૬૫ ગાથા–૧૯૦-૧૯૨, ગુરુવાર, અષાઢ સુદ ૪, તા. ૨૮-૦૬-૧૯૭૯

('સમયસાર', ૧૯૦-૧૯૨ ગાથા). **'પ્રથમ તો જીવને,...'** પહેલી ગાથામાં એમ આવી ગયું કે, રાગ-દ્વેષ ને મોહ એ શુભાશુભ ભાવનું મૂળ છે. એમ પહેલા આવી ગયું. પહેલી ગાથા (આવી ગઈ). માટે એનાથી એકત્વ છોડીને સ્વરૂપમાં સ્થિર થવું. અહીં કહે છે કે, **'પ્રથમ તો જીવને,..'** ક્રમ પૂછે છે ને ? સંવરનો ક્રમ કેમ થાય ? ધર્મનો ક્રમ શી રીતે થાય ? પહેલું શું થાય ? અને પછી શું થાય ?

**'જીવને, આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ...'** આત્મા અને કર્મ, રાગાદિ, એનાથી એકત્વનો અધ્યાસ **'(અભિપ્રાય) જેમનું મૂળ છે...'** પહેલામાં એમ કહ્યું હતું કે, રાગ-દ્વેષ-મોહ, જેનું મૂળ છે એવા શુભાશુભ ભાવ, એનો ભેદજ્ઞાન દ્વારા અભાવ કરવો. અહીં કહ્યું કે, **'આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ...'** રાગાદિ પરિણામ અને સ્વભાવ બેય એક છે, એવો જે અધ્યવસાય છે તે મિથ્યાત્વ છે. આહા..હા...! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હો પણ એ પરિણામ રાગ છે અને એની સાથે એકત્વબુદ્ધિ – અધ્યવસાય તે મિથ્યાત્વ છે.

**'એકપણાનો અધ્યાસ (અભિપ્રાય) જેમનું મૂળ છે...'** જેમનું એટલે ? **'મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો...'** મિથ્યાત્વથી એકત્વબુદ્ધિ, અવિરતિ, પ્રમાદ, કષાયથી એકત્વબુદ્ધિ. આહા..હા...! ક્રમ કહ્યો, ક્રમ. ક્રમ પૂછ્યો છે ને ? સંવર ક્યા ક્રમે થાય ? ઝીણી વાત છે, ભાઈ ! પહેલો બાહ્ય ત્યાગ કરે, નિવૃત્તિ લ્યે તો થાય એમ નથી લીધું. પણ પ્રથમ આત્મા અને કર્મ, જે પરવસ્તુ છે એની સાથે એકત્વબુદ્ધિનો અભિપ્રાય જેમનું મૂળ છે. એ અધ્યવસાય જેમનું મૂળ છે. **'એવાં મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે,...'** આ..હા...! આત્મા અને કર્મ બેની એકતાબુદ્ધિ, એવો જે મૂળ ભાવ, એ મૂળમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ એકત્વબુદ્ધિ છે, એમાં એકત્વબુદ્ધિ થાય છે. આહા..હા...! કર્મના એકપણાના અધ્યાસથી એને મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય સાથે એકત્વબુદ્ધિ થાય છે. મિથ્યાત્વને લઈને, કર્મને લઈને નહિ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ !

**'તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;...'** આહા..હા...! કર્મ અને આત્માને એટલે બીજી ચીજની સાથે, રાગ સાથે એકત્વબુદ્ધિ એ કર્મ સાથે એકત્વબુદ્ધિ (છે), એ એકત્વબુદ્ધિના કારણે, અભિપ્રાયથી જેના રાગ-દ્વેષ અને મોહ, એ આસ્રવભાવનાં કારણ છે. આ..હા...! આ **'અધ્યવસાનો વિદ્યમાન છે,...'** તે જ આસ્રવના કારણ છે. આસ્રવભાવ કર્મનું

કારણ છે. નિમિત્ત નાખે છે. આસ્રવભાવ જે છે એ કર્મનું કારણ છે. એનાથી કર્મ બંધાય છે. ઝીણું છે, ઝીણું.

જેને સ્વ-આત્મા અને પર રાગાદિ, બેનો જેને એકત્વનો અધ્યવસાય છે, તે જેનું મૂળ છે એમાંથી મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ પ્રવર્તે છે. સમજાણું કાંઈ ? અને એનાથી એ **'આસ્રવભાવનાં કારણો છે;...'** એ રાગ-દ્વેષ-મોહ આસ્રવ નવા આવરણનું કારણ છે. આ..હા...! આમાં યોગ પણ લીધો છે. શુભાશુભ યોગ. છે ને ? મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, યોગ. એ અધ્યવસાન એકત્વબુદ્ધિ વિદ્યમાન છે. **'તેઓ રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવનાં કારણ છે;...'** એનાથી એને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. ઝીણું બહુ. બાહ્યમાં જાત્રા કરો, ભક્તિ કરો (એટલે) ધર્મ થઈ જાય એમ માને. એમ નથી.

મુમુક્ષુ :– 'પાલીતાણા'ની જાત્રા કરે તો..

ઉત્તર :– 'પાલીતાણા' શું 'સમેદશીખર'ની લાખ વાર જાત્રા કરે ને. એ શુભરાગ છે. અને એનાથી લાભ થાય એ માન્યતા મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :– જાત્રા તો આપે પણ કરી હતી.

ઉત્તર :– હા, તો શુભભાવ હોય તો આવે છે પણ છે હેય. ત્રણ વાર હિન્દુસ્તાનમાં ફર્યા છીએ. ઘણી જાત્રાઓ કરી. એ તો શુભભાવ છે. હેય છે પણ આવ્યા વિના રહેતો નથી. આ..હા...!

અહીં તો બેમાં ફેર શું પાડ્યો ? પહેલામાં એમ કહ્યું હતું કે, રાગ-દ્વેષ-મોહ જેનું મૂળ છે એવા જે યોગો. એમ કહ્યું હતું. એ યોગ છે તે આસ્રવ છે અને એને લઈને બંધન છે અને એને લઈને સંસાર છે. અહીં કહે છે, રાગ-દ્વેષ અને મોહ એ આસ્રવભાવના કારણો કેમ ઉત્પન્ન થયા ? કે, આત્મા અને કર્મના એકપણાના અધ્યવસાયથી. મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, યોગસ્વરૂપ અધ્યવસાનો ઉત્પન્ન થયા. આહા..હા...! શુભ ભાવ આવે, મહાવ્રતના પરિણામ પણ મુનિને આવે, પણ છે હેય. બંધનું કારણ છે. ધર્મ નહિ અને ધર્મનું કારણેય નહિ. બંધ છે અને બંધનું કારણ છે.

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્યદેવ' તો મહાવિદેહની જાત્રાએ ગયા હતા.

ઉત્તર :– ગયા હતા. ઈ તો કીધું, શુભભાવ હોય તો જાય. શુભભાવ આવે તો જાય છે. ભગવાન પાસે ભગવાનની વાણી સાંભળી. આઠ દિ' રહ્યા. ઈ પરદ્રવ્ય તરફનું જેટલું લક્ષ છે તેટલો શુભરાગ છે. આ..હા...! સ્વદ્રવ્યનો અંતરમાં જેટલો આશ્રય લે તેટલો ધર્મ થાય. બેને બે ચાર જેવી વાત છે. જેટલું આત્મા સિવાય પરદ્રવ્યનું અવલંબન (લ્યે તેટલો અધર્મ છે). સ્ત્રી, કુટુંબ, પરિવારનું અવલંબન તો અશુભભાવ (છે). દેવ-ગુરુ-શાસ્ત્ર, મંદિરનું અવલંબન તો શુભભાવ (છે). બેય બંધના કારણ છે. આ..હા...! અશુભથી બચવા શુભભાવ આવે. અશુભ વંચનાર્થમ્. છે તો બંધ. આહા..હા...!

**‘આસ્રવભાવ કર્મનું કારણ છે;...’** લ્યો ! જે કંઈ આસ્રવભાવ છે એ નવા કર્મનું કારણ છે. આહા..હા...! **‘કર્મ નોકર્મનું કારણ છે;...’** કર્મ છે એ શરીર પ્રાપ્ત થાય તેનું કારણ છે. આ..હા...! ક્રમ મૂક્યો ક્રમ. આહા..હા...! આ તો ભઈ, શાંતિથી, ધીરજથી વિચારે ને મનન કરે ત્યારે સમજાય એવી વાત છે. આ..હા...! આ તો અધ્યાત્મભાષા (છે), દિગંબર સંતોની ઊંડાણની (વાતો છે). આ..હા...!

રાગ-દ્વેષ અને મોહ જેનું મૂળ છે એવા શુભાશુભ યોગ એમ કીધું હતું. આહા..હા...! અને એ શુભાશુભ યોગની એકત્વબુદ્ધિ મિથ્યાત્વ છે. આ..હા..હા...! અહીં એ જ કહ્યું, બીજી રીતે કહ્યું કે, **‘આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ...’** શુભાશુભ ભાવનું મૂળ રાગ-દ્વેષ-મોહ છે એમાં એકત્વબુદ્ધિ હતી. આહા..હા...! ધીરાનું કામ છે. વીતરાગનો ધર્મ અલૌકિક છે. આહા..હા...! લોકો તો બહારથી માની બેઠા એટલે આ લોકોને રુચે નહિ. લાખ, બે લાખ ખર્ચે, જાત્રા કાઢે, રથ–ગજરથ કાઢે, લાખો માણસ ભેગા થાય એટલે જાણે ધર્મ થઈ ગયો. ધર્મ એમાં નથી, એ રીતે ધર્મ નથી.

અહીં તો કર્મ રોકે, ઈ આસ્રવભાવના કારણને રોકે તો કર્મનું કારણ છે તો કર્મ ન થાય. આસ્રવભાવ સેવે છે તો એ કર્મનું કારણ છે. આસ્રવભાવ સેવે છે એ ન સેવે તો એને કર્મબંધન ન થાય, એમ કહ્યું છે. શુભ-અશુભ ભાવ બેય આસ્રવના કારણ છે અને ઈ કર્મના કારણ છે. એનાથી કર્મ બંધાય છે. છે કે નહિ એમાં ? આ..હા...!

**‘કર્મ નોકર્મનું કારણ છે;...’** કર્મ છે એ શરીરનું કારણ છે. કર્મથી શરીર મળશે. **‘નોકર્મ સંસારનું કારણ છે.’** શરીર એ સંસારનું કારણ છે. જોયું ? નિમિત્ત-નિમિત્ત સંબંધ લીધો. નહિતર સંસારનું મૂળ કારણ મિથ્યાત્વ છે. આ..હા...! પણ અહીં તો કર્મમાં એને ઉપાડીને નિમિત્ત-નિમિત્ત સંબધ બતાડવો છે. નોકર્મ એટલે શરીર સંસારનું કારણ છે. **‘માટે સદાય આ આત્મા, આત્મા ને કર્મના એકપણાના અધ્યસાથી...’** જોયું ? **‘આત્મા ને કર્મના એકપણાના અધ્યાસથી મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગમય આત્માને માને છે...’** જોયું ? આ..હા...! મિથ્યાત્વને, અજ્ઞાનને, અવિરતિને અને કષાયને, શુભાદિ જોગને એકપણાના અભ્યાસથી આત્માને માને છે. આહા..હા...! એ આત્મા નથી, શુભજોગ એ આત્મા નથી, છતાં એ આત્માના છે એમ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...!

આસ્રવભાવ કર્મનું કારણ, કર્મ નોકર્મનું કારણ. જુઓ ! અહીં એકબીજાના નિમિત્ત કારણ આપ્યા, હોં ! નિમિત્તકારણ. **‘અને નોકર્મ સંસારનું કારણ...’** શરીર છે, આ પાંચ ઇન્દ્રિયોનો વિષય સેવશે અને એને કારણે સંસાર છે. આહા..હા...! **‘માટે – સદાય આ આત્મા, આત્મા ને કર્મના એકપણાના અધ્યાસથી...’** આત્મા અને કર્મના એક(પણાની) બુદ્ધિના અધ્યવસાયથી **‘મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગમય આત્માને માને છે...’** અનાદિથી સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એને એ જાણતો નથી. આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ પ્રભુ છે. એકલો

જ્ઞાનઘન છે. એને એ માનતો નથી. તેથી અનાદિથી આ યોગમય આદિને પોતાના માને છે. સ્વરૂપને માનતો નથી. તેથી મિથ્યા ભ્રમ ઉત્પન્ન થાય એને આત્મા માને. કષાયનો ભાવ શુભ થાય, અશુભ થાય એ આત્મામાં છે માટે આત્માના છે એમ માને. આહા..હા...! આત્મામાં પરિણામ ઉત્પન્ન થાય છે ને ? માટે આત્માના છે એમ માને. એ મિથ્યાત્વ છે. આહા..હા...!

**'(અર્થાત્ મિથ્યાત્વાદિ અધ્યવસાન કરે છે);...'** એકત્વબુદ્ધિથી, આત્મા અને કર્મોના એકપણાથી. **'તેથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે,...'** આહા..હા...! જેને પોતાનો માને તેની ભાવના કર્યા કરે. આહા..હા...! એ રાગાદિ શુભ હોય એ પોતાના માને તો એની ભાવના જ કર્યા કરે (કે), એ થાઓ ને વધો. આ..હા..હા..! આસ્રવરહિત ચૈતન્ય સ્વરૂપ છે એની દૃષ્ટિ નથી. એની દૃષ્ટિ નથી તો એની ભાવના એને ન હોય. આહા..હા...! રાગથી જુદું પડ્યું એવું તત્ત્વ, એનું ભાન થતાં ધર્મીને ધર્મની ભાવના હોય છે, શુદ્ધ પરિણામની ભાવના હોય છે. આહા..હા...! અજ્ઞાનીને શુભભાવ જ દેખાણો છે, આત્મા દેખાણો નથી. એથી શુભભાવને પોતાના માને એને વૃદ્ધિ કરવાની ભાવના હોય, એની ભાવના ભાવે. આહા..હા...!

**'તેથી કર્મ...'** આવે છે. લ્યો ! રાગ-દ્વેષ ને મોહને પોતાના માનીને ભાવના ભાવે તેથી નવું કર્મ આવે. **'તેથી નોકર્મ થાય છે;...'** કર્મથી નોકર્મ – શરીર મળે. કર્મથી કાંઈ આત્મા મળે ? આહા..હા...! કર્મથી શરીર મળે. આ..હા..! **'અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે.'** શરીર મળે એનાથી સંસાર ઉત્પન્ન થાય. પાંચ ઇન્દ્રિયના વિષયો અને એ બધા શરીર છે એના તરફ વલણ જતાં બધા ભાવો વિકારમય, સંસારમય ભાવ થાય. આહા..હા...! છે ? **'તેથી સંસાર ઉત્પન્ન થાય છે.'** અહીં કર્મને સંસારનું કારણ કહ્યું. એક કોર કર્મ જડ છે, સંસાર એ મિથ્યાત્વ, અજ્ઞાન પરિણામ છે પણ અહીં અરસપરસ નિમિત્ત-નિમિત્ત સંબંધ સિદ્ધ કર્યો. આહા..હા...!

આસ્રવના અભિપ્રાય છે, એ આસ્રવને ભાવે છે તેથી તેને નવા કર્મ બંધાય છે. કર્મ બંધાય એ નોકર્મ – શરીરનું કારણ છે અને શરીર તે સંસારનું કારણ (છે). એક બાજુ એમ કહે કે, મિથ્યાત્વ જ સંસારનું કારણ છે. આવે છે કે નહિ ? આવી ગયું. મિથ્યાત્વ એ જ આસ્રવ છે અને એ જ સંસારનું કારણ છે. આહા..હા...!

**'પરંતુ જ્યારે (તે આત્મા),...'** આ તો સંસારનો ક્રમ પડ્યો. જે આત્મા અને બીજી ચીજ કર્મ, એની સાથે એકત્વબુદ્ધિથી ઉત્પન્ન થતા મિથ્યાત્વ, અવ્રત, કષાયના અધ્યવસાય એનાથી રાગ-દ્વેષ-મોહ થાય, એ આસ્રવના કારણ છે અને એ આસ્રવ કર્મનું કારણ છે. કર્મ શરીરનું કારણ છે, શરીર સંસારનું કારણ છે. આહા..હા...! કહો, અહીં શરીર તે સંસારનું કારણ છે. એક ઠેકાણે એમ કહે કે, કર્મને અને આત્માને કાંઈ સંબંધ નથી. તારા પર્યાયમાં

તારાથી મિથ્યાત્વ થાય છે એ સંસાર છે. અહીં તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવો છે. આમ અનાદિથી ચાલ્યું આવે છે, એમ. આહા..હા...!

**'પરંતુ...'** આ પ્રમાણે થાય છે. હવે સંવર કરવાનો ક્રમ બતાવે છે. **'જ્યારે (તે આત્મા), આત્મા ને કર્મના ભેદવિજ્ઞાન વડે...'** હવે સંવર કરવાની રીત કહે છે. ઓલી આસ્રવની રીત હતી. આહા..હા...! આખો દિ' ધંધા કરે (પછી) બે ઘડી દેરાસર જાય, અપાસરે જઈને બેસે એટલે જાણે ધર્મ થઈ ગયો, એમ. કાંઈક આપણે ધર્મ કર્યો. એ મિથ્યાત્વને પોશે છે. શુભભાવ હોય એને ધર્મ માને છે એ મિથ્યાત્વને પોશે છે. આહા..હા..! આ રીતે અનાદિથી સંસાર પ્રવર્તે છે, એમ કહે છે. રઝળે છે એનું કારણ આ – આત્મા અને કર્મની એકતાબુદ્ધિ, એને લઈને રાગ-દ્વેષ-મોહ, એને લઈને કર્મ, એને લઈને શરીર, એને લઈને સંસાર.

**'પરંતુ જ્યારે (તે આત્મા), આત્મા ને કર્મના ભેદવિજ્ઞાન વડે...'** એમ કીધું છે. એમ નથી કહ્યું કે, જ્યારે તે આત્માને કર્મનું જોર ઘટે, કર્મ બળવતરમાંથી (ઘટે), 'કચ્છવી ધમ્મો બળિયો, કમ્મો બળિયો' એમ નહિ. જડની વાત નથી. ભાવકર્મનું જોર હોય, પુરુષાર્થની ઉંધાઈનું (જોર હોય) ત્યારે સંસાર છે. અહીંયાં કહે છે, **'આત્મા ને કર્મના ભેદવિજ્ઞાન વડે...'** ઓલામાં આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ (કહ્યું હતું). આહા..હા...! આત્મા અને કર્મનું ભેદવિજ્ઞાન. કર્મ અને થતાં રાગ-દ્વેષ શુભાશુભ પરિણામ, એનાથી ભિન્ન મારો આત્મા છે. એમ જ્યારે જાણે ને માને.. આહા..હા...! ત્યારે તો એની ધર્મની શરૂઆત થાય. આહા..હા...! આવી આકરી વાતું છે. ઓલામાં એમ હતું, આત્મા અને કર્મનો એકપણાનો અધ્યવસાય. અહીં આત્મા અને કર્મના ભેદવિજ્ઞાન વડે (એમ છે).

**'શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્માને...'** અનુભવે. આહા..હા..! ઓલો રાગ-દ્વેષ-મોહને અનુભવે છે. આ શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર (અનુભવે). આહા..હા...! (જે) અલ્પ ક્ષેત્રમાં રહ્યો છતાં અનંત અપાર અનંત કાળને પણ જાણે એવી ચૈતન્યચમત્કાર ચીજ છે. આહા..હા...! દેહ પ્રમાણે હોવા છતાં, દેહમાં રહ્યો દેખાય છતાં દેહમાં રહ્યો નથી, છે આત્મામાં. પણ એનો એવો ચમત્કાર છે કે, સ્વક્ષેત્રમાં રહ્યો છતાં અનંત પરક્ષેત્રને અને અનંત પરકાળને એક સમયમાં જાણે એવી તાકાત છે. આહા..હા...! એવી એક સમયની તાકાત એવી અનંતી સમયની તાકાત એક ગુણની, એવા અનંત ગુણનું રૂપ એક આત્મા છે. આ..હા..હા...! તેથી પહેલા આવી ગયું હતું ને ? **'निजमहिमरतानां'** આવી ગયું હતું ને આની પહેલા ? ૧૨૮ (કળશ). **'निजमहिमरतानां'** કળશ આવ્યો. પોતાની મહિમા લાગવી જોઈએ. આહા..હા...!

જ્યાં જ્યાં પોતાની મહિમા ન લાગે ત્યાં ત્યાં પરવસ્તુની મહિમા અને અધિકતા ભાસે. શબ્દ, રૂપ, રસ, ગંધ, પૈસા, લક્ષ્મી (આદિની મહિમા ભાસે). આહા..હા...! એકનો એક છોકરો હોય, બે-પાંચ, દસ કરોડ રૂપિયા હોય, દસ-પચીસ લાખ ખર્ચવા હોય અને માણસ ભેગા થાય.. આ..હા...! જુઓ ! એની હોંશું. એની ઝેરની હોંશું. આહા..હા...! કોણ તારું છે ?

અને કોણ તું છો ? કોણ તારું છે ? અને કોણ તું છો ? આહા..હા...! ભગવાનઆત્મા તો ચૈતન્યમૂર્તિ વીતરાગ સ્વરૂપે પ્રભુ છે. એ પોતે રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન કરે, જેવું સ્વરૂપ છે તેવું જાણે. ઓલું સ્વરૂપ છે તેથી વિપરીત માનતો હતો. રાગને, પુણ્યને અને કર્મને પોતાના માનતો હતો. આ ધર્મી જીવ.. આહા.હા...! ધર્મ આમ થાય, આ ક્રમે (થાય) એમ કહે છે.

ધર્મ આ ક્રમે થાય. આ ક્રમે એટલે ? પહેલા આત્મા અને કર્મના ભેદવિજ્ઞાન વડે શુદ્ધચૈતન્યમાત્ર આત્માને અનુભવે પહેલો. લ્યો ! શરૂઆત અહીંથી કરી છે. અનાદિથી રખડે છે એ કારણ બતાવ્યા. હવે કહે છે કે એ છૂટવાનું કારણ ? કે, એ બધા રાગ ને કર્મ ને બધી ચીજથી ભેદવિજ્ઞાન કરવું. આહા..હા...! **'ભેદવિજ્ઞાન વડે શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર...'** એકલો ચમત્કાર ચૈતન્ય પ્રભુ ! જ્ઞાનથી ભરેલો, આનંદથી ભરેલો, શાંતિથી ભરેલો, પૂર્ણ સ્વરૂપનો ચમત્કાર જેનો એક ક્ષણમાં જ્ઞાનમાં જેને બધું જણાય, એક ક્ષણમાં જેને અતીન્દ્રિય આનંદનો અનુભવ આવે, એવો ચૈતન્યચમત્કાર ! આહા..હા...!

શુદ્ધ ચૈતન્યમાત્ર, **'ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ઉપલબ્ધ કરે...'** લ્યો ! ચૈતન્યમાત્ર એમ ન લીધું. ચૈતન્યચમત્કારમાત્ર ! આ..હા...! ઈ પરને અડ્યા વિના પણ જાણવાની શક્તિ પ્રગટ કરે, ઈ ચૈતન્યચમત્કાર છે. પરચીજની હયાતી છે માટે પરને જાણવાની તાકાત ખુલે છે એમ નથી. આ..હા...! પોતે નાના ક્ષેત્રમાં રહેલો પરક્ષેત્ર, દ્રવ્ય, કાળને નહિ અડતો છતાં પોતાના સ્વભાવમાં રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાનથી બધાને એક સમયે જાણે. એવો એ ચૈતન્યચમત્કાર આત્મા છે. આહા..હા...! આ કરવાનું (છે). આહા..હા...! પણ આ ન થાય તો પહેલું શું કરવું ? પહેલું તો અનાદિથી કર્યું ઈ બતાવ્યું. પહેલું અનાદિથી કર્યું. શુભજોગ, અશુભજોગ જેના મૂળ રાગ-દ્વેષ-મોહ છે એને સેવ્યા. ઈ પહેલા સેવ્યા. હવે પછી આ કરવું. આહા..હા...!

મુમુક્ષુ :– પહેલા દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રદ્ધાન કરવું.

ઉત્તર :– દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે એનાથી ભિન્ન પાડવું. પહેલેથી ભિન્ન કરવો. અહીંથી તો પહેલેથી લીધું. જેમ ૧૭મી ગાથામાં આવ્યું હતું ને ? ૧૭મી ગાથા. પ્રથમ આત્માને જાણવો. કોઈ આ વિધિ ને ફલાણું વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી ને પછી એમ વાત લીધી નથી. એકદમ ધડાકાબંધ !

કોણ છો તું ? ક્યાં છો ? કેવડો છો ? તારી હયાતીએ તો બીજાની હયાતી જણાય છે. બીજાની – જડની હયાતી તો તારી હયાતીએ – જ્ઞાનથી જણાય છે. આહા..હા...! ઈ જડને તો ખબરેય નથી. આહા..હા...! આટલી બધી જડની વિશાળ દશા, એ બધાને ભગવાન પોતામાં રહીને સ્વતઃ પરની સહાય વિના જાણે છે એ ચૈતન્યચમત્કાર નથી ? આહા..હા...! ઝીણી વાત બહુ. અંતરનો આત્મઅભ્યાસ જ અત્યારે ઘટી ગયો. વ્રત કરવા ને તપ કરવા

ને જાત્રા કરવી એવું બધું (ચાલ્યું છે). બસું ભરીને ભરીને (જાત્રા કરવી). એક ફેરી બસ્સો બસું ત્યાં ક્યાંક આવી હતી. ઓલા સાધુ હતા ત્યાં. 'ભવસાગર' ! 'જાલના' ? 'જાલના'માં. બસો બસું. સ્થાકવાસીના આનંદઋષિ હતા. એમાં હતા. આવે, પછી અહીં આવે. દિગંબરના દર્શન કરવા આવે. એકસાથે બસો બસું ! ઓ..હો...! એથી પછી એમ લાગે ઓ..હો...! કેટલા પૈસા ખર્ચ્યા ! એનો એ પ્રમુખ છે, આ સંઘનો નાયક છે.

મુમુક્ષુ :– બધા અભિમાન છે.

ઉત્તર :– એમ કે અમે કરીએ છીએ, આ બધું કરીએ છીએ, આ બધું કરીએ છીએ. અભિમાન તો ઠીક પણ અંદર શુભભાવ થાય છે એ દુઃખરૂપ છે.

મુમુક્ષુ :– ધર્મનું કારણ થશે એમ માને.

ઉત્તર :– બિલકુલ ધર્મનું કારણ નથી. આહા..હા...! ધમાધમ ચલી, કાંઈક બોલો છે ને ? 'ધામધૂમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર' આહા..હા...! ધમાધમ અરે...! પચાસ હજાર માણસ ભેગું થયું અને આટલા લાખ ખર્ચ્યા, ભગવાનની પ્રતિષ્ઠા કરી, ભગવાનના બોલ બોલાવ્યા, જય નારાયણના (અવાજથી) ગગન ગાજ્યું, જય ભગવાન એમ ગગન ગાજ્યું. આટલા બધા બોલનારા. એમાં ધર્મ ક્યાં આવ્યો ? આહા..હા...! આકરી વાત છે, ભાઈ !

અહીં તો કહે છે કે, પરથી નિરાળો પહેલો જાણ ત્યારે તો તને પહેલી પોતાની સત્તાની ભિન્નતાની શ્રદ્ધા થાય. આહા..હા...! એમ કહ્યું ને ? **'ભેદવિજ્ઞાન વડે શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર...'** ચૈતન્યચમત્કારમાત્ર કેમ લીધું ? બિલકુલ રાગનોય અંશ નહિ. આહા..હા...! એવો જે ભગવાન શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ, એને અનુભવે. એવા આત્માને પ્રાપ્ત કરે. જે રાગને, જોગને પ્રાપ્ત કર્યો છે, રાગ અને જોગને પ્રાપ્ત કર્યો છે એ હવે ગુલાંટ ખાઈને આત્માને પ્રાપ્ત કરે. આહા..હા...! ઝીણું છે પણ વસ્તુ આ છે. જીવન ચાલ્યા જાય છે. હમણાં નહિ, હમણાં નહિ, હમણાં નહિ. હમણા નહિ પછી હમણાં નહિ એટલે હમણાં નહિ (થઈ જશે). પછી કરશું, પછી કરશું, પછી કરશું. આહા..હા...!

**'આત્મા ને કર્મના ભેદવિજ્ઞાન વડે શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્મા...'** આત્માને વિશેષણ આપ્યા. આત્મા કેવો ? કે, શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર એમ. આત્માને અને કર્મને ભેદવિજ્ઞાનથી જાણવો (એમ કહ્યું) પણ ઈ ચૈતન્ય છે કેવો ? આ..હા...! **'શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્મા...'** એને ઉપલબ્ધ કરે, પ્રાપ્ત કરે, અનુભવે, એને મેળવે. જે રાગને પોતાનો માનીને શુભરાગને મેળવતો અને પોતામાં થતો હતો, એ આ આત્મા પૂર્ણાનંદનો નાથ છે તેને અનુભવે અને તેને પોતાપણે માને. આહા..હા...! આ સંવર થવાની રીત છે. અત્યારે તો સંવર (એટલે) થોડીવાર બેસી જાય, નાની ઉંમરના છોકરાઓને (લઈને બેસી જાય એટલે થઈ ગયો સંવર). જાઓ ! ખાઈ-પીને આવે પણ ચાર-છ છોકરા બેસે, સામાયિક કરો (તો) સંવર થશે. આહા..હા...!

મુમુક્ષુ :– છ કાયના જીવની રક્ષા થાય.

ઉત્તર :– પોતે કોણ છે એની રક્ષા કરતો નથી. આહા..હા...! રાગને પોતાનો માનવો, પરને પોતાનું માનવું એ તો પોતાની હિંસા છે. આહા..હા...!

અહીંયાં તો પહેલા આત્મા અને કર્મના ભેદવિજ્ઞાન વડે. અહીં તો પહેલી વાત લીધી છે. પહેલું આમ કરવું ને તેમ કરવું લીધું નથી. એ..ઈ...! પહેલું વાંચવું, પહેલું સાંભળવું, પહેલું દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવી (એમ નથી કહ્યું). ઈ હોય પહેલું ભલે પણ એ વસ્તુના સ્વરૂપમાં એ કાંઈ મદદગાર નથી. આહા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્રને માને, સાંભળે, સમજે પણ એ કંઈ ભેદજ્ઞાનમાં મદદ કરે એવું નથી. આહા..હા...! આવી વાત છે. આ..હા...! વીતરાગનો આ પોકાર છે. વીતરાગ એમ કહે છે કે, મારી સામું જોતાં પ્રભુ તને રાગ થાશે. તારે હિસાબે હું પરદ્રવ્ય છું. આહા..હા...!

મુમુક્ષુ :– તારા હિસાબે અજીવ છું.

ઉત્તર :– અજીવ છે, એ જીવ છે એ આ જીવ નથી અને આ જીવ છે એ એ જીવ નથી. આ..હા...! અદ્રવ્ય છે, આની અપેક્ષાએ બધા અદ્રવ્યો છે, અક્ષેત્ર છે, અકાળ છે, અભાવ છે. આહા..હા...! 'સમ્મેદશીખર' અને ભગવાનનું સમવસરણ આત્માની અપેક્ષાએ અક્ષેત્ર છે. એનું ક્ષેત્ર તો સ્વ-અસંખ્યપ્રદેશી એ એનું ક્ષેત્ર છે. આહા..હા...! લોકો 'શેત્રુંજય'ની જાત્રા બહુ કરે. પૂર્વે ૯૯ વાર 'ઋષભદેવ' ત્યાં આવ્યા હતા, એમ કહે (છે). એમાં શું થયું ? ૯૯ જાત્રા કરી. આ..હા...!

અહીં તો કહે (છે), પ્રભુ ! પણ એ તો પરલક્ષી ભાવ છે. એ ભાવથી તો ભિન્ન પડવું છે. જેનાથી ભિન્ન પડવું છે એનાથી મદદ કેમ મળશે ? આહા..હા...! કારણ કે જેનાથી ભિન્ન પડવું છે એ ચીજ તારામાં તો નથી. હવે તને ઉપલબ્ધ કરવો હોય તો શી રીતે (કરવો) ? ભેદવિજ્ઞાનથી. રાગ અને પરના ભેદવિજ્ઞાનથી પ્રાપ્ત થાય એવો છે. આહા..હા...! આ એની રીત છે. આહા..હા...!

મુમુક્ષુ :– પહેલા દેશના ન સાંભળે તો ભેદવિજ્ઞાન કેવી રીતે કરે ?

ઉત્તર :– ભેદવિજ્ઞાન (કરવાની) એનામાં તાકાત છે. એની તાકાત જ એટલી છે કે રાગથી ભિન્ન પાડવાની શક્તિ એનામાં પોતામાં છે. પરની અપેક્ષા રાખ્યા વિના ભેદજ્ઞાન થવાની શક્તિ એનામાં છે. આહા..હા...! નિરપેક્ષ તત્ત્વ છે ભગવાન. આ..હા..હા...! નિરપેક્ષ જેને કોઈ અપેક્ષા નથી. વ્યવહારની અપેક્ષા, પરની અપેક્ષા (નથી એવું) નિરપેક્ષ તત્ત્વ છે. આવ્યું નહિ ? 'નિયમસાર' ત્રીજી ગાથામાં. પરમ નિરપેક્ષ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પરમ નિરપેક્ષ (છે). ભગવાનની પણ જેને અપેક્ષા નથી, એની વાણીની પણ અપેક્ષા નથી. આહા..હા...! એવું જે આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે નિરપેક્ષ છે. એને નિમિત્તની તો અપેક્ષા નથી પણ ભેદની અપેક્ષા નથી. આહા..હા...! આવી વાત છે. લોકોને આકરું

લાગે.

મુમુક્ષુ :- (નિરપેક્ષ અભેદ) તો આકરો હોય ને !

ઉત્તર :- વસ્તુસ્થિતિ અનંતકાળની (આમ છે). અનંતકાળ...! આહા..હા...! દસ્ત ન ઉતરે તો એનિમા આપે છે, નહિ ? એનાથી બહાર ઢગલો થઈ જાય. આ એનિમા છે. સ્વરૂપમાંથી વિકારાદિ જેટલા બધા કારણો છે એ બધા ભેદજ્ઞાનથી ભિન્ન પડી જાય. આહા..હા...! આમાં એમ ન કહ્યું કે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવી, પહેલો વિનય કરવો, બહુમાન કરવું પછી (ભેદજ્ઞાન થાય). પહેલું જ બહુમાન પ્રભુ તારું કર. પછી વિકલ્પ આવશે એટલે પરનું બહુમાન થાય. તું તારું બહુમાન (કર). ચૈતન્યચમત્કાર મહિમાવંત વસ્તુ (છે). જેને ધર્મની પર્યાય પ્રગટ કરવી (હોય) તેને ભેદજ્ઞાનથી થાય (છે). એટલે જેટલા પર છે તેની અપેક્ષા છોડી, તેનો આશ્રય છોડી, એનું નામ ભેદજ્ઞાન. કેટલાકનો આશ્રય છોડે અને કેટલાકનો આશ્રય લઈને થાય એમ છે ? આહા..હા...! બધાનો આશ્રય છોડે. એકાકાર આત્મા ભગવાન ! આ..હા..હા...!

મુમુક્ષુ :- જે જાણતો અરહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને.

ઉત્તર :- એ એને જાણતો નથી. ઈ નિમિત્તથી કહ્યું. ઈ મનથી કળી લેવાનું એમ કહ્યું છે, આત્માથી નહિ. પછી એને છોડી દઈને અંદરમાં જાય. અંદરમાં જઈને પણ એને તો છોડે છે અને પોતાની પર્યાયને પણ ગુણમાં-દ્રવ્યમાં ભેળવે, ગુણને દ્રવ્યમાં ભેળવે ત્યારે થાય છે. આહા..હા...! આવી વાતું હવે.

**'અનુભવે છે...'** કર્મ અને આત્માના જુદાપણા વડે - ભેદજ્ઞાન વડે આ..હા...! **'શુદ્ધચૈતન્યચમત્કારમાત્ર આત્માને ઉપલબ્ધ કરે છે...'** પ્રાપ્ત (કરે છે). એટલે રાગને જે પ્રાપ્ત કરતો, રાગ મારો છે એમ જે પ્રાપ્ત કરતો એ ભેદજ્ઞાનથી આત્માને પ્રાપ્ત કર્યો. આહા..હા...! જે આત્મા તરફની દૃષ્ટિ નહોતી ત્યારે રાગને પ્રાપ્ત કરતો, પુણ્યને પ્રાપ્ત કરતો, પાપને પ્રાપ્ત કરતો. આહા..હા...! સમુચ્ચય વાત નહોતી આવી ગઈકાલે ? કે, આત્મા પોતાની પર્યાયને પામે છે, પ્રાપ્ત કરે છે, પહોંચી વળે છે, ચાહે તો વિકારી કે અવિકારી. ઈ પહેલું આવી ગયું. અહીં તો હવે ભેદજ્ઞાન કરવાની વાત છે. એ વિકારી પર્યાયને પહોંચે છે તો આત્મા, એ કંઈ કર્મને લઈને નથી. આહા..હા...! વિકારી મિથ્યાત્વ ભાવને પણ આત્મા પહોંચે, આત્મા પ્રાપ્ત કરે, આત્મા એને મેળવે છે. આહા..હા...! હવે એનાથી ભેદજ્ઞાન કર. આહા..હા..! આવી ઊંડી વાતું છે.

**'ત્યારે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો કે જે આસ્રવભાવનાં કારણો છે તેમનો અભાવ થાય છે;...'** લ્યો ! આહા..હા...! શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર વસ્તુને અનુભવે છે એટલે કે પ્રાપ્ત કરે છે ત્યારે તેને જે આ (રાગ) પ્રાપ્ત થતો એ ભાવ છૂટી જાય છે. મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ એકત્વબુદ્ધિ **'જે આસ્રવભાવનાં કારણો**

**છે તેમનો અભાવ થાય છે;...'** લ્યો ! આ..હા..હા...! આ કાંઈ 'સોનગઢ'ની ટીકા નથી. આ તો પહેલેથી શાસ્ત્ર ચાલ્યા આવે છે. બે હજાર વર્ષથી તો આ ગાથા, મૂળ પાઠ ચાલે છે. હજાર વર્ષથી તો ટીકા ચાલે છે. આહા..હા...! ઈ તો ક્યાંનું ક્યાં હશે તે દિ'. ટીકા હજાર વર્ષ પહેલા થઈ હતી. (ત્યારે તો) ક્યાંનો ક્યાં અવતારમાં હશે. અને ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' બે હજાર વર્ષ પહેલા (શાસ્ત્ર) રચ્યા ત્યારે તો કોઈ ક્યાંય હશે. આહા..હા...! એમાં આવીને આવો જોગ થયો છે, કહે છે. હવે ઈ જોગમાં પણ આ કર તો તારું કલ્યાણ છે. આહા..હા...!

(જ્ઞાન અને રાગ) જુદા પડી શકે છે માટે જુદા છે. જુદા પડી શકે (છે). એક હોય તે જુદા શી રીતે (પડે) ? જ્ઞાન અને આત્માને જુદા કરી નાખો તો શી રીતે જુદા થાય ? અતદ્‌ભાવ તરીકે જુદા ઈ જુદું અંદર. પણ પ્રદેશ ભિન્ન નથી માટે અભેદ છે. અતદ્‌ભાવ તરીકે ઈ તો જુદું. દ્રવ્ય તે ભાવ નહિ અને ભાવ તે દ્રવ્ય નહિ, ઈ. પણ તે પૃથકત્વનું અન્યત્વ એ એમાં નથી. અતદ્‌ભાવનું અન્યત્વ એમાં છે. આહા..હા...! ઈ બપોરે આવ્યું હતું ને ? આ..હા...!

**'આસ્રવભાવના કારણો છે તેમનો અભાવ થાય છે; અધ્યવસાનોનો અભાવ થતાં...'** (અર્થાત્) એકત્વબુદ્ધિનો અભાવ થતાં **'રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવનો અભાવ થાય છે;...'** આ..હા...! જેનાથી જુદો પડ્યો એટલે હવે એની ભાવના રહી નહિ. આહા..હા...! એના ભાવનો અભાવ થાય છે. **'આસ્રવભાવનો અભાવ થતાં કર્મનો અભાવ થાય છે;...'** લ્યો ! નવા આવરણો બંધ થઈ ગયા તો હવે કર્મ નથી આવતા. **'કર્મનો અભાવ થતાં નોકર્મનો અભાવ થાય છે;...'** આ ક્રમ કર્યો, ક્રમ.

અહીં તો પહેલે સમયે જ્યાં અંદર બધાથી ભિન્ન પડ્યો પણ જ્યાં સુધી થોડી અસ્થિરતા છે ત્યાં સુધી આસ્રવ આવે છે અને કર્મ થાય, શરીર થાય અને શરીરથી આ સંસાર ચાલે. પાંચ ઇન્દ્રિયના વિષયોથી (ચાલે). કારણે કે એનું લક્ષ બહાર ઉપર છે. કર્મથી શરીર મળશે અને શરીરનું લક્ષ એને રહેશે એટલે પાંચ ઇન્દ્રિયના વિષય તરફ લક્ષ રહેશે. ભગવાન અંદર છે ઈ તો છૂટી ગયો, લક્ષમાં નથી. ભેદ પાડ્યો નથી, લક્ષમાં નથી. આહા..હા...! અને જેણે ભેદ પાડ્યો એને શરીરનું લક્ષ છૂટ્યું અને તેમાં વિષયોનું લક્ષ છે એ પણ છૂટી ગયું. એના તરફનો આશ્રય લેવો અને રુચિ (થવી) એ છૂટી ગઈ. આહા..હા...!

**'નોકર્મનો અભાવ થાય છે; અને નોકર્મનો અભાવ થતાં સંસારનો અભાવ થાય છે.'** ઈ શરીરનો અભાવ થતાં સંસારનો અભાવ થાય. અપેક્ષાથી (કથન છે). બાકી એક ઠેકાણે તો (એમ કહ્યું કે), મિથ્યાત્વ તે આસ્રવ છે, મિથ્યાત્વ તે સંસાર છે. શરીર-બરીર સંસાર નથી. કઈ અપેક્ષાએ કથન છે ? અહીં પણ ક્રમ કહેવો છે. રાગની એકતાબુદ્ધિમાં રાગ-દ્વેષ-મોહ થાશે એને લઈને આસ્રવ ને એને લઈને કર્મ થશે, કર્મને લઈને શરીર થશે અને

શરીરને લઈને રખડવાનો સંસાર થશે. એમ. સમજાણું કાંઈ ? બીજે ઠેકાણે બીજું કહે, પણ બીજી અપેક્ષાએ કહે. ત્યાં તો એમ જ કહે કે, મિથ્યાત્વ તે સંસાર (છે). રાગની એકત્વબુદ્ધિ એ મિથ્યાત્વ એ સંસાર છે, બીજો કોઈ સંસાર છે નહિ. અવ્રતાદિના પરિણામ છે ઈ બધા અલ્પ છે. સ્થિતિ, રસ અલ્પ છે અને એનું જોર અલ્પ છે. એની ગણતરી ન ગણી. આહા..હા...!

શરીરથી સંસાર પ્રાપ્ત થાય છે ને, એમ અહીં તો કહે છે. કર્મથી શરીર મળે અને શરીરથી સંસાર પ્રાપ્ત થાય. કારણ કે શરીર ઉપર લક્ષ છે એને તો બધી પાંચ ઇન્દ્રિયના વિષયો તરફ લક્ષ છે, પછી ભલે શુભ તરફ હોય કે અશુભ હોય પણ એ બધો સંસાર છે. આહા..હા...!

મુમુક્ષુ :- શરીરથી તો ધર્મની શરૂઆત થાય એમ આવે છે.

ઉત્તર :- સીધી શરૂઆત આમ જ થાય. આહા..હા...! શુભભાવથી ભગવાનને સાંભળે અને પછી ભગવાને કીધું એટલે (શુદ્ધ થયું) એમેય અહીં ગણતરી નથી. અહીં તો તું ભગવાન નિરપેક્ષ તત્ત્વ છો, પ્રભુ અંદર. આ..હા...! તારી મહિમાનો પાર નથી, તારા માહાત્મ્યનો પાર નથી ! તારી શક્તિ અને ગુણોનું ગહનપણું, ગંભીરપણું ભગવાન પણ પૂરું વાણી દ્વારા કહી શકે નહિ. આ..હા...! અનંત ગુણ એટલા છે કે એક સમયે એક ગુણ કહે તો અનંત સમયે એના ગુણનો પાર ન આવે. એક ગુણ એક સમયમાં કહે તો ત્રણ કાળના સમય છે તેથી પણ ગુણ તો અનંત ગુણા છે. આહા..હા...! શું કીધું ઈ ?

ચૈતન્યચમત્કાર પ્રભુ ! એટલા પવિત્ર ગુણથી ભરેલો છે કે જેના અનંતા ગુણોને કેવળી પણ એક શબ્દે એક ગુણ કહે, બીજે સમયે (બીજો ગુણ કહે એમ) ત્રણ કાળ થાય તો એ ગુણનું પૂરું પડે નહિ. આ..હા..હા...! ત્રણકાળના સમયથી પણ ગુણ તો અનંતગુણા છે. આહા..હા...! તો પછી એક સમયે એક ગુણ કહે પણ એક સમયે અનંતા ગુણ કહે, અનંતા કહે એવા ત્રણકાળના સમય કહે તોપણ તે ગુણ પૂરા પડે નહિ. આ..હા..હા...! કારણ કે ત્રણકાળના સમયથી તો આકાશના પ્રદેશ અનંતગુણા છે અને એનાથી અનંતગુણા ગુણ છે. આહા..હા...! હવે આમાં ક્યાં આવ્યું તમારા પૈસાનું ? દસ લાખ ને વીસ લાખ ને ઢીકણું લાખ. આહા..હા...! આ તો અનંત લાખ. અનંત ક્રોડ. આત્મામાં અનંતા ક્રોડાક્રોડી ગુણ છે. આહા..હા...! અનંતા ક્રોડાક્રોડ ! આ..હા..હા...! એવો શુદ્ધ ચૈતન્યચમત્કાર ! એક ગુણ. એક સમયમાં અનંત ગુણને કહે તોપણ ત્રણકાળના સમયમાં એ ગુણનું પૂરું ન પડે. એ ગુણની સંખ્યા પૂરી નહિ પડે. આહા..હા...! ગજબ વાત છે ! એક સમયમાં અનંત ગુણ બોલે, બીજે સમયે અનંત, ત્રીજે સમય અનંત તો ત્રણકાળના સમયથી તો આકાશના પ્રદેશ અનંત ગુણા અને એનાથી અનંતગુણા ગુણ છે. એટલે ગુણ તો શી રીતે પાર પડે ? આ..હા...! આવું ચૈતન્યસ્વરૂપ ભગવાન, એને રાગથી ભિન્ન પાડી અને આત્માને પ્રાપ્ત કરવો કે જેથી તેને સંસાર થશે નહિ. આત્મા પ્રાપ્ત થતાં આસ્રવ થશે નહિ, આસ્રવ થશે નહિ એટલે

કર્મ થશે નહિ, કર્મ થશે નહિ એટલે નોકર્મ થશે નહિ, નોકર્મ થશે નહિ એટલે સંસાર થશે નહિ. આહા..હા...! પૈસાના બહારના આબરૂના પાવર અંદર ચડી ગયા હોય ને એ હેઠે ઉતરે. આ..હા...! ઓલો ચાલીસ કરોડ ને ઓલો પચાસ કરોડ ને ઓલો બે અબજ ને ચાલીસ કરોડ ને.. આ..હા...! સૌના પાણી ઉતરી ગયા. આ..હા...!

**'આ પ્રમાણે...'** છે ? **'નોકર્મનો અભાવ થાય છે; અને નોકર્મનો અભાવ થતાં સંસારનો અભાવ થાય છે. આ પ્રમાણે સંવરનો ક્રમ છે.'** લ્યો ! સંવરનો આવો ક્રમ છે. પહેલું ભેદવિજ્ઞાન કરવું ત્યાંથી શરૂ થાય છે. પહેલું આ કરવું, એમ શરૂઆત થતી નથી. ભક્તિ કરવી (ત્યાંથી શરૂઆત નથી કીધી). સંવર થવાનો ક્રમ આ છે. આહા..હા...! પહેલા જરી ભક્તિ કરવી, વાંચવું, નિવૃત્તિ લઈને, અશુભથી રોકાઈને શુભભાવમાં આવવું પછી શુભમાંથી ખસવું એ વાત અહીં કરી નથી. આહા..હા...! સંવર તો આસ્રવના અભાવથી થાય ને ! એમાં આસ્રવ આટલો કરે તો સંવર થાય એમ ક્યાં આવ્યું ? આહા..હા...! પહેલેથી ભેદજ્ઞાન કરવું. આ..હા...! એની શરૂઆત જ ભગવાનઆત્મા અને બીજી ચીજ બે છે, બીજી ભલે અનંત હો, પણ બેની એકતા છે તેને તોડવી એ જ સંવરના ક્રમમાં પહેલી રીત છે. આમ છે. ભાવાર્થ કહેવાશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૬૬ ગાથા–૧૯૦થી૧૯૨, શ્લોક-૧૨૯, ૧૩૦

**શુક્રવાર, અષાઢ સુદ ૫, તા. ૨૯-૦૬-૧૯૭૯**

('સમયસાર', 'સંવર અધિકાર'ની) છેલ્લી ગાથાનો ભાવાર્થ. **'જીવને જ્યાં સુધી આત્મા ને કર્મના એકપણાનો આશય છે...'** આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ એનો કર્મની સાથે એકત્વબુદ્ધિ છે, રાગ સાથે (એકત્વબુદ્ધિ છે). રાગનો વિકલ્પ ઉઠે ચાહે તો પુણ્યનો હોય કે પાપનો (હોય) પણ રાગ સાથે આત્માને એકત્વબુદ્ધિ છે ત્યાં સુધી મિથ્યાત્વ છે. છે ? જુઓ !

**'ભેદવિજ્ઞાન નથી...'** અસ્તિ-નાસ્તિ કરી. જ્યાં સુધી ભગવાનઆત્મા પવિત્રતાનો પિંડ છે એને અપવિત્રતા રાગાદિની એકતાબુદ્ધિ છે એટલે કે ભેદજ્ઞાન નથી, એનાથી જુદો છે, જુદો છે એવું જુદાનું ભાન નથી, **'ત્યાં સુધી મિથ્યાત્વ,...'** લ્યો, બહુ ટૂંકી વાત છે. સ્વદ્રવ્યમાં પરદ્રવ્યનો કોઈપણ અંશ, રાગઅંશ હો, પુણ્યઅંશ કે શરીર કે કર્મ, કોઈપણ પરદ્રવ્યનો એક અંશ આત્માની સાથે એકત્વબુદ્ધિ છે એ મિથ્યાત્વ ભાવ છે. કેમકે દ્રવ્યે બેય તદ્દન જુદા (છે). અને અંદર વિકાર થાય એ પણ તત્ત્વ – જ્ઞાયકતત્ત્વથી જુદું તત્ત્વ છે. પુણ્ય-પાપનો ભાવ જ્ઞાયકભાવથી જુદું તત્ત્વ છે. જુદાને એકપણાની માન્યતા.. આહા..હા...! એ મિથ્યાત્વ

છે. આહા..હા...!

**'ત્યાં સુધી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ...'** ત્રણ દોષ લીધા. **'અને યોગસ્વરૂપ...'** યોગની એકતા. ત્યાં સુધી એને યોગની એકતાબુદ્ધિ છે. આહા..હા...! એનો જે અધ્યવસાય–એકત્વબુદ્ધિ એને **'વર્તે છે,...'** રાગ સાથે, અવિરત સાથે, કષાય સાથે અને યોગ સાથે એકત્વબુદ્ધિ વર્તે છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે, ત્યાં સુધી એને જૈનદર્શનની ખબર નથી. આહા..હા...! આવું આકરું છે.

**'મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ...'** ત્રણ દોષ કીધા અને **'યોગ...'** (એટલે) કંપન એ પણ છે, એની સાથે એકત્વબુદ્ધિ છે. સમ્યગ્દર્શન થતાં આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એનો અનુભવ થતાં મિથ્યાત્વનો એકત્વપણાનો નાશ, અવિરતિનો પણ એટલે અંશે નાશ, યોગનો પણ એટલે અંશે નાશ થઈ જાય છે. એકત્વબુદ્ધિનો જે ભાવ છે એટલો નાશ થઈ જાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

એ **'અધ્યવસાનથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ થાય છે,...'** લ્યો ! એ અધ્યવસાન એકત્વબુદ્ધિથી ચાહે તો મિથ્યાત્વ, અવ્રત, કષાય કે યોગ (હોય) બેની એકત્વબુદ્ધિથી. આત્મા અને એ વિકાર બે ભિન્ન છે છતાં બેમાં એકત્વબુદ્ધિથી અધ્યવસાય જે એકત્વબુદ્ધિ થાય છે એ અધ્યવસાનથી રાગ-દ્વેષ-મોહરૂપ આસ્રવભાવ થાય. એને લઈને રાગ-દ્વેષ અને મિથ્યાત્વનો ભાવ થાય.

**'આસ્રવભાવથી કર્મ બંધાય...'** આ..હા..હા...! આ તો એનો ક્રમ કહે છે. રાગ-દ્વેષ-મોહથી આસ્રવ થાય, નવા આવરણ આવે અને તેથી કર્મ બંધાય. આહા..હા...! **'કર્મથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થાય છે...'** એ કર્મને લઈને આ શરીર, વાણી ઉત્પન્ન થાય. અહીંયાં તો બે ભાગ પાડવા છે ને ! શરીરની અવસ્થા શરીરથી છે પણ છતાં એ અવસ્થાને જ્યાં સુધી યોગની ક્રિયાને અથવા રાગને પોતાનો માને છે ત્યાં સુધી તે અધ્યવસાય બંધનું કારણ છે. એ કર્મબંધનું કારણ છે, એ કર્મ છે (એ) નોકર્મ – શરીરનું કારણ છે. છે ? **'અને નોકર્મથી સંસાર છે.'** શરીરથી સંસાર છે. કારણ કે એના ઉપર લક્ષ જશે એટલે એના પાંચ ઇન્દ્રિયના વિષયો તરફ (ઉપયોગ જાય એ) શુભ કે અશુભ છે. ઈ સંસાર છે. આહા..હા...!

**'પરંતુ જ્યારે...'** હવે સવળી વાત છે. **'તેને આત્મા ને કર્મનું ભેદવિજ્ઞાન થાય છે...'** મૂળ ચીજ આ. ભેદવિજ્ઞાન કરવું એ મૂળ ચીજ છે. પ્રથમમાં પ્રથમ. કેમકે મૂળથી અનાદિથી રાગાદિથી એકત્વબુદ્ધિ છે. ચાહે તો દયા, દાન, વ્રતના પરિણામ હો એ રાગ છે, વિકલ્પ છે. એનાથી એકત્વબુદ્ધિ અનાદિથી ચાલી આવે છે. આ..હા...! એથી એને ભેદવિજ્ઞાન નથી. **'જ્યારે તેને આત્મા ને કર્મનું ભેદવિજ્ઞાન થાય છે...'** શુદ્ધ ચૈતન્ય જ્ઞાનનો અનુભવ થતાં એ ભેદજ્ઞાન થયું. રાગનો અનુભવ જે હતો એ છૂટીને આત્માનો અનુભવ થયો એ ભેદજ્ઞાન થયું. આહા..હા...! અંશે પણ આત્માના શાંતિ ને આનંદનું વેદન આવ્યું એ રાગથી ભેદજ્ઞાનથી

આવ્યું. આહા..હા...!

**'ત્યારે શુદ્ધ આત્માની...'** પ્રાપ્તિ થાય છે. આત્મા અને કર્મનું ભેદજ્ઞાન થાય (ત્યારે શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય). આ સંવર થવાનો ક્રમ, ધર્મ થવાનો ક્રમ (છે), એમ કહે છે. આહા..હા...! પહેલું આ કાંઈક દયા ને વ્રત ને તપ ને ભક્તિ કરીએ તો પછી કાંઈક ધર્મ થશે એ માન્યતા મિથ્યાદૃષ્ટિની (છે). વિકાર અને સ્વભાવની એકતાબુદ્ધિ (છે) ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! અને મિથ્યાત્વને કારણે બીજા સાથે અનેક પ્રકારના અધ્યવસાયની એકતાબુદ્ધિ છે. પણ જ્યારે ભેદજ્ઞાન થાય ત્યારે શુદ્ધ આત્માનો અનુભવ થાય. ઉપલબ્ધિ એટલે પ્રાપ્તિ. રાગ અને પુણ્યાદિના પરિણામની પ્રાપ્તિ હતી ત્યાં સુધી મિથ્યાત્વ હતું. આહા..હા...! કેમકે ત્યાં એની દૃષ્ટિ હતી. પુણ્ય અને પાપના વિકલ્પોની પ્રાપ્તિ (હતી) ત્યાં સુધી તેની દૃષ્ટિ ત્યાં હતી. એની દૃષ્ટિ છૂટીને ભેદજ્ઞાન થતાં આત્માના સ્વરૂપની પ્રાપ્તિ થઈ એને અહીંયાં ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન કહે છે. આહા..હા...! આવો ધર્મ છે. ધર્મની શૈલી બહુ ઝીણી છે.

શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય (અને) **'મિથ્યાત્વાદિ અધ્યવસાનોનો અભાવ થાય...'** એટલે પરની સાથે એકત્વબુદ્ધિનો અભાવ થાય. ચાહે તો યોગ હોય તોપણ એકત્વબુદ્ધિનો તો અભાવ છે. આહા..હા...! કષાય હોય તો એનાથી એકત્વબુદ્ધિનો અભાવ છે, યોગ હોય, કંપન છે પણ એનાથી એકત્વબુદ્ધિનો અભાવ છે. આહા..હા...! અજોગ તો ચૌદમે ગુણસ્થાને થાય. અહીંયાં જ્યારે ભેદજ્ઞાન થયું છે ત્યારે તો મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગ, બધાથી જુદો પડ્યો છે. તેથી યોગના કંપનથી પણ એકત્વ છૂટી ગયું છે. યોગ ને કષાય રહ્યો પણ એનાથી એકત્વબુદ્ધિ છૂટી ગઈ છે. આ..હા...! આવો માર્ગ છે.

**'અધ્યવસાનના અભાવથી રાગદ્વેષમોહરૂપ આસ્રવનો અભાવ થાય છે.'** મિથ્યાત્વ આદિ પરની સાથે એકત્વબુદ્ધિનો અધ્યવસાય ગયો ત્યારે તેને આસ્રવનો અભાવ થાય. રાગ-દ્વેષ-મોહના આસ્રવનો (અભાવ થાય છે). **'આસ્રવના અભાવથી કર્મ બંધાતાં નથી,...'** અને ભાવઆસ્રવ થતો નથી એથી એને નવા કર્મ બંધાતા નથી. અને **'કર્મના અભાવથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થતાં નથી...'** કર્મના અભાવથી શરીરાદિની પ્રાપ્તિ થતી નથી **'અને નોકર્મના અભાવથી સંસારનો અભાવ થાય છે.'** શરીરનો અભાવ થતાં મુક્તિ થાય છે. આહા..હા...! **'આ પ્રમાણે સંવરનો અનુક્રમ જાણવો.'** ધર્મની પ્રાપ્તિથી ઠેઠ વૃદ્ધિ (થાય) એનો આ પ્રમાણે ક્રમ જાણવો. આહા..હા...! પહેલા કોઈ ભગવાનની ભક્તિ ને પૂજા ને વ્રત ને તપ કરે અને પછી સંવર થાય એમ નથી. ઈ તો આસ્રવ છે. નાનામાં નાના યોગનું કંપન, એની સાથે એકત્વબુદ્ધિ છે ત્યાં સુધી મિથ્યાત્વ અધ્યવસાય છે. આહા..હા...! એટલે કે જ્યાં સુધી પર્યાય ઉપર બુદ્ધિ છે ત્યાં સુધી એને રાગ અને યોગની એકતાબુદ્ધિ છે અને તે દૃષ્ટિ ફરીને દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ કરી ત્યારે તેને યોગના કંપનની અને કષાયની એકતાની બુદ્ધિનો નાશ થાય છે. આહા..હા...! આવું કામ છે. **'આ પ્રમાણે સંવરનો અનુક્રમ જાણવો.'** લ્યો !

## શ્લોક–૧૨૯

(उपजाति)

सम्पद्यते संवर एष साक्षा-
च्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात्।
स भेदविज्ञानत एव तस्मात्
तद्भेदविज्ञानमतीव भाव्यम्।।१२९।।

સંવર થવાના ક્રમમાં સંવરનું પહેલું જ કારણ ભેદવિજ્ઞાન કહ્યું છે તેની ભાવનાના ઉપદેશનું કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– (एषः साक्षात् संवरः) આ સાક્ષાત્ (સર્વ પ્રકારે) સંવર (किल) ખરેખર (शुद्ध-आत्म-तत्त्वस्य उपलम्भात्) શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી (सम्पद्यते) થાય છે; અને (सः) તે શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ (भेदविज्ञानतः एव) ભેદવિજ્ઞાનથી જ થાય છે. (तस्मात्) માટે (तत् भेदविज्ञानम्) તે ભેદવિજ્ઞાન (अतीव) અત્યંત (भाव्यम्) ભાવવાયોગ્ય છે.

ભાવાર્થ :– જીવને જ્યારે ભેદવિજ્ઞાન થાય છે અર્થાત્ જીવ જ્યારે આત્માને અને કર્મને યથાર્થપણે ભિન્ન જાણે છે ત્યારે તે શુદ્ધ આત્માને અનુભવે છે, શુદ્ધ આત્માના અનુભવથી આસ્રવભાવ રોકાય છે અને અનુક્રમે સર્વ પ્રકારે સંવર થાય છે. માટે ભેદવિજ્ઞાનને અત્યંત ભાવવાનો ઉપદેશ કર્યો છે. ૧૨૯.

## શ્લોક ૧૨૯ ઉપર પ્રવચન

**'સંવર થવાના ક્રમમાં સંવરનું પહેલું જ કારણ...'** લ્યો ! પહેલું ક્યું કારણ ? ધર્મ થવમાં પહેલું કારણ શું ? ધર્મ કહો કે સંવર કહો. સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિની પ્રાપ્તિ કહો કે સંવર કહો કે ધર્મ કહો. એ **'સંવરનું પહેલું જ કારણ ભેદવિજ્ઞાન કહ્યું છે...'** છે ? પહેલું કારણ આ કરવું ને પછી આ કરવું એમ નથી. પહેલા રાગ – દયા પાળવી, ભક્તિ કરવી, દેવ-ગુરુનો વિનય કરવો એમ કહ્યું નથી. આહા..હા...! પહેલું જ ભેદવિજ્ઞાન કારણ છે. આહા..હા...! **'સંવર થવાના ક્રમમાં સંવરનું પહેલું જ કારણ ભેદવિજ્ઞાન કહ્યું છે...'** બહુ

સરસ છે વાત.

મુમુક્ષુ :– આત્માનું ધ્યાન કરવું ઈ પહેલું કારણ નહિ ?

ઉત્તર :– પહેલું આત્મા તરફનું વલણ કરવું અને પરની એકતા તોડવી એ ભેદજ્ઞાન. જુઓને આમાં લખ્યું છે ને ? કેમકે અનાદિથી શુદ્ધ ચૈતન્ય સ્વભાવ અને રાગાદિ, કષાયાદિ કે યોગાદિથી એકત્વબુદ્ધિ છે. એ અનાદિથી છે. એનું ભેદવિજ્ઞાન પહેલું છે. આ..હા...! કાંઈક કરવાનું છે એ નહિ. ભલે ભેદવિજ્ઞાન પહેલું વિકલ્પવાળું હોય છે, વિકલ્પવાળું ભેદજ્ઞાન હોય. ખરું ભેદજ્ઞાન (તો) પછી વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ (આનંદનો) અનુભવ થાય એ ભેદજ્ઞાન.

'કળશટીકા'માં ભેદવિજ્ઞાનના બે પ્રકાર પાડ્યા છે. આ..હા...! બુદ્ધિપૂર્વક જ્યાં સુધી ભેદજ્ઞાન કરવાનું છે, બુદ્ધિપૂર્વક જ્યાં સુધી રાગ ને દ્વેષ ને જોગને ભિન્ન કરવાનું છે ત્યાં સુધી વિકલ્પ છે. એ વિકલ્પરહિત થઈને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય ત્યારે એને સંવર અને સમકિત થાય. આહા..હા...!

હવે, **'સંવર થવાના ક્રમમાં...'** સંવર – ધર્મ થવાના ક્રમમાં. મોક્ષનો માર્ગ થવાના ક્રમમાં. આહા..હા...! **'સંવરનું પહેલું જ કારણ ભેદવિજ્ઞાન કહ્યું...'** આહા..હા...! ધર્મનું પહેલું કારણ ભેદવિજ્ઞાન કહ્યું. ધર્મ થનારને ભેદવિજ્ઞાન જ પહેલું કારણ કહ્યું. આહા..હા...! ૧૭મી ગાથામાં એમ આવ્યું હતું કે, પહેલો આત્માને જાણવો. અહીં એ જ કહ્યું (કે), પહેલામાં પહેલું ભેદવિજ્ઞાન કરવું. પરથી જુદો (કરવો). કારણ કે પરથી એકત્વબુદ્ધિ છે એ જ મિથ્યાત્વ અને અધ્યવસાય છે. આહા..હા...! એ યોગના કંપન કે દયા, દાન, વ્રતના રાગનો અંશ એની સાથે એકત્વબુદ્ધિ એ જ મિથ્યાત્વ ભાવનો અભેદ ભાવ છે. પરની સાથે અભેદ છે. આહા..હા...! એટલે પ્રથમ સંવર કરવાનું પહેલું કારણ **'ભેદવિજ્ઞાન કહ્યું છે તેની ભાવનાના ઉપદેશનું કાવ્ય કહે છે :–'** એ ભેદવિજ્ઞાન થયું એની ભાવનાનો ઉપદેશ કહે છે. આહા..હા...! આખો દિ' આ ધમાલ કરે, ભગવાનની ભક્તિ કરે ને પૂજા કરે ને પૈસા ખર્ચે એથી ધર્મ થઈ જાય એ વાત છે નહિ. (એ) બધો આસ્રવ છે. આહા..હા...!

અહીં તો ત્યાં સુધી (કહ્યું કે), મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ પાંચ જે બંધના કારણ છે, પાંચથી એકત્વબુદ્ધિ તોડવી, પાંચથી ભેદ કરવો એ ભેદજ્ઞાન પ્રથમ કારણ છે. આહા..હા...!

મુમુક્ષુ :– મુદ્દાની રકમ આપ કહો છો ને.

ઉત્તર :– મૂળ વસ્તુ છે. પહેલાં આવી ગયું છે કે, સમ્યક્ થતાં, ક્ષાયિક સમકિત થતાં યોગનો પણ એક અંશ નાશ થાય છે. એકત્વબુદ્ધિ નાશ થઈ તો એટલો કંપનનો યોગનો નાશ થયો. આહા..હા...! અહીં એ લીધું છે ને ? મિથ્યાત્વ, અવ્રત, અજ્ઞાન અને યોગ માથે લીધા ને ? ભાવાર્થમાં ચાર બોલ લીધા છે. ઈ ચારની સાથે એકત્વબુદ્ધિ છે ત્યાં સુધી અધ્યવસાય મિથ્યાત્વ છે. આહા..હા...! એ ચારથી એકત્વબુદ્ધિ તોડીને, ચારથી એકત્વબુદ્ધિ –

યોગથી પણ એકત્વબુદ્ધિ તોડીને. આહા..હા...! ગજબ વાત છે !

પોતે ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ! અનંત પવિત્રતાના ગુણનો પિંડ છે તેને યોગ ને રાગના ભાવથી ભિન્ન કરવો... આહા..હા...! એ પ્રથમ સંવરનું ભેદવિજ્ઞાન કારણ છે. એ પહેલામાં પહેલું ભેદવિજ્ઞાનનું કારણ છે. આહા..હા...! પહેલું શું કરવું ? ભેદવિજ્ઞાનના પ્રકારમાં વાત લે ત્યારે એમ લ્યે (કે), પહેલું વિકલ્પથી ભેદજ્ઞાન કરે છતાં એ વસ્તુ નથી. (ભેદ) પાડે, આમ બે ખરા ને, એટલે વિકલ્પ આવે. આનાથી જુદો છું, આનાથી જુદો છું, આનાથી જુદો છું. પણ એ બધું તૂટીને યોગની એકતાની બુદ્ધિ પણ તૂટી જાય. આહા..હા...! રાગની એકતાની બુદ્ધિ તો તૂટે પણ આત્મપ્રદેશનું કંપન, એમાંથી પણ અંશે યોગની એકતા તૂટી જાય. આ..હા...! તે કહે છે. ૧૨૯ (કળશ).

**सम्पद्यते संवर एष साक्षा-**
**च्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात्।**
**स भेदविज्ञानत एव तस्मात्**
**तद्भेदविज्ञानमतीव भाव्यम्।।१२९।।**

(**एषः साक्षात् संवरः**) '**આ સાક્ષાત્ (સર્વ પ્રકારે) સંવર...**' ધર્મ. આ..હા...! સંવર (એટલે) આસ્રવનો અભાવ અને કર્મનું નહિ આવવું એવું જે પ્રથમ સાક્ષાત્ સંવર. '**(સર્વ પ્રકારે) સંવર...**' આહા..હા...! ખરેખર (**शुद्ध-आत्म-तत्त्वस्य उपलम्भात्**) '**શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી...**' પ્રાપ્તિ, (એટલે) '**उपलम्भात्**' અનુભવ. પરનો જે અનુભવ એકત્વબુદ્ધિમાં છે, રાગ-દ્વેષ, દયા, દાન અને યોગ એની સાથે એકત્વબુદ્ધિનો જે અનુભવ છે એ છોડીને આત્માની સાથે એકત્વબુદ્ધિનો અનુભવ. આહા..હા...! આવું આકરું પડે એટલે માણસ પછી બીજા રસ્તે ચડી જાય. વ્રત કરો ને તપ કરો. એનાથી ધર્મ થશે. શુભભાવ કરો, શુભભાવ ખૂબ (કરો). શુભભાવ તો આસ્રવ છે અને આસ્રવની એકત્વબુદ્ધિ છે તે મિથ્યાત્વ છે. આહા..હા...! અહીં તો ચારની એકતાબુદ્ધિ તોડવાનું કહ્યું ને ! મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગ. આહા..હા...!

મુમુક્ષુ :– મિથ્યાત્વ સાથે એકતા તોડતાં બધું છૂટી જાય.

ઉત્તર :– ઈ બધું છૂટે, સાથે જ તૂટે છે. એના પ્રકાર બતાવવાના છે ને ! પરથી એકત્વબુદ્ધિ છૂટે એમાં યોગ ને કષાયની એકતાની બુદ્ધિ સાથે તૂટી જાય છે. એટલે પહેલું આવી ગયું છે. એટલે અંશે તો અવિરતિ તૂટી જાય છે, એટલે અંશે યોગ – કંપન તૂટી જાય છે. આહા..હા...! આસ્રવમાં આવી ગયું છે. જેટલે અંશે આત્મા રાગથી ભિન્ન કરી અને ભેદજ્ઞાન કરે છે અને મિથ્યાત્વ ટાળે છે તેટલે અંશે ત્યાં મિથ્યાત્વનો તો અભાવ થાય છે પણ અવિરતિ એટલા અંશે જે જાતની તીવ્ર (હતી એ) નીકળી જાય છે. તેમ યોગનું કંપન જેટલું છે એટલું કંપન એકતાબુદ્ધિમાં રહેતું નથી. જેટલું કંપન પહેલું હતું એવું એકત્વ

ભગવાનઆત્માની સાથે એકત્વબુદ્ધિ થઈ એટલા કંપનનો અભાવ થાય છે. આહા..હા...! હવે અહીં તો હજી (લોકોને) શુભભાવથી ધર્મ (મનાવવો છે). અહીં તો કહે (છે), યોગના કંપનના અંશનો અભાવ ત્યારે ચારેથી એકત્વબુદ્ધિ તૂટે છે. આહા..હા...! આવું આકરું કામ છે.

મુમુક્ષુ :– ક્ષાયિક સમકિત થઈ જાય છે.

ઉત્તર :– ઈ સમકિત જ છે. અહીં અપ્રતિહતની જ વાત છે આમાં. આહા..હા...!

**(शुद्ध-आत्म-तत्त्वस्य उपलम्भात्)** જ્યારે પરથી ભેદજ્ઞાન કરે છે ત્યારે તેને શુદ્ધ પરમાત્મા આત્મા છે, એનો અનુભુવ થાય છે. એનું નામ ભેદજ્ઞાન અને દર્શનની અપેક્ષાએ એનું નામ સમ્યગ્દર્શન, સ્થિરતાની અપેક્ષાએ એનું નામ સ્વરૂપઆચરણ. આહા..હા...! કારણ કે જેટલું કષાયમાં એકત્વ હતું એટલી બુદ્ધિ તૂટી એટલું કષાયના અભાવનું પરિણમન પણ થયું. આહા..હા...! સ્વરૂપાચરણની (કેટલાક) ના પાડે છે ને ? સ્વરૂપાચરણ ચોથે (ગુણસ્થાને) હોય નહિ, ભાઈ ! 'વિદ્યાનંદ', 'વિદ્યાનંદ' ને ? 'વિદ્યાસાગર'.

અહીં તો કહે છે પ્રભુ ! એકવાર સાંભળ. એક કોર પરિપૂર્ણ ભગવાન અક્રિય જોગ કંપન રહિત, કષાય રહિત, મિથ્યાત્વ રહિત, અવ્રત રહિત, પ્રમાદ રહિત એવું જેનું સ્વરૂપ છે એનો પરથી ભિન્ન પડીને અનુભવ થતાં જેટલા અંશો છે એમાંથી એક એક અંશ બધા સાથે તૂટી ગયા. મિથ્યાત્વ ટળતાં બધા ચારે પ્રકારના અંશો ઓછા થઈ ગયા, અંશ તૂટી ગયો. એની સાથે એકત્વબુદ્ધિ રહી નહિ. આહા..હા...! જ્ઞાન ને સમકિત ધારા કષાય રહિત, યોગના કંપન રહિત થઈ ગઈ. ભલે થોડી (હોય). આ..હા...! આવું છે. માણસને મધ્યસ્થથી આગ્રહ છોડીને શાસ્ત્રને જે કહેવું છે એ મધ્યસ્થથી પોતાની દૃષ્ટિમાં લ્યે. પણ આ તો પોતાની દૃષ્ટિ પ્રમાણે શાસ્ત્રનો અર્થ કરે. એટલે બધા ઊંધા અર્થ થાય.

એ જ સાક્ષાત સંવર. આ..હા..હા...! સાક્ષાત સંવર, પ્રત્યક્ષ સંવર. આ..હા...! રાગ ને યોગથી એકત્વબુદ્ધિ તૂટતાં ભગવાનઆત્મા સાથે સાક્ષાત્ એકત્વબુદ્ધિ થાય છે. છે ને ? ઈ '**સાક્ષાત (સર્વ પ્રકારે)...**' ખરેખર શુદ્ધ આત્મતત્ત્વના અનુભવથી થાય છે. એ બધું શુદ્ધ આત્મતત્ત્વ તરફના વલણથી શુદ્ધ આત્મતત્ત્વ તરફના ઝુકાવથી એ અનુભવ થાય છે. કષાય ને અજ્ઞાન ને યોગ, એનો અંશ પણ ત્યાં તૂટી જાય છે. આહા..હા...! કેટલાક કહે છે કે, 'સોનગઢ'વાળાએ સમકિત મોંઘું કર્યું. સહેલું હતું (ઈ) મોંઘું કર્યું. આ દેવ-ગુરુમાં ધર્મ માન્યા અને વ્રત કરવા એ એના – અજ્ઞાનીના સમકિત. આહા..હા...!

પરમાત્માનો એ પોકાર છે, પ્રથમમાં પ્રથમ સંવરનું મુખ્ય પ્રથમ કારણ ભેદવિજ્ઞાન છે. એનો અર્થ કે જે અભેદબુદ્ધિથી છે તેનાથી ભિન્ન પડવું એ પ્રથમ કારણ છે. આહા..હા...! કેવી વાત છે ! આ..હા...! ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, શુદ્ધ સ્વભાવનું અસ્તિ તત્ત્વ , જેની બધી સત્તા શુદ્ધ છે એની એકતાબુદ્ધિમાં, અનુભવમાં પરથી ભિન્ન પડી જાય છે ત્યારે એ સંવરનું કારણ થાય છે. અને શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિથી.. આહા..હા...! શુદ્ધ આત્મતત્ત્વનો

અનુભવ (**भेदविज्ञानतः एव**) જોયું ? ‘**ભેદવિજ્ઞાનથી જ થાય છે.**’ રાગની ક્રિયા ને દયા ને દાન ને વ્રત ને ભક્તિ, તપસ્યા એનાથી ભેદજ્ઞાન થાય છે એમ નથી. એનાથી તો ભેદ કરવો છે. જેનાથી ભેદ કરવો (છે) એનાથી ભેદ થાય ? આહા..હા...! આકરી વાત છે, ભાઈ ! અત્યારની પ્રથા અને વીતરાગમાર્ગ (બન્નેમાં) આખો બહુ ફેરફાર છે, ઘણો ફેરફાર, ઘણો ફેરફાર. (બધા) મિથ્યાત્વના પોષક છે. વ્રત કરો, તપસ્યા કરો (તો) તમારું કલ્યાણ થશે. એ મિથ્યાત્વનું પોષક છે, મિથ્યાત્વની વૃદ્ધિ છે. આ..હા..! મોટા ગજરથ કરો, રથયાત્રા કાઢો, પાંચ-પચીસ લાખ ખર્ચીને મોટી પ્રભાવના કરો.. એ બધામાં ધર્મ માનવો એ મિથ્યાત્વની વૃદ્ધિ છે. આહા..હા...!

મુમુક્ષુ :– ગજરથ કાઢવામાં દોષ નથી, એમાં ભલું માનવું તે દોષ છે.

ઉત્તર :– એને ભલું માનવું એ મિથ્યાત્વ છે. ઈ પોતે વસ્તુ મિથ્યાત્વ નથી. એ મારા છે, એમ માનવું એ મિથ્યાત્વ છે. આહા..હા...! મારું તો જ્ઞાનસ્વરૂપ અને આનંદ સ્વરૂપ છે. એમાં આ યોગ ને રાગને પોતાનો માનવો એ જ મિથ્યાત્વ છે. આહા..હા...! ઝીણી વાત છે.

શરીરની ક્રિયા અને શુભભાવ એને સહેલો થઈ ગયો. એમાંથી જાણે હવે ધર્મ થઈ જશે. અહીં કહે છે, ક્લેશ કરો તો કરો. ઈ ભક્તિનો ને રાગનો, પૂજાનો, જાત્રાનો રાગ છે એ ક્લેશ કરો તો કરો પણ ધર્મ નથી, એમાં ધર્મની ગંધ નથી. એ ‘નિર્જરા અધિકાર’માં આવે છે. ક્લેશ કરો તો કરો. આહા..હા...! ઈ શુભરાગ ક્લેશ છે. આહા..હા...! કેમ વાત બેસે ? સાંભળવા મળે નહિ હજી. મૂળિયાની વાત અહીં તો ભેદવિજ્ઞાનનો અનુભવ એ ભેદવિજ્ઞાનથી જ થાય છે. આત્મતત્ત્વનો અનુભવ ભેદવિજ્ઞાનથી જ થાય છે. આ..હા...! માથે કહ્યું ને ? ‘**સંવરનું પહેલું જ કારણ ભેદવિજ્ઞાન...**’ છે. એ કહ્યું. આહા..હા...!

શુદ્ધ આત્મા... જેમાં તીર્થંકર ગોત્ર જે ભાવે બંધાય એ ભાવ પણ ધર્મ નથી. એ ભાવ પણ પુણ્ય છે. ખરેખર તો એ અધર્મ છે. ધર્મથી બંધન ન થાય અને જે ભાવે બંધન થાય તે ધર્મ નહિ. આહા..હા...! ક્યાં પહોંચવું ? (સંવત) ૧૯૮૫માં પહેલું કહ્યું. ‘બોટાદ’માં ૧૯૮૫ની સાલ(માં) હજારો માણસ (આવતા). ત્રણસો ઘર તે બધું આવે. ‘કાનજીમુનિ’ વ્યાખ્યાન આપવા બેઠા છે. લોકોના ઢગલા આવે, ઢગલા. માય નહિ. બહાર બેસે. તે દિ’ ૧૯૮૫ની સાલમાં કહ્યું. પોષ મહિનો હતો. કીધું, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ધર્મ નહિ. ધર્મથી બંધાય નહિ અને બંધાય તે ભાવ ધર્મ નહિ. અને બહુ (કડક) ભાષાથી કહીએ તો એ અધર્મ છે. આહા..હા...! કારણ કે જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાણું એ ભાવનો નાશ કરશે તો વીતરાગ થશે. તીર્થંકર પ્રકૃતિ બંધાણી માટે એ હવે કેવળજ્ઞાન પામશે, એમ નથી. આહા..હા...! જે ભાવે બંધાણું તે ભાવને તોડશે ત્યારે તો વીતરાગ થશે પછી તો કેવળ થાશે, પછી તો એ પ્રકૃતિનો ઉદય આવશે. આ..હા...! એમાં આત્માને શું લાભ થયો ? આહા..હા...! આવે,

હોય છે. પૂર્ણ ન હોય ત્યાં એ ભાવ આવે પણ છે એ બંધનું કારણ.

અહીં તો શુદ્ધ આત્મતત્ત્વનો અનુભવ થાય છે અને તે શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ.. આહા..હા...! થાય છે. **(भेदविज्ञानतः एव)** **'ભેદવિજ્ઞાનથી જ થાય છે.'** એમ કીધું. **(भेदविज्ञानतः एव)** એમ છે ને ? **'एव'** છે ને **'एव'** ? **(भेदविज्ञानतः एव)** નિશ્ચય પડ્યો છે. **(भेदविज्ञानतः एव)** જેને આત્માની અનુભવની પ્રાપ્તિ થાય એને ભેદવિજ્ઞાનથી જ થાય. રાગની સહાયથી કે પુણ્ય-પાપ, દયા, દાનની સહાયથી થાય એમ નથી. આહા..હા...! હવે આવું હોય તો ખળભળાટ થાય કે નહિ ? તમારા પેલા 'કપિલ કોટડિયા'ને ખળભળાટ(થઈ ગયો). બધાને ક્રિયાકાંડમાં ધર્મ મનાવવો છે એટલે ખળભળાટ.. ખળભળાટ થઈ ગયો. એ અનાદિનું છે, ઈ કંઈ નવું નથી, બાપુ ! આહા..હા...!

અહીં તો ઈ કીધું, તે શુદ્ધ આત્મતત્ત્વનો અનુભવ **'ભેદવિજ્ઞાનથી જ થાય છે.'** બીજો કોઈ ઉપાય જ નથી, બીજી કોઈ એની વિધિ નથી, બીજી કોઈ એની રીત નથી. આહા..હા...! આચાર્યોએ તો સૂર્યની જેમ ચોખ્ખી વાત મૂકી દીધી. દુનિયાને બેસે કે ન બેસે. માણસને બેસે (કે) ન બેસે. આહા..હા...! વાત તો જુઓ ! **'सम्पद्यते'** તે શુદ્ધાત્માનો અનુભવ **(भेदविज्ञानतः एव)** આહા..હા...! ગજબ વાત છે ! પહેલેથી શરૂઆત તે ઠેઠ (સુધી) પરથી જુદું સ્વના અનુભવથી જ ધર્મ – સંવર થાય છે. આ..હા...! જેટલો પરથી ભેદ કરીને અભેદમાં આવે એટલો ધર્મ. આગળ હજી ભેદ રહી જાય એનાથી પછી જુદો પડે એટલો ધર્મ. એ જેટલો રહે એટલો આસ્રવ. આહા..હા...!

**(भेदविज्ञानतः एव)** છે ને એમાં શબ્દ ? **(स भेदविज्ञानतः एव)** મૂળ શ્લોક(ની) ત્રીજી લીટી છે. ભેદવિજ્ઞાન જ. આહા..હા...! આ 'જ'માં તો એકાંત થઈ જાય. ભગવાનનો માર્ગ અનેકાંત છે. એકાંત છે એટલે ભેદવિજ્ઞાનથી થાય અને અભેદથી ન થાય એનું નામ અનેકાંત છે. આહા..હા...! (લોકો કહે), ભગવાનનો માર્ગ તો 'જ' એકાંત હોય નહિ. અહીં પૂરો એકાંત કીધો. ભેદવિજ્ઞાનથી જ મુક્તિ થાય, એકાંત છે. સમ્યક્ એકાંત, નિશ્ચયનય (છે). આહા..હા...! હવે આ બધા થોથા કરીને બેસે. સામાયિક કર્યા, પોસા કર્યા, પડિકમ્મણા કર્યા, (એ બધા) થોથા કર્યા. એ તો મિથ્યાત્વના પોષક છે. આહા..હા...!

નાનામાં નાની રાગની ક્રિયા કે કંપનની (ક્રિયા થાય) એની એકતાબુદ્ધિ તે મિથ્યાત્વ છે. અને નાનામાં નાનું પહેલું ભેદજ્ઞાન એ કંપન અને રાગથી ભિન્ન પડેલું ભેદવિજ્ઞાન મુક્તિનું કારણ છે. આહા..હા...! એમાં છે કે નહિ ? આહા..હા...! કેવો શ્લોક મૂક્યો છે ! **'सम्पद्यते संवर एष साक्षाच्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात्। स भेदविज्ञानत एव तस्मात्'** એમ પાછું. આહા..હા...! સાક્ષાત સંવરની – ધર્મની પ્રાપ્તિ (થાય) એ શુદ્ધ આત્મતત્ત્વના અનુભવથી (થાય) અને તે શુદ્ધ આત્મતત્ત્વનો અનુભવ ભેદજ્ઞાનથી થાય છે. આહા..હા...! ભેદવિજ્ઞાનથી સંવર થાય છે અને આત્માના સ્વભાવની અભેદતાથી સંવર થાય છે. પરથી ભિન્નતા થઈ

અને પોતાના સ્વભાવની એકતા થઈ. આ જ એનો ધર્મનો અને સંવરનો ક્રમ છે. આ..હા...!

મુમુક્ષુ :- ભેદવિજ્ઞાન અને આત્મધ્યાન બન્નેથી સંવર થાય ?

ઉત્તર :- આત્મધ્યાન એક જ છે. ભેદવિજ્ઞાન એ જ આત્માનું ધ્યાન છે. રાગથી ભિન્ન પડીને આત્મા તરફ ઢળ્યો છે એ જ ધ્યાન છે. આહા..હા...! કષાય ને એનાથી ખસ્યો, હઠ્યો તો સ્વભાવ તરફ આવ્યો એ જ ધર્મ છે, એ જ આત્મા છે. આ..હા..હા...!

**'तस्मात्' 'માટે..'** શું કહ્યું ? કે, ધર્મનું મૂળ કારણ ભેદજ્ઞાન અને ભેદવિજ્ઞાન માટે **'तत् भेदविज्ञानम्'** તે માટે ભેદવિજ્ઞાન **'અત્યંત ભાવવાયોગ્ય છે.'** આહા..હા...! અંતરમાં એને રાગથી ભિન્ન અને કંપનથી ભિન્ન (છે), એમ ભાવવાયોગ્ય છે. બહુ સરસ શ્લોક છે. સંવરના છેલ્લા શ્લોક ! આહા..હા...! ભેદવિજ્ઞાન જ મુક્તિનું કારણ છે. **'માટે...'** એ માટે **'તે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવાયોગ્ય છે.'** અંતરમાં એકાગ્ર થવા લાયક છે. આ..હા...! એ જ ભેદવિજ્ઞાનનું મૂળ છે. બહુ ટૂંકી ભાષા છે.

**ભાવાર્થ :- 'જીવને જ્યારે ભેદવિજ્ઞાન થાય છે...'** રાગ અને વિકલ્પથી જુદો પડે છે. આહા..હા...! **'જીવ જ્યારે આત્માને અને કર્મને યથાર્થપણે ભિન્ન જાણે...'** યથાર્થપણે ભિન્નપણે જાણે છે. એકલું જાણવું નહિ. અંદરમાં યથાર્થપણે ભિન્નપણે જાણે છે **'ત્યારે તે શુદ્ધ આત્માને અનુભવે છે,...'** ત્યારે તે શુદ્ધ આત્માના આનંદને અનુભવે છે. **'શુદ્ધ આત્માના અનુભવથી આસ્રવભાવ રોકાય છે...'** એનાથી આસ્રવ રોકાય છે **'અને અનુક્રમે સર્વ પ્રકારે સંવર થાય છે.'** આ વિધિએ અનુક્રમે સંવર થાય છે. આ રીતે ધર્મ થાય છે. આ..હા...! **'માટે ભેદવિજ્ઞાનને અત્યંત ભાવવાનો ઉપદેશ કર્યો છે.'** ઠીક ! 'અમૃતચંદ્રાચાર્યદેવ' એમ કહે છે. **'માટે ભેદવિજ્ઞાનને અત્યંત ભાવવાનો ઉપદેશ કર્યો છે.'** આહા..હા...!

## શ્લોક-૧૩૦

**(अनुष्टुभ)**

**भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया ।**
**तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते । ।१३० । ।**

**હવે, ભેદવિજ્ઞાન ક્યાં સુધી ભાવવું તે કાવ્ય દ્વારા કહે છે :-**

**શ્લોકાર્થ :- (इदम् भेदविज्ञानम्) આ ભેદવિજ્ઞાન (अच्छिन्न-धारया) અચ્છિન્નધારાથી (અર્થાત્ જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે) (तावत्) ત્યાં સુધી (भावयेत्) ભાવવું (यावत्) કે જ્યાં સુધી (परात् च्युत्वा) પરભાવોથી છૂટી (ज्ञानं) જ્ઞાન (ज्ञाने) જ્ઞાનમાં જ (પોતાના**

**સ્વરૂપમાં જ) (प्रतिष्ठते) ઠરી જાય.**

**ભાવાર્થ :– અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે જાણવું. એક તો મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યગ્જ્ઞાન થાય અને ફરી મિથ્યાત્વ ન આવે ત્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું કહેવાય; બીજું, જ્યારે જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઈ જાય અને ફરી અન્યવિકારરૂપે ન પરિણમે ત્યારે તે જ્ઞાનમાં ઠરી ગયું કહેવાય. જ્યાં સુધી બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન ભાવ્યા કરવું. ૧૩૦.**

## શ્લોક ૧૩૦ ઉપર પ્રવચન

હવે એની ગાથા. **'ભેદવિજ્ઞાન ક્યાં સુધી ભાવવું...'** હવે કહે છે. પરથી ભિન્ન અને સ્વભાવની એકતા ક્યાં સુધી કરવી ? પૂર્ણ થાય ત્યાં સુધી. આ..હા...!

**भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया।**
**तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।१३०।।**

ઓ..હો..હો...! **(इदम् भेदविज्ञानम्) 'આ ભેદવિજ્ઞાન...' 'इदम्'** એટલે આ. ભેદવિજ્ઞાન (અર્થાત્) રાગથી ભિન્ન, વિકલ્પથી ભિન્ન એવું જે ભેદવિજ્ઞાન. **(अच्छिन्न-धारया) 'અચ્છિન્નધારાથી (અર્થાત્ જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે)...'** આહા..હા...! ઘડીકમાં પરથી જુદો અને વળી ઘડીકમાં પરથી એકત્વ એમ નહિ. આહા..હા...! પરથી જુદાની અચ્છિન્નધારાએ ભાવના કરવી. આહા..હા...! આચાર્યોના તીવ્ર શબ્દો પંચમ આરા માટે આ કહે છે ? પંચમ આરાના સાધુ છે, પંચમ આરાના શ્રોતાને કહે છે. કોઈ એમ કહે કે, પંચમ આરામાં કાંઈ નથી. કહે છે ને ? એક 'શ્રુતસાગર' છે. 'શ્રુતસાગર' સાધુ. 'શાંતિસાગર'ના કેડાયતમાં. (ઈ કહે છે) અત્યારે તો શુભજોગ જ હોય, બસ ! અર..ર...! આવું ગજબ કરે છે. કોઈ પાછું સામું બોલનાર ન મળે, કોઈ પૂછનાર ન મળે. તમે આ શું કહો છો ? શુભભાવ તો અભવીને અનંતવાર હોય છે. શુભભાવ તો અનંત વાર કર્યો છે (પણ) ધર્મ ન થયો.

**'આ ભેદવિજ્ઞાન અચ્છિન્નધારાથી (અર્થાત્ જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે) ત્યાં સુધી...'** (तावत्) નામ **'ત્યાં સુધી...'** આહા..હા...! (भावयेत्) **'ભાવવું કે જ્યાં સુધી...'** (परात् च्युत्वा) **'પરભાવોથી છૂટી...'** તદ્દન પરભાવથી છૂટીને એકલું જ્ઞાન – આત્મા રહી જાય ત્યાં સુધી ભેદજ્ઞાનની ભાવના કરવી. આ..હા...! એકવાર કર્યું એટલે પછી થઈ રહ્યું એમ નહિ પણ પછી પણ ઠેઠ સુધી સ્વરૂપનું ઘોલન રહ્યા જ કરે, સ્વરૂપ તરફની દશાનો પુરુષાર્થ રહ્યા જ કરે, એ **(अच्छिन्न-धारया)** ભેદવિજ્ઞાન છે. આહા..હા...!

મુમુક્ષુ :– બારમા ગુણસ્થાન સુધી.

ઉત્તર :- પહેલેથી શરૂઆત, સાતમેથી. ઈ બારમું-બારમું કાંઈ નહિ. અહીં ગુણસ્થાન લીધા જ નથી. ગુણસ્થાન જીવમાં છે જ નહિ. નથી આવ્યું ઈ ? ગુણસ્થાન જીવમાં છે જ નહિ. અહીં તો રાગથી પરથી ભિન્ન કરીને પોતામાં સંપૂર્ણ થાય ત્યાં સુધી ભાવવું, આટલી વાત (છે). એમાં વચ્ચે ગુણસ્થાન આવે પણ એ વાત લીધી હતી, પણ જીવમાં ગુણસ્થાન છે જ નહિ. આહા..હા...! આવી વાતું છે. ગુણસ્થાન ભેદવાળું છે. એનાથી પણ ભેદ પાડીને અભેદ કરવું છે. આહા..હા...! પછી કહેવાય એને પહેલેથી ભેદ પાડીને કરે તો ચોથું આવે, વિશેષ એકાગ્ર થાય તો પાંચમું આવે એમ કહેવાય. વિશેષ સ્થિરતા થાય (એટલે) છઠ્ઠું-સાતમું આવે. પણ એ પર્યાયબુદ્ધિ પર લક્ષ નહિ, એમ કહે છે. ચૌદ ગુણસ્થાન એ પર્યાયબુદ્ધિ છે. આહા..હા...!

અખંડ જ્ઞાયકભાવ પૂર્ણ પરમાત્મા, અતીન્દ્રિય આનંદનો ભરચક ભરેલો કોઠાર. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો ભરચક ભરેલો ભંડાર, એની તરફની ભાવના પૂર્ણ સ્થિરતા ન થાય ત્યાં સુધી કરવી. આહા..હા...! આવો વખત મળે ક્યાં ? આ..હા...! છોકરાને સાચવવા, ઘરમાં પચીસ-ત્રીસ માણસ થાય અને આ મોંઘવારી. એક એક માણસને પચાસ પોણોસોનો ખર્ચ તો થાય. વીસ માણસ હોય તો પંદરસો રૂપિયા જોઈએ. આહા..હા...! આકરું કામ છે.

અહીં તો કહે છે કે, શુભવિકલ્પ જે આવે એનાથી ભેદજ્ઞાન ભાવવું. પૂર્ણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી (ભાવવું). આહા..હા...! છે ને ? **'પરભાવોથી છૂટી જ્ઞાન જ્ઞાનમાં જ...'** જ્ઞાન એટલે આત્મા. આત્મા આત્મામાં જ **'(પોતાના સ્વરૂપમાં જ) ઠરી જાય.'** ત્યાં સુધી પરથી જુદો પાડવો. એકદમ ઠરી જાય. આહા..હા...! ચારિત્રની યથાખ્યાત ચારિત્ર દશા ભેદવિજ્ઞાનથી (થાય) ત્યાં સુધી એણે ભાવવું. ભેદઅભ્યાસ આવે છે ને ? કળશમાં બે-ત્રણ ઠેકાણે આવે છે. ભેદ-અભ્યાસ ચારિત્રને માટે પણ. આહા..હા...!

**ભાવાર્થ :- 'અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે જાણવું.'** આત્મા આત્મામાં ઠરે એ બે પ્રકારે (છે). **'એક તો મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યગ્જ્ઞાન થાય અને ફરી મિથ્યાત્વ ન આવે ત્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું કહેવાય;...'** એકતાબુદ્ધિ તોડીને સ્વમાં એકત્વ આવ્યો એને પણ અહીંયાં ભેદવિજ્ઞાન કહેવાય. આહા..હા...! **'અને જ્યારે જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઈ જાય...'** ઉપયોગ વર્તમાનમાં જ્યારે શુદ્ધ ઉપયોગ થઈ જાય. પહેલા શુદ્ધ ઉપયોગ પૂર્ણ નહોતો થયેલો. કોઈ વખતે થતો. બીજામાં (કહે છે), પૂર્ણ જ્યાં સુધી (ન થાય ત્યાં સુધી). **'જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઈ જાય અને ફરી અન્યવિકારરૂપે ન પરિણમે...'** આ..હા..હા...! **'ત્યારે તે જ્ઞાનમાં ઠરી ગયું કહેવાય.'** પહેલું સમ્યગ્દર્શનની અપેક્ષાએ ઠરી ગયું કહેવાય. પણ એટલું હજી પૂર્ણ ઠર્યું નથી. પછી જ્ઞાન જ્ઞાનમાં તદ્દન ઠરી જાય ત્યાં સુધી ભેદજ્ઞાન રાખવું. આહા..હા...! આવા ભાવ અને આવા ભાવના અર્થો. અજાણ્યા માણસને એમ (લાગે) કે, આમાં કરવું શું ? કરવાનું ન આવ્યું ? ભાઈ ! આહા..હા...! પ્રભુ ! તું મોટો પડ્યો છો તું. તારા પરમાત્મા

પાસે તો સિદ્ધની પર્યાય પણ કંઈ કિંમતની નથી. એટલી તારી શક્તિ છે. આહા..હા...! એવો જે ભગવાનઆત્મા, એને રાગની એકતાબુદ્ધિથી તોડીને સ્થિર થવું એ પહેલા નંબરનું છે અને પછી.. પહેલો નંબર એટલે ઊંચો એમ નહિ, પહેલેથી એમ. પછી અંદરથી સ્થિર થવું, અસ્થિરતામાંથી છૂટીને સ્થિર થવું એ ઊંચા પ્રકારનું ભેદજ્ઞાન. ઠેઠ વીતરાગતા થાય ત્યાં સુધી ભેદજ્ઞાન કરવું, કહે છે. આહા..હા...!

શુદ્ધરૂપ થઈ જાય **'અને ફરી અન્યવિકારરૂપે ન પરિણમે ત્યારે તે જ્ઞાન ઠરી ગયું કહેવાય. જ્યાં સુધી બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય...'** બન્ને પ્રકારે એમાં એક તો મિથ્યાત્વ ટળીને સમકિતમાં આવે અને પછી અસ્થિરતા ટળીને શુદ્ધ ઉપયોગમાં આવી જાય. એ બન્ને પ્રકારે ભેદજ્ઞાન કરવું. આહા..હા...! એ **'બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન ભાવ્યા કરવું.'** આહા..હા...! ખરેખર તો રાગથી કે વિકલ્પથી જુદો પડ્યો, ઈ જુદો પડ્યો એ તો પછી એનું કંઈ ભેદજ્ઞાન કરવું પડતું નથી, પણ પુરુષાર્થનું વલણ એ બાજુ રહ્યા જ કરે અને અહીં રાગની ઉત્પત્તિ ન થાય અને ઉગ્ર પુરુષાર્થ કરે એનું નામ ઉગ્ર (રૂપે) ઠરી જવું, એમ કહેવાય છે. પહેલું સમકિત થઈને મિથ્યાત્વ ગયું એટલો ઠર્યો તો, પછી ચારિત્ર થઈને સ્વરૂપમાં ઠર્યો. એને પછી કંઈ (ભાવવાનું) હોય નહિ. ત્યાં સુધી આત્માને ભાવવો. એમ. આહા..હા...! ફરીને ભેદવિજ્ઞાનના મહિમાનો કળશ કહેશે, લ્યો ! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

## શ્લોક-૧૩૧

(अनुष्टुभ्)

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।**

**ફરીને ભેદવિજ્ઞાનનો મહિમા કહે છે :-**

**શ્લોકાર્થ :- (ये केचन किल सिद्धाः) જે કોઈ સિદ્ધ થયા છે (भेदविज्ञानतः सिद्धाः) તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે; (ये केचन किल बद्धाः) જે કોઈ બંધાયા છે (अस्य एव अभावतः बद्धाः) તે તેના જ (-ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.**

**ભાવાર્થ :- અનાદિ કાળથી માંડીને જ્યાં સુધી જીવને ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી તે કર્મથી બંધાયા જ કરે છે - સંસારમાં રઝળ્યા જ કરે છે; જે જીવને ભેદવિજ્ઞાન થાય છે**

તે કર્મથી છૂટે જ છે – મોક્ષ પામે જ છે. માટે કર્મબંધનું – સંસારનું – મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે અને મોક્ષનું પ્રથમ કારણ ભેદવિજ્ઞાન જ છે. ભેદવિજ્ઞાન વિના કોઈ સિદ્ધિ પામી શકતું નથી.

અહીં આમ પણ જાણવું કે – વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધો અને વેદાન્તીઓ કે જેઓ વસ્તુને અદ્વૈત કહે છે અને અદ્વૈતના અનુભવથી જ સિદ્ધિ કહે છે તેમનો, ભેદવિજ્ઞાનથી જ સિદ્ધિ કહેવાથી, નિષેધ થયો; કારણ કે સર્વથા અદ્વૈત વસ્તુનું સ્વરૂપ નહિ હોવા છતાં જેઓ સર્વથા અદ્વૈત માને છે તેમને ભેદવિજ્ઞાન કોઈ રીતે કહી શકાતું જ નથી; જ્યાં દ્વૈત જ – બે વસ્તુઓ જ – માનતા નથી ત્યાં ભેદવિજ્ઞાન શાનું ? જો જીવ અને અજીવ – બે વસ્તુઓ માનવામાં આવે અને તેમનો સંયોગ માનવામાં આવે તો જ ભેદવિજ્ઞાન બની શકે અને સિદ્ધિ થઈ શકે. માટે સ્યાદ્વાદીઓને જ બધુંય નિર્બાધપણે સિદ્ધ થાય છે. ૧૩૧.

---

## પ્રવચન નં. ૨૬૭ શ્લોક-૧૩૧-૧૩૨ શનિવાર, અષાઢ સુદ ૬, તા. ૩૦-૦૬-૧૯૭૯

---

('સમયસાર'), ૧૩૧ કળશ છે.

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।**

(**ये केचन**) કોઈપણ અત્યાર સુધી સિદ્ધ થયા એ ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. આ એક સિદ્ધાંત. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ, એનાથી પણ જુદા પડીને દ્રવ્યનો આશ્રય લઈને ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા. આ..હા...! મહાસિદ્ધાંત છે. અનંતકાળથી જે કોઈ સિદ્ધ થયા એ બધા વિકલ્પથી ભિન્ન પડી અને આત્માનો અનુભવ કરીને, એનો અનુભવ છોડીને – રાગનો અનુભવ છોડીને, સ્વભાવનો અનુભવ કરીને સિદ્ધ થયા. આ એક જ સિદ્ધાંત છે, લ્યો ! આ..હા..હા...! કોઈ કહે, વ્યવહાર દયા, દાન ને વ્રત, ભક્તિ કરતા સિદ્ધ થાય, નિશ્ચય થાય એ વાત જૂઠી છે. આહા..હા...! આકરું કામ છે. પહેલાં આપણે આવી ગયું છે. સંવર (થવાનું) પહેલું જ કારણ ભેદવિજ્ઞાન કહ્યું છે. ભેદવિજ્ઞાનથી જ (સંવર) થાય છે. આ..હા...!

આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવ (છે), એ રાગથી ભિન્ન પડી અને ભેદવિજ્ઞાનથી મુક્તિને પામ્યા. ભેદવિજ્ઞાનથી સમકિત પામ્યા, ભેદવિજ્ઞાનથી ચારિત્ર પામ્યા, ભેદવિજ્ઞાનથી કેવળ પામ્યા, ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા. આ એક માર્ગ છે. આહા..હા...!

**'જે કોઈ સિદ્ધ થયા...'** જે કોઈ સિદ્ધ થયા. કોઈ પ્રકારે – ભેદે, કોઈ જંગલમાં, કોઈ

મેરુ પર્વતે (થયા) એક જ માર્ગ છે, એમ કહે છે. આમ લ્યો તો **'भूदत्थमस्सिदो'** ત્રિકાળી ભગવાનઆત્માના આશ્રયથી જ મુક્તિ પામ્યા છે. અહીં કહ્યું કે ભેદથી એટલે પરથી જુદાથી પામ્યા. બધી એકની એક વાત છે. આહા..હા...! ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હો, પંચ મહાવ્રતના પરિણામ હો એ બંધના કારણ છે. એનાથી ભેદજ્ઞાન કરવું એ મુક્તિનું કારણ છે.

**'જે કોઈ...'** એમ કીધું ને ? **'केचन किल'** **'સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;...'** આ..હા...! અનંત કાળમાં એક જ માર્ગ (છે), બીજો માર્ગ જ નથી. આહા..હા...! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, એ વિકલ્પથી ભિન્ન પડી, રાગથી બિન્ન પડી અને સમ્યગ્દર્શન પામ્યા, રાગથી ભિન્ન પડીને ચારિત્ર પામ્યા, રાગથી ભિન્ન પડીને શુક્લધ્યાન થયું અને તદ્દન રાગના અભાવથી કેવળજ્ઞાન થયું. રાગનો વ્યવહાર ભાવ કંઈ પણ મુક્તિને સહાયક થાય, મદદ કરે એમ નથી. આહા..હા...!

**'તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા...'** કોણ ? **'જે કોઈ સિદ્ધ થયા...'** આહા..હા...! **'તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;...'** (**ये केचन किल बद्धाः**) **'જે કોઈ બંધાયા છે...'** અત્યાર સુધી સંસારમાં અનાદિથી રખડે છે.. આહા..હા...! એ **'તેના જ (–ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.'** દયા, દાનાદિ શુભરાગનો અભાવ કરીને મુક્તિને પામે અને અભાવ નથી કર્યો તે બંધાણા છે. એક જ સિદ્ધાંત છે. આ..હા...! રાગથી ભિન્ન પડીને સ્વભાવ (સન્મુખ થવું) એ એક જ મોક્ષનો માર્ગ.

(**अस्य एव अभावतः बद्धाः**) રાગના ભેદજ્ઞાનનો અભાવ અને રાગની એકતાબુદ્ધિ, એ બંધનનું કારણ છે. આ..હા...! શ્લોક તો ઘણો ટૂંકો પણ સાર ઘણો આવ્યો છે એમાં. આ..હા...! આ બધા વ્યવહાર કરતા કરતા થાય ને નિમિત્ત મળે તો સારું થાય એ બધાનો અહીં નિષેધ કરી નાખ્યો. નિમિત્તથી ભિન્ન પડી, નિમિત્ત તરફના રાગથી ભિન્ન પડી, નિમિત્ત તરફનું વલણ છે એ રાગ છે... આહા..હા...! એ રાગથી ભિન્ન પડી અને જે સિદ્ધ થયા તે આ રીતે સિદ્ધ થયા છે. બીજી કોઈ રીત નથી. આ સંવરનો અધિકાર છે. આ..હા...! અહીંયાં તો કહે, વ્રત કરો ને તપ કરો ને મંદિર બનાવો ને રથયાત્રા કાઢો ને આ કાઢો ને ફલાણું કરો માટે એમાંથી ધર્મ થશે અને સંવર થશે. એ અહીં ના પાડે છે. આહા..હા...! જેટલી બાહ્યના લક્ષની પ્રવૃત્તિ (થાય) એ બંધનું જ કારણ છે. એ ભેદજ્ઞાનનો અભાવ તે બંધનું કારણ છે. આહા..હા...! જેટલો બંધના ભાવથી ભેદ કરીને સ્વભાવનો આશ્રય લીધો એ બધા સિદ્ધ થયા છે. એક જ પ્રકાર – નંબર છે, બીજો નંબર આમાં ન મળે. આહા..હા..! સંવરનો ક્રમ આ છે. પહેલેથી રાગથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન (પામે), પછી રાગથી ભિન્ન પડીને ચારિત્ર (પામે), પછી અંશે રાગ છે એનાથી ભિન્ન પડીને શુક્લધ્યાન (પ્રાપ્ત કરે) એનાથી કેવળજ્ઞાન (થાય). આ..હા..હા...! 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'. પરમાર્થનો પંથ બે-ત્રણ છે નહિ. આ રીતે જ છે. આ..હા..હા...!

જે કોઈ બંધાણા એ તેના અભાવથી બંધાયા. કર્મને લઈને બંધાણા એમેય નથી કહ્યું. આહા..હા...! અત્યાર સુધી જે બંધાણા એ કર્મના જોરે ને કર્મને કારણે બંધાયેલા છે, એય નહિ. ભેદજ્ઞાનના અભાવથી બંધાણા છે. આહા..હા...! રાગથી ભિન્ન પડ્યા વિના બંધાણા છે. સંસારમાં જેટલા અત્યાર સુધી નિગોદાદિ રહ્યા એ બધા ભેદજ્ઞાનના અભાવથી બંધાયેલા પડ્યા છે. આહા..હા...! નિગોદના અનંતા ભવ (કર્યા) એ ભેદજ્ઞાનના અભાવથી ભવ છે. આહા..હા...! એક શરીરમાં અનંત જીવ અને એક એક જીવને બે-બે શરીર અને એક એક જીવને અક્ષરના અનંતમા ભાગનો ઉઘાડ, એટલો જે બંધભાવ એને લઈને રખડે છે. આ..હા...! કર્મને લઈને નહિ. કર્મને લઈને બંધાયેલા નથી અને કર્મના અભાવથી નહિ. કર્મનો અભાવ પોતે કર્યો અને આમાં ગયા છે ત્યારે મુક્ત થયા છે. આ..હા...! કષાયની મંદતા, વ્રત ને તપ ને ભક્તિની મંદતા કંઈ પણ સહાયક થાય, મુક્તિમાર્ગને કંઈ પણ મદદ થાય એ બિલકુલ નહિ. તેથી કીધું, '**केचन किल**' કોઈપણ નિશ્ચયથી. આ..હા...! આવો માર્ગ છે.

જે કોઈ બંધાણા **'તે તેના જ (–ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.'** આહા..હા...! એ રાગથી જુદા પાડતો નથી અને રાગનું એકત્વ બંધ કર્યો છે તેનાથી જ મિથ્યાત્વ છે અને બંધાય છે. આહા..હા...! આ મૂળ શ્લોક છે.

**ભાવાર્થ :– 'અનાદિ કાળથી માંડીને જ્યાં સુધી જીવને ભેદવિજ્ઞાન નથી...'** આ ખુલાસો (કરે છે). આ..હા...! જ્યાં સુધી ભગવાનની ભક્તિ ને વિનય ને જાત્રા ને પૂજા કરી નથી ત્યાં સુધી એને મુક્તિ નથી, એમ નથી. આહા..હા...! ભઈ ! એણે મંદિર બંધાવ્યા નથી, દાન કર્યા નથી, ભગવાનની ભક્તિ કરી નથી.. આહા.હા...! એ બધા ભાવો પરદ્રવ્ય તરફના વલણના બધા ભાવ બંધના કારણ છે. એ બંધાણા છે એ એને પોતાના માનીને બંધાણા છે.

**'અનાદિ કાળથી...'** એટલે એમાં તો એમેય લીધું કે નિગોદના જીવને કર્મનું જોર છે માટે ત્યાં રહ્યા છે એમ નથી. આવ્યું એમાં ? નિગોદના જીવ અનંત કાળ રહ્યા અને હજી કેટલાક ત્રસ પામ્યા નથી અને ત્રસ પામશે નહિ, એને કર્મનું જોર છે માટે (એમ) છે, એમ નહિ. ભેદજ્ઞાનનો અભાવ અને રાગની એકતાબુદ્ધિ પડી છે. આહા..હા...! એનાથી નિગોદમાં રહ્યા છે. આહા..હા...! કેટલાક અનંતકાળે પણ ત્રસ નહિ થાય એ ભેદજ્ઞાનના અભાવને લઈને (નહિ થાય). આહા..હા...! મહાસિદ્ધાંત !

મુમુક્ષુ :– નિગોદમાં શું ભેદજ્ઞાન કરે ?

ઉત્તર :– ભેદજ્ઞાન કરવાની ક્યાં વાત છે ? એ નથી, એટલી વાત છે ને ! ભેદવિજ્ઞાનનો ત્યાં અભાવ છે, એટલું. ભેદજ્ઞાનનો અભાવ છે કે નહિ ? ત્યાં ક્યાં ભેદજ્ઞાન કરે ? ત્યાં આગળ રાગની એકતાબુદ્ધિ છે ને ? એ જ ભેદવિજ્ઞાનનો અભાવ છે અને એનાથી જ બંધાયેલા છે, એમ (કહેવું છે). ભેદવિજ્ઞાન નથી કરી શકતા માટે (ત્યાં છે), એમ નહિ પણ ત્યાં ભેદવિજ્ઞાન કરતા નથી એટલે રાગથી એકત્વબુદ્ધિમાં જ ઈ પડ્યા છે. આહા..હા...!

ભગવાન શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ, એને રાગનો અંશ, જે રાગનો કણ, નિગોદને શુભભાવ હોય છે, નિગોદના જીવને શુભ-અશુભ ભાવ બેય હોય છે, તે શુભભાવને પોતાના માનીને બંધાયેલા છે. કર્મને લઈને નહિ. આ..હા...! ભેદજ્ઞાન કરી શકતા નથી એનો અર્થ કે ભેદજ્ઞાનમાં અભેદપણું માને છે માટે અંદર ભેદ કરી શકતા નથી. આહા..હા...! અભેદપણે રાગને અભેદપણે માને છે, ભલે નિગોદ હો, ભલે મન ન હો. આહા..હા...! ભગવાનઆત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ ! ત્યાંય નિર્મળાનંદ ભગવાન છે પણ એ મલિનતાના ભાવને એકતાપણે માનીને નિગોદમાં અને બંધનમાં પડ્યા છે. આહા..હા...! એને ભેદજ્ઞાન કરવાની શક્તિ નથી એનો અર્થ એ કે અભેદપણે શક્તિ છે. જુદા પાડવાની શક્તિ નથી એનો અર્થ કે એકપણાની માન્યતા છે. એ અસ્તિ છે. આહા..હા...! રાગનો કણ શુભરાગ એને હોય છે. આમ દયા, દાનના પરિણામ એને નથી પણ કષાયની મંદતાનો શુભભાવ નિગોદને હોય છે. આહા..હા...! એ રાગના અંશને પોતાનો માને છે એ તો ત્યાં કરે છે. એથી અબંધપણામાં ન આવતા બંધમાં પડ્યા છે, આ કારણે. આહા..હા...! કોઈ એમ કહે કે, નહિ, એકેન્દ્રિય જીવને તો કર્મનું જોર છે માટે તે બિચારા નીકળી શકતા નથી. પણ પંચેન્દ્રિય થયા એ તો મંદ કર્મ છે, એ તો હળવા થયા. અહીં તો એક જ સિદ્ધાંત – એકેન્દ્રિય હોય કે બેઇન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય કે નારકી હોય કે નિગોદ હોય.. આહા..હા...! સ્વભાવની સાથે રાગનો નાનામાં નાનો કણ પણ એકત્વબુદ્ધિએ પડ્યા છે તેથી બંધાયેલા છે. આહા..હા...! આવો માર્ગ છે, ભાઈ !

**'અનાદિ કાળથી માંડીને જ્યાં સુધી જીવને ભેદવિજ્ઞાન નથી...'** જોયું ? ત્યાં ભેદવિજ્ઞાનની શક્તિ નથી (તેથી) નથી કરતા એમ નહિ પણ એને ભેદજ્ઞાન નથી. આહા..હા...! **'ત્યાં સુધી તે કર્મથી બંધાયા જ કરે છે...'** આહા..હા...! મનુષ્યપણામાં આવ્યો ને મુનિ થયો, લ્યો ને ! નિગોદમાં તે સ્થાનમાં છે તોય રાગની એકતાબુદ્ધિથી બંધનમાં છે અને મુનિ નગ્ન દિગંબર મુનિ પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ પાળે એ પણ રાગની એકતાબુદ્ધિથી બંધાયેલા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ પ્રાણી નિગોદથી માંડીને, અનાદિ લીધા ને ? **'અનાદિ કાળથી માંડીને...'** એમાં નિગોદનો કાળ બાદ કર્યો છે એમ નથી. આહા..હા...!

નિગોદમાંથી નીકળવું, ત્રસપણું પામવું એને પણ ચિંતામણિ જેવુ રત્ન જેવું કહ્યું છે. 'છ ઢાળા'માં. એ ત્રસ ઇયળ.. ઇયળ. આહા..હા...! અનંત અનંત કાળમાં નિગોદની દશામાં એના દુઃખની શું વાત કરવી ? અક્ષરના અનંતમા ભાગનો ઉઘાડ રહી ગયો. દુઃખ અનંતુ છે. ખરેખર તો નારકીના દુઃખ કરતા નિગોદનું દુઃખ અનંતગણું છે પણ દુઃખની વ્યાખ્યા સંયોગથી કરે તો એને ન સમજાય. આત્માની હીણી દશાની ઉત્કૃષ્ટતા છે તે દુઃખ છે. આહા..હા...! એ નિગોદના જીવની એ દશા છે.

**'અનાદિ કાળથી માંડીને...'** આ..હા..હા...! અભવી કે ભવી, નિગોદનો જીવ કે જૈનનો સાધુ (થઈને) નવમી ગ્રૈવેયક ગયો એ બધા.. આ..હા...! ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી એ

બંધાણા છે. આહા..હા...! ભલે એ પંચ મહાવ્રત પાળતો હોય, નિરતિચાર પાળતો હોય.. આહા..હા...! જે જ્ઞાનનો વેપાર વારંવાર કરતા હોય (એ) એમ કહે છે, અભિક્ષણ જ્ઞાનઉપયોગ. એ અભિક્ષણ જ્ઞાનઉપયોગ નથી. સમકિત થયા પછી એનો જે ઉપયોગ (હોય) એ અભિક્ષણ જ્ઞાનઉપયોગ છે. આત્મા જ્ઞાન છે એનું જ્યાં ભાન થયું નથી એ અભિક્ષણ જ્ઞાનઉપયોગ છે, એ ક્યાંથી આવ્યું ? અભિક્ષણના તીર્થંકર ગોત્રમાં આવે છે ને ? અત્યારે ના કહે છે. ઈ અભિક્ષણ ઉપયોગ છે, આવું છે, તેવું છે. પણ મિથ્યાત્વ છે ત્યાં અભિક્ષણ જ્ઞાનઉપયોગ ક્યાંથી આવ્યો ? આ..હા...! એ વ્રતની ક્રિયા ને તપની ક્રિયા અજ્ઞાનમાં એનાથી ત્યાં ધર્મ માને છે ત્યાં જ્ઞાનનો અભિક્ષણ ઉપયોગ ક્યાં આવ્યો ? અભિક્ષણ રાગનો ઉપયોગ છે. આહા..હા...! આકરું કામ બહુ, ભાઈ ! વીતરાગમાર્ગ...! આહા..હા...! ઈ તમારા 'લાભુભાઈ'ને અહીં સભામાં ઘણીવાર સંભારીએ છીએ, હોં ! આહા..હા...! કેવો માણસ ! અત્યારે બેશુદ્ધ થઈ ગયો, કહો ! આહા..હા...! એવી સ્થિતિ, બાપુ ! આહા..હા...! જીવને છૂટવાના રસ્તા મળ્યા વિના એ ક્યાંક ક્યાંક અટકીને જ પડે છે. આહા..હા...!

અહીંયાં તો કર્મનો અનુભાગ ને રસ ને સ્થિતિ ઘણી લાંબી છે માટે તે રખડે છે એમેય કહ્યું નથી અને કર્મના રસની મંદ સ્થિતિ થઈ માટે છૂટવાને પંથે આવશે એમેય કહ્યું નથી. આહા..હા...! અહીં તો બે જ વાત (છે), રાગનો કણ ગમે તે હોય, એનાથી છૂટો પડે – ભેદજ્ઞાન (કરે) એ જ મુક્તિની શરૂઆત (છે). કારણ કે પોતે સ્વરૂપ મુક્ત સ્વરૂપ છે. આહા..હા...! નિગોદમાં પણ આત્મા દ્રવ્ય સ્વભાવે તો મુક્ત સ્વરૂપ જ છે. આહા..હા...! વિશ્વાસ કેમ બેસે ? આ..હા...! કરોળિયાની જાળની પેઠે વિકલ્પની જાળમાં ગૂંથાઈ ગયો એને આ ભગવાન મુક્તસ્વરૂપ છે (એ કેમ બેસે ?) ભાવબંધથી રહિત છે, દ્રવ્યબંધ તો પરમાણુ છે એનાથી તો અત્યંત અભાવ જ છે. આહા..હા...! ભાવબંધ છે એનાથી પણ અભાવરૂપ સ્વરૂપ છે અને એનાથી અભાવસ્વરૂપ કરી અને મુક્તિને પામ્યા છે. આહા..હા...! શ્લોક ઘણો ઊંચો છે આ.

**'સંસારમાં રઝળ્યા જ કરે છે;...'** આહા..હા...! ભલે એ પંચ મહાવ્રત પાળે, દયા, દાન કરે, ભક્તિ કરે, ભગવાનની ભક્તિ ધુન લગાવી દચે, આહા..હા...! પણ એ રાગ છે એનાથી જુદા પડ્યા વિના રઝળ્યા જ કરે છે. આહા..હા...! અહીં તો હજી બાહ્ય નિવૃત્તિ લેવાનો વખતેય ન મળે. મારું કાંઈક કરું, વિચારું તો ખરો. મારા માટે વિચાર માટે કાંઈક નિવૃત્તિ તો લઉં. એ નવરાશેય ન મળે. આહા..હા...! અહીં તો રાગથી તદ્દન નિવૃત્ત થવું છે. આહા..હા...! બહારથી નિવૃત્ત થવાનો હજી વિચારનો વખતે નથી.. આહા..હા...! અંદરમાં રાગનો નાનામાં નાનો કણ, એનાથી પણ નિવૃત્તિ લઈને અભાવસ્વરૂપ કરવું છે. ત્યારે તેને મુક્તિનો માર્ગ હાથ આવે છે. આહા..હા...! આટલા મંદિર બનાવ્યા ને આટલા કરોડ રૂપિયા ખર્ચ્યા, આટલા પુસ્તક બનાવ્યા માટે તે બંધના અભાવને રસ્તે છે, એમ નથી. આહા..હા...!

આવી વાતું છે.

એક કોર ભગવાન મુક્ત સ્વરૂપ, એને બંધના રાગ સાથે એકત્વ માનવો.. આહા..હા...! અબદ્ધ સ્વરૂપ કહો, મુક્ત સ્વરૂપ કહો. અબદ્ધ ૧૪-૧૫ ગાથામાં આવે છે ને ? **'जो पस्सदि अप्पाणं अबद्ध'** એ અબદ્ધ સ્વરૂપની સાથે કંઈ પણ રાગના સંબંધવાળો એને માનવો.. આહા..હા...! એ મિથ્યાદૃષ્ટિ (છે). સંસાર નરક ને નિગોદના ભવ કરવાના ભાવના, ભાવવાળો છે. આહા..હા...! રાગના નાનામાં નાના કણને પણ પોતાનો માને તો કહે છે કે, (**अस्य एव अभावतः बद्धाः**) એને ભિન્ન ન પાડ્યું તેથી તે બંધાયેલા છે. આહા..હા...! શ્લોક તો નાનો છે (પણ) ભાવ ઘણા ગંભીર છે. આ..હા...!

**'જે જીવને ભેદવિજ્ઞાન થાય છે તે કર્મથી છૂટે જ છે...'** આહા..હા...! જે જીવને રાગના અંશથી પણ આત્મા ભિન્ન છે, તદ્દન નિરાળો મુક્ત અબદ્ધ સ્વરૂપ છે, એવું જેને જ્ઞાન થાય છે તે કર્મથી છૂટે જ છે. આ..હા...! આટલી તપસ્યા કરે ને આટલા અપવાસ કરે ને આટલા વ્રત પાળે તો કર્મથી છૂટે છે, એમ નથી. આહા..હા...! (શું) કહ્યું ? **'જે જીવને ભેદવિજ્ઞાન થાય છે તે કર્મથી છૂટે જ છે...'** આ..હા..હા...! **'મોક્ષ પામે જ છે.'** છૂટે છે એટલે રાગથી ભિન્ન પડે છે, ભેદજ્ઞાન કરે છે એ કર્મથી છૂટે (છે), મોક્ષ પામે જ છે.

**'માટે કર્મબંધનું–સંસારનું મૂળ...'** કર્મબંધનું એટલે ? કે **'સંસારનું–મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે...'** ભાષા દેખો ! આ..હા...! સંસારનું મૂળ મિથ્યાત્વ (છે). એ મિથ્યાત્વ, ભેદજ્ઞાનનો અભાવ છે માટે મિથ્યાત્વ છે. આહા..હા...! વખત મળે જ્યારે ત્યારે વળી.. આહા..હા...! વિરોધ કરે એની સામે ઉભા રહેવા પડે. અરે...! ઉભા શું રહેવું ? કરે દુનિયા. એના વિરોધનું સમાધાન કરવા બેસે તો પાર ન મળે. એવા ઘણા માણસ મળે. આ..હા...! તારા સ્વભાવ તરફ ઢળી જા ને ! બધા વિરોધ કરે ઈ એને ઘરે રહ્યા. વિરોધવાળાને સમાધાન ન થાય એથી તને શું છે ? આ..હા...! આ વિરોધ કરે છે તો એને હું ઉત્તર આપું અને વળી એ ન સમજે તો વધારે ઉત્તર આપું. એ પણ પાછું ત્યાંને ત્યાં અટકવાનું છે. આહા..હા...! આવો માર્ગ છે. દુનિયાથી જુદી જાત છે.

**'ભેદવિજ્ઞાનનો અભાવ જ છે...'** **'કર્મબંધનું–સંસારનું-મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે અને મોક્ષનું પ્રથમ કારણ...'** એટલે મૂળ કારણ **'ભેદવિજ્ઞાન જ છે.'** લ્યો ! છે ને ? સંસારનું મૂળ કારણ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે. આહા..હા...! સંસારનું મૂળ કારણ કર્મ છે, નિદ્ધત અને નિકાચિત અને આ કર્મ છે, એમ નથી કહ્યું. આહા..હા...! **'સંસારનું–મૂળ કારણ ભેદવિજ્ઞાનનો અભાવ જ...'** ભેદવિજ્ઞાનનો અભાવ જ છે. એકાંતથી નહિ, કથંચિત્ કર્મથી પણ છે એમ કહો. કથંચિત કર્મથી પણ રખડે છે, કથંચિત ભેદવિજ્ઞાનના અભાવથી રખડે છે એમ કહો. ના.. ના. આહા..હા...! ભેદવિજ્ઞાનના અભાવથી જ રખડે છે. આહા..હા...! સિદ્ધાંત તો જુઓ ! સિદ્ધાંત. એટલે કે તારા અધિકારની વાત છે, એમ કહે છે. રખડવામાં

પણ તારો અધિકાર છે – ભેદવિજ્ઞાનનો અભાવ અને છૂટવામાં તારો અધિકાર છે – ભેદવિજ્ઞાનનો સદ્ભાવ. આ..હા..હા...! એમાં કોઈ પરદ્રવ્યની અંદર મદદ-ફદદ કે સહાયક છે એમ નથી. આહા..હા...! આ ક્રિયાકાંડીઓને તો આકરું લાગે. ક્રિયાકાંડમાં મશગુલ હોય. આહા..હા...!

મુમુક્ષુ :– ક્રિયાકાંડથી જ્ઞાનકાંડ થાય એવું તો આવે છે.

ઉત્તર :– ઈ તો એ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. 'પ્રવચનસાર'માં આવે છે. એ તો આવું હતું એનું જ્ઞાન (કરાવ્યું), એનાથી થાય છે એમ બિલકુલ નહિ. અહીં કહે કે, ભેદજ્ઞાનથી થાય અને ત્યાં કહે કે, રાગથી થાય (તો તો) વિરોધ કથન થયું. વીતરાગના વચનમાં વિરોધ ન હોય. પૂર્વાપર વિરોધ રહિત ભગવાનની વાણી છે. આહા..હા...! જ્યાં સુધી એ ન સમજે ત્યાં સુધી એ અજ્ઞાનને કારણે સંસાર છે, કર્મને કારણે નહિ. ભેદવિજ્ઞાનના અભાવને કારણે સંસાર છે. આહા..હા...!

**'ભેદવિજ્ઞાન વિના...'** રાગના વિકલ્પથી જુદું પડ્યા વિના અંતર ક્રિયાકાંડનો રાગ છે, ભલે વ્રતનો ને તપનો ને અપવાસનો ને ભક્તિનો (હોય), એ રાગથી ભિન્ન પડ્યા વિના એને ત્રણકાળમાં ધર્મ નહિ થાય. એ બધી રાગની ક્રિયા ધર્મ નથી. એનાથી ભિન્ન (પડે) ત્યારે ધર્મ થાય. આહા..હા...! જેનાથી ભિન્ન પાડવું છે એનાથી પાછી મુક્તિ થાય ? આહા..હા...! જેનાથી તો ભિન્ન પાડવું છે. એને લઈને મુક્તિનો માર્ગ આવે ? આ..હા...! **'ભેદવિજ્ઞાન વિના કોઈ સિદ્ધિ પામી શકતું નથી.'** એક વાત ઈ કરી.

**'અહીં એમ પણ જાણવું કે–વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધો...'** બૌદ્ધ એકલું વિજ્ઞાન જ માનનારા (છે). એકલું વિજ્ઞાન જગતમાં છે, બીજું કાંઈ નથી એમ માને. **'અને વેદાન્તીઓ...'** એક જ સર્વવ્યાપક આત્મા છે એમ માને. **'કે જેઓ વસ્તુને અદ્વૈત કહે છે...'** અદ્વૈત આત્મા છે. આત્મા અને આત્માનો અનુભવ એવું દ્વૈતપણું પણ એમાં નથી. એમ એ લોકો માને છે. ભેદવિજ્ઞાન કહેતાં આ બધા ખોટા પડે છે, એમ કહે છે. ભેદવિજ્ઞાન તો એક બીજી ચીજ છે તો એનાથી જુદું પડવાનું છે, પણ એક જ ચીજ છે (એમ કહો તો) જુદું પડવાનું રહ્યું કોની સાથે ? આ..હા...! ભેદવિજ્ઞાનમાં કેમ આ નાખ્યું ? કે, ભેદવિજ્ઞાનમાં બે વાત આવે. એક રાગ અને એક આત્મા અથવા એક બીજી ચીજ અને એક પોતે આત્મા. તો બે છે એમાંથી ભેદ પડાય, પણ એક જ છે એમાં ભેદ પાડવાનું ક્યાં (રહ્યું) ? આહા..હા...! એકલો સર્વવ્યાપક આત્મા, એક જ આત્મા વેદાંત કહે છે. અત્યારે મોટો પંથ ઈ વેદાંતનો ચાલે છે. નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! સુધરેલામાં અત્યારે ઈ ચાલે છે. વાતું કરવી, બસ ! બંધ જ નથી. આત્મા મુક્ત સ્વરૂપ જ છે. એને કહે છે, એવું માનનારને બંધથી ભિન્ન પાડવાનું તો રહ્યું નહિ. એક જ વસ્તુ રહી એમાં બે તો આવી નહિ. આહા..હા...!

કેટલાક આ જૈનની નિશ્ચય દૃષ્ટિનું વર્ણન સાંભળતા વેદાંત જેવું થઈ જાય છે, એમ

લાગે છે. નિશ્ચયની વાત સાંભળતા, આત્મા નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્ય, એનો અનુભવ તે ધર્મ. બીજી ક્રિયાકાંડનો રાગ એ ધર્મ નહિ. ત્યારે એ કહે કે, જુઓ ! વેદાંત પણ એમ કહે છે. માટે વેદાંતની જેવી આ જૈનની શૈલી છે. એમ નથી. આ તો જાત જ જુદી છે. આ..હા...!

**'વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધો અને વેદાન્તીઓ કે જેઓ વસ્તુને અદ્વૈત કહે છે...'** એક જ કહે છે, બે નહિ. **'અને અદ્વૈતના અનુભવથી જ સિદ્ધિ કહે છે...'** અદ્વૈતનો અનુભવ એ બે થઈ ગયા. **'તેમનો, ભેદવિજ્ઞાનથી જ સિદ્ધિ કહેવાથી, નિષેધ થયો;...'** એક જ આત્મા છે, સર્વવ્યાપક છે ને વિજ્ઞાનઘન એકલું તત્ત્વ છે, વિજ્ઞાન બૌદ્ધમાં એમ માને છે. બૌદ્ધમાં એક ફાંટો છે. વિજ્ઞાનઅદ્વૈતવાદી – વિજ્ઞાન એકલું છે, બસ ! અને ઓલા વેદાંતી (કહે છે), એક જ આત્મા સર્વવ્યાપક (છે).

**'ભેદવિજ્ઞાનથી જ સિદ્ધ કહેવાથી, નિષેધ થયો;...'** કે બેય ખોટા છે. **'કારણ કે સર્વથા અદ્વૈત વસ્તુનું સ્વરૂપ નહિ હોવા છતાં...'** સર્વથા. કથંચિત અદ્વૈત છે. એટલે કે પોતે ગુણ-પર્યાય અભેદ છે એ અપેક્ષાએ કથંચિત અભેદ છે. આ..હા..! દ્રવ્ય અને પર્યાય એવા ભેદ છે એ અભેદ દૃષ્ટિમાં એ ભેદ નથી. એ અપેક્ષાએ અદ્વૈત છે, પણ આ લોકો કહે છે એ પ્રમાણે અદ્વૈત નથી. બૌદ્ધ એકલું જ્ઞાન જ માને અને ઓલા એકલો આત્મા માને, એમ નથી. આહા..હા...! **'તેમને ભેદવિજ્ઞાન કોઈ રીતે કહી શકાતું જ નથી;...'** છે ? **'કારણ કે સર્વથા અદ્વૈત વસ્તુનું સ્વરૂપ નહિ હોવા છતાં જેઓ સર્વથા અદ્વૈત માને છે તેમને ભેદવિજ્ઞાન કોઈ રીતે કહી શકાતું જ નથી;...'** આ..હા..હા...!

**'જ્યાં દ્વૈત જ–બે વસ્તુઓ જ–માનતા નથી ત્યાં ભેદવિજ્ઞાન શાનું ?'** આહા..હા...! બે ચીજ માને નહિ ત્યાં ભિન્ન કોનાથી કરવું ? એ તો કાંઈ રહ્યું નહિ. આહા..હા...! **'જો જીવ અને અજીવ – બે વસ્તુઓ માનવામાં આવે...'** જીવ અને અજીવ, બે માનવામાં આવે **'અને તેમનો સંયોગ માનવામાં આવે...'** પાછો સંયોગ હોય, સંયોગ ન હોય તો એ તો મુક્ત છે, મુક્ત થયો કહેવાય. આહા..હા...! એટલે ભેદ પાડવો તો રહ્યો નહિ, અનાદિથી મુક્ત જ છે, એમ નથી. **'તેમનો સંયોગ માનવામાં આવે...'** કોનો ? જીવ અને અજીવનો. રાગાદિ પણ અજીવ છે. આહા..હા...! **'તો જ ભેદવિજ્ઞાન બની શકે...'** બે માને તો ભેદવિજ્ઞાન બની શકે. એકલા ન્યાય આપ્યા છે. આ..હા..હા...! **'અને સિદ્ધિ થઈ શકે.'** એક જ માને એને ભેદજ્ઞાન ન થાય અને મુક્તિ થાય નહિ.

**'માટે સ્યાદ્વાદીઓને...'** અપેક્ષાથી કથન છે. અનંત ગુણ અને પર્યાયની અપેક્ષાએ આત્મા દ્વૈત પણ છે. અભેદની અપેક્ષાએ અદ્વૈત પણ છે. **'સ્યાદ્વાદીઓ...'** સ્યાદ્વાદી એટલે આમ સ્યાદ્વાદી, હોં ! સ્યાદ્વાદીનો અર્થ એવો નથી કે, નિમિત્તથી પણ થાય અને ઉપાદાનથી પણ થાય. વ્યવહારથી પણ થાય (અને) નિશ્ચયથી પણ થાય, એ સ્યાદ્વાદ. એ સ્યાદ્વાદ નથી. એમાં વસ્તુનો સ્વભાવ છે એને બે અપેક્ષાએ કહેવું એનું નામ સ્યાદ્વાદ. વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાય

અભેદ છે. છતાં ગુણ-પર્યાયથી ભેદ કહેવો એ વ્યવહાર છે અને ગુણ-પર્યાયથી ભેદ હોવા છતાં એકલો અભેદ કહેવો એ નિશ્ચય છે. પણ એનામાં છે એ રીતે અનેકાંતપણું આવે. એમાં ન હોય અને અનેકાંતપણું આવે એમ બને નહિ. આ..હા...!

**'જીવ અને અજીવ – બે વસ્તુઓ માનવામાં આવે અને તેમનો સંયોગ માનવામાં આવે...'** બે માને પણ સંયોગ ન હોય તોય છૂટું પાડવાનું આવે નહિ. આહા..હા...! **'તો જ ભેદવિજ્ઞાન બની શકે અને સિદ્ધિ થઈ શકે. માટે સ્યાદ્વાદીઓને જ બધુંય નિર્બાધપણે સિદ્ધ થાય છે.'** અપેક્ષાએ ભગવાનના વચનો સ્યાદ્વાદ છે તેથી તે બધું એનું નિર્બાધપણે સિદ્ધ થાય છે. આહા..હા...! એકપણું પણ છે, અનેકપણું પણ છે. એમ સ્યાદ્વાદથી સિદ્ધ થાય છે. એકપણે દ્રવ્ય તરીકે દ્રવ્ય વસ્તુ એક છે અને ગુણ ને પર્યાયની અપેક્ષાએ અનેક છે. એમ બેય રીતે સિદ્ધ થઈ શકે છે. આહા..હા...! એમાં પણ અનેકપણાનો આશ્રય છોડીને એકપણાનો આશ્રય કરવો એ જ મુક્તિનું કારણ છે. અનેક અને એક ન હોય તો અનેકથી છૂટીને એકમાં આવવું એ રહેતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એવું છે.

## શ્લોક–૧૩૨

(मंदाक्रान्ता)

भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्त्वोपलम्भा-
द्रागग्रामप्रलयकरणात्कर्मणां संवरेण।
बिभ्रत्तोषं परमममलालोकमम्लानमेकं
ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत्।।१३२।।

इति संवरो निष्क्रान्तः।

इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ संवरप्ररूपकः पञ्चमोऽङ्कः।।

---

**હવે, સંવર અધિકાર પૂર્ણ કરતાં, સંવર થવાથી જે જ્ઞાન થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :–**

**શ્લોકાર્થ :–** (भेदज्ञान-उच्छलन-कलनात्) ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી (शुद्धतत्त्व-उपलम्भात्) શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ, શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિથી (रागग्रामप्रलयकरणात्) રાગના સમૂહનો વિલય થયો, રાગના સમૂહનો વિલય કરવાથી (कर्मणां संवरेण) કર્મનો સંવર

થયો અને કર્મનો સંવર થવાથી, (ज्ञाने नियतम् एतत् ज्ञानं उदितं) જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું આ જ્ઞાન ઉદય પામ્યું – (बिभ्रत् परमम् तोषं) કે જે જ્ઞાન પરમ સંતોષને (અર્થાત્ પરમ અતીન્દ્રિય આનંદને) ધારણ કરે છે, (अमल-आलोकम्) જેનો પ્રકાશ નિર્મળ છે (અર્થાત્ રાગાદિકને લીધે મલિનતા હતી તે હવે નથી), (अम्लानम्) જે અમ્લાન છે (અર્થાત્ ક્ષાયોપશમિક જ્ઞાનની માફક કરમાયેલું–નિર્બળ નથી, સર્વ લોકાલોકને જાણનારું છે), (एकं) જે એક છે (અર્થાત્ ક્ષયોપશમથી ભેદ હતા તે હવે નથી) અને (शाश्वत-उद्योतम्) જેનો ઉદ્યોત શાશ્વત છે (અર્થાત્ જેનો પ્રકાશ અવિનશ્વર છે). ૧૩૨.

ટીકા :– આ રીતે સંવર (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

ભાવાર્થ :– રંગભૂમિમાં સંવરનો સ્વાંગ આવ્યો હતો તેને જ્ઞાને જાણી લીધો તેથી તે નૃત્ય કરી બહાર નીકળી ગયો.

ભેદવિજ્ઞાનકલા પ્રગટૈ તબ શુદ્ધસ્વભાવ લહૈ અપનાહી,
રાગ-દ્વેષ-વિમોહ સબહી ગલિ જાય ઇમૈ દુઠ કર્મ રુકાહી;
ઉજ્જ્વલ જ્ઞાન પ્રકાશ કરૈ બહુ તોષ ધરૈ પરમાતમમાહી,
યોં મુનિરાજ ભલી વિધિ ધારત કેવલ પાય સુખી શિવ જાહીં.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં સંવરનો પ્રરૂપક પાંચમો અંક સમાપ્ત થયો.

## શ્લોક ૧૩૨ ઉપર પ્રવચન

૧૩૨ છેલ્લો કળશ ને ? '**હવે, સંવર અધિકાર પૂર્ણ થતાં, સંવર થવાથી જે જ્ઞાન થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :–**' આહા..હા...! રાગથી ભિન્ન પડી અને આત્માનું જ્ઞાન વિકસીત થયું, જે પર્યાયમાં સંકોચ હતો, શક્તિમાં પૂર્ણ હતું, સ્વભાવમાં પૂર્ણ હતું, પર્યાયમાં સંકોચ હતો એ રાગથી ભિન્ન પડીને જેવું સ્વભાવમાં પરિપૂર્ણ છે, એ જ રીતે પર્યાયમાં પરિપૂર્ણ થયું. એવા જ્ઞાનની મહિમા કહે છે. આહા..હા...! એકલા ન્યાયના વિષયો ભર્યા છે.

**भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्त्वोपलम्भा-**
**द्रागग्रामप्रलयकरणात्कर्मणां संवरेण।**
**बिभ्रत्तोषं परमममलालोकमम्लानमेकं**
**ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत्।।१३२।।**

(भेदज्ञान-उच्छलन-कलनात्) **'ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી...'** આ..હા...! **'कलनात्'** છે ને ? (એટલે) અભ્યાસ. પહેલું ભેદજ્ઞાન એનું **'उच्छलन'** એટલે પ્રગટ કરવું. **'कलनात्'** એટલે એનો અભ્યાસ, અનુભવ. ત્રણ શબ્દોના ત્રણ અર્થ છે. ભેદજ્ઞાન – રાગથી, પુણ્યથી, દયા, દાનના વિકલ્પથી પણ ભેદજ્ઞાન – ભિન્ન (પાડે), એ ભેદજ્ઞાન **'उच्छलन'** (એટલે) એને **'પ્રગટ કરવાના...'** **'कलनात्'** (એટલે) અનુભવથી, અભ્યાસથી.

(शुद्धतत्त्वउपलम्भात्) **'શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ,...'** તેને શુદ્ધ તત્ત્વનો અનુભવ થાય છે. શું કીધું ? રાગ અને પરથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી **'कलनात्'** **'શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ...'** શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. ભગવાન પૂર્ણ શુદ્ધ છે એવી પર્યાયમાં એની પ્રાપ્તિ થાય છે. આ..હા...! **'શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિથી...'** (रागग्रामप्रलयकरणात्) રાગનો સમૂહ. ગ્રામ એટલે સમૂહ. વિકલ્પના સમૂહનો **'વિલય થયો,...'** આહા..હા...! (रागग्रामप्रलयकरणात्) **'રાગના સમૂહનો વિલય થયો, રાગના સમૂહનો વિલય કરવાથી...'** (कर्मणां संवरेण) **'કર્મનો સંવર થયો...'** આહા..હા...! ક્રમ મૂક્યો. જેમ ઓલો રખડવાનો ક્રમ હતો (કે), આસ્રવથી કર્મ થાય ને કર્મથી નોકર્મ ને નોકર્મથી સંસાર. હવે ગુલાંટ મારીને આમ વાત મૂકી. આહા..હા...! **'રાગના સમૂહનો વિલય થયો,...'** વીતરાગમૂર્તિ આત્મા રાગથી ભિન્ન પડતાં, **'રાગના સમૂહનો વિલય કરવાથી...'** (कर्मणां संवरेण) **'કર્મનો સંવર થયો...'** એટલે રાગ-દ્વેષ થયા નહિ. રાગ-દ્વેષ થયા નહિ એટલે આસ્રવ બંધ થઈ ગયો. આ..હા...!

**'અને કર્મનો સંવર થવાથી,...'** (ज्ञाने नियतम् एतत् ज्ञानं उदितं) **'જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું...'** આહા..હા...! રાગથી ભિન્ન પડતાં આસ્રવ થયો નહિ તેથી કર્મ થયું નહિ પણ અહીંયાં આ બાજુ વળતાં જ્ઞાનનો વિષય વિશેષ પ્રગટ થયો. આહા..હા...! **'કર્મનો સંવર થવાથી, જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું આ જ્ઞાન...'** આ..હા...! જે રાગમાં એકત્વ હતું એને તોડીને ઈ જ્ઞાનમાં એકાગ્ર થયું, ત્રિકાળી સ્વરૂપ જ્ઞાનનો પિંડ, સમૂહ, એમાં જ્ઞાન એકાગ્ર થયું.

**'કર્મનો સંવર થયો અને કર્મનો સંવર થવાથી, જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું આ જ્ઞાન ઉદય પામ્યું...'** આ..હા..હા...! જે શક્તિરૂપે પૂર્ણ જ્ઞાન હતું, સ્વભાવરૂપે પૂર્ણ જ્ઞાન હતું એ રાગથી ભિન્ન પડતાં, સંવર થતાં, શક્તિમાંથી વ્યક્તતા પૂર્ણની પૂર્ણ થઈ. આહા..હા...! આમાં કેટલા ભિન્ન ભિન્ન બોલ (નાખ્યા છે). અભ્યાસ ન હોય એને એવું લાગે. જ્ઞાન, નિશ્ચળ થયેલું જ્ઞાન ઉદય પામ્યું (અર્થાત્) અંતર જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ ગઈ. આહા..હા...! તે રાગમાં અટકીને જ્ઞાનની હીનતા હતી એ રાગથી છૂટીને જ્ઞાનની અધિકતા થઈ ગઈ. આહા..હા...!

**'કે જે જ્ઞાન પરમ સંતોષને (અર્થાત્ પરમ અતીન્દ્રિય આનંદને) ધારણ કરે છે,...'** આહા..હા...! રાગના વિકલ્પથી જુદું પડતા જ્ઞાન. આ એટલે આત્મા ઉદય થયો એટલે પર્યાયમાં પ્રગટ થયો એ અતીન્દ્રિય આનંદને લેતું પ્રગટ થયું. આહા..હા...! સંતોષ આનંદ પ્રગટ્યો.

શબ્દ એમ છે ને ? પરમ સંતોષ – પરમ અતીન્દ્રિય આનંદ, એમ. આહા..હા...! પરમ અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ હતો તે રાગથી ભિન્ન પડતાં જ્ઞાનમાં જ્ઞાન ઠર્યું તો પર્યાયમાં જ્ઞાન પ્રગટ થતાં આનંદ પણ સાથે આવ્યો, સાથે સંતોષ આવ્યો. આહા..હા..!

મુમુક્ષુ :– કેવળજ્ઞાન પામ્યો અને સંતોષ આવ્યો એની વાત છે ?

ઉત્તર :– હા, પૂર્ણ જ્ઞાન કીધું ને ! અહીં છલ્લો સરવાળો (કરે છે).

**'પરમ સંતોષને (અર્થાત્ પરમ અતીન્દ્રિય આનંદને) ધારણ કરે છે,...'** (अमल-आलोकम्) **'જેનો પ્રકાશ નિર્મળ છે...'** જે જ્ઞાન – આત્મસ્વભાવ પ્રગટ્યો એને નિર્મળ છે. જ્ઞાન શબ્દે આખો સ્વભાવ, પૂર્ણ સ્વભાવ. પ્રગટ્યો એ નિર્મળ છે. **'(અર્થાત્ રાગાદિકને લીધે મલિનતા હતી તે હવે નથી),...'** (अम्लानम्) **'જે અમ્લાન છે (અર્થાત્ ક્ષાયોપશમિક જ્ઞાનની માફક કરમાયેલું–નિર્બળ નથી,...'** જોયું ? પહેલું જે થોડું મલિન ક્ષયોપશમ જ્ઞાન હતું એ તો કરમાયેલું હતું, કરમાઈ ગયેલું હતું. આહા..હા...! આ તો વિસ્તારથી ફાટી નીકળ્યું. કરમાયેલું જ્ઞાન એમાં રહ્યું જ નહિ. આહા..હા...! આ ભેદવિજ્ઞાનથી આ ફળ આવે છે, એમ કહે છે. આ પૈસામાં તો પાંચ-પચીસ કરોડ, પચાસ કરોડ, અબજ-બે અબજ (થાય ત્યાં) મુદત આવે. અહીં તો હદ નથી, કહે છે. આહા..હા...! જે જ્ઞાન બેહદ અનંત હતું તે જ્ઞાન જ્ઞાનમાં ઠરતાં જ્ઞાન પ્રગટ્યું, એની સાથે અતીન્દ્રિય આનંદ પ્રગટ્યો. સંતોષ આવ્યો, જ્ઞાન આવ્યું. હવે કોઈ ઇચ્છા માત્ર રહી નહિ. આહા..હા...!

(अम्लानम्) **'(કરમાયેલું–નિર્બળ નથી, સર્વ લોકાલોકાને જાણનારું છે),...'** જોયું ? પૂર્ણ થઈ ગયું ને ! **'એક છે....'** ઓલા મતિ ને શ્રુત ને અવધિ ને એમાં ભેદ હતા, એ ભેદ ટળી ગયા. એક જ્ઞાન, એકલું કેવળજ્ઞાન (પ્રગટ થયું). ભેદજ્ઞાનનો અભ્યાસ કરતા કરતા જ્ઞાન એકલું પૂર્ણ રહી ગયું. આહા..હા...! **'(અર્થાત્ ક્ષયોપશમથી ભેદ હતા તે હવે નથી) અને...'** (शाश्वत-उद्योतम्) **'જેનો ઉદ્યોત શાશ્વત છે...'** એટલે પ્રગટ્યું ઈ પ્રગટ્યું. અનંત કાળ એમ ને એમ રહેશે. ક્ષયોપશમ જ્ઞાન તો પડી પણ જાય. આ તો ક્ષાયિક જ્ઞાન થઈ ગયું. અવિનશ્વર જ્ઞાન. **'(જેનો પ્રકાશ અવિનશ્વર છે).'**

ટીકા :– **'આ રીતે સંવર (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.'** સંવર થયો એને પૂર્ણ દશા થઈ ગઈ એટલે સંવર રહ્યો નહિ. રાગથી ભિન્ન પડીને સંવર થયો અને એમાંથી પૂર્ણ દશા થઈ એટલે હવે સંવર રહ્યો નહિ. સંવર નીકળી ગયો, એકલું કેવળજ્ઞાન થયું. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૬૮ શ્લોક-૧૩૨ રવિવાર, અષાઢ સુદ ૭, તા. ૦૧-૦૭-૧૯૭૯

'સમયસાર' સંવરનો છેલ્લો અધિકાર, ૧૩૨ કળશ છે. **'હવે સંવર અધિકાર પૂર્ણ કરતાં, સંવર થવાથી જે જ્ઞાન થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :–'**

**भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्त्वोपलम्भा-**
**द्रागग्रामप्रलयकरणात्कर्मणां संवरेण।**
**बिभ्रत्तोषं परमममलालोकमम्लानमेकं**
**ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत्।।१३२।।**

**(भेदज्ञान-उच्छलन-कलनात्) 'ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી...'** શું કહે છે ? અનાદિકાળથી આ આત્મા જે અંતર અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ છે એને અનાદિથી રાગથી એકપણે માન્યો છે. ચાહે તો શુભરાગ હોય કે અશુભરાગ હોય, એ રાગ છે તે આસ્રવ છે તે દુઃખ છે. એ આત્માના આનંદ સ્વભાવને જ્ઞાનમાં રાગને એકત્વ માની, મિથ્યાત્વ સેવી દુઃખને પંથે દોરાય ગયો છે. આ..હા..! અનાદિકાળથી ઈ દુઃખને પંથે છે. કોઈ એમ માને કે, અમને આ પૈસા છે ને આબરૂ છે ને કીર્તિ છે ને શરીર જુવાન છે માટે અમે કાંઈક સુખી છીએ, એ તદ્દન ભ્રમણા છે. એ દુઃખને પંથે છે. આહા..હા...! પોતાનો આત્મા, કહેશે **'बिभ्रत्तोषं'** ભાઈ નથી આવ્યા ? 'ચંદુભાઈ' નથી ?

અનાદિકાળથી એણે નિગોદના ભવથી નવમી ગ્રૈવેયકના ભવ અનંતા કર્યા પણ એ બધા દુઃખના પંથે દોરાયેલો (હતો). શુભ અને અશુભ રાગ જે આસ્રવ છે, આકુળતા છે, દુઃખ છે એને આત્માના સ્વભાવ સાથે એકત્વ માની અને દુઃખી થઈને, મિથ્યાદૃષ્ટિ થઈને સંસારમાં રઝળ્યા કરે છે. આહા..હા...! અબજોપતિ, કરોડોપતિ હોય, શરીરની જુવાન ૨૦ વર્ષની શરીરની, પચીસ (વર્ષની) જુવાન અવસ્થા (હોય) અને પાંચ-પચીસ કરોડ રૂપિયા હોય, છોકરાના છોકરાનું મોટું કુટુંબ હોય, ધંધો ચાલતો હોય, પાંચ-પાંચ લાખની પેદાશ (હોય), એ બધા દુઃખને પંથે છે. આહા..હા...! કેમકે રાગને દ્વેષને રસ્તે છે તે દુઃખને રસ્તે છે એની એને ખબર નથી. આહા..હા...!

એ અહીં કહે છે કે, **'ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી...'** અનાદિથી જે રાગ અને પુણ્યના, પાપના ભાવ (થાય છે), એની સાથે જે અભેદબુદ્ધિ એકત્વબુદ્ધિ હતી, ઇ જેણે ભેદજ્ઞાનના અભ્યાસથી (તોડી). એ રાગ હું નહિ, હું તો ચૈતન્ય સ્વરૂપ છું (એમ દૃષ્ટિ કરી). આ..હા...! ઝીણી વાત છે, ભાઈ ! **'ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી...'** રાગનો વિકલ્પ શુભા રાગાદિ દયા, દાન, વ્રત હોય એ પણ આસ્રવ છે, વિકાર છે, દુઃખ છે. આહા..હા..!

એનાથી ભેદજ્ઞાન (એટલે) ભિન્ન પાડવાના અભ્યાસથી. આ ધર્મ કરવાની ક્રિયા. આહા..હા...! બહારમાં તો આ માને (કે), આમથી આ થાય.

અહીં તો ભેદજ્ઞાન પ્રગટ કરવાનો અભ્યાસ. એમ છે ને ? રાગના વિકલ્પથી, ચાહે તો શુભરાગ પંચ મહાવ્રતનો હો પણ એ આસ્રવ અને દુઃખ છે. પ્રભુઆત્મા એનાથી અંદર ભિન્ન છે. એવો ભેદજ્ઞાનના અભ્યાસ પ્રગટ કરવાથી. એ અનંતકાળમાં કોઈ દિ' ભેદજ્ઞાન કર્યું નથી. આહા..હા...! અજ્ઞાની માને ભલે (કે), અમે સુખી છીએ. પાંચ-પચીસ લાખ, બે-પાંચ કરોડ, દસ કરોડ રૂપિયા હોય, જુવાન શરીર આમ ૪૦ (વર્ષનું) લઠ જેવું (હોય). ત્રણ-ત્રણ, ચાર-ચાર લાડવા ખાતો હોય, પચી જતો હોય પણ એ બધા દુઃખી છે, દુઃખી છે બિચારા. આહા..હા...! એને આત્મા શું ચીજ છે એની ખબર નથી અને આ દુઃખના પંથે છું એની એને ખબર નથી. આહા..હા...!

અનાદિકાળથી નિગોદના ભવથી માંડી લીલ, ફૂગ, લસણ, ડુંગળી(ના અવતાર કર્યા). હવે ભેદજ્ઞાન પ્રગટ કરવાનો અભ્યાસ (કરે). સંવર કરવો છે ને હવે ? આહા..હા...! રાગનો નાનામાં નાનો કણ પણ હો એનાથી મારી ચીજ અંદર ભિન્ન છે. એ રાગ ક્ષણિક, કૃત્રિમ અને દુઃખરૂપ છે. ત્યારે હું ત્રિકાળ, નિત્ય અને આનંદરૂપ છું. સમજાય છે કાંઈ ? રાગ જે થાય છે એ કૃત્રિમ, ક્ષણિક અને દુઃખરૂપ છે. ત્યારે પ્રભુઆત્મા અંદર છે એ અકૃત્રિમ, અકરાયેલો, નિત્ય અને આનંદરૂપ છે. આહા..હા...! આવું બે વચ્ચે જુદા પાડવાનો ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાથી. **'ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી...'** આહા..હા...! ફલાણી ક્રિયા કરવાથી એમ કાંઈ કહ્યું નથી. દયા પાળવાથી કે વ્રત કરવાથી, તપસ્યા કરવાથી (થાય એમ કહ્યું નથી). એય ! લાંઘણું કરી છે ને ? એણે કરી હતી. વર્ષીતપ કર્યા હતા.

મુમુક્ષુ :– ત્યારે ખબર નહોતી.

ઉત્તર :– ખબર નહોતી ! આ..હા...! વર્ષીતપ કર્યા હતા. આહા..હા...!

અરે...! પણ આત્મા અંદર કોણ છે ? અને આ રાગની પરિણતિની ક્રિયા જે રાગ ઉભો થાય છે એ કોણ છે ? બે વચ્ચેનું જ્ઞાન નથી એ દુઃખી અને મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! એ ભેદજ્ઞાનને પ્રગટ કરવાના અભ્યાસથી. એમ છે ને ? **'भेदज्ञान-उच्छलन-कलनात्'** ત્રણ શબ્દ છે. ભેદજ્ઞાનને પ્રગટ કરવાના અભ્યાસથી. **'कलनात्'** એટલે એના અનુભવથી. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! અનંતકાળથી રખડે છે. એમાં જુવાન પચીસ-ત્રીસ-ચાલીસ વર્ષની ઉંમર હોય, એમાં પૈસા પાંચ-પચીસ કરોડ મળ્યા હોય અને સુંદર પાડા જેવું શરીર હોય, પાડા જેવું ! અરે..રે...! ભાઈ ! તને ખબર નથી, બાપુ ! તું કોને આશ્રયે સુખી માને છો એ તને ખબર નથી. એ બધાના આશ્રયે તો રાગ અને દુઃખ છે. આહા..હા...! હવે જો તારે સુખને પંથે જાવું હોય, દુઃખને પંથે અનાદિથી દોરાય રહ્યો છે.

ભેદજ્ઞાનને પ્રગટ કરવાના **'कलनात्'** અભ્યાસથી. આમ શબ્દ છે. ભેદજ્ઞાન **'उच्छलन'**

(એટલે) પ્રગટ કરવું. **'उच्छलन'** (એટલે) પ્રગટ કરવું. તેનો **'कलनात्'**, તેનો અભ્યાસ. અંતરમાં રાગથી ભિન્ન પાડવાનો અભ્યાસ. આ..હા..હા...! આકરી વાતું છે, આવું છે. વીતરાગ ધર્મ અલૌકિક છે. આહા..હા...!

**(शुद्धतत्त्वउपलम्भात्)** ભેદજ્ઞાનના પ્રગટ કરવાના અભ્યાસથી શું થયું ? કે, શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ થઈ. શુદ્ધ તત્ત્વનો અનુભવ થયો. એટલે ? કે, અનાદિથી પુણ્ય અને પાપ, રાગાદિનો જે અનુભવ હતો એનાથી ભિન્ન પડીને આત્મતત્ત્વનો અનુભવ થયો. આહા..હા...! ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, અતીન્દ્રિય અતીન્દ્રિય અનંત અનંત આનંદ ને અતીન્દ્રિય ગુણોનો પિંડ પ્રભુ, ભગવત સ્વરૂપ પ્રભુઆત્મા (છે), પણ કેમ બેસે ? આહા..હા...! એક બીડી પીવે ત્યાં એને જાણે આમ.. આ..હા...! તલપ ચડી જાય. આ..હા...! એક સારો પાપડ અને સારું અથાણું મળ્યું હોય, એને ખાય તો એમ થઈ જાય કે, આ..હા..હા...! શું છે ? પ્રભુ ! તું ક્યાં ગયો ? કહે છે કે, એકવાર તો (ભેદજ્ઞાન) કર હવે. અનંત વાર એ કર્યું. એકવાર એને રાગથી ભિન્ન પાડવાનો અભ્યાસ તો કર. એનાથી તને શુદ્ધ આત્માની ઉપલબ્ધિ – પ્રાપ્તિ થશે. જે અભ્યાસ નથી, રાગને પોતાનો માનવાનો અભ્યાસ છે તેમાં દુઃખની પ્રાપ્તિ છે અને એનાથી પાડતા તને આત્માની પ્રાપ્તિ, આત્માનો અનુભવ થશે. આહા..હા...! આવી ધર્મની રીત હવે. આમાં નવરાશ ક્યાં છે ? 'શાંતિભાઈ' ! આ..હા..! બે-પાંચ લાખ, દસ લાખ પેદા થાતા હોય, છોકરાઓ કમાતા હોય એમાં આ..હા..હા...! (થઈ જાય). અરે... પ્રભુ ! શું કરે છે તું ? દુઃખને પંથે ગયો છો, પ્રભુ ! એકવાર એનાથી ભેદ પાડવાના અભ્યાસના અનુભવથી તને આત્માની ઉપલબ્ધિ નામ અનુભવ થશે. આહા..હા...!

મુમુક્ષુ :– એકવાર કે વારંવાર ?

ઉત્તર :– એકવાર કરતાં જ થઈ જશે. પહેલો અભ્યાસ કરે છે પણ થાય છે ત્યારે એક ક્ષણમાં જ થાય છે. આહા..હા...! ભાષા અભ્યાસ છે, શરૂઆતમાં તો એમ થાય ને ! રાગાદિ, જેમાં પર દિશા તરફની દશા (થાય છે), રાગની, પુણ્યની, દયા, દાન, દેશની એને ફેરવીને પોતા તરફ વાળવી કે આ હું નહિ, એવો અભ્યાસ કરતાં તને આત્માની પ્રાપ્તિ થશે, એમ કહે છે. એમ આવ્યું ને ? **(शुद्धतत्त्वउपलम्भात्)** શુદ્ધ સ્વરૂપનો અનુભવ થશે. જે રાગ ને દ્વેષના દુઃખના પંથમાં તું દોરાય ગયો (એ) ઝેરના પ્યાલા પીવે છે, બાપા ! અને તું રાજી થઈને રખડી રહ્યો છો. આહા..હા...! 'હીરાલાલભાઈ' ! આહા..હા...!

આત્મા સિવાયની બહારની ચીજોમાં ક્યાંય પણ તને વિશેષતા, અધિકતા, વિસ્મયતા લાગે એ બધો દુઃખભાવ, મિથ્યાત્વ ભાવ છે. આહા..હા...! એ મિથ્યાત્વ ભાવથી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાથી (એટલે કે) એ હું નહિ, હું તો ચૈતન્યસ્વરૂપ છું. સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદનો નાથ, અતીન્દ્રિય આનંદથી ભરેલો ભંડાર, અતીન્દ્રિય આનંદથી પૂર્ણ ભરેલો ભંડાર છું.

આહા..હા...! આ પૈસા તો ખૂટી પણ જાય. અહીં તો ખૂટે નહિ એવી લક્ષ્મી છે ઈ ! આ..હા..હા...!

(**शुद्धतत्त्वउपलम्भात्**) (અર્થાત્) અનુભવ થઈને. **'શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિથી...'** એટલે અનુભવથી. ક્રમ મૂકે છે. (**रागग्रामप्रलयकरणात्**) **'રાગના સમૂહનો વિલય...'** રાગ, દ્વેષ, પુણ્ય, પાપ એ બધું રાગમાં જાય છે. આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા વગેરે રાગમાં જાય છે. એ રાગગ્રામ – રાગનો સમૂહ (છે). એ બધા રાગના સમૂહમાં જાય છે. આહા..હા...! આવો ધર્મ હવે. રાગનો ગ્રામ. ગ્રામ એટલે સમૂહ. બધો રાગનો સમૂહ છે. વિકલ્પ જેટલા (થાય), દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, વિષયભોગ વાસના. આહા..હા...! એ બધો રાગનો ગ્રામ – સમૂહ છે, એ રાગનો ઢગલો છે. આ..હા...! એનો પ્રલય કરનાર. એવા રાગગ્રામને પ્રલય કરનાર. પ્રલય નામ એનો નાશ કરવાથી. આહા..હા...! છે ને ? **'રાગના સમૂહનો વિલય કરવાથી...'** ઝીણી વાત તો છે, ભાઈ ! આહા..હા...!

**'રાગના સમૂહનો વિલય કરવાથી...'** (**कर्मणां संवरेण**) **'કર્મનો સંવર થયો...'** એટલે કે રાગને અટકાવ્યો અને સ્વભાવ સન્મુખમાં શુદ્ધતાની દશા પ્રગટ કરી તેથી કર્મ અટક્યા. રાગનો સમૂહ જ્યાં અટક્યો એટલે કર્મ આવતા અટક્યા. આહા..હા...! આ વર્ષીતપ કરે માટે કર્મ અટકી જાય ને અપવાસ કરે તો કર્મ અટકી જાય, એમ નથી. એ બધી રાગની ક્રિયાઓ (છે) આ..હા...! અને એમાં પણ ધર્મ થાય છે એમ માને છે તો મિથ્યાત્વનું પોષક છે. આ..હા...! સત્ય પ્રભુ, એનાથી (એ) બધા જુઠાણાના સેવન છે. આહા..હા...!

સચ્ચિદાનંદ પ્રભુ, સત્ સ્વરૂપ આત્મા, અતીન્દ્રિય આનંદનો ભંડાર, એનાથી ઊંધી માન્યતા એ બધા અસત્ય આચરણ છે. આહા..હા...! સત્યનો અનાદર કરનારી છે. એને કહે છે કે, અટકાવતા. **'કર્મનો સંવર થયો...'** રાગનો સમૂહ અટક્યો અને અહીં સંવર દશા, સમ્યગ્દર્શન એટલે આત્માનો અનુભવ થયો એટલે રાગથી જે કર્મ આવતું એ અટકી ગયું. આહા..હા...! ઝીણી વાત બહુ આમાં.

**'કર્મનો સંવર થયો અને કર્મનો સંવર થવાથી,...'** (**ज्ञाने नियतम् एतत् ज्ञानं उदितं**) **'જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું આ જ્ઞાન...'** આહા..હા...! જ્ઞાન એટલે આત્મા. અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, જ્ઞાનસ્વરૂપ, એમાં એકાગ્ર થવાથી. છે ? **'જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું...'** પોતાના શુદ્ધ સ્વરૂમાં નિશ્ચળ થયેલું, રાગના સમૂહથી ખસી ગયેલું. તેથી તેને કર્મનું આવરણ આવતું નથી અને અહીં જ્ઞાનમાં ઠરતાં, જ્ઞાનમાં નિયત થયેલું **'એવું આ જ્ઞાન ઉદય પામ્યું...'** જ્ઞાતા-દૃષ્ટાપણાની દશા પ્રગટ થઈ. આહા..હા...! આનું નામ ધર્મ. જ્ઞાન જ્ઞાતા-દૃષ્ટાપણાની દશા. છે ? **'જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું જ્ઞાન...'** જ્ઞાનમાં એટલે આત્મામાં નિશ્ચળ થયેલું જ્ઞાન. જે રાગમાં નિશ્ચળ થયેલું અજ્ઞાન હતું એ ટાળીને જ્ઞાનમાં જ્ઞાન થયેલું નિશ્ચય જ્ઞાન. આ..હા..હા...! **'આ જ્ઞાન ઉદય પામ્યું...'** (અર્થાત્) સમ્યક્જ્ઞાન પ્રગટ થયું. હું ચૈતન્યમૂર્તિ

છું, જ્ઞાતા-દૃષ્ટા છું એવું સમ્યગ્દર્શનમાં પ્રગટ થયું. આહા..હા...! હું રાગ અને પુણ્ય ને દયા, દાન ને વ્રત ને કામ, ક્રોધ, ભોગના ભાવ એ મારા હતા અને એમાં મને ઠીક હતું, એ અજ્ઞાન, મિથ્યા ભ્રમણા (હતી). આહા..હા...! એ ભ્રમણા ટાળીને આત્મામાં આનંદ છે એ જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું. રાગથી ખસી ગયું, રાગના સમૂહથી ખસી ગયું અને જ્ઞાનના, આનંદના સમૂહમાં ઠરી ગયું. આ..હા..હા...! આવી જાત હવે. **'આ જ્ઞાન ઉદય પામ્યું...'**

(**विभ्रत् परमम् तोषं**) કેવું જ્ઞાન ઉદય પામ્યું ? **'કે જે જ્ઞાન પરમ સંતોષને...'** **'तोषं'** છે ને ? (એટલે) પરમ સંતોષને. **'विभ्रत्'** (એટલે) ધારણ કરતું. આ..હા..હા...! પરમ સંતોષ – આનંદે પરિણમતું, આનંદરૂપે પરિણમતું. આહા..હા...! વિકાર, રાગના સમૂહમાં એ દુઃખરૂપે જે પરિણમન હતું એમાંથી ખસીને આત્મ સ્વભાવ સન્મુખ આવ્યો એટલે તેને આત્માના આનંદનો સંતોષ **'विभ्रत्'** ધાર્યો. હવે આનંદનો ધારી રાખ્યો. હવે આનંદનું પરિણમન થયું. આહા..હા...!

આ તો અધ્યાત્મ શ્લોક છે. એમાં સંવરનો છેલ્લો શ્લોક છે અને જ્ઞાનની મહિમા (કરે છે). ભગવાનઆત્મા જ્યાં જ્ઞાનસ્વરૂપ પ્રગટ થયું એની શું વાત કરવી ? કહે છે. એની મહિમાની વાત કરે છે. આહા..હા...! અરે...! ટાણા મળ્યા ત્યારે અભ્યાસ કર્યા નહિ અને ટાણા મળ્યા નહિ ત્યાં રખડીને સાંભળવાનું મળ્યું નહિ. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય.. આ..હા...! અરે...! મનુષ્યપણું પામ્યો પણ અનાર્ય દેશમાં બોકડા કાચા ખાય. અનાર્ય દેશમાં. બોકડા સમજાણું ? ઘેટું. નાના બચ્ચા હોય ને ? નાના બચ્ચા સીધા આમ કાચા ખાય. કાચા કટકા (કરીને ખાય). આ..હા...! હવે એમાં આવા મનુષ્યના અવતાર મળે તોય શું ? આ..હા...! જૈનકુળમાં અવતાર થવો અને એમાં પછી સત્ય વાત કાને પડવી.. આહા..હા...! એવી દુર્લભતાના કાળમાં દુર્લભ વસ્તુને પ્રાપ્ત કરી લે. પૈસા-ફૈસા મેળવવા એ કાંઈ દુર્લભ નથી, એમ કહે છે. આહા..હા...! પાંચ લાખ પેદા કર્યા છે, દસ લાખ પેદા કર્યા છે.

મુમુક્ષુ :– એક શાસ્ત્રમાં તો એમ લખ્યું છે કે ધર્મ સુલભ છે અને પૈસો દુર્લભ છે.

ઉત્તર :– સુલભ છે. ઈ શું કીધું ખબર છે ? ઈ વાત બીજી વાત છે કે, પૈસો સુલભ છે એટલે એને પૂર્વનું પુણ્ય હોય તો મળે છે અને આ તો પુરુષાર્થથી મળે છે. છે શબ્દ છે શાસ્ત્રમાં. દસ પ્રકારની ભાવના છે ને ? પૈસો મળવો સુલભ છે, એટલે ? કે, એનો એમાં કાંઈ પુરુષાર્થ કામ કરતો નથી. એ તો એના પૂર્વના પુણ્યના પરમાણુ પડ્યા હોય તો એવા સંયોગ દેખાય. દેખાય, હોં ! મળે શું ? ધૂળ એને મળે ? એની પાસે ક્યાં મળે છે ? એને મમતા મળે છે. આને 'બલુભાઈ'ને મોટું કારખાનું હતું. સીત્તેર લાખનું ! એ વેંચી નાખ્યું, કાઢી નાખ્યું. આ..હા...! કારખાને અમે ગયા હતા. 'રામજીભાઈ' હતા, બધા હતા. આહાર કરવા ગયા હતા તે દિ' નહિ ? આહાર કર્યો હતો નહિ ત્યાં ? આ..હા...!

બધું જોયું હતું. અરે..રે...! ભગવાન તારો માર્ગ કોઈ જુદી જાત છે, બાપુ ! આ બધી બહારની સ્મશાનની જાળું છે. સ્મશાનમાં જેમ અગ્નિ ભભકારા મારે, હાડકા બળેલા હોય ને, ઈ તાજા હોય તો આમ અગ્નિ ચમક ચમક ચમક થાય. એમ ભગવાનઆત્મા સિવાય આ બધા મસાણના ભભકા છે. આહા..હા...! એ ભાઈ કહેતા હતા, ભાઈ નથી, 'મલુકચંદના' દીકરા છે ને આ ? 'પૂનમચંદ' ! પાંચ-છ કરોડ રૂપિયા (છે). એક ભાઈને વાત કરતા હતા, એના બાપ બેઠા હતા. બાપાએ એક પૈસાનો રસ ચાખ્યો છે ક્યાં ? એટલે એમ કે ત્યાં પૈસા ક્યાં હતા ? એના બાપ પાસે ત્રીસ-ચાલીસ હજાર હતા. બાપાને એમ કહે કે, પૈસાનો રસ ચાખ્યો છે ક્યાં ? એને કે દિ' હતા ચાર કરોડ ને પાંચ કરોડ રૂપિયા ? અમે આ પાંચ કરોડના રસ ચાખ્યા છે. ઝેરના (રસ ચાખ્યા છે). આહા..હા...!

અહીં તો જગતથી બીજી વાત છે, બાપુ ! દુનિયા ધર્મને નામે વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાને ધર્મ માને છે એ પણ અધર્મ છે. આહા..હા...! અહીં તો એનાથી ભિન્ન પડેલું તત્ત્વ આખું પડ્યું છે એનું જ્ઞાન કરીને જ્ઞાનમાં **(विभ्रत् परमम् तोषं) 'विभ्रत्'** પરમ સંતોષને આનંદને પરિણમાવતું. પરમ આનંદને ધારણ કરતું. આહા..હા...! જે અનાદિથી રાગને પુણ્યને ધારણ કરીને મારા માનીને મિથ્યાત્વમાં પડ્યો હતો.. આ..હા...! એ ભેદજ્ઞાન કરીને, અતીન્દ્રિય આનંદને ધારણ કરીને ત્યાં પડ્યો છે હવે. આહા..હા...! આવી વાત છે. અતીન્દ્રિય આનંદનું પરિણમન કરી એણે ધારી રાખ્યું. રાગનું પરિણમન કરીને જે ઓલા રાગને ધારી રાખ્યો હતો, એ આ આનંદનું પરિણમન કરીને આનંદને ધારી રાખ્યો.

જ્ઞાન એટલે આત્મા, એનો સંતોષ એટલે આનંદ. **'(પરમ અતીન્દ્રિય આનંદને) ધારણ કરે છે,...'** ઇ **'विभ्रत्'**નો અર્થ કર્યો છે. આહા..હા...! જુઓ, આનું નામ ધર્મ. જેણે રાગના સમૂહને ભિન્ન પાડી અને આનંદના સમૂહનો ભગવાનઆત્મા, એમાં જેણે જ્ઞાનમાં જ્ઞાનની સ્થિરતા કરી, એણે અતીન્દ્રિય આનંદને ધારી રાખ્યો. એ અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પડ્યો છે. આહા..હા...! એનું નામ સંવર અને નિર્જરા છે. કહો, 'ચીમનભાઈ' ! દુનિયા બિચારી ક્યાંય રખડતી પડી છે. આહા..હા...! ક્યાંય માની, ક્યાંય મનાવે (છે). ધર્મને નામે ક્યાંય મનાવ્યું છે. હેરાન હેરાન થઈ ગયા છે. સંસારને નામે તો રખડે છે. આ..હા...!

જ્ઞાન પરમ સંતોષ – પરમ આનંદ. જે રાગ અને પુણ્ય-પાપના ભાવમાં પરમ દુઃખ હતું અને એ દુઃખમાં અમને ઠીક પડે છે એમ હતું.. આ..હા...! અને એણે દુઃખને ધારી રાખ્યું હતું. એ હવે ગુલાંટ ખાય છે. એ રાગ નહિ, હું તો આત્મા આનંદસ્વરૂપ છું. એ અતીન્દ્રિય આનંદનો ગંજ છે, અહીં રાગનો સમૂહ હતો, રાગગ્રામ (હતું). આહા..હા...! ગ્રામ છે ને ? આવી ગયું હતું. રાગગ્રામ પ્રલય કરનાર. રાગના સમૂહને નાશ કરી અનંત અનંત આનંદાદિ સમૂહને પ્રગટ કરી. આહા..હા...!

**'अमल-आलोकम्' 'જેનો પ્રકાશ નિર્મળ છે...'** આ..હા..હા...! ભગવાનઆત્મા રાગથી

ભિન્ન પડીને આત્માનો અનુભવ કરે એ અનુભવ નિર્મળ છે. એમાં રાગ અને દ્વેષનો કણ, મળ, મેળ નથી. આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ તો રાગ છે, મેલ છે, મળ છે, દોષ છે. આહા..હા...! અરે..રે...! ક્યાં જાવું એને ? કહે છે કે, અંતરમાં **'अमल-आलोकम्'** નિર્મળ વસ્તુને આલોકે. **'(રાગાદિને લીધે મલિનતા હતી તે હવે નથી),...'** **'अमल-आलोकम्'** આ..હા...! નિર્મળ જ્ઞાનપ્રકાશ થયો. આ..હા...! **'आलोकम्'** એટલે નિર્મળ પ્રકાશ.

**'अम्लानम्' 'જે અમ્લાન છે (અર્થાત્ ક્ષાયોપશમિક જ્ઞાનની માફક કરમાયેલું-નિર્બળ નથી,...)'** ક્ષયોપશમ જ્ઞાન છે એ તો કરમાઈ ગયેલું (છે). ઘડીકમાં રહે અને ઘડીકમાં કાંઈ ન રહે. આહા..હા...! આ તો અંદર ભગવાનઆત્મા સમ્યગ્દર્શન પામ્યો એને આત્માના સ્વભાવમાંથી જ્ઞાન પ્રગટ થયું એ કરમાયેલું જ્ઞાન નથી. એ જ્ઞાન કરમાતું નથી. આહા..હા...! એ ખીલતું જ્ઞાન છે, એ વધતી, ચડતી ડિગ્રીએ છે. આ..હા..હા...! બહારમાં કાંઈક સરખાઈ હોય તો એમ કહે કે, આપણે ચડતી ડિગ્રીએ છે ત્યાં આ ક્યાં આ કરો છો ? કહે, વાતું કરે.

અમારે એમ થયું હતું. 'ખુશાલભાઈ'ના લગ્ન થયા પછી આમ મારી લગ્નની વાત આવી. ગૃહસ્થને ઘરેથી, સારા લાખોપતિના ઘરેથી. મેં ના પાડી, મારે બ્રહ્મચર્ય છે. એટલે કો'ક બોલ્યું કે, અરે...! ચડતી ડિગ્રીએ તમે તોડી નાખો છો. (સંવત) ૧૯૬૮ના માહ મહિનાની વાત છે. ચડતી ડિગ્રી કહે. આહા..હા...! લાખોપતિની દીકરી આવે છે અને તમે ના પાડો છો કે, નહિ. આહા..હા...! ચડતી ડિગ્રી તો આ છે. આહા..હા...! ચડતું જ્ઞાન ને ચડતી શાંતિ, રાગથી ભિન્ન પડીને વધતું જાય એ ચડતી ડિગ્રી છે. આહા..હા...! દુનિયામાં તો એમ માને કે દીકરો સારે ઘરે પરણે, બે-પાંચ કરોડવાળાને ત્યાં (પરણે) તો ઓ..હો..હો...! ઓલી પાંચ-પચીસ લાખ લઈને આવે તો જાણે શું કર્યું ! ધૂળ છે, મસાણ છે, રાખ છે સાંભળને ! આહા..હા...!

અમ્લાન છે. કહે છે કે, વિકારના ભાવથી ભિન્ન પડીને આત્મજ્ઞાન થયું એ જ્ઞાન હવે કરમાતું નથી. આ..હા...! આચાર્યની શૈલી જ કોઈ એવી છે. એ જ્ઞાન પ્રગટ્યું એ પ્રગટ્યું (હવે) એ જ્ઞાન કેવળજ્ઞાન લેવાનું. આ..હા..હા...! બીજ ઉગી એ પૂનમ થવાની, થવાની ને થવાની. બીજ ઉગી ઈ પૂનમ થાય જ. એમ જેને આત્મજ્ઞાન રાગથી ભિન્ન પડીને થયું એ અમ્લાન જ્ઞાન છે. નહિ કરમાય. ક્ષયોપશમ જ્ઞાન કરમાઈ જાય છે. આહા..હા...! છે તો આયે ક્ષયોપશમ પણ બીજી જાતનું, આત્મા તરફનું. આહા..હા...! ચાલતા માર્ગથી જાત કાંઈક બીજી છે. દુનિયાની તો બધી ખબર છે ને ! આ..હા...! અમ્લાન. અમ્લાન (એટલે) કરમાતું નથી, નિર્બળ નથી.

**'(સર્વ લોકાલોકને જાણનારું છે),...'** કેવળજ્ઞાન સુધી લીધું છે ને ! ભાઈ ! ભેદજ્ઞાન થયું, નિર્મળ જ્ઞાન થયું એમાં સ્થિર થતાં થતાં કેવળજ્ઞાન થઈ ગયું. અહીં સંવરનો છેલ્લો

સરવાળો લેવો છે ને ? આ..હા..હા...! **'જે એક છે...'** ઓલા ક્ષયોપશમમાં તો ભેદ હતા. એક કેવળજ્ઞાન, એક સમયનું અનંત આનંદને વેદતું કેવળજ્ઞાન પ્રગટ્યું. અનંત અતીન્દ્રિય આનંદ જે આત્માનો (છે) એ અતીન્દ્રિય આનંદને વેદતું અનંત કેવળજ્ઞાન પ્રગટ્યું. આહા..હા... ! એકલું છે, એકરૂપ છે, એમાં ભેદ નથી. ક્ષયોપશમથી ભેદ હતા એ નથી.

**'शाश्वत-उद्योतम्'** આ..હા..હા...! શું મંગળિક કર્યું છે ને ! એ અંદરમાં આત્મા જેમ શાશ્વત છે તેમ એનું જ્યાં રાગથી ભિન્ન પડીને જ્ઞાન થયું, ભાન, સમ્યગ્દર્શન, જ્ઞાન થયું એથી એને સમ્યગ્દર્શન, જ્ઞાન વધીને કેવળજ્ઞાન થવાનું, એ શાશ્વત રહેવાનું. એ કેવળજ્ઞાન થયું એ થયું. એમ ને એમ અનંતકાળ રહેવાનું. આહા..હા..! અહીં તો પાંચ-પચીસ કરોડ આવે અને વરસ, બે વરસ (થાય ત્યાં) ભિખારી થઈ જાય.

'બિહાર'માં ધરતીકંપ થયો હતો ને ? એક કરોડપતિ માણસ બહાર ફરવા ગયેલો. કરોડપતિ, હોં ! ફરવા ગયેલો. પોતા પાસે સાત-આઠ હજાર રૂપિયાનું કાંઈક કહે, ચાંદીનું કે ઘડીયાળ (હશે), જ્યાં આવ્યો ત્યાં કુટુંબ ને મકાન ને બધું ગામ પ્રલય – નાશ (થઈ ગયો). બહાર ક્યાંક ફરવા ગયેલો. આહા..હા...! એક ક્ષણમાં ખલાસ. એ પાછો આવ્યો, અહીં 'જામનગર'. ત્યાં એક વિનયમાર્ગ છે. બધાને પગે લાગે. ઈ બધાને પગે લાગે. એમાં પાછો આવ્યો, ભાષણ જ્યાં કર્યું ત્યાં ભાષણ કરતો કરતો મરી ગયો. એમાં આ સંસાર ઘડીકમાં કાંઈ કાંઈ. ક્ષણમાં ગરીબ બનાવ્યો અને ક્ષણમાં પાછો અહીં આવ્યો ત્યાં દેહ છૂટી ગયો. ભાષણ કરતો હતો. લોકોને પહેલા કાંઈક પૈસા આપેલા. એટલે શેઠિયા આવ્યા છે, શેઠિયા (એમ કરીને ભાષણ કરવા ઉભા કર્યા). આહા..હા...! પણ એ તો કો'કને થાય એમ માને. અમારે (ક્યાં) છે ? અમારે ક્યાં (કંઈ છે) ? નિરોગ શરીર છે, બે-ત્રણ લાડુ ઉડાવીએ છીએ, પત્તરવેલિયા ખાઈએ છીએ, ઓ.. ઓડકાર (ખાઈને) બે-ત્રણ કલાક નિરાંતે સૂવે. ધૂળેય નથી, મરી ગયો છે, સાંભળને. આત્મા આનંદના નાથને પ્રભુ તેં મારી નાખ્યો. તેં પરમાં સુખ માનીને આત્મામાં સુખ છે તેને તેં મારી નાખ્યો. આહા..હા...! જીવતી જ્યોત ભગવાન આનંદનો નાથ છે ને ! આ..હા..હા...! એ જીવતી જ્યોતનો અનાદર કરીને મરી ગયેલા મડદાં. પુણ્ય ને પાપ ને રાગ ને દ્વેષ મડદાં છે. એને જીવતા માનીને, સુખી માનીને બેઠો છો. આવું છે. દુનિયાથી ઊંધું છે, ભઈ ! આહા..હા...!

પચાસ કરોડ રૂપિયા, લ્યો ! 'ચીમનભાઈ'ના શેઠને. ત્યાં હમણાં આવ્યા હતા ને ! 'મુંબઈ' ! 'ચીમનભાઈ' એમાં નોકર હતા ને ! એ આવ્યો હતો. પચાસ કરોડ ! વૈષ્ણવ છે, બૈરા બધા જૈન છે. પ્રેમ બિચારાને એટલે આવ્યો હતો. (એમના ઘરે) ગયા હતા ને ! ઈ આવ્યા ત્યારે નાળિયેર મૂક્યું, એક હજાર રૂપિયા મૂક્યા હતા. ઘરે ગયા ત્યારે પંદરસો મૂક્યા હતા. ઘરે પંદરસો રૂપિયા મૂક્યા હતા. પૈસા ધૂળમાં શું ગણતરો હતો ?

મુમુક્ષુ :– એના ભાઈના છોકરાનું હમણાં 'જર્મની'માં હાર્ટ ફેઈલ થઈ ગયું.

ઉત્તર :- એમ ! ઈ તો નાશવાનમાં બાપુ ! ક્યારે શું થશે ? આ તો કહે છે કે, શાશ્વત જ્ઞાન પ્રગટ્યું. આ.હા..હા...! રાગથી ભિન્ન પડી સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, સંવર પ્રગટ કર્યો, એટલું કર્મનું આવવું અટકાવી દીધું પછી સ્વરૂપમાં ઠરતાં કેવળજ્ઞાન થયું એ શાશ્વત કેવળજ્ઞાન રહેશે. એમ ને એમ પ્રગટ્યું ત્યારથી તે અનંત કાળ (રહેશે). અનંત અનંત જેનો અંત નહિ. આહા..હા..!

**'શાશ્વત-ઉદ્યોતમ્' 'જેનો ઉદ્યોત શાશ્વત છે (અર્થાત્ જેનો પ્રકાશ અવિનશ્વર છે).'** ઓ..હો..હો...! શ્લોક ભારે મંગળિક ! દુનિયાની સામે બધું મૂક્યું છે. દુનિયા મોટા ચક્રવર્તીના રાજ પડ્યા હોય. 'બ્રહ્મદત્ત' મરીને સાતમી નરકે ગયો. છન્નુ હજાર તો સ્ત્રી, છન્નુ કરોડ પાયદળ, સોળ હજાર દેવ સેવા કરે, એને હીરાના શું કહેવાય ? ઢોલિયા, પલંગ. હીરાના પલંગમાં સૂતો હોય અને સોળ હજાર દેવ સેવા કરતા. (ઇ) મરીને સાતમી નરકે ગયો. અત્યારે સાતમી નરકે છે. આહા..હા...! બાપુ ! એ નરકના દુઃખ એક ક્ષણના, ભાઈ ! દેખનારાને રૂદન આવે એવા દુઃખો છે. ભાઈ ! તેં એવા દુઃખ અનંત વાર સહન કર્યા છે, બાપુ ! તને હરખ શેનો આવે છે ? બહારના હરખ તને શેના આવે છે ? આહા..હા...! બહારની ચીજમાં તારા કરતાં અધિકપણું, વિશેષપણું કેમ ભાસે છે ? તું મહા અધિક ભગવાન છો અંદર અને એનું જ્ઞાન અને ભાન થતાં કેવળજ્ઞાન થઈને પછી શાશ્વત રહે. અનંત અનંત કાળ, આદિ વિનાનો અનંત કાળ. બહુ મંગળિક કર્યું. આહા..હા...!

**ટીકા :- 'આ રીતે સંવર (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.'** એટલે સંવર પૂરો થઈ ગયો ને કેવળજ્ઞાન થઈ ગયું. એમ હવે સંવર કરવો રહ્યો નહિ. સંવર નીકળી ગયો. આહા..હા...!

**ભાવાર્થ :- 'રંગભૂમિમાં સંવરનો સ્વાંગ આવ્યો હતો...'** સંવર એટલે ધર્મની દશા. રાગ વિનાની નિર્મળ નિર્મળ નિર્મળ ભેદજ્ઞાન દશા. એવો જે સંવર, આનંદ, શાંતિના વેદન સહિત, જે સંવર પ્રગટ થયો એ સ્વાંગ પૂરો થઈ ગયો. એ **'સ્વાંગ આવ્યો હતો તેને જ્ઞાને જાણી લીધો તેથી તે નૃત્ય કરી બહાર નીકળી ગયો.'** એટલે સંવર પૂરો થઈ ગયો, કેવળજ્ઞાન થઈ ગયું. હિન્દી.

**ભેદવિજ્ઞાનકલા પ્રગટૈ તબ શુદ્ધસ્વભાવ લહૈ અપનાહી,**
**રાગ-દ્વેષ-વિમોહ સબહી ગલિ જાય ઇમૈ દુઠ કર્મ રુકાહી;**
**ઉજ્જવલ જ્ઞાન પ્રકાશ કરૈ બહુ તોષ ધરૈ પરમાતમમાહી,**
**યોં મુનિરાજ ભલી વિધિ ધારત કેવલ પાય સુખી શિવ જાહીં.**

ઓલામાં કહ્યું ને, કર્મ ધારણ કર્યું હતું ને ? આહા..હા..! **'ભેદવિજ્ઞાનકલા પ્રગટૈ...'** આહા..હા...! રાગના કણથી (ભિન્ન). શરીર, વાણી આ તો માટી ને ધૂળ જડ છે. એ તો મસાણની રાખું થવાની. આહા..હા...! પણ અંદર રાગ, પુણ્ય-પાપના ભાવ (થાય) એનાથી ભેદજ્ઞાન કરતાં જે સમ્યગ્દર્શન અને સંવર થાય. **'તબ શુદ્ધસ્વભાવ લહૈ અપનાહી,..'** ત્યારે

પોતાનો શુદ્ધ સ્વભાવ પ્રાપ્ત કરે. જે રાગને, પુણ્ય-પાપને અનાદિથી પ્રાપ્ત કરતો, એનાથી ભિન્ન પડીને. આહા..હા...! દુનિયાથી બધું ઊંધું છે. આ..હા...! **'ભેદવિજ્ઞાનકલા પ્રગટૈ તબ શુદ્ધસ્વભાવ લહૈ અપનાહી,...'** પોતાના શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ કરે. **'રાગ-દ્વેષ-વિમોહ સબહી ગલિ જાય...'** રાગ-દ્વેષ ને વિમોહ (એટલે) મિથ્યાત્વ **'સબહિ ગલિ જાય...'** (એટલે) નાશ થઈ જાય. **'ઇમૈ દુઠ કર્મ રુકાહી;...'** દુષ્ટ કર્મ રોકાઈ જાય. સંવર આવતા આત્માની સ્થિરતા થતાં કર્મ રોકાઈ જાય આહા..હા...!

**'ઉજ્જવલ જ્ઞાન પ્રકાશ કરૈ...'** અંતરની ચૈતન્યની ઝળહળ જ્યોતિ, ચૈતન્યના પ્રકાશની મૂર્તિ, કેવળજ્ઞાનનો કંદ પ્રભુ, એ પર્યાયમાં ઉજ્જવળ જ્ઞાનપ્રકાશ કરે. આ..હા..હા...! **'બહુ તોષ ધરૈ...'** ઘણો આનંદ ધારણ કરે, ઘણો આનંદરૂપે પરિણમે, અતીન્દ્રિય આનંદરૂપે જ્ઞાન પરિણમે. સંવર થતા તેના ફળમાં અતીન્દ્રિય આનંદરૂપે પરિણમે. આહા..હા...! પુણ્ય-પાપ અને આસ્રવના ફળમાં દુઃખી થાય. બહારના સંયોગ મળે એમાં રાજી થાય, દુઃખી થાય. આહા..હા...!

**'ઉજ્જવલ જ્ઞાન પ્રકાશ કરૈ બહુ તોષ...'** આનંદે પરિણમે, આનંદ ધારે. **'પરમાતમમાહી,...'** પરમાત્મા આત્મા એમાં આનંદને ધારે. એમાં આનંદનું પરિણમન કરે. એમાં ને એમાં જે ઊંધો પડ્યો, રાગ-દ્વેષ અને દુઃખનું પરિણમન કરતો, એ સવળો પડ્યો એ આત્મામાં આનંદના સંતોષને ધારણ કરે. આહા..હા...! **'યોં મુનિરાજ...'** મુખ્ય મુનિની વાત છે ને ! **'ભલી વિધિ ધારત...'** આ જ ભલી રીતીને ધારત. જે કીધી હતી તે સંવરની ધારક. **'કેવલ પાય સુખી શિવ જાહીં.'** લ્યો ! કેવળજ્ઞાન પામીને શીવ – સુખી શીવ થાય. શીવ જાય એટલે મોક્ષ થાય. આહા..હા...!

**'આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્‌ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકા...'** આત્મપ્રસિદ્ધિ. આ ટીકાનું નામ આત્મખ્યાતિ (છે). આત્માની પ્રસિદ્ધિ થાય છે. જે અનાદિથી રાગ ને વિકારની પ્રસિદ્ધિ હતી એનો નાશ કરીને આત્માની પ્રસિદ્ધિ થાય છે. આત્મા આનંદ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ, શાંત સ્વરૂપ, વીતરાગમૂર્તિ પ્રભુ છે એની પ્રસિદ્ધિ થાય છે. એનું નામ ધર્મ કહેવાય છે. આહા..હા...! અરે..રે...! આવું સાંભળવા મળે નહિ ત્યાં બિચારા શું કરે ? એમ ને એમ બહારમાં કાંઈક સરખાઈ ભાળે ત્યાં સંતોષાય જાય ને (માને કે) એ.. અમે સુખી છીએ.

એક ફેરી કહ્યું હતું ને ? 'નાનાલાલભાઈ'ના સગા હતા, 'ચુડગર' હતા. અમારા સગાં સુખી છે, કહે. કરોડપતિ 'નાનાલાલભાઈ', 'રાજકોટ'. 'જસાણી.. જસાણી' ! એના વેવાઈ અહીં આવ્યા હતા. આવે ને બધા આવે તો ઘણીવાર. (ત્યારે કહેતા હતા કે), અમારા વેવાઈ સુખી છે. કીધું, સુખીની વ્યાખ્યા શું ? સુખીની વ્યાખ્યા શું ? આ પૈસા ધૂળ મળે, કરોડપતિ ઈ સુખી ? ગાંડા તે ગાંડા, પાગલ દુનિયા પાગલ આખી. પૈસાવાળાને સુખી માને.

આ..હા...! પાગલ છે, મુર્ખાઈ છે મોટી.

આ તો આત્મામાંથી આનંદ આવ્યો, કહે છે. ધર્મ કરતાં, રાગથી ભિન્ન પડતાં, વિકલ્પથી ભિન્ન પડતાં નિર્વિકલ્પ આનંદનો અનુભવ આવતા પૂર્ણ આનંદ પ્રગટ્યો એ શાશ્વત રહેવાનો. આહા..હા...! એ અધિકાર પૂરો થયો.

આત્માર્થી :– આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે પુરુષાર્થ કેવી રીતે કરવો ?

પૂજ્ય ગુરુદેવ :– પ્રથમ વિચારમાં નિરાવલંબીપણે ચાલવું જોઈએ. કોઈના આધાર વિના જ અધ્ધરથી જ ચાલે કે હું આવો છું.. ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ છું.. વિગેરે. તે વિચારો ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ હું.. આ હું.. એમ ઘોલન ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટી જાય, પછી તો સહજ થઈ જાય.. સ્વાધ્યાય વખતે પણ આનું આ જ લક્ષ ચાલ્યા કરતું હોય, આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય... આ વિચારો ચાલતાં આખા જગતના બીજા વિકલ્પો છૂટી ગયા હોય છે. શાસ્ત્રોના શબ્દો વિના હૈયા-ઉકેલ થઈ જવો જોઈએ. ઉપાડ મૂળમાંથી આવવો જોઈએ. બીજું ઓછું સમજાતું હોય તેનું કાંઈ નહિ.... અન્ય સર્વ વિકલ્પો છૂટી જાય અને અધ્ધરથી આત્મા સંબંધી જ વિચારો ચાલ્યા કરે અને વળગ્યા જ રહે. આખી સત્તાનું જ્ઞાનમાં ઘોલન ચાલે છે. પ્રયોગ તો એણે જ કરવો પડે છે.. વિશ્વાસ આવવો જોઈએ.. બીજી બીજી ચિંતાઓ હોય તો આ ક્યાંથી ચાલે ?... આનો અભ્યાસ વારંવાર જોઈએ.

– પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મધર્મ એપ્રિલ-મે–૨૦૦૩

ॐ

श्री सीमंधरस्देवाय नमः
श्री निज शुद्धात्मने नम

# સમયસાર સિદ્ધિ

## ભાગ-૭

અધ્યાત્મયુગપુરુષ

**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

સમયસારજી શાસ્ત્ર ઉપરના ૧૯ મી વખતના નિર્જરા અધિકારની ગાથા ૧૯૩ થી ૨૩૬ તથા તેના શ્લોકો ઉપર થયેલા ૪૫ મંગલમયી પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ–૩૬૦૦૦૫.
ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૨૯ | ૨૫૩૪ | ૨૦૬૪ | ૨૦૦૮ |


પ્રકાશન
મહા સુદ–૫, વસંતપંચમીના પવિત્ર દિને
તા. ૧૧-૦૨-૨૦૦૮

પ્રથમ આવૃત્તિ – ૧૫૦૦ પડતર કિંમત – રૂ. ૧૬૦/- મૂલ્ય - રૂ. ૬૦/-


**પ્રાપ્તિ સ્થાન**

રાજકોટ : **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧. ટેલી. નં. ૨૨૩૧૦૭૩
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫. ટેલી. નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮

મુંબઈ : **(૧) શ્રી શાંતિભાઈ ઝવેરી**
૮૧, નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ-૪૦૦૦૨૬ ટેલી. નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨
**(૨) શ્રી મહેન્દ્રભાઈ મહેતા**
'સાકેત' સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી. ખોટ સ્કૂલ પાસે, બોરીવલી (વે.),
મુંબઈ-૪૦૦૦૯૨ ટેલી. નં. ૨૮૦૫૪૦૬૬/૦૯૮૨૦૩૨૦૧૫૯
**(૩) શ્રી ભરતભાઈ સી. શાહ**
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી (વે.) મુંબઈ-૯૨
ટેલી. નં. ૨૮૩૩૦૩૪૫/૦૯૩૨૨૨૮૨૧૬૬
**(૪) શ્રી વિજયભાઈ મગનલાલ બોટાદરા**
ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ
ટેલી. ૦૨૨-૨૫૦૬૮૭૯૦

કલકત્તા : **શ્રી પ્રકાશભાઈ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર, કલકત્તા-૨૦.
ટેલી. ન. ૦૩૩–૨૪૮૬૮૫૧૮/૦૯૮૩૦૩૩૧૦૧૦

સુરેન્દ્રનગર : **ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી**
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડીકલ સ્ટોર સામે, સુરેન્દ્રનગર. ટેલી. નં. ૨૩૧૫૬૦


| લેસર ટાઈપ સેટિંગ | મુદ્રક | જેકેટ અને મલ્ટીકલર ફોટા |
|---|---|---|
| **પૂજા ઇમ્પ્રેશન્સ** | **શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ** | **ડોટ એડ** |
| પ્લોટ નં. ૧૯૨૪/બી<br>૬, શાંતિનાથ બંગલોઝ<br>શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ<br>પાસે, ભાવનગર-૩૬૪૦૦૧<br>ફોન નં. ૯૩૨૭૪૯૪૯૭૨ | ૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,<br>ડૉ. યાજ્ઞિક રોડ,<br>રાજકોટ-૩૬૦૦૦૧<br>ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧ | ૨૩૪, રાજ ચેમ્બર્સ,<br>માલવિયા પેટ્રોલ પંપ સામે,<br>ગોંડલ રોડ, રાજકોટ<br>ફોન નં. ૬૬૨૬૦૭૩ |

# પ્રસ્તાવના

**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।**
**मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।**

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯ માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ શાસ્ત્ર છે. જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર સમયસારજી છે તેની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે ‘આત્મખ્યાતિ’ નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયે; લોપ થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

જેમણે આ આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. જેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રીએ જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ પ્રદાયક પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. વિરોધીઓના વિરોધનો પણ જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી વિરોધીઓ પણ 'ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં, સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું. અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :–

❋ સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.

❋ સમયસાર તો સિદ્ધાંત શિરોમણિ–અદ્વિતીય અજોડ ચક્ષુ ને આંધળાની આંખ છે.

❋ સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘ શાસ્ત્ર છે.

❋ સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું શાસ્ત્ર બની ગયું. જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ. ધન્ય કાળ !

❋ સમયસારની એક એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.

❋ સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે.

❋ સમયસાર જેના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.

❋ સમયસાર તો ભરતક્ષેત્રનો પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર શાસ્ત્ર કહેવાય.

❋ સમયસાર તો જગતના ભાગ્ય, સમયસારરૂપી ભેટણું જગતને આપ્યું. સ્વીકાર નાથ ! હવે સ્વીકાર ! ભેટ પણ દે, એ પણ સ્વીકારે નહીં ?

❋ સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.

❋ સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે અમૃત વહેવરાવ્યા છે.

❋ સમયસાર એકવાર સાંભળીને એમ ન માની લેવું કે આપણે સાંભળ્યું છે. એમ નથી બાપુ ! આ તો પ્ર... વચનસાર છે એટલે આત્મસાર છે વારંવાર સાંભળવું.

❋ સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.

❋ સમયસારની મૂળભૂત એક એક ગાથામાં ગજબ ગંભીરતા પાર ન પડે એવ ચીજ છે. એક એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.

❋ સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ, ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે. જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે. ધર્મનો ધોધ એવો ધર્મી છે. ધ્રુવ પ્રવાહ છે. જ્ઞાનની ધારા છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે. વાસ્તવિક વસ્તુ છે. સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ–શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય વાડો ગચ્છ નથી વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય ? પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો

મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ. તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિં તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

'શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ' ની રચના સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણાર્થે બેન સરોજબેન ચંદુલાલ મહેતા પરિવાર રાજકોટ દ્વારા કરવામાં આવી છે. આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય કરવામાં આવશે.

આ પરિવારને આદરણીય પૂ. શ્રી લાલચંદભાઈ મોદી–રાજકોટ દ્વારા જ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશની પ્રેરણા તથા આધ્યાત્મિક મહામંત્રોનું રસપાન થયું હોય આ પરિવાર તેમનો અત્યંત ઋણી છે. પૂ. લાલચંદભાઈ હંમેશાં આ પરિવારને કહેતા કે તમો બધા પૂજ્ય ગુરુદેવશ્રીના ભવભ્રમણનો થાક ઊતારનારા મૂળત્ત્વને સાંભળી ને સમજો. તેઓશ્રી ફરમાવતા કે તને 'જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી' તેમ અમે જાણીએ છીએ, હવે તો સ્વીકાર કરી લે. આવા આવા ઘણા મહામંત્રો જેમાં બાર અંગનો સાર ભરેલો છે તેવા મહામંત્રો તથા પૂ. ભાઈશ્રીની અધ્યાત્મની સૂક્ષ્મ સિદ્ધાંતિક સચોટ શૈલીથી જ આ પરિવાર અધ્યાત્મમાં ઓતપ્રોત થયો હોય તેઓશ્રીનો અત્યંત આભારી છે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની નિર્જરા અધિકારની ગાથાઓ ૧૯૩ થી ૨૩૬ તથા તેના શ્લોકો ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સળંગ પ્રવચનો નં. ૨૬૮ થી ૩૧૨ સમયસાર સિદ્ધિ ભાગ-૭માં અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ પ્રવચનોમાં ૧૭ હિન્દી પ્રવચનો ગુજરાતીમાં ભાષાંતર કરી પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે. અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ કોઈવાર બે વર્ષ કોઈવાર અઢી વર્ષ તેમ ૧૯ વખત ૪૫ વર્ષમાં જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ જેમ જ્ઞાનીની જ્ઞાન સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વારના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ અંતિમ પ્રવચનો પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે. ટોટલ ૪૮૭ પ્રવચનો ૧ થી ૧૧ ભાગમાં ક્રમબદ્ધ શૃંખલારૂપે પ્રકાશિત થશે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા પૂર્ણ થયેલ છે તથા ડૉ. દેવેન્દ્રભાઈ દોશી, સુરેન્દ્રનગરનો પણ આ કાર્યમાં સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

'સમયસાર સિદ્ધિ' ભાગ-૭ ના પ્રવચનોનું સમગ્ર કૉમ્પ્યુટરાઈઝડ ટાઈપસેટિંગનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું સંપૂર્ણ કાર્ય શાર્પ ઓફસેટવાળા શ્રી ધર્મેશભાઈ શાહ-રાજકોટ દ્વારા તથા કલર પેઈજનું કામ ડોટ એડવાળા શ્રી કમલેશભાઈ સોમપુરા-રાજકોટ દ્વારા થયું હોય સંસ્થા તેમનો આભાર માને છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિ અપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના ખૂબ જ સરળ ભાષામાં આચાર્યોના ગૂઢભાવોને રજૂ કરી મુમુક્ષુ જગત ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

સમયસાર સિદ્ધિ ભાગ-૭ માટે એક મુમુક્ષુભાઈ તરફથી દરેક ભાગ માટે સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

ટ્રસ્ટી

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ

રાજકોટ

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૨૬૮ | ૧-૭-૭૯ | શ્લોક-૧૩૩ | ૦૦૧ |
| ૨૬૯ | ૮-૭-૭૯ | શ્લોક-૧૩૩ તથા ગાથા-૧૯૩ | ૦૦૪ |
| ૨૭૦ | ૧૦-૭-૭૯ | ગાથા-૧૯૩-૧૯૪ | ૦૧૫ |
| ૨૭૧ | ૧૧-૭-૭૯ | ગાથા-૧૯૪, શ્લોક-૧૩૪ | ૦૨૬ |
| ૨૭૨ | ૧૨-૭-૭૯ | ગાથા-૧૯૫-૧૯૬ | ૦૩૮ |
| ૨૭૩ | ૧૩-૭-૭૯ | શ્લોક-૧૩૫,ગાથા-૧૯૭ | ૦૫૦ |
| ૨૭૪ | ૧૪-૭-૭૯ | ગાથા-૧૯૭-૧૯૮,શ્લોક-૧૩૬ | ૦૬૨ |
| ૨૭૫ | ૧૫-૭-૭૯ | ગાથા-૧૯૯ | ૦૭૬ |
| ૨૭૬ | ૧૭-૭-૭૯ | ગાથા-૧૯૯-૨૦૦,શ્લોક-૧૩૭ | ૦૮૬ |
| ૨૭૭ | ૧૯-૭-૭૯ | શ્લોક-૧૩૭ | ૦૯૯ |
| ૨૭૮ | ૧૯-૭-૭૯ | શ્લોક-૧૩૭, ગાથા-૨૦૧-૨૦૨ | ૧૧૦ |
| ૨૭૯ | ૨૦-૭-૭૯ | ગાથા-૨૦૧-૨૦૨ | ૧૨૪ |
| ૨૮૦ | ૧૦-૮-૭૯ | શ્લોક-૧૩૮,ગાથા-૨૦૩ | ૧૩૬ |
| ૨૮૧ | ૧૧-૮-૭૯ | ગાથા-૨૦૩,શ્લોક-૧૩૯-૧૪૦ | ૧૫૧ |
| ૨૮૨ | ૧૨-૮-૭૯ | શ્લોક-૧૩૯,ગાથા-૨૦૪ | ૧૬૫ |
| ૨૮૩ | ૧૩-૮-૭૯ | ગાથા-૨૦૪ | ૧૭૮ |
| ૨૮૪ | ૧૪-૮-૭૯ | ગાથા-૨૦૪,શ્લોક-૧૪૧-૧૪૨ | ૧૯૧ |
| ૨૮૫ | ૧૫-૮-૭૯ | શ્લોક-૧૪૨-૧૪૩, ગાથા-૨૦૫ | ૨૦૪ |
| ૨૮૬ | ૧૭-૮-૭૯ | ગાથા-૨૦૬ | ૨૧૮ |
| ૨૮૭ | ૧૮-૮-૭૯ | શ્લોક-૧૪૪, ગાથા-૨૦૭ | ૨૩૦ |
| ૨૮૮ | ૧૯-૮-૭૯ | ગાથા-૨૦૭,૨૦૮, | ૨૪૩ |
| ૨૮૯ | ૨૦-૮-૭૯ | ગાથા-૨૦૯-૨૧૦, શ્લોક-૧૪૫ | ૨૫૭ |

| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૨૯૦ | ૨૧-૮-૭૯ | ગાથા-૨૧૧ | ૨૭૩ |
| ૨૯૧ | ૨૩-૮-૭૯ | ગાથા-૨૧૧ | ૨૮૫ |
| ૨૯૨ | ૨૪-૮-૭૯ | ગાથા-૨૧૨-૨૧૩ | ૨૯૬ |
| ૨૯૩ | ૨૫-૮-૭૯ | ગાથા-૨૧૪, શ્લોક-૧૪૬ | ૩૦૮ |
| ૨૯૪ | ૨૬-૮-૭૯ | ગાથા-૨૧૫-૨૧૬ | ૩૨૧ |
| ૨૯૫ | ૨૭-૮-૭૯ | ગાથા-૨૧૬-૨૧૭,શ્લોક-૧૪૭ | ૩૩૪ |
| ૨૯૬ | ૨૮-૮-૭૯ | શ્લોક-૧૪૮-૧૪૯,ગાથા-૨૧૮,૨૧૯ | ૩૪૯ |
| ૨૯૭ | ૨૯-૮-૭૯ | ગાથા-૨૧૮-૨૧૯,શ્લોક-૧૫૦ | ૩૬૩ |
| ૨૯૮ | ૩૧-૮-૭૯ | ગાથા-૨૨૦થી૨૨૩, શ્લોક-૧૫૧ | ૩૭૭ |
| ૨૯૯ | ૧-૯-૭૯ | શ્લોક-૧૫૧-૧૫૨ | ૩૯૩ |
| ૩૦૦ | ૨-૯-૭૯ | ગાથા-૨૨૪થી૨૨૭, શ્લોક-૧૫૩ | ૪૦૬ |
| ૩૦૧ | ૩-૯-૭૯ | શ્લોક-૧૫૩-૧૫૪, ગાથા-૨૨૮ | ૪૨૩ |
| ૩૦૨ | ૪-૯-૭૯ | શ્લોક-૧૫૫-૧૫૬ | ૪૩૭ |
| ૩૦૩ | ૫-૯-૭૯ | શ્લોક-૧૫૬-૧૫૭-૧૫૮ | ૪૫૦ |
| ૩૦૪ | ૭-૯-૭૯ | શ્લોક-૧૫૯ | ૪૬૫ |
| ૩૦૫ | ૮-૯-૭૯ | શ્લોક-૧૬૦-૧૬૧ | ૪૭૭ |
| ૩૦૬ | ૯-૯-૭૯ | ગાથા-૨૨૯-૨૩૦ | ૪૯૦ |
| ૩૦૭ | ૧૦-૯-૭૯ | ગાથા-૨૩૦-૨૩૧-૨૩૨ | ૫૦૩ |
| ૩૦૮ | ૧૧-૯-૭૯ | ગાથા-૨૩૨-૨૩૪ | ૫૧૭ |
| ૩૦૯ | ૧૨-૯-૭૯ | ગાથા-૨૩૫-૨૩૬ | ૫૩૧ |
| ૩૧૦ | ૧૪-૯-૭૯ | ગાથા-૨૩૬ | ૫૪૫ |
| ૩૧૧ | ૧૫-૯-૭૯ | ગાથા-૨૩૬, શ્લોક-૧૬૨ | ૫૫૭ |
| ૩૧૨ | ૧૬-૯-૭૯ | શ્લોક-૧૬૨-૧૬૩ | ૫૭૧ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.




ભગવાન કુંદકુંદાચાર્યદેવ વનમાં તાડપત્ર ઉંપર શાસ્ત્ર લખે છે



# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

ॐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર

# સમયસાર સિદ્ધિ

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'સમયસાર' ઉપર પ્રવચન)

(ભાગ-૭)

## – ૬ –
## નિર્જરા અધિકાર

अब प्रविशति निर्जरा।

(शार्दूलविक्रीडित)

रागाद्यास्त्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः।
कर्मागामि समस्तभेव भरतो दूरान्निरुन्धन् स्थितः।
प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा।
ज्ञानज्योतिरपावृतं न हि यतो रागादिभिर्मूर्छति।।१३३।।

---

રાગાદિકના રોધથી, નવો બંધ હણી સંત;
પૂર્વ ઉદયમાં સમ રહે, નમું નિર્જરાવંત.

પ્રથમ ટીકાકાર આચાર્યમહારાજ કહે છે કે 'હવે નિર્જરા પ્રવેશ કરે છે'. અહીં તત્ત્વોનું નૃત્ય છે; તેથી જેમ નૃત્યના અખાડામાં નૃત્ય કરનાર સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે છે તેમ અહીં રંગભૂમિમાં નિર્જરાનો સ્વાંગ પ્રવેશ કરે છે.

**હવે, સર્વ સ્વાંગને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તેને મંગળરૂપ જાણીને આચાર્યદેવ મંગળ અર્થે પ્રથમ તેને જ-નિર્મળ જ્ઞાનજ્યોતિને જ-પ્રગટ કરે છે :-**

**શ્લોકાર્થ :- [ परः संवरः ] પરમ સંવર, [ रागादि-आस्त्रव-रोधतः ] રાગાદિ આસ્ત્રવોને રોકવાથી [ निज-धुरां धृत्वा ] પોતાની કાર્ય-ધુરાને ધારણ કરીને (-પોતાના કાર્યને બરાબર સંભાળીને), [ समस्तम् आगामि कर्म ] સમસ્ત આગામી કર્મને [ भरतः दूरात् एव ] અત્યંતપણે દૂરથી જ [ निरुन्धन् स्थितः ] રોકતો ઊભો છે; [ तु ] અને [ प्राग्बद्धं ] જે પૂર્વે (સંવર થયા પહેલાં) બંધાયેલું કર્મ છે [ तत् एव दग्धुम् ] તેને બાળવાને [ अधुना ] હવે [ निर्जरा व्याजृम्भते ] નિર્જરા (-નિર્જરારૂપી અગ્નિ-) ફેલાય છે [ यतः ] કે જેથી [ ज्ञानज्योतिः ] જ્ઞાનજ્યોતિ [ अपावृतं ] નિરાવરણ થઈ થકી (ફરીને) [ रागादिभिः न हि मूर्छति ] રાગાદિભાવો વડે મૂર્છિત થતી નથી - સદા અમૂર્છિત રહે છે.**

**ભાવાર્થ :- સંવર થયા પછી નવાં કર્મ તો બંધાતાં નથી. જે પૂર્વે બંધાયાં હતાં તે કર્મો જ્યારે નિર્જરે છે ત્યારે જ્ઞાનનું આવરણ દૂર થવાથી જ્ઞાન એવું થાય છે કે ફરીને રાગાદિરૂપે પરિણમતું નથી-સદા પ્રકાશરૂપ જ રહે છે. ૧૩૩.**

---

**પ્રવચન નં. ૨૬૮ શ્લોક-૧૩૩ રવિવાર, અષાઢ સુદ ૭, તા. ૧-૦૭-૧૯૭૯**

---

હવે નિર્જરા (અધિકાર). સંવર પછી નિર્જરા. આ લોકો તો એમ કરે, આ અપવાસ કર્યો ને આ 'બલુભાઈ'એ વર્ષીતપ કર્યો હતો ને ? તપ કર્યું એટલે નિર્જરા થઈ જશે, એમ. નિર્જરા હાટુ.

મુમુક્ષુ :– પહેલા સાહેબ આપ કહેતા હતા ને કે, ધર્મ થાય તો કરવો.

ઉત્તર :– આ એટલે નિર્જરા, તેથી અપવાસ કર્યા છે, એમ કહે છે. આહાહા..!

સંવર એટલે કે શુદ્ધિની ઉત્પત્તિ. આસ્રવ એટલે અશુદ્ધિનો ભાવ. સંવર એટલે નિર્મળ શુદ્ધિની ઉત્પત્તિ અને નિર્જરા એટલે શુદ્ધિની ઉત્પત્તિની વૃદ્ધિ. સમજાણું કાંઈ? આહાહા..!

નિર્જરા એટલે શું? નિર્જરાના ત્રણ પ્રકાર છે. એક તો આત્માની શુદ્ધિ થઈ હોય, સંવર, એની શુદ્ધમાં વૃદ્ધિ થાય, શુદ્ધિની વૃદ્ધિ થાય એ નિર્જરા. એક અશુદ્ધતા ટળે એને પણ નિર્જરા કહેવાય અને એક કર્મ ગળે એને નિર્જરા કહેવાય, પણ ખરી નિર્જરા તો શુદ્ધિની વૃદ્ધિ (થાય) તે છે. સંવરપૂર્વક નિર્જરા, એમ અહીં વ્યાખ્યા છે. સંવરપૂર્વક નિર્જરા. સંવર ન હોય ત્યાં નિર્જરા હોય નહિ. હજી સંવર જ પ્રગટ્યો નથી, ભેદજ્ઞાન જ નથી, ત્યાં નિર્જરા-ફિર્જરા કેવી ? આ...હા...! આ રસ છોડ્યા છે ને ફલાણું ખાવાનું છોડી દીધું, આ ત્રણ

અપવાસ કર્યા છે ને બાર મહિનાના વર્ષીતપ કર્યા તેથી નિર્જરા થઈ, બધા ધતીંગ છે. આહાહા..!

અહીં તો સંવર પહેલો હોય, એની શુદ્ધિની વૃદ્ધિ થાય તેને નિર્જરા કહે છે. આહાહા..! નિર્જરા – નિ (અર્થાત્) વિશેષે ઝરવું. કર્મનું ઝરવું, અશુદ્ધતાનું ઝરવું અને શુદ્ધતાનું વધવું. એ ત્રણેને નિર્જરા કહે છે. આહાહા..!

**રાગાદિકના રોધથી, નવો બંધ હણી સંત;**
**પૂર્વ ઉદયમાં સમ રહે, નમું નિર્જરાવંત.**

રાગ-દ્વેષના પરિણામને રોકવાથી, રોધ એટલે રોકવાથી, અટકાવવાથી '**નવો બંધ હણી સંત;...**' નવા બંધને હણી નાખતાં. એક તો પહેલા રાગાદિના રોધથી એટલે નવું કર્મ આવતું નથી અને જૂના કર્મ જે '**નવો બંધ હણી સંત;...**' જે બંધ હતો તેને હણી નાખે છે. '**પૂર્વ ઉદયમાં સમ રહે,...**' એને પૂર્વનો ઉદય આવે જરી, એમાં સમતા રાખે. આહાહા..! '**નમું નિર્જરાવંત.**' એ નિર્જરાવંતને નમસ્કાર કરું છું, કહે છે. આહા..! જેણે '**નવો બંધ હણી સંત**' નવો બંધ હણી નાખ્યો, નવો બંધ થતો નથી, એમ. '**રાગાદિકના રોધથી,...**' નવો બંધ થતો નથી અને પૂર્વના ઉદયમાં આવે (તેમાં) સમ રહે છે, એમ.

'**પ્રથમ ટીકાકાર આચાર્ય મહારાજ કહે છે કે 'હવે નિર્જરા પ્રવેશ કરે છે.**' જેમ નાટકમાં વેશ પ્રવેશ કરે છે ને ? એમાં એ સ્વાંગ લીધો છે. અહીં નાટકની અપેક્ષા લીધી છે. સંવરનો વેશ પૂરો થયો, હવે નિર્જરાનો વેશ આવે છે. '**નિર્જરા પ્રવેશ કરે છે.' અહીં તત્ત્વોનું નૃત્ય છે;...**' આહાહા..! તત્ત્વો નાચે છે. આહાહા..! આત્મા જ્ઞાનાનંદ તત્ત્વ છે એ નાચે છે એટલે પરિણમે છે. આહાહા..! આત્મતત્ત્વ જે છે એ પુણ્ય-પાપ રહિત થઈને નાચે છે એટલે શુદ્ધપણે પરિણમે છે. આહાહા..! '**તત્ત્વોનું નૃત્ય છે; તેથી જેમ નૃત્યના અખાડામાં નૃત્ય કરનાર સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે છે તેમ...**' નિર્જરારૂપ સ્વાંગ ધારણ (કરીને) આવ્યો. '**અહીં રંગભૂમિમાં નિર્જરાનો સ્વાંગ પ્રવેશ કરે છે.**' આહાહા..! અખાડાની જેમ રંગભૂમિ સ્થાપી છે ને? નાટક.. નાટક, સમયસાર નાટક કર્યું.

'**હવે સર્વ સ્વાંગને યથાર્થ જાણનારું...**' બધા સ્વાંગને યથાર્થ જાણનારું. આહાહા..! મોક્ષ પણ સ્વાંગ છે, નિર્જરા પણ સ્વાંગ છે, સંવર પણ સ્વાંગ છે, વેશ છે. આહાહા..! એને '**જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તેને મંગળરૂપ જાણી...**' મંગળરૂપ તે છે. સમ્યક્‌જ્ઞાનરૂપી મંગળ પહેલો પ્રવેશ કરે (છે). આહાહા..! (મંગળરૂપ) '**જાણીને આચાર્યદેવ મંગળ અર્થે પ્રથમ તેને જ – નિર્મળ જ્ઞાનજ્યોતિને જ – પ્રગટ કરે છે :–**' જે નિર્જરાને પણ જાણનારું જ્ઞાન છે, સંવરને જાણનારું છે. જાણનારું... જાણનારું... જાણનારો એવો જે ભગવાનઆત્મા, એ પ્રગટ થાય છે, એમાં પ્રથમ જ્ઞાનજ્યોતિને પ્રગટ કરે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**પ્રવચન નં. ૨૬૯ શ્લોક-૧૩૩, ગાથા-૧૯૩ રવિવાર, અષાઢ સુદ ૧૪, તા. ૦૮-૦૭-૧૯૭૯**

(शार्दूलविक्रीडित)

**रागाद्यास्त्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः।**
**कर्मागामि समस्तभेव भरतो दूरान्निरुन्धन् स्थितः।**
**प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा।**
**ज्ञानज्योतिरपावृतं न हि यतो रागादिभिर्मूर्छति।।१३३।।**

**'હવે, સર્વ સ્વાંગને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તેને મંગળરૂપ જાણીને આચાર્યદેવ મંગળ અર્થે પ્રથમ તેને જ – નિર્મળ જ્ઞાનજ્યોતિને જ – પ્રગટ કરે છે :–'** સમ્યગ્જ્ઞાન માંગલિક કરે છે. **'પરમ સંવર,...'** શબ્દ અહીં આવ્યો છે. આમાં જોવો તો શું કે, ઓલું એકદમ કેવળ લેવું છે ને, પૂર્ણની વાત છે. **'પરમ સંવર,...'** ઉત્કૃષ્ટ સંવર છે. નીચે ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન અને સ્વરૂપની સ્થિરતાનો અંશ છે એટલો સંવર છે. પાંચમે સંવર વિશેષ છે, છઠ્ઠે વિશેષ છે પણ અહીં તો પહેલો **'परः संवरः'** – **'પરમ સંવર,...'** શબ્દ પડ્યો છે. માંગલિક કરતાં (કહે છે), પરમ સંવર (એટલે) ઉત્કૃષ્ટ સંવર. એકદમ બધા કર્મ આવતા રોકાઈ જાય એવો સંવર. સમજાય છે આમાં?

આત્મા પૂર્ણ આનંદ દળ છે, અનંત અનંત અન્વય શક્તિઓનો પિંડ છે, એનું ભાન તો થયું પણ એમાં સ્થિરતા વિશેષ થઈ, એમ કહે છે. ભાન થયું ત્યાંથી તેટલો તો સંવર થયો, પણ એ **'परः संवरः'** ઉત્કૃષ્ટ સંવર નહિ. માંગલિકમાં ઉત્કૃષ્ટ સંવર કહેવા માગે છે. સમજાય છે? એ શબ્દ અર્થમાં પડ્યો છે. અહીં અર્થ કર્યો છે. **'પરમ સંવર,...'** આહાહા..! આનંદ સ્વરૂપ ભગવાન અનંત અનંત શક્તિઓ, જે અન્વય શક્તિઓ (છે), જેમ દ્રવ્ય અન્વય છે એમ અનંત અનંત શક્તિ, એનો પિંડ જે પ્રભુ, તેને જેણે ઉત્કૃષ્ટપણે પકડ્યો છે અને સ્થિર થયો છે, એને અહીંયાં પરમ સંવર કહે છે. આહાહા..!

બાકી તો પરમ સંવરની સામે લઈએ તો પરમ આસ્રવ. અનંત અનંત કાળમાં પરમ ઉત્કૃષ્ટ આસ્રવ મિથ્યાત્વ આદિનો અનંત સંસારનો આસ્રવ થયો છે. આહાહા..! નરક અને નિગોદના ભવો યાદ કરતાં એનો આસ્રવ અને એનું દુઃખ સાંભળ્યું ન જાય એવા એણે દુઃખો સહન કર્યાં છે. આહા..! અહીં જરીક પ્રતિકૂળતા આવે ત્યાં જાણે હું આમ ઉપાય કરું ને આમ ઉપાય કરું, આમ ઉપાય કરું. બહારની થોડી પ્રતિકૂળતા આવતા (આમ થાય છે). ઓલી અનંતી પ્રતિકૂળતા ! આહાહા..! જ્યાં ભગવાનઆત્મા એકલો આનંદ અને શાંત સાગર (બિરાજે છે), એનાથી વિમુખ અને આસ્રવથી સન્મુખ, મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રતાદિ

જે આસ્રવના પરિણામ, એમાં સન્મુખ, બહુ દુઃખી (છે). આહાહા..! એક જરીક અહીં પવન સરખો ન આવે, બારણા બંધ હોય ને પડદો ઓલો થાય, ત્યાં આકુળ-વ્યાકુળ થઈ જાય. આહાહા..! અરે...! હવા (આવતી) નથી સારી. સ્વભાવથી વિરૂદ્ધ ભાવ, એ સંયોગી ભાવ એ દુઃખ છે. એ દુઃખ એણે અનંત સહન કર્યા છે, ભાઈ ! આહાહા..! એ દુઃખને મુકવાનો ઉપાય પરમ સંવર (છે).

શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા, પરમ અનાકુળ આનંદનું પૂર, જ્ઞાનનું નૂર અને આનંદનું પૂર, એવો પ્રભુ આત્મા... આહા..! જેણે આસ્રવથી વિમુખ થઈ સ્વસ્વભાવમાં સન્મુખ થઈ પરમ સંવર જેણે પ્રગટ કર્યો છે... આહાહા..! એ સુખને પંથે પડ્યો. બાકી મિથ્યાત્વ ને અવ્રત ને કષાયને પંથે (પડ્યો છે) એ દુઃખને પંથે છે. બહારમાં ભલે અનુકૂળતા દેખાય અને પાગલ લોકો કહે કે, આ સુખી છે (પણ) એ સુખી નથી. સુખ તો આત્મામાં છે, બાકી ક્યાંય નથી. આહા...! અતીન્દ્રિય આનંદનો નાથ, પૂર્ણ આનંદથી ભરેલો, એ આનંદ એને બાહ્ય સંયોગોમાં તો નથી પણ શુભ અને અશુભ ભાવમાં પણ આનંદ નથી. આહાહા..! અહીં તો આસ્રવમાં આનંદ નથી અને સંવરમાં આનંદ છે એ 'પરમ સંવર' પહેલો શબ્દ આવ્યો ને? (એ) મહા માગંલિક છે. આહાહા..!

એ અજ્ઞાનપણે જે મિથ્યાશ્રદ્ધા(ને સેવી)... તદ્દન વસ્તુ ભગવાન પૂર્ણ સ્વરૂપ, ચૈતન્ય બાદશાહ, એનાથી વિમુખ થઈ અને રાગના ભાવની સન્મુખ થઈ, મિથ્યાત્વ આદિ આસ્રવને સેવ્યા એ દુઃખો સહ્યા ગયા નથી. સહ્યા છે પણ સહ્યા ગયા નથી એટલે એવી ચીજ હતી. આહાહા..! એ સાતમી નરકના નારકીના દુઃખો, એક શ્વાસમાં એની અનંત ગુણી પીડા એટલી કે એક શ્વાસની પીડા.. આહાહા..! કરોડો ભવ અને કરોડો જીભથી ન કહી શકાય. એવા એણે દુઃખો સહન કર્યા છે. એ સ્વરૂપની વિપરીત માન્યતા અને વિપરીત આચરણ (ને કારણે).

એ અહીંયાં કહે છે કે, હવે સ્વરૂપનું અવિપરીત આચરણ... આહા..! પરમ સંવર (પ્રગટ થયો). ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ, એને પકડીને આનંદના વેદનમાં આવતા, પણ અહીં તો ઉત્કૃષ્ટ સંવર લેવો છે કે જે પરમ સંવર (છે). અહીંથી માંગલિક ઉપાડ્યું છે. પરમ સંવર ! આહાહા..! **'रागादि-आस्त्रव-रोधतः'** – **'રાગાદિ આસ્રવોને રોકવાથી...'** છે ને? આમાં બધા રોકવાથી એમ (લીધું છે). ફલાણું રોક્યું એમ કાંઈ નહિ. આહાહા..! રાગ, દ્વેષ, વિષયવાસના વગેરે આસ્રવ છે તેને રોકવાથી... આહાહા..! આનંદની વાસના – ગંધ આવી, વાસના આવી. આહાહા..! આનંદમાં વાસ રહેતા આનંદની વાસના લેતા, રાગાદિ આસ્રવો રોકવાથી. એને રાગાદિ આસ્રવો રોકાય છે. આ બહારથી લ્યે કે, અમારે આસ્રવ સેવવા નથી ને પચ્ચખાણ છે, એ કંઈ આસ્રવો રોકાતા નથી. આહાહા..! અંદર પૂર્ણાનંદના નાથમાં છિદ્ર પડ્યા છે 'એ હું નહિ અને રાગ ને પુણ્ય ને પાપ મારા', આ..હા..હા...! (એમાં) પરમ દુઃખ, પરમ આસ્રવ (છે). તેને, પરમ સંવર ! એ રાગાદિને પરમ સંવર દ્વારા

રોકીને. આ ફલાણી ક્રિયા કરવાથી રોગાદિ આસ્રવ રોકવા એમ નથી આવ્યું. આહાહા..! પરમ સંવરથી રાગાદિ આસ્રવને રોકવાથી. આહાહા..!

**'निज-धुरां धृत्वा'** પોતાનું સ્થાન, પોતાની મર્યાદાને ધારણ કરી છે. એટલે કે નવા આસ્રવ આવતા નથી. એવી એણે પોતાની કાર્ય ધુરા હાથમાં લીધી સંવરે. પોતાનું આ કાર્ય સંભાળ્યું છે કે નવું કર્મ આવે નહિ, એવું સંવરે કાર્ય સંભાળ્યું છે. આહાહા..! પાંચમા આરાના સાધુ, પાંચમા આરાના શ્રોતાને આ વાત કરે છે. **'પરમ સંવર, રાગાદિ આસ્રવોને રોકવાથી...'** **'निज-धुरां'** (એટલે) પોતાનું કાર્ય. સંવરનું કાર્ય, સંવરનો જે હોદ્દો છે, સંવરના હોદ્દો, એ કાર્ય છે એ રાગાદિ રોકવાનું. આહાહા..! એ સંવરનો હોદ્દો છે, મર્યાદા છે. આહાહા..!

**'(પોતાના કાર્યને બરાબર સંભાળીને), સમસ્ત આગામી કર્મને...'** છે ને? સમસ્ત આગામી કર્મ લીધું છે. તેથી 'પરમ' શબ્દ લીધો. આહાહા..! અહીં તો એકદમ આચાર્યએ સંવર થઈને, એકદમ નિર્જરા થઈને કેવળજ્ઞાન થાય, એવું માંગલિક કર્યું છે. આહાહા..! **'સમસ્ત આગામી કર્મને...'** **'भरतः दूरात् एव'** – **'અત્યંતપણે દૂરથી જ...'** **'भरतः'** પોતાની મોટપથી. સંવરની મોટપ એવી છે. આહાહા...! આહા..! કે જેમાં આસ્રવ રોકાય જાય છે, એવી એની મોટપ છે. મોટો માણસ હોય એની પાસે સાધારણ માણસ આવી શકે નહિ. વાત કરવા આવી શકે નહિ. એમ આ સંવર એવી દશા છે, મોટપ એટલી છે કે જેમાં આસ્રવ આવી શકે નહિ. આહાહા..!

**'અત્યંતપણે દૂરથી જ...'** **'निरुन्धन् स्थितः'** સંવર આગામી સમસ્ત કર્મને **'રોકતો ઊભો છે;...'** એમ કીધું ને? આહાહા..! સંવર સમસ્ત આગામી કર્મને રોકતો ઊભો છે. આહાહા..! જુઓ, આચાર્યનું માંગલિક ! 'નિર્જરા' (અધિકાર શરૂ) કરતાં પહેલું માંગલિક કરે છે. આહાહા..! **'અત્યંતપણે દૂરથી જ રોકતો ઊભો છે;...'** દૂરથી એટલે? કે, આવે છે અને પછી અટકાવ્યું છે એમ નહિ. આહા! એ સ્વરૂપમાં એટલી દૃષ્ટિ (દઈને) સ્થિર થયો છે કે જે આસ્રવ નામમાત્ર પણ આવતો નથી. આહાહા..! એવું જ પ્રભુનું સ્વરૂપ છે. આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત ચિદાનંદ ધામ એવો આત્મા, એનું સ્વરૂપ જ એવું છે કે જે સ્વરૂપની દૃષ્ટિ અને સંભાળ થતાં, આગામી આસ્રવ... આહાહા..! રોકતો, દૂરથી રોકતો (ઊભો છે). એમ. એમ છે ને? **'दूरात् एव'** **'दूरात्'**નો અર્થ – 'અત્યંતપણે' કર્યો. અત્યંતથી એટલે પોતાની મોટપથી આસ્રવને રોકતો, અટકાવતો. **'निरुन्धन् स्थितः'** **'રોકતો ઊભો છે;...'** અને હવે, જે પૂર્વે સંવર થયા પહેલા બંધાયેલું કર્મ, હવે નિર્જરાની વ્યાખ્યા કરે છે.

**'प्राग्बद्धं'** **'प्राग्बद्धं'** **'प्राग'** નામ પૂર્વે. આહાહા..! **'बद्धं'** નામ બંધાયેલું કર્મ છે. **'तत् एव दग्धुम्'** **'તેને બાળવાને હવે...'** તેને બાળવાને હવે. આહાહા..! એનો અર્થ એ કે, કર્મરૂપી પર્યાય છે, એને અકર્મરૂપી પર્યાય થવાનો એને (કાળ છે). એને બાળવાને એમ કહેવામાં આવે. બાળે-બાળે શું, કંઈ વસ્તુ કોઈ બળે છે? આહાહા..! જે પરમાણુની કર્મરૂપ પર્યાય

# વાંચકોની નોંધ

છે તે અકર્મરૂપ થાય, એવો એનો તે સમયે સ્વભાવ છે, એને અહીં 'બાળવાને' એવો અર્થ કર્યો છે. આહાહા..! કર્મનો નાશ કરીને. નાશ કરીને, એનો અર્થ આ. પોતે સ્વરૂપમાં સ્થિર અને આનંદમાં મગ્ન છે તેથી તેને નવું કર્મ (બંધાતું નથી). આહાહા..! '**પૂર્વે (સંવર થયા પહેલાં)...**' બંધ હતો '**તેને બાળવાને હવે...**' કર્મને બાળવા હશે? અને કર્મ બળતા હશે? કોઈ દ્રવ્ય બળે? કોઈ દ્રવ્યની પર્યાય બળે? એ કર્મરૂપે જે પર્યાય હતી એને આત્માના આનંદના સ્વભાવની ઉગ્રતાથી તે પર્યાય અકર્મરૂપે થઈ એને બાળી એમ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :– આ બધા ખુલાસા આપે કર્યા.

ઉત્તર :– આહાહા..! એ વસ્તુ છે. દિગંબર સંતોની વાણી ઘણી ગંભીર, ઘણી ગંભીર ! ભાષા સાદી આવી છે પણ... આ..હા..હા...! 'અમૃતચંદ્રાચાર્યે' એકલા અમૃત રેડ્યા છે ! પ્રભુ ! તું અમૃતનો સાગર છો ને ! તારી અન્વય શક્તિઓ જીવતી, જીવતી જ્યોતિ છે. આહા..! એમાં કોઈ શક્તિ મરે, કરમાય, ઘટે એવું છે નહિ. આહાહા..! અનંત અનંત શક્તિઓ અંદર (ભરી છે).

કાલે બપોરે આવ્યું હતું ને? અનંત અનંત અન્વય શક્તિઓ. દ્રવ્ય જે છે તેનું દ્રવ્યત્વપણું એટલે અનંત અનંત શક્તિઓનું સત્ત્વપણું, સત્ છે, વસ્તુ સત્ છે, તેનું અનંત ગુણપણું જે સત્ત્વપણું છે, આહાહા..! એના જોરે કર્મને બાળવા. આહાહા..! હવે '**નિર્જરા (–નિર્જરારૂપી અગ્નિ) ફેલાય છે...**' પૂર્વનું બંધાયેલું કર્મ છે એ છૂટી જાય છે, એમ કહે છે. ઉપદેશ તો એમ અપાય ને ! ખરેખર તો એ આત્મા જ્યાં સ્વરૂપમાં ઠરે છે ત્યારે તે પરમાણુની અકર્મરૂપ પર્યાય થવાનો એ સમય છે. આહાહા..! એને અહીં બાળે છે, એમ કહેવામાં આવે છે. આહાહા..!

નિર્જરા ફેલાય છે, એ ફેલાય છે, કહે છે. શુદ્ધતા હવે વધે છે. સંવરમાં શુદ્ધતા હતી, નિર્જરામાં શુદ્ધતા વધે છે. નિર્જરાની વ્યાખ્યા જ એ છે – શુદ્ધિની વૃદ્ધિ. જે શુદ્ધ સ્વરૂપ છે પૂર્ણાનંદ પ્રભુ, એની દૃષ્ટિ થતાં એટલી શુદ્ધિ તો ઉત્પન્ન થઈ પણ હવે નિર્જરામાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે અને શુદ્ધિની પૂર્ણતા થાય તેનું નામ મોક્ષ. શુદ્ધિની ઉત્પત્તિ, પુણ્ય-પાપના ભાવ રહિત, શુદ્ધિની ઉત્પત્તિ એ સંવર, શુદ્ધિની વૃદ્ધિ એ નિર્જરા, શુદ્ધિની પૂર્ણતા એ મોક્ષ. આહાહા..!

'**(–નિર્જરારૂપી અગ્નિ) ફેલાય છે...**' આહાહા..! એમ લખ્યું ને? આહા..! '**निर्जरा व्याजृम्भते**' '**दग्धुम्**' ત્યાં એમ છે ને? '**કે જેથી જ્ઞાનજ્યોતિ...**' ભગવાન ચૈતન્યજ્યોત, ચૈતન્યપ્રકાશ જેની પૂર્ણ પ્રકાશ સ્વભાવ શક્તિ છે, એવી જે જ્ઞાનજ્યોતિ '**નિરાવરણ થઈ થકી...**' સંવરપૂર્વક જ્યાં નિર્જરા થઈ એટલે જ્ઞાનજ્યોતિ નિરાવરણ થઈ. નિરાવરણના બે અર્થ – અશુદ્ધતા જે હતી તેનાથી આવરણરહિત થઈ અને કર્મ નિમિત્ત હતું એનાથી આવરણરહિત થઈ. શુદ્ધિની વૃદ્ધિ તો થઈ. અશુદ્ધતા ટળી ગઈ અને કર્મ ટળ્યું. આહા..!

એ નિરાવરણ થઈ. આહા..!

**'કે જેથી જ્ઞાનજ્યોતિ... ફરીને' 'रागादिभिः न हि मूर्छति'** અહીં તો આ સિદ્ધાંત (કહેવો છે). જે રાગાદિથી રોકાયેલી હતી એ શુદ્ધ સંવર દ્વારા રાગને આવવું અટકાવ્યું પણ પૂર્વે બંધાયેલું હતું એને જ્ઞાનજ્યોતિએ નિરાવરણ કરી નાખ્યું, આવરણનો નાશ કરી નાખ્યો. એ રાગાદિ ભાવો વડે મૂર્છિત થઈ નથી. હવે રાગમાં રોકાતી નથી. આહાહા..! પહેલું જે સ્વરૂપ જે શુદ્ધ આનંદ સ્વરૂપ, એ રાગમાં રોકાતું હતું એ રાગમાં રોકાતું નથી એકલું વીતરાગભાવમાં રોકાઈ ગયું છે. આહા..! પૂર્ણ સંવર થઈ ગયો. એવી રીતે માંગલિક કર્યું છે.

**'રાગાદિભાવો વડે મૂર્છિત થતી નથી – સદા અમૂર્છિત રહે છે.'** શું કીધું ઇ? સદા, જ્યારથી નિરાવરણ થઈ તે અનંતકાળ અમૂર્છિત રહે છે. આહા..! ભગવાનઆત્મા ચૈતન્યજ્યોતિ એ તો નિરાવરણ પડી જ છે, વસ્તુ તો ત્રિકાળ સદા, ત્રિકાળ નિરાવરણ વસ્તુ છે. પર્યાયમાં જે અશુદ્ધતાનું આવરણ હતું, કર્મનું તો નિમિત્ત હતું.. આહાહા..! એ સદા ત્રિકાળ નિરાવરણ વસ્તુ, એ પર્યાયમાં નિરાવરણ થઈ ગઈ. આહા..! ત્રિકાળી ભગવાનઆત્મા સકળ નિરાવરણ છે એ. એને કોઈ દિ' દ્રવ્યને આવરણ છે નહિ. પર્યાયમાં જે અશુદ્ધતાનું આવરણ હતું અને કર્મનું નિમિત્તનું (આવરણ હતું), એ તો નિમિત્ત છે, એની સાથે ખરેખર કાંઈ (સંબંધ નથી), એ તો એને કારણે બંધાય, એને કારણે એને કાળે છૂટે. આ.હા...! **'રાગાદિભાવો વડે મૂર્છિત થતી નથી – સદા અમૂર્છિત રહે છે.'** લ્યો!

**ભાવાર્થ :– 'સંવર થયા પછી નવા કર્મ તો બંધાતાં નથી.'** જેટલે અંશે અંદરમાં શુદ્ધતામાં આવી ગયો એટલે અંશે તો એને આવરણ આવતું નથી. **'જે પૂર્વે બંધાયા હતાં તે કર્મો જ્યારે નિર્જરે છે...'** પછી તો પૂર્વનું જે હતું એ તો ખરી જાય છે. આત્મા ઉપર, ધ્યાન ઉપર છે એટલે સંવર છે અને ઉદય આવે છે એ ખરી જાય છે. **'ત્યારે જ્ઞાનનું આવરણ દૂર થવાથી...'** સ્વરૂપમાં આવરણ અશુદ્ધતાનું હતું અને (કર્મનું) આવરણ નિમિત્ત હતું, (એ) **'દૂર થવાથી જ્ઞાન એવું થાય છે કે ફરીને રાગાદિરૂપે પરિણમતું નથી...'** આહા..! એકવાર પણ રાગાદિ રહિત દશા થઈ એ ફરીને રાગરૂપે થતું નથી. એવું **'સદા પ્રકાશરૂપ જ રહે છે.'** એકલો ચૈતન્યપ્રકાશ ઝળહળ જ્યોતિ શક્તિનું જે સામર્થ્ય, એ પર્યાયમાં બધું સામર્થ્ય પ્રગટ થઈ ગયું, એમ કહે છે. **'સદા પ્રકાશરૂપ જ રહે છે.'** પર્યાયમાં સદા પ્રકાશરૂપ રહે છે. ત્રિકાળ તો સદા પ્રકાશરૂપ હતું જ, વસ્તુ છે એ તો ત્રિકાળ પ્રકાશરૂપ છે જ, પણ પર્યાયમાં જે જરી અશુદ્ધતા અને આવરણ કર્મનું નિમિત્ત હતું, એ દૂર થઈ સદા પ્રકાશરૂપ રહે છે. હવે પર્યાય સદાય પ્રકાશરૂપ રહે છે. ઓલી વસ્તુ તો સદા પ્રકાશરૂપ હતી જ. આહાહા..! પણ એનો આશ્રય અને અવલંબન અને સન્મુખ થતાં, સદાને માટે પ્રકાશરૂપ જ રહે છે. આવું માંગલિક કર્યું, લ્યો ! આહાહા..!

## ગાથા–૧૯૩

उवभोगमिंदियेहिं दव्वाणमचेदणाणमिदराणं।
जं कुणदि सम्मदिट्ठी तं सव्वं णिज्जरणिमित्तं।।१९३।।
उपभोगमिन्द्रियैः द्रव्याणामचेतनानामितरेषाम्।
यत्करोति सम्यग्दृष्टिः तत्सर्वं निर्जरानिमित्तम्।।१९३।।

विरागस्योपभोगो निर्जरायै एव। रागादिभावानां सद्भावेन मिथ्यादृष्टेरचेतनान्यद्रव्योपभोगो बन्धनिमित्तमेव स्यात्। स एव रागादिभावानामभावेन सम्यग्दृष्टेर्निर्जरानिमित्तमेव स्यात्। एतेन द्रव्यनिर्जरास्वरूपमावेदितम्।

---

હવે દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહે છે :-

ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઇંદ્રિયો વડે
જે જે કરે સુદૃષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને. ૧૯૩.

ગાથાર્થ :- [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ જીવ [ यत् ] જે [ इन्द्रियैः ] ઇન્દ્રિયો વડે [ अचेतनानाम् ] અચેતન તથા [ इतरेषाम् ] ચેતન [ द्रव्याणाम् ] દ્રવ્યોનો [ उपभोगम् ] ઉપભોગ [करोति] કરે છે [ तत् सर्वं ] તે સર્વ [ निर्जरानिमित्तम् ] નિર્જરાનું નિમિત્ત છે.

ટીકા :- વિરાગીનો ઉપભોગ નિર્જરા માટે જ છે (અર્થાત્ નિર્જરાનું કારણ થાય છે). રાગાદિભાવોના સદ્ભાવથી મિથ્યાદૃષ્ટિને અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ બંધનું નિમિત્ત જ થાય છે; તે જ (ઉપભોગ), રાગાદિભાવોના અભાવથી સમ્યગ્દૃષ્ટિને નિર્જરાનું નિમિત્ત જ થાય છે. આથી (આ કથનથી) દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહ્યું.

ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહ્યો છે અને જ્ઞાનીને રાગદ્વેષમોહનો અભાવ કહ્યો છે; માટે સમ્યગ્દૃષ્ટિ વિરાગી છે. તેને ઇન્દ્રિયો વડે ભોગ હોય તોપણ તેને ભોગની સામગ્રી પ્રત્યે રાગ નથી. તે જાણે છે કે "આ (ભોગની સામગ્રી) પરદ્રવ્ય છે, મારે અને તેને કાંઈ નાતો નથી; કર્મના ઉદયના નિમિત્તથી તેનો અને મારો સંયોગ-વિયોગ છે." જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય આવીને પીડા કરે છે અને પોતે બળહીન હોવાથી પીડા સહી શકતો નથી ત્યાં સુધી-જેમ રોગી રોગની પીડા સહી શકે નહિ ત્યારે તેનો ઔષધિ આદિ વડે ઈલાજ

**કરે છે તેમ-ભોગોપભોગસામગ્રી વડે વિષયરૂપ ઈલાજ કરે છે; પરંતુ જેમ રોગી રોગને કે ઔષધિને ભલી જાણતો નથી તેમ સમ્યગ્દૃષ્ટિ ચારિત્રમોહના ઉદયને કે ભોગોપભોગસામગ્રીને ભલી જાણતો નથી. વળી નિશ્ચયથી તો, જ્ઞાતાપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ વિરાગી ઉદયમાં આવેલા કર્મને માત્ર જાણી જ લે છે, તેના પ્રત્યે તેને રાગદ્વેષમોહ નથી. આ રીતે રાગદ્વેષમોહ વિના જ તેના ફળને ભોગવતો હોવાથી તેને કર્મ આસ્રવતું નથી, આસ્રવ વિના આગામી બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ તો પોતાનો રસ દઈને ખરી જ જાય છે કારણ કે ઉદયમાં આવ્યા પછી કર્મની સત્તા રહી શકે જ નહિ. આ રીતે તેને નવો બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ નિર્જરી ગયું તેથી તેને કેવળ નિર્જરા જ થઈ. માટે સમ્યગ્દૃષ્ટિ વિરાગીના ભોગોપભોગને નિર્જરાનું જ નિમિત્ત કહેવામાં આવ્યો છે. પૂર્વ કર્મ ઉદયમાં આવીને તેનું દ્રવ્ય ખરી ગયું તે દ્રવ્યનિર્જરા છે.**

## ગાથા-૧૯૩ ઉપર પ્રવચન

**'હવે દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહે છે :–'** હવે ગાથા.

**उवभोगमिंदियेहिं दव्वाणमचेदणाणमिदराणं।**
**जं कुणदि सम्मदिट्ठी तं सव्वं णिज्जरणिमित्तं।।१९३।।**
**ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઇંદ્રિયો વડે**
**જે જે કરે સુદૃષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને. ૧૯૩.**

**ટીકા :– 'વિરાગીનો ઉપભોગ...'** જ્યાં રાગનો રસ રહ્યો નથી, જ્યાં વિકલ્પમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે અને જ્યાં સાચું સુખ છે ત્યાં સુખબુદ્ધિ થઈ છે. આહાહા..! જેમાં આનંદ છે ત્યાં આનંદબુદ્ધિ થઈ છે અને વિકલ્પમાત્રથી માંડીને પરમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે. સમકિતીને શરીરમાં, ઇન્દ્રિયોમાં, વિષયમાં, ભોગમાં, સ્ત્રીમાં, કુટુંબમાં, આબરૂમાં ક્યાંય રસ નથી. આહાહા..! ક્યાંય એને અંદરનો રસનો પ્રેમ નથી. આસક્તિ અસ્થિરતા છે એ જુદી વસ્તુ છે.

**'વિરાગીનો ઉપભોગ...'** આહાહા..! **'નિર્જરા માટે જ છે...'** આ દ્રવ્યનિર્જરા. કર્મ, કર્મ, કર્મ. **'(અર્થાત્ નિર્જરાનું કારણ થાય છે).'** વિરાગીનો ઉપભોગ નિર્જરા નામ કર્મનું ખરવાનું કારણ થાય છે. વૈરાગી એને કહીએ કે જેને સમ્યગ્દર્શનસહિત પુણ્ય-પાપથી વિરક્તબુદ્ધિ થઈ છે, એને વૈરાગી કહીએ. વૈરાગી એટલે બહારથી છૂટીને દુકાન છોડી, ધંધા છોડ્યા એટલે વૈરાગી, એમ નથી. આહાહા..! જેને ભગવાનઆત્મા, પૂર્ણાનંદના ભાનમાં, પ્રતીતના

અનુભવસહિત પુણ્ય અને પાપના ભાવથી વૈરાગ્ય, વિરક્ત છે એવો વૈરાગી. એને વૈરાગી કહેવામાં આવે છે. આહાહા..! એ **'વિરાગીનો ઉપભોગ નિર્જરા માટે જ છે...'**

**'રાગાદિભાવોના સદ્‌ભાવથી મિથ્યાદૃષ્ટિને અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ બંધનું નિમિત્ત જ થાય છે;...'** આહાહા..! રાગાદિના સદ્‌ભાવથી (એટલે) મિથ્યાદૃષ્ટિ રાગમાં પ્રેમ માનનાર, રાગમાં સુખ માનનાર, રાગમાં ઉત્સાહિત વીર્ય થતાં. ઉલ્લાસિત વીર્ય રાગમાં થનાર મિથ્યાદૃષ્ટિને... આહાહા..! **'અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ...'** ચાહે તો અચેતનને ભોગવે કે ચેતનને (ભોગવે, તે) **'બંધનું નિમિત્ત જ થાય છે;...'** આહાહા..!

**'તે જ ઉપભોગ...'** અહીં તો સચેત, અચેત બેય લીધું. એટલે કોઈ એમ કહે કે, આ વાત તો મુનિને માટે છે (તો) અહીં સચેતને ભોગવે છે તેની વાત લીધી છે. સમજાણું કાંઈ? અચેતને તો ઠીક, પણ સચેતને ભોગવે છે. આહાહા..! પણ વૈરાગ્યને લઈને રસ ઊડી ગયો છે. ક્યાંય રસ, પ્રેમ છે નહિ. સચેત સ્ત્રી, સચેત દીકરા, દીકરીયું એ સચેતનો ઉપભોગ એને હોય છે, કહે છે. સચેત અને અચેતનો (ઉપભોગ), કીધું ને? મિથ્યાદૃષ્ટિને અચેતન અને ચેતન દ્રવ્યોનો ઉપભોગ બંધનું નિમિત્ત જ થાય છે અને **'તે જ ઉપભોગ...'** તે જ ઉપભોગ, કીધું ને? તે સચેત અને અચેત. આહાહા..!

**'રાગાદિભાવોના અભાવથી...'** આહાહા..! અહીં તો સમ્યક્‌દૃષ્ટિની મહિમાનું વર્ણન છે, બાકી જે ઉપભોગ છે એટલો રાગ છે એ બંધનું કારણ છે. એ વાતને અહીં ગૌણ કરીને શુદ્ધ સ્વભાવ મહાપ્રભુ જ્યાં દૃષ્ટિમાં આવ્યો, ભગવાનના ભેટા થયા.. આહાહા..! એને હવે ચેતન અને અચેતનનો ઉપભોગ કર્મની નિર્જરાનું કારણ છે. એમ કરીને કોઈ સ્વચ્છંદી થઈને એમ કહે કે, અમે ગમે તે રીતે ભોગવીએ, એમ નહિ. પણ કોઈ એવો હોય છે, સચેત-અચેતનો જોગ હોય છે. આહાહા..!

**'તે જ ઉપભોગ...'** કીધું ને? તે જ એટલે? ચેતન અને અચેતન કીધું ઇ. માથે કીધું ને? **'મિથ્યાદૃષ્ટિને અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ...'** એક બાજુ એમ કહે કે, પરદ્રવ્યને આત્મા ભોગવી શકે જ નહિ. હેં? આહાહા..! સચેત, અચેતને અડી શકે જ નહિ. આહાહા..! કોઈપણ આત્મા સચેત સ્ત્રીનો આત્મા કે એનું શરીર કે પૈસા કે લક્ષ્મી કે આબરૂ, એને આત્મા અડી શકતો જ નથી. અડ્યા વિના એને ઉપભોગ શી રીતે છે? આહાહા..! પણ એના તરફના લક્ષથી જે રાગાદિ થયો તેને ભોગવે છે, ઇ સચેત અને અચેતને ભોગવે છે એમ આરોપથી કથન છે. આહાહા..! આવી શૈલી છે.

**'તે જ ઉપભોગ...'** કોઈ એમ કહે છે કે, આમાં આ ગાથા તો મુનિને માટે છે. મુનિ માટે પણ છે અંદર. એને સચેત શિષ્ય આદિ એનો અર્થ (છે), પણ અહીં ચોથે ગુણસ્થાનથી સચેત, અચેતની વાત લીધી છે. એના પ્રમાણમાં, હોં ! આહાહા..! બાકી વ્યાખ્યા સચેત, અચેતની ઘણી કરી હતી. મુનિને માટે સચેત શિષ્ય, મિશ્ર એ ઉપકરણ હોય ને? એ અચેતન

ઉપકરણ છે, મોરપીંછી વગેરે અચેત. એ સચેત, અચેતને ત્યાં સુધી લઈ ગયા અને આગળ જતાં સચેત એટલે રાગ. ત્યાં સુધી લઈ ગયા છે. રાગનો પણ ઉપભોગ જ્ઞાનીને નથી. આહાહા..!

**'તે જ ઉપભોગ...'** એટલે તે જ સચેત અને અચેત વસ્તુનો. દ્રવ્યોનો છે ને? **'અચેતન ચેતન દ્રવ્યોનો ઉપભોગ...'** એમ શબ્દ છે. દ્રવ્યની પર્યાયમાં રાગ થાય તેનો ઉપભોગ, એવી ભાષા નથી કરી. કહેવાનો તો આશય એ છે. આહાહા..! એક કોર કહે કે, આત્મા પર્યાયને પણ સ્પર્શે નહિ. પર્યાય રાગને સ્પર્શે નહિ, રાગ કર્મના ઉદયને સ્પર્શે નહિ, રાગ પરદ્રવ્યને સ્પર્શે નહિ. આહાહા..! કઈ અપેક્ષા છે એમાં? આ તો પ્રભુનો અનેકાંતવાદ છે ને ! અનેકાંત એટલે એમાં અનંત અનંત અપેક્ષાઓ, ધર્મ છે. છે એમાં છે એ માહ્યલી, હોં ! અનેકાંતનો અર્થ એવો નથી કે વ્યવહારથી નિશ્ચય થાય અને નિમિત્તથી પણ થાય. એ અનેકાંત ધર્મ નથી.

પણ આ રીતે સમકિતીનો ભોગ નિર્જરાનો હેતુ છે, એમ આમાંથી કહેવું છે ને? ભોગ નિર્જરાનો હેતુ હોય તો પછી ચારિત્રને અંગીકાર કરવાની જરૂર રહી નહિ. હેં? આહાહા..! એમ નથી. અહીંયાં તો દૃષ્ટિનું માહાત્મ્ય બતાવવું છે. આહાહા..! બાકી તો જેટલે અંશે અસ્થિરતાનો અંશ કમજોરી છે એ દુઃખ છે, આસ્રવ છે, જ્ઞાનીને એ બંધનું કારણ છે. આહાહા..! અહીંયાં તો એના ઉપભોગમાં દ્રવ્યનું લક્ષ હોય છે તેથી એને દ્રવ્યનો ઉપભોગ કહેવામાં આવ્યું. આહાહા..! બાકી દ્રવ્યને કોણ ભોગવે? આહાહા..!

અજ્ઞાની કે જ્ઞાની કોઈ પરદ્રવ્યને અડી શકે નહિ (તો) ભોગવે શી રીતે? કેમ? કે, એક દ્રવ્યને બીજા દ્રવ્ય વચ્ચે અત્યંત અભાવ છે. અત્યંત અભાવમાં પરદ્રવ્યને ભોગવે (એમ બની શકે નહિ). આહાહા..! પાઠ તો આવો છે. **'અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ...'** એમ કીધું છે ને? એના પરિણામ થયા, એમ વાત નથી. આહાહા..! એનો અર્થ તો ઇ જ છે, પણ (એનું) લક્ષ ત્યાં પર ઉપર છે તેથી એનો ભોગવટો છે એમ કહેવામાં આવે છે. આહાહા..! બાકી તો જ્ઞાનીને રાગનો, શુભરાગનો અનુભવ જ્યાં દુઃખરૂપ છે (ત્યાં અશુભનો અનુભવ તો દુઃખરૂપ જ છે). આહાહા..! ચોથે ગુણસ્થાનથી શુભરાગ દુઃખરૂપ છે, એનું વેદન (દુઃખરૂપ છે), પછીની ગાથામાં કહેશે. સુખ-દુઃખનું વેદન થાય છે અને પછી ખરી જાય છે. આહાહા..! એ ભાવનિર્જરા કહેશે. આ તો દ્રવ્યનિર્જરા છે. આહાહા..!

**'વિરાગીનો ઉપભોગ નિર્જરા માટે જ છે...'** માટે 'જ' છે. જોયું? પાછું વળી 'જ' એકાંત (કર્યું). **'(નિર્જરાનું કારણ થાય છે). રાગાદિભાવોના સદ્ભાવથી...'** જેને પરપદાર્થ પ્રત્યેનો પ્રેમ છે, રાગ છે, એમાં સુખબુદ્ધિ છે, એમાં ઉલ્લસિત, સ્વભાવથી અધિકપણું જેને અંદર પરમાં ભાસે છે, આહાહા..! એવા મિથ્યાદૃષ્ટિને **'અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ બંધનું નિમિત્ત જ થાય છે; તે જ ઉપભોગ...'** તે જ અચેતન, ચેતન દ્રવ્યોનો ઉપભોગ, આહાહા..! **'રાગાદિભાવોના અભાવથી...'** અહીં પહેલું બીજી લીટીમાં કહ્યું હતું ને? **'રાગાદિભાવોના**

**સદ્‌ભાવથી...**' મિથ્યાદષ્ટિને. તેથી આમાં એમ કહ્યું કે '**રાગાદિભાવોના અભાવથી...**' એની સામે વાત લીધી. આહાહા..! મિથ્યાદષ્ટિને પરનો પ્રેમ છે, સુખબુદ્ધિ છે, કોઈપણ નાના-મોટા સંયોગમાં કે નાના-મોટા રાગાદિમાં એનું વીર્ય ત્યાં ઉલ્લસિત થઈ જાય છે, ત્યાં આનંદમાં આવી જાય છે. સુખી છું, મને અનુકૂળતા છે, એમ આવી જાય છે એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! છોકરાઓ ચાર-છ, આઠ-આઠ, બાર-બાર હોય અને પાંચ-પાંચ લાખ રળતા હોય.. આહાહા..! અને બે-બે વરસે છોકરો થયો હોય, લ્યો ! ચોવીસ વરસ અને અહીં વીસ વરસની (ઉંમરે લગ્ન થયા હોય) ચુમ્માલીસ વરસ હોય ત્યાં બાર તો છોકરા હોય અને રળતો હોય અને પેદા કરતા હોય. હેં? છે ને બારભાયા, અહીં 'વિંછીયા'માં? આહાહા..!

મુમુક્ષુ :– બાર ભાઈઓની શેરી છે ને !

ઉત્તર :– છે ને, બાર ભાઈઓ છે, સ્થાનકવાસી છે. એનો અગ્રેસર, બિચારાને અહીંનો પ્રેમ છે. મકાન જુદા છે. આપણા આ ભાઈ નહિ? કેવા? 'વિંછીયા'વાળા 'પ્રેમચંદભાઈ' ! 'પ્રેમચંદભાઈ'ના મકાનની પાસે એના મકાન છે, મોટા મેડીબંધ. પણ વિરોધ ન કરે. અગ્રેસર છે. આ વસ્તુ સાંભળવા મળે નહિ, ભિન્નતા કેમ છે, કઈ રીતે છે એ વાત અંતરમાં બેસે નહિ ત્યાં સુધી બહારથી આ દયા પાળીએ ને વ્રત કરીએ ને અપવાસ કરીએ, એમાં સંવર અને નિર્જરા માને. દયા ને વ્રત એ સંવર, તપસ્યા એ નિર્જરા. આ..હા...!

અહીંયાં તો જે જ્ઞાનીનો ભોગ છે તે '**રાગાદિભાવોના અભાવથી...**' અહીં તો બિલકુલ રાગભાવનો અભાવ ગણ્યો. રાગનો રાગ નથી ને રાગનો પ્રેમ નથી, રાગમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. એથી '**રાગાદિભાવોના અભાવથી...**' એ અપેક્ષાએ (કહ્યું છે). બાકી જેટલો રાગ છે એટલો બંધ છે. દસમા ગુણસ્થાન સુધી રાગનો અંશ છે, રાગ આવે છે, હોય છે. '**નિર્જરાનું નિમિત્ત જ થાય છે.**' કથંચિત્ નિર્જરા અને કથંચિત્ બંધ છે, એમ નહિ. આહાહા..! કઈ અપેક્ષા કહે છે?

'**રાગાદિભાવોના અભાવથી સમ્યગ્દષ્ટિને નિર્જરાનું નિમિત્ત જ થાય છે.**' 'સમયસાર નાટક'માં એ લીધું છે, જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે, એમ આમાંથી લીધું છે. ભોગનો અર્થ અંદર જરી રાગ આવે છે, પણ એમાં સુખબુદ્ધિ નથી, ઝેર છે, ઝેરના પ્યાલા પીઉં છું, એમ એને લાગે. આ..હા...! ઝેરના પ્યાલા છે. નિર્વિકલ્પ આનંદરસ આગળ એ શુભરાગનો કણ પણ ઝેરના... આહાહા..! એ ઝેરના ઘૂંટડા છે. આહાહા..! એને રાગમાં રસ કેમ હોય? '**રાગાદિભાવોના અભાવથી સમ્યગ્દષ્ટિને નિર્જરાનું નિમિત્ત જ થાય છે.**' એકાંત નિર્જરાનું નિમિત્ત છે એમ કહે છે. જરીયે બંધ નહિ. કઈ અપેક્ષાએ વાત છે? દષ્ટિનું જોર છે અને દષ્ટિમાં એકલો ભગવાન તરવરે છે. પૂર્ણાનંદનો નાથ જ્યાં આદરમાં આવ્યો.. આહાહા..! અનંત અનંત આનંદનું દળ, શાંતિનો સાગર, ઉપશમરસનો દરિયો ભર્યો છે. ઉપશમરસ, શાંતરસ, અકષાયરસ ! આહાહા..! એવા સ્વભાવથી પૂર્ણ ભર્યો છે, પ્રભુ ! એના જ્યાં અંદરમાં

આદર થયા, એને હવે શેનો આદર રહે? એ અપેક્ષાએ વાત લીધી છે.

**'સમ્યગ્દષ્ટિને નિર્જરાનું નિમિત્ત જ થાય છે.'** અહીં પાઠમાં સચેત, અચેત છે કે નહિ? **'दव्वाणमचेदणाणमिदराणं'** બીજું પદ છે. દ્રવ્યનું અચેતન, દ્રવ્યનું એટલે ચેતન. 'इदर', 'इदर' છે ને? અનેરો. **'उवभोगमिंदियेहिं'** ઇન્દ્રિયથી ઉપભોગ કરવો. કોનો? **'दव्वाणम'** કયા દ્રવ્યનો? **'चेदणाणमिदराणं'** અચેતન અને ચેતન, બેનો. પાઠ છે કે નહિ? આહાહા..! **'जं कुणदि सम्मदिट्ठी'** ચેતનનો જે **'सम्मदिट्ठी'** ભોગ કરે. આહાહા..! તે ઇન્દ્રિયથી. એમ થયું ને? **'उवभोगमिंदियेहिं'** ઇન્દ્રિયથી સચેત સ્ત્રી આદિનો ભોગ લે. આહાહા..! કંદમૂળ ખાય, લીલોતરી ખાય. કંદમૂળ નહિ, એ તો લીલોતરી ખાય. આહાહા..! કંદમૂળ તો ન હોય. ખરેખર તો રાત્રિભોજન પણ ન હોય. રાત્રિભોજનમાં જીવાત છે, જીવાત. આ તો એને યોગ્ય જે છે. આવું તો ન હોય, પણ એને યોગ્ય હોય એવા રાગ આવે. છતાં તે રાગની બુદ્ધિ નથી, રુચિ નથી, રસ નથી, ઉલ્લસિત વીર્ય નથી, ત્યાં ખેદ વર્તે છે. રાગમાં જ્ઞાનીને ખેદ વર્તે છે. તેથી તેનો ઉપભોગ નિર્જરાનું નિમિત્ત (કહ્યું છે). દૃષ્ટિના જોરથી અને દૃષ્ટિનો વિષય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એને આશ્રયે તે કહેવામાં આવ્યું છે. આહાહા..!

**'આથી (આ કથનથી) દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહ્યું.'** પૂર્વે જે પરમાણુ બંધાયેલા, તેનું ખરી જવું. દ્રવ્યનિર્જરા જડ, જડ, જડનું ખરી જવું. આહાહા..! નિર્જરાનું નિમિત્ત જ થાય છે એટલે નિમિત્તકારણ થાય છે, એમ. નિર્જરાનું કારણ થાય છે. સમજાણું? નહિતર એમ લ્યે કે, પૂર્વનું કર્મ ખરે છે એમાં જ્ઞાનીનું નિમિત્ત જ છે. ખરવામાં નિમિત્ત છે. પણ અહીં તો નિર્જરાનું નિમિત્ત જ છે એટલે નિર્જરાનું કારણ જ છે. આહાહા..! કારણના અર્થમાં છે. આહાહા..!

ભાવાર્થ :- **'સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહ્યો છે...'** આહાહા..! **'અને જ્ઞાનીને રાગદ્વેષમોહનો અભાવ કહ્યો છે;...'** એ અપેક્ષાએ. અનંતાનુબંધીનો (અભાવ થયો છે) **'માટે સમ્યગ્દષ્ટિ વિરાગી છે.'** સમ્યગ્દષ્ટિ વિરાગી છે. આહાહા..! વૈરાગી છે અથવા વિરાગી છે એટલે રાગ વિનાનો છે. આહાહા..! **'તેને ઇન્દ્રિયો વડે ભોગ હોય તોપણ તેને ભોગની સામગ્રી પ્રત્યે રાગ નથી.'** જોયું? ઇન્દ્રિયો વડે ભોગ હોય, પાઠ છે ને? **'તોપણ તેને ભોગની સામગ્રી પ્રત્યે રાગ નથી.'** આહાહા..! **'તે જાણે છે કે 'આ (ભોગની સામગ્રી) પરદ્રવ્ય છે. મારે અને તેને કાંઈ નાતો નથી;...'** જોયું? પરદ્રવ્યને અને આત્માને કાંઈ સંબંધ નથી. નાતો એટલે સંબંધ. આહાહા..! મારે અને દીકરાને અને મારે અને બાયડીને અને મારે અને શરીર, બીજાને અને મારે ને પૈસાને કાંઈ નાતો નથી. મારો આ દીકરો, એ નાતો જ નથી કહે છે, સમકિતીને. આહાહા..! એ સંબંધ જ તૂટી ગયો છે. આહાહા..! 'શશીભાઈ' !

આ મારી ઘરવાળી છે, કોઈ પૂછે તો ભાષા બોલે. અંદરમાં કાંઈ ન મળે. મારા ઘરમાં કોઈ છે જ નહિ, મારું ઘર તો મારી પાસે છે. આહાહા..! આવો આંતરો અંતરના ભાવને લઈને છે, એમ કહે છે. ભાષા તો બીજી શું બોલે? આ દીકરો કોનો છે? (એમ પૂછે તો

કહે), મારો દીકરો છે. કહે, ભાષા એમ બોલે. 'શ્રીમદ્' એમ બોલતા, 'અમારો, અમારો કોટ લાવો, અમારું આ લાવો.' અ-મારો એમ. મારો નથી. કોઈ પૂછતા કે, તમે અમારો, અમારો, એકલા છો ને અમારો કેમ બોલો છો? મારો, એમ કહો ને. તમે એકલા છો, તમે ઝાઝા માણસો નથી તે અમારો, અમારો કરો છો. અમારો કોટ એટલે કોટ અમારો નથી. અમારું કપડું નથી, અમારું ઘર નથી તેથી અમારું એમ કહીએ છીએ. મારા નથી, બાપુ ! મારું જે છે એ મારી પાસે છે એ મારાથી જુદું નથી. આહાહા..! આ કાંઈ નાતો નથી.

**'કર્મના ઉદયના નિમિત્તથી તેનો અને મારો સંયોગ-વિયોગ છે.'** કર્મના નિમિત્તને લઈને સંયોગ અને નિમિત્તનો વિયોગ થઈ જાય છે. બાકી મારે કાંઈ સંબંધ છે નહિ. વિશેષ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૨૭૦ ગાથા-૧૯૩, ૧૯૪ મંગળવાર, અષાઢ વદ ૧, તા. ૧૦-૦૭-૧૯૭૯

આજે શ્રાવણ વદ એકમ (છે). શ્રાવણ વદ એકમ એટલે લૌકિક રીતે સિદ્ધાંતને હિસાબે શ્રાવણ વદ એકમ છે. શ્રાવણનું પહેલું પખવાડીયું ગયું. ભગવાનને વૈશાખ સુદ એકમે કેવળજ્ઞાન થયું પણ જે સમયે પર્યાય નીકળવાની હોય તે સમયે નીકળે ને! નિમિત્તથી એમ કહેવાય કે ગણધર નહોતા. ગૌતમ ગણધર નહોતા એમ નિમિત્તથી કહેવાય. બાકી વાણીની પર્યાય તે કાળે પરમાણુમાંથી ભાષાની પર્યાય થવાનો કાળ હોય તે સ્વકાળે તે ભાષાપર્યાય થાય. એમાં આત્મા એનો કર્તા નથી. ભગવાનની દિવ્યધ્વનિનો આજે દિવસ છે.

બીજી વાત કે આજે 'ગૌતમસ્વામી' ગણધરપદને પામ્યા. દિવ્યધ્વનિ સાંભળી, પહેલાથી જ મુનિપણું મળ્યું. ઇ તો સાંભળ્યું. આજે ગણધરપદ એમને મળ્યું એ દિવસ છે. ચાર જ્ઞાનની પ્રાપ્તિ થઈ એ આજે દિવસ છે અને બાર અંગની રચના થઈ એ આ દિવસ છે. શાસ્ત્રની બાર અંગની રચના થઈ. એ આજનો દિવસ છે.

આપણે અહીં 'નિર્જરા અધિકાર' ચાલે છે. આહા..! ભગવાનની જ્યારે દિવ્યધ્વનિ થઈ, કેટલાક જીવો આત્મજ્ઞાન પામ્યા. એ પણ આ જ દિવસ છે. કેમકે બધું મૂકીને એક પ્રભુ, ચૈતન્યગોળો અનાદિઅનંત નિત્યાનંદ એવો જે આત્મા, એની જેણે અંતરની રુચિ કરી, અંતરના અતીન્દ્રિય આનંદ જે બેહદ સ્વભાવ (છે), અચિંત્ય સ્વભાવ અને બેહદ સ્વભાવ (છે), એવા આનંદનો અનુભવ આવ્યો એને સમકિત કહેવામાં આવે છે. આહા..! જેના સ્વાદ આગળ એ અહીં ચાલે છે, જુઓ!

**ભાવાર્થ :– 'સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહ્યો છે...'** સમ્યગ્દષ્ટિ એટલે આ. પૂર્ણ પ્રભુ ગોળો, વસ્તુ નિત્યાનંદ પ્રભુ, અનંત અનંત અન્વય શક્તિઓનો સાગર અને સુખસાગરનું નીર, સુખના સાગરના નીરથી ભરેલો, એનો જ્યાં આદર થયો, એની સન્મુખતા થઈ, સંયોગ, રાગ અને પર્યાય તરફની વિમુખતા થઈ, ત્યારે જે અનાદિનો રાગનો, કર્મનો સ્વાદ હતો, રાગકર્મ હોં, કર્મ જડ નહિ. આહા..! એ રાગના સ્વાદના સ્થાનમાં ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું દળ, ધ્રુવ વસ્તુ એનો સ્વાદ આવ્યો એથી તે સમ્યગ્દષ્ટિ જીવને જ્ઞાની કહ્યો. કારણ કે જે વસ્તુ છે તેનું એને યથાર્થ વેદન થયું, સ્વસંવેદન (થયું). આહા..! કરવાનું આ, પહેલામાં પહેલું કરવાનું આ છે.

**'સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહ્યો...'** કેમકે જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એનો અનુભવ અને આનંદનો સ્વાદ આવ્યો એથી જ્ઞાન શક્તિરૂપે જે પૂર્ણ હતું એમાંથી અંશે સ્વસંવેદનમાં પ્રગટ થયું. તેથી સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહ્યો **'અને જ્ઞાનીને રાગદ્વેષમોહનો અભાવ કહ્યો...'** આહાહા..! અસ્થિરતામાં રાગ થાય પણ તેનો રસ અને સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! તેથી તેને રાગદ્વેષમોહનો અભાવ કહ્યો. કેમકે વીતરાગમૂર્તિ પ્રભુ, એનો જ્યાં અનુભવ થયો એના વેદન આગળ રાગનું વેદન ઝેર જેવું લાગે છે. રાગ આવે પણ અતીન્દ્રિય આનંદના પ્રત્યક્ષ વેદન પાસે એ ચારિત્રમોહનો જે રાગ છે એ ઝેર જેવો, દુઃખ, કાળો નાગ દેખે ને જેમ (દુઃખ) થાય એમ જ્ઞાનીને (લાગે છે). આહાહા..! કેમકે ત્યાં પ્રભુ પોતે મહા પરમાત્મસ્વરૂપ જે નજરને આડે નજરમાં નહોતો આવ્યો, એ નજરમાં આવ્યો એટલે બીજા ઉપરની નજરું બધી જુદી થઈ ગઈ. આહાહા..! એથી તેને રાગદ્વેષમોહ નથી એમ કહ્યું. મોહ તો નથી પણ થોડા રાગદ્વેષ છે છતાં આત્માના સ્વભાવના વેદનના જોર આગળ એને રાગદ્વેષ અસ્થિર છે એને છે નહિ એમ કહ્યા. કેમકે એનો રસ નથી, રુચિ નથી, પ્રેમ નથી, આદર નથી, સત્કાર નથી, સ્વીકાર નથી. આહાહા..! આ ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું ઇ આ છે. આહાહા..!

તેને **'રાગદ્વેષમોહનો અભાવ કહ્યો છે; માટે સમ્યગ્દષ્ટિ વિરાગી છે.'** અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ રાગ ઝેર જેવો દેખાય એ રાગથી વૈરાગી છે. રાગના રસમાં નથી, રાગથી વિરક્ત છે અને આત્માના રસમાં છે તો આત્મામાં રક્ત છે. આહાહા..! આ 'નિર્જરા અધિકાર' છે. આ વિના એના જન્મ-મરણના દુઃખના દહાડા બાપા, (મટે એમ નથી). આહાહા..! નરકના ને નિગોદના દુઃખ સાંભળ્યા ન જાય એ એણે વેદ્યા, અનુભવ્યા. આહાહા..! એ ગરમી અને ઠંડી અને જ્યારથી જન્મે ત્યારથી સોળ રોગ. એવા વેદનમાં અનંત કાળ ગયો. નરક અને નિગોદના દુઃખમાં અનંત અનંત કાળ ગયો. એ દૃષ્ટિ ગુલાંટ ખાય છે, આહાહા..! હવે આ નહિ. મારો પ્રભુ રહી ગયો મને. મારી પાસે એટલે હું પોતે છું. આહાહા..! પ્રભુ હું પોતે છું અને મેં પામરતા સેવી. આહા..! રાગના કણમાં ખુશી અને રાજીપો કરી નાખ્યો

અને પ્રભુ અનંત ગુણનો પિંડ જેના માહાત્મ્યનો પાર ન મળે, એવા પ્રભુને તો મેં ગણ્યો નહિ, હવે કહે છે કે સમ્યગ્દર્શનમાં મેં એને ગણ્યો, ગણતરીમાં લીધો. બીજા છે એને ગણતરીમાં ન લીધા. આહાહા..! રાગાદિની અસ્થિરતા થાય એને ગણતરીમાં ન લીધો. આહાહા..! ગણતરીમાં ભગવાનઆત્મા એકલો શાંત વીતરાગની પૂર્ણતાના પ્રતાપથી ભરેલો ભગવાન એની દશાનો, વીતરાગતાનો જ્યાં સ્વાદ આવ્યો એની આગળ રાગનો સ્વાદ તો ઝેર જેવો દેખાય. માટે તેને રાગદ્વેષમોહ છે નહિ. આહાહા..! આવી વાત છે.

**'તેને ઇન્દ્રિયો વડે ભોગ હોય...'** પૂર્વના કોઈ પુણ્યના યોગે એને સામગ્રી બહાર દેખાય. આહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર બધું હોય. આહાહા..! (એમાં) ક્યાંય મારાપણાની બુદ્ધિ એને હોતી નથી. ભગવાનની ભક્તિનો પ્રશસ્ત રાગ, એના પ્રત્યે પણ જ્યાં ઝેરબુદ્ધિ છે... આહા..! એને પરપદાર્થ પ્રત્યે પ્રેમ કેમ હોય? જેનો કાંઈ સંબંધ નથી. આત્માને અને પરપદાર્થને કાંઈ સંબંધ નથી. આહા..! તેથી **'તેને ઇન્દ્રિયો વડે ભોગ હોય તોપણ તેને ભોગની સામગ્રી પ્રત્યે...'** જોયું? સામગ્રી, પદાર્થ, વસ્તુ. સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો, અબજો (રૂપિયા), મકાન મોટા દસ-દસ લાખના, વીસ લાખના હોય પણ એ સામગ્રી પ્રત્યે પ્રેમ નથી. એ મારી ચીજ જ નથી, જેમાં હું નથી, જેમાં હું નથી, જેમાં એ નથી. આહાહા..! તેથી ધર્મીને ઇન્દ્રિયની સામગ્રી પ્રત્યે રાગ નથી. આહાહા..!

કોઈક દુશ્મન ઘરે આવ્યો હોય અને એક મહેમાન, સગોવહાલો આવ્યો હોય, બેમાં એકદમ દૃષ્ટિમાં ફેર છે કે નહિ? હેં? આવ્યો હોય તો ઝટ ચાલ્યો જાય. આહાહા..! ભગવાનઆત્મા! એવી કોઈ અણમોલી અચિંત્ય કોઈ શક્તિનો ધણી પ્રભુ છે કે જેના સ્વીકાર અને સત્કાર આડે પૂર્વના પુણ્યને લઈને મળેલી સામગ્રી છે ને? તે પ્રત્યે પ્રેમ નથી. આહાહા..! જેમ દુશ્મન ઘરે આવે અને પ્રેમ નથી. છોકરાને મારી નાખનારો હોય અને ઇ આવ્યો (હોય તો) છે જરીયે પ્રેમ?

મુમુક્ષુ :– લેણિયાત આવે તોપણ ન હોય.

ઉત્તર :– છતાં લેણિયાત તો એમ કે, ભઈ મારી પાસે છે પૈસા. પણ આ દુશ્મન દેખી, રાગ દુશ્મન છે. આહાહા..!

પ્રભુ વીતરાગમૂર્તિ ઉપશમ શાંતરસનો સાગર, શાંતરસનો સાગર એવો જે ભગવાનઆત્મા, એનો જે અનુભવ, એની અનુભવમાં જે પ્રતીતિ (થઈ) અને તેનું જે જ્ઞાન (થયું) એમાં બહારની સામગ્રી હોય પણ છતાં તેના પ્રત્યે પ્રેમ નથી, રાગ નથી. આહાહા..! છે?

**'તે જાણે છે કે 'આ (ભોગની સામગ્રી) પરદ્રવ્ય છે,...'** પરદ્રવ્ય છે. પરદ્રવ્યને અને મારે કોઈ પર્યાયનો પણ સંબંધ નથી ત્યાં દ્રવ્ય-ગુણની તો વાત જ શું કરવી? આહાહા..! તે તે દ્રવ્યની તે તે પર્યાય તેનાથી સ્વતંત્ર (થાય છે). સ્ત્રી હોય કે દીકરો હોય કે કુટુંબી કોઈ વડીલ, ભાઈ, મા-બાપ હોય બધી ચીજ પર છે. એની સાથે મારે કાંઈ સંબંધ નથી.

આ.હા...! **'આ (ભોગની સામગ્રી) પરદ્રવ્ય છે,...'** પરવસ્તુ (છે). પરવસ્તુ અને મારામાં અત્યંત અભાવ છે. આહાહા..! આવો મારગ (છે).

૯૬ હજાર સ્ત્રીમાં રહેલો સમકિતી આત્મામાં રહ્યો છે ઇ. આહા..! ક્યાંય એને મારું છે, એવી નજરું મીઠી ક્યાંય છે નહિ. મીઠી નજરું પડી જ્યાં છે ત્યાં ભગવાન ઉપર, તે નજરે બીજાની કોઈ ચીજ પ્રત્યે મીઠાશ આપતો નથી. આહાહા..! એ પરદ્રવ્ય છે. **'મારે અને તેને કાંઈ નાતો નથી;...'** અહીં સુધી આવ્યું હતું. મારે અને એને કાંઈ નાતો નથી, કાંઈ સંબંધ નથી. અરે...! આહાહા..! ઘરે દીકરો આવે, કરોડો રૂપિયા પેદા કરીને આવે, મોટા અબજો પૈસા પેદા કરે, અરબસ્તાન દુકાન નાખી છે ત્યાંથી પૈસા આવ્યા છે. આ..હા..હા...! 'જેચંદભાઈ' હતા ને? તમારા સાસરા. 'જેચંદભાઈ'! એ ત્યાંથી બહારથી આવ્યા હતા. હો...! કમાઉ દીકરો થયો, ભાઈ! તે દિ' તો બે લાખ રૂપિયા (હતા). તે દિ' બે લાખ એટલે પચીસ-ત્રીસ ગુણા. એના બાપે બથ ભરી. આહાહા..!

જેને પોતાનો માન્યો એની સાથે બથ ભીડે. ભગવાનઆત્માને જેણે જાણ્યો અને જેના અતીન્દ્રિય આનંદના સ્વાદમાં મીઠાશમાં આવ્યો, મીઠી નજરું મીઠાશમાં આવી. આહાહા..! સમ્યગ્દર્શન એ મીઠી નજર છે. એ મીઠી નજરે મીઠો ભગવાનઆત્મા જ્યાં સ્વાદમાં આવ્યો એને બહારના ભોગ પરદ્રવ્ય છે એની સાથે કાંઈ નાતો નથી. આહાહા..!

**'કર્મના ઉદયના નિમિત્તથી તેનો અને મારો સંયોગ-વિયોગ છે.'** છે? એ તો કર્મના ઉદયને લઈને સંયોગ આવે, ઉદય આવ્યો (એ) ખરી જાય તો સંયોગ ચાલ્યો જાય. આહા..! છતી ઋદ્ધિ એક ક્ષણમાં અબજો રૂપિયા પછી ખલાસ થઈ જાય. 'બિહાર'માં છે ને કરોડપતિ? ફરવા ગયો (અને) આવ્યો ત્યાં મકાન સ્વાહા હેઠે..! શું કહેવાય ઇ? ધરતીકંપ! ધરતીકંપ થયો. કરોડપતિ ઘોડાગાડીમાં ફરવા ગયેલો. જ્યાં અહીં આવે ત્યાં મકાન ને કુટુંબ ને બધું ખલાસ! નાશવાન ચીજને માટે મુદત શી? આહાહા..! કે આ ક્ષણે (પડશે). લોકો રાડ નાખી ગયા છે, ઓલું પડવાનું છે તે. 'સુમનભાઈ'! પડવાનું છે. કો'ક કાલે કહેતું હતું, અહીં ગામમાં રાડ નાખી. અહીં ઠેઠ! અહીં પડશે, કોઈક કટકો પડશે, 'ભાવનગર' પડશે. અરે...! પણ બાપ! કોણ પડે? ક્યાં પડે? તુ ક્યાં છો? આહાહા..! તને કોઈ ચીજ અડતી નથી, તું કોઈને અડતો નથી તો પડે કોના ઉપર? આહાહા..!

અહીં કહે છે, **'કર્મના ઉદયના નિમિત્તથી તેનો અને મારો...'** ધર્મી એમ સમજે છે કે એ કર્મઉદય છે તો સંયોગ દેખાય છે. એ ઉદય ખરી જશે એટલે સંયોગ ચાલ્યો જશે. આહા..! મારે અને એને કાંઈ સંબંધ છે નહિ. હું સ્વદ્રવ્ય ક્યાં અને એ પરદ્રવ્ય ક્યાં? કોઈ સમયે કોઈ કાળે પણ એની સાથે મારે નાતો – સંબંધ છે નહિ. આહાહા..! **'જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય આવીને...'** હવે આ જરી... ઓલી સામગ્રી સુધી લીધું. સામગ્રી સુધી લીધું હવે અંતર લ્યે છે. આહાહા..! **'જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય આવીને**

**પીડા કરે...'** અંદર રાગ આવે, દુઃખ આવે, દુઃખ આવે. કોઈ રીતે રાગ ખસતો ન હોય. આહાહા..!

**'અને પોતે બળહીન હોવાથી પીડા સહી શકતો નથી...'** આહાહા..! રાગાદિ આવ્યો પણ એને ટાળી શકતો નથી. આહાહા..! એની પીડા દૂર કરીને સહી શકતો નથી. આહા..! રાગ છે. આહાહા..! પીડા સહી નહિ શકતો હોવાથી. **'ત્યાં સુધી-જેમ રોગી રોગની પીડા સહી શકે નહિ ત્યારે તેનો ઔષધિ આદિ વડે ઇલાજ કરે...'** રોગી. દૃષ્ટાંત છે આ તો, હોં! **'તેમ-ભોગોપભોગસામગ્રી વડે વિષયરૂપ ઇલાજ કરે...'** આહા..! એ નિમિત્તથી કથન છે. એ સામગ્રીનું લક્ષ, રાગ છે ને? એટલે ઓલી સામગ્રી પ્રત્યે લક્ષ જાય છે તેથી એનો ઉપભોગ કરે, એમ કહે છે. બાકી પરદ્રવ્યનો ઉપભોગ (કોણ કરે?) આહા..! **'ભોગોપભોગસામગ્રી વડે વિષયરૂપ ઇલાજ કરે છે;...'** સમજાવવું છે તો શું સમજાવે? બાકી પરપદાર્થને અડતોય નથી. આહાહા..! રાગ આવે, રાગને સહન કરી શકતો નથી એટલે છૂટતો નથી એટલે કમજોરીને લઈને રાગની પીડા સહન થતી નથી તેથી પીડામાં જોડાય જાય. આહાહા..! તેથી બાહ્યની સામગ્રી ઉપર એનું લક્ષ જાય છે, એમ કહે છે. ભાષા તો એમ છે કે, **'ભોગોપભોગસામગ્રી વડે વિષયરૂપ ઇલાજ કરે છે;...'** ભાષા તો શું (કરે)? એ જાતનો રાગ આવ્યો અને એ જે સામગ્રી છે એના પ્રત્યે લક્ષ ગયું એટલે ઇ સામગ્રીનો ઇલાજ કરે છે. આહાહા..! અડતોય નથી અને ઇલાજ કરે છે. આહાહા..!

**'પરંતુ જેમ રોગી રોગને કે ઔષધિને ભલી જાણતો નથી...'** રોગી રોગને કે રોગને મટાડવાના ઔષધને (ભલી જાણતો નથી). રહેજો અવસર સદાય આ. રોગ રહે અને લોકો જોવા આવે, (એવી) રોગની ભાવના હશે? આહાહા..! **'તેમ સમ્યગ્દૃષ્ટિ ચારિત્રમોહના ઉદયને...'** રોગ જાણે છે. આહાહા..! **'કે ભોગોપભોગસામગ્રીને ભલી જાણતો નથી.'** બે વાત લીધી. અંદરમાં થતો રાગ અને બહારની થતી સામગ્રી, એને ક્યાંય ભલી જાણતો નથી. આહાહા..! જુઓ! આ તત્ત્વ દૃષ્ટિ! આહા..! વ્રત ને તપ ને ભક્તિ ને એ તો પછી વાત, એ શુભભાવ પણ બંધનું કારણ (છે). અહીં તો પહેલેથી ચારિત્રમોહનો રાગ આવે અને સામગ્રી પ્રત્યે લક્ષ જાય, એ ઇલાજ કરે એમ કહેવાય. આહાહા..! પણ રાગને, વિષયસામગ્રીને ભલી જાણતો નથી. આહા..! ભલી જાણતો નથી તો ભોગ કેમ કરે છે? અરે... બાપુ! આહા..! એ ઝેરથી છુટાતું નથી એટલે જરી ઝેરમાં જોડાય જાય છે. આ..હા..હા...! કોઈ સ્વચ્છંદી એનું નામ લઈને એમ કરે (તો) એમ ન ચાલે. એ તો અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ જેને રાગનો અને રાગની સામગ્રી જે છે તેના પ્રત્યેનો પ્રેમ ઊડી ગયો છે, સુખબુદ્ધિ ઊડી ગઈ છે. પોતાના આત્મામાં આનંદ છે એ સિવાય કોઈ ચીજ, રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ કોઈ પરિણામમાં મારું સુખ અને સુખનું કારણ મારા આત્મા સિવાય ક્યાંય નથી. આહાહા..! **'ભલી જાણતો નથી.'**

'**વળી નિશ્ચયથી તો, જ્ઞાતાપણાને લીધે...**' લ્યો, જોયું? '**સમ્યગ્દષ્ટિ વિરાગી ઉદયમાં આવેલા કર્મને માત્ર જાણી જ લે છે,...**' પ્રેમ નથી એ તો ઠીક, કહે છે. બાકી તો જ્ઞાનનો સ્વભાવ જ એ વખતે એવો હોય છે કે એને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. રાગને જાણે એ પણ (વ્યવહાર છે) પણ જ્ઞાનની પર્યાયનો એ વખતનો સ્વભાવ સ્વપરપ્રકાશક પોતે પોતાની સત્તાના સામર્થ્યથી પ્રગટે છે. આહા..! એને એ જાણે છે. આહાહા..! '**જ્ઞાતાપણાને લીધે...**' એમ કે, નિશ્ચયથી તો જ્ઞાતાપણાને લીધે. વ્યવહારથી વાત આમ કરી કે રાગને દુ:ખરૂપ જાણે, જોડાય જાય, સામગ્રીમાં જોડાય પણ ખરેખર જુઓ તો એ વાત એમ છે નહિ. આ..હા..હા...! હવે આવી વાતું સાંભળવા મળે નહિ અને બહારમાં જરી થોથાં ભણે ત્યાં... આહાહા..! આ બાયડી મારી ને આ છોકરા મારા ને પૈસા મારા.. અરે...! ક્યાં બાપા? ક્યાં તું અને ક્યાં એ? ક્યાંય ઊગમણે આથમણે ક્યાંય કોઈ દ્રવ્યથી સાથે મેળ ન મળે. આહાહા..! એ તો અજ્ઞાનીને પણ (એમ છે). હવે અહીં તો કહે, જ્ઞાનીને જરી રાગ આવે એની સાથે મેળ નથી. આહાહા..! અરે...! મારો વીતરાગ સ્વભાવ, એના સ્વાદની મીઠાશ આગળ રાગના ઝેરની મીઠાશ ઝેર જેવી લાગે. આ..હા..હા...! એ કરતાં અહીં તો કહે છે કિ નિશ્ચયથી જો કહીએ તો તે જાણનાર-દેખનાર જ છે. એ વિષય ને રાગ આવે ને પીડા જાણે ને સામગ્રીને ભોગવે ને એ વાત વ્યવહારથી ભલે કરી. આહાહા..!

'**જ્ઞાતાપણાને લીધે સમ્યગ્દષ્ટિ...**' જુઓ! આ ધર્મની દશાની વાત છે, બાપા! આહાહા..! ત્રણલોકનો નાથ જ્યાં જાગીને ઉઠે છે તેના સ્વાદની મીઠાશ આગળ આખી દુનિયા એને ઝેર જેવી લાગે છે. આહા..! ક્યાંય એને રસ આવતો નથી. રસ આવ્યો છે ત્યાંથી નીકળતો નથી. આહાહા..! આવું ધર્મનું સ્વરૂપ હવે. આહાહા..! '**જ્ઞાતાપણાને લીધે સમ્યગ્દષ્ટિ વિરાગી ઉદયમાં આવેલા કર્મને માત્ર જાણી જ લે છે,...**' પહેલું કીધું હતું કે, રાગનો સ્વાદ જરીક દુ:ખરૂપ લાગે, સામગ્રી લ્યે, ઇલાજ કરે, રોગી જેમ રોગનો ઇલાજ કરે (તેમ). એ તો એક સમજાવવાની વાત (કરી). આહાહા..! પણ ખરેખર તો '**તેના પ્રત્યે તેને રાગદ્વેષમોહ નથી.**' જાણી લ્યે છે પછી પ્રશ્ન ક્યાં (છે)? આ..હા..હા...!

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર, એના આનંદની ક્યાંય ગંધ ન મળે, વિષયમાં, પૈસામાં, છોકરામાં, દીકરામાં એની ઉપર નજર જતાં ઝેર આવે. આહાહા..! એ કહે છે કે, અમે એક અપેક્ષાએ સમજાવ્યું, બાકી તો રાગ આવે તેને જાણી લ્યે છે. આહાહા..! જુઓ! આ વસ્તુનું સ્વરૂપ. અરે...! એને જાણ્યા વિના ચોરાશીના નરક અને નિગોદના દુ:ખો સહન કર્યાં, બાપા! સાંભળ્યા જાય નહિ. આહાહા..! અને જ્યાં સુધી મિથ્યાત્વમાં પડ્યો છે... આહાહા..! ભાઈ! એની આ સામગ્રી વિંખાઈ જશે. એવી સામગ્રીમાં જવું પડશે. નિગોદ ને નરકમાં. આહાહા..! માટે ફરી જા. બહારના પ્રેમથી ફરી જા, અંદરના પ્રેમમાં આવી જા. આ..હા..હા...! પલટો મારવાની વાત છે. કરવાનું બધું આ. દૃષ્ટિ જે પર્યાય અને રાગ ઉપર

છે એ અંશ અને વિકૃત ઉપર છે બધી, એ દૃષ્ટિ અંશી આખા નિર્વિકારી પરમાત્મસ્વરૂપ ઉપર દૃષ્ટિ પડતાં એને ચારિત્રમોહનો રાગ આવે એ પણ દુઃખરૂપ અને ઝેર લાગે, કાળો નાગ લાગે. આ..હા..હા...! અહીં તો બે-ચાર છોકરા ઠીક થયા, એમાં બે-બે લાખ, લાખ-લાખની પેદાશવાળા થયા (તો) બસ! મજા માને. મારી નાખ્યો પ્રભુ! તેં તને. તને તેં મારી નાખ્યો. જીવતી જ્યોત આનંદનો સાગર એમાં આનંદ ન માનતાં જેમાં આનંદ નથી તેમાં માન્યો, પ્રભુ! મારી નાખ્યો તેં તો. આ નહિ, આવડો નહિ, એ નહિ, હું નહિ. આહાહા..! આહાહા..! વીતરાગમાર્ગનું સમ્યગ્દર્શન અને એના પંથની રીત કોઈ અલૌકિક છે. આહાહા..!

**'વિરાગી ઉદયમાં આવેલા કર્મને માત્ર...'** ભાષા એમ છે ને? **'માત્ર જાણી જ લે છે. તેના પ્રત્યે તેને રાગદ્વેષમોહ નથી.'** આહાહા..! **'આ રીતે...'** આ પ્રકાર કહ્યો તે પ્રકારથી **'રાગદ્વેષમોહ વિના જ તેના ફળને ભોગવતો હોવાથી...'** આહાહા..! એ પાછી વાત કરી. બહારમાં આમ ભોગવતા દેખાય ને! ભોગવે કોને? પરદ્રવ્યને ભોગવે? આહાહા..! પરદ્રવ્યને તો અજ્ઞાની પણ ભોગવી શકતો નથી. આહાહા..! અજ્ઞાની ભોગવે તો રાગદ્વેષને. પરને તો અડતોય નથી, અડી શક્યો નથી કોઈ દિ'. આહાહા..! તો જ્ઞાનીને કહે છે કે, આ રીતે રાગ વિના તેના ફળને ભોગવતો, દેખાય ખરું ને એટલે (એમ કહ્યું). આહાહા..! **'તેને કર્મ આસ્રવતું નથી,...'** તેને નવા કર્મ આવતા નથી. આહાહા..! અધિકાર નિર્જરાનો છે ને? નવા આવતા તો નથી પણ જૂનાં ખરી જાય છે. આહાહા..!

**'આસ્રવ વિના આગામી બંધ થતો નથી...'** નવા કર્મ આવ્યા વિના નવો બંધ થતો નથી. આવતા નથી ત્યાં વળી બંધ ક્યાંથી થયો? આ..હા..હા...! જ્યાં સ્વસ્વભાવ દરિયો ભર્યો છે આનંદનો, આનંદના જળથી ભરેલો સાગર પ્રભુ, એની આગળ રાગની તુચ્છતા લાગતા રાગનો રસ જ ઊડી ગયો છે, પણ ભોગવે છે એમ વ્યવહારે કહેવાય. તેથી એને નવું કર્મ આવતું નથી. આહા...! **'આસ્રવ વિના આગામી બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ તો પોતાનો રસ દઈને ખરી જ જાય છે...'** આ..હા..હા...!

ઉદય આવે છે પણ ખરી જાય છે. પૂર્વમાં અજ્ઞાનભાવે બાંધેલા કર્મ સત્તામાં પડ્યા છે. આહાહા..! એ આવે છે, આવવા છતાં વર્તમાન ઉપયોગ જેટલો કરે તે પ્રમાણે ભોગવે. જ્ઞાનીનો ઉપયોગ તો તેના પ્રત્યે છે નહિ. આહાહા..! સ્ત્રીનો અર્થ આવે છે ને બાળ, સ્ત્રી ને પુરુષ ને. એમ સત્તામાં પડેલા કર્મ ઉદયમાં આવ્યા, ઉદયમાં આવ્યા પણ પોતાપણે જાણતો નથી. આહાહા..! અને અજ્ઞાની પોતાપણે જાણીને એને વેદે અને અનુભવે છે. આહાહા..! એમાં પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ પૈસા હોય, છોકરા સારા થયા, નોકર સારા કામ કરતા હોય.. આ.હા...! ફૂલ્યાફૂલ્યા દેખે એને કે અમે ફાલ્યાફૂલ્યા. ઝેરમાં! ઝેરમાં ફાલ્યાફૂલ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :– આપને ઇ ઝેર લાગે છે.

ઉત્તર :- આ શું કહે છે? જુઓને! એના શેઠ આવ્યા નહોતા? 'ચીમનભાઈ'ના. 'મુંબઈ.. મુંબઈ'! પચાસ કરોડ રૂપિયા, પચાસ કરોડ! 'કીલાચંદ દેવચંદ'. 'રામદાસ'. એની વહુ આવ્યા હતા, વહુ જૈન... વહુ જૈન દેરાવાસી (હતા) અને આ વૈષ્ણવ. દર્શને આવ્યા, આવે તો ખરા ને! ઘરે લઈ ગયા હતા, પૈસા મૂક્યા હતા. પંદરસો ઘરે મૂક્યા હતા, અહીં હજાર મૂક્યા હતા. પચાસ કરોડ રૂપિયા, 'મુંબઈ', આ 'ચીમનભાઈ'ના શેઠ. આહાહા..! કેટલી મારી દુકાનો ને કેટલા મારા છોકરાઓ રળાઉ ને કેટલો હું ફાલ્યોફૂલ્યો છું! આહાહા..! એમના શેઠ પણ પૈસાવાળા છે. 'જામનગર'ના. એમને સાડા ત્રણ કરોડની પેદાશ છે. ધૂળ.. ધૂળના ઢગલા. મરીને જશે ક્યાંના ક્યાં. આહાહા..! સંયોગી ચીજ વિયોગ લઈ આવે. સંયોગી ચીજ વિયોગ લઈને જ આવે છે. આહાહા..! અરે..રે...! આહાહા..! પ્રભુ તો એમ કહે છે, પ્રભુ! તું તો નિત્યાનંદ પ્રભુ છો ને! આ પર્યાયનો સંયોગ થાય એને અમે સંયોગ કહીએ છીએ, કહે છે. નિર્મળ પર્યાય, હોં! આહાહા..!

ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ આનંદનું દળ, સુખનો સાગર, અમૃતનો મોટો ભંડાર! આહાહા..! જેના ભંડારની ખુમારી આગળ કોઈ પત્તો નહિ એવો અમૃતનો સાગર! આહાહા..! એની પાસે રાગની શી ગણતરી? હેં? આહા..! એને એમ લાગે કે, કેવા પૈસા થયા ને છોકરાઓ રળાઉ ને! ઝેર છે બધા, આહાહા..! ઝેરના પ્યાલા હોંશે કરીને પીવે છે.

મુમુક્ષુ :- છોકરાઓ કર્મી થયા.

ઉત્તર :- કર્મ થયા. આહાહા..! છોકરો જ કોનો છે તે કર્મી ને ધર્મી? આત્માને છોકરો કેવો અને આત્માને બાપ કેવો? આહાહા..! એ તો પરઆત્મા છે, પરશરીર છે, શરીર જડ પરમાણુ છે. આત્મા પર છે, એની પર્યાય પરમાં છે, તારે અને એને છે શું? આહાહા..!

ઇ જ કહે છે, **'રાગદ્વેષમોહ વિના જ તેના ફળને ભોગવતો હોવાથી તેને કર્મ આસ્રવતું નથી, આસ્રવ વિના આગામી બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ તો પોતાનો રસ દઈને ખરી જ જાય છે...'** ખરી 'જ' જાય છે, એમ પાછું. જ! આહાહા..! ચૈતન્યહીરલો જ્યાં હાથ આવ્યો એને આ છોકરા, ઠીકરા, પૈસા ને હીરા, છોકરા ને છોડિયું ને બાયડી ને એ બધા ઠીકરા (લાગે છે). હીરો, આ ચૈતન્યહીરો અંદર પડ્યો છે. આહાહા..! એની કિંમત આગળ બીજા બધાની કિંમત ઊડી ગઈ. આહાહા..! તેથી મારાપણામાં એને મીઠાશ રહી નહિ. આહા..! તેથી કર્મ ખરી જાય છે.

**'કારણ કે ઉદયમાં આવ્યા પછી કર્મની સત્તા રહી શકે જ નહિ.'** ઉદયમાં આવ્યું એ તો ખરી જ જાય. કાં તો એ રાગ-દ્વેષ કરે તો નવું બંધાય, ન કરે તો અમસ્તુ પણ ખરી જાય અને અમસ્તુ પણ ખરી જાય. આહાહા..! **'આ રીતે તેને નવો બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ નિર્જરી ગયું તેથી તેને કેવળ નિર્જરા જ થઈ.'** આહાહા..! **'માટે સમ્યગ્દૃષ્ટિ વિરાગીના ભોગોપભોગને નિર્જરાનું જ નિમિત્ત કહેવામાં આવ્યો છે.'** નિમિત્ત એટલે નિર્જરાનું

કારણ, એમ. કર્મ ખરે છે તેમાં આ નિમિત્ત છે એમ નહિ. ભોગોપભોગ નિર્જરાનું જ કારણ કહેવામાં આવે છે. આહાહા..! એ સંયોગ આવ્યો એ આવ્યો, ફરીને સંયોગ આવવાનો નથી. રાગ પણ આવ્યો એ આવ્યો ફરીને એ રાગ આવવાનો નથી. પાકેલું ફળ જેમ ડીંટીયેથી સડીને ગળી જાય, પડી જાય એમ જ્ઞાનીને કર્મનો પાક આવીને સડીને ગળી જાય છે. આહાહા..! આવી તત્ત્વની વાત છે. નવરાશ પણ ન મળે. સાંભળવાની નવરાશ ન મળે એ રુચે અને શ્રદ્ધે એ તો ક્યાં હતું? આહાહા..! અરે..રે...! ટાઈમ ચાલ્યા જાય છે. મૃત્યુની સમીપે (જાય છે). એક એક સમય જાય છે એ મૃત્યુની સમીપે જાય છે. દેહની (છૂટવાની) સ્થિતિ નક્કી છે કે આ ક્ષેત્રે, આ કાળે, આ સમયે (છૂટશે). આહાહા..!

**'સમ્યગ્દૃષ્ટિ વિરાગીના ભોગોપભોગને નિર્જરાનું નિમિત્ત કહેવામાં આવ્યો છે. પૂર્વ કર્મ ઉદયમાં આવીને તેનું દ્રવ્ય ખરી ગયું...'** આ દ્રવ્યનિર્જરાની વાત છે. દ્રવ્યનિર્જરા એટલે કર્મના રજકણો ઉદય આવ્યા, સત્તામાં હતા ઇ ઉદય આવ્યા, પર્યાય તરીકે એ ખરી ગયા.

મુમુક્ષુ :- મિથ્યાત્વ અને અનંતાનુબંધીનું કર્મ ખરી ગય?

ઉત્તર :- બધા અહીં તો ખરી ગયા, અહીં તો કહે છે. આનંદના સ્વાદ આગળ (બધા ખરી ગયા). જરી ચારિત્રમોહનો રાગ આવ્યો, કીધું ને! પણ એ પણ એનો રસ નથી એટલે ઊડી ગયો. એનો પણ ખરેખર બંધ નથી. થોડો રસ ને સ્થિતિ, બંધ પડે એની ગણતરી નથી. આહાહા..! સર્વથા પાછો બંધ નથી એમ નથી. અહીં તો અત્યારે સમ્યગ્દર્શન, એના જ્ઞાન અને આનંદના સ્વાદ આગળ આખી દુનિયાનો સ્વાદ ઊડી ગયો છે. ચક્રવર્તીના રાજ પણ જેને સડેલાં તરણા લાગે, ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ સડેલાં મીંદડાં, મરી ગયેલા મીંદડા સડેલાં હોય એમ લાગે. આહાહા..! અજ્ઞાનીને તો પાંચ-પચીસ લાખની સામગ્રી મળી ત્યાં તો... આહાહા..! હમણાં અમે ચડતી ડગરીએ છીએ, અમારું બધું ચડતું છે. આહાહા..! ચડતું છે કે પડતું છે તને ખબર નથી. આહાહા..! દુનિયાથી જુદી વાત છે, બાપુ! આહાહા..! ભગવાન વીતરાગનો માર્ગ અને દુનિયાની રીત ને પદ્ધતિ આખી ઉગમણે-આથમણે ફેર છે. આહા..!

**'હવે ભાવનિર્જરાનું સ્વરૂપ કહે છે :–'** એ દ્રવ્યનિર્જરાનું કહ્યું. હવે ભાવનિર્જરા એટલે? અશુદ્ધતા થોડી થાય જરી પણ એ તરત ખરી જાય, એમ કહે છે. જેમ ઓલી સામગ્રી આવે પણ એ ચાલી જાય છે. એની સાથે સંબંધ છે નહિ. અને ભાવનિર્જરા એટલે ધર્મીને પણ જરી રાગનું વેદન આવે પણ એ વેદન ખરી જાય છે. આહાહા..! આવી વાતું. આ તો બહારમાં સલવાઈ ગયા. આ ક્રિયાકાંડ ભક્તિ કરી ને પૂજા કરી ને દેરાસર બનાવ્યા ને મૂર્તિઓ સ્થાપી ને, ઓહો..! જાણે અમે શું કર્યું! પાંચ-દસ લાખ ખર્ચ્યા હોય એમાં જાણે આહાહા..! ધૂળેય કર્યું નથી. કર્યું નથી એમ નહિ, કર્યું છે, ભ્રમણા (કરી છે). મિથ્યાત્વને સેવે છે. આહાહા..! બપોરે તો ત્રણ દિ'થી ચાલે છે ને? કર્મની વાત. આહાહા..!

## ગાથા-૧૯૪

अथ भावनिर्जरास्वरूपमावेदयति-

दव्वे उवभुंजुंते णियमा जायदि सुहं व दुक्खं वा।
तं सुहदुक्खमुदिण्णं वेददि अध णिज्जरं जादि।।१९४।।
द्रव्ये उपभुज्यमाने नियमाज्जायते सुखं वा दुःखं वा।
तत्सुखदुःखमुदीर्णं वेदयते अथ निर्जरां याति।।१९४।।

उपभुज्यमाने सति हि परद्रव्ये, तन्निमित्तः सातासातविकल्पानतिक्रमणेन वेदनायाः सुखरुपो वा दुःखरूपो वा नियमादेव जीवस्य भाव उदेति। स तु यदा वेद्यते तदा मिथ्यादृष्टेः रागादिभावानां सद्भावेन बन्धनिमित्तं भूत्वा निर्जीर्यमाणोऽप्यनिर्जीर्णः सन् बन्ध एव स्यात्; सम्यग्दृष्टेस्तु रागादिभावानामभावेन बन्धनिमित्तमभूत्वा केवलमेव निर्जीर्यमाणो निर्जीर्णः सन्निर्जरैव स्यात्।

---

હવે ભાવનિર્જરાનું સ્વરૂપ કહે છે :-

વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય સુખ વા દુખ થાય છે,
એ ઉદિત સુખદુખ ભોગવે પછી નિર્જરા થઈ જાય છે. ૧૯૪.

ગાથાર્થ :- [ द्रव्ये उपभुज्यमाने ] વસ્તુ ભોગવવામાં આવતાં, [ सुखं वा दुःखं वा ] સુખ અથવા દુઃખ [ नियमात् ] નિયમથી [ जायते ] ઉત્પન્ન થાય છે; [ उदीर्णं ] ઉદય થયેલા અર્થાત્ ઉત્પન્ન થયેલા [ तत् सुखदुःखम् ] તે સુખદુઃખને [ वेदयते ] વેદે છે-અનુભવે છે, [ अथ ] પછી [ निर्जरां याति ] તે (સુખદુઃખરૂપ ભાવ) નિર્જરી જાય છે.

ટીકા :- પરદ્રવ્ય ભોગવવામાં આવતાં, તેના નિમિત્તે સુખરૂપ અથવા દુઃખરૂપ જીવનો ભાવ નિયમથી જ ઉદય થાય છે અર્થાત્ ઉત્પન્ન થાય છે, કારણ કે વેદન શાતા અને અશાતા-એ બે પ્રકારોને અતિક્રમતું નથી (અર્થાત્ વેદન બે પ્રકારનું જ છે-શાતારૂપ અને અશાતારૂપ.) જ્યારે તે (સુખરૂપ અથવા દુઃખરૂપ) ભાવ વેદાય છે ત્યારે મિથ્યાદૃષ્ટિને, રાગાદિભાવોના સદ્ભાવથી બંધનું નિમિત્ત થઈને (તે ભાવ) નિર્જરતાં છતાં (ખરેખર) નહિ નિર્જર્યો થકો, બંધ જ થાય છે; પરંતુ સમ્યગ્દૃષ્ટિને, રાગાદિભાવોના અભાવથી બંધનું નિમિત્ત થયા વિના કેવળ જ નિર્જરતો હોવાથી (ખરેખર) નિર્જર્યો થકો, નિર્જરા જ થાય છે.

**ભાવાર્થ :- પરદ્રવ્ય ભોગવતાં, કર્મના ઉદયના નિમિત્તે જીવને સુખરૂપ અથવા દુઃખરૂપ ભાવ નિયમથી ઉત્પન્ન થાય છે. મિથ્યાદષ્ટિને રાગાદિકને લીધે તે ભાવ આગામી બંધ કરીને નિર્જરે છે તેથી તેને નિર્જર્યો કહી શકાતો નથી; માટે મિથ્યાદષ્ટિને પરદ્રવ્ય ભોગવતાં બંધ જ થાય છે. સમ્યગ્દષ્ટિને રાગાદિક નહિ હોવાથી આગામી બંધ કર્યા વિના જ તે ભાવ નિર્જરી જાય છે તેથી તેને નિર્જર્યો કહી શકાય છે; માટે સમ્યગ્દષ્ટિને પરદ્રવ્ય ભોગવતાં નિર્જરા જ થાય છે. આ રીતે સમ્યગ્દષ્ટિને ભાવનિર્જરા થાય છે.**

---

## ગાથા-૧૯૪ ઉપર પ્રવચન

---

૧૯૪.

**दव्वे उवभुंजुंते णियमा जायदि सुहं व दुक्खं वा।**
**तं सुहदुक्खमुदिण्णं वेददि अध णिज्जरं जादि।।१९४।।**
**વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય સુખ વા દુખ થાય છે,**
**એ ઉદિત સુખદુખ ભોગવે પછી નિર્જરા થઈ જાય છે. ૧૯૪.**

**ટીકા :– 'પરદ્રવ્ય ભોગવવામાં આવતાં,...'** પરદ્રવ્ય ભોગવવામાં આવતાં. પરદ્રવ્ય ભોગવી શકાતા નથી. છતાં લોકોની નજરું છે એ નજરથી વાત કરે છે. આહાહા..! લોકોની નજર એમ છે કે, આ ખાય. લ્યો! આ ખાય છે ને? આપણે આ લાડવા ખાય, આ પત્તરવેલિયા ખાય છે. ચૂરમાના લાડવાના બટકા ભરે છે ને પત્તરવેલિયા ખાય છે, આ કેરીનો રસ પીવે છે, પૂરી ને રસ ખાય છે. અજ્ઞાની દુનિયા એ રીતે માને ને! એ દૃષ્ટિથી વાત કરી છે. લોકો જોવે એ અપેક્ષાએ. આહાહા..!

**'પરદ્રવ્ય ભોગવવામાં આવતાં, તેના નિમિત્તે સુખરૂપ અથવા દુઃખરૂપ જીવનો ભાવ નિયમથી જ ઉદય થાય છે...'** ઓ..હો..હો...! શું કહે છે? ધર્મીને પણ જરી રાગ અને દ્વેષનું વેદન આવી જાય છે. એ આવે છે એવું ખરી જાય છે. આવે, એક સમય થયું (ત્યાં) ખરી જાય છે પણ પહેલાંમાં એ જડનિર્જરાની વાત હતી, આ ભાવનિર્જરાની વાત છે. આહાહા..! હવે અહીં બધે જવું ને અહીં પહોંચવું. બાયડી, છોકરાને સાચવવા, ધંધો કરવો કે આ કરવું? આહાહા..! ઇ તો કરી રહ્યો છે, ભાઈ! અનાદિકાળથી ઝેરના પ્યાલા પીધા છે. આહાહા..! અરે... ભાઈ! આવો અવસર ક્યારે મળે? ભાઈ! એમાં વીતરાગનું સાચું તત્ત્વ, પરમસત્ય કાને પડે. આહાહા..! તું આ છો, તું રાગ નહિ, તું શરીર નહિ, તું કર્મ નહિ, તું અલ્પજ્ઞ નહિ. આહાહા..!

પ્રભુ! તું પૂરો છો. આહાહા..! શું આવ્યું નહિ ઓલું? 'પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા' આવ્યું નહોતું? પંડિતજીએ ગાયું. 'પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા, પર કી આશ કહાં કરે પ્રીતમ' વ્હાલા પ્રભુ! તું પરનો પ્રેમ ક્યાં કરે છો? કેમકે કઈ વાતે અધૂરા? પ્રીતમનો પ્રશ્ન કર્યો હતો ને? 'પુનમચંદે'. વ્હાલા, વ્હાલા. આહાહા..! 'પર કી આશ કહાં કરે પ્રીતમ? તુમ કહાં અધૂરા?' કઈ વાતે પ્રભુ! તું અધૂરો છો? આહાહા..! એમાં વળી શરીર કાંઈક રૂપાળા મળે, આ પૈસા કાંઈક પાંચ-પચીસ લાખ થાય, છોકરા સારા થાય, સારા એટલે આ કર્મી, છોકરાની વહુ કાંઈક સારી આવે... થઈ રહ્યું, મરી ગયા. મરીને નિગોદમાં જાય, નરકે જાય. અર..ર..ર...! પ્રભુ! તારી પીડા તેં સાંભળી નથી, પ્રભુ! આહા..! અને તારો આનંદ પણ તેં સાંભળ્યો નથી. તારામાં આનંદ ભર્યો છે. આહાહા..! ઠસોઠસ સુખના સાગરના પાણીથી ભરેલો ઠસોઠસ છો. આહા..! તારા આનંદને માટે અપૂર્ણતા, વિપરીતતા તો નથી પણ અપૂર્ણતા નથી, પ્રભુ! આહાહા..! કઈ વાતે અધૂરો? શું પુરુષાર્થથી અધૂરો છો? પુરુષાર્થથી પૂરો છો. જ્ઞાનથી અધૂરો છો? આહાહા..! આનંદથી અધૂરો છો? શાંતિથી અધૂરો છો? સ્વચ્છતાથી અધૂરો છો? પ્રભુતાથી અધૂરો છો? આહાહા..! કઈ વાતે અધૂરા? પ્રભુ! તુમ સબ વાતે પૂરો. આહાહા..! એ રીતે જ્ઞાનીને જ્યાં જરી રાગ આવે. છે? ત્યાં સુખ-દુઃખ થાય.

**'નિયમથી જ ઉદય થાય...'** જરી સુખ-દુઃખનું વેદન આવે. આહાહા..! **'કારણ કે વેદન શાતા અને અશાતા–એ બે પ્રકારોને અતિક્રમતું નથી...'** અંદરમાં એ શાતા (એટલે) સુખની કલ્પના, દુઃખ શાતા-અશાતા તો સંયોગ આપે છે પણ સંયોગમાં અહીં સુખ-દુઃખની કલ્પના લેવી. આહાહા..! શાતા-અશાતા કંઈ સુખદુઃખ ઊપજાવતી નથી. ઇ તો સંયોગ છે. સંયોગમાં એનું લક્ષ જાય છે એટલે જરીક શાતા-અશાતા, સુખ-દુઃખની કલ્પના જ્ઞાનીને પણ થાય છે. થાય છે છતાં એ થઈ ભેગી ખરી જાય છે. આહા..! ભાવનિર્જરા થઈ જાય છે. આહા..! છે? **'કારણ કે વેદન શાતા અને અશાતા–એ બે પ્રકારોને અતિક્રમતું નથી (અર્થાત્ વેદન બે પ્રકારનું જ છે–શાતારૂપ અને અશાતારૂપ)...'** આહાહા..! હવે એ ક્યારે વેદન થાય, એ (વિશેષ કહેશે) (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

---

## પ્રવચન નં. ૨૭૧ ગાથા–૧૯૪, શ્લોક–૧૩૪ બુધવાર, અષાઢ વદ ૨, તા. ૧૧-૦૭-૧૯૭૯

---

'સમયસાર' ૧૯૪ ગાથા છે ને? એની ટીકા. **'પરદ્રવ્ય ભોગવવામાં આવતાં,...'** એક બાજુ એમ કહે કે પરદ્રવ્યને તો અડી શકાય નહિ, ભોગવાય નહિ અને અહીંયાં એમ કહે, પરદ્રવ્યને (ભોગવવામાં આવતાં). કારણ કે પહેલી ગાથામાં આવ્યું હતું (કે), ઇન્દ્રિયથી

સચેત, અચેત દ્રવ્યોને ભોગવતાં જ્ઞાનીને દ્રવ્યકર્મની જડની નિર્જરા થાય છે, જડ દ્રવ્યની (નિર્જરા), આ ભાવની (નિર્જરા કહે છે). એ નિમિત્તથી કથન (છે). લોકો ભાળે એ અપેક્ષાએ. **'उवभोगमिंदियेहिं'** સચેત, અચેતનો ભોગ એમ કીધું. અહીં એમ કહ્યું. આમ એક બાજુ કહે કે, એક દ્રવ્ય બીજા દ્રવ્ય વચ્ચે અત્યંત અભાવ (છે). એની પર્યાય અને પર્યાય વચ્ચે પણ અત્યંત અભાવ (છે). કોઈની પર્યાય કોઈને અડે નહિ. એ તો ત્રીજી ગાથામાં આવી ગયું, ત્રીજી ગાથા. દરેક દ્રવ્ય પોતાના ગુણો અને પર્યાયના, પોતાના ધર્મ, તેને ચૂંબે, તેને સ્પર્શે, અડે પણ અન્ય દ્રવ્યના કોઈપણ પર્યાય, ગુણને બીજું દ્રવ્ય ચૂંબે નહિ, અડે નહિ, સ્પર્શે નહિ. અહીંયાં નિમિત્તથી કથન છે. લોકો જોવે છે ને એ અપેક્ષાએ.

**'પરદ્રવ્ય ભોગવવામાં આવતાં,...'** એટલે કે પરદ્રવ્ય તરફ જરી લક્ષ જતાં **'તેના નિમિત્તે સુખરૂપ અથવા દુઃખરૂપ જીવનો ભાવ...'** સમ્યગ્દષ્ટિને પણ, ધર્મીને પણ ચૈતન્યગોળો ભિન્ન છે, રાગથી પણ ભિન્ન છે એવું ભાન હોવા છતાં ભાવરૂપી જરી વેદન નિયમથી થાય છે. આહાહા..! કર્મના ઉદય તરફના જરી વલણમાં સહેજ સુખ, દુઃખની કલ્પના, આસક્તિની અસ્થિરતાની થાય છે, નિયમથી થાય છે એમ કહે છે. આહાહા...! **'ઉત્પન્ન થાય છે, કારણ કે વેદન શાતા અને અશાતા–એ બે પ્રકારને અતિક્રમતું નથી...'** સુખ કાં દુઃખની કલ્પના બેમાંથી એક કલ્પના તો હોય છે, કહે છે. જ્ઞાનીને પણ. આ..હા...! **'(અર્થાત્ વેદન બે પ્રકારનું જ છે – શાતારૂપ અને અશાતારૂપ).'** શાતા-અશાતા છે એ તો સંયોગનું નિમિત્ત છે. કંઈ સુખ, દુઃખની કલ્પનામાં એ નથી. એટલે એમાં મોહ નિમિત્ત છે. પણ અહીંયાં શાતા, અશાતા તરફનું લક્ષ છે એથી શાતા, અશાતાથી સુખ-દુઃખ વેદાય છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું? નહિતર શાતા, અશાતાનો ઉદય તો સંયોગ (છે), બસ ! સંયોગી ઉપાદાન સ્વતંત્ર છે પણ એમાં નિમિત્ત શાતા, અશાતાનું છે પણ ભોગવવામાં તો સુખ-દુઃખની કલ્પના એ કંઈ શાતા, અશાતાથી નથી. પણ તેના તરફ લક્ષ જાય છે એટલે એ જાતનું સુખ, દુઃખ–શાતા, અશાતાથી થયું એમ કહેવામાં આવે છે. આહાહા..!

એ આવી ગયું ને? આપણે બપોરે આવી ગયું. કાલે નહિ? પર્યાયદૃષ્ટિને બંધ કરીને પર્યાયને (જોવાનું) સર્વથા બંધ કરીને પરને જોવાની વાત તો નહિ પણ પોતામાં જે પાંચ પર્યાય થાય – નારકી, મનુષ્ય, દેવ, તિર્યંચ અને સિદ્ધ, એ પાંચ પર્યાયને પણ જોવાની આંખ્યું બંધ કરીને. બંધ કરીને એટલે? 'ઉઘડેલા દ્રવ્યાર્થિકનય વડે' એમ ભાષા છે. પાછુ જોવાનું તો રહે છે ને? જોવાનું તો પાછુ પર્યાય રહે છે. શું કીધું સમજાણું? પર્યાયને, બધી પર્યાયને જોવાનું બંધ કરી દઈ અને ઉઘડેલું જ્ઞાન એટલે કે જ્યારે પર્યાય તરફનું વલણ ગયું ત્યારે તેને દ્રવ્ય તરફનું ઉઘડેલું જ્ઞાન ઉઘડ્યું. કારણ કે જોવું છે તો જ્ઞાનથી ને? કંઈ દ્રવ્ય, દ્રવ્યથી જોવું છે, એમ તો છે નહિ. એથી ઉઘડેલા જ્ઞાન વડે. છે તો એ પર્યાય પણ પર્યાયની દૃષ્ટિ બંધ કરતાં એને સ્વદ્રવ્યને જોવાનું જ્ઞાન ખીલે અને ઉઘડે. આહાહા..! એ ઉઘડેલા જ્ઞાન

વડે જોતાં પાંચે પર્યાયો જોવામાં આવતી નથી. એક જીવ જ, બધું દ્રવ્ય જ દેખાય છે.

અહીંયાં કહે છે કે, જ્ઞાનીને એવું દેખાય છે છતાં જરી શાતા, અશાતાના સંયોગના કાળમાં એનું લક્ષ જરી ત્યાં જાય છે એટલે જરી સુખ-દુઃખની કલ્પના – વેદન જરી થાય છે, નિયમથી થાય છે એમ કહ્યું. બિલકુલ થતું નથી, એમ નહિ. આહાહા..! જેમ પરદ્રવ્યને તો બિલકુલ અડતું નથી એમ આ સુખ-દુઃખની કલ્પના જ્ઞાનીને પર્યાયમાં બિલકુલ થતી જ નથી, એમ નહિ. પણ તે થાય છે તે.. આહા..! વેદાય છે. છે?

**'ત્યારે મિથ્યાદૃષ્ટિને,...'** રાગ ઉપર પ્રેમ હોવાથી ભગવાન અંદર આનંદનો ગોળો છૂટો છે તેનો તેને પ્રેમનો અભાવ હોવાથી. આહાહા..! **'રાગાદિભાવોના સદ્‌ભાવથી...'** અજ્ઞાનીને તો રાગ થયા વિના રહે જ નહિ, કહે છે. સુખ-દુઃખની જે કલ્પના થઈ તેમાં પ્રેમ થયા વિના રહે જ નહિ. આહાહા..! કલ્પના તો બેયને થઈ, 'ચંદુભાઈ' ! બેયને થઈ છે. પણ મિથ્યાદૃષ્ટિ એટલે દ્રવ્ય સ્વભાવને નહિ જોનાર, પર્યાયને જ ભાળનાર, તેને રાગદ્વેષને કારણે તે પર્યાયમાં સુખદુઃખનું વેદન જે થયું તેના બંધનું નિમિત્ત થાય છે. એને રાગદ્વેષને કારણે બંધનું નિમિત્ત થાય છે, એ ચીજ નહિ. વેદનમાં આવ્યું એમાં રાગ-દ્વેષને કારણે એ બંધ(નું નિમિત્ત થયું). કારણ કે એ ચીજ જો બંધનું કારણ થાય તો સમકિતીને પણ થવું જોઈએ. સમજાણું કાંઈ? 'સુમનભાઈ' આવું ઝીણું છે. સ્વરૂપનું જ્યાં, શુદ્ધ ચૈતન્ય પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એ દૃષ્ટિમાં આવ્યો નથી, છતી જયવંત ચીજ, છતી જયવંત ચીજ દૃષ્ટિમાં આવી નથી અને અછતા રાગાદિ ભાવ, એ દૃષ્ટિમાં આવતા રાગદ્વેષને કારણે બંધનું કારણ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'રાગાદિભાવોના સદ્‌ભાવથી બંધનું નિમિત્ત થઈને...'** નિમિત્ત એટલે કારણ. **'(તે ભાવ) નિર્જરતાં છતાં...'** એટલે? કે, જે કંઈ સુખ-દુઃખની કલ્પના થઈ એ તો નાશ થશે જ. અજ્ઞાનીને પણ નાશ થશે અને જ્ઞાનીને પણ નાશ થશે. આહા..! કારણ કે ક્ષણિક એક સમયની પર્યાય છે એટલે નાશ તો થશે જ. જડને નહિ, હોં ! વેદનની પર્યાયનો. આહા..! બંધનું કારણ થઈ નિર્જરવા છતાં. એટલે કે એ રાગ(નું) જરી વેદન આવ્યું એ ખરી ગયું, ખરી ગયું છતાં **'નહિ નિર્જર્યો થકો,...'** કેમકે ત્યાં રાગનો પ્રેમ છે, એણે ભગવાનને ભાળ્યા નથી. એટલે રાગનો પ્રેમ છૂટતો નથી. એ રાગના પ્રેમને લઈને એ વેદન છે એ ખરી ગયું છતાં તેને નિર્જર્યું એમ ન કહેવાય, તેને બંધન થયું, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'(ખરેખર) નહિ નિર્જર્યો થકો,...'** આહાહા..! નિર્જરવા છતાં નહિ નિર્જર્યો થકો. આહાહા..! એ પર્યાયમાં આવે એ પર્યાય તો નાશ થશે જ. જેમ જડનો ઉદય આવે અને ખરી જશે એમ આ પણ ક્ષણિક વેદન આવીને ખરી જશે. છતાં રાગની એકતાબુદ્ધિને લઈને નિર્જર્યો છતાં તેને નિર્જર્યો કહેવામાં આવતો નથી. આહાહા..! આવી વાતું. **'નિર્જરતાં છતાં (ખરેખર નહિ નિર્જર્યો થકો,...'** આહાહા..! **'બંધ જ થાય છે;...'** 'જ' છે. અજ્ઞાનીને એ

પર્યાયમાં જરી વેદન આવ્યું એ તો ખરી જ જાય છે. એ વિકૃત અવસ્થા એક સમયની કંઈ બીજે સમયે રહેતી નથી. ખરી જવા છતાં અજ્ઞાનીને તે નિર્જર્યો નથી. કેમકે તેના પ્રત્યે રાગ હતો તે બંધનું કારણ થઈને ખર્યું છે. આહાહા..! આવી ઝીણી વાતું હવે. આજે બપોરનો દિવસ છે ને? સાંભળ્યું છે ને? ૨:૧૯ (મિનિટે) પડવાનું છે, કહે છે. લોકો ચારે કોર ગભરાય ગયા. ક્યાં પડશે.. ક્યાં પડશે?

અહીં તો કહે છે કે, જે સમયે, જે ક્ષેત્રે અને તે કાળે અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં રાગ ઉપર છે એથી વેદનમાં સુખદુઃખ આવતાં છતાં ઓલા રાગને લઈને નિર્જર્યો, એ વેદન હતું એ ખરી ગયું છતાં તેને નિર્જર્યો કહેવાતો નથી. આહા..! કેમકે નવું બંધન કરીને ખર્યું છે. આહાહા..! આવી વાત છે. આજે બે વાગે છે. સમાચાર તો આવશે. એ લોકો પાંચ, દસ મિનિટે કેટલું છેટે છે ને શું છે? જોતા તો હશે. આહા..! એને જોતા હશે ઇ, પણ મારો નાથ ભગવાન અંદર ચૈતન્યગોળો પડ્યો છે (એને) સાંભળ્યો નથી. આહાહા..! છતી જયવંત ચીજ તો એ છે. બપોરે તો કહ્યું હતું ને? આવશે બપોરે.

પર્યાયચક્ષુને બંધ કરીને. પરને જોવાની વાત જ નહિ. આહા..! પરને જોવાનું બંધ કરીને એ તો પ્રશ્ન જ નહિ. આહાહા..! 'પ્રવચનસાર' ૧૧૪ ગાથા. પર્યાયને જોવાનું બંધ કરીને. નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ ને સિદ્ધ. સિદ્ધપર્યાયને જોવાનું પણ બંધ કરી દઈને. આહાહા..! ઉઘડેલા જ્ઞાનથી. કારણે પાછુ જોવું છે તો પર્યાયથી અને પર્યાયની આંખ તો બંધ કરી દીધી, એમ કીધું. એ પર્યાયને જોવાની આંખ બંધ કરી પણ પોતાને જોવાની આંખ ખુલી ગઈ. આહાહા..! ઇ શબ્દ છે ને? કાલે ઘણું કહ્યું હતું. ઉઘડેલા દ્રવ્યને જોનારા ઉઘડેલા જ્ઞાન વડે. આહાહા..! પર્યાયને જોનારી આંખ્યું બંધ (કરી). પરને જોવાની વાતેય ન કરી, અરે..રે...! આહાહા..! કે, આના આવા શરીર છે ને આનું આવું છે ને આનું આવું આવું છે. આહા..! પોતાને બે પ્રકારે જોવામાં જે હતું એમાં એક પ્રકારનું જોવાનું પર્યાયનું બંધ કરી દઈ... આહાહા..! પર્યાયચક્ષુને બંધ કરી દઈ, ઉઘડેલા દ્રવ્યના જ્ઞાનથી, દ્રવ્યાર્થિકનયથી જોવું છે એ જ્ઞાન ઉઘડ્યું છે. અહીં બંધ થયું છે. આહાહા..! આ સિદ્ધાંત તો, જુઓ ! આહા..!

અંતરમાં જોતાં.. છે તો જોવાની પર્યાય, પણ પર્યાય પર્યાયને જોવે એ બંધ કરીને પર્યાય દ્રવ્યને જોવે છે. આહાહા..! એથી એને બધું જીવ ભાસે છે. પાંચ પર્યાયો નહિ, સિદ્ધ પર્યાય નહિ. આહાહા..! ત્યાં તેને બધું જીવ ભાસે છે. એમ અહીંયાં જીવને નહિ ભાસનારો પર્યાયદૃષ્ટિમાં રહેલો... આહાહા..! એને સુખદુઃખનું, શાતાઅશાતાનું વેદન ઓળંગતુ નથી, એટલે કે થયા વિના રહેતું નથી. છતાં તે નિર્જરવા છતાં, થયા વિના રહેતું નથી એમ નિર્જર્યા વિના રહેતું નથી. આહાહા..! તે સમય છે એ આવીને ખરી જાય છે. છતાં એની દૃષ્ટિમાં પ્રેમ, રાગની પર્યાયબુદ્ધિ પડી છે. આહા..! એ રાગની બુદ્ધિને કારણે વેદનમાં આવ્યું,

ખરી ગયું છતાં તે અજ્ઞાનીને ખરી નથી ગયું. આહાહા..! આવી વાતું છે. એને નિર્જરવા છતાં, એમ શબ્દ છે ને? કારણ કે એ તો પર્યાય ગમે તેને હોય તો એક સમય આવીને નાશ જ થઈ જાય. ચાહે તો અભવી હોય કે ભવી હોય, ગમે તે હો. આહા..! પર્યાય એક સમયની વિકૃત આવી એ બીજે સમયે ક્યાંથી રહે? આહાહા..! શું શૈલી ! સંતોની શૈલી... આહાહા..!

એ નિર્જર્યો છતાં ખરેખર (નહિ) **'નિર્જર્યો થકો, બંધ જ થાય છે;...'** કેમ? રાગાદિ ભાવોના સદ્ભાવને કારણે. આહા..! એને ભગવાનઆત્માનો પ્રેમ નથી. અનાકુળ આનંદનો સુખસાગરનું પાણી – જળ, સુખના સાગરનું જળ ભરેલો પ્રભુ ! આહાહા..! તેની નજરું નહિ હોવાથી વેદનમાં રાગ અને દ્વેષ કર્યા વિના રહેતો નથી. તેથી તે વેદન ખરી જવા છતાં નવો બંધ કરીને જાય છે માટે કહે છે કે, તે ખર્યો નથી. આહાહા..! આહાહા..! આવો માર્ગ છે.

**'પરંતુ...'** હવે સમ્યગ્દૃષ્ટિ લ્યે છે. વેદન તો બેયને છે, કહે (છે). આહા..! પર્યાયમાં શાતા, અશાતાનું નિમિત્ત છે પણ એ તરફ લક્ષ ગયું એટલે શાતા-અશાતા કીધી. નહિ તો શાતા-અશાતા કંઈ સુખદુઃખ (આપે)? શાતાઅશાતા તો સંયોગમાં નિમિત્ત છે પણ સ્વભાવિક દૃષ્ટિ નથી તેથી સંયોગ ઉપર એનું લક્ષ જાય છે. તેથી શાતા-અશાતા વેદનીયથી સુખ-દુઃખ થયું એમ કહીને એ સુખ-દુઃખને નિર્જર્યા છતાં અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં છે એથી નવો બંધ કરીને જાય છે એટલે નિર્જર્યો નથી. જ્ઞાનીને... આહાહા..! પર્યાયમાં સુખ-દુઃખની આસક્તિની અપેક્ષાએ, હજી વીતરાગતા થઈ નથી... આહાહા..! એથી કહે છે, પર્યાયમાં આવે એટલું અસ્તિત્વ સિદ્ધ કર્યું. આહાહા..! છતાં તે પર્યાયમાં એવું આવવા છતાં **'સમ્યગ્દૃષ્ટિને રાગાદિભાવોના અભાવથી...'** એને એ સુખદુઃખ પ્રત્યેનો પ્રેમ નથી. આનંદનો પ્રેમ છે અને આનંદની રુચિમાં એ વેદન ઉપરની બુદ્ધિ જ ઉઠી ગઈ છે. પરમાં સુખબુદ્ધિ છે એ બુદ્ધિ નાશ થઈ ગઈ છે અને સ્વમાં સુખ છે તે બુદ્ધિ ઉત્પન્ન થઈ છે. આહા..! આટલી બધી શરતું છે. તેથી **'સમ્યગ્દૃષ્ટિને, રાગાદિભાવોના અભાવથી...'** એને રાગ છે જ નહિ. વેદન થયું છે પણ એના પ્રત્યે રાગ જ છે નહિ. આહાહા..!

દૃષ્ટિમાં ભગવાન વર્તે છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ, જયવંત ચીજ. જયવંત ચીજ ત્રણે કાળે જયવંત વર્તે છે. આહાહા..! એનો તો ત્રણે કાળે જય જ છે, કહે છે. આહાહા..! દૃષ્ટિ કરે એને. આહાહા..! **'સમ્યગ્દૃષ્ટિને, રાગાદિભાવોના અભાવથી...'** તેનું વેદન આવવા છતાં તેના પ્રત્યેનો આદર નથી. આહાહા..! આદર તો અહીં ભગવાન ઉપર છે. સ્વીકાર નથી. આહાહા..! પ્રભુને જેણે સ્વીકાર્યો છે એને સુખ-દુઃખના વેદનનો સ્વીકાર જ નથી, કહે છે. આહાહા..! એથી એને **'રાગાદિભાવોના અભાવથી બંધનું નિમિત્ત થયા વિના...'** નવો બંધ થયા વિના **'કેવળ જ નિર્જરતો હોવાથી...'** 'કેવળ' અને 'જ' છે. એમ કે થોડુંક પણ

બંધન થાય ઇ આમાં નથી લીધું. બીજે ઠેકાણે લ્યે. જ્ઞાનીને જેટલે અંશે નબળાઈ છે તેટલે અંશે હજી બંધ છે. જઘન્ય જ્ઞાનપણે પરિણમન છે, દૃષ્ટિમાં જઘન્યપણું નથી. દૃષ્ટિમાં તો પૂર્ણાનંદનો નાથ આવે છે પણ પરિણમનમાં જઘન્યતા છે, ઓછપ છે એટલું એને બંધનું કારણ થાય છે. આહાહા..! આસ્રવમાં આવ્યું ને? આસ્રવ (અધિકારની) ૧૭૧ ગાથા. જઘન્ય પરિણમન છે. આહાહા..! અહીં એ વાત નથી લેવી.

અહીં તો **'બંધનું નિમિત્ત થયા વિના કેવળ જ...'** શબ્દ છે. છે? છે, જુઓ સંસ્કૃત. **'सन्निर्जरैव स्यात्'** સંસ્કૃત(માં) છેલ્લો શબ્દ છે. 'અમૃતચંદ્રાચાર્ય'. ઓલામાં એમ છે – **'अनिर्जरणव' 'सन् बन्ध एव स्यात्' 'एव'** – 'જ' છે. અહીં પણ કહે છે કે, **'सन्निर्जरैव स्यात्'**. નિર્જરા જ છે, નિર્જરા જ છે. આહાહા..! સંસ્કૃતનો છેલ્લો શબ્દ છે. આહાહા..! આ ભગવાનની વાણી છે. સંતો સાક્ષીથી જગતને જાહેર કરે છે. આહાહા..! દિગંબર મુનિઓ... આહાહા..! આ કહેવા ટાણે એનો ભાવ કેવો છે ! આહા..! છે ભલે વિકલ્પ. ટીકા તો એની ક્રિયા છે જ નહિ. આહા..! કહે છે કે, વિકલ્પ પ્રત્યે પણ જેને પ્રેમ ઉડી ગયો છે. આહાહા..! રાગનો રાગ નથી, અરાગી એવા ભગવાનનો પ્રેમ છે. આહાહા..! એથી (કહે છે કે), **'કેવળ જ નિર્જરતો હોવાથી...'** આહાહા..! કેવળ જ નિર્જરા હોવાથી **'(ખરેખર) નિર્જર્યો થકો, નિર્જરા જ થાય છે.'** જોયું? **'નિર્જરા જ થાય છે.'** આહાહા..!

ઓલામાં પણ એ છે. **'निमित्तमभूत्वा केवलमेव निर्जीर्यमाणो निर्जीर्णः सन्निर्जरैव स्यात्।'** બેયમાં **'एव'** શબ્દ છે. આ સંસ્કૃત ટીકા. આવો ઉપદેશ. ઓલું તો એ શસ્ત્ર પડે એ ક્યારે પડશે એ તો સમયનું હશે. આ તો કહે છે કે, જ્યાં અંદરમાં ઘા પડ્યો... આહાહા..! રાગને દેખવાની આંખ્યું જ્યાં જોવાની બંધ કરી દીધી. આહાહા..! અને ઉઘડેલા જ્ઞાન વડે દ્રવ્યને જોયું. આહાહા..! છે તો એ ઉઘડેલું જ્ઞાન પણ પર્યાય, પણ પર્યાયને જોવાની આંખ બંધ કરીને, પર્યાય વડે દ્રવ્યને જોયું. આહાહા..! તેને તો એકલી નિર્જરા જ છે, કહે છે. વેદન આવ્યું જરી તોપણ નિર્જરા જ છે. આહાહા..! સમજાય છે? આ તો વીતરાગી સંતોની વાણી છે. એકલી વીતરાગતા ઘોળી છે. આહા..!

**ભાવાર્થ :– 'પરદ્રવ્ય ભોગવતાં,...'** મૂળમાં આવ્યું હતું ખરું ને. ટીકામાં આવ્યું હતું ન? ટીકામાં જ છે ને? **'उपभुज्यमाने सति हि परद्रव्ये'** આહા..! (ટીકાનો) પહેલો શબ્દ છે. એ નિમિત્તથી કથન છે. પરદ્રવ્યને તો કોઈ આત્મા અડતોય નથી, અજ્ઞાની કે જ્ઞાની. આહા..! પણ એનું લક્ષ ત્યાં જાય છે એટલે પરદ્રવ્યને ભોગવે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! પરદ્રવ્ય તરફ લક્ષ જતાં પોતાના ભાવનું વેદન આવે છે તેથી પરદ્રવ્યને ભોગવે છે એમ કહ્યું. આહાહા..! બાકી તો પરદ્રવ્યને જોવાની વાતેય બંધ કરી દીધી. બપોરે તો વાત આવી હતી ને? ગાથા બાકી છે ને?

પર્યાયનયની આંખ્યું બંધ કરી દઈને. પરને જોવાની આંખ્યુંની વાત જ નહિ. આહાહા..!

પોતાની પર્યાયને જોવાની જે વાત છે, અરે...! ભલે સિદ્ધ પર્યાય હોય, સાધકને નથી પણ સિદ્ધપર્યાય થશે એનું પણ લક્ષ અત્યારે નથી. પર્યાય લક્ષ છોડી દઈને... આહાહા..! દ્રવ્યને ઉઘડેલા જ્ઞાન વડે જોતાં. આહાહા..! પર્યાયચક્ષુ બંધ થઈ છે એટલે દ્રવ્યને જોવાનું જ્ઞાન ઉઘડ્યું છે. આહાહા..! સમજાય છે? તેથી પરદ્રવ્યને ભોગવતાં, એમ નિમિત્તથી કથન છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે એટલે પરદ્રવ્યને ભોગવે છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! બાકી પરદ્રવ્યની પર્યાય અને સ્વદ્રવ્યની પર્યાય વચ્ચે તો મોટો (કિલ્લો છે).

'નિયમસાર'માં આવે છે. એક ફેરી રાત્રે કહ્યું હતું. આત્મા નિર્ભય છે. 'નિઃદંડો, નિઃદંદો' આવે છે. એમાં એવું આવે છે કે, આત્મા મહા દુર્ગ – કિલ્લો છે, જેમાં પર્યાયનો પ્રવેશ નથી. એવો જે ભગવાન દુર્ગ કિલ્લો તે અભય, નિર્ભય છે. આહાહા..! ભગવાનઆત્મા નિર્ભય છે. 'નિયમસાર'માં (૪૩ મી ગાથામાં) આવે છે, ગાથાઓમાં આવે છે ને? 'णिद्दंडो णिद्दंद्दो णिम्भयो' આહાહા..! એ દુર્ગ કિલ્લો જેમાં પર્યાયનો પ્રવેશ નથી તો રાગની તો વાત જ શું કરવી? કહે છે. આહાહા..! એવો એ ભગવાન નિર્ભય પ્રભુ છે. નિર્જરાનો જે નિઃશંક અને નિર્ભયતા એ પર્યાયમાં છે, આ વસ્તુમાં છે. શું કીધું? સમજાણું? નિર્જરામાં જે નિઃશંક કહ્યું એનો અર્થ નિર્ભય કહ્યો, એ પર્યાયમાં છે. આ તો વસ્તુ જ નિર્ભય છે તો પર્યાયમાં નિર્ભયતા આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પરદ્રવ્ય ભોગવતાં, કર્મના ઉદયના નિમિત્તે જીવને સુખરૂપ અથવા દુઃખરૂપ ભાવ નિયમથી ઉત્પન્ન થાય છે.'** આટલું અહીં મૂક્યું. શાતાઅશાતાનું ન મૂક્યું. **'નિયમથી ઉત્પન્ન થાય છે.'** મિથ્યાદૃષ્ટિ કે સમ્યગ્દૃષ્ટિને, બેયને. બેયને. આહાહા..! **'મિથ્યાદૃષ્ટિને રાગાદિને લીધે...'** પર્યાયબુદ્ધિમાં રાગની રુચિના પ્રેમમાં પડ્યો **'તે ભાવ આગામી બંધ કરીને નિર્જરે છે...'** એ વેદનનો ભાવ નવું બંધન કરીને ખરે છે. આહાહા..! એથી ખરેખર ખરે છે એમ કહેવાતું નથી. નિર્જરે છતાં નિર્જરા કહેવાતું નથી. આહાહા..! **'તેથી તેને નિર્જર્યો કહી શકાતો નથી;...'** છે? **'આગામી બંધ કરીને નિર્જરે છે તેથી તેને નિર્જર્યો કહી શકાતો નથી; માટે મિથ્યાદૃષ્ટિને પરદ્રવ્ય ભોગવતાં બંધ જ થાય છે.'** આહાહા..! પરદ્રવ્ય ભોગવતાં એટલે પરદ્રવ્યના લક્ષમાં આવતાં એ ભાવને ભોગવતા બંધ જ થાય છે, એમ. આવી ઝીણી વાતું. ક્રિયાકાંડના રસિયાને એકાંત લાગે, ચારે કોર રાડ્યું પાડે છે. 'સોનગઢ' એકાંત છે, એકાંત છે, એકાંત છે. પાડે, રાડ્યું પાડે તો એની પાસે રહ્યું. આહા..!

મુમુક્ષુ :– ઘરમાં લગન હોય એને ન ખબર હોય તો રાડ્યું પાડે.

ઉત્તર :– એની પર્યાયનું ભાષાનું ત્યાં પરિણમન હોય. એ સમયની પર્યાય જ પરિણમનની હોય એમાં ઇ શું કરે? એ તો પોતાના ભાવને કરે, ભાષા તો (શું કરે)? આહાહા..! આવી વાત આકરી પડે. ઇ કરતાં વ્રત કરવા ને તપસ્યા કરવી ને અપવાસ કરવા, ભક્તિ કરવી, મંદિર કરવા, પાંચ-પચાસ લાખના દાન દેવા એક હારે બધું. (એ બધું સહેલું લાગે).

એક જણાનો કાગળ આવ્યો છે. ટ્રસ્ટ ઉપર કાગળ છે. ગામમાં અમારું એક જ ઘર છે દિગંબરનું, શ્વેતાંબરના ૩૫ ઘર છે. મંદિર નથી. ચૈત્યાલય કરાવો. 'સોનગઢ'ના ટ્રસ્ટ તરફથી અમને મદદ મળવી જોઈએ. કહો, હવે પૈસાની મદદ માંગે. 'નિમચ' છે, 'નિમચ' ગામ. કાલે આવ્યો છે. કહો, હવે અહીંથી પૈસાની મદદ માગે. આહાહા..! અહીં તો કહે છે કે, રાગનો શુભભાવ, એની પણ મદદ ઇચ્છે... આહાહા..! તે કર્મબંધનને કરે છે. આહાહા..!

મુમુક્ષુ :– 'સોનગઢ' ધર્મનું કલ્પવૃક્ષ છે.

ઉત્તર :– પૈસા આપનાર 'રામજીભાઈ' પાસે પૈસા પડ્યા છે. અત્યારે તો 'રામજીભાઈ' પ્રમુખ તરીકે કર્તા-હર્તા છે ને? એની પાસે માંગે. આહા..! નામ છે એમાં કાંઈક, મુખ્ય માણસ.

મુમુક્ષુ :– 'સોનગઢ' પાસે ઘણા પૈસા છે એવી આબરૂ છે.

ઉત્તર :– વાત સાચી. અરે...! પ્રભુ ! આબરૂ બાપા ! કોને કહેવાય? આહાહા..! આબરૂની પર્યાય બાપા ! એની સામું જોવું નથી. આહાહા..! આજે બપોરે ફરીને આવશે. ૧૧૪ ગાથા. પરદ્રવ્યને તો જોવાની વાત જ મૂકી દે, કહે છે. તારામાં પર્યાય અને દ્રવ્ય બે છે, એમાં પર્યાયચક્ષુ બંધ કરી દે. પછી પર્યાયને ઉઘાડવાનું પછી કહેશે. પહેલી પર્યાયચક્ષુ બંધ કરીને દ્રવ્યચક્ષુને (ઉઘાડી જો). પછી કહેશે, દ્રવ્યચક્ષુ બંધ કરીને પર્યાયને જો. એટલે શું? જે સમ્યક્‌જ્ઞાન થયું છે એ દ્વારા પર્યાયને જો. આહાહા..!

મુમુક્ષુ :– બેય આંખથી તો આત્માનો સારો (આખો) વૈભવ નજર આવે.

ઉત્તર :– બેય આંખથી તો પ્રમાણ જણાય, એ પણ આવશે. એમાં પર્યાયનો નિષેધ આવતો નથી માટે પ્રમાણ તે પૂજ્ય નથી. 'ચંદુભાઈ' આવે છે ને? આહાહા..! આવશે. બેય આંખથી જોવું. એ તો જ્ઞાન કરાવવા આવશે. પણ પહેલું દ્રવ્યનું જ્ઞાન કરાવ્યું એને પર્યાયનું જ્ઞાન થાય, એ બેયને જોવે તો એને પ્રમાણજ્ઞાન કહેવાય. પણ જ્યાં હજી દ્રવ્ય પોતે જ શું છે? આહા..! સ્વને જાણ્યા વિના પરને જાણવાનો વિકાસ ઉઘડ્યો જ ન હોય. આહાહા..! સ્વને જાણ્યા વિના પરને જાણવાનો વિકાસ ઉઘડ્યો જ ન હોય. સ્વને જાણતા પરને જાણવાનો વિકાસ ઉઘડેલો હોય છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ ! આહાહા..! જુઓને આ બપોરે પડવાનું છે એટલે લોકો(માં) ગભરાટ.. ગભરાટ (થઈ ગયો છે). અહીં ગામમાં પણ કહે છે એમ થઈ ગયું છે. 'ભાવનગર' પડવાનું છે તો અહીં આવે તો? સારું ખાય લ્યો ! કહો ! ખાવું હોય ઇ ખાય લ્યો.

મુમુક્ષુ :– 'સોનગઢ'માં તો દૃષ્ટિનો બોંબ ફોડે તો મિથ્યાત્વનો ભૂક્કો થઈ જાય.

ઉત્તર :– કાંઈ નવી ચીજ છે જ ક્યાં બહારમાં? આહાહા..! જેને રાગ અડતો નથી એને પરદ્રવ્યને અડવું એ વાત (ક્યાંથી હોય)? અભવીને પણ પરદ્રવ્ય અડતું નથી. આહાહા..! આવી ચીજ છે. મોંઘી પડે પણ પ્રભુ કર્યે છૂટકો છે. આ કર્યા વિના ભવના ભ્રમણના (અંત

નહિ આવે). આહાહા..! એ નરકના દુઃખો.. આહાહા..! કેવું ‘વિષપહાર’? હેં? ‘વિષપહાર’. કેવા મુનિ? ‘વાદિરાજ’. ‘વાદિરાજ’ મુનિને જ્યારે શરીરમાં કોઢ (થયો) છે પછી ભગવાનની સ્તુતિ કરે છે. પ્રભુ ! હું ગયા કાળના દુઃખને જ્યાં સંભારું છું ત્યાં મને ઘા વાગે છે. ‘ચંદુભાઈ’ ‘વિષપહાર’ સ્તુતિ છે ને? આચાર્ય છે. કોઢ શરીરમાં થયો છે, પછી તો કુદરતી શરીર બદલી જાય છે. એમ કહે છે, પ્રભુ ! આહાહા..! હું ગયા કાળના નરક અને નિગોદના દુઃખને જ્યાં યાદ કરું છું ત્યાં આયુષના... શું કહેવાય? આયુધ... આયુધ. આયુધનો ઘા વાગે છે, પ્રભુ ! એમાં મને પરમાં હોંશું ક્યાંથી આવે? નરકની દસ હજાર વર્ષની સ્થિતિનું એક ક્ષણનું દુઃખ, અહીં એક અગ્નિ, તાપ આકરો આવે ત્યાં પંખા નાખો, હવા નાખો. અર..ર..ર...! એથી તો અનંત અનંત ગુણી પીડા પહેલી નરકે (ભોગવી). ભાઈ ! અગ્નિથી શેકાય ગયેલો અને આયુષ્ય તૂટે નહિ, આયુષ્ય પૂરું થાય નહિ. ભાઈ ! એવા તેં તેત્રીસ-તેત્રીસ સાગર કાઢ્યા છે, બાપા ! એ શીતવેદના...! આહાહા..! જેમાં લાખ મણનો લોઢાનો ગોળો, લુહારના જુવાન છોકરાએ ઘડી ઘડીને મજબૂત કર્યો હોય એ સાતમી નરકના નારકીની શીતવેદનામાં લાખ મણનો ગોળો મૂકો તોપણ એક ઘડીએ જેમ ઘી ઓગળી જાય (એમ ઓગળી જાય). આહાહા..! અગ્નિના જેમ.. શું કહેવાય ઇ? અગ્નિનું. ફોટાડો ! અગ્નિના ફોટારામાં જેમ અગ્નિ મૂકે એમ ત્યાં એક ક્ષણમાં લાખ મણનો લોઢાનો ગોળો શીતની વેદનામાં ઓગળીને ગળી જાય છે. પ્રભુ ! તેં તેત્રીસ સાગર અનંતા ત્યાં કાઢ્યા છે. આહા..હા...!

મુમુક્ષુ :- મુનિઓ એવી પર્યાયને યાદ કરતા હશે?

ઉત્તર :- આમાં યાદ કરે છે. પોતે વૈરાગ્ય માટે (યાદ કરે છે). વૈરાગ્ય માટે કરે છે ને. આહાહા..! અમને ક્યાંથી પરમાં હોંશ આવે? પ્રભુ ! એમ. અમે આવા દુઃખને જ્યાં યાદ કરીએ છીએ ત્યાં કોઈપણ આબરૂ, વખાણ કરે, પ્રશંસા કરે, અમારું મન ત્યાં ક્યાંય જાય નહિ. ક્યાંય ખેંચાતું નથી, લલચાતું નથી, આહા...! એમ કહે છે. એ તો વૈરાગી મુનિ સંત છે. એ તો જરી રાજાને કહેવાય ગયું હતું (કે) તમારા ગુરુને તો કોઢ છે. આવા તમારા ગુરુ કોઢ(વાળા)? ગુરુ આવા પવિત્ર કહેવાય એને કોઢ? શ્રાવક કહે, મહારાજ ! મારા ગુરુને કોઢ નથી, એમ બોલાય ગયું. આહાહા..! એણે ગુરુ પાસે (જઈને) કહ્યું, પ્રભુ ! મારાથી આમ બોલાય ગયું છે. બાપુ ! સારું થાશે. ભગવાનનો માર્ગ છે. આહાહા..! પછી આમ સ્તુતિ ઉપાડી. પ્રભુ ! તમે જ્યાં પધારો ત્યાં દેવ આવીને તમારી માતાની એવી સ્થિતિ કરે જાણે આમ પલંગમાં સૂવાડ્યા હોય, બેઠા હોય અને તમે જે ગામમાં આવો તે ગામમાં સોનાના ગઢ અને રતનના કાંગરા થાય, પ્રભુ ! અને તમારી આ સ્તુતિ કરીએ અને આ શરીરમાં આવું રહે. પ્રભુ ! ન રહી શકે. એ..ઇ...! આહાહા..! અને કુદરતે પુણ્યનો યોગ એટલે બન્યું. હેં?

મુમુક્ષુ :- ભગવાન મટાડવા ન આવ્યા?

ઉત્તર :– મારે તો એ કહેવું હતું, એના દુ:ખો. અહીં જરીક અનુકૂળતા (મળે એમાં) આમ લલચાય જાય છે. પ્રભુ ! શું છે તને? ત્યાંની પીડાની વાત યાદ કરીએ ત્યાં કહે, આયુધ વાગે છે, પ્રભુ ! આહાહા..! અમને બીજી વાતમાં હવે શી રીતે ગોઠે ? કહે છે. આહા..! આવા દુ:ખને જ્યાં અમે યાદ કરીએ છીએ ત્યાં અમને અનુકૂળતાના ઢગલા ખેંચી જાય અને લલચાય જાય (એમ કેમ બને?) એમ કહે છે. આહાહા..!

અહીં કહે છે, **'સમ્યગ્દષ્ટિને...'** આહાહા..! **'રાગાદિક નહિ હોવાથી આગામી બંધ કર્યા વિના જ તે ભાવ નિર્જરી જાય છે તેથી તેને નિર્જર્યો કહી શકાય છે;...'** ઓલાને નિર્જરે છે છતાં બંધ કરે છે માટે નિર્જરા કહી શકાતી નથી. આને તો નિર્જરા કહી શકાય છે. વેદન જરી થયું એ છૂટી જાય છે. છૂટ્યું ઇ છૂટ્યું છે. આહાહા..! **'સમ્યગ્દષ્ટિને પરદ્રવ્ય ભોગવતાં નિર્જરા જ થાય છે. આ રીતે સમ્યગ્દષ્ટિને ભાવનિર્જરા થાય છે.'** લ્યો ! પહેલી ગાથામાં દ્રવ્યનિર્જરાની (વાત) હતી, બીજી ભાવનિર્જરાની (કહી).

## શ્લોક-૧૩૪

(अनुष्टुभ्)

तज्ज्ञानस्यैव सामर्थ्यं विरागस्यैव वा किल।
यत्कोऽपि कर्मभिः कर्म भूञ्जानोऽपि न बध्यते।।१३४।।

---

**હવે આગળની ગાથાઓની સૂચનારૂપ શ્લોક કહે છે :-**

**શ્લોકાર્થ :- [ किल ] ખરેખર [ तत् सामर्थ्यं ] તે (આશ્ચર્યકારક) સામર્થ્ય [ ज्ञानस्य एव ] જ્ઞાનનું જ છે [ वा ] અથવા [ विरागस्य एव ] વિરાગનું જ છે [ यत् ] કે [ कः अपि ] કોઈ (સમ્યગ્દષ્ટિ જીવ) [ कर्म भुञ्जानः अपि ] કર્મને ભોગવતો છતો [ कर्मभिः न बध्यते ] કર્મોથી બંધાતો નથી ! (અજ્ઞાનીને તે આશ્ચર્ય ઉપજાવે છે અને જ્ઞાની તેને યથાર્થ જાણે છે.) ૧૩૪.**

## શ્લોક-૧૩૪ ઉપર પ્રવચન

૧૩૪ કળશ.

(अनुष्टुभ्)

तज्ज्ञानस्यैव सामर्थ्यं विरागस्यैव वा किल।
यत्कोऽपि कर्मभिः कर्म भूञ्जानोऽपि न बध्यते।।१३४।।

**'ખરેખર તે (આશ્ચર્યકારક) સામર્થ્ય...'** [तत् सामर्थ्यं] એમ છે ને? **'તે (આશ્ચર્યકારક) સામર્થ્ય...'** [ज्ञानस्य एव] આહાહા..! આત્માનું છે એ તો. આહાહા..! ચૈતન્ય ભગવાન આનંદનો સાગર, એકલા સુખના સાગરના નીરથી ભરેલો. આ સાગરમાં પાણી ભર્યું છે અને અહીં સુખનો સાગર, સુખ ભર્યું છે. આહાહા..! અતીન્દ્રિય આનંદના નીરથી ભરેલો ભગવાન.. આહાહા..! એના જ્ઞાનનું જ એ બધું માહાત્મ્ય છે. આહાહા..! એ બધું આત્માના સ્વભાવનું માહાત્મ્ય છે **'અથવા વિરાગનું જ છે...'** પર તરફનો વૈરાગ્ય. પુણ્ય અને પાપના ભાવથી વિરક્ત અને સ્વભાવમાં રક્ત. અજ્ઞાની સ્વભાવથી વિરક્ત અને પુણ્ય-પાપમાં રક્ત (છે). દૃષ્ટિ ગુલાંટ ખાય છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ સ્વભાવમાં રક્ત અને પુણ્ય-પાપના બેય ભાવથી વિરક્ત એને વૈરાગ્ય કહીએ. બહારના દુકાન, બાયડી, છોકરા છોડીને બેઠો માટે વૈરાગી છે, એમ નહિ. શુભ અને અશુભ રાગથી જે વૈરાગ્ય કરે છે, એમાંથી રક્તપણું છોડી દ્યે છે. આહાહા..! એને જ્ઞાની અને વૈરાગી કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે.

**'ખરેખર...'** [तत् सामर्थ्यं] **'તે (આશ્ચર્યકારક) સામર્થ્ય જ્ઞાનનું જ છે અથવા વિરાગનું જ છે...'** [कः अपि] **'કોઈ (સમ્યગ્દૃષ્ટિ જીવ)...'** [कर्म भुञ्जानः अपि] **'કર્મને ભોગવતો છતો...'** આહાહા..! જનેતાને નગ્ન દેખતાં જેમ લાજી જાય છે એમ સમકિતી પરવસ્તુને ભોગવતા લાજ પામી જાય છે. તેના તરફના આશ્રયમાં લાજ પામી જાય છે. અરે..રે...! આ શું? આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ ! મારગ બહુ ઝીણો છે. ઓલું નહોતું થયું? 'ગાંધી'. નૌઆખલી દેશમાં નહિ? મુસલમાનો હિન્દુઓને એવું નુકસાન કરતાં કે, ચાલીસ વર્ષની મા અને વીસ વર્ષનો છોકરો, બેને નાગા કરીને (ભીડવે). અરે... પ્રભુ! જમીન મારગ આપે તો સમાય જઈએ. આ શું કરે છે? આહાહા..! એમ ધર્મીને પરદ્રવ્ય પ્રત્યેનો પ્રેમ એવો ઉડી ગયો છે. આહાહા..! કે જેના આત્માના પ્રેમ આડે, પરથી તો પુણ્ય-પાપના વિકલ્પથી પણ જેને વૈરાગ્ય થઈ ગયો છે. આહાહા..! ઇ ગાથા કહેશે. જ્ઞાન અને વૈરાગ્યનું સામર્થ્ય કહે છે ને? એનો આ કળશ છે ઇ ઉપોદ્ઘાત છે.

**'કોઈ (સમ્યગ્દૃષ્ટિ જીવ) કર્મને ભોગવતો છતો કર્મોથી બંધાતો નથી!'** ઇ 'કર્મ' શબ્દે

જરી રાગ આવે છે છતાં ત્યાં રાગનો પ્રેમ નથી એટલે બંધાતો નથી. ભાષા કર્મની લીધી છે. '**(અજ્ઞાનીને તે આશ્ચર્ય ઉપજાવે છે અને જ્ઞાની તેને યથાર્થ જાણે છે).**' અજ્ઞાનીને આશ્ચર્ય થાય કે, આહાહા..! છ ખંડનું રાજ, આટલો ભોગ અને કાંઈ નહિ? અને અમે મહાવ્રત ધારી, હજારો રાણી છોડીને બેઠા તોય અમને હજી વૈરાગ્ય પણ નહિ? બાપુ! આ વસ્તુ એવી (છે). શુભ-અશુભ ભાવથી ખસી જતાં સ્વભાવમાં અસ્તિત્વમાં જતાં શુભાશુભ ભાવમાં નાસ્તિપણું આવતાં જે વૈરાગ્ય થાય તેને વૈરાગ્ય કહે છે. આહા.હા...! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**રાત્રે (ચર્ચામાં) કહેલ કે પૈસાવાળા બહુ તો પશુમાં જવાના... એનો અર્થ કે જેને ધરમ નથી, જેને સત્સમાગમમાં, શાસ્ત્રના શ્રવણ-મનનમાં ૨-૪ કલાક ગાળવા જોઈએ એ ગાળતો નથી, એથી એને પુણ્યે નથી; ધરમ તો એકકોર રહ્યો! જે ભગવાન આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ છે એની સમ્યગ્દર્શનની પ્રતીતિરૂપ ધરમ નથી તેને ૨૪ કલાક પૈસામાં આ...આ...આ... હોળી સળગ્યા જ કરે છે. પૈસાની હોળીમાં આખો દિ' એકલું પાપ...પાપ...હો! ધરમ તો નથી ને એકલું પાપ! એને પુણ્ય નથી! માટે હંમેશા ૨–૪ કલાક શાસ્ત્રશ્રવણ–વાંચન, દેવ–દર્શન, સાંભળવું–સત્સમાગમ કરવો–એવું તો જેને ૨૪ કલાકમાં નથી એને તો એકલું પાપ છે, અને તે મધ્યમ પાપ છે એટલે તિર્યંચમાં જવાના! આહાહા! અત્યારે રળી લઈએ, પછી ધરમ કરીશું–એમ માને પણ અત્યારે એટલે શું? પાપ અત્યારે કરી લઈએ, પછી પુણ્ય–ધરમ કરીશું! ઈષ્ટોપદેશમાં તો ત્યાં લગી કહ્યું છે કે કોઈ માણસ શરીરે કાદવ ચોપડીને પછી કૂવો ખોદીને પાણીથી સ્નાન કરીશું એમ કહે, એમ પહેલાં પૈસા રળી લઈએ ને પછી દાન કરીશું! દાન કરવા માટે પહેલાં પાપ કરે છે ને પુણ્યની પછી વાત છે! પહેલાં શરીરને મેલ લગાડીયે પછી કૂવો ખોદીને પાણી કાઢીને સ્નાન કરીશું! આહાહા! ક્યારે કૂવો ખોદે ને ક્યારે પાણી નીકળે– એનું કાંઈ ઠેકાણું! શું થાય! વિચાર કર્યો છે કે હવે પછીનો અનંતકાળ ક્યાં ગાળવો છે? અરેરે! એથી તો આચાર્યદેવે કહ્યું છે કે પુણ્યથી વૈભવ મળે, વૈભવમાંથી મદ મળે–મદ થાય, મદથી મતિ ભ્રષ્ટ થાય, મતિ ભ્રષ્ટથી ઢોરમાં જાય–તિર્યંચમાં જાય. કારણ કે આર્ય માણસને દારૂ–માંસ તો હોય નહીં. આહાહાહા!**

આત્મધર્મ અંક–૫, જાન્યુઆરી–૨૦૦૮

## ગાથા-૧૯૫

अथ ज्ञानसामर्थ्यं दर्शयति -

जह विसमुवभुंजंतो वेज्जो पुरिसो ण मरणमुवयादि।
पोग्गलकम्मस्सुदयं तह भुंजदि णेव बज्झदे णाणी।।१९५।।
यथा विषमुपभुज्जानो वैद्यः पुरुषो न मरणमुपयाति।
पुद्गलकर्मण उदयं तथा भुंक्ते नैव बध्यते ज्ञानी।।१९५।।

यथा कश्चिद्विषवैद्यः परेषां मरणकारणं विषमुपभुज्जानोऽपि अमोघविद्यासामर्थ्येन निरुद्धतच्छक्तित्वान्न म्रियते, तथा अज्ञानिनां रागादिभावसद्भावेन बन्धकारणं पुद्गलकर्मोदयमुपभुज्जानोऽपि अमोघज्ञानसामर्थ्यात् रागादिभावानामभावे सति निरुद्धतच्छक्तित्वान्न बध्यते ज्ञानी।

---

હવે જ્ઞાનનું સામર્થ્ય બતાવે છે :-

જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદ્ય જન મરતો નથી,
ત્યમ કર્મઉદયો ભોગવે પણ જ્ઞાની બંધાતો નથી. ૧૯૫.

ગાથાર્થ :- [ यथा ] જેમ [ वैद्यः पुरुषः ] વૈદ્ય પુરુષ [ विषम् उपभुज्जानः ] વિષને ભોગવતો અર્થાત્ ખાતો છતો [ मरणम् न उपयाति ] મરણ પામતો નથી, [ तथा ] તેમ [ ज्ञानी ] જ્ઞાની [ पुद्गलकर्मणः ] પુદ્‌ગલકર્મના [ उदयं ] ઉદયને [ भुंक्ते ] ભોગવે છે તોપણ [ न एव बध्यते ] બંધાતો નથી.

ટીકા :- જેમ કોઈ વિષવૈદ્ય, બીજાઓના મરણનું કારણ જે વિષ તેને ભોગવતો છતો પણ, અમોઘ (રામબાણ) વિદ્યાના સામર્થ્ય વડે વિષની શક્તિ રોકાઈ ગઈ હોવાથી, મરતો નથી, તેમ અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્‌ભાવથી બંધનું કારણ જે પુદ્‌ગલકર્મનો ઉદય તેને જ્ઞાની ભોગવતો છતો પણ, અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા રાગાદિભાવોનો અભાવ હોતાં (-હોઈને) કર્મોદયની શક્તિ રોકાઈ ગઈ હોવાથી, બંધાતો નથી.

ભાવાર્થ :- જેમ વૈદ્ય મંત્ર, તંત્ર, ઔષધ આદિ પોતાની વિદ્યાના સામર્થ્યથી વિષની મરણ કરવાની શક્તિનો અભાવ કરે છે તેથી વિષ ખાવા છતાં તેનું મરણ થતું નથી, તેમ જ્ઞાનીને

**જ્ઞાનનું સામર્થ્ય એવું છે કે કર્મોદયની બંધ કરવાની શક્તિનો અભાવ કરે છે અને તેથી કર્મના ઉદયને ભોગવવા છતાં જ્ઞાનીને આગામી કર્મબંધ થતો નથી. આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનનું સામર્થ્ય કહ્યું.**

---

**પ્રવચન નં. ૨૭૨ ગાથા–૧૯૫, ૧૯૬** ગુરુવાર, અષાઢ વદ ૩, તા. ૧૨-૦૭-૧૯૭૯

---

'સમયસાર' ૧૯૫ ગાથા.

**जह विसमुवभुंजंतो वेज्जो पुरिसो ण मरणमुवयादि।**
**पोग्गलकम्मस्सुदयं तह भुंजदि णेव बज्झदे णाणी।।१९५।।**
**જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદ્ય જન મરતો નથી,**
**ત્યમ કર્મઉદયો ભોગવે પણ જ્ઞાની બંધાતો નથી. ૧૯૫.**

**ટીકા :– 'જેમ કોઈ વિષવૈદ્ય, બીજાઓના મરણનું કારણ...'** બીજાઓ જો ખાય તો મરી જાય એવું ઝેર. **'જે વિષ તેને ભોગવતો છતો પણ, અમોઘ (રામબાણ) વિદ્યાના સામર્થ્ય વડે...'** અમોઘ વિદ્યા, સફળ વિદ્યા, રામબાણ વિદ્યા. એ વિદ્યાના પ્રયોગથી વૈદ્ય ઝેરમાં મરવાનું છે એ રહે નહિ. **'વિદ્યાના સામર્થ્ય વડે વિષની શક્તિ રોકાઈ ગઈ...'** છે. ઝેરની શક્તિ ત્યાં રોકાય જાય છે. આ તો દૃષ્ટાંત છે. **'મરતો નથી, તેમ અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્ભાવથી બંધનું કારણ...'** એમ કહ્યું હતું ને પહેલું? **'વિષવૈદ્ય બીજાઓના મરણનું કારણ...'** એમ કહ્યું હતું. એમ અજ્ઞાની(ને) આત્માના આનંદના સ્વાદની ખબર નથી, અતીન્દ્રિય આનંદ પ્રભુ છે એની એને ખબર નથી. એવા અજ્ઞાનીઓને **'રાગાદિભાવોના સદ્ભાવથી બંધનું કારણ જે પુદ્ગલકર્મનો ઉદય...'** આહા..! **'તેને જ્ઞાની ભોગવતો છતો...'** ભાષા સમજાવવા તો એમ કહે ને? બાકી ખરેખર તો ધર્મ એવી ચીજ છે કે આત્માના આનંદના સ્વાદમાં એને રાગાદિ આવે એ બધો જ્ઞાનીને ઝેર જેવો લાગે છે. આહાહા..! ધર્મ ચીજ કોઈ એવી છે. સાધારણ કોઈ વાત નથી કે દયા પાળી ને વ્રત કર્યા ને અપવાસ કર્યા (એટલે) થઈ ગયો ધર્મ.

ધરમ તો ધર્મી એવો જે આત્મા, એને સ્પર્શીને જે જ્ઞાન ને આનંદ આવે એ જ્ઞાન અને આનંદના બળથી અજ્ઞાનીને જે કર્મ ભોગવતા બંધ થાય... આહા..! **'તેને જ્ઞાની ભોગવતો છતો...'** આહા..! **'છતો પણ, અમોઘ જ્ઞાનના સામર્થ્ય...'** ઓલામાં અમોઘ વિદ્યાનું સામર્થ્ય હતું. આમાં અમોઘ જ્ઞાનનું સામર્થ્ય (લીધું). આહા..! એ જ્ઞાનનું સામર્થ્ય એટલે? ચૈતન્ય સ્વભાવ પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ વીતરાગ સ્વરૂપ, એવું જે અનુભવમાં આવ્યું છે એ અનુભવના સામર્થ્યના બળ વડે અજ્ઞાનીને જે રાગાદિને કારણે બંધનું કારણ હતું તે જ્ઞાનીને નિર્જરાનું કારણ થાય છે. આહા..! પણ કારણ આ. આહાહા..!

આત્માનો સ્વભાવ પરમાત્મસ્વરૂપે એ તો છે. પરમ સ્વરૂપ, દરેક ગુણ પરમ સ્વરૂપે પૂર્ણ બિરાજે છે. એવા સ્વરૂપનું સ્વસંવેદન, સ્વ નામ પોતાનું સં (નામ) પ્રત્યક્ષ, પરની અપેક્ષા વિના વેદન થાય તે વેદન આગળ અજ્ઞાનીને જે રાગાદિને કારણે ઉદયમાં બંધ થતો (હતો), તે જ્ઞાનીને ઉદયમાં બંધ થતો નથી. આહાહા..! એવું માહાત્મ્ય ચૈતન્યનું છે. એવું માહાત્મ્ય કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનું એવું માહાત્મ્ય નથી. એ તો બંધના કારણ (છે). સંસાર, ઘોર સંસાર (છે). આહાહા..! ત્યારે ભગવાનઆત્મા, પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનું વેદન હોવાથી જ્ઞાનીને, જે અજ્ઞાનીને બંધનું કારણ છે, એ જ જ્ઞાનીને નિર્જરાનું કારણ છે. છે?

**'અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા રાગાદિભાવોનો અભાવ હોતાં...'** કેમકે એને રાગનો પ્રેમ જ નથી, ઝેર દેખે છે. આહાહા..! આત્માના અમૃતના અતીન્દ્રિય, અચિંત્ય અનંત કાળમાં નહિ વેદ્યો, જાણ્યો એવો આત્માનો સ્વભાવ વેદ્યો, એ સ્વભાવના બળના જોરે. અમોઘ બાણ એટલે ઇ. આહા..! **'રાગાદિભાવોનો અભાવ હોતાં...'** જરી રાગ છે પણ રાગનો રાગ નથી. વીતરાગ સ્વરૂપે પ્રભુ (બિરાજે છે), એના પ્રેમમાં સ્વસંવેદન આગળ રાગની કાંઈ કિંમત નથી. આહાહા..! બહારની ચીજની તો કોઈ કિંમત છે જ નહિ. શરીર કે પૈસા કે આબરુ કે, એ કોઈ ચીજ નથી, એ તો જગતની જડ ચીજ (છે). પણ આત્માના આનંદના સ્વાદ આગળ કર્મના ઉદયનો રાગ આવે અને ભોગવે પણ ખરો.. આહાહા..! પણ જ્ઞાન અને આનંદના સ્વાદની મીઠાશની અધિકતાને લઈને, એ રાગમાં મીઠાશ ઉડી ગઈ છે. આવી વાત છે. ચાહે તો ચક્રવર્તીનું રાજ હો, પણ એ તો જડ છે, પર છે. એમાં તો સુખબુદ્ધિ ઊડી ગઈ છે, ધર્મીને પોતાની સુખબુદ્ધિ થઈ તેથી પરમાંથી તો સુખબુદ્ધિ ઊડી ગઈ છે પણ રાગમાંથી પણ સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! કેટલી શરતુંવાળો ધર્મ! આવો ધર્મ છે.

એ **'અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા...'** જ્ઞાન એટલે એકલું જાણવું, એમ નહિ. એ જાણવું એવું તો અગિયાર અંગનું જ્ઞાન અનંતવાર થયું, પણ જ્ઞાનસ્વરૂપ એવો આત્મા, એને સ્પર્શીને સ્વસંવેદન થાય. સ્વ (અર્થાત્) પોતાનું, સં (નામ) પ્રત્યક્ષ. પર અને રાગના વિકલ્પ ને પરની અપેક્ષા વિના (થયેલું જ્ઞાન). તે વેદનના બળથી તેને રાગના વેદનમાં પ્રેમ અને રુચિ નથી. તેથી તે રાગ ખરી જાય છે. આહાહા..! **'બંધાતો નથી.'** છે?

**'રાગાદિભાવોનો અભાવ હોતાં (-હોઈને) કર્મોદયની શક્તિ રોકાઈ ગઈ...'** છે. આહાહા..! કર્મનો ઉદય છે એ નવા બંધનું કારણ થાય, એ શક્તિ રોકાઈ ગઈ છે. આહાહા..! અમોઘ આત્માના આનંદના સ્વાદના સામર્થ્ય વડે **'રાગાદિભાવોનો અભાવ હોતાં...'** (અર્થાત્) રાગનો રાગ ન હોતાં. આહાહા..! એક મ્યાનમાં બે તલવાર ન રહે. એમ જેને આત્મબુદ્ધિ, સુખબુદ્ધિ અંદરમાં ઉત્પન્ન થઈ એને રાગમાં સુખબુદ્ધિ ઊડી જાય છે. આહાહા..! પરદ્રવ્યની તો વાત

જ શું કરવી? પરદ્રવ્યમાં તો કાંઈ છે જ નહિ, સુખેય નથી અને દુઃખેય નથી, એ તો જ્ઞેય છે. પણ પર્યાયમાં રાગ છે (એ) દુઃખ છે અને ઝેર છે. ચાહે તો શુભરાગ હોય તોપણ ઘોર સંસાર છે. ભગવાનઆત્મા રાગની આકુળતા વિનાની ચીજ, એવી અનાકુળ ચીજના વેદનની આગળ રાગનો ભાગ આવે છતાં તેનું વેદન નથી. વેદે છે એ તો પહેલું થોડું આવી ગયું, એ જુદું. પણ સ્વામીપણું ધણીપત્તે વેદન નથી, મારાપણે વેદન નથી. આહાહા..! આવો ધર્મ.

**'રાગાદિભાવોનો અભાવ હોતાં (-હોઈને) કર્મોદયની શક્તિ રોકાઈ ગઈ...'** છે. આહાહા..! શું કહે છે? પૂર્વનો જે કર્મનો ઉદય છે, રાગ થઈને એનાથી બંધન થાય એ શક્તિ રોકાઈ ગઈ. કર્મોદયના ઉદયની શક્તિ, તેના લક્ષે જરી રાગ થયો એ પણ રોકાઈ ગયો. રાગનો રસ ન રહ્યો, ઝેર છે. આહાહા..! જેને ઇન્દ્રના ઇન્દ્રાસનોના ભોગ ઝેર જેવા દેખાય છે. સમકિતીને આત્માના આનંદના સ્વાદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો અને ઇન્દ્રાણીઓના ભોગ ઝેર જેવા દેખાય છે. એ કારણે કર્મોદયની શક્તિ જે બંધનું કારણ થાય એવા રાગ થાય, તે રાગ એને થતો નથી. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- કર્મ તો પુદ્‌ગલ છે એની શક્તિ શી રીતે રોકાય?

ઉત્તર :- શક્તિ એટલે કર્મ થઈને અહીં રાગ થાય છે એમાં નિમિત્ત થાય છે ને? અહીં તો કહે છે, એને રાગ જ થતો નથી, એમ કહે છે. કર્મોદયની શક્તિ એટલે એ તો જડ છે, પણ તેના લક્ષે જરી રાગ થાય એ રાગ થયો ઇ એને થયો જ નથી, કહે છે. કારણ કે ઉદય આવ્યો તો એનું બંધનું કારણ થાય, પણ અહીં બંધનું કારણ થતું નથી. એટલે કર્મોદયની શક્તિ રોકાઈ ગઈ, રાગ જ થયો નહિ. થયો તે થયો નહિ, થયો તે થયો નહિ. આહાહા..!

પોતાના આનંદના ખેંચાણ આગળ, સમ્યગ્દર્શન એટલે પોતાના આનંદનું ખેંચાણ થઈ ગયું છે. લોહચૂંબક જેમ સોયને ખેંચે છે એમ અતીન્દ્રિય આનંદનું ખેંચાણ થઈ ગયું છે. એના પ્રેમ અને ખેંચાણથી કર્મોદયથી જરી રાગ થયો એનું ખેંચાણ ટળી ગયું છે. આહાહા..! આવો માર્ગ છે. તદ્દન નિવૃત્તસ્વરૂપ છે. સારી દુનિયાના પદાર્થથી તો નિવૃત્ત સ્વરૂપ છે પણ રાગાદિનો વિકલ્પ ઉઠે એનાથી પણ પ્રભુ તો નિર્વિકલ્પ સ્વરૂપ, તદ્દન નિવૃત્તસ્વરૂપ છે. આહાહા..! એવા નિવૃત્તસ્વરૂપ, એનો જ્યાં અંદર સ્વાદ આવ્યો, એનું સ્વસંવેદન આવ્યું... આહાહા..! એમાં જે આનંદ ને જ્ઞાન ને શાંતિ હતી એનો નમૂનો જ્યાં દશામાં આવ્યો, એ વેદનની આગળ રાગની કોઈ કિંમત રહી નહિ. આહાહા..! આવો માર્ગ છે. રાગ આવે છતાં તેની કિંમત ન રહી. અણમૂલ્ય ચીજનું જ્યાં મૂલ્ય થયું... આહાહા..! અણમૂલી ચીજ પ્રભુ છે, એનું જ્યાં મૂલ એટલે કિંમત જ્યાં થઈ ત્યાં રાગાદિની કિંમત ઊડી જાય છે.

તેથી કર્મોદયના ઉદયની શક્તિ રોકાઈ ગઈ છે, એમ કહે છે. એનો અર્થ ઇ કે, ઉદયથી

જે બંધ થાય એ બંધ થતો નથી. આહાહા..! આ બાજુ વિશેષ ઉદય થઈ ગયો છે. અતીન્દ્રિય સ્વસંવેદન અને આનંદના જોરના બળથી આ શક્તિ રોકાઈ ગઈ, આ શક્તિ વધી ગઈ. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન અતીન્દ્રિય આનંદનું દળ, માખણનો પીંડલો જેમ હોય એમ આ પ્રભુ અતીન્દ્રિય આનંદનો પીંડલો છે. આહાહા..! એના જ્યાં વેદન આવ્યા, એ વેદનની આગળ કર્મઉદયથી થયેલો જરી રાગ, થયેલો છે નબળાઈને લઈને પણ એનાથી પછી બંધ થતો નથી. આવું સ્વરૂપ છે.

જેને હજી આ વાત જ્ઞાનમાં પણ આવતી નથી એ વેદનમાં ક્યારે આવે? જ્ઞાનમાં પણ એ વાત હજી બેસતી નથી અને આ દયા, દાન ને વ્રત ને એ વિકલ્પો છે એ કારણ થશે (એમ માને છે). કારણ થશે એનો પ્રેમ કેમ જાય? આહાહા..! એનાથી લાભ થશે એને પોતાથી જુદો માને કેમ? એનાથી ખેંચાણ કેમ પાછુ ફરે? આહા..! અજ્ઞાનીને રાગ ખેંચાણ કરે છે. આહાહા..! કેમકે ભગવાનઆત્મા અતીન્દ્રિય સુખનું નીર ભર્યું છે. અતીન્દ્રિય સુખનો સાગર ભર્યો છે. એવા સુખના સાગરના નમૂનામાં, નમૂનામાં.. આખો સ્વાદ તો પર્યાયમાં ક્યાંથી આવે? આહા..! 'સુમનભાઈ'! છે ન્યા ક્યાંય તમારે ? નથી ક્યાંય. પૈસા છે ત્યાં. એટલો બધો પૈસો, ત્રણ-ચાર કરોડ રૂપિયાની પેદાશ. મોટા રાજા જેમ. ધૂળમાં બધા ભિખારા છે, રાંકા છે.

આત્માની બાદશાહી, અનંત ગુણથી ભરેલો ભગવાન, એનો આદર છોડીને એક રાગના કણને તેના ફળ તરીકે મળેલી સામગ્રી, એનો આદર કરે છે તે ભગવાનનો અનાદર કરે છે. આહા..! અને જેને ભગવાનઆત્માનો આદર થયો, અનુભવીને, હોં! સ્વસંવેદન થઈને... આહાહા..! આ ચીજ દુનિયામાં ક્યાંય, આની પાસે કોઈની કિંમત નથી. આહાહા..! એવું જે આત્મજ્ઞાન, આત્મજ્ઞાન ને? નિમિત્તનું, રાગનું કે પર્યાયનું જ્ઞાન એમ ન કહ્યું, આત્મજ્ઞાન. વસ્તુ છે તેનું જ્ઞાન. આહાહા..! તે જ્ઞાનમાં આનંદ આવતાં કર્મોદયની શક્તિ રાગથી નવું બંધન થવું જોઈએ એ અટકી જાય છે. 'દેવીલાલજી' આવી વાત છે. આહા..!

મુમુક્ષુ :- રાગ સાવ લૂખો થઈ ગયો.

ઉત્તર :- લુખો નહિ, છે જ નહિ હવે. છે જ નહિ. આહાહા..! કાળો નાગ આમ દેખે ત્યાં નજીક જાતો હશે? પાંચ હાથનો લાંબો કાળો, જાડો (નાગ જુવે તો) નજીક જાતો હશે? આહાહા..! એમ આત્માના આનંદના સ્વસ્વાદની આગળ રાગ છે એ કાળો નાગ છે. એ શુભરાગ, હોં! અશુભરાગના પાપ હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના એની તો વાત શું કરવી? બાપુ! એ તો.. આહાહા..!

જ્ઞાનીને શુભરાગમાં પ્રેમ આવતો નથી. આહાહા..! આ આંતરો સ્વના વેદનનો છે. અનાદિનું જે રાગનું વેદન હતું, કર્મચેતનાનું વેદન હતું, એ જ્યાં જ્ઞાનનું વેદન થાય છે,

જ્ઞાનચેતના, પર્યાયમાં હોં! આહાહા..! એકલી જ્ઞાનચેતના નહિ, જ્ઞાન સાથે આનંદનું ચેતવું – વેદવું. આહા..! અનંતા ગુણોની શક્તિની વ્યક્તિનું વેદવું. આહાહા..! એને પૂર્વના કર્મનો ઉદય, અજ્ઞાનીને બંધનું કારણ છે ઇ આને બંધનું કારણ થતું નથી. આહાહા..! જુઓ! આ વીતરાગ માર્ગ. આહાહા..!

જૈન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર વીતરાગ, એણે જેને ખાણ્યું ખોલીને બતાવ્યો કે, આહા..! તારી ખાણમાં તો પ્રભ! અનંત અનંત ગુણો ભર્યા છે. પાર ન મળે, પાર ન મળે, ભાઈ! ક્ષેત્રથી જુઓ તો નાનો શરીર પ્રમાણે લાગે છે પણ તું ભાવથી જો તો પ્રભુ પાર નથી. આહા..! એ ખાણમાં એટલા ગુણો ને એટલી શાંતિ ને એટલો આનંદ ને એટલી સ્વચ્છતા અને એટલી પ્રભુતા ભરી છે કે જે એક એક ગુણનો અંત ન આવે. અનંત ગુણની સંખ્યાનો તો અંત ન આવે... આહાહા..! અનંત અનંત ગુણની સંખ્યાનો તો અંત ન આવે પણ એક એક ગુણની શક્તિના સામર્થ્યનો અંત ન આવે. આહાહા..! એવા ગુણના વેદન આગળ ધર્મીને કર્મનો ઉદય બંધનું કારણ તે રોકાઈ જાય છે. આવી વાત છે. આટલા અપવાસ કરે માટે રોકાય જાય છે, આવું મંદિર બનાવે, પાંચ-પચાસ લાખ ખર્ચીને મંદિર બનાવે એની સાથે શું છે? લોકો બાહ્યની પ્રવૃત્તિ દેખી અને એમાંથી માપ કાઢે છે કે, આણે કાંઈક કર્યું. કર્યું, પરના કર્તાપણાની બુદ્ધિ કરી. આહાહા..!

અહીંયાં તો પ્રભુ છે એણે અંદર શું કર્યું? મહાપ્રભુ બિરાજે છે એ રાગની આડમાં પ્રભુ તને દેખાતો નથી. દરિયો મોટો પાણીથી ભર્યો હોય, ચાર હાથની પર્યંચ – કપડું જો કાંઠે નાખે તો ન દેખાય, દરિયો ભર્યો ન દેખાય. એમ ભગવાન અનંત ગુણથી, શાંતિ, આનંદથી ભરેલો ભગવાન છે પણ રાગના કણની મીઠાશના પર્યંચ આડે પ્રભુ દેખાતો નથી. આહાહા..! 'કાંતિભાઈ' આવું કોઈ દિ' સાંભળ્યું નથી. આહા..! 'પોપટભાઈ'ના સાળા પાસે બહુ પૈસા હતા. (એનો) છોકરો આવ્યો હતો. તમને ખબર છે? તમે ત્યાં હતા? ત્યાં આવ્યો હતો, 'મુંબઈ' આવ્યો હતો, પગે લાગ્યો હતો. એમ બોલ્યો, મારા બાપને આવવાનો ભાવ હતો, એમ બોલ્યો. 'રામજીભાઈ' હતા ને? મારા બાપાને ભાવ હતો, એમ બોલ્યો. અહીં આવ્યો એટલે (બોલવું પડે). બે-અઢી અબજ રૂપિયા. ગુંચાઈ ગયા, મરી ગયા. અર..ર..ર...!

આ તો અનંત અનંત અનંત અનંત અબજો ગુણનો પાર નહિ. અનંત અબજ, હોં! અનંત અબજ જે છેલ્લો અનંત અબજમાં છેલ્લો અનંતો જેમાં નથી. આહાહા..! એવો જે ભગવાનઆત્મા, એનો જેણે પત્તો લીધો. આહાહા..! જેના પાતાળનો પાર ન મળે એનો પત્તો લીધો. કીધું હતું ને પહેલા? જગતના પાણી છે, પાતાળ કહે છે પણ એના અંત આવી જાય. પાતાળની હેઠે નરક છે. ગમે એવું પાણી ઊંડું ઊંડું ઊંડું (હોય) પણ તરત પહેલી નરકનો પાસડો છે. એક હજાર જોજનમાં (છે). એના ઉપર પાણી હોય છે, પાણી અંદર નથી. આહાહા..! ચૌદ બ્રહ્માંડમાં જમીન ઘણી છે અને પાણી થોડું છે, પાતાળ થોડું છે.

આહાહા..! આ ભગવાનમાં પાતાળ ઘણું છે. આહા..! એવું જેને અંદર ભાન થયું તેને હવે બંધન થતું નથી. એટલે અબંધસ્વરૂપીનું વેદન આવ્યું.

અબંધસ્વરૂપી ભગવાન મુક્તસ્વરૂપ છે. આત્મા મુક્તસ્વરૂપ છે, એ મુક્તસ્વરૂપની મુક્તિ પર્યાયમાં અંશે જ્યાં મુક્તિ આવી, આહાહા..! એ આગળ બંધનની કોઈ કિંમત રહી નહિ. તીર્થંકરગોત્ર જે ભાવે બાંધે એની પણ કિંમત રહી નહિ. આહાહા..! આવે, ભાવ આવે, હોય એના મૂલ, આંક ન રહ્યા હવે. મૂલ કરતો હતો કે, ઓ..હો...! ઓ..હો...! ઓ..હો...! એ અણમૂલ ચીજને જોતાં એ રાગની મૂલની બધી કિંમત ઊડી ગઈ. આહાહા..! આવો કેવો ધર્મ ? આહાહા..! બાપુ! એણે એક સમય પણ ત્યાં નજરું કરી નથી. જ્યાં નિધાન ભર્યા છે ત્યાં એક સમય નજર કરી નથી અને જેમાં કાંઈ છે નહિ એમાં અનંતકાળથી ત્યાં નજરબંધી થઈ ગઈ છે. નજરબંધી! આહાહા..! નજરથી બંધાઈ ગયો છે. આહાહા..! રાગ ને રાગના ફળ એમાં જેને નજરું બંધાઈ ગઈ છે એની નજરું અંતરમાં જાતી નથી. આહા..! અને અંતરમાં જેની નજરું ગઈ એને રાગ અને રાગના ફળની નજરું અને કિંમત રહેતી નથી. આહાહા..! 'ઘીયાજી' પૈસા-બૈસાની તો કંઈ ધૂળેય કિંમત નથી, અહીં એમ કહે છે. કરોડોપતિ ને અબજોપતિ ને ધૂળપતિ. ધૂળપતિ! આ ચૈતન્યપતિ! આહાહા..!

ભાવાર્થ :– **'જેમ વૈદ્ય મંત્ર, તંત્ર, ઔષધ આદિ પોતાની વિદ્યાના બળના સામર્થ્યથી વિષની મરણ કરવાની શક્તિનો અભાવ કરે છે...'** આહાહા..! આચાર્ય દાખલો કેવો આપે છે! 'કુંદકુંદાચાર્ય'નો દાખલો છે – 'विषभुजन्तो'. આ..હા..! **'તેથી વિષ ખાવા છતાં તેનું મરણ થતું નથી, તેમ જ્ઞાનીને જ્ઞાનનું સામર્થ્ય એવું છે...'** જ્ઞાનીને આનંદ અને શાંતિ આવી છે તેથી એટલું સામર્થ્ય છે. એકલા જાણપણાની વાત નથી. આહાહા..! જ્ઞાનીને જ્ઞાનનું એટલે આત્માનું (સામર્થ્ય છે). અનંતા અનંતા અનંતા ગુણો જેટલા છે (એ) બધાનું સામર્થ્ય પર્યાયમાં ભાન થઈ ગયું છે, વેદનમાં આવી ગયું છે, ભગવાનને ભરોસે લઈ લીધો છે. આહાહા..! રાગને ભરોસે જે રમતો હતો એને આત્મા ભગવાન છે તેને ભરોસે લઈ લીધો છે. એના ભરોસા હવે ટળતા નથી. આહાહા..! એ ભરોસાની આગળ તીર્થંકરગોત્રના ભાવનો ભરોસો (તેની) પણ કિંમત ઊડી ગઈ છે. આહાહા..! આવી ચીજ છે. લોકોને 'સોનગઢ'નું એકાંત લાગે છે, હોં! બીજું બધું ચારે કોરથી ચાલે છે ને એટલે આ એકાંત લાગે. બાપુ! છે તો એકાંત જ તે. એકાંત જ છે, સમ્યક્ એકાંત છે. આહા..!

પ્રભુ પૂર્ણાનંદનો નાથ જ્યાં અંદરમાં ઢળે છે એ સમ્યક્ એકાંત છે. આહાહા..! એની પાસે દયા, દાન ને વ્રત ને અપવાસના પરિણામની કોઈ કિંમત જ નથી. કિંમત હોય તો ઝેરની કિંમત હોય તેવી કિંમત છે. આહાહા..!

ધર્મીને આત્માનું સામર્થ્ય એવું છે કે, જ્ઞાનનું લખ્યું ને ? **'કે કર્મોદયની બંધ કરવાની શક્તિનો અભાવ કરે છે...'** જોયું ? (ટીકામાં) છેલ્લું આવ્યું હતું ને? કર્મોદયની શક્તિ રોકાઈ

ગઈ છે, એનો અર્થ કર્યો. કર્મોદય છે અને એને લઈને રાગ થાય છે અને બંધ થાય છે એ અટકી ગયું છે, **'અભાવ કરે છે...'** આહાહા..! **'તેથી કર્મના ઉદયને ભોગવવા છતાં...'** જરી રાગ આવે છે, કહે છે. અને રાગને ભોગવે – વેદે પણ છે પણ એ ઝેરના વેદન લાગે છે. આહાહા..! અમૃતના ચોસલાના સ્વાદ આગળ ઝેરના – રાગના સ્વાદ એને આવતા નથી. આહાહા..! એથી એને રાગ થતો જ નથી, એમ કહે છે. આહાહા..! આવો માર્ગ સમજવો. ઓલું તો દયા, દાન, વ્રત, ભક્તિ ને અપવાસ (કરવાનું કહે તો) સમજાય તો ખરું. બાપુ! શું સમજાય? ભાઈ! જેમાં જન્મ-મરણ રોકાય નહિ, બાપા! એ ચીજમાં શું છે? તારા અબજો રૂપિયા દાનમાં આપ, અબજોના મંદિરો બનાવ એથી શું થયું? એ કોઈ અપૂર્વ ચીજ નથી. આહાહા..! અપૂર્વ ચીજ તો એ રાગના કણથી પણ ભિન્ન પડી અને પ્રભુનો સ્વાદ લેતા જે અનુભવ આવે... આહાહા..! એ અનુભવ આગળ કર્મની શક્તિ રોકાઈ ગઈ છે, અભાવ કરે છે.

**'તેથી કર્મના ઉદયને ભોગવવા છતાં...'** ધર્મીને ધર્મ એવી જે આનંદ અને શાંતિ એવી પ્રગટ દશા થઈ માટે. આહાહા..! **'આગામી કર્મબંધ થતો નથી. આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનનું સામર્થ્ય કહ્યું.'** સમ્યગ્જ્ઞાનનું સામર્થ્ય. સમ્યક્ – જેવી ચીજ પૂર્ણ છે તેવું તેનું સત્ય જ્ઞાન. જેવો પૂર્ણ સ્વભાવ છે, ખજાનો અનંત ગુણનો ખજાનો ભગવાન, એનું સમ્યક્ – સત્ય જેવું છે તેવું જ્ઞાન થયું. એ સમ્યગ્જ્ઞાનનું સામર્થ્ય આ ગાથામાં કહ્યું. હવે જરી વૈરાગ્યની વાત કરશે. આ અસ્તિથી વાત કરી.

**એક વિચાર આવ્યો કે તીર્થંકર જેવાને માતાના પેટમાં આવવું પડે, સવા નવ માસ પેટમાં સંકોચાઈને રહેવું પડે, જન્મ લેવો પડે! આહાહા! ઇન્દ્રો જેની સેવા કરવા આવે એવા તીર્થંકરોની પણ આ સ્થિતિ! અરેરે સંસાર! આ શું છે?... વૈરાગ્ય... વૈરાગ્ય... સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી એવા તીર્થંકરને પણ માતાના પેટમાં રહેવું પડે! અહાહા! સંસારની છેલ્લી સ્થિતિની વાત છે. અરેરે પ્રભુ! આ સંસાર! સંસારની આવી સ્થિતિ વિચારતાં આંખમાંથી આંસુ હાલ્યા જાય! જન્મ લેવા જેવો નથી. તીર્થંકરગોત્ર કર્મને પણ ઝેરનું ઝાડ કહ્યું છે; અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ઝેર છે, વિષકુંભ છે. તીર્થંકરના અવતારને ઝેરનું ફળ કહે એ તો તીર્થંકર કહી શકે. ઝેરના ફળમાંથી ઝેર ઝરે ને અમૃતના ફળમાંથી અમૃત ઝરે. આહાહા! તીર્થંકરની તો જાત જુદી છે છતાં તીર્થંકર જેવાની પણ આ સ્થિતિ છે! આહાહા! જન્મ લેવા જેવો નથી.**

આત્મધર્મ અંક–૫, જાન્યુઆરી–૨૦૦૮

## ગાથા-૧૯૬

अथ वैराग्यसामर्थ्यं दर्शयति -

जह मज्जं पिबमाणो अरदीभावेण मज्जदि ण पुरिसो।
दव्वुवभोगे अरदो णाणी वि ण बज्झदि तहेव।।१९६।।
यथा मद्यं पिबन् अरतिभावेन माद्यति न पुरुषः।
द्रव्योपभोगेऽरतो ज्ञान्यपि न बध्यते तथैव।।१९६।।

यथा कश्चित्पुरुषो मैरेयं प्रति प्रवृत्ततीव्रारतिभावः सन् मैरेयं पिबन्नपि तीव्रारतिभावसामर्थ्यान्न माद्यति, तथा रागादिभावानामभावेन सर्वद्रव्योपभोगं प्रति प्रवृत्ततीव्रविरागभावः सन् विषयानुपभुञ्जानोऽपि तीव्रविरागभावसामर्थ्यान्न बध्यते ज्ञानी।

---

હવે વૈરાગ્યનું સામર્થ્ય બતાવે છે :-

જ્યમ અરતિભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નથી,
દ્રવ્યોપભોગ વિષે અરત જ્ઞાનીય બંધાતો નથી. ૧૯૬.

ગાથાર્થ :- [ यथा ] જેમ [ पुरुषः ] કોઈ પુરુષ [ मद्यः ] મદિરાને [ अरतिभावेन ] અરતિભાવે (અપ્રીતિથી) [ पिबन् ] પીતો થકો [ न माद्यति ] મત્ત થતો નથી, [ तथा एव ] તેવી જ રીતે [ ज्ञानी अपि ] જ્ઞાની પણ [ द्रव्योपभोगे ] દ્રવ્યના ઉપભોગ પ્રત્યે [ अरतः ] અરત (અર્થાત્ વૈરાગ્યભાવે) વર્તતો થકો [ न बध्यते ] (કર્મોથી) બંધાતો નથી.

ટીકા :- જેમ કોઈ પુરુષ, મદિરા પ્રત્યે જેને તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે એવો વર્તતો થકો, મદિરાને પીતાં છતાં પણ તીવ્ર અરતિભાવના સામર્થ્યને લીધે મત્ત થતો નથી, તેમ જ્ઞાની પણ, રાગાદિભાવોના અભાવથી સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે જેને તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્ત્યો છે એવો વર્તતો થકો, વિષયોને ભોગવતાં છતાં પણ, તીવ્ર વૈરાગ્યભાવના સામર્થ્યને લીધે (કર્મોથી) બંધાતો નથી.

ભાવાર્થ :- એ વૈરાગ્યનું સામર્થ્ય છે કે જ્ઞાની વિષયોને સેવતો છતો પણ કર્મોથી બંધાતો નથી.

## ગાથા-૧૯૬ ઉપર પ્રવચન

**'હવે વૈરાગ્યનું સામર્થ્ય બતાવે છે :–'** જોયું? શું કહે છે? ભગવાન પરિપૂર્ણ પરમાત્મા, એના ભાન ને જ્ઞાન ને આનંદના નમૂના વેદ્યા, એના સામર્થ્યને લઈને કર્મનો ઉદય પણ ખરી જાય છે, એને બંધન થતું નથી. એ અસ્તિથી વાત કરી. અસ્તિ એટલે આવો આત્મા છે તેના આશ્રયે આનંદ આવ્યો માટે તેને કર્મબંધન થતું નથી તેમ અસ્તિથી કહ્યું. હવે વૈરાગ્યથી કહે છે. જેને આવા અસ્તિત્વનું ભાન થયું એને પુણ્ય અને પાપના વિકલ્પનો વૈરાગ્ય વર્તે છે. આહાહા..! જે અનાદિથી પુણ્યના પરિણામમાં રક્તપણું હતું એ વિરક્ત થાય છે. પોતાના પૂર્ણ અસ્તિત્વના પ્રેમના આનંદ આગળ એ રાગથી વિરક્ત થાય છે એનું નામ વૈરાગ્ય છે. વૈરાગ્ય કોઈ આ લૂગડાં ફેરવી નાખ્યા ને એકાદ પાતળું પહેર્યું એટલે એ વૈરાગી થયો (એમ નથી). આહાહા..! ઝભ્ભો કાઢી નાખ્યો અને ઉઘાડું ધોતિયું પહેર્યું એટલે થઈ ગયા ત્યાગી (એમ નથી), બાપા! આકરી વાતું, ભાઈ! આહા..!

અહીં તો કહે છે, વૈરાગ્યનું સામર્થ્ય. ઉપર સંસ્કૃતમાં છે ને? **'अथ वैराग्यसामर्थ्यं दर्शयति'** અનુભવનું સામર્થ્ય બતાવ્યું પણ હવે પરથી અભાવ, પુણ્ય-પાપના બેય ભાવથી વૈરાગ્ય એનું સામર્થ્ય શું છે એ બતાવે છે.

**जह मज्जं पिबमाणो अरदीभावेण मज्जदि ण पुरिसो।**
**दव्वुवभोगे अरदो णाणी वि ण बज्झदि तहेव।।१९६।।**
**જ્યમ અરતિભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નથી,**
**દ્રવ્યોપભોગ વિષે અરત જ્ઞાનીય બંધાતો નથી. ૧૯૬.**

આ વૈરાગ્યની વાત છે. ટીકા :– **'જેમ કોઈ પુરુષ, મદિરા પ્રત્યે જેને તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે...'** દારૂ પ્રત્યે જેને તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે. આહાહા..! **'એવો વર્તતો થકો,...'** પહેલી શરત આ. **'મદિરા પ્રત્યે જેને તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે...'** રતિ(નો) અંશ રહ્યો નથી. આહા..! **'એવો વર્તતો થકો, મદિરાને પીતાં છતાં પણ,...'** આહાહા..! એ તો ન્યાય આપે છે, હોં!

**'મદિરાને પીતાં છતાં પણ,...'** મદિરા ન પીવે અને ઘેલછાઈ ન થાય એ વળી જુદી વાત, પણ આ તો પીવે છે અને ઘેલછાઈ ન થાય. આહાહા..! દારૂ પીવે અને દારૂનો રસ ન ચડે. આહાહા..! **'મદિરાને પીતાં છતાં પણ, તીવ્ર અરતિભાવના સામર્થ્યને લીધે મત્ત થતો નથી,...'** મૂર્છાઈ જતો નથી, ગાંડો થતો નથી, પાગલ થતો નથી. મદિરાને લઈને જે પાગલ થઈ જાય છે એ આ મદિરા પ્રત્યેના અપ્રેમ અને અરતિભાવને લઈને, કોઈ કારણસર મદિરા પીવું પડ્યું છતાં તે મદ એને ચડતો નથી. દારૂનો મદ એને ચડતો નથી. આહાહા..!

**'તેમ જ્ઞાની પણ,...'** ધર્મી પણ. સ્વરૂપનો રસીલો ધર્મી, આહાહા..! **'રાગાદિભાવોના અભાવથી...'** એને રાગનો રસ ઊડી ગયો છે. સ્વરૂપના રસીકપણા આગળ જેને રાગનો રસ, ઉત્સાહ, ઉલ્લસિત વીર્ય, હોંશ, હરખ... આહાહા..! ઊડી ગયો છે. આહાહા..! તેમ ધર્મી પણ. ધર્મી એટલે આત્માના અતીન્દ્રિય આનંદના અનુભવી. આહાહા..! એ ધર્મી. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એનું વેદન જેને છે તે જ્ઞાની. તે જ્ઞાની પણ. પણ કેમ (કહ્યું)? ઓલા દારૂનો દાખલો લીધો ને એટલે.

**'રાગાદિભાવોના અભાવથી...'** ઓલા મદિરા પીવાવાળાને અરતિ છે. પ્રેમ નથી પણ કોઈ કારણે (પીવો પડે છે). આપણે આપે છે ને? કોઈ વખતે બાયુંને સુવાવડમાં આપે છે. એને કંઈ રસ ન હોય. વાણિયા કે બ્રાહ્મણ સુવાવડમાં એવું હોય તો સહેજ આપે છે પણ રસ ન હોય, રસ. મદિરાનું ઓલું એને ન ચડે. આહાહા..! એમ ધર્મી પણ રાગાદિભાવોના અભાવથી ભલે બીજે થોડો રાગ થાય પણ મૂળ અનંતાનુબંધી અને મિથ્યાત્વ સંબંધી જે રાગ (હતો) એ રસ તૂટી ગયો અને જે રસ અનંત કાળમાં નહોતો તે રસ આવ્યો. આહાહા..! અનંત અનંત કાળ વીત્યામાં પ્રભુનો રસ નહોતો એવો આત્મરસ જ્યાં આવ્યો... આહાહા..! એને **'રાગાદિભાવોના અભાવથી...'** એને રાગના રસના અભાવથી.

રસની વ્યાખ્યા કરી છે ને? કોઈપણ જ્ઞેયમાં એકાગ્ર થવું. રસની વ્યાખ્યા આવે છે પહેલી – શરૂઆતમાં. 'સમયસાર નાટક'. આહાહા..! કોઈપણ જ્ઞેયમાં એકાકાર થવું તેનું નામ રસ છે. નવ રસ નથી કહ્યા? શ્રૃંગારરસ ને અદ્‌ભુતરસ ને આવે છે ને? નવ. નાટક તરીકે વર્ણન કર્યું છે ને. આહાહા..! એ રસના વર્ણનમાં શાંતરસનું વર્ણન બતાવતા એ વર્ણન કર્યું છે એમાં. શાંતિ.. શાંતિ. એમ અહીંયાં કહે છે, ધર્મીને પણ... આહાહા..! ધર્મી કોને કહીએ? ભાઈ! આહાહા..! આ તો અપવાસ કર્યા ને વર્ષીતપ કર્યા ને આ કર્યું, મંદિર બે-ચાર બંધાવ્યા (એટલે માને) થઈ ગયા ધર્મી. શાસ્ત્રના જાણપણા કર્યા, લ્યોને! લોકોને સંભળાવ્યા (એટલે માને) થઈ ગયા ધર્મી. આહાહા..! પરની સાથે કાંઈ સંબંધ નથી.

અહીંયાં કહે છે, ધર્મીને રાગભાવના અભાવથી રાગનો ભાવ જ નથી, અહીં કહે છે. આત્માના આનંદના રસ આગળ રાગનો રસ જ ઊડી ગયો. આહાહા..! **'સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે...'** વજન અહીં આપ્યું. **'સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે...'** જોયું? કોઈપણ દ્રવ્યના ઉપભોગ પ્રત્યે. આહાહા..! સ્વદ્રવ્યના જ્યાં આનંદના સ્વાદ આવ્યા... આહાહા..! અમૃતનો સાગર જ્યાં ઉછળ્યો, સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં અમૃતરસ જ્યાં ચાખ્યા.. આહાહા..! કહે છે, **'સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે...'** ચાહે તો ઇન્દ્રને ઇન્દ્રાણીનો ભોગ હોય કે ચક્રવર્તીને છન્નુ હજાર સ્ત્રી હોય. એક સ્ત્રીની હજાર દેવ સેવા કરે. બધા દ્રવ્યો પ્રત્યે. સર્વ દ્રવ્યો લીધા છે ને? એક સ્વદ્રવ્યના પ્રેમ આગળ સર્વ દ્રવ્યનો પ્રેમ ઊડી ગયો છે. આહાહા..! એક કોર રામ અને એક કોર ગામ.

ભગવાનઆત્મા! આહાહા..! એના જેને રસ આવ્યા છે, રસ ચાખ્યા છે, કહે છે, એને પરમાં રાગાદિભાવો, સર્વ દ્રવ્યોના ઉપભોગ (પ્રત્યે) **'જેને તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્ત્યો છે...'** આહાહા..! આહા..! સ્ત્રી આદિ હોય એને નગ્નપણું હોય અને માતા ન્હાતી હોય. ખાટલાની આડશ રાખીને અંદર ન્હાતી હોય એમાં લૂગડું આડું ન હોય અને નગ્નપણું હોય, ન્હાવા ઉભી થઈ ગઈ અને છોકરો આવ્યો, છે નજર જરીયે? આહાહા..! માતા ન્હાય છે. સામું ન જોવે. એના શરીરની સામું ન જોવે. આહાહા..! એમ જ્યાં આત્માના આનંદના સ્વાદ આગળ સર્વ દ્રવ્ય પ્રત્યે રસ ઊડી ગયો છે, કહે છે. એક દ્રવ્યના રસ આગળ સર્વ દ્રવ્યનો રસ ઊડી ગયો છે. આહાહા..! આકરું કામ ઘણું, ભાઈ!

જ્ઞાની એટલે સ્વદ્રવ્યના રસીક જીવ(ને) રાગાદિભાવના રસ અને સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યેનો રસ ઊડી ગયો છે. **'જેને તીવ્ર વૈરાગ્યભાવ...'** એકલો વૈરાગ્ય નહિ, **'તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્ત્યો છે...'** આહા..! 'જામનગર'માં વીસાશ્રીમાળી વાણિયા હતા. એ ચૂરમું જ ખાય, બસ! રોટલી, રોટલો નહોતા ખાતા, દરરોજ ચૂરમું જ ખાય. એમાં જુવાન છોકરો મરી ગયો. બાળી આવ્યા. એ કહે, રોટલી, રોટલા બનાવો, ભાઈ! કુટુંબ ભેગું થયું. તમને નહિ ઠીક પડે, બાપા! તમે રોટલી, રોટલો ખાધો નથી. આહાહા..! એકનો એક છોકરો બાળીને આવ્યા (અને) ચૂરમું બનાવ્યું. આ 'જામનગર'માં બન્યું છે. નથી કોઈ 'જામનગર'ના? વીસાશ્રીમાળી. એ ચૂરમું (ખાય અને) આંખમાંથી આંસુની ધારા ચાલી જાય છે અને ચૂરમું ખાય છે. છે રસ? આહા..! રોટલો જુવારનો કહો કે ચૂરમું કહો, એને તો બેય સરખું છે. આહા..! અરે..રે...! વ્હાલામાં વ્હાલો દીકરો એકનો એક ચાલ્યો ગયો. આહાહા..! ભાઈ! તમે બીજું ખાશો તો માંદા પડશો. તમે કોઈ દિ' ખાધું નથી. ખોરાક જ ચૂરમાનો, બસ! આહાહા..! વસા, વસા હતા. આહાહા..! સાંભળેલું છે. એ ભાઈની આંખમાંથી આંસુ ચાલ્યા જાય (અને) ચૂરમું ખાય. એમ ધર્મીને... આહાહા..! રાગમાંથી મરી ગયો છે અને જીવતી જ્યોતને જ્યાં અનુભવી છે. આહાહા..! આ તો મરી ગયેલા છે બધા. રાગ ને મડદાં, મડદાં અચેતન અજ્ઞાન. આહાહા..!

**'તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્ત્યો છે એવો વર્તતો થકો, વિષયોને ભોગવતાં છતાં...'** એ ચૂરમું ખાય છે છતાં આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. આહા..! બીજાનો કો'ક દાખલો છે. છોકરો મરી ગયો પછી એને તમાકુ કહેવાય, શું કહેવાય તમારે? હુકો.. હુકો. હુકાનો રસ બહુ. હુકો પીવે. એ છોકરો મરી ગયો અને ઘરે આવ્યા. હુકો બંધ કર્યો. આ વ્હાલામાં વ્હાલો દીકરો ગયો હવે આ હોકો મારે શું (કરવો છે)? બંધ કરી દીધો. એટલો રસ હતો હોકાનો, બિલકુલ સામું ન જોયું. એમ આત્માના રસ આગળ પરની સામું જોતો નથી, કહે છે. **'વિષયોને ભોગવતાં છતાં પણ, તીવ્ર વૈરાગ્યભાવના સામર્થ્યને લીધે (કર્મોથી) બંધાતો નથી.'** લ્યો. **'એ વૈરાગ્યનું સામર્થ્ય છે કે જ્ઞાની વિષયોને સેવતો છતો પણ કર્મોથી બંધાતો નથી.'**

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૩૫

(रथोद्धता)

नाश्नुते विषयसेवनेऽपि यत् स्वं फलं विषयसेवनस्य ना।
ज्ञानवैभवविरागताबलात् सेवकोऽपि तदसावसेवकः ।।१३५।।

હવે આ અર્થનું અને આગળની ગાથાના અર્થની સૂચનાનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ यत् ] કારણકે [ ना ] આ (જ્ઞાની) પુરુષ [ विषयसेवने अपि ] વિષયોને સેવતો છતો પણ [ ज्ञानवैभव-विरागता-बलात् ] જ્ઞાનવૈભવના અને વિરાગતાના બળથી [ विषयसेवनस्य स्वं फलं ] વિષયસેવનના નિજફળને (-રંજિત પરિણામને) [ न अश्नुते ] ભોગવતો નથી-પામતો નથી, [ तत् ] તેથી [ असौ ] આ (પુરુષ) [ सेवकः अपि असेवकः ] સેવક છતાં અસેવક છે (અર્થાત્ વિષયોને સેવતાં છતાં નથી સેવતો).

ભાવાર્થ :- જ્ઞાન અને વિરાગતાનું એવું કોઈ અચિંત્ય સામર્થ્ય છે કે જ્ઞાની ઇંદ્રિયોના વિષયોને સેવતો હોવા છતાં તેને સેવનારો કહી શકાતો નથી, કારણ કે વિષયસેવનનું ફળ જે રંજિત પરિણામ તેને જ્ઞાની ભોગવતો નથી-પામતો નથી.૧૩૫.

**પ્રવચન નં. ૨૭૩ ગાથા-૧૯૭ શ્લોક-૧૩૫** શુક્રવાર, અષાઢ વદ ૪, તા. ૧૩-૦૭-૧૯૭૯

'સમયસાર' ૧૩૫ કળશ છે. 'નિર્જરા અધિકાર' છે. નિર્જરાના પ્રકાર ત્રણ છે. એક તો કર્મનું ખરવું એ તો સ્વતંત્ર જડની પર્યાય (છે). અશુદ્ધતાનું ગળવું એ શુદ્ધ સ્વભાવનો અનુભવ થતાં અશુદ્ધતા ટળે એને પણ નિર્જરા કહેવાય છે અને શુદ્ધિની વૃદ્ધિ થાય, આનંદના અનુભવની વૃદ્ધિ થાય એને પણ નિર્જરા કહે છે. (આ) ત્રણને નિર્જરા કહે છે. મૂળ વસ્તુ તો આનંદ અતીન્દ્રિય... ઝીણી વાત છે. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, એ અતીન્દ્રિય આનંદનું વલણ કરી અને અનુભવ કરે. પર તરફનું વલણ છોડી અને પરના અનુભવને ઝેર જાણે અને સ્વના અનુભવના આનંદના વૈભવથી તૃપ્ત રહે તેથી તે શુદ્ધિ વધે એને અહીંયાં નિર્જરા કહે છે. ૧૩૫ કળશ.

(रथोद्धता)

**नाश्नुते विषयसेवनेऽपि यत् स्वं फलं विषयसेवनस्य ना।**
**ज्ञानवैभवविरागताबलात् सेवकोऽपि तदसावसेवकः।।१३५।।**

**'કારણ કે આ (જ્ઞાની)...'** 'નિર્જરા અધિકાર' છે ને! એટલે જ્ઞાની એટલે આત્માના અનુભવમાં સમર્થ છે. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો સાગર છે. એના અનુભવમાં લીનતામાં, એના વેદનમાં તત્પર છે એને અહીંયાં જ્ઞાની કહે છે. **'(જ્ઞાની) પુરુષ...' [विषयसेवने अपि] 'વિષયોને સેવતો...'** એ ભાષા લૌકિકની અપેક્ષાએ કહી છે. બાકી જ્ઞાનીને વિષયનું સેવન જ નથી. પણ લોકો જોવે છે એ અપેક્ષાએ કહ્યું. ધર્મીને તો આનંદનો વૈભવ પ્રગટ્યો છે. આહાહા..! છે? જુઓ!

**'વિષયોને સેવતો છતો પણ જ્ઞાનવૈભવ...'** જેને આત્માના આનંદનો વૈભવ પ્રગટ્યો છે. આહાહા...! આ પૈસા ને આબરુ ને કીર્તિને વૈભવ ન કીધો. પુણ્યના પરિણામને પણ વૈભવ (ન કીધો). આહાહા..! અતીન્દ્રિય આનંદ ભગવાનઆત્મા, એનો અનુભવ તે એનો વૈભવ છે. આહાહા..! ધર્મી જીવ બાહ્યમાં વિષયમાં સામગ્રીઓ, રોગી જેમ રોગનો ઉપચાર કરે એમ ધર્મીને પણ રાગ આવે ત્યારે એનો ઉપચાર દેખાય એ અપેક્ષાએ સેવન કહે છે. બાકી તો આત્માના આનંદના વૈભવ આગળ કોઈપણ રાગના રસમાં કણમાં ક્યાંય પ્રેમ અને રસ નથી. પોતામાં અતીન્દ્રિય આનંદ જોયો છે એથી એ રાગથી માંડી આખી દુનિયા(માંથી) સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! આવું ધર્મનું સ્વરૂપ છે, શરતું આવી છે.

**[विषयसेवने अपि]** આમ દેખાય ખરું ને! આહા..! અંદરમાં બહારનો રસ નથી એને જ્ઞાનનો વૈભવ, આત્મા અનંત અનંત ગુણનો પિંડ (છે) તેનો વૈભવ પર્યાયમાં ફેલાણો છે. આહા..! જે સ્વભાવમાં સામર્થ્યરૂપે વૈભવ હતો એ ધર્મીની પર્યાયમાં એ અનંતો જે સ્વભાવ – વૈભવ હતો એ ફેલાણો છે. આહાહા..! જેની એક એક પર્યાયમાં અનંતી તાકાત, એવી અનંતી પર્યાયનો વૈભવ પ્રગટ્યો છે. આહાહા..! આવી વાત. જ્ઞાનવૈભવ એટલે કે આત્માનો અનુભવ. આનંદના અનુભવને અહીંયાં વૈભવ કીધો છે. આહાહા..! બહારની કોઈ સામગ્રીને વૈભવમાં લીધી નથી. બે-પાંચ કરોડ રૂપિયાનો બંગલો હોય... આહાહા..! છોકરો પરણતો હોય, અબજપતિ માણસ હોય, દસ-પંદર-વીસ લાખ ખર્ચવાના હોય અને આમ બધા દાગીના ને કપડા ને ધામધૂમ દેખાતી હોય એ કોઈ વૈભવ નથી. આહાહા..! એ તો મસાણના હાડકાના ચમત્કાર જેમ લાગે એવી હાડકાની ચમત્કાર છે. આહા..!

આત્મવૈભવ, અહીં જ્ઞાનવૈભવ લીધો છે. જ્ઞાન એટલે જ આત્મા. એનો વૈભવ એટલે અનુભવ. આહાહા..! આખી દુનિયાથી ફેર છે, પ્રભુ! દુનિયાને જરીક શરીર ઠીક હોય, પૈસા ઠીક હોય, આબરુ (ઠીક હોય), શરીર નિરોગ હોય ત્યાં એના રસ આડે કંઈ સૂઝ પડે નહિ. આહાહા..! એના રસ આડે ક્યાંય આત્મા અંદર ભગવાન છે, પૂર્ણાનંદનો સાગર છે,

એની એને અંદર સૂઝ પડે નહિ અને સૂઝ પડી એને પરમાં સૂઝ પડે નહિ. આહા..! એ કહે છે.

ધર્મી જીવ વિષયસેવનમાં દેખાય છતાં, દેખાય.. એ પરદ્રવ્યને ભોગવી શકતો નથી એ તો ત્રણકાળ ત્રણલોકમાં છે, ફક્ત અંદર રાગ આવે છે એમાં એને સેવે છે એટલે કે વેદન છે, છતાં તેમાં રંજન પરિણામ નથી. રાગમાં રંગાયેલો પરિણામ એને નથી. આહાહા..! આત્માના આનંદના વૈભવના અનુભવના રંગથી રંગાયેલો, એને બીજી કોઈ ચીજમાં રસ પડતો નથી. આહાહા..! આવી સમકિતમાં શરૂઆત છે અથવા શરતું છે. આ વસ્તુની સ્થિતિ છે, ભાઈ! આહાહા..! એ વિષય સંયોગ દેખાય, કહે છે, પૂર્વનો કોઈ પુણ્ય કર્મનો ઉદય હોય અને સંયોગો અનુકૂળ ઘણા દેખાય અને તેના તરફનું જરી વલણ પણ દેખાય પણ અંતરના આનંદના વલણ આગળ એ વલણની તુચ્છતા, ઝેરતા દેખાય. એથી એ સેવે છે એમ કહેવાય છે, છતાં એ સેવતો નથી. આહાહા..! આવી મૂળ રકમ છે. હવે મૂળ રકમને મૂકીને બધી ઉપરની વાતું (કરે). વ્રત ને તપ ને અપવાસ ને આ રસનો ત્યાગ ને ઢીકણું... આહાહા..! એ કોઈ કિંમતી ચીજ નથી. આહા..!

અહીં તો શાસ્ત્રના ભણતર થયા ને લોકોને સમજાવતા આવડે એની પણ કંઈ કિંમત અહીં નથી. આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર, એનો સ્વાદ આવ્યો. કરવાનું તો આ છે. એનો વૈભવ. શબ્દ-ભાષા કેવી વાપરી છે! **'જ્ઞાનવૈભવ...'** આત્માનો વૈભવ. આહાહા..! રાગાદિ છે એ આત્માનો વૈભવ નથી. દયા, દાનનો વિકલ્પ ઉઠે એ પણ આત્મવૈભવ નથી. આહાહા..! આત્મવૈભવ, એની જાતમાં ભાત પાડે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, એની પર્યાયમાં એનો અનુભવ કરે એ વસ્તુના સ્વભાવને અનુસરીને પર્યાયમાં અનુભવ થાય, એ આત્માનો વૈભવ, એ જ્ઞાનનો વૈભવ કહેવામાં આવે છે. એ જ્ઞાનના વૈભવ આગળ વિષયસેવનની કોઈ કિંમત નથી. આહાહા..! એને કિંમત નથી, હોં! આહા..! દુનિયાને વિષયસેવનમાં કિંમત લાગે. કારણ કે ભગવાનનું પડખું જોયું નથી. ભગવાનને પડખે ચડ્યો નથી. આહાહા..! રાગ ને દ્વેષ ને વિકલ્પ ને એકલી એને જ મૂડી માનીને એને પડખે જ ચડેલો છે. આહાહા..! એના રાગના રસીલાને... ત્યાં નથી આવતું 'સમયસાર'માં? 'सर्व आगम धरो अपि' આહાહા..! સર્વ આગમ જાણે પણ જો રાગના કણના પણ જો પ્રેમમાં, રસમાં પડ્યો હોય તો એ કાંઈ જાણતો નથી. આહાહા..!

અહીં તો લક્ષમાં અત્યારે તો 'વૈભવ' શબ્દ આવ્યો છે ને! આત્મવૈભવ. એ 'જ્ઞાન' શબ્દે આત્મવૈભવ. આત્મવૈભવ શબ્દે આત્મ અનુભવ. આત્માના આનંદનો અનુભવ એ આત્માનો વૈભવ. આહાહા..! એ આત્માના અનુભવના વૈભવના બળથી વિષયસેવન દેખાય છતાં તેના તરફનો રસ નથી તેથી તે તેને સેવતો છતાં સેવતો નથી. આહાહા..! આવી મુદ્દાની વાત (છે). મુદ્દાની પહેલી વાત મૂકીને ઉપરની બધી વાતું (કરી). આહા..! બીજી

કથાનુયોગ, ત્યાગ ધર્મકથાનુયોગમાંથી ત્યાગ કાઢે ને... આહાહા..! એની શું કિંમત છે?

ધર્મી જીવને આત્માના વૈભવ આગળ વિષયસેવન તે સેવન જ નથી. આહાહા..! અને વૈરાગ્યતાનું બળ. બે શબ્દ વાપર્યા ને? આત્મવૈભવ અને વૈરાગ્યનું બળ. પુણ્ય ને પાપના પરિણામથી વિરક્તપણું, એનું બળ જામ્યું છે. આહાહા..! એકલું આત્માનું અસ્તિપણું અનુભવમાં આવ્યું એમ નહિ, પણ આ બાજુથી પણ વૈરાગ્ય પામ્યો છે. આ બાજુથી અસ્તિનો અનુભવ છે ત્યારે આ બાજુથી પુણ્યના પરિણામ પ્રત્યેનો પણ જેને વૈરાગ્ય છે. આહાહા..! પુણ્યની સામગ્રી છે એ છોડે છે માટે વૈરાગી છે, એમ નથી. પરની સાથે શું સંબંધ છે? પ્રભુ! રાગની રક્તતા છોડે છે, ચાહે તો શુભભાવ હોય એનું જે રક્તપણું છોડે છે તે વિરક્ત છે, એ વિરક્ત છે તે વૈરાગી છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાનવૈભવના અને વિરાગતાના બળ...'** આહાહા..! બે વાત થઈ. બે ગાથામાં આવ્યું હતું. પહેલામાં જ્ઞાન, બીજામાં વૈરાગ્યની વાત હતી. એ એની લીધી અને હવે પછી આવશે એનું પણ આમાં આવશે. આહાહા..! ભગવાનઆત્મા અંતરમાં ચમત્કારિક શક્તિઓથી ભરેલો ભગવાન છે. ચૈતન્યચમત્કાર, જેની પાસે દુનિયાનો ચમત્કાર મીંડા છે મોટા. આહાહા..!

નાની ઉંમરમાં એક ફેરી 'ઉમરાળા'એ જોયું હતું. મોટો દરવાજો છે. એ દરવાજા પર એક માણસ બેસે અને પછી બે વાંસડા એના પગે બાંધે. એટલે ઊંચે બેસે અને એ વાંસે પછી બજારમાં ચાલે. નજરે જોયું છે. 'ઉમરાળા'માં દરવાજો છે ને? દરવાજો માથે હોય ને? ત્યાં બેસે અને પછી પગે બે મોટા વાંસડા બાંધે, પછી ઇ વાંસડે બજારમાં ચાલે.

મુમુક્ષુ :– બેની વચ્ચે દોરી હોય.

ઉત્તર :– દોરી કાંઈ નહિ. આ તો ખુલ્લેખુલ્લા બે વાંસ. આ તો જોયેલી વાત છે. બજારમાં, હોં! મોટી બજાર છે. 'રોકડશેઠ'ની દુકાન હતી. બજાર આમ ચારે કોર ભરાય. એકલા બે વાંસડા પગે બાંધે એ પગથી ચાલે એ વાંસથી ચાલે. આ..હા...! લોકોને એમ લાગે કે, આ તે ઓ..હો..હો...! એમાં ધૂળમાંય નથી કાંઈ. એ તો એ જાતનો અભ્યાસ કરતા (આવડી જાય). આહાહા..!

અહીં તો જ્ઞાનનો અનુભવ અને વૈરાગ્યનું બળ, એ બેથી ચાલે. આહાહા..! વાંસડાથી નહિ. 'ઉમરાળા'માં આ બધા માણસો તો આવે ને! ઘણાને ગમી જાય. આહા..! લોકો આમ ઓ..હો..! ઓ..હો...! એમ કરે. વાંસથી પગ ભરે આમ. અરે ભાઈ! તારામાં આત્માનો ચમત્કાર વૈભવ, જે અનુભવ અને રાગથી વિરક્ત એવું જે વૈરાગ્ય બળ, એ બે પગે ચાલે છે એ આત્મા ચમત્કારી છે. આહાહા..! છે? આચાર્ય, 'અમૃતચંદ્રાચાર્યે' જ્ઞાનવૈભવ અને વૈરાગ્ય બળ એમ બેય લીધું છે. ઓલો અનુભવ અને આ વૈરાગ્યનું બળ છે. રાગથી ઉદાસ.. ઉદાસ.. ઉદાસ... રાગનો કણ હોય પણ એનાથી ઉદાસ (છે). એનું આસન ઉદાસ છે. સ્વમાં આસન છે. એ રાગથી આસન ખસી ગયું છે. આહાહા..! રાગ દેખાય અને રાગની છોડવાની સામગ્રીમાં

પણ જાણે ભેગા કરતો હોય ને છોડે (એમ) દેખાય. અંદરમાં કાંઈ નથી. આહાહા..! આમાં જોર છે.

જ્ઞાનનો અનુભવ. આત્માનો વૈભવ એટલે ઇ વૈભવ. અનુભવ એ વૈભવ છે. 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ' આવી વાતું છે. આહાહા..! એવા અનુભવના વૈભવથી અને વૈરાગ્યના બળથી. **[विषयसेवनस्य स्वं फलं]** વિષયસેવનનો જે રાગમાં રંગ ચડી જવો. રાગમાં રંગ ચડી જવો, એ રંગ ચડ્યો નહિ. એ રંગ ઉતરી ગયો. આહાહા..! રાગનું રંજનપણું, રાગમાં રંજનપણું એ ઉતરી ગયું. આહાહા..! અને ભગવાનઆત્મામાં રંજનપણું ચડી ગયું. આત્માના આનંદના અનુભવના રંજનમાં ચડી ગયો. આહાહા..! વિષયસેવનનું ફળ એટલે રંજિત પરિણામ, એમ. રંગાયેલો, રાગમાં રંગાણો, ફળ. એ રંગાતો જ નથી. આત્માનો રંગ લાગ્યો તેને આ રાગના રંગ શેના હોય? આહાહા..! જેને પ્રભુનો રંગ લાગ્યો... આહાહા..! એને ભિખારાની સાથે રંગ કેમ લાગે? આહા..! આવી વસ્તુ છે. લોકોને આકરી પડે. વસ્તુસ્થિતિ આ છે. આહા..!

**'વિષયસેવનના નિજફળને...'** એટલે કે તેમાં રાગમાં રંગાયેલા રસને, એ રસ એને છૂટી ગયો છે. આહા..! વસ્તુના સ્વભાવના રંગે રંગાણો એને હવે રાગના રંગ ચડતા નથી. આહાહા..! ભલે એ ગૃહસ્થાશ્રમમાં દેખાય. છન્નુ હજાર સ્ત્રીના વૃંદની મધ્યમાં દેખાય પણ રાગના રસ ઊડી ગયા, એ ઊડી ગયા. આહાહા..! રંજિત પરિણામ કીધું ને? રંજિત પરિણામ એટલે ઇ. રાગમાં એકત્વબુદ્ધિ અથવા રાગનો રંગ. આહાહા..! અથવા રાગનો રસ. આહાહા..! એને એ પામતો નથી.

**[न अश्नुते] 'ભોગવતો નથી...'** એનો અર્થ ઇ. **'પામતો નથી,...'** રાગના રંજન પરિણામને પામતો નથી. રાગના રંગ જેને ઊડી ગયા છે, સ્વભાવના રંગ જેને ચડ્યા છે. આહાહા..! ધર્મ એવી ચીજ (છે), બાપુ! આહા..! જેના ફળ ભવના અનંત અનંત અનંતનો અંત, અનંત ભવનો અંત. આહાહા..! અને સાદિ અનંત અનંત અનંત અનંત કાળનો આનંદ અને શાંતિનો ઉપાય, એ ઉપાય તો અલૌકિક હોય કે નહિ? આહાહા..! એ ભોગવતો નથી એટલે એનો અર્થ **[विषयसेवनस्य स्वं फलं]** એટલે રંજિત પરિણામ પામતો નથી એમ એનો અર્થ લેવો. રાગમાં રંગાયેલી દશા થતી નથી. આહાહા..! વૈરાગ્યબળ અને જ્ઞાનના અનુભવ આગળ, રાગના રંજન પરિણામ, રંગાયેલા પરિણામ તેને થતા નથી. આહાહા..!

**'તેથી...' [असौ] 'આ (પુરુષ)...' [सेवकः अपि असेवकः] 'સેવક છતાં અસેવક...'** વિષયોને સેવતા છતાં સેવતો નથી. કોઈ સ્વચ્છંદી એમ કહે કે, અમે તો જ્ઞાની છીએ. (અમે) વિષય ભોગવીએ તો અમને રસ નથી, ઇ વાત અહીં નથી. આ.હા...! ઘણા વર્ષ (પહેલાની) એક વાત હતી. એક બાવો હતો. ઘણા વર્ષ (પહેલાની) વાત છે. ઘણું કરીને (સંવત) ૧૯૭૩ કે ૧૯૭૬(ની વાત છે). એક બાવો હતો (તેણે) એક બાઈ રાખેલી. રાખેલી

પછી એના ઉપર પ્રેમ બહુ અને પછી એ બાઈએ એને – બાવાને છોડી દીધો. છોડી દીધો અને આને કષાય ચડી ગયો. એટલે કોટ ઉપર કંઈક લખ્યું હતું. શું લખ્યું હતું...?

મુમુક્ષુ :– બાઈનું નામ 'લક્ષ્મી' હતું.

ઉત્તર :– હા, બાઈનું નામ 'લક્ષ્મી' હતું. 'લક્ષ્મી... લક્ષ્મી.. લક્ષ્મી.. લક્ષ્મી' આ નજરે જોયલું, હોં! 'દામનગર' અપાસરામાં બેઠા હતા (ત્યાં) બાવો નીકળ્યો. કોટ ઉપર લખ્યું (હતું). કીધું, આ શું? પછી મેં આમ કહ્યું એટલે પછી કોઈએ એને પૂછ્યું કે, આ શું થયું? તમે બાવાજી અને આ? (તો કહ્યું), રંગ ચડ્યો એ હવે ઉતરતો નથી. એમ બોલ્યો હતો ઇ. 'ક્ષત્રિય કા રંગ ચડ્યા એ ચડ્યા, રંગ ઉતરતા નથી' ક્ષત્રિય હશે. આહાહા..! એક સ્ત્રીએ છોડી દીધો એટલે પછી એનો ફજેત કરવા માટે કોટમાં 'લક્ષ્મી.. લક્ષ્મી.. લક્ષ્મી.. લક્ષ્મી' (લખી નાખ્યું). આહાહા..! એને પૂછ્યું ત્યારે એમ બોલ્યો, 'ક્ષત્રિય કા રંગ ચડ્યા વહ ઉતરતા નહિ' અર..ર..ર...! અને ગામમાં ફરે 'લક્ષ્મી.. લક્ષ્મી.. લક્ષ્મી.. લક્ષ્મી' કરતો. ફજેત કરવા માટે.

આ કહે છે કે, જ્યાં અનંત રસ આત્મામાં ચડ્યા.. આહાહા..! (ત્યાં) દુનિયાના બધા રસ ઉડી ગયા. એ રંગ ચડ્યો એ ઉતરતો નથી, કહે છે. ઓલા ઉંધા (રસ) ને? આહાહા..! (સંવત) ૧૯૭૬ની વાત હશે. 'દામનગર' ચોમાસુ હતું.

**ભાવાર્થ :–** (અનુભવ) '**જ્ઞાન અને વિરાગતાનું એવું કોઈ અચિંત્ય સામર્થ્ય છે...**' જ્ઞાન એટલે એકલું જાણપણું એમ નહિ. શાસ્ત્રનું જ્ઞાન, ઉઘાડ એ જ્ઞાન નહિ. જ્ઞાન એટલે કે આત્માનો અનુભવ, એનું નામ અહીંયાં જ્ઞાન છે. આહાહા..! '**જ્ઞાન અને વિરાગતાનું એવું કોઈ અચિંત્ય સામર્થ્ય છે...**' અચિંત્ય સામર્થ્ય! જે કોઈ કલ્પનામાં સાધારણ પ્રાણીને ખ્યાલમાં ન આવે. આહાહા..! '**કે જ્ઞાની ઇન્દ્રિયોના વિષયોને સેવતો હોવા છતાં તેને સેવનારો કહી શકાતો નથી,...**' આહાહા..! એવો કોઈ આત્માનો રસ ચડી ગયો છે અને રાગનો રસ ઉતરી ગયો છે. આહાહા..! છતાં વિષયના સેવનમાં દેખાય છતાં એ સેવક છે જ નહિ. આહાહા..!

'**કારણ કે વિષયસેવનનું ફળ જે રંજિત પરિણામ...**' રંજિત એટલે રંગાય ગયેલા, રાગમાં રંગાય ગયેલા. '**તેને જ્ઞાની ભોગવતો નથી...**' રાગમાં રંગાઈને વિષયને ભોગવતો નથી. આહાહા..! આકરી વાત છે. એટલે? ભોગવતો નથી એટલે? એ ઓલામાં આવ્યું હતું ને? **[न अश्नुते]** ભોગવતો નથી એટલે પામતો નથી. અર્થમાં આવ્યું હતું. એમ અહીં ભોગવતો નથી એટલે રાગના રંગને પામતો નથી, એમ. રાગને ભોગવતો નથી એટલે રાગમાં રંગાતો નથી. ચૈતન્યમાં રસ ચડી ગયો છે. એ રસ, રાગનો રસ હવે થતો નથી. રાગમાં રસ પામતો નથી. ભોગવતો નથી એટલે એ.

## ગાથા-૧૯૭

अथैतदेव दर्शयति -

सेवंतो वि ण सेवदि असेवमाणो वि सेवगो कोई।
पगरणचेट्ठा कस्स वि ण य पायरणो त्ति सो होदि।।१९७।।
सेवमानोऽपि न सेवते असेवमानोऽपि सेवकः कश्चित्।
प्रकरणचेष्टा कस्यापि न च प्राकरण इति स भवति।।१९७।।

यथा कश्चित् प्रकरणे व्याप्रियमाणोऽपि प्रकरणस्वामित्वाभावात् न प्राकरणिकः, अपरस्तु तत्राव्याप्रियमाणोऽपि तत्स्वामित्वात्प्राकरणिकः, तथा सम्यग्दृष्टि पूर्वसञ्चितकर्मोदयसम्पन्नान् विषयान् सेवमानोऽपि रागादिभावानामभावेन विषयसेवनफलस्वामित्वाभावादसेवक एव, मिथ्यादृष्टिस्तु विषयानसेवमानोऽपि रागादिभावानां सद्भावेन विषयसेवनफलस्वामित्वात्सेवक एव।

---

હવે આ જ વાતને પ્રગટ દૃષ્ટાંતથી બતાવે છે :-

સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને,
પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણ જયમ નહિ ઠરે. ૧૯૭.

ગાથાર્થ :- [ कश्चित् ] કોઈ તો [ सेवमानः अपि ] વિષયોને સેવતો છતાં [ न सेवते ] નથી સેવતો અને [ असेवमानः अपि ] કોઈ નહિ સેવતો છતાં [ सेवकः ] સેવનારો છે-[ कस्य अपि ] જેમ કોઈ પુરુષને [ प्रकरणचेष्टा ] [1]પ્રકરણની ચેષ્ટા (કોઈ કાર્ય સંબંધી ક્રિયા) વર્તે છે [ न च सः प्राकरणः इति भवति ] તોપણ તે [2]પ્રાકરણિક નથી.

ટીકા :- જેમ કોઈ પુરુષ કોઈ પ્રકરણની ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું નહિ હોવાથી પ્રાકરણિક નથી અને બીજો પુરુષ પ્રકરણની ક્રિયામાં નહિ પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું હોવાથી પ્રાકરણિક છે, તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ પૂર્વસંચિત કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયોને સેવતો હોવા છતાં રાગાદિભાવોના અભાવને લીધે વિષયસેવનના ફળનું સ્વામીપણું નહિ હોવાથી અસેવક જ છે (અર્થાત્ સેવનારો નથી) અને મિથ્યાદૃષ્ટિ વિષયોને નહિ સેવતો હોવા છતાં રાગાદિભાવોના સદ્ભાવને લીધે વિષયસેવનના

ફળનું સ્વામીપણું હોવાથી સેવક જ છે.

ભાવાર્થ :- કોઈ શેઠે પોતાની દુકાન પર કોઈને નોકર રાખ્યો. દુકાનનો બધો વેપાર-વણજ-ખરીદવું, વેચવું વગેરે સર્વ કામકાજ-નોકર કરે છે તોપણ તે વેપારી નથી કારણ કે તે વેપારનો અને વેપારના લાભ-નુકસાનનો સ્વામી નથી; તે તો માત્ર નોકર છે, શેઠનો કરાવ્યો બધું કામકાજ કરે છે. જે શેઠ છે તે વેપાર સંબંધી કાંઈ કામકાજ કરતો નથી, ઘેર બેસી રહે છે તોપણ તે વેપારનો અને વેપારના લાભ-નુકસાનનો ધણી હોવાથી તે જ વેપારી છે. આ દૃષ્ટાંત સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ પર ઘટાવી લેવું. જેમ નોકર વેપાર કરનારો નથી તેમ સમ્યગ્દૃષ્ટિ વિષય સેવનારો નથી, અને જેમ શેઠ વેપાર કરનારો છે તેમ મિથ્યાદૃષ્ટિ વિષય સેવનારો છે.

## ગાથા-૧૯૭ ઉપર પ્રવચન

'હવે આ જ વાતને પ્રગટ દૃષ્ટાંતથી બતાવે છે :–'

**सेवंतो वि ण सेवदि असेवमाणो वि सेवगो कोई।**
**पगरणचेट्ठा कस्स वि ण य पायरणो त्ति सो होदि।।१९७।।**

**સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને,**
**પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણ જયમ નહિ ઠરે. ૧૯૭.**

આચાર્યએ દાખલો આપ્યો, કહો! ટીકા :– **'જેમ કોઈ પુરુષ કોઈ પ્રકરણની ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં...'** આહાહા..! આ લગનના પ્રસંગમાં કે એવું હોય ને? પ્રવર્તતો હોય કામકાજમાં, ધણીપત્તે ન હોય, ધણી તો બીજો હોય અને એને કામ સોંપ્યું હોય તો કામ કરી દ્યે. **'પ્રકરણની ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું નહિ હોવાથી...'** આહાહા..! એ ક્રિયા આદિ હોય. આહાહા..!

લગનમાં એક દાખલો બન્યો હતો. એક માણસે પોતાના જમાઈને બધું કામ સોંપ્યું તો એવું બનાવ્યું કે, દૂધપાક ને એવું બનાવ્યું. ને માણસો ઝાઝા આવે (અને) કંઈ મેળ નહિ. એટલે ઘરના ધણીને એવું લાગ્યું કે, આ મારી આબરુ (નહિ રહે). ઓલું શું કહેવાય? છેલ્લે દિવસે કરે છે ને? હરખ જમણ.. હરખ જમણ. હરખ જમણ કરેલું અને એમાં કર્યો દૂધપાક. એટલે કેટલું માણસ આવશે એનો મેળ નહિ, દૂધપાક ખૂટે તો કરવું શું? દૂધપાક કાંઈ તરત થાય છે? બીજી ચીજ હોય તો તો કંદોઈની દુકાનેથી બરફી, લાડવા (લાવી શકાય). એને એવું ખરાબ લાગ્યું, એના ધણીને, એને લઈને આને ખરાબ લાગ્યું તો એ લગ્નના

પ્રસંગમાં એ ઝેર પીને મરી ગયો. કામ એને સોંપેલું અને કામમાં આ પ્રમાણે થયું અને એમાં બહારમાં વાત આવી, એકદમ આવી કે, આ માણસ ઝાઝુ આવી જાય, દૂધપાક તો હદ પ્રમાણે હોય, ખૂટે તો લાવવો ક્યાંથી? બરફી કે ચૂરમું કે એવું કર્યું હોય તો તરત તૈયાર પણ કરે કાંઈક. ચૂરમું ન થાય તો બરફી કે શેરો કરે. હેં? પહોંચી વળે. આહા..! આહા..!

ઓલા 'ભર્તુહરિ'માં નથી આવતું? 'ભર્તુહરિ'ને જ્યારે 'પીંગળા'ની ખબર પડી. અરે..રે..રે...! મેં પીંગળાને કેવી માની? એ 'પીંગળા' આવી નીકળી? ૯૨ લાખ માળવાનો અધિપતિ રાજા 'ભર્તુહરિ'! અરે...! આ સ્ત્રી મારી, મેં એને પ્રેમ (કર્યો). આહા..હા..! વેશ્યા પાસે એક અમરફળ આવ્યું. વેશ્યા આપી ગઈ દરબારને, 'ભર્તુહરિ'ને, અને 'ભર્તુહરિ'એ સોંપ્યું રાણીને, રાણીને 'અશ્વપાળ'ને આપ્યું. એણે 'અશ્વપાળ' રાખેલો. ૯૨ લાખ અધિપતિનો માળવો, એને મૂકીને એ 'અશ્વપાળ'ની સાથે ચાલતી. કહો, આહાહા..! એને આપ્યું અને એણે આપ્યું પાછું વેશ્યાને અને વેશ્યા પાછુ 'ભર્તુહરિ' પાસે લાવ્યા. આહાહા..! દુનિયાના ઠગારા કેવી રીતે ઠગે છે! બહારમાં જાણે આહાહા..! તમારી છું.. તમારી છું... તમારી છું... અંદરમાં... આહાહા..! થઈ ગયો, બાવો થઈ ગયો.

ગુરુએ હુકમ કર્યો, જાઓ! ત્યાંથી અનાજ લઈ આવ. તારી પહેલી ભિક્ષા લઈ આવ. રાણી પાસેથી ભિક્ષા લઈ આવ. આહાહા..! ગુરુએ કહ્યું, એ વખતના ગુરુ પણ કેવા હશે? આવો મોટો રાજા ભિક્ષા લ્યે! આહાહા..! રાણી પાસે લેવા ગયા. રાણી તો શોકમાં હતી. કાંઈ બન્યું નહોતું. માતા! એમ બોલ્યો, 'માતા! મને ભિક્ષા દે.' રાણી કહે છે, 'પ્રભુ! રાજન! માતા ન કહો.' માતા છો, મારે હવે માતા છે, બીજું કાંઈ છે નહિ. આહા..! મારી પાસે કાંઈ નથી, પ્રભુ! એ નાટક જોયેલા, એમાં બધું આવતું. 'ખીર રે બનાવું ક્ષણ એકમાં, જમતા જાવ જોગીરાજ' એક ક્ષણમાં ખીર બનાવું. .... 'ખીર રે બનાવું ક્ષણ એકમાં' વૈરાગ્ય કેવો હશે એનો કહો! દૃષ્ટિ ભલે વસ્તુની (નહિ) પણ બહારના વૈરાગ્યના ભાસ જેવું.

વૈરાગ્ય તો ત્યારે કહેવાય કે, સમ્યગ્દર્શન સહિત રાગનો રસ નહિ, એને વૈરાગ્ય કહેવાય. એ કંઈ વૈરાગ્ય નહિ, પણ આટલું તોપણ એ વૈરાગ્ય નહિ, હોં! એ તો મંદ કષાયની સ્થિતિ (છે). માતા! કહીને ઉભો રહ્યો. દરબાર મોટો બાણુ લાખ માળવાનો અધિપતિ! નાટક જોયા છે મોટા મોટા. 'પ્રભુ! મને માતા ન કહો, રાજન! હું એક (ક્ષણમાં) ખીર બનાવું, થોડા ઉભા રહો.' (ત્યારે રાજન કહે છે), 'મારી જમાત ચાલી જાય છે, હું ઉભો નહિ રહું.' ચાલ્યા ગયા. છતાં એ ખરો વૈરાગ્ય નથી. આ વૈરાગ્ય જે કહે છે એ નહિ. આહાહા..! બહારથી તુચ્છતા લાગી. 'દેખ્યા નહિ કુછ સાર જગતમેં, દેખ્યા નહિ કુછ સાર' એમ બોલ્યો. છોડ્યું બધું. એ વૈરાગ્ય નહિ.

વૈરાગ્ય તો ભગવાનઆત્માનો અનુભવ થતાં રાગની રક્તતા છૂટી જાય, પુણ્યના પ્રેમના

રંગ, રસ છૂટી જાય. આહાહા..! એને જ્ઞાન અને વૈરાગ્ય કહેવામાં આવે છે. લોકો એમ વખાણે કે આવો રાજા હતો. આ 'ભર્તુહરિ'માં આવે છે ને? બનાવેલું આવે છે. બધું વાંચ્યું છે. એ વૈરાગ્ય નહિ, બાપા! આહાહા..! ભગવાનનો વૈરાગ્ય જુદી જાતનો છે. હેં? આ તો છોડીને ગયો છે તોપણ વૈરાગ્ય નહિ અને અહીં તો સંસારમાં પડ્યો હોય છતાં વૈરાગી (છે). અરે..રે...! આના માપ ક્યાંથી લાવવા? સમજાણું કાંઈ? ઓલો રાજ છોડીને ચાલ્યો ગયો તોપણ એ વૈરાગ્ય ન કહેવાય.

અહીંયાં કહે છે કે, સ્ત્રી આદિના સેવનમાં દેખાય, રાજપાટમાં દેખાય છતાં વૈરાગી (છે). આહા..! એ..ઇ...! જેના રાગના રંજન પરિણામ, રસ તૂટી ગયા છે અને જેને આત્માના આનંદના રસના પ્યાલા ફાટ્યા છે. આહાહા..! એ અનુભવના રસના પ્યાલા આગળ ક્યાંય રસ પડતો નથી. આહાહા..! એ રાગથી પુણ્યના પરિણામથી પણ વિરક્ત છે, રક્ત નથી. એને અહીં વૈરાગ્ય કહેવામાં આવે છે. એ વૈરાગી જીવ સંસારમાં આમ વિષય સેવતો દેખાય, છતાં એ સેવતો નથી. અને આ છોડે છે છતાં એણે કાંઈ છોડ્યું નથી. આહાહા..! બાણુ લાખ માળવાના અધિપતિએ રાજ છોડ્યું, (પણ) છોડ્યું નથી. આહાહા..! જેને આત્મા અંદર શું ચીજ છે? સર્વજ્ઞ કહે ઇ, હોં! અજ્ઞાની કહે ઇ આત્મા નહિ. આહાહા..! એવો જે ભગવાનઆત્મા, એના રસમાં ચડ્યો છે એને રાગના રસ ઉતરી ગયા છે. રાગ આવે છે, રાગમાં જોડાય છે પણ અંદરના રસ ઉતરી ગયા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ત્રણલોકના નાથ વીતરાગ જૈન પરમેશ્વરની વાત કોઈ જુદી છે. દુનિયાથી આખી જુદી જાત છે. હવે ઓલો બાણુ લાખ (માળવા) છોડીને બેઠો તોય વૈરાગ્ય નહિ. હેં? અને અહીં છન્નુ હજાર સ્ત્રીમાં પડ્યો હોય તો કહે, વૈરાગી. હવે આ તુલના કરવી શી રીતે? આહાહા..! રાગનું રંજનપણું, રસપણું છૂટી ગયું છે. આહાહા..!

અહીં કહે છે, ૧૯૭ આવી ને? **'જેમ કોઈ પુરુષ કોઈ પ્રકરણ...'** પ્રકરણ એટલે કોઈ ક્રિયા. લગનની ક્રિયા, દહાડાની ક્રિયા, મોટો દહાડો હોય અથવા શું કહેવાય, આ કીધું લગનનું છેલ્લું... ? હરખ જમણ કે મોટો વેપાર હોય. એ **'પ્રકરણની ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું નહિ હોવાથી...'** આહાહા..! એનો ધણી નથી ઇ. નોકર કરોડોના વેપાર કરતો હોય પણ એના ફળ તરીકે એને કંઈ છે નહિ. એનો ધણી તો ઓલો છે. આહાહા..! આને તો ખબર છે કે મને આ બે હજાર, પાંચ હજાર રૂપિયા મહિને આપે છે. બસ! અને કરોડો પેદા થાય છે એ કંઈ મને નથી. અને કદાચિત્ કરોડની ખોટ ગઈ તોય મને કંઈ નથી. આહાહા..! એ કોઈપણ કામની ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં એ કામનું સ્વામીપણું નહિ હોવાથી. પ્રકરણ એટલે એ ક્રિયાઓ.

**'પ્રાકરણિક નથી...'** આહાહા..! ઓલો તો ધણીએ જમાઈને સોંપેલું તો એમાં આમ થયું (તો) એ જમાઈ ઝેર પીને મરી ગયો, લ્યો! લગનના પ્રસંગમાં. કારણ કે ધણી(પતાના)

રંગ ચડી ગયેલા. હું કરું... હું કરું... હું કરું... મેં દસ મણ, પંદર મણ દૂધપાક કર્યા. ભલે અત્યારે આટલું માણસ જમે. પણ ભઈ! મેળ ન ખાય. આ મોટું ઘર છે, માણસ કેટલું આવે, આ દૂધપાક (નહિ થાય). તમે બહુ હઠે ચડો છો કે, દૂધપાક જ કરો. એમ ન ચાલે. એ એમાં મરી ગયો. 'કાંતિભાઈ' આ સંસારના તમારા બધા લખણ. આહાહા..!

અહીં કહે છે કે, ધર્મી જેમ કોઈ પ્રકરણ એટલે ક્રિયાકાંડના પ્રકારમાં ચડી ગયો હોય છતાં એનો એ સ્વામી નથી તો એનો હરખ-શોક એને છે નહિ, એને ખોટ અને લાભ એને ઘરે નથી. ખોટ ને લાભ શેઠને ઘરે છે. 'રાણપુર'માં તો એક નોકર એવો હતો. શેઠિયો હતો. 'રાણપુર'. શેઠ દુકાને આવે તો કાંઈક બોલે, ચાલ્યા જાઓ અહીંથી. તમારું કામ નથી. નોકરે એવી છાપ પાડી દીધી કે શેઠ ચાલ્યો જાય. તમારું કામ નથી. ડામાડોળ કરશો નહિ, ફલાણું, ઢીકણું ને આમ તેમ, ચાલ્યા જાઓ અહીંથી. કર્તા-હર્તા છતાં પણ ફળનો ભોક્તા કંઈ પોતે છે? લાભ કે ખોટ એ તો એની છે. હેં? આહાહા..! સ્વામીપણું નહિ હોવાથી તે ક્રિયાનો એ અધિકારી નથી, તેનો સ્વામી નથી.

**'બીજો પુરુષ પ્રકરણની ક્રિયામાં નહિ પ્રવર્તતો...'** આહાહા..! એનો ધણી હોય એ એક કોર ઘરે બેઠો હોય. દુકાનનું કામ ચાલતું હોય એ નોકર ચલાવતો હોય, આને માથે કાંઈ ન હોય છતાં સ્વામીપણું એને વર્તતું હોય છે. આહાહા..! છે ને? **'પ્રકરણની ક્રિયામાં નહિ પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું હોવાથી...'** દુકાનના કરોડોના ધંધાનો ધણી તો ઇ છે. ખોટ જાય કે લાભ થાય એ કંઈ નોકરને છે? નોકરને તો જે પગાર બે હજાર કે બાવીસો હોય એ આપી દ્યે. આહાહા..! આ દૃષ્ટાંત તો 'કુંદકુંદાચાર્યે' આપ્યું છે.

**'ક્રિયામાં નહિ પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું હોવાથી પ્રાકરણિક છે,...'** ધણી છે. **'તેવી રીતે સમ્યગ્દષ્ટિ પૂર્વસંચિત કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયોને...'** આહાહા..! ધર્મી જીવને, અનુભવીને... આહા..! એ એક ફેરી કહ્યું નહોતું? નાની ઉંમરમાં, નવ-દસ વર્ષની ઉંમર (હતી). અમારી જોડે રહેતા. અમારી બાના ગામના બ્રાહ્મણ એટલે અમે મામા કહીએ. એ ન્હાય ને લંગોટીયું જ્યારે પહેરે ત્યારે એમ બોલતા, 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મ ને બીજું કાંઈ ન કહેવું'. એ વખતે સાંભળતા. મેં કીધું, શું કહે છે આ? એનેય ખબર નહિ. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે...' આહાહા..! એ અહીં કહે છે. એ ક્રિયાઓ ભલે બધી થતી હોય પણ ધણી પોતે નથી. આહાહા..! અનુભવીના આનંદમાં એ ક્રિયાનો ધણી નથી. આહાહા..!

**'સમ્યગ્દષ્ટિ પૂર્વસંચિત કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયોને સેવતો હોવા છતાં...'** ભાષા વ્યવહારની મૂકી. **'રાગાદિભાવોના અભાવને લીધે...'** ઓલું રંજિત પરિણામ કીધું હતું ને? રંગ ઊડી ગયો છે. આહાહા..! કપડામાં જેમ રંગ ચડાવે પણ જેમ ઊડી જાય, અંદર ફટકડી લગાવી હોય (તો) રંગ ઊડી જાય. એમ આ રંગ ધર્મીને ઊડી ગયો છે. આહા..!

ભગવાનને પડખે ચડ્યો (એના) બીજા બધા પડખાં હવે ખરાબ થઈ ગયા. આહાહા..! જુઓ! સમ્યગ્દર્શનની મહિમા! જુઓ! અનુભવની મહિમા! હવે એની પાસે બધી ક્રિયાકાંડની વાતું આખો દિ' ગુંચાઈને મરી જાય એમાં. આખી વાત મૂળ છે એ તો રહી જાય. આહાહા..!

**'સમ્યગ્દષ્ટિ પૂર્વસંચિત કર્મના ઉદયથી પ્રાપ્ત...'** થયેલી સામગ્રી, એને સેવતો દેખાય **'છતાં રાગાદિભાવોના અભાવને લીધે વિષયસેવનના ફળનું (ધણીપત્તુ) સ્વામીપણું નહિ હોવાથી..'** આહા..! જ્યાં આનંદનો નાથ, અનંત ગુણનો સ્વામી, એનો સ્વામી થયો... આહાહા..! હવે એને બહારના સ્વામીપણા, ભિખારીપણા એને શેના રહે? આહાહા..! સ્વરૂપના આનંદની લક્ષ્મી આગળ બહારના કોઈ વૈભવમાં એને મહત્તા લાગતી નથી. અજ્ઞાનીને બહારના અનેક પ્રકારના વૈભવના વિશેષ દેખાતાં આત્માનું વિશેષપણું ભાસતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ **'વિષયસેવનના ફળનું સ્વામીપણું નહિ હોવાથી...'** એટલે કે રાગનો રસ જ જ્યાં ઊડી ગયો છે, એમ એનો અર્થ છે. તે **'અસેવક જ છે...'** સેવતા છતાં અસેવક છે. આહાહા..! 'ટોડરમલ્લજીએ' 'મોક્ષમાર્ગ પ્રકાશક' બનાવ્યું ને! બનાવ્યું (ત્યારે) એની મા શાકમાં મીઠું નથી નાખતી. એ 'મોક્ષમાર્ગ પ્રકાશક' (બનાવવાની) એવી ધૂનમાં (કે) એને ખબર નહિ કે આમાં મીઠું નથી. રસ ચડેલો 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો. આહાહા..! એ જ્યાં કામ બંધ થઈ ગયું અને માતાએ શાક પાછું આપ્યું (તો કહ્યું), 'બા! આમાં મીઠું નથી.' (તો બા કહે છે), 'ભાઈ! મીઠું છ મહિનાથી હું નાખતી નથી. તને આજે ખબર પડી?' 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો રસ ઊડી ગયો. (શાસ્ત્ર પૂરું થયું). કહો, શાકમાં મીઠાની ખબર ન રહી. હેં? છ-છ મહિના! રસ ચડી ગયો ને! 'મોક્ષમાર્ગ પ્રકાશક' કેવું પણ બનાવ્યું છ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'! આહાહા..!

'શ્રીમદ્દે' પણ વખાણ કર્યા, સત્શ્રુતમાં નાખ્યું. વીસ સત્શ્રુતના નામ આપ્યા છે ને? એમાં 'મોક્ષમાર્ગ પ્રકાશક' સત્શ્રુતમાં નાખ્યું છે. આહાહા..! ભલે એના માણસો પછી શ્વેતાંબરને માને. પણ આમાં ના પાડી છે. શ્વેતાંબર છે એ ગૃહીત મિથ્યાદષ્ટિ છે. આહા..! એ જૈન જ નથી. સ્થાનકવાસી, દેરાવાસી જૈન જ નથી. આકરી વાત છે, બાપા! આહા..! જેને રાગથી ભિન્ન, ગુરુપણું પણ એવું, ધર્મ પણ એવો અને કેવળીની તો વાત જ શું કરવી? આહાહા..! એવી વાત જેને અંતરમાં બેઠી અને અનુભવમાં આવી.. આહાહા..! એને બીજા કોઈ ધર્મ પ્રત્યે રસ ઊડી જાય છે. આહાહા..! અંદર કોઈ પ્રેમ રહેતો નથી. આહા..!

**'વિષયસેવનના ફળનું સ્વામીપણું નહિ હોવાથી અસેવક જ છે (અર્થાત્ સેવનારો નથી) અને મિથ્યાદષ્ટિ વિષયોને નહિ સેવતો હોવા છતાં...'** જોયું? હજારો રાણી છોડીને બેઠો હોય પણ અંદરમાં રાગનો પ્રેમ છે. રાગથી ભિન્ન ભગવાનનો અનુભવ નથી અને રાગનો રસ છૂટ્યો નથી. ભલે બાવો, જોગી, સાધુ થાય, જૈનનો સાધુ થયો હોય, દિગંબર સાધુ! આહાહા..! છતાં **'મિથ્યાદષ્ટિ વિષયોને નહિ સેવતો...'** જાવજીવ બાળ બ્રહ્મચારી હોય પણ અંદરમાં રાગના

રસ છૂટ્યા નથી. આહાહા..!

**'મિથ્યાદૃષ્ટિ વિષયોને નહિ સેવતો હોવા છતાં રાગાદિભાવોના સદ્ભાવને લીધે...'** જોયું? રાગનો નાનામાં નાનો કણ (હોય) પણ જેના પ્રેમમાં રંગાઈ ગયો છે. આહાહા..! એ વિષય ન સેવે તોપણ સેવતો કહેવાય છે. આહાહા..! આટલો બધો ફેર. **'વિષયસેવનના ફળનું સ્વામીપણું હોવાથી સેવક જ છે.'** આહાહા..! એ રાગના પ્રેમમાં પડ્યો, બહારમાં સ્ત્રીનો ત્યાગ હોય, કુટુંબનો ત્યાગ (હોય), દુકાન, ધંધાનો ત્યાગ (હોય) પણ છતાં અંદરમાં એ સેવક જ છે. આહાહા..! વિશેષ વાત કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૨૭૪ ગાથા-૧૯૭, ૧૯૮, શ્લોક-૧૩૬ શનિવાર, અષાઢ વદ ૫, તા. ૧૪-૦૭-૧૯૭૯**

---

## ગાથા-૧૯૭ ના ભાવાર્થ ઉપર પ્રવચન

---

ભાવાર્થ છે ને ? ૧૯૭ (ગાથાનો) ભાવાર્થ. 'નિર્જરા અધિકાર'. **'કોઈ શેઠે પોતાની દુકાન પર કોઈને નોકર રાખ્યો. દુકાનનો બધો વેપાર-વણજ-ખરીદવું, વેચવું વગેરે સર્વ કામકાજ-નોકર કરે છે તોપણ તે વેપારી નથી...'** એનો એ સ્વામી નથી. **'કારણ કે તે વેપારનો અને વેપારના લાભ-નુકસાનનો સ્વામી નથી;...'** લાભ-નુકસાન તો શેઠને છે, નોકર કામ ગમે એટલું કરે. **'તે તો માત્ર નોકર છે, શેઠનો કરાવ્યો બધું કામકાજ કરે છે. જે શેઠ છે તે વેપાર સંબંધી કાંઈ કામકાજ કરતો નથી,...'** ઘરે બેઠો હોય. કાલે 'રાણપુર'નું કહ્યું હતું ને ? એક શેઠ(ને) નોકર (કહે છે), 'અહીંથી ચાલ્યા જાઓ, તમારું કામ નથી, તમે ઘરે ચાલ્યા જાઓ.' સમજી જાય (કે), આપણું કામ નહિ, ઇ એનું કામ, નોકરનું કામ (છે).

**'ઘેર બેસી રહે છે તોપણ તે વેપારનો અને વેપારના લાભ-નુકસાનનો ધણી હોવાથી તે જ વેપારી છે. આ દૃષ્ટાંત સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ પર ઘટાવી લેવું. જેમ નોકર વેપાર કરનારો નથી તેમ સમ્યગ્દૃષ્ટિ વિષય સેવનારો નથી,...'** આહા..હા...! કરવા જેવું આ છે એવું પહેલું વલણ તો કરે કે આત્મામાં અતીન્દ્રિય આનંદ છે. જે આનંદના સ્વાદ આગળ ચૌદ બ્રહ્માંડ જેને તુચ્છ લાગે છે. એવો આત્મામાં એ આનંદ છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન છે. એ અતીન્દ્રિય આનંદનો જેને સ્વાદ આવ્યો, જાણવામાં આવ્યું કે આ તત્ત્વ તો અનંત જ્ઞાન અને અનંત આનંદથી ભરેલો પદાર્થ છે. એવું જેને અંતર દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યું એ સમ્યગ્દૃષ્ટિ કામ કરતા છતાં એ કરતો નથી. આ..હા...! કેમકે એનો સ્વામી

થતો નથી. આહા..હા...!

'મિથ્યાદૃષ્ટિ...' **'જેમ નોકર વેપાર કરનારો નથી તેમ સમ્યગ્દૃષ્ટિ વિષય સેવનારો નથી, અને જેમ શેઠ વેપાર કરનારો છે તેમ મિથ્યાદૃષ્ટિ વિષય સેવનારો છે.'** નિવૃત્તિ લઈને ભલે એક કોર બેઠો હોય. આહા..હા...! દુકાનના ધંધાનું કાંઈ કામકાજ ન કરતો હોય પણ અંતરમાં એ ધંધાના લાભ અને નુકસાનનો ધણી તો એ છે. એમ મિથ્યાદૃષ્ટિ બહારમાં વેપાર, ધંધા આદિ ન કરતો હોય પણ અંદરમાં સ્વરૂપથી વિરુદ્ધ રાગના ભાગને પોતાનો માની અને તેમાં તે પડ્યો છે તે બાહ્યના વેપારનો ધંધો ન કરતો હોય તોપણ કરે છે. આહા..હા...! આવું કામ છે.

## શ્લોક-૧૩૬

(मन्दाक्रान्ता)

सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः।
स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्त्या।
यस्माज्ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च
स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात्।।१३६।।

---

**હવે આગળની ગાથાઓની સૂચનાનું કાવ્ય કહે છે :-**

**શ્લોકાર્થ :- [ सम्यग्दृष्टेः नियतं ज्ञान-वैराग्य-शक्तिः भवति ] સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે; [ यस्मात् ] કારણ કે [ अयं ] તે (સમ્યગ્દૃષ્ટિ જીવ) [ स्व-अन्य-रूप-आप्ति-मुक्त्या ] સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે [ स्वं वस्तुत्वं कलयितुम् ] પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ કરવા માટે, [ इदं स्वं च परं ] 'આ સ્વ છે (અર્થાત્ આત્મસ્વરૂપ છે) અને આ પર છે' [ व्यतिकरम् ] એવો ભેદ [ तत्त्वतः ] પરમાર્થે [ ज्ञात्वा ] જાણીને [ स्वस्मिन् आस्ते ] સ્વમાં રહે છે (-ટકે છે) અને [ परात् रागयोगात् ] પરથી-રાગના યોગથી-[ सर्वतः ] સર્વ પ્રકારે [ विरमति ] વિરમે છે. (આ રીત જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ.) ૧૩૬.**

---

## શ્લોક-૧૩૬ ઉપર પ્રવચન

**'હવે આગળની ગાથાઓની સૂચનાનું કાવ્ય કહે છે :–'** ૧૩૬ કાવ્ય.

(मन्दाक्रान्ता)

सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः।
स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुकत्या।
यस्माज्ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च
स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात्।।१३६।।

ઓ..હો..હો...! એક કળશમાં કેટલું ભર્યું છે! **[सम्यग्दृष्टेः नियतं ज्ञान-वैराग्य-शक्तिः भवति]** શુદ્ધ સ્વરૂપ અનાદિ પરમાનંદમૂર્તિ પ્રભુ, એનો જ્યાં અનુભવ (થયો) અને તેની શક્તિ અને સામર્થ્યની પ્રતીત ને જ્ઞાન ને અનુભવ થયો એ સમ્યગ્દષ્ટિ (છે). ત્રિકાળી અનંત આનંદ અને અનંત જ્ઞાન, પૂર્ણ અનંત સ્વભાવ, પરમાત્મસ્વરૂપ જ પોતે પ્રભુ છે. સ્વભાવથી, શક્તિથી, સત્ત્વથી, ભાવથી (ભરેલો છે). એ ભાવને જેણે અનુભવ્યો. અનાદિથી કર્મચેતના અને કર્મફળચેતનાનો અનુભવ હતો. કર્મચેતના એટલે રાગ. રાગનું વેદન અને રાગનું ફળ દુઃખનું વેદન. અનાદિનું (તેનું વેદન છે). દિગંબર સાધુ નવમી ગ્રૈવેયક ગયો તોપણ ઇ હતું. આ તો જ્યાં અંદર ફરે છે, વસ્તુની દૃષ્ટિ ફરે છે. ભગવાન પૂર્ણ સ્વરૂપે ભરેલો, એનો જ્યાં અંદર સ્વીકાર અને અનુભવ થાય છે ત્યારે તે સમ્યગ્દષ્ટિ નિયમથી જ્ઞાન અને વૈરાગ્ય(ના) સામર્થ્યવાળો હોય છે. નિશ્ચયથી સ્વરૂપનું જ્ઞાન અને રાગનો વૈરાગ્ય. આહાહા..! આવી વસ્તુ છે. આ તો હજી પહેલી ભૂમિકાની વાત છે.

**'નિયમથી...'** એમ છે ને? **'नियतं'** છે ને? **'नियतं' 'सम्यग्दृष्टेः नियतं'** નિશ્ચયથી જ્ઞાન, વૈરાગ્ય શક્તિ **'भवति'**. આહા..! એટલે શું કહે છે? ખરેખર તેને જ્ઞાન અને વૈરાગ્ય હોય છે. શાસ્ત્રના જાણપણા અને પર (પદાર્થ છોડીને) બેસે માટે જ્ઞાન અને વૈરાગ્ય થઈ ગયો, એમ નથી. ખરેખર જ્ઞાન અને વૈરાગ્ય, એમ કહ્યું છે ને? નિશ્ચયથી જ્ઞાન (અર્થાત્) સ્વરૂપ શુદ્ધ ચૈતન્યપ્રભુ, એનું જ્ઞાન. એને જ્ઞેય બનાવીને (થયેલું) જ્ઞાન, એને જ્ઞેય બનાવીને (થયેલી) શ્રદ્ધા અને એને જ્ઞેય બનાવીને એમાં રમણતાનો અંશ (પ્રગટવો). દર્શન, જ્ઞાન અને સ્વરૂપાચરણ. એવો જે સમ્યગ્દષ્ટિ (તેને) નિશ્ચયથી જ્ઞાન અને વૈરાગ્યનું સામર્થ્ય હોય છે. જ્ઞાનનું પણ બળ હોય છે અને વૈરાગ્યનું પણ બળ હોય છે. આહાહા..! સ્વરૂપનું પણ જ્ઞાન, એનું પણ બળ હોય છે અને રાગની ક્રિયા દયા, દાન, વ્રતાદિ એનાથી પણ વિરક્ત છે. એવું વૈરાગ્યબળ છે. આહાહા..! એ જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે.

**[यस्मात्] 'કારણ કે...' [अयं] 'તે (સમ્યગ્દષ્ટિ જીવ)...' [स्व-अन्य-रूप-आप्ति-मुकत्या]**

એટલે સ્વ-રૂપની '**आप्ति**' અને પરરૂપનું '**मुकत्या**'. છે? સ્વ-રૂપ એમ લેવું. 'રૂપ' છે ને ત્રીજો બોલ? સ્વરૂપની '**आप्ति**' એટલે સ્વરૂપનું ગ્રહણ અને અન્ય રૂપનું '**मुकत्या**', અન્ય રૂપ '**मुकत्या**' (અર્થાત્) પરનો ત્યાગ. આહાહા..! શબ્દો તો થોડા છે પણ (ભાવ ઘણા ભર્યા છે). સ્વરૂપનું ગ્રહણ અને પરરૂપનો ત્યાગ (એ) વૈરાગ્યની વાત કરી. રાગાદિ પર. પરવસ્તુ છે એ તો છૂટેલી જ પડી છે.

સ્વરૂપ – સ્વ-રૂપ, એની '**आप्ति**', સ્વરૂપ એની '**आप्ति**' એટલે ગ્રહણ. શુદ્ધ સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ... આહાહા..! જેના આનંદના સ્વાદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ જ્યાં સડેલાં મડદાં જેવાં, મીંદડાં, સડેલાં કૂતરા હોય એવું લાગે. એવો એનો સ્વાદ છે, કહે છે. આહાહા..! એવા (સ્વરૂપના) સ્વાદથી પરિપૂર્ણ ભરેલો છે. એ સ્વરૂપની '**आप्ति**', સ્વરૂપની '**आप्ति**' છે ને? '**आप्ति**' એટલે ગ્રહણ. અને પરરૂપ એમ લેવું. અન્ય રૂપ. સ્વરૂપની '**आप्ति**' અને અન્યરૂપનું '**मुक्त्या**'. બે શબ્દમાં આટલું મૂક્યું છે. સ્વરૂપનું ગ્રહણ એટલે સ્વરૂપની '**आप्ति**' અને અન્ય રૂપનું '**मुक्त्या**' – પરનો ત્યાગ. આહાહા..! શબ્દો બહુ થોડા છે, ભરેલો ભાવ અંદર ઘણો છે. આહાહા..!

મૂળ વાત ઇ છે કે આત્મા અનંત અનંત શાંતિ, આનંદનો સાગર (છે) એનો એને મહિમા આવ્યો નથી. આહાહા..! એની એને વિશેષતા, બીજી બધી ચીજ કરતાં એની વિશેષતા ભાસતી નથી. આ વાંધા અહીં છે. દુનિયાની બધી ચીજો, આબરુ-કીર્તિ, બહાર હા..હો, હા..હો... ચક્રવર્તીના રાજ ને દેવ ખમા ખમા કરે, સોળ હજાર દેવ! એની વિશેષતા જેને નથી લાગતી પણ આત્માનું સ્વરૂપ અનંત ગુણનો ભંડાર (ભાસે છે તેની પાસે) આહાહા..! આ બધો ભંગાર છે. ભગવાન અનંત ગુણનો ભંડાર છે. આ નહોતું કહેતા કે ઓલો ભંગાર પડશે. કટકા થઈને (પડશે). આહાહા..! અમારે છે ને? 'ફાવાભાઈ', 'મનહર' એને આ ધંધો છે. શું કહેવાય ઇ? ભંગાર.. ભંગાર! કરોડપતિ છે. ભંગારનો આખો કૂવો એક ફેરી ભર્યો હતો. ભંગાર લાવી લાવીને આખો કૂવો (ભરેલો). પૈસા ઘણા, એમાં પાછા પૈસા પેદા થઈ ગયા. ભંગાર. અહીં કહે છે કે, એક કોર ભંડાર અને એક કોર ભંગાર. આહાહા..!

ભગવાન અંદર એકલા અનંત ગુણનો ભંડાર છે. એની અધિકતા અને વિશેષતા આગળ કોઈ ચીજ વિશેષતા અને અધિકતા લઈ જતું નથી. આહાહા..! દેહને જોવો નહિ, દેહ છે એ જડ માટી (છે). આહા..! આ ભાઈ ગુજરી ગયા ને? 'જયંતિભાઈ'. બિચારા અહીં રહેતા ઘણીવાર. શ્વાસ માટે ગયેલા, ઑક્સિજન (લેવા ગયેલા). દેહ પૂરો થઈ ગયો, જાઓ! આહાહા..!

અહીં કહે છે કે, પોતે ભગવાનઆત્મા સ્વ-રૂપની '**आप्ति**' અને અન્ય રૂપનું '**मुक्त्या**'. આહા..! બે શબ્દમાં તો (કેટલું ભર્યું છે)! પૂર્ણાનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન, એ સ્વ-રૂપની '**आप्ति**' (એટલે) ગ્રહણ, એ સ્વરૂપનું ગ્રહણ અને રાગનો કણ ચાહે તો શુભ હો એ પરરૂપનો ત્યાગ. પરરૂપની 'મુક્તિ'. આહાહા..! છે? '**स्व--रूप-आप्ति -**

**अन्य रूप मुक्त्या'** આટલા શબ્દોમાં તો.. આહા..! પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન, એનો જ્યાં સ્વીકાર અને ગ્રહણ (થયું), દૃષ્ટિમાં તેનો આદર અને અનુભવ (થયો)... આહાહા..! અને રાગથી માંડીને બધી ચીજ, રાગ ને વિકાર એ અન્યરૂપનો ત્યાગ. અહીં બાહ્યના ત્યાગની વાત નથી. બાહ્યનો ત્યાગ તો અનાદિ(થી) છે જ. બાહ્ય ચીજ તો ગ્રહી નથી તેથી ત્યાગ છે ઇ ક્યાં (કરવાનો રહે છે)? આહાહા..!

શાસ્ત્રમાં તો ત્યાં સુધી આવ્યું કે રાગરૂપે થયો નથી તો પચ્ચખાણ રાગને છોડવું પણ ક્યાં રહ્યું? એ તો જ્ઞાન જ્ઞાનરૂપે રહે એનું નામ પચ્ચખાણ (છે). આવે છે ને? 'સમયસાર' (૩૪મી ગાથા). રાગનો ત્યાગ એ પણ નથી, કહે છે. આહાહા..! પચ્ચખાણની વ્યાખ્યા છે. કેમકે સ્વરૂપ જે ચૈતન્ય, એણે રાગ ગ્રહ્યો છે કે દિ' કે છોડે ? પરનું તો ગ્રહણ-ત્યાગ છે જ નહિ. આહાહા..! પણ સ્વરૂપ ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ, એણે રાગ ગ્રહ્યો છે કે દિ' તે રાગ છોડીને પચ્ચખાણ કરે? આહાહા..! આત્મા આત્મરૂપે ઠર્યો એનું નામ રાગનો ત્યાગ નામમાત્ર કહેવાય. આહાહા..! લોકોની મહિમા બાહ્ય ત્યાગ ઉપર છે. એથી અંતરના સ્વરૂપનું ગ્રહણ અને રાગાદિનો ત્યાગ, એનું એને માહાત્મ્ય સૂઝતું નથી. આહાહા..! બહાર(નું) છોડ્યું, આણે આમ કર્યું, દુકાન છોડી, આણે શરીરથી જાવજીવ બ્રહ્મચર્ય પાળ્યું, એ બધી બહારની ચીજો છે. આહાહા..!

અહીં તો સ્વરૂપ, એનું ગ્રહણ. અન્ય રૂપ (એટલે) રાગાદિ વિકલ્પ, એનો ત્યાગ. અહીં તો ગ્રહણ અને ત્યાગ કહેવું છે ને? નહિતર તો રાગનો ત્યાગ પણ નામમાત્ર છે. કારણ કે સ્વરૂપ રાગરૂપે થયું નહોતું. તેથી જે સ્વરૂપ છે તેમાં રહ્યો તે જ પચ્ચખાણ થયું. તે જ રાગનો ત્યાગ નામમાત્ર કહેવાય. આહાહા..!

**'स्व-अन्य-रूप-आप्ति-मुक्त्या'** આહા..! **'ત્યાગ કરવાની વિધિ વડે...'** [ **स्वं वस्तुत्वं कलयितुम्** ] ઓલામાં **'आप्ति'** કીધી હતી ને? સ્વરૂપની **'आप्ति'**. હવે એ સ્વવસ્તુનું **'कलयितु'** (અર્થાત્) પોતાના સ્વરૂપનો અનુભવ. **'પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ...'** એટલે અનુભવ. **'कलयितु'** આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો ગાંસડો છે. એનો અભ્યાસ એટલે એનો અનુભવ. આહાહા..! **'कलयितु'** એટલે એનો અભ્યાસ – અનુભવ. અતીન્દ્રિય આનંદનો અનુભવ, એ સ્વનો અભ્યાસ કહેવાય છે. આહાહા..! **'स्वं वस्तुत्वं' 'वस्तुत्वं'** (એટલે) વસ્તુપણાનો ભાવ. પોતાના વસ્તુત્વનો એટલે વસ્તુત્વ છે ને? વસ્તુનું જે સ્વરૂપ છે, એમ. વસ્તુનું જે સ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદ, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, વીતરાગતા.. આહા..! એ વીતરાગતાનો અનુભવ એ સ્વનો અનુભવ અને રાગનો ત્યાગ એ પરનો ત્યાગ. શબ્દો થોડા છે, ભાવ ઘણા ગંભીર છે. સંતોની વાણી છે. એમાં દિગંબર સંતો... આહાહા..! પાંચમે આરે કેવળીને ભૂલાવ્યા છે. એવી વાણી છે ઇ. આહાહા..! સમજે એને. 'વાણી જાણી તેણે જાણી છે' નથી આવતું? 'શ્રીમદ્'માં 'મોક્ષમાળા'માં આવે છે. વાણી જાણી, જિનવાણી

જાણી તેણે જાણી છે, બાપુ ! આહાહા..! એમને એમ વાણી વાંચી ગયા, જાણી લીધું, ધારણા (કરી લીધી એ નહિ). આહાહા..!

વીતરાગ, એની વાણીમાં તો વીતરાગતાનો આદર આવે છે અને રાગનો ત્યાગ આવે છે. આહાહા..! પછી એની બધી ટીકાઓ છે. આહાહા..! શાસ્ત્રમાં આવે છે ને કે સમભાવ આદરવા. આ એની બધી ટીકા છે. એનો અર્થ જ ઇ છે. આહાહા..! અરે...! પણ કેમ એને બેસે? જરીક કંઈક બીડી, કંઈક બહારનું શાક કે દાળ કે પાપડ કે અથાણું સારું થાય ત્યાં તો આમ જાણે ઓ..હો..હો...! આજ તો ખાઈને ઓ... ઓડકાર કરે. આહાહા..! હેં?

મુમુક્ષુ :– .. બહાર દેખાય.

ઉત્તર :– જાણે શું કર્યું જાણે અંદર! એકલું પાપ કરીને ઉભો થયો છે. આહાહા..!

અહીં કહે છે, **[स्वं वस्तुत्वं कलयितुम्]** સ્વ વસ્તુપણાનો અનુભવ. વસ્તુના વસ્તુપણાનો અનુભવ. વસ્તુત્વ છે ને? એટલે વસ્તુ છે પ્રભુ, એનું વસ્તુપણું એટલે અતીન્દ્રિય આનંદ, જ્ઞાન આદિ ભાવપણું. આહાહા..! એ વસ્તુના સ્વરૂપનો યથાર્થ **'(અનુભવ) અભ્યાસ કરવા માટે...'** **[इदं स्वं च परं]** જે ઓલું પહેલું કહ્યું હતું. **'स्व-अन्य-रूप-आप्ति-मुक्त्या'** અને **[इदं स्वं च परं]** **'આ સ્વ છે...'** આ જ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાન તે સ્વ છે. આહાહા..! **'અને આ પર છે...'** રાગાદિનો વિકલ્પ તે બિલકુલ પર છે. આહાહા..! આવો જેણે અંતર અનુભવ કર્યો તેને એમ કે નિર્જરા થાય છે, એમ કહેવું છે. ઇ સંયોગમાં હોય છતાં એ સંયોગથી છૂટતો જાય છે, રાગથી છૂટતો જાય છે અને અંતરની શુદ્ધિથી વધતો જાય છે. આહાહા..!

સ્વ અને પર એવો **[ व्यतिकरम् ]** એટલે **'એવો ભેદ...'** સ્વ નામ આનંદ અતીન્દ્રિય અને પર નામ રાગાદિ ને વિકલ્પ, એ બે, એનો ભેદ. વ્યતિકર એટલે ભેદ, બેની જુદાઈ. **[तत्त्वत:]** આહાહા..! એકલું જાણવું, જાણી રાખ્યું, એમ નહિ કહે છે. પરમાર્થ કહેવામાત્ર નહિ. આહાહા..! સ્વ અને પર એકલું કહેવામાત્ર નહિ. આહાહા..! સ્વ અને પર **'પરમાર્થે જાણીને...'** જોયું? **[तत्त्वत:]** આહાહા..! 'સમયસાર', 'પ્રવચનસાર' અલૌકિક ગ્રંથ છે. આહા..! ભરતક્ષેત્રના ભાગ્ય કે આવા શાસ્ત્રો રહી ગયા. કાળ આવો હલકો, શાસ્ત્ર આવા ઊંચા રહી ગયા. આહાહા..! આત્મા અમર છે તેને અમર પર્યાયમાં બનાવે એવા શાસ્ત્ર છે. આહાહા..!

અહીં કહે છે, સ્વ-પરને, એવો ભેદ. સ્વ-પરનો ભેદ એકલો જાણવામાં રાખીને એ નહિ. આહાહા..! સ્વ-પરનો ભેદ તત્ત્વથી જાણીને. પરમાર્થે આત્મા આનંદ અને રાગ પર એમ પરમાર્થથી બરાબર અનુભવ કરીને, જાણીને. આહાહા..! છે કે નહિ અંદર? સ્વ અને પરનો વ્યતિકર એટલે જુદાઈ તત્ત્વતઃ જાણીને. પરમાર્થે વસ્તુ સ્વરૂપનો અનુભવ કરી અને સ્વનું ગ્રહણ અને પરનો ત્યાગ, એ તત્ત્વતઃ જાણ્યું કહેવાય, પરમાર્થે જાણ્યું કહેવાય. આહાહા..!

**[तत्त्वत:]** **'પરમાર્થે જાણીને...'** તત્ત્વથી જાણીને એમ. તત્ત્વથી એટલે જે જાણન સ્વરૂપ

છે પ્રભુ, તે આનંદથી જાણીને. આહાહા..! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. આહાહા..! આ સ્વ છે અને આ પર છે એવો વ્યતિકર. પર્યાયમાં વ્યતિકર આવ્યું હતું ને? પર્યાય વ્યતિકર (એટલે) ભિન્ન ભિન્ન છે ને? ભિન્ન ભિન્ન. એક સમયની પર્યાય ભિન્ન ભિન્ન, બીજે સમયે ભિન્ન ભિન્ન. ગુણ છે સહભાવી, અન્વય, અન્વય. સાથે રહેનારા, એકસાથે. સહભુવા એટલે ગુણો એકસાથે રહેનારા, હોં! દ્રવ્ય સાથે ગુણો રહેનારા એમ નહિ. સહભુવ એટલે ગુણો એકસાથે રહેનારા. દ્રવ્યની સાથે ગુણ રહેનારા એમ નહિ. કારણ કે દ્રવ્યની સાથે પર્યાય પણ રહે છે, એ નહિ. ગુણો જે છે અનંતા સાથે રહેનારા છે. ગુણો જે છે અનંત (એ) એક સમયમાં સાથે રહેનારા છે. આહાહા..! અને પર્યાય ભિન્ન ભિન્ન વ્યતિકર છે. ભિન્ન.. ભિન્ન.. ભિન્ન.. ભિન્ન. અહીં વ્યતિકર એટલે સ્વ અને પરને જુદું કરવું એ વ્યતિકર છે.

**'એવો ભેદ પરમાર્થે જાણીને...'** પછી કરવું શું? કે, **[स्वस्मिन् आस्ते] 'स्वस्मिन् आस्ते'** આનંદમાં રહેવું. સ્વમાં રહેવું, ટકવું. આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય વીતરાગમૂર્તિ પ્રભુ છે, એ સ્વમાં રહેવું. સ્વ અને પરનો ભેદ જાણીને, પરમાર્થે ભેદ જાણીને સ્વમાં રહેવું. આહાહા..! આવું આકરું લાગે એટલે બિચારાને ક્રિયાને રસ્તે ચડાવી દીધા, જેમાં સરવાળે કાંઈ (હાથ ન આવે). સરવાળા આવે છે – સંસાર. જેનો સરવાળો સંસાર. આહાહા..! આ વાત બેસવી હજી, એનું વલણ કરવું, વલણ... આહાહા..! એ એને કઠણ લાગે. અભ્યાસ નહિ ને. તેથી **'कलयितु'** કીધું ને? આહાહા..! **'स्वं वस्तुत्वं कलयितुम्'** સ્વ વસ્તુનો અભ્યાસ – અનુભવ કર. આહાહા..!

**[स्वस्मिन् आस्ते] 'स्वस्मिन्'** પ્રભુ ભગવાનઆત્મા. સ્વ અને પરને તત્ત્વથી પરમાર્થે જાણ્યો, ભેદ જાણ્યો, હવે સ્વમાં ઠર, સ્વમાં ટક, સ્વમાં રહે. આહાહા..! છે? **'અને...' [परात् रागयोगात्] 'परात्'**ની વ્યાખ્યા આટલી કરી. પર એટલે શરીર ને વાણી ને મન ને ફલાણું એ તો પર તો ત્યાગ જ છે, પર તો અંદર છે જ નહિ. આહાહા..! આ તો એને કારણે એની પર્યાય. દ્રવ્ય તો એને જ કારણે છે પણ એની પર્યાય થાય છે એ એને કારણે થાય છે. શરીરની, વાણીની, બધા પરપદાર્થ એની સાથે કાંઈ સંબંધ નથી. સંબંધ રાખ્યો તો રાગ સાથે. ત્રિલોકનાથ વીતરાગને રાગ સાથે સંબંધ રાખ્યો. વીતરાગ પ્રભુ એવો ભગવાનઆત્મા એણે રાગની મૈત્રી કરી હતી. આહાહા..! એ છોડ. 'પરયોગાત્' છે ને? **[परात् रागयोगात्] 'परात् रागयोगात्'** પરથી, રાગના યોગથી. આહાહા..! એક કળશ પણ કેટલું ભર્યું છે! આ કંઈ વાર્તા નથી. આહાહા..! એ તો જેમ શુભજોગને અશુભજોગ કીધો છે ને? એમ શુદ્ધજોગ પણ કીધો છે. શુદ્ધજોગ. આહાહા..! શુદ્ધ સ્વરૂપમાં એકાગ્ર થવું એ શુદ્ધયોગ છે. આમ સાદી ભાષામાં શુદ્ધ ઉપયોગ. પણ શુદ્ધયોગ – શુદ્ધમાં યોગ (અર્થાત્) જોડાણ કરવું. શુભભાવ અને અશુભભાવ, એ શુભજોગ અને અશુભજોગ એની સાથે જોડાણ થયું. અહીં શુદ્ધજોગ. આહા..! કેમકે

વસ્તુ પોતે શુદ્ધ ત્રિકાળી છે, એની સાથે જોડાણ કર્યું એનું નામ શુદ્ધજોગ અને શુદ્ધ ઉપયોગ. એના વડે આત્મા અંદર ઠર્યો. શુદ્ધજોગ વડે. આહાહા..! શુભ-અશુભ જોગ વડે તો રખડવાનું થયું. આહાહા..! હેં?

મુમુક્ષુ :– શુભથી તો શેઠિયો થયો.

ઉત્તર :– શેઠિયા, હવે શેઠિયા બધા. આહાહા..! એક ફેરી કીધું નહોતું? 'ચૂડા'માં હતા ને આપણા 'રાયચંદ દોશી'? આપણા 'નારણભાઈ'ના સાસરાના બાપ. 'નારણભાઈ'એ દીક્ષા લીધી હતી. 'રાયચંદ દોશી' હતા, 'ચૂડા'ના, વૃદ્ધ (હતા). એક ફેરી 'જેઠમલજી' હતા ને? અંદર આવ્યા ત્યાં આમ 'ચૂડાવાળા' જરી આકરા. ઉભા ન થાય. કારણ કે અમારું ઘણીવાર ત્યાં જાવું થાતું. એ લોકો સાધારણની વાત માને નહિ. એટલે ઓલો અંદર ગર્યો, ઉભા થાવ ને! ત્યાં એ બોલે છે, જેઠી! બેસને હેઠી. એમ આ શેઠ ને બેઠ ને હેઠ. અહીં તો શેઠની સાથે... આહા..! શેઠિયા શેના શેઠિયા? બાપા! અરે..રે...! ધૂળના ધણી.

મુમુક્ષુ :– હમણા શેઠ અને નોકરની વાત આવી ગઈ.

ઉત્તર :– એ આવી હતી ને. (શેઠ) વેપાર કરતો નથી છતાં વેપાર કરવાનો ધણી છે. ઓલો નોકર વેપાર કરે છે છતાં એનો ધણી નથી. ઇ તો દૃષ્ટાંત દીધું. આહાહા..!

અહીં તો બીજું કહેવું છે કે, '**परात् रागयोगात्**' એમ કીધું છે. પરના, શરીર, વાણી, મન ને બાયડી, છોકરાથી છૂટી જા, એમ નથી કીધું. આહાહા..! એક ભગવાનઆત્મા પૂર્ણ શાંત અને વીતરાગમૂર્તિ પ્રભુ, વીતરાગી અમૃતના સાગરનો ભરેલો ભગવાનઆત્મા, એનો અભ્યાસ – અનુભવ કર. એમાં ટક, એમ. અને '**परात् रागयोगात्**' પરથી એટલે રાગયોગથી, રાગના સંબંધથી. આહાહા..! '**સર્વ પ્રકારે...**' એટલે કોઈ એમ કહે કે, કોઈ અશુભરાગ તો ઠીક પણ શુભરાગ છે એમાં ઘણો.. પરમાત્માની ભક્તિ, વિનય એ તો જરી આદરવા જેવો છે કે નહિ? આહા..! તો કહે છે કે, '**परात् रागयोगात्**' '**સર્વ પ્રકારે વિરમે છે...**' સર્વ પ્રકારે વિરમે છે. આહાહા..! સર્વ સ્વભાવ ભગવાનઆત્મામાં ઠરે છે ત્યારે રાગના સર્વ પ્રકારથી છૂટી જાય છે. આહાહા..! આવો ઉપદેશ એટલે માણસને (કઠણ) લાગે. વસ્તુ તત્ત્વ આવું છે, બાપુ! આચાર્ય પોતે કહે છે ને, જુઓને! '**परात्सर्वतो रागयोगात्**' છે? ચોથું પદ છે. '**परात्सर्वतो रागयोगात्**' મૂળ પાઠ, કળશ. આહાહા..! પરથી એટલે પરના રાગયોગથી સર્વ પ્રકારે વિરમે છે.

'**(આ રીત જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ.)**' આ રીત, આ રીત એટલે આ પ્રકાર '**(જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ).**' ક્યો પ્રકાર? કે, સ્વમાં રહેવું અને પરથી છૂટવું, એ જ્ઞાન-વૈરાગ્યની શક્તિ વિના એ રીત હોઈ નહિ. આહાહા..! એક કળશ, એક કલાક થવા આવી. કાંઈ તમારે ત્યાં છ હજાર, આઠ હજારમાં ધૂળમાં મળે એવું નથી. આહાહા..! **स्वस्मिन् आस्ते** '**आस्ते**' એટલે ઠર. '**आस्ते**' (એટલે) રહે, રહે.

આહાહા..! અને **'परात् रागयोगात् विरमति'** પણ સર્વ પ્રકારે **'विरमति'** આહાહા..! રાગનો કોઈપણ અંશ આદરણીય (નથી). જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ રાગ પણ આદરણીય નથી. આહાહા..! એ તો અપરાધ છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અપરાધ છે. આહાહા..! આવે, હોય. 'ભાવપાહુડ'માં કહેવાયે ખરું, અશુભથી બચવા તીર્થંકરગોત્ર બાંધવાના ભાવ કર, એમ પણ આવે, એમ આવે છે વ્યવહાર, પણ એ તો અશુભથી બચવા, અશુભ સ્થાનને ટાળવા માટે આવે, પણ છે તો બંધનું કારણ. એનાથી છૂટવા જેવું છે, એને રાખવા જેવું નથી. આહાહા..!

**'(આ રીત...)'** આ રીત શું કીધી? કે, સ્વ અને પર. સ્વનું ગ્રહણ અને પરનો ત્યાગ. તત્ત્વથી સ્વ અને પરનો ભેદ. તત્ત્વથી સ્વમાં રહેવું અને પરથી, રાગથી છૂટવું. એ રીત, એ પ્રકાર. **'(જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ).'** એ સાચું જ્ઞાન અને સાચા વૈરાગ્ય વિના એ હોઈ શકે નહિ. આહાહા..! સાચું જ્ઞાન, હોં! જ્ઞાનમાત્ર જાણપણું, વાંચન ને અગિયાર અંગ ને એ નહિ. તત્ત્વતઃ એમ કીધું છે ને? આહાહા..! આ પ્રકાર, આ વિધિ **'(જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ).'** આહાહા..! એ શ્લોક પૂરો થયો.

**પ્રત્યેક પદાર્થની થવાવાળી ક્રિયા પોતાની કાળલબ્ધિથી થઈ છે, નિમિત્તથી થઈ નથી. પ્રત્યેક પરિણામ પોતાની ઉત્પત્તિના જન્મક્ષણથી ઉત્પન્ન થયા છે, નિમિત્તથી થયા નથી. અક્ષર લખાય છે તે કલમથી લખી શકાતા નથી. અક્ષરના પરમાણુની ક્રિયાનો કર્તા અક્ષરના પરમાણુ છે. સારી કલમથી સારા અક્ષર થાય કે લખનારની આવડતથી સારા મરોડદાર અક્ષર થાય તેમ નથી. અજ્ઞાની જગતને આવી વાત પાગલ જેવી લાગશે. પણ બાપુ! તારે જગતથી-સંસારથી છૂટવું છે ને?-તો વસ્તુસ્થિતિની મર્યાદાનો સ્વીકાર કર્યા વિના બીજો કોઈ ઉપાય નથી. દુનિયા ભલે પાગલ માને, 'લોક મૂકે પોક,' તારે દુનિયાનું શું કામ છે? દુનિયા દુનિયાનું જાણે તું તારા આત્માનું હિત થાય તેમ કરી લે ને! આ તો આત્મહિત કરી લેવાની મોસમ પાકી છે. આવા ટાણાં ચૂક્યે ફરી હાથ નહિ આવે. ભાઈ! બહારનું બધું તો એક-બે-ચાર નહિ પણ અનંત-અનંતવાર કરી ચૂક્યો છો, તેમાં શું નવું છે?-ને કોઈ શું માનશે કે શું કહેશે એનું તારે શું કામ છે? બીજાને રાજી રાખવામાં કે રાજી કરવામાં તારો આત્મા દાઝી રહ્યો છે. પણ એની તેં કદી દરકાર ક્યાં કરી છે?-હવે તો જાગ! ભેદજ્ઞાનનો માર્ગ આચાર્યદેવે તારી સામે ખૂલ્લો કર્યો છે. અરે! તેં ભોગવેલાં દુઃખોનું પૂરું વર્ણન ભગવાનની વાણીથી પણ થઈ શકતું નથી એટલા તો તેં દુઃખ ભોગવ્યા છે, હવે એકવાર તો તારા આત્માની સામે જો! હવે તો પરથી ખસ, સ્વમાં વશ-આટલું બસ.**

આત્મધર્મ અંક-૫, જાન્યુઆરી-૨૦૦૮

## ગાથા-૧૯૮

सम्यग्दृष्टिः सामान्येन स्वपरावेवं तावज्जानाति -

उदयविवागो विविहो कम्माणं वण्णिदो जिणवरेहिं।
ण दु ते मज्झ सहावा जाणगभावो दु अहमेक्को।।१९८।।

उदयविपाको विविधः कर्मणां वर्णितो जिनवरैः।
न तु ते मम स्वभावाः ज्ञायकभावस्त्वहमेकः।।१९८।।

ये कर्मोदयविपाकप्रभवा विविधा भावा न ते मम स्वभावः। एष टङ्कोत्कीर्णैकज्ञायक-भावोऽहम्।

---

હવે પ્રથમ, સમ્યગ્દષ્ટિ સામાન્યપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે - એમ ગાથામાં કહે છે :-

કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,
તે મુજ સ્વભાવો છે નહીં, હું એક જ્ઞાયકભાવ છું. ૧૯૮.

ગાથાર્થ :- [ कर्मणां ] કર્મોના [ उदयविपाकः ] ઉદયનો વિપાક (ફળ) [ जिनवरैः ] જિનવરોએ [ विविधः ] અનેક પ્રકારનો [ वर्णितः ] વર્ણવ્યો છે [ ते ] તે [ मम स्वभावाः ] મારા સ્વભાવો [ न तु ] નથી; [ अहम् तु ] હું તો [ एकः ] એક [ ज्ञायकभाव ] જ્ઞાયકભાવ છું.

ટીકા :- જે કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના ભાવો છે તે મારા સ્વભાવો નથી; હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.

ભાવાર્થ :- આ પ્રમાણે સામાન્યપણે સમસ્ત કર્મજન્ય ભાવોને સમ્યગ્દષ્ટિ પર જાણે છે અને પોતાને એક જ્ઞાયકસ્વભાવ જ જાણે છે.

---

## ગાથા-૧૯૮ ઉપર પ્રવચન

---

'હવે પ્રથમ, સમ્યગ્દષ્ટિ સામાન્યપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે...'

उदयविवागो विविहो कम्माणं वण्णिदो जिणवरेहिं।
ण दु ते मज्झ सहावा जाणगभावो दु अहमेक्को।।१९८।।

**કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,**
**તે મુજ સ્વભાવો છે નહીં, હું એક જ્ઞાયકભાવ છું. ૧૯૮.**

આહા..! આવી શરતું છે, આવી જવાબદારી છે. એના વલણ તો કર, વળ તો ખરો. આમ છે એ કરતા આમ વળ તો ખરો. આહાહા..! વલણ. આહાહા..! એમાં આ તત્ત્વદૃષ્ટિ અને તત્ત્વજ્ઞાન, સ્વરૂપમાં ઠરવું અને પરથી છૂટવું એ ત્યારે તેને થશે, તે વિના થઈ શકશે નહિ. આહાહા..! '**કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,**' વિપાક, હોં! સત્તા પડી છે એ નહિ. આહાહા..! '**ઉદયવિપાક જિનવર વર્ણવ્યો, તે મુજ સ્વભાવો છે નહીં, હું એક જ્ઞાયકભાવ છું.**'

**ટીકા :–** છે તો બે લીટી. આહાહા..! '**જે કર્મના ઉદયના વિપાકથી...**' ઇ શું કહ્યું? કર્મ સત્તામાં પડ્યું છે એની આ વાત નહિ. ઉદયમાં આવ્યો, પાક આવ્યો, પાક. ખરવાને ટાણે પાક આવ્યો. એ ઉદય વિપાકથી, '**કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા...**' આહાહા..! ભગવાનઆત્માના વિપાકથી ઉત્પન્ન થયેલા નહિ. ભગવાનઆત્માનો વિપાક તો અતીન્દ્રિય આનંદનું ઉત્પન્ન થવું એ ભગવાનઆત્માનો વિપાક છે. આહાહા..! પહેલું આ નાખ્યું, જોયું? બીજો વિસ્તાર ભલે પછી કરશે.

'**કર્મના ઉદયના વિપાકથી...**' હવે વાંધા અહીંથી બધા છે કે, કર્મને કારણે જે વિકાર થાય છે એ કર્મને કારણે થાય છે. અહીં તો ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા, તારી લાયકાતથી, નબળાઈથી. આહાહા..! એ તો જડ છે, કર્મ તો જડ છે. જડની પર્યાય કંઈ તને અડતી નથી. આહાહા..! અનંત કાળ થયો પણ કર્મનો કોઈ દિ' આત્મા અડ્યો નથી. તેમ કર્મ આત્માને અડ્યું નથી. અરે...! આવું પરિભ્રમણ થયું ને? ઇ તો તારા ઊંધા ભાવને લઈને થયું છે. કંઈ કર્મને લઈને થયું છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના ભાવો છે...**' આહાહા..! રાગ, દ્વેષ, સુખ, દુઃખ પછી બહારની સામગ્રી પણ લેવાય છે. શરીર, સામગ્રી, પૈસો-લક્ષ્મી, આબરુ-કીર્તિ બધું. એ '**અનેક પ્રકારનો ભાવો છે તે મારા સ્વભાવો નથી;...**' ધર્મી એમ જાણે છે કે, એ મારા સ્વભાવ (નહિ), એ મારા નથી. એ મારા નથી એટલે એ મારા સ્વભાવ નથી. મારા સ્વભાવ નથી એટલે એ મારા નથી. આહાહા..! આ છોકરાય મારા નથી, પૈસાય મારા નથી, એમ. ઘાતિકર્મના ઉદયથી અંદર રાગાદિ (થાય), અઘાતિના ઉદયથી સંયોગ (પ્રાપ્ત થાય) સંયોગ એ મારો સ્વભાવ નથી. ધર્મી એમ જાણે છે કે એ મારા સ્વભાવ નથી. આહા..! એ મારી ચીજ નથી, એ મારામાં નથી, તે હું નથી. આહાહા..!

'**અનેક પ્રકારના...**' એક પ્રકાર નહિ ને? રાગેય અનેક પ્રકારનો, દ્વેષેય અનેક પ્રકારનો અને બહારના સંયોગ, સંયોગી ચીજ. અનેક પ્રકારના સંયોગો. આમ સ્ફટિકના મહેલ હોય, સ્ફટિકના મહેલ! એક એક સ્ફટિક કરોડો-અબજોની કિંમતનું, એના તો મહેલ હોય, ઘરના.

'રાવણ'ને સ્ફટિકના મહેલ હતા. 'રાવણ' મરીને નરકે ગયો. આહાહા..! આમ નિસરણીએ ચડતાં ચડતાં પણ ભ્રમ પડી જાય. સ્ફટિક એટલે બધું દેખાય અને એ નિસરણી પણ ન્યાં દેખાય. હવે એ નિસરણીએ ચડું છું કે હેઠે (ઉતરું છું ખબર ન પડે). ધ્યાન રાખવું પડે. સ્ફટિકની નિસરણી, સ્ફટિકના પથરા. આહાહા..! અને માથે મેડી જાય એ પણ સ્ફટિકની. અરે..રે...! એ અનેક પ્રકારના ભાવ બાહ્યમાં અને અંદરમાં અનેક પ્રકારના ભાવ રાગના, બેય કર્મ. ઘાતિ અને અઘાતિ. ઘાતિથી અંદરમાં અને અઘાતિથી (બહારમાં). ઘાતિથી અંદરનો અર્થ કાંઈ ઘાતિથી થયો નથી. ઘાતિ એ નિમિત્ત છે અને ઉપાદાન પોતાથી થાય છે એટલે ઘાતિથી એમ કહેવામાં આવે. આહાહા..!

**'કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા...'** એમ કીધું ને? રાગદ્વેષ થાય છે એ કર્મના ઉદયના વિપાકથી થાય એમ કીધું. આહાહા..! એ તો તે ઉદય છે ત્યારે અહીં વિકાર પોતે કરે છે, પોતાના કારણે ત્યારે તે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! અહીં તો પરભાવ બતાવવો છે ને? કર્મના ઉદયથી જેટલા વિકલ્પો ઉઠે છે એ બધા પર વસ્તુ છે. અને કર્મના ઉદય શાતાવેદનીય આદિથી કે નામકર્મથી બહારમાં જશોકીર્તિ ને બહારમાં ધડાકા, ધમાલ, આબરુ મોટી હોય નામકર્મને લઈને, એ બધા મારો સ્વભાવ નથી, એ હું નહિ. આહાહા..! જશકીર્તિ આમ બહારમાં જામી હોય, એ એક કર્મના ઉદયનું ફળ છે, એ કંઈ હું નથી. આહાહા..! કેટલું પાછુ ફરવું પડે. આહાહા..!

મુમુક્ષુ :- મોઢું ફેરવવું પડે.

ઉત્તર :- વલણ જ ફેરવવું પડે. આહાહા..! એક બાજુ ભગવાન અને એક બાજુ રામ અને એક બાજુ ગામ, વિકલ્પથી માંડીને આખી દુનિયા. આહાહા..!

કહે છે કે, કર્મના ઉદયના વિપાકથી. આમાં કાઢે માળા. કર્મના ઉદયને લઈને રાગાદિ થાય છે, જુઓ! અહીં તો કહેવું છે કે, એનો એ સ્વભાવ નથી. વિકાર થાય છે તો એના પોતાને કારણે. વિકાર થાય છે એ ષટ્કારકના પરિણમનથી થાય છે. તેને નિમિત્તની તો અપેક્ષા નથી પણ દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. આહાહા..!

મુમુક્ષુ :- કર્મમાં એ જોડાયને વિકાર થાય છે.

ઉત્તર :- ઇ પોતે જોડાય છે ત્યારે જ એને વિકાર થાય છે. કર્મ તો જડ છે, એ જડ છે, અજીવ છે. તારામાં રાગદ્વેષ થાય એ ચૈતન્યના ભાસ જેવો છે. તારામાં તારાથી થાય છે. કર્મને લઈને બિલકુલ એક દોકડોય નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ન જોડાય તો નિર્જરા થઈ જાય.

ઉત્તર :- એ માટે તો કહે છે. એ મારા સ્વભાવ જ નથી. મારો સ્વભાવ તો ભગવાન મારી પાસે છે. આ બધા વિકાર અને બહારમાં વિકારના ફળ એ મારો સ્વભાવ જ નથી. એમાં હું નથી, એ મારા નથી, મારામાં એ નથી, એમાં હું નથી. આહાહા..!

**'તે મારા સ્વભાવો નથી; હું તો...'** આહાહા..! સવા બે-અઢી લીટી છે પણ... **'હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર)...'** મારો ભગવાન તો મને પ્રત્યક્ષ વેદનમાં આવે છે. આહાહા..! ધર્મી એમ જાણે છે કે મારો નાથ, મને મારો અતીન્દ્રિય આનંદ અનુભવમાં આવે તે હું છું. આહાહા..! દયા, દાનના પરિણામ તો હું નહિ, અશુભ તો નહિ, બાહ્યની સામગ્રી તો એની પર્યાય એનામાં, એ તો નહિ... આહાહા..! હું તો પ્રત્યક્ષ અનુભવગોચર (છું). પરોક્ષ રહું એ હું નહિ, એમ કહે (છે). આહાહા..! જ્ઞાનની વર્તમાન પર્યાય આત્માને સીધી પકડે છે એ પ્રત્યક્ષ છે. એને પકડવામાં કોઈની અપેક્ષા નથી. આહાહા..! એમ કહીને તો એમેય કહ્યું કે, અનુભવમાં વ્યવહારની અપેક્ષા નથી કે વ્યવહાર કષાય મંદ હોય, દયા, દાન ને એવા રાગ હોય એને અનુભવ થાય, એમ નથી. આહાહા..! એ તો પરવસ્તુ છે. આહાહા..!

**'હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.'** એ અનેક ભાવો તે સ્વભાવો મારા નથી. હું એક જ્ઞાયકભાવ છું. જોયું? ગુણ-ગુણી ભેદ ને હું અનેક ગુણ છું એમેય ન લીધું. હું અનેક ગુણવાળો છું (એમેય નહિ). આહાહા..! **'(પ્રત્યક્ષ અનુભવગોચર)...'** પ્રત્યક્ષ જ્ઞાન ને પ્રત્યક્ષ અનુભવગમ્ય. **'ટંકોત્કીર્ણ...'** જેવો છે તેવો એમને એમ આ **'જ્ઞાયકભાવ છું.'** હું તો આ જ્ઞાયકભાવ છું. લ્યો.

**'આ પ્રમાણે સામાન્યપણે...'** સામાન્ય એટલે એકદમ ભગવાન જુદો અને રાગાદિ બધું, પછી એના ભેદ ભલે પાડશે પણ એકસાથે બે જુદા પાડી નાખ્યા. **'સામાન્યપણે સમસ્ત કર્મજન્ય ભાવોને સમ્યગ્દષ્ટિ પર જાણે છે અને પોતાને એક જ્ઞાયકસ્વભાવ જ જાણે છે.'** એક જ્ઞાયક સ્વભાવ પાછુ, જોયું? અનેક ગુણ-ગુણી ભેદેય નહિ. આહાહા..! ઓલા અનેક વિકલ્પ, વિકાર અને બહારની સામગ્રી એ બધી મારા સ્વભાવમાં નથી, મારો સ્વભાવ નથી. અને હું છું તો જ્ઞાયકભાવ છું. એને અહીંયાં સમ્યગ્દષ્ટિને નિર્જરા થાય એમ કહેવું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!).

**પરની મમતાના ભાવ પણ હજુ જેને પડ્યા છે અને નિર્વિકલ્પ થવા જાય ઈ નિર્વિકલ્પ નહીં થઈ શકે. હજી તો નીતિ આદિના પરિણામ પણ નથી અને નિર્વિકલ્પ થવા જાય તો ઈ નિર્વિકલ્પ નહીં થઈ શકે. આ વાત મોક્ષમાર્ગ-પ્રકાશકમાં પણ કહી છે. લૌકિક પ્રમાણિકતાના પણ જેને ઠેકાણા ન હોય અને એને ધર્મ થઈ જાય ઈ ત્રણકાળમાં ન બને. અનીતિથી જેને એક પાઈ પણ લેવાના ભાવ છે તેને અનુકૂળતા હોય તો આખી દુનિયાનું રાજ પચાવવાના ભાવ છે.**

**એક દીવાન રાજના કામ માટે રાતના રાજની મીણબત્તી બાળી કામ કરતો હતો અને જ્યાં પોતાનું કામ કરવાનો વારો આવે ત્યાં તે રાજની મીણબત્તી ઠારી પોતાના ઘરની મીણબત્તી કરે, પોતાના ઘરના માટે રાજની મીણબત્તી ન વપરાય. (આવું તો પહેલાં નીતિમય જીવન હોય).** આત્મધર્મ અંક-૫, જાન્યુઆરી-૨૦૦૮

# ગાથા-૧૯૯

सम्यग्दृष्टिर्विशेषेण तु स्वपरावेवं जानाति -

पोग्गलकम्मं रागो तस्स विवागोदओ हवदि एसो।
ण दु एस मज्झ भावो जाणगभावो हु अहमेक्को।।१९९।।

पुद्गलकर्म रागस्तस्य विपाकोदयो भवति एषः।
न त्वेष मम भावो ज्ञायकभावः खल्वहमेकः।।१९९।।

अस्ति किल रागो नाम पुद्गलकर्म, तदुदयविपाकप्रभवोऽयं रागरूपो भावः, न पुनर्मम स्वभावः। एष टङ्कोत्कीर्णैकज्ञायकभावोऽहम्।

एवमेव च रागपदपरिवर्तनेन द्वेषमोहक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकाय-श्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि, अनया दिशा अन्यान्यप्यूह्यानि।

---

હવે સમ્યગ્દષ્ટિ વિશેષપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે - એમ કહે છે :-

પુદ્‌ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,
આ છે નહીં મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ૧૯૯.

ગાથાર્થ :- [ रागः ] રાગ [ पुद्गलकर्म ] પુદ્‌ગલકર્મ છે, [ तस्य ] તેનો [ विपाकोदयः ] વિપાકરૂપ ઉદય [ एषः भवति ] આ છે, [ एषः ] આ [ मम भावः ] મારો ભાવ [ न तु ] નથી; [ अहम् ] હું તો [ खलु ] નિશ્ચયથી [ एकः ] એક [ ज्ञायकभावः ] જ્ઞાયકભાવ છું.

ટીકા :- ખરેખર રાગ નામનું પુદ્‌ગલકર્મ છે, તેના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલો આ રાગરૂપ ભાવ છે, મારો સ્વભાવ નથી; હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું. (આ રીતે સમ્યગ્દષ્ટિ વિશેષપણે સ્વને અને પરને જાણે છે.)

વળી આ જ પ્રમાણે 'રાગ'પદ બદલીને તેની જગ્યાએ દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાયા, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શન - એ શબ્દો મૂકી સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં (-કહેવાં) અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

**પ્રવચન નં. ૨૭૫ ગાથા-૧૯૯, રવિવાર, અષાઢ વદ ૬, તા. ૧૫-૦૭-૧૯૭૯**

'સમયસાર' ૧૯૯ ગાથા, 'નિર્જરા અધિકાર'. '**હવે સમ્યગ્દષ્ટિ વિશેષપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે...**'

**पोग्गलकम्मं रागो तस्स विवागोदओ हवदि एसो।**
**ण दु एस मज्झ भावो जाणगभावो हु अहमेक्को।।१९९।।**
**પુદ્‌ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,**
**આ છે નહીં મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ૧૯૯.**

ઝીણી વાત છે, ભાઈ! 'નિર્જરા અધિકાર' છે ને? નિર્જરા એટલે શુદ્ધિ, સ્વરૂપ જે શુદ્ધ છે, પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છે, પૂર્ણ આનંદ, અતીન્દ્રિય આનંદનો મહાસાગર, એવા આત્માને અંતરમાં દૃષ્ટિ અંતર્મુખ કરી અને એનું વેદન સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનું વેદન આવે એને અહીંયાં સમ્યગ્દષ્ટિ કહે છે. આહાહા..! આટલી શરતું. એને નિર્જરા હોય છે. આહાહા..!

તે દિ' નિર્જરાની ત્રણ વાત, ત્રણ પ્રકાર કહ્યા હતા. એક કર્મનું ખરવું એને નિર્જરા કહે છે, એક અશુદ્ધનું ટળવું એને નિર્જરા કહે છે અને એક શુદ્ધનું વધવું (એને નિર્જરા કહે છે). આહા..! વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે, ભાઈ! આહા..! કાલે કો'ક કહેતું હતું, વરસાદ તણાણો છે ને? ઘાસ નથી તે બાર-ચૌદ ઢોર મરી ગયા, ઘાસ ન મળે. કહો, આવા અવતાર. આહાહા..! નહિતર અગિયાર ઇંચ વરસાદ આવી ગયો છે પણ ઘાસ થોડું થોડું થયું એ બધું ખવાઈ ગયું. બાર-ચૌદ ઢોર ઘાસ વિના મરી ગયા. આહાહા..! એવા અવતાર તો અનંતવાર કર્યા છે, એ આત્મજ્ઞાન વિના. બાકી તો બધું કર્યું. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ એ તો શુભભાવ, એ સંસાર છે. આહાહા..!

અહીંયાં તો સમ્યગ્દષ્ટિ, જેને આત્મા ચૈતન્ય રત્નાકર મહાપ્રભુ અનંત શક્તિઓથી બિરાજમાન (અનુભવમાં આવ્યો છે). કાલે રાત્રે કહ્યું હતું કે, એક આત્મામાં એટલી શક્તિઓ એટલે સ્વભાવ એટલે ગુણ એટલા છે... આહા..! કે અનંતા મોઢા કરું, ભક્તિવંત ભક્તિ કહે છે કે, હું અનંત મોઢા – મુખ કરું અને એક એક મુખમાં અનંતી જીભ કરું તોય કહી શકાય નહિ. આહાહા..! પ્રભુ! એને ખબર નથી. બહારની બધી વાતુંમાં અધિકમાં વિશેષ, પોતાથી બહારમાં કાંઈક વિશેષ લાગ્યું ત્યાં અટકી ગયો છે. પોતાની વિશેષ અંદર કંઈ જુદી ચીજ છે... આહા..! એના તરફ એણે નજર કરી નથી.

એ અહીં કહે છે કે, સમ્યગ્દષ્ટિ જીવ. સમ્યક્ નામ સત્ય, જેવું એનું પૂર્ણ સ્વરૂપ (છે), અનંત મુખે અને એક એક મુખે અનંત જીભે ગુણ કહેવા જાય તો ગુણની સંખ્યા

એટલી છે કે કહી શકાય નહિ. આહાહા..! રાત્રે કહ્યું હતું. એવો આ ભગવાનઆત્મા શરીર આ તો માટી છે, એ તો પરની જગતની ચીજ છે. કર્મ અંદર છે એ જડ છે, પર છે. એ તો આત્મામાં અસત્ છે, અસત્પણું છે. સ્વમાં સત્પણું છે અને પરનું એમાં અસત્પણું છે. હવે એમાં રખડે છે કેમ? આટલી આટલી શક્તિઓ એમાં પડી છે. આહાહા..! એક માણસ અનંત મોઢા કરે અને એક મોઢે અનંતી જીભો કરે તોપણ એ ગુણની સંખ્યા કહી શકાય નહિ. એવો આ ભગવાનઆત્મા, એને સમ્યક્ નામ સત્ય જેવું સ્વરૂપ છે તેવી અંતર દૃષ્ટિ અનુભવ કરીને કરી છે એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે. આહાહા..!

હેઠે ગુજરાતી આવી ગયું છે.

**પુદ્ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,**
**આ છે નહીં મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ૧૯૯.**

આહાહા..! અહીં સુધી પહોંચવું. **ટીકા :- 'ખરેખર રાગ નામનું પુદ્ગલકર્મ છે...'** જડ, જડ. રાગ નામનું એક કર્મ છે, ચારિત્રમોહ જડ, **'તેના ઉદયના વિપાક...'** એ પડ્યું કર્મ સત્તામાં છે એ તો અજીવપણે છે, હવે એનો ઉદય આવ્યો એ પણ એક અજીવ છે. આહાહા..! ભગવાન અનંત ગુણનો નાથ, અનંત ગુણનો મહાસમુદ્ર, ચૈતન્ય રત્નાકર પ્રભુ, એની પર્યાયમાં કર્મ જડ છે એના નિમિત્તે પુરુષાર્થની કમજોરીથી રાગ થાય, પરથી નહિ, એ કર્મથી નહિ, કર્મ તો જડ છે. જડને તો આત્મા અડતોય નથી, કોઈ દિ' અડ્યોય નથી. આહાહા..! ભગવાનઆત્મા શરીર, વાણી, કર્મ એને કોઈ દિ' અડ્યોય નથી, અનંત અનંત કાળ થયા. કેમકે એ ચીજની જે ચીજમાં નાસ્તિ છે એને અડે શી રીતે? આહાહા..! આવો જે ભગવાનઆત્મા અનંત ગુણરત્નાકર, એનું જેને સમ્યક્ જેવું છે તેવી પ્રતીત જ્ઞાન થઈને, વર્તમાન જ્ઞાનની પર્યાયમાં એને જ્ઞેય બનાવીને, સ્વસ્વરૂપને જ્ઞેય બનાવીને જ્ઞાન કરીને પ્રતીતિ થાય છે. આહાહા..! એને અહીંયાં ભવના અંતની પહેલી સીઢી સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! તે વિના ભવનો અંત પ્રભુ નથી આવતો. બહારની અનેક પ્રકારની ક્રિયાઓ દયા, દાન, વ્રતાદિ, સંસારની જંઝાળ, ધંધા એકલા પાપ એની તો વાત શું કરવી? આખો દિ' પાપ અને બાયડી, છોકરાને સાચવવા અને એની પાસે રમવું ઇ પાપ, ધર્મ તો ક્યાં છે? બાપા! પુણ્યનાય ઠેકાણા નથી. આહાહા..!

અહીં તો કહે છે કે, ધર્મી તો એને કહીએ કે, જેને આત્માનો પૂર્ણ સ્વભાવ અનંત જીભે ન કહી શકાય એટલો જે સ્વભાવ.. આહાહા..! એની જેને જ્ઞાન થઈને પ્રતીતિ થઈ છે. એમને એમ પ્રતીતિ નહિ. એને જ્ઞાનમાં ચીજ આવી છે કે આ ચીજ આ છે. પૂર્ણ આનંદ અને પૂર્ણ અનંત શક્તિઓનો સંગ્રહાલય, અનંત ગુણનો સંગ્રહનો આલય – સ્થાન પ્રભુ, એવું જેનું પરમસત્ય સ્વરૂપ છે, એવું જ જેણે અંતરમાં જ્ઞાનની પર્યાયમાં જાણીને પ્રતીત અને શાંતિનું વેદન કર્યું છે. આહાહા..! તેને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે, તેને અહીંયાં ધર્મની

પહેલી સીઢી, ધર્મનું પહેલું પગથિયું (કહે છે). આહાહા..!

એવો જે જીવ તે **'ખરેખર રાગ નામનું પુદ્‌ગલકર્મ છે...'** કહે છે. આહાહા..! **'તેના ઉદયના વિપાકથી...'** સત્તામાં પડ્યું છે એ નહિ, એનો ઉદય આવતા વિપાક થયો એનો પાક આવ્યો. ઉદયથી **'ઉત્પન્ન થયેલો...'** રાગ. એટલે નિમિત્તને લક્ષે, વશે. જે કર્મનો ઉદય છે તે નિમિત્ત છે, એને લક્ષે, એને વશે, એનાથી નહિ. આહા..! એના લક્ષે અને એના વશે જે કંઈ રાગ થયો.. આહાહા..! છે? **'વિપાકથી ઉત્પન્ન થયેલો આ રાગરૂપ ભાવ છે,...'** જોયું? શું કીધું ઇ? આ તો સિદ્ધાંત છે, આ કાંઈ વાર્તા નથી, પ્રભુ!

અરે...! એણે કોઈ દિ' કર્યું નથી. એને પોતાની દયા આવી નથી. અરે..! હું ક્યાં રખડું છું? કઈ યોનિમાં ક્યાં હું? ક્યાં મારી જાત અને ક્યાં મારા રખડવાના સ્થાન? હેં? આહાહા..! હું એક આનંદનો બાદશાહ, અનંત ગુણનો ધણી એ આ એકેન્દ્રિય ને બેઇન્દ્રિય ને ત્રણઇન્દ્રિય ને નિગોદમાં રખડે. આહાહા..!

એ જેને કહે છે કે, અંદર ભાન થયું છે કે, હું તો ચૈતન્યસ્વરૂપ આનંદ છું, જ્ઞાયક છું. આવે છે ને? **'जाणगभावो'**. ચોથું (પદ છે). હું તો એક જાણનાર-દેખનાર છું. આહા..! એની સાથે અનંતા ગુણો વણાયેલા છે. જાણવા-દેખવાની સાથે અનંતા અનંતા ગુણો વણાયેલા અવિનાભાવ સાથે પડ્યા છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! એવો જે હું એમાં આ જે રાગ થયો.. છે? એ **'મારો સ્વભાવ નથી;...'** આહા..! અંદર જરી દયાનો, દાનનો, ભક્તિનો, વ્રતનો, પૂજાનો ભાવ આવ્યો પણ એ રાગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયનો રાગ તો તીવ્ર (છે), એની તો શું વાત કરવી? એ તો ઝેરના પ્યાલા છે. આહાહા..! પણ અહીં તો રાગ દયા, દાન ને વ્રત, ભક્તિનો આવ્યો તો સમ્યગ્દૃષ્ટિ જીવ, સમ્યક્ નામ સત્ય જેની દૃષ્ટિ, સત્ય સ્વરૂપની દૃષ્ટિ થઈ છે. પૂર્ણાનંદનો નાથ પરમ સ્વભાવ ભાવ પારિણામિક ભાવે જે સહજ સ્વભાવે અનાદિથી છે એ ત્રિકાળ નિરાવરણ છે, ત્રિકાળ અખંડ છે, એક છે, અવિનશ્વર છે. આહાહા..! એવો જે ભગવાનઆત્મા એનો જ્યાં અનુભવ, પ્રતીત થઈ છે એ એમ કહે છે કે, આ રાગ છે એ મારો નહિ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ મારો નહિ, એ હું નહિ, એમાં હું નહિ, એ મારામાં નહિ. આહાહા..! આટલી શરતનું સમ્યગ્દર્શન છે. આહાહા..!

દુનિયા તો ક્યાં ક્યાં બેઠી છે. આહા..! આ ઓલું છાપામાં આવ્યું છે ને? 'મોરારજી' 'ગંગા'માં વીસ મિનિટ ખુબ નાહ્યા. સ્થિતપ્રજ્ઞ છે એમ લખ્યું છે. અરે...! ભગવાન! બાપુ! સ્થિતપ્રજ્ઞ કોને કહે? જે જ્ઞાન વાસ્તવિક પૂર્ણ સ્વરૂપમાં ઠરે એને સ્થિતપ્રજ્ઞ કહે છે. આહાહા..! એ જીવને રાગ જરી દેખવામાં આવે, પોતાની પર્યાયની નબળાઈથી (થયેલો રાગ) અહીં એમ કહ્યું. કોઈ પાછુ એમ જ લઈ લ્યે કે, કર્મના વિપાકથી આત્મામાં રાગ થયો છે, એના જડનો ઉદય આવ્યો માટે અહીં રાગ થયો છે, એમ નથી. જડને તો ચૈતન્ય કોઈ દિ' અડ્યોય

નથી. રાગ છે તે જડને ધર્મને અડ્યો નથી અને કર્મનો ઉદય છે તે રાગ અહીં થાય તેને અડ્યો નથી. આહાહા..! પણ અહીં કહે છે કે, મને પણ અડ્યો નથી એવો હું છું. આહાહા..! છે?

**'આ રાગરૂપ ભાવ છે,...'** છે, એમ હોં. અસ્તિ છે. જેમ હું ત્રિકાળી અસ્તિ છું એમ આ રાગ અસ્તિ છે, આવ્યો છે. પર્યાયમાં રાગ આવ્યો છે... આહાહા..! પણ મારો સ્વભાવ નથી, આહાહા..! એ મારું સ્વરૂપ નથી. મારો સ્વ.. સ્વ.. સ્વ.. સ્વભાવ એ નહિ. એ વિભાવ છે, વિકાર છે, પર છે. મારા સ્વરૂપમાં તેની નાસ્તિ છે. એના સ્વરૂપમાં મારી નાસ્તિ છે અને મારા સ્વરૂપમાં એ રાગની નાસ્તિ છે. આહાહા..! આવો માર્ગ છે. બાપુ! હેં? આહાહા..! લોકો એકાંત કહીને અહીંની વાત ઊડાવી દ્યે છે. કરો, કરો, બાપુ! માર્ગ તો આ છે. આહાહા..! ત્રણલોકના નાથ તીર્થંકર, અનંત તીર્થંકરોની આ ધ્વનિ અને અવાજ આ છે. આહાહા..!

કહે છે કે, ધર્મની જેને દૃષ્ટિ થઈ છે. ધર્મ એટલે આત્માના અનંત ગુણો જે ધર્મ, આત્મા એનો ધરનારો ધર્મી, એવા અનંત ગુણરૂપી ધર્મ, એની દૃષ્ટિ થઈ છે તો પર્યાયમાં પણ અનંત ધર્મની અનંતી શક્તિનો અંશ બહાર આવ્યો, પ્રગટ થયો છે. આહાહા..! જે રીતે દ્રવ્ય અનંત ગુણનું એકરૂપ, જેવી રીતે ગુણ અનંત સંખ્યાએ અનંત રૂપ, એવી એની પ્રતીતિ કરતા પણ અનંત ગુણની જેટલી સંખ્યા છે તેનો એક અંશ પ્રગટ – વ્યક્ત (થયો છે). અનંતનો અનંત પ્રગટ અંશ સમ્યગ્દર્શન થતાં (પ્રગટ) થાય છે. આહાહા..! ત્રણે એક થાય છે. એટલે? દ્રવ્યમાં અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય, એના ગુણો અનંત જે અનંત મુખે, અનંત જીભે ન કહેવાય એટલા, એવા જે ધર્મ જે ગુણ છે તેનો ધરનાર ધર્મી દ્રવ્ય છે તેની જ્યાં અંતર દૃષ્ટિ થઈ છે, તેની દૃષ્ટિ નિમિત્તની, રાગની ને પર્યાયની દૃષ્ટિ ઊડી ગઈ છે. આહાહા..! એને આ રાગ છે અને એ મારો સ્વભાવ નહિ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ અપરાધ છે. આહા..હા..હા...! પરની દયાનો ભાવ આવે એ અપરાધ છે, દોષ છે, એ મારો સ્વભાવ નથી. ધર્મી એમ જાણે છે એ મારું સ્વરૂપ નથી. આહાહા..!

ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એનો માર્ગ કોઈ અલૌકિક છે. એ સિવાય બીજે ક્યાંય છે નહિ. આહાહા..! એવો જે પ્રભુ આત્મા, કહે છે, કે એ રાગ પંચ મહાવ્રતનો આવ્યો, ભગવાનની ભક્તિનો આવ્યો, દયાનો આવ્યો... આહાહા..! એ મારો સ્વભાવ નથી. ધર્મી તો એમ જાણે છે, મારા સત્‌માં તેનું તો અસત્‌પણું છે, મારામાં એ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ ઝીણો, બાપુ! એ નરકના અને નિગોદના દુઃખો, જેમ ગુણની સંખ્યાનો પાર ન મળે એમ કહે છે કે, દુઃખની દશાનું વર્ણન પણ કરોડ ભવે, કરોડ જીભે ન કહેવાય, બાપુ! એવા જે ગુણો છે તેની ઊલટી દશા જે દુઃખ, એ દુઃખ પણ... આહાહા..! કરોડ ભવે ને કરોડ જીભે ન કહેવાય એવા બાપા દુઃખ વેઠ્યા છે તેં. આહાહા..! નરકના, નિગોદના

(દુઃખ) મૂકવાનો માર્ગ તો એક આ છે. આહાહા..! એના તરફનું વલણ તો કર. આહાહા..!

હું એક પૂર્ણાનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ, એવી જે અંતર દૃષ્ટિ થતાં રાગનો કણ પણ મારું સ્વરૂપ ને મારો સ્વભાવ નહિ. આહાહા..! એ મારામાં નહિ. એને એ ઉદયકર્મ, રાગ થયો એ નિર્જરી જાય છે. અલ્પ બંધ થાય છે ઇ વાત ગૌણ છે. ખરેખર નિર્જરી જાય છે એમ કહેવું છે. આહાહા..! એ **'મારો સ્વભાવ નથી;...'**

**'હું તો...'** હું તો કેમ (કહ્યું)? (કેમકે) એ છે અને હું પણ છું. પણ હું તો. આહાહા..! **'આ..' 'હું તો આ...'** ચૈતન્યપ્રત્યક્ષ. આ એ પ્રત્યક્ષપણું બતાવે છે. આહાહા..! આ માણસ નથી કહેતા? આ માણસ આવ્યો. આ એટલે એનું વિદ્યમાનપણું બતાવે છે – પ્રત્યક્ષ. આ આત્મા, એમ જ્ઞાનમાં પ્રત્યક્ષપણું જણાય છે. આહાહા..! આવી વાત (છે). સાંભળવી મુશ્કેલ પડે. એને અંતરમાં ઉતરવાનો પ્રસંગ તો અલૌકિક છે, બાપા! આહાહા..! દુનિયા સાથે મેળ ખાય એવું નથી. આ..હા..!

**'હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર)...'** આહા..! હું તો જ્ઞાનમાં પ્રત્યક્ષ અનુભવગોચર વેદન પ્રત્યક્ષ ગમ્ય છું. હું પરોક્ષ રહું એ મારું સ્વરૂપ નથી. આહાહા..! કેમકે એનામાં ૪૭ શક્તિનું જ્યાં પાછળ વર્ણન ચાલ્યું છે એમાં એક પ્રકાશ નામનો ગુણ લીધો છે. તો એ પ્રકાશ નામના ગુણને લઈને ગુણી એવો જે ભગવાનઆત્મા જ્યાં સમ્યક્ અનુભવમાં લીધો એને પર્યાયમાં સ્વસંવેદન – સ્વ પોતાનું સં પ્રત્યક્ષ વેદન થાય તેવો જ એનો ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ટંકોત્કીર્ણ...'** એવોને એવો. અનંતકાળ વિત્યો પણ મારા દ્રવ્યમાં ઘસારો લાગ્યો નથી. આહાહા..! નિગોદ અને નરકમાં અનંત વાર રહ્યો પણ મારા દ્રવ્ય અને ગુણમાં કંઈ હીણપ ને ઘસારો થયો નથી. આહાહા..! એવો મારો પ્રભુ... આહાહા..! છે? **'એક જ્ઞાયકભાવ છું.'** ઓલા અનંત પ્રકારના વિકૃતાદિ ભાવ આવે, ઘણા પ્રકારના (આવે). સંક્ષેપમાં અસંખ્ય છે, વિસ્તારમાં અનંત પ્રકાર છે, પણ વસ્તુ હું છું એ તો એકરૂપે છું. આહાહા..!

હું એક જ્ઞાયકભાવ ટંકોત્કીર્ણ (છું). હું તો એક જાણક સ્વભાવ... જાણક સ્વભાવ... જાણક સ્વરૂપ એવું તત્ત્વ તે હું એ છું. આહાહા..! એ રાગ તો હું નહિ પણ પર્યાય જેટલોય હું નહિ. રાગ છે એને જાણે છે એ જ્ઞાનમાં રાગ આવ્યો નથી, રાગ સંબંધીનું જ્ઞાન રાગ છે માટે થયું નથી. જ્ઞાનની પર્યાયમાં પોતાથી રાગનું અને પોતાનું પોતાથી પોતાની સત્તા વડે જ્ઞાન થયું. આહાહા..! તે જ્ઞાન એક સમયની પર્યાય છે. એટલોય હું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! હું તો એક જ્ઞાયકભાવ છું. આહાહા..! જુઓ! આ ભવના અંતની વાત, પ્રભુ! આહાહા..! ભવના ચોરાશીના અવતાર. ક્યાંય નરક, ક્યાંક નિગોદ, ક્યાંક લીલોતરી, કાંઈ લસણ ને કાંઈ બાવળ ને કાંઈ થોરમાં... આહાહા..! અવતાર ધારણ કરી

કરીને ક્યાં રહ્યો. એના અંત લાવવાનો આ એક ઉપાય છે કે જેમાં ભવ અને ભવનો ભાવ જેમાં નથી. આહાહા..! એ રાગ એ ભવનો ભાવ છે, એ મારા સ્વરૂપમાં નથી. આહાહા..! હવે અત્યારે તો એવી માંડે કે આ દયા કરો ને વ્રત કરો ને ભક્તિ કરો, પૂજા કરો, સેવા કરો ને એ કરતા કરતા કલ્યાણ થઈ જશે. અરે...! પ્રભુ! એ વસ્તુ ઝેર ને રાગ ને સ્વરૂપમાં નથી એનાથી સ્વરૂપને લાભ થાય? આહાહા..! સમજાણું કાંઈ?

મોટો ફેરફાર થઈ ગયો. દૃષ્ટિનો ફેરફાર મોટો થઈ ગયો. સેવાઓ કરો, દેશસેવા કરો, એકબીજાને મદદ કરો, ભૂખ્યાને અનાજ આપો, તરસ્યાને પાણી આપો. આહા..! આપણા સાધર્મી જીવો છે બધા, માટે મદદ કરો. અહીં કહે છે, કાંઈ નહિ, બાપા! પરવસ્તુનો પ્રભુ! તારામાં અભાવ છે અને તારો તેનામાં અભાવ છે તો તું પરનું શું કર? આહાહા..! કેમકે એ પરપદાર્થ તેની પર્યાયના કાર્ય વિના તો છે નહિ, તો એની પર્યાયના કાર્ય વિના નથી તો તું તેની પર્યાય શી રીતે કરીશ? આહાહા..! એ અનંતા દ્રવ્યો ભલે હો તારી સામે પણ એ અનંતા દ્રવ્યો તો પોતાની પર્યાયને કરે છે. આહાહા..! એ પરને કાંઈ કરતો નથી. અનંતા પરદ્રવ્ય પરને કાંઈ કરતો નથી, તારું સ્વદ્રવ્ય પરને કરતું નથી. પરના દ્રવ્ય-ગુણને તો નહિ, પર્યાયને પણ કરતું નથી. આહાહા..! આવો હું એક જ્ઞાયક તત્ત્વ છું. કાલે આવ્યું હતું – તત્ત્વથી. ભાષા નહિ, પરમાર્થથી એને અંતરમાં એ વાત બેસવી જોઈએ. તત્ત્વથી. આહાહા..!

એક જ્ઞાયકભાવ ત્રિકાળ તે હું છું. એ દયા, દાનાદિ રાગ આવ્યો છે એ હું નહિ. હું નહિ તો તેનાથી મને લાભ પણ નહિ. આહાહા..! મારો પ્રભુ મારો સ્વભાવ છે. એ સ્વભાવની પરિણતિ દ્વારા મને લાભ થાય. આહાહા..! **'(આ રીતે સમ્યગ્દૃષ્ટિ વિશેષપણે...)'** એટલે કે પહેલું સામાન્યપણે કહ્યું હતું કે એક આત્મા અને એ સિવાય રાગથી માંડીને બધાનો ત્યાગ છે, એ સામાન્યપણે કહ્યું. હવે એના ભેદ પાડીને આ એક રાગનો ભેદ લીધો. સમજાય છે કાંઈ? પહેલું સામાન્યપણે કહ્યું હતું, એક કોર પ્રભુ આત્મા અને એક કોર રાગાદિ આખી દુનિયા. રાગના વિકલ્પથી માંડીને આખી દુનિયા, બધું તે તારામાં નથી અને તું એમાં નથી. એમ સામાન્યપણે પહેલું કહ્યું હતું. હવે એના ભેદ પાડીને વિશેષપણે સમજાવે છે. એ **'(સમ્યગ્દૃષ્ટિ વિશેષપણે સ્વને અને પરને જાણે છે).'** આહાહા..! અહીં તો ત્યાં સુધી લીધું કે, રાગ છે તેને જાણે છે અને જાણનાર તે હું છું. રાગ જણાય મારામાં તે રાગ હું નહિ. આહાહા..! અને તે રાગ છે માટે અહીં રાગનું જ્ઞાન થાય છે એમેય નહિ. મને મારું જ્ઞાન મને મારાથી સ્વને જાણતાં પરને જાણવું એવું સ્વપરપ્રકાશક મારું સત્તાનું સ્વરૂપ છે. એનાથી હું મને જાણું છું. આહાહા..! આવું છે.

**'(સ્વને અને પરને જાણે છે).'** સ્વ એક જ્ઞાયકભાવ અને રાગ અત્યારે લેવો છે, એ પર. એ સ્વ ને પરને જાણે છે. એ અપેક્ષા છે. ખરેખર તો એ રાગ સંબંધીનું જ્ઞાન પોતાથી પોતામાં સ્વપરપ્રકાશના સામર્થ્યથી થયેલું છે તેને જાણે છે. અહીં તો રાગને બતાવવો છે

ને? રાગને ધર્મી જાણે છે. રાગ હું નહિ. હું છું ત્યાં રાગ નથી અને રાગ છે ત્યાં હું નથી. આહાહા..! આવી વાત. ક્યાં માણસને નવરાશ (છે)? આહાહા..!

પોતાના હિતને માટે વખત લેવો. વખત મળતો નથી, એમ કહે છે. મરવાનો વખત નથી, એમ (કહે). વેપારના ધંધામાં મશગુલ હોય (તો એમ કહે), અત્યારે તો મરવાનોય (વખત નથી). બાપુ! દેહ છૂટવાના ટાણા આવશે, ભાઈ! એ ટાણે અકસ્માત્ આવીને ઉભો રહેશે. આહાહા..! એ દેહ, આમ બેઠા વાત કરતા કરતા છૂટી જશે. એમ નહિ કે ઇ કહેશે કે હવે હું છૂટું છું. આહાહા..! આ તો જડ છે, માટી છે, ધૂળ છે. એને છૂટવાનો સમય છે તે સમયે છૂટ્યે છૂટકો છે. એનો સમય છે. ભગવાનના જ્ઞાનમાં તો છે પણ પોતાની યોગ્યતા એમાં રહેવાની, શરીરમાં રહેવાની આટલી જ યોગ્યતા છે. આહાહા..! એટલી યોગ્યતામાં રહીને એ દેહ છૂટી જાય છે. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! ધર્મી એને કહીએ.. આહાહા..! જેને આત્માનું દર્શન થયું છે એને એ રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રાનો રાગ આવે પણ એ ધર્મી પોતાનો ન માને. આહાહા..! એ પોતાનો ન માને. જેમ આ માટી જડ ધૂળ છે, પર (છે), એનું અસ્તિત્વ તદ્દન ભિન્ન છે અને રાગનું અસ્તિત્વ જરી પર્યાયમાં દેખાય, છતાં તે અસ્તિત્વ તે મારું સ્વરૂપ નહિ. આહાહા..! ધર્મી એને કહીએ, સમ્યગ્દષ્ટિ ધર્મની પહેલી સીઢીવાળો એને કહીએ... આહા..! કે એ રાગને પણ પોતાની ચીજ ન માને. આહાહા..! ત્યાં વળી આ બાયડી, છોકરા મારા, બાયડી મારી ને છોકરા મારા, પ્રભુ! એ ધર્મી માને નહિ. આહાહા..! હમણા કહેશે ઇ. સમજાણું કાંઈ? આ દીકરો મારો છે ને આ દીકરી મારી છે ને આ મારી બાયડી. અરે...! પ્રભુ! કોની બાયડી? એનો આત્મા જુદો, એના શરીરના પરમાણુ જુદા, તારા ક્યાંથી આવ્યા એ? આહા..! શું થયું તને, પ્રભુ! આહા..હા..!

અહીં કહે છે કે, ઇ સ્વપરને જાણે છે. **'આ જ પ્રમાણે 'રાગ' પદ બદલીને...'** દ્વેષ આવે. દ્વેષ લેવો. છે? દ્વેષનો અંશ આવે તોપણ ધર્મી આત્માના આનંદના સ્વાદ આગળ, એ દ્વેષનો સ્વાદ આકુળતા છે માટે એ મારું સ્વરૂપ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ દ્વેષનો અંશ છે એ મારી ચીજ નહિ. હું તો પ્રભુ જ્ઞાયક ચૈતન્યજ્યોત અનાદિ સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમેશ્વર પરમાત્મા, એણે જે આત્માને જોયો એ આત્મા તો રાગ અને વિકાર રહિત પ્રભુ છે, તેને ભગવાને આત્મા જોયો છે. આહાહા..! એ ભગવાન પોતે કહે છે કે, ભાઈ! જે ધર્મી થાય તેને રાગ ને દ્વેષનો અંશ આવે, નબળાઈ છે તેથી, પણ એ મારો નહિ, મને નહિ, મને નહિ. હું એને અડતોય નથી. આહાહા..! આવી વાત છે. સાંભળવા મળવી મુશ્કેલ પડે, બાપુ! શું કરે? આહાહા..! એ દ્વેષ.

**'મોહ,...'** આ મોહ એટલે મિથ્યાત્વ નહિ પણ પર તરફની જરી સાવધાની જાય જરી એ પણ હું નહિ. સમ્યગ્દષ્ટિ લેવો છે ને? મિથ્યાત્વ છે ઇ હું નહિ (લ્યો તો) મિથ્યાત્વ

છે જ નહિ ત્યાં. પણ કોઈ સમકિતમોહનીયનો ઉદય જરી હોય કે પર તરફની સાવધાની એ હું નહિ, એ હું નહિ. આહાહા..! હું તો એક જાણનાર ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરે જે પ્રગટ કર્યો અને એવો હતો એ હું છું. આહાહા..! મારામાં અને ભગવાનમાં કાંઈ ફેર નથી. ભગવાનની પર્યાય પ્રગટ થઈ ગયેલી છે, મારી પર્યાય અપૂર્ણ છે છતાં એ રાગાદિ ચીજ જેમ ભગવાનને નથી એમ એ મારેય નથી. અરે..રે...! આવી વાતું. ક્યાં નવરાશ (છે) માણસને? આહાહા..! દ્વેષ, મોહ (થયા).

**'ક્રોધ,...'** એમ જરી ક્રોધ આવે. ધર્મી છે, લડાઈ આદિમાં પણ ઉભો હોય. ક્રોધ જરી (આવી જાય). આહાહા..! છતાં તે ધર્મી એ ક્રોધને પોતાનું સ્વરૂપ જાણતો નથી. એ ક્રોધને ક્રોધની હયાતીમાં ક્રોધને જાણવાનો પોતાનો સ્વભાવ છે તેને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. ક્રોધ.

એમ **'માન,...'** જરી માન આવે, ધર્મી છે. છતાં એ જાણે છે, પ્રભુ! એ મારી ચીજ નહિ, હોં! આહા..! એ તો પારકી ચીજ આવીને દેખાવ દ્યે છે. આહાહા..! જેમ ઘરમાં પોતે રહ્યો હોય અને કો'કની સ્ત્રી કે છોકરો આવીને આમ મોઢા આગળ આવી ચાલ્યો જાય, આમ બારણા પાસે, એમ આ ક્રોધનો અંશ પણ આવીને દેખાવ દે છે, (એ) મારી ચીજ નહિ. આહાહા..! આવું ઝીણું છે. આહા..! એટલે જ લોકો કહે છે ને, 'સોનગઢ'વાળાનું એકાંત છે. વ્યવહારથી થાય એમ કહેતા નથી. અહીં તો પ્રભુ કહે છે કે, વ્યવહારનો રાગ આવે એ ધર્મી પોતાનો માનતો નથી. આહાહા..! પ્રભુ! વીતરાગમાર્ગ ઝીણો, પ્રભુ! આહાહા..! ત્રણલોકના નાથ મહાવિદેહમાં 'સીમંધર' ભગવાન બિરાજે છે એના અહીંયાં વિરહ પડ્યા, વાણી રહી ગઈ. આહાહા..! હેં? આહાહા..! સાક્ષાત્ 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા, આઠ દિ' ત્યાં રહ્યા હતા, આવીને આ વાણી બનાવી છે. આહાહા..! એના ટીકાકાર – ટીકા કરનાર તો ગયા નહોતા પણ ઇ અહીં અંદર ભગવાન પાસે ગયા હતા. તેથી ટીકા બનાવી. આહાહા..! આહાહા..! આવું છે. કઈ જાતનો આવો ઉપદેશ? બાપુ! માર્ગ તો આ છે, ભાઈ!

વીતરાગ! વીતરાગનો માર્ગ વીતરાગ ભાવથી હોય. વીતરાગનો માર્ગ રાગથી હોય નહિ. તો એ વીતરાગમાર્ગ ન કહેવાય. એથી સમ્યગ્દષ્ટિ આત્માને વીતરાગસ્વરૂપે જ્યારે જાણે છે એથી પર્યાયમાં સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય પ્રગટ થઈ છે. એથી તે વીતરાગી પર્યાયથી વિરૂદ્ધનો માન કે ક્રોધ (આવે) એ એને પોતાનો માનતો નથી. આહાહા..!

**'માયા,...'** માયા પણ જરીક આવે. આહાહા..! પણ એ દેખાવ દઈને તે વખતે તે જ્ઞાનનો પર્યાય તેને જાણવાની પોતાની શક્તિથી પ્રગટેલું જ્ઞાન જાણી (લ્યે છે), જાણે છે કે આ છે, બસ! એ છૂટી જાય છે. આહાહા..! આવું આકરું છે.

**'લોભ,...'** ઇચ્છા, કોઈ વૃત્તિ આવે. છતાં ધર્મી એને કહીએ કે જે ઇચ્છાને પણ પોતામાં ન લાવતાં એ મારું સ્વરૂપ જ નથી. એ લોભ મારું સ્વરૂપ નથી. મારી જાત નથી, મારી

નાત નથી. આહાહા..! એ તો કજાત છે, એ આત્મજાત નહિ. આહાહા..! ઇચ્છામાત્ર આવે એને કજાત જાણીને જાણવાવાળો રહે છે. હું તો એક જ્ઞાયક જાણનારો છું. આહાહા..! આવું સ્વરૂપ ક્યાંથી (કાઢ્યું)? આ અહીંનું કરેલું છે? અનાદિનો માર્ગ જ આ છે પણ એણે સાંભળ્યો ન હોય એથી એને નવું લાગે, તેથી કંઈ માર્ગ નવો નથી, માર્ગ તો છે આ જ છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ' આહાહા..! એ અહીં લોભ કહે છે.

'**કર્મ...**' (એટલે) આઠ કર્મ. એ આઠ કર્મ હું નહિ. મેં કર્મ બાંધ્યા ને મેં કર્મ છોડ્યા, એ મારામાં નથી. આહાહા..! શાસ્ત્રમાં તો સંભળાતું હોય કે ચોથે ગુણસ્થાને આમ આટલા કર્મ બાકી છે, આમ હોય. એ બધું એનું જ્ઞાન કરાવ્યું છે. એ કર્મ મારા છે એમ માનતો નથી. આહાહા..! કેમકે કર્મ છે એ જડ છે, અજીવ છે અને ભગવાનઆત્મા જ્ઞાયક છે. તો એ સત્ સ્વરૂપ છે તેમાં જડનો ત્રિકાળ અભાવ છે. એ કર્મનો પ્રભુમાં અભાવ છે. અરે..રે...! આ કેમ બેસે?

ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપી પ્રભુ (છે). એ કર્મ જડ છે, એ મારામાં નથી. હું સત્ છું એ અપેક્ષાએ એ અસત્ છે અને એ સત્ છે એ અપેક્ષાએ હું અસત્ છું. આહાહા..! એ પરમાણુની પર્યાય છે. કર્મ છે એ કર્મવર્ગણાની પર્યાય છે, એ પર્યાય છે એ તો કર્મની પર્યાય કર્મપણે પરિણમેલી એની છે. આહાહા..! એ કર્મ મારા નથી, મેં આયુષ્ય બાંધ્યું છે ને આયુષ્ય પ્રમાણે મારે દેહમાં રહેવું પડશે ને એ પણ હું નથી. આહાહા..! આયુષ્ય છે એ તો જડ છે, મેં બાંધ્યું જ નથી, મારું છે જ નહિ ને. અને એને લઈને હું શરીરમાં રહ્યો છું એમેય નહિને. આહાહા..! મારી પર્યાયની યોગ્યતાથી હું શરીરમાં રહ્યો છું. મારી યોગ્યતા એટલી પૂરી થશે એટલે દેહ છૂટી જશે. આહાહા..! એ કર્મ મારા નહિ.

એ જ્ઞાનાવરણીય કર્મ મને નડે છે, એ કર્મ મારા નહિ પછી નડે કોણ? આહાહા..! લોકો કહે છે ને? જ્ઞાનાવરણીયનો ઉદય હોય તો જ્ઞાન હણાય અને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો જ્ઞાન ખીલે. અહીં ના પાડે છે. એ ખીલે અને રહે એ તો પર્યાયની પોતાની યોગ્યતાથી છે. એ કર્મ મારામાં છે જ નહિ પછી મને એને લઈને મારામાં કંઈ થાય એ વાત છે જ નહિ. આહાહા..! એક કલાકમાં કેટલું યાદ રાખવું? જગતમાં ચાલે નહિ એવી આ વાત (છે). બાપુ! એવો માર્ગ છે, ભાઈ! આહાહા..! એ તો ત્રણલોકના નાથ એનું વિવરણ કરે અને સંતો વિવરણ કરે એ તો અલૌકિક રીતે હોય છે. આહાહા..!

'**નોકર્મ,...**' મારા સિવાય જેટલી ચીજો છે, એ બધા નોકર્મ એ મારામાં નથી. આહાહા..! એ સ્ત્રી મારી નથી એમ સમકિતી માને છે. દુનિયા જેને અર્ધાંગના કહે છે. આહાહા..! એનું આત્મદ્રવ્ય જુદું, એના શરીરના રજકણો દ્રવ્ય જુદા. એ મારી અપેક્ષાએ તો અસત્ છે અને એની અપેક્ષાએ હું અસત્ છું તો ઇ મારા ક્યાંથી થઈ ગયા? આહાહા..! ત્યારે શું કરવું આમાં? બાયડી, છોકરાને છોડીને ભાગી જવું? ભાગીને ક્યાં જાવું છે? અંદરમાં

ભાગીને જાવું છે. આહાહા..! એ નોકર્મ મારું નહિ. આહાહા..! એ બંગલા, એ પૈસા, સ્ત્રી, દીકરા, દીકરીયું, વેવાઈ, જમાઈ આહાહા..! એ મારા સ્વરૂપમાં નહિ, મારું સ્વરૂપ નહિ. હું એને અડતોય નથી. એ ચીજ મને અડતી નથી. આહાહા..! અરે..રે! કેમ વાત બેસે? અનંતકાળનો રખડ્યો. અજ્ઞાનભાવથી, મૂઢભાવથી રખડે છે. એને આ વાત અંતરમાં બેસે ત્યારે ભવના અંત આવે એવું છે. આહાહા..!

એ નોકર્મ હું નહિ. નોકર્મમાં બધું આવ્યું. પૈસા, સ્ત્રી, કુટુંબ, દીકરા, દીકરી, મકાન, આબરુ એ બધું મારામાં નહિ, એ બધું મારું નહિ. એ મારે લઈને એ નહિ. મારે લઈને એ નહિ, એને લઈને હું નહિ. આહાહા..! આવી વાત છે. 'ભોગીભાઈ' છે? આહાહા..! 'મુંબઈ'. આહાહા..! આવો માર્ગ છે. શરીરને જુદું લેશે પણ એ ખરેખર નોકર્મમાં જાય છે. શરીર, વાણી, આ પરવસ્તુ, મકાન, કપડાં, દાગીના, સ્ત્રી, દીકરા, દીકરી બધું નોકર્મ. એ મારું સ્વરૂપ નહિ. એ મારા નહિ. એ મારામાં નહિ. એમાં હું નહિ. આહાહા..! સમ્યગ્દષ્ટિ ધર્મની પહેલી સીઢીવાળો આ રીતે આત્માને અને પરને જાણે છે. આહા..! દુનિયાને બેસવું કઠણ પડે કે, આ તો એકલો નિશ્ચય થઈ ગયો, વ્યવહાર (તો આવ્યો નહિ). પણ વ્યવહાર એટલે શું? આહાહા..! પરવસ્તુને વ્યવહાર કહીએ તો એ વસ્તુ આત્મામાં નથી. સ્વને નિશ્ચય કહીએ, પરને વ્યવહાર કહીએ. આહાહા..! એ પર તારામાં નથી અને તે પરમાં તું નથી. આહાહા..! અરે..રે...! કે દિ' નિર્ણય કરે, કે દિ' અનુભવ કરે અને ક્યારે જન્મ-મરણ મટે? આહાહા..! અહીં કોણ બેઠું હતું? (શ્રોતા :– 'સુમનભાઈ' હતા). ગયા? જવાના હશે? નોકર્મ (થયું).

**'મન,...'** મારું નહિ. મન હું નહિ. આઠ પાંખડીના આકારે અહીં આત્મા વિચાર કરે એમાં નિમિત્ત, જડ (છે) એ હું નહિ, મન હું નહિ. હું મનનો મનમાં રહીને જાણનારો નહિ. મન મારું તો નહિ પણ મનમાં રહીને મનને જાણનારો નહિ. હું તો મારામાં રહીને મનને ભિન્ન તરીકે જાણું એ પણ વ્યવહાર (છે). આહાહા..! અહીં સુધી પહોંચવું. ઓલું તો સહેલુંસટ કરી નાખ્યું, વ્રત કરો ને અપવાસ કરો ને સેવા કરો ને આ કરો... એકબીજાને મદદ કરો, પૈસા આપો, મંદિર બનાવો, 'શેત્રુંજય'ની અને 'ગિરનાર'ની જાત્રા કરો, સહેલુંસટ. એવું તો અનંતવાર કર્યું છે, ભાઈ! અને એ રાગને પોતાનો માનીને મિથ્યાત્વને અનંત સેવ્યા છે. આહાહા..! મન હું નહિ.

**'વચન,...'** વાણી નહિ, વાણી. આહાહા..! વાણી તો જડની પર્યાય છે. જડની પર્યાય તો મારામાં અસત્ છે. આહા..! હું હુંપણે સત્ છું અને વાણીપણે હું અસત્ છું. અને મારી અપેક્ષાએ વાણી અસત્ છે, વાણી વાણીની અપેક્ષાએ સત્ છે. મારી અપેક્ષાએ અસત્ છે. આહાહા..! ઘણા બોલ મૂકી દીધા.

**'કાયા,...'** એ શરીર હું નહિ. આહાહા..! આ હાલેચાલે અવસ્થા તે હું નહિ. આહાહા..!

આ બોલાય છે એ હું નહિ, એ તો જડ છે. આહાહા..! કેમ બેસે? અભિમાન જ્યાં-ત્યાં 'હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે' ગાડાનો ભાર, કૂતરું હેઠે અડચું હોય ને (એને લાગે કે) ગાડું મારાથી ચાલે (છે). એમ જ્યાં બેઠો હોય ત્યાં વ્યવસ્થા થતી હોય તો એ મારાથી થાય છે (એમ માને છે). કૂતરો છે. આહાહા..! એ કાયા મારી નહિ. એ કાયાની ક્રિયા મારી નહિ. એ કાયાની ચાલવાની ક્રિયામાં હું નહિ. આહાહા..! એને તો હું જાણનારો છું. શરીર છે એને હું જાણનારો છું તે શરીરમાં રહીને નહિ. પોતામાં રહીને એને પૃથક્ તરીકે જાણું છું એ પણ વ્યવહાર (છે). પણ હું જાણનારો છું, જ્ઞાયક છું. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૭૬ ગાથા-૧૯૯, ૨૦૦, શ્લોક-૧૩૭ મંગળવાર, અષાઢ વદ ૯, તા. ૧૭-૦૭-૧૯૭૯

---

'સમયસાર' ૧૯૯ ગાથા, છેલ્લા શબ્દો છે. શું કહે છે? નિર્જરાનો અધિકાર છે. આત્મા આનંદ અને અતીન્દ્રિય શાંતિના સ્વભાવથી ભરેલો પ્રભુ છે. તેની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનમાં પોતાના પૂર્ણ સ્વરૂપની પ્રતીતિ થાય છે. એમાં જે રાગ દેખાય છે, કર્મનો પાક, કર્મ તો સત્તામાં છે પણ એનો વિપાક આવે છે એમાં જોડાવાથી જ્ઞાનીને પણ થોડો રાગ આવે છે. પરંતુ એ રાગનો સ્વામી થતો નથી. રાગનો કર્તા થતો નથી, રાગનો સ્વામી થતો નથી, રાગમાં સુખબુદ્ધિ નથી થતી. રાગમાં મીઠાશ નથી. ધર્મીને આત્માના આનંદની મીઠાશ આવી છે. આહાહા..! ભગવાનઆત્મા અનંત અનંત અતીન્દ્રિય આનંદનો સાગર છે, તેની સત્તા – અસ્તિત્વ છે એમ અનુભવમાં આવ્યું, દૃષ્ટિમાં 'છે' એમ અનુભવમાં આવ્યું ત્યારે તેની મીઠાશ આગળ શુભ કે અશુભ કોઈપણ રાગ, તેની મીઠાશ છૂટી જાય છે, દુઃખરૂપ લાગે છે, આકુળતા લાગે છે. આહા..! રાગાદિ બધા બોલ આવી ગયા છે. એમ રાગ, દ્વેષ આદિ બધા લેવા. અહીં સુધી આવી ગયું છે, કાયા સુધી આવી ગયું છે.

આ શરીર છે, શરીર, તેની પર્યાય છે તે તો જડની છે. અત્યારે પણ આ શરીરની જે પર્યાય છે, આ તો પર્યાય છે, દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે, અવસ્થા જે શરીરની છે એ તો જડ છે, સમ્યગ્દૃષ્ટિને જડનું સ્વામીપણું પણ ઉડી ગયું છે, શરીરનું સ્વામીપણું ઉડી ગયું. શરીરની કોઈ ક્રિયા હલનચલન થાય, એનો ધર્મી સ્વામી નથી. આહાહા..!

મુમુક્ષુ :- શ્રદ્ધામાં...

ઉત્તર :- શ્રદ્ધામાં. બધા.. બધા આવી ગયા છે, આ તો છેલ્લા બોલ છે.

મન, વચન ને કાયા. નોકર્મમાં તો બધી આવી ગયું. પોતાના આત્મા સિવાય બધી

ચીજ જે છે એની પર્યાય એના કાળે થાય છે. તો મારાથી એ પર્યાય થઈ એવો મિથ્યાત્વ ભાવ સમકિતીને નથી થતો. આહા..! સૂક્ષ્મ ભાવ છે. અંતર આત્મા સમ્યક્, એવી પૂર્ણ ચીજ, અનંત અનંત... કાલે કહ્યું હતું ને? કે, અનંત મુખ કરે અને એક મુખમાં અનંત જીભ કરે તોપણ એક દ્રવ્યના આત્માના ગુણની સંખ્યા કહી શકે નહિ. અનંત મુખ કરે અને એક એક મુખમાં અનંત જીભ કરે તોપણ એ આત્મામાં એટલી સંખ્યા છે, ગુણની સંખ્યા, હોં ! કે એ સંખ્યા એટલી જીભથી પણ કહી શકે નહિ. એવો પ્રભુ જેની દૃષ્ટિમાં આવ્યો અને અનુભવમાં આવ્યો કે હું તો આત્મા આનંદ છું. હું તો સુખના પંથે પડ્યો છે. મારી ચીજ જ સુખ છે અને હું સુખના પંથે છું. આહાહા..! રાગાદિ આવે છે તે દુઃખપંથ છે. એ દુઃખ મારી ચીજ નહિ. મન મારી ચીજ નહિ, વાણી મારી ચીજ નહિ. કાયા – શરીર છે તો એ અનંત પરમાણુની પર્યાય છે, એ મારી ચીજ નહિ. મારાથી ચાલતી નથી, મારાથી બેસતી નથી, ભાષા છે એ મારાથી નીકળતી નથી. આહા..!

**'શ્રોત,...'** ઇન્દ્રિય એ હું નહિ. કાન, કાન. આ જડ છે, આ તો માટીની – પુદ્‌ગલની પર્યાય છે. એ હું નહિ. તેના અવલંબનથી હું સાંભળતો જ નથી. આહા..! કારણ કે મારો સ્વભાવ જ નિરાલંબી જ્ઞાતા-દૃષ્ટા છે તો એ જાણવું-દેખવું કોઈ પરની અપેક્ષાથી થાય એમ છે નહિ. એમ શ્રોત ઇન્દ્રિય હું નહિ, મારી નહિ, મારામાં નહિ, એનામાં હું નહિ. આહા..!

**'ચક્ષુ,...'** ચક્ષુથી ભગવાનને જોવે છે તો કહે છે, એ ચક્ષુ જ મારા નથી. હું ભગવાનને જોતો જ નથી, હું તો મારી પર્યાયને જોઉં છું. આહાહા..! ચક્ષુ જ મારા નથી. ચક્ષુથી જે ચીજ જાણવામાં આવે છે એ હું નહિ. હું તો મારી પર્યાયથી જાણવામાં આવું છું. એ દેખવામાં આવતું જ નથી, એ તો પર ચીજ છે. આહા..! હું તો મારી ચીજથી જોઉં છું તો એ ચક્ષુઇન્દ્રિય મારી છે જ નહિ. આહાહા..! ચક્ષુ જ મારા નથી. આંખથી જોઉં છું, એમ છે નહિ. આકરી વાત છે. પંડિતજી ! આહાહા..! કારણ કે જગતના જડ પદાર્થ વર્તમાન પર્યાય વિનાના તો છે નહિ, તો એ પર્યાય જડની છે તો એનાથી હું જાણું છું એમ છે નહિ. આહાહા..! એ ચક્ષુથી હું જાણું છું એવા ચક્ષુ જ હું નહિ, એનાથી હું જાણું છું એમ છે જ નહિ. આહાહા..!

**'ઘ્રાણ,...'** ઘ્રાણ ઇન્દ્રિય હું નહિ. દ્રવ્યેન્દ્રિય તો નહિ પણ ભાવઇન્દ્રિય પણ હું નહિ. આહાહા..! અને તેનાથી હું સુંઘુ છું એ હું નહિ. આહાહા..! હું તો મારા જ્ઞાનની પર્યાય, પર છે તો પરને જાણે છે એમ નહિ. પોતાની પર્યાય પોતાથી સ્વપર જાણવાની તાકાતથી જાણે છે તો તેને હું જાણું છું. આહાહા..! આકરી વાત છે, ભાઈ ! ધર્મ (કોઈ) સાધારણ ચીજ નથી.

**'રસન,...'** જીભ હું નહિ. જીભ તો જડની પર્યાય છે અને એનાથી રસનો સ્વાદ લઉં છું એ હું નહિ. આહાહા..! તે સમયે જીભની પર્યાય અને રસની પર્યાયને જાણું છું એ પણ વ્યવહાર છે. હું તો એ સમયની પર્યાય મારી છે, સ્વપરપ્રકાશક પર્યાય તેને હું જાણું

છું, તેનો સ્વાદ હું લઉં છું. આહાહા..! આવી વાત એટલે લોકોને ભક્તિ ને વ્રત ને તપ ને પૂજામાં ધર્મ મનાય ગયા. અહીં અંદરમાં આવવું, અંતર તળમાં આવવું મહાપુરુષાર્થ છે અને એ જ પુરુષાર્થ છે.

**'સ્પર્શન...'** આ સ્પર્શન. હું હાથના સ્પર્શને પણ સ્પર્શતો નથી અને હાથ પરને સ્પર્શ કરે છે એ પણ નહિ. આ સ્પર્શ જે છે તેને હું સ્પર્શું છું, અડું છું એમ નહિ, એ મારી ચીજ નથી. આહાહા..! અને એ સ્પર્શ પરને સ્પર્શે છે, પર શરીરને (સ્પર્શે છે) એમ પણ નહિ. કેમકે એક દ્રવ્ય અને બીજા દ્રવ્યની પર્યાય વચ્ચે તો અત્યંત અભાવ છે. આહાહા..! હું પરને સ્પર્શું છું એમ તો નહિ પણ આ શરીરને હું સ્પર્શું છું એમ પણ નહિ. આહાહા..! અને શરીરના સ્પર્શનું જ્ઞાન થાય છે એ પણ સ્પર્શ ઇન્દ્રિયના કારણે નહિ. મારો જ્ઞાન સ્વભાવ છે તેનાથી સ્વપરપ્રકાશક, પોતાની સત્તાથી સ્વપરપ્રકાશક (જ્ઞાન) થાય છે. એ સ્પર્શ છે તો મને સ્પર્શનું જ્ઞાન છે એમ છે નહિ. આહાહા..! ઝીણી વાત બહુ. એ પાંચ ઇન્દ્રિય પરમ દિ' બાકી રહી ગઈ હતી, કાલે તો સ્વાધ્યાય હતો.

**'એ શબ્દો મૂકી સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં (-કહેવાં) અને આ ઉપદેશથી બીજા પણ વિચારવાં.'** જેટલા વિકલ્પ છે અને જેટલી સંયોગી ચીજ (છે એ) બધી ચીજને હું અડતો નથી અને એ ચીજમાં હું નહિ અને એ ચીજ મારી નહિ. આહાહા..! સમ્યગ્દષ્ટિની દૃષ્ટિ આવી છે. એ ૧૯૯ (ગાથા) થઈ.

**અરે! આવી સત્યની વાત હતી જ ક્યાં? જેને આ સત્ય વાત સાંભળવા મળી છે તે ભાગ્યશાળી છે. સાંભળતાં સાંભળતાં સત્યના સંસ્કાર નાખે છે તેને સંસ્કાર નાખતાં અંદરથી માર્ગ થઈ જશે. દરરોજ ચાર પાંચ કલાક આનું આ સાંભળવું-વાંચવું હોય તેને શુભભાવ એવા થાય કે મરીને સ્વર્ગમાં જાય, કોઈ જુગલિયા થાય, કોઈ મહાવિદેહમાં જાય. બાકી જેને સત્યનું સાંભળવાનું પણ નથી એવા ઘણા જીવો તો મરીને ઢોરમાં જવાના. અરે! આવા મનુષ્યના માંડ મોંઘા અવતાર મળે અને પોતાનું હિત નહિ કરે તો ક્યારે કરશે? ખરેખર તો સત્યનું ચાર પાંચ કલાક દરરોજ વાંચન-શ્રવણ આદિ હોવું જોઈએ. ભલેને વેપાર ધંધા કરતા હોય પણ આટલો તો વખત પોતાના માટે કાઢવો જોઈએ. અહીંના સાંભળનારા ઘણાં તો રુચિથી આ સંસ્કાર ઊંડા નાખે છે. આવા સત્યના સંસ્કાર લાગી જાય અને ઊંડાણમાં એ સંસ્કાર પડી જાય એને ભવ ઝાઝા હોય નહિ. ધારણા જ્ઞાન થવું તે જુદી ચીજ છે અને અંદરમાં અવ્યક્ત રુચિ થવી તે જુદી વાત છે. ભેદજ્ઞાનના સંસ્કાર ઊંડાણથી નાખવા જોઈએ. અને આ વાતનો ઊંડાણથી મહિમા આવવો જોઈએ કે અહો! આ વાત કોઈ અપૂર્વ છે. એમ પોતાથી અંદરમાં મહિમા આવવો જોઈએ. સાચી રુચિવાળો આગળ વધતો જાય છે.** આત્મધર્મ અંક-૫, જાન્યુઆરી-૨૦૦૮

# ગાથા-૨૦૦

एवं च सम्यग्दृष्टिः स्वं जानन् रागं मुञ्चंश्च नियमाज्ज्ञानवैराग्यसम्पन्नो भवति -

एवं सम्मद्दिट्ठी अप्पाणं मुणदि जाणगसहावं।
उदयं कम्मविवागं च मुयदि तच्चं वियाणंतो।।२००।।

एवं सम्यग्दृष्टिः आत्मानं जानाति ज्ञायकस्वभावम्।
उदयं कर्मविपाकं च मुञ्चति तत्त्वं विजानन्।।२००।।

एवं सम्यग्दृष्टिः सामान्येन विशेषेण च परस्वभावेभ्यो भावेभ्यो सर्वेभ्योऽपि विविच्य टङ्कोत्कीर्णैकज्ञायकभावस्वभावमात्मनस्तत्त्वं विजानाति। तथा तत्त्वं विजानंश्च स्वपरभावोपादानापोहननिष्पाद्यं स्वस्य वस्तुत्वं प्रथयन् कर्मोदयविपाकप्रभवान् भावान् सर्वानपि मुञ्चति। ततोऽयं नियमात ज्ञानवैराग्यसम्पन्नो भवति।

---

આ રીતે સમ્યગ્દષ્ટિ પોતાને જાણતો અને રાગને છોડતો થકો નિયમથી જ્ઞાન-વૈરાગ્યસંપન્ન હોય છે-એમ હવેની ગાથામાં કહે છે :-

સુદૃષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,
ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. ૨૦૦.

ગાથાર્થ :- [ एवं ] આ રીતે [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દષ્ટિ [ आत्मानं ] આત્માને (પોતાને) [ ज्ञायकस्वभावम् ] જ્ઞાયકસ્વભાવ [ जानाति ] જાણે છે [ च ] અને [ तत्त्वं ] તત્ત્વને અર્થાત્ યથાર્થ સ્વરૂપને [ विजानन् ] જાણતો થકો [ कर्मविपाकं ] કર્મના વિપાકરૂપ [ उदयं ] ઉદયને [ मुञ्चति ] છોડે છે.

ટીકા :- આ રીતે સમ્યગ્દષ્ટિ સામાન્યપણે અને વિશેષપણે પરભાવસ્વરૂપ સર્વ ભાવોથી વિવેક (ભેદજ્ઞાન, ભિન્નતા) કરીને, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવું જે આત્માનું તત્ત્વ તેને (સારી રીતે) જાણે છે; અને એ રીતે તત્ત્વને જાણતો, સ્વભાવના ગ્રહણ અને પરભાવના ત્યાગથી નીપજવાયોગ્ય પોતાના વસ્તુત્વને વિસ્તારતો (-પ્રસિદ્ધ કરતો), કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા સમસ્ત ભાવોને છોડે છે. તેથી તે (સમ્યગ્દષ્ટિ) નિયમથી જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે (એમ સિદ્ધ થયું).

ભાવાર્થ :- જ્યારે પોતાને તો જ્ઞાયકભાવરૂપ સુખમય જાણે અને કર્મના ઉદયથી થયેલા ભાવોને આકુળતારૂપ દુઃખમય જાણે ત્યારે જ્ઞાનરૂપ રહેવું અને પરભાવોથી વિરાગતા-એ બન્ને અવશ્ય હોય જ છે. આ વાત પ્રગટ અનુભવગોચર છે. એ (જ્ઞાનવૈરાગ્ય) જ સમ્યગ્દષ્ટિનું ચિહ્ન છે.

## ગાથા-૨૦૦ ઉપર પ્રવચન

૨૦૦ **'આ રીતે સમ્યગ્દૃષ્ટિ પોતાને જાણતો અને રાગને છોડતો...'** છે? એ અપેક્ષાથી કથન છે. ખરેખર તો આત્મા જ્યારે પોતાને જાણવામાં રોકાયો તો રાગની ઉત્પત્તિ થતી નથી તેને રાગને છોડ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અનંત કાળ, અનંત કાળ ચોરાશીના અવતારમાં એક એક યોનીએ અનંત અવતાર કર્યા, બાપુ! ભૂલી ગયો, બધું ભૂલી ગયો. ભૂલી ગયો એ ભૂલી જવાનું તો છે પણ ભૂલ્યો ઇ પોતાને યાદ કર્યા વિના ભૂલી ગયો. પોતાને યાદ કરી, ભાન કરીને ભૂલી જાય તો તો ભૂલવા જેવું છે. આહાહા..! **'સમ્યગ્દૃષ્ટિ પોતાને જાણતો...'** 'પોતાને જાણતો' એમ કહ્યું ન? રાગને જાણતો, એમ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- રાગને તો છોડતો..

ઉત્તર :- છોડે છે એ પણ નિમિત્તનું કથન વ્યવહાર છે. કહ્યું ને? આત્મા પોતાના સ્વરૂપમાં એકાગ્ર થાય છે તો રાગ ઉત્પન્ન થતો નથી તો રાગ છોડ્યો એમ કહેવામાં નામ કથનમાત્રથી છે. ઉપદેશ કેમ કરે? આહાહા..! બહુ માર્ગ જુદો, બાપુ! તીર્થંકરનો. ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પરમેશ્વર, એની આ દિવ્યધ્વનિ (છે). અત્યારે તો લોકો બહારથી આ કરવું ને આ કરવું ને આ કરવું એમાં ધર્મ માની લ્યે છે. કંઈક કરું, દયા, કરું, રાગ કરું એ પણ મિથ્યાત્વ ભાવ છે.

મુમુક્ષુ :- કાલે તો આપ એને મરવું એમ કહેતા હતા.

ઉત્તર :- ઇ કીધું ને, કાલે આટલું બધું ન કીધું? કરવું એ મરવું છે. કેમ? કે, આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે એને હું રાગ કરું, ત્યાં રોકાણો તો આત્માના સ્વભાવનું જીવન છે એને નકાર કર્યો તો મરણ કર્યું. આહાહા..! એ જ્ઞાતા-દૃષ્ટા જીવનું જીવન છે એને ઠેકાણે હું આનાથી જીવું છું, રાગથી, પુણ્યથી ને આનાથી (જીવું છું), રાગ કરું (એ) તો મારું સ્વરૂપ છે તો એ કર્તા નથી, જ્ઞાતા-દૃષ્ટા છે તેનો એણે અસ્વીકાર કરી, એનો નકાર કરીને તેનું મરણ કરી નાખ્યું. આહાહા..! આકરી વાત છે, ભાઈ!

**'નિયમથી જ્ઞાન-વૈરાગ્યસંપન્ન હોય છે...'** ધર્મીને તો પોતાના અસ્તિત્વનું ભાન (છે) અને પુણ્ય-પાપના વિકલ્પથી વિરક્ત વૈરાગ્ય, એ બે શક્તિ સહિત ધર્મી હોય છે. શું કહ્યું? પોતાનું સ્વરૂપ જે પૂર્ણ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ, એનું જ્ઞાન અને પુણ્ય-પાપના ભાવથી વિરક્તપણું, એ વૈરાગ્ય એટલે ધર્મી જ્ઞાન અને વૈરાગ્ય (એવી) બે શક્તિ સહિત હોય છે. પોતાના અસ્તિત્વનું ભાન અને પોતામાં નથી તેનો વૈરાગ્ય, વિરક્તિ.. આહાહા..! એ જ્ઞાન

અને વૈરાગ્ય બે શક્તિ સહિત હોય છે. ૨૦૦.

एवं सम्मद्दिट्ठी अप्पाणं मुणदि जाणगसहावं।
उदयं कम्मविवागं च मुयदि तच्चं वियाणंतो।।२००।।

**સુદૃષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,**
**ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. ૨૦૦.**

ઉપદેશની શૈલી તો એમ આવે ને! ટીકા, ૨૦૦ ગાથાની ટીકા. **'આ રીતે સમ્યગ્દૃષ્ટિ...'** સમ્યક્ – સત્ય દૃષ્ટિ. જેવું પોતાનું પૂર્ણ સ્વરૂપ છે, એ પૂર્ણ સત્ છે તેની દૃષ્ટિ નિર્વિકલ્પ (થઈ) તેનું નામ અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે. **'આ રીતે સમ્યગ્દૃષ્ટિ સામાન્યપણે...'** એટલે સામાન્યથી પણ પરનો સ્વામી નથી **'અને વિશેષપણે...'** એક એક વ્યક્તિની ભિન્ન ભિન્ન ચીજ હોય તેનો પણ એ સ્વામી નથી.

**'સામાન્યપણે અને વિશેષપણે પરભાવસ્વરૂપ...'** પરભાવ (અર્થાત્) આત્મા સિવાય રાગાદિ બધા પરભાવ. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ(ને) એ પ્રકારે સામાન્ય નામ સંક્ષેપથી બધાનો ત્યાગ અને વિશેષથી પણ એક એકનો રાગાદિ અંશનો પણ ત્યાગ (વર્તે છે). **'પરભાવસ્વરૂપ સર્વ ભાવોથી વિવેક (ભેદજ્ઞાન, ભિન્નતા)...'** કરે. નાનામાં નાનો અંશ રાગ હોય એનાથી પણ ભિન્નતા કરે અને શરીરાદિ બાહ્ય ચીજ મોટી હોય, અનંત પરમાણુના સ્કંધાદિ એનાથી પણ ભિન્નતા કરે. આહાહા..!

**'સામાન્યપણે અને વિશેષપણે પરભાવસ્વરૂપ સર્વ ભાવોથી વિવેક (ભેદજ્ઞાન, ભિન્નતા) કરીને,...'** આની આટલી મર્યાદા છે. બાકી 'નિયમસાર'માં તો પર્યાયને પણ પરદ્રવ્ય અને પરભાવ કીધી છે. આહાહા..! અહીંયાં તો આત્માના નિર્મળ પર્યાય સિવાય આ રાગાદિ, પરદ્રવ્ય આદિ અને પરભાવ અહીંયાં એટલું. 'નિયમસાર'માં તો 'શુદ્ધભાવ અધિકાર'માં નિર્મળ પર્યાય થાય, ધર્મપર્યાય હોય (તેને) પણ પરભાવ, પરદ્રવ્ય હેય (કીધી છે). આહાહા..! કેટલા પ્રકાર પરભાવના? આત્મા સિવાય પરવસ્તુ અનંતી. પંચપરમેષ્ઠી પણ પરદ્રવ્ય અને પરભાવમાં જાય છે. કેમકે એનામાં અને પોતાની પર્યાયમાં અત્યંત અભાવ છે. આહાહા..! એ અને અહીંયાં શરીરાદિ પરભાવ (કહ્યા). પુણ્ય-પાપ પરભાવ અને પુણ્ય-પાપને જાણવાવાળી પર્યાય એ પણ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ પરભાવ છે. અહીં એટલું લેવું નથી. ત્યાં તો 'કુંદકુંદાચાર્યે' પોતાની ભાવના માટે 'નિયમસાર' ગ્રંથ બનાવ્યો છે. પોતાની ભાવના માટે બનાવ્યો છે. અલૌકિક! આહાહા..! દુનિયાથી બધી જાતફેર છે. આહાહા..!

અહીં કહે છે કે, આ રાગનો નાનામાં નાનો વિકલ્પ (આવ્યો), અરે...! જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય તેનાથી પણ ભેદજ્ઞાન કરે છે. એ મારી ચીજ નહિ, હું તેનો કર્તા નહિ. આહાહા..! મારી ચીજમાં નથી, હું તેમાં નહિ, હું તેનો કર્તા અને સ્વામી નહિ. એમ સમ્યગ્દૃષ્ટિ સર્વ પરભાવોથી ભેદજ્ઞાન, ભિન્નતા કરીને આહા..! **'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ**

**છે...**’ ટંકોત્કીર્ણ, એવો ને એવો છે. જેમ અદબધનાથ, છે ને ‘પાલીતાણા’? ઉપરથી કાઢી નાખીને અંદરથી મૂર્તિ કાઢી, મૂર્તિ. એમ ભગવાન અંતરમાં ટંકોત્કીર્ણ એવો ને એવો અનાદિઅનંત છે. આહા..!

શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ અનંત નિર્મળ ગુણની ખાણ, નિધાન એવો જે ભગવાનઆત્મા **‘એક જ્ઞાયકભાવ...’** બે અને પર્યાય એ પણ અહીંયાં નહિ, એમ કહે છે. આહાહા..! હું તો એક જ્ઞાયકભાવ છું એમ પર્યાય નિર્ણય કરે છે. પર્યાય, હું પર્યાય છું એમ નિર્ણય નથી કરતી. આહાહા..! એ તો પર્યાય કાર્ય અને કર્તા, કર્મ આદિ બધું થાય છે પર્યાયમાં, દ્રવ્ય તો કૂટસ્થ, ધ્રુવ છે. આહાહા..! એ ધ્રુવનો નિર્ણય કરનારી પર્યાય કહે છે કે, હું તો જ્ઞાયકભાવ છું. આહાહા..! છે?

**‘એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવું જે આત્માનું તત્ત્વ...’** આહાહા..! એક એક ગાથા ‘સમયસાર’, ‘પ્રવચનસાર’ અલૌકિક છે. આ કાંઈ વાર્તા નથી, ભાઈ! આ તો ધર્મ ભાગવત્ કથા, ભાગવત્ કથા છે. ‘નિયમસાર’માં છેલ્લે આવે છે, ભાગવત્ કથા (છે). ભગવાનઆત્મા, એની કથા. આહાહા..! એ અહીંયાં કહે છે કે, **‘એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે...’** ત્યાં એમ ન લીધું કે, પર્યાય મારો સ્વભાવ છે, એમ પણ ન લીધું. પર્યાય નિર્ણય કરે છે તે એમ કહે છે કે, હું તો એક જ્ઞાયક સ્વભાવ છું. આહાહા..!

ટંકોત્કીર્ણ એકરૂપ ભેદ વિના, ગુણ-ગુણીના ભેદ પણ નહિ. રાગાદિ તો નહિ, પરદ્રવ્ય તો નહિ પણ પર્યાય પણ નહિ પણ ગુણ-ગુણીના ભેદ પણ નહિ. એક જ્ઞાયકભાવ.. આહાહા..! ચૈતન્યબિંબ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એવો એકરૂપ જ્ઞાયક સ્વભાવ **‘જેનો સ્વભાવ છે એવું જે આત્માનું તત્ત્વ તેને...’** જુઓ! શું કહ્યું? **‘એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવું જે આત્માનું તત્ત્વ...’** એ આત્માનું તત્ત્વ. આહાહા..! આત્મા ભાવ અને આ ભાવસ્વરૂપ, ભાવવાન. જ્ઞાયકભાવ સ્વરૂપ, ભાવવાન એવું આત્મતત્ત્વ. આહાહા..! હવે આવું બહારની વાતવાળાને આકરું લાગે. બીજું શું થાય? ભાઈ! એ ચીજ જ અંદર એવી છે. જેને કોઈ અપેક્ષા નથી. આહાહા..!

પર્યાય પણ જેમાં ઉપર તરે છે. રાગની વાત તો શું કહેવી? જ્ઞાયકભાવ, એમાં પર્યાય પણ ઉપર તરે છે, અંદર પ્રવેશ નથી કરતી. આહાહા..! એ પર્યાય એમ નિર્ણય કરે છે કે, હું તો એક જ્ઞાયક સ્વભાવ છું. એ મારું તત્ત્વ છે. આત્મતત્ત્વ તે હું છું. આહાહા..! છે? ટંકોત્કીર્ણ, ભેદ કરે છે, પરથી ભેદ ઉત્પન્ન કર્યો અને પોતાથી અભેદ શું? ટંકોત્કીર્ણ જેવી ચીજ છે એવી એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ (છે). કોનો? એવો આત્મા. **‘એવું જે આત્માનું તત્ત્વ...’** આહાહા..! જ્ઞાયકભાવ એ આત્માનું તત્ત્વ (છે). આહાહા..!

આત્મા અને જ્ઞાયકભાવ એ આત્મતત્ત્વ, આત્માનું તત્ત્વ. **‘તેને (સારી રીતે) જાણે છે;...’** તેને સારી રીતે લખવું પડ્યું. કેમકે જાણવાના ક્ષયોપશમમાં વાત આવે એ જુદી ચીજ છે

અને અંદરમાં અનુભવ કરવો એ બીજી ચીજ છે. આહાહા..! એ માટે કહ્યું કે, **'(સારી રીતે) જાણે છે...'** એટલે જેવું છે તેવું અનુભવે છે, જાણે છે તેનો અર્થ. જેવો ભગવાન જ્ઞાયકભાવ છે, એવું જે આત્મતત્ત્વ, તેને સમ્યગ્દૃષ્ટિ જાણે છે એટલે અનુભવે છે. સમજાણું કાંઈ?

**'અને એ રીતે તત્ત્વને જાણતો,...'** એ પ્રકારે તત્ત્વને જાણતો થકો, **'સ્વભાવના ગ્રહણ અને પરભાવના ત્યાગથી નીપજવાયોગ્ય...'** આહાહા..! એ ભેદજ્ઞાનની અપેક્ષાએ વાત કરી. જ્ઞાનપ્રધાન કથન (છે). **'સ્વભાવના ગ્રહણ...'** જ્ઞાયકસ્વભાવ આત્મતત્ત્વ, તેનો સ્વીકાર, ગ્રહણ, આદર, વેદન, અનુભવ અને **'પરભાવના ત્યાગથી...'** રાગાદિનો અત્યંત અભાવ, એવું આત્મામાં પરિણમન થવું. આહાહા..! આ ૨૦૦ ગાથા છે. **'સ્વભાવના ગ્રહણ...'** જ્ઞાયક સ્વભાવ પૂર્ણ સ્વરૂપ એકરૂપ તત્ત્વ, અનંત ગુણ ભલે હો પણ વસ્તુ તત્ત્વ તો એકરૂપ છે. એ એકરૂપનું ગ્રહણ અને પરભાવનો ત્યાગ. આહાહા..! એવા **'ત્યાગથી નીપજવાયોગ્ય પોતાના વસ્તુત્વને વિસ્તારતો (-પ્રસિદ્ધ કરતો),...'** વસ્તુત્વ (એટલે) વસ્તુપણું, વસ્તુપણું. આહાહા..! એ જ્ઞાયકભાવ એ વસ્તુપણું તેને વિસ્તારતો થકો. આહાહા..! જ્ઞાયક ને દૃષ્ટાપણાની દશાને ફેલાવતો થકો. આહાહા..! જાણવું-દેખવું એવા સ્વભાવને ફેલાવતો, વિસ્તારતો થકો, પર્યાયમાં, હોં! આહાહા..! વસ્તુ તો વસ્તુ છે, પરંતુ વસ્તુને ગ્રહણ કરવી અર્થાત્ તેને ફેલાવે છે, વિસ્તાર (કરે છે). પર્યાયમાં તેની શુદ્ધિની વૃદ્ધિ થાય છે. આહાહા..!

**'વસ્તુત્વને વિસ્તારતો (-પ્રસિદ્ધ કરતો),...'** જોયું? વસ્તુને નહિ, વસ્તુને નહિ. વસ્તુત્વ – વસ્તુપણું, આત્મતત્ત્વનું જ્ઞાયકપણું, તેને વિસ્તારતો થકો. આહાહા..! આવી ચીજ છે. આવો તે જૈનધર્મ હશે કંઈ? જૈનધર્મ તો છકાયની દયા પાળવી, અપવાસ કરવા, વર્ષીતપ કરવા, દાન દેવું, બાપુ! એ કંઈ જૈનધર્મ નથી. એ તો રાગ છે, એ જૈનધર્મ છે જ નહિ. આહાહા..! અહીં તો વીતરાગ ત્રિલોકનાથ જૈન પરમેશ્વરની આ વાણી છે. સંતો આડતિયા થઈને વાત કરે છે. પરમેશ્વર આમ કહે છે, એમ કહે છે ને? આહાહા..! **'વસ્તુત્વને વિસ્તારતો (-પ્રસિદ્ધ કરતો),...'** આહાહા..! કમળ જેમ ખીલે એમ સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યના સ્વભાવનો ખીલવતો થકો. આહાહા..! વિકાસ કરતો થકો. આહાહા..! પર્યાયમાં દ્રવ્ય સ્વભાવનું એકત્વ કરવાથી વિસ્તાર કરતો થકો. આહાહા..!

આવો ક્યાં ધર્મ કાઢ્યો? કોઈ કહે. એકાંત છે, એમ લોકો કહે છે. અરે...! ભાઈ! પ્રભુ! તું સાંભળ તો ખરો. એમ કે, બારમી ગાથામાં તો એમ કહ્યું છે કે, **'अपरमे द्विदा'**. સાધુ, શ્રાવકને તો આ વ્રત, તપ, ભક્તિ, પૂજા એ ધર્મ છે એમ કીધું છે. બારમી ગાથામાં એમ કહે છે, **'अपरमे द्विदा भावे'** અરે...! ભગવાન! તેં ટીકા જ જોઈ નથી. **'अपरमे द्विदा भावे'**નો અર્થ **'तदात्वे'** તે કાળે જાણેલો પ્રયોજનવાન (છે). આદરણીય અને કરવાલાયક છે, એ વાત જ ત્યાં નથી. આહા..! 'કરુણાદીપ'માં કાલે આવ્યું હતું. 'સોનગઢી' પંથ તો એકાંત મિથ્યાત્વ છે. કારણ કે જે ક્રિયાકાંડ ધર્મની પહેલી કરવી જોઈએ એને તો ધર્મ

માનતા નથી. બારમી ગાથામાં કહ્યું છે કે, પહેલું એ કરવું. શ્રાવક અને મુનિનો એ ધર્મ છે. '**अपरमे ट्ठिदा भावे**' નીચલી દશામાં તો આ જ હોય છે. પણ એનો અર્થ ત્યાં તને ખબર નથી, બાપુ! 'અમૃતચંદ્રાચાર્ય' (એમ કહેવા માગે છે), '**तदात्वे**' તે કાળે સ્વરૂપ શુદ્ધ છે તેનું ભાન થયું, અનુભવ થયો પણ પર્યાયમાં હજી શુદ્ધતા થોડી અને અશુદ્ધતા થોડી છે એને જાણવું. તે તે કાળે જે જે પ્રકારની શુદ્ધતા અને અશુદ્ધતા પર્યાયમાં (છે) એ પર્યાયને જાણવું એ જ વ્યવહારનયનો વિષય છે. આહાહા..! ત્યાં કરવું અને આ વ્યવહાર ધર્મ છે એ પ્રશ્ન ત્યાં છે જ નહિ, ભાઈ! આહાહા..! મોઢા આગળ એ બધું લઈને (કહે), 'સોનગઢ'નું એકાંત છે. ગમે તે કહે, બાપા! ભાઈ! તારી ચીજ કોઈ જુદી છે. તને તારી ખબરું નહિ અને તું બીજી રીતે (માની રહ્યો છો). આહાહા..!

'**પોતાના વસ્તુત્વને વિસ્તારતો,...**' આહાહા..! '**કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા સમસ્ત ભાવો...**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, શરીર, વાણી, મન, કર્મ આદિ બધી ચીજો એ બધાને છોડતો થકો. એટલે તેનું લક્ષ કરતો નથી. આહાહા..! '**સમસ્ત ભાવોને છોડે છે, તેથી તે (સમ્યગ્દષ્ટિ) નિયમથી જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે...**' આહાહા..! પોતાના પૂર્ણ સ્વરૂપના અનુભવનું જ્ઞાન અને શુભ-અશુભ ભાવનું વિરક્તપણું – વૈરાગ્ય, પરથી તો વૈરાગ્ય હોય જ છે. અંદર શુભ-અશુભ ભાવથી પણ વિરક્ત, તે વૈરાગ્ય. અસ્તિત્વનું જ્ઞાન અને પુણ્ય-પાપના નાસ્તિત્વનો વૈરાગ્ય. એ નહિ, એવો વૈરાગ્ય. એ જ્ઞાન અને વૈરાગ્ય સંપન્ન છે. આહાહા..! દુકાન છોડી ને ધંધા છોડ્યા ને બાયડી, છોકરા છોડ્યા માટે એણે આ છોડ્યું, એમ અહીં નથી. આહાહા..! એ વૈરાગ્ય નથી.

વૈરાગ્ય તો એને કહે કે, જે શુભ-અશુભ ભાવ છે તેનાથી વિરક્ત થાય. એમાં રક્ત છે એ મિથ્યાત્વ છે. જેનાથી વિરક્ત થાય અને સ્વભાવની દૃષ્ટિમાં પૂર્ણને સ્વીકારે અને આ બાજુથી રાગથી અભાવ – વૈરાગ્ય થાય, એ જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ ધર્મીની હોય છે. આહાહા..! છે? '**તેથી તે (સમ્યગ્દષ્ટિ) નિયમથી...**' એટલે નિશ્ચયથી '**જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે...**' સ્વરૂપનું જ્ઞાન અને વિકારના અભાવનો વૈરાગ્ય. આહાહા..! એથી ધર્મી જીવ જ્ઞાન અને વૈરાગ્ય સંપન્ન હોય છે '**(એમ સિદ્ધ થયું).**' એ સાબિત કર્યું. આહા..!

**ભાવાર્થ :–** '**જ્યારે પોતાને તો જ્ઞાયકભાવરૂપ સુખમય જાણે...**' જ્ઞાયકભાવરૂપ અને સુખમય. વજન અહીં છે. પોતાને જ્ઞાયકભાવ અને આનંદ, અતીન્દ્રિય આનંદમય (જાણે). આહાહા..! ભાવાર્થ છે? ભગવાનઆત્મા જ્ઞાયકભાવ અને આનંદ, અતીન્દ્રિય આનંદમય, સુખમય, સુખવાળો એમેય નહિ. સુખવાળો (નહિ), સુખમય. અતીન્દ્રિય આનંદ સુખમય પ્રભુ આત્મા તો (છે). આહા..! પોતાનું સ્વરૂપ જ અતીન્દ્રિય આનંદમય છે. એથી સુખમય કહ્યું. મય એટલે તે રૂપ, એમ. સુખરૂપ, સુખવાળો (નહિ), સ્વરૂપ જ સુખરૂપ છે. ભગવાન અતીન્દ્રિય આનંદરૂપ જ છે, સુખમય છે. સુખવાળો એમેય નહિ. આહાહા..! આવી વાત છે એટલે

લોકોને વ્યવહારનો લોપ કરે તો જ નિશ્ચય થાય તેથી એ લોકોને ગોઠતું નથી. વ્યવહાર કરે, વ્યવહાર કરે, વ્યવહાર કરે. દયા, વ્રત, ભક્તિ, તપસ્યા, અપવાસ કરે પછી થાય કે નહિ? આહાહા..!

અહીં તો કહે છે કે પહેલેથી સ્વભાવની પૂર્ણતાનું ભાન, અનુભવ અને રાગથી વિકલ્પથી માંડી આખી ચીજનો વૈરાગ્ય. એનાથી અત્યંત અભાવ સ્વભાવરૂપ પરિણમન. પંડિતજી! આવી વાત છે. આહાહા..! અહીં તો ભઈ, સંસારના વિકલ્પથી મરી જવાનું છે, બાપા! આહા..! શુભાશુભ રાગથી તો મરી જવાનું છે અને ચૈતન્યના સ્વભાવથી જીવન ગાળવાના છે. આહાહા..! પ્રભુ તો આમ કહે છે, બાપુ! તને લાગે, ન લાગે જુદી વાત છે. આહા..! ત્રણલોકનો નાથ, તેના જ્ઞાનમાં ત્રણકાળ જણાણા એની વાણીમાં આ આવ્યું, ઇ આ પ્રવચન. દિવ્યધ્વનિ કહો કે પ્ર–વિશેષે વચનો કહો. આ દિવ્યધ્વનિ છે.

**'પોતાને તો જ્ઞાયકભાવરૂપ સુખમય જાણે...'** એકલો જ્ઞાયકભાવ ન લીધો. કારણ કે પરમાં ક્યાંક ક્યાંક સુખબુદ્ધિ રહી જાય ત્યાં સુધી મિથ્યાત્વ રહે. આહાહા..! પોતાના આત્મામાં આનંદ, અતીન્દ્રિય આનંદનો ગંજ, પૂંજ ભર્યો પડ્યો છે. એ સિવાય કોઈ ચીજમાં શરીર, સ્ત્રીમાં, કુટુંબમાં-પરિવારમાં, આબરુમાં, મકાનમાં, કપડા-બપડા ને દાગીના બરાબર સરખા પહેરે તો આ મને ઠીક છે, મજા છે. આહાહા..! એ બધા મિથ્યાત્વ શલ્ય છે. આહાહા..!

**'જ્યારે પોતાને તો જ્ઞાયકભાવરૂપ...'** જ્ઞાયકભાવ લીધો છે ને? દ્રવ્ય જે છે એ ભાવવાન છે, આ એનો જ્ઞાયકભાવ છે, જ્ઞાયકપણું છે, એનું – ભગવાનનું તત્ત્વપણું એ છે. આહાહા..! એ જ્ઞાયકભાવરૂપ અને સુખમય. જ્ઞાયકભાવરૂપ. જોયું? તન્મય છે ને? જ્ઞાયકભાવવાળો એમેય નહિ. જ્ઞાયકભાવરૂપ અને સુખમય. અભેદ વર્ણવ્યું. આહાહા..! આવી વાતું છે. ઝીણી પડે પ્રભુ પણ આ કરે છૂટકો છે. એ સિવાય જન્મ-મરણ (મટશે નહિ). આહાહા..!

એ ચોરાશીના અવતાર એક એક અવતારમાં એણે દુઃખો વેઠ્યા. આહા..! નરકની દસ હજારની વર્ષની જઘન્ય સ્થિતિ, એના દુઃખનું વર્ણન, પ્રભુ કહે છે કે, કરોડો ભવે અને કરોડો જીભે ન થાય. તારા ગુણો જેમ અનંત મુખે અને અનંત જીભે ન થાય... આહાહા..! તેવું તારું દુઃખ જે છે... આહાહા..! એ પણ કરોડો ભવે અને કરોડો જીભે ન થાય. અનંત ભવે તો નહિ કારણ કે દુઃખની મર્યાદા છે ને? આ તો અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન તો અમર્યાદિત સ્વભાવ છે. હેં? આહા..! કારણ કે દુઃખ કાંઈ, આત્મામાં આનંદ ને જ્ઞાન શક્તિઓ અમર્યાદિત છે એવું કાંઈ દુઃખ નથી. દુઃખ તો મર્યાદિત છે. આહાહા..! પણ મર્યાદિત દુઃખમાંય અનંતતા છે, કહે છે. આહાહા..! કરોડ મુખે અને કરોડ જીભે ન કહેવાય, બાપુ! આહા..! તને શેના હરખના હડકા પરમાં આવે છે? એમ કહે છે. પરમાં હરખના હડકા, હરખ પ્રભુ! હરખ તો, આનંદ તો તારો તારામાં છે. આહાહા..!

**'જ્યારે પોતાને તો જ્ઞાયકભાવરૂપ સુખમય જાણે અને કર્મના ઉદયથી થયેલા ભાવોને**

**આકુળતારૂપ દુઃખમય જાણે...'** આકુળતારૂપ. રાગાદિ, વિકાર. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ પણ આકુળતારૂપ છે. આહાહા..! **'આકુળતારૂપ દુઃખમય જાણે ત્યારે જ્ઞાનરૂપ રહેવું...'** ત્યારે તો પોતાના જ્ઞાયકરૂપ અને સુખમય આત્માને જાણ્યો તો ત્યાં રહેવું, ત્યાં આસન લગાવવા. આહાહા..! ઉદાસીન. રાગથી ઉદાસીન થઈ સ્વભાવમાં આસન લગાવવા. આહાહા..! **'જ્ઞાનરૂપ રહેવું અને પરભાવોથી વિરાગતા...'** છે ને? પર રાગ આદિથી વિરાગતા. આહાહા..! **'એ બન્ને અવશ્ય હોય જ છે,...'** બેય જરૂર હોય છે.

**'આ વાત પ્રગટ અનુભવગોચર છે,...'** એ વાત પ્રગટ અનુભવગમ્ય છે. ભગવાન આનંદસ્વરૂપ છે, રાગાદિ દુઃખરૂપ છે, એ તો પ્રગટ અનુભવગમ્ય છે. આહાહા..! **'એ (જ્ઞાનવૈરાગ્ય) જ સમ્યગ્દષ્ટિનું ચિહ્ન છે.'** આ જ્ઞાન અને આવો જે વૈરાગ્ય. પૂર્ણ સ્વરૂપ જ્ઞાનમયનું જ્ઞાન અને રાગથી વિરક્તતા એવો વૈરાગ્ય, એ સમ્યગ્દષ્ટિનું લક્ષણ છે, એ સમ્યગ્દષ્ટિનું ચિહ્ન છે. આહાહા..!

**'જે જીવ પરદ્રવ્યમાં આસક્ત-રાગી છે...'** આહાહા..! રાગના કણમાં પણ જેને રાજીપો અને ખુશીપણું છે **'અને સમ્યગ્દષ્ટિપણાનું અભિમાન કરે છે...'** આહાહા..! સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગ દયા, દાન, વ્રતાદિ કે ગુણ-ગુણીનો ભેદનો રાગ, એ રાગનો જેને પ્રેમ છે, આસક્ત છે. આહાહા..! **'અને સમ્યગ્દષ્ટિપણાનું અભિમાન કરે છે તે સમ્યગ્દષ્ટિ છે જ નહિ, વૃથા અભિમાન કરે છે' એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'** લ્યો. કળશ છે ને કળશ?

## શ્લોક-૧૩૭

(मन्दाक्रान्ता)

सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बन्धो न मे स्या-
दित्युत्तानोत्पुलकवदना रागिणोऽप्याचरन्तु।
आवम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा
आत्मानात्मावगमविरहात्सन्ति सम्यक्त्वरिक्ताः ।।१३७।।

**શ્લોકાર્થ :- '[ अयम् अहं स्वयम् सम्यग्दृष्टिः, मे जातुः बन्धः न स्यात् ] આ હું પોતે સમ્યગ્દષ્ટિ છું, મને કદી બંધ થતો નથી (કારણ કે શાસ્ત્રમાં સમ્યગ્દષ્ટિને બંધ કહ્યો નથી)' [ इति ] એમ માનીને [ उत्तान-उत्पुलक-वदनाः ] જેમનું મુખ ગર્વથી ઊંચું તથા પુલકિત (રોમાંચિત) થયું છે એવા [ रागिणः ] રાગી જીવો (-પરદ્રવ્ય પ્રત્યે**

રાગદ્વેષમોહભાવવાળા જીવો- [ अपि ] ભલે [ आचरन्तु ] મહાવ્રતાદિનું આચરણ કરો તથા [ समितिपरतां आलम्बन्तां ] *સમિતિની ઉત્કૃષ્ટતાનું આલંબન કરો [ अद्य अपि ] તોપણ હજુ [ ते पापाः ] તેઓ પાપી (મિથ્યાદૃષ્ટિ) જ છે, [ यतः ] કારણ કે [ आत्म-अनात्म-अवगम-विरहात् ] આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત હોવાથી [ सम्यक्त्व-रिक्ताः सन्ति ] તેઓ સમ્યક્ત્વથી રહિત છે.

ભાવાર્થ :- પરદ્રવ્ય પ્રત્યે રાગ હોવા છતાં જે જીવ 'હું સમ્યગ્દૃષ્ટિ છું, મને બંધ થતો નથી' એમ માને છે તેને સમ્યક્ત્વ કેવું ? તે વ્રત-સમિતિ પાળે તોપણ સ્વપરનું જ્ઞાન નહિ હોવાથી તે પાપી જ છે. પોતાને બંધ નથી થતો એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તે તે વળી સમ્યગ્દૃષ્ટિ કેવો ? કારણ કે જ્યાં સુધી રાગ રહે ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ તો પોતાની નિંદા-ગર્હા કરતો જ રહે છે. જ્ઞાન થવામાત્રથી બંધથી છુટાતું નથી, જ્ઞાન થયા પછી તેમાં જ લીનતારૂપ-શુદ્ધોપયોગરૂપ-ચારિત્રથી બંધ કપાય છે. માટે રાગ હોવા છતાં, 'બંધ થતો નથી' એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તનાર જીવ મિથ્યાદૃષ્ટિ જ છે.

અહીં કોઈ પૂછે કે 'વ્રત-સમિતિ તો શુભ કાર્ય છે, તો પછી વ્રત-સમિતિ પાળતાં છતાં તે જીવને પાપી કેમ કહ્યો ?' તેનું સમાધાન :- સિદ્ધાંતમાં પાપ મિથ્યાત્વને જ કહ્યું છે; જ્યાં સુધી મિથ્યાત્વ રહે ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે. વળી વ્યવહારનયની પ્રધાનતામાં, વ્યવહારી જીવોને અશુભ છોડાવી શુભમાં લગાડવા શુભ ક્રિયાને કથંચિત્ પુણ્ય પણ કહેવાય છે. આમ કહેવાથી સ્યાદ્વાદમતમાં કાંઈ વિરોધ નથી.

વળી કોઈ પૂછે છે કે - 'પરદ્રવ્યમાં રાગ રહે ત્યાં સુધી જીવને મિથ્યાદૃષ્ટિ કહ્યો તે વાતમાં અમે સમજ્યા નહિ. અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરેને ચારિત્રમોહના ઉદયથી રાગાદિભાવ તો હોય છે, તેમને સમ્યક્ત્વ કેમ છે ?' તેનું સમાધાન :- અહીં મિથ્યાત્વ સહિત અનંતાનુબંધી રાગ પ્રધાનપણે કહ્યો છે. જેને એવો રાગ હોય છે અર્થાત્ જેને પરદ્રવ્યમાં તથા પરદ્રવ્યથી થતા ભાવોમાં આત્મબુદ્ધિપૂર્વક પ્રીતિ-અપ્રીતિ થાય છે, તેને સ્વપરનું જ્ઞાનશ્રદ્ધાન નથી-ભેદજ્ઞાન નથી એમ સમજવું. જીવ મુનિપદ લઈ વ્રત-સમિતિ પાળે તોપણ જ્યાં સુધી (વ્રત-સમિતિ પાળતાં) પર જીવોની રક્ષા, શરીર સંબંધી જતનાથી પ્રવર્તવું ઇત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના શુભ ભાવોથી પોતાનો મોક્ષ માને છે અને પર જીવોનો ઘાત થવો, અયત્નાચારરૂપે પ્રવર્તવું ઇત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના અશુભ ભાવોથી જ પોતાને બંધ થતો માને છે ત્યાં સુધી તેને સ્વપરનું જ્ઞાન થયું નથી એમ જાણવું; કારણ કે બંધ-મોક્ષ તો પોતાના અશુદ્ધ તથા શુદ્ધ ભાવોથી જ થતા

* સમિતિ = વિહાર, વચન, આહાર વગેરેની ક્રિયામાં જતનાથી પ્રવર્તવું તે.

હતા, શુભાશુભ ભાવો તો બંધનાં જ કારણ હતા અને પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર જ હતું, તેમાં તેણે વિપર્યયરૂપ માન્યું. આ રીતે જ્યાં સુધી જીવ પરદ્રવ્યથી જ ભલુંબૂરું માની રાગદ્વેષ કરે છે ત્યાં સુધી તે સમ્યગ્દષ્ટિ નથી. સમ્યગ્દષ્ટિ જીવ તો જ્યાં સુધી પોતાને ચારિત્રમોહસંબંધી રાગાદિક રહે છે ત્યાં સુધી તે રાગાદિક વિષે તથા રાગાદિકની પ્રેરણાથી જે પરદ્રવ્યસંબંધી શુભાશુભ ક્રિયામાં તે પ્રવર્તે છે તે પ્રવૃત્તિઓ વિષે એમ માને છે કે - આ કર્મનું જોર છે; તેનાથી નિવૃત્ત થયે જ મારું ભલું છે. તે તેમને રોગવત્ જાણે છે. પીડા સહી શકાતી નથી તેથી તેમનો ઇલાજ કરવારૂપે પ્રવર્તે છે તોપણ તેને તેમના પ્રત્યે રાગ કહી શકાતો નથી; કારણ કે જેને રોગ માને તેના પ્રત્યે રાગ કેવો ? તે તેને મટાડવાનો જ ઉપાય કરે છે અને તે મટવું પણ પોતાના જ જ્ઞાનપરિણામરૂપ પરિણમનથી માને છે. આ રીતે સમ્યગ્દષ્ટિને રાગ નથી. આ પ્રમાણે પરમાર્થ અધ્યાત્મદષ્ટિથી અહીં વ્યાખ્યાન જાણવું. અહીં મિથ્યાત્વ સહિત રાગને જ રાગ કહ્યો છે, મિથ્યાત્વ વિના ચારિત્રમોહસંબંધી ઉદયના પરિણામને રાગ કહ્યો નથી; માટે સમ્યગ્દષ્ટિને જ્ઞાનવૈરાગ્યશક્તિ અવશ્ય હોય જ છે. મિથ્યાત્વ સહિત રાગ સમ્યગ્દષ્ટિને હોતો નથી અને મિથ્યાત્વ સહિત રાગ હોય તે સમ્યગ્દષ્ટિ નથી. આવા (મિથ્યાદષ્ટિના અને સમ્યગ્દષ્ટિના ભાવોના) તફાવતને સમ્યગ્દષ્ટિ જ જાણે છે. મિથ્યાદષ્ટિનો અધ્યાત્મશાસ્ત્રમાં પ્રથમ તો પ્રવેશ નથી અને જો પ્રવેશ કરે તો વિપરીત સમજે છે-વ્યવહારને સર્વથા છોડી ભ્રષ્ટ થાય છે અથવા તો નિશ્ચયને સારી રીતે જાણ્યા વિના વ્યવહારથી જ મોક્ષ માને છે, પરમાર્થ તત્ત્વમાં મૂઢ રહે છે. જો કોઈ વિરલ જીવ યથાર્થ સ્યાદ્વાદન્યાયથી સત્યાર્થ સમજી જાય તો તેને અવશ્ય સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય જ છે - તે અવશ્ય સમ્યગ્દષ્ટિ બની જાય છે.૧૩૭.

## શ્લોક-૧૩૭ ઉપર પ્રવચન

(मन्दाक्रान्ता)

सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बन्धो न मे स्या-
दित्युत्तानोत्पुलकवदना रागिणोऽप्याचरन्तु।
आबम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा
आत्मानात्मावगमविरहात्सन्ति सम्यक्त्वरिक्ताः ।।१३७।।

[ अयम् अहं स्वयम् सम्यग्दृष्टिः, मे जातुः बन्धः न स्यात् ] **'આ હું પોતે સમ્યગ્દષ્ટિ છું, મને કદી બંધ થતો નથી...'** એમ કે ગમે તેવા વિષય હું ભોગવું પણ મને બંધ નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે સમ્યગ્દષ્ટિને બંધ નથી. અરે..! ભાઈ ! કહ્યું છે તે કોની અપેક્ષાએ ?

આ..હા...! જેને રાગનો રાગ છૂટી ગયો છે અને સ્વભાવના પ્રેમમાં રુચિનું પરિણમન થઈ ગયું છે. આહાહા..! તેને કહ્યું છે કે વિષય ભોગવવા છતાં તેને બંધ નથી. અને તું સ્વચ્છંદી થઈને એમ કહે કે, અમે સમ્યગ્દષ્ટિ છીએ, વિષય ભોગવતા બંધ નથી. આહા..હા...!

**'હું પોતે સમ્યગ્દષ્ટિ છું, મને કદી બંધ થતો નથી (કારણ કે શાસ્ત્રમાં સમ્યગ્દષ્ટિને બંધ કહ્યો નથી)' એમ માનીને...' [उत्तान-उत्पुलक-वदनाः] 'જેમનું મુખ ગર્વથી ઊંચું તથા પુલકિત (રોમાંચિત) થયું છે...'** અમારે શું છે ? શરીરનો ધર્મ શરીર કરે. ભોગ શરીર કરે. અરે...! બાપા ! ભાઈ ! તને અંદર રાગની એકતાની બુદ્ધિ પડી છે, મિથ્યાત્વ છે અને તું એમ માને છે કે આ મને બંધ નથી. આહા..હા...! **'ઊંચું તથા પુલકિત (રોમાંચિત) થયું છે એવા રાગી જીવો (-પરદ્રવ્ય પ્રત્યે રાગદ્વેષમોહવાળા જીવો-) ભલે મહાવ્રતાદિનું આચરણ કરો...'** ઠીક ! મહાવ્રતેય રાગ છે. રાગનો પ્રેમ છે કે આ આચરણ મારું છે, તો એ મિથ્યાદૃષ્ટિ છે. ભલે મહાવ્રતનું આચરણ કરે. આહાહા..! પંચ મહાવ્રત પાળે તોય મિથ્યાદૃષ્ટિ છે. મહાવ્રત રાગ છે, રાગનો પ્રેમ છે તે મિથ્યાત્વ ભાવ છે. આહાહા..! ત્યારે બીજે ઠેકાણે કહ્યું છે ને કે મુનિઓએ મહાવ્રત પાળવા. મહાવ્રત તો મહાવ્રત મોટા છે. એના જેવું મોટું કોઈ નથી. એવું આવે છે ને ? એ તો બાપુ! અંદર સ્વરૂપની રમણતા થઈ છે એની ભૂમિકામાં નિશ્ચય મહાવ્રત છે, એમાં વ્યવહારે વ્રત છે એની વાતું કરી છે. આહાહા..!

અહીં આ ચોખ્ખું કીધું ને ! **'મહાવ્રતાદિનું આચરણ કરો તથા સમિતિની ઉત્કૃષ્ટતાનું આલંબન કરો...'** બરાબર મંદ રાગથી મૌન રહે, ઓછું બોલે. આહા..! નિર્દોષ આહાર લ્યે. એ તો બધી ક્રિયાકાંડ રાગની છે. એમાં તત્પર રહે **'તોપણ તેઓ પાપી (મિથ્યાદૃષ્ટિ) જ છે,...'** ઠીક ! મહાવ્રત પાળે તોય પાપી છે, મિથ્યાદૃષ્ટિ છે. **'કારણ કે આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત હોવાથી તેઓ સમ્યક્ત્વથી રહિત છે.'** આહાહા..! વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૭૭ શ્લોક-૧૩૭ બુધવાર, અષાઢ વદ ૯, તા. ૧૯-૦૭-૧૯૭૯

---

'સમયસાર' ૧૩૭ કળશ છે ને? એનો – કળશનો ભાવાર્થ છે. **'પરદ્રવ્ય પ્રત્યે રાગ હોવા છતાં જે જીવ 'હું સમ્યગ્દષ્ટિ છું, મને બંધ થતો નથી' એમ માને છે તેને સમ્યક્ત્વ કેવું?'** શું કહે છે? જેને આત્મા સિવાય પરદ્રવ્ય, રાગ, કર્મ, શરીર, બાહ્ય ચીજ કોઈ પ્રત્યે પણ રાગ રહે અને માને કે હું સમ્યગ્દષ્ટિ છું એ વિપરીત માન્યતા છે. આહા..! ઝીણી વાત છે. ખરેખર **'પરદ્રવ્ય પ્રત્યે રાગ હોવા છતાં...'** સ્વદ્રવ્ય પ્રત્યે જેને આત્માના આનંદનો પ્રેમ, દૃષ્ટિ થઈ, હું તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન સ્વરૂપ છું, એવી સમ્યગ્દષ્ટિ

થઈ તેને પોતા સિવાય પર પ્રત્યે ક્યાંય રાગ થતો જ નથી. અને પર પ્રત્યે રાગ રહે અને એ સમ્યગ્દષ્ટિ માને તો એ વિપરીત છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

સમ્યગ્દર્શન અને ચારિત્રદોષ એ બીજી ચીજ છે. અહીંયાં કહે છે કે, ચારિત્રદોષ થયો એ પોતાનો માને એ પરવસ્તુ છે. શરીર, વાણી તો પરવસ્તુ છે જ પણ અંદર દયા, દાન, વ્રતના પરિણામ આવે છે તે પણ રાગ (છે), તે પણ ખરેખર તો પરવસ્તુ, પરદ્રવ્ય છે. એના પ્રત્યે જેને રુચિ રહે તે સમ્યગ્દષ્ટિ ન રહી શકે. આહાહા..!આવો માર્ગ. આ તો ધર્મની પહેલી શરૂઆત, ધર્મની પહેલી સીડી સમ્યગ્દર્શન(ની વાત છે). સમ્યક્ નામ જેવું આત્માનું પૂર્ણ સ્વરૂપ છે, સત્ય છે એવો અનુભવ થવો અને અનુભવ થઈને દૃષ્ટિમાં પ્રતીતિ આવવી તેને પર પ્રત્યે રાગ રહેતો નથી. આહાહા..!

**'તે વ્રત-સમિતિ પાળે...'** ભલે પંચ મહાવ્રત પાળે, સમિતિ, નિર્દોષ આહાર, પાંચ સમિતિ ચોખ્ખી પાળે **'તોપણ સ્વપરનું જ્ઞાન નહિ હોવાથી...'** એ મહાવ્રત અને સમિતિ એ રાગ છે, એ પોતાનું સ્વરૂપ નહિ. એ સ્વ પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય અને મહાવ્રત ને સમિતિનો શુભ રાગ, બેયનું ભિન્ન જ્ઞાન નથી એ સમ્યગ્દષ્ટિ નથી. આહાહા..! ઝીણી વાત (છે). **'સ્વપરનું જ્ઞાન...'** સ્વપરમાં આ. આત્મા જ્ઞાયક સ્વરૂપ સ્વ અને વિકલ્પ જે રાગથી માંડીને પર, એ પરદ્રવ્ય અને સ્વ(દ્રવ્યની) ભિન્નતાનું ભાન નથી એ સમ્યગ્જ્ઞાની કેવો? આહાહા..!ભલે એ પંચ મહાવ્રત પાળતો હોય, સમિતિ કરે, નિર્દોષ આહાર (લ્યે), તેને માટે ચોકા કરેલો (આહાર) ન લ્યે તોપણ એ તો રાગ છે અને રાગમાં ધર્મ માનવો અને રાગમાં ધર્મનું કારણ માનવું (એ) મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

**'પોતાને બંધ નથી થતો એમ માનીને...'** છે ને? (વ્રત-સમિતિ) **'તોપણ સ્વપરનું જ્ઞાન નહિ હોવાથી તે પાપી જ છે.'** પાપી જ છે, એમ કહે છે. આહાહા..!મહાવ્રત પાળે, પંચ સમિતિ, ગુપ્તિ, અઠ્ઠાવીસ મૂળગુણ પાળે છતાં એ રાગ મારી ચીજ છે અને તેમાં મને કાંઈક ધર્મનું કારણ થશે એવી દૃષ્ટિ છે એ પાપી છે. આહાહા..!ગજબ વાત છે. અઠ્ઠાવીસ મૂળગુણ પાળે, પંચ મહાવ્રત પાળે તોપણ કહે છે કે, પાપી છે. આહાહા..!અને સમ્યગ્દષ્ટિ અસ્થિરતાના રાગાદિ આવે છે અને ભોગ પણ લ્યે છે તોપણ ભોગના ભાવની નિર્જરા થાય છે. આહાહા..!કેમકે તેમાં રસ ઊડી ગયો છે. પોતાના આનંદના રસમાં રાગમાં અને રાગના ફળમાં રસ ઊડી ગયો છે. આહાહા..! ફિક્કો પડી ગયો છે. આહા..! અને અજ્ઞાનીને એ મહાવ્રતના પરિણામમાં રસ પડ્યો છે. એ ધર્મ છે અને એ ધર્મનું કારણ છે. મહાવ્રત પાળતા પાળતા સમ્યગ્દર્શન થશે, ચારિત્ર થશે (એમ માને છે) તો એ મિથ્યાદૃષ્ટિ છે.

જોકે 'નિયમસાર'માં એક શ્લોકમાં કહ્યું છે, મહાવ્રત, પંચ સમિતિ, ગુપ્તિ એ આત્માનું સ્વરૂપ છે. એ તો નિશ્ચય મહાવ્રત, આત્માનું ધ્યાન તેને કહ્યું છે. 'નિયમસાર'માં શ્લોકમાં છે. પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ ભાવ, વ્રત આદિ ધર્મ એ આત્મા છે, આત્માનો

એ ધર્મ છે. એ તો રાગથી રહિત પોતાના સ્વરૂપમાં લીનતા તેને ત્યાં મહાવ્રત કહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!અને આ મહાવ્રત તો આત્માના ભાન વિના રાગની ક્રિયા કરે, અહિંસા, સત્ય, દત્ત પાળે (અને) એ ધર્મનું કારણ છે અને ધર્મ થશે, (એમ માનનાર) મિથ્યાદૃષ્ટિ છે. સ્વપરના જ્ઞાનની ભિન્નતા છે નહિ. આહાહા..!આવી વાત છે.

સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીના રાજમાં પડ્યો હોય તોપણ કહે છે કે એ પાપી નહિ, એ તો ધર્મી મોક્ષમાર્ગી છે. હેં? આહાહા..!સમ્યગ્દૃષ્ટિ છે, ચક્રવર્તીના રાજમાં પડ્યો છે તોપણ મોક્ષમાર્ગી છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં (આવે) છે. અને પંચ મહાવ્રત પાળે, સમિતિ, ગુપ્તિ પાળે પણ એ ધર્મનું કારણ છે અને એમાં પ્રેમ છે તો એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આટલો બધો ફેર છે. લોકોને બેસવું કઠણ પડે. એ પાપી છે. **'પાપી જ છે.'** એમ લખ્યું છે. **'પાપી જ છે.'** એમ. પાપી જ, પાપી જ છે. મહાવ્રતને પાળે પણ રાગનો પ્રેમ છે અને રાગની રુચિ છે અને સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાયક (છે), તેની દૃષ્ટિનો તો અભાવ છે, એ પાપી જ છે. આહાહા..!

**'પોતાને બંધ થતો નથી એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તે છે...'** પંચ મહાવ્રતાદિ પાળે પણ મને બંધ નથી થતો અને સ્વચ્છંદે પ્રવૃત્તિ કરે છે **'તે વળી સમ્યગ્દૃષ્ટિ કેવો? કારણ કે જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન થાય...'** પૂર્ણ ચારિત્ર સ્વરૂપમાં રમણતા જ્યાં સુધી ન થાય **'ત્યાં સુધી ચારિત્રમોહના રાગથી બંધ તો થાય જ છે...'** સમ્યગ્દૃષ્ટિને પણ રાગનો બંધ થાય છે. જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી રાગથી તેને બંધ તો થાય જ છે.

**'અને જ્યાં સુધી રાગ રહે ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ તો પોતાની નિંદા-ગર્હા કરતો જ રહે છે.'** આહાહા..! એ શુભરાગ આવે છે, અશુભરાગ પણ આવે છે. સમકિતીને આર્તધ્યાન, રૌદ્રધ્યાન પણ આવે છે. આહાહા..! છતાં તેનો રસ, પ્રેમ નથી. દુઃખ લાગે છે. કાળો નાગ જેમ જોવે એમ રાગને જોવે છે. આહા..! ઝેર, શુભભાવને જ્ઞાની ઝેર જોવે છે. અજ્ઞાનીને મીઠાશ લાગે છે. એ મહાવ્રતના પરિણામમાં મીઠાશ માને છે કે મહાવ્રતના પરિણામ મારો ધર્મ છે. એ પાપી છે. આહાહા..! આટલો બધો ફેર. સમ્યગ્દૃષ્ટિને રાગ આવે છે પણ પોતાની નિંદા-ગર્હા કરે છે. અરે..રે...! રાગ તો દુઃખ છે, પાપ છે, દોષ છે, બંધનું કારણ છે. મારા સ્વરૂપથી એ જાત જુદી છે. એમ સમ્યગ્દૃષ્ટિ માને છે. આહા..!

**'જ્ઞાન થવામાત્રથી બંધથી છૂટાતું નથી, જ્ઞાન થયા પછી...'** સ્વરૂપનું જ્ઞાન થયા પછી. ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો અને અતીન્દ્રિય શાંતિનો સાગર પ્રભુ, તેનો જેને રસ અને દૃષ્ટિ થઈ, આહા..! તો એ જ્ઞાન થયા પછી **'તેમાં જ લીનતારૂપ-શુદ્ધોપયોગરૂપ-ચારિત્રથી બંધ કપાય છે.'** તેમાં પછી શુદ્ધઉપયોગરૂપ, શુભજોગ. શુભ અને અશુભ જોગ જુદી વાત છે અને આ શુદ્ધજોગ, શુદ્ધવેપાર. કહેવાય છે જોગ, પણ શુદ્ધજોગ છે, એ શુદ્ધવેપાર

છે, શુદ્ધઉપયોગ છે. અને શુભ ને અશુભ છે એ આસ્રવ છે, બંધનું કારણ છે. અને શુદ્ધજોગ, આત્માનો વેપાર એ નિર્જરાનું કારણ છે. આહાહા...!એક શુદ્ધયોગ અને એક શુભયોગ, બેમાં મોટો તફાવત છે. શુભજોગ એ બંધનું કારણ છે અને શુદ્ધયોગ એ સંવર, નિર્જરા, ધર્મનું કારણ છે. આહાહા...!બહુ ફેર. **'માટે રાગ હોવા છતાં,...'** ધર્મીને **'બંધ થતો નથી' એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તનાર જીવ મિથ્યાદષ્ટિ જ છે.'** અમે સમકિતી છીએ, અમને ગમે તે ભાવ હો, અમે ભોગ લઈને, વિષય લઈએ અમારે શું છે? એ તો મિથ્યાદષ્ટિ છે, સ્વચ્છંદી છે. આહાહા...!સમજાણું કાંઈ?

**'અહીં કોઈ પૂછે કે...'** પ્રશ્ન છે કે **'વ્રત-સમિતિ તો શુભ કાર્ય છે,...'** પંચ મહાવ્રત, પાંચ સમિતિ, શરીરનું બ્રહ્મચર્ય, શરીરથી જાવજીવ બ્રહ્મચર્ય પાળે એ તો બધા શુભ કાર્ય છે. **'તો પછી વ્રત-સમિતિ પાળતાં છતાં તે જીવને પાપી કેમ કહ્યો?'** પુણ્યવંત તો કહો. મહાવ્રત પાળે, નગ્નપણે રહે, અઠ્યાવીસ મૂળગુણ પાળે, દુકાન, ધંધા-બંધા છોડી દ્યે... આહાહા...!અને જંગલમાં રહે, નગ્નપણે રહે, પંચ મહાવ્રત બરાબર ચોખ્ખા નિરતિચાર પાળે. આહા...! એ તો શુભકાર્ય છે. તેને તમે પાપી કેમ કહો છો? આહાહા...!શુભકાર્ય કરનાર પુણ્યવંત નહિ કહીને તમે પાપી કહો છો. અશુભભાવ કરનારને પાપી કહો પણ આ શુભભાવના કાર્ય કરનારને પાપી કેમ કહ્યો ? સમજાણું કાંઈ?

**'તેનું સમાધાન :– સિદ્ધાંતમાં પાપ મિથ્યાત્વને જ કહ્યું છે;...'** આહાહા...!ભગવાનની વાણીમાં, સિદ્ધાંતમાં, આગમમાં, ચારેય અનુયોગમાં... આહાહા...! મિથ્યાત્વને જ પાપ કહ્યું છે. આહાહા...!અનંતવાર નવમી ગ્રૈવેયક (ગયો). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. આહા...! અનંત વાર મહાવ્રત લીધા... આહાહા...!અને સ્વર્ગમાં ગયો પણ આતમજ્ઞાન – રાગથી ભિન્ન આત્મા આનંદસ્વરૂપ (છે), તેના અનુભવ–વેદન વિના એ મહાવ્રતના પરિણામ એ દુઃખરૂપ છે. આવ્યું કે નહિ એમાં? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' ત્યારે તે પંચ મહાવ્રતના પરિણામ તો દુઃખરૂપ છે. એ તો સુખ છે નહિ. આસ્રવ છે, બંધનું કારણ છે, ઝેરનો ઘડો છે. આહાહા...!આહાહા...!તેને પાપી કેમ કહ્યો? કે, આ કારણે પાપી કહ્યો. સિદ્ધાંતમાં મિથ્યાત્વને જ પાપ કહ્યું છે.

**'જ્યાં સુધી મિથ્યાત્વ રહે ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે.'** આહાહા...! જ્યાં સુધી મિથ્યાત્વ રહે છે (અર્થાત્) રાગના અંશમાં પણ પ્રેમ રહે છે, પર્યાયબુદ્ધિમાં જે રાગ આવ્યો, મહાવ્રતનો, ભગવાનની ભક્તિનો, વિનયનો, પૂજાનો, દાનનો, દયાનો, અપવાસનો એ બધો રાગ.. આહાહા...!એ ક્રિયાઓને **'અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે.'** એ ક્રિયાઓને પરમાર્થે સિદ્ધાંતમાં પાપી કહેવામાં આવ્યો તો એ પાપ છે. આહાહા...! આકરી વાત છે. ચૈતન્ય ભગવાન અંદર જ્ઞાનનો સાગર, અતીન્દ્રિય

આનંદની મૂર્તિ પ્રભુ.. આહાહા..!તેનો રસ છોડી રાગ મહાવ્રતાદિ કે ભગવાનનો વિનય, ભક્તિ આદિ હો.. આહાહા..!

એ લોકો કહે છે ને એ 'પ્રવચનસાર'ની ગાથા? 'पुण्यफला अरहन्ता' પુણ્યના ફળમાં અરિહંત છે, આમાં ગાથા છે. એ તો પુણ્યનું ફળ અરિહંતપદ નહિ, પુણ્યનું ફળ (એટલે) હાલવું, ચાલવું, બોલવું એ પુણ્યનું ફળ છે. ત્યારે એનો અર્થ એવો કરે, 'पुण्यफला अरहन्ता' પુણ્યના ફળરૂપ અરિહંત પદ હોય છે. એમ છે નહિ. એમાં પાઠ છે. પુણ્યનું ફળ તીર્થંકરને અકિંચિત્કર છે. કંઈ કરતું નથી. એ તો ઉદયભાવની ક્રિયા છે. હાલવાની, ચાલવાની, બોલવાની (ક્રિયા) એ પુણ્ય ફળ છે તો એ ખરી જાય છે. એ ઉદયને પણ ક્ષાયિકભાવ કહી દીધો છે. એ ઉદય થાય છે એ ખરી જાય છે તેને ક્ષાયિકભાવ કહ્યો. આહાહા..!પણ પુણ્યથી અરિહંતપદ મળે છે એમ છે નહિ. આહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ પણ રાગ છે, રાગનો નાશ કરે છે ત્યારે વીતરાગ કેવળજ્ઞાન થાય છે. રાગમાં તીર્થંકરની પ્રકૃતિ બંધાણી માટે કેવળજ્ઞાન થાય છે, એમ છે નહિ. આહાહા..!જે ભાવે તીર્થંકર (પ્રકૃતિ) બંધાય એ ભાવનો નાશ કરે છે ત્યારે કેવળજ્ઞાન થાય છે, ત્યારે તો એ તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવે છે. શું કહ્યું?

જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાણી એ પ્રકૃતિનો ઉદય ક્યારે આવે છે? કે જ્યારે એ રાગનો નાશ કરીને કેવળજ્ઞાન થાય છે ત્યારે એ તીર્થંકર પ્રકૃતિનો ઉદય તેરમે ગુણસ્થાને આવે છે. આહાહા..!સમજાણું કાંઈ? એ ચોથે, પાંચમે, છઠ્ઠે ઉદય નથી આવતો. આહાહા..!પ્રકૃતિનો બંધ ચોથે, પાંચમે, છઠ્ઠે પડે છે પરંતુ ઉદય આવે છે તેરમે (ગુણસ્થાને). એનો અર્થ શું થયો? કે જે ભાવે તીર્થંકર (પ્રકૃતિ) બંધાણી હતી એ ભાવનો નાશ કરી (પૂર્ણ) વીતરાગતા થઈ અને જ્યારે કેવળજ્ઞાન થયું ત્યારે એ પ્રકૃતિ ઉદયમાં આવી. આહાહા..!સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાણું એ ભાવે કેવળજ્ઞાન થતું નથી. આહાહા..! 'पुण्यफला अरहन्ता' એમ કહે છે. છે એમાં, છે ને? આમાં છે. કેટલામી ૪૫? 'પ્રવચનસાર'માં છે, 'पुण्यफला अरहन्ता'. અકિંચિત્કર છે, એવો પાઠ છે. પુણ્ય અકિંચિત્કર છે, આત્માને બિલકુલ લાભ નથી કરતું.

અહીંયાં તો એ પુણ્યના ભાવને પોતાનો માનનારને પાપી કહીને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. આહાહા...! છે? **'જ્યાં સુધી મિથ્યાત્વ રહે ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે.'** એ પુણ્યના પરિણામની ક્રિયાને, મિથ્યાદૃષ્ટિને પાપી જ કહેવામાં આવે છે. પાપ જ કહેવાય છે. આહાહા..! એક તો એમ માને કે, કર્મથી વિકાર થાય છે. કર્મથી શુભભાવ થયો અને શુભભાવથી મુક્તિ થાય છે તો કર્મથી મુક્તિ થાય છે. એમ થયું. કારણ કે શુભભાવ કર્મથી થાય છે એમ માને છે એ વાત ખોટી છે, શુભભાવ પોતાથી થાય છે. પછી શુભભાવથી પછી ધર્મ થાય છે અને તેનાથી મુક્તિ થાય છે. તો એનો

અર્થ કે કર્મથી શુભભાવ થયો અને શુભભાવથી મુક્તિ થઈ તો કર્મથી મુક્તિ થઈ. આહાહા..!એમ છે નહિ. અહીં તો પાપી જ કહ્યો, પાપ જ કહ્યું છે. મિથ્યાદૃષ્ટિના મહાવ્રતના પરિણામને પાપ જ કહ્યું છે. આહાહા...! **'પરમાર્થે પાપ જ કહેવાય છે.'**

**'વળી વ્યવહારનયની પ્રધાનતામાં, વ્યવહારી જીવોને અશુભ છોડાવી શુભમાં લગાડવા શુભ ક્રિયાને કથંચિત્ પુણ્ય પણ કહેવાય છે.'** અશુભ છોડાવી શુભભાવને કથંચિત્ પુણ્ય (કહેવાય છે), ધર્મ નહિ. આહા..! **'આમ કહેવાથી સ્યાદ્‌વાદમતમાં કાંઈ વિરોધ નથી.'** આહાહા..!અપેક્ષાથી સમજવું. ધર્મીનો રાગ બંધનું કારણ નથી. મિથ્યાદૃષ્ટિનો રાગ, મહાવ્રત પાપ છે. એ બેમાં અપેક્ષા સમજવી જોઈએ. જ્ઞાનીનો રાગ નિર્જરાનો (હેતુ) છે, જ્ઞાનીનો ભોગ નિર્જરાનો (હેતુ) હોય તો પછી ભોગ છોડી ચારિત્ર લેવાનું ક્યાં રહ્યું? એ તો દૃષ્ટિનું જોર બતાવવા ભગવાનઆત્મા જ્ઞાયકભાવનો જ્યાં અનુભવ થયો કે હું તો જ્ઞાયક ચિદાનંદ અનાદિ (છું). આહાહા..!સતત, કહ્યું હતું ને રાત્રે? ભાઈ! સતત એટલે નિરંતર વર્તમાન જ હું તો છું. ત્રિકાળ રહેશે માટે એમ નહિ. હું તો વર્તમાન સત્ ધ્રુવ જ છું. જ્ઞાનીને પણ જેટલો રાગ આવે છે તેટલું બંધનું કારણ છે. આહાહા..!સમજાણું કાંઈ? જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ રાગ થાય છે એ બંધનું કારણ, દુઃખનું કારણ છે. આહા..! ભોગને કારણે નિર્જરા થાય છે (એમ કહ્યું) એ તો દૃષ્ટિની અપેક્ષાએ કથન છે. આહાહા..!

જ્યાં સુધી સ્વરૂપની દૃષ્ટિ થઈને ચિદાનંદ ભગવાનઆત્મા પોતામાં લીનતારૂપ, લીનતારૂપ વ્રત હોં! લીનતારૂપ. એ પૂર્ણ લીનતા ન કરે ત્યાં સુધી યથાખ્યાત ચારિત્ર નથી થતું. ત્યાં સુધી રાગનો અંશ રહે છે એ બંધનું કારણ છે. જ્ઞાનીને પણ બંધનું કારણ છે. આહાહા..!અજ્ઞાનીના તો મહાવ્રતને જ પાપ કહ્યું. આહાહા..!અને જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ કહ્યો. ક્યાં ઉગમણો-આથમણો (ફેર છે). અપેક્ષાએ કહ્યું છે. ભોગ નિર્જરાનો હેતુ હોય તો ભોગ છોડીને ચારિત્ર લેવું એ તો રહેતું નથી.

દૃષ્ટિમાં આત્માના આનંદનો રસ છે તો એ ભોગનો રાગ આવ્યો એ કાળા નાગ જેવો જોવે. કાળો સર્પ, નાગ દેખે એમ ભોગનો રાગ દેખે. આહા..! જ્ઞાનીને તેનો પ્રેમ ઊડી ગયો છે, સુખબુદ્ધિ ઊડી ગઈ છે. વિષયમાં સુખ છે, મજા છે એ વાત અંતરમાંથી નીકળી ગઈ છે. આહાહા..!કેમકે પોતાના આત્મામાં આનંદ છે, એ આનંદના અનુભવ આગળ કોઈ ચીજમાં આનંદ છે એ માન્યતા ઊડી ગઈ. આહા..! ચક્રવર્તીના રાજ હો, ઇન્દ્રના ઇન્દ્રાસન હો એ બધું પુણ્યનું ફળ છે પણ ઝેર છે. આહાહા..!

**'વળી કોઈ પૂછે છે કે :– 'પરદ્રવ્યમાં રાગ રહે ત્યાં સુધી જીવને મિથ્યાદૃષ્ટિ કહ્યો તે વાતમાં અમે સમજ્યા નહિ.'** એમ પ્રશ્ન કરે છે. **'અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરેને ચારિત્રમોહના ઉદયથી રાગાદિભાવ તો હોય છે,...'** સમ્યગ્દૃષ્ટિને, ક્ષાયિક સમકિતીને પણ રાગ તો આવે

છે. આહા..! જ્યાં સુધી સ્વરૂપમાં ચારિત્રની પૂર્ણ લીનતા ન થાય ત્યાં સુધી જ્ઞાનીને રાગ તો આવે છે. છે ને? **'અવિરતસમ્યગ્દષ્ટિ...'** (એટલે) ચોથે, પાંચમે, છટ્ઠે. **'ચારિત્રમોહના ઉદયથી રાગાદિભાવ તો હોય છે, તેમને સમ્યક્ત્વ કેમ છે?'** તમે તો કહો છો, રાગ હોય તો સમકિત નથી.

**'તેનું સમાધાન :– અહીં મિથ્યાત્વ સહિત અનંતાનુબંધી રાગ પ્રધાનપણે કહ્યો છે.'** દેખો! અહીંયાં તો રાગનો પ્રેમ છે, રાગની રુચિ છે એવું મિથ્યાત્વ અને અનંતાનુબંધી, અનંત નામ મિથ્યાત્વની સાથે રહેનાર, અનંતાનુબંધી કષાય નામ મિથ્યાત્વ અને અનંતાનુબંધી. અનંત એટલે મિથ્યાત્વ, એ મિથ્યાત્વની સાથે રહેનારો કષાય, તેની અપેક્ષાએ અહીંયાં રાગ કહ્યો છે. એ રાગ જ્ઞાનીને છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!પ્રધાનપણે તેની મુખ્યરૂપે વાત કહી છે.

**'જેને એવો રાગ હોય છે અર્થાત્ જેને પરદ્રવ્યમાં તથા પરદ્રવ્યથી થતા ભાવોમાં...'** આહાહા..! શરીરમાં, વાણીમાં, સ્ત્રી, કુટુંબ-પરિવારમાં કે આ સ્ત્રી મારી છે, દીકરો મારો છે, લક્ષ્મી મારી છે. આહા..! એ રાગ મારો છે એવી આત્મબુદ્ધિ થાય છે. આહાહા..!પ્રતિકૂળ સંયોગ જોઈને દ્વેષ થાય છે તો સંયોગી ચીજ છે એ તો જ્ઞેય છે. સંયોગી ચીજ કોઈ દુઃખનું કારણ છે નહિ. સંયોગી કોઈપણ ચીજ. સર્પનું ઝેર અને વીંછીનો ડંખ, એ તો જ્ઞેય છે. જ્ઞેયમાં બે ભાગ નથી કે આ અનુકૂળ અને આ પ્રતિકૂળ એમ જ્ઞેયમાં બે ભાગ નહિ. જ્ઞેય તો એક પ્રકારનું છે તેમાં અજ્ઞાનીએ બે ભાગ પાડી દીધા કે આ ઠીક છે અને આ અઠીક છે. એ રાગ ને દ્વેષ કર્યા એ જ મિથ્યાત્વ ભાવ છે. આહાહા..!માર્ગ વીતરાગનો બહુ સૂક્ષ્મ છે, ભાઈ!

જેનાથી ભવના અંત આવે. આહાહા..!અનંત અનંત ભવ કર્યા, ચોરાશી લાખ યોનિમાં નરક અને નિગોદમાં (રખડ્યો). નિગોદમાં એક અંતર્મુહૂર્તમાં અઢાર ભવ, એવા (ભવ) અનંતવાર કર્યા. નિગોદમાં પણ અનંતવાર એક અંતર્મુહૂર્તમાં અઢાર ભવ (કર્યા), એવું એકવાર નહિ, અનંતવાર કર્યું. આહાહા..!પ્રભુ! તારા દુઃખની વ્યાખ્યા ભગવાન પણ પૂરી કહી શકે નહિ. આહા..! એવા દુઃખ વેઠ્યા છે, એક સમ્યગ્દર્શન વિના. બાકી તો પંચ મહાવ્રતાદિ ક્રિયાઓ બહુ કરી. રાગના પ્રેમથી, એ તો પરદ્રવ્યનો પ્રેમ છે. આહાહા..!

જ્યાં સુધી **'આત્મબુદ્ધિપૂર્વક પ્રીતિ-અપ્રીતિ થાય છે, તેને સ્વપરનું જ્ઞાન શ્રદ્ધાન નથી...'** રાગ પર છે અને ભગવાન આનંદકંદ ભિન્ન છે, એવું સ્વપરની ભિન્નતાનું જ્ઞાન નથી. આહાહા..!ચાહે તો મહાવ્રતના પરિણામ હોય પણ એ રાગ જ છે અને આત્મા રાગ નથી. આત્મા જ્ઞાયક સ્વરૂપ છે. નવ તત્ત્વ છે કે નહિ? તો નવ તત્ત્વમાં પુણ્ય પરિણામ ભિન્ન છે, પાપ ભિન્ન છે અને જ્ઞાયક જીવતત્ત્વ ભિન્ન છે. નવ છે. નવ તત્ત્વમાં જ્ઞાયકતત્ત્વ છે તે રાગ નથી અને રાગતત્ત્વ છે તે જ્ઞાયકતત્ત્વ નથી. (એવું ન હોય તો) નવ તત્ત્વ ક્યાંથી

થાય? આહાહા..!સમજાણું કાંઈ? તો એ પુણ્યતત્ત્વ છે એ આત્મા નહિ. આહાહા..! અને આત્મા જે જ્ઞાયક સ્વરૂપ છે એ પુણ્યતત્ત્વ નથી. આહાહા..!આવી દૃષ્ટિ થયા વિના રાગ કરીને ધર્મ માને છે એ સ્વચ્છંદી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!આકરી વાત છે.

**'સ્વપરનું જ્ઞાનશ્રદ્ધાન નથી–ભેદજ્ઞાન નથી એમ સમજવું.'** રાગના કણથી પોતાપણું માનવું તેને સ્વપરનું ભેદજ્ઞાન છે નહિ. નાનામાં નાનો રાગનો કણ, જેનાથી મહાવ્રત પાળે, તીર્થંકરગોત્ર બંધાય એ તો સમકિતીને થાય છે, પણ મહાવ્રતાદિ પાળે એ તો રાગ, નાનામાં નાનો સૂક્ષ્મ રાગ, આહાહા..!એને પોતાનો માને તેને સ્વપરનું ભેદજ્ઞાન નથી. ભગવાનઆત્મા જ્ઞાયક છે અને મહાવ્રતના પરિણામ રાગ છે, એ સ્વ ને પરની ભિન્નતાનો વિવેક છે નહિ. આહાહા..!આ તો બહુ સ્થૂળ વાત ચાલે છે. એમાં ઘણી ગડબડ થઈ ગઈ છે. આહાહા..!

જે **'જીવ મુનિપદ લઈ વ્રત-સમિતિ પાળે...'** આહાહા..!'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' મુનિ કોણ? દિગંબર મુનિ. શ્વેતાંબર મુનિને તો શાસ્ત્ર મુનિ માનતા જ નથી. કપડાસહિત જે મુનિપણું માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. તેના શાસ્ત્રમાં પણ કપડા રાખીને મુનિપણું મનાવ્યું છે. એ શાસ્ત્ર પણ મિથ્યાદૃષ્ટિના કહેલા છે. આહાહા..!આવી વાત છે. એ..ઇ...! શ્વેતાંબર શાસ્ત્રમાં મુનિએ આટલા કપડા લેવા ને આટલા ખપે, એને ધોવા.. બધી કલ્પના. મિથ્યાદૃષ્ટિએ શાસ્ત્ર બનાવ્યા છે. એ વાત ક્યાંય રહી ગઈ. અહીંયાં તો દિગંબર ધર્મમાં આવ્યો અને પંચ મહાવ્રત પાળે છે, તો પંચ મહાવ્રત છે એ તો રાગ છે અને આત્મા તો ભિન્ન જ્ઞાયક છે. તો બેનું ભેદજ્ઞાન નથી તો એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!આકરું કામ છે. છે?

(જીવ) **'મુનિપદ લઈ વ્રત-સમિતિ પાળે તોપણ જ્યાં સુધી (વ્રત-સમિતિ પાળતાં) પર જીવોની રક્ષા, શરીર સંબંધી જતનાથી પ્રવર્તવું ઇત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી...'** જોયું? પરજીવોની રક્ષામાં ધર્મ માનવો, પર જીવની રક્ષા હું કરી શકું છું એમ માનવું, ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. પર જીવની રક્ષા કરી શકું છું તો એ તો પરદ્રવ્ય છે. તેની પર્યાય તો તેનાથી થાય છે. તેનું આયુષ્ય છે અને તેની યોગ્યતા, શરીરમાં રહેવાની લાયકાત છે ત્યાં સુધી રહે છે. આયુષ્યથી રહે છે એ પણ નિમિત્તથી (કથન) છે. શરીરમાં રહેવાની પોતાની યોગ્યતાને કારણે ત્યાં સુધી રહે છે. શરીરમાં રહેવાની યોગ્યતા છૂટી ગઈ તો દેહ છૂટી જાય છે. આહા..! આયુષ્યને લઈને રહે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. બાકી તો પોતાની યોગ્યતા જ ત્યાં સુધી રહેવાની છે. આહાહા..!તો એની દયા પાળું, તેની રક્ષા કરું. તેની યોગ્યતા છે ત્યાં સુધી તો રહે છે, તું ક્યાં રક્ષા કરી શકે છે? સમજાણું? કોઈ જીવની રક્ષા કરું.

**'શરીર સંબંધી જતનાથી પ્રવર્તવું...'** જોઈને ચાલવું, પગમાં (કોઈ જીવ) નીચે ન આવી જાય એમ પગ મૂકવા (એવી) શરીરની પ્રવૃત્તિ કરવી. **'ઇત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી...'**

આહાહા..!'**તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના શુભભાવો...**' જુઓ! દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, શુભભાવ (છે). (તેનાથી) '**પોતાનો મોક્ષ માને છે...**' તેમાં ધર્મ માને છે. આહાહા..!આ તો પંડિતે ખુલાસો કર્યો છે. 'જયચંદ્રજી પંડિત'. આહાહા..!

'**અને પર જીવોનો ઘાત થવો,..**' પહેલી રક્ષાની વાત કરી હતી. પરદ્રવ્યની ક્રિયા છે તેને પોતાની માને છે એ મિથ્યાત્વ છે. '**અને પર જીવોનો ઘાત થવો,...**' એ તો તેને કારણે થાય છે. '**અયત્નાચારરૂપે પ્રવર્તવું ઇત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના અશુભભાવોથી જ પોતાને બંધ થતો માને છે...**' આહાહા..!તેનાથી પોતાનો બંધ માને છે, અશુભથી બંધ માને છે અને શુભથી ધર્મ માને છે. આહાહા..!બન્ને બંધના કારણ છે. શુભ અને અશુભભાવ બેય બંધના કારણ છે. આહાહા..!'**ત્યાં સુધી તેને સ્વપરનું જ્ઞાન થયું નથી એમ જાણવું;...**' શુભથી બંધ થાય છે. તેને પોતાનો માને અને અશુભથી પણ બંધ થાય છે અને અશુભથી જ બંધ માને છે અને શુભથી નહિ, તો તેને સ્વપરનું જ્ઞાન નથી, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

કરુણા કરવી એ મિથ્યાત્વ ભાવ છે. એવો પાઠ છે. 'કુંદકુંદાચાર્ય'નો શ્લોક છે. પર તિર્યંચ અને મનુષ્ય દુઃખી થાય છે તો અર..ર..ર...! એ દુઃખી છે એવી મમતા કરીને, મારા છે અને મને દુઃખ થાય છે, તેને દુઃખ થાય છે એવી કરુણા કરવી, પરની મમતા કરીને કરુણા કરવી એ મિથ્યાત્વનું લક્ષણ છે. આહાહા..! 'પ્રવચનસાર' ૮૫ ગાથામાં છે. સમજાણું? આ તો 'સમયસાર' છે. આહા..! ઘણો ફેર, બહુ ફેર. જન્મ, જરા, મરણ રહિત થવું, બાપુ! એક જ્ઞાયક સ્વરૂપ પ્રભુ... આહાહા..!એનાથી જો શુભ-અશુભભાવ બન્ને બંધનું કારણ છે. છતાં એક ભાવથી રક્ષા કરું તેનાથી મને કલ્યાણ થશે અને પરને મારું એવો અશુભભાવ બંધનું કારણ (છે). બન્ને બંધના કારણ છે. (તેમાં) એકને બંધનું કારણ માનવું અને એકને બંધનું કારણ નહિ માનવું (એ) મિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :- અનુકંપા એ શું સમજવું?

ઉત્તર :- અનુકંપા ક્યાં છે? પોતાના રાગની મંદતા થવી. નિશ્ચયથી અનુકંપા તો વીતરાગી પરિણતિ છે તે અનુકંપા છે. ભગવાનને કરુણાવંત કહ્યા છે. 'ષટ્ખંડાગમ'માં કરુણાવંત કહ્યા છે. એ કરુણા અકષાય છે, વીતરાગી કરુણા છે, રાગ નહિ. 'ષટ્ખંડાગમ'માં છે. પ્રભુને કરુણાવંત કહ્યા છે, દયાવંત કહ્યા છે. ૧૦૦૮ નામ છે ને? ભગવાનના ૧૦૦૮ નામ છે. 'બનારસીદાસ'નું છે. એમાં કહ્યું છે, પ્રભુ કૃપાવંત છે, કરુણાવંત છે, દયાવંત છે, એમ કહ્યું છે. ૧૦૦૮ નામ છે એમાં (આવા) નામ આવ્યા છે. એ તો વીતરાગી પર્યાયના નામ છે. દયાવંત ને કરુણાનો રાગ છે એ છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનનો તો સંદેશ છે કે, જીવો અને જીવવા દ્યો.

ઉત્તર :- એ વાત વીતરાગની છે જ નહિ. ....

મુમુક્ષુ :- બધા લોકો કહે છે.

ઉત્તર :- ઇ તો અંગ્રેજીની વાત છે. જીવો અને જીવવા દ્યો, એ વીતરાગની વાત જ નથી. અંગ્રેજની વાત છે. આયુષ્યથી જીવે? એ તો અત્યારે એ વિરોધ કરે છે ને? કે, 'સોનગઢ'વાળા 'જીવો અને જીવવા દ્યો'નો વિરોધ કરે છે. પણ એ વાણી વીતરાગની છે જ નહિ. આયુષ્યથી જીવે અને આયુષ્યથી જીવવા દ્યો, એ વાત વીતરાગની છે નહિ. વીતરાગની તો જીવત્વશક્તિ છે, પ્રથમ. ૪૭ શક્તિ છે. હેં? જીવતર શક્તિથી જીવવું. આહાહા..! જીવતરમાં જ્ઞાન, દર્શન, આનંદ ને સત્તા, તેનાથી જીવવું એ જીવનું જીવન છે. એ જીવનું જીવવું છે. આ આયુષ્યથી, શરીરથી જીવવું એ કંઈ આત્માનું છે નહિ. આહાહા..!... કરે છે. લોકો દિગંબરમાં બોલે છે, રથ નીકળે ને? 'જીવો અને જીવવા દ્યો, મહાવીરનો સંદેશ, જીવો ને જીવવા દ્યો' કેમ 'માણેકચંદભાઈ' સાંભળ્યું છે કે નહિ? રથયાત્રામાં નીકળે ને? (ત્યારે બોલે) 'મહાવીરનો સંદેશ, જીવો જીવવા દ્યો' એ વાત જ ખોટી. એ..ઇ...! કોણ જીવે ને કોણ જીવવા દ્યે? જીવે તો ઇ. પોતાના જ્ઞાન, દર્શન, આનંદ ને સત્તાથી જીવવું એ જીવન છે. એ પોતાનું જીવન છે અને પરનું જીવન પણ એ છે.

૪૭ શક્તિ છે ને? (એમાં) પહેલી શક્તિ, પહેલો ગુણ જ એ લીધો છે. કેમ? કે, 'સમયસાર'ની બીજી ગાથામાં એમ ચાલ્યું કે, '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**' એ જીવતર છે. બીજી ગાથા. પહેલી '**वंदित्तु सव्वसिद्धे**', (બીજીમાં એમ કહ્યું), '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**' આહાહા..!'**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।**' રાગમાં સ્થિત છે તે મિથ્યાદૃષ્ટિ પરસમય છે અને આત્મામાં સ્થિત છે તે સ્વસમય છે. એ જીવનું જીવન છે. '**जीवो चरित्तदंसणणाणठिदो**' એ ગાથામાંથી જીવતર શક્તિ કાઢી છે. 'અમૃતચંદ્રાચાર્યે' ૪૭ શક્તિમાં જે પહેલી જીવતર શક્તિ કહી એ બીજી ગાથાનો પહેલો શબ્દ '**जीवो चरित्तदंसणणाणठिदो**' ત્યાંથી કાઢી છે. ત્યાંથી પહેલી જીવતર શક્તિ કાઢી છે. આહાહા..!દિગંબર સંતોની વાણી કોઈ જુદી જાત છે. એ ક્યાંય દુનિયામાં છે નહિ. આહાહા..! શ્વેતાંબરના પંથમાં છે નહિ ને. જૈન નામ ધરાવે છે એમાં આ છે નહિ. તેમાં પણ કર્મથી વિકાર થાય છે ને વિકાર, શુભભાવથી ધર્મ થાય છે (એમ માને છે). આહાહા..! આ તો વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર, એમનો આ હુકમ, આજ્ઞા આ છે, દિવ્યધ્વનિ એ છે. 'પ્રવચનસાર'! આહા..હા...!

અજ્ઞાની જીવરક્ષા આદિમાં શુભ બંધ નથી માનતો અને અશુભને બંધ માને છે તો એ મિથ્યાદૃષ્ટિ છે. બેય બંધના કારણ છે. મહાવ્રતના પરિણામ એ બંધનું કારણ, અવ્રતના પરિણામ એ બંધનું કારણ. આહાહા..!'**ત્યાં સુધી તેને સ્વપરનું જ્ઞાન થયું નથી એમ જાણવું;...**' શુભથી બંધ નથી માનતો અને અશુભથી જ (બંધ) માને છે તો સ્વપરનું જ્ઞાન તેને છે નહિ. આહાહા..! ઝીણી વાત બહુ.

**'કારણ કે બંધ-મોક્ષ તો પોતાના અશુદ્ધ તથા શુદ્ધ ભાવોથી જ થતા હતા,...'** બંધ પોતાના અશુદ્ધભાવથી (થાય છે). અશુદ્ધ નામ શુભાશુભભાવ. શુભ ને અશુભ બેય અશુદ્ધ છે. મહાવ્રત ને અવ્રતના પરિણામ, બેય અશુદ્ધ છે. આહા..! તો અશુદ્ધ ભાવથી બંધ થાય છે અને શુદ્ધ ભાવથી મુક્તિ થાય છે. એ શુભભાવથી નહિ, શુદ્ધ ભાવથી. આહાહા..!**'અશુદ્ધ અને શુદ્ધ ભાવોથી જ થતા હતા, શુભાશુભભાવો તો બંધનાં જ કારણ હતા...'** ચાહે તો મહાવ્રતના પરિણામ, ભગવાનના વિનયના પરિણામ, ભક્તિના, પૂજાના, દાનના, દયાના, મંદિર બનાવવા ને પૂજા, ભક્તિ કરાવવી એ બધા ભાવ શુભભાવ છે. આવે છે, પણ છે બંધનું કારણ. આહાહા..!આકરું કામ છે. પોતાને માટેની વાત છે આ તો, દુનિયા માને, ન માને અને એને કંઈ સત્‌ને સંખ્યાની જરૂર નથી. ઝાઝા માને તો સત્ કહેવાય અને થોડા માને તો સત્ ન કહેવાય, એવું તો છે નહિ. સત્ તો સત્ જ છે. ભલે એક જ સત્ માને તોપણ સત્ જ છે. આહાહા..!

**'કારણ કે બંધ-મોક્ષ તો પોતાના અશુદ્ધ તથા શુદ્ધ ભાવોથી જ થતા હતા,...'** ઓલામાં તો આવ્યું હતું ને? **'રક્ષા, શરીર સંબંધી જતનાથી પ્રવર્તવું ઇત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના શુભભાવોથી પોતાનો મોક્ષ માને છે...'** એ આવ્યું હતું અંદર. બંધ-મોક્ષ તો પોતાના પરિણામથી થાય છે. **'શુભાશુભભાવો તો બંધના જ કારણ...'** છે. ચાહે તો મહાવ્રત હો અને ચાહે તો સમિતિ, ગુપ્તિ આદિ હો, વ્યવહાર. આહાહા..! શરીરથી જાવજીવ બ્રહ્મચર્ય પાળવું એ પણ શુભભાવ છે, એ શુદ્ધ નથી. બ્રહ્મચર્ય તો બ્રહ્મ નામ આનંદ નામ પ્રભુ આત્મા આનંદસ્વરૂપમાં ચર્ય નામ રમવું. અંતર આનંદમાં રમવું એ બ્રહ્મચર્ય છે. આહાહા..! શુભભાવ પણ અબ્રહ્મ છે, બ્રહ્મચર્ય નહિ. શુભભાવ પણ રાગ છે, અનાચાર છે. આહાહા..! સ્વભાવનો શુદ્ધ ઉપયોગ એ જ આચાર છે. આહા..! 'નિયમસાર'માં કહ્યું છે – આચાર, અનાચાર. આહા..!

**'શુભાશુભભાવો તો બંધના જ કારણ હતા અને પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર જ હતું,...'** પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. તેનાથી કોઈ બંધ, મોક્ષ થાય છે (એમ નથી). પરદ્રવ્યની પર્યાય અને સ્વદ્રવ્યની પર્યાય વચ્ચે તો અત્યંતઅભાવ છે. આહાહા..! આ શરીરની પર્યાય થાય છે અને આત્માની (થાય છે), બે વચ્ચે તો અત્યંતઅભાવ છે. અત્યંતઅભાવમાં એક પર્યાય બીજીને કરે એવું ક્યાંથી આવ્યું? આહાહા..! પ્રત્યેક ક્ષણે પ્રત્યેક દ્રવ્યની પર્યાય અને પરદ્રવ્યની વચ્ચે પ્રતિક્ષણે અત્યંતઅભાવ છે. આહાહા..! તો પ્રતિક્ષણમાં પરદ્રવ્યની પર્યાય પરદ્રવ્યમાં કંઈ કરે, એ ત્રણકાળમાં થતું નથી. આહાહા..! **'શુભાશુભભાવો તો બંધના જ કારણ હતા અને પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર જ હતું, તેમાં તેણે વિપર્યયરૂપ માન્યું.'** પરદ્રવ્યથી શુભભાવ થયો એ મોક્ષનું કારણ છે, અશુભ એ બંધનું કારણ છે એમ માન્યું. આહા..! તો **'તેમાં તેણે વિપર્યયરૂપ માન્યું.'**

**'આ રીતે જ્યાં સુધી જીવ પરદ્રવ્યથી ભલુંબૂરું માની...'** આહાહા..! દેવ, ગુરુ અને શાસ્ત્રથી મારામાં લાભ થશે, એ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જશે તો શુભભાવ જ થશે. 'મોક્ષ પાહુડ'માં તો 'કુંદકુંદાચાર્યે' ત્યાં સુધી કહ્યું છે, 'परदव्वादो दुग्गई' ભગવાન એમ કહે છે કે, મારા ઉપર લક્ષ જશે તો તને દુર્ગતિ થશે. દુર્ગતિનો અર્થ તારી ચૈતન્યની ગતિ નહિ થાય. ચાર ગતિમાંથી ગતિ મળશે, તો ચારે ગતિ તો દુર્ગતિ છે. આહાહા..! 'મોક્ષ પાહુડ'ની સોળમી ગાથા. 'परदव्वादो दुग्गई' તીર્થંકર એમ કહે.. આહાહા..!અમે તારાથી પરદ્રવ્ય છીએ. અમારી ઉપર લક્ષ જશે તો તને રાગ જ થશે, ચૈતન્યની ગતિ નહિ થાય. આહાહા..!એ તો દિગંબર સંતો દુનિયાની પરવા કર્યા વિના કહે. દુનિયા માને, ન માને (સ્વતંત્ર છે). આહાહા..! 'परदव्वादो दुग्गई' 'सदव्वादो सुग्गई' એવો પાઠ છે. 'મોક્ષ પાહુડ' ૧૬મી ગાથા. 'सदव्वा' સ્વદ્રવ્યનો આશ્રય લઈને જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાના આશ્રયે થાય છે તે મોક્ષનું કારણ છે. જેટલું પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે તે બધા શુભ-અશુભભાવ દુર્ગતિ છે. દુર્ગતિ નામ તારી ચૈતન્યની ગતિ નહિ. આહાહા..!આકરું પડે માણસને. 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે, અમને માનવા અને અમારા ઉપર તારું લક્ષ જવું એ તારી દુર્ગતિ, રાગ છે, તારી ચૈતન્યની ગતિ નહિ. આહા..! દિગંબર સંતોને જગતની ક્યાં પડી છે? એ તો સત્યને જાહેર કરવું એવો વિકલ્પ આવ્યો, થઈ ગયું. આહા..! વિકલ્પના પણ કર્તા નથી અને ટીકાના પણ કર્તા નથી. આહાહા..!

**'આ રીતે જ્યાં સુધી જીવ પરદ્રવ્યથી જ ભલુંબૂરું માની રાગદ્વેષ કરે છે ત્યાં સુધી તે સમ્યગ્દષ્ટિ નથી.'** પરદ્રવ્ય ભલુંબૂરું. પરદ્રવ્ય તો જ્ઞેય છે. ચાહે તો તીર્થંકર હો તોપણ આ જ્ઞાયકનું જ્ઞેય છે અને માથાનો વાઢનાર હો તોપણ આ જ્ઞાયકનું એ જ્ઞેય છે. એ દ્વેષી છે, એ શત્રુ છે અને આ મિત્ર છે, એવી કોઈ ચીજ જ્ઞેયમાં છે નહિ. જ્ઞેયમાં તો જ્ઞાન કરવાનો સ્વભાવ, પ્રમેય સ્વભાવ છે. તો જ્ઞાનમાં પ્રમેયનું જ્ઞાન થાય છે. પ્રમેય છે, પણ પ્રમેયમાં બે ભાગ પાડવા કે, આ મને દુઃખદાયક છે, આ મને સુખદાયક છે, એ તો ભ્રમ, મિથ્યાત્વ છે. આહાહા..!સમજાણું કાંઈ? (ભલુંબૂરું) **'માની રાગદ્વેષ કરે છે ત્યાં સુધી તે સમ્યગ્દષ્ટિ નથી.'** વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૭૮ શ્લોક-૧૩૭, ગાથા-૨૦૧, ૨૦૨ ગુરુવાર, અષાઢ વદ ૧૧, તા. ૧૯-૦૭-૧૯૭૯

---

'સમયસાર' ૨૦૦ ગાથાનો છેલ્લો પેરેગ્રાફ છે. ગાથામાં છે શું? કે, ધર્મી જીવ તેને કહીએ કે જે પોતાનો આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે, એવો અનુભવ કરે છે અને

તેને જે રાગાદિ આવે છે તેને પર જાણીને છોડી દ્યે છે. એ ગાથા છે. સમજાણું? ધર્મ એવી ચીજ છે, અપૂર્વ ચીજ છે. સમ્યગ્દષ્ટિ પોતાનું પૂર્ણ આનંદ સ્વરૂપ, શુદ્ધ અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ, તેની સન્મુખ થઈ, સંયોગ, નિમિત્ત, રાગ અને પર્યાયથી વિમુખ થઈ પોતાની દૃષ્ટિ સમ્યગ્દર્શન કરે છે. તેને 'अप्पाणं' આત્માનું જ્ઞાન થયું. હું તો આનંદ છું, હું સુખથી ભરેલો ભંડાર છું. મારામાં જે રાગાદિ દેખાય છે એ પરવસ્તુ છે, વિપાક વિકાર છે, એ દુઃખ છે. એમ પોતાનું સ્વરૂપ જાણીને રાગને છોડી દ્યે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! વાત તો ઘણી આવી ગઈ છે.

હવે અહીંયાં (કહે છે), **'જ્યાં સુધી પોતાને ચારિત્રમોહસંબંધી રાગાદિક રહે છે...'** સમ્યગ્દર્શન થયું. આત્માનો અનુભવ (થયો), શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પવિત્ર ભગવાનઆત્મા, તેનો સમ્યગ્દર્શનમાં અનુભવ થયો પણ અનુભવ થવા છતાં સર્વ રાગથી રહિત નથી થઈ જતો. એ કહે છે. **'જ્યાં સુધી પોતાને ચારિત્રમોહસંબંધી રાગાદિક રહે છે...'** દર્શનમોહ અને અનંતાનુબંધીનો તો નાશ કર્યો છે. પોતાના આનંદ સ્વરૂપના અનુભવમાં દર્શનમોહ અને અનંતાનુબંધીનો તો નાશ થાય છે. બીજો કોઈ તેનો ઉપાય નથી. પોતાનો આત્મા આનંદ, સચ્ચિદાનંદ પ્રભુ, શુદ્ધ આનંદકંદ છે તેને અનુસરીને અનુભવ કરવો એ અનુભવ ધર્મ છે, એ સમ્યગ્દર્શન છે, એ સમ્યગ્જ્ઞાન છે, એ સમ્યગ્ચારિત્રનો અંશ છે. આનંદમાં પૂર્ણ રમણતા ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ રાગ આવે છે. એ રાગ અને દ્વેષાદિ રહે છે. રાગાદિક છે ને? દ્વેષનો અંશ છે, વિષયવાસના છે, રતિ-અરતિ ઉત્પન્ન થાય છે.

**'ત્યાં સુધી...'** સમ્યગ્દષ્ટિ જીવ રાગાદિકમાં. જ્યાં સુધી એ ચારિત્રનો દોષ થાય છે ત્યાં સુધી ધર્મી જીવ એ રાગાદિકમાં **'તથા રાગાદિકની પ્રેરણા...'** નિમિત્તથી કથન છે. રાગ છે તો રાગનું નિમિત્ત છે અને તેનાથી પરદ્રવ્યની ક્રિયા – ઉપાદાનમાં થાય છે એમાં રાગની પ્રેરણા નિમિત્ત કહેવામાં આવી. શરીરની ક્રિયા આદિ થાય છે તે પોતાથી થતી નથી. સમજાણું? શરીરની, વાણીની ક્રિયા થાય છે તે પોતાથી નથી થતી પણ રાગાદિકની પ્રેરણા અથવા નિમિત્ત રાગ પણ છે તો નિમિત્ત છે અને શરીરની ક્રિયા આદિ ઉપાદાન પોતાથી થાય છે.

**'પ્રેરણાથી જે પરદ્રવ્યસંબંધી શુભાશુભ ક્રિયામાં તે પ્રવર્તે છે...'** એમ નિમિત્તથી કથન છે. પરદ્રવ્યની ક્રિયાની પ્રવૃત્તિ આત્મા કરી શકતો નથી પણ અજ્ઞાની લોકો એમ જોવે છે કે, જુઓ! આ જ્ઞાની પણ વેપાર-ધંધો કરે છે, વિષય કરે છે, સ્ત્રી સાથે લગન કરે છે તો કહે છે કે એ પ્રવૃત્તિની પર્યાય તો અજ્ઞાનીનો આત્મા પણ કરી શકતો નથી. પરંતુ અહીંયાં એ પ્રવૃત્તિ જોઈને લોકો એમ કહે કે, જુઓ! પ્રવૃત્તિ તો કરે છે. તો કહે છે કે રાગની પ્રેરણા નિમિત્ત છે અને જડની ક્રિયા સ્વતંત્ર છે તો એમાં પ્રવૃત્તિ કરે છે એમ જોવામાં આવે છે. આહાહા..! 'પ્રેરણા' (શબ્દ) છે ને?

**'શુભાશુભ ક્રિયામાં તે પ્રવર્તે છે...'** આહાહા..! નિશ્ચયથી તો દેહની હલનચલન ક્રિયા થાય છે એ તો અજ્ઞાની પણ કરી શકતો નથી. પરદ્રવ્યની પર્યાય, કેમકે પરદ્રવ્ય પોતાની

પર્યાય વિનાનું રહેતું નથી. પરદ્રવ્ય પોતાની પર્યાયરૂપી કાર્ય વિના દ્રવ્ય હોતું નથી તો પરદ્રવ્યની પર્યાયનું કાર્ય પરદ્રવ્ય કરે છે તો આત્મા તેને કરે એમ ક્યારેય બનતું નથી. આહાહા..! ઝીણું ઘણું, ભાઈ! કર્મની પર્યાય છે તે પણ આત્મા કરતો નથી અને આત્મામાં જે રાગ થાય છે એ કર્મ કરતું નથી. પોતાની નબળાઈથી સમ્યગ્દષ્ટિને રાગદ્વેષાદિ થાય છે પણ એ ટાણે પ્રેરણા નામ નિમિત્તથી બાહ્યની પ્રવૃત્તિ પણ દેખાય છે. ધંધાપાણી.. આહાહા..! એ શુભાશુભ ક્રિયામાં પ્રવૃત્તિ કરતો દેખાય છે, એમ લેવું. કરે છે એ નિમિત્તથી કથન છે, કરી શકતો નથી. પરદ્રવ્યની ક્રિયા કરી શકતો નથી પણ કરે છે એમ લોકોને ભાસે છે એ અપેક્ષાએ કથન છે.

**'તે પ્રવૃત્તિઓ વિષે એમ માને છે કે–આ કર્મનું જોર છે;...'** શું કહે છે? કે, પોતાની પર્યાયમાં વિકારનું બહુ જોર છે તો એ કર્મનું જોર નિમિત્તથી કહેવામાં આવ્યું છે. કર્મ પોતાની પર્યાયને કરે અને કર્મની પર્યાયને આત્મા કરે એમ ક્યારેય બનતું નથી. પરંતુ અહીં કર્મનું જોર નિમિત્તથી કહ્યું છે. ખરેખર તો પોતાની નબળાઈનું જોર છે. સમજાણું કાંઈ? આહાહા..! અનુભવ સમ્યગ્દર્શન થયું, આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, અનંત ગુણગંભીર, પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા, એમ અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન થયું તોપણ તેને ચારિત્રમોહના રાગદ્વેષ તો થાય છે પણ એ રાગદ્વેષ અને (તેની) પ્રેરણાથી બાહ્યની ક્રિયા કરે છે એમ દેખાય છે પણ તેનો તે સ્વામી થતો નથી. આહા..! સમજાય છે?

**'પ્રવૃત્તિઓ વિષે એમ માને છે કે–આ કર્મનું જોર છે;...'** કર્મનું (એ) નિમિત્તથી કથન છે. પોતાની નબળાઈનું જોર છે. સમ્યગ્દષ્ટિને પણ નબળાઈનું (જોર છે). 'શ્રેણિક' રાજા ક્ષાયિક સમકિત અને સમયે સમયે તીર્થંકરગોત્ર બાંધતા હતા. 'શ્રેણિક' રાજા. એના પુત્રએ જેલમાં નાખેલા. પુત્ર એની માતા પાસે ગયો (અને કહ્યું), 'મેં મારા પિતાને જેલમાં નાખ્યા છે અને મારે રાજ કરવું છે.' માતા કહે, 'અરે...! બેટા! તારા જન્મ વખતે મને પહેલા સપનું આવ્યું હતું કે પિતાનું કાળજું ખાવું છે. તારો જન્મ થયો તો મેં તને ઉકરડામાં નાખી દીધો હતો. તારા પિતા મારી પાસે આવ્યા અને પૂછ્યું, શું થયું? બાળક ક્યાં છે? 'મેં તો નાખી દીધું. અરે...! આ શું કર્યું? સપનું એવું આવ્યું હતું કે આ બાળક છે એ તમારું કાળજું ખાશે. એવું સપનું આવ્યું. જ્યાં બાળકને નાખ્યું હતું ત્યાં લઈ ગયા. જ્યાં નાખ્યું હતું ત્યાં રાજા ગયો. ત્યાં કૂકડો હતો એણે ચાંચ મારી હતી. બાળકને પીડા થઈ હતી એટલે રાડ નાખતો હતો. એ વખતે 'શ્રેણિક' રાજાએ ચૂસવા લાગ્યો. 'અરે...! તારા પિતાએ તો આવું કર્યું છે.' અરે...! માતા! મારી ઘણી ભૂલ થઈ.

પછી જેલમાં તોડવા ગયા તો રાજાને એમ લાગ્યું.. હતા ક્ષાયિક સમકિતી અને સમયે સમયે તીર્થંકરગોત્ર બાંધે છે છતાં જ્ઞાનની ભૂલ, પરદ્રવ્યની એવી થઈ ગઈ કે આ મને મારવા આવ્યો છે. છતાં એ જ્ઞાન અજ્ઞાન નથી. સમજાણું કાંઈ? આહાહા..! અરે...! આ મને મારે તો! હીરો ચૂસી લીધો. મરણ પામ્યા. છતાં એ રાગનો દોષ છે, ચારિત્રદોષ છે,

તેના સમકિતમાં દોષ નથી. અને તે સમયે પણ તીર્થંકરગોત્ર બાંધે છે તેમાં ખલેલ નથી. આહાહા..! સમજાણું? હીરો ચૂસ્યો, દેહ છોડી દીધો, આપઘાત કર્યો. તો કહે છે, ના. એણે કર્યું જ નથી. એ તો રાગ-દ્વેષ થયા તેને જાણતા હતા કે, દ્વેષ છે એ મારી ચીજ નહિ. અને દેહની ક્રિયા છૂટવાની હતી તો છૂટી, તેનો છૂટવાનો કાળ હતો. તેનો સ્વામી માનીને મેં શરીરને છોડ્યું એમ ધર્મી માનતો નથી. તો ચારિત્રનો દોષ આવે છે, એમ કહે છે. અને તે કર્મનું જોર માને છે. પોતાની નબળાઈનું જોર છે. એ કર્મનું (કહ્યું) તે નિમિત્તથી કથન છે.

મારી પર્યાયમાં નબળાઈ છે. હું દ્રવ્ય છું એ તો શુદ્ધ ચિદાનંદમૂર્તિ છું. એમાં તો નબળાઈ કે વિરૂદ્ધતા કે વિપરીતતા કે અલ્પતા, પોતાની પૂર્ણ ચીજમાં તો છે જ નહિ. આહાહા..! આવી ચીજની દૃષ્ટિ થવા છતાં, અનુભવ થવા છતાં ચારિત્રદોષનો રાગ આવે છે એ પોતાની નબળાઈથી આવે છે. તેને અહીંયાં કર્મનું જોર કહેવામાં આવ્યું છે. કર્મ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્ય કોઈ પરદ્રવ્યની પર્યાય ત્રણકાળમાં કરી શકતું નથી. હેં? આહાહા..!

કહે છે કે, '**તેનાથી નિવૃત્ત થયે જ મારું ભલું છે.**' સમ્યગ્દૃષ્ટિ તો એમ માને છે કે રાગથી નિવૃત્ત થવામાં જ મારું ભલું છે. રાગમાં પ્રવૃત્ત થવું એમાં મારું ભલું નથી, એ તો દુઃખ છે, ઝેર છે. આહાહા..! ભલે ચોથે ગુણસ્થાને હો, તે સંબંધી આત્મા રાગથી ભિન્ન છે અને પોતાના આનંદ અનંત સ્વરૂપના સ્વભાવથી અભિન્ન છે એવો અનુભવ થયો તો ભલે એ રાજપાટમાં પડ્યો હોય તોપણ ૪૩ પ્રકૃતિનો બંધ તો થતો જ નથી. શું કહ્યું સમજાણું? ૪૩ પ્રકૃતિ છે, સમ્યગ્દૃષ્ટિ થયો, રાજપાટમાં પડ્યો હોય, છન્નુ હજાર સ્ત્રી હોય અને લડાઈમાં પણ કદાચિત્ ચડી ગયો હોય તોપણ આત્માના અનુભવમાં હું આનંદ છું, હું આ નહિ, આ નહિ (એમ અનુભવ વર્તે છે). એ કારણે ૪૩ પ્રકૃતિ, સમકિતી લડાઈમાં ઉભો હોય તોપણ બંધાતી નથી. આહાહા..! અને મિથ્યાદૃષ્ટિ સાધુ થયો હોય, પંચ મહાવ્રત પાળતો હોય તોપણ એ રાગ મારો સ્વભાવ છે, રાગથી મને લાભ થશે એમ માનનારો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! છ ખંડના રાજમાં રહેતો હોય, આત્માનું જ્ઞાન કરી રાગાદિ છોડવાની ભાવનામાં પડ્યો છે તો એ મોક્ષમાર્ગી છે. અને દિગંબર સંત થયો, અઠ્યાવીસ મૂળગુણ પાળે છે, પંચ મહાવ્રત પાળે છે, રાગના કણને પોતાનો માની લાભ માને છે તો એ સંસારમાર્ગ છે. આહાહા..! આવો ફેર છે, પ્રભુ!

અહીંયાં કહે છે, '**તેનાથી નિવૃત્ત થયે જ મારું ભલું છે.**' સમકિતી એમ માને છે. '**તે તેમને રોગવત્ જાણે છે.**' રાગ, વાસના એ તો રોગ આવ્યો. આહાહા..! રોગી જેમ રોગનો ઉપાય કરે છે છતાં રોગના ઉપાય અને રોગને ભલો જાણતો નથી. એમ સમ્યગ્દૃષ્ટિને રાગ આવે છે અને રાગનો ઉપચાર પણ કરે છે, શરીરાદિથી ને વિષયાદિથી, પણ તેને ભલો માનતો નથી, પોતાનું કર્તવ્ય નથી માનતો. હું તો જ્ઞાતા-દૃષ્ટા છું. હું તો મારી ભૂમિકામાં રહેનાર જ્ઞાતા-દૃષ્ટા છું. આહાહા..! સમજાણું? '**તેમને રોગવત્ જાણે છે. પીડા સહી શકાતી**

**નથી...'** આહાહા..! અનુભવી સમ્યગ્દષ્ટિને પણ રાગ ને દ્વેષ આવ્યા તો તેને સહન થતું નથી તો એ ક્રિયા, ચેષ્ટામાં આવી જાય છે. છે?

**'પીડા સહી શકાતી નથી તેથી તેમનો (રોગનો) ઇલાજ કરવારૂપે પ્રવર્તે છે...'** આહાહા..! **'તોપણ તેને તેમના પ્રત્યે રાગ કહી શકાતો નથી;...'** રાગનો પ્રેમ જ નથી, છૂટી ગયો. આખો અમૃતનો પિંડ પ્રભુ, અમૃતના સાગરનો જ્યાં સ્વાદ અંદર સમ્યગ્દર્શનમાં આવ્યો ત્યાં રાગને રોગ સમાન જાણીને તેનો ઉપચાર કરે છે તે પણ રોગનો ઉપચાર છે, મારી ચીજ નહિ. આહાહા..! અહીં તો મૂળ ચીજની વાત છે, ભઈ! અને સમ્યક્ આત્માના દર્શન વિના વ્રત ને તપ ને ભક્તિ, પૂજા લાખ, કરોડ કરે તોપણ એ ધર્મ નથી, સંસાર છે. શુભ ભાવ છે, સંસાર છે. આહાહા..! અને છન્નુ હજાર સ્ત્રી સાથે લગન કરે તોપણ સમકિતી છે તો મોક્ષમાર્ગમાં છે. આહાહા..! એ રાગને રોગ સમાન માને છે, રાગને ઝેર જાણે છે. ઝેરના પ્યાલા છે આ તો. કાળો નાગ જેમ દેખે, કાળો નાગ, એમ ધર્મી રાગને કાળા નાગ સમાન જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે શું કહે છે? **'કારણ કે જેને રોગ માને તેના પ્રત્યે રાગ કેવો? તે તેને મટાડવાનો જ ઉપાય કરે છે...'** રાગને મટાડવાનો જ સમ્યગ્દષ્ટિ ઉપાય કરે છે **'અને તે મટવું પણ પોતાના જ્ઞાનપરિણામરૂપ પરિણમનથી માને છે.'** આહાહા..! એ રાગનો નાશ કરવું પણ કેવી રીતે થાય છે? કોઈ ક્રિયા કરું, દયા, દાન, વ્રતથી રાગ નાશ થાય છે એમ તે માનતો નથી. મારો આનંદસ્વરૂપ પ્રભુ જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક આત્મા, તેના શુદ્ધ પરિણમનથી રાગ મટે છે. સમજાણું? છે? આહાહા..! તેને મટાડવાનો ઉપાય, તેનું મટવું પણ પોતાના જ્ઞાનપરિણામ, જ્ઞાન નામ આત્મા, શુદ્ધ ભગવાનઆત્માનું પરિણમન. આહાહા..! વીતરાગી પરિણમનથી રાગને મટાડવા ચાહે છે. રાગથી રાગને મટાડવો એમ નહિ. રાગને રાગથી મટાડવો એમ નહિ, કે ભઈ! અશુભ રાગ છે તો હું શુભ રાગ દયા, દાન કરું તો રાગ મટે, એમ છે નહિ. આહાહા..! એ અશુભ રાગ અને શુભ રાગ, ધર્મીને પોતાના વીતરાગમૂર્તિ સ્વરૂપનો અનુભવ હોવાથી રાગનું મટાડવું પોતાની શુદ્ધ પરિણતિથી મટાડવા ચાહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ છે. આ તો પંડિતજીએ લખ્યું છે, 'જયચંદજી પંડિતે' ખુલાસો કર્યો છે કે, આ કહે છે કે, જ્ઞાનીને આત્માનું ભાન છે અને રાગને છોડી દ્યે છે, તેનો અર્થ શું છે? ગાથા આવી ને? તેનો આ અર્થ છે. આહાહા..!

પહેલી ચીજ પણ એ સમ્યગ્દર્શન પામવું એ શું ચીજ છે? આહાહા..! એ કોઈ વ્રત ને તપ ને જાત્રા ને દાન ને દયા ને લાખો, કરોડોના મંદિર બનાવવા, તેનાથી સમ્યગ્દર્શન થાય છે, એમ છે નહિ. આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણાનંદથી ભરેલો, અતીન્દ્રિય અનંત, અતીન્દ્રિય અનંત ગુણનો પિંડ ભંડાર છે અને તે પણ પૂર્ણાનંદ પૂર્ણ છે. આહાહા..! એ તરફની દૃષ્ટિ ઝુકવાથી પૂર્ણ આત્માને જ પોતાનો માને છે, એક સમયની પર્યાયને પણ પોતામાં નથી માનતો, એ તો હેય છે. આહાહા..! રાગ તો હેય છે પણ જે પર્યાય દ્રવ્યનો

સ્વીકાર કરે છે તે પર્યાય પણ હેય છે. પર્યાય ઉપર લક્ષ જાય તો હેય છે. એ પર્યાય દ્રવ્યનું લક્ષ કરે છે તો અનુભવ થાય છે તો પર્યાય દ્રવ્યને માને છે. હું તો શુદ્ધ પરિપૂર્ણ આનંદ છું. ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! ધર્મ કોઈ અલૌકિક વીતરાગ (માર્ગ છે).

વીતરાગ પરમાત્મા માને એ બીજે ક્યાંય છે નહિ. વીતરાગ સિવાય કોઈ ઠેકાણે આ ધર્મની ચીજની ગંધ નથી. સમજાણું? આહાહા..! પરંતુ તેના સંપ્રદાયમાં સમજવું કઠણ છે. આહાહા..! અને એ સિવાય જન્મ-મરણના અંત નહિ આવે. ચોરાશીના અવતાર, એક એક યોનીમાં અનંત અવતાર કર્યા. મરણ પણ અકસ્માત્ થઈ જાય છે. આહાહા..! ખ્યાલેય ન હોય કે આ શું થયું? નિરોગ બેઠો હોય ને ફૂ... થઈ જાય, શરીર છૂટી જાય! નિરોગ બેઠો હોય, કંઈ હોય નહિ, રોગેય ન હોય. 'મલકાપુર'વાળા એક ભાઈ કહેતા હતા. શું 'સ્વરૂપચંદ'ને? 'મલકાપુર'નો 'સ્વરૂપચંદ' છે, હોશિયાર છે. નાની ઉમરનો (છે), હમણા તો લગન થયા. કપડાનો મોટો વેપાર કરે છે. દસ દસ હજાર રૂપિયાના કપડા દુકાનમાં રાખે છે. અત્યારેય દુકાન છે. હમણા લગન કર્યા. આખું 'મોક્ષમાર્ગ પ્રકાશક' કંઠસ્થ છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' કંઠસ્થ છે. એ કહેતો હતો, મહારાજ! અમે એકવાર બેઠા હતા, મારો મિત્ર બેઠો હતો. ૨૮ વર્ષની ઉંમરનો હતો. કંઈ નખમાં રોગ નહિ. વાત કરતા હતા. વાત કરતા કરતા ફૂ.. થઈ ગયું, મેં જોયું તો મરી ગયો, દેહ છૂટી ગયો. ફૂ... એટલું થયું, બસ! આહાહા..! લોહી અટકી ગયું. ફૂ.. એટલું થયું. આમ જોયું તો દેહ છૂટી ગયો. અઠ્યાવીસ વર્ષની ઉંમર. 'સ્વરૂપચંદ' છે, 'મલકાપુર'. છોકરો બહુ હોંશિયાર છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'ના ઘણા પ્રશ્નો કરે. વાંચન ઘણું છે, પહેલેથી વાંચન છે, હવે તો લગન થઈ ગયા. એ કહેતો હતો કે, મારો મિત્ર હતો, વાતો કરતા હતા. કોઈ રોગ નહિ. આમ જ્યાં જોયું, ફૂ... થયું. જ્યાં જોયું ત્યાં મરી ગયો. આ દેહની સ્થિતિ! આહાહા..! દેહ ક્યારે, કઈ સ્થિતિએ છૂટશે એના સમાચાર કંઈ પહેલા આવશે? કે, લ્યો, એક કલાક પછી તમારું મૃત્યુ થશે. આહાહા..!

અહીં કહે છે કે, જ્ઞાનીને રાગ આવે છે અને રાગથી દેહની ક્રિયા પણ કોઈ થાય છે. એ રાગથી થતી નથી. અહીં તો રાગની પ્રેરણા, નિમિત્તથી વાત કરી છે. દેહની ક્રિયાનો પણ સ્વામી નહિ અને રાગનો પણ ધણી નથી. એ તો સ્વસ્વરૂપનો સ્વામી છે. આત્મામાં ૪૭ શક્તિ છે. અનંત શક્તિઓ છે, એમાં ૪૭ ના નામ આપ્યા છે, 'સમયસાર'. (એમાં) ૪૭મી શક્તિ એવી લીધી છે, સ્વસ્વામીસંબંધરૂપ શક્તિ. ધર્મી છે તે સ્વસ્વામીસંબંધરૂપ શક્તિનો અર્થ શું? હું તો દ્રવ્ય શુદ્ધ છું, ગુણ શુદ્ધ છું, પર્યાય શુદ્ધ છું. એ મારું સ્વ છે. તેનો હું સ્વામી છું, તેની સાથે મારો સંબંધ છે. રાગનો સ્વામી, રાગની સાથે મારે કોઈ સંબંધ નથી. આહાહા..! ૪૭ શક્તિ છે ને (એમાં) છેલ્લી સ્વસ્વામીસંબંધ શક્તિ. પોતામાં જ સ્વસ્વામી સ્વભાવ પડ્યો છે તો દ્રવ્યની જ્યાં દૃષ્ટિ, અનુભવ થયો તો ધર્મી પોતાના શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ અને શુદ્ધ પર્યાય, જ્ઞાનમાં એટલો જ હું આત્મા છું એમ માને છે. આહાહા..! દૃષ્ટિમાં દ્રવ્ય ત્રિકાળી છે પણ દૃષ્ટિ સાથે જ્યાં જ્ઞાન થયું એ શુદ્ધ દ્રવ્ય, ગુણ

ને પર્યાય એ ત્રણ મારા સ્વ છે અને હું તેનો સ્વામી છું (એમ માને છે). સમજાણું? આહાહા..!

એ કહે છે કે, રાગાદિ આવે છે તો તેનો નાશ કરવાનો ઉપાય શું માને છે? કે, આત્મા શુદ્ધ ચૈતન્ય છે, તેનું પરિણમન, વીતરાગ પરિણમન થાય તેનાથી રાગ મટાડવા ચાહે છે. રાગની ક્રિયા કરતા કરતા રાગ મટશે, એમ માનતો નથી. આહાહા..! મારગ બહુ આકરો. **'આ રીતે સમ્યગ્દૃષ્ટિને રાગ નથી.'** આ કારણે સમ્યગ્દૃષ્ટિને રાગ નથી એમ કહેવામાં આવ્યું છે. **'આ પ્રમાણે પરમાર્થ અધ્યાત્મદૃષ્ટિથી અહીં વ્યાખ્યાન જાણવું.'** છે? અહીંયાં અધ્યાત્મદૃષ્ટિની વ્યાખ્યા છે. આહાહા..! ચરણાનુયોગમાં વ્યવહારના કથન છે એ બધા જાણવા લાયક છે, આ બધા અધ્યાત્મદૃષ્ટિથી વ્યાખ્યાન છે. આહા..!

**'અહીં મિથ્યાત્વ સહિત રાગને જ રાગ કહ્યો છે,...'** રાગ મારી ચીજ છે અને શુભરાગથી મને લાભ થશે, એવા મિથ્યાદૃષ્ટિના રાગને જ રાગ કહેવામાં આવ્યો છે. સમ્યગ્દૃષ્ટિને રાગનો રાગ કહેવામાં આવ્યો નથી. આહાહા..! બહુ ઝીણું. આ તો બાહ્યની પ્રવૃત્તિ કરે, થોડી ક્રિયા (કરે), ભગવાનના દર્શન કરે, વ્રત કરે કે અપવાસ કરે (એટલે જાણે) થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. એનાથી તો અનંતગુણી (ક્રિયાઓ કરી). નવમી ગ્રૈવેયક ગયો ત્યારે તો એટલી ક્રિયા કરી કે એટલી તો અત્યારે છે નહિ. શુક્લલેશ્યા એવી કરી કે નવમી ગ્રૈવેયક ગયો પણ મિથ્યાદૃષ્ટિ રાગથી ધર્મ માનતો હતો અને દેહની ક્રિયા હું કરી શકું છું એમ માનતો હતો. આ તો દેહ જડ માટી છે. તેનું હાલવું, ચાલવું, બોલવું એ ક્રિયા તો જડની જડથી થાય છે. આત્માની પ્રેરણાથી બિલકુલ નહિ. આહાહા..! આ માનવું...

**'અહીં મિથ્યાત્વ સહિત રાગને જ રાગ કહ્યો છે, મિથ્યાત્વ વિના ચારિત્રમોહસંબંધી ઉદયના પરિણામને રાગ કહ્યો નથી;...'** ઠીક! **'માટે સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનવૈરાગ્યશક્તિ અવશ્ય હોય જ છે.'** અવશ્ય હોય જ છે. આહાહા..! ધર્મની પહેલી સીઢી, સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી, સમ્યગ્દર્શન... આહાહા..! તેમાં સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનવૈરાગ્ય શક્તિ અવશ્ય છે. પોતાના સ્વરૂપનું જ્ઞાન અને પુણ્ય-પાપના ભાવથી વૈરાગ્ય, બન્ને જરૂર છે. વૈરાગ્યની વ્યાખ્યા – સ્ત્રી, કુટુંબ છોડી દીધા, ધંધો છોડી દીધો એ વૈરાગ્ય નહિ. વૈરાગ્ય તો તેને કહે છે, પ્રભુ! 'પુણ્ય-પાપ અધિકાર'માં ગાથા આવી છે કે, શુભ-અશુભ ભાવથી વિરક્ત થવું, રક્ત છે તો વિરક્ત થવું અને સ્વરૂપની દૃષ્ટિમાં અસ્તિત્વનું જ્ઞાન થવું એ જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ સમકિતીને હોય છે. આહાહા..! સમજાણું? વૈરાગ્ય એટલે કે આ સ્ત્રી, કુટુંબ છોડી દીધા, શરીરથી જાવજીવ બ્રહ્મચર્ય પાળ્યું તો એ વૈરાગ્ય (છે), એ વૈરાગ્ય નહિ.

વૈરાગ્ય તો પરમાત્મા એને કહે છે, 'પુણ્ય-પાપ અધિકાર'માં આવી ગયું કે, શુભ-અશુભ ભાવથી વિરક્ત. શુભ-અશુભ ભાવથી વિરક્ત અને સ્વભાવમાં રક્ત, તેને વૈરાગ્ય અને તેને જ્ઞાન કહેવામાં આવે છે. પંડિતજી! આહાહા..! આવી વાત છે, પ્રભુ!

મુમુક્ષુ :– પહેલા બહારથી ઉદાસીન થાય પછી અંદરથી ઉદાસીન થાય.

ઉત્તર :– અંદરથી ઉદાસીન છે એ ઉદાસીન છે. આહાહા..! આ માતા ન્હાતી હોય

અને એક ખાટલો આડો રાખ્યો હોય. પહેલા એવું હતું ને? અને માતા વસ્ત્ર વિના ઉભી થઈ ગઈ હોય અને એને દીકરો ઘરમાં આવી ગયો, નજર કરતો હશે? માતા નગ્ન ઉભી થઈ ગઈ અંદર. એને ખબર નહિ કે, બાળક આવશે. ત્યાં નજર કરતો હશે? અરે...! માતા, જનેતા, જેના પેટમાં સવા નવ મહિના (રહ્યો). એ જનેતા ઉપર નજર કેવી? હેં? આહાહા..! એમ પોતાના સ્વભાવની રુચિ અને દૃષ્ટિથી રાગાદિ આવે છે એમાં મારા છે, એવી નજર કેવી? આહાહા..! આવો મારગ છે, ભાઈ! કઠણ લાગે પણ મારગ તો આ છે. આહા..! દુનિયાને સમજાવતા આવડે, ન આવડે એની સાથે કોઈ સંબંધ નથી.

અગિયાર અંગના જ્ઞાન પણ અનંત વાર થયા, કરોડો શ્લોક કંઠસ્થ! કરોડો નહિ અબજો, એનાથી શું? એ જ્ઞાયક સ્વભાવને સ્પર્શ કરીને જ્ઞાન થવું તેનું નામ જ્ઞાન અને તેની પ્રતીતિ (થવી), જ્ઞાનમાં જે પૂર્ણ પ્રભુ ભાસ્યો તેને જ્ઞાનમાં જ્ઞેય બનાવીને પ્રતીતિ થઈ તે સમ્યગ્દર્શન. આહાહા..! અને તે સ્વરૂપમાં રમણતા, એ આનંદમાં રમણતા, રમવું એ ચારિત્ર છે. કોઈ પંચ મહાવ્રતના પરિણામ આદિ ચારિત્ર નથી. આહા..! આવી વાત છે. વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથની આ દિવ્યધ્વનિ છે. આહાહા..! દુનિયાને બેસે, ન બેસે સ્વતંત્ર છે. માર્ગ તો આવો છે. આહાહા..!

કહે છે કે, સમકિતીને મિથ્યાત્વનો રાગ થતો નથી. '**જ્ઞાનવૈરાગ્યશક્તિ અવશ્ય જ હોય છે. મિથ્યાત્વ સહિત રાગ સમ્યગ્દૃષ્ટિને હોતો નથી અને મિથ્યાત્વ સહિત રાગ હોય તે સમ્યગ્દૃષ્ટિ નથી.**' આહા..! આહાહા..! ચાહે તો શુભ રાગ પંચ મહાવ્રતનો હોય પણ જો રાગનો પ્રેમ અને રુચિ હોય તો તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિ દિગંબર જૈન સાધુ થઈને નવમી ગ્રૈવેયક ગયો, પોતાના આત્માના આનંદનો સ્વાદ નહિ લઈને ક્રિયાકાંડમાં મશગુલ (થયો), એટલી શુક્લ લેશ્યા, શરીરના ખંડ ખંડ કરે તોય ક્રોધ ન કરે એટલી મિથ્યાત્વ ભાવમાં ક્ષમા (પાળી) પણ એ કોઈ ધર્મ નથી. આહાહા..! શુક્લ લેશ્યાથી નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો, તેને માટે આહાર, પાણી કંઈ પણ બનાવ્યા હોય, ખ્યાલ આવે તો લ્યે નહિ. તેને માટે ચોકા કર્યા હોય એ તો વાત જ નહિ. સમજાણું? પણ આ તો ચોકા બનાવ્યા હોય, ખ્યાલ આવી ગયો કે આ મારી માટે બનાવ્યું હશે? તો પ્રાણ જાય તોય, એની માટે બનાવ્યું છે એવો ખ્યાલ આવ્યો, શંકા પડે તો લ્યે નહિ. સમજાણું? એમ નવમી ગ્રૈવેયક જ્યારે દિગંબર સાધુ થઈને ગયો પણ આતમજ્ઞાન શું ચીજ છે એ તરફની દૃષ્ટિ નહિ. ક્રિયાકાંડની સાવધાનીમાં ત્યાં જિંદગી કાઢી. આહાહા..!

અરે...! કોઈ છે શરણ? ચોરાશી લાખ અવતાર, રાગ દયા, દાનમાં કોઈ શરણ છે? શરણ તો પ્રભુ અંદર અનંત આનંદ, પૂર્ણાનંદનો નાથ પ્રભુ શરણ છે. તે જ માંગલિક છે, એ જ ઉત્તમ છે અને એ જ શરણ છે. અરિહંતને માંગલિક તો વ્યવહારથી કહેવામાં આવ્યા છે. આહાહા..! અરિહંતા શરણં, માંગલિકમાં આવે છે ને? એ તો વ્યવહાર છે. પોતાનો આત્મા વિકલ્પ નામ રાગથી રહિત નિર્વિકલ્પ પ્રભુઆત્મા એ જ પોતાને શરણ છે. તેનો

આશ્રય કરવો એ જ ધર્મ છે અને તે જ શરણ છે. બાકી ધૂળધાણી. કરોડો રૂપિયા હો, અબજો રૂપિયા હો, માટી-ધૂળ છે. આહા..! એ ધૂળ અજીવને પોતાની માને એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! અજીવને જીવ માને એ તો અજીવ છે. આહાહા..!

અહીં કહે છે, સમ્યગ્દષ્ટિને... આહાહા..! મિથ્યાત્વ સહિત રાગ હોતો નથી **'અને મિથ્યાત્વ સહિત રાગ હોય તે સમ્યગ્દષ્ટિ નથી. આવા (મિથ્યાદષ્ટિના અને સમ્યગ્દષ્ટિના ભાવોના) તફાવતને સમ્યગ્દષ્ટિ જ જાણે છે.'** આહાહા..! અજ્ઞાનીને તો બહારની પ્રવૃત્તિ દેખે, વ્રત ને તપ ને નગ્નપણું. આહાહા..! સમ્યગ્દષ્ટિને ખબર પડે છે, તેને ખબર છે કે આ ક્રિયા, પ્રવૃત્તિ કરે છે પણ અંદર રાગને પોતાનો માને છે, આત્માનું જ્ઞાન નથી. સમજાણું? એ **'તફાવતને સમ્યગ્દષ્ટિ જ જાણે છે.'** છે ને? **'(મિથ્યાદષ્ટિના અને સમ્યગ્દષ્ટિના ભાવોના) તફાવતને...'** તફાવત નામ આંતરો, બે વચ્ચેનો ફેર. શું ફેર છે? મિથ્યાદષ્ટિનો રાગનો પ્રેમ, સમ્યગ્દષ્ટિનો આત્માનો પ્રેમ, તેનો તફાવત સમ્યગ્દષ્ટિ જાણે છે. આહાહા..! આવી વાત છે. સંપ્રદાયને આકરું લાગે. આહાહા..!

**'મિથ્યાદષ્ટિનો અધ્યાત્મશાસ્ત્રમાં પ્રથમ તો પ્રવેશ નથી...'** છે? અધ્યાત્મશાસ્ત્ર, બાપુ! આ તો ત્રણલોકના નાથ તીર્થંકરદેવની દિવ્યધ્વનિ (છે). 'ૐ કાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' 'ૐકાર ધ્વનિ સુણી' મહાવિદેહમાં ભગવાન બિરાજે છે ત્યાં અત્યારે ૐકાર ધ્વનિ નીકળે છે. 'ૐકાર ધ્વનિ સુણી, અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે' આ 'બનારસીદાસ'(નું લખેલું છે). 'બનારસી વિલાસ' છે એમાં આ લખ્યું છે. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' લાયક પ્રાણી છે તે મિથ્યાત્વનો નાશ કરી શકે છે. અજ્ઞાનીએ તો અનંતવાર સાંભળ્યું, મહાવિદેહમાં અનંતવાર જન્મ થયો, સમવસરણમાં અનંતવાર ગયો અને હીરાના થાળ, મણિરત્નના દીવડા અને કલ્પવૃક્ષના ફૂલથી સમવસરણમાં ભગવાનની અનંતવાર આરતી ઉતારી. (એથી) શું થયું? એ તો રાગ છે, એ તો વિકલ્પ છે. આહાહા..! સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિનો અંતર – તફાવત શું છે એ સમ્યગ્દષ્ટિ જાણે છે. આહાહા..! અજ્ઞાનીને તો ખબર નથી કે ધર્મ શું છે, અધર્મ શું છે? ઝીણી વાત છે, ભાઈ!

**'મિથ્યાદષ્ટિનો અધ્યાત્મશાસ્ત્રમાં પ્રથમ તો પ્રવેશ નથી અને જો પ્રવેશ કરે તો વિપરીત સમજે છે–વ્યવહારને સર્વથા છોડી ભ્રષ્ટ થાય છે...'** અધ્યાત્મશાસ્ત્ર વાંચે (એમાં) વ્યવહારને હેય કહ્યો છે. તો પોતાના નિશ્ચયના ભાન વિના વ્યવહારને છોડી અશુભમાં ચાલ્યો જાય છે. સમજાણું? વ્યવહારને છોડીને, સર્વથા છોડીને, હોં! **'ભ્રષ્ટ થાય છે...'** અર્થાત્ અશુભ ભાવોમાં પ્રવર્તે છે. આહાહા..! **'અથવા તો નિશ્ચયને સારી રીતે જાણ્યા વિના...'** અધ્યાત્મમાં પોતાનું સ્વરૂપ શું કહ્યું છે? પોતાનું આનંદ સ્વરૂપ રાગથી ભિન્ન નિર્વિકલ્પ, આહાહા..! એ **'નિશ્ચયને સારી રીતે જાણ્યા વિના...'** સારી રીતે એટલે? જેવું પૂર્ણાનંદ સ્વરૂપ છે એવો અનુભવ થયા વિના, અનુભવ કરીને જાણ્યા વિના. આહાહા..! **'વ્યવહારથી જ મોક્ષ માને છે,...'**

એ તો વ્યવહારથી મોક્ષ માને છે. છે ને? અંતર દૃષ્ટિ શું છે વસ્તુ એ તો જાણતા નથી અને આપણે તો વ્રત કરવા, તપ કરવા, અપવાસ કરવા, ભગવાનની ભક્તિ કરવી, હંમેશાં દર્શન (કરવા), દેવ-ગુરુ-શાસ્ત્રના દર્શન અને દાન આદિ આવે છે ને? સંયમ, છ આવશ્યક આવે છે ને? એ છ આવશ્યક તો શુભ ભાવ છે. એ તો સમ્યગ્દૃષ્ટિને હોય છે પણ જાણે છે કે આ તો દુઃખરૂપ છે. આહાહા..! મારી ચીજને લાભદાયક નથી. અશુભથી બચવા આવે છે. સમજાણું? આહાહા..!

**'વ્યવહારથી જ મોક્ષ માને છે,...'** જુઓ! દયા પાળવી, વ્રત કરવા, ભક્તિ કરવી, પૂજા કરવી, રથયાત્રા કાઢવી, ગજરથ કાઢવા, એમાં પાંચ-દસ લાખ રૂપિયા ખર્ચવા, એમાં શું છે? એ રાગની મંદતા હોય તો પુણ્ય છે. પુણ્યને પોતાનું માને છે તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવો આકરો માર્ગ છે. **'પરમાર્થ તત્ત્વમાં મૂઢ રહે છે.'** પરમાર્થ તત્ત્વ ભગવાન જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ પ્રભુ, એ પરમાર્થ તત્ત્વથી તો અજ્ઞાની મૂઢ રહે છે. અધ્યાત્મ શાસ્ત્ર વાંચીને પણ. આહાહા..!

**'જો કોઈ વિરલ જીવ...'** વિરલ જીવ **'યથાર્થ સ્યાદ્વાદન્યાયથી સત્યાર્થ સમજી જાય...'** વિરલ જીવ સ્વરૂપની દૃષ્ટિ કરી, રાગ આવે છે તે વ્યવહાર છે, દુઃખરૂપ છે, નિશ્ચય તો મારી આનંદની અનુભવદશા એ નિશ્ચય છે. એમ કોઈ વિરલ જીવ... આહાહા..! **'સ્યાદ્વાદન્યાયથી સત્યાર્થ સમજી જાય...'** કે નિશ્ચય છે, જ્યાં સુધી પૂર્ણતા નથી ત્યાં સુધી વ્યવહાર પણ આવે છે, એ સ્યાદ્વાદ છે. આવે છે છતાં તે ધર્મ નથી. સમજાણું? નિશ્ચય સ્વરૂપ રાગથી, વિકલ્પની ક્રિયાથી તદ્દન ભિન્ન (છે) એવું ભાન થઈને રાગ આવે છે પણ એ રાગ પોતાનું સ્વરૂપ નથી, મને લાભદાયક નથી. એમ જ્ઞાની માને છે. આહાહા..! છે? **'સ્યાદ્વાદન્યાયથી...'** એમ. નિશ્ચયપૂર્વક વ્યવહાર થાય છે પણ એ વ્યવહાર બંધનું કારણ છે એમ ન્યાય જાણીને તેને થાય છે. આહાહા..! વ્યવહાર આવે છે તો તેનાથી ધર્મનો લાભ થશે એમ માનતો નથી.

**'તેને અવશ્ય સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.'** કોઈ વિરલ જીવ યથાર્થ સ્વરૂપની દૃષ્ટિ કરી, રાગને વ્યવહાર માનીને હેય માને છે અને સ્વરૂપની દૃષ્ટિ વિના વ્યવહારને છોડી અશુભમાં ચાલ્યો જાય તે પણ અજ્ઞાની છે અને વ્યવહારથી મને ધર્મ થશે, નિશ્ચયની દૃષ્ટિ વિના, તે પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું? **'તે અવશ્ય સમ્યગ્દૃષ્ટિ બની જાય છે.'** એ ૨૦૦ ગાથાનો ભાવાર્થ (થયો). ૨૦૦ ગાથાનો સાર આ છે.

**સ્વર્ગમાં જવાને યોગ્ય પરિણામના પણ હજુ જેને ઠેકાણાં નથી, મનુષ્યમાં જવાને યોગ્ય પરિણામના પણ જેને ઠેકાણા નથી અને ધર્મ પામવાને યોગ્ય પરિણામના તેને ઠેકાણાં હોય તેમ બને નહિ.**

આત્મધર્મ અંક-૫, જાન્યુઆરી-૨૦૦૮

## ગાથા-૨૦૧-૨૦૨

कथं रागी न भवति सम्यग्दृष्टिरिति चेत् -

परमाणुमित्तयं पि हु रागादीणं तु विज्जदे जस्स।
ण वि सो जाणदि अप्पाणयं तु सव्वागमधरो वि।।२०१।।
अप्पाणमयाणंतो अणप्पयं चावि सो अयाणंतो।
कह होदि सम्मदिट्ठी जीवाजीवे अयाणंतो।।२०२।।

परमाणुमात्रमपि खलु रागादीनां तु विद्यते यस्य।
नापि स जानात्यात्मानं तु सर्वागमधरोऽपि।।२०१।।
आत्मानमजानन् अनात्मानं चापि सोऽजानन्।
कथं भवति सम्यग्दृष्टिर्जीवाजीवावजानन्।।२०२।।

यस्य रागादीनामज्ञानमयानां भावानां लेशस्यापि सद्भावोऽस्ति स श्रुतकेवलिकल्पोऽपिज्ञानमयस्य भावस्याभावादात्मानं न जानाति। यस्त्वात्मानं न जानाति सोऽनात्मानमपि न जानाति, स्वरूपपररूपसत्तासत्ताभ्यामेकस्य वस्तुनो निश्चीयमानत्वात्। ततो य आत्मानात्मानौ न जानाति स जीवाजीवौ न जानाति। यस्तु जीवाजीवौ न जानाति स सम्यग्दृष्टिरेव न भवति। ततो रागी ज्ञानाभावान्न भवति सम्यग्दृष्टिः।

---

હવે પૂછે છે કે રાગી (જીવ) કેમ સમ્યગ્દૃષ્ટિ ન હોય ? તેનો ઉત્તર કહે છે :-

અણુમાત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,
તે સર્વઆગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ૨૦૧.
નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,
તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો ? ૨૦૨.

ગાથાર્થ :- [ खलु ] ખરેખર [ यस्य ] જે જીવને [ रागादीनां तु परमाणुमात्रम् अपि ] પરમાણુમાત્ર-લેશમાત્ર-પણ રાગાદિક [ विद्यते ] વર્તે છે [ सः ] તે જીવ [ सर्वागमधरः अपि ] ભલે સર્વ આગમ ભણેલો હોય તોપણ [ आत्मानं तु ] આત્માને [ न अपि जानाति ] નથી જાણતો; [ च ] અને [ आत्मानम् ] આત્માને [ अजानन् ] નહિ જાણતો થકો [ सः ] તે [ अनात्मानं अपि ] અનાત્માને (પરને) પણ [ अजानन् ] નથી જાણતો;

[ जीवाजीवौ ] એ રીતે જે જીવ અને અજીવને [ अजानन् ] નથી જાણતો તે [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દષ્ટિ [ कथं भवति ] કેમ હોઈ શકે ?

ટીકા :- જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્‌ભાવ છે તે ભલે શ્રુતકેવળી જેવો હો તોપણ જ્ઞાનમય ભાવના અભાવને લીધે આત્માને નથી જાણતો; અને જે આત્માને નથી જાણતો તે અનાત્માને પણ નથી જાણતો કારણ કે સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા-એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે; (જેને અનાત્માનો-રાગનો-નિશ્ચય થયો હોય તેને અનાત્મા અને આત્મા-બન્નેનો નિશ્ચય હોવો જોઈએ.) એ રીતે જે આત્મા અને અનાત્માને નથી જાણતો તે જીવ અને અજીવને નથી જાણતો; અને જે જીવ-અજીવને નથી જાણતો તે સમ્યગ્દષ્ટિ જ નથી. માટે રાગી (જીવ) જ્ઞાનના અભાવને લીધે સમ્યગ્દષ્ટિ હોતો નથી.

ભાવાર્થ :- અહીં 'રાગ' શબ્દથી અજ્ઞાનમય રાગદ્વેષમોહ કહેવામાં આવ્યા છે. ત્યાં 'અજ્ઞાનમય' કહેવાથી મિથ્યાત્વ-અનંતાનુબંધીથી થયેલા રાગાદિક સમજવા, મિથ્યાત્વ વિના ચારિત્રમોહના ઉદયનો રાગ ન લેવો; કારણ કે અવિરતસમ્યગ્દષ્ટિ વગેરેને ચારિત્રમોહના ઉદય સંબંધી રાગ છે તે જ્ઞાનસહિત છે; તે રાગને સમ્યગ્દષ્ટિ કર્મોદયથી થયેલો રોગ જાણે છે અને તેને મટાડવા જ ઈચ્છે છે; તે રાગ પ્રત્યે તેને રાગ નથી. વળી સમ્યગ્દષ્ટિને રાગનો લેશમાત્ર સદ્‌ભાવ નથી એમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે :- સમ્યગ્દષ્ટિને અશુભ રાગ તો અત્યંત ગૌણ છે અને જે શુભ રાગ થાય છે તેને તે જરાય ભલો (સારો) સમજતો નથી-તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરતો નથી. વળી નિશ્ચયથી તો તેને રાગનું સ્વામિત્વ જ નથી. માટે તેને લેશમાત્ર રાગ નથી.

જો કોઈ જીવ રાગને ભલો જાણી તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરે તો-ભલે તે સર્વ શાસ્ત્રો ભણી ચૂક્યો હોય, મુનિ હોય, વ્યવહારચારિત્ર પણ પાળતો હોય તોપણ-એમ સમજવું કે તેણે પોતાના આત્માનું પરમાર્થસ્વરૂપ નથી જાણ્યું, કર્મોદયજનિત રાગને જ સારો માન્યો છે અને તેનાથી જ પોતાનો મોક્ષ માન્યો છે. આ રીતે પોતાના અને પરના પરમાર્થ સ્વરૂપને નહિ જાણતો હોવાથી જીવ-અજીવના પરમાર્થ સ્વરૂપને જાણતો નથી. અને જ્યાં જીવ અને અજીવ-બે પદાર્થોને જ જાણતો નથી ત્યાં સમ્યગ્દષ્ટિ કેવો ? માટે રાગી જીવ સમ્યગ્દષ્ટિ હોઈ શકે નહિ.

## ગાથા–૨૦૧--૨૦૨ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે રાગી (જીવ) કેમ સમ્યગ્દષ્ટિ ન હોય?' અંદર 'અમૃતચંદ્રાચાર્ય'નો પ્રશ્ન છે. '**कथं रागी न भवति सम्यग्दृष्टिरिति**' માથે સંસ્કૃત છે. મહારાજ! સમ્યગ્દષ્ટિ રાગી નહિ? એ કેમ છે? આહા..!

**प्परमाणुमित्तयं पि हु रागादीणं तु विज्जदे जस्स।**
**ण वि सो जाणदि अप्पाणयं तु सव्वागमधरो वि।।२०१।।**
**अप्पाणमयाणंतो अणप्पयं चावि सो अयाणंतो।**
**कह होदि सम्मदिट्ठी जीवाजीवे अयाणंतो।।२०२।।**

**અણુમાત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,**
**તે સર્વઆગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ૨૦૧.**
**નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,**
**તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો ? ૨૦૨.**

બે ગાથા છે. **ટીકા :– 'જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્‌ભાવ છે...'** આહાહા..! સદ્‌ભાવનો અર્થ રાગનો અંશ છે તેનાથી લાભ થશે એમ. **'અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો...'** કહ્યું ને? આમ તો જ્ઞાનીને તો રાગ થાય છે, દસમા ગુણસ્થાન સુધી તેને રાગ થાય છે. લોભનો રાગ દસમે (છે), છ કર્મ પણ બંધાય છે. દસમે ગુણસ્થાને છ કર્મ બંધાય છે. સમ્યગ્દૃષ્ટિને પણ સાત, આઠ કર્મ બંધાય છે. રાગ છે પણ અજ્ઞાનમય રાગ નથી. આહાહા..! ગુણ-ગુણીના ભેદરૂપ જે વિકલ્પ, રાગ થાય છે એ રાગનો પણ જેને પ્રેમ છે અને એ રાગની પણ જેને રુચિ છે અને રાગમાં જેને રસ છે.. આહાહા..! **'તે ભલે શ્રુતકેવળી જેવો હો...'** આહાહા..! 'સર્વ આગમધર' એમ શબ્દ લીધો છે ને? સર્વ આગમ કંઠસ્થ કર્યાં હોય, અબજો શ્લોકોનું જ્ઞાન થયું હોય, તેથી શું?

**'જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્‌ભાવ છે...'** અર્થાત્ રાગના અંશને પોતાનો માનતો હોય, એ ભલે બધા આગમ ભણ્યો હોય, આહાહા..! **'શ્રુતકેવળી જેવો હો...'** શ્રુતકેવળી તો નહિ પણ શ્રુતકેવળી જેવો. સાચા શ્રુતકેવળી તો સમ્યગ્દૃષ્ટિ હોય છે તે હોય છે. આહાહા..! અબજો શ્લોકો કંઠસ્થ! આહાહા..! પણ રાગના કણને પોતાનો માની રાગથી ભિન્ન સ્વરૂપનો અનાદર કરી, મિથ્યાદૃષ્ટિ રહે છે. રાગના કણનો જેને આદર છે તેને પૂર્ણાનંદના નાથનો અનાદર છે. આહાહા..! રાગ આવે છે, રાગ હોય છે પણ રાગનો આદર ભાવ જેને છે તેને આત્મા હેય છે. 'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે કે, જેને રાગના અંશનો પણ આદર છે તેને ભગવાનઆત્મા હેય છે. 'પરમાત્મપ્રકાશ'માં લખ્યું છે. આહાહા..! અને જેને ભગવાનઆત્મા ઉપાદેય છે તેને રાગમાત્ર, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ પણ અપરાધ છે, અપરાધ છે. આહાહા..! 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં આવ્યું છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ અપરાધ છે, એમ આવ્યું છે. અને પરની દયા પાળવાનો ભાવ, રાગ આવ્યો એ પણ અપરાધ છે. આહાહા..! આવું આકરું કામ બહુ. આ તો ભગવાનનો વીતરાગનો માર્ગ છે. આહાહા..!

કહે છે, **'ભલે શ્રુતકેવળી જેવો હો...'** શ્રુતકેવળી જેવો. શ્રુતકેવળી તો સમ્યગ્દૃષ્ટિ હોય છે એ ભાવશ્રુતકેવળી અને તેનું શાસ્ત્રનું બાર અંગનું વિશેષ જ્ઞાન હોય તો શ્રુતકેવળી છે. અહીં તો શ્રુતકેવળી જેવો. સર્વ આગમધર, પાઠ છે ને? સર્વ આગમ જાણે છે. આહાહા..! **'રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્ભાવ...'** આ રાગ લાભદાયક છે, એમ. લેશમાત્ર રાગ કહ્યું છે તો રાગ તો સમકિતીને ત્રણ કષાયનો રાગ છે. પણ રાગને પોતાનો માને છે એવો લેશમાત્ર પણ ભાવ હો. અજ્ઞાનમય કહ્યું ને? આહાહા..! **'અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્ભાવ છે...' 'રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્ભાવ...'** આહા..! **'તે ભલે શ્રુતકેવળી જેવો હો તોપણ જ્ઞાનમય ભાવના અભાવને લીધે...'** આહાહા..! શુભ રાગના અંશમાત્રને આદરણીય માને છે અજ્ઞાનમય રાગ ભાવ છે. એ શ્રુતકેવળી જેવો હો તોપણ તે **'જ્ઞાનમય ભાવના અભાવને લીધે...'** તેને રાગથી ભિન્ન ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ, તેના જ્ઞાનનો અભાવ છે. જ્ઞાનીના જ્ઞાનનો અભાવ છે. 'જ્ઞાની' શબ્દે આત્મા. આહાહા..!

ચિદાનંદ પ્રભુ ત્રિકાળ શાશ્વત ટંકોત્કીર્ણ જ્ઞાનપિંડ પ્રભુ. આત્મા તો શાશ્વત જ્ઞાનપિંડ છે. આહાહા..! ટંકોત્કીર્ણ કહ્યું ને? ટંકોત્કીર્ણ કહો કે શાશ્વત કહો. આહાહા..! શાશ્વત વસ્તુ અંદર પૂર્ણાનંદ પ્રભુ પડી છે. તેનો જેને અનાદર છે અને લેશમાત્ર રાગ છે તેનો આદર છે તે **'જ્ઞાનમય ભાવના અભાવે લીધે આત્માને નથી જાણતો;...'** રાગનો એક અંશ પણ છે તેની જેને રુચિ છે, આદર છે તો ભલે તેનું શ્રુતકેવળી જેવું જાણપણું હોય છતાં તે અજ્ઞાની છે, આત્માને નથી જાણતો. કેમકે આત્મા રાગરહિત છે તેનું જ્ઞાન નથી. આહાહા..! આકરું કામ બહુ. અત્યારે તો ધમાલ.. ધમાલ.. આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો...

'સોગાની' તો કહે છે કે, જ્યાં કરવું છે ત્યાં મરવું છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' મળ્યું છે? 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' 'સોગાની'નું? મળ્યું છે? નથી મળ્યું. આ 'બેનના વચનામૃત' મળ્યા? 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' નથી મળ્યું. 'સોગાની'નું બનાવ્યું છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે, બપોરે આવીને લઈ જજો. એમાં 'સોગાની'એ લખ્યું છે કે, હું કંઈક કરું એવો કરવાનો ભાવ એ સ્વરૂપનું મરવું છે. સમજાણું? 'કરે કર્મ સો હી કરતારા, જો જાને સો જાનનહારા, જાણે સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાને નહીં કોઈ' 'બનારસીદાસ'! છે તો 'અમૃતચંદ્રાચાર્ય'નું, 'અમૃતચંદ્રાચાર્ય'ના કળશ છે તેનું તેમણે 'સમયસાર નાટક'માં હિન્દી બનાવ્યું છે. 'કરે કર્મ સો હી કરતારા' રાગનો વિકલ્પ છે તેને કરે તે કર્તા છે, અજ્ઞાની છે. 'જો જાને સો જાનનહારા' જ્ઞાની તો જાણે છે કે, રાગ છે. પણ જાણે છે. મારો નથી. મને લાભ નથી, મારામાં નથી, તેમાં હું નથી. આહાહા..! 'કરે કર્મ સો હી કરતારા, જો જાને સો જાનનહારા, કર્તા સો જાને નહીં કોઈ' હું રાગનો કર્તા, રચનાર છું એમ માને તે આત્માને જાણતો નથી. 'જાને સો કર્તા નહીં હોઈ' આહાહા..! આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યમૂર્તિ, તેનું જેને જ્ઞાન થયું

તે રાગનો કર્તા થતો નથી. આહાહા..!

એ અહીંયાં કહે છે, **'જ્ઞાનમય ભાવના અભાવને લીધે આત્માને નથી જાણતો; અને જે આત્માને નથી જાણતો તે અનાત્માને પણ નથી જાણતો...'** રાગ અનાત્મા છે. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ એ અનાત્મા છે. જેને આત્માનું જ્ઞાન નથી તેને અનાત્માનું જ્ઞાન નથી. બેયનું જ્ઞાન નથી. આહાહા..! છે? **'કારણ કે સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા...'** આહાહા..! જુઓ! હવે જરી ઝીણી વાત છે. વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)!

## પ્રવચન નં. ૨૭૯ ગાથા–૨૦૧, ૨૦૨ શુક્રવાર, અષાઢ વદ ૧૨, તા. ૨૦-૦૭-૧૯૭૯

'સમયસાર' 'નિર્જરા અધિકાર', ૨૦૧ ને ૨૦૨ (ગાથાની) ટીકા. **'જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્ભાવ છે...'** શું કહે છે? જે પ્રાણીને રાગનો અંશ છે એ અજ્ઞાન છે કેમકે તેમાં જ્ઞાન નથી. ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા જ્ઞાનમય સ્વભાવ છે તેનાથી રાગ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો હો પણ એ અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ : મિથ્યાત્વ સહિત, તેમાં જ્ઞાનનો ભાવ નથી. જ્ઞાનસ્વભાવી ભગવાનઆત્મા એ જ્ઞાનમય ભાવ હોવો જોઈએ, તેનાથી વિરૂદ્ધ (ભાવ). ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ રાગ હો પણ એ અજ્ઞાન (છે). અજ્ઞાનનો અર્થ : મિથ્યાત્વ સહિત, પોતાનું સ્વરૂપ જે જ્ઞાન છે તે જ્ઞાનનો રાગમાં અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જેને...'** રાગ-દ્વેષ, વાસના વગેરે **'અજ્ઞાનમય ભાવોના...'** મિથ્યાત્વ સહિત. મિથ્યા એટલે સ્વરૂપના જ્ઞાનનું ભાન નથી અને રાગ છે તે ભલો છે, એ રાગ દયા, દાન, વ્રતનો વિકલ્પ આવ્યો એ ભલો છે, એમ માનવું એ મિથ્યાત્વ સહિત અજ્ઞાનમય ભાવ છે. ઝીણી વાત છે, ભાઈ! આહા..! છે? રાગાદિ (એટલે) રતિ, અરતિ, શોક વગેરેના જે શુભ-અશુભ વિકલ્પ છે તે અજ્ઞાનમય છે. અજ્ઞાનવાળો છે એમ નહિ, અજ્ઞાનમય છે. તેમાં આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ જ્ઞાનમયનો તેમાં અભાવ હોવાથી મિથ્યાત્વ સહિત અજ્ઞાન એટલે તેમાં જ્ઞાન નથી, એમ અજ્ઞાનમય કહેવામાં આવ્યું છે. આહાહા..! આવી વાત છે.

**'અજ્ઞાનમય ભાવોના લેશમાત્ર પણ...'** એક અંશ પણ રાગ હો પણ એને પોતાનો માનવો અને રાગને પોતાનો માનવાથી મિથ્યાત્વ થાય છે અને મિથ્યાત્વને કારણે એ રાગમાં જ્ઞાનસ્વભાવનો અભાવ છે. આહાહા..! એ **'લેશમાત્ર પણ...'** રાગ અજ્ઞાન છે, મિથ્યાત્વ સહિત રાગ છે એ રાગને ભલો માન્યો તો એણે આત્માનો અનાદર કર્યો. રાગનો અંશ સારો છે, શુભરાગને પણ સારો માને છે તે ભગવાન જ્ઞાનમય ચીજ છે તેનો તે અનાદર કરે છે. રાગનો અંશ જે અજ્ઞાન અથવા જ્ઞાનનો અભાવ છે તેનો આદર કરનાર જ્ઞાનમય

આત્માનો અનાદર નામ હેય કરે છે. જે હેય છે તેને ઉપાદેય કરે છે તો જે ઉપાદેય છે તેને હેય કરે છે. આહાહા..! આવી સૂક્ષ્મ વાત છે, ભાઈ!

**'ભલે શ્રુતકેવળી જેવો હો...'** ભલે અગિયાર અંગ ભણ્યો હોય, અબજો શ્લોક કંઠસ્થ કર્યા હોય, અબજો શું એક આચારંગમાં અઢાર હજાર પદ છે, એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક છે, એમ ડબલ. 'સૂયગડાંગ'થી ડબલ 'ઠાણાંગ'. અગિયારનું બધું જ્ઞાન હોય પણ એ કંઈ જ્ઞાન નથી. કેમકે એ પરલક્ષીજ્ઞાનમાં રાગ ઉત્પન્ન થાય છે. આહાહા..! અને એ રાગ છે તે જ્ઞાનમય પ્રભુ, ચૈતન્ય જ્ઞાનમય જે આત્મા છે, એ જ્ઞાનમયનો રાગના અંશમાં અભાવ છે. એ કારણે મિથ્યાત્વ સહિતનો અજ્ઞાનમય રાગ અહીંયાં ગણવામાં આવ્યો છે. આહાહા..!

ચાહે તો નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' 'છ ઢાળા'માં આવે છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' તેનો શું અર્થ થયો? પંચ મહાવ્રતાદિ, પાંચ સમિતિ, ગુપ્તિનો વ્યવહારભાવ એ દુઃખરૂપ છે, આસ્રવ છે. આહાહા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' રાગથી ભિન્ન મારી ચીજ છે, એ રાગ તો નુકસાનકારક બંધનું કારણ, ઝેર છે, મારી ચીજ અમૃતથી ભરેલી છે. આહા..! હું ચિદાનંદ, અમૃતનું પૂર મારી ચીજ છે. આહાહા..! આવી દૃષ્ટિ થયા વિના રાગના કણને પણ પોતાનો માને છે, ભલે એ શ્રુતકેવળી હો. શ્રુતકેવળી હોય એમ નથી કહ્યું. **'શ્રુતકેવળી જેવો હો...'** (એમ કહ્યું છે). શ્રુતકેવળી તો સમ્યગ્દૃષ્ટિ હોય છે. અહીંયાં તો એમ કહ્યું છે કે, **'શ્રુતકેવળી જેવો હો...'** છે ને? **'ભલે શ્રુતકેવળી જેવો હો...'** ઘણા શાસ્ત્ર ભણ્યો હોય. લોકોને સમજાવે, લાખો માણસ ભેગા થાય, તેમાં શું થયું? આહાહા..!

અંદરમાં રાગના વિકલ્પનો નાનામાં નાનો કણ (હોય) મિથ્યાશ્રદ્ધા સહિતનો રાગ, તેને અહીંયાં અજ્ઞાનમય કહેવામાં આવ્યો છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને રાગ થાય છે પણ એ રાગને પોતાના જ્ઞાનમય (સ્વરૂપ સાથે) એકત્વપણે માનતો નથી. એ રાગને હેય જાણીને, પરજ્ઞેય તરીકે તેને જાણે છે. પોતાનું જે જ્ઞેય છે એ તો ચૈતન્ય જ્ઞાનાનંદમય સ્વજ્ઞેય છે. તેનાથી રાગ છે તે પરજ્ઞેય, પરજ્ઞેય પરદ્રવ્ય છે. આહાહા..! તેનાથી લાભ (માને), વ્યવહાર રત્નત્રયથી પોતામાં લાભ માને એ તો નહિ, પણ એ રાગ છે તે અજ્ઞાનમય ભાવ મારી ચીજ નથી. મારી ચીજમાં એ ચીજ નથી અને એ ચીજમાં હું નથી. આહાહા..! એવી સૂક્ષ્મ વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે જે જોયું અને જેવું છે તેવું કહ્યું. તેમનો કોઈ પક્ષ, પંથ નથી. વીતરાગ સર્વજ્ઞદેવનો કોઈ પક્ષ, પંથ નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુનું સ્વરૂપ જ આ છે. આહાહા..!

એ અહીંયાં કહે છે, **'શ્રુતકેવળી જેવો હો તોપણ...'** શબ્દ શું પડ્યો છે? જુઓ! પહેલા

અજ્ઞાનમય ભાવ કહ્યું છે અને આમાં જ્ઞાનમય ભાવ સામસામે લીધું છે. રાગ વિકલ્પ જે શુભ રાગાદિ છે, એ અજ્ઞાન, મિથ્યાત્વ સહિત, રાગ મારી ચીજ છે અને રાગથી મને લાભ થશે તો એ રાગ મિથ્યાત્વ સહિત રાગ અજ્ઞાનમય ગણવામાં આવ્યો છે. આહા..! આવી વાત છે, પ્રભુ! સૂક્ષ્મ વાત છે, ભાઈ! આહાહા..! ભગવાન અંદર **'જ્ઞાનમય ભાવ...'** તેની સામે લીધું. પેલો અજ્ઞાનમય ભાવ છે, તો પ્રભુ **'જ્ઞાનમય ભાવના અભાવને લીધે...'** જ્ઞાનમય જે પ્રભુ ચૈતન્ય સ્વરૂપ છે તેના જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનીનું જ્ઞાન. જ્ઞાની શબ્દે આત્મા. પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એ આત્મા ધર્મી, તેનો પર્યાયમાં જે ધર્મ – સમ્યગ્દર્શન, એ સમ્યગ્દષ્ટિને રાગ થાય છે તે રાગને પોતાનો જાણતો નથી. પર જાણીને તેને દૃષ્ટિમાંથી છોડી દ્યે છે. આહાહા..!

**'જ્ઞાનમય ભાવ...'** એમાં એ રાગાદિ શબ્દ લીધો, એટલું. પણ એ અજ્ઞાનમય ભાવ મિથ્યાત્વ સહિત હતો અને આ જ્ઞાનમય ભાવ. એકલો ચૈતન્ય સ્વરૂપ ભગવાન, એ જ્ઞાનમય ભાવ, જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનીનું જ્ઞાન, વસ્તુનું જ્ઞાન એ **'જ્ઞાનમય ભાવના અભાવને લીધે...'** એ આત્માના સ્વભાવના જ્ઞાનના અભાવને કારણે **'આત્માને નથી જાણતો;...'** આહાહા..! ભગવાનઆત્મા અંદર રાગના વિકલ્પથી નિર્વિકલ્પ અખંડાનંદ પ્રભુ, સુખના સાગરના જળથી ભર્યો પડ્યો છે. ભગવાનઆત્મા સુખસાગરના જળથી ભર્યો પડ્યો છે. આહાહા..! તેનો અનાદર કરી રાગના કણને, અજ્ઞાનમયને પોતાનો માને છે એ શ્રુતકેવળી જેવો હો તોપણ (જ્ઞાનમય ભાવના) **'અભાવને લીધે આત્માને નથી જાણતો;...'** **'જ્ઞાનમય ભાવના અભાવને લીધે આત્માને નથી જાણતો;...'** તેનો અર્થ શું થયો? કે, આત્મા તો જ્ઞાનમય ભાવ છે. આહાહા..!

જાનન.. જાનન.. જાનન સ્વભાવ. ભગવાનઆત્મા જાનન સ્વભાવ, જ્ઞાન – અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ છે. આહાહા..! અને એવા અનંત અનંત ગુણ, બધા અતીન્દ્રિય અનંત અનંત ગુણ. આકાશના પ્રદેશ અમાપ, માપ નહિ. આકાશનો અંત આવ્યો (એમ છે નહિ). આકાશનો ક્યાં અંત આવ્યો? એનો અંત નહિ તેના પણ પ્રદેશ છે, અનંત – અંત નહિ, તેના જે અનંત પ્રદેશ છે તેનાથી અનંતગુણા આત્મામાં ગુણ છે. આહાહા..! એ બધા જ્ઞાનમય, આનંદમય છે, એમાં કોઈ રાગમય ગુણ નથી. અનંતા અનંતા અનંતા અનંતા અનંતા અનંતા અનંતને અનંતવાર ગુણી નાખો તો પણ છેલ્લો અનંત આવતો નથી. આહાહા..! છેલ્લો અનંત આવતો નથી તો અનંતનો છેલ્લો એક એ તો આવતો જ નથી. આહાહા..! એવો ભગવાન જ્ઞાનમય પ્રભુ, લેશમાત્ર રાગને પોતાનો માની અજ્ઞાનમયમાં રોકાય છે તે ભગવાન જ્ઞાનમયને બિલકુલ જાણતો નથી. આહાહા..! શાસ્ત્રજ્ઞાન હો એ શાસ્ત્રજ્ઞાન પણ પરજ્ઞેય છે. શાસ્ત્રજ્ઞાન પણ પરજ્ઞેય છે. પરજ્ઞેયમાં નિષ્ઠ છે એ સ્વજ્ઞેયમાં નિષ્ઠ નથી. આહાહા..! સમજાણું? એ પરજ્ઞેય છે. આહાહા..! પોતાના જ્ઞાનનું જ્ઞાન ન થયું અને માત્ર શાસ્ત્રજ્ઞાનમાં રોકાઈ ગયો.. આહાહા..! તો એ પરજ્ઞેયમાં નિષ્ઠ નામ લીન છે. સ્વદ્રવ્યમાંથી છૂટી ગયો છે. આહાહા..! આવો પ્રભુનો માર્ગ છે, ભાઈ! આહાહા..!

એ કહે છે, એ **'જ્ઞાનમય ભાવના અભાવને લીધે આત્માને નથી જાણતો;...'** ભગવાનઆત્મા ચિદાનંદ પ્રભુ, રાગના અંશને પણ પોતાનો માનનાર શ્રુતકેવળી જેવો હો તોપણ આત્માને જાણતો નથી. આહાહા..! 'નિર્જરા અધિકાર' છે. **'અને જે આત્માને નથી જાણતો...'** ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી જાણન-દેખન અને અતીન્દ્રિય આનંદ પ્રભુ, એવા આત્માને જેણે ન જાણ્યો **'તે અનાત્માને પણ નથી જાણતો...'** અનાત્મા રાગ છે તેને પણ જાણતો નથી. આત્મા આનંદમય પ્રભુ છે. આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, સત્ નામ શાશ્વત, ચિદ્દમય અને આનંદમય પ્રભુ છે તેનું જેને જ્ઞાન નથી, આત્માનું જ્ઞાન નથી તો તેને અનાત્મા – રાગ, તેનું પણ જ્ઞાન નથી. આહાહા..! સૂક્ષ્મ છે, પ્રભુ! અનંતકાળથી ચોરાશી લાખ યોનિમાં અનંત અવતાર થયા. દિગંબર મુનિ અનંતવાર થયો પણ એ રાગની ક્રિયા કરીને થયો. આ..હા...! પંચ મહાવ્રતાદિ, સમિતિ, ગુપ્તિ (પાળ્યા) પણ 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન...' રાગથી ભિન્ન મારી ચીજ છે એવા અનુભવ વિના.. આહાહા..! 'લેશ સુખ ન પાયો' એ મહાવ્રતના પરિણામ અને સમિતિ, ગુપ્તિ વ્યવહારના પરિણામ દુઃખરૂપ છે, રાગ છે તો 'લેશ સુખ ન પાયો' આહાહા..! આવી ચીજ છે. જગતને કઠણ પડે. માર્ગ તો આવો છે, ભાઈ! અનંત તીર્થંકરો (આમ ફરમાવે છે).

મહાવિદેહમાં ભગવાન બિરાજે છે ત્યાંથી આ વાણી આવી છે. 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯માં ત્યાં ગયા હતા. બે હજાર વર્ષ પહેલા. આઠ દિવસ ત્યાં રહ્યા હતા અને ભગવાનને આઠ દિવસ સાંભળ્યા, કેટલીક શંકાનું સમાધાન શ્રુતકેવળી મુનિ પાસે કર્યું. શ્રુતકેવળી મુનિ હતા. ત્યાંથી આવી આ શાસ્ત્ર બનાવ્યા છે. આ..હા...! એની ટીકા કરનાર જાણે ભગવાન પાસે ગયા હોય એવી ટીકા બનાવી છે. એ 'અમૃતચંદ્રાચાર્ય'. આ 'કુંદકુંદાચાર્ય'ના શ્લોક, 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા. આહાહા..!

કહે છે, આત્માને નથી જાણતો. ભગવાન જ્ઞાતા-દૃષ્ટા, એ જ્ઞાનનો પૂંજ છે, અતીન્દ્રિય સુખસાગરના જળથી ભરેલો છે, અતીન્દ્રિય શ્રદ્ધા સમ્યક્ ત્રિકાળ હોં! અતીન્દ્રિય દૃષ્ટિથી ભરેલો છે. સમ્યગ્દર્શન તો પર્યાય છે પણ અંતરમાં ત્રિકાળી અનાદિઅનંત અતીન્દ્રિય દૃષ્ટિ – શ્રદ્ધા છે, એ અતીન્દ્રિય શ્રદ્ધાથી ભર્યો પડ્યો છે. આહાહા..! સમ્યગ્દર્શન છે એ તો પર્યાય છે પણ અંદર એ પર્યાય આવી શેમાંથી? અંદર અનાદિ દૃષ્ટિ–શ્રદ્ધા પડી છે. શુદ્ધ અનાદિઅનંત એ દૃષ્ટિ–શ્રદ્ધાનો સ્વભાવ છે. આહાહા..! એ અનાદિ દૃષ્ટિ ધ્રુવ છે. એ ધ્રુવના આશ્રયે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું? તો જેણે આત્મા ન જાણ્યો એણે અનાત્માને પણ જાણ્યો નથી. છે?

**'કારણ કે...'** અહીં સુધી તો થોડું આવ્યું હતું. સાધારણ વાત (ચાલી હતી). **'કારણ કે સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા...'** શું કહે છે? ભગવાનઆત્મા આનંદ, સચ્ચિદાનંદ પ્રભુ સ્વરૂપથી સત્તા છે અને રાગથી અસત્તા છે. રાગથી અસત્તા છે, પોતાના દ્રવ્યથી સત્તા –

અસ્તિત્વ છે અને પરદ્રવ્યની અસ્તિથી અસત્તા છે. આહાહા..! પોતાની ચીજથી અસ્તિત્વ છે અને રાગાદિ પરચીજથી નાસ્તિત્વ છે તો અસત્ છે. પરદ્રવ્યથી અસત્ છે, સ્વદ્રવ્યથી સત્ છે. આહાહા..! આવો પ્રભુનો માર્ગ બહુ ઝીણો છે, બાપા! લોકો નિર્ણય કરવાનો વખતેય લ્યે નહિ. અરે...! આવો મનુષ્યદેહ, એમાં પરમાત્માનો માર્ગ (સાંભળવા મળ્યો). આહાહા..!

**'કારણ કે સ્વરૂપે સત્તા...'** શું કહે છે? કે, જેણે આત્મા રાગથી ભિન્ન (છે) તેનું ભાન નથી (કર્યું) તો તેને અનાત્મા રાગનું પણ જ્ઞાન નથી. આત્માનું જ્ઞાન નથી તો રાગનું જ્ઞાન પણ સાચું નથી. કેમ? છે ને? **'કારણ કે સ્વરૂપે સત્તા...'** પોતાના સ્વરૂપે આત્મા છે અને પરરૂપથી અસત્તા છે. આહાહા..! પંચ પરમેષ્ઠી જે જગતમાં છે તેનાથી પણ આ આત્મા અસત્ છે. પોતાના સ્વરૂપથી અસ્તિત્વ-સત્ છે. પરના અસ્તિત્વથી આત્મા અસત્ છે. આહાહા..! અને પર પરમેશ્વર પણ છે એ પોતાથી સત્ છે, તેના પોતાથી અને પરથી અસત્ છે. આહાહા..! તો જેને પોતાના સત્નું યથાર્થ જ્ઞાન નથી તેને સત્થી વિરૂદ્ધ રાગનું પણ યથાર્થ જ્ઞાન નથી. વ્યવહારનું પણ યથાર્થ જ્ઞાન નથી. આહાહા..! અહીંયાં તો એ કહે છે કે, વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે. આહાહા..! એમ છે નહિ, પ્રભુ! આહાહા..! આ તો અનીન્દ્રિય આત્મા, એ રાગાદિ તો સ્થૂળભાવ, અજ્ઞાનભાવ, મિથ્યાત્વ સહિતનો રાગ, તેને અહીંયાં રાગમાં ગણ્યો છે. સ્વરૂપનું જ્ઞાન નથી તો પરનું જ્ઞાન પણ નથી. કેમકે સ્વસત્તાનું જ્ઞાન નથી તો પરની અસત્તા છે તેનું પણ જ્ઞાન નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! લોકો બહારથી માની બેસી જાય, બેસો.

અંતર આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદના અનુભવ અને જ્ઞાન વિના, રાગ મારો છે એવી ચીજમાં રોકાઈ જાય છે એ સ્વસત્તાને જાણતો નથી તો એ પરસત્તાને પણ જાણતો નથી. આહાહા..! રાગાદિ દયા, દાનના વિકલ્પને પણ એ જાણતો નથી. કેમકે નિર્વિકલ્પ સ્વસત્તાને જાણતો નથી, એ પરસત્તાને પણ જાણતો નથી. આહા..! લોજીકથી તો (વાત) છે. આ ભગવાનનો માર્ગ હઠથી માને લેવો એવું કંઈ છે નહિ. લોજીક, ન્યાય. નિ ધાતુ છે. નિ નામ નિ ધાતુમાં જેવી સ્વરૂપની સ્થિતિ છે ત્યાં જ્ઞાનને લઈ જવું, જ્ઞાનને દોરી જવું તેનું નામ ન્યાય કહે છે. આહા..!

અહીં કહે છે કે, સ્વરૂપથી સત્તા છે, પરરૂપથી અસત્તા છે. છે? **'સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા...'** આહાહા..! ભગવાનઆત્મા પોતાના સ્વરૂપે સત્તા છે અને પંચ પરમેષ્ઠી ને પંચ પરમેષ્ઠીનો રાગ, તેનાથી તે અસત્તા છે. આહાહા..! આવો માર્ગ છે. **'સ્વરૂપે સત્તા...'** સ્વ-રૂપ એમ છે ને? સ્વ-રૂપ - પોતાનું સ્વરૂપ જ્ઞાનાનંદની સત્તાનું જ્ઞાન, સત્તા છે. પરરૂપ, પરરૂપ - રાગાદિ, દેહાદિ, પંચ પરમેષ્ઠી આદિ પરરૂપ. એ પરરૂપથી અસત્તા છે. પોતાથી સત્તા છે અને પરથી પણ સત્તા હોય તો બધા એક થઈ જાય છે. આહાહા..! આ તો સ્વરૂપે સત્તા છે, પરરૂપે અસત્તા છે. બીજી ભાષાએ કહીએ તો પોતાના સ્વરૂપથી સત્ય

છે, પરસ્વરૂપથી અસત્ય છે. પરસ્વરૂપે પણ સત્ય થઈ જાય તો બધા એક થઈ જાય છે. આહાહા..! આવો માર્ગ છે. આ કોઈ પંડિતાઈની ચીજ નથી કે ઘણું ભણ્યો હોય તો તેને આ દૃષ્ટિ છે. આ તો અંતરના અનુભવની વાત છે, ભગવાન! આહાહા..! એ વાત ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' મૂળ ગાથામાંથી કાઢીને અર્થ કરે છે.

**'એ બન્ને વડે...'** કોણ બન્ને? પોતાથી ભગવાન જ્ઞાનમય આનંદમય છે અને રાગાદિ પરદ્રવ્યથી નથી. **'એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે;...'** બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે. હું મારામાં છું અને પર મારામાં નથી, એ બન્નેના નિશ્ચયમાં આત્માનો નિશ્ચય થાય છે. સમજાણું? બેના નિશ્ચયમાં બેનો નિશ્ચય થાય છે, એમ નહિ. બેના નિશ્ચયમાં પોતાનો નિશ્ચય થાય છે. આહાહા..! છે? **'એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે; (જેને અનાત્માનો–રાગનો–નિશ્ચય થયો હોય...)'** આહાહા..! રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિ–ભગવાનની ભક્તિ, અરે...! પંચ પરમેષ્ઠીનું સ્મરણ, બધું રાગ છે. આહાહા..! એ રાગ અનાત્મા છે. અનાત્મા એટલે શું? કે, રાગ. છે? લીટી છે ને લીટી? **'(અનાત્માનો–રાગનો–નિશ્ચય થયો હોય...)'** કે આ વિકલ્પ છે, પરસંબંધી પર તરફના લક્ષવાળો, એવો જેને નિર્ણય થયો હોય તેને અનાત્મા અને આત્મા બેયનો નિશ્ચય થવો જોઈએ. એકના નિશ્ચયમાં બેનો નિશ્ચય છે અને બેના નિશ્ચયમાં એક પોતાનો નિશ્ચય છે. આહાહા..! ઝીણી વાત બહુ છે, ભાઈ!

વીતરાગ પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા તો બિરાજે છે. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' ભગવાનને ૐ ધ્વનિ છૂટે છે, ત્યાં આવી વાણી હોય નહિ. ભગવાનને આવી વાણી હોતી નથી. ભગવાનને ૐ ધ્વનિ છૂટે છે. આખા શરીરમાંથી હોઠ અને કંઠ કંપ્યા વિના (ધ્વનિ છૂટે છે). 'ૐ ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' એ ૐ કાર સાંભળીને ગણધરો તેનો વિચાર કરે. આહા..! 'રચી આગમ ઉપદેશ' અને એ ભગવાનની વાણી સાંભળીને સંતો આગમની રચના કરે છે. 'રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે' ભવ્ય પ્રાણી લાયક હોય એ મિથ્યાત્વનો નાશ કરી આત્માનું જ્ઞાન કરી શકે છે. આહાહા..! સમજાણું?

**'(જેને અનાત્માનું–રાગનું...)'** અનાત્મા એટલે રાગ, તેનો **'(નિશ્ચય થયો હોય તેને અનાત્મા અને આત્મા – બન્નેનો નિશ્ચય હોવો જોઈએ). આ રીતે જે આત્મા અને અનાત્માને નથી જાણતો...'** આહાહા..! રાગને જાણે તો તો રાગથી રહિત પોતાના આત્માને પણ જાણે. કેમકે રાગની સત્તા પોતામાં છે નહિ. તો એને જાણે તો મારામાં એ છે નહિ, એમ આત્માને જાણે. આહાહા..! અને આત્માને જાણે તે અનાત્માને જાણે. આહાહા..! તેને વ્યવહારનું સાચું જ્ઞાન હોય છે. શું કહે છે? જેને આત્માનું જ્ઞાન થાય અને અનાત્માનું જ્ઞાન થાય છે તેને જ વ્યવહારનું યથાર્થ જ્ઞાન હોય છે. વ્યવહાર મારો છે અને વ્યવહારથી મને લાભ થશે, એ વાત તો છે નહિ. પણ વ્યવહારનું જ્ઞાન પણ સાચું કોને થાય છ?

હમણાં ‘કરુણાદીપ’માં અહીંયાંનો વિરોધ આવ્યો છે કે, (‘સમયસાર’) બારમી ગાથામાં ‘કુંદકુંદાચાર્ય’ એમ કહે છે કે, **‘अपरमे ट्ठिदा भावे’** જે વ્યવહારમાં પડ્યા છે તેમણે તો વ્યવહાર જ કરવો જોઈએ. એમ ‘કરુણાદીપ’માં અર્થ આવ્યો છે. એક પત્રિકા નીકળે છે ને? ‘કરુણાદીપ’. કંઈ ખબર નહિ. આહાહા..! એમ કે, બારમી ગાથામાં તો નીચલી ભૂમિકા છે, ચોથે, પાંચમે, છઠ્ઠે તો વ્યવહાર જ કરવો, એમ ‘કુંદકુંદાચાર્ય’ કહે છે. **‘अपरमे ट्ठिदा भावे’** પણ એ વાત શું કહે છે? કે જે કંઈ પોતાના સ્વરૂપની દૃષ્ટિ, અનુભવ તો થયો. નિશ્ચયથી પોતાના ભૂતાર્થ સ્વભાવનો આશ્રય લઈને સમ્યક્ થયું. તેની પર્યાયમાં અશુદ્ધતા બાકી છે અને શુદ્ધતા અલ્પ છે, તેને જાણવી તેને વ્યવહાર કહેવામાં આવે છે. કરવું અને કરવાથી લાભ થાય, એ પ્રશ્ન અહીં છે જ નહિ. શું થાય? શાસ્ત્રના અર્થ કરવામાંય મોટી ભૂલ. **‘अपरमे ट्ठिदा भावे’** (એનો અર્થ) જે પરમ (ભાવમાં) સ્થિત નથી તેને વ્યવહારનો ઉપદેશ (છે), વ્યવહાર કરવો. એમ (એનો અર્થ) છે જ નહિ. ટીકામાં એવો અર્થ કર્યો જ નથી.

ટીકામાં તો એવો અર્થ કર્યો છે કે, **‘अपरमे ट्ठिदा भावे’**નો અર્થ જે સમયે જેટલી અશુદ્ધ પર્યાય છે અને શુદ્ધતા અલ્પ છે, **‘तदात्वे’** એવો સંસ્કૃત પાઠ છે, સંસ્કૃત. **‘तदात्वे’**. **‘तदात्वे’** (એટલે) જાણેલો પ્રયોજનવાન છે. તે સમયે જાણે કે છે. એ હજી વ્યવહાર છે. એને જાણવું એ પણ વ્યવહાર છે. આવી વાત છે, ભગવાન! એ તો પોતાની પર્યાયને જાણે છે એમાં એ વ્યવહાર જાણવામાં આવે છે, એમ કહેવામાં આવે છે. સમજાણું? ભગવાન લોકાલોકને જાણતા નથી. લોકાલોકને જાણે છે એમ કહેવું એ તો અસદ્ભુત વ્યવહારનય છે. એ તો પોતાની પર્યાયને જ જાણે છે. આહાહા..! એમ જ્ઞાની રાગને જાણે છે એમ ઉપચારથી, વ્યવહારથી કથન છે. રાગ કરવો અને રાગથી લાભ થાય છે, એમ ત્યાં કહેવું છે એ તો વાત જ નથી. આહાહા..!

સંસ્કૃતમાં **‘तदात्वे’** શબ્દ પડ્યો છે. **‘तदात्वे’** નામ? થોડી સૂક્ષ્મ વાત છે, પ્રભુ! જે સમયે જેટલી રાગની અશુદ્ધતા અને શુદ્ધતા ઉત્પન્ન થઈ તે સમયે તેને જાણવું પ્રયોજનવાન છે. બીજે સમયે શુદ્ધિની થોડી વૃદ્ધિ થઈ અને અશુદ્ધતા ઘટી, એ સમયે તેને જાણવું પ્રયોજનવાન છે. ત્રીજે સમયે થોડી શુદ્ધિની વૃદ્ધિ થઈ, અશુદ્ધિ ઘટી તે સમયે તે જાણેલો પ્રયોજનવાન છે. એવો પાઠ છે. સંસ્કૃતમાં છે. શું કરે પણ? પોતાની દૃષ્ટિથી ઊંધા અર્થ કરે. ભગવાન ‘કુંદકુંદાચાર્યે’ ત્યાં વ્યવહાર કરવાનું કહ્યું છે. નીચલા દરજ્જે વ્યવહાર જ કરવો એ જ ધર્મ છે. (તે લોકો એમ માને છે). આહાહા..! અરે...! પ્રભુ! તું પણ પ્રભુ છે ને, પ્રભુ! ‘જામે જિતની બુદ્ધિ હૈ, ઇતનો દિયે બતાઈ, વાંકો-બૂરો ન માનીએ ઔર કહાં સે લાય?’ બૂરો ન માન. આ વસ્તુ બાપુ! કોઈ અગમ્ય વસ્તુ છે. અનંતકાળમાં એક સેકંડ માત્ર પણ એ ચીજનું વેદન, અનુભવ નથી કર્યો. આહા..! મુનિવ્રત ધારણ કર્યાં, દિગંબર થયો, નગ્ન થયો,

હજારો રાણીના ત્યાગ કર્યા પણ અંદરમાં મિથ્યાત્વનો ત્યાગ ન કર્યો. એ પણ ત્યાગ છે ને? આહાહા..! બાહ્યના ત્યાગ-ગ્રહણથી તો પ્રભુ રહિત છે. શું કહ્યું?

બાહ્યની ચીજના ત્યાગ-ગ્રહણથી તો આત્મા રહિત જ છે. પરનું ગ્રહણ ક્યારેય કર્યું નથી અને પરનો ત્યાગ કરવો એ છે જ ક્યાં? આહાહા..! તેણે પોતાની પર્યાયમાં નબળાઈથી રાગ કર્યો છે તેનો ત્યાગ કહેવો અને સ્વભાવનું ગ્રહણ કરવું કહેવું એ પણ હજી વ્યવહાર છે. આવે છે ને ૩૪મી ગાથામાં? કે, રાગનો ત્યાગકર્તા છે એ નામમાત્ર કથન આત્મામાં છે. ૩૪માં પાઠ છે, 'સમયસાર' ગાથા–૩૪. આ 'સમયસાર' છે ને? આત્મા રાગનો ત્યાગ કરે છે એ પણ નામમાત્ર કથન છે. કેમકે આત્મા જ્ઞાનમય છે. એ જ્ઞાનમય છે તે રાગમય થયો જ નથી. જ્ઞાનમય છે એમાં ઠરી ગયો તો રાગ ઉત્પન્ન થયો નહિ તો રાગનો ત્યાગ કર્યો એમ નામમાત્ર કથન છે. પરમાર્થથી રાગનો ત્યાગકર્તા આત્મા છે નહિ. આહાહા..! પરના ત્યાગ-ગ્રહણથી તો શૂન્ય છે, એ શક્તિ છે–ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. પાછળ ૪૭ શક્તિ છે ને? અનંત શક્તિ–ગુણ છે ને? એમાં એક ગુણ એવો છે, ત્યાગઉપાદાનશૂન્યત્વગુણ. પરનો ત્યાગ અને પરના ગ્રહણથી પ્રભુ શૂન્ય છે. આહાહા..!

અહીંયાં તો રાગનો ત્યાગ કરે છે.. આહાહા..! એ પણ નામમાત્ર કથન છે. ભગવાન ચિદાનંદ પ્રભુ, એમાં ઠરી ગયો તો પ્રત્યાખ્યાન થઈ ગયા. રાગનો ત્યાગ કર્યો એ નામમાત્ર કથન છે. આહાહા..! અહીં તો હજી બાહ્યનો ત્યાગ કરે છે ત્યાં તો, આ..હા..હા...! (થઈ જાય છે). સ્ત્રી છોડી દીધી, દુકાન છોડી દીધી, ધંધો છોડ્યો. હવે પણ ક્યાં ક્યારેય ગ્રહણ કર્યું હતું તે છોડ્યું? આહાહા..!

અહીંયાં એ કહે છે, '**(જેને અનાત્માનો–રાગનો–નિશ્ચય થયો હોય તેને અનાત્મા અને આત્મા–બન્નેનો નિશ્ચય હોવો જોઈએ). એ રીતે જે આત્મા અને અનાત્માને નથી જાણતો...**' એ રીતે (એટલે) આ વિધિએ. આહાહા..! '**આત્મા અને અનાત્માને નથી જાણતો તે જીવ અને અજીવને નથી જાણતો;...**' એ રાગ અજીવ છે. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો રાગ એ અજીવ છે. ભગવાન જીવસ્વરૂપ છે તેનાથી એ ભિન્ન જાત છે. પહેલા અધિકારમાં આવ્યું છે. જીવ અધિકાર. વ્યવહાર રત્નત્રયનો રાગ એ અજીવ છે, જીવ નહિ. આહાહા..! તો એનાથી જેણે લાભ માન્યો તેણે અનાત્માને પોતાનો માન્યો, તેને આત્માનું જ્ઞાન છે નહિ. અને (જેને) આત્માનું, અનાત્માનું જ્ઞાન નથી તેને બન્નેનું અજ્ઞાન છે. આહાહા..! '**જીવ અને અજીવને નથી જાણતો;...**' એ બન્નેનું જ્ઞાન નથી તે જીવ અને અજીવને નથી જાણતો. આહાહા..! આવી વાત છે. સૂક્ષ્મ પડે પણ વસ્તુ આવી છે. પરમાત્માએ બનાવ્યું નથી. પરમાત્માએ વસ્તુ બનાવી નથી. વસ્તુ છે એવી કહી છે. કરી નથી, બનાવી નથી. જેવી વસ્તુ છે તેવું જ્ઞાનમાં આવ્યું તેવું કથન દ્વારા, વાણી દ્વારા આવ્યું. એ પણ વાણી પણ તેમની નથી. આહાહા..!

ભગવાનઆત્મા સ્વપરપ્રકાશક છે તો વાણી પણ સ્વપર કહેવાવાળી છે. એ વાણીનો સ્વભાવ છે. આહાહા..! ભગવાનઆત્માનો સ્વપર જાણવાનો સ્વભાવ છે અને વાણીમાં સ્વપર કહેવાનો સ્વભાવ છે. એ વાણી. આહાહા..! ભગવાનના શ્રીમુખે આ વાણી નીકળી. એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! આકરું કામ છે, ભાઈ! આહાહા..! વસ્તુ અંદર સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણ આનંદ અને પૂર્ણ અતીન્દ્રિય ગુણોનો ભંડાર ભર્યો છે તેની જેને દૃષ્ટિ નથી, સ્વનો આશ્રય નથી અને તેમાં નથી એવા રાગનો આશ્રય છે તો એને અનાત્મા અને આત્માનું બેયનું જ્ઞાન નથી. બન્નેનું જ્ઞાન નથી તો જીવ-અજીવનું જ્ઞાન નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે.

વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે રાગ છે એ અજીવ છે. જીવ હોય તો જીવમાંથી નીકળી ન જાય. જીવમાંથી નીકળી જાય છે. આહાહા..! વ્યવહાર, અજીવનું જેને યથાર્થ જ્ઞાન નથી તેને જીવનું પણ (જ્ઞાન) નથી. આહાહા..! **'જીવ અને અજીવને નથી જાણતો; અને જે જીવ-અજીવને નથી જાણતો...'** આહાહા..! **'તે સમ્યગ્દૃષ્ટિ જ નથી.'** આહાહા..! સાધુપણું અને પંચમ ગુણસ્થાન શ્રાવક એ તો કોઈ અલૌકિક વાતું છે. આ તો પ્રથમ હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. આહાહા..! સમ્યગ્દર્શન વિના તો પાંચમું ગુણસ્થાન શ્રાવક પણ હોતું નથી, સમ્યગ્દર્શન વિના સાધુ પણ હોય નહિ. એ તો આકરી વાત છે. અહીં તો પહેલી સમ્યગ્દૃષ્ટિની વાત (ચાલે છે). જીવ-અજીવને નથી જાણતો તે સમ્યગ્દૃષ્ટિ નથી. આહાહા..!

**'માટે રાગી (જીવ)...'** રાગના રાગવાળો જીવ, મિથ્યાદૃષ્ટિ **'જ્ઞાનના અભાવને લીધે...'** સમ્યગ્જ્ઞાનના અભાવને લીધે. આહાહા..! રાગને અનાત્મા (સ્વરૂપે) ન જાણ્યો તો આત્માને જાણ્યો નથી. તો **'જ્ઞાનના અભાવને લીધે સમ્યગ્દૃષ્ટિ હોતો નથી.'** બેયના જ્ઞાનના અભાવને કારણે એ સમ્યગ્દૃષ્ટિ હોતો નથી. આહાહા..! આવી વાત છે. ૨૦૧-૨૦૨ (ગાથા), આ તો 'નિર્જરા અધિકાર' છે.

ભાવાર્થ. ભાવાર્થ છે ને? 'જયચંદ્રજી પંડિતે' અર્થ કર્યો છે, 'જયચંદ્રજી પંડિત'. **'અહીં 'રાગ' શબ્દથી અજ્ઞાનમય રાગદ્વેષમોહ કહેવામાં આવ્યા છે.'** અહીંયાં સમ્યગ્દૃષ્ટિના રાગની વાત નથી. એ તો જ્ઞાનનું જ્ઞેય છે. સમ્યગ્દૃષ્ટિને તો રાગ જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞાનનું પોતાનું સ્વરૂપ રાગ છે, એમ છે નહિ. આહાહા..! પહેલી તો વસ્તુ સમજવામાં કઠણ, સાંભળવા મળે નહિ. અત્યારે તો જ્યાં હોય ત્યાં વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, જાત્રા કરો. કરવું ત્યાં મરવું છે. હું રાગનો કર્તા છું અને પરની, શરીરની હાલવા-ચાલવાની ક્રિયા મારાથી થઈ છે, એમ કરવું, માનવું એ જ આત્માનું મરણ છે. એ આત્માનો અનાદર છે. આહાહા..! આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે તેને એમ નહિ માનીને, રાગથી પોતાને લાભ માને છે. આહાહા...! છે?

**'રાગ' શબ્દથી અજ્ઞાનમય રાગદ્વેષમોહ કહેવામાં આવ્યા છે. ત્યાં 'અજ્ઞાનમય' કહેવાથી મિથ્યાત્વ-અનંતાનુબંધીથી થયેલા રાગાદિક સમજવા,...'** મિથ્યાત્વથી રાગ મારો છે, એવી

માન્યતામાં જે રાગ આવ્યો તે રાગની વાત છે. જ્ઞાનીને રાગ આવે છે, તેને જ્ઞાન તેનું છે, રાગ નહિ. આહાહા..! રાગ થાય છે અને થોડો બંધ પણ થાય છે, જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી બંધ પણ થાય છે. જ્ઞાનીને દસમે ગુણસ્થાન સુધી લોભનો અંશ છે તો દસમે પણ છ કર્મનો બંધ થાય છે પણ જ્ઞાની એ રાગનો સ્વામી થતો નથી, રાગ મારો નથી એ અપેક્ષાએ તેને રાગથી ભિન્ન કરી દીધો છે. બાકી જ્ઞાનીને ખ્યાલ છે કે મારા પરિણમનમાં જેટલો રાગ છે તેનો, પરિણમનનો કર્તા હું છું, એ પરિણમન કોઈ જડથી થયું છે, કર્મથી થયું છે એમ નહિ. આહાહા..! સમજાણું? મારા પરિણમનમાં રાગ આવ્યો તે પરિણમનનો કર્તા હું છું. ૪૭ નય, 'પ્રવચનસાર', તેમાં આ નય ચાલી છે. જ્ઞાની ધર્માત્મા ગણધર હો તોપણ ભગવાનના વિનયનો રાગ આવ્યો તેનો કર્તા હું છું, પરિણમનનો કર્તા હું છું એ અપેક્ષાએ (કર્તા). કરવા લાયક છે એમ વાત નથી. આહાહા..! છતાં કર્તા હું છું એમ માને છે. આરે..! આહાહા..!

**'મિથ્યાત્વ વિના ચારિત્રમોહના ઉદયનો રાગ ન લેવો;...'** મિથ્યાત્વ વિના એકલો રાગ આવે છે તો એ અહીંયાં ન લેવો. અહીંયાં તેની વાત નથી. **'કારણ કે અવિરતસમ્યગ્દષ્ટિ...'** ચોથે ગુણસ્થાને, પાંચમે, છઠ્ઠે **'ચારિત્રમોહના ઉદય સંબંધી રાગ છે...'** સમ્યગ્દષ્ટિને જે રાગ આવ્યો છે એ રાગ **'જ્ઞાનસહિત છે;...'** ભાનસહિત છે. રાગનું જ્ઞાન થાય છે. આહાહા..! તે પણ રાગ છે તો જ્ઞાન થાય છે એમ પણ નહિ. સમજાણું? જ્ઞાનીની પર્યાયમાં જ્ઞાનનો સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવથી રાગને જાણે છે એમ કહેવું વ્યવહાર છે, પણ ખરેખર રાગ સંબંધી જ્ઞાન અને પોતા સંબંધીનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાને કારણે ઉત્પન્ન થાય છે. આહાહા..! હવે આટલું બધું ક્યારે (સમજે)? આહાહા..! રાગને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. રાગને કરે છે, એમ કહેવું, કરવા લાયક છે એમ કહેવું એ તો મિથ્યાત્વ છે. પરંતુ પરિણમન છે તો રાગનો કર્તા હું છું, એમ જાણવું તેને સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું?

મુમુક્ષુ :– સમ્યગ્દષ્ટિને તો બંધ થતો જ નથી.

ઉત્તર :– બંધ થતો નથી એ તો દૃષ્ટિની અપેક્ષાએ કહ્યું છે. બંધ થતો ન હોય તો ચારિત્ર લેવાની જરૂર નથી. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એ તો એક દૃષ્ટિની અપેક્ષાએ કહ્યું છે. ભોગથી નિર્જરા થાય તો ભોગનો ત્યાગ કરીને સ્વરૂપમાં સ્થિર થવાનું, ઠરવાનું તો રહેતું નથી. એમ છે નહિ. આહાહા..! સમજાણું? રાગનો અંશ જ્યાં સુધી છે તેટલા અંશે જ્ઞાનીને પણ બંધ થાય છે. આહાહા..! ભલે કર્મમાં સ્થિતિ, અનુભાગ અલ્પ હો પણ બંધ છે. ભાવબંધ પણ છે, પેલો દ્રવ્યબંધ છે. આહાહા..!

મુમુક્ષુ :– અનંત સંસારનો બંધ?

ઉત્તર :– અનંત સંસારનો બંધ છે નહિ. જ્ઞાનીને અનંત સંસાર છે નહિ. એક, બે-

ચાર ભવ હોય તે જ્ઞાનનું જ્ઞેય છે. આહાહા..! જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞાન શબ્દે પોતાના જ્ઞાનમાં એ પર તરીકે જ્ઞેય છે. એ ભવ પોતાનો છે, ભવ અને ભવનો ભાવ પોતાનો છે એમ જ્ઞાની માનતો નથી.

મુમુક્ષુ :- રાગ મારી પર્યાયમાં છે એમ જાણે છે.

ઉત્તર :- પર્યાયમાં છે એમ જાણે છે. આહાહા..! આવી વાત છે. આકરી વાત છે. વર્તમાનમાં તો એવી ગડબડ થઈ ગઈ છે ને. બધી પ્રરૂપણા વ્યવહાર આમ કરો, આમ કરો, આમ કરો. પ્રભુ! બહુ ફેર છે, પ્રભુ! આહા..! આહાહા..! વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞની હાજરીમાં જે વાત આવી છે એ વાત આખી જુદી છે. આહાહા..!

**'અવિરતસમ્યગ્દષ્ટિ વગેરેને ચારિત્રમોહના ઉદય સંબંધી રાગ છે તે જ્ઞાનસહિત છે;...'** શું કહ્યું? જ્ઞાનસહિત ભાન છે કે હું તો આનંદ છું અને રાગ દુઃખ છે. એવું જ્ઞાનીને ભાન છે. ... વ્યવહારથી છે એમ કહેવામાં આવ્યું છે. વ્યવહારનયનો વિષય છે કે નહિ? નથી, એમ નથી. આદરણીય નથી. પણ વ્યવહારનો વિષય છે, રાગાદિ છે અને બંધ છે તેને જાણે છે. આહાહા..! જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એમ માનીને સ્વચ્છંદ કરે (એમ ન ચાલે). અમે સમકિતી છીએ, પહેલા આવી ગયું છે. અમે સમકિતી છીએ, અમારે શું છે? (એમ સ્વચ્છંદ કરીશ) તો મરી જઈશ, સાંભળને!

અંતરમાં અનુભવ થયો, આનંદનો સ્વાદ આવ્યો એ અપેક્ષાએ રાગને દુઃખ જાણે છે અને રાગથી લાભ માને છે એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. આહા..! જૈન જ નથી. 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન, મતમદિરાકે પાન સો મતવાલા સમજે ન' 'ઘટ ઘટ અંતર જિન વસે' પરમાત્મા જિનસ્વરૂપી ઘટ ઘટમાં બિરાજમાન છે અને જૈનપણું પણ ઘટમાં છે. એ સ્વરૂપનું જ્ઞાન કરવું અને રાગથી ભિન્ન પડવું એ જ્ઞાન, જૈનપણું અંતરમાં થાય છે. કોઈ બાહ્ય ક્રિયા ઘટી જાય તો સમકિત થાય (એમ નથી). ચક્રવર્તીને છ ખંડનું રાજ હોય છે. આહાહા..! અને દિગંબર સાધુ અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય તો મિથ્યાદૃષ્ટિ છે (કેમકે) રાગને પોતાનો માને છે અને ચક્રવર્તી છ ખંડનું રાજ (કરતો હોય), છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ હોય... આહાહા..! છતાં તેમાં રાગ નથી, એ ચીજ મારી નથી, મારામાં નથી, તેમાં હું નથી (એમ માને છે). આહાહા..!

ઇન્દ્રના ઇન્દ્રાસન, કરોડો ઇન્દ્રાણી છે, સૌધર્મ ઇન્દ્ર અત્યારે એકભવતારી છે. સૌધર્મ ઇન્દ્ર છે, બત્રીસ લાખ વિમાન (છે), એક એક વિમાનમાં અસંખ્ય દેવ રહે છે. ઘણા વિમાનમાં તો એકભવતારી છે, શાસ્ત્રમાં (પાઠ છે). ત્યાંથી નીકળી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. તે પણ હજારો ઇન્દ્રાણી કે બત્રીસ લાખ વિમાન(ને પોતાના માનતો નથી). અંદર રાગનો કણ ઉત્પન્ન થાય છે તે પણ મારો નથી તો પેલી ચીજ તો દૂર રહી. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! આ તો પરમાત્મા ત્રિલોકનાથના પેટની વાત છે. એ પેટના ખુલાસા થાય

છે. આ વાત છે, પ્રભુ! કોઈને ઠીક ન લાગે, એકાંત લાગે. કહે છે, એકાંત છે... એકાંત છે.. કહો, પ્રભુ! તું પણ પ્રભુ છો. પર્યાયમાં ભૂલ છે તો છે, વસ્તુ તો પ્રભુ છે. આહાહા..!

અહીં કહે છે, આહાહા..! સમ્યગ્દષ્ટિને ચારિત્રમોહ સંબંધી રાગ છે તે જ્ઞાનસહિત છે. '**તે રાગને સમ્યગ્દષ્ટિ કર્મોદયથી થયેલો રોગ જાણે છે...**' જુઓ! રાગને રોગ જાણે છે. ધર્મી રાગને કાળો નાગ જોવે છે. આહાહા..! 'સમયસાર' 'મોક્ષ અધિકાર'માં આવ્યું છે, રાગને વિષકુંભ કહ્યું છે, ઝેરનો ઘડો છે. આહાહા..! પ્રભુ અમૃતનો સાગર છે, પ્રભુઆત્મા અમૃતનો સાગર છે અને શુભરાગ ઝેરનો ઘડો છે. આ તો અમૃતનો સાગર છે. આહાહા..! તમારું પેલું 'સાગર' ગામ નહિ, હોં! પંડિતજી! અમૃતનો સાગર. આહાહા..! જ્ઞાનીનો '**રાગ છે તે જ્ઞાનસહિત છે; તે રાગને સમ્યગ્દષ્ટિ કર્મોદયથી થયેલો રોગ જાણે છે અને તેને મટાડવા જ ઇચ્છે છે;...**' સમકિતી રાગને રાખવા નથી માગતો. આહાહા..! રાગ મટાડવા જ માગે છે. આહાહા..! '**તે રાગ પ્રત્યે તેને રાગ નથી.**' રાગ પ્રત્યે રાગ નથી. આહા..! રાગ મારો છે એવી બુદ્ધિ જ્ઞાનીને નથી. આહાહા..!

'**વળી સમ્યગ્દષ્ટિને રાગનો લેશમાત્ર સદ્‌ભાવ નથી એમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે :– સમ્યગ્દષ્ટિને અશુભ રાગ તો અત્યંત ગૌણ છે...**' અશુભ રાગ આવે છે, સમ્યગ્દષ્ટિને આર્તધ્યાન થાય છે, રૌદ્રધ્યાન થાય છે એ તો અત્યંત ગૌણ છે. '**અને જે શુભ રાગ થાય છે તેને તે જરાય ભલો (સારો) સમજતો નથી...**' સારો નથી સમજતો. આહાહા..! અશુભ રાગ પણ આવે છે પણ ગૌણ છે. શુભ રાગની મુખ્યતા (છે), છતાં તેને સારો નથી સમજતો. આહાહા..! આવી વાત છે.

'**તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરતો નથી.**' આહાહા..! '**વળી નિશ્ચયથી તો તેને રાગનું સ્વામિત્વ જ નથી.**' શું કહે છે? જુઓ! આહાહા..! જે પોતાની ચીજ નથી તેનો તે સ્વામી નથી. સમ્યગ્દષ્ટિ રાગનો સ્વામી નથી. આહાહા..! આત્મામાં એક સ્વસ્વામીત્વ નામનો ગુણ છે. ૪૭ શક્તિમાં છેલ્લો ગુણ છે. ૪૭ – ચાર અને સાત ગુણ છે ને? આમાં પાછળ છે, પાછળ. સ્વસ્વામીસંબંધ નામનો ગુણ આત્મામાં છે. ધર્મી પોતાના નિર્મળ દ્રવ્ય, ગુણ, પર્યાયને પોતાનું સ્વ માને છે. ઉપાદેય તરીકે દ્રવ્ય છે પણ જાણે છે એ તો પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય નિર્મળ છે તેને પોતાના માને છે, તેનો એ સ્વામી છે, રાગનો સ્વામી નથી. આહાહા..! સમજાણું? '**માટે તેને લેશમાત્ર રાગ નથી.**' આ કારણે સમકિતીને લેશમાત્ર રાગ નથી. આ કારણે કહ્યું છે. મિથ્યાત્વ અને અજ્ઞાનને પોતાના નથી માનતો એ કારણે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૩૮

(मन्दाक्रान्ता)

आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमन्धाः।
एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति।।१३८।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જે કાવ્ય દ્વારા આચાર્યદેવ અનાદિથી રાગાદિકને પોતાનું પદ જાણી સૂતેલાં રાગી પ્રાણીઓને ઉપદેશ કરે છે :-

શ્લોકાર્થ :- (શ્રી ગુરુ સંસારી ભવ્ય જીવોને સંબોધે છે કેઃ) [ अन्धाः ] હે અંધ પ્રાણીઓ ! [ आसंसारात् ] અનાદિ સંસારથી માંડીને [ प्रतिपदम् ] પર્યાયે પર્યાયે [ अमि रागिणः ] આ રાગી જીવો [ नित्यमत्ताः ] સદાય મત્ત વર્તતા થકા [ यस्मिन् सुप्ताः ] જે પદમાં સૂતા છે-ઊંઘે છે [ तत् ] તે પદ અર્થાત્ સ્થાન [ अपदम् अपदं ] અપદ છે-અપદ છે, (તમારું સ્થાન નથી,) [ विबुध्यध्वम् ] એમ તમે સમજો. (બે વાર કહેવાથી અતિ કરુણાભાવ સૂચિત થાય છે.) [ इतः एत एत ] આ તરફ આવો–આ તરફ આવો, (અહીં નિવાસ કરો,) [ पदम् इदम् इदं ] તમારું પદ આ છે-આ છે [ यत्र ] જ્યાં [ शुद्धः शुद्धः चैतन्यधातुः ] શુદ્ધ-શુદ્ધ ચૈતન્યધાતુ [ स्व-रस-भरतः ] નિજ રસની અતિશયતાને લીધે [ स्थायिभावत्वम् एति ] સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર છે-અવિનાશી છે. (અહીં ‘શુદ્ધ’ શબ્દ બે વાર કહ્યો છે તે દ્રવ્ય અને ભાવ બન્નેની શુદ્ધતા સૂચવે છે. સર્વ અન્યદ્રવ્યોથી જુદો હોવાને લીધે આત્મા દ્રવ્યે શુદ્ધ છે અને પરના નિમિત્તે થતા પોતાના ભાવોથી રહિત હોવાને લીધે ભાવે શુદ્ધ છે.)

ભાવાર્થ :- જેમ કોઈ મહાન પુરુષ મદ્ય પીને મલિન જગ્યામાં સૂતો હોય તેને કોઈ આવીને જગાડે-સંબોધન કરે કે ‘તારી સૂવાની જગ્યા આ નથી; તારી જગ્યા તો શુદ્ધ સુવર્ણમય ધાતુની બનેલી છે, અન્ય કુધાતુના ભેળથી રહિત શુદ્ધ છે અને અતિ મજબૂત છે; માટે હું તને બતાવું છું ત્યાં આવ, ત્યાં શયન આદિ કરી આનંદિત થા’; તેવી રીતે આ પ્રાણીઓ અનાદિ સંસારથી માંડીને રાગાદિકને ભલા જાણી, તેમને જ પોતાનો સ્વભાવ જાણી, તેમાં જ નિશ્ચિંત સૂતાં છે-સ્થિત છે, તેમને શ્રી ગુરુ કરુણાપૂર્વક સંબોધે છે-જગાડે છે-સાવધાન

**કરે છે કે “હે અંધ પ્રાણીઓ ! તમે જે પદમાં સૂતાં છો તે તમારું પદ નથી; તમારું પદ તો શુદ્ધ ચૈતન્યધાતુમય છે, બહારમાં અન્ય દ્રવ્યોના ભેળ વિનાનું તેમ જ અંતરંગમાં વિકાર વિનાનું શુદ્ધ છે અને સ્થાયી છે; તે પદને પ્રાપ્ત થાઓ-શુદ્ધ ચૈતન્યરૂપ પોતાના ભાવનો આશ્રય કરો”.૧૩૮.**

---

## પ્રવચન નં. ૨૮૦ શ્લોક–૧૩૮, ગાથા–૨૦૩ શુક્રવાર, શ્રાવણ વદ ૩, તા. ૧૦-૦૮-૧૯૭૯

---

‘સમયસાર’, ‘નિર્જરા અધિકાર’ ૧૩૮ કળશ.

(मन्दाक्रान्ता)

आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमन्धाः।
एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति।।१३८।।

**‘(શ્રી ગુરુ સંસારી ભવ્ય જીવોને સંબોધે છે કે :) હે અંધ પ્રાણીઓ!’** અંધ નામ હે પ્રાણીઓ! તારી ચીજ આનંદમય છે તેને તું જોતો નથી (માટે તું) આંધળો છો. હે અંધ! **‘અનાદિ સંસારથી માંડીને પર્યાયે પર્યાયે આ રાગી જીવો સદાય મત્ત વર્તતા થકા...’** હું મનુષ્ય છું ને હું દેવ છું ને હું ક્રોધી છું ને હું નારકી છું ને હું તિર્યંચ છું, શેઠિયો છું ને હું દરિદ્ર છું, હું મૂર્ખ છું ને હું પંડિત છું ને, એમ પર્યાયે પર્યાયે અભિમાન કર્યું છે. આહાહા..! **‘સદાય મત્ત વર્તતા થકા...’** અંધ. ભગવાન ચૈતન્ય શુદ્ધ આનંદકંદ પ્રભુ, તેને જે જોતા નથી તેને અહીં આંધળા કહેવામાં આવ્યા છે. બીજી ચીજને જોવે છે છતાં આંધળો કહ્યો. આહાહા..!

નિજસ્વરૂપની ચીજ શું છે, તે તરફ તારો ઝુકાવ નથી, એ તરફ તારો પ્રેમ નથી અને જે ચીજ તારામાં નથી, શરીર, વાણી, મન, લક્ષ્મી-પૈસા, આબરુ એમાં તારું મન મત્ત થઈ ગયું છે, મસ્ત થઈ ગયું છે. તેથી ભગવાન આચાર્ય અંધ કહીને સંબોધન કરે છે. આહાહા..! એક બાજુ ૭૨ ગાથામાં ભગવાન તરીકે કહે, ભગવાનઆત્મા! એ પુણ્ય અને પાપના મલિન ભાવથી પ્રભુ તું જુદો છો. ભિન્ન છો. આહાહા..! અને તેમાં પોતાપણું માને અને તેનું ફળ સંયોગ... આહાહા..!

હમણાં ભાઈએ, ‘રમેશભાઈ’એ ગાયું નહિ? ‘દેવે દ્વારિકા નગરી રચી આપી’ ‘શ્રીકૃષ્ણ’ માટે દેવે દ્વારિકા (રચી). સોનાના ગઢ અને રતનના કાંગરા. આહાહા..! એ જ્યારે હડ.. હડ.. હડ.. અગ્નિથી બળી પ્રજા લાખો, કરોડો બળે, સળગે. ‘શ્રીકૃષ્ણ’ અને ‘બળદેવ’ માતા-

પિતાને રથમાં બેસાડી બહાર કાઢે છે. ઉપરથી હુકમ થાય, આકાશમાંથી અવાજ આવે, છોડી દે, મા-બાપને, ઇ નહિ બચે. આહાહા..! જેની હજારો દેવ સેવા કરતા હતા, એ મા-બાપને બચાવવા તૈયાર ન થયા. આહાહા..! મા-બાપને રથમાં બેસાડી બહાર કાઢતા હતા ત્યાં અવાજ આવ્યો, છોડી દ્યો! તમારા બે સિવાય કોઈ નહિ બચે. આહાહા..! એ 'કૃષ્ણ' ને 'બળદેવ'ની હજારો દેવ સેવા કરે, એના મા-બાપ(ને) બળતા દેખે, ખડખડ રોવે છે. આહાહા..! એ નાશવાન ચીજને નાશવાન કાળે... આહાહા..! કોણ રાખી શકે પ્રભુ! આહાહા..! સોનાના ગઢ ને રતનના કાંગરા સળગે. આહાહા..! તે દેવે બનાવેલી (નગરી), દેવે તેને બનાવી હતી. એ દેવ પણ બળતા હતા તેમાં રક્ષા કરવા આવ્યા નહિ. આહાહા..! એમ આ શરીરરૂપી નગરી રચી છે. આહાહા..! જે સમયે તેનો છૂટવાનો કાળ આવશે ત્યારે તારી રાખવાની કોઈ તાકાત નથી.

અહીંયાં એ કહે છે, એ અપદ છે. અંદર છે. આહા..! '**સદાય મત્ત વર્તતા થકા જે પદમાં સૂતા છે–ઊંઘે છે તે પદ અર્થાત્ સ્થાન અપદ છે–અપદ છે,...**' એ શરીરમાં તારી દૃષ્ટિ પડી છે, પ્રભુ! એ તારું અપદ છે, તારું પદ નહિ. આહાહા..! શરીર, વાણી, લક્ષ્મી, પૈસા, આબરુ, કીર્તિ, મકાન પ્રભુ! એ તારું પદ નહિ, એ અપદમાં તું સૂતો છો, નાથ! તારા પદની સંભાળ લે. આહા..! છે? '**સદાય મત્ત વર્તતા થકા જે પદમાં સૂતા છે...**' શરીરમાં, વાણીમાં, પૈસા, સ્ત્રી, કુટુંબ, મકાન. આહાહા..! કોઈ રાખવા ન આવ્યું. આહાહા..! હડ..હડ..હડ સળગે. રથમાં બહાર નીકળ્યા અને મા-બાપ બળ્યા. 'કૃષ્ણ' અને 'બળદેવ' દેખે. કોઈ શરણ નહિ. અંદરમાં રાણીઓ પોકાર કરે. જેની અર્ધાંગના રાણી. હજારો રાણી પોકાર કરે, અરે... 'કૃષ્ણ'! અમને કાઢો, અમને કાઢો. કોણ કાઢે ભાઈ! આહાહા..! તારી દૃષ્ટિ જ્યાં પર ઉપર અપદમાં પડી છે, તારા પદમાં શું ચીજ છે તેની તને ખબર નથી. આહાહા..! અપદમાં તારી બુદ્ધિ રોકાઈ ગઈ, પ્રભુ! આહા..! આચાર્ય એકવાર ભગવાન તરીકે સંબોધન કરે અને એકવાર અંધ તરીકે કરે. આહાહા..! પ્રભુ! તારો સ્વભાવ તો ભગવાનસ્વરૂપ છે, પ્રભુ! એ તરીકે તો આચાર્ય ભગવાન તરીકે સંબોધન કરે છે. પરંતુ તું પર્યાયમાં, રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપના ફળમાં મત્ત થઈ ગયો, મસ્ત થઈ ગયો છે, પાગલ થઈ ગયો છે. આહા..! એ ચીજ નાશવાન છે, ભાઈ! આહાહા..! એ રૂપાળા શરીર લાગે એ એકવાર અગ્નિમાં સળગશે. અહીંથી અગ્નિ નીકળશે. આહાહા..! હડ..હડ.. હડ..હડ અગ્નિ સળગશે. આ જ ભવમાં શરીરની સ્થિતિ. આહાહા..! પ્રભુ! એ તારી ચીજ ક્યાં છે? આહા..! અપદમાં તારી ચીજ ક્યાં છે? છે?

બે વાર કહ્યું, '**અપદ છે–અપદ છે,...**' પ્રભુ! એ રાગ, પુણ્ય, શરીર, લક્ષ્મી, આબરુ, કીર્તિ, મકાન, એ જમીન, મકાન... આહાહા..! ઓલો બે અબજ ને ચાલીસ કરોડનો ધણી... 'પોપટભાઈ' છે ને? 'પોપટભાઈ'ના સાળા, આ 'પોપટભાઈ'ના સાળા. બે અબજ ચાલીસ

કરોડ. 'બલુભાઈ'! દશાશ્રીમાળી વાણિયા હતા, તમારી નાતના. આહાહા..! એ અહીં...

મુમુક્ષુ :– સાચવીને રાખતા નહિ આવડ્યું હોય.

ઉત્તર :– અરે...! શું રાખે ભાઈ! મને દુઃખે છે, એમ રાત્રે દોઢ વાગે કહ્યું. મને દુઃખે છે. ઘરે ચાલીસ લાખના બંગલા, દસ-દસ લાખના બંગલા, સાંઈઠ લાખના ત્રણ બંગલા. અને આહાહા..! અત્યારે આ તો વર્તમાન. એનો છોકરો છે. છોકરો 'મુંબઈ' દર્શન કરવા આવ્યા હતા. એ કહે, 'મારા પિતાજીને આપના દર્શન કરવાનો ભાવ હતો.' એમ કાંઈક બોલે ને! અહીંયાં આવે એટલે (એવું બોલે). હશે કાંઈક, એકવાર કહેતા હતા ખરા, નહિ? 'પોપટભાઈ'! 'સોનગઢ' જાવું છે એકવાર, કહ્યું હશે. પણ અઢી અબજ રૂપિયા! ફાટી ગયેલા પ્યાલા. આહાહા..! 'દ્વારિકા' સળગે એમાં એ વખતે સળગી ગયું.

મુમુક્ષુ :– 'અંબાજી'ની મહેરબાની ...

ઉત્તર :– ધૂળ, પાછો 'અંબાજી'ને માનતો. સ્થાનકવાસી હતો અને 'અંબાજી'ને માનતો. આહાહા..! એ ભાઈ પાંચ મિનિટમાં દેહ છૂટી ગયો. બાપુ! એ અપદ અને અનિત્ય છે. ભાઈ! પ્રભુ! આ તો નાશવાન ચીજ છે, તારું અવિનાશી પદ તો પ્રભુ! અંદર છે. આહાહા..! અરે...! અવિનાશી ભગવાન અંદર (બિરાજે છે), એ તરફ તારું લક્ષેય નહિ, તે પદ તરફ તારું ધ્યાનેય નહિ અને આ અપદમાં તારી પ્રીતિ અને પ્રેમમાં ઘૂસી ગયો. આહા..! (એ) તારું સ્થાન નહિ, એમ કહ્યું. આહાહા..! શરીર, વાણી, કર્મ આદિ. આહાહા..!

એ મા-બાપ સળગતા હશે ત્યારે 'કૃષ્ણ' ને 'બળદેવ' કોણ કહેવાય? આહાહા..! અર્ધ – ત્રણ ખંડના ધણી. મા-બાપ બળે તોય છોડાવી શક્યા નહિ, ભાઈ! આહાહા..! 'કૃષ્ણ' 'બળદેવ'ને પોકાર કરે છે, મોટાભાઈ છે ને? પોતે તો મોટા, પદવી તરીકે 'વાસુદેવ' મોટા છે. ભાઈ! હવે આપણે ક્યાં જશું? આહાહા..! ભાઈ! આ દ્વારિકા સળગી. આપણે પાંડવોને તો દેશબહાર કર્યા. ભાઈ! આપણે જાશું ક્યાં? આહાહા..! એ સમય તો જુઓ! હેં? 'બળભદ્ર' કહે છે, ભાઈ! આપણે પાંડવને દેશબહાર કર્યા છે પણ એ સજ્જન છે, ભાઈ! સજ્જન છે. આપણે ત્યાં જાશું, બીજું કોઈ સાધન નથી. અર.ર..ર...! જેની હજારો દેવ સેવા કરે ઇ પોકાર કરે છે. ભાઈ! ક્યાં જાશું હવે? દ્વારિકા સળગી. આહાહા..! રાજાની ઉપર તો અમે ધણી હતા તે રાજાઓ પણ આપણને કંઈ શરણ આપે નહિ. એને અમારું દબાણ હતું. જાવું ક્યાં? ભાઈ! 'બળદેવ' કહે, બાપા! ભાઈ! આપણે ત્યાં પાંડવ પાસે જાશું, એ સજ્જન છે. આરે...! આહાહા..! એ 'કૌસંબી' વનમાં ગયા. ત્યારે 'કૃષ્ણ' કહે છે, ભાઈ! મારામાં પગ ઉપાડવાની શક્તિ નથી. મને એટલી તૃષા લાગી છે. 'કૃષ્ણ' પોકારે છે, મને એટલી તૃષા લાગી છે કે, પગ નહિ ભરી શકું, બાપા! ભાઈ! તમે અહીં રહો. બળદેવ' કહે, હું પાણી લેવા જાઉં. આહાહા..! ન્યાં પાણીના લોટા-બોટા ક્યાં હતા? પાંદડા મોટા હતા તો પાંદડાને સળીયું નાખીને લોટા જેવું બનાવીને પાણી લેવા ગયા. ભગવાને કહેલું કે, આના હાથે આ મરશે. શું નામ

કીધું? 'જરતકુમાર... જરતકુમાર'! ભગવાને કહેલું કે આને હાથે (મરશે), એટલે બિચારો બાર વર્ષથી જંગલમાં (રહેતો હતો). આહાહા..! 'શ્રીકૃષ્ણ' તો ... પ્રાણી, પગમાં મણિ, રતન ભરેલાં. આમ છેટેથી દેખ્યું. પગ ઉપર ચડાવીને સૂતા. કોઈ હરણ છે એમ ધારીને તીર માર્યું. આહાહા..! તીર માર્યું ને ત્યાં લોહી જામ થઈને હજારો કીડીઓ (ભેગી થઈ), આહા..! દેહ છૂટી ગયો. હજી દેહ છૂટ્યા પહેલા 'જરતકુમાર' આવ્યા કે, અરે...! કોણ છે આ તે? આહાહા..! ભાઈ! તમે બાર વર્ષથી જંગલમાં (રહો છો). મારે હાથે આ સ્થિતિ! પ્રભુ! મેં ગજબ કર્યો, કાળ કર્યો. આહાહા..! મારે હવે ક્યાં જાવું? 'શ્રીકૃષ્ણ' કહે છે, ભાઈ! એ કૌસ્તુભમણિ અબજો રૂપિયાની કિંમતનું વાસુદેવની આંગળીમાં હોય છે. કૌસ્તુભમણિ. આ લઈ જા, પાંડવ પાસે જા ને તને રાખશે કે, આ મારું ચિહ્ન છે. ત્રણ ખંડમાં કોસ્તુભમણિ કોઈ પાસે નથી એટલે આ એંધાણ લઈને જા. ભાઈ! તને રાખશે. આહાહા..! એ જ્યાં ત્યાંથી છૂટે છે ત્યાં દેહ છૂટી જવાનો. કૌસંબી વનમાં 'કૃષ્ણ' એકલા. આહાહા..! કોઈ ત્યાં શરણ નહિ. આહા..! એ અપદમાં શરણ ક્યાં છે? પ્રભુ! આહાહા..! એની સંભાળ કરવા તું જા છો. દેહની ને વાણીની. બાહ્ય પદાર્થની. આહા..! એ અપદ છે ને, પ્રભુ! એ તારું રહેવાનું સ્થાન નહિ. આહાહા..! તારું બેસવાનું એ સ્થાન નથી, પ્રભુ! આહાહા..! તારું બેસવાનું સ્થાન અંદર અવિનાશી ભગવાન છે. આહાહા..!

**'विबुध्यध्वम्' 'એમ તમે સમજો. (બે વાર કહેવાથી અતિ કરુણાસ્વભાવ સૂચિત થાય છે).'** કરુણા.. કરુણા.. કરુણા. સંતોની પણ કરુણા! અરે..રે...! પ્રભુ! હું મનુષ્ય છું ને હું દેવ છું ને હું પૈસાવાળો છું ને હું રાજા છું ને હું જમીનદાર છું ને હું શેઠ છું. અરે...! પ્રભુ! આ શું કરે છે? આહાહા..! પ્રભુ! એ ચીજ તો નાશવાન છે. એ તારું અપદ છે, ત્યાં તારું રહેવાનું સ્થાન નથી, એ બેઠકનું સ્થાન નહિ, પ્રભુ! આહાહા..! દારૂ પીને જેમ કોઈ માણસોએ વિષ્ટા કરી હોય અને ત્યાં જાય, આહાહા..! બીજો માણસ આવ્યો ને કહ્યું, અરે...! રાજા તમે? દારૂ પીધેલો. માણસની વિષ્ટા હતી ત્યાં સૂતો. આહાહા..! ભાઈ! આ શું? તમારું સ્થાન તો રાજમાં સોનાના સિંહાસન છે અને આ શું? પણ દારૂના પીધેલા. એમ મોહના પીધેલા અજ્ઞાની. આહાહા..! પોતાનો આનંદકંદ પ્રભુ, સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ, તેમાં નહિ જઈને આ અપદમાં તારું સ્થાન (માનીને) સંતોષાઈને પડ્યો છો, પ્રભુ! આહાહા..!

**'इतः एत एत' 'આ તરફ આવો-આ તરફ આવો,...'** આહાહા..! છે? એ બે વાર કહ્યું. અપદ, અપદ બે વાર કહ્યું. આહાહા..! અહીંયાં આવો, અહીંયાં આવો. પ્રભુ! અહીંયાં અંદર આત્મા આનંદનો નાથ, પ્રભુ! આહાહા..! શુદ્ધ પરમાત્મસ્વરૂપ, એ રાગથી રહિત પ્રભુ તારું સ્થાન અહીંયાં છે ત્યાં આવો, ત્યાં આવો. આહાહા..! છે? **'આ તરફ આવો- આ તરફ આવો,...'** જ્યાં પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યપણે બિરાજમાન છે. આહાહા..! અતીન્દ્રિય ચૈતન્ય ચમત્કારિક શક્તિઓનો સાગર પડ્યો છે. પ્રભુ! ત્યાં આવને, આવને. બે વાર કહ્યું.

એ.. આવ, આવ. આવો.. આવો. આહાહા..! છે? **'(અહીં નિવાસ કરો).'** અહીંયાં નિવાસ કરો. વાસ ઉપરાંત નિવાસ. આહાહા..! નિવાસ કરો. ત્યાં રહો કે જેમાંથી નીકળવું ન પડે એ રીતે નિવાસ કરો, એમ કહે છે. વાસ, નિવાસ. વસવું અને આ તો નિવાસ. વિશેષે અંદર ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ છે ને ત્યાં આવને, ત્યાં આવને અંદર. આહાહા..! સંતો દિગંબર મુનિ, 'અમૃતચંદ્રાચાર્ય'. આહાહા..! એ વખતે ચાલતા સિદ્ધ! હજાર વર્ષ પહેલાં દિગંબર સંત એવા 'અમૃતચંદ્રાચાર્ય'. એની આ ટીકા. અત્યારે ભરતક્ષેત્રમાં બીજે ક્યાંય નથી. આહાહા..! આવી ટીકા! એક એક શબ્દમાં કેટલું ભર્યું છે! આહાહા..! સમજાણું? આ તો ટીકા ઉપરાંત કળશ બનાવ્યો છે.

અહીંયાં આવો, **'(નિવાસ કરો).'** આહા..! **'पदम् इदम् इद' 'તમારું પદ આ છે–આ છે...'** આહાહા..! ત્રણ વાત કહી. એક તો 'અપદ, અપદ' બે વાર કહ્યું. અહીં આવો, આવો, બે વાર (કહ્યું) અને તમારું પદ આ છે, આ છે. એ બે વાર (કહ્યું). છે? **'पदम् इदम् इद' 'पदम् इदम् इद'**. આહાહા..! બહુ સરસ કળશ આવ્યો છે. ભગવાન અંદર છે ને, બાપુ! આહા..! ચૈતન્ય ચમત્કારિક ચીજ અંદર પ્રભુ ભગવત્ સ્વરૂપ છે ત્યાં આવો, ત્યાં આવો. આહાહા..! એ (બાહ્ય ચીજો) અપદ છે, અપદ છે. શરીર, વાણી, લક્ષ્મી, આબરુ, કીર્તિ એ બધું અપદ છે, અપદ છે. બે વાર. અહીં આવો, આવો. બે વાર. તમારું પદ આ છે, આ છે. બે વાર. પ્રભુ! તારું પદ તો અંદર આનંદ અવિનાશી પદ છે ને! આહાહા..!

**'જ્યાં શુદ્ધ શુદ્ધ ચૈતન્યધાતુ...'** એ બે વાર. શુદ્ધ શુદ્ધ ચૈતન્યધાતુ. શુદ્ધ દ્રવ્યે અને પર્યાયે શુદ્ધ છે. આહાહા..! દ્રવ્યે અને ગુણે એ શુદ્ધ છે. આહાહા..! શુદ્ધ શુદ્ધ. પર્યાય લઈએ તો કારણશુદ્ધપર્યાય. બાકી ગુણ અને દ્રવ્ય. દ્રવ્યે શુદ્ધ અને ગુણે શુદ્ધ છે. એ ચૈતન્યધાતુ છે ને, પ્રભુ! જેણે ચૈતન્યપણું ધારી રાખ્યું છે ને! એણે રાગ અને પુણ્ય ધારી નથી રાખ્યા. ભગવાન અંદર ચૈતન્યધાતુ, એણે ચૈતન્યપણું ધારી રાખ્યું છે. આહાહા..! એણે અતીન્દ્રિય આનંદને ધારી રાખ્યો છે, પ્રભુ! આહાહા..! એ શુદ્ધ શુદ્ધ ચૈતન્યધાતુ.

**'स्व-रस-भरतः' 'નિજ રસની...' 'भरतः'** નામ **'અતિશયતાને લીધે...'** આહાહા..! જેના રસમાં એટલો રસ છે, અતિશય. આનંદરસ, જ્ઞાનરસ, શાંતરસ, સ્વચ્છતારસ, પ્રભુતારસ એવા અનંત ગુણના રસ. આહાહા..! નિજરસની અતિશયતા. **'भरतः'** છે ને? વિશેષતા. એવો નિજરસ ભર્યો છે કે એના જેવો ક્યાંય નથી. આનંદરસ જેમાં પ્રભુ આત્મામાં છે. આહાહા..! અતીન્દ્રિય ચૈતન્યધાતુ જેની છે. ધાતુ નામ ધારણ કર્યું છે. એણે તો ચૈતન્યપણું જ ધારણ કર્યું છે. રાગ અને પુણ્ય એણે ધારણ નથી કર્યા. આહાહા..! (અહીં સુધી) જાવું. કહો, 'પંકજભાઈ'! આ ઝવેરાતના ધંધામાંથી નીકળવું અને આ બધું. આહાહા..! બહુ પેદા થાય પછી આપણે લાખ-બે લાખ દાનમાં આપશું. પણ એમાં... એ પણ શુભભાવ છે. એ પણ અપદ છે. આહાહા..! એવી વાત છે, પ્રભુ! આહાહા..!

મુમુક્ષુ :- દુનિયાને, સંસારને સળગાવી દીધો.

ઉત્તર :- સંસાર આખી ચીજ જ દુઃખમયી છે. શરીર, વાણી, કર્મ, પૈસા, આબરુ, કીર્તિ બધા દુઃખના નિમિત્ત છે તો દુઃખમયી કહેવામાં આવે છે. આહાહા..! આમ પાંચ-પચીસ લાખ મહિને મહિને પેદા થાય. આહાહા..! મગજ – પ્યાલા ફાટી જાય. ભાઈ! તું પાગલ થઈ ગયો છો. જે તારી ચીજ નથી ત્યાં દારૂ પીને જેમ વિષ્ટાના સ્થાનમાં બેસે, એમ પ્રભુ તેં મિથ્યાત્વનો મોટો દારૂ પીધો છે. આહાહા..! કે જે સ્થાન તારું પદ નહિ ત્યાં તું સૂતો છો. આહાહા..!

શુદ્ધ ચૈતન્યધાતુ **'स्व-रस-भरतः'** સ્વરસથી ભર્યો પડ્યો છે. સ્વરસની વિશેષતાથી, અતિશયતાથી ભર્યો પડ્યો છે. આહાહા..! અરે..રે..! એવી વાત સાંભળવા મળે નહિ. હેં? એણે ક્યાં જાવું? આહા..! અને આ તો આત્માના હિતની વાત છે, પ્રભુ! સમજાણું? એ પંચ મહાવ્રતના પરિણામ ને એમાં રહેવું એ બધા અપદ છે, એમ કહે છે. આહાહા..! તારું પદ તો શુદ્ધ શુદ્ધ ચૈતન્યધાતુ અંદર બિરાજમાન છે, ભગવાન. આહાહા..! કર્મના નિમિત્તે રાગ થાય તેનાથી પણ તારી ચીજ ભિન્ન છે. આહાહા..! તારી ચીજને રાગની લાળ ચોંટતી નથી, અડતી નથી. દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ પ્રભુ! તારી ચીજને અડતા નથી. એવી તારી ચીજ અંદર નિર્લેપ પડી છે. આહાહા..! આનંદનો સાગર ઉછળે છે, ત્યાં જાને નાથ! ત્યાં આવને પ્રભુ! આહાહા..! આ મુનિઓની કરુણા તો જુઓ! હેં? આહાહા..!

**'स्व-रस-भरतः'** નિજ શક્તિના રસના આનંદાદિ અનેક ગુણ. અસ્તિત્વનો આનંદ, વસ્તુત્વનો આનંદ, જીવત્વનો આનંદ, જ્ઞાનનો આનંદ, દર્શનનો આનંદ, શાંતિનો આનંદ, શાંતિ એટલે ચારિત્રનો (આનંદ), એવા અનંત ગુણનો આનંદ, એવા રસથી ભરેલો પડ્યો છે ને પ્રભુ અંદર. આહાહા..!

**'સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે...'** શું કહે છે? જ્યારે આ વસ્તુ – શરીર, રાગ નાશવાન છે ત્યારે આ સ્થાયીભાવ (છે). સ્થિર ભાવ અંદર પડ્યો છે, સ્થાયી રહેનાર છે, કાયમ રહેનાર છે. આહાહા..! ક્યાં કરોડોપતિઓ, શેઠિયાઓ, મા-બાપ એના અરે...! મરીને ક્યાં પડ્યા હોય? લીલોતરીમાં, કંદમૂળમાં, લસણકંદમાં પડ્યા હોય, બાપુ! આહાહા..! અહીં બધા કુટુંબ-કબીલા ને પાંચ-પચીસ લાખના મકાન હોય ને મોજ માણતા હોય. જાણે, ઓહોહો..! એમાં દીકરાના લગન હોય ને એમાં બે-પાંચ લાખ ખર્ચવા હોય ને... આહાહા..! ફળ્યાફૂલ્યા જુઓ એ સંસારમાં! એની મા પણ રાગણમાં કરતા કરતા કંઠ બેસી જાય. બીજા કહે કે, બા! પણ થોડું બોલો ને! આહાહા..! રાગના રસિયાના રાગ, કંઠ બેસી જાય તોપણ રાડ્યું પાડ્યા કરે. મૂર્ખ! આહાહા..! પ્રભુ! તારો રસ તો અહીંયાં સ્થાયીભાવ આ છે ને! આ તો બધા અસ્થાયી છે. આહાહા..! શ્લોક બહુ સારો આવી ગયો છે. 'નિર્જરા અધિકાર' વાંચતા હતા ને? આહાહા..!

**'સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર છે...'** ભગવાન અંદર સ્થાયીભાવ, સ્થાયી અવિનાશી ધ્રુવ. ધ્રુવધામ પ્રભુ તારું પદ છે. આહાહા..! એ પદમાં આવી જા. અપદથી છૂટી જા. આહાહા..! જન્મ-મરણ રહિત થવું હોય તો અપદથી છૂટીને પદમાં આવી જા. આહાહા..! ભગવાન તારી ચૈતન્યધાતુ નિજરસથી અંદર ભરી પડી છે. આનંદનો રસ! આહાહા..! જેમ પૂરણપોળી હોય છે ને? પૂરણપોળી નહિ? આમ ઘીમાં નાખે. રસબોળ, રસબોળ (ઘી) ટપકે. એમ ભગવાન આનંદના રસથી અંદર ભર્યો પડ્યો છે. અંદર રસ ટપકે છે. જો તારી નજર કર તો એમાં રસ ટપકે છે. આહાહા..! અરે..રે...! આવું તારું તત્ત્વ, પ્રભુ! એ ભૂલીને ક્યાં તું પડ્યો છો? ક્યાં તારી દૃષ્ટિ પડી છે? આહાહા..! સ્થાયીભાવને પ્રાપ્ત નામ સ્થિર, અવિનાશી છે. આહાહા..!

**'(અહીં 'શુદ્ધ' શબ્દ બે વાર કહ્યો છે તે દ્રવ્ય અને ભાવ બન્નેની શુદ્ધતા સૂચવે છે.)'** દ્રવ્ય શુદ્ધ છે અને ભાવ પણ શુદ્ધ છે. આહાહા..! ભાવવાન દ્રવ્ય તો શુદ્ધ છે પણ ભાવવાનનો ભાવેય શુદ્ધ છે. આહાહા..! આ ભાવ પુણ્ય-પાપના ભાવ નહિ. એ તો અશુદ્ધ, મેલ ને દુઃખ છે. આહાહા..! ભાવવાન ભગવાન, તેનો ભાવ શુદ્ધ આનંદાદિ ભાવ એ તારો છે. એ સ્થાયીભાવને પ્રાપ્ત છે, સ્થિરભાવ છે. અનાદિ અનંત અનંત એ તો સ્થિરરૂપ છે. જેમાં હલચલ છે નહિ. આહાહા..! પ્રભુ! એવું તારું ધ્રુવધામ પડ્યું છે ને! આહાહા..! એ તારી નગરીમાં આવ. આ પરની નગરીને છોડ, પ્રભુ! આહાહા..! અમારું નગર છે, અમારું ગામ છે. આહા..!

**'(સમસ્ત અન્યદ્રવ્યોથી જુદો હોવાને લીધે...)'** દ્રવ્ય અને ભાવનો ખુલાસો કરે છે. **'(સમસ્ત અન્યદ્રવ્યોથી જુદો હોવાને લીધે આત્મા દ્રવ્યે શુદ્ધ છે અને પરના નિમિત્તે થતા પોતાના ભાવોથી...)'** પોતાના ભાવોથી. જુઓ! પુણ્ય-પાપના ભાવ પર્યાયમાં થાય છે, પોતાના ભાવથી પણ ભિન્ન છે, એમ કહે છે. આહાહા..! અરે...! કોઈ વાંચન નહિ, શ્રવણ નહિ, મનન નહિ અને એમ ને એમ ધંધામાં ને બાયડી, છોકરા, કુટુંબમાં મશગુલ, મશગુલ મસ્ત, પાગલ જેવા દેખે. આહાહા..! પ્રભુ! તું ક્યાં છો? ક્યાં જા છો તું? તને ખબર નથી. આહાહા..! એ વેશ્યાને ઘરે જા તો વ્યભિચારી થાય છે. એમ રાગ ને પરને (પોતાના) માને છે તો તું વ્યભિચારી થાય છે, પ્રભુ! આહાહા..! જે ચીજ તારી નહિ તેને પોતાની માનવી એ વ્યભિચાર છે. આહાહા..! 'જેઠાલાલભાઈ'! આવી વાત છે, પ્રભુ! આહાહા..! આહા..! **'(ભાવે શુદ્ધ છે).'**

**ભાવાર્થ :–** દૃષ્ટાંત આપે છે. **'જેમ કોઈ મહાન પુરુષ મદ્ય પીને...'** જોયું? દારૂ પીને. આહા..! અમે તો જોયું છે, 'રાજકોટ'માં જંગલ બહાર જતા હતા તો એક (માણસ) દારૂ પીને નીકળતો. 'રાજકોટ'ની બહાર મોટું દારૂનું પીઠુ છે. એ બાજુ અમે જંગલ, દિશાએ જતા. એક દારૂ પીને નીકળ્યો હતો. આમ ગાંડા જેવો, પાગલ. અરે..! કીધું. આહાહા..! માણસ ઠીક હતો આમ પણ દારૂ પીધેલો એટલે કાંઈ ભાન ન મળે. આહાહા..! 'રાજકોટ'માં

ગામ બહાર .. આહાહા..! એમ આ તો શહેરદીઠ, ગામદીઠ દારૂ પીધેલા છે, કહે છે. અને એ મિથ્યાત્વના દારૂ પીધેલા મદમાં આવેલા, અમે લક્ષ્મીવાળા છીએ, અમે શેઠ છીએ, અમે રાજા છીએ. આહાહા..! સ્ત્રી કહે, અમે રાણી છીએ, પટરાણી છીએ. આહા..! શેઠાણી છું. અરે..! પ્રભુ! શું કરે છે તું આ? આહાહા..! એ ક્યાં તારી ચીજ છે કે તને અભિમાન થયા? આહાહા..!

**'મહાન પુરુષ મદ્ય પીને મલિન જગ્યામાં સૂતો હોય...'** મલિન સ્થાન હોય ત્યાં (સૂતો હોય). **'તેને કોઈ આવીને જગાડે–સંબોધન કરે કે 'તારી સૂવાની જગ્યા આ નથી;...'** સોને કા સ્થાન એટલે સોનાનું નહિ. સોને કા એટલે સૂવાનું સ્થાન. **'તારી સૂવાની જગ્યા આ નથી; તારી જગ્યા તો શુદ્ધ સુવર્ણ..'** લ્યો, ઠીક ! **'તારી જગ્યા તો શુદ્ધ સુવર્ણમય ધાતુની બનેલી છે,...'** આહાહા..! સોનાના મકાન છે. બૌદ્ધમાં અત્યારે છે. બૌદ્ધમાં સોનાના મંદિર (છે). અબજોપતિ વસ્તી મોટી છે અને પૈસાવાળા ઘણા છે. સોનાના મંદિર. અત્યારે હજી કળિકાળમાં. આહાહા..!

મુમુક્ષુ :– દિવાલો પણ...

ઉત્તર :– હા. એમાં શું પણ છે? સોનાના શું રતનના આવી જાય. એવા કોઈ પુણ્યનો યોગ હોય તો અબજો રતન જમીનમાંથી નીકળે. એમાં શું? એ ચીજ શું છે? આહા..! આ રતન ચૈતન્ય અંદરમાં ભર્યા છે. આહાહા..! એકવાર રાગથી ભેદજ્ઞાન કરી રતનને સંભાળ. આહાહા..! પરથી તો ઠીક પણ રાગથી ભિન્ન કર, પ્રભુ! આહાહા..! પહેલી સમ્યગ્દર્શનની વાત છે. પછી ચારિત્ર તો ક્યાં હતું? એ તો કોઈક બીજી વાત છે. આહાહા..!

અહીંયાં તો આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, ચૈતન્ય (ધાતુથી) બનેલો છે. **'શુદ્ધ સુવર્ણમય ધાતુની બનેલી છે,...'** આ બહારનો દાખલો. **'અન્ય કુધાતુના ભેળથી રહિત શુદ્ધ છે અને અતિ મજબૂત છે;...'** આહા..! ક્યાં? ઓલો મદ્ય પીને વિષ્ટામાં સૂતો છે ને એને કંઈ ભાનેય નથી કે આ વિષ્ટામાં (સૂતો છું). પ્રભુ! તું અહીંયાં ક્યાં સૂતો છો? તારા બંગલામાં મજબૂત સ્થાન પડ્યું છે ને! સોનાનું સિંહાસન છે ને ત્યાં આવી જા. એ લૌકિક વાત, દૃષ્ટાંત (કહ્યો). આહા..! **'અતિ મજબૂત છે; માટે હું તને બતાવું છું ત્યાં આવ, ત્યાં શયન આદિ કરી આનંદિત થા...'** ત્યાં શયન કરો.

**'તેવી રીતે આ પ્રાણીઓ અનાદિ સંસારથી માંડીને...'** રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, તેના ફળ લક્ષ્મી, આબરુ, કીર્તિ ધૂળ. આહા..! તેને **'ભલા જાણી,...'** આહા..! અમે લક્ષ્મીવાન છીએ, આબરુવાન છીએ, અમારી મોટી આબરુ છે. આહા..! અમારા છોકરાને મોટા મોટા કરોડપતિઓની આવે છે. પણ શું છે પ્રભુ આ તને? આ પાગલપણું શું થયું તને? શું થયું? આહાહા..! એ નાશવાન સળગશે તે દિ' બાપુ! ચાલ્યો જાઈશ, બાપા! આહાહા..! એ નાશવાનનો કાળ આવશે. નાશવાન તો અત્યારે પણ છે પણ છૂટું પડવાનું ટાણું આવશે તો, આહાહા..!

એ બધા બંગલા ને બાયડી, છોકરા રોતા રહેશે (અને તું) ચાલ્યો જઈશ. આહાહા..!

બાળક જન્મે ત્યારે પહેલી આંખ ન ઉઘાડે. જોયું છે? સવા નવ મહિના પેટમાં રહ્યો. આમ આંખ બંધ હોય. બહાર જન્મે ત્યારે પહેલું મોઢું ઉઘાડે. મોઢું ઉઘાડીને પહેલું ઉં... કરે. આંખ્યું બંધ રાખે. સમજાણું? એમ કહે છે કે, અહીંયાં સ્વને જોવાની આંખ્યું બંધ કરીને રોવે છે, બસ! આ મારું છે, આ મારું છે, આ મારું છે. બાળપણથી રોતો આવ્યો પછી પણ તું તો રોવે છે. આહાહા..! એકવાર છાપામાં એવું આવ્યું હતું કે, જન્મે ત્યારે એને એની મા હજી જોવે કે આ દીકરી છે કે દીકરો, ત્યાં મોઢું ફાડીને ઉં... કરે. આંખ ન ઉઘાડે. આ બધાને થયેલું છે, હોં! એ વખતે. એમ આ અનાદિથી અજ્ઞાની, પ્રભુને જોવાની આંખ્યું બંધ કરીને આ મારા, આ મારા એમ રોયા કરે છે, રૂદન કરે છે. આહાહા..!

અહીંયાં આવી જા, પ્રભુ! આહાહા..! '**રાગાદિને ભલા જાણી, તેમને જ પોતાનો સ્વભાવ જાણી,..**' ચાહે તો શુભ રાગ હો. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પણ અસ્થાન છે. આહાહા..! '**તેમાં જ નિશ્ચિંત સૂતા છે...**' તેમને જ પોતાનો સ્વભાવ માની નિશ્ચિંત થઈને સૂતા છે. '**સ્થિત છે, તેમને શ્રી ગુરુ કરુણાપૂર્વક સંબોધે છે–જગાડે છે–સાવધાન કરે છે...**' ત્રણ અર્થ લીધા. સંબોધિત કરે છે, જગાડે છે, સાવધાન કરે છે. '**હે અંધ પ્રાણીઓ**!' આહાહા..! '**તમે જે પદમાં સૂતાં છો તે તમારું પદ નથી;...**' આહાહા..! રાગ, દયા, દાનના રાગથી માંડી બધી ચીજ અપદ છે, નાશવાન છે, તારી ચીજ નહિ. આહાહા..!

'**તમે જે પદમાં સૂતાં છો તે તમારું પદ નથી; તમારું પદ તો શુદ્ધ ચૈતન્યધાતુમય છે,...**' આહાહા..! તારું સ્થાન, સ્વભાવ અંદર શુદ્ધ ચૈતન્યધાતુ, શુદ્ધ ચૈતન્યધાતુ. શુદ્ધ ચૈતન્ય જેમાં ધારી રાખ્યો છે એ તારું પદ અંદર છે. આહાહા..! '**બહારમાં અન્ય દ્રવ્યોના ભેળ વિનાનું...**' આ ભેળસેળ કરે છે ને? આહાહા..! મરી, મરી તીખા મરી હોય છે ને? મરીમાં પોપૈયાના બી, પોપૈયાના બી મરી જેવા હોય ઇ અંદર નાખે. ભેળસેળ, ભેળસેળ કરે. આ તો મેં દૃષ્ટાંત આપ્યું. એવું બધામાં (થાય છે). મરચાની ઉપર ઓલું ભરે અને અંદર બીયા ભરે. ચોખામાં કણકી ભરે. ચોખામાં બહુ કણકી હોય, કણકી સમજાણું? ઝીણો ભૂકો. બીજાને આપવું હોય તો શેઠ એવો હોય. દુકાનો ભરી હોય, બંબી હોય બંબી, બંબી સમજાણું? ચોખા કાઢવાનું. આમ ન મારે. આમ મારે તો ચોખા અને કણકી બે નીકળે. આમ મારે. આ બધું (જોયું છે ને). એટલે આખા આખા ચોખા નીકળે. અંદર કણકીનો પાર નહિ પણ દગો. આ વાણિયા આવું કરે છે, બધું જોયું છે, હોં! આખી દુનિયા જોઈ છે.

અમારે તો છેલ્લું, કહ્યું હતું ને? (સંવત) ૧૯૬૮માં છેલ્લો માલ લેવા અમે 'મુંબઈ' ગયા હતા તો ચારસો મણ ચોખા લીધા હતા. ચારસો મણ. છેલ્લો વેપાર. પછી દુકાન છોડી દીધી. ચારસો મણ ચોખા અને ખજૂરના વાડિયા, ઇ શું કહેવાય? ખજૂરના ઇ ઘણા લીધેલા, 'મુંબઈ'થી. પણ સીધી વાત અહીંયાં, હોં! આડીઅવળી (વાત) નહિ. અહીં તો સીધું

બતાવીએ, જો ભાઈ! આ છે ચોખા. થોડી કણકી છે. અને ઓલા દગા કરનારા, એ લોઢાની બંબી હોય, આમ પોલી પોલી હોય. આમ રાખે એટલે ચોખા આવે ને કણકી ન આવે. અરે...! પ્રભુ! તું શું કરે છે આ? આ તારો ધંધો કઈ જાતનો? આહાહા..! 'પંકજભાઈ'! બધાને જોયા છે, હોં! એક વકીલાત કરી નથી, ભાઈ કહે છે ઇ. પણ વકીલાતને જોઈ છે પુરી.

અમે એક વકીલ કર્યો હતો. (સંવત) ૧૯૬૩ની સાલમાં અફીણનો ખોટો કેસ આવ્યો હતો. 'વડોદરા'માં એક મોટો વકીલ રાખ્યા હતો. એ વકીલ પાસે જાતા ત્યાં ઇ કહે, ત્યાં શું કહેશે, ફલાણું કહેશે. ઇ બધું કહે. 'વડોદરા.. વડોદરા' છે ને? દરવાજો છે ને? દરવાજાની પછી આ બાજુના મકાનમાં વકીલ રહેતો. આ ફેરી બીજો હશે, તે દિ'નો વકીલ. વકીલ પાસે જાતા. અમે અમારા માટે વકીલ રાખ્યો હતો. આ સત્તર વર્ષની ઉંમરની વાત છે. દસ અને સાત. ૧૯૬૩ ની સાલ. આહાહા..! પણ એ બધા, વકીલોય બધા... એ જે મકાનમાં અમારો કેસ ચાલ્યો હતો, ૧૯૬૩ માં, એ મકાનમાં મેં હમણા વ્યાખ્યાન આપ્યું હતું. 'વડોદરા'નું તળાવ છે ને? એની પાસે મોટું છે.. શું કહેવાય ઇ? કોર્ટ, મોટી કોર્ટ. 'વડોદરા' દરવાજા બહાર અને તળાવ છે ત્યાં અમારો ૧૯૬૩ માં કેસ ચાલ્યો હતો. ત્યાં હમણાં વ્યાખ્યાન આપ્યું હતું. બધા માણસો આવે, અમલદાર, અધિકારી. આપણે 'કેશવલાલ' એક પ્રોફેસર હતા ને? ગુજરી ગયા. 'કેશવલાલ ભટ્ટ'. એ આવ્યા હતા. બધા હતા, વકીલો બધા હતા. ઉપર કોર્ટ ચાલતી હતી, નીચે વ્યાખ્યાન ચાલતું હતું. એ લોકોને રજા આપી. ભઈ! મહારાજ આવ્યા છે અને માણસ જાજું ભરાય છે, બીજે ક્યાંય મળે નહિ, ત્યાં વાંચો. આહા..! પણ એ કોર્ટવાળા પણ સાંભળીને બિચારાને કાંઈ ખબર ન મળે. શું કહે છે આ શું કહે છે? એ ભગવાન રાગ વિનાની ચીજ છે. તો એ કહે, આ શું કહે છે પણ?

અમે તો ક્યારેય રાગ વિનાની ચીજ જોઈ નથી ને આ શું કહે છે? પણ તેં નજર જ ક્યાં કરી છે? જ્યાં નિધાન છે ત્યાં નજર કરી નથી અને રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ને (તેના) ફળ (ઉપર) તારી નજર (છે). નજરબંધી થઈ ગઈ, નજરબંધી થઈ ગઈ, તને નજરબંધી થઈ ગઈ. નજરબંધી નથી કહેતા? તેને પરમાં નજરબંધી થઈ ગઈ. પોતાની નજર કરવાનો ટાઈમ રહ્યો નહિ. આહાહા..!

**'અન્ય દ્રવ્યોના ભેળ..'** ભેળ જોયું ને? આહાહા..! **'તેમ જ અંતરંગમાં વિકાર વિનાનું...'** આહાહા..! ખાંડની આવે ને? આખી ચાર-ચાર મણની બોરી. એકવાર અમારી ખાંડની બોરીમાંથી માંસના લોચા નીકળ્યા. બોરીમાંથી. લોકો દગા કરે, ભેળસેળ (કરે). બીજી ભેળસેળ કરતાં. આમ ખોલ્યું અને લોકોને અમે ખાંડ કાઢીને દેતા હતા ત્યાં અંદરથી માંસ નીકળ્યું. ઓહોહો..! આણે દગો કર્યો છે. દુકાન ઉપર બધું જોયું છે. આહાહા..! આ બધી ભેળસેળ છે. ભગવાનઆત્મામાં રાગ એ માંસ સમાન છે તેની ભેળસેળ કરે છે. ખાંડની સાથે માંસ, એમ

ભગવાન અમૃતના રસનો સાગર નાથ, એને રાગની ભેળસેળ, માંસની ભેળસેળ કરે છે. આહાહા..! આવી વાત છે, પ્રભુ! આહા..! તારી ચીજ ભેળસેળ વિનાની છે.

**'અંતરંગમાં વિકાર વિનાનું શુદ્ધ છે અને સ્થાયી છે;...'** સ્થિર ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ સ્થિર છે. **'તે પદને પ્રાપ્ત થાઓ...'** પ્રભુ! એ પદને પ્રાપ્ત કર. આહાહા..! **'શુદ્ધ ચૈતન્યરૂપ પોતાના ભાવનો આશ્રય કરો.'** શુદ્ધ ચૈતન્યરૂપ અને ભાવ, જોયું? ભાવવાન આત્મા, ચૈતન્યભાવ. આહાહા..! એ ભાવનો આશ્રય કરો. અંતર જ્ઞાયકભાવથી ભરેલો પ્રભુ, એનો આશ્રય કરો. ત્યારે તારા કલ્યાણનો પંથ ખુલશે, ત્યારે ધર્મ થશે. આહાહા..! અહીં તો હજી બહારની ક્રિયાકાંડમાં, બસ! મહાવ્રત ને વ્રત ને આ લીધા ને આ કર્યું ને આ છોડ્યું ને આ મૂક્યું. આહાહા..!

**જ્ઞાનના નિર્મળ કિરણ વિના મહાવ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે, અરે! આજીવન સ્ત્રીનો સંગ ન કરે તોપણ તેનાથી આત્મા પ્રાપ્ત નથી થતો. તેથી જો તું દુઃખથી છૂટવા માગતો હો તો પુણ્ય-પાપની રુચિ છોડીને આત્મજ્ઞાન કર. આત્મા આનંદનો નાથ છે તેનું જ્ઞાન કર! એના વિના અરેરે! કીડા-કાગડા-કૂતરાના ભવ કરી કરીને મરી ગયો! અનંતકાળ એમ ને એમ દુઃખમાં જ વીતી ગયો. પ્રભુ! તેં એટલા દુઃખ ભોગવ્યા છે કે તેનું કોઈ માપ-મર્યાદા નથી. પણ તું બધું ભૂલી ગયો છો. ભાઈ! ડુંગળીને તેલમાં તળી ત્યારે સડસડાટ તું તળાઈ ગયો હતો–તું ડુંગળીમાં બેઠો હતો. એવા એવા તો પારાવાર દુઃખો તેં ભોગવ્યાં છે. ૮૪ લાખ અવતારની યોનિના દુઃખોમાં પીલાતો રહ્યો છો. આનંદના નાથને પુણ્ય-પાપની ઘાણીમાં કચરી નાખ્યો છે. જો હવે તું દુઃખથી છૂટવા માગતો હો, સિદ્ધસુખના હિલોળે હિંચકવા માગતો હો તો આત્મજ્ઞાન કરીને નિજપદને પ્રાપ્ત કર.**

આત્મધર્મ અંક–૫, જાન્યુઆરી–૨૦૦૮

## ગાથા-૨૦૩

किं नाम तत्पदमित्याह -

आदम्हि दव्वभावे अपदे मोत्तूण गिण्ह तह णियदं।
थिरमेगमिमं भावं उवलब्भंतं सहावेण।।२०३।।
आत्मनि द्रव्यभावानपदानि मुक्त्वा गृहाण तथा नियतम्।
स्थिरमेकमिमं भावमुपलभ्यमानं स्वभावेन।।२०३।।

इह खलु भगवत्यात्मनि बहूनां द्रव्यभावानां मध्ये ये किल अतत्स्वभावेनोपलभ्यमानाः, अनियतत्वावस्थाः, अनेके, क्षणिकाः, व्यभिचारिणो भावाः, ते सर्वेऽपि स्वयमस्थायित्वेन स्थातुः स्थानं भवितुमशक्यत्वात् अपदभूताः। यस्तु तत्स्वभावेनोपलभ्यमानः, नियतत्वावस्थः, एकः, नित्यः, अव्यभिचारी भावः, स एक एव स्वयं स्थायित्वेन स्थातुः स्थानं भवितुं शक्यत्वात् पदभूतः। ततः सर्वानेवास्थायिभावान् मुकत्वा स्थायिभावभूतं परमार्थरसतया स्वदमानं ज्ञानमेकमेवेदं स्वाद्यम्।

---

હવે પૂછે છે કે (હે ગુરુદેવ !) તે પદ કયું છે ? (તે તમે બતાવો). તે પ્રશ્નનો ઉત્તર કહે છે :-

જીવમાં અપદભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,
સ્થિર, નિયત, એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ. ૨૦૩.

ગાથાર્થ :- [ आत्मनि ] આત્મામાં [ अपदानि ] અપદભૂત [ द्रव्यभावान् ] દ્રવ્ય-ભાવોને [ मुकत्वा ] છોડીને [ नियतम् ] નિશ્ચિત, [ स्थिरम् ] સ્થિર [ एकम् ] એક [ इमं ] આ (પ્રત્યક્ષ અનુભવગોચર) [ भावम् ] ભાવને-[ स्वभावेन उपलभ्यमानं ] કે જે (આત્માના) સ્વભાવરૂપે અનુભવાય છે તેને-[ तथा ] (હે ભવ્ય ! ) જેવો છે તેવો [ गृहाण ] ગ્રહણ કર. (તે તારું પદ છે.)

ટીકા :- ખરેખર આ ભગવાન આત્મામાં બહુ દ્રવ્ય-ભાવો મધ્યે (-દ્રવ્યભાવરૂપ ઘણા ભાવો મધ્યે), જે અતત્સ્વભાવે અનુભવાતા (અર્થાત્ આત્માના સ્વભાવરૂપે નહિ પરંતુ પરસ્વભાવરૂપે અનુભવાતા), અનિયત અવસ્થાવાળા, અનેક, ક્ષણિક, વ્યભિચારી ભાવો છે, તે બધાય પોતે અસ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ નહિ થઈ શકવા યોગ્ય હોવાથી અપદભૂત છે; અને જે તત્સ્વભાવે (અર્થાત્ આત્માના સ્વભાવરૂપે)

અનુભવાતો, નિયત અવસ્થાવાળો, એક, નિત્ય, અવ્યભિચારી ભાવ (ચૈતન્યમાત્ર જ્ઞાનભાવ) છે, તે એક જ પોતે સ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ થઈ શકવા યોગ્ય હોવાથી પદભૂત છે. તેથી સમસ્ત અસ્થાયી ભાવોને છોડી, જે સ્થાયીભાવરૂપ છે એવું પરમાર્થરસપણે સ્વાદમાં આવતું આ જ્ઞાન એક જ આસ્વાદવાયોગ્ય છે.

ભાવાર્થ :- પૂર્વે વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો કહ્યા હતા તે બધાય, આત્મામાં અનિયત, અનેક, ક્ષણિક, વ્યભિચારી ભાવો છે. આત્મા સ્થાયી છે (-સદા વિદ્યમાન છે) અને તે બધા ભાવો અસ્થાયી છે (-નિત્ય ટકતા નથી), તેથી તેઓ આત્માનું સ્થાન-રહેઠાણ-થઈ શકતા નથી અર્થાત્ તેઓ આત્માનું પદ નથી. જે આ સ્વસંવેદનરૂપ જ્ઞાન છે તે નિયત છે, એક છે, નિત્ય છે, અવ્યભિચારી છે. આત્મા સ્થાયી છે અને આ જ્ઞાન પણ સ્થાયી ભાવ છે તેથી તે આત્માનું પદ છે. તે એક જ જ્ઞાનીઓ વડે આસ્વાદ લેવા યોગ્ય છે.

## ગાથા–૨૦૩ ઉપર પ્રવચન

**'હવે પૂછે છ કે (હે ગુરુદેવ!) તે પદ કયુ છે?'** તમે પદની ઘણી વ્યાખ્યા કરો છે, એ પદ છે શું? આવો પ્રશ્ન જેના હૃદયમાંથી આવ્યો છે તેને ઉત્તર દેવામાં આવે છે. આહાહા..! શું કહે છે? સાધારણ સાંભળવા આવ્યો હોય અને ગરજ નથી તેને આ ઉત્તર નથી દેતા. પણ જેને અંતરમાં (પ્રશ્ન) આવ્યો કે, પ્રભુ! આ પદ શું છે? આહાહા..! ક્યાં છે આત્મા? અને કેવી ચીજ છે? પ્રભુ! એવો જેને હૃદયથી ઉદ્‌ગાર, અવાજ, પૂછવાનો અવાજ આવ્યો તેને ઉત્તર આપે છે, એમ કહે છે. આચાર્ય એમ કહે છે, તેને અમે ઉત્તર આપીએ છીએ. આહાહા..!

**आदम्हि दव्वभावे अपदे मोत्तूण गिण्ह तह णियदं।**
**थिरमेगमिमं भावं उवलब्भंतं सहावेण।।२०३।।**

**જીવમાં અપદભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,**
**સ્થિર, નિયત, એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ. ૨૦૩.**

ટીકા :– **'ખરેખર આ ભગવાન આત્મામાં...'** આહાહા..! લ્યો, અહીંથી ઉપાડ્યું. ભગવાનઆત્મા! જોયું? આહાહા..! જેની મહિમાનો પાર નથી, જેના ચૈતન્ય ચમત્કારની શક્તિનો અગાધ દરિયો ભર્યો છે. આહાહા..! એવો ભગવાનઆત્મા. આહા..! **'બહુ દ્રવ્ય-ભાવો મધ્યે (–દ્રવ્યભાવરૂપ ઘણા ભાવો મધ્યે), જે અતત્સ્વભાવે અનુભવાતા (અર્થાત્ આત્માના સ્વભાવરૂપે નહિ પરંતુ પરસ્વભાવરૂપે અનુભવાતા),...'** એક વાત. **'અનિયત અવસ્થાવાળા,...'**

એ પુણ્ય ને પાપ ને તેના ફળ બધા અનિયત છે, કાયમ રહેવાવાળી ચીજ નથી. આહાહા..!

પહેલા શું કહ્યું? **'બહુ દ્રવ્ય-ભાવો મધ્યે.. જે અતત્સ્વભાવે અનુભવાતા..'** એક બોલ કહ્યો. રાગાદિ અતત્સ્વભાવ છે. તતસ્વભાવ નથી. **'અનિયત અવસ્થાવાળા,...'** છે. એકરૂપ રહેવાવાળા નથી, અનિયત – નિશ્ચય રહેવાવાળી ચીજ નથી. આહાહા..! **'અનેક,...'** છે. ત્રીજો બોલ. રાગાદિ પુણ્યાદિ ભાવ અતત્સ્વભાવ છે, અનિયત છે, અનેક છે અને **'ક્ષણિક,...'** છે અને **'વ્યભિચારી ભાવો છે,...'** આહાહા..! રાગ પોતાનો માને છે તે વ્યભિચારી જીવ છે. આહાહા..! સમજાણું?

**'વ્યભિચારી ભાવો છે,...'** એ દયા, દાન, વ્રતના પરિણામ પોતાના માનવા એ વ્યભિચારી જીવ છે. આહાહા..! ગજબ વાત છે. કરોડોપતિ શેઠિયો હોય અને તેનો દીકરો હોય, સ્ત્રી-કન્યા સારા ઘરની અને ખાનદાનની હોય પણ એ પુત્ર જ્યારે વ્યભિચારે ચડી ગયો હોય અને પોતાના પટારામાંથી માલ લઈને વ્યભિચારીને આપે તો તેના પિતાજી કહે, ભાઈ! ઘરે સ્ત્રી મહા ખાનદાનની દીકરી છે, માથું ઊંચું કરે નહિ, આંખ ઊંચી (કરે નહિ), એ ભર્યું ભાણું છોડી, પ્રભુ! બાપ એને કહે. હેં? અરે...! ઘરે દીકરી, કન્યા સારા ઘરની (છે). એ ભર્યું ભાણું છોડી.. ભર્યું ભાણું સમજાણું? અને આ કો'કને ઠેકાણે વ્યભિચારે બાપુ જા, ભાઈ! આ ઘર નહિ ખમે. તું પટારામાંથી માલ પણ લઈ જાય છે, મને ખબર છે. એમ જગતપિતા ત્રિલોકનાથ જગતને કહે છે કે, હે આત્મા! આહાહા..! તારી અંદર ખાનદાનની ચીજ પડી છે ને! તેને છોડીને તું રાગના વ્યભિચારે ચડી ગયો, પ્રભુ! તારી શોભા નથી, એ ઘર નહિ ટકે. આહાહા..! પછી લાકડી મારે? આવી કરુણા. આહાહા..! 'લક્ષ્મીચંદભાઈ' એમ કે, સંતો કંઈ લાકડી મારે? પ્રભુ! આ તું વ્યભિચારે ચડી ગયો, ભાઈ! આહાહા..! ખાનદાનની દીકરી ઘરે (છે), એને મૂકીને કોળની સાથે ચાલવા મંડ્યો, પ્રભુ! એમ આ ખાનદાન નિધાન અંદર પડ્યા છે તેને છોડીને રાગ ને પુણ્ય ને પાપના વ્યભિચારે ચડી ગયો, નાથ! આહાહા..! જુઓ! આચાર્યની કરુણા તો જુઓ! હેં? આહાહા..! એવું છે.

પેલું ગાણું નહોતું ગાયું? હમણા 'રમેશભાઈ'એ ગાયું હતું ને? એ તારા દુઃખ દેખીને જ્ઞાનીને રૂદન આવે. આહા..! ભાઈ! આવા દુઃખ, બાપુ! આહાહા..! અને અહીં કાંઈક સગવડતા થોડી હોય ને ઠીક હોય ત્યાં જાણે મોટા અમે સુખી છીએ. ધૂળમાંય નથી, સાંભળને. પાગલ (છે), બહારની પદવીના સ્થાનને તું પોતાના માને છે (તો તું) વ્યભિચારી છો. આહાહા..! છે? **'વ્યભિચારી ભાવો છે,...'**

**'તે બધાય પોતે અસ્થાયી હોવાને લીધે...'** આહાહા..! રાગાદિ, પુણ્યાદિ, એના ભાવ ને બધા ફળાદિ **'તે બધાય પોતે અસ્થાયી હોવાને લીધે...'** કાયમ નહિ રહેવાને લીધે. **'સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ નહિ થઈ શકવા યોગ્ય હોવાથી...'** આહાહા..! અસ્થાયી હોવાથી સ્થાયીનું સ્થાન, રહેનારનું એ સ્થાન નથી. આહાહા..! શું કહ્યું? રાગ દયા, દાન,

વ્રતાદિના ફળ બધા અસ્થાયી છે. એ સ્થાતાનું સ્થાન નથી. રહેવાવાળાનું એ સ્થાન નથી. જેને કાયમ રહેવું છે એનું એ સ્થાન નથી. એ તો રખડવાનું સ્થાન છે. આહાહા..! સ્થાતાનું, સ્થાતા એટલે સ્થિર થવાનું. એ સ્થાન નથી.

**'અપદભૂત છે;...'** એ કારણે અપદભૂત છે; **'અને જે તત્સ્વભાવે (અર્થાત્ આત્માના સ્વભાવરૂપે) અનુભવાતો,...'** આહાહા...! તત્સ્વભાવરૂપે (અર્થાત્) જ્ઞાન ને આનંદ સ્વભાવે અનુભવાતો. જ્ઞાન અને આનંદનો અનુભવ કરવાવાળો. એ તત્સ્વભાવનો અનુભવ છે. એ રાગાદિનો અનુભવ એ અતત્સ્વભાવ છે. આહાહા..! છે? **'(આત્માના સ્વભાવરૂપે) અનુભવાતો,...'** આનંદ ને જ્ઞાન ને શાંતિ ને સ્વચ્છતા તો આત્મસ્વભાવનો અનુભવ છે. આહા..! એ સ્થાયી છે, સ્થાતાનું સ્થાન છે, રહેનારનું એ સ્થાન છે. આહાહા..! કેવી ટીકા કરી છે! તત્સ્વભાવ અનુભવાતો **'નિયત અવસ્થાવાળો,...'** છે. એ વસ્તુ ત્રિકાળી નિયત છે તો તેની અવસ્થા છે તે પણ નિયત જ રહેવાવાળી છે. આહા..! **'એક, નિત્ય, અવ્યભિચારી ભાવ...'** છે. આહાહા..! **'તે એક જ પોતે સ્થાયી હોવાને લીધે...'** એક જ પ્રકારનું જે ધ્રુવ સ્થાન એ **'સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ થઈ શકવા યોગ્ય હોવાથી પદભૂત છે. તેથી સમસ્ત અસ્થાયી ભાવોને છોડી, જે સ્થાયીભાવરૂપ છે...'** સ્થાયીભાવરૂપ છે **'એવું પરમાર્થરસપણે સ્વાદમાં આવતું આ જ્ઞાન એક જ આસ્વાદવાયોગ્ય છે.'** વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૮૧ ગાથા–૨૦૩, શ્લોક–૧૩૯, ૧૪૦ શનિવાર, શ્રાવણ વદ ૪, તા. ૧૧-૦૮-૧૯૭૯

---

'સમયસાર' ૨૦૩ ગાથા, એનો ભાવાર્થ. **'પૂર્વે વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો કહ્યા હતા...'** આહાહા..! **'તે બધાય, આત્મામાં અનિયત,...'** છે. રાગાદિ, ગુણસ્થાનના ભેદાદિ, એ આત્મામાં અનિયત છે (અર્થાત્) કાયમ રહેવાવાળી ચીજ નથી. આહા..! **'અનેક,...'** છે. અનેક ભાવ (છે). રાગાદિ વિકલ્પ, શુભ-અશુભ આદિ, એ અનેક છે. **'ક્ષણિક,...'** છે. રાગાદિ ભાવ, એ ક્ષણિક છે. **'વ્યભિચારી...'** છે. આહાહા..! 'પૂનમચંદજી છાબડા' ગયા? ઇ પ્રશ્ન લાવ્યા હતા. 'વિદ્યાનંદજી' કહે છે કે, પુણ્યને અધર્મ કહ્યો છે એ ક્યાં છે? આચાર્યોએ ક્યાં કહ્યો છે? આહાહા..! આ શું કહે છે આ? પુણ્ય ભાવ તે અનિયત છે, ક્ષણિક છે, વ્યભિચારી છે. આહા..! આકરું કામ. વ્યભિચારી આવ્યું ને? આહાહા..! વ્યભિચારી ભાવ છે. શુભ રાગ, ગુણસ્થાનના ભેદ એ અભેદની અપેક્ષાએ ભેદનો અનુભવ એ વ્યભિચાર છે. આહાહા..! રાગનો અનુભવ એ તો 'કુંદકુંદાચાર્યે' કહ્યું ને? ઝેરનો ઘડો. શુભભાવને

કહ્યો છે. વિષકુંભ, અરે.. પ્રભુ! એ શુભ વિકલ્પ પણ ઘોર સંસારનું કારણ છે એમ 'નિયમસાર'માં લખ્યું. આહાહા..! આકરું કામ છે, ભાઈ! અનાદિનો અભ્યાસ, રાગ ને ભેદનો અભ્યાસ (છે) એને આ વાત (કહેવી).

સત્ય વાત આ છે કે રાગ-દયા, દાન, વ્રતના ભાવ બધા વ્યભિચારી છે. આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ, તેનો અનુભવ કરવો એ અવ્યભિચાર છે. આહાહા..! શુભ ભાવનો અનુભવ કરવો... આકરું પડે, ભાઈ! શું થાય? એને વ્યભિચાર કીધો છે. આહાહા..! આ તમારા મંદિર બનાવવાના શુભ ભાવ... 'લક્ષ્મીચંદભાઈ' આ વસ્તુસ્થિતિ (આવી છે). ભગવાન! આ તો મારગ છે, બાપુ! પરમાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યઘન બિરાજે છે. એના અનુભવ સિવાય... આહાહા..! એ ચાહે તો શુભ તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ (હોય), વ્યભિચાર છે. ત્યારે ઇ એમ કહે છે કે, અધર્મ તો.. 'આત્માવલોકન'માં આવ્યું છે, 'દીપચંદજી'નું, શ્રાવકને ધર્મ-અધર્મ હોય, એવો પાઠ છે. પણ ઇ તો કહે કે, શ્રાવક ગૃહસ્થનું નહિ આચાર્યનું લાવો. એમ કહે છે. 'આત્માવલોકન' શાસ્ત્ર 'દીપચંદજી'નું બનાવેલું છે. પણ અહીં તો સમ્યગ્દષ્ટિ ચાહે તો તિર્યંચ હોય કે સમ્યગ્દષ્ટિ સિદ્ધ (હોય, બન્નેના) સમ્યગ્દર્શનમાં કાંઈ ફેર નથી. એટલે એ સમ્યગ્દષ્ટિ કથન કરે કે કેવળી (કથન) કરે, એ બધું એક જ સરખું છે. આહાહા..! કેમકે ત્યાં તો તિર્યંચનું સમકિત અને સિદ્ધનું સમકિત, સમકિતમાં શું ફેર? આહાહા..!

આ શુભભાવ ધર્મીને આવે પણ છે એ વ્યભિચાર. એટલે કે ધર્મના સ્વરૂપથી વિરુદ્ધ. પણ આ ભાવ તો (સંવત) ૧૯૮૫ ના પોષ મહિનામાં સંપ્રદાયમાં કહેલો. 'બોટાદ'માં ૧૯૮૫, કેટલા વર્ષ થયા? ૫૦, ૫૦ વર્ષ પહેલા. કીધું, ભાઈ! જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ બંધના કારણનો ભાવ ધર્મ ન હોય. બંધના કારણનો ભાવ ધર્મ નહિ. માટે તે ધર્મ નહિ, માટે અધર્મ છે.

મુમુક્ષુ :- કોઈ એમ કહે છે કે, અધર્મ છે એમ ક્યાં લખ્યું છે?

ઉત્તર :- વિષકુંભ કીધો પછી શું કીધું? ઝેરનો ઘડો કીધો. 'કુંદકુંદાચાર્ય'ના મૂળ શ્લોકમાં શુભ ભાવ તે ઝેરનો ઘડો છે, પ્રભુ તો અમૃતનો સાગર છે. અમૃતના સાગરથી એ શુભ-અશુભ ભાવ એ વિરુદ્ધ ભાવ છે. આહાહા..! આમ તો 'યોગીન્દ્રદેવે' ન કહ્યું? 'પાપ કો પાપ તો સહુ કહે પણ અનુભવીજન પુણ્યને પાપ કહે' ત્યારે પાપ અધર્મ નથી? આહાહા..! અને 'પુણ્ય-પાપ (અધિકારની)' છેલ્લી ગાથા, 'જયસેનાચાર્ય'ની ટીકા. પ્રભુ! અહીં તો અધિકાર પાપનો ચાલે એમાં તને રત્નત્રયની, વ્યવહાર રત્નત્રયની વ્યાખ્યા કેમ લાવ્યા? એમ ટીકામાં પ્રશ્ન છે. કે, ભાઈ! ખરેખર તો એ વ્યવહાર રત્નત્રય પુણ્ય છે, વ્યવહારે પવિત્ર ધારણ છે એમ કહેવાય પણ નિશ્ચયથી સ્વરૂપથી પતીત થાય માટે રાગ આવે છે, માટે તેને પાપ કહીએ છીએ. આહાહા..! અરેરે..! આવી વાત.

અહીં એ જ કહ્યું કે, શુભ ભાવ અને ગુણસ્થાનના ભેદ, એ બધો વ્યભિચાર છે.

ભાઈ! તારો સ્વભાવ નહિ. આહાહા..! પ્રભુ! તને કલંક છે. આહાહા..! ભવ કરવો એ કલંક છે તો ભવનો ભાવ શુભરાગ કરવો એ કલંક (છે). 'પુણ્ય-પાપ અધિકાર'માં ત્યાં સુધી તો કહ્યું કે મોક્ષનું કારણ એવી સામાયિકની પ્રતિજ્ઞા લેવા છતાં શુભ ભાવથી હઠતો નથી એ નપુંસક છે. આહાહા..! સામાયકિની પ્રતિજ્ઞા લેવા છતાં શુભ ભાવથી હઠતો નથી. શુભ ભાવ કોઈ સામાયિક નથી. આહાહા..! સમજાણું? એ ક્લીબ છે, નપુંસકતા છે. આહા..! પ્રભુ... પ્રભુ! તારી વાત. ધર્મીને પણ કમજોરીથી આવે છે એટલી નપુંસકતા છે. આહાહા..! માર્ગ બાપા બીજો, કોઈ અલૌકિક છે. આ તો જન્મ-મરણ મટાડે એવી દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય... આહાહા..! અલૌકિક છે. લોકોને આ બાહ્યની ક્રિયા અને પુણ્ય પરિણામમાં ધર્મ મનાવવો છે અને પુણ્યને કારણ (મનાવવું છે), એ વ્યભિચાર નથી પણ એનાથી ધર્મ થશે. આહાહા..! ભાઈ! એવું તો અનંતવાર માન્યું છે, પ્રભુ! અરેરે..! આહાહા..! ક્યાંય ખોવાઈ ગયો. આહાહા..!

સંસારમાં ઘરમાં પાંચ દીકરી, પાંચ દીકરાના ખાટલા પાથર્યા હોય અને બે ખાટલા ખાલી દેખે તો (પૂછે), આ દીકરીઓ અત્યાર સુધી કેમ આવી નથી? ક્યાં રમવા વઈ ગઈ? તો ગોતવા જાય. ખોવાઈ ગયું, જાણે શું થયું આ તે? બાર-બાર વાગ્યા ને આવી નહિ, ક્યાં છે? હવે જે એની દીકરી નથી, એની વસ્તુ નથી એ ખોવાય તોય આટલી ગોતવાની? અને પ્રભુ! તું આખો રાગમાં ને પુણ્યમાં ખોવાઈ ગયો. આહાહા..! તારી ચીજ આખી ખોવાઈ ગઈ. આહાહા..! રાગના પ્રેમમાં પ્રભુ તારો પ્રેમ તને છૂટી ગયો, નાથ! આહાહા..!

એ અહીંયાં કહે છે, અહીં તો ગુણસ્થાન-ભેદ પણ વ્યભિચાર છે, એમ કહ્યું. આહાહા..! તે બધા ભાવો વ્યભિચારી છે તો **'આત્મા સ્થાયી છે...'** મૂળ ચીજ ભગવાન સ્થાયી છે. ત્યાં બેસવાનું સ્થાન છે, સ્થિર રહેવાનું સ્થાન છે, સ્થાતાનું સ્થાન (છે). જેને સ્થિર રહેવું હોય તો સ્થાતા નામ ધ્રુવ છે તેમાં રહી શકે. આહાહા..! આવી વાતું છે. હજી તો પુણ્યની ક્રિયાને ધર્મ મનાવી ને લોકોને રાજી રાજી રાખવા છે. લોકો બિચારા ત્યાં રાજી રાજી થાય, ભાન ન મળે કાંઈ. આહાહા..! ભાઈ! એ બધા તારા સંસારમાં રખડવાના કારણો છે.

'નિયમસાર' તો એમ કહ્યું ને, ભાઈ! વિકલ્પ ઘોર સંસારનું કારણ છે. તે અહીંયાં પાઠ છે. પણ એ એમ કહે છે, 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિનું છે, એમ કરીને (કાઢી નાખે છે). આહાહા..! 'રતનલાલજી' એમ કહે છે, મુનિનું નહિ, આચાર્યનું જોઈએ. કારણ કે મુનિમાં ઓલું સ્પષ્ટ આવે અને 'મોક્ષમાર્ગ પ્રકાશક', 'પંચાધ્યાયી', 'સમયસાર નાટક'માં ઘણી સ્પષ્ટ, ચોખ્ખી વાત આવે. એટલે કહે કે, એ ગૃહસ્થોનું નહિ. આહાહા..! એ તો ઓલો 'વિદ્યાસાગર' એમ કહે છે, 'મોક્ષમાર્ગ પ્રકાશક' નહિ. અરર..! પ્રભુ.. પ્રભુ! શું કરે છે? બાપુ એ તો સંતોએ, ગૃહસ્થોએ સમકિતીઓએ સ્પષ્ટ વાત ખુલ્લી કરીને તાળા ઉઘાડી નાખ્યા છે. આહાહા..! જે શાસ્ત્રમાં ગંભીરપણે વાત હોય છે તેનો ખુલાસો કરીને ખીલવટ કરી છે.

આહા..! નહિતર પણ આ 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે કે, વિષકુંભ છે. સમકિતીનો જે શુભ ભાવ છે એ વિષકુંભ છે. મિથ્યાદૃષ્ટિનો તો મિથ્યાત્વ ભાવ વિષકુંભ – ઝેર છે એની વાત તો અહીંયાં નથી કરતા. આહાહા..! પણ આત્મજ્ઞાની... આહાહા..! એના આત્માના જ્ઞાનની આગળ સમ્યગ્દર્શન ને જ્ઞાનની આગળ, એ શુભ ભાવ તેને આવે છે પણ છે ઝેર. 'હેમરાજજી'એ અર્થમાં કૌંસમાં એમ નાખ્યું છે કે, આ કર્તાપણાની બુદ્ધિ છે માટે એમ કહ્યું. એવું લખ્યું છે. 'સમયસાર', મૂળ 'સમયસાર'. કર્તાપણાનો અર્થ કે પરિણમન રાગનું છે એ કર્તાપણું. પરિણમન છે એ કર્તાપણું એટલું એ ઝેર છે. આહાહા..!

અહીંયાં કહે છે કે એ બધા પુણ્ય ને પાપના, દયા ને દાનના, વ્રત ને ભક્તિના ભાવ પ્રભુ! અસ્થાયી છે, વ્યભિચાર છે. પ્રભુ! તારું કલ્યાણ એમાં નથી. આહા..! અરે..! આ શ્રદ્ધાની હા પાડવામાં તારું શું ચાલ્યું જાય છે? તારું ચાલ્યું જાય છે, વિપરીત ભાવ ચાલ્યો જાય છે. એમાં તને નુકસાન શું છે? આહાહા..! એ તો લાભનો સોદો, ધંધો છે. આહાહા..! એ શુભરાગ, ગુણસ્થાનભેદ આહાહા..! અહીં તો આગળ લઈ જઈ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ એ લેવાની અહીં તો શરૂઆત છે. આમાં (આગળ) આવશે. એ પણ ભેદ છે. આહાહા..! હમણા આવશે ને. હવે આવશે. હવે પછી આ ગાથામાં હમણા આવશે. ૨૦૫. ચોથે જ આવી. આના પછી જ આવી. જુઓ ૨૦૪.

**आभिणिसुदोधिमणकेवलं च तं होदि एक्कमेव पदं।**
**सो एसो परमट्ठो जं लहिदुं णिव्वुदिं जादि।।२०४।।**

એ જ્ઞાનના ભેદનું લક્ષ ન કરવું. એ તો જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન બસ! આહાહા..! આગળની ગાથાનો આ ઉપોદ્ઘાત છે. આહાહા..! રાગની તો વાત શું કરવી પણ જ્ઞાનના પાંચ ભેદ પાડવા, મતિ, શ્રુત, અવધિ એ તો જ્ઞેયની અપેક્ષાએ જાણવાની પર્યાય છે તો ભેદ પડ્યા છે. જ્ઞાયકની અપેક્ષાએ એ ભેદ છે નહિ. જ્ઞાયકની અપેક્ષાએ તો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. આહાહા..! ઝીણું છે, ભાઈ! અત્યારે તો બધી બહારની પડિમાઓ લઈ લ્યો, આ લ્યો ને આ લીધું ને આ કર્યું એટલે થઈ ગયો જાણે ધર્મ. અરરર...! પ્રભુ! આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! આહા..!

વીતરાગના પંથે બેસીને વીતરાગથી વિરુદ્ધ વાત કરવી... આહાહા..! પ્રભુ! એ તને શોભતું નથી. હોય, રાગ આવે છે પણ એ છે ઝેર અને આકુળતા ને દુઃખરૂપ છે. આહાહા..! ભગવાનઆત્મા અનાકુળ ને આનંદ (સ્વરૂપ છે), તેનો આશ્રય લઈને જે અનાકુળ અને આનંદદશા સમ્યગ્દર્શન, જ્ઞાન ઉત્પન્ન થયા એ અનાકુળ અને આનંદની દશા છે. આહાહા..! અને પુણ્યના પરિણામ એ આકુળતા અને દુઃખ છે. 'નિયમસાર'માં તો બહુ સખત કહ્યું પણ મુનિ છે, એમ કરીને કાઢી નાખે. આચાર્યનું લાવો. પોતાનો બચાવ કરવો છે. મુનિરાજ 'પદ્મપ્રભમલધારીદેવ' તો કહે છે, વિકલ્પ ઘોર સંસારનું કારણ (છે). આહાહા..! શુભરાગ

ઘોર સંસાર, સંસાર, સંસાર. આહાહા..! આપણે આવ્યું ને કાલે ભાઈ? 'લાલચંદભાઈ'! ઓલી ગતિ. મનુષ્યગતિ આદિ ક્રિયા, પરિણામ સંસાર છે. આહાહા..! ગતિ આદિના ભાવ પર્યાયમાં, હોં! પર શરીર આદિની વાત નહિ. ગતિ આદિના ભાવ, રાગાદિના ભાવ.. આહા..! એ બધી ક્રિયાના પરિણામ, એ સંસાર છે. આહાહા..! સંસાર તારી પર્યાયથી જુદો ન હોય. સંસાર ભૂલ છે તો ભૂલ તારી પર્યાયમાં થાય છે. એ ભૂલ પરને લઈને થાય છે, સ્ત્રી, કુટુંબ સંસાર છે (એમ છે નહિ). એ તો પર ચીજ છે, પરની સાથે શું સંબંધ છે? તારી પર્યાયમાં સંબંધ છે તેની અહીંયાં વાત ચાલે છે. જે શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, ધંધો તેની સાથે તો કોઈ સંબંધ જ નથી. આહાહા..! પણ પર્યાયમાં રાગનો, દયા, દાન, વિકલ્પનો સંબંધ છે, પર્યાયમાં ભેદરૂપનો સંબંધ છે. આહાહા..! એ ક્રિયાના પરિણામ સંસાર છે. આહાહા..! પંડિતજી! આવી વાતું છે, બાપુ! આહાહા..!

**'આત્મા સ્થાયી છે (–સદા વિદ્યમાન છે) અને તે બધા ભાવો અસ્થાયી છે...'** કયા ભાવ? પુણ્ય, ગુણસ્થાનભેદ એ બધા અસ્થાયી છે. ભગવાન સ્થાયી ધ્રુવ... ધ્રુવ.... ધ્રુવ (છે). આ તો અસ્થાયી છે. આ સ્થાયી છે, આ અસ્થાયી છે. આ સ્થિર થવાલાયક છે અને આ તો અસ્થિર થવાલાયક છે. આહાહા..! પહેલી સમ્યગ્દર્શન અને એની દશા, બાપુ! એ કોઈ અલૌકિક વાત છે. ચારિત્ર તો ક્યાં છે બાપા! આહાહા..! કાળ એવો થયો. ચારિત્ર તો સ્વરૂપના ભાન, અનુભવ સહિત આનંદમાં રમણતા, આનંદમાં લીનતા, અતીન્દ્રિય આનંદના સાગર જ્યાં ઉછળે. આહાહા..! એવી ચારિત્ર દશા તો બાપુ! અલૌકિક છે. આહાહા..!

અહીંયાં તો હજી સમ્યગ્દર્શનની દશામાં શું છે તેની વાત ચાલે છે. સમ્યગ્દષ્ટિ રાગાદિ ભાવને, ભેદભાવને ક્લેશ, દુઃખ... આહાહા..! વ્યભિચાર જાણે છે. ભગવાનઆત્મા સ્થાયી (છે). **'તે બધા ભાવો અસ્થાયી છે (–નિત્ય ટકતા નથી), તેથી તેઓ આત્માનું સ્થાન–રહેઠાણ– થઈ શકતા નથી...'** ભગવાનઆત્માનું એ સ્થાન નથી, પદ નથી. એ શુભઅશુભભાવ એ આત્માનું પદ નથી. આહાહા..! એ આત્માનું પદ નથી. આહાહા..! ઓલા 'કળશટીકા'માં લીધું છે, ભાઈ! આનો કળશ આવશે ને? પદનો અર્થ એવો કર્યો છે, વ્રતાદિ આદિ પદ એ તારા સ્થાન નથી. ટીકામાં છે, આમાં. આ 'કળશટીકા'. વ્રતાદિ, વ્રત, નિયમ વિકલ્પ જે છે એ તારું પદ નથી. આહાહા..!

અરેરે...! અરે..! બાપુ! અનંતકાળ ચોરાશીના અવતાર. આહાહા..! આમ દેખીએ છીએ, ઓલી લીલ-ફૂગને દેખીને આટલું પાણી, એટલામાં લીલના ઢગલા છે. હવે એવું તો ક્યાં આખી દુનિયામાં સ્થૂળ નિગોદ. સૂક્ષ્મ નિગોદ તો આખા લોકમાં ભર્યા છે. આ તો બાદર નિગોદ. આહાહા..! અરે..! એ કે દિ' ત્રસ થાય? કે દિ' માણસ થાય? કે દિ' એનો સત્યની વાણી સાંભળે તેમાં જન્મ થાય? આહાહા...! આવી દુર્લભતા, બાપુ! આ કોઈ સાધારણ વાત નથી. મનુષ્યપણું મળ્યું, વીતરાગનો વાસ્તવિક માર્ગ સાંભળવાનો જોગ મળ્યો એ તો બાપુ!

એની કોઈ અલૌકિક વાત છે. અરેરે...! આમ લીલ-ફૂગના દળ દેખીએ છીએ. એ કે દિ' માણસ થાય? અસંખ્ય અસંખ્ય ચોવીશીના સમય જેટલા નિગોદના શરીર છે. એનું એક શરીરને અનંતમે ભાગે બહાર આવ્યા, મોક્ષમાં જનારા. આહાહા..! કારણ કે નિગોદ સિવાયની સંખ્યા જે મનુષ્યગતિ, ઢોરગતિ, પંચેન્દ્રિય, બે ઇન્દ્રિય એ બધા અસંખ્ય છે. શું કહ્યું? બે ઇન્દ્રિયની સંખ્યા, ત્રણ ઇન્દ્રિયની, ચતુરિન્દ્રિયની, અસંજ્ઞી પંચેન્દ્રિયની, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ, નારકી બધાની સંખ્યા અસંખ્ય છે. અને નિગોદના એક શરીરમાં અનંતગુણા જીવ. હવે એના અનંતમે ભાગે પણ બહાર પૂરા આવ્યા નથી. અસંખ્યમે ભાગે તો ક્યાંથી આવે? આહાહા..! કારણ કે જેટલી સંખ્યા તિર્યંચની, મનુષ્યની, દેવની અસંખ્ય ગણો, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય બધા પણ સંખ્યા અસંખ્ય. અને નિગોદના એક શરીરમાં એથી અનંતગુણા જીવ. આહાહા..! એવા શરીર અરેરે..! અસંખ્ય ચોવીશીના સમય જેટલા તો નિગોદના શરીર. પ્રભુ! તું ત્યાંથી નીકળીને આવ્યો. ક્યાં સુધી આવ્યો અને હવે શું કરવાનું છે? આહાહા..! 'જેઠાલાલભાઈ!'

મુમુક્ષુ :– નિગોદનો જીવ પણ અનંતગુણનો ધણી.

ઉત્તર :– બધું અનંતવાર થયું છે. આહાહા..! આવો હજી એને નિર્ણય કરવાનો પણ ટાઈમ નહિ. આહાહા..! જે આત્માના હિતના પંથે જવું છે એ અહિતના પંથથી ખસી હિતના પંથનો નિર્ણય, અરે...! ભલે વિકલ્પ સહિત પહેલો નિર્ણય (તો કરે). આહાહા..! અને એ નિર્ણય વિકલ્પથી કર્યો હોય પછી વિકલ્પ છોડીને અનુભવની દૃષ્ટિ કરે તે સાચો નિર્ણય. આહાહા..! આવું છે. લોકો પછી વિરોધ કરે. એ..ઇ...! 'સોનગઢ' આમ કહે છે, આમ કહે છે. ભાઈએ નહોતું કહ્યું? પંડિતજી ! 'હુકમચંદજી'. આ 'સોનગઢીયો' છે, આવી નિશ્ચયની વાત કો'ક બોલે તો કહે, આ 'સોનગઢીયો' છે.

મુમુક્ષુ :– 'સોનગઢ' ગયો નથી ત્યાં 'સોનગઢીયો'?

ઉત્તર :– આ 'સોનગઢી'ની વાત છે, ઇ 'સોનગઢીયો' છે, એમ કહે. અને વ્યવહારથી લાભ મનાવે ઇ 'સોનગઢીયો' નહિ, ઇ સંપ્રદાયનો. અરે...! પ્રભુ! આ ભાગ શું પાડ્યા તેં?

અહીં તો પરમાત્મા કહે છે, 'કુંદકુંદાચાર્ય' કહે છે, એની ટીકા 'અમૃતચંદ્રાચાર્યે' કરી છે. એ કહે છે કે, **'આત્માનું પદ નથી.'** એ રાગની ક્રિયાના ભાવ એ આત્માનું પદ નહિ. આહા..! એ તારું સ્થાન નહિ, પ્રભુ! ત્યાં બેસવા લાયક, રહેવા લાયક નહિ. આહાહા..! પંડિતજી! આવી વાત છે. આહાહા..! એકવાર એની હા તો પાડ. હા પાડ તો હાલત થઈ જશે અંદર. ના પાડ તો નરક ને નિગોદ ઊભું છે, બાપા! આહાહા..! આહા..! શું થાય? ભાઈ! પરમાત્માના વિરહ પડ્યા, કેવળજ્ઞાની રહ્યા નહિ. આહાહા..!

મુમુક્ષુ :– કેવળીના ભક્તો રહી ગયા છે ને અમારા ભાગ્યે.

ઉત્તર :– વસ્તુ શાસ્ત્રમાં રહી ગઈ. ઇ સમજનારા સમજે. આહાહા..! દેવનું આવવું

પણ રહી ગયું, અટકી ગયું. કે ભઈ આનાથી વિરુદ્ધ હોય એને દંડ કરો અથવા નકાર કરો. એ પણ અટકી ગયું. 'ઋષભદેવ' ભગવાનને વખતે તો.. આહાહા..! ચાર હજાર સાધુ સાથે થયા. રાજાઓ! કારણ કે પ્રભુ મોટા હતા તો એના મિત્ર તરીકે સંબંધમાં (હતા), એટલે ભગવાન દીક્ષા લ્યે તો આપણેય દીક્ષા લ્યો. દીક્ષા લીધી પણ કંઈ વસ્તુ (–આત્માનુભવ) નહોતો. ભગવાનને તો બાર મહિના સુધી આહાર ન મળ્યો. આને બાર મહિના શું થોડા મહિના ગયા ત્યાં આહાર મળ્યો નહિ એટલે વેશ ફેરવી નાખ્યો. કોઈ ફળ ખાવા મંડ્યા, કોઈ ફલાણું ખાવા મંડ્યા. જંગલમાં દેવ આવ્યા ઉપરથી, આ વેશમાં, નગ્નપણામાં આ કરશો તો તમને દંડશું. વેશ છોડી દ્યો. આહાહા..! જુઓને! કાળ કેવો અનુકૂળ કે ઓલા જરી, રાજાઓ બિચારા, ભગવાનના સંબંધી બહુ હોય અને ભગવાન જ્યારે દીક્ષા લ્યે (તો) આપણે દીક્ષા લેવી, એટલું. દીક્ષા શું (એની ખબર નહિ). આહાહા..! ભગવાનને છ-છ મહિના સુધી આહાર ન મળ્યો. છ મહિના પછી આહાર વ્હોરવા ગયા તોય છ મહિના મળ્યો નહિ. પહેલી છ મહિનાની તો બંધી કરી હતી, પ્રતિજ્ઞા કરી હતી. છ માસ સુધી આહાર ન લેવો. એ પ્રતિજ્ઞા પુરી થઈ, લેવા ગયા તોય છ મહિના (આહાર) મળ્યો નહિ. ઓલા રાજા ટકી શક્યા નહિ. પછી જુદા જુદા વેશ ધારણ કરી ને કંઈક ફળ ખાવા મંડ્યા ને કોઈક ફૂલ ખાવા મંડ્યા ને કોઈ કાંઈક. (દેવે આવીને કહ્યું), દંડ કરશું, છોડી દ્યો, નગ્ન વેશ છોડી દ્યો. તું બીજો વેશ પહેરી લે. બીજા વેશમાં ગમે તે કર પણ નગ્ન વેશમાં આ નહિ હોઈ શકે. આહાહા..! જુઓને કાળ! અનુકૂળ કાળમાં વિપરીત ચાલનારાને દંડ કરનારા દેવ આવતા. આહાહા..!

અહીં કહે છે, એ **'આત્માનું પદ નથી.'** છે? **'જે આ સ્વસંવેદનરૂપ જ્ઞાન...'** સ્વસંવેદનરૂપ જ્ઞાન એ ત્રિકાળ, હોં! પોતાની પર્યાયમાં વેદન થાય છે એવું ત્રિકાળી જ્ઞાયક આત્મા **'તે નિયત છે,...'** ત્રિકાળી વસ્તુ જ્ઞાયક છે એ નિયત છે. તે **'એક છે,...'** ત્રિકાળી જ્ઞાયકભાવ તે નિત્ય છે. અહીં તો એ સ્થાયી છે એમાં રહેવા લાયક છે એમ બતાવવું છે. એ નિત્યમાં (રહેવા લાયક છે). અહીં પર્યાયની વાત નથી અત્યારે. સમજાણું? રાગાદિ અસ્થાયી, અનિત્ય, ક્ષણિક અને અનેક (છે), ત્યારે ભગવાનઆત્મા નિત્યની વાત છે, હોં! તો ત્યાં જા અને ત્યાં સ્થિર રહેવા લાયક છે. આહાહા..! છે?

**'સ્વસંવેદનરૂપ જ્ઞાન...'** ત્રિકાળી, હોં! એ **'નિયત છે, એક છે, નિત્ય છે,...'** છે ને? ત્રિકાળી સ્વભાવ તે નિત્ય છે. એ **'અવ્યભિચારી છે.'** આહાહા..! **'આત્મા સ્થાયી છે અને આ જ્ઞાન પણ સ્થાયી...'** છે. જ્ઞાન એટલે ગુણ. આત્મા સ્થાયી નિત્ય ધ્રુવ છે. આ જેટલા વિશેષણ આપ્યા. સ્વસંવેદનરૂપ જ્ઞાન, ઇ જ્ઞાન કહો કે આત્મા કહો, એમ. નિયત જ્ઞાન કહો કે આત્મા કહો, એક જ્ઞાન કહો કે આત્મા કહો, નિત્ય જ્ઞાન કહો કે આત્મા કહો, અવ્યભિચારી જ્ઞાન કહો કે આત્મા કહો. એ જ્ઞાન તે આત્મા અને આત્મા તે જ્ઞાન. એમ

જ્ઞાન તે આત્મા એ તરીકે લીધું.

**'આત્મા સ્થાયી છે અને આ જ્ઞાન પણ સ્થાયી...'** છે. એનો ગુણ, આત્મા જેમ સ્થિર છે, ધ્રુવ છે એમ જ્ઞાનગુણ પણ સ્થાયી, ધ્રુવ છે. આહાહા..! **'તેથી તે આત્માનું પદ છે. તે એક જ જ્ઞાનીઓ વડે આસ્વાદ લેવા યોગ્ય છે.'** આહાહા..! જ્ઞાનીઓ દ્વારા, ધર્મી દ્વારા આ આત્માનો એક જ સ્વાદ લેવા લાયક છે. આહાહા..! રાગનો સ્વાદ પણ લેવા યોગ્ય નથી. શુભરાગનો (સ્વાદ).

## શ્લોક-૧૩૯

(अनुष्टुभ्)

एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।
अपदान्येव भासन्ते पदान्यन्यानि यत्पुरः।।१३९।।

---

હવે આ અર્થનો કળશરૂપ શ્લોક કહે છે :-

શ્લોકાર્થ :- [ तत् एकम् एव हि पदम् स्वाद्यं ] તે એક જ પદ આસ્વાદવાયોગ્ય છે [ विपदाम् अपदं ] કે જે વિપત્તિઓનું અપદ છે (અર્થાત્ જેમાં આપદાઓ સ્થાન પામી શકતી નથી) અને [ यत्पुरः ] જેની આગળ [ अन्यानि पदानि ] અન્ય (સર્વ) પદો [ अपदानि एव भासन्ते ] અપદ જ ભાસે છે.

ભાવાર્થ :- એક જ્ઞાન જ આત્માનું પદ છે. તેમાં કોઈ પણ આપદા પ્રવેશી શકતી નથી અને તેની આગળ અન્ય સર્વ પદો અપદસ્વરૂપ ભાસે છે (કારણ કે તેઓ આકુળતામય છે આપત્તિરૂપ છે). ૧૩૯.

---

## કળશ-૧૩૯ ઉપર પ્રવચન

---

'હવે આ અર્થનો કળશરૂપ શ્લોક કહે છે :-'

(अनुष्टुभ्)

एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।
अपदान्येव भासन्ते पदान्यन्यानि यत्पुरः।।१३९।।

જુઓ! આ શ્લોક 'અમૃતચંદ્રાચાર્ય'નો છે. **'તે એક જ પદ આસ્વાદવાયોગ્ય છે...'** લ્યો,

આ તો આચાર્ય છે, 'અમૃતચંદ્રાચાર્ય'. એક જ આનંદકંદ પ્રભુ એ આસ્વાદવા લાયક છે. રાગાદિ દયા, દાન રાગનો સ્વાદ લેવા યોગ્ય નથી, એ આદર કરવા લાયક નથી. આહાહા..! **'એક જ પદ આસ્વાદવાયોગ્ય છે...'** આહાહા..! એકાંત થઈ ગયું. 'જ' એ તો એકાંત થઈ ગયું. એ જ સમ્યક્ એકાંત છે. **'તે એક જ...'** એમ છે ને પાઠ? **'एकम् एव हि' 'एकम् एव'** નિશ્ચય **'हि'** એમ. 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ હજાર વર્ષ પહેલા થયા. આહાહા..! ૨૦૩ ગાથાનો શ્લોક છે. સમજાણું? ૨૦૩ ગાથા. સમજાણું કાંઈ?

**'एकम् एव हि पदम् स्वाद्यं'** આહાહા..! એક જ, એક જ. આહાહા..! પ્રભુ! અનેકાંત તો કરો. આત્માનો સ્વાદ પણ લેવા યોગ્ય છે અને રાગ, વ્યવહાર કરવા લાયક છે એમ તો કહો, તો અનેકાંત થઈ જાય. એ અનેકાંત નહિ. એક જ સ્વાદ લેવા યોગ્ય છે અને બીજું નહિ, તેનું નામ અનેકાંત છે. આહાહા..! વ્યવહારથી પણ થાય છે, નિશ્ચયથી પણ થાય છે એ અનેકાંત નહિ. નિશ્ચયથી થાય છે અને વ્યવહારથી થતું નથી, એ અનેકાંત છે. આહાહા..! બહુ કામ આકરું. આખી પ્રથા ફેરવી નાખી. સમાજમાં સંપ્રદાયે, એના અધિપતિઓએ આખી લાઇન ફેરવી નાખી. શેઠિયાઓએ પણ એ કબુલ કરીને એ પંથમાં ચાલ્યા. વ્યવહારથી લાભ થશે, રાગથી લાભ છે. આહાહા..! ભાઈ! એ ભાવ તો બધા આસ્વાદવા યોગ્ય નથી.

આ **'એક જ પદ આસ્વાદવાયોગ્ય છે...'** ત્રિકાળી, હોં! ત્રિકાળી. આસ્વાદવાયોગ્ય તો પર્યાય થઈ. પણ કોને આસ્વાદવા યોગ્ય છે? ત્રિકાળી જ્ઞાયક ભાવ આનંદનો નાથ પ્રભુ, એની એકાગ્રતા કરીને આસ્વાદવાયોગ્ય છે. ત્યાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે, નાથ! તને અતીન્દ્રિયનો સ્વાદ આવશે. એ સ્વાદ આગળ તને ઇન્દ્રના સુખ ઝેર જેવા લાગશે. આ સ્ત્રી તો ધાનના ઢોકળા (છે). ધાન બે દિ' ન ખાય તો આમ મોઢું થઈ જાય. એ તો ચામડા ને માંસ ને હાડકા. દેવના વૈક્રિયક શરીર, દેવીઓ.... આહાહા..! એના ભોગ પણ આ સ્વાદની આગળ ઝેર લાગશે તને. આહાહા..! સમજાણું? આવી વાત છે. અરે..રે...! હિતની વાતને નિશ્ચયાભાસ કરીને કાઢી નાખી અને અહિતની વાતને અનેકાંતમાં નાખીને આદર કરી દીધો. આહાહા..!

અહીં આવ્યું હવે. જુઓ! **[विपदाम् अपदं] 'કે જે વિપત્તિઓનું અપદ છે...'** ભગવાનના અનુભવમાં વિપત્તિ નથી, વિપદા નથી, આકુળતા નથી, દુઃખ નથી. **'(અર્થાત્ જેમાં આપદાઓ સ્થાન પામી શકતી નથી)...'** ભગવાન અનાકુળ આનંદનો સ્વાદ લેવામાં આપદા સ્થાન પામતી નથી, આપદા બિલકુલ આવતી નથી. આહાહા..! વિપદા, રાગાદિ જે વિપદા એ આત્માની સંપદાના અનુભવમાં વિપદાનું સ્થાન છે નહિ. આહાહા..! **'(અર્થાત્ જેમાં આપદાઓ સ્થાન પામી શકતી નથી)...'** આહાહા..!

**'જેની આગળ...' [अन्यानि पदानि]** કળશટીકા છે ને આ? 'અધ્યાત્મ તરંગિણી'. એમાં

`**अपदानि**' વ્રતાદિના કહ્યા. વ્રતાદિ બધા અપદો છે. આહાહા..! એ વિકલ્પ છે ને. આહાહા..! **'જેની આગળ અન્ય (સર્વ) પદો...'** `**अपदानि**' **'અપદ જ ભાસે છે.'** આહાહા..! અન્ય પદ નામ રાગ, ભેદ આદિ એ અપદ ભાસે છે અને પોતાનું નિજ સ્વરૂપ તે પદ, સ્થાયી તે પદરૂપ ભાસે છે. આહાહા..!

**ભાવાર્થ :– 'એક જ્ઞાન જ આત્માનું પદ છે.'** જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું જે સ્વભાવ એ આત્માનું પદ – સ્થાન છે. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. ત્રણકાળ ત્રણલોકના પ્રમેયને પ્રમાણમાં જાણવું. આહાહા..! એ જાણવું તારું પદ છે. એક જ્ઞાન જ. જ્ઞાનમાં એક લીધું. અનેક જ્ઞાનના ભેદ નહિ. આહાહા..! મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળ એવા ભેદ નહિ. આહાહા..! **'એક જ્ઞાન જ આત્માનું પદ છે. તેમાં કોઈ પણ આપદા પ્રવેશી શકતી નથી...'** રાગની આપદા સ્વરૂપના અનુભવમાં પ્રવેશ પામતી નથી. આહાહા..! ભગવાન નિજપદના અનુભવમાં એ રાગ જે અપદ, આકુળતા, આપદા એ સંપદાના અનુભવમાં (પ્રવેશતી નથી). નિજસંપદા.. આહાહા..! નિજ સંપત્તિ, પોતાની ઋદ્ધિ, તેનો અનુભવ કરવામાં અપદનું સ્થાન નથી. આહાહા..! કહો, 'હસમુખભાઈ' આવું બધું સાંભળવામાં ક્યાં નવરાશ ક્યાં આમાં (છે)? રૂપિયા, રૂપિયા ને પૈસા, આ ધંધા.

મુમુક્ષુ :– પહેલો નંબર આનો, બીજો નંબર રૂપિયાનો.

ઉત્તર :– બીજો નંબર એકેયનો નંબર જ નથી. આહાહા..! આ દેહનો વિલય થઈ જશે. આ જ ભવમાં દેહ એવી રીતે થશે કે તારું કાંઈ નહિ ચાલે એમાં. તરફડિયા મારશે, આમ થાશે. દૃષ્ટિ ત્યાં, સ્વભાવ ઉપર નહિ, આકુળતા.. આકુળતા અને એમાં રોગ ફાટે. આહા..! એક અંગુલમાં ૯૬ રોગ. ભગવાન 'કુંદકુંદાચાર્ય' 'અષ્ટપાહુડ'માં કહે છે, પ્રભુ! એક અંગુલમાં ૯૬ રોગ તો આખા શરીરમાં કેટલા? એમ પૂછ્યું છે. પોતે કહ્યું નથી, પૂછ્યું છે. વિચાર તો કર તું. એક અંગુલના ભાગમાં તસુ, શરીરમાં એક તસુમાં ૯૬ રોગ. આખા શરીરમાં કેટલા? પ્રભુ! એ બધા ફાટે ત્યારે તારું શું થશે? તારો નાથ અંદર નિરોગ ભગવાન પડ્યો છે ને! આહાહા..!

મુમુક્ષુ :– ઇ તો જેને રોગ થાય એની વાત છે. અમે તો સાજા છીએ.

ઉત્તર :– અત્યારે સાજા (લાગે), અંદર કેટલા રોગ છે. સાધારણ રોગ તો એને ખ્યાલમાં ન આવે. બહુ વિશેષ રોગ જ્યારે આવે ત્યારે ખ્યાલમાં આવે. આહાહા..!

'સનતકુમાર' ચક્રવર્તી આમ સ્નાન કરતા હતા અને બીજા કોઈએ આવીને જોયું તો ઓ..હો..! બહુ સુંદર રૂપ તમારું. ત્યારે ઇ કહે છે કે, અત્યારે નહિ પણ હું સ્નાન કરીને જ્યારે રાજગાદીએ બેસું, બરાબર શણગાર-બણગાર, કપડાં, ઝવેરાત ને હાર (પહેરું) ત્યારે જોવા આવજો. દેવ આવ્યા, દેવ. ઇ જ્યારે બેઠા ત્યારે દેવે જોયું, દેવે આમ કર્યું, એ નહિ, એ શરીર નહિ. શું થયું તને? અંદર જીવાત પડી છે. થૂંકો. થૂંક નાખો, જીવાત થઈ ગઈ

છે. તમે અભિમાન કરતા હતા કે આ શરીર હજી સ્નાનમાં છે, બરાબર ચોખ્ખું નથી અને સ્થાનમાં બેસું ત્યારે બરાબર (જોજો). ઇયળ પડી, ઇયળ. તારા થૂંકમાં, શરીરમાં કીડા પડ્યા છે. થૂંક! આહાહા..! એકદમ વૈરાગ્ય આવી ગયો, દીક્ષા લઈ લીધી. દીક્ષામાં ૭૦૦ વર્ષ રોગ રહ્યો. આહાહા..!

અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ એની કાંઈ ખબરેય નથી. રોગ છે કે નહિ. એટલી સ્વરૂપમાં સાવધાની અને પર તરફની અસાવધાની. આહાહા..! મુનિરાજ કોને કહીએ? આહાહા..! જેની સ્વરૂપમાં રમણતાની જમવટ જામી છે. આહાહા..! બરફની જેમ પાટ હોય એમ આનંદ અને શાંતિની પાટમાં એ પોઢ્યા છે. મુનિરાજ ત્યાં ઢળી ગયા છે. સમકિતી થોડા ઢળ્યા છે. આહાહા..! મુનિરાજ તો આખી આનંદની પાટમાં પોઢી ગયા છે. અતીન્દ્રિય આનંદના સ્વાદના સડકા (લ્યે છે), ઓડકાર પણ એનો. આહાહા..! એને મુનિ કહીએ. આહા..! અરે.. બાપુ! હજી સમકિત કોને કહીએ? અને સમકિત હોય તો શું થાય? એની ખબરું નથી, એને મુનિપણા આવી જાય, ભાઈ! શું થાય? તને દુઃખ લાગે કે આ તે શું છે? બાપુ! માર્ગ આ છે, બાપુ! ભાઈ! આહાહા..!

**'એક જ્ઞાન જ આત્માનું પદ છે. તેમાં કોઈ પણ આપદા પ્રવેશી શકતી નથી અને તેની આગળ અન્ય સર્વ પદો અપદસ્વરૂપ ભાસે છે...'** આહાહા..! ભગવાનના આનંદના સ્વાદની આગળ, આ પદની આગળ રાગાદિ અપદ ભાસે છે. છે? **'અપદસ્વરૂપ ભાસે છે...'** આહાહા..! આરે..! પ્રભુ! શું કરે છે આ? દુનિયા રાજી થાય, મને વખાણે ને આહા..! ભારે આવડે છે તમને, હોં! મરી ગયો છે એમાં. સમજાણું? પોતાને ભૂલીને બીજાને સમજાવવામાં એકલો દોરાય જાય અને બીજા રાજી થાય, નંબર આપે એમાં દાળિયા શું થયા? બાપા! વાણી જડ, રાગ ઉઠે છે એ ચૈતન્ય નહિ, જડ. અરે..! એના સ્વામીપણે રહીને, અપદમાં રહીને પદની વ્યાખ્યા કરે. આહાહા..! આકરું કામ, પ્રભુ!

**'અપદસ્વરૂપ ભાસે છે...'** ભગવાનઆત્માના આનંદ સ્વભાવના નિજ પદ આગળ ચક્રવર્તીના રાજ અને ઇન્દ્રના ઇન્દ્રાસન અપદ ભાસે છે. આહાહા..! **'(કારણ કે તેઓ આકુળતામય છે...)'** રાગાદિ બધા આકુળતા છે. આહાહા..! **'(આપત્તિરૂપ છે).'** આપદા છે, આપદા. સંપદાની પાસે આપદા છે. આહાહા..! નિજ સંપદાના અનુભવ આગળ એ રાગ બધી આપદા છે. આહાહા..! દુઃખ છે. બીજો શ્લોક આવ્યો?

**અરે જીવ! અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં તેં ઘણાં દુઃખો સહન કર્યાં–નરકાદિના ઘોરમાં ઘોર દુઃખોથી પણ તું સોંસરવટ નીકળી ગયો. પણ... વિરાધકભાવે, એકવાર જો આરાધકભાવે બધા દુઃખોથી સોંસરવટ નીકળી જા એટલે કે ગમે તેવી પ્રતિકૂળતા આવે તોપણ આરાધકભાવથી તું ડગે નહિ, તો ફરીને આ સંસારનું કોઈ દુઃખ તને ન આવે ને તારું સુખધામ તને પ્રાપ્ત થાય.** આત્મધર્મ અંક–૫, જાન્યુઆરી–૨૦૦૮

## શ્લોક-૧૪૦

(शार्दूलविक्रीडित)

एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्
स्वादं द्वन्द्वमयं विधातुमसहः स्वां वस्तुवृत्तिं विदन्।
आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद्विशेषोदयं
सामान्यं कलयन् किलैष सकलं ज्ञानं नयत्येकताम्।।१४०।।

---

વળી કહે છે કે આત્મા જ્ઞાનનો અનુભવ કરે છે ત્યારે આમ કરે છે :-

શ્લોકાર્થ :- [ एक-ज्ञायकभाव-निर्भर-महास्वादं समासादयन् ] એક જ્ઞાયકભાવથી ભરેલા મહાસ્વાદને લેતો, (એ રીતે જ્ઞાનમાં જ એકાગ્ર થતાં બીજો સ્વાદ આવતો નથી માટે) [ द्वन्द्वमयं स्वादं विधातुम् असहः ] દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ (અર્થાત્ વર્ણાદિક, રાગાદિક તથા ક્ષાયોપશમિક જ્ઞાનના ભેદોનો સ્વાદ લેવાને અસમર્થ), [ आत्म-अनुभव-अनुभाव-विवशः स्वां वस्तुवृत्तिं विदन् ] આત્માના અનુભવના-સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી નિજ વસ્તુવૃત્તિને (આત્માની શુદ્ધપરિણતિને) જાણતો-આસ્વાદતો (અર્થાત્ આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવનમાંથી બહાર નહિ આવતો) [ एषः आत्मा ] આ આત્મા [ विशेष-उदयं भ्रश्यत् ] જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો, [ सामान्यं कलयन् किल ] સામાન્યમાત્ર જ્ઞાનને અભ્યાસતો, [ सकलं ज्ञानं ] સકળ જ્ઞાનને [ एकताम् नयति ] એકપણામાં લાવે છે-એકરૂપે પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ :- આ એક સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ અન્ય રસ ફિક્કા છે. વળી સ્વરૂપજ્ઞાનને અનુભવતાં સર્વ ભેદભાવો મટી જાય છે. જ્ઞાનના વિશેષો જ્ઞેયના નિમિત્તે થાય છે. જ્યારે જ્ઞાનસામાન્યનો સ્વાદ લેવામાં આવે ત્યારે જ્ઞાનના સર્વ ભેદો પણ ગૌણ થઈ જાય છે, એક જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે.

અહીં પ્રશ્ન થાય છે કે છદ્મસ્થને પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો સ્વાદ કઈ રીતે આવે? આ પ્રશ્નનો ઉત્તર પહેલાં શુદ્ધનયનું કથન કરતાં દેવાઈ ગયો છે કે શુદ્ધનય આત્માનું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ જણાવતો હોવાથી શુદ્ધનય દ્વારા પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો પરોક્ષ સ્વાદ આવે છે. ૧૪૦.

---

૧૪૦.

(शार्दूलविक्रीडित)

**एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्**
**स्वादं द्वन्द्वमयं विधातुमसहः स्वां वस्तुवृत्तिं विदन्।**
**आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद्विशेषोदयं**
**सामान्यं कलयन् किलैष सकलं ज्ञानं नयत्येकताम्।।१४०।।**

આહાહા..! '**વળી કહે છે કે આત્મા જ્ઞાનનો અનુભવ કરે છે ત્યારે આમ કરે છે :–** ભગવાનઆત્મા આત્માનો આદર કરીને અનુભવ કરે છે.. આહા..! ત્યારે આ પ્રકારે થાય છે. પૂર્ણાનંદના નાથનો, સ્વભાવનો આદર કરતા અને રાગનો આદર છોડતા શું થાય છે, તે કહે છે. આહા..! '**એક જ્ઞાયકભાવથી ભરેલા મહાસ્વાદને લેતો,...**' આહાહા..! જેને ચાર શેર ઘીનો પાયેલો મેસૂબનો સ્વાદ લીધો તેને લાલ જુવારના ફોતરાના રોટલા. લાલ જુવાર સમજો છો? લાલ જુવાર થાય છે, એના ફોતરા લાલ. લાલ ફોતરામાં મીઠાશ ન હોય. હજી આ જુવારના ધોળા ફોતરામાં મીઠાશ હોય. અમે તો બધું જોયું છે. (સંવત) ૧૯૭૬ની સાલમાં 'વિરમગામ'ના એક ગામડામાં હતા. આહાર વ્હોરવા ગયા તો વાણિયાનું કોઈ ઘર નહિ. લાલ ફોતરાના જુવારના રોટલા મળ્યા. ત્યાં શું કરે? ૧૯૭૬ની વાત છે.

મુમુક્ષુ :– આપે ખાધેલા?

ઉત્તર :– ખાધા, મળ્યા પછી ખાધા. ખાવાનું ઇ જ હતું, બીજું હતું નહિ. વાણિયાનું ઘર નહિ અને ગરીબ માણસો વસતા હતા. 'વિઠલગઢ' કે એવું કાંઈક નામ છે, 'વિઠલગઢ'. 'વિરમગામ'ની આ બાજુ (છે). આ તો ૧૯૭૬ની વાત છે, ઘણા વર્ષ થઈ ગયા. ધોળી જુવારનો રોટલો અને ફોતરા એ તો મીઠા હોય. આ તો રાતા ફોતરાના જુવાર. એમાં ઘણો ભાગ ફોતરા. બિચારા ગરીબ માણસે રોટલા કરેલા. જઈએ તો પધારો, પધારો, પધારો મહારાજ! (કહે). હોય ઇ આપે. (બીજું) શું આપે?

મુમુક્ષુ :– .. આખા ગામમાં..

ઉત્તર :– એ સાધારણ ગામ છે, સાધારણ ગામ. બહુ માણસો ઓછા. 'વિઠલગઢ' છે, 'વિઠલગઢ.' 'વિરમગામ'થી ત્રણ ગાઉ છેટુ છે. ૧૯૭૬ની વાત છે. બધું ઘણું જોયું, ઘણું જાણ્યું. આહાહા..! એક ફેરી 'પોરબંદર' જતા'તા, ચોમાસુ (હતું). (ત્યાં રસ્તામાં) એક ગામડું આવે છે. નામ ભૂલી ગયા. એ ગામડામાં બધા અન્યમતિઓ સાધારણ. સાધારણ રોટલા અને સાધારણ દાળ. બીજું કાંઈ મળે નહિ. બપોરે બધા વાણિયા આવ્યા. ચોમાસે જાવું હતું ને એટલે બધા આવ્યા. કંઈક પાસે વસ્તુ ઊંચી, ઊંચી. ફલાણી, ફલાણી. ભઈ! એ લેવાય નહિ, કીધું. ત્યારે તો સખત ક્રિયા હતી ને! જે રોટલા મળ્યા ને છાશ મળી એ બસ છે. એ 'નેમિદાસભાઈ' ને બધા ગૃહસ્થો હતા, 'હરખચંદ' શેઠ હતા. કાંઈક લઈને

આવેલા હોય. ત્રણ ગાઉ છેટે અને પોતાને પણ કાંઈક ખાવું હોય. તમારું અહીં મારે માટે લાવેલું અમને ખપે નહિ. અરે..! પણ મહારાજ! આ હલકા રોટલા અને છાશ (લેશો)? દાળેય નહોતી, શાકેય નહોતું. રોટલા ને છાશ.

મુમુક્ષુ :– આપે તો કો'ક વાર તો રોટલો પાણીમાં બોળીને ખાધો.

ઉત્તર :– હા, તે શું કરે? છાશ ન મળે તો પાણીમાં ખાય. આ તો છાશ મળી. છાશ તો ત્યાં બહુ મળે. ગામડામાં છાશ સમજતે હૈં? મઠા. મઠો તો બહુ મળે. એ ક્ષત્રિયમાં, રજપૂતોમાં, કણબીમાં છાશ મળે. ચોખ્ખી છાશ ભરી હોય અને વ્હોરવા જાઈએ તો પધારો.. પધારો.. ઓહોહો..! મહારાજ લ્યો, લ્યો. છાશ લ્યો. પાંચ શેર, સાત શેર, દસ શેર છાશ લાવે. મઠા, રોટલા ને છાશ. બિંદુય પાણી મળે નહિ. એટલા પણ કેટલાક દિવસ કાઢ્યા છે. આહાહા..!

અહીં કહે છે, જેને આત્માનો સ્વાદ આવ્યો.. આહાહા..! એની આગળ '**(જ્ઞાનમાં જ એકાગ્ર થતાં બીજો સ્વાદ આવતો નથી)**' આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થાય છે તો એ સ્વાદની આગળ બીજો સ્વાદ ત્યાં આવતો નથી. આહાહા..! જુઓ! આ નિર્જરાનો અધિકાર. **[द्वन्द्वमयं स्वादं विधातुम् असहः] 'દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ (અર્થાત્ વર્ણાદિક, રાગાદિક તથા ક્ષાયોપશમિક જ્ઞાનના ભેદો...'** આહાહા..! વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો સ્વાદ નહિ, દયા, દાન રાગનો સ્વાદ નહિ. અરે...! ક્ષયોપમના ભેદ. ક્ષયોપશમ, ગુણસ્થાનના ભેદ, એ ભેદનો પણ ત્યાં સ્વાદ નથી. આહાહા..! આવી વાતું હવે.

વર્ણાદિક એટલે રંગ, ગંધ, રસ, સ્પર્શ જડ. રાગાદિ એટલે વિકારી પરિણામ. ક્ષયોપશમ એટલે ભેદ. ગુણસ્થાન આદિના ભેદ અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ ક્ષયોપશમ. એ '**ક્ષાયોપશમિક જ્ઞાનના ભેદોનો સ્વાદ લેવાને અસમર્થ)...**' છે. આહાહા..! ભગવાનઆત્મા જ્યારે જ્ઞાનમાં એકાગ્ર થાય છે ત્યારે એ રંગ, ગંધ, રસનો તો સ્વાદ નથી, રાગાદિનો સ્વાદ તો નહિ પણ પર્યાયના ભેદનો પણ સ્વાદ નહિ. આહાહા..! એ ક્ષયોપશમ આદિની પર્યાય ભેદરૂપ, તેનો પણ સ્વાદ નહિ, ત્યાં લક્ષ નથી. આહાહા..! દૃષ્ટિ પડી છે ભગવાનઆત્મા ઉપર, જ્યાં એકલી આનંદની ખાણ (છે), આહાહા..! અતીન્દ્રિય આનંદનું નિધાન (છે). તેમાં એકાગ્રતાના કાળમાં; વિકલ્પ હોય ત્યારે લબ્ધરૂપ સ્વાદ હોય છે પણ સ્વાદ તો હોય છે, પણ આ તો ઉપયોગ અંદર જામી જાય છે એની વાત છે. આહાહા..!

એ '**(ભેદોનો સ્વાદ લેવાને અસમર્થ)...**' આહાહા..! રાગ ઉપર લક્ષ નહિ, ભેદ ઉપર લક્ષ નહિ. આહાહા..! રંગ, ગંધ, સ્પર્શવાળું શરીર તરફ લક્ષ નહિ. રંગ વિનાનો રાગ એનું લક્ષ નહિ, પણ જ્ઞાનના ભેદો આદિનું પણ લક્ષ નહિ. આહાહા..! આવી વાત છે. કહો, 'શાંતિભાઈ'. આમ બહારમાં લાખ રૂપિયા દઈએ તો જાણે ધર્મ થઈ જશે. રાગ મંદ હો (તો) પુણ્ય છે. આવી વાત. હમણાં લાખ લખાવ્યા ને! લાખ રૂપિયા. 'શાંતિભાઈ'એ આ

ધર્મશાળામાં લાખ (આપ્યા). દસ લાખનું બનાવવાનું છે ને? એમાં લાખ લખાવ્યા છે. નહિ આ પરમ દિવસે? કે દિ’? ‘બાબુભાઈ’ અને બધા હતા. પહેલા પણ નાનાભાઈએ લાખ આપ્યા હતા ત્યાં ‘ભાવનગર’. સત્ સાહિત્ય ‘હીરાલાલ’ તરફથી નીકળે છે ને? ત્યાં લાખ આપ્યા છે. નાનાભાઈએ, ‘હોંગકોંગ’ના. બે લાખનું મકાન લીધું છે ને? ‘નવનીતભાઈ’ પ્રમુખનું મકાન હતું એણે બે લાખનું લીધું. એના નાના ભાઈએ. અરે..! એ મકાન, એ પૈસા ને બાપુ! આહાહા..!

જેને અંતરના સ્વાદ આવ્યા એ રાગનો સ્વાદ લેવાને અસમર્થ. એ તો ઠીક પણ ભેદનો સ્વાદ લેવાને અસમર્થ (છે). આહાહા..! એવી ચીજ છે, પ્રભુ! એ આનંદનો સાગર ભગવાન જ્યારે અંદરમાં જાય છે.. આહાહા..! એના સ્વાદ આગળ આ બધા જગતના સ્વાદ લેવાને અસમર્થ રહે છે. આહા..! છે?

**‘આત્માના અનુભવના – સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી નિજ વસ્તુવૃત્તિને (આત્માની શુદ્ધપરિણતિને)...’** આહા..! **‘જાણતો-આસ્વાદતો..’** નિજ અનુભવમાં આસ્વાદન લેતો. **‘(આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવનમાંથી બહાર નહિ આવતો)...’** આહાહા..! અંતરના સ્વાદની આગળ ધર્માત્મા બહાર આવવાને પણ આળસુ થઈ જાય છે. બહાર આવવામાં આળસુ. આહા..! એવી સ્થિતિ છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૮૨ શ્લોક–૧૪૦, ગાથા–૨૦૪ રવિવાર, શ્રાવણ વદ ૫, તા. ૧૨-૦૮-૧૯૭૯

---

‘સમયસાર’ કળશ–૧૪૦. ફરીને. આ અધિકાર નિર્જરાનો છે. જેને પહેલા સંવર થયો હોય. સંવર એટલે ચૈતન્ય જ્ઞાયક પૂર્ણ આનંદ સ્વરૂપ, તેની દૃષ્ટિપૂર્વક અનુભવ થયો હોય તો એમાં પહેલા સંવર થયો. મિથ્યાત્વ અને અનંતાનુબંધી આદિનો સંવર થયો, રોકાઈ ગયો. પણ પછી નિર્જરામાં શું થાય છે? સંવરવંતને પણ નિર્જરા ક્યારે થાય છે? એ કહે છે.

**‘एक-ज्ञायकभाव-निर्भर-महास्वादं समासादयन्’** આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! **‘એક જ્ઞાયકભાવ...’** **‘ભગવાન એક જ્ઞાયકભાવથી ભરેલા મહાસ્વાદને લેતો,...’** અંતર જ્ઞાયકભાવના મહાસ્વાદથી પ્રભુ ભર્યો છે. તેની અંતરમાં એકાગ્રતા થઈને અંતરમાં વિશેષ સ્વાદને લેતો. આહાહા..! **‘(એ રીતે જ્ઞાનમાં જ એકાગ્ર થતાં બીજો સ્વાદ આવતો નથી..)’** આહાહા..! રાગનો સ્વાદ, કર્મચેતના, કર્મફળચેતના એ રાગનો સ્વાદ અને રાગનો અનુભવ તો અનંતવાર થયો. ઇ તો અનંતવાર થયો પણ એનાથી ભિન્ન, રાગના વિકલ્પથી ભગવાન જ્ઞાયકભાવના સ્વાદથી ભરેલો પ્રભુ, રાગથી ભિન્ન છે. એમ જ્યારે પહેલા ભેદજ્ઞાન થાય છે પછી એ જ્ઞાયકભાવના સ્વભાવમાં વિશેષ એકાગ્ર થઈ. આહાહા..! એ આત્માનો સ્વાદ વિશેષ લ્યે છે ત્યારે અશુદ્ધતા અને કર્મની નિર્જરા થાય છે. એ અપવાસ કરે ને તપ કર્યા માટે નિર્જરા

(થાય છે), એ નિર્જરા નહિ. 'तपसाः निर्जरा' એ 'तत्वार्थसूत्र'માં શબ્દ છે. ઇ તપસા (એટલે) આ તપસા. આહાહા..!

જ્ઞાયકભાવ ભગવાન એમાં ભરેલા સ્વાદથી, એમાં સ્વાદ ભર્યા છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ જ્ઞાયકભાવમાં ભર્યો છે. તેના સ્વાદને લેતો. આહાહા..! આ નિર્જરા અને આ સંવર છે. અંતરમાં જ્ઞાયકભાવમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ ભર્યો છે તેનો સ્વાદ લેતો. આહાહા..! રાગ અને દ્વેષ, એ કંઈ અંતર જ્ઞાયકભાવમાં ભર્યા નથી. તેનો સ્વાદ લેવો એ તો અજ્ઞાન ભાવ છે. આહાહા..!

જ્ઞાયકનો સ્વાદ લેતો થકો. '**[द्वन्द्वमयं स्वादं विधातुम् असहः] 'દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ...**' પોતાના સ્વભાવ સિવાય '**(વર્ણાદિક, રાગાદિક તથા ક્ષાયોપશમિક જ્ઞાનના ભેદોનો (ત્રણેનો) સ્વાદ લેવાને અસમર્થ)...**' આહાહા..! જડના સ્વાદ તો કદી લીધો નથી પણ જડ તરફનું વલણ કરીને રાગનો સ્વાદ (લીધો છે). તો અહીંયાં કહે છે કે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ચીજ જે છે, જડ શરીર, વાણી, મન એનો પણ સ્વાદ છૂટી ગયો. રાગાદિ વિકલ્પનો અંદર વિકાર છે તેનો પણ સ્વાદ છૂટી ગયો અને જે ભેદ છે, જ્ઞાનની પર્યાયમાં ભેદ છે, તો ભેદના લક્ષનો સ્વાદ પણ છૂટી ગયો. આહાહા..! છે?

'**(ક્ષાયોપશમિક જ્ઞાનના ભેદોનો સ્વાદ લેવાને અસમર્થ)...**' શું કહે છે? ભગવાનઆત્મા જ્ઞાયક સ્વભાવ, ચૈતન્યના સ્વાદથી ભરેલો તેમાં અંતરમાં એકાગ્ર થઈને આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેતો. રંગ, રાગ અને ભેદ – એ ત્રણ શબ્દ ભાઈમાં આવે છે, નહિ? 'હુકમચંદજી'. 'હુકમચંદજી' છે ને? ભજન બનાવ્યું છે ને? રંગ, રાગ અને ભેદ–ત્રણ. એણે ત્રણ નાખ્યા છે. રંગ આદિ, જડ આદિ ચૈતન્યનો રસ છૂટી જાય અને રાગાદિ છૂટી જાય અને ભેદનું લક્ષ પણ છૂટી જાય. તો ભેદનો સ્વાદ છૂટી જાય. આહાહા..! બહુ ઝીણું. 'નિર્જરા અધિકાર' છે ને? આહા..!

નિર્જરા કેવી રીતે થાય છે? પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં સ્વાદ ભર્યો છે તેનો સ્વાદ એકાગ્ર થતાં, અંતરમાં જ્ઞાયકભાવમાં એકાગ્ર થવાથી જે સ્વાદ આવે છે એ સ્વાદ અભેદનો સ્વાદ છે. તેમાં રંગ અને રાગ ને ભેદનો સ્વાદ છૂટી જાય છે. અસ્તિપણે જ્યારે અભેદનો સ્વાદ આવ્યો, અસ્તિ નામ એકરૂપ જ્ઞાયકભાવ છે તેની જ્યારે દૃષ્ટિ થઈ અને તેમાં એકાગ્ર થયો, તો અસ્તિપણાનો અભેદપણાનો સ્વાદ આવ્યો. રંગ ને રાગ ને ભેદ તેમાં નથી, તો એ રંગ, રાગ ને ભેદના સ્વાદ છૂટી જાય છે. આરે.. આરે..! આવી વાત. સમજાણું? અરે..! એણે ક્યારેય હિત કર્યું નથી. પરમાં રોકાઈ આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. આહાહા..!

તદ્દન રાગથી પણ નિવૃત્ત સ્વરૂપ, શરીર, વાણી, મન જડ એનાથી તો નિવૃત્ત સ્વરૂપ છે જ, પણ રાગથી નિવૃત્ત સ્વરૂપ અને ભેદથી પણ નિવૃત્ત સ્વરૂપ. આ જ્ઞાનાદિના ભેદ, પર્યાયમાં ભેદનું લક્ષ પણ છૂટી જાય છે. જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થવાથી ભેદનું લક્ષ છૂટી

જાય છે તો ભેદનો સ્વાદ છૂટી જાય છે. આહાહા..! ભેદનો સ્વાદ એ પણ રાગનો સ્વાદ છે. આહાહા..! ભેદ ઉપર લક્ષ કરવાથી રાગ ઉત્પન્ન થાય છે. અભેદ ઉપર દૃષ્ટિ કરવાથી રાગ વિનાનો આનંદનો સ્વાદ આવે છે. 'જેઠાલાલભાઈ' આવું તો સાંભળ્યું ન હોય અને આખો દિ' આ.. અરે..રે...! પોતાના જ્ઞાયક અંતરમાં એકાગ્ર થવાથી અતીન્દ્રિય આત્માના સ્વાદ આગળ બીજાનો સ્વાદ આવતો નથી. આહા..! છે? આહા..!

**[ आत्म-अनुभव-अनुभाव-विवशः स्वां वस्तुवृत्तिं विदन् ] 'આત્માના અનુભવના-સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી...'** અનુભાવ. **'આત્માના અનુભવના–સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી...' 'आत्म-अनुभव-अनुभाव-विवशः'** એનો અર્થ કર્યો. આત્માના અનુભવના પ્રભાવને વિવશ. આહાહા..! જે અનાદિ કર્મના વશે પડતાં રાગ-દ્વેષ કરતો હતો. કર્મથી રાગ-દ્વેષ નથી થતા, કર્મને વશ પોતે થાય છે. એ ભગવાનઆત્મા પોતાના જ્ઞાયક સ્વભાવને વશ થઈને.. આહાહા..! જ્ઞાયકસ્વભાવ આહા..! આત્માનુભવના એટલે **'अनुभाव'**. **'अनुभाव'** એટલે **'પ્રભાવને આધીન...'** આધીન નામ **'विवशः स्वां वस्तुवृत्तिं विदन्'** આહાહા..! **'નિજ વસ્તુવૃત્તિ..'** નિજ આત્માની શુદ્ધ વૃત્તિ એટલે પરિણતિ. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય'નું કથન બહુ ટૂંકું.

આત્મ અનુભવના પ્રભાવને વશ થાય છે. ત્યારે **'स्वां वस्तुवृत्तिं विदन्' 'નિજ વસ્તુવૃત્તિ...'** આત્મા વસ્તુ, તેની વૃત્તિ–પરિણતિ. અનુભૂતિ અને વીતરાગી પરિણતિ. આહાહા..! **'स्वां वस्तुवृत्तिं विदन्'** આહાહા..! નિજ વસ્તુની પરિણતિ. આહાહા..! **'विदन्'** લેતો થકો. છે? **'(આત્માની શુદ્ધપરિણતિને) જાણતો-અનુભવતો...'** ઓહોહો..! ભગવાનઆત્મા રાગથી ભિન્ન પડી પ્રથમમાં પ્રથમ જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું ત્યારે તેને મિથ્યાત્વ આદિની સંવર દશા તો ઉત્પન્ન થઈ ગઈ. પણ હવે વિશેષ જ્ઞાનના અનુભવના સ્વાદને વશ પડ્યો અને વસ્તુની વૃત્તિ. વસ્તુ ભગવાનઆત્મા, તેની વૃત્તિ. વૃત્તિ નામ પરિણતિ. આહાહા..! ભગવાનઆત્મા વસ્તુ જ્ઞાયકભાવ, તેની વૃત્તિ, તેની પરિણતિ. આહાહા..! એ રાગ રહિત વીતરાગ પરિણતિ એ વસ્તુવૃત્તિ છે. આત્માનો અનુભવ, આનંદનો વીતરાગ પર્યાયનો આનંદનો સ્વાદ, એ વસ્તુની વૃત્તિ છે, એ વસ્તુની પરિણતિ છે. એ રાગાદિ પરિણતિ આત્માની વસ્તુ નહિ. આહાહા..! બહુ સરસ છે. આહાહા..! સ-રસ છે. આહાહા..!

**'આત્માના...'** આ ભાષા જુઓ! **'वस्तुवृत्तिं विदन्'** આહાહા..! ભગવાન વસ્તુ, એ તરફની એકાગ્રતાની પરિણતિ. આહાહા..! તેને અનુભવતા. વસ્તુની પરિણતિને વેદતો. આહાહા..! **'(આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવમાંથી બહાર નહિ આવતો)...'** આહા..! અંતરમાં એકાગ્રતાના સ્વાદની આગળ બહાર વિકલ્પમાં આવવું, એ નથી આવતો. આહાહા..! આવો માર્ગ. એનો અર્થ એ થયો કે, દયા, દાનનો વિકલ્પ જે છે એ વસ્તુવૃત્તિ નથી. સમજાણું? એ વસ્તુની પરિણતિ નથી. દયા, દાન, વ્રતાદિના વિકલ્પ એ વસ્તુની વૃત્તિ નથી. આહાહા..!

એ તો જડ તરફના વશે રાગની વૃત્તિ છે, રાગનો અનુભવ છે. પુણ્યનો અનુભવ એ રાગનો અનુભવ છે. આહાહા..! વસ્તુવૃત્તિ છે ને? **'विदन्'** એટલે જાણવું અને અનુભવવું. **'विदन्'**નો અર્થ. આહાહા..!

ભગવાનઆત્મા વસ્તુ, તેની વૃત્તિ – અનુભૂતિ, તેના અવલંબને થયેલી વીતરાગી પરિણતિ, એ વસ્તુની વૃત્તિ, એ આત્માની પરિણતિ, એ આત્માની દશા, એ આત્માની પરિણતિ ને ભાવ. આહાહા..! એને **'विदन्'** જાણતો એટલે અનુભવતો. આહાહા..! બહુ, 'અમૃતચંદ્રાચાર્યે' ટૂંકા શબ્દમાં કેટલું ભર્યું છે! આહાહા..! પ્રભુ! આ તો શાંતિનો માર્ગ છે. આહાહા..! વિકલ્પો ને બહારની ક્રિયામાં ધમાલ.. ધમાલ. એમાં ધર્મ માને છે, પ્રભુ! તારી ચીજને તું ભૂલી ગયો. તારી ચીજ–વસ્તુ જે છે એ તો જ્ઞાયકભાવ અને આનંદથી ભરેલી ચીજ છે. એ તરફનો ઝુકાવ જો થાય તો તેની વૃત્તિ, અનુભૂતિ, પરિણતિ ઉત્પન્ન થાય છે. એ આત્માની અનુભૂતિની પરિણતિનો સ્વાદ લેતો અથવા તેને જાણતો, વેદતો, અનુભવતો. આહાહા..! અરે..! આવી વાત છે. તેને નિર્જરા થાય છે, એમ કહે છે. આહાહા..! ભગવાનની આ વાણી છે. સંતો ભગવાનના આડતિયા છે. દિગંબર સંતો એ ભગવાનના આડતિયા છે. ભગવાનનો માલ આ રીતે જગતને પ્રસિદ્ધ કરે છે. આહા..!

ભગવાન! તું વસ્તુ છે ને! હવે અહીંયાં ભગવાન આવ્યા. ભગવાને એમ કહ્યું હતું કે, તારો ભગવાન અંદર જે વસ્તુ છે એ તરફ દૃષ્ટિ કર તો તારી પરિણતિ, વૃત્તિ ઉત્પન્ન થશે, એ ધર્મ છે. આહાહા..! સમજાણું? આ કંઈ પક્ષપાતની વાત નથી, આ તો વસ્તુની સ્થિતિ છે. એમ કહ્યું ને? આ કોઈ પક્ષ નથી, કોઈ પંથ નથી કે આ દિગંબર ધર્મ એક પંથ છે ને શ્વેતાંબર એક પંથ છે. આ તો વસ્તુવૃત્તિ–વસ્તુની પરિણતિ તે જૈનધર્મ છે. આહાહા..! સમજાણું?

એ વસ્તુવૃત્તિનો અનુભવ થવાથી **'નિજ વસ્તુવૃત્તિને (આત્માની શુદ્ધ પરિણતિને)...'** એમ. વૃત્તિનો અર્થ. **'જાણતો–આસ્વાદતો (અર્થાત્ આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવમાંથી...)'** અંતરના એના સ્વાદ આગળ બીજાની કોઈ જોડ નથી. અજોડ આત્માનો સ્વાદ. આહાહા..! અંતરમાં જ્ઞાનાનંદમાં એકાગ્રતા થઈને, અંતરની વસ્તુની પરિણતિનો સ્વાદ લેતો. આહાહા..! **'(બહાર નહિ આવતો)...'** આહાહા..! બહાર નીકળવું શોભતું નથી. પણ રહી શકતો નથી, નબળાઈને લઈને વિકલ્પ ઉઠે (છે) પણ અંદર આનંદના સ્વાદમાંથી બહાર આવવું રુચતું નથી, ગોઠતું નથી. આહાહા..! આવો આત્મા હવે. આહાહા..! આવા આત્માને મૂકીને બીજી બધી વાતું. આ વ્રત કરો ને તપસ્યા કરો ને જાત્રા કરો ને મંદિર બનાવો. આહાહા..! હમણા ઓલા ભાઈએ નહિ? 'મિસરીલાલજી.. મિસરીલાલજી' નહિ? 'કલકત્તા'. 'કાલા'? 'મિસરીલાલ કાલા'. પાંચ લાખ આપ્યા હમણા ત્યાં. પાંચ લાખ. લોકોને એમ થઈ જાય કે આહા..! પણ એ ચીજમાં શું? એ તો કદાચિત્ એક રાગની વૃત્તિ છે, એ કંઈ આત્માની વૃત્તિ નથી.

આત્માની શુદ્ધ આત્મવૃત્તિ એ નથી. આહાહા..! 'જેઠાલાલભાઈ'! હોય છે પણ એ આત્મવૃત્તિ નહિ. આહાહા..! ગજબ કામ કર્યું છે.

**'आत्म-अनुभव-अनुभाव'** આત્માના અનુભવના અનુભાવના પ્રભાવથી, વિવશ નામ તેને વશ થઈને. **'स्वां'** પોતાની વસ્તુ પરિણતિને અનુભવતો થકો. આહાહા..! એટલા શબ્દના અર્થ છે. **[एषः आत्मा] [एषः आत्मा] 'આ આત્મા...'** **'एषः'** એટલે આ આત્મા. પ્રત્યક્ષ જાણે. આહાહા..! **[ विशेष-उदयं भ्रश्यत् ] 'જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો,..'** એ શું કહે છે? કે, મતિ, શ્રુત ને અવધિ ને એવા ભેદ પડે છે (એ) ભેદ ઉપરનું લક્ષ છોડી, ભેદને ગૌણ કરી અંતર અભેદની દૃષ્ટિમાં લીન થાય છે. આહાહા..! રાગની વાત તો ક્યાંય રહી, પરદ્રવ્યની તો ક્યાંય રહી.. આહાહા..! પણ પર્યાયમાં મતિ ને શ્રુત ને અવધિ એવા ભેદ, એ લક્ષ પણ છોડી દ્યે છે. ભેદ ઉપર લક્ષ નહિ, અભેદ તત્ત્વ ઉપર દૃષ્ટિ છે. આહાહા..! ભેદ છે તેને જાણે, તેનો આદર નહિ. આહાહા..! જ્ઞાનના ભેદોનો કોઈ આદર નહિ. આહાહા..!

એક જ્ઞાયક ભગવાન પૂર્ણાનંદ નાથ, વસ્તુ, જેમાં અનંત ગુણો વસેલા છે, રહેલા છે, વસ્તુ. આ વાસ્તુ લ્યે છે ને? વાસ્તુ કોઈ ઝાડ ઉપર લ્યે? મકાનમાં હોય. એમ આ વસ્તુ, જેમાં અનંત ગુણનો વાસ છે. આહાહા..! વસ્તુવૃત્તિ તે સન્મુખ થઈને જે પરિણતિ પ્રગટ થઈ, તેના વેદન આગળ **[ विशेष-उदयं भ्रश्यत् ]** વિશેષોના ઉદયને ગૌણ કરે. એ અભેદના અનુભવમાં ભેદના વિશેષને પણ ગૌણ કરતો પોતાના અભેદ આત્માનો અનુભવ કરે છે. આહાહા..!

**[सामान्यं कलयन् किल] 'સામાન્યમાત્ર જ્ઞાનને અભ્યાસતો,..' [सामान्यं कलयन् किल]** સામાન્ય નામ જ્ઞાયકભાવ ત્રિકાળી તેમાં **'कलयन्'** નામ એકાગ્ર કરતો. **'कलयन्'** અભ્યાસ કહો, એકાગ્રતા કહો, અનુભવ કહો. **'कलयन्'**ના એટલા અર્થ થાય છે. ભગવાન સામાન્ય જે વસ્તુ, તેનું **'कलयन्'** – તેમાં એકાગ્રતા, તેનો અભ્યાસ, તેનો અનુભવ કરતો. **[सकलं ज्ञानं] 'સકળ જ્ઞાનને એકત્વમાં લાવે છે...'** પર્યાયના ભેદનું લક્ષ છોડી સ્વરૂપમાં એકાગ્રતા કરે છે. આરે..! આવી વાતું છે. **'सकलं ज्ञानं'** સકલ જ્ઞાનની ભેદની દશાને પર્યાયમાં **'એકપણામાં લાવે છે...'** ભેદનું લક્ષ છોડી જ્ઞાયકમાં એકાગ્રતા લાવે છે. આહા..! આવો માર્ગ એને લોકોએ કંઈક કરી નાખ્યો, પ્રભુનો માર્ગ. આહાહા..!

**ભાવાર્થ :– 'આ એક સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ...'** ભગવાનઆત્માના સ્વભાવની એકાગ્રતા અને એ એકાગ્રતાના **'સ્વાદ આગળ અન્ય રસ ફિક્કા છે.'** આહાહા..! ભેદનો રસ, રાગનો રસ બધા ફિક્કા છે. ઇન્દ્રના ઇન્દ્રાસનના (સ્વાદ ફિક્કા છે). આહાહા..! શરીર સુંદર હોય, રૂપાળું હોય, ઠીક રૂપ આદિ (હોય), લોકોને આમ આકર્ષણ કરે. અરે..! પ્રભુ! જડનું આકર્ષણ? આહાહા..! ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ, જેનું જ્ઞાન ઉગ્ર. જેનું આનંદશરીર, જ્ઞાનશરીર એવું સ્વરૂપ, એ રૂપ તને આકર્ષિત નથી કરતું? આહાહા..!

**'આ એક સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ અન્ય રસ ફિક્કા છે.'** આહાહા..! **'વળી સ્વરૂપજ્ઞાનને અનુભવતાં સર્વ ભેદભાવો મટી જાય છે.'** રાગ તો મટી જાય છે પણ ભેદભાવ મટી જાય છે. પર્યાયના ભેદનું લક્ષ નથી. સ્વરૂપની એકાગ્રતામાં ભેદનું લક્ષ છૂટી જાય છે. ભેદભાવ મટી જાય છે. ૨૦૪ ગાથા આવવાની છે ને? તેનો ઉપોદ્‌ઘાત છે. ૨૦૪ આવશે. આહાહા..!

**'જ્ઞાનના વિશેષો જ્ઞેયના નિમિત્તે થાય છે.'** હવે શું કહે છે? જ્ઞાનના ભિન્ન ભિન્ન ભેદો એ જ્ઞેયના નિમિત્તે (થાય છે). મતિમાં આટલા જ્ઞેય જાણવામાં આવે, શ્રુતમાં આટલું જાણવામાં આવે, અવધિમાં આટલું જાણવામાં આવે, મનઃપર્યયમાં આટલું, કેવળમાં આટલું. એ જ્ઞેયના ભેદથી ભેદ પડે છે. આહાહા..! **'જ્ઞાનના વિશેષો જ્ઞેયના નિમિત્તે થાય છે. જ્યારે જ્ઞાનસામાન્યનો સ્વાદ લેવામાં આવે...'** આહા..! ભવના અંતની વાતું છે, પ્રભુ! આહાહા..! જેમાં ભવના અંત આવે અને અનંત આનંદના સ્વાદ આવે ત્યાં ભવના અંત છે. આહાહા..!

**'જ્યારે જ્ઞાનસામાન્યનો સ્વાદ લેવામાં આવે છે...'** એકલા જ્ઞાયકભાવ તરફ એકાગ્રતા થાય છે **'ત્યારે જ્ઞાનના સર્વ ભેદો પણ ગૌણ થઈ જાય છે. એક જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે.'** એક પોતાનું જ્ઞાન જ જ્ઞેય (થાય છે). આહાહા..! પરજ્ઞેયના નિમિત્તે ભેદ પડે છે. મતિ ને શ્રુત ને અવધિ ને મનઃપર્યય ને કેવળ. એ બધા જ્ઞેયના નિમિત્તના ભેદ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું? આહાહા..! અંદર જ્ઞાયકભાવ મહાપ્રભુ અનંત ગુણનો રસીલો રસ, તેમાં જ્યારે રસ લ્યે છે.. આહાહા..! એમાં એકાગ્ર થાય છે ત્યારે **'જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે.'** પોતાનું જ્ઞાન જ જ્ઞાનમાં જ્ઞેયરૂપ થાય છે. પરજ્ઞેયના ભેદ મટી જાય છે. આહાહા..! પોતાનું જ્ઞાન જ જ્ઞેય, જ્ઞાન જ જ્ઞાન ને જ્ઞાયક જ જ્ઞાન. ત્રણે એકરૂપ છે. પરજ્ઞેય અને આત્મા જ્ઞાતા, એ પણ નહિ. આહાહા..! નિજ આત્મા જ્ઞાયક, નિજ આત્મા પોતાના જ્ઞાયકનું જ્ઞેય અને પોતાનો આત્મા એ જ્ઞેયનું જ્ઞાન. નિજ જ્ઞેયનું જ્ઞાન. આહાહા..! સમજાણું? આ બાપુ! આ તો અંતરની વાતું છે. આ કંઈ બહારની ધમાલ.. આહા..! એમાં જાણે 'જ્ઞાનને માર્ગે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર'

**'અહીં પ્રશ્ન થાય છે કે છદ્મસ્થને પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો સ્વાદ કઈ રીતે આવે?'** છદ્મસ્થ છે, હજી પૂર્ણ જ્ઞાન નથી, તેને કેવળજ્ઞાનનો સ્વાદ કેવી રીતે આવે? તમે તો કહો છો કે, પાંચે જ્ઞાનની પર્યાયનો સ્વાદ અભેદમાં આવે છે. સમજાણું? ભેદનું લક્ષ છોડી, અભેદના સ્વાદમાં પાંચે જ્ઞાનનો અભેદપણે અભેદ સ્વાદ આવે છે. એ કહે છે કે, **'છદ્મસ્થને પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો સ્વાદ કઈ રીતે આવે?'** આહાહા..! **'આ પ્રશ્નનો ઉત્તર પહેલાં શુદ્ધનયનું કથન કરતાં દેવાઈ ગયો છે કે શુદ્ધનય આત્માનું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ જણાવતો હોવાથી...'** શુદ્ધનય જે સમ્યગ્જ્ઞાનનો ભાવ, તેનો વિષય આત્મા, એ શુદ્ધ પૂર્ણ સ્વરૂપ બતાવે છે. શુદ્ધનય આત્માનું પૂર્ણ સ્વરૂપ બતાવે છે. તેથી **'શુદ્ધનય દ્વારા પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો...'** વર્તમાનમાં કેવળજ્ઞાન

છે નહિ પણ પાંચ જ્ઞાનના ભેદનું લક્ષ છોડીને અભેદનો અનુભવ કરે છે તેમાં કેવળજ્ઞાનનો પરોક્ષ સ્વાદ આવી ગયો. પ્રત્યક્ષ તો જ્ઞાયકનો છે. સમજાણું? કેવળજ્ઞાન વર્તમાનમાં નથી પણ કેવળજ્ઞાનની પર્યાય એ ભેદ છે તેને છોડી અંદર ગયો તો કેવળજ્ઞાનનો સ્વાદ પરોક્ષ રીતે આવ્યો. આહાહા..!

મુમુક્ષુ :– પરોક્ષ કે પ્રત્યક્ષ?

ઉત્તર :– અત્યારે પ્રત્યક્ષ કેવળજ્ઞાન ક્યાં છે? એમ કહે છે. પણ કેવળજ્ઞાન આવું છે અને જ્ઞાયક સ્વભાવમાં કેવળજ્ઞાન પડ્યું છે, એવા જ્ઞાયકનો અનુભવ થતાં, કેવળજ્ઞાન અત્યારે નથી પણ પરોક્ષ રીતે સ્વાદ આવે. પર્યાય વર્તમાનમાં નથી એટલે પરોક્ષ રીતે કહ્યું. જ્ઞાયકભાવમાં કેવળજ્ઞાનની શક્તિ પડી છે તો તેનો સ્વાદ લે છે, કેવળજ્ઞાનનો પરોક્ષ સ્વાદ કહ્યો. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો પ્રત્યક્ષ સ્વાદ છે. અરેરે...! આવી વાતું છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સ્વભાવ સન્મુખ થાય છે, તેનું તો પ્રત્યક્ષ વેદન વર્તમાન પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન વર્તમાનમાં પ્રત્યક્ષ નથી માટે પ્રત્યક્ષ નથી પણ કેવળજ્ઞાનની પર્યાય જ્ઞાયકમાં શક્તિ પડી છે, એવો સ્વાદ લ્યે છે. પરોક્ષ કેવળજ્ઞાનની પર્યાયનો સ્વાદ કહેવામાં આવે છે. પર્યાયનો સ્વાદ, હોં! દ્રવ્યમાં સ્વાદ તો પ્રત્યક્ષ છે. શાંતિથી સાંભળવું, ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે. આહાહા..! અરે..! પરમાત્મા ત્રિલોકનાથની દિવ્યધ્વનિ છે.

પ્રભુ! રાગનો સ્વાદ તો નહિ... આહાહા..! ગજબ વાત છે. જડનો તો સ્વાદ નહિ, રાગનો સ્વાદ તો નહિ પણ કેવળજ્ઞાનનો સ્વાદ પરોક્ષ આવે છે. આહાહા..! પ્રત્યક્ષમાં તો જ્ઞાયકસ્વભાવમાં જે મતિ, શ્રુત પ્રગટ થયું તેનો સ્વાદ વર્તમાન પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન પ્રગટ થશે, અત્યારે છે નહિ, પણ કેવળજ્ઞાન શક્તિમાં પડ્યું છે તો શક્તિની પ્રતીતિ થાય છે, કેવળજ્ઞાનની પર્યાયનો પરોક્ષ સ્વાદ (આવે છે). દ્રવ્યનો સ્વાદ પ્રત્યક્ષ પણ કેવળજ્ઞાન પર્યાય વર્તમાનમાં નથી માટે પરોક્ષ સ્વાદ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું છે.

ખરેખર શુદ્ધનયની પૂર્ણતા કેવળજ્ઞાન થયે થાય છે. એ 'આસ્રવ અધિકાર'માં આવે છે, બે વાર આવ્યું છે. શુદ્ધનયનું પૂર્ણ રૂપ એટલે કે અંતરમાં શુદ્ધનયનો વિષય જે ધ્રુવ ત્રિકાળ (છે), તેનો આશ્રય લેવો છૂટી ગયો ત્યારે તેને શુદ્ધનયની પૂર્ણતા પ્રગટ થઈ. આહાહા..! કેવળજ્ઞાન થયું એ શુદ્ધનયની પૂર્ણતા પ્રગટ થઈ એમ કહે છે. આસ્રવ અધિકારમાં આવી ગયું છે. આ તો 'નિર્જરા અધિકાર' છે. સમજાણું? આ તો હિન્દી છે ને? અમારા ગુજરાતી (પુસ્તકમાં) ચિહ્ન કર્યાં છે. ગુજરાતી વાંચન વિશેષ છે. શું કહ્યું?

'આસ્રવ અધિકાર'માં અર્થમાં એમ લીધું છે કે, શુદ્ધનયની પૂર્ણતા કેવળજ્ઞાન થયે થાય છે. પર્યાય પૂર્ણ થાય ત્યારે શુદ્ધનય પૂર્ણ થઈ એમ આવે છે. છે આસ્રવમાં છે? આમાં? હિન્દી.. હિન્દી છે? ગુજરાતી છે નહિ. અહીં ગુજરાતી આવ્યું નથી. ગાથા કઈ છે? ૧૨૦ કળશ. એ આવ્યું. **'સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.'** ૧૨૦ કળશ. આમાં ચિહ્ન

કર્યું છે. ગુજરાતીમાં બે ઠેકાણે છે, આમાંય બે ઠેકાણે છે. બીજે ઠેકાણે છે ક્યાંક. અહીં છે? ૧૨૦ કળશ. ૧૨૧ શ્લોકના ભાવાર્થની છેલ્લી લીટી. બે (જગ્યાએ) છે. ૧૨૦ માં છેલ્લો શબ્દ. **'સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.'**

એક કોર કહે કે, ભૂતાર્થને શુદ્ધનય કહીએ. અગિયારમી ગાથામાં એમ કહ્યું કે, **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** જે ત્રિકાળ છે તેને અમે શુદ્ધનય કહીએ છીએ. બીજી નય, શુદ્ધનય ધ્રુવનો આશ્રય લ્યે છે. **'भूदत्थमस्सिदो खलु'** પહેલા કહ્યું કે, ત્રિકાળી ચીજને જ અમે શુદ્ધનય કહીએ છીએ. વિષય અને વિષયીનો ભેદ નહિ. શુદ્ધનય વિષયી અને ભૂતાર્થ વિષય, એ ભેદ નહિ. આવી વાત છે. ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ ભૂતાર્થ એ શુદ્ધનય. પછી ત્રીજા પદમાં લીધું, **'भूदत्थमस्सिदो खलु'** એ ત્રિકાળી ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. હવે અહીં એમ કહ્યું કે, કેવળજ્ઞાનની પૂર્ણતા... **'સાક્ષાત્ શુદ્ધનય કેવળજ્ઞાન થયે...'** અર્થાત્ જ્યાં સ્વભાવ સન્મુખ આશ્રય કરવાનું રોકાઈ ગયું, પૂર્ણ થઈ ગયો ત્યારે શુદ્ધનય પૂર્ણ કેવળજ્ઞાન થયે થાય છે, એમ કહ્યું. આહાહા..! શુદ્ધનય છે તો જ્ઞાનનો અંશ અને તેનો વિષય તો દ્રવ્ય ત્રિકાળ. પણ ત્રિકાળમાં આમ વલણ કરવાનું છે ત્યાં સુધી હજી શુદ્ધનયની પૂર્ણતા નથી એમ કહેવામાં આવ્યું. શું કહ્યું?

જ્યાં સુધી શુદ્ધનયનો વિષય ભૂતાર્થ છે એ તરફનો ઝુકાવ છે ત્યાં સુધી શુદ્ધનયની પર્યાયમાં પૂર્ણતા થઈ નથી માટે કેવળજ્ઞાન થતાં શુદ્ધનયની પૂર્ણતા (અર્થાત્) દ્રવ્યનો આશ્રય લેવાનું રોકાઈ ગયું. દશા પૂર્ણ થઈ ગઈ. અરેરે..! આહાહા..! આવી વાતું. ક્રિયાકાંડીઓને આ ઘડ બેસે નહિ. શું થાય? બાપા! માર્ગ જ આ છે ત્યાં (શું થાય)? **'સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન..'** હવે ૧૨૧ (કળશના) ભાવાર્થનું છેલ્લું. છે? **'કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે.'** ભાવાર્થની છેલ્લી લીટી. આહાહા..! બે વાર આવ્યું. **'કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે.'** ભાષા જુઓ! કેવળજ્ઞાન થયું એટલે શુદ્ધનયનો આશ્રય લેવો અટકી ગયો દ્રવ્યનો, એટલે પૂર્ણ શુદ્ધનય, પર્યાય પ્રગટ થઈ. છે કે નહિ એમાં? ૧૨૦ અને ૧૨૧. આહાહા..!

કેવળજ્ઞાન તો પર્યાય છે. કેવળજ્ઞાન તો વ્યવહારનયનો વિષય છે. શું કહ્યું સમજાણું? કેવળજ્ઞાન તો સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. અહીં કહ્યું કે, સાક્ષાત્ શુદ્ધનય કેવળજ્ઞાન થયે થાય છે. તેનો અર્થ કે, સ્વનો આશ્રય લેવો પૂર્ણ થઈ ગયો તો એ શુદ્ધનય કેવળજ્ઞાન થઈને પૂર્ણ થઈ ગઈ, એમ. સમજાય એટલું સમજવું, બાપુ! આ તો અંતરની વાતું છે. આહાહા..! આસ્રવમાં બે ઠેકાણે (વાત આવે છે). શુદ્ધનય કેવળજ્ઞાન થયે પૂર્ણ થાય છે.

મુમુક્ષુ :- એકાગ્રતા પૂર્ણ થઈ ગઈ ને.

ઉત્તર :- એકાગ્રતા પૂર્ણ થઈ ગઈ એટલે શુદ્ધનય પૂર્ણ થઈ ગઈ એમ કહ્યું. આહાહા..!

મુમુક્ષુ :- ૧૧૨ કળશમાં પણ આવે છે. 'પુણ્ય-પાપ અધિકાર'માં.

ઉત્તર :- ૧૧૨ કળશ? આસ્રવમાં બે ઠેકાણે નાખ્યું છે. ૧૧૨ એ તો 'પુણ્ય-પાપ

(અધિકાર)'નો છેલ્લો (શ્લોક). '**(ત્યાં સુધી જ્ઞાનજ્યોતિ કેવળજ્ઞાન સાથે શુદ્ધનયના બળથી પરોક્ષ ક્રીડા કરે છે,...**' એ તો ક્રીડા કરે છે, એ શબ્દ છે. '**परमकलया सार्थम् आरब्धकेलि**' '**જેણે પરમ કળા અર્થાત્ કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે...**' મતિ-શ્રુત જ્ઞાન ઉત્પન્ન થયું એ કેવળજ્ઞાન સાથે ક્રીડા કરે છે. કેવળજ્ઞાન પ્રગટ કરવાનો ભાવ છે. આહાહા..! '**(કેવળજ્ઞાન સાથે શુદ્ધનયના બળથી પરોક્ષ ક્રીડા કરે છે,..**' વર્તમાન કેવળજ્ઞાન તો પ્રત્યક્ષ છે નહિ પણ કેવળજ્ઞાનની પર્યાયની પ્રતીતિ (થઈ ગઈ છે). (કારણ કે) મતિ-શ્રુત જ્ઞાન કેવળજ્ઞાનનો અવયવ છે. અવયવમાં અવયવીની પ્રતીતિ થઈ ગઈ છે પણ પરોક્ષ છે. આહાહા..! શું કહ્યું?

ફરીથી, મતિ-શ્રુત જ્ઞાન જે છે તે અવયવ છે, પર્યાય (છે). કોનો અવયવ? કે, દ્રવ્યનો નહિ, કેવળજ્ઞાનની પર્યાયનો. કેવળજ્ઞાન પર્યાય અવયવી, મતિ-શ્રુત અવયવ. તો એ અવયવ અવયવીની સાથે પરોક્ષ ક્રીડા કરે છે. આહાહા..! હવે આવું બધું ઝીણું આવ્યું. કહો, 'લક્ષ્મીચંદભાઈ' આમાં 'નાઈરોબી'માં ક્યાંય મળે એવું નથી. આહાહા..! આ તો પરમસત્ય (છે). આહાહા..! અહીં તો ફક્ત શુદ્ધનય, એ. સમજાણું?

અહીંયાં (૧૪૦ શ્લોકમાં) તો એ કહે છે ને? '**આ પ્રશ્નનો ઉત્તર પહેલાં શુદ્ધનયનું કથન કરતાં દેવાઈ ગયો છે કે શુદ્ધનય આત્માનું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ જણાવતો હોવાથી...**' સમજાણું? '**શુદ્ધનય દ્વારા પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો પરોક્ષ સ્વાદ આવે છે.**' વર્તમાન તો કેવળજ્ઞાન નથી પણ કેવળજ્ઞાન – અવયવીની પ્રતીતિ પર્યાયમાં આવી એટલો પરોક્ષ સ્વાદ આવ્યો. આહાહા..! 'શ્રીમદ્'માં ઇ આવે છે. સમ્યગ્દર્શનમાં કેવળજ્ઞાનની પ્રતીતિ એટલે કેવળજ્ઞાનની પ્રતીતિરૂપ કેવળજ્ઞાન પ્રગટ થયું. જે કેવળજ્ઞાન અંદરમાં હતું તેની પ્રતીતિ નહોતી એ પ્રતીતિ થઈ. એટલે શ્રદ્ધા અપેક્ષાએ કેવળજ્ઞાન પ્રગટ થયું, એવા શબ્દો છે. શું કહ્યું? કેવળજ્ઞાનની પર્યાયની શ્રદ્ધા – સમ્યગ્દર્શન થયું તો ત્રિકાળીની શ્રદ્ધા થઈ તો તેમાં કેવળજ્ઞાનની શ્રદ્ધા આવી ગઈ. તો શ્રદ્ધા અપેક્ષાએ કેવળજ્ઞાન પ્રગટ થયું. પહેલા જ્ઞાન, ત્રિકાળી જ્ઞાન હતું, એકલું જ્ઞાન હતું એવી પ્રતીતિ નહોતી, ત્યારે માત્ર જ્ઞાનસ્વરૂપ છે એવી પ્રતીતિ થઈ તો તેને કેવળજ્ઞાન શ્રદ્ધા અપેક્ષાએ પ્રગટ (થયું). કેવળ–એકલું જ્ઞાન શ્રદ્ધા અપેક્ષાએ પ્રગટ થયું. તો એમાં કેવળજ્ઞાન પણ અપેક્ષાએ–શ્રદ્ધા અપેક્ષાએ પ્રગટ થયું. આહાહા..! ત્યારે શ્રદ્ધામાં આવ્યું કે આ ત્રિકાળી જ્ઞાયકનો ભાવ જ્યારે પૂર્ણ પર્યાયપણે પરિણમે છે એ કેવળજ્ઞાનની શ્રદ્ધા સમકિતમાં આવી. આહાહા..! ભારે આકરું. એ ૧૪૦ (શ્લોક) પૂરો થયો.

k

## ગાથા-૨૦૪

तथाहि -

आभिणिसुदोधिमणकेवलं च तं होदि एक्कमेव पदं।
सो एसो परमट्ठो जं लहिदुं णिव्वुदिं जादि।।२०४।।
आभिनिबोधिकश्रुतावधिमनःपर्ययकेवलं च तद्भवत्येकमेक पदम्।
स एष परमार्थो यं लब्ध्वा निर्वृत्तिं याति।।२०४।।

आत्मा किल परमार्थः, तत्तु ज्ञानम्; आत्मा च एक एव पदार्थः, ततो ज्ञानमप्येकमेव पदं; यदेतत्तु ज्ञानं नामैकं पदं स एष परमार्थः साक्षान्मोक्षोपायः। न चाभिनिबोधिकादयो भेदा इदमेकं पदमिह भिन्दन्ति, किन्तु तेऽपीदमेवैकं पदमभिनन्दन्ति। तथाहि-यथात्र सवितुर्घनपटलावगुण्ठितस्य तद्विघटनानुसारेण प्राकटयमासादयतः प्रकाशनातिशयभेदा न तस्य प्रकाशस्वभावं भिन्दन्ति, तथा आत्मनः कर्मपटलोदयावगुण्ठितस्य तद्विघटनानुसारेण प्राकटयमासादयतो ज्ञानातिशयभेदा न तस्य ज्ञानस्वभावं भिन्द्युः, किन्तु प्रत्युत तमभिनन्देयुः। ततो निरस्तसमस्तभेदमात्मस्वभावभूतं ज्ञानमेवैकमालम्ब्यम्। तदालम्बनादेव भवति पदप्राप्तिः, नश्यति भ्रान्तिः, भवत्यात्मलाभः, सिध्यत्यनात्मपरिहारः, न कर्म मूर्छति, न रागद्वेषमोहा उत्प्लवन्ते, न पुनः कर्म आस्त्रवति, न पुनः कर्म बध्यते, प्राग्बद्धं कर्म उपभुक्तं निर्जीर्यते, कृत्स्नकर्माभावात् साक्षान्मोक्षो भवति।

---

હવે, 'કર્મના ક્ષયોપશમના નિમિત્તે જ્ઞાનમાં ભેદ હોવા છતાં તેનું સ્વરૂપ વિચારવામાં આવે તો જ્ઞાન એક જ છે અને તે જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે' એવા અર્થની ગાથા કહે છે :--

મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવલ તેહ પદ એક જ ખરે,
આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪.

ગાથાર્થ :- [ आभिनिबोधिकश्रुतावधिमनःपर्ययकेवलं च ] મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન – [ तत् ] તે [ एकम् एव ] એક જ [ पदम् भवति ] પદ છે (કારણ કે જ્ઞાનના સર્વ ભેદો જ્ઞાન જ છે); [ सः एषः परमार्थः ] તે આ પરમાર્થ છે (-શુદ્ધનયના વિષયભૂત જ્ઞાનસામાન્ય જ આ પરમાર્થ છે) [ यं लब्ध्वा ] કે જેને પામીને [ निर्वृतिं याति ] આત્મા નિર્વાણને પ્રાપ્ત થાય છે.

ટીકા :- આત્મા ખરેખર પરમાર્થ (પરમ પદાર્થ) છે અને તે (આત્મા) જ્ઞાન છે; વળી આત્મા એક જ પદાર્થ છે; તેથી જ્ઞાન પણ એક જ પદ છે. જે આ જ્ઞાન નામનું એક પદ છે તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે. અહીં, મતિજ્ઞાન આદિ (જ્ઞાનના) ભેદો આ એક પદને ભેદતા નથી પરંતુ તેઓ પણ આ જ એક પદને અભિનંદે છે (-ટેકો આપે છે). તે દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :- જેવી રીતે આ જગતમાં વાદળાંના પટલથી ઢંકાયેલો સૂર્ય કે જે વાદળાંના *વિઘટન અનુસારે પ્રગટપણું પામે છે, તેના (અર્થાત્ સૂર્યના) પ્રકાશનની (પ્રકાશવાની) હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) પ્રકાશસ્વભાવને ભેદતા નથી, તેવી રીતે કર્મપટલના ઉદયથી ઢંકાયેલો આત્મા કે જે કર્મના વિઘટન (ક્ષયોપશમ) અનુસારે પ્રગટપણું પામે છે, તેના જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) જ્ઞાનસ્વભાવને ભેદતા નથી પરંતુ ઊલટા તેને અભિનંદે છે. માટે જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે એવા આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ એકનું આલંબન કરવું. તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે, ભ્રાંતિનો નાશ થાય છે, આત્માનો લાભ થાય છે, અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે, (એમ થવાથી) કર્મ જોરાવર થઈ શકતું નથી, રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી, (રાગદ્વેષમોહ વિના) ફરી કર્મ આસ્રવતું નથી, (આસ્રવ વિના) ફરી કર્મ બંધાતું નથી, પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું નિર્જરી જાય છે, સમસ્ત કર્મનો અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષ થાય છે. (આવું જ્ઞાનના આલંબનનું માહાત્મ્ય છે.)

ભાવાર્થ :- કર્મના ક્ષયોપશમ અનુસાર જ્ઞાનમાં જે ભેદો થયા છે તે કાંઈ જ્ઞાનસામાન્યને અજ્ઞાનરૂપ નથી કરતા, ઊલટા જ્ઞાનને પ્રગટ કરે છે; માટે ભેદોને ગૌણ કરી, એક જ્ઞાનસામાન્યનું આલંબન લઈ આત્માનું ધ્યાન ધરવું; તેનાથી સર્વ સિદ્ધિ થાય છે.

---

* વિઘટન = છૂટું પડવું તે; વિખરાઈ જવું તે; નાશ.

---

## ગાથા–૨૦૪ ઉપર પ્રવચન

---

'હવે, '**કર્મના ક્ષયોપશમના નિમિત્તે જ્ઞાનમાં ભેદ હોવા છતાં...**' અહીં તો ક્ષયોપશમનું નિમિત્ત લીધું છે. વાત એમ છે કે કર્મના નિમિત્તની અપેક્ષા જેમાં છે, કેવળજ્ઞાનમાં કર્મના નિમિત્તની અભાવની અપેક્ષા (છે) અને ચાર જ્ઞાનમાં હજી કર્મનું નિમિત્ત સદ્‌ભાવપણે પણ છે. એટલે (કહે છે કે) '**કર્મના ક્ષયોપશમના નિમિત્તે જ્ઞાનમાં ભેદ હોવા છતાં...**' પર્યાયમાં ભિન્ન ભિન્ન દશા–મતિ, શ્રુત, અવધિ એવા ભેદ હોવા છતાં '**તેનું સ્વરૂપ વિચારવામાં આવે તો જ્ઞાન એક જ છે...**' ભેદ નહિ. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જેમ ત્રિકાળી

જ્ઞાન છે એમ પર્યાયમાં અભેદપણે જ્ઞાન એકલું, પર્યાયના ભેદ નહિ. આહાહા..! આવી વાત. **'તે જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે'** પર્યાય લેવી છે ને? મોક્ષનો ઉપાય લીધો ને? તો જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાનમાં જે અભેદરૂપ જ્ઞાનપર્યાય થઈ, ભેદ નહિ, એ અભેદરૂપી પર્યાય થઈ તે મોક્ષનું કારણ છે. ભેદનું લક્ષ કરવા જાય છે તો તો વિકલ્પ ઉઠે છે. આહાહા..! ભેદને ગૌણ કરીને અભેદની દૃષ્ટિ કરાવવા તેને કેવળજ્ઞાનની પરોક્ષ વાત કરી અને કેવળજ્ઞાન પણ ભેદરૂપ છે તો તેનું પણ લક્ષ છોડાવે છે અને ત્રિકાળી જ્ઞાયકભાવનું લક્ષ કરવું તે જ તેનું તાત્પર્ય અને ફળ છે. આહાહા..! મોક્ષનો ઉપાય લીધો છે ને? આમ ઉપાય તો મતિ, શ્રુત જ્ઞાન એ મોક્ષનો ઉપાય છે. **'એવા અર્થની ગાથા કહે છે :–'** લ્યો.

**आभिणिसुदोधिमणकेवलं च तं होदि एक्कमेव पदं।**
**सो एसो परमट्ठो जं लहिदुं णिव्वुदिं जादि।।२०४।।**

નીચે. અહીં પાઠ લીધો છે, કર્મના ક્ષયોપશમનું નિમિત્ત. કેવળજ્ઞાનમાં તો કર્મનું ક્ષાયિક છે. સમજાણું? પણ અહીંયાં ક્ષયોપશમની દશામાં પાંચ ભેદનો આશ્રય નહિ લઈને અભેદનો આશ્રય લેવો, એ અપેક્ષાએ જ્ઞાનના ક્ષયોપશમની અપેક્ષા લીધી. કારણ કે તેને ક્ષયોપશમ ભાવ છે ને? મતિ ને શ્રુત જ્ઞાનમાં ક્ષયોપશમ ભાવ છે તો ક્ષયોપશમ ભાવના નિમિત્તે જ્ઞાનમાં ભેદ (પડે છે). આહાહા..! કર્મના ક્ષયોપશમના નિમિત્તે લીધું છે. તો કેવળજ્ઞાન તો કર્મનું ક્ષયકરણ છે પણ અહીંયાં કહે છે કે એ બધા ભેદ છે એમ લક્ષમાંથી છોડાવવું છે. એ અપેક્ષાએ મતિ-શ્રુત જ્ઞાન આદિ પાંચ ભેદવાળું છે તો પાંચના ભેદનું જે જ્ઞાન થાય છે તે છોડાવવું છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો અધ્યાત્મ ગ્રંથ છે. આહાહા..!

અહીં શબ્દ એવો લીધો છે. ઇ તો ભાઈએ લીધો છે, હોં! **'तथाहि'** શબ્દ છે અહીં તો. સંસ્કૃતમાં તો માથે **'तथाहि'** તે અમે કહીશું, એટલું. ૨૦૪ છે ને. 'અમૃતચંદ્રાચાર્ય'નો માથે સંસ્કૃત શબ્દ **'तथाहि'** (છે). એ તો આણે 'જયચંદ્રજી'એ પછી **'तथाहि'**નો અર્થ લીધો. આહા..!

**મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવલ તેહ પદ એક જ ખરે,**
**આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪.**

**ટીકા :– 'આત્મા ખરેખર પરમાર્થ (પરમ પદાર્થ) છે...'** પરમાર્થનો અર્થ પરમ પદાર્થ. પરમાર્થ કરવો એ વાત અહીં નથી. આ પરમ પદાર્થ–પરમાર્થ. એટલે કે પરમ પદાર્થ છે. **'અને તે (આત્મા) જ્ઞાન છે; વળી આત્મા એક જ પદાર્થ છે;...'** આત્મા એક જ સ્વરૂપે છે. **'તેથી જ્ઞાન પણ એક જ પદ છે.'** તો જ્ઞાનનું એકપણું જ હોય છે. **'જે આ જ્ઞાન નામનું એક પદ છે તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.'** આહાહા..! શું કહે છે? જે જ્ઞાનસ્વરૂપી ભગવાન ત્રિકાળ છે એ તો એક વાત, પણ એમાં જે અભેદ જ્ઞાન થયું

એ એક જ પ્રકારનું છે, પાંચ પ્રકારનું નહિ. અને એ પાંચે પ્રકાર ખરેખર તો જ્ઞાનની શુદ્ધિ વધતી જાય છે તે અભેદને અભિનંદે છે. એ ટીકામાં આવશે – અભેદને અભિનંદે છે, ભેદને નહિ. આહાહા..! ટીકામાં આવશે. **'જે આ જ્ઞાન નામનું એક પદ છે તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.'** નામનું પદ. **'પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.'**

**'અહીં, મતિજ્ઞાન આદિ (જ્ઞાનના) ભેદો આ એક પદને ભેદતા નથી...'** આહા..! જ્ઞાયકભાવ તરફની એકાગ્રતા, એ મતિજ્ઞાન આદિ ભેદ આ પદને ભેદતા નથી. જ્ઞાનની એકાગ્રતામાં ભેદ થતા નથી. અભેદમાં ભેદ પડતા નથી. આહાહા..! અભેદ કોણ? જ્ઞાયક સ્વભાવ તો અભેદ છે પણ તેની એકાગ્રતા અભેદ (છે). એ અભેદમાં ભેદ દેખાતો નથી. એ અભેદમાં ભેદ આવતા નથી. આહાહા..! અરેરે..! આવી વાતું હવે. હજી અહીં તો પુણ્ય એ ધર્મ છે (એમ કહે છે). અને પુણ્ય એ ધર્મ કેમ કહ્યું છે? કે જેને નિશ્ચય ધર્મ આત્મજ્ઞાન પ્રગટ થયું છે તેના પુણ્યને વ્યવહાર ધર્મ કહ્યો છે. સમજાણું? પણ જેને આત્મજ્ઞાન છે જ નહિ તેને તો વ્યવહારાભાસ, વ્યવહાર ધર્મ કહે છે.

'મોક્ષ અધિકાર'માં આવે છે ને? ભાઈ! મોક્ષની ચિંતા, બંધની ચિંતા એ ધર્મમાર્ગ છે, ધર્મધ્યાન છે. એ વ્યવહાર ધર્મ, રાગ. આહાહા..! 'મોક્ષ અધિકાર'માં આવે છે. બંધની ચિંતા અને બંધનું જ્ઞાન કરવાથી આત્માનો મોક્ષ ન થાય. શુદ્ધનો આશ્રય લ્યે તો આત્માનો મોક્ષ થાય. આહાહા..! સમજાણું? બંધ-ચિંતાથી બંધ મટે નહિ.

મુમુક્ષુ :– એને તોડવા માટે.

ઉત્તર :– તોડવું એટલે શુદ્ધનો આશ્રય લેવો, એનો અર્થ (ઇ છે). સમજાણું? મારે તો બીજું કહેવું છે કે બંધની ચિંતાને ત્યાં ધર્મ કહ્યો છે. ઇ પુણ્યરૂપી ધર્મ, એમ કહ્યું છે. ત્યાં કહ્યું છે ને, બધી ખબર છે. બંધની ચિંતાને ત્યાં ધર્મધ્યાન કહ્યું છે. ધર્મ. એ પુણ્ય. પુણ્યને ધર્મ કહ્યો છે. આહાહા..! ત્યારે ઓલો કહે છે ને? પુણ્યને અધર્મ ક્યાં કહ્યું છે? પણ અહીં તો નિશ્ચયની દૃષ્ટિપૂર્વક જે પુણ્ય છે તેને વ્યવહાર ધર્મ કહે છે, પણ છે તો નિશ્ચયથી તો એ પાપ. પુણ્ય પણ પાપ જ છે. સ્વભાવમાંથી પતીત થાય છે, અંતરમાં રહી શકતો નથી અને વિકલ્પ આવે છે, એ તો પવિત્રતામાંથી પતીત થવું એ પાપ છે. આહાહા..! શું કહ્યું?

પવિત્રતાનો પિંડ ભગવાન, તેની પરિણતિમાં રહેવું અને એ સિવાય બહાર આવવું, રાગમાં (આવવું) એ તો પવિત્રતામાંથી પતીત થવું છે. તો પવિત્રતામાંથી પતીત થવું એ પાપ છે. એ 'પુણ્ય-પાપ અધિકાર'માં સંસ્કૃત ટીકામાં છે. પુણ્ય-પાપની ટીકામાં 'જયસેનાચાર્ય'ની ટીકામાં આ શબ્દ છે કે, પોતાનો જે પવિત્ર સ્વભાવ છે તેની દૃષ્ટિ અને જ્ઞાન, તેનાથી પતીત થાય અને રાગમાં આવે છે, એ પુણ્ય રાગને પાપ કહે છે. આહાહા..! સમજાણું?

આમાં તો એક જ ટીકા છે ને? 'અમૃતચંદ્રાચાર્ય'ની છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં ઇ છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. મૂળ પુસ્તક છે ને? એમાં છે. બેય ટીકા છે ને? 'શ્રીમદ્'

તરફથી છપાણું એમાં બેય ટીકા છે. એમાં 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. પ્રભુ! આ અધિકાર પાપનો ચાલે છે અને તમે આ રત્નત્રયની વ્યાખ્યા કેમ કરો છો? એવો પ્રશ્ન છે. રત્નત્રય છે એ તો શુભ ભાવ છે અને અધિકાર તો પાપનો ચાલે છે તો આ અધિકાર કેમ ચાલ્યો? તો પહેલા કહ્યું કે... છે? પુસ્તક છે? ઠીક! ઓલું મારું પુસ્તક નથી.

**'यद्यपि व्यवहारमोक्षमार्गो निश्चयरत्नत्रयस्योपादेयभूतस्य कारणभूतत्वादुपादेयः परंपरया जीवस्य पवित्रताकारणात्'** નિમિત્ત **'तथापि बहिर्दव्यालंबनत्वेन पराधीनत्वात्पतति'** રાગમાં આવે છે તો પવિત્રતાથી પતીત થાય છે. આહા..! શું કહે છે? જુઓ! જરી સૂક્ષ્મ વાત છે. આ તો બધો ખ્યાલ છે. **'अत्राह शिष्यः।... व्यवहाररत्नत्रयव्याख्यानं कृतं तिष्ठति कथं पापाधिकार'** આ અધિકાર તો પાપનો છે અને તમે વ્યવહાર રત્નત્રયનો અધિકાર કેમ નાખ્યો? એમ પ્રશ્ન છે. **'तत्र परिहार'** તેનો ઉત્તર. **'यद्यपि व्यवहारमोक्षमार्गो निश्चयरत्नत्रयस्योपादेयभूतस्य कारणभूतत्वादुपादेयः परंपरया जीवस्य पवित्रताकारणात्'** પરંપરા, હોં! **'तथापि बहिर्दव्यालंबनत्वेन'** રાગ ને પરદ્રવ્યના આલંબનથી **'पराधीनत्वात्पतति'** રાગમાં આવે છે તો પરાધીનતાથી પવિત્રતાથી પતીત થાય છે. **'नश्यतीत्येकं कारणं।'** બીજું. **'निर्विकल्पसमाधिरतानां व्यवहारविकल्पालंबनेन स्वरूपात्पतितं भवतीति द्वितीयं कारणं। इति निश्चयनयापेक्षया पापं।'** આહાહા..! 'પુણ્ય-પાપ'નો છેલ્લો અધિકાર છે. (ગાથા-૧૬૧થી ૧૬૩). છે ને આ તો ઘણીવાર (વાંચ્યું છે). આહાહા..! ક્યાં ગયું? આહાહા..!

**'જ્ઞાન નામનું એક પદ છે તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે. અહીં, મતિજ્ઞાન આદિ (જ્ઞાનના) ભેદો આ એક પદને ભેદતા નથી પરંતુ તેઓ પણ આ જ એક પદને અભિનંદે છે...'** જ્ઞાનમાં વિશેષતાથી એકાગ્રતા થાય છે, એમ કહે છે. ત્યાં ભેદ ઉપર લક્ષ નથી એટલે અભેદ ઉપર જતાં જ્ઞાનની નિર્મળતા પ્રગટ હો, એ અભિનંદે છે, એકાગ્રતાને અભિનંદે છે, અભેદને અભિનંદે છે. અભેદને **'(-ટેકો આપે છે).'** વિશેષ વ્યાખ્યા આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૮૩ ગાથા-૨૦૪ સોમવાર, શ્રાવણ વદ ૬, તા. ૧૩-૦૮-૧૯૭૯

---

'સમયસાર' ૨૦૪ ગાથા. ફરીને થોડું (લઈએ). આ **'આત્મા ખરેખર પરમાર્થ (પરમ પદાર્થ) છે અને તે (આત્મા) જ્ઞાન છે;...'** આત્મા પરમ પદાર્થ છે એ જ્ઞાનસ્વરૂપ છે. **'વળી આત્મા એક જ પદાર્થ છે;...'** આત્મા એક જ પદાર્થ છે **'તેથી જ્ઞાન પણ એક જ પદ છે.'** આત્મા એક સ્વરૂપ છે તો જ્ઞાન પણ એક સ્વરૂપ છે. કેમકે આત્મા જ્ઞાન છે. આહાહા..! **'જે આ જ્ઞાન નામનું એક પદ છે તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.'** એ જ્ઞાનસ્વરૂપ

ભગવાનઆત્મા, એના તરફની દૃષ્ટિ, એકાગ્રતા એ એક મોક્ષનો ઉપાય છે. **'પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.'** આહાહા..!

આ 'મોરબી'નું આજે વાંચ્યુ. આહાહા..! સ્મશાન ભૂમિ. ત્રણ ત્રણ હજાર માણસો મોતની અણીએ પડ્યા છે, હજારો તો મરી ગયા. પાણીમાં મડદા ચાલ્યા જાય. આહાહા..! 'મોરબી'. હમણાં ભાઈએ બતાવ્યું. આહા..!

મુમુક્ષુ :– આખું 'મોરબી' ડૂબી ગયું.

ઉત્તર :– લગભગ ત્રણ હજાર મરવાના ભયમાં છે. કેટલાક મરીને પાણીમાં તરતા ચાલ્યા ગયા મડદા. આહા..! નાશવાનમાં શું હોય? આહા..! હમણાં ભાઈ છાપુ લાવ્યા હતા. ઓહો..! દેખાવ.. સ્મશાન 'મોરબી' સ્મશાન થઈ ગયું. આ નાશવાનમાં શું હોય? પ્રભુ! અવિનાશી તો અહીં ભગવાન છે. આહા..! નાશવાન ઉપર તો લક્ષ કરવાનું નથી પણ રાગ ને પર્યાય ઉપર પણ લક્ષ કરવા જેવું નથી. આહાહા..!

આત્મા પદાર્થ જ્ઞાનસ્વભાવી આત્મા એક છે તો જ્ઞાન પણ એક જ સ્વરૂપે છે. આહાહા..! અરે..! એવા મરણ પણ અનંતવાર થઈ ગયા. આ પહેલુંવહેલું 'મોરબી'નું નહિ પણ આ આત્માને પણ અનંતવાર (થયું છે). કારણ કે ઓલો પુલ તૂટી ગયો. ઢગલો થઈ ગયો ને પાણી આગળ ચાલે નહિ, પાણી ગામમાં. આહાહા..! રાડેરાડ માણસો મરી ગયા હજારો તો પાણીમાં તરતા મડદા. અરે..! ભગવાન! તું કોણ છો? એને જો ને! આહાહા..! એવી દશાઓ અનંત વાર થઈ. પ્રભુ! હવે આવા અવસરમાં તારું કલ્યાણ કરવું હોય તો ભગવાનઆત્મા એકસ્વરૂપ છે તો તેનું જ્ઞાન પણ એકસ્વરૂપ છે. આહાહા..! છે? તે મોક્ષનો ઉપાય છે. અંદર એકસ્વરૂપ જ્ઞાન છે તે તરફનું અવલંબન લેવું એ મોક્ષનો ઉપાય છે. જન્મ-મરણથી રહિત થવાની તો આ એક રીત છે, ભાઈ! આહાહા..!

**'અહીં, મતિજ્ઞાન આદિ...'** ભેદજ્ઞાનની પર્યાયમાં મતિ, શ્રુત, અવધિ **'આ એક પદને ભેદતા નથી...'** ખરેખર તો જ્ઞાનની નિર્મળ પર્યાય અનેકપણે સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થાય છે એ એકપણાની પુષ્ટિ કરે છે. આહાહા..! ભેદ ઉપર લક્ષ ન હોય અને જ્ઞાન સ્વભાવ ઉપર નજર હોય તો જ્ઞાનની શુદ્ધિ, પર્યાય ભલે મતિ-શ્રુત આદિ ભેદ હો, પણ એ અંતરને અભિનંદે (છે), એકપણાને અભિનંદે છે. આહાહા..! જે જે જ્ઞાનની નિર્મળ દશા થાય તે તે નિર્મળ દશાની પુષ્ટિ કરે છે. આહાહા..! સમજાણું? 'નિર્જરા અધિકાર' છે ને? આહા..!

એ ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપ તો ત્રિકાળ છે. તેના અવલંબને શુદ્ધ સંવર, નિર્જરાની પર્યાય શુદ્ધ ઉત્પન્ન થાય છે એ પૂર્ણ શુદ્ધિનું કારણ છે. પૂર્ણ શુદ્ધિ એટલે મોક્ષ. પણ અહીંયાં કહે છે કે, એ પર્યાયમાં અનેકપણું, નિર્મળ ઉત્પન્ન થાય છે ને? એ અનેકપણું ઉત્પન્ન હો પણ એ તો એકપણાને અભિનંદે છે, સ્વભાવની પુષ્ટિ કરે છે. આહાહા..! ઝીણી વાતું બહુ, ભાઈ! આહા..!

એ ચૈતન્ય ભગવાનઆત્મા, એક પદરૂપે, એક સ્વરૂપે હોવા છતાં તેનો આશ્રય લઈને નિર્મળ પર્યાયો અનેક પ્રગટ થાય છતાં એ અનેક પર્યાય એકપણાને અભિનંદે અને પુષ્ટિ આપે છે. આહાહા..! સમજાય છે? સ્વરૂપ શુદ્ધ એકરૂપ ચૈતન્ય છે, તેના અવલંબનથી અનેક નિર્મળ પર્યાય થાય છે એ નિર્મળ પર્યાય એકપણાની પુષ્ટિ કરે છે. ભેદ ઉપર લક્ષ નથી, દૃષ્ટિ અભેદ ઉપર છે. તેથી જ્ઞાનની એકાગ્રતા, શુદ્ધિ વધે છે એ શુદ્ધિ એકપણાની પુષ્ટિ કરે છે, એકાગ્રપણાની પુષ્ટિ કરે છે. આહાહા..! એકાગ્રપણાની પુષ્ટિ કરે છે. આહાહા..! છે? ત્યાં સુધી આવ્યું હતું.

**'એક પદને અભિનંદે છે...'** અર્થાત્ જ્ઞાયકભાવ જે ભગવાન, તેના તરફના અવલંબનથી અનેક પ્રકારની નિર્મળ પર્યાય મતિ-શ્રુત આદિ ઉત્પન્ન થાય છે એ બધી એકપણાની પુષ્ટિ કરે છે. સ્વભાવમાં એકાગ્રતાની વૃદ્ધિ કરે છે. આહાહા..! રાગ ને દયા, દાનના વિકલ્પ ને એ તો ક્યાંય બહાર રહી ગયા. એ કોઈ ધર્મ નથી, ધર્મનું કારણેય નથી. આહાહા..! **'તે દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :–'** કાલે અહીં સુધી આવ્યું હતું.

**'જેવી રીતે આ જગતમાં વાદળાંના પટલથી ઢંકાયેલો સૂર્ય...'** વાદળના દળથી ઢંકાયેલ સૂર્ય **'કે જે વાદળાંના વિઘટન અનુસારે...'** વાદળાના વિખરવાના અનુસારે **'પ્રગટપણું પામે છે,...'** પ્રકાશ. **'તેના (અર્થાત્ સૂર્યના) પ્રકાશનની (પ્રકાશવાની) હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) પ્રકાશસ્વભાવને ભેદતા નથી,...'** પ્રકાશ વિશેષ, વિશેષ, વિશેષ પ્રગટ થાય છે એ સામાન્યને ભેદતા નથી, એકત્વ થાય છે. આહાહા..! બહુ ઝીણું.

અંતરમાં ભગવાનઆત્મા એકરૂપ, જ્ઞાન એકરૂપ, તેનું અવલંબન લેવાથી નિર્મળથી નિર્મળ પર્યાય અનેક ઉત્પન્ન થાય છે પણ એ અનેકપણાને પ્રાપ્ત થતી નથી. એ સ્વરૂપની અંદર એકાગ્રતાની પુષ્ટિ કરે છે. આહા..! શું કહે છે? અરે..! વીતરાગમાર્ગ બાપા! એમાં લખ્યું છે કે, અત્યારે 'મોરબી' મસાણ થઈ ગયું છે. આહાહા..! 'મોરબી' મોટું. 'જેઠાભાઈ' ગયા છે. આ સંસારમાં શું બાપુ? આ બધા બહારના ભપકા મસાણના હાડકાની ચિનગારીની ફાસફૂસ જેવું છે. આહાહા..!

ભગવાનઆત્મા જ્ઞાયકભાવથી ભરેલો પ્રભુ, તેના અવલંબનથી જે શુદ્ધિની વૃદ્ધિ એક પછી એક થાય છે એ વૃદ્ધિ અનેકપણાની પુષ્ટિ કરતી નથી, એમ કહે છે. અંદરમાં એકાગ્રતાની પુષ્ટિ કરે છે. સમજાણું? સૂર્ય આડે વાદળાં છે એ જેમ જેમ વિખરાતા જાય છે તેમ તેમ પ્રકાશ વિશેષ વિશેષ થાય છે એ પ્રકાશની પુષ્ટિ કરે છે. અનેકપણાને નહિ, પ્રકાશની પુષ્ટિ કરે છે. આહાહા..! આવી ધર્મની વાતું. 'જેઠાલાલભાઈ'! અરે..રે..! એ બધા કરોડોપતિ બધા દુઃખી છે, અહીં તો એમ કહે છે. આહાહા..! અરેરે..! ક્યાં છે? ભાઈ! તારું પદ ક્યાં છે? તારું પદ તો અંદર છે ને! આહાહા..! અને તે એકરૂપે પદ, ભગવાન આત્મારૂપ અથવા જ્ઞાનરૂપ એકરૂપે છે. એ એકરૂપમાં એકાગ્રતા થાય છે અને એ એકાગ્રમાંથી શુદ્ધિની અનેકતા

ઉત્પન્ન થાય છે એ અનેકતાનું ત્યાં લક્ષ નથી. એ અનેકતા એકતાને પુષ્ટિ કરે છે. આહા..! સમજાણું?

જેમ સૂર્યનો પ્રકાશ વાદળાના વિખરાવાથી વિશેષ વિશેષ થાય છે તો એ વિશેષ વિશેષ પ્રકાશની પુષ્ટિ કરે છે. સમજાણું? અરે..! આવી વાતું હવે. ધર્મને માટે. મારે ધર્મ કરવો છે, બાપુ! પણ ભાઈ! ધર્મ આ રીતે થાય. આહાહા..! ભાઈ! ભગવાન! તું જ્ઞાનસ્વરૂપે બિરાજમાન છો ને. એ તરફના ઝુકાવથી જે શુદ્ધિ, એક પછી એક શુદ્ધિ અનેક પ્રકારે ભલે ઉત્પન્ન હો પણ અનેકપણું એકપણાની પુષ્ટિ કરે છે. શુદ્ધિ.. શુદ્ધિ.. શુદ્ધિ.. શુદ્ધિ.. શુદ્ધિ (થતાં) શુદ્ધિની પુષ્ટિ થાય છે, અનેકપણાની પુષ્ટિ થતી નથી. અનેકપણે ઉત્પન્ન થાય એ એકપણાની પુષ્ટિ કરે છે. આહાહા..! આવી વાતું.

ભગવાન! જન્મમરણ રહિત થવાની ચીજ કોઈ અલૌકિક છે. આખા જગતથી ઉદાસ થવું પડશે, પ્રભુ! આહાહા..! રાગ ને પર્યાયથી પણ ઉદાસ થવું પડશે. ઉદાસ થવું પડશે. આહાહા..! અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ (બિરાજે છે) ત્યાં તારું આસન લગાવી દે. આહાહા..! ઉદાસીનો, કહ્યું ને? ઉદાસીનો. ઉદાસીન–પરથી ઉદાસીન થઈને પોતાના સ્વભાવમાં આસન લગાવી દે. આહા..! એ આસન લગાવવાથી એકપણાની શુદ્ધિ રહેતી નથી ત્યાં, શુદ્ધિ વૃદ્ધિ પામે છે. તો શુદ્ધિ વૃદ્ધિ પામે છે તો એ અનેકપણાની પુષ્ટિ નથી કરતી. એ શુદ્ધિની વૃદ્ધિ શુદ્ધિમાં એકપણાની પુષ્ટિ કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'(સૂર્યના) પ્રકાશનની (પ્રકાશવાની) હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) પ્રકાશસ્વભાવને ભેદતા નથી,..'** પ્રકાશ, પ્રકાશ, પ્રકાશ વધતો જાય છે એમાં ભેદ નથી. ભલે પ્રકાશ વધતો હોય પણ એ પ્રકાશની પુષ્ટિ ત્યાં છે. આહાહા..! **'તેવી રીતે કર્મપટલના ઉદયથી ઢંકાયેલો આત્મા...'** જુઓ! આમાંથી કાઢે. કર્મના ઉદયથી ઢંકાયેલો આત્મા. એનો અર્થ ઇ, કર્મના ઉદયને વશ પડ્યો, ઢંકાયેલો આત્મા, એમ. સમજાણું? એનો અર્થ આ છે. કર્મના ઉદયથી, કર્મનું પટલ, ઢંકાયેલો. એ કર્મના ઉદયમાં વશ થઈને પોતાના સ્વભાવને ઢાંકી દીધો છે. આહાહા..! દુશ્મનને વશ થઈ સજ્જનની સત્ શક્તિને ઢાંકી દીધો. એ રાગ, કર્મનો ઉદય દુશ્મન છે. તેને વશ થઈને પોતાની શક્તિને ઢાંકી દીધી. આહાહા..! અહીંયાં કર્મના ઉદયથી ઢંકાયેલો, એવા શબ્દો (છે). દૃષ્ટાંત આપવું છે ને? વાદળા અને પ્રકાશ.

વાદળા ખસે છે તો પ્રકાશ થાય છે. પણ ખરેખર તો પ્રકાશ થવાની યોગ્યતાથી પોતાથી પ્રકાશ થાય છે. એ વાદળા ઘટવાથી એમ કહેવું એ તો વ્યવહારથી કથન છે. આહાહા..! સમજાણું? એમ અહીંયાં અશુદ્ધતાની દશા, એ કર્મના ઉદયને વશ થયેલી છે તો તેનાથી હટીને અંતરમાં જેમ જેમ અશુદ્ધતા ઘટતી જાય છે, તેમ કર્મ પણ દૂર થઈ જાય છે, તેમ તેમ વિજ્ઞાનઘન આત્મા પોતાની પર્યાયમાં પ્રકાશમાં પુષ્ટિ થાય છે. આહાહા..! આવો ધર્મ હવે. એવી વાતું છે, ભાઈ! આહાહા..!

**'કર્મના વિઘટન (ક્ષયોપશમના) અનુસારે..'** ભાષા છે ને? 'વર્ણીજી' સાથે પ્રશ્ન થયા હતા તો એણે જ કહ્યું હતું કે, જ્ઞાનાવરણીય કર્મનો જેટલો ક્ષયોપશમ થાય એટલું જ્ઞાન આવે અને તમે કહો છો કે જ્ઞાનની પોતાની યોગ્યતાથી જ્ઞાન થાય છે. આહાહા..! આ તો નિમિત્તથી કથન કહ્યું છે. સમજાણું? પણ નિમિત્તને વશ થાય છે એટલો આત્મા ઢંકાઈ ગયો અને જેટલો નિમિત્તના વશથી છૂટ્યો તેટલો આત્માનો વિકાસ થયો. આહાહા..! સમજાણું? પ્રભુ! આ તો વીતરાગના ઘરની વાતું (છે), બાપા! આહા..! અરે..! ભરતક્ષેત્ર જેવા સાધારણ ક્ષેત્ર, એમાં ગરીબ માણસો, ગરીબ વસ્તી, એમાં આ તવંગરની વાતું કરવી. આહાહા..!

મહા ભગવાન પૂર્ણાનંદનો નાથ અંતર મહેલમાં-આનંદના મહેલમાં બિરાજે છે. એ આત્મા જેટલો કર્મના ઉદયને વશ થાય છે તેટલી ત્યાં આત્માની પર્યાય ઢંકાઈ જાય છે અને જેટલો આત્મા નિમિત્તને વશ ન થયો તો કર્મનું ઘટવું થયું એમ કહેવામાં આવ્યું. એ કર્મ પોતે પરને વશ નથી થતા એ કર્મ ઘટ્યા. અશુદ્ધ પર્યાય નિમિત્તને વશ થતી હતી. પ્રભુ! આવો અર્થ છે. શું કરીએ? આહાહા..! છે?

**'કર્મના વિઘટન (ક્ષયોપશમના) અનુસારે...'** ભાષા છે? જેમ વાદળાના ઘટવાને કારણે પ્રકાશ ઉત્પન્ન થાય છે એમ અહીંયાં કર્મના ઘટવાને કારણે. આહાહા..! તેનો અર્થ ઇ કે, પોતાની અશુદ્ધ પર્યાય જે પર ને નિમિત્તને તાબે થતી હતી એ નિમિત્તને તાબેથી હટી ગઈ તો કર્મનો ક્ષયોપશમ થયો એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! વાત તો આમ છે, ભાઈ! એક બાજુ એમ કહે કે, આત્માની પર્યાય જે સમયે, જે પ્રકારે ઉત્પન્ન થાય છે તે પોતાથી ઉત્પન્ન થાય છે. હવે એક બાજુ એમ કહે કે કર્મ ઘટે તેટલો પ્રકાશ થાય. એને ન્યાયસર સમજવું પડશે ને? આહાહા..! શાસ્ત્ર વાંચવામાં પણ બાપુ! દૃષ્ટિ યથાર્થપણે હોય તો સમજી શકે.

મુમુક્ષુ :- ગુરુગમની ચાવી મળવી જોઈએ.

ઉત્તર :- હા, વસ્તુ એવી છે. આહા..!

પરદ્રવ્યને ઘટવાને કારણે આત્મા પ્રકાશમય થાય છે? આહા..! પણ આત્મામાં એક અભાવ નામનો ગુણ છે એ અશુદ્ધતાના અભાવરૂપે પરિણમે છે તેટલી પુષ્ટિ-જ્ઞાનની વૃદ્ધિ થાય છે. આહાહા..! સાધારણ માણસને અભ્યાસ ન હોય અંદર ને, આહાહા..! એને ક્યાં જાવું છે ક્યાં? આહા..! દેહ તો પડી જશે, પ્રભુ! એ દેહ તો સંયોગે છે, પરમાં છે, ઇ તો તારામાં છે જ નહિ. પણ આ એક ક્ષેત્રે ભેગું (છે) ત્યાં તને લાગે કે અમે દેહમાં છીએ. દેહમાં નથી એ તો પોતે આત્મામાં છે. દેહનું ક્ષેત્રાંતર થશે ત્યારે એને લાગે કે અરે...! દેહ છૂટી ગયો, અમે મરી ગયા. કોણ મરે? પ્રભુ! ક્ષેત્રાંતરથી દેહ છૂટે. સમજાણું?

કાલે પ્રશ્ન નહોતો થયો? 'બંડીજી'! કે, આ પરિણમન છે એ ક્રિયાવતી શક્તિને કારણે નહિ. ક્રિયાવતી શક્તિ તો ક્ષેત્રાંતરથી ક્ષેત્રાંતર થાય એ ક્રિયાવતી શક્તિ. પણ એનું જે પરિણમન છે એ ક્રિયાવતી શક્તિ એકલી નહિ. એ અનંત ગુણનું પરિણમન જે છે તે

પોતાથી છે. ક્રિયાવતી શક્તિનું પરિણમન તો એક આત્મા કે પરમાણુ એક ક્ષેત્રથી આમ (બીજા ક્ષેત્રે જાય છે), એ ક્રિયાવતી શક્તિ. પણ ત્યાંને ત્યાં રહીને જે પરિણમન થાય છે એ ક્રિયાવતી (શક્તિ) એકલી નહિ. ભલે એ વખતે સ્થિર હોય તોય ક્રિયાવતી શક્તિનું પરિણમન સ્થિર છે. ગતિ કરે ત્યારે એ હોય. પણ પરિણમન–એની દશા.. આહાહા..!

ભગવાન પૂર્ણાનંદના નાથનું અવલંબન લઈને જે દશા શુદ્ધિ, શુદ્ધિ વધે છે એ શુદ્ધિ અનેકતાથી થતી નથી, એ શુદ્ધિ વધે ઇ એકતાની પુષ્ટિ કરે છે. આહાહા..! સમજાણું? **'અનુસારે પ્રગટપણું પામે છે,...'** આવી ભાષા હવે એમાંથી કાઢે આ લોકો. કર્મના ઉદયનું ઘટવા પ્રમાણે જ્ઞાનનો ઉઘાડ થાય. અહીં એક બાજુ એમ કહેવું કે, જ્ઞાનની પર્યાય પોતાથી તે સમયે તે પ્રકારની પ્રગટ થવાની લાયકાતથી પ્રગટ થાય છે, કર્મના ઘટવાથી નહિ. કેમકે એમાં એક અભાવ નામનો ગુણ છે. પરના અભાવરૂપે પરિણમે છે, પરથી નહિ, પરના અભાવરૂપે પરિણમે છે તે પોતાનો સ્વભાવ છે. સમજાણું? કર્મ ઘટે માટે અભાવરૂપે પરિણમે છે એ તો નિમિત્તનું કથન છે. આહાહા..! કેમકે આત્મામાં એક ભાવ અને અભાવ નામનો ગુણ છે. ભાવગુણને કારણે તો દરેક ગુણની વર્તમાન પર્યાય ઉત્પન્ન થશે. એ કોઈ કર્મના ઘટવાથી થશે એમ છે નહિ. ન્યાં ભલે ઘટે પણ એની અહીં અપેક્ષા નહિ. સમજાણું? આવું વિષમ. કાલે કોઈ પૂછતું હતું, અનેક અપેક્ષાથી કાલે સવારમાં વાત આવી. ભઈ! જ્ઞાનની વિશેષતાની મહિમા જ એવી કોઈ છે. એના પડખાં, એટલા પડખાં છે.. આહાહા..!

અહીં કહે છે કે, જ્ઞાનસ્વરૂપ ભગવાન જેટલો પરના સદ્ભાવ ને નિમિત્તને વશ થઈને ભાવરૂપ થાય છે તેનો અભાવ નામના ગુણને કારણે એ કર્મનું ઘટવું થયું, પણ અહીંયાં તો પોતાના અભાવ ગુણને કારણે રાગના અભાવ સ્વભાવરૂપે પરિણમવું એ પોતાને કારણે છે. આહાહા..! કર્મના ઘટવાને કારણે શુદ્ધિની વૃદ્ધિ થાય છે એ તો નિમિત્તનું કથન છે. આહાહા..! સમજાણું?

**'તેના જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો...'** પહેલા થોડી શુદ્ધિ, પછી વિશેષ (થઈ) એવા હીનાધિકતારૂપ ભેદ **'તેના (સામાન્ય) જ્ઞાનસ્વભાવને ભેદતા નથી...'** ભલે એ અનેકપણે વૃદ્ધિ પામે પણ એ સામાન્ય જ્ઞાનની પુષ્ટિ કરે છે. સામાન્ય નામ ત્રિકાળ અને તેનું અવલંબન લેવું એ સામાન્ય. તેની પુષ્ટિ કરે છે. આહાહા..! આવી વાતું હવે. વીતરાગમાર્ગ બહુ અલૌકિક, પ્રભુ! એવી વાત ક્યાંય છે નહિ. સર્વજ્ઞ વીતરાગ સિવાય (ક્યાંય છે નહિ). પણ સમજવું અલૌકિક વાત છે, ભાઈ! આહા..!

જ્ઞાનના એટલે આત્માના સ્વભાવનું હીનાધિકતારૂપ સત્તારૂપ, પર્યાયમાં, હોં! ભેદ જ્ઞાનસ્વભાવને ભેદતા નથી. ભગવાન સામાન્ય ત્રિકાળ છે તેને તો ભેદતા નથી પણ સામાન્યમાં એકાગ્રતા છે તેને ભેદતા નથી. એકાગ્રતાની તો પુષ્ટિ કરે છે. સમજાણું? આહાહા..! **'પરંતુ ઊલટા તેને અભિનંદે છે.'** આહાહા..! શુદ્ધિની, આત્માના અવલંબનથી શુદ્ધિની અનેકતા

ઉત્પન્ન થવા છતાં એ એકતાની પુષ્ટિ કરે છે, ભેદની પુષ્ટિ નથી. સમજાણું? 'બંડીજી'! આવી વાત છે. અરેરે..! લોકોને સ્થૂળ (સાંભળવા) મળે એમાં સાંભળીને સંતોષ થઈ જાય. કાંઈક ધર્મ કર્યો. અરે.. પ્રભુ! ક્યારે અવસર મળે? ભાઈ! આહાહા..!

સત્‌નું સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ, સૂર્ય સમાન પ્રકાશનો પુંજ, જ્ઞાનના પ્રકાશનો પુંજ એ તો ત્રિકાળી. પણ તેના અવલંબનથી શુદ્ધિની અનેકતા ઉત્પન્ન થવા છતાં એ એકતાની પુષ્ટિ કરે છે, અનેકતાના ખંડ થતા નથી. એકતામાં ખંડ થતા નથી, એકતામાં પુષ્ટિ કરે છે. સમજાણું? 'જેઠાલાલભાઈ'! આવી વાતું છે. આહાહા..! અરેરે..! આ દેખાવ આજે કર્યો છે આ જોવે તો માણસને.. આહાહા..! આમ પાણીમાં સેંકડો મડદા તરે, ચાલ્યા જાય છે. એને બિચારને ખબરેય નહિ કે સવારે શું થશે? મા-બાપ તણાતા હોય, દીકરા તણાતા હોય. આહા..! પોતે પણ તણાતો હોય અને મા-બાપ જોવે ને મા-બાપ તણાતા (હોય તો પોતે જોવે). આહાહા..! બાપુ! બહારમાં ક્યાં શરણ છે? એ વખતે પણ જો ભગવાનઆત્માના સ્વભાવની દૃષ્ટિ કરે તો શરણ મળી જાય. સમજાણું? કેમકે ભગવાન વિદ્યમાન, ત્રિકાળ વિદ્યમાન છે. એમાં અવિદ્યમાનપણું તો બિલકુલ છે નહિ. આહાહા..!

એવો જે ભગવાનઆત્મા ત્રિકાળ વિદ્યમાન પ્રભુ, સત્તા વસ્તુ, પોતાની સત્તા, હયાતી, મોજૂદગી ત્રિકાળ રાખનાર, તેનો આશ્રય લેવાથી શુદ્ધિની પર્યાયમાં અનેકતા ભાસે છે છતાં એ અંતરની શુદ્ધિની પુષ્ટિ કરે છે, અંતરમાં એકાગ્રતાની પુષ્ટિ કરે છે. અરે..! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! સમજાણું? 'સમયસાર' તો જૈનદર્શનનું એકલું માખણ છે. જૈનદર્શન એટલે કોઈ પંથ નથી, એ તો વસ્તુદર્શન (છે). જેવી જગતની વસ્તુ છે એ વસ્તુની દશા કઈ ને એ વસ્તુની શક્તિ કઈ, એ વસ્તુનું વસ્તુપણું શું? એ બતાવે છે. આહાહા..!

કહે છે કે, અનેકપણાની શુદ્ધિ ઉત્પન્ન થાય છે એ ભેદતી તો નથી ઊલટું અભિનંદે છે. આહાહા..! છે? ઊલટું એકાગ્રતાની પુષ્ટિ વિશેષ વિશેષ શુદ્ધિ થઈ. આહાહા..! 'સમયસાર'માં બીજે ઠેકાણે આવે છે ને? ભાઈ! એમકે શુદ્ધિ અનેક અનેક અનેક અનેક શુદ્ધિ થાય છે, (એમ) આવે છે. છતાં એ શુદ્ધિ અનેક અનેક હોવા છતાં તે એકાગ્રતામાં પુષ્ટિ (કરે) છે. શુદ્ધિની અનેકતા થાય, અનેકતા થતા એ અનેકપણું એમાં પુષ્ટ નથી થતું. આહાહા..! આ દુનિયાની મીઠાશ મૂકવી.. હેં? આહાહા..! અને આત્માની મીઠાશમાં આવવું, ભાઈ! આહા..!

અહીં તો એમ કહે છે કે, પ્રભુ! મીઠાશ આનંદથી ભરેલું એકરૂપ સ્વરૂપ છે. જેમ જ્ઞાન એકરૂપ છે એમ આત્મા એકરૂપ છે એમ આનંદ એકરૂપ છે. એ આનંદમાં એકાગ્રતા કરતા કરતા આનંદની પર્યાય અનેકપણાની પ્રગટ થાય છે છતાં એ અનેકપણું એકપણાની પુષ્ટિ કરે છે. એ શુદ્ધિની વૃદ્ધિ થઈને એકપણાની પુષ્ટિ કરે છે. નિર્મળ પર્યાયમાં, હોં! સામાન્ય તો છે ઇ છે. આ તો નિર્મળ પર્યાય જે પ્રગટ થઈ એ અનેકપણે શુદ્ધિ, શુદ્ધિ, શુદ્ધિ, શુદ્ધિ

વધતી જાય છે એ અનેકપણાની પુષ્ટિ નથી કરતી. એ અનેકપણું અંતર એકાગ્રતાની પુષ્ટિ કરે છે. 'હસમુખભાઈ'! આવો ચોપડો કોઈ દિ' વાંચ્યોય નો હોય ન્યાં. આહાહા..! અરેરે...! આવી ચીજ પડી છે, નિધાન મૂક્યા છે. આહાહા..! ભાવરૂપ, હોં! પાના તો જડ છે. આહાહા..!

આહાહા..! માલના ધોકડા હોય છે ને? રૂના. માલ કાઢીને બતાવે કે આવો માલ છે. એમ પોતાના આનંદસ્વરૂપમાં એકાગ્ર થાય છે તો આનંદનો અંશ–નમૂનો આવે છે. એ નમૂના દ્વારા આખો આત્મા આનંદસ્વરૂપ છે એવી પ્રતીતિ થાય છે. એ આનંદની જે પર્યાય પ્રગટ થઈ અને વિશેષ એકાગ્રતા થતા થતા આનંદની વિશેષ પર્યાય પ્રગટ થઈ, તો એ વિશેષ વિશેષ પ્રગટ થઈ તો ત્યાં ભેદ થતા નથી. એ અંદરમાં જ્ઞાનની પુષ્ટિમાં એકાગ્ર થાય છે. આહાહા..! એ આનંદની વૃદ્ધિ થાય છે. અનેકપણામાં અનેકપણાની વૃદ્ધિ નહિ પણ આનંદની વૃદ્ધિ થાય છે. આહાહા..! આવો માર્ગ હવે.

**'માટે જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે...'** જુઓ! એ ભેદ પણ દૂર થઈ ગયા. ભેદ ઉપર લક્ષ નહિ. ભલે શુદ્ધિની અનેકતા ઉત્પન્ન થઈ પણ એ ઉપર લક્ષ નથી. લક્ષ ત્રિકાળ ઉપર છે અંદર એકાગ્રતામાં પુષ્ટિ વિશેષ થાય છે. સમજાણું? ધીમેથી સમજવું, પ્રભુ! આ તો વીતરાગમાર્ગ (છે). આહાહા..! ત્રણલોકના નાથ પરમાત્મા (છે), એવો જ આ ત્રણલોકનો નાથ પરમાત્મા છે. આ પરમાત્મા પોતે, પરમાત્મા પોતે આત્મા પરમાત્મા છે. આહાહા..! તેનો પંથ, તેની એકાગ્રતા થવી. જ્યાં એકરૂપ પદ પડ્યું છે તેમાં એકાગ્રતા થવી અને એકાગ્રતા થવાથી શુદ્ધિની અનેકતા ઉત્પન્ન થાય છે, છતાં એ એકાગ્રતાની જ પુષ્ટિ કરે છે. ત્યાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે, અનેકપણાની પુષ્ટિ નથી કરતા. આનંદની વૃદ્ધિ થઈ, વિશેષ આનંદ, આનંદ, આનંદ, આનંદ, ભલે અનેકપણે આનંદના અંશો શુદ્ધિના વધ્યા એમ કહેવું, છતાં અહીં તો આનંદની વૃદ્ધિ અંદર પર્યાયમાં આનંદની વૃદ્ધિ થાય છે. સમજાણું? એ અનેકપણાને લઈને આનંદની વૃદ્ધિનો ભેદ પડી જાય છે, એમ નહિ. આહાહા..! આવી વાત ક્યાં છે? ભાઈ! આહાહા..!

અહીં તો પર્યાયમાં શુદ્ધિ વધે એ ઉપર કોઈ લક્ષ ન કરવું, એમ કહે છે. અંદરમાં જે દ્રવ્યમાં લક્ષ ગયું છે, ત્યાં લક્ષ જમાવી દેવું અને તેનાથી શુદ્ધિ ભલે અનેકપણે વધે, અનેકપણે દેખાય પણ અંદરમાં તો એકપણે જ શુદ્ધિ વધતી જાય. આહાહા..! વિષય જરી ઝીણો છે. આહાહા..!

**'માટે જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે એવા આત્મસ્વભાવભૂત...'** આત્મસ્વભાવભૂત **'જ્ઞાનનું જ એકનું આલંબન કરવું.'** એકરૂપ ભગવાનઆત્મા, એનું અવલંબન કરવું જોઈએ. આહાહા..! પર્યાય ભલે અનેક હો પણ છતાં અવલંબન તો એકનું, એકરૂપનું અવલંબન લેવું જોઈએ. આહાહા..! સમજાય એવું છે, પ્રભુ! આત્મા તો અંતર્મૂહુર્તમાં કેવળજ્ઞાન લઈ શકે. આહાહા..! અરે..! એના વિરહ પડી ગયા. પંચમકાળ, કાળ નડ્યો નથી પણ એની

પર્યાયમાં હીણી દશાનો કાળ, પૂરી દશાનો કાળ પોતામાં પોતાને માટે નહિ. આહાહા..! પોતાનું (કહે) છે ને, સ્વયં? સ્વયંને સ્વયં માટે પૂર્ણ (થવાનો) કાળ નહિ. કાળ-ફાળ નડતો નથી. પોતાની હીનતા, (શુદ્ધિ) વૃદ્ધિ નથી પામતી એ નડતર છે. આહાહા..! સમજાણું?

**'એવા આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ એકનું...'** જુઓ! જ્ઞાન લેવું છે ને? આત્મસ્વભાવભૂત જ્ઞાન. જે સ્વભાવભૂત, આત્મા જેમ ત્રિકાળ છે એમ જ્ઞાન ત્રિકાળ છે, સ્વભાવભૂત. **'જ્ઞાનનું જ એકનું આલંબન કરવું.'** આહાહા..! **'તેના આલંબનથી જ...'** ભાષા જુઆ! ભગવાન જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ, **'તેના આલંબનથી જ...'** જોયું? **'આલંબનથી જ...'** નિશ્ચય લીધું.

મુમુક્ષુ :- બીજો કોઈ ઉપાય નથી.

ઉત્તર :- આ જ વસ્તુ છે. આહાહા..!

પ્રભુ પૂર્ણાનંદનો નાથ દ્રવ્ય સ્વભાવ, તેના આલંબનથી જ. પાછું બીજાનું આલંબન નહિ, તેની માટે 'જ' (શબ્દ) મૂક્યો છે. પર્યાયનું અવલંબન નહિ, રાગનું નહિ, નિમિત્તનું નહિ. આહાહા..! **'તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે,...'** પર્યાયમાં. નિજપદ જે ત્રિકાળ છે તેના અવલંબનથી જ પર્યાયમાં નિજ પદની પ્રાપ્તિ થાય છે. આહાહા..! સમજાણું?

ફરીને, આમાં કંઈ પુનરુક્તિ ન લાગે. ભાવનાનો ગ્રંથ છે ને? હેં? આહાહા..! નિજ સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ, તેના અવલંબનથી જ નિજ પદની પ્રાપ્તિ પર્યાયમાં થાય છે. દ્રવ્ય તો નિજ પદ તો છે જ, તેના અવલંબનથી જ, પૂર્ણ પર્યાયની, પૂર્ણ પર્યાયની નિજ પદની પ્રાપ્તિ તેનાથી થાય છે. આહાહા..! અહીં તો હજી બહારમાં તકરારું ને ઝગડા. અરે...! પ્રભુ! શું કરે છે? એ.. વ્યવહાર ઉથાપે છે ને એકાંત નિશ્ચય સ્થાપે છે. આવા ઝગડા બધા. પ્રભુ! વાત તો એવી છે.

અહીં તો પર્યાયની અનેકતા પણ આશ્રય કરવા લાયક નથી તો વળી રાગ ને દયા, દાન ને આશ્રય કરવા લાયક છે (એમ ક્યાંથી હોય)? આહાહા..! આ વાત વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. વીતરાગ સ્વભાવી ભગવાન સ્વભાવ ભર્યો છે પ્રભુ, વીતરાગ સ્વભાવભૂત આત્મા, તેના અવલંબનથી જ વીતરાગની પર્યાયની પૂર્ણતા નિજ પદની પ્રાપ્તિ થાય છે. આહાહા..! કોઈ રાગને કારણે કે નિમિત્તને કારણે એ પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ થતી નથી. સમજાણું?

મુમુક્ષુ :- એક જ ઉપાય છે.

ઉત્તર :- આહાહા..!

**'તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે,...'** એક વાત. પહેલા અસ્તિથી લીધું. **'ભ્રાંતિનો નાશ થાય છે,...'** મિથ્યાત્વનો નાશ નિજ પદના અવલંબનથી થાય છે. બીજી કોઈ ચીજ નથી. ભ્રાંતિ નામ મિથ્યાત્વ. પર્યાય જેટલો હું છું, રાગથી ધર્મ થશે વગેરે ભ્રાંતિ

જે મિથ્યાત્વ એ નિજ પદના અવલંબનથી જ (થાય છે). નિજ પદની પ્રાપ્તિ થાય છે એ પહેલા અસ્તિ લીધી, પછી ભ્રાંતિનો નાશ થાય છે (એમ નાસ્તિથી વાત કરી). પણ નિજ પદના અવલંબનથી મિથ્યાત્વનો નાશ થાય છે. આહાહા..! આવી તો ચોખ્ખી વાત (કરી છે).

અરે...! દિગંબર શાસ્ત્રો ને દિગંબર મુનિઓ તો અલૌકિક વાત છે, બાપુ! આહા..! મુનિપણું કોઈ અલૌકિક વાતું છે. આહાહા..! જેને અંતર અનંત અનંત આનંદનો પર્યાયમાં, સમુદ્રને કાંઠે જેમ ભરતી આવે છે, એમ મુનિઓને અંતરમાં સાચા સંત હોય તો પર્યાયમાં અનંત આનંદની ભરતી આવે છે. એ અતીન્દ્રિય આનંદની વિશેષ વિશેષ દશા (પ્રગટ થાય છે). એ વિશેષ વિશેષ ઉપર લક્ષ નહિ, સામાન્ય ઉપર લક્ષ, દૃષ્ટિ છે લક્ષ છે તો એ કારણે વિશેષ વિશેષ આનંદ થાય, પણ એકાગ્રતામાં પુષ્ટિ થાય છે. આનંદની વૃદ્ધિ થાય છે. આહાહા..! સમજાણું?

**'ભ્રાંતિનો નાશ થાય છે,...'** એ તો આમ અસ્તિપણે જ્યાં પ્રાપ્તિ થઈ, સમ્યગ્દર્શનપણે, ત્યાં ભ્રાંતિનો નાશ થઈ ગયો. નિજ અવલંબનથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું તો પર્યાયમાં એ સ્વરૂપની પ્રાપ્તિ થઈ. એ વખતે ભ્રાંતિનો નાશ થાય છે. આહાહા..! **'આત્માનો લાભ થાય છે,...'** પહેલી સાધારણ વાત કરી કે નિજ પદની પ્રાપ્તિ થાય છે. તો હવે કહે છે કે, આત્માનો લાભ થાય છે. ભ્રાંતિનો નાશ થવાથી ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એનો લાભ થાય છે. આ વાણિયા લાભ સવાયા નથી મૂકતા? દિવાળી ઉપર. 'લક્ષ્મીચંદભાઈ'! લાભ સવાયા નામામાં લખે. બાપા! એ લાભ નથી, એ તો નુકશાન સવાયા છે. આહાહા..! પ્રભુ! આ લાભ, આત્મલાભ તને મળશે. આહાહા..! આત્મલાભ. આહાહા..!

**'આત્માનો લાભ થાય છે...'** આહાહા..! હવે જુઓ! **'અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે,...'** હવે અહીં તો પુણ્યના પરિણામને અનાત્મા કહ્યા. 'ચેતનજી'! અહીં તો અનાત્મા કહ્યા. અનાત્મા કહો, અહીં ધર્મથી વિરુદ્ધ અનાત્મા. અનાત્મા કહો કે પુણ્ય કહો. પુણ્ય અનાત્મા છે, આહાહા..! આત્મા નહિ. આહાહા..! હવે આ કહે છે કે, પુણ્યને અધર્મ ક્યાં કહ્યો છે? અરે.. પ્રભુ! તને શું કહીએ? અરેરે...! આવું શું છે? ભાઈ! પુણ્ય છે એ અનાત્મા છે. આત્માનો લાભ થયો તો અનાત્માનો નાશ થયો, પરિહાર થયો. એ પુણ્ય અનાત્મા છે. પુણ્યને તો પહેલા અધિકારમાં–જીવ અધિકારમાં અજીવ કહ્યું છે. આહાહા..! એ અજીવથી જીવને લાભ થાય? અને અજીવને ધર્મ કહ્યો તો એ નિશ્ચય ધર્મ છે? એ તો ઉપચારથી કથન કર્યું. આહાહા..!

**'આત્માનો લાભ થાય છે...'** આહાહા..! પૂર્ણ સ્વરૂપ, ધ્રુવ, તેનો આશ્રય લેવાથી નિજપદ, નિજ સ્વરૂપ, રાગપદ એ નિજપદ નહિ. નિજપદની પ્રાપ્તિ થાય છે એટલી સામાન્ય વાત કરી. ભ્રાંતિનો નાશ થાય છે. નિજ પદ એટલે આત્મલાભ પ્રાપ્ત થાય છે, એમ. ત્યાં આત્માનો લાભ મળે, આત્મલાભ. આ લક્ષ્મીનો લાભ અને ધૂળનો (લાભ નહિ). આહાહા..! એ

પુણ્યભાવનો લાભ એ અહીં નહિ. પુણ્ય ભાવ તો અનાત્મા છે. આહાહા..! સમજાણું? હવે આવો ઉપદેશ. માણસને નવરાશ–ફૂરસદ નહિ, ધંધા આડે નવરાશ નહિ. અરે..! પોતાનું હિત કેમ થાય? આહાહા..! એ જુવાન છોકરાઓ ને છોકરાની વહુ પાણીમાં તણાતા હોય ને પોતે જરીક ઊંચે બેઠા હોય, તો રહી ગયો હોય.. આહાહા..! આંસુની ધારા ચાલી જાય. બાપુ! એ તો તારા ખેદ છે, દુઃખ છે અને એને દેખીને તને આમ થયું એ તો મિથ્યાત્વ ભાવ છે. આહાહા..! ત્યાં તો મિથ્યાત્વની પુષ્ટિ થઈ છે. આહાહા..! આ ભગવાનને તરતો અંદર જુદો દેખ. આવે છે ને? વિશ્વ ઉપર તરતો. ૧૪૪ માં. વિશ્વ ઉપર તરતો. 'સમયસાર'માં આવે છે. યાદ ન હોય કયે ઠેકાણે છે? ભાવ મગજમાં રહી ગયો હોય. વિશ્વ ઉપર તરતો ત્યાં ૧૪૪ માં આવે છે. 'કર્તા-કર્મ'માં નહિ? આહા..! ઘણે ઠેકાણે આવે છે.

ભગવાન આમ રાગ ને પર્યાયથી ભિન્ન તરતો. પર્યાયનો પણ જેમાં પ્રવેશ નથી. એવો ભગવાનઆત્મા, જો તું આ ત્રિકાળીનું અવલંબન લે તો તને આત્મલાભ થશે. ભ્રાંતિનો નાશ થશે, આત્મલાભ થશે, અનાત્માનો પરિહાર સિદ્ધ થશે. પુણ્ય ભાવ એ અનાત્મા છે. અરર..! અહીં આત્મા, એ અનાત્મા છે. તો અહીં ધર્મ તો એ અધર્મ છે. અહીં પવિત્રતા, તો એ અપવિત્રતા છે. આહાહા..! આકરું કામ, ભાઈ! અને તે ચંડાળણીના પુત્ર કહ્યા છે. બેય – પુણ્ય ને પાપ. બ્રાહ્મણને ત્યાં ઉછર્યો ઇ કહે આ મને ખપે નહિ, આ મને ખપે નહિ, આ મને ખપે નહિ. પણ કોણ છો તું? મૂળ તો ચંડાળણીનો દીકરો. એમ પુણ્ય ભાવવાળો એમ કહે કે, મને આ પાપ ખપે નહિ, ભોગ ખપે નહિ, ફલાણું ખપે નહિ. પણ હવે તારો પુણ્ય ભાવ એ ચંડાળનો પુત્ર છે, વિભાવનો પુત્ર છે. એમ 'કળશટીકા'માં લખ્યું છે. પુણ્યવાળા, શુભભાવવાળા એમ માને, આ મારે ખપે નહિ, આ મારે ખપે નહિ. એ ચંડાળણીનો પુત્ર બ્રાહ્મણ જેવું છે એને. આહાહા..! અમારે બહુ વિષય હોય નહિ, અમારે સ્ત્રીનો સંગ હોય નહિ. સંગ ન હોય એ તારો ભાવ ક્યો છે? ભાવ તો શુભ છે, રાગ છે. એ રાગ તો ચંડાળણીનો પુત્ર છે, ચંડાળણીનો દીકરો કહે કે મારે ખપે છે અને આ ચંડાળણીનો દીકરો કહે કે મારે ખપતું નથી. આહાહા..! શું કહ્યું? ચંડાળણીના બે દીકરા. એક દીકરો કહે કે આ મારે ખપે નહિ, આ ખપે નહિ, અમારે માંસ ખપે નહિ, ઢીકણું ખપે નહિ.

મુમુક્ષુ :– મહાવ્રત છે ઇ ચંડાળણીનો પુત્ર છે.

ઉત્તર :– મહાવ્રતના પરિણામ ચંડાળણીનો પુત્ર છે. મહાવ્રતના પરિણામવાળો કહે કે, આ મને ખપે નહિ, ભોગ ખપે નહિ, અવ્રત ખપે નહિ, સ્ત્રીનો સંગ ખપે નહિ. પણ ભાવ તારો છે એ તો પુણ્ય છે, એ ચંડાળણીનો પુત્ર છે. આહા..! એ..ઇ..! આહાહા..!

મુમુક્ષુ :– આકરું પડે.

ઉત્તર :– આકરું પડે, વાત સાચી.

મુમુક્ષુ :– મુશ્કેલીથી ગળે ઉતરે.

ઉત્તર :– સંસારની વાત કેમ ગળે ઉતરી જાય છે ઝટ? આ તો અંતરની વાત છે, પ્રભુ! આહાહા..! આ સાધુઓએ બહારમાં બધું મનાવી દીધું. વ્રત કરો ને અપવાસ કરો ને સેવા કરો ને સાધર્મીને મદદ કરો. આહાહા..!

મુમુક્ષુ :– બહારમાં તો એનું માહાત્મ્ય છે.

ઉત્તર :– છે, દુનિયાને બહારનું માહાત્મ્ય છે એ તો મિથ્યાત્વ છે.

દરબારને નામથી બોલાવે, ફલાણો સિંહ, ફલાણા દરબાર, એમ. આહાહા..! મારી નાખ્યા. ગરાસિયાને એક નામે ન બોલાવાય. 'હરિસંઘ' એમ ન બોલાવાય. 'હરિસંઘજી', 'હરિસિંહ'. મૂળ તો 'સિંહ' શબ્દનો 'સંઘ' થઈ ગયો. મૂળ તો 'હરિસિંહ', 'ભાવસંઘ ને હરિસંઘ'. દરબાર! દુનિયાની બધી ખબર છે, હોં! એ સંઘ કેમ થયો? મૂળ તો 'સિંહ' (શબ્દ) છે. 'હરિસિંહ', 'ભાવસિંહ' દરબારના નામ. પણ પછી સાધારણમાં થઈ ગયા, 'હરિસંઘ' ને 'ભાવસંઘ' થઈ ગયું. 'સિંહ'નું 'સંઘ' થઈ ગયું. આ જુઓને મોટા.. 'ઇન્દોર'. એ બધા વાણિયા છે તોય નામ 'સિંહ'. 'રાજકુમારસિંહ', ફલાણાસિંહ. એના નામ 'સિંહ' અને આ ગરાસિયાના નામ થઈ ગયા 'સંઘ'. હેઠે ઉતરી ગયા, પુણ્ય ઓછા. અને વાણિયા કરોડપતિઓ, વીસ કરોડ, ચાલીસ કરોડ. આમાં 'સિંહ' છે ને. 'શાંતિપ્રસાદ'માં એ નથી. ત્યાં 'શાંતિપ્રસાદ' ને 'શ્રેયાંસપ્રસાદ' ને એ છે અને આ 'ઇન્દોર'માં બધા 'સિંહ', 'રાજકુમારસિંહ', 'રાજા બહાદુરસિંહ' છે ને? ખબર છે.

મુમુક્ષુ :– એની પત્નીને રમા ન કહેવાય, રમારાણી કહેવાય.

ઉત્તર :– રમારાણી કહેવાય છે, એમ કહેવાય છે. 'રમારાણી શાંતિપ્રસાદ'. ધૂળેય નથી રમારાણો. આહાહા..! એ તો આનંદની સાથે પરિણતિ રમે એ રમારાણી છે. આહાહા..!

એ અહીં કહે છે કે, **'અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે,...'** અનાત્મા કોણ? પુણ્ય. પાપ તો ઠીક પણ પુણ્ય છે એ અનાત્મા છે, અજીવ છે. આહાહા..! અજીવનો પરિહાર થાય છે. આહાહા..! જીવ ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ, તેના અવલંબનથી નિજ પદની પ્રાપ્તિ થાય છે, ભ્રાંતિનો નાશ થાય છે, આત્મલાભ થાય છે, અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે. આહાહા..! બહુ સરસ! ઓલા કહે છે કે, એ અનાત્મા રાગ છે, વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. અહીં તો કહે છે કે, આત્માના સ્વભાવનો લાભ થાય છે તો અનાત્માનો પરિહાર થાય છે. અરેરે..! જે વ્યવહાર અનાત્મા છે તેનાથી આત્માનો લાભ થશે! અહીં કહે છે કે, આત્માનો જે લાભ અંતરથી થાય છે ત્યારે અનાત્માનો પરિહાર થાય છે. આહાહા..! અનાત્માનો ત્યાગ થાય છે. આહાહા..! લોકરંજન કરવાની વાત. આહાહા..! દુનિયા આમાં લોકરંજન થાય નહિ. પકડાય નહિ, માંડ-માંડ ત્યાં.. તોય હવે માણસ આવે છે. 'મુંબઈ'માં પંદર પંદર હજાર માણસ, દસ દસ હજાર માણસ સાંભળવા આવે છે. શું કહે છે, સાંભળો તો ખરા. 'ઇન્દોર'માં પંદર પંદર હજાર માણસ, 'સાગર'માં વધારે. 'ઇન્દોર' કરતાં 'સાગર'

(માં વધારે). 'ભગવાનદાસ' ખરા ને? પંદર પંદર હજાર માણસ. 'ભોપાલ'માં તો ચાલીસ હજાર! આ પંચ કલ્યાણક થયા હતા, નહિ? છેલ્લો કલ્યાણક. ચાલીસ હજાર! સાંભળે. અંદર ખળભળ તો થતું હતું માણસને, પણ આકરું પડે. એક કોર લાખોના, દસ દસ લાખ, પાંચ લાખના મંદિર બનાવે અને એને કહેવું કે એ તમે બનાવ્યા નથી, ફક્ત તમારો ભાવ શુભ હોય તો એ પુણ્ય છે, એ પુણ્ય અનાત્મા છે.

મુમુક્ષુ :- પુણ્ય કહેવું, અનાત્મા તો ન કહેવું.

ઉત્તર :- કોણ પણ કરે છે? એ તો થવાનું હોય ત્યારે થાય. એમાં ભાવ શુભ કર્યા માટે થાય છે? મંદિર તો મંદિરની પરમાણુની પર્યાયનો કાળ એ રીતે રચાવાનો હોય છે ત્યારે તે રચાય છે.

મુમુક્ષુ :- આ પાટિયા-બાટિયા કરે..

ઉત્તર :- કોણ કરે પાટિયા? એ પરમાણુએ પરમાણુ તે સમયે તે પર્યાય થવાના પરિણામ, તે પરિણામીના પરિણામનો કર્તા તે પરિણામી પદાર્થ છે. એ પર્યાયનું પરિણામ છે તે પરિણામનો કર્તા પરિણામી છે. કડિયા ને ફલાણું એ કોઈ કર્તા છે નહિ એનો. અરે..! આવી વાતું. આ તમારી લાદીમાં નાખે છે ને? છાંટે. જોયું હતું, 'જામનગર'. 'વઢવાણવાળા' છે ને? 'લાદીવાળા' ત્યાં દૂધ પીધું હતું ત્યાં બધી લાદી આમ હતી. આ છંટાય ને છંટાય ને આ છંટાય. 'જામનગર'ના ગામ બહાર. આહા..!

અહીં કહે છે કે, અનાત્માનો પરિહાર થાય છે. આહાહા..! **'(એમ થવાથી) કર્મ જોરાવર થઈ શકતું નથી,...'** ઓલા કર્મ બળવાન થતા હતા, પોતાની પર્યાયના જોરમાં, વિકારમાં કર્મનું નિમિત્ત બળવાન છે, એમ કહેવામાં આવે છે. આહા..! એ 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં પણ આવે છે. 'કછવી જીવો બળિયો, કછવી કમ્મ બળિયો'. ન્યાં નાખે, જુઓ! કર્મનું બળ. અરે...! પણ વિકારી પરિણામનું બળવાન(પણું) એ કર્મના નિમિત્તમાં બળવાન કહેવામાં આવ્યા. જ્યાં વિકારી પરિણામ જે બળવાન છે એ કારણે અંદર અવિકારી પરિણામ પ્રગટ થતા નથી. આહાહા..! પરદ્રવ્યને લઈને પોતાની પર્યાયમાં કોઈ વધઘટ થાય એ બિલકુલ ખોટી વાત છે. માને ન માને જગત સ્વતંત્ર છે.

અહીં તો એ કહ્યું, **'કર્મ જોરાવર થઈ શકતું નથી,...'** એ ભાવકર્મનું જોર હતું, અનાત્માનું (જોર હતું) એ પછી આત્માનો લાભ થયો, અનાત્મા બળવાન થયો નહિ તો એ કર્મ બળવાન નથી એમ કહેવામાં આવ્યું. **'રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી,...'** એ કારણે, અવલંબનથી નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે એ કારણે **'રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી,...'** આહાહા..! થોડી વિશેષ વાત છે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૨૮૪ ગાથા-૨૦૪, શ્લોક-૧૪૧, ૧૪૨ મંગળવાર, શ્રાવણ વદ ૭, તા. ૧૪-૦૮-૧૯૭૯**

૨૦૪ ગાથાનો ભાવાર્થ, ટીકાના છેલ્લા થોડા શબ્દો છે. અહીંયાંથી ફરીને. **'એવા આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ એકનું આલંબન કરવું.'** ઓલી કોર બે લીટી છે. શું કહે છે ? કે, આ આત્મા જે ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, તેનું આલંબન કરવું જોઈએ. જેણે ધર્મ કરવો હોય તો એ પરમાત્મા ભગવાન સ્વરૂપ આત્મા, ભગવાન કહેશે, તેનું આલંબન (કરવું), ત્યાં દૃષ્ટિ અને જ્ઞાનની પર્યાયને લગાવવી. આલંબન એક જ્ઞાનનું, જ્ઞાન શબ્દે આત્મા, આત્માનું જ આલંબન કરવું જોઈએ. આ તો જ્ઞાનની પર્યાયની વાત ચાલે છે ને? તેથી જ્ઞાન લ્યે છે.

**'તેના આલંબનથી જ...'** તેના આલંબનથી જ. (નિજ) **'પદની પ્રાપ્તિ થાય છે,...'** દયા, દાન, વ્રતાદિ અને વ્યવહાર ક્રિયાકાંડથી નિર્જરા થતી નથી, બંધ થાય છે. આ આલંબનથી જ પદની પ્રાપ્તિ થાય છે. આહાહા..! **'ભ્રાંતિનો નાશ થાય છે,...'** સ્વરૂપ આનંદમૂર્તિ પ્રભુ, તેના આલંબનથી નિજ પદની, નિજ સ્વરૂપની – પદની પ્રાપ્તિ થાય છે, ભ્રાંતિનો નાશ થાય છે, મિથ્યાત્વનો નાશ થાય છે. **'આત્માનો લાભ થાય છે,...'** સ્વરૂપ જે શુદ્ધ ભગવાનઆત્મા, તેના આલંબનથી આત્માનો લાભ થાય છે. શુદ્ધિની, આનંદની પ્રાપ્તિ પર્યાયમાં થાય છે. આહાહા..! આવી વાત. અને **'અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે,...'** અનાત્મા નામ પુણ્ય ભાવ કે વ્યવહાર રત્નત્રયનો શુભભાવ, તેના આલંબનથી અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે, અભાવ સિદ્ધ થાય છે.

**'(એમ થવાથી) કર્મ જોરાવર થઈ શકતું નથી,...'** કર્મ નામ જે વિકારી પરિણામનું જોર હતું એ સ્વભાવના અવલંબનથી તેનું બળ ચાલતું નથી. **'રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી,...'** એ કારણે.. સૂક્ષ્મ નિર્જરાનો અધિકાર છે ને? **'(રાગદ્વેષમોહ વિના) ફરી કર્મ આસ્રવતું નથી,...'** નવા કર્મ આવતા નથી અને **'ફરી કર્મ બંધાતું નથી,...'** આસ્રવ નથી થતો તો બંધ થતો નથી. **'પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું...'** પૂર્વે જે કર્મ બંધાયેલું હતું તે **'નિર્જરી જાય છે, સમસ્ત કર્મનો અભાવ...'** પહેલી નિર્જરા. શુદ્ધ ચૈતન્યના અવલંબનથી નિજ પદની પ્રાપ્તિ, ભ્રાંતિનો નાશ, આત્માના સ્વભાવનો લાભ, અનાત્માનો પરિહાર... આહાહા..! અને રાગનું જોર નહિ, રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી, ફરી કર્મ આસ્રવતું નથી. કર્મ આસ્રવ થતો નથી તો બંધ થતો નથી, બંધ થતો નથી તો પૂર્વ કર્મની નિર્જરા થાય છે. આહાહા..! આ બધી વાત એક આત્માના અવલંબનની છે. બાકી દયા, દાન ને વ્રત ને ભક્તિ અનંતવાર કર્યા છે. એ હવે આગળ આવશે. એ કોઈ ધર્મ નથી, એ કોઈ ધર્મનું કારણેય નથી. આહાહા..! આવો અધિકાર છે.

નિર્જરા અને **'સમસ્ત કર્મનો અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષ થાય છે. (આવું જ્ઞાનના આલંબનનું માહાત્મ્ય છે).'** જ્ઞાન શબ્દે ભગવાનઆત્મા, પૂર્ણ સ્વભાવ, તેના આલંબનથી આટલા પ્રકારના લાભ થાય છે. એ બધું આલંબનના કારણે.

**ભાવાર્થ :– 'કર્મના ક્ષયોપશમ અનુસાર જ્ઞાનમાં જે ભેદો થયા છે...'** મતિ, શ્રુત આદિ **'તે કાંઈ જ્ઞાનસામાન્યને અજ્ઞાનરૂપ નથી કરતા,...'** આહા..! આત્માનો જ્ઞાન સ્વભાવ ત્રિકાળ, તેના અવલંબનથી પર્યાયમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ ઉત્પન્ન થાય છે, એ ભેદ ભલે ઉત્પન્ન હો પણ જ્ઞાનને અજ્ઞાન નથી કરતા. આહાહા..! સમજાણું? **'જે ભેદો થયા છે તે કાંઈ જ્ઞાનસામાન્યને અજ્ઞાનરૂપ નથી કરતા,...'** સામાન્યજ્ઞાન જે સ્વભાવ છે અથવા તેમાં જે એકાગ્રતાનું જ્ઞાન છે તેને અજ્ઞાન નથી કરતા. મતિ, શ્રુત ભેદ ઉત્પન્ન થાય છે તે પોતાની પર્યાય છે. સમજાણું? આહા..! જ્ઞાનની પર્યાયરૂપ ભેદ ઉત્પન્ન થાય છે તે ભેદ ઉત્પન્ન થાય છે તે અજ્ઞાન નથી કરતા. એ તો જ્ઞાનને અભિનંદે (છે), સ્વભાવમાં એકાગ્રતાની પુષ્ટિ કરે છે. આવી વાત છે.

**'ઊલટા જ્ઞાનને પ્રગટ કરે છે;...'** જ્ઞાનના ભેદ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ વગેરે ઉત્પન્ન થાય છે, એ આત્માના અંતરના જ્ઞાનને પર્યાયમાં અજ્ઞાન નથી કરતા. **'ઊલટા જ્ઞાનને પ્રગટ કરે છે;...'** એ પર્યાય ઉત્પન્ન થાય છે, એ તો જ્ઞાનસ્વરૂપ જે સામાન્ય છે તેમાંથી પર્યાય પ્રગટ થાય છે, પર્યાય થાય છે તે પોતાની નિર્મળ પર્યાય છે. આહાહા..! **'માટે ભેદોને ગૌણ કરી,...'** મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ઉત્પન્ન થાય છે પણ તેને ગૌણ કરી **'એક જ્ઞાનસામાન્યનું આલંબન લઈ...'** ત્રિકાળી આનંદ પ્રભુ, જ્ઞાનસ્વભાવ, સામાન્ય નામ એકરૂપ રહેનાર સદૃશ્ય ધ્રુવ, તેના આલંબનથી **'આત્માનું ધ્યાન ધરવું;...'** તેના આલંબનથી આત્માનું ધ્યાન કરવું, રાગથી નહિ. આવી વાત છે. **'તેનાથી સર્વ સિદ્ધિ થાય છે.'** હવે કળશ કહે છે.

## શ્લોક-૧૪૧

(शार्दूलविक्रीडित)

अच्छाच्छाः स्वयमुच्छलन्ति यदिमाः संवेदनव्यक्तयो
निष्पीताखिलभावमण्डलरसप्राग्भारमत्ता इव।
यस्माभिन्नरसः स एष भगवानेकोऽप्यनेकीभवन्
वल्गत्युत्कलिकाभिरद्भुतनिधिश्चैतन्यरत्नाकरः।।१४१।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ निष्पीत-अखिल-भाव-मण्डल-रस-प्राग्भार-मत्ताः इव ] પી જવામાં આવેલો જે સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસ તેની અતિશયતાથી જાણે કે મત્ત થઈ ગઈ હોય એવી [ यस्य इमाः अच्छ-अच्छाः संवेदनव्यक्तयः ] જેની આ નિર્મળથી પણ નિર્મળ સંવેદનવ્યક્તિઓ (-જ્ઞાનપર્યાયો, અનુભવમાં આવતા જ્ઞાનના ભેદો) [ यद् स्वयम् उच्छलन्ति ] આપોઆપ ઊછળે છે, [ सः एषः भगवान् अद्भुतनिधिः चैतन्यरत्नाकरः ] તે આ ભગવાન અદ્ભુત નિધિવાળો ચૈતન્યરત્નાકર, [ अभिन्नरसः ] જ્ઞાનપર્યાયોરૂપી તરંગો સાથે જેનો રસ અભિન્ન છે એવો, [ एकः अपि अनेकीभवन् ] એક હોવા છતાં અનેક થતો, [ उत्कलिकाभिः ] જ્ઞાનપર્યાયોરૂપી તરંગો વડે [ वल्गति ] દોલાયમાન થાય છે-ઊછળે છે.

ભાવાર્થ :- જેમ ઘણાં રત્નોવાળો સમુદ્ર એક જળથી જ ભરેલો છે અને તેમાં નાના મોટા અનેક તરંગો ઊછળે છે તે એક જળરૂપ જ છે, તેમ ઘણા ગુણોનો ભંડાર આ જ્ઞાનસમુદ્ર આત્મા એક જ્ઞાનજળથી જ ભરેલો છે અને કર્મના નિમિત્તથી જ્ઞાનના અનેક ભેદો-વ્યક્તિઓ આપોઆપ પ્રગટ થાય છે તે વ્યક્તિઓ એક જ્ઞાનરૂપ જ જાણવી, ખંડખંડરૂપે ન અનુભવવી. ૧૪૧.

## શ્લોક-૧૪૧ ઉપર પ્રવચન

(शार्दूलविक्रीडित)

अच्छाच्छाः स्वयमुच्छलन्ति यदिमाः संवेदनव्यक्तयो
निष्पीताखिलभावमण्डलरसप्राग्भारमत्ता इव।
यस्माभिन्नरसः स एष भगवानेकोऽप्यनेकीभवन्
वल्गत्युत्कलिकाभिरद्भुतनिधिश्चैतन्यरत्नाकरः।।१४१।।

ઓલો ભાવાર્થ હતો. [निष्पीत-अखिल-भाव-मण्डल-रस-प्राग्भार-मत्ताः इव] આહાહા..! **'પી જવામાં આવેલો જે સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસ તેની અતિશયતાથી જાણે કે મત્ત થઈ ગઈ હોય એવી...'** આહાહા..! શું કહે છે? કે, પોતાના ત્રિકાળી જ્ઞાનસ્વભાવનું અવલંબન લેવાથી જે નિર્મળ જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે તે સ્વપરને પ્રકાશે છે. પર્યાય જે નિર્મળ ઉત્પન્ન થાય છે તે સ્વપરને પ્રકાશે છે. એ આત્માને નુકસાન કરતી નથી. ભેદ છે તે નુકસાન કરે છે, એમ નહિ. ભેદનો આશ્રય કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે પણ ભેદ છે તે નુકસાન નથી. આહાહા..! શું કહે છે?

**'પી જવામાં આવેલો જે સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસ તેની અતિશયતાથી જાણે**

**કે મત્ત થઈ ગઈ હોય એવી...**' પરિણતિ. જ્ઞાનની મતિ, શ્રુત, અવધિ આદિ પર્યાય. ખરેખર તો મતિ-શ્રુતનું છે. એ મતિ, શ્રુતની પર્યાય જે દ્રવ્યના અવલંબનથી ઉત્પન્ન થઈ (તે) જાણે સમસ્ત પદાર્થોને પી ગઈ. આહાહા...! એ જ્ઞાનની પર્યાય નિર્મળ પ્રગટ થઈ તે પોતાને અને પરને, આખા લોકને પી ગઈ. એ જ્ઞાનની પર્યાયમાં આખા લોકાલોકનું જ્ઞાન આવી ગયું. આહાહા..!

પોતાનું ચૈતન્ય સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યના અવલંબનથી, જે મતિ-શ્રુતની પર્યાય ઉત્પન્ન થઈ તે સ્વને તો જાણે છે. સ્વદ્રવ્ય, ગુણ ને પર્યાયને જાણે છે પણ તે પર્યાય પોતાથી ભિન્ન વિશ્વ છે તેને પણ પોતામાં રહીને જાણે છે. એવી જ્ઞાનપર્યાય મસ્ત થઈ ગઈ, કહે છે. આહાહા..! સ્વપરને જાણનારી પર્યાય મસ્ત થઈ ગઈ. સ્વને અને પરને જાણવાથી. આહા..! ભલે પર્યાય છે. ત્રિકાળીની તો શું વાત કરવી? પણ ત્રિકાળીના અવલંબનથી જે મતિ-શ્રુત જ્ઞાન થયું તે સર્વ પદાર્થને પી જવાથી અતિશયતાથી જાણે મત્ત થઈ ગઈ. આહાહા..! એ મતિ-શ્રુત જ્ઞાન જ જાણે બધા દ્રવ્ય-ગુણને, પોતાની બધી પર્યાયને અને લોકાલોકને એક સમયમાં મતિ-શ્રુતજ્ઞાન આ રીતે જાણવાની તાકાત રાખે છે. મસ્ત થઈ ગઈ, કહે છે. આહાહા..! છે?

**[यस्य इमाः अच्छ-अच्छाः संवेदनव्यक्तयः] 'જેની આ નિર્મળથી પણ નિર્મળ સંવેદનવ્યક્તિઓ (-જ્ઞાનપર્યાયો, અનુભવમાં આવતા જ્ઞાનના ભેદો)...**' ભલે ભેદ હો. આહાહા..! પણ અભેદના અવલંબનથી જે નિર્મળ ઉત્પન્ન થાય છે, નિર્મળથી નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. એવી પર્યાય ઉત્પન્ન થાય છે. રાગ ને મલિનતાની પર્યાય ઉત્પન્ન થતી નથી. આવો માર્ગ છે. આહા..! સંવેદનવ્યક્તિ એટલે અંતરની અનુભવની દશાઓ, જ્ઞાનના ભેદ **'આપોઆપ ઊછળે છે,...**' કોઈ પરનું અવલંબન લઈને ઉત્પન્ન થાય છે, એમ નહિ. પોતાનો ભગવાન જ્ઞાનસ્વભાવ, તેના અવલંબનથી સ્વયમેવ પર્યાય મતિ, શ્રુતની ઉત્પન્ન થાય છે એ અતિશયતાના ભારથી નિર્મળથી નિર્મળ. એક પછી એક નિર્મળથી નિર્મળ ઉત્પન્ન થાય છે. સૂક્ષ્મ વિષય બહુ, ભાઈ! આહાહા..!

**'આપોઆપ ઊછળે છે,...**' પર્યાય આપોઆપ ઊછળે છે. એક તો અવલંબન તો લીધું પણ એ પર્યાય પોતાને કારણે આપોઆપ ઊછળે છે. મતિ, શ્રુત આદિ પર્યાય છે ભેદ, પણ આપોઆપ ઊછળે છે. આહા..! નિર્મળથી નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. ધારા. સૂર્યના કિરણો જેમ પ્રકાશમય હોય છે તેમ ભગવાનઆત્માની જ્ઞાનપર્યાય પ્રકાશ, નિર્મળ પર્યાય પ્રકાશમય હોય છે. આરે..! આવી વાતું હવે. **'આપોઆપ ઊછળે છે,...**'

**'सः एषः भगवान्'** આહાહા..! ભગ નામ લક્ષ્મી, વાન નામ સ્વરૂપની લક્ષ્મી. આહાહા..! પોતાના સ્વરૂપની લક્ષ્મી જે અંદરમાં ભરી છે, એ ભગવાન **'अद्भुतनिधिः चैतन्यरत्नाकरः' 'તે આ ભગવાન...**' તે આ ભગવાન. **'અદ્ભુત નિધિવાળો...**' અદ્ભુત નિધિથી ભરેલો.

ચૈતન્ય સમુદ્ર છે. **'ચૈતન્યરત્નાકર,...'** ચૈતન્યસમુદ્ર છે. આહાહા..! શરીર પ્રમાણે અવગાહન હોવા છતાં અંતર ચીજ જે છે એ તો અનંત અનંત ગુણના રસથી, નિધિ ભંડાર ભર્યો છે. આહા..! છે?

**'તે આ ભગવાન અદ્ભુત નિધિ...'** જગતની નિધિ જે રતન ને ધૂળની નીકળે, અબજો રૂપિયા નીકળે, ... નીકળે (એ નિધિ નહિ). આહા..! શ્વેતાંબરમાં એક આવે છે ને? 'વસ્તુપાળ-તેજપાળ.' બહુ કરોડોપતિ, અબજોપતિ. પછી જાત્રા કરવા નીકળ્યા ત્યારે પૈસા બહુ તે દાટવા ગયા, મકાનમાં જગ્યા ખાલી હતી (ત્યાં) દાટવા ગયા. દાટવા ગયા ત્યાં કરોડો, અબજો નીકળ્યા, અંદરથી નીકળ્યા. એટલે એની સ્ત્રી કહે છે, 'અન્નદાતા! તમે દાટો છો શું કરવા? અહીં તમે ખોદો છો ત્યાં અબજો રૂપિયા નીકળે છે. વાપરો બધા.' એવું શ્વેતાંબરમાં આવે છે. એવું થાય, એમાં શું છે? એવો શુભભાવ હોય, પણ એથી કરીને પંથ તો એ મિથ્યાદષ્ટિનો છે. આહાહા..! આકરી વાતું છે. અબજોપતિ! પૈસા ઘણા હતા. પોતાના નળકોળિયામાં જમીન ખાલી પડી હોય, નળકોળિયાને શું કહે છે? ખાલી. અમારા મકાન પાસે હતું. અમારા મારા બહુ પૈસાવાળા. અમારા મામાએ મકાન લીધું હતું એમાં એક જગ્યા ખાલી હતી, એ નળકોળિયો કહેવાય. ત્યાં પેશાબ કરે, પાણી નાખે. એમાં પૈસા દાટવા ગયા ત્યાં હીરાની ખાણ નીકળી. હીરાનો ચરુ નીકળ્યો, ચરુ. સ્ત્રી કહે છે કે, તમારા પગે પગે નિધાન અને આ દાટો છો શું કરવા? વાપરો તો ખરા.

અહીં કહે છે કે, ભગવાન તો અંદર નિધિ. ભગવાન અદ્ભુત નિધિ આ ચૈતન્ય રત્નમણિ, ચૈતન્યરૂપી મણિનો સમુદ્ર છે. ચૈતન્યરૂપી મણિનો સમુદ્ર ભગવાન છે. આહા..! કહો, આ તમારા હીરા-ફીરા કઈ ગણતરીમાં હોય? કરોડના, અબજના, ઢીકણા, ફીંકણા. અહીંયાં તો અદ્ભુત.. આહાહા..! ચૈતન્યરત્નાકર-ચૈતન્યરૂપી મણિથી ભરેલો સમુદ્ર છે. જ્ઞાનચેતના, દર્શનચેતના, આનંદ વગેરે અનંત ગુણરૂપી ચૈતન્યમણિ રતનની ખાણ આત્મા છે. આહાહા..! તેમાંથી કોઈ રાગદ્વેષ નીકળે એવી ખાણ નથી. એ તો પર્યાયનો આશ્રય કરે છે તો રાગદ્વેષ ઉત્પન્ન થાય છે, અંતર વસ્તુમાં એ નથી. આહાહા..!

**[अभिन्नरसः] 'જ્ઞાનપર્યાયોરૂપી તરંગો સાથે જેનો રસ અભિન્ન છે એવો,...'** શું કહે છે? કે, પોતાનો નિધિ ચૈતન્યરત્નાકર, તેમાં એકાગ્ર થયો, આલંબન લીધું તો પર્યાયમાં નિર્મળથી નિર્મળ પર્યાય થઈ, એ આત્મા જ્ઞાનથી અભિન્ન છે, એ જ્ઞાનથી ભિન્ન છે નહિ. આહાહા..! ભિન્ન ભિન્ન પર્યાય ઉત્પન્ન થઈ છતાં જ્ઞાનથી અભિન્ન છે, એમ કહે છે. જ્ઞાન શબ્દે આત્મા. આત્મા ચૈતન્યરત્નાકરનું અવલંબન લઈને જે અનેક નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ પણ એ પર્યાય ભલે હો, પણ એ પર્યાય આત્માથી અભિન્ન છે. રાગ જેમ ભિન્ન છે તેમ (આ) પર્યાય ભિન્ન નથી. આહાહા..! સમજાણું?

એ ચૈતન્યરત્નાકર, ચૈતન્યરૂપી મણિનો સમુદ્ર, તેના આલંબનથી જે પર્યાયમાં નિર્મળથી

નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ એ પર્યાય આત્માની સાથે અભિન્ન છે. રાગ જેમ ભિન્ન છે તેમ આ પર્યાય (ભિન્ન નથી). પર્યાય છે તે એક સમયની પર્યાય છે તો એ ભિન્ન છે એમ નહિ. આહા..! જુઓ! અહીં પર્યાયને સિદ્ધ કરવી છે. પર્યાય, તેના સામાન્યસ્વભાવની પર્યાય છે. સામાન્યસ્વભાવથી તે પર્યાય અભિન્ન છે. આહાહા..! અભિન્નનો અર્થ–એ તરફ વળેલી જ્ઞાનની પર્યાય છે. એ કોઈ રાગની છે કે વિકારની છે, એમ નહિ. બહુ આકરી વાત. આ નિર્જરા તેને થાય છે. આહાહા..!

ભગવાન ચૈતન્યસ્વભાવનો દરિયો ભર્યો છે. તેના અવલંબનથી પર્યાય જે અવસ્થામાં નિર્મળ નિર્મળ થઈ, ભલે પર્યાય છે પણ તે આત્માની પર્યાય છે, એ આત્માનું સ્વરૂપ છે, એ પર્યાય આત્માથી અભિન્ન છે. આહા..! પર્યાય છે તો તુચ્છ છે, કાઢી નાખવાની ચીજ છે, એમ નહિ એમ કહે છે. એ પર્યાય આત્માની છે. આત્માથી ઉત્પન્ન થઈ છે અને એ આત્માની છે. આહાહા..! રાગ આત્મામાંથી ઉત્પન્ન થતો નથી, રાગ પરલક્ષે પર્યાયમાં ઉત્પન્ન (થાય છે). કેમકે એવો કોઈ ગુણ નથી. ચૈતન્યરત્નાકર દરિયો છે એમાં કોઈ એક ગુણ એવો નથી કે વિકાર કરે. અનંત ગુણ તો પવિત્રતાથી ભરેલા છે. ગુણનો સ્વભાવ વિકાર કરવો એવું એમાં છે નહિ. પણ પર્યાય ઉપર લક્ષ કરીને, દ્રવ્ય સ્વભાવને છોડી દયે છે તેને પર્યાયમાં અધ્ધરથી રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. કોઈ ગુણ નહિ, દ્રવ્ય નહિ. આહાહા..! તો એ વિકાર આત્માથી ભિન્ન છે, પોતાની વાસ્તવિક પર્યાય નથી. આ અપેક્ષાએ (વાત છે, બાકી) છે તો શુભાશુભ પરિણામ, પર્યાય તેની. પણ અત્યારે તો નિર્જરા બતાવવી છે ને? નહિતર શુભાશુભભાવ છે તો આત્મસ્વરૂપ. એ તો પહેલા આવી ગયું, 'પ્રવચનસાર'. છે તો આત્માનું સ્વરૂપ જ. પર્યાય છે ને? પણ એ સ્વરૂપ વિકારી છે. અધ્ધરથી થયેલી વિકારી પર્યાય છે, દ્રવ્ય-ગુણના આશ્રયે થયેલી નથી. આહાહા..! અને જે આ નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે તેને દ્રવ્ય-ગુણનો આશ્રય છે. આહાહા..! આવો ઉપદેશ, લ્યો. મારગ ઝીણો બહુ, બાપા! આહા..!

એ **'જ્ઞાનપર્યાયોરૂપ તરંગો...'** તરંગો. જેમ સમુદ્રમાં તરંગ ઊઠે છે એ સમુદ્રથી કોઈ ભિન્ન નથી. સમુદ્રમાં જે તરંગ ઊઠે છે એ સમુદ્રથી ભિન્ન–જુદા નથી. એમ ભગવાન જ્ઞાન-સમુદ્ર ભગવાન, તેમાંથી તરંગ નામ નિર્મળ પર્યાય ઉઠે છે એ ભગવાનઆત્માથી ભિન્ન નથી. આહાહા..! અત્યારે તો જ્ઞાનપ્રધાન કથનમાં પર્યાય આત્માથી અભિન્ન છે. પરથી ભિન્ન બતાવી પર્યાય પોતાથી અભિન્ન છે એટલું બતાવવું છે. વળી જ્યારે પર્યાય અને દ્રવ્યની વ્યાખ્યા ચાલતી હોય ત્યારે પર્યાય દ્રવ્યથી ભિન્ન છે (એમ કહે). એ આવી ગયું છે, ૩૨૦ ગાથા. ધ્યાનની પર્યાય પણ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. જો ભિન્ન ન હોય, જો પારિણામિક સ્વભાવ સાથે અભિન્ન હોય તો જ્ઞાનની પર્યાયનો નાશ થશે તો મોક્ષ જ્યારે થશે ત્યારે પારિણામિક ભાવનો પણ નાશ થઈ જશે. અરે..! આવી વાતું. આહાહા..! ભગવાનના ઘરની

જુદી વાતું, બાપુ! એ નિર્જરા અને ધર્મ, કોઈ અલૌકિક વાતું છે, ભાઈ! આહા..!

ચૈતન્યના મણિથી ભરેલો સ્વયંભૂરમણ સમુદ્ર છે. છેલ્લો સ્વયંભૂરમણ (સમુદ્ર છે તેમાં) નીચે રેતી નથી, નીચે રતન છે. અસંખ્ય જોજનનો લાંબો છે, સ્વયંભૂ. સ્વયંભૂ! અસંખ્ય જોજનનો પહોળો. ચારે બાજુ વીંટાયેલો. અસંખ્ય દ્વિપ, સમુદ્રને આખો વીંટાઈને પડ્યો છે. છેલ્લો. એમાં નીચે રેતી નથી, નીચે હીરા, રત્ન પડ્યા છે. આખો રતનથી ભર્યો છે. એમ આ ભગવાન સ્વયંભૂ આત્મા, અંદર તળમાં અનંતા રતન ભર્યા છે. આહાહા..! જેમ એ સ્વયંભૂરમણના તળમાં રત્ન ભર્યા છે એમ ભગવાન સ્વયંભૂ, 'પ્રવચનસાર'ની સોળમી ગાથામાં કહ્યું, સ્વયંભૂ – પોતાથી ઉત્પન્ન થયો છે, પર્યાયમાં, હોં! છે તો છે અનાદિથી, પણ નિર્મળ પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. એવો સ્વયંભૂ, તેમાં અનંતા અનંતા ચૈતન્ય મણિના રતનથી ભરેલો છે. એના અવલંબનથી જે મતિ, શ્રુત આદિ પર્યાય ઉત્પન્ન થાય છે એ નિર્મળ છે, એ આત્માથી અભિન્ન છે. આહાહા..! છે?

**'જ્ઞાનપર્યાયોરૂપી તરંગો...'** ઓલા જેમ સમુદ્રમાં તરંગ (ઊઠે) એમ આ તરંગો. **'સાથે જેનો રસ અભિન્ન છે એવો,...'** [ **एकः अपि अनेकीभवन्** ] ભગવાન જ્ઞાનસ્વભાવે એકરૂપ હોવા છતાં પર્યાયમાં અનેકપણે ભગવાનઆત્મા થાય છે. આહાહા..! વસ્તુ તરીકે એક હોવા છતાં પર્યાય તરીકે અનેકપણે ભગવાન થાય છે. એ આત્મા અનેકપણે થાય છે, હોં! આહાહા..! હવે આમાં ક્યાં ચોપડામાં કાંઈ નીકળે નહિ, સંપ્રદાયમાં મળે નહિ. ચોપડામાં નીકળે નહિ. આહાહા..! શું છે આ વાત? બાપુ! આ તો ભગવાન ચૈતન્યસમુદ્ર પ્રભુ, તેના અવલંબનથી નિર્મળથી નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે એ પર્યાય સ્વપરને પી ગઈ. એ પર્યાય સ્વ-પરને પી ગઈ છે. એટલે સ્વપરને જાણે છે. એ જાણનારી પર્યાય આત્માથી ભિન્ન નથી. આહાહા..! એ એક હોવા છતાં [ **एकः अपि अनेकीभवन्** ] એકપણે આત્મા સામાન્ય હોવા છતાં **'અનેક થતો, જ્ઞાનપર્યાયોરૂપી તરંગો વડે...'** આહાહા..! **'દોલાયમાન થાય છે...'** જેમ સમુદ્ર તરંગથી ડોલાયમાન થાય છે એમ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ ચૈતન્ય રત્નાકર, તેના અવલંબનથી પર્યાયમાં તરંગો ડોલાયમાન થાય છે. આહાહા..! જેમ સમુદ્રનું પાણી આમ ઊછળીને ડોલાયમાન થાય છે તેમ પોતાની પર્યાયમાં જ્ઞાનતરંગથી ડોલાયમાન થાય છે. આહાહા..! આવી વાતું હવે. આહાહા..!

**'वल्गति' 'જ્ઞાનપર્યાયોરૂપી તરંગો વડે...' 'वल्गति' 'દોલાયમાન થાય છે–ઊછળે છે.'** આહાહા..! સમુદ્રમાં જેમ પાણી ઊછળે.. આહા..! તરંગ ઊછળે એમ જેણે સ્વરૂપ પૂર્ણાનંદના નાથની દૃષ્ટિ કરી, દૃષ્ટિમાં સ્વીકાર કર્યો, જ્ઞાનની પર્યાયમાં આખા જ્ઞેયને જાણી લીધું એવી પર્યાયમાં, એવા નિર્મળ તરંગ ઉઠે છે કે આત્માથી અભિન્ન હોવા છતાં ધ્રુવ છે તે ડોલાયમાન થતો નથી પણ પર્યાય જે ધર્મની, સમ્યગ્દર્શન, જ્ઞાનની ઉત્પન્ન થાય છે તે ડોલાયમાન (થઈને) ઊછળે છે, ઊછળે છે. આહા..! ભારે, ભાઈ! સમુદ્રમાં જેમ તરંગ ઊછળે અને સમુદ્ર આમ

ડોલાયમાન (થાય), આહા..! એમ ભગવાનઆત્મા અનંત ચૈતન્યરત્નાકરનો સમુદ્ર તેના અંદરમાં આલંબનથી અવસ્થામાં જે પર્યાયો પ્રગટ થાય છે તેનાથી-પર્યાયથી ભગવાન ઊછળે છે. સમુદ્રને કાંઠે જેમ ભરતી આવે, ભરતી, એમાં પૂનમને દિવસે પૂર્ણ ભરતી હોય છે. ચંદ્રના પૂનમને અને સંબંધ છે. ચંદ્રની પૂનમ હોય ત્યારે પૂર્ણ ભરતી (આવે). એમ ભગવાનઆત્મામાં જ્યારે પૂર્ણ એકાગ્રતા થાય છે... આહાહા..! તો કેવળજ્ઞાન આદિ પર્યાય અંદર ઊછળે છે. આહાહા..! સમજાણું? એ અંતરમાં એકાગ્રતાનું ફળ છે. એ કોઈ કર્મનો અભાવ થયો, કોઈ ક્રિયાકાંડ ઘણા કર્યા માટે આવી પર્યાય ઉત્પન્ન થઈ ગઈ એમ છે નહિ.

**ભાવાર્થ :- 'જેમ ઘણા રત્નોવાળો સમુદ્ર એક જળથી જ ભરેલો છે...'** એક જળરૂપ સામાન્ય. **'અને તેમાં નાના મોટા અનેક તરંગો ઊછળે છે તે એક જળરૂપ જ છે,...'** એ તરંગો જળરૂપ જ છે. **'તેમ ઘણા ગુણોનો ભંડાર...'** ભગવાન **'આ જ્ઞાનસમુદ્ર આત્મા એક જ્ઞાનજળથી જ ભરેલો છે...'** આહાહા..! પર્યાયની વાત નથી. જ્ઞાનજળથી ભરેલો પ્રભુ, ધ્રુવ. આહા..! **'અને કર્મના નિમિત્તથી જ્ઞાનના અનેક ભેદો-વ્યક્તિઓ...'** અંદરની પર્યાયની નિર્મળતા એક પછી એક વ્યક્તિ ઉત્પન્ન થાય છે, એ કર્મનું નિમિત્ત કહેવામાં આવે છે. છે તો પોતાના ઉપાદાનથી પણ કર્મનું એટલું નિમિત્ત છે. નિર્મળ પર્યાય અલ્પ છે પછી વિશેષ થાય છે, પછી વિશેષ થાય છે તો એમાં કર્મનો એટલો અભાવ થાય છે. પોતાને કારણે વૃદ્ધિ થાય છે તો કર્મનું નિમિત્તપણું તેને કારણે ઘટી જાય છે. આહાહા..!

**'અને કર્મના નિમિત્તથી જ્ઞાનના અનેક ભેદો-વ્યક્તિઓ આપોઆપ પ્રગટ થાય છે તે વ્યક્તિઓ એક જ્ઞાનરૂપ જ જાણવી,...'** આહાહા..! જુઓ! આ 'નિર્જરા અધિકાર'. નિર્જરાના ત્રણ પ્રકાર હોય છે. એક તો કર્મનું ખરવું તે નિર્જરા, બીજું અશુદ્ધિનું ગળવું તે નિર્જરા, ત્રીજું શુદ્ધતાની વૃદ્ધિ થવી તે નિર્જરા. એક પરની નિર્જરા, એક પોતાની અશુદ્ધ પર્યાયનું નાશ થવું અને પોતાની શુદ્ધ પર્યાયની પુષ્ટિ-વૃદ્ધિ થવી. ત્રણેને નિર્જરા કહેવામાં આવે છે. પરની નિર્જરા તે અસદ્ભુત વ્યવહારનય, અશુદ્ધતાની નિર્જરા-અશુદ્ધતાનું ગળવું તે અશુદ્ધનિશ્ચયનો વિષય અને શુદ્ધિની વૃદ્ધિ થાય છે... આહાહા..! ખરેખર એ નિર્જરા છે. કેમકે સંવરમાં જે શુદ્ધિ ઉત્પન્ન થાય છે તેનાથી નિર્જરામાં વિશેષ શુદ્ધિ છે અને મોક્ષમાં પૂર્ણ શુદ્ધિ છે. એ શુદ્ધિના પ્રકાર છે. સમજાણું? આહાહા..!

**'એક જ્ઞાનરૂપ જ જાણવી,...'** એ જેટલી પર્યાય પ્રગટ થાય પણ એ જ્ઞાનરૂપ જ જાણવી. જ્ઞાનસ્વભાવમાંથી ઉત્પન્ન થઈ છે અને જ્ઞાનસ્વભાવથી અભિન્ન છે. આહાહા..! એ એકસ્વરૂપ ભગવાન અનેકપણે થાય છે. પોતાને કારણે, હોં! આહાહા..! ભગવાન એકસ્વભાવી જ્ઞાનસ્વરૂપી ધ્રુવ એકસ્વભાવી, એવો હોવા છતાં પણ પર્યાયમાં અનેકરૂપે ઊછળે છે. એ એક અનેકરૂપે થાય છે. એક તો એકરૂપે રહે જ છે પણ એક એકરૂપે રહેતો હોવા છતાં એક અનેકરૂપે પણ પરિણમન કરે છે. આહાહા..! સમજાણું? બધો વિષય અજાણ્યો છે. બહારની પ્રવૃત્તિમાં

લોકોને અંદર ભગવાન બિરાજે છે (એની ખબર નથી). આહાહા..! એના ભેટા એકવાર તો કર, પ્રભુ! આહાહા..! એના મિલન તો કર. આહા..! કોઈ સારા માણસ આવે તો (હાથ) મિલાવે. તમારે મહાજનમાં તો રિવાજ (છે), મહાજન-મહાજન મળે તો હાથ મિલાવે. ખબર છે ને! એમ એકવાર ભગવાનની સાથે મેળાપ તો કર. આહાહા..! એ ચૈતન્ય ભગવાન રત્નાકર સ્વભાવથી ભરેલો છે તેની સાથે એકવાર મેળાપ તો કર. આહાહા..! તેના મેળાપથી તારી પર્યાયમાં નિર્મળતા અનેક ઉત્પન્ન થશે, એ એક અનેકરૂપે થાય છે. આહાહા..! એક અનેકરૂપે થાય છે તેનો અર્થ? એક તો એકરૂપે રહે જ છે પણ એક પર્યાયમાં અનેકરૂપે થાય છે, એમ કહ્યું. એક અનેકમાં આવે છે અને અનેક થાય છે, એમ છે નહિ. શું કહ્યું? એક અનેકરૂપે થાય છે (એમ કહ્યું તો) એકરૂપ છોડીને અનેકરૂપ થાય છે, એમ નહિ. આહાહા..!

ભગવાન એકરૂપ તો કાયમ રહે છે. આહાહા..! એકરૂપ રહેવા છતાં પર્યાયમાં અનેકરૂપ થાય છે. આહાહા..! તેનું નામ નિર્જરા કહે છે. શુદ્ધિ ઉત્પન્ન થઈને! એ નિર્જરા, અસ્તિથી. અશુદ્ધતાનો નાશ નાસ્તિથી (કહેવાય) અને કર્મનો નાશ તો અસદ્‌ભુત વ્યવહાર (થી કહેવાય). તેની પર્યાય નાશ થવાને લાયક હતી તો નાશ થઈ છે. નાશનો અર્થ? કર્મરૂપ પર્યાય અકર્મરૂપે થઈ એ કર્મનો નાશ થયો એમ કહેવામાં આવે છે. કંઈ વસ્તુનો નાશ થાય છે? એ કર્મરૂપ પર્યાયનો વ્યય થઈને અકર્મરૂપ થઈ એ કર્મનો નાશ થયો એમ કહેવામાં આવે છે. આહાહા..!

## શ્લોક–૧૪૨

किञ्च-

(शार्दूलविक्रीडित)

क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः
क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।
साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं
ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।।१४२।।

---

હવે વળી વિશેષ કહે છે :-

શ્લોકાર્થ :- [ दुष्करतरैः ] કોઈ જીવો તો અતિ દુષ્કર (મહા દુઃખે કરી શકાય એવાં) અને [ मोक्ष-उन्मुखैः ] મોક્ષથી પરાઙ્‌મુખ એવાં [ कर्मभिः ] કર્મો વડે [ स्वयमेव ] સ્વયમેવ

(અર્થાત્ જિનાજ્ઞા વિના) [ क्लिश्यन्तां ] ક્લેશ પામે તો પામો [ च ] અને [ परे ] બીજા કોઈ જીવો [ महाव्रत-तपः-भारेण ] (મોક્ષની સંમુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં) મહાવ્રત અને તપના ભારથી [ चिरम् ] ઘણા વખત સુધી [ भग्नाः ] ભગ્ન થયા થકા (-તૂટી મરતા થકા) [ क्लिश्यन्तां ] ક્લેશ પામે તો પામો; (પરંતુ) [ साक्षात् मोक्षः ] જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, [ निरामयपदं ] નિરામય (રોગાદિ સમસ્ત ક્લેશ વિનાનું) પદ છે અને [ स्वयं संवेद्यमानं ] સ્વયં સંવેદ્યમાન છે (અર્થાત્ પોતાની મેળે પોતે વેદવામાં આવે છે) એવું [ इदं ज्ञानं ] આ જ્ઞાન તો [ ज्ञानगुणं विना ] જ્ઞાનગુણ વિના [ कथम् अपि ] કોઈ પણ રીતે [ प्राप्तुं न हि क्षमन्ते ] તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી.

ભાવાર્થ :- જ્ઞાન છે તે સાક્ષાત્ મોક્ષ છે; તે જ્ઞાનથી જ મળે છે, અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી. ૧૪૨.

## શ્લોક-૧૪૨ ઉપર પ્રવચન

(शार्दूलविक्रीडित)

क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः
क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।
साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं
ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।।१४२।।

[दुष्करतरैः] **'કોઈ જીવો તો અતિ દુષ્કર (મહા દુઃખે કરી શકાય એવાં) અને મોક્ષથી પરાङ્મુખ એવાં કર્મો વડે...'** (અર્થાત્) ક્રિયા. અજ્ઞાની કરે છે ને? વ્રત ને ઓલી અગ્નિ ધુણાવે ને અગ્નિમાં આમ (નાખે), મિથ્યાદૃષ્ટિ. એ **'કર્મો વડે સ્વયમેવ (અર્થાત્ જિનાજ્ઞા વિના)...'** ત્યાં તો વ્યવહારની જિનાજ્ઞા પણ નથી. મિથ્યાદૃષ્ટિ જે પોતાના સ્વચ્છંદથી ક્રિયાકાંડ કરે છે એ તો જિનાજ્ઞાનો વ્યવહાર પણ નથી. સમજાણું? આહા..! મિથ્યાદૃષ્ટિ જિનાજ્ઞા બહાર પોતાના ક્રિયાકાંડમાં ક્લેશ, અપવાસ (કરે), ધૂણી ધખાવે, અગ્નિમાં બળે એ બધી ક્રિયા જિનાજ્ઞા બહારની, વ્યવહાર જિનાજ્ઞા બહારની (છે). એમાં ક્લેશ પામે છે. છે?

**'સ્વયમેવ (અર્થાત્ જિનાજ્ઞા વિના)...'** જિનાજ્ઞા વિના એટલે? જૈનદર્શનમાં સંપ્રદાયમાં નહિ અને જિનાજ્ઞા જે વ્યવહારની છે, મહાવ્રતાદિ એ નહિ. એ તો અજ્ઞાની પોતાના અજ્ઞાનથી ક્રિયાકાંડમાં જોડાય છે. આહા..! બાર બાર વર્ષ સુધી ઉભો રહે, બેસે નહિ. બધું ઉભા ઉભા (કરવાનું). અમારા 'પાલેજ'માં એક બાવો આવ્યો હતો. ત્યાં બહાર (એક) ધર્મશાળા

છે. બાર વર્ષ સુધી આમ ને આમ ઉભો. એવો ક્લેશ કરો તો કરો. એ તો વીતરાગની વ્યવહાર આજ્ઞાથી પણ બહાર છે. આહાહા..!

**'કોઈ જીવો તો અતિ દુષ્કર...'** અજ્ઞાની. જૈનના વ્યવહારથી બહાર. **'મોક્ષથી પરાઙ્મુખ એવાં કર્મો...'** વિકારી પરિણામ. ક્લેશ, શુભભાવ, અશુભ આદિ. એ કરે તો કરો. **'(જિનાજ્ઞા વિના) ક્લેશ પામો તો પામો...'** એ તો ક્લેશ છે. આહાહા..! **'અને બીજા કોઈ જીવો...' [મહાવ્રત-તપઃ-ભારેણ] '(મોક્ષની સંમુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં)...'** વ્યવહારનયથી જિનાજ્ઞામાં પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિનો અધિકાર છે પણ એ આત્માના ભાન વિના, જ્ઞાનસ્વભાવના ભાન વિના એ મહાવ્રતથી.. આહા..! અને **'તપના ભારથી ઘણા વખત સુધી...'** લાખો કરોડો વર્ષ સુધી **'ભગ્ન થયા થકા...'** મરી જાય, કહે છે. ભગ્ન થઈ જાય. એવી ક્રિયા જૈનની આજ્ઞા બહારની, એટલે એ કથંચિત્ જિનાજ્ઞારૂપ વ્યવહાર છે. જૈનમાં રહેલા. વ્રત ને તપ ને ક્લેશ કરે તો કરો. આહાહા..!

મુમુક્ષુ :– મહિના મહિનાના તપ કરે.

ઉત્તર :– મહિના, પહેલા છ-છ મહિનાના અપવાસ કરતા. અત્યારે તો મહિનાના ચાલે છે. પહેલા છ છ મહિનાના (કરતા). આહા..! એમાં શું છે? કહે છે. જ્યાં આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન, એના આશ્રયનું અવલંબન નથી એ વિના ભગવાને કહેલી વ્યવહાર આજ્ઞા, મહાવ્રતાદિ કરે તો કરો. મહાવ્રત અને તપનો ભાર, લખ્યું છે? **'(મોક્ષની સંમુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં) મહાવ્રત અને તપ...'** આહાહા..! **'ભારેણ'** છે ને? **'મહાવ્રત-તપઃ-ભારેણ'** શબ્દ છે. બોજો છે, કહે છે. આહાહા..! એ શુભભાવની ક્રિયા આત્માનો બોજો છે. આહાહા..! મહાવ્રત અને તપ, બેય. મહાવ્રત એ આચરણ વ્યવહાર અને તપ (એટલે) અપવાસાદિ. મહાવ્રત અને તપ. વ્યવહારચારિત્ર અને વ્યવહારતપ. આહાહા..!

**'ભગ્ન થયા થકા...'** એ મોક્ષની ઉન્મુખ, આજ્ઞા બહાર. વ્યવહારની આજ્ઞા કથંચિત્ છે. પણ એ એકલી વ્યવહારની આજ્ઞામાં જ રહે છે તે તપોભારથી ભગ્ન થઈને. આહાહા..! **'(–તૂટી મરતા થકા)...'** ઓહોહો..! શું કહે છે? ભગ્ન નામ એટલી ક્રિયા કરે, એટલી ક્રિયા કરે, શરીર જીર્ણ થઈ જાય. આહાહા..! અત્યારે તો કોઈ એટલા વર્ષીતપ કરે, આઠ આઠ, દસ અપવાસ કરે, દસ-બાર વર્ષની છોડી હોય એ છેલ્લે અપવાસે મરી જાય તોય ખેંચ્યા કરે, છેલ્લે દેહ છૂટી જાય. એવા ઘણા હોય. આહાહા..! કહે છે, એવો ક્લેશ કરો તો કરો. ભલે જૈનઆજ્ઞામાં આવીને વ્યવહાર (પાળે) પણ એ ક્લેશ છે. આહાહા..!

**'ઘણા વખત સુધી ભગ્ન થયા થકા ક્લેશ પામે તો પામો;...'** એ ક્લેશ છે. આહાહા..! એ વર્ષીતપ ને આઠ અપવાસ ને પજોસણના દસ દિ' પાણી વિનાના ચોવિહારા કરે. ... આહા..! એવું કરો તો કરો. શરીરના કષ્ટથી ભગ્ન નામ મરી જાય એવી ક્રિયા હો તોપણ.. આહા..! ક્લેશ છે. **'જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, નિરામય (રોગાદિ સમસ્ત ક્લેશ વિનાનું) પદ છે...'** એ શુભ(ભાવ) છે એ તો રોગ છે. આહાહા..! શુભરાગની મહાવ્રતની તપની

ક્રિયા એ તો રોગ છે. આહાહા..! રાગ છે, રોગ છે. આહાહા..!

સાક્ષાત્ મોક્ષસ્વરૂપ તો નિરામય. આમય નામ રોગરહિત. સમસ્ત ક્લેશથી રહિત. આહા..! શું કહે છે? જે મોક્ષનું કારણ છે એ તો ક્લેશ રહિત છે. ક્લેશ નામ શુભરાગથી રહિત છે. ક્લેશ(રહિત) નામ શુદ્ધ નિર્મળ પરિણતિવાળું છે અને આનંદની પર્યાયસહિત છે અને રાગની ક્રિયા તો દુઃખ સાથે દુઃખરૂપ છે, ક્લેશ છે. આહાહા..! આત્માના જ્ઞાન વિના, અનુભવ વિના એ ક્રિયાઓ કરે તો કરો, ચૂરો થઈને મરી જાઓ, પણ તેનાથી તને ધર્મ નથી. આહાહા..!

નિરામય–આમય નામ ભાવ રોગાદિ સમસ્ત ક્લેશ રહિત પદ છે, ભગવાન, એ તો **'સ્વયં સંવેદ્યમાન છે...'** પોતાના આનંદનું સ્વયં વેદન કરવું, અતીન્દ્રિય આનંદનું (વેદન કરવું) એ આનંદ મોક્ષની ક્રિયા છે. આહાહા..! આવી વાતું, લ્યો. બિચારા આટલા આટલા અપવાસ કરે, દસ દસ બાર વર્ષની છોડીયું, ફોટા આવે કે બાર વર્ષની છોડીએ દસ અપવાસ કર્યા, કોઈમાં આઠ કરે, ફોટા આવે (એટલે) રાજી રાજી થઈ જાય. આહાહા..! એ ક્લેશ કરો તો કરો, મરી જાઓ, ભગ્ન નામ શરીરનો ચૂરો થઈ જાય પણ તેનાથી ધર્મ થતો નથી. આહાહા..!

મુમુક્ષુ :– કર્મકાંડને તો ઉડાડી દીધા.

ઉત્તર :– કહે છે, મરી જાને કર્મકાંડ કરીને. એ તો રાગ છે, રોગ છે. આહાહા..! આ યજ્ઞ કરે છે ને એ બધી ક્રિયાઓ તો જિનાજ્ઞા બહારની, વ્યવહારવાળાની એ તો મરી જાય. કરે ને તપસ્યા, નગ્ન થઈને બેસે ને અગ્નિ, ૧૦૮ ધૂણી લગાવે. પાંચ છાણા અહીં, પાંચ છાણાં અહીં, પાંચ છાણા અહીં (એમ) ૧૦૮ (છાણા મૂકે) અને વચમાં બેસે અને અગ્નિ (સળગાવે). એવા બાવા હોય છે. લોઢાના સળિયા, લોઢા હોય ને લોઢા? એના અણીદાર સળિયા હોય એના ઉપર સૂવે. આ અન્યમતિના બાવા એવા હોય છે. લોઢાના પચીસ-પચાસ (સળિયા) લાંબા હોય એમાં સૂવે. અણી, હોં ! અણીદાર, એની ઉપર સૂવે. શરીરમાં કાણા પડી જાય. એમાં શું છે? એ તો અન્યમતની વાત કરી. અહીં તો જૈનમતમાં રહેલા, કથંચિત્ વ્યવહાર જિનાજ્ઞામાં કહ્યો છે પણ નિશ્ચયના ભાન વિના એ વ્યવહાર કરે છે, મરી જાઓ, કહે છે. આહાહા..!

એ પદ છે એ તો **'સ્વયં સંવેદ્યમાન છે...'** નિજ આનંદનું વેદન થવું એ મોક્ષના કારણરૂપ ક્રિયા છે. આનંદસ્વરૂપ ભગવાનની આનંદમય પર્યાય, આનંદનું વેદન છે. સ્વયં ઉપલભ્મ્યમાનં– એ આત્માથી પ્રાપ્ત થાય છે. આહાહા..! આવી વાતું હવે. **'અને સ્વયં સંવેદ્યમાન છે...'** એક તો નિરામય પદ છે, રાગ વિનાનું પદ છે અને બીજું સ્વસંવેદ્યમાન છે. તેને કારણે સ્વ આનંદ સ્વરૂપ ભગવાન, તેનું સ્વ નામ પોતાનું વેદન, આનંદનું વેદન પર્યાયમાં છે. આહાહા..!

**'એવું આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના...'** એવો જ્ઞાનગુણ એટલે આત્માના સ્વભાવ વિના.

આહાહા..! **'કોઈ પણ રીતે...'** જ્ઞાનને જ્ઞાનગુણ વિના, આવી ક્રિયાકાંડથી કોઈ પણ રીતે પ્રાપ્ત નથી કરી શકતા. આહાહા..! શુભભાવની અથાગ ક્રિયા કરો. ઓહો..! ભગવાનની પૂજામાં આખો દિ' બેસે અને રાડેરાડ પોકારે, સ્તુતિ કર્યા કરે. (એ) કરો તો કરો, કહે છે બધું ક્લેશ છે. શું ત્યારે કરે આ બધું? આ પંદર લાખના મંદિર કરો છો ને? અહીં તો કહે છે, એ તો શુભભાવ છે. એ શુભભાવમાં રહો કહે છે, પણ ક્લેશ છે. આહાહા..!

આત્માના અનુભવની દૃષ્ટિપૂર્વક જે શુભરાગ આવે છે એ પણ જ્ઞાનીને તો બંધનું કારણ છે. આવે તો છે. સમજાણું? જ્ઞાની ધર્મીને પોતાના દ્રવ્યના અવલંબનથી આનંદની શુદ્ધ ધારા તો વહે છે, નિરંતર આનંદની ધારા એ તો મોક્ષનું કારણ છે પણ તેની સાથે નબળાઈથી શુભભાવ આવે છે એ બંધનું કારણ છે. સમજાણું? એક બાજુ એમ કહે કે, જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. એક બાજુ એમ કહે કે, જ્ઞાનીને જે શુભભાવ આવે છે એ બંધનું કારણ છે. કઈ અપેક્ષા છે? જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ હોય તો (એ) છોડીને ચારિત્ર લેવાની જરૂર નથી. શાસ્ત્રમાં તો આવ્યું છે કે, જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. એ તો કઈ અપેક્ષાએ? દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર લાગ્યું છે, એ દૃષ્ટિના વિષયમાં બંધનું કારણ છે નહિ તો જે રાગ આવે છે એ પણ છૂટી જાય છે. એવી કથન શૈલી દૃષ્ટિની પ્રધાનતાથી છે. એ દૃષ્ટિની નિર્મળતાનું જોર કેટલું છે તે બતાવવું છે પણ ભોગ છે એ નિર્જરાનું કારણ હોય તો ભોગ તો રાગ છે, અશુભરાગ છે.

અહીં તો જ્ઞાનીને પોતાના જ્ઞાનના અવલંબને પવિત્રતા પ્રગટ થઈ એ ધારામાં પવિત્રતા અલ્પ છે તો સાથે ભક્તિ આદિનો રાગ આવે છે પણ એ રાગ હેયબુદ્ધિએ આવે છે. આહાહા..! હેયબુદ્ધિએ જ્ઞેય (છે). અને આ ત્રિકાળી સ્વભાવ ઉપાદેયબુદ્ધિએ જ્ઞેય (છે). અરે..! આવી વાતું. આવે છે. એકાવતારી ઇન્દ્ર. આઠમા નંદિશ્વર દ્વિપમાં બાવન જિનાલય છે ત્યાં આઠ દિવસ જાય. અષાઢ સુદ આઠમથી પૂનમ, ફાગણ સુદ આઠમથી પૂનમ અને કારતક સુદ આઠમથી પૂનમ. નંદિશ્વર દ્વિપ(માં) માણસ ન જઈ શકે, અઢી દ્વિપ બહાર માણસ ન જઈ શકે. દેવ જાય. હજારો, લાખો દેવ ત્યાં ઘૂઘરા બાંધીને નાચે, પણ જાણે કે એ ક્રિયા જડની છે. ઉલ્લાસનો ભાવ જરી શુભ છે, એ હેય છે પણ અત્યારે આવ્યા વિના રહેતો નથી. અશુભથી બચવા એ ભાવ આવ્યો, પણ એ ધર્મ નહિ. આહાહા..! અત્યારે આ વાંધા ઇ મોટા ઉઠ્યા છે ને? કે, આવી ક્રિયાઓ કરે, બિચારા પરિષહ સહન કરે. પણ પરિષહ સહન (કરે છે) એટલે શું? હજી સમ્યક્ ચૈતન્ય શું છે તેનું ભાન તો નથી. તેને પરિષહ કહેતા જ નથી. તેને પરિષહ કહેતા જ નથી. પરિષહ તો જેને આત્મજ્ઞાન થયું છે, રાગનો અભાવ થઈને થોડી સ્થિરતા થઈ તેમાં જે પ્રતિકૂળતા આવી તેને પરિષહ કહે છે. જ્ઞાનીને જ પરિષહ છે. અજ્ઞાનીને પરિષહ છે નહિ. અજ્ઞાનીને તો એકલું દુઃખનું કારણ છે, પરિષહ નહિ. આહાહા..! બહુ ફેર.

**'એવું આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના...'** પોતાના સ્વભાવને સ્વભાવના આશ્રયની પરિણતિ

વિના **'કોઈ પણ રીતે...'** કોઈ પણ રીતે, કોઈ પણ પ્રકારે. ભગવાનનો વિનય કરો, ભગવાનની ભક્તિ કરો, નવકાર ગણો, ચોવીશ કલાક નિંદ્રા ન લેવી, ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં.. ક્લેશ કરો તો કરો. પણ જ્ઞાનગુણ વિના જ્ઞાન. પોતાનો જ્ઞાનસ્વભાવ અંતર જ્ઞાનની એકાગ્રતા વિના એ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. આહાહા..! સમજાણું?

**'જ્ઞાન તો જ્ઞાનગુણ વિના...'** એ શું કહે છે? જ્ઞાનને પોતાના જ્ઞાનગુણ વિના. પોતાના જ્ઞાનગુણના આશ્રય વિના જ્ઞાનને કોઈપણ રીતે. પોતાનો જ્ઞાનસ્વરૂપી ભગવાન, તેના અવલંબન વિના. જ્ઞાનને કોઈપણ રીતે પ્રાપ્ત કરી શકતા નથી. પર્યાયમાં નિર્મળ પર્યાય, જ્ઞાનગુણના અવલંબન વિના પ્રાપ્ત કરી શકતા નથી. આહાહા..! બાર-બાર મહિનાના અપવાસ કરે, (આખી) જિંદગી બાળબ્રહ્મચારી (રહે), જિંદગીમાં સ્ત્રીનો સંગ ન હોય, તેથી શું? એ તો પરલક્ષી ભાવ શુભ છે. મૂળ બ્રહ્મચર્ય નહિ. આહાહા..! મૂળ બ્રહ્મચર્ય તો બ્રહ્મ નામ આનંદનો નાથ, એમાં રમવું એ બ્રહ્મચર્ય છે. શરીરથી સ્ત્રીનો ત્યાગ થયો એટલે એ બ્રહ્મચારી છે એમ છે નહિ. સમજાણું? બ્રહ્મ નામ આત્માના આનંદમાં ચરવું નામ રમવું.

કહ્યું હતું ને એકવાર? 'પદ્મનંદિ પંચવિંશતિકા'. બ્રહ્મની વ્યાખ્યા કરતા કરતા (આચાર્ય કહે છે), બ્રહ્માનંદ ભગવાનમાં રમવું એ બ્રહ્મચર્ય. બ્રહ્મ નામ આનંદમાં ચરવું નામ રમવું. બહુ વિસ્તાર કર્યો પછી મુનિ કહે છે, અરે.. યુવાનો ! તમને ભોગના રસમાં, સ્ત્રીનું શરીર સારું રૂપાળું, એનું રૂપાળું, પૈસા કરોડ, બે કરોડ, પાંચ કરોડ (હોય), બંગલા બે-પાંચ લાખના (હોય), આહાહા..! એ તારી પથારી, રેશમના ગાદલા એમાં તને રસ પડતો હોય પ્રભુ ! તો આ મારી વાત તને નહિ રુચે. મારી વાત ન રુચે તો માફ કરજે, પ્રભુ ! અમે તો મુનિ છીએ, અમારી પાસે તમે કઈ આશા રાખશો? 'લક્ષ્મીચંદભાઈ' ! મુનિ દિગંબર સંત, આત્માના આનંદમાં ઝૂલનારા, એ બ્રહ્મચર્યની વ્યાખ્યા કરતા કરતા કરતા કરતા એમ કહ્યું, હે યુવાનો ! તમને આ વાત, આ રસમાં.. આહાહા..! ઘેલછાઈના રસમાં તને આ વાત નહિ ગોઠે, આ શું બકે છે? એમ તને લાગશે. પ્રભુ ! માફ કરજે. અમે તો મુનિ છીએ, બીજું શું કહીએ? અમારી પાસે કઈ આશા રાખશો? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૮૫ શ્લોક-૧૪૨, ૧૪૩ ગાથા-૨૦૫, બુધવાર, શ્રાવણ વદ ૮, તા. ૧૫-૦૮-૧૯૭૯

---

૨૦૪ ગાથા પૂરી થઈ, ભાવાર્થ છે. **'જ્ઞાન છે તે સાક્ષાત્ મોક્ષ છે;...'** જ્ઞાનસ્વરૂપ એ સાક્ષાત્ મોક્ષ છે. **'તે જ્ઞાનથી જ મળે છે,...'** આહા..! પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય, એ મોક્ષ જ્ઞાન છે તો તેની ક્રિયા, ઉપાય જે જ્ઞાનસ્વરૂપ ભગવાન, તેમાં એકાગ્ર થવું તે જ્ઞાનથી પ્રાપ્ત થાય છે. આહાહા..! **'અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી.'** એ વિશેષ કહેશે.

## ગાથા-૨૦૫

णाणगुणेण विहीणा एदं तु पदं बहु वि ण लहंते।
तं गिण्ह णियदमेदं जदि इच्छसि कम्मपरिमोक्खं।।२०५।।
ज्ञानगुणेन विहीना एतत्तु पदं बहवोऽपि न लभन्ते।
तद् गृहाण नियतमेतद् यदीच्छसि कर्मपरिमोक्षम्।।२०५।।

यतो हि सकलेनापि कर्मणा, कर्मणि ज्ञानस्याप्रकाशनात्, ज्ञानस्यानुपलम्भः। केवलेन ज्ञानेनैव, ज्ञान एव ज्ञानस्य प्रकाशनात्, ज्ञानस्योपलम्भः। ततो बहवोऽपि बहुनापि कर्मणा ज्ञानशून्या नेदमुपलभन्ते, इदमनुपलभमानाश्च कर्मभिर्न मुच्यन्ते। ततः कर्ममोक्षार्थिना केवलज्ञानावष्टम्भेन नियतमेवेदमेकं पदमुपलम्भनीयम्।

---

હવે આ જ ઉપદેશ ગાથામાં કરે છે :-

બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;
રે ! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને. ૨૦૫.

ગાથાર્થ :- [ ज्ञानगुणेन विहीनाः ] જ્ઞાનગુણથી રહિત [ बहवः अपि ] ઘણાય લોકો (ઘણા પ્રકારનાં કર્મ કરવા છતાં) [ एतत् पदं तु ] આ જ્ઞાનસ્વરૂપ પદને [ न लभन्ते ] પામતા નથી; [ तद् ] માટે હે ભવ્ય ! [ यदि ] જો તું [ कर्मपरिमोक्षम् ] કર્મથી સર્વથા મુક્ત થવા [ इच्छसि ] ઇચ્છતો હો તો [ नियतम् एतत् ] નિયત એવા આને (જ્ઞાનને) [ गृहाण ] ગ્રહણ કર.

ટીકા :- કર્મમાં (કર્મકાંડમાં) જ્ઞાનનું પ્રકાશવું નહિ હોવાથી સઘળાંય કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી; જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી કેવળ (એક) જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માટે જ્ઞાનશૂન્ય ઘણાય જીવો, પુષ્કળ (ઘણા પ્રકારનાં) કર્મ કરવાથી પણ આ જ્ઞાનપદને પામતા નથી અને આ પદને નહિ પામતા થકા તેઓ કર્મથી મુક્ત થતા નથી; માટે કર્મથી મુક્ત થવા ઇચ્છનારે કેવળ (એક) જ્ઞાનના આલંબનથી, નિયત જ એવું આ એક પદ પ્રાપ્ત કરવા યોગ્ય છે.

ભાવાર્થ :- જ્ઞાનથી જ મોક્ષ થાય છે, કર્મથી નહિ; માટે મોક્ષાર્થીએ જ્ઞાનનું જ ધ્યાન કરવું એમ ઉપદેશ છે.

---

## ગાથા-૨૦૫ ઉપર પ્રવચન

**णाणगुणेण विहीणा एदं तु पदं बहु वि ण लहंते।**
**तं गिण्ह णियदमेदं जदि इच्छसि कम्मपरिमोक्खं।।२०५।।**
**બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;**
**રે ! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને. ૨૦૫.**

**ટીકા :–** '**કર્મમાં (કર્મકાંડમાં)...**' હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ તો પાપ છે. પણ દયા, દાન, પૂજા, વ્રત, ભક્તિ એ ક્રિયાકાંડ પુણ્ય છે. આહાહા..! એ 'કર્મ' શબ્દે... છે? '**કર્મમાં...**' એટલે '**(ક્રિયાકાંડમાં)...**' આહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એ બધી ક્રિયા શુભભાવ (છે). એ શુભભાવથી '**જ્ઞાનનું પ્રકાશવું નહિ હોવાથી...**' આત્મા ચિદાનંદ ભગવાન, એ રાગની ક્રિયાથી વિકાસ થતો નથી, શુદ્ધ પરિણતિ તેનાથી થતી નથી. આવી વાત. આહા..!

કર્મમાં એટલે કર્મકાંડ નામ રાગની ક્રિયામાં જ્ઞાનનું પ્રકાશવું થતું નથી. આત્મ સ્વભાવ તેનાથી વિકસીત થતો નથી. આહા..! એ તો રાગ છે. આહાહા..! ચાહે તો બાર પડિમા હો ચાહે તો પંચ મહાવ્રત હો, ચાહે તો મહિના મહિનાના અપવાસના ભાવ હો, બધો રાગ છે, ક્રિયાકાંડ છે, તેમાં કોઈ ધર્મ નથી.

મુમુક્ષુ :– તપ પણ રાગ?

ઉત્તર :– તપેય રાગ છે. વ્રત ને તપ, દયા ને દાન, પૂજા ને ભક્તિ છ બોલ આવી ગયા. આહાહા..! એ બધો શુભરાગ છે, કર્મકાંડ છે, રાગના કાર્યરૂપી કર્મકાંડ છે. આહાહા..! આવી વાત.

તેથી '**સઘળાંય કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી;...**' પહેલા સાધારણ વાત કરી કે, રાગની ક્રિયાથી જ્ઞાન નામ આત્માના ધર્મનો લાભ આત્માને થતો નથી. તેથી સમસ્ત કર્મ, ચાહે તો ભગવાનનો વિનય કરે, ભગવાનની ભક્તિ કરે, પંચ નવકાર ગણ્યા કરે, ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાંણ (કરે), આહાહા..! (એ) સમસ્ત ક્રિયાકાંડ રાગ છે. આવી વાત છે. સમસ્ત કર્મ નામ ક્રિયાકાંડથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. આહાહા..! જેમાં ભગવાન આનંદસ્વરૂપ જ્ઞાયક સ્વભાવ એ ક્રિયાકાંડ સમસ્ત રાગાદિ ક્રિયાથી, શુભ હોં! અશુભની તો વાત જ શું કરવી? આહા..! હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ એ તો પાપ પરિણામ, ઓ..હો..! દુર્ગતિનું કારણ છે. પણ પુણ્ય પરિણામ પણ ચૈતન્યગતિનું કારણ નથી. આહા..! એ કર્મકાંડથી આત્માની

પ્રાપ્તિ કિંચિત્ થતી નથી. એ કર્મકાંડથી આત્માને કિંચિત્ ધર્મ થતો નથી. આહાહા..!

**'જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી...'** ભગવાન આ જ્ઞાનસ્વરૂપ, એ જ્ઞાનની અંતર એકાગ્રતાથી, જ્ઞાનથી તેની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનમાં જ જ્ઞાનનો પ્રકાશ થાય છે. સ્વરૂપમાં એકાગ્રતાથી જ્ઞાનનો પ્રકાશ નામ શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું? આ આકરું પડે માણસને. સમસ્ત કર્મકાંડ. ચાહે તો ભગવાનનો વિનય કરો, શાસ્ત્રનો વિનય કરો. આહા..! દેવ-ગુરુની ભક્તિ, વ્રત ને તપ એનાથી આત્માની–ધર્મની પ્રાપ્તિ (થતી નથી). આહાહા..! અહીં તો આખો દિ' હજી પાપમાં પડ્યો હોય એને પુણ્યની તો (વાત ક્યાં છે?) આહાહા..!

એ જ્ઞાનમાં જ જ્ઞાનનો પ્રકાશ થાય છે. સ્વરૂપની અંતર એકાગ્રતા, અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન સ્વભાવ, તેમાં એકાગ્રતા (કરવાથી) આત્માનો પ્રકાશ થાય છે. શુદ્ધ ધર્મ સમ્યગ્દર્શન, જ્ઞાન આત્માના સ્વભાવમાં એકાગ્ર થવાથી થાય છે. આહાહા..! વ્યવહાર રત્નત્રય જે છે એ તો રાગ છે. તેનાથી આત્માના ધર્મની પ્રાપ્તિ થતી નથી. આહાહા..! હવે ક્યાંક એમ લખ્યું હોય કે, વ્યવહાર રત્નત્રય સાધક છે. ત્યાં એ પકડે. એ તો સાધકનો અર્થ ત્યાં નિમિત્ત કેવું હતું તેનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! જ્ઞાનસમુદ્ર પ્રભુ, ચૈતન્ય રત્નાકર આવી ગયું ને? ચૈતન્યમણિનો સાગર ભગવાન, એમાં એકાગ્ર થવાથી જ્ઞાન નામ આત્માની શુદ્ધ પરિણતિની પ્રાપ્તિ થાય છે. રાગની ક્રિયાથી આત્માને બિલકુલ ધર્મનો લાભ થતો નથી. આહાહા..!

તેથી **'કેવળ (એક) જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.'** ઓહો..! આ કારણે કેવળ જ્ઞાનથી જ. નિજ શુદ્ધ સ્વરૂપની અંતરમાં એકાગ્રતાથી જ. એકાંત કર્યું, જુઓ! રાગથી પણ થાય છે અને જ્ઞાનમાં એકાગ્રતાથી પણ થાય છે, એમ નથી. આ અનેકાંત તો આ કહ્યું કે જ્ઞાનથી જ અંતર જ્ઞાનની પ્રાપ્તિ (થાય છે), રાગથી નહિ, એ અનેકાંત છે. આહાહા..! અનેકાંતને નામે ફુદડીવાદ બનાવે છે મારગ. આહા..! અહીં તો પહેલી વાત કરી ને? **'સઘળાંય કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી;...'** જ્ઞાનથી જ જ્ઞાનનો પ્રકાશ થાય છે. માટે આ કારણે **'કેવળ (એક) જ્ઞાનથી જ...'** આત્માનું શુદ્ધ સ્વરૂપ, તેની અંતરમાં એકાગ્રતાથી જ શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે. સમજાણું? હજી આના શ્રદ્ધાના ઠેકાણા નહિ. આ વ્રત કરો ને તપ કરો ને આમ કરો ને આમ કરો, દાન બે-પાંચ-દસ લાખના આપે તો બીજાને મદદ મળે, બીજાને જરી સુખનું કારણ મળે તો તમને પણ લાભ થાય. (એ બધો) રાગ છે, અધર્મ છે. આહા..!

**'કેવળ જ્ઞાનથી જ...'** ભાષા જુઓ ! એકલો ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, એની અંતરમાં એકાગ્રતાથી જ. બાકી બીજી કોઈ વાતથી ધર્મ નથી, મુક્તિ નથી. 'જ' છે ને? **'જ્ઞાનની પ્રાપ્તિ થાય છે...'** ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એ આનંદમાં એકાગ્રતાથી જ આનંદની, શાંતિની પ્રાપ્તિ થાય છે. આહાહા..! જેમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે, એવા ભગવાન

અતીન્દ્રિય આનંદમાં લીનતાથી પર્યાયમાં અતીન્દ્રિય આનંદની પ્રકાશ શક્તિ પ્રગટ થાય છે. પ્રકાશ શક્તિ કેમ કહ્યું? સંવેદન. બારમી શક્તિ છે ને? પ્રકાશ શક્તિ. એ સ્વસંવેદન – સ્વ (નામ) પોતાનું સં (નામ) પ્રત્યક્ષપણે આનંદનું વેદન, એ આત્માના આશ્રયે થાય છે, એ ક્રિયાકાંડના આશ્રયે થતું નથી. આહાહા..! ૪૭ શક્તિમાં એક પ્રકાશ શક્તિ છે. પ્રકાશ થાય છે નામ સ્વસંવેદન પ્રકાશ થાય છે. રાગનો પ્રકાશ થવો એ તો અધર્મનો પ્રકાશ છે. આહાહા..! લોકોને આકરું પડે. તેથી ઓલો 'વિદ્યાનંદ' કહે છે ને? પુણ્યને અધર્મ ક્યાં કહ્યું છે? પ્રભુ! આત્માના સ્વભાવની શુદ્ધિની પરિણતિ જ્યારે ધર્મ (કહેવાય) ત્યારે એથી વિરુદ્ધ રાગ તે અધર્મ (કહેવાય). ભલે એને પુણ્ય તરીકે, વ્યવહાર તરીકે ધર્મ કહ્યો હોય પણ એ તો વ્યવહારનો આરોપ કરીને કહ્યું. જેને અંતરમાં આત્માના આશ્રયે શુદ્ધતા પ્રગટ થઈ એ નિશ્ચય ધર્મ અને તેને જે રાગ આવે છે તેને વ્યવહાર ધર્મનો આરોપ કરીને કહ્યું. વ્યવહારે કહ્યું તે નિશ્ચયથી તો અધર્મ છે. અર.ર..! આવી વાતું.. પ્રભુ.. પ્રભુ ! આહાહા..!

આજે તો ભાઈ કો'ક કહેતું હતું, 'મોરબી'નું, પચીસ-ત્રીસ હજાર માણસ મરી ગયા, એમ કો'ક કહેતું હતું. આહાહા..! આ દુનિયા નાશવાનમાં શું? આહા..! એક તો આપણા ઓલા ઘડિયાળી, એની ફઈ હતા એ પાણીમાં તણાઈ ગયા. બસ! મુમુક્ષુમાંથી એકને નુકસાન (થયું), બાકી કોઈને કંઈ નહિ. ઘડિયાળી હતા ને? પાણી દેતા, મોટો સંઘ ભેગો થયો હોય ત્યારે પાણી આપતા, ઘડિયાળી. 'કાંતિભાઈ' કે શું નામ? એના ફઈ કે કો'કે એમ કીધું, પાણીમાં ઇ એક તણાઈ ગઈ, બસ ! બાકી કોઈ નહિ. મુમુક્ષુમાંથી કોઈને નુકસાન થયું નથી, એમ કહે છે. બાકી કો'ક તો ઇ કહે છે, સરકાર તરફથી તો પચીસ-ત્રીસ હજાર મરી ગયા, એમ બહાર પડ્યું છે. આહા..! આ સંસાર. ક્યાં સુખબુદ્ધિમાં પડ્યો છે, એની આ દશા. દેહ છૂટી જાય. આહા..! અરે..રે...! પાછો ક્યાં જન્મ (થાય)? એનો પાછો જન્મ પણ ક્યાં (થાય)? ત્યાં તો આર્તધ્યાન હોય, હાય.. હાય..! જીવવાની આશામાં તરફડિયામાં (મરે). અરે...! પ્રભુ! આવા અવસર ક્યારે મળે? ભાઈ! આહાહા..!

સિદ્ધાંત તો એમ કહે છે કે, કોઈ મુનિને દેવ સમુદ્રમાં ફેંકી દચે ત્યાં આગળ અંદર એકાગ્ર થઈ, કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષ જાય છે. આહાહા..! સમજાણું? કેમકે સમુદ્ર જે બે લાખ (જોજન) છે એમાં એક બિંદુ ખાલી નથી કે જ્યાં અનંતા (જીવો) મોક્ષે નથી ગયા. હવે ઇ શી રીતે સમુદ્રમાંથી ગયા હશે? સ્વર્ગના કોઈ વિરોધી દેવ (હોય), સંત તો સાચા હોય પણ જ્યારે વિકલ્પમાં આવે છે ત્યારે તેમને ઉપાડીને લઈ જાય છે, સમુદ્રમાં નાખી દચે છે. વિરોધી (દેવ). એ સમુદ્રમાં ભાઈ ! અંદરમાં ધ્યાનમાં ઊતરી જાય. આહાહા..! અને ત્યાં ને ત્યાં કેવળજ્ઞાન પ્રાપ્ત (કરે). દેહ છૂટીને ત્યાંથી મુક્તિ થાય છે. એવા પાણીના એક એક બિંદુ ઉપરથી અનંતા મોક્ષે ગયા. બે લોખ જોજનનો સમુદ્ર (છે). આહાહા..! એ બધા અંતરમાં આત્મામાં ધ્યાનમાં ઊતરી (કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે). આહાહા..! જેને પરિષહ ને

ઉપસર્ગની ખબરેય નથી. અંતરમાં આત્માના ઊંડાણમાં ઉતરી ગયા. સ્વભાવનું ભાન તો હતું, અનુભવ તો હતો, પણ એથી વિશેષ અવગાહન અંદરમાં ગયા. આહાહા..! એ સમુદ્રમાં પડવા છતાં મહાસમુદ્ર ચૈતન્ય રત્નાકર, એમાં પડ્યા તેની મુક્તિ થાય છે, કહે છે. આહાહા..! સમજાણું?

એ અહીં કહે છે, **'કેવળ જ્ઞાનથી જ...'** આ તો એક થયું. કથંચિત્ રાગથી અને કથંચિત્ જ્ઞાનથી (એમ નથી કહ્યું). આહા..! આ તો 'અમૃતચંદ્રાચાર્ય', આહાહા..! તેમની ટીકા (છે) અને 'કુંદકુંદાચાર્ય'ના પાઠમાં છે ને? **'णाणगुणेण विहीणा एदं तु पदं बहु वि ण लहंते।'** ઘણી ક્રિયાકષ્ટ હોય તોપણ (સ્વરૂપ પ્રાપ્તિ થતી નથી). બસ ! એનો અર્થ ટીકાકાર કરે છે. આહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંત ચૈતન્યમણિ છે, દરિયો–સમુદ્ર ભર્યો છે, એમાં ડૂબકી માર. આહાહા..! એ સ્વરૂપમાં અવગાહન કર. અવગાહનનો અર્થ સ્વરૂપ તરફ સન્મુખ થા. અવગાહન નામ ધ્રુવમાં કંઈ પ્રવેશ થતો નથી. છે તો નિર્મળ પર્યાય, એ કંઈ ધ્રુવમાં પ્રવેશ નથી કરતી, પણ આ બાજુ અવગાહન છે એ આમ કર, એ માટે અવગાહન કહ્યું. આહા..! બાકી ધ્રુવ પરમાત્મ સ્વરૂપમાં કોઈ પ્રવેશ કરી શકતું નથી. પરંતુ સન્મુખ થયો તેણે અવગાહન કર્યું, એમ કહેવામાં આવે છે. આહાહા..!

**'કેવળ જ્ઞાનથી જ...'** (અર્થાત્) આત્માના શુદ્ધ સ્વરૂપની એકાગ્રતાથી જ. એ 'જ્ઞાન' શબ્દે જ્ઞાનની શુદ્ધ પરિણતિ, એનાથી જ. **'જ્ઞાનની...'** આત્માની **'પ્રાપ્તિ થાય છે.'** આહા..! **'માટે...'** આ કારણે **'જ્ઞાનશૂન્ય ઘણાય જીવો,...'** પોતાના જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાનથી શૂન્ય, તે **'પુષ્કળ (ઘણા પ્રકારનાં) કર્મ કરવાથી પણ...'** ઘણા ક્રિયાકાંડ કરે. ઓ..હો...! સવારથી રાત સુધી ક્રિયાકાંડમાં મશગુલ. શુભભાવ, શુભભાવ, ભગવાનનું સ્મરણ, સ્મરણ, સ્મરણ. આહાહા..!

**'આ જ્ઞાનપદને પામતા નથી...'** આ જ્ઞાનપદને પ્રાપ્ત કરી શકતા નથી. **'અને આ પદને નહિ પામતા થકા તેઓ કર્મોથી મુક્ત થતા નથી;...'** આહા..! એ તો કર્મથી મુક્ત થતા નથી અને કર્મમાં, રાગમાં આવી જાય છે તો ચાર ગતિમાં રખડે છે. આહાહા..! **'માટે કર્મોથી મુક્ત થવા ઇચ્છનારે...'** આહાહા..! મોક્ષના ઇચ્છુકે, કર્મથી છુટવાના ઇચ્છુકે **'કેવળ (એક) જ્ઞાનના આલંબનથી,...'** એક ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ, તેના આલંબનથી જ **'નિયત જ એવું આ એક પદ પ્રાપ્ત કરવાયોગ્ય છે.'** નિયત નામ નિશ્ચય એક પદ – પરમાત્મપદ મોક્ષપદ પ્રાપ્ત કરવું જોઈએ. આહા..! આવી વાત છે.

**ભાવાર્થ :– 'જ્ઞાનથી જ મોક્ષ થાય છે,...'** એ જ્ઞાન એટલે શાસ્ત્રના જાણપણા એ જ્ઞાન નહિ. જ્ઞાનસ્વરૂપ ભગવાન, તેની એકાગ્રતા થવાથી જે જ્ઞાન પ્રગટ થયું, વીતરાગી પર્યાય પ્રગટ થઈ એ જ્ઞાનપર્યાય. આહાહા..! વીતરાગ સ્વરૂપ ભગવાનઆત્મા, તેના અવલંબનથી વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ તેને જ્ઞાન કહેવામાં આવે છે. રાગ નહિ તો જ્ઞાન, એમ.

ચારિત્રની પર્યાય સાથે રાગ રહિત છે. જ્ઞાનમાં એકાગ્રતાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર ત્રણે આવી જાય છે. આહાહા..! પણ એ ચારિત્ર એટલે અંતર સ્વરૂપમાં રમણતા એ ચારિત્ર. પંચ મહાવ્રતના પરિણામ તો અચારિત્ર છે. અરે.. અરે..! આવી વાતું. આહા..! કેટલા મનુષ્ય મરેલા બિચારા ચાલ્યા ગયા. આહાહા..! ઘણે કાળે તો મનુષ્યપણું મળે, એમાં આવું થાય એટલે પાછા ક્યાંય (જાય). આહાહા..! અરે..! પ્રભુ! તને દુર્લભ (મનુષ્યપણું) મળ્યું છે ને? ઇ કહેશે, જુઓ!

**'માટે મોક્ષાર્થીએ જ્ઞાનનું જ ધ્યાન કરવું...'** છે ને? **'જ્ઞાનથી જ મોક્ષ થાય છે, કર્મથી...'** ક્રિયાકાંડ, કર્મ એટલે રાગાદિ ક્રિયા. **'માટે મોક્ષાર્થીએ જ્ઞાનનું જ ધ્યાન કરવું એમ ઉપદેશ છે.'** આત્માનું ધ્યાન. પોતાની પર્યાય ધ્યાનમાં ધ્યેય બનાવવું. પરથી, દેહથી છૂટીને સ્વનું ધ્યેય કરીને જે નિર્મળ શુદ્ધ પરિણતિ થઈ તે જ મોક્ષનું કારણ છે. ક્રિયાકાંડનો કોઈપણ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ, એ મોક્ષનું કારણ છે નહિ. આહાહા..!

## શ્લોક-૧૪૩

(द्रुतविलम्बित)

पदमिदं ननु कर्मदुरासदं
सहजबोधकलासुलभं किल।
तत इदं निजबोधकलाबलात्
कलयितुं यततां सततं जगत्।।१४३।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

**શ્લોકાર્થ :- [ इदं पदम् ] આ (જ્ઞાનસ્વરૂપ) પદ [ ननु कर्मदुरासदं ] કર્મથી ખરેખર [1]દુરાસદ છે અને [ सहज-बोध-कला-सुलभं किल ] સહજ જ્ઞાનની કળા વડે ખરેખર સુલભ છે; [ ततः ] માટે [ निज-बोध-कला-बलात् ] નિજજ્ઞાનની કળાના બળથી [ इदं कलयितुं ] આ પદને [2]અભ્યાસવાને [ जगत् सततं यततां ] જગત સતત પ્રયત્ન કરો.**

**ભાવાર્થ :- સર્વ કર્મને છોડાવીને જ્ઞાનકળાના બળ વડે જ જ્ઞાનનો અભ્યાસ કરવાનો આચાર્યદેવે ઉપદેશ કર્યો છે. જ્ઞાનની 'કળા' કહેવાથી એમ સૂચન થાય છે કે :- જ્યાં સુધી પૂર્ણ કળા (કેવળજ્ઞાન) પ્રગટ ન થાય ત્યાં સુધી જ્ઞાન હીનકળાસ્વરૂપ-મતિજ્ઞાનાદિરૂપ છે; જ્ઞાનની તે કળાના આલંબન વડે જ્ઞાનનો અભ્યાસ કરવાથી કેવળજ્ઞાન અર્થાત્ પૂર્ણ કળા પ્રગટે છે. ૧૪૩.**

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'

(द्रुतविलम्बित)

पदमिदं ननु कर्मदुरासदं
सहजबोधकलासुलभं किल।
तत इदं निजबोधकलाबलात्
कलयितुं यततां सततं जगत्।।१४३।।

આહાહા..! હે જગત! એટલે જગતના જીવો. આહા..! હે પ્રભુ! એમ કહે છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' તો 'અષ્ટપાહુડ'માં (કહે છે), હે મિત્ર! દ્રવ્યલિંગી સાધુ હોય એને કહે છે કે, હે મિત્ર! તું આમાં – ક્રિયાકાંડમાં ક્યાં રોકાઈ ગયો? પ્રભુ! અંદરમાં જાને. આહાહા..! હે મહાજસ! એમ કહે છે. હે મિત્ર! મહાજસ! આદિ ઘણા શબ્દ 'અષ્ટપાહુડ'માં વાપર્યા છે. આહા..! પ્રભુ! જ્યાં ભગવાન બિરાજે છે ત્યાં અંદર જાને. બહારમાં ક્યાં ભટક્યા ભટક કરે છે? આહા..! શુભાશુભ પરિણામમાં ભટકવું, પ્રભુ! એ તો સંસાર છે. આહાહા..!

મુમુક્ષુ :– શુભ તો દુઃખ છે.

ઉત્તર :– ઘોર સંસાર છે અને સંસાર એ દુઃખ છે. શુભભાવ.. એ તો આવી ગયું. શુભભાવ એ આકુળતારૂપ દુઃખ છે. શુદ્ધભાવ એ અનાકુળતારૂપ સુખ છે. સાધક જીવને.. પંડિતજી! તમારો પ્રશ્ન હતો ને? સમકિતદષ્ટિને એકસાથે આ હોય છે. મિથ્યાદષ્ટિને તો એકલી કર્મકાંડ ને રાગના દુઃખરૂપ ફળ હોય છે. કેવળીને એકલા જ્ઞાનકાંડની પરિણતિ શુદ્ધ હોય છે, કર્મકાંડ જરીયે નથી. સાધકજીવને ત્રણેય એક સમયમાં હોય છે. એટલે આમ તો એક સમયમાં બે હોય છે. જ્ઞાનસ્વરૂપની એકાગ્રતા એ જ્ઞાનકાંડ અને કાં શુભની એકાગ્રતા એ શુભભાવ એ કર્મકાંડ, પણ શુભ વખતે અશુભ ન હોય. એકસાથે બે હોય. અને જ્યારે અશુભ આવે છે તો જ્ઞાનની પરિણતિ પણ શુદ્ધ છે અને અશુભ પણ છે, એ દુઃખરૂપ પણ છે. એ અશુભભાવ તીવ્ર દુઃખરૂપ છે, શુભભાવ મંદ દુઃખરૂપ છે. મંદ દુઃખરૂપ અને જ્ઞાનની શુદ્ધિનો આનંદ એક સમયમાં હોય છે. અને કાં જ્ઞાનની શુદ્ધિનો આનંદ અને અશુભભાવરૂપી ભાવ એકસાથે હોય છે પણ શુભ અને અશુભ એકસાથે નથી હોતા. બે હોય છે. અજ્ઞાનીને તો એક જ અજ્ઞાન, રાગદ્વેષ, શુભઅશુભ દુઃખરૂપ છે. આહાહા..! હજી તેના યથાર્થ જ્ઞાનના ઠેકાણા નથી. આહાહા..!

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :– આ (જ્ઞાનસ્વરૂપ) પદ...'** જ્ઞાનસ્વરૂપ ભગવાન, તેનું પદ. **[ननु कर्मदुरासदं]** કર્મ નામ ક્રિયાકાંડથી **'ખરેખર દુરાસદ છે...'** દુઃપ્રાપ્ત છે. ન જીતી શકાય. આહાહા..! એ લાખ, કરોડ ક્રિયાકાંડ કરે. આહાહા..! ક્લેશ કરો તો કરો પણ એ આત્માને લાભ નથી. એ તો આવી ગયું. આવી વાત લોકોને આકરી પડે. વળી શાસ્ત્રમાં 'જયસેનાચાર્ય'ની ટીકામાં તો ઘણે ઠેકાણે સાધન-સાધક (આવે). વ્યવહાર એ સાધક

છે અને નિશ્ચય સાધ્ય છે, એમ આવે. એ તો જેને નિશ્ચય થયું છે તેને સાધકનું જ્ઞાન કરાવ્યું વ્યવહાર, કે ત્યાં રાગની આવી મંદતા છે તેનું જ્ઞાન કરાવ્યું. અરે..રે..! શું થાય પણ? શાસ્ત્રના અર્થો પણ પોતાની દૃષ્ટિએ કરવા, જે શાસ્ત્રને કહેવું છે તે બાજુ દૃષ્ટિ લઈ જવી નહિ અને પોતાની દૃષ્ટિએ તેનો અર્થ કરી નાખવો. આહાહા..! અનંતકાળથી

મુમુક્ષુ :- પોતાની દૃષ્ટિથી અર્થ કરે છે..

ઉત્તર :- એ જ કહે છે ને કે, પોતાની દૃષ્ટિથી (કરે છે) પણ શાસ્ત્રની દૃષ્ટિથી કરતો નથી. શાસ્ત્રને શું કહેવું છે? એ દૃષ્ટિથી કરતો નથી. પોતાની દૃષ્ટિ જોડી અને તેનો અર્થ કરે. આહાહા..! અને દૃષ્ટિ તેવી સૃષ્ટિ. મિથ્યાદૃષ્ટિ છે તો એ શાસ્ત્રમાંથી કાઢે તો વિકારની સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. સમ્યગ્દૃષ્ટિ શાસ્ત્રમાંથી કાઢે તો નિર્મળ પર્યાયની સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. આહાહા..! આવું કામ છે.

**'कर्मदुरासदं'** 'કર્મ' શબ્દે જડ કર્મ નહિ. 'કર્મ' શબ્દે પુણ્યની ક્રિયા. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આહાહા..! એવા જે શુભભાવરૂપી કર્મ. કર્મ એટલે વિકારી કાર્ય. તેનાથી ખરેખર **'दुरासदं'** એમાં ખરેખર તેનાથી ધર્મની પ્રાપ્તિ છે નહિ. તેનાથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. આહાહા..! આ વાત. એક તો જુવાન શરીર હોય, કાયમ પાંચ-પચીસ લાખની જોગવાઈ હોય, આહા..! પત્ની ઠીક હોય, મકાન ઠીક હોય, ખાવા-પીવાના (સાધનો હોય), આહા..! હવે એમાં એને આ ક્યાં સૂઝ પડે? એકલા પાપમાં પચ્યો એની તો વાત શું કરવી પણ કહે છે કે પુણ્યમાં આવ્યો અને પુણ્યની ક્રિયા એણે ઘણી કરી, તેનાથી ધર્મ થતો નથી. તેમાં આત્માની પ્રાપ્તિ થતી નથી. એ દુઃખથી આત્માના આનંદની પ્રાપ્તિ થાય? આહાહા..! આકરું કામ.

અરે..! એણે અનંતવાર.. આહાહા..! આમ જીવતા સિંહ નીકળ્યા, સિંહ પકડ્યા, જીવતા ખાય. આહાહા..! બાપુ! જીવતો જીવ છે એને ખા ને, એને અનુભવને! આહાહા..! અત્યારે તો એવું સાંભળ્યું છે, એક દેશ એવો છે કે બકરીના નવા બચ્ચા આવે, નવા જન્મે (એને) સીધાં ખાય, બટકા ભરે. બકરીના બચ્ચા. કુણા પાધરા આમ ખાય. ફોટામાં આવ્યું હતું, ફોટામાં આવ્યું હતું. એક માણસ ખાતો હતો. સીધું જીવતું બકરીનું બચ્ચું જન્મેલું, આમ ખાતો હતો. ફોટામાં આવ્યું હતું. આહાહા..! આવા અનાર્ય દેશમાં જન્મ, એને આ વાત સાંભળવા મળે નહિ. આહાહા..! અરે..! વર્તમાન દુઃખી, ભવિષ્યમાં દુઃખી. દુઃખની ગતિમાં જવાના. એ તો નરક ને પશુ આદિ (થાય). આવા તો સીધા નરકમાં જવાના. આહા..! અરે..રે...!

આ જ્ઞાન કર્મોથી દુરાસદ (છે). **[सहज-बोध-कला-सुलभं किल] 'સહજ જ્ઞાનની કળા....'** આહાહા..! એનો અનુભવ. સહજ જ્ઞાનના અનુભવ દ્વારા **'ખરેખર સુલભ...'** આહાહા..! એ કળા. આ કળા. આહાહા..! જ્ઞાનની કળા નામ જ્ઞાનનો અનુભવ એ જ્ઞાનની કળા (છે).

આહા..! જગત રાગની કળા અને દુનિયાની કળા માની અને હોશિયારી માને છે. આહા..! કળાબાજ, એમ કહે છે ને? આહાહા..! દુનિયાની કળાને બાજ જેમ પંખીને પકડે એમ અજ્ઞાની કળાને પકડે છે. અહીં કહે છે, આ કળાને પકડને! આહાહા..!

**[सहज-बोध-कला-सुलभं किल]** નિશ્ચયથી. આહાહા..! '**किल**'નો અર્થ કર્યો ને? '**ખરેખર**' ખરેખર છે એ '**किल**'નો અર્થ છે. '**સહજ જ્ઞાનની કળા વડે...**' '**सुलभं किल**' '**किल**' નામ '**ખરેખર સુલભ છે;...**' આહા..! ભગવાનની આનંદની કળાનો પિંડ પ્રભુ, તેની પર્યાયમાં આનંદની પ્રગટ દશા (થાય) એ આનંદની કળા, એ જ્ઞાનની કળા એનાથી મુક્તિ સુલભ છે. એનાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. ક્રિયાકાંડ લાખ, કરોડ કર તો તેનાથી સંસાર-પ્રાપ્તિ થશે. કારણ કે એ શુભભાવ છે એ ઘોર સંસાર છે. આહાહા..! 'નિયમસાર'માં આવે છે ને? ભાઈ! વિકલ્પ તે ઘોર સંસાર (છે). 'નિયમસાર'માં આવે છે. શુભરાગ બાપુ! એ સંસાર છે. આહાહા..! એ સંસારથી મુક્તિ થશે? આવું કામ છે.

'**સહજ જ્ઞાનની કળા...**' સ્વાભાવિક જ્ઞાનની કળા. સહજ જ્ઞાન જે ત્રિકાળ તેની સહજ જ્ઞાનકળા. આહા..! હઠ ક્યાંય નહિ. સ્વાભાવિક અંતર આનંદના અનુભવની કળાથી અથવા જ્ઞાન ને આનંદના અભ્યાસથી. આહા..! એ કળા નામ અંતરના અભ્યાસથી. આહા..! એ દ્વારા ખરેખર સુલભ છે. આત્માનું પદ આવી કળાથી સુલભ છે અને કર્મોથી દુર્લભ છે. એમ. દુરાસદ હતું ને? એ દુરાસદ નામ દુર્લભ છે, તેનાથી (-જ્ઞાનકળાથી) સુલભ છે. આહાહા..!

'**માટે...**' [ **निज-बोध-कला-बलात्** ] ફરીને. '**નિજજ્ઞાનની કળાના...**' અનુભવના '**બળથી...**' આહાહા..! ભાષા પાછી, પરનું જ્ઞાન નહિ, પરમાત્માનું જ્ઞાન નહિ. આહાહા..! શાસ્ત્રજ્ઞાન નહિ. '**નિજજ્ઞાનની કળાના બળથી...**' આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ. અરે..! પંચમ આરામાં પણ વસ્તુ તો આ છે. પંચમઆરામાં પણ ભગવાન તો બિરાજે છે તો તેનો અનુભવ કરવો એ તો પંચમઆરાની પરિણતિ છે. કંઈ પંચમ આરો તેને નડે છે... આહાહા..! સમજાણું? એમ છે નહિ. આહાહા..! નિજજ્ઞાન '**निज-बोध**' છે ને? '**निज-बोध**' ભગવાનઆત્મા સ્વરૂપ પૂર્ણાનંદનું બોધ જ્ઞાન, નિજનું જ્ઞાન. તેની કળા (અર્થાત્) તેનો અનુભવ. તેના બળથી.

**[इदं कलयितुं]** '**આ પદને [२]અભ્યાસવાને...**' આહાહા..! '**कलयितुं**' નામ અભ્યાસ કરો, '**कलयितुं**' નામ અનુભવ કરો. એમ. '**આ પદને અભ્યાસવાને...**' જુઓ! અર્થ કર્યો. '**कलयितुं**'નો આ એક બીજો અર્થ – '**અભ્યાસવાને**'. '**कलयितुं**'નો અર્થ એવો છે. અભ્યાસ કે અનુભવ. આહાહા..! '**નિજજ્ઞાનની કળાના બળથી...**' નિજજ્ઞાનના અનુભવના બળથી આ પદને અનુભવવા લાયક છે. આહાહા..!

'**જગત..**' જગત એટલે જગતમાં રહેલા જીવો, એમ. હે જીવો! જગત કહીને સમસ્ત જીવને કહે છે. આહાહા..! તમે બધા ભગવાનઆત્મા છો ને! આહાહા..! હે જીવો! સતતં

પ્રયત્ન કરો. આહાહા..! નિરંતર સ્વભાવસન્મુખ પ્રયત્ન કરો. સ્વભાવથી વિમુખનો પ્રયત્ન છોડી દ્યો. આહાહા..! અંતર ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, તેનો સતતં-નિરંતર-'**यततां**' '**यततां**' (અર્થાત્) યત્ન કરો. યત્ન કરો એટલે પ્રયત્ન કરો. આહાહા..! નિજસ્વરૂપમાં પ્રયત્ન. નિજ બોધ અંદર. આહાહા..!

અરે..! ત્યારે કોઈ કહે કે, ક્રમબદ્ધમાં થાય છે એમાં નિજ પ્રયત્ન અમારે શું કરવો? પણ એ ક્રમબદ્ધના નિર્ણયમાં એ નિજકળાનો અનુભવ થાય છે. સમજાણું? કેમકે ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય છે ત્યારે અકર્તાપણાની, જ્ઞાતાપણાની પરિણતિ પ્રગટ થાય છે. સમજાણું? આ પ્રયત્ન કરો (એમ કહો છો તો) ક્રમબદ્ધ વિના અમારો પ્રયત્ન કેમ ચાલશે? એમ કોઈ પ્રશ્ન કરે (તો કહે છે), સાંભળ તો ખરો! આહાહા..! જેને ક્રમબદ્ધનો અનુભવ થયો તેને તો જ્ઞાતા-દૃષ્ટાનો અનુભવ થયો. તેને કહે છે કે, સતત ક્રમબદ્ધ પર્યાયના ક્રમનું લક્ષ છોડી, જ્ઞાતાનો અનુભવ કર. આહાહા..!

જગતના પ્રાણીઓ. જગત એટલે એ. હે જગતના પ્રાણીઓ! પહેલા એક કળશ આવી ગયો છે. જગત એટલે જગતના પ્રાણીઓ. '**सततं**' આહાહા..! પ્રભુ! તને અંતરાય ન પડે તેમ '**सततं**'. સ્વભાવ સન્મુખની દશા '**सततं**' પ્રગટ કરો. આહાહા..! પંચમઆરાના પ્રાણીને કહે છે, પંચમઆરાના શ્રોતાને કહે છે. અપ્રતિબુદ્ધ છે તેને કહે છે. આહાહા..!

કેટલાક કહે છે કે, આ 'સમયસાર' તો મુનિને માટે છે. અહીં તો જેને અનુભવ નથી એવાને કહે છે. એમાં આ ક્યાં મુનિને (માટે છે એમ આવ્યું?) આહાહા..! વાસ્તવિકમાં પરની મીઠાશ ખસતી નથી ને એટલે આ વાત એમ કે મુનિને માટે છે, અમારે માટે નહિ. અરે..! પણ સાંભળ તો ખરો, આ શું કહે છે? જગતના જીવો (કહીને) આખો બધો સમૂહ લીધો અને તેય વર્તમાન પંચમઆરાના પ્રાણીને કહે છે. કહેનારા સંત પંચમઆરાના છે. છે? એ પંચમઆરાના શ્રોતાને કહે છે. આહા..! તો થઈ શકે છે તો કહે છે કે નહિ? આહાહા..! તો થઈ શકે છે તેને કહે છે અને થઈ શકે છે, એમ કહે છે. આહાહા..! ઓહોહો..! શું ગંભીર! વાણીની ગંભીરતા! પંચમઆરાના 'અમૃતચંદ્રાચાર્ય' તો હજાર વર્ષ પહેલા થયા. આ કળશ, ટીકા(ના રચનારા). હજાર વર્ષ પહેલા (થયા). પંચમઆરાના કેટલા વર્ષ નીકળી ગયા? અઢી હજાર. પંદરસો વર્ષ પછી શ્રોતાને કહે છે. આહાહા..! આત્મા છે તેને આવું થઈ શકે છે. આત્મા છે એમ જેને પ્રતીતમાં આવ્યું તો તેને આવો અનુભવ થઈ શકે છે. આહાહા..!

સતત '**कलयितुं**' (અર્થાત્) અનુભવ કરો. આહાહા..! '**कलयितुं**' એટલે **इदं कलयितुं** '**અભ્યાસવાને...**' **[जगत् सततं यततां]** નિરંતર પ્રયત્ન કરો. આહાહા..! પ્રભુ! પણ ક્રમબદ્ધમાં હશે કે નહિ અને આપ આ કહો છો. અરે...! સાંભળ તો ખરો પ્રભુ! એ ક્રમબદ્ધમાં તારી પર્યાય આવવાની છે. તારી દૃષ્ટિ અંદરમાં જવાથી નિર્મળ પર્યાય પ્રગટ થશે. એ ક્રમબદ્ધમાં

ક્રમબદ્ધનું કાર્ય અકર્તાપણું અથવા જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ એ ક્રમબદ્ધનું ફળ છે. આહાહા..! એ કેટલાક એમ કહે છે, ક્રમબદ્ધ છે તો આપણે શું કરીએ? હેં? ભગવાન! એમ ન લે. ક્રમબદ્ધમાં ક્રમબદ્ધની પર્યાયનો જ્યારે નિર્ણય પ્રયત્નથી કરે છે તો અકર્તાપણું ઉત્પન્ન થાય છે. અકર્તાપણું ઉત્પન્ન થાય છે ત્યાં જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ ઉત્પન્ન થાય છે. એ જ્ઞાતાનું પરિણમન થાય છે એ અનુભવથી થાય છે. આહાહા..! આવો માર્ગ. આહાહા..! અરે..રે...! સાંભળવા મળે નહિ અને કેટલા બિચારા મનુષ્યપણા ચાલ્યા ગયા. હેં? આહાહા..!

જુઓ! 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે), **'कर्मदुरासदं'** ક્રિયાકાંડથી દુર્લભ એટલે (તેનાથી) પ્રાપ્ત ન થાય અને આ અભ્યાસથી સતત પ્રયત્ન કરો તો પ્રાપ્ત થાય છે. આહાહા..! અસ્તિ-નાસ્તિ કરી. રાગની લાખ, કરોડ ક્રિયા તું અનંત કર તેનાથી **'दुरासदं'** તેનાથી આત્મા પ્રાપ્ત થતો નથી, તેનાથી ધર્મ થતો નથી અને અંતર ભગવાનઆત્માના **'कलयितुं'** અંતરના અભ્યાસ અને અનુભવથી હે જગતના જીવો! સતત પ્રયત્ન કરો, પ્રાપ્તિ થશે જ. આહાહા..! સમજાણું ? આહાહા..! આ શ્લોક તો જુઓ! એક એક શ્લોકે કમાલ કરી નાખી છે! હેં? આહાહા..! દિગંબર સંતોની વાણી (તેનો) પોતાની કલ્પનાથી અર્થ કરે પણ અંદર શું કહે છે? આહાહા..! મુનિઓનો પોકાર શું છે?

('સમયસાર') ૩૮ ગાથામાં અને ('પ્રવચનસાર') ૯૨ ગાથામાં તો એમ કહ્યું કે, પંચમઆરાના શ્રોતાને પંચમઆરાના સંત કહે છે, અપ્રતિબુદ્ધને પ્રતિબુદ્ધ સમજાવે છે તો એમ સમજી જાય છે અને એવા જ્ઞાન, દર્શન (પ્રગટ) થાય છે કે ક્યારેય પડે નહિ એવા જ્ઞાન, દર્શન તેને ઉત્પન્ન થાય છે. પંચમ આરાના પ્રાણીને એમ કહે છે અને એ સાંભળનાર પ્રાણી પોતાના અનુભવથી એમ કહે છે કે, મને જે અનુભવ થયો, મને જે આ સમ્યગ્દર્શન થયું, હવે ક્યારેય મિથ્યાત્વ નહિ આવે. અમે પંચમઆરાના પ્રાણી, તમે એમ કહો છો તો અમે પંચમઆરામાં નથી, અમે તો અમારા સ્વકાળના આત્મા છીએ. આહાહા..! સમજાણું? આહાહા..! બહુ ગંભીર છે.

**'कर्मदुरासदं' 'सहज-बोध-कला-सुलभ किल'** નિશ્ચય. આહાહા..! રાગની ક્રિયાથી પ્રાપ્ત થતો નથી અને સ્વભાવના અનુભવથી પ્રાપ્ત થાય છે, સહજ સ્વભાવથી પ્રાપ્ત થાય છે. કળશટીકાકારે જરી લીધું છે કે, સહજસાધ્ય છે, યત્નસાધ્ય નથી. અહીં તો યત્ન લીધો. ત્યાં એને કાળલબ્ધિ ઉપર વજન દેવું છે. પણ અહીં તો વાસ્તવિક કાળલબ્ધિ (એટલે) કાળલબ્ધિની ધારણા કરી લીધી એ નહિ. તને તો ખબર નથી કાળલબ્ધિ કોને કહે છે? કાળલબ્ધિમાં પ્રાપ્ત થાય છે તેનું જ્ઞાન કોને થયું? કે જેણે પોતાનો પ્રયત્ન કર્યો તો એને ખ્યાલમાં આવ્યું કે મારી કાળલબ્ધિ પાકી ગઈ. તેને કાળલબ્ધિનું યથાર્થ જ્ઞાન થયું. તેનો પુરુષાર્થ યથાર્થ થયો, તેનો સ્વભાવ પણ યથાર્થ થયો, તેનું ભવિતવ્ય ભાવ જે થવાવાળો હતો તે પણ યથાર્થ થયો. આહા..! અને કાળલબ્ધિ પણ પાકી ગઈ એમ જ્ઞાનમાં આવી

ગયું. આહાહા..! સમજાણું? અહીં એમ નથી કહ્યું કે, તારી કાળલબ્ધિ પાકશે ત્યારે થશે. ઇ કાળલબ્ધિનું જ્ઞાન પણ ત્યારે થશે. અંતર પુરુષાર્થથી સ્વભાવ તરફ પ્રયત્ન કરશે તો પર્યાયમાં તારી કાળલબ્ધિ પાકી ગઈ. સ્વભાવ સન્મુખનું એક કારણ જ્યાં પ્રાપ્ત કર્યું તો બધા કારણ એકસાથે આવી જાય છે. સમજાણું? આહાહા..!

**ભાવાર્થ :– 'સર્વ કર્મને છોડાવીને...'** 'કર્મ' શબ્દે શુભભાવ. શુભભાવરૂપી કાર્ય. દયા. દાન, વ્રત, ભક્તિ, પૂજા. કર્મો એટલે જડકર્મ નહિ તેમ અહીંયાં અશુભભાવ પણ નહિ. અહીં અશુભભાવથી તો છૂટ્યો છે, શુભભાવ આવ્યો છે. સમસ્ત શુભભાવના કાર્યને છોડાવીને **'જ્ઞાનકળાના બળ વડે જ...'** ભગવાનઆત્માના સ્વભાવની એકાગ્રતાની કળા નામ બળ દ્વારા જ. આહાહા..! વીર્ય પણ આવી ગયું. જ્ઞાનકળાના બળના વીર્ય દ્વારા જ, બળ દ્વારા જ **'જ્ઞાનનો અભ્યાસ કરવાનો...'** ભગવાનઆત્માનો અંતરમાં અભ્યાસ કરવાનો **'આચાર્યદેવે ઉપદેશ કર્યો છે.'**

આચાર્યદેવ ભગવાન સંત મુનિ 'અમૃતચંદ્રાચાર્ય'. 'કુંદકુંદાચાર્ય'ને આમ કહેવું છે એમ ટીકામાં લખ્યું છે. આહા..! કારણ કે પાઠ એમ છે ને? **'तं गिण्ह णियदमेदं'** ગ્રહણ કર (એમ) 'કુંદકુંદાચાર્ય' કહે છે. તારાથી ગ્રહણ નહિ થાય એમ ક્યાં કહ્યું છે? હેં? 'કુંદકુંદાચાર્ય' કહે છે, **'णाणगुणेण विहीणा एदं तु पदं बहु वि ण लहंते।'** લાખ, કરોડ ક્રિયાકાંડથી પણ એ પ્રાપ્ત થતો નથી. **'तं गिण्ह णियदमेदं'** ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ **'इदं'** અંદર પ્રત્યક્ષ છે તેને ગ્રહણ કર. આહાહા..! સમજાણું? અલૌકિક વાતું છે, બાપુ! આ તો વીતરાગના ઘરની વાત છે, બાપા! આહાહા..! **'तं गिण्ह णियदमेदं'** નિશ્ચયને ગ્રહણ કર, એમ કહે છે. ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપે બિરાજે છે, વિદ્યમાન છે.

'બેન'ના (વચનામૃતમાં) એક શબ્દ આવ્યો છે, નહિ? જાગતો જીવ ઊભો છે, ક્યાં જાય? ધ્રુવ ચૈતન્યમૂર્તિ વિદ્યમાન પ્રભુ છે તે ક્યાં જાય? શું એ પર્યાયમાં આવે? શું એ રાગમાં આવે? ક્યાં જાય? આહાહા..! જાગતો જ્ઞાયકભાવ ઊભો નામ ધ્રુવ. જાગતો નામ જ્ઞાયકભાવ ઊભો નામ ધ્રુવ. હિન્દીમાં એનો 'વિદ્યમાન' અર્થ કર્યો છે. જાગતો જીવ વિદ્યમાન છે, એવો અર્થ કર્યો છે. હિન્દી. 'બેન'ના વચનનું હિન્દી થયું છે ને? એમાં 'ઊભો છે' એનો અર્થ 'વિદ્યમાન' (કર્યો છે). જાગતો જીવ વિદ્યમાન છે એટલું લીધું છે. ખબર છે. અહીં જાગતો જીવ ઊભો છે. ઊભો છે, વિદ્યમાન પડ્યો છે, પ્રભુ! આહાહા..! ક્યાં જાય? જરૂર પ્રાપ્તિ થશે. આહાહા..!

અહીં નપુંસકના કામ નથી, કહે છે. આ તો પુરુષના કામ છે. પુરુષ એને કહીએ, 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં આવે છે, 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય', પુરુષ એને કહીએ કે ચેતનામાં સૂવે અને ચેતનામાં રમે એનું નામ પુરુષ. બાકી રાગમાં રમે એ નપુંસક, પાવૈયા, હીજડા છે. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય'નો કળશ છે એમાં પુરુષાર્થ કેમ કહ્યું? પુરુષાર્થસિદ્ધિ. કે

પુરુષ પોતાના ચેતનમાં સ્થિતિ (કરે) એ પુરુષાર્થ. પોતાના આનંદમાં, ચેતનામાં સૂવે, રમે એ પુરુષ (છે), બાકી રાગમાં રમે એ પુરુષ નહિ. આહાહા..! પંડિતજી! આવી વાતું છે. આહાહા..!

**'જ્ઞાનની 'કળા' કહેવાથી એમ સૂચન થાય છે કે :– જ્યાં સુધી પૂર્ણ કળા (કેવળજ્ઞાન) પ્રગટ ન થાય...'** જુઓ! કેવળજ્ઞાન પણ એક કળા છે. છે? **'જ્યાં સુધી પૂર્ણ (કેવળજ્ઞાન)...'** 'કળા' શબ્દે પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ ન થાય **'ત્યાં સુધી જ્ઞાન હીનકળાસ્વરૂપ–મતિજ્ઞાનાદિરૂપ છે;...'** ત્યાં સુધી સમ્યક્જ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનરૂપી કળા છે. આહાહા..! પૂર્ણ કળા કેવળજ્ઞાન. એ કળા પ્રગટ ન થાય ત્યાં સુધી **'મતિશ્રુતજ્ઞાનાદિરૂપ છે;...'** તે હીનકળારૂપ કળા છે. એ અનુભવ અલ્પ છે, હીણો છે. આહાહા..!

**'જ્ઞાનની તે કળાના આલંબન વડે...'** આહાહા..! **'જ્ઞાનની તે કળાના આલંબન વડે જ્ઞાનનો અભ્યાસ કરવાથી...'** અંદર એકાગ્રતા કરવાથી **'કેવળજ્ઞાન...'** કળા **'અર્થાત્ પૂર્ણ કળા પ્રગટે છે.'** આહાહા..! મોક્ષની ઇચ્છા કહ્યું તો એ કેવળજ્ઞાન લીધું. એ કેવળજ્ઞાનની કળાની પ્રાપ્તિ થાય, એ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનની હીનકળાથી એ અતિ પૂર્ણ કળા પ્રાપ્ત થશે. બીજ ઊગી એ પૂનમ લાવશે. આહાહા..! બીજનો પ્રકાશ જે છે એ જ પૂનમનો પ્રકાશ લાવશે. એમ મતિ, શ્રુત કળા છે એ જ કેવળજ્ઞાનની કળા પ્રગટ કરવાને લાયક છે. આહાહા..!

'ધવલ'માં તો ત્યાં સુધી કહ્યું છે કે, જ્યારે આત્મામાંથી મતિ, શ્રુતજ્ઞાન થયું એ મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. આહાહા..! એવો પાઠ છે. હે ભાઈ! આ માર્ગ ક્યાં છે? એમ માણસને બોલાવે ને? એમ આ કેવળજ્ઞાનને મતિજ્ઞાન બોલાવે છે, આવ.. આવ.. આવ.. આવ. અલ્પકાળમાં કેવળજ્ઞાન આવો, હું તને પોકાર કરું છું, બોલાવું છું આહાહા..! અથવા હું તને સંભારું છું. હેં? તને – કેવળજ્ઞાનને હું સંભારુ છું. મતિજ્ઞાનમાં કેવળજ્ઞાનને સંભારે છે. આહાહા..! અલ્પકાળમાં કેવળજ્ઞાન (થશે). આહાહા..! પંચમઆરાના પ્રાણીઓનો પોકાર તો જુઓ! આહાહા..!

એ મતિજ્ઞાનની હીનકળાથી કેવળજ્ઞાનની કળા, પૂર્ણ કળા પ્રગટ થાય છે. એ પૂર્ણ કળા કહો કે મોક્ષ કહો, મોક્ષ કહો કે કેવળજ્ઞાન કહો. આહાહા..! મોક્ષની પૂર્ણકળા મતિજ્ઞાનાદિની હીનકળાથી પ્રાપ્ત થાય છે, રાગથી નહિ, એમ અહીંયાં કહેવું છે. રાગની ક્રિયાકાંડથી એ કળા પ્રાપ્ત થતી નથી. કારણ કે રાગકળા એ તેની જ્ઞાનકળા છે જ નહિ. એ તો અંધકારની કળા છે. આહાહા..! એ તારી ચીજમાં ભલે હીનાધિક હો, મતિશ્રુત હીનકળા સ્વરૂપ હો, પણ તેનાથી કેવળજ્ઞાનની કળા પ્રાપ્ત થશે. અર્થાત્ એ મતિ, શ્રુતજ્ઞાનની પર્યાયથી મોક્ષ પ્રાપ્ત થશે. મોક્ષ નામ કેવળજ્ઞાન. તારા રાગ ને ક્રિયાથી, કર્મકાંડથી તો પ્રાપ્ત નહિ થાય. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૨૦૬

किञ्च -

एदम्हि रदो णिच्चं संतुट्ठो होहि णिच्चमेदम्हि।
एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं।।२०६।।
एतस्मिन् रतो नित्यं सन्तुष्टो भव नित्यमेतस्मिन्।
एतेन भव तृप्तो भविष्यति तवोत्तमं सौख्यम्।।२०६।।

एतवानेव सत्य आत्मा यावदेतज्ज्ञानमिति निश्चित्य ज्ञानमात्र एव नित्यमेव रतिमुपैहि। एतावत्येव सत्याशीः यावदेतज्ज्ञानमिति निश्चित्य ज्ञानमात्रेणैव नित्यमेव सन्तोषमुपैहि। एतावदेव सत्यमनुभवनीयं यावदेतज्ज्ञानमिति निश्चित्य ज्ञानमात्रेणैव नित्यमेव तृप्तिमुपैहि। अथैवं तव नित्यमेवात्मरतस्य, आत्मसन्तुष्टस्य, आत्मतृप्तस्य च वाचामगोचरं सौख्यं भविष्यति। तत्तु तत्क्षण एव त्वमेव स्वयमेव द्रक्ष्यसि, *मा अन्यान् प्राक्षीः।

---

હવેની ગાથામાં આ જ ઉપદેશ વિશેષ કરે છે :-

આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે. ૨૦૬.

ગાથાર્થ :- (હે ભવ્ય પ્રાણી !) તું [ एतस्मिन् ] આમાં (-જ્ઞાનમાં) [ नित्यं ] નિત્ય [ रतः ] રત અર્થાત્ પ્રીતિવાળો થા, [ एतस्मिनः ] આમાં [ नित्यं ] નિત્ય [ सन्तुष्टः भव ] સંતુષ્ટ થા અને [ एतेन ] આનાથી [ तृप्तः भव ] તૃપ્ત થા; (આમ કરવાથી) [ तव ] તને [ उत्तमं सौख्यम् ] ઉત્તમ સુખ [ भविष्यति ] થશે.

ટીકા :- (હે ભવ્ય !) એટલો જ સત્ય (-પરમાર્થસ્વરૂપ) આત્મા છે જેટલું આ જ્ઞાન છે-એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં જ સદાય રતિ (-પ્રીતિ, રુચિ) પામ; એટલું જ સત્ય કલ્યાણ છે જેટલું આ જ્ઞાન છે-એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય સંતોષ પામ; એટલું જ સત્ય અનુભવનીય (અનુભવ કરવાયોગ્ય) છે જેટલું આ જ્ઞાન છે-એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય તૃપ્તિ પામ. એમ સદાય આત્મામાં રત, આત્માથી સંતુષ્ટ અને આત્માથી તૃપ્ત એવા તને વચનથી અગોચર એવું સુખ થશે; અને તે સુખ તે ક્ષણે જ તું જ સ્વયમેવ દેખશે, *બીજાઓને ન પૂછ. (તે સુખ પોતાને જ અનુભવગોચર છે, બીજાને શા માટે પૂછવું

---

* मा अन्यान् प्राक्षी (બીજાઓને ન પૂછ)નો પાઠાન્તર – माऽतिप्राक्षीः (અતિ પ્રશ્નો ન કર).

પડે ?)

**ભાવાર્થ :- જ્ઞાનમાત્ર આત્મામાં લીન થવું, તેનાથી જ સંતુષ્ટ થવું અને તેનાથી જ તૃપ્ત થવું--એ પરમ ધ્યાન છે. તેનાથી વર્તમાન આનંદ અનુભવાય છે અને થોડા જ કાળમાં જ્ઞાનાનંદસ્વરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આવું કરનાર પુરુષ જ તે સુખને જાણે છે, બીજાનો એમાં પ્રવેશ નથી.**

---

**પ્રવચન નં. ૨૮૬ ગાથા–૨૦૬, શુક્રવાર, શ્રાવણ વદ ૧૦, તા. ૧૭-૦૮-૧૯૭૯**

---

'સમયસાર' ૨૦૬ ગાથા. **'હવેની ગાથામાં આ જ ઉપદેશ વિશેષ કરે છે :–'**

**एदम्हि रदो णिच्चं संतुट्ठो होहि णिच्चमेदम्हि।**
**एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं।।२०६।।**
**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે. ૨૦૬.**

**'(હે ભવ્ય!)'** તું આમ કર, એમ પાઠમાં કીધું ને? તો હે ભવ્ય! કાઢ્યું છે. તું આમ કર, એમ કહ્યું છે ને? તો હે ભવ્ય! આહા..! **'આટલો જ સત્ય (–પરમાર્થસ્વરૂપ) આત્મા છે...'** આટલો જ પરમાર્થ – પરમસ્વરૂપ આત્મા છે **'જેટલું આ જ્ઞાન છે...'** આત્મા જ્ઞાનપ્રમાણ, જ્ઞાન આત્માપ્રમાણ. આત્મા જ્ઞાનપ્રમાણ અને જ્ઞાન (આત્માપ્રમાણ). આત્મા જ્ઞાનપ્રમાણ અને દર્શનપ્રમાણ આદિ છે. અને જ્ઞાનપ્રમાણ આત્મા. આત્મા આમ લઈએ તો જ્ઞાનપ્રમાણ, દર્શનપ્રમાણ, આનંદપ્રમાણ. પણ આમ લઈએ તો જ્ઞાન આત્માપ્રમાણ. જેટલું અંદર જ્ઞાન છે એટલો આત્મા (છે). જેટલા અંદર દયા, દાન, વ્રતાદિ વિકલ્પ ઉઠે છે એ આત્મા નહિ. આહાહા..! એ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય ચૈતન્યના પ્રકાશથી પ્રકાશતો ભગવાનઆત્મા એટલો એ આત્મા છે કે જેટલું આ જ્ઞાન છે. આહા..!

**'એમ નિશ્ચય કરીને...'** જ્ઞાનસ્વરૂપ આત્મા (છે) **'એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં જ સદાય રતિ...'** જ્ઞાનમાત્ર ભગવાનઆત્મા એ જ્ઞાનમાત્રમાં જ. નિશ્ચય કહ્યું. એ **'જ્ઞાનમાત્રમાં જ સદાય...'** સદાય. આહાહા..! **'રતિ (–પ્રીતિ, રુચિ) પામ;...'** (પ્રાપ્ત કર). આહા..! ત્યાં તને ભગવાન મળશે, કહે છે. આહાહા..! આત્મા જ્ઞાનપ્રમાણ તો જ્ઞાન તે આત્મા, એમ નિશ્ચય કરીને તેમાં રુચિ કર, પ્રેમ કર, રતિ કર. આહાહા..! પ્રીતિ કર. આ વાત છે. બાકી થોથાં છે. દુઃખી દુઃખી છે. આહાહા..! રાગમાં આવે એ પણ દુઃખી છે. આહાહા..!

એ જ્ઞાનમાત્ર એટલો આત્મા છે, એમ નિશ્ચય કરીને. આ નિર્ણય કરી જ્ઞાનમાત્રમાં

રતિ, પ્રીતિ કર. રાગ અને પુણ્ય, નિમિત્તની પ્રીતિ છોડી દે એમ નાસ્તિથી ન કહ્યું, અસ્તિથી કહ્યું. આ છોડી દે, એમ ન કહ્યું. આમાં પ્રીતિ કર એટલે એ છૂટી જાય છે. આહાહા..! આવું આકરું. એ **'જ્ઞાનમાત્રમાં જ...'** રાગનો વિકલ્પ ઉઠે એ કંઈ આત્મા નથી, એ તો અનાત્મા છે, અજીવ છે. દયા, દાનનો વિકલ્પ ઉઠે ભક્તિ, પૂજા(નો) એ વિકલ્પ તો અજીવ છે, એ જીવ નહિ, પ્રભુ! આહાહા..!

**'જ્ઞાનમાત્રમાં જ...'** આત્મા આટલો છે એમ નિશ્ચય કરીને એટલામાં જ્ઞાનમાત્રમાં તું પ્રીતિ કર. અસ્તિથી વાત કરી. રાગની પ્રીતિ છોડી દે ને નિમિત્તની પ્રીતિ (છોડી દે). દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે. આહાહા..! દેવ-ગુરુ ને શાસ્ત્ર એમ કહે છે કે, તું જ્ઞાનમાત્ર છો ત્યાં પ્રીતિ કર, અમારી પ્રીતિ છોડી દે. આહાહા..! તારો ભગવાન ચૈતન્ય શીતળચંદ્ર (છે). જેમ શીતળ એવા અનંત ચંદ્રની શીતળતા (હોય) પણ એ શીતળતાની જડની છે. આ તો શાંત ચૈતન્ય ચંદ્રમાની શીતળતા શાંતિ, એ શાંતિથી ભરેલો છે. જ્ઞાનથી એમ જ્ઞાનપ્રધાન કથન છે.

એથી આત્મા તે જ્ઞાનપ્રમાણ, એમ નિશ્ચય કરીને. આત્મા તે આનંદપ્રમાણ, આત્મા તે શાંતિપ્રમાણ, આત્મા તે વીતરાગ સ્વભાવ પ્રમાણ. આહાહા..! એમ નિશ્ચય કરીને. જ્ઞાનપ્રધાનથી કથન છે. આહાહા..! **'સદાય...'** નિશ્ચય કરીને કરવું શું? **'જ્ઞાનમાત્રમાં જ સદાય...'** અંતર પ્રેમ કર. આહાહા..! દૃષ્ટિના ધ્યેયમાં જ્ઞાનમાત્ર આત્મા લગાવ, ત્યાં પ્રીતિ કર, ત્યાં રતિ કર. આહાહા..! ત્યાં રુચિ કર.

બીજો બોલ. **'તેટલું જ સત્ય કલ્યાણ છે...'** પહેલું (એમ કહ્યું), આટલો જ સત્ય આત્મા છે, એમ કહ્યું હતું. કે જેટલું જ્ઞાન છે. હવે (કહે છે), એટલું જ સત્ય કલ્યાણ છે... આહાહા..! **'એટલું જ સત્ય કલ્યાણ છે જેટલું આ જ્ઞાન છે...'** જેટલું જ્ઞાન છે તેટલું જ કલ્યાણ છે. અંદર સ્વરૂપ, કલ્યાણ સ્વરૂપ, એ જ્ઞાનસ્વરૂપ (છે) એ કલ્યાણસ્વરૂપ છે. આહાહા..! તારે કલ્યાણ કરવું હોય તો કલ્યાણસ્વરૂપી આત્મા છે. આહાહા..! સત્ય કલ્યાણ એટલું છે જેટલું આ જ્ઞાન છે. એ જ્ઞાન કલ્યાણ સ્વરૂપ છે **'એમ નિશ્ચય કરીને...'** ઓહો..! એમ નિર્ણય કરીને **'જ્ઞાનમાત્રથી જ...'** આત્મા એટલું કલ્યાણ છે કે જેટલું જ્ઞાન છે. આહાહા..!

**'એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ...'** એકાંત, સમ્યક્ એકાંત (કર્યું). **'સદાય સંતોષ પામ;...'** કોઈ સમયે પણ રાગમાં આવીને સંતોષ ન કર. આહાહા..! ત્યાં સંતોષ નથી. કલ્યાણ સ્વરૂપ ભગવાનઆત્મા જેટલું જ્ઞાનસ્વરૂપ (છે) એમ નિર્ણય કરીને **'સદાય સંતોષ પામ;...'** એ સંતોષ, હોં! બહારના પચીસ લાખમાંથી પાંચ લાખ ઘટાડ્યા માટે સંતોષ, એ સંતોષ નહિ. આહાહા..! **'સંતોષ પામ;...'** કાર્ય. આહાહા..! સંતોષ.. સંતોષ, આનંદની દશાની પ્રાપ્તિમાં સંતોષ. આહા..! પ્રાપ્ત કર.

ગાથા બહુ સરસ છે. ૨૦૬ માખણ છે, બાપા! એ વાંચન ને શ્રવણ ને મનનમાં પણ

વિકલ્પ ઉઠે છે એ આત્મા નહિ. આહાહા..! એટલો આત્મા કે જેટલું જ્ઞાન, એટલો આત્મા કે જેટલું કલ્યાણ. જેટલું જ્ઞાન એટલું કલ્યાણ, ત્રિકાળ. આહાહા..! અહીંયાં તો પર્યાય ઉપરથી દૃષ્ટિ છોડી દે. જ્ઞાનમાત્ર ત્રિકાળ (છે) ત્યાં રતિ કર, સંતોષ કર. આહાહા..! એ કલ્યાણ ત્યાં છે. આહાહા..!

**'એટલું જ સત્ય અનુભવનીય છે...'** આહાહા..! અસ્તિથી વાત કરી. દયા, દાન, વ્રતાદિના વિકલ્પનો અનુભવ કરવા લાયક નથી. એ તો રાગનું વેદન છે. આહા..! પરમસત્ય આ છે. લોકોને (કઠણ) લાગે, અભ્યાસ નહિ, અંતર ચીજની મહિમા નહિ. અંદર પ્રભુ કોણ છે? પ્રભુ તો એમ કહે છે કે, તારી પ્રભુતામાં તું પ્રીતિ કર. તારા જ્ઞાનસ્વભાવમાં પ્રીતિ, સંતોષ ત્યાં કર. તારું કલ્યાણ ત્યાં છે. આહાહા..! મારી સામું જોઈશ તો પ્રભુ તને રાગ થશે, પ્રભુ એમ કહે છે. આહા..! તારો ભગવાનઆત્મા એટલો જ સંતોષ કરવા લાયક છે અને એટલો જ અનુભવ કરવા લાયક છે, જુઓ!

**'એટલું જ સત્ય...'** આહાહા..! બાકી વ્યવહાર રત્નત્રય આદિનો વિકલ્પ પણ અસત્ય છે. આહા..! બહુ ઝીણું, આકરું. માણસને ફુરસદ નહિ અને પોતાની ચીજની કેટલી મહત્તા છે. મહાન શક્તિઓનો ભંડાર ભગવાન.. આહાહા..! એવો હીરો ક્યાંય છે નહિ. હું જ હીરો છું. લ્યો, વળી તમારો હીરો આવ્યો. આહાહા..! જ્ઞાનપ્રમાણ આત્મા (છે). એ પહેલા એકવાર 'પ્રવચનસાર'માં આવી ગયું છે. આત્મા જ્ઞાનપ્રમાણ, જ્ઞાન જ્ઞેયપ્રમાણ, જ્ઞેય લોકાલોક પ્રમાણ. ભગવાનઆત્મા જ્ઞાનપ્રમાણ, જ્ઞાન જ્ઞેયને પૂર્ણ જાણે એવા જ્ઞેયપ્રમાણ, જ્ઞેય લોકાલોક પ્રમાણ. આહાહા..! લોકાલોકને જાણે તેવો જ્ઞાનપ્રમાણ આત્મા છે. એ તો પર્યાયમાં, હોં! વસ્તુ તો ત્રિકાળ છે. આહાહા..!

**'એટલું તો સત્ય...'** બાકી રાગાદિ તો અસત્ય (છે). આહા..! દેવ-ગુરુ, ધર્મ એમ કહે કે, તું એટલો સત્ય છો. એ પરમાર્થસ્વરૂપ સત્ય એ અનુભવ કરવા યોગ્ય છે. આહા..! દેવ, સર્વજ્ઞ પરમાત્મા પરમગુરુ, સર્વજ્ઞદેવ પરમગુરુ એમ કહે છે કે, પ્રભુ! એટલું સત્ય અનુભવ કરવા લાયક છે, જેટલો તું જ્ઞાનપ્રમાણ છો. આહાહા..! મારા તરફનું લક્ષ કરીને પણ અનુભવ કરવા લાયક તું નથી. અરે..! આવી વાત છે વીતરાગની, ભાઈ! આહાહા..! પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર અને એના સંતો, કેવળજ્ઞાનના કેડાયતો, એ એમ કહે છે કે, પ્રભુ! એટલું સત્ય અનુભવ કરવા લાયક છે. અમારી તરફ જોઈને અનુભવ કરવા લાયક નથી. આહા..!

તારો આત્મા જ્ઞાનપ્રમાણ છે એટલો અનુભવ કરવા યોગ્ય છે કે જેટલું આ જ્ઞાન છે. આહાહા..! ત્રિકાળ જ્ઞાન છે એ જ અનુભવ કરવા લાયક છે. આહાહા..! આ સંસારના કામ કે દિ' કરવા? આહા..! ભાઈ! તું તો જ્ઞેયનો જ્ઞાતા છો ને નાથ! એ જ્ઞેયના કાર્ય કરું એવો તું નથી. એ જ્ઞેયનો વ્યવહારે જ્ઞાતા છો. આહાહા..! નિશ્ચયથી તો તું તારી પર્યાયનો

અને દ્રવ્ય-ગુણનો જ્ઞાતા છો. વ્યવહારથી પરનો, પરજ્ઞેયનો જ્ઞાતા (કહેવાય) પણ એ જ્ઞેયનું હિત કરવા લાયક છે અને એ જ્ઞેયથી આત્માને લાભ થાય છે, એવી ચીજ નથી. આહાહા..! જ્ઞેયને જાણનારો જ્ઞાનસ્વરૂપ ભગવાન. એ જ્ઞાન આ શાસ્ત્રજ્ઞાન નહિ. જેનો સ્વભાવ જ્ઞાનસ્વભાવ. ચૈતન્યપ્રકાશ સ્વભાવ આત્મા, એટલું અનુભવ કરવા લાયક છે. સમજાણું? આહાહા..! આવી વાત છે.

આ એકાંત લાગે પણ એકાંત જ છે. 'જ' આવ્યો ને? (એટલે) સમ્યક્ એકાંત. આહાહા..! નિશ્ચયનય સમ્યક્ એકાંત છે. અને સમ્યક્ એકાંતના હિત માટે પ્રગટ થયેલી દશા, પછી ઇ દશા રાગાદિ પર્યાયને જાણે એ અનેકાંત છે. આહા..! 'શ્રીમદ્'માં આવે છે ને? 'અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય પ્રકારે હિતકારી નથી.' પ્રભુ! આહાહા..! 'શ્રીમદ્' કહે છે. અનેકાંત પણ; પર્યાય છે, ગુણભેદ છે, રાગ છે એ અનેકાંત પણ સમ્યક્ એકાંતની નિજપદની પ્રાપ્તિ સિવાય એ અનેકાંત પણ હિતકારી નથી. આહાહા..! અરે..રે...! આવું સાંભળવા મળવું મુશ્કેલ પડે. મહા પુણ્યનો યોગ હોય તો તો એ સાંભળવા મળે છતાં એ કહે છે કે, સાંભળવા મળ્યું, એ સાંભળવાનો વિકલ્પ આવ્યો એ અનુભવ કરવા લાયક નથી. આહાહા..!

**'એટલું જ સત્ય અનુભવનીય છે (અનુભવ કરવાયોગ્ય) છે જેટલું આ જ્ઞાન છે...'** ત્રિકાળ સ્વભાવ. **'એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય...'** જુઓ! જ્ઞાનમાત્રથી 'જ' સદાય (એમ કહીને) સમ્યક્ એકાંત કર્યું છે. સદાય.. સદાય. આહાહા..! કોઈ ક્ષણમાં પણ રાગનો અનુભવ કરવા લાયક નથી. આહા..! રાગ આવે છે પણ અનુભવ કરવા લાયક તો આ ચીજ છે.

**'જ્ઞાનમાત્રથી જ સદાય તૃપ્તિ પામ.'** તૃપ્તિ.. તૃપ્તિ.. તૃપ્તિ. આહાહા..! જેમ ક્ષુધા બહુ લાગી હોય અને પછી ચૂરમાના લાડવા ને પતરવેલિયા ને ભજીયા (ખાય તો) તૃપ્તિ.. તૃપ્તિ.. તૃપ્તિ (થાય). આહાહા..! હેં?

મુમુક્ષુ :- થોડીવાર પછી..

ઉત્તર :- એ તો થોડીવાર થાય ત્યાં ઝાડા થઈ જાય. આહાહા..!

આ તો આનંદનો નાથ પ્રભુ, જ્ઞાનમાત્રનો, જ્ઞાનની પ્રધાનતાથી કથન છે પણ આત્મા આનંદપ્રમાણ છે અને આનંદપ્રમાણ આત્મા છે. સમજાણું? એવા અનંત ગુણપ્રમાણ આત્મા છે અને આત્મા અનંત ગુણપ્રમાણ છે અને અનંત ગુણ આત્માપ્રમાણ છે. આહા..! એમ નિશ્ચય કરીને ત્યાં તૃપ્તિ પામ, તૃપ્તિ પામ, તૃપ્તિ પામ ત્યાં. આહાહા..! રતિ પામ, સંતોષ પામ, તૃપ્તિ પામ – આ ત્રણ બોલ લીધા. આહાહા..! આ તમારા રૂપિયામાં તો પાંચ કરોડ, દસ કરોડ, વીસ કરોડ, અબજ આવે તોય સંતોષ નથી. ધૂળમાં એકલું પાપ છે. આહાહા..! એ.. 'હસમુખભાઈ'. આહા..!

ભગવાનઆત્મા જ્ઞાનપ્રમાણ તેમાં પ્રેમ કર, જ્ઞાનપ્રમાણ તેમાં સંતુષ્ટ થા, જ્ઞાનપ્રમાણ તેનો અનુભવ કરીને તૃપ્તિ કર. આહાહા..! પહેલો જ્ઞાનમાં આ નિર્ણય તો કરે કે વસ્તુ આ છે અને અંતરમાં અનુભવ કરવા લાયક ચીજ હોય તો એ આત્મા છે. આહાહા..! વેદન, વેદન, વેદવા લાયક હોય તો તે આત્મા છે. આહાહા..! અને ત્યાં આગળ સંતોષ છે. ત્યાં પ્રેમ કર તને આનંદ આવશે, કહે છે. આહા..! એમ કહે છે. આહાહા..! **'તૃપ્તિ પામ.'** આહાહા..!

**'એમ..'** આ રીતે **'સદાય આત્મામાં રત,...'** ઇ ત્રણ બોલનો સરવાળો કરે છે. **'સદાય આત્મામાં રત,...'** આહાહા..! સદાય આત્મામાં લીન. **'આત્માથી સંતુષ્ટ અને આત્માથી તૃપ્ત...'** આહાહા..! એમ ભગવાન આચાર્ય સંત જગતને એની ઋદ્ધિની જાહેરાત કરે છે. આહા..! પ્રભુ! તારી ઋદ્ધિ તો આનંદ છે ને નાથ! તારી સંપદા જ્ઞાન ને આનંદ એ તારી સંપદા છે. આહાહા..! રાગ પણ નહિ તો બહારની લક્ષ્મી – ધૂળ તો ક્યાંય રહી ગઈ. આહાહા..! **'એમ સદાય આત્મામાં રત, આત્માથી સંતુષ્ટ અને આત્માથી તૃપ્ત એવા તને...'** આહાહા..! ભગવાન તને જ્ઞાનપ્રમાણ, આનંદ અને સંતોષ કરવાથી **'વચનથી અગોચર એવું સુખ થશે;...'** એ વચનગમ્ય નથી, નાથ! એવા આનંદની, શાંતિ તને પ્રાપ્ત થશે. અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થશે. આહાહા..! એ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર (છે). આમ લોકોને એકાંત લાગે. ભઈ! આમ કરવું પણ એનું કોઈ સાધન ખરું કે નહિ? હેં?

મુમુક્ષુ :– ઇ આવે ખરું ને?

ઉત્તર :– આવે, એ તો નિમિત્તના કથન છે. આહાહા..! જેમ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાનમાત્ર આત્માનો અનુભવ થયો, એમાં પ્રતીતિ (થઈ) તે નિશ્ચય સમ્યગ્દર્શન (છે). બાકી રાગ રહ્યો તેને વ્યવહાર સમકિતનો આરોપ (કર્યો). આરોપનો અર્થ એ સમકિત છે નહિ પણ નિશ્ચય સમકિતની સાથે રાગ છે તો વ્યવહાર સમકિતનો આરોપ (કર્યો). છે તો એ રાગ ચારિત્રનો દોષ, એને વ્યવહાર સમકિત કહેવામાં આવ્યું. આહાહા..! સમજાણું? એમ સાધન, સાધક. નિજ સ્વરૂપનો અનુભવ થયો ત્યારે જે રાગ મંદ હતો, આ સાધકપણું અંદર પ્રગટ થયું ત્યારે રાગ જે મંદ છે તેને વ્યવહાર સાધકનો આરોપ આવ્યો. વ્યવહાર સાધક કહેવામાં આવ્યું. 'જયસેનાચાર્ય'માં એ શબ્દ બહુ છે. એ લોકો કહે છે. આહાહા..!

આ ૩૨૦ ગાથા ચાલી ને? 'ઇન્દોર'માં એક 'બંસીધરજી' હતા ને? 'બંસીધરજી પંડિત' અહીં આવી ગયા હતા ત્યારે કેટલીક વાત તો એને બહુ બેસતી. છેલ્લે 'કલકત્તા' આવ્યા ત્યારે તો એમેય બોલી ગયા હતા, હવે તો મારે ત્યાં રહેવાનો વિચાર છે. છેલ્લી ઘડીએ પણ પાછું ગંગા કાંઠે ગંગા જેવા–(ફરી ગયું). આંખમાં આંસુ. વ્યાખ્યાન દઈને હેઠે ઉતર્યો. 'કલકત્તા'. મોટર પાસે આવ્યા અને (કહ્યું), હવે તો મારે છેલ્લી આખી જિંદગી ત્યાં રહેવાનો ભાવ છે. હવે એકવાર એમ કહેતા હતા. અહીં હા પાડે ત્યાં વળી એકવાર એમ કહેતા

હતા કે, આ ૩૨૦ ગાથાની 'જયસેનાચાર્ય'ની ટીકા પસંદ કેમ કરી? બીજા અધિકાર એમાં છે, સાધક-સાધન છે, ફલાણું છે ને એ ન (લીધું) અને આ ગાથા કેમ પસંદ કરી? પણ એમની દૃષ્ટિને અનુકૂળ છે માટે આ પસંદ કરી, એમ બોલ્યા હતા. અરે..! ભાઈ! એમ બોલ્યા હતા. નહિતર 'જયસેનાચાર્ય'ની ટીકામાં વ્યવહાર ઘણો છે. વ્યવહાર સાધક છે, નિશ્ચય સાધ્ય છે, વ્યવહારથી નિશ્ચય થાય છે એવું લખાણ બહુ (આવે છે). એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા (કહ્યું છે). આત્મા જ્યારે સ્વભાવનો સાધક થઈ અને શાંતિ ને આનંદની પ્રાપ્તિ થઈ, ત્યારે રાગ જે મંદ હતો તેને આરોપે સાધક કહ્યો. જેમ સમકિત નિશ્ચય થયું ત્યારે રાગને વ્યવહાર સમકિતનો આરોપ કહ્યો, એમ રાગથી ભિન્ન પડીને આત્માનો અનુભવ થયો, ત્યારે રાગ બાકી રહ્યો તેને વ્યવહાર સાધક કહ્યો. હવે શું થાય? ભાઈ! સમજાણું? 'જયસેનાચાર્ય'ની ટીકામાં બહુ આવે. વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. આહાહા..! ત્યારે એણે એમ કહ્યું કે, એ અધિકાર ન લીધો અને આ ૩૨૦ ગાથા કેમ પસંદ કરી? એમ કહ્યું. એમની દૃષ્ટિને આ અનુકૂળ છે તો આ પસંદ કરી. પણ વસ્તુનું સ્વરૂપ જ એવું છે, પ્રભુ! પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ વર્ષ સુધી બીજા એકડા ઘૂંટ્યા હોય. વ્યવહારથી થાય, શુભરાગ હોય તો થાય.

હમણા 'કળશટીકા' બનાવી છે ને? 'જગમોહનલાલ'. આમ બીજી લાઈન કેટલીક ઠીક મૂકી છે પણ આમાં છેલ્લે સરવાળો આ મૂકે કે, શુભભાવ કરતા કરતા એ થાય. કારણ કે પોતે પડિમાના ધારક છે. અરે..! પ્રભુ! આ શું કરે છે? શું કહેવાય? ગાથાની ટીકા કરી છે ને? 'અધ્યાત્મઅમૃત કળશ' પુસ્તક છે અહીંયાં. જેમ આ 'રાજમલ'ની ટીકા છે ને? એમ એણે આખી ટીકા, બધા શ્લોકની ટીકા બનાવી છે પણ એમાં આ એક નાખ્યું છે કે, એને છેલ્લો શુભ ઉપયોગ હોય છે, જ્યારે શુદ્ધ (ઉપયોગ) થાય ત્યારે, માટે શુભઉપયોગ સાધન છે. કારણ કે જ્યારે એ શુભથી ખસીને અંતરમાં અનુભવમાં જાય છે ત્યારે છેલ્લો એને શુભઉપયોગ હોય છે માટે તેને સાધન કહેવામાં આવે છે. આહાહા..! એમ નથી. એનાથી છૂટ્યો ત્યારે સાધન ક્યાંથી આવ્યું? રાગની રુચિ છૂટી અને જ્ઞાનની રુચિ, દૃષ્ટિ, અનુભવ થયો ત્યાં રાગનું સાધકપણું ક્યાં રહ્યું? આહાહા..! સમજાણું? એનાથી તો જુદો પડીને અનુભવ કર્યો તો સાધનપણું ક્યાં રહ્યું? પણ જ્યારે અનુભવ સાથે સંતોષ થયો, જ્ઞાનમાત્ર આત્મા એમ અનુભવમાં સંતોષ થયો ત્યારે રાગ બાકી હતો એને વ્યવહાર સાધકનો આરોપ કરીને કથન કર્યું. આ સિવાય આડુઅવળું કાંઈ કરવા જાય તો આખું તત્ત્વ ફરી જશે. આહાહા..! લખાણ ઘણું છે એમાં, ખબર છે ને, 'જયસેનાચાર્ય'ની ટીકા.

પણ અંતે તો ૩૨૦ ગાથામાં તો કહ્યું... આહાહા..! કે, જ્ઞાની-ધર્મી ત્રિકાળ નિરાવરણ સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું, એમ અનુભવ કર. નિજ પરમાત્મદ્રવ્ય હું છું. પર્યાયેય

નહિ, રાગ તો ક્યાંય રહી ગયો. આહાહા..! પર્યાય એમ કહે છે કે, ત્રિકાળી સકળ નિરાવરણ એક પરમાત્મદ્રવ્ય તે હું છું. એ હું છું. આહાહા..!

**'તને વચનથી અગોચર એવું સુખ થશે;...'** ક્યારે? એ જ્ઞાનસ્વરૂપ હું છું, એવો અનુભવ કરવાથી. રાગ હતો તેની મદદ છે એમ છે નહિ. આહાહા..! હવે આમાં પૈસા ને ધંધા આડે નવરાશ ક્યાં (છે)? બાપા! આહા..!

મુમુક્ષુ :– આપ કોઈ ઉપાય બતાવો.

ઉત્તર :– આ ઉપાય છે, બાપુ! એનાથી રુચિ ફેરવી અને પર્યાયને ત્રિકાળની રુચિ કરાવવી. પર્યાયને પરની રુચિ આમ છે તે પર્યાયમાં પર્યાયને ત્રિકાળની રુચિ કર. કારણ કે કાર્ય, રુચિ ને સંતોષ તો પર્યાયમાં થાય છે ને? હેં? આહાહા..! દ્રવ્ય તો જે છે તે છે પણ આ દ્રવ્ય જ્ઞાન પૂર્ણ છે, કલ્યાણસ્વરૂપ પૂર્ણ છે, એ તો પર્યાય જાણે છે. દ્રવ્ય તો ધ્રુવ છે. સમજાણું? આહાહા..! અને તને સુખ પ્રાપ્ત થશે, પ્રભુ! તું સુખને પંથે જઈશ. આહાહા..! અનાદિ રાગને પંથે, દુઃખને પંથે છો પ્રભુ! એ અંતરના જ્ઞાનમાત્ર આત્માના અનુભવમાં સુખને પંથે તારી દૃષ્ટિ – પંથ ત્યાં બંધાઈ ગયો. સુખને પંથે ચાલ્યો જઈશ. આહાહા..! રાગને પંથે, દુઃખને પંથે પ્રભુ! તું અનાદિથી દોરાઈ ગયો છે. આહા..! આ હીરા, માણકેના ધંધાનો વિકલ્પ દુઃખપંથ છે એમ કહે છે. એવું છે.

મુમુક્ષુ :– પર્યાયને ફેરવ્યા વિના છૂટકો નથી. બીજો કાંઈ ઉપાય છે?

ઉત્તર :– એવું છે. એ કંઈ બીજું થાય જ નહિ. દાનમાં તો બહુ પૈસા ખર્ચે છે. ત્યાં અમારો ઉતારો એ વખતે હતો ને? તો એક લાખ સાંઈઠ હજાર તો જયંતિમાં ખર્ચ્યા અને એક લાખ અહીં હમણા આપ્યા. પૈસા બહુ હતા. એ તો રાગની મંદતા હોય, શુભ, પુણ્ય છે.

મુમુક્ષુ :– આપના જેવા ગુરુ તો મળે ને!

ઉત્તર :– એ તો સંયોગી ભાવ છે તો સંયોગ મળે પણ અહીં સ્વભાવનો ભાવ પ્રાપ્ત થાય એ સંયોગને કારણે પ્રાપ્ત થાય? સંયોગ દેવ-ગુરુ-શાસ્ત્રનો મળે, લ્યો! પણ એ સંયોગથી અસંયોગી સ્વભાવનો લાભ થાય? આહાહા..! (શ્રોતા :– સંયોગ તો પ્રભુ વર્તમાનમાં મળ્યો જ છે). આવી વાત છે.

ઇ આ 'મોરબી'ના એક ભાઈ હતા ઇ એમ કહેતા હતા. 'દલીચંદભાઈ'ના ભાઈની વહુ હતી ને? વિધવા હતા ઇ તણાઈ ગયા. ઓલાના સગા થાતા હશે? 'ઘડિયાળી'ના? એને ફઈબા, ફઈબા કહેતા, એમ કો'ક કહેતું હતું. 'દલીચંદભાઈ'ના નાના ભાઈ હતા. નાની ઉંમરમાં વિધવા (થઈ ગયા). બીજું એક ગામ છે ત્યાં એના મકાન હતા. કયુ ગામ કહેવાય એને? 'સનાળા'. 'સનાળા'માં એના મકાન છે ત્યાં ઉતર્યા હતા. 'સનાળા'માં એક શક્તિનું દેવળ છે. અન્યમતિની શક્તિનું દેવળ છે. હું આહાર કરીને ફર્યો. નજીક હતું ત્યાં હું ગયો ત્યાં એક બાવો બેઠો હતો. પધારો.. પધારો.. પધારો. મેં કીધું, આ શક્તિ આ નહિ. શક્તિ

તો જ્ઞાન ને આનંદ શક્તિ દેવી એની પૂજા કર, એમ કીધું. ત્યાં ઉતર્યા હતા, 'મોરબી'થી 'સનાળા'. ત્યાં બેનનું મકાન હતું. નાની ઉંમરમાં વિધવા થયેલા. અહીં 'દલીચંદભાઈ' છે ને? આહા..! ઇ કહે, તણાઈ ગયા. આ ફેરે એના ઘરે ગયા હતા ખરા, 'મોરબી' ગયા તે દિ'. પલંગ – ખાટલામાં હતા, ઇ ચાલી શક્યા નહિ, પાણીનું જોર એકદમ આવ્યું (તો) પાણીમાં તણાઈ ગયા. બાકી મુમુક્ષુમંડળમાં બીજાને કાંઈ (નુકસાન) થયું નથી. આહાહા..! આવી સ્થિતિ. અરે..રે...! બહારમાં બૂડી મરે એ કરતાં અંદરમાં બૂડીને જીવને!

ભગવાન જ્ઞાનનો દરિયો ભર્યો છે ને નાથ! અનંત અનંત શાંતિ અને આનંદનો સાગર. આહાહા..! કાલે તો બપોરે બહુ નહોતું આવ્યું? પ્રભુ! અનંતા મુખ કરું પ્રભુ! અને એક એક મુખે અનંતી જીભ કરું. તારા ગુણનો પાર ન આવે, પ્રભુ! આહા..! છતાં રાત્રે બીજું આપ્યું હતું, ૧૫૦ માં આવ્યું હતું, હે પ્રભુ! તારા ગુણની દશાની સંખ્યા શું કહું? આ ધરતી આખી પૃથ્વીનો કાગળ બનાવું અને સમુદ્રના જળની રશનાઈ બનાવું, આહાહા..! અને આખી વનસ્પતિની કલમો બનાવું તોપણ પ્રભુ! તારા ગુણ લખ્યા લખાય નહિ. આહાહા..! કાલે એક ભક્તિમાં 'હિમતભાઈ'એ નહોતું ગાયું? એની સામે ૧૫૦ પાને આ છે. એ વખતે કાઢ્યું હતું, રાત્રે બતાવ્યું હતું. આહાહા..! આખી ધરતીનો કાગળ, આખા સમુદ્રના જળની રશનાઈ અને આખી વનસ્પતિ, વનરાજની બધી કલમો (બનાઉ).. આહાહા..! પણ પ્રભુ તારા ગુણની સંખ્યા લખાય નહિ. આહાહા..! એવા ગુણનો દરિયો ભર્યો છે ને પ્રભુ તું. આહાહા..! ત્યાં જા ને નાથ! ત્યાં સંતોષ કર, ત્યાં પ્રેમ કર. એને અનુભવવા લાયક બનાવ. આહાહા..! ભારે આકરું કામ. એકલા વ્યવહારના રસિયા હોય એને તો એમ થાય. આહાહા..! વ્યવહાર તો શું રાગ કાંઈક ઘટાડે, બહાર છોડ્યું, આ છોડ્યું. એમાં ડાળિયા શું થયા? મિથ્યાત્વ તો આખું પડ્યું છે. આહાહા..!

પહેલા ત્યાગમાં ત્યાગ તો મિથ્યાત્વનો જોઈએ, એને ઠેકાણે બીજો ત્યાગ પહેલો કરીને માને. આહાહા..! શું થાય? એ મિથ્યાત્વનો ત્યાગ તો આ રીતે થાય. આત્મા જ્ઞાનમાત્ર છે તેમાં પ્રીતિ કર, તેમાં સંતુષ્ટ થા, તેને કલ્યાણરૂપ માન અને તેમાં તને આનંદ અને તૃપ્તિ થશે. આહાહા..! અને તેવું સુખ તું જાતે અનુભવીશ, કોઈને પૂછવું પડશે નહિ. આહાહા..! છે?

**'તે સુખ તે જ ક્ષણે જ તું જ સ્વયમેવ દેખશે.'** આહાહા..! તે સુખને–અતીન્દ્રિય આનંદને **'તે ક્ષણે જ...'** તે જ ક્ષણે **'તું જ સ્વયમેવ...'** સ્વયં જ. 'एव'નો (અર્થ) જ. સ્વયમેવ જ દેખશે. આહાહા..! છે ને? **'સ્વયમેવ..'** છે. સ્વયં-એવ–સ્વયં જ. તારાથી તને સ્વયં જ અનુભવ ખ્યાલમાં આવી જશે. આહાહા..! અરે..! બહારના માથાફોડી ને પાપના ભાવ ને પુણ્યના ભાવ કરી કરીને હેરાન થઈ ગયો છે તું. ભગવાન છે એ તો પુણ્ય-પાપના વિકલ્પથી પાર છે. સ્વભાવથી ભરેલો છે અને વિકલ્પથી પાર છે. જે વિકલ્પથી પાર છે એ વિકલ્પથી મળશે?

જેનાથી રહિત છે તેનાથી તે મળશે? આહાહા..! આવો માર્ગ છે. સંપ્રદાયને આકરું પડે. અત્યારે સંપ્રદાય એવા દોરાય ગયા છે અને આ ‘સોનગઢીયા.. સોનગઢીયા’ એમ કહે છે. અરે..! પ્રભુ! શું કરે છે? આ ‘સોનગઢ’નું નથી, બાપુ! આહાહા..!

પ્રભુ! આ તો તારા ઘરની વાત છે. પરઘરમાંથી નીકળીને સ્વઘરમાં જાવું એની આ વાત છે. આહાહા..! તારું ઘર તો પ્રભુ! જ્ઞાનથી ભરેલું ઘર છે ને! એકલો જ્ઞાનનો પુંજ, ચૈતન્યનો સૂર્ય, ચૈતન્યચંદ્ર શીતળતાનો ભરેલો ભગવાન. આહાહા..! એની ઉપર નજર કરને નાથ! ત્યાં નિધાન પડ્યું છે. આહાહા..! તેનો પહેલો વિશ્વાસ તો લાવ કે, આ ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંત ગુણનો સાગર (છે). વિશ્વાસ કરીને. વિશ્વાસે વહાણ તરશે તો અંદરમાં જવાશે. આહાહા..! કહો, ‘હસમુખભાઈ’, આવી વાતું છે, બાપુ! ક્યાંય ‘મુંબઈ’માં મળે એવું નથી. છ ભાઈ બેસીને વાતું કરો તો આ મળે એવું નથી ન્યાં. આહા..! આવી વાત, પ્રભુ! આહાહા..! અમૃતનો સાગર ઉછળે છે. આહાહા..!

અમૃતના સુખના ભંડારરૂપ સ્વરૂપ તેની રુચિ કર, તેની પ્રીતિ કર, તેનો સંતોષ કર, એ કલ્યાણ સ્વરૂપ (છે), તેનાથી તૃપ્ત થા. આહાહા..! તને ત્યાં આનંદ આવશે, પ્રભુ! આહાહા..! એ..ઇ...! આથી (વધારે) શું કહે? આહા..! એનો હજી વિશ્વાસ ને પ્રતીતિ ન મળે. વ્યવહારની પ્રતીતિ અને એનાથી (મળશે એમ માને). અરે..! પ્રભુ! જે તારામાં છે નહિ એનો તને ભરોસો અને છે તેનો ભરોસો નહિ! આહાહા..!

**‘તે સુખ તે ક્ષણે જ તું જ સ્વયમેવ દેખશે. બીજાઓને ન પૂછ. (તે સુખ પોતાને જ અનુભવગોચર છે, બીજાને શા માટે પૂછવું પડે?’** એક ન્યાય એ આપ્યો છે. નીચે એનો બીજો એક અર્થ છે. **‘मा अन्यान् प्राक्षीः’** ‘(બીજાઓને ન પૂછ)નો પાઠાન્તર – **‘माऽतिप्राक्षीः’** (અતિપ્રશ્નો ન કર).’ હવે બહુ વિશેષ પ્રશ્ન ન કર, એમ કહે (છે). છે નીચે? આહાહા..! બીજાને ન પૂછ અને હવે અતિપ્રશ્ન ન કર. આહાહા..!

ત્રણલોકના નાથ તીર્થંકર સર્વજ્ઞ પરમાત્મા, એ દિવ્યધ્વનિ દ્વારા આમ કહે છે, એ સંતો વાણી દ્વારા જગતને જાહેર કરે છે. આહાહા..! ત્રણલોકનો નાથ ‘સીમંધર’ ભગવાન સમવસરણમાં દિવ્યધ્વનિમાંથી આ આવ્યું હતું. આહાહા..! એ સંતોએ અનુભવીને બહારમાં જગતને મૂક્યું. આહાહા..! ભગવાનનો આ સંદેશ છે. અમે ભગવાન પાસે ગયા હતા. ભગવાનના અમે દર્શન કર્યા. સંતો એમ કહે છે. આહાહા..! અમને ભગવાનના ભેટા થયા, ભગવાનની વાણી અમે આઠ દિ’ સાંભળી. ‘કુંદકુંદાચાર્ય’ સપ્તાહ આવે છે ને? સમવસરણમાં સપ્તાહ મૂકે છે ને? આપણે સમવસરણ સ્તુતિમાં સપ્તાહનું આઠ દિ’. એ ત્રણલોકના નાથ આમ સંદેશ કહેવરાવે છે. આહાહા..!

પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ તું છો ને! જ્ઞાનથી ભરેલો, આનંદથી ભરેલો, શાંતિથી (ભરેલો), શાંતિ એટલે ચારિત્ર, આનંદ એટલે સુખ, સ્વચ્છતાથી ભરેલો, પ્રભુતાથી ભરેલો, ઈશ્વરતાના

ગુણોથી પૂર્ણ ભરેલો છે. આહાહા..! એ જ્ઞાનમાત્ર કહો કે ઈશ્વરમાત્ર કહો. પ્રભુ! પ્રભુતાની પૂર્ણતામાત્ર ભગવાનઆત્મા છે. આહાહા..! તેની રુચિ કર, પ્રભુ! રુચિ ત્યાં પોષાણ (કર), પોષાણમાં ઇ લે. તને બીજું પોશાતું છે ઇ છોડી દે. આ અમને પોશાય છે અને આ માલ અમને પોશાય છે. હીરા પચાસ હજારના લાવે પણ અહીં સાંઈઠ હજાર ઊપજે તો લાવે ને? પચાસ હજારના ચાલીસ હજાર આવતા હોય તો લાવતા હશે? આહાહા..! અહીંયાં આત્માનું પોશાણ લાવ. આહાહા..! અરે..! તને રાગના પોશાણમાં ઠીક લાગે છે પણ એ તો નુકસાનકારક છે, ભાઈ! આહાહા..! તારા પ્રભુને પોશાણમાં લે. એ પોશાય છે એમ લે. આહાહા..! આવી વાત છે. ઝાઝા માણસમાં તો આ વાત આકરી પડે માણસને. શું થાય? ભાઈ! માર્ગ આ છે, બાપુ! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓને આ અવાજ-દિવ્યધ્વનિ છે. બીજાને ન પૂછ અથવા અતિ પ્રશ્ન ન કર. કરવાનું તો આ છે. હવે ત્યાં જા. આહાહા..! બહુ ગાથા (સારી આવી), એકલો માલ (ભર્યો છે).

**ભાવાર્થ :- 'જ્ઞાનમાત્ર આત્મામાં લીન થવું,...'** ઓલા રતિનો અર્થ લીન કર્યો. **'જ્ઞાનમાત્ર આત્મામાં લીન થવું,...'** આહાહા..! જ્ઞાન જાણવાના સ્વભાવ સ્વરૂપ ભગવાન, જ્ઞાનસ્વભાવ અને ભગવાન સ્વભાવવાન, જ્ઞાન સ્વભાવ અને ભગવાન સ્વભાવવાન, આનંદ સ્વભાવ અને ભગવાન આનંદ સ્વભાવવાન. તો કહે છે કે, આનંદ સ્વભાવવાન એવો ભગવાન એમાં લીન થા. આહાહા..! ભાવનો ભાવવાન પ્રભુ. ભાવનો ભાવવાન. એ ભાવ એનું રૂપ છે. આહાહા..! ત્યાં લીન થા.

**'તેનાથી જ સંતુષ્ટ થવું...'** તેનાથી જ સંતુષ્ટ થવું. આહાહા..! **'અને તેનાથી જ તૃપ્ત થવું-એ પરમ ધ્યાન છે.'** એ પરમ ધ્યાન છે. આહા..! મૂળ તો આ ધ્યાન છે, એમ કહે છે. એ વિકલ્પ છૂટીને આ સ્વભાવ આવો છે, એ તો અંદર ધ્યાનમાં આવે છે, કહે છે. નિર્વિકલ્પ દશા-ધ્યાન, ધ્યાનમાં આ આવે. કોઈ વિકલ્પની વિચારધારા ચાલતી હોય અને આ નિર્વિકલ્પ દૃષ્ટિમાં આવે, એમ નહિ આવે. આહાહા..! એના સ્વભાવનું ધ્યાન. એ ધ્યાનની દશાનું આ વર્ણન છે. આહાહા..!

**'પરમ ધ્યાન...'** ભાષા જોઈ? આહા..! આત્મામાં લીન ક્યારે થાય છે? ધ્યાનમાં અંદર લીન થાય છે. આહાહા..! ત્યારે ઓલો વિકલ્પ-બિકલ્પની વિચારધારા રહેતી નથી. સમજાણું? માળાએ પણ ખુલાસો કેવો સરસ (કર્યો છે)! ટીકાકારેય કેટલું સ્પષ્ટ સત્યને મૂકે છે! એમાં લીન થા, પણ લીન થાનો અર્થ કે, એનું ધ્યાન કર ત્યારે લીન થવાય. આહાહા..! તારા ધ્યાનમાં પરના લક્ષમાં વળેલું ધ્યાન (છે) એ તો આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે. આહા..!

નિશ્ચય ધર્મધ્યાન. ધર્મધ્યાનના બે પ્રકાર. રાગાદિને વ્યવહાર કહેવાય પણ નિશ્ચય ધર્મધ્યાન અંદર વસ્તુનું ધ્યાન તે ધર્મધ્યાન છે. આહાહા..! ધર્મધ્યાન થાય છે? એમ પૂછે. વ્રતાદિ પાળે (તો પૂછે). એમ છે ને સ્થાનકવાસીમાં? ધર્મધ્યાન થાય છે? તો કહે, હા. સામાયિક,

પોશા, પડિકમણાની ક્રિયા કરે ઇ ધર્મધ્યાન. બાપુ! એ નહિ, ભાઈ! જ્યાં ધર્મનો ધરનાર ધર્મી પડ્યો છે ત્યાં તેનું ધ્યાન લગાવ. આહાહા..! દ્રવ્ય ને ગુણ તો પરિપૂર્ણ પડ્યા છે. પરિપૂર્ણ! ત્યાં ધ્યાન લગાવ તો પર્યાયમાં તને પૂર્ણ પ્રાપ્તિ થશે. આહાહા..! પહેલી તો પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ ધ્યાનમાં (થાય છે). ધ્યાનની અપૂર્ણ દશા છે તેમાં થશે અને પછી ધ્યાન કરતા કરતા પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ થશે. આહાહા..!

**'તેનાથી વર્તમાન આનંદ અનુભવાય છે...'** આ તો વર્તમાન તેનાથી, જ્ઞાનમાત્ર ભગવાનનું ધ્યાન કરવાથી, ધ્યાનમાં 'એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનં' 'એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનં' એક અગ્ર નામ મુખ્ય વસ્તુને દૃષ્ટિમાં લઈને અંદર એકાગ્ર થવું અને ચિંતા નામ વિકલ્પનો નિરોધ થઈ જવો. આહાહા..! એકાગ્ર ચિંતા. 'એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનં' આહા..! પરના વિકલ્પનું ધ્યાન છૂટી જાય છે. આહાહા..! 'દ્રવ્યસંગ્રહ'માં ૪૭ ગાથામાં કહ્યું ને? **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।'** આહા..! બે પ્રકારનો મોક્ષમાર્ગ એટલે સાચો અને એક આરોપિત, પણ એ બેય ધ્યાનમાં પ્રાપ્ત થશે. આહાહા..! એ આ કીધું. અંતરના ધ્યાનમાં ધ્યેયને પકડી અને એકાકાર થાય, વિકલ્પ વિનાની દશા (થાય) એ ધ્યાનમાં નિશ્ચય મોક્ષમાર્ગ – સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને ધ્યાનમાં જે રાગ બાકી રહ્યો તે વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ કરીને ધ્યાનમાં પ્રાપ્ત થશે, પ્રભુ! આહાહા..!

લોકો કહે છે, ધ્યાન. હમણા સ્થાનકવાસીમાં એ ચાલ્યું છે. પણ વસ્તુ હજી કેવી છે એને જાણ્યા વિના ધ્યાન કેનું? એ આવ્યા છે. 'નથુમલ' તેરાપંથી છે. બુદ્ધિવાળો, પુસ્તક બનાવ્યા છે. અરે..! પણ તારો પંથ જ મિથ્યાત્વનો છે એમાં ધ્યાન ક્યાં આવ્યું? આહાહા..! સમજાણું? આકરી વાત, ભાઈ! બહુ આકરું કામ છે. ઘણા હવે શીબિરો શીખ્યા, શિક્ષણશિબિર. અહીંનું કાઢે છે ને? ઇ બધા તેરાપંથી કાઢે, દેરાવાસી કરે, સ્થાનકવાસી કરે. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! તારું ધ્યાન દ્રવ્યમાં લગાવ. ત્યારે લીનતા થશે, ત્યારે તને વિકલ્પ છૂટશે. આહાહા..! આવો માર્ગ છે. આહા..! **'વર્તમાન આનંદ અનુભવાય છે અને થોડા જ કાળમાં જ્ઞાનાનંદસ્વરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.'** આહાહા..! અલ્પકાળમાં તને કેવળજ્ઞાન પ્રાપ્ત થશે, પ્રભુ! આહાહા..! **'આવું કરનાર પુરુષ જ તે સુખને જાણે છે,...'** આવું કરનાર આત્મા જ સુખને જાણે છે. **'બીજાનો એમાં પ્રવેશ નથી.'** વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

k

## શ્લોક-૧૪૪

(उपजाति)

अचिन्त्यशक्तिः स्वयमेव देव-
श्चिन्मात्रचिन्तामणिरेष यस्मात्।
सर्वार्थसिद्धात्मतया विधत्ते
ज्ञानी किमन्यस्य परिग्रहेण।।१४४।।

---

હવે જ્ઞાનાનુભવના મહિમાનું અને આગળની ગાથાની સૂચનાનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ यस्मात् ] કારણ કે [ एषः ] આ (જ્ઞાની) [ स्वयम् एव ] પોતે જ [ अचिन्त्यशक्तिः देवः ] અચિંત્ય શક્તિવાળો દેવ છે અને [ चिन्मात्र-चिन्तामणिः ] ચિન્માત્ર ચિંતામણિ છે (અર્થાત્ ચૈતન્યરૂપ ચિંતામણિ રત્ન છે), માટે [ सर्व-अर्थ-सिद्ध-आत्मतया ] જેના સર્વ અર્થ (પ્રયોજન) સિદ્ધ છે એવા સ્વરૂપે હોવાથી [ ज्ञानी ] જ્ઞાની [ अन्यस्य परिग्रहेण ] અન્યના પરિગ્રહથી [ किम् विधत्ते ] શું કરે ? (કાંઈ જ કરવાનું નથી.)

ભાવાર્થ :- આ જ્ઞાનમૂર્તિ આત્મા પોતે જ અનંત શક્તિનો ધારક દેવ છે અને પોતે જ ચૈતન્યરૂપી ચિંતામણિ હોવાથી વાંછિત કાર્યની સિદ્ધિ કરનારો છે; માટે જ્ઞાનીને સર્વ પ્રયોજન સિદ્ધ હોવાથી તેને અન્ય પરિગ્રહનું સેવન કરવાથી શું સાધ્ય છે? અર્થાત્ કાંઈ જ સાધ્ય નથી. આમ નિશ્ચયનયનો ઉપદેશ છે. ૧૪૪.

---

**પ્રવચન નં. ૨૮૭ શ્લોક-૧૪૪, ગાથા-૨૦૭, શનિવાર, શ્રાવણ વદ ૧૧, તા. ૧૮-૦૮-૧૯૭૯**

---

કળશ-૧૪૪

(उपजाति)

अचिन्त्यशक्तिः स्वयमेव देव-
श्चिन्मात्रचिन्तामणिरेष यस्मात्।
सर्वार्थसिद्धात्मतया विधत्ते
ज्ञानी किमन्यस्य परिग्रहेण।।१४४।।

આહાહા..! **'કારણ કે...'** અનુભવી ધર્મી જીવ, જેને આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ પવિત્ર ભગવાન, તેની દૃષ્ટિ સહિત અનુભવ થયો. આહાહા..! 'નિર્જરા અધિકાર' છે ને? જે આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, અચિંત્ય દેવ કહેશે. એ ધર્માત્મા, ધર્મ જેને આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ (છે) એવી દૃષ્ટિપૂર્વક અનુભવ થયો, એ ધર્મી **'પોતે જ...'** સ્વયંમેવ, સ્વયં જ. આહાહા..! **[अचिन्त्यशक्तिः देवः] 'અચિંત્ય શક્તિવાળો દેવ છે...'** આહાહા..! ધર્મી સ્વયં જ. પોતાનો ભગવાનઆત્મા અચિંત્ય શક્તિ. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય પ્રભુતા વગેરે અનંત શક્તિવાળો એ દેવ છે. પ્રભુ-આત્મા અચિંત્ય શક્તિવંત દેવ છે. આહાહા..! દિવ્ય શક્તિ. જ્ઞાન, આનંદ, શાંતિ વગેરે દિવ્ય શક્તિવાળો દેવ છે. આહા..!

**'અને ચિન્માત્ર ચિંતામણિ...'** એ તો ચૈતન્યમાત્ર ચિંતામણિ. અંતરની ચીજ જ્યાં દૃષ્ટિમાં, અનુભવમાં આવી તો કહે છે કે, ચૈતન્ય ચિંતામણિ. જેમ ચિંતામણિની પ્રાપ્તિથી જગતના જીવ(ને) ઇચ્છા પ્રમાણે પ્રાપ્ત થાય, તેમ આ વસ્તુ પ્રાપ્ત થઈ.. આહાહા..! એ તો ચિંતામણિ રત્ન, એની એકાગ્રતાથી શું ન પ્રાપ્ત થાય? આહાહા..! દિવ્યશક્તિનો ભંડાર ભગવાન, એના અનુભવની દૃષ્ટિથી એમાં એકાગ્રતાથી દિવ્યશક્તિનો દેવ, એમાં એકાગ્રતાથી શું ન પ્રાપ્ત થાય? આહા..! શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એ પર્યાયમાં પ્રાપ્તિ થાય છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

**'ચિન્માત્ર ચિંતામણિ...'** એ જ્ઞાનમાત્ર સ્વભાવ ભગવાન અનંત ગુણ, એવો ચિંતામણિ રત્ન. આહા..! જેને દૃષ્ટિમાં પ્રાપ્ત થયો અને જેનો જેને અનુભવ થયો એ અચિંત્યદેવ શક્તિવંત દેવ ચિંતામણિ. જેટલી તેમાં એકાગ્રતા થાય તેટલા રતન પામે. આનંદ ને શાંતિ ને સ્વચ્છતા ને પ્રભુતાના રતન પર્યાયમાં પાકે. લ્યો, આ તમારા રતન નથી, આ તો બીજા રતન આવ્યા. આહાહા..!

**'(ચૈતન્યરૂપ ચિંતામણિ રત્ન છે) માટે...' [सर्व-अर्थ-सिद्ध-आत्मतया] 'જેના સર્વ અર્થ (પ્રયોજન) સિદ્ધ છે...'** નિજ સ્વરૂપની પ્રતીતિ અને અનુભવ થયા તો સર્વ અર્થની સિદ્ધિ છે. આહા..! જે કંઈ શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા જોઈએ તો તેની પ્રાપ્તિ થાય છે. આહા..! આવી વાતું. સર્વ પ્રયોજન સિદ્ધ છે. આહાહા..! **'એવા સ્વરૂપે હોવાથી જ્ઞાની...'**– ધર્મી **[अन्यस्य परिग्रहेण]** નિજ ચૈતન્યસ્વરૂપ ભગવાન સિવાય, જડની ક્રિયા, રાગાદિ પરિણામ અને ભેદના વિકલ્પો તેનાથી તેને શું પ્રયોજન છે? આહાહા..! સમજાણું?

ચિંતામણિ ભગવાનઆત્મા નજરમાં જ્યાં નિધાન આવ્યા, હવે સર્વ અર્થ સિદ્ધિ (છે). આહાહા..! જ્ઞાનની પ્રાપ્તિ, સમકિતની પ્રાપ્તિ, શાંતિની પ્રાપ્તિ, આનંદની પ્રાપ્તિ (થાય છે). આ વસ્તુ છે. તેને **[अन्यस्य परिग्रहेण]** નિજ સ્વભાવ સિવાય જડની ક્રિયાની સાવધાની, આચરણપણું અને સ્મરણથી શું પ્રયોજન? આહાહા..! એમ અંદર રાગના વિકલ્પ આદિ શુભઅશુભભાવ આવે છે તે પણ એક પરિગ્રહ છે. તો કહે છે, તેનાથી શું પ્રયોજન? રાગાદિમાં

સાવધાની, આચરણપણું, સ્મરણપણું તેનું શું પ્રયોજન છે? આહાહા..! અને અંદર ભેદ પડે તે ભેદના વિકલ્પ ઉઠે છે. આહાહા..! અભેદ ભગવાનઆત્મા, તેમાં ગુણ-ગુણીના ભેદના વિકલ્પ ઉઠે એમાં પરિગ્રહ (અર્થાત્) સાવધાનપણું, આચરણપણું અને સ્મરણપણાનું શું પ્રયોજન? આહાહા..! સમજાણું?

જડની ક્રિયા, રાગની ક્રિયા, ભેદના વિકલ્પ એ ત્રણેય પરિગ્રહ અન્ય છે. આહાહા..! તેનાથી ધર્મીને અન્યથી સાવધાનપણું શું? ઓહોહો..! વ્યવહાર રત્નત્રયના વિકલ્પ ઉઠે છે તેમાં શું સાવધાનપણું? તેનું તને શું આચરણ? તેનું શું સ્મરણ છે તને? ભગવાનઆત્મા નિજ શુદ્ધ સ્વરૂપ તરફ સાવધાની, તેનું આચરણ.. આહાહા..! અને તેનું જ સ્મરણ. ઝીણી વાત છે, ભાઈ! ‘અમૃતચંદ્રાચાર્ય’ના કળશ... આહાહા..! અમૃતથી ભર્યા છે. જેની જ્ઞાનમાં ભાન-પ્રાપ્તિ થઈ તેને જડની ક્રિયા, રાગની ક્રિયા અને ભેદની ક્રિયા, એવા વિકલ્પ, તે તરફ સાવધાની રાખવી, આચરણ કરવું તેનાથી શું પ્રયોજન છે? આહાહા..! એ પરિગ્રહ છે. અભેદમાં ભેદ (ઊપજાવવો) એ પરિગ્રહ છે, અન્ય (છે). આહાહા..! વીતરાગની વાતું (આવી છે).

જડની ક્રિયા હું કરું એ પણ એક મિથ્યાત્વનો પરિગ્રહ છે. રાગક્રિયા કરું એ પણ એક મિથ્યાત્વનો પરિગ્રહ છે. આહાહા..! અને અભેદ ભગવાનઆત્મા, તેમાં ભેદ ઊપજાવવો એ પણ એક વિકલ્પ ને પરિગ્રહ અન્ય છે. અન્ય પરિગ્રહથી ધર્મીને શું કામ છે? આહાહા..! બહુ આકરું કામ. પૈસા-બૈસાની ક્રિયા એ ક્રિયામાં ગઈ અને એના પ્રત્યેનો દયા, દાનનો રાગ એ વિકારમાં ગયો અને અભેદમાં ભેદવિકલ્પ અન્ય પરિગ્રહેણ. આ ત્રણે અન્ય પરિગ્રહ છે. તેનાથી ભગવાનઆત્મા ચૈતન્ય પરિગ્રહ જે હાથ આવ્યો, પરિગ્રહ (અર્થાત્) આખો ચૈતન્ય પકડી લીધો, સમસ્ત પ્રકારે પરિગ્રહ. ભગવાન પૂર્ણાનંદનો નાથ સમસ્ત પ્રકારે અનુભવમાં લઈ લીધો. આહાહા..! એવો ધર્મી, આ ધર્મી (છે). આહાહા..! એને ક્રિયાકાંડના રાગથી શું પ્રયોજન? જડના અનુકૂળ-પ્રતિકૂળ હલચલન થાય તેનાથી શું પ્રયોજન? આહાહા..! અચિંત્યદેવ પ્રભુ અનંત અનંત દિવ્યશક્તિનો ભંડાર ભગવાન, જેને અનુભવમાં આવ્યો, પરિગ્રહ-પકડી લીધો, ધર્મીનો એ પરિગ્રહ છે. આહાહા..! આવી વાતું (છે).

મુમુક્ષુ :- અધર્મીનો પરિગ્રહ શું?

ઉત્તર :- અધર્મીનો એ પરિગ્રહ-રાગાદિ મારો, ઇ. પૈસા આદિ મારા, શરીર આદિ મારા, રાગાદિ મારા અને ભેદાદિ મારા (માને) એ અજ્ઞાનીનો પરિગ્રહ છે.

મુમુક્ષુ :- પૈસા..

ઉત્તર :- પૈસા તો ક્રિયામાં, પરમાં ગયા.

મુમુક્ષુ :- ફક્ત મમત્વ.

ઉત્તર :- આ મારું, એ પરિગ્રહ મિથ્યાત્વ છે અને રાગાદિ પરિગ્રહ મારો એ પણ

મિથ્યાત્વ છે અને ભેદના વિકલ્પ મારું સ્વરૂપ છે એ પણ મિથ્યાત્વ છે, પરિગ્રહ છે, પ્રભુ! આકરી વાત છે, ભાઈ! આ તો 'નિર્જરા અધિકાર' છે. આહાહા..! જેને ભગવાનઆત્મા શુદ્ધ પવિત્રના જેને પ્રયાણ ઉપયોગમાં થયા. આહાહા..!

એક ફેરી ભાઈએ ગાયન બનાવ્યું હતું. ભાઈએ-'ભાઈચંદજી' નહિ? ભાઈ! 'લીંબડીવાળા ભાઈચંદજી'. દિગંબર સંપ્રદાય છોડી દીધો હતો.

મુમુક્ષુ :- 'રાજકોટ'થી ત્યાં જતા હતા.

ઉત્તર :- હા, ગયા હતા, ખબર છે. ગુજરી ગયા ત્યારે ગયા હતા. અહીં હતા. 'રામજીભાઈ', 'નારણભાઈ'. 'લીંબડી'માં ગુજરી ગયા. અન્યમતિના મંદિરમાં. એને એક ફેરી કહ્યું હતું, 'ઉપયોગભૂમિ પાવન કરવા પધારજો, હે નાથ!' મારી ઉપયોગભૂમિમાં પાવન કરવા પ્રભુ પધારો. આહા..! મારી નિર્મળ ઉપયોગભૂમિ. 'ઉપયોગભૂમિ પાવન કરવા પધાર' મારી ઉપયોગભૂમિમાં પ્રભુ આવો અને આવ્યા એને હવે પરનું શું કામ છે? કહે છે. લક્ષ્મીની, પરની તો વાતેય નહિ, રાગની વાત નહિ પણ ભેદનું પણ એને શું કામ છે? જ્યાં અભેદ ભગવાનના ભેટા થયા. આહાહા..!

મુમુક્ષુ :- અભેદના ભેટા થયા એમાં ભેદનું શું કામ?

ઉત્તર :- શું કામ છે? એ પરિગ્રહને પકડીને શું કામ છે? મહાપ્રભુ અભેદ આખો પરિગ્રહ પકડ્યો છે. આહાહા..! સમ્યગ્દર્શને આખા પૂર્ણાનંદના નાથને કબજે લીધો. આહાહા..! બહુ ઝીણી વાત, ભાઈ! આ તો 'નિર્જરા અધિકાર' છે ને? આવા જીવને નિર્જરા થાય છે. આહાહા..! એ કર્માદિ, રાગાદિ આવે છે તે ખરી જાય છે. આહાહા..! અને કર્મનો ઉદય પણ ખરી જાય છે, ભેદનો વિકલ્પ પણ છૂટી જાય છે. આહાહા..!

અચિંત્યદેવ ચૈતન્ય ચિંતામણિ ભગવાન. અચિંત્વદેવ કહ્યો પણ દેવનું શું સ્વરૂપ? ચિન્માત્ર ચિંતામણિ. આહાહા..! અચિંત્યદેવ, એ તો પણ અચિંત્યદેવ એટલું કહ્યું. પણ એનું-દેવનું સ્વરૂપ શું? જ્ઞાનમાત્ર ચિંતામણિ ભગવાનઆત્મા. આહાહા..! એવો ભગવાન ચૈતન્ય ચિંતામણિ, અચિંત્યદેવ. આહાહા..! પર્યાયમાં જેનો આદર થયો, પર્યાયે એને પકડીને ભગવાનને નિજ પરિગ્રહ માન્યો. આહાહા..! પર્યાયમાં પોતાના પરમાત્માને પરિગ્રહ માન્યો, પકડ્યો. એ..ઇ...! આવી વાતું સાંભળવી મુશ્કલે પડે. આહાહા..!

**'सर्व-अर्थ-सिद्ध'** આહાહા..! જેને ચિંતામણિ અચિંત્યદેવ પ્રભુ, તેની સમ્યગ્દર્શનમાં પ્રાપ્તિ થઈ, સમ્યગ્જ્ઞાનમાં જ્ઞેય બનાવીને પ્રાપ્તિ થઈ.. આહાહા..! એવા જીવને **[सर्व-अर्थ-सिद्ध-आत्मतया]** **'सर्व-अर्थ-सिद्ध'**. **'आत्मतया'** એટલે સ્વરૂપ. **'सर्व-अर्थ-आत्मतया'** **'सर्व-अर्थ-सिद्ध-आत्मसिद्ध'** આહાહા..! સમ્યગ્દર્શન થયું.. આહાહા..! તો કહે છે કે, અચિંત્યદેવ ચિંતામણિ (પ્રાપ્ત થયો). અચિંત્યદેવ તો વ્યાખ્યા આવી, પણ એનું સ્વરૂપ શું? કે ચૈતન્ય ચિંતામણિ ભગવાન. આહાહા..! આવો ભગવાન જેને દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો (તેને) સર્વ

અર્થ સિદ્ધિ (છે). જે પોતાનું પ્રયોજન હતું એ સિદ્ધ થઈ ગયું. આહાહા..! શાંતિ, વીતરાગતા, સુખ એ પ્રયોજન હતું, એ પ્રયોજન સિદ્ધ થઈ ગયું.

મુમુક્ષુ :- એનાથી ઘર કેમ ચાલે?

ઉત્તર :- ઘર કે દિ'? આ ઘર (-આત્મા) છે કે ઇ ઘર છે? એ..ઇ...! 'હસમુખભાઈ' પાંચ પાંચ લાખના મકાન છે એને, છએ ભાઈઓને. રહેવાના ન્યાં હોલ.. હોલ શું કહેવાય? છએ ભાઈઓના છ. અને બાપુનું જુદું. એમ લોકો કહેતા હતા, આપણે ક્યાં (જોયા છે)? ગયા હતા ખરા એક ફેરી, હોં! ત્યાં મકાને આવ્યા હતા. જોવા ગયા હતા એક ફેરી. આહાહા..! પ્રભુ! એ તારા ઘર ક્યાં છે?

તારું ઘર તો અચિંત્યદેવ-ચિંતનમાં લે-આવે એ તારું ઘર છે. એ ઘરમાં જેણે પ્રવેશ કર્યો (તેને) સર્વ સિદ્ધિ (છે). આહાહા..! એને સર્વ પ્રયોજનની સિદ્ધિ (થઈ ગઈ). અર્થ એટલે પ્રયોજન. **'सर्व-अर्थ-सिद्ध-आत्मतया'** **'सर्व-अर्थ-सिद्ध-आत्मतया'** સર્વ અર્થ સિદ્ધ થયેલું સ્વરૂપ. સર્વ અર્થનું સિદ્ધ થયેલું સ્વરૂપ. આહાહા..! અરે..! આવો ઉપદેશ. આહાહા..! આત્મા હજી પકડમાં આવ્યો નહિ, અનુભવમાં આવ્યો નથી ત્યાં પાધરી પડિમા ને મહાવ્રત લ્યે એ તો બાળવ્રત અને બાળતપ છે. આહાહા..!

'અમૃતચંદ્રાચાર્ય' આ શ્લોકમાં ઘણું કહેવા માગે છે, બહુ ઊંડુ કહેવા માગે છે. ઓહોહો..! ભગવાન! તું અચિંત્ય ચિંતામણિ, આનંદ ચિંતામણિ, શાંતિ ચિંતામણિ.. આહાહા..! અનંત ગુણનું ચિંતામણિ સ્વરૂપ પ્રભુ તારું. તારું સ્વરૂપ છે તેને પકડી લીધું, અનુભવ થયો (તો) **'सर्व-अर्थ-सिद्ध-आत्मतया'** સર્વ અર્થના સ્વરૂપની સિદ્ધિ થઈ. સર્વ પ્રયોજનના ભાવની સિદ્ધિ થઈ. આહાહા..! જે પ્રયોજન સુખનું હતું, સમ્યગ્જ્ઞાનનું હતું એ બધા પ્રયોજન સિદ્ધ થયા. આહાહા..!

**'અન્યના પરિગ્રહથી...'** નિજ અભેદ ચિદાનંદ સ્વરૂપની અનુભવદૃષ્ટિ સિવાય **[अन्यस्य परिग्रहेण]** એ જડની કોઈ પૈસા-લક્ષ્મી, આબરુ, સ્ત્રી, કુટુંબ એ ચીજ તારી ક્યાં છે? તેની તને સાવધાની, સ્મરણ, આચરણનું તારે શું કામ છે? અરે..! રાગના પણ આચરણ, સ્મરણ, સાવધાનીનું શું કામ છે? ભગવાન મહાપ્રભુ તને સાવધાનીમાં પ્રાપ્ત થયો છે ને! આહાહા..! ભગવાનઆત્મામાં સાવધના થયો. 'સમય વર્તે સાવધાન' નથી કહેતા, ઓલા લગન વખતે? ટાઈમ હોય સાડા આઠ ને દસ મિનિટ (તો કહે), ટાઈમ થઈ ગયો, 'સમય વર્તે સાવધાન, લાવો કન્યાને.' અહીં કહે છે, 'સમય વર્તે સાવધાન' સમય એટલે આત્મા. આહાહા..! દુનિયાથી જુદી વાત છે, પ્રભુ! આહાહા..! દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવો નથી. આહાહા..! એથી એકાંત છે, એમ નથી. એ સમ્યક્ એકાંત છે. આહાહા..!

જેને અચિંત્યદેવ ચિન્માત્ર ચિંતામણિ પ્રતીતમાં, અનુભવમાં, જ્ઞાનની પર્યાયમાં આવ્યો, આહાહા..! એ જીવને ધર્મી, સમકિતદૃષ્ટિ જીવને પોતાના સ્વભાવના પરિગ્રહ-પકડ સિવાય

અન્ય પરિગ્રહનું શું કામ છે? આહાહા..! એ લક્ષ્મી આદિ, શરીરાદિની ક્રિયા તેનું તારે શું કામ છે? આહાહા..! લક્ષ્મીની ક્રિયા આવે ને જાય, તેનાથી તારે શું પ્રયોજન છે? શરીર નિરોગ અને રોગ રહે તેનાથી તારે શું પ્રયોજન છે? આવું છે, પ્રભુ! આ તો વીતરાગ ત્રણલોકના નાથનો જગત પાસે પોકાર છે. અચિંત્યદેવનો નાથ પ્રભુ તું અંદર, ચિન્માત્ર ચિંતામણિ એ દેવ હું નહિ પણ તું. આહા..! હું તારો દેવ નહિ (એમ) પ્રભુનો પોકાર છે. તારો દેવ અંદર અચિંત્ય શક્તિનો ભંડાર છે ને પ્રભુ! આહાહા..! ચિંતામણિ રતન છે, પ્રભુ! જેમ જેમ એકાગ્રતા કરીશ તેમ તેમ તને આનંદ પ્રાપ્ત થશે. આહાહા..! આચાર્ય મહારાજના હૃદયમાં ઘણી ગંભીરતા, ઊંડપ છે.

નિર્જરા કોને થાય છે? સંવરપૂર્વક નિર્જરા કોને થાય છે? કે, જેને પોતાનો ભગવાન અચિંત્ય ચિંતામણિ રતન પર્યાયમાં પ્રાપ્ત થયો. વસ્તુ તો હતી પણ પર્યાયમાં રાગ ને પર પ્રાપ્ત હતા. આહાહા..! એ પર્યાયમાં ભગવાન પ્રાપ્ત થયા (તો) સર્વ પ્રયોજન સિદ્ધ થઈ ગયા. ત્રણલોકનો નાથ પ્રતીતમાં, અનુભવમાં આવ્યો. ત્રણલોકનો નાથ દેવનો દેવ, આહાહા..! તું હી દેવાધિદેવ.

મુમુક્ષુ :– છેલ્લી કડી.

ઉત્તર :– 'શિવરમણી રમનાર તું' એક ફેરી આવ્યું હતું. (સંવત) ૧૯૬૪ની સાલની વાત છે. 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' એવી છ કડી હતી પણ આટલી અડધી કડી યાદ આવી. છ કડી બનાવી હતી. ઓલા લીટીવાળા કાગળ હોય છે ને? આંકેલા. ઘરમાં ચોપડી હતી, વેપાર હતો ને, એમાં લખ્યું હતું. દીક્ષા લીધી ત્યારે ભાઈને કહ્યું કે, ચોપડી (જોઈએ). ત્યાં તળાવ મોટું છે, ઇ તળાવમાં પાણી બહુ આવી ગયું, અંદર ગરી ગયું. 'મનસુખ'ને ખબર છે? પાણી બહુ હતું. તારો જન્મ તો (સંવત) ૧૯૭૪માં (થયો). મેં ચોપડી માંગેલી. સીત્તેર પછી, હોં! પણ દુકાનમાં અંદર પાણી ગરી ગયું હતું, એ ચોપડી પલળી ગઈ. આહાહા..!

પહેલી કડી આ હતી. 'શિવરમણી રમનાર તું' આ સ્ત્રી નહિ તારે. તું તો મોક્ષની રમણીનો રમનાર પ્રભુ. આહાહા..! 'તું હી દેવનો દેવ' આ અંદરથી આવ્યું હતું. એ ૧૯૬૪ની સાલ, સંવત ૧૯૬૪. આહાહા..! કેટલા વર્ષ થયા? ૭૧ વર્ષ પહેલા આવ્યું હતું. પછી તો ઘણું આવ્યું જોઈએ આ બહાર નીકળત તો ખ્યાલેય આવત કે પૂર્વનું અંદર કેટલું (હતું)! આહા..! ચોપડી પલળી ગઈ. એ વખતે અમે તો વેપારી (હતા) પણ આ કવિત્વની છ કડી જોડાઈ ગઈ હતી. કોણ જાણે ક્યાંથી શું થયું? 'રામજીભાઈ' ગોતતા હતા. અમારે 'કુંવરજીભાઈ ચુનીલાલ'ની દુકાનની સામે. 'ચુનીલાલ'ની તમારી દુકાન હતી ને પહેલી? 'ચુનીલાલ મોતીલાલ' એની પાછળ ઓલું જીન છે ને? હવે તારા મકાન ન્યાં થયા. એ જીનમાં મોઢા આગળ સંચો હતો આખા ગાડાને તોળવાનો, સંચો હોય છે ને? આખું ગાડું તોળાય. જમીન ઉપર છે, જોયું હતું, મોટો સંચો હતો. આખું ગાડું તોળાય. એ પાછું તોળીને પાછું નીકળે ત્યારે

ગાડું તોલી લ્યે, હવે કપાસ કેટલો હતો ઇ (ખબર પડે). સંચો હતો ઇ જમીનમાં હવે આ લોકોના મકાન થઈ ગયા. આહા..! ઇ જીન હતું. મોટું જીન. ખબર છે. ત્યાં 'રામચંદ્ર' ને 'લક્ષ્મણ' ને 'સીતા' માળા છોકરાઓએ પણ એવો વેશ ભજવ્યો, બાપુ! શું કહીએ? આહાહા..! આમ યાદ આવે છે ત્યારની વાત. આહાહા..!

ગામનો એક મંદિરનો બાવો હતો મોટો, ઓલી 'લક્ષ્મીચંદભાઈ'ની લાતી નહિ? ત્યાં મંદિર છે ને? રામજી મંદિર, એનો વૃદ્ધ બાવો હતો. આમ 'રામચંદ્ર', 'લક્ષ્મણ' ને 'સીતાજી' આવ્યા પણ જોઈ લ્યો, એ તો જાણે આબેહુબ! બાવાજીને વિચાર થયો તો આરતી ઉતારી. 'રામ', 'લક્ષ્મણ', 'સીતાજી' વૈરાગ્યની મૂર્તિ. વનવાસમાં જાય છે. આહાહા..! એ બાવો વૃદ્ધ હતો, હોં! એ 'રામજી મંદિર' છે ને? ઓલા લાતીમાં. પહેલા 'લક્ષ્મીચંદભાઈ' હતા ને? સગા હતા, આપણા સંબંધી. ત્યાં છોકરાઓ છે ને? 'ભરૂચ'. 'મોહન'ને ખબર છે. વૈષ્ણવ. ત્યાં લઈ ગયા હતા. પ્રેમ હતો બધાને. એ, આહાહા..! બાવાજીને પ્રેમ થઈ ગયો. આ તો 'રામચંદ્ર' ને 'લક્ષ્મણ' આવ્યા. એવા ગંભીર. ઢબ આ હતી. 'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત' એના ગાયનની આ ઢબ હતી. 'સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત' છોકરાઓના ગાયનની આ ઢબ હતી. પણ ઢબ તે શાંતિથી (ગાય). તે દિ' તો દસ-પંદર રૂપિયાનો પગાર. તે દિ' ક્યાં.. આહા..! ત્રણ રૂપિયાનો, ચારનો મહિને ખર્ચ હોય. આહા..!

એમાં આ ધુન ચડી ગયેલી. એને સાંભળીને. તું કોણ છો? આહાહા..! 'શિવરમણી રમનાર' આ સ્ત્રી ન હોય. અને તું તો દેવાધિદેવ છો. મને ખબરેય નહિ તે દિ' તો શું આવ્યું આ? એનો અર્થ કે તું તીર્થંકરનો જીવ છો! એવું આવ્યું, ભાઈ! એ તો પછી અંદર આવ્યું. આ શું આવ્યું આ તે? ૧૯૬૪ની સાલ, અઢાર વર્ષની ઉંમર. ૧૯૪૬માં જન્મ, અઢાર વર્ષની ઉંમર હતી. પણ પૂર્વનું હતું ને! અંદરથી આવતું. આહાહા..! ભગવાન પાસે (હતા).

અહીં કહે છે, પ્રભુ! તું અહીં છો ને દેવાધિદેવ સાક્ષાત્! આહાહા..! તને તારા દેવના વિરહ ક્યાં છે? આહા..! પરમાત્માના ભગવાનના વિરહ પડ્યા પણ તારા દેવનો વિરહ નથી પ્રભુ તારામાં. આહાહા..! 'સીમંધર' સીમં – ગુણની મર્યાદા ધરનારો ભગવાન અચિંત્ય દેવ. એ 'સીમંધર' ભગવાન આ છે. આહાહા..! એને સર્વ અર્થ સિદ્ધ થયા.

**'એવા સ્વરૂપે હોવાથી...'** આહાહા..! **'જ્ઞાની...'** નામ ધર્મીને **'અન્યના પરિગ્રહથી શું કરે?' [किम् विधत्ते]** શું કરવા વિશેષે ધારણ કરશે? આહાહા..! બીજી ચીજને શું કરવા અનુભવમાં લ્યે? એમ કહે છે. એને **'विधत्ते'** શું કરવા ધારણ કરે? આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! તારી પ્રભુતાનો પાર નથી, નાથ! તું બાળક થઈને એમ માગે કે, આ જોઈએ, આ જોઈએ. બાપુ! તું તો પ્રભુ છો અંદર. આહાહા..! તારી પ્રભુતાની વાતું વાણીમાં પુરી ન આવે, એવો ભગવાન અચિંત્યદેવ, જેને દૃષ્ટિમાં આવ્યો, અનુભવમાં લઈ લીધો (તેને) સર્વ અર્થની સિદ્ધિ થઈ ગઈ, કહે છે. આહાહા..! તેને અન્ય પરિગ્રહથી શું પ્રયોજન? ભેદ,

ગુણ-ગુણીના ભેદના વિકલ્પથી પણ તારે શું પ્રયોજન? આહાહા..! બાહ્ય પરિગ્રહ તો નહિ, રાગ તો નહિ પણ ભેદના વિકલ્પથી નાથ! તારે શું પ્રયોજન છે? આહાહા..! આવા ભગવાને અમૃત રેડ્યા છે. 'અમૃતચંદ્રાચાર્યે' અમૃત રેડ્યા છે. આહાહા..! શ્લોકમાં બહુ ઊંડપ છે. એમના હૃદયમાં એ વખતનો જે અભિપ્રાય હતો (એ) ઘણો ઊંડો હતો. આહાહા..! '**કાંઈ જ કરવાનું નથી.**' આહાહા..!

**ભાવાર્થ :- 'આ જ્ઞાનમૂર્તિ આત્મા...**' ચિન્માત્ર ચિંતામણિ કહ્યું હતું ને? એનો અર્થ કર્યો. જ્ઞાનમૂર્તિ જ્ઞાનસ્વરૂપ ભગવાન. જ્ઞાનસ્વરૂપની પ્રધાનતાથી (કથન કર્યું છે). અનંત અનંત ગુણ સંપન્ન પ્રભુ '**પોતે જ અનંત શક્તિનો ધારક દેવ છે...**' સ્વયં જ, પોતે જ અનંત શક્તિનો ધારક દેવ છે. '**અને પોતે જ ચૈતન્યરૂપી ચિંતામણિ હોવાથી...**' આહાહા..! શક્તિનો દેવ છે પણ કેવી શક્તિનો (દેવ)? કે પોતે જ ચૈતન્યરૂપી ચિંતામણિ. એ તો ચૈતન્યરૂપી ચિંતામણિ છે. આહાહા..! એમાં ચિંતવન નામ એકાગ્ર થા તો કેવળજ્ઞાન પણ પ્રાપ્ત થાય. એવો ચિંતામણિ રતન પ્રભુ તને મળ્યો, કહે છે. આહાહા..! આવું કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. એ..ઇ..! હેં? આવી વાત છે. આહાહા..!

અમૃતનો નાથ અંદર ડોલે છે. એવી ચીજ આગળ તારે શું પ્રયોજન? આહાહા..! અમૃતના ભંડાર ભર્યા. ચૈતન્ય ચિંતામણિ રત્ન. એ '**ચિંતામણિ હોવાથી વાંછિત કાર્યની સિદ્ધિ કરનારો છે;...**' આવ્યું હતું ને ઓલું? '**सर्व-अर्थ-सिद्ध**'. વાંછિત કાર્ય. ધર્માત્માનું વાંછિત કાર્ય શું? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને કેવળજ્ઞાન. પર્યાય છે ને? કાર્ય છે ને? આહાહા..! '**વાંછિત કાર્યની સિદ્ધિ કરનારો છે; માટે જ્ઞાનીને સર્વ પ્રયોજન સિદ્ધ હોવાથી તેને અન્ય પરિગ્રહનું સેવન કરવાથી શું સાધ્ય છે?**' ભાષા એટલી વધારી. સેવનનો અર્થ સાવધાની, આચરણ અને સ્મરણ. એ બધું પરનું સેવન (છે). એનાથી શું પ્રયોજન છે? આહાહા..! યાદ કરે, યાદ કે આવો રાગ આવ્યો. શું છે પણ? સમજાણું? મારું શરીર આવું નિરોગી રહ્યું. પ્રભુ! એ સ્મરણથી તારે શું કામ છે? તારી નિરોગમૂર્તિ ભગવાન અંદર (બિરાજે છે). હેં? આહાહા..! એનું સ્મરણ કરને, એમાં સાવધાન થાને, એનું આચરણ કરને. પરની સાવાધાની, આચરણ ને સ્મરણથી શું પ્રયોજન? સ્મરણ. આહાહા..!

'**જ્ઞાનીને સર્વ પ્રયોજન સિદ્ધ હોવાથી તેને અન્ય પરિગ્રહનું સેવન કરવાથી શું સાધ્ય છે?**' એ વિકલ્પના સેવન ને ભેદના સેવનથી તને શું લાભ છે? આહાહા..! '**અર્થાત્ કાંઈ જ સાધ્ય નથી. આમ નિશ્ચયનયનો ઉપદેશ છે.**' આવો યથાર્થ દૃષ્ટિનો અને યથાર્થ વસ્તુનો ઉપદેશ છે.

## ગાથા-૨૦૭

कुतो ज्ञानी परं न परिगृह्णातीति चेत् -

को णाम भणिज्ज बुहो परदव्वं मम इमं हवदि दव्वं।
अप्पाणमप्पणो परिगहं तु णियदं वियाणंतो।।२०७।।
को नाम भणेद्बुधः परद्रव्यं ममेदं भवति द्रव्यम्।
आत्मानमात्मनः परिग्रहं तु नियतं विजानन्।।२०७।।

यतो हि ज्ञानी, यो हि यस्य स्वो भावः स तस्य स्वः स तस्य स्वामी इति खरतरतत्त्वदृष्टयवष्टम्भात्, आत्मानमात्मनः परिग्रहं तु नियमेन विजानाति, ततो न ममेदं स्वं, नाहमस्य स्वामी इति परद्रव्यं न परिगृह्णाति।

---

હવે પૂછે છે કે જ્ઞાની પરને કેમ ગ્રહતો નથી? તેનો ઉત્તર કહે છે :-

'પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે!
નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે? ૨૦૭.

ગાથાર્થ :- [ आत्मानम् तु ] પોતાના આત્માને જ [ नियतं ] નિયમથી [ आत्मनः परिग्रहं ] પોતાનો પરિગ્રહ [ विजानन् ] જાણતો થકો [ कः नाम बुधः ] કયો જ્ઞાની [ भणेत् ] એમ કહે કે [ इदं परद्रव्यं ] આ પરદ્રવ્ય [ मम द्रव्यम् ] મારું દ્રવ્ય [ भवति ] છે ?

ટીકા :- જે જેનો સ્વભાવ છે તે તેનું '[1]સ્વ' છે અને તે તેનો (સ્વ ભાવનો) સ્વામી છે-એમ સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી જ્ઞાની (પોતાના) આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે, તેતી 'આ મારું 'સ્વ' નથી, હું આનો સ્વામી નથી' એમ જાણતો થકો પરદ્રવ્યને પરિગ્રહતો નથી (અર્થાત્ પરદ્રવ્યને પોતાનો પરિગ્રહ કરતો નથી).

ભાવાર્થ :- લોકમાં એવી રીત છે કે સમજદાર ડાહ્યો માણસ પરની વસ્તુને પોતાની જાણતો નથી, તેને ગ્રહણ કરતો નથી. તેવી જ રીતે પરમાર્થજ્ઞાની પોતાના સ્વભાવને જ પોતાનું ધન જાણે છે, પરના ભાવને પોતાનો જાણતો નથી, તેને ગ્રહણ કરતો નથી. આ રીતે જ્ઞાની પરનું ગ્રહણ-સેવન કરતો નથી.

---

૧. સ્વ = ધન; મિલકત; માલિકીની ચીજ.

## ગાથા–૨૦૭ ઉપર પ્રવચન

**'હવે પૂછે છે કે જ્ઞાની પરને કેમ ગ્રહતો નથી?'** જેને આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ દૃષ્ટિમાં આવ્યો, પર્યાયમાં આખા જ્ઞેયનું જ્ઞાન થયું, પર્યાયમાં આખા જ્ઞેય જ્ઞાયક આત્માનું જ્ઞાન થયું, પર્યાયમાં આખી ચીજની પ્રતીતિ જ્ઞાનપૂર્વક થઈ અને તેમાં લીનતાનો અંશ પણ થયો, એ પરને કેમ ગ્રહતો નથી? **'પરને કેમ ગ્રહતો નથી? તેનો ઉત્તર કહે છે :–'** ૨૦૭.

**को णाम भणिज्ज बुहो परदव्वं मम इमं हवदि दव्वं।**
**अप्पाणमप्पणो परिगहं तु णियदं वियाणंतो।।२०७।।**

**'પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે!**
**નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે? ૨૦૭.**

**'જાણતો જે નિશ્ચયે'** **'णियदं'** છે ને પાઠમાં? **'णियदं वियाणंतो'** ચોથું પદ. ઓહોહો..! 'અમૃતચંદ્રાચાર્ય' એની તો શું વાતું! એના શ્લોકમાં તો અમૃતના નાથને જગાડવા અમૃત ભર્યા છે. જાગ રે જાગ હવે, બાપુ! તને સૂવું ન પાલવે. આહાહા..! એ રાગમાં જાગવું ન પાલવે, પ્રભુ! એમ કહે છે. આહાહા..! તારી ચીજમાં જાગૃત થા, એમ કહે છે. આહા..!

**ટીકા :– 'જે જેનો સ્વભાવ છે તે તેનું 'સ્વ' છે...'** સ્વનો અર્થ નીચે. ધન, મિલકત, માલિકીની ચીજ. **'જેનો સ્વભાવ છે...'** આહાહા..! અરે..રે..! આવા અવતાર. શું કહે છે? **'જે જેનો સ્વભાવ છે તે તેનું...'** ધન છે, તે તેની મિલકત છે. **'જે જેનો સ્વભાવ છે તે તેનું...'** ધન, મિલકત છે અને પોતાના સ્વામીત્વની એ ચીજ છે. સમજાણું? જે જેનો સ્વભાવ છે, સ્વભાવ છે. ભાવવાનનો, સ્વભાવવાનનો સ્વભાવ છે, સ્વભાવવાનનો સ્વભાવ છે તે તેનું ધન છે, તે તેની લક્ષ્મી છે, તેના સ્વામીત્વની એ ચીજ છે, તેની મિલકત છે. આહાહા..!

**'તે તેનો (સ્વ ભાવનો) સ્વામી છે...'** નીચે અર્થ આવ્યો હતો ને? **'એમ સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી...'** આહાહા..! સૂક્ષ્મ મતિ અને શ્રુતજ્ઞાનના ઉપયોગથી. **'સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી જ્ઞાની...'** આહાહા..! **'જ્ઞાની (પોતાના) આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે,...'** આહાહા..! ધૂળના પરિગ્રહ મારા, એ તો મૂઢ માને, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– ચક્રવર્તીને મૂઢ કહેવો?

ઉત્તર :– મોટો મૂઢ. 'બ્રહ્મદત્ત' મરીને નરકે ગયો, ભાઈ ! આહા..! બાપુ ! એ ભાષા ઠીક પણ મોટો સોળ હજાર દેવ સેવા કરે, છન્નુ હજાર સ્ત્રીઓ, છન્નુ કરોડ પાયદળ, અડતાળીસ હજાર પાટણ, બોંત્તેર હજાર નગર. આહાહા..! હીરાના ઢોલિયે સૂતો (હોય).

'કુરુમતિ' સ્ત્રી હતી. હજાર દેવ સેવા કરે. 'કુરુમતિ.. કુરુમતિ' આહાહા..! એ મરીને સાતમી નરકે ગયો. આ 'કુરુમતિ'ને યાદ કરી, ભગવાનને યાદ ન કર્યો. આહાહા..! અત્યારે પણ એવું થાય છે ને? મરવા ટાણે નાની ઉંમરનો મરતો હોય તો એની વહુને એની પાસે છેલ્લે મોકલે. શું એમાં?

અમારો નાનો ભાઈ હતો ને? 'મગન.. મગન'. તારા જન્મ્યા પહેલા મરી ગયેલો. (સંવત) ૧૯૭૧માં લગન (થયેલા). નાની ઉંમરનો, વીસ વર્ષનો. શરીર મોટું જુવાન લઠ્ઠ જેવું. ખાધે, પીધેલું શરીર. વીસ વર્ષની ઉંમરે લગન (થયા). મારી દીક્ષા પછી. સગપણ તો મારી દીક્ષા પહેલા (થઈ ગયેલું). એના સગપણમાં હું ગયો હતો, સાથે હતા. અને ૧૯૭૧માં લગન અને ૧૯૭૩માં ગુજરી ગયો. બે વર્ષ. આહાહા..! લોકોને એવી ટેવ છે માળાને, વહુને એની પાસે મોકલી. મરવાનું ટાણું હવે. 'નર્મદા' હતી, રૂપાળી બહુ હતી, બહુ રૂપાળી છોડી હતી. એની પાસે મોકલી. બધા (બહાર) નીકળી ગયા. એવું કાંઈક સાંભળ્યું હતું કે, એણે હાથ મૂક્યો. પછી છ મહિને એ ઝુરીને પાછળ મરી ગઈ. આહા..! આ લેખ સંસારના, જુઓ દશા. આહાહા..! એને યાદ કરવા ગયા, પરને બાપા ! શું છે પણ હવે? સગાવ્હાલા એવા. કે એને હવે છેલ્લો મેળાપ કરવા દ્યો. શું છે પણ હવે આ? આહા..!

અહીં હમણા નહિ, ડૉક્ટર ગુજરી ગયા? 'દસ્તુર' ડૉક્ટર મોટો હતોને? ૬૧ વર્ષની ઉંમરે. અહીંથી ગયા 'કેમ્પ'માં. એને છેલ્લે એવું થઈ ગયું કે હું નહિ બચું. છતાં સ્ત્રીને બોલાવો. એવું છાપામાં આવ્યું હતું. સ્ત્રીને બોલાવી, ઓલી સ્ત્રી આવીને રોવા મંડી. હવે રોવે શું? છેલ્લે ટાણું. આ ભગવાનને યાદ કરને! આહાહા..! ક્યાં જાવું છે?

હમણા ભાઈના કાલે સમાચાર હતા ને? ભાઈ કહેતો હતો. 'સુગધરાજ ભભુતમલ'. બે કરોડ રૂપિયાની ઉપજ છે. કાલે કાગળ હતો. મહારાજ એમ કહેતા હતા કે ક્યાં જઈશ અહીંથી તું? એ મને ભણકાર વાગે છે. ક્યાં જઈશ? બાપુ ! તારી દેહની સ્થિતિ તો પૂરી થઈ જશે. આહાહા..! આ દેહની સ્થિતિ તો પૂરી થઈ જશે પછી ક્યાં જઈશ? પ્રભુ ! આહાહા..! ચોરાશી લાખના અવતાર પડ્યા છે, પ્રભુ ! જો આત્માનું જ્ઞાન અને આત્માનું ભાન ન કર્યું, ક્યાં જઈશ? પ્રભુ ! તું ક્યાં જઈશ? આહા..! કાલે 'ભભુતમલ'ના સમાચાર હતા. ભાઈ કહેતા હતા, 'શુકનલાલજી'. કાગળમાં આવ્યું હતું. આહા..! નહિતર એની પાસે પૈસા ઘણા છે, અત્યારે બે કરોડ ઉપર પૈસા (છે). પોતે ધંધો બંધ કર્યો છે, છોકરાઓ કરે. એવું સાંભળેલું. સાંભળ્યું હોય ઇ કહીએ, આપણને ક્યાં (ખબર હોય)? પણ તોય માણસને આ પ્રેમ ઘણો છે. આહા..! અરે..રે..! મહારાજ એમ કહે છે કે, આ દેહ છૂટીને જાઈશ ક્યાં? તું તો રહેવાનો છો. હેં? દેહનો નાશ થશે, તારો નાશ થશે? હવે તું ક્યાં જઈશ? પ્રભુ ! આહાહા..! ક્યે ઠેકાણે જઈશ? ક્યાં તારે અવતરવું છે? અરે..રે..! એવા જેને અંદરમાં ઘા, ઘા લાગે ને ભવના ડરનો એવો પાઠ છે ને? 'ભવભયથી ડરી ચિત્ત' 'યોગસાર'માં છે. ભવ ભવ ભવ અરે..!

આહાહા..! એનાથી ડરીને ચિત્તને આત્મા ઉપર (વાળ), પ્રભુ ! આહાહા..! જ્યાં ભવ અને ભવના ભાવનો અભાવ (છે), એવા ભગવાન પાસે જા, તને ભવ નહિ રહે. આહાહા..! અને એકાદ-બે ભવ રહેશે તોપણ હવે ત્યાં સાધકપણે રહેશે. સમજાય છે? પૂરું કરવાને વાર લાગે એટલે રહેશે, બાકી બીજું નહિ રહે હવે. આહાહા..!

દેહ છૂટીને જવાનું તો છે કે નહિ? ક્યાંક તો જાશે કે નહિ? તો ક્યાં જશે? બાપા ! અરે..રે...! સ્વરૂપનું ભાન નહિ કર્યું ને રાગની રુચિના પ્રેમમાં પડ્યો. પ્રભુ ! ક્યાં અવતરીશ તું? આહાહા..! આ એકેય રજકણ, કોઈ સાથે નહિ આવે. જેને માટે મમતા કરી છે. આ મારા દીકરા ને આ મારી દીકરી ને મારી બાયડી. અરે..! પ્રભુ ! શું કર્યું તેં આ? આહાહા..! પ્રભુ ! તારે ક્યાં જાવું છે? શેમાં અવતરવું છે? એવી મમતાવાળી ચીજમાં જવું (છે)? એમાં અવતરવું છે? આહાહા..!

અહીં એ કહે છે, આહાહા..! જેને સ્વસ્વભાવ તે જેનું ધન છે, સ્વસ્વભાવ જેની મિલકત છે, સ્વસ્વભાવ જેની સ્વામિત્વની ચીજ છે, ધણીપત્તાની ચીજ છે ઇ. આહાહા..! એ '**સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી...**' આહાહા..! સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિ – બે શબ્દ (છે). એવી દૃષ્ટિના આલંબનથી '**જ્ઞાની (પોતાના) આત્માને જ આત્માનો...**' આહાહા..! ધર્મી જીવ તો પોતાના આત્માને જ સૂક્ષ્મ, તીક્ષ્ણ ઝીણી તત્ત્વદૃષ્ટિના આલંબનથી. આહાહા..! પોતાના આત્માને જ, પરને નહિ. આહાહા..! નિયમથી, પાછું. નિશ્ચયથી આત્માનો પરિગ્રહ જાણે છે. મારી ચીજ તો આ છે, એ મારો પરિગ્રહ છે. આહાહા..! હું તો પૂર્ણાનંદનો નાથ એ મારો પરિગ્રહ છે, એ મારી ચીજ છે, એ મારો સ્વભાવ, મારી સ્વામીત્વની ચીજ એ છે, એ મારું ધન છે, એ મારી મિલકત છે. આહાહા..!

અહીં અબજો રૂપિયા આવે ને થાય. મરીને ચાલ્યા જાય, બાપા! ક્યાંય પત્તો નહિ, મરીને ક્યાં જશે? આહાહા..! ઘણા તો મમતામાં મરે, ઢોરમાં અવતરે. આહાહા..! જે એના નિયમ છે એ પ્રમાણે થશે. કષાય તીવ્ર કર્યા હોય, માંસાદિ ન હોય. આપણે વાણિયાને કંઈ એવું ન હોય. એને ધર્મની ખબર નથી. આહાહા..! ઘણા પશુમાં (જવાના). આહાહા..! અરે..! પ્રભુ! તારા મકાન ને મહેલમાંથી છૂટી ઢેઢગરોળીને કુંખે કે બકરીને કુંખે કે ભુંડને કુંખે (અવતરે). આહાહા..! પ્રભુ! આ શું છે તને આ? આહાહા..! એકવાર દૃષ્ટિની ગુલાંટ માર, કહે છે.

જેનો સ્વભાવ તે તેનું ધન ને મિલકત, માલિકીની ચીજ (છે). મારો ભગવાન તો પૂર્ણાનંદનો નાથ, એ મારો સ્વભાવ (છે). આહાહા..! એવી ચીજની જેણે તીક્ષ્ણ દૃષ્ટિથી આલંબન લીધું એ '**આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે,...**' આહાહા..! ઉઠાવી દીધો બધેથી. પર્યાયના અંશથી ઉઠાવ્યો, વિકલ્પથી ઉઠાવ્યો, નિમિત્તથી ઉઠાવ્યો. આહાહા..! '**આત્માને જ...**' એમ શબ્દ છે ને? '**નિયમથી..**' નિશ્ચયથી આત્માનો પરિગ્રહ જાણે છે. મારો પ્રભુ એ મારો

પરિગ્રહ છે. અનંત ગુણનો નાથ એ મારો પરિગ્રહ છે. પરિ નામ સમસ્ત પ્રકારે પકડ્યું. પરિગ્રહ. સમસ્ત પ્રકારે મારો શુદ્ધ સ્વભાવ એ મારો, એમ પકડી લીધું, સમ્યગ્દર્શનમાં. આહાહા..! લોકોને ક્રિયાકાંડની પ્રવૃત્તિ આડે આ સત્ શું છે એ વિચારવાને વખત લેતા નથી. ન્યાંને ન્યાં (પડ્યો રહે).

એક બિચારો કહેતો હતો, સાધુ આવ્યો હતો. દક્ષિણી સાધુ હતો. ૯૫ વર્ષની ઉંમર કહેતા, પણ ૯૫ તો નહિ, ૮૫ તો હશે. 'પાલિતાણા'થી આવ્યા. ચોમાસુ 'ઇન્દોર' હતું. ત્યાં આપણા એક 'નેમિચંદજી' પંડિત છે. એની પાસેથી અહીંનું વાંચ્યું અને પછી અહીં કહેતા, મહારાજ ! અમે સાધુ નથી, હોં ! સાધુ તો અમે નથી પણ હું તો એમ માનું છું કે હિન્દુસ્તાનમાં કોઈ ભાવલિંગી સાધુ નથી. અહીં આવ્યા હતા. પણ અરે..રે..! અમારા પાપના ઉદય, અમને આ લિંગ આવી ગયા બહાર, હવે અમારે કરવું શું? દ્રવ્યલિંગ આવ્યું, હવે એ પ્રમાણે વ્હોરવા (જઈએ), એમાં ફેરફાર થાય તો લોકો.. શું કરીએ? અમારા પાપના ઉદય. દ્રવ્યલિંગ હાથ આવ્યું, દર્શન વિના. એમ ત્યારે કહેતા હતા. છે. 'ઋષભસાગર'ને? 'ઋષભસાગર' દક્ષિણમાં છે. 'ઇન્દોર'માં ચોમાસુ હતું ત્યારે આવ્યા હતા. 'ઇન્દોર'માં આપણા એક 'નેમિચંદ' પંડિત છે. એને અહીંનું 'સમકિત' પુસ્તક વંચાવ્યું. પુસ્તક વાંચ્યું. ઓહોહો..! વાત તો અલૌકિક વાત છે.

એક 'ભવ્યસાગર' દિગંબર સાધુ છે. ૧૮-૧૯ વર્ષની દીક્ષા. એ મળ્યા નથી પણ કાગળ બહુ આવે. તમારું વાંચન કરીને અમને એમ થયું છે કે, અમે સાધુ નથી. અમે સમકિત વિના દીક્ષા લઈ લીધી. હવે અમારે કરવું શું? અમને ત્યાં બોલાવો, હોં! એમ કહે. અમને 'સોનગઢ' બોલાવો. પણ અહીં તો બોલાવવાનો પત્ર-ફત્ર (કાંઈ નહિ). અહીં નાખવા ક્યાં? અહીં રાખવા ક્યાં? છતાં નીકળ્યા હતા 'ગિરનાર'ને નામે. કીધું, શું થયું? અરે..! બાપુ! બાહ્યના ત્યાગમાં ન્યાં રોકાવું પડે અને અંતરના તત્ત્વના વિચાર સાંભળવા મળે નહિ. એણે તો ત્યાં સુધી લખ્યું છે. અરે..! ધન્ય કાળ જે દિ' તમારી સભામાં હું આ વ્યાખ્યાન સાંભળું, અમારો ધન્ય કાળ. એમ લખ્યું છે, 'ભવ્યસાગર' સાધુ છે. આહા..! અરે..! બાપુ! ભગવાન! આ તો અંતરના ભગવાનની વાતું છે. આહાહા..!

અહીં તો પ્રભુ તારો સ્વભાવ જે સ્વ-ભાવ, સ્વ પોતાનો ભાવ, આનંદ, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા એવો ભાવવાન પ્રભુ, તેનો સ્વભાવભાવ એ તેનું ધન છે, એ તેની માલિકીની મિલકત છે. આહાહા..! એ ધર્મીએ પોતાના આત્માની પકડ કરી લીધી તો એ માલિકીની ચીજને પરિગ્રહ બનાવ્યો. આહાહા..! બહુ ફેરફાર, ભાઈ! દુનિયાથી આખો.. ઓહોહો..! 'હસમુખભાઈ' આ દુનિયાની હોંશું તો ઊડી જાય એવું છે. આહાહા..! શેના હરખ? ભાઈ! પરમાં શેના તને હરખના હડકા આવે? ભાઈ! એ પાપના હડકા છે. અંતર અનંત આનંદનો નાથ, એને સૂક્ષ્મ દૃષ્ટિથી પકડ. એ તારો પરિગ્રહ છે. છે ને? ટીકા છે કે નહિ?

**'સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિ...'** વાસ્તવિક તત્ત્વ છે તેની દૃષ્ટિ. આહાહા..! **'આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે, તેથી 'આ મારું 'સ્વ' નથી,...'** કોણ? રાગાદિ, ભેદાદિ મારું સ્વ નથી. **'હું આનો સ્વામી નથી'** આહાહા..! મારા સિવાય જે ચીજ છે, રાગાદિ, પર આદિ, એ મારું સ્વ નહિ, મારું ધન નહિ, મારી ચીજ નહિ. અરે..! દયા, દાનનો વિકલ્પ પણ મારી ચીજ નહિ, એ મારું સ્વ નહિ, મારું ધન નહિ, મારી મિલકત નહિ. આહાહા..! હું તેનો સ્વામી નથી. **'એમ જાણતો થકો પરદ્રવ્યને પરિગ્રહતો નથી...'** સ્વદ્રવ્યનો પરિગ્રહ કરે છે, પરદ્રવ્યનો પરિગ્રહ કરતો નથી. આહાહા..! **'(પરદ્રવ્યને પોતાનો પરિગ્રહ કરતો નથી).'** તેને નિર્જરા થાય છે. આહાહા..! તેને અશુદ્ધતા ટળે છે અને શુદ્ધતા વૃદ્ધિને પ્રાપ્ત થાય છે. (વિશેષ કહેશે..) (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૮૮ ગાથા–૨૦૭, ૨૦૮ રવિવાર, શ્રાવણ વદ ૧૨, તા. ૧૯-૦૮-૧૯૭૯

---

'સમયસાર' ૨૦૭ (ગાથાનો) ભાવાર્થ. **'લોકમાં એવી રીત છે...'** ભાવાર્થ છે ને ? **'લોકમાં એવી રીત છે કે સમજદાર ડાહ્યો માણસ પરની વસ્તુને પોતાની જાણતો નથી,...'** દૃષ્ટાંત આપ્યો. લોકરીતિ એવી છે કે સમજદાર ડાહ્યો લૌકિક માણસ પુરુષ **'પરની વસ્તુને પોતાની જાણતો નથી, તેને ગ્રહણ કરતો નથી.'** આ દૃષ્ટાંત. આહાહા..! ઝીણી વાત બહુ, બાપા! **'તેવી જ રીતે પરમાર્થજ્ઞાની...'** જેને ધર્મનું જ્ઞાન, આત્મજ્ઞાની (છે). આત્મા પુણ્ય-પાપના રાગથી ભિન્ન છે એવું જેને અંતરજ્ઞાન થયું એ જ્ઞાની, પરમાર્થજ્ઞાની. એકલા શાસ્ત્રના જ્ઞાની એમ નહિ. આહાહા..! પરમ પદાર્થ ભગવાનઆત્મા, તેના અવલંબને જે જ્ઞાન થયું એ પરમાર્થજ્ઞાની (છે). ઝીણી વાત બહુ, બાપુ! તે **'પોતાના સ્વભાવને જ પોતાનું ધન જાણે છે,...'** સાચા જ્ઞાની અને સાચા ધર્મી, નિજ આનંદ અને જ્ઞાનાદિ પોતાની ચીજ છે, તેને પોતાનું ધન માને છે. આહાહા..!

**'પરના ભાવને પોતાનો જાણતો નથી,...'** પરના ભાવ. એ પુણ્ય ને પાપના ભાવ એ તો પરના છે. આહાહા..! અત્યારે રાડ નાખી જાય છે ને! દયા, દાન, વ્રત, ભક્તિ કરો (તો) કલ્યાણ થશે. અહીં કહે છે કે, એ તો પરભાવ અજ્ઞાનભાવ છે. આહાહા..! 'ઇન્દુભાઈ' આવ્યા હતા, ગયા? છે? ઠીક! એવા પાણીના જોરમાં માથે ચડી ગયા. બહુ માણસ. 'રતિભાઈ' શું નામ? તેનો દીકરો. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. ધુન લગાવી હતી. પાણી માથે. ૨૫-૨૫, ૩૦ ફૂટ. મડદાં મરીને ચાલ્યા જાય. પોતે માથે. કહેતા હતા. આહાહા..! આત્મા તો જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છે. તેમાં પુણ્ય અને પાપના ભાવ પણ અન્ય છે. તે પોતાનું સ્વરૂપ નહિ. અરે...! આ વાત જગતને બેસવી (કઠણ પડે). એ કહ્યું ને?

**'પરના ભાવને પોતાનો જાણતો નથી,...'** એ પુણ્ય ને પાપના ભાવ તો વિકારી અજીવ

પરભાવ છે અને તેના ફળરૂપ જે સંયોગ, એ તો પરભાવ તદ્દન ભિન્ન છે. આહાહા..! **'પોતાનો જાણતો નથી, તેને ગ્રહણ કરતો નથી.'** આહાહા..! ધર્મી તો શુભભાવને પણ પોતાપણે ગ્રહણ કરતો નથી. એ ભાવ મારો નહિ. અર..ર..! આવી વાત છે. ઝીણી વાત, ભાઈ! જેને પુણ્ય ભાવને તો પ્રભુએ અજીવ કહ્યો. 'જીવ અધિકાર'માં. એ જીવ ભગવાન જ્ઞાનસ્વરૂપનું જેને ભાન થયું એ પુણ્ય એવા અજીવને કેમ ગ્રહણ કરે? આહાહા..! એ અજીવ મારા છે, પુણ્ય મારા છે, (એમ શા માટે ગ્રહણ કરે)? ઓલા 'વિદ્યાનંદજી' કહે છે કે, પુણ્યને અધર્મ ક્યાં કહ્યો છે? પણ આ કુશીલ કહ્યો, અન્ય ભાવ કહ્યો, એ શું (છે)? આહાહા..!

પુણ્યને જે 'ધર્મ' શબ્દ વાપર્યો છે તેનું કારણ છે. વ્યવહારધર્મની ઉપમા આપી. પોતાના નિશ્ચય સ્વભાવનો અનુભવ થયો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ થયા, તેમાં જે શુભ ભાવ છે તેને ધર્મનો–વ્યવહારધર્મનો આરોપ કર્યો. નિશ્ચયધર્મનો વ્યવહારધર્મમાં આરોપ કર્યો, એ ધર્મ છે નહિ. તો તેને વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહા..! બહુ આકરું કામ, ભાઈ!

ભગવાન ચૈતન્યસ્વરૂપ, એકલો જ્ઞાનરસનો આનંદકંદ પ્રભુ, તેને જેણે પોતાનો જાણ્યો, એ પોતાના સ્વભાવ સિવાય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે છે પણ તેને પોતાના નથી માનતો. આહાહા..! એ તો પરના છે. લૌકિકમાં ડાહ્યો પુરુષ કોઈ પરની ચીજને પોતાની નથી માનતો. એમ અહીંયાં લોકોત્તરમાં.. આહાહા..! આત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક, તેનું જેને અંતરમાં ભાન થયું, એ જ્ઞાની પોતાનો સ્વભાવ નિજ ધન છે, એ રાગાદિ પોતાનું સ્વધન નહિ, એ તો પારકી ચીજ છે (તેમ માને છે). આહાહા..! આવો માર્ગ લોકોને કઠણ (લાગે). દિગંબર ધર્મ આ પોકાર કરે છે. હવે દિગંબરમાં જન્મ્યા એને ખબરું ન મળે. આહા..! વ્યવહાર કરો ને આ કરો ને એ કરતા કરતા થાશે.

અહીં તો કહે છે કે, ધર્મીજીવને વ્યવહાર આવે છે પણ તેને પોતાનો માનીને ગ્રહણ નથી કરતા. આહાહા..! છે? **'તેને ગ્રહણ કરતો નથી. આ રીતે જ્ઞાની પરનું ગ્રહણ–સેવન કરતો નથી.'** આહાહા..! ધર્મીજીવ સમ્યગ્દષ્ટિ વાસ્તવિક ધર્મી, એ પુણ્યના પરિણામને પોતાના નથી માનતો, પોતાનું માનીને ગ્રહણ નથી કરતો. ભિન્ન કરીને તેનો જ્ઞાતા રહે છે. આહાહા..! કહો, 'હસમુખભાઈ'! આવી વાત છે. આહાહા..!

કાલે 'ઇન્દુભાઈ' 'મોરબી'ની વાત કરતા હતા. આહાહા..! પાણીના ધોધમાં મડદાં ચાલ્યા જાય. માથે જોવે કે.. આહાહા...! આ પાણી ક્યાં ચડી જશે? બાપુ! એ બધા સંસારના માર્ગ છે. આહાહા..! રાગનો વેગ આવ્યો એ પાણીનું પૂર આવ્યું પણ એ આત્માનું નહિ. આહાહા..! હેં? એ પુણ્યના પરિણામનો પ્રભુ વેગ આવ્યો, એ પાણીનો પ્રવાહ છે, એ તારું સ્વરૂપ નહિ. આહાહા..! એ અજીવનો પ્રવાહ છે, પ્રભુ! એ જીવનો પ્રવાહ નહિ. આહાહા..! એ અહીં કહે છે, **'આ રીતે જ્ઞાની પરનું ગ્રહણ–સેવન કરતો નથી.'**

## ગાથા–૨૦૮

अतोऽहमपि न तत् परिगृह्णामि -

मज्झं परिग्गहो जदि तदो अहमजीवदं तु गच्छेज्ज।
णादेव अहं जम्हा तम्हा ण परिग्गहो मज्झ।।२०८।।
मम परिग्रहो यदि ततोऽहमजीवतां तु गच्छेयम्।
ज्ञातैवाहं यस्मात्तस्मान्न परिग्रहो मम।।२०८।।

यदि परद्रव्यमजीवमहं परिगृह्णीयां तदावश्यमेवाजीवो ममासौ स्वः स्यात्, अहमप्यवश्यमेवाजीवस्यामुष्य स्वामी स्याम्। अजीवस्य तु यः स्वामी, स किलाजीव एव। एवमवशेनापि ममाजीवत्वमापद्येत। मम तु एको ज्ञायक एव भावः यः स्वः, अस्यैवाहं स्वामी; ततो मा भून्ममाजीवत्वं, ज्ञातैवाहं भविष्यामि, न परद्रव्यं परिगृह्णामि।

---

'માટે હું પણ પરદ્રવ્યને નહિ પરિગ્રહું' એમ હવે (મોક્ષાભિલાષી જીવ) કહે છે :-

**પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,**
**હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮.**

ગાથાર્થ :- [ यदि ] જો [ परिग्रहः ] પરદ્રવ્ય-પરિગ્રહ [ मम ] મારો હોય [ ततः ] તો [ अहम् ] હું [ अजीवतां तु ] અજીવપણાને [ गच्छेयम् ] પામું [ यस्मात् ] કારણ કે [ अहं ] હું તો [ ज्ञाता एव ] જ્ઞાતા જ છું [ तस्मात् ] તેથી [ परिग्रहः ] (પરદ્રવ્યરૂપ) પરિગ્રહ [ मम न ] મારો નથી.

ટીકા :- જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું તો અવશ્યમેવ તે અજીવ મારું 'સ્વ' થાય, હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં; અને અજીવનો જે સ્વામી તે ખરેખર અજીવ જ હોય. એ રીતે અવશે (લાચારીથી) પણ મને અજીવપણું આવી પડે. મારું તો એક જ્ઞાયક ભાવ જ જે 'સ્વ' છે, તેનો જ હું સ્વામી છું; માટે મને અજીવપણું ન હો, હું તો જ્ઞાતા જ રહીશ, પરદ્રવ્યને નહિ પરિગ્રહું.

ભાવાર્થ :- નિશ્ચયનયથી એ સિદ્ધાંત છે કે જીવનો ભાવ જીવ જ છે, તેની સાથે જીવને સ્વ-સ્વામી સંબંધ છે; અને અજીવનો ભાવ અજીવ જ છે, તેની સાથે અજીવને સ્વ-સ્વામી સંબંધ છે. જો જીવને અજીવનો પરિગ્રહ માનવામાં આવે તો જીવ અજીવપણાને પામે; માટે જીવને અજીવનો પરિગ્રહ પરમાર્થે માનવો તે મિથ્યાબુદ્ધિ છે. જ્ઞાનીને એવી મિથ્યાબુદ્ધિ હોય નહિ. જ્ઞાની તો એમ માને છે કે પરદ્રવ્ય મારો પરિગ્રહ નથી, હું તો જ્ઞાતા છું.

## ગાથા-૨૦૮ ઉપર પ્રવચન

'માટે હું પણ...' હવે ધર્મી જે સાચો ધર્મી છે તે કહે છે કે, '**હું પણ પરદ્રવ્યને નહિ પરિગ્રહું' એમ હવે (મોક્ષાભિલાષી જીવ) કહે છે** :-' ૨૦૮.

**मज्झं परिग्गहो जदि तदो अहमजीवदं तु गच्छेज्ज।**

**णादेव अहं जम्हा तम्हा ण परिग्गहो मज्झ।।२०८।।**

નીચે હરિગીત.

**પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,**

**હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮.**

આહાહા..! ૨૦૮ની ટીકા :- '**જો...**' છે? ભાઈ 'કાંતિભાઈ'ને આવ્યું? '**જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું...**' આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ અજીવ છે, એ જીવની જાત નહિ, પ્રભુ! આહાહા..! આકરી વાત છે, પ્રભુ! આહાહા..! પાણીમાં અત્યારે કેટલા હજાર, 'ઇન્દુભાઈ' કહે છે, વીસ હજાર માણસ મરી ગયા. અરે..રે...! એમ અનંતકાળથી અજ્ઞાનમાં ડૂબીને અનંત મરી ગયા. આહાહા..! એને તરવાનો રસ્તો તો ભગવાનઆત્મા જ્ઞાન છે. તેનો અનુભવ કરીને રાગાદિના પ્રવાહને પોતાનો નહિ માનીને. આહાહા..! કેમકે '**જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું...**' જો એ પુણ્ય પરિણામ, રાગનો ભાવ આવ્યો, પણ તેને જો મારા કરું '**તો અવશ્યમેવ તે અજીવ મારું 'સ્વ' થાય,...**' આહાહા..! એ પુણ્ય પરિણામ છે એ અજીવ છે. આહાહા..! આકરી વાત છે. હું જીવ જ્ઞાયક સ્વરૂપ એ પુણ્ય પરિણામ અજીવ છે તેને જો હું ગ્રહણ કરું, પરિગ્રહ કરું એટલે મારા છે એમ માનું તો અવશ્યમેવ, અવશ્યમેવ-જરૂર આ '**આ અજીવ મારું 'સ્વ' થાય,...**' આહાહા..! આટલો તો ખુલાસો છે પણ હવે... આહાહા..! વસ્તુ ચૈતન્યમૂર્તિ પ્રભુ! પ્રથમ એની શ્રદ્ધામાં તો પાકું કરે, પછી અનુભવ પછી. પણ શ્રદ્ધામાં જ હજી વાંધા ત્યાં અનુભવ હોય ક્યાંથી? આહાહા..! શું કહે છે?

કહે છે કે, '**જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું...**' એ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ બધા અજીવભાવ છે, મારા ભાવ નહિ. આહાહા..! હવે આમાં પૈસા-બૈસા ધૂળ તો ક્યાંય રહી ગઈ. એ..ઇ...!

મુમુક્ષુ :- હીરા ક્યાં રહ્યા?

ઉત્તર :- હીરા હીરામાં રહ્યા, હીરા ક્યાં આત્મામાં હતા? એનો 'પંકજ' એનો ક્યાં હતો? હીરો તો ક્યાંય રહી ગયો હવે.

એમને પણ લાગુ પડેને કે, 'સુમનભાઈ' ક્યાં એના હતા. અરે..! પ્રભુ! તારી ચીજ તો પ્રભુ! આહાહા..! જેને જન્મ-મરણનો નાશ કરવો હોય અને જન્મ-મરણમાં અવતારમાં ઉત્પત્તિનો નાશ કરવો હોય તો જન્મ-મરણનો અને જન્મ-મરણના કારણરૂપ ભાવ, તેનાથી આત્મા ભિન્ન જ્ઞાયકસ્વરૂપ છે (તેને અનુભવવો). આહા..!

પેલો શબ્દ આવ્યો છે ને ત્યાં? પહેલું નહોતું 'હિંમતભાઈ'એ ગાયું? ન્યાં હમણા વાંચ્યું. 'જીવરાજજી'ની પાટ ઉપર કાગળ લખ્યો છે, 'પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા, પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા. પરકી આશ કહાં કરે પ્રીતમ, કઈ વાતે તું અધૂરા ? કઈ વાતે તું અધૂરો વ્હાલા ? મેરા પ્રભુ મેરા તુમ સબ વાતે પૂરો, પરકી આશ કહાં કરે વ્હાલા' એ દયા ને દાનના વિકલ્પની આશા કર નહિ, એ મારા છે એમ નહિ માન, પ્રભુ! આહાહા..! તારી ચીજમાં પૂર્ણતા ભરી છે, નાથ! સર્વજ્ઞ ત્રિલોકનાથનો પોકાર છે. વીતરાગ જિનેશ્વરદેવનો (પોકાર છે). આહા..! 'પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા' આહા..! હમણા 'જીવરાજજી' પાસે વાંચ્યું. કાગળ લખ્યો છે. 'જીવરાજજી'ને કીધું, આ ધ્યાન રાખજો, કીધું આ. શરીર ઢીલું થઈ ગયું છે ને. 'પરકી આશ કહાં પ્રીતમ' શરીર ઠીક રહે તો ઠીક, શરીરમાં નિરોગતા રહે (તો ઠીક). અરે...! પ્રભુ! તારે પરની સાથે શું કામ છે? આહાહા..!

હવે આગળ આવશે, '**छिज्जदु भिज्जदु**' ૨૦૯ માં આવશે. શરીર ને વાણી ને મન છેદાવ તો છેદો, ભેદાવ તો ભેદો, નાશ થાવ તો નાશ થાવ, મારે શું? આહાહા..! એમ પુણ્યના-પાપના ભાવ નાશ થાવ તો થાવ, એ મારી ચીજ નથી અને તેનું ફળ સંયોગ મળ્યા, તેનો અભાવ થાઓ, નાશ હો તો નાશ થાઓ, મારે શું? મારી ચીજમાં એ ચીજ છે નહિ. આહાહા..! આકરું કામ ભારે બહુ. વર્તમાન તો આખો વેગ, સંપ્રદાયનો આખો વેગ વ્યવહાર કર્યો ને આ કરો ને આ કરો, ભક્તિ કરો ને પૂજા કરો ને મંદિર બનાવો ને આ કરો, એનાથી થાય (એમાં ચડી ગયો). અર..ર...!

અહીં તો કહે છે કે, ધર્મી જીવ પોતાને એમ માને છે કે હું અજીવ પરદ્રવ્યનો પરિગ્રહ કરું (અર્થાત્) એ પુણ્ય પરિણામને પોતાના માનું તો '**અવશ્યમેવ તે અજીવ મારું 'સ્વ' થાય,...**' તો એ પુણ્ય પરિણામ અજીવ છે તે મારું સ્વધન થાય. આહાહા..! અને '**હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં;...**' બહુ સરસ ગાથા છે. આહાહા..! હું આત્મા આનંદ અને જ્ઞાનનો રસીલો હું છું. આહાહા..! એ જ્ઞાન સાથે, જ્ઞાન, આનંદનું ભોજન કરનારો, અતીન્દ્રિય આનંદનું ભોજન કરનાર, એવો જે હું આત્મા.. આહાહા..! એકલું જ્ઞાન નહિ, સમ્યગ્જ્ઞાનની સાથે આનંદનો અનુભવ સાથે, એવું જે જ્ઞાન એ હું (છું). એ રાગાદિ જે અજ્ઞાન ને દુઃખ, એ અજીવને મારા માનું તો હું અજીવ થઈ જાઉં. આહાહા..! ભારે કામ આકરું, બાપુ! વીતરાગ માર્ગ, આહાહા..! અરે..! લોકોએ લૂંટી નાખ્યો. બીજી રીતે કરી નાખીને. આહાહા..!

'**અજીવ મારું 'સ્વ' થાય,...**' પુણ્ય મારું ધન થાય અને '**હું પણ અવશ્યમેવ તે અજીવનો**

**સ્વામી થાઉં;...'** આહાહા..! **'અને અજીવનો જે સ્વામી...'** થાય. ભેંસનો ધણી પાડો હોય છે. ભેંસનો ધણી કોઈ વાણિયો, શેઠિયો નથી હોતો. એમ આ રાગનો હું ધણી થાઉં.. આહાહા..! તો હું અજીવ થઈ જાઉં. ગજબ વાત છે, પ્રભુ! આવી વાત સાંભળવા મળવી મુશ્કેલ. આહાહા..! સંપ્રદાયના આગ્રહમાં પડ્યા છે એને આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. આહાહા..!

પ્રભુ કહે છે, પ્રભુ! તું આત્મા છો ને! અને આત્મા છે તો એ તો જ્ઞાન ને આનંદનો ભંડાર પ્રભુ છે. તેમાં આ રાગાદિ પરિણતિ ઉત્પન્ન (થાય) એ તારી ચીજ નથી. હવે જે ચીજ તારી નથી તેનાથી તને લાભ થશે? આહાહા..! પુણ્ય પરિણામ કરું (તો) મને લાભ થશે. અરે...! પ્રભુ! શું કરે છે તું આ? તું અજીવ થઈ ગયો? તેનો સ્વામી થઈને મારા માને એ તો અજીવ થઈ ગયો. **'ખરેખર અજીવ જ હોય.'** છે? **'અજીવનો જે સ્વામી તે ખરેખર અજીવ જ હોય.'** આહાહા..! એ દયા, દાન, વ્રતનો રાગ એ હું મારો માનું તો એ તો અજીવ છે, તો હું અજીવ થઈ જાઉં. આહાહા..! આવો વીતરાગનો માર્ગ (છે). એ જિન વીતરાગ સિવાય ક્યાંય કોઈ માર્ગમાં એ વાત છે નહિ. વેદાંત ને વૈષ્ણવ ને અન્ય બધા અનેક પ્રકારના, બધી કલ્પિત વાતું છે. અરે..! શ્વેતાંબરમાં કલ્પિત વાતું છે તો બીજે તો... શ્વેતાંબર મત પણ કલ્પિત કાઢેલો છે. આ તો વસ્તુનું સ્વરૂપ (છે). આહાહા..!

સર્વજ્ઞ પરમાત્માનો પોકાર (છે કે) પ્રભુ! તું આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છો ને ! તારી માલિકીની ચીજ તો જ્ઞાન ને આનંદ છે ને, પ્રભુ! અને એ રાગને જો પોતાનો માનીશ તો તું અજીવ થઈ જઈશ. આહાહા..! હવે ઓલો કહે છે કે, પુણ્યને અધર્મ ક્યાં કહ્યું છે? પણ અહીં પુણ્યને અજીવ કહ્યું છે ઇ શું છે? જીવ નહિ તે અજીવ, ધર્મ નહિ તે અધર્મ. આહાહા..!

એ તો ઓલા 'સર્વવિશુદ્ધ'માં આવે છે ને? ભાઈ! ૪૦૪ ગાથા, નહિ? એમ કે, આત્મા જ્ઞાન છે, દર્શન છે, આનંદ છે અને પુણ્ય-પાપ એ આત્મા છે. 'ધર્મ-અધર્મ' શબ્દ ત્યાં પડ્યો છે. ધર્મ એટલે પુણ્ય. એમ કહીને પોતાની પર્યાયનું અસ્તિત્વ સિદ્ધ કર્યું પર્યાયમાં પણ પછી કહ્યું કે, શુભાશુભ ભાવ પરસમય છે તેને દૂર કરી દે. ૪૦૪ ગાથા છે ને? આહાહા..! **'ધમ્માધમ્મં'** આત્મા, ત્યાં તો એમ લીધું છે. પુણ્ય ને પાપ આત્મા છે, એની પર્યાયમાં છે ને? એ અપેક્ષાએ. અહીં એ વાત નથી. અહીં તો નિર્જરાનો અધિકાર છે તો એ પુણ્ય ને પાપ અજીવ છે. ત્યાં તો જીવની સ્થિતિનું વર્ણન થાય છે કે પોતાની પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા તે પોતાના અને પુણ્ય-પાપ પણ પોતાના છે. એ કોઈ જડમાં છે અને જડના છે એમ નહિ. પછી કહ્યું કે, એ પુણ્ય-પાપ જે પોતાના છે એમ જે કહ્યું હતું એ પરસમય છે, તેને દૂર કરી દે. તારો સ્વસમય ગ્રહણ કરી લે. છે ને ભાઈ એમાં? પાછળ છે. શું છે એ? ૪૦૪ છે? ૪૦૪ છે. જુઓ! ૪૦૪ (ગાથા) એની ટીકા. પાઠ લઈ લ્યો, પાઠ. જુઓ! ૪૦૪ ગાથા.

**ज्ञानं सम्यग्दृष्टिं तु संयमं सूत्रमङ्गपूर्वगतम्।**
**धर्माधर्मं च तथा प्रव्रज्यामभ्युपयान्ति बुधाः।।४०४।।**

એ આત્મા છે, એમ કહીને. આહાહા..! એમાં છેલ્લે છે. અહીંયાં છે, જુઓ! **'જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે.'** બીજી લીટી છે. છે? **'જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે, જ્ઞાન જ સંયમ છે, જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે,...'** જ્ઞાન.. જ્ઞાનપર્યાય. આ શાસ્ત્રના પાના એ નહિ. **'જ્ઞાન જ ધર્મ-અધર્મ (અર્થાત્ પુણ્ય-પાપ છે, જ્ઞાન જ પ્રવ્રજ્યા છે – એમ જ્ઞાનનો જીવપર્યાયોની સાથે પણ અવ્યતિરેક નિશ્ચયસાધિત દેખવો (અર્થાત્ નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો–અનુભવવો).'**

**'એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે અને સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક વડે અતિવ્યાપ્તિને અને અવ્યાપ્તિને દૂર કરતું થકું, અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મ...'** જુઓ! પહેલા પર્યાયમાં એના કહ્યા, પણ પછી કહે છે કે, એ ધર્મ-અધર્મ છે તે પરસમય છે. સ્વસમય આત્મા (છે). છે? પુણ્ય-પાપરૂપ **'પરસમયને દૂર કરીને,...'** છે? પહેલા એની પર્યાયમાં છે એમ સિદ્ધ કર્યું. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ આદિ ધર્મ પણ પોતાની પર્યાયમાં છે અને પુણ્ય-પાપ પણ પોતાની પર્યાયમાં સિદ્ધ કર્યા. પછી કહ્યું કે, એ પરસમયને દૂર કરી દે. આહાહા..! છે? આહાહા..! **'પરસમયને દૂર કરીને,...'**

**'ધર્મ-અધર્મરૂપ (પુણ્ય-પાપરૂપ, શુભ-અશુભરૂપ) પરસમયને દૂર કરીને પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને,...'** આહાહા..! પોતાનું જે શુદ્ધ સ્વરૂપ, સ્વ દર્શન-જ્ઞાન-ચારિત્ર તેને પ્રાપ્ત કરીને. રાગાદિ પરસમય છે તેને દૂર કરીને. પહેલા કહ્યું કે, તેની પર્યાયમાં છે. પછી કહ્યું કે તે પરસમયને દૂર કરીને. આહાહા..! હવે પરસમય કહ્યું, કુશીલ કહ્યું, અજીવ કહ્યું. શુભભાવ. આહાહા..! આ તો જરી પ્રવજ્યાનું યાદ આવ્યું. પ્રવજ્યા એ કોણ છે? બાપા! એ પુણ્ય-પાપથી રહિત પોતાના સ્વરૂપની આનંદ સહિતની રમણતા એ પ્રવજ્યા છે. પ્રવજ્યા કોઈ નગ્ન થઈ ગયો ને પંચ મહાવ્રતના પરિણામ, એ પણ ક્યાં અત્યારે છે? અત્યારે તો એને માટે ચોકા બનાવીને લ્યે છે. વ્યવહારનાય ઠેકાણા નથી. દેનાર પણ પાપી અને લેનાર પણ પાપી છે. બેય (પાપી) છે. એને માટે ચોકા બનાવે. બોલે (એમ કે) આહાર શુદ્ધ, મન શુદ્ધ. પણ આ બનાવ્યું એને માટે તો શુદ્ધ ક્યાંથી આવ્યું તારું? જૂઠું બોલે અને એને માન્ય રાખીને લ્યે. માર્ગ બાપા આ તો વીતરાગનો છે, ભાઈ! સમજાણું? અને એ તો અમે પંદર-વીસ વર્ષ કર્યું હતું ને? અમારે માટે પાણીનું બિંદુ હોય તો નહોતા લેતા. સંપ્રદાયમાં એ રીતનું માન્યું હતું ને. બે-બે દિવસ સુધી પાણીને બિંદુ નહોતું મળતું. છાશ, મહ્રો મળે. ગરાસિયા કે રજપૂતને ત્યાંથી લઈ આવીએ. રોટલી ને છાશ. એ વખતે તો જે ક્રિયા માની હતી એ સખત કરતા. સ્થાનકવાસીમાં. પાણીનું બિંદુ પણ અમારે માટે કર્યો હોય તો બિલકુલ એ ગૃહસ્થને ઘરે આહાર ન લઈએ. પણ એ અજ્ઞાનની ક્રિયા. આહાહા..! આહાહા..!

અહીં તો કહે છે કે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. નિર્જરા તેને થાય છે કે જેણે પોતાના જ્ઞાયક સ્વભાવને સ્વધન માન્યો અને રાગાદિને પરધન અને અજીવ માન્યા.. આહાહા..! સમજાણું? એ પુણ્યભાવને અજીવ માન્યો, શુભભાવ અને પોતાના ચૈતન્ય ભગવાનને જીવ જ્ઞાયકરૂપે જાણ્યો, એ કહે છે કે, હું જો અજીવને ગ્રહણ કરું.. આહા..! તો અજીવનો સ્વામી થાઉં. **'અને અજીવનો જે સ્વામી તે ખરેખર અજીવ જ હોય.'** આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ અજીવ છે. આરે...! ત્યાં પર્યાયમાં જીવ કહ્યા. અહીં કહે છે કે, એ અજીવ છે. ત્યાં પછી પરસમય કહીને દૂર કરી દીધા. આહાહા..! અરે..! અશરણ (સંસારમાં) શરણ ક્યાંય ન મળે. શરણ જે પ્રભુ છે અંદર, ચિદાનંદ સ્વરૂપ તેની જ્યાં દૃષ્ટિ થઈ, તેનું જ્ઞાન થયું તે શરણ (છે). ત્યારે તે ધર્મી જીવ એમ માને છે કે રાગ એ પુણ્ય એ અજીવ છે. હું જો તેને ગ્રહણ કરું તો હું અજીવ થઈ જાઉં. કેમકે અજીવનો સ્વામી અજીવ હોય. ભેંસનો સ્વામી પાડો હોય, ભેંસનો સ્વામી વાણિયા, શેઠિયા નથી હોતા. આહાહા..! અહીં તો કહે ને, અમારી ભેંસ છે. અહીં તો કહે છે કે, ભેંસ તારી છે એમ તું માન તો ભેંસનો પાડો થયો. એ..ઇ...! આ મારી ઘોડી છે ને આ મારો ઘોડો છે. ઘોડા હોય છે ને?

અમારે 'દામોદરશેઠ' હતા ને, 'દામનગર'? એટલામાં પૈસાવાળા ઇ જ હતા. તે દિ' સીત્તેર વર્ષ (પહેલા) દસ લાખ રૂપિયા. 'દામોદરશેઠ' 'દામનગર'ના છે અને ઘરે ઘોડા. એક ઘોડા, બે ઘોટા એમ નહિ. જુદી જુદી જાતની ઘોડી અને જુદી જાતના ઘોડા અને આરબો ઘરે. આરબ. બંદૂકનો આરબ બેઠો હોય. આ 'દામનગર'. ત્યાં અમારા ઘણા ચોમાસા હતા ને? આહાહા..! એ બધી ધૂળની સાહ્યબી. આહાહા..! અને પોતાની માને. એ તો બહારની ચીજ પણ અહીં તો અંતરના પુણ્ય ભાવ છે.

એ તો ત્યાં 'પુણ્ય-પાપ (અધિકારમાં)' કહ્યું છે ને બેય ભાવ અજ્ઞાન છે. 'પુણ્ય-પાપ'માં કહ્યું છે ને? 'પુણ્ય-પાપ' નહિ? શરૂઆત(માં કહ્યું છે). ૧૪૫ ગાથા, ૧૪૫ ગાથા છે? નીચે ટીકાનો છેલ્લો પેરેગ્રાફ. **'શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે;...'** છે? ૧૪૫ ગાથા, 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા. આહાહા..! અને 'કુંદકુંદાચાર્ય'ની ગાથા. છે? શુભ કે અશુભ પરિણામ, જે જીવપરિણામ કહ્યા. **'કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે;...'** બન્ને એક છે, અજ્ઞાન છે. આહાહા..! સમજાણું? બન્ને એક જ છે તો પુણ્ય-પાપમાં ભેદ છે એમ અમે નથી કહેતા. આહાહા..! છે? **'તે એક હોવાથી કર્મના કારણમાં ભેદ નથી;...'** કર્મના પરિણામ જે બંધનનું કારણ છે તેમાં ભેદ નથી. એ શુભ અને અશુભ બેય અજ્ઞાનભાવ છે. આહા..! આવી વાત, ક્યાં લોકોને પડી છે? સંસારમાં રખડીને મરે છે, અનાદિથી ચોરાશી અવતાર (ચાલે છે). વાડામાં ધર્મને બહાને પણ પુણ્યની ક્રિયા કરીને ધર્મ માને અને અમે ધર્મ કરીએ છીએ (એમ માને છે). અરે..! જન્મ-મરણ નહિ ટળે, પ્રભુ! આહાહા..! એ તો સંસાર છે. શુભભાવ એ તો સંસાર છે, અજીવ છે. અજીવમાં (ધર્મ) માનવો તો સંસારમાં

રખડવું છે. આહાહા..!

હવે ચાલતો અધિકાર. **'ખરેખર અજીવ જ હોય.'** આહાહા..! ધર્મી જીવ સમકિતી જ્ઞાની એમ વિચાર કરે છે કે હું તો જ્ઞાયક સ્વરૂપ છું. પુણ્ય અને પાપ તો અજીવ, અજીવ જડ છે, એ અજ્ઞાનભાવ છે કેમકે એમાં મારો જ્ઞાનસ્વભાવ છે નહિ. મારો જ્ઞાનસ્વભાવ એ શુભઅશુભભાવમાં છે નહિ, તો એ શુભભાવ, અશુભભાવને અજ્ઞાન કહીને મારા નથી (એમ કહ્યું). અને જો હું મારા માનું તો હું અજીવ થઈ જઈશ. કહો, 'શાંતિભાઈ'! તો પછી 'પંકજ' ને ફલાણા ને ઢીકણા..

મુમુક્ષુ :– આત્મા સિવાય કોઈ મારું નથી. આવું સાંભળવા મળે ત્યારે ને, આવું કોણ સંભળાવે?

ઉત્તર :– પણ ભાગ્યશાળી તમે મૂકીને આવ્યા છો. કેટલો ઉત્સાહ કર્યો છે. ન્યા પ્રમુખ છે. મૂકીને અહીં આવ્યા છે. માર્ગ આ છે, બાપા! 'કાંતિભાઈ'! આ તો પરમાત્માનો માર્ગ છે. આહાહા..! પહેલું તો સાંભળવા મળવું મુશ્કેલ છે. એ સિદ્ધ છે, અમે તો આખુ હિન્દુસ્તાન જોયું છે ને! આહાહા..!

અહીં કહે છે, આહાહા..! ગાથા બહુ (સારી આવી છે). હું અવશ્ય અજીવનો સ્વામી થાઉં. જો હું પુણ્ય મારું માનું, શુભભાવ, હોં! તો હું અવશ્ય તેનો સ્વામી થાઉં. **'અને અજીવનો જે સ્વામી તે ખરેખર અજીવ જ હોય. એ રીતે અવશે (લાચારીથી) પણ મને અજીવપણું આવી પડે.'** આહાહા..! મારી લાચારીથી પુણ્ય પરિણામ મારા માનું તો મને લાચારીથી અજીવપણું આવી પડે, હું તો અજીવ થઈ જાઉં. આહાહા..! એ..ઇ...!

**'મારું તો એક જ્ઞાયક ભાવ જ જે 'સ્વ' છે,...'** આહાહા..! જાણનાર-દેખનાર ભગવાન જ્ઞાતા-દૃષ્ટા એ (હું છું). **'મારું તો એક જ્ઞાયક ભાવ જ...'** પુણ્ય ભાવ નહિ અને જ્ઞાયક ભાવ જ. આહાહા..! **'જે 'સ્વ' છે,...'** જ્ઞાયકભાવ જ સ્વ છે. પોતાનો જે જ્ઞાયક ભાવ તે સ્વ છે, એ મારું ધન છે, એ મારી લક્ષ્મી છે. **'તેનો જ હું સ્વામી છું;...'** આહા..! હું તો જ્ઞાયકભાવ તે મારું સ્વ છે, તેનો હું સ્વામી છું. આહાહા..! એ અજીવનો સ્વામી થઈ જાઉં તો હું અજીવ થઈ જાઉં, (પરંતુ) હું એવો છું જ નહિ. આહાહા..! આ બધા પૈસા-બૈસાના માલિક ને તમારા મકાનના માલિક, નહિ? તમારે છ ભાઈઓને પાંચ-પાંચ લાખનો એક એક ઓલું છે, શું કહેવાય? બ્લોક.. બ્લોક. છ ભાઈઓને રહેવાના પાંચ-પાંચ લાખનું એક. પૈસા તો કરોડો રૂપિયા છે. ધૂળ.. ધૂળ. આહાહા..! એવું સાંભળ્યું છે. પણ આવ્યા હતા, નહિ? એક ફેરી આવ્યા હતા ત્યાં મકાનમાં આવ્યા હતા. 'પોપટભાઈ' હતા. આહાહા..! છ ભાઈઓનું જુદું અને એના બાપનું જુદું. આહાહા..! ચાલ્યા ગયા. કોની ચીજ હતી? બાપા!

અહીં તો કહે છે કે, એ સંયોગ તો પુણ્યના ફળ છે. એ તો ક્યાંય દૂર રહી ગયા. પણ તારામાં જે રાગની મંદતાનો શુભ ભાવ આવ્યો, એ પણ અજીવ છે, એ અજ્ઞાન છે,

તેમાં આત્મા-જ્ઞાન નથી. એ જ્ઞાયક સ્વરૂપનો તેમાં અભાવ છે. આહાહા..! તેના ભાવમાં તો અજીવપણું છે. જીવપણું તો જ્ઞાયક ભાવ છે. રાગ તો અજીવપણાનો અજ્ઞાન ભાવ છે. આહાહા..! આવી વાત છે, બાપુ! આકરું પડે, શું થાય? પછી 'સોનગઢનું એકાંત છે, એકાંત છે.' એમ લોકો કહે છે. કારણ કે વ્યવહારથી લાભ થાય એ તો કહેતા નથી. પણ વ્યવહાર તે અજીવ જડ છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ અજીવ જડ છે. જડથી તારામાં લાભ થશે? તારી ચીજમાં છે તેનાથી તને લાભ થશે. તારી ચીજમાં તો જ્ઞાન ને આનંદ છે (તો) જ્ઞાન, આનંદથી તને લાભ થશે. આહાહા..! આવી વાત મળવી મુશ્કેલ પડે.

અરે..! પ્રભુ! આહા..! ચોરાશી લાખ (યોનિમાં) ડૂબકા મારતા પરિભ્રમણ કરે છે. 'મોરબીવાળા'એ તો નજરે જોયું, પાણીમાં મડદાં તરતા. આહાહા..! એમ આ ચોરાશીમાં રખડતા પ્રાણી મડદાં-મડદાં છે. ચૈતન્યના ભાન વિનાના પ્રાણીને મૃતક કલેવર કહ્યા છે. આહાહા..! સંસારમાં ડૂબીને મરે છે, જે પ્રાણી અજ્ઞાનમાં રાગ મારો, પુણ્ય મારું.. આહાહા..! એ મરી ગયેલા મડદાં (છે). ચૈતન્ય જીવતો જાગતો જીવ છે તેને પુણ્ય મારું માનીને મારી નાખ્યો છે, મડદું કરી નાખ્યું. એ છે ને? 'કળશટીકા'માં છે, મરણતુલ્ય કરી નાખ્યો. છે ને? આમાં છે? ૨૮, ૨૮ ને? ૨૮ કળશ. જુઓ!

**'જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે. પરન્તુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી...'** રાગ મારો છે, એ રાગથી ઢંકાયેલો હોવાથી **'મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...'** આહાહા..! કળશની 'રાજમલજી'ની ટીકા છે. મરણને પ્રાપ્ત થઈ ગયું. અરે..રે..! રાગ મારો (માનીને) પ્રભુ! તેં આત્માને મારી નાખ્યો. એ જીવતી જ્યોત જ્ઞાયક, એને આ મડદાં, રાગ મારા (માનીને) જીવને મરણતુલ્ય કરી નાખ્યો. આહાહા..! છે? **'તે ભ્રાન્તિ...'** આહાહા..! **'પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે,...'** ત્રણલોકના નાથનો ઉપદેશ એ છે.. આહાહા..! કે, પુણ્યના પરિણામ અજીવ છે, પ્રભુ! (એ) તારા નહિ. આહાહા..! જે પુણ્યના પરિણામ મારા છે એમ માનીને તારા આત્માને મરણતુલ્ય કરી નાખ્યો. એ ભ્રાંતિ ત્રણલોકના નાથના ઉપદેશથી (મટે છે).

એમનો-પ્રભુનો ઉપદેશ શું (છે)? રાગ પુણ્ય છે, અજીવ છે, તારી ચીજ નહિ. અંદરમાં ભગવાન જ્ઞાયક સ્વરૂપ એ તારી ચીજ છે. એવી વીતરાગની વાણી સાંભળતા ભ્રાંતિનો નાશ થાય. બાકી વીતરાગ સિવાય ક્યાંય એ વાત છે નહિ. તીર્થંકર સિવાય, જૈન પરમેશ્વર સિવાય આ વાત ક્યાંય છે નહિ. આહાહા..! આ ટીકાકાર છે. આખા કળશ છે ને? એની ટીકા 'રાજમલે' (કરી છે). 'રાજમલ જૈનધર્મી, જૈનધર્મ કે મર્મી' 'બનારસીદાસે' કહ્યું. 'બનારસીદાસ'. 'સમયસાર નાટક'માં આવ્યું છે. આહા..! શું કહ્યું?

ધર્મી કહે છે કે, **'(લાચારીથી) પણ મને અજીવપણું આવી પડે.'** રાગને મારો માનું તો લાચારીથી મારામાં અજીવપણું આવી જાય. આહાહા..! **'મારું તો એક જ્ઞાયક ભાવ જ**

**જે 'સ્વ' છે, તેનો જ હું સ્વામી છું;...'** આહાહા..! ધર્મી આત્માના જ્ઞાની, પોતાનો સ્વભાવ જ્ઞાયકરૂપ છે તે હું છું, એ મારું સ્વ છે, એ મારું ધન છે (તેમ માને છે). સ્વ નામ ધન. આહાહા..! એ મારી લક્ષ્મી છે. હવે આ તમારા હીરા-ફીરાની લક્ષ્મી તો ક્યાંય ધૂળમાં રહી ગઈ. પચીસ જણા એને ઘરે કામ કરે છે, હીરાને ઘસવાના. મોટા મોટા, એક એક મહિને હજાર રૂપિયાના.

મુમુક્ષુ :– આપ તો કહો છો કે પરનું કામ કરી શકે નહિ.

ઉત્તર :– એ કરી શકે નહિ પણ ન્યાં કરે છે એમ માને છે ને! પચીસ જણા કામ કરે છે. એક એકને એક હજાર રૂપિયા મહિને મળે છે. પચીસ હજાર રૂપિયા તો એક મહિને આપે છે. હીરાને ઘસવાના એક મહિનાના પચીસ હજાર. ન્યાં ગયા હતા ને દુકાને બધા આવ્યા હતા, પગે લાગવા. કીધું, આ કોણ છે આ? કે, હીરાને ઘસનારા છે. બાર મહિને ત્રણ લાખ તો ઘસવાના આપે છે. એટલે જાણે બીજા પૈસા તો કેટલા પેદા થાતા હશે, ધૂળ. આહાહા..! એ કહે છે કે, એ પૈસા મારા છે, મરી ગયો પ્રભુ તું, મારી નાખ્યો તને. તારું જીવ સ્વરૂપ છે તેને અજીવપણે (માનીને) મારી નાખ્યો. આહાહા..!

અહીંયાં એ આવ્યું. **'તેનો જ હું સ્વામી છું; માટે મને અજીવપણું ન હો,...'** આહાહા..! વાણી તો મારી નથી, કર્મ તો મારા નથી પણ ઉપદેશમાં જે વિકલ્પ ઉઠે છે તે મારો નથી. સમજાણું? ધર્મી એમ જાણે છે કે, વાણીની પર્યાય એ તો જડની છે, એ તો મારી નથી, મારાથી નથી પણ સમજાવવાનો જે વિકલ્પ આવે છે એ પણ પુણ્ય છે, શુભ ભાવ છે તે અજીવ છે. આહાહા..! આવું કામ આકરું. એ **'અજીવપણું ન હો,...'** મારામાં અજીવપણું ન હો. આહાહા..!

**'હું તો જ્ઞાતા જ રહીશ,...'** આહાહા..! ધર્મી સમ્યગ્દૃષ્ટિ ધર્મની શરૂઆતવાળો, ધર્મની પહેલી સીઢીવાળો આમ માને છે. આહા..! **'હું તો જ્ઞાતા જ રહીશ,...'** રાગ આવે છે પણ એ મારો નથી. હું તો તેને જાણનારો રહીશ. આહાહા..! સમજાણું? જુઓને, આમાં આ તો સ્પષ્ટ વાત છે. આ તો બે હજાર વર્ષ પહેલા 'કુંદકુંદાચાર્યે' કહ્યું. આ ટીકા હજાર વર્ષ (પછી) 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત, ચાલતા સિદ્ધ એની ટીકા તે ટીકા. હિન્દુસ્તાનમાં બીજે તો નથી પણ દિગંબર જૈનમાં આવી ટીકા બીજી નથી. એવી ટીકા! આહાહા..! જુઓને ! કેટલું બતાવે છે! આહાહા..! સંસ્કૃત ટીકાકાર છે.

કહે છે કે, ધર્મી એમ જાણે છે કે રાગ તો અજીવ છે. તેને મારો માનું તો હું અજીવનો સ્વામી થઈ જાઉં અને અજીવનો સ્વામી થાઉં તો અજીવ થઈ જઈશ. આહાહા..! હું પુણ્યને અજીવ માનીને મારા નથી માનતો. આહાહા..! **'હું તો જ્ઞાતા જ રહીશ, પરદ્રવ્યને નહિ પરિગ્રહું.'** આહાહા..! એ શુભ ભાવની પણ પકડ નહિ કરું કે, આ મારા છે. આહાહા..! ભાષા તો સાદી છે, પ્રભુ! આ તારા ઘરની વાત ચાલે છે, નાથ! આહાહા..!

આનંદનો નાથ અંદર ડોલે છે. આહાહા..! અતીન્દ્રિય આનંદથી ભરપૂર ભગવાન ભર્યો છે. જેમ અતીન્દ્રિય જ્ઞાનથી ભરપૂર ભર્યો છે તેમ અતીન્દ્રિય આનંદથી ભરપૂર (ભર્યો છે). જ્યારે તેનું જ્ઞાન થાય છે તો જ્ઞાન સાથે આનંદ પણ આવે છે. આહાહા..! તેને જીવ કહેવામાં આવે છે. અને સાથે જે રાગ છે તે જો મારો થઈ જાય તો હું જીવ નહિ રહું, અજીવ થઈ જઈશ. (એ) હું નહિ કરું, હું તો જ્ઞાતા છું. આહાહા..! આવો મારગ છે.

હું પરદ્રવ્યને.. જુઓ! પુણ્યને પરદ્રવ્ય કહ્યું. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ રાગ (છે), અરે...! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પરદ્રવ્ય છે. આહાહા..! હું પરદ્રવ્યનો પરિગ્રહ નહિ કરું. પરદ્રવ્ય મારા છે એમ નહિ માનું. આહાહા..! હું તેની પકડ નહિ કરું, હું તો ભગવાન જ્ઞાયકને પકડમાં લીધો છે તો રાગની પકડ નહિ કરું. આહાહા..! રાગ આવશે, ધર્મીને પણ રાગ તો આવશે પણ પકડ નહિ કરું કે એ મારો છે. આહાહા..! આવી વાતું છે. આવી વાત સાંભળવી મુશ્કેલ પડે, બાપુ! છે ને?

અમને તો ૯૦ વર્ષ થયા. શરીરને ૯૦ (થયા). (સંવત) ૧૯૬૪ની સાલથી. કહ્યું હતું ને? ૧૯૬૪માં ૧૮ વર્ષની ઉંમર (હતી), ૭૨ વર્ષ પહેલા એ આવ્યું હતું અંદરમાં. આહાહા..! પ્રભુ ! તું કોણ છો? 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' ૧૮ વર્ષની ઉંમરે, ૧૯૬૪ની સાલ. સંવત ૧૯૬૪. બે દુકાનું હતી ને ત્યાં? ૧૯૬૩માં બીજી દુકાન કરી. ૧૯૫૯માં અમારા પિતાજીની દુકાન હતી, 'પાલેજ'. ૧૯૬૩માં 'કુંવરજીભાઈ' ને મારા મોટા ભાઈની દુકાન (કરી). બેય દુકાનુ બંધ રાખી હતી. 'કુંવરજીભાઈ'ની બેનના લગન હતા તો બધા ચાલ્યા ગયા હતા. હું ને એક નોકર બે રહ્યા હતા. આહા..! એ વખતે રામલીલા આવી હતી ને બરાબર જોવા ગયા. એમાંથી અંદરથી એવું આવ્યું. એ અડધી કડી યાદ રહી ગઈ. બાકી છ કડી હોત તો ખબર પડત કે આ શું છે? આ શબ્દ આવ્યો અંદરથી. અમે તો વાણિયા વેપારી, અહીં ક્યાં કવિ-બવિ હતા. પણ એ વખતે (આવ્યું), 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' એ લીટી શરૂ થઈ ગઈ. 'લાલચંદભાઈ'! અંદરથી, હોં! આહાહા..! અમારો નોકર જોડે બેઠો હતો. 'વીરચંદ' હતો. આહાહા..! તું તો પ્રભુ દેવનો દેવ છો. આ દેવો જે છે એનોય પણ દેવ તું છો. આહાહા..! આ ચીજ બાપુ! એવી કોઈ છે અંદર.

એને અંતરમાં રાગ રુચે નહિ, આહાહા..! (રાગ) આવે, હોય, પણ એ રુચે નહિ. એને પોતાનો માનતો નથી. આહાહા..! આવું કામ એટલે લોકોને તો લાગે ને, માળા! વ્યવહારને તો ઉથાપે છે. ઉથાપે શું? નાશ કરીએ છીએ, સાંભળને! વ્યવહાર અજીવ છે, એમ કહે છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો ભાવ, શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ અને પંચ મહાવ્રતનો વિકલ્પ એ અજીવ છે, એ જીવ નહિ. આહાહા..! રાડ નાખે ને! 'કિશોરભાઈ'! આ ક્યાં ન્યાં 'નાઈરોબી'માં છે ન્યાં? પૈસા છે ત્યાં, ધૂળ. 'અજીતભાઈ' અહીં રહે છે એનો નાનો ભાઈ. 'અજીતભાઈ' ઘણીવાર અહીં રહે છે. 'પ્રેમચંદભાઈ' આવતા પહેલા. મકાન હતા. આહાહા..!

આટલા શબ્દો વાપર્યા. એક તો રાગને અજીવ કહ્યો, બીજું રાગને પરદ્રવ્ય કહ્યો. આ એક શ્લોકમાં. એ દયા, દાન, વ્રત પરદ્રવ્ય છે. આહાહા..! 'નિયમસાર'માં તો નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કહ્યું છે, પર્યાય ઉપરથી દૃષ્ટિ હટાવવા. સમજાણું? આ તો પરદ્રવ્ય વાસ્તવિક છે. આહાહા..! હું પરદ્રવ્યનો પરિગ્રહ–રાગ મારો છે, એમ નહિ માનું. આહાહા..! જુઓ! આ ધર્મની દૃષ્ટિ. આ સમ્યગ્દૃષ્ટિનો ભાવ. આહાહા..!

**ભાવાર્થ :– 'નિશ્ચયનયથી એ સિદ્ધાંત છે...'** નિશ્ચય નામ વાસ્તવિક દૃષ્ટિમાં એમ સિદ્ધાંત છે, સિદ્ધ થયેલી વસ્તુ છે કે **'જીવનો ભાવ જીવ જ છે,...'** જ્ઞાયકપણું, જાણવું, આનંદાદિ એ જીવનો ભાવ જીવ જ છે. **'તેની સાથે જીવને સ્વ-સ્વામી સંબંધ છે;...'** પોતાનો જ્ઞાયક અને આનંદસ્વરૂપ પ્રભુ, એ પોતાનું સ્વ અને તેનો સ્વામી નિજ આત્મા. પોતાનું સ્વસ્વામીપણું તેમાં છે. રાગ સ્વ અને તેનું સ્વામીપણું પોતામાં નથી. આહાહા..! તો આ બાયડી, છોકરા ને આ બધા.. આહાહા..! પળોજણ ઉભી (કરી). એ તો તારામાં છે નહિ અને તારા છે નહિ. આહાહા..!

**'તેની સાથે જીવને સ્વ-સ્વામી સંબંધ છે;...'** પોતાનો આનંદ, જ્ઞાન સ્વભાવ સાથે. **'અજીવનો ભાવ અજીવ જ છે,...'** રાગાદિ તો અજીવનો ભાવ, એ અજીવ છે. **'તેની સાથે અજીવને સ્વ-સ્વામી સંબંધ છે.'** અજીવનો સ્વ-સ્વામી સંબંધ છે. અજીવ તેનો સ્વ અને અજીવ તેનો સ્વામી. આહાહા..! 'સમયસાર'નો એક એક શ્લોક ભગવાનની દિવ્યધ્વનિનું માખણ. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ની ગાથા અને 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા. આહાહા..! ડોલાવી નાખે જીવને અંદર. આહાહા..! પ્રભુ! તું જ્ઞાયકમાં ઝુલ. આહાહા..! એ રાગ તારી ચીજ નથી, પ્રભુ! આહાહા..!

રાગ, દયા, દાન પરિણામ તારા નહિ તો હવે કઈ ચીજ તારી છે? આહાહા..! શરીર ઠીક હોય તો ઠીક થશે. અરે..! પણ એ તો જડ છે, ઠીક થાય તો તને શું છે? આહાહા..! લ્યો, 'હસમુખભાઈ'ને થયું હતું, નહિ? કેવો રોગ થયો હતો એને? પૈસા તો કરોડો પડ્યા હતા. એવા સપના આવે ને એવા ભાવ આવે, જાણે આમ.. છેલ્લે ગયા હતા ને ત્યાં? એકદમ પેલું થઈ ગયું, અનુકૂળતા થઈ ગઈ. છેલ્લી સ્થિતિ આમ. એવા સપના આવે જાણે મારી નાખ્યો, મારી નાખ્યો, આ કર્યું ને આ કર્યું. એને થયું હતું, 'લાલચંદભાઈ'! એને થયું હતું. બહુ છેલ્લી સ્થિતિ હતી. આમ ગભરાય ગયેલા. એમાં અમે ગયા. કુદરતે બધું ફરી ગયું.

મુમુક્ષુ :– આપના પગલે.

ઉત્તર :– એ કુદરતે થવાની પર્યાય છે. આહા..! એ વખતે સપનામાં મારી નાખ્યા કો'કે. મારી નાખ્યો. એવા સપના આવતા. કલ્પના એવી આવતી. આહાહા..! પૈસા તો કરોડો રૂપિયા હતા, શું ધૂળ કરે અંદર? આહાહા..!

અહીં કહે છે, આહાહા..! **'જો જીવને અજીવનો પરિગ્રહ માનવામાં આવે તો જીવ અજીવપણાને પામે;...'** જે ભગવાન છે આત્મા, એ પામરરૂપે અજીવ થઈ જાય. આહાહા..! પ્રભુ ગરીબ થઈ જાય, અજીવ થઈ જાય. આહાહા..! **'માટે જીવને અજીવનો પરિગ્રહ પરમાર્થે માનવો તે મિથ્યાબુદ્ધિ છે.'** આહાહા..! ખરેખર ભગવાનને અજીવનો, રાગ ને પુણ્યાદિને મારા માનવા એ મિથ્યાબુદ્ધિ, મિથ્યાદષ્ટિ છે. આહાહા..! આવી વાત છે. આવું સાંભળવાનું, ભાઈ! બોલ્યા નહિ? 'કાંતભાઈ' નહિ? 'સાંભળવા મળવું મુશ્કેલ છે.' 'કાંતિભાઈ'! ભાગ્યશાળી. ત્યાંના પ્રમુખ છે, મૂકીને આવ્યા છે. બે-ચાર દિ'થી જોયા તમને. 'કાંતિભાઈ' આવે છે. આહા..! બાપુ! મારગડા.. આહાહા..!

**'જ્ઞાનીને એવી મિથ્યાબુદ્ધિ હોય નહિ.'** રાગને પોતાનો માનવો અને તેનાથી લાભ માનવો, એવી બુદ્ધિ હોય નહિ. **'જ્ઞાની તો એમ માને છે કે પરદ્રવ્ય મારો પરિગ્રહ નથી,...'** રાગાદિ મારી ચીજ જ નથી, હું તો જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ (છું). આહાહા..! **'હું તો જ્ઞાતા છું.'** હું તો જાણનાર-દેખનાર ભગવાન જ્ઞાયક છું. આહાહા..! બીજું કોઈ મારી ચીજમાં છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!).

**જે કુટુંબીઓ માટે તું હોંશે હોંશે કાળ ગુમાવી રહ્યો છે, જે કુટુંબીઓને સગવડતા આપવા તું પૈસાદિમાં કાળ ગુમાવી રહ્યો છે તે જ કુટુંબીઓ તારા મરણ પછી શરીરને મકાનના બારસાખ સાથે અડવા પણ દેતા નથી, તો તું પર માટે આ ભવ કેમ વ્યર્થ ગુમાવી રહ્યો છે? અરે! તારે ક્યાં જવું છે? જેમ કોઈ મુસાફર ચાલ્યો જતો હોય અને રસ્તામાં જે કાંઈ આવે તેને મારું માની લે, તેમ તું મુસાફર છો અને આ સ્ત્રી-પુત્ર મારા, શરીર મારું એમ મારું મારું માની રહ્યો છો, પણ પ્રભુ! તારે અહીંથી ચાલી નીકળવાનું છે ને બાપુ! આ પરને મારા મારા કાં કહે છો?**

૧

**અરેરે! જીવ અનંત અનંત કાળથી ભટકે છે. આયુષ્ય પૂરું થતાં જીવ તો આ દેહ છોડીને ચાલ્યો જાય છે. ક્યાં ગયો તેની કોને ખબર છે? અજાણ્યા દ્રવ્યમાં, અજાણ્યા ક્ષેત્રમાં, અજાણ્યા કાળમાં અને અજાણ્યા ભવમાં તારે જવાનું છે તેની તને ખબર નથી બાપુ! મિથ્યાત્વનો ભાવ છે ત્યાં સુધી એક પછી એક એક જગ્યાએ જન્મ ધારણ કરવાના છે. અબજોપતિ મરીને બકરીની કૂંખે જાય, ભૂંડ થાય. દુનિયાને તેની ક્યાં ખબર પડે છે બાપુ! તારી ચીજને ઓળખીને તેનું જો પરિણમન ન કર્યું તો સંસારનો રોગ દૂર નહિ થાય.**

આત્મધર્મ અંક-૫, જાન્યુઆરી-૨૦૦૮

# ગાથા–૨૦૯

अयं च मे निश्चय :-

छिज्जदु वा भिज्जदु वा णिज्जदु वा अहव जादु विप्पलयं।
जम्हा तम्हा गच्छदु तह वि हु ण परिग्गहो मज्झ।।२०९।।
छिद्यतां वा भिद्यतां वा नियतां वाथवा यातु विप्रलयम्।
यस्मात्तस्मात् गच्छतु तथापि खलु न परिग्रहो मम।।२०९।।

छिद्यतां वा, भिद्यतां वा, नीयतां वा, विप्रलयं यातु वा, यतस्ततो गच्छतु वा, तथापि न परद्रव्यं परिगृह्णामि; यतो न परद्रव्यं मम स्वं, नाहं परद्रव्यस्य स्वामी, परद्रव्यमेव परद्रव्यस्य स्वं, परद्रव्यमेव परद्रव्यस्य स्वामी, अहमेव मम स्वं, अहमेव मम स्वामी इति जानामि।

---

'વળી આ (નીચે પ્રમાણે) મારો નિશ્ચય છે' એમ હવે કહે છે :-

**છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,**
**વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ૨૦૯.**

ગાથાર્થ :- [ छिद्यतां वा ] છેદાઈ જાઓ, [ भिद्यतां वा ] અથવા ભેદાઈ જાઓ, [ नीयतां वा ] અથવા કોઈ લઈ જાઓ, [ अथवा विप्रलयम् यातु ] અથવા નષ્ટ થઈ જાઓ, [ यस्मात् तस्मात् गच्छतु ] અથવા તો ગમે તે રીતે જાઓ, [ तथापि ] તોપણ [ खलु ] ખરેખર [ परिग्रहः ] પરિગ્રહ [ मम न ] મારો નથી.

ટીકા :- પરદ્રવ્ય છેદાઓ, અથવા ભેદાઓ, અથવા કોઈ તેને લઈ જાઓ, અથવા નષ્ટ થઈ જાઓ, અથવા ગમે તે રીતે જાઓ, તોપણ હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું; કારણ કે 'પરદ્રવ્ય મારું સ્વ નથી,-હું પરદ્રવ્યનો સ્વામી નથી, પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે,-પરદ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે, હું જ મારું સ્વ છું,-હું જ મારો સ્વામી છું'-એમ હું જાણું છું.

ભાવાર્થ :- જ્ઞાનીને પરદ્રવ્યના બગડવા-સુધરવાનો હર્ષવિષાદ હોતો નથી.

---

**પ્રવચન નં. ૨૮૯ ગાથા-૨૦૯, ૨૧૦ શ્લોક-૧૪૫ સોમવાર, શ્રાવણ વદ ૧૩, તા. ૨૦-૦૮-૧૯૭૯**

'સમયસાર', 'નિર્જરા અધિકાર' ૨૦૯ ગાથા. **'વળી આ (નીચે પ્રમાણે) મારો નિશ્ચય છે :-'** ૨૦૯ (ગાથા) ઉપર. ધર્મી જેને આત્માનો રાગથી ભિન્ન અનુભવદૃષ્ટિ થઈ છે તેનું નામ ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ (છે). રાગથી, પરથી તો ભિન્ન છે જ પરંતુ દયા, દાનના વિકલ્પથી, રાગથી પણ ભિન્ન એવી ચૈતન્યપ્રકાશની મૂર્તિ પ્રભુ, જેને એ દૃષ્ટિમાં, અનુભવમાં ને જ્ઞાનમાં એ જણાણું છે તેને અહીંયાં ધર્મી અથવા ધર્મનો ધરનાર કહેવામાં આવે છે.

એ ધર્મી એમ વિચારે છે કે, **'વળી આ (નીચે પ્રમાણે) મારો નિશ્ચય છે' એમ હવે કહે છે :-'** ૨૦૯.

**छिज्जदु वा भिज्जदु वा णिज्जदु वा अहव जादु विप्पलयं।**
**जम्हा तम्हा गच्छदु तह वि हु ण परिग्गहो मज्झ।।२०९।।**
**છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,**
**વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ૨૦૯.**

**ટીકા :- 'પરદ્રવ્ય છેદાઓ,...'** કટકા થઈ જાય. આહા..! મારા આત્મા સિવાય કોઈપણ ચીજ શરીર, વાણી, કુટુંબનો છેદ થઈ જાય, ભેદાય. છેદાઓ નામ છેદાવું, ભેદ નામ ભેદાવું. છેદાવામાં ટૂકડા થઈ જાય. ભેદાવામાં ટૂકડા ન થાય. **'અથવા કોઈ તેને લઈ જાઓ,...'** મારી ચીજ ક્યાં છે? આહાહા..! શરીર, પરિગ્રહ છેદાઓ, ભેદાઓ ગમે તે થાઓ, ધર્મીને તેની દૃષ્ટિ શરીર ઉપરથી છૂટી ગઈ છે. આહાહા..! ધર્મ દુર્લભ ચીજ છે. દેહની ક્રિયાની તો દૃષ્ટિ છૂટી ગઈ છે પણ પુણ્ય, દયા, દાન, ભક્તિના, વ્રતના પરિણામથી પણ જેની દૃષ્ટિ છૂટી ગઈ છે. આહા..! તેની દૃષ્ટિ ચૈતન્યપ્રકાશની મૂર્તિ પ્રભુ, ચેતનસ્વરૂપ જેનું ત્રિકાળી એવું જેને દૃષ્ટિમાં, અનુભવમાં આવે તેને અહીંયાં ધર્મ અને ધર્મી કહેવામાં આવે છે.

તે ધર્મી એમ વિચારે છે, પરદ્રવ્ય છેદાઓ, શરીર, લક્ષ્મી, આબરુ, કીર્તિ, સ્ત્રી, કુટુંબ બધી ચીજ મારી નથી. છેદાઓ, કટકા થઈ જાઓ, ભેદાઓ-ભૂકો (થાઓ). ભેદાવમાં ભૂકો (થાય), છેદાવામાં કટકા (થાય). આહા..! **'અથવા કોઈ તેને લઈ જાઓ,...'** ગમે તે લઈ જાઓ મારી ચીજ છે નહિ. આહાહા..! **'અથવા નષ્ટ થઈ જાઓ,...'** સર્વથા પ્રકારે નાશ થાઓ, મારી ચીજ ક્યાં છે? આહા..! જુઓ! ધર્મીની દૃષ્ટિમાં આવી ભાવના છે. આહાહા..! મારી સિવાય કોઈપણ પરિગ્રહ, વસ્તુ નાશ થઈ જાઓ **'અથવા ગમે તે રીતે જાઓ,...'** કોઈપણ પ્રકારે બળી જાઓ, તણાય જાઓ, રાખ થઈ જાઓ. આહાહા..!

**'તથાપિ હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું;...'** એ ચીજ મારી છે એમ હું કદી નહિ માનું. મારો નાશ થયો, મારી ચીજ ચાલી જાય છે એમ હું કદી નહિ માનું. આહાહા..! ધર્મ, જૈનધર્મ. પોતા સિવાય પર ચીજ... આગળ વિષય લેશે, **'પરદ્રવ્યને નહિ પરિગ્રહું; કારણ કે પરદ્રવ્ય મારું સ્વ નથી,...'** પરવસ્તુ મારી ચીજ નથી. આહાહા..! શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, લક્ષ્મી, આબરુ એ કોઈ મારી ચીજ નથી. આહા..! એ ચીજ (મારી) નથી તો **'પરદ્રવ્ય મારું સ્વ નથી,...'** મારું ધન, મારી મિલકત એ ચીજ નથી. **'હું પરદ્રવ્યનો સ્વામી નથી,...'** આહાહા..! પત્નીનો સ્વામી પતિ, (અહીંયાં) ના પાડે છે, હું સ્વામી નથી. હું તો મારા સ્વરૂપનો સ્વામી છું. ચૈતન્ય શુદ્ધ. આહાહા..! ધર્મ અલૌકિક ચીજ છે. લોકોએ બહારમાં મનાવી દીધો. આહાહા..!

અહીંયાં તો કહે છે કે, પરદ્રવ્ય મારું સ્વ નથી, હું સ્વામી નથી. **'પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે,...'** તે તો તેનું સ્વ છે. આહા..! **'પરદ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે,...'** તેનો સ્વામી તે છે. આહાહા..! **'હું જ મારું સ્વ છું,...'** હું આનંદ અને જ્ઞાનમૂર્તિ પ્રભુ, તે જ હું છું. **'હું જ મારો સ્વામી છું – એમ હું જાણું છું.'** તેને નિર્જરા થાય છે. સમજાણું? આહાહા..! હું તો મારું સ્વ અને સ્વામી હું છું. પરનો હું સ્વ અને સ્વામી હું નહિ. તેનો સ્વામી તે છે અને તે તેનું સ્વ છે. આહા..!

**ભાવાર્થ :– 'જ્ઞાનીને પરદ્રવ્યના બગડવા-સુધરવાનો હર્ષવિષાદ હોતો નથી.'** આહાહા..! એ બગડે તે માટે શોક થઈ જાય છે કે સુધરે માટે હર્ષ (થઈ જાય) એમ નથી. પર્યાયમાં કમજોરીને કારણે આવે તે બીજી વાત છે. આહાહા..! પણ પરદ્રવ્યના બગડવા, સુધરવાને કારણે ધર્મીને બગડવા, સુધરવાનો વિકલ્પ આવતો નથી. આહા..! **'હર્ષવિષાદો હોતો નથી.' 'બગડવા-સુધરવાનો હર્ષ-વિષાદ હોતો નથી.'** આહાહા..! લક્ષ્મી વધી જાય તોય હરખ નહિ, નાશ થઈ જાય તોય શોક નહિ. મારી ચીજ ક્યાં છે તે મને મળી? આહા..!

એમ ચક્રવર્તી સમકિતી હો, છન્નુ હજાર સ્ત્રી મારી નથી. આહાહા..! એ સ્ત્રી ચાહે તો પરદ્રવ્ય ગમે તે નાશ થઈ જાઓ, કોઈ લઈ જાઓ. આહાહા..! એ ચીજ મારી નથી. આહાહા..! 'રામચંદ્રજી' તો જ્ઞાની હતા. 'સીતાજી'ને 'રાવણ' લઈ ગયા તો અસ્થિરતાનો રાગનો ભાગ (આવે છે). સમજાણું? 'સીતાજી'ને 'રાવણ' લઈ ગયા. 'રામચંદ્રજી' તો જ્ઞાની ધર્માત્મા હતા. આહાહા..! એ જાણતા હતા કે એ મારી ચીજ નહિ, પણ અસ્થિરતાનો રાગ આવ્યો તેનો પણ હું સ્વામી નથી. આહા..! એ રાગ મારો નહિ. હવે આ વાત (બેસવી). અને ડુંગરે ડુંગરે પૂછે, 'સીતા' ક્યાં 'સીતા'? હેં? છતાં તેની ચીજ નથી. આહાહા..! એ તો કોઈ ચારિત્રના દોષનો વિકલ્પ હતો. આહાહા..! બહુ જગતને (બેસવું કઠણ પડે).

**'જ્ઞાનીને પરદ્રવ્યના બગડવા-સુધરવાનો હર્ષવિષાદ હોતો નથી.'** આહાહા..! 'ભરત' ચક્રવર્તી સમકિતી હતા. ભાઈએ આજ્ઞા માની નહિ તો લડાઈ કરવા ઉભા થયા, મારવા

માટે ઉભા થયા. 'બાહુબલીજી'. એ મારો છે એમ માનતા નથી, એ અસ્થિરતાનો રાગ હતો. એ અસ્થિરતાનો રાગ હતો તે મારું સ્વ અને હું તેનો સ્વામી એમ પણ નહિ. આ વાત. આહાહા..! દૃષ્ટિમાં પોતાની દોલત દેખાણી. ચિદાનંદ સહજાત્મસ્વરૂપ પ્રભુ જ્યાં પરમાત્મસ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું, તેને કોઈ પરચીજ મારી છે એમ દૃષ્ટિમાં આવતું નથી. આહા..! છતાં 'ભરતે' 'બાહુબલી' સાથે લડાઈ કરી એ સ્વામીપણાને કારણે નહિ, અસ્થિરતાને કારણે એ રાગ આવ્યો. આહા..! આ મેળ કેમ કરવો? આહા..!

મુમુક્ષુ :– અસ્થિરતા અને મિથ્યાદૃષ્ટિપણું બેય ...

ઉત્તર :– અસ્થિરતા જુદી છે, મિથ્યાદૃષ્ટિપણું જુદું છે. આહાહા..! એ મારી ચીજ છે એમ માનવું તે મિથ્યાત્વ છે. પણ એ ચીજને કારણે નહિ પણ પોતાની નબળાઈને લઈને રાગાદિ આવે છે તો એ ચારિત્રદોષ છે. એ અજ્ઞાન, મિથ્યાત્વ નહિ. આહાહા..! આવી વાતું.

## શ્લોક-૧૪૫

(वसन्ततिलका)

इत्थं परिग्रहमपास्य समस्तमेव<br>
सामान्यतः स्वपरयोरविवेकहेतुम्।<br>
अज्ञानमुज्झितुमना अधुना विशेषाद्<br>
भूयस्तमेव परिहर्तुमयं प्रवृत्तः।।१४५।।

**હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનારૂપે કાવ્ય કહે છે :-**

***શ્લોકાર્થ :- [ इत्थं ] આ રીતે [ समस्तम् एव परिग्रहम् ] સમસ્ત પરિગ્રહને [ सामान्यतः ] સામાન્યતઃ [ अपास्य ] છોડીને [ अधुना ] હવે [ स्वपरयोः अविवेकहेतुम् अज्ञानम् उज्झितुमनाः अयं ] સ્વ-પરના અવિવેકના કારણરૂપ અજ્ઞાનને છોડવાનું જેનું મન છે એવો આ [ भूयः ] ફરીને [ तम् एव ] તેને જ (-પરિગ્રહને જ-) [ विशेषात् ] વિશેષતઃ [ परिहर्तुम् ] છોડવાને [ प्रवृत्तः ] પ્રવૃત્ત થયો છે.**

* આ કળશનો અર્થ આ પ્રમાણે પણ થાય છે :- [ इत्थं ] આ રીતે [ स्वपरयोः अविवेकहेतुम् समस्तम् एव परिग्रहम् ] સ્વ-પરના અવિવેકના કારણરૂપ સમસ્ત પરિગ્રહને [ सामान्यतः ] સામાન્યતઃ [ अपास्य ] છોડીને [ अधुना ] હવે, [ अज्ञानम् उज्झितुमनाः अयं ] અજ્ઞાનને છોડવાનું જેનું મન છે એવો આ, [ भूयः ] ફરીને [ तम् एव ] તેને જ [ विशेषात् ] વિશેષતઃ [ परिहर्तुम् ] છોડવાને [ प्रवृत्तः ] પ્રવૃત્ત થયો છે.

ભાવાર્થ :- સ્વપરને એકરૂપ જાણવાનું કારણ અજ્ઞાન છે. તે અજ્ઞાનને સમસ્તપણે છોડવા ઇચ્છતા જીવે પ્રથમ તો પરિગ્રહનો સામાન્યતઃ ત્યાગ કર્યો અને હવે (હવેની ગાથાઓમાં) તે પરિગ્રહને વિશેષતઃ (જુદાં જુદાં નામ લઈને) છોડે છે. ૧૪૫.

## શ્લોક–૧૪૫ ઉપર પ્રવચન

'હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનારૂપે કાવ્ય કહે છે :–'

(वसन्ततिलका)

इत्थं परिग्रहमपास्य समस्तमेव
सामान्यतः स्वपरयोरविवेकहेतुम्।
अज्ञानमुज्झितुमना अधुना विशेषाद्
भूयस्तमेव परिहर्तुमयं प्रवृत्तः।।१४५।।

નીચે અર્થ (છે). **'આ રીતે સમસ્ત પરિગ્રહને સામાન્યતઃ છોડીને હવે...'** નીચે થોડો બીજો અર્થ છે. આમાં સામાન્ય પરિગ્રહ છોડીને સ્વ-પરના હેતુને, અજ્ઞાનને છોડે છે (એમ અર્થ છે). અને બીજો અર્થ એમ છે, **'આ રીતે સ્વ-પરના અવિવેકના કારણરૂપ સમસ્ત પરિગ્રહને સામાન્યઃ છોડીને...'** પહેલા એ લીધું (કે) અવિવેકનું કારણ છે તેને છોડીને. અને અહીં (પરિગ્રહને) છોડીને પછી અવિવેકનું કારણ છે અજ્ઞાન, એટલો ફેર. વસ્તુ તો તેની તે છે. **'અજ્ઞાનને છોડવાનું જેને મન છે એવો આ ફરીને તેને જ (–પરિગ્રહને જ–) વિશેષતઃ છોડવાને પ્રવૃત્ત થાય છે.'**

કળશ. **'હવે સ્વ-પરના અવિવેકના કારણરૂપ...'** આહાહા..! પર ચીજ મારી અને પર ચીજ મારી નહિ, પર ચીજ મારી એ અવિવેકનું કારણ છે. આહાહા..! પર ચીજ લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ, અહીં તો પુણ્ય પણ લેશે, એ બધી મારી ચીજ જ નથી. આહાહા..!

મુમુક્ષુ :– મારી છે નહિ તો રાગ શું કરવા કરે છે?

ઉત્તર :– રાગ કરતો નથી, અસ્થિરતાનો કારણે આવી જાય છે. કરવા લાયક છે માટે કરે છે, એમ છે નહિ. પણ પરિણમન રાગનું છે તો કર્તા છે, એમ જાણવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :– બેય વચનમાં સૂક્ષ્મ ફેર છે.

ઉત્તર :– મોટો મોટો ફેર (છે). એક તો કરવા લાયક છે એમ કરીને કરે છે અને એક કરવા લાયક છે નહિ પણ મારી નબળાઈને કારણે પરિણમે છે તેને જાણે છે. કર્તા

અને ભોક્તા હું છું, એમ માને છે. આહાહા..! ભારે. જૈનદર્શન, એના વિકલ્પની ઇન્દ્રજાળ જેવું છે. આહાહા..! અલૌકિક વાત છે, બાપુ! અંદર ભગવાન ચૈતન્યના પ્રકાશનું પૂરનું જ્યાં ભાન અને અનુભવ થયો, આહાહા..! તેને પર ચીજ શું છે? મારી છે નહિ. મારું સ્વ નહિ, હું તેનો સ્વામી નથી. તો પછી તે છેદાઓ, ભેદાઓ ગમે તે થાઓ, મારે કંઈ લાગતુંવળગતું નથી.

એ કહે છે, અવિવેકને **'છોડવાનું જેનું મન છે એવો આ ફરીને તેને જ (-પરિગ્રહને જ-) વિશેષતઃ છોડવાને પ્રવૃત્ત થાય છે.'** સામાન્યપણે તો પર મારું નથી, એમ કહ્યું. હવે વિશેષપણે ભેદ પાડી પાડીને કહે છે.

**ભાવાર્થ :- 'સ્વપરને એકરૂપ જાણવાનું કારણ અજ્ઞાન છે.'** આહાહા..! શરીર, કુટુંબ, પૈસો, લક્ષ્મી, મકાન એ સ્વપરને એકત્વ માનવું એ અજ્ઞાન છે. સ્વપરને એક માન્યા. સ્વ ભિન્ન છે, પર ભિન્ન છે. આહાહા..! મારું મકાન પાંચ લાખ, દસ લાખનું (છે). દસ લાખ, ચાલીસ લાખનું, આ ભાઈને સીત્તેર લાખનું (છે). 'રમણીકભાઈ' 'આમોદ'વાળા નહિ? નથી દરિયાને કાંઠે? સીત્તેર લાખનું મકાન. પાંચ-છ કરોડ રૂપિયા (છે). સીત્તેર લાખ. ઉતર્યા હતા, એમાં જ ઉતર્યા હતા ને. કોના પણ મકાન? એક મકાન સીત્તેર લાખનું.

મુમુક્ષુ :- એને જોઈએ તો મન થઈ જાય એવું મકાન બનાવવાનું.

ઉત્તર :- ધૂળમાંય નથી. એ તો પર ચીજ એને કારણે ઉભી થઈ છે અને એને કારણે રહી છે. એને કારણે ઉભી છે, એને કારણે ટકી છે અને એને કારણે નાશ થશે. મારે અને તેને કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! આકરી વાત, ભાઈ!

**ભાવાર્થ :- 'સ્વપરને એકરૂપ જાણવાનું કારણ અજ્ઞાન છે.'** છે ને? સ્વ અને પર બેય ભિન્ન છે છતાં મારું છે, એમ માનવું અજ્ઞાન છે. **'તે અજ્ઞાનને સમસ્તપણે છોડવા ઇચ્છતા જીવે પ્રથમ તો પરિગ્રહનો સામાન્યતઃ ત્યાગ કર્યો...'** કોઈ ચીજ મારી નથી એમ અંદર (નિશ્ચય કર્યો) પણ પછી જેમ જેમ સંયોગ પોતાને મળે છે તેને **'હવે (હવેની ગાથાઓમાં) તે પરિગ્રહને વિશેષત) (જુદાં જુદાં નામ લઈને) છોડે છે.'** હવે એ તો ઠીક. હવે આ ગાથા સમજવાની આવી.

**રોગના કાળે રોગ થયા વિના રહેશે જ નહિ. ઇન્દ્ર ઉપરથી ઉતરે તોપણ રોગ થયા વિના રહેશે નહિ લે! અને રાગને કાળે રાગ પણ થયા વિના રહેશે નહિ લે! હવે તારે નજર ક્યાં કરવી છે? સ્વભાવ ઉપર નજર નાખવી એ જ સંતોષ અને શાંતિનો ઉપાય છે.**

આત્મધર્મ અંક-૫, જાન્યુઆરી-૨૦૦૮

## ગાથા-૨૧૦

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे धम्मं।
अपरिग्गहो दु धम्मस्स जाणगो तेण सो होदि।।२१०।।
अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च नेच्छति धर्मम्।
अपरिग्रहस्तु धर्मस्य ज्ञायकस्तेन स भवति।।२१०।।

इच्छा परिग्रहः। तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति। इच्छा त्वज्ञानमयो भावः, अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति। ततो ज्ञानी अज्ञानमयस्य भावस्य इच्छाया अभावाद्धर्मं नेच्छति। तेन ज्ञानिनो धर्मपरिग्रहो नास्ति। ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावाद्धर्मस्य केवलं ज्ञायक एवायं स्यात्।

---

જ્ઞાનીને ધર્મનો (પુણ્યનો) પરિગ્રહ નથી એમ પ્રથમ કહે છે :-

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે પુણ્યને,
તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦.

ગાથાર્થ :- [ अनिच्छः ] અનિચ્છકને [ अपरिग्रहः ] અપરિગ્રહી [ भणितः ] કહ્યો છે [ च ] અને [ ज्ञानी ] જ્ઞાની [ धर्मम् ] ધર્મને (પુણ્યને) [ न इच्छति ] ઇચ્છતો નથી, [ तेन ] તેથી [ सः ] તે [ धर्मस्य ] ધર્મનો [ अपरिग्रहः तु ] પરિગ્રહી નથી, [ ज्ञायकः ] (ધર્મનો) જ્ઞાયક જ [ भवति ] છે.

ટીકા :- ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની ધર્મને ઇચ્છતો નથી; માટે જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે આ (જ્ઞાની) ધર્મનો કેવળ જ્ઞાયક જ છે.

## ગાથા-૨૧૦ ઉપર પ્રવચન

હવે કહે છે કે **'જ્ઞાનીને ધર્મનો...'** આ લોકોને વાંધો છે ને? એને ધર્મ કેમ કહ્યું? અધર્મ કેમ નહિ? ધર્મને પુણ્ય કહ્યું છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં તેને પુણ્ય કહ્યું છે. સમજાણું? અને ધર્મ કેમ કહ્યું? સ્વસંવેદન ચૈતન્યનો અનુભવ, શુદ્ધ ઉપયોગરૂપી વેદન છે એ નિશ્ચય ધર્મ છે અને સાથે એ રાગાદિ આવ્યા, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિ, તેને વ્યવહારધર્મ આરોપ કરીને, વ્યવહારધર્મ કહ્યો જ્ઞાનીને, અહીંયાં અજ્ઞાનીની વાત નથી. આહાહા..!

ધર્મી જીવને પોતાનું શુદ્ધ વેદન, ચૈતન્યમૂર્તિ વીતરાગ સ્વરૂપ, તેનું વેદન (છે) તે ધર્મનું વેદન છે. અને એને સામે નબળાઈને લઈને રાગ આવે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ (આવે છે) તેને વ્યવહારધર્મ (કહે છે). નિશ્ચયધર્મ આ (કહ્યો) તો તેને વ્યવહારધર્મનો આરોપ આવ્યો. વ્યવહારધર્મ એટલે કે ધર્મ નહિ, પુણ્ય. પણ વ્યવહારધર્મ કેમ કહ્યું? કે, નિશ્ચયધર્મ જેને પ્રગટ્યો છે (તેને માટે વ્યવહારધર્મ કહ્યો). 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. 'જયસેનાચાર્ય'ની ટીકા. આના અર્થમાં (કહ્યું છે).

૨૧૦ (ગાથાની) સંસ્કૃત ટીકા. **'अपरिग्रहो भणितः। कोसौ? अनिच्छः। तस्य परिग्रहो नास्ति यस्य बहिर्द्रव्येण्विच्छा वांछा महो नास्ति।'** પરદ્રવ્યની ઇચ્છા, મોહની સમિકતીને નાસ્તિ (છે). **'तेन कारणेन स्वसंवेदनज्ञानी'** આહાહા..! જેને પોતાનો સ્વઆત્મા આનંદ, તેનું વેદન થયું છે, સમ્યગ્દર્શન થયું છે. સ્વસંવેદનજ્ઞાની. **'शुद्धोपयोगरूपं निश्चयधर्म'** પોતામાં શુદ્ધઉપયોગરૂપી ધર્મ (પ્રગટે) એ નિશ્ચય સત્યધર્મ (છે) અને શુભઉપયોગ.. જુઓ! **'निश्चयधर्म विहाय शुभोपयोगरूप धर्म'** એટલે પુણ્ય. પાઠમાં, ટીકામાં છે. જ્ઞાનીના શુભભાવને વ્યવહારધર્મનો આરોપ આપ્યો છે. અજ્ઞાનીની વાત અહીંયાં નથી. સમજાણું? આહાહા..!

જ્ઞાનીને પોતાનું સ્વસંવેદન શુદ્ધઉપયોગ નિશ્ચયધર્મ પ્રગટ્યો છે. એ **'विहाय'** એના રહિત, **'शुभोपयोगरूपं धर्म'** એટલે પુણ્ય. બેય શબ્દ છે. સંસ્કૃતમાં છે. ધર્મ એટલે પુણ્ય. ધર્મ કેમ કહ્યું? કે, નિશ્ચય ધર્મ સ્વ શુદ્ધોપયોગ પ્રગટ્યો છે, શુદ્ધ પરિણતિ (પ્રગટી છે) તેની પાસે જે શુભભાવ છે તેને વ્યવહારધર્મનો આરોપ કરીને વ્યવહારધર્મ કહ્યું. આ નિશ્ચયનો તેમાં આરોપ કરીને વ્યવહાર કહ્યો. આહાહા..! અજ્ઞાનીને વ્યવહારધર્મનો પ્રશ્ન છે જ નહિ. અહીં તો જ્ઞાનીને પોતાના શુદ્ધ સ્વરૂપના ભાન, પ્રતીત અને વેદન થયા છે, એ કારણે તેનાથી વિપરીત જે શુભભાવ પુણ્ય (થાય છે) તેને અહીંયાં ધર્મ કહ્યો. આ નિશ્ચયનો ત્યાં આરોપ કર્યો. આહા..! ધર્મ છે નહિ, છે પુણ્ય. ટીકામાં લખ્યું છે. શુભઉપયોગ, વ્રત, તપ, ભક્તિ, પૂજાનો શુભભાવ ધર્મીને આવે છે. એ શુભઉપયોગરૂપી ધર્મ એટલે પુણ્ય **'नेच्छति'** (અર્થાત્)

ધર્મી તેને ઇચ્છતો નથી. ધર્મને ઇચ્છતો નથી તો તેનો અર્થ શું થયો? આહાહા..! પોતાના શુદ્ધઉપયોગરૂપી ધર્મને જ ભાવે છે પણ શુભભાવને ઇચ્છતો નથી. કેમકે શુભભાવરૂપી વ્યવહારધર્મ એ પુણ્ય છે. આહાહા..! અને એ વ્યવહારધર્મનો આરોપ પણ જ્ઞાનીને આવે છે, અજ્ઞાનીને તો નિશ્ચય નથી તો વ્યવહાર છે નહિ. શું કહ્યું, સમજાણું? આહા..!

અહીં પુણ્યને ધર્મ કેમ કહ્યો? કે, જ્ઞાનીને શુદ્ધ સ્વસંવેદન ચૈતન્યના પ્રકાશનું વેદન થયું છે. આહાહા..! તેની પાસે '**विहाय**'' રહિત જે શુભઉપયોગરૂપી ધર્મ. અહીંયાં નિશ્ચય છે તો વ્યવહારનો આરોપ કરીને (ધર્મ કહ્યું). છે પુણ્ય, છે વિકાર, છે દુઃખ. પણ જ્ઞાનીને તેનો વ્યવહારધર્મ કહેવામાં આવ્યો. જે બંધનું કારણ છે. આહા..! આવી વાતું હવે ક્યાં? સમજાણું? એ તકરાર છે ને? પુણ્યને અધર્મ ક્યાં કહ્યું છે? આ શુદ્ધઉપયોગરૂપી ધર્મ તેનો '**विहाय**'' નિશ્ચયધર્મ '**विहाय**'', શુભઉપયોગરૂપી ધર્મ – પુણ્ય '**नेच्छति**'. એનો અર્થ શું? કે, શુભઉપયોગરૂપી ધર્મ એ અધર્મ છે. આ શુદ્ધઉપયોગરૂપ ધર્મ છે તો શુભઉપયોગ એ અધર્મ છે. એને અહીંયાં ધર્મનો વ્યવહાર તરીકે કહીને, પુણ્યને કહીને નિષેધ કર્યો છે. આહાહા..! ભારે આકરું.

એ કહ્યું છે, જુઓ! ટીકામાં છે. 'જયસેનાચાર્ય'ની ટીકા. '**स्वसंवेदनज्ञानी**' આહા..! એને વ્યવહારધર્મ કહેવામાં આવે છે. શુભભાવ આવ્યો, શુભઉપયોગ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વિનય આદર (કરવાનો) શુભભાવ આવ્યો પણ એ નિશ્ચય શુદ્ધધર્મ જે પોતાનો છે, તેની પાસે તે શુભને વ્યવહારધર્મનો આરોપ કરીને કહ્યું. છે પુણ્ય. છે ધર્મથી વિરુદ્ધ અધર્મ. એને વ્યવહારધર્મ કહ્યો. વ્યવહારધર્મ કહો કે નિશ્ચયે અધર્મ કહો. આહાહા..! આકરી વાતું બહુ. પોતાની દૃષ્ટિમાં અવળી બેઠી હોય એને જે રીતે પોતાને બેસે એ રીતે ખતવી નાખે. પણ શાસ્ત્ર શું કહે છે, એ દૃષ્ટિએ લેવું જોઈએ ને? આહાહા..! જુઓ! બહુ સરસ લીધું છે.

અહીંયાં ધર્મ કહ્યો, પુણ્યને જ્ઞાની ઇચ્છે નહિ. ધર્મને ઇચ્છે નહિ તો એનો અર્થ શું? કે, નિશ્ચયધર્મ છે તેની તેને ભાવના છે તેથી '**विहाय**' શુદ્ધઉપયોગરૂપી ધર્મ એટલે પુણ્ય, તેને ઇચ્છે નહિ. સમજાય છે કાંઈ? અરેરે..!

એ કીધું નહિ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ન કહ્યું? કે, આત્માનો નિશ્ચય સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્યમૂર્તિ પૂર્ણાનંદનો નાથ, એની અંદર જ્ઞાન થઈને પ્રતીતિનો અનુભવ થયો તેને નિશ્ચય સમકિત કહીએ અને જોડે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા આદિનો જે રાગ રહ્યો, એને વ્યવહાર (સમકિત કહે છે). કેમ વ્યવહાર (કહ્યું)? છે તો રાગ. એ તો વ્યવહાર સમકિત નથી પણ આ નિશ્ચય સમકિતની સાથે સહચર, છે ને એમાં શબ્દ? સહચર, સાથે દેખીને તેનો આરોપ કરીને તેને ધર્મ કહેવામાં આવ્યો. આહા..! હવે આવું લાંબુ કોણ (સમજે)? આ પકડ થઈ ગઈ, પુણ્ય ધર્મ, પુણ્ય એ ધર્મ. પણ ક્યો ધર્મ ઇ? ઇ તો વ્યવહારધર્મ, પણ કોને? અજ્ઞાનીની તો વાત જ નથી. એ..ઇ..! આહા..! આવી વાત છે. વ્યવહારધર્મ કોને? કે, જેને નિશ્ચયધર્મ

પ્રગટ્યો છે તેને. આહાહા..! જેને નિશ્ચયધર્મ પ્રગટ્યો નથી અને રાગને જ ધર્મ માને છે તેને વ્યવહારધર્મનો આરોપ પણ નથી થતો. આહા..!

મુમુક્ષુ :– લોકો ધર્મ માને તો શું કરે?

ઉત્તર :– માને તો સ્વતંત્ર છે, અનાદિથી માન્યું છે. આહાહા..! રાગની ક્રિયા કરે અને અમે ધર્મી (છીએ) એમ તો મિથ્યાદષ્ટિએ અનાદિથી માન્યું છે. વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને મંદિર બનાવ્યા માટે મને ધર્મ થઈ ગયો, ધૂળેય ધર્મ નથી, એ તો રાગ છે. એ અજ્ઞાનીના રાગની તો અહીંયાં વાતેય નથી. એ રાગને તો વ્યવહારધર્મ પણ કહેવાતો નથી. કારણ કે ત્યાં તો માત્ર મિથ્યાદષ્ટિ, અજ્ઞાન છે ત્યાં વળી વ્યવહાર અને નિશ્ચય આવ્યા ક્યાંથી? આહા..! સમજાણું? ભાઈ! મારગડા પ્રભુના.. ઓ..હો..!

એ પુણ્યના વિકલ્પથી પણ ભિન્ન આત્માનું ભાન તો થયું છે. સમજાણું? તેને નિશ્ચયધર્મ પ્રગટ થયો છે. તેના રાગને ધર્મ કહીને વ્યવહારધર્મ કહેવામાં આવ્યો છે. વ્યવહારધર્મ એટલે નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે કે, ભઈ! વ્યવહાર કહ્યો ને? (તો કહે છે), એ નિમિત્તની સાથે અંદર રાગની મંદતા કેવી હતી તેનું જ્ઞાન કરાવ્યું. આહાહા..! અરેરે..! થોડા ફેરે ક્યાં ફેર પડે છે? એમ કહીને અજ્ઞાનીને મિથ્યાદષ્ટિપણામાં જે શુભભાવ હતો તેને ધર્મ મનાવવો છે અને ધર્મ કરતા કરતા કરતા નિશ્ચય થશે. વ્યવહારધર્મ કરતા કરતા નિશ્ચયધર્મ થશે. આમ એને મનાવવું છે. ભાઈ! એમ નથી, બાપુ! તારા હિતના માર્ગ છે, ભાઈ! આહા..! તારો અનાદર કરવાની વાત નથી, પ્રભુ! તારું એમાં અહિત થાય છે. તું રાગને ધર્મ માનીને આગળ વધવા માગે છો, પ્રભુ! એ તો નુકસાન, મિથ્યાત્વના પોશણ છે. આહાહા..! અને મિથ્યાત્વનું પોશણ (થવું એટલે) પ્રભુ! અનંતા ભવ જેના ગર્ભમાં રહ્યા છે. મિથ્યાત્વમાં તો અનંતા ભવનો ગર્ભ છે. આહા..! એને બચાવવા માટે પ્રભુ કહે છે, સાંભળ તો ખરો, પ્રભુ! કે રાગથી ભિન્ન શુદ્ધ ચૈતન્યનું જેને વેદન થયું.. આહાહા..! તેને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો જે રાગ આવે છે તેને વ્યવહારધર્મનો (આરોપ કરવામાં આવે છે). છે પુણ્ય, છે રાગ, છે અધર્મ. વ્યવહારથી ધર્મનો આરોપ કરવામાં આવ્યો છે. આહાહા..! 'હીરાભાઈ'! આવી ચીજ છે. આમાં કોની સાથે વાદ કરવા?

આ ટીકામાં જુઓને 'જયસેનાચાર્યે' સ્પષ્ટ કરી નાખ્યું કે, એમ જ છે. રાગને વ્યવહારધર્મનું કથન કર્યું એ કેમ? કે, જેને રાગથી ભિન્ન નિજ સ્વરૂપનું વેદન શુદ્ધઉપયોગનું છે, એનાથી રહિત જે શુભઉપયોગ છે એને વ્યવહારધર્મનો આરોપ કરીને વ્યવહારધર્મ કહ્યો. છે પુણ્ય, છે રાગ, છે દુ:ખ. આહાહા..! શુદ્ધઉપયોગરૂપી ધર્મ છે સુખ, ત્યારે શુભઉપયોગરૂપી રાગ છે દુ:ખ. આહાહા..! પણ એને વ્યવહારધર્મ કહ્યો એ આરોપથી કથન છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં (કહ્યું છે કે), નિશ્ચય છે તેનું સહચર દેખીને, સાથે જોઈને, વ્યવહાર જોઈને, નિમિત્ત જોઈને વ્યવહારનો આરોપ કર્યો છે. સમજાણું? આહાહા..!

હવે કેટલાક કહે છે કે, ઇ નહિ. 'ટોડરમલ', 'બનારસીદાસ' કહે, ગૃહસ્થો કહે એ નહિ. (કેમકે) પોતાની દૃષ્ટિને પોશાતું નથી. જ્ઞાની તો ચોથે ગુણસ્થાને તિર્યંચ હો કે સિદ્ધ હો, બેય એક જ વાત છે. પ્રરૂપણામાં જે વાત છે એ સમકિતી અને જ્ઞાનીની એક જ છે. અસ્થિરતામાં ફેર છે. તેનું સ્થાપન કરવામાં બિલકુલ જરીયે ફેર નથી. આહાહા..! ચાહે તો ચોથાવાળો કહે, ચાહે તો છઠ્ઠાવાળો કહે, ચાહે તો કેવળી કહે. સત્યધર્મની પ્રતીતમાં કોઈ ફેર નથી. એની પ્રરૂપણામાં જરીયે ફેર નથી. આહાહા..! સમજાણું? ચોથાવાળો પણ ઇ પ્રરૂપણા કરે કે, પુણ્ય એ ધર્મ નથી. ભગવાનની ભક્તિ આદિ આવે પણ નિશ્ચય(નું) ભાન છે તેને વ્યવહારધર્મનો આરોપ કરીને પુણ્ય કહેવામાં આવ્યું છે. આહાહા..! હવે આવી લાંબી વાતું. આ તો હજી એકલું આત્મજ્ઞાન ન મળે, પ્રતીત, અનુભવ ન મળે. રાગથી ભિન્નનું તો ભાન ન મળે અને આ વ્યવહાર ક્રિયાકાંડમાં એને ધર્મ મનાવવો (છે). એને તો વ્યવહારધર્મનો આરોપેય નથી. હેં? આહાહા..! આવું છે, પ્રભુ! શું થાય? આહા..!

અરે..! કાલે ભાઈ નહોતો કહેતો? 'ઇન્દુ'. આહા..! પાણી ચડ્યા. અમારે તો ઓરડામાં અંદર નીસરણી હતી તો (ઉપર) ચડી ગયા. એકદમ પાણી આવ્યા. સામે મકાન હતું ત્યાં પાણી આવ્યું પણ એની નીસરણી બહાર, ઘર બહાર, એટલું નીકળી ન શક્યા. પાણી આટલું! મરી ગયા પાંચે, આખુ ઘર મરી ગયું. 'ઇન્દુ' તો કહેતો હતો કે, અમે તો અંદરથી પોકાર કરતા હતા, 'જ્ઞાયક' આત્મા છું. એમ કહેતો'તો. છોકરાને જાણપણું છે, વાંચન ઘણું છે. કાલે નહોતો 'ઇન્દુ' (કહેતો)? તમારા 'ચીમનભાઈ'ના જમાઈ. 'ચીમનભાઈ'. બહુ જાણપણું ઘણું છે, હોં! હા. પણ એ તો પાણી આમ ભાળીને ઉપર ચડી ગયા પણ પોકાર (કર્યો). અમે તો જ્ઞાયક છીએ, જ્ઞાયક છીએ, જ્ઞાયક છીએ. કહેતા હતા ને કાલે? ભાઈ, 'લાલચંદભાઈ' હતા. આહાહા..! ટાણે કામ ન આવે તો ક્યારે કામ આવે? જાણે કે આ પાણી ચડતું જાય, અહીં ઉભા છીએ ને અહીં (સુધી) આવી ગયું. મરણના ટાણા આવ્યા. આહાહા..! પણ પછી તો ઉપર હતા. આખુ ઘર બચી ગયું. ઘરમાં હેઠે પાણી ગરી ગયું. ઓરડામાં હતું તે નીકળી ગયું. કાદવ પડ્યો રહ્યો. ઓલુ ભોંયરુ હોય ત્યાં પાણી ભરાઈ ગયું. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! એકવાર સત્યને સત્યને સત્ય તરીકે તો સમજ. આહા..! પ્રભુ! તારો આત્મા વીતરાગમૂર્તિ છે ને નાથ! આહા..! તું વીતરાગસ્વરૂપ છો, પ્રભુ! ભગવત્‌સ્વરૂપ છો. આહાહા..! ભગવત્ સ્વરૂપની આ ભાગવત્ કથા છે. 'નિયમસાર'માં છેલ્લા શબ્દમાં આવે છે. આ ભાગવત્ કથા છે. ભગવંતની કથા ભાગવત્ છે. અન્યમાં ભાગવત્ કહે છે એ નહિ. આહા..! આ તો ભગવંત સ્વરૂપ પરમાનંદનો નાથ! આહાહા..! જેની નજરું કરતાં ચૈતન્યના નૂર પ્રકાશમાં દેખાય. આહાહા..! એવો જે ભગવાનઆત્મા, એનું જેને ભાન થયું આશ્રય લઈને, તેને શુદ્ધઉપયોગરૂપી ધર્મ પ્રગટ થયો. ભલે શુદ્ધઉપયોગ કાયમ ન રહે પણ શુદ્ધ પરિણતિ રહે એ કાયમ રહે. એ શુદ્ધ પરિણતિના કાળમાં જે રાગ, દેવ-ગુરુ-

શાસ્ત્રની ભક્તિ આદિનો રાગ આવે છે તેને વ્યવહારધર્મનો આરોપ કર્યો. તેને પણ વ્યવહારધર્મ (કહે છે), નિશ્ચયધર્મ નહિ. વ્યવહારધર્મ(નો) આરોપ કર્યો. આવી વાતું, પણ હવે શું થાય? આહા..!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક' છે? અંતરંગમાં તો પોતાનો નિર્ધાર કરી લીધો છે અને નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગને તો ઓળખતા નથી પણ જિનાજ્ઞા માની નિશ્ચય-વ્યવહાર બે પ્રકારનો મોક્ષમાર્ગ માને છે. હવે મોક્ષમાર્ગ તો કંઈ બે નથી. ધર્મ બે નથી, મોક્ષમાર્ગ બે નથી પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે. કથનમાં બે પ્રકાર છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ કથન કર્યું એ નિશ્ચય. જ્યાં મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે, સહચારી છે, ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે. આહાહા..! કારણ કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું લક્ષણ છે. નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું લક્ષણ છે. આહાહા..! એ શું કહ્યું?

જ્યાં નિશ્ચય સ્વભાવની ધર્મ દૃષ્ટિ થઈ ત્યાં રાગ આવે છે તેને વ્યવહાર સમકિત, ધર્મને વ્યવહારધર્મ, અહીં નિશ્ચયધર્મ છે તો વ્યવહારધર્મ, નિશ્ચય સમકિત છે તો વ્યવહાર સમકિત, નિશ્ચયજ્ઞાન છે તો વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું? નિશ્ચય સ્વરૂપની દૃષ્ટિપૂર્વક ચારિત્ર થયું છે તો નિશ્ચય ચારિત્ર વીતરાગતા છે અને રાગ આવ્યો તેને વ્યવહાર ચારિત્રનો આરોપ દઈને વ્યવહાર ચારિત્ર કહ્યું. રાગને વ્યવહાર ચારિત્ર કહ્યું. આહાહા..! શું થાય? ભાઈ! અરે..! આ બહારના ભપકામાં મરી ગયો માણસ. આ દેહ ને પૈસા ને આબરુ ને કીર્તિ ને.. આહાહા..!

મુમુક્ષુ :- પૈસા હોય તો..

ઉત્તર :- ધૂળેય નથી. પૈસા હોય તો શું થયું? પૈસા ઘણાય છે. ક્યાં રહે છે? આ કરોડોપતિ ચાલ્યા, લ્યો હમણાં. 'હસુભાઈ'. કો'ક કહેતું હતું, છ કરોડ છે. છ ભાઈને એક-એકને એક કરોડ છે. એના બાપના પચાસ-સાંઈઠ લાખ જુદા. ગુજરી જાય તો વારસામાં (આવ્યા એમાંથી) બાવીસ લાખ સરકારને ભરવા પડ્યા. એના બાપના પૈસામાંથી બાવીસ લાખ ભરવા પડ્યા. કો'ક કહેતું કે, દરેક પાસે એક એક કરોડ છે. એમ કહેતું હતું, આપણે ક્યાં ગણવા ગયા છીએ? પણ બધાને પ્રેમ, હોં! છએને. આ તો મરતા મરતા બચી ગયા છે. છેલ્લી એવી સ્થિતિ હતી (કે), ઘા વાગે છે, મારી નાખે છે, કટકા થાય છે. છેલ્લે હું ગયો ત્યારે. ગયા ને માંગલિક સંભળાવ્યું પછી એકદમ ફરી ગયું. કુદરતે ફરવાનું હોય ને. સ્થિતિ એવી થઈ ગઈ હતી. પૈસા તો કરોડો હતા, ન્યાં શું ધૂળ કરે પૈસા? આહાહા..!

અહીં તો એમ કહેવું છે કે, મોક્ષમાર્ગનું નિમિત્ત, રાગને નિમિત્ત કહેવામાં આવ્યો. નિમિત્ત કંઈ કરતું નથી. નિમિત્ત તેને કહીએ કે નિમિત્ત શુદ્ધ નિશ્ચયને કરતું નથી. કરે તો તો નિમિત્ત રહેતું નથી. આહાહા..! સમજાણું? આ તો વીતરાગમાર્ગ, બાપા! આહાહા..! જૈનદર્શન

કોઈ અલૌકિક ચીજ છે. લોકોને સાંભળવા મળી નથી. બહારની કડાકૂટ, વ્યવહાર કરો ને આ કરો ને આ કરો. વ્રત પાળો ને ભક્તિ કરો ને પૂજા કરો ને.. આહા..!

અહીં તો કહે છે, સાંભળ તો ખરો, પ્રભુ! એ પૂજામાં પણ આમ સ્વાહા (બોલે), એ વાણીની ક્રિયા જડની ક્રિયા થાય છે, એ તારાથી નહિ. આહાહા..! અને હાથ આમ ચાલે છે એ તો ક્રિયાવતી શક્તિને કારણે એ પરમાણુમાં ગતિ થવાનો (કાળ છે), એ પરમાણુને કારણે, ક્રિયાવતી શક્તિને કારણે એમ થાય છે, તારાથી નહિ. આ વાત ક્યાં છે? આહા..! વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. માર્ગ કોઈ અલૌકિક છે, ભાઈ!

વીતરાગી પ્રભુ આત્મા, તે જેને દૃષ્ટિમાં આવ્યો, અનુભવમાં આવ્યો, પ્રતીતમાં આવ્યો તેને જે રાગ ઉત્પન્ન થાય છે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ (આવે) તેને વ્યવહારધર્મનો આરોપ કહે છે. સમજાણું? અહીંયાં તો કહ્યું કે, નિશ્ચય જે શુદ્ધ સ્વરૂપ આત્મા છે તેનો અનુભવ (થયો) તે નિશ્ચય સમકિત. તો રાગને વ્યવહાર સમકિત (કહેવામાં આવે છે). તો રાગ તો ચારિત્રનો દોષ છે. તેને વ્યવહાર સમકિત કહેવું? એ તો આ સમકિત છે તેની સાથે સહચર દેખી, નિમિત્ત દેખી, ઉપચારથી વ્યવહાર કહેવામાં આવ્યો. આહાહા..! સમજાણું? 'પ્રવિણભાઈ' આવું ઝીણું છે. આહા..!

આ જુઓને, કેવું લખ્યું? અને સાચું નિરૂપણ તે નિશ્ચય, ઉપચાર નિરૂપણ તે વ્યવહાર. ત્યારે આ જે વ્યવહારધર્મ કહ્યો એ તો ઉપચારથી કહ્યું છે. કેમકે નિશ્ચયધર્મ આત્માનો અનુભવ સમ્યગ્દર્શન, જ્ઞાન થયું છે તેની સાથે આ રાગને સહચર દેખી, નિમિત્ત દેખી, ઉપચારથી વ્યવહારધર્મનો આરોપ કરવામાં આવ્યો છે. આહાહા..! બહુ ખુલાસો કર્યો છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'ને કેટલાક માનતા નથી. અત્યારે 'વિદ્યાસાગર' નીકળ્યો છે. એ કહે, 'મોક્ષમાર્ગ પ્રકાશક' નહિ, 'બનારસીદાસ'નું નહિ, 'સમયસાર નાટક' નહિ. કારણ કે એમાં પોકળ (–પોલ) ખુલી જાય એવું છે. શાસ્ત્રમાં તો ગંભીર વાત ટૂંકામાં ભરી હોય, આણે સ્પષ્ટ કરી નાખી. આ કહે, નહિ. ગૃહસ્થના કહેલા નહિ. અમે તો મોટા સાધુ છીએ ને. અરે..! હજી બાપા! આહા..! તારી ક્રિયાકાંડ દેખીને તને એમ થઈ જાય કે, આહા..! એ તો મંદ રાગની ક્રિયાઓ છે, એ બધો અધર્મ છે. આહાહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં બહુ (સ્પષ્ટ કર્યું છે). આખા 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તત્ત્વને સ્પષ્ટ કરી નાખ્યું. 'ટોડરમલજી'ને વીસપંથી માને નહિ. કારણ કે એમાં એનું પોકળ (–પોલ) ખુલી જાય (છે).

મુમુક્ષુ :– વીસપંથીને તો ખોટા કહ્યા છે.

ઉત્તર :– કારણ કે વીસપંથીને તો દેવ-દેવલા માનવા. અહીં તો દેવ-દેવલાને માને તો મિથ્યાદૃષ્ટિ કહે. પદ્માવતી ને ફલાણીવતી ને ઢીકણીવતી. આહા..!

ત્રણલોકનો નાથ દેવ, અચિંત્ય દેવ ન આવ્યું? અચિંત્ય દેવ તો તું છો. તારા દેવની

માન્યતા કરવાથી અનુભવમાં પ્રતીત થાય તે સમકિત. અને ભગવાન, દેવની શ્રદ્ધા તે રાગ (છે). પરમાત્માની શ્રદ્ધાનો ભાવ તે રાગ છે. આ પરમાત્માનો અનુભવ, પ્રતીતિ તે સમ્યગ્દર્શન, તે અરાગ. આહાહા..!

અહીંયાં શું કહ્યું? જુઓ! ૨૧૦ છે ને? **'ઇચ્છા પરિગ્રહ છે.'** જુઓ! ૨૧૦. ટીકાની પહેલી લીટી. આહા..! પાઠ એ આવ્યો ને? **'अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे धम्मं।'** ધર્મ શબ્દે પુણ્ય, વ્યવહારધર્મ. એ સમકિતી વ્યવહારધર્મને ઇચ્છતો નથી. એમ છે. છે કે નહિ? **'अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे धम्मं। अपरिग्गहो दु धम्मस्स जाणगा'** એ તો પુણ્યનો, વ્યવહારધર્મનો જાણનાર છે. સમકિતી વ્યવહારધર્મનો જાણનાર છે. વ્યવહારધર્મને ઇચ્છતો નથી અને વ્યવહારધર્મ મારો એમ માનતો નથી. આહાહા..! આવી વાતું છે. આ તો ભગવાનના પેટ છે. પરમાત્માને આ કહેવું છે, ભાઈ! ત્રણલોકના નાથનો આ અભિપ્રાય છે. પોતાના બચાવ માટે ગડબડ કરવી, એમ ન ચાલે, ભાઈ! ભગવાનની ગાદીએ બેસી અને વાતું ઊંધી કરવી! આહાહા..!

અહીં કહે છે, **'અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે પુણ્યને,'** અહીં ખુલાસો કરી નાખ્યો. 'જયસેનાચાર્ય'ની ટીકામાં પુણ્ય કીધું (છે). પાઠમાં ધર્મ લીધું. એટલે કોઈ કહે કે, ન્યાં કેમ પુણ્ય કહ્યું? ન્યાં એને પુણ્ય કીધું છે. અહીં પુણ્યની જ વાત છે. **'તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે.'** આહાહા..! હવે આમાં ક્યાં નવરાશ, ફૂરસદ (મળે)? આ તો જે માથે બેઠો હોય એ કહે ઇ હા, ચાલી નીકળ્યા.

મુમુક્ષુ :- આજના જુવાન આ બધું માને એવું નથી.

ઉત્તર :- એનું ઊંધું માને એવું નથી, આ માને એવું છે. જુવાનિયાને ઊંધા લાકડા ગર્યા ન હોય અને આ સત્ય સાંભળે તો માને. કારણ કે ઊંધા લાકડા ગર્યા નથી. અને પચાસ-સાંઈઠ વર્ષ થઈ ગયા હોય એને ઊંધા લાકડા ઘણા ગર્યા હોય એને આકરું પડે. એ..ઇ..! 'સુરેશભાઈ'! આ અમારે 'સુરેશભાઈ' જુવાન નથી? આહા..! આત્મા જુવાન ક્યારે કહેવાય? શરીરની જુવાન ને વૃદ્ધ અવસ્થા એ તો જડની છે. આહાહા..! રાગને પોતાનો માને તે બાળક છે, અજ્ઞાની છે. અને રાગથી, વ્યવહારથી ભિન્ન મારી ચીજ છે તેને માને તે યુવાન અંતરાત્મા છે અને કેવળજ્ઞાન થાય તે વૃદ્ધ આત્મા છે. આ બાળ, વૃદ્ધ તો જડ માટીની અવસ્થા છે.

આત્મામાં બાળ, યુવાન ને વૃદ્ધ અવસ્થા શું? રાગની ક્રિયાને પોતાની માને, ધર્મ (માને) એ મિથ્યાદૃષ્ટિ બાળક છે. અને રાગથી મારી ચીજ ભિન્ન છે, હું તો શુદ્ધ ચૈતન્ય છું, રાગ ધર્મ નહિ, રાગ પુણ્ય છે, વિકાર છે, તેનાથી મારી ચીજ ભિન્ન છે, (એ) અંતરાત્મા (છે). અર્થાત્ એ પુણ્ય પરિણામ અને કર્મથી ભિન્ન અંતરમાં રહ્યો છે. પુણ્યમાં એકાકાર નહિ, કર્મમાં એકાકાર નહિ. આહાહા..! એ પુણ્યના પરિણામથી અંતરાત્મા અંદર ભિન્ન

છે. કર્મની મધ્યમાં પડ્યો ભગવાન અંતરાત્મા ભિન્ન છે. તેની દૃષ્ટિ અને અનુભવ કરે તે યુવાન છે. એ આત્મામાં યુવાન છે. અને અંતરમાં એકાગ્ર થઈને કેવળજ્ઞાન પ્રગટ કરે એ વૃદ્ધ આત્મા છે. 'કાંતિભાઈ'! આવી વાતું છે. 'કાંતિભાઈ' રોકાણા છે. 'મફાભાઈ' ને બેય. 'મફાભાઈ' આવ્યા છે? આવ્યા છે, લ્યો! સારું કર્યું, હોં! આહા..! બાપા! વસ્તુ આવી છે, ભાઈ! શું કરીએ? લોકોને સાંભળવા મળે નહિ એને ઊંધું લાગે. શું થાય? ભાઈ!

મુમુક્ષુ :- લોકોને એમ થાય છે કે અમારી બધી ક્રિયા ઉથાપે છે.

ઉત્તર :- એ તને લાભદાયક નથી. તેનો નિષેધ કરે છે. એ તારા હિતને માટે વાત છે. આહા..! વ્યવહાર ક્રિયા એ લાભદાયક નથી, એ રાગ છે એ નુકસાનકર્તા છે. એ માટે તને લાભની વાત કરે છે. આહાહા..!

(અહીંયાં) ટીકા. **'ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે...'** આહાહા..! પુણ્યની ઇચ્છા કરવી, પરપદાર્થની ઇચ્છા કરવી એ તો અજ્ઞાનભાવ છે, કહે છે. આહાહા..! **'અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...'** આહાહા..! 'નિર્જરા અધિકાર' છે ને? **'અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...'** અર્થાત્ તેને પરની ઇચ્છાનો પરિગ્રહ નથી. આહાહા..! તેને પુણ્યભાવની પણ ઇચ્છા નથી. આહાહા..!

**'જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...'** ધર્મીને ધર્મમય ભાવ જ હોય છે. આહાહા..! એ રાગ જ્ઞાનમય નથી, એ તો અજ્ઞાન છે. આહાહા..! 'પુણ્ય-પાપ અધિકાર'માં તો કહ્યું, શુભ-અશુભભાવ બેય અજ્ઞાન છે. તેમાં જ્ઞાનસ્વરૂપનો કોઈ અંશેય નથી. આહા..! તો અહીંયાં કહે છે કે, **'જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...'** જ્ઞાનીને જ્ઞાનમય 'જ' ભાવ હોય છે. રાગ અજ્ઞાન છે તે-મય ભાવ તેને નથી. આહાહા..! **'તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે...'** અજ્ઞાનમય ભાવ. એટલે? ઇચ્છાનો અભાવ હોવાથી **'જ્ઞાની ધર્મને ઇચ્છતો નથી;...'** ધર્મ શબ્દે શુભભાવ. ધર્મ શબ્દે શુભઉપયોગ, શુભરાગ, દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ, તેને ધર્મી ઇચ્છતો નથી. અર..ર..! આવી વાતું. સમજાણું? સમજાય છે ને? 'કિશોરભાઈ'! 'નાઈરોબી'માં આ બધું નથી, ત્યાં તમારી ધૂળમાં. વાત સાચી. આહા..!

**'ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની ધર્મને...'** ધર્મ નામ વ્યવહાર ધર્મને એટલે પુણ્યને એટલે શુભઉપયોગને **'ઇચ્છતો નથી;...'** આહાહા..! થાય છે, પણ ઇચ્છતો નથી. જાણનાર રહે છે, એમ કહે છે. **'ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની ધર્મ...'** નામ પુણ્ય નામ શુભઉપયોગને **'ઇચ્છતો નથી;...'** આહાહા..! **'માટે જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી.'** ધર્મનો પરિગ્રહ નથી તેનો અર્થ શું થયો? કે, શુભઉપયોગ જે ધર્મ વ્યવહારથી કહેવામાં આવ્યો તેની પકડ નહિ, એ મારો છે એમ માનતો નથી. આહાહા..! કેટલો સ્પષ્ટ શ્લોક છે! આહા..! પ્રભુ! પણ પૂર્વના આગ્રહ પકડીને (બેઠા) હોય. આહા..!

**'ધર્મને ઇચ્છતો નથી;...'** અરે..રે..! ધર્મી ધર્મને ન ચાહે? કયો ધર્મ? વ્યવહારધર્મ એટલે

પુણ્ય, શુભઉપયોગ. એને આરોપિત ધર્મ કહીને એવા આરોપિત ધર્મને ધર્મી ઇચ્છતો નથી. આહાહા..! સમજાણું? ઇચ્છાનો અભાવ હોવાથી ધર્મી ધર્મને ઇચ્છતો નથી. ધર્મી ધર્મને ઇચ્છતો નથી (તો) કયો ધર્મ? વ્યવહાર એટલે રાગ. શુભઉપયોગ. આહાહા..! અરે..રે..! અનંતકાળથી રખડે છે. આહાહા..! એક મિનિટ પહેલા બિચારાને પાણીની ખબર નહિ. 'મોરબી'. કો'ક કહેતું હતું, એક મિનિટમાં એક ફૂટ ચડતું. પાણીનું ઓલું તળાવ ફાટ્યું ને? બંધ તૂટ્યો, બંધ તૂટ્યો. એક મિનિટે એક ફૂટ, બે મિનિટે બે ફૂટ. આહા..! આઠ મિનિટે તો આઠ ફૂટ ઊંચું આવી ગયું. ડૂબી ગયા માણસ. આહાહા..! એ વખતે શરીરને મારું માની જીવવા માટે તરફડિયા મારે. હેં? પણ હું એક આત્મા છું, મારું જીવન કોઈ પરને લઈને નથી, ભલે દેહ છૂટી જાય, ભલે દેહ બુડી જાય. હું ક્યાં બૂડું છું? આહાહા..! હું તો ભગવાનઆત્મા ભગવત્‌સ્વરૂપ આહાહા..! એ મારી ચીજમાં હું તો બિરાજું છું. આહાહા..! બિરાજવાનો અર્થ શોભા. મારી શોભા તો મારામાં રહેવું એ મારી શોભા છે. આહાહા..!

રાગ આવે છે પણ ઇચ્છતો નથી. **'માટે જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી.'** લ્યો! કયો ધર્મ? પુણ્ય, રાગ શુભઉપયોગ. જ્ઞાનીને શુભઉપયોગરૂપ પરિગ્રહ નથી. શુભઉપયોગ મારો છે એમ તે માનતો નથી. આહાહા..! **'જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે...'** ત્યારે કેમ? જ્ઞાનમય એક જ્ઞાયકભાવ હું (છું). વર્તમાન પર્યાયમાં જ્ઞાયકભાવનું ભાન છે એ જ્ઞાયકભાવ હું છું. જ્ઞાયકભાવ તો ત્રિકાળી છે પણ પર્યાયમાં ભાન થયું ત્યારે હું જ્ઞાયકભાવ છું. છે ને? **'જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે આ (જ્ઞાની) ધર્મનો કેવળ જ્ઞાયક જ છે.'** પુણ્યનો સમકિતી જાણનાર રહે, જાણનાર છે. પુણ્યને પોતાનું માનનાર છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્ઞાનમાં આમ નક્કી તો કર! વસ્તુનું સ્વરૂપ આવું છે એમ જ્ઞાનમાં નિર્ણયને અવકાશ તો દે ભાઈ! અરે, એને મરીને ક્યાં જવું છે? દરેક યોનિમાં અનંતા ભવો ગાળ્યા; હવે તો પરથી લક્ષ ફેરવીને આત્મામાં ડૂબકી માર! તું તારા ઘરમાં જાને! એ બધા શુભ વિકલ્પો હોય, પણ એ તારા ઘરની ચીજ નથી, ભગવાન! તું તો દેહની પીડા ને રાગની પીડા-બંનેથી ભિન્ન છો, તે દેહના રોગનો તને જે અણગમો લાગે છે તે તો દ્વેષ છે-એ એકેય ચીજ તારા ઘરમાં નથી.**

આત્મધર્મ અંક-૫, જાન્યુઆરી-૨૦૦૮

# ગાથા-૨૧૧

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदि अधम्मं।
अपरिग्गहो अधम्मस्स जाणगो तेण सो होदि।।२११।।

अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च नेच्छत्यधर्मम्।
अपरिग्रहोऽधर्मस्य ज्ञायकस्तेन स भवति।।२११।।

इच्छा परिग्रहः। तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति। इच्छा त्वज्ञानमयो भावः, अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति। ततो ज्ञानी अज्ञानमयस्य भावस्य इच्छाया अभावदधर्मं नेच्छति। तेन ज्ञानिनोऽधर्मपरिग्रहो नास्ति। ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावादधर्मस्य केवलं ज्ञायक एवायं स्यात्।

एवमेव चाधर्मपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्ममनोवचनकायश्रोचक्षुर्घ्राणरसनस्पर्शन-सूत्राणि षोडश व्याख्येयानि। अनया दिशाऽन्यान्यप्यूह्यानि।

---

હવે, જ્ઞાનીને અધર્મનો (પાપનો) પરિગ્રહ નથી એમ કહે છે :-

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાપને,
તેથી ન પરિગ્રહી, પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧.

ગાથાર્થ :- [ अनिच्छः ] અનિચ્છકને [ अपरिग्रहः ] અપરિગ્રહી [ भणितः ] કહ્યો છે [ च ] અને [ ज्ञानी ] જ્ઞાની [ अधर्मम् ] અધર્મને (પાપને) [ न इच्छति ] ઇચ્છતો નથી, [ तेन ] તેથી [ सः ] તે [ अधर्मस्य ] અધર્મનો [ अपरिग्रहः ] પરિગ્રહી નથી, [ ज्ञायकः ] (અધર્મનો) જ્ઞાયક જ [ भवति ] છે.

ટીકા :- ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની અધર્મને ઇચ્છતો નથી; માટે જ્ઞાનીને અધર્મનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે આ (જ્ઞાની) અધર્મનો કેવળ જ્ઞાયક જ છે.

એ જ પ્રમાણે ગાથામાં 'અધર્મ' શબ્દ પલટીને તેની જગ્યાએ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શન - એ સોળ શબ્દો મૂકી, સોળ ગાથાસૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

## પ્રવચન નં. ૨૯૦ ગાથા–૨૧૧ મંગળવાર, શ્રાવણ વદ ૧૪, તા. ૨૧-૦૮-૧૯૭૯

'સમયસાર' ૨૧૦ ગાથા થઈ. ૨૧૧. **'હવે, જ્ઞાનીને અધર્મનો (પાપનો) પરિગ્રહ નથી એમ કહે છે :–'** પહેલા એમ કહ્યું કે, ધર્મી જીવ પોતાને જ્ઞાયક સ્વભાવ (સ્વરૂપ) અનુભવે છે, જાણે છે. તેને શુભભાવ આવે છે પણ એ શુભભાવ મારો છે અને મને લાભદાયક છે, એવી દૃષ્ટિ નથી. આવ્યું ને? **'ઇચ્છા પરિગ્રહ છે.'** એ પુણ્ય–શુભભાવની ઇચ્છા થાય એ પરિગ્રહ છે. ધર્મીને એ ઇચ્છાનો પરિગ્રહ, શુભઉપયોગરૂપી ભાવની ઇચ્છા નથી તો તેને તે પરિગ્રહ નથી. ઝીણી વાત છે, ભાઈ! આ તો પહેલા દરજ્જાની વાત છે.

જેને જ્ઞાયક સ્વભાવ સર્વજ્ઞ સ્વભાવ હું છું એમ દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો તે જીવને શુભભાવ મારો છે, એવી ઇચ્છા થતી નથી. આહાહા..! બહારની ચીજ તો ક્યાંય રહી ગઈ. શુભઉપયોગ એ પુણ્ય છે, ઇચ્છા નથી કે એ મારી ચીજ છે. ઇચ્છા હોય તો મારી ચીજ છે, એ તો પરિગ્રહ (થયો), મિથ્યાદૃષ્ટિ થયો. આહાહા..! શુભઉપયોગની ઇચ્છા છે અને મારી ચીજ છે એમ માને તો એ તો મિથ્યાત્વ છે. ઝીણી વાત, ભગવાન! આમ આવો, 'હરિભાઈ!' સમજાણું? આહાહા..!

ધર્મ, જેને ધર્મી એવો ભગવાન જ્ઞાયક સર્વજ્ઞ સ્વભાવી પ્રભુના આશ્રયે, દૃષ્ટિ–સમ્યગ્દર્શન થયું અને તેને આશ્રયે જે સમ્યગ્જ્ઞાન થયું, એ જ્ઞાનીને શુભભાવની ઇચ્છા નથી. આહાહા..! જો શુભભાવની ઇચ્છા હોય તો એ પરિગ્રહ–પક્કડ થઈ ગઈ, તો ત્રિકાળી જ્ઞાયકની પક્કડ છૂટી ગઈ. આહાહા..! ત્રિકાળી ચૈતન્યમૂર્તિ, ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ, તેની જેને પક્કડ–અનુભવ છે તો (તેને) રાગ, શુભભાવની પક્કડ નથી, ઇચ્છા નથી. આહાહા..! અને શુભભાવનો પરિગ્રહ–પક્કડ થઈ કે, મારો છે, તો જ્ઞાયકભાવની દૃષ્ટિ–પક્કડ છૂટી ગઈ. આહાહા..! બહુ કામ આકરું. એ શુભઉપયોગની વાત ૨૧૦માં કહી. શુભઉપયોગ. આહા..! ભગવાનની ભક્તિ, ભગવાનનો વિનય... આહાહા..! એવો જે શુભભાવ, ધર્મીને એ શુભભાવ મારો છે, એવી દૃષ્ટિ નથી. આહાહા..! અને જો એ શુભભાવ મારો છે, એવી દૃષ્ટિ હોય તો સમ્યગ્દર્શન છૂટી જાય છે. ત્રિકાળી જ્ઞાયકની દૃષ્ટિ, નિજ ભાવ છૂટી જાય છે. આહાહા..! બહુ વાત (આકરી), બાપા! પ્રભુ! (આ) જન્મ-મરણના અંતની વાતું (છે), ભાઈ!

અહીંયાં તો લોકો કહે છે કે, સમ્યગ્દર્શન સાતમે (ગુણસ્થાને) થાય છે, એમ કાલે આવ્યું હતું. અરે..! પ્રભુ! વળી એક કોર કહે કે 'ભરત' ચક્રવર્તી ક્ષાયિક સમકિતી હતા. ક્યાંય મેળ નથી. આહા..! ક્ષાયિક સમકિત એ સમકિત નથી? સાતમે તો ચારિત્ર, સમકિતપૂર્વક ચારિત્ર છે ત્યાં તો. આહાહા..! છઠ્ઠે ગુણસ્થાને એમ કે, પ્રમાદ છે ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન નથી. અર..ર..ર..! આમ કહે છે.

અહીં તો પહેલે ધડાકે ભગવાન શુદ્ધ ચૈતન્યઘન, તેનો અનુભવ સ્વ-અનુસારે થયો તો તેને સમ્યગ્દર્શન કહે છે અને એ સમ્યગ્દર્શનમાં સ્વરૂપઆચરણનો અંશ અને આનંદનું વેદન પણ સાથે થાય છે. આહા..! અરે..! આ વાત. હવે એને સમ્યગ્દષ્ટિ ન કહેવા અને સાતમે કહેવા! લોકો અત્યારે ક્રિયાકાંડના જોરમાં ચડી ગયા છે, અજ્ઞાનમાં. આહા..! સમ્યગ્દર્શન ચોથે ગુણસ્થાને, અવિરતિ સમ્યગ્દષ્ટિ એમ કહ્યું છે ને? આહાહા..! રાગની આસક્તિ છૂટી નથી. ચારિત્રદોષ છૂટ્યો નથી પણ અંતર સ્વરૂપની દૃષ્ટિ અંદર પ્રગટ થઈ છે. આહાહા..! તો સમ્યગ્દષ્ટિ છે અને અવિરતી છે. તેનો અર્થ શું થયો? હજી અસ્થિરતાના રાગનો ત્યાગ નથી. રાગની એકતાબુદ્ધિનો ત્યાગ (થયો છે) પણ રાગની અસ્થિરતાનો ત્યાગ નથી. નહિતર તો અવિરતી સમ્યગ્દષ્ટિ કેમ કહેવામાં આવે છે? ઝીણી વાત બહુ, બાપુ! આહાહા..!

એ અહીં કહે છે, ધર્મીને તો જ્ઞાનમય એક ભાવ જ પોતાનો છે. આહાહા..! ચૈતન્યરસથી ભરેલો સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ, આહા..! જ્ઞાયકભાવ તે હું છું. રાગનો વિકલ્પ થાય છે તે હું નથી. આહાહા..! કેમકે ખરેખર તો એ ઇચ્છા, શુભઉપયોગરૂપીભાવ એ અચેતન છે. આહાહા..! ચૈતન્યસ્વરૂપ ભગવાન, એ કહ્યું ને છઠ્ઠી ગાથામાં? કે, જ્ઞાયકભાવ ભગવાન જો શુભ અને અશુભ ઉપયોગરૂપે થઈ જાય તો જડ થઈ જાય. આહાહા..! શું કહ્યું? કે, ભગવાન જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય, એ જો શુભ અને અશુભરૂપે થઈ જાય તો શુભ-અશુભ છે એ અચેતન જડ છે, તો આત્મા જડ થઈ જાય. આહાહા..! છઠ્ઠી ગાથામાં છે. મુદ્દાની રકમ છે. આહાહા..! આત્મા (કે) જે જ્ઞાયકભાવ છે તે જો શુભઉપયોગરૂપ થઈ જાય (તો) જડ થઈ જાય, એમ કહે છે. આવી વાત છે, પ્રભુ! આહાહા..!

ચોથે ગુણસ્થાને સમ્યગ્દષ્ટિ જીવ, શુભઉપયોગરૂપી હું નથી (એમ માને છે). આહાહા...! કેમકે શુભઉપયોગમાં જ્ઞાયકનો, ચેતનનો અંશ નથી. તેથી 'પુણ્ય-પાપ' (અધિકારમાં) કહ્યું ને? કે, શુભાશુભભાવ તો અજ્ઞાનમય ભાવ છે ને. પહેલી ગાથા–૧૪૫. આહાહા..! શુભ-અશુભભાવ તો અજ્ઞાનરૂપ છે ને. 'પુણ્ય-પાપ'માં આવ્યું છે ને? પહેલી (ગાથા) છે. ૧૪૫. **'શુભ કે અશુભ જીવપરિણામ...'** ૧૪૫ (ગાથાની ટીકાનો) બીજો પેરેગ્રાફ. **'શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી...'** આહાહા..! ૧૪૫ ગાથા, બીજો પેરેગ્રાફ. 'જયંતિભાઈ'! ઝીણી વાત છે, બાપુ! બહુ ઝીણી. આહાહા..! શુભઉપયોગ અને અશુભઉપયોગ, બેય અજ્ઞાનમય છે. અજ્ઞાનમય એટલે મિથ્યાત્વમય એમ નહિ. એમાં જ્ઞાન ચૈતન્ય ભગવાન જ્ઞાયકભાવ, તેનો અંશ, શુભાશુભમાં (એ) અંશ નથી. ચેતનનો અંશ નથી માટે અચેતન અજ્ઞાન કહ્યું. જ્ઞાનનો અંશ નથી માટે અજ્ઞાન કહ્યું. મિથ્યાત્વ નહિ. મિથ્યાત્વ તો એ શુભાશુભભાવને પોતાના માને તો મિથ્યાત્વ (કહેવાય), પણ શુભાશુભભાવ છે તે અજ્ઞાનમય છે. આહાહા..!

એ અજ્ઞાનમય ભાવને પોતાના માને, આહાહા..! આ વર્તમાન ૨૧૦ (ગાથામાં) છે

ને? એ શુભભાવ અજ્ઞાનમય છે. આહાહા..! ભગવાન તો જ્ઞાનમય છે. ભગવાન એટલે આત્મા. આહા..! એ તો ચૈતન્યપ્રકાશની મૂર્તિ, ચૈતન્યના પ્રકાશના નૂરનું તેજ (છે). આહાહા..! એ જ્ઞાનપ્રવાહી ભગવાન, ધ્રુવ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન એવા ભગવાનમાં શુભભાવનો અભાવ છે. અને શુભભાવનો જો ભાવ થઈ જાય તો જ્ઞાનસ્વરૂપી ભગવાન જડ થઈ જાય. આહાહા..! કેમકે શુભઉપયોગ એ અચેતન, અજ્ઞાન છે. અજ્ઞાન નામ તેમાં જ્ઞાન નથી. જ્ઞાયકભાવ જો અજ્ઞાનમય થઈ જાય તો જ્ઞાયકભાવ રહેતો નથી. રાગમય થઈ ગયો, અચેતન થઈ ગયો. આહાહા..! ભારે વાતું આકરી.

આ 'હરિભાઈ' હમણા 'મોરબી'ની વાત કરતા હતા. આમ દેખાવ એવો લાગે છે. હેં? 'મોરબી'નો દેખાવ, આહાહા..! ભાઈ કહેતા હતા. ભાઈ! 'ઇન્દુભાઈ' આવ્યા'તા, એણે કહ્યું. આહાહા..! એમ ભગવાનઆત્મા.. આહાહા..! રાગમય થઈ જાય તો ઉજ્જડ થઈ જાય. સમજાણું? ચૈતન્ય વસ્તુ ભગવાન જ્ઞાયકભાવ એ રાગમય થઈ જાય તો ચૈતન્ય ઉજ્જડ થઈ જાય, જડ થઈ જાય. આહાહા..! અહીં વાત છે, ભાઈ! ઝીણી વાત છે, પ્રભુ! તારી પ્રભુતાનો પાર નથી, નાથ! આહાહા..!

જ્ઞાનની પ્રભુતા, ઈશ્વરની પ્રભુતા, આનંદની પ્રભુતા. આહાહા..! તેની આગળ શુભભાવ તો દુઃખરૂપ છે. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, આનંદના રસથી ભર્યો પડ્યો, તેની આગળ શુભ રાગ એ તો દુઃખરૂપ છે અને દુઃખરૂપ છે એ આત્માનો થઈ જાય તો આત્મા દુઃખમય થઈ જાય. આહાહા..! આવી વાતુ, બાપા, બહુ પ્રભુ! શું કરીએ? અરે..! દુનિયા ક્યાં પડી છે? સંપ્રદાયને ક્યાં ચલાવી રહ્યા છે અને માર્ગ ક્યાં છે? આહાહા..! હજી એના ખ્યાલમાંય વાત ન આવે એ અંદરમાં પરિણમન કેમ થાય? આહાહા..!

એ અહીં શુભની વાતમાં ટીકામાં એમ લીધું છે, ભાઈ! ઇચ્છા, વાંછા, મોહ ત્રણ શબ્દ લીધા છે. સંસ્કૃત ટીકા. શુભભાવની ઇચ્છા, વાંછા અને મોહ ત્રણે નથી. સંસ્કૃત ટીકામાં છે, ભાઈ! 'જયસેનાચાર્ય'ની ટીકામાં (છે). આહા..! અને પાપમાં 'મોહ' શબ્દ નથી લીધો વળી કુદરતે ઇચ્છા અને વાંછા બે લીધા છે. હમણા આવશે એમાં. આહાહા..! ભાઈ! આ તો ભગવત્ કથા છે. આહાહા..! પ્રભુ! ભગવત્ સ્વરૂપ, ભગવાન સ્વરૂપ પ્રભુ, એને રાગરૂપે માનવો, પ્રભુ! એ તો અભગવત્-જડરૂપે થયો. આહાહા..! જેમાં ચૈતન્યનો અંશ નથી.. આહાહા..! એમાં સુખબુદ્ધિ માનવી, આ શુભમાં, હોં! અશુભમાં તો ઠીક, આહાહા..! શુભભાવમાં પણ મારો છે એમ સુખબુદ્ધિ માનવી, એ સુખનું દુઃખરૂપે પરિણમન મિથ્યાત્વ થયું. આહાહા..!

જ્ઞાનીને શુભભાવ આવે છે પણ તન્મય થઈને મારો છે એવી દૃષ્ટિ નથી. છતાં પરિણમનમાં શુભભાવ છે એમ જ્ઞાની જાણે છે, મારી પર્યાયમાં છે પણ દુઃખરૂપ છે. સમજાણું? આહાહા..! અને એ રાગની પર્યાયનો હું કર્તા છું. પરિણમે છે તો એ અપેક્ષાએ કર્તા (કહ્યો). કરવા

લાયક છે માટે કર્તા (છે), એમ નહિ. આહાહા..! કેટલી અપેક્ષાઓ પડે પ્રભુમાં. આહાહા..! એક કોર કહે કે, શુભરાગ મારો નથી અને પર્યાયમાં છે તો મારું પરિણમન છે એમ જાણવું. આહાહા..! પરિણમનમાં મારો છે, વસ્તુમાં મારો નથી. આહાહા..! બહુ માર્ગ બાપુ..!

એ હવે અહીંયાં પાપમાં કહે છે. હવે કહે છે કે, ધર્મીને અધર્મ(નો પરિગ્રહ નથી). લોકો તો એમ કહે છે કે, ન્યાં ધર્મ કેમ કહ્યો? ત્યાં અધર્મ તો કહ્યો નથી. આહાહા..! પણ એને પુણ્ય કહ્યું છે તેનો અર્થ શું થયો? પુણ્ય એ કંઈ ધર્મ નથી, એ તો અધર્મ છે. આકરી વાત, બાપા! પ્રભુ! તારી બલિહારી છે, નાથ! આહાહા..! નિર્મળાનંદ આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર, એવો જે અતીન્દ્રિય ભગવાન.. આહાહા..! તેનો જેને અંતરમાં સ્વાદ આવ્યો એ રાગનો સ્વાદ લેવાને અતત્પર છે. સ્વાદ આવે છે, દુઃખ છે પણ એ ઠીક છે, એમ (સ્વાદ) લેવાને અતત્પર છે. સમજાણું? દુઃખનું પરિણમન મારામાં છે એમ જાણે છે. છતાં એ દુઃખના પરિણમનમાં સુખ નથી. મારે કરવા લાયક નથી પણ મારી નબળાઈથી આવે છે તો એ મારો પરિગ્રહ નથી, મારા દ્રવ્યમાં એ નથી. આહાહા..! પર્યાયમાં હોવા છતાં દ્રવ્યમાં નથી. એવી દૃષ્ટિ રાગથી ભિન્ન પડીને થઈ તો એ રાગનો પોતાનો માનતો નથી. આવું 'શાંતિભાઈ' બહુ ઝીણું, બાપુ! આ તો વીતરાગ માર્ગ પરમાત્મા ત્રણલોકના નાથ ઇન્દ્રોની વચ્ચે, ગણધરોની વચ્ચે આમ કહેતા હતા. ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે જે વાત કહે છે એ વાત છે, પ્રભુ! આહાહા..!

**'હવે, જ્ઞાનીને અધર્મનો (પાપનો) પરિગ્રહ નથી એમ કહે છે :–'** કેમકે પાપ એ અચેતન છે. પાપ એ અજ્ઞાન નામ જ્ઞાનનો અભાવ સ્વભાવરૂપ છે તો ધર્મીને જ્ઞાનના અભાવ સ્વભાવરૂપ ચીજ, તેની પરિગ્રહ–પક્કડ નથી. આહાહા..! આવે છે, જ્ઞાનીને પાપના પરિણામ આવે છે. વિષય, આસક્તિ આદિના (પરિણામ આવે છે) પણ તેની પક્કડ નથી. પક્કડ નથીનો અર્થ તેમાં તન્મય, જ્ઞાયકસ્વભાવ તન્મય થઈ જાય એમ નહિ. પર્યાયમાં તન્મય છે. આવી વાત. આહાહા..! સમજાણું? એ ગાથા કહે છે. ૨૧૧.

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदि अधम्मं।**
**अपरिग्गहो अधम्मस्स जाणगो तेण सो होदि।।२११।।**
**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાપને,**
**તેથી ન પરિગ્રહી, પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧.**

**ટીકા :– 'ઇચ્છા પરિગ્રહ છે.'** આહાહા..! ઇચ્છા એ જ પરિગ્રહ છે. ચાહે તો પુણ્યની ઇચ્છા હો, પાપની ઇચ્છા હો એ ઇચ્છા જ પરિગ્રહ છે. કેમકે ભગવાનમાં ઇચ્છા છે જ નહિ. આહાહા..! ઇચ્છા એ અજ્ઞાનમયભાવ છે. એ જ્ઞાનમય ભગવાનઆત્મામાં ઇચ્છાનો અભાવ છે. આહાહા..!

**'ઇચ્છા પરિગ્રહ છે.'** આહાહા..! જ્ઞાની.. એ તો આપણે આવી ગયું. મારો પરિગ્રહ તો જ્ઞાયક મારો પરિગ્રહ છે. મારો પરિગ્રહ તો જ્ઞાયક છે. આહાહા..! પરિ સમસ્ત પ્રકારે પક્કડમાં અનુભવમાં લેવામાં આવે કે, આ મારો જ્ઞાયકભાવ છે, એ મારો પરિગ્રહ છે. આહાહા..! પહેલા આવી ગયું છે. **'એક જ્ઞાયકભાવ જ જે 'સ્વ' છે, તેનો જ હું સ્વામી છું; માટે મને અજીવપણું ન હો, હું તો જ્ઞાતા જ રહીશ,...'** ૨૦૮ની ટીકાના છેલ્લા શબ્દો છે. આહાહા..! શું 'સમયસાર'! આહાહા..! હવે આ કહે છે કે, 'સમયસાર' મુનિઓને માટે છે. અરે..! પ્રભુ! શું કરે છે તું આ? આવો બચાવ કરીને ભગવંત! તેં શું કર્યું આ? આવી ચીજ છે એ આત્માને બતાવનારી ચીજ છે. તો જેણે આત્માને જાણવો હોય તેને માટે આ 'સમયસાર' છે. તો આ તો કહે, નહિ. આ તો મુનિઓ માટે છે. નીચેવાળા માટે નથી. આહાહા..! આવા લખાણ આવે. અરે..રે..!

**'ઇચ્છા પરિગ્રહ છે.'** ભગવાનઆત્મા જ્ઞાયકભાવરૂપી પરિગ્રહ છે. તેને ઇચ્છા પરિગ્રહ છે જ નહિ. આહાહા..! તેને જ્ઞાયકભાવરૂપી પરિગ્રહ, જ્ઞાનીને-ધર્મીને જ્ઞાયકભાવરૂપી પરિગ્રહ છે. એને ઇચ્છાનો પરિગ્રહ નથી. આહાહા..! **'તેને પરિગ્રહ નથી...'** કોને? કે **'જેને ઇચ્છા નથી.'** કેમકે ઇચ્છા પરિગ્રહ કહ્યો. ઇચ્છા એ જ પરિગ્રહ છે. આહાહા..! તો જેને પરિગ્રહ નથી તેને ઇચ્છા નથી. આહાહા..! કેમકે ઇચ્છા પરિગ્રહ છે અને જેને એ પરિગ્રહ મારો છે એમ નથી તેને ઇચ્છા નથી. આહાહા..! શું ટીકા! ગજબ વાત છે. ઇચ્છા પરિગ્રહ છે. ભગવાનઆત્મા ઇચ્છા સ્વરૂપ નથી. આહાહા..! આ તો હજી સમ્યગ્દર્શનની પહેલા દરજ્જાની વાત ચાલે છે. ચારિત્ર અને સ્વરૂપની રમણતા, એ તો ધન્ય ભાગ્ય! આહાહા..!

એ આનંદમૂર્તિ ભગવાન, તેનો જેને પરિગ્રહ છે તેને ઇચ્છા પરિગ્રહ નથી. ચોથે ગુણસ્થાનથી, હોં! ચક્રવર્તીનું રાજ હો. આહાહા..! ભાઈએ નથી કહ્યું? ભાઈ! 'લાલચંદભાઈ'! 'સોગાની'. છ ખંડને સાધતા નથી. ગજબ વાત કરી છે. ચક્રવર્તી સમકિતી છ ખંડને સાધતા નથી. એ તો અખંડને સાધે છે. આહાહા..! એમ જ છે. એ છ ખંડને સાધવાકાળે પણ અખંડને સાધે છે. હેં? આહાહા..! જ્ઞાયકભાવની અખંડતા જેની દૃષ્ટિમાંથી ક્યારેય છૂટતી નથી. એ અખંડને સાધે છે. 'સોગાની'માં આવે છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' વાંચ્યું છે? કેટલી વાર? પૈસા તો કેટલી વાર ફેરવ્યા છે. આહાહા..! જગત એમ ચાલે છે ને, ભાઈ! એ સમકિતી ચક્રવર્તી છ ખંડને સાધતો નથી. આહાહા..! એ અખંડને સાધે છે. પ્રભુ અખંડાનંદ નાથ, એ આવે છે ને, ૩૨૦ ગાથામાં?

સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ, એવો નિજ પરમાત્મદ્રવ્ય તે હું, એ સાધે છે. આવે છે ને, ૩૨૦ માં અખંડ એક. અખંડ એક. આહાહા..! જેમાં પર્યાયનો ખંડનો પણ ભેદ નથી. આહાહા..! અને એ ૩૨૦ માં આવ્યું છે, જ્ઞાની-ધર્મી સકળ નિરાવરણ, જે સકળ નિરાવરણ વસ્તુ સ્વરૂપ અખંડરૂપે, પર્યાયનો

ભેદ નહિ એવો એકરૂપ, અવિનશ્વર-અવિનાશી ધ્રુવ, પરમશુદ્ધભાવ પરમલક્ષણ નિજાત્મદ્રવ્ય, નિજાત્મદ્રવ્ય, તેને ધર્મી સાધે છે. આહા..! અને પછી એમાં લખ્યું છે, ખંડ ખંડ જ્ઞાનને સાધતા નથી. આહા..! છ ખંડને તો સાધતા નથી (પણ ખંડ ખંડ જ્ઞાનને સાધતો નથી). આહા..! ૩૨૦નું વ્યાખ્યાન આવી ગયું છે. સમજાણું? આહા..! છે અહીંયાં? હા, ઇ, જુઓ!

'જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું. પરંતુ એમ ભાવતો નથી કે ખંડ ખંડ જ્ઞાનરૂપ હું છું.' છ ખંડ તો નહિ પણ ખંડ ખંડ જ્ઞાનને ભાવતો નથી. આહાહા..! ૩૨૦ ગાથાનું વ્યાખ્યાન આવી ગયું છે. આહાહા..!

**'ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી.'** આહાહા..! **'ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે...'** જુઓ! આહાહા..! એ જ્ઞાનમય પ્રભુ (છે અને) ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે. ભગવાન જ્ઞાન અને આનંદમય છે તો ઇચ્છા અજ્ઞાન અને દુઃખરૂપ છે. આહાહા..! અરે..રે...! આવી વાત સાંભળવા ન મળે એ બિચારા કેમ કરે? આહાહા..! આ કરો ને આ કરો. અરે..રે...! અહીં તો કહે છે, ઇચ્છામાત્ર પરિગ્રહ છે. આહાહા..! જેને ઇચ્છા નથી તેને તેનો પરિગ્રહ નથી, તેની પક્કડ નથી. આહાહા..!

એ (એક) સ્તવનમાં આવતું. દુકાન ઉપર વાંચતા હતા ને? ચાર સજ્ઝાયમાળા છે. તે દિ'ની, આ તો (સંવત) ૧૯૬૪-૬૫ની વાત છે. 'સહજાનંદી રે આત્મા' મોટી સજ્ઝાય. 'સૂતો કાંઈ નિશ્ચિંત રે' એ રાગમાં સૂતો, પોતાનો માનીને, પ્રભુ! શું થયું તને આ? 'સહજાનંદી રે આત્મા, સૂતો કાંઈ નિશ્ચિંત રે, મોહ તણા રે રણિયા ભમે' રાગની એકતામાં, મિથ્યાત્વ-ભાવ માથે ચોર ફરે છે. 'જાગ જાગ રે મતિવંત રે, એ લૂંટે જગતના જંત રે' બાયડી, છોકરા, કુટુંબીઓ લૂંટારા, ધૂતારા લૂંટે તને. અમને આમ દ્યો ને અમને આમ દ્યો ને અમને ... શું કરવા મેળવ્યું હતું? અમને સગવડતા આપો. એ જગતના પ્રાણી લૂંટે તને. 'લૂંટે જગતના જંત, વિરલા કોઈ ઉગરંત' મોટી સજ્ઝાય આવે છે ને? એ વખતે વાંચતા. ચાર સજ્ઝાયમાળા છે. ચાર સજ્ઝાયમાળા છે. એક-એકમાં બસે-અઢીસે સજ્ઝાય છે. દુકાન ઉપર મગાવી હતી તે દિ'. પિતાજીની ઘરની દુકાન હતી, નિવૃત્તિ (હતી), કંઈ ઉપાધિ નહોતી. આહા...! આહાહા..!

અહીં કહે છે, સહજાનંદી રે આત્મા. આ સહજાનંદી ઓલા 'સ્વામીનારાયણ'ના નહિ, હોં! આ સહજાનંદી પ્રભુ, સહજાનંદી આત્મા કેમ સૂતો નિશ્ચિંત? રાગમાં કેમ નિશ્ચિંત (થઈ) સૂઈ ગયો? આ શું થયું તને? આહાહા..! ઇચ્છામાં તું આખો દોરાય ગયો, નાથ! આહાહા..! તારો પરિગ્રહ તો આનંદ ને શાંતિ તારી ચીજ છે. પ્રભુ! આ રાગમાં તને શું થયું? આહાહા..!

અહીં એ કહે છે, **'ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે...'** આહાહા..! ઇચ્છા મિથ્યાત્વ ભાવ છે, એમ નહિ. ઇચ્છા હોય માટે મિથ્યાત્વ થાય, એમ નહિ. ઇચ્છાને પોતાની માને તો મિથ્યાત્વ (છે), પણ ઇચ્છા સ્વરૂપ છે એ અજ્ઞાનમય છે. શું કહ્યું? ઇચ્છા એ મિથ્યાત્વરૂપી

ભાવ છે, એમ નહિ. પણ ઇચ્છા અજ્ઞાનમય ભાવ છે. જે નિજ જ્ઞાનસ્વભાવ ભગવાન, તેની ઇચ્છાનો અભાવ તો અજ્ઞાનમય ભાવ છે. આહાહા..! 'હીરાભાઈ'! આવી વાતું, બાપુ! આહા..!

આ જુઓને 'મોરબી'ની વાતું સાંભળીએ છીએ ત્યાં વૈરાગ્ય.. વૈરાગ્ય થઈ જાય એવું છે. આખી 'મોરબી'. પંદર-પંદર હજાર માણસ, વીસ હજાર માણસ (મરી ગયા) એમ કહે છે. કેટલાક દસ હજાર, કોઈ પંદર-વીસ (કહે છે). પણ દસ હજાર તો ઓછામાં ઓછા કહે છે. માણસ મરી ગયા. આહાહા..! એ પાછા મરીને (ક્યાંય જાય). એ વખતે તો આર્તધ્યાન હોય. આમ બચું ને આમ બચું. એ મરીને ઘણા તો ઢોરમાં જાય. માંસ ને દારૂ ન ખાતા હોય ઇ, હોં! અરે..! એ પશુમાં અવતરે પ્રભુ એને હવે મનુષ્યપણું ક્યારે મળે ને એને ક્યારે સાંભળવાનું મળે? આહાહા..!

અહીં કહે છે કે, **'ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે...'** અર્થાત્ તેમાં જ્ઞાનનો ભાવ નથી. એ રાગ તે અજ્ઞાનમય ભાવ છે **'અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...'** આહાહા..! ધર્મીને જ્ઞાનમય ભાવ છે તો તેને ઇચ્છા–અજ્ઞાનમય ભાવ હોતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

'ઇન્દુ' પરમ દિ' આવ્યો હતો, ભાઈ! 'જયંતિભાઈ'! 'રતિભાઈ'નો. ઇ કહે, જેમ પાણી અંદર ગર્યું તો અમારે તો અંદર ઘરમાં નિસરણી હતી એટલે (ઉપર) ચડી ગયા. અને સામે ઘર હતું એમાં એને નિસરણી બહાર હતી. પાણી આટલું આવ્યું તો એ બહાર નીકળી શક્યા નહિ. ત્યાં મરી ગયા. આખું ઘર ખલાસ. પણ અમે તો આ પાણી દેખ્યું તો મડદાં જાય. પોકાર અંદર (ઉઠ્યો), જ્ઞાયકભાવ જાણનાર છું. એને જાણપણું છે. 'ઇન્દુ' નહિ નાનો, 'રતિભાઈ'નો? બાપુજી ને બા ને બધા ઉપર ચડી ગયા પણ પોકાર અંદરમાં (ઉઠ્યો). કોણ જાણે ક્યાંથી એકદમ (આવ્યો). કોઈ વિકલ્પ સંયોગનો આવતો પણ છતાં પોકાર (એ હતો), જ્ઞાયક છું. હું બીજી કોઈ ચીજ છું નહિ. જુવાન માણસ છે. 'ઇન્દુ', 'રતિભાઈ'નો નહિ? 'ચીમનભાઈ'નો જમાઈ છે. આહાહા..! એ કટોકટીના કાળે, હેં? એને જ્ઞાયકભાવમાં રહેવું. હું જ્ઞાયક છું, બસ! બીજું કંઈ રહેવું-ફહેવું નહિ. આહાહા..! એ જાતના ભણકાર પણ બાપા! અલૌકિક છે ને! હેં? ભાઈ હતા ને, 'લાલચંદભાઈ'? હેં?

મુમુક્ષુ :– ખરે ટાણે.

ઉત્તર :– ખરે ટાણે. ભાઈ હતા. વાત કરી ત્યારે ઉભા હતા. આહાહા..!

ઓહોહો..! શું આચાર્યે (વાત કરી છે)! **'ઇચ્છા પરિગ્રહ છે.'** ગજબ કામ કર્યું છે, પ્રભુ! **'તેને પરિગ્રહ નથી–જેને ઇચ્છા નથી.'** આહાહા..! જ્ઞાનીને ઇચ્છા નથી, એમ કહે છે. આહાહા..! જેણે આનંદના સાગરને જોયો છે, જેણે અતીન્દ્રિય આનંદના સાગરને હિલોળે નાખતો પ્રભુ (જોયો છે), આહાહા..! અતીન્દ્રિય આનંદના હિલોળે ચડેલો પ્રભુ, એવું જેણે અંદર અનુભવ્યું અને જાણ્યો છે.. આહાહા..! એને અજ્ઞાનમય ભાવ–ઇચ્છા હોતી નથી,

કહે છે. આહાહા..! ઝીણી વાત, બાપુ!

આ તો પરમાત્મા ત્રણલોકના નાથ ઇન્દ્રો અને ગણધરની વચ્ચે કહેતા હતા એ વાત છે. આહા..! પરમાત્મા બિરાજે છે. ભગવાન તો બિરાજે છે. 'સીમંધરપ્રભુ' સાક્ષાત્ સભામાં. આહાહા..! એ 'કુંદકુંદાચાર્ય' આઠ દિ' રહ્યા ને આ સંદેશ લાવ્યા. પોતે તો મુનિ હતા, ભાવલિંગી સંત. આનંદના.. આહાહા..! આનંદના સડકા અનુભવ કરતા હતા પણ જરી સાંભળવા ગયા અને પછી વિશેષ નિર્મળતા થઈ, અને વિકલ્પ આવ્યો કે હું શાસ્ત્ર બનાઉં. આહાહા..! પણ હું શ્રોતાને કહું છું કે, હે શ્રોતા! અનંત સિદ્ધોને પર્યાયમાં સ્થાપીને સાંભળજે. આહાહા..! હેં? આહાહા..! પ્રભુ! તું પામર નથી. તારી પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપ. રાગને દૂર કરી દે. આહાહા..! શ્રોતાને કહે છે. **'वंदित्तु सव्वसिद्धे'** સર્વ સિદ્ધોને **'वंदित्तु'** નામ આદર કરીને, આદર કરીને નામ પર્યાયમાં સ્થાપીને. આહાહા..! હવે સિદ્ધપણાની પર્યાયને સ્થાપી તો તું સ્વલક્ષે સાંભળ હવે. આહાહા..! ગજબ વાતું છે. 'સમયસાર'નું એક એક પદ, એક એક ગાથા અલૌકિક છે, બાપુ! આહાહા..!

એ આ (કહે છે), **'ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે...'** ગજબ વાત છે. એક કોર ભગવાન જ્ઞાનમય ચૈતન્યપ્રકાશની મૂર્તિ અને એક કોર ઇચ્છા, અંધકાર, અજ્ઞાન, એમાં જ્ઞાનનો અભાવ છે. અંધકારમય છે. આ જ્ઞાનમય પ્રભુ છે તો ઇચ્છા અંધકારમય છે. આ જ્ઞાનમય છે તો એ અજ્ઞાનમય છે. ભગવાન આનંદમય છે તો ઇચ્છા દુઃખમય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! દુનિયા માને ન માને, વસ્તુ સ્વતંત્ર છે. પ્રભુ! તારે પણ સુખી થવું હોય તો આ રસ્તો લીધે સુખી છે, બાકી બધી વાતું છે. આહાહા..!

એ અજ્ઞાનમય ભાવ છે. આહાહા..! છે તો ભાવ છે. છે? આહાહા..! જેમ ભગવાન આનંદમય ભાવ છે એમ ઇચ્છા અજ્ઞાનમય ભાવ છે. આહાહા..! સમજાણું? ભાઈ! આ તો ભગવાનનો ઉપદેશ છે, પ્રભુ! આહાહા..! **'અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...'** આહાહા..! જેણે આત્મા જ્ઞાનમય, આનંદમય જાણ્યો તેને આ અજ્ઞાનમય ઇચ્છા ભાવ હોતો નથી. આહાહા..! સમજાણું? (ઇચ્છા) **'અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...'** ઇચ્છા જ તેને હોતી નથી, એમ કહે છે. આહાહા..! ભગવાન આનંદના નાથની અંદરની ભાવનામાં ઇચ્છાનો અવકાશ ક્યાં છે? આહાહા..! જેને રાગથી ભિન્ન પડીને ભગવાન તરફ પ્રયત્ન ઢળી ગયો છે.. આહાહા..! પ્ર-યત્ન–પ્ર-વિશેષે પુરુષાર્થ ત્યાં ઢળી ગયો છે અંદર. આહાહા..! એને આ અજ્ઞાનમય ઇચ્છા હોતી નથી. આહાહા..! આવું કામ છે. હવે આ વસ્તુને અંદર સમજ્યા વિના આ વ્રત કરો ને અપવાસ કરો. બધા બાળવ્રત ને બાળતપ છે. મુર્ખાઈ ભરેલા તપ ને મુર્ખાઈ ભરેલા (અપવાસ છે). આહાહા..! એ તારા હિતની વાત છે, પ્રભુ! તને દુઃખ લાગે કે, અરે..રે...! અમે આ બધું કરીએ, વ્રત ને તપ ને, એ બધું જૂઠું? ભાઈ! તને દુઃખના કારણ છે, ભાઈ! આહા..! એમાં દુઃખ છે. ઇચ્છામાત્રમાં દુઃખ છે,

એ અજ્ઞાનમય છે. જ્ઞાનમય નથી તેમ આનંદમય નથી એટલે દુઃખમય છે. આહાહા..! કહો.

આ તો બધા જુવાનોને ને વૃદ્ધોને બધાને સમજવાનું છે. જુવાન, વૃદ્ધ તો જડ છે. ભગવાન ક્યાં જુવાન, વૃદ્ધ છે? અનંત આનંદ ને અનંત જ્ઞાન ને અનંત શાંતિથી ભરેલો સાગર ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, આહા..! એની આગળ જ્ઞાનીને રાગ જે અજ્ઞાનમય અને દુઃખમય (છે) તેને તે હોતો નથી. આહાહા..! જેનું અસ્તિત્વ આનંદમય અને જ્ઞાનમય એવી સત્તાનો સ્વીકાર થયો છે. આહાહા..! જેના હોવાપણાંમાં, સત્તાના સ્વીકારમાં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત ઈશ્વરતા, અનંત શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ, અકષાયભાવરૂપી અનંત શાંતિ. આહાહા..! એનો જેને અંતર જ્ઞાનની પર્યાયમાં સ્વીકાર થયો છે, દૃષ્ટિએ એને પ્રતીતમાં લીધો છે. આહાહા..! એવા ધર્મીને આ ઇચ્છા અજ્ઞાનમય હોતી નથી, કહે છે. ભારે કામ, બાપુ! આહાહા..!

**'અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...'** જુઓ! 'જ' કહ્યો ને? ધર્મીને તો ધર્મમય જ ભાવ હોય છે. આહાહા..! રાગ થાય છે પણ એ મારો છે, એમ નથી. એટલે એને તો ધર્મમય, જ્ઞાનમય ભાવ હોય છે. આહાહા..! **'તેથી..'** આ કારણે. ક્યા કારણે? કે અજ્ઞાનમય ભાવ-રાગ, એ જ્ઞાનીને હોતો નથી. જ્ઞાનીને જ્ઞાનમય ભાવ જ, જ્ઞાનમય જ. આહાહા..! જાણવું-દેખવું, આનંદાદિનો ભાવ જ્ઞાનીને હોય છે. આહાહા..! **'તેથી...'** ક્યા કારણે? **'જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી...'** એમ. આહાહા..! **'અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે...'** અજ્ઞાનમય ભાવ, એવી **'ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની અધર્મને ઇચ્છતો નથી;...'** ધર્મીને પાપની ઇચ્છા નથી. પાપના પરિણામ થાય છે પણ તેની ઇચ્છા નથી. આહાહા..! સમજાણું? આનંદના નાથની જ્યાં ભાવના છે ત્યાં અધર્મની ઇચ્છા ક્યાંથી હોય? આહા..!

**'તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની અધર્મને ઇચ્છતો નથી;...'** ધર્મીજીવને પાપની ઇચ્છા જ નથી. પાપ મારું છે, એવી ઇચ્છા નથી. હું તો જ્ઞાની જ્ઞાનમય છું, તો પાપની ઇચ્છા જ્ઞાનીને છે નહિ. આહાહા..! પોતાના જ્ઞાનમય ભાવની આગળ અધર્મ પાપ, અજ્ઞાનમય દુઃખરૂપની ઇચ્છા હોતી નથી. આહાહા..! ઓહોહો..! જે પ્રભુ સુખને પંથે આત્મા દોરાય ગયો છે, આહાહા..! એને દુઃખના પંથની ઇચ્છા નથી. આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ અને જ્ઞાનસ્વરૂપમય, એ પંથે જ્યાં દૃષ્ટિ ચડી ગઈ છે, આહાહા..! એના દુઃખના પંથમાં, ઇચ્છાના ભાવ હોતા નથી. આહાહા..! હવે આમાં (ક્યાં) વાદ ને વિવાદ કરવા. આહા..! સમકિતી અપ્રમત્ત દશામાં હોય, એ વિના ચારિત્ર હોય. અરે..! ગજબ કરે છે, પ્રભુ! ચારિત્ર પહેલું, સમકિત પછી? ચારિત્ર એટલે આની ક્રિયાકાંડ છે એને ચારિત્ર કહે છે. આહાહા..!

અહીં તો પહેલે દરજ્જે, ધડાકે જ્યાં ભગવાન પૂર્ણાનંદના નાથનો જ્યાં સમ્યગ્દર્શનમાં

સ્વીકાર થયો અને જ્ઞાનની પર્યાયમાં પરમાત્માનું જ્ઞાન થયું, પરમાત્મા પર્યાયમાં આવ્યો નહિ પણ પરમાત્માનું જેટલું સામર્થ્ય અને સ્વરૂપ છે તેટલું બધું જ્ઞાનની પર્યાયમાં આવી ગયું. આહાહા..! આવી વાત. ભાઈ! માર્ગ તો આ છે, બાપુ! એને ભલે એકાંત ઠરાવો, નિશ્ચયાભાસ ઠરાવો. કરો! આહાહા..!

માટે ઇચ્છાના અભાવને લીધે **'જ્ઞાની અધર્મને ઇચ્છતો નથી; માટે જ્ઞાનીને અધર્મનો પરિગ્રહ નથી.'** આહાહા..! આ કારણે. ક્યા કારણે? જ્ઞાનીને અધર્મની ચાહના નથી, એ કારણે. આહાહા..! ભાવના તો ભગવાનઆત્મા તરફની છે. આહાહા..! એને આ અધર્મની ચાહના નથી. એ કારણે જ્ઞાનીને અધર્મનો પરિગ્રહ નથી. આહાહા..! શું ભર્યું છે ને! 'અમૃતચંદ્રાચાર્ય' એની ટીકા. અમૃત રેડ્યા છે. જેને અમૃતના સ્વાદ આવ્યા એને ઝેરના સ્વાદની ઇચ્છા કેમ હોય, એમ કહે છે. આહા..! જેને અમૃતનો સાગર નાથ, જ્ઞાનની પર્યાયમાં આખું જ્ઞેય–વસ્તુ અમૃતની સાગર, જ્ઞાનમાં આવી ગઈ, જ્ઞેય તરીકે જ્ઞાનમાં આવી ગયો અને આનંદનો નાથ પર્યાયમાં આખો જાણવામાં આવી ગયો તેને અધર્મની ઇચ્છા કેમ હોય? આહાહા..!

હવે ઇ તો કહે છે કે, ચોથે ગુણસ્થાને જ્ઞાની ન કહેવાય, જ્ઞાની તો સાતમે સમકિત થાય ત્યારે (કહેવાય). અરે..! પ્રભુ! શું (કહે છે)? આહાહા..! ભાઈ! સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. આહાહા..! આખા પરમેશ્વરને સ્વીકારીને દૃષ્ટિ અંદર પડી અને તે વિકલ્પ તોડીને નિર્વિકલ્પ થઈને દૃષ્ટિ ત્યાં પડી. આહાહા..! એ દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની વાતું શું કરવી? પ્રભુ! આહાહા..! એ દૃષ્ટિ 'ભરત' ચક્રવર્તી જેવા ચક્રવર્તીપદમાં પણ પ્રગટ થઈ શકે છે. એ પદ ક્યાં આત્મામાં છે? આહાહા..! એ આવી ગયું છે ને? (૧૩૮ કળશ) **'पदम् इदम् अपदम् अपदं'** આવી ગયું છે પહેલા નિર્જરામાં. રાગ તે અપદ છે, અપદ છે, પ્રભુ! એ તારું પદ નહિ. આહાહા..! પહેલા કળશમાં આવી ગયું છે. અહીં આવ, અહીં આવ. બે બે વાર આવ્યું છે ત્યાં. એ અપદ અપદ છે, આ પદ છે, પદ છે. આહાહા..! એ તારું રહેઠાણ–તારું રહેવાનું સ્થાન ભગવાન છે. એ રાગ તારું રહેવાનું સ્થાન નહિ. પ્રભુ! આહાહા..! બ્રાહ્મણ ચંડાળણીને ઘરે જાય (તો) એ કંઈ એનું સ્થાન કહેવાય? આહા..! એમ ભગવાન અલૌકિક આનંદનો નાથ, એ રાગના સ્થાનમાં જાય એ રાગસ્થાન એના નહિ. એ પદ તારું નહિ, પ્રભુ! આહાહા..!

કહ્યું હતું ને એક ફેરી, નહિ? અઢાર વર્ષની ઉંમરે 'વડોદરા' માલ લેવા ગયેલા. પછી નવરાશે રાત્રે (નાટક) જોવા ગયેલા, એમાં 'અનુસૂયા'નું નાટક (હતું). 'અનુસૂયા' સ્વર્ગમાં જાતી હતી તો ના પાડી. અહીં છોકરાને હાલરડું ગાઈ સૂવડાવે છે. સૂવડાવતા કહે છે, આહાહા..! બેટા! તું નિર્વિકલ્પ છો. અરે..રે...! આહાહા..! એના નાટકમાં આ અને આ સંપ્રદાયમાં આ નહિ. 'વડોદરા'ની વાત છે, (સંવત) ૧૯૬૪ની સાલ. ૬૪-૬૪. અઢાર વર્ષની

ઉંમર, માલ લેવા ગયેલા. પિતાજી ગુજરી ગયેલા એટલે માલ લેવા હું જતો. અમારા ભાગીદાર તો ત્યાં બેસતા. 'મુંબઈ', 'ભાવનગર', 'અમદાવાદ'. 'ભાવનગર' શું, 'મુંબઈ', 'અમદાવાદ', 'વડોદરા' (જાતા). એમાં 'વડોદરા' ગયેલા. ટિકીટ લીધેલી બાર આનાની, બાર આનાની ચોપડી લીધેલી. તમે શું કહો છો? (એ જોવા માટે). એમ કહે છે, આહાહા..! બેટા! તું નિર્વિકલ્પ છો. ઉદાસીનોસી! નાથ! તું તો રાગથી ઉદાસીન (છો), તારું આસન તો ચૈતન્યમાં છે. આહાહા..! 'જયંતિભાઈ' નાટકમાં આમ આવતું, અહીં તો તમારે સંપ્રદાયમાં પણ નિર્વિકલ્પ આનંદ ને નિર્વિકલ્પ છો, એ વાત હતી? રાગ કરો, બસ! આ કરો, શુભ કરો. આહાહા..! ઉદાસીનોસી, શુદ્ધોસી, બુદ્ધોસી. પ્રભુ! તું શુદ્ધ છે. તું બુદ્ધ નામ જ્ઞાનનો પિંડ છો. ચાર બોલ યાદ રહ્યા છે, હતા તો ઘણા. આ તો ઘણા વર્ષ થઈ ગયાને! હેં? ૭૧ વર્ષ થઈ ગયા. સીત્તેર ને એક. આ ચાર બોલ યાદ રહી ગયા. ઓલી છ કડી બનાવી હતી એમાં અડધી કડી યાદ રહી ગઈ, કીધું ને? એ (સંવત) ૧૯૬૪માં બનાવી હતી, ઇ પણ, હોં! 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' એ ૧૯૬૪માં. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! જ્ઞાનીને અધર્મનો પરિગ્રહ કેમ નથી? (કેમકે) ઇચ્છાના અભાવને લીધે **'જ્ઞાની અધર્મને ઇચ્છતો નથી; માટે જ્ઞાનીને અધર્મનો પરિગ્રહ નથી.'** આહાહા..! **'જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે...'** આહાહા..! કેવો જ્ઞાયકભાવ? જ્ઞાનમય એક જ્ઞાયકભાવ. ભેદ ને પર્યાય પણ નહિ. આહાહા..! જ્ઞાનમય **'એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે...'** શ્રદ્ધા અને જ્ઞાનમાં જ્ઞાયકના એક ભાવના સદ્ભાવને લીધે. આહાહા..! આ સિદ્ધાંત. આવી ટીકા તો અત્યારે અન્યમતમાં તો નથી પણ જૈનમાં દિગંબરમાં આવી ટીકા બીજે નથી. એવી આ 'અમૃતચંદ્રાચાર્યે' ટીકામાં અમૃત રેડ્યાં છે. આહાહા..!

**'જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવ...'** ભાષા જુઓ! ધર્મીને તો **'જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે...'** આ કારણે. પાપની અને પુણ્યની કેમ ઇચ્છા નથી? કે, જ્ઞાયકમય એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે. આહાહા..! એની સદ્ભાવ હયાતી, ત્રિકાળી જ્ઞાયક એ દૃષ્ટિમાં આવ્યો છે. આ કારણે **'(જ્ઞાની) અધર્મનો કેવળ જ્ઞાયક જ છે.'** આહા..! ધર્મી તો અધર્મનો કેવળ જ્ઞાયક **'જ'** છે. આહાહા..! પોતામાં જાણે છે. પોતાને જાણે છે તો તેને પોતાની ભૂમિકામાં જાણે છે. આહાહા..! આવો માર્ગ છે. છે? **'અધર્મનો કેવળ જ્ઞાયક જ છે. એ જ પ્રમાણે ગાથામાં 'અધર્મ' શબ્દ પલટીને તેની જગ્યાએ...'** બીજા લેવા. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ૐ

## પ્રવચન નં. ૨૯૧ ગાથા–૨૧૧ ગુરુવાર, ભાદરવા સુદ ૧, તા. ૨૩-૦૮-૧૯૭૯

'સમયસાર' ૨૧૧ ગાથા, એનો છેલ્લો પેરેગ્રાફ છે. ધર્મી એને કહીએ કે જેને રાગથી ભિન્ન ભગવાન જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવ્યો છે અને એ જ્ઞાયકભાવ તે હું છું, એવું જેને અંતરમાં દૃષ્ટિસહિત અનુભવ છે એને અહીંયાં જ્ઞાની કહો કે ધર્મી કહો. કોઈ એમ કહે કે, જ્ઞાની તો એવા હશે ભલે પણ અમારે તો ધર્મ કરવો છે. પણ એ ધર્મી કહો કે જ્ઞાની કહો, બેય એક જ વાત છે. આહાહા..! આ તો 'નિર્જરા અધિકાર' છે ને?

ધર્મીએ ચૈતન્ય જ્ઞાયકભાવ, એનો આશ્રય લીધો છે તેથી તેની અંતરમાં શાંતિ ને આનંદ ને જ્ઞાનની દશા નિર્મળ પ્રગટ થઈ છે, એને લઈને ધર્મીને પુણ્યનો પરિગ્રહ નથી, એ આવી ગયું, પાપનો નથી, એ આવી ગયું. હવે એને બદલાવે છે. **'અધર્મ' શબ્દ પલટીને તેની જગ્યાએ રાગ,...'** શું કહે છે? ધર્મીને રાગનો પરિગ્રહ નથી. કેમકે ઇચ્છા એ પરિગ્રહ છે અને તેને પરિગ્રહ નથી કે જેને ઇચ્છા નથી. અને એ રાગ અજ્ઞાનમય ભાવ છે. જ્ઞાનમય ચૈતન્ય સ્વભાવથી તે ભિન્ન ભાવ છે. ચાહે તો એ દયાનો, દાનનો, ભગવાનના (વિનયનો ભાવ હોય). કાલે કહ્યું હતું ને? કે, મુનિને જે દ્રવ્યલિંગ નગ્નપણું (છે), એ બાહ્ય ઉપકરણ છે. એ ઉપકરણ છે. આહાહા..! એ અજ્ઞાનમય છે, એમાં જ્ઞાનસ્વભાવ નથી. તેથી તે ઉપકરણ જ્ઞાનીને પરિગ્રહ નથી. એ ઉપકરણ લિંગ તેમ ગુરુવચન.. આહાહા..! ગજબ વાતું. તેમ વિનય, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય અને સૂત્ર અધ્યયન, શાસ્ત્રનું અધ્યયન એ બાહ્ય ઉપકરણ છે, પ્રભુ! આહાહા..! જેવું એ લિંગ બાહ્ય ઉપકરણ છે, એવું એ ગુરુવચન, સૂત્ર અધ્યયન, શાસ્ત્ર પરપદાર્થ છે ને! આહાહા..! અને વિનય, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય એ ઉપકરણ છે. એ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..! આવી વાતું છે, ભાઈ! સમજાય છે?

રાગ, ઇચ્છા નથી. ઇચ્છા જેને પરિગ્રહ છે, એ ઇચ્છા જેને નથી તેને ઇચ્છા પરિગ્રહ નથી. કેમકે ઇચ્છા એ અજ્ઞાનમય ભાવ છે. આહાહા..! એમ આ રાગ છે એ અજ્ઞાનમય ભાવ છે. અરે..રે..! આવી વાતું. ઇ તો કાલે આવ્યું હતું ને? પુણ્ય-પાપનું. શુભાશુભ ભાવ એ અજ્ઞાનમય ભાવ છે. આહા..! ભાઈ! મારગ બહુ અલૌકિક છે. આહાહા..! કોઈ શુભરાગની ઇચ્છા જ્ઞાનીને નથી. કેમકે ઇચ્છા એ પરિગ્રહ છે તો એ ઇચ્છા જ્ઞાનીને નથી માટે રાગની ઇચ્છા એને નથી. આહાહા..! રાગ છે તે અજ્ઞાનમય છે અને અજ્ઞાનમય છે માટે જ્ઞાનીને તે અજ્ઞાનમય ભાવની પક્કડ નથી, પરિગ્રહ–પક્કડ નથી. આહાહા..! આકરી વાતું છે, બાપુ! વીતરાગ મારગ બહુ અલૌકિક (છે), ભાઈ!

જ્ઞાનીને જ્ઞાયકભાવ હોવાથી, ધર્મીને તો જ્ઞાયકભાવ પર્યાયમાં અનુભવવાથી તેને રાગ, દયા, દાન, ભક્તિ, પૂજાનો રાગનો તેને પરિગ્રહ નથી. કેમકે તેને ઇચ્છા નથી. ઇચ્છા નથી

તેથી રાગનો પરિગ્રહ એને નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે, ભાઈ! આહાહા..! એ રાગ.. આહાહા..! ગજબ વાત છે. આ તો વીતરાગધર્મ છે, પ્રભુ! વીતરાગતા, દ્રવ્યસ્વરૂપ ભગવાનઆત્મા, વીતરાગમૂર્તિ તેને આશ્રયે વીતરાગ પર્યાય થાય. સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય છે. આહાહા..! ધર્મીને ઇચ્છા હોતી નથી. કેમકે ઇચ્છા એ પરિગ્રહ છે. જેને પરિગ્રહ નથી તેને ઇચ્છા નથી અને ઇચ્છા નથી તેથી રાગનો પરિગ્રહ પણ એને નથી. આહાહા..! આવી વાતું છે.

તેમ '**દ્વેષ...**' દ્વેષની ઇચ્છા નથી. ઇચ્છા એ પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી કે જેને ઇચ્છા નથી. દ્વેષની ઇચ્છા ધર્મીને નથી. આહાહા..! દ્વેષનો ભાવ એ અજ્ઞાનમય ભાવ (છે). એ અજ્ઞાનમય ભાવની જ્ઞાનીને ઇચ્છા નથી. આહાહા..! 'છબીલભાઈ'! આવું છે આ. તમારા વખાણ કરતા હતા, 'છબીલભાઈ'ના. આ 'રમણીક', 'રમણીક સંઘવી' કહે, બહુ સારુ વાંચે છે. 'પોપટભાઈ'ના દીકરાના દીકરા. 'પોપટભાઈ'ના દીકરા. હેં?

મુમુક્ષુ :- એને ભગત કહે છે.

ઉત્તર :- એ બધા એના કરતા આ જુદી જાતનો છે. આ જુદી જાતનો પાક્યો છે. આહાહા..! 'રમણીકભાઈ' કહેતા હતા, 'રમણીકભાઈ' નહિ? 'સંઘવી.. સંઘવી'. 'છબીલભાઈ' બહુ સારુ વાંચે છે. એકનો એક દીકરો મરી ગયો ને? છતાં શોક કર્યો નથી. સ્થાનકવાસી માણસોને તો અજબ થઈ ગયું! એકનો એક દીકરો, બે વર્ષનું પરણેતર, ગામની કન્યા, વિધવા બાઈ, એને સમાધાન કરાવે. આવે એને સમાધાન કરે પોતે. ભાઈ! એ ચીજ તો પરિગ્રહ, મહેમાન જ છે ને! મહેમાનની મુદ્દત કેટલી હોય? એની મુદ્દત પ્રમાણે રહ્યા, એમ કહેતા હતા. આહાહા..! ખરે ટાણે સમ્યક્જ્ઞાન-સાચું કામ ન આવે તો ક્યારે કામ આવે? આહાહા..!

અહીં કહે છે, દ્વેષ તે અજ્ઞાનમય ભાવ (છે). આહા..! અણગમો થાય એ દ્વેષ છે. આહાહા..! એકનો એક દીકરો મરી ગયો હોય અને વિધવા બાઈ મૂકીને જાય અને ઘરમાં બે જણા. આહાહા..! અને પૈસાવાળા છે. દસ હજાર રૂપિયા ખર્ચ્યા, છોકરાની પાછળ દસ હજાર ખર્ચ્યા. આહા..! આમાં કોને કહેવા બાપુ! પૈસાવાળા? અહીં તો કહે છે કે, અણગમો થવો એ અજ્ઞાનમય ભાવ છે. આહાહા..! પ્રતિકૂળ સંયોગ આવતા તેમાં દ્વેષ થાય, એ દ્વેષ એ અજ્ઞાનમય ભાવ છે. ધર્મીને અજ્ઞાનમય ભાવ હોતો નથી. કેમકે તેને ઇચ્છા હોતી નથી. ઇચ્છા હોતી નથી તેથી તે દ્વેષનો તેને પરિગ્રહ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

હવે તો આ ગુજરાતી ચાલે છે, સ્પષ્ટ ચાલે છે, હિન્દીમાં એટલું સ્પષ્ટ ન ચાલે. તેથી 'કૈલાસચંદજી'એ કહ્યું હતું, હિન્દી લોકોએ અહીંયાં આવીને ગુજરાતી શીખીને આવવું, તો ગુજરાતી એને સ્પષ્ટ થાય ને સમજાય. તોય આ ફેરે એક મહિનો અને ત્રણ દિ' હિન્દી ચાલ્યું. અષાઢ વદ ૧૩થી. નહિ? શિક્ષિણ શિબિર ચાલી ને? અત્યારે તો આ આવ્યા છે

ને? પજોસણ છે, ગુજરાતી આવ્યા છે. આહાહા..!

**'ક્રોધ,...'** ક્રોધ તે અજ્ઞાનમય ભાવ છે. ભગવાન તો જ્ઞાનમય સ્વરૂપ છે. આહાહા..! એ જ્ઞાનમય ભાવમાં જ્ઞાયકપણે ક્રોધ આવ્યો તેને જાણનારો રહે. આહાહા..! જ્ઞાયકપણે તેનો જાણનાર રહે. પણ તે મારો ભાવ છે. આહા..! ક્રોધ મારો ભાવ છે એવો પરિગ્રહ ધર્મીને હોતો નથી. આહાહા..! ગજબ વાત, પ્રભુ! આહા..! જેણે ભગવાન પૂર્ણાનંદનો નાથ પરિગ્રહપણે પક્કડ્યો, કીધુંને? એ તો ભાઈ! આવી ગયુંને? જ્ઞાયક તે ધર્મીનો પરિગ્રહ છે. આહા..! એ પહેલા આવી ગયું છે. આહાહા..! એકલા આનંદનો રસ ને જ્ઞાનનો રસકંદ પ્રભુ, એ જ્ઞાયકભાવ તે ધર્મીનો પરિગ્રહ છે. આહાહા..! આવી વાતું બહુ આકરી લાગે લોકોને. લોકો બહારથી મનાવી દ્યે. આહા..! પૂજા ને ભક્તિ ને દયા ને દાન ને વ્રત, એ તો બધો રાગ છે. અહીં તો કહે છે કે, રાગ તે અજ્ઞાનમય ભાવ છે. આહાહા..! આવે, હોય, પણ એ અજ્ઞાનમય ભાવ છે માટે તે મારો છે એમ નહિ. આહાહા..! અરે..! વીતરાગ..

પોતાને ઠીક ન પડે ને ત્યાં ક્રોધ થાય, પણ અહીં તો કહે છે કે, ક્રોધ કદાચિત્ આવ્યો પણ ધર્મીને તેની પક્કડ નથી. આહાહા..! એ મારો છે તેમ માનતો નથી. હું તો એક જ્ઞાયકભાવમય સ્વરૂપ, તેનો મને પરિગ્રહ છે, એ ક્રોધનો મને પરિગ્રહ નહિ. કેમકે એ અજ્ઞાનમય ભાવ છે. આહા..! અરે..! લોકો ક્યાં પડ્યા ને ક્યાં વસ્તુ (છે)? એને ખ્યાલમાં પણ આવતું નથી કે આ શું ચીજ છે? અનુભવમાં તો પછી. સમજાય છે કાંઈ? આહા..! કઈ રીતે આ વસ્તુ છે અને કઈ રીતે આ રાગાદિ વસ્તુ છે (એની ખબર નથી).

**'માન,...'** માન એ અજ્ઞાનમય ભાવ છે. અને માનની ઇચ્છા તે તો પરિગ્રહ છે. તેને પરિગ્રહ છે કે જેને ઇચ્છા છે તેને. જેને ઇચ્છા નથી તેને તે પરિગ્રહ નથી. આહાહા..! આવી વાતું છે. એ માન (થયું).

**'માયા,...'** આહાહા..! માયા આવે, પણ માયાની ઇચ્છા નથી. એથી તેને માયાનો પરિગ્રહ નથી અને તે માયા તો અજ્ઞાનમય ભાવ (છે), તે જ્ઞાનમય ભાવથી તો જુદી ચીજ છે. એની પક્કડ જ્ઞાનીને કેમ હોય? આહાહા..! જેને ભગવાન જ્ઞાયકમય એકલો આનંદનો સાગર નાથ, દૃષ્ટિમાં અને જ્ઞાનની પર્યાયમાં એવો જ્ઞાયકભાવ, તેનું જ્ઞાન થયું, આહાહા..! એને ઇચ્છામાત્રનો ત્યાગ છે. તો ઇચ્છા જ્યાં નથી ત્યાં.. આહા..! માયાનો પરિગ્રહ એને નથી. આરે..રે..રે...!

એમ **'લોભ,...'** લોભ તે અજ્ઞાનમય ભાવ છે. આહાહા..! અજ્ઞાનમય ભાવની ઇચ્છા, એ જ્ઞાનમય ભાવવાળાને કેમ હોય? આહા..! જ્ઞાનમય જ્ઞાયકભાવને લઈને એ લોભ છે તેનો પણ જાણનાર કહેવું એ પણ વ્યવહાર છે. પણ અહીં તો એને સમજાવવું છે. આહાહા..! કેમકે સ્વપરપ્રકાશક જ્ઞાનની દશા પ્રગટી છે એથી તે લોભને પણ પરપ્રકાશક તરીકે જાણે છે પણ એ ઇચ્છા ને લોભ મારો છે તેમ ધર્મીને હોતું નથી. આવી વાતું. આહાહા..! અમૃતની

ધારા વહે છે. આહાહા..! ભગવાન તારો માર્ગ એટલે આ ભગવાન, હોં! આહાહા..! જેણે અંદર આત્માની અમૃત આનંદની ધારા જાણી છે, અનુભવી છે.. આહાહા..! એ લોભને પોતાનો કેમ માને? આહા..! નિર્લોભ વીતરાગી સ્વરૂપ જ્યાં પોતાનું માન્યું છે, એ લોભ તે અજ્ઞાનમય ભાવ છે. એ જ્ઞાનમય ભાવવાળો તે અજ્ઞાનમય ભાવને કેમ ઇચ્છે? આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી (છે), હિન્દીવાળાને સમજાય એવું છે. આ કાંઈ એવી (અઘરી) ભાષા નથી. આહા..! બધા હિન્દીવાળા આજે આવ્યા હતા, ભાઈ! કીધું, ભઈ! હવે હિન્દી થઈ રહ્યું. તમે મહિના-મહિનાથી સાંભળો છો અને ગુજરાતી સમજવાની દરકાર કરી નથી. આહાહા..! અષાઢના ત્રણ દિ' અને શ્રાવણ આખો (હિન્દીમાં) ચાલ્યો. કાલ બપોરથી વળી 'ત્રંબકભાઈ'નું થયું ને.. આહા..!

**'લોભ,...'** એ અજ્ઞાનમય ભાવ છે, તેમાં ચૈતન્ય ભગવાનનો અભાવ છે. આહાહા..! કર્મનું જોર છે એમ જે પરિણતિ માનતી હતી, આહાહા..! એ પરિણતિ જ્ઞાયક તરફ ઢળી ગઈ તેથી કહે (છે), કર્મ એ મારી ચીજ જ નથી, કર્મ મારા છે જ નહિ. મને કર્મ છે જ નહિ ને મારા કર્મ છે જ નહિ. ગજબ વાત છે. હવે અહીં કહે કે, કર્મ તો છ દસમા ગુણસ્થાન સુધી બંધાય. એ તો એનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! મારગડા જુદા, બાપુ! લોકોને માર્ગ સાંભળવા મળ્યો નથી. આહા..! સાધુ નામ ધરાવનારા પણ ક્રિયાકાંડથી ધર્મ મનાવનારા, એનો ઉપદેશ પણ એવો. એ તો મિથ્યાત્વનો ઉપદેશ છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ!

કહે છે કે, કર્મ એ એનો પરિગ્રહ નથી. અરે..! મને કોઈ અશાતા કર્મ છે... આહાહા..! મને જ્ઞાનાવરણીય કર્મ છે.. અરે..! પ્રભુ! મને મોહકર્મ છે, અંતરાય કર્મ છે, એમ ધર્મી માનતો નથી. આહા..! 'પંકજ' તો મારો નથી પણ કર્મ મારું નથી, એમ અહીં તો કહે છે. ભાઈ! આહાહા..! આ છોકરો આવ્યો છે ને, 'પંકજ'. જિજ્ઞાસુ લાગણીવાળો છે. આહા..! પણ કોનો? હેં? આહા..! એ એમાં બધું આવી ગયું ને? ઇચ્છા પરિગ્રહ છે, તેને પરિગ્રહ નથી, જેને ઇચ્છા નથી. ઇચ્છા અજ્ઞાનમય ભાવ છે. એમ કર્મ અજ્ઞાનમય ભાવ છે. આહાહા..! અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી. આહાહા..! જ્ઞાનીને જ્ઞાનમય ભાવ (હોય છે). અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે ધર્મીને કર્મની ઇચ્છા નથી. આહાહા..!

કર્મનો પરિગ્રહ અજ્ઞાનમય ભાવને લઈને કર્મ, એની જ્ઞાનીને પક્કડ નથી-મારા છે તેવો ભાવ નથી. એને તો જ્ઞાનમય ભાવ છે. આહાહા..! આ તે ગજબ વાતું કરી છે. અમૃતના સાગરને ઉછાળ્યો છે. આહાહા..! ઉછળ્યો છે અંદરથી તો કહે છે કે, કર્મ એ મારી ચીજ જ નથી. મને કર્મ છે જ નહિ. અરે..! આહાહા..! શાસ્ત્રમાં આવે કે સમકિતીને આટલા કર્મ (છે). એ શબ્દો સાંભળીને તેનું જ્ઞાન કરે છે. એ કર્મ મારા છે એમ એ માનતો નથી. ગજબ વાત છે, બાપુ! આહાહા..! અહીં તો કહે, કર્મને લઈને જ્ઞાનનો ઉઘાડ થાય. કર્મ

(ખસે) તો ઉઘાડ થાય. કર્મનો ઉદય હોય તો તેનું જ્ઞાન રોકાઈ જાય. અરે..! પ્રભુ! સાંભળને ભાઈ! એ વાત એમ છે જ નહિ. તારી જ્ઞાનની પર્યાયનો ક્ષયોપશમ છે એ તારે લઈને તેં કર્યો છે, કર્મના ક્ષયોપશમથી થયો છે એ છે જ નહિ. અહીં તો કહે છે, આહાહા..! કર્મ તો ઠીક પણ જે કર્મ (શબ્દ) સાંભળીને જે જ્ઞાન થયું, સાંભળીને જ્ઞાન થયું એનો પણ તેને પરિગ્રહ નથી. કેમકે એ જ્ઞાન પરલક્ષી છે. આહાહા..!

પોતે ભગવાન સ્વના જ્ઞાનમય સ્વરૂપ છે, આહાહા..! એને આ પરલક્ષીનું જ્ઞાન એનો પરિગ્રહ એને નથી. આહાહા..! આવી વાત છે. કર્મ નથી. આહાહા..! કર્મ તો કેવળીનેય ઇર્યાવરી કર્મ બંધાય છે ને? ઇર્યાવરી આવે છે ને? અગિયારમે, બારમે, તેરમે. ઇ તો જ્ઞાન કરાવ્યું. જ્ઞાની પોતે પોતાને અંદરમાં ઇર્યાવરી ને, આહા..! અરે..! આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન ત્રિકાળી ચૈતન્યચંદ્ર, એ ચૈતન્યના ચંદ્રનો પરિગ્રહ જેણે પકડ્યો, એ મારો પરિગ્રહ છે. જ્ઞાયકભાવ તે મારો પરિગ્રહ છે એને આ કર્મનો પરિગ્રહ ન હોય. આહાહા..! એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ. એમ જેને જ્ઞાયકભાવ મારો પરિગ્રહ છે, આહાહા..! એને કર્મ મારો પરિગ્રહ છે એમ હોય નહિ. આહાહા..! ગજબ વાતું છે. આ તો કહે કે, કર્મને લઈને આમ થાય ને કર્મને લઈને આમ થાય. આહા..! બાપુ! કર્મને લઈને નહિ, તારે લઈને તારો જ્ઞાનનો ઉઘાડ અને ઢંકાવું તારાથી થાય છે. પણ એ ચીજેય તે ઇચ્છવા જેવી નથી. આહાહા..! એની પક્કડ નથી. જ્ઞાન મને ઓછું છે. આહાહા..! આખો જ્ઞાયકભાવ જ્યાં પ્રભુ પક્કડ્યો છે, આહાહા..! એને જાણવાના પર્યાયનું, પરનું જાણવું, હોં! એની પક્કડ–પરિગ્રહ નથી. આહા..!

**‘નોકર્મ,..’** બાહ્યની જેટલી ચીજો છે એ બધા નોકર્મ, એનો પરિગ્રહ (નથી). સ્ત્રી, કુટુંબ, રાજ, છ ખંડના ચક્રવર્તીના રાજ, ઇન્દ્રના ઇન્દ્રાસનો, કરોડો અપ્સરાઓ ધર્મીને તેનો પરિગ્રહ નથી. કેમકે તે આ જ્ઞાનમયથી ઊંધુ અજ્ઞાનમય છે. આ જ્ઞાન નથી તેથી તે અજ્ઞાનમય છે. સમજાણું કાંઈ? આહાહા..! માણસ પછી કહે ને, ‘સોનગઢ’નો માર્ગ તો નિશ્ચયાભાસ છે. અરે..! પ્રભુ! સાંભળને ભાઈ! તું શું કહે છે, બાપુ! અમને ખબર નથી? ભાઈ! વીતરાગમાર્ગમાં પરવસ્તુ એ મારી, એ આત્મામાં ન હોય. વીતરાગ સ્વભાવી ભગવાનઆત્માનો જ્યાં આદર થયો, વીતરાગી સ્વભાવ ભગવાનનો જ્યાં પરિગ્રહ થયો, આહાહા..! એને બાહ્ય કોઈપણ ચીજ મારી છે તેવી ઇચ્છા હોતી નથી. કેમકે ઇચ્છા અજ્ઞાનમય છે અને પરવસ્તુ પણ અજ્ઞાનમય ભાવ છે. આ જ્ઞાન ત્યાં નથી. આહાહા..! એ નોકર્મ (થયું).

**‘મન,...’** આહાહા..! મન અજ્ઞાનમય ભાવ પરમાણુ મનમાં છે ને? એ અજ્ઞાનમય ભાવ છે. આહાહા..! મનના સંબંધે મને વિચાર આદિ આવે છે અને લાભ થાય છે, એમ નથી. આહા..! મન એ અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ તે જ્ઞાનમય ભાવવાળો ભાવ નથી. આહાહા..!

મુમુક્ષુ :- મન તો જડ છે.

ઉત્તર :- જડ છે માટે અજ્ઞાનમય કીધું ને. અરે..! ભાવમન સંકલ્પ-વિકલ્પ છે એ પણ મારું સ્વરૂપ નથી. એ રાગમાં આવી ગયું. ભાવમન એટલે એકલું જ્ઞાન નહિ, ઓલા સંકલ્પ-વિકલ્પ. આહાહા..! એ અજ્ઞાનમય ભાવ સંકલ્પ-વિકલ્પમાં પ્રભુ ચૈતન્ય જ્ઞાનમય સ્વભાવના પરિગ્રહમાં એ અજ્ઞાનમય ભાવ ન હોય. આહાહા..! આ તો ત્રણલોકના નાથના ભાવ છે, ભાઈ! આહાહા..! હેં? પરમાત્માનો સંદેશ છે, પ્રભુ! આહાહા..! એ મન.. મન (થયું). મન મારું છે... આહાહા..! એવો પરિગ્રહ ધર્મીને નથી. મારો તો ભગવાન જ્ઞાયકભાવ છે ત્યાં મન અજ્ઞાનમય ભાવ, એની પક્કડ એને કેમ હોય? આહાહા..!

**'વાણી,...'** વચન અજ્ઞાનમય છે. વચન છે એ અજ્ઞાનમય ભાવ છે. ઇચ્છા જેને નથી તેને અજ્ઞાનમય ભાવનો પરિગ્રહ નથી. ધર્મીને કોઈ ઇચ્છા જ નથી. આહાહા..! એને તો જ્ઞાયકભાવની અંદરમાં ભાવનાવાળો, એને ઇચ્છાનો પરિગ્રહ છે જ નહિ. તેથી, આહાહા..! વચનનો પરિગ્રહ એને નથી. આ વચન બોલાય છે એ મારાથી બોલાય છે અને મારું છે, આહાહા..! એમ નથી. આહા..! વચન તો વાણીવર્ગણામાંથી ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- ભાષાવર્ગણા.

ઉત્તર :- ભાષાવર્ગણા. વાણી કહો કે ભાષાવર્ગણા (કહો). એની વર્ગણામાંથી વચન ઉત્પન્ન થાય. એ કંઈ આત્માથી ઉત્પન્ન થતું નથી. આહાહા..! હવે અહીં ગળા સુધી રચ્યાપચ્યા સંસારમાં રસ.. રસ.. બસ. આહાહા..! હવે એને કહે છે કે, ધર્મી છતાં એને આમ ન હોય. એ તો અધર્મની દશામાં એ બધું મીઠાશ ને લાલ.. લાલ લાળ બધું લાગે.

ધર્મદશા પ્રગટ થતાં એ વચનની વર્ગણાનો પરિગ્રહ નથી કે હું આમ બોલું. આહાહા..! આવી ભાષા હોય તો લોકોને ઠીક પડે, તો ભાષા મારે આમ કરવી. અરે..! પ્રભુ! એમ ક્યાં છે? આહાહા..!

મુમુક્ષુ :- શાસ્ત્રમાં આવે છે, મીઠું બોલવું.

ઉત્તર :- એ તો રાગની મંદતાની વાતું કરી. બોલે કોણ? બધી વાતું વ્યવહારની આવે ઘણી. ઉપકાર એકબીજાને કરવો, એવું 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. આઠમા અધ્યયનમાં. ભગવાને પણ ઉપકાર કર્યો હતો. માટે ઉપકારનું અધ્યયન વાંચું છું. એ બધી નિમિત્તની વાતું. અત્યારે તો એ ચાલ્યું છે, લોકનો આખો નકશો આપે અને નીચે (લખે), 'પરસ્પર જીવાનામ ઉપગ્રહો' પરસ્પર જીવને ઉપકાર કરો. અરે..! એ શબ્દ આવે છે. બધે હવે ઇ ચાલ્યું છે હમણા. ચૌદબ્રહ્માંડનો નકશો અને નીચે આ શબ્દ મૂકે. 'પરસ્પર ઉપગ્રહો જીવાનામ.' આ જીવને બીજા જીવનો ઉપકાર અને એ જીવને આનો ઉપકાર. આહા..!

'સર્વાર્થસિદ્ધિ વચનિકા'માં એ ઉપકારની વ્યાખ્યા કરી છે. એ ઉપકાર એટલે કે નિમિત્ત છે તેને ઉપકાર કહેવામાં આવ્યો છે. પણ નિમિત્તથી ત્યાં પરમાં કાંઈ થાય છે, એમ નથી.

'સર્વાર્થસિદ્ધિ' છે, 'સર્વાર્થિસિદ્ધ'નું મોટું પુસ્તક છે, 'તત્ત્વાર્થ સૂત્ર'ની ટીકાનું, એમાં ઉપકારનો અર્થ કર્યો છે. પણ ઉપકાર કોણ કરે? કોની પર્યાય કોની પાસે ખસે? આહાહા..! હેં?

મુમુક્ષુ :– શાહુકાર હોય એ ગરીબને રસ્તે ચડાવે.

ઉત્તર :– કોણ ચડાવે? ધૂળ. એ તો 'પોપટભાઈ' કહેતા હતા. એમના સાળાને કહ્યું હતું. ઓલાને તો પૈસા બે અબજ, ચાલીસ કરોડ. અઢી અબજ. આ 'પોપટભાઈ'. આટલા પૈસા ને તમે આ બધું શું કરો છો? ત્યારે જવાબ આપ્યો.. પાવર ફાટી ગયેલા હોય અજ્ઞાનીના. કહે, આ તો લોકોનો નિર્વાહ થાય માટે કરીએ છીએ. હજારો માણસો નિર્વાહ પામે છે, હજારો માણસો. આહાહા..! કોણ નિર્વાહ કરે? પ્રભુ! તને શું થયું આ? આહાહા..!

વાણીનો પરિગ્રહ.. આહાહા..! જ્યાં જ્ઞાનસ્વરૂપ ભગવાન જાણનાર-દેખનારો નાથ જાગ્યો ને જોયું.. આહાહા..! કે આ પ્રભુ તો ચૈતન્યનો ગંજ છે, આનંદનો પુંજ છે. આહા..! શાંતિનો સાગર છે. આહાહા..! એવી જ્યાં અંતરદૃષ્ટિ ને અનુભવ થયો તો જ્ઞાનીને એ વચનનો પરિગ્રહ કેમ હોય? આહાહા..! સમજાણું કાંઈ? એ જડની પર્યાય છે. વાણી તો જડની પર્યાય છે. ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી કે જેને ઇચ્છા નથી. એમ જેને, આહાહા..! વચનનો પરિગ્રહ જેને નથી. કેમકે એની ઇચ્છા નથી. આહાહા..!

'**કાય,..**' આ શરીર–કાય. ઔદારિક, વૈક્રિયક, આહારક, કાર્માણ, તૈજસ કાય. આહાહા..! એ અજ્ઞાનમય છે. ભગવાન જ્ઞાનમય છે. એને અજ્ઞાનમય ભાવની ઇચ્છા-પરિગ્રહ કેમ હોય? આહાહા..! આ તો મારું શરીર, મને રોગ થયો છે, હું નિરોગ છું, આહાહા..! કોણ છે? પ્રભુ! આહાહા..! એ શરીરની દશાઓ ને શરીર અજ્ઞાનમય છે. જ્ઞાનમય એવા ધર્મી જીવને એ શરીર મારું છે, એવો પરિગ્રહ નથી. ગજબ વાતું, બાપુ! ધર્મીની શરતું બહુ મોટી. આહાહા..! હેં? આહા..! બે-પાંચ લાખ દીધે કાંઈ ધર્મ થાતો નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– રૂપિયા તો આપે છે.

ઉત્તર :– કરોડો આપી દ્યે પણ ક્યાં એની ચીજ હતી તે આપે? એ તો જડ છે. એની ક્રિયાવતી શક્તિને કારણે જવાનું હોય ત્યારે જાય અને રહેવાનું હોય તો રહે. આહાહા..! પ્રભુ! મારગ બહુ જુદો, ભાઈ!

કાયાનો જેને પરિગ્રહ નથી. કેમકે કાયા તે અજ્ઞાનમય વસ્તુ છે. આહાહા..! અજ્ઞાનમય ચીજ તે જ્ઞાનમય ભગવાનની કેમ હોય? આહાહા..! એ કાયા.. આહાહા..! હવે ઓલામાં એમ આવે, ભાઈએ કહ્યું, 'शरीर आध्यम् खलु धर्म साधनम्' 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'. એ તો નિમિત્તનું કથન. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં આવે છે. પહેલા પાઠમાં શરૂઆતમાં (આવે છે). અહીં તો કહે છે કે, ધર્મી જ્ઞાનમય ભગવાન સચ્ચિદાનંદમય પ્રભુ જ્યાં અનુભવમાં આવ્યો, જેની પક્કડ થઈને એ જ પરિગ્રહ મારો છે, એને કાયાનો પરિગ્રહ કેમ હોય? આહાહા..!

'શ્રીમદ્દે' ન કહ્યું? કાલે કહ્યું હતું નહિ? 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં

વાઘ, સિંહ સંયોગ જો, અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' એવી સમતામાં ઝૂલશું. આહાહા..! શરીરને ખાવા મિત્ર સિંહ આવે, આહા..! તે તો મિત્ર છે. મારું ક્યાં હતું તે મારું શરીર લ્યે? મારું ક્યાં હતું તે મારું લ્યે છે? પરનું શરીર પર લ્યે છે. આહાહા..! પણ એને આમ દેખાય ને? ક્રિયામાં, બહારથી. ખરેખર તો એ શરીરને અડતુંય નથી, એનું મોઢું આને, વાઘનું કે સિંહનું. બહુ આકરું કામ, બાપા! પણ જ્યારે એ બનવાનું હોય તો પોતાને કારણે છૂટી જાય છે. આહાહા..!

કાયાનો પરિગ્રહ ધર્મીને નથી. શરીર ઠીક હશે તો ધર્મ થશે.. આહાહા..! શાસ્ત્રમાંય એમ આવે, ઇન્દ્રિય ઢીલી ન પડે, શરીરમાં રોગ ન આવે, આહાહા..! ત્યાં ધર્મ કરી લેજે. જુઓ!, 'કુંદકુંદાચાર્ય'માં આવે છે. એ તો એને પુરુષાર્થની જાગૃતિ માટે કહે છે. વૃદ્ધાવસ્થા આવશે તો ચાલી નહિ શકે, બાપા! આહાહા..! પાણીના જુઓને લોઢ એટલા આવ્યા, ઘરમાં પાણી ગર્યું કે હવે ન્યાંથી બારણામાં નીકળી ન શકાય. ખુલ્લા બારણા. પાણીનું જોર આવું દળ.. આમ આવ્યું. 'ઇન્દુ' (છે ને). 'રતિભાઈ'ના મકાનની બહાર ગૃહસ્થના મકાન હતા ત્યાં અમે બે વાર ઉતર્યા, 'રતિભાઈ'ને ત્યાં. ત્યાં એને બિચારાને પાણીનું એટલું જોર આવ્યું કે બારણા બહાર ન નીકળી શક્યા. નહિતર બહાર ઉપર જવાની નિસરણી હતી. બસ! ત્યાંને ત્યાં પાંચેય ખલાસ. એ દશા જ દેહની થવાની. બાપા! એ દેહની અવસ્થાનો ભાવ જ એવો હતો. જ્ઞાનીને તેનો પરિગ્રહ હોતો નથી. આહાહા..! આવી વાતું.

**'શ્રોત્ર,...'** ઇન્દ્રિયનો પરિગ્રહ નથી, ઠીક! શ્રોત્ર ઇન્દ્રિય સારી હોય તો મને સાંભળવાનું રહે. અહીં તો કહે છે કે, એ શ્રોત્ર ઇન્દ્રિય દ્વારા ભગવાન સાંભળતો જ નથી.

મુમુક્ષુ :- ૧૭૨ ગાથામાં આવે છે.

ઉત્તર :- ૧૭૨ ગાથામાં આવે છે, રસ. આહાહા..! એક તો અલિંગગ્રહણ છે અને એક તો ૪૯ ગાથામાં આવે છે, ભાઈ! રસ. એક-એકમાં. ન્યાં તો ફક્ત અમુક જ ઇન્દ્રિયનું (આવે છે). ઓલામાં તો ભાવેન્દ્રિય દ્વારા રસ ચાખતો નથી, દ્રવ્યેન્દ્રિય દ્વારા રસ જાણતો નથી. ક્ષયોપશમ ભાવ છે એ પણ એનો નથી. એ દ્વારા રસ ચાખતો નથી અને રસ ચાખવામાં એક તરફનું જેને જ્ઞાન નથી, એનું સામાન્ય બધા માટેનું જ્ઞાન છે. ૪૯ અવ્યક્તના છ બોલ છે ને? છે ને, છે. આહાહા..!

**'શ્રોત્ર,...'** ઇન્દ્રિય. દ્રવ્યેન્દ્રિય, જે શ્રોત્રઇન્દ્રિય ભાવઇન્દ્રિય, બેયનો પરિગ્રહ નથી. આહાહા..! શ્રોત્રઇન્દ્રિય સરખી રહે તો મને સાંભળવાનું મળે. પણ એ સાંભળતો નથી, કહે છે. શ્રોત્ર ઇન્દ્રિય દ્વારા આત્મા સાંભળતો જ નથી. આત્મા તો જ્ઞાન દ્વારા જ્ઞાનની પર્યાયને પ્રગટ કરે છે. આવી વાતું છે. સાધારણ માણસને એવું લાગે કે આ એકલો નિશ્ચય (છે). પણ નિશ્ચય એટલે સત્ય અને વ્યવહાર એટલે આરોપિત ઉપચાર. આહાહા..! આવો ત્રણલોકના

નાથ વીતરાગ પરમાત્માનો આ હુકમ છે. આહાહા..! શ્રોત્ર.. આહાહા..! ઇન્દ્રિયનો પરિગ્રહ નથી. કેમકે ઇચ્છા જ શ્રોત્રની નથી. શ્રોત્રઇન્દ્રિય ઠીક રહે એવી ઇચ્છા જ નથી. આહાહા..! અસ્થિરતાની ઇચ્છા આવે છે તેની ઇચ્છા નથી. આહાહા..!

શ્રોત્ર ઇન્દ્રિય જડ.. એ તો એકત્રીસ ગાથામાં આવી ગયું ને? શ્રોત્ર જડ શરીર પરિણામને પ્રાપ્ત. આ તો શરીર પરિણામને પ્રાપ્ત. એ તો ઠીક પણ ભાવ જે છે, આહાહા..! ભાવેન્દ્રિય એ પણ જીવનું સ્વરૂપ નથી. ખંડ ખંડ ખંડ ખંડ ખંડ એ જીવનું સ્વરૂપ નથી. આહાહા..! જેણે અખંડના નાથને જોયો, જાણ્યો અને માન્યો એને ખંડજ્ઞાનનો પરિગ્રહ કેમ હોય? આહાહા..! આવી વાતું હવે. એમાં પાંચ-દસ લાખ પૈસા થાય, પચીસ-પચાસ થાય ત્યાં તો એમ થઈ જાય કે ધનાઢ્ય છીએ, શ્રીમંત છીએ, શ્રીમંતને ઘરે અવતર્યા છીએ. અહીં કહે છે, પ્રભુ! તું શું કહે છે? શ્રીમંત તો પ્રભુ આત્મા છે. શ્રી નામ સ્વરૂપની લક્ષ્મીવાળો પ્રભુ છે. આહાહા..! ત્યાં તું જન્મ્યો છો? ત્યાં તેની ઉત્પત્તિ કરી છે તેણે? આહા..! તેનો શ્રીમંત શેનો તું? ધૂળનો? આહાહા..! શ્રોત્ર (થયું). આહા..!

**'ચક્ષુ,...'** ચક્ષુ ઠીક રહે તો મને ભગવાનના દર્શન થાય. આ ભગવાનના દર્શન જેણે કર્યા છે એને ચક્ષુનો પરિગ્રહ નથી. આહાહા..! ધર્મી ચક્ષુ દ્વારા જોતો જ નથી. એ તો જ્ઞાન દ્વારા જાણે છે. આ ભગવાન પર છે એ જ્ઞાન દ્વારા જાણે છે, ચક્ષુ દ્વારા નહિ. એ ૪૯ ગાથામાં ઘણું આવ્યું છે. છ બોલ આવે છે. ક્ષયોપશમ ભાવ પણ એનો નથી. આહાહા..! અને ૩૨૦ ગાથામાં આવ્યું ને? કે, જ્ઞાની છે એ, સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું.. આહાહા..! એ ખંડ ખંડ જ્ઞાન તે હું નહિ. ખંડ ખંડ જ્ઞાનની ભાવના ધર્મીને નથી. અરે..! આહાહા..! ચક્ષુનો પરિગ્રહ નથી.

**'ઘ્રાણ,...'** નાક સરખું હોય તો અનાજ બગડેલું છે કે સડેલું છે કે નથી સડેલાની ખબર પડે. એ કંઈ નાકનો પરિગ્રહ ધર્મીને નથી. આહાહા..! અરે..રે...! ક્યાં જીવને હજી તો બહારમાં.. આહાહા..! લૌકિકની અનુકૂળતા માટે મથે બિચારા. હેં? પોતાની સગવડતા માટે કંઈક ઓશિયાળી, લોકોની પાસે આમ કરે ને આમ કરે ને આમ કરે. અરે..રે...! ભિખારીવેડા (છે). પોતાનું કામ કાંઈક કરવું હોય તો પૈસાવાળા હોય કે ઓલા હોય એની પાસે, મારું કામ થશે. આહાહા..! બહાર જવા માટે પણ આની કાંઈક અનુકૂળતા કરું તો મને બહાર જવાનું કાંઈક આપે, થાય. અરે..રે...! શું કરે છે તું? પ્રભુ! બહાર જાવું છે ને તારે? આહા..! અંદર જાવું નથી ને? આહાહા..! એ ઘ્રાણઇન્દ્રિય ભગવાનનો સ્વભાવ નથી, અજ્ઞાનમય છે.

**'રસન,...'** જીભઇન્દ્રિય. આહાહા..! માણસને કેટલાકને એવું છે કે જીભ દ્વારા આમ સ્વાદનો ખ્યાલેય ન આવે. એવી જીભ થઈ જાય પછી જીભને સારી કરવા માટે મથે. લૂખું

થાય ને મોઢું? પાણી.. શું કહેવાય આ? અમી. અમી ન આવે ત્યારે અમી લાવવા માટે પછી આંબલીના કાતરા ગોઠવે એટલે અમી આવે, એમ. કાતરા આંબલીના નહિ? આમ ગોઠવે, ઘરમાં ગોઠવે ને પછી અમી આવે. આવે છે ને પાણી. કેટલાકને બંધ થઈ જાય એટલે અમી લાવવા માટે આવું કરે. છે, બધું જોયું છે, હોં! આહાહા..! પ્રભુ! અમી તો અમૃતનો સાગર અમી લાવવા તો ન્યાં છે. આહાહા..! મોઢામાં અમી બંધ થઈ ગયું માટે આના દ્વારા અમી આવશે, શેના ફાંફાં માર્યા તેં આ? આહાહા..! અમૃતનો સાગર, એમાં અમી નથી, એમ તારી પર્યાયમાં અમી નથી એની તને ખબર નથી? ન્યાં અમી લાવને. આહાહા..! પરમસત્યની વાતું, બાપા! બહુ જુદી જાત છે. એ વીતરાગ સિવાય ક્યાંય આવી વાત છે નહિ. રસન (થયું).

**'સ્પર્શન...'** આ સ્પર્શન, એનો પરિગ્રહ જ્ઞાનીને નથી. આ સ્પર્શ સરખો રહે તો હું સ્પર્શનું કામ કરી શકું. આહાહા..! હાથમાં ખાલી ચડી જાય (ત્યારે) બીજાને પક્કડી શકું છું કે નહિ, એ અડી ન શકે. બે પાના જુદા પાડવા હોય તો આંગળા એવા થઈ જાય કે આ જુદું પાડી ન શકે. બે પાનાને આમ જુદા ન પાડી શકે. એવી અંદર હાથમાં ખાલી ચડી જાય. સ્પર્શ.. સ્પર્શ, એનો પરિગ્રહ (નથી). સ્પર્શ અજ્ઞાન છે. આ અજ્ઞાનમય સ્પર્શ છે. આહાહા..!

**'એ સોળ શબ્દો મૂકી, સોળ ગાથાસૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં...'** જોયું? સોળનું વ્યાખ્યાન કરવું, કહે છે. જેવું માથે કર્યું હતું તેવું આનું કરવું. આહા..! **'અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.'** જેટલા વિકલ્પોની જાત ઉઠતી હોય એ બધા માટે વિચાર કરવો. આહાહા..! એ બધા હું નહિ. આહાહા..! ૨૧૧ થઈ. અહીંયાં મુખ્ય મુનિપણાની અપેક્ષાએ વાત છે. એટલે ત્યાં પુણ્ય, પાપ, આહાર અને પાણી બસ! ચાર સુધી આવશે. ટીકા વચમાં બધા બોલ આવ્યા પણ મૂળ આ પુણ્યનો પરિગ્રહ ધર્મીને નથી, પાપનો પરિગ્રહ ધર્મીને નથી. હવે આહારનો પરિગ્રહ નથી, પછી કહેશે પાણીનો પરિગ્રહ (નથી). વસ્ત્રનો પરિગ્રહ નથી એ નહિ લ્યે, કેમકે આ મુનિપણાની પ્રધાનતાથી કથન છે. સમજાણું કાંઈ?

**'હવે જ્ઞાનીને આહારનો પણ પરિગ્રહ નથી...'** લ્યો. એ આહાર લ્યે તો પરિગ્રહ નથી. આ ગજબ વાત છે. આહાહા..! એ વખતે જ્ઞાતા-દૃષ્ટા આહાર આવે તેને જાણે છે કે આ આહાર આવ્યો. આત્મામાં ન આવ્યો, એવું જાણે છે. આહાહા..! એ આહારનો પણ ધર્મીને પરિગ્રહ નથી. આહાર અજ્ઞાનમય ચીજ છે. આહાહા..! સમજાણું? એની ગાથા વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૨૧૨

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे असणं।
अपरिग्गहो दु असणस्स जाणगो तेण सो होदि।।२१२।।

अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च नेच्छत्यशनम्।
अपरिग्रहस्त्वशनस्य ज्ञायकस्तेन स भवति।।२१२।।

इच्छा परिग्रहः। तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति। इच्छा त्वज्ञानमयौ भावः, अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति। ततो ज्ञानी अज्ञानमयस्य भावस्य इच्छाया अभावादशनं नेच्छति। तेन ज्ञानिनोऽशनपरिग्रहो नास्ति। ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावादशनस्य केवलं ज्ञायक एवायं स्यात्।

---

હવે, જ્ઞાનીને આહારનો પણ પરિગ્રહ નથી એમ કહે છે :-

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે અશનને,
તેથી ન પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ૨૧૨.

ગાથાર્થ :- [ अनिच्छः ] અનિચ્છકને [ अपरिग्रहः ] અપરિગ્રહી [ भणितः ] કહ્યો છે [ च ] અને [ ज्ञानी ] જ્ઞાની [ अशनम् ] અશનને (ભોજનને) [ न इच्छति ] ઇચ્છતો નથી, [ तेन ] તેથી [ सः ] તે [ अशनस्य ] અશનનો [ अपरिग्रहः तु ] પરિગ્રહી નથી, [ ज्ञायकः ] (અશનનો જ્ઞાયક જ [ भवति ] છે.

ટીકા :- ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની અશનને ઇચ્છતો નથી; માટે જ્ઞાનીને અશનનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે આ (જ્ઞાની) અશનનો કેવળ જ્ઞાયક જ છે.

ભાવાર્થ :- જ્ઞાનીને આહારની પણ ઇચ્છા નથી તેથી જ્ઞાનીને આહાર કરવો તે પણ પરિગ્રહ નથી. અહીં પ્રશ્ન થાય છે કે-આહાર તો મુનિ પણ કરે છે, તેમને ઇચ્છા છે કે નહિ? ઇચ્છા વિના આહાર કેમ કરે? તેનું સમાધાન :- અશાતાવેદનીય કર્મના ઉદયથી જઠરાગ્નિરૂપ ક્ષુધા ઊપજે છે, વીર્યાંતરાયના ઉદયથી તેની વેદના સહી શકાતી નથી અને ચારિત્રમોહના ઉદયથી આહારગ્રહણની ઇચ્છા ઉત્પન્ન થાય છે. તે ઇચ્છાને જ્ઞાની કર્મના

**ઉદયનું કાર્ય જાણે છે. રોગ સમાન જાણી તેને મટાડવા ચાહે છે. ઇચ્છા પ્રત્યે અનુરાગરૂપ ઇચ્છા જ્ઞાનીને નથી અર્થાત્ તેને એમ ઇચ્છા નથી કે મારી આ ઇચ્છા સદા રહો. માટે તેને અજ્ઞાનમય ઇચ્છાનો અભાવ છે. પરજન્ય ઇચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી માટે જ્ઞાની ઇચ્છાનો પણ જ્ઞાયક જ છે. આ પ્રમાણે શુદ્ધનયની પ્રધાનતાથી કથન જાણવું.**

---

## પ્રવચન નં. ૨૯૨ ગાથા-૨૧૨, ૨૧૩ શુક્રવાર, ભાદરવા સુદ ૨, તા. ૨૪-૦૮-૧૯૭૯

---

'સમયસાર' ગાથા-૨૧૨. પુણ્ય ને પાપનો પરિગ્રહ નથી, એમ પહેલા આવી ગયું. આમાં મુખ્ય અત્યારે મુનિપણાની મુખ્યતાથી અધિકાર છે. એટલે એમાં પાપ ને પુણ્ય, આહાર ને પાણી (એમ) ચાર લીધા. વસ્ત્ર ને પાત્રનો પરિગ્રહ નથી. એ વાત નથી લીધી. મુખ્ય તો મુનિને યોગ્યની અપેક્ષાએ આમાં વાત છે. આમાં હોં! અત્યારે. આમ તો નવમી ગાથામાં તો **'सुद्देणहिगच्छदि'** જ્ઞાનનું એકલું. જ્ઞાનસ્વરૂપથી આત્મા જાણે. અગિયારમી ગાથામાં સમ્યગ્દર્શનનો અધિકાર (છે). **'भूदत्थमस्सिदो खलु'** એમ ચૌદમી ગાથામાં સમ્યગ્દર્શનનો અધિકાર (છે), પંદરમાં સમ્યગ્જ્ઞાન અધિકાર, સોળમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણનો અધિકાર (છે). એમ ગૌણપણે સમ્યગ્દર્શનનો અધિકાર છે પણ ક્યાંક તો મુખ્યપણે મુનિપણાની અપેક્ષાથી કથન છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. પંચમ ગુણસ્થાનની ઉપર હોય, વીતરાગ સમ્યગ્દૃષ્ટિનું મુખ્યપણે કથન છે, ગૌણપણે સમ્યગ્દૃષ્ટિનું છે, એવો સંસ્કૃતમાં પાઠ છે. એટલે અત્યારે આ 'નિર્જરા અધિકાર'માં ફક્ત મુનિપણાની મુખ્યતાથી (વાત કરી છે). કારણ કે એને શુભભાવ આવે છે પણ એનો એને પરિગ્રહ નથી. આહાહા..!

એ શુભભાવ મારો છે અને મને એનાથી લાભ થશે, એ દૃષ્ટિ ધર્મીની નથી. ધર્મીની દૃષ્ટિ તો જ્ઞાયક ચિદાનંદ સ્વભાવ, પૂર્ણઘન અમૃતનો સાગર પરમાત્મા, એ ધર્મીની દૃષ્ટિમાં છે. આહાહા..! એથી એને રાગાદિ કે પુણ્યાદિનો પરિગ્રહ તો સમ્યગ્દૃષ્ટિને પરમાર્થે નથી. એમ આહાર આદિનો પણ પરિગ્રહ (નથી). સમ્યગ્દૃષ્ટિને આહાર લેવાની ઇચ્છા હોય, આહાર હોય પણ તે ઇચ્છાનોય પરિગ્રહ નથી અને આહારનીય એને પક્કડ નથી. આહાહા..! મુનિને તો સાક્ષાત્ આહાર, પાણીની ઇચ્છા હોય છતાં તેનો એ સ્વામી નથી. અશનની વાત કરશે.

**'જ્ઞાનીને આહારનો પણ પરિગ્રહ નથી...'** આહાહા..! આનંદમૂર્તિ ભગવાન જેને અંતરદૃષ્ટિમાં આવ્યો, પ્રભુ! આહાહા..! ચૈતન્ય સ્વરૂપ વીતરાગ આનંદઅમૃતનો સાગર પ્રભુ, એની સત્તાનો જ્યાં સમ્યગ્જ્ઞાનમાં, દર્શનમાં સ્વીકાર થયો એને આહારનો પરિગ્રહ નથી. આવે, કહેશે ખુલાસો.

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे असणं।**
**अपरिग्गहो दु असणस्स जाणगो तेण सो होदि।।२१२।।**
**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે અશનને,**
**તેથી ન પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ૨૧૨.**

**ટીકા :–** **'ઇચ્છા પરિગ્રહ છે.'** આહાહા..! ભગવાન અમૃતના સાગરનું જ્યાં ભાન છે ત્યાં ઇચ્છા હોતી નથી, એમ કહે છે. આહાહા..! ઇચ્છા હોય છે પણ એનો પરિગ્રહ નથી. પક્કડ નથી કે આ મારી ઇચ્છા છે. એથી ઇચ્છા તે પરિગ્રહ છે.

**'તેને પરિગ્રહ નથી–જેને ઇચ્છા નથી.'** એ વાત આવી ગઈ છે. **'ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે...'** આહાહા..! રાગ ઇચ્છા તો અજ્ઞાનમય છે, ભગવાન તો આનંદ અને જ્ઞાનમય છે. ઇચ્છા તો અજ્ઞાનમય અને દુઃખમય છે. આવી વાતું આકરી છે. આત્મા જ્ઞાનમય અને આનંદમય છે, ત્યારે ઇચ્છા અજ્ઞાનમય અને દુઃખમય છે. આહાહા..! તેથી તે ઇચ્છાનો પરિગ્રહ **'અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...'** અથવા એ દુઃખમય ભાવ જ્ઞાનીને હોતો નથી. આહાહા..!

**'જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...'** આહા..! સમ્યગ્દષ્ટિને પણ ગૌણપણે આમાં લીધો છે. આહાહા..! આત્માનું જ્ઞાયક સ્વરૂપ એવું જ્યાં અંતરમાં પર્યાયને જ્ઞાયકમાં વાળીને જ્યાં આનંદનો સ્વાદ આવ્યો.. આહાહા..! એવા સમકિતીને અજ્ઞાનમય રાગ અને દુઃખમય ભાવ એ મારો છે, તેને હોતું નથી. આહાહા..! **'અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...'** આહાહા..! આત્મા આનંદ ને જ્ઞાન પ્રભુ (છે), તેથી સમકિતદૃષ્ટિને તે જ્ઞાનમય આત્મમય સ્વભાવમય ભાવ હોય છે. આહાહા..!

**'તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની અશનને ઇચ્છતો નથી;...'** કહો, આહાર તો તીર્થંકર 'ઋષભદેવ' ભગવાને છ મહિના સુધી આહાર ન કર્યો. બંધી હતી, પછી છ મહિના સુધી આહાર લેવા જતા. નહોતો મળતો ને પાછા ફરી જતા. અવધિજ્ઞાનમાં એને નહોતી ખબર? પણ એ અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકતા નથી. આહા..! નહિતર અવધિજ્ઞાનમાં ખ્યાલ ન આવે કે, આહાર-પાણી મળશે કે નહિ મળે? આહાહા..! જેને અવધિજ્ઞાન થયું છે (છતાં) ઉપયોગ મૂકતા નથી. શું કામ છે? આહાહા..! સ્વરૂપની દૃષ્ટિ ને સ્થિરતા આગળ બીજું શું કામ છે? આહા..! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! એથી અજ્ઞાનીને જે ઇચ્છા પોતાની થઈને આવે છે, જ્ઞાનીને તે ઇચ્છાનો પરિગ્રહ નથી. તેથી જ્ઞાનીને આહારનો પરિગ્રહ નથી. આહાહા..!

'ભરત' ચક્રવર્તી સમ્યગ્દષ્ટિ, બત્રીસ કવળનો આહાર. શાસ્ત્રમાં પુરુષને બત્રીસ કવળનો આહાર ચાલ્યો છે, સ્ત્રીને અઠ્યાવીસ કવળનો આહાર ચાલ્યો છે. સિદ્ધાંતમાં ચાર કવળ

ઓછા લીધા છે. અને બત્રીસ કવળ, એવા એને બત્રીસ કવળ છે એને કે જેને છન્નુ કરોડ પાયદળ ખાય ન શકે. આહાહા..! એવા બત્રીસ કવળનો ભસ્મનો, હીરાની ભસ્મને ઘઉંમાં નાખીને શેરો બનાવે, રોટલી બનાવે. આહાહા..! અહીં કહે છે કે, ધર્મીને–સમ્યગ્દષ્ટિને એ અશનની ઇચ્છા નથી. ઇચ્છાની ઇચ્છા નથી માટે ઇચ્છા નથી. આહાહા..! આકરું કામ, ભાઈ! વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે. આહા..! બત્રીસ કવળ. એક કેવળની અબજો રૂપિયાની કિંમત. એકલી હીરાની ભસ્મ. ઘીમાં નાખીને ઘઉંના દાણા એમાં નાખે ને એ ઘઉંના દાણાનો બનાવે શેરો ને રોટલી. એ બત્રીસ કવળ ખાય કે જે છન્નુ કરોડ (પાયદળ) ખાય ન શકે. છતાં કહે છે કે, એને.. આહાહા..! એની દૃષ્ટિમાં એનો સ્વીકાર નથી. આહાહા..!

મારો પ્રભુ તો અનાહારી.. આહાહા..! અમૃતના અનુભવનો કરનાર, અમૃતનો જેને આહાર છે. આહાહા..! અમૃત સ્વરૂપ ભગવાન છે તેને જાણતા ભાન થયું. આહાહા..! એ અમૃતનો જેને આહાર (છે), એને આ ધૂળનો આહાર (કેમ હોય)? ધૂળ છે એ તો. એની એને ઇચ્છા નથી. ઇચ્છા છે તેની ઇચ્છા નથી, માટે ઇચ્છા નથી. આહાહા..!

**'જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે...'** શું કહે છે? જ્ઞાનમય એવા જ્ઞાયકભાવની હયાતીના, સત્તાના સ્વીકારને લઈને, પર્યાયમાં જ્ઞાનમય ભાવ, આનંદમય ભાવ, એવો પ્રગટ છે એને લઈને **'(જ્ઞાની) અશનનો કેવળ જ્ઞાયક જ છે.'** આહાહા..! જ્ઞાની–ધર્મી તો એ આહારનો જાણનારો છે. એક સમયે પોતાના જ્ઞાયકનું જ્ઞાન અને એનું જ્ઞાન એ પોતાથી ઉત્પન્ન થતું જ્ઞાયકપણે તે જાણે છે. આહાહા..! જેમ જ્ઞેયો જ્ઞાનના વિષય છે તેમ એ આહાર જ્ઞાનનો વ્યવહાર વિષય છે. એ જાણે છે કે, છે આ. આહાહા..!

**'અશનનો કેવળ જ્ઞાયક જ છે.'** એમ છે ને? અધર્મમાંય એમ લીધું. **'અધર્મનો કેવળ જ્ઞાયક જ છે.'** આહાહા..! એકલો જાણનાર-દેખનાર જ છે. આહાર આવે છતાં તેનો જાણનાર-દેખનાર જ છે. કેમ? ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો. ઓહોહો..! તીર્થંકર જેવા પણ આહાર લેતા હતા, મુનિઓ આહાર લ્યે છે. આહાહા..! અને મુનિને કે ધર્મીને આહાર નથી, શું કહો છો આપ? શું કહેવા માગો છો? મને શંકા નથી પણ હું સમજી શકતો નથી, આશંકા છે. તમારું કહેવું ખોટું છે એમ મને લાગતું નથી. પણ કઈ અપેક્ષાથી કહો છો તેવી આશંકા રાખું છું. મને સમજવું છે.

**ભાવાર્થ :– 'જ્ઞાનીને આહારની પણ ઇચ્છા નથી તેથી જ્ઞાનીને આહાર કરવો તે પણ પરિગ્રહ નથી.'** આહાહા..! એમાં સુખબુદ્ધિ નથી. સુખબુદ્ધિ તો ભગવાનઆત્મામાં છે. આહાર આવે છે, લ્યે છે એમાં સુખબુદ્ધિ નથી. આહાહા..! **'અહીં પ્રશ્ન થાય છે કે–આહાર તો મુનિ પણ કરે છે,...'** મહામુનિ સંત આત્મધ્યાની, જ્ઞાની, અમૃતના સ્વાદિલા.. આહાહા..! પ્રચુર અમૃતના સ્વાદિલા. સમ્યગ્દષ્ટિને અમૃતનો સ્વાદ (છે) પણ અલ્પ જઘન્ય (છે). આહાહા..! મુનિને તો અમૃતના સાગરના દરિયા વહે છે અંદર. આહા..! શાંતિ.. શાંતિ.. શાંતિ.. ત્રણ

કષાયનો અભાવ (થયો) એટલી શાંતિ (છે). આહાહા..! એ શાંતિના વેદનનું જેને મુખ્યપણું છે એવા પણ આહાર તો લ્યે છે, કહે છે. તમે કહો (છો) કે, ધર્મીને આહારનો પરિગ્રહ નથી, તો આહાર તો 'ઋષભદેવ' ભગવાન જેવા તીર્થંકર પણ જ્યારે છ મહિનાના આહારની પ્રતિજ્ઞા પૂરી થઈ ગઈ (પછી) લેવા જતા. ત્યાં મળતો નહિ, પાછા ફરીને આત્માના ધ્યાનમાં જાતા. આહાહા..! તો આહાર તો મુનિ પણ કરે છે ને. મુનિ પણ એટલે શું? સમકિતી તો કરે જ છે પણ મુનિ પણ કરે છે ને. આહાહા..! ભારે માર્ગ. **'તેમને ઇચ્છા છે કે નહિ?'** શિષ્યનો પ્રશ્ન છે. મુનિ આહાર કરે છે તો એને ઇચ્છા છે કે નહિ? **'ઇચ્છા વિના આહાર કેમ કરે?'** આહાહા..!

**'તેનું સમાધાન :– અશાતાવેદનીય કર્મના ઉદયથી...'** ત્રણ બોલ લેશે. **'અશાતાવેદનીય કર્મના ઉદયથી જઠરાગ્નિરૂપ ક્ષુધા ઊપજે છે,...'** આહાહા..! અશાતાવેદનીયના ઉદયનું નિમિત્ત. જઠરાગ્નિ અંદર ઉત્પન્ન થાય. આહાહા..! **'વીર્યાંતરાયના ઉદયથી તેની વેદના સહી શકાતી નથી...'** આહા..! મુનિને પણ હજી પર્યાયમાં નબળાઈ છે, એને અહીંયાં વીર્યાંતરાયનું નિમિત્ત કીધું. આહાહા..! પર્યાયમાં નબળાઈ છે તો વેદના સહી શકાતી નથી. આહાર ન લઉં, એમ નથી. ત્યાં વેદના એની સહન થતી નથી. ક્ષુધા. ક્ષુધા અગ્નિ બળે છે અને આહા..! આહાર લેવાની વીર્યાંતરાયના ઉદયથી વેદના સહી શકાતી નથી તેથી **'ચારિત્રમોહના ઉદયથી...'** નિમિત્તથી કથન છે હોં! ઇ. પોતાને અંદર રાગની મંદતાને લઈને રાગ આવે છે. પુરુષાર્થની કમજોરીને લઈને ઇચ્છા આવે છે. આહા..! **'આહારગ્રહણની ઇચ્છા ઉત્પન્ન થાય છે.'** આહાહા..!

**'તે ઇચ્છાને...'** હવે ત્રણ બોલ ઇ કહ્યા, સામે ત્રણ બોલ કહે છે, ચાર કહેશે. **'તે ઇચ્છાને જ્ઞાની કર્મના ઉદયનું કાર્ય જાણે છે.'** એક વાત. મારું કાર્ય નહિ, હું તો આનંદસ્વરૂપ પ્રભુ (છું). આહાહા..! મારી પર્યાયનું કાર્ય તો આનંદનું છે. આ રાગનું કાર્ય એ મારું નહિ. આહાહા..! એ કર્મનું કાર્ય છે. આહાહા..! એ કર્મની પર્યાય છે, પ્રભુ ધર્મી આત્મા એની એ પર્યાય નથી. આહાહા..! ભગવાન અમૃતનો સાગર નાથ, એની એ પર્યાય નથી, એનું એ કાર્ય નથી. આહાહા..! એથી રાગ છે તે કર્મનું કાર્ય છે એમ નાખ્યું. પણ એમાંથી કોઈ એમ લઈ લ્યે કે, જુઓ! કર્મનો ઉદય આવ્યો માટે એણે રાગ કરવો જ પડ્યો, એમ નથી. ત્યાં પોતાની કમજોરીને લઈને કર્મના ઉદયમાં જોડાય જાય છે. એથી ત્યાં તેને રાગની ઉત્પત્તિ થાય છે. પણ તે રાગનું કાર્ય મારું છે (એમ માનતો નથી). આહાહા..! ગજબ વાત છે. કાર્ય એટલે પર્યાય. પર્યાયને કાર્ય કહે છે, વસ્તુને કારણ કહે છે. મારું કાર્ય આ નથી. આહાહા..! એ ઇચ્છા તો કર્મ જે જડ છે તેનું કાર્ય છે. આહાહા..! મારી નબળાઈ છે એ વાતને ગૌણ કરીને (કહે છે). એ રાગ કર્મનું કાર્ય છે. એ આગળ આવે છે ને? કર્મ વિપાકરૂપ. કર્મનો વિપાક તે રાગ છે. પ્રભુ! આહાહા..! મારો પાક નહિ. હું તો અમૃતના.. આહાહા..!

અમૃતના સાગર ઊછળે, અમૃતનો આહાર મારો છે.

આત્મા અમૃતને પાકે તેનું એ ક્ષેત્ર છે. 'સુખધામ અનંત સુસંત ચહી' એ આત્મા સુખધામ. મારું ક્ષેત્ર જ એવું છે કે એમાંથી અમૃત જ પાકે. આહાહા..! પથરાના બહુ ભાગ હોય અને ધૂળ હોય ત્યાં કળથી પાકે અને ચોખ્ખી જમીન હોય એમાં ચોખા પાકે. ચોખા પાકવાની જમીન જુદી જાત હોય છે. આહાહા..! એમ મારા પાકમાં તો પ્રભુ હું તો આત્મા છું ને! આહાહા..! મારા પાકમાં તો શાંતિ ને આનંદ પાકે. આહાહા..! એ રાગનો પાક મારું કાર્ય નહિ. આવી વાત. આહાહા..!

મુમુક્ષુ :- પોતાની નબળાઈ તો લાગે છે.

ઉત્તર :- ઇ નબળાઈ છે એ તો જાણે છે, ખ્યાલ છે. ઇ તો પરિણમન મારું છે, એમ તો 'પ્રવચનસાર'માં આવ્યું છે ને! રાગનું પરિણમન મારામાં છે, પણ એ વાત જ્ઞાન જાણે છે. અહીં દૃષ્ટિની પ્રધાનતામાં તેને ગૌણ કરીને તે કાર્ય મારું નથી, એમ છે. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! બાકી ધર્મી તો રાગ થાય તેનું પરિણમન મારું છે (એમ જાણે છે). એ કંઈ કર્મને લઈને છે એમ નથી. આહાહા..! તેમ એ રાગનો કર્તા પણ હું છું અને રાગનો ભોક્તાય હું છું. એ જ્ઞાનની દશાથી તેને સ્વપરનો ભોક્તા ને કર્તા કહેવામાં આવે છે. આહાહા..! સ્વના જ્ઞાનનોય કર્તા અને આ જ્ઞાનની દશાનોય ભોક્તા. સાથે રાગનું પરિણમન તેટલો કર્તા અને તેનો તેટલો ભોક્તા છે. પણ અહીંયાં તો એ વાત જ્ઞાનપ્રધાનમાં જાણનાર જાણે છે કે મારામાં મારે લઈને આ છે, પણ અહીં દૃષ્ટિપ્રધાનના કથનમાં તો.... આહાહા..! આરે..! આવી વાતું છે. વીતરાગમાર્ગ બાપુ! સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. આહાહા..!

**'આહારગ્રહણની ઇચ્છા ઉત્પન્ન થાય છે, તે ઇચ્છાને જ્ઞાની કર્મના ઉદયનું કાર્ય જાણે છે.'** મારી નબળાઈ છે એ વાતને ગૌણ કરીને (ઉદયનું કાર્ય કહ્યું). 'પંચાસ્તિકાય'માં ભાઈ! એમ લીધું છે ને? વિષયમાં રોકાણને લઈને મારે ઘાત છે. પૂર્ણ કેવળજ્ઞાનનો ઘાત કેમ છે? કર્મને લઈને નહિ. 'વિષય પ્રતિબદ્ધ' એવો શબ્દ છે. 'પંચાસ્તિકાય'. હું જાણવામાં અલ્પમાં રોકાયેલો છું, એ પ્રતિબદ્ધ છે. આહાહા..! પ્રભુ આત્મા સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ હોવા છતાં મારી પર્યાયમાં અલ્પપણાના વિષયમાં રોકાણો છું, એ જ મને પ્રતિબદ્ધ છે. આહાહા..! છે 'પંચાસ્તિકાય'? કેટલામી છે? શું કીધું? વિષય પ્રતિબદ્ધ. લખ્યું તો હશે અહીં ક્યાંક. ગાથા-૧૬૩.

**'ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.'** ભગવાનઆત્મામાં આનંદ, એનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે. **'આત્માનો 'સ્વભાવ' ખરેખર દશિ-જ્ઞપ્તિ (દર્શન અને જ્ઞાન) છે.'** આહાહા..! **'તે બન્નેને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.'** આહાહા..! કર્મ પ્રતિકૂળતા છે, એમ ન લીધું. મારું જાણવું-દેખવું ઓછામાં અટકી ગયું છે એ મને પ્રતિકૂળ છે. આહાહા..! હું સર્વજ્ઞ અને સર્વદર્શી મારી શક્તિ અને પર્યાયમાં તે

હોવું જોઈએ. આહાહા..! મારો નાથ સર્વજ્ઞ, સર્વદર્શી પ્રભુ (છે) તો એની પર્યાયમાં સર્વજ્ઞ અને સર્વદર્શી પર્યાય આવવી જોઈએ પણ હું અલ્પ વિષયમાં રોકાઈ ગયેલો છું એથી મને સર્વજ્ઞ અને સર્વદર્શી નથી થતું. આહાહા..! વિષય એટલે? ભોગ એ વિષય નહિ. જ્ઞાનનો વિષય જે અલ્પ છે ઇ. આહાહા..! જાણવા-દેખવાની મારી પર્યાય અલ્પ વિષયમાં રોકાઈ ગયેલી છે. આહાહા..! એ જ મને પ્રતિકૂળ છે, કહે છે. આહાહા..! દિગંબર સંતોની બલિહારી છે, જેણે કેવળજ્ઞાનીના પેટ ખોલી નાખ્યા છે. આહાહા..! અને તે અંદરમાં બેસી જાય એવી વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

**'બન્નેને...'** દર્શન, જ્ઞાન બન્નેને **'વિષયપ્રતિબંધ...'** હેઠે (ફૂટનોટ છે). વિષયમાં રૂકાવટ, મર્યાદિતપણું. દર્શન, જ્ઞાનમાં મર્યાદિતપણું છે જાણવાનું એ જ પ્રતિકૂળતા છે. આહાહા..! ભગવાન તો જાણનારો અમર્યાદિત જાણવા-દેખવાનો સ્વભાવ છે એનો. ત્રિકાળ તો છે પણ પર્યાયમાં પણ અમર્યાદિત જાણવા-દેખવાનો સ્વભાવ હોવો જોઈએ. આહાહા..! એવા જાણવા-દેખવાના પૂર્ણ સ્વભાવનું અમર્યાદિતપણું નહિ અને અલ્પ વિષયમાં રોકાઈ જનારું જ્ઞાન, દર્શન... આહાહા..! એ મને પ્રતિકૂળતા છે. આહાહા..! એ મને મારાથી પ્રતિકૂળતા છે. સમજાણું કાંઈ? આહાહા..! ૧૬૩ ગાથા છે.

**जेण विजाणदि सव्वं पेच्छदि सो तेण सोक्खमणुहवदि।**
**इदि तं जाणदि भविओ अभव्वसत्तो ण सद्दहदि।।**

આહાહા..! ભવ્ય જીવ કે લાયક જ્ઞાની આમ જાણે, અભવિને ખબર પડતી નથી. અરે..! મારું જ્ઞાન ને દર્શન, પૂર્ણ સ્વભાવી મારો પ્રભુ, એની પર્યાયમાં પૂર્ણ દેખવું-જાણવું હોવું જોઈએ એને ઠેકાણે અપૂર્ણમાં રોકાઈ ગયો... આહાહા..! એ મારે પ્રતિકૂળતા છે. કર્મની પ્રતિકૂળતા છે, એ નહિ. જુઓ તો ખરા વાણી! આહાહા..! 'માંગીલાલજી'! આ ભાષા તો સાદી છે, બહુ ઓલી નથી. તમે તો અહીં આવો છો. આહાહા..! આ 'પંચાસ્તિકાય' છે, 'કુંદકુંદાચાર્ય' એની ટીકા 'અમૃતચંદ્રાચાર્ય'(ની છે).

અહીં કહે છે, ઇચ્છાને જ્ઞાની કર્મનું કાર્ય જાણે છે. એટલે કે મારી પર્યાયમાં કમજોરી છે. મારી દૃષ્ટિ ત્યાં નથી. મારી દૃષ્ટિમાં તો ભગવાન પૂર્ણ સ્વરૂપ છે તે છે. માટે મારું કાર્ય તો જ્ઞાન ને દર્શન ને આનંદ આવવું જોઈએ. એને ઠેકાણે ઇચ્છા આવી એ કર્મનું કાર્ય છે, એમ કરીને કાઢી નાખ્યું છે. આહાહા..! એનો હું તો જ્ઞાતા છું, એમ કહે છે. આહાહા..!

બીજો બોલ. **'રોગ સમાન જાણી તેને મટાડવા ચાહે છે.'** પહેલા બોલમાં એ કહ્યું કે, જ્ઞાની ઇચ્છાને કર્મના ઉદયનું કાર્ય જાણે પણ પોતાનું કાર્ય નથી (એમ જાણે છે). આહાહા..! અરે..! નિધાન જેને અંદરથી મળ્યા છે.. આહા..! પૂર્ણાનંદનો નાથ જ્યાં ઉછળીને પર્યાયમાં આવે છે. આહાહા..! એનું તો કાર્ય જ્ઞાન ને આનંદ છે. એનું કાર્ય રાગ હોય નહિ. કારણ કે એના સ્વભાવમાં એ કાંઈ છે નહિ. આહાહા..! જેટલા સ્વભાવ અને શક્તિઓ છે એ

બધી પવિત્ર છે. આહાહા..! તો પવિત્રતામાં અપવિત્રતાનું કાર્ય હોઈ શકે નહિ. શું કહ્યું સમજાણું? ભગવાનઆત્મામાં તો જેટલા અનંત ગુણો.. કાલે આવ્યું હતું કે, આકાશના પ્રદેશથી પણ આત્મામાં અનંતગુણા ગુણ છે. જ્યારે શ્વેતાંબરમાં આવ્યું છે (એ) આમાંથી લીધેલું આવ્યું છે, ત્યાં ક્યાં હતું? આમાં ક્યાં છે એ ખ્યાલમાં આવતું નથી. કાલે બતાવ્યું હતું ને? 'અજીતનાથ'ની સ્તુતિ. એક જીવમાં આકાશના પ્રદેશ કે જેનો અંત નથી, આહાહા..! દસે દિશાઓનો ક્યાંય અંત નથી. એટલા જે આકાશના પ્રદેશ એના કરતા ભગવાન એક આત્મામાં અનંતગુણા ગુણ છે. આહાહા..! તમારા પૈસા કરોડ, બે કરોડ, અબજ.. અમારા વખતમાં તો બીજું હતું જરી. અબજ પછી ખર્વ, નિખર્વ એવું હતું. ખર્વ, નિખર્વ, મહાસંઘદી, જગદી ને મધ્યમ ને એ વખતે હતું. અઢાર બોલ હતા. અત્યારે તો ચાલ્યું ગયું, અબજ જ છે. આહાહા..! પણ અહીં તો કહે છે કે, હજી પ્રારંભ છે, અઢારમો આંકડો એ પણ હજી એની મર્યાદા છે. ભગવાનને તો.. આહાહા..! આકાશના પ્રદેશનો અંત નહિ, શું કહે છે? પ્રભુ! એ ખેતરનો-ખેતરનો જ્યાં અંત નહિ, એ ખેતરના જાણનારના ગુણનો અંત નહિ. એવા અનંત ગુણો પ્રભુ અંદર ઠાંસીને ભર્યા છે. એ અનંતમાંથી કોઈ ગુણ અપવિત્રપણે પરિણમે એવો કોઈ ગુણ નથી. એ જાણીને અહીં એમ કહ્યું છે કે, ઇચ્છા એ મારું કાર્ય નહિ. હું તો પવિત્ર છું ને પવિત્રનું કાર્ય તો પવિત્ર છે. 'લાલચંદભાઈ'! કાર્ય કેમ કહ્યું? કર્મની માથે કેમ નાખ્યું? સમજાણું કાંઈ? છે તો પોતાની નબળાઈ પણ કર્મની માથે કેમ નાખ્યું? પોતે ભગવાન અનંત ગુણનો પિંડ પવિત્ર પ્રભુ, એમાં કોઈ ગુણ વિકાર કરે એવો કોઈ ગુણ જ નથી. એ પર્યાયમાં અધ્ધરથી વિકાર થાય છે તેથી તેને પવિત્રતાનું કાર્ય ન ગણીને કર્મનું કાર્ય ગણ્યું છે. આહાહા..! અરે..! ભગવાનનો માર્ગ તો જુઓ, ભાઈ! આહાહા..!

ત્રિલોકના નાથ જિનેશ્વર પરમાત્મા. પાછું એવું છે કે જેટલા અનંત ગુણો આત્મામાં છે, આકાશના પ્રદેશથી અનંતગુણા, તેટલા જ ગુણ એક પરમાણુમાં છે. ભલે એ જડ (છે). જડના જડ ગુણો. એટલા જ સરખા. દ્રવ્ય છે ને! આહાહા..! એ કાલે આવ્યું હતું ને? આકાશના પ્રદેશથી દરેક દ્રવ્યના ગુણ અનંતગુણા છે. કેટલા વખતથી કહ્યું હતું પણ હાથ નહોતું આવતું. કાલે આવ્યું. એને આવવું હોય ત્યારે આવે ને! બાપુ! આહાહા..!

અહીં શું કહેવું છે? કે, ભગવાનમાં અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા.. થોકના થોક અનંતા એટલા અનંતા કે છેલ્લો અનંત જેમાં આવી શકે નહિ અને છેલ્લો અનંતનો પાછો છેલ્લો અંક પણ આવે નહિ, એટલા અનંતા. આહાહા..! એટલા પવિત્ર ગુણમાં કોઈપણ એક શક્તિ વિકાર કરે એવી શક્તિ નથી. શિષ્યે એ પ્રશ્ન કર્યો છે ઓલામાં કે, પ્રભુ! અનંત શક્તિનો ધણી છે તો કો'કનું કાર્ય કરે એવી શક્તિ છે કે નહિ? પ્રશ્ન છે ને! સમજાણું કાંઈ? આટલી બધી શક્તિઓ તમે આત્મામાં વર્ણવો છો તો એક શક્તિ એવી પણ કેમ ન હોય કે પરનું કરી શકે? 'પાટનીજી'! આહાહા..! ભગવાન! તારી મહિમા તો જો, પ્રભુ!

આહાહા..! તેં કોઈ દિ' સાંભળી નથી, બેઠી નથી, ભાઈ! આહાહા..!

કહે છે, પ્રભુ! અનંતા અનંતા એટલા મહા ગુણોનો અનંતનો અનંતનો અંત ક્યાંય નથી આકાશના પ્રદેશની જેમ. આહાહા..! એમ ને એમ જાણી લેવું (એમ નહિ) પણ એના ભાવમાં ખ્યાલ આવવો, ભાસન (થવું જોઈએ). દસે દિશાઓમાં આકાશની અનંતી શ્રેણી, ધારા એક એક આકાશની શ્રેણી આમ ક્યાંય ગઈ એનું પૂરું નથી, આમ ગઈ એમાં પૂરું નથી, આમ ગઈ ન્યાં પૂરું નથી, હેઠે ગઈ એમાં પૂરું નથી. આહાહા..! એવા આકાશના પ્રદેશો કેટલા હશે? એક આકાશમાં અનંતી શ્રેણીઓ આમ. એ એક એક શ્રેણીમાં અંત વિનાના પ્રદેશો. એવી અનંતી શ્રેણીના પ્રદેશો જેનો પાર ન મળે. આહાહા..! ભગવાન! તારી મહિમા તો જો! તું ક્યાં રોકાઈ ગયો? ક્યાં મીઠાશમાં તું રોકાઈ ગયો? પ્રભુ! આહાહા..!

એવા અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા ગુણોનો અનંત અનંત અનંત અનંતમાં અનંત અનંત અનંત છેલ્લું અનંત જેમાં નથી, એમ કહે છે. આહાહા..! જેમ આકાશમાં છેલ્લો કોઈ ભાગ જ નથી. આહાહા..! કહો, આવું સાંભળ્યું હતું ક્યાંય? આ દિગંબર ધર્મ આ છે. આહાહા..! એટલી એટલી શક્તિ છે. શિષ્યે પૂછ્યું કે, પ્રભુ તો અનંત શક્તિનો ધણી છે તો એક શક્તિ કર્મનું કરે, પરનું કરે એવી શક્તિની શું કરવા ના પાડો છો? ભાઈ! અનંતી શક્તિ છે પણ પરનું કરે એવી એકેય શક્તિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? હાથને હલાવે એવી પણ એનામાં શક્તિ નથી. આવી અનંત શક્તિનો ધણી હાથને હલાવે એવી શક્તિ નથી. પ્રભુ! પણ એ તો પરનું કાર્ય, એમાં શક્તિ ક્યાં છે? આહાહા..! પોતાના અનંત ગુણો પવિત્ર છે તેનું પવિત્રનું પર્યાયનું કાર્ય તે તેનું કાર્ય છે. આહાહા..! એ હિસાબે ગણીને અહીંયાં ઇચ્છાને કર્મના ઉદયનું કાર્ય જાણે છે. ગજબ વાત, પ્રભુ! આહાહા..! લોકોને આત્મા શું એની ખબર નથી. આત્મા એટલે છે, બસ! શરીરથી જુદો. પણ જુદો છે કેવડો અને કેટલો? આહાહા..!

આ શરીરમાં પરમાણુઓ જેટલી સંખ્યામાં છે, એથી અનંતગુણા એમાં ગુણ છે. આહાહા..! એ એક પરમાણુમાં પણ એટલા જ ગુણ છે. ઓહોહો..! એવા પવિત્રના પિંડનું કાર્ય પવિત્ર હોય એમ ગણીને અહીંયાં રાગનું કાર્ય કર્મનું છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! શું પ્રભુની ઘટના! આહાહા..! ત્રિલોકનાથના ભાવનો આ ઉપદેશ છે. એના બધા લખાણ છે ઇ. કેવળીના કેડાયતોએ કેવળીની વાતું કરી છે, પ્રભુ! આહાહા..! એક (થયો).

**'રોગ સમાન જાણી તેને મટાડવા ચાહે છે.'** મારી દશા તો અનંત આનંદ, અનંત પવિત્રતાનો ભાવ તે નિરોગ છે. આહાહા..! આ રાગ તો રોગ છે. આહાહા..! હું તો અનંત.. અનંત.. અનંત.. અનંત ગુણના કાર્યનો નિરોગતાવાળો પ્રભુ હું, એમાં રાગ રોગ છે. આહાહા..! ઇચ્છા તે રોગ છે. આહાહા..! શરીરના રોગ નહિ, હોં આ. શરીરનો રોગ એ રોગ જ નહિ, એ તો શરીરની પર્યાયનો તે કાળ છે તે પ્રમાણે પર્યાય થાય. એમાં એ રોગ છે

એમેય નથી. એ તો પરમાણુની પર્યાયનો કાળ જ એ પ્રમાણે પરિણમવાનો છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરમાણુઓમાં તે સમયે તે જ પ્રકારની પર્યાયપણે થવાનો સ્વભાવ છે. એને રોગ કહો, પણ એ તો પરમાણુની ક્રમબદ્ધમાં આવતી પર્યાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'કિશોરભાઈ'! થોડું થોડું સમજવું, બાકી આમાં તો ઢગલા આવે છે. 'અજીતભાઈ' તો અહીં બહુ રહેતા. એને તો, આહાહા..! પૈસાની પાયું પ્રમાણે રૂપિયાની પાયું ગણે ને પાયુંના પાછા.. શું કહેવાય ઓલા? બદામ ને અડવોક ને કાંઈક એવા. એના આવે ને? એક પાયના ઘણા આવે. એની કાંઈ કિંમત નથી અહીં. આહાહા..!

આ તો અનંત ગુણનો નાથ.. ઉત્તર તો કેવો, પંડિતજીએ ખુલાસો કર્યા છે. હેં? આહાહા..! પ્રભુ! તારામાં તો અનંત પવિત્ર ગુણના પિંડ પડ્યા છે ને! દળના દળ પડ્યા છે ને! આહાહા..! ઓલા લાડુ નથી થાતા, દળના? દળલાડુ થાતા, દળ(ના). ઘઉંના દળના લાડુ ઘી નાખીને (બનાવે). જેમ એક શેર ચણાના લોટમાં ચાર શેર ઘી (નાખીને બનાવે) એને મેસૂબ કહે અને ઘઉંના એક શેરના શક્કરપારો અથવા દળ કહે. પહેલા લાડવા થાતા દળના. હમણા તો હવે ક્યાં...? એમ આત્મા આનંદનું દળ અને અનંત ગુણનું દળ છે પ્રભુ અંદર આ દળ, પણ નજરું નથી એટલે દેખાતું નથી. નજર બહારમાં રોકાઈ ગઈ. હેં? આહાહા..!

જે નજરની પર્યાય છે એ પર્યાય રોકાઈ ગઈ બહારમાં. એ પર્યાયને અંદરમાં રોકે તો અનંત ગુણનું દળ તેની દૃષ્ટિમાં આવે. આહાહા..! તેની અપેક્ષાએ ઇચ્છાને રોગ કહેવામાં આવે છે. મારું સ્વરૂપ તો નિરોગ છે. અનંત અનંત પવિત્રતાના પરિણમનવાળું મારું સ્વરૂપ તો નિરોગ છે. આહાહા..! તેમાં આ રાગ રોગ છે. આહાહા..! બે (વાત થઈ). એક તો ઇચ્છા કર્મનું કાર્ય (કહ્યું). પેલામાં ત્રણ આવ્યા હતા. અશાતાને લઈને જઠરાગ્નિનું ઉત્પન્ન થવું, વીર્યાંતરાયને લઈને સહનશક્તિનો અભાવ, ચારિત્રમોહને લઈને ઇચ્છાનું થવું. (એમ) ત્રણ આવ્યા હતા. હવે એ ઇચ્છાના સમાધાન કહે છે.

એ ઇચ્છા, પ્રભુ આત્મા એનું કાર્ય નહિ, ભાઈ! એના પવિત્ર ગુણોનું પરિણમન પવિત્ર જ હોય. એ અપવિત્રનું કાર્ય ક્યાં આત્માનું છે? આહાહા..! ઇચ્છામાત્ર રોગ છે. ઓલા લોગસ્સમાં નથી આવતું? 'આરુગ્ગબોહિલાભં' લોગસ્સમાં આવે છે, શ્વેતાંબરમાં. આપણેય લોગસ્સ છે. દિગંબરમાં. 'આરુગ્ગબોહિલાભં' નિરોગતામાં સમ્યગ્દર્શનનો લાભ. આહાહા..! 'સમાહિવરમુત્તમં દિંતુ' નથી આવતું? લોગસ્સમાં આવે છે, 'શાંતિભાઈ'! ગડિયા કર્યા છે કે નહિ પહેલા? આહાહા..! રોગ સમાન જાણી તેને મટાડવા ચાહે છે. આહાહા..! ધર્મીને તો જ્ઞાનાનંદ અનંત ગુણનું કાર્ય છે તેમાં રાગને રોગ સમાન જાણી એ તો મટાડવા ચાહે છે, રાખવા ચાહતો નથી. આહાહા..!

**'ઇચ્છા પ્રત્યે અનુરાગરૂપ ઇચ્છા જ્ઞાનીને નથી...'** શું કીધું? ઇચ્છા પ્રત્યેની ઇચ્છા નથી. ઇચ્છાની ઇચ્છા નથી. ઇચ્છા પ્રત્યે અનુરાગ, પ્રેમરૂપ ઇચ્છા નથી, એમ કહે છે. આહાહા..!

**'તેને એમ ઇચ્છા નથી કે મારી આ ઇચ્છા સદા રહો.'** એ અનુરાગ. આ ઇચ્છા સદા રહો એમ છે જ્ઞાનીને? આહાહા..! **'માટે તેને અજ્ઞાનમય ઇચ્છાનો અભાવ છે.'** આહાહા..! આવી વાત. અને ન્યાયથી સિદ્ધ કર્યું છે, હોં! આહાહા..! પરમાત્મા પોતે અનંત પવિત્રતાનો પિંડ, એની પર્યાય પણ નિરોગ પવિત્ર છે. પવિત્રતામાં આ અપવિત્રતા તે તો રોગ છે. આહાહા..! **'માટે તેને અજ્ઞાનમય ઇચ્છાનો અભાવ છે.'** માટે ધર્મીને અજ્ઞાનમય રોગ સમાન વસ્તુનો અભાવ છે. સ્વરૂપમાં નથી, પર્યાયમાં નથી. એ પર્યાય પરનું કાર્ય છે એને એ જાણે છે. આહાહા..! આવી વાતું. ભારે આકરું કામ. આહાહા..!

**'પરજન્ય ઇચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી...'** ઇ ચોથો બોલ. પરજન્ય ઇચ્છા, ભાષા દેખો! પરજન્ય છે, સ્વભાવજન્ય નથી. મારો પ્રભુ અનંત પવિત્રતાના અનંતના પાર વિનાના ગુણો, પણ કોઈ ગુણ એવો નથી કે જે અપવિત્રતપણે પરિણમે. પવિત્ર અપવિત્રપણે પરિણમે એવો કોઈ ગુણ નથી. આહાહા..! **'પરજન્ય ઇચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી...'** આહાહા..! કો'કનો છોકરો કો'કને આવ્યો હોય તો એ એમ માને કે, આ મારો છોકરો છે? આહાહા..! એમ રાગની પ્રજા કર્મની છે, મારી નહિ. આહાહા..! આવું સ્વરૂપ છે. અરે..! સાંભળવા મળે નહિ, તત્ત્વની વાતનો પ્રયોગ ક્યારે કરે ઇ? આહાહા..!

**'પરજન્ય ઇચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી માટે જ્ઞાની ઇચ્છાનો પણ જ્ઞાયક જ છે.'** પણ કેમ કીધું? કે, ઓલા પુણ્યનો પણ જ્ઞાયક છે, પાપનો પણ જ્ઞાયક છે અને અશનનો પણ જ્ઞાયક છે. 'પણ' શબ્દ એટલે બીજું કાંઈક થઈ ગયું છે એનો અર્થ થઈ ગયો છે. **'આ પ્રમાણે શુદ્ધનયની પ્રધાનતાથી કથન જાણવું.'** શુદ્ધનયની દૃષ્ટિની પ્રધાનતાથી આ કથન જાણવું. પર્યાયનયે જ્યારે જાણે ત્યારે પર્યાય પોતામાં છે તેને જાણે. સમજાય છે કાંઈ? આહાહા..! કેમકે શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ છે દ્રવ્ય તો. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં બે ઠેકાણે આવે છે. કેમકે અનંતી જે અશુદ્ધ પર્યાય થઈ એની યોગ્યતા તો અંદર છે ને? અને એ અશુદ્ધ પર્યાય અને શુદ્ધ બધી પર્યાયનો પિંડ તે આત્મા છે. એમાંથી એક અશુદ્ધ પર્યાય કાઢી નાખો તો દ્રવ્ય સિદ્ધ નહિ થાય. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! હવે આ તો કેટલી અપેક્ષાઓ લાગુ પડે. જ્ઞાનનો પાર નથી, પ્રભુ! અનેકાંત જ્ઞાનનો પાર નથી. આહાહા..!

**'આ પ્રમાણે શુદ્ધનયની મુખ્યતાથી કથન જાણવું.'** અશુદ્ધનયનું કથન ચાલતું હોય ત્યારે પર્યાય એની છે, એનું કાર્ય છે એમ જાણે. બે નયનું કથન છે ને ભગવાનનું? કાંઈ એક જ નયનું નથી. આહાહા..!

ૐ

## ગાથા-૨૧૩

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे पाणं।
अपरिग्गहो दु पाणस्स जाणगो तेण सो होदि।।२१३।।
अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च नेच्छति पानम्।
अपरिग्रहस्तु पानस्य ज्ञायकस्तेन स भवति।।२१३।।

इच्छा परिग्रहः। तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति। इच्छा त्वज्ञानमयो भावः, अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति। ततो ज्ञानी अज्ञानमयस्य भावस्य इच्छाया अभावात् पानं नेच्छति। तेन ज्ञानिनः पानपरिग्रहो नास्ति। ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावात् केवलं पानकस्य ज्ञायक एवायं स्यात्।

---

હવે, જ્ઞાનીને પાનનો (પાણી વગેરે પીવાનો) પણ પરિગ્રહ નથી એમ કહે છે :-

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાનને,**
**તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ૨૧૩.**

ગાથાર્થ :- [ अनिच्छः ] અનિચ્છકને [ अपरिग्रहः ] અપરિગ્રહી [ भणितः ] કહ્યો છે [ च ] અને [ ज्ञानी ] જ્ઞાની [ पानम् ] પાનને [ न इच्छति ] ઇચ્છતો નથી, [ तेन ] તેથી [ सः ] તે [ पानस्य ] પાનનો [ अपरिग्रहः तु ] પરિગ્રહી નથી, [ ज्ञायकः ] (પાનનો) જ્ઞાયક જ [ भवति ] છે.

ટીકા :- ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની પાનને ઇચ્છતો નથી; માટે જ્ઞાનીને પાનનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે આ (જ્ઞાની) પાનનો કેવળ જ્ઞાયક જ છે.

ભાવાર્થ :- આહારની ગાથાના ભાવાર્થ પ્રમાણે અહીં પણ સમજવું.

## ગાથા–૨૧૩ ઉપર પ્રવચન

'**હવે, જ્ઞાનીને પાનનો (પાણી વગેરે પીવાનો)...**' એટલે પીવાની જેટલી ચીજો હોય એમાં સાથે નાખવી. તેનો પણ '**પરિગ્રહ નથી એમ કહે છે :–**'

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे पाणं।**
**अपरिग्गहो दु पाणस्स जाणगो तेण सो होदि।।२१३।।**

'**भणिदो**' (એટલે) ભગવાને કહ્યું છે. આહાહા..!

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાનને,**
**તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ૨૧૩.**

એ પાણી પીતો પણ પાણી પીતો નથી, કહે છે. આહાહા..! આવી વાતું છે. પાણીનો પરિગ્રહ નથી. એ પાણીની ઇચ્છા જ નથી. આહાહા..! ઇચ્છા તો પરિગ્રહ છે. એ પાણીની ઇચ્છા નથી તેથી તેને પરિગ્રહ નથી. પરિગ્રહ–પાણીને એ પકડતો નથી. પાણી છે તેને જ્ઞાતા તરીકે જાણે છે. આહાહા..! આ ચીજ જગતમાં છે તેમ સ્વપરપ્રકાશક જ્ઞાનમાં પરને જાણે છે, પણ પર એ મારું છે તેમ એ માનતો નથી. આહાહા..! એ બધા પહેલા શબ્દ આવ્યા છે એ પ્રમાણે લઈ લેવું.

'**ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા....**' અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા, દુઃખરૂપ ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાનીને દુઃખરૂપ અને અજ્ઞાનમય ભાવ નથી. આહાહા..! '**જ્ઞાની પાનને ઇચ્છતો નથી;...**' ધર્મીને પાણીની ઇચ્છા નથી. આહાહા..! બાપુ! કઈ અપેક્ષા છે, ભાઈ? આહાહા..! ઇચ્છા મારું કાર્ય નથી, હું તો જ્ઞાયક છું ને! જાણનારો જાણે કે જાણનારો ઇચ્છા કરે? આહાહા..! પાણી (પીવા) વખતે પણ હું તો જાણનારો છું અને તે પણ તે કાળે, પાણી આવવાને કાળે તેને જાણતું જ્ઞાન પ્રગટ થાય છે. સ્વપરપ્રકાશક જ્ઞાનને લઈને જ્ઞાયકભાવમાં સ્વપર, તેને જાણતું જ્ઞાન પ્રગટ થાય છે. એ પોતામાંથી પ્રગટ થાય છે, પાણી આવ્યું માટે એનું જ્ઞાન પ્રગટ થયું છે, એમ નથી. આહાહા..! પાણીને જાણનારું જ્ઞાન પાણી છે માટે થયું છે એમ નથી. આહાહા..! પાણીને કાળે જે સ્વપરપ્રકાશક પર્યાયનું સામર્થ્ય એ પોતાથી પ્રગટ્યું છે. એને પરનો જાણનાર-દેખનાર કહે છે. આહાહા..! વિશેષ કહેશે..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૨૧૪

एमादिए दु विविहे सव्वे भावे य णेच्छदे णाणी।
जाणगभावो णियदो णीरालंबो दु सव्वत्थ।।२१४।।
एवमादिकांस्तु विविधान् सर्वान् भावांश्च नेच्छति ज्ञानी।
ज्ञायकभावो नियतो निरालम्बस्तु सर्वत्र।।२१४।।

एवमादयोऽन्येऽपि बहुप्रकाराः परद्रव्यस्य ये स्वभावास्तान् सर्वानेव नेच्छति ज्ञानी, तेन ज्ञानिनः सर्वेषामपि परद्रव्यभावानां परिग्रहो नास्ति। इति सिद्धं ज्ञानिनोऽत्यन्तनिष्परिग्रहत्वम्। अथैवमयम शेषभावान्तरपरिग्रहशून्यत्वादुद्वान्तसमस्ताज्ञानः सर्वत्राप्यत्यन्तनिरालम्बो भूत्वा प्रतिनियतटङ्कोत्कीर्णैकज्ञायकभावः सन् साक्षाद्विज्ञानघनमात्मानमनुभवति।

---

એ રીતે બીજા પણ અનેક પ્રકારના પરજન્ય ભાવોને જ્ઞાની ઇચ્છતો નથી એમ હવે કહે છે :-

એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઇચ્છે સર્વને;
સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ૨૧૪.

ગાથાર્થ :- [ एवमादिकान् तु ] ઇત્યાદિક [ विविधान् ] અનેક પ્રકારના [ सर्वान् भावान् च ] સર્વ ભાવોને [ ज्ञानी ] જ્ઞાની [ न इच्छति ] ઇચ્છતો નથી; [ सर्वत्र निरालम्बः तु ] સર્વત્ર (બધામાં) નિરાલંબ એવો તે [ नियतः ज्ञायकभावः ] નિશ્ચિત જ્ઞાયકભાવ જ છે.

ટીકા :- ઇત્યાદિક બીજા પણ ઘણા પ્રકારના જે પરદ્રવ્યના સ્વભાવો છે તે બધાયને જ્ઞાની ઇચ્છતો નથી. તેથી જ્ઞાનીને સમસ્ત પરદ્રવ્યના ભાવોનો પરિગ્રહ નથી. એ રીતે જ્ઞાનીને અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.

હવે એ પ્રમાણે આ, સમસ્ત અન્યભાવોના પરિગ્રહથી શૂન્યપણાને લીધે જેણે સમસ્ત અજ્ઞાન વમી નાખ્યું છે એવો, સર્વત્ર અત્યંત નિરાલંબ થઈને, નિયત ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ રહેતો, સાક્ષાત્ વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે.

ભાવાર્થ :- પુણ્ય, પાપ, અશન, પાન વગેરે સર્વ અન્યભાવોનો જ્ઞાનીને પરિગ્રહ નથી કારણ કે સર્વ પરભાવોને હેય જાણે ત્યારે તેની પ્રાપ્તિની ઇચ્છા થતી નથી.*

---

* પ્રથમ, મોક્ષાભિલાષી સર્વ પરિગ્રહને છોડવા પ્રવૃત્ત થયો હતો; તેણે આ ગાથા સુધીમાં વ્યસ્ત પરિગ્રહભાવને છોડયો, એ રીતે સમસ્ત અજ્ઞાનને દૂર કર્યું અને જ્ઞાનસ્વરૂપ આત્માને અનુભવ્યો.

**પ્રવચન નં. ૨૯૩ ગાથા–૨૧૪, શ્લોક–૧૪૬ શનિવાર, ભાદરવા સુદ ૩, તા. ૨૫-૦૮-૧૯૭૯**

'સમયસાર' ૨૧૪ ગાથા. **'એ રીતે બીજા પણ...'** એમ કહ્યું કે જ્ઞાયક સ્વરૂપ ભગવાન બધા ગુણે પૂરો પૂરો પ્રભુ, એવું જેને અંતરમાં ભાન અને સ્વીકાર દૃષ્ટિમાં થયો એને પુણ્ય અને પાપ, અશન, પાન વગેરેની એને ઇચ્છા હોતી નથી. ભગવાનઆત્મા જ્ઞાયક પૂર્ણ, જ્ઞાને પૂર્ણ, દર્શને પૂર્ણ, આનંદે પૂર્ણ, શાંતિએ પૂર્ણ.. આહાહા..! એવો જે પૂર્ણાનંદ પ્રભુ અનુભવમાં, દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યો એને આત્માના ભાવ સિવાય બીજી પર ઇચ્છાનો રાગ, ઇચ્છાની ઇચ્છા હોતી નથી. આહાહા..! જેણે ભર્યા ભંડાર ભાળ્યા.. આહાહા..! ભગવાન પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ વીર્ય એવા અનંતા અનંતા ગુણે પૂર્ણ છે એમ ભાસ્યું, ભાળ્યું એવા ધર્મીને.. આહાહા..! ઇચ્છામાત્રની ઇચ્છા હોતી નથી. આવી વાત છે, ભાઈ! એ બીજા પણ આ ચાર તો કહ્યા. કોઈપણ રીતે કપડાં, દાગીના એ શરીર ઉપર હોય અને એની બીજાને દેખાડવાની ભાવના હોય, એ જ્ઞાનીને ન હોય. આહા..! સમજાય છે કાંઈ?

**'એ રીતે બીજા પણ અનેક પ્રકારના પરજન્ય ભાવોને જ્ઞાની ઇચ્છતો નથી...'** આહા..! એને અહીંયાં ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે.

**एमादिए दु विविहे सव्वे भावे य णेच्छदे णाणी।**
**जाणगभावो णियदो णीरालंबो दु सव्वत्थ।।२१४।।**

**એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઇચ્છે સર્વને;**
**સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ૨૧૪.**

**ટીકા :–** 'ઇત્યાદિક...' એટલે કે પુણ્ય, પાપ, આહાર, પાણી વગેરે **'બીજા પણ ઘણા પ્રકારના...'** વિકલ્પો કે બાહ્યની અનુકૂળ સામગ્રીઓ કે પ્રતિકૂળ સામગ્રીઓ, (એ) **'પરદ્રવ્યના સ્વભાવો છે તે બધાયને જ્ઞાની ઇચ્છતો નથી...'** આહાહા..! જેને આનંદના સ્વાદ આવ્યા, ભગવાન.. ઓલા સ્તવનમાં કહ્યું નહિ? 'પ્રભુ તુમ સબ ભાવે પૂરા, પ્રભુ તુમ, પ્રભુ મેરે તુમ સબ ભાવે પૂરા' આહાહા..! 'પર કી આશ કહાં કરે વ્હાલા? પરકી આશ કહાં કરે પ્રીતમ, કઈ વાતે તૂં અધૂરા, ક્યા વાતે તુમ અધુરા, ક્યા ભાવે તુમ અધુરા.' આહાહા..! 'પ્રભુ મેરે સબ ભાવે પૂરા' એવો જે ભગવાનઆત્મા.. આહાહા..! જ્ઞાયકભાવ વીતરાગ સ્વભાવથી ભરેલો પૂર્ણ વીતરાગ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ શાંતિ, પૂર્ણ આનંદ, પૂર્ણ સ્વચ્છતા આહા..! એવો જે ભરેલો ભગવાન જેને પ્રતીતમાં (આવ્યો), પર્યાયમાં સ્વીકાર કર્યો.. આહાહા..! પર્યાયમાં

આદર કર્યો, અનુભવ કર્યો... આહાહા..! એને આ બધા ભાવોનો (આદર નથી), જ્ઞાની તેને ઇચ્છતો નથી. આહાહા..!

ધર્મીને જ્ઞાયકભાવ પ્રત્યેનો પ્રયત્ન શરૂ છે. ભગવાન જ્ઞાયકભાવ તેના પ્રત્યેના વલણમાં પ્રયત્ન છે. આહાહા..! એથી એને પરદ્રવ્યના વિકલ્પો આદિ કે પરદ્રવ્ય, તેની તેને ઇચ્છા હોતી નથી, તેનો તેને પ્રેમ હોતો નથી. આહાહા..! એ બધા (ભાવો) જ્ઞાની ઇચ્છતો નથી. બધા પરદ્રવ્ય સ્વભાવો... આહાહા..! એ જ્ઞાની (ઇચ્છતો નથી).

**'તેથી જ્ઞાનીને...'** 'નિર્જરા અધિકાર' છે ને? ભાઈ! આહા..! **'સમસ્ત પરદ્રવ્યના ભાવોનો પરિગ્રહ નથી.'** ભગવાન જ્ઞાયકભાવનો પરિગ્રહ જેણે પકડ્યો.. આહા..! જ્ઞાયકભાવનો પરિગ્રહ જેને થયો, પરિ નામ સમસ્ત પ્રકારે અનુભવ્યો-પકડ્યો, એને આત્માના જ્ઞાયકભાવ સિવાય કોઈ પદાર્થનો પરિગ્રહ (એટલે કે) આ મારો છે તેમ એને પક્કડ હોતી નથી. આહાહા..! છ ખંડના રાજમાં ચક્રવર્તી પડ્યો હોય એમ લોકો કહે, એ છ ખંડના રાજમાં નથી. એ તો અખંડ જ્ઞાયકભાવના રાજમાં છે. આહાહા..! એથી એ ખંડ ખંડને સાધતો નથી, એ અખંડને સાધે છે. આહા..! પર ખંડ તો નહિ પણ પર્યાયના ખંડને એ સાધતો નથી. આહાહા..! આવે છે ને ૩૨૦માં? જ્ઞાનમાં ખંડ ખંડને એ ભાવતો નથી. આહાહા..! ભાઈ! ધર્મ કોઈ અલૌકિક વાત છે, ભાઈ! આહાહા..!

પરિપૂર્ણ વીતરાગ ભાવે ભરેલો પ્રભુ અને પરિપૂર્ણ આનંદ અને પરિપૂર્ણ શાંતિ.. શાંતિ.. શાંતિ આહાહા..! પૂર્ણ શાંતના રસે ભરેલો ભગવાન, એનો જેને અંતરમાં અનુભવ થયો, એ જ્ઞાનીને એ ભાવના સિવાય બીજી કઈ ઇચ્છા પરની હોય? આહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એ પરદ્રવ્યના ભાવોનો પરિગ્રહ નથી. **'એ રીતે..'** ધર્મીને. વળી કોઈ એમ કહે કે, (એ તો) જ્ઞાનીને, પણ ધર્મને અમારે શું છે? પણ ધર્મી કહો કે જ્ઞાની કહો. આહાહા..! જેને આત્માના ધર્મો જે પૂર્ણ સ્વરૂપ, સર્વજ્ઞ જેમ જ્ઞાનનું પૂર્ણ સ્વરૂપ છે, એમ પૂર્ણ સ્વરૂપ દર્શનનું, પૂર્ણ સ્વરૂપ શાંતિનું, પૂર્ણ સ્વરૂપ વીતરાગતાનું, પૂર્ણ સ્વરૂપ સ્વચ્છતાનું, પૂર્ણ સ્વરૂપ સ્વસંવેદન પ્રકાશગુણનું વગેરે પૂર્ણ સ્વરૂપનો નાથ પ્રભુ! આહાહા..! એનો જ્યાં અંતરમાં આદર ને સ્વીકાર થયો એને પર ઇચ્છામાત્રનો અથવા પરપરિગ્રહના રાગાદિનો પણ એને પરિગ્રહ નથી. આહાહા..! આવી વાત છે.

**'જ્ઞાનીને અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.'** આહાહા..! ધર્મી જીવ.. અરે..! આઠ વર્ષની બાલિકા હોય.. આહાહા..! જેને આત્માનો અનુભવ અને આનંદનો સ્વાદ આવ્યો એ પછી ભલે પરણે, પણ એ પરણવાની ઇચ્છાનો સ્વામી નથી. આહાહા..! આ શરીર તો માટી છે. પોતે અનંત ગુણનો માટી પ્રભુ.. આહાહા..! અનંત ગુણનો ધણી, અનંત ગુણનો સાહેબો, રાજા. આહાહા..! અનંત ગુણનો સાહેબો પ્રભુ રાજેન્દ્ર આત્મા. આહાહા..! એનો જ્યાં અંતરમાં સ્વીકાર થઈ ગયો.. આહાહા..! એને કઈ ઇચ્છા પરની હોય? ભાઈ! માર્ગ આવો છે, પ્રભુ!

જોકે અહીં મુનિપણાની મુખ્યતાથી વાત છે પણ સમ્યગ્દષ્ટિની વાત પણ ગૌણમાં ભેગી છે. આહાહા..!

એ **'જ્ઞાનીને અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.'** આહાહા..! એકલું નિષ્પરિગ્રહપણું નહિ, અત્યંત નિષ્પરિગ્રહપણું. આહાહા..! જેને પુણ્યનો રાગ આવે તેને પુણ્યના ફળરૂપે સંયોગ ભાવ આવે એની એને પક્કડ નથી એટલે આ મારું છે, તેવો ભાવ નથી. આહાહા..! **'હવે એ પ્રમાણે આ, સમસ્ત અન્યભાવોના પરિગ્રહથી...'** અન્ય ભાવોની પક્કડથી, મારા છે તેવા ભાવથી **'શૂન્યપણાને લીધે...'** આહાહા..! પોતે ભગવાન ભરેલો પૂર્ણ અને પરભાવની ભાવનાથી શૂન્ય. આહાહા..! સમજાય છે કાંઈ? આ વાત, આવી મૂળ વાતું એવી ઝીણી છે. આહાહા..!

**'સમસ્ત અન્યભાવોના પરિગ્રહથી શૂન્યપણાને લીધે...'** એટલે? પૂરા ગુણનો ભગવાન ભરેલો એને અનુભવમાં આવ્યો, એ અન્ય પરિગ્રહથી તો શૂન્ય થયો. સ્વભાવથી અશૂન્યપણું જ્યાં પ્રગટ્યું છે... આહાહા..! એને પરભાવથી શૂન્યપણું પ્રગટ્યું છે. સમજાય છે કાંઈ? **'જેણે સમસ્ત અજ્ઞાન વમી નાખ્યું છે...'** આહાહા..! કોઈપણ વિકલ્પ મારો છે એવા ભાવને જેણે વમી નાખ્યો છે. આહાહા..! **'એવો, સર્વત્ર...'** સર્વ સ્થાનથી, વિકલ્પથી માંડીને સર્વ સંયોગથી **'અત્યંત નિરાલંબ...'** છે. પરથી અત્યંત નિરાલંબ છે. આહાહા..! સ્વથી અત્યંત આલંબિત છે. પોતાનું સ્વથી પૂર્ણ આલંબન છે, પરથી પૂર્ણ નિરાલંબ જ છે. આહાહા..!

**'એવો, સર્વત્ર અત્યંત નિરાલંબ...'** સર્વત્ર આત્મા આલંબનમાં આવ્યો છે, આત્માનું આલંબન જેણે લીધું છે... આહાહા..! એણે પરનું સર્વત્ર અત્યંત નિરાલંબ છે. આહા..! **'નિયત ટંકોત્કીર્ણ...'** નિયત નામ નિશ્ચય ટંકોત્કીર્ણ–જેવો એ સ્વભાવ છે તેવો અંદર પૂર્ણાનંદનો નાથ શાશ્વત. ટંકોત્કીર્ણ એટલે શાશ્વત. આહાહા..! ધ્રુવ. 'ધ્રવપદ રામી રે પ્રભુ મારા' ધ્રુવ સ્વભાવના પદનો રામી આતમરામ. આહાહા..! એને પરમાં રમવાની વાત કેમ ગોઠે? આહાહા..! ધર્મ વીતરાગ ભાઈ! વીતરાગનો ધર્મ કોઈ અપૂર્વ અલૌકિક છે. એ કોઈ સાધારણ બહારથી.. આહાહા..! દયા, દાન, ભક્તિ ને વ્રત ને એમાંથી મળી જાય એવી ચીજ નથી. આહાહા..! એ પ્રભુ તો નિરાલંબી છે. જેને ઇચ્છા અને દેવ-ગુરુનું આલંબનેય નથી. આહાહા..! ત્રિલોકના નાથનું પણ આલંબન જેને નથી. કેમકે ત્રણલોકનો નાથ જ્યાં સ્વીકારવામાં આવ્યો એ બધી ચીજના આલંબન રહિત છે. આહાહા..!

આલંબનની તકરાર છે ને? સ્થાનકવાસી અને દેરાવાસીમાં. ઓલો કહે, મૂર્તિનું આલંબન જોઈએ, ઓલો કહે, આલંબન નથી. ઇ વાત કઈ અપેક્ષા છે? પરમાર્થે તો નિરાલંબન જ આત્મા છે પણ જ્યારે રાગ આવે છે ત્યારે પરનું નિમિત્તપણું એને છે. એ પરાલંબીપણું એટલું જ્ઞાનમાં આવે પણ તેની એને પક્કડ નથી. આહાહા..! ત્યારે ઓલા કહે કે, ઇ છે જ નહિ. ઇ વાત જૂઠી છે. સમજાય છે કાંઈ? એ આલંબન સ્વનું હોવા છતાં જ્યાં સુધી પૂર્ણ નથી તેને રાગમાં પરાલંબીપણાનો ભાવ આવે, એ ચીજ છે. છતાં પણ તે પરાલંબી

ભાવમાંથી ભગવાનઆત્મા તો અત્યંત નિરાલંબી છે. અરે..રે...! આવી વાતું.

**'સર્વત્ર અત્યંત નિરાલંબ થઈને,...'** પાઠ છે ને? આહાહા..! **'णेच्छदे णाणी। जाणगभावो णियदो णीरालंबो'** છે ને પાઠમાં? નિશ્ચયથી નિરાલંબી છે. આહાહા..! જેને ત્રણલોકના નાથ, પૂર્ણાનંદ પ્રભુ આત્મા, એનું જેને આલંબન આવ્યું હવે બીજા આલંબનનું શું (કામ) છે? આહાહા..! નિશ્ચયથી તો પરનું આલંબન એને એકેય છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- આલંબન આપી શકે છે?

ઉત્તર :- આલંબન આપતું નથી પણ લેવા જાય છે ને અહીં? આ મને આલંબન મળે છે, મને આલંબન છે. એ ક્યાં આલંબન (છે)? એ તો જ્ઞેય છે. એ તો જ્ઞાનમાં જણાવા લાયક જ્ઞેય છે. પરવસ્તુ ચાહે તો પરમાત્મા ને ચાહે તો મૂર્તિ હો ને ચાહે તો મંદિર હો. આહાહા..! નવ દેવ નથી કહ્યા? જિનભવન દેવ, જિનવાણી દેવ, જિનધર્મ દેવ. આહાહા..! છે ને? જિનભવન, જિનપ્રતિમા, જિનવાણી, જિનધર્મ-ચાર અને પાંચ પરમેષ્ઠી. નવ દેવ કહ્યા છે. પણ એ દેવનું આલંબન પણ નિશ્ચયમાં નથી. વ્યવહારનો જ્યારે વિકલ્પ ઉઠે છે ત્યારે તે નવ દેવની ભક્તિ ને વિનય એને હોય છે. પણ છતાં તે ભાવની એને પક્કડ નથી. આહાહા..! એ ભાવ મારો છે, એવું જ્ઞાનીને નથી, પ્રભુ! ભારે ઝીણી વાત, પ્રભુ! આહાહા..!

તારી પ્રભુતાની વાતું કરતા પ્રભુ કહી શક્યા નથી. આહાહા..! એવો મહાપ્રભુ અનંત અનંત ગુણે પૂરો પ્રભુ! ભાઈ! ક્ષેત્રમાં શરીર પ્રમાણે (છે) માટે નાનો છે, એમ નહિ. અને એ અરૂપી છે માટે એ નાનો છે એમ નહિ. આહાહા..! એનું કદ અસંખ્ય પ્રદેશ છે પણ અનંત અનંત ભાવનું કદ તો અનંત છે. આહાહા..! એ અનંત કદ, દળનો પિંડ છે એ તો. આહાહા..! જેમ બરફની પાટ હોય છે ને, પચાસ-પચાસ મણની, 'મુંબઈ'માં. એમ આ અનંત ગુણની મહાપાટ છે, શાંતપાટ છે, શાંતપાટ છે. વીતરાગભાવની પાટ છે એ તો. આહાહા..! અરે..! એવો આત્મા એણે સાંભળ્યો નથી. એને આત્મા આવો છે એની એને મહિમા આવતી નથી અને ધર્મને નામે બહારથી (ક્રિયા) કરીને માને અમે ધર્મ કરીએ છીએ. આહા..! સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, **'નિયત ટંકોત્કીર્ણ...'** નિશ્ચય શાશ્વત વસ્તુ ધ્રુવ જે છે, 'ધ્રુવપદ રામી પ્રભુ મ્હારા' તું ધ્રુવના પદનો રામી પ્રભુ તું. આહાહા..! રાગના પદનો રામી પ્રભુ તું નહિ. આહાહા..! આવી વાતું છે. લોકોને આકરી પડે. શું થાય? ભાઈ! આહાહા..! 'જ્ઞાનાર્ણવ'માં કહ્યું છે કે, ભરતક્ષેત્રમાં અત્યારે બે-ત્રણ-ચાર સાધુ હોય, હોય તો. તો ઇ વાત આણે લીધી, 'દેવચંદજી'એ. શ્વેતાંબરમાં ક્યાંય છે નહિ. પણ એક 'જ્ઞાનાર્ણવ' દિગંબરનું (શાસ્ત્ર) છે, 'શુભચંદ્રાચાર્ય'નું કરેલું. એમાં છે કે, ભઈ! બે ને ત્રણ માંડ સાધુ ભાવલિંગી હોય તો, ન પણ હોય. એમ લખ્યું છે એમાં તો. આમાં તો બે-ત્રણ લખ્યા. બે-ત્રણનો અર્થ થોડા. સમકિતી થોડા હોય છે. આહાહા..!

જેને ભગવાનના તળિયાં હાથ આવ્યા, જેના પાતાળના.. આહાહા..! અનંત ગુણથી ભરેલો ધ્રુવ જે પાતાળ. પર્યાયની અપેક્ષાએ એનું ધ્રુવ પાતાળ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એવા ભગવાનને જેણે અનુભવ્યો, જાણ્યો અને એનો પરિગ્રહ એટલે આ જ્ઞાયક તે જ હું, એવો જેને પરિગ્રહ થયો. એ આવી ગયું, નિર્જરામાં. જ્ઞાયક, જ્ઞાનીને જ્ઞાયકનો પરિગ્રહ છે. આહાહા..!

**'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ રહેતો,...'** આહાહા..! જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર સ્વભાવ જાણનાર, પર્યાયમાં જાણનાર. આહાહા..! એમ જાણનારપણે રહેતો પ્રભુ.. આહાહા..! **'સાક્ષાત્ વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે.'** આહાહા..! વ્યક્તપણામાં-પર્યાયમાં એ નહોતો, હવે સાક્ષાત્ થઈ ગયો. અનુભવમાં એ પ્રત્યક્ષ સાક્ષાત્ થઈ ગયો. આહાહા..! ચૈતન્યના આનંદનો રસકંદ પ્રભુ, સાક્ષાત્ વિજ્ઞાનઘન. એ વિજ્ઞાનઘન થયો, પર્યાયમાં, હોં! એવા વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે. એ પર્યાયમાં વિજ્ઞાનઘન થયો પણ મૂળ વિજ્ઞાનઘન છે. છે ને અનુભવે છે. આહાહા..! અહીં તો એમ ન કહ્યું કે, પરને અનુભવે છે તો નહિ, રાગને અનુભવે છે તો નહિ, પર્યાયને અનુભવે છે તો નહિ. આ વાત. આહાહા..! એ ત્રણલોકના નાથના માર્ગમાં વાત છે, બીજે ક્યાંય આ છે નહિ. એવો પ્રભુ અંદર છે એને પામર તરીકે સ્વીકાર્યો છે ને! આહાહા..! ભિખારાવેડા કર્યા છે એણે. અહીંથી મને સુખ મળશે, અહીંથી મને સુખ મળશે, અહીંથી મને સુખ મળશે. અરે..! બાદશાહ ચક્રવર્તી.. આહાહા..!

એક દાખલો આવે છે. ચક્રવર્તીને ઘરે એક બહુ સારી વાઘરણ આવી. એમ કહે, આ દાખલો (છે). ચક્રવર્તીને તો એવી ન હોય પણ મોટો રાજા અને વાઘરણ રાખી. પણ વાઘરણને ટેવ ઓલી કે દાતણ નાખીને રોટલી લેવી. એ હંમેશાં.. શું કહેવાય એ? ગોખલું.. ગોખલું. થોડા દાતણ લ્યે અને અંદર રોટલી મૂકે. દાતણ અને રોટલી. આવી ટેવ. સારા રાજાને ઘરે આવી તોય આ ટેવ રહી. આહાહા..! એમ ભગવાનઆત્મા પરમાનંદનો નાથ એને હાથ ન આવ્યો અને શુભભાવમાં આવ્યો એમાં એણે ભિખારાવેડા કર્યા. આ પૈસા લાવો ને બાયડી લાવો, છોકરા લાવો, અનુકૂળ લાવો, આબરુ લાવો. શેના પ્રભુ તું માગે છે? પ્રભુ! તારામાં શું પૂરાપણાની ખોટ છે? આહાહા..! એ તો કહ્યું, 'પ્રભુ મેરે તુમ સબ ભાવે પૂરા' વાતે પૂરા ન કીધું, ભાવે પૂરા. આહાહા..!

એ અહીં કીધું ને? **'સાક્ષાત્ વિજ્ઞાનઘન આત્મા...'** આવો જે પ્રભુ સાક્ષાત્ વિજ્ઞાનઘન છે તેને સમકિતી ધર્મી અનુભવે છે. આહાહા..! એ આનંદના લહેરના, આનંદના ઘૂંટડા લ્યે છે, કહે છે. આનંદનો નાથ ભગવાન આનંદથી ભરેલો, એની સામું જોતા તેની પર્યાયમાં આનંદ આવે છે, કહે છે. આહાહા..! એ પર્યાયને વિજ્ઞાનઘન આત્માને એ અનુભવે છે. આત્માને અનુભવે છે એનો અર્થ કે ત્રિકાળને અનુભવે છે, અનુભવ તો પર્યાયનો છે પણ

વિજ્ઞાનઘન આત્મા ઉપર સન્મુખતા છે તેથી તેને અનુભવે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! બહુ સરસ ગાથા! આહાહા..! **'નિયત'**, **'નિરાલંબ'** શબ્દ પડ્યો છે. આહાહા..! પ્રભુ! તું નિશ્ચયથી પરથી નિરાલંબી ચીજ છો. આહાહા..! તો પછી આવી બધી વાત કરવી હોય તો પછી આ મૂર્તિ ને પૂજા ને ઇ શું? બાપુ! ભાઈ! અનેકાંત માર્ગ છે, સમજ. એવો ભાવ વીતરાગ ન હોય ત્યાં સુધી આવે. એને ઊડાવી જ દ્યે કે મૂર્તિ ને પૂજા નથી, એ દૃષ્ટિ વિરુદ્ધ છે. સમજાય છે કાંઈ? અને તે મૂર્તિ અને મૂર્તિપૂજામાં ધર્મ છે, એ દૃષ્ટિ ખોટી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ. એક કોર કહે કે કોઈનું આલંબન નથી. વળી પાછું મૂર્તિ ને દેવ, નવ દેવ. એ તો શુભભાવ આવે છે, વીતરાગતા ન હોય, પૂર્ણ વીતરાગતા ન હોય તો અંતર વીતરાગ દશા તો પ્રગટી છે પણ પૂર્ણ વીતરાગતા ન હોય એટલે રાગ આવે, વ્યવહાર આવે અને એ વ્યવહારમાં પરનું, નિમિત્તનું લક્ષ જાય. આહાહા..! પણ પરમાર્થે અંદરમાં વ્યવહાર ને નિમિત્તનો આશ્રય નથી. આહાહા..! આવી વાતું છે.

**'નિયત ટંકોત્કીર્ણ...'** નિશ્ચય શાશ્વત વસ્તુ પ્રભુ. છે, છે, છે એવો ધ્રુવ ભગવાન શાશ્વત વસ્તુ. એવા જ્ઞાયકભાવે રહેતો. આહાહા..! એ છે તો પર્યાય. જ્ઞાયકભાવ ત્રિકાળ છે એ પર્યાયમાં જ્ઞાયકભાવે રહેતો, એમ. સમજાય છે? **'સાક્ષાત્ વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે.'** ઓહોહો..! ગાથા તો ગજબ છે. **'जाणगभावो णियदो णीरालंबो'** અને **'सव्वत्थ'**. આહાહા..! **'સર્વત્ર અત્યંત નિરાલંબ...'** આહાહા..! પરથી, રાગથી ને નિમિત્તથી મને લાભ થશે, એ દૃષ્ટિ છૂટી ગઈ છે. છતાં પર્યાયમાં કમજોરીને લઈને શુભરાગ આવે અને તે રાગમાં લક્ષ પ્રતિમા, ભગવાન, દેવ-ગુરુ-શાસ્ત્રને કહ્યું હતું ને? ચાર ઉપકરણ છે. મુનિને પણ નગ્નપણું એક ઉપકરણ છે. ઉપકરણ, હોં! ધર્મ નહિ. બાહ્ય નિમિત્ત. આહાહા..! નગ્નપણું એ બાહ્ય ઉપકરણ છે, અંતર (ઉપકરણ) નહિ. એને ગુરુવચન પણ એક બાહ્ય ઉપકરણ છે. આહાહા..! અને આહાહા..! વિનય એક ઉપકરણ છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય ઉપકરણ છે, રાગ છે. પર ઉપકરણ છે. અને સૂત્ર અધ્યયન. શાસ્ત્રનું અધ્યયન કરવું એ પણ એક ઉપકરણ છે. આહાહા..! ત્રણલોકના નાથને ભૂલીને અંદરમાં ન જતાં સૂત્રનું અધ્યયન કરે.. આહાહા..! આવી વાતું છે. એક બાજુ કહે કે, આગમનો અભ્યાસ કરવો, તારું કલ્યાણ થશે. એ કઈ અપેક્ષા? એના સ્વલક્ષે આગમનો અભ્યાસ હોવો જોઈએ. ભગવાન શું કહે છે? કારણે સાધુ આગમચક્ષુ કહ્યા છે. સિદ્ધાંતમાં સંતોને આગમચક્ષુ – આગમ જેની આંખ્યું છે. ભગવાન શું કહે છે એવું એના જ્ઞાનમાં તરવરે છે. આહાહા..! સર્વચક્ષુ સિદ્ધ, આગમચક્ષુ સાધુ, અવધિચક્ષુ દેવ. આહાહા..!

**ભાવાર્થ :–** પહેલું પુણ્ય આવ્યું હતું ને? **'પુણ્ય, પાપ, અશન, પાન વગેરે સર્વ અન્યભાવોનો જ્ઞાનીને...'** મારા છે એવો ભાવ નથી. મારા તો મારી પાસે છે, મારા તો મારી પાસે છે, આ મારા નહિ. આહાહા..! મારા તો ભગવાન આનંદનો નાથ એ મારો મારામાં છે. આ

મારા નહિ. આહાહા..! દૃષ્ટિ ઉઠી ગઈ. હેં? દૃષ્ટિએ પરને મારાને મારી નાખ્યા. આહાહા..! અને પોતાના મારાપણાનો જ્યાં સ્વીકાર, અનુભવ થયો.. આહાહા..! પરનું મારાપણું જેની દૃષ્ટિમાં રહ્યું નહિ. અરે...! આવી વાત. 'દેવચંદજી' નાખે પાછુ, ભગવાનનું આલંબન છે, ભગવાનના નિમિત્તે ઉપાદાનની જાગૃતિ થાય. બધી વાતું કરી કરીને ઇ નાખે. બાપુ! આ નથી. અહીંયાં તો જે ભાવ આવે એનો પણ અંદર આદર નથી, નિશ્ચયથી આદર નથી, વ્યવહારે આવે. આહાહા..! 'પદ્મનંદિ પંચવિંશતી'માં તો લીધું છે, વ્યવહારનય વ્યવહારે પૂજ્ય છે. આહા..! પણ એની મર્યાદા (છે), હોં! નિશ્ચય તો ભગવાનઆત્મા પૂજવાને લાયક છે. આહાહા..! પણ જ્યાં સુધી વીતરાગતા ન આવે ત્યાં સુધી દૃષ્ટિમાં પૂર્ણનો સ્વીકાર હોવા છતાં પર્યાયમાં કમજોરીને લઈને રાગ આવે. આહાહા..! એ ભગવાનની પૂજા, ભક્તિનો રાગ હોય છતાં તેને હેય તરીકે જાણે. આહાહા..! સમજાણું કાંઈ?

પુણ્ય, પાપ આદિ **'સર્વ અન્યભાવોનો જ્ઞાનીને...'** સર્વ અન્યભાવોનો. આહાહા..! સર્વજ્ઞ સ્વભાવી ભગવાન જ્યાં હાથ આવ્યો, સર્વજ્ઞ સ્વભાવી કહો કે પૂર્ણ જ્ઞાન સ્વભાવી કહો, પૂર્ણ આનંદ સ્વભાવી કહો. આહાહા..! પૂરા સ્વભાવનો નાથ અનંત પૂર્ણ પ્રભુ.. આહાહા..! એને **'સર્વ અન્યભાવોનો જ્ઞાનીને પરિગ્રહ નથી કારણ કે સર્વ પરભાવોને હેય જાણે...'** જોયું? આવે, હોય પણ હેય જાણે છે. હેય તરીકે જ્ઞેય છે, પ્રભુ ઉપાદેય તરીકે જ્ઞેય છે. જાણવા લાયક તો બેય છે પણ આ ઉપાદેય તરીકે જ્ઞેય છે, રાગ હેય તરીકે જ્ઞેય છે. આહાહા..!

ઓલામાં આવે છે ને? ઉપદેશક પણ એવા.. નથી આવતું? શું કરે જીવ નવિન? 'બહુ ક્રિયારુચિ જીવડા', 'ક્રિયારુચિ જીવડા' બહારની. પુણ્ય ને દયા, દાન. આહાહા..! 'ઉપદેશક પણ તેહવા, શું કરે જીવ નવિન?' બિચારો શું કરે નવિન?

મુમુક્ષુ :– ઘણું કરીને 'દેવચંદજી'નું છે.

ઉત્તર :– 'દેવચંદજી'નું છે. પાછું એ કહે કે, નિમિત્તથી જ ઉપાદાન જાગે.

અહીં તો કહે છે, ઉપાદાન પોતે પોતાથી શુદ્ધ ઉપાદાન જાગે. જેને પરનું કોઈ આલંબન જ નથી. આહાહા..! આવો માર્ગ (છે), ભાઈ! પરાધીનપણાની વસ્તુ કેવી એમાં? સ્વતંત્રતાનો નાથ, કર્તા ગુણે ભરેલો, કર્તા ગુણથી પણ પૂર્ણ ભરેલો. આહાહા..! અકાર્યકારણભાવથી પણ પૂર્ણ ભરેલો. જેને રાગનું કારણ નહિ અને રાગનું કાર્ય નહિ. આહાહા..! એવો પૂર્ણાનંદનો નાથ અકાર્યકારણ શક્તિથી પૂર્ણ ભરેલો છે. આહાહા..! જેને પરનું કારણ નથી અને પરનું પોતે કાર્ય નથી. આહાહા..! નિશ્ચયથી તો નિર્મળ પર્યાય ષટ્કારકે પોતાથી પરિણમે છે એને કારણ ને પરકારકની ફારકની કોઈ જરૂર નથી, એમ કહે છે. આહા..! જેને નિર્મળ પરિણતિ ષટ્કારકે પરિણમે છે એને દ્રવ્યની પણ જ્યાં અપેક્ષા નથી તેને પરની અપેક્ષા ક્યાંથી લાવવી? આહાહા..!

નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાયપણે પરિણમતો પ્રભુ, ષટ્કારકપણે, હોં! ઇ પર્યાય

કર્તા, પર્યાય કર્મ, પર્યાય સાધન, પર્યાય સંપ્રદાન, પોતે કરીને પોતે રાખી, પર્યાયથી પર્યાય થઈ ને પર્યાયને આધારે પર્યાય થઈ. આહાહા..! દ્રવ્યને આધારે નહિ, દ્રવ્યથી નહિ. આહાહા..! તો પરની તો વાત ક્યાં કરવી? પ્રભુ! એવું એ પર્યાયનું સત્ અહેતુક, આહાહા..! એ અહીં કહે છે. **'સર્વ પરભાવોને હેય જાણે છે ત્યારે તેની પ્રાપ્તિની ઇચ્છા થતી નથી.'** હેય જાણે તેને પામવું ને મેળવું એવી ઇચ્છા ક્યાંથી (હોય)?

## શ્લોક-૧૪૬

(स्वागता)

पूर्वबद्धनिजकर्मविपाकात्
ज्ञानिनो यदि भवत्युपभोगः।
तद्भवत्वथ च रागवियोगात्
नूनमेति न परिग्रहभावम्।।१४६।।

---

હવે આગળની ગાથાની સૂચનારૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ पूर्वबद्ध-निज-कर्म-विपाकात् ] પૂર્વે બંધાયેલા પોતાના કર્મના વિપાકને લીધે [ ज्ञानिनः यदि उपभोगः भवति तत् भवतु ] જ્ઞાનીને જો ઉપભોગ હોય તો હો, [ अथ च ] પરંતુ [ रागादियोगात् ] રાગના વિયોગને લીધે (-અભાવને લીધે) [ नूनम् ] ખરેખર [ परिग्रहभावम् न एति ] તે ઉપભોગ પરિગ્રહભાવને પામતો નથી.

ભાવાર્થ :- પૂર્વે બંધાયેલા કર્મનો ઉદય આવતાં ઉપભોગસામગ્રી પ્રાપ્ત થાય તેને જો અજ્ઞાનમય રાગભાવે ભોગવવામાં આવે તો તે ઉપભોગ પરિગ્રહપણાને પામે. પરંતુ જ્ઞાનીને અજ્ઞાનમય રાગભાવ નથી. તે જાણે છે કે જે પૂર્વે બાંધ્યું હતું તે ઉદયમાં આવી ગયું અને છૂટી ગયું; હવે હું તેને ભવિષ્યમાં વાંછતો નથી. આ રીતે જ્ઞાનીને રાગરૂપ ઇચ્છા નથી તેથી તેનો ઉપભોગ પરિગ્રહપણાને પામતો નથી. ૧૪૬.

---

# શ્લોક–૧૪૬ ઉપર પ્રવચન

'હવે આગળની ગાથાની સૂચનારૂપ કાવ્ય કહે છે :–'

(स्वागता)

पूर्वबद्धनिजकर्मविपाकात्
ज्ञानिनो यदि भवत्युपभोगः।
तद्भवत्वथ च रागवियोगात्
नूनमेति न परिग्रहभावम्।।१४६।।

ભાષા દેખો, '**निजकर्मविपाकात्**' સમજાવવું છે તો શી રીતે સમજાવે? '**पूर्वबद्ध-निज-कर्म-विपाकात्**' વળી એક બાજુ કહેવું, પોતાને કર્મ નથી, રાગ નથી. પણ એને સમજાવવું છે. પરનું કર્મ નહિ પણ તારી પાસે પડ્યું છે એ કર્મ. ભાઈ! શું સમજાવવામાં કરવું? જ્ઞાનીને ધર્મનું ભાન થયું, ધર્મ–સમકિત પ્રગટ્યું, અનુભવ થયો છતાં '**પૂર્વે બંધાયેલા પોતાના કર્મના વિપાક...**' અજ્ઞાનભાવે બંધાયેલા જે કર્મ એ અંદર વિપાક થઈને આવ્યા. આહાહા..! આવી વાતું હવે. આહાહા..! આ તો અમરાપુરીની વાતું છે. આહાહા..! સંસારપુરીની વાતું નથી આ. આહા..!

'**પૂર્વે બંધાયેલા પોતાના કર્મના વિપાકને લીધે...**' જ્ઞાનીને પૂર્વે અજ્ઞાનભાવે જે કર્મ બંધાયેલા તેને અહીંયાં નિજકર્મ (કહ્યું). (નિજકર્મ) એટલે કો'કના કર્મ નથી પણ એના ક્ષેત્રાવગાહમાં રહેલા કર્મ, એમ. અજ્ઞાનભાવે બંધાયેલા પૂર્વના. વર્તમાન જ્ઞાનીને તેનું ફળ આવે. '**પોતાના કર્મના વિપાકને લીધે...**' '**ज्ञानिनः यदि उपभोगः भवति तत् भवतु**' આહાહા..! '**જ્ઞાનીને જો ઉપભોગ હોય તો હો,...**' આહાહા..! એને રાગ હો તો હો, ભલે સામગ્રી પણ હો તો હો. આહાહા..! ધર્મીને અંદર નબળાઈને લઈને રાગ આવે. ૯૬ હજાર સ્ત્રી હોય, લ્યો! આહાહા..! પૂર્વના પાકને લઈને રાગ આવે, કહે છે. આહા..! અને એ ઉપભોગ હોય. આહાહા..! એક કોર કહે કે, રાગનો ઉપભોગ જ્ઞાનીને નથી. અહીં કહે છે કે, રાગ એને આવે, એનો ઉપભોગ મલિનપણે હો, જ્ઞાતાપણે એને જાણે છે. મલિનનું વેદન છે. આહાહા..! નિર્જરાની બીજી ગાથામાં આવ્યું ને? ભાઈ! એમ કે, જ્ઞાનીને પણ કર્મનો ભાવ સુખ-દુઃખપણે થાય છે પણ ખરી જાય છે. બીજી ગાથામાં આવે છે. પહેલી ગાથામાં દ્રવ્યનિર્જરા (કહી), બીજી ગાથામાં ભાવનિર્જરા (કહી). એટલે કે કર્મનો પાક આવે અને અંદર સુખ-દુઃખની કલ્પના તો થાય પણ એ કલ્પના ખરી જાય છે. આહાહા..! ભારે વાતું, બાપુ! ઓહોહો..! 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા' 'સમયસાર'ની સ્તુતિ આવે છે ને? 'ગ્રંથાધિરાજ તારામાં'.

ઓલા 'કલ્પસૂત્ર'ને કહે છે. 'ભદ્રબાહુસ્વામી'એ 'કલ્પસૂત્ર' બનાવ્યું અને એની પ્રતિજ્ઞા લ્યે. 'કલ્પસૂત્ર' લાવ્યા હતા ને ભાઈ હમણાં? 'કલ્પસૂત્ર'ના વખાણ લાવ્યા હતા. 'ભદ્રબાહુસ્વામી'એ બનાવ્યું છે. બધી ખબર છે, ભાઈ! પ્રભુ! હેં? બધી કલ્પના. શું કરે? પ્રભુ! એને દુઃખ થાય. ૪૫ શાસ્ત્રો કલ્પિત બનાવ્યા છે ત્યાં વળી.. આહાહા..! મુનિને કપડાં લેવા ને એ કપડાં ધોવા.. હેં? આમ કરવું. એવો પાઠ આવે છે. એક 'નિશિતસૂત્ર' છે. બધું મોઢે કરેલું, એમાં આવું બધું આવે. કપડાં ધોવા ને સૂકવવા એને આમ કરવું. અરે..! હેં? અરે.. પ્રભુ! કપડાં કેવા મુનિને? અંદર જ્યાં આનંદનો નાથ જાગીને ઊઠ્યો ને વીતરાગભાવનું આલંબન જ્યાં (આવ્યું), આહાહા..! એને કપડાના ટૂકડાના આલંબનનો રાગ ક્યાંથી આવ્યો? આહાહા..! ગૃહસ્થીમાં હોય છે. ધર્મીનું ભાન હોવા છતાં તેને રાગ હોય છે પણ એ રાગને ખરેખર તો હેયપણે જાણીને એ જ્ઞાયક (રહે) છે. આહાહા..! આવી શરતું આકરી બહુ, બાપુ!

**'પૂર્વ બંધાયેલા પોતાના...'** **'निज'** છે ને? **'निज'**. પોતે એટલે પૂર્વે શુભઅશુભભાવ કરેલો એમાંથી બંધાયેલા કર્મ. (તેના) **'વિપાકને લીધે જ્ઞાનીને જો ઉપભોગ હોય તો હો'** આહાહા..! એ તો એક જ્ઞાન કરાવે છે, હોં! એવો રાગનો ઉપભોગ હો તો હો. સામગ્રીનો પણ ઉપભોગ હો તો હો. આહાહા..! **'પરંતુ રાગના વિયોગને લીધે...'** પોતાપણાની માન્યતાના અભાવને લીધે, એ મારું છે એમ નથી. આહાહા..! સર્પને પકડ્યો હોય છે એ છોડવા માટે. પકડે છે ને આમ? સાણસો ન હોય તો એકદમ હાથે પકડવો પડે. હોશિયાર માણસ હોય તો આમ કરીને ઊંચો કરી નાખે. ઝેર કરી ન શકે. પણ એ પકડ્યો છે એ છોડવા માટે. એમ જ્ઞાનીને રાગ આવે તે છોડવા માટે છે, રાખવા માટે નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાનીને જો ઉપભોગ હોય તો હો, પરંતુ...'** તેના આદર નામ **'રાગના વિયોગને લીધે...'** એને આદરનો વિયોગ છે, એનો આદર નથી. આહાહા..! **'રાગના વિયોગને લીધે...'** આહાહા..! એટલે કે તે મારો છે તેવા ભાવના અભાવને લીધે. આહાહા..! **'ખરેખર...'** **'नूनम्'** છે ને? **'नूनम्'** એટલે નિશ્ચય. નિશ્ચયથી-ખરેખર **'તે ઉપભોગ પરિગ્રહભાવને પામતો નથી.'** એ રાગનો અને સંયોગી ચીજનો તે પરિગ્રહ પોતાપણું છે એમ પામતો નથી. આહાહા..! જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે, એમ કહ્યું છે ને? ઇ તો કઈ અપેક્ષાએ? ભોગ છે તે રાગ છે, દુઃખ છે. એટલી દશા પણ દુઃખ છે. પણ દૃષ્ટિના જોરમાં એનો આદર નથી, તેનો પ્રેમ નથી અને આવી ગયો છે તેથી એને-ભોગને નિર્જરા કીધી. જો ભોગની નિર્જરા હોય તો પછી ભોગ છોડીને ચારિત્ર લેવું એ તો રહેતું નથી. હેં? તો ભોગ ભોગમાં જ રહ્યા કરે. એમ નથી, બાપુ! કઈ અપેક્ષાએ કહ્યું? એને દૃષ્ટિના જોરમાં એનો આદર નથી, સ્વીકાર નથી એથી એને ભોગ નિર્જરાનું કારણ કહ્યું. બાકી જેટલો ભોગ છે એટલો તો રાગ છે ને એટલું તો બંધન છે. જ્ઞાનીને એટલો રાગ અને બંધન છે. આહાહા..! એમ કરી નાખે

કે એને કાંઈ રાગ નથી, તો તો વીતરાગ થઈ ગયેલો હોય. આહાહા..!

અહીં તો જ્ઞાનીને **'उपभोगः भवति तत् भवतु'** હો તો હો, એમ કહે છે. છે ને? ઇ તો જ્ઞાન કરાવ્યું છે. ભોગ હો, એમ સ્વીકાર કરાવવો છે? એને હોય છે, એ જાણવા લાયક છે. પણ મારાપણાના ભાવના અભાવને લીધે **'ખરેખર તે ઉપભોગ પરિગ્રહભાવને પામતો નથી.'** નિશ્ચયથી તે રાગ અને બાહ્ય સામગ્રી મારી છે તેવો ભાવ હોતો નથી. આહાહા..!

ઇ તો આપણે આવી ગયું ને, પહેલું? મુનિનું. અશાતાના ઉદયને લઈને ક્ષુધા થાય છે, વીર્યાંતરાય કર્મને લઈને સહન થતું નથી, ચારિત્રમોહને લઈને ઇચ્છા થાય છે પણ તે ત્રણે હેય, રોગ સમાન છે. એમ આવ્યું ને? આહાહા..! જ્ઞાનીને રાગ તે રોગ સમાન છે. આહા..! આવી ગયું ને પહેલું? રોગ સમાન છે, મટાડવા ચાહે છે, ઇચ્છા પ્રત્યેની ઇચ્છા જ્ઞાનીને નથી. મારી આ ઇચ્છા સદા રહો એમ ભાવ છે એને? ત્રણ લોકનો નાથ સદા રહો મારા અનુભવમાં, એમ છે. આહાહા..! એ છેલ્લે આવે છે ને? ભવિષ્યની આવલીકાઓ મારા અનુભવમાં રહો. આહાહા..! છેલ્લે શ્લોક આવે છે. મારો પ્રભુ અનુભવું એ અનુભવમાં સદા સાદિઅનંત રહું પણ રાગની ભાવના એને હોતી નથી. આહાહા..! અજ્ઞાનમય ઇચ્છાનો અભાવ છે. પરજન્ય ઇચ્છાનું સ્વામીપણું નથી. આહા..! માટે ઇચ્છાનો જ્ઞાયક છે. એમ આ ઉપભોગના રાગનો પણ, સામગ્રીનો પણ એ જ્ઞાયક–જાણનારો છે. મને સામગ્રીઓ મળી, ૯૬ હજાર સ્ત્રી ને આ ઇન્દ્રપદ (મળ્યા), એમ એ માનતો નથી. આહાહા..! ઇન્દ્ર સમકિતી છે. શકરેન્દ્ર એકાવતારી છે. મનુષ્ય થઈને મોક્ષ જનાર છે. કરોડો અપ્સરાઓ છે. એ મારા નથી, મારા નથી. રાગ નબળાઈને લઈને આવે છે પણ એ મારું સ્વરૂપ નથી. આહાહા..!

**ભાવાર્થ :– 'પૂર્વે બંધાયેલા કર્મનો ઉદય આવતાં ઉપભોગસામગ્રી પ્રાપ્ત થાય...'** ધર્મીને પણ ચક્રવર્તીનું રાજ મળે. આહાહા..! ઇન્દ્રપદ મળે. **'તેને જો અજ્ઞાનમય રાગભાવે ભોગવવામાં આવે...'** આહાહા..! ઇ મારા છે, એવા અજ્ઞાનભાવે **'ભોગવવામાં આવે તો તે ઉપભોગ પરિગ્રહપણાને પામે.'** તો તે સામગ્રી અને સામગ્રીનો ભાવ રાગ પરિગ્રહપણાને પામે. **'પરંતુ જ્ઞાનીને અજ્ઞાનમય રાગભાવ નથી.'** એ રાગનું મારાપણું દૃષ્ટિમાંથી જેને છૂટી ગયું છે. આહાહા..! ચક્રવર્તીને.. આહા..! સ્ફટિક રત્નના તો જેને મહેલ હોય, મકાનો સ્ફટિક રત્નના, હોં! એક સ્ફટિકની કરોડોની (કિંમત), આ લાદી છે ઇ સ્ફટિકની લાદી એને હોય છે. પૂર્વના પુણ્યને લઈને આવે, કહે છે, હો. અને તેના તરફનો જરી રાગ હોય તો હો, પણ આદર નથી. આહાહા..! આવી વાતું. આહા..!

આ 'નૌઆખલી'માં ન થયું? મુસલમાનો. માતા ચાલીસ વર્ષની, વીસ વર્ષનો જુવાન છોકરો. એને નાગા કરીને બેને ભેટાવે, આમ. એ છોકરા ને માને શું થાતું હશે? દેખાવ તો આમ થાય છે. અરે..! જમીન જો માર્ગ આપે તો સમાઈ જઈએ પણ આ અમે જોઈ નહિ શકીએ. દીકરાની ઇન્દ્રિય ન જોઈ શકીએ, માની ઇન્દ્રિય ન જોઈ શકીએ. આહાહા..!

એમ જ્ઞાનીને રાગ અને પર સામગ્રી આવે પણ એ મારી છે એમ ન જોઈ શકીએ. આહાહા..! અમારી નજરું ન્યાંથી ઊઠી ગઈ છે. આહાહા..! 'નૌઆખલી'માં થયું હતું. 'ગાંધીજી' ગયા હતા. મુસલમાનો બહુ કરતા. બે સગા ભાઈ-બહેનને નાગા કરીને ભેટો કરાવે એકબીજાને. અર..ર..! અંદરથી ત્રાસ.. ત્રાસ.. એમ કહે છે કે, અહીંયાં ઉપભોગ મળ્યો અને રાગ થયો તો એનો એને ત્રાસ છે. એમાં એને ખેદ છે, દુઃખ છે. આહાહા..!

**'અજ્ઞાનમય રાગભાવે ભોગવવામાં આવે તો તે ઉપભોગ પરિગ્રહપણાને પામે. પરંતુ જ્ઞાનીને અજ્ઞાનમય રાગભાવ નથી.'** એટલે કે રાગ મારો છે તેવો ભાવ નથી. મારો તો વીતરાગ સ્વભાવ તે મારો છે. આહાહા..! **'તે જાણે છે કે જે પૂર્વે બાધ્યું હતું તે ઉદયમાં આવી ગયું અને છૂટી ગયું;...'** આહા..! એમાં એને રસ નથી. રસ એટલે કે એકાકાર થવું એમ નથી. રસની વ્યાખ્યા ઇ છે. સ્વરૂપમાં એકાકાર છે ઇ જ્ઞાનનો-આત્માનો રસ છે. રાગમાં એકાકાર નથી એટલે એનો રસ નથી. પહેલા અધ્યાયમાં આવે છે, 'સમયસાર'માં નવ રસની વ્યાખ્યા શરૂઆતમાં આવે છે ને? ત્યાં રસ એટલે શું? એનો અર્થ કર્યો છે ન્યાં. પહેલા શરૂઆતમાં. એકાકાર થવું. જ્ઞાનીને આત્માના આનંદનો રસ છે, રાગનો રસ છે નહિ. આવે છે, હોય છે. આહાહા..! માલિકીપણું નથી. આહાહા..! પૂર્વ બાંધ્યું હતું તે ખરી ગયું.

**'હવે હું તેને ભવિષ્યમાં વાંછતો નથી.'** આહાહા..! આવું રહેજો, રાગ અને આ સામગ્રી મળજો એવી ભવિષ્યની ભાવના ભગવાનઆત્માને ન હોય. આહાહા..! ધર્મી આત્મા. **'આ રીતે જ્ઞાનીને રાગરૂપ ઇચ્છા નથી તેથી તેનો ઉપભોગ પરિગ્રહપણાને પામતો નથી.'** આ વર્તમાનની વાત કરી. આહાહા..! **'આ રીતે જ્ઞાનીને રાગરૂપ...'** વર્તમાન રાગ અને વર્તમાન સામગ્રી, તેની **'ઇચ્છા નથી તેથી તેનો ઉપભોગ પરિગ્રહપણાને પામતો નથી.'** હવે એ વર્તમાન નથી એમ ત્રણે કાળે નથી, એ વાતની ગાથા કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દુનિયા મારા માટે શું માનશે ? આ માણસ સાવ નમાલો છે, કાંઈ બોલતાં ય આવડતું નથી, અંદર ને અંદરમાં પડ્યો રહે છે-એમ લોકો ગમે તે બોલે, તેની તને શી પડી છે ? લોકો મને પ્રશંસે, લોકોમાં હું બહાર આવું-એવી બુદ્ધિવાળો જીવ તો બહિરાત્મા-મિથ્યાદૃષ્ટિ છે. માટે લોકોનો ભય ત્યાગી દે, ઢીલાશ છોડી દે અને અંતર્મુખ સ્વભાવનો દૃઢ પુરુષાર્થ કર.**

આત્મધર્મ અંક-૫, જાન્યુઆરી-૨૦૦૮

## ગાથા–૨૧૫

उप्पण्णोदयभोगो वियोगबुद्धीए तस्स सो णिच्चं।
कंखामणागदस्स य उदयस्स ण कुव्वदे णाणी।।२१५।।
उत्पन्नोदयभोगो वियोगबुद्ध्या तस्य य नित्यम्।
कांक्षामनागतस्य च उदयस्य न करोति ज्ञानी।।२१५।।

कर्मोदयोपभोगस्तावत् अतीतः प्रत्युत्पन्नोऽनागतो वा स्यात्। तत्रातीतस्तावत् अतीतत्वादेव स न परिग्रहभावं बिभर्ति। अनागतस्तु आकांक्ष्यमाण एव परिग्रहभावं बिभृयात्। प्रत्युत्पन्नस्तु स किल रागबुद्ध्या प्रवर्तमान एव तथा स्यात्। न च प्रत्युत्पन्नः कर्मोदयोपभोगो ज्ञानिनो रागबुद्ध्या प्रवर्तमानो दृष्टः, ज्ञानिनोऽज्ञानमयभावस्य रागबुद्धेरभावात्। वियोगबुद्ध्यैव केवलं प्रवर्तमानस्तु स किल न परिग्रहः स्यात्। ततः प्रत्युत्पन्नः कर्मोदयोपभोगो ज्ञानिनः परिग्रहो न भवेत्। अनागतस्तु स किल ज्ञानिनो नाकांक्षित एव, ज्ञानिनोऽज्ञानमयभावस्याकांक्षाया अभावात्। ततोऽनागतोऽपि कर्मोदयोयभोगो ज्ञानिनः परिग्रहो न भवेत्।

---

હવે, જ્ઞાનીને ત્રણે કાળ સંબંધી પરિગ્રહ નથી એમ કહે છે :-

ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,
ને ભાવી કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ૨૧૫.

ગાથાર્થ :- [ उत्पन्नोदयभोगः ] જે ઉત્પન્ન (અર્થાત્ વર્તમાન કાળના) ઉદયનો ભોગ [ सः ] તે, [ तस्य ] જ્ઞાનીને [ नित्यम् ] સદા [ वियोगबुद्ध्या ] વિયોગબુદ્ધિએ હોય છે [ च ] અને [ अनागतस्य उदयस्य ] આગામી (અર્થાત્ ભવિષ્ય કાળના) ઉદયની [ ज्ञानी ] જ્ઞાની [ कांक्षाम् ] વાંછા [ न करोति ] કરતો નથી.

ટીકા :- કર્મના ઉદયનો ઉપભોગ ત્રણ પ્રકારનો હોય-અતીત (ગયા કાળનો), પ્રત્યુત્પન્ન (વર્તમાન કાળનો) અને અનાગત (ભવિષ્ય કાળનો). તેમાં પ્રથમ, જે અતીત ઉપભોગ તે અતીતપણાને લીધે જ (અર્થાત્ વીતી ગયો હોવાને લીધે જ) પરિગ્રહભાવને ધારતો નથી. અનાગત ઉપભોગ જો વાંછવામાં આવતો હોય તો જ પરિગ્રહભાવને (પરિગ્રહપણાને) ધારે; અને જે પ્રત્યુત્પન્ન ઉપભોગ તે રાગબુદ્ધિએ પ્રવર્તતો હોય તો જ પરિગ્રહભાવને ધારે.

પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી

**કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે રાગબુદ્ધિ તેનો અભાવ છે; અને કેવળ વિયોગબુદ્ધિએ જ (હેયબુદ્ધિએ જ) પ્રવર્તતો તે ખરેખર પરિગ્રહ નથી. માટે પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી (–પરિગ્રહરૂપ નથી.)**

**જે અનાગત ઉપભોગ તે તો ખરેખર જ્ઞાનીને વાંછિત જ નથી (અર્થાત્ જ્ઞાનીને તેની વાંછા જ નથી) કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે વાંછા તેનો અભાવ છે. માટે અનાગત કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી (-પરિગ્રહરૂપ નથી).**

**ભાવાર્થ :- અતીત કર્મોદય-ઉપભોગ તો વીતી જ ગયો છે. અનાગત ઉપભોગની વાંછા નથી; કારણ કે જે કર્મને જ્ઞાની અહિતરૂપ જાણે છે તેના આગામી ઉદયના ભોગની વાંછા તે કેમ કરે ? વર્તમાન ઉપભોગ પ્રત્યે રાગ નથી; કારણ કે જેને હેય જાણે છે તેના પ્રત્યે રાગ કેમ હોય ? આ રીતે જ્ઞાનીને જે ત્રણ કાળ સંબંધી કર્મોદયનો ઉપભોગ તે પરિગ્રહ નથી. જ્ઞાની જે વર્તમાનમાં ઉપભોગનાં સાધનો ભેળાં કરે છે તે તો પીડા સહી શકાતી નથી તેનો ઇલાજ કરે છે-રોગી જેમ રોગનો ઇલાજ કરે તેમ. આ, નબળાઈનો દોષ છે.**

---

## પ્રવચન નં. ૨૯૪ ગાથા–૨૧૫, ૨૧૬ રવિવાર, ભાદરવા સુદ ૪, તા. ૨૬-૦૮-૧૯૭૯

---

'નિર્જરા અધિકાર' છે, ભાઈ! જેની દૃષ્ટિ પ્રથમ રાગથી ભિન્ન પડી, ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, એની અંતર દૃષ્ટિ થઈને નિર્વિકલ્પ અનુભવ થવો એ પહેલું કર્તવ્ય છે. આહાહા..! આ જ્ઞાની કોને કહેવો એની વ્યાખ્યા છે. '**હવે, જ્ઞાનીને...**' શબ્દ પડ્યો છે ને? જ્ઞાની કોને કહેવો? ભાઈ! આહાહા..! બહુ જાણપણું હોય એ અહીં પ્રશ્ન નથી. અહીં તો હવે પછીના શ્લોકમાં કહેશે. વેદ્ય-વેદકનું કહેશે. વિદ્વાન. છે? શ્લોક છે કે નહિ? ૧૪૭ શ્લોક છે ને? ૧૪૭ શ્લોકમાં ત્રીજા પદમાં વિદ્વાન (લખ્યું) છે. શ્લોક, હોં! કળશ, કળશ. ૧૪૭ કળશ છે ને એમાં 'વિદ્વાન' શબ્દ વાપર્યો છે. ત્રીજું પદ છે. વિદ્વાન એટલે કે આત્મજ્ઞાન છે તે વિદ્વાન છે. આહાહા..!

આત્મા અખંડાનંદ પ્રભુ! આહાહા..! શુદ્ધ ચૈતન્યઘન, તેનો જેને અંતરમાં સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં આદર થયો છે તેને અહીં વિદ્વાન કહેવામાં આવે છે. આહાહા..! એને અહીંયાં જ્ઞાની કહેવામાં આવે છે. આ શબ્દ છે ને? '**હવે, જ્ઞાનીને...**' એ શબ્દ છે ને? આહા..! જેને આત્મા આનંદનો કંદ પ્રભુ, તેની જેને દૃષ્ટિ થઈ છે, આહા..! એ જ પહેલું કર્તવ્ય અને કરવા લાયક છે. આહાહા..! '**જ્ઞાનીને ત્રણે કાળ સંબંધી પરિગ્રહ નથી...**' પરિગ્રહ જ્યાં જ્ઞાયકભાવનો પરિગ્રહ પકડ્યો.. આહાહા..! એને ત્રણે કાળના બીજા પદાર્થનો પરિગ્રહ નથી.

આહાહા..! '**જ્ઞાનીને ત્રણે કાળ...**' વર્તમાન, ભૂત અને ભવિષ્ય ત્રણે કાળમાં, ત્રણે કાળ ત્રિકાળી ભગવાન જ્ઞાયકભાવની દૃષ્ટિ હોવાથી તેની તેને પક્કડ ને પરિગ્રહ હોવાથી પરનો પરિગ્રહ એને નથી. આહાહા..! એ વાત કહે છે. છે ને? આહાહા..! ૨૧૫.

**उप्पण्णोदयभोगो वियोगबुद्धीए तस्स सो णिच्चं।**
**कंखामणागदस्स य उदयस्स ण कुव्वदे णाणी।।२१५।।**

**ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,**
**ને ભાવી કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ૨૧૫.**

આહાહા..! '**કર્મના ઉદયનો ઉપભોગ ત્રણ પ્રકારનો હોય...**' છે. મૂળ રકમ છે ભાઈ આ. આહાહા..! જેને આત્મા પૂર્ણાનંદનો નાથ (છે) એવી પ્રતીતિમાં આવ્યો છે, જેનો ભરોસો પૂર્ણાનંદ પરમાત્મા છું એમ અનુભવ થઈને ભરોસો થયો છે.. આહાહા..! એવા ધર્મી જીવને '**કર્મના ઉદયનો ઉપભોગ ત્રણ પ્રકારનો હોય...**' આ ત્રણ પ્રકારનો નથી એમ કહીને પહેલું સમજાવે છે. આહાહા..!

'**અતીત (ગયા કાળનો),...**' પરિગ્રહ. વર્તમાનનો પરિગ્રહ (અને) અનાગતનો. '**તેમાં પ્રથમ, જે અતીત ઉપભોગ...**' ભૂતકાળનો ઉપભોગ તો વીતી ગયો છે. '**તે અતીતપણાને લીધે જ (અર્થાત્ વીતી ગયો હોવાને લીધે જ) પરિગ્રહભાવને ધારતો નથી.**' હવે એ તો ગયો છે એને પરિગ્રહપણું અત્યારે (નથી). આહાહા..! હવે રહી વાત વર્તમાન અને ભવિષ્ય. '**અનાગત ઉપભોગ જો વાંછવામાં આવતો હોય...**' આહાહા..! ભવિષ્યનો ઉપભોગ (જો) વાંછવામાં આવતો હોય તો જ પરિગ્રહ હોય. '**તો જ પરિગ્રહભાવને (પરિગ્રહપણાને) ધારે;...**' આહાહા..! આ તો સીધો પહેલો ન્યાય મૂકે છે.

'**અને જે પ્રત્યુત્પન્ન...**' (અર્થાત્) વર્તમાન છે '**તે રાગબુદ્ધિએ પ્રવર્તતો હોય તો જ પરિગ્રહભાવને ધારે.**' ત્રણ પ્રકાર કહ્યા. ભૂતકાળનો પરિગ્રહ હતો, વીતી ગયો એટલે હવે એ છે નહિ. ભવિષ્યની જો વાંછા કરે તો એ પરિગ્રહપણાને પામે. વર્તમાનમાં પણ '**પ્રત્યુત્પન્ન ભોગ તે રાગબુદ્ધિએ પ્રવર્તતો હોય...**' આહાહા..! '**તો જ પરિગ્રહભાવને ધારે.**' ત્રણ ન્યાય સમજાણા? પછી શું છે એ પછી કહેશે.

ધર્મી જીવને આત્મા આનંદનો નાથ પ્રભુ (છે), આહા..! એવી જેને અંદર પ્રતીતિ, વિશ્વાસ, વેદન–અનુભવ સમ્યગ્દર્શનની પહેલી દશા (પ્રગટ થઈ છે)... આહાહા..! તેને ત્રણ પ્રકારનો પરિગ્રહ (નથી). જે ભૂતકાળનો હતો એ વીતી ગયો છે. એટલે એ પરિગ્રહપણાને પામતો નથી. ભવિષ્યની વાંછા કરે તો પરિગ્રહપણાને પામે અને વર્તમાનમાં... આહાહા..! રાગબુદ્ધિએ પ્રવર્તે તો પરિગ્રહપણાને પામે. આ ત્રણ સિદ્ધાંત મૂક્યા. આહાહા..!

હવે બીજો પેરેગ્રાફ. આ ત્રણ તો સિદ્ધાંત કહ્યા કે, ધર્મીને ગયા કાળનો પરિગ્રહ તો

પરિગ્રહપણાને પામે નહિ, કેમકે છે નહિ. ભવિષ્યનો પરિગ્રહ વાંછા કરે તો પરિગ્રહપણાને પામે. વર્તમાન પરિગ્રહ – રાગબુદ્ધિ કરે, રાગ(પણે) પ્રવર્તે તો પરિગ્રહપણાને પામે. આહાહા..! **'પ્રત્યુત્પન્ન કર્મોદય ઉપભોગ..'** એટલે વર્તમાન. **'કર્મોદય ઉપભોગ જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી...'** આહાહા..! વર્તમાન ઉપભોગ રાગનો આદર થઈને જોવામાં આવતો નથી, કહે છે. આહાહા..! જ્યાં ભગવાન જ્ઞાયકસ્વરૂપનો આદર છે ત્યાં રાગબુદ્ધિએ જ્ઞાનીને ઉપભોગ જોવામાં આવતો નથી, કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'પ્રત્યુત્પન્ન કર્મોદય ઉપભોગ...'** ધર્મીને **'રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી...'** એ મારા છે, એમ માન્યતાથી એની પ્રવૃત્તિ નથી. આહાહા..! રાગની રુચિથી પ્રવર્તતો દેખાતો નથી. આહા..! આવો માર્ગ. **'કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ...'** આહાહા..! **'જે રાગબુદ્ધિ તેનો અભાવ છે;...'** રાગની રુચિનો પ્રેમ તે તો અજ્ઞાનભાવ છે એનો તો એને અભાવ છે. આહાહા..! **'જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે રાગબુદ્ધિ...'** રાગનો રસ ને પ્રેમ. આહાહા..! એ અજ્ઞાનભાવ તો ઊડી ગયો છે, કહે છે. તેનો તેને અભાવ છે. આહાહા..! સમજાય છે? પ્રભુ! આ વાત આવી છે, ભગવાન! આહાહા..!

વર્તમાનમાં જ્ઞાનીને રાગબુદ્ધિએ એટલે આદરબુદ્ધિએ પ્રવર્તતો ઉપભોગ દેખાતો નથી. આહાહા..! **'જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે રાગબુદ્ધિ તેનો અભાવ છે;...'** માટે રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. આહાહા..! ત્રણ તો પહેલી વાત કરી. હવે ત્રણની વાસ્તવિકતા બતાવે છે કે, પ્રત્યુત્પન્ન જે ભોગ છે.. આહાહા..! એ રાગબુદ્ધિએ એટલે રાગની રુચિએ, રાગના સ્વીકારથી વર્તમાન ભોગ દેખાતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કારણ? દેખાતો નથી એનું કારણ? ધર્મીને અજ્ઞાનમય ભાવ (જે) રાગ. રાગ તો અજ્ઞાનમય છે, પ્રભુ તો આનંદ અને જ્ઞાનમય છે. આહાહા..! ઓહોહો..! એવી જેની દૃષ્ટિ થઈ છે કે, હું તો ચૈતન્ય આનંદ જ્ઞાનમય છું, જ્ઞાયક છું એવો જ્યાં સ્વીકાર અંદર અનુભવમાં (થયો છે), એને વર્તમાન ભોગ રાગબુદ્ધિએ પ્રવર્તતો દેખાતો નથી. કારણ? કારણ કે રાગબુદ્ધિ તે અજ્ઞાનભાવ છે તેનો તેને અભાવ છે. આહાહા..! આ શૈલી તો જુઓ! એની શ્રદ્ધામાં તો પહેલું નક્કી કરે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! શું શૈલી! શું વસ્તુની સ્થિતિની મર્યાદાના કથનો! ઓહોહો..!

ધર્મીને આત્મા તત્ત્વ છે તે ચિહ્નયો છે, અનુભવ્યો છે, જાણ્યો છે. તેથી તેને કર્મોદયનો વર્તમાન ઉપભોગ સામગ્રી, શરીર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસા, આબરુ-કીર્તિ વગેરે તેને મારાપણે પ્રવર્તતો જોવામાં આવતો નથી. આહાહા..! કારણ? મારાપણે જોવામાં આવતો નથી એનું કારણ કે, રાગમાં પોતાપણાની બુદ્ધિ જેને ઊડી ગઈ છે. આહાહા..! જુઓ તો સિદ્ધાંત! આહાહા..! સમજાય છે કાંઈ?

આ 'ભાવનગર'ની તકરારનો કાલે પત્ર આવ્યો છે. એ શોભે છે 'ભાવનગર'વાળાને?

આવા ત્રણ જણા મુખ્ય માણસો, એનો અનાદર અને એને છૂટું થવું પડ્યું. આવી દશા, આવો માર્ગ મળ્યો એને આ? આહાહા..! 'લાલચંદભાઈ'! 'લાલચંદભાઈ'ને આમાં ક્યાંક પડવું પડશે. તમારો મિત્ર છે. ત્રણ તો ભલા માણસ છે. ત્રણને પોતાને જુદા થવું પડ્યું બિચારાને. આહાહા..! અમે તો કાગળ વાંચીને... કો'ક મુમુક્ષુનો પત્ર છે. નનામો છે, નનામો. કોના કોના નામ છે એના નામ પણ આપ્યા છે. અરે..! વાંક કોના? પ્રભુ! આ શું છે આ?

ભગવાન તું તો જ્ઞાતા જ્ઞાયક છો ને નાથ! આહા..! એ જ્ઞાયકને વર્તમાનમાં ભોગની વાંછા હોય તો તેને પરિગ્રહપણું (હોય), એને રાગપણું તો અજ્ઞાન ભાવ છે. આહાહા..! રાગબુદ્ધિએ પ્રવર્તતો દેખવામાં આવતો નથી, આચાર્ય એમ કહે છે, ભાઈ! આહાહા..! કારણ? રાગભાવે–બુદ્ધિએ–રાગબુદ્ધિએ **'પ્રવર્તતો જોવામાં આવતો નથી...'** આહાહા..! ધર્મીને તો અજ્ઞાનમય ભાવ, રાગબુદ્ધિ તેનો તો અભાવ છે. આહા..! રાગ એ તો અજ્ઞાનભાવ છે, એમાં મારાપણાનો તો અભાવ છે. આહાહા..! શું શૈલી! આહા..! ગજબ વાત છે. વસ્તુની પ્રસિદ્ધિ કરવાની (રીત), આનું નામ 'આત્મખ્યાતિ' છે ને? સંસ્કૃત ટીકા 'આત્મખ્યાતિ' છે આત્માની પ્રસિદ્ધિની રીત કોઈ અલૌકિક (છે). આહા..!

ધર્મીજીવ એને કહીએ કે જેને વર્તમાન ભોગ રાગબુદ્ધિએ પ્રવર્તે નહિ. આહાહા..! કારણ કે રાગ તો અજ્ઞાનમય ભાવ છે. એની બુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. આહાહા..! એક વાત. બીજી વાત. **'અને કેવળ વિયોગબુદ્ધિએ જ (હેયબુદ્ધિએ જ) પ્રવર્તતો...'** દેખાય છે. આહાહા..! રાગબુદ્ધિએ પ્રવર્તતો દેખાતો નથી, એનું કારણ કે રાગબુદ્ધિ તે અજ્ઞાનભાવ છે તેનો અભાવ છે. બીજું, કે કેવળ વિયોગબુદ્ધિએ પ્રવર્તતો દેખાય (છે). આહાહા..! રાગમાં વિયોગબુદ્ધિએ પ્રવર્તતો દેખાય છે. આહાહા..! સ્વભાવની આદરબુદ્ધિએ દેખાય છે, કહે છે. આહાહા..! અરે..! એ વાત ક્યાં મળે? પ્રભુ! આહાહા! આવો માર્ગ.

**'કેવળ વિયોગબુદ્ધિએ...'** કેવળ વિયોગબુદ્ધિએ. દુશ્મનનો જેમ વિયોગ ઇચ્છે એમ રાગનો વિયોગબુદ્ધિએ ભાવ છે. આહાહા..! રાગના રસબુદ્ધિએ ભાવ નથી. આહાહા..! આત્માના આનંદના રસબુદ્ધિએ રાગની રસબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્યે' તો અમૃત વહેવડાવ્યા છે. આહાહા..! એવા સંતોના વિરહ પડ્યા. આવા કાળે આવા સંત ને આવી (વાત). આહા..!

ભૂતકાળનો પરિગ્રહ તો નથી એટલે કે એની કાંઈ રાગબુદ્ધિ પરિગ્રહપણું નથી. વર્તમાનમાં છે એ વાંછા હોય તો પરિગ્રહ (છે), એમ પહેલો સિદ્ધાંત કહ્યો. ભવિષ્યની પણ વાંછા, વર્તમાન રાગબુદ્ધિએ પ્રવર્તે તો એનો પરિગ્રહ ગણાય. ભવિષ્યની વાંછા હોય તો તેને પરિગ્રહ ગણાય. હવે કહે છે કે, વર્તમાનમાં, આહાહા..! રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી. આહાહા..! અમે તો એમ કહીએ છીએ (એમ) મુનિરાજ કહે છે અને એમ અમે જાણીએ છીએ. રાગની બુદ્ધિએ ધર્મીને રાગનો રસ અજ્ઞાનભાવનો અભાવ હોવાથી રાગબુદ્ધિએ પ્રવર્તતો

અમને દેખાતો નથી. અમારો ભાવ પણ અમને રાગબુદ્ધિએ દેખાતો નથી. આહાહા..! અરે..! આવો માર્ગ. આહાહા..! એની હા પાડીને રુચિ કરે તો અંદર આગળ વધી જાય. આહાહા..! આવો માર્ગ માંડ મળ્યો. આહા..! હેં? (શ્રોતા : અપૂર્વ). આહાહા..!

અરે..! સવારમાં જરી થઈ ગયું હતું કે, 'રામજીભાઈ'નો પહેલો જન્મદિન, પહેલું દૂધ કેમ ન લાવ્યા? ખબર છે? બૈરાંને જરી કીધું. કેમ ન લાવ્યા? એમ કીધું. 'રામજીભાઈ'એ નહિ સાંભળ્યું હોય. સવારમાં ભાઈ દૂધ આવ્યું ને દૂધ? એમાં પહેલું તમારું આવવું જોઈએ એમ મને લાગ્યું. પાછળ પાછળ લાવ્યા. મેં બૈરાંને કહ્યું. પહેલા બીજા આવ્યા. પહેલા 'રામજીભાઈ' આવવા જોઈએ. એના માણસ આવા ઢીલા હજી, મેં કહ્યું હતું, બૈરાંને કહ્યું હતું. આ શું કરો છો? આહાહા..!

અહીં તો પરમાત્મા.. સંતો પરમાત્મા જ છે. આહાહા..! પરમઆત્મા છે. એ જગતના ધર્મી જીવોની સ્થિતિ શું હોય છે તેનું વર્ણન પોતાના અનુભવથી કહે છે. આહાહા..! ધર્મીને.. આહાહા..! અજ્ઞાનમય ભાવ જે રાગબુદ્ધિ, તેનો અભાવ છે તેથી રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી. આહાહા..! **'એને કેવળ વિયોગબુદ્ધિએ જ પ્રવર્તતો...'** રાગની પણ હેયબુદ્ધિએ પ્રવર્તતો દેખાય છે. આહાહા..! ઉપાદેયબુદ્ધિ તેની ટળી ગઈ છે. આહાહા..! ભગવાનઆત્માને જ્યાં ઉપાદેયપણે જાણ્યો, એણે રાગને હેયબુદ્ધિએ ટાળ્યો છે. આહાહા..! અને જેણે રાગની ઉપાદેયબુદ્ધિ કરી તેણે ભગવાનઆત્માનો અનાદર, હેય કર્યો. શું કહ્યું ઇ? જેણે વર્તમાન રાગની ઉપાદેયબુદ્ધિ કરી તેણે ભગવાન અનાકુળ આનંદનો નાથ, તેને હેય કર્યો. આહા..! અને જેણે ભગવાન જ્ઞાયકમૂર્તિ ઉપાદેયપણે જાણ્યો, એને રાગ હેયબુદ્ધિએ પ્રવર્તે છે. આહાહા..!

અરે..! આ ટાણા ક્યાં છે? ભાઈ! જુઓને! આ 'મોરબી'માં કેટલું (થઈ ગયું)? આહા..! ઓલી બાઈ હતી, નહિ? બિચારી અપંગ. 'દલીચંદભાઈ'ના નાના ભાઈ. એ બિચારીને ઉપર ચડાવી. ઉપર અહીં સુધી પાણી આવ્યું, અંતે તણાણા, મરી ગયા. ખેંચી લીધા. મડદું (થઈ ગયા). આહા..! આવી સ્થિતિ, બાપુ! આહાહા..! આવું કરવાનું તો આ છે.

ધર્મીજીવની કેવી બુદ્ધિ હોય તે પહેલું અહીં વર્ણન કરે છે. ધર્મી રાગબુદ્ધિએ પ્રવર્તતો હોય નહિ. કેમકે રાગ તે અજ્ઞાનમય ભાવ છે, તેનો તેને અભાવ છે અને જ્ઞાનમય ભાવ એવો ભગવાન તેનો તેને સદ્ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણું પડે પણ માર્ગ આ છે. આહા..! **'કેવળ વિયોગબુદ્ધિએ...'** રાગબુદ્ધિનો અભાવ છે એ તો સિદ્ધાંત કહ્યો અને કેવળ વિયોગબુદ્ધિએ, રાગ છે ખરો. હેં? આહા..! પણ વિયોગબુદ્ધિએ–હેયબુદ્ધિએ. આહાહા..! ચાહે તો શુભ પ્રશસ્ત રાગ હો, ધર્મીને હેયબુદ્ધિએ પ્રવર્તે છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'(હેયબુદ્ધિએ જ) પ્રવર્તતો તે ખરેખર પરિગ્રહ નથી.'** આહાહા..! રાગને હેયબુદ્ધિએ પ્રવર્તતો દેખે તેને પરિગ્રહ ક્યાંથી આવ્યો? આહાહા..! તેને રાગનો અને પરનો પરિગ્રહ ક્યાં છે? આહાહા..! **'માટે પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ...'** આ કારણે વર્તમાન મળેલા કર્મના ઉદયથી

થયો રાગ અને સામગ્રી, તે પ્રત્યેનો ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી. આહાહા..! સમજાણું કાંઈ? હવે અનાગત રહ્યું, ભવિષ્ય.

**'જે અનાગત ઉપભોગ તે તો ખરેખર જ્ઞાનીને વાંછિત જ નથી...'** ભવિષ્યમાં મને આ ભોગ મળે અને અનુભવું, એવો ભાવ જ્ઞાનીને તો હોતો નથી. આહાહા..! **'(અર્થાત્ જ્ઞાનીને તેની વાંછા જ નથી)...'** ભવિષ્યમાં ભોગની, રાગની અનુકૂળતા મળે એની વાંછા જ નથી. આહાહા..! ભવિષ્યમાં તો હું કેવળજ્ઞાનને પામું એવી ભાવનામાં આ ભાવના એને હોતી નથી. સમજાણું કાંઈ? ભવિષ્યમાં હું તો કેવળજ્ઞાનને પામું તે સાદિઅનંતપણે (રહું), એવી જેને ભાવના (છે), એને ભવિષ્યના ભોગની વાંછા હોતી નથી. આહાહા..! જુઓ! આ સંતોની કથની! આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય નથી. પણ એના માનનારાઓને પણ ખબર નથી. 'કાંતિભાઈ'! આહા..! આવી વાત.

ચૈતન્યસૂર્ય જ્યાં ઉગ્યા એને રાગના અંધકારના આદર કેમ હોય? કહે છે. આહાહા..! ચૈતન્યસૂર્યના પ્રકાશમાં... આહાહા..! એ રાગના અંધકાર કેમ હોય? આહાહા..! રાગ અંધકાર છે, અજીવ છે, જડ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અનાગત-ભવિષ્યનો ઉપભોગ.. બહુ ઊંચી વાત સરસ, મીઠી મધુરી વાત છે, હોં! એમ ન સમજાય, એમ નહિ. વસ્તુની સ્થિતિ આવી છે, એનું એ જ્ઞાન તો કરે. આહાહા..! જ્ઞાનમાં તો નક્કી કરે કે માર્ગ તો આ છે. આહાહા..!

**'અનાગત ઉપભોગ તે તો ખરેખર જ્ઞાનીને વાંછિત જ નથી (અર્થાત્ જ્ઞાનીને તેની વાંછા જ નથી)...'** આહાહા..! વર્તમાન રાગની બુદ્ધિએ (ન) પ્રવર્તે તેને ભવિષ્યના રાગની ઇચ્છા ક્યાંથી હોય? કે, અનુકૂળતા મળજો ને આ મળજો ને આ મળજો. આહા..! આહાહા..! અમૃત વહેવડાવ્યા છે. પરમસત્યના વાણીના વહેણા (છે). આહા..! 'વેણલા ભલે વાવ્યા' નથી બાયું ગાતી ઓલા લગન વખતે? ન્યાં વેણલું ક્યાં હતું ત્યાં તો બધું અંધારુ છે. આ પરણે ત્યારે ગાય છે ને? આ વેણલા વાવ્યા અંદરથી, કહે છે.

ભગવાન ચૈતન્યસૂર્ય, એનો પ્રકાશ થયો એવા ધર્મીને વર્તમાન ભોગ હેયબુદ્ધિએ વર્તે, ભવિષ્યની વાંછા એને હોતી નથી. વર્તમાન જ જ્યાં હેયબુદ્ધિએ વર્તે ત્યાં ભવિષ્યની વાંછી ક્યાંથી (હોય)? આહાહા..! જુઓ! આ સમ્યગ્દૃષ્ટિની દશા! આ સમ્યગ્દૃષ્ટિની ભૂમિકા! આહાહા..! સમજાય છે કાંઈ?

**'કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે વાંછા...'** આહા...! ઓલામાં વર્તમાન હતું (ત્યાં) 'અજ્ઞાનમય ભાવ જે રાગબુદ્ધિ' એમ હતું. આમાં **'અજ્ઞાનમય ભાવ જે વાંછા તેનો અભાવ છે.'** આહાહા..! એ શ્રુતજ્ઞાન ને મતિજ્ઞાન જે સમ્યક્ થયું એ કેવળજ્ઞાનને ઝંખે છે, કેવળજ્ઞાનને બોલાવે છે. 'ધવલ'માં પાઠ છે, કેવળજ્ઞાનને બોલાવે છે. આહાહા..! એ કેવળજ્ઞાનને બોલાવે એ મતિજ્ઞાન ભવિષ્યના ભોગની વાંછા શી રીતે કરે? આહાહા..! 'સુમનભાઈ' અહીં બધું

આવું છે. આહાહા..! મીઠો મહેરામણ આત્મા જ્યાં જાગે છે, આહાહા..!

મહેરામણ માઝા ન મૂકે, આવે છે ને ઓલામાં? ચેલૈયો સત્ ન ચૂકે. એવી વાત અન્યમાં આવે છે. બાવો આવ્યો તે એમ કહે કે, તારા દીકરાનો મારે આહાર લેવો છે. એવી વાત એ લોકોમાં આવે છે. 'પોરબંદર' પાસે ગામ છે. ન્યાં ઓલો કહે કે, મારો દીકરો ભણવા ગયો છે. એ સાંભળ્યું છે, ન્યાં છે. એ ગામ ક્યુ? 'બિલખા.. બિલખા', સાચી વાત છે. નામ ભૂલી જવાય છે. 'બિલખા'માં ખબર છે. આહાહા..! એ 'ચેલા'ને–દીકરાને ખબર પડે છે કે, ઘરે મારો બાપ મને બોલાવે છે તો એ તો એવું બોલે છે, 'મહેરામણ માઝા ન મૂકે, ચેલૈયો સત્ ન ચૂકે' હું તો ત્યાં જવાનો, ભલે ખાંડે. આહાહા..!

એમ ભગવાનઆત્મા મહેરામણ–મીઠો મહેરામણ આનંદથી ઉછળ્યો એને ભવિષ્યની રાગની વાંછા કેમ હોય? આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ, બાપા! અત્યારે તો બહારમાં બહુ ફેરફાર કરી નાખ્યો, પ્રભુ! એની પદ્ધતિ ને એની રીત ને એનું પડખું શું છે? ધર્મીનું પડખું તો આત્મા છે, રાગને પડખેથી તો છૂટી ગયો છે. આહાહા..! એણે પડખું ફેરવી નાખ્યું છે, ભાઈ! આહાહા..! ડાબે પડખે સૂતો હોય ને પછી બહુ ઓલું લાગે તો જમણે પડખે સૂવે. વધારે તો જમણે સૂવાની ટેવ હોય છે. ન્યાં પણ થાકી જાય તો ડાબે પડખે આવે. આ પણ ડાબે પડખે અજ્ઞાનમાં થાકી ગયો પછી જમણે પડખે ચૈતન્યમાં અંદર આવ્યો છે. આહાહા..! જે ભગવાન ચૈતન્યના પડખે ચડ્યો એ હવે રાગને પડખે કેમ ચડે? આહાહા..! આવો માર્ગ છે, બાપા! આહાહા..!

**'અજ્ઞાનમય ભાવ જે વાંછા તેનો અભાવ છે. માટે અનાગત કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી.'** આહાહા..! વર્તમાન વિયોગે વર્તે માટે નથી અને ભવિષ્યમાં એની વાંછા નથી માટે નથી. આહાહા..! ગયા કાળનો તો છે નહિ, એટલે બેનું સમાધાન કર્યું.

**ભાવાર્થ :– 'અતીત કર્મોદય-ઉપભોગ તો વીતી જ ગયો છે.'** ભૂતકાળનો. આહાહા..! **'અનાગત ઉપભોગની વાંછા નથી;...'** જ્યાં ચૈતન્યપ્રકાશના નૂર પ્રગટ્યા.. આહાહા..! એની આગળ ભવિષ્યમાં રાગની ઇચ્છા ને પરની સામગ્રીની ઇચ્છા કેમ હોય? આહાહા..! **'કારણ કે જે કર્મને જ્ઞાની અહિતરૂપ જાણે છે...'** એ રાગને (એટલે) રાગરૂપી કર્મ, એને અહિતરૂપ જાણે છે **'તેના આગામી ઉદયના ભોગની વાંછા તે કેમ કરે?'** આહા..! ભવિષ્યમાં મને રાગ થાય ને હું ભોગવું એ ભાવના એને ન હોય. ભારે કામ, ભાઈ!

**'વર્તમાન ઉપભોગ પ્રત્યે રાગ નથી; કારણ કે જેને હેય જાણે છે તેના પ્રત્યે રાગ કેમ હોય?'** આહાહા..! જેને છોડવા લાયક છે એમ જ્યાં અંતરથી જાણ્યું એના પ્રત્યે રાગની રુચિ કેમ હોય? આહાહા..! સમજાય છે કાંઈ? ધીરાના માર્ગ છે, ભાઈ! આહાહા..! **'આ રીતે જ્ઞાનીને જે ત્રણ કાળ સંબંધી કર્મોદયનો ઉપભોગ તે પરિગ્રહ નથી.'** આહા..! ત્રણે કાળ રહેનારો એવો જ્ઞાયકભાવનો પરિગ્રહ જ્યાં પકડ્યો, અનુભવ (થયો), એને ત્રણ કાળના

બાહ્ય પરિગ્રહનો ઉપભોગ હોતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'જ્ઞાની જે વર્તમાનમાં ઉપભોગનાં સાધનો ભેળાં...'** હવે કહે છે. ત્યારે કોઈને એમ લાગે કે, આ ધર્મી છે ને હજી આ બાયડી પરણે છે, રળે છે, દુકાને બેસે (છે). સાંભળ તું, ભાઈ! **'જ્ઞાની જે વર્તમાનમાં ઉપભોગનાં સાધનો ભેળાં કરે છે...'** આહાહા..! એને રાગ આવે અને એના સમાધાન માટે એને બહારના સાધનો પણ હોય. આહાહા..! **'વર્તમાનમાં ઉપભોગનાં સાધનો ભેળાં કરે...'** ભાષા જુઓ! એમ કે, ધર્મી પણ લગ્ન કરે છે, બાયડી પરણે છે, વેપાર-ધંધો દુકાને બેસીને કરે છે ને? દેખાય છે. આહાહા..! એ **'વર્તમાનમાં ઉપભોગનાં સાધનો ભેળાં કરે છે તે તો પીડા સહી શકાતી નથી...'** ઇ રાગ આવે છે એ પીડા છે, દુઃખ છે. એ (પીડા) **'સહી શકાતી નથી તેનો ઇલાજ કરે છે...'** ઝીણી વાત છે જરી. આહાહા..! વાસના, રાગ આવ્યો, એની પીડા સહન થતી નથી એટલે રાગના નિમિત્તો અનુકૂળને ભેગા (કરતો) દેખાય. આહાહા..!

**'રોગી જેમ રોગનો ઇલાજ કરે...'** આહા..! એ રાગ આવ્યો એ રોગ છે. એનો ઇલાજ કરે છે, એ રોગી જેમ રોગનો ઇલાજ કરે, એમ છે, કહે છે. આહાહા..! **'રોગનો ઇલાજ કરે છે તેમ. આ નબળાઈને દોષ છે.'** આહાહા..! રાગભાવ આવ્યો અને એને મટાડવા વિષયના સાધનો ભેગા કરે એમ દેખાય. ભેગા કોણ કરી શકે? પણ કહે છે, એ નબળાઈનો દોષ છે. એને ધર્મી જાણે છે. આહાહા..! આ મારી ચીજ નથી પણ મને અંદર વીતરાગતા નથી અને ઠરવાનું સહનશીલપણું નથી એથી આ રાગ આવ્યો અને એ રાગના ઉપાયના સાધનો (કરે છે). રોગી જેમ રોગને મટાડવા ઇચ્છે એમ રોગ મટાડવા ઇચ્છે છે. રાગભાવે રાખવા ઇચ્છતો નથી. આહાહા..! જરી ઝીણી વાત છે, હોં! આહાહા..!

એક કોર કહે કે, વર્તમાનમાં રાગબુદ્ધિ નથી માટે પરિગ્રહ નથી. છતાં કહે છે કે, એને રાગ દેખાય છે ને આ સાધન વિષયનો ને બાયડીનો, ધંધાનો. ઇ રાગનો રોગ જાણીને એનો ઇલાજ છે, એ રાગને છોડવા માગે છે. આહાહા..! આવો માર્ગ. ખડ્ગની ધાર જેવો. આહાહા..! 'ધાર તરવારની સોહ્યલી, દોહ્યલી જિન તણી ચરણસેવા' જિન એટલે આત્મા. 'ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા' અસીધારા. આહાહા..! આનંદના નાથને સંભાળતા રાગ આવ્યો.. આહા..! એ રાગની સેવા કરતો નથી. પણ રાગ ટાળવાનો ઉપાય કરે છે. આહાહા..! છતાં તેનો તેને પ્રેમ નથી. રોગને મટાડવા જેમ કરે એમ આ રાગ રોગ છે એને મટાડવા કરે છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો ત્રણલોકના નાથના પંથની અંતરની વાતું છે. આહાહા..! આ કોઈ આલીદુઆલીના કથન નથી.

**'રોગી જેમ રોગનો ઇલાજ કરે...'** એમ ઇલાજમાં જોડાય જાય છે. છતાં તેનો આદર નથી, અંદર રસ નથી. આહાહા..! રાગને મટાડવા એના ઉપાય કરે પણ એમાં સુખબુદ્ધિ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? હવે આ તો અંતરની વાતું છે.

## ગાથા-૨૧૬

कुतोऽनागतमुदयं ज्ञानी नाकांक्षतीति चेत् -

जो वेददि वेदिज्जदि समए समए विणस्सदे उभयं।
तं जाणगो दु णाणी उभयं पि ण कंखदि कयावि।।२१६।।

यो वेदयते वेद्यते समये समये विनश्यत्युभयम्।
तद्ज्ञायकस्तु ज्ञानी उभयमपि न कांक्षति कदापि।।२१६।।

ज्ञानी हि तावद् ध्रुवत्वात् स्वभावभावस्य टङ्कोत्कीर्णैकज्ञायकभावो नित्यो भवति, यौ तु वेद्यवेदकभावौ तौ तूत्पन्नप्रध्वंसित्वाद्विभावभावानां क्षणिकौ भवतः। तत्र यो भावः कांक्षमाणं वेद्यभावं वेदयते स यावद्भवति तावत्कांक्षमाणो वेद्यो भावो विनश्यति; तस्मिन् विनष्टे वेदको भावः किं वेदयते ? यदि कांक्षमाणवेद्यभावपृष्ठभाविनमन्यं भावं वेदयते, तदा तद्भवनात्पूर्वं स विनश्यति; कस्तं वेदयते ? यदि वेदकभावपृष्ठभावी भावोऽन्यस्तं वेदयते, तदा तद्भावनात्पूर्वं स विनश्यति; किं स वेदयते ? इति कांक्षमाणभाववेदनानवस्था। तां च विजानन् ज्ञानी न किञ्चिदेव कांक्षति।

---

હવે પૂછે છે કે અનાગત કર્મોદય-ઉપભોગને જ્ઞાની કેમ વાંછતો નથી ? તેનો ઉત્તર કહે છે :-

રે ! વેદ્ય વેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,
- એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬.

ગાથાર્થ :- [ यः वेदयते ] જે ભાવ વેદે છે (અર્થાત્ વેદકભાવ) અને [ वेद्यते ] જે ભાવ વેદાય છે (અર્થાત્ વેદ્યભાવ) [ उभयम् ] તે બન્ને ભાવો [ समये समये ] સમયે સમયે [ विनश्यति ] વિનાશ પામે છે-[ तद्ज्ञायकः तु ] એવું જાણનાર [ ज्ञानी ] જ્ઞાની [ उभयम् अपि ] તે બન્ને ભાવોને [ कदापि ] કદાપિ [ न कांक्षति ] વાંછતો નથી.

ટીકા :- જ્ઞાની તો, સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે; અને જે *વેદ્ય-વેદક (બે) ભાવો છે તેઓ, વિભાવભાવોનું ઉત્પન્ન થવાપણું અને વિનાશ થવાપણું હોવાથી, ક્ષણિક છે. ત્યાં, જે ભાવ કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારા) એવા

---

વેદ્ય = વેદાવાયોગ્ય. વેદક = વેદનાર, અનુભવનાર.

વેદ્યભાવને વેદે છે અર્થાત્ વેદ્યભાવને અનુભવનાર છે તે (વેદકભાવ) જ્યાં સુધીમાં ઉત્પન્ન થાય ત્યાં સુધીમાં કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારો) વેદ્યભાવ વિનાશ પામી જાય છે; તે વિનાશ પામી જતાં, વેદકભાવ શું વેદે ? જો એમ કહેવામાં આવે કે કાંક્ષમાણ વેદ્યભાવની પછી ઉત્પન્ન થતા બીજા વેદ્યભાવને વેદે છે, તો (ત્યાં એમ છે કે) તે બીજો વેદ્યભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદકભાવ નાશ પામી જાય છે; પછી તે બીજા વેદ્યભાવને કોણ વેદે ? જો એમ કહેવામાં આવે કે વેદકભાવની પછી ઉત્પન્ન થતો બીજો વેદકભાવ તેને વેદે છે, તો (ત્યાં એમ છે કે) તે બીજો વેદકભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદ્યભાવ વિણસી જાય છે; પછી તે બીજો વેદકભાવ શું વેદે ? આ રીતે કાંક્ષમાણ ભાવના વેદનની અનવસ્થા છે. તે અનવસ્થાને જાણતો જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી.

ભાવાર્થ :- વેદકભાવ અને વેદ્યભાવને કાળભેદ છે. જ્યારે વેદકભાવ હોય છે ત્યારે વેદ્યભાવ હોતો નથી અને જ્યારે વેદ્યભાવ હોય છે ત્યારે વેદકભાવ હોતો નથી. જ્યારે વેદકભાવ આવે છે ત્યારે વેદ્યભાવ વિણસી ગયો હોય છે; પછી વેદકભાવ કોને વેદે ? અને જ્યારે વેદ્યભાવ આવે છે ત્યારે વેદકભાવ વિણસી ગયો હોય છે; પછી વેદકભાવ વિના વેદ્યને કોણ વેદે ? આવી અવ્યવસ્થા જાણીને જ્ઞાની પોતે જાણનાર જ રહે છે, વાંછા કરતો નથી. અહીં પ્રશ્ન થાય છે કે-આત્મા તો નિત્ય છે તેથી તે બન્ને ભાવોને વેદી શકે છે; તો પછી જ્ઞાની વાંછા કેમ ન કરે ? તેનું સમાધાન :- વેદ્ય-વેદક ભાવો વિભાવભાવો છે, સ્વભાવભાવ નથી, તેથી તેઓ વિનાશિક છે; માટે વાંછા કરનારો એવો વેદ્યભાવ જ્યાં આવે ત્યાં સુધીમાં વેદકભાવ (ભોગવનારો ભાવ) નાશ પામી જાય છે, અને બીજો વેદકભાવ આવે ત્યાં સુધીમાં વેદ્યભાવ નાશ પામી જાય છે; એ રીતે વાંછિત ભોગ તો થતો નથી. તેથી જ્ઞાની નિષ્ફળ વાંછા કેમ કરે ? જ્યાં મનોવાંછિત વેદાતું નથી ત્યાં વાંછા કરવી તે અજ્ઞાન છે.

## ગાથા–૨૧૬ ઉપર પ્રવચન

**'હવે પૂછે છે કે અનાગત કર્મોદય-ઉપભોગ...'** ભવિષ્યના ઉપભોગને **'જ્ઞાની કેમ વાંછતો નથી?'** ભવિષ્યના ઉપભોગને જ્ઞાની કેમ વાંછતો નથી? એમ શિષ્યનો પ્રશ્ન (છે). **'कुतोऽनागतमुदयं ज्ञानी नाकांक्षतीति'** સંસ્કૃત છે. ગાથા બહુ સારી છે. આ ગાથા (સંવત) ૧૯૯૧માં 'ઉમરાળા'થી અહીં આવ્યા ને? ત્યારે 'દાસે' આ પ્રશ્ન પૂછ્યો હતો. 'પુરષોત્તમદાસ' આવ્યા છે? નથી આવ્યા? એણે આ ગાથાનો પ્રશ્ન પૂછ્યો હતો. ૧૯૯૧નો ફાગણ મહિનો. 'ઉમરાળા'. પછી ફાગણ વદ ત્રીજે અહીં આવ્યા ને? આ પ્રશ્ન કર્યો હતો–વેદ્ય-વેદકનો. આહા..! મૂળ પાઠ.

**जो वेददि वेदिज्जदि समए समए विणस्सदे उभयं।**
**तं जाणगो दु णाणी उभयं पि ण कंखदि कयावि।।२१६।।**
**રે ! વેદ્ય વેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,**
**- એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬.**

આહાહા..! ટીકા :- **'જ્ઞાની તો, સ્વભાવભાવનું ધ્રુવપણું...'** આહાહા..! ભગવાન ધ્રુવ, તેની જેને પક્કડ થઈ ને સ્વભાવભાવ જે ધ્રુવ.. આહાહા..! નિત્યાનંદનો નાથ ભગવાન ધ્રુવ. **'સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી,...'** ધર્મીને તો સ્વભાવભાવના ધ્રુવપણાનો આદર છે. આહા..! એ સ્વભાવભાવ ધ્રુવ આનંદ, જ્ઞાન, શાંતિ એવો સ્વભાવભાવ જે ધ્રુવ. જ્ઞાનીને **'સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી,..'** આહાહા..! એની દૃષ્ટિમાં તો ધ્રુવપણું તરવરે છે, કહે છે. આહાહા..! ધર્મીની દૃષ્ટિમાં ધ્રુવપણું, સ્વભાવભાવ એવો જે ધ્રુવ. આહા..! એ જેની દૃષ્ટિમાં તરવરે છે, દૃષ્ટિમાં એનો આદર છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! ધર્મીની દૃષ્ટિ સ્વભાવભાવના ધ્રુવપણા ઉપર હોય છે. આહાહા..! ગમે તે પ્રસંગમાં પણ તે દૃષ્ટિ ત્યાંથી ખસતી નથી. આહાહા..!

ધર્મીને.. આહાહા...! ગાથા ભારે ઊંચી! **'સ્વભાવભાવનું...'** સ્વભાવભાવ-ત્રિકાળ સ્વભાવભાવ આનંદ જ્ઞાયક સ્વભાવભાવ, **'એનું ધ્રુવપણું હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે;...'** આહાહા..! ટંકોત્કીર્ણ નામ શાશ્વત **'જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે;...'** જ્ઞાયક સ્વભાવભાવ-ધ્રુવ સ્વભાવભાવ છે તે નિત્ય છે. ધર્મીની દૃષ્ટિ ત્યાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અને જે વેદ્ય-વેદક (બે) ભાવો છે...'** આહા..! પાઠમાં આગળપાછળ અર્થ છે. પાઠમાં વેદ્ય-વેદક છે. આમાં વેદક-વેદ્ય છે અને આમાં વેદ્ય-વેદક છે. આહા..! છે એ પહેલી વાત થઈ ગઈ. પાઠમાં વેદકભાવ અને વેદ્યતે.. છે ને? વેદ્યતે અને વેદાય તે, એમ પહેલું છે. આમાં વેદાય તે અને વેદનાર. વેદ્ય-વેદક (એટલે) વેદાવાયોગ્ય. વેદન-વેદનાર વર્તમાન. વર્તમાન વેદાવાયોગ્ય, એની ઇચ્છા જે આ પદાર્થની, અને તે વખતે વેદવું તે વેદનાર. આહા..! ઇચ્છા કાળે વેદવાની વસ્તુ છે નહિ અને વેદવાની વસ્તુ આવે ત્યારે એ ઇચ્છા રહેતી નથી. એટલે બેનો મેળ નથી. શું કહ્યું ઇ?

જે પદાર્થ ભોગવવાની ઇચ્છા થાય તે ઇચ્છા કાળે તો સામે વસ્તુ નથી અને વસ્તુ આવી ત્યારે ઓલી ઇચ્છાનો કાળ રહ્યો નથી. એટલે તો ઇચ્છાનો નાશ થઈ ગયો. એટલે વેદ્ય-વેદક ભાવનો મેળ નથી. બેય નાશવાન છે. આહા..! પરવસ્તુને ભોગવવાની ઇચ્છા થઈ ત્યારે પરવસ્તુ નથી અને પરવસ્તુ આવી ત્યારે ઓલી ઇચ્છા નથી માટે બેય ક્ષણિક નાશવાનની ઇચ્છા કેમ હોય? આહા..! અવિનાશી ધ્રુવ સ્વભાવની દૃષ્ટિને લઈને આવા નાશવાનની ઇચ્છા જ્ઞાનીને હોતી નથી. ન્યાય સમજાય છે કાંઈ? આહા..!

એક વાસના થઈ અંદર રતિ કે મારી આબરુ હોય તો ઠીક. હવે જ્યારે આબરુ થઈ

ત્યારે ઓલી વૃત્તિ તે કાળે રહેતી નથી તો બેનો મેળ ખાતો નથી. મેળ નથી ખાતો એની વાંછા જ્ઞાનીને કેમ હોય? આહાહા..! સમજાણું કાંઈ? ઇચ્છા આવી કે હું વેપાર કરું અને વેપાર જ્યારે કરે છે ત્યારે ઓલી ઇચ્છા નથી. એટલે વેદક અને વેદ્યનો મેળ ખાતો નથી. એ બેય નાશવાન છે. આહાહા..! બહુ સરસ વાત છે.

**'વેદ્ય-વેદક (બે) ભાવો છે તેઓ, વિભાવભાવોનું ઉત્પન્ન થવાપણું...'** એટલે ઇચ્છા થવી એનો નાશ થાય અને જે ઇચ્છિત વસ્તુ આવી ત્યારે ઓલાનો નાશ થાય અને ઇ ઇચ્છિત વસ્તુ આવી ત્યારે આ ઇચ્છા નહોતી. ઇચ્છાનો નાશ થઈ ગયો. જે ઇચ્છિત વસ્તુ આવી ત્યારે ઇચ્છાનો નાશ થઈ ગયો અને વસ્તુ આવી ત્યારે બીજી ઇચ્છા (છે), પણ એ તો પછીની ઇચ્છાની વાત છે. એ ઇચ્છા અને ઇચ્છાનો ઉપભોગ, બેનો મેળ નથી. આહાહા..! આવી વાતું છે. આહાહા..! બેય **'વિભાવભાવોનું ઉત્પન્ન થવાપણું અને વિનાશ થવાપણું હોવાથી, ક્ષણિક છે.'** ઇચ્છા એ વિભાવભાવ છે, એ ક્ષણિક છે એ નાશ થાય છે. વસ્તુ સામગ્રી આવી એ પણ નાશ થાય છે. કારણ કે (વસ્તુ) આવી ત્યારે એની ઇચ્છા રહેતી નથી. એટલે ઇચ્છાનો નાશ અને આવી ત્યારે તે વસ્તુની ઇચ્છા નથી. આહાહા..! એ વસ્તુ આવી ત્યારે એ નાશવાન છે અને ઇચ્છા થઈ એ પણ નાશવાન છે. આહા..! સમજાણું કાંઈ?

**'ત્યાં, જે ભાવ કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનાર) એવા વેદ્યભાવને વેદે છે અર્થાત્ વેદ્યભાવને અનુભવનાર છે તે (વેદકભાવ) જ્યાં સુધીમાં ઉત્પન્ન થાય ત્યાં સુધીમાં કાંક્ષમાણ...'** જે ચીજો વેદાવાયોગ્ય છે એ આવી એ પહેલાં વાંછા જે હતી તે વાંછાનો નાશ થઈ જાય છે. આહાહા..! ઝીણી વાત છે થોડી, હોં! આ ગાથા ઝીણી છે. જ્ઞાયકભાવનું ધ્રુવપણું જે સ્વભાવભાવનું હોવાથી વર્તમાન જે પદાર્થને ઇચ્છે તે કાળે તે પદાર્થ નથી. નહિંતર ઇચ્છા કેમ થાય? અને જ્યારે આવે છે ત્યારે આ ઇચ્છા નથી. આહાહા..! કારણ કે પદાર્થ પણ અનિત્ય છે એટલે ઇચ્છા કાળે અનિત્ય પદાર્થ આવતો નથી અને અનિત્ય પદાર્થ આવ્યો ત્યારે ઇચ્છા અનિત્ય છે તે રહેતી નથી. સમજાણું આમાં કાંઈ? આવી વાતું છે. આહા..!

**'કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારા) એવા વેદ્યભાવને વેદે છે અર્થાત્ વેદ્યભાવને અનુભવનાર છે તે (વેદકભાવ) જ્યાં સુધીમાં ઉત્પન્ન થાય ત્યાં સુધીમાં...'** ઇચ્છા જે હતી તે રહેતી નથી. આહાહા..! **'વેદ્યભાવ વિનાશ પામી જાય છે;...'** વેદાવાયોગ્ય જે ચીજ આવે છે ત્યારે વેદવાની ઇચ્છા છે તેનો નાશ થઈ જાય છે. આહાહા..! એવા ક્ષણિકનો મેળ નથી તેની ઇચ્છા જ્ઞાનીને કેમ હોય? આહા..! નિત્ય ભગવાનની જેને ભાવના છે એને ક્ષણિકની વેદનની ઇચ્છા અને વેદવાયોગ્યનો મેળ નથી, તેને તે ઇચ્છે કેમ? આહાહા..! ઝીણી વાતું છે થોડી.

**'તે વિનાશ પામી જતાં, વેદકભાવ શું વેદે?'** કારણ કે પૂર્વની ઇચ્છાનો નાશ થયો અને

(વસ્તુ) આવી ત્યારે વેદવાનું શું વેદે ઇ? ઇ ઇચ્છા તો રહી નથી. **'જો એમ કહેવામાં આવે કે કાંક્ષમાણ વેદ્યભાવની પછી ઉત્પન્ન થતા બીજા વેદ્યભાવને વેદે છે,...'** પણ તે વખતે વેદવાનું આવે ત્યાં આ ભાવનો નાશ થાય છે અને આ ભાવનો નાશ ત્યારે ઓલી વેદવાયોગ્ય વસ્તુ આવે છે. આહાહા..! દાસે આ પ્રશ્ન કરેલો. તે દિ' 'ભાવનગર' હતા ને? 'ઉમરાળા'થી જ્યારે અહીં આવવું હતું. ફાગણ વદ ત્રીજે અહીં આવ્યા છીએ. એ પહેલા 'ઉમરાળે' પ્રશ્ન કરેલો. જો બીજો વેદ્યભાવ ઉત્પન્ન થાય, વેદાવાયોગ્ય, તે **'પહેલાં જ તે વેદકભાવ નાશ પામી જાય છે;...'** વસ્તુ છે એ નાશ પામી જાય છે.

**'પછી તે બીજા વેદ્યભાવને કોણ વેદે? જો એમ કહેવામાં આવે કે વેદકભાવની પછી ઉત્પન્ન થતો બીજો વેદકભાવ તેને વેદે છે, તો (ત્યાં એમ છે કે) તે બીજો વેદકભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદ્યભાવ વિણસી જાય છે; પછી તે બીજો વેદકભાવ શું વેદે ? આ રીતે કાંક્ષમાણ ભાવના વેદનની અનવસ્થા...'** ઇચ્છાયેલા ભાવનું વેદવું, તેની અનવસ્થા, મેળ નથી. **'તે અનવસ્થાને જાણતો જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી.'** આહાહા...! ઇચ્છાની ઇચ્છા નથી એટલે વાંછતો નથી. અંતરની ભાવનામાં-નિત્ય સ્વભાવભાવની દૃષ્ટિ હોવાથી તેની ભાવનામાં છે, આ ભાવમાં આવતો નથી.

---

## પ્રવચન નં. ૨૯૫ ગાથા-૨૧૬, ૨૧૭ શ્લોક-૧૪૬-૧૪૭ સોમવાર, ભાદરવા સુદ ૫, તા. ૨૭-૦૮-૧૯૭૯

---

આ પર્યુષણનો પહેલો દિવસ છે. દસલક્ષણી પર્વ ગણાય છે. મુનિના દસ પ્રકારના ધર્મછે ને? એની પ્રધાનતાનું આ પર્યુષણ (પર્વ છે). મુનિના દસ પ્રકાર જે ઉત્તમ ક્ષમા એ સમ્યગ્દર્શન સહિતની વાત છે. એકલી ક્ષમાને અહીં ક્ષમા કહેતા નથી. ભગવાનઆત્મા શાંત.. શાંત.. શાંત.. પૂર્ણ શાંતિનો સાગર, એનો જેને અંતર અનુભવ છે એવા સમ્યગ્દૃષ્ટિને ઉત્તમ ક્ષમા હોય છે. અહીં મુનિને મુખ્યપણે કહે છે. શ્વેતાંબરમાં એનો આજ છેલ્લો દિ' છે, એને પહેલા સાત દિ' થઈ ગયા. એ લૌકિક રીત હતી, આ તો વાસ્તવિક રીત છે. લગનમાં હોય છે ને જે મંડપનો દિવસ? લગનનો. એનાથી વર્ધી પહેલી નાખે લૌકિકમાં. એમાં એમ છે. એક પાંચમનું જ પજોસણ. શ્વેતાંબરમાં શાસ્ત્રમાં એક પાંચમનું જ છે, ચોથનું પછી એક સાધુએ કરેલું. મૂળ પાંચમ છે, બાકી સાત દિ' તો એ લોકોએ વધાર્યા. આ તો અનાદિ સનાતન જૈનધર્મ (છે). પાંચમથી ચૌદસ. એ દસે ધર્મ વાસ્તવિક મુનિના છે. એમાં પહેલો ઉત્તમ ક્ષમા. ૪૪ પાનું છે. આ ગુજરાતી લઈએ છીએ. ૪૫ પાનાની પહેલી (લીટી) ઉપર.

અજ્ઞાનીજનો દ્વારા આહાહા..! અજ્ઞાનીજનો દ્વારા શારીરીક બાધા કે અપશબ્દોનો પ્રયોગ કે હાસ્ય અને મશ્કરી કરે. આહાહા..! કે બીજા પણ અપ્રિય કાર્ય કરવા છતાં જે નિર્મળ

અને વિપુલ જ્ઞાનના ધારક સાધુ.. આહા..! એના મનમાં ક્રોધાદિ વિકારને પ્રાપ્ત થતો નથી. આહાહા..! એવો પ્રસંગ ઉભો હોય, જે મશ્કરી કરે, અપ્રિય વચન કરે. આહાહા..! અજ્ઞાનીજનો દ્વારા બાધા ઊપજે (તોપણ) શાંતિ. આહા..! એનું નામ ક્ષમા છે. તે મોક્ષમાર્ગમાં ચાલનાર પથિકજનોને સર્વપ્રથમ સહાયક છે. પછી મુનિધર્મરૂપી પવિત્ર વૃક્ષ ઉન્નત ગુણોના સમૂહરૂપી ડાળીઓ, પાંદડાં, ફૂલોથી પરિપૂર્ણ થયું થકું, એવું થકા પણ જો અતિશય તીવ્ર ક્રોધરૂપી દાવાનળથી.. આહાહા..! તીવ્ર ક્રોધ જો કરે તો એ બધા નાશ પામી જાય. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ. જેમ ઝાડમાં અગ્નિ પડે અને ડાશ થાય.. આહા..! વન ફાળ્યું-ફૂલ્યું હોય પણ જો અગ્નિ આવે તો બળી જાય. એમ અંદર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ થયા હોય પણ જો ક્રોધ તીવ્ર કરે તો બધું ભસ્મ થઈ જાય. આહાહા..!

અમે રાગાદિ દોષોથી રહિત થઈને વિશુદ્ધ મનથી સ્પષ્ટ સ્થિર થઈ છીએ. મુનિરાજ કહે છે. આહાહા..! યથેષ્ટ આચરણ કરનારા લોકો પોતાની કલ્પનાથી આચરણ કરનારા સ્વચ્છંદીઓ પોતાના હૃદયમાં ગમે તેમ માને, લોકમાં શાંતિ અભિલાષી મુનિઓએ પોતાની આત્મશુદ્ધિ સિદ્ધ કરવી જોઈએ. દુનિયા ગમે તે માને પણ ધર્માત્માએ તો પોતાના આત્માની શુદ્ધિ વૃદ્ધિ કરવી જોઈએ. આહાહા..! ઉત્તમ ક્ષમા શબ્દ છે ને? એકલી ક્ષમા નહિ. સમ્યગ્દર્શન સહિત તે ઉત્તમ ક્ષમા (છે). આહાહા..! એ મુનિનો ધર્મ છે. સાચા સંત જેને અંતર સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ.. શાંતિ.. શાંતિ પ્રગટ થઈ છે એને આવા પ્રસંગમાં અશાંતિનો ક્રોધ ન હોય, એમ કહે છે. આહાહા..!

દુર્જન મનુષ્ય મારા દોષો જાહેર કરી સુખી થાઓ. આહાહા..! ધર્માત્મા એમ વિચારે છે. દુર્જનો દોષો દેખી સુખી થાઓ, પ્રભુ! આહાહા..! ધનનો અભિલાષી મનુષ્ય મારું સર્વસ્વ ગ્રહણ કરીને સુખી થાઓ તો થાઓ. જો શત્રુ મારું જીવન ગ્રહણ કરીને સુખી થતો હોય, પ્રાણ લઈને સુખી થતો હોય તો થાઓ. આહાહા..! બીજા કોઈ મારું સ્થાન લઈને સુખી થતા હોય તો થાઓ. આહાહા..! અને જે મધ્યસ્થ છે–રાગદ્વેષ રહિત છે, એવા મધ્યસ્થ બની રહે. જે મધ્યસ્થ વીતરાગી છે તે એમાં રહો. આખુંય જગત અતિશય સુખનો અનુભવ કરો, પ્રભુ! અહીં તો કહે છે. આહાહા..! મારા નિમિત્તે કોઈપણ સંસારી પ્રાણીને કોઈપણ પ્રકારે દુઃખ ન થાય, એમ હું ઊંચા સ્વરે પોકારું છું, કહે છે. આહાહા..! જુઓ! વ્યાખ્યા.

હે મન! શું તું સંપૂર્ણ ત્રણ લોકમાં ચૂડામણિ સમાન એવા શ્રેષ્ઠ વીતરાગ જિનને નથી જાણતો. આહાહા..! સર્વજ્ઞ પરમાત્મા જગતમાં છે, એને પ્રભુ! તું નથી જાણતો? તારા હૃદયમાં એ સર્વજ્ઞ કેવા છે એ નથી બેઠું? આહાહા..! શું તેં વીતરાગ કથિત ધર્મનો આશ્રય નથી લીધો? આહાહા..! પરમાનંદનો સાગર નાથ આત્મા, તેનો આશ્રય પ્રભુ! તેં નથી લીધો? શું જનસમૂહ જડ અજ્ઞાની નથી? જગત તો અજ્ઞાની છે, ખબર છે. આહાહા..! જેથી તું મિથ્યાદષ્ટિ અને અજ્ઞાની દુષ્ટ પુરુષો દ્વારા કરવામાં આવેલા થોડાક ઉપદ્રવથી પણ વિચલિત

થઈને બાધા ઊપજે છે કે જે કર્મ આસ્રવનું કારણ છે. આહા..! દુનિયા સુખી થાઓ ગમે તે રીતે. મારા દોષ દેખીને, લૂંટીને–જીવન લૂંટીને, મારું સ્થાન લઈને સુખી થાઓ, બાપા! આહાહા..! એનું નામ અંદર ક્ષમા કહેવાય. આ 'પદ્મનંદિ પંચવિંશતિ' નવું આવ્યું છે ને?

હવે આપણે આ વેદ્ય-વેદક. **ભાવાર્થ :–** ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! '**વેદકભાવ અને વેદ્યભાવને કાળભેદ છે.**' એટલે? કે, જે કોઈ પદાર્થને ઇચ્છે છે એવો જે વેદ્યભાવ અને જ્યારે સામગ્રી આવે અને વેદવાયોગ્ય ભાવ, બેનો કાળભેદ છે. આહા..! શું કહ્યું ઇ? '**વેદકભાવ અને વેદ્યભાવને કાળભેદ છે. જ્યારે વેદકભાવ હોય છે...**' જ્યારે વેદાવાયોગ્ય, ભોગવવાયોગ્ય સામગ્રી મળે અને ભાવ હોય છે ત્યારે પેલો વેદ્યભાવ જે ઇચ્છા હતી તે હોતી નથી. આહાહા..! ઇચ્છા વખતે વેદક ને સામગ્રી આદિ વેદવાનો ભાવ હોતો નથી અને એ જ્યારે વેદવાનો કાળ આવે ત્યારે એ ઇચ્છા રહેતી નથી. આહાહા..!

'**જ્યારે વેદ્યભાવ હોય છે ત્યારે વેદકભાવ હોતો નથી.**' ઇચ્છા હોય છે ત્યારે સામગ્રીને વેદવાનું હોતું નથી. આહા..! '**જ્યારે વેદકભાવ...**' ભોગવવા યોગ્ય '**આવે છે ત્યારે...**' પેલો ઇચ્છારૂપી ભાવ '**વિણસી ગયો હોય છે;...**' સમજાય છે કાંઈ? આહાહા..! આ પ્રશ્ન કર્યો હતો ને? 'પુરષોત્તમભાઈ'એ કર્યો હતો. 'ઉમરાળા'માં. અહીં આવવા પહેલા. પરિવર્તન કરવા પહેલા 'ઉમરાળે' (સંવત) ૧૯૯૧ના ફાગણ મહિનામાં પ્રશ્ન કર્યો હતો. આ ૨૧૬ ગાથાનો. એમાં (–સ્થાનકવાસીમાં) હતા ને ત્યારે? આહા..!

ભાઈ! ધર્માત્માને જેને આત્મજ્ઞાન અને અનુભવ છે એને ઇચ્છા–પરપદાર્થને ભોગવું એવી ઇચ્છા જ હોતી નથી. કેમકે ઇચ્છા જે છે તે કાળે તેને ભોગવવાના કાળમાં સામગ્રી નથી અને ભોગવવાની સામગ્રી આવે ત્યારે વેદવાની ઇચ્છા જે હતી તે ઇચ્છા રહેતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? બેય ક્ષણે ક્ષણે નાશવાન છે. ઇચ્છા પણ નાશવાન છે અને વેદવાયોગ્યની સામગ્રી આવે એ પણ નાશવાન અને તેને વેદવાનો ભાવ એ પણ નાશવાન. આહાહા..! 'સમયસાર' ગજબ વાત છે. અત્યારે ભરતક્ષેત્રમાં અજોડ 'સમયસાર' છે. આહા..! ભગવાનની સાક્ષાત્ વાણી ત્રણ લોકના નાથ, એની વાણીના ભણકાર છે બધા. આહાહા..!

'**જ્યારે વેદકભાવ આવે છે ત્યારે વેદ્યભાવ વિણસી ગયો હોય છે;...**' ભોગવવાનો કાળ આવે ત્યારે ભોગવવાની જે ઇચ્છા હતી તે તો હોતી નથી. સમજાય છે આમાં? '**વેદ્યભાવ વિણસી ગયો હોય છે;...**' જ્યારે વેદકભાવ આવે, ભોગવવાનો કાળ ત્યારે ઇચ્છા જે હતી એ ઇચ્છા તો રહેતી નથી. આહાહા..! '**વેદકભાવ કોને વેદે? જ્યારે વેદ્યભાવ આવે છે ત્યારે વેદકભાવ વિણસી ગયો હોય છે;...**' વળી પાછી ઇચ્છા થાય ત્યારે વેદકભાવ હોતો નથી. '**પછી વેદકભાવ વિના વેદ્યને કોણ વેદે? આવી અવ્યવસ્થા જાણીને જ્ઞાની પોતે જાણનાર રહે છે,...**' આહાહા..! ઇચ્છા અને સામગ્રીનું ભોગવવું, બેનો મેળ નથી. માટે જ્ઞાની જ્ઞાતાપણે (રહે છે). આહા..! જ્ઞાનીને ઇચ્છા થાય એ તો નબળાઈનું કામ છે. એ ઇચ્છા ભોગવવાની

ચીજ મળે અને ભોગવું એમ નથી. સમજાય છે કાંઈ? એ ઇચ્છાને પણ અંતર આત્માના આનંદ ને જ્ઞાતા દ્વારા જાણે છે. તેથી તેને એ ઇચ્છા કે, આને ભોગવું, એવી ઇચ્છા તેને હોતી નથી. આહાહા..!

**'અહીં પ્રશ્ન થાય છે કે–આત્મા તો નિત્ય છે તેથી તે બન્ને ભાવોને વેદી શકે છે;...'** ઇચ્છા થઈ અને પછી વેદવાયોગ્ય વસ્તુ થઈ તો બેયને નિત્ય છે તો કરી શકે છે, એમ શિષ્યનો પ્રશ્ન છે. આહાહા..! **'તો પછી જ્ઞાની વાંછા કેમ ન કરે?'** બહુ વાત ઝીણી. **'તેનું સમાધાન :– વેદ્ય-વેદક ભાવો વિભાવભાવો છે,...'** ઇચ્છા થવી અને ભોગવવાનો કાળ આવે એ પણ સામગ્રી અને એનો રાગ, એ બધું નાશવાન છે. આહાહા..! ધર્મી જેને ધ્રુવ ચિદાનંદ પ્રભુ, આનંદનો સાગર જેને દૃષ્ટિમાં આવ્યો છે, એને એ ભોગવવાની ઇચ્છા અને ભોગવવાનો ભાવ, બેય હોતા નથી. આહાહા..! આવું (છે). તે વેદકભાવ વિભાવ છે, **'સ્વભાવભાવ નથી, તેથી તેઓ વિનાશિક છે; માટે વાંછા કરનારો એવો વેદ્યભાવ...'** જોયું? ઇચ્છા થાય કે, આ નહિ. એ વાંછા કરનારો એવો વેદ્યભાવ જ્યાં આવે **'ત્યાં સુધીમાં વેદકભાવ નાશ પામી જાય છે;...'** ભોગવવા યોગ્ય ભાવ છે એ તો નાશ પામે. **'અને બીજો વેદકભાવ આવે (ભોગવવા યોગ્ય) ત્યાં સુધીમાં વેદ્યભાવ નાશ પામી જાય છે;...'** ભોગવવાનો બીજો ભાવ આવે ત્યાં (સુધીમાં) પેલી જે ઇચ્છા છે–વેદ્યભાવ, એનો નાશ થઈ જાય. **'એ રીતે વાંછિત ભોગ તો થતો નથી.'** ઇચ્છાવાળો વાંછિત ભોગ સામગ્રી એને મળતી નથી તેથી વાંછિત ભોગ ભોગવાતો નથી. આહાહા..!

લ્યો, આ ક્ષમાને દિ' પહેલું આ આવ્યું. પર્યુષણ છે ને? આત્માની સેવા કરવી, ઉપાસના (કરવી) એનું નામ પર્યુષણ છે. ભગવાનઆત્મા જ્ઞાન ને આનંદનો સાગર પ્રભુ, તેનામાં સન્મુખ થઈને તેની સેવા કરવી, તેમાં એકાગ્ર થવું એ પર્યુષણનું કર્તવ્ય છે. આહાહા..!

**'એ રીતે વાંછિત ભોગ તો થતો નથી.'** ઇચ્છાવાળી સામગ્રી હોતી નથી અને સામગ્રી હોય, આવે ત્યારે બીજી ઇચ્છા થઈ જાય. આહાહા..! **'તેથી જ્ઞાની નિષ્ફળ વાંછા કેમ કરે? '** જરી અટપટી વાત છે. ટૂંકી તો આ વાત છે કે, જેને ભોગવવાને ઇચ્છે ત્યારે એ ભોગ હોતો નથી, જો હોય તો ઇચ્છા કેમ રહે? અને ઇચ્છા વખતે ભોગવવાની સામગ્રી કે ભોગવવાનો ભાવ અને ભોગવવાનો ભાવ જ્યારે આવે ત્યારે ઓલી વેદ્યનો ઇચ્છાનો કાળ રહેતો નથી. આહાહા..! છે ઝીણું, ભાઈ! આ તો 'સમયસાર' છે. પરમાત્માની દિવ્યધ્વનિ. આહાહા..!

**'જ્યાં મનોવાંછિત વેદાતું નથી...'** આહાહા..! મનમાં જે ઇચ્છા આવે એ વસ્તુને વેદાતી નથી. **'વાંછા કરવી તે અજ્ઞાન છે.'** માટે તે ભોગવવાની ભાવના–ઇચ્છા કરવી એ અજ્ઞાન છે. સમજાણું આમાં? એનો શ્લોક.

## શ્લોક-૧૪૭

(स्वागता)

वेद्यवेदकविभावचलत्वाद्
वेद्यते न खलु कांक्षितमेव।
तेन कांक्षति न किञ्चन विद्वान्
सर्वतोऽप्यतिविरक्तिमुपैति।।१४७।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ वेद्य-वेदक-विभाव-चलत्वात् ] વેદ્ય-વેદકરૂપ વિભાવભાવોનું ચળપણું (અસ્થિરપણું) હોવાથી [ खलु ] ખરેખર [ कांक्षितम् एव वेद्यते न ] વાંછિત વેદાતું નથી; [ तेन ] માટે [ विद्वान् किञ्चन कांक्षति न ] જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી; [ सर्वतः अपि अतिविरक्तिम् उपैति ] સર્વ પ્રત્યે અતિ વિરક્તપણાને (વૈરાગ્યભાવને) પામે છે.

ભાવાર્થ :- અનુભવગોચર જે વેદ્ય-વેદક વિભાવો તેમને કાળભેદ છે, તેમનો મેળાપ નથી (કારણ કે તેઓ કર્મના નિમિત્તે થતા હોવાથી અસ્થિર છે); માટે જ્ઞાની આગામી કાળ સંબંધી વાંછા શા માટે કરે ? ૧૪૭.

## શ્લોક-૧૪૭ ઉપર પ્રવચન

(स्वागता)

वेद्यवेदकविभावचलत्वाद्
वेद्यते न खलु कांक्षितमेव।
तेन कांक्षति न किञ्चन विद्वान्
सर्वतोऽप्यतिविरक्तिमुपैति।।१४७।।

**[ वेद्य-वेदक-विभाव-चलत्वात् ]** વેદ્ય નામ કાંક્ષિત ભાવ અને વેદક નામ ભોગવવા યોગ્ય સામગ્રી અને એ વખતનો ભોગવટાનો ભાવ. એ '**વિભાવભાવોનું ચળપણું (અસ્થિરપણું) હોવાથી...**' આહાહા..! જેને અતીન્દ્રિય આનંદનો અનુભવ અને ભોગવટો છે એને આવી

ઇચ્છા અને ભોગવવાના ભાવનો મેળ નથી એટલે ઇચ્છા કેમ કરે? આહાહા..! એ ઇચ્છા અજ્ઞાનભાવ છે. એ પહેલું આવી ગયું છે ને? ‘નિર્જરા અધિકાર’. એ અજ્ઞાનભાવ છે, એ જ્ઞાનભાવવાળો ભગવાન એ અજ્ઞાનભાવને કેમ કરે? આહાહા..! નબળાઈની ઇચ્છા આવે છે ઇ ઇચ્છા, ભવિષ્યને ભોગવું એમ નથી. એ તો વર્તમાનમાં નબળાઈની ઇચ્છા થઈ તેને જાણે છે. આહાહા..! આમ તો એમેય આવ્યું કે, જ્ઞાનીને એવો રાગ આવે અને ઇલાજ પણ કરે. આવ્યું હતું ને? ઇ ઇલાજ કરે એનો અર્થ કે એની વૃત્તિ રાગ આવ્યો, દૂર થતો નથી એટલી વીતરાગતા પ્રગટ નથી થતી. એથી તેને રાગ આવે એને ઇલાજ કરે. આહાહા..! પણ તે ઇલાજ અને રાગ, બેયને ઇ જાણનાર રહે છે. આહાહા..! અરે..! વીતરાગ માર્ગ તો જુઓ! આહાહા..! દિગંબર સંતોની શૈલી તો જુઓ! આહાહા..!

ભેદજ્ઞાનના, પરથી ભિન્ન, એના ભાનવાળાની વાતું છે અહીં તો. આહાહા..! સમજાય છે કાંઈ? જેણે પરથી ભિન્ન પાડીને ભગવાનને જોયો છે અને જેને રાગની એકતાબુદ્ધિના ભૂક્કા ઉડાવી દીધા છે. આહાહા..! એવા ધર્મીને વાંછિત ભોગવાતું નથી માટે વાંછા કેમ હોય? શું કહ્યું સમજાણું કાંઈ? જે ઇચ્છા થાય ત્યારે એ ભોગવવાની વસ્તુ નથી અને ભોગવવાની વસ્તુ આવે ત્યારે ઓલી ઇચ્છા રહેતી નથી. માટે તે વાંછિત ભોગવાતું નથી માટે વાંછા કેમ કરે? એ ‘સુમનભાઈ’ આ બધું આવું આકરું છે. ન્યાં ઘરે સમજાય એવું નથી ત્યાં. ૨૧૬ ગાથા. આહાહા..!

મુમુક્ષુ :– હોશિયાર માણસ હોય એ ન સમજી જાય?

ઉત્તર :– હોશિયાર કોને કહેવા? પૈસા મળે ન્યાંની બહારની હોશિયારી કહેવાય. અજ્ઞાનની (હોશિયારી). આહાહા..!

ચૈતન્ય ભગવાન આનંદનો સાગર, એની જેને દૃષ્ટિ અને વેદન થયા એ જીવ ‘**વાંછિત વેદાતું નથી; માટે...**’ વાંછા કરતો નથી. આ એનો સાર છે. સમજાણું કાંઈ? કેમકે ધર્મીને તો ઇચ્છા અને સામગ્રી બેય નાશવાન છે. આહાહા..! તે નાશવાનની, અવિનાશીના આશ્રયવાળા ધર્મીને નાશવાનની ઇચ્છા કેમ હોય? આહાહા..! અવિનાશી ભગવાન નિત્યાનંદ પ્રભુ, આહાહા..! એના પડખે ચડી ગયો છે, એને આ નાશવાન ઇચ્છા અને એનું ભોગવવું એ ભાવ કેમ હોય? ‘કાંતિભાઈ’ આવી વાતું છે, સાંભળી નથી ન્યાં. ઇ કહે છે ને, ઇ કહે છે, ભાઈ! સાંભળવા મળતી નથી. વાત તો એવી છે, બાપા! આહા..! શું કહીએ? આહાહા..!

વીતરાગ પરમાત્મા, એનો પોકાર છે કે, પ્રભુ! તું ઉત્તમ ક્ષમા કર. એટલે કે આ વેદનને વેદ તો તને ઉત્તમ ક્ષમા પ્રગટ થશે. આત્મા વેદાવાયોગ્ય છે તેને વેદ. આ ઇચ્છા અને વેદાવાયોગ્ય વસ્તુ, એ તારી નથી. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જ વેદક છે અને વેદ્ય છે. પોતે જ વેદાવાયોગ્ય અને વેદક પોતે જ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ! અતીન્દ્રિય આનંદથી છલોછલ પ્રભુ ભર્યો છે, એના જેને ભણકાર પડખે

ચડીને વાગ્યા છે, આવ્યા છે. આહાહા..! એવા ધર્મીને વાંછા અને વાંછાને ભોગવવાનો કાળ એને મેળ નથી, તેથી તે વાંછા કેમ કરે? સમજાય છે કાંઈ? નબળાઈની ઇચ્છા આવે એ જુદી વસ્તુ છે અને વાંછા ભોગવવું, એની વાંછા આવવી એ જુદી ચીજ છે. આહાહા..! શું કહ્યું?

નબળાઈની રાગની વૃત્તિ ઉઠે એ તો એક નબળાઈને કારણે પણ એ વૃત્તિમાં ભવિષ્યની ચીજને ભોગવું એવી વૃત્તિ એમાં નથી. આહાહા..! અહીં તો જેને ઇચ્છા થાય ત્યારે ભોગવવાની સામગ્રી ન હોય અને ભોગવવાની સામગ્રી આવે ત્યારે ઇચ્છા ન હોય. એવી અવસ્થાનો મેળ ક્યાંય નથી. તેથી જે ભગવાનઆત્મા વેદાવા યોગ્ય અને વેદક પોતે જ છે. આહાહા..! વેદાવાને લાયક અને વેદન કરનાર એ પોતે જ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ તો અપૂર્વ વાત છે. એમાં આ તો પર્યુષણના દિવસ. આહાહા..! આખો સંસાર ભૂલી ગયા અને ભગવાનને સંભાર્યા. આહા..! વીતરાગ સ્વરૂપી પ્રભુ, એના જેને સ્મરણ આવ્યા, અનુભવ તો હતો પણ પાછું સ્મરણ-યાદ આવ્યું, આહાહા..! ત્યારે તેના વેદનમાં આત્માનો આનંદ વેદાય અને વેદાવા લાયક પણ પોતે અને વેદનારો પણ પોતે. આહાહા..! એને વાંછા અને વાંછાનો ભોગવવાનો સમય, બેનો મેળ નથી એને એ કેમ ઇચ્છે? એ તો અજ્ઞાનભાવ છે. આહાહા..! કઈ પદ્ધતિ છે? જૈનધર્મની કઈ પદ્ધતિ છે એ કોઈ અલૌકિક છે, બાપુ! આહાહા..!

એ અહીં કહે છે, **'વેદ્ય-વેદકરૂપ વિભાવભાવોનું ચળપણું (અસ્થિરપણું) હોવાથી ખરેખર...' [कांक्षितम् एव वेद्यते न] 'વાંછિત વેદાતું નથી;...'** જેની ઇચ્છા છે તે કાળે તે વસ્તુ વેદાતી નથી. આહા..! તે કાળે એ વસ્તુ નથી. **'વાંછિત વેદાતું નથી; માટે...' 'विद्वान्'** આહાહા..! છે આ વિદ્વાન કહ્યું ને? ભાઈ, 'લાલચંદભાઈ'! એ વિદ્વાન, બાપા! આહા..! દુનિયાના જાણપણા હોય ન હોય, અરે..! શાસ્ત્રના પણ વિશેષ જાણપણા હોય ન હોય એની સાથે કાંઈ (સંબંધ નથી). આહાહા..! વિદ્વાન તો એને પરમાત્મા કહે છે, ભગવાનઆત્મા રાગથી રહિત પૂર્ણાનંદનો નાથ જેને વેદનમાં આવ્યો, એવો વિદ્વાન પરની ઇચ્છા કેમ કરે? આહાહા..! આ વિદ્વાન. આ મોટા પંડિતોના નામ ધરાવે પણ સમ્યગ્દર્શન ને વેદન નથી તે વિદ્વાન નથી. આહાહા..! ભાષા જુઓને!

વિદ્વાન એટલે જ્ઞાની, વિદ્વાન એટલે સમ્યગ્દષ્ટિ, વિદ્વાન એટલે ધર્માત્મા. આહાહા..! **'किञ्चन कांक्षति न' 'જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી;...'** આહાહા..! સ્વર્ગ ગતિ મળે કે આ ગતિ મળે, પણ એ કાંઈ વાંછતો નથી. આહાહા..! જેને ભગવાનઆત્મા શુદ્ધ સામાન્ય જેનો સ્વભાવ છે તેમાં જેની દૃષ્ટિ પડી, આહાહા..! ધ્રુવ, ધ્યાનમાં જ્યાં ધ્રુવ આવ્યો, ધ્યાનની પર્યાયમાં ધ્રુવ જ્યાં આવ્યો, એ ધીરજથી.. આહાહા..! એ અનુભવની ધુણી ધખાવે. આહાહા..! ઓલા બોલ કહ્યા હતા ને? તેર બોલ કહ્યા હતા. આવ્યા ત્યારે આવ્યા, પછી અત્યારે યાદેય

ન હોય. આહાહા..! ધીરજથી ધ્રુવની ધુણી ધખાવ. તેને ધર્મી ધર્મ ધુરંધર કહે છે. આહાહા..! બાકી બધી રાગની ક્રિયા ને આ ને તે ને એ બધા ધર્મી નથી. આહાહા..! ઝીણું, બાપુ! આહાહા..!

ભગવાન! તારી મહિમાનો પાર નથી, પ્રભુ! આહાહા..! તારી મહિમા પૂર્ણ સર્વજ્ઞ પણ કહી શકે નહિ. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં' એમ કેમ લીધું છે? શ્રુતજ્ઞાની છે, દેખે છે પણ એ પ્રદેશને દેખતો નથી અને સર્વજ્ઞ છે એ તો બધું પૂર્ણ દેખે છે. અસંખ્ય પ્રદેશ અનંત ગુણ પ્રત્યક્ષ બધું ભાળે છે. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો' અપેક્ષાથી કહ્યું છે. પાંચમી ગાથામાં તો પૂર્ણ કહ્યું, એમ પણ આવે છે. 'સમયસાર'ની પાંચમી ગાથા. બધું કહ્યું એમેય આવે છે. અહીં એ પૂર્ણ નથી કહ્યું એ અપેક્ષાએ (વાત છે). કારણ કે જેટલું જાણવામાં આવે એનાથી અનંતમે ભાગે કથનમાં આવે. આહાહા..!

મુમુક્ષુ :– ઇ કથનનો અનંતમો ભાગ ગણધર પકડે.

ઉત્તર :– તે સ્વરૂપને સર્વજ્ઞ વાણી તે શું કહે? અન્ય વાણી તે શું કહે? સર્વજ્ઞ ન કહે તો તે સ્વરૂપને અન્ય વાણી શું કહે? 'અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' સર્વજ્ઞપણાની દશા મને ક્યારે પ્રગટશે? એ વાત કહે છે. આટલી દશાએ મને સંતોષ નથી. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન ને સ્વરૂપની સ્થિરતાનો અંશ આવ્યો એટલે સંતોષ નથી. આહાહા..! મારો નાથ પૂર્ણ મને પર્યાયમાં અનુભવમાં આવે એવી જે સર્વજ્ઞ દશા, અપૂર્વ અવસર ક્યારે આવશે? આહા..! ત્યારે અમારે ન્યા એની ટીકા કરતા હતા કે, અપૂર્વ અવસર, મુનિપણું લ્યે તો કોણ ના પાડતું હતું? અપૂર્વ અવસર ક્યારે આવશે? ક્યારે આવશે? એમ કહેતા. (સંવત) ૧૯૮૦ની સાલમાં. અરે..! ભગવાન! તને મુનિપણું કોને કહેવું ઇ તને (ક્યાં ખબર છે?) એમ કરીને મશ્કરી કરતા હતા. 'બાહ્યાંતર નિર્ગ્રંથ જો' આવે છે ને પહેલું? બાહ્ય નિર્ગ્રંથ થાવું હોય, મુનિ થાવું હોય તો કોણ રોકતું હતું એને? મુનિ એટલે આ માને એવા. અરે..! ભાઈ! ભાવમુનિપણું કોઈ અલૌકિક ચીજ છે. આહા..! એની ભાવના ભાવી છે. ત્યારે એની ટીકા કરી કે, ભાવના લેવાની તાકાત નથી. આ મુનિપણું અમે લઈને બેઠા. તમે મુનિપણું ન લઈ શકો? પણ મુનિપણું હતું કે દિ' તારે? હેં? ગૃહીત મિથ્યાત્વ છે. અરે..રે...! શું થાય?

**'જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી;...'** **'सर्वतः अपि'** એટલે સર્વતઃ પણ **'अतिविरक्तिम् उपैति'** **'સર્વ પ્રત્યે અતિ વિરક્તપણાને...'** આહાહા..! ધર્મી તો સર્વત્ર અતિ વિરક્ત નામ વૈરાગ્યપણાને પામે છે. આહાહા..! ગમે તેના પ્રસંગમાં એ તો વૈરાગ્યપણાને પામે છે. આહાહા..! પરથી ધર્માત્મા ઉદાસ છે. જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ બે સાથે પ્રગટેલી હોય છે. આહાહા..! પહેલું ઇ આવી ગયું ને? પહેલી ગાથામાં દ્રવ્યનિર્જરા, બીજી ગાથામાં ભાવનિર્જરા. પછી કહ્યું

કે જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ (છે).

પૂર્ણ પ્રભુ પરમાત્મા, એનું અંદર જ્ઞાન અને પુણ્ય ને પાપના વિકલ્પથી વિરક્ત એવો વૈરાગ્ય. આહાહા..! વૈરાગ્ય એટલે આ બાયડી, છોકરા છોડ્યા એ નહિ. એ ગ્રહણત્યાગ પ્રભુમાં છે જ નહિ. આહાહા..! પણ અહીંયાં તો એમ કહ્યું.. આહાહા..! રાગનો ત્યાગ. એટલે પુણ્ય-પાપના ભાવનું વિરક્તપણું જે હતું, રક્તપણું હતું એ વિરક્ત થઈ ગયો, એનું નામ વૈરાગ્ય છે. આહાહા..! 'પુણ્ય-પાપ અધિકાર'માં આવે છે. શુભ ને અશુભ બેય ભાવથી વિરક્ત છે. રક્ત હતો ત્યાં મિથ્યાદૃષ્ટિ હતો. આહાહા..! વિરક્ત છે તે જ્ઞાની વૈરાગી છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'સર્વ પ્રત્યે...'** આહાહા..! **'અતિ વિરક્તપણાને પામે છે.'** આહાહા..! એક પ્રસંગ નાટકમાં જોયો હતો. ઘણા વર્ષની વાત છે-(સંવત) ૧૯૬૮-૬૯. એ લોકોમાં 'ધ્રુવ' આવે છે ને? ધ્રુવ ને પ્રહ્લાદ. એ ધ્રુવ હતો રાજકુમાર. પછી એની માતા મરી ગયેલા એટલે એનો બાપ બીજી પરણેલો પણ પોતે સાધુ થયો. અન્યમતિનો બાવો. 'ભાવનગર' થિયેટરમાં જોયેલું. એ ૧૯૬૮ની સાલ. ૬૭ વર્ષ થયા. ત્યાં થિયેટર છે. ત્યારે એ 'ધ્રુવ' આમ લાપી હોય છે ને આમ બેઠકની? હવે એને દેવીઓ ચળાવવા આવે છે. નાટકમાં આમ લીલા પડદા હોય, વનસ્પતિ દેખાય ને આમ વન જેવું? 'ભાવનગર'ની વાત છે. ન્યાં બહાર થિયેટર છે. પછી દેવીઓ આવે છે અને લલચાવે છે કે, હે રાજન્ પુત્ર! આ જુઓ અમારા શરીર સુંદર માખણ જેવા, આવા અમારા ગાલ, અમારા શરીર આવા, હાથ આવા, પગ આવા. પછી 'ધ્રુવ' કહે છે, 'માતા! મારે શરીર એકાદ ધારણ કરવાનું હોય તો તારી કુંખે આવીશ, બાકી બીજી વાત નથી.' 'કાંતિભાઈ' આ તમારા 'ભાવનગર'માં સાંભળેલું, તે દિ' ૧૯૬૮. થિયેટરમાં એવા વૈરાગ્યના પહેલા નાટક બહુ હતા. એટલે વૈરાગ્યનું જોવાનું (બને), નિવૃત્તિ ઘણી એટલે જોવા જતા. 'નરસિંહ મહેતા'નું, 'મીરાબાઈ'નું, 'અનુસૂયા'ના આવા નાટકો ઘણા જોયેલા. આહાહા..!

એ 'ધ્રુવ' કહે છે, પડદામાં આમ મોટું વન (હતું). પડદા હોય ને આમ લીલા? અને આમ ઊંડે વનમાં બેઠેલો. દેવીઓ ઉપરથી ઉતરે છે. બે ઓલી હોય સૂતર, દોરડા અને એક પાટીયું હોય એમાં પગ મૂકેલો હોય. બે બાજુથી ઉતરે છે અને લલચાવે છે. આહાહા..! તે દિ' સાંભળ્યું ત્યારે (એમ થયું) વાહ! 'માતા! મારે જો શરીર ધારણ કરવાનું હશે, એકાદ ભવ (તો) તારી કુંખે આવીશ, માતા! બીજી વાત રહેવા દે.' આહાહા..! એવું તો અન્યમતિમાં નાટકમાં પાડતા. આહાહા..!

અહીં કહે છે કે, વૈરાગી ધર્માત્માને **'સર્વ પ્રત્યે અતિ વિરક્તપણાને (વૈરાગ્યભાવને) પામે છે.'** આહાહા..! એ ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ જેને વૈરાગ્ય ઉપજાવે છે. આહાહા..! આ નહિ, આ નહિ, આ બધી હોળી સળગે છે. અરે..! મારી ચીજ નહિ. મારામાં તો આનંદનો

ભંડાર ભર્યો પ્રભુ! આહાહા..! એની ધીખતી ધૂણીમાં રહેનારો હું. આહાહા..! ચક્રવર્તીના રાજ ઉપરથી પણ વૈરાગ્ય હોય છે. સમજાય છે કાંઈ? એને નિર્જરા થાય છે, એમ અહીંયાં કહેવું છે. એને પૂર્વના કર્મ આવે ઇ ખરી જાય છે. આહાહા..! આમ કહે કે, અપવાસ કરે તપ કહેવાય, તપ કરે એને નિર્જરા કહેવાય. બધી ગપ્પું છે, સાંભળને! એ અપવાસ અપવાસ છે, ઉપવાસ નથી. ઉપવાસ તો ભગવાન આનંદનો નાથ એના ઉપ નામ સમીપમાં જઈને અંદર વસવું (તે ઉપવાસ છે). આહાહા..! એવા ઉપવાસને અહીંયાં નિર્જરાનું કારણ કહે છે. આ તો બધી લાંઘણું છે. પાપાનુબંધી પુણ્ય બાંધે. આહાહા..!

અહીં એ કહે છે, **ભાવાર્થ :– 'અનુભવગોચર જે વેદ્ય-વેદક વિભાવો તેમને કાળભેદ છે,...'** ઇચ્છા અને વેદાવાનો ભાવ બેને કાળભેદ છે. આહાહા..! **'તેમનો મેળાપ નથી...'** ઇચ્છાના કાળને અને ભોગવવાના કાળને મેળ નથી. આહાહા..! **'(કારણ કે તેઓ કર્મના નિમિત્તે થતા હોવાથી અસ્થિર છે);...'** આહા..! ઇચ્છા પણ કર્મના નિમિત્તથી અસ્થિર અને સામગ્રી મળવી એ પણ કર્મના નિમિત્તથી અસ્થિર. **'માટે જ્ઞાની આગામી કાળ સંબંધી વાંછા શા માટે કરે?'** આહાહા..! ભવિષ્યના ભોગોની વાંછા પરમાત્મા વૈરાગી કેમ કરે? આહાહા..! સમજાણું કાંઈ? બહુ વાતું એવી છે, બાપુ! આહાહા..!

**અરેરે! જેના ઉપર જીવને અત્યંત પ્રેમ છે એવું આ શરીર ખરેખર કેવળ વેદનાની મૂર્તિ છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ ભાવપાહુડમાં કહે છે : એક તસુમાં ૯૬ રોગ તો આખા શરીરમાં કેટલા ? વિચાર તો કર પ્રભુ! –આ શરીર તો જડ છે, વેદનાની મૂર્તિ છે. ભગવાન જ્ઞાયક આત્મા આનંદની મૂર્તિ છે, ચૈતન્યચમત્કારથી ભરપૂર મહાપ્રભુ છે કે જેની પૂર્ણ પર્યાય પ્રગટ થતાં ત્રણકાળ ને ત્રણલોકને યુગપદ દેખે. એવી અનંતી પૂર્ણ પર્યાયની તાકાતનો પુંજ એવો જ્ઞાનગુણ, એવી અનંતી શ્રદ્ધાપર્યાયની તાકાતનો પિંડ એવો શ્રદ્ધાગુણ, એવી અનંતી સ્થિરતાપર્યાયની તાકાતનું દળ એવો ચારિત્રગુણ, પૂર્ણ આનંદની પર્યાયનું ધ્રુવ તળ એવો આનંદગુણ–આવા અનંત–અનંત ગુણો પરિપૂર્ણ તાકાત સહિત અંદર ભગવાન આત્મામાં પડ્યા છે. અહા! આ પરિપૂર્ણ દ્રવ્યસ્વભાવના અવલંબનથી કેવળજ્ઞાન આદિ પરિપૂર્ણ પર્યાય પ્રગટ થશે, મોક્ષમાર્ગ કે જે અપૂર્ણ પર્યાય છે તેના આશ્રયે પણ પરિપૂર્ણ પર્યાય પ્રગટ નહિ થાય. પૂર્ણ જ્ઞાનાનંદની શીતળ પાટ–ધ્રુવ દ્રવ્યસ્વભાવ–અંદર સદા વિદ્યમાન છે, તેનો આશ્રય કરીશ તો સમ્યગ્દર્શન થશે, તેનો ઉગ્ર આશ્રય કરીશ તો ચારિત્ર થશે અને તેના પૂર્ણ આશ્રયથી કેવળજ્ઞાન આદિની પૂર્ણ દશા પ્રગટ થશે. છૂટવાનો માર્ગ આવો છે ભાઈ!**

આત્મધર્મ અંક–૫, જાન્યુઆરી–૨૦૦૮

## ગાથા-૨૧૭

तथाहि -

बंधुवभोगणिमित्ते अज्झवसाणोदएसु णाणिस्स।
संसारदेहविसएसु णेव उप्पज्जदे रागो।।२१७।।

बन्धोपभोगनिमित्तेषु अध्यवसानोदयेषु ज्ञानिनः।
संसारदेहविषयेषु नैवोत्पद्यते रागः।।२१७।।

इह खल्वध्यवसानोदयाः कतरेऽपि संसारविषयाः, कतरेऽपि शरीरविषयाः। तत्र यतरे संसारविषयाः ततरे बन्धनिमित्ताः, यतरे शरीरविषयास्तरे तूपभोगनिमित्ताः। यतरे बन्धनिमित्तास्ततरे रागद्वेषमोहाद्याः, यतरे तूपभोगनिमित्तास्ततरे सुखदुःखाद्याः। अथामीषु सर्वेष्वपि ज्ञानिनो नास्ति रागः, नानाद्रव्यस्वभावत्वेन टङ्कोत्कीर्णैकज्ञायकभावस्यभावस्य तस्य तत्प्रतिषेधात्।

---

એ રીતે જ્ઞાનીને સર્વ ઉપભોગો પ્રત્યે વૈરાગ્ય છે એમ હવે કહે છે :-

સંસારદેહસંબંધી ને બંધોપભોગનિમિત્ત જે,
તે સર્વ અધ્યવસાનઉદયે રાગ થાય ન જ્ઞાનીને. ૨૧૭.

ગાથાર્થ :- [ बन्धोपभोगनिमित्तेषु ] બંધ અને ઉપભોગનાં નિમિત્ત એવા [ संसारदेहविषयेषु ] સંસારસંબંધી અને દેહસંબંધી [ अध्यवसानोदयेषु ] અધ્યવસાનના ઉદયોમાં [ ज्ञानिनः ] જ્ઞાનિને [ रागः ] રાગ [ न एव उत्पद्यते ] ઊપજતો જ નથી.

ટીકા :- આ લોકમાં જે અધ્યવસાનના ઉદયો છે તેઓ કેટલાક તો સંસારસંબંધી છે અને કેટલાક શરીરસંબંધી છે. તેમાં, જેટલા સંસારસંબંધી છે તેટલા બંધનનાં નિમિત્ત છે અને જેટલા શરીરસંબંધી છે તેટલા ઉપભોગનાં નિમિત્ત છે. જેટલા બંધનનાં નિમિત્ત છે તેટલા તો રાગદ્વેષમોહાદિક છે અને જેટલા ઉપભોગનાં નિમિત્ત છે તેટલા સુખદુઃખાદિક છે. આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી; કારણ કે તેઓ બધાય નાના દ્રવ્યોના સ્વભાવ હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા જ્ઞાનીને તેમનો નિષેધ છે.

ભાવાર્થ :- જે અધ્યવસાનના ઉદયો સંસાર સંબંધી છે અને બંધનનાં નિમિત્ત છે તેઓ તો રાગ, દ્વેષ, મોહ ઇત્યાદિ છે તથા જે અધ્યવસાનના ઉદયો દેહ સંબંધી છે અને ઉપભોગનાં નિમિત્ત છે તેઓ સુખ, દુઃખ ઇત્યાદિ છે. તે બધાય (અધ્યવસાનના ઉદયો), નાના દ્રવ્યોના

**(અર્થાત્ પુદ્ગલદ્રવ્ય અને જીવદ્રવ્ય કે જેઓ સંયોગરૂપે છે તેમના) સ્વભાવ છે; જ્ઞાનીનો તો એક જ્ઞાયકસ્વભાવ છે. માટે જ્ઞાનીને તેમનો નિષેધ છે; તેથી જ્ઞાનીને તેમના પ્રત્યે રાગ-પ્રીતિ નથી. પરદ્રવ્ય, પરભાવ સંસારમાં ભ્રમણનાં કારણ છે; તેમના પ્રત્યે પ્રીતિ કરે તો જ્ઞાની શાનો ?**

## ગાથા–૨૧૭ ઉપર પ્રવચન

**'એ રીતે જ્ઞાનીને..'** જ્યાં નિધાન આત્માના જણાણા.. આહાહા..! જેના વલણ ફરી ગયા છે, રાગ ને નિમિત્ત ઉપર ને પર્યાય ઉપર વલણ હતું એ વલણ ઝુકાવ્યું ધ્રુવમાં. આહાહા..! જે વલણને–પર્યાયને ધ્રુવમાં લઈ ગયો. એવા ધર્માત્માને **'સર્વ ઉપભોગો પ્રત્યે વૈરાગ્ય છે એમ હવે કહે છે :–'** આહાહા..! ૨૧૭.

**बंधुवभोगणिमित्ते अज्झवसाणोदएसु णाणिस्स।**
**संसारदेहविसएसु णेव उप्पज्जदे रागो।।२१७।।**

**સંસારદેહસંબંધી ને બંધોપભોગનિમિત્ત જે,**
**તે સર્વ અધ્યવસાનઉદયે રાગ થાય ન જ્ઞાનીને. ૨૧૭.**

**ટીકા :– 'આ લોકમાં જે અધ્યવસાનના ઉદયો છે...'** વિકારી ભાવ **'તેઓ તો કેટલાક સંસારસંબંધી છે...'** સંસાર સંબંધી કેટલાક વિકારી ભાવ હોય છે. **'કેટલાક શરીરસંબંધી છે.'** શરીરને મેળવું ને શરીરને આમ કરું, એવા હોય છે. **'તેમાં જેટલા સંસારસંબંધી છે તેટલા બંધના નિમિત્ત છે...'** આહાહા..! 'સંસરણ ઇતિ સંસાર' વિકારીભાવ આખો, એની જેને એકત્વ ભાવના છે એ બધા બંધના નિમિત્ત છે. શું કહ્યું સમજાણું?

સંસાર જે વિકારી ભાવ સંસાર છે. સંસાર કોઈ સ્ત્રી, કુટુંબ-પરિવાર સંસાર નથી. સ્વરૂપમાંથી સંસરણ–ખસી જઈને વિકારભાવમાં આવ્યો તે સંસાર કહેવાય છે. આહાહા..! એ સંસાર ને, આહાહા..! સંસારસંબંધી જે વિકારો તે બધા બંધના નિમિત્ત છે. શરીરસંબંધી જે ભાવો એ **'ઉપભોગનાં નિમિત્ત છે.'** ભોગવવાના ભાવ છે ઇ. આહાહા..! શું કહ્યું સમજાણું? શુભાશુભભાવ જે સંસાર એના સંબંધીના જે અધ્યવસાયો–એકતાબુદ્ધિ એ બધા બંધના કારણ છે અને શરીરસંબંધીના અધ્યવસાયો એ ઉપભોગ, હું ભોગવું શરીરને, આને ભોગવું, આને ભોગવું, આને ભોગવું.. આહાહા..! **'ઉપભોગનાં નિમિત્ત છે તેટલા સુખદુઃખાદિક છે.'** સુખ-દુઃખની કલ્પનાના ઉપભોગના પરિણામ છે એ તો. શું કહ્યું?

સંસાર નામ વિકારી ભાવના જે અધ્યવસાય એ તો બધા બંધના નિમિત્ત, એક વાત.

હવે શરીરસંબંધીના જે અધ્યવસાયો, જે ભોગવવાના ભાવ સુખ-દુઃખ, એ પણ બંધના કારણ છે. આહાહા..! સંસારી સુખ-દુઃખની વાત છે હોં આ. આત્માના સુખ(ની નહિ). આહા..! **'જેટલા ઉપભોગનાં નિમિત્ત છે તેટલા સુખદુઃખાદિક છે.'** એટલી સુખ-દુઃખની કલ્પનાઓ. આહાહા..! શરીર સંબંધી, સ્ત્રી સંબંધી, પૈસા સંબંધી, કુટુંબ સંબંધી, આબરુ સંબંધી વગેરેના જે ભોગવવાના ભાવ, એ બધા ઉપભોગના નિમિત્ત એ સુખદુઃખાદિ છે. સુખદુઃખ એટલે સંસારી કલ્પના.

**'આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી;...'** આહાહા..! સંસારસંબંધી વિકારી ભાવનો રાગ નથી, પ્રેમ નથી તેમ શરીર સંબંધી આદિ ભોગવવાના ભાવ, તેનો તેને પ્રેમ નથી. આહાહા..! ધર્મી ખરેખર તો ઉદયભાવથી મરી ગયો છે અને પારિણામિક ભાવથી જીવે છે. બહુ વાતું આકરી, ભાઈ! આહાહા..! રાગ આવે છતાં એનું જીવન એ નથી. આહાહા..! જ્ઞાયકભાવ પારિણામિક તો વળી પરમાણુમાંય હોય પણ આ જ્ઞાયકભાવરૂપી પારિણામિક ભાવ. એ એનું વેદન અને એ એનો ભાવ છે. એ મોક્ષના કારણ છે. અને સંસાર ને શરીરસંબંધી ભોગ, શરીરસંબંધીમાં ઉપભોગના સુખ-દુઃખ પરિણામ, સંસારસંબંધીના ભાવો બધા વિકાર બંધના કારણ. બેય છે તો બંધના કારણ, પણ અહીં તો ભોગ કર્તાપણાના અને ભોક્તાપણાના (લેવા છે). આહાહા..! સમજાણું કાંઈ? એક સંસારસંબંધીના વિકારના કર્તાપણાના ભાવ અને એક શરીર આદિના ભોગવવાના ભાવ, એ બેય વિકારી ભાવ છે. આહાહા..! બહુ કામ, ભાઈ! આમાં.

**'આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી;...'** આહાહા..! એ બધાયમાં, જેને આત્માના સ્વભાવનો પ્રેમ જાગ્યો.. આહાહા..! રુચિ અનુયાયી વીર્ય. જેનું પોષાણ રુચિનું આવ્યું. ભગવાન આનંદના નાથનું પોષાણ આવ્યું, આહાહા..! એને રાગ પોષાતો નથી. સમજાય છે કાંઈ? આરે..! આવી વાત. કાલે એક જણો કહેતો હતો, 'હિમતલાલ', બાવો થાય તો સમજાય. પણ બાવો જ છો, સાંભળને! એમ કે બાયડી, છોકરા છોડીને બાવો થાઈએ તો આવું બેસે. પણ અત્યારે જ બાવો છો. રાગથી રહિત છો, સાંભળને! આહાહા..! છે? જ્ઞાનીને તેમાં પ્રેમ નથી. આહાહા..! સંસારસંબંધીના વિકારી ભાવો કે શરીરસંબંધીના ભોગવવાના ભાવો, સંસારસંબંધીના કર્તાના વિકારી ભાવો અને શરીરસંબંધી આદિ ભોગવવાના ભાવો, બેયમાં રાગ નથી. આહાહા..! આવી વાતું હવે. વળી છ ખંડના રાજમાં હોય તોપણ કહે છે, છ ખંડના રાજનો રાગ નથી અને રાગ આવે તેનો રાગ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'કારણ કે તેઓ બધાય નાના દ્રવ્યોના સ્વભાવ હોવાથી...'** નાના એટલે અનેક પ્રકારના વિકારી ભાવો હોવાથી. અનેક દ્રવ્યોના એટલે વિકારીભાવોના. આહાહા..! એ આત્માનું દ્રવ્ય નહિ. સંસારસંબંધીના કર્તાના રાગ-દ્વેષના ભાવ અને શરીરાદિના ભોગવવાના સુખ-દુઃખના ભાવ એ નાના દ્રવ્યો એટલે અનેક પ્રકારના દ્રવ્યોનો એ તો સ્વભાવ છે. એ પ્રભુનો સ્વભાવ

નથી. આહાહા..!

**'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે...'** ઓલા અનેક પ્રકારના રાગાદિ નાના– અનેક દ્રવ્યોના સ્વભાવ વિકારી, ત્યારે ભગવાનઆત્મા ટંકોત્કીર્ણ–શાશ્વત એક જ્ઞાયકભાવ **'જેનો સ્વભાવ છે...'** શાશ્વત એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે **'એવા જ્ઞાનીને તેમનો નિષેધ છે.'** આહાહા..! સંસારસંબંધીના કર્તાપણાના વિકારી ભાવો અને ભોગવવા સંબંધીના સુખ-દુ:ખના ભાવો.. આહાહા..! તે ધર્મીને તેનો નિષેધ છે. આહા..! ઇન્દ્રાસનમાં પડ્યો, કરોડો અપ્સરાઓ, ઇન્દ્રાણીઓ ભોગવે? તો કહે, ના. એ ભોગવવું છે જ નહિ. આહાહા..! એ ભાવ પ્રત્યે પ્રેમ છૂટી ગયો છે. જેમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! રાગ ને રાગના સાધનો, એની સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! અરે..! આવી વાતું.

બે વાત લીધી. એક કોર સંસારસંબંધીના વિકારી ભાવો કર્તાપણાના, એક કોર શરીરાદિના ભોગવવાના ભાવો. ઇન્દ્રિયો, વિષય, સ્ત્રી આદિ. એ બધા જ્ઞાનીને તેમાં રાગ નથી. આહાહા..! કારણ કે તેઓ અનેક દ્રવ્યોના, પોતાના દ્રવ્યના સ્વભાવ સિવાયના બીજા દ્રવ્યોનો એ તો સ્વભાવ છે. આહાહા..! એ રાગ-દ્વેષ સંસારસંબંધીના અને સુખ-દુ:ખના ભાવો એ જીવદ્રવ્યનો સ્વભાવ નથી, અનેરા દ્રવ્યોનો સ્વભાવ છે. નાના નામ જગતના અનેક પ્રકારના જડ દ્રવ્ય, એનો એ સ્વભાવ છે. આહાહા..!

મારો સ્વભાવ શાશ્વત એક જ્ઞાયકભાવ (છે). આહાહા..! ઓલા તો ક્ષણિક ભાવો, સુખ-દુ:ખના અને કર્તાપણાના. પ્રભુ આત્મા.. લૂખું લાગે એવી વાતું છે. આહા..! મૂળ રકમની વાત છે ને! જેણે આત્મા આનંદનો નાથ એનો સ્વીકાર થયો છે એને આવા કર્તા અને ભોગવવાના વિકારનો સ્વીકાર કેમ હોય? આહા..! એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ. જેને વિકાર ને સુખ-દુ:ખના પરિણામનો આદર છે, તેને ભગવાનઆત્માનો અનાદર છે. આત્માનો જેને આદર છે.. આહાહા..! એને એ કર્તા અને ભોક્તાપણાના ભાવનો આદર નથી. કેમકે એ તો વિકારી ભાવ અનેક દ્રવ્યોના સ્વભાવો (છે). ભગવાન એકરૂપે દ્રવ્યનો સ્વભાવ. આહાહા..! આવી વાતું હવે. ઓલા વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો ને ઝટ સમજાય. અજ્ઞાન છે. આહાહા..!

અહીં તો કહે છે કે, કરવાનો અને ભોગવવાનો જે વિકલ્પ છે જ્ઞાનીને તેના પ્રત્યે રાગ અને પ્રેમ નથી, તેની રુચિ ઊડી ગઈ છે. રુચિમાં ભગવાન ભાળ્યો છે, ભગવાનનું પોષાણ થયું છે અંદર. આહાહા..! દૃષ્ટિમાં તો ભગવાન પોષાણમાં આવ્યો છે. એને રાગ પોષાતો નથી. 'કાંતિભાઈ' આવી વાત છે, ભગવાન! આહાહા..! ભગવાન છે અંદર, બાપુ! આહાહા..! કોણ વેરી અને કોણ દુશ્મન જગતમાં? હેં? ભગવાન છે ને, બાપા! આહા..! એ ભગવાનનું જેને ભાન થયું છે, આહાહા..! એ બીજાને પણ દૃષ્ટિના વિષય તરીકે ભગવાન જ ભાળે છે. આહાહા..! પણ એ ભગવાન ભૂલેલો છે ઇ ભલે જાણે. આહાહા..! પણ ભૂલ

જેણે ટાળી છે તે બીજાની ભૂલ જોતો નથી. ભૂલનું જ્ઞાન કરે પણ વસ્તુ જે દ્રવ્ય છે તેને એ સાધર્મી સ્વીકારે. આહાહા..! એવું આવ્યું છે.

અનંતા આત્માઓ છે, એ અનંતા આત્માઓ છે એ આદરણીય છે, સાધર્મી તરીકે, એમ લીધું છે, ભાઈ! પછી અનંતા આત્મામાં પાંચ પરમેષ્ઠી આદરણીય છે. પાંચ પરમેષ્ઠીમાં અરિહંત અને સિદ્ધ આદરણીય છે. અરિહંત અને સિદ્ધમાં પાછા સિદ્ધ આદરણીય છે એમાંય પછી આદરણીય આત્મા, છેલ્લે. આહાહા..! સમજાણું કાંઈ? કારણ કે એ પાંચ પદને થવાને લાયક, એ પાંચ પદસ્વરૂપ જ છે. આહાહા..! ભગવાન અરિહંત સ્વરૂપ છે, સિદ્ધ સ્વરૂપ છે, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સ્વરૂપ છે અંદર. આવે છે એક ગાથા, નહિ? આહા..!

એવા અનેક દ્રવ્યોના સ્વભાવની સમીપમાં ન જતાં ધર્મી તો ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે તેવા જ્ઞાનીને તે કર્તા અને ભોક્તાના ભાવનો નિષેધ છે. આહાહા..! ત્યાં તેને જ્ઞાતા-દૃષ્ટાના ભાવનો આદર છે. આહાહા..! આવી વાતું હવે. સંતોએ જગતને જાહેર કરીને ઢંઢેરા પીટ્યા છે, પ્રભુ! આહાહા..! ભગવાન તું પૂર્ણાનંદનો નાથ છો ને, નાથ! આહાહા..! એનું જેને ભાન ને આદર થયો, એને એ વિકારી સંસારી ભાવો અને બંધના ભોગવવાના ભાવો, એનો એને આદર હોતો નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં આવું સ્વરૂપ હોય છે. વાતું કરવી ને એ નથી ત્યાં. આહા..!

ભાવાર્થ :– **'જે અધ્યવસાનના ઉદયો સંસાર સંબંધી છે અને બંધનનાં નિમિત્ત છે તેઓ તો રાગ, દ્વેષ, મોહ ઇત્યાદિ છે તથા જે અધ્યવસાનના ઉદયો દેહ સંબંધી છે...'** જોયું? હવે દેહ સંબંધી. **'અને ઉપભોગનાં નિમિત્ત છે તેઓ સુખ, દુઃખ ઇત્યાદિ છે.'** છે તો એ પણ બંધના કારણ, પણ ઓલા સંસારને કર્તાપણા તરીકે બંધના કારણ (કહ્યા), આને ભોક્તા તરીકે બંધના કારણ (કહ્યા). આહા..! **'તે બધાય (અધ્યવસાનના ઉદયો), નાના દ્રવ્યોના (અર્થાત્ પુદ્‌ગલદ્રવ્ય અને જીવદ્રવ્ય કે જેઓ સંયોગરૂપે છે...)'** એમ, અનેક એટલે. નાના દ્રવ્ય આવ્યું હતું ને? નાના દ્રવ્ય એટલે જીવ અને કર્મના સંબંધે ઉત્પન્ન થયેલા. એક દ્રવ્યના નહિ. આહાહા..! ભગવાનઆત્મા પરના નિમિત્તના વશે પડ્યો તો સંયોગી ભાવ ઉત્પન્ન થયો. એ નાના દ્રવ્ય થયા. એક જીવ અને પુદ્‌ગલ બેના સંબંધે ઉત્પન્ન થયેલા વિકારી ભાવ. આહાહા..! કર્મથી થયા એમ અહીં કહેવું નથી પણ કર્મને નિમિત્તે વશ થયો તો એ ભાવ સંયોગી થયો અને બે દ્રવ્યના ભાવ થયા. આહાહા..!

**'નાના દ્રવ્યોના (અર્થાત્ પુદ્‌ગલદ્રવ્ય અને જીવદ્રવ્ય કે જેઓ સંયોગરૂપ છે તેમના) સ્વભાવ છે; જ્ઞાનીને તો એક જ્ઞાયકભાવ છે.'** આહાહા..! **'માટે જ્ઞાનીને તેમનો નિષેધ છે; તેથી જ્ઞાનીને તેમના પ્રત્યે રાગ-પ્રીતિ નથી. પરદ્રવ્ય, પરભાવ સંસારમાં ભ્રમણના કારણ છે;...'** આહાહા..! પરદ્રવ્ય અને પરભાવ વિકારી, એ સંસારમાં ભ્રમણના કારણ (છે). **'તેમના પ્રત્યે પ્રીતિ કરે તો જ્ઞાની શાનો?'** આહાહા..! વિશેષ કહેશે...(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્લોક-૧૪૮

(स्वागता)
ज्ञानिनो न हि परिग्रहभावं
कर्म रागरसरिक्तयैति।
रङ्गयुक्तिरकषायितवस्त्रे-
स्वीकृतैव हि बहिर्लुठतीह।।१४८।।

હવે આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનારૂપે શ્લોક કહે છે :-

**શ્લોકાર્થ :-** [ इह अकषायितवस्त्रे ] જેમ લોધર, ફટકડી વગેરેથી જે કષાયિત કરવામાં ન આવ્યું હોય એવા વસ્ત્રમાં [ रङ्युक्तिः ] રંગનો સંયોગ, [ अस्वीकृता ] વસ્ત્ર વડે અંગીકાર નહિ કરાયો થકો, [ बहिः एव हि लुठति ] બહાર જ લોટે છે-અંદર પ્રવેશ કરતો નથી, [ ज्ञानिनः रागरसरिक्ततया कर्म परिग्रहभावं न हि एति ] તેમ જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી તેને કર્મ પરિગ્રહપણાને ધારતું નથી.

**ભાવાર્થ :-** જેમ લોધર, ફટકડી વગેરે લગાડયા વિના વસ્ત્ર પર રંગ ચડતો નથી તેમ રાગભાવ વિના જ્ઞાનીને કર્મના ઉદયનો ભોગ પરિગ્રહપણાને પામતો નથી. ૧૪૮.

**પ્રવચન નં. ૨૯૬ ગાથા–૨૧૮, ૨૧૯ શ્લોક–૧૪૮-૧૪૯ મંગળવાર, ભાદરવા સુદ ૬, તા. ૨૮-૦૮-૧૯૭૯**

'સમયસાર' કળશ ૧૪૮ છે ને? ઉપર આવ્યું એમાં જરી સ્પષ્ટીકરણ કર્યું ને? કે, બંધ ને ઉપભોગના અધ્યવસાય, એમ કહ્યું ને? તો એ સંસારસંબંધી જે નિષ્પ્રયોજન મિથ્યા ધ્યાન, આર્તધ્યાન, રૌદ્રધ્યાન. મચ્છનો દાખલો આપ્યો છે. પેલો મચ્છ, તંદુલ મચ્છનો દાખલો આપ્યો છે. વાત સાચી. મગજમાં હતું, કીધું આ બંધના કારણને સંસાર ને વિષયને કારણો કહ્યા અને ઉપભોગ, શરીર સંબંધીના બંધના કારણમાં ન નાખ્યું. તો એનું કારણ શું? પાછું કહ્યું ખરું કે જે સંસારસંબંધી અધ્યવસાય છે રાગાદિ, મોહ, દ્વેષ. રાગ-દ્વેષ-મોહ કહ્યા છે ને? અને શરીર સંબંધી જે સુખ-દુઃખ છે, બેયમાં રાગ નથી–પ્રેમ નથી અંદર, આત્માના ધર્મની દૃષ્ટિએ. આહાહા..! ચિદાનંદ ભગવાનઆત્મા અંતરમાં જેને રુચ્યો અને પોષાણ થયું

છે તે ધર્મની પહેલી સીઢી છે. આહા..! એને સંસાર સંબંધીના રાગાદિ આવે પણ તેના પ્રત્યે રાગ નથી અને શરીર સંબંધી ઉપભોગના સુખ, દુઃખના પરિણામ આવે પણ તેમાં તીવ્ર રસ નથી. એથી એને બંધના કારણ અલ્પ છે એને ન ગણ્યા. સમજાણું કાંઈ? આહાહા..!

કાલે આવ્યું હતું ને ઇ? સંસાર વિષય સંબંધીના અધ્યવસાય હોય એ બંધના કારણ અને શરીર સંબંધીના ઉપભોગ ને સુખ, દુઃખ, બસ! એટલું કહ્યું. આહાહા..! ભાઈ! માર્ગ તો એવો અલૌકિક છે, ભાઈ! આ શાસ્ત્ર ગાથા ને એક એક પદ કોઈ અલૌકિક છે. આહા..! એને કહે છે કે, ધર્મીજીવને પહેલી શરૂઆત એને રાગથી ભિન્ન થયું છે એવું ભાન થયું એની વાત છે અને કરવાનું પણ પહેલું એ છે. આહા..! રાગના વિકલ્પથી ચૈતન્યપ્રભુ ભિન્ન છે એવી પ્રથમમાં પ્રથમ દૃષ્ટિ અને અનુભવ કરવા લાયક છે. આહાહા..! એ દૃષ્ટિવંતને કહે છે કે, શરીર સંબંધીના જે સુખ, દુઃખના પરિણામ, એને બંધનું કારણ ન કહ્યું અને વિષય સંબંધીના જે અધ્યવસાય, એને બંધનું કારણ કહ્યું. એનું કારણ ઇ કે જે બાહ્ય વિષય શરીર સિવાયના ઉપભોગના જે અધ્યવસાયો બીજા છે, ઉપભોગ સિવાયના બીજા છે, એમાં તીવ્રતા છે. ઝીણી વાત છે, ભાઈ! છતાં તે બેય અધ્યવસાયમાં ધર્મીને રાગ નથી. આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, પ્રભુ! એનો જેને અનુભવ અને દૃષ્ટિમાં સ્વીકાર થયો છે એને એ અધ્યવસાય બેય પ્રકાર પ્રત્યેનો રાગ નથી પણ એકને બંધના કારણ કહ્યા અને એકને સાધારણ ઉપભોગના કારણ કહ્યા, બસ! આહાહા..! સમજાણું કાંઈ? કાલે આવ્યું હતું ને? પણ કોઈએ પ્રશ્ન તો કર્યા નહિ કે, ઉપભોગના કારણને બંધનું કારણ કેમ ન કહ્યું? પણ કોઈએ કર્યો નહિ. બધાએ સાંભળ્યું તો હતું. 'સુમનભાઈ'!

જ્યારે સંસાર સંબંધીના આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના પરિણામ એકલા અધ્યવસાય, એ બંધના કારણ કહ્યાં અને શરીર સંબંધીના ઉપભોગમાં સુખ, દુઃખાદિ કહ્યું, બસ! એટલું. પણ એ બંધના કારણ ન કહ્યા? પણ કોઈને પ્રશ્ન ઉઠ્યો? 'હીરાભાઈ'! પછી આજે આ ખુલાસો કર્યો. આહાહા..! મેં જોયું એમાં સંસ્કૃતમાં છે. 'જયસેનાચાર્ય'ની ટીકા છે ને? કારણ કે પ્રશ્ન ઉઠ્યો એટલે (જોયું). ૨૧૭ છે ને?

'संसार विशेषु निष्प्रयोजन बंध निमित्तेषु' 'बंध' એમ કહ્યું. 'संसारविशेषु भोगनिमित्तेषु देवविशेषु इदम् अत्र तात्पर्यम्' અહીં તાત્પર્ય એ છે. 'भोगनिमित्तम् स्तुतम पापकरोति' માટે તેને બંધનું કારણ ન કહ્યું. નહિતર છે તો સુખ, દુઃખના પરિણામ થયા એ બંધનું જ કારણ છે. ભલે એના પ્રત્યે રાગ નથી. સમજાણું કાંઈ? અરે..! આવી વાતું છે. જુઓ! 'भोगनिमित्तम् स्तुतम् अर्थ पाप करोतिम् अयम जीव' અને 'निष्प्रयोजन अप ध्यानम् बहुतप करोति' ઓલો તંદુલ મચ્છ મફતનું આર્તધ્યાન કરીને આને ખાઉં ને આને મારું (કરે છે). સમજાણું આમાં કાંઈ? આહાહા..! નિષ્પ્રયોજન વગર કારણે, ભોગના કારણે તો જરી રસ એને અંદરમાં છૂટતો નથી તો એ સુખ, દુઃખના પરિણામ આવે છે, ભાઈ! આહાહા..! પણ

નિષ્પ્રયોજન રાગ અને દ્વેષ કરે છે, સંસારના, રળવાના વગેરે નિષ્પ્રયોજન છે, કહે છે. એ અધ્યવસાયો (બંધના કારણ કહ્યા). જોકે બેય અધ્યવસાય છે પણ એક અધ્યવસાય પ્રત્યે બંધનું કારણ કહ્યું અને બીજાને સુખ, દુઃખાદિ પરિણામ (કહીને) એટલી મર્યાદા મૂકી દીધી. સમજાણું કાંઈ? બાકી પછી તો કહ્યું કે, સુખ, દુઃખાદિના પરિણામ અને સંસાર સંબંધી આકરા આર્તધ્યાન, રૌદ્રધ્યાનના પરિણામ બેય પ્રત્યે ધર્મીને રાગ તો નથી. એ તો કહ્યું ને? આહાહા..! જુઓને શૈલી! કહો, સમજાણું? 'સુરેશભાઈ' પણ કેમ ત્યારે પ્રશ્ન ઉઠ્યો નહિ? સાંભળ્યા છે, સાંભળ્યા છે (કરો છો). પૂછવા જેવો છે, આ રાત્રે પ્રશ્ન કર્યા એમાં ઇ પ્રશ્ન ન આવ્યો, 'હીરાભાઈ'! થોડી ઝીણી વાત હતી. આહાહા..! જે વાત સાંભળે એમાં ખ્યાલમાં ન્યાયમાં આવવું જોઈએ ને? આહાહા..!

હવે ૧૪૮ કળશ.

(स्वागता)

**ज्ञानिनो न हि परिग्रहभावं**
**कर्म रागरसरिक्ततयैति।**
**रङ्गयुक्तिरकषायितवस्त्रे-**
**स्वीकृतैव हि बहिर्लुठतीह।।१४८।।**

**[इह अकषायितवस्त्रे] 'જેમ લોધર, ફટકડી વગેરેથી...'** રંગાયેલું વસ્ત્ર નથી. આહાહા..! **'એવા વસ્ત્રમાં રંગનો સંયોગ...'** આહાહા..! **'વસ્ત્ર વડે અંગીકાર નહિ કરાયો થકો,...'** વસ્ત્રમાં રંગ ચડતો નથી. આહાહા..! જેને કષાય, લોધર, ફટકડી વગેરેથી કષાયિત. એ બધા કષાયિત છે. એવા કષાય એટલે કષાય નહિ, કષાયિત. રંગ ચડવાને લાયક. આહાહા..! **'લોધર, ફટકડી વગેરેથી જે કષાયિત કરવામાં ન આવ્યું હોય...'** એટલે લોધરને ફટકડીના રંગથી વસ્ત્ર રંગાયેલું ન હોય એવા વસ્ત્રમાં રંગનો સંયોગ થતો નથી. એ વસ્ત્રને રંગ લાગતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'રંગનો સંયોગ,...'** **'रङ्युक्तिः'** છે ને? (એટલે) સંબંધ. **'अस्वीकृता'** વસ્ત્રમાં રંગ ચડતો નથી. **'બહાર જ લોટે છે...'** વસ્ત્રની બહાર જ એ રંગ લોટે છે. કેમકે ફટકડી અને લોધરનો રંગ નથી ચડ્યો માટે તેને અંદર બીજા રંગ ચડતા નથી. આહાહા..! **'બહાર જ લોટે છે– અંદર પ્રવેશ કરતો નથી,...'** વસ્ત્રમાં એ રંગ પેસતો નથી, કહે છે. આહાહા..!

એમ **[ज्ञानिनः रागरसरिक्ततया कर्म परिग्रहभावं न हि एति]** આહાહા..! પ્રથમમાં પ્રથમ ભગવંત આત્મા શુદ્ધ ચિદ્દ્ઘન આનંદકંદ વીતરાગમૂર્તિની દૃષ્ટિ કરવી જોઈએ. પ્રથમમાં પ્રથમ એનું એ કર્તવ્ય છે. જેને ધર્મ કરવો હોય અને સુખી થવું હોય તો. રખડે છે અનાદિથી તો એ રખડે છે. આહા..! જેને ધર્મ કરવો હોય એણે પ્રથમમાં પ્રથમ સ્વભાવ જે ચૈતન્યઘન આત્મા, એને રાગથી ભિન્ન પહેલો જાણવો જોઈએ. 'કાંતિભાઈ'! આ વાત છે, બાપુ! અહીં

તો. ભગવાન! આહાહા..! તારી ચીજ તો જો અંદર, કહે છે. અરે..! તું બીજાને જોવા રોકાઈ ગયો પણ તેં તને જોયો નહિ. આહા..! આ શરીર આનું આવું છે અને આ શરીર રૂપાળુ છે ને આ કાળુ છે ને લાડવા સારા છે ને આ કાળીજીરી સારી નથી. એમ ન્યા જોવા રોકાઈ ગયો. જ્ઞાન ત્યાં જોવા રોકાઈ ગયો, પ્રભુ! પણ જેનું જ્ઞાન છે તેને જોવા રોકાણો નહિ. આહાહા..! બીજી રીતે કહીએ તો બહિરંગમાં તેનો ઉપયોગ ફર્યો પણ અંતરંગમાં ઉપયોગ ન ગયો. આહાહા..! કરવાનું આ છે. શરૂઆતમાં પ્રથમમાં પ્રથમ આ છે. ધર્મ કરવો હોય એને, હોં! આહાહા..!

અહીં કહે છે, એ લોધર, ફટકડીના રંગ નથી ચડ્યા એ વસ્ત્રને રંગ લાગતા નથી. વસ્ત્રમાં રંગ પ્રવેશ કરતો નથી. આહાહા..! એમ જ્ઞાનીને.. આહા..! રાગથી ભિન્ન ભગવાન જેને જણાણો છે, એ ચૈતન્યમૂર્તિ છે એવી દૃષ્ટિ થઈ છે.. આહાહા..! (તે) **'જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી...'** એ વસ્તુના ભાવમાં તેને રાગ નથી. ફટકડીનો જેમ રંગ નથી તે વસ્ત્રને રંગ ચડતો નથી. એમ જેને આ રાગભાવમાં રાગ નથી.. આહાહા..! તેને **'कर्म परिग्रह'** 'કર્મ મારું છે' તેવું તેને થતું નથી. આહાહા..!

**'જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી...'** આ પ્રથમમાં પ્રથમની વાત છે. આહાહા..! ધર્મીજીવ એને કહીએ કે જેને રાગનો રસ છૂટી ગયો અને આનંદનો રસ આવ્યો છે. આહાહા..! એ અતીન્દ્રિય આનંદના રસના પ્રેમમાં ધર્મીને રાગાદિના ભાવમાં રસ રંગાતો નથી. આહાહા..! જ્યાં એકત્વબુદ્ધિ તૂટી ગઈ છે તેમાં એને રાગનો રંગ ચડતો નથી. આહાહા..! સ્વભાવના રંગ જેને ચડ્યા છે.. આહાહા..! એને રાગનો રંગ ચડતો નથી, કહે છે. આહાહા..! જેને આત્મભગવાન પરમાનંદસ્વરૂપ પ્રભુ, એનો જેણે રસ ચાખ્યો છે એને રાગનો રસ ચડતો નથી. રાગનો રસ એને આવતો નથી. આહાહા..! આવી વાત છે. સાદી ગુજરાતી છે, સમજાય છે થોડું થોડું?

**'કર્મ પરિગ્રહપણાને ધારતું નથી.'** એટલે? કે, આત્મા જેને જ્ઞાયકભાવ પરિગ્રહપણાને પામ્યો છે, જ્ઞાયકભાવ જેણે પરિ નામ સમસ્ત પ્રકારે દૃષ્ટિમાં લીધો છે.. આહાહા..! એવા ધર્મીને રાગના પરિણામમાં રસ ચડતો નથી, એ રંગાતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! માર્ગ બહુ અલૌકિક છે, બાપુ! આહાહા..! એ કર્મ એટલે પુણ્ય-પાપના પરિણામ એ પરિગ્રહ નામ પોતાપણે પામતા નથી. એ મમતા–મારા છે તેમ જ્ઞાનીને થતું નથી. મારું તો ભગવાન સ્વરૂપ ચૈતન્ય શુદ્ધ એ મારું છે. એવા જેને અંતરમાં ભાન થયા છે એને રાગનો રસ ચડતો નથી. એ રાગ મારો છે તેવી તેને મમતા થતી નથી. આહાહા..! ભારે શૈલી!

**ભાવાર્થ :– 'જેમ લોધર, ફટકડી વગેરે લગાડ્યા વિના વસ્ત્ર પર રંગ ચડતો નથી તેમ રાગભાવ વિના...'** રાગના રાગ વિના, રાગના પ્રેમ વિના, રાગ મારો છે એવી મમતા વિના **'કર્મના ઉદયનો ભોગ...'** આહાહા..! **'પરિગ્રહપણાને પામતો નથી.'** આહાહા..! પરિણામ

આવે પણ તેના પરિણામનું પરિણામ, પરિણામનું પરિણામ જે એકત્વબુદ્ધિ તે થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ માણસ નથી કહેતા કે, આ ભણ્યાનું પરિણામ શું આવ્યું છેલ્લે? એમ અહીં કહે છે, રાગ આવ્યો એનું પરિણામ શું આવ્યું ધર્મીને? કે, એનું પરિણામ એ આવ્યું કે, રાગની મમતા એને નથી. આહાહા..!

એને મમપણું તો આત્મામાં છે. મમ એટલે આનંદનો ખોરાક. મમ નથી કહેતા છોકરાઓ? આહાહા..! બધી ભાષા એવી છોકરાઓ માટે વાપરે છે ને? મમ ને મમ્મી ને પપ્પા ને. કારણ કે અહીંથી ભાષા નીકળે (એવા શબ્દો), એને અંદર કંઠમાંથી નીકળે એટલે બધો પ્રયોગ ન થાય. મમ્મી, મમ અહીંયાથી (નીકળે). એમ આવે છે. બધા અક્ષરો આવે છે. ક, ખ, ગ, ઘ સુધીમાં આમ છે, ફલાણું છે, એવું બધું વાંચ્યું છે. આ મોઢે બોલે, હોઠે (બોલે), મમ, મમ્મી, પપ્પા. એમાં કાંઈ કંઠની જરૂર નહિ. એમ મમ ને મમ્મી ને પપ્પા, ત્રણે અહીંથી બોલાય, અધ્ધરથી. આહાહા..! એમ ધર્મીને મમ નામ આત્માનું જ્યાં મમ છે, ખોરાક છે આત્માનો.. આહાહા..! ત્યાં રાગની મમતાનો મમ એને હોતો નથી. એને રાગનો ખોરાક નથી. આહાહા..! આવી વાતું છે, 'સુમનભાઈ'! ક્યાંય મળે એવું નથી, બાપા! આહાહા..! એ '**કર્મના ઉદયનો ભોગ...**' એટલું લીધું ત્યાં. '**પરિગ્રહપણાને પામતો નથી.**' આહાહા..!

## શ્લોક–૧૪૯

(स्वागता)

ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात्
सर्वरागरसवर्जनशीलः ।
लिप्यते सकलकर्मभिरेषः
कर्ममध्यपतितोऽपि ततो न ।।१४९।।

---

ફરી કહે છે કે :-

**શ્લોકાર્થ :-** [ यतः ] કારણ કે [ ज्ञानवान् ] જ્ઞાની [ स्वरसतः अपि ] નિજ રસથી જ [ सर्वरागरसवर्जनशीलः ] સર્વ રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો [ स्यात् ] છે [ ततः ] તેથી [ एषः ] તે [ कर्ममध्यपतितः अपि ] કર્મ મધ્યે પડ્યો હોવા છતાં પણ [ सकलकर्मभिः ] સર્વ કર્મોથી [ न लिप्यते ] લેપાતો નથી. ૧૪૯.

## શ્લોક-૧૪૯ ઉપર પ્રવચન

'હવે ફરી કહે છે કે :-' ૧૪૯.

(स्वागता)

ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात्
सर्वरागरसवर्जनशीलः ।
लिप्यते सकलकर्मभिरेषः
कर्ममध्यपतितोऽपि ततो न।।१४९।।

**'કારણ કે જ્ઞાની...'** **[स्वरसतः अपि]** આહાહા..! ચૈતન્ય ભગવાન આનંદનો નાથ પ્રભુ, એના રસનો વેગ ચડ્યો છે.. આહાહા..! ધર્મી નિજરસના વેગે ચડ્યો છે. રસનો અર્થ વેગ પણ કર્યો છે એક ઠેકાણે. આહાહા..! ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એને પંથે જે અંતર ગયો છે એને નિજરસના **'રસથી જ...'** આહાહા..! **[सर्वरागरसवर्जनशीलः]** આહાહા..! આ એને ખ્યાલમાં તો વાત કરે કે, વસ્તુસ્થિતિ આ છે કે, જ્ઞાનીને-ધર્મીજીવને નિજ રસથી જ. આત્મા આનંદ પ્રભુ છે, એના આનંદના રસથી જ જેનો વેગ અંદર જાગ્યો છે. આહાહા..! રાગથી ભિન્ન પડીને અરાગી શાંતિનો રસ જેણે ચાખ્યો છે અને શાંતિનો વેગ ચડ્યો છે. આહાહા..! એવા **'નિજ રસથી જ...'** **[सर्वरागरसवर्जनशीलः]** સર્વ પ્રકારના રાગના રસથી ત્યાગરૂપ. રાગના વેગના ત્યાગરૂપ. આહા..! એનો વેગ છૂટી ગયો છે. **'સ્વભાવવાળો છે...'** **'स्यात्'** એટલે. આહાહા..!

**'સર્વ રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો છે તેથી તે કર્મ મધ્યે પડ્યો હોવા છતાં...'** આહાહા..! રાગાદિના કાર્યના પ્રસંગમાં અંદર દેખાય છતાં. આહા..! સમજાય છે કાંઈ? રાગાદિના કાર્યના પ્રસંગમાં દેખાય છતાં. **'કર્મ મધ્યે...'** રાગની મધ્યમાં પડ્યો દેખાય પણ **'સર્વ કર્મોથી લેપાતો નથી.'** આહાહા..! ચાહે તો એ ધંધાપાણીમાં દેખાય. સમજાય છે? આહાહા..! પણ એનો રસ, અંદર જ્ઞાનનો રસ છે તેથી ધર્મીને દરેકમાંથી રસ ઊડી ગયો છે. આહાહા..! જેને નિજરસના ભાન ને સ્વાદ આવ્યા એને રાગનો રસ કેમ હોય? અને જેને રાગનો રસ છે તેને આત્મરસ કેમ હોય? આહાહા..! 'સુજાનમલજી' આવી વાતું છે. 'સાદડીમાં-બાદડીમાં' ક્યાંય મળે એવું નથી. ક્યાંય મળે એવું નથી. આહાહા..!

સાદડી આ મરી ગયા પછી નથી કરતા? ત્યાં 'મુંબઈ'માં. કરે છે ને? ન્યાં જીવતો ક્યાંથી દેખાય? મર્યાની સાદડી હોય. આહાહા..! એમ ભગવાનઆત્મા, જેના જીવન દર્શન, જ્ઞાન, ચારિત્રના છે.. આહાહા..! જેનું જીવન મન ને ઇન્દ્રિયથી જેનું જીવન નથી. સમજાણું

કાંઈ? ઝીણી વાત, ભાઈ! મન ને ઇન્દ્રિયથી જેનું જીવન નથી. જેનું જ્ઞાન ને આનંદના રસથી જીવન છે. આહાહા..! એને રાગના રસના જીવન ચડતા નથી. એને રાગનું રસ–જીવન હોય નહિ. રાગથી તો મરી ગયેલો છે. જાગતી ચૈતન્યજ્યોતિથી જીવતો છે. આહાહા..!

જીવતરશક્તિ લીધી છે ને? ઇ પહેલી કેમ લીધી ? કે, બીજી ગાથામાં પાધરું આવ્યું છે ને? 'जीवो चरित्तदंसण णाण ठिदो' ભગવાનઆત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત થાય તે સ્વસમય તે આત્મા છે અને રાગમાં સ્થિર થાય એ પુદ્‌ગલપ્રદેશમાં સ્થિત છે. એ અનાત્મા–પરસમય અનાત્મા છે. આહાહા..! ત્યાંથી જીવો એ બીજી ગાથાનો પહેલો શબ્દ છે. ત્યાંથી જીવતરશક્તિ કાઢી. ૪૭ શક્તિમાં પહેલી. આહાહા..! જીવતર શક્તિ એટલે જેના જીવન જ્ઞાન, દર્શન, આનંદ ને સત્તાનું જેને જીવન છે, સ્વસત્તાનું જેને જીવન છે. રાગ ને પુણ્ય આદિ ને પરનું જીવન એને નથી. આહાહા..! અને જેને સ્વનું જીવન નથી એને રાગ અને પુણ્ય ને પાપના ભાવ, વિકારનું જીવન છે એ બધા મડદાં, અનાત્મા છે, કહે છે. આહાહા..!

એ અહીં કહે છે, **'કર્મ મધ્યે...'** કર્મ નામ વિકારી પરિણામના મધ્યમાં, કાર્યમાં મધ્યમાં દેખાય. **'છતાં પણ સર્વ કર્મોથી લેપાતો નથી.'** રાગાદિના કાર્યમાં પડ્યો દેખાય છતાં જ્ઞાની તે રાગથી બંધન પામતો નથી. એ રાગનો રસ એને ચડતો નથી, વસ્ત્રની જેમ. સમજાણું કાંઈ? આહાહા..! એ કષાયેલા લોધર અને ફટકડી સિવાય વસ્ત્રમાં રંગ પ્રવેશ ન કરે એમ રાગના રસ સિવાય રાગ અંતરમાં પોતાનો છે તેમ એ ના માની શકે. આહાહા..! જેને રાગના રસ છૂટી ગયા છે એને રાગનો રંગ–એકત્વબુદ્ધિ તેને આવતી નથી. આહાહા..! ભારે વાતું, ભાઈ!

અહીં તો હજી શુભરાગ તે ધર્મ અને શુભરાગ અત્યારે હોય, એમ કહે. અર..ર..! પ્રભુ! પ્રભુ! શું થાય? અરે..! ચૈતન્યજ્યોત ભગવાન, એને હજી અવ્યક્તપણે પણ છે એમ નહિ માનતા, રાગ જ અત્યારે છે, બસ! આહાહા..! વ્યક્તપણે તો અનુભવ કરે ત્યારે ખ્યાલ (આવે) પણ અત્યારે આત્મા અંદર શુદ્ધ ચૈતન્યઘન છે એ શુદ્ધઉપયોગથી જ પ્રાપ્ત થાય છે, એને એના જીવનમાં શુભઉપયોગ તો હોય જ નહિ. આહાહા..! આવી વાતું. **'કર્મ મધ્યે...'** એટલે વિકારી પરિણામની ક્રિયા હોય, એના મધ્યમાં દેખાય છતાં તે વિકારી પરિણામનો એને રસ ચડતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

> **ખરે ટાણે સમાધાન રાખવા જેવું છે, ક્યે ક્ષણે દેહ છૂટશે!–એનો ભરોંસો કરવા જેવો નથી. દેહ ક્ષણભંગુર છે, નાશવાન છે. ચામડામાંથી વીંટેલો હાડકાનો માળો ક્ષણમાં રાખ થઈને ઊડી જશે. અરે! આખું ઘર એકસાથે નાશ થઈ જાય છે તેવા દાખલા સાંભળ્યા છે. એ ક્યાં અવિનાશી ચીજ છે! સહજાત્મસ્વરૂપ આત્મા એ જ અવિનાશી છે, જગત આખું અનાદિથી અશરણરૂપ છે, ભગવાન આત્મા એ જ શરણરૂપ છે.**
>
> આત્મધર્મ અંક–૫, જાન્યુઆરી–૨૦૦૮

# ગાથા-૨૧૮-૨૧૯

णाणी रागप्पजहो सव्वदव्वेसु कम्ममज्झगदो।
णो लिप्पदि रजएण दु कद्दममज्झे जहा कणयं।।२१८।।
अण्णाणी पुण रत्तो सव्वदव्वेसु कम्ममज्झगदो।
लिप्पदि कम्मरएण दु कद्दममज्झे जहा लोहं।।२१९।।
ज्ञानी रागप्रहायकः सर्वद्रव्येषु कर्ममध्यगतः।
नो लिप्यते रजसा तु कर्दममध्ये यथा कनकम्।।२१८।।
अज्ञानी पुना रक्तः सर्वद्रव्येषु कर्ममध्यगतः।
लिप्यते कर्मरजसा तु कर्दममध्ये यथा लोहम्।।२१९।।

यथा खलु कनकं कर्दममध्यगतमपि कर्दमेन न लिप्यते, तदलेपस्वभावत्वात्; तथा किल ज्ञानी कर्ममध्यगतोऽपि कर्मणा न लिप्यते, सर्वपरद्रव्यकृतरागत्यागशीलत्वे सति तदलेपस्वभावत्वात्। यथा लोहं कर्दममध्यगतं सत्कर्दमेन लिप्यते, तल्लेपस्वभावत्वात्; तथा किलाज्ञानी कर्ममध्यगतः सन् कर्मणा लिप्यते, सर्वपरद्रव्यकृतरागोपादानशीलत्वे सति तल्लेपस्वभावत्वात्।

---

હવે આ જ અર્થનું વ્યાખ્યાન ગાથામાં કરે છે :-

છો સર્વ દ્રવ્યે રાગવર્જક જ્ઞાની કર્મની મધ્યમાં,
પણ રજ થકી લેપાય નહિ, જ્યમ કનક કર્દમમધ્યમાં. ૨૧૮.
પણ સર્વ દ્રવ્યે રાગશીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,
તે કર્મરજ લેપાય છે, જ્યમ લોહ કર્દમમધ્યમાં. ૨૧૯.

ગાથાર્થ :- [ ज्ञानी ] જ્ઞાની [ सर्वद्रव्येषु ] કે જે સર્વ દ્રવ્યો પ્રત્યે [ रागप्रहायकः ] રાગ છોડનારો છે તે [ कर्ममध्यगतः ] કર્મ મધ્યે રહેલો હોય [ तु ] તોપણ [ रजसा ] કર્મરૂપી રજથી [ नो लिप्यते ] લેપાતો નથી- [ यथा ] જેમ [ कनकम् ] સોનું [ कर्दममध्ये ] કાદવ મધ્યે રહેલું હોય તોપણ લેપાતું નથી તેમ. [ पुनः ] અને [ अज्ञानी ] અજ્ઞાની [ सर्वद्रव्येषु ] કે જે સર્વ દ્રવ્યો પ્રત્યે [ रक्तः ] રાગી છે તે [ कर्ममध्यगतः ] કર્મ મધ્યે

રહ્યો થકો [ कर्मरजसा ] કર્મરજથી [ लिप्यते तु ] લેપાય છે- [ यथा ] જેમ [ लोहम् ] લોખંડ [ कर्दममध्ये ] કાદવ મધ્યે રહ્યું થકું લેપાય છે (અર્થાત્ તેને કાટ લાગે છે) તેમ.

ટીકા :- જેમ ખરેખર સુવર્ણ કાદવ મધ્યે પડ્યું હોય તોપણ કાદવથી લેપાતું નથી (અર્થાત્ તેને કાટ લાગતો નથી) કારણ કે તે કાદવથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળું છે, તેવી રીતે ખરેખર જ્ઞાની કર્મ મધ્યે રહ્યો હોય તોપણ કર્મથી લેપાતો નથી કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી જ્ઞાની કર્મથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે. જેમ લોખંડ કાદવ મધ્યે પડયુ થકું કાદવથી લેપાય છે (અર્થાત્ તેને કાટ લાગે છે) કારણ કે તે કાદવથી લેપાવાના સ્વભાવવાળું છે, તેવી રીતે ખરેખર અજ્ઞાની કર્મ મધ્યે રહ્યો થકો કર્મથી લેપાય છે કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ગ્રહણરૂપ સ્વભાવપણું હોવાથી અજ્ઞાની કર્મથી લેપાવાના સ્વભાવવાળો છે.

ભાવાર્થ :- જેમ કાદવમાં પડેલા સુવર્ણને કાટ લાગતો નથી અને લોખંડને કાટ લાગે છે, તેમ કર્મ મધ્યે રહેલો જ્ઞાની કર્મથી બંધાતો નથી અને અજ્ઞાની કર્મથી બંધાય છે. આ જ્ઞાન અજ્ઞાનનો મહિમા છે.

---

## ગાથા–૨૧૮, ૨૧૯ ઉપર પ્રવચન

---

'હવે આ જ અર્થનું વ્યાખ્યાન ગાથામાં કરે છે :–'

णाणी रागप्पजहो सव्वदव्वेसु कम्ममज्झगदो।
णो लिप्पदि रजएण दु कद्दममज्झे जहा कणयं।।२१८।।
अण्णाणी पुण रत्तो सव्वदव्वेसु कम्ममज्झगदो।
लिप्पदि कम्मरएण दु कद्दममज्झे जहा लोहं।।२१९।।

છો સર્વ દ્રવ્યે રાગવર્જક જ્ઞાની કર્મની મધ્યમાં,
પણ રજ થકી લેપાય નહિ, જ્યમ કનક કર્દમમધ્યમાં. ૨૧૮.
પણ સર્વ દ્રવ્યે રાગશીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,
તે કર્મરજ લેપાય છે, જ્યમ લોહ કર્દમમધ્યમાં. ૨૧૯.

આહાહા..! આ પર્યુષણના દિવસ છે, પ્રભુ! ઓલા માર્દવ (ધર્મનું) તો રહી ગયું. અત્યારે યાદ આવ્યું. માર્દવ છે ને? બીજો ધર્મ, આજે બીજો ધર્મ માર્દવ છે. જુઓ! જાતિ અને કુળ આદિનો ગર્વ ન કરવો. એ માર્દવ (એટલે) નિર્માનપણું. જાતિ માતાની અને કુળ પિતાનું કે અમે મોટા રાણીના પુત્ર છીએ ને અમે રાજાના દીકરા છીએ. પ્રભુ! એ ગર્વ ન કરવો.

તે તું નહિ. આહાહા..! એને સજ્જન પુરુષો માર્દવ નામનો ધર્મ બતાવે છે. જાતિ, કુળ આદિનો.. આહાહા..! ગર્વ નામ અભિમાન ન કરવા. પોતાની જાત અને પોતાનું.. આહાહા..! તીર્થંકરનું કુળ છે આત્માનું. અને તીર્થંકરની જાતિનો આત્મા છે. આહાહા..! તે જાતિ અને કુળના જેને ભાન થયા એ આવા જાતિ અને કુળના અભિમાન કરતા નથી.

આ ઉત્તમ માર્દવ, સમકિતસહિતની વાત છે, હોં! એકલો માર્દવ નહિ. આહાહા..! એ ધર્મનું અંગ છે. માર્દવ ધર્મ પણ ધર્મનો એક ભાગ છે. જ્ઞાનમય ચક્ષુથી સમસ્ત જગતને સ્વપ્ન અથવા... આહાહા..! અંતરની જ્ઞાનમય ચક્ષુથી સમસ્ત જગતને સ્વપ્ન અથવા ઇન્દ્રજાળ સમાન દેખનારા સંતો શું તે માર્દવ ધર્મ ધારણ નથી કરતા? એને માર્દવ ધર્મ હોય જ છે, એમ કહે છે. આહાહા..! મુખ્યપણે દસલક્ષણ ધર્મ છે ને? દસલક્ષણી તો મુનિની પ્રધાનતાથી, ચારિત્ર પ્રધાનની વ્યાખ્યા છે. આહાહા..! જેને સમ્યગ્દર્શન સહિત ચારિત્ર હોય છે તેને આ દસ પ્રકારનો ધર્મ હોય છે. સમકિતીને અંશે હોય છે, મુનિને વિશેષે હોય છે. આહાહા..!

સર્વ તરફથી અતિશય સળગતી અગ્નિઓથી ખંડરૂપ.. આહા..! બીજી અવસ્થાને પ્રાપ્ત થનાર સુંદર ગૃહસ્થનું પ્રતિદિન વૃદ્ધત્વ આદિ દ્વારા અવસ્થાને પ્રાપ્ત થનાર શરીરાદિ બાહ્ય પદાર્થમાં નિત્યતાનો વિશ્વાસ કેવી રીતે કરે? આહાહા..! શું કહ્યું? શરીરાદિમાં સર્વ તરફથી અતિશય સળગતી અગ્નિ છે એ તો. જીર્ણ થતું જાય છે, નાશ થતું જાય છે. આહાહા..! એવા ખંડરૂપ બીજી અવસ્થા, શરીર આદિની કે પૈસાની, સુંદર ગૃહસ્થ નામ પ્રતિદિન વૃદ્ધત્વ આદિ દ્વારા, ભગવાન સુંદર આનંદનો નાથ, એને પ્રતિદિન વૃદ્ધત્વ આવ્યું છે, સદાય. એ જીર્ણ અવસ્થાને પ્રાપ્ત થનાર શરીરાદિ, બાહ્ય પદાર્થમાં નિત્યતાનો વિશ્વાસ કેવી રીતે કરે? આહાહા..! બાહ્ય ચીજ રહેશે, રાખીશ (એવું કેમ હોય?)

એક ઠેકાણે એવું આવે છે કે, પોતે નિત્ય છે એની સૂઝ પડતી નથી એટલે બીજી ચીજને કાયમ રાખવા માગે છે. આહાહા..! સમજાય છે? પોતે નિત્યાનંદ પ્રભુ છે એ નિત્યને એ જાણતો નથી, માનતો નથી. તેથી તે નિત્ય અહીં છે એમ ન માનતા પરને નિત્ય રાખું, પરને કાયમ રાખું એવી મમતામાં અનાદિથી પડ્યા છે. આહા..! ધર્મીને માર્દવધર્મને લઈને એ ભાવ હોતા નથી, નિર્માન છે. પરનું જેને મમત્વ અને એ મારા છે એ છે નહિ. આહાહા..! એ રજકણનો એક રાગનો અંશ પણ મારો નથી. હું તો ત્રિલોકનાથ ચિદાનંદ સ્વરૂપ પ્રભુ, આહાહા..! બાદશાહની ગાદીએ બેઠેલો હું, ચૈતન્યબાદશાહ ભગવાન. આહાહા..! એની ગાદીએ બેઠેલો એને રાગનો પ્રસવ કેમ હોય? આહા..! એને માનનો ભાવ કેમ હોય? આહાહા..!

કરી શકાતો નથી એટલે પરપદાર્થમાં આસક્તિ થતી નથી. આ રીતે સર્વદા વિચારનાર સાધુના વિશેષ વિવેકયુક્ત નિર્મળ હૃદયમાં જાતિ, કુળ ને જ્ઞાન.. આહાહા..! જ્ઞાન થોડુંક જાણવાનું થયું ત્યાં એને અભિમાન થઈ જાય કે, આહાહા..! મને તો ઘણું આવડ્યું. અરે..! બાપુ! બાર અંગના જ્ઞાન પણ કેવળજ્ઞાનની પાસે અલ્પ છે. આહાહા..! એના બાર અંગ

સિવાયના સાધારણ જાણપણા કરીને ત્યાં અભિમાને ચડી જાય કે મને આવડે છે ને મને આવડે છે. આહાહા..! એને માર્દવપણું હોતું નથી. ધર્મીને માર્દવ હોય છે. બાર અંગના જ્ઞાન પણ પર્યાયમાં (હોય છતાં) પર્યાયમાં પામર માને છે. અરે..! હું તો પામર છું. મારો નાથ પ્રભુ છે પણ પર્યાયે પામર છું. આહાહા..! સમજાણું કાંઈ? 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં છે. 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં એ બોલ છે. ધર્મી પોતાને કેવળીની પાસે પામર માને છે. આત્મા દ્રવ્યે પરમેશ્વર માનતો હોવા છતાં પર્યાયમાં પામર માને છે. આહા..! નિર્મળ પર્યાય ઉઘડી, સમ્યગ્જ્ઞાન અને બાર અંગનું (જ્ઞાન ઉઘડ્યું).. આહાહા..! છતાં તેને તેનું અભિમાન નથી, તેમાં તેને નિર્માનતા છે. આહા..! જેમ જેમ આગળ વધે તેમ તેમ માન ઘટી જાય અને નિર્માનતા વધે છે. તેને અહીં માર્દવધર્મ કહેવામાં આવે છે. આ બીજો ધર્મ (થયો).

હવે અહીંયાં ૨૧૮-૨૧૯ (ગાથાની) ટીકા. **'જેમ ખરેખર સુવર્ણ કાદવ મધ્યે પડ્યું હોય...'** એ સોનું કાદવમાં પડ્યું છતાં સોનાને કાટ લાગે નહિ. આહાહા..! બેનમાં નથી આવતું એક? કંચનને કાટ ન હોય, એ અગ્નિને ઉધઈ ન હોય. આહાહા..! એમ ભગવાન ત્રણલોકના નાથને આવરણ ને અશુદ્ધતા ન હોય. અરે..! આવી વાતું હવે. હવે બહારમાં ક્યાંક ક્યાંક ઠેકાણે રોકાય એમાં આ વાત ક્યાં જાય એને? આહાહા..!

કહે છે, સુવર્ણ ખરેખર કાદવ મધ્યે પડ્યું હોય આમ, ચારે કોર કાદવ ને વચ્ચે સોનું પડ્યું હોય **'તોપણ કાદવથી લેપાતું નથી...'** એ સોનાને કાટ–જંક, સોનાને જંક ન હોય. આહાહા..! **'કારણ કે તે કાદવથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળું છે,...'** સોનાનો સ્વભાવ જ કાદવથી અલિપ્ત રહેવાનો છે. આહાહા..! હવે આ તો દૃષ્ટાંત છે.

**'તેવી રીતે ખરેખર જ્ઞાની..'** આહાહા..! રાગાદિના કાર્ય અને શરીરાદિની કાર્યની **'મધ્યે રહ્યો હોય તોપણ કર્મથી લેપાતો નથી...'** એ રાગથી તેને લેપ નથી લાગતો. સોનાનો કાદવ ચડતો નથી એમ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિવંતને.. આહાહા..! કર્મથી લેપાતો નથી. તે કર્મ મધ્યે રહ્યો (હોવા છતાં). કર્મ એટલે શુભાશુભ ભાવ. શુભાશુભ ભાવની મધ્યમાં પડ્યો દેખાય.. આહા..! છતાં અંદર એને લેપ છે નહિ. આહાહા..! કેમ? આહાહા..!

**'સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે, રાગ...'** કેમ લેપાતો નથી? આહાહા..! **'કેમકે સર્વ પરદ્રવ્ય પ્રત્યે...'** ત્રિલોકનાથ તીર્થંકર હોય તોય એ પરદ્રવ્ય છે. આહા..! એના પ્રત્યે કરવામાં આવતો રાગ.. આહાહા..! **'તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી...'** રાગના અભાવ સ્વભાવવાળું હોવાથી. રાગના ત્યાગ સ્વભાવે એટલે રાગનો અભાવ સ્વભાવ. ભગવાન જ આત્મા રાગના અભાવ સ્વભાવવાળું તત્ત્વ હોવાથી. આહાહા..! સોનું જેને કાદવનો લેપ ન લાગે એવું હોવાથી, એમ ભગવાનઆત્મા, જેને રાગનો લેપ ન લાગે એવો એનો સ્વભાવ છે. આહાહા..! આવી વાતું હવે. ઓલા તો કહે, વ્રત કરો, તપસ્યા કરો, અપવાસ કરો, નવકાર ગણો, આનુપૂર્વી ગણો. આવે છે ને? આનુપૂર્વી નહિ? ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાંણ,

ણમો આઈરિયાણં, ણમો અરિહંતાણં આમ આડાઅવળા (બોલે કેમકે) મન સ્થિર થાય. એ પણ રાગ છે એ તો. આહાહા..! સ્થાનકવાસીમાં આનુપૂર્વી બહુ હોય, મન સ્થિર થાય, પણ એ તો રાગ છે.

અહીં કહે છે, ધર્મી.. આહાહા..! **'સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો..'** આહાહા..! **'જે, રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી...'** આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ, એનાથી પણ ત્યાગ સ્વભાવવાળું તત્ત્વ છે. આહાહા..! હમણા કાઢ્યું નહોતું? 'શ્રીમદ્'નું ભાઈએ કાઢ્યું હતું ને? 'શ્રીમદ્'માં ૨૩ મા વર્ષમાં છે. તીર્થંકર ભગવાન કહે છે કે, રાગ ન કરવો. તો પછી મારા પ્રત્યેનો રાગ તને કેમ? આમાં છે. છે? 'શ્રીમદ્'નું છે? આ 'શ્રીમદ્'નું છે? આ તો 'સમયસાર' છે. 'શ્રીમદ્'નું આ છે. આહાહા..! લ્યો. ૨૩ મું વર્ષ છે, હોં!

મુમુક્ષુ :- પહેલો ભાદરવો મહિનો.

ઉત્તર :- ૨૩ મું વર્ષ છે. આ આવ્યું. 'ઊંચનીચનો અંતર નથી સમજ્યા તે પામ્યા સદ્ગતિ' એટલું કરીને પછી લખ્યું. 'તીર્થંકરદેવે રાગ કરવાની ના કહી છે. રાગ હોય ત્યાં સુધી મોક્ષ નથી, ત્યારે આ પ્રત્યેનો રાગ તમને બધાને હિતકારક કેમ થશે?' અહીં તો આવું કહે છે. છતાં (લોકો) કહે કે, ભક્તિ કરવી અને એના રાગથી લાભ માને. અહીં આ કહે છે. આહાહા..! તીર્થંકરદેવે રાગ કરવાની ના કહી છે. રાગ હોય ત્યાં સુધી મોક્ષ નથી. ત્યારે આ પ્રત્યેનો રાગ તમને બધાને હિતકારક કેમ થશે? ભાષા તો (જુઓ)! દોઢ લીટી છે. ૨૩ મું વર્ષ છે. 'ચેતનજી'એ પૂછ્યું હતું એટલે એમાંથી તે દિ' નીકળ્યું. નીકળ્યું તાકડે વળી. આહાહા..! દેવ-ગુરુ ને શાસ્ત્ર એમ કહે છે કે, અમારા પ્રત્યેનો રાગ તને લાભ શી રીતે કરશે? આહાહા..! વીતરાગ માર્ગ. આ તો પરમાત્મ સ્વરૂપ વીતરાગ માર્ગ છે. એને પર પ્રત્યેના રાગથી લાભ થાય એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા..! છે?

**'સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે, રાગ તેના ત્યાગરૂપ સ્વભાવ...'** તેના અભાવ સ્વભાવરૂપ સ્વભાવ છે. આહાહા..! ખરેખર તો આત્મામાં એક અભાવ નામનો ગુણ છે. એ અભાવ નામનો ગુણ રાગના અભાવ સ્વભાવરૂપે થવું તે તેનો ગુણ છે. આહા..! ૪૭ શક્તિમાં ૩૪ મી શક્તિ છે. આહાહા..! એ કર્મ ને રાગ રહિત થાય છે તે એને લઈને અહીં અભાવ નથી. એનો પોતાનો અભાવ નામનો ગુણ છે. આહાહા..! એથી તેને કર્મને રાગના અભાવ સ્વભાવરૂપે અભાવ ગુણને લઈને પરિણમે છે. આહાહા..! અભાવ શક્તિ છે ને? ભાવ, અભાવ (એવી) છ શક્તિ છે. ભાવ, અભાવ, ભાવઅભાવ, અભાવભાવ, ભાવભાવ, અભાવઅભાવ. આમ તો ભાવ બીજો એક છે પણ એ બીજી વાત છે. છ દ્રવ્યનું પરિણમન છે. વિકારનું છ કારકનું પરિણમન છે એનાથી રહિત એવો એનો ભાવ નામનો ગુણ છે. સમજાણું કાંઈ? અને એક ભાવ નામનો ગુણ એ છે, આહા..! કે પોતાના ભાવપણે પરિણમવું એ ભાવ નામનો ગુણ છે અને અભાવ નામનો ગુણ એ છે કે એનો સ્વતઃ સ્વભાવ

રાગરહિત પરિણમવું એ જ એનો અભાવ ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભાવના ત્રણ પ્રકાર છે, એમાં ૪૭ (શક્તિમાં), ભાઈ! એક ભાવ ઇ છે કે પોતાનો સદ્ભાવ છે તે પણે થવું એવો ભાવગુણ છે. અને એક અભાવ છે. પરના અભાવ સ્વભાવરૂપે પરિણમવું એનો અભાવ ગુણ છે પણ એક ભાવ એવો છે કે ષટ્કારકરૂપે વિકારપણે પરિણમે છે તેનાથી રહિતપણે પરિણમવું એવો ભાવ ગુણ છે અને એક ભાવ એવો ગુણ છે કે, પ્રત્યેક પર્યાય, દરેકમાં પ્રત્યેક પર્યાય તે કાળે થાય જ છે. એ ભાવ નામનો એક ગુણ છે. આહાહા..! ૪૭ શક્તિમાં (એવા) ત્રણ પ્રકાર છે. આહાહા..! શું કહ્યું ઇ?

એક ભાવ ગુણ એવો છે અંદર ભગવાનઆત્મામાં કે જેની દૃષ્ટિ(માં) ત્યાં દ્રવ્યના સ્વભાવનો સ્વીકાર થયો એને સમય સમયમાં અનંત ગુણની નિર્મળ પર્યાય પ્રગટ થાય જ. હું કરું તો થાય ને વિકલ્પ કરું તો થાય એ ત્યાં છે નહિ. આહાહા..! આવી વાતું હવે. સમજાણું કાંઈ? એ ભાવઅભાવ. એ રાગરહિતનો અભાવ નામનો ગુણ પોતાને કારણે રાગરહિત સ્વભાવપણે પરિણમે છે. રાગનો અભાવ એ રાગને કારણે નહિ પણ પોતાનો સ્વભાવ જ એવો છે કે રાગના અભાવ સ્વભાવરૂપે અભાવ ગુણ પરિણમે છે. અરે..! આવી વાતું. આહાહા..!

એ અહીં કહે છે કે, **'સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે, રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી...'** જોયું? ત્યાગરૂપ સ્વભાવવાળું હોવાથી, અભાવ સ્વભાવવાળું હોવાથી. આહાહા..! ભગવાનઆત્માનું દ્રવ્ય જ સમકિતીને ખ્યાલમાં જે આવ્યું છે એ રાગના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી **'જ્ઞાની કર્મથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે.'** આહાહા..! ભારે વાત આ. ધર્મી જીવ એનો ધર્મનો સ્વભાવ, એના અભાવ સ્વભાવરૂપ છે. એથી તે રાગના ત્યાગના અભાવસ્વભાવરૂપ પરિણમન છે એનું. આહાહા..! આવું ઝીણું પડે એટલે શું થાય પણ? 'મૂળ માર્ગ સાંભળો જિનનો રે.' આવે છે ને 'શ્રીમદ્'માં? મૂળ માર્ગ આ છે. આહા..! શું કહ્યું ઇ?

ધર્મીજીવ કર્મ મધ્યે રહ્યો હોવા છતાં પણ કર્મથી લેપાતો નથી. **'કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે, રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી...'** આહા..! તેનો ત્યાગ એટલે અભાવસ્વભાવરૂપ **'હોવાથી જ્ઞાની..'** રાગથી **'અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે.'** આહા..! એ ધર્મી દ્રવ્યનું સ્વરૂપ જ એવું છે. ધર્મી દ્રવ્ય એવું જે ધર્મી તત્ત્વ, એની જેને દૃષ્ટિ થઈ તે ધર્મી દ્રવ્યને પરના રાગના અભાવ સ્વભાવરૂપે પરિણમવું અને પરથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે. રાગથી લિપ્ત થાય તેવા સ્વભાવવાળું એ દ્રવ્ય નથી. તેથી સમકિતી પણ પરના રાગથી લિપ્ત થાય એવો એ નથી. આહાહા..! સમજાણું કાંઈ? પછી. એ ધર્મીની વાત કરી.

**'જેમ લોખંડ કાદવ મધ્યે પડ્યું થકું કાદવથી લેપાય છે (અર્થાત્ તેને કાટ લાગે છે)...'** તમારે હિન્દીમાં જંક કહે છે. આહાહા..! એ લોઢાનો સ્વભાવ છે માટે. સોનાનો સ્વભાવ

કાદવમાં રહેવા છતાં તેને કાટ લાગતો નથી. એ આને લઈને છે. એમ લાઢું કાદવમાં પડ્યું છે ને લેપ (લાગે) એ તો લોઢાના સ્વભાવને લઈને છે. આહાહા..! **'કાદવથી લેપાવાના સ્વભાવવાળું છે,...'** આહાહા..! **'લોખંડ કાદવ મધ્યે પડ્યું થકું કાદવથી લેપાય છે (અર્થાત્ તેને કાટ લાગે છે) કારણ કે તે કાદવથી લેપાવાના સ્વભાવવાળું છે,...'** એ તો એનો પોતાનો સ્વભાવ છે, કાદવને લઈને નહિ. આહાહા..!

ભાવ નામનો ગુણ છે. એમાં કહે છે, ષટ્કારક વિકારપણે પર્યાય પરિણમે છે. જેની દૃષ્ટિ ત્યાં છે તે પોતાના ષટ્કારકે પરિણમે છે એ એનાથી લેપાય છે પણ જેની દૃષ્ટિ એના ઉપર નથી.. આહા..! અને આત્મદ્રવ્ય ઉપર છે તેમાં ભાવ નામના ગુણને લઈને એ ષટ્કારકની વિકૃતિના પરિણામથી અભાવરૂપે પરિણમવું એવો એનો સ્વભાવ છે. આહાહા..! આવો ધર્મ કેવો? ઓલી તો કેટલી આમ ધમાલ ચાલે. ભક્તિ કરો, પૂજા કરો, ફલાણું કરો, સંગીત લગાવો. અત્યારે ઇ ચાલ્યું છે. સંગીત.. સંગીતનું વજન. 'વિદ્યાનંદ' છે ને? સંગીત બનાવ્યું છે. અહીં આવ્યું છે ને? એક બેન લાવ્યા હતા. 'वंदित्तु सव्व सिद्धे' પણ એથી શું થયું? સંગીતમાં લગાવો. ત્રણસો રૂપિયા અહીં આપો તો તમને એ બધું મળશે. સંગીત એ તો બધો વિકલ્પ, રાગ છે. સંગીત સાંભળવું એ પણ રાગ છે. સંગીતમાં મજા આવી જાય આમ, બસ! 'દેવલાલી'માં એ છે ને? 'મુંબઈ' પાસે. ત્યાં સંગીત લગાવે. 'જે સ્વરૂપ સમજ્યા'ની એવી લગાવે આમ અંદર (કે) લોકોને આમ ધૂન ચડે. પણ એ તો રાગ છે. ભાઈ!

લોખંડ કાદવમાં પડ્યું છે તેથી તેને લેપ લાગે છે એમ નહિ. એ લેપ લોઢાનો જ સ્વભાવ છે. આહાહા..! **'તેવી રીતે ખરેખર અજ્ઞાની કર્મ મધ્યે રહ્યો થકો...'** વિકારી પરિણામની મધ્યમાં દેખાય છે, વિકારી પરિણામથી લેપાય છે. આહાહા..! કેમકે એની દૃષ્ટિ ત્યાં છે. જેના દૃષ્ટિના અસ્તિત્વમાં વિકારનું જ અસ્તિત્વ ભાસે છે. તેથી તે અજ્ઞાની એવા કાર્યની મધ્યમાં પડ્યો લેપાય જ છે. એ તો પોતાને કારણે લેપાય છે, એમ કહે છે. એનો લેપાવાનો અજ્ઞાનીનો સ્વભાવ જ એ છે. આહાહા..!

**'કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ...'** આહાહા..! ભગવાન ત્રિલોકનાથ પ્રત્યે કરવામાં આવતો રાગ. આહા..! અને વાણી પ્રત્યે પણ કરવામાં આવતો રાગ. **'સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ...'** આહાહા..! સર્વ દ્રવ્યમાં તો તીર્થંકર અને તીર્થંકરની વાણી પણ આવી કે નહિ? હેં? દેવ-ગુરુ-શાસ્ત્ર આવ્યા કે નહિ? આહાહા..! **'પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ગ્રહણરૂપ સ્વભાવવાળું...'** અજ્ઞાનીને તો એ રાગનું ગ્રહણ (કરવું) એવો જ એનો સ્વભાવ છે. આ લોઢાનો સ્વભાવ છે કાદવ મધ્યે, (એ) કાદવને કારણે નહિ. લોઢાના સ્વભાવને કારણે. એમ અજ્ઞાનીનો સ્વભાવ જ એ છે. રાગની એકતાપણે થવું એવો એનો સ્વભાવ હોવાથી અજ્ઞાની **'કર્મથી લેપાવાના સ્વભાવવાળો છે.'** આહાહા..! બહુ ઝીણું.

વિકારના પરિણામના મધ્યમાં રહ્યો છતાં ધર્મી એનો સ્વભાવ એવો છે કે, તેનાથી પોતાને કારણે લેપાતો નથી અને અજ્ઞાની એવો છે કે એનો સ્વભાવ રાગની એકતાબુદ્ધિ વાળો હોવાથી તેને વિકારી પરિણામનો લેપ લાગી જાય છે. અજ્ઞાની કર્મથી લેપાવાના સ્વભાવવાળો છે, કહે છે. એ દ્રવ્યનો સ્વભાવ નહિ. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૯૭ ગાથા–૨૧૮, ૨૧૯ શ્લોક–૧૫૦ બુધવાર, ભાદરવા સુદ ૭, તા. ૨૯-૦૮-૧૯૭૯

---

પર્યુષણનો ત્રીજો દિવસ છે ને? આર્જવ ધર્મ, આર્જવ. જે વિચાર હૃદયમાં રહ્યો હોય એ જ વચનમાં રહે. એવી સરળતા હોય. સમ્યગ્દર્શન સહિત આ આર્જવ ધર્મ છે. નિશ્ચયથી તો મુનિને હોય છે પણ સમ્યગ્દષ્ટિને પણ એ ગૌણપણે હોય છે. તે બહાર પરિણમે. જેવું હૃદયમાં હોય એવું વચનમાં રહે તેવું જ બહાર શરીર વડે પણ તે પ્રમાણે કાર્ય કરવામાં આવે. આહાહા..! એનું નામ આર્જવ નામ સરળ (ધર્મ છે), સમ્યગ્દર્શન સહિત. આહાહા..!

મુમુક્ષુ :– ઇ તો વ્યવહારની વાત છે ને?

ઉત્તર :– આ પરમાર્થની વાત છે, વ્યવહારની નહિ. ઇ ભાષા છે પણ અંદર સમ્યગ્દર્શન સહિત સરળતાનો નિશ્ચય ભાવ એવો હોય કે જેવું હૃદય છે તેવી વાણી ને વાણી છે તેવું વર્તન (હોય). આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો દસલક્ષણી પર્વ ચારિત્રના ભેદ છે. મુનિપણું છે એને દસલક્ષણ ધર્મ હોય છે. સાચા સંતને અંતર અનુભવસહિત. કહે છે કે, એ સરળતા તો એનો આર્જવ સ્વભાવ અને ધર્મ છે. આહાહા..! એ આર્જવ ધર્મ છે.

એનાથી વિપરીત બીજાને દગો દેવો એ અધર્મ છે. એ બન્ને ક્રમશઃ.. સરળતાદિ છે એમાં વિકલ્પની મુખ્યતા લીધી છે અહીં. છે તો સરળ અંદર સ્વભાવ પણ એને વિકલ્પ એવો હોય છે કે તેનું ફળ સ્વર્ગ દેવગતિ છે અને દગાનું ફળ નરકગતિ છે. અહીં લોકમાં એકવાર પણ કરવામાં આવેલું કપટ.. વ્યવહાર જન્મથી કપટવ્યવહાર, જન્મથી માંડીને ભારે કષ્ટોથી એટલી બધી મુનિના સરાગ દોષ ઉત્પત્તિ આદિ ગુણોનો અતિશય છાયા ઘાત કરે છે. આહાહા..! કપટ છે એના ગુણની છાયા પણ રહેતી નથી ત્યાં તો. આહાહા..! વક્રતા, અસરળતા એવું કરનારને ગુણની છાયા પણ, ગુણ તો રહેતા નથી છાયા એની રહેતી નથી.

ઉક્ત માયાચારથી ક્ષમાદિ ગુણોની છાયા પણ બાકી રહેતી નથી. મૂળમાંથી નષ્ટ થઈ જાય છે. આહાહા..! કારણ કે તે કપટપૂર્ણ વ્યવહારમાં વાસ્તવમાં ક્રોધાદિ બધા દુર્ગુણો પરિપૂર્ણ થઈને રહે છે. આહા..! ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયો જે સંસાર છે.. આહા..! કષ

(એટલે) કૃશ, સંસાર (એટલે) આય. જેમાંથી પરિભ્રમણનો લાભ થાય એવા કષાયો એક પણ કરેલા બધા કષાયો સાથે. ક્રોધાદિ બધુ દુર્ગુણો પરિપૂર્ણ થઈને રહે છે. આહાહા..! ખેદ છે કે તે કપટવ્યવહાર એવું પાપ છે કે જેના કારણે આ જીવ નરકાદિ દુર્ગતિ એવા માર્ગમાં ચિરકાળ સુધી પરિભ્રમણ કરે છે. આહાહા..! કપટાદિ તીવ્ર કષાયથી તો એ નિગોદમાં જાય, એમ કહે છે. આહાહા..! નિગોદ એ તિર્યંચ છે ને? તે તીરછો જે કપટ, મહામાયાવી.. આહાહા..! જેના હૃદય હાથ ન આવે, માયાના કપટના ઊંડાણમાં પત્તો ન લાગે એનો, એવા માયાચારી.. આહાહા..! મરીને નિગોદમાં જાય, જ્યાં જીવ છે એવી કબુલાત પણ બીજાને ન થાય. આહાહા..! એ ઠેકાણે જાય. માટે ધર્માત્માએ સમ્યગ્દર્શન સહિત સરળતાના ભાવને અપનાવવો. આહાહા..!

અહીં તો એક વિચાર આ આકૃતિનો આવ્યો છે કે, આકાશ છે એને પણ આકૃતિ છે. આહાહા..! અરે..! જુઓ તો (ખરા)! વ્યંજનપર્યાય છે ને? આહાહા..! આ અલોક છે ને, અલોક ખાલી? ક્યાંય અંત નથી. છતાં એને વ્યંજનપર્યાય–આકાર છે. આહાહા..! એ વાંચેલું તે દિ'નું ખબર છે. આમાં અધિકાર છે, આકૃતિનો, શુદ્ધદ્રવ્યનો અધિકાર. 'માણેકચંદ' એ લેતા, 'માણેકચંદ' પંડિત હતા ને? અહીં તો પહેલેથી ખબર છે. આહાહા..!

એવી જેની વિશાળતા, એવી વિશાળતા જેને અંતરમાં બેઠી છે એને માયા ને કપટ કેમ હોય? એણે એનું વર્ણન લીધું. 'जाणंतो शुद्धं अप्पाणं' એમ. એ શબ્દ મૂક્યો છે. આવે છે ને? એમ કે, શુદ્ધ દ્રવ્યની આકૃતિ અને શુદ્ધ દ્રવ્યનું વાસ્તવિક સ્વરૂપ, જેને જ્ઞાનમાં, ભાનમાં જેને બેસે.. આહા..! એની દશા સર્વજ્ઞને પામવાની લાયકાત થઈ જાય. સમજાણું કાંઈ? આહા..!

સિદ્ધને આકાર છે. નિરાકાર નિરંજન કહેવામાં આવે છે એ તો જડનો આકાર નથી (એટલે). આહાહા..! અહીં શું કહેવું છે? વસ્તુ આખી આમ એવી છે. એ વસ્તુને જેવી છે તે રીતે જ્ઞાનમાં, શ્રદ્ધામાં જાણવી અને માનવી, એમાં કપટનો ને માયાનો અવકાશ નથી. એવી સરળતામાં, ધર્મી સરળતામાં પરિણમી રહ્યા છે. એનું ફળ તેને મોક્ષ છે. પણ વિકલ્પ છે થોડો તેથી એનું ફળ સ્વર્ગ કહેવામાં આવે છે. આહા..! દસલક્ષણી પર્વ એટલે તો અલૌકિક ચીજ છે, બાપુ! એ કંઈ.. આહાહા..! ભાવલિંગી સંતો જેને–દસલક્ષણીને આરાધે છે. આહાહા..! એ અલૌકિક વાતું છે. અહીં ક્યાં આવ્યું છે? ભાવાર્થ?

'સમયસાર' 'નિર્જરા અધિકાર', ૨૧૮-૨૧૯નો ભાવાર્થ. આહા..! **'જેમ કાદવમાં પડેલા સુવર્ણને કાટ લાગતો નથી અને લોખંડને કાટ લાગે છે, તેમ કર્મ મધ્યે રહેલો જ્ઞાની...'** આહાહા..! શુભાશુભ પરિણામની મધ્યમાં રહ્યો પ્રભુ, આહાહા..! છતાં તેને કર્મ બંધાતું નથી. ધર્મી **'કર્મથી બંધાતો નથી અને અજ્ઞાની કર્મથી બંધાય છે.'** એ શુભાશુભ પરિણામની મધ્યમાં જ એની દૃષ્ટિ ત્યાં છે. ધર્મીની દૃષ્ટિ શુભાશુભ પરિણામના કાર્ય કાળે પણ, શુભાશુભ પરિણામના કાર્ય કાળે પણ સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી તેને શુભાશુભ પરિણામ થયા છે

અને બંધ છે એવું છે નહિ. આહાહા..! ઝીણી વાતું. **'આ જ્ઞાન-અજ્ઞાનનો મહિમા છે.'** આહા..!

મુમુક્ષુ :– જ્ઞાનનો તો ખરો પણ અજ્ઞાનનો પણ?

ઉત્તર :– અજ્ઞાનનોય મહિમા છે. રાગને એ પોતે પોતાનો માને એ પણ કોઈ અજ્ઞાનનો મહિમા છે. ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુ, આહાહા..!

'ચિદ્વિલાસ'માં કહ્યું છે, તેરી શુદ્ધતા તો બડી પણ તેરી અશુદ્ધતા ભી બડી. 'અનુભવ પ્રકાશ'માં કહ્યું છે. આહાહા..! તારી અશુદ્ધતા પણ પાર ન પામે એવી પ્રભુ તારી અશુદ્ધતા છે. આહા..! પર્યાયમાં, હોં! શુદ્ધતાની તો વાત શું કરવી? આહા..! 'शुद्धचेव लहे अप्पाणं शुद्ध जाणंतो' શુદ્ધ ચૈતન્યમૂર્તિ ચૈતન્યના પ્રકાશનું પૂર, નૂર–તેજ, એની તો શું વાત કરવી! એની દૃષ્ટિ થતાં જે નિર્મળ પરિણતિ પ્રગટે એની પણ શું વાત કરવી! આહા..! પણ કહે છે કે, જેને શુભાશુભ પરિણામ થાય એવા સમ્યગ્દૃષ્ટિને પણ શુભાશુભ ભાવ ઉપર દૃષ્ટિ નહિ હોવાથી અને ત્રિકાળી ચૈતન્યના પ્રકાશના પૂરને ભાળતો–જોતો હોવાથી તેને બંધ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ ૧૫૦ શ્લોક છે.

## શ્લોક-૧૫૦

(शार्दूलविक्रीडित)

याद्दक् तादगिहास्ति तस्य वशतो यस्य स्वभावो हि यः
कर्तुं नैष कथञ्चनापि हि परैरन्यादशः शक्यते।
अज्ञानं न कदाचनापि हि भवेज्ज्ञानं भवत्सन्ततं
ज्ञानिन् भुंक्ष्व परापराधजनितो नास्तीह बन्धस्तव।।१५०।।

---

હવે આ અર્થનું અને આગળના કથનની સૂચનાનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ इह ] આ લોકમાં [ यस्य याद्दक् यः हि स्वभावः ताद्दक् तस्य वशतः अस्ति ] જે વસ્તુનો જેવો સ્વભાવ હોય છે તેનો તેવો સ્વભાવ તે વસ્તુના પોતાના વશથી જ (અર્થાત્ પોતાને આધીન જ) હોય છે. [ एषः ] એવો વસ્તુનો જે સ્વભાવ તે, [परैः] પરવસ્તુઓ વડે [ कथञ्चन अपि हि ] કોઈ પણ રીતે [ अन्यादशः ] બીજા જેવો [ कर्तुं न शक्यते ] કરી શકાતો નથી. [ हि ] માટે [ सन्ततं ज्ञानं भवत् ] જે નિરંતર જ્ઞાનપણે પરિણમે છે તે [ कदाचन अपि अज्ञानं न भवेत् ] કદી પણ અજ્ઞાન થતું નથી; [ ज्ञानिन् ] તેથી હે જ્ઞાની !

[ भुंक्ष्व ] તું (કર્મોદયજનિત) ઉપભોગને ભોગવ, [ इह ] આ જગતમાં [ पर अपराध जनितः बन्धः तव नास्ति ] પરના અપરાધથી ઊપજતો બંધ તને નથી (અર્થાત્ પરના અપરાધથી તને બંધ થતો નથી.)

ભાવાર્થ :- વસ્તુનો સ્વભાવ વસ્તુને પોતાને આધીન જ છે. માટે જે આત્મા પોતે જ્ઞાનરૂપે પરિણમે છે તેને પરદ્રવ્ય અજ્ઞાનરૂપે કદી પરિણમાવી શકે નહિ. આમ હોવાથી અહીં જ્ઞાનીને કહ્યું છે કે-તને પરના અપરાધથી બંધ થતો નથી તેથી તું ઉપભોગને ભોગવ. ઉપભોગ ભોગવવાથી મને બંધ થશે એવી શંકા ન કર. જો એવી શંકા કરીશ તો 'પરદ્રવ્ય વડે આત્માનું બૂરું થાય છે' એવું માનવાનો પ્રસંગ આવે છે. આ રીતે અહીં જીવને પરદ્રવ્યથી પોતાનું બૂરું થતું માનવાની શંકા મટાડી છે; ભોગ ભોગવવાની પ્રેરણા કરી સ્વચ્છંદી કર્યો છે એમ ન સમજવું. સ્વેચ્છાચારી થવું તે તો અજ્ઞાનભાવ છે એમ આગળ કહેશે. ૧૫૦.

---

## શ્લોક-૧૫૦ ઉપર પ્રવચન

---

(शार्दूलविक्रीडित)

याद्दक् तादगिहास्ति तस्य वशतो यस्य स्वभावो हि यः
कर्तुं नैष कथञ्चनापि हि परैरन्यादशः शक्यते।
अज्ञानं न कदाचनापि हि भवेज्ज्ञानं भवत्सन्ततं
ज्ञानिन् भुंक्ष्व परापराधजनितो नास्तीह बन्धस्तव।।१५०।।

**'આ લોકમાં જે વસ્તુનો જેવો સ્વભાવ હોય છે તેનો તેવો સ્વભાવ તે વસ્તુના પોતાના વશથી જ (અર્થાત્ પોતાને આધીન જ) હોય છે.'** આહાહા..! વસ્તુ ભગવાનઆત્મા શુદ્ધ પવિત્ર છે તે પોતાને આધીન છે. અપવિત્રતા એ પરને આધીન છે, નિમિત્ત આધીન (છે). આહા..! શુદ્ધ સ્વભાવ જે ભગવાન પરમાનંદ પ્રભુ, એ શુદ્ધ સ્વભાવ તો પોતાને આધીન-સ્વાધીન છે, એ પરાધીન નથી. આહા..!

**'તેનો સ્વભાવ તે વસ્તુના પોતાના વશથી જ...'** છે. **'એવો વસ્તુનો જે સ્વભાવ તે, પરવસ્તુઓ વડે કોઈ પણ રીતે બીજા જેવો કરી શકાતો નથી.'** સિદ્ધાંત આ સિદ્ધ કરવો છે. ધર્મીને પોતાની વસ્તુનો સ્વભાવ શુદ્ધ અને પવિત્ર છે તેથી તે પરની સામગ્રીમાં રહ્યો અને પરસામગ્રીને ભોગવે છે એમ દેખાય છતાં પરચીજ, પરપદાર્થને અપરાધે તને અપરાધ થાય એમ નથી. શું કહે છે? **'પરવસ્તુઓ વડે કોઈ પણ રીતે બીજા જેવો કરી શકાતો નથી.'**

**[सन्ततं ज्ञानं भवत्] 'જે નિરંતર જ્ઞાનપણે પરિણમે છે...'** ધર્મી. શુદ્ધ સ્વભાવ ચૈતન્યમૂર્તિ પ્રભુ! અને એનું પરિણમન પણ નિરંતર શુદ્ધ છે. આહા..! તે **'કદી પણ અજ્ઞાન થતું નથી;...'**

તે કોઈપણ રીતે પરદ્રવ્યના કારણે અજ્ઞાની થતો નથી. આહાહા..! જરી ધીરેથી (સમજવું), આ વાત આકરી છે. શું કહે છે?

**'હે જ્ઞાની! તું (કર્મોદયજનિત) ઉપભોગને ભોગવ,...'** ભોગવવાનું કહેતા નથી. એ શબ્દ છે. એને એમ કહે છે, પ્રભુ! તું શુદ્ધ ચૈતન્યઘન છો ને! તને પરદ્રવ્યની પરિણતિથી તને કાંઈ નુકસાન થાય એવી ચીજ છે જ નહિ. આહાહા..! જડનો ઉપભોગ અને જડની પરિણતિથી તને નુકસાન થાય એવું કંઈ છે જ નહિ, એમ કહે છે. શું કીધું એ?

શરીર, વાણી, મન, પૈસા, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ તરફનું લક્ષ અને ભોગવટો, એને કારણે એ નુકસાન થાય છે, જડને કારણે, એમ નથી અને તું તો જ્ઞાનાનંદ સ્વભાવી વસ્તુ છો તો તને પરવસ્તુના અપરાધે તને નુકસાન થાય, એવું છે નહિ. ભોગવ કીધું છે. આ તો મુનિ છે. ભોગવનો અર્થ પરદ્રવ્યથી તને નુકસાન નથી, એ નિઃશંક એને ઠરાવે છે. આહાહા..! આ શરીરની ક્રિયા કે વાણીની ક્રિયા કે આ બહારનો સંયોગ એને લઈને ધર્મીને કોઈ અપરાધ થાય, પરદ્રવ્યને લઈને, એમ છે નહિ. અને સ્વદ્રવ્યનો નિરપરાધી સ્વભાવ તો અનુભવમાં પરિણમે છે. આહાહા..! શું કહે છે?

ભગવાનઆત્મા ચૈતન્યના પ્રકાશનો પુંજ પ્રભુ! એનો જેને અંતરમાં સ્વભાવનો સ્વીકાર અને સત્કાર થયો છે એવા ધર્મીને તો શુદ્ધ ચૈતન્યના સ્વભાવનું પરિણમન હોય છે. એ પરિણમન પરદ્રવ્ય વડે કરીને બીજું કરી શકાય એવું નથી. આહાહા..! શરીરની ક્રિયા ગમે તેટલી થાઓ, એમ કહેવું છે. પણ એનાથી નિરપરાધી ભગવાનઆત્માને અપરાધ થતો નથી. આહાહા..! શું કહે છે?

**'હે જ્ઞાની! તું (કર્મોદયજનિત) ઉપભોગને ભોગવ,...'** બહારની સામગ્રીને તું ભોગવ. એટલે તારું લક્ષ ત્યાં જાય તેથી કરીને તને નુકસાન છે, પરને લઈને, એમ નથી. તારું લક્ષ ન્યાં જાય અને વિકલ્પ ઉઠે એ તો તારો દોષ છે. પણ એ પરવસ્તુને કારણે તને કંઈ દોષ થાય (એમ નથી). આહાહા..! પૈસા ખુબ રાખ્યા, શરીરની વિષયાદિની જડની ક્રિયા ખુબ થઈ એથી એ જડની ક્રિયાથી તને નુકસાન થાય, એ વાત નથી. તારા ભાવમાં વિપરીત ભાવ હોય તો તને નુકસાન થાય. આહાહા..! ભારે વાતું, ભાઈ!

**'આ જગતમાં...'** **[पर अपराध जनितः बन्धः तव नास्ति]** આ સિદ્ધાંત સિદ્ધ કરવો છે. **'પરના અપરાધથી ઊપજતો બંધ તને નથી...'** શરીરની ક્રિયાથી, પૈસાથી, સ્ત્રીના દેહથી એવી ક્રિયાથી તને કંઈ નુકસાન થાય (એમ નથી), એ તો પરદ્રવ્ય છે. આહા..! સમજાણું કાંઈ? આહાહા..! **'પરના અપરાધથી ઊપજતો બંધ તને નથી (અર્થાત્ પરના અપરાધથી તને બંધ થતો નથી).'** આ સિદ્ધ કરવું છે, હોં! ભોગવ કીધું છે ઇ કંઈ ભોગવવાનું કીધું નથી. પરદ્રવ્યના સંબંધમાં પરદ્રવ્યને લઈને તને નુકસાન છે એમ નથી. આહાહા..!

**ભાવાર્થ :– 'વસ્તુનો સ્વભાવ પોતાને આધીન જ છે.'** શુદ્ધ ચૈતન્યપ્રભુ, એની શુદ્ધ

પરિણતિ પોતાને આધીન છે. આહા..! **'માટે જે આત્મા પોતે જ્ઞાનરૂપે પરિણમે છે...'** એટલે કે શુદ્ધ સ્વભાવપણે પરિણમે છે **'તેને પરદ્રવ્ય અજ્ઞાનરૂપે કદી પરિણમાવી શકે નહિ.'** આહાહા..! જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન, એ જ્ઞાન ને આનંદરૂપે થાય છે તેને પરદ્રવ્ય કોઈ દિ' અજ્ઞાન કરાવી શકે નહિ. શરીરની ગમે તેટલી ક્રિયા ને લક્ષ્મીના ઢગલા હોય તો એને લઈને અહીં અજ્ઞાન થાય, એમ છે નહિ.

મુમુક્ષુ :- એની મમતાને કારણે છે.

ઉત્તર :- એ તો પોતાના અપરાધથી છે, સીધી વાત છે. પણ એ તો જ્ઞાનીને તો એ છે નહિ, એમ કીધું અહીંયાં. એ વાત અહીં છે નહિ.

ધર્મીને આત્મા શુદ્ધ સ્વરૂપ છે, તેમ કહ્યું ને? તેને ઇ પરિણમે છે. એટલે અશુદ્ધતા ત્યાં પરિણામમાં છે જ નહિ એને. આહાહા..! સમજાણું કાંઈ? આ 'નિર્જરા અધિકાર' છે. એટલે જ્ઞાનીના શરીરાદિના ભોગને કાળે પણ તેને અશુદ્ધતા ટળતી જાય છે અને શુદ્ધતા વધી જાય છે, એમ કહે છે. કારણ કે પરને લઈને અહીં અશુદ્ધતા થાય એવું નથી. ઝીણી વાત છે. એમ કરીને કોઈ સ્વચ્છંદી થઈ જાય એની આ વાત નથી. આહાહા..!

અહીં તો સિદ્ધાંતનો નિશ્ચય સત્ય શું છે એ સિદ્ધ કરે છે. ભગવાનઆત્મા શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ પ્રભુ, એને નિહાળનારો-જોનારો, એને તો જ્ઞાન ને આનંદાદિના પરિણમન થાય. એ પરિણમનને પરદ્રવ્યની ક્રિયાઓ એ પરિણમનને ફેરવી શકે કે અજ્ઞાન કરી શકે, એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'પરદ્રવ્ય અજ્ઞાનરૂપે કદી પરિણમાવી શકે નહિ.'** આ સિદ્ધાંત સિદ્ધ કરવો છે. પરદ્રવ્યની પરિણતિથી અને પરદ્રવ્યના અંદરના સંયોગ-વિયોગથી તને કંઈ પણ નુકસાન એને લઈને નથી. આહાહા..! સમજાણું કાંઈ? એક ભાઈ હતા ને? પંડિત, શું કહેવાય? 'જામનગર'વાળા. 'લાલન'! 'લાલને' એક પ્રશ્ન મૂક્યો હતો, ભાઈ! કે, આ અમારે મોટો જ્યોર્જ અને એડ.. શું કહેવાય? એડવર્ડ! એને એક સ્ત્રી અને તમે કહો કે, તીર્થંકર ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રી! રાજા એડવર્ડ ને .. શું કહેવાય બીજો? જ્યોર્જ! એને એક સ્ત્રી હોય, અત્યારે છે. અને ચક્રવર્તી સમકિતી તીર્થંકર, એને ૯૬ હજાર. અરે..! સાંભળ તો ખરો, કીધું. એ ૯૬ હજાર પરદ્રવ્ય છે એ નુકસાનનું કારણ ક્યાં છે? સમજાણું? તો તો શરીર જેનું મોટું જાડું હોય એ નુકસાનનું કારણ અને પાતળું શરીર નુકસાનનું ઓછું કારણ, એમ છે? પરદ્રવ્યને લઈને નુકસાન છે? આહાહા..! એને પોતાનું માનવું (એ નુકસાન છે). ધર્મીને તો એ માન્યતા છે નહિ. આહાહા..! એમ કે, ૯૬ હજાર સ્ત્રી ને તમે એને તીર્થંકર ને સમકિતી કહો. અને અમે એક જ રાણી રાખીએ. પણ હવે તું અજ્ઞાની એને ભાન કે દિ' છે? 'લાલન' હતો, 'લાલન', પંડિત 'લાલન'. 'અમેરીકા'માં બહુ જાતો એટલે આવું બધું એને (સૂઝે). પછી તો અહીં રહેતા. ભાઈ! માર્ગ જુદા છે, બાપુ! ઝાઝા જડના સંયોગ માટે જ્ઞાનીને બંધનું

કારણ છે, એમ નથી. અને ઓછા સંયોગ માટે તેને બંધ ઓછો છે, એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

નિશ્ચયથી તો ભગવાન પૂર્ણાનંદના નાથમાં નિર્મળ પર્યાયની ઉત્પત્તિ થવી તે સંયોગ છે અને પહેલાની પર્યાયનો વ્યય થવો તે વિયોગ છે. આહા..! એવો તો સંયોગ અને વિયોગ ધર્મીને પણ હોય છે. શું કીધું સમજાણું કાંઈ? 'પંચાસ્તિકાય'ની ૧૮મી ગાથામાં (આવે છે) કે, પર્યાય થવી, વસ્તુ જે નિત્યાનંદ પ્રભુ છે, એને જે પર્યાય નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન થાય એ પણ પર્યાયનો સંયોગ થયો. અને પૂર્વની પર્યાયનો નાશ થયો એ વિયોગ થયો. સંયોગ અને વિયોગ એની પર્યાયમાં છે. આહાહા..! બહારના કારણે સંયોગ-વિયોગ છે ઇ વસ્તુમાં નથી. આહાહા..!

પ્રશ્ન રાત્રે હતો, એમ કે સંયોગમાં.. એમ હતું ને કાંઈક? સંયોગ ઝાઝા હોય તો એને લઈને આત્માને ક્યાં (નુકસાન છે)? સંયોગને લઈને કંઈ (નુકસાન નથી થતું). પરદ્રવ્ય છે ને? સંયોગી ચીજ પરદ્રવ્ય છે. આ પર્યાય જે સંયોગી છે એ તો સ્વદ્રવ્યની પર્યાય છે. અને શરીર, કર્મ, લક્ષ્મી, કુટુંબ, સ્ત્રી, રાજ આદિ એ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યના કારણે આત્માને બંધન થાય અને અજ્ઞાન થાય, એમ નથી. પોતે જે અજ્ઞાન રાગને એકતાબુદ્ધિથી કરતો એ અજ્ઞાન ટાળ્યું છે. આહા..! એ પરને લઈને અજ્ઞાન નહોતું. એ પોતે એ રાગને એકત્વબુદ્ધિ કર્યું હતું ઇ અજ્ઞાન હતું, એ અજ્ઞાન પરને લઈને નહોતું. તેમ તે અજ્ઞાની ટાળીને જ્ઞાન કર્યું તેથી તેને પરદ્રવ્ય એને કોઈ અજ્ઞાન કરી શકે, એમ નથી. ઝાઝી રાણીઓ ને ઝાઝા ઇન્દ્ર ને ઇન્દ્રાણીઓ એની પરિણતિને પરદ્રવ્ય નુકસાન કરે (એમ નથી). થોડો સંયોગ એને થોડું બંધન અને ઝાઝો સંયોગ એને ઝાઝુ બંધન, એમ નથી. અરે..! સમજાણું કાંઈ?

આ તો તત્ત્વનો નિયમ છે કે તત્ત્વ જે પોતાથી જણાણું ને અનુભવાણું, એની દશામાં હવે પરદ્રવ્ય ઝાઝા કે થોડા, એ એને અજ્ઞાન કરાવી શકતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! પરદ્રવ્યને તો સ્વદ્રવ્ય અડતુંય નથીને! પછી થોડા હોય કે ઝાઝા હોય. સમજાણું?

**'આમ હોવાથી અહીં જ્ઞાનીને કહ્યું છે કે–તને પરના અપરાધથી બંધ થતો નથી...'** આ સિદ્ધાંત છે. ભોગવવાનું કહ્યું ઇ ભોગવ એમ કંઈ ધર્માત્મા કહે? પણ એને પરદ્રવ્યને કારણે તને અપરાધ થતો નથી, એ સિદ્ધ કરવા વાત કરી છે. આહા..! સમજાણું કાંઈ? આહાહા..! **'તને પરના અપરાધથી બંધ થતો નથી...'** પરના અપરાધથી એટલે શરીરની બહુ ક્રિયા થઈ અને પૈસા ઘણા થયા ને સ્ત્રીઓ ઘણી, માટે એને લઈને અહીં બંધ છે, એમ છે નહિ. આહાહા..!

**'તું ઉપભોગને ભોગવ.'** એનો અર્થ કે, સંયોગમાં તું આવતો ભલે હો, ઇ સંયોગમાં તું નથી આવ્યો. સંયોગ થોડા કે ઘણા એમાં તારું લક્ષ જાય તો વિકલ્પ (થાય) એ વળી જુદી વસ્તુ, પણ એને જાણવામાં તારું લક્ષ જાય, સંયોગ થોડા હોય કે ઝાઝા, એ તો જાણવાનું

લક્ષ, જ્ઞાન જાણે. એટલે ઝાઝા સંયોગમાં આવ્યો માટે એને અજ્ઞાન કરી નાખે અને એના પરિણમનને બદલાવી નાખે, (એમ નથી). આહાહા..! સમજાય છે કાંઈ? આ તો વીતરાગના સિદ્ધાંતો, ભાઈ! આહા..!

અને જેને આ સંયોગો છૂટી ગયા, લ્યોને નગ્ન મુનિ થયો માટે સંયોગો છૂટી ગયા માટે ત્યાં જ્ઞાન શુદ્ધ છે એમ નથી. અને સંયોગમાં ૯૬ કરોડના ઢગલા પડ્યા છે ચક્રવર્તીને, તો એને કારણે એને જ્ઞાનનું અજ્ઞાન થાય, (એમ નથી). આહાહા..! અને જેને નગ્નપણું (થઈને) સંયોગ છૂટી ગયા માટે તેને શુદ્ધ જ્ઞાન થાય, એમ નથી. સમજાણું કાંઈ? આમ સંયોગ વિનાનો દેખે એટલે લોકોને એમ થાય કે, આહાહા..! આ ત્યાગી છે. પણ અંતરમાં રાગની એકતાબુદ્ધિ પડી છે, મિથ્યાદૃષ્ટિ ત્યાગી નથી. આહા..! ધર્મનો ત્યાગી છે. આવી વાતું ભારે. બહારના સંયોગના અભાવે ત્યાગીના ત્યાગપણાની મહત્તા દેખાય એ વસ્તુ ખોટી છે. અને બહારના સંયોગની વૃદ્ધિની પુષ્ટિમાં એનું અજ્ઞાન છે, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે એમ કલ્પવું એ તદ્દન જૂઠું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે. એ કહે છે ને?

**'તને પરના અપરાધથી બંધ થતો નથી...'** શરીરનો સંયોગ ખુબ ઝાઝા પરમાણુ અને સ્ત્રીઓ ઘણી, દીકરાઓ ઘણા, પૈસા ઘણા, મકાન ઘણા એવા કારણે તને બંધ થતો નથી. એ ચીજ તો પર છે. આહા..! **'તેથી તું ઉપભોગને ભોગવ.'** એટલે કે પરદ્રવ્યના કારણે તને નુકસાન નથી માટે પરદ્રવ્યના સંયોગમાં ભલે હો પણ તને એમાં (નુકસાન નથી). ભોગવનો અર્થ કે સંયોગમાં હો પણ તને બંધન છે નહિ. આહાહા..! આવી વાતું ઉલટપલટની છે.

અહીંયાં તો વર્તમાનમાં જેમ જેમ કંઈ બહારનો સંયોગ ઘટાડે તો એને ત્યાગી માને. તો ઘણા સંયોગ મોટા ૯૬ કરોડ પાયદળ ને ૯૬ કરોડ સ્ત્રીઓ ને કરોડો અપ્સરાઓ સમકિતીને છે પણ એ સંયોગ ઉપરથી એનું માપ ટાંકવુ કે એ અપરાધી છે (તો એમ છે નહિ). અને સંયોગ ઘણા ઘટી ગયા અને કાંઈ ન રહ્યું, વસ્ત્રનો ટૂકડોય ન રહ્યો માટે તે ધર્મી છે એવા સંયોગના અભાવથી એનું ધર્મનું માપ ન હોઈ શકે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! ગજબ વાત છે.

સત્યનો પોકાર છે. સત્ય છે તે ભલે ગમે તેટલા સંયોગમાં દેખાય પણ સત્ છે એને હાથ અંતરમાં અનુભવ દૃષ્ટિ થઈ છે, જેનું પરિણમન જ્ઞાન ને આનંદનું પરિણમન છે એને ઝાઝા સંયોગોથી કંઈ નુકસાન થાય અને સંયોગો થોડા હોય તો એને કંઈ લાભ થાય એવું છે નહિ. આરે..! આવી વાતું. આહાહા..! ભગવાન સંતો પોતે આ પોકાર કરે છે. 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' આહા..! પ્રભુ! તું સ્વદ્રવ્ય છો ને! સ્વદ્રવ્યની દૃષ્ટિ અને સ્વદ્રવ્યનું પરિણમન થયું એથી તને પરદ્રવ્યના ઘણા સંયોગમાં તને લોકો દેખે અને તને એમ થઈ જાય કે આ સંયોગા ઘણા (છે) માટે મને નુકસાન થયું, એમ છે નહિ. આહાહા..! જ્ઞાની તો માનતો નથી, પણ લોકો એમ માને ને? આટલો બધો પરિગ્રહ ને આટલી બધી બાયડીઓ ને આટલા

બધા છોકરાઓ. ચક્રવર્તીને બત્રીસ હજાર તો દીકરીયું, ચોસઠ હજાર દીકરા, છન્નુ કરોડ પાયદળ, છન્નુ હજાર સ્ત્રીઓ. પણ કહે છે, એ સંયોગ છે તે એને બંધનું કારણ છે એમ નથી. આહાહા..! એટલે કે પરદ્રવ્ય તે બંધનું કારણ નથી. આહાહા..! સ્વદ્રવ્યમાં જો તેં પરને, રાગને પોતાનો માન્યો હોય, ભલે સંયોગ ન હોય, પણ રાગને પોતાનો માન્યો હોય તો ત્યાં મિથ્યાત્વનો અપરાધ તેં ઊભો કરેલો છે. સમજાણું કાંઈ? આહાહા..!

એમ કહીને સિદ્ધાંતનું સત્યપણું પ્રસિદ્ધ કરે છે. એને સંયોગને ભોગવ એમ કહીને કંઈ ભોગવવાનું કહ્યું નથી. પોતાના રાગને અનુભવે અને કાં નિર્વિકારીને અનુભવે. એ સિવાય પરનો તો અનુભવ છે નહિ. પણ અહીં કહેવાનો આશય (એ છે કે) ઘણાં સંયોગોમાં તું આવ્યો, ભલે હો, એ સંયોગ કંઈ નુકસાન કરનાર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? 'ચીમનભાઈ'! આવી વાતું છે. સ્વતત્ત્વ જે આત્મા અંદર પરથી ભિન્ન (છે), એને ભલે સંયોગોના ઢગલા હોય એથી કરીને એના આત્માને શું છે? આહાહા..! અને સંયોગો ઘણા છૂટી ગયા હોય માટે તે ધર્મી છે, એવું માપ ક્યાં છે? એને અસંયોગી એવી ચીજ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ.. આહાહા..!

એક ફેરી આકૃતિનું કહ્યું હતું ને? એ સવારમાં વિચાર આવ્યો હતો, વધારે. આ આકાશ આખું. અંત નહિ તોય આકાર છે. આરે.. આરે..! ગજબ વાત છે. જૈનદર્શનનું તત્ત્વ કોઈ અલૌકિક છે. સર્વવ્યાપક આકાશ, એને પણ પ્રદેશગુણને કારણે આકાર હોય છે. અરે..! ભાઈ! સિદ્ધનેય આકાર હોય છે. પોતાના અસંખ્ય પ્રદેશનો આકાર છે ઇ આકાર હોય છે. એ તો નિરંજર નિરાકાર (કહે છે) એ તો પરની અપેક્ષાએ આકાર નથી, એમ કહ્યું છે. અને આણે તો એમ કહ્યું છે એમાંથી કે, આ રીતે આવો આકાર અને નિરાકાર જે રીતે છે એ સમજે અને એનું ધ્યાન કરે તો એને પરથી ભિન્નતાનું ભાન થાય. આહાહા..! આમાં છે. એ ચોપડી વાંચી હતી. કીધું નહિ? 'માણેકચંદજી' હતા ને? આહાહા..!

એમ શરીરનો મોટો સ્થૂળ આકાર (હોય) અને શરીરનો થોડો આકાર અને આત્માના પ્રદેશનો આકાર પણ ત્યાં થોડો (છે) માટે તેને નુકસાન છે, એમ નથી. કે થોડો છે માટે લાભ છે, એમ નથી. આહાહા..! કેવળ સમુદ્‌ઘાત કરે ત્યારે તો લોકના આકાર જેટલો આકાર થઈ જાય એનો. આહાહા..! ભગવાનનો પ્રદેશનો આકાર લોકાકાશ પ્રમાણે થઈ જાય. તો એ આકાર મોટો થયો માટે તેને નુકસાન છે, અને સાત હાથના ધ્યાનમાં હતા, કેવળજ્ઞાનમાં, માટે તેને લાભ છે એમ નથી. આહાહા..! પોતાના નાના-મોટા આકારથી પણ જ્યાં લાભ-નુકસાની નથી ત્યાં પરદ્રવ્યથી નુકસાન છે એ તો છે જ નહિ, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ જૈનદર્શન, બાપુ! વીતરાગ માર્ગ એવો છે. આહા..! ક્યાંય છે નહિ એ સિવાય. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા એમ કહેવું એ વ્યવહાર છે. એણે પોતાની પર્યાયને જોઈ એમાં જોવાઈ ગયું છે. આહાહા..!

પરથી ભિન્ન છે તો પરના ગમે તેટલા સંયોગ હોય તે તને નુકસાનનું કારણ છે અથવા એ પરના ઘણા સંયોગ તને અજ્ઞાન કરાવી દ્યે, આહાહા..! ઘણા સંયોગો તને વિપરીત બુદ્ધિ કરાવે, તાકાત નથી, કહે છે કોઈની. આહાહા..! સમજાણું કાંઈ? અને ઘણા સંયોગોમાં આવ્યો માટે તને બંધનું કારણ થયું, એમ નથી. કેમકે સંયોગ પરદ્રવ્ય છે તેનાથી તને નુકસાન કાંઈ નથી.

**'તેથી તું ઉપભોગને ભોગવ. ઉપભોગ ભોગવવાથી મને બંધ થશે એવી શંકા ન કર.'** આ વાત છે. ઘણા સંયોગમાં આવ્યો માટે મને બંધ થશે એવી શંકા ન કર, એમ કહે છે. આહાહા..! શું કહ્યું? ભાઈ! ઝાઝા સંયોગમાં શરીરમાં, એવા પૈસામાં, સ્ત્રીના શરીરના સંયોગમાં આવ્યો, આહા..! માટે એને લઈને મને બંધ થશે એમ શંકા ન કર. આહાહા..! શું કહે છે? ભાઈ! આહાહા..! પરના સંયોગમાં તું આવ્યો એ ભલે હો, એનાથી તને બંધ થશે એવી શંકા ન કર, બસ, આ વાત છે. સમજાણું? છે એમાં? આહાહા..! ભોગવનો અર્થ ઇ કે, સંયોગો ઘણા ભલે હો, એમ. પણ એનાથી તને નુકસાન નથી. આહાહા..! તારી દૃષ્ટિ જો રાગ અને પુણ્યના પરિણામ પર ગઈ તો તો તને નુકસાન તારાથી છે, એ પરદ્રવ્યથી નથી. હેં? આહાહા..! હવે આવી વાતું સાંભળવા મળે નહિ, ઝીણી પડે. શું થાય? ભાઈ!

પૂર્ણાનંદનો નાથ પ્રભુ! અનંત ગુણધામ સુખધામ આવે છે ને? 'શ્રીમદ્'માં. 'સ્વયં જ્યોતિ સુખધામ' આહાહા..! ચૈતન્યજ્યોત અને સુખધામ, આનંદનું સ્થાન, આનંદનું ખેતર છે, એમાંથી આનંદ પાકે. આહા..! એવા જીવને, જેને આનંદ પાક્યો છે એવા આનંદ સ્વભાવી જીવને પરના નાનામોટા સંયોગને લઈને પરિણામમાં કંઈ ફેરફાર થાય, એમ નથી. સમજાય છે કાંઈ? એને સંયોગમાંથી શંકા ઉઠાવી દીધી કે, આ ઝાઝા સંયોગમાં આવ્યો માટે મને બંધ થશે, જ્ઞાનીને એ ભાવ હોય નહિ. આહાહા..! અરે..! જેને વસ્ત્રનો ધાગો પણ ન રહ્યો, સંયોગ છૂટી ગયો માટે તે ધર્મી છે, એમ નથી. સંયોગના ઘટાડા-વધારાથી ધર્મ ને અધર્મનું માપ એમ નથી. આહાહા..!

**'ઉપભોગ ભોગવવાથી...'** એટલે કે સંયોગમાં આવવાથી **'મને બંધ થશે એવી શંકા ન કર.'** આહા..! ઝીણી વાત છે, પ્રભુ! એ મારગડા એના જુદા, ભાઈ! આહાહા..! જૈનમાર્ગ કોઈ જુદા, ભાઈ! એ વસ્તુનો સ્વભાવ વર્ણવે છે, પ્રભુ! વીતરાગદેવ પૂર્ણ આત્માનો સ્વભાવ વર્ણવે છે. પ્રભુ! તારો સ્વભાવ તો શુદ્ધ છે ને! અને એ સ્વભાવનું જેને ભાન થયું એને સંયોગો ઘણા દેખાય માટે તેને પાપ થયું કે અપરાધ થયો, એમ નથી. આહાહા..! આ સિદ્ધાંત. આ સ્વચ્છંદી થવા માટે નથી. એને પરથી દોષ થાય એવી શંકા ટાળવાની વાત કરી છે. આહાહા..! આવો ઉપદેશ.

**'જો એવી શંકા કરીશ...'** કે પરદ્રવ્યનો ઘણો સંયોગ માટે મને કંઈ નુકસાન થયું એમ

જો શંકા કરીશ, આહાહા..! ચક્રવર્તીને તો એક એક મિનિટની અબજોની પેદાશ, મોટા નવ નિધાન, છતાં સમકિતીને એને લઈને કંઈ પણ શંકા થાય કે, મને બંધ થશે, (એમ નથી). આહાહા..! ઇન્દ્રને ક્રોડો અપ્સરાઓ સુધર્મને, પણ એ કરોડો અપ્સરાની સંખ્યા ઘણી (છે) માટે મને નુકસાન થશે, એમ શંકા ટાળ. એ શંકા ધર્મીને હોય નહિ. આહાહા..! બહારના સંયોગોના ઘણા સંયોગમાં દીઠો માટે તે કંઈ અપરાધી છે, એમ તું માપ ન કર. અને સંયોગો ઘટી ગયા, નગ્ન થયો માટે ત્યાં ધર્મી થયો એમ માપ ન કર, એમ કહે છે. સમજાણું કાંઈ આહાહા..! નગ્ન મુનિ થયો, હજારો રાણી છોડી, રાજપાટ છોડ્યા, અરે..! પ્રભુ! એમ રહેવા દે. સંયોગ ઘટાડ્યા અને ઘટ્યા એ તો એને કારણે થયા. એથી ત્યાં ધર્મ છે, એમ નથી. એને સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન ઉપર નિર્લેપ ભગવાન ઉપર જેની દૃષ્ટિ નથી, એણે સંયોગ ઘટાડ્યા છતાં તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવી વાતું. હેં? બહુ વાત (સરસ છે).

સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની વહેંચણી. આહાહા..! પરદ્રવ્યનો ગમે તેટલો સંયોગ હો તને, કહે છે. સંયોગ હો. ભોગવનો અર્થ ઇ, હોં! સમજાણું? પૂર્વના પુણ્યને લઈને કોઈ સંયોગ ઘણો હોય. સંયોગ હો, ઉપભોગ ભોગવ, એમ નહિ. સંયોગ હો, એથી તને નુકસાન છે, (એમ નથી). આહાહા..! આવો માર્ગ સમજવો પણ હજી (કઠણ પડે). આહાહા..! બહારથી માપ ટાંકવા. હેં? કે, એણે આ છોડ્યું ને એણે આ છોડ્યું ને આણે આ છોડ્યું. પણ ખરેખર તો ગ્રહણત્યાગ વસ્તુમાં છે જ નહિ. પરનો ત્યાગ કરવો અને પરનું ગ્રહણ કરવું એ વસ્તુમાં છે નહિ. એને ઠેકાણે પરનો ત્યાગ થયો ત્યાં એ ત્યાગી થયો (એમ નથી). આહાહા..! શું કહ્યું ઇ?

ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. પ્રભુ આત્મામાં એવો એક ગુણ છે. અનાદિ સત્‌નું સત્ત્વપણું, સત્‌નું સત્ત્વપણું એવું છે કે પર પરમાણુ કે સ્ત્રી આદિ પરપદાર્થને ગ્રહ્યા નથી તેમ એ છોડતો નથી. ગ્રહણ અને ત્યાગ રહિત જ એનું સ્વરૂપ છે. જે ત્યાગ અને ગ્રહણ રહિત છે એ એમ કહે કે, મેં આને ત્યાગ્યું માટે ધર્મ થયો (તો એમ નથી). આહાહા..! ત્યાં તો નિશ્ચયમાં તો ત્યાં સુધી લઈ ગયા છે કે રાગનો ત્યાગકર્તા પણ હું નથી. એ નામમાત્ર છે. આહાહા..! ભગવાન વીતરાગ સ્વરૂપ પોતે.. આહાહા..! એવી જેને દૃષ્ટિ થઈ, એને રાગનો ત્યાગ છે એ પણ નામમાત્ર છે. કારણ કે પોતે રાગરૂપે થયો નથી, વસ્તુ તો રાગરૂપે છે નહિ. એટલે રાગને ત્યાગ્યું એ ક્યાંથી આવ્યું? કહે છે. 'સમયસાર' ૩૪ (ગાથામાં) છે. પચ્ચખાણના અધિકારમાં (છે). ધર્માત્માએ રાગનો ત્યાગ કર્યો એ પણ કથનમાત્ર છે. આહાહા..! એને ઠેકાણે પરનો ત્યાગ કર્યો માટે ધર્મી થઈ ગયો (એમ કેમ હોય?) આવી વાતું છે. અને પરના ઘણા સંયોગોમાં છે માટે તે અજ્ઞાની છે, એમ માપ રહેવા દે, પ્રભુ! એમ વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું અટપટી. આ શ્લોક એવો આકરો કીધો. સ્વચ્છંદી થઈ જાય એને માટે નથી આ. હું ગમે તેટલા પરદ્રવ્યને ભોગવું

મારે શું? પણ પરદ્રવ્યને તું ભોગવી શકતો જ નથી. પરદ્રવ્યને અડતો નથી પછી પ્રશ્ન ક્યાં?

અહીં તો સંયોગો ઝાઝા હોય માટે કોઈ એમ માપ કરે કે, એને લઈને નુકસાન છે અથવા તને એમ થઈ જાય કે ઘણા સંયોગો છે માટે મને કંઈ નુકસાન છે, એ શંકા છોડી દે. આહાહા..! **'જો એવી શંકા કરીશ તો 'પરદ્રવ્ય વડે આત્માનું બૂરું થાય છે...'** આહાહા..! પરદ્રવ્યના ઘણા સંયોગોથી આત્માને નુકસાન છે **'એવું માનવાનો પ્રસંગ આવે છે.'** પરદ્રવ્યથી આત્માને નુકસાન થાય, બૂરું થાય એવું માનવાનો પ્રસંગ આવે છે. આહાહા..! ચક્રવર્તીને બત્રીસ હજાર તો દીકરીયું, બત્રીસ હજાર જમાઈ, ચોસઠ હજાર દીકરાઓ, ચોસઠ હજાર દીકરાની વહુઓ, છન્નુ હજાર સ્ત્રીઓ. આહાહા..! તે સંયોગથી તું માપ કરવા જાઈશ કે આને આટલો બધો સંયોગ છે માટે એનાથી કંઈક નુકસાન થાય, સમકિતી છે એનાથી તેને નુકસાન છે, એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! વીતરાગ માર્ગના પડકાર તો જુઓ! આહાહા..! સ્વદ્રવ્યને પોતે ભૂલીને અપરાધ કરે એ તો પોતાનું કારણ છે. એ પરદ્રવ્ય એને અપરાધ કરાવ્યો છે અને પરદ્રવ્યના સંયોગો ઘણા માટે શંકા થઈ કે, અરે..રે..! આટલા બધા સંયોગમાં હું ગરી ગયો છું, એમ છોડી દે. ઝીણી વાત છે,

ભગવાન! તારા મહિમાની પાર નથી, પ્રભુ! આહાહા..! આપણે નહોતું આવ્યું? 'પ્રભુ મેરે તુમ સબ બાતે પૂરા, પ્રભુ મેરે તુમ સબ ભાવે પૂરા.' આહા..! 'પરકી આશ કહાં કરે પ્રીતમ, પરકી આશ કહાં કરે વ્હાલા, કઈ વાતે તું અધૂરા?' નાથ! કઈ વાતે તું અધૂરો છો તે પરની આશા કરે છે? આહા..! સમજાય છે કાંઈ? 'પ્રભુ મેરે સબ વાતે–સબ ભાવે પૂરા' જ્ઞાને પૂરા, આનંદે પૂરા, વીર્યે પૂરા, શાંતિએ પૂરા, વીતરાગતાએ પૂરા, સ્વચ્છતાથી પૂરા, પ્રભુતાથી પૂરા. આહાહા..! એ પ્રભુતાનો, અસંગનો જેણે સંગ કર્યો એને બહારના સંગના ઝાઝા સંગથી તને નુકસાન છે, એ રહેવા દે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન રાગના સંગ વિનાની ચીજ છે. એવા અસંગનું જેને જ્ઞાન થયું છે એને રાગ આવ્યો અને સંયોગ ઘણા આવ્યા માટે તેને નુકસાન છે એમ નથી, કહે છે. એ રાગનો એ જાણનાર છે. આહાહા..! અહીં તો દૃષ્ટિ અને દ્રવ્યની વિશેષતાની વાતું કરી છે. આવી વાત છે, ભાઈ!

વીતરાગ માર્ગના માપ બહુ જુદી જાતના છે. આહાહા..! માણુ, માણુ નથી કહેતા આ? માણુ એટલે માપ છે એનું નામ. માણુ નહિ? દાણાને માપે. નાણું શું કહેવાય? માપ કરે છે માટે માણુ. છાણા કેટલા ભરાય છે? એમ ભગવાનઆત્મા માપ કરે છે. પોતાનું અને પરનું માપ કરે, બાકી પર મારા છે એવું અંદર માનતો નથી. આહાહા..! પ્રમાણ કીધું છે ને? પ્રમાણ કહો કે માપ કરનાર કહો, બધું એક છે. પ્ર—વિશેષે માણ. આહા..! આ નામ પડ્યું છે તો માણનો અર્થ ઇ છે કે, દસ શેરનું માપ આપે છે. માણું હોય ને લોઢાનું? એમ ભગવાન જ્ઞાનની પર્યાય માપ આપે છે, પોતાનું અને પરનું સ્વરૂપ કેવું છે તેનું માપ

આપે છે. આહા..! પર મારા છે ઇ વાત એના જ્ઞાનપ્રમાણમાં નથી. તેમ પરનો ઘણો સંયોગ થયો માટે પ્રમાણ, એ પ્રમાણ તો એનું જ્ઞાન કરે, સમજાય છે? પણ એ સંયોગો ઘણા થયા માટે તેને કંઈક નુકસાન છે અને જેને સંયોગો ઘણા છૂટી ગયા માટે તેને ધર્મનો લાભ છે, (એમ) રહેવા દે. આહાહા..! આવી વાતું છે. હેં? આહાહા..!

**'જો એવી શંકા કરીશ તો 'પરદ્રવ્ય વડે આત્માનું બૂરું થાય છે' એવું માનવાનો પ્રસંગ આવે છે.'** આહાહા..! કરોડો અપ્સરાઓ છે માટે મને બંધનું કારણ છે એમ રહેવા દે, એમ છે નહિ. આહાહા..! અને બિલકુલ અમે બાળબ્રહ્મચારી (છીએ), સ્ત્રીનો ત્યાગ કર્યો, પરનો બધો ત્યાગ કર્યો છે માટે મને ધર્મ થયો, એમ રહેવા દે. સમજાણું કાંઈ? આહાહા..! શું શૈલી! ગજબ વાત છે! આ વાત બેસવી, બાપુ! વીતરાગ ત્રિલોકના નાથની. આહાહા..! ભગવાન હીરલો ચૈતન્યનાથ, જેને જાગ્યો ને માન્યો ને અનુભવ્યો, કહે છે કે, તેને સંયોગો ગમે તેટલા હોય, તું શંકા ન કરીશ કે આને લઈને મને નુકસાન થશે. આહાહા..! જરી આજનો વિષય ઝીણો છે. ગાથા આવી છે ને! આહા..!

**'આ રીતે અહીં જીવને પરદ્રવ્યથી પોતાનું બૂરું માનવાની શંકા મટાડી છે;...'** પરનો સંયોગ કર અને સંયોગમાં તને વાંધો નથી, ભોગવ, એમ કહેવાનો આશય નથી. સમજાણું કાંઈ? પરદ્રવ્યથી જીવને બૂરું થતું માનવાની શંકા મટાડી છે. પરદ્રવ્ય ઝાઝા માટે મને નુકસાન થશે, એ વાત રહેવા દે. તારી દૃષ્ટિ જો દ્રવ્ય ઉપરથી ખસી ગઈ અને રાગને પોતાનો માન્યો તો તને નુકસાન છે. પછી ભલે સંયોગો બિલકુલ ન હોય અને સંયોગોના ઢગલા હોય. આહાહા..! કીધું હતું ને? ઇ 'લાલન' એમ કહેતા કે, અમારો બાદશાહ આવડો મોટો, હિન્દુસ્તાનનો રાજા (હોય તોપણ એને) એક સ્ત્રી અને તમે કહો કે, અમારા તીર્થંકર ચક્રવર્તીને છન્નુ હજાર સ્ત્રી. તે શું છે? કીધું. આંકડો ઝાઝો માટે શું?

મુમુક્ષુ :– એકને માને તોય મારી માને છે.

ઉત્તર :– પણ એક છે એ પણ એનો ક્યાં છે ઇ? એક ને કરોડ, એની ક્યાં છે? એ તો સંખ્યા બહારની છે. અને બહારની સંખ્યાને આધારે આત્માને નુકશાન કે અનુકશાન છે, એમ છે? આહાહા..! ભલે સંયોગો કાંઈ ન હોય પણ અંતરમાં જેણે ભગવાન ચિદાનંદને રાગસહિત ને રાગવાળો માન્યો, આહાહા..! ભલે એ દિગંબર મુનિ હોય તોપણ એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અને છન્નુ કરોડ પાયદળની વચ્ચે ભોગમાં પડ્યો (હોય), 'ભરત' ચક્રવર્તી હંમેશાં સેંકડો કન્યાઓ પરણતો, રાજકન્યા. છન્નુ કરોડ એટલે? 'ભરતેશ વૈભવ'માં આવે છે. 'ભરતેશ વૈભવ' છે ને? હેં? 'ભરતેશ વૈભવ'. વાંચ્યું છે, એમાં ઇ આવે છે કે, હંમેશાં સેંકડો રાજકન્યા પરણે. તે તો સંયોગ છે. સંયોગને એ અડે છે કે દિ'? દૃષ્ટિમાં તો તેનો ત્યાગ છે. દૃષ્ટિમાં તો રાગનો ત્યાગ છે તો વળી પરવસ્તુનો ત્યાગ, એ તો પ્રશ્ન શું? એ તો પહેલેથી જ પરવસ્તુનો ત્યાગ તો એના સ્વભાવમાં જ છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં તો **'જીવને પરદ્રવ્યથી પોતાનું બૂરું થતું માનવાની શંકા મટાડી છે; ભોગ ભોગવવાની પ્રેરણા કરી સ્વચ્છંદી કર્યો છે એમ ન સમજવું.'** આહાહા..! **'સ્વેચ્છાચારી થવું તે તો અજ્ઞાનભાવ છે...'** આહાહા..! સ્વચ્છંદી થઈને રાગને અને પરને પોતાના માનવા તે તો મિથ્યાદૃષ્ટિ છે. **'એમ આગળ કહેશે.'** હવેની ગાથાઓમાં કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અધ્યાત્મની વાત અહીંથી ખૂબ ચાલી તેથી જૈનના નામે કેટલાક એવા નિશ્ચયાભાસી થઈ ગયા છે કે નિશ્ચયથી બધા એક જ છે પણ સમજ્યા વિના શું બધા એક જ છે ! છએ દર્શનને ઘણાં એક માને છે. એક સાધુ અહીં આવેલાં તે કહે, આત્મા નિશ્ચયથી ખાતો નથી પછી દારૂ કે માંસ ખાય તોપણ શું થઈ ગયું! અરે! નિશ્ચયનો અર્થ એવો નથી! જેમાં જેટલી ભિન્નતા છે તેનો વિવેક જ્ઞાનમાં બરાબર આવવો જોઈએ. પોતાની પર્યાયને યોગ્ય તેને આહાર આદિનો વિકલ્પ આવે છે. દારૂ અને માંસ પણ ચાલે-એવું માનીશ તો મરી જઈશ. નિશ્ચયાભાસ કરવા જઈશ તો નિશ્ચય અને વ્યવહાર બંનેને ચૂકી જઈશ. વ્યવહાર આશ્રય કરવા લાયક નથી પણ વ્યવહાર જ નથી એમ માનીશ તો એકાંત થઈ જશે. શાસ્ત્રના બહાને આવા ઊંધા અર્થ કરીને મરી જઈશ. પહેલાં ક્રિયાકાંડનો પક્ષ હતો ત્યારે ક્રિયા કરવી... ક્રિયા કરવી એ જ મુખ્ય હતું અને હવે જ્યાં નિશ્ચયનો પક્ષ આવ્યો ત્યાં 'ગમે તેવી ક્રિયા ચાલે' એમ ન હોય. ક્રિયા તેવી ન હોય. મુનિને યોગ્ય જ ક્રિયાનો વિકલ્પ આવે તેમ દરેકને ભૂમિકા અનુસાર જ ભાવ હોય.**

આત્મધર્મ અંક-૭, માર્ચ-૨૦૦૭

# ગાથા–૨૨૦--૨૨૩

भुंजंतस्स वि विविहे सच्चित्ताचित्तमिस्सिए दव्वे।
संखस्स सेदभावो ण वि सक्कदि किण्हगो कादुं।।२२०।।
तह णाणिस्स वि विविहे सच्चित्ताचित्तमिस्सिए दव्वे।
भुंजंतस्स वि णाणं ण सक्कमण्णाणदं णेदुं।।२२१।।
जइया स एव संखो सेदसहावं तयं पजहिदूण।
गच्छेज्ज किण्हभावं तइया सुक्कत्तणं पजहे।।२२२।।
तह णाणी वि हु जइया णाणसहावं तयं पजहिदूण।
अण्णाणेण परिणदो तइया अण्णाणदं गच्छे।।२२३।।
भुज्जानस्यापि विविधानि सचित्ताचित्तमिश्रितानि द्रव्याणि।
शंखस्य श्वेतभावो नापि शक्यते कृष्णकः कर्तुम्।।२२०।।
तथा ज्ञानिनोऽपिविविधानि सचित्ताचित्तमिश्रितानि द्रव्याणि।
भुज्जानस्यापि ज्ञानं न शक्यमज्ञानतां नेतुम्।।२२१।।
यदा स एव शंखः श्वेतस्वभावं तकं प्रहाय।
गच्छेत् कृष्णभावं तदा शुक्लत्वं प्रजह्यात्।।२२२।।
तथा ज्ञान्यपि खलु यदा ज्ञानस्वभावं तकं प्रहाय।
अज्ञानेन परिणतस्तदा अज्ञानतां गच्छेत्।।२२३।।

---

यथा खलु शंखस्य परद्रव्यमुपभुज्जानस्यापि न परेण श्वेतभावः कृष्णः कर्तुं शक्येत, परस्य परभावत्वनिमित्तत्वानुपपत्तेः, तथा किल ज्ञानिनः परद्रव्यमुपभुञ्जानस्यापि न परेण ज्ञानमज्ञानंकर्तुं शक्येत, परस्य परभावत्वनिमित्तत्वानुपपत्तेः। ततो ज्ञानिनः परापराधनिमित्तो नास्ति बन्धः। यथा च यदा स एव शंखः परद्रव्यमुपभुञ्जानोऽनुपभुञ्जानो वा श्वेतभावं प्रहाय स्वयमेव कृष्णभावेन परिणमते तदास्य श्वेतभावः स्वयंकृतः कृष्णभावः स्यात्, तथा यदा स एव ज्ञानी परद्रव्यमुपभुञ्जानोऽनुपभुञ्जानो वा ज्ञानं प्रहाय स्वयमेवाज्ञानेन परिणमते तदास्य ज्ञानं स्वयंकृतमज्ञानं स्यात्। ततो ज्ञानिनो यदि (बन्धः) स्वापराधनिमित्तो बन्धः।

હવે આ જ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે :-

જ્યમ શંખ વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ શંખના શુક્લત્વને નહિ કૃષ્ણ કોઈ કરી શકે; ૨૨૦.
ત્યમ જ્ઞાની વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ જ્ઞાન જ્ઞાની તણું નહીં અજ્ઞાન કોઈ કરી શકે. ૨૨૧.
જ્યારે સ્વયં તે શંખ શ્વેતસ્વભાવ નિજનો છોડીને
પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુક્લત્વને; ૨૨૨.
ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાનસ્વભાવને
અજ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાનતા ત્યારે લહે. ૨૨૩.

ગાથાર્થ :- [ शंखस्य ] જેમ શંખ [ विविधानि ] અનેક પ્રકારનાં [ सचित्ताचित्तमिश्रितानि ] સચિત્ત, અચિત્ત અને મિશ્ર [ द्रव्याणि ] દ્રવ્યોને [ भुञ्जानस्य अपि ] ભોગવે છે-ખાય છે તોપણ [ श्वेतभावः ] તેનું શ્વેતપણું [ कृष्णकः कर्तुं न अपि शक्यते ] (કોઈથી) કૃષ્ણ કરી શકાતું નથી, [ तथा ] તેમ [ ज्ञानिनः अपि ] જ્ઞાની પણ [ विविधानि ] અનેક પ્રકારનાં [ सचित्ताचित्तमिश्रितानि ] સચિત્ત, અચિત્ત અને મિશ્ર [ द्रव्याणि ] દ્રવ્યોને [ भुञ्जानस्य अपि ] ભોગવે તોપણ [ ज्ञानं ] તેનું જ્ઞાન [ अज्ञानतां नेतुम् न शक्यम् ] (કોઈથી) અજ્ઞાન કરી શકાતું નથી.

[ यदा ] જ્યારે [ सः एव शंखः ] તે જ શંખ (પોતે) [ तकं श्वेतस्वभावं ] તે શ્વેત સ્વભાવને [ प्रहाय ] છોડીને [ कृष्णभावं गच्छेत् ] કૃષ્ણભાવને પામે (અર્થાત્ કૃષ્ણભાવે પરિણમે) [ तदा ] ત્યારે [ शुक्लत्वं प्रजह्यात् ] શ્વેતપણાને છોડે (અર્થાત્ કાળો બને), [ तथा ] તેવી રીતે [ खलु ] ખરેખર [ ज्ञानी अपि ] જ્ઞાની પણ (પોતે) [ यदा ] જ્યારે [ तकं ज्ञानस्वभावं ] તે જ્ઞાનસ્વભાવને [ प्रहाय ] છોડીને [ अज्ञानेन ] અજ્ઞાનરૂપે [ परिणतः ] પરિણમે [ तदा ] ત્યારે [ अज्ञानतां ] અજ્ઞાનપણાને [ गच्छेत् ] પામે.

ટીકા :- જેમ શંખ પરદ્રવ્યને ભોગવે-ખાય તોપણ તેનું શ્વેતપણું પર વડે કૃષ્ણ કરી શકાતું નથી કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત (અર્થાત્ કારણ) બની શકતું નથી, તેવી રીતે જ્ઞાની પરદ્રવ્યને ભોગવે તોપણ તેનું જ્ઞાન પર વડે અજ્ઞાન કરી શકાતું નથી કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત બની શકતું નથી. માટે જ્ઞાનીને પરના અપરાધના નિમિત્તે બંધ થતો નથી.

વળી જ્યારે તે જ શંખ, પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો થકો, શ્વેતભાવને છોડીને સ્વયમેવ કૃષ્ણભાવે પરિણમે ત્યારે તેનો શ્વેતભાવ સ્વયંકૃત કૃષ્ણભાવ થાય (અર્થાત્ પોતાથી જ કરવામાં આવેલા કૃષ્ણભાવરૂપ થાય), તેવી રીતે જ્યારે તે જ જ્ઞાની, પરદ્રવ્યને

**ભોગવતો અથવા નહિ ભોગવતો થકો, જ્ઞાનને છોડીને સ્વયમેવ અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે તેનું જ્ઞાન સ્વયંકૃત અજ્ઞાન થાય. માટે જ્ઞાનીને જો (બંધ) થાય તો પોતાના જ અપરાધના નિમિત્તે (અર્થાત્ પોતે જ અજ્ઞાનપણે પરિણમે ત્યારે) બંધ થાય છે.**

**ભાવાર્થ :- જેમ શંખ કે જે શ્વેત છે તે પરના ભક્ષણથી કાળો થતો નથી પરંતુ જ્યારે પોતે જ કાલિમારૂપે પરિણમે ત્યારે કાળો થાય છે, તેવી રીતે જ્ઞાની પરના ઉપભોગથી અજ્ઞાની થતો નથી પરંતુ જ્યારે પોતે જ અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે અજ્ઞાની થાય છે અને ત્યારે બંધ કરે છે.**

---

## પ્રવચન નં. ૨૯૮ ગાથા–૨૨૦થી ૨૨૩, શ્લોક–૧૫૧ શુક્રવાર, ભાદરવા સુદ ૯, તા. ૩૧-૦૮-૧૯૭૯

---

દસલક્ષણીનો પાંચમો દિવસ શૌચધર્મ (છે).

**यत्परदारार्थादिषु जन्तुषु निःस्पृहमहिंसकं चेतः।**
**दुश्छेद्यान्तर्मलहृत्तदेव शौचं परं नान्यत्।।**

જેનું ચિત્ત પરસ્ત્રી અને પરધનની અભિલાષા ન કરતું થકું છ કાયના જીવોની હિંસાથી રહિત થઈ જાય છે તેને જ દુર્ભેદ્ય અભ્યંતર કલુષતાને દૂર કરનાર ઉત્તમ શૌચધર્મ કહેવામાં આવે છે. 'શૌચ' શબ્દે નિર્લોભતા. આવ્યું હતું ને? ક્ષમા. ક્રોધની સામે ક્ષમા, માનની સામે માર્દવ, કપટની સામે આર્જવ અને લોભની સામે આ શૌચ છે. પહેલું સત્ય આવી ગયું. એટલે આ પછી લીધું.

અંદર આત્મા પરહિંસાથી રહિત અને પરસ્ત્રી ને પરધનના પ્રેમથી મમતાથી રહિત, આહાહા..! એવો જે આત્માનો પવિત્ર પરિણામરૂપ સ્વભાવ તેને અહીંયાં શૌચ કહે છે. પછી તો એમ કહે છે કે, આ સ્નાનાદિ શૌચ છે એ કંઈ શૌચ નથી. જો પ્રાણીનું મન મિથ્યાત્વાદિ દોષોથી મલિન થયું હોય, આહાહા..! રાગની રુચિથી મન મલિન મિથ્યાત્વથી થયું હોય, નિર્મળાનંદ પ્રભુ, એની રુચિથી છૂટીને જેને એ રાગનો વિકલ્પ શુભ કે અશુભ, તેની રુચિમાં જેનું વલણ થયું, આહા..! એ ચિત્ત મિથ્યાત્વાદિ દોષથી મલિન છે. તો પછી ગંગા, સમુદ્ર, પુષ્કર આદિ બધા તીર્થોમાં સદા સ્નાન કરવા છતાં.. 'પ્રાયઃ' શબ્દ પડ્યો છે. ઘણું કરીને એટલે શરીરનું ભલે સ્વચ્છ થાય, એમ. અંદરનું ન થાય. 'પ્રાયઃ' શબ્દ પડ્યો છે? 'પ્રયોગશુદ્ધ કરા' એ શરીરની મલિનતા તો પાણીથી ટળે પણ મિથ્યાત્વની મલિનતા એનાથી ટળે નહિ. મિથ્યાત્વની મલિનતા છે અને પછી લાખ વાર 'શેત્રુંજય' સ્નાન કરે નહિ? 'શેત્રુંજય' છે ને? ત્યાં પણ જૈનો સ્નાન કરે છે પણ અંતરમાં રાગની એકતાની મલિનતાનો મિથ્યાત્વ ભાવ, એવા મલિનતાના પરિણામ સહિત સ્નાન કરે તો કંઈ શુદ્ધિ ન થાય. આહાહા..!

એને તો અંતર આનંદસ્વરૂપ ભગવાન શૌચ પવિત્ર નિર્ગ્રંથ નિર્લોભ સ્વરૂપ, આત્માનું નિર્ગ્રંથ સ્વરૂપ જ છે. આહાહા..! એ નિર્ગ્રંથ સ્વરૂપની દૃષ્ટિ અને એકાગ્રતા થતાં જે પવિત્રતા થાય એ બહારથી કોઈ સ્નાનથી પવિત્રા થતી નથી. આહા..!

અતિશય વિશુદ્ધિ થઈ શકતું નથી તે યોગ્ય જ છે. મદ્યના પ્રવાહથી પરિપૂર્ણ ઘટ્ટ, દારૂથી ભરેલો ઘડો. આહાહા..! બહારમાંથી વિશુદ્ધ પાણીથી અનેક વાર ધોવામાં આવે, અંદર દારૂ ભર્યો છે, બહાર પાણીથી વારંવાર ધોવામાં આવે તો શું શુદ્ધ થઈ શકે? એમ જેના ઘટમાં જ મિથ્યાત્વ ભાવ છે... આહાહા..! રાગ ને પુણ્યાદિના પરિણામ, એ મારા છે, મને લાભદાયક છે એવું જે મિથ્યાત્વરૂપી મલિન ચિત્ત, એ ગમે તેટલા બહારમાં સ્નાન કરે એથી એને શૌચી થતી નથી. આહા..! વિશેષ કહે છે.

આનો અભિપ્રાય એ છે કે મન શુદ્ધ હોય તો સ્નાનાદિ વિના ઉત્તમ શૌચ હોઈ શકે પણ એનાથી વિપરીત જો મન અપવિત્ર હોય, ગંગા આદિ અનેક જળમાં સ્નાન કરવા છતાં શૌચધર્મ કદી થતો નથી. પવિત્રતા તો અંદરમાં શરીરમાં લાખ સ્નાન કરે, જૈનો 'શેત્રુંજય' સ્નાન કરવા જાય છે, ત્યાં 'શેત્રુંજય' નદી છે (તેમાં) સ્નાન કરે. પાણીમાં સ્નાન કરે શું થાય? આહાહા..! રાગને ધોવાની દશા તો આત્માના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર છે. એ મલિનતા ટાળે નહિ અને બહારની મલિનતા ટાળે તેથી કંઈ એને નિર્મળતા, શૌચ થતો નથી. એ પાંચમો ધર્મ કીધો.

અહીંયાં આપણે અહીં આવ્યું છે ને? ગાથા આવી છે ને? ૨૨૦ થી ગાથા છે.

**भुंजंतस्स वि विविहे सच्चित्ताचित्तमिस्सिए दव्वे।**
**संखस्स सेदभावो ण वि सक्कदि किण्हगो कादुं।।२२०।।**
**तह णाणिस्स वि विविहे सच्चित्ताचित्तमिस्सिए दव्वे।**
**भुंजंतस्स वि णाणं ण सक्कमण्णाणदं णेदुं।।२२१।।**
**जइया स एव संखो सेदसहावं तयं पजहिदूण।**
**गच्छेज्ज किण्हभावं तइया सुक्कत्तणं पजहे।।२२२।।**
**तह णाणी वि हु जइया णाणसहावं तयं पजहिदूण।**
**अण्णाणेण परिणदो तइया अण्णाणदं गच्छे।।२२३।।**

**જ્યમ શંખ વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,**
**પણ શંખના શુક્લત્વને નહિ કૃષ્ણ કોઈ કરી શકે; ૨૨૦.**
**ત્યમ જ્ઞાની વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,**
**પણ જ્ઞાન જ્ઞાની તણું નહીં અજ્ઞાન કોઈ કરી શકે. ૨૨૧.**

**જ્યારે સ્વયં તે શંખ શ્વેતસ્વભાવ નિજનો છોડીને**
**પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુક્લત્વને; ૨૨૨.**
**ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાનસ્વભાવને**
**અજ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાનતા ત્યારે લહે. ૨૨૩.**

ટીકા :– **'જેમ શંખ પરદ્રવ્યને ભોગવે–ખાય તોપણ તેનું શ્વેતપણું પર વડે કૃષ્ણ કરી શકાતું નથી...'** કાળા જીવડા ખાય છતાં એનું સફેદપણું કંઈ એનાથી કાળુ થતું નથી. આહાહા..! **'કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત (અર્થાત્ કારણ) બની શકતું નથી,...'** પરદ્રવ્ય બંધના કારણ છે જ નહિ. એ તો સ્વતંત્ર બહારની ચીજ છે. આહા..! બંધના કારણ તો એનો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભાવ તે બંધનું કારણ છે. પરવસ્તુ બંધનું કારણ નથી. સગા, કુટુંબ, વ્હાલા, પૈસા, મકાન એ કોઈ મલિનતાનું કારણ નથી, એ કોઈ દુઃખનું કારણ નથી. આહાહા..!

એ **'પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ...'** પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવ–વિકાર સ્વરૂપ **'કરવાનું નિમિત્ત (અર્થાત્ કારણ) બની શકતું નથી,...'** આહાહા..! એ તો આવે છે ને એમાં? આગળ (આવે છે). વસ્તુને આશ્રયે ભલે અધ્યવસાય છે પણ વસ્તુ બંધનું કારણ નથી. એને લક્ષે, એને આશ્રયે ભલે અધ્યવસાય કરે, રાગની એકતાબુદ્ધિ (કરે) પણ એ વસ્તુ બંધનું કારણ નથી. આહાહા..! અહીંયાં કહે છે **'પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ...'** આહાહા..! શરીર, વાણી, મન, કર્મ, પરપદાર્થ કોઈપણ રીતે આત્માને પરભાવ કરી શકવાનું કારણ નથી. આહાહા..!

**'તેવી રીતે જ્ઞાની પરદ્રવ્યને ભોગવે...'** ભોગવે એટલે એ એને દેખાય. આહાહા..! બીજા લોકો દેખે ને કે, જુઓ! આ સ્ત્રીના સંગમાં આવે છે, લક્ષ્મીના સંગમાં આવે છે. એથી એ શબ્દ વાપર્યો છે. બાકી **'પરદ્રવ્યને ભોગવે તોપણ તેનું જ્ઞાન પર વડે અજ્ઞાન કરી શકાતું નથી...'** એ પરને ભોગવે છતાં પર વડે કરીને મિથ્યા દોષ લાગે છે એમ નથી. આહાહા..! **'કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત (અર્થાત્ કારણ) બની શકતું નથી.'** જેમ શંખ કાળી ચીજ ખાય છતાં તે ધોળાનું કાળું કરી શકતા નથી. એમ ધર્મીને પરદ્રવ્યનો ભોગવટો હોવા છતાં પરદ્રવ્ય તેને મલિનતાનું કારણ થતું નથી. આહાહા..! સમજાય છે?

પરદ્રવ્ય કોઈ દ્રવ્યને. આહાહા..! તીર્થંકરનો જીવ કે તીર્થંકરનું શરીર કે સમવસરણ એ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય બંધનું કારણ નથી. તેમ એ ધર્મનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? પરદ્રવ્ય તો ભિન્ન છે, એ ચીજ કંઈ બંધનું કારણ કે ધર્મનું કારણ છે નહિ. આહાહા..! પરદ્રવ્યની ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, એ ભક્તિ કંઈ આત્માનો ધર્મ થતો નથી. આહા..! ભક્તિ તો રાગ છે. એ પરદ્રવ્યથી ધર્મ થાય કે પરદ્રવ્યથી મલિનતા

થાય એ વાત છે નહિ. આહાહા..!

**'જ્ઞાનીને પરના અપરાધના નિમિત્તે બંધ થતો નથી.'** માટે ધર્મીને આહાહા..! જ્ઞાનમાં આનંદનો જ્યાં અંદર અનુભવ છે, આહાહા..! એને પરદ્રવ્યના સંયોગથી તેને બંધ થતો નથી. આહાહા..! અંતરમાં જ્યાં નિર્મળતા દ્રવ્ય સ્વભાવનો આશ્રય લઈને નિર્મળતા પ્રગટ થઈ છે તેને પરદ્રવ્ય કોઈ મલિન કરી શકે, કર્મનો ઉદય આવે અને એને મલિન કરી શકે એમ નથી, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ચિદાનંદ ભગવાનઆત્મા પવિત્રતાનો પિંડ પ્રભુ, એની જ્યાં દૃષ્ટિ અને નિર્મળ જ્ઞાન થયું એને પરદ્રવ્યના સંયોગો ગમે તેટલા હો, એ એને કોઈ મલિન કરી શકે એમ છે નહિ. આહાહા..! ઝાઝા દ્રવ્ય ઘણા હોય તો એને મલિનતાનું વધારે કારણ થાય, થોડા હોય તો થોડું મલિનતાનું કારણ થાય, એમ નથી. આહાહા..! મલિનતાનું કારણ તો પોતે જ્ઞાનાનંદ સ્વભાવને છોડી દ્યે (એ છે).

**'વળી જ્યારે તે જ શંખ,...'** એ કાળા દ્રવ્યોને ખાતો છતો શંખ કાળા દ્રવ્યથી કાળું થતું નથી. હવે તે જ શંખ, **'પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો...'** આહાહા..! એ કાળા કીડા ખાતો હોય કે ન ખાતો હોય પણ પોતે શંખ જ્યારે શ્વેતપણું છોડીને કાળું થાય ત્યારે પરને કારણે નથી થયું. આહાહા..! છે? **'સ્વયમેવ કૃષ્ણભાવે પરિણમે ત્યારે તેનો શ્વેતભાવ સ્વયંકૃત કૃષ્ણભાવ થાય (અર્થાત્ પોતાથી જ કરવામાં આવેલા કૃષ્ણભાવરૂપ થાય),...'** એ તો પોતાથી કરાયેલો છે, એ પરદ્રવ્યથી કરાયેલો નથી. આહાહા..!

**'તેવી રીતે જ્યારે તે જ જ્ઞાની,...'** જેને પરના ભોગવટા કાળે પણ જ્ઞાનીને મલિનતાનું કારણ નથી. આહાહા..! **'તે જ જ્ઞાની, પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો થકો, જ્ઞાનને છોડીને સ્વયમેવ અજ્ઞાનરૂપે પરિણમે...'** આહાહા..! જ્ઞાનસ્વભાવી આત્મા છું એવું જે પરિણમન છે તેને છોડી અને રાગરૂપે છું, એવા અજ્ઞાનપણે પરિણમે ત્યારે પોતાને કારણે તે મેલ-મિથ્યાત્વ ઉભો થાય છે. આહા..! કુદેવ, કુગુરુ ને કુશાસ્ત્રથી મિથ્યાત્વ થતું નથી એમ કહે છે. તેમ સુગુરુ, સુશાસ્ત્રને માનવાથી સમકિત થતું નથી. આહાહા..! એ સમ્યગ્દર્શન થયું, ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ ભર્યો પ્રભુ, એનું જ્યાં ભાન થયું એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો, એને પરદ્રવ્યના ભોગવટામાં મલિનતા થાય એ ત્રણકાળમાં છે નહિ. આહાહા..! એ પોતે જ જ્યારે આત્માના જ્ઞાનસ્વરૂપને છોડી પર્યાયબુદ્ધિમાં એટલે રાગની બુદ્ધિમાં આવે, રાગ તે મારું કર્તવ્ય છે અને રાગ તે મને ધર્મનું કારણ છે, એવી મિથ્યાશ્રદ્ધામાં આવે ત્યારે તેને મલિનતા થાય છે. પરદ્રવ્યને લઈને મલિનતા જરીયે થતી નથી. તેમ નિર્મળતા પરદ્રવ્યને લઈને જરીયે થતી નથી. આહાહા..!

કહ્યું હતું ને? ઓલા 'લાલને' પૂછ્યું હતું ને? તીર્થંકર ચક્રવર્તી 'શાંતિનાથ, કુંથુનાથ' છન્નુ હજાર સ્ત્રીઓ અને તીર્થંકર ત્રણ જ્ઞાનના ધણી, સમકિતી, ક્ષાયિક સમકિતી. અમારો 'જ્યોર્જ' અને 'એડવર્ડ'ને તો એક રાણી. અરે..! ઇ એકની સાથે સંબંધ નથી. એક હોય

કે ઝાઝી હોય પણ અંદરમાં સ્વભાવની દૃષ્ટિ થઈ છે અને પરથી ભિન્ન પડી ગયું છે એને સંયોગો ગમે તેટલા હોય એ એને નુકસાન કરતા નથી. આહાહા..! તેમ સંયોગો છૂટી ગયા અને તેથી તેને ધર્મ પ્રગટ્યો, એમ નથી. સ્ત્રી, કુટુંબ છોડી દીધા, બાળ બ્રહ્મચારી શરીરરૂપે થયો તેથી કરીને એને ધર્મ થઈ જાય, એમ નથી. આહાહા..! એ તો બાહ્ય સંયોગનો અભાવ થયો પણ મિથ્યાત્વનો અભાવ એનાથી થયો નથી. મિથ્યાત્વનો અભાવ તો સ્વભાવનો આશ્રય લેતા, પરનો આશ્રય છોડી અને સમ્યગ્દર્શન પ્રગટ કરે તેને નિર્મળતા પ્રગટ થાય છે. આહાહા..! સ્વદ્રવ્યને આશ્રયે નિર્મળતા પ્રગટ થાય છે અને સ્વદ્રવ્યનો આશ્રય છોડી અજ્ઞાનરૂપે પરિણમે– રાગનો આશ્રય કરે, આહા..! ત્યારે તેને મિથ્યાત્વનું પરિણામ થઈને મલિન થાય છે. આહાહા..!

**'જ્ઞાની, પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો...'** ઠીક! પરદ્રવ્ય ન પણ હોય. સ્ત્રી, કુટુંબ, પરિવાર છોડી દીધા હોય, લક્ષ્મી, ધંધા હોય નહિ છતાં એ ધંધા આદિ છોડી દીધા હોય, સ્ત્રી, કુટુંબ-પરિવાર છોડી દીધા હોય, આહાહા..! અથવા ન છોડ્યું હોય, હો, અહીં તો વધારે એ કે, નહિ ભોગવતો થકો. સંયોગોમાં નથી આવતો. એ **'જ્ઞાનને છોડી સ્વયમેવ અજ્ઞાનરૂપે પરિણમે...'** આહાહા..! ભલે સંયોગોને ન ભોગવે પણ જ્ઞાનરૂપી ભગવાનઆત્મા, તેને અજ્ઞાનપણે પરિણમાવે (અર્થાત્) રાગ તે હું છું, પરદ્રવ્ય તે મારા છે, પરદ્રવ્યથી મને લાભ-નુકસાન થાય છે, એવી જે દૃષ્ટિ છે એ અજ્ઞાનપણે પરિણમે છે, એને પરદ્રવ્ય કોઈ ફેરફાર કરી શકતું નથી. પરદ્રવ્ય તેને અજ્ઞાન કરાવી શકતું નથી. આહાહા..! રમતું એની દૃષ્ટિ સ્વની અને કાં રાગની દૃષ્ટિ, એ ઉપર આખી રમતું છે.

રાગની રુચિમાં પડ્યો એને સંયોગી ચીજ બધી છૂટી ગઈ હોય તોપણ તે અજ્ઞાનપણે પરિણમે છે અને સંયોગમાં છન્નુ હજાર સ્ત્રી અને કરોડો અપ્સરામાં પડ્યો હોય.. આહાહા..! છતાં જેને રાગથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન થયું છે તેને એ સ્ત્રી આદિ મલિનતા કરાવી શકતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? લોકોની દૃષ્ટિ સંયોગ છૂટે એટલે ત્યાગી અને સંયોગ વધારે એટલે અત્યાગી, એમ દૃષ્ટિ (છે). એ વાતની અહીં ના પાડે છે. સ્ત્રી, કુટુંબ છોડી, દુકાન છોડીને ધંધા છોડીને બેઠો હોય એટલે જાણે ત્યાગી થઈ ગયો. એ તો સંયોગી ચીજ ન્યાં ઘટી છે પણ અંદર મિથ્યાત્વ ક્યાં ઘટાડ્યું છે? આહાહા..! રાગ તે હું અને રાગથી મને ધર્મ થાય, પુણ્ય સ્વભાવથી ધર્મ થાય (એ તો મિથ્યાત્વ છે).

'અધર્મ' શબ્દ આવ્યો છે, હોં! ભાઈ! ઓલું જૂનું 'સમયસાર' છે ને? એમાં પહેલા વ્યવહારના બોલ લખ્યા હતા ને? 'આત્મધર્મ'માં અપાઈ ગયા છે. પછી એના આધારેય આપ્યા છે. 'હરિભાઈ', આધારેય આપ્યા છે ખરા એ વખતે. ઓલામાં 'અધર્મ' શબ્દ પડ્યો છે. આધાર હશે ખરો કાંઈક. ઓલા કહે, પુણ્યને અધર્મ ક્યાં કહ્યું છે? અરે..! પ્રભુ! સાંભળને. આત્માનો વીતરાગી જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવ, એનાથી વિરુદ્ધ પુણ્યભાવ તે અધર્મ છે. આહાહા..! એ અધર્મ કંઈ પરદ્રવ્યને લઈને થયો નથી. પોતાની ઊંધી માન્યતા, પુણ્ય તે

મારું અને મને ધર્મનું કારણ, એવી માન્યતાને લઈને એની મિથ્યા દૃષ્ટિ, અધર્મ દૃષ્ટિ થાય છે. આહા..! પુણ્ય પરિણામ થયા માટે આને અધર્મ દૃષ્ટિ થાય, એમ નથી. એ પુણ્ય પરિણામ મારા છે એવી દૃષ્ટિ કરે તો અધર્મ દૃષ્ટિ થાય. આહાહા..! અને એ પુણ્ય પરિણામથી ભિન્ન પડીને સ્વરૂપની દૃષ્ટિ કરે તો પુણ્ય પરિણામ ને પાપ હોવા છતાં તેની નિર્મળતાને કોઈ મલિન કરી શકતું નથી. આહાહા..! બહુ વાત ફેર છે.

**'જ્ઞાનને છોડીને...'** શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ પરમાત્મા એ હું, એમ છોડી દઈને **'અજ્ઞાનરૂપે પરિણમે...'** (અર્થાત્) રાગ છે એ મારો (છે), તે રૂપે પરિણમે, એ તો એના પોતાને કારણે છે, પરને કારણે નહિ કે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર મળ્યા માટે અમને આ થયું એમ કહેતા ને એક જણો? શું કરીએ, અમને એ મળ્યા એ અમે માન્યું. પણ માન્યું તે એને લઈને માન્યું છે કે તારે લઈને માન્યું છે? શેઠ બોલે છે ઘણી વાર. 'ભગવાન' શેઠ, 'શોભાલાલ'. અમને એવા મળ્યા, એ પ્રમાણે અમે માન્યું. એને લઈને માન્યું નથી. તમને એ ગોઠ્યું તેને માન્યું છે. આહાહા..! સમજાય છે? એમ સમ્યગ્દર્શન પણ દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા માટે સમ્યગ્દર્શન મળ્યું, એમ નથી. આહાહા..! એ તો પરદ્રવ્ય છે. આહાહા..!

**'પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો...'** એટલે પરદ્રવ્યનો સંયોગ હોય કે સંયોગ ન હોય, ભલે સંયોગ ન હોય, કહે છે પણ આત્માને **'સ્વયમેવ અજ્ઞાનરૂપે પરિણમે...'** રાગની રુચિમાં આવી ગયો. આહાહા..! ભલે તે ત્યાગી બહારમાં કોઈ કપડાનો પણ ટુકડો ન (રાખતો) હોય પણ જેને રાગ તે મારો એવી દૃષ્ટિ થઈ એ અજ્ઞાનરૂપે પરિણમે છે. આહાહા..! અને કરોડો અપ્સરાની મધ્યમાં ઇન્દ્ર રહ્યો છતાં તે સમ્યગ્દર્શનપણે પરિણમે છે. પર એને મિથ્યાત્વપણે પરિણમાવે એવી તાકાત છે નહિ. કરોડો અપ્સરામાં રહ્યો છતાં પોતે સમ્યગ્દર્શનપણે પરિણમે છે. આહાહા..! અને સંયોગનો બિલકુલ ત્યાગ (કર્યો હોય), વસ્ત્રનો ટુકડોય ન હોય, નગ્ન હોય, આહાહા..! છતાં અંતરમાં મિથ્યાત્વ ભાવ–રાગ તે મારો અને એનાથી મને ધર્મ થાય છે, એ મિથ્યાત્વ ભાવ મલિનતાનું ભાવકારણ છે. સંયોગી ચીજનો અભાવભાવ એ કોઈ કારણ છે નહિ. ઓહોહો..! આવી વાતું છે. આ તો જરી સંયોગ છોડે એટલે જાણે આહાહા..! ભારે ત્યાગી થયો.

એ અહીં કહે છે. સંયોગ હો કે સંયોગ ન હો. સંયોગ ન હો એટલે ભોગવટો હો કે ભોગવટો ન હોય, એમ. આહાહા..! પણ સ્વયમેવ જ્ઞાનસ્વરૂપને છોડી ચિદ્‌ઘન આનંદઘન ભગવાનઆત્મા, તેની દૃષ્ટિ અને રુચિ છોડી અને રાગની રુચિમાં આવે તો મિથ્યાત્વપણે પરિણમે છે. એ બહારની ચીજનો અભાવ થયો માટે સમકિતપણે, ધર્મપણે પરિણમે છે, એમ નથી. સમજાણું કાંઈ? આહા..!

**'ત્યારે તેનું જ્ઞાન સ્વયંકૃત અજ્ઞાન થાય.'** આહાહા..! ખરેખર તો જ્ઞાનાવરણીયનો ઉદય પણ જીવને અજ્ઞાન કરાવતું નથી. આહાહા..! એ તો પોતે જ્યારે જ્ઞાન ને સ્વભાવની દૃષ્ટિ

છોડી, રાગને પોતાનું માને એવું અજ્ઞાન કરે ત્યારે તેને દર્શનમોહ અને જ્ઞાનાવરણીયનું નિમિત્ત કહેવામાં આવે. નિમિત્તનો અર્થ ઇ કરે નહિ કાંઈ. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય કર્મ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય આત્માને જ્ઞાનની હિણી દશા કરે, ત્રણકાળમાં નહિ. તેમ જ્ઞાનાવરણીયનો ઉઘાડ થયો માટે અહીં જ્ઞાનની વિકાસ દશા થાય, બિલકુલ નહિ. આહાહા..! પોતાની જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ થતાં નિર્મળ જ્ઞાનનો વિકાસ પોતે કરે ત્યારે કર્મનો ઉઘાડ તેને નિમિત્ત કહેવામાં આવે. પણ એને લઈને અહીં આત્મામાં વિકાસ થાય છે, એમ નથી.

ઇ મોટો પ્રશ્ન ચાલ્યો હતો, નહિ? 'વર્ણીજી' સાથે. ઇ કહે, જ્ઞાનાવરણીય કર્મને લઈને આત્મામાં જ્ઞાનની હિનાધિક દશા થાય છે. જ્ઞાનાવરણીય ઘટે તો અધિક દશા થાય. કીધું, એમ છે નહિ. મોટી ચર્ચા ચાલી હતી. મૂળ આખા ત્રણે જૈન સંપ્રદાયમાં કર્મથી થાય, પરદ્રવ્યથી થાય, એમ માને. એટલે આ વાત ન ગોઠી. કીધું, બિલકુલ કર્મને લઈને આત્મામાં જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન હણાય, બિલકુલ નહિ. પોતે જ જ્ઞાનની દશાને હણે છે એથી જ્ઞાન ઘટી જાય છે અને જ્ઞાનનો પોતે જ વિકાસ કરે છે ત્યારે વધી જાય છે. આહા..! સમજાણું કાંઈ? મોટા મોટા પંડિતો ગોથા ખાય છે અને સાંભળનારને કંઈ ખબર ન હોય (એટલે) જય નારાયણ, સાચી વાત કીધી. અમારે જુઓને કર્મનો ઉદય છે તો જ્ઞાનનો એટલો ઉઘાડ નથી. એમ છે જ નહિ. એ તારી પોતાની જ પરિણતિ જ્ઞાનની હિણીપણે તું પરિણમાવે છો તેથી જ્ઞાનનો વિકાસ થતો નથી.

એ તો આવી ગયું ને? ભાઈ! 'પંચાસ્તિકાય' નહિ? 'વિષયપ્રતિબદ્ધ'. આહાહા..! 'પંચાસ્તિકાય'(માં) 'વિષયપ્રતિબદ્ધ' (આવે છે). જ્ઞાન ભગવાન એ અલ્પ વિષયમાં રોકાઈ ગયું એ જ એને પ્રતિબદ્ધ છે. આહાહા..! કર્મને કારણે નહિ. આહાહા..! આવી વાત. જે જ્ઞાન ભગવાનઆત્મા, એની દશા અલ્પ, અલ્પ શક્તિના વિષયમાં રોકાઈ ગઈ એ જ પ્રતિબદ્ધ અને વિશેષ શક્તિના વિકાસને રૂંધનાર છે. શું કહ્યું ઇ? અને ત્યાંયે કહ્યું ને? સોળમી ગાથા, 'પ્રવચનસાર'. 'સ્વયંભૂ'. દ્રવ્ય ઘાતિકર્મ અને ભાવ ઘાતિકર્મ. બે લીધા. દ્રવ્ય જડ છે એ આત્માને નુકસાન કરતું નથી પણ ભાવઘાતિ પોતે પર્યાયને ઘાત કરે છે. આહાહા..! હવે આ કેમ બેસે? એકેન્દ્રિય જીવને જ્ઞાનાવરણીયનું જોર છે માટે હીણી દશા છે, એમ નથી. આહાહા..! એના ભાવ ઘાત કરવાની પર્યાય પોતાની છે. દ્રવ્યઘાત તો ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે. આવી વાતું, ભાઈ!

એ (સંવત) ૧૯૮૪માં 'વીરજીભાઈ' સાથે પ્રશ્ન થયેલો. 'રાણપુર' ૧૯૮૪માં. એમ કે, આ નિગોદના જીવને કર્મના ઘણા પ્રકાર છે એને લઈને અહીં હીણી દશા છે? એને લઈને કાંઈ નથી. આત્મામાં એટલા પ્રકારના ઘાતની અવસ્થાનું સ્વરૂપ છે તેથી તેનો ઘાત થઈ રહ્યો છે. જેટલા પ્રકારના કર્મ નિમિત્ત છે તેટલા જ પ્રકારનો ઘાત અહીંયાં પોતાથી થઈ રહ્યો છે. અરે..રે..! 'વીરજીભાઈ' વકીલ હતા ને? એમ કે, કર્મ તો પરદ્રવ્ય છે અને આત્માને

જેટલી પર્યાયમાં હીણી (દશા) આદિ થાય છે એ કર્મને લઈને છે? એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યને લઈને આત્મામાં નુકસાન થાય કે લાભ થાય, ઇ તો ના પાડી. તો કર્મ એ પરદ્રવ્ય છે કે નહિ? હેં? આહાહા..! એ પરદ્રવ્ય આત્માને જ્ઞાનની હીણી દશા કરે અને એ પરદ્રવ્ય ઘટી જાય તો અહીં ક્ષયોપશમ વધી જાય, એમ નથી. ભારે વાત, બાપા! આહા..! મોટા નામ ધરાવનારા ગોથા ખાય છે એમાં તો. આહા..!

મોટી ચર્ચા ચાલી કે, વિકારી પરિણામ કેમ થાય છે? કીધું, પોતાના ષટ્કારકથી થાય છે. 'પંચાસ્તિકાય' ૬૨ ગાથા. ઇ દ્રવ્ય-ગુણને કારણે નહિ અને ષટ્કારક જે કર્મના, એને કારણે નહિ. આહા..! પરદ્રવ્યને કારણે આત્મામાં વિકાર થાય એ ત્રણકાળમાં નહિ. આહાહા..! એમ દર્શનમોહને લઈને આત્મામાં મિથ્યાત્વ થાય (એમ નથી). એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યને લઈને મિથ્યાત્વ થાય એમ કોઈ દિ' બને નહિ. પોતે જ આત્મા પોતાના સ્વભાવને છોડીને રાગની રુચિ કરે તો મિથ્યાત્વ થાય. આહા..! આવી વાત છે. સાધારણ વાત નથી. મોટા પંડિતો આમાં ગોથા ખાય છે. હેં? આહાહા..! 'વર્ણીજી' જેવા બિચારા આમ વૈષ્ણવ હતા ને.. પણ આ વસ્તુ નહોતી. આહા..! અને તે પાછા પ્રશ્ન થયા, તે પાછા 'કલકત્તા' ગયા ત્યાં લખ્યું. 'ગજરાજજી'ના ઘરે આહાર કર્યો. ત્યાં 'શાહૂજી' આવ્યા (અને કહ્યું) આ 'ઇસરી'થી કાગળ આવ્યો છે કે, વિકાર આત્માથી થાય તો એ સ્વભાવ થઈ ગયો. કહ્યું, ત્યાં જવાબ આપી દીધો છે, ઉઠો! શેઠ આવે કે (ગમે તે આવે). 'કલકત્તા'માં 'ગજરાજજી' નહિ? એના મકાનમાં આહાર કરવા ગયા હતા? આહાર કરીને બેઠા ત્યાં 'શાહૂજી' આવ્યા. 'ઇસરી'થી કાગળ આવ્યો છે કે, વિકાર જો કર્મથી ન થાય તો સ્વભાવ થઈ ગયો (માટે) પરથી થાય. બિલકુલ જૂઠી વાત છે, કીધું. એ પર્યાયમાં પોતાનો એ જાતનો પર્યાયનો સ્વભાવ છે કે, રાગપણે થવું ને રાગનો કર્તા, રાગનું સાધન, રાગનું કાર્ય એ પોતાથી થાય છે. રાગનું સાધન–કરણ પણ પોતાથી છે. રાગનું કરણ કર્મ છે (એમ નથી). જૈનમાં આ લાકડું બહુ ગરી ગયેલું છે. એ પણ વાણિયાને નિર્ણય કરવાની નવરાશ નથી. માથે બેઠો (જે કહે ઇ) જય નારાયણ! 'કાંતિભાઈ'!

મુમુક્ષુ :– ઉપદેશદાતા ક્યાં હતા?

ઉત્તર :– પણ એને નિર્ણય કરવાનો (વખત નથી). કર્મને લઈને (થાય, એમાં) હા પાડી દ્યે. પરદ્રવ્યને લઈને તું રખડે છો. પણ ઓલો કહે, પણ પરદ્રવ્ય આને અડે નહિ તો રખડે શી રીતે? પરદ્રવ્યને સ્વદ્રવ્ય અડતું નથી. એ તો પોતાની ભૂલને લઈને રખડે છે, કર્મને લઈને નહિ. આહાહા..! સમજાણું આમાં? સામાન્ય વાત છે પણ મૂળ વાત છે આ. આહા..!

એ શ્લોક આવે છે ને એક? 'संग एव' નહિ? (શ્રોતા : 'परसंग एव'). હા, એ લોકો એનો અર્થ એ કરે છે, જુઓ! પરના સંગથી વિકાર થાય. પણ પરનો સંગ પોતે કર્યો તેથી

વિકાર થાય છે, પરને લઈને નહિ. એ શ્લોક છે. ભાઈ 'બંસીધરજી' હતા ને? ત્યાં તો વિરુદ્ધમાં હતા પણ અહીં કહે, વાત તો સાચી લાગે છે. વળી પાછા અહીંથી ન્યાં જાય એટલે ફેરફાર પાછો. સાંઈઠ-સાંઈઠ વર્ષથી ઘૂંટ્યું હોય, કર્મથી વિકાર થાય, કર્મથી વિકાર થાય. જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાનની હીણી દશા (થાય). પરદ્રવ્યને લઈને આત્મામાં હીણી દશા થાય. અહીં તો એ કીધું, શંખ પરદ્રવ્યનું કાળું ગમે એટલું ખાય છતાં એ કાળો ન થાય. આહાહા..! એમ કર્મના ઉદયની તીવ્રતા ગમે તેટલી હો પણ એને લઈને જીવમાં મલિનતા થાય, એમ નથી. પરદ્રવ્યમાં એ આવ્યું કે નહિ? આહાહા..! સાધારણ વાત નથી, મૂળ વાત છે આ.

એની પર્યાય તે સમયે ષટ્કારકરૂપે પરિણમતી વિકારી થાય છે. એને પરનું નિમિત્ત હો, પણ એ કંઈ એના કારકો થાય છે, એટલે કે એના કારણ થાય છે, એનું સાધન થાય છે, એમ નથી. પરનિરપેક્ષ. વિકાર પણ પરથી નિરપેક્ષ થાય છે. એ તો ૬૨મી ગાથામાં તે દિ' ઘણું કહ્યું. (સંવત) ૧૯૧૩ની સાલ, ૨૨ વર્ષ થઈ ગયા. પણ લોકોને એટલું બધું નિર્ણય કરવાનું ટાણું ન હોય કે, ના, મોટાપુરુષો કહે છે એ કંઈ ખોટી વાત હોય? આહાહા..!

અહીં તો કહે છે કે, શંખ ગમે તેટલા કાળા જીવડા, કાદવ ખાય છતાં એ શંક કાળો ન થાય. એમ આત્માની પાસે ગમે એવા કર્મ જોરવાળા હોય પણ આત્માને મલિનતા એને લઈને ન થાય. આહાહા..! પર છે કે નહિ એ? એ પરદ્રવ્ય છે કે નહિ? આહાહા..!

**'જ્ઞાનને છોડીને સ્વયમેવ અજ્ઞાનરૂપે પરિણમે...'** પરિણમે એટલે થાય **'ત્યારે તેનું જ્ઞાન સ્વયંકૃત અજ્ઞાન થાય.'** પોતાથી કરેલું અજ્ઞાન થાય, પરને લઈને નહિ. આહા..! દર્શનમોહને લઈને કે જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાનની હીણી દશા અજ્ઞાનરૂપે થાય, એમ નહિ. આહાહા..! સાધારણ વાત નથી, ભાઈ! આ તો મૂળ તત્ત્વની વાતો છે. આહા..! મોટા 'બંસીધર' જેવા, 'વર્ણીજી' જેવા ગોથા ખાતા હતા. એને તો એવું લાગ્યું કે, હેં! કર્મ વિના વિકાર પોતાથી થાય? તો તો સ્વભાવ થઈ ગયો. પણ પર્યાયનો સ્વભાવ છે ઇ. વિકારપણે થવું એ પર્યાયનો સ્વભાવ છે. દુનિયા માને, ન માને એથી કંઈ સત્ય નહિ ફરે. આહાહા..! મોટા પંડિતો ને મોટા વિદ્વાનો આટલા વર્ષથી હોય માટે એનું કંઈ ખોટું છે? અરે..! ખોટું છે, લ્યો.

અહીં એ કહે છે કે, શંખ ગમે તેટલા કાળા જીવડા ખાય (તોપણ) કાળો ન થાય. એમ જ્ઞાનીને ગમે તેટલા સંયોગોનો ઉદય ને સંયોગો હોય તો એનાથી આત્મામાં જ્ઞાન હીણું થાય કે દૃષ્ટિ મલિન થાય, એમ નથી. આહાહા..! **'માટે જ્ઞાનીને જો બંધ થાય...'** છે? **'તો પોતાના જ અપરાધના નિમિત્તે...'** છે? આહાહા..! કર્મના અપરાધને લઈને કે પર, એવા બાયડી છોકરા મળ્યા, એવા સમજ્યા ને કે એને લઈને મને અહીંયાં ભાવક્રોધ, વિકાર થાય છે. બિલકુલ જૂઠી વાત છે.

'ગોપાલદાસ બરૈયા' થઈ ગયા ને? 'જૈનસિદ્ધાંત પ્રવેશિકા' (બનાવી). એ વાતું બિચારા

એની યોગ્યતા પ્રમાણે કરતા પણ એની વહુ એવી હતી, એવી કજીયાળી કે, ઓલા ચર્ચામાંથી ઉઠે નહિ તો એકવાર હાંડલું.. આ કેવું? એંઠવાડ.. એંઠવાડનું હાંડલું એના ઉપર નાખ્યું. એ એનો પ્રકૃતિનો સ્વભાવ છે. કહો. બહુ ચર્ચામાં રોકાણા, ઉઠતા નથી. આ 'જૈનસિદ્ધાંત પ્રવેશિકા' બનાવી છે ને? પુસ્તક બહુ ચાલે છે. એથી કરીને આવી સ્ત્રી મળી માટે અહીં વિકાર થાય, બિલકુલ જૂઠી વાત છે. આહાહા..! પોતે ક્ષમા કરે અને આનંદમાં રહે તો એને ક્રોધ ન થાય અને ક્રોધ કરે તો એ પોતાથી કરે છે, પરને લઈને નહિ. આહાહા..! પોતાના જ અપરાધના કારણે **'બંધ થાય છે.'** આહાહા..!

**ભાવાર્થ :- 'જેમ શંખ કે જે શ્વેત છે તે પરના ભક્ષણથી કાળો થતો નથી..'** આહાહા..! પણ આ મનુષ્યનો દેહ લ્યો ને. શરીર રૂપાળું હોય અને કાળી ચીજ ખાય તેથી કાળો થઈ જાય? એ પરને લઈને ન થાય. આ તો શંખનો દાખલો આપ્યો. સમજાણું કાંઈ? અને કાળા વર્ણવાળા હોય ને ધોળું સફેદ દૂધ દરરોજ પીવે કે રસગુલ્લા ખાય, એથી ધોળો થઈ જાય? આહાહા..! પરદ્રવ્યને લઈને કંઈ છે જ નહિ, એમ કહે છે. એ પોતે પોતાના અપરાધના કારણે દોષ કરે અને અપરાધને ટાળવાને માટે પવિત્ર કરે એ પોતાને કારણે છે, પરનું કોઈ કારણ છે નહિ. આહાહા..!

**'જેમ શંખ કે જે શ્વેત છે તે પરના ભક્ષણથી કાળો થતો નથી પરંતુ પોતે જ કાલિમારૂપે પરિણમે...'** ધોળાપણાનું પરિણમન છોડી કાળારૂપે થાય, શંખ.. શંખ, ત્યારે કાળો થાય છે. એ તો પોતાના પરિણમનને કારણે કાળો થાય છે, પરને લઈને નહિ. આહા..! દાખલો જુઓને કેવો આપ્યો છે! કાળા કીડા ખાય, સમુદ્રમાં કાળા કીડા હોય એ શંખ ખાય, છતાં એ કાળો ન થાય. આહા..!

**'તેવી રીતે જ્ઞાની પરના ઉપભોગથી અજ્ઞાની થતો નથી...'** આહાહા..! પરના ઘણા સંયોગોમાં રહ્યો માટે તેને અજ્ઞાન થાય છે, એમ નથી. આહાહા..! ગજબ વાતું છે. છ ખંડનું રાજ, એકાવતારી ઇન્દ્રને કરોડો અપ્સરાઓ, અત્યારે જે ઇન્દ્ર છે, 'શક્રેન્દ્ર' એકભવતારી, મનુષ્ય થઈને મોક્ષ જનાર છે અને કરોડોમાં એની એક રાણી એવી છે કે એ પણ એક ભવમાં એની સાથે મોક્ષ જનારી છે. સાથે એટલે બીજો એક જ ભવ છે. કરોડો અપ્સરાઓ છે છતાં તેને એને લઈને નુકસાન છે એમ છે નહિ. આહાહા..! એનો ભોગવવાનો ભાવ અને ભોગવે છે એથી તેને મિથ્યાત્વ, મલિનતા થાય છે, એમ નથી. આહાહા..! અને જે કંઈ મલિનતાના પરિણામ થાય છે એ પોતાને કારણે થાય છે, એને કારણે નહિ. સ્ત્રીની કારણે વિષયની વાસના થઈ, એમ નહિ. એ વાસના પોતાને કારણે છે. જ્ઞાની તો તેને પણ જાણે. વાસના થઈ તેને પણ જાણે, એને એકત્વબુદ્ધિ કરીને વાસના પોતાની છે એમ માને નહિ. આહાહા..! તો જ્યાં વાસનાને પણ પોતાની ન માને તો પરદ્રવ્યને તો પોતાનું ક્યાં માને? કે આ સ્ત્રી મારી ને દીકરા મારા ને આ ધંધો મારો ને.. એ 'હસમુખ'! પણ

અમારા 'પાલેજ'વાળા છે ને ઇ તો? આહાહા..! કહો, સમજાણું કાંઈ? આહા..! બહુ સિદ્ધાંત ઓહોહો..!

**'જ્ઞાની પરના ઉપભોગથી અજ્ઞાની થતો નથી...'** આહાહા..! મોટો કરોડો, અબજોનો ધંધો (હોય) માટે તેને અજ્ઞાન થાય એમ નથી. છ ખંડના રાજ કીધા, કરોડો અપ્સરાઓ કીધી, 'શક્રેન્દ્ર'ને એને લઈને રાગ નથી, મેલ નથી. પોતાને લઈને નબળાઈથી રાગ થાય છે, તે રાગનો પણ તે તો જ્ઞાતા છે. આહાહા..! અને બધા સંયોગો છોડ્યા હોય, આહાહા..! શરીરથી બાળ બ્રહ્મચારી હોય છતાં અંદરમાં રાગમાં એકત્વબુદ્ધિ છે તો એ બધું મિથ્યાત્વ છે. આહાહા..! અને ઓલો આટલું ભોગવે છે છતાં તે સમકિતી છે. ભોગવે છે એટલે સંયોગમાં હોય છે, એમ. ભોગવે શું? એને ક્યાં ભોગ છે? રાગને પણ ભોગવતો નથી તો એને તો ક્યાં (ભોગવે)? આહાહા..!

એક અપેક્ષાએ રાગને ભોગવતો નથી અને એક અપેક્ષાએ, નયની અપેક્ષાએ, જ્ઞાનની અપેક્ષાએ રાગને ભોગવે પણ છે, પર્યાયમાં. દ્રવ્યદૃષ્ટિએ નહિ. આહાહા..! પણ એ પોતાને કારણે રાગને પ્રાપ્ત કરે છે. એ રાગ કોઈ સ્ત્રીને કારણે કે બહારને કારણે થયો છે, એમ નથી. અરે..રે..! એની દૃષ્ટિ ઉઠાવ, કહે છે. પરથી દૃષ્ટિ ઉઠાવ અને સ્વમાં દૃષ્ટિ લે. આહાહા..! તો તારી દૃષ્ટિ પણ સમ્યક્ થશે અને અપરાધ થશે તેનો તું જ્ઞાતા રહીશ. એ અપરાધ પરથી થયો છે એમ નહિ માન, મારા પુરુષાર્થની કમજોરીથી થયો છે. એનો પણ જ્ઞાની તો જ્ઞાતા રહેશે અને જ્ઞાનપણે જાણશે કે મારું પરિણમન–કર્તાપણું છે, ભોક્તા હું છું. પર્યાયદૃષ્ટિથી (એમ) જોવે. આહાહા..! એનો કર્તા-ભોક્તા પર છે અને પરને લઈને આ કર્તા-ભોક્તાનો વિકાર થયો છે, એમ નથી. અરે.. અરે..! શું આમાં ફેર હશે આટલો બધો?

સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની અંદરની વહેંચણી છે. કે પરદ્રવ્ય ગમે તેટલા હો પણ તું તેને અડતોય નથી અને તે તને નુકસાનનું કારણ છે નહિ. અને પરદ્રવ્ય ઘટી ગયા અને એકલું શરીર નગ્ન રહી ગયું એથી તને અધર્મનો ત્યાગ થયો, એમેય નથી. આહાહા..! એ રાગના ભાવને પોતાનો માને અને રાગથી ધર્મ માને છે, નગ્ન છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. એક કપડાનો ટુકડો નથી છતાં મિથ્યાદૃષ્ટિ છે અને આને છન્નુ કરોડ પાયદળ અને કરોડો અપ્સરાઓ (છે), છતાં એ સમકિતી છે. આહાહા..! એની દૃષ્ટિ ક્યાં છે એ ઉપર વાત છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે તો પવિત્રતા જ થાય છે અને જેટલું પર્યાયમાં લક્ષ રહે છે, જ્ઞાનીને પણ, એને રાગ થાય છે. પણ પરને લઈને રાગ થાય છે, એમ નહિ. અરે..! આમાં આટલો બધો ફેર (છે).

**'જ્ઞાની પરના ઉપભોગથી અજ્ઞાની થતો નથી પરંતુ જ્યારે પોતે જ અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે અજ્ઞાની થાય છે અને ત્યારે બંધ કરે છે.'**

## શ્લોક-૧૫૧

(शार्दूलविक्रीडित)

ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किञ्चित्तथाप्युच्यते।
भुंक्षे हन्त न जातु मे यदि परं दुर्भुक्त एवासि भोः।
बन्धः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते
ज्ञानं सन्वस बन्धमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवम्।।१५१।।

હવે આનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ ज्ञानिन् ] હે જ્ઞાની, [ जातु किञ्चित् कर्म कर्तुम् उचितं न ] તારે કદી કાંઈ પણ કર્મ કરવું યોગ્ય નથી [ तथापि ] તોપણ [ यदि उच्यते ] 'જો તું એમ કહે છે કે [ परं मे जातु न, भुंक्षे ] પરદ્રવ્ય મારું તો કદી નથી અને હું તેને ભોગવું છું', [ भोः दुर्भुक्तः एव असि ] તો તને કહેવામાં આવે છે (અર્થાત્ અમે કહીએ છીએ) કે હે ભાઈ, તું ખોટી (-ખરાબ) રીતે જ ભોગવનાર છે; [ हन्त ] જે તારું નથી તેને તું ભોગવે છે એ મહા ખેદ છે ! [ यदि उपभोगतः बन्धः न स्यात् ] જો તું કહે કે 'પરદ્રવ્યના ઉપભોગથી બંધ થતો નથી એમ સિદ્ધાંતમાં કહ્યું છે માટે ભોગવું છું', [ तत् किं ते कामचारः अस्ति ] તો શું તને ભોગવવાની ઇચ્છા છે ? [ ज्ञानं सन् वस ] જ્ઞાનરૂપ થઈને વસ (-શુદ્ધ સ્વરૂપમાં નિવાસ કર), [ अपरथा ] નહિ તો (અર્થાત્ જો ભોગવવાની ઇચ્છા કરીશ અજ્ઞાનરૂપે પરિણમીશ તો) [ ध्रुवम् स्वस्य अपराधात् बन्धम् एषि ] તું ચોક્કસ પોતાના અપરાધથી બંધને પામીશ.

ભાવાર્થ :- જ્ઞાનીને કર્મ તો કરવું જ ઉચિત નથી. જો પરદ્રવ્ય જાણીને પણ તેને ભોગવે તો એ યોગ્ય નથી. પરદ્રવ્યના ભોગવનારને તો જગતમાં ચોર કહેવામાં આવે છે, અન્યાયી કહેવામાં આવે છે. વળી ઉપભોગથી બંધ કહ્યો નથી તે તો, જ્ઞાની ઇચ્છા વિના પરની બળજોરીથી ઉદયમાં આવેલાને ભોગવે ત્યાં તેને બંધ કહ્યો નથી. જો પોતે ઇચ્છાથી ભોગવે તો તો પોતે અપરાધી થયો, ત્યાં બંધ કેમ ન થાય ? ૧૫૧.

# શ્લોક-૧૫૧ ઉપર પ્રવચન

(शार्दूलविक्रीडित)

ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किञ्चित्तथाप्युच्यते।
भुंक्षे हन्त न जातु मे यदि परं दुर्भुक्त एवासि भोः।
बन्धः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते
ज्ञानं सन्वस बन्धमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवम्।।१५१।।

**'હે જ્ઞાની!'** આહાહા..! હે ધર્મી! તને આત્માનું જ્ઞાન અને આત્માનું દર્શન થયું હોય તો હે ધર્મી! **[जातु किञ्चित् कर्म कर्तुम् उचितं न] 'તારે કદી કાંઈ પણ કર્મ કરવું યોગ્ય નથી...'** આહાહા..! પરનું કાર્ય તો કરી શકતો નથી પણ રાગનું કાર્ય પણ તારે કરવા લાયક નથી. આહાહા..! છે? તારે કદી પણ, **'કદી કાંઈ...'** કોઈ સમયે અને કાંઈ પણ. આહાહા..! હે જ્ઞાની! ધર્મી તું હો તો તારે કોઈ કાળે અને થોડું કંઈ પણ, થોડું પણ રાગનું કે પરનું કાર્ય કરવું એ તારે છે નહિ. આહાહા..! આવી વાતું. હજી તો ક્યાંય સલવાઈને પડ્યા છે. ખબરું ન મળે. આહાહા..!

એમ કે, આટલા આટલા પરિષહ સહન કરે, એમ કહેતો હતો વળી એક. 'કુરાવડ'માં આવ્યો હતો ને? 'કુરાવડ'માં ઓલો એક આવ્યો હતો ને? એક છોકરો છે, અહીં આવ્યો હતો, મગજ અસ્થિર. બહુ પાવર ફાટી ગયેલો, ક્ષુલ્લક થયો એટલે. બસ! આ બધા આટલું આટલું સહન કરે, આટલા આટલા ત્યાગ કરે, એને ધર્મ નથી? આટલું સહન કરે (છે) અને આટલું સહન કરે છે તે હળવે હળવે સમકિત પામશે. એ પાવર ફાટી ગયો હતો, ન્યાં 'કુરાવડ' આવ્યો હતો. પછી અત્યારે તો એવું સાંભળ્યું છે કે, મગજ અસ્થિર થઈ ગયું, અસ્થિર થઈ ગયું મગજ. અંગ્રેજીમાં બોલતો, આમ પાવર ફાટેલો. કીધું, ભઈ! મારી સાથે વાત કરવાને લાયક નથી તું. અહીં તો શાંતિથી સાંભળવું હોય તો વાત છે. એ બિચારાનો મગજ અસ્થિર થઈ ગયો. આહાહા..! શું કીધું?

હે ધર્મી! હે જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવવાળો તું, તારે કદી કોઈ કાળે પણ કાંઈ જરી પણ પરનું કાર્ય અને રાગનું કાર્ય કરવું તે યોગ્ય નથી. આહાહા..! જો તું જ્ઞાની થયો અને ધર્મ પ્રગટ્યો હોય, ભગવાનઆત્મા પૂર્ણાનંદને આશ્રયે જો તને સમ્યગ્દર્શન, જ્ઞાન, પ્રગટ્યું હોય તો તું ધર્મી છો, તું જ્ઞાની છો, તારે તારા સિવાય રાગ કે પર, એનું કોઈ કાળે અને કાંઈ પણ કરવું યોગ્ય નથી. આહાહા..! કોઈ પણ કાળે અને કાંઈ પણ, એમ. એમ કે, એવો કોઈ કાળ આવ્યો તો થોડુંક તો કરવું પડે. ભગવાનની પૂજા ને.. રાગ આવે એ જુદું

અને કરું છું, એ નહિ. આહાહા..! બહુ ઝીણી વાતું, બાપા!

**[जातु किञ्चित् कर्म कर्तुम् उचितं न]** આહાહા..! **'जातु'** એટલે કાળ લીધો. (એમ છે) ને? ભાઈ! **'जातु'** એટલે કાળ. કોઈ કાળે અને **'किञ्चित्'**. **'जातु'** એટલે કાળ, કોઈ કાળે, 'કદી' છે ને, 'કદી' એ શબ્દ **'जातु'**નો અર્થ છે અને **'किञ्चित्'**નો અર્થ કાંઈ પણ. બે અર્થ છે. આહાહા..! **'जातु किञ्चित्'** કોઈ કાળે, કાંઈ. આહાહા..! પ્રભુ! તું જ્ઞાન છે ને! જ્ઞાતા-દૃષ્ટા તારું સ્વરૂપ છે ને પ્રભુ! એવું તને ભાન થયું તો કોઈ કાળે કે આવો પ્રસંગ આવે તો મારે આટલું કરવું પડે. આહા..! મુનિઓને પરિષહ આવ્યા ને? તો 'વિષ્ણુકુમાર'ને કરવું પડ્યું. ના, એ મુનિપણું જ છોડી દીધું'તું. એને મુનિપણું રહ્યું નહોતું. બીજાને બચાવવા ગયા તો બ્રાહ્મણનો વેશ લીધો હતો (તો) મુનિપણું ક્યાં રહ્યું? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન રહ્યું હોય, એ જુદી (વાત), મુનિપણું ન હોય. બીજાને બચાવવા માટે મુનિએ બ્રાહ્મણ વેશ ધારીને ઓલા (પાસે) માંગ્યું કે, આટલું રાજ, જમીન મને દે. એ કંઈ મુનિના લક્ષણ છે? એ 'વિષ્ણુકુમાર' મુનિને મુનિપણું છૂટી ગયું હતું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં અધિકાર છે. એને મુનિપણું નહોતું, મુનિને યોગ્ય એ કર્તવ્ય નથી પણ એ વખતે આવું મોટું કામ હતું અને થયું માટે એની પ્રશંસા કરીએ છીએ, બાકી મુનિને યોગ્ય નથી, એમ લખ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક', 'ટોડરમલ'.

હે જ્ઞાની! આહાહા..! કોઈ કાળમાં એવા પ્રસંગ આવ્યો તે કાળે, આ પ્રસંગ એવો આવ્યો ને જાણે, પણ તે કાળે કાંઈ પણ તારે કરવું એ તને યોગ્ય નથી. આહાહા..! સમજાણું કાંઈ? હે ધર્મી! તારે કદી, કાંઈ પણ **'जातु किञ्चित् कर्म'** એમ. કોઈ કાળે કાંઈ પણ કર્મ. કર્મ એટલે રાગાદિનું કાર્ય અને પરનું કાર્ય. **'कर्तुम् उचितं न'** તે કરવું તારે માટે વ્યાજબી નથી. આહાહા..!

**'તોપણ...' [यदि उच्यते] 'જો તું એમ કહે છે કે [परं मे जातु न, भुंक्षे] 'પરદ્રવ્ય મારું તો કદી નથી અને હું તેને ભોગવું છું',...'** અરે...! બે ક્યાંથી આવ્યું આ? પરદ્રવ્ય મારું નથી છતાં હું ભોગવું છું. એ ક્યાંથી આવ્યું? આહાહા..! **[भोः दुर्भुक्तः एव असि] 'તો તને કહેવામાં આવે છે (અર્થાત્ અમે કહીએ છીએ) કે હે ભાઈ, તું ખોટી (-ખરાબ) રીતે જ ભોગવનાર છે;...'** જુઠો ભોગવનાર છો. આહા..! રાગને ભોગવે છો અને પરને ભોગવું છું એ તારી દૃષ્ટિ જૂઠી છે, જ્ઞાની નથી. આહાહા..! ભારે કામ. **'હે ભાઈ!'** આવ્યું ને? **'भोः' 'भोः'** છે ને? **'भोः'**નો અર્થ ઇ કર્યો, હે ભાઈ! એમ. **[भोः दुर्भुक्तः एव असि]** અરે..! ભાઈ! ખોટું ભોગવવામાં તું આવો આવ્યો. આહાહા..! **'(-ખરાબ) રીતે જ ભોગવનાર છે;...'** આહાહા..! મારે એવો પ્રસંગ આવ્યો તો મારે કરવું પડ્યું. આહાહા..! મુનિ બહુ દુઃખી હતા એટલે મારે રાગ કરવો પડ્યો અને આમ કરવું પડ્યું. હે ભાઈ! તારું કર્તવ્ય છે ઇ? આહા..! છતાં કહ્યું છે, નહિ? 'પ્રવચનસાર'માં. વૈયાવચ્ચનો કાળ હોય ને ધ્યાનમાં

ન હોય ત્યારે રાગ હોય છે, બસ! પણ રાગનું કર્તવ્ય મારું છે, એમ નહિ. આવે કાળે પણ રાગ મારો છે એવું કર્તવ્ય એ તો તને હોય નહિ, ભાઈ! તારો સ્વભાવ જ જ્યાં જ્ઞાતા-દૃષ્ટા અકર્તા, અભોક્તા છે, એ રાગને કરે, ભોગવે એ તું '**दुर्भुक्तः**' '**(–ખરાબ રીતે જ ભોગવનાર છે;...**' તારી ચીજને ભૂલી જઈ અને રાગનો કર્તા અને ભોક્તા થા (છો તો) '**दुर्भुक्तः**' આહા..! ખરાબ ભોગવનારો છો. છે ને! ખોટી રીતે ભોગવનાર છો. આહા..!

**[हन्त] 'જે તારું નથી તેને તું ભોગવે છે એ મહા ખેદ છે !'** આહાહા..! રાગ તારો નથી, સ્ત્રી તારી નથી, શરીર તારું નથી અને તું કહે છે કે, આને ભોગવું. અરે..રે..! ભારે વાતું, ભાઈ! આહાહા..! ખેદ છે. **'જો તું કહે કે "પરદ્રવ્યના ઉપભોગથી બંધ થતો નથી એમ સિદ્ધાંતમાં કહ્યું છે માટે ભોગવું છું' તો શું તને ભોગવવાની ઇચ્છા છે ?'** કામચારી. ઇચ્છા છે? આહાહા..! **'જ્ઞાનરૂપ થઈને વસ...'** **'ભોગવવાની ઇચ્છા છે? જ્ઞાનરૂપ થઈને વસ (–શુદ્ધ સ્વરૂપમાં નિવાસ કર),...'** આહાહા..! વિશેષ કહેવાશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૨૯૯ શ્લોક–૧૫૧, ૧૫૨ શનિવાર, ભાદરવા સુદ ૧૦, તા. ૦૧-૦૯-૧૯૭૯**

---

હિન્દી ચાલશે, હિન્દી ભાઈઓ આવ્યા છે. આ દસલક્ષણી પર્વનો છઠ્ઠો દિવસ છે. સુગંધ દસમી કહે છે ને? મૂળ તો સંયમ છે. છઠ્ઠો સંયમ ધર્મ શું છે તે કહે છે. જેનું ચિત્ત જીવોની દયાથી ભીંજાયેલું છે. સંયમ અલૌકિક ચીજ છે, ભગવાન! આહા..! અને ઇર્યા, ભાષા, એષણા એવી પાંચ સમિતિને પાવન કરનાર છે, એવા મુનિને ષટ્કાયિક જીવોની હિંસાનો, ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ છે. તેને જ ગણધર આદિ દેવ સંયમ કહે છે. આહાહા..!

હવે સંયમ શું ચીજ છે? આચાર્ય કહે છે કે, પ્રથમ તો સંસારરૂપી ગહન વનમાં ભ્રમણ કરતા.. અનાદિ ચોરાશી લાખ યોનિમાં અનંત અનંત અવતાર કર્યા. આહા..! એ ભ્રમણ કરતા પ્રાણીઓને મનુષ્ય થવું જ અત્યંત કઠણ છે. આહાહા..! અનાદિ અનંત સંસાર, નરક, નિગોદના એવા અનંત ભવ કર્યા એમાં અનંતકાળે મનુષ્યપણું મળવું કઠણ છે. છે? પરંતુ કોઈ કારણે મનુષ્યભવ પ્રાપ્ત પણ થઈ જાય તો ઉત્તમ જાતિ મળવી, બ્રાહ્મણ, ક્ષત્રિય આદિમાં અવતાર થવો તે પણ દુર્લભ છે. કોઈ પ્રબળ ઉદય યોગે ઉત્તમ જાતિ પણ મળી જાય, અરિહંત ભગવાનના વચનોનું શ્રવણ થવું. ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર, તેમની વાણી શ્રવણ થવી એ દુર્લભ છે. આહા..! એ પણ મળ્યું, કદાચિત્ તેમનું શ્રવણ પણ સ્વભાવિકપણએ પ્રાપ્ત થઈ જાય તો સંસારમાં અધિક જીવન મળતું નથી. અધિક જીવન પણ મળે તો સમ્યગ્દર્શન... આયુષ્ય લાંબુ મળે તે પણ દુર્લભ છે અને તેમાં સમ્યગ્દર્શન દુર્લભ છે, પ્રભુ!

આહાહા..!

આત્મા રાગથી ભિન્ન પડી નિજ આત્માનો અનુભવ કરીને પ્રતીતિ કરવી એ સમ્યગ્દર્શન મહાદુર્લભ છે. સમજાણું? સંયમ તો પછી કહેશે. હજી તો સમ્યગ્દર્શન દુર્લભ છે. આહાહા..! ભગવાનઆત્મા ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણ આનંદકંદ આત્મા, તેની અંતર સન્મુખ થઈ તેની પ્રતીતિ અને જ્ઞાન અંતરમાં થવા અને તેમાં આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો તેનું નામ સમ્યગ્દર્શન છે. આવી વાત છે, પ્રભુ! તારી બલિહારી છે અંદર, ભાઈ! તારું અંતર સ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદનો સચ્ચિદાનંદ પ્રભુ છે. તેનું સમ્યગ્દર્શન હજી, હોં! ધર્મની પહેલી સીડી, ધર્મની પહેલી શ્રેણી, તે સમ્યગ્દર્શન.

આયુષ્ય લાંબુ મળ્યું, નિરોગતા થઈ, મનુષ્યપણું મળ્યું, સાંભળવા મળ્યું પરંતુ સમ્યગ્દર્શન દુર્લભ ચીજ છે. અનંતકાળમાં પરિભ્રમણ કરતા, 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' 'છ ઢાળા'માં આવે છે. 'મુનિવ્રત ધાર...' દિગંબર મુનિ થઈને અઠ્યાવીસ મૂળગુણ લીધા, હજારો રાણીઓનો ત્યાગ કર્યો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' ગ્રીવાના સ્થાને ગ્રૈવેયક છે. પુરુષાકારે આ બ્રહ્માંડ છે ને? ચૌદ રાજુલોક પુરુષાકારે છે. ગ્રીવામાં–ગ્રીવાના સ્થાનમાં નવ ગ્રૈવેયક છે. ત્યાં અનંત વાર ઉપજ્યો. પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ પાળીને શુક્લ લેશ્યાથી (ત્યાં ગયો) પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત ન કર્યું. આહા..! 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા' આત્મા આનંદ સ્વરૂપ ભગવાન. આહા..!

'શ્રેણિક' રાજા ગૃહસ્થાશ્રમમાં રાજમાં હતા છતાં ક્ષાયિક સમકિત હતું. આહા..! એમાં તીર્થંકરગોત્ર બાંધતા હતા પરંતુ નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું એટલે નરકમાં ગયા છે પણ છે ક્ષાયિક સમકિત. આહાહા..! અને ત્યાં પણ સમયે સમયે તીર્થંકરગોત્રનો બંધ કરે છે. નરકમાં પણ. એ સમ્યગ્દર્શનનો પ્રતાપ છે. એ સમ્યગ્દર્શન ભાઈ! કોઈ અલૌકિક ચીજ છે. લોકો બહારથી માને કે અમે દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ છીએ, નવ તત્ત્વના ભેદને માનીએ છીએ, એ સમ્યગ્દર્શન, એ સમ્યગ્દર્શન નહિ.

એ અહીં કહે છે, આહા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થવી અતિ કઠણ છે. સ્વસ્વરૂપ પરમાત્મ સ્વરૂપ અંદર, જિનચંદ્ર ભગવાન જિનચંદ્ર છે. આહાહા..! વીતરાગસ્વરૂપે ભગવાનઆત્મા અંદર બિરાજે છે. તેની સન્મુખ થઈને પરથી વિમુખ થઈ, નિમિત્તથી, સંયોગથી, રાગથી, પર્યાયથી પણ વિમુખ થઈને.. આહા..! અંતર પરમાનંદ સ્વરૂપ પ્રભુ, તેની સન્મુખ થઈને જે પ્રતીતિ–સમ્યગ્દર્શન, અનુભવ થવો એ અપૂર્વ ચીજ છે. એ અનંતકાળમાં પ્રાપ્ત નથી કર્યું. બહારની ક્રિયાકાંડ કરી, દયા ને વ્રત ને તપ ને ભક્તિ, એ તો બધું પુણ્ય છે, રાગ છે. આહાહા..! એ કોઈ ધર્મ નથી, ધર્મનું કારણ પણ નથી. સૂક્ષ્મ વાત છે, ભગવાન! આહાહા..!

અહીંયાં કહે છે કે, અંતર સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, પરમાનંદની મૂર્તિ પ્રભુ છે, અંદર એવો અનાદિથી છે. તેની સન્મુખ થઈને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ (કરવી). કાલે આવ્યું હતું. છેલ્લું કહ્યું હતું, 'લાલચંદભાઈ'! છેલ્લો વીસમો બોલ. 'પ્રવચનસાર' અલિંગગ્રહણનો (વીસમો બોલ). આહા..! ભગવાન! તેં જે ધ્રુવ સ્વરૂપ ભગવાન, ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એ ઉપર જો તારી દૃષ્ટિ ગઈ તો પર્યાયમાં આનંદ આવ્યા વિના રહે નહિ. આહાહા..! એ અતીન્દ્રિય આનંદની વાત છે, હોં! ઇન્દ્રિયના વિષય તો દુઃખ છે, રાગ છે, ભિખારાવેડા, ભિખારી છે. પરમાંથી મને સુખ મળશે, ઇન્દ્રિયથી, વિષયથી (મને સુખ મળશે એમ માનનાર) ભિખારી છે. ભગવાન! બાદશાહ અંદર આનંદનો નાથ પ્રભુ, આહાહા..! તેની સન્મુખ થયો, ધ્રુવને ધ્યાનમાં લીધો તો પર્યાયમાં આનંદ આવ્યા વિના રહે નહિ. માટે એ ધ્રુવના લક્ષનું ફળ આનંદ છે. આહાહા..! છેલ્લો બોલ એ વાંચ્યો. આહાહા..! શું કહ્યું? પ્રભુ!

આત્મામાં જે સમ્યગ્દર્શન થાય છે, ધ્રુવ ભગવાન નિત્યાનંદ પ્રભુ ધ્રુવ, એ ધ્રુવ ઉપર જ્યારે દૃષ્ટિ જાય છે ત્યારે પર્યાયમાં આનંદ આવ્યા વિના રહેતો નથી. માટે ત્યાં વીસમા બોલમાં કહ્યું કે, આનંદનો અનુભવ એ આત્મા છે. જે અનાદિથી રાગ અને દ્વેષનો અનુભવ છે એ તો દુઃખનો અનુભવ છે. આહાહા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનો અનુભવ એ રાગ છે અને દુઃખ છે. અર..ર..ર...! પ્રભુ! માર્ગ જુદા છે, ભાઈ! ત્રણલોકનો નાથ તીર્થંકરદેવનો પોકાર છે. આહા..! કે જેને ધ્રુવ ધ્યાનમાં આવ્યો, જેની દૃષ્ટિ ધ્રુવ ઉપર આવી તેની પર્યાયમાં આનંદ આવ્યા વિના રહે નહિ, તેથી આનંદ તે આત્મા છે. આહાહા..! રાગ એ આત્મા નહિ, એ તો અનાત્મા છે.

એ અહીંયાં કહે છે કે, સમ્યગ્દર્શન, આહા..! છઠ્ઠો (ધર્મ) છે ને? અહીં આવ્યું છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થવી અતિ કઠણ છે. જો કોઈ પુણ્યના યોગે, આહાહા..! અખંડ નિર્મળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ પણ થઈ જાય, અંતરના આલંબનથી.. આહાહા..! જો (સમ્યગ્દર્શન પણ પ્રાપ્ત થઈ જાય) તો સંયમ ધર્મ વિના, સંયમ વિના મુક્તિ નથી. એકલા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનથી મુક્તિ નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી સંયમ વગર સ્વર્ગ અને મોક્ષરૂપી ફળ દેનાર ન થઈ શકે. માટે તે બધાની અપેક્ષાએ સંયમ અતિ પ્રશંસનીય છે. પણ એ સંયમ કોને કહીએ, પ્રભુ! બહારનો ત્યાગ કર્યો એ સંયમ નહિ. આહાહા..! અંતર ભગવાનઆત્માનો અંદરમાં શુદ્ધ અનુભવ થઈને, આનંદનો અનુભવ થઈને સમ્યગ્દર્શન થયું પછી સ્વરૂપમાં લીનતા કરવી. આહાહા..! અતીન્દ્રિય આનંદના ભોજન કરવા, આહાહા..! આવી વાત છે. તેનું નામ ભગવાન સંયમ કહે છે. 'સંયમ' શબ્દ પડ્યો છે ને? સંમ્+યમ. સંમ્ એટલે સમ્યગ્દર્શનપૂર્વક, અંતરના અનુભવપૂર્વક. સંમ્ યમ. યમ નામ અંતર લીન થવું. આહાહા..! એવા સંયમધર્મનો, સુગંધ દસમીનો આજે છઠ્ઠો દિવસ છે. દુર્લભ ચીજ છે.

હવે આપણે ચાલતો અધિકાર. 'સમયસાર', ૧૫૧મો શ્લોક ચાલ્યો છે, તેનો ભાવાર્થ. ૧૫૧ જે કળશ છે ને કળશ? તેનો ભાવાર્થ. છે? **ભાવાર્થ :– 'જ્ઞાનીને...'** આહાહા..! જેને અતીન્દ્રિય આનંદનો અનુભવ, સ્વાદ આવ્યો એવા ધર્મીને, સમકિતીને, જ્ઞાનીને **'કર્મ તો કરવું જ ઉચિત નથી.'** કોઈ પ્રકારે પરના કાર્ય અને રાગ કરવો એ ઉચિત નથી. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! ધર્મીને, ધર્મી એને કહીએ કે જેને અતીન્દ્રિય આનંદનો અંતરમાં સમ્યગ્દર્શનમાં આનંદનો સ્વાદ આવ્યો હોય. આહાહા..! એ ધર્મીને. ધર્મી એટલે દ્રવ્ય સ્વભાવ જે ત્રિકાળ છે તેની અનુભવમાં દૃષ્ટિ થઈ તે જ્ઞાની, તે ધર્મી (છે). ધર્મી એટલે બાહ્યની ક્રિયાકાંડ કરે ને પૂજા ને ભક્તિ (કરે) માટે ધર્મી છે, એમ નથી. સૂક્ષ્મ વાત છે, ભગવાન! નવમી ગ્રૈવેયક અનંતવાર (ગયો). સમ્યગ્દર્શન વિના ક્રિયાકાંડ એવી કરી કે ચામડા ઉતરડીને ખાર છાંટે તોય ક્રોધ ન કરે. પરંતુ સમ્યગ્દર્શન વિના એ નિરર્થક છે. આહાહા..!

અહીં કહે છે, **'જ્ઞાનીને...'** જેને જ્ઞાનસ્વરૂપ ભગવાનનું જ્ઞાન થયું. જ્ઞાનસ્વરૂપ ભગવાન, જ્ઞાનનો પુંજ, જ્ઞાનનો પુંજ, જ્ઞાનનો ગંજ, જ્ઞાનનો ઢગલો, તેનું જેને સન્મુખ થઈને જ્ઞાન થયું. આહાહા..! શાસ્ત્રજ્ઞાન આદિ થાય એ કંઈ નહિ. આહાહા..! શાસ્ત્રજ્ઞાન થયું એ કંઈ જ્ઞાન નથી. અંતર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, એ જ્ઞાયકભાવથી ભરેલો પ્રભુ, આહા..! વાતું બહુ આકરી, ભાઈ! એ જ્ઞાયકભાવની અંતરમાં સન્મુખ થઈને પ્રતીતિ કરીને આનંદનો સ્વાદ અંદર આવવો તેનું નામ જ્ઞાની અને ધર્મી કહેવામાં આવે છે.

**'જ્ઞાનીને કર્મ તો કરવું જ ઉચિત નથી.'** તેણે તો રાગ કે, પરનું કાર્ય તો કરી શકતો નથી પણ રાગનું કાર્ય પણ કરવું એને ઉચિત નથી. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! આહા..! આચાર્યો તો ભગવાન તરીકે બોલાવે છે. 'સમયસાર' ૭૨ ગાથા. ભગવાનઆત્મા! આહાહા..! શ્રોતાઓને પોકાર કરીને આચાર્ય એમ બોલાવે છે, ભગવાનઆત્મા. એ પુણ્ય અને પાપના (ભાવ) અશુચિ–મેલ છે તેનાથી ભગવાન ભિન્ન છે. આહાહા..! એ પુણ્ય અને પાપના જે ભાવ છે, દયા, દાનાદિ એ જડ છે. ભગવાન ચૈતન્યનો તેમાં અંશ નથી. અર..ર..ર...! આવી વાતું ભારે આકરી પડે. શુભ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ જડ છે. જડનો અર્થ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવનો તેમાં અંશ નથી. રાગ છે એ તો આંધળો છે. આહાહા..! ભગવાનઆત્મા તો પ્રકાશની મૂર્તિ છે. એ પ્રકાશની મૂર્તિનું ભાન થવું તેને રાગ જે અંધકાર તે કરવો ઉચિત નથી. આહાહા..! ભારે વાત, ભાઈ!

**'જો પરદ્રવ્ય જાણીને પણ તેને ભોગવે...'** રાગાદિ ને પરસ્ત્રી આદિને પરદ્રવ્ય જાણીને ભોગવવાનો ભાવ કરે **'તો એ યોગ્ય નથી.'** એ ધર્મીને લાયક નથી. આહાહા..! ભોગવવા લાયક તો ભગવાનઆત્મા છે. તેને છોડીને ધર્મી નામ ધરાવીને પર, સ્ત્રી આદિ અને રાગના ભોગમાં સુખ માને તો એ ધર્મી નથી. આહાહા..! બહુ આકરું કામ છે.

જેને ભગવાનઆત્મામાં આનંદ સ્વરૂપનું ભાન (થયું), આનંદનો પુંજ છે એવો અનુભવ

થયો તેને રાગમાં મજા અને બહારમાં મજા દેખાતી નથી. આહા..! ઇન્દ્ર છે, શક્રેન્દ્ર છે, સમકિતી છે, અનુભવી છે, કરોડો અપ્સરાઓ છે પણ (તેમાં) સુખબુદ્ધિ નથી. રાગ આવે છે તો કાળો નાગ જોવે છે. અરે..રે...! અમે આ ક્યાં ચીજ (છીએ)? સમજાણું? નિર્જરાનો અધિકાર છે ને? જેને આત્માનું જ્ઞાન અને અનુભવ થયો તેને રાગની મીઠાશથી રાગ કરવો એ છે નહિ. પરની ક્રિયા, ભોગની તો હોતી નથી પણ રાગનું કરવું એ પણ તેની ઇચ્છાની, અભિલાષાથી રાગને કરવું છે નહિ. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ!

**'પરદ્રવ્યના ભોગવનારને તો જગતમાં ચોર કહેવામાં આવે છે,...'** આહાહા..! શરીર, સ્ત્રી, પૈસા-લક્ષ્મીને ભોગવવા એ તો ચોર છે. પોતાની ચીજને છોડીને પરચીજને ભોગવવી એ તો ચોર છે. અરે..રે..! આ શું પણ? સમજાણું? **'અન્યાયી કહેવામાં આવે છે.'** આહાહા..! નિજ દ્રવ્ય છોડીને પરદ્રવ્યને ભોગવવા એ અન્યાય ને ચોર કહેવામાં આવે છે. આહાહા..! અંદર આચાર્યોની ભાષા તો જુઓ! સંતો દિગંબર મુનિઓ આત્માના ધ્યાનમાં મસ્ત છે. વિકલ્પ આવ્યો ને ટીકા થઈ ગઈ. એ વિકલ્પના પણ કર્તા નથી. આહા..! ટીકાની અક્ષરની અવસ્થા છે, તેના તો કર્તા નથી, એ તો જડની પર્યાય છે. આહાહા..! કહે છે, ધર્મીને પરદ્રવ્યને ભોગવવું ખરેખર અન્યાય અને ચોર છે.

**'વળી ઉપભોગથી બંધ કહ્યો નથી...'** સિદ્ધાંતમાં કહ્યું છે કે, જ્ઞાનીને ઉપભોગથી બંધ નથી, **'તો જ્ઞાની ઇચ્છા વિના પરની બળજોરીથી ઉદયમાં આવેલાને...'** આહાહા..! પોતાની ભાવના નથી પણ રાગ આવ્યો, કર્મના નિમિત્તને વશ થઈને રાગ આવ્યો, આહા..! એ **'પરની બળજોરીથી ઉદયમાં આવેલાને ભોગવે...'** છે. આહા..! ગધેડા ઉપર બેસાડે અને પછી ચલાવે તો ત્યાં બેસનારને એમાં ખુશી છે? સમજાણું? 'દિલ્હી'માં કે બીજા કોઈ ગામમાં એવું બન્યું હતું. છોકરો કન્યા પરણવા ગયો, એવા લગ્ન પ્રસંગમાં કન્યાને આવવાનો સમય થયો તો તેણે માગણી કરી કે, આટલા પૈસા, આટલું ફલાણું આટલું આટલું (જોઈશે) અને (સામે) ગરીબ સાધારણ ઘર. હવે આટલી માંગણી કરી તો ગામના જુવાનિયાઓ ગધેડો લાવ્યા, ગધેડો અને તેને બેસાડીને ગામમાં ફેરવ્યો. માળા, ગધેડા જેવા, એની પાસે એટલા પૈસા નથી ને તું માંગે છો. તો એ ગધેડા ઉપર બેઠો એમાં ખુશી હશે? જુવાન છોકરાઓએ કરેલું. આ બન્યું છે. જુવાન છોકરો હતો, બહુ જોર કર્યું કે આટલા પૈસા લાવો, આટલું લાવો, એક હાર્મોનિયમ લાવો, એક ફલાણું લાવો, આટલા પૈસા લાવો, આટલા દાગીના લાવો. હવે ઘર સામાન્ય હતું એમાં આટલી માંગણી (કરી). જુવાનિયાઓએ ભેગા થઈને ગધેડા ઉપર બેસાડ્યો અને ગામમાં ફેરવ્યો. એમ અહીંયાં આત્મામાં અંદર રાગ આવ્યો. આહાહા..! એ ગધેડા ઉપર બેસનાર જેમ રાજી નથી, એમ (જ્ઞાની) રાગને કરવામાં રાજી નથી. સમજાણું? ભાઈ! માર્ગ જુદો છે. આ તો અલોકિક ચીજ છે.

તીર્થંકર જિનેશ્વરદેવ ત્રિલોકનાથ મહાવિદેહમાં બિરાજે છે. પરમાત્મા 'સીમંધરસ્વામી'

પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, ભગવાન બિરાજે છે. આ 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા, ત્યાંથી આ સંદેશા લાવ્યા. આહા..! પોતે અનુભવી, સમિકતી મુનિ સંત અંતર આતમજ્ઞાની હતા પણ ત્યાં ગયા હતા તો વિશેષ નિર્મળ જ્ઞાન થયું અને આવીને આ શાસ્ત્ર બનાવ્યા કે ભગવાનનો આ સંદેશ છે. અહીંયાં પણ પતિ કે પિતા બહાર ગયા હોય અને પાછા આવ્યા હોય તો કહે, મારી માટે શું લાવ્યા? એમ ભગવાન પાસે ગયા હતા. તો અહીંના મનુષ્યો કહે છે, પ્રભુ! ત્યાંથી આપ શું લાવ્યા? કે, આ લાવ્યો.

જેને આત્માનો ધર્મ, દૃષ્ટિ પ્રગટ થઈ તે ધર્મી ભલે ગૃહસ્થાશ્રમમાં હો, ચક્રવર્તીના રાજ હો, આહાહા..! છતાં એ રાગ પોતાની ભાવના વિરુદ્ધ બળજોરીથી આવે છે, પોતાની નબળાઈથી (આવે છે). તે **'બળજોરીથી ઉદયમાં આવેલાને ભોગવે...'** છે. **'ત્યાં તેને બંધ કહ્યો નથી.'** જ્ઞાનીને રાગ આવે છે, તેનો સ્વામી નથી, તેની મીઠાશ નથી તો તેને બંધ કહ્યો નથી. અલ્પ બંધ અને સ્થિતિ થાય છે તેને ગૌણ કરીને બંધ કહ્યો નથી. આહાહા..! ચૈતન્ય ભગવાન ઉપર આરૂઢ છે, આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર આત્મા, એ ચૈતન્યમાં આરૂઢ છે તેને રાગમાં આરૂઢ થવું એ ઠીક પડતું નથી પણ પરાધીનપણે આવે છે, ભોગવે છે (તેની) નિર્જરા થઈ જાય છે. આહાહા..! ઝીણી વાત, બાપુ!

વીતરાગ માર્ગ, જિનેશ્વરમાર્ગ એવો માર્ગ બીજે ક્યાંય છે નહિ. વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. બધાએ કલ્પનાથી ધર્મ મનાવ્યો છે. આ તો ત્રણલોકનો નાથ જિનેશ્વર વીતરાગ પરમાત્મા, એમણે ત્રણકાળ ત્રણલોક જોયા અને જેવુ વસ્તુનું સ્વરૂપ હતું તેમ જાણ્યું અને તેને કહ્યું. પ્રભુ! જ્યાં સુધી રાગની મીઠાશનો ભાવ તને છે ત્યાં સુધી તું મિથ્યાદૃષ્ટિ છે. અને રાગથી ભિન્ન નિજ સ્વભાવના આનંદની મીઠાશ આવી તો તેને રાગનો સ્વાદ ઝેર જેવો લાગે છે. આહાહા..! જેણે દૂધપાકનો સ્વાદ લીધો, એને કાળીજીરીનો સ્વાદ.. કાળીજીરી હોય છે ને? કડવી.. કડવી. શું કહે છે? કાળીજીરી કહે છે? કડવી ઝીણી (હોય). તેનો સ્વાદ મીઠો નથી લાગતો. એમ ધર્મીજીવ, જેને આત્માનો અનુભવ અને ધર્મદૃષ્ટિ થઈ છે, સમ્યગ્દર્શન થયું છે, આહાહા..! અને ન હો તો પ્રથમ એ કરવું, એ છે. સમજાણું?

સમકિતદૃષ્ટિને સિદ્ધાંતમાં ભોગને બંધનું કારણ નથી કહ્યું. તેનું કારણ એ છે કે, એ રાગની અંદર ભાવના નથી. રાગ તો બળજોરીથી ઉદયથી આવે છે પણ તેની મીઠાશ નથી, તેની સુખબુદ્ધિ તેમાં નથી, રાગમાં સુખબુદ્ધિ નથી. આહાહા..! **'જો પોતે ઇચ્છાથી ભોગવે...'** ઇચ્છા કરીને (ભોગવે), કામાચારી આવ્યું હતું ને? કળશમાં કામાચારી (આવ્યું હતું). ઇચ્છાથી ભોગવે તો તો મિથ્યાદૃષ્ટિ છે. **'પોતે અપરાધી...'** છે. આહાહા..! **'ત્યાં બંધ કેમ ન થાય?'** ઇચ્છાથી, મીઠાશથી રાગને, વિકારને, ભોગને ભોગવે તો તેને મિથ્યાત્વનો બંધ કેમ ન થાય? આહાહા..! સમજાણું? અને સમ્યગ્દૃષ્ટિને તો મીઠાશ છે નહિ. નિજ ચૈતન્યની મીઠાશ આગળ રાગની મીઠાશ ઝેર જેવી દેખાય છે, કાળો નાગ આવે ને જેમ ભાગે (તેમ છે). આહા..!

રાગ છે, જ્યાં સુધી વીતરાગ ન થાય તો ધર્મીને પણ રાગ આવે છે, પણ રાગ આવ્યો તો કાળા નાગ જેવો દેખાય છે. અરે..! આ ઝેર, આ શું? મારી ચીજ ભિન્ન છે. તો નિજ ચીજની મીઠાશ આગળ રાગની ભાવનાથી મીઠાશથી ભોગ ભોગવતા નથી. આહાહા..! આવો માર્ગ છે. ૧૫૨. ૧૫૧ (શ્લોક પૂરો) થયો ને? ૧૫૨.

## શ્લોક-૧૫૨

(शार्दूलविक्रीडित)

कर्तारं स्वफलेन यत्किल बलात्कर्मैव नो योजयेत्
कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः।
ज्ञानं संस्तदपास्तरागरचनो नो बध्यते कर्मणा
कुर्वाणोऽपि हि कर्म तत्फलपरित्यागैकशीलो मुनिः।।१५२।।

---

હવે આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ यत् किल कर्म एव कर्तारं स्वफलेन बलात् नो योजयेत् ] કર્મ જ તેના કર્તાને પોતાના ફળ સાથે બળજોરીથી જોડતું નથી (કે તું મારા ફળને ભોગવ), [ फललिप्सुः एव हि कुर्वाणः कर्मणः यत् फलं प्राप्नोति ] *ફળની ઇચ્છાવાળો જ કર્મ કરતો થકો કર્મના ફળને પામે છે; [ ज्ञानं सन् ] માટે જ્ઞાનરૂપે રહેતો અને [ तद्-अपास्त-रागरचनः ] જેણે કર્મ પ્રત્યે રાગની રચના દૂર કરી છે એવો [ मुनिः ] મુનિ, [ तत्-फल-परित्याग-एक-शील ] કર્મના ફળના પરિત્યાગરૂપ જ જેનો એક સ્વભાવ છે એવો હોવાથી, [ कर्म कुर्वाणः अपि हि ] કર્મ કરતો છતો પણ [ कर्मणा नो बध्यते ] કર્મથી બંધાતો નથી.

ભાવાર્થ :- કર્મ તો કર્તાને જબરદસ્તીથી પોતાના ફળ સાથે જોડતું નથી પરંતુ જે કર્મને કરતો થકો તેના ફળની ઇચ્છા કરે તે જ તેનું ફળ પામે છે. માટે જે જ્ઞાનરૂપે વર્તે છે અને રાગ વિના કર્મ કરે છે એવો મુનિ કર્મથી બંધાતો નથી. કારણ કે તેને કર્મના ફળની ઇચ્છા નથી.૧૫૨.

---

* કર્મનું ફળ એટલે (૧) રંજિત પરિણામ, અથવા તો (૨) સુખ (-રંજિત પરિણામ) ઉત્પન્ન કરનારા આગામી ભોગો.

## શ્લોક-૧૫૨ ઉપર પ્રવચન

(शार्दूलविक्रीडित)

कर्तारं स्वफलेन यत्किल बलात्कर्मैव नो योजयेत्
कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः।
ज्ञानं संस्तदपास्तरागरचनो नो बध्यते कर्मणा
कुर्वाणोऽपि हि कर्म तत्फलपरित्यागैकशीलो मुनिः।।१५२।।

**શ્લોકાર્થ :-** [ यत् किल कर्म एव कर्तारं स्वफलेन बलात् नो योजयेत् ] **'કર્મ જ તેના કર્તાને પોતાના ફળ સાથે બળજોરીથી જોડતું નથી...'** આહાહા..! કર્મનો ઉદય આવ્યો તો તેને બળજોરીથી રાગ કરાવતો નથી. પોતાના પુરુષાર્થની કમી છે તો તેને કારણે રાગ થાય છે, પરથી થતો નથી. આહાહા..! **'(કે તું મારા ફળને ભોગવ),...'** એમ કર્મ નથી (કહેતા). **[फललिप्सुः एव हि कुर्वाणः कर्मणः यत् फलं प्राप्नोति] '*ફળની...'** કર્મનું ફળ (એટલે) રંજિત પરિણામ. શું કહે છે? જરી સૂક્ષ્મ વાત છે. રાગનો રસ ચડવો, રાગનો રસ આવવો રાગમાં રંગાઈ જવું એ કર્મનું પરિણામ છે, એ પરિણામ જ્ઞાનીને હોતા નથી. આહાહા..! કર્મનું ફળ રંજિત પરિણામ. છે નીચે? રાગમાં રંગાવું, રંજિત પરિણામ એ ધર્મીને હોતા નથી. જેને આત્માનો રંગ ચડ્યો, આહાહા..! ભગવાનઆત્માનો રંગ ચડ્યો તેને રાગનો રંગ હોતો નથી. આહાહા..! એક મ્યાનમાં બે તલવાર રહેતી નથી. આહાહા..! આ તો પ્રથમ હજી સમ્યગ્દર્શનની વાત છે, ભગવાન! સમ્યગ્દર્શન પછી સંયમ તો કોઈ અલૌકિક ચીજ છે. આહાહા..! આ તો અત્યારે તો સમ્યગ્દર્શનના ઠેકાણા નથી. આહાહા..! અને વ્રત ને તપ (કરવા) એ તો બધા એકડા વિનાના મીંડા છે. આહા..!

અહીં તો પ્રથમ કહે છે, પ્રભુ! **'ફળની ઇચ્છાવાળો જ કર્મ કરતો થકો કર્મના ફળને પામે છે;...'** પણ કર્મના ફળનો અર્થ રાગમાં રંજિત થઈ જવું, રાગનો રંગ ચડવો. આહાહા..! 'સુખ (-રંજિત પરિણામ) ઉત્પન્ન કરનારા આગામી ભોગો.' આહા..! મને સુખ થશે, રાગ આવ્યો તો મને સુખ થયું, એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..! એ **'ફળની ઇચ્છાવાળો જ કર્મ કરતો થકો...'** રાગ કરવો એ ફળની ઇચ્છા છે કે તેનું કોઈ ફળ મળે, તેવા ફળની ઇચ્છાવાળાને રાગકર્તા કહેવામાં આવે છે. **'કર્મના ફળને પામે છે; માટે જ્ઞાનરૂપ રહેતો...'** આત્મા જ્ઞાન અને આનંદરૂપ છે એવી દૃષ્ટિ સમ્યક્ થઈ તો ધર્મી તો જ્ઞાનરૂપ રહેતો થકો, રાગરૂપ થતો નથી. આહાહા..! અરે..! આવો માર્ગ. એ માર્ગ વીતરાગ જૈન પરમેશ્વરે કહ્યો છે. એવું બીજે

ક્યાંય, બીજા માર્ગમાં છે નહિ. આહા..! એ પામવું અલૌકિક છે, ભાઈ!

કહે છે, **'જેણે કર્મ પ્રત્યે રાગની રચના દૂર કરી છે...'** આહાહા..! જ્ઞાનમાં રહેવું, એમ કહ્યું ને? **'જ્ઞાનરૂપ રહેતો...'** એટલે શું? શાસ્ત્રજ્ઞાન નહિ. અંદર જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા જ્ઞાતાદૃષ્ટા, એ જ્ઞાતા-દૃષ્ટામાં રહેતો થકો. આવી વાતું લોકોને મોંઘી પડે. (એટલે) પછી લોકોએ બહારમાં ચડાવી દીધા. મૂળ ચીજ નહિ ને ચડાવી દીધા, વ્રત કરો ને અપવાસ કરો ને પૂજા કરો, ભક્તિ (કરો) એ ધર્મ. એ તો અનંતવાર કર્યું, પ્રભુ! એ ધર્મ નથી, એ તો રાગની ક્રિયા છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો પરમાત્મ સ્વરૂપ, જેને અંતરદૃષ્ટિમાં સમ્યગ્દર્શનમાં ભાસ્યું... ઓહો..! નિજ સ્વરૂપમાં જેણે પ્રવેશ કર્યો, અનાદિથી જે રાગમાં પ્રવેશ હતો એ અંતર આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, તેમાં જેણે પ્રવેશ કર્યો, ત્યાં નિવાસ કર્યો.. આહાહા..! જ્ઞાન સ્વભાવમાં તે રહે છે, ધર્મી રાગભાવમાં રહેતા નથી. આહાહા..! આવી વાતું હવે મોંઘી લાગે. બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! બીજી રીતે કહેશે તો છેતરાઈ જશે. ભવ ચાલ્યો જશે, પ્રભુ! અને પછી આવો મનુષ્યભવ મળવો મુશ્કેલ છે, નાથ! આહા..!

પ્રભુ! તું કોણ છો? આહાહા..! હું તો જ્ઞાન ને આનંદ સ્વરૂપ, એ જ્ઞાનસ્વભાવ, હોં! એ જ્ઞાનસ્વભાવ (એટલે) શાસ્ત્રનું જ્ઞાન નહિ. અહીં તો જ્ઞાનસ્વભાવ પુંજ. જેમ સાકર ગળપણસ્વરૂપ (છે), એમ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન જેનું રૂપ છે, જ્ઞાન જેનું સ્વરૂપ છે, જ્ઞાન જેનો સ્વભાવ છે, જ્ઞાન જેની શક્તિનું સત્ત્વ છે. સત્ત્વ કેમ કહ્યું? સત્ જે છે તેનું આ જ્ઞાન સત્ત્વ છે. આહાહા..! અરે..રે...! એ ચીજની જેને દૃષ્ટિ થઈ તો કહે છે, જ્ઞાની તું જ્ઞાનમાં રહે, રાગમાં આવીશ નહિ. આહાહા..! ચોથે ગુણસ્થાને, હોં! સમ્યગ્દૃષ્ટિ! કહે છે, પ્રભુ! તું જ્ઞાનમૂર્તિ છો ને, નાથ! તો જ્ઞાનનું તને ભાન થયું તેને જ્ઞાનસ્વરૂપ કહ્યું, ત્યાં રહે ને. આહાહા..! આવો ઉપદેશ હવે. હેં? માર્ગ આવો છે, ભાઈ! આહાહા..! એને જ્ઞાનમાં તો પહેલું નક્કી કરવું પડશે કે નહિ? કે, માર્ગ તો આ છે. આહાહા..! એ વિના જન્મ-મરણના ઉદ્ધાર પ્રભુ નહિ થાય. આહા..!

અહીં કહે છે, **'માટે...'** માટે શું? જ્ઞાયક સ્વરૂપ ભગવાન આનંદ પ્રભુ, તેની દૃષ્ટિ થઈ તો તેને ભાવનાથી રાગ કરવો એ છે નહિ. તો રાગનું કરવું છે નહિ તો ક્યાં રહેવું? જ્ઞાનમાં રહે ને. તારું સ્વરૂપ ધામ પડ્યું છે ને. 'સ્વયં જ્યોતિ સુખધામ' ભગવાન સ્વયં જ્યોતિ, ચૈતન્યજ્યોતિ, ચૈતન્યના પૂરના, નૂરના પ્રકાશનો પ્રવાહ પડ્યો છે આખો, ધ્રુવ.. આહા..! ઝીણી વાતું, ભગવાન! આહાહા..! ત્યાં રહેને પ્રભુ! તેં તારું ધામ જોયું છે ને. આહાહા..! જ્ઞાનસ્વરૂપ છું, આનંદસ્વરૂપ છું, અરે..! વીતરાગ સ્વરૂપ છું. આત્મા તો અનાદિથી વીતરાગ સ્વરૂપ છે. આહાહા..! એવા વીતરાગ સ્વરૂપની તને દૃષ્ટિ થઈને સમકિત થયું તો હવે ત્યાં રહે ને. રાગ આવે ત્યાં ખસી ન જા. રાગની મીઠાશ તને ન હોવી જોઈએ. આહાહા..!

જ્ઞાનમાં રહેવું જો ખસી ગયું.. ખસી ગયો ને શું કહે છે હિન્દીમાં? હટ ગયા.

અમે તો ગુજરાતી છીએ ને. બધું હિન્દુ નથી આવડતું, થોડું થોડું આવડે છે. આહાહા..! અહીં તો શરીરને નેવું વર્ષ થયા, નેવું, સોમાં દસ ઓછા. અમે તો ગુજરાતમાં છીએ, અહીંના છીએ. અહીંયાંથી અગિયાર માઈલ 'ઉમરાળા' છે. ત્યાંનો જન્મ છે. અમારી દુકાન 'પાલેજ' (છે). આવ્યા છે ને અમારા? 'હસુ' ને 'નટુ'. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. દુકાન ત્યાં હતી. દુકાન હતી ત્યાં નવ વર્ષ રહ્યા. હેં?

મુમુક્ષુ :– હવે દુકાન ક્યાં છે?

ઉત્તર :– હવે દુકાન આ છે. પાંચ વર્ષ દુકાન ચલાવી હતી. સત્તર વર્ષથી બાવીસ. સત્રહ કહતે હૈં, ક્યા કહતે હૈં? એક ઔર સાત. સત્તર વર્ષથી બાવીસ, પાંચ વર્ષ દુકાન ચલાવી. દુકાન છે, આ છોકરાઓ આવ્યા છે, મોટી દુકાન છે. મોટી લાખોની પેદાશ છે, અત્યારે. ધૂળની, પાપની દુકાન છે ઇ. આહા..! આહાહા..!

કહે છે કે, જો તને આત્મજ્ઞાન અને આત્માનું ભાન થયું હોય, પ્રભુ! તો તું આત્માના જ્ઞાનમાં રહે. તું રાગમાં આવીને રાગની મીઠાશ ન કર. આહાહા..! આવો માર્ગ. વીતરાગ. જ્ઞાનમાં વસ. **'જ્ઞાનરૂપ રહેતો..'** છે ને? જ્ઞાતા-દૃષ્ટાપણે રહેતો થકો. આહા..! કેમકે તારી ચીજ એ જગતચક્ષુ છે. તું તો જગતચક્ષુ–જ્ઞાનસ્વરૂપી છો. તો પરને અને સ્વને જાણવાની તાકાતવાળો તું છો. પરને ભોગવવું એ તારી ચીજમાં છે જ નહિ. આહાહા..! અને પરને કરવું એ પણ તારી ચીજમાં છે નહિ. આહાહા..! અહીં તો હજી સમ્યગ્દર્શનમાં, ચોથા ગુણસ્થાનમાં, આહા..! કહે છે કે, પ્રભુ! તને કર્મના નિમિત્તને વશ થઈને નબળાઈથી, બળજોરીથી કોઈ રાગ આવે તો રાગનો ભોગ ન લેતો. રાગના ભોગનો અર્થ મને રાગનો ભોગ છે, એમ નહિ માનતો. તને તો પ્રભુ! જ્ઞાનનો ભોગ છે ને. આહાહા..! આવી ચીજ માણસને ઝીણી પડે. લોકોને બહારમાં ચડાવી દીધા. આહા..! મૂળ ચીજ એકડા ન મળે ને મીંડા ચડાવી દીધા. આહા..! આ તો સમ્યગ્દર્શન ત્રણલોકનો નાથ કોને કહે છે એની અહીં તો પહેલી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'માટે જ્ઞાનરૂપ રહેતો..'** એટલે? આત્મા જ્ઞાતા-દૃષ્ટા રહે છે એવું તને ભાન તો થયું ત્યારે તો સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે, ત્યારે જ્ઞાની કહેવામાં આવે છે. ભલે ગૃહસ્થાશ્રમમાં હો, પણ હે જ્ઞાની! તું જ્ઞાનમાં રહે. રાગ આવે છે તેની અંદર નહિ ચાલ્યો જતો. રાગની મીઠાશમાં રાગમાં પ્રવેશ નહિ કરતો. આહાહા..! આવી વાતું છે. **[तद्-अपास्त-रागरचनः]** **'જેણે કર્મ પ્રત્યે રાગની રચના દૂર કરી છે...'** આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન, એક ભજનમાં એવું આવે છે. 'પ્રભુ તુમ જાણગ રીતિ, સહુ જગત દેખતા હો લાલ..' હે નાથ! સર્વજ્ઞ પરમેશ્વર તમે જગતને જુઓ છો. 'નિજ સત્તાએ શુદ્ધ સહુને પેખતા હો લાલ..' પ્રભુ! અમારી સત્તા, અમારું હોવાપણું તેને આપ શુદ્ધ જુઓ છો. આ ભગવાન અંદર છે. 'પ્રભુ તુમ જાણગ

રીતિ' હે નાથ! તમારા જ્ઞાનમાં અમારી ચીજ આવે છે તો અમારી ચીજને આપ કેવી જુઓ છો? પ્રભુ! આપ તો અમારી ચીજને શુદ્ધ જુઓ છો. રાગ ને પુણ્ય એ અમારા છે નહિ, એમ આપ તો જુઓ છો. આહાહા..! સમજાણું? આવી વાતું, બાપુ! આહા..! સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે અને એ વિના બધું નિરર્થક છે. એકડા વિનાના મીંડા, લાખ મીંડા લખે ને એકડો ન હોય તો મીંડાની કાંઈ કિંમત નથી. અને એક એકડો આવે ને પછી મીંડુ ચડે તો દસ થઈ જાય. એમ સમ્યગ્દર્શન પછી જો સ્થિરતા આવી જાય તો સંગ થઈ જાય. સમજાણું? આહા..!

**[तद्-अपास्त-रागरचन:] 'જેણે કર્મ પ્રત્યે રાગની રચના દૂર કરી છે...'** આહાહા..! રાગ આવે છે પણ રાગ રચ્યું, તેનાથી દૂર થઈ ગયો છે. આહાહા..! સમજાણું? ધર્મી રાગની રચના કરતા નથી. એ ધર્મી તો જ્ઞાનની રચના કરે છે. આહાહા..! કેમકે આત્મામાં એક વીર્ય ગુણ પડ્યો છે. આત્મામાં વીર્ય નામનો ગુણ છે. આ વીર્ય રેત છે (જેનાથી) દીકરી, દીકરા થાય એ તો જડ છે. આત્મામાં એક વીર્ય નામનો સ્વભાવ, ગુણ છે. એ વીર્યનો ધરનાર ભગવાન, તેની જેને દૃષ્ટિ અને સમ્યગ્દર્શન થયું તો તેની વીર્યની રચના નિર્મળ પર્યાયની રચના કરે છે. એ રાગની રચના નથી કરતા. આહાહા..!

પુણ્ય-પાપના અધિકારમાં આવ્યું છે ને? કે, જે રાગમાં રહે છે અને રાગથી ખસીને અંદર જતા નથી તે નપુંસક-પાવૈયા-હીજડા છે. શું કહ્યું? કે, જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગ છે તેમાં ટક્યો છે અને તેમાંથી ખસતા નથી, આ બાજુ આવતા નથી, એ નપુંસક છે. કેમકે રાગમાં આત્માની પ્રજા થતી નથી. આહાહા..! જેમ નપુંસકને વીર્ય નથી, નપુંસકને પ્રજા થતી નથી. હીજડા હોય છે ને? પાવૈયા. એમ ભગવાન ત્રિલોકનાથ એમ કહે છે, અંદર તું રાગથી ભિન્નતા નથી કરતો તો નપુંસક છો, પુરુષ નહિ. આહાહા..! પુરુષ તો એને કહીએ, પોતાના ચૈતન્ય સ્વભાવમાં સૂતો, રહેતો 'પુરુષ:' 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં આવ્યું છે. પોતાના ચૈતન્ય સ્વભાવમાં સૂવે, રહે તે ચૈતન્ય છે. રાગમાં સૂવે એ તો અચેતન, જડ છે. આહાહા..! આવો માર્ગ. છે?

**'જેણે કર્મ પ્રત્યે...'** એટલે રાગ. **'રાગની રચના દૂર કરી છે...'** આહાહા..! સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘનમાં વીર્ય નામનો એક ગુણ છે, તો સમ્યક્ દૃષ્ટિમાં જ્યારે આખા દ્રવ્યની દૃષ્ટિ થઈ તો વીર્યગુણની રચના નિર્મળ પરિણતિ કરે એ તેની રચના છે. રાગની રચના કરે એ વીર્ય નહિ, એ સ્વનું વીર્ય નહિ. આહાહા..! સ્વનું બળ નહિ. આહાહા..! અરે..રે...! આવો વખત. એ કહ્યું ને? ભાષા ટૂંકી છે પણ અંદર ભાવ ઘણા ભર્યા છે. આહા..! એક 'જગત' શબ્દ હો તો 'જગત' શબ્દ ત્રણ અક્ષરનો છે. જ-ગ-ત. કાનોમાત્રા વિના. છતાં જગત એટલે ચૌદ બ્રહ્માંડ આવી જાય. અનંતા સિદ્ધ (આવી જાય). આહા..!

એમ અહીંયાં કહે છે, પ્રભુ! તને નિર્જરા ક્યારે થશે? કે જ્યારે જ્ઞાનસ્વરૂપ

ભગવાનઆત્માનો અનુભવ થયો, ત્યાં રહે, ત્યાંને ત્યાં પ્રયત્નને સ્થાપ. રાગના ભાવમાં તારો પ્રયત્ન ન લઈ જા, તેની રચના કરવામાં તારું વીર્ય નથી. આહાહા..! તારું વીર્ય તો પ્રભુ! તને દ્રવ્યદૃષ્ટિ થઈ, દ્રવ્યનું જ્ઞાન થયું, દ્રવ્યનો અનુભવ થયો તો તેનું વીર્ય જે છે એ તો શુદ્ધ સ્વરૂપની રચના કરે એ વીર્ય. રાગની રચના કરે એ તારું કાર્ય નહિ. આહા..! રાગ આવે છે, ધર્મીને દયા, દાન, વ્રત, પૂજાનો ભાવ આવે છે પણ તેની રચના–આ મારું કાર્ય છે, એમ તે માનતા નથી. આહાહા..! હેયબુદ્ધિએ જાણે છે. શું કહ્યું? એ શુભ ભાવ હેયબુદ્ધિએ જાણે છે. હું રચું અને મારું કાર્ય છે (એમ નહિ). આહા..! ભાઈ! આ તો વીતરાગનો માર્ગ અને તેય જન્મ-મરણ રહિત, ચોરાશીના અવતાર રહિત થવાનું સમ્યગ્દર્શન, એ કોઈ અલૌકિક માર્ગ છે. આહાહા..! સમજાણું? શું કહ્યું?

**'अपास्त-रागरचनः'** રાગની રચનાનો તેણે નાશ કર્યો છે. **'अपास्त'** છે ને? આહાહા..! **'अपास्त-रागरचनः'** સમ્યગ્દૃષ્ટિ જીવે તો આનંદસ્વરૂપ ભગવાનને જોયો છે, એ આત્માના આનંદથી વિરુદ્ધથી રાગ, તેની રચનાથી તો તે દૂર છે. આત્માની શાંતિ અને આનંદની રચનામાં એ તો પડ્યો છે. આહાહા..! આવો માર્ગ હવે. **[ ज्ञान सन् ]** છે ને? જ્ઞાનમાં રહે. ચૈતન્યસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપમાં રહે તો સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. રાગમાં આવી જાય અને રાગ મારી ચીજ છે (એમ જો માને તો) મિથ્યાદૃષ્ટિ છે. આહા..! કેમકે ભગવાનઆત્મામાં અનંત ગુણ છે. એ દરેક ગુણ પવિત્ર છે. અનંતાઅનંત ગુણ છે તે પવિત્ર છે. તો એ પવિત્રતાનો જે સ્વામી થયો એ અપવિત્ર એવા રાગનો સ્વામી કેમ થાય? જે પવિત્રની રચના કરનારું સમ્યગ્દર્શન થયું.. આહા..! એ અપવિત્ર એવા રાગની રચનાથી દૂર છે. **'अपास्त'** આહાહા..! શું સંતોની વાણી!

જાગ રે જાગ નાથ! ચૈતન્યમૂર્તિ પ્રભુ તું છો ને! એમ કહે છે. રાગમાં સૂતો છો એ આત્મામાં જાગે છે. રાગમાં સૂતા છે નામ રાગનો સ્વામી થતો નથી એ આત્માનો સ્વામી થાય છે. આહાહા..! અને જે આત્મામાં જાગૃત થઈને સૂવે છે તે રાગમાં સૂવે છે. રાગ મારો નહિ. આહાહા..! જેમ શરીર પોતાનું નથી તેમ રાગ પણ પોતાનો નથી. રાગ તો આસ્રવતત્ત્વ છે. દયા, દાન પુણ્ય આસ્રવતત્ત્વ છે. હિંસા, જૂઠ, ચોરી, વિષય એ પાપ આસ્રવતત્ત્વ છે તો એ તત્ત્વ જ્ઞાયકતત્ત્વથી તો ભિન્ન છે. નહિતર નવ નામ કેમ પડ્યા? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. નવ તત્ત્વ છે ને? નવ (નામ) કેમ પડ્યા? આહાહા..! સમજાણું? આવી વાતું હવે. બાપુ! તારી ઘરની વાતું જુદી જાત છે. ભાઈ! આહાહા..!

એ વ્રતનો વિકલ્પ ઉઠે તો પણ કહે છે, ત્યાં એ રચનાની મીઠાશમાં નહિ જતો. એ તારી ચીજ નથી. આહાહા..! ભગવાનની ભક્તિનો ભાવ આવે છે પણ તેની રચનામાં એ મારું કાર્ય છે એમ જાતો નહિ. આહાહા..! શ્લોકમાં ઘણી ગંભીરતા ભરી છે. નિર્જરા છે

ને, નિર્જરા. આહાહા..! **'જેણે કર્મ પ્રત્યે...'** એટલે રાગનું કાર્ય. **'રાગની રચના દૂર કરી છે એવો મુનિ,...'** મુનિની પ્રધાનતાથી કથન છે, બાકી સમ્યગ્દષ્ટિ (પણ ગૌણપણે આવી જાય છે). કળશટીકાકાર તો જ્યાં મુનિ (શબ્દ) આવે ત્યાં સમકિતી જ (અર્થ) કરે છે. આ 'કળશટીકા'. કેટલામો છે આ? ૧૫૨. આ ૧૫૨, લ્યો. મુનિ. આણે અર્થ કર્યો છે, ભાઈ! 'રાજમલ' ટીકાકાર છે. શુદ્ધ સ્વરૂપ અનુભવે બિરાજમાન સમ્યગ્દષ્ટિ જીવ. આ કળશટીકા છે. 'રાજમલ જિનધર્મી, જિનધર્મ કા મર્મી' 'બનારસીદાસ' કહે છે, 'બનારસીદાસ' 'સમયસાર નાટક' કરનાર, એમણે લખ્યું છે. મુનિની વ્યાખ્યા કરી છે. શુદ્ધ સ્વરૂપ અનુભવે. શુદ્ધ સ્વરૂપ અનુભવે બિરાજમાન, આહાહા..! એવો સમ્યગ્દષ્ટિ જીવ. આ ૧૫૨ શ્લોકનો અર્થ છે. મોટું આખું ભર્યું છે. બધું જોયું છે. આહાહા..! શું કહ્યું?

જો તને આત્માનું જ્ઞાન થયું હોય, આત્માનું જ્ઞાન, સમ્યગ્દર્શન થયું, (જો) ન થયું તો રાગમાં એકતા છે, એ તો અનાદિ કાળથી છે, એ તો મિથ્યાત્વ ભાવ છે અને સંસારમાં રખડવાનો ભાવ છે, પણ તને રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્માનું ભાન થયું હોય, સમ્યગ્દર્શન થયું, જ્ઞાન થયું, જ્ઞાનનું જ્ઞાન થયું, જ્ઞાનીનું જ્ઞાન થયું, આત્માનું જ્ઞાન થયું.. આહા..! તો હવે ત્યાં રહે ને. એ તારું ધામ છે, તારું સ્થળ છે. આહાહા..! સમજાણું? આહા..!

પહેલા નહોતું કહ્યું એક ફેરી? નાટકમાં આવતું. એને એ ખબર નહિ હોય. એ..ઇ..! 'હસમુખ'! તારો જન્મ ક્યાં હતો (એ વખતે). (સંવત) ૧૯૬૪ની સાલની વાત છે, ૧૯૬૪માં અઢાર વર્ષની ઉંમર હતી. ૧૯૪૬માં જન્મ છે. ૧૮ વર્ષની ઉંમર. માલ લેવા 'વડોદરા' ગયા હતા. માલ લેવા જાતો ને. 'મુંબઈ', 'સુરત' બધે જતા. તો 'વડોદરા' માલ લેવા ગયા હતા. અઢાર વર્ષની ઉંમરની વાત છે. ૭૨ વર્ષ પહેલાની વાત છે. એ 'અનસૂયા'નું નાટક હતું. 'ભરૂચ'ને કાંઠે 'નર્મદા' નદી છે ને? એ 'નર્મદા' અને 'અનુસૂયા' બે બહેનો હતા. એનું મોટું નાટક હતું. દિવસે માલ લીધો અને રાત્રે ગયા. 'અનુસૂયા'નું નાટક જોતા, એ બાઈને પુત્ર નહોતો, એ બાઈ સ્વર્ગમાં જાતી હતી તો સ્વર્ગે ના પાડી. એ લોકોમાં છે ને? 'अपुत्रस्य गतिनास्ति' પુત્ર ન હોય એને ગતિ ન હોય. એ એ લોકોનું–વેદનું. ત્યાં નાટકમાં એવું હતું. બાઈ કહે છે, મારે કરવું શું? નીચે હોય એને વર. બ્રાહ્મણને પરણી. એને થયું છોકરું. છોકરાને સૂવડાવતી. આહાહા..! તે દિ'ની વાત યાદ છે. ૭૨ વર્ષ સીત્તેર ને બે.

બેટા! તું નિર્વિકલ્પો છો. પ્રભુ! નાટકમાં આમ પાડતા હતા. શુદ્ધોસી, બુદ્ધોસી. પ્રભુ! તું શુદ્ધ ચૈતન્યઘન છે. બુદ્ધોસી–જ્ઞાનસ્વરૂપ છો. એમ કહેતી હતી, લ્યો! નાટકમાં આમ પાડતા હતા. અહીં તો અત્યારે સંપ્રદાયમાં એ વાત રહી નહિ. બહાર કરો, આ કરો, આ કરો, આ કરો.. એ..ઇ..! 'કાંતિભાઈ'! શેઠ છે ને ત્યાં? પણ અત્યારે તો મૂકીને આવ્યા છે, બરાબર ધામા નાખ્યા છે.

મુમુક્ષુ :– સાંભળવા ક્યાં મળે છે?

ઉત્તર :- બાપા! શું કહીએ? ભાઈ! અરે..! બીજે નથી એમ કહેવું લાજ આવે એવું છે. આહાહા..! માર્ગ તો આ છે.

કહે છે કે, પ્રભુ! તેં તારી ચીજને જાણી હોય અને તારી ચીજ આનંદનો તને અનુભવ થયો, તને સમ્યગ્દર્શન થયું અને સમ્યગ્દર્શનની સાથે તેનું જ્ઞાન પણ થયું તો પ્રભુ! હવે તું જ્ઞાનમાં રહેજે, હોં! ન્યાંથી નીકળીને રાગની રચનામાં જાઈશ નહિ. રાગ આવશે, પણ રાગની મીઠાશની રચનામાં જઈશ નહિ. આહાહા..! 'ચેતનજી'! આવી વાતું છે. આહા..!

તે દિ' તો બાર આનાની ટિકિટ લીધી હતી અને બાર આનાની ચોપડી (લીધી હતી). પહેલેથી મારી ટેવ કે, ભઈ! તમે શું કહો છો એ સમજ્યા વિના અમારે સંભળાય નહિ નાટકમાં તો તમારી બાર આનાની ચોપડી લાવો. તમે શું બોલો છો, (ઇ ખબર પડે). (સંવત) ૧૯૬૪ની વાત છે. ૭૨ વર્ષ પહેલા. (અત્યારે) ૯૦ થયા. અઢાર વર્ષની ઉંમર. એમાં એમ બોલે, બેટા! ભગવાનઆત્મા! તું તો શુદ્ધ છો ને, નાથ! બુદ્ધોસી! તું જ્ઞાનનો પિંડ છો, રાગ તારી ચીજ નહિ. આહાહા..! એલા! અન્યમતિના નાટકમાં આવું પાડતા. અહીં તો સંપ્રદાયમાં એને કહેવા જાય કે, તું શુદ્ધ, બુદ્ધ છો. રાગ તારો નહિ. (તો કહે), અરે..! એ તો એકાંત થઈ ગયું.

મુમુક્ષુ :- એ બ્રાહ્મણનું છે.

ઉત્તર :- સાચી વાત. આહાહા..! એ વખતે બાઈ બોલતી હતી. અરે..! ભાઈ! આત્મા તો ભગવાન જ છે, પણ ભાન કરે તો.

('સમયસાર') ૭૨ ગાથામાં આવ્યું, ભગવાનઆત્મા! એમ આચાર્યે કહ્યું છે. 'કુંદકુંદાચાર્ય' અને 'અમૃતચંદ્રાચાર્ય'. આ 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય'. ભગવાનઆત્મા! પુણ્ય અને પાપ અશુચિ છે. પુણ્ય અને પાપના ભાવ મેલ છે. પ્રભુ! તું તો જ્ઞાનનો સાગર છો ને! નિર્મળ જ્ઞાન. આહાહા..! એમ ભેદ બતાવ્યો. વખત થઈ ગયો. આહા..! અહીં તો એ કહેવું છે કે, જ્ઞાનમાં રહે. જો તને આત્માનું ભાન થયું છે તો જે ચીજ છે તેમાં દૃષ્ટિ રાખ. રાગની રચનામાં નહિ જા. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોતાની પાછળ વિકરાળ વાઘ ઝપટું મારતો દોડતો આવતો હોય તો પોતે કેવી દોટ મૂકે! એ વિસામો ખાવા ઊભો રહેતો હશે? એમ આ કાળ ઝપટું મારતો ચાલ્યો આવે છે અને અંદર કામ કરવાના ઘણા છે એમ એને લાગવું જોઈએ.**

આત્મધર્મ અંક-૫, જાન્યુઆરી-૨૦૦૮

# ગાથા–૨૨૪ થી ૨૨૭

पुरिसो जह को वि इहं वित्तिणिमित्तं तु सेवदे रायं।
तो सो वि देदि राया विविहे भोगे सुहुप्पाए।।२२४।।
एमेव जीवपुरिसो कम्मरयं सेवदे सुहणिमित्तं।
तो सो वि देदि कम्मो विविहे भोगे सुहुप्पाए।।२२५।।
जह पुण सो च्चिय पुरिसो वित्तिणिमित्तं ण सेवदे रायं।
तो सो ण देदि राया विविहे भोगे सुहुप्पाए।।२२६।।
एमेव सम्मदिट्ठी विसयत्थं सेवदे ण कम्मरयं।
तो सो ण देदि कम्मो विविहे भोगे सुहुप्पाए।।२२७।।
पुरुषो यथा कोऽपीह वृत्तिनिमित्तं तु सेवते राजानम्।
तत्सोऽपि ददाति राजा विविधान् भोगान् सुखोत्पादकान्।।२२४।।
एवमेव जीवपुरुषः कर्मरजः सेवते सुखनिमित्तम्।
तत्तदपि ददाति कर्म विविधान् भोगान् सुखोत्पादकान्।।२२५।।
यथा पुनः स एव पुरुषो वृत्तिनिमित्तं न सेवते राजानम्।
तत्सोऽपि न ददाति राजा विविधान् भोगान् सुखोत्पादकान्।२२६।।
एवमेव सम्यग्दृष्टिः विषयार्थं सेवते न कर्मरजः।
तत्तन्न ददाति कर्म विविधान् भोगान् सुखोत्पादकान्।।२२७।।

यथा कश्चित्पुरुषो फलार्थं राजानं सेवते ततः स राजा तस्य फलं ददाति, तथा जीवः फलार्थं कर्म सेवते ततस्तत्कर्म तस्य फलं ददाति। यथा च स एव पुरुष फलार्थं राजानं न सेवते ततः स राजा तस्य फलं न ददाति, तथा सम्यग्दृष्टिः फलार्थं कर्म न सेवते ततस्तत्कर्म तस्य फलं न ददातीति तात्पर्यम्।

હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે :-

જ્યમ જગતમાં કો પુરુષ વૃત્તિનિમિત્ત સેવે ભૂપને,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગ આપે પુરુષને; ૨૨૪.
ત્યમ જીવપુરુષ પણ કર્મરજનું સુખઅરથ સેવન કરે,
તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગ આપે જીવને. ૨૨૫.
વળી તે જ નર જ્યમ વૃત્તિ અર્થે ભૂપને સેવે નહીં,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગને આપે નહીં; ૨૨૬.
સુદૃષ્ટિને ત્યમ વિષય અર્થે કર્મરજસેવન નથી,
તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગને દેતાં નથી. ૨૨૭.

ગાથાર્થ :- [ यथा ] જેમ [ इह ] આ જગતમાં [ कः अपि पुरुषः ] કોઈ પુરુષ [ वृत्तिनिमित्तं तु ] આજીવિકા અર્થે [ राजानम् ] રાજાને [ सेवते ] સેવે છે [ तद् ] તો [ सः राजा अपि ] તે રાજા પણ તેને [ सुखोत्पादकान् ] સુખ ઉત્પન્ન કરનારા [ विविधान् ] અનેક પ્રકારના [ भोगान् ] ભોગો [ ददाति ] આપે છે, [ एवम् एव ] તેવી જ રીતે [ जीवपुरुषः ] જીવપુરુષ [ सुखनिमित्तम् ] સુખ અર્થે [ कर्मरजः ] કર્મરજને [ सेवते ] સેવે છે [ तद् ] તો [ तत् कर्म अपि ] તે કર્મ પણ તેને [ सुखोत्पादकान् ] સુખ ઉત્પન્ન કરનારા [ विविधान् ] અનેક પ્રકારના [ भोगान् ] ભોગો [ ददाति ] આપે છે.

[ पुनः ] વળી [ यथा ] જેમ [ सः एव पुरुषः ] તે જ પુરુષ [ वृत्तिनिमित्तं ] આજીવિકા અર્થે [ राजानम् ] રાજાને [ न सेवते ] નથી સેવતો [ तद् ] તો [ सः राजा अपि ] તે રાજા પણ તેને [ सुखोत्पादकान् ] સુખ ઉત્પન્ન કરનારા [ विविधान् ] અનેક પ્રકારના [ भोगान् ] ભોગો [ न ददाति ] નથી આપતો, [ एवम् एव ] તેવી જ રીતે [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ विषयार्थं ] વિષય અર્થે [ कर्मरजः ] કર્મરજને [ न सेवते ] નથી સેવતો [ तद् ] તો (અર્થાત્ તેથી) [ तत् कर्म ] તે કર્મ પણ તેને [ सुखोत्पादकान् ] સુખ ઉત્પન્ન કરનારા [ विविधान् ] અનેક પ્રકારના [ भोगान् ] ભોગો [ न ददाति ] નથી આપતું.

ટીકા :- જેમ કોઈ પુરુષ ફળ અર્થે રાજાને સેવે છે તો તે રાજા તેને ફળ આપે છે, તેમ જીવ ફળ અર્થે કર્મને સેવે છે તો તે કર્મ તેને ફળ આપે છે. વળી જેમ તે જ પુરુષ ફળ અર્થે રાજાને નથી સેવતો તો તે રાજા તેને ફળ નથી આપતો, તેમ સમ્યગ્દૃષ્ટિ ફળ અર્થે કર્મને નથી સેવતો તો (અર્થાત્ તેથી) તે કર્મ તેને ફળ નથી આપતું. એમ તાત્પર્ય (અર્થાત્ કહેવાનો આશય) છે.

ભાવાર્થ :- અહીં એક આશય તો આ પ્રમાણે છે :- અજ્ઞાની વિષયસુખ અર્થે અર્થાત્

**રંજિત પરિણામ અર્થે ઉદયાગત કર્મને સેવે છે તેથી તે કર્મ તેને (વર્તમાનમાં) રંજિત પરિણામ આપે છે. જ્ઞાની વિષયસુખ અર્થે અર્થાત્ રંજિત પરિણામ અર્થે ઉદયાગત કર્મને સેવતો નથી તેથી તે કર્મ તેને રંજિત પરિણામ ઉત્પન્ન કરતું નથી.**

**બીજો આશય આ પ્રમાણે છે :- અજ્ઞાની સુખ (-રાગાદિપરિણામ) ઉત્પન્ન કરનારા આગામી ભોગોની અભિલાષાથી વ્રત, તપ વગેરે શુભ કર્મ કરે છે તેથી તે કર્મ તેને રાગાદિ પરિણામ ઉત્પન્ન કરનારા આગામી ભોગો આપે છે. જ્ઞાનીની બાબતમાં આથી વિપરીત સમજવું.**

**આ રીતે અજ્ઞાની ફળની વાંછાથી કર્મ કરે છે તેથી તે ફળને પામે છે અને જ્ઞાની ફળની વાંછા વિના કર્મ કરે છે તેથી તે ફળને પામતો નથી.**

---

## પ્રવચન નં. ૩૦૦ ગાથા–૨૨૪ થી ૨૨૭, શ્લોક–૧૫૩, રવિવાર, ભાદરવા સુદ ૧૧, તા. ૦૨-૦૯-૧૯૭૯

---

દસલક્ષણી પર્વનો સાતમો દિવસ છે ને? તપ.. તપ. તપ કોને કહેવું? સમ્યગ્જ્ઞાનરૂપી નેત્રના ધારણ કરનાર.. આહાહા..! જે આત્મા જ્ઞાતૃતત્ત્વ છે તેને જેણે જાણ્યું છે, એ જાણનાર સમ્યગ્દર્શન છે એમ કહે છે. આત્મા જ્ઞાતૃતત્ત્વ છે. કાલે બપોરે આવ્યું હતું ને કે, શબ્દો અને શબ્દોમાં કહેલો અર્થ, એ શબ્દને પણ જ્ઞાનાકારથી જ્ઞેયાકારને જાણે છે અને આખા વિશ્વને જ્ઞાનાકારપણે જાણે છે એવું જે જ્ઞાતૃતત્ત્વ. ત્યાં તો એક પદ કહ્યું હતું ને? ભાઈ! શબ્દને, આખા શબ્દબ્રહ્મને, શબ્દ–સત્. આખું વિશ્વ, પદાર્થ બેયને જાણનારું પદ એટલે અધિષ્ઠાતા આત્મા. આહાહા..! સમજાય છે કાંઈ?

એવું જે આત્મતત્ત્વ સમ્યગ્જ્ઞાનરૂપી નેત્રને ધારણ કરનાર. એને સમ્યગ્જ્ઞાનથી જેણે જાણ્યું છે. ઝીણી વાત છે, ભાઈ! આહા..! જે આ શબ્દ સત્ (છે), સત્ એ છ દ્રવ્યને બતાવનાર શબ્દ છે અને સત્ એવું વિશ્વ–આખી દુનિયા, એ બેયનું જે જ્ઞાનની પર્યાયમાં જ્ઞાતૃતત્ત્વ બેયની જાતને જાણવાવાળું થયું છે, આહાહા..! એવું જે શબ્દ અને અર્થ આખી દુનિયા, વિશ્વ, લોકાલોક એને જાણવાના પર્યાયપણે પરિણમે છે એવું જે અધિષ્ઠાન એટલે આત્મા. એનું જેને સમ્યગ્જ્ઞાનરૂપી નેત્રથી સમ્યગ્જ્ઞાન થયું છે. આહા..! હજી તપસ્યા પહેલી કોને કહેવી? હજી આ (તત્ત્વનું) ભાન ન મળે અને તપસ્યા (કરે) એ તપસ્યા નથી, એમ કહે છે. આહાહા..!

સમ્યગ્જ્ઞાનરૂપી નેત્રને ધારણ કરનાર કર્મરૂપી મેલ દૂર કરવા માટે તપસ્યા તપાવવામાં આવે છે. આહાહા..! જેણે આ આત્મા જ્ઞાયકતત્ત્વ આખું જગત ને શબ્દને જાણનારું, એવા તત્ત્વનો જેણે નિર્ણય કર્યો છે અને પછી કર્મમળને ટાળવા માટે એ સ્વરૂપમાં તન્મય થઈને રમે છે, તેને તપ કહેવામાં આવે છે. આરે..! આવી વાત છે. તપાવવામાં આવે છે એટલે

પછી અંદર આનંદમાં રહેતાં કર્મના રજકણો અને અશુદ્ધતા ટળી જાય છે. આહાહા..! તે બાહ્ય અને અભ્યંતરના ભેદથી બે પ્રકારનું તપ છે. અનશનાદિ ભેદથી બાર પ્રકારનું છે, અભ્યંતર અને બાહ્યથી બે પ્રકારનું છે અને બાહ્ય અભ્યંતરના ભેદથી બાર પ્રકારનું છે. એ તપ જન્મરૂપી સમુદ્ર પાર કરવાને માટે જહાજ સમાન છે. આહાહા..!

જ્ઞાતૃતત્ત્વ જે જ્ઞાયક સ્વરૂપ ભગવાન, સ્વપરને જાણનારું અને શબ્દને પણ જાણનારું એવું જે જ્ઞાયકતત્ત્વ જેણે સમ્યગ્જ્ઞાન નેત્ર દ્વારા જેનો નિર્ણય કર્યો છે, આહા..! એ પછી એમાં લીનતા કરે છે, તપે છે, સૂર્ય જેમ પ્રકાશથી શોભે છે એમ પોતાનો પ્રકાશ, જ્ઞાનના પ્રકાશની ઉગ્રતાના પ્રતાપથી કર્મ બળી જાય છે. એને અહીં તપ કહેવામાં આવે છે. આ ઉત્તમતપ, હોં! દસ ઉત્તમ (ધર્મ) છે ને? એટલે ઉત્તમતપમાં પહેલું સમ્યગ્જ્ઞાન અને દર્શન હોવું જોઈએ. એ વિના તપ એ તપ છે નહિ. આહાહા..!

બીજો. આમાં જરી લાંબી વાત છે. જે ક્રોધાદિ કષાયો ને પંચેન્દ્રિય વિષયોરૂપ ઉદ્ધત અનેક ચોરોનો સમુદાય ઘણી મુશ્કેલીથી જીતી શકાય છે. તે તપરૂપી સુભટ દ્વારા, આહાહા..! એ ભગવાન આનંદ અને જ્ઞાયક સ્વરૂપમાં લીનતા દ્વારા, અંતરના આનંદમાં રમવા દ્વારા, બળપૂર્વક માર ખાઈને નાશ પામે છે (અર્થાત્) રાગાદિ મરી જાય છે. આહાહા..! જીવતી જ્યોતને જ્યાં જાગૃતપણે ઉગ્ર કરે છે ત્યાં રાગ અને કર્મ તે મરી જાય છે, બાળી નાખે છે. આહાહા..! આને તપ કહેવાય. આ તો નથી જ્યાં સમ્યગ્દર્શન, જ્ઞાન ને ભાન અને અપવાસ કર્યા ને આ કર્યા, તપસ્યા (કરી), એ તપસ્યા તે નિર્જરા (એમ માને). ધૂળેય નથી નિર્જરા. આ 'નિર્જરા અધિકાર' છે ને? બપોરે ચાલે છે એમાં આ જ અધિકાર આવશે. આહા..!

માર ખાઈને નાશ પામે છે. આહાહા..! એટલે? ભગવાન જ્ઞાનસ્વરૂપી ભગવાન, એમાં લીનતા કરવાથી રાગ અને કર્મ માર ખાઈને, મરી જઈને નાશ પામે છે. આહા..! જીવતી જ્યોત જાગૃત કરતા.. આહાહા..! ચૈતન્યના પ્રકાશને જાગૃત, ઉગ્ર કરતા એ રાગ અને કર્મ તપીને બળી જાય છે, મરી જાય છે, કહે છે. આહાહા..! એને તપ કહેવામાં આવે છે. અત્યારે તો તપની વ્યાખ્યા આઠ, દસ અપવાસ કરે દસલક્ષણના ને થઈ ગયું તપ. ધૂળેય નથી. આહા..! એમાં (કષાય મંદ) હોય તો કદાચિત્ પાપાનુબંધી પુણ્ય બંધાય. પાપાનુબંધી પુણ્ય. આહાહા..! આ (ઉપર કહેલા) તપને ભગવાન તપ કહે છે. આહા..!

ધર્મરૂપી લક્ષ્મીથી સંયુક્ત સાધુ મોક્ષનગરીના માર્ગે સર્વ પ્રકારના વિઘ્ન, બાધાઓથી રહિત થઈને, આહાહા..! અંતરની આનંદની રમણતામાં બાધા, પીડા રહિત થઈને અંદરથી મોક્ષની નગરીમાં ચાલ્યો જાય છે. પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિને રસ્તે ચાલ્યો જાય છે. આહાહા..! આવું સ્વરૂપ છે. લોકમાં મિથ્યાત્વાદિ નિમિત્તે તીવ્ર દુઃખ પ્રાપ્ત થવાનું હતું તેની અપેક્ષાએ તપથી ઉત્પન્ન થતું દુઃખ અલ્પ છે. દુઃખ એટલે દુઃખ તો નથી પણ એમ કે બહારમાં જે દુઃખો સહન કરવા એ કરતાં અંતરમાં રમતા જરી પ્રતિકૂળતા અને સહન કરવું એ અલ્પ

છે. જેટલું સમુદ્રજળની અપેક્ષાએ તેનું એક ટીપું હોય છે. એમ આત્માના ધ્યાનથી કંઈ સહન કરવું પડે એ અલ્પ છે અને અજ્ઞાનમાં જે સહન કરવું પડે એ સમુદ્રના મોટા જળ જેવું છે. આહા..!

કઠિનાઈથી મનુષ્યપર્યાય પ્રાપ્ત થવા છતાં પણ જો તું આ વખતે તપથી ભ્રષ્ટ થશે.. આહાહા..! તો પછી તને કેટલી હાની થશે, એ જાણે છે? તે અવસ્થામાં તારું સર્વસ્વ નષ્ટ થઈ જશે. આહાહા..! ભગવાન જીવતી જ્યોત જ્ઞાતૃતત્ત્વ, તેમાં રમણતાની તપસ્યા જો ન કરી.. આહા..! તો ભ્રષ્ટ થઈને પ્રભુ! ક્યાં જઈશ તું? આહાહા..! તારો અવતાર ક્યાં થશે? એ તપની વ્યાખ્યા કરી.

અહીંયાં આપણે ૨૨૪ ગાથા. ઇ છે ને?

**पुरिसो जह को वि इहं वित्तिणिमित्तं तु सेवदे रायं।**
**तो सो वि देदि राया विविहे भोगे सुहुप्पाए।।२२४।।**
**एमेव जीवपुरिसो कम्मरयं सेवदे सुहणिमित्तं।**
**तो सो वि देदि कम्मो विविहे भोगे सुहुप्पाए।।२२५।।**
**जह पुण सो च्चिय पुरिसो वित्तिणिमित्तं ण सेवदे रायं।**
**तो सो ण देदि राया विविहे भोगे सुहुप्पाए।।२२६।।**
**एमेव सम्मदिट्ठी विसयत्थं सेवदे ण कम्मरयं।**
**तो सो ण देदि कम्मो विविहे भोगे सुहुप्पाए।।२२७।।**

**જ્યમ જગતમાં કો પુરુષ વૃત્તિનિમિત્ત સેવે ભૂપને,**
**તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગ આપે પુરુષને; ૨૨૪.**
**ત્યમ જીવપુરુષ પણ કર્મરજનું સુખઅરથ સેવન કરે,**
**તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગ આપે જીવને. ૨૨૫.**
**વળી તે જ નર જ્યમ વૃત્તિ અર્થે ભૂપને સેવે નહીં,**
**તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગને આપે નહીં; ૨૨૬.**
**સુદૃષ્ટિને ત્યમ વિષય અર્થે કર્મરજસેવન નથી,**
**તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગને દેતાં નથી. ૨૨૭.**

આહાહા..! **ટીકા :– 'જેમ કોઈ પુરુષ ફળ અર્થે રાજાને...'** રાજાના માખણિયા હોય છે ને? અનુકૂળ બોલનારા. એ રાજાને હેતુથી સેવે છે, કાંઈક મળે. માખણ ચોપડે છે કે, બહુ તમે આવા છો ને તમે આવા છો ને તમે આવા છો. આહાહા..! **'જેમ કોઈ પુરુષ ફળ અર્થે...'** હું આની સેવા કરીશ તો મને કંઈક દેશે, જમીન આપશે, પૈસા આપશે. આહા..!

(તેમ જીવ) **'ફળ અર્થે કર્મને સેવે છે...'** **'રાજા તેને ફળ આપે છે, તેમ જીવ ફળ અર્થે કર્મને સેવે છે...'** રાગનો ભોગવટો પણ રાગમાં સુખ માનીને ભોગવે છે. આહા..! રાગમાં સુખપણાને માનીને રાગને સેવે છે. આહાહા..! **'તો તે કર્મ તેને ફળ આપે છે.'** એને વિકાર બંધન થાય છે. આહાહા..! અને સંયોગો એને મળશે, સ્વભાવ નહિ મળે. આહાહા..!

**'વળી જેમ તે જ પુરુષ ફળ અર્થે રાજાને નથી સેવતો તો તે રાજા તેને ફળ નથી આપતો,...'** આહાહા..! **'તેમ સમ્યગ્દૃષ્ટિ ફળ અર્થે કર્મને નથી સેવતો...'** આહાહા..! રાગમાં સુખબુદ્ધિ છે તેમ રાગને સેવતો નથી. આહાહા..! ભોગમાં સુખ છે, એવી બુદ્ધિથી ભોગને ભોગવતો નથી. આહાહા..! તે પુરુષને **'તે કર્મ તેને ફળ નથી આપતું.'** તેને રાગબંધન થતું નથી. આહા..! એને નિર્જરા થઈ જાય છે. એને કર્મ ફળ આપતું નથી. આહાહા..!

'જામનગર'માં એક પારસી દિવાન હતો ને? મહેરબાનજી કરીને. 'જામનગર'માં (સંવત) ૧૯૯૧માં અમે 'જામનગર'માં ગયા હતા ને? મહેરબાનજી દિવાન સાંભળવા આવતા. આ 'સમયસાર' વંચાતું હતું. ૧૦૦મી ગાથા. ૧૯૯૧ની માગશર મહિનાની વાત છે. પછી કોઈએ વાત કરી હતી કે, એને હજારનો પગાર હતો. તે દિ', હોં! દરબારે એને પૂછ્યા વિના સો (રૂપિયા) વધારી દીધા. એને ખબર પડી કે, જુઓ તો આ પૈસા વધારે કોણે આપ્યા? કોણે નોંધ્યા? રાજાએ કહ્યું છે. રાજાને કહ્યું કે, શું કરવા વધારે આપ્યા? મારો પગાર હજાર છે ને બારસો શું કરવા તમે કર્યો? તમારા કામ આવે તો હું અનુકૂળ કરી દઉં એમ? એ માટે? રાજાના કામ આવે તો હું એને નિર્દોષ રીતે ઠરાવી દઉં, એ માટે આપો છો આ? એ હું નહિ, કાઢી નાખો. પારસી, હોં! એ બસોનો પગાર વધારીને તમારા રાજના કામ આવે ત્યારે એમાં હું છૂટ આપી દઉં, એ મારાથી નહિ બને. મારાથી તો રૈયતનું જે ફળ લઉં છે તે તમારા રાજનું, કોઈનો પક્ષ મારે હોઈ શકે નહિ. તો તમારી નોકરી છે. સમજાણું?

આનું પણ આવ્યું હતું ને કાંઈક? ગોપાળ.. શું કહેવાય ઇ? બરૈયા. આપણે આ 'સિદ્ધાંત પ્રવેશિકા' છપાણી છે ને? 'બરૈયા'ને પણ નોકરી હતી એમાં વધારે પૈસા આપ્યા, લખ્યા. એના નામે મોટો ધંધો કરેલો અને એમાં પેદાશ થઈ ને પેદાશ થઈ તો એને નામે આપી. ચોપડામાં લખ્યું. (તો કહ્યું), કોણે લખ્યું આ? મેં ધંધો કર્યો નથી, મારે નામે ધંધો કોણે કર્યો? કે, રાજાએ કર્યો છે કે બીજો કોઈ ગૃહસ્થ હશે. એને ફળ મળ્યું ઇ તમને આપ્યું છે. બિલકુલ ન્યાય નથી. તો કોઈ વખતે મારે નામે નુકસાન જાય તો મારો ઉપર દાવો કરવો છે? મારી પાસેથી લૂંટવું છે તમારે? આવાય સજ્જન લોકો હોય છે. સમજાણું કાંઈ?

એમ અજ્ઞાની રાગને, ભોગને સેવે છે એ મીઠાશથી સેવે છે. એને વિકારનું બંધન થઈને કર્મ ફળ આપશે. જ્ઞાની રાગને ભોગવે છે એ સુખબુદ્ધિથી નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. અંદર દુઃખની લાગણીથી એને સેવે છે. આહા..! અરે..રે..! મારાથી સહન થતું નથી. ઇ દુઃખને ભોગવે છે. ઇ દુઃખને ભોગવે (છે), તેના ફળને ઇચ્છતો નથી.

આહાહા..! સમ્યગ્દર્શન કોઈ ચીજ એવી છે, પ્રભુ! શું કહીએ? આહાહા..! કે જેને આત્માના અનુભવના સ્વાદ જોયા છે, આહાહા..! એને આ રાગના ભાવમાં તેને આનંદ આવે કે છન્નુ હજાર સ્ત્રી સાથે લગ્ન કરે તો તેમાં તેની મીઠાશ ને સુખબુદ્ધિ છે (એમ નથી). મારો નાથ સુખથી ભરેલો ભંડાર (છે), એ સુખ ત્યાંથી આવે, બહારથી આવે નહિ. આહાહા..! એ છન્નુ હજાર સ્ત્રીના ભોગમાં દેખાય તે ભોગમાં સુખબુદ્ધિ નથી એને, પ્રભુ! આહાહા..! દુઃખબુદ્ધિથી છે એથી એને કર્મ ફળ આવતું નથી. આહાહા..! આવી વાતું છે. જગતથી જાત જુદી બહુ, બાપુ! આહા..! **'કર્મ તેને ફળ આપતું નથી. એમ તાત્પર્ય (અર્થાત્ કહેવાનો આશય) છે.'**

**ભાવાર્થ :– 'અહીં એક આશય તો આ પ્રમાણે છે :– અજ્ઞાની વિષયસુખ અર્થે અર્થાત્...'** રાગના રંગાયેલા **'પરિણામ અર્થે ઉદયાગત કર્મને સેવે છે...'** અજ્ઞાની રાગમાં રંગાઈ જઈને સેવે છે. આહાહા..! વિષય ભોગ, પાંચ ઇન્દ્રિયના વિષયો, એના રાગમાં રંગાઈને ભોગવે છે. આહા..! **'તેથી તે કર્મ તેને (વર્તમાનમાં) રંજિત પરિણામ આપે છે.'** રાગમાં રંગાયેલા પરિણામ એને મળે છે. રાગમાં રંગાયેલા પરિણામ મળે છે. આહાહા..!

**'જ્ઞાની વિષયસુખ અર્થે અર્થાત્...'** રાગના **'રંજિત પરિણામ અર્થે ઉદયાગત કર્મને સેવતો નથી...'** રાગમાં રસ ચડી ગયો છે અને સેવે છે એમ નથી. આહા..! જ્ઞાનીને તો આત્માના આનંદનો રસ છે, એ રસ આગળ રાગનો રસ એને હોતો નથી. (રાગ) આવે, ભોગવે પણ એમાં રસ હોતો નથી. આહાહા..! જુઓ! આ નિર્જરા. અજ્ઞાનીને રાગના રસમાં રંગાયેલા રાગથી ભોગવે છે તેથી મિથ્યાત્વ થઈને નવા કર્મ બાંધે છે. આહાહા..! ધર્મી જીવ પોતાના આનંદના રસને ભૂલીને રાગનો રસ એને થતો નથી. આહા..! જ્ઞાનના આનંદના રસની આગળ રાગનો રસ તેને દુઃખરૂપ લાગે છે. આહાહા..! તેથી તેના ભોગવટામાં કર્મ ખરી જાય છે. આહા..! આવી વાતું છે. બાપુ! વીતરાગ ધર્મ કોઈ બીજી જાત છે. આહાહા..!

આ તો બહારમાં જરી ક્રિયા કરી, દયા ને વ્રત પાળ્યા, તપસ્યાઓ કરી ને દસલક્ષણી પર્વ તપસ્યા કરી, કાંઈક દાન આપ્યા, લાખ, બે લાખ, પાંચ લાખ (આપ્યા), ધૂળેય ત્યાં ધર્મ નથી, સાંભળને! આહાહા..! હમણાં ઘણે ઠેકાણે આવે છે, પાંચ-પાંચ લાખ આપ્યા. ઓલા એક છે ને 'કલકત્તા'? 'મિસરીલાલ ગંગવાલ' પાંચ લાખ આપ્યા. હમણા ભાઈ, 'મણિભાઈ' છે ને આ? 'શાંતાબેન'ના, બેનના નણદોઈ. 'મણિભાઈ' છે ને? 'મુંબઈ'. એણે હમણાં 'મોરબી'માં પાંચ લાખ આપ્યા. 'મોરબી'માં બહુ ભીડ પડી છે ને અત્યારે? લોકો બિચારા ટળવળે છે. મકાન નહિ, સામાન નહિ, કપડા નહિ. આહાહા..! એક જોડ કપડા હતા તે મેલા ઘાણ, કાદવમાં રહેલા. હમણા પાંચ લાખ આપ્યા. લોકો એમ માની બેસે કે, પાંચ લાખ આપ્યા માટે એને ધર્મ થઈ ગયો. રાગ મંદ કર્યો હોય તો પુણ્ય છે, ધર્મ નહિ. પાંચ લાખ શું તારા કરોડ આપ નહિ. આહાહા..! પાંચ, છ કરોડ રૂપિયા છે અને

બધા આપી દે તો શું છે? ધર્મ છે એમાં? આહાહા..! ત્યારે તો આમ કહ્યું છે ને? આપણે આવી ગયું હતું, 'પદ્મનંદિ પંચવિંશતિકા'માં, કે મંદિર બનાવે એ મહા મોટો (માણસ છે). નાનકડું (મંદિર) બનાવે તો મોટો માણસ અને એ જો સ્થાપે તો એ સંઘવી કહેવાય. આવે છે ને? એ તો સમ્યગ્દર્શન સહિતની વાત છે. આહાહા..! આત્માનું ભાન છે તેને આ મોટા મંદિરાદિ બનાવવાનો જરી શુભ ભાવ આવ્યો, તે શુભનો તેને રસ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! અજ્ઞાની વિષયસુખને અર્થે રંગાયેલા રાગથી ભોગને ભોગવે છે. રાગથી રંગાઈ ગયો છે. ચૈતન્યમૂર્તિને એણે ભિન્ન રાખ્યો નથી. જેને રાગના રસ ચડી ગયા છે. એવા અજ્ઞાની વિષયસુખને ભોગવતા નવા બંધનને પામે છે, નવા કર્મને પામે છે. આહાહા..! **'તેથી તે કર્મ તેને (વર્તમાનમાં) રંજિત પરિણામ આપે છે.'** એટલે રંગાયેલા રાગને આપે છે એ. રાગમાં રંગાઈ જશે. આહાહા..! ભગવાન જુદો છે એનું ભાન એને નહિ રહે. આહાહા..!

**'જ્ઞાની વિષયસુખ અર્થે...'** રાગના રંગાયેલા અર્થે **'ઉદયાગત કર્મને સેવતો નથી...'** રાગમાં જેને રંગ નથી, બાપા! આહાહા..! જેનો-ચૈતન્યનો રંગ ચડ્યો છે.. આહા..! 'દામનગર' ચોમાસુ હતું. એક બાવો હતો, બાવો. તે બાવાએ એક બાઈ રાખેલી. એમાં એ બાઈએ પછી એને ન આદરી. પછી આને એવો કષાય ચડી ગયો. બાવો હતો, હોં! જોગી, ત્યાગી. આહા..! આખો કોટ પહેર્યો. એ બાઈનું નામ 'લક્ષ્મી' કે એવું કાંઈક હતું. બાઈનું નામ 'લક્ષ્મી' હતું. આ તો 'દામનગર'ના ચોમાસાની વાત છે, (સંવત) ૧૯૮૩ ની હોય કે ૧૯૭૬ ની હોય. એ રંગ એવો કે, 'લક્ષ્મી.. લક્ષ્મી.. લક્ષ્મી..' એને હેરાન, અનાદર કરવા માટે. એ અપાસરા પાસેથી નીકળ્યો, કોટમાં સ્ત્રીનું નામ (લખ્યું હતું), કો'કને મેં કહ્યું, એલા પણ આ છે કોણ? આ બાવા જેવો છે ને આ સ્ત્રી, સ્ત્રી આખા કપડા ઉપર. તો એણે ન્યાં જઈને કહ્યું, તો કહે, 'ક્ષત્રિય કા રંગ ચડા હૈ, ઉતરતા નહિ હવે.' અમને એ સ્ત્રીનો રંગ ચડ્યો છે એ રંગ ઉતરતો નથી, એમ બોલ્યો. મેં કીધું, આ બાવો છે ને આ શું આ? આખો કોટ પહેર્યો ને એમાં 'લક્ષ્મી.. લક્ષ્મી.. લક્ષ્મી' (લખેલું). મેં કીધું, આ શું કરે છે? 'લક્ષ્મી' બાઈ છે કોઈ? કીધું, પૈસા છે? ત્યારે કહે, એ તો 'લક્ષ્મી' બાઈ એણે રાખેલી, એ બાઈએ એને છોડી દીધો. એટલે આને હવે એટલો કષાય થઈ ગયો છે. એટલે એને જઈને કોઈએ કહ્યું કે, આ મહારાજ કહે છે કે, તમે આ શું કરો છો આ? તો કહે, 'ક્ષત્રિય કા રંગ ચડા હૈ, ઉતરતા નહિ.' પાપનો રંગ. આહાહા..! આ તો બનેલું, હોં! 'દામનગર'માં. ઓલાનો હતો ક્યાંક, શું કહેવાય? મઠ. મઠ કહેવાય શું કહેવાય ઇ? કોઈ મંદિરનો ઓલો હતો. પ્રસિદ્ધ હતો, પછી બાયડી રાખી કો'કની અને એણે છોડી દીધો ને પછી કષાયે ચડી ગયેલો. બસ! આખા ગામમાં ફરે. એને હેરાન કરવા, એનું અપમાન કરવા. શું છે આ? જવાબ એવો

આપ્યો માળાએ, 'ક્ષત્રિય કા રંગ ચડા હૈ, એ રંગ હવે ઉતરતે નહિ.' પાપનો રંગ ચડ્યો છે, એ હવે ઉતરતો નથી.

એમ આ અજ્ઞાનીને ભોગ ને કાળે રાગના રસ ચડ્યા છે એ એને ઉતરતો નથી. આહાહા..! અને જ્ઞાનીને ભોગને કાળે આત્માનો રસ ચડ્યો છે તે ઉતરતો નથી. આહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ છે. અરે..રે...! સાચું તત્ત્વ એને સાંભળવા મળે નહિ અને જિંદગી ચાલી જાય. આહાહા..! પશુ જેવી જિંદગી કહેવાય એ તો. આહાહા..! સત્ય શું છે? પરમાત્મા ત્રિલોકના નાથ, એણે સત્યનું શું સ્વરૂપ કહ્યું છે? અને અસત્યમાં જાય તો શું દશા છે? એનું કથનેય સાંભળવા મળે નહિ એ ક્યારે અંદર સમજે?

અહીં એ કહે છે, **'બીજો આશય આ પ્રમાણે છે :– અજ્ઞાની સુખ (–રાગાદિપરિણામ) ઉત્પન્ન કરનારા આગામી ભોગોની અભિલાષાથી વ્રત, તપ વગેરે શુભ કર્મ કરે...'** આહાહા..! મંદિર બનાવે પણ અંદરમાં આશા ઊંડી કે આનાથી મને કંઈક ફળ મળશે અને એમાંથી ભવિષ્યમાં હું સુખી થઈશ. આહાહા..! બહારના સુખી, આ ધૂળના. આહા..! **'વ્રત, તપ વગેરે શુભ કર્મ...'** શુભ પરિણામ અજ્ઞાની કરે છે એ આગામી ભોગોની અભિલાષાથી (કરે છે). ભવિષ્યમાં મને અનુકૂળ ભોગ મળે, સાધન મળે. આહાહા..! **'તેથી તે કર્મ તેને રાગાદિપરિણામ ઉત્પન્ન કરનારા આગામી ભોગો આપે છે.'** એને ભવિષ્યમાં ભોગ મળશે, સંયોગ મળશે. રખડવાના સંયોગ મળશે. આહાહા..! ઝીણી વાતું બહુ, ભાઈ! આહાહા..!

એક ભોગને ભોગવતા રાગના રસ જેને ચડી ગયા છે, તેને કર્મબંધન થઈને સંયોગો મળશે અને જેને રાગના રસ ઊતરી ગયા છે, આહાહા..! જ્ઞાનના રસ ને આનંદરસ, જેને આત્મરસ ચડ્યો છે એને પરનો રસ ચડતો નથી. એને રાગનો રસ મીઠો લાગતો નથી. આહા..! આવી વાતું છે. બહુ ફેરફાર. અત્યારની સંપ્રદાયની પદ્ધતિ અને આ વીતરાગની પદ્ધતિ, આખો મોટો ફેર છે. હેં? વિપરીત છે. આહાહા..!

**'જ્ઞાનીની બાબતમાં આથી વિપરીત સમજવું.'** જ્ઞાનીને ભોગના રાગનો રસ છે નહિ. માટે તેને કર્મ ઉત્પન્ન થતા નથી. **'એ રીતે અજ્ઞાની ફળની વાંછાથી કર્મ કરે છે...'** ઊંડે ઊંડે એને રાગનો રસ છે તેથી રાગનું ફળ એને સંસાર મળશે. રખડવાના ભવ (મળશે). આહાહા..! **'તેથી તે ફળને પામે છે...'** રખડવાનું. આહા..! **'જ્ઞાની ફળની વાંછા વિના...'** રાગને કરે છે અથવા રાગને ભોગવે છે **'તેથી તે ફળને પામતો નથી.'** આહાહા..!

**કોઈને ફાંસીનો ઓર્ડર થયો હોય અને ફાંસી આપવાની રૂમમાં લઈ જાય અને પછી કેવો ધ્રુજવા માંડે! તેમ સંસારના દુઃખથી જેને ત્રાસ ત્રાસ થઈ ગયો હોય એને માટે આ વાત છે.** આત્મધર્મ અંક–૫, જાન્યુઆરી–૨૦૦૮

## શ્લોક-૧૫૩

(शार्दूलविक्रीडित)

त्यक्तं येन फलं स कर्म कुरुते नेति प्रतीमो वयं
किंत्वस्यापि कुतोऽपि किञ्चिदपि तत्कर्मावशेनापतेत्।
तस्मिन्नापतिते त्वकम्पपरमज्ञानस्वभावे स्थितो
ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः।।१५३।।

હવે, 'જેને ફળની વાંછા નથી તે કર્મ શા માટે કરે ?' એવી આશંકા દૂર કરવાને કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ येन फलं त्यक्तं सः कर्म कुरुते इति वयं न प्रतीमः ] જેણે કર્મનું ફળ છોડયું છે તે કર્મ કરે એમ તો અમે પ્રતીતિ કરી શકતા નથી. [ किन्तु ] પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે - [ अस्य अपि कुतः अपि किंचित् अपि तत् कर्म अवशेन आपतेत् ] તેને (જ્ઞાનીને) પણ કોઈ કારણે કાંઈક એવું કર્મ અવશપણે (-તેના વશ વિના) આવી પડે છે. [ तस्मिन् आपतिते तु ] તે આવી પડતાં પણ, [ अकम्प-परम-ज्ञानस्वभावे स्थितः ज्ञानी ] જે અકંપ પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત છે એવો જ્ઞાની [ कर्म ] કર્મ [ किं कुरुते अथ किं न कुरुते ] કરે છે કે નથી કરતો [ इति कः जानाति ] તે કોણ જાણે?

ભાવાર્થ :- જ્ઞાનીને પરવશે કર્મ આવી પડે છે તોપણ જ્ઞાની જ્ઞાનથી ચલાયમાન થતો નથી. માટે જ્ઞાનથી અચલાયમાન તે જ્ઞાની કર્મ કરે છે કે નથી કરતો તે કોણ જાણે? જ્ઞાનીની વાત જ્ઞાની જ જાણે. જ્ઞાનીના પરિણામ જાણવાનું સામર્થ્ય અજ્ઞાનીનું નથી.

અવિરત સમ્યગ્દષ્ટિથી માંડીને ઉપરના બધાય જ્ઞાની જ સમજવા. તેમાં, અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરત સમ્યગ્દષ્ટિ અને આહારવિહાર કરતા મુનિઓને બાહ્યક્રિયાકર્મ પ્રવર્તે છે, તોપણ જ્ઞાનસ્વભાવથી અચલિત હોવાને લીધે નિશ્ચયથી તેઓ બાહ્યક્રિયાકર્મના કર્તા નથી, જ્ઞાનના જ કર્તા છે. અંતરંગ મિથ્યાત્વના અભાવથી તથા યથાસંભવ કષાયના અભાવથી તેમના પરિણામ ઉજ્જવળ છે. તે ઉજ્જવળતાને તેઓ જ (-જ્ઞાનીઓ જ-) જાણે છે, મિથ્યાદૃષ્ટિઓ તે ઉજ્જવળતાને જાણતા નથી. મિથ્યાદૃષ્ટિ તો બહિરાત્મા છે, બહારથી જ ભલું બૂરું માને છે; અંતરાત્માની ગતિ બહિરાત્મા શું જાણે ? ૧૫૩.

## શ્લોક-૧૫૩ ઉપર પ્રવચન

**'હવે, 'જેને ફળની વાંછી નથી તે કર્મ શા માટે કરે?' એવી આશંકા દૂર કરવાને કાવ્ય કહે છે :–'** ફળ નથી (જોઈતું) તો ભોગવે (છે) શું કરવા? સાંભળ, ભાઈ!

(शादूर्लविक्रीडित)

**त्यक्तं येन फलं स कर्म कुरुते नेति प्रतीमो वयं**
**किंत्वस्यापि कुतोऽपि किञ्चिदपि तत्कर्मावशेनापतेत्।**
**तस्मिन्नापतिते त्वकम्पपरमज्ञानस्वभावे स्थितो**
**ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः।।१५३।।**

આહાહા..! **[येन फलं त्यक्तं सः कर्म कुरुते इति वयं न प्रतीमः] 'જેણે કર્મનું ફળ છોડયું છે...'** આહાહા..! રાગના ફળનું રંગિતપણું અને એના ફળનું મળવું સંયોગ, (એ) છોડી દીધું છે, આહાહા..! અને જેને આત્માના રંગના રસ ચડ્યા છે. આહાહા..! રાગથી ભિન્ન કરીને જેને ભેદજ્ઞાન થયા છે, આહાહા..! એ ભેદજ્ઞાની જીવ.. આહાહા..! (તેણે) કર્મફળ છોડ્યું છે. એ રાગથી ભિન્ન પડ્યો છે તેથી રાગનું ફળ મળે અને રાગ મારો છે એવી દૃષ્ટિ એને છૂટી ગઈ છે. ભારે વાતું. 'કાંતિભાઈ'! ન્યાં તમારે ત્યાં બધું ચાલે છે, અપવાસ કરો ને આ કરો. ભારે કામ કર્યું, હોં! તમે બહુ સારું કર્યું. આહાહા..! અહીં મૂકીને આવ્યા છે, મહિના, સવા મહિનાથી પડ્યા છે. સવા મહિનો થયો? કેટલા થયા? મહિનો, સવા મહિનો થયો? મહિનો. સારું કર્યું. ત્યાં પ્રમુખ છે. બાપુ! માર્ગ આ છે, ભાઈ! આહા..! એ સંપ્રદાયમાં તો એની વાતું ન મળે, ભાઈ! આહા..!

કહે છે, જેણે રાગના ફળ ને રાગમાં સુખબુદ્ધિને ઊડાડી દીધી છે. આહા..! જેણે આત્માના જ્ઞાનના સુખબુદ્ધિમાં રસ ચડી ગયા છે, આહા..! (તેણે) **'કર્મનું ફળ છોડ્યું છે તે કર્મ કરે...'** છે, એ રાગ કરે છે અને રાગ ભોગવે છે **'એમ તો અમે પ્રતીતિ કરી શકતા નથી.'** આહાહા..! અમને તો એ વાત બેસતી નથી, કહે છે. મુનિની વાત કહે છે. આહાહા..! શું કહ્યું ઇ? કે, જેને દયા, દાન, વ્રતાદિના પરિણામનો રસ છૂટી ગયો છે, એનું ફળ મને સુખ છે કે આને ભોગવું છું માટે મને સુખ મળશે, એ દૃષ્ટિ જેની છૂટી ગઈ છે, આહાહા..! અને જેને ભગવાન જ્ઞાતૃતત્ત્વ, એનો જેને રસ ચડ્યો છે તે કર્મ કરે છે ને ભોગવે છે કે નહિ, કોણ જાણે? અમે તો માનતા નથી, કહે છે. આહાહા..!

શ્વેતાંબરમાં એક આવે છે, 'અયવંતોકુમાર'ની વાત. 'અયવંતોકુમાર' 'ભગવતી'માં આવે છે. છે કલ્પિત વાત, પણ એ નાની ઉંમરમાં સાધુ થયો. બાળક હતો, રાજકુમાર. બાળક

નાનો, નાની ઉંમર. અને પાત્ર કહે ને? શ્વેતાંબર તો માને ને? મુનિને પાત્રા-બાત્રા હોય નહિ, પણ એ લોકો પાત્ર લઈને એના ગુરુ સાથે બહાર દિશાએ ગયા. બહાર ગયા ત્યાં વરસાદ આવ્યો. વરસાદ આવ્યો તો એટલું બધું પાણી ચાલે. એમાં સાધુ બાળક ખરો ને, એટલે જરી ધૂળની પાળ બાંધી અને પાણી ભેગું કર્યું અને પાત્ર એમાં મૂક્યું. આવું આવે છે, 'ભગવતી સૂત્ર'માં આવે છે. છે ને, બધું વાંચ્યું છે ને. 'ભગવતી સૂત્ર' સોળ હજાર શ્લોક અને સવા લાખ ટીકા, સત્તર વાર વાંચ્યું છે. આહાહા..! પછી ત્યાં બોલે છે, 'નાવ તરે રે મોરી નાવ તરે, મુનિવર જળ શું ખેલ કરે, એ મોહકર્મના એ ચાળા' આહા..! 'મુનિવર નાનડિયા એ બાળા'. બાળક મુનિ છે એ નાવમાં આમ કરે છે, 'મારી નાવ તરે છે, એ મોહના ચાળા' પણ મુનિને એ હોય જ નહિ. મુનિને પાત્ર જ હોય નહિ. પાત્ર રાખે એ મુનિ નહિ. આહાહા..!

આવી વાત એમાં 'ભગવતી'માં કલ્પિત વાતું બધી, શ્વેતાંબર સાધુએ દિગંબરમાંથી નીકળીને આવા કલ્પિત શાસ્ત્રો બનાવ્યા. પ્રભુ... પ્રભુ! લોકોને દુઃખ લાગે એવું છે, હોં! હેં? કારણ કે અહીં તો બધું જોયું છે ને. ૪૫ વર્ષ તો શ્વેતાંબરમાં રહ્યા. કરોડો શ્લોકો, કરોડો શ્લોકો! આખો ધંધો જ (ઇ કર્યો છે). દુકાન ઉપર હતો તોય હું તો વાંચતો. અમારે 'શીવલાલભાઈ' હતા ઇ બેસે. હું તો ઇ જ્યારે થડે બેસે (ત્યારે) હું તો અંદર શાસ્ત્ર વાંચું. ૧૮-૧૯ વર્ષની ઉંમરથી, હોં! આ શ્વેતાંબરના શાસ્ત્રો છે ને? 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન', 'આચારંગ' એ બધા દુકાન ઉપર વાંચેલા. ૭૦ વર્ષ પહેલા. આ વાત એમાં નહિ, બાપુ! આહાહા..! એમાં આવી વાત નાખી. સાધુ થઈને પાણીમાં પાત્રી નાખે અને આ મોહકર્મના ચાળા (કહે).

મુમુક્ષુ :– પાત્રાને સિદ્ધ કરવું છે.

ઉત્તર :– પાત્રાને સિદ્ધ કરવું છે અને પાછું એ સાધુ જોવે છે એટલે સાધુ એકદમ ભગવાન પાસે જાય છે, 'મહારાજ! આ..' 'અરે..! તમે એની ઓલી ન કરશો, એ આ ભવમાં મોક્ષ જનાર છે.' આવી વાત. આવો પાઠ છે, 'ભગવતી'માં છે. સાધુને એમ થયું કે, આ પાણીને આમ કરે છે ને આપણે હવે એને અડાય નહિ. (માટે એને) છોડીને ભગવાન પાસે ગયા, ભગવાનને કહે, 'આ રાજકુમાર..' (ભગવાન કહે છે), 'એ તમે એની ગ્લાનિ ન કરો. એ તો આ ભવમાં મોક્ષ જનાર છે.' પણ આવી ક્રિયા કરે છે ને!

મુમુક્ષુ :– મોક્ષ જનાર હોય પછી ક્રિયા આવી થઈ જાય ને?

ઉત્તર :– પણ મોક્ષ જનાર એટલે એની આવી ક્રિયા ક્યાં હતી? એ તો એકલી પાપની ક્રિયા. સાધુ કે દિ' રહ્યો? બહુ આકરું. આહાહા..!

અહીં કહે છે, ધર્મીજીવ, જેને આત્માના જ્ઞાનરસ ચડ્યા છે, સમકિતના રસ જેને ચડ્યા છે, એ રાગના ભોગમાં રંગાય છે કે નહિ? એ રાગ કરે છે કે નહિ? કેમ અમે પ્રતીત કરીએ? એ તો તે વખતે જ્ઞાન કરે છે, કહે છે. આહાહા..! એ તો બપોરે આવ્યું નહિ?

ખરેખર તો આ શરીરની અવસ્થા થાય છે એ વિશ્વમાં જાય છે. એ અવસ્થાનું અહીં જ્ઞાન થાય છે. એ અવસ્થા ગમે તેવી હોય. સમજાય છે? એનું અહીં જ્ઞાન થાય છે. વિશ્વનું અને શબ્દબ્રહ્મનું જેમ જ્ઞાન થાય, કીધું ને? તો વિશ્વમાં આ શરીરની અવસ્થા રોગની હોય, ગમે તે હો. આહાહા..! જ્ઞાનીને તો જ્ઞાનમાં તે અવસ્થા જાણવાનો જ્ઞાનનો પર્યાય એવડો જ હોય. એ એને જાણે. આહાહા..! સમજાણું કાંઈ? એને એમ નથી કે, આ શરીર આવું છે માટે મને નુકસાન છે. હું તો તેનો જાણનાર છું. તેનો અધિષ્ઠાતા છું. આહાહા..!

શરીરની અવસ્થા–દેહની અવસ્થા, ભોગની અવસ્થા.. આહાહા..! એ બધું વિશ્વ છે. એને તો હું જાણનારો છું, કરનારો નહિ. લોકોને એમ દેખાય કે, આ તો કરે છે ને? તો અહીં મુનિરાજ કહે છે કે, એ કરે છે કે નથી કરતો? કરે છે એવી પ્રતીત અમે માનતા નથી. 'પ્રસન્નભાઈ' આવું ક્યાં છે? ન્યાં ક્યાંય છે? આહાહા..! 'મહેન્દ્રભાઈ' તો ત્યાં સલવાઈ ગયા છે, પૈસામાં. આહાહા..! આવી વાતું, બાપા! ત્રણલોકનો નાથ ભગવાનની વાણી છે આ. સંતોની વાણી એ ભગવાનની જ વાણી (છે). ભગવાન તુલ્ય જ આ સંતો છે. આહાહા..! એ પોતે ભગવાન પોતે છે. એ એમ કહે છે કે, ધર્મી જ્ઞાનના રસ જેને ચડ્યા છે, જેને આત્મદર્શન થયા છે એ દર્શનવાળો જીવ રાગને ભોગવે છે કે નથી ભોગવતો એ કોણ જાણે? તને શી ખબર પડે. છે? **'कुरुते अथ किं न कुरुते'** કરે છે કે નથી કરતો? કર્મ **'इति कः जानाति'** કોણ જાણે? તને ખબર છે? આહાહા..!

પુત્ર જુવાન હોય અને માતા પણ ચાલીસ વર્ષની જુવાન હોય, દીકરો વીસ વર્ષનો જુવાન (હોય). માતા ન્હાતી હોય અને શરીર નગ્ન હોય, ખાટલો આડો રાખીને ન્હાય છે ને? હવે એમાં ઊભી થઈ ને છોકરાની નજર ગઈ તો એ નજરે જોવે છે કે નથી જોતો? કહે કોણ? કહે છે. એ રીતે જોવે? માતાની નગ્ન દશાને દીકરો જોવે? પણ આંખ તો એની આમ ગઈ છે. મારી જનેતા, હું એના કુંખમાં સવા નવ મહિના રહ્યો, મારી માતા (છે) એને નગ્ન હું કેમ જોઉં? આહાહા..! એની નજરું આમ ગઈ છતાં ઇ એને જોતો નથી, કહે છે. એમ ધર્મી રાગમાં આવી ગયો છતાં રાગને કરતો ને ભોગવતો નથી. આહાહા..! 'માંગીલાલજી' આવી વાતું ક્યાંય સાંભળવા મળે એવું નથી અત્યારે, બાપા! આવી વાતું છે. આહાહા..! જેના એક એક વચનો, એક એક ભાવ.. આહાહા..! એની કિંમત શું? આહાહા..!

મુનિરાજ 'અમૃતચંદ્રાચાર્ય'. તીર્થંકર જેવું કામ 'કુંદકુંદાચાર્યે' પંચમઆરામાં કર્યું અને 'અમૃતચંદ્રાચાર્યે' એના ગણધર જેવું કામ કર્યું, એ મુનિરાજ એમ કહે છે, પ્રભુ! સમ્યગ્દષ્ટિ જીવ જેને આત્માના રસ ચડ્યા છે, આહાહા..! એ આ ભોગ વખતે રાગના રસમાં છે કે નહિ, રાગ કરે છે કે ભોગવે છે કે નહિ, કોણ જાણે? તને શી ખબર પડે. એ તો તે ટાણે પણ જાણનાર-દેખનાર રહે છે. આહાહા..! કારણ કે, એ વિશ્વનો.. એ તો આવી

ગયું ને ભાઈ આપણે? અધિષ્ઠાન. આત્મા, જગતની જે ચીજો છે, શરીર, રાગાદિ એ વિશ્વમાં જાય છે તો એને જ્ઞાતૃતત્ત્વ છે જે નિજપદ જે એનો આધાર છે, એ એનું જ્ઞાન કરે છે અને શબ્દનું પણ જ્ઞાન કરે છે. એ શબ્દ અને અર્થનો અધિષ્ઠાન આત્મા છે. અધિષ્ઠાન એટલે એને જાણનારો આધાર પોતે છે. આહાહા..! એનો કરનારો આત્મા નહિ. આહાહા..! શું વીતરાગના સંતોની ધારા! અમૃત ધારા વરસાવી છે. પ્રભુ! જેણે અમૃતના રસ ચાખ્યા એને આ ભોગમાં ભોગવે છે અને રસ છે કે નહિ, એની તને શી ખબર પડે? **'कः जानाति'** **'कुरुते'** રાગ કરે છે કે નથી કરતો, કોણ જાણે? એટલે કે ઇ રાગ કરતો નથી. આહાહા..! તે વખતે પણ રાગ સંબંધી અને દેહ સંબંધી જે ક્રિયા થાય તેને જ્ઞાતા તેના જ્ઞાનરૂપે પરિણમે છે, તે તેનું કાર્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે -' [ अस्य अपि कुतः अपि किंचित् अपि तत् कर्म अवशेन आपतेत् ] 'તેને (જ્ઞાનીને) પણ કોઈ કારણે કાંઈક એવું...'** રાગ **'અવશપણે (-તેના વશ વિના) આવી પડે છે.'** આહાહા..! **[तस्मिन् आपतिते तु]** તે રાગ આવી પડ્યો. આહાહા..! **'તે આવી પડતાં પણ,...' [अकम्प-परम-ज्ञानस्वभावे स्थितः ज्ञानी]** દેખો! આહાહા..! તે ક્ષણે પણ **'જે અકંપ પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત છે...'** આહાહા..! એ રાગમાં સ્થિત નથી, રાગની, દેહની ક્રિયા (થાય) એમાં સ્થિત નથી. તે સંબંધીનું અહીં જ્ઞાન થાય છે તે જ્ઞાનમાં સ્થિત છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

ભોગ નથી, ભોગ છોડ્યા છે અને ત્યાગી થયો છે તે રાગનો ત્યાગી છે કે નહિ, તને શી ખબર પડે? તું તો બહારની જોવે છે કે, આ ત્યાગી છે. પણ અંદર રાગનો રસ ચડ્યો છે. દયા, દાન, વ્રતાદિના પરિણામનો રસ ચડ્યો છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! 'गृहस्थो मोगमयो' આવે છે ને? 'રત્નકરંડ શ્રાવકાચાર'. ગૃહસ્થાશ્રમમાં પણ સમકિતી મોક્ષમાર્ગે છે અને ત્યાગી છે એ પણ રાગના રસવાળા છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..! 'अणगारो मोही' 'રત્નકરંડ શ્રાવકાચાર'માં આવે છે. ક્યાં ગયા? પંડિતજી. અણગાર હોય છતાં રાગના રસમાં પ્રેમ છે એ વ્રત ને તપ ને ભક્તિનો વિકલ્પ છે, તેનો રસ છે (તો એ) મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અને ગૃહસ્થાશ્રમમાં આત્માના જ્ઞાનના રસ જેને ચડ્યા છે એ ભલે ભોગમાં દેખાય, પણ એ ભોગમાં છે કે નહિ એ તને શી ખબર પડે? એ તો જ્ઞાન કરે છે ત્યાં. એ વખતનું ટાણું એનું એ સમયનું તે પ્રકારના જ્ઞાનને જાણે, એવી જ્ઞાનની અવસ્થા તેને થાય છે. આહાહા..! આ 'નિર્જરા અધિકાર' છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ અકંપ જ્ઞાનસ્વભાવમાં સ્થિત એટલે કે જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા, એના જ્ઞાનમાં ને એની પ્રતીતિમાં એકાકાર છે એને ભોગ ને રાગનું જ્ઞાન છે. એ જ્ઞાન પણ પોતાને કારણે થયેલું છે. ભોગ અને ક્રિયાની ક્રિયા છે માટે તેનું અહીં થયું, એમ નહિ. તે કાળે પણ

જ્ઞાતૃતત્ત્વનો અનુભવ હોવાથી સ્વપરપ્રકાશકની પર્યાય પોતાને કારણે પ્રગટેલી છે. આહાહા..! હવે આવો માર્ગ, 'હીરાભાઈ'! શું કરે? એક તો ધંધા આડે, પાપ આડે નવરાશ ન મળે. આખો દિ' ધંધો ને બાયડી, છોકરા. આહા..! થોડો વખત મળે, માથે કહેનારો મળે, જય નારાયણ! 'કિશોરભાઈ' વાત સાચી છે કે નહિ? તમારે ત્યાં પાછા પૈસાવાળા માણસ બધા, 'નાઈરોબી'. સાંઈઠ લાખ, સીત્તેર લાખ. આ 'નાઈરોબી' રહે છે. હમણા મંદિર કરાવ્યું છે. 'નાઈરોબી'. પૈસાવાળા માણસ, પંદર લાખ શું કરોડનું કરે નહિ. એ ક્રિયા તો તે કાળે થવાની છે. જ્ઞાનીને તે કાળે થતી ક્રિયાનું પોતાથી જ્ઞાન થાય છે. આહાહા..! તેથી તે મંદિરને કરે છે કે અંદર રાગ આવ્યો એનો કર્તા છે કે નહિ? જ્ઞાની (કર્તા) હોતો નથી. આહાહા..! આવી વાતું હવે.

એક કોર કહે કે, મંદિર ને મંદિરમાં પ્રતિમા સ્થાપે તો સંઘવી કહેવાય. નાની પણ પ્રતિમા સ્થાપે તો એના પુણ્યનો પાર નહિ, એમ કહેવાય. 'પદ્મનંદિ પંચવિંશતિકા'માં આવે છે.

મુમુક્ષુ :– પુણ્યબંધ ને?

ઉત્તર :– પુણ્ય. પણ એ તો ધર્મીના સ્વભાવની દૃષ્ટિમાં એવો ભાવ આવ્યો, એનું ફળ એને પુણ્ય છે. પણ એ પુણ્ય ને અને રાગને પણ જાણનારો છે. આહાહા..! જ્ઞાનીને લક્ષ્મીના ઢગલા આવતા હોય, અબજો, કરોડો, તે કાળે તેનું જ્ઞાન તેનું તે પ્રકારનું પોતાથી પોતાને પરિણમે છે, તેવા જ્ઞાનનો કર્તા છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું.

અકંપ જ્ઞાન. ભાષા દેખો! રાગ આવ્યો, ભોગમાં દેખાય છતાં જ્ઞાનનો કાળ એવો પોતાનો તે સમયે છે કે તે સંબંધીનું જ્ઞાન પોતાને સ્વપરપ્રકાશકનું પ્રગટે, તેમાં તે અકંપ છે. આહાહા..! **'પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત...'** પરમ એટલે ઇ, પોતાનો સ્વભાવ. શાસ્ત્રજ્ઞાન ને ઇ નહિ. પરમજ્ઞાન એટલે પોતાનો સ્વભાવ. પરમજ્ઞાનસ્વભાવ કીધો ને? પરમજ્ઞાનસ્વભાવ જે ત્રિકાળ, તેમાં સ્થિત છે. આહાહા..!

'ભરતેશ વૈભવ'માં એક (વાત) આવે છે. 'ભરત' ચક્રવર્તીને તો છન્નુ હજાર સ્ત્રી હતી. ભલે 'ભરત' પુત્ર હતા તેના, એવો એમાં લેખ છે કે, વિષય લ્યે છે, એ વિષય લઈને જ્યાં નવરો થાય, હેઠે બેસે છે (ત્યાં) ધ્યાનમાં નિર્વિકલ્પતા આવી જાય છે. 'ભરતેશ વૈભવ'માં છે. છે, ખબર છે ને. આખુ વાંચ્યું છે ને ઇ. આહાહા..! કેમકે એ વિકલ્પનો રસ નહોતો પણ આવી પડેલોરાગ.. આહાહા..! એટલે દુનિયા એમ માને કે આ કરે છે અને ભોગવે છે. પણ તે વખતે પણ તેનું જ્ઞાન જ કરે છે. આહાહા..! એ જ્યાં નીચે ઊતરે છે ત્યાં ધ્યાનમાં નિર્વિકલ્પ થઈ જાય છે. એ વખતે વિકલ્પ હતો તેનું જ્ઞાન કરતો (હતો). આહાહા..! નીચે નિર્વિકલ્પ દશા થઈ તેનું એ જ્ઞાન કરે છે. આવી વાતું છે. દુનિયાથી જુદી જાત છે, બાપુ! વીતરાગ પરમેશ્વરની વાતું.. આહાહા..!

જેને આત્માના રસ ચડ્યા એને આ બધી, મસાણમાં જેમ હાડકા ને ફાસફૂસ દેખાય,

આ બધું ફાસફૂસ (દેખાય છે). ઓહો..! આ મકાન ને બાયડી રૂપાળી, શું છે પણ આ? એ જેને રસ છે એ મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિને એ બધું દેખાવામાં, ભોગવવામાં દેખાય છતાં તે ભોગવતો નથી. તેને જોતોય નથી ખરેખર તો, પોતે પોતાને જોવે છે. આહાહા..! જે સ્વપરપ્રકાશકજ્ઞાનની પર્યાય તે કાળે તે જાતની ઉત્પન્ન થઈ તેને જાણે છે અને જોવે છે. આવી વાતું. અરે..! જગતને ક્યાં નવરાશ ન મળે. આહાહા..! ફૂરસદ ન મળે. સત્યને તોલન કરીને નિર્ણય કરવો. આહાહા..! શું અમે માનતા હતા અને શું આ છે? એની તુલના કરીને અંદર નિર્ણય કરવો એ કોઈ અલૌકિક ચીજ છે. આહાહા..!

અહીં કહે છે કે, એ કરે છે કે નથી કરતો એ કોણ જાણે? તને શી ખબર પડે, કહે છે. કે, આ ભોગવે છે ને? પણ તને ખબર શી પડે? તને જ્ઞાન હોય તો ખબર પડે કે એ તો એ વખતે જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! સ્વચ્છંદ થઈને ભોગવે છે (એમ) નહિ. સ્વતંત્ર જ્ઞાનને કરીને રાગને જાણે છે. જ્ઞાનને સ્વતંત્ર કરીને જ્ઞાનનો કર્તા થઈને જ્ઞાનનું કાર્ય કરે છે. એ રાગ ને દેહની ભોગની ક્રિયા દેખાય તેને કારણે અહીં જ્ઞાન થયું છે એમેય નથી. તે કાળે પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન સ્વનો આશ્રય હોવાથી જે પર્યાય તેને જાણવાની પર્યાય પોતાથી પ્રગટે છે તેને તે જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! આવી વાતું.

હવે ઓલો ત્યાગી થઈને બેઠો, સાધુ થઈને દિગંબર હોય, વસ્ત્ર ન હોય, પાત્ર ન હોય પણ ઓલા મહાવ્રતનો રાગનો કણ આવે એ મારો છે, એમ રસ ચડ્યો છે એ મિથ્યાદૃષ્ટિ છે. એને આત્માનો રસ નથી, રાગનો રસ છે. અને જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં ભોગ ને રાગમાં દેખાય તો કહે છે કે એ રાગ ને ભોગમાં આવ્યો નથી. એ તો જ્ઞાનમાં સ્થિર છે. આહાહા..! હવે આ આંતરા કોણ માને? આહા..! **'કરે છે કે નથી કરતો તે કોણ જાણે?'**

ભાવાર્થ :– **'જ્ઞાનીને પરવશે કર્મ આવી પડે...'** રાગાદિ. **'તોપણ જ્ઞાની જ્ઞાનથી ચલાયમાન થતો નથી.'** આહાહા..! જ્ઞાતા-દૃષ્ટા છું એવી મારી ચીજ, ન્યાંથી ખસતો નથી, ચલાયમાન થતો નથી. ગમે તેવા છન્નુ કરોડ સ્ત્રીના વિષયમાં હોય.. આહાહા..! પણ પોતાનું જ્ઞાનસ્વરૂપ છે ત્યાંથી ખસતો નથી. આહાહા..! **'માટે જ્ઞાનથી અચલાયમાન તે જ્ઞાની...'** જ્ઞાનમાં સ્વરૂપમાં છે એની દૃષ્ટિ ત્યાં છે તેથી તે જ્ઞાની રાગ ને બાહ્યની ક્રિયાને કરે છે કે નથી કરતો **'તે કોણ જાણે?'** આહાહા..! અવલદોમ વાતું છે. પછી અહીંનો વિરોધ કરે. એનો વિરોધ નથી કરતો, પ્રભુ! તું તારો વિરોધ કરે છે. અહીંનો વિરોધ કોણ કરે? કો'કનો વિરોધ કોણ કરે? આહાહા..! પોતાને એ વાત બેસતી નથી તેથી પોતે પોતાનો વિરોધ કરે છે. આહાહા..!

**'માટે જ્ઞાનથી અચલાયમાન તે જ્ઞાની કર્મને..'** રાગને, ભોગને **'કરે છે કે નથી કરતો તે કોણ જાણે? જ્ઞાનીની વાત જ્ઞાની જ જાણે.'** જ્ઞાની જ જાણે. આહાહા..! 'ભરત'નો દાખલો આપ્યો છે ટીકામાં. 'ભરત'. 'ભરત' એમ કે, આટલી આટલી સ્ત્રીઓ, દરરોજ સો-સો સ્ત્રીને

પરણે છતાં તે રાગમાં રંગાયેલો નથી, એ તો જ્ઞાનના રસમાં રંગાયેલ છે. અને 'રાવણ'નો દાખલો આપ્યો છે. 'રાવણ' એમ કે આ રીતે બધું ભોગવતો હતો અજ્ઞાનભાવે, જેને સ્ફટિકના તો બંગલા, સ્ફટિકના બંગલા. એક એક સ્ફટિક કરોડ રૂપિયાનું, એવા બંગલા આખા સ્ફટિકના. એમાં રસ ચડી ગયેલા. અજ્ઞાની 'રાવણ'. આહાહા..!

**'જ્ઞાનીની વાત જ્ઞાની જાણે. જ્ઞાનીના પરિણામ જાણવાનું સામર્થ્ય...'** આહાહા..! શું કહે છે? ધર્મીજીવના પરિણામ તે વખતે ક્રિયાકાંડ વખતે પણ રાગથી ભિન્ન પરિણામ છે. આહાહા..! એ પરિણામ જાણવાનું કામ-સામર્થ્ય અજ્ઞાનીનું નથી. અજ્ઞાનીના કામ નથી, ભાઈ! આહાહા..! પોતે સંયોગ છોડીને બેઠો હોય, એવું બધું હોય એટલે અમે ત્યાગી છીએ અને ઓલાને સંયોગ છે માટે ભોગી છે, કેમ તને ખબર પડે? બાપુ! એ સંયોગમાં પણ જ્ઞાનમાં સ્થિર છે. જ્ઞાન સ્વપરપ્રકાશકમાં પડ્યો છે ઇ. બહારના કામમાં ઇ આવ્યો નથી, નીકળ્યો જ નથી, કહે છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૦૧ ગાથા-૨૨૮, શ્લોક-૧૫૩, ૧૫૪ સોમવાર, ભાદરવા સુદ ૧૨, તા. ૦૩-૦૯-૧૯૭૯

---

આજે દસલક્ષણીનો આઠમો દિવસ છે ને? ત્યાગ, ત્યાગ. ધર્મી મુનિ, ત્યાગી મુનિને આપે એની અહીં વાત છે.

**व्याख्या यत् क्रियते श्रुतस्य यतये यद्दीयते पुस्तकं**
**स्थानं संयमसाधनादिकमपि प्रीत्या सदाचारिणा।**
**स त्यागो वपुरादिनिर्ममतया नो किंचनास्ते यते-**
**रार्किंचन्यमिदं च संसृतिहरो धर्मः सतां संमतः।।**

સદાચારી પુરુષ દ્વારા એટલે મુનિ દ્વારા. વાત તો આ છે. સદાચારી (એટલે) જેને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ્યા છે, જેણે સત્‌નું આચરણ કર્યું છે. આહા..! સત્ એવો જ્ઞાયક સ્વભાવ, એનું જેને સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રનું આચરણ થયું છે, એને સદાચારી કહેવામાં આવે છે. આ લૌકિક સજ્જન કહે અને સદાચારી (કહે) એ અહીં નહિ. દયા, દાન ને વ્રત, ભક્તિ આદિ લૌકિક કરે ને દાન આપે (એ નહિ). આ સદાચાર એટલે સત્ એવું જ્ઞાયક સ્વરૂપ ભગવાનઆત્મા, એનું અંતરમાં જેને દર્શન, જ્ઞાન ને ચારિત્રનું આચરણ પ્રગટ થયું છે, એ સદાચારી (છે). એ સદાચારી પુરુષ દ્વારા એટલે મુનિ દ્વારા મુનિને. આમ વાત છે, લ્યો. જે પ્રેમપૂર્વક આગમનું વ્યાખ્યાન કરવામાં આવે. આગમનું વ્યાખ્યાન પ્રેમપૂર્વક યથાર્થ વસ્તુની સ્થિતિનું વર્ણન કરવામાં આવે. આહા..! પુસ્તક આપવામાં આવે. મુનિ મુનિને

પુસ્તક આપે. આ તો નિમિત્તથી કથન છે. બાકી એમાં રાગને ત્યાગ કરે છે અને સ્વભાવમાં સ્થિર થાય છે એનું નામ ત્યાગ ધર્મ છે. પણ અહીં વિકલ્પથી વાત કરી છે.

પુસ્તક આપે, સંયમના સાધનભૂત પીંછી આદિ પણ આપવામાં આવે. નિમિત્ત. મુનિને તો એવું હોય છે કે કપડા ને પાત્રા તો એને હોતા નથી. પીંછી, કમંડળ આદિ હોય એ મુનિ મુનિને કોઈ આપે એને અહીં રાગની દશાના અભાવસ્વરૂપ ત્યાગ ધર્મ કહે છે. આહાહા..! દસલક્ષણ છે ને? મુનિના ધર્મ (છે). આ મુનિના આરાધનના દિવસ છે. આ તો દિગંબર સનાતન જૈનધર્મ, તેમાં ચારિત્ર તે મોક્ષનું કારણ અને એ ચારિત્રના આરાધનના આ દસ દિવસ છે. સમજાય છે કાંઈ? પેટામાં ગૃહસ્થ સમકિતી આદિ આવી જાય, પણ મુખ્ય તો આ છે. તેને ઉત્તમ ત્યાગ ધર્મ કહેવામાં આવે છે.

શરીરાદિમાં મમત્વબુદ્ધિ ન રહે. આહાહા..! પરનો તો ત્યાગ કરે જ, પુસ્તક કોઈને જોઈતું હોય અને પોતા પાસે છે તો એ આપી દ્યે. કોઈ કમંડળ આદિ વિશેષ વધારે હોયતો આપી દ્યે, મોરપીંછી હોય છે એ આપી દ્યે. પણ શરીર પ્રત્યે પણ મમત્વબુદ્ધિ ન રહે. મુનિની પાસે કિંચિત્‌માત્ર પણ પરિગ્રહ રહેતો નથી. આહાહા..! તલતુષમાત્ર જે રાગ અંદર અને વસ્ત્ર આદિ પરિગ્રહ એને હોતો નથી. આહા..! એનું નામ ઉત્તમ આકિંચન ધર્મ (છે). સાથે જોડી દીધું. છે તો આજે ત્યાગ (ધર્મ), પણ ત્યાગની સાથે અકિંચન જોડી દીધું. પછીનું અકિંચન આવે છે ને?

સજ્જન પુરુષોને ઇચ્છિત સત્‌પુરુષોને ઇચ્છવા લાયક, ધર્માત્માને ભાવના કરવા લાયક તે ધર્મ સંસારનો નાશ કરનાર છે. સજ્જન પુરુષો એટલે મુનિરાજને ભાવનામાં તે ધર્મ સંસારનો નાશ કરનાર છે. આહાહા..! રાગરૂપી અંશ જે છે તેનો એ ત્યાગ કરે છે અને સ્વરૂપમાં ઠરે છે એ મુનિનો ત્યાગ ધર્મ સંસારનો નાશ કરનાર છે. આહાહા..! વસ્ત્ર, પાત્ર મુનિ (રાખે) એને તો સિદ્ધાંતે મુનિ કહ્યા જ નથી. અને વસ્ત્ર, પાત્ર છોડીને બેઠા પણ અંતરમાં મિથ્યાત્વ ભાવ છે તો એને પણ મુનિ કહ્યા નથી.

મુનિને તો અંતર આત્મ અનુભવ, સમ્યક્‌ આનંદની લહેર જેને જાગી છે દર્શનમાં અને જેને આત્માની લહેર જ્ઞાનમાં જણાય છે અને જ્ઞાનના આનંદમાં જેની લીનતા વધે છે એને અહીં મુનિ કહેવામાં આવે છે. આહા..! એ મુનિ બીજા મુનિને વ્યાખ્યાન કરે, પુસ્તક આદિ આપે તો એમાં જેટલો ઓલા રાગનો ત્યાગ થાય છે ને, વસ્તુ આપવાની ક્રિયા તો પર છે પણ એમાં જેટલો રાગ હતો એનો ત્યાગ થાય છે અને સ્વરૂપમાં સ્થિરતા થાય છે એનું નામ દસલક્ષણીનો આઠમો ધર્મ કહેવામાં આવે છે. આની એક જ ગાથા છે. આપણે અહીંયાં ક્યાં આવ્યું છે? ૧૫૩ કળશ, ભાવાર્થ આવી ગયો? હેં? બીજો પેરેગ્રાફ.

**'અવિરત સમ્યગ્દષ્ટિથી માંડીને...'** ૧૫૩ કળશ, એનો ભાવાર્થ. પહેલી ત્રણ લીટી થઈ ગઈ છે. આહા..! અવિરત સમ્યગ્દષ્ટિ (અર્થાત્‌) જેને હજી અવ્રતનો ત્યાગ થયો નથી, પણ

સમ્યગ્દર્શન થયું છે. આહાહા..! અંતરના અનુભવની આનંદની ધારા જેને દૃષ્ટિમાં આવી છે. આહા..! એને હજી અવ્રતભાવ છે, એને અહીંયાં અવિરત સમ્યગ્દૃષ્ટિ કહે છે. એને(થી) માંડીને **'ઉપરના બધાય જ્ઞાની...'** ચોથે ગુણસ્થાનથી માંડી, પાંચમા, છઠ્ઠે વગેરે (બધાને) **'જ્ઞાની જ સમજવા.'** એ બધાને જ્ઞાની કહેવામાં આવે. કેટલાક એમ કહે છે કે, જ્ઞાની તો જ્યારે નિર્વિકલ્પ ધ્યાનમાં હોય તો જ્ઞાની (કહેવાય), નહિતર (નહિ). એવું એકાંત ખેંચવા જાય છે. નીચે પણ એમ કે, સરાગ સમકિત હોય છે પણ વીતરાગ સમકિત તો જ્યારે નિર્વિકલ્પ થાય ત્યારે હોય. પણ અહીં તો સમ્યગ્દર્શન થાય તે સમ્યગ્દર્શન વીતરાગી જ પર્યાય છે. આહાહા..!

વીતરાગી ભગવાનઆત્મા ચૈતન્ય વીતરાગ સ્વરૂપ, એની પ્રતીત અને એના જ્ઞાનમાં જે વીતરાગતા આવે તેને અહીંયાં સમ્યગ્દર્શન અને જ્ઞાન કહે છે. રાગ જોડે હોય છે, અવિરત કીધું, છતાં એ રાગ છે એ દોષ છે પણ જે સમ્યગ્દર્શન છે એ મોક્ષનો માર્ગ અંદર પ્રગટ્યો છે. આહાહા..! એને(થી) માંડીને પાંચમે ગુણસ્થાન, છઠ્ઠે બધાને **'જ્ઞાની જ સમજવા.'** એમ ભાષા છે, જોયું? પણ આ ગૃહસ્થનું (લખેલું) ઇ ન માને. આ તો **'જ્ઞાની જ સમજવા.'** એમ કીધું છે.

**'તેમાં, અવિરત સમ્યગ્દૃષ્ટિ,...'** ચોથે. **'દેશવિરત સમ્યગ્દૃષ્ટિ...'** પાંચમે, **'અને આહારવિહાર કરતા મુનિઓને...'** છઠ્ઠે. આહારવિહારનો વિકલ્પ (છઠ્ઠે હોય). **'બાહ્યક્રિયાકર્મ પ્રવર્તે છે,...'** એને રાગની અને જડની, શરીરાદિની ક્રિયા પ્રવર્તે છે. **'તોપણ જ્ઞાનસ્વભાવથી અચલિત હોવાને લીધે...'** આહાહા..! જેને જ્ઞાયક સ્વભાવ અનુભવમાં આવ્યો છે તેનાથી તે ચલિત થતો નથી. ચાહે તો રાગ વિષયનો આવે, લડાઈનો આવે અને લડાઈની ક્રિયા હો... આહાહા..! પણ પોતાના જ્ઞાનસ્વભાવમાંથી ચલિત થતો નથી. આહા..! લડાઈમાં આમ ઊભો હોય અંદરથી છતાં એનું જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એની જે દૃષ્ટિ જામી છે એનાથી ચલિત થતો નથી. ભલે રાગ હો, ભલે લડાઈની ક્રિયા હો, ભલે વિષયની ક્રિયા દેહની હો. આહાહા..! આકરી વાત, ભાઈ! આહાહા..!

**'તોપણ જ્ઞાનસ્વભાવથી અચલિત હોવાને લીધે...'** કોણ? ચોથાના, પાંચમાના અને છઠ્ઠાના જ્ઞાની છે તે જ્ઞાનીને આહાર, વિહાર, શરીરાદિની ક્રિયા, વિષયવાસના આદિની ક્રિયા ચોથે, પાંચમે વર્તતી હોય અને દેહની ક્રિયા પણ એ જાતની પ્રવૃત્તિમાં હો, છતાં જ્ઞાનસ્વભાવથી અચલિત (છે). હું જે આનંદ અને જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક છું એમાંથી તો અચલિત–ચલતો નથી. આહાહા..! **'જ્ઞાનસ્વભાવથી અચલિત હોવાને લીધે...'** આ જ્ઞાનસ્વભાવ એટલે શાસ્ત્રનું જ્ઞાન નહિ. આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ, તેનું જ્ઞાન હોવાથી. એ **'જ્ઞાનસ્વભાવથી અચલિત...'** છે. આહાહા..!

**'નિશ્ચયથી તેઓ બાહ્ય ક્રિયાકર્મના કરતા નથી,..'** ખરેખર શરીરની ક્રિયા થાય, વાણીની

થાય, અરે..! લખવાની થાય. આહાહા..! એ તો બધું આપણે જ્ઞેયમાં આવી ગયું છે ને? એ જ્ઞેય છે. લખવાની ક્રિયા જડની છે તે જ્ઞેય છે. તેના પ્રત્યેનું જ્ઞાનનું પરિણમવું, એ જ્ઞેય જે ચીજ છે તે જ્ઞેયાકારે જ્ઞાનનું થવું એ એની ચીજ છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! કહે છે કે, એવી લખવાની ક્રિયા આદિ શરીરની ચાલતી હોય, સમકિતીને વિષયની વાસના અને દેહની ક્રિયા ચાલતી હોય, આહાહા..! મુનિને આહારવિહારનો વિકલ્પ અને આહારવિહારની ક્રિયા ચાલતી હોય અથવા એ મુનિઓ શાસ્ત્રો બનાવે છે ને? શું કહેવાય? તાડપત્ર. એ તાડપત્ર ને લખવાની ક્રિયા ભલે હો, એનો વિકલ્પ પણ હો પણ અંદર જ્ઞાનસ્વરૂપથી ચલિત થતા નથી. એ રાગ છે એ હું કરું છું અને આ ક્રિયા મારી છે એવું જ્ઞાનીને નથી. આહાહા..! આવો માર્ગ.

**'નિશ્ચયથી તેઓ બાહ્યક્રિયાકર્મના કર્તા નથી,...'** અરે..રે..! 'રામચંદ્રજી' સમકિતી. 'સીતાજી'ને 'રાવણ' લઈ ગયો. ('રામ') જંગલમાં પૂછે, 'સીતા', મારી 'સીતા'. એ બધો વિકલ્પ અને ક્રિયા (થાય પણ) એના જ્ઞાનથી ચલાયમાન નથી. આહાહા..! આકરું કામ છે, બાપુ! જ્યાં અંદર જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ પ્રતીતિમાં, અનુભવમાં, જ્ઞાનમાં જ્ઞેય તરીકે જ્યાં આવ્યો, આહાહા..! હવે એમાંથી ચલાયમાન કેમ થાય? ગમે તે રાગની પ્રવૃત્તિ હોય, દેહની પ્રવૃત્તિ હોય.. આહાહા..! છ ખંડને સાધવા ચક્રવર્તી સમકિતી નીકળે છતાં એ ક્રિયા, છન્નુ કરોડ પાયદળ સાથે હોય, દેવો હોય, ચક્રવર્તી સમકિતી અને કોઈ તીર્થંકર આદિ હોય, એ બધી ક્રિયા ભલે હો. 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' ચક્રવર્તી હતા, તીર્થંકર હતા. એ છ ખંડ સાધવા નીકળે પણ અંદરમાં.. ભાઈએ કહ્યું ને? ભાઈ! 'સોગાની'. છ ખંડ સાધતા નથી એ તો અખંડને સાધે છે. આહાહા..! એ વખતે પણ એની અખંડ ધારામાં દૃષ્ટિ પડી છે એને એ વધારે છે. આહાહા..! માર્ગ બહુ જુદી જાત, ભાઈ! માથે આવી ગયું હતું ને? કે, **'જ્ઞાનીના પરિણામ જાણવાનું સામર્થ્ય અજ્ઞાનીનું નથી.'** જ્ઞાનીની વાત જ્ઞાની જાણે, બાપુ! આહાહા..! બહારની પ્રવૃત્તિથી આંક ટાંકવા જાય તેને આંક હાથ નહિ આવે. આહાહા..!

**'જ્ઞાનના જ કર્તા છે.'** જુઓ! આ વસ્તુ. ધર્મી તો આનંદનો નાથ પ્રભુ આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો છે તે જ્ઞાન અને આનંદની પર્યાયનો જ એ કર્તા છે. આહાહા..! તે વખતે રાગ અને શરીરની ક્રિયા એ જ્ઞેય તરીકે છે તેને જ્ઞાન તરીકે જાણવાની ક્રિયા કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! **'અંતરંગ મિથ્યાત્વના અભાવથી...'** અંતરમાં રાગની એકતાબુદ્ધિનું મિથ્યાત્વ ટળવાથી **'યથાસંભવ કષાયના અભાવથી...'** યથાસંભવ. ચોથે અનંતાનુબંધીનો અભાવ, પાંચમે અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનનો અભાવ, છઠ્ઠે પ્રત્યાખ્યાનનો અભાવ, તેથી યથાસંભવ કીધું. તે તે ગુણસ્થાનને યોગ્ય **'યથાસંભવ કષાયના અભાવથી તેમના પરિણામ ઉજ્જવળ છે.'** આહાહા..! **'તે ઉજ્જવળતાને તેઓ જ (-જ્ઞાની જ) જાણે છે,...'** આહાહા..! બહુ ઝીણી વાત.

**'મિથ્યાદૃષ્ટિઓ તે ઉજ્જવળતાને જાણતા નથી.'** એ તો બાહ્યની ક્રિયા જોવે. જો આ કરે છે, જો આ કરે છે. કરે છે નહિ, થાય છે. આહાહા..! એને પણ જાણવાનું કામ કરે છે. આહાહા..! **'મિથ્યાદૃષ્ટિઓ તે ઉજ્જવળતાને જાણતા નથી. મિથ્યાદૃષ્ટિ તો બહિરાત્મા છે,...'** બહિર–જેની દૃષ્ટિ બાહ્ય ઉપર છે. દેહ ઉપર, રાગ ઉપર, વાણી ઉપર આહાહા..! એ તો **'બહારથી જ ભલું બુરું માને છે;...'** બહારનો ત્યાગ હોય તો એ ભલો છે, બાહ્યનો ત્યાગ ન હોય અને ભોગ હોય તો એ ભુંડો છે, એમ માને. આહાહા..! પણ બાહ્યનો ત્યાગ નથી અને અંદર અત્યાગમાં રોકાય છે તોપણ તેની દૃષ્ટિમાં તે નથી. ધર્મીની દૃષ્ટિ તો જ્ઞાનસ્વભાવ, જ્ઞાયકસ્વભાવ, ધ્રુવ સ્વભાવ, નિત્યાનંદ પ્રભુ.. આહા..! એવા જ્ઞાયકભાવથી ધર્મી ચલાયમાન થતો નથી. આ વસ્તુ (છે). સમજાણું કાંઈ? આહા..!

**'બહારથી જ ભલું બુરું માને છે; અંતરાત્માની ગતિ બહિરાત્મા શું જાણે?'** આહાહા..! અંતર આત્માની દૃષ્ટિ થઈ અને અંતરાત્મા પ્રગટ્યો, જાણ્યો એ બહિરાત્મા, બાહ્યની પ્રવૃત્તિ અને રાગને દેખનારા, એની ઉજ્જવળાતને કેમ જાણી શકે? આહાહા..! ભારે આકરી વાતું. હવે આ બાહ્ય ત્યાગ કરીને બેઠો હોય, હજારો રાણી છોડી, શરીરમાં કપડાનો ટુકડોય ન હોય છતાં અંદરમાં રાગ અને એ ક્રિયા હું કરું છું એવી દૃષ્ટિ છે તો મિથ્યાદૃષ્ટિ છે. અને બાહ્યમાં ચક્રવર્તીના રાજમાં પડ્યો દેખાય, આહાહા..! છન્નુ કરોડ પાયદળના લશ્કરમાં આમ હાથીને હોદે જાતો હોય, લશ્કર ચાલતું હોય ભેગો હાથીને હોદે પોતે બેઠો હોય. આહા..! મોટો પથારો. છન્નુ કરોડનો પથારો માણસોનો, હાથીને, પણ કહે છે કે, એ પ્રવૃત્તિ અને એમાં થતો રાગ, તેનું જ્ઞાન, તેને જ્ઞાન કરે છે. એ જ્ઞાન સ્વભાવમાંથી ચલાયમાન થતો નથી. ચલાયમાન થઈને રાગ મારો છે ને ક્રિયા હું કરું છું, એ દૃષ્ટિ એની નથી. આવી વાતું. જગતથી ઊંધી છે, બાપુ! આહાહા..! તેથી માથે કહ્યું હતું ને, જ્ઞાનીની વાત જ્ઞાની જ જાણે, બાપુ! આહાહા..! એ જ્ઞાનીના પરિણામ જાણવાનું સામર્થ્ય અજ્ઞાનીનું નથી. એ તો બહારના અત્યાગ ઉપર માપ કરે કે, જુઓ! આને ક્યાં ત્યાગ છે? બાયડીનો ત્યાગ નથી, આનો ત્યાગ નથી. અને આ તો ત્યાગી થઈને બેઠો છે બધું. પણ ત્યાગ શેનો?

અહીં તો જેને રાગનો ત્યાગ કરી અને દૃષ્ટિમાં સ્વભાવનો સ્વીકાર થયો છે તે સમ્યગ્દૃષ્ટિની રાગની પ્રવૃત્તિ જે દેખાય તેનો એ સ્વામી નથી. તેમાં તેની કર્તાબુદ્ધિ નથી. એ મારાથી થાય છે એમ એ માનતો નથી. આહાહા..! અને અજ્ઞાની બહારની નગ્ન ક્રિયા, પંચ મહાવ્રતના પરિણામ એ મારી ક્રિયા છે, એ મારું સ્વરૂપ છે, એનાથી હું ત્યાગી છું (એમ માને છે તો) મિથ્યાદૃષ્ટિ છે. અર..ર..ર...! આવી વાતું હવે આકરી પડે.

## શ્લોક-૧૫૪

(शार्दूलविक्रीडित)

सम्यग्दृष्टय एव साहसमिदं कर्तुं क्षमन्ते परं
यद्वज्रेऽपि पतत्यमी भयचलत्त्रैलोक्यमुक्ताध्वनि।
सर्वामेव निसर्गनिर्भयतया शङ्कां विहाय स्वयं
जानन्तः स्वमवध्यबोधवपुषं बोधाच्च्यवन्ते न हि।।१५४।।

હવે, આ જ અર્થના સમર્થનરૂપે અને આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :- [ यत् भय-चलत्-त्रैलोक्य-मुक्त-अध्वनि वज्रे पतति अपि ] જેના ભયથી ચલાયમાન થતા-ખળભળી જતા-ત્રણે લોક પોતાનો માર્ગ છોડી દે છે એવો વજ્રપાત થવા છતાં, [ अमी ] આ સમ્યગ્દષ્ટિ જીવો, [ निसर्ग-निर्भयतया ] સ્વભાવથી જ નિર્ભય હોવાને લીધે, [ सर्वाम् एव शङ्कां विहाय ] સમસ્ત શંકા છોડીને, [ स्वयं स्वम् अवध्य-बोध-वपुषं जानन्तः ] પોતે પોતાને (અર્થાત્ આત્માને) જેનું જ્ઞાનરૂપી શરીર અવધ્ય (અર્થાત્ કોઈથી હણી શકાય નહિ એવું) છે એવો જાણતા થકા, [ बोधात् च्यवन्ते न हि ] જ્ઞાનથી ચ્યુત થતા નથી. [ इदं परं साहसम् सम्यग्दृष्टयः एव कर्तुं क्षमन्ते ] આવું પરમ સાહસ કરવાને માત્ર સમ્યગ્દષ્ટિઓ જ સમર્થ છે.

ભાવાર્થ :- સમ્યગ્દષ્ટિ નિઃશંકિતગુણ સહિત હોય છે તેથી ગમે તેવા શુભાશુભ કર્મના ઉદય વખતે પણ તેઓ જ્ઞાનરૂપે જ પરિણમે છે. જેના ભયથી ત્રણ લોકના જીવો કંપી ઊઠે છે-ખળભળી જાય છે અને પોતાનો માર્ગ છોડી દે છે એવો વજ્રપાત થવા છતાં સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જ્ઞાનશરીરવાળું માનતો થકો જ્ઞાનથી ચલાયમાન થતો નથી. તેને એમ શંકા નથી થતી કે આ વજ્રપાતથી મારો નાશ થઈ જશે; પર્યાયનો વિનાશ થાય તો ઠીક જ છે કારણ કે તેનો તો વિનાશિક સ્વભાવ જ છે. ૧૫૪.

## શ્લોક-૧૫૪ ઉપર પ્રવચન

'હવે, આ જ અર્થના સમર્થનરૂપે અને આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છે :–' ૧૫૪.

(शार्दूलविक्रीडित)

सम्यग्दृष्टय एव साहसमिदं कर्तुं क्षमन्ते परं
यद्वज्रेऽपि पतत्यमी भयचलत्त्रैलोक्यमुक्ताध्वनि।
सर्वामेव निसर्गनिर्भयतया शङ्कां विहाय स्वयं
जानन्तः स्वमवध्यबोधवपुषं बोधाच्च्यवन्ते न हि।।१५४।।

[यत् भय-चलत्-त्रैलोक्य-मुक्त-अध्वनि वज्रे पतति अपि] **'જેના ભયથી ચલાયમાન થતા-ખળભળી જતા-ત્રણે લોક પોતાનો માર્ગ છોડી દે છે...'** આહાહા..! ભયમાં આવી જાય. જ્યાં ઉપસર્ગ પડે, જુઓને આ પાણીના બધા. આહાહા..! મુનિને પણ દરિયામાં પાણીમાં નાખે. એને કંઈ અડતોય નથી. આહા..! અજ્ઞાની એમાંથી (માર્ગ) છોડી દ્યે છે. અરે...! અમને આ દુઃખ આવી પડ્યા, અમને પરિષહ આવી પડ્યા. પોતાના આત્મધર્મથી છૂટી જાય છે.

**'એવો વજ્રપાત...'** માથે વજ્રપાત પડે. આહાહા..! જેના શરીરના ઘાણ વળી જાય એવા વજ્રપાત પડવા છતાં **'આ સમ્યગ્દષ્ટિ જીવો,...'** આહાહા..! ભાઈ! સમ્યગ્દષ્ટિ શું ચીજ છે ઇ (તને ખબર નથી). અત્યારે તો કેટલાક એમ કહે છે કે, નિશ્ચય સમકિત છે ઇ જાણવામાં આવે નહિ માટે આપણે બધો વ્યવહાર કરીએ એ બરાબર છે, જાઓ! આહાહા..! એ સમ્યગ્દષ્ટિ જાણવામાં આવે નહિ એમ તું કહે છે એ (જ બતાવે છે કે) તું મિથ્યાદષ્ટિ છો. આહાહા..! શું થાય?

અહીં કહે છે કે, **'સમ્યગ્દષ્ટિ જીવો,...'** [निसर्ग-निर्भयतया] **'સ્વભાવથી જ...'** **'निसर्ग-निर्भयतया'** આહા..! જેને આનંદનો નાથ વજ્રબિંબ ચૈતન્યનો જેને અંતર અનુભવ અને જ્ઞાન થયું, એ સમ્યગ્દષ્ટિ ઉપરથી વજ્રપાત પડે, અંદરથી અગ્નિની ધારા વહે.. આહાહા..! (છતાં) **'સ્વભાવથી નિર્ભય હોવાને લીધે...'** ધર્મી તો સ્વભાવથી નિર્ભય છે. હું જ્ઞાનસ્વરૂપ છું, મારા કિલ્લામાં રાગનો પ્રવેશ નથી તો મારા કિલ્લામાં પરિષહનો પ્રવેશ (તો છે જ નહિ). દુર્ગ કિલ્લો મારો નાથ. આહા..! ઝીણી વાત, ભાઈ! આહાહા..!

ધર્મીજીવ તો એને કહીએ કે જેને આત્મજ્ઞાન થયું છે અને જેને સમ્યગ્દર્શન, જ્ઞાનની સાથે પ્રગટ્યું છે એવો જીવ વજ્રના માથે ઘણ પડતા હોય તોપણ સ્વભાવથી નિર્ભય છે. એનો સ્વભાવ જ નિર્ભય છે. આહા..! છે? **'निसर्ग-निर्भयतया'** આહાહા..! હવે આઠ આચાર લેવા છે એનો આ ઉપોદ્ઘાત છે. સમકિતના આઠ આચાર છે ને? સમકિતી **'સ્વભાવથી જ નિર્ભય હોવાને લીધે,...'** [सर्वाम् एव शङ्कां विहाय] **'સમસ્ત શંકા છોડીને,...'** અરે...! મને કંઈક થાય છે એવી શંકા છોડી દીધી છે. તને કાંઈ થતું નથી. ઇ તો આનંદનો નાથ છે. વજ્રમાં જેમ સોયનો પ્રવેશ નથી એમ મારા સ્વરૂપમાં રાગ અને ક્રિયાનો પ્રવેશ નથી. એવો સ્વભાવથી નિર્ભય સમકિતી (છે). આહાહા..! આવી વાત છે.

**સમસ્ત શંકા છોડીને,** [स्वयं स्वम् अवध्य-बोध-वपुषं जानन्तः] **'પોતે પોતાને...'** **'स्वयं'**

એટલે પોતે. **'स्वम्'** એટલે પોતાને અર્થાત્ આત્માને. **'જેનું જ્ઞાનરૂપી...'** **'अवध्य-बोध-वपुषं जानन्तः'** મારું તો જ્ઞાનરૂપી શરીર (છે). જ્ઞાનરૂપી શરીર તે હું છું. રાગ નહિ, શરીર નહિ. આહાહા..! '

**જ્ઞાનરૂપી શરીર..'** ઇ શરીર, આ (જડ) શરીર નહિ. જાણક સ્વભાવનો પિંડ પ્રભુ, એ જ્ઞાનરૂપી શરીર. આહાહા..! અવધ્ય છે, એ જ્ઞાનરૂપી શરીર અવધ્ય છે. કોઈથી હણી શકાય એવું નથી. આહાહા..! આ શરીરને હણે કે ન હણે, એ તો જડની ક્રિયા છે. મારું જે શરીર જ્ઞાન, આનંદ સ્વરૂપનો પુંજ પ્રભુ, એ જ્ઞાન મારું શરીર છે. જાણપણું સ્વભાવ, જ્ઞાયક.. આહાહા..! એને કોઈ હણવા (સમર્થ નથી). હણી શકાય નહિ એવું છે ઇ. આહા..! છે ને? **'वपु... वपु'** છે ને? **'अवध्य-बोध-वपुषं जानन्तः'** મારો જ્ઞાનસ્વભાવ શરીર તે કોઈથી હણી શકાય નહિ એવું મારું શરીર છે. એ ચૈતન્ય શરીરી હું શરીર છું. આહા..! આવી વાતું (છોડીને) બહારની પ્રવૃત્તિમાં રોકાઈ ગયા. મૂળ વાત રહી ગઈ. આહાહા..!

**'જ્ઞાનથી ચ્યુત થતા નથી.'** શી રીતે? એવું જાણતા થકા. મારું જ્ઞાનરૂપી શરીર હણી શકાય નહિ એવું છે, એવું જાણતા થકા, એમ જાણતા થકા. આહાહા..! હું છું એ તો જ્ઞાનરૂપી શરીર તે હું છું. રાગ ને શરીર એ તો મારી ચીજમાં છે જ નહિ અને એ હું નથી. હું તો જ્ઞાન જ્ઞાયકરૂપી ચૈતન્ય શરીર તે હું, તે કોઈથી હણી શકાય એવું નથી. મારો કિલ્લો દુર્ગ કિલ્લો છે. જેમાં વિકલ્પ અને શરીરની ક્રિયાનો પ્રવેશ નથી. આહાહા..! જેમ મોટા પત્થરના કિલ્લા હોય તો એમાં પ્રવેશ ન હોય, એમ મારો નાથ ચૈતન્ય ભગવાન દુર્ગ કિલ્લો, તેમાં રાગ ને ક્રિયાનો પ્રવેશ નથી. આહાહા..! અરે..! આવી વાતું.

આઠ વર્ષની બાલિકા પણ જો સમ્યગ્દર્શન પામે તો એને આ જ્ઞાનમાંથી ચળે એ વસ્તુ નથી. ભલે એ લગન કરે, આહાહા..! છતાં તે લગનનો રાગ અને એ ક્રિયામાં હું છું (એમ નથી). મારું સ્વરૂપ તો જ્ઞાન છે, તેમાંથી ચળતો નથી. આહાહા..! ભગવાન ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ, તે મારું શરીર છે, એ હું છું. એવા સ્વભાવમાં પરનો પ્રવેશ ને પરનો ભય કંઈ છે જ નહિ. આહા..! એથી **'જ્ઞાનથી ચ્યુત થતા નથી.'** અવધ્ય મારું સ્વરૂપ છે એવું જાણતા થકા. પરથી, રાગથી ને ક્રિયાથી ન હણાય એવો મારો પ્રભુનો સ્વભાવ છે. આહાહા..! એમ જાણતા થકા. જાણતા થકા **'જ્ઞાનથી ચ્યુત થતા નથી.'** આહાહા..!

'શ્રેણિક' રાજા. માથું ફોડ્યું, હીરો ચૂસ્યો છતાં જ્ઞાનથી ચલાયમાન નથી. અરે..રે..! એ તો રાગનો ભાવ આવ્યો અને દેહની ક્રિયા એવી થઈ. તે મારું ચૈતન્ય શરીર છે એમાં આ થયું નથી, એ મને થયું નથી એમ જ્ઞાનથી ચલાયમાન તેવા પ્રસંગમાં પણ તે જ્ઞાનથી ચલાયમાન થતો નથી. આહાહા..!

મુનિઓને ઘાણીમાં પીલે. આહાહા..! પણ તે પોતે જ્ઞાનસ્વરૂપી મારો નાથ, એમાંથી તે ચલાયમાન થતો નથી. આહાહા..! એની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ ઉપર પડી છે. આહાહા..!

જ્ઞાયક સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ એવું મારું પરમેશ્વર સ્વરૂપ, તેમાં દૃષ્ટિ હોવાથી સંયોગના ગમે તેવા પ્રસંગ ભજો પણ તે જ્ઞાનસ્વરૂપીથી ચળતો નથી. આહાહા..! આવી વાત છે. અહીં તો જરી અનુકૂળતા મળે ત્યાં રાજી રાજી થઈ જાય, પ્રતિકૂળતા મળે ત્યાં ખેદ કરે. એ તો પોતે જ્ઞાનથી ચળી ગયો છે. આહાહા..!

'સનતકુમાર' ચક્રવર્તી, છન્નુ કરોડ પાયદળ, છન્નુ હજાર સ્ત્રી છોડી મુનિ થયા. અંદરના આનંદના કંદમાં જઈને મુનિ થયા. એને ૭૦૦ વર્ષ ગળત કોઢ (થયો). શરીરના આંગળા ગળતા જાય. (છતાં) જ્ઞાનસ્વરૂપથી ચલાયમાન નથી. આહા..! એ ક્રિયાનો તો હું જાણનારો છું. તે પણ એને જાણનારો છું કહેવું એ પણ વ્યવહાર છે. હું તો તેના સંબંધીનું મારું જ્ઞાન અને મારા સંબંધીનું મારું જ્ઞાન તેને હું જાણનારો છું. એનાથી ચલાયમાન થતો નથી. આહાહા..!

**[इदं परं साहसम् सम्यग्दृष्टयः एव कर्तुं क्षमन्ते] 'આવું પરમ સાહસ કરવાને માત્ર સમ્યગ્દષ્ટિઓ જ સમર્થ છે.'** આહાહા..! રાગને પોતાનો માનનાર અને રાગની ક્રિયાથી ધર્મ માનનાર એવા મિથ્યાદૃષ્ટિની આ તાકાત નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! આહા..! જેને નિર્લેપ જ્ઞાયકભાવ ભગવાન બિરાજે છે દેહમાં પ્રભુ, આહાહા..! એના જેને આદર અને સ્વભાવના સત્કાર થયા, આહાહા..! એવો પરમાત્મા પરમેશ્વર સ્વરૂપ એ હું (છું), એવું જેને ભાન થયું એને બહારથી ચલાયમાન થાય એવી કોઈ ચીજ નથી. આહાહા..!

**ભાવાર્થ :- 'સમ્યગ્દષ્ટિ નિઃશંકિતગુણ સહિત હોય છે...'** નિર્ભય કહેવું છે ને? નિઃશંકિત કહો કે નિર્ભય કહો. આહાહા..! **'સમ્યગ્દષ્ટિ નિઃશંકિતગુણ સહિત હોય છે...'** સમ્યક્... 'સીતાજી' સમ્યગ્દષ્ટિ હતા. ('રામ' કહે છે), 'પરીક્ષા આપો. 'રાવણ'ના ઘરે તું રહી છો. લોકમાં શું (કહેવાય), અમારે હજી રાજ કરવું છે. લોકો શું કહે? પરીક્ષા આપો, એકવાર અગ્નિમાં પડો.' આહાહા..! પણ ત્યાં સ્વરૂપથી ચલાયમાન ન થાય. શરીર અગ્નિમાં ઝુકાવ્યું પણ જ્ઞાનસ્વરૂપથી ત્યાં ચલાયમાન નથી. આહાહા..! એ તો પૂર્વના પુણ્ય હતા તે વળી... એ પુણ્ય હતા તે, હોં! વર્તમાન બ્રહ્મચર્યને લઈને થયું એ આરોપથી કથન છે. એ તો પૂર્વના પુણ્ય હતા એને લઈને થયું, ઇ બ્રહ્મચર્યથી થયું એમ કહેવામાં આવે. ઇ ચરણાનુયોગની રીત છે. આહા..! બાકી તો એનું બ્રહ્મચર્ય અને એનું સમ્યગ્દર્શન.. આહાહા..! એના જોરમાં અગ્નિમાં ઝંપલાવ્યું તોય કહે છે, ત્યારે જ્ઞાનથી ચલાયમાન નહોતા. હું તો જ્ઞાતા-દૃષ્ટા છું. થાય તે ક્રિયાનો જાણનાર મારામાં રહીને (જાણું છું). આહાહા..! જુઓ! આ સમ્યગ્દષ્ટિનું સાહસ. છે ને?

**'આવું પરમ સાહસ કરવાને...'** આહાહા..! એમ તો 'રામચંદ્રજી'ને ખબર હતી (કે), 'સીતાજી' સતી છે પણ બાહ્યમાં 'રાવણ'ને ઘરે ગયા (તો) લોકો શું કહે? એ લૌકિક ખાતર (પરીક્ષા કરી). એ પણ સમકિતી છે. એને એ જાતનો રાગ આવ્યો. ચાલો, 'સીતાજી'. જ્યારે

અગ્નિમાં પડીને બહાર આવ્યા ત્યારે કહે, ચાલો 'સીતાજી' તમને હવે હું પટરાણી બનાવું. (ત્યારે 'સીતાજી' કહે છે), બસ થઈ ગઈ. સંસાર બસ થયો. આહાહા..! હવે હું પટરાણી તરીકે આવવા માગતી નથી. પંચમ ગુણસ્થાન અંગીકાર કરી સાધ્વી થાય છે. સાધ્વી એટલે છઠ્ઠે ગુણસ્થાને સાધ્વી, ઇ નહિ, અર્જિકા, પંચમ ગુણસ્થાન. અગ્નિમાં પડીને બહાર આવ્યા.. આહાહા..! આ તો પરિષહથી પાર ઉતર્યા. ચાલો હવે તમને (પટરાણી બનાવું). બસ થયું. 'રામચંદ્રજી' બસ થઈ ગઈ, સંસારની સ્થિતિ. હવે અમે ત્યાં આવવાના નથી. જ્યાં અમે છીએ ત્યાં જવાના છીએ. આહાહા..! 'રામચંદ્રજી' બળદેવ જેવા પુરુષ, એ ભવમાં મોક્ષગામી છે. આહાહા..! અને 'સીતાજી' એક ભવ કરીને પછી ગણધર થવાના. તીર્થંકરના ગણધર થવાના. 'રાવણ' તીર્થંકર થશે અને આ (તેના ગણધર થશે). આહાહા..! પરિણામની વિચિત્રતા છે. આહાહા..! એ 'સીતાજી' આમ જંગલમાં ચાલી નીકળે છે. સાધ્વી, અર્જિકાઓ છે એની પાસે જાય છે. માતા! મને અર્જિકા બનાવો. ઓલું રાજ આખું હતું તોય મારું નથી અને છૂટે તોય મારું થતું નથી. આહાહા..! માર્ગ બહુ ઝીણો, બાપુ! આહા..!

**'આવું પરમ સાહસ કરવાને માત્ર સમ્યગ્દષ્ટિ...'** મિથ્યાદષ્ટિનો ભાર નથી. ભલે પરિષહ સહન કરે, ઉપસર્ગ સહન કરે.. આહાહા..! પણ દૃષ્ટિ જ્યાં મિથ્યાત્વ છે, રાગની ક્રિયાએ મારી છે અને મને એનાથી ધર્મ થાય છે, એ મિથ્યાદષ્ટિના કામ નથી, બાપા! આહા..! મુનિ અને મિથ્યાદષ્ટિ હોય તોય એના આ કામ નથી. અને સમ્યગ્દષ્ટિ અને સંસારમાં હોય તોપણ એના એ સાહસ, કામ છે. આહાહા..! મેરુ પર્વત પવનથી હલે નહિ, કંપાયમાન ન થાય. એમ મારો પ્રભુ, ધ્રુવ ચિદાનંદ પ્રભુ, આહા..! એ બહારના ઉપસર્ગ અને પરિષહથી ચલાયમાન ન થાય. આહાહા..! આવું સમ્યગ્દષ્ટિનું સાહસ અને સ્વરૂપ નિસર્ગથી છે. નિસર્ગ નામ સ્વભાવથી, ઇ આવ્યું હતું ને? નિસર્ગ નિર્ભય છે, સ્વભાવથી નિર્ભય છે. ભય થાય ખરો થોડો પણ એ અસ્થિરતાનો થાય. અંતરમાં નિર્ભય છે. આહાહા..! ગામમાં પ્લેગ આવ્યો હોય, આખું ગામ ખાલી થતું હોય તો પોતે પણ બહાર નીકળી જાય.

મુમુક્ષુ :- પહેલો નીકળે.

ઉત્તર :- પહેલોય નીકળે. એથી કરીને એને પરનો ડર છે (એમ નથી). અસ્થિરતામાં જરી આવ્યો પણ છતાં એ અસ્થિરતાને પણ જાણનારો છે. આહાહા..! આવું સ્વરૂપ, બાપુ! જેને મોટાની ઓથ મળી એને નાના કોણ ગંજી શકે? આહા..!

**ભાવાર્થ :- 'સમ્યગ્દષ્ટિ નિઃશંકિતગુણ સહિત હોય છે તેથી ગમે તેવા શુભાશુભ કર્મના ઉદય...'** આહાહા..! અંદરમાં શુભ-અશુભ ભાવ કે બહારમાં શુભ-અશુભનો સંયોગ પ્રતિકૂળ (હોય), આહાહા..! એ **'વખતે પણ તેઓ જ્ઞાનરૂપે જ પરિણમે છે.'** રાગરૂપે કે પરરૂપે એ પરિણમતો નથી, આહાહા..! **'ગમે તેવા શુભાશુભ કર્મના ઉદય વખતે પણ તેઓ જ્ઞાનરૂપે...'** આત્મસ્વરૂપે **'જ પરિણમે છે. જેના ભયથી ત્રણ લોકના જીવો કંપી ઊઠે...'** જેના ભયથી

ત્રણલોકના જીવો ભાગે, ડરે, **'ખળભળી જાય...'** આહાહા..! હજારો કાળા નાગ આમ જંગલમાંથી બહાર આવતા હોય. પોતે નીકળ્યા હોય. બીજા રાડ નાખી જાય. તે કાળે જ્ઞાનસ્વરૂપથી ચળતા નથી. કાળા નાગ આમ સેંકડો દેખાય, એને હું જ્ઞાન ચૈતન્યમૂર્તિ (છું). એ મેરુ પવનથી હલે તો મારો આત્મા પરથી હલે. આહાહા..! આવી વાત છે. હવે એ સમ્યગ્દષ્ટિની વાત તો આખી મૂકી દીધી. એ સમ્યગ્દર્શન નિશ્ચય છે, આપણને ખબર ન પડે. માટે આપણે આ બધો વ્યવહાર કરો એ મુનિપણું. અર..ર..ર...!

મુમુક્ષુ :– વ્યવહાર એ તો રાગ છે.

ઉત્તર :– એ તો રાગ (છે). એ રાગની ક્રિયા પણ સમકિત વિનાની. આહા..! એ તો બધું મિથ્યાત્વ સહિત છે. આહાહા..!

**'જેના ભયથી ત્રણ લોકના જીવો કંપી ઊઠે છે–ખળભળી જાય છે અને પોતાનો માર્ગ છોડી દે છે એવો વજ્રપાત થવા છતાં સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જ્ઞાનશરીરવાળું માનતો...'** હું તો ભગવાન જ્ઞાનસ્વરૂપ છું. એ જ્ઞાનસ્વરૂપ મારું શરીર છે. આ શરીર હું નહિ, રાગ હું નહિ. આહા..! સંયોગો મને અડતા જ નથી. આહાહા..! સંયોગ મને અડતાય નથી. આહાહા..! અરૂપી એવો જ્ઞાનસ્વભાવ ભગવાન, જેને અંતરમાં અનુભવમાં, જાણવામાં આવ્યો, કહે છે કે મારા જ્ઞાનશરીરને હવે કોઈ વજ્રપાતનો ઘા લાગુ પડે, એ છે નહિ. અગ્નિના અંગારા ઉપરથી પડતા હોય તોય મને આ નુકસાન કરે છે એમ છે નહિ. હું તો જ્ઞાનસ્વરૂપે પરિણમનાર (છું). તે વખતે તે અગ્નિની ક્રિયા અને તે વખતે જરી રાગ થયો, બેયને હું જ્ઞેયાકારપણે જ્ઞાનપણે પરિણમનારો તે હું છું. આહાહા..! આવી શરતું છે, પ્રભુ! આહા..!

**'તેને એમ શંકા નથી થતી કે આ વજ્રપાતથી મારો નાશ થઈ જશે; પર્યાયનો વિનાશ થાય તો ઠીક જ છે...'** એ તો નાશ થવા લાયક છે. હું તો અવિનાશી છું. આહાહા..! ત્રણે કાળે હું અવિનાશી અને આ ત્રણે કાળે નાશવાન. આહા..! બેનો, મારે અને એને મેળ કાંઈ નથી. આહા..! ભાઈ! સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીડી અલૌકિક છે. લોકો સાધારણ રીતે માની બેઠા છે એ વસ્તુ નથી. આહા..! સમજાણું કાંઈ? આહા..! **'પર્યાયનો વિનાશ થાય તો ઠીક જ છે કારણ કે તેનો તો વિનાશિક સ્વભાવ જ છે.'** મારો પ્રભુ તો અવિનાશી સ્વભાવે છે. આહાહા..! એને આંચ લાગતી નથી. આહાહા..! મેરુ પર્વત.. આવે છે ને ઓલા ભક્તામરમાં, નહિ? ભક્તામરમાં આવે છે. એમ કે, સંવર્તક વાયરો વાય મોટો તોપણ મેરુ હલે નહિ. એમ બહારના પ્રતિકૂળતાના ગંજ હોય અને અનુકૂળતાના ગંજ હોય તોપણ જ્ઞાની જ્ઞાનથી ચળતો નથી. આહાહા..! આવું સ્વરૂપ છે.

## ગાથા-૨૨૮

सम्मादिट्ठी जीवा णिस्संका होंति णिब्भया तेण।
सत्तभयविप्पमुक्का जम्हा तम्हा दु णिस्संका।।२२८।।
सम्यग्दृष्टयो जीवा निश्शङ्का भवन्ति निर्भयास्तेन।
सप्तभयविप्रमुक्ता यस्मात्तस्मात्तु निश्शङ्का:।।२२८।।

येन नित्यमेव सम्यग्दृष्टयः सकलकर्मफलनिरभिलाषाः सन्तोऽत्यन्तकर्मनिरपेक्षतया वर्तन्ते, तेन नूनमेते अत्यन्तनिश्शङ्कदारुणाध्यवसायाः सन्तोऽत्यन्तनिर्भयाः सम्भाव्यन्ते।

---

હવે આ અર્થને ગાથા દ્વારા કહે છે :-

સમ્યક્ત્વવંત જીવો નિઃશંક્તિ, તેથી છે નિર્ભય અને
છે સપ્તભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે. ૨૨૮.

ગાથાર્થ :- [ सम्यग्दृष्टयः जीवाः ] સમ્યગ્દૃષ્ટિ જીવો [ निश्शङ्का भवन्ति ] નિઃશંક હોય છે [ तेन ] તેથી [ निर्भयाः ] નિર્ભય હોય છે; [ तु ] અને [ यस्मात् ] કારણ કે [ सप्तभयविप्रमुक्ताः ] સપ્ત ભયથી રહિત હોય છે [ तस्मात् ] તેથી [ निश्शङ्काः ] નિઃશંક હોય છે (-અડોલ હોય છે).

ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિઓ સદાય સર્વ કર્મોનાં ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે વર્તે છે, તેથી ખરેખર તેઓ અત્યંત નિઃશંક દારુણ (દૃઢ) નિશ્ચયવાળા હોવાથી અત્યંત નિર્ભય છે એમ સંભાવના કરવામાં આવે છે (અર્થાત્ એમ યોગ્યપણે ગણવામાં આવે છે.)

---

## ગાથા-૨૨૮ ઉપર પ્રવચન

---

'હવે આ અર્થને ગાથા દ્વારા કહે છે :–'

सम्मादिट्ठी जीवा णिस्संका होंति णिब्भया तेण।
सत्तभयविप्पमुक्का जम्हा तम्हा दु णिस्संका।।२२८।।

**સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત, તેથી છે નિર્ભય અને**
**છે સપ્તભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે. ૨૨૮.**

ટીકા :– **'કારણ કે સમ્યગ્દષ્ટિઓ સદાય સર્વ કર્મોના ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી...'** આહાહા..! જેને આત્મા સત્‌સાહેબો પરમાત્મા, એના જ્ઞાન થઈને પ્રતીતમાં આવ્યો છે, આહાહા..! જેના નમૂના પણ પર્યાયમાં આવ્યા છે. આહાહા..! વીર્ય, જ્ઞાન, આનંદ, શાંતિ એવા અંશ જેને પ્રગટ્યા છે. આહાહા..! એ તો નમૂનો છે, આખી ચીજ તો પૂરી છે. આહાહા..! આવી વાતું બહુ (આકરી છે).

**'કારણ કે સમ્યગ્દષ્ટિઓ સદાય સર્વ...'** સદાય, સદાય અને સર્વ **'કર્મોના ફળ પ્રત્યે નિરભિલાષી હોવાથી...'** આહાહા..! જુઓ! જેને આત્મજ્ઞાન અને દર્શન થયા છે, એ સમ્યગ્દષ્ટિ જીવ સદાય અને સર્વ કર્મો. ચાહે તો જડકર્મના ફળ અનેક પ્રકારના અંદર રાગાદિ આવે અને સંયોગના (ફળ આવે). ઘાતિકર્મનું ફળ અંદરમાં ઘાત થાય એવા જરી રાગાદિ પરિણામ આવે અને અઘાતિનું ફળ સંયોગ આવે. બે પ્રકારના કર્મ છે ને? ઘાતિ અને અઘાતિ. તો આ બાજુ જરી રાગ ભાવ આવે, ઘાતિના નિમિત્તથી અને આ બાજુ અઘાતિના કારણે સંયોગ આવે. આહાહા..! એ **'સર્વ કર્મોના ફળ...'** અઘાતિનું ફળ અને ઘાતિનું ફળ. આહાહા..!

**'સર્વ કર્મોના ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી...'** જેની પરની અભિલાષા ટળી ગઈ છે. આહા..! જેને જ્ઞાનાનંદ સ્વભાવ પ્રત્યે પ્રયત્ન ચાલુ છે. આહા..! જેનો પ્રયત્ન અંદરમાં ઢળી ગયો છે. આહાહા..! આવી વ્યાખ્યા. એવા સર્વ અને સદા. કોઈપણ કાળમાં અને સર્વ કર્મ ફળ. એમાં નિરભિલાષી હોવાથી **'કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે વર્તે છે,...'** આહાહા..! એ રાગ અને બહારની ક્રિયા, અઘાતિના સંયોગની, આહાહા..! એ સર્વ કાર્ય પ્રત્યે **'અત્યંત નિરપેક્ષપણે વર્તે છે,...'** અત્યંત નિરપેક્ષ (અર્થાત્) જેની સંયોગની અને રાગની અપેક્ષા નથી. આહાહા..!

અહીં તો કહે છે, સમ્યગ્દષ્ટિથી માંડીને જ્ઞાની કહેવા. ત્યારે ઓલો કહે છે કે, નિર્વિકલ્પ ધ્યાન હોય તો જ જ્ઞાની કહેવા. એમાંથી છૂટે તો જ્ઞાની ન કહેવા. અરે..! પ્રભુ! શું તારે કરવું છે? આહાહા..! બધી આચરણ ને બહારની ક્રિયા છે ને એમાં પોતાને ચારિત્ર મનાવવું છે. આહા..! અને ચારિત્ર જ્યારે સારું પૂરું આવે ત્યારે પછી એને નિશ્ચય સમકિત થાય. આહાહા..! એવું કરે છે.

**'કારણ કે સમ્યગ્દષ્ટિઓ સદાય સર્વ કર્મોના ફળ પ્રત્યે...'** શાતાનું હોય કે અશાતાનું હોય, ઘાતિનું હોય કે અઘાતિનું હોય, અંતરાયનું ફળ હોય કે નામકર્મનો બાહ્ય સંયોગ હોય, જશકીર્તિ વગેરે બધા પ્રત્યે નિરભિલાષી (છે). આહાહા..! જશોકીર્તિ કર્મનો ઉદય આવ્યો (તો) જશ.. જશ.. જશ (થયો). પણ ધર્મીને તેની અભિલાષા નથી. અજશો કીર્તિનો ઉદય આવ્યો (તો) બહારમાં અપજશ થાય છતાં તેનો અભિલાષી નથી. આહાહા..! એ મારો અપજશ

કરે છે એમ એ માનતો નથી. આહાહા..! મારું સ્વરૂપ એણે જોયું નથી ને મારો અપજશ શી રીતે કરે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ઓલાને તો અંદર (એમ હોય કે) બહાર પડું, બહાર કહે, લોકો માને. ત્યારે મારું સમ્યગ્દર્શન સિદ્ધ થાય. એ બધી અંદર ભ્રાંતિ છે. આહાહા..!

અહીં કહે છે, આહાહા..! બેય કર્મ પ્રત્યે. જશોકીર્તિનો ઉદય ઢગલો આવે, અપજશનો (ઉદય આવે), આહાહા..! એવા **'ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી...'** એને એની અભિલાષા નથી. **'કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે...'** અત્યંત નિરપેક્ષપણે. કંઈ અપેક્ષા જ નથી. જશના આબરુના ઢગલા હોય, અપજશના મોટા ગંજ આવે બહારમાં. આહાહા..! (બેય પ્રત્યે) અત્યંત નિરપેક્ષ છે. આહાહા..! **'તેથી તેઓ ખરેખર અત્યંત નિઃશંક દારુણ (દઢ) નિશ્ચયવાળા...'** દઢ નિશ્ચયવાળા. દારુણનો અર્થ ઇ કર્યો-દઢ. આહા..! હું તો આનંદ ને જ્ઞાનસ્વરૂપ છું. એવા દઢ નિશ્ચયવાળા. એટલે કોઈ બહારની ક્રિયામાં અનુકૂળતા, પ્રતિકૂળતા મને છે એ માનતો નથી. આહાહા..! જરી ઝીણી વાત છે. સમ્યગ્દર્શન કોને કહેવું અને એના ભાવમાં શું હોય? આહાહા..! (તેની વાત છે). અત્યંત નિઃશંક, દઢ નિશ્ચય હોવાથી આહાહા..! **'અત્યંત નિર્ભય છે...'** જોયું? અત્યંત નિરપેક્ષપણે વર્તે, અત્યંત નિઃશંક હોવાથી અત્યંત નિર્ભય (છે). ત્રણેને 'અત્યંત' શબ્દ વાપર્યો. હૈં? આહાહા..! કર્મ પ્રત્યે નિરપેક્ષપણે વર્તે એમ ન લીધું, તેઓ નિઃશંક છે એમ ન લીધું, તેઓ નિર્ભય છે એટલું એકલું ન લીધું. આહાહા..!

દરેક ઘાતિ, અઘાતિના ફળમાં અત્યંત નિરપેક્ષપણે. આહાહા..! અને અત્યંત નિઃશંક નિશ્ચયવાળા. નિઃશંક, નિર્ભય નિશ્ચયવાળા. એવા **'હોવાથી અત્યંત નિર્ભય છે...'** એકલા નિર્ભય ન લીધું, અત્યંત નિર્ભય છે (એમ કહ્યું). આહાહા..! આવું સ્વરૂપ હવે. અહીં તો બહારની ક્રિયા કરે (તો) માને કે સમકિતી (છીએ), થઈ ગયા ચારિત્ર. અરે..! પ્રભુ! શું થાય? ભાઈ! આહા..!

**'એમ સંભાવના કરવામાં આવે છે (અર્થાત્ એમ યોગ્યપણે ગણવામાં આવે છે).'** એમ કહે છે. અત્યંત દઢ નિશ્ચયવાળા છે અને અત્યંત નિર્ભય છે. આહાહા..! **'એમ સંભાવના..'** છે ને શબ્દ? (અર્થાત્) **'એમ યોગ્યપણે ગણવામાં આવે છે.'** એવી એની યોગ્યતા જ એવી છે, કહે છે. આહાહા..! એ નિઃશંકની વ્યાખ્યામાં પહેલો શબ્દ લીધો છે ને?

**'હવે સાત ભયનાં કળશરૂપ કાવ્યો...'** સાત ભય છે ને? એથી નિર્ભય છે એમ બતાવવા સાત ભયની વ્યાખ્યા કરે છે. **'સાત ભયનાં કળશરૂપ કાવ્યો કહેવામાં આવે છે, તેમાં પ્રથમ આ લોકના તથા પરલોકના એમ બે ભયનું એક કાવ્ય કહે છે :-'** સાતમાં છ કાવ્ય છે. એમાં આલોક અને પરલોકનું એક કાવ્ય છે અને પછી પાંચના જુદા છે. પાંચના એક એક કળશ છે, આ (બેનો) એક કળશ છે. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૫૫

(शार्दूलविक्रीडित)

लोकः शाश्वत एक एष सकलव्यक्तो विविक्तात्मन-
श्चिल्लोकं स्वयमेव केवलमयं यल्लोकयत्येककः।
लोकोऽयं न तवापरस्तदपरस्तस्यास्ति तद्भीः कुतो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५५।।

હવે સાત ભયનાં કળશરૂપ કાવ્યો કહેવામાં આવે છે, તેમાં પ્રથમ આ લોકના તથા પરલોકના એમ બે ભયનું એક કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ एषः ] આ ચિત્સ્વરૂપ લોક જ [ विविक्तात्मनः ] ભિન્ન આત્માનો (અર્થાત્ પરથી ભિન્નપણે પરિણમતા આત્માનો) [ शाश्वतः एकः सकल-व्यक्तः लोकः ] શાશ્વત, એક અને સકલવ્યક્ત (-સર્વ કાળે પ્રગટ એવો) લોક છે; [ यत् ] કારણ કે [ केवलम् चित्लोकं ] માત્ર ચિત્સ્વરૂપ લોકને [ अयं स्वयमेव एककः लोकयति ] આ જ્ઞાની આત્મા સ્વયમેવ એકલો અવલોકે છે-અનુભવે છે. આ ચિત્સ્વરૂપ લોક જ તારો છે, [ तद्-अपरः ] તેનાથી બીજો કોઈ લોક- [ अयं लोकः अपरः ] આ લોક કે પરલોક [ तव न ] તારો નથી એમ જ્ઞાની વિચારે છે, જાણે છે, [ तस्य तद्-भीः कुतः अस्ति ] તેથી જ્ઞાનીને આ લોકનો તથા પરલોકનો ભય ક્યાંથી હોય ? [ सः स्वयं सततं निश्शङ्क सहजं ज्ञानं सदा विन्दति ] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને (પોતાના જ્ઞાનસ્વભાવને) સદા અનુભવે છે.

ભાવાર્થ :- 'આ ભવમાં જીવન પર્યંત અનુકૂળ સામગ્રી રહેશે કે નહિ ?' એવી ચિંતા રહે તે આ લોકનો ભય છે. 'પરભવમાં મારું શું થશે ?' એવી ચિંતા રહે તે પરલોકનો ભય છે. જ્ઞાની જાણે છે કે-આ ચૈતન્ય જ મારો એક, નિત્ય લોક છે કે જે સર્વ કાળે પ્રગટ છે. આ સિવાયનો બીજો કોઈ લોક મારો નથી. આ મારો ચૈતન્યસ્વરૂપ લોક તો કોઈથી બગાડયો બગડતો નથી. આવું જાણતા જ્ઞાનીને આ લોકનો કે પરલોકનો ભય ક્યાંથી હોય ? કદી ન હોય. તે તો પોતાને સ્વાભાવિક જ્ઞાનરૂપ જ અનુભવે છે. ૧૫૫.

## પ્રવચન નં. ૩૦૨ શ્લોક-૧૫૫, ૧૫૬ મંગળવાર, ભાદરવા સુદ ૧૩, તા. ૦૪-૦૯-૧૯૭૯

આજે નવમો દિવસ છે ને? દસલક્ષણી પર્વનો નવમો અકિંચન ધર્મ. જેનો મોહ સર્વથા ગળી ગયો છે. અકિંચન કોને હોય છે? મુનિ. મુનિ કોને કહેવાય? આહાહા..! જેને સર્વથા મોહ ગળી ગયો છે. પોતાના આત્માના હિતમાં નિરંતર લાગેલા છે. પોતાનો આનંદસ્વરૂપ ભગવાન, તેમાં નિરતંર આનંદમાં લાગેલા રહે છે. એ મુનિ (છે). તેને અકિંચન ધર્મ હોય છે. અને સુંદર ચારિત્રના ધારણ કરનારા. અંતર આનંદસ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય આનંદમાં રમનારા. ચારિત્ર નામ અંતર ચરવાવાળા. અંતર આનંદસ્વરૂપમાં ચરનારું ચારિત્ર. તેને ચારિત્ર કહે છે.

તે અને ઘર, સ્ત્રી, પુત્રાદિ છોડીને મોક્ષને અર્થે દીક્ષા, ચારિત્ર ધારણ કર્યું છે. પોતાના સ્વરૂપની દૃષ્ટિ અને રમણતામાં લીન થવા માટે ચારિત્ર ગ્રહણ કર્યું છે. તે મુનિ સંસારમાં વિરલ છે. એ મુનિ તો સંસારમાં વિરલ છે. એમાં અત્યારે તો શું મુનિપણું છે? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વિરલ છે. જે સ્વતઃ નિજ હિતાર્થે તપ કરે છે, ચારિત્ર ધારણ કર્યું છે. તપમાં મુનિપણું. તપકલ્યાણક આવે છે ને? દેહથી, રાગથી ભિન્ન પોતાના સ્વરૂપનો અનુભવ કરીને તેમાં લીન થવાની દશા પ્રગટ કરી છે. બીજા માટે શાસ્ત્ર આદિ દાન કરે છે, તેના સહાયક પણ છે એવા યોગીશ્વર સંસારમાં અત્યંત દુર્લભ છે. પહેલા તો ચારિત્રવંત દુર્લભ છે પણ એમાં પણ પરને કોઈ શાસ્ત્ર આદિનું દાન દે, રાગનો ત્યાગ કરીને એ તો બહુ દુર્લભ છે, એમ કહે છે.

સમસ્ત શાસ્ત્રના જાણનારા વીતરાગે પોતાના આત્માથી સમસ્ત વસ્તુઓને ભિન્ન જાણીને બધાનો ત્યાગ કરી દીધો. એમ કહો કે બધાને છોડ્યા તો શરીર, પુસ્તકાદિ કેમ ન છોડ્યા? તેનો ઉત્તર :– શરીર આદિમાં કોઈ પ્રકારની મમતા નથી હોતી. આહાહા..! આ દસલક્ષણી પર્વ ચારિત્રનું પર્વ છે. ચારિત્ર એ કોઈ ક્રિયાકાંડ, નગ્નપણું કે પંચ મહાવ્રતના પરિણામ એ કોઈ ચારિત્ર નથી. આહા..! અંતર ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, તેનો અનુભવ કરીને અંતરમાં લીન થવું એ ચારિત્ર છે. તેથી તેને મોજૂદ નથી. તેને શરીરાદિ છે તોપણ નથી. તેની ઉપર મમતા નથી. આહા..!

અકિંચન છે ને? કિંચન માત્ર પરનું મમત્વ નથી. આ શરીર અને પુસ્તક હોય તોપણ તેનું મમત્વ નથી. અને વગર આયુથી શરીરનો નાશ તો થતો નથી. પરંતુ તેઓ શરીરાદિમાં કોઈ પણ પ્રકારનું મમત્વ કરતા નથી. જો શરીરાદિમાં કોઈ પ્રકારનું મમત્વ કરે તો એ જિનેન્દ્ર આજ્ઞા ભંગરૂપ મહાદોષના ભાગી થાય છે. આહા..! મુનિ શરીરની મમતા તો કરતા નથી પણ પુસ્તકાદિ મળે એ મારું છે એવી મમતા નથી કરતા. આહાહા..! આવી વાત

છે, ભાઈ! મુનિપણું અકિંચનપણું એ કોઈ અલૌકિક વાત છે. આહાહા..! એ અકિંચનની વાત થઈ. હવે આપણે ૧૫૫ કળશ છે ને?

'સમયસાર' ૧૫૫ કળશ.

(शार्दूलविक्रीडित)

**लोकः शाश्वत एक एष सकलव्यक्तो विविक्तात्मन-**
**श्चिल्लोकं स्वयमेव केवलमयं यल्लोकयत्येककः।**
**लोकोऽयं न तवापरस्तदपरस्तस्यास्ति तद्भीः कुतो**
**निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५५।।**

ધર્મી તેને કહીએ કે જેને રાગથી ભિન્ન પોતાના આત્માની દૃષ્ટિ અને અનુભવ થયા હોય. આહાહા..! કોઈ બાહ્યની ક્રિયા કરે છે માટે ધર્મી છે, એમ નથી. આહા..! અંતરમાં આત્માનો અનુભવ કરે છે. રાગથી, વિકલ્પથી, શરીરથી ભિન્ન થઈને આત્મા આનંદસ્વરૂપનો અનુભવ કરે છે એ ધર્મી, એ ધર્મ કરનારો (છે).

**'આ ચિત્સ્વરૂપ લોક જ ભિન્ન આત્માનો (અર્થાત્ પરથી ભિન્નપણે પરિણમતા આત્માનો) શાશ્વત, એક અને...'** આહાહા..! ધર્મીને તો આ લોક અને પરલોક આત્મામાં છે. આલોક–ચિદ્‌લોક, જ્ઞાનલોક શાશ્વત સ્વભાવ ભગવાન, એ પોતાનો આલોક છે. શરીરાદિ એ કંઈ પોતાનો લોક છે નહિ. આહાહા..! બહુ સૂક્ષ્મ વાત, ભાઈ! વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ. અહીંયાં તો (કહ્યું કે), ચિત્સ્વરૂપ લોક જ અમારો લોક છે. ધર્મી એમ માને છે કે જ્ઞાનસ્વરૂપ મારો આત્મા તે જ મારો લોક છે. આહાહા..! શરીરાદિ તો નહિ પણ દયા, દાનનો રાગ એ પણ મારી ચીજ નહિ. આહાહા..! ચિત્સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યચંદ્રમા, શીતળતાના સ્વભાવથી, વીતરાગભાવથી ભરેલો એ ચિત્લોક એ મારો લોક છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

એ **'ભિન્ન આત્માનો (અર્થાત્) પરથી ભિન્નપણે પરિણમતા..'** રાગથી પ્રભુ ભિન્ન છે તો ધર્મી ભિન્ન થઈને પોતાના આત્માનું પરિણમન કરે છે. આહાહા..! વર્તમાન ચાલતી પ્રથાથી વસ્તુ જુદી છે. આહાહા..! ભગવાનઆત્મા રાગથી ભિન્ન થઈને પોતાનો ચિત્સ્વરૂપ લોકે જ પરિણમતો આત્મા શાશ્વત. એ ચિત્સ્વરૂપ ધ્રુવ ચીજ શાશ્વત છે. જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાનઆત્માનો એ શાશ્વત છે. એ કોઈ નવો નથી, ક્ષણિક નથી. આહાહા..! ધર્મી એને કહીએ કે જે પોતાનો ચિદ્‌લોક શાશ્વત છે તેને પોતાનો માને છે અને અનુભવે છે. આહાહા..! આકરી વાત છે.

**'શાશ્વત, એક...'** જ્ઞાયક સ્વરૂપ ભગવાન શાશ્વત છે અને એક છે, ભેદ નહિ. આહાહા..! રાગ તો નહિ પણ પર્યાયનો ભેદ પણ જેમાં નથી. ઝીણી વાત છે, ભાઈ! **'શાશ્વત, એક અને સકલવ્યક્ત...'** આહાહા..! ઓલામાં અવ્યક્ત કહ્યું. અહીં સકલવ્યક્ત (કહ્યું, અર્થાત્)

ત્રિકાળ જ્ઞાયકભાવ અંદર પ્રગટ છે. આહાહા..! રાગનો, દયા, દાન, ભક્તિનો ભાવ છે એ રાગ છે. એ રાગથી ચિદ્લોક શાશ્વત ભિન્ન છે. આહા..! તે એક છે. શાશ્વત છે, એક છે. આહાહા..! અને સર્વ કાળે પ્રગટ છે. અસ્તિપણે તો પોતાની સત્તા, અસ્તિત્વ શાશ્વત એ સકળ વ્યક્ત છે. આહાહા..! એ વસ્તુ તરીકે સકળવ્યક્ત છે. આહાહા..! આવી ભાષા, લ્યો. સર્વ કાળે પ્રગટ છે.

**'કારણ કે માત્ર ચિત્સ્વરૂપ લોકને આ જ્ઞાની આત્મા સ્વયમેવ એકલો અવલોકે છે...'** આહાહા..! ધર્મી જીવ-જ્ઞાની જીવ પોતાના ચિત્સ્વરૂપ લોકને દેખે છે, પોતાના ચિતસ્વરૂપ લોકને અનુભવે છે. આવી વાત છે. આહા..! છે? **'માત્ર ચિત્સ્વરૂપ લોકને આ જ્ઞાની આત્મા સ્વયમેવ એકલો અવલોકે છે...'** માત્ર ચિત્સ્વરૂપ લોક, જેમાં દયા, દાન, વિકલ્પ, રાગનો પણ અભાવ છે. એ બધી ક્રિયા તો રાગ છે. આહાહા..! **'માત્ર ચિત્સ્વરૂપ લોકને...'** **[अयं स्वयमेव एकक: लोकयति]** આહાહા..! ઝીણી વાત, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, તેનો પંથ અંતરમાં ધર્મીની ચીજ કોઈ જુદી છે. એ કોઈ ક્રિયાકાંડ ને રાગ ને ભક્તિ ને પૂજા ને વ્રત ને જાત્રા એ કોઈ ધર્મ નથી, એ તો રાગ છે. આહાહા..! એ રાગથી ભિન્ન ભગવાન (છે).

**'જ્ઞાની આત્મા સ્વયમેવ એકલો...'** એકલો રાગની અપેક્ષા છોડીને ચિદ્ઘન, જ્ઞાનઘન ભવગાનઆત્માને **'અવલોકે છે...'** એકલું સ્વરૂપ. રાગની અપેક્ષા નહિ, નિમિત્તની અપેક્ષા નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રની પણ જેમાં અપેક્ષા નથી. આહાહા..! એવો સ્વયમેવ, સ્વયમેવ-સ્વયં જ. 'एव' છે ને? **'સ્વયંમેવ એકલો અવલોકે છે...'** આનંદ સ્વરૂપ ભગવાન જ્ઞાન, શાશ્વત આત્મા, ધ્રુવ આત્મા, નિત્ય આત્મા તેને એકલો અવલોકે છે અને એકલો અનુભવે છે. આવી વાત છે. આહાહા..! આ ધર્મીની ચીજ આ છે. ધર્મી કંઈ આ દયા પાળે ને વ્રત કરે ને અપવાસ કરે એ કોઈ ધર્મ નથી, એ તો રાગ છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! વીતરાગ માર્ગ, જિનેશ્વર ત્રિલોકનાથ, તેનો કહેલો પંથ કોઈ અલૌકિક છે.

આ તો સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન જ્યારે થયું, હજી ચોથું, હોં! પાંચમું અને છઠ્ઠું મુનિ એ તો કોઈ અલૌકિક ચીજ છે. આહાહા..! અહીંયાં તો સમ્યગ્દષ્ટિ થયો, આત્મા જ્ઞાયકભાવ, નિત્યભાવ, શુદ્ધભાવ, ધ્રુવભાવ એ ભાવ પોતાનો છે એમ પોતાનો માની, તેને એકલો પરની અપેક્ષા વિના અનુભવે છે, અવલોકે છે. આહાહા..! તેનું નામ ધર્મી અને ધર્મ કહેવામાં આવે છે. 'કાંતિભાઈ' આ બધું આવું કોઈ દિ' સાંભળ્યું નથી. આહાહા..! કહો, 'હિંમતભાઈ' આ કરવાનું છે, બાપા! આ કરવાનું છે, બોલતા હતા, ભાઈ! ભાઈ કહેતા હતા. સાચી વાત, બાપા! આહા..! અરે..રે..! પહેલી શ્રદ્ધા તો કરે કે આ જ કરવા જેવું છે. આહાહા..! ઝીણી વાત, બાપુ! ભાઈ! આહાહા..!

ધર્માત્મા **'સ્વયમેવ એકલો અવલોકે છે...'** શું કહે છે? જેમાં રાગની મંદતાની ક્રિયાની પણ અપેક્ષા નથી, એવો ભગવાન ચિદ્લોક, જ્ઞાનલોક, આનંદલોક સ્વયમેવ સ્વભાવિક નિત્ય

શાશ્વત લોક આત્મા, સકળવ્યક્ત પ્રગટ, તેને એકલો અનુભવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'એકલો અવલોકે છે–અનુભવે છે. આ ચિત્સ્વરૂપ લોક જ તારો છે,...'** આહાહા..! 'लोक्यंति इति लोकः' જે જ્ઞાનમાં જાણવામાં આવે છે. શરીર, વાણી, મન આ તો માટી જડ ધૂળ છે. આહાહા..! અંદરમાં જે પાપનો રાગ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ (આવે) એ તો પાપતત્ત્વ ભિન્ન તત્ત્વ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ એ તો રાગ, પુણ્યતત્ત્વ છે, એ આત્મા નહિ.

અહીંયાં તો કહે છે કે, ચિત્સ્વરૂપ લોક જ તારો છે. એ રાગ નહિ. જ્ઞાનસ્વરૂપ ભગવાન, જ્ઞાન એટલે આ શાસ્ત્રજ્ઞાન નહિ, જાણકસ્વભાવ શાશ્વત તે મારો લોક છે. આહાહા..! આલોક ને પરલોકનો ભય જ્ઞાનીને નથી. કારણ કે આલોક અને પરલોક પોતાનો આત્મા છે. સમજાણું? આવી ઝીણી વાતું. અરે..રે..! અનંતકાળથી એ ચૈતન્યના દર્શન અને ભાન વિના રખડ્યો. મુનિપણું અનંત વાર લીધું, દિગંબર સંત અનંતવાર થયો પણ એ ક્રિયા, પંચ મહાવ્રતની ક્રિયામાં ધર્મ માન્યો. આહાહા..! એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીડીવાળો, શરૂઆતવાળો એ ચિતસ્વરૂપ લોક જ તારો છે (એમ માને છે). જ્ઞાનાનંદ સ્વભાવ ધ્રુવ એ મારો છે, રાગ મારો નથી, જડની ક્રિયા મારી નથી, જડ મારું નથી, સ્ત્રી, કુટુંબ-પરિવાર, લોક, ગામ, નગર મારા નથી. આહાહા..! છે? **'ચિત્સ્વરૂપ લોક જ...'** ભાષા છે? છે ને? **[अयं स्वयमेव एककः लोकयति]** આહાહા..! શાશ્વત ચૈતન્યપ્રભુ, ધ્રુવ જે ભગવાનઆત્મા એ તારો લોક છે, એમ સમકિતી–ધર્મી જાણે છે. આહાહા..! **[तद्-अपरः]** **'તેનાથી બીજો...'** જ્ઞાયક સ્વભાવ ધ્રુવ, એ તારો લોક છે, તેનાથી ભિન્ન **'આ લોક કે પરલોક તારો નથી...'** આહાહા..! આ રાગ, સ્ત્રી, કુટુંબ-પરિવાર એ આ લોક એ તારો નથી. એ લોક તારો નથી. આહાહા..! એમ પરલોક. સ્વર્ગ અને નરકમાં જવું એ પરલોક, એ પણ આત્માનો નથી. આહાહા..! **'આ લોક અને પરલોક તારો નથી...'** એમ ધર્મી અંતરમાં અનુભવે છે. આહાહા..! આવી વાતું આકરી છે. આ તો હજી શરૂઆત સમ્યગ્દર્શનની વાત છે. ચારિત્ર તો કોઈ અલૌકિક વાતું છે, બાપુ! હજી સમ્યગ્દર્શન વિના ચારિત્ર આવ્યા ક્યાંથી?

સમ્યગ્દર્શન થયું તો એ માને છે કે મારો લોક તો ચિદ્ઘન, આનંદકંદ એ મારો લોક છે. તેનાથી પર રાગ, દયા, દાન, વિકલ્પ, શરીર, વાણી, મન, કુટુંબ એ લોક તો પરલોક (છે), મારો લોક નથી. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠે છે એ પણ મારો લોક નથી. અરે..રે..! આવી વાત. છે? **'તેનાથી બીજો કોઈ...'** જ્ઞાયક સ્વભાવ ભગવાન નિત્યાનંદ પ્રભુ, એ મારો લોક છે. તેનાથી ભિન્ન રાગાદિ કે શરીરાદિ કે વાણી આદિ કે કુટુંબ, કબીલા એ પરલોક (છે), મારો લોક નથી. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, એ પણ મારો લોક નથી. આહાહા..! મારો હોય એ મારી પાસે રહે, જુદા ન પડે. આહાહા..! રાગ તો

મારી પાસે રહેતો નથી, રાગ તો છૂટી જાય છે. આહાહા..! રાગથી રહિત મારી ચીજ જે છે, જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ, એ મારો લોક છે, અપર મારો લોક કોઈ છે નહિ. આહાહા..!

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ મારો નહિ. એ મારો નહિ, એ મારો નહિ, મારો તો ચિદ્દ્ઘન (લોક) છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! વીતરાગમાર્ગ જિનેશ્વરનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. લોકમાં તો અત્યારે સ્થૂળ બધું વિપરીત બનાવી દીધું છે. બસ, આ વ્રત કરો ને અપવાસ કરો ને જાત્રા કરો એ ધર્મ. મંદિર બનાવો ને પૂજા કરો. એ તો બધો રાગ છે, ભાઈ! તને ખબર નથી. એ રાગ આત્માનો સ્વભાવ નહિ. આહાહા..! ધર્મી પોતાના સ્વભાવથી અપર વ્યવહાર રત્નત્રયના રાગને પણ પોતાનો માનતા નથી. આહાહા..! આજે નવમો દિવસ છે. અફર દિ' છે. આહાહા..!

ભગવાન જ્ઞાયક સ્વરૂપ ધ્રુવ, એ ઉપર દૃષ્ટિ પડીને જે અનુભવ થયો તો ધર્મી એમ માને છે કે મારો લોક તો આ છે. રાગાદિ મારો લોક ત્રણકાળમાં નથી. આહાહા..! '**તારો નથી એમ જ્ઞાની વિચારે છે,...**' અથવા એમ '**જાણે છે,...**' અને એવો જ અનુભવ કરે છે. આહાહા..! સંસારમાં પડ્યા આખો દિ', એને આવું કહેવું. ભાઈ! એ રખડવાના પંથ તો અનંતકાળથી કર્યા. છૂટવાનો પંથ એક સેકંડ પણ ક્યારેય કર્યો નથી. મુનિ થયો, નગ્ન દિગંબર મુનિ હજારો રાણીઓ છોડીને પંચ મહાવ્રતનું પાલન નિરતિચાર કર્યું, પણ એ તો રાગ છે. આહાહા..! રાગ એ મારો લોક નહિ. મારો લોક તો રાગથી ભિન્ન જ્ઞાયકભાવ એ મારો લોક છે, આહાહા..! એ મારી ચીજ છે. રાગાદિ મારી ચીજ નથી તો પછી આ શરીર, કુટુંબ, કબીલા તો મારી ચીજ છે નહિ. આહાહા..! જુઓ! આ સંતોની વાણી.

સાચા સંત મુનિ ધર્માત્મા, જેને અંતરમાં આનંદમાં લીન થવાની જાગૃત દશા ઉગ્ર છે, એ કહે છે કે મુનિને અથવા સમકિતીને પોતાનો લોક તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ ભગવાન, નિત્ય પ્રભુ, શાશ્વત વસ્તુ (છે). પર્યાય બદલતી છે, આ તો શાશ્વત વસ્તુ. આહાહા..! એ મારો લોક છે એમ પર્યાય માને છે. પર્યાય એમ માને છે કે, પર્યાય એટલે હજી સાંભળ્યું ન હોય, કાંઈ ખબર ન મળે. જૈનના એકડાના મીંડાની વાતું આ તો છે. આહાહા..! એ પર્યાય એટલે અવસ્થા. એ અવસ્થા પણ હું નહિ. હું તો શાશ્વત ચિદ્દ્ઘન છું એ અવસ્થા એમ માને છે. આહાહા..! ઓલું 'નાવ તરે રે મોરી નાવ તરે' એવું આવે છે ને? ભાષા ભૂલી ગયા. 'સમયસાર નાટક'માં શ્લોક આવે છે. આહા..!

એકલો ભગવાન શાશ્વત ચિદાનંદ. 'વસ્તુ વિચારત ધ્યાવતૈં મન પાવે વિશ્રામ' આહાહા..! વસ્તુ, આત્મા વસ્તુ જેમાં અનંત ગુણ વસ્યા છે, રહ્યા છે એવી 'વસ્તુ વિચારત ધ્યાવતૈં મન પાવે વિશ્રામ' આહાહા..! 'અનુભવ તાકૌ નામ' આહા..! 'રસ સ્વાદત સુખ ઊપજે' પણ એ રસ સ્વાદ ઊપજે એ અનુભવ. 'અનુભવ તાકૌ નામ' આહાહા..! અતીન્દ્રિય આનંદનો રસ પર્યાયમાં આવવો. 'વસ્તુ વિચારત' ભગવાન વસ્તુ ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ, અનાદિઅનંત

છે તેનો કોઈ કર્તા નથી. સ્વયંસિદ્ધ વસ્તુ છે, એ શાશ્વત છે. તેનો વિચાર ધ્યાવવાથી 'મન પાવે વિશ્રામ' વિકલ્પ છૂટી જાય છે. આહાહા..! 'રસ સ્વાદત સુખ ઉપજે' અતીન્દ્રિય આનંદના રસનો સ્વાદ લ્યે છે. 'રસ સ્વાદત સુખ ઉપજે' આનંદની દશા ઉત્પન્ન થાય છે. આહાહા..! એ સુખ. દુનિયાના બહારના સુખની કલ્પના એ તો મૂઢે માની છે. આહા..! ઇન્દ્રિયોમાં સુખ ને પૈસામાં સુખ ને શરીર, સ્ત્રીમાં સુખ ને... મૂઢ અજ્ઞાની પોતાના આનંદ ને સુખને ભૂલીને પરમાં સુખ માનીને ચાર ગતિમાં રખડે છે. આહાહા..!

અહીંયાં તો 'રસ સ્વાદત સુખ ઊપજે' આત્મા આનંદમૂર્તિ પ્રભુ, તેનો સ્વાદ લેતા 'રસ સ્વાદત સુખ ઊપજે' અતીન્દ્રિય આનંદનું સુખ ઉત્પન્ન થાય છે. આહાહા..! અરે..! આવી વાત. 'અનુભવ તાકો નામ' તેનું નામ આત્માનો અનુભવ અને આત્માના રસનો સ્વાદ (કહેવામાં આવે છે). ભાઈ! વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે. એવો માર્ગ ક્યાંય છે નહિ. વીતરાગ સિવાય ક્યાંય આ વાત નથી. અત્યારે તો વીતરાગના વાડામાં પણ ગોટા ઉઠ્યા છે. આહાહા..!

આ તો ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ 'સીમંધરસ્વામી' ભગવાન તો મહાવિદેહમાં બિરાજે છે. આહાહા..! પરમાત્મા બિરાજે છે ત્યાંથી આ વાત આવી છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા. દિગંબર મુનિ, 'કુંદકુંદાચાર્ય' બે હજાર વર્ષ પહેલા (ગયા અને) આઠ દિવસ ત્યાં રહ્યા હતા, આહાહા..! ત્યાંથી આવીને આ (શાસ્ત્ર) બનાવ્યા. ભગવાન આમ માર્ગ કહે છે અને એમ છે. આહાહા..!

ધર્મની દૃષ્ટિ જેને સમ્યગ્દર્શન થયું તો એ સમ્યગ્દર્શનમાં આખા પૂર્ણાનંદના નાથની પ્રતીતિ આવી અને સાથે અતીન્દ્રિય આનંદનો અનુભવ, રસના સ્વાદના સુખની ઉત્પત્તિ થઈ. આહાહા..! અરે..! આ તો એકલી નિશ્ચયની વાતું (કરે છે), વ્યવહાર (તો કહેતા નથી). વ્યવહાર તારા ક્યાં છે, ધૂળમાં સાંભળને હવે. આહાહા..! એવા વ્યવહાર તો અભવિએ પણ અનંતવાર કર્યા. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' પંચ મહાવ્રત ને પાંચ સમિતિ ગુપ્તિના નિર્દોષ (પાલન કર્યા), એને માટે આહાર કરીને આપે અને પાણીનું બિંદુ (આપે તો) ન લ્યે. એવી ક્રિયા અનંત વાર કરી, આહા..! પણ એ તો રાગની ક્રિયા છે. પણ રાગથી ભગવાન ભિન્ન એવા આત્માનું જ્ઞાન કર્યું નહિ, તો આત્માના જ્ઞાન વિના સુખ મળ્યું નહિ. એ પંચ મહાવ્રતના પરિણામ દુઃખ છે. આહાહા..! અરે..! આ કેમ ઉતરે? ક્યાં બિચારા રખડતા પ્રાણી, અનંત કાળમાં નરક ને નિગોદમાં રખડતા, એમાંથી આવ્યો, માણસ થયો (પણ) ભાન ન મળે કાંઈ. આહાહા..! ધર્મને નામે પણ ગોટા બધા. રાગની ક્રિયા કરો તો ધર્મ થાય. અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ વીતરાગ પરમાત્મા વીતરાગ ધર્મ કહે છે. એ આત્મા ચિદ્‌ઘન આનંદકંદ એ તારી ચીજ છે, એ સિવાય અપર રાગાદિ તારી ચીજ નહિ. આહાહા..! જુઓ! આ ધર્મીની દૃષ્ટિ. સમ્યગ્દૃષ્ટિનો આ ભાવ. આહાહા..!

**'જ્ઞાની વિચારે છે, જાણે છે...'** આત્મા જ્ઞાયક સ્વભાવ સિવાય કોઈ ચીજ મારી નથી. એ પર મારી ચીજ જ નથી. આહાહા..! **[तस्य तद्-भीः कुतः अस्ति] 'તેથી જ્ઞાનીને...'** ધર્મીને (કે) જેને આત્માના જ્ઞાયકભાવનું ભાન થયું અને જ્ઞાયકભાવનો સ્વાદ લીધો, જ્ઞાયકભાવના સુખનો પર્યાયમાં અનુભવ થયો એ સમકિતી (છે). આહાહા..! તેથી સમકિતીને, જ્ઞાની કહો કે સમકિતી કહો. **'આ લોકનો તથા પરલોકનો ભય ક્યાંથી હોય?'** આહાહા..! આ લોકમાં મારી આ સામગ્રી મરતા સુધી રહેશે કે નહિ? વૃદ્ધાવસ્થા આવશે તો આ બધી સામગ્રી રહેશે કે નહિ? એ ચિંતા સમકિતીને હોતી નથી. સમજાણું? વૃદ્ધ થઈશ અને શરીર જીર્ણ થશે તો આ સામગ્રી શું કરશે? એવી ચિંતા નથી. આહા..! તેમ પરલોકની ચિંતા નથી. અહીંયાંથી ક્યાં જઈશ? સ્વર્ગમાં જઈશ કે મનુષ્યમાં જઈશ? સ્વર્ગ, નરકમાં હું જતો જ નથી. મારો આત્મા મારામાં છે, હું તો ત્યાં જાઉં છું. આહા..! 'માંગીલાલજી' આવી વાતું છે. ઝીણી વાત, ભાઈ! આહાહા..!

પરનો ત્યાગ તો આત્મામાં છે જ નહિ. કેમકે પરના ત્યાગગ્રહણથી તો ભગવાન ત્રિકાળી શૂન્ય છે પણ રાગનો ત્યાગ પણ આત્મામાં યથાર્થપણે છે નહિ. કારણ કે રાગરૂપ આત્મા થયો જ નથી તો રાગનો ત્યાગ કરવાનું ક્યાં રહ્યું? આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! અજાણ્યા અજ્ઞાની માણસ અનાદિથી રખડે છે. એને આ વાત કેમ બેસે? એક તો આખો દિ' ધંધાપાણી, ધંધાના પાપ અને બાયડી, છોકરા સાચવવા ને ભોગમાં પાપમાં (જાય), છ-સાત કલાક સૂવું, એમાં વખત મળે નહિ. કદાચિત્ કલાક વખત મળે તો આ ભગવાનના દર્શન કરવા ને પૂજા કરવી ને ભક્તિ કરવી. એ તો રાગ છે. આહાહા..! સમજાણું? આહાહા..!

**'જ્ઞાનીને આ લોકનો તથા પરલોકનો ભય ક્યાંથી હોય?'** છે? આહા..! **'તેથી...' 'तस्य' 'જ્ઞાનીને...' 'तद्-भीः' 'આ લોકનો તથા પરલોકનો ભય ક્યાંથી હોય? તે તો પોતે નિરંતર...'** આહાહા..! ચાહે તો એ ધંધાપાણીમાં દેખાય છતાં જ્ઞાની તો જ્ઞાનનો જ નિરંતર અનુભવ કરે છે. જ્ઞાતાપણાની પર્યાયનો એ કર્તા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! **'તે તો પોતે નિરંતર...'** સમ્યગ્દષ્ટિ ધર્મીજીવ (ધર્મની) શરૂઆતવાળો સ્વયં નિરંતર. છે ને? **'सः'** (અર્થાત્) તે ધર્મી. **'स्वयं सततं'** પોતે નિરંતર. **'નિઃશંક વર્તતો થકો...'** નિર્ભય વર્તતો થકો. આહા..! નિઃશંક કહો કે નિર્ભય કહો. **'પોતે નિરતંર નિઃશંક વર્તતો થકો....'** આહાહા..! શું કહે છે? **'પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો...'** શંકા નથી કે આ લોક મારો છે ને પરલોક મારો છે, એવી શંકા નથી. મારો લોક તો આ (ચૈતન્ય) છે. મારી શાશ્વત ચીજ એ મારો લોક છે. આહાહા..!

એ પ્રમાણે પોતે જ પોતાથી નિરંતર નિઃશંક વર્તતો થકો **'સહજ જ્ઞાનને (પોતાના જ્ઞાનસ્વભાવને) સદા અનુભવે છે.'** સ્વાભાવિક, સહજ એટલે સ્વભાવિક જ્ઞાન એટલે પોતાનો જ્ઞાનસ્વભાવ, જાણન સ્વભાવ જે ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ. આહાહા..! તેનો **'સદા..'** ત્રિકાળ

**'અનુભવે છે.'** આમ તો નિરંતર પહેલું આવી ગયું છે પણ આ તો 'સદા' નાખ્યું છે (એટલે) ત્રિકાળ. ધર્મી તો ત્રિકાળ ભૂત, વર્તમાન ને ભવિષ્યમાં આત્માના જ્ઞાનને જ અનુભવે છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! ભવના અંતનો ધર્મ જે સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. આહા..! મુનિપણું તો અલૌકિક ચીજ છે તેની વાત તો ક્યાં? એ તો ક્યાં છે પણ સમ્યગ્દર્શન એ કોઈ વિરલ ચીજ છે. આહાહા..!

તે (જ્ઞાની) અંતરમાં પોતાના સ્વભાવમાં સ્વયં નિરંતર નિઃશંક વર્તતો થકો. સ્વભાવમાં નિઃશંકપણે વર્તતો થકો. સ્વાભાવિક જ્ઞાયક સ્વભાવનો સદા ત્રિકાળ અનુભવ કરે છે. ભવિષ્યમાં આમ થશે ને ભૂતમાં આમ હતું, એમ છે નહિ. એ તો જ્ઞાયકનો અનુભવ ત્રિકાળ પોતામાં કરે છે. ભવિષ્યમાં પણ સ્વર્ગમાં જાય તોપણ પોતાના અનુભવમાં રહે છે. આહાહા..! સમકિતી સ્વર્ગમાં જાય છે? તો કહે છે, ના. એ તો ત્યાં પણ પોતાના અનુભવમાં રહે છે. આહાહા..! અને ત્યાંથી મરીને મનુષ્યભવ થાય છે તો કહે છે ત્યાં પણ જ્ઞાનના અનુભવમાં રહે છે, જ્ઞાનની પર્યાયના અનુભવમાં રહે છે. જ્ઞાન મારો સ્વભાવ છે ત્યાં રહે છે. આહાહા..! સમજાણું? આવી ચીજ છે. પહેલા એનું જ્ઞાન તો કરે. આહા..! હજી જ્ઞાનનાય ઠેકાણા નહિ, શ્રદ્ધા તો ક્યાંથી લાવવી? આહાહા..!

**ભાવાર્થ :– 'આ ભવમાં જીવન પર્યંત અનુકૂળ સામગ્રી રહેશે કે નહિ?'** વૃદ્ધાવસ્થા આવશે, અનુકૂળ સામગ્રી રહેશે કે નહિ? આહાહા..! **'એવી ચિંતા રહેવી તે આ લોકનો ભય છે.'** એનું નામ આ લોકનો ભય કહેવાય છે. ધર્મીને એ ચિંતા છે નહિ. આહા..! આટલા પૈસા સંઘરી રાખીએ, આટલો માલ રાખીએ. મોટી ઉંમરના થાય ને? સ્ત્રી મરી ગઈ પણ બીજી નહિ હોય તો સેવા કરશે કોણ? એટલે બીજી પરણીને લગન કરવા. આહા..! એ ચિંતા જ્ઞાનીને થતી નથી. આહાહા..! આ બાહ્યની સામગ્રી મરણ પર્યંત રહેશે કે નહિ? એ ચિંતા જ્ઞાનીને હોતી નથી. આહાહા..! **'એવી ચિંતા રહે તે આ લોકનો ભય છે.'**

**'પરભવમાં મારું શું થશે?'** અરે..! દેહ છોડીને હું ક્યાં જઈશ? દેહ તો છૂટશે તો ક્યાંક તો જશે. અહીં તો અમુક વખત રહેશે, પરલોકમાં ક્યાં જઈશ? **'એવી ચિંતા રહેવી તે પરલોકનો ભય છે. જ્ઞાની જાણે છે કે–આ ચૈતન્ય જ મારો એક, નિત્ય લોક છે...'** પરલોક-ફરલોક મારે ક્યાં જવાનું છે. પરલોક–પ્રધાનલોક મારો ચૈતન્ય તે મારો પરલોક છે. આહાહા..! આવી વાતું છે. વીતરાગ માર્ગ બહુ, બાપુ! લોકોએ આખો વિપરીત કરી નાખ્યો છે. વીતરાગમાર્ગને રાગમાર્ગમાં ખતવી નાખ્યો છે. આહાહા..! શ્રદ્ધા તદ્દન મિથ્યાત્વ ઘૂંટી રહ્યા છે.

અહીં તો કહે છે, પ્રભુ! પરલોકમાં ક્યાં જઈશ એવી ચિંતા સમકિતીને નથી. કેમકે પરલોકમાં જઈશ પણ હું તો મારી પર્યાયમાં જ રહીશ. ત્યાં પરલોકમાં હું દેવલોકમાં નથી જતો. આહાહા..! 'શ્રેણિક' રાજા ક્ષાયિક સમકિતી. નરકના આયુનો બંધ કર્યો હતો પછી

ભગવાન પાસે તીર્થંકરગોત્ર બાંધ્યું. વર્તમાનમાં ચોરાશી હજાર વર્ષની સ્થિતિએ પહેલી નરકમાં છે. ત્યાંથી (નીકળીને) પહેલા તીર્થંકર થશે, આવતી ચોવીશીના પહેલા તીર્થંકર થશે. પણ કહે છે કે, ક્ષાયિક સમકિતી અહીંયાં હતા તોય ચિંતા નહોતી કે હું ક્યાં જઈશ? નરકમાં નથી જાતો, હું તો મારી પર્યાયમાં જ ત્યાં રહીશ. આહાહા..! 'શ્રેણિક' રાજા ચોરાશી હજારની વર્ષની સ્થિતિમાં પહેલી નરકમાં છે. ત્યાંથી નીકળીને તીર્થંકર થવાના છે. આવતી ચોવીશીના પહેલા તીર્થંકર (થવાના), પણ કહે છે કે, ઇ નરકમાં નથી. આહાહા..!

એક પ્રશ્ન થયો હતો, ભાઈ! 'લાલભાઈ'! 'શ્રીમદ્'ને એક જણાએ પ્રશ્ન કર્યો કે, 'શ્રીકૃષ્ણ' ક્યાં છે? ઓલુ બહારનું સાંભળેલું હોય ને. (કહ્યું), 'શ્રીકૃષ્ણ' આત્મામાં છે.

મુમુક્ષુ :- જ્ઞાનીનું ઇ જ કામ હોય.

ઉત્તર :- ઓલું બહારની સ્થિતિનું વર્ણન છે ને. આહાહા..! આવો પ્રશ્ન કર્યો. 'શ્રીમદ્'ને કોઈએ પ્રશ્ન કર્યો, એમ કે ઓલું બહારનું સાંભળે ને કે આ પ્રમાણે પાપ બાંધ્યા હતા ને નરકમાં ગયા છે. એટલે (પૂછ્યું) 'શ્રીકૃષ્ણ' ક્યાં છે? તો કહ્યું, 'શ્રીકૃષ્ણ' આત્મામાં છે. આહાહા..! નરકના ક્ષેત્રમાં પણ નથી, એ તો આત્મામાં છે. આહાહા..!

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની દેહ છોડીને કદાચિત્ નરકનું આયુષ્ય બંધાઈ ગયું હોય ને નરકમાં જાય તો એ નરકમાં નથી, ત્યાં તો આત્મામાં છે. આહાહા..! સમજાણું? આહાહા..! કોઈ સમ્યગ્દૃષ્ટિ હોય અને પહેલા તિર્યંચનું આયુષ્ય બંધાઈ ગયું હોય પછી એ નરકમાં તો ન જાય, તિર્યંચમાં ભોગભૂમિમાં જાય. ત્રણ પલ્યનું આયુષ્ય અને ત્યાં ત્રણ ગાઉ ઊંચા (થાય). તો કહે છે કે, એ ત્યાં ગયો પણ ત્યાં એ આત્મામાં છે. એ જુગલિયા થયા જ નથી. સમજાણું? આહાહા..! જ્યાં ભગવાન પૂર્ણાનંદનો નાથ સ્વભાવની દૃષ્ટિમાં જ્યાં આવ્યો, આહાહા..! તેમાંથી હટીને રાગમાં કે પરલોકમાં રહે છે? તેમાંથી ખસતા જ નથી, સદા તેમાં જ રહે છે. આહાહા..! એ તો જ્ઞાનની પરિણતિમાં ચંચળ, ચપળ થયા વિના અકંપપણે જ્ઞાનમાં જ્યાંત્યાં રહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! ધર્મ ચીજ કોઈ અલૌકિક છે. આહા..! લોકોએ કલ્પિ રાખ્યું છે અને બધું મનાવ્યું છે (એવું સ્વરૂપ નથી). આહાહા..!

જેણે સમ્યગ્દર્શમાં આખી પૂર્ણાનંદની ચીજને જ્યાં પ્રતીતમાં, અનુભવમાં લીધી તો હવે કહે છે કે, એ રહે છે ક્યાં? તો કહે છે, એ પોતામાં રહે છે. સ્વર્ગમાં ગયા એ તો વ્યવહારથી કથન છે. પોતામાં રહ્યા છે. નરકમાં ગયા? તો કહે છે, ના. એ પોતામાં છે. તિર્યંચમાં ગયા? સમકિતીને આયુષ્ય બંધાઈ ગયું હોય તો તિર્યંચમાં જુગલિયામાં જાય છે. તો કહે છે, ત્યાં પણ આત્મામાં છે. આહાહા..! સમજાણું? આ પ્રશ્ન પૂછ્યો હતો, ખબર છે? 'ચેતનજી'! 'શ્રીમદ્'ને પૂછ્યો હતો. બહારમાં એવી વાત આવે ને કે નરકમાં ગયા છે. એવો જવાબ આપ્યો, પ્રભુ! સાંભળ, 'શ્રીકૃષ્ણ' સમકિતી ધર્માત્મા હતા. આહાહા..! એ જ્યાં છે ત્યાં આત્મામાં છે. આહાહા..! આવ્યું કે નહિ આ? આ લોક ને પરલોકની ચિંતા જ નથી. આ

લોક ને પરલોક બધો મારો આ છે. ચિદ્‌ઘન આત્મા આ લોક અને પર નામ પ્રધાન પરલોક આ છે. આહા..! આવી વાતું છે, બાપુ! આકરી વાતું, ભાઈ! દુનિયાના માણસો અત્યારે ક્યાંય બિચારા રખડતા પડ્યા છે. એને હજી ધર્મ શું ને કેમ થાય, એની ખબરું ન મળે. આહાહા..! એ મરીને ક્યાંય જાશે રખડતા. આહા..!

અહીં કહે છે, આહાહા..! **'જ્ઞાની જાણે છે કે–આ ચૈતન્ય જ મારો એક, નિત્ય લોક છે...'** આહા..! ધ્રુવ મારો લોક છે એમ જાણે છે પર્યાય પણ ધ્રુવ મારો લોક છે (એમ જાણે છે). સમજાણું? નિત્યાનંદ પ્રભુ શાશ્વત વસ્તુ એ મારો લોક છે એમ પર્યાય જાણે છે. આહાહા..! **'નિત્ય લોક છે કે જે સર્વ કાળે પ્રગટ છે.'** ધ્રુવ વસ્તુ તો સદા કાળ વ્યક્ત પ્રગટ જ વસ્તુ છે. આહાહા..! એ તો પર્યાયની અપેક્ષાએ પર્યાયને વ્યક્ત કહીએ તો એને અવ્યક્ત કહીએ. પણ એ વસ્તુ તરીકે જુઓ તો પોતાની અપેક્ષાએ વ્યક્ત પ્રગટ નિત્ય વસ્તુ છે. ધ્રુવ શાશ્વત પ્રગટ.. પ્રગટ.. પ્રગટ. આહાહા..! હેં?

મુમુક્ષુ :– પ્રગટ એટલે હયાતી.

ઉત્તર :– હયાતી. આહાહા..! હયાતી નહિ, પ્રગટ જ વસ્તુ પ્રગટ જ છે. એમ. એની કાયમી ચીજ વ્યક્ત પ્રગટ છે. પર્યાયની અપેક્ષાએ એને અવ્યક્ત કહ્યું એ બીજી અપેક્ષા પણ વસ્તુ તરીકે જે છે એ તો પ્રગટ વસ્તુ છે કે નહિ? છે કે નહિ? તો છે તો પ્રગટ છે. ઢંકાયેલી છે? આહાહા..! આકરી વાતું, ભાઈ! અત્યારના માણસો કરતા બહુ ફેર છે, ભાઈ! દુનિયાની બધી ખબર નથી? આહાહા..!

**'સર્વ કાળે પ્રગટ છે.'** સદા કાળ વ્યક્ત જ છે. આહાહા..! ધ્રુવ સદા કાળ છે. **'આ સિવાયનો બીજો કોઈ લોક મારો નથી.'** એ સિવાય કોઈ બીજી ચીજ મારી છે, એવી કોઈ ચીજ છે નહિ. **'આ મારો ચૈતન્યસ્વરૂપ લોક તો કોઈથી બગાડ્યો બગડતો નથી.'** આહાહા..! ધ્રુવ ભગવાનઆત્મા કોનાથી બગડે? આહાહા..! **'આવું જાણતા જ્ઞાનીને આ લોકનો કે પરલોકનો ભય ક્યાંથી હોય? કદી ન હોય. તે તો પોતાને સ્વાભાવિક જ્ઞાનરૂપ..'** ચૈતન્યરૂપ, જ્ઞાયકરૂપ **'જ અનુભવે છે.'** બહુ ઝીણું, બાપુ! કહો, આ સમજાણું કે નહિ? એ.. 'નટુ'. આ ધંધો-બંધો હું નહિ, એમ કહે છે. આ ધંધા સંબંધીનો રાગ થાય એ પણ હું નહિ.

મુમુક્ષુ :– મુદ્દો ન આવ્યો.

ઉત્તર :– હું નહિ, એટલે ચૈતન્ય તે હું. દુકાને બેસે ને પછી આ બધી વ્યવસ્થા કરું છું ને આ કરું છું, પણ એ તારી ચીજ નથી તો તું વ્યવસ્થા ક્યાંથી કરે? સમજાણું? ઝીણી વાત, ભાઈ! વીતરાગ... વીતરાગ પરમાત્મા જિનેશ્વરદેવ, તેમના માર્ગની પદ્ધતિ કોઈ અલૌકિક છે. અત્યારે તો લૌકિક જેવું, લોક જેવું આમ સ્થૂળ કરી નાખ્યું. આહા..! આ પૂજા કરી ને ભક્તિ કરી ને જાત્રા કરી, થઈ ગયો ધર્મ. અરે..! ધૂળેય નથી, સાંભળને. આહા..! ધર્મી એવો ભગવાન પોતાના ધર્મને સંભાળે નહિ અને રાગ ને પરને સંભાળવા જાય... આહાહા..!

એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

**'પોતાને સ્વાભાવિક જ્ઞાનરૂપ જ...'** ભાષા છે? હેં? એ તો **[सः स्वयं सततं निश्शङ्कः सहजं ज्ञानं सदा विन्दति]** આહા..! એ એક વાત કરી. એક કળશમાં બે વેદનાને ઊડાડી દીધી–આ લોક ને પરલોક. સાત ભય છે ને? એકમાં બે ભયને ઊડાડી દીધા. હવે વેદના રહી. શરીરમાં રોગ થાય તો એ આત્માની વેદના છે? એ તો જડની દશા, આ તો માટી છે. રોગ કહેવું એ પણ એક અપેક્ષિત વાત છે. બાકી તો પદાર્થની અવસ્થા તે પણે થઈ છે, એ તો જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણવા લાયક છે. આહાહા..! રોગ કહેવો કોને? એ તો નિરોગ અવસ્થાની અપેક્ષાએ રોગ કહેવાય. બાકી રોગની પર્યાય, પરમાણુની પર્યાયની અવસ્થા તે કાળની તેવી છે. આહાહા..! બહુ ફેર. હેં? અત્યારે ચાલતો માર્ગ અને આ કહેવું. આહાહા..! અરે...! વીતરાગ પરમાત્મા જિનેશ્વરદેવના પોકાર છે. ત્રણલોકના નાથની વાણીમાં, દિવ્યધ્વનિમાં આ આવ્યું, એ આ વાત છે. આહા..!

## શ્લોક–૧૫૬

(शार्दूलविक्रीडित)

एषैकैव हि वेदना यदचलं ज्ञानं स्वयं वेद्यते
निर्भेदोदितवेद्यवेदकबलादेकं सदानाकुलैः।
नैवान्यागतवेदनैव हि भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५६।।

---

હવે વેદનાભયનું કાવ્ય કહે છે :-

**શ્લોકાર્થ :- [ निर्भेद-उदित-वेद्य-वेदक-बलात् ] અભેદસ્વરૂપ વર્તતા વેદ્ય-વેદકના બળથી (અર્થાત્ વેદ્ય અને વેદક અભેદ જ હોય છે એવી વસ્તુસ્થિતિના બળથી) [ यद् एकं अचलं ज्ञानं स्वयं अनाकुलैः सदा वेद्यते ] એક અચળ જ્ઞાન જ સ્વયં નિરાકુળ પુરુષો વડે (-જ્ઞાનીઓ વડે) સદા વેદાય છે, [ एषा एका एव हि वेदना ] તે આ એક જ વેદના (જ્ઞાનવેદન) જ્ઞાનીઓને છે. (આત્મા વેદનાર છે અને જ્ઞાન વેદાવાયોગ્ય છે.) [ ज्ञानिनः अन्या आगत-वेदना एव हि न एव भवेत् ] જ્ઞાનીને બીજી કોઈ આવેલી (-પુદ્‌ગલથી થયેલી) વેદના હોતી જ નથી, [ तद्-भीः कुतः ] તેથી તેને વેદનાનો ભય ક્યાંથી હોય ? [ सः**

स्वयं सततं निश्शङ्कः सहजं ज्ञानं सदा विन्दति ] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

ભાવાર્થ :- સુખદુઃખને ભોગવવું તે વેદના છે. જ્ઞાનીને પોતાના એક જ્ઞાનમાત્ર સ્વરૂપનો જ ભોગવટો છે. તે પુદ્ગલથી થયેલી વેદનાને વેદના જ જાણતો નથી. માટે જ્ઞાનીને વેદનાભય નથી. તે તો સદા નિર્ભય વર્તતો થકો જ્ઞાનને અનુભવે છે. ૧૫૬.

## શ્લોક–૧૫૬ ઉપર પ્રવચન

૧૫૬ (કળશ), વેદના ભય.

(शार्दूलविक्रीडित)

एषैकैव हि वेदना यदचलं ज्ञानं स्वयं वेद्यते
निर्भेदोदितवेद्यवेदकबलादेकं सदानाकुलैः।
नैवान्यागतवेदनैव हि भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५६।।

[ निर्भेद-उदित-वेद्य-वेदक-बलात् ] **'અભેદસ્વરૂપ વર્તતા વેદ્ય-વેદકના બળથી (અર્થાત્ વેદ્ય અને વેદક અભેદ જ હોય છે...'** શું કહે છે? કે, આત્મા વેદનાર અને આત્માની વેદના. અનુભવનું વેદન કરનાર અને એનું અનુભવનું વેદન. વેદ્ય-વેદક અભેદમાં હોય છે. આહાહા..! છે? આહાહા..! ઇ ઓલામાં આવી ગયું, નહિ? ૨૧૬ ગાથા. વેદ્ય-વેદક. પરનો વેદ્ય-વેદક નથી, આત્માનો વેદ્ય-વેદક છે. આહાહા..! ૨૧૬. વેદ્ય (એટલે) વેદવા યોગ્ય અને વેદક અભેદ હોય છે. વેદવા યોગ્ય પણ આનંદ અને વેદવાવાળો આત્મા. આહાહા..! **'એવી વસ્તુસ્થિતિના બળથી)...'** શું કહ્યું? ભગવાનઆત્મા વેદનાર અને વેદન યોગ્ય પોતાની અનુભવ દશા. આનંદની દશા વેદવા યોગ્ય અને વેદવાવાળો આત્મા. ખરેખર તો બધી પર્યાય છે. સમજાણું? આહા..!

નિર્મળપર્યાય વેદવાવાળી અને નિર્મળ પર્યાય વેદવા યોગ્ય. આત્મા તો ધ્રુવ છે. અપેક્ષાથી કહે છે. આહાહા..! એ તો આવી ગયું છે, નહિ? અલિંગગ્રહણનો વીસમો બોલ. આત્મા વેદનમાં પોતાની પર્યાયને વેદે છે તે આત્મા (છે). એ આત્મા વેદનમાં ધ્રુવને વેદતો નથી. અરે..! આવી વાતું હવે. અલિંગગ્રહણમાં આવ્યું હતું ને? વસ્તુ અખંડાનંદ પ્રભુ, તેની દૃષ્ટિ થઈ તો વેદવા યોગ્ય દશા વીતરાગી થઈ. શાંતિ અને અકષાયી પરિણતિ થઈ તે વેદવા યોગ્ય અને વેદવાવાળો એ આત્મા. એ તો અભેદની અભેદની વાત છે. આહાહા..! વેદવાવાળો આત્મા અને રાગ વેદવા યોગ્ય, એ વસ્તુમાં નથી. આહાહા..! વેદવાવાળો આત્મા અને રોગ વેદવા યોગ્ય, એ આત્મામાં નથી. રાગ વેદવા લાયક અને વેદવાવાળો આત્મા, એવું આત્મામાં

નથી. આવી વાતું હવે. ક્યાં જાવું માણસને આમાં? બિચારા.. આહાહા..!

અંદર પ્રભુ તું મહાપ્રભુ મહાત્મા છો, પરમાત્મા છો, વીતરાગ છો. એ તારી ચીજ છે. વીતરાગ સ્વરૂપની મૂર્તિ પ્રભુ ચૈતન્ય પ્રતિમા છે. એ વેદવાવાળો અને એની નિર્મળ જાત તે વેદવા યોગ્ય. પણ આત્મા વેદવાવાળો અને રાગ વેદવા યોગ્ય, વસ્તુમાં નથી. આત્મા વેદવાવાળો અને રાગ વેદવા યોગ્ય (એ) વસ્તુમાં નથી. આરે..! આવી વાતું. જે સાંભળેલું હોય એનાથી બીજી જાત. માથાકૂટ બધી. આહાહા..! ભાઈ! તેં સત્યને સાંભળ્યું નથી. આહા..! 'तत् प्रीति चितेन् वार्ताऽपि श्रुताः' એ વાર્તા સાંભળી નથી, કહે છે અને જેણે આવી વાત પ્રેમથી, રુચિથી સાંભળી એને અલ્પ કાળમાં મોક્ષ થયા વિના રહેતો નથી. આહાહા..! છે ને, આવે છે ને ઇ? આહાહા..!

**'(વેદ્ય અને વેદક અભેદ જ હોય છે)...'** શું કહ્યું ઇ? અનુભવ કરનાર અને અનુભવવા યોગ્ય આત્મા જ છે. અનુભવ કરનાર આત્મા અને રાગ અનુભવ કરવા યોગ્ય એમ છે નહિ. એવો ભેદ છે નહિ. આરે.. આરે..! આવી વાત. હજી એકડાની ખબર ન મળે બિચારાને એમાં આવી વાતું. શું થાય? બાપુ! આ તો હજી ધર્મનો એકડો છે. આહાહા..! વેદ્ય નામ વેદાવા યોગ્ય અને વેદક કરનાર અભેદ જ હોય છે. એનો એ આત્મા વેદવાવાળો અને આત્મા વેદાવા યોગ્ય. આહાહા..! આનંદની દશા વેદવા યોગ્ય અને આત્મા વેદવાવાળો. પણ આત્મા વેદવાવાળો અને રાગ વેદવા યોગ્ય, (એવું) વસ્તુમાં નથી. સમજાણું? ઓહોહો..! સંતોએ ટૂંકા શબ્દોમાં સત્યને પ્રસિદ્ધ કર્યું છે, સત્યના ડંકા વગાડ્યા છે. આહાહા..! દિગંબર સંતો એટલે ચાલતા સિદ્ધ. આહાહા..! હેં? વેદ્ય-વેદક આત્મા છે. આત્મા આનંદનો વેદવાવાળો અને આનંદનું વેદન કરનાર આત્મા જ છે. આત્મા વેદવાવાળો અને રાગ વેદક છે, એમ છે નહિ. વસ્તુનું સ્વરૂપ એમ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૦૩ શ્લોક-૧૫૬ થી ૧૫૮ બુધવાર, ભાદરવા સુદ ૧૪, તા. ૦૫-૦૯-૧૯૭૯

---

દસલક્ષણી ધર્મનો દસમો (દિવસ છે). બ્રહ્મચર્યનો અધિકાર છે. આહા..! જે તીવ્ર દુઃખોનો સમૂહરૂપ ધારાસહિત જેના પ્રવાહથી પ્રાણી માટીના પીંડલાની જેમ ચાર ગતિમાં ઘૂમે છે અને અનેક વિકારરૂપી ધર્મ કરનાર એવું આ સંસારરૂપી ચક્ર સ્ત્રીઓના આધારે શીઘ્રતાથી ફરે છે. આહાહા..! સ્પર્શેન્દ્રિય અખંડ આખા શરીરમાં છે. એના ભોગમાં સ્ત્રી છે તેથી તેને લીધું છે. આ સંસારચક્રના પરિભ્રમણમાં સ્ત્રીનો સંગ જ પરિભ્રમણનું કારણ છે. આહા..!

અને જેણે એનો સંગ છોડ્યો, મોહને ઉપશાંત કરનાર મોક્ષના અભિલાષી નિર્મળ બુદ્ધિવાળા મુનિ સદા બેન, દીકરી અને માતા સમાન જુઓ. એ જ ઉત્તમ બ્રહ્મચર્ય છે. આહા..!

બ્રહ્મ નામ આત્મા, આનંદ સ્વરૂપ પ્રભુ, એમાં ઠરવું, રમવું એનું નામ બ્રહ્મચર્ય છે. શરીરથી બ્રહ્મચર્ય પાળે એ તો એક એકલો શુભભાવ છે. પાંચે ઇન્દ્રિયના વિષયો તરફથી ખસી જઈ અને અનીન્દ્રિય એવો જે ભગવાનઆત્મા, આહાહા..! બ્રહ્મ નામ આનંદ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ, શાંત સ્વરૂપ, વીતરાગમૂર્તિ પ્રભુ, એમાં ચરવું.. આહા..! એનું નામ બ્રહ્મચર્ય દસમો ધર્મ છે.

લોકમાં પુણ્યવાન પુરુષો રાગ ઉત્પન્ન કરીને નિરંતર સ્ત્રીઓના હૃદયમાં નિવાસ કરે છે. શું કહે છે? પુણ્યવંત પ્રાણી છે એ સ્ત્રીઓના હૃદયમાં નિવાસ કરે છે. એને (એના પ્રત્યે) પ્રેમ હોય છે. પુણ્યવાન પુરુષો પણ જે મુનિઓના હૃદયમાં તે સ્ત્રીઓ કદી અને કોઈ પ્રકારે પણ રહેતી નથી. આહાહા..! પુણ્યવંત પ્રાણીઓના શરીર આદિને લઈને અનુકૂળતા સ્ત્રીઓના હૃદયમાં હોય છે. પણ જેના હૃદયમાં સ્ત્રી નથી, આહા..! પાંચ ઇન્દ્રિયના વિષયો જેના હૃદયમાં નથી, આહાહા..! છે? તે પુણ્યવાન પુરુષો મુનિઓના ચરણોની પ્રતિદિન અતિ નમ્ર બનીને સ્તુતિ કરે છે. આહાહા..!

હવે આ દસ ધર્મ છે ને, એ બધા ચારિત્રના ભેદ છે. તેથી કહે છે કે, વૈરાગ્ય અને ત્યાગરૂપ બે લાકડાથી બનાવેલી સુંદર નિસરણી. આહા..! માથે જવું હોય તો સારી લાકડાની નિસરણી હોય ને? એમ મોક્ષ જવા માટે આ સુંદર નિસરણી છે. આહાહા..! જ્ઞાન અને વૈરાગ્ય. એટલે ભગવાનઆત્માનું જે જ્ઞાન, બ્રહ્મ આનંદ સ્વરૂપ હું છું એવું જે જ્ઞાન અને પુણ્ય-પાપના વિકલ્પનો વૈરાગ્ય, રક્તથી વિરક્ત, એ બે પ્રકારના લાકડાથી બંધાયેલી મોક્ષ માટે ચડવાની નિસરણી છે. આહાહા..! સમજાણું કાંઈ?

જે મહાન સ્થિર પગથિયાંવાળી હોઈને, એ દસ પ્રકારનો ધર્મ જ્ઞાન અને વૈરાગ્યવાળો, એ મહા દૃઢ પગથિયાંવાળી નિસરણી છે. આહા..! મોક્ષમહેલમાં જવા માટે ચડવાની અભિલાષા રાખનાર મુનિઓને માટે યોગ્ય છે. આહા..! ત્રણ લોકના અધિપતિઓ દ્વારા સ્તુયમાન–સ્તવનને લાયક દસ ધર્મોના વિષયમાં ક્યા પુરુષોને હર્ષ ન થાય? આહાહા..!

આ દસ પ્રકારનો જે ધર્મ, ઉત્તમ ક્ષમાથી માંડી બ્રહ્મચર્ય, એ કહે છે કે ત્રણ લોકના અધિપતિઓથી વંદ્ય છે. એ દસ પ્રકારનો ધર્મ ત્રણ લોકના અધિપતિઓથી સ્તુતિ કરવા લાયક છે. એ દસ ધર્મના વિષયમાં ક્યા પુરુષોને હર્ષ ન થાય? આહા..! અંતરમાં આનંદની ધારામાં કોને હરખ ન થાય? એમ કહે છે. દસ પ્રકારનો ધર્મ એટલે ચારિત્ર. સ્વરૂપનું ચારિત્ર, રમણતા, એ દસ પ્રકારનો ધર્મ છે. આહાહા..! આકરી વાતું, ભાઈ! દુનિયાને અત્યારે (આકરું લાગે).

એકલું શરીરથી બ્રહ્મચર્ય (પાળે) એ કોઈ બ્રહ્મચર્ય નથી. પાંચે ઇન્દ્રિયોના વિષયોને.

કામભોગ કાલે કહ્યા હતા ને? કામ એટલે સ્પર્શ અને રસેન્દ્રિય. અને ઘ્રાણ, આંખ ને કાન એ ભોગ. એ પાંચે ઇન્દ્રિયોના વિષય તરફના વલણને છોડી અનીન્દ્રિય એવો જે ભગવાનઆત્મા.. આહાહા..! એની સન્મુખ થઈને એમાં રમણતા કરવી એનું નામ બ્રહ્મચર્ય છે. આહા..! આ તો શરીરથી બ્રહ્મચર્ય પાળે તો (માને કે) અમે બાળ બ્રહ્મચારી થઈ ગયા. એમ નથી અહીં તો કહે છે. બાળ બ્રહ્મ તો એ છે કે જેને આનંદની રમણતા બાળકમાંથી જેને પ્રગટ થઈ. આહાહા..! નાની ઉંમરમાંથી, દેહની નાની ઉંમર, આત્મા તો અનાદિઅનંત છે, એ આત્મા અનાકુળ આનંદનો નાથ, એની મીઠાશના વેદનમાં બાળપણેથી જેને અંતરમાં રમણતા જાગી છે, એને અહીંયાં બાળ બ્રહ્મચારી કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે કે, એવો જે ધર્મ, આનંદ સ્વરૂપ ભગવાન દસ પ્રકારનો ધર્મ, એ આનંદની રમણતા (થવી) એ દસ પ્રકારનો ધર્મ છે. એને ત્રણ લોકના અધિપતિઓ જેને સ્તવે છે. એવા દસ પ્રકારના ધર્મમાં કોને હરખ ન થાય? આહાહા..! કોને એના આત્માના સ્વભાવમાં વલણ ન થાય. પરના વલણમાંથી કોણ ખસે નહિ? આવો જે ધર્મ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, આ દસ પ્રકારનો ધર્મ એ મુનિના ધર્મની વ્યાખ્યા છે પણ અંશે ચોથે અને પાંચમે પણ હોય છે. આ મુખ્ય દસ ધર્મ ચારિત્રના છે, એના આ ભેદ છે. નિર્વિકલ્પ શાંતિ. આહા..! વિકલ્પ વિનાનો ભગવાન નિર્વિકલ્પ ચીજ છે આત્મા, એની અંદરમાં નિર્વિકલ્પતાની રમણતા થવી, જેવું એ નિર્વિકલ્પ સ્વરૂપ છે એવી જ રમણતા-નિર્વિકલ્પતા પર્યાયમાં થવી.. આહાહા..! આવી વાતું છે. એનું નામ ચારિત્રના દસ ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ બ્રહ્મચર્ય (થયું).

આપણે અહીં વેદનાનું આવ્યું છે ને? પૂરું થઈ ગયું છે? (શ્રોતા :- શરૂઆત જ થઈ છે). ઠીક! વેદનાનો ભય. આહાહા..! જેને આ શારીરીક સુખ-દુઃખની કલ્પના, એનું વેદન એ તો ઝેરનું વેદન છે. આહા..! દુઃખનું વેદન છે. એ ધર્મીને કહે છે કે, જેને આત્મા શુદ્ધ ચૈતન્યઘન, એનો જેને આનંદનો સાગર-સત્તા, એવી જેની સત્તાનો સ્વીકાર દૃષ્ટિમાં થયો એને આ શારીરીક વેદનાનો ભય હોતો નથી કે આ રોગ થાશે તો શું થશે? ક્ષય થશે તો શું થશે? સમજાણું કાંઈ? કેમકે જ્ઞાનીને અંતરમાં આનંદ સ્વરૂપ પ્રભુ, એ જેને વેદવા લાયક અને વેદનારો હું, અને આનંદ વેદવા લાયક એ મારી વેદના છે. આરે...! આવી વાતું છે. આહા..! એ કહ્યું.

**'અભેદસ્વરૂપ વર્તતા વેદ્ય-વેદકના બળથી...'** અભેદ એટલે? આત્મા જ આનંદનો વેદનારો અને આનંદનું વેદન એનું. આહાહા..! અભેદ કીધું ને? ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ, એ પોતે અતીન્દ્રિય આનંદની પર્યાયને વેદે અને વેદવા લાયક એ અતીન્દ્રિય આનંદની પર્યાય. વેદનાર પણ આત્મા અને વેદવા લાયક એની આત્માની પર્યાય. આહા..! **'(એવી વસ્તુસ્થિતિના બળથી)...'** આહાહા..! શું કહે છે ઇ? આવી જે વસ્તુ જે ચૈતન્ય ભગવાન,

એની જ્યાં દૃષ્ટિ પડી ત્યાં અને એનો જે અનુભવ થયો એના બળથી. આહાહા..!

**[यद् एकं अचलं ज्ञानं स्वयं अनाकुलैः सदा वेद्यते] 'એક અચળ જ્ઞાન જ...'** આહાહા..! જ્ઞાન એટલે આત્મા. શુદ્ધ આત્મા, અચળ જ્ઞાન, કદી ચળે નહિ એવી ધ્રુવ ચીજ ભગવાન, નિત્યાનંદ પ્રભુ, આહાહા..! એવો અચળ આત્મા જ **'સ્વયં નિરાકુળ...'** પ્રભુ પોતે તો નિરાકુળ આત્મા છે. આહાહા..! એમાં આકુળતાના વિકલ્પનો પ્રવેશ નથી. વસ્તુમાં આકુળતા છે જ નહિ. આહાહા..! આવી વાતું હવે. નિરાકુળ ભગવાનઆત્મા એનું જેને નિરાકુળપણાનું વેદન છે એ **'સ્વયં નિરાકુળ પુરુષો વડે...'** આહાહા..! નિરાકુળ એવો ભગવાનઆત્મા અને જે પર્યાયમાં નિરાકુળવાળો પુરુષ-આત્મા છે એનાથી તે વેદાય છે. અરે..! આવું કામ છે, હોં! ભાઈ! આહાહા..!

પાંચ ઇન્દ્રિયો અને તેના તરફનો વિકલ્પ, એનાથી ખસી, હટી અને અસ્તિ તત્ત્વ જે ભગવાન પૂર્ણાનંદની અસ્તિ-સત્તા, તેના અવલંબનમાં જે ગયો, આહાહા..! તેને એક જ જ્ઞાન જ સ્વયં નિરાકુળ છે તેને એ વેદે છે. આવી વાત છે. આનું નામ ધર્મ છે. રાગાદિ અને પુણ્યાદિના પરિણામ એ કોઈ ધર્મ નથી, એ તો આકુળતા છે અને ભગવાનઆત્મા નિરાકુળ છે. એ નિરાકુળ સ્વરૂપ ભગવાન.. આહા..! આઠ વર્ષની બાળિકા પણ જો સમ્યગ્દર્શન પામે છે, આહા..! અરે..! તિર્યંચ, અઢી દ્વીપ બહાર અસંખ્ય તિર્યંચ ભગવાને કહ્યા છે. સિંહ ને વાઘ ને નાગ ને વાંદરા ને હાથી ને ઘોડા અસંખ્ય સમકિતી બહાર છે. આહાહા..! આવે છે પડિકમણામાં, સ્થાનકવાસીના ખામણામાં. અઢી દ્વિપ બહાર અસંખ્યાતા છે. આહા..! એ તિર્યંચના શરીર હોવા છતાં ભગવાન અંદર આત્માના આનંદને જાણ્યો છે અને અનુભવ્યો છે તેથી તે એને નિરાકુળતાનું નિરાકુળ પુરુષો દ્વારા નિરાકુળતાનું વેદન છે. જેને આકુળતા-વિકલ્પની જાળુ વર્ત્યા કરે છે, આહા..! એ નિરાકુળ પુરુષ નહિ. નિરાકુળ પુરુષ નહિ એટલે પરિણતિમાં નિરાકુળ પુરુષ નહિ, એમ. વસ્તુ તો નિરાકુળ છે જ, પણ પર્યાયમાં જેને નિરાકુળતા પ્રગટી છે તે એને અનુભવે છે. પણ જેને બહારના ખદબદાટ, પુણ્ય અને પાપના વિકલ્પની જાળમાં ગુંચાઈ ગયો છે, આહા..! એ તો દુઃખને વેદે છે. એ દુઃખનું વેદન એ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..!

શરીર અને સંયોગો લાખ, કરોડ પ્રતિકૂળ હો, રોગ હો, ક્ષય રોગ હો, આહા..! સોળ રોગ હો, સાતમી નરકના નારકીને તો સોળ રોગ પહેલેથી છે. આહા..! પણ જ્યારે એ અંતરમાં ગયા હોય ત્યારે, મિથ્યાદૃષ્ટિ જાય સાતમી (નરકે), સમકિતી ન જાય અને ત્યાં પછી સમકિત પામે છે. સાતમી નરકનો નારકી. આહા..! એ નિરાકુળ આત્મા, એ નિરાકુળ પર્યાયથી વેદે છે. આહાહા..! સાતમી નરક કોને કહેવી, બાપા! આહાહા..! જેની શીતની વેદના, એક શીતનું આટલું જરી પૂમડું અહીંયાં લાવે (તો) દસ હજાર જોજનના માણસો ઠંડીમાં મરી જાય. એવી ઠંડી છે ત્યાં. એવી ઠંડીમાં ઉત્પન્ન થયેલો પણ જ્યારે ભગવાન

શાંત આનંદમૂર્તિ પ્રભુ, એવી ઠંડકના ગર્ભમાં અંદર જાય છે. આહાહા..! બરફની પાટ જેમ શીતળ હોય છે એમ ભગવાન શીતળ, આનંદસ્વરૂપ શીતળ, ઠંડો, ઠંડો આત્મા નિરાકુળ (છે). એ નિરાકુળને નિરાકુળ પુરુષો વડે વેદન થઈ શકે. આહાહા..! વિકલ્પની જાળુમાં ગુંચાયેલા, એનું આ કામ નથી, કહે છે. ઝીણી વાત, ભાઈ! આહાહા..!

કહે છે કે, સદા **'સ્વયં નિરાકુળ પુરુષો વડે (જ્ઞાનીઓ વડે) સદા વેદાય છે.'** આહાહા..! એનો અર્થ એ થયો કે, પ્રથમ તારે સમ્યગ્દર્શન પ્રગટ કરવું પડશે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો' આવે છે ને 'છ ઢાળા'માં? 'છોડી જગત દ્વંદ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો' એ આત્માનું ધ્યાન કરતા એને આનંદ આવે. કેમકે આત્મા આનંદસ્વરૂપ છે. તેથી નિરાકુળ પુરુષો વડે તે આનંદ વેદાય છે. આકુળતાવાળા જીવોને તે આનંદ હોતો નથી. એ વિકલ્પના ખદબદાટ, આ કર્યું ને આ કર્યું ને આ કર્યું માંગણુ (કરી), આહાહા..! દુનિયાને અનુકૂળ રહેવા માટે માખણ ચોપડે ને આમ કરે ને તેમ કરે, વિકલ્પની જાળમાં ગુંચાઈ ગયેલા (છે). આહાહા..! એ મિથ્યાદૃષ્ટિ છે, કહે છે. આહાહા..!

જેણે વિકલ્પની જાળ તોડી છે અને નિરાકુળ પુરુષ છે તેના વડે નિરાકુળ આનંદ વેદાય છે. એને એ વેદના છે. આહા..! જ્ઞાનીઓને જ્ઞાન વેદાવા યોગ્ય છે. છે? **'તે આ એક જ વેદના (જ્ઞાનવેદન) જ્ઞાનીઓને છે. (આત્મા વેદનાર છે અને જ્ઞાન વેદાવાયોગ્ય છે).'** **[ ज्ञानिनः अन्या आगत-वेदना एव हि न एव भवेत् ]** **'જ્ઞાનીને બીજી કોઈ આવેલી (-પુદ્ગલથી થયેલી) વેદના...'** ખાર છાંટે અને પછી અગ્નિ નાખે, (એની) વેદના ધર્મીને નથી. આહા..! કેમકે તેના તરફનું તેનું લક્ષ જ છૂટી ગયું છે. આહાહા..! અને જ્યાં લક્ષ ગયું છે એ તો નિરાકુળ આનંદનો નાથ છે. આહાહા..! ઝીણી વાત, બાપુ! ભગવંત તારું સ્વરૂપ કોઈ જુદી જાત છે, ભાઈ! આહા..! લાગે નિશ્ચય, પરમ સત્ય આકરું લાગે પણ વસ્તુ તો આવી છે. આહાહા..!

ધર્મીને બીજી કોઈ આવેલી વેદના હોતી નથી. આહાહા..! નિર્ધનતા આવી પડી, ક્ષયનો રોગ આદિ આવી પડ્યો, આહા..! એ વેદના ધર્મીને નથી. એનો તે જ્ઞાતા છે અને જ્ઞાન ને આનંદનું વેદન કરનાર છે. આરે..! આવી વાતું છે. આ દસ ધર્મ પૂરા થાય છે. કહે છે કે, એ દસ ધર્મના આનંદનું વેદન, આહાહા..! (એમાં) કોને હરખ ન આવે? એમ કહે છે. જે દસ ધર્મ, ત્રિલોકના મોટા ત્રણલોકના અધિપતિઓ પણ જેની–દસ ધર્મની સ્તુતિ કરે છે, આહાહા..! એ ધર્મ કોને હરખ ન આપે? એ ધર્મમાં કોને હરખ ન આવે? કહે છે. આહાહા..! આવી વાતું હવે. આ તો ક્રિયા કરો ને વ્રત કરો ને અપવાસ કરો. એ તો આકુળતા છે. આહા..! એ આકુળતા રહિત નિરાકુળ પુરુષો વડે નિરાકુળતા વેદાય છે. આહાહા..! આવી વાતું અગમગમની વાતું, સાધારણ માણસને તો બિચારા બહારની વિકલ્પ જાળમાં ગુંચાઈ ગયા. આ કર્યું ને આને અનુકૂળ કર્યું ને આને માખણ ચોપડ્યું ને આને

અનુકૂળ થઈએ તો અમે બહાર આવીએ, પ્રસિદ્ધિ પમાય (એવી) આકુળતાની જાળમાં ગુંચાઈ ગયા. પણ નિરાકુળ ભગવાનઆત્મા, તે વેદના એક જ છે. ધર્મીને બીજી વેદના હોતી નથી.

[तद्-भीः कुतः] **'તેથી તેને વેદનાનો ભય ક્યાંથી હોય ?'** કેમ? 'सः' તે ધર્મી–જ્ઞાની આત્મા **'स्वयं सततं निश्शङ्कः सहजं ज्ञानं सदा विन्दति' 'તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.'** આહાહા..! જ્ઞાનનું શુદ્ધ પરિણમન થવું એ જ્ઞાનના વેદનમાં આવે છે. આહા..! રાગનું, પુણ્યનું, દયા, દાનનું પરિણમન થવું એ બધું દુઃખનું વેદન છે. આવી વાતું લોકોને આકરી પડે. શું થાય? એણે કરવું પડશે, ભાઈ! જન્મ-મરણના દુઃખ.. આહાહા..! ચારે કોર ભમે છે ચક્કર આખું. ઓલું કુંભારનો ચાકડો ફરે એમ ચાર ગતિમાં ફરે છે. આ એક માણસ થાય ને વળી પાછો ઢોર થાય ને વળી નરકમાં જાય. આહાહા..! ધર્મી તો આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપી તે હું એમ અનુભવ થયો છે. તેથી **'તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને અનુભવે છે.'** જ્ઞાન એટલે આત્મા. આહા..!

**ભાવાર્થ :– 'સુખદુઃખને ભોગવવું તે વેદના છે. જ્ઞાનીને પોતાના એક જ્ઞાનમાત્ર સ્વરૂપનો જ ભોગવટો છે.'** ભારે આકરું કામ. ધર્મી એને કહીએ કે જેને આત્મા આનંદ સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ થયો. તેને તો એક આનંદનું જ વેદન હોય છે, જ્ઞાનનું જ વેદન (હોય છે). આહાહા..! એક પોતાના જ્ઞાનમાત્ર સ્વરૂપનો–આત્માનો જ અનુભવ (છે). **'તે પુદ્ગલથી થયેલી વેદનાને વેદના જ જાણતો નથી.'** આહાહા..! શરીરમાં રોગ, દરિદ્રતા (હોય), ક્ષય રોગ, સોળ રોગ પ્રગટ થાય, એને જ્ઞાની રોગ જાણતો નથી. એ તો જ્ઞાનીના જ્ઞાનમાં જ્ઞેય તરીકે (જણાય છે). આહા..! આવો માર્ગ. લોકોને તો શું કરે? અત્યારે માણસને સાંભળવા મળે નહિ. બહારનું આ કરો, આ કરો, આ કરો. કરો ને મરો. આહા..! ભાઈએ નથી કહ્યું? 'સોગાની'. કરવું ઇ મરવું (છે). રાગને કરવો, આ રાગ કરો, આવો કરો, આ કરો, રાગને કરો એ તો મરવું છે. ઝીણી વાત, ભાઈ! આહાહા..!

એને ઉગારવાનો પ્રભુનો રસ્તો નિરાકુળ આનંદમાં જાવું, જ્યાં નિરાકુળ ભગવાન બિરાજે છે. આહાહા..! તેના સમીપમાં જાવું અને જતાં જે પર્યાયમાં આનંદ આવે, એ એક જ વેદના જ્ઞાનીને છે. બીજી લાખ, કરોડ વેદના, પ્રતિકૂળતા, નિર્ધન હોય, ખાવા મળે નહિ એવી નિર્ધનતા આવી જાય તોય સમકિતી (છે). એની વેદના એને નથી. આહા..! અને ધર્મીને અબજોના મોટા રાજ મળે એની વેદના જ્ઞાનીને નથી. એ એના તરફના વેદનને તો દુઃખ જાણીને, ઝેર જાણીને છોડી દ્યે છે. છોડતો જાય છે. અંદર આત્માને આદરતો જાય છે. આહાહા..! **'માટે જ્ઞાનીને વેદનાભય નથી. તે તો સદા નિર્ભય વર્તતો થકો...'** આહાહા..! આખા સિદ્ધાંતનો સાર છે આ. **'જ્ઞાનને અનુભવે છે.'**

## શ્લોક-૧૫૭

(शार्दूलविक्रीडित)

यत्सन्नाशमुपैति तन्न नियतं व्यक्तेति वस्तुस्थिति-
र्ज्ञानं सत्स्वयमेव तत्किल ततस्त्रातं किमस्यापरैः।
अस्यात्राणमतो न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्क सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५७।।

હવે અરક્ષાભયનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ यत् सत् तत् नाशं न उपैति इति वस्तुस्थितिः नियतं व्यक्ता ] જે સત્ છે તે નાશ પામતું નથી એવી વસ્તુસ્થિતિ નિયતપણે પ્રગટ છે. [ तत् ज्ञानं किल स्वयमेव सत् ] આ જ્ઞાન પણ સ્વયમેવ સત્ (અર્થાત્ સત્સ્વરૂપ વસ્તુ) છે (માટે નાશ પામતું નથી), [ ततः अपरैः अस्य त्रातं किं ] તેથી વળી પર વડે તેનું રક્ષણ શું ? [ अतः अस्य किञ्चन अत्राणं न भवेत् ] આ રીતે (જ્ઞાન પોતાથી જ રક્ષિત હોવાથી) તેનું જરા પણ અરક્ષણ થઈ શકતું નથી [ ज्ञानिनः तद्-भी कुत: ] માટે (આવું જાણતા) જ્ઞાનીને અરક્ષાનો ભય ક્યાંથી હોય ? [ सः स्वयं सततं निश्शंकः सहजं ज्ञानं सदा विन्दति ] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

ભાવાર્થ :- સત્તાસ્વરૂપ વસ્તુનો કદી નાશ થતો નથી. જ્ઞાન પણ પોતે સત્તાસ્વરૂપ વસ્તુ છે; તેથી તે એવું નથી કે જેની બીજાઓ વડે રક્ષા કરવામાં આવે તો રહે, નહિ તો નષ્ટ થઈ જાય. જ્ઞાની આમ જાણતો હોવાથી તેને અરક્ષાનો ભય નથી; તે તો નિઃશંક વર્તતો થકો પોતે પોતાના સ્વાભાવિક જ્ઞાનને સદા અનુભવે છે. ૧૫૭.

## શ્લોક-૧૫૭ ઉપર પ્રવચન

૧૫૭ આવ્યો ને? અરક્ષાભય. મારું કોઈ રક્ષણ હોય તો હું રહી શકું, એમ માનનારા (અજ્ઞાની છે). ગઢ, કિલ્લો હોય, પૈસો હોય, નોકર સારા હોય, મને રક્ષે તો હું રહી શકું, એવી પીડા, એવા ભાવ જ્ઞાનીને હોતા નથી. ત્રિકાળ રક્ષાસ્વરૂપ જ ભગવાન છે. એને હું રાખું તો રક્ષા થાય એવી એ ચીજ નથી. આહા..!

(शार्दूलविक्रीडित)

यत्सन्नाशमुपैति तन्न नियतं व्यक्तेति वस्तुस्थिति-
र्ज्ञानं सत्स्वयमेव तत्किल ततस्त्रातं किमस्यापरैः।
अस्यात्राणमतो न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्क सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५७।।

આહાહા..! ‘यत् सत्’ ‘यत्’ જે સત્ છે તે ‘तत् नाशं न उपैति’ ભગવાનઆત્મા ત્રિકાળી સત્ છે. આહા..! છે, સત્ છે તે નાશ થતું નથી. છે તેનો નાશ નથી. સત્ છે પ્રભુ. આહાહા..! અનંત ગુણથી બિરાજમાન પ્રભુ **‘જે સત્ છે તે નાશ પામતું નથી એવી વસ્તુસ્થિતિ નિયતપણે...’** નિશ્ચયપણે **‘પ્રગટ છે.’** આહાહા..! બહારથી રક્ષા કરું તો મારો આત્મા રહે, સાધનો એવા બધા રાખું, આહાહા..! એમ ધર્મીને હોતું નથી. મારો ભગવાન તો સત્તાથી આરક્ષિત જ છે. પરથી રક્ષા કરે એવો છે જ નહિ. પરના મહેલ, મકાન, નોકર-ચાકર, પોલીસ, બંદુક એવા સાધનો હોય તો મારી રક્ષા થાય (એમ માનનાર) મૂઢ છે. આહા..! ભારે આકરું, દુનિયાથી (જુદી જાત છે).

**‘એવી વસ્તુસ્થિતિ નિયતપણે...’** નિશ્ચયપણે **‘પ્રગટ છે.’** સત્ પ્રભુ શાશ્વત નિત્યાનંદ પ્રભુ સદા પ્રગટ છે. વસ્તુ છે ઇ વસ્તુ પ્રગટ જ છે. અનાદિ છે, અનંતકાળથી છે, એમ ને એમ છે. આહા..! [ तत् ज्ञानं किल स्वयमेव सत् ] **‘આ જ્ઞાન પણ સ્વયમેવ સત્ (અર્થાત્ સત્સ્વરૂપ વસ્તુ) છે...’** જેમ કોઈપણ સત્ હોય એનો નાશ ન થાય એમ આત્મા પણ સત્ છે, કહે છે. આહાહા..! ભારે કામ, ભાઈ! વીતરાગ માર્ગ બહુ અલૌકિક છે, બાપુ! વીતરાગભાવથી તે વીતરાગપણું પ્રગટ થાય છે. આહાહા..! રાગની ક્રિયાથી તે વીતરાગપણું પ્રગટ થતું નથી, એમ કહે છે. આહાહા..! જ્ઞાન પણ સ્વયમેવ સત્સ્વરૂપ વસ્તુ છે. ચીજ નાશ પામતી નથી.

[ततः अपरैः अस्य त्रातं किं] **‘તેથી વળી પર વડે તેનું રક્ષણ શું ?’** ‘त्रातं’ એટલે રક્ષણ. પોતે સત્ અવિનાશી ભગવાન છે તેને પર વડે રક્ષા ઇ શું? આહાહા..! આવી વાતું. આઠ વર્ષની બાળિકા પણ સમ્યક્ પામે તો આ હોય છે, એમ કહે છે. સત્ ભગવાન વસ્તુ છે. આહાહા..! મારો આનંદ તો મારામાં છે. એ આનંદ સત્ છે ઇ કે દિ’ નાશ થાય? આહાહા..! **‘अपरैः अस्य त्रातं किं’ ‘પર વડે તેનું રક્ષણ શું?’** આહાહા..! હું આત્મા દુર્ગ કિલ્લો છું. એને રક્ષણ શું? એમાં કોઈને પ્રવેશ નથી. આહાહા..! જેમાં વિકલ્પનો પ્રવેશ નથી એવો ભગવાન દુર્ગ કિલ્લો, એની હું રક્ષા કરું તો રહે એવું નથી. આરે..! આવી વાતું. પજોસણમાં તો અપવાસ કરવા ને આ કરવા ને તે કરવા એવું હોય તો સમજાય તો ખરું. એ તો વિકલ્પ છે, બાપા! રાગ છે. એ અપવાસ-બપવાસ તપસ્યા નથી. તપસ્યા તો ચૈતન્યમૂર્તિને તપાવવો, અંદર પ્રગટ કરવો. જેમ સોનાને ગેરુ લાગવાથી સોનું ઓપે છે, એમ ભગવાન

આનંદના નાથમાં એકાગ્ર થઈને આનંદની શોભા અંદર પ્રગટ થાય તેને અપવાસ ને તપ કહે છે. બાકી તો લાંઘણું છે. આહાહા..!

**'अपरैः अस्य त्रातं किं'** ભગવાનના રક્ષણ માટે બીજાના શરણની શું જરૂર? આહાહા..! **'આ રીતે (જ્ઞાન પોતાથી જ રક્ષિત હોવાથી)...'** જ્ઞાન એટલે આત્મા. **'આ રીતે (જ્ઞાન પોતાથી જ રક્ષિત હોવાથી) તેનું જરા પણ અરક્ષણ થઈ શકતું નથી...'** આહાહા..! કિંચિત્ પણ તેની રક્ષા કરવી એવું છે નહિ. એ તો ત્રિકાળ રક્ષિત છે. જેની દૃષ્ટિમાં નિત્યાનંદ પ્રભુ આવ્યો એને હવે રક્ષા કોની કરું? કોની રક્ષાથી હું રહું? એ છે નહિ. આહાહા..! **'જરા પણ અરક્ષણ થઈ શકતું નથી...' [ ज्ञानिनः तद्-भी कुतः ] 'માટે (આવું જાણતા) જ્ઞાનીને...'** જ્ઞાની એટલે ધર્મી, સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાનથી. એ આવી ગયું છે, નહિ? જ્ઞાની કોને કહેવા? અવિરતીથી બધાને જ્ઞાની કહેવા. ઓલા વળી એમ કહે કે, જ્ઞાની ન કહેવાય. નિર્વિકલ્પ ધ્યાન થાય એને જ્ઞાની કહેવાય. એટલે આ બહારની ક્રિયા કરે અને નિર્વિકલ્પ થાય. ધૂળેય નથી. આહાહા..! શું થાય? જ્ઞાની એટલે ધર્મીને આવું જાણતા એટલે અરક્ષણ થઈ શકતું નથી એવો હું છું. જરા પણ અરક્ષણ નથી. રક્ષણ હોય તો હું રહું એમ નથી. એનું અરક્ષણ થઈ શકતું નથી. આહા..!

**'તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો...'** જે વસ્તુ અખંડ આનંદસ્વરૂપ ધ્રુવ (છે) એને જેણે પકડી છે અને અનુભવી છે (તે) **'પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો...'** પોતાપણામાં નિરંતર નિઃશંક વર્તતો થકો. સહજ આત્માને સદા વેદે છે. આહા..! સદા આત્માને અનુભવે છે, સદા અનુભવે છે. ગમે તેવા પ્રસંગમાં હોય તો એને તો આત્માનું જ વેદન મુખ્ય છે. રાગાદિ હો તેનું વેદન નથી પરમાત્માને. દૃષ્ટિની પ્રધાનતાથી કથન છે ને. વેદન છે પણ એ ભિન્ન છે. આનંદનું વેદન છે એ આત્માનું છે. જ્ઞાનીને રાગ આવે, એનું વેદન છે પણ ઇ વેદન દુઃખરૂપ છે. જેટલો આત્માની સન્મુખ થઈને આનંદ પ્રગટ્યો એ સુખરૂપ છે અને જેટલો પરના લક્ષથી રાગ થાય તે દુઃખ છે. બેયનું વેદન છે. પણ અહીં તો એ વેદનને ગૌણ કરીને એ આત્માના આનંદ સ્વરૂપનું જ વેદન છે. આહાહા..! બહુ કામ આકરું.

તે તો **'નિરંતર નિઃશંક વર્તતો થકો...'** નિર્ભય વર્તતો થકો, સ્વાભાવિક આત્માને સદા અનુભવે છે. આહાહા..! 'સદા' શબ્દ પડ્યો છે ને. દરેકમાં સદા છે, દરેકમાં. **'स्वयं सततं निश्शंकः सहजं ज्ञानं सदा विन्दति'** આહાહા..! કેમકે આત્મા જે સમ્યક્ દર્શન પામ્યો ત્યારે તેની પર્યાયમાં આનંદનું વેદન (આવ્યું). **'सदा विन्दति'** એને જ એ વેદે ને અનુભવે છે, એમ કહે છે. જેને ધ્રુવ ઉપર દૃષ્ટિ જાય એને પર્યાયમાં આનંદનું વેદન આવે. ત્યારે એની દૃષ્ટિ ધ્રુવ ઉપર છે એમ નિર્ણય થાય. આહાહા..! વસ્તુ છે, ભગવાન પૂર્ણાનંદનો નાથ, એના ઉપર દૃષ્ટિ ગઈ, પર્યાયે તેને સ્વીકાર્યો કે હું તો અખંડ આનંદસ્વરૂપ છું. એમ સ્વીકાર્યો એની પર્યાયમાં આનંદ આવે, એનો નમૂનો આવે. એ આનંદ આવે એ એનું ફળ છે. આનંદ

ન આવે અને દૃષ્ટિ ધ્રુવની થઈ છે, એ વાત ખોટી છે. આહાહા...! આવી વાતું હવે. અલકમલકની નહિ પણ અગમગમ્યની. આહા..! એવો માર્ગ (છે), બાપુ!

**'સદા અનુભવે છે.'** સદા. આહાહા..! એટલે કે આનંદ, જ્ઞાન સ્વરૂપ છે એવો જે અનુભવ થયો એ ભલે ઉપયોગ રાગમાં જાય છતાં એનું વેદન જ્ઞાન છે ત્યાં તો અકંપપણે પડ્યો છે. જ્ઞાનના આનંદથી ખસતો નથી. આહાહા..! આવી વાતું હવે ધર્મને નામે. ઓલી સહેલીસટ (હતી). સ્થાનકવાસીમાં કહે, સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો, ચોવિહાર કરો, ફલાણું ત્યાગ્યું, આ ત્યાગ્યું, આ ત્યાગો. દેરાવાસીમાં ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો. દિગંબરમાં લૂગડા છોડો. આહાહા..! પણ મૂળ વાતની ખબરું વિના તારા (ત્યાગ શેના?) આહા..!

અહીં તો એ કહ્યું. **ભાવાર્થ :– 'સત્તાસ્વરૂપ વસ્તુનો કદી નાશ થતો નથી.'** છે તેનો કદી નાશ ન થાય, છે તે ન થાય એવું કદી બનતું નથી. ભગવાનઆત્મા છે. છે તે કદી નથી એમ ન થાય. છે ઇ નથી થાય? આહા..! વસ્તુ ભગવાનઆત્મા સત્તા સત્ છે. **'જ્ઞાન પણ સત્તાસ્વરૂપ વસ્તુ છે;...'** પહેલું સિદ્ધાંતનું સ્થાપન કર્યું કે સત્તાસ્વરૂપ વસ્તુનો કદી નાશ ન થાય. છે તેનો અભાવ કદી ન થાય. એ તો સિદ્ધાંત કહ્યો. એમ આત્મા પણ પોતે સત્તાસ્વરૂપ વસ્તુ છે. આહાહા..! અરેરે..! આ શરીર ને વાણી ને મન ને આ બધા જડ માટી, બહારના બધા ભપકા, અગ્નિ છે બધી. એને લક્ષે તો ઝાળ સળગે છે. એને લક્ષે તો ઝાળ–રાગ (સળગે). ભગવાનને લક્ષે તો અરાગી આનંદ થાય છે. આહાહા..! છે?

આત્મા, જ્ઞાન એટલે આત્મા. **'જ્ઞાન પણ પોતે સત્તાસ્વરૂપ વસ્તુ છે; તેથી તે એવું નથી કે જેની બીજાઓ વડે રક્ષા કરવામાં આવે તો રહે,...'** બીજાઓ વડે રક્ષા કરવામાં આવે તો રહે **'નહિ તો નષ્ટ થઈ જાય.'** એવી સત્તા–વસ્તુ નથી. પણ ક્યાં એની દૃષ્ટિ જ જ્યાં પર્યાય અને રાગ ઉપર અનાદિની છે. સાધુ થયો અનંત વાર, દિગંબર મુનિ, હોં! તોપણ દૃષ્ટિ દયા, દાન ને વ્રત ને ભક્તિ ને એ વિકલ્પ ને પર્યાય ઉપર દૃષ્ટિ (છે). મિથ્યાદૃષ્ટિ (છે). આહાહા..! મહાસત્તા પ્રભુ છે એટલે કે મહા અનંત ગુણપણે હોવાપણે ચીજ છે. આહાહા..! પરથી નહિ હોવાપણે, સ્વથી હોવાપણે છે. એવી ચીજ ઉપર દૃષ્ટિ કરી નહિ. આહા..!

**'જ્ઞાની આમ જાણતો હોવાથી...'** શું કીધું ઇ? કે, કોઈ રક્ષા કરનાર હોય તો હું રહું એવી ચીજ હું નથી. હું તો સત્તા ત્રિકાળી વસ્તુ છે. આહાહા..! રક્ષિત જ છે, એની રક્ષા કરે તો રક્ષિત છે, એમ છે નહિ. આહાહા..! **'જ્ઞાની એમ જાણતો હોવાથી તેને અરક્ષાનો ભય નથી; તે તો નિઃશંક વર્તતો થકો પોતે પોતાના સ્વાભાવિક જ્ઞાનને...'** એટલે આત્માને. જ્ઞાનને એટલે કે રાગ ને પુણ્યને નહિ, પણ **'જ્ઞાનને સદા અનુભવે છે.'** આહાહા..! રાગથી ભેદજ્ઞાન થયું છે એ હવે ભેદજ્ઞાન છે ઇ અભેદ થતું નથી. સદા ભેદજ્ઞાનપણે વર્તે છે. આહા..! આવી વાતું હવે, ભાઈ! કઠણ પડે માણસને. **'અરક્ષાનો ભય નથી; તે તો નિઃશંક વર્તતો થકો પોતે પોતાના સ્વાભાવિક જ્ઞાનને સદા અનુભવે છે.'** હવે અગુપ્તિ.

## શ્લોક-૧૫૮

(शार्दूलविक्रीडित)

स्वं रूपं किल वस्तुनोऽस्ति परमा गुप्तिः स्वरूपे न य-
च्छक्तः कोऽपि परः प्रवेष्टुमकृतं ज्ञानं स्वरूपं च नुः।
अस्यागुप्तिपरतो न काचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्क सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५८।।

હવે અગુપ્તિભયનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ किल स्वं रूपं वस्तुनः परमा गुप्तिः अस्ति ] ખરેખર વસ્તુનું સ્વ-રૂપ જ (અર્થાત્ નિજ રૂપ જ) વસ્તુની પરમ 'ગુપ્તિ' છે [ यत् स्वरूपे कः अपि परः प्रवेष्टुम् न शक्तः ] કારણ કે સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી; [ च ] અને [ अकृतं ज्ञानं नुः स्वरूपं ] અકૃત જ્ઞાન (-જે કોઈથી કરવામાં આવ્યું નથી એવું સ્વાભાવિક જ્ઞાન-) પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ છે; (તેથી જ્ઞાન આત્માની પરમ ગુપ્તિ છે.) [ अतः अस्य न काचन अगुप्तिः भवेत् ] માટે આત્માનું જરા પણ અગુપ્તપણું નહિ હોવાથી [ ज्ञानिन् तद्-भीः कुतः ] જ્ઞાનીને અગુપ્તિનો ભય ક્યાંથી હોય ? [ सः स्वयं सततं निश्शंकः सहजं ज्ञानं सदा विन्दति ] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

ભાવાર્થ :- 'ગુપ્તિ' એટલે જેમાં કોઈ ચોર વગેરે પ્રવેશ ન કરી શકે એવો કિલ્લો, ભોંયરું વગેરે; તેમાં પ્રાણી નિર્ભયપણે વસી શકે છે. એવો ગુપ્ત પ્રદેશ ન હોય પણ ખુલ્લો પ્રદેશ હોય તો તેમાં રહેનાર પ્રાણીને અગુપ્તપણાને લીધે ભય રહે છે. જ્ઞાની જાણે છે કે-વસ્તુના નિજ સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી માટે વસ્તુનું સ્વરૂપ જ વસ્તુની પરમ ગુપ્તિ અર્થાત્ અભેદ્ય કિલ્લો છે. પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ જ્ઞાન છે; તે જ્ઞાનસ્વરૂપમાં રહેલો આત્મા ગુપ્ત છે કારણ કે જ્ઞાનસ્વરૂપમાં બીજું કોઈ પ્રવેશી શકતું નથી. આવું જાણતા જ્ઞાનીને અગુપ્તપણાનો ભય ક્યાંથી હોય ? તે તો નિઃશંક વર્તતો થકો પોતાના સ્વાભાવિક જ્ઞાનસ્વરૂપને નિરંતર અનુભવે છે. ૧૫૮.

## શ્લોક-૧૫૮ ઉપર પ્રવચન

(शार्दूलविक्रीडित)

स्वं रूपं किल वस्तुनोऽस्ति परमा गुप्तिः स्वरूपे न य-
च्छक्तः कोऽपि परः प्रवेष्टुमकृतं ज्ञानं स्वरूपं च नुः।
अस्यागुप्तिपरतो न काचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्क सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५८।।

શું કહે છે? આહાહા..! **[किल स्वं रूपं वस्तुनः परमा गुप्तिः अस्ति] 'ખરેખર...'** વસ્તુ ભગવાનઆત્મા, તે **'સ્વ-રૂપ જ (અર્થાત્ નિજ રૂપ જ) વસ્તુની પરમ ગુપ્તિ છે...'** એને કોઈ છીનવી લેશે, કોઈ ચોરી લેશે એવી એ ચીજ નથી. આહાહા..! અરે..! મારી વસ્તુ કોઈ ચોરી લેશે. પણ તું ગુપ્ત જ છો. ગુપ્ત છો એ કિલ્લો ગુપ્તમાં કોઈનો પ્રવેશ નથી. આહાહા..! એ મને કોઈ હરી જશે, છીનવી લેશે, મને ચોરી લેશે. પણ તને કોણ (ચોરી જાય?) બહારની વસ્તુ છે એ તો એની નથી ને એમાં ઇ પોતે નથી એટલે પ્રશ્ન એમાં કંઈ છે નહિ. આહાહા..! ખરેખર વસ્તુનું સ્વરૂપ **'વસ્તુની પરમ ગુપ્તિ છે...'** એટલે કે અંતરથી ગુપ્ત કરું (એમ નથી). એને કોઈ છીનવી લ્યે માટે હું મારી ગુપ્તિ કરું, ગુપ્ત થઈ જાઉં, એમ નથી. એ તો ગુપ્ત જ છે. આહાહા..! અરે.. અરે..! આવી વાતું.

આ તો હાડકા, ચામડા છે આ તો. એ કંઈ આત્મા નથી. અંદર કર્મ છે ઇ કંઈ આત્મા નથી. તેમ દયા, દાનના વિકલ્પ ઉઠે ઇ કંઈ આત્મા નથી, એ તો રાગ-અનાત્મા છે. આહાહા..! અંદર જે આત્મા છે એ તો ત્રિકાળી ગુપ્તસ્વરૂપ છે. ગુપ્ત કિલ્લો છે, દુર્ગ કિલ્લો (છે). આહાહા..! મકાનમાં લોઢાના પતરા કઠણ નાખ્યા હોય એ કિલ્લામાં કોઈ પ્રવેશ કરી શકે નહિ. પવન પ્રવેશ ન કરે તો વળી ચોર ક્યાંથી પ્રવેશ કરે? લોઠાના હોય છે ને મોટા પતરાં.. પતરાં. એમ આ ભગવાન તો દુર્ગ કિલ્લો છે. આહાહા..! જેમાં વિકલ્પનો પ્રવેશ નથી તો કોઈક એને છીનવી લ્યે કે કોઈ તેને હરી લ્યે કે કોઈ તેને તેમાંથી લઈ જાય (એમ નથી). આહાહા..! આવી વ્યાખ્યા હવે. પજોસણના દિવસમાં તો અપવાસ કરો, આ કરો, તે કરો, ચોવિહાર કરો. દસ અપવાસ કરે તો ઓહોહો..! (થઈ જાય). હવે ઇતો લાંઘણું છે, સાંભળને! આત્મા અંદર ગુપ્ત પડ્યો છે તેની તો તને ખબર નથી અને બહારમાં વિકલ્પની જાળમાં રોકાઈને (માને કે) મને ધર્મ થઈ ગયો. મિથ્યાત્વનું પોશણ છે. આહાહા..! આકરું કામ.

કહે છે કે, મુનિ ધર્મી એમ જાણે છે, મારી ચીજ છે એ ગુપ્ત જ છે. મને કોઈ છીનવી લ્યે, હરી લ્યે, ચોરી લ્યે એવી ચીજ જ નથી. આહાહા..! ઓલું આવે છે ને

'પ્રવચનસાર'માં નહિ? એમ કે, આ ચોર છે એનાથી હવે હું ગુપ્ત થાઉં છું. 'અમૃતચંદ્રાચાર્ય' 'પ્રવચનસાર'માં આવે છે. મેં મારો નાથ આત્મા જોયો, અનુભવ્યો છે તો આ બધા રાગાદિ ચોર છે એનાથી મારે હવે છૂટવું છે અને સ્થિર થાવું છે. 'પ્રવચનસાર'માં છે. આહા..! રાગાદિ ચોર, કોઈ પર ચોર નહિ. આહાહા..! એનાથી બચીને (રહેવું છે). 'પ્રવચનસાર'માં શરૂઆતમાં છે. આહાહા..! આચાર્યોએ તો ગજબ કામ કર્યા છે.

(અહીંયાં) કહે છે, જે મારું સ્વરૂપ છે એ પરમ ગુપ્તિ જ છે, ગુપ્ત જ છે. આહાહા..! કિલ્લો મોટો છે, વજ્રનો કિલ્લો છે, જેમાં કોઈ પ્રવેશ કરી શકે નહિ, (એવો) ગુપ્ત છું. આહાહા..! બીજા મને જોઈ શકે એવો હું નથી. આહાહા..! હું મને જોઈ શકું એવી ગુપ્ત ચીજ છે. સમજાય છે? બીજો મને જોઈ શકે નહિ તો પછી લઈ શકે એ ક્યાં આવ્યું? આહાહા..! આવી વાતું છે. 'સમયસાર'ની વાત પરમ સ્વભાવની દૃષ્ટિની વાત છે. આહા..! એને અનંતકાળમાં ચાર ગતિમાં રખડતા એક સમય પણ આત્મજ્ઞાન થયું નથી. આહાહા..! એ આત્મજ્ઞાન આ ચીજ છે. જે ગુપ્ત વસ્તુ છે તેને જેણે દૃષ્ટિમાં પ્રાપ્ત કરી છે.. આહાહા..! ગોપન જ છે. એને ગોપવું તો રહે એમ નહિ, એ ગોપન છે. આહાહા..!

ખરેખર '**(નિજ રૂપ જ) વસ્તુની પરમ ગુપ્તિ છે...**' એમ કીધું ને? '**કારણ કે સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી;...**' મારા સ્વરૂપમાં દુર્ગ કિલ્લો વજ્ર, વજ્રનો ગઢ છે તેમાં પવન પેસી શકે નહિ તો વળી કોઈ માણસ આવી શકે એ તો છે નહિ. આહાહા..! 'પવન' શબ્દે જેમાં રાગનો વિકલ્પ પ્રવેશી શકે નહિ, તો બીજાઓ એને લઈ જાય એ વાત છે ક્યાં? આહાહા..!

મુનિઓને મેરુ પર્વત સાથે આમ પછાડે છે. દેવ વિરોધી હોય (એ એવું કરે). (મુનિ) પ્રમાદમાં હોય ત્યારે, અપ્રમત્ત દશા થાય તો લઈ શકે નહિ. છટ્ઠે ગુણસ્થાને વિકલ્પમાં હોય (ત્યારે) ઉપાડે. મેરુ પર્વત સાથે, ધોતિયા ધોવે (તેમ મુનિને) પછાડે. પણ કહે છે કે, હું તો ગુપ્ત છું. હું (શરીર) ક્યાં છું? મારો પછાડ પણ નથી (અને) મને કોઈએ પકડ્યો પણ નથી. એ આનંદના સાગરમાં ગુપ્તમાં અંદર પડે છે અને ન્યાં પછાડે છે ત્યાં કેવળ પામીને મોક્ષમાં જાય છે. આહા..! ત્યાંથી અનંતા મોક્ષે ગયા છે. મેરુ પર્વતને કણે કણે, મેરુ આમ છે ને? તો ત્યાં કેટલેક ઠેકાણે બેસવાના ઠેકાણા નથી છતાં ત્યાં પછાડ મારે છે. ત્યાં આગળ અંદર ગુપ્તમાં રમી અને કેવળજ્ઞાન પામીને ચાલ્યા જાય છે. શરીર હેઠે પડ્યું રહે, આત્મા ઉપર ચાલ્યો જાય. આહાહા..! કહે છે કે, જેને કોઈએ ઉપાડ્યું પણ નથી અને જેને પછાડ કરી નથી. આહાહા..! સાંભળ્યું છે ઇ?

મેરુ પર્વત આમ ઊભો છે ને? જ્યાં વન છે ત્યાં તો બેસવાનું સ્થાન છે પણ આમ સોગઠીના આકારે આમ સીધો છે ત્યાં બેસાય એવું નથી છતાં તે તે કણીએ કણીએ અનંત મોક્ષે ગયા છે. આહાહા..! કેમકે માથે અનંતા સિદ્ધ એકસાથે આમ પડ્યા છે. એક ઠેકાણે

અનંતા સિદ્ધ છે. એ ઠેકાણે અનંતા શી રીતે થયા? શરીરને પછાડ્યું છે ત્યાં પોતે ગુપ્ત છે એને તો કોઈ પછાડી શકતું નથી. આહાહા..! એ ગુપ્તમાં અંદરમાં રમણતા કરતો આત્મા, જેને રક્ષાનો કે કોઈ ચોરી લ્યે એનો ભય નથી એ નિર્ભયપણે અંદરમાં રહે છે. નિર્ભયપણે અંદર ગુપ્ત થતાં કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ પ્રગટ થાય છે. આહાહા..! ન્યાંથી દેહ હેઠે રહી જાય છે, આત્મા ઉપર ચાલ્યો જાય છે. મેરુ પર્વતના એક એક કણે. આહા..! સમજાય છે કાંઈ? કેમ?

**'અને...'** **[अकृतं ज्ञानं नुः स्वरूपं]** **'અકૃત જ્ઞાન (-જે કોઈથી કરવામાં આવ્યું નથી એવું...)'** એ તો સ્વાભાવિક વસ્તુ છે. ભગવાનઆત્મા કોઈએ કરેલો છે એમ નથી. એ તો અકૃત્રિમ અનાદિની ચીજ છે. આહાહા..! **[अकृतं ज्ञानं नुः स्वरूपं]** જ્ઞાન એટલે આત્મા. **'અકૃત જ્ઞાન (-જે કોઈથી કરવામાં આવ્યું નથી એવું સ્વાભાવિક જ્ઞાન-) પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ છે;...'** આત્માનું જ્ઞાનસ્વરૂપ તે સ્વાભાવિક, અકૃત્રિમ છે, કોઈએ કરેલું નથી. અનાદિ સત્ છે. તેને કોઈ ચોરી જાય, હણી જાય, છીનવી લ્યે એવી કોઈ ચીજ નથી. આહાહા..! બહારની ચીજ લઈ જાય તો એ બહારની ચીજ તો એની નથી. સમજાણું કાંઈ? એમાં મારું કોઈ લઈ ગયું છે એમ છે નહિ. એ ચીજ કંઈ મારી નહોતી. મારી હોય તો લઈ જાય, પણ મારી હતી નહિ પછી લઈ કોણ જાય? જે મારી ચીજ છે એને તો કોઈ અડી શકતું નથી. આહાહા..! આવો માર્ગ છે.

ભાઈ! જન્મ-મરણ રહિત થવાના માર્ગ બહુ અલૌકિક છે. આહાહા..! ચોરાશીના અવતાર જુઓને, આ 'મોરબી'માં જુઓને કેવું થયું? આહા..! કેટલા માણસો બિચારા મરી ગયા. ઇસ્પિતાલમાં સાડા ત્રણસો ઉપર મડદાં નીકળ્યા. શ્રાવણ મહિનામાં 'રામજી' મંદિરમાં એંસી બાઈઓ પ્રાર્થના કરતી હતી. પાણી ગર્યું, બધા મડદાં, મરી ગયા. અર..ર..ર..! મરીને જાવું ક્યાં એણે? કારણ કે એ વખતે તો આ શરીર કેમ નભે, કેમ નભે? (એમ ચાલતું હોય). અર..ર..ર...! ઘણા તો બિચારા આર્ય માણસ હોય (તો) ઢોરમાં જાય. અરે..રે..રે...! આહાહા..! અહીંથી આવી સ્થિતિમાં દેહ છૂટે (પછી) પશુમાં જાય. ત્યાં હું કોણ છું એવું સાંભળવાનું મળે નહિ. આહાહા..!

અહીં કહે છે, હું તો અકૃત જ્ઞાન છું. કોઈથી કરવામાં આવ્યું નથી એવું આત્માનું સ્વરૂપ. છે ને? પુરુષ એટલે આત્મા, એમ. **[अकृतं ज्ञानं नुः स्वरूपं]** **'પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ છે; (તેથી જ્ઞાન આત્માની પરમ ગુપ્તિ છે).'** જ્ઞાન-આત્મા તો અંદર ગુપ્ત જ છે. **[ अतः अस्य न काचन अगुप्तिः भवेत् ]** **'માટે આત્માનું જરા પણ અગુપ્તપણું...'** નથી. આહા..! બહારમાં જરી પણ રહેતો નથી. અંદર ગુપ્ત છે. આહા..! રાગથી પણ ભિન્ન ભગવાન ગુપ્ત છે અંદર. આહાહા..! રાગ પણ જેને અડતો નથી તો બીજી કોઈ ચીજ છીનવી ને હરી લ્યે (એમ નથી). આહાહા..! રાગ આવે છે એ પણ અહીંયાં સ્વભાવને

અડતો નથી અને સ્વભાવ તે રાગને અડતો નથી. એવી રીતે હું રાગથી પરમ ગુપ્તસ્વરૂપ જ છું. આહાહા..! અગુપ્તિપણું નથી.

**[ज्ञानिन् तद्-भीः कुतः] 'જ્ઞાનીને અગુપ્તિનો ભય ક્યાંથી હોય ?'** આહાહા..! કોઈ છીનવી લેશે કે ચોરી લેશે એવો ભય એને હોતો નથી. આહાહા..! જુઓ! આ સમકિતના નિઃશંક એવા, નિર્ભય એવા સાતનું વર્ણન છે. સાત ભય છે ને? સાત ભયનું વર્ણન છે. ભય જ્ઞાનીને નથી. નિઃશંક છે કહો કે નિર્ભય છે કહો. આહાહા..! **'सः'** તે આત્મા **'स्वयं'** પોતે **'सततं'** નિરંતર. જોયું? બે વાર (આવ્યું). **'सततं'** ને **'सदा'**. આહાહા..! ધર્મી તો આત્માની દૃષ્ટિ ધ્રુવની થઈ છે તે ધ્રુવમાં ગુપ્તપણે જ પડ્યો છે. આહા..! એ નિરંતર નિઃશંક વર્તતો. આ સમ્યગ્દૃષ્ટિની વાત છે. સમ્યગ્દૃષ્ટિને સાત ભય હોતા નથી. એમાં આ અગુપ્તિભય એટલે કોઈ ચોરી લેશે એવો ભય હોતો નથી. આહાહા..! **'નિરંતર નિઃશંક વર્તતો થકો સ્વાભાવિક જ્ઞાન..'** એટલે આત્માને સદા, સ્વાભાવિક આત્માને **'સદા અનુભવે છે.'** આહાહા..! જુઓ! અર્થ કર્યો ને?

**ભાવાર્થ :- ''ગુપ્તિ' એટલે જેમાં કોઈ ચોર વગેરે પ્રવેશ ન કરી શકે એવો કિલ્લો, ભોંયરું...'** આહાહા..! એવો કિલ્લો હું છું, કહે છે. દુર્ગ કિલ્લો છું. આહાહા..! **'તેમાં પ્રાણી નિર્ભયપણે વસી શકે છે. એવો ગુપ્ત પ્રદેશ ન હોય પણ ખુલ્લો પ્રદેશ હોય તો તેમાં રહેનાર પ્રાણીને અગુપ્તપણાને લીધે ભય રહે છે.'** બહાર હોય તો કોઈ ચોર આવશે, આ આવશે (એમ થાય) પણ ભોંયરામાં અંદરમાં એકલો હોય એને ચોર આવશે ને લઈ જશે એવું છે નહિ. આહાહા..! **'વસ્તુના નિજ સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી માટે વસ્તુનું સ્વરૂપ જ વસ્તુની પરમ ગુપ્તિ...'** વસ્તુનું સ્વરૂપ વસ્તુની પરમ ગુપ્તિ (છે). આહાહા..! અભેદ કિલ્લો છે, જોયું? આવ્યું ને! અભેદ કિલ્લો છે. ભગવાન અભેદ કિલ્લો છે, ધ્રુવ છે. આહાહા..! **'પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ જ્ઞાન છે; તે જ્ઞાનસ્વરૂપમાં રહેલો આત્મા ગુપ્ત છે કારણ કે જ્ઞાનસ્વરૂપમાં બીજું કોઈ પ્રવેશી શકતું નથી. આવું જાણતા જ્ઞાનીને અગુપ્તપણાનો ભય ક્યાંથી હોય ? તે તો નિઃશંક વર્તતો થકો પોતાના સ્વાભાવિક જ્ઞાનસ્વરૂપને નિરંતર અનુભવે છે.'** (વિશેષ કહેશે).. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નામધારી-જૈનને પણ રાત્રિના ખોરાક ન ખવાય. રાત્રિના ઝીણી જીવાંતો ખોરાકમાં આવી જાય છે તેથી ખોરાકમાં માંસનો દોષ ગણાય છે, માટે નામધારી-જૈનને પણ રાત્રે ખોરાક ન ખવાય. અથાણામાં પણ ત્રસ જીવ થઈ જાય છે, એ પણ જૈનને ન હોય. જેમાં ત્રસ જીવો ઉત્પન્ન થઈ જાય એવો ખોરાક જ જૈનને હોય નહિ.**

આત્મધર્મ અંક-૫, જાન્યુઆરી-૨૦૦૮

# શ્લોક–૧૫૯

(शार्दूलविक्रीडित)

प्राणोच्छेदमुदाहरन्ति मरणं प्राणाः किलास्यात्मनो
ज्ञानं तत्स्वयमेव शाश्वततया नोच्छिद्यते जातुचित्।
तस्यातो मरणं न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५९।।

હવે મરણભયનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ प्राणोच्छेदम् मरणं उदाहरन्ति ] પ્રાણોના નાશને (લોકો) મરણ કહે છે. [ अस्य आत्मनः प्राणाः किल ज्ञानं ] આ આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે. [ तत् स्वयमेव शाश्वततया जातुचित् न उच्छिद्यते ] તે (જ્ઞાન) સ્વયમેવ શાશ્વત હોવાથી તેનો કદાપિ નાશ થતો નથી; [ अतः तस्य मरणं किञ्चन न भवेत् ] માટે આત્માનું મરણ બિલકુલ થતું નથી. [ ज्ञानिनः तद्-भीः कुतः ] તેથી (આવું જાણતા) જ્ઞાનીને મરણનો ભય ક્યાંથી હોય ? [ सः स्वयं सततं निश्शङ्कः सहजं ज्ञानं सदा विन्दति ] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

ભાવાર્થ :- ઇંદ્રિયાદિ પ્રાણો નાશ પામે તેને લોકો મરણ કહે છે. પરંતુ આત્માને પરમાર્થે ઇંદ્રિયાદિ પ્રાણ નથી, તેને તો જ્ઞાન પ્રાણ છે. જ્ઞાન અવિનાશી છે-તેનો નાશ થતો નથી; તેથી આત્માને મરણ નથી. જ્ઞાની આમ જાણતો હોવાથી તેને મરણનો ભય નથી; તે તો નિઃશંક વર્તતો થકો પોતાના જ્ઞાનસ્વરૂપને નિરંતર અનુભવે છે. ૧૫૯.

## પ્રવચન નં. ૩૦૪ શ્લોક–૧૫૯ શુક્રવાર, ભાદરવા વદ ૧, તા. ૦૭-૦૯-૧૯૭૯

'સમયસાર' ૧૫૯ કળશ છે. મરણભયનો અભાવ. ૧૫૯.

(शार्दूलविक्रीडित)

प्राणोच्छेदमुदाहरन्ति मरणं प्राणाः किलास्यात्मनो
ज्ञानं तत्स्वयमेव शाश्वततया नोच्छिद्यते जातुचित्।
तस्यातो मरणं न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५९।।

એ તો જડ છે, જડના પ્રાણ એ કંઈ આત્માના પ્રાણ નથી. આહાહા..! આત્માના પ્રાણ તો પહેલી શક્તિનું વર્ણન કર્યું ને? **'जीवो चरित्तदंसणणाणठिदो'** ભગવાનઆત્મા જીવત્વશક્તિનો સાગર છે. એ જીવત્વ શક્તિનો અર્થ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ને (અનંત) વીર્ય એવા ચતુષ્ટય પ્રાણથી તેનું જીવન અનાદિ છે. આહા..! એ પ્રાણને કોઈ લૂંટી શકે નહિ. આહા..! અને એ પ્રાણનું જ્યારે ફળ અનંત જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્ય છે એવું ચતુષ્ટય સ્વરૂપ, એવા જે નિજ પ્રાણ એની જ્યાં દૃષ્ટિ થાય, એનો-દ્રવ્યનો સ્વીકાર થાય... કારણ કે દ્રવ્યમાં એ ચૈતન્ય પ્રાણ છે, આહાહા..! તો દ્રવ્યનો જ્યાં સ્વીકાર થાય ત્યારે તેના પરિણામમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદની પર્યાય પ્રગટ થાય તે એનું જીવન છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! અને જ્યારે એ દ્રવ્યદૃષ્ટિ થાય, વસ્તુ છે તે પૂર્ણાનંદ પ્રભુ અનંત જ્ઞાન, દર્શનના પ્રાણથી ભરેલો એવા ધ્રુવના ધ્યેયની દૃષ્ટિ થાય ત્યારે એનું પરિણામ પર્યાયમાં આનંદ ન આવે તો એની દૃષ્ટિ થઈ જ નથી. આહાહા..! આવી વાત છે.

એ તો વીસમા અલિંગગ્રહણના (બોલમાં) કહ્યું હતું ને? અલિંગગ્રહણમાં આવી ગયું કે, આત્મા એને કહીએ કે જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે, જેના પ્રાણ અનંત જ્ઞાન, દર્શન, આનંદ છે, લોકો કહે છે કે, 'મહાવીર'નો આદેશ 'જીવો અને જીવવા દો' એ વાત છે જ નહિ. અહીં તો જીવન એટલે ભગવાનઆત્મા, આહાહા..! જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્યના પ્રાણ એનું એ જીવન છે. એનાથી જીવ અને એનાથી બીજાને જીવાડવાના ભાવ કર. આહાહા..!

અહીંયાં તો એમ કહેવું છે કે, જેને આ પ્રાણનો નાશ થાય છે એ પ્રાણ આત્માના નથી. આહા..! એના પ્રાણ અહીં તો એકલું જ્ઞાન કહેશે. **'પ્રાણોના નાશને (લોકો) મરણ કહે છે.' [अस्य आत्मनः प्राणाः किल ज्ञानं]** આહાહા..! એ આત્માના પ્રાણ એટલે એનું જીવન દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદના સ્વરૂપનું એનું જીવન છે. આહાહા..! અને એ જીવનની દૃષ્ટિ થાય તેને પર્યાયમાં આનંદનું વેદન અને ચતુષ્ટય જે પ્રાણની શક્તિ છે તેની વ્યક્તતાનો અંશ પર્યાયમાં આવે તો તેણે તે દ્રવ્યને સ્વીકાર્યું અને દ્રવ્યની દૃષ્ટિ થઈ. ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! ત્યારે તેને તો એમ કહ્યું, આહાહા..! કે આત્મા જે પરમાનંદ અને પરમઆનંદ, જ્ઞાનના પ્રાણથી ભરેલો પ્રભુ, એનો અંતરમાં સ્વીકાર થાય ત્યારે પર્યાયમાં આનંદનું, શાંતિનું અથવા અનંતા જેટલા ગુણો છે તેની શક્તિની વ્યક્તતાનું વેદન આવે. જો વેદન ન આવે તો તે આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ વેદન છે તે જ આત્મા છે, એમ કહ્યું છે. 'ચંદુભાઈ'! વીસમા, વીસમો (બોલ).

એક કોર કહે કે દ્રવ્ય ધ્રુવ આત્મા છે અને એક કોર કહે કે એ વેદન જે થાય છે તે જ આત્મા છે. તે આત્મા વેદન કરે છે તે આત્મા દ્રવ્યને આત્મા સ્પર્શતો નથી. આહાહા..! આવી વાતું છે. શું કહ્યું પ્રભુ! આહાહા..! એના પ્રભુત્વ આદિના પ્રાણ જે છે, જેનું જીવન અનાદિથી દસ પ્રાણથી શક્તિરૂપે જીવન છે. આહાહા..! એનો જ્યાં દૃષ્ટિમાં

અને જ્ઞાનની પર્યાયમાં એનો સ્વીકાર થયો, ત્યારે તે પર્યાયમાં દ્રવ્ય આવતું નથી પણ પર્યાયમાં દ્રવ્યની જે શક્તિ છે તેની વ્યક્તતા પર્યાયમાં આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ શક્તિની વ્યક્તતા જે થઈ તે દ્રવ્યની દૃષ્ટિના પરિણામ ફળરૂપ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

જે ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન પૂર્ણાનંદનો નાથ, એની સન્મુખ થયો ત્યારે તેના પરિણામમાં જેટલા ગુણો છે તેની શક્તિની વ્યક્તતાનો અંશ વેદનમાં ન આવે તો તેણે દૃષ્ટિ કરી જ નથી. આહાહા..! આવું સ્વરૂપ છે. ઝીણી વાત છે, ભગવાન! અને આમેય આમ કહ્યું છે ને કે, 'खामेमि सव्वे जीवाः' 'खामेमि मनुष्य जीवाः देव जीवाः' એમ નથી કહ્યું. આહાહા..! બધા જીવો જે જ્ઞાન, દર્શન, આનંદના પ્રાણવાળા ભગવાનઆત્મા, એને હું ખમાવું છું. તમારી જેટલી સત્તા છે તેનો સ્વીકાર મને છે. મારી સત્તાનો મને સ્વીકાર છે અને તમારી સત્તાનો મને સ્વીકાર છે. આહાહા..! તેથી તમને મારાથી, મારું ઓછું, અધિક, વિપરીત મેં કર્યું હોય તો એ તો ગયું પણ તમારામાં જે ઓછું, અધિક, વિપરીત છે એને હું જોતો નથી. તમારો ભગવાન અંદર પ્રાણ–આનંદના પ્રાણથી જીવનારો ચૈતન્ય, આહા..! એને હું ખમાવું છું, એ મારો નાથ છે, મારો સાધર્મી આત્મા છે. હેં? આહાહા..! 'શશીભાઈ'! આવું છે ભગવાન! આહાહા..!

જેના રૂપ ને રંગ જેની જાત જ જુદી છે. આ ધૂળના રૂપના રંગ એ તો મસાણના ફાસફૂસ જેવા છે. આહાહા..! ભગવાનઆત્માનું રૂપ અનંત જ્ઞાન, દર્શન, આનંદનું રૂપ અને એનો રંગ, અસંગ રંગ (છે). આહાહા..! સમજાય છે કાંઈ? આ પ્રાણમાં આમ કહેવા માગે છે કે, જેના પ્રાણ નાશ થાય છે તેને લોકો મરણ કહે છે, પણ **[अस्य आत्मनः प्राणाः किल ज्ञानं]** ભગવાનઆત્મા.. છે? **'किल'** નિશ્ચયથી, **'किल'** નિશ્ચયથી જ્ઞાન ને આનંદ ને શાંતિ જેના વીતરાગી પ્રાણ છે. આહાહા..! એ 'જ્ઞાન' શબ્દ કહીને આખો આત્મા કહ્યો છે. સમજાય છે કાંઈ? આહા..! ભાઈ! વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે. આહાહા..!

**'આ આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન...'** આનંદ, જ્ઞાન, વીર્ય ને દર્શન (છે). જીવતરશક્તિ કીધી છે ને? એ પહેલી જીવતર શક્તિમાં જ એના પ્રાણ છે. જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્ય પ્રાણ છે. પહેલી ગાથાથી જ ઉપાડ્યું છે. બીજી (ગાથા). આહાહા..! '**जीवो चरित्तदंसणणाणठिदो**' એને સ્વસમય જાણ, તેને તું આત્મા જાણ. આહાહા..! જે ભગવાનઆત્મા પોતાના જ્ઞાયક અનંત પ્રાણ શાંતિ, આનંદ આદિ, એમાં જેની દૃષ્ટિ પડીને આદર થયો, આહાહા..! એને પર્યાયમાં સ્વસમયનું પરિણમન થયું. દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ આદિની પર્યાય થઈ તેને તું આત્મા જાણ. દ્રવ્ય આત્મા છે એ તો દૃષ્ટિનો વિષય થયો પણ વેદનમાં આવ્યો તે આત્મા તેને તું આત્મા જાણ. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે, દસ પ્રાણે જીવું છું એવી દૃષ્ટિ જ્યાં સુધી છે ત્યાં સુધી તો તેના પ્રાણની પરિણતિ નિર્મળ છે નહિ. આહાહા..! પણ દસ પ્રાણે જીવન એ મારું નહિ, એ તો જડનું

છે. હું તો જ્ઞાન, દર્શન ને આનંદ મારું સત્ત્વ ને સત્તાનું સત્ત્વ, સત્‌નું સત્ત્વ, સત્ એવો જે ભગવાન એનું સત્ત્વ એટલે આત્માપણું.. આહાહા..! ભાવનું ભાવવાનપણું એ તો અનંત જ્ઞાન, દર્શન, આનંદ એ મારું ભાવપણું, મારું સત્‌નું સત્ત્વ તો એ છે, મારો કસ તો એ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આ તો અલૌકિક વાતું છે, બાપુ! અત્યારે દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવું નથી. આહાહા..!

કહે છે કે, એ દસ પ્રાણ છે એ તો જડ છે, એનો નાશ થાય અને મરણ કહેવું એ તો અજ્ઞાની કહે છે. મારા પ્રાણ તો જ્ઞાન, દર્શન ને આનંદ છે. આહાહા..! એનાથી મારું જીવતર ત્રિકાળ છે. એ છે તેની દૃષ્ટિ કરતા.. આહાહા..! પર્યાયમાં પણ આનંદનું વેદન આવે, શાંતિનું વેદન આવે, વીતરાગ સ્વભાવનો આદર થતાં પર્યાયમાં જે વીતરાગતા આવે તે મારું જીવન છે અને તે આત્મા હું તો છું, તે હું આત્મા છું. દ્રવ્ય આત્મા છે એ તો દૃષ્ટિમાં લીધો. આહાહા..! સમજાણું કાંઈ? પણ મારું જે આનંદનું વેદન થયું એ હું આત્મા છું. દ્રવ્ય એ તો આત્મા છે, એ તો દૃષ્ટિનો વિષય થઈ ગયો. એ..ઇ..! આહાહા..! સમજાય છે કાંઈ?

આ તો અલૌકિક વાતું છે, બાપુ! આહા..! દસલક્ષણી પર્વ પૂરા થયા અને આજે ક્ષમાવણીનો દિવસ છે. હેં? ક્ષમાવણીનો દિવસ ક્યારે કહેવાય? પ્રભુ! તારું જેટલું, જેવડું સ્વરૂપ છે તેટલું તું ક્ષમામાં રાખ. આહાહા..! દૃષ્ટિમાં ને જ્ઞાનની પર્યાયમાં જેટલું જેવડું સ્વરૂપ છે તેટલું રાખ તો તેં આત્માને ખમાવ્યો. એનાથી ઓછું, અધિક, વિપરીત કર્યું તો આત્માને હણી નાખ્યો. આહાહા..! એથી એમ કહે છે કે, આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે. આહા..! એ જ્ઞાન મુખ્ય લીધું છે. બાકી આનંદ, દર્શન, વીર્ય વગેરે (બધા ગુણો છે).

**'तत् स्वयमेव'** તે પ્રાણ તો સ્વયં જ. 'एव' શબ્દ પડ્યો છે ને? એ તો સ્વયમેવ, સ્વયં જ ઇ પડ્યું છે. આહાહા..! જ્ઞાન પ્રાણ, આનંદ પ્રાણ, શાંત પ્રાણ. શાંત એટલે શું? કે, મૂળ તો સ્વરૂપ એ ચારિત્રસ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે, અકષાય સ્વરૂપ છે એ બધું એક જ છે. એવો જે ભગવાન અકષાય શાંત સ્વરૂપ, એનો જ્યાં સ્વીકાર થયો ત્યાં પર્યાયમાં શાંતિ આવે. આહાહા..! આનંદનો સ્વીકાર થયો, પૂર્ણાનંદનો તો પર્યાયમાં આનંદ આવે. પૂર્ણ જ્ઞાનનો સ્વીકાર થયો, સમ્યગ્જ્ઞાનનો અંશ પ્રગટ સમ્યગ્જ્ઞાન થાય, શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નથી. આહાહા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

વીર્ય જે અંદર છે, અનંત ગુણની શક્તિમાં વીર્ય (છે), એનો સ્વીકાર થતાં વીર્યે પર્યાયની, નિર્મળ પર્યાયની રચના કરી. આહાહા..! વીર્ય ગુણનું સ્વરૂપ છે ને? આહાહા..! એ રચના વીર્યે અનંત શાંતિની, વીતરાગતાની કરી તે મારું જીવન છે. આહાહા..! આકરી વાત બહુ, બાપુ! જગતની શૈલીથી એના રસ્તા જ કોઈ નિરાળા છે. આહાહા..! એને કોઈ શાસ્ત્રનું વિશેષ જ્ઞાન હોય તો આ પ્રાણ પ્રગટે એમ કાંઈ નથી. એનું જોઈએ, જે જ્ઞાન છે તેનું

જ્ઞાન જોઈએ. શ્રદ્ધા સ્વરૂપ ત્રિકાળ છે તેની શ્રદ્ધા જોઈએ. આહા..! ત્રિકાળ આનંદ છે તેને આનંદની દશા પર્યાયમાં જોઈએ. વીર્ય ત્રિકાળ છે તેની પર્યાયમાં વીર્ય શુદ્ધ સ્વરૂપની રચના કરે તેવું વીર્ય પર્યાયમાં હોવું જોઈએ. આહાહા..! કહો, 'શશીભાઈ'! 'નવરંગભાઈ'! આ નવ રંગ ચડે છે. આહાહા..!

એ આત્મા તો જ્ઞાનપ્રાણ છે. સ્વયમેવ. બે શબ્દ છે ઇ. સ્વયં+એવ. એ જ્ઞાન ને આનંદ પ્રાણ તો સહજ, સ્વયમેવ સ્વયં જ છે. એને રાખું તો રહે (એમ નથી), એ તો સ્વયં પ્રાણ છે જ. સહજરૂપે છે. આહાહા..! એક વાત. **'शाश्वततया'** એ મારો જ્ઞાન ને આનંદ પ્રાણ તો શાશ્વત છે. આહાહા..! સ્વયમેવ છે, સ્વયં જ છે. છે સ્વયં જ શું? શાશ્વત છે. સમજાણું કાંઈ? **'जातुचित्' 'जातुचित्'** એટલે કોઈ કાળે પણ નથી તેમ નથી, એમ. **'जातु'**નો શબ્દાર્થ એ છે. સમજાણું કાંઈ? **'કદાપિ'** શબ્દ પડ્યો છે ને એમાં? કદાપિ એ **'जातु'**નો અર્થ છે. કોઈ કાળ બતાવે છે, **'जातु''** એ કાળ બતાવે છે. શું કીધું સમજાણું કાંઈ?

**'स्वयमेव शाश्वततया'** કાળ. એટલે ત્રિકાળ છે. આહાહા..! **'સ્વયમેવ શાશ્વત હોવાથી તેનો કદાપિ...'** કદાપિ એ **'जातुचित्'**નો અર્થ છે. કોઈ કાળ, એનો અર્થ છે. **'जातुचित्''** નો અર્થ કાળ છે. કોઈ કાળે પણ **'न उच्छिद्यते'** આહાહા..! કોઈ કાળે પણ તેનો **'નાશ થતો નથી;...'** આહાહા..! શું ટીકા! 'અમૃતચંદ્રાચાર્ય'ની શૈલી અલૌકિક, ગજબ વાત છે. ટૂંકામાં ઘણું ભરી દ્યે છે. આહાહા..! એક તો **'जातुचित्'** ત્રિકાળ. મારો નાથ આનંદ અને જ્ઞાન સ્વભાવના પ્રાણથી ભરેલો, એ સ્વયં છે, શાશ્વત છે, કોઈ કાળે તે નાશ થાય એવો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'न उच्छिद्यते'** એમ આવ્યું ને છેલ્લું?

**'तत्'** તે પ્રાણ **'स्वयमेव शाश्वततया'** કાળે, કોઈ કાળે ન નાશ થાય. આહાહા..! **'તે (જ્ઞાન) સ્વયમેવ શાશ્વત તેનો કદાપિ નાશ થતો નથી...'** **[ अतः तस्य मरणं किञ्चन न भवेत् ]** આહાહા..! પ્રભુના પ્રાણ જે શાશ્વત છે, કોઈ કાળે તેનો નાશ નથી. આહાહા..! તે **'मरणं किञ्चन न भवेत्'** તે પ્રાણમાં કંઈ પણ હીણપ થાય કે નાશ થાય, એવું છે નહિ. આહાહા..! **'अतः'** માટે, **'अतः'** એટલે તેથી. માટે (અર્થ) કર્યો. **'अतः'** તે **'માટે...'** શે માટે? કે સ્વયમેવ શાશ્વત કોઈ કાળે નાશ ન થાય તે માટે, તે કારણે **'तस्य मरणं किञ्चन न'** તેનો અભાવ, મરણ કિંચિત્ પણ થતો નથી. આહાહા..! કહો, 'ચંદુભાઈ'! હાથવેંતમાં છે, આવ્યું હતું ને? તમારા લખાણમાં આવ્યું હતું. કાગળમાં આવ્યું હતું, ખબર છે? અહીં તો કોઈ શબ્દ ક્યાંક આવ્યો હોય ઇ મૂળ મગજમાં રહ્યા કરે. આહાહા..! ભગવાન આમ હાથવેંતમાં છે.

પૂર્ણાનંદનો નાથ જેના પ્રાણનો કોઈ કાળે નાશ ન થાય તે માટે **'तस्य मरणं किञ्चन न'** જરી પણ તેના અંશનો નાશ થાય એમ નથી. આહાહા..! **'तस्य मरणं किञ्चन न'** ભાઈ! આહાહા..! દેહના પ્રાણ નાશ થાય તો થાઓ, એ તો નાશવાન હતા તે નાશ થાય

જ, પણ અવિનાશી મારા જે પ્રાણ છે (તેનો નાશ થતો નથી). આહાહા..! નાશવાનના પ્રાણ તો નાશ થાય જ પણ પ્રભુ હું નાશવાન પ્રાણમાં હું નથી. આહાહા..! હું તો અવિનાશી મારા પ્રાણ છે તે હું છું, એ અવિનાશી પ્રાણમાં કિંચિત્ પણ ઘટાડો, અભાવ થતો નથી. સમજાણું કાંઈ? આવી વાતું છે. આહાહા..! **'तस्य'** તે કારણે. **'अतः'** તે કારણે **'तस्य'** તેનું **'मरणं किञ्चन न भवेत्'** કિંચિત્ નથી. આહાહા..! **'માટે આત્માનું મરણ બિલકુલ થતું નથી.'** એ ગુજરાતી કરી નાખ્યું.

**[ज्ञानिनः तद्-भीः कुतः] 'તેથી (આવું જાણતા) જ્ઞાનીને...'** આહાહા..! અહીં તો ધર્મીને નિર્ભય કહેવો છે ને? સાત ભય રહિત. આમ તો એને ભય આવે પણ એ ચારિત્રમોહના દોષનો આવે. મૂળ ચીજમાંથી ખસી જઉં છું એમ એને નથી. સમજાય છે કાંઈ? આહાહા..! મારો પૂર્ણ પરમાત્મા જે દ્રવ્ય સ્વભાવ છે એમાંથી જરીયે હટી જઉં છું, એમ નથી. અસ્થિરતાનો ભય આવે પણ એ અસ્થિરતાનો ભય, સમ્યગ્દર્શન ને બીજા દોષ, અહીંયાં (-સમ્યગ્દર્શનને) દોષ કરી શકે એવી તાકાત નથી. આહાહા..! શું કીધું ઇ?

અસ્થિરતાનો દોષ એ ચારિત્રદોષ છે. એ સમ્યગ્દર્શનમાં આખા પૂર્ણાનંદના નાથનો સ્વીકાર થયો તેને એ દોષ કરી શકે એ ત્રણકાળમાં નહિ. આહાહા..! તેથી એમ કહ્યું ને? 'ટોડરમલ્લ' 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' તિર્યંચનું સમકિત તે જ સિદ્ધનું સમકિત (છે), સમકિતમાં ફેર નથી. કહ્યું ને? ભાઈ! આહાહા..! ચાહે તો તિર્યંચ દેડકો હોય અને આત્મજ્ઞાન પામે. બહાર અસંખ્ય છે, અઢી દ્વિપ બહાર અસંખ્ય તિર્યંચો છે. સમકિત પામેલા, પાંચમું ગુણસ્થાન પામેલા. આહાહા..! એ સમકિત પૂર્ણનો જે સ્વીકાર પ્રતીતમાં, જ્ઞાનમાં આવ્યો એની જ્ઞાનની પર્યાયમાં તેને જ્ઞેય બનાવીને જ્ઞાન થયું, પર્યાયનું જ્ઞેય બનાવીને જ્ઞાન નહિ, દ્રવ્યને જ્ઞેય બનાવીને પર્યાયમાં જ્ઞાન થયું... આહાહા..! એ પર્યાયની પ્રતીતિ જે અંતર અનુભવની થઈ છે, આહાહા..! એ તિર્યંચનું સમકિત હો કે સિદ્ધનું (હોય) બેય સરખા છે, સમકિતમાં કાંઈ ફેર નથી. કારણ કે એના સમકિતે સારા પૂર્ણાનંદના નાથનો સ્વીકાર કર્યો છે અને સિદ્ધના સમકિતે પણ પૂર્ણાનંદ પૂર્ણનો સ્વીકાર કર્યો છે. આહાહા..!

'સિદ્ધ સમાન સદા પદ મેરો' એમ જ્યાં અંતરમાં સિદ્ધ સમાન સ્વરૂપની પ્રતીતિ થઈ.. આહાહા..! એટલે કે આ અંદર ભાવપ્રાણ જે આનંદ, જ્ઞાન સત્તા, સત્‌નું સત્ત્વ, આત્માનું આત્માપણું, ભાવનું ભાવવાનપણું જે વસ્તુ સ્વભાવ, એનો જ્યાં સ્વીકાર થયો એથી તેની પર્યાયમાં તેનો અંશ પણ ઘટે એવું નથી. પર્યાય એમ માને છે કે આમાં-ધ્રુવમાં કંઈ અંશ ઘટે એવો હું નથી. આહાહા..! એ માને છે પર્યાય, પણ ધ્રુવમાં અંશ ઘટે, ઇ પર્યાય કહે છે કે, એવો હું નથી. પર્યાય કહે છે ને! ૩૨૦ ગાથામાં છેલ્લું આવે છે ને? પર્યાય એમ માને છે કે, આહાહા..! જે સકળ ત્રિકાળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય તે હું છું. પર્યાય એમ કહે છે.

હું પર્યાય છું, એમ નહિ. આહાહા..! અકળ કળાની વાતું છે, બાપા! કળામાં ન આવે એને કળામાં લઈ લેવો. હેં? આહાહા..!

મુમુક્ષુ :– હમણાં કહ્યું કે વેદન એટલો જ હું, વળી (કહ્યું કે) ત્રિકાળી હું.

ઉત્તર :– એ ત્રિકાળી છે એ તો દૃષ્ટિનો વિષય થયો પણ વેદનમાં આવે છે એ તો અંશ આવે છે, મારે તો તે આત્મા છે. વેદનમાં આવે એટલો આત્મા. વેદનમાં ધ્રુવ આવતું નથી. સમજાણું કાંઈ? આમ વાત છે જરી.

અહીં તો કહે છે કે વેદનમાં આવ્યો તે આત્મા હું. રાગાદિ હું નહિ. આહાહા..! આવી વાત છે, ભાઈ! એક કોર કહે, પર્યાય કહે કે હું પૂર્ણ આત્મા છું. એક કોર કહે, પર્યાયનું જે વેદન છે તે હું છું. કઈ અપેક્ષા છે? સમજાય છે કાંઈ? ઓલો તો દ્રવ્યનો સ્વભાવ સ્વીકાર્યો એ અપેક્ષાની વાત છે અને સ્વીકાર થતાં જે વેદન આવ્યું એ ધ્રુવનું વેદન નથી, વેદન તો પર્યાયનું છે. વેદન તો ધ્રુવને અડતુંય નથી. આહાહા..! એ..ઇ...! તેથી એમ કહ્યું ને વીસમા (બોલમાં કે) પ્રત્યભિજ્ઞાનનું કારણ એવો જે કારણપરમાત્મા તે આત્મા તેને નહિ અડતો. લે! ‘બાબુભાઈ’! આવી વાતું છે. ત્રિકાળી સામાન્ય જ્ઞાયકસ્વભાવ જે દૃષ્ટિનો વિષય તે પર્યાયમાં એ આત્મા પોતાને પર્યાયમાં વેદતો નથી. એને વેદતો નથી. જેટલો શુદ્ધ સ્વભાવનો આશ્રય થઈને અને આશ્રય કર્યો એટલે એની પર્યાયમાં નિર્મળતા થઈ એ પર્યાયની નિર્મળતા તે આત્મા. મારે તો વેદનમાં આવ્યો તે હું. દૃષ્ટિના વિષયમાં ભલે ધ્રુવ હો. પણ એ ધ્રુવનું પરિણામ જ એ આવ્યું. દૃષ્ટિએ ધ્રુવને સ્વીકાર્યો ત્યારે પરિણામ એ આવ્યું, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, શાંતિ, આનંદ આદિનું પરિણામ આવ્યું તે મારું વેદન છે. મને તો આત્મા વેદનમાં આવ્યો તે હું છું. એ વેદનને કરું તે આત્મા. એ આત્મા દ્રવ્યને સ્પર્શતો નથી, વેદનવાળો એમ કહે છે. અર..ર..ર..! આવી વાતું હવે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સ્પર્શ્યા વિના વેદન કેમ આવે?

ઉત્તર :– પર્યાય એને અડતી નથી, આત્મા દ્રવ્યને અડ્યો નથી. પર્યાયનું સ્વતંત્ર વેદન સ્વતંત્ર છે. પર્યાય.. બહુ કહેવું છે? પર્યાય ષટ્કારકપણે સ્વતંત્રપણે પરિણમતી ઊભી થઈ છે. એ પર્યાયે દ્રવ્યનો આશ્રય લીધો છે તે પણ પર્યાય કર્તા, સ્વતંત્રપણે કર્તા થઈને આમ લક્ષ ગયું છે. એનો આશ્રય કરવાનું કર્તાપણું પણ સ્વતંત્રપણે થયું છે. શું કીધું એ? આહાહા..!

જે પર્યાયમાં વેદન થયું (એ) ષટ્કારકપણે પરિણમન થયું છે. ષટ્કારક એટલે પર્યાય કર્તા સ્વતંત્ર છે. દ્રવ્યનું લક્ષ, સ્વતંત્રપણે કર્તા થઈને એ લક્ષ કર્યું છે. એ સ્વતંત્રપણે કર્યું છે. પર્યાય કર્તા છે. આહાહા..! વેદનની પર્યાય કર્તા છે, વેદનનું કર્મ વેદન છે, વેદનનું સાધન વેદન છે, વેદન વેદનમાંથી થયું છે, વેદનને આધારે વેદન થયું છે, દ્રવ્યને આધારે નહિ. આહાહા..! જુઓ! આ વીતરાગની લીલા! આતમલીલા! ઓલા લીલા કહે છે ને? હેં?

મુમુક્ષુ :– રામલીલા.

ઉત્તર :- રામલીલા અને બીજી ઈશ્વરલીલા. ઇ (લીલા) નથી, બાપુ! તારો ઈશ્વર નાથ અંદરની લીલા કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? ઓલા ઈશ્વરની લીલા કહે. 'કોઈ કહે લીલા લે લીલા ઈશ્વર તણી' 'આનંદઘનજી'માં આવે છે. 'કોઈ કહે લીલા રે લીલા ઈશ્વર તણી, ઈશ્વર દોષ સ્વભાવ' એ તો ઈશ્વરને દોષ નાખે છે. આ લીલા અંદરની છે. આહાહા..!

જે દૃષ્ટિમાં પૂર્ણતાનું ધ્યેય હોયા વિના દૃષ્ટિ સાચી થાય નહિ અને તે દૃષ્ટિ પર્યાયે દ્રવ્યનો સ્વીકાર સ્વતંત્રપણે કર્યો છે, કર્તાપણે સ્વતંત્રપણે કર્યો છે. એ આમ લક્ષ ફેરવ્યું છે એ સ્વતંત્રપણે ફેરવ્યું છે અને એ પર્યાય પર્યાયની કર્તા છે. એ પર્યાયનું કર્મ પર્યાય છે, પર્યાયનું કરણ પર્યાય છે, પર્યાયનું સંપ્રદાન-પોતે કરીને પોતે પાત્ર ને પોતે લીધું, પોતે દાતા ને પોતે પાત્ર. આહા..! બેય-દેનારો પણ ભગવાન, લેનારો પણ ભગવાન. આહાહા..! પર્યાયમાં, હોં! આવી વાતું છે. વીતરાગમાર્ગ બાપા, એની ધર્મની શરૂઆતનો માર્ગ કોઈ જુદી જાત છે. ચારિત્ર થવું અને અંદર રમણતા થવી એ તો વળી અલૌકિક વાતું, બાપુ! આહાહા..! પણ આ તો શરૂઆતનો પહેલો સમ્યગ્દર્શનનો માર્ગ કોઈ અલૌકિક છે. આહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, પ્રભુ! ભાવ તો જે છે ઇ છે. આહાહા..!

ઇ આપણે 'પ્રવચનસાર'માં આવી ગયું છે કે, 'સત્' શબ્દ જે છે (તે) સારા લોકાલોકને બતાવે છે. સત્ છે. શબ્દબ્રહ્મ. અને આતમબ્રહ્મ, વિશ્વબ્રહ્મ. સારું વિશ્વ. અનંતા સિદ્ધો, અનંતા નિગોદના જીવો ને આખું વિશ્વ. એ સારું વિશ્વ અને વિશ્વને બતાવનારી વાણી જે સત્, એ બેયને જ્ઞેયાકારપણે જ્ઞાન જાણે તેવો એનો સ્વભાવ છે. આહાહા..! શબ્દને પણ જ્ઞેય તરીકે જાણીને જાણે અને સારા વિશ્વને પણ (જ્ઞેય તરીકે જાણે). સારા વિશ્વમાં તો અનંતા સિદ્ધો આવી ગયા. આહાહા..! સમજાય છે કાંઈ? સારા વિશ્વને (જાણે કીધું) એમાં પોતે પણ એક આવી ગયો. વિશ્વ એટલે. પોતે દ્રવ્ય, ગુણ, પર્યાય, છ દ્રવ્યના, બીજા પાંચ દ્રવ્યના દ્રવ્ય, ગુણ, પર્યાય, અનંતા સિદ્ધો, અનંતા નિગોદો, અનંતા સ્કંધો, તેના ત્રિકાળ પર્યાયો, બધી ત્રિકાળ પર્યાય એ વિશ્વમાં આવી ગઈ અને એને કહેનારો શબ્દબ્રહ્મ, 'છે' એવું જે સત્. શબ્દ છે તે વાચક છે અને વસ્તુ આખી છે તે વાચ્ય છે. બેયને અધિષ્ઠાન તરીકે ભગવાન જાણનારો છે. એક ક્ષણે શબ્દને અને વિશ્વને જાણવાવાળો ભગવાન અધિષ્ઠાન-આધાર એ છે. આહાહા..! આપણે આવી ગયું છે. આહા..! સમજાય એટલું સમજવું, બાપુ! આ તો વીતરાગમાર્ગ (છે), ભાઈ!

પરમાત્માના વિરહ પડ્યા પણ વાણી પરમાત્માની રહી ગઈ. સંતો આ વાણી કરે છે એ વીતરાગની જ વાણી છે. અને સંતો ત્રણ કષાયના અભાવમાં રહેલા, એની વાણી એ વીતરાગની જ વાણી છે. આહાહા..! અરે..! આવી વાતું ક્યાં (છે)? ભાઈ! લોકોને એવું લાગે કે, આ તો નિશ્ચય.. નિશ્ચય. પણ નિશ્ચય એટલે પરમસત્ય. અને વ્યવહાર એટલે આરોપિત વાતું. નિશ્ચય એટલે અનારોપિત સત્યનો સ્વભાવ, તેને નિશ્ચય કહેવામાં આવે છે. આહાહા..!

અરે..રે..! એને સાંભળવાનું મળે નહિ એ વિચારમાં ક્યારે (લ્યે)? વિચારભૂમિકામાં–જ્ઞાનની ભૂમિકામાં ક્યારે લ્યે અને આમ ગુંલાટ ખાય? આહા..! પર્યાયને ગુલાંટ ખાઈને દ્રવ્યમાં જોડી દ્યે. જોડી દ્યે, હોં! એકમેક ન થાય. પર્યાયને આમ જોડી એટલું. જોડીનો અર્થ તે તરફ લક્ષ ગયું. પણ પર્યાયમાં કંઈ દ્રવ્ય આવતું નથી તેમ પર્યાય દ્રવ્યરૂપ થતી નથી. આહાહા..! અરે..રે..! આવું પોતાને કરવાનું છે ઇ મૂકીને બધું (કર્યું). આહાહા..!

ઓલું દસલક્ષણી પર્વનું આવ્યું ને? ભાઈ! ભાઈનું–'હુકમચંદજી'નું આવ્યું છે? દસલક્ષણીનું પુસ્તક આવ્યું છે? ક્યાંથી આવ્યું? ભેટ? હિન્દીમાં આવ્યું હશે. વાંચ્યું છે? બહુ સરસ વાત, બહુ ક્ષયોપશમ માળાનો. એવી વાત કરી, એવી વાત કરી છે. ગજબ. ૪૪ વર્ષ, પણ એનો ક્ષયોપશમ એ વાંચે, એને ખ્યાલ આવે ત્યારે ખબર પડે કે એવી વિવિધતા ને વિચિત્રતાથી વાત એક એક ગુણની કરે છે. છતાં પછી છેલ્લે લખે છે કે, હું હવે વિરમું છું. એમ છેલ્લે શબ્દ છે. એ બધું એક એકનું કહી પછી (લખે છે), હવે હું આમાં વિરમું છું. આહાહા..! એ..ઇ..! વાંચ્યું છે કે નહિ? નથી વાંચ્યું? વાંચવા જેવું છે. 'રામજીભાઈ'ને કહ્યું કે, વાંચવા જેવું છે. વાંચે તો ખબર પડે અંદર. હેં?

મુમુક્ષુ :– આજે વાંચ્યું સવારે.

ઉત્તર :– વાંચવા જેવું છે. એક એક ક્ષમા, એક એક નિર્માનતા, આર્જવ, શૌચ.. આહાહા..! ભારે માળાનો ક્ષયોપશમ. એવી વિધિએ વાત કરી છે કે, એને આત્માને લાગે કે, વાહ.. વાહ..! વસ્તુની સ્થિતિનું સ્પષ્ટીકરણ!

અહીં પરમાત્મા, આ તો મુનિરાજ કહે છે, આહાહા..! **[ज्ञानिनः तद्-भीः कुतः]** જેણે આત્મા પૂર્ણાનંદનો નાથ શાશ્વત સ્વયમેવ છે, એની હયાતીનો જેણે સ્વીકાર કર્યો છે એવો જે ધર્મી, સમકિતી ને જ્ઞાની ચાહે તો ચોથાવાળો હો, ચોથાવાળો સમકિતી હો. આહાહા..! **[ज्ञानिनः तद्-भीः कुतः]** તેથી આવું જાણીને **'મરણનો ભય ક્યાંથી હોય?'** આવું જાણતા હું તો શાશ્વત સ્વયમેવ પરમાત્મ સ્વરૂપ, એમાં ઊણપ ને ઘાત ને ઓછપ ને વિપરીતતા કંઈ છે જ નહિ. ઓછપ પરિણતિ કરે તો ઘાત (થાય). આ તો વસ્તુ છે એમાં તો ઓછપ છે જ નહિ. સમજાય છે કાંઈ?

ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, એ થોડા વિષયમાં રોકાય છે એ જ એનો પ્રતિબદ્ધ છે. કર્મનું પ્રતિબદ્ધ નથી. શું કહ્યું? 'પંચાસ્તિકાય'માં છે, 'પંચાસ્તિકાય' છેલ્લે. ભગવાનઆત્મા સર્વને જાણનાર, દેખનાર સામર્થ્ય એવું હોવા છતાં તે અલ્પ વિષયમાં જે રોકાય છે એ જ એને પ્રતિબદ્ધ છે. 'લાલચંદભાઈ'! આહાહા..! 'પંચાસ્તિકાય'. ગજબ વાતું છે, સંતોની દિગંબર મુનિઓની તો ક્યાંય જોડ ન મળે. પણ એનેય ખબર નથી. આ બધા તમે શેઠિયા ત્યાંને ત્યાં પડ્યા હતા ને? 'કાંતિભાઈ'! પણ સાહસ કર્યું અત્યારે આ ફેરી મૂકીને. આહાહા..!

આવું જાણતા થકા.. આહાહા..! મરણ નામ અભાવ. ભાવવાળું મારું તત્ત્વ તેમાં અભાવ

ત્રણ કાળમાં નથી. આહાહા..! અને તે પણ પરના અભાવ કારણે નહિ, મારો સ્વભાવ જ પરના અભાવસ્વભાવરૂપ રહેવાનો ત્રિકાળ છે. અભાવ ગુણ છે ને? ભાવઅભાવ. આહાહા..! મારો ભાવ સ્વભાવ છે તેથી તેની પર્યાયમાં નિર્મળ પર્યાય હોય જ. કરું તો હોય (એમ નહિ), એ હોય જ. એ ભાવ નામનો ગુણ છે અને એ ગુણનો ધરનાર દ્રવ્ય છે, એવા જે દ્રવ્યનો સ્વીકાર થયો ત્યારે ભાવ ગુણને કારણે અનંત ગુણના પર્યાયનું રૂપ પ્રગટ થાય, તેવો ભાવ ગુણનો સ્વભાવ છે. ભાવ ગુણનું રૂપ અનંત ગુણમાં છે. ભાવ ગુણનું રૂપ અનંત ગુણમાં છે. એટલે ભાવ ગુણને કારણે નિર્મળ પર્યાય હોય જ. જેણે દ્રવ્યનો સ્વીકાર કર્યો તેને નિર્મળ પર્યાય હોય જ. અને તે અનંતા ગુણની નિર્મળ પર્યાય હોય જ. કારણ કે ભાવ ગુણનું અનંતા ગુણમાં રૂપ છે. આહાહા..! આવી વાતું છે. આ તો અલૌકિક છે, બાપુ!

એ અનંતા ગુણોમાં ભાવ નામનો ગુણ છે તેથી તે ભાવવાનને જ્યાં સ્વીકાર્યો તેથી તેની પર્યાયમાં અનંતા ગુણની પર્યાય હોય જ. કરું તો થાય (એમ) નહિ, એના ક્રમબદ્ધમાં હોય જ. અને તેનામાં અભાવ નામનો ગુણ છે તે કારણે રાગ અને પરના અભાવ સ્વરૂપે (છે), પરને કારણે નહિ, મારો ગુણ જ એવો છે કે પરના અભાવ સ્વરૂપે પરિણમું એ મારો ગુણ છે. આહાહા..!

એ તો એક ફેરી ત્રણ લીધા હતા. એક ભાવ નામનો ગુણ એવો છે કે, પર્યાયમાં વિકારપણે ષટ્કારકપણે પરિણમે. વિકારપણે પરિણમે એવો કોઈ ગુણ તો છે નહિ. અનંતા અનંતા ગુણનો પિંડ પ્રભુ, અનંતા અનંતા ગુણો. પણ કોઈ ગુણ વિકારપણે પરિણમે એવો કોઈ ગુણ નથી પણ પર્યાયમાં જે વિકૃત થાય છે, આહાહા..! તેના વિકૃતના અભાવ સ્વભાવરૂપ મારો ભાવ છે. એ ભાવ નામનો એક બીજો ગુણ છે. ઓલો ગુણ (એટલે) વિદ્યમાન દશા અને એક ભાવ નામનો ગુણ એવો છે કે વિકૃતપણે પરિણતિ થાય તેના અભાવરૂપે પરિણમવું એવો મારો ભાવ ગુણ છે. આહાહા..! ૪૭ માં છે, એક ભાવ છે ને એક શક્તિ છે, ક્રિયા. ક્રિયામાં તો એ કે, મારા ભાવપણે પરિણમે છે, ષટ્કારકપણે, એ ક્રિયા. ક્રિયા નામનો ગુણ. અરે..! આવી વાતું છે.

અહીં કહે છે, જ્ઞાનીને.. આહાહા..! મહા પરમાત્માના જેને ભેટા થયા, પામર પર્યાયને પરમાત્મા મળ્યા, આહાહા..! એ ધર્મી જીવ પોતે પરમાત્માને અંદરથી પામ્યો, કહે છે. એને હવે મરણ કોનું? ઘટાડો કોનો? અહીં તો એનો આશ્રય થતાં શુદ્ધિની વૃદ્ધિ થયા જ કરે છે. એ અમારા જીવન છે, એ જીવનનું મરણ કોઈ દિ' હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! બાકી તો એક ભાવભાવ. ત્રણ લીધું હતું ને? એક ફેરી લીધું હતું. બે ભાવ, અને એક ભાવભાવ ત્રીજો ગુણ. ભાવભાવ એટલે જે ભાવ છે તે જ ભાવ તે જ પણે રહ્યા જ કરે. ભાવભાવ છે, ગુણ છે. ભાવ છે. નિર્મળ પર્યાયો જે પરિણમે છે એવો ભાવ ગુણનો ગુણ છે. એવો જ ભાવભાવનો ગુણ તે જ પણે કાયમ રહ્યા કરે. આહાહા..!

સમજાણું કાંઈ? એટલે પછી ઇ ભાવમાં નાખ્યું. પણ છે ઇ ભાવભાવ. ત્રણ ભાવ છે ત્યાં. એક ભાવ વિદ્યમાન પર્યાયને પ્રગટ કરે, એક ભાવ વિકારી પર્યાયથી રહિતપણે થાય અને એક ભાવને ભાવ એ છે તેવો, છે તેવો, છે તેવો રહ્યા જ કરે. આહાહા..! ક્રમબદ્ધના પરિણામમાં એ નિર્મળ પરિણતિ થયા જ કરે. 'ચંદુભાઈ'! આવું છે. આહાહા..! ઝીણું તત્ત્વ, ભાઈ! સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય એ અલૌકિક તત્ત્વ છે.

એ અહીં કહે છે, હું તો જ્ઞાનપ્રાણ છું ને! હું તો જ્ઞાન શબ્દે આખા આત્માના સ્વભાવરૂપી પ્રાણ છું ને! આહાહા..! સમ્યગ્દષ્ટિ આમ માને છે. સમ્યગ્દષ્ટિ (એટલે) એમ નહિ (કે) દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરી, એમ નહિ. આહાહા..! જેણે પૂર્ણાનંદનો નાથ અનંતા ગુણોનો સાગર ભગવાન, એને પર્યાયમાં સપેટામાં લઈ લીધો છે. સમજાણું કાંઈ? આહાહા..! તાળા ખોલી નાખ્યા છે, કહે છે. હેં?

મુમુક્ષુ :– અડ્યા વિના.

ઉત્તર :– હા, અડ્યા વિના. આહાહા..! ભગવાન છે, બાપુ! બધા ભગવાન છે, હોં! શરીરને ન જો, સ્ત્રી ને પુરુષ એવા શરીરને ન જો. આહાહા..! એ તો બધા ભગવાન છે. પરમાત્માના સ્વભાવથી ભરેલા ભગવાન છે. પોતાને ભગવાન તરીકે ભાળ્યો તો બીજાને ભગવાન તરીકે જ જોવે છે ઇ. આહાહા..! પર્યાયદષ્ટિ ટળીને સ્વભાવદષ્ટિ થઈ તો સ્વભાવને ઇ જોવે છે, તો બીજાને પણ પર્યાયથી કેમ જોવે ઇ? પર્યાય છે એની એનું જ્ઞાન કરે પણ આદરવામાં તો ઓલો દ્રવ્ય સ્વભાવ છે. સમજાણું કાંઈ એમાં? એમ કહ્યું છે. દ્રવ્યે દરેક આત્મા શુદ્ધ છે તે આદરણીય છે, સિદ્ધાંતમાં એમ લખ્યું છે. સમજાય છે? આહાહા..! એ આ અપેક્ષાએ. મારું સ્વરૂપ જ સ્વયંસિદ્ધ ત્રિકાળ છે. એવો જ ભગવાન બધા આત્માનો ત્રિકાળી સ્વયંસિદ્ધ પરિપૂર્ણ પરમાત્મા છે અંદર. આહા..! જેની પર્યાયબુદ્ધિ ગઈ છે એ બીજાને પર્યાયબુદ્ધિથી કેમ જોવે? બીજાની પર્યાય છે તેનું જ્ઞાન કરે. આદરવામાં તો એનો ભગવાન છે તેને એ આદરે. આહાહા..! આમાં 'ખામેમિ સવ્વે જીવા' આવી ગયા બધા. હેં? આહાહા..! પ્રભુ! તને ઓછો, અધિક માન્યો હોય તો ક્ષમા કરજે, કહે છે. આહાહા..! ઓહો..!

ઓલામાંય આવે છે ને? 'હરતા ફરતા પ્રગટ હરિ દેખું રે, મારું જીવવું રે સફળ..' આ જીવન. એ તો અન્યમતિ તો ઇ કહે છે, પણ આ (જીવન). 'હરતા ફરતા પ્રગટ હરિ' હરિ એટલે આત્મા. એ કહ્યું હતું નહિ હમણાં? 'શ્રીમદ્દે' એક પત્રમાં કહ્યું, ઘણા મહાત્માઓએ અધિષ્ઠાન કહ્યું છે તે અધિષ્ઠાન બરાબર છે. એ અધિષ્ઠાન હરિ ભગવાન છે. એ અધિષ્ઠાનને અમે અંદરમાં જોઈએ છીએ. એમ કહે છે. એક પત્ર છે. સમજાણું કાંઈ? આહાહા..! ઘણા મહાત્માઓએ અધિષ્ઠાન કહ્યું છે તે અધિષ્ઠાન હરિ ભગવાન છે અને તે હરિ ભગવાનને અમે હૃદયમાં જોઈએ છીએ. પાછું ફેરવીને (આમ કહ્યું). કો'ક કહે કે (બીજો હરિ). આહા..! એ જ આપણે અધિષ્ઠાનમાં આવ્યું હતું ને? સર્વ વિશ્વ અને શબ્દ, એને એક સમયમાં પૂર્ણ

જાણનારું તેવો જે આત્મા તે અધિષ્ઠાન છે. એ બધા ગુણ ને પર્યાયનો આધાર તે પોતે આત્મા છે. આહા..! એ અધિષ્ઠાન છે. નયના અધિકારમાં. આહાહા..!

આવું (જાણતા) **'જ્ઞાનીને મરણનો ભય ક્યાંથી હોય?'** આહા..! જીવતી જ્યોત જ્યાં પડી છે, એનો અભાવ કે દિ' થાય? આહા..! દેહ છૂટે તો છૂટે, આહા..! એ તો આવી ગયું છે ને? આ લોક ને પરલોકનો ભય જ્ઞાનીને નથી. આ લોકમાં બધી આ સામગ્રી રહેશે, કેમ રહેશે કે નહિ? પણ એ સામગ્રી મારી નથી ને કેમ રહેશે શું? હું કેમ રહીશ એ તો મારું મારા હાથમાં છે અને પરલોકમાં ક્યાં જઈશ? ક્યાં જાય પરલોકમાં? પોતે જ્યાં છે ત્યાં પોતામાં જ છે. આહાહા..!

કહ્યું હતું ઇ, 'શ્રીમદ્'ને એકે પૂછ્યું હતું. આપણે ઓલી શૈલી છે ને? 'કૃષ્ણ' ક્યાં ગયા? (તો કહ્યું), 'કૃષ્ણ' આત્મામાં છે. જ્યાં ગયા ત્યાં તું ક્ષેત્રથી જોવે છો, પણ એ છે આત્મામાં. ઓલું નરકનું છે ખરું ને એટલે. આહા..! સમકિતી નરકમાં પડ્યો છતાં એ આત્મામાં છે, નરકમાં નથી. એવો ઉત્તર આપ્યો છે. ઓલાને બીજું પૂછવું હતું. 'કૃષ્ણ' ભગવાન 'શ્રીકૃષ્ણ' જ્યાં છે ત્યાં ઇ આત્મામાં છે. આહાહા.! કારણ કે દૃષ્ટિ એને પ્રગટી છે અને દૃષ્ટિનો સ્વામી, ધણી તો હાથમાં આવ્યો છે. ઇ ત્યાં છે. સમજાય છે કાંઈ? એ ધર્મી રાગમાં નથી, શરીરમાં નથી, બહારના જીવનમાં નથી. આહાહા..! 'ઈશ્વરભાઈ'! આવી ઈશ્વરતા છે એની, એમ કહે છે. આહાહા..! 'હરતા ફરતા પ્રગટ હરિ દેખું, મારું જીવન સફળ તબ દેખું' એ જીવન છે. શરીરે જીવવું-ફીવવું એ કંઈ આત્માનું જીવન છે જ નહિ.

**'सः'** તે. **'सः'** એટલે તે જ્ઞાની. **'स्वयं'** પોતે. **'सततं '** નિરંતર. **'निश्शङ्कः सहजं'** વર્તતો થકો. **'સહજ જ્ઞાનને...'** **'सहजं ज्ञानं सदा विन्दति'** સ્વભાવિક જ્ઞાનને વેદે છે. સ્વભાવિક જ્ઞાન તો ત્રિકાળ છે પણ તેને વેદે છે એ પર્યાય પણ સ્વભાવિક છે. આહાહા..! છે? **'सः'** નામ તે જ્ઞાની. **'તે'** તે. **'તે'** આવ્યું ને? **'તે તો...'** **'स्वयं'** એટલે **'પોતે..'** કોઈની અપેક્ષા વિના. આહાહા..! **'નિઃશંક વર્તતો થકો...'** નિઃશંક વર્તતો થકો. ભગવાન પૂર્ણાનંદનો નાથ હું છું (એમ) નિઃશંકપણે વર્તતો થકો. આહાહા..! **'સહજ જ્ઞાનને...'** સ્વભાવિક જ્ઞાનને **'સદા અનુભવે છે.'**

**ભાવાર્થ :– 'ઇંદ્રિયાદિ પ્રાણો નાશ પામે તેને લોકો મરણ કહે છે. પરંતુ આત્માને પરમાર્થે ઇંદ્રિયાદિ પ્રાણ નથી, તેને તો જ્ઞાન પ્રાણ છે.'** સાદી ભાષામાં કહ્યું. **'જ્ઞાન અવિનાશી છે...'** કારણ કે એ તો અવિનાશી છે. અને **'તેનો નાશ થતો નથી; તેથી આત્માને મરણ નથી. જ્ઞાની આમ જાણતો હોવાથી તેને મરણનો ભય નથી;'** આહાહા..! **'તે તો નિઃશંક વર્તતો થકો પોતાના જ્ઞાનસ્વરૂપને નિરંતર અનુભવે છે.'** લ્યો.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્લોક-૧૬૦

(शार्दूलविक्रीडित)

एकं ज्ञानमनाद्यनन्तमचलं सिद्धं किलैतत्स्वतो
यावत्तावदिदं सदैव हि भवेन्नात्र द्वितीयोदयः।
तन्नाकस्मिकमत्र किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१६०।।

હવે આકસ્મિકભયનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ एतत् स्वतः सिद्धं ज्ञानम् किल एकं ] આ સ્વતઃસિદ્ધ જ્ઞાન એક છે, [ अनादि ] અનાદિ છે, [ अनन्तम् ] અનંત છે, [ अचलं ] અચળ છે. [ इदं यावत् तावत् सदा एव हि भवेत् ] તે જ્યાં સુધી છે ત્યાં સુધી સદાય તે જ છે, [ अत्र द्वितीयोदयः न ] તેમાં બીજાનો ઉદય નથી. [ तत् ] માટે [ अत्र आकस्मिकम् किञ्चन न भवेत् ] આ જ્ઞાનમાં આકસ્મિક (અણધાર્યું, એકાએક) કાંઈ પણ થતું નથી. [ ज्ञानिनः तद्-भीः कुतः ] આવું જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય ક્યાંથી હોય ? [ सः स्वयं सततं निश्शङ्कः सहजं ज्ञानं सदा विन्दति ] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

ભાવાર્થ :- 'કાંઈ અણધાર્યું અનિષ્ટ એકાએક ઉત્પન્ન થશે તો?' એવો ભય રહે તે આકસ્મિકભય છે. જ્ઞાની જાણે છે કે-આત્માનું જ્ઞાન પોતાથી જ સિદ્ધ, અનાદિ, અનંત, અચળ એક છે. તેમાં બીજું કાંઈ ઉત્પન્ન થઈ શકતું નથી; માટે તેમાં અણધાર્યું કાંઈ પણ ક્યાંથી થાય અર્થાત્ અકસ્માત ક્યાંથી બને ? આવું જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય હોતો નથી, તે તો નિઃશંક વર્તતો થકો પોતાના જ્ઞાનભાવને નિરંતર અનુભવે છે.

આ રીતે જ્ઞાનીને સાત ભય હોતા નથી.

પ્રશ્ન :- અવિરતસમ્યગ્દષ્ટિ આદિને પણ જ્ઞાની કહ્યા છે અને તેમને તો ભયપ્રકૃતિનો ઉદય હોય છે તથા તેના નિમિત્તે તેમને ભય થતો પણ જોવામાં આવે છે; તો પછી જ્ઞાની નિર્ભય કઈ રીતે છે?

સમાધાન :- ભયપ્રકૃતિના ઉદયના નિમિત્તથી જ્ઞાનીને ભય ઊપજે છે. વળી અંતરાયના પ્રબળ ઉદયથી નિર્બળ હોવાને લીધે તે ભયની પીડા નહિ સહી શકવાથી જ્ઞાની તે ભયનો ઇલાજ પણ કરે છે. પરંતુ તેને એવો ભય હોતો નથી કે જેથી જીવ સ્વરૂપનાં જ્ઞાનશ્રદ્ધાનથી ચ્યુત થાય. વળી જે ભય ઊપજે છે તે મોહકર્મની ભય નામની પ્રકૃતિનો દોષ છે; તેનો પોતે સ્વામી થઈને કર્તા થતો નથી, જ્ઞાતા જ રહે છે. માટે જ્ઞાનીને ભય નથી. ૧૬૦.

**પ્રવચન નં. ૩૦૫ શ્લોક-૧૬૦, ૧૬૧ શનિવાર, ભાદરવા વદ ૨, તા. ૦૮-૦૯-૧૯૭૯**

'સમયસાર' ૧૬૦ કળશ છે. અકસ્માતભય.

(शार्दूलविक्रीडित)

**एकं ज्ञानमनाद्यनन्तमचलं सिद्धं किलैतत्स्वतो**
**यावत्तावदिदं सदैव हि भवेन्नात्र द्वितीयोदयः।**
**तन्नाकस्मिकमत्र किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो**
**निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१६०।।**

**[एतत् स्वतः सिद्धं ज्ञानम् किल एकं] 'આ...'** ભગવાનઆત્મા **'સ્વતઃસિદ્ધ જ્ઞાન એક છે,...'** આત્મા સ્વતઃસિદ્ધ-પોતાથી જ્ઞાન છે. આહા..! તે **'અનાદિ છે,...'** સ્વતઃસિદ્ધ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા છે એ અનાદિ છે. અનંતકાળ રહેનાર છે. તેમ વર્તમાન **'અચળ છે.'** ધ્રુવ જે ભગવાનઆત્મા સત્ય તે અચળ છે, ચળે એવો નથી. આહાહા..!

**[ इदं यावत् तावत् सदा एव हि भवेत् ] 'તે જ્યાં સુધી છે...'** જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા **'ત્યાં સુધી સદાય તે જ છે,...'** આહાહા..! એ રાગરૂપે નથી, પર્યાયરૂપે પણ નથી. આહાહા..! પર્યાયમાં એ આવતોય નથી. એવો એ સ્વતઃસિદ્ધ જ્ઞાનસ્વભાવ ભગવાન અનાદિઅનંત અચળ જે છે તે છે. આહા..! **'જ્યાં સુધી છે ત્યાં સુધી સદાય તે જ છે,...'** એ તો. **[अत्र द्वितीयोदयः न] 'તેમાં બીજાનો ઉદય નથી.'** ભગવાન જ્ઞાનસ્વભાવી પ્રભુ અનાદિઅનંત અચળ (છે) તેમાં બીજાઓનું આવવું થતું નથી, બીજાઓનો એમાં ઉદય છે નહિ. આહાહા..!

**'માટે...' [ अत्र आकस्मिकम् किञ्चन न भवेत् ]** આ કારણે ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ **'આ જ્ઞાનમાં આકસ્મિક (અણધાર્યું, એકાએક) કાંઈ પણ થતું નથી.'** અણધાર્યું એકાએક થાય એવું એમાં કાંઈ છે નહિ. એ તો ત્રિકાળી જ્ઞાનમૂર્તિ ધ્રુવ ચિદાનંદ પ્રભુ આનંદની શિલા છે એ તો. જ્ઞાનશિલા, આનંદશિલા એમાં અણધાર્યું અણચિંતવ્યું અકસ્માત કંઈ આવે એવી કોઈ એ ચીજ નથી. જો કે બહારમાં જે થાય છે એ અણધાર્યું છે એ અપેક્ષિત (વાત છે), બાકી તો એ પણ ક્રમસર થાય છે. અણધાર્યું તો બીજાના ખ્યાલમાં ન હોય માટે અણધાર્યું એને કહેવાય, બહારમાં, હોં! એ પણ તેને સમયે તે થવાનું તે થાય છે. જ્યાં-બહાર તો તે સમયે તે થવાનું થાય તે પણ અણધાર્યું નથી તો ભગવાન ચિદાનંદ ભગવાન તો ત્રિકાળ છે એ તો વર્તમાન અવસ્થાનું ક્રમસર કહ્યું. પણ આ ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ ભગવાન... આહાહા..! જેણે ધ્રુવ સ્વરૂપ દૃષ્ટિમાં લીધો એ તો જે છે તે જ છે. આહાહા..! એમાં કંઈ ફેરફાર થાય કે અણધાર્યું, ઓચિંતુ કોઈ આવી પડે, એમ છે? આહાહા..! આ તો અણધાર્યું થયું. ઓલા બિચારા કાપડની દુકાન ઉઘાડીને બેઠા હતા. 'મોરબી'. હેં?

મુમુક્ષુ :– 'મોરબી'નું તો અણધાર્યું થયું.

ઉત્તર :– એ અણધાર્યું નથી પણ એણે ધાર્યું નથી એથી એની અપેક્ષાએ, બાકી એ તો એ સમયે થવાનું જ હતું. આહાહા..! કાપડની દુકાન ખોલીને બેઠેલા, કંદોઈની દુકાનું બધી બરફી ભરીને બેઠેલા. એમ એકદમ પાણી (આવ્યા), (એક) મિનિટે ફૂટ, બીજી મિનિટે બે (ફૂટ) પાંચ-સાત ફૂટ (પાણી આવ્યા એમાં) બધા કંદોઈ તણાઈ ગયા. ઇ અકસ્માત તો લોકોના ખ્યાલમાં નથી એ અપેક્ષાએ. બાકી તો તે સમયે તે પર્યાય થવાની હતી. જ્યારે બહારમાં પણ અકસ્માત નથી તો પ્રભુ તો જ્ઞાનાનંદ સ્વભાવ છે. આહા..! એ તો અવિનાશી અચળ અને અનાદિઅનંત વસ્તુ છે. તેમાં કોઈ અણધાર્યું અણચિંતવ્યું આવી પડે એવી કોઈ ચીજ નથી અંદર. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

**'આ જ્ઞાનમાં આકસ્મિક (અણધાર્યું, એકાએક) કાંઈ પણ થતું નથી.'** આહાહા..! **[ज्ञानिनः तद्-भीः कुतः]** આવું જેને જ્ઞાન છે, સમ્યગ્દષ્ટિને, આહાહા..! **'આવું જાણતા જ્ઞાનીને...'** ધર્મીને **'અકસ્માતનો ભય ક્યાંથી હોય?'** આહા..! અકસ્માત આવી પડશે તો? ભીંત આવી પડશે તો? ફલાણું આવી પડશે તો? પણ એમાં અંદરમાં ક્યાં આવી પડે છે? આહાહા..! જે ત્રિકાળી વસ્તુ છે એ તો સત્ય બોલવાનો વિકલ્પ છે એને એ સ્પર્શતું નથી. આહાહા..! સત્ય ધર્મ કહ્યો છે ને? સત્ય ધર્મ. એ કંઈ વાણી સત્ય બોલવું એ કંઈ સત્ય ધર્મ નથી, એ તો વિકલ્પ છે, આસ્રવ છે. સત્ય ધર્મ તો ભગવાન જ્ઞાનસ્વરૂપી ત્રિકાળી, એને અંદર પકડીને સ્થિરતા દૃષ્ટિની, જ્ઞાનની થવી એ સત્યદર્શન, સત્યજ્ઞાન ને સત્ય સ્થિરતા થવી તે સત્ય ધર્મ છે. આહાહા..! સત્ય પ્રભુ ત્રિકાળી વસ્તુ સત્ય, જેમાં કંઈ અણધાર્યું, અણચિંતવ્યું આવતું નથી એવો ભગવાન (છે).આહા..!

જે કોઈ સત્ય બોલવામાં ધર્મ માની બેસે એ સત્યને શોધશે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! સત્ય વસ્તુ ભગવાન પરમાનંદની મૂર્તિ, પરમ સત્ય સત્, સત્ય નામ સત્, સત્ એવું સત્ય. આહાહા..! એ વાણીમાં જ બોલવું સત્ય બોલવું તેમાં અટકી ગયો ને એને ધર્મ માને, તો આવું પરમ સત્ય છે એ અંદર શોધવા નહિ જાય. આહાહા..! સમજાણું કાંઈ? શરીરથી બ્રહ્મચર્ય પાળવામાં જ રોકાઈ ગયો, આહાહા..! એ અંદર પરમ સત્યને શોધવા અંદર નહિ જઈ શકે. કારણ કે ત્યાં તો મનાઈ ગયું છે કે આ ધર્મ છે. આહાહા..! અણુવ્રત ને મહાવ્રતને તો આસ્રવ કહ્યા છે. જેને સત્ય અણુવ્રત થોડું હોય ને સત્ય મહાવ્રત થોડું હોય તેને તો આસ્રવ કહ્યા છે. હવે આસ્રવમાં જ જે રોકાઈ જાય, જે ભગવાન અંદર નિત્યાનંદનો નાથ, આહા..! શોધીને તેને અમલમાં, સ્થિરતામાં લેવો એવો જે સ્વભાવ એમાં કોઈ અકસ્માત છે નહિ. આહાહા..! આવી વાતું છે. વીતરાગ પરમાત્મા, એણે એ કહ્યું.

જે સત્યસ્વરૂપ છે પ્રભુ, એમાં અણધાર્યું કંઈ નથી એવી દૃષ્ટિ જેને સમ્યક્ થઈ એ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન એ જ ધર્મ છે. આંશિક ધર્મ છે. સત્ય એવો ભગવાન અચળ, અચળ, અકળ ને અનાદિ. મનથી કળાય નહિ, વિકલ્પથી કળાય નહિ એવો ભગવાનઆત્મા

અંતરની જ્ઞાનની કળાથી કળાય એવો છે. આહાહા..! એવો જે અકસ્માત, જેમાં કોઈ છે નહિ, એવી ચીજની જેને દૃષ્ટિ થઈ એને અકસ્માત ભય લાગતો નથી. આહાહા..!

જુઓને આમ કેટલા બેઠા હશે, સાડા ત્રણ વાગે તો. કોઈ ખાવા, કોઈ પીવા, દસ વાગે ખાધું હોય પછી એ વખતે જરી ઠુંગુ કરે ને ફલાણું કરવા બેઠા હોય ને એમાં એકદમ પાણી. તણાઈ ગયા. આહાહા..! કો'ક કહેતું હતું, અઢી વાગે બે જણ બહારથી આવ્યા, બાયડી-ભાયડો અઢી વાગે પરદેશમાંથી આવ્યા. અંદર ગર્યા ભેગા સાડા ત્રણે તણાઈ ગયા. પરદેશમાંથી બાયડી, ભાયડો બે બિચારા આવ્યા, 'મોરબી'. એમ કો'ક કહેતું હતું. 'ફૂલચંદભાઈ'. ઇ અંદર ગર્યા ત્યાં સાડા ત્રણ વાગે પાણી આવ્યું. હવે જુઓ! દેહ છૂટવાનો પ્રસંગ ત્યાં છે. પરદેશમાંથી બિચારા કેટલે વર્ષે આવ્યા. અઢી વાગે આવ્યા ત્યાં સાડા ત્રણે તો બેય ખલાસ. આહાહા..! પણ એ તો બહારની સ્થિતિ, એને અકસ્માત લાગે છે. ખરેખર તો એ અકસ્માતેય નથી બહારમાં. તો ભગવાનઆત્મા(માં) અણધારી કોઈ આવી પડે એવી કોઈ વસ્તુ એમાં છે નહિ. આહાહા..!

સચ્ચિદાનંદ પ્રભુ, સત્ ચિદ્ જ્ઞાન આનંદ સ્વભાવ પ્રભુ, એ ચીજમાં કોઈ અણધાર્યું કે અકલ્પાનિક–કલ્પનામાં ન હોય ને આવી પડે એવી કોઈ ચીજ છે નહિ. આહાહા..! તેથી ધર્મીને અકસ્માતનો ભય ક્યાંથી બને? આહાહા..! ભય ક્યાંથી હોય? **'તે તો..'** **'सः'** એટલે તે. **'स्वयं सततं'** પોતે જ **'નિરંતર નિઃશંક વર્તતો થકો...'** જુઓ! આ ધર્મ. આ સમકિતીનું નિઃશંક આચરણ, પર્યાયનું આચરણ. નિઃશંકિત પર્યાયનું આચરણ. ત્રિકાળી છે તેની દૃષ્ટિ છે તેથી પર્યાયમાં નિઃશંકનું આચરણ પ્રગટ્યું છે. નિર્ભયનું પર્યાયમાં આચરણ પ્રગટ્યું છે. વસ્તુ તો નિર્ભય છે. આહાહા..! પણ એ નિર્ભય ચીજ જ્યાં દૃષ્ટિમાં, અનુભવમાં આવી તો પર્યાયમાં પણ નિર્ભયતા પ્રગટ થઈ. આહાહા..! શું કહ્યું ઇ? વસ્તુ પોતે નિર્ભય અકસ્માત એમાં થાય એવી કોઈ ચીજ નથી. સચ્ચિદાનંદ પ્રભુ નિત્યાનંદ ધ્રુવ, આહાહા..! તો એનું જેને જ્ઞાન ને શ્રદ્ધા થઈ અને એટલે અંશે સ્થિરતા પણ થઈ તે પર્યાયમાં પણ અકસ્માત કાંઈ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ નિર્ભય છે. વસ્તુ જેમ નિર્ભય છે, નિઃશંક છે તેમ તેનું જ્ઞાન ને શ્રદ્ધા કરનાર પણ નિર્ભય અને નિઃશંક છે. આહાહા..! આવી વાતું છે.

**'તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો...'** નિઃસંદેહ, નિર્ભય. ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં આશ્રયમાં લીધો, એનું જ્યાં અવલંબન લીધું, આહાહા..! જેને પુણ્ય ને પાપ આદિ પરના આલંબન છોડી દીધા અને ભગવાનના જેને ભેટા થયા, પામરના ભેટાને છોડી દીધા. આહાહા..! પરમાત્મસ્વરૂપ પ્રભુ પોતે આત્મા, એની જેને દૃષ્ટિ ને જ્ઞાનમાં ભેટા થયા એ તો **'सततं'** નિઃશંક વર્તતો થકો. આહાહા..! **'સહજ જ્ઞાનને સદા અનુભવે છે.'** ઊંઘે છે એમાં શું? ઊંઘે છે એ તો બહારની પર્યાય (છે), એમાંય સતત જાગૃત દશાનું જ પરિણમન છે. આહાહા..! સમજાણું કાંઈ?

જે જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એનું જે પરિણમન થયું એ પરિણમન તો નિંદ્રામાં પણ

કાયમ રહે છે. આહાહા..! એ તો **'सततं'** કહ્યું ને? **'નિરંતર નિઃશંક વર્તતો થકો...'** પર્યાયમાં નિરંતર નિઃશંક વર્તતો થકો. આહાહા..! ચાહે તો નિંદ્રાનો કાળ હોય, ચાહે તો લડાઈનો કાળ હોય. આહાહા..! એ પોતે નિઃશંક વર્તતો થકો, **'સહજ જ્ઞાનને...'** ત્રિકાળી જ્ઞાનને. ત્રિકાળી આત્માને **'સદા અનુભવે છે.'** એ પર્યાય. ત્રિકાળી જ્ઞાયક ભગવાનનો આશ્રય લીધો છે, દૃષ્ટિ કરી છે તેથી તેના આશ્રયમાં તેને જ તે સદા અનુભવે છે. આહાહા..! આવી વાતું હવે. હવે અહીં તો લોકોને વ્યવહારધર્મ અણુવ્રત ને મહાવ્રત ને સમિતિ ને ગુપ્તિ, એમાં અટકે. એ તો વિકલ્પ છે એને વ્યવહારધર્મ તો આ નિશ્ચયધર્મ પ્રગટ્યો છે તેને ઓલો આરોપથી વ્યવહારધર્મ (કહ્યો). છે તો એ અધર્મ, ધર્મ નથી. આહા..! ધર્મ હોય તો છૂટી ન જાય. ધર્મ હોય તો તો સિદ્ધમાં પણ રહે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જો ધર્મ હોય તો એ તો સિદ્ધમાંય રહે છે. જો એ (વ્યવહારધર્મ) ધર્મ હોય તો સિદ્ધમાં પણ રહેવો જોઈએ. સત્ય બોલવું, સમિતિ-ગુપ્તિમાં રહેવું તો એ તો એને ત્યાં છે નહિ. આહાહા..!

ધર્મી જીવ તો એને કહીએ કે જેણે આત્માના સ્વભાવની ત્રિકાળી દૃષ્ટિથી અનુભવ કર્યો છે, આહાહા..! તેની સત્તાનો પૂર્ણનો સ્વીકાર થયો છે. તેને એ સત્તામાં જેમ ભય ને શંકા નથી તેમ તેની દશામાં પણ શંકા ને ભય નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આહા..! તે તો **'જ્ઞાનને...'** એટલે આત્માના સ્વભાવને, જ્ઞાન એટલે આત્મ સ્વભાવ, શુદ્ધ ચૈતન્ય, તેને **'સદા અનુભવે છે.'** આહાહા..! એક તો નિરંતર કહ્યું, સ્વયં પોતે, નિરંતર અને અહીં સદા કીધું પાછું. એટલે ત્રિકાળ એનો ભાવ નિરંતર વર્તે છે. આહાહા..!

**ભાવાર્થ :– 'કાંઈ અણધાર્યું અનિષ્ટ...'** ઇષ્ટ નથી એવું અપ્રિય. **'એકાએક ઉત્પન્ન થશે તો?'** આહાહા..! આમ બેઠો હોય ખાવા અને સર્પ કોઈ કાળો નાગ આવે તો? અરે..! લગન વખતે, એક પતિ-પત્નીના લગન થતા હતા અને આમ હાથ કરવા જાય ત્યાં નીચે મોટો સર્પ કરડ્યો, વર ન્યાં મરી ગયો. નાશવાનમાં શું હોય? બાપુ! ઇ અકસ્માત નથી, હોં! આમ અંદર હેઠે પગ હોય અને આમ માથે આમ હાથ કરીને બેઠા હતા, ત્યાં એ મોટો નાગ હતો. વરને અંગુઠે કરડ્યો, એવો નાગ આકરો (હતો કે), ત્યાંને ત્યાં ઢળી પડ્યો, મરી ગયો. આ દશા. કેટલી હોંશું હશે! જાણે આહાહા..! અરે..! શેની હોંશું? ભાઈ! નાશવાનની હોંશું શેની? પ્રભુ! આહા..! નાશવાનની હોંશમાં અવિનાશી હણાય જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો નિરંતર સદા, બે શબ્દ વાપર્યા છે ને? 'सततं स्वयं सहजं सदा अनुभवति' આહાહા..! જ્યાં જેને આત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન, એની જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયો છે તે ધર્મી, એ સમકિતી. તેને નિરંતર સદા, નિરંતર (એટલે) કાયમ, સદા (એટલે) ત્રિકાળ. આહાહા..! તેનો અનુભવ વર્તે છે. અનુભવે છે. આહાહા..! **'કાંઈ અણધાર્યું અનિષ્ટ એકાએક ઉત્પન્ન થશે તો? એવો ભય રહે તે આકસ્મિકભય છે. જ્ઞાની જાણે છે કે :– આત્માનું જ્ઞાન પોતાથી જ સિદ્ધ,...'** ભગવાન જ્ઞાનસ્વરૂપી જે ચીજ છે, જ્ઞાન એટલે આ લૌકિક નહિ,

જ્ઞાન સ્વભાવ જ એનો છે. જેમ સાકરનો ગળપણ સ્વભાવ, કાળીજીરીનો કડવો સ્વભાવ, મીઠાનો ખારો સ્વભાવ એમ ભગવાનનો જ્ઞાનસ્વભાવ જ ત્રિકાળ છે. આહાહા..! જ્ઞાનસ્વભાવ. વસ્તુ સ્વભાવી અને આ સ્વભાવ. એ જ્ઞાનસ્વભાવ નિત્ય છે. આહાહા..! આને શોધવા ન જતાં બહારમાં શોધ્યા કરે. જ્યાં ભગવાન પડ્યો છે ખાણ, આહાહા..! કહે છે કે એવા ભગવાનઆત્માને જેણે જાણ્યો કે આત્માનું જ્ઞાન પોતા થકી સિદ્ધ છે. પોતા થકી જ છે. એટલે એમાં કંઈ પરથી નથી. તે અનાદિ છે, અનંત છે, અચળ છે અને એક છે. આહાહા..!

**'તેમાં બીજું કાંઈ ઉત્પન્ન થઈ શકતું નથી;...'** એકમાં બીજો કોઈ ઉદય આવીને થાય એમ છે નહિ. અહીં છે ને? મૂળ પાઠમાં છે ને? **'द्वितीयोदयः न'** મૂળ પાઠ છે ને? એનો સાદી ભાષામાં અર્થ કર્યો છે. આહાહા..! પોતે જ સ્વયંસિદ્ધ ભગવાન નિત્યાનંદ પ્રભુ, તેમાં બીજાનો ઉદય આવીને કાંઈ ડખલ કરે, એવી ચીજ છે જ નહિ. આહાહા..! એ પાણીમાં શરીર તણાતું હોય ને, પણ ધર્મીનો આત્મા તો જે શુદ્ધ ચૈતન્ય છે તેનો એમાં નિરંતર અનુભવ છે. એટલે કે જ્ઞાનસ્વભાવની, જ્ઞાતા-દૃષ્ટાની પર્યાયથી ચળતા જ નથી. આહાહા..! માટે **'તેમાં બીજું કાંઈ ઉત્પન્ન થઈ શકતું નથી; માટે તેમાં અણધાર્યું કાંઈ પણ ક્યાંથી થાય અર્થાત્ અકસ્માત ક્યાંથી બને?'** આહાહા..!

**'આવું જાણતા જ્ઞાનીને...'** ધર્મીને પણ ધર્મી એટલે? જેણે જ્ઞાનસ્વભાવી ભગવાનને જેણે જાણ્યો ને અનુભવ્યો ને માન્યો. એ ત્રણ થયું. જાણ્યો, માન્યો અને અનુભવ્યો એટલે સ્થિરતાનો અંશ ભેગો (છે). આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ જેણે જાણ્યો, માન્યો ને અનુભવ્યો– સ્થિર થયો એવો જે ધર્મી, એને ધર્મી કહીએ. આહાહા..! બહુ પૂજા કરે ને ભક્તિ કરે ને મંદિરો બનાવે ને દાન બહુ મોટા કરે માટે ધર્મી એમ નથી, અહીં કહે છે. આહાહા..! એ તો પોતાના સ્વભાવમાં આમ જાણતા જ્ઞાનીને **'અકસ્માતનો ભય હોતો નથી,...'** આહાહા..!

એટલે પહેલામાં પહેલું કરવાનું તો આ છે. લાખ વાતને મૂકી દઈને એક ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, તેમાં સન્મુખ થઈને અનુભવ કરવો એ પહેલામાં પહેલું કરવાનું છે. આહાહા..! અને એનું નામ સમ્યગ્દર્શનની–ધર્મની શરૂઆત છે અને તે સમ્યગ્દર્શન સિદ્ધમાં પણ તે રહે છે. આહા..! કેમકે એ ધર્મ છે તો ધર્મ તો ત્યાં સિદ્ધમાંય રહે છે. આહા..! તેથી તિર્યંચનું સમકિત અને સિદ્ધનું સમકિત સરખું કહ્યું. આહાહા..! અણુવ્રત ને મહાવ્રતના પરિણામ એ કંઈ આત્મામાં ધર્મ નથી. એ તો છૂટી (જાય છે), તે સિદ્ધમાં રહેતા નથી. કેમકે એ આત્માનું સ્વરૂપ હોય તો સિદ્ધમાં રહે. એ કંઈ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..! આકરું કામ બહુ. ધર્મ વીતરાગનો બહુ દુર્લભ છે, ભાઈ! અશક્ય નથી. બહારથી બધું સંકેલીને અંદરમાં જાવું, ગુફામાં જેમ જાવું એમ બધું બહાર પડ્યું રહે. વાસણ લાવ્યો હોય, વાહન લાવ્યો હોય એ બધું બહાર પડ્યું રહે. ગુફામાં કાંઈ ગાડું ગરે ન્યાં? આહા..! એમ ભગવાનઆત્મા અંદર જ્ઞાનસ્વભાવની ગુફામાં પ્રભુ પડ્યો છે, આહાહા..! એ બધા વિકલ્પો મૂકીને અંદરમાં જઈ

શકશે. સમજાણું કાંઈ? અને એવી ચીજને જ્યાં જાણી એને હવે ભય શા? આહા..! નિત્યાનંદમાં અણધારી ચીજ શું આવે કે જેથી એને ભય લાગે. આહા..!

**'આવું જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય હોતો નથી, તે તો નિઃશંક...'** આ તો મૂળ ચીજ છે ને એટલે ઝીણી પડે જરી, બાપા! આહાહા..! **'નિઃશંક વર્તતો થકો પોતાના જ્ઞાનભાવને...'** જ્ઞાનસ્વભાવને. રાગભાવ એનો સ્વભાવ નથી. આહાહા..! **'જ્ઞાનસ્વભાવને નિરંતર અનુભવે છે.'** આહાહા..! **'આ રીતે જ્ઞાનીને સાત ભય હોતા નથી.'**

**'પ્રશ્ન :– અવિરતસમ્યગ્દષ્ટિ આદિને પણ જ્ઞાની કહ્યા છે...'** પ્રશ્નકાર કહે છે. **'અને તેમને તો ભયપ્રકૃતિનો ઉદય હોય છે...'** એને ભયપ્રકૃતિનો ઉદય હોય, પ્રકૃતિ છે એટલે અંદર ભય પણ થાય છે, એમાં જોડાય છે એટલે. છે? **'અને તેમને ભયપ્રકૃતિનો ઉદય હોય છે તથા તેના નિમિત્તે તેમને ભય થતો પણ જોવામાં આવે છે...'** નિમિત્તે એમ. ઓલો પ્રકૃતિનો ઉદય છે, એમાં જોડાય છે, એથી સમકિતીને પણ ત્યાં ભય તો છે, કહે છે. અને તમે કહો છો કે સમકિતી નિર્ભય અને નિઃશંક (છે). સાંભળ, ભાઈ! આહા..! **'તેના નિમિત્તે તેમને ભય થતો પણ જોવામાં આવે છે;...'** નિમિત્તે (કહ્યું છે), જોયું? ઓલો પ્રકૃતિનો ઉદય છે એ તો નિમિત્તમાત્ર છે. એથી આત્માને વિકાર કરે જ એવું નથી. એ નિમિત્તમાં જોડાય છે એટલે ભય(નો) ભાવ થાય છે. **'થતો પણ જોવામાં આવે છે; તો પછી જ્ઞાની નિર્ભય કઈ રીતે છે?'** આ રીતે તો છે. સમકિતીને આત્મજ્ઞાન થયું, દર્શન થયું અને ભયપ્રકૃતિનો ઉદય નિમિત્તમાં છે, તેમાં જોડાણ થાઈને ભય પણ થાય છે. ત્યારે તમે કહો કે નિર્ભય છે, ઇ શી રીતે મેળ ખાય? એમ શિષ્યનો (પ્રશ્ન છે).

**'સમાધાન :– ભયપ્રકૃતિના ઉદયના નિમિત્તથી...'** નિમિત્તથી, હોં! પણ નિમિત્તથી એટલે એનાથી એમ નહિ. અરે..! **'જ્ઞાનીને ભય ઊપજે છે.'** એ પોતાની પર્યાયમાં ભય ઊપજવાનો કાળ છે તેથી ભય ઊપજે છે. એ કર્મ તો નિમિત્તમાત્ર (છે). નિમિત્ત એ કરતું નથી, નિમિત્તને લઈને થતું નથી. આહાહા..! ભાષા આવી આવે ત્યાં પકડે, જુઓ! નિમિત્તથી થાય છે. પણ એ તો ભય થવા કાળે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું. આહાહા..! બહુ ફેર. ભય પણ ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર ઉત્પન્ન થાય છે, પ્રકૃતિને કારણે નહિ. આહાહા..! ધર્મીને પણ પર્યાયમાં વિકૃત જે ભય છે, એ ષટ્કારકથી પરિણમતી ભયદશા થાય છે. ભયનો કર્તા ભય, ભયનું કારણ ભય, ભયનું સાધન ભય, ભયના ષટ્કારક ભય. આહાહા..! એવું એને છે.

**'વળી અંતરાયના પ્રબળ ઉદયથી...'** ભાષા આવી. **'અંતરાયના પ્રબળ...'** ઉદયના નિમિત્તથી **'નિર્બળ હોવાને લીધે...'** એ વખતે પણ અંતરાયનો જે ઉદય છે તેમાં જોડાણ છે. પોતે સ્વતંત્ર નિર્બળ હોવાને લીધે. પોતાની પર્યાય નિર્બળ છે એ પણ ષટ્કારકના પરિણમનથી નિર્બળ થઈ છે. આહાહા..! કર્મના અંતરાયને કારણે નિર્બળ પર્યાય થઈ છે

એમ નથી. અરે.. અરે..! આવી વાતું હવે. અહીં તો ભાષા તો એમ છે કે, **'અંતરાયના પ્રબળ ઉદયથી નિર્બળ હોવાને લીધે...'** એ તો નિમિત્તથી કથન કરે છે. **'નિર્બળ હોવાને લીધે ભયની પીડા નહિ સહી શકવાથી જ્ઞાની તે ભયનો ઇલાજ પણ કરે છે.'** આહાહા..! પાણીમાં તણાય એમાંથી નીકળવાનો પણ વિકલ્પ આવે એને. આહાહા..! સમજાણું? ગામમાં પ્લેગ આવે, ગામ ખાલી થતું હોય અને છોકરાઓ એને એકદમ કહેતા હોય કે બાપુ! આપણે પહેલા નીકળી જાઓ. આપણે જ્યાં જાવું છે ત્યાં જગ્યા નહિ મળે નહિતર. આ બધા જાય છે. પહેલો ઇ નીકળી જાય ભયથી. પણ એ તો અસ્થિરતાની પ્રકૃતિ છે, એ તો ચારિત્રદોષ છે. અંદર સમકિતમાં નિર્ભય છે. આહાહા..! હવે આમાં મેળ શી રીતે (કરવો)?

મુમુક્ષુ :- ચારિત્રનો દોષ એટલે શું?

ઉત્તર :- એ ચારિત્રનો દોષ છે ઇ જુદી ચીજ છે અને સમકિતની નિઃશંકતા તે જુદી ચીજ છે. સમકિતમાં નિર્ભય છે એ જુદી ચીજ છે. હેં?

મુમુક્ષુ :- ભયપ્રકૃતિ છે એ તો ચારિત્રમાં છે.

ઉત્તર :- આ દોષ છે ઇ ચારિત્રનો દોષ છે. પોતાથી થાય છે, કર્મથી નહિ. પોતાની નબળાઈની પર્યાયનું પરિણમન પોતાથી થાય છે, કર્મથી નહિ. ઝીણી વાત, ભાઈ! આવા શબ્દો આવે ત્યાં બધા અધ્ધરથી અર્થ કરે કે, જુઓ! એનાથી થાય, અંતરાયના પ્રબળ ઉદયથી નિર્બળતા થાય, પણ અંતરાય કર્મ જડ છે, ભગવાન ચૈતન્ય ભિન્ન છે, જડ એને અડતુંય નથી. આહાહા..! એ તો ત્રીજી ગાથામાં ન કહ્યું કે, કોઈપણ દ્રવ્ય પોતાના ગુણ, પર્યાયને ચૂંબે, અડે છે પણ પરના દ્રવ્યને અડતા (નથી) અથવા કર્મનો ઉદય પણ કર્મની પર્યાયને અડે અને છૂએ છે. આત્માને એ અડતોય નથી. આહાહા..! એમ નિર્બળ પર્યાય થાય છે એ કંઈ કર્મને અડતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાનો ધર્મ જે નિર્બળતા છે એ પણ એક ધર્મ-યોગ્યતા છે. એ તો કાલે આવી ગયું ને? અનિયત સ્વભાવ. અનિયત સ્વભાવ આવ્યો ને? એ પણ એણે ધારી રાખેલો ધર્મ છે. આહાહા..! એવી અનિયત વિકૃત અવસ્થા સ્વભાવ નથી માટે તેને અનિયત કીધું, વિકૃત. પણ છે એ વિકૃત પોતાથી પોતામાં છે, પરથી નહિ. આહાહા..! પરંતુ તેને ઇલાજ પણ કરે.

**'પરંતુ તેને એવો ભય હોતો નથી કે જેથી જીવ સ્વરૂપનાં જ્ઞાનશ્રદ્ધાન...'** જોયું? ભગવાન પૂર્ણાનંદનો નાથ, એના શ્રદ્ધા અને જ્ઞાન છે એમાંથી ઇ ચળે નહિ. માથે વજ્રના મોટા ઘા પડે, લોકો ચારે કોર ભાગે, એ પહેલું આવી ગયું, પોતે તો તે અંદરમાં સ્થિર અકંપ જ્ઞાનસ્વરૂપ છે. આહા..! એમાં કંપન ને ધ્રુજારો જરી થતો નથી. આહાહા..! આવી વાતું છે. **'પરંતુ તેને એવો ભય હોતો નથી કે જેથી જીવ સ્વરૂપના જ્ઞાનશ્રદ્ધાનથી ચ્યુત થાય.'** જીવ પોતાના સ્વરૂપના જ્ઞાન, શ્રદ્ધાનથી ચ્યુત થાય તેવો તેને ભય નથી. આહાહા..! આરે..! **'જીવ સ્વરૂપનાં જ્ઞાનશ્રદ્ધાનથી ચ્યુત થાય...'** એવું એને નથી. આહાહા..!

**'વળી જે ભય ઊપજે છે તે મોહકર્મની ભય નામની પ્રકૃતિનો દોષ છે;...'** આ નિમિત્તથી (કથન છે). એ દોષ છે, ચારિત્રદોષ છે. **'તેનો પોતે સ્વામી થઈને કર્તા થતો નથી,...'** ભય કરવા લાયક છે એમ સ્વામી થઈને કરતો નથી. થાય છે. આહાહા..! પોતામાં થાય, પોતે કરે છતાં સ્વામી નથી. ઇ દૃષ્ટિની અપેક્ષાએ સ્વામી નથી પણ જ્ઞાનની અપેક્ષાએ તો એ ભયનો કર્તા ને ભોક્તા હું જ છું. ૪૭ નયમાં ઇ આવ્યું હતું ને? આહાહા..! એ ભય નામનો ભાવ, એનું પરિણમન–કર્તાપણું મારું છે અને તેનો ભયનો ભોગવટો પણ મારામાં છે. એમ જ્ઞાન જાણે છે. દૃષ્ટિની પ્રધાનતામાં તે ભયનો કર્તા ને ભોક્તા નથી, એમ દૃષ્ટિના જોરથી કહ્યું. આહા..! છતાં કહે છે કે, સમકિતીને પરિણમનમાં તો ભય આવે છે, છોડવાનો ઇલાજ પણ કરે પણ અંદરમાં જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા, એમાંથી કંપ અને ચલાયમાન થતો નથી. એ જ્ઞાન ધ્રુવ છે તે ધ્રુજતું નથી. આહાહા..! આવી વાતું છે. તે મોહકર્મની પ્રકૃતિનો દોષ છે. જોયું? એટલે વાસ્તવિક સ્વભાવમાં નથી એ અપેક્ષાએ એને એમ કહ્યું.

**'તેનો પોતે સ્વામી થઈને કર્તા થતો નથી,...'** સ્વામી થઈને કરતો નથી, પરિણમન થાય છે પણ મારું કર્તવ્ય છે અને હું એનો સ્વામી એમ થઈને પરિણમતો નથી. અહીં અત્યારે ઇ કહે છે. ચાલતા અધિકારમાં તો બપોરે ઇ ચાલે છે કે અનિયત જે ભયપ્રકૃતિનું પરિણમન થયું એનો સ્વામી–અધિષ્ઠાતા હું છું. આરે આ! આહાહા..! અહીં ના પાડે છે ઇ કઈ અપેક્ષાએ? દૃષ્ટિમાં તે ભયનો સ્વામી નથી અને દૃષ્ટિમાં દૃષ્ટિની અસ્થિરતા ત્યાં થતી નથી એ અપેક્ષાએ ભયપ્રકૃતિનો સ્વામી નથી. બાકી પરિણતિની પ્રકૃતિમાં ભય પોતે પરિણમ્યો છે અને તેથી તેનો અધિષ્ઠાન અને આધાર તો આત્મા છે એ વાત કાંઈ ખોટી નથી. આહાહા..! આવી વાતું હવે. ઘડીકમાં કહે કે સ્વામી નથી અને ઘડીકમાં કહે કે એનો સ્વામી છે. અધિષ્ઠાતા (છે). બપોરે આવ્યું ને? અનિયત. ભય છે એ અનિયત સ્વભાવ છે. નિયત સ્વભાવ, નિશ્ચય સ્વભાવ એનો નથી. ભય થાય ખરો પણ અનિયત સ્વભાવ છે પણ અનિયત સ્વભાવ હોવા છતાં દૃષ્ટિમાં જ્ઞાન ને સ્વરૂપમાંથી ચળે અને ભ્રષ્ટ થાય એવું એને નથી. આહાહા..! હવે આવો આંતરો ક્યારે દેખાય? સમજાણું કાંઈ? આહાહા..!

**'તેનો પોતે સ્વામી થઈને કર્તા થતો નથી,...'** એ દૃષ્ટિની અપેક્ષાએ કહ્યું છે. બાકી પરિણમનમાં પરિણમ્યો છે એનો સ્વામી આત્મા છે અને એ ભયનો અધિષ્ઠાતા ભગવાનઆત્મા છે. કોઈ કર્મને લઈને ભય થયો છે, એમ નથી. હવે આટલો બધો ફેર, લખાણ હોય એમાંથી અર્થ પાછા બીજા કરવા. ઇ શૈલી આ છે. આહાહા..! **'જ્ઞાતા જ રહે છે.'** છે ને? ભય મારો સ્વભાવ છે તેમ માનતો નથી. જ્ઞાતા રહે છે. આહાહા..! જ્ઞાનીને જેમ રાગ થાય છતાં તે રાગનો જ્ઞાતા રહે છે. કેમકે રાગ તેનું સ્વરૂપ નથી. તેથી તેનો જ્ઞાતા રહે છે. જ્ઞાનમાં દૃષ્ટિની અપેક્ષાએ. જ્ઞાન સ્વરૂપ ભગવાનઆત્મા, એની જ્યાં દૃષ્ટિ થઈ છે એ અપેક્ષાએ તે રાગ, ભયનો કર્તા નથી. ભયનો સ્વામી એ અપેક્ષાએ નથી. **'જ્ઞાતા જ રહે છે. માટે જ્ઞાનીને ભય નથી.'** લ્યો. આહાહા..!

## શ્લોક-૧૬૧

(मन्दाक्रांता)

टङ्कोत्कीर्णस्वरसनिचितज्ञानसर्वस्वभाजः
सम्यग्दृष्टेर्यदिह सकलं घ्नन्ति लक्ष्माणि कर्म।
तत्तस्यास्मिन्पुनरपि मनाक्कर्मणो नास्ति बन्धः
पूर्वोपात्तं तदनुभवतो निश्चितं निर्जरैव।।१६१।।

હવે આગળની (સમ્યગ્દષ્ટિના નિઃશંક્તિ આદિ ચિહ્નો વિષેની) ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ टङ्कोत्कीर्ण-स्वरस-निचित-ज्ञान-सर्वस्व-भाजः सम्यग्दृष्टेः ] ટંકોત્કીર્ણ એવું જે નિજ રસથી ભરપૂર જ્ઞાન તેના સર્વસ્વને ભોગવનાર સમ્યગ્દષ્ટિને [ यद् इह लक्ष्माणि ] જે નિઃશંક્તિ આદિ ચિહ્નો છે તે [ सकलं कर्म ] સમસ્ત કર્મને [ घ्नन्ति ] હણે છે; [ तत् ] માટે, [ अस्मिन् ] કર્મનો ઉદય વર્તતાં છતાં, [ तस्य ] સમ્યગ્દષ્ટિને [ पुनः ] ફરીને [ कर्मणः बन्धः ] કર્મનો બંધ [ मनाक् अपि ] જરા પણ [ नास्ति ] થતો નથી, [ पूर्वोपात्तं ] પરંતુ જે કર્મ પૂર્વે બંધાયું હતું [ तद्-अनुभवतः ] તેના ઉદયને ભોગવતાં તેને [ निश्चितं ] નિયમથી [ निर्जरा एव ] તે કર્મની નિર્જરા જ થાય છે.

ભાવાર્થ :- સમ્યગ્દષ્ટિ પૂર્વે બંધાયેલી ભય આદિ પ્રકૃતિઓના ઉદયને ભોગવે છે તોપણ [1]નિઃશંક્તિ આદિ ગુણો વર્તતા હોવાથી તેને [2]શંકાદિકૃત (શંકાદિના નિમિત્તે થતો) બંધ થતો નથી પરંતુ પૂર્વકર્મની નિર્જરા જ થાય છે. ૧૬૧.

## શ્લોક-૧૬૧ ઉપર પ્રવચન

'**હવે આગળની (સમ્યગ્દષ્ટિના નિઃશંકિત આદિ ચિહ્નો...)**' હવે એ સાત ભયની વ્યાખ્યા થઈ ગઈ. હવે સમકિતના નિઃશંક આદિ આઠ ગુણો, ચિહ્નો, લક્ષણો એની '**ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છે :–**' એ ગાથા ચાલશે એનો ઉપોદ્‌ઘાત, શરૂઆત કે આમાં શું આવશે (એ) કહેશે.

---

૧. નિઃશંક્તિ = સંદેહ અથવા ભયરહિત

૨. શંકા = સંદેહ; કલ્પિત ભય.

टङ्कोत्कीर्णस्वरसनिचितज्ञानसर्वस्वभाजः
सम्यग्दृष्टेर्यदिह सकलं घ्नन्ति लक्ष्माणि कर्म।
तत्तस्यास्मिन्पुनरपि मनाक्कर्मणो नास्ति बन्धः
पूर्वोपात्तं तदनुभवतो निश्चित्तं निर्जरैव।।१६१।।

કળશ છે. **[टङ्कोत्कीर्ण-स्वरस-निचित-ज्ञान-सर्वस्व-भाजः सम्यग्दृष्टेः]** '**ટંકોત્કીર્ણ એવું જે નિજ રસથી ભરપૂર જ્ઞાન...**' એટલે શાશ્વત. ટંકોત્કીર્ણ એટલે શાશ્વત. '**નિજ રસથી ભરપૂર...**' એવો જે આત્મા એટલે જ્ઞાન. આહાહા..! શાશ્વત એવો નિજ સ્વભાવના ભાવથી ભરપૂર આત્મા '**તેના સર્વસ્વને...**' સર્વસ્વ, સર્વ-સ્વ, તેના પૂર્ણ સ્વને '**ભોગવનાર સમ્યગ્દષ્ટિને...**' આહાહા..! ધર્મીને તો જ્ઞાનસ્વભાવનો ભોગવટો હોય છે, કહે છે. આહાહા..!

'**ટંકોત્કીર્ણ એવું જે નિજ રસથી ભરપૂર...**' એટલે જ્ઞાનથી, દર્શનથી, આનંદ આદિ રસથી ભરપૂર એવું જ્ઞાન એટલે આત્મા. '**તેના સર્વસ્વને...**' પૂર્ણ પોતાને, એવા પૂર્ણ પોતાને '**ભોગવનાર...**' આહાહા..! વળી એક કોર એમ કહે કે, દ્રવ્યનો-ધ્રુવનો ભોગવટો હોય નહિ. અલિંગગ્રહણના વીસમા બોલમાં ઇ આવી ગયું. આત્મા દ્રવ્યને નહિ સ્પર્શતો વેદનની પર્યાયમાત્ર આત્મા છે. કારણ કે વેદનમાં ધ્રુવ આવતું નથી. ધ્રુવને અસ્પર્શતો વેદનમાત્ર આત્મા છે. અહીં કહે છે, '**ભરપૂર જ્ઞાન તેના સર્વસ્વને ભોગવનાર સમ્યગ્દષ્ટિને...**' ઇ પર્યાયની વાત છે. ત્રિકાળી છે તેને અનુભવે છે ઇ પર્યાયમાં તેનો ભોગવટો છે. પર્યાયનો ભોગવટો (છે), દ્રવ્યનો ભોગવટો નથી. અરે..! શું કહે છે?

નિજ રસથી ભરેલો ભગવાનઆત્મા, જ્ઞાન એટલે આત્મા, '**તેના સર્વસ્વને ભોગવનાર...**' આહાહા..! તેના સર્વસ્વ એટલે સારી પૂર્ણ ચીજ છે તેમાં એકાગ્રતા છે એટલે પર્યાયમાં સર્વસ્વને ભોગવે છે. ભોગવે છે પર્યાય પણ ધ્રુવનું લક્ષ છે અને એનાથી જે પર્યાય થઈ તે સર્વસ્વને ભોગવે છે એમ કહેવામાં આવે છે. દ્રવ્યને ભોગવે છે એમ કહે છે. નિજ રસથી ભરેલો ભગવાનઆત્મા, આનંદનું દળ આખું ધ્રુવ, એ સર્વસ્વ. સર્વ-પોતાનું તેને ભોગવે છે. એનો અર્થ ઇ કે રાગને ભોગવતો નથી પણ પોતાનું દ્રવ્ય ત્રિકાળ છે તેને અવલંબે નિર્મળ દશા થઈ તેને ભોગવે છે. અરે.. અરે..! આવી વાતું છે, બાપુ! થોડા ફેરે બહુ ફેર પડી જાય, ભાઈ! આ તો તત્ત્વ, વીતરાગના તત્ત્વ છે, ભાઈ! આહાહા..!

એક કોર 'અમૃતચંદ્રાચાર્ય' એમ કહે અને આ પણ 'અમૃતચંદ્રાચાર્ય'નો કળશ છે. ન્યાં 'અમૃતચંદ્રાચાર્ય' એમ કહે, આત્મા ત્રિકાળી પ્રત્યક્ષ. આહાહા..! આ છે તે છે, તેમ. એવો આત્મા ધ્રુવ, તેને આત્મા નહિ સ્પર્શતો, નહિ અડતો પોતાની પર્યાય જે વેદવામાં આવે છે તે આત્મા છે. આહાહા..! અહીં ઇ કહેવું છે. એ તો સર્વસ્વને (ભોગવે છે). રાગને અને પરને નથી ભોગવતો એથી આત્માને સર્વસ્વને ભોગવે છે એમ કહેવું છે. આહાહા..! આવી વાતું આકરી બહુ, ભાઈ! વીતરાગના શાસ્ત્રો અમૂલ રતનથી ભર્યા છે. આહાહા..!

સમ્યગ્દષ્ટિને, ખરેખર તો પૂર્ણ ભોગવે પણ ક્યાં છે? પૂર્ણ ભોગવે તો તો સિદ્ધ થઈ

જાય અને પૂર્ણ આ છે એને ભોગવે તો દ્રવ્યને ભોગવી શકતો નથી. શું કહ્યું ઇ? પૂર્ણ દ્રવ્ય જે છે એની પૂર્ણ પર્યાયને પૂર્ણ ભોગવે તો તો સિદ્ધ થઈ જાય અને દ્રવ્યને પૂર્ણને ભોગવે એ તો બની શકતું નથી. સમજાણું કાંઈ? આવી વાતું છે. આહાહા..! એ સર્વસ્વ પૂર્ણાનંદનો નાથ તેના ઉપર આશ્રય, દૃષ્ટિ છે અને તેનું જ્ઞાન તેના લક્ષમાં છે, એના લક્ષમાં (છે), એથી તે દૃષ્ટિ પૂર્ણ જ્ઞાન અને પૂર્ણને ભોગવે છે એમ કહેવામાં આવે. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો દૃષ્ટિ અને જ્ઞાનની પર્યાયમાં સારા દ્રવ્યનું જ્ઞાન અને શ્રદ્ધા આવી ગઈ છે. એને ભોગવે. શું કહ્યું ઇ? પ્રભુ! આહાહા..! જેની જ્ઞાનપર્યાયમાં સારો જ્ઞાયક પૂર્ણાનંદનો નાથ તેનું જ્ઞાન થઈ ગયું છે. ઇ એમાં આવ્યો નથી પણ એનું જ્ઞાનપર્યાયમાં પૂર્ણનું થઈ ગયું છે અને દૃષ્ટિમાં પણ પૂર્ણ જેવો છે તેની પ્રતીતિ થઈ ગઈ છે. પ્રતીતમાં (અર્થાત્ પ્રતીતિની પર્યાયમાં) એ આવ્યો નથી પણ એની પ્રતીત થઈ ગઈ છે. એથી પ્રતીત અને જ્ઞાનની પર્યાયને ભોગવતો સર્વસ્વને ભોગવે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! હવે આવી નવરાશ ન મળે ને આવો માર્ગ છે.

**'સર્વસ્વને ભોગવનાર સમ્યગ્દૃષ્ટિને...' [यद् इह लक्ष्माणि] 'જે નિઃશંક્તિ આદિ ચિહ્નો...'** લક્ષણ. નિઃશંકિત આદિ સમકિતના ચિહ્નો-લક્ષણો, ગુણો કહેવાય છે. છે તો પર્યાય પણ ઇ પર્યાયને નિઃશંકિત ગુણ કહેવામાં આવે છે. છે તો નિઃશંકિત આદિ આઠ (ગુણ) છે એ પર્યાય છે. સમકિતના નિઃશંક આદિ આઠ ગુણો છે તે પર્યાય છે. સમકિત પોતે પર્યાય છે ને. એના જે આઠ લક્ષણો-ચિહ્ન છે એ પર્યાય છે. આહાહા..! **'નિઃશંકિત આદિ (આઠ) ચિહ્નો...'** એટલે લક્ષણો **[सकलं कर्म] 'સમસ્ત કર્મને હણે છે...'** એટલે કે નિઃશંકિત આદિમાં રહેતો પ્રાણી, એને ઉદયનો ભાવ તે ખરી જાય છે. હણે છે એટલે કે ખરી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? નિઃશંક નિર્ભય, સમકિતના જે આઠ લક્ષણો પ્રગટ્યા છે તેથી તેને કર્મનું બંધન થતું નથી. એ ઉદય આવે છે તેનામાં જોડાણ નથી એટલે ખરી જાય છે. એટલું અહીં જોર કહેવું છે ને. આહાહા..!

**'કર્મનો ઉદય વર્તતા છતાં,...'** છે? **'સમસ્ત કર્મને હણે છે; માટે કર્મનો ઉદય વર્તતા છતાં, સમ્યગ્દૃષ્ટિને ફરીને કર્મનો બંધ જરા પણ થતો નથી,...'** અહીં દૃષ્ટિના જોરની અપેક્ષાએ વાત છે. આહાહા..! ભયપણે પરિણમતો હોય તો તો એકલો પ્રકૃતિનો બંધ જ થાય પણ અહીં ઇ પરિણમનને ગૌણ કરી નાખીને એકલા નિઃશંક આદિ આઠ ગુણો લેવા છે. તે ગુણો તો કર્મના ઉદયને હણે એટલે કે નવું બંધન થતું નથી. એ ઉદય આવે છે તે ખરી જાય છે, નવું બંધન થતું નથી. નિઃશંક નિર્ભય સ્વભાવમાં રમતો.. આહાહા..! એને નવા કર્મનું બંધન છે નહિ. હવે આમાં એમ એકાંત લઈ જાય કોઈ કે, સમ્યગ્દૃષ્ટિને બંધન નથી ને દુઃખ નથી. એ તો ૪૭ પ્રકૃતિનો બંધ નથી અને અલ્પ બંધ ને સ્થિતિ છે તેને અહીં ગણી નથી. આહા..!

મુમુક્ષુ :- જરા પણ થતો નથી એમ લખ્યું છે.

ઉત્તર :- ઇ જરાનો અર્થ આ. સ્વભાવની અપેક્ષાએ જરા પણ બંધ નથી. અલ્પ છે

તેનો એ જ્ઞાતા છે અને તે છે તેની અલ્પ સ્થિતિ ને રસવાળો છે માટે તેને બંધ ગણવામાં આવ્યો નથી. આહાહા..! સમ્યક્ આત્માની પ્રતીતિ અને અનુભવ થયો તો કહે છે કે મનુષ્ય હોય એને અશુભભાવ પણ આવે, શુભભાવ હોય પરિણતિમાં પણ જ્યારે એને આયુષ્ય બંધાવાનું હોય ત્યારે ઇ શુભભાવમાં જ બાંધશે, ઇ અશુભમાં નહિ બાંધે. એટલું તો દૃષ્ટિની જોરની દૃષ્ટિ વર્તે છે. આહાહા..!

એ કર્મનો ઉદય આવે છે પણ આત્મા કર્મના ઉદયમાં નિઃશંક અને નિર્ભય એવા આઠ ગુણથી પોતામાં વર્તતો તેનું જે અલ્પ ભાવપણે પરિણમન છે તેને ન ગણતા, તેની સ્થિતિ, રસ અલ્પ પડે તેને ન ગણ્યું. પણ આને લઈને સર્વથા કોઈ એમ માની બેસે કે સમ્યગ્દૃષ્ટિને કંઈ દુઃખ જ હોતું નથી અને જરાય બંધ હોતો નથી. તો દસમા ગુણઠાણા સુધી બંધ છે. ભાઈ! 'દીપચંદજી'ને એમ થઈ ગયું હતું ને? ભાઈનું વાંચીને, તમારું. 'સોગાની'નું. 'દીપચંદજી' ઘણી વાર અહીં આવતા, પણ રહે થોડું સાત દિ' ને બાર મહિના પછી ત્યાં રહે. એટલે આનું વાંચીને જરી ફેરફાર થઈ ગયો કે આ તો સમકિતી દુઃખને વેદે છે એમ કહે છે અને દુઃખને વેદે ઇ તો તીવ્ર કષાયવાળો હોય, સમકિતી નહિ. એમ નથી, ભાઈ! કઈ અપેક્ષા છે? બાપુ! એ અલ્પ દુઃખને વેદે છે. જેટલો રાગ થયો, ભય થયો તેને એ વેદે છે. એ તો ન આવ્યું? નયમાં આવશે. ૪૭ નયમાં. વેદે છે, ભાઈ! પૂર્ણ આનંદનું વેદન હોય તો સિદ્ધને હોય, પૂર્ણ દુઃખનું વેદન હોય તો મિથ્યાદૃષ્ટિને હોય. ત્યારે સમ્યગ્દર્શનમાં આનંદ ને દુઃખ બેય છે. જેટલો સ્વઆશ્રય દૃષ્ટિ પ્રગટી, સ્થિરતા (થઈ) તેટલો આનંદ છે અને જેટલો નિમિત્તને આધીન હજી રાગ થાય છે તેટલું દુઃખ છે. દુઃખનું વેદન સમકિતીને છે અને એને લઈને એટલો બંધ પણ થાય છે. પણ અહીં એને દૃષ્ટિના જોરથી વાત કરવી છે. અને 'જયસેનાચાર્ય'ની ટીકામાં તો એમ છે કે આમાં પાંચમા ગુણસ્થાન ઉપરની મુખ્ય વાત છે. મુખ્ય, મુખ્ય હોં! એમ ભાષા છે. ગૌણપણે સમકિતી છે. આહાહા..! એમાં એકાંત લઈ જાય છે કે, આમાં સમકિતનો અધિકાર નથી, એ તો મુનિનો જ અધિકાર છે. એમ નથી, સાંભળ. ત્યાં શબ્દ તો મુખ્યપણે એવો લીધો છે. સંસ્કૃત ટીકામાં છે. અરે..રે..! શું થાય?

અહીં પણ એમ કહે કે, એને બિલકુલ બંધ નથી. **'જરા પણ'** છે ને? **[मनाक् अपि], [मनाक् अपि] [नास्ति] 'થતો નથી,...' [मनाक् अपि] [नास्ति] 'પરંતુ જે કર્મ પૂર્વે બંધાયું હતું તેના ઉદયને ભોગવતાં તેને નિયમથી તે કર્મની નિર્જરા જ થાય છે.'** આહાહા..! એ નિર્જરા અધિકાર છે ને? બીજી, ત્રીજી ગાથામાં આવી ગયું છે કે જે ઉદય આવે એને ભોગવવા, સુખ-દુઃખની ભાવના હોય છે પણ એ ખરી જાય છે. આહાહા..! એ અપેક્ષાએ કહ્યું છે. બાકી તો જેટલો હજી રાગરૂપે પરિણમે છે એટલું દુઃખ પણ છે અને એટલું એને બંધન પણ છે. સર્વથા નથી એમ એકલો માની લ્યે તો એકાંત થઈ જશે. આહા..! વિશેષ ભાવાર્થ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૨૨૯

जो चत्तारि वि पाए छिंददि ते कम्मबंधमोहकरे।
सो णिस्संको चेदा सम्मादिट्ठी मुणेदव्वो।।२२९।।
यश्चतुरोऽपि पादान् छिनत्ति तान् कर्मबन्धमोहकरान्।
स निश्शङ्कश्चेतयिता सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२२९।।

यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन कर्मबन्धशङ्काकरमिथ्यात्वादिभावाभावान्निश्शङ्क, ततोऽस्य शङ्काकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।

---

હવે આ કથનને ગાથાઓ દ્વારા કહે છે, તેમાં પ્રથમ નિઃશંકિત અંગની (અથવા નિઃશંકિત ગુણની-ચિહ્નની) ગાથા કહે છે :-

જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,
ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૨૯.

ગાથાર્થ :- [ यः चेतयिता ] જે *ચેતયિતા, [ कर्मबन्धमोहकरान् ] કર્મબંધ સંબંધી મોહ કરનારા (અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો ભ્રમ કરનારા) [ तान् चतुरः अपि पादान् ] મિથ્યાત્વાદિ ભાવોરૂપ ચારે પાયાને [ छिनत्ति ] છેદે છે, [ सः ] તે [ निश्शङ्कः ] નિઃશંક [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે કર્મબંધ સંબંધી શંકા કરનારા (અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો સંદેહ અથવા ભય કરનારા) મિથ્યાત્વાદિ ભાવોનો (તેને) અભાવ હોવાથી, નિઃશંક છે તેથી તેને શંકાકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિને જે કર્મનો ઉદય આવે છે તેનો તે, સ્વામિત્વના અભાવને લીધે, કર્તા થતો નથી. માટે ભયપ્રકૃતિનો ઉદય આવતાં છતાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવ નિઃશંક રહે છે, સ્વરૂપથી ચ્યુત થતો નથી. આમ હોવાથી તેને શંકાકૃત બંધ થતો નથી, કર્મ રસ આપીને ખરી જાય છે.

---

* ચેતયિતા = ચેતનાર; જાણનાર-દેખનાર; આત્મા.

**પ્રવચન નં. ૩૦૬ ગાથા–૨૨૯, ૨૩૦ રવિવાર, ભાદરવા વદ ૩, તા. ૦૯-૦૯-૧૯૭૯**

'સમયસાર' ૨૨૯ ગાથા.

મુમુક્ષુ :– ૧૬૧ કળશનો ભાવાર્થ બાકી છે.

ઉત્તર :– એમાં બધું આવી ગયું.

**जो चत्तारि वि पाए छिंददि ते कम्मबंधमोहकरे।**
**सो णिस्संको चेदा सम्मादिट्ठी मुणेदव्वो।।२२९।।**

**જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,**
**ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૨૯.**

ટીકા :– સમ્યગ્દૃષ્ટિ એટલે કે અંતર્મુખની ચૈતન્યની દૃષ્ટિ જેને થઈ છે. બહિર્મુખ જે ઇન્દ્રિય આદિના વિષયો તરફનું જેને વલણ છૂટી ગયું છે, હોય છે પણ એનું વલણ છૂટી ગયું છે. આહાહા..! જે આત્મા જ્ઞાયક આનંદસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદનું દળ જે શાશ્વત ધ્રુવ, તેના તરફ જેના વલણ વળ્યા છે, આહા..! એ વલણ આત્મામાં ઝુકવે છે. આત્મા પૂર્ણાનંદનો નાથ છે તેના વલણમાં તે એને આદરે છે. આહા..! ઝીણી વાત, ભાઈ! આહાહા..! આ આંખના વિષયથી આમ ઇન્દ્રિયોના વિષયો આંખથી જોવે, શરીર સ્થૂળ, પુષ્ટ, પાતળું, જાડું એ આંખથી જોવે એ તો પુદ્ગલ દેખાય છે. આહાહા..! એ આંખનો વિષય છે એ તો પુદ્ગલ જણાય છે. આનું આ શરીર સુંદર છે અને આવું આવું છે ને આવું આવું છે. આહાહા..! એ ઇન્દ્રિયનો વિષય પણ જેને અંતરમાંથી રુચિથી છૂટી ગયો છે અને અનીન્દ્રિય એવો ભગવાન, આહાહા..! છ કાયની હિંસા ન કરવી એનો અર્થ કે છ કાયમાં પોતે પણ છે કે નહિ? આહાહા..! એનું જેટલું અને જેવડું સ્વરૂપ છે તેટલું ન માનતાં અધિક, ઓછું, વિપરીત માને તે આત્માની હિંસા છે. આહાહા..!

અહીંયાં એ કહે છે કે, આત્મા જેને સમ્યગ્દૃષ્ટિ થઈ, દૃષ્ટિ સમ્યક્ ચૈતન્યમૂર્તિ પૂર્ણાનંદનો નાથ બહિર્મુખ દૃષ્ટિ છૂટીને અંતર્મુખ થઈ છે, આહાહા..! એવો જે સમ્યગ્દૃષ્ટિ, સત્યદૃષ્ટિ સત્યસ્વરૂપ જે પૂર્ણ પ્રભુ આત્માનું એનો જેને સ્વીકાર થઈને સમ્યગ્દૃષ્ટિ થઈ છે, આહાહા..! તે '**સમ્યગ્દૃષ્ટિ ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' આહાહા..! એની દૃષ્ટિમાં તો ટંકોત્કીર્ણ એટલે શાશ્વત, એક જ્ઞાયકભાવમયપણું (છે). આહાહા..! જેનો વિષય જ્ઞાયકભાવ છે. જેનો વિષય નિમિત્ત નહિ, રાગ નહિ ને પર્યાયે નહિ. આહાહા..! આવી વાતું છે. બહારના વિષયોથી જ્યારે રુચિથી મરી જાય છે ત્યારે અંદરની રુચિથી તે જીવતો થાય છે. આહા..! અને અંદરની રુચિને મારી નાખીને પાંચ ઇન્દ્રિયના વિષયની રુચિમાં જાય છે ત્યારે આત્માનું

એણે મરણ કરી નાખ્યું. આહા..! મરણતુલ્ય આવ્યું છે ને?

કાલ બપોરની વાત પછી ત્યાં આવી હતી. નિર્જરાનો અધિકાર, 'તત્વાર્થ રાજવાર્તિક'. એમ કે, નિર્જરાનો કાળ એક નથી. એનો અર્થ લોકો એમ કરે છે કે, એક જ જીવને નિર્જરા ભિન્ન ભિન્ન (કાળે છે). એમ નથી. ભિન્ન ભિન્ન જીવને નિર્જરાનો કાળ જુદો જુદો છે. એ બતાવવું છે. આહાહા..! પછી ત્યાં તરત કાઢ્યું હતું. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં. આહાહા..! કાળ તો જે સમયે મોક્ષ થવાનો તે જ છે પણ ત્યાં એવી વાત છે કે કાળનો નિયમ નથી. કાળનો નિયમ નથી. પણ એ નિયમ નથી એટલે એક એક જીવના ભિન્ન ભિન્ન જાતના કાળને નિયમ નથી. કોઈ ભવિને અલ્પ કાળે કેવળજ્ઞાનનો કાળ આવે, કોઈને વિશેષ કાળે (આવે) એ તો પોતાની યોગ્યતાને કારણે છે. એ કાળ આઘોપાછો થાય એમ ત્યાં કહેવાનો આશય નથી. સમજાણું કાંઈ? 'જૈનતત્ત્વ મિમાંસા'માં આવે છે. ઇ કાલે બપોરે આવ્યું હતું ને? આયુષ્યની વાત ત્યાં નથી તેમ આયુષ્ય ઘટે ને આરોગતા થાય એ વાતેય નથી.

પ્રત્યેક ભવિ જીવની નિર્જરાનો કાળ તો તે સમયે મોક્ષનો કાળ તે છે, પણ બધા ભવિ જીવને એક સરખો ન હોય, એમ. કોઈ અલ્પ અસંખ્યપણે ભવે મોક્ષ થાય, કોઈને અનંત ભવે મોક્ષ થાય, કોઈને સંખ્યાત ભવે, કોઈને એક-બે ભવે. એમ કાળનો તો નિયમ જ છે પણ તે તે ભિન્ન ભિન્ન જીવને માટે કાળની ભિન્નતા છે. આહાહા..! કાળે આવ્યું હતું ને કાલે? આહા..!

અહીંયાં એ કહે છે કે, ભગવાનઆત્મા જે શાશ્વત જ્ઞાયકભાવ છે. આહા..! એક ટંકોત્કીર્ણ એવો શાશ્વત એવો એક. બે નહિ. આહાહા..! **'જ્ઞાયકભાવમયપણાને લીધે...'** જ્ઞાયકભાવમયપણું જેનું. આહાહા..! દૃષ્ટિમાં તો જ્ઞાયકભાવમય જેની દૃષ્ટિ થઈ છે. આહાહા..! એવો જે સમ્યગ્દૃષ્ટિ. શું કરવું? આ કાલે પૂછતા હતા ને? 'સુજાનમલજી'! એ બધું આવતું હતું, કાળે થાય ને અકાળે થાય. પણ એને જાણીને અંદર જાવાનું છે. એ કરવાનું છે. આહાહા..! અંતર્મુખ વળવાનું છે. અનેક પ્રકારનું કાળ, અકાળનું જ્ઞાન કરીને જવાનું છે અંદરમાં. આહાહા..! જ્યાં જ્ઞાયકભાવ પૂર્ણાનંદનો નાથ, શાશ્વત વસ્તુ અંદર પડી છે. આહાહા..! તેની દૃષ્ટિ થઈ તેને સમ્યગ્દૃષ્ટિ એક જ્ઞાયકભાવપણાને લીધે કર્મબંધ થવાથી **'કર્મબંધ સંબંધી શંકા કરનારા...'** આહાહા..! મને કર્મ બંધાશે ને મને આમ થાશે, એવી શંકા કરનારા.

**'(અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાય છે એવો સંદેહ અથવા ભય કરનારા)...'** આહાહા..! **'મિથ્યાત્વાદિ ભાવોનો...'** પાઠમાં ચાર શબ્દ છે. અહીંયાં ચાર શબ્દને ખુલ્લા નથી મૂક્યા. મિથ્યાત્વાદિ એટલે કે મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગ. ત્યાં પ્રમાદ ન લેવો. પ્રમાદ કષાયમાં જાય છે. સમજાણું કાંઈ? બંધના કારણ પાંચ છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ. પણ અહીંયાં પાઠમાં ચાર છે ને? **'चत्तारि छिंददि'** છે ને? તેને પ્રમાદને કષાયમાં નાખ્યો છે. મિથ્યાત્વ.. આહાહા..! અવ્રત, કષાય, યોગ તેનો નાશ કરનારા. આહાહા..! છે?

**'મિથ્યાત્વાદિ ભાવોનો (તેને) અભાવ હોવાથી...'** નાશ કર્યો છે એણે એથી એનો અભાવ છે. આહાહા..! સમ્યગ્દર્શન–આત્માનું દર્શન થતાં ભગવાન જ્ઞાયક સ્વરૂપ પરમાત્મા, એનું અંદર જ્ઞાન, અનુભવ ને પ્રતીત થતાં તે નિઃસંદેહપણે રહેનારો, તેને મિથ્યાત્વાદિ ચારનો અભાવ હોય છે. એટલે અહીં પાઠમાં એમ લખ્યું કે છેદે છે. છે ને? **'छिंददि'** **'चत्तारि वि पाए छिंददि'** અહીં કહ્યું કે તે **'ભાવોનો (તેને) અભાવ હોવાથી,...'** ભાઈ! એનો અર્થ એ છે, આહા..! જેને સમ્યક્ ચૈતન્યના આત્મદર્શન થયા છે, એને મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ ને કષાયનો ભાવ તેને પોતામાં નથી. થાય છે જરી અવ્રતાદિનો ભાવ, તેનો તે જાણનાર રહે છે. આહાહા..! મિથ્યાત્વ તો છે નહિ. ચારને છેદવાનું કહ્યું છે અહીં તો. પાઠમાં તો એ છે. મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગ એને સમ્યગ્દષ્ટિ છેદે છે. ભાષા દેખો. યોગને છેદે છે. યોગ તો તેરમા ગુણસ્થાન સુધી રહે છે. આહા..!

અહીંયાં તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ, સર્વજ્ઞ સ્વભાવીની જ્યાં દૃષ્ટિ થઈ છે એને લઈને મિથ્યાત્વ તો છે નહિ, અવ્રત ને કષાય ને યોગ છે તેને પણ છેદે છે એટલે કે એને એટલા પ્રકારનો ઉત્પન્ન થવા દેતો નથી. આહાહા..! આવી વાતું. સમ્યગ્દષ્ટિના નિઃશંક ગુણનું આ વર્ણન છે. નિઃશંક ગુણ નથી, નિઃશંક પર્યાય છે. સમ્યગ્દર્શનની નિઃશંક એ પર્યાય છે પણ એને ગુણ તરીકે કહીને, સમકિતીનું ચિહ્ન કહ્યું ને? સમ્યગ્દષ્ટિનું એ ચિહ્ન છે, એંધાણ છે, લક્ષણ છે. આહાહા..!

જેને આત્મા પૂર્ણાનંદનો નાથ નિઃશંકપણે દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો એની નિઃશંકતા, નિર્ભયતા ચાર ભાવને છેદનારી છે. મિથ્યાત્વ તો છે જ નહિ પણ અહીં તો ઓલા ત્રણ છે એનો અભાવ હોવાથી એમ કીધું ને? પર્યાયમાં છે પણ દૃષ્ટિના વિષયમાં તેનો અભાવ હોવાથી. આહાહા..! માર્ગ બહુ, બાપુ! આહાહા..! 'અંતર્મુખ અવલોકતા વિલય થતા નહિ વાર' આવે છે ને? 'શ્રીમદ્'માં. આહા..! અંતર્મુખ દૃષ્ટિ જ્યાં થઈ, અને કરવાનું તે છે બાકી બધા બહિર્મુખના જ્ઞાન ને બહિર્મુખની પ્રતીતિ ને ઇન્દ્રિયોના જોવાના દેખાય એ બધું ઇન્દ્રિયથી થતું જ્ઞાન એ પણ હેય છે. આહાહા..!

અહીંયાં તો અતીન્દ્રિય જ્ઞાયકમય ભાવ પ્રભુ, એનો જેને અંતર્મુખ થઈને સ્વીકાર થયો ને અનુભવ થયો, દૃષ્ટિ થઈ તે નિઃશંક છે. એ જીવ નિઃશંક–શંકા કરનારા એનાથી રહિત છે. આહા..! એને મિથ્યાત્વાદિ ભાવો, તેનો અભાવ હોવાથી, છે? **'કર્મબંધ સંબંધી શંકા કરનારા (અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો સંદેહ અથવા ભય કરનારા) મિથ્યાત્વાદિ ભાવોનો (તેને) અભાવ હોવાથી,...'** અબંધ સ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? જેને સમ્યગ્દર્શન થયું અંદર એણે તો યોગનેય કાપ્યો છે, કહે છે. યોગનેય છેદ્યો છે. આહાહા..! કેમકે અબંધ અયોગી ભગવાનઆત્માનું સ્વરૂપ છે. ઝીણી વાત બહુ, ભાઈ! આખી દુનિયાથી વૈરાગ્ય પામીને અંદરમાં જાય. વૈરાગ્યનો અર્થ, દુનિયા

એટલે પુણ્ય-પાપના વિકલ્પો. પુણ્ય-પાપના જે વિકલ્પ છે ને તેનાથી અંદર જવું એ વૈરાગ્ય. વૈરાગ્ય એટલે કે બાયડી, છોકરા છોડીને (બેસે) એમ નહિ. આહાહા..!

આ 'ગુલાબચંદભાઈ' પાસે કાલે ગયા હતા, ભાઈ! આહાહા..! પડ્યો હતો. આહા..! ભાઈ! કીધું કેમ છે? 'ગુલાબચંદ'! રોવા મંડ્યો. આહા..! સાધન કાંઈ કર્યું નહોતું અને આ અવસ્થા આટલી આવીને ઊભી રહી. આહા..! કીધું, ભાઈ! 'ગુલાબચંદ'! શરીરની સ્થિતિ બાપા આવી છે. તું કોણ છો અંદર જો. હેં?

મુમુક્ષુ :– શરીર પુદ્‌ગલનું છે.

ઉત્તર :– કોઈ સામું જોતું નથી. કોણ જોવે પણ બાપુ? તું જ પરને જોવા જાય છે તેટલી પરાધીનતા છે. આહા..! અંતરમાં જોવામાં જા તો ત્યાં સમ્યગ્દર્શન થાય છે. આહાહા..!

સ્પર્શ ઇન્દ્રિયનો એક ભોગ છે એ છૂટ્યો માટે ઇન્દ્રિયનો વિષય છૂટી ગયો એમ નથી. અનીન્દ્રિય એવો જે ભગવાનઆત્મા, એને પાંચ ઇન્દ્રિયના વિષયો તરફનું વલણ છૂટીને અંદર જાય. એકલા ભોગનો (વિકલ્પ છોડે) એમ નહિ. આહાહા..! અનીન્દ્રિય છે ને? અને જિતેન્દ્રિય કહ્યું ને? ભાઈ! ૩૧ ગાથા. ૩૧. જિતેન્દ્રિય. સમકિતી જિતેન્દ્રિય છે. એટલે? આ દ્રવ્ય ઇન્દ્રિય જડ માટી આ, ભાવેન્દ્રિય એક એક વિષયને જાણનારી અને એ વિષયને જણાવાયોગ્ય ભગવાનની વાણી ને દેવ-ગુરુ-શાસ્ત્ર ને સ્ત્રી, કુટુંબ-પરિવાર, દેશ એ બધું ઇન્દ્રિય છે. આહાહા..! એને જોવા તરફનું લક્ષ છોડી દઈ.. આહાહા..! અને જે જોયો નથી કોઈ દિ' એને જોવામાં નજર કર. આહાહા..! એમ નજર કરતાં નજરમાં સમ્યગ્દર્શન થાય છે અને એ સમ્યગ્દર્શનમાં નિઃશંકતા એવી આવે છે કે મને કર્મબંધન છે, એ દૃષ્ટિ છૂટી જાય છે. આહાહા..! આવું વસ્તુનું સ્વરૂપ છે. આ કાંઈ કોઈ પક્ષ ને પંથ નથી. આહાહા..! વસ્તુનું સ્વરૂપ જ આવું છે, પ્રભુ! આહા..!

**'મિથ્યાત્વાદિ...'** એટલે પાઠમાં ચાર શબ્દ છે ને? એટલે આ મિથ્યાત્વાદિ એટલે ચાર લેવા. આદિમાં મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગ એમ લેવું. એ ચારેના **'ભાવોનો (તેને) અભાવ હોવાથી,...'** દેખો! આહાહા..! અવ્રતનો, કષાયનો, યોગનો પણ જ્ઞાનીને અભાવ હોવાથી. આહા..! ઝીણી વાત છે, પ્રભુ! આ તો અંતરના માર્ગની વાતું. ત્રણલોકના નાથ તીર્થંકરોની દિવ્યધ્વનિમાં આવ્યું છે, બાપુ! આહાહા..! બહારથી એણે મરી જવું પડશે. અંદર જીવતો જાગતી જ્યોતને જો જગાડવો હોય તો. આહાહા..!

મુમુક્ષુ :– અનાદિનો પરાધીન છે ને.

ઉત્તર :– બહાર ઇન્દ્રિયના વિષય તો પરાધીન પુદ્‌ગલને જોનાર છે. આંખથી પુદ્‌ગલ, ગંધથી પુદ્‌ગલ, રસથી પુદ્‌ગલ, સ્પર્શથી પુદ્‌ગલ, કાનથી પુદ્‌ગલ. આહાહા..! એ પણ ઇન્દ્રિયને આધીન થવાથી થાય છે. જ્ઞાન થાય છે પોતામાં પણ ઇન્દ્રિય આધીન થઈને પુદ્‌ગલનું જ્ઞાન થાય છે. એમાં આત્માનું (જ્ઞાન) નથી. આહા..! તેથી અહીં કહ્યું કે, ચાર ભાવનો તેને અભાવ

હોવાથી. કહો, ચાર ભાવનો અભાવ થઈ ગયો? તો સિદ્ધ થઈ ગયા. દૃષ્ટિમાંથી તો અભાવ થઈ ગયો છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! પ્રભુના માર્ગ છે શૂરાના, એ કાયરના ત્યાં કામ નથી. આહાહા..! દુનિયાના પાંચ ઇન્દ્રિયના વિષયોના રસ જેને છૂટી જાય છે, આહાહા..! ત્યારે તેને ભગવાનઆત્માનો રસ આવે છે. એ આત્માનો રસ આવે છે એવી પ્રતીતિ તેનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ? અત્યારે લોકોએ બીજી વાત આખી કરી નાખી. બહારથી ઇન્દ્રિયો ઘટાડીને વિષય ઘટાડ્યા ને આ કર્યા ને તે કર્યા, એ ત્યાગ સમજે છે. પણ એ ત્યાગ ક્યાં છે? આ ત્યાગ તો સમ્યગ્દર્શન થતાં ચાર ભાવોનો ત્યાગ છે તે ત્યાગ છે. આહાહા..! એટલે કે આત્મામાં અંતર્મુખ થયા વિના આ ચારનો ત્યાગ થાય નહિ અને એ અંતર્મુખ થયા વિના બહારનો ત્યાગ જે માને છે એ તો મિથ્યા ત્યાગ છે. આહાહા..! 'શશીભાઈ'! આવી વાતું છે.

પ્રભુ! તું સચ્ચિદાનંદ પ્રભુ છો ને. આનંદનું દળ છો ને. આનંદની પાટ છો ને. અતીન્દ્રિય આનંદની અનંત અનંત (પાટ છે). આરસપહાણની તો.. આરસપહાણ શું આ બરફ. એ તો પચાસ મણની, સાંઈઠ મણની પાટ હોય. આ તો અનંત.. અનંત.. અનંત.. અનંત જેનો તોલ નથી એટલી એ મોટી પાટ છે. આહાહા..! છે અરૂપી. આહાહા..! એટલો અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. અનંત વીતરાગતા, અનંત શાંતિ, અનંત આનંદ, અનંત પ્રભુતા, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સત્તા એવો મોટો પ્રભુ શાશ્વત પાટ છે મોટી. આહા..! ત્યાં નજરું કરતા તેની નજરબંધી થઈ જાય છે. નજર ત્યાં બંધાય જાય છે. આ નજરબંધી નથી કહેતા? આહાહા..! એવો જ કોઈ સ્વભાવ છે કે ત્યાં નજર કરતા નજરબંધી થઈ જાય. નજરમાં આખો આત્મા પકડાય જાય છે. આહાહા..! આ રીત છે, લ્યો. 'સુજાનમલજી'! ઓલું કાળ ને અકાળ, એ બધું એની પર્યાયમાં છે એમ જાણવું કરીને.. આહાહા..! અંતર્મુખ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, વીતરાગી બિંબ આખું ચૈતન્ય પ્રતિમા છે એ. તેની નજરબંધી, નજરને બાંધીને એટલે ત્યાં નજરુંને નાખીને, આહાહા..! જે સમ્યગ્દર્શન થાય એ ચાર ભાવના ભાવને છેદનારો અથવા તેને ચારનો અભાવ છે. પાઠમાં છેદનારો (લખ્યું) છે પણ ટીકાકારે ન્યાય અંદરથી કાઢ્યો છે. આહાહા..!

ધર્મીને દૃષ્ટિમાંથી જ્યાં ચૈતન્ય ભગવાન ભાળ્યા, ભાસ્યા ને પ્રતીતિ થઈ એને આ ચાર ભાવ તો છે જ નહિ, કહે છે. એના સ્વભાવમાં એ નથી તેની દૃષ્ટિના વિષયમાં નથી. આહા..! એ દૃષ્ટિમાંય નથી. આહાહા..! ઓહોહો..! બહુ સરસ ગાથા આવી છે. મિથ્યાત્વાદિ ભાવો છે ખરા–હતા ખરા **'(તેને) અભાવ હોવાથી,...'** આહાહા..! સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વનો અભાવ ખરો પણ અહીં તો કહે છે કે અવ્રત, કષાય ને યોગનોય અભાવ છે, સાંભળને. આહાહા..!

એ જ્ઞાતા-દૃષ્ટામાં રહી ગયું હવે. સમજાણું? એની દૃષ્ટિમાં ને દૃષ્ટિની પરિણતિમાં એ

ચાર નથી. આહાહા..! શું કહ્યું ઇ? દૃષ્ટિમાં, દૃષ્ટિના વિષયમાં ને દૃષ્ટિની પરિણતિમાં એ ચાર ભાવનો અભાવ છે. આહાહા..! સમ્યગ્દર્શનનું પરિણમન થયું એમાં મિથ્યાત્વનો તો અભાવ છે જ પણ એમાં અવ્રત, કષાય, યોગનો પણ અમુક અંશે ત્યાં અભાવ છે. આહાહા..! અમુક અવ્રત, કષાય ભાવ કંઈક રહ્યો છે તે જ્ઞાતામાં જ્ઞેય તરીકે જાણે છે. આવી વાત છે. મૂળ વાતને મૂકીને બધી બહારના આ વ્રત ને તપ ને આ ને આ. જેમ આ પાંદડાં તોડ્યા પણ મૂળ સાજું રાખ્યું. આહા..! એ પાંદડાં તૂટ્યા પણ મૂળ સાજું છે તે પંદર દિ'એ પાંદડાં પાછા પાલવી જશે. એમ બહારનો આ ત્યાગ કર્યો ને આ છોડ્યું ને આ છોડ્યું, રસ ત્યાગ (કર્યો) ને ઢીકણું.. પણ અંદર મિથ્યાત્વનું મૂળિયું તોડ્યું નથી અને મૂળ એવું સમ્યગ્દર્શન તત્ત્વ એને પકડ્યું નથી. આહાહા..!

એ થતાં એને ચાર ભાવનો અભાવ હોવાથી નિઃશંક છે. એટલે કે હું જ્ઞાયકભાવ છું એ નિઃશંક છે. એમાં રાગ ને અવ્રત ને કષાય, યોગ છું એમાંથી નિઃશંક છે. એ હું નથી. આહાહા..! જુઓ! આ સમકિતનો પહેલો નિઃશંક ગુણ. છે પર્યાય. '**કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' એમ શબ્દ પડ્યો છે ને? એક જ્ઞાયકભાવપણાને લીધે, એક જ્ઞાયકભાવપણાને લીધે, દૃષ્ટિમાં. '**કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' કે આ કર્મ થાય, આમાં બંધ થાશે એવી શંકા કરનારા એ ભાવનો જેને અભાવ છે. આહાહા..! ખરેખર કર્મ વડે બંધાયો છું એવો સંદેહ, હું બંધાયેલો છું એવો સંદેહ છૂટી જાય છે. અબંધ છું. આહાહા..! પ્રભુ મારું સ્વરૂપ તો મુક્ત છે, એમ કહે છે. અબદ્ધસ્પૃષ્ટ જે કીધું છે ઇ આમ લીધું છે. આહાહા..!

એનો '**અભાવ હોવાથી,...**' ચાર લીટી છે પણ વાત ગજબની છે. આહાહા..! જે કરવાનું છે તે કર્યું એવું જે સમ્યગ્દર્શન... આહાહા..! પછી અંદર પ્રવૃત્તિના અમુક પરિણામ રહ્યા, હિંસાના, ક્રોધ આદિ વગેરે, પણ એ પરિણામ તેની પરિણતિની પર્યાયમાં એનો અભાવ ગણ્યો છે અહીં. નિર્મળ પરિણતિ થઈને એમાં એનો અભાવ છે. ભિન્ન રહ્યું. આહાહા..! પણ અહીંયાં તો સમ્યગ્દર્શનનો વિષય અને સમ્યગ્દર્શનની પરિણતિ, એમાં એ મિથ્યાત્વનો તો અભાવ છે પણ અવ્રત, પ્રમાદ, કષાય ને યોગનોય અભાવ છે. આહાહા..! અરે..! યોગનો અભાવ તો ચૌદમે થાય ને? સાંભળને ભાઈ! ભગવાન જ્યાં અબદ્ધસ્પૃષ્ટ ને અયોગી (છે) એવો અનુભવ થયો ત્યાં યોગ એનામાં છે એ શંકા જ નથી. આહા..! નિઃશંક છે. આહાહા..! યોગ એ મારા સ્વરૂપમાં છે જ નહિ. આરે..! આવી વાતું.

'**અભાવ હોવાથી, નિઃશંક છે...**' નિઃશંક કેમ છે? કે, આ ચાર ભાવનો અભાવ હોવાથી નિઃશંક છે. '**તેથી તેને શંકાકૃત બંધ નથી...**' શંકાકૃત તેને બંધ નથી '**પરંતુ નિર્જરા જ છે.**' આહાહા..! એ જરી ઉદય આવે છે એને શંકા થતી નથી કે હું બંધમાં છું, મને બંધ છે, હું તો અબદ્ધ છું. એવું નિઃશંકપણે રહેતા શંકાકૃત જે બંધ થતો તે એને નથી. આહાહા..! ભારે આકરું કામ. લ્યો, આ ચાર લીટી છે. શંકા તો નથી તેથી બંધ નથી પણ તે આવે

છે જે ઉદયમાં એ ખરી જાય છે. આહા..! શુદ્ધતાના સ્વભાવના આશ્રયમાં જ્યાં પડ્યો ત્યારે હવે કહે છે કે થોડો જે અશુદ્ધનો ઉદય રહે છે એ ખરી જાય છે. એને બંધ થાય છે એમ નથી. આહાહા..! આરે..!

મુમુક્ષુ :– દૃષ્ટિમુક્ત થઈ ગયો સાહેબ! બધા પ્રકારથી દૃષ્ટિમુક્ત થઈ ગયો.

ઉત્તર :– ચોથાથી દૃષ્ટિમાં મુક્ત થયો. મુક્ત છે એ પર્યાયમાં પણ મુક્ત થયો. આહાહા..! જેવું મુક્ત સ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ તો પર્યાયમાં પણ અંશે મુક્ત થયો. આહાહા..! આવું કામ. સાધારણ માણસને તો (એવું લાગે). લોકોએ મૂળ વાતને મૂકીને બહારમાં પ્રવર્તનમાં જોડી દીધા, થઈ રહ્યું. મિથ્યાત્વમાં. અને એમ માને કે અમને ધર્મ થયો. આહાહા..! જ્યાં ધર્મના મૂળ છે એની તો એને ખબર ન મળે. ધર્મ પર્યાય છે એનું મૂળ તો દ્રવ્ય છે. આહાહા..!

**ભાવાર્થ :– 'સમ્યગ્દૃષ્ટિને જે કર્મનો ઉદય આવે છે તેનો તે, સ્વામિત્વના અભાવને લીધે...'** જોયું? મારા છે તેનો એને અભાવ છે. મારો તો નાથ પૂર્ણાનંદનો સાગર તે હું છું. આહાહા..! આવી વાત હવે. **'કર્તા થતો નથી.'** સ્વામિત્વપણાના અભાવને લીધે રાગાદિ હોય છે, જોગાદિ હોય છે પણ તેનો સ્વામી નથી તેથી એ **'કર્તા થતો નથી.'** આહાહા..! એ જોગનો એ કર્તા થતો નથી. આહાહા..! કેમકે ભગવાન અબંધ સ્વરૂપ છે, અબદ્ધ છે એમાં જોગ કેવો? આહા..! આવી જે દૃષ્ટિ ને અનુભવ થતાં તેને જોગનો જરી ઉદય છે તે પણ ખરી જાય છે, એનો સ્વામી એ નથી તેમ એ જોગ કરવાલાયક છે તેમ કર્તા નથી. આહાહા..! દૃષ્ટિની પ્રધાનતાથી અત્યારે કથન છે ને. હવે આવું સમજવું. આહાહા..!

આ જુઓને માણસ મરે છે. રોગ. આહાહા..! 'મોરબી'માં જુઓને ધમાલ.. ધમાલ. કાલે 'મોરબી'વાળા આવ્યા હતા. એવું પાણી ચડ્યું કે અમે નળિયે ચડી ગયા, બચી ગયા. છાપરે નળિયા ઉપર (ચડી ગયા). પંદર, વીસ હજાર માણસ (મરી ગયા). આહાહા..! ક્ષણ પહેલા કઈ સ્થિતિ હતી, ક્ષણ પછી ક્યાં થઈ ગઈ. આહાહા..! એ બધી નાશવાન (ચીજ) છે એની દૃષ્ટિ છોડી દે, કહે છે. આહાહા..!

ઇન્દ્રિયથી જોવાનું છે અને જાણવાનું આવ્યું છે એ પણ વસ્તુ છોડી દે. આહાહા..! અહીંયાં તો અનીન્દ્રિય એવો જે ભગવાનઆત્મા, એની જેને સન્મુખતા થઈને પ્રતીતિ, અનુભવ પર્યાયમાં શાંતિ ને આનંદ આવ્યો છે. એ જીવને પર્યાયમાં રાગાદિ, જોગાદિ ઉદય દેખાય છે પણ એનો ઇ સ્વામી નથી, એનો કર્તા નથી. કર્તા તે જ્ઞાતા-દૃષ્ટાના પરિણામનો કર્તા-ભોક્તા છે. આહાહા..! હજી આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. આહા..! આ આવી વાત છે, ભાઈ!

નવમી ગ્રૈવેયકના મિથ્યાદૃષ્ટિ દેવોને સ્પર્શ ઇન્દ્રિયનો ભોગ નથી છતાં તે અસંયમી છે. અને અહીંયાં સમકિતી પાંચમા ગુણસ્થાનવાળો અંતરનો આશ્રય લઈને જેને શાંતિ ને સ્થિરતા પ્રગટી છે, આહા..! એને સ્પર્શ ઇન્દ્રિયના વિષયની પ્રવૃત્તિ પણ ઘણી છે. ઓલાને

બિલકુલ નથી ને આને ઘણી છે છતાં તે અંદર બે કષાયનો અભાવ અને આત્માની દૃષ્ટિ થઈ તેથી તે સંયમી છે. આહાહા..! અંશે સંયમી છે. ઓલો બિલકુલ ૩૧ સાગર સ્ત્રીનો વિષય નહિ, મનમાં એની કલ્પના નહિ. આહાહા..! અને આહારનું પણ કોઈ રાંધવું ને કરવું એવું છે નહિ. એકત્રીસ હજાર વર્ષે આહારનો વિકલ્પ આવે ત્યાં તો અહીં કંઠમાંથી અમૃત (ઝરે). અને આને તો આહાર માટે કંઈક માથાકૂટ કરવી (પડે). છતાં પાંચમા ગુણસ્થાનવાળો આહાર માટેની પ્રવૃત્તિમાં હોય છતાં તે અંદરમાં અંતર્મુખની દૃષ્ટિમાં સ્થિરતા છે તેથી તેને સંયમી કહ્યો અને આને આવી સ્થિતિ બિલકુલ નથી છતાં તે અસંયમી છે. એ અંતરની અપેક્ષાએ વાત છે. સમજાણું કાંઈ? આહાહા..!

અંતર્મુખનો આશ્રય થયો એ સમ્યગ્દૃષ્ટિ લડાઈમાં ઊભો હોય તોપણ તે સમ્યગ્દૃષ્ટિ એનો સ્વામી નથી. આહાહા..! અને અંશે તેને સંયમ, સ્વરૂપાચરણરૂપી સંયમ પ્રગટ્યું છે, સ્વરૂપાચરણરૂપ. આહાહા..! નવમી ગ્રૈવેયકના મિથ્યાદૃષ્ટિ દેવો, મહા શુક્લ લેશ્યાથી દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ સાધુ થયા. જૈન સાધુ મહાવ્રત પાળીને ત્યાં ગયા, ત્યાં તેને વિષય નથી, રસનો નથી, સ્પર્શનો નથી. આહાહા..! છતાં તે અસંયમી છે. એ અંતરની અપેક્ષાએ વાતું છે. જેનું અંતર સુધર્યું નથી એનો બાહ્યનો ત્યાગ તે ત્યાગ છે જ નહિ, એમ કહે છે. આહાહા..! અને અંતર જેનું સુધર્યું છે તેનો હજી બાહ્ય ત્યાગ કેટલોક ન હોય તોપણ તેના અંતરની દૃષ્ટિના સુધારાને કારણે એને સમકિતી અને સંયમી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભયપ્રકૃતિનો ઉદય આવતાં છતાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવ નિઃશંક રહે છે, સ્વરૂપથી ચ્યુત થતો નથી.'** આહા..! જેને શરીરનું કૃત્રિમ નામ પાડ્યું છે, એવો દૃઢ થઈ ગયો કે ઊંઘમાં એને કહે કે, ફલાણા! તો કહે, હં! હવે ક્યાં છે પણ? એવો દૃઢ થઈ ગયો. આહા..! 'કાંતિ'! તો કહે, હં! પણ ક્યાં છે? 'કાંતો' કોણ છે? શરીર. શરીરનું નામ 'કાંતિ' પાડ્યું ત્યાં તને (ઇ દૃઢ થઈ ગયું). ઇ તો કૃત્રિમ પાડ્યું છે. એનું કોઈ નામ હતું જ નહિ, એ તો શરીર છે. બીજાથી જુદું સમજાવવા એને 'કાંતિ' નામ પાડ્યું. એવો દૃઢ થઈ ગયો. એમ અહીંયાં જેણે ચૈતન્યની કાંતિ જોઈ ને જાણી (એ) એવો દૃઢ થઈ ગયો, આહાહા..! કે કોઈ ઠેકાણે પણ એ જાગૃતમાંથી અંધારું આવતું નથી એને. આહાહા..! આ તો ઝીણી વાતું, બાપુ! આત્મઆશ્રય સિવાય બધી વાતું ખોટી છે અને આત્માનો જેણે આશ્રય લીધો એને ભલે અસ્થિરતા કેટલીક વિશેષ હોય તોપણ તે સમ્યગ્દૃષ્ટિ નિઃશંક, અબંધ છે. આહાહા..!

**'આમ હોવાથી તેને શંકાકૃત બંધ થતો નથી, કર્મ રસ આપીને ખરી જાય છે.'** આપીને એટલે ઉદય આવીને ખરી જાય છે. આહા..! અથવા 'નિર્જરા અધિકાર'માં આવ્યું છે ને? 'નિર્જરા અધિકાર'માં આવ્યું હતુ, થોડું સુખ-દુઃખ થાય, ખરી જાય છે. ત્રીજી ગાથા. આહાહા..!

# ગાથા–૨૩૦

जो दु ण करेदि कंखं कम्मफलेसु तह सव्वधम्मेसु।
सो णिक्कंखो चेदा सम्मादिट्ठी मुणेदव्वो।।२३०।।
यस्तु न करोति कांक्षां कर्मफलेषु तथा सर्वधर्मेषु।
स निष्कांक्षश्चेतयिता सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२३०।।

यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन सर्वेष्वपि कर्मफलेषु सर्वेषु वस्तुधर्मेषु च कांक्षाभावान्निष्कांक्षः, ततोऽस्य कांक्षाकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।

---

હવે નિઃકાંક્ષિત ગુણની ગાથા કહે છે :-

જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,
ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૦.

ગાથાર્થ :- [ यः चेतयिता ] જે ચેતયિતા [ कर्मफलेषु ] કર્મોનાં ફળો પ્રત્યે [ तथा ] તથા [ सर्वधर्मेषु ] સર્વ ધર્મો પ્રત્યે [ कांक्षां ] કાંક્ષા [ न तु करोति ] કરતો નથી [ सः ] તે [ निष्कांक्षः सम्यग्दृष्टिः ] નિષ્કાંક્ષ સમ્યગ્દ્રષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દ્રષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે બધાંય કર્મ ફળો પ્રત્યે તથા બધા વસ્તુધર્મો પ્રત્યે કાંક્ષાનો (તેને) અભાવ હોવાથી, નિષ્કાંક્ષ (નિર્વાંછક) છે, તેથી તેને કાંક્ષાકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- સમ્યગ્દ્રષ્ટિને સમસ્ત કર્મનાં ફળોની વાંછા નથી; વળી તેને સર્વ ધર્મોની વાંછા નથી, એટલે કે કનકપણું, પાષાણપણું વગેરે તેમ જ નિંદા, પ્રશંસા આદિનાં વચન વગેરે વસ્તુધર્મોની અર્થાત્ પુદ્‌ગલસ્વભાવોની તેને વાંછા નથી-તેમના પ્રત્યે સમભાવ છે, અથવા તો અન્યમતીઓએ માનેલા અનેક પ્રકારના સર્વથા એકાંતપક્ષી વ્યવહારધર્મોની તેને વાંછા નથી - તે ધર્મોનો આદર નથી. આ રીતે સમ્યગ્દ્રષ્ટિ વાંછારહિત હોવાથી તેને વાંછાથી થતો બંધ નથી. વર્તમાન પીડા સહી શકાતી નથી તેથી તેને મટાડવાના ઇલાજની વાંછા સમ્યગ્દ્રષ્ટિને ચારિત્રમોહના ઉદયને લીધે હોય છે, પરંતુ તે વાંછાનો કર્તા પોતે થતો નથી, કર્મનો ઉદય જાણી તેનો જ્ઞાતા જ રહે છે; માટે વાંછાકૃત બંધ તેને નથી.

## ગાથા-૨૩૦ ઉપર પ્રવચન

'**હવે નિઃકાંક્ષિત ગુણની ગાથા કહે છે :–**' એ પહેલી નિઃશંકની કરી.

**जो दु ण करेदि कंखं कम्मफलेसु तह सव्वधम्मेसु।**
**सो णिक्कंखो चेदा सम्मादिट्ठी मुणेदव्वो।।२३०।।**

**જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,**
**ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૦.**

**ટીકા :–** '**કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવપણાને લીધે...**' શબ્દ તો એના એ છે. પહેલા છે ઇ (છે). '**બધાંય કર્મફળો પ્રત્યે...**' આહાહા..! ઇન્દ્રિયના વિષયો આમ ચક્રવર્તીના રાજ હોય, ઇન્દ્રના ઇન્દ્રાસન હોય એ કર્મફળ પ્રત્યે ઉદાસ છે. આહાહા..! (તે કર્મફળ) પ્રત્યે કાંક્ષા વિનાનો છે. એની કાંક્ષા નથી, ઇચ્છા નથી. આહાહા..! કર્મના ફળ જે સામગ્રી, ઇન્દ્રના ઇન્દ્રાસન મળે, ચક્રવર્તીના રાજ મળે, સમકિતીને તેની ઇચ્છા છે નહિ. એ તો જડના કર્મના ફળ છે. આત્માના આનંદનું ફળ એ નથી. ભગવાન આનંદસ્વરૂપી પ્રભુ, એનું ફળ તો આનંદ ને શાંતિ હોય. આ જે કર્મના–ઝેરના ફળ, ઝેરવૃક્ષના ફળ, કર્મ છે ઇ વૃક્ષ, ઝેર વૃક્ષ છે. છે ને? છેલ્લું આવે છે ને? 'સમયસાર'. વિષવૃક્ષ. ૧૪૮ પ્રકૃતિ વિષવૃક્ષ (છે). ઓહોહો..! પુણ્યપ્રકૃતિ બંધાયેલી, જશોકીર્તિ બંધાયેલી એ બધા ઝેરના ઝાડ (છે). એના ફળ તરીકે જે સંયોગ આવે તેની કાંક્ષા ધર્મીને હોતી નથી. આહા..! જવાબદારી ભારે, ભાઈ! શરતું બહુ. આહાહા..!

જેણે ભગવાનઆત્માના સ્વરૂપની પ્રતીતિ ને અંતર્મુખની દૃષ્ટિ થઈ એને કર્મના ફળ ભયના તેની કાંક્ષા એને હોતી નથી. આહાહા..! સાધારણ વાત છે પણ ઘણી ગંભીર ને અંતરની ચીજ છે આ. સમ્યગ્દૃષ્ટિ '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' જ્ઞાયકભાવ જ હું છું, બસ. એને લીધે '**બધાંય કર્મફળ...**' શાતાઉદયની સામગ્રી હો, જશોકીર્તિની સામગ્રી મળે, લોકો વખાણ કરે, આહા..! અરે..! કર્મના ફળમાં નિંદા કરે પણ એની તેને ઇચ્છા નથી. નિંદા કરનારમાં પુદ્ગલનું પરિણમન થયું એ તો. જશોકીર્તિ કરનારો, વખાણ કરનારો એ પણ પુદ્ગલનું પરિણમન થયું. પુદ્ગલનું પરિણમન (થયું) એમાં તારે શું? આહા..! ઝીણી વાત બહુ, ભાઈ!

પરથી ભિન્ન પડેલા ભગવાનને પોતાથી ભિન્નના અનુકૂળ-પ્રતિકૂળ ફળોની આકાંક્ષા નથી, કહે છે. આહાહા..! તેમ પ્રતિકૂળ ફળ મળ્યું તો દ્વેષ નથી, અનુકૂળ મળ્યું તો રાગ નથી. આહાહા..! આવી સમ્યગ્દૃષ્ટિની વીતરાગી દૃષ્ટિ છે. કેટલાક કહે છે કે, ચોથે ગુણસ્થાને

સરાગ સમકિત હોય, વીતરાગી ન હોય. અરે..! ભગવાન! તને ખબર નથી. સમ્યગ્દર્શન જ વીતરાગ પર્યાય છે. એ તો સરાગ સમકિત કહ્યું એ તો જરી ઓલો રાગ સાથે છે એને લઈને (કહ્યું). સમકિત તો વીતરાગ જ છે. આહાહા..!

એક ઓલો 'વિકાસવિજય' છે ને? પહેલા તો આવું હોય, વીતરાગતા ન હોય, રાગ જ હોય, ઢીકણું હોય. ઘણા કાગળ આવે અહીં સમજાવવા. આ ફેરી કાગળ આવ્યો તો પાછો આપી દીધો. આહા..! અરે..! ભાઈ! શું તું કહેવા માગે છે? એમ કે સમકિતી હોય તો પણ રાગી હોય છે. વીતરાગી સમકિત ચોથે ગુણસ્થાને ન હોય, એમ.

અહીં તો કહે છે કે, સમ્યગ્દર્શન જ વીતરાગી પર્યાય છે. આહાહા..! સમ્યગ્જ્ઞાન એ વીતરાગી પર્યાય છે અને સ્વરૂપમાં આચરણ તે પણ વીતરાગી પર્યાય છે. આહા..! કેમ? કે, વસ્તુ ભગવાન વીતરાગની મૂર્તિ જ્ઞાયકભાવપણાને લીધે વીતરાગસ્વરૂપ છે. એની દૃષ્ટિ ને જ્ઞાન થયા.. આહાહા..! એની પર્યાયમાં તો વીતરાગી જ પર્યાય પ્રગટે. રાગ છે એ એની ચીજ નથી. એની એને કાંક્ષા નથી. આહાહા..! એના ફળ તરીકે ચક્રવર્તીનું રાજ મળે તો કાંક્ષા નથી. આ તે કંઈ વાત છે! આહાહા..! સોળ હજાર દેવ સેવા કરે, આહા..! છન્નુ હજાર સ્ત્રીઓ, બત્રીસ હજાર દીકરીયું, બત્રીસ હજાર જમાઈ, ચોસઠ હજાર દીકરા. આહા..! હું તો એક જ્ઞાયકભાવ છું. એકડે એક ને બગડે બે. બીજા મારા છે (એમ માને) તો મિથ્યાત્વ છે. આહા..! ઝીણી વાત છે, ભાઈ! જન્મ-મરણ રહિત થવાની દૃષ્ટિ, પહેલી મૂળ જ રકમ બહુ આકરી છે. સમજાણું? પછી વળી અંદરમાં સ્થિર થવાની વાત ચારિત્ર એ તો અલૌકિક વાત છે. આહા..! અને એ ચારિત્ર કંઈ બહારથી પ્રવૃત્તિ છોડે ને ઘટે માટે ચારિત્ર થઈ જાય એમ નથી. અંતરનો ઉગ્ર આશ્રય લે ને સ્થિરતા થાય ત્યારે ચારિત્ર કહેવાય. આહાહા..!

અહીં કહે છે, ધર્મીને કર્મફળ પ્રત્યે. આહાહા..! શાતા ઉદયના, પુણ્યના ઉદયથી આમ ઢગલા.. ઢગલા (દેખાય). આહાહા..! એક માગે ત્યાં એકવીસ ઢગલા થાય. ફળો, કપડાં, દાગીના ઢગલાં, હોં! આહાહા..! તીર્થંકર તો જન્મથી જ સમકિતી હોય છે. એને દેવો (દેવલોકમાંથી) લાવીને દાગીના (પહેરાવે), કપડા ને દાગીના ન્યાંથી લાવે. કાંક્ષા નથી. દેવથી લાવેલા. કાંક્ષા નથી. આહાહા..! કર્મના ફળની કાંક્ષા, આત્માના આનંદના ફળની ભાવના આગળ કર્મના ફળની કાંક્ષા હોતી નથી. અરે..! આવી વસ્તુ છે, ભાઈ! પહેલું તેનું જ્ઞાન તો કરે કે, આ ચીજ આવી છે. હજી ચીજ કેવી છે ને કેમ થાય ને એનું શું હોય ત્યારે શું હોય એની ખબરું નથી અને એને ધર્મ થઈ જાય (એમ કેમ બને?) આહાહા..!

મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી એક વસ્ત્રનો કટકો પણ ન રાખે અને હજારો રાણીને છોડીને બેઠો હોય અને છતાં તેની દૃષ્ટિમાં ભગવાન જ્ઞાયક છે તે આવ્યો નથી. તે બધો પૂરો મિથ્યાદૃષ્ટિ ને અસંયમી છે. આહાહા..! કારણ કે એને આમ અંતરની ભાવના નથી એટલે બહાર કાંક્ષા એને હોય જ છે. આહાહા..! અને ધર્મીને ઢગલા પડે બહારના વિષયોના, શબ્દો, રૂપ, રસ, ગંધ છતાં એ તો જડ છે, ઇન્દ્રિયનો વિષય છે, એ મારો વિષય નહિ. આહાહા..! એને

એવા ચક્રવર્તીના ગંજ, નવ નિધાન જેને ઘરે, નિધાન દીઠ દેવ અધિષ્ઠાતા અને કલ્પે એ પ્રમાણે ત્યાં નિધાનમાંથી પ્રગટે. આહાહા..! કાંઈ ઇચ્છા નથી, કાંક્ષા નથી. આહાહા..! ભગવાન આનંદના નાથને જ્યાં શુદ્ધિમાં વધારવો છે એમાં આ કાંક્ષા ક્યાં હોય? મલિન ભાવ (ક્યાંથી હોય)? આહાહા..! છે?

**'બધાંય કર્મફળો...'** શબ્દ એમ લીધો છે. 'બધાંય' શબ્દ છે ને? પછી ચાહે તો અશાતાનું ફળ હોય, ચાહે તો શાતાનું ફળ હોય, પુણ્યનું ફળ હોય કે પાપના ફળ (હોય). આહાહા..! સમકિતી નિર્ધન હોય, અંતર્દૃષ્ટિએ સધન છે. બહારમાં પાંચ-પચીસ રૂપિયા પણ ન હોય. આહાહા..! ને એક ટંક માંડ માંડ ક્યાંકથી મળતું હોય, ખાતો હોય છતાં નિઃકાંક્ષિત છે. આહાહા..! મારો પ્રભુ આનંદ સ્વરૂપ, આનંદનો મોટો ઢગલો જ્યાં અંદરમાંથી ફાટ્યો છે, દૃષ્ટિમાં આવ્યો છે હવે એને પરની કાંક્ષા ક્યાં છે? આહાહા..! આવી શરતું છે. આહા..!

**'તથા બધા વસ્તુધર્મો પ્રત્યે...'** શું કહે છે? કર્મફળ પ્રત્યે અને બધી વસ્તુઓ પ્રત્યે. આત્મા સિવાયના અન્ય અન્ય ધર્મો પ્રત્યે અને વસ્તુના બીજા સ્વભાવ પ્રત્યે. બધી વસ્તુનો સ્વભાવ, ચાહે તો દુર્ગંધ, સુગંધ આદિ ગમે તે હો. સુરૂપ, કુરૂપ આદિ. આહાહા..! વસ્તુના સ્વભાવો છે તેના પ્રત્યે કાંક્ષાનો અભાવ હોવાથી. આહાહા..! બધેથી ઇચ્છા ઊડી ગઈ છે. આહા..! બે વાત થઈ.

**'બધાંય કર્મફળો...'** બધાંય કર્મફળો, જોયું? આહા..! તીર્થંકરને કર્મફળનું કંઈ પેલું હોતું નથી. એ તો કેવળી થાય ત્યારે આવે. છતાં તેને એના ફળની ભાવના નથી. આહા..! આહાહા..! વસ્તુધર્મ અને બધી વસ્તુઓ. જેનો જે સ્વભાવ છે તે તે પ્રકારનો તેનો ધર્મ. આહાહા..! ધર્મ એટલે તેની દશા. આહાહા..! તેની કાંક્ષાનો અભાવ હોવાથી. તે બધા પ્રત્યે ઇચ્છાનો અભાવ હોવાથી **'નિષ્કાંક્ષ (નિર્વાંછક) છે,...'** આહાહા..! આરે.. આરે..! વળી ચક્રવર્તી હોય, સેંકડો રાણીને દરરોજ પરણે તો કહે છે, નિઃકાંક્ષિત છે! એની રુચિ નથી ને. રુચિ તો અહીં જામી છે. આહાહા..! અને અજ્ઞાનીને હજારો રાણીઓનો ત્યાગ છે છતાં રુચિ ત્યાં રાગમાં જામી છે. રાગ વિનાનો ભગવાન તો એણે જોયો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એને અભાવ હોવાથી નિઃકાંક્ષિત છે, **'તેથી તેને કાંક્ષાકૃત બંધ થતો નથી...'** ઇચ્છા જ નથી પરની પછી એને ઇચ્છાકૃત જે બંધ છે એ છે નહિ. આહાહા..! **'પરંતુ નિર્જરા જ છે.'** એ અશાતાનો ઉદય કે શાતાનો (ઉદય) આવી એ બધું ખરી જાય છે. આહાહા..! તેનો તેને સ્પર્શ પણ નથી. આહાહા..!

સાતમી નરકનો નારકી સમ્યગ્દૃષ્ટિ (હોય) તો કહે છે, નિઃકાંક્ષિત છે. અહીંથી હું નીકળીને હું માણસ થાઉં ને ત્યાં મને ઠીક પડે એ કાંક્ષા એને નથી. આહાહા..! આકરું કામ, ભાઈ! સમ્યગ્દર્શન અને એના પરિણામની જાત અને એનો વિષય (કોઈ અલૌકિક છે). કાંક્ષાકૃત બંધ તો નથી **'પરંતુ નિર્જરા જ છે.'** આહાહા..! એ બધો સમ્યગ્દર્શનનો પ્રતાપ છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૩૦૭ ગાથા–૨૩૦થી૨૩૨ સોમવાર, ભાદરવા વદ ૫, તા. ૧૦-૦૯-૧૯૭૯

'સમયસાર' ગાથા ૨૩૦નો ભાવાર્થ. **'સમ્યગ્દષ્ટિને...'** જેને આત્મા જ્ઞાયક સ્વભાવ શુદ્ધ પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપ (છે) એવી જેને સત્યદષ્ટિ, સમ્યક્ એટલે સત્ય, સત્ય એવું પૂર્ણ સ્વરૂપ સત્ય, એની જેને સ્વસન્મુખ થઈને સમ્યગ્દષ્ટિ થઈ છે એ **'સમ્યગ્દષ્ટિને સમસ્ત કર્મના ફળોની વાંછા નથી;...'** આહાહા..! જ્યાં આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા, સમ્યગ્દર્શનમાં આનંદનું વેદન જ્યાં આવ્યું એને એના સિવાય કર્મના ફળની વાંછા કેમ હોય? આહા..! આવી વાત છે. **'સમસ્ત કર્મના ફળ..'** એમ ભાષા છે? કોઈ પણ કર્મનું ફળ, આહાહા..! (તેની) **'વાંછા નથી; વળી તેને સર્વ ધર્મોની વાંછા નથી,...'** સોના, **'કનકપણું, પાષાણપણું વગેરે તેમ જે નિંદા, પ્રશંસા આદિનાં વચન વગેરે વસ્તુધર્મોની અર્થાત્ પુદ્‌ગલસ્વભાવોની તેને વાંછા નથી...'** કોઈ પ્રશંસા કરે કે નિંદા કરે, સોનું કે પત્થર બેયની તેને વાંછા નથી. આહાહા..!

જેને ભગવાને એમ કહ્યું કે આ ભવ્ય જીવ છે એ જીવને માન કોનું જોઈએ છે? કહે છે. આહાહા..! એને બહારની નિંદા, પ્રશંસાની કંઈ વાંછા જ નથી. આહાહા..! કે લોકો પ્રશંસા કરે તો ઠીક, નિંદા કરે તો ઠીક નહિ, બેય ઇચ્છા નથી. આહાહા..! 'આનંદઘનજી'માં આવે છે, 'લહી ભવ્યતા મોટું નામ' ભાઈએ પણ નાખ્યું છે. અહીંથી ઘણું કેટલુંક સાંભળ્યું હોય ને. ભગવાને જેને ભવ્ય કીધા અને જેને આ અમુક પદવી માટે લાયક છે, આહાહા..! એવું જેને ભગવાને કહ્યું એને દુનિયાની કઈ પ્રશંસાની જરૂર છે? આહાહા..! એને કઈ નિંદાની પ્રતિકૂળતા છે? નિંદા હો એ પુદ્‌ગલની દશા છે. નિંદા કરનારની ભાષા પુદ્‌ગલની છે, પ્રશંસા કરનારની ભાષા પુદ્‌ગલની છે. આહાહા..! ધર્મીને જેને નિંદા, પ્રશંસાની વાંછા નથી. શું છે આ? આહાહા..!

**'આદિનાં વચન વગેરે વસ્તુધર્મોની અર્થાત્ પુદ્‌ગલસ્વભાવોની...'** એ તો પુદ્‌ગલ છે, જડની પર્યાય છે. આહાહા..! કોઈ પ્રશંસા કરે તે પુદ્‌ગલની પર્યાય છે, એની વાંછા ધર્મીને કેમ હોય? આહાહા..! જરી ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન એટલે શું ચીજ છે! આહાહા..! જ્યાં પૂર્ણાનંદનો સાગર ભગવાન, અતીન્દ્રિય જ્ઞાનનો સાગર પ્રભુ, જ્યાં સ્વીકારવામાં દૃષ્ટિમાં આવ્યો એને હવે શું જોઈએ છે? કહે છે. આહાહા..! એને આ પુદ્‌ગલની કોઈપણ વાંછા હોતી નથી. દુનિયા પ્રશંસા કરે ને દુનિયા મને તો હું કંઈક ગણતરીમાં ગણાઉં, એ ભાવ સમ્યગ્દષ્ટિને હોતો નથી. આહાહા..!

ધર્મીના ધર્મના ગણતરીમાં પોતે જ્યાં આવ્યો છે, આહાહા..! સમ્યગ્દર્શન એટલે ધર્મીના

ધર્મની ગણતરીમાં આવી ગયો, હવે એને દુનિયાની ગણતરીનું શું કામ છે? આહાહા..! બહુ સૂક્ષ્મ વાત છે, અપૂર્વ વાત છે, ભાઈ! તેમના પ્રત્યે સમભાવ છે. પ્રશંસા કરનાર હો કે નિંદા કરનાર હો, આહા..! સોનું હો કે પત્થર હો, હીરા-માણેક હોય, આહાહા..! કે થોર હોય. થોર, થોર સમજે? બધું એક છે. ધર્મીની દૃષ્ટિમાં બેમાં કંઈ તફાવત છે નહિ. આહાહા..!

**'અથવા તો અન્યમતીઓએ માનેલા અનેક પ્રકારના સર્વથા એકાંતપક્ષી...'** ઓલા અન્ય ધર્મની વાંછા નથી એમ કહ્યું ને? ઇ બે વ્યાખ્યા કરી. અન્ય ધર્મની વાંછા નથી, પાઠમાં છે ને? **'सव्वधम्मेसु'** છે ને? બે વ્યાખ્યા કરી. કનક–સોનું, પત્થર, નિંદા અને પ્રશંસા એ પુદ્‌ગલના સ્વભાવ હોવાથી તેની વાંછા ધર્મીને હોતી નથી. આહાહા..!

બીજું તેમના **'અથવા તો અન્યમતીઓએ માનેલા અનેક પ્રકારના સર્વથા એકાંતપક્ષી વ્યવહારધર્મોની તેને વાંછા નથી...'** એકાંતી ૩૬૩ પાખંડ છે. આહા..! એવા ધર્મને માનનારા મોટા રાજા નીકળે તો એથી કરીને એની વાંછા થાય કે આહાહા..! આવો ધર્મ આપણે હોય તો લોકો માને, એવી વાંછા એને નથી. આહાહા..! **'તે ધર્મોનો આદર નથી.'** એકાંત માનનારા. આહાહા..!

**'આ રીતે સમ્યગ્દૃષ્ટિ વાંછા રહિત હોવાથી તેને વાંછાથી થતો બંધ નથી. વર્તમાન પીડા સહી શકાતી નથી...'** આહાહા..! એવો કોઈ રાગ આવે કે એનાથી સહન થઈ શકે નહિ અને રાગ ટળે નહિ. આહાહા..! તો **'વાંછારહિત હોવાથી તેને વાંછાથી થતો બંધ નથી. વર્તમાન પીડા સહી શકાતી નથી તેથી તેને મટાડવાના ઇલાજની વાંછા સમ્યગ્દૃષ્ટિને...'** આહાહા..! વિષયની ઇચ્છા, રાગાદિ આવે, એને મટાડવાનો ઇલાજ પણ કરે પણ એ ઇચ્છાનો કર્તા નથી. આહાહા..! ઝીણી વાત, ભાઈ! આહા..! **'સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમોહના ઉદયને લીધે હોય છે,...'** શું કીધું ઇ? રાગ એવો આવે અંદરથી કે એને મટાડ્યા વિના એ રાગ ટળે નહિ. રાગનો ખદબદાટ રહ્યા કરતો હોય, આહાહા..! તો એ પીડા સહી શકતા નથી તેથી **'મટાડવાના ઇલાજની વાંછા...'** જોયું? વાંછા પાછી કીધી. ઇલાજની વાંછા. આહાહા..! **'મટાડવાના ઇલાજની વાંછા સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમોહના ઉદયને લીધે...'** ચારિત્રમોહના ઉદયનો દોષ છે. આહાહા..! એથી એ વાંછા હોય છે અને ઇલાજની પણ વાંછા હોય છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

સમ્યગ્દૃષ્ટિ છે, આહાહા..! એને રાગ એવો આવે છે. છન્નુ હજાર સ્ત્રી હોય છે કે એકાદ હોય છે પણ વાસના આવી તે ટળતી નથી, ખસતી નથી. તે ચારિત્રનો દોષ જાણીને એ મટાડવા ઇચ્છે છે પણ તેનો પ્રેમ નથી, તેની રુચિ નથી. આહાહા..! શું આંતરો છે? એ ચારિત્રમોહના ઉદયને લઈને રાગનો દોષ આવે પણ એ દોષનું કર્તાપણું નથી. આહાહા..! આમ ઇલાજ કરે છે, વિષય લ્યે છે, રાગ એવો આવ્યો કે ધંધામાં પણ બેસે છે. આહાહા..! પણ તેનો ઇલાજ એ કરે છે પણ છતાં તે રાગની કર્તાબુદ્ધિ નથી. આહાહા..! હવે આ

તે... જ્યાં જ્ઞાતા-દૃષ્ટાપણાનું કર્તાપણું પ્રગટ્યું છે તેને આવા ઇલાજમાં રાગાદિનો ઇલાજ કરે મટાડવા છતાં તેની તેને રુચિ નથી. આહાહા..! હવે આવી વાત, કહો.

સમ્યગ્દૃષ્ટિને **'પીડા સહી શકાતી નથી તેથી તેને મટાડવાના ઇલાજની વાંછા સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમોહના ઉદયને લીધે હોય છે,...'** આહાહા..! **'પરંતુ તે વાંછાનો કર્તા પોતે થતો નથી,...'** આહાહા..! કેમકે આત્મા શુદ્ધ ચૈતન્યઘન જેની દૃષ્ટિમાં તરવરે છે એને એ રાગ આવે અને એને છોડવાનો, મૂકવાનો ઇલાજ પણ કરે છતાં તેનો કર્તા નથી. કર્તા આનંદકંદનો નાથ એનો જ્ઞાતા-દૃષ્ટાનો કર્તા છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

વિનયતપની વ્યાખ્યા કરી છે, ભાઈએ જરી. આહાહા..! વાત સાચી છે. વિનયતપ એ કંઈ પરનો વિનય કરવો એ કંઈ વિનયતપ નથી. અંતર દર્શન, જ્ઞાન ને ચારિત્રના જે ભાવ પ્રગટ્યા તેનું બહુમાન કરવું એનું નામ વિનય છે. કારણ કે વિનયતપ છે ને? તપ તો શુદ્ધ ઉપયોગી, ઇચ્છા નિરોધરૂપી તપ હોય. આહાહા..! સમજાય છે કાંઈ? તો જ્યાં ઇચ્છા છે, આ કરું, આને ભોગવું ત્યાં તો વાંછા કર્તાપણાની બુદ્ધિ છે. આહાહા..! હવે એણે વિનયના ભાઈ ત્રણ પ્રકાર લીધા છે. બહુ માળાએ વિસ્તાર કર્યો છે. મેં તો વાંચ્યું નહોતું. પંડિતોએ વખાણ કર્યા છે. ચોત્રીસ પંડિતોએ. વિનય ત્રણ પ્રકારનો, એમ. એક વિનય તપ, એક વિનય પુણ્ય, એક વિનય અનંત સંસારનું કારણ. એક વિનય તપ. અંતર ઇચ્છા નિરોધ થઈને વીતરાગતા વધી, શુદ્ધઉપયોગ વધ્યો તે વિનયતપ. અને વિનય પુણ્ય. તીર્થંકરગોત્રના પુણ્યના બંધન થયા એ વિનય પુણ્ય અને અજ્ઞાનીઓના મિથ્યાદૃષ્ટિઓના આદર ને વિનય કરવો એ અનંત સંસારનું કારણ પાપ. આહાહા..! સમજાય છે કાંઈ? માળાએ વાંચ્યું છે ઘણું ને એટલે વાંચીને ચારે કોરનો મેળ બહુ (કર્યો છે). આવું તો પુસ્તક... પોતાથી મેળવીને કર્યું છે, હોં! આહાહા..! એવા તો કેટલાય બોલો લીધા છે. અનશન, ઉણોદરી. એક પછી એક વધારે છે. અનશન કરતા ઉણોદરી, એના રસપરિત્યાગ ને એની વૃદ્ધિ. એ વિશેષ તપ છે. એના કરતા વિશેષ (છે). ભગવાને ક્રમ આમ મૂક્યો છે માટે એમાં વિશેષતા છે. એનો પણ વિશેષતાનો ખ્યાલ મૂક્યો છે. આહાહા..! અને વિનયમાં આ મૂક્યું છે અંદરથી. આહાહા..!

પોતાનો જે ભગવાનઆત્મા, એનું જે દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ્યું હોય તેનો વિનય નામ વિશેષે બહુમાન એ ઇચ્છા નિરોધરૂપી વિનયતપ છે. ઉપચારિક વિનય શાસ્ત્રમાં આવે છે. તો એ ઉપચારિક વિનયનો અર્થ બીજાનો વિનય કરવો એમ કહે છે પણ આણે કાઢી નાખી, એ વાત સાચી છે. ઉપચારિક વિનય એ કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો એ પર છે માટે ઉપચાર વિનય છે. આહાહા..! માળાએ પણ બહુ સરસ વાત કરી. વાત તો બરાબર ગોઠવી છે. આહાહા..! સમજાય છે કાંઈ? વિનયના પ્રકાર ત્રણ પાડીને આમ વીંખી નાખ્યું છે. આહાહા..! એમ તો દરેક તપની વ્યાખ્યા બહુ સરસ કરી છે. વાસ્તવિક

તપ તો શુદ્ધઉપયોગ છે, વીતરાગતા તે તપ છે અને શુદ્ધઉપયોગ સ્વરૂપની દૃષ્ટિ થઈ, સ્થિરતા તે શુદ્ધઉપયોગ છે. આહાહા..! એ શુદ્ધઉપયોગની જેને ભાવના છે એને આ બહારના પુદ્ગલની ઇચ્છાની ભાવના કેમ હોય? આહાહા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. ધર્મીને અંતર સત્ સ્વરૂપની દૃષ્ટિ થઈ છે એથી તેના પ્રત્યેનું બહુમાન વર્તે છે. એને વચ્ચે આ નિંદા, પ્રશંસા ને સોનું એના ઉપર તો એની વાંછા હોતી નથી. ત્યારે કહે કે, કદાચિત્ વાંછા આવે છે, વિષયની, રાગની, ચારિત્રમોહને લઈને તો એનો ઇલાજ એ કરતો દેખાય. વિષયભોગ લે, વગેરે, છતાં તે રાગનો કર્તા નથી. અંતરમાં જામી શકતો નથી અને અસ્થિરતા ટળતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ માટે અસ્થિરતા ટળે એવા પ્રયત્નમાં દેખાય પણ તે અસ્થિરતાનોય કર્તા નથી. આહાહા..! આવું સ્વરૂપ ભારે આકરું, બાપા!

એ '**વાંછા સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમોહના ઉદયને લીધે હોય છે, પરંતુ તે વાંછાનો કર્તા પોતે થતો નથી,...**' જોયું? આહાહા..! દેહની ક્રિયા થાય, રાગ થાય છતાં તેનો કર્તા થતો નથી. આ તે વાત. આહાહા..! જેણે આત્માને જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણ્યો અને અનુભવ્યો, આહાહા..! એને આવા ઇલાજો કરતા દેખાય છતાં તેનો કર્તા નથી કહે છે. આહાહા..! આકરું કામ છે, ભાઈ! આહાહા..! 'ધાર તરવારની સોહ્યલી દોહ્યલી, ચૌદમા જિનતણી ચરણસેવા' પંદરમા અધ્યયનમાં.. આહાહા..! 'ધર્મનાથ'ની વાત આવે છે. 'ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા' દેવો અંદર રહી શકે નહિ અને 'રહે ન દેવા' અજ્ઞાની ત્યાં રહી નહિ શકે. આહાહા..! સેવા એટલે આત્મા આનંદનો નાથ પ્રભુ, સ-એવ સેવા જેને અંતરની પ્રગટી છે, આહાહા..! એના ધારની સેવા ઉપર રહેનારા તો ધર્મી જીવ છે. આહા..! અજ્ઞાનીના ત્યાં કામ નથી. આહા..! '**તે વાંછાનો કર્તા પોતે થતો નથી,..**'

'**કર્મનો ઉદય જાણી તેનો જ્ઞાતા જ રહે છે;...**' જાણે કે આ એક રાગ આવ્યો. સમજાય છે કાંઈ? ઉદય છે જાણે. આહા..! '**માટે વાંછાકૃત બંધ તેને નથી.**' મૂળ પાઠ છે ને ઇ? '**कम्मफलेसु तह सव्वधम्मेसु ण करेदि कंखं**' સર્વ ધર્મના બે અર્થ કર્યા. અન્યમતિઓના ધર્મ અને પાષાણ-સોનું, નિંદા-પ્રશંસા. ત્યારે કહે કે, એ સમકિતી છે, એ વિષય લેતા દેખાય છે, સ્ત્રીના વગેરેના (વિષય લ્યે છે) તો એ છે, એ રાગ આવે છે તો એ રાગનો ઇલાજ કરતો દેખાય છે પણ તેનો તેને રસ નથી. આહાહા..! આરે.. આરે..! આવી વાતું. અને અજ્ઞાની સ્ત્રીઓનો ત્યાગ કરે છે છતાં અંદર રાગનો રસ ચાલે છે અને રાગનો કર્તા છે, મિથ્યાદૃષ્ટિ છે. આવું સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ બીજો ગુણ થયો. નિઃશંક, નિઃકાંક્ષ. સમકિતના આઠ ગુણ છે. ગુણો એટલે દશાઓ, ચિહ્નો, લક્ષણો, એંધાણ એના બે થયા.

# ગાથા–૨૩૧

जो ण करेदि दुगुंछं चेदा सव्वेसिमेव धम्माणं।
सो खलु णिव्विदिगिच्छो सम्मादिट्ठी मुणेदव्वो।।२३१।।
यो न करोति जुगुप्सां चेतयिता सर्वेषामेव धर्माणाम्।
स खलु निर्विचिकित्सः सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२३१।।

यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन सर्वेष्वपि वस्तुधर्मेषु जुगुप्सा-भावन्निर्विचिकित्सः, ततोऽस्य विचिकित्साकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।

---

હવે નિર્વિચિકિત્સા ગુણની ગાથા કહે છે :-

સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,
ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.

ગાથાર્થ :- [ यः चेतयिता ] જે ચેતયિતા [ सर्वेषाम् एव ] બધાય [ धर्माणाम् ] ધર્મો (વસ્તુના સ્વભાવો) પ્રત્યે [ जुगुप्सां ] જુગુપ્સા (ગ્લાનિ) [ न करोति ] કરતો નથી [ सः ] તે [ खलु ] નિશ્ચયથી [ निर्विचिकित्स ] નિર્વિચિકિત્સ (-વિચિકિત્સાદોષ રહિત) [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે બધાય વસ્તુધર્મો પ્રત્યે જુગુપ્સાનો (તેને) અભાવ હોવાથી, નિર્વિચિકિત્સ (-જુગુપ્સા રહિત) છે, તેથી તેને વિચિકિત્સાકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ વસ્તુના ધર્મો પ્રત્યે (અર્થાત્ ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ આદિ ભાવો પ્રત્યે તથા વિષ્ટા આદિ મલિન દ્રવ્યો પ્રત્યે) જુગુપ્સા કરતો નથી. જુગુપ્સા નામની કર્મપ્રકૃતિનો ઉદય આવે છે તોપણ પોતે તેનો કર્તા થતો નથી તેથી જુગુપ્સાકૃત બંધ તેને થતો નથી, પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જાય છે તેથી નિર્જરા જ થાય છે.

---

## ગાથા-૨૩૧ ઉપર પ્રવચન

ત્રીજો (ગુણ). **'હવે નિર્વિચિકિત્સા ગુણની ગાથા કહે છે :–'** ગુણ શબ્દે પર્યાય છે. સમ્યગ્દર્શનની સાથે આ એક પર્યાય છે એને ગુણ કહેવામાં આવે છે.

**जो ण करेदि दुगुंछं चेदा सव्वेसिमेव धम्माणं।**
**सो खलु णिव्विदिगिच्छो सम्मादिट्ठी मुणेदव्वो।।२३१।।**

**સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,**
**ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.**

આહાહા..! વિનયની વ્યાખ્યામાં એણે એવું કહ્યું છે કે, આ માથું કંઈ સડેલું નાળિયેર નથી કે જ્યાં ત્યાં નમી જાય. એમ લખ્યું છે. એને તો ધર્મદૃષ્ટિ દેખાય, ધર્મ હોય ત્યાં એ નમી જાય અને તે નમન પણ ઉપચારિક વિનય છે. કારણ કે વિકલ્પ છે ને. આહાહા..! વાંચન માળાનું ઘણું. ઘણું વાંચન એમાંથી મેળવીને બહુ સારી વાત કરી છે. ઓહોહો..! આવું પુસ્તક તો... આપણે તો ભાઈ જેમ છે... આત્મા છે. પરમાત્મા થવાની લાયકાતવાળો આત્મા છે. આહા..! કેવળજ્ઞાન પ્રગટ કરે તેવી લાયકાત છે. આવી સાધારણ વાતોમાં તો એની શું...

મુમુક્ષુ :– એ બધો આપનો પ્રતાપ છે.

ઉત્તર :– ના, પણ છતાં એનો ક્ષયોપશમ છે. વાત તો લખી છે કે, હું તો ભઈ બધું અહીંથી શીખ્યો છું. અહીં આવે તો વાત ઇ કરે છે ને. પણ આટલો બધો વિસ્તાર અહીંથી નથી આવ્યો. એના વાંચનના બધા પુસ્તકો સળંગ વાંચે, ઠેઠથી ઠેઠ સુધી, એમાંથી એને મગજમાં સાર રહી જાય, એ મેળવીને કાઢ્યું છે. મોટા કરણાનુયોગના, ચરણાનુયોગના ગ્રંથ હોય છે ને? દાર્શનિક ગ્રંથો, શાસ્ત્રો, સિદ્ધાંતિક ગ્રંથો. આહાહા..! એના વાંચનથી પહેલેથી લક્ષ તે ઠેઠ (અંત) સુધીમાં આગળ શું છે તેનો ખ્યાલ રાખીને હોય છે. તેથી એમાં આવી વાત આવી છે. આહાહા..! કહો, પંડિતજી! આ પંડિતજી આ કહેવાય. આહા..!

અહીં કહે છે, છે ને? ૨૩૧. ટીકા :– **'કારણ કે સમ્યગ્દૃષ્ટિ...'** આહાહા..! એટલું બધું જ્ઞાન વિશેષ તિર્યંચને હોતુંય નથી છતાં સમ્યગ્દર્શન હોય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અહીં સમ્યગ્દૃષ્ટિ જીવ, ચાહે તો તિર્યંચ હો, નારકી હો, મનુષ્ય હો, દેવ હો. **'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...'** આહાહા..! ટંકોત્કીર્ણ એટલે શાશ્વત. ધ્રુવ એકરૂપે જ્ઞાયકભાવમયપણું. જ્ઞાયકભાવમયપણું એકલો જાણકસ્વભાવમયપણું પ્રભુ આત્મા,

એને લીધે **'બધાય વસ્તુધર્મો પ્રત્યે...'** આહાહા..! મલિન આદિ પદાર્થ કે મુનિની મલિન આદિ દશા દેખીને **'જુગુપ્સાનો (તેને) અભાવ હોવાથી,...'** તેને દુગંછાનો અભાવ છે. આહાહા..! સડેલાં મડદાં પડ્યા હોય તોપણ તેની દુગંછાનો તેને અભાવ છે. એ તો પુદ્ગલનો પર્યાય સ્વભાવ છે. આહાહા..! એમ મુનિરાજ ભાવલિંગી વીતરાગી મુનિ સંત હોય, એના શરીરમાં મેલ દેખાય, રોગ દેખાય, આહાહા..! અને પોતાનું શરીર મજબુત આમ દેખાય છતાં તે પર પ્રત્યે જુગુપ્સા નથી, દુગંછા નથી. આહાહા..! મુનિરાજ વીતરાગ છે. આહાહા..! એને પણ એવા ઊલટી આદિના રોગ થાતા હોય કે આમ ખાધું ને ઊલટી.. આહાહા..! અને તે ઊલટી પણ પાછી શરીર ઉપર આવી જાય, ખ્યાલ ન રહે એટલે આમ (આવે).

મુમુક્ષુ :– રાજા 'ઉદયન'.

ઉત્તર :– હા, એ ગમે એ પણ આ તો ન્યાયથી (વાત છે). એવી ઊલટી થઈ જાય કે આમ શરીર ઉપર આવી જાય. છતાં એને તો દુગંછા નથી પણ સમકિતી તેની દુગંછા કરતો નથી. આહાહા..! એ તો છે. લોહીની ઊલટી થાય. જુઓને! શરીર. કાલે જુઓને, કાલે જોયું ને? ઓલી 'લલીતાબેન'ને આખા શરીરમાં અગ્નિ બળે છે, કહે. અગ્નિ, અગ્નિ, અગ્નિ આમ. 'લલિતા'. હવે ઓલા આપણે 'નેમચંદભાઈ'ને જરીક અહીં સડાકા મારે છે. એવા તે મારે. આને આખા શરીરમાં અગ્નિ બળે છે. બિચારા 'મોતીબેન' એની ચાકરી કરે છે એવી ને કે, એ બિચારા રોવા મંડ્યા, હોં! અમે પહેલેથી ભેગા એટલે ઠેઠ સુધી.. આહાહા..! એ સ્થિતિ (પુદ્ગલની છે). આહાહા..! આપણા 'લાલચંદભાઈ'ને પણ છે, જુઓને! અંદરથી ધડાકા મારે છે. કોણ જાણે શું મારે આવો રોગ? અંદર તણખા મારે અગ્નિ જેવા, હોં! આ પરમાણુઓ અંદર. શરીર છન્નુ રોગથી ભરેલી વેદનામૂર્તિ છે. ધર્મીને તેની દુગંછા ન હોય. આહાહા..! સમજાણું કાંઈ? લોહીની ઊલટી થતાં શરીર ઉપર લોહી પડી જાય. હેં? ખરડાઈ જાય, લોહીથી ખરડાઈ જાય. આહાહા..! એ તો વસ્તુનો સ્વભાવ છે. ધર્મીને તેની દુગંછા ન હોય. જેને આત્મજ્ઞાન ને આત્મદર્શન થયું છે.. આહાહા..! તેને તેની દુગંછા ન હોય. આહાહા..!

ત્રીજી રીતે કહીએ તો પહેલામાં નિઃશંક કહ્યું. નિઃશંકપણું. આમાં ઉતાર્યું હશે ક્યાંક, ખબર નથી. પહેલામાં નિઃશંક કહ્યું છે એ વસ્તુના સ્વરૂપમાં નિઃસંદેહ છે. પછી કાંક્ષા કીધી એ પરમાં રાગ નહિ, ઇચ્છા નહિ, એમ કહ્યું. હવે આ દ્વેષ નહિ. એ પહેલા કહેવાય ગયું છે. (વાત) થઈ ગઈ છે. આહાહા..! આમાં ક્યાંય આવ્યું નથી હજી. એક પછી એક એને અંદરમાં કેમ મૂક્યું છે એ બધો હેતુ છે. ત્રિલોકના નાથના ઘરની વાતું, બાપા! એ કંઈ ગમે તે ભાષા એની હોય એ ક્રમમાં કેમ આવ્યું? અને ક્રમ કેમ કહ્યો? એના પણ કોઈ હેતુ હોય છે. આહાહા..!

મુમુક્ષુ :– એ ક્રમ પછી એ જ હોય, બીજો હોય નહિ.

ઉત્તર :- એ જ હોય. ત્રણલોકના નાથની દિવ્યધ્વનિમાં, 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશાય નિવારે' આહાહા..!

જ્ઞાયકભાવ ભગવાનઆત્મા છે, એ રાગવાળો તો નથી પણ અલ્પ પર્યાયવાળોય નથી. આહાહા..! સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય નિજ પરમાત્મદ્રવ્ય એ જ્ઞાયકભાવ જેનો આશ્રય લીધો છે, જેને ભગવાનઆત્માના ભેટા થયા, એને પરની દુગંછા પરમાં દ્વેષ કેમ હોય? કહે છે. આહાહા..! પોતા સિવાય પરમાં ક્યાંય રાગેય નથી, તેમ પોતા સિવાય પરમાં ક્યાંય એને દ્વેષેય નથી. આહાહા..! આવી અંતરની વાતું બાપુ! બહુ ઝીણી.

એણે તો વિનયતપને ન્યાં નાખ્યો છે કે, શુદ્ધઉપયોગ છે તે વિનયતપ છે. પરનો વિનય કરવો એ તો ઉપચારિક વિનય, વિકલ્પ છે. વાત સાચી છે. સાચી વાત છે, બાપા! એક જણાએ લખ્યું છે ને તેથી, કે ભઈ! 'કાનજીસ્વામી'એ જે કંઈ ઊંડી ઊંડી વાતું કહી છે એની આ એક કડી છે, એમ લખ્યું છે. એમાં લખ્યું છે ને? કાલે આવ્યું હતું. એની આ એક બંધબેસતી કડી છે. પણ એ વિચારક, ક્ષયોપશમ ઘણો. ૩૪ પંડિતોએ વખાણ કર્યા છે કે આવી વાત તો અત્યાર સુધી ક્યાંય હતી નહિ. જેનું જેટલું હોય એનું એમાં... છતાં બિચારો નિર્માની માણસ છે. એ તો એમ કહે, અહીંથી હું તો શીખ્યો છું ને! આહા..!

પ્રભુ! અંતર જેની દષ્ટિનો વિકાસ થયો એની તો વાતું શું કરવી! આહાહા..! એને તો પરના ગમે તેટલા સડેલા ઢોર દેખાય પણ દુગંછા નથી. જાણે છે કે મારી જ્ઞાનની પર્યાય અત્યારે તેને જાણવાને લાયકપણે જાણે છે. મારી જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ અત્યારે તેને જાણવું અને પોતાથી જ પોતાને એમ જાણવાનો સ્વભાવ છે. એ જાણવાનો સ્વભાવ છે એને આ કાઢી નાખવું એમ કંઈ રહે છે? એની દુગંછા કરું (એમ છે)? આહાહા..! '**નિર્વિચિકિત્સા (-જુગુપ્સા) રહિત) છે,...**' ચિકિત્સા રહિત એટલે દુગંછા રહિત. '**તેથી તેને વિચિકિત્સાકૃત બંધ નથી...**' દુર્ગંધ કૃત જે ભાવ છે તેનો બંધ એને છે નહિ. આહાહા..! નિર્જરા જ છે. આહાહા..!

વસ્તુ વાસ્તવિક તત્ત્વ છે, જ્ઞાયકભાવ, એનો જે અનુભવ ને દષ્ટિ એની અહીં બલિહારી છે. બાકી તો બધી વાતું પછી. આ વ્રત ને તપ ને ભક્તિ ને આ ને આ. એ તો બધા રાગ હોય, આવે પણ તેનો એ ધર્મી કર્તા નથી. આહાહા..! ભગવાન જ્યાં અનંત આનંદનો સાગર જ્યાં ઊછળે છે, દષ્ટિમાં જ્યાં પરમાત્મા આવ્યો એને કઈ વાતની કમી છે? કે બીજી વાતની તેને મહિમા આવે? આહાહા..! સમજાણું કાંઈ? માટે કરવાનું હોય તો પહેલું આ કરવાનું છે. કહો, 'સુજાનમલજી'! આવું છે, બાપુ! આહાહા..!

પાંચ ઇન્દ્રિયથી અનંતવાર અનંતકાળથી જોયું પણ જે જોનારો તેને જોયો નહિ. આહાહા..! જોનારને જોયા નહિ ને જોનારે પર્યાયમાં પરને જોયું. આહાહા..! એ પોતા તરફનો એણે અનાદર કર્યો છે. આહાહા..! 'દ્વેષ અરોચક ભાવ' આ તો દુગંછા છે ને? દ્વેષ. 'દ્વેષ અરોચક

ભાવ' સ્વરૂપની જેને રુચિ નથી તેને પ્રભુ પ્રત્યે દ્વેષ છે, આ આત્મા પ્રત્યે, હોં! આહાહા..! પૂર્ણાનંદનો નાથ પરમાત્મા, અનંત અનંત ચૈતન્ય રત્નાકરથી ભરેલો ભગવાન, એનો જેને આદર ને જ્ઞાન નથી અને આ પાંચ ઇન્દ્રિયના જ્ઞાનમાં રોકાઈ ગયો, પ્રભુ! તેં તારા સ્વભાવનો અનાદર કર્યો. અરુચિભાવ, એને રુચ્યું નહિ તે તને તેના પ્રત્યે પ્રભુ! દુગંછા, દ્વેષ છે. અહીં દ્વેષ પર પ્રત્યે નથી પણ અહીંયાં દ્વેષ, આત્માની રુચિ નથી તેને આત્મા પ્રત્યે દ્વેષ છે. આહાહા..! અને ધર્મીને આત્મા પ્રત્યે દ્વેષ નથી પણ પરવસ્તુ દુગંછા દેખીને પણ તેને દ્વેષ આવતો નથી. આહાહા..! આવી વાતું છે.

**ભાવાર્થ :– 'સમ્યગ્દષ્ટિ વસ્તુના ધર્મો પ્રત્યે (અર્થાત્ ક્ષુધા,...)'** શરીરમાં ક્ષુધા દેખાય. તેથી એને દુગંછા નથી, અનાદર નથી. હોય છે. **'તૃષા,...'** આહા..! પાણીનું એક બિંદુ ન મળે અને તૃષા (લાગી હોય). સાચા સંત હોય વીતરાગી મુનિ, એને શરીર જીર્ણ થયું ને ઊભા થઈને પાણી લેવાનો પ્રસંગ પણ ન રહે, ઊભા થઈને પાણી લેવાય ને? બીજો કોઈ ઉભો કરીને લે એ પણ નહિ. આહાહા..! હવે એ તૃષા લાગી હોય છતાં તેને અંદર આનંદ છે. એ તૃષાની દુગંછા નથી કે અર..ર..ર..! આ કેમ? જાણે છે. આહાહા..! પાણીનું બિંદુ ન મળે. આહાહા..! એવી તૃષા વખતે પણ ધર્મીને, આહા..! તેની જુગુપ્સા નથી. એ તૃષાની જડની દશા એ રીતે હોય. આહાહા..!

**'શીત,...'** હીમ પડે હીમ. એના પ્રત્યે તેને દ્વેષ નથી. શીતળ સ્વભાવ ભગવાનઆત્મા જેણે જાણ્યો તેને બહારની શીત પ્રત્યે દ્વેષ નથી. આહાહા..! જેણે આત્માની અરુચિ છોડીને દ્વેષ છોડ્યો અને રુચિ કરી એને પર પ્રત્યે પણ દ્વેષ નથી, કહે છે. સમજાણું કાંઈ? શું કીધું ઇ? જેણે ભગવાનઆત્માની અરુચિરૂપી દ્વેષ, દ્વેષ છોડ્યો અને રુચિ ને દૃષ્ટિ થઈ એને સ્વ પ્રત્યે દ્વેષ નથી તેમ પર પ્રત્યે દ્વેષ નથી. આહાહા..! એ તો વીતરાગમૂર્તિ આત્મા, સમકિતી વીતરાગમૂર્તિ છે. સમકિત ઇ વીતરાગ પર્યાય છે. આહાહા..! અને સમ્યગ્દર્શન થાય છે એ શુદ્ધઉપયોગમાં થાય છે. હવે અત્યારે એમ કહે છે કે, અત્યારે શુભઉપયોગ જ હોય. અરે..! પ્રભુ! શું કરે છે માણસ? સાધુ નામ ધરાવી મોટા 'શાંતિસાગર'ને કેડે 'શ્રુતસાગર'. વાત તો એની સાચી છે કે, એ બધા પાસે શુભભાવ જ હતો. પણ એને શુભભાવને મુનિપણું મનાવવું, માનવું (છે). શુભભાવ તો સમકિતીને પણ હોય છે પણ એ શુભભાવ મારો નથી હું તો શુદ્ધ ચૈતન્ય છું, એ હું છું. શુદ્ધઉપયોગી ભગવાનઆત્મા તે હું છું, આહાહા..! ઝાઝો સ્વાધ્યાય કર્યો હોય ને શાસ્ત્ર બહુ ભણ્યો હોય માટે તેને આ સમ્યગ્દર્શન થાય, એમ નથી કાંઈ. આહાહા..! એ તો મહાપ્રભુ જેના પૂર્ણ આનંદાદિ અનંત ગુણોનું માહાત્મ્ય અંદર આવતા અંદર જાય છે, એકાગ્ર થાય છે, કહે છે, તેને પોતા પ્રત્યેનો જે અરુચિ ભાવ હતો એ તો ગયો, રુચિ ભાવ પોષાણમાં આત્મા આવી ગયો એને બહારની શીત, ક્ષુધા, તૃષા કે ઉષ્ણ, તેના પ્રત્યે પણ તેને અરુચિ નથી. આહાહા..! છે?

**'શીત, ઉષ્ણ...'** ગરમી આમ એવી ગરમી પડે. એક કોર બાર ડિગ્રી, પંદર ડિગ્રી, સોળ ડિગ્રી. પડે છે કે નહિ? એ તો જ્ઞેય છે. એનું એને દ્વેષપણું નથી. આહાહા..! શરીરમાં અગ્નિ સળગે. અગ્નિ એવા આખા શરીરમાં તણખા મારે. શરીરનો સ્વભાવ છે, હું એ શરીર નથી. તેમ મને તે તણખા મારતા નથી. આહાહા..! ભારે વાત, બાપુ! આકરી વાત બહુ. અને જેના જન્મ-મરણના અંત આવે, બાપા! આહાહા..! ચોરાશીના અવતારમાં સડી ગયો છે, મરી ગયો છે. એના દુઃખ વેદ્યા એને પણ જોનારની આંસુની ધારા ચાલી છે, એવા દુઃખો એણે વેઠ્યા છે. કાંઈક આમ સગવડતા જરી બહાર દેખાય ત્યાં જાણે બસ! હવે અમે સુખી છીએ. પણ આત્માના જ્ઞાન વિના એ રાગમાં એકત્વ માનનારા મહાદુઃખી છે. આહાહા..!

સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય છે. તેથી તેને પરની વાંછા નથી તેમ પરમાં તેને દ્વેષ નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! સાધારણ વાત (લાગે) પણ એમાં પરમાત્માનું ઘર જેણે જોયું છે, આહા..! એવા સમ્યગ્દષ્ટિ ચાહે તો તિર્યંચ હો, અરે..! સાતમી નરકમાં નારકી હો, આહાહા..! એ વેદન ન્યાં ઠંડીનું, એક આટલી ઠંડી અહીંયા લાવે દસ હજાર જોજનમાં માણસ મરી જાય, એમાં સમકિતી અંદર પડ્યો હોય. આહાહા..! છતાં તેને શીતની દુગંછા નથી, એમ કહે છે. આહાહા..! ગજબ વાત છે. અને અગ્નિમાં આમ શરીરને સળગાવી દ્યે. હડ.. હડ.. હડ... હડ દુશ્મનો, વેરીઓ. ટાટાનું છે ને મોટું કારખાનું? પચીસ વર્ષનો રાજકુમાર (હોય), કરોડો ખર્ચીને લગન થયા હોય તે દિવસે રાત્રે, હજી પહેલી રાત્રે કોઈ ઉપાડીને અગ્નિમાં નાખે, આહાહા..! એવી પીડા હોય તોપણ કહે છે કે સમકિતીને દુગંછા નથી. આહાહા..! ભાઈ! મારગડા બહુ જુદા છે. શુદ્ધઉપયોગ એ ધર્મ છે. શુભઉપયોગ એ ધર્મ નથી. આહાહા..! એથી અહીં દુગંછા નથી ત્યાં શુદ્ધઉપયોગ છે અથવા સમ્યગ્દર્શનની વીતરાગી દશા છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ જુગુપ્સા કરતો નથી અથવા **'(વિષ્ટા આદિ મલિન દ્રવ્યો પ્રત્યે)...'** આહાહા..! ગંધાતી વિષ્ટાના ઢગલા દેખાય. આ ખેતરમાં નાખે છે ને? ભંગ્યા બધું લઈને ખાતર, આમ અમથી વિષ્ટા પડી હોય, ખેતરમાં ઢગલો (હોય), ભૂંડ એને ખાય. ધર્મી કહે છે કે, એને દેખીને દુગંછા ન કરે. એ રત્નના ઢગલા દેખીને વાંછા ન કરે અને વિષ્ટાના ઢગલા દેખીને દ્વેષ ન કરે. આહાહા..! ચિંતામણિ નાથ અંદર જેને પ્રગટ્યો ભગવાન અને જેટલી અંદર એકાગ્રતા થાય તેટલી તેને આનંદની દશા વધે હવે એને પર જોવે છે શું? આહા..! પરની વાંછા ને પરમાં દુગંછા–દ્વેષ એને હોતો નથી. વીતરાગભાવે તે જાણે છે. આહાહા..! આવું છે.

અત્યારે તો સમ્યગ્દર્શન વિનાની વાતું એકલી. વ્રત ને તપ ને ભક્તિ, પૂજા ને શાસ્ત્ર વાંચન ને મોટી સભાઓ ભરવી ને.. આહા..! અહીં તો ભગવાન પહેલું સમ્યગ્દર્શન હોય તેને ધર્મની શરૂઆત થાય છે. પછી વચ્ચે ભલે વિકલ્પ અનેક પ્રકારના હોય, આહાહા..!

પણ તેનો તે કર્તા નથી. આહાહા..! વિષ્ટા વિગેરે લેવું. આહા..! '**(મલિન દ્રવ્યો પ્રત્યે) જુગુપ્સા કરતો નથી. જુગુપ્સા નામની કર્મપ્રકૃતિનો ઉદય આવે તોપણ પોતે તેનો કર્તા થતો નથી...**' આહાહા..! એટલે? જરી અંદર દુગંછાનો ભાવ, વિકલ્પ આવી જાય પણ એનો કર્તા નથી. આહાહા..! આવું સ્વરૂપ હવે. આહાહા..!

'**તોપણ પોતે તેનો કર્તા થતો નથી તેથી જુગુપ્સાકૃત બંધ તેને થતો નથી, પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જાય છે...**' એ રાગનો કે દ્વેષનો ઉદય જરી આવ્યો એ ખરી જાય છે. આહાહા..! પાણીના પૂર બહુ આવતાને પહેલા? ત્યારે ગામમાં ગરી જાય દુકાન ઉપર, પછી શેઠિયાઓ નાળિયેર નાખે, એમ કે પાણી પાછું ફરી જાય. અમારા 'ઉમરાળા' ગામમાં થતું. મોટી નદી ખરીને? ગામમાં શેઠની દુકાન હોય ત્યાં સુધી પાણી આવે અને અંદર વધી જશે. ચારે કોરના પાણી, આમ પચીસ-પચીસ ગાઉથી 'કરિયાણા'થી નદી આવે. એ..ય મોટો દરિયો. પછી એ લોકો આમ નાળિયેર નાખે એમ કે પાછું હટી જાય. હેં?

મુમુક્ષુ :– ચુંદડી ને નાળિયેર નાખે.

ઉત્તર :– ચુંદડી નાખતા હશે. આવી બધી ભ્રમણા છે. એ તો જોવાની ચીજ છે તો જાણ કે આમ થાય છે. એમાં હટી જાય કે તારા ઘરમાં ગરી જાય એમાં તને શું છે? આ (જ્ઞાન) ઘરમાં ક્યાં ગરે એવું છે? આહાહા..! આ તો દુકાનનું તો નાની ઉંમરમાં જોયેલું. 'રોકડ' શેઠ હતા એ લોકો ન્યાં આવે ને નાળિયેર નાખી જાય, એમ કે પાણી હવે હટી જશે. કાંઈ બિચારાને ખબર ન મળે. સ્થાનકવાસી જૈન. આહા..! એ ત્રીજો બોલ થયો.

**શ્રોતા :– આ તો બધાના ઘરમાં ઝગડા થાય તેવું છે!**

**પૂજ્ય ગુરુદેવ :– શાસ્ત્રકાર પણ કહે છે ને!—કે કુટુંબીજનો ધુતારાની ટોળી છે. ભાઈ! જેને સર્પનું ઝેર ચડ્યું હોય તેને કડવો લીમડો પણ મીઠો લાગે છે. તેમ સંસાર ઝેર સમાન હોવા છતાં મોહી જીવને તે મીઠો લાગે છે. તેથી તેને જિનવાણીનું અમૃતપાન કરાવી નિર્મોહી બનાવવા વસ્તુસ્થિતિની જેમ વાત છે તેમ કહેવાય છે. અહીં તો ભવનો અભાવ કરવાની ને પરભવ સુધારવાની વાતો છે.**

૧

**ઉંદર ફૂંકી ફૂંકીને પગ આદિ ખાય છે ને! ઉંદર ફૂંક મારીને કરડે એટલે નિંદ્રામાં ખબર પડતી નથી. તેમ આ બૈરા–છોકરા આદિ વખાણ કરી કરીને ખાય છે એટલે મૂઢને ખબર પડતી નથી!**

આત્મધર્મ અંક–૫, જાન્યુઆરી–૨૦૦૮

# ગાથા-૨૩૨

जो हवदि असम्मूढो चेदा सद्दिट्ठि सव्वभावेसु।
सो खलु अमूढदिट्ठी सम्मादिट्ठी मुणेदव्वो।।२३२।।

यो भवति असम्मूढः चेतयिता सद्दृष्टिः सर्वभावेषु।
स खलु अमूढदृष्टिः सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२३२।।

यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन सर्वेष्वपि भावेषु मोहाभावादमूढदृष्टिः, ततोऽस्य मूढदृष्टिकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।

---

હવે અમૂઢદૃષ્ટિ અંગની ગાથા કહે છે :-

સંમૂઢ નહિ જે સર્વ ભાવે, - સત્ય દૃષ્ટિ ધારતો,
તે મૂઢદૃષ્ટિરહિત સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.

ગાથાર્થ :- [ यः चेतयिता ] જે ચેતયિતા [ सर्वभावेषु ] સર્વ ભાવોમાં [ असम्मूढः ] અમૂઢ છે- [ सदृष्टिः ] યથાર્થ દૃષ્ટિવાળો [ भवति ] છે, [ सः ] તે [ खलु ] ખરેખર [ अमूढदृष्टिः ] અમૂઢદૃષ્ટિ [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે બધાય ભાવોમાં મોહનો (તેને) અભાવ હોવાથી, અમૂઢદૃષ્ટિ છે, તેથી તેને મૂઢદૃષ્ટિકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ જાણે છે; તેને રાગદ્વેષમોહનો અભાવ હોવાથી તેની કોઈ પદાર્થ પર અયથાર્થ દૃષ્ટિ પડતી નથી. ચારિત્રમોહના ઉદયથી ઇષ્ટાનિષ્ટ ભાવો ઊપજે તોપણ તેને ઉદયનું બળવાનપણું જાણીને તે ભાવોનો પોતે કર્તા થતો નથી તેથી તેને મૂઢદૃષ્ટિકૃત બંધ થતો નથી પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જતી હોવાથી નિર્જરા જ થાય છે.

---

## ગાથા–૨૩૨ ઉપર પ્રવચન

ચોથો અમૂઢદૃષ્ટિ. સમ્યગ્દૃષ્ટિ અમૂઢ હોય છે. આહાહા..!

**जो हवदि असम्मूढो चेदा सद्दिट्ठि सव्वभावेसु।**
**सो खलु अमूढदिट्ठी सम्मादिट्ठी मुणेदव्वो।।२३२।।**

**સંમૂઢ નહિ જે સર્વ ભાવે, - સત્ય દૃષ્ટિ ધારતો,**
**તે મૂઢદૃષ્ટિરહિત સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.**

આહાહા..! 'કુંદકુંદાચાર્ય' કેવી શૈલીથી વાત કરે છે! અને એમાં 'અમૃતચંદ્રાચાર્ય' એની ટીકાના કર્તા. આહાહા..! 'કુંદકુંદાચાર્યે' તો પંચમઆરાના તીર્થંકર જેવું કામ કર્યું અને આણે ગણધર જેવી ટીકા કરી. ઓહોહો..! મીઠા મહેરામણ ઊછાળ્યા છે. ભગવાન અમૃતનો સાગર પરમાત્મા, આહાહા..! એની જેને દૃષ્ટિ ને સમ્યગ્જ્ઞાન થયા છે એને કહે છે કોઈ જાતની મૂંઝવણ છે નહિ, મૂંઝાતો નથી. આહા..!

**'કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે બધાય ભાવોમાં મોહનો (તેને) અભાવ હોવાથી...'** આહાહા..! ક્યાંય તેને મોહ નથી, મૂંઝવણ નથી. આહાહા..! અન્યમતીના બાવા આદિને માનનારા રાજા, મહારાજા હોય અને કરોડો હાથી ને લાખો હાથીની ઉપર બેસાડીને મોટું માન આપતા હોય તો એને એમ ન થાય કે, માળું આમાં કાંઈક હશે? એ જગતના અજ્ઞાનીઓના પુણ્યના પ્રકારો હોય છે. મૂંઝાતો નથી. અરે..! આવો વીતરાગી એક હું અને મને માનનારા નહિ અને આવાને માનનારા, માટે કાંઈક હશે એમાં? આહાહા..! એમ સમકિતીને મુંઝવણ, મોહ નથી. આહાહા..! છે?

**'ભાવોમાં મોહનો (તેને) અભાવ હોવાથી, અમૂઢદૃષ્ટિ છે, તેથી તેને મૂઢદૃષ્ટિકૃત બંધ નથી...'** મુંઝાવાના ભાવથી જે બંધ થતો એ ભાવ એને છે નહિ. તેથી તેને તેનો બંધ નથી પણ જરીક કોઈ ભાવ આવી ગયો, એને ખરી જાય છે. આહાહા..! છે ને? **'પરંતુ નિર્જરા જ છે.'** 'જ' શબ્દ મૂક્યો પાછો. છે ને? **'निर्जरैव'** સંસ્કૃતમાં છે. **'निर्जरैव'** આહાહા..! જ્ઞાનીને કોઈ એવો ભાવ આવે પણ કહે છે એ તો ખરી જાય છે. આહાહા..!

**ભાવાર્થ :– 'સમ્યગ્દૃષ્ટિ સર્વ પદાર્થના સ્વરૂપને યથાર્થ જાણે છે;...'** સર્વ પદાર્થના સ્વરૂપને યથાર્થ જાણે છે **'તેને રાગદ્વેષમોહનો અભાવ હોવાથી તેની કોઈ પદાર્થ પ્રત્યે અયથાર્થ દૃષ્ટિ પડતી નથી.'** આહાહા..! કોઈ પણ પદાર્થ પ્રત્યે તેની વિપરીત દૃષ્ટિ કે અયથાર્થ દૃષ્ટિ થતી નથી. આહા..! એ બીજાને પણ વાસ્તવિક દૃષ્ટિથી દેખે છે. એની (–સામાની) દૃષ્ટિ ભલે વિપરીત હોય પણ એને એ રીતે દેખે છે. આહાહા..! સમજાણું કાંઈ?

દ્રવ્યે પરમાત્મા સાધર્મી હોવા છતાં, દ્રવ્યે ધર્મી એને સાધર્મી તરીકે ધ્રુવ આનંદનો નાથ ભાળે છે પણ પર્યાયમાં એની જે મુંઝવણ આદિ જે અજ્ઞાન છે તેને તે રીતે જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ મુંઝાતો નથી, એમ કે, આહાહા..! આવા જીવો બહુમાન કરે ને આ કરે ને મોટા રાજાઓ માને, ચક્રવર્તી માને. ચક્રવર્તી પણ મિથ્યાદૃષ્ટિ હોય તો માને, એમાં શું છે? આહા..! જેના રાજમાં એ ચાલતું હોય, સમ્યગ્દૃષ્ટિ મુંઝાય નહિ. આહા..!

**'સમ્યગ્દૃષ્ટિ સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ જાણે છે; તેને રાગદ્વેષમોહનો અભાવ હોવાથી તેની કોઈ પદાર્થ પર અયથાર્થ દૃષ્ટિ પડતી નથી. ચારિત્રમોહના ઉદયથી ઇષ્ટાનિષ્ટ ભાવો ઊપજે...'** જોયું? જરી ઇષ્ટ-અનિષ્ટ વૃત્તિઓ થઈ જાય. છે તો બધા જ્ઞેયો પણ જ્ઞેયને દેખીને નહિ પણ પોતાની કમજોરીને લઈને જરી ઇષ્ટ-અનિષ્ટ વૃત્તિ થઈ જાય, એમ કહે છે. એ વસ્તુ ઇષ્ટ-અનિષ્ટ નથી. વસ્તુ તો જ્ઞેય છે. પણ એ જ્ઞેયને જોતાં પોતાની વૃત્તિમાં પોતાને કારણે જે ઇષ્ટ-અનિષ્ટ વૃત્તિ થઈ તેને તે જાણતો તેનો કર્તા થતો નથી. આરે...! આહાહા..! **'ચારિત્રમોહના ઉદયથી ઇષ્ટાનિષ્ટ ભાવો ઊપજે તોપણ તેને ઉદયનું બળવાનપણું જાણીને...'** શું કહે છે? રાગ એ જાતનો જરી કમજોરીથી છે. આહા..! કર્મનું બળવાનપણું એ નહિ, એની વિકારની દશાનું અત્યારે જરી બળવાનપણું છે, એમ જાણે. એમ કરીને જ્ઞાતા રહે. આહાહા..!

છે? **'ઉદયનું બળવાનપણું...'** (આ વાંચીને) ન્યાં એમ નાખે, જોયું કર્મનું જોર છે. એ કર્મનું જોર છે એટલે પોતાની પર્યાયમાં નબળાઈ છે એ ભાવકર્મનું જોર છે. આહા..! સમજાણું કાંઈ? **'તે ભાવોનો પોતે કર્તા થતો નથી...'** એમ કીધું ને? **'તેથી તેને મૂઢદૃષ્ટિકૃત બંધ થતો નથી...'** ઇ મુંઝાતો નથી. આહાહા..! કે, આટલું બધું આ જગતનું જોર અને મારામાં પણ આ રાગનો આટલો જોરદાર ભાવ! જાણે છે કે છે, મારી નબળાઈ છે. એને એ જાણે છે. કર્તા થતો નથી. અરે..! આ શું પણ? આહાહા..! એટલે કે ઢાંકી દયે છે. જ્ઞાતા-દૃષ્ટા આગળ દોષની વિશેષતા દેખાતી નથી. દોષ જાણે છે કે છે. જ્ઞાતા-દૃષ્ટા ભગવાનઆત્માની પાસે દોષની કિંમત કાંઈ નથી. એમ જાણીને તે દોષનો જ્ઞાતા રહે છે અને તે દોષ એને ખરી જાય છે. આહાહા..! અરે..! આવી વાતું. ક્યાંય (મળે એવી નથી).

**'પરંતુ પ્રકૃતિ રસ દઈને...'** આત્માના રસે ચડેલો આત્મા, એને પ્રકૃતિનો રસ રાગાદિ આવ્યો એ ખરી જાય છે. આહાહા..! **'ખરી જતી હોવાથી નિર્જરા જ થાય છે.' 'પ્રકૃતિ રસ દઈને ખરી જતી હોવાથી...'** આહાહા..! **'નિર્જરા જ થાય છે.'** સમકિતના આ આચાર છે ને? નિર્મળ વીતરાગી પર્યાય છે. વીતરાગી પર્યાયનો સ્વામી હોવાથી અને દ્રવ્યનો સ્વામી હોવાથી તે રાગાદિ જરી આવે તેનો સ્વામી થતો નથી, કર્તા થતો નથી પણ ખરી જાય છે. એવું સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૩૦૮ ગાથા–૨૩૨થી૨૩૪ મંગળવાર, ભાદરવા વદ ૬, તા. ૧૧-૦૯-૧૯૭૯

બાહ્ય પરિગ્રહ તો ભાઈ! એ બધા રાગના નિમિત્તો છે. આહાહા..! જેને અંતરમાં સમ્યક્ દૃષ્ટિ એટલે કે મિથ્યાત્વ, રાગ, રતિ, અરતિ આદિ અભ્યંતર પરિગ્રહ છે એની એકતાબુદ્ધિ જેને તૂટી છે અને જ્ઞાયક સ્વભાવમાં એકતાબુદ્ધિ થઈ છે તેને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે. સમજાય છે કાંઈ? પરિગ્રહ ચોવીસ પ્રકારનો છે ને? દસ પ્રકારનો પરિગ્રહ બાહ્ય છે. ભાઈએ હમણાં એમાં પ્રશ્ન મૂક્યો હતો. દસ પ્રકારમાં ધન, ધાન્ય આવે છે તો ધન, ધાન્યમાં ધનનો અર્થ પૈસા નથી ત્યાં. સોનું, રૂપું આદિ છે. દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ (છે) એમાં પણ પૈસા આવતા નથી. લોકો પૈસાને પરિગ્રહ માની બેઠા છે. આહા..! ઇ ભાઈએ લખ્યું છે. અને એ પરિગ્રહ જે છે અંદર રાગ, દ્વેષ, પુણ્ય-પાપ અભ્યંતર પરિગ્રહ એને જેણે પકડ્યો છે, એ મારા છે એવી બુદ્ધિ છે ત્યાં સુધી તો મિથ્યાત્વનો પરિગ્રહ છે. આહાહા..! અને એ મિથ્યાત્વનો પરિગ્રહ છૂટ્યા વિના રાગાદિના પરિણામ થાય એની એકતાબુદ્ધિ તૂટે નહિ. રાગ હોય ભલે, પણ એનું પરિમાણ થઈ જાય–માપ આવી જાય છે. એટલે? કે, કષાયની જે તીવ્રતાની એકતાબુદ્ધિ છે એ મહાપરિગ્રહ મિથ્યાત્વનો છે. આહાહા..! અને એ મિથ્યાત્વનો પરિગ્રહ છૂટ્યા વિના જ્ઞાયક સ્વભાવ તરફની એકતા કદી થાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભાઈએ અકિંચન અને બ્રહ્મચર્યનો ખુલાસો બહુ સારો કર્યો છે. હજી બ્રહ્મચર્ય આવ્યું નથી. અકિંચન એટલે પરપરિગ્રહનો અભાવ અને બ્રહ્મચર્ય એટલે સ્વભાવમાં એકતા. ઓલો અર્થ નાસ્તિ છે, આ અસ્તિ છે. આહાહા..! કાંઈ પણ રાગાદિ કણ કોઈ ચીજ મારી નથી એવો અકિંચન ધર્મ તે નાસ્તિ તરીકે છે અને મારું સ્વરૂપ પૂર્ણાનંદ છે એવો જેને દૃષ્ટિમાં, જ્ઞાનમાં સ્વીકાર થયો એમાં એને બ્રહ્મચર્યની શરૂઆત થઈ. આહાહા..!

અહીંયાં કહે છે કે, અમૂઢદૃષ્ટિ.. આહાહા..! **'સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ જાણે છે;...'** છે? (ભાવાર્થ). સર્વ પદાર્થના સ્વરૂપ. સર્વમાં બધું (આવી ગયું), રાગ, દ્વેષ, આત્મા, પર, મિથ્યાભાવ, રાગ આ બધાને યથાર્થ જાણે છે. આહાહા..! ૨૩૨ ગાથા. પાનું કાઢતા વાર લાગે, ઓલા પૈસાનું પાનું કાઢવું હોય તો ઝટ નીકળે. આહાહા..! અમૂઢદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ **'સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ જાણે છે;...'** આહાહા..! એ હાસ્ય રાગાદિનો ભાવ તે દોષ છે, અભ્યંતર પરિગ્રહ છે એમ જ્ઞાની બરાબર અંતરમાં જાણે છે. આહાહા..! અને એ પરિગ્રહની એકતાબુદ્ધિ તૂટ્યા વિના સમ્યગ્દર્શન થાય નહિ અને એના તૂટ્યા વિના બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરીને બેસે એ બધો મિથ્યા ત્યાગ છે. આહાહા..! એવી વાતું છે.

**'સર્વ પદાર્થોના સ્વરૂપને...'** પરવસ્તુ છે એ તદ્દન પર છે, પૈસો આદિ એ તો પર

છે એમ જાણ્યું છે. રાગાદિ છે એ અંતરમાં અભ્યંતર પરિગ્રહ છે વિકાર એ મારો નથી. એ થાય છે પણ મારો નથી. એવી એકત્વબુદ્ધિ તૂટી છે. એવો **'સમ્યગ્દૃષ્ટિ જીવ સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ જાણે છે;...'** આહાહા..!

એણે-ભાઈએ તો એક લખ્યું છે, એમ કે આ પરિગ્રહના ત્યાગીઓને મેં ખડખડાટ હસતા દેખ્યા છે. ખડખડાટ હસવું તે હાસ્ય પરિગ્રહ નથી? આહા..! માળે! મૂળમાં ઘા કર્યો છે. વાત સાચી છે. એમ કે આમ બાહ્ય પૈસા, બાયડી, છોકરા છોડીને બેઠો તો જાણે અમે નિર્ગ્રંથ થઈ ગયા અને હાસ્ય એટલો ખડખડાટ હાસ્ય કરે, દાંત કાઢે. એ હાસ્ય છે એ પરિગ્રહ છે અને એની પક્કડ છે, એકત્વબુદ્ધિ છે કે નથી એનીયે ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અને એક એણે લખ્યું છે, ભાઈ! કે, 'જયપુર'માં મૂર્તિ લેવા આવે છે, મૂર્તિ, તો એ લોકો એમ કહે છે કે, અમારે એવી મૂર્તિ જોઈએ, હસમુખી મૂર્તિ જોઈએ. ત્યારે હું એને કહું કહે છે, એ કહે છે કે, હસમુખી મૂર્તિ તો હાસ્ય કરે એવી મૂર્તિ? હાસ્ય તો પરિગ્રહ છે અને ભગવાન તો પરિગ્રહના ત્યાગી છે. આહાહા..! હસમુખી મૂર્તિ કરતાં શાંત અને વીતરાગી મૂર્તિ જોઈએ એમ કહો. એ..ઇ...! આહાહા..! મૂર્તિમાંય એમ કહે છે લોકો કે આમ હસમુખી ને આવી (જોઈએ). આહાહા..! શું છે પણ આ? હાસ્ય છે એ તો પાપનો એક પરિગ્રહ છે. તો હાસ્યના પરિગ્રહવાળા એ ભગવાનની પ્રતિમા છે? આહા..! વીતરાગ શાંત મુદ્રા પ્રભુની અકષાય મુદ્રા છે એ તો. એને હાસ્ય આદિની મુદ્રાવાળા જાણવા તો કષાયવાળી મુદ્રા માની. આહાહા..! લોકોને તત્ત્વની વાસ્તવિક સ્થિતિ શું છે એની મૂઢતા ટળતી નથી. આહા..!

અહીં કહે છે, સમ્યગ્દૃષ્ટિ સર્વ પદાર્થોમાં બધું આવી ગયું કે નહિ? હેં? ભગવાનની પ્રતિમા, ભગવાન પોતે, પોતાનો આત્મા, રાગાદિ ભાવ બધું એમાં આવી ગયું. આહાહા..! **'સ્વરૂપને યથાર્થ જાણે છે; તેને રાગદ્વેષમોહનો અભાવ હોવાથી...'** એકત્વબુદ્ધિનો અભાવ છે. રાગદ્વેષમોહનો એકત્વબુદ્ધિનો અભાવ છે એટલે ખરેખર એને રાગદ્વેષમોહ છે નહિ. આહાહા..!

**'તેની કોઈ પદાર્થ પર (પ્રત્યે) અયથાર્થ દૃષ્ટિ પડતી નથી.'** આહાહા..! સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ કોઈપણ પદાર્થ પ્રત્યે અયથાર્થ દૃષ્ટિ પડતી નથી. આહાહા..! વીતરાગને વીતરાગ તરીકે જાણે, વીતરાગની મૂર્તિને વીતરાગ તરીકે જાણે. આહાહા..! આત્માને રાગરહિત ચિદાનંદ પ્રભુ છે તેમ તેને જાણે. અને હાસ્ય, રતિ, અરતિ અભ્યંતર પરિગ્રહ છે ને? ચૌદ પ્રકારનો પરિગ્રહ છે ને? મિથ્યાત્વ (આદિ). તો એને એ મારી ચીજ નથી તેમ તેને જાણે. આહાહા..! એનો પરિગ્રહ, ચૈતન્ય સ્વભાવ જેનો પરિગ્રહ થયો છે. એ પરિગ્રહ શબ્દ આવે છે ને? 'નિર્જરા અધિકાર'માં આવી ગયું છે. જેણે જ્ઞાયકભાવ પરિગ્રહ એટલે સમસ્ત પ્રકારે પકડ્યો

છે. આહાહા..! એને અભ્યંતર પરિગ્રહ રાગાદિની એકતાબુદ્ધિ હોતી નથી. આહાહા..! સ્વભાવ ચૈતન્ય ભગવાન જ્ઞાતા-દૃષ્ટાની જ્યાં એકતાબુદ્ધિ થઈ એને રાગાદિ, દયા, દાન આદિ વિકલ્પો આવે પણ તેની એકતાબુદ્ધિ તૂટી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને જેને પુણ્ય પરિણામ આવે તો તેને પુણ્ય તરીકે જાણે, એને ધર્મ તરીકે ન જાણે. યથાર્થ બુદ્ધિ થઈ છે ને? આહાહા..! સમજાણું કાંઈ?

**'કોઈ પદાર્થ પર (પ્રત્યે) અયથાર્થ દૃષ્ટિ પડતી નથી.'** એટલે કે એને શુભ ભાવ આવ્યો એ ધર્મ છે તેવી દૃષ્ટિ એની થતી નથી. આહાહા..! **'ચારિત્રમોહના ઉદયથી ઇષ્ટાનિષ્ટ ભાવો ઊપજે...'** થાય **'તોપણ તેને ઉદયનું બળવાનપણું જાણી...'** એટલે કે રાગની, વિકૃતની દશા મારી નબળાઈ છે એમ જાણી **'તે ભાવોનો તે કર્તા થતો નથી...'** એકતાબુદ્ધિ તૂટી છે માટે કર્તા થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! **'તે ભાવોનો પોતે કર્તા થતો નથી...'** એટલે કે એ ભાવો છે ખરા, થાય છે પણ એકત્વબુદ્ધિ નથી તેથી કર્તા થતો નથી. આહાહા..! જેમાં એકત્વબુદ્ધિ થઈ છે તેના જ્ઞાન, દર્શન ને આનંદના પરિણામનો કર્તા થાય છે. આહાહા..! જેને પોતાનો સ્વભાવ માન્યો છે તેનો કર્તા પર્યાયમાં થાય છે પણ વિકારી પરિણામ મારા નથી તો તેનો તે કર્તા થતો નથી. આહાહા..! આવી વાત છે.

**'તેથી તેને મૂઢદૃષ્ટિકૃત બંધ થતો નથી...'** એકતાબુદ્ધિની જે મૂઢદૃષ્ટિ છે તેવો ભાવ એને હોતો નથી તેથી તેનો બંધ થતો નથી. **'પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જતી હોવાથી...'** આહાહા..! રાગાદિ થાય તેમાં એકત્વપણું નથી તેથી તેના પ્રત્યે ભાવ આવ્યો તે ખરી જાય છે. આહાહા..! સ્વભાવની સાથે તેને એકત્વ કરતો નથી. આહાહા..! તેથી તેને **'નિર્જરા જ થાય છે.'** બહુ અમૂઢદૃષ્ટિમાં પાઠ જ એમ છે ને? **'બધાય ભાવોમાં મોહનો અભાવ...'** એમ છે ને મૂળ પાઠમાં? એનો અર્થ કે બધા ભાવોમાં એકત્વબુદ્ધિનો અભાવ, એમ. સમજાણું કાંઈ? અને ત્રિકાળી જ્ઞાયકભાવમાં એકત્વબુદ્ધિનો સદ્‌ભાવ. આહાહા..! આવું સમ્યગ્દૃષ્ટિનું અમૂઢ સ્વરૂપ છે. આહા..!

**હે ભવ્યો! તમે એવું કામ કરો કે જેથી આત્મા પોતાની જ્ઞાનભૂમિકામાં આવી જાય. દેહ છૂટ્યાં પહેલાં આ પ્રયત્ન કરી લે. ઘર બળે ત્યારે કૂવો ખોદવા ન બેસાય. માટે મરતાં પહેલાં આત્માનો યત્ન કરી લે. માનવદેહથી જ શિવપદ મળી શકે છે. દેવ, નારક, પશુગતિમાંથી શિવપદ નહિ મળે, માટે આ અમૂલ્ય અવસર ખોવા જેવો નથી.** આત્મધર્મ અંક–૫, જાન્યુઆરી–૨૦૦૮

## ગાથા-૨૩૩

जो सिद्धभत्तिजुत्तो उवगूहणगो दु सव्वधम्माणं।
सो उवगूहणकारी सम्मादिट्ठी मुणेदव्वो।।२३३।।
यः सिद्धभक्तियुक्तः उपगूहनकस्तु सर्वधर्माणाम्।
स उपगूहनकारी सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२३३।।

यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन समस्तात्मशक्तीनामुपबृंहणादुपबृंहकः, ततोऽस्य जीवशक्तिदौर्बल्यकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।

---

હવે ઉપગૂહન ગુણની ગાથા કહે છે :-

જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,
ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૩.

ગાથાર્થ :- [ यः ] જે (ચેતયિતા) [ सिद्धभक्तियुक्तः ] સિદ્ધની (શુદ્ધાત્માની) ભક્તિ સહિત છે [तु ] અને [ सर्वधर्माणाम् उपगूहनकः ] પર વસ્તુના સર્વ ધર્મોને ગોપવનાર છે (અર્થાત્ રાગાદિ પરભાવોમાં જોડાતો નથી) [ सः ] તે [ उपगूहनकारी ] ઉપગૂહનકારી [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી, ઉપબૃંહક અર્થાત્ આત્મશક્તિનો વધારનાર છે, તેથી તેને જીવની શક્તિની દુર્બળતાથી (અર્થાત્ મંદતાથી) થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ ઉપગૂહનગુણ સહિત છે. ઉપગૂહન એટલે ગોપવવું તે. અહીં નિશ્ચયનયને પ્રધાન કરીને કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડેલો છે, અને જ્યાં ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડયો ત્યાં અન્ય ધર્મો પર દૃષ્ટિ જ ન રહી તેથી તે સર્વ અન્ય ધર્મોનો ગોપાવનાર છે અને આત્મશક્તિનો વધારનાર છે.

આ ગુણનું બીજું નામ 'ઉપબૃંહણ' પણ છે. ઉપબૃંહણ એટલે વધારવું તે. સમ્યગ્દૃષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધના સ્વરૂપમાં જોડેલો હોવાથી તેના આત્માની સર્વ શક્તિઓ વધે છે- આત્મા પુષ્ટ થાય છે માટે તે ઉપબૃંહણગુણવાળો છે.

**આ રીતે સમ્યગ્દષ્ટિને આત્મશક્તિની વૃદ્ધિ થતી હોવાથી તેને દુર્બળતાથી જે બંધ થતો હતો તે થતો નથી, નિર્જરા જ થાય છે. જોકે જ્યાં સુધી અંતરાયનો ઉદય છે ત્યાં સુધી નિર્બળતા છે તોપણ તેના અભિપ્રાયમાં નિર્બળતા નથી, પોતાની શક્તિ અનુસાર કર્મના ઉદયને જીતવાનો મહાન ઉદ્યમ વર્તે છે.**

## ગાથા–૨૩૩ ઉપર પ્રવચન

**'હવે ઉપગૂહન ગુણની વ્યાખ્યા કહે છે :–'** પાંચમું. પાંચમું છે ને આ?

**जो सिद्धभत्तिजुत्तो उवगूहणगो दु सव्वधम्माणं।**
**सो उवगूहणकारी सम्मादिट्ठी मुणेदव्वो।।२३३।।**
**જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,**
**ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૩.**

આ સિદ્ધ એટલે પર નહિ. આહાહા..! મિથ્યાત્વનો જે અભ્યંતર પરિગ્રહ છે એની જ્યાં સુધી એકતાબુદ્ધિ અને એ મારા છે એમ ટળ્યું નથી ત્યાં સુધી બાહ્યનો ત્યાગ એ બધો મિથ્યા ત્યાગ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**ટીકા :– 'કારણ કે સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...'** તેમાં એકત્વપણાને લીધે, એમ. આહાહા..! જ્ઞાયક સ્વભાવ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એના પણાને લીધે એટલે એમાં એકત્વપણાને લીધે **'સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી,...'** સમસ્ત આત્મશક્તિઓ જેટલી છે તેની પર્યાયમાં શુદ્ધિની વૃદ્ધિ કરતો હોવાથી, **'ઉપબૃંહક અર્થાત્ આત્મશક્તિનો વધારનાર છે,...'** આહાહા..! શું કહ્યું ઇ? બાહ્ય પરિગ્રહ દસ પ્રકાર અને અભ્યંતર ચૌદ પ્રકાર, બધા પરિગ્રહથી જેની બુદ્ધિ હટી ગઈ છે અને સ્વભાવનો પરિગ્રહ જે જ્ઞાયકસ્વરૂપનો પરિગ્રહ પકડ્યો છે. આહાહા..! એ 'નિર્જરા અધિકાર'માં પહેલાં આવી ગયું છે. સ્વભાવ ચૈતન્યજ્યોત છે એને પકડ્યો છે, પરિગ્રહ કર્યો છે. પરિગ્રહ–સમસ્ત પ્રકારે ગ્રહ–પકડ્યો છે. આહા..! સમ્યગ્દષ્ટિને પરિગ્રહ સ્વભાવનો છે. આહા..!

**'આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી,...'** કારણ કે એ પોતે પોતાનું સ્વરૂપ આ છે તેથી શક્તિ ઉપર એકત્વબુદ્ધિ છે અને પરની એકત્વબુદ્ધિ ટળી છે તેથી શક્તિઓની પર્યાયમાં વૃદ્ધિ કરતો થકો. શક્તિની વ્યક્તતાની વૃદ્ધિ કરતો થકો. શક્તિઓ તો ત્રિકાળ છે. એ ત્રિકાળ શક્તિને દૃષ્ટિમાં લીધી છે અને એકત્વબુદ્ધિ થઈ છે તેથી તે શક્તિઓની વ્યક્તતાને વધારતો થકો. આહાહા..! અને અસ્થિરતાનો જે રાગ છે તેને ઘટાડતો થકો. આહાહા..!

આવું સ્વરૂપ (છે).

**'સમસ્ત આત્મશક્તિઓની...'** સમસ્ત કેમ કહ્યું? કે જેટલી શક્તિઓ જે દ્રવ્ય સ્વભાવમાં અનંત છે, એ જેનો પરિગ્રહ છે અને મારી ચીજ આ છે એમ જેણે એકત્વબુદ્ધિ કરી છે તેની પર્યાયમાં અનંત શક્તિઓની પર્યાયમાં શુદ્ધિનો અંશ પ્રગટ થાય છે. તે તે શુદ્ધિના અંશને વધારતો જાય છે. આહાહા..! આવી વાતું. **'ઉપબૃંહક અર્થાત્ આત્મશક્તિનો વધારનાર છે, તેથી તેને જીવની શક્તિની દુર્બળતાથી...'** આહાહા..! જે દુર્બળતાથી બંધ થતો હતો તે તેને થતો નથી. આહાહા..! વસ્તુનો સ્વભાવ અનંત શક્તિ સંપન્ન પ્રભુ, તેનો અંતરમાં સ્વીકાર થવાથી તે શક્તિઓની વ્યક્તતાનો જ વધારો થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! એનું નામ આ ઉપબૃંહક (છે). વધારે કરે છે ને? પછી અર્થમાં બીજું લેશે. ગોપવે ઇ, દોષને ગોપવે ઇ. આ પહેલું અસ્તિથી વધારો કરવાનું લીધું. પછી દોષને ગોપવે છે એટલે કે અંદર અભાવ કરે છે, દોષને ઢાંકી દ્યે છે અને પોતાની શુદ્ધિની વૃદ્ધિને પ્રસિદ્ધ કરે છે. એ પહેલું અસ્તિથી આ લીધું. આહાહા..! ઇ પણ આવે છે, કહ્યું ને આ, આ કહ્યું ને શું કીધું? ઇ નાસ્તિથી છે. એ તો કહ્યું ને સાથે. એ હવે હમણાં આવશે. આ અસ્તિથી પહેલી વાત છે.

ઉપબૃહણ (એટલે) વધારે, ઉપગૂહન (એટલે) ઘટાડે-દાબે. એ નાસ્તિથી છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ધન રળે ને ઢગલા થાય, નથી કહેતા? પોતે રળે એમાં ઢગલા ન થાય, પછી ધન વધી ગયું ને પછી એમાંથી ધન વધે. એમ અહીં જે ધન ભગવાનઆત્માનું ધન, સધન અનંત શક્તિઓને જેણે ગ્રહણ કરી, આહાહા..! અનંત અનંત શક્તિઓનો પાર ન મળે એવી બધી શક્તિઓને જેણે પોતાની માનીને ગ્રહણ કરી એ શક્તિની પર્યાયમાં વ્યક્તતા વધતી જાય છે. શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે. 'નિર્જરા અધિકાર' છે ને. નિર્જરાના ત્રણ પ્રકાર છે. એક-કર્મનું ગળવું. સ્વભાવની શુદ્ધિની વૃદ્ધિ થતાં કર્મનું ગળવું એક નિર્જરા. અને એક અશુદ્ધનું ટળવું એ અશુદ્ધનિશ્ચયનયની નિર્જરા અને એક શુદ્ધિની વૃદ્ધિ થવી એક નિર્જરા. સમજાણું કાંઈ? તો આ એણે પહેલું આ લીધું-શુદ્ધિની વૃદ્ધિ. આહા..!

**'આત્મશક્તિઓનો વધારનાર છે, તેથી તેને જીવની શક્તિની દુર્બળતાથી (પર્યાયમાં) (અર્થાત્ મંદતાથી) થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.'** આહાહા..! શું કહે છે? જેને સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદના નાથનો પૂર્ણ શક્તિનો સંગ્રહ થયો, સંગ્રહ થયો એટલે સ્વીકાર કર્યો. શ્રદ્ધા-જ્ઞાનમાં જેણે પૂર્ણાનંદનો સંગ્રહ કર્યો. પરિગ્રહ કર્યો ને? આહાહા..! એની શક્તિઓની શુદ્ધિ પર્યાયમાં વધતી જાય છે. એ વધતી જાય તેથી તેને રાગની મંદતાથી કંઈ રાગ ભાવ આવે એ જરી જાય છે. મંદતાથી બંધ થતો હતો તે એને થતો નથી. આહાહા..! જુઓ! આ સમ્યગ્દષ્ટિના આચાર. આહાહા..! આ એનું આચરણ. શુદ્ધ સ્વભાવ ભગવાનઆત્મા, એનો અનુભવ થયો (ત્યાં) આનંદનો અનુભવ આવ્યો. સમ્યગ્દર્શન થતાં એને આનંદનો અનુભવ આવ્યો. એ આનંદના અનુભવની સાથે બધી શક્તિઓનો અંશ વધી ગયો. આહાહા..!

હજી આ પહેલા સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનની ખબરું ન મળે. એ શક્તિઓનો જ્યાં સ્વીકાર થયો તો ઢગલાબંધ શક્તિઓ જે છે તેની પર્યાયમાં ઢગલાબંધ પર્યાયોની શુદ્ધિ વધતી જાય છે. આહાહા..! અને મંદતાથી જે બંધ થતો, ભાઈ! માર્ગ બહુ ઝીણો છે, બાપુ! આહાહા..! અત્યારે તો આખો ફેરફાર કરી બેઠા. મિથ્યાત્વ શું છે તેના ત્યાગ વિના બધો બાહ્ય ત્યાગ કરીને બેસે એ તો મિથ્યાત્વની પુષ્ટિ કરે છે.

મુમુક્ષુ :– બાહ્ય ત્યાગમાં હેતુ હોય છે.

ઉત્તર :– બાહ્ય ત્યાગ તો છે જ, ત્યાગ જ છે, પર ગ્રહણ કે દિ' કર્યો હતો? બાહ્યનો તો ત્યાગ જ છે અને આ ત્યાગું છું એ માન્યતા તો મિથ્યાત્વ છે. આકરી વાત, ભાઈ! જે ગ્રહ્યું નથી તેને ત્યાગ્યું એમ કહેવું એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, સમ્યગ્દૃષ્ટિને પોતાની શક્તિઓનું જ્ઞાનમાં ભાન થઈને પ્રતીતિ થઈ ગઈ છે તેથી તેની એકતામાં વધારો થતો જાય છે. સમકિત થયું એટલે શક્તિની પ્રતીતિનું જ્ઞાન, અનુભવ, આનંદનો સ્વાદ આવ્યો. એની સાથે અનંતા ગુણની વ્યક્તતાનો સ્વાદ આવ્યો. આહાહા..! અને તેથી તેમાં એકતા હોવાથી તે શુદ્ધિ એને પર્યાયમાં વધતી જાય છે. આહાહા..! ધન રળે ને ઢગલા થાય, ઇ. ધન નામ સ્વરૂપનું ધન છે, આહાહા..! એનો જેણે સ્વીકાર–મારા છે એમ જાણ્યું, એની પર્યાયમાં શક્તિનું ધન વધી જાય છે. આહાહા..!

'કુંદકુંદાચાર્ય'ની શૈલી અદ્ભુત શૈલી છે. અત્યારે તો મૂળ મિથ્યાત્વ શું ને સમકિત શું એની ખબરું વિના બાહ્યના ત્યાગ (કરી બેસે). બાહ્યનો ત્યાગ તો છે જ એમાં તેં ત્યાગ કર્યો (એવું) માન્યું એ શું? એ તો મિથ્યાત્વ છે. પરના ત્યાગગ્રહણ રહિત પ્રભુ તો અનાદિથી છે જ. ફક્ત રાગ ને વિકારને પકડ્યો છે તે મિથ્યાત્વભાવ છે એને છોડવું છે એ ન છોડતાં બાહ્યને છોડવા મંડ્યો. આહાહા..! એ તો મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. બાપુ! આકરું કામ ભાઈ! આહાહા..! એ મિથ્યાત્વનો વધારો કરે છે અને સમ્યગ્દૃષ્ટિ શક્તિની પર્યાયનો શુદ્ધતાનો વધારો કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તેથી તેને જીવની શક્તિની દુર્બળતાથી (અર્થાત્ મંદતાથી) થતો બંધ નથી પરંતુ...'** જરીક નિર્બળતાથી થાય છે એ સબળતાની વૃદ્ધિથી તે નિર્બળતાનો નાશ થઈ જાય છે. આહાહા..! અશુદ્ધતાનો નાશ થઈ જાય છે. કર્મનું ગળવું એ તો પરમાં પરનું (છે). અહીં શુદ્ધિની વૃદ્ધિ થાય છે તેથી અશુદ્ધતા ટળી જાય છે. આહાહા..! શુદ્ધિની ઉત્પત્તિ થાય છે તેથી અશુદ્ધતાનો વ્યય થાય છે. આહાહા..! એ નિર્જરા થાય છે, એમ કીધું. આહાહા..! ગજબ વાત છે.

**ભાવાર્થ :– 'સમ્યગ્દૃષ્ટિ ઉપગૂહનગુણ સહિત છે.'** સામે બીજું લીધું. ઓલું ઉપબૃહણ હતું. **'સમ્યગ્દૃષ્ટિ ઉપગૂહનગુણ સહિત છે. ઉપગૂહન એટલે ગોપવવું તે. અહીં નિશ્ચયનયને**

**પ્રધાન કરીને કહ્યું છે કે સમ્યગ્દષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડેલો છે,...'** (અર્થાત્) પોતાના સ્વરૂપમાં. સિદ્ધ નામ પોતાનું 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આહાહા..! એવો જે ભગવાન સિદ્ધ સ્વરૂપ, તેની ભક્તિ-એકાગ્રતા. આહાહા..! નામ સિદ્ધ શબ્દ પડ્યો છે. અર્થકારે પોતે ... **'સમ્યગ્દષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડેલો છે,...'** એટલે પોતાના સ્વરૂપમાં જોડેલો છે. રાગમાંથી તોડેલો છે. આહાહા..! રાગનું જોડાણ તોડ્યું છે, સ્વભાવનું જોડાણ વધાર્યું છે. આહાહા..!

**'અને જ્યાં ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડ્યો ત્યાં અન્ય ધર્મો પર (પ્રત્યે) દૃષ્ટિ જ ન રહી...'** આહાહા..! શું કીધું ઇ? સ્વરૂપ શુદ્ધ છે એના ઉપર જોડાણ થયું એટલે પછી રાગાદિનું જોડાણ ત્યાં રહ્યું નહિ. **'અન્ય ધર્મો પર (પ્રત્યે) દૃષ્ટિ જ ન રહી...'** રાગાદિ પ્રત્યે તો દૃષ્ટિ જ રહી નહિ. આહાહા..! ઓહોહો..! **'તેથી તે સર્વ અન્ય ધર્મોનો ગોપવનાર છે...'** એ પાઠનો અર્થ છે એનાથી એક બીજો (અર્થ) કર્યો. **'અને આત્મશક્તિનો વધારનાર છે.'** રાગાદિને ઘટાડનાર છે એ ગોપવે છે, એમ કહ્યું. હવે આની શક્તિને વધારનાર છે એ ઉપબૃંહણ છે. આહાહા..! આરે..! આ તે વાતું, ભાઈ! આ કથા નથી કંઈ, આ તો બાપુ! વીતરાગનો (માર્ગ છે). આહાહા..!

**'આ ગુણનું બીજું નામ 'ઉપબૃંહણ' પણ છે.'** જે ટીકામાં છે ઇ. **'ઉપબૃંહણ એટલે વધારવું તે.'** ઓલું ગોપવવું હતું. આ વધારવું. પાઠમાં મૂળ ઇ લીધું છે. તે **'સમ્યગ્દષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધના સ્વરૂપમાં જોડેલો હોવાથી...'** ધર્મીજીવે સિદ્ધ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન, પૂર્ણ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા, તેની સાથે ઉપયોગને જોડ્યો છે. રાગથી જોડાણ તેણે તોડ્યું છે અને સિદ્ધથી જોડાણ છૂટું હતું એને જોડી દીધું છે. આહાહા..! જેણે જોડ્યું તેણે તોડ્યું. જેણે સિદ્ધ સ્વરૂપમાં જોડાણ કર્યું તેણે રાગનું જોડાણ તોડી નાખ્યું છે. આહાહા..! આવી વાતું, ભાઈ!

**'સમ્યગ્દષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધના સ્વરૂપમાં જોડેલો હોવાથી...'** જોયું? **'તેના આત્માની સર્વ શક્તિઓ વધે છે...'** પર્યાયમાં, હોં! શક્તિ વધે છે એટલે શક્તિ છે એટલી તો અનંત છે પણ એનો સ્વીકાર હોવાથી પર્યાયમાં શુદ્ધતાની વૃદ્ધિ વધે છે. આહાહા..! **'આત્મા પુષ્ટ થાય છે...'** આહાહા..! ઓલું હીણાપણું ટળે છે અને અહીં ઉત્કૃષ્ટપણું શુદ્ધિ પુષ્ટ થાય છે. આહાહા..! ચણો જેમ પાણીમાં પોઢો થાય પણ એ તો પોલો પોઢો છે અને આ તો અંદર શક્તિઓ જે અનંત છે એના ઉપર દૃષ્ટિ અને એનો સ્વીકાર હોવાથી તેની શુદ્ધિની પર્યાયમાં વૃદ્ધિ થતી જાય છે. આત્મા પુષ્ટ થાય છે. આહાહા..! પર્યાયમાં જે (શુદ્ધિની) ઓછપ હતી તે પુષ્ટ (-વૃદ્ધિગત) થાય છે. આરે..! આવી વાતું હવે. આહાહા..! **'માટે તે ઉપબૃંહણગુણવાળો છે.'** વધારવાવાળો (છે). આહાહા..! બાહ્ય પરિગ્રહ ઉપર તો જેની દૃષ્ટિ નથી પણ અભ્યંતર રાગાદિ છે તેના ઉપર પણ જેની દૃષ્ટિ નથી. આહાહા..! ભગવાન

પૂર્ણાનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ, એની દૃષ્ટિ હોવાથી તેની શક્તિની પર્યાયમાં પુષ્ટિ થતી જાય છે. આરે..! આવું છે.

**'આ રીતે સમ્યગ્દૃષ્ટિને આત્મશક્તિની વૃદ્ધિ થતી હોવાથી...'** શક્તિની વૃદ્ધિ એટલે પર્યાયમાં શુદ્ધતાની વૃદ્ધિ, એમ. શક્તિઓ છે એમાં (તો) જેટલી છે એટલી ત્રિકાળ (છે). પણ એનો સ્વીકાર થવાથી, આદર થવાથી, આહાહા..! પર્યાયમાં શુદ્ધિની વૃદ્ધિ વધે છે. આહા..! એ એનો ઉપબૃંહણ નામનો સમકિતીનો ગુણ છે, એટલે પર્યાય (છે). આહાહા..! ધર્માત્મા ઉપદેશને કાળે પણ તેની દૃષ્ટિમાં એ ઉપદેશ, વાણી અને એના વિશેનો રાગ નથી. આહાહા..! જેની દૃષ્ટિમાં રાગ ને ઉપદેશ છે એ ઉપદેશક મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! જેની દૃષ્ટિ રાગ અને ઉપદેશ–શબ્દો ઉપર નથી, એમ કહે છે. એમ આવ્યું ને? આહાહા..! તે કાળે પણ જ્ઞાયક સ્વભાવની અનંત શક્તિઓ છે તે ઉપર એની દૃષ્ટિનું ધોરણ બંધાઈ ગયું છે. નજરબંધી કરી છે. નજર આત્મા ઉપર બાંધી દીધી છે. એ નજરબંધીને લઈને બીજું દેખતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? માણસ નથી (કહેતા)? નજરબંધી (થઈ હોય) પછી બીજું દેખે નહિ. એવા અત્યારે થાય છે ને કેટલાક બાવા ને કાંઈક. કાંઈક એવું નાખે કે પછી એને જ દેખે ને એની ભેગો ચાલ્યો જાય. પૈસાવાળો હોય તોય. થયું હતું એવું નહિ કો'કને હમણા? હેં? 'જેઠાભાઈ'. એ નાખે (એટલે એની પાછળ ચાલ્યો જાય) પછી ખબર પડે, ઉતરે ત્યારે. ઓ..ય! માળું આ શું છે? એમ આ નજરબંધી (છે). જેણે નજરું બાંધી છે સિદ્ધ સ્વરૂપમાં. આહા..! એ નજરબંધીની કેડે ચાલ્યો જાય છે. રાગ ને શરીર આદિ પર બાહ્ય પરિગ્રહ કે અભ્યંતર, એના ઉપરથી દૃષ્ટિ ઉઠી ગઈ છે. આહાહા..! આ તો ગૃહસ્થાશ્રમમાં સમકિતી હોય તોય આમ છે, એમ કહે છે. આહાહા..!

**'સમ્યગ્દૃષ્ટિને આત્મશક્તિની વૃદ્ધિ થતી હોવાથી તેને દુર્બળતાથી જે બંધ થતો હતો તે થતો નથી, નિર્જરા જ થાય છે.'** અશુદ્ધતા ખરી જાય છે. આહાહા..! **'જોકે જ્યાં સુધી અંતરાયનો ઉદય છે ત્યાં સુધી નિર્બળતા છે...'** એ ઉદય છે એ નિમિત્તથી કહે છે. ઉદય પોતામાં છે, એમ. **'તોપણ તેના અભિપ્રાયમાં નિર્બળતા નથી,...'** આહાહા..! પર્યાયમાં નિર્બળતા છે પણ અભિપ્રાયમાં નિર્બળતા નથી. અભિપ્રાયમાં તો પૂર્ણાનંદનો નાથ તે બળવાન છે. આહાહા..! એ બળવાનને પડખે ચડી ગયો છે. આહા..! એ નિમિત્તથી કથન છે. મૂળ તો પર્યાયમાં નબળાઈ છે. **'તેના અભિપ્રાયમાં નિર્બળતા નથી,...'** પર્યાયની નિર્બળતા ઉપર દૃષ્ટિ નથી. આહાહા..! અંતર જ્ઞાયક સ્વભાવ પૂર્ણાનંદનો નાથ બળવંત ચૈતન્ય, તેની ઉપર દૃષ્ટિ હોવાથી **'પોતાની શક્તિ અનુસાર કર્મના ઉદયને જીતવાનો મહાન ઉદ્યમ વર્તે છે.'** આહાહા..! સ્વભાવ સન્મુખતાનો પ્રયત્ન ચાલુ છે. સ્વભાવ ભાન છે અને સ્વભાવ સન્મુખનો પ્રયત્ન ચાલુ છે. એથી **'ઉદયને જીતવાનો મહાન ઉદ્યમ વર્તે છે.'** આહાહા..! બહાર છોડે ને ત્યાગે એ વાત અહીં ન લીધી. પણ એ બહાર છોડવું ક્યાં (છે)? મફતના ઇ તો. બહારથી તો

સદાય રહિત જ છે. આ તો બાહ્ય છોડ્યું એટલે જાણે અમે ત્યાગી થયા અને ત્યાગી તરીકે અમને માણસો સ્વીકારે. આહાહા..! એ તો મિથ્યાત્વની પુષ્ટિ છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

**'પોતાની શક્તિ અનુસાર...'** એટલે સ્વભાવ તરફના પ્રયત્નની અનુસાર **'કર્મના ઉદયને જીતવાનો મહાન ઉદ્યમ વર્તે છે.'** આહાહા..! દોષને દબાવે છે અને શક્તિઓને વધારે છે, એમ બે અપેક્ષા લીધી. આહાહા..! સમકિતી પાસે પૈસા હોય અને દાન આમ આપે તો એ પોતે આ પૈસા મેં આપ્યા ને મારા છે, એવી બુદ્ધિ એને નથી. એમાં કંઈ રાગનો ઘટાડો થયો હોય તો પુણ્ય છે, એ પુણ્યથી પણ એકત્વબુદ્ધિ તૂટી ગઈ છે. એ પુણ્ય પરિણામ મારા નથી. આહાહા..! એ રીતે પુણ્ય પરિણામ મારા નથી અને મારું શુદ્ધ પરિપૂર્ણ સ્વરૂપ તે હું છું એમ શુદ્ધતાને વધારતો, નબળાઈને ટાળતો આગળ વધ્યે જાય છે. આહાહા..! સમજાય છે આમાં? 'કાંતિભાઈ'! આવું સ્વરૂપ છે. આહા..! ભાગ્યશાળી બાપા! સાંભળવા રોકાઈ ગયા. આ વસ્તુ, ભાઈ! આ તો વીતરાગના ઘરની છે, બાપા! લોકોએ એના બધા અર્થો જ ફેરવી નાખ્યા. બહારથી આ કર્યું ને આ છોડ્યું ને આ મૂક્યું.

અહીં તો રાગને છોડવો એ પણ એના સ્વરૂપમાં નથી. પરને છોડવું તો એના સ્વરૂપમાં નથી, આહાહા..! પણ રાગનો ત્યાગ કરવો એ પણ નામમાત્ર કથન છે. શુદ્ધિ સ્વભાવની જ્યાં વધે છે, આહાહા..! ત્યાં રાગ ઘટતો જાય છે તેને રાગ ત્યાગ્યો એમ નામમાત્ર કથન છે. બહારના ત્યાગની તો વાતેય શું કરવી? આહાહા..! આવું સ્વરૂપ છે. આહાહા..! એ પાંચમો બોલ થયો. સમ્યગ્દષ્ટિનો પાંચમો ગુણ એટલે નિર્મળ પર્યાય. ગુણ શબ્દે નિર્મળ પર્યાય. ત્રિકાળ ગુણ નહિ. અવગુણની અપેક્ષાએ તેને ગુણ કહેવાય. રાગાદિ છે તે અવગુણ કહેવાય ત્યારે આ એક ગુણ કહેવાય, પણ છે તો એ પર્યાય. અવગુણ પણ વિકારી પર્યાય અને આ ગુણ છે એ પણ અવિકારી પર્યાય. આહાહા..!

**શ્રોતા :- ભૂતકાળના દુઃખોને યાદ શું કામ કરવા?**

**પૂજ્ય ગુરુદેવ :- એવા દુઃખો ફરી ન આવે એ માટે યાદ કરી વૈરાગ્ય કરે છે. મુનિરાજ પણ ભૂતકાળના દુઃખોને યાદ કરીને કહે છે કે હું ભૂતકાળના દુઃખોને યાદ કરું છું ત્યાં કાળજામાં આયુધના ઘા વાગે છે. જુઓ! સમ્યગ્દષ્ટિ મુનિ છે, આનંદનું પ્રચુર વેદન છે, છતાં ભૂતકાળના દુઃખોને યાદ કરી એવા દુઃખો ફરીને ન આવે એ માટે વૈરાગ્ય વધારે છે.**

આત્મધર્મ અંક-૫, જાન્યુઆરી-૨૦૦૮

## ગાથા–૨૩૪

उम्मग्गं गच्छंतं सगं पि मग्गे ठवेदि जो चेदा।
सो ठिदिकरणाजुत्तो सम्मादिट्ठी मुणेदव्वो।।२३४।।
उन्मार्गं गच्छन्तं स्वकमपि मार्गे स्थापयति यश्चेतयिता।
स स्थितिकरणयुक्तः सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२३४।।

यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन मार्गात्प्रच्युतस्यात्मनो मार्गे एव स्थितिकरणात् स्थितिकारी, ततोऽस्य मार्गच्यवनकृतो नास्ति बन्धः किन्तु निर्जरैव।

---

હવે સ્થિતિકરણ ગુણની ગાથા કહે છે :-

ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,
ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદષ્ટિ જાણવો. ૨૩૪.

ગાથાર્થ :- [ यः चेतयिता ] જે ચેતયિતા [ उन्मार्गं गच्छन्तं ] ઉન્માર્ગે જતા [ स्वकम् अपि ] પોતાના આત્માને પણ [ मार्गे ] માર્ગમાં [ स्थापयति ] સ્થાપે છે, [ सः ] તે [ स्थितिकरणयुक्तः ] સ્થિતિકરણયુક્ત (સ્થિતિકરણગુણ સહિત) [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે, જો પોતાનો આત્મા માર્ગથી (અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી) ચ્યુત થાય તો તેને માર્ગમાં જ સ્થિત કરતો હોવાથી, સ્થિતિકારી છે, તેથી તેને માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- જે, પોતાના સ્વરૂપરૂપી મોક્ષમાર્ગથી ચ્યુત થતા પોતાના આત્માને માર્ગમાં (મોક્ષમાર્ગમાં) સ્થિત કરે તે સ્થિતિકરણગુણયુક્ત છે. તેને માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ નથી પરંતુ ઉદય આવેલાં કર્મ રસ દઈને ખરી જતાં હોવાથી નિર્જરા જ છે.

## ગાથા-૨૩૪ ઉપર પ્રવચન

છઠ્ઠો. સ્થિતિકરણગુણની વ્યાખ્યા-

**उम्मग्गं गच्छंतं सगं पि मग्गे ठवेदि जो चेदा।**
**सो ठिदिकरणाजुत्तो सम्मादिट्ठी मुणेदव्वो।।२३४।।**

**ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,**
**ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૪.**

કહ્યું ને એમાંય તે? ઓલામાં આવ્યું હતું ને? બધામાં ચિન્મૂર્તિ (લીધું છે). જ્ઞાનમૂર્તિ, પ્રભુ તો જ્ઞાનમૂર્તિ છે. આહા..! **ટીકા :- 'કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...'** એનો જેને સ્વીકાર હોવાને લીધે, એ જ હું છું. જ્ઞાયકભાવ છે તે હું છું, એમ દૃષ્ટિ હોવાથી. આહાહા..! પર્યાય ઉપરની પણ દૃષ્ટિ નથી, કહે છે. દયા, દાન ને રાગ એ તો પુણ્ય છે એના ઉપર તો દૃષ્ટિ હોય જ શેની? આહાહા..! ઓલો કહે કે, બહારથી ઘટાડ્યું એટલી આકુળતા ઘટી એમ કહે છે, લ્યો! હવે એક શરીરમાત્ર રહ્યું છે મારે તો એટલી આકુળતા (રહી). છે ને એક જુવાન? બહારથી બધું ઘટાડી દીધું એટલી આકુળતા ઘટી. પણ બહાર હતું કે દિ' અંદર તે ઘટે? અંદરમાં તો અજ્ઞાન ને રાગ, દ્વેષ ને એકતાબુદ્ધિ છે એને ઘટાડી? અને એને ઘટાડવું તારું ક્યારે થાય? કે જ્ઞાનસ્વભાવની એકતાબુદ્ધિ કરે ત્યારે રાગની એકતાબુદ્ધિ ટળે. આહાહા..! એ કંઈ બાહ્ય ત્યાગ કર્યે તારી એકતાબુદ્ધિ ટળે એમ છે નહિ. આહાહા..! એણે લખ્યું છે જરી. મિથ્યાત્વના ત્યાગ વિના બાહ્યમાં નિર્ગ્રંથ થઈને, નગ્ન થઈને ફરે છે. ભાઈએ પણ એમ લખ્યું હતું, નહિ? 'ભવ્યસાગર', 'ભવ્યસાગર' ને? એનું આવ્યું હતું, અહીંનું વાંચીને. એક દિગંબર સાધુ છે ને? અઢાર-ઓગણીસ વર્ષની દીક્ષા છે. એમ કે, તમે કહો છો એ પ્રમાણે તો અમે સમકિત સહિત તો સાધુપણું લીધું નથી, મિથ્યાત્વ સહિત લીધું છે. બહારની ક્રિયા મિથ્યાત્વ સહિત લીધી હવે અમે મુનિ છીએ નહિ, એમ લખ્યું છે. અમે મુનિ છીએ જ નહિ. અરે..! બાપુ! હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી ત્યાં મુનિપણા ક્યાં છે? આહાહા..!

ભાઈ! સમ્યગ્દર્શન થયું ત્યાં પ્રભુ આત્માનો બાદશાહ થયો. જે રાગાદિને પોતાનો માનીને રાંક હતો, આહાહા..! પૂર્ણ બાદશાહ અનંત ગુણનો પિંડ પ્રભુ, એનો જ્યાં અંદર સ્વીકાર થયો, બાદશાહે ગાદીએ બેઠો એ. આહા..! બાદશાહીની ગાદીએ બેઠો. રાગાદિ મારો, મને લાભ કરશે એ રાંકની ગાદીએ બેઠો, ભિખારાવેડા. આહાહા..! એણે ઇ વાત કરી છે કે, આ બાહ્ય ત્યાગી કેટલાક અમે જોઈએ છીએ પણ ખડખડ હસતા દેખીએ છીએ. તો એ

હાસ્ય છે એ પરિગ્રહ છે એની એને ખબર નથી. અભ્યંતર પરિગ્રહમાં હાસ્ય આવે છે. રતિ, અરતિ આવે છે ને? હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા અને ત્રણ વેદ, નવ એ અભ્યંતર પરિગ્રહ છે. આહાહા..! ખડખડખડ દાંત કાઢે ને વળી (કહે) અમે બાહ્ય પરિગ્રહના ત્યાગી, પણ અંદર પરિગ્રહના ત્યાગી નથી હજી. હાસ્ય છે ઇ શું છે? અને એને પકડી રાજી રાજી થઈ જાઓ છો, શું છે આ? આહાહા..! 'કર્તા-કર્મ'માં આવે છે ને? પોતાનો ઉદાસીન ભાવ છોડી–ત્યાગીને રાગાદિ ને હાસ્યાદિનો કર્તા થાય છે. આહાહા..!

**'કારણ કે સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ...'** શાશ્વત **'એક જ્ઞાયકભાવમયપણાને લીધે,...'** એ જ હું છું, એને લીધે. આહાહા..! ત્રિકાળી જ્ઞાયકભાવ છે તે હું છું તેને લીધે. **'જો પોતાનો આત્મા માર્ગથી (અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી) ચ્યુત થાય...'** જરીક કોઈક અસ્થિરતા થઈ જાય અને ચ્યુત થાય, આહાહા..! **'તો તેને માર્ગમાં...'** સ્થિર કરવો. આહાહા..! અસ્થિરતાનો ભાગ આવીને અસ્થિર થઈ જાય તો એને માર્ગમાં સ્થિર કરવો, અંદર માર્ગમાં. આહા..! પોતાને.

**'(સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી) ચ્યુત થાય...'** એટલે? ક્યાંય રાગની એકત્વબુદ્ધિ થઈ જાય, રાગના જ્ઞાનમાં જ જ્ઞાન રોકાય જાય, રાગના આચરણમાં જ આચરણ મનાઈ જાય, એ જ્ઞાની એમાં ન માને. એમાંથી છૂટીને પાછો આમાં ચાલ્યો આવે. આહાહા..! બહુ કામ (આકરા). એક એક ગાથા ને એક એક (શ્લોક). આહાહા..! ગજબ વાતું. 'સમયસાર' એટલે.. આહાહા..! 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા' આવે છે ને સ્તુતિ પહેલી? 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડ..' ચૌદ બ્રહ્માંડના ભાવો પ્રભુ તારામાં ભર્યા છે. આહાહા..! એની એક એક કડી, એક એક ગાથા, આહાહા..! પોતાનો આત્મા માર્ગથી કંઈક કંઈક (ચ્યુત થાય), શ્રદ્ધા-જ્ઞાનથી તો ઠીક પણ ચારિત્રથી પણ જરી અસ્થિર થાય તો એને પાછો પોતામાં જોડી દચે. આહા..!

**'તો તેને માર્ગમાં જ સ્થિત કરતો હોવાથી,...'** માર્ગમાં સ્થિત કરતો હોવાથી. એ તો માર્ગમાં સ્થિત કરે જ છે, એમ કહે છે. આહાહા..! **'સ્થિતિકારી છે,...'** પોતામાં સ્થિત, પોતે માર્ગમાં સ્થિત કરે એ સ્થિતિકરણ છે, કહે છે. આહા..! **'ચ્યુત થાય તો તેને માર્ગમાં જ સ્થિત કરતો હોવાથી, સ્થિતિકારી છે, તેથી તેને માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.'** આહાહા..! એવો કોઈ અસ્થિરતાનો ભાવ આવી જાય તો એને છોડી દચે અને પોતાને સ્વભાવમાં સ્થાપે એથી તે અસ્થિરતાની નિર્જરા થઈ જાય, એમ કહે છે. આહા..! કેમકે ક્ષણે ને પળે ભેદજ્ઞાન તો વર્તે જ છે. હું આ રાગ નહિ અને હું સ્વભાવ, એવું ભેદજ્ઞાન તો નિરંતર વર્તે છે. આહાહા..! સમ્યગ્દષ્ટિને નિરંતર રાગ અને સ્વભાવ વચ્ચેની ભેદજ્ઞાનશક્તિ તો પ્રગટ થઈ છે. આહાહા..! એ પ્રગટ થઈ છે એ નિરંતર રહે છે. પછી પ્રગટ નવી કરવી છે એમ નથી, એમ કહે છે. આહાહા..! જરી અસ્થિરતાનો

ભાગ આવ્યો છતાં ભેદ તો વર્તે જ છે અંદર, છતાં વિશેષ અંદર સ્થિર કરે તો અસ્થિરતા ટળી જાય છે. આહાહા..! પરની એકતાબુદ્ધિ તો ટળી ગઈ છે પણ અસ્થિરતાનો ભાવ જે આવે છે, આહાહા..! તેને પણ સ્થિરતા દ્વારા તેનો નાશ કરે છે. આહાહા..! શરતું બહુ મોટી. આહાહા..! મોટા કામ છે ને, બાપા! ફળ મોટા, પરમાત્મા. જેના જન્મ-મરણના અંત આવી ગયા, જેને સાદિ અનંત આનંદ આવે, સાદી અનંત કેવળજ્ઞાન. આહાહા..! એના ફળની શું વાતું કરવી!

**ભાવાર્થ :– 'જે, પોતાના સ્વરૂપરૂપી...'** સ્વરૂપરૂપી **'મોક્ષમાર્ગથી ચ્યુત થતા...'** સ્વરૂપરૂપી મોક્ષમાર્ગ, હોં! **'પોતાના આત્માને માર્ગમાં (મોક્ષમાર્ગમાં) સ્થિત કરે તે સ્થિતિકરણગુણયુક્ત છે...'** પર્યાય. **'તેને માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ નથી પરંતુ ઉદય આવેલા કર્મ રસ દઈને ખરી જતાં હોવાથી નિર્જરા જ છે.'** વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**મુમુક્ષુને સત્સમાગમ વગેરેનો શુભભાવ આવે પણ સાથે સાથે અંદર શુદ્ધતાનું ધ્યેય–શોધકવૃત્તિ–ચાલુ રહે છે. જે શુદ્ધતાને ધ્યેયરૂપે કરતો નથી અને પર્યાયમાં ગમે એટલી અશુદ્ધતા હોય તેથી મારે શું?–એમ સ્વચ્છંદપણે વર્તે છે તે શુષ્કજ્ઞાની છે. મુમુક્ષુજીવ શુષ્કજ્ઞાની ન થઈ જાય, હૃદયને ભિંજાયેલું રાખે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે : કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ. કોઈ જીવો રાગની ક્રિયામાં જડ જેવા થઈ રહ્યા છે એ કોઈ જીવો જ્ઞાનના એકલા ઉઘાડની વાતો કરે તે અંદર પરિણામમાં સ્વચ્છંદ સેવનાર નિશ્ચયાભાસી છે. ગમે તેવા પાપના ભાવ આવે તેની દરકાર નહિ તે સ્વચ્છંદી છે, સ્વતંત્ર નહિ. જેને પાપનો ભય નથી, પરથી ને રાગથી ઉદાસીનતા આવી નથી તે જીવ લૂખો છે–શુષ્કજ્ઞાની છે. ભાઈ! પાપનું સેવન કરીને નરકે જઈશ, તિર્યંચમાં અવતાર થશે. કુદરતના નિયમથી વિરુદ્ધ કરીશ તો કુદરત તને છોડશે નહિ. માટે હૃદયને ભિંજાયેલું રાખવું, શુષ્કજ્ઞાની ન થઈ જવું. અહા! બહુ આકરું કામ ભાઈ!**

આત્મધર્મ અંક–૮, એપ્રિલ–૨૦૦૭

# ગાથા-૨૩૫

जो कुणदि वच्छलत्तं तिण्हं साहूण मोक्खमग्गम्हि।
सो वच्छलभावजुदो सम्मादिट्ठी मुणेदव्वो।।२३५।।

यः करोति वत्सलत्वं त्रयाणां साधूनां मोक्षमार्गे।
स वत्सलभावयुतः सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२३५।।

यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन सम्यग्दर्शनज्ञानचारित्राणां स्वस्माद-भेदबुद्धया सम्यग्दर्शनान्मार्गवत्सलः, ततोऽस्य मार्गानुपलम्भकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।

---

હવે વાત્સલ્ય ગુણની ગાથા કહે છે :-

જે મોક્ષમાર્ગે 'સાધુ'ત્રયનું વત્સલત્વ કરે અહો !
ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૫.

ગાથાર્થ :- [ यः ] જે (ચેતયિતા) [ मोक्षमार्गे ] મોક્ષમાર્ગમાં રહેલા [ त्रयाणां साधूनां ] સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ત્રણ સાધકો-સાધનો પ્રત્યે (અથવા વ્યવહારે આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ-એ ત્રણ સાધુઓ પ્રત્યે) [ वत्सलत्वं करोति ] વાત્સલ્ય કરે છે, [सः] તે [ वत्सलभावयुतः ] વત્સલભાવયુક્ત (વત્સલભાવ સહિત) [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પોતાથી અભેદબુદ્ધિએ સમ્યક્‌પણે દેખતો (-અનુભવતો) હોવાથી, માર્ગવત્સલ અર્થાત્ મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો છે, તેથી તેને માર્ગની *અનુપલબ્ધિથી થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- વત્સલપણું એટલે પ્રીતિભાવ. જે જીવ મોક્ષમાર્ગરૂપી પોતાના સ્વરૂપ પ્રત્યે પ્રીતિવાળો-અનુરાગવાળો હોય તેને માર્ગની અપ્રાપ્તિથી થતો બંધ નથી, કર્મ રસ દઈને ખરી જતાં હોવાથી નિર્જરા જ છે.

---

* અનુપલબ્ધિ = પ્રત્યક્ષ ન હોવું તે; અજ્ઞાન; અપ્રાપ્તિ.

**પ્રવચન નં. ૩૦૯ ગાથા-૨૩૫, ૨૩૬ બુધવાર, ભાદરવા વદ ૭, તા. ૧૨-૦૯-૧૯૭૯**

વાત્સલ્ય ગુણની ગાથા.

**जो कुणदि वच्छलत्तं तिण्हं साहूण मोक्खमग्गम्हि।**
**सो वच्छलभावजुदो सम्मादिट्ठी मुणेदव्वो।।२३५।।**

**જે મોક્ષમાર્ગે 'સાધુ'ત્રયનું વત્સલત્વ કરે અહો !**
**ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૫.**

ટીકા :- સમ્યગ્દૃષ્ટિ એટલે કે ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ આનંદ સ્વરૂપ પરમ જ્ઞાયક પારિણામિક સ્વભાવ, તેની સન્મુખ થઈને જ્ઞાન કરીને પ્રતીત કરે એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે. આહાહા..! ધર્મની પહેલી શરૂઆત. વસ્તુ જે સત્ય સમ્યક્ ચૈતન્ય છે એની અંતર સન્મુખમાં તેનું જ્ઞાનમાં સ્વીકાર ને શ્રદ્ધામાં પ્રતીતિ (થઈ), આહાહા..! ત્યારે તેને આનંદનો અંશે અનુભવ આવે એને ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે, ધર્મની શરૂઆતવાળો કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...'** જુઓ! આવ્યું ઇ, આવ્યું ને? આહાહા..! ટંકોત્કીર્ણ એટલે શાશ્વત. આત્મા જે જ્ઞાયકભાવપણે શાશ્વત છે પરમ પારિણામિક સ્વભાવપણે તે શાશ્વત છે. પરમ પારિણામિક ન લીધું કેમકે પારિણામિક તો બીજા દ્રવ્યમાંય છે. એથી અહીં જ્ઞાયકભાવ નિત્યાનંદ પ્રભુ, **'જ્ઞાયકભાવમયપણાને લીધે...'** આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જ્ઞાયકભાવમયપણાને લીધે. આહાહા..!

**'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને...'** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર. એટલે સ્વરૂપ જ્ઞાયકભાવ તેની પ્રતીતિ, તેનું જ્ઞાન અને તેમાં રમણતા. આત્મશ્રદ્ધા, આત્મજ્ઞાન ને આત્મચારિત્ર-રમણતા. આહાહા..! એ **'પોતાથી અભેદબુદ્ધિએ સમ્યક્પણે દેખતો...'** એ ત્રણને આત્માથી અભેદપણે.. આહાહા..! આત્માથી આ ત્રણને **'અભેદબુદ્ધિએ સમ્યક્પણે દેખતો (--અનુભવતો) હોવાથી, માર્ગવત્સલ અર્થાત્ મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો છે,...'** આહાહા..! વસ્તુ સ્વરૂપ જે ભગવાન ચિદાનંદ... બહુ ઝીણી વાત, ભાઈ! જ્ઞાયકભાવ જે નિત્યાનંદ ધ્રુવ, એ પણાની દૃષ્ટિ ને જ્ઞાન હોવાથી તેનું દર્શન, જ્ઞાન ને ચારિત્ર પોતાથી અભેદપણે દેખતો. આહા..! એ ત્રણને અભેદપણે અનુભવતો. આહાહા..! હોવાથી, **'સમ્યક્પણે દેખતો (--અનુભવતો) હોવાથી,...'** સમ્યક્પણે પોતાથી અભેદ અનુભવતો હોવાથી **'માર્ગવત્સલ અર્થાત્ મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો છે,...'** આ પ્રીતિ એટલે આ, રાગ નહિ.

એ તો નિર્જરામાં પહેલું આવી ગયું હતું ને? ઓલું પ્રીતિ નહિ? પ્રીતિવંત બને, રુચિ

ને પ્રીતિ, સંતોષ. 'પ્રીતિ' શબ્દે આ રાગ નહિ. જે જ્ઞાયકભાવ પરિપૂર્ણ પ્રભુ, એને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી અભેદથી શ્રદ્ધે, અનુભવે એનું નામ પ્રીતિ કહેવામાં આવે છે. આહા..! '**તેથી તેને...**' તેના '**પ્રત્યે અતિ પ્રીતિવાળો છે,...**' એમ ભાષા છે. એકલી પ્રીતિ એમ નહિ. અતિ પ્રીતિ. ભગવાન જ્ઞાયક સ્વરૂપ પ્રભુ, આહાહા..! એની સન્મુખની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા. એને પોતાથી એકપણે અનુભવતો.. આહાહા..! તેને મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો કહેવામાં આવે છે. છે તો મોક્ષમાર્ગ પર્યાય, પણ દ્રવ્યથી તેને અભેદ અનુભવે છે તેથી તેને મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો છે (એમ કહ્યું છે). આવી વાતું છે, આહાહા..! સમજાણું કાંઈ? આ આઠ બોલનું ક્યાંય વિસ્તારમાં બહુ નથી આવ્યું, આ દસલક્ષણીમાં. આઠનું નથી આવ્યું. બ્રહ્મચર્યમાં આવ્યું હોય તો વળી ...

'**તેથી તેને માર્ગની અનુપલબ્ધિથી...**' માર્ગનું પ્રત્યક્ષ ન હોવું. (અનુપલબ્ધિ અર્થાત્) અજ્ઞાન, અપ્રાપ્તિ. તેનાથી જે બંધ થતો (તે) નથી. માર્ગની પ્રાપ્તિ થઈ એટલે અપ્રાપ્તિથી બંધ થતો નથી. અપ્રાપ્તિથી બંધ હતો તે બંધ થતો નથી. આહાહા..! '**તેથી તેને માર્ગની અનુપલબ્ધિથી...**' માર્ગ પ્રાપ્ત થયો છે (તેથી) અનુપલબ્ધિથી જે બંધ થતો તે એને નથી. આહાહા..! '**પરંતુ નિર્જરા જ છે.**' આહાહા..!

ભાવાર્થ :– '**વત્સલપણું એટલે પ્રીતિભાવ. જે જીવ મોક્ષમાર્ગરૂપી પોતાની સ્વરૂપ પ્રત્યે પ્રીતિવાળો–અનુરાગવાળો હોય...**' આહાહા..! એને અનુસરીને પ્રેમમાં પડ્યો હોય. આહાહા..! પુણ્યને પણ ધર્માનુરાગમાં કહેવામાં આવે છે. ધર્માનુરાગ–ધર્મનો પ્રેમ. આ (પ્રેમ) જુદો. પુણ્યભાવને ધર્માનુરાગ, સમકિતીને હોં! પુણ્યભાવને ધર્માનુરાગ, ધર્મનો પ્રેમ (કહ્યો છે), પણ છે રાગ, એ આ નહિ. અહીં તો અનુરાગવાળો. ત્રિકાળી સ્વરૂપની પ્રીતિવાળો–અનુરાગવાળો, એમ. આરે..! આહાહા..! જેને ભગવાન સર્વજ્ઞ પરમાત્મસ્વરૂપ આત્મા, તેના જેને પ્રેમ લાગ્યા છે એ પ્રેમ ક્યારે કહેવાય? કે એનું દર્શન, જ્ઞાન ને ચારિત્ર થયું છે તે તેનો પ્રેમ લાગ્યો છે. આહાહા..! અને પરથી જેને પ્રેમ છૂટી ગયો છે. આહાહા..! '**તેને માર્ગની અપ્રાપ્તિથી થતો બંધ નથી,...**' આહાહા..! કંઈક '**કર્મ રસ દઈને ખરી જતાં હોવાથી નિર્જરા જ છે.**' આહા..! કંઈક ઉદયમાં આવે રાગાદિ, પણ તેમાં તેનો પ્રેમ નથી. પ્રીતિ તો અહીં દર્શન, જ્ઞાન, ચારિત્રમાં છે. તેથી તે ઉદય(માં) આવ્યો જરી રાગ (તે) ખરી જાય છે. આહાહા..! સમજાણું?

હમણાં કહ્યું નહિ? ઓલા પુણ્યની વાત. ભાઈએ કરી છે, પંડિતજીએ. આ પૈસા આદિ મળવા એ પુણ્યને લઈને છે પણ મળ્યા છે એ પાપ છે. પરિગ્રહ છે ને? બાહ્ય પરિગ્રહ છે ને? ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ, દસ પ્રકારનો (બાહ્ય) પરિગ્રહ, (એમ) ચોવીસ. ભલે બાહ્ય છે પણ છે તો પરિગ્રહ ને? અને એને પાપમાં ગણ્યા છે ને? એ પૈસા આદિ પ્રાપ્ત થવા એ પુણ્યને લઈને છે પણ મળ્યા છે તે પાપ છે. એ..ઇ...!

એ ચીજ જ પાપ છે. બાહ્ય પરિગ્રહ છે એ પોતે પાપ છે. ઝીણી વાત છે. ચોવીસ

પ્રકારનો પરિગ્રહ છે કે નહિ? ચૌદ અભ્યંતર અને દસ બાહ્ય. તો દસ બાહ્યમાં એ સોનું, રૂપું-ચાંદિ આદિ આવી ગયું કે નહિ? આહા..! તો એ ચોવીસ પ્રકારના પરિગ્રહમાં એ બાહ્ય પરિગ્રહ છે. ત્યારે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ બેયને પાપ કહ્યો છે. આહાહા..! 'રતિભાઈ'! આવી વાતું છે. માળાએ બહુ ખુલાસા કર્યા છે. એક જ લીટી, બે લીટીમાં આટલું બધું સમાડ્યું કે, ભઈ! આ બહારની જે અનુકૂળ સામગ્રી મળે તે છે તો પુણ્યનો ઉદય પણ મળી છે તે પાપ છે. આહાહા..! અને તેને ભોગવવાનો ભાવ તે પાપ છે, પણ તેને શુભકાર્યમાં વાપરવાનો ભાવ પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..! અકિંચન. આહાહા..!

અહીંયાં તો રાગ અને બાહ્ય કોઈ ચીજ મારી નથી. મારી ચીજ તો જ્ઞાયક સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ, એવો જે પરના ત્યાગ સ્વરૂપ અને સ્વભાવમાં લીનતા સ્વરૂપ, એને ત્યાં અકિંચનધર્મમાં કહેવામાં આવ્યું છે. આહાહા..! 'આત્મધર્મ'માં આવ્યું હતું, આપણે કંઈ વાંચ્યું નથી. આ તો હાથમાં આવ્યું ને? ઉત્તમ ક્ષમાનું થોડું જોયું (તો થયું) ભારે વાત, ભાઈ! 'નવરંગભાઈ' વાંચ્યું છે કે નહિ? નથી વાંચ્યું? આવ્યું છે કે નહિ? ઠીક, આવે છે. આહાહા..! બધાને વાંચવા જેવું છે, ભાઈ! આહાહા..!

પરિગ્રહ વાપરવાથી કોઈ ધર્મ ન થાય, ધર્માનુરાગ પ્રત્યે હોય તો પુણ્ય છે. (પરિગ્રહ) પોતે પાપ છે, મળે છે પુણ્યને લઈને, છે પાપ. એને ભોગવવામાં પાપ (છે), પૈસા મારા એને ભોગવું, સ્ત્રી આદિ. આહાહા..! મળ્યા છે પુણ્યને લઈને. સ્ત્રી, કુટુંબ, પૈસા આદિ, આ બધા કારખાના છે પુણ્યને લઈને પણ છે ઇ વર્તમાન પાપ અને એને ભોગવવા માટેનો પ્રેમ-રાગ એ પાપ (છે) પણ એને કોઈ શુભ કાર્ય માટે વાપરે તો પુણ્ય (છે), ધર્મ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો કોઈ પાંચ-દસ લાખ આપે ત્યાં તો મોટો ધર્મી, ધર્મ ધુરંધર, બસ! ભારે ધર્મી (એમ થઈ જાય). દુનિયાની લાઈન જ આખી ફેર થઈ ગઈ છે. સમાજમાં અને અહીંયાં. સમાજમાં તો એમ કે સરખું ભોગવો બધા, સરખો ભાગ પાડો. આ ધર્મમાં એમ નથી. ધર્મમાં તો પુણ્યના ઉદયને લઈને મોટું ચક્રવર્તીનું રાજ હોય અને બીજાને ન હોય એથી કરીને.. આહાહા..! ચક્રવર્તીનું રાજ હોય છતાં દૃષ્ટિમાં તે અપરિગ્રહ છે. જેટલે અંશે દૃષ્ટિ પ્રગટીને અકષાય ભાવ પ્રગટ્યો એટલે અંશે એ અપરિગ્રહી છે અને અજ્ઞાની પાસે કાંઈ ન હોય છતાં એને રાગની એકતાબુદ્ધિ છે તો પરિગ્રહ-મોટો મિથ્યાત્વનો પરિગ્રહ પડ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- ગરીબનું જ્યાં હોય ત્યાં એવું જ.

ઉત્તર :- ગરીબ કહેવો કોને? ખરેખર તો પાપનો ઉદય છે તેથી તે ગરીબાઈ કહેવાય. સમજાણું? મુનિરાજને પણ પાપના ઉદયે રોગાદિ આવે એથી કંઈ એને પાપી કહેવાય? હેં? આહાહા..! મુનિ મહા ચક્રવર્તી...

મુમુક્ષુ :- મુનિરાજને તો અશુભભાવ બિલકુલ નથી.

ઉત્તર :– અશુભ નથી એની વાત નથી પણ અહીં એને રોગ આવ્યો છે, એ કંઈ એને પાપી કહેવાય? કારણ કે એનું ત્યાંથી લક્ષ છૂટી ગયું છે. આહાહા..! અને દૃષ્ટિમાં ચૈતન્ય ભગવાનને ભાળે છે. એથી તેને પાપી ન કહેવાય, એ ધર્મી છે. આહાહા..! સમજાય છે કાંઈ? એને પુણ્યવંતેય ન કહેવાય. એને પાપી ન કહેવાય, એને પુણ્યવંત ન કહેવાય, એને તો ધર્મી કહેવાય. આહાહા..!

ઓલું એક 'શ્રીમદ્'માં આવે છે ને? 'શરીરનો ધર્મ જીવપદમાં જણાય છે' એ વ્યવહાર છે. શરીરનો જે સ્વભાવ છે, જે થાય, રોગાદિ અનેક પ્રકારે હોય, આહાહા..! એ જ્ઞાયકપદ જાણે છે કે આ છે. શરીરનો ધર્મ જીવપદમાં જણાય છે. જીવપદમાં એ થાતો નથી. આહાહા..! 'સનતકુમાર' ચક્રવર્તી મહાપુણ્યશાળી હતા. મુનિ થયા ત્યાં રોગ આવ્યો, ગળત કોઢ. માટે તે પાપી છે એમ કહેવાય? આહાહા..! કારણ કે તે પરિગ્રહનો તો ત્યાગ છે એની અંદર. બાહ્ય પરિગ્રહ ને અભ્યંતર પરિગ્રહનો તો ત્યાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને અભ્યંતર પરિગ્રહમાં જેને રાગની એકતાબુદ્ધિ છે, ત્યાગ નથી એને બહારમાં લક્ષ્મી આદિ સાધન ન પણ હોય, સાધન ન હોય છતાં તે પરિગ્રહવંત છે. આહાહા..! આવો આંતરો છે. સમાજમાં તો એમ માને કે આપણે સરખું ભોગવવું, એમ માને ને? સરખા ભાગ પાડો. કોણ (પાડે?) ધર્મમાં એમ નથી. ધર્મમાં તો ચક્રવર્તીના રાજ હોય છતાં એ ધર્મી છે, સમકિતદૃષ્ટિ છે. આહાહા..! એ રાગના ભાગ પાડે તો બરાબર છે એમ નથી ત્યાં. વાતું બહુ ફેર, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે, પ્રભુ! જે અભ્યંતર ને બાહ્ય પરિગ્રહથી રહિત પ્રભુ છે, એની જેને પ્રતીતિ, જ્ઞાન ને રમણતા જાગી છે, તેને તેના ધર્મ પ્રત્યે તે અતિ પ્રેમવાળો છે. પ્રેમ એટલે વિકલ્પ–રાગ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે, ભાઈ! એ સાધારણ લૌકિકના માપથી મપાય એવો નથી. આહાહા..! એના માપ કોઈ જુદી જાતના છે. આહાહા..! તેને કંઈ ઉદયનો ભાવ આવે એ ખરી જાય છે. કેમકે દર્શન, જ્ઞાન, ચારિત્રની રમણતા છે તેથી પૂર્વનો ભાવ ખરી જાય છે. આહા..! એ સાતમો વાત્સલ્ય (બોલ થયો).

ઓલું **'साहू'** છે ને? **'तिण्हं साहूण'** એનો અર્થ આમાં સાધક કર્યો, સાધકભાવ જે દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સાધકભાવ તેને (**'तिण्हं साहूण'** કહ્યું). પણ 'જયસેનાચાર્યે' ત્રણ સાધુ લીધા–આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ. એના પ્રત્યે તેને પ્રેમ હોય એ વિકલ્પ, વ્યવહાર નાખ્યો છે. શું કીધું? પોતે જે સાધકભાવ છે, દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સ્વરૂપનો સાધકભાવ છે તેનો તેને પ્રેમ છે એટલી વાત અહીંયાં લીધી પણ 'જયસેનાચાર્યે' વ્યવહારેય નાખ્યો છે. જેને દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ્યા છે એવા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એના પ્રત્યે પ્રેમ છે તે પણ વ્યવહાર વાત્સલ્ય છે. આ નિશ્ચય વાત્સલ્ય છે, ઓલું વ્યવહાર વાત્સલ્ય છે. આહાહા..! નિશ્ચય વાત્સલ્ય નિર્જરાનું કારણ છે, વ્યવહાર વાત્સલ્ય પુણ્યબંધનું કારણ છે. આહાહા..! એવું આવે. સમજાણું કાંઈ? આહાહા..!

## ગાથા-૨૩૬

विज्जारहमारूढो मणोरहपहेसु भमइ जो चेदा।
सो जिणणाणपहावी सम्मादिट्ठी मुणेदव्वो।।२३६।।
विद्यारथमारूढः मनोरथपथेषु भ्रमति यश्चेतयिता।
स जिनज्ञानप्रभावी सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२३६।।

यतो हि सम्यग्दृष्टिः, टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन ज्ञानस्य समस्तशक्तिप्रबोधेन प्रभावजननात्प्रभावनाकरः, ततोऽस्य ज्ञानप्रभावनाऽप्रकर्षकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।

---

હવે પ્રભાવના ગુણની ગાથા કહે છે :-

ચિન્મૂર્તિ મન-રથપંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો,
તે જિનજ્ઞાનપ્રભાવકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૬.

ગાથાર્થ :- [ यः चेतयिता ] જે ચેતયિતા [ विद्यारथम् आरूढः ] વિદ્યારૂપી રથમાં આરૂઢ થયો થકો (-ચડયો થકો) [ मनोरथपथेषु ] મનરૂપી રથ-પંથમાં (અર્થાત્ જ્ઞાનરૂપી જે રથને ચાલવાનો માર્ગ તેમાં) [ भ्रमति ] ભ્રમણ કરે છે, [ सः ] તે [ जिनज्ञानप्रभावी ] જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના કરનારો [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે જ્ઞાનની સમસ્ત શક્તિને પ્રગટ કરવા-વિકસાવવા-ફેલાવવા વડે પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી, પ્રભાવના કરનાર છે, તેથી તેને જ્ઞાનની પ્રભાવનાના અપ્રકર્ષથી (અર્થાત્ જ્ઞાનની પ્રભાવના નહિ વધારવાથી) થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- પ્રભાવના એટલે પ્રગટ કરવું, ઉદ્યોત કરવો વગેરે; માટે જે પોતાના જ્ઞાનને નિરંતર અભ્યાસથી પ્રગટ કરે છે-વધારે છે, તેને પ્રભાવના અંગ હોય છે. તેને અપ્રભાવનાકૃત કર્મબંધ નથી, કર્મ રસ દઈને ખરી જાય છે તેથી નિર્જરા જ છે.

આ ગાથામાં નિશ્ચયપ્રભાવનાનું સ્વરૂપ કહ્યું છે. જેમ જિનબિંબને રથમાં સ્થાપીને નગર, વન વગેરેમાં ફેરવી વ્યવહારપ્રભાવના કરવામાં આવે છે, તેમ જે વિદ્યારૂપી (જ્ઞાનરૂપી) રથમાં આત્માને સ્થાપી મનરૂપી (જ્ઞાનરૂપી) માર્ગમાં ભ્રમણ કરે તે જ્ઞાનની પ્રભાવનાયુક્ત સમ્યગ્દૃષ્ટિ છે, તે નિશ્ચયપ્રભાવના કરનાર છે.

આ પ્રમાણે ઉપરની ગાથાઓમાં સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને નિઃશંકિત આદિ આઠ ગુણો નિર્જરાનાં કારણ કહ્યા. એવી જ રીતે અન્ય પણ સમ્યક્ત્વના ગુણો નિર્જરાનાં કારણ જાણવા.

આ ગ્રંથમાં નિશ્ચયનયપ્રધાન કથન હોવાથી નિઃશંકિત આદિ ગુણોનું નિશ્ચય સ્વરૂપ (સ્વ-આશ્રિત સ્વરૂપ) અહીં બતાવવામાં આવ્યું છે. તેનો સંક્ષેપ (સારાંશ) આ પ્રમાણે છે - જે સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાનાં જ્ઞાન-શ્રદ્ધાનમાં નિઃશંક હોય, ભયના નિમિત્તે સ્વરૂપથી ડગે નહિ અથવા સંદેહયુક્ત ન થાય, તેને નિઃશંકિત ગુણ હોય છે. ૧. જે કર્મનાં ફળની વાંછા ન કરે તથા અન્ય વસ્તુના ધર્મોની વાંછા ન કરે, તેને નિઃકાંક્ષિત ગુણ હોય છે. ૨. જે વસ્તુના ધર્મો પ્રત્યે ગ્લાનિ ન કરે, તેને નિર્વિચિકિત્સા ગુણ હોય છે. ૩. જે સ્વરૂપમાં મૂઢ ન હોય, સ્વરૂપને યથાર્થ જાણે, તેને અમૂઢદૃષ્ટિ ગુણ હોય છે. ૪. જે આત્માને શુદ્ધ સ્વરૂપમાં જોડે, આત્માની શક્તિ વધારે, અન્ય ધર્મોને ગૌણ કરે, તેને ઉપબૃંહણ અથવા ઉપગૂહન ગુણ હોય છે. ૫. જે સ્વરૂપથી ચ્યુત થતા આત્માને સ્વરૂપમાં સ્થાપે, તેને સ્થિતિકરણ ગુણ હોય છે. ૬. જે પોતાના સ્વરૂપ પ્રત્યે વિશેષ અનુરાગ રાખે, તેને વાત્સલ્ય ગુણ હોય છે. ૭. જે આત્માના જ્ઞાનગુણને પ્રકાશિત કરે-પ્રગટ કરે, તેને પ્રભાવના ગુણ હોય છે. ૮. આ બધાય ગુણો તેમના પ્રતિપક્ષી દોષો વડે જે કર્મબંધ થતો હતો તેને થવા દેતા નથી. વળી આ ગુણોના સદ્ભાવમાં, ચારિત્રમોહના ઉદયરૂપ શંકાદિ પ્રવર્તે તોપણ તેમની (-શંકાદિની) નિર્જરા જ થઈ જાય છે, નવો બંધ થતો નથી; કારણ કે બંધ તો પ્રધાનતાથી મિથ્યાત્વની હયાતીમાં જ કહ્યો છે.

સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં ચારિત્રમોહના ઉદયનિમિત્તે સમ્યગ્દૃષ્ટિને જે બંધ કહ્યો છે તે પણ નિર્જરારૂપ જ (-નિર્જરા સમાન જ) જાણવો કારણ કે સમ્યગ્દૃષ્ટિને જેમ પૂર્વે મિથ્યાત્વના ઉદય વખતે બંધાયેલું કર્મ ખરી જાય છે તેમ નવીન બંધાયેલું કર્મ પણ ખરી જાય છે; તેને તે કર્મના સ્વામીપણાનો અભાવ હોવાથી તે આગામી બંધરૂપ નથી, નિર્જરારૂપ જ છે. જેવી રીતે-કોઈ પુરુષ પરાયું દ્રવ્ય ઉધાર લાવે તેમાં તેને મમત્વબુદ્ધિ નથી, વર્તમાનમાં તે દ્રવ્યથી કાંઈ કાર્ય કરી લેવું હોય તે કરીને કરાર પ્રમાણે નિયત સમયે ધણીને આપી દે છે; નિયત સમય આવતાં સુધી તે દ્રવ્ય પોતાના ઘરમાં પડ્યું રહે તોપણ તે પ્રત્યે મમત્વ નહિ હોવાથી તે પુરુષને તે દ્રવ્યનું બંધન નથી, ધણીને દઈ દીધા બરાબર જ છે; તેવી જ રીતે-જ્ઞાની કર્મદ્રવ્યને પરાયું જાણતો હોવાથી તેને તે પ્રત્યે મમત્વ નથી માટે તે મોજૂદ હોવા છતાં નિર્જરી ગયા સમાન જ છે એમ જાણવું.

આ નિઃશંકિત આદિ આઠ ગુણો વ્યવહારનયે વ્યવહારમોક્ષમાર્ગ પર નીચે પ્રમાણે લગાવવા :- જિનવચનમાં સંદેહ ન કરવો, ભય આવ્યે વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રથી ડગવું નહિ, તે નિઃશંકિતપણું છે. ૧. સંસાર-દેહ-ભોગની વાંછાથી તથા પરમતની વાંછાથી વ્યવહાર-મોક્ષમાર્ગથી ડગવું નહિ તે નિષ્કાંક્ષિતપણું છે. ૨. અપવિત્ર, દુર્ગંધવાળી-એવી એવી વસ્તુઓના

**નિમિત્તે વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિ પ્રત્યે ગ્લાનિ ન કરવી તે નિર્વિચિકિત્સા છે. ૩. દેવ, ગુરુ, શાસ્ત્ર, લોકની પ્રવૃત્તિ, અન્યમતાદિકના તત્ત્વાર્થનું સ્વરૂપ-ઇત્યાદિમાં મૂઢતા ન રાખવી, યથાર્થ જાણી પ્રવર્તવું તે અમૂઢદૃષ્ટિ છે. ૪. ધર્માત્મામાં કર્મના ઉદયથી દોષ આવી જાય તો તેને ગૌણ કરવો અને વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિને વધારવી તે ઉપગૂહન અથવા ઉપબૃંહણ છે. ૫. વ્યવહારમોક્ષમાર્ગથી ચ્યુત થતા આત્માને સ્થિત કરવો તે સ્થિતિકરણ છે. ૬. વ્યવહારમોક્ષમાર્ગમાં પ્રવર્તનાર પર વિશેષ અનુરાગ હોવો તે વાત્સલ્ય છે. ૭. વ્યવહારમોક્ષમાર્ગનો અનેક ઉપાયો વડે ઉદ્યોત કરવો તે પ્રભાવના છે. ૮. આ પ્રમાણે આઠે ગુણોનું સ્વરૂપ વ્યવહારનયને પ્રધાન કરીને કહ્યું. અહીં નિશ્ચયપ્રધાન કથનમાં તે વ્યવહારસ્વરૂપની ગૌણતા છે. સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણદૃષ્ટિમાં બન્ને પ્રધાન છે. સ્યાદ્વાદમતમાં કાંઈ વિરોધ નથી.**

## ગાથા-૨૩૬ ઉપર પ્રવચન

હવે આઠમો છેલ્લો પ્રભાવના (ગુણ). લોકો તો બહારમાં પતાસા વ્હેંચવા ને પેંડા વ્હેંચે ને પ્રભાવના સારી. એમ કહે ને? આખા નાળિયેર વ્હેંચે. નાળિયેર વ્હેંચે છે ને? એ પ્રભાવના નહિ. એ તો વ્યવહાર પ્રભાવનાય નહિ. એ આમાં આવશે. '**પ્રભાવના ગુણની...**' વ્યાખ્યા '**કહે છે :-**' 'ગુણ' શબ્દે પર્યાય છે.

**विज्जारहमारूढो मणोरहपहेसु भमइ जो चेदा।**
**सो जिणणाणपहावी सम्मादिट्ठी मुणेदव्वो।।२३६।।**

**ચિન્મૂર્તિ મન-રથપંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો,**
**તે જિનજ્ઞાનપ્રભાવકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૬.**

આહાહા..! ટીકા :- '**કારણ કે સમ્યગ્દૃષ્ટિ,...**' કેમ પ્રભાવના હોય છે એમ કહે છે. કે, સમ્યગ્દૃષ્ટિ. આહાહા..! ન હોય તેને પ્રગટ કરવું અને પ્રગટ હોય તેની દશા શું છે એની વાત છે. આહાહા..! પ્રથમમાં પ્રથમ એણે કરવાનું હોય તો એને જ્ઞાયક સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, એની સન્મુખ થઈને જ્ઞાન ને પ્રતીતિ નિર્વિકલ્પ કરવી, એ પહેલામાં પહેલું કર્તવ્ય છે. આહાહા..! અને એ જેને કર્તવ્ય પ્રગટ્યું તેને પ્રભાવના કઈ રીતે હોય છે હવે ઇ વાત કરે છે. સમજાણું કાંઈ? આહા..! સમ્યગ્દર્શન નથી ત્યાં તો પ્રભાવના કે કોઈ વાત છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર પ્રભાવનાય નથી?

ઉત્તર :- મિથ્યાત્વ પ્રભાવના છે. મિથ્યાશ્રદ્ધાને વધારે છે. મિથ્યાશ્રદ્ધાની પ્રરૂપણા કરીને

પુષ્ટિ કરે છે. આહાહા..! એમ જે પ્રરૂપે છે કે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપથી ધર્મ થાય એ મિથ્યાત્વની પ્રરૂપણા કરે છે. મિથ્યાત્વની પ્રભાવના કરે છે. આહાહા..! પ્ર–વિશેષે, ભાવન– વિકારી. આહા..! ઊલટી પ્રભાવના. આ સુલટી પ્રભાવનાની વાત છે. આહા..! પ્ર-ભાવ. પ્ર– વિશેષે ભાવ. તેને પ્રભાવના કહે છે.

હવે જેને સમ્યગ્દર્શન પ્રગટ્યું છે એને પ્રભાવનાનો ભાવ, અંગ, ચિહ્ન, લક્ષણ, સમકિતનું હોય છે. આહાહા..! કેમ? કે **'સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ...'** નામ શાશ્વત **'એક જ્ઞાયકભાવમયપણાને લીધે...'** જેની દૃષ્ટિમાં એ જ્ઞાયકભાવ જ આવ્યો છે. આહાહા..! ધર્મી–સમ્યગ્દષ્ટિ એને કહીએ કે જેની દૃષ્ટિમાં નિમિત્ત નહિ, દયા, દાનનો રાગ નહિ અને એને રાગને જાણનારી પર્યાય પણ નહિ. જેની દૃષ્ટિમાં જ્ઞાયક ત્રિકાળીભાવ આવ્યો છે. આહાહા..! આવી વાતું. લોકોએ તો એનું બધું આખું રૂપ જ પલટાવી નાખ્યું. જે મુદ્દાની રકમ છે એ શું છે એની ખબર નથી. આહાહા..!

સમ્યગ્દષ્ટિ તો ટંકોત્કીર્ણ–શાશ્વત એક જ્ઞાયકભાવમય, જ્ઞાયકભાવમયપણાને લીધે. આહાહા..! એ તો જ્ઞાયકસ્વભાવમયપણાને લીધે સમ્યગ્દષ્ટિ **'જ્ઞાનની સમસ્ત શક્તિને પ્રગટ કરવા...'** આ પ્રભાવના. આત્માની જે અનંત શક્તિ છે, આહા..! એની જેને પ્રતીત અને જ્ઞાન, અનુભવ થયો છે તે સમકિતી પોતાની અનંત શક્તિઓ જે છે એને **'પ્રગટ કરવા– વિકસાવવા–ફેલાવવા વડે પ્રભાવ ઉત્પન્ન...'** કરે છે. આહાહા..! આ પ્રભાવના છે. આહાહા..! ત્રિકાળી જ્ઞાયકભાવનો અનુભવ ને દૃષ્ટિ, અનુભવ હોવાથી.. આહાહા..! જેને એ જ્ઞાયકભાવનું સ્વરૂપ જેને દૃષ્ટિમાં આવ્યું છે સ્વીકાર, એ જ્ઞાયકભાવપણાને કારણે એની જે શક્તિઓ છે, જ્ઞાયકની અનંતી એને પ્રગટ કરવા, પર્યાયમાં એ શક્તિ અંશે પ્રગટ થઈ છે પણ વિશેષ પ્રગટ કરવા. આહાહા..! બહુ કામ (આકરા). હજી તો સમ્યગ્દષ્ટિની વાત છે. શ્રાવક ને મુનિ એ તો દશા કોઈ જુદી જાતની છે. લોકો માને છે એ નથી કંઈ. આહાહા..!

અહીંયાં તો સમ્યગ્દષ્ટિ જીવ પોતે જ્ઞાયક અનંત અનંત ગુણ સંપન્ન એવો જ્ઞાયકભાવ એને જ્ઞાયકભાવપણાને લીધે પોતાની જ્ઞાનની એટલે આત્માની જે સમસ્ત શક્તિ છે, સમસ્ત શક્તિ–અનંત અનંત ગુણો ને એ શક્તિ છે, તેને પ્રગટ કરવા. આ પ્રભાવના. પ્ર-ભાવ, વિશેષે નિર્મળ પરિણતિની પ્રગટતા વિશેષ કરવી તે પ્રભાવના છે. આહાહા..! અહીં તો હોય અજ્ઞાની રાગને પોતે ધર્મ માનનારો અને કાંઈક લ્હાણી-બહાણી કરે બે-પાંચ-દસ હજાર રૂપિયાની ત્યાં તો, ઓહોહો..! પ્રભાવના કરી અમે તો.

મુમુક્ષુ :– આપ ના કેમ પાડતા નથી.

ઉત્તર :– ઓળખાણમાં ના પાડીએ છીએ. વસ્તુને માનવાની વાત છે ને, એ આચરણ થાય એ તો જુદી ક્રિયા. આહાહા..! એને માનવું શું ને જાણવું શું, એ વાત છે. થાય તો થાય. આહાહા..! પણ અહીં તો કહે છે કે, એ થાય છે તે મારું કર્તવ્ય નથી. આહા..!

તેમાં જે રાગની મંદતાનો કદાચ ભાવ થયો હોય તે પણ મારું કર્તવ્ય નથી. આહાહા..! મારું કર્તવ્ય તો પ્રભુ જે અનંત ગુણનો પિંડ પ્રભુ, એ અનંત ગુણની શક્તિવાળાને મેં જાણ્યો ને અનુભવ્યો તો એ શક્તિને વિશેષ પ્રગટ કરવી એ મારી પ્રભાવના છે. આરે..! વાતું આવી છે.

'સમસ્ત શક્તિ' શબ્દ વાપર્યો છે. જ્ઞાનની સમસ્ત શક્તિ એટલે આત્માની. જ્ઞાન શબ્દે આત્મા જે જ્ઞાયકમયપણે છે એમાં અનંતા ગુણો છે, અનંત શક્તિઓ છે એનો જ્યાં અંતરમાં અનુભવ થઈને પ્રતીતિ ને રમણતા થઈ, હવે તે અનંતી શક્તિઓમાંથી વિશેષ પ્રગટ કરવા તેનું નામ પ્રભાવના કહેવામાં આવે છે. આહાહા..!

**'પ્રગટ કરવા–વિકસાવવા...'** આહાહા..! ભગવાનઆત્માની જેટલી શક્તિઓ–ગુણો છે આહાહા..! તે શક્તિવાનની દૃષ્ટિ ને પ્રતીતિ તો થઈ છે, હવે એ પ્રતીતિવાળો જીવ એ અનંતી જે શક્તિ છે એને પર્યાયમાં પ્રગટ કરવાની ભાવના છે, પ્રગટ કરે છે. આહાહા..! વિકસાવે છે. કમળ જેમ ખીલે છે એમ શક્તિઓ પર્યાયમાં ખીલે છે. આહાહા..! આવી વાતું છે. ફેલાવવા. ત્રણ બોલ કહ્યા, પ્રગટ કરે છે, વિસ્તારે છે, ફેલાવે છે. આહાહા..! અનંત અનંત શક્તિઓનો સાગર પ્રભુ, જ્ઞાયકભાવપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ, એનો વિષય તો જ્ઞાયકભાવ છે, સમ્યગ્દર્શનનો વિષય–ધ્યેય તો જ્ઞાયકભાવ છે. એ જ્ઞાયકભાવને ધ્યેયમાં લીધો છે, આહાહા..! ધ્યાનની પર્યાયમાં તેને ધ્યેય લીધો છે. આહાહા..! તે સમ્યગ્દૃષ્ટિ, આહાહા..! એ શાશ્વત જ્ઞાયકભાવપણાને કારણે. એનામાં શાશ્વત જે શક્તિઓ પડી છે, આહાહા..!

પાઠમાં ઇ છે ને? **'विज्जारहमारूढो'** છે ને? જ્ઞાનરૂપી રથમાં આરૂઢ છે. ઓલા રથમાં બેસાડીને ભગવાનને બહાર ફેરવે છે ને? એ તો બધો શુભભાવ હોય તો એ બહારને નિમિત્ત કહેવાય. એ કંઈ બાહ્યથી ફરવાનું કરવાનો વ્યવહારેય નથી. વ્યવહાર પ્રભાવના તો સમ્યગ્દર્શન સહિત નિશ્ચય પ્રભાવના છે એને આવો જે શુભભાવ આવે એને વ્યવહાર પ્રભાવના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પ્રભાવનાય જુદી.

ઉત્તર :– વાત જ ભગવાનની બધી જુદી છે. જૈનદર્શન કોઈ અલૌકિક ચીજ છે, એ વસ્તુના સ્વભાવનું સ્વરૂપ છે. જૈનદર્શન કોઈ કલ્પિત પંથ નથી, વાડો નથી. આહાહા..! એ તો જ્ઞાયક પ્રભુ આત્મા, આહા..! એ જિનસ્વરૂપી પ્રભુ, એની પ્રતીતિ કરવી તે જૈન છે. આહા..! જૈન કોઈ વાડો નથી. ઓલા કહે છે ને કે આ કેટલાક ઘણા એમ કહે કે, આ તો વાણિયાનો ધર્મ છે, અમારો બીજો ધર્મ છે. એમ નથી. આહાહા..! આ તો તીર્થંકરો ક્ષત્રિયોનો ધર્મ હતો પણ એ ક્ષત્રિયોનો ધર્મ એ ધર્મ નથી, ધર્મ તો આત્મધર્મ છે તે ધર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એટલે કેટલાક કહે કે, આવો ધર્મ? જૈનને તો પૂજા કરવી

ને ભક્તિ કરવી (તે ધર્મ).

મુમુક્ષુ :– લોકો તો એમ કહે છે કે નાગા રહે એ ધર્મ.

ઉત્તર :– એ પણ ખોટી વાત છે. નાગા તો ઢોર પણ રહે છે. 'અષ્ટપાહુડ'માં 'લિંગપાહુડ'માં આવે છે. લૂગડા રહિત અંદર તો બધા નાગા જ છે. અંદરમાં રાગની, વિકલ્પની વસ્ત્રની દશા, એને છોડીને નિર્વિકલ્પ આનંદનો અનુભવ કરે અને અનુભવમાં વિશેષ સ્થિરતા જામે તેને અહીંયાં મુનિ કહે છે. આહાહા..! પછી એને રાગનો વિકલ્પ હોય છે એ વ્યવહાર કહેવાય છે. પંચ મહાવ્રતાદિ હોય છે. સમજાણું? ધર્મના લોભીઓને શુભરાગ આવ્યો એને સમજાવવા માટે ભાવ હોય છે પણ છે એ બધું પુણ્યબંધનું કારણ. આહાહા..!

આત્મામાં જેટલી શક્તિઓ છે, આહાહા..! એ બધી શક્તિઓને પ્રતીતમાં, જ્ઞાનમાં, અનુભવમાં લીધી છે પણ હવે તો વિશેષ પ્રગટ કરે છે, શક્તિઓને પર્યાયમાં વિકસાવે છે. આહાહા..! ચણો જેમ પાણીમાં પોઢો થાય છે પણ એ તો પોલો પોઢો થાય. પોલો, પોલો પોઢો. તોળ વધતો નથી કંઈ. હેં? જેટલો એક ચણાનો તોલ છે એટલો પોઢાનો તોલ તો સરખો જ છે. શું કીધું? આ દૂધ.. દૂધ ઉફાળો મારે છે ને? એ દૂધ વધ્યું છે? છે તો એટલું ને એટલું, ફક્ત આમ ઉફાળો માર્યો છે. આ તો શક્તિનો જે સાગર ભગવાન છે, વજ્રબિંબ પ્રભુ પડ્યો છે, આહાહા..! એનો જેને દૃષ્ટિ ને અનુભવ થયો છે તે તેને વિકસાવવાનો પ્રયત્ન કરે છે તે પ્રભાવના છે. આહાહા..!

**'પ્રગટ કરવા–વિકસાવવા અથવા ફેલાવવા...' 'प्रबोधेन' 'समस्तशक्तिप्रबोधेन'** જ્ઞાનની, શક્તિઓની વિશેષે પ્રગટ દશા. આહાહા..! બોધસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપ ને અનંત શક્તિસ્વરૂપ છે. એની પ્રતીતિ અનુભવમાં થઈ છે એ જીવ પ્રબોધ–તે તે બોધની જેટલી શક્તિઓ છે તેને વધારવા–પ્રગટ કરવા–વિકસાવવા કરે છે તેને પ્રભાવના કહે છે. અરે.. અરે..! આ શેઠિયાઓના પૈસા-બૈસા છે ને..

મુમુક્ષુ :– એ પ્રભાવના નહિ.

ઉત્તર :– નહિ? આ 'ચીમનભાઈ' હમણાં મકાન કરે છે ને? આહાહા..! એ તો એક શુભભાવ. એ ક્રિયા તો સ્વતંત્ર થાય છે. એમાં ભાવ શુભ હોય એ પુણ્ય છે, એ નિશ્ચય પ્રભાવના નહિ.

સાચી પ્રભાવના ભગવાન અંદર ગુણનો વિકાસ કરે, શક્તિઓનો સાગર પ્રભુ, આહાહા..! એમાં એકાગ્ર થઈને શક્તિઓને વિકસાવે, ફેલાવે તેને અહીંયાં પરમાત્મા પ્રભાવના કહે છે. આહાહા..! વળી **'પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી,...'** પ્રગટ કરવું, વિકસાવવું અને ફેલાવવા વડે **'પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી,...'** પ્ર-ભાવ, વિશેષે ભાવ નામ શક્તિને ઉત્પન્ન કરતો હોવાથી. આહાહા..! નિશ્ચય આકરું લાગે લોકોને. નિશ્ચય વિના બધા થોથાં છે. જ્યાં નિશ્ચય નથી ત્યાં તો વ્યવહારેય નથી. નિશ્ચય હોય એને પછી વ્યવહાર વિકલ્પ આવે. આહાહા..!

સમજાણું કાંઈ? અરે..! આહા..!

વળી, **'પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી,...'** શું કીધું? પ્રભાવ–પ્ર-ભાવ–વિશેષે શક્તિઓને પ્રગટ કરતો, વિસ્તારતો **'પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી પ્રભાવના કરનાર છે,...'** આહાહા..! પણ જેણે આત્મા કોણ છે જાણ્યો નથી, જાણ્યો નથી તો એની શક્તિઓને પ્રગટ કરવાનું એને હોય ક્યાં છે? આહાહા..! જેને આત્મજ્ઞાન જ અંદરથી થયું નથી એને આ વિકસાવવાનો પ્રસંગ છે જ ક્યાં? આહા..! એ તો રાગને, પુણ્યને વિકસાવે છે. આહાહા..! **'પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી...'** પ્ર-ભાવ, વિશેષે શક્તિઓને વિકસાવતો પ્રભાવ કરતો હોવાથી. આહાહા..! **'પ્રભાવના કરનાર છે,...'** છે? પ્રભાવ ઉત્પન્ન, પ્ર-ભાવ વિશેષે શક્તિઓને વિકસાવતો હોવાથી પ્રભાવ કરતો હોવાથી તે પ્રભાવ કરનાર છે. આહાહા..! આવું સ્વરૂપ છે. હેં? આહા..! રાગાદિ, પુણ્યાદિ હોય એ કંઈ નિશ્ચય વિના તો વ્યવહારેય નથી. આહાહા..! જેને આત્મજ્ઞાન ને આત્મદર્શન નથી તેને વિકસાવવાનો પ્રસંગ જ ક્યાં છે? આહાહા..! (એ) તો રાગની ક્રિયાને વિકસાવે ને વધારે. આહાહા..! એ અધર્મની પ્રભાવના છે. આહાહા..! આકરું કામ, ભાઈ!

પરમાત્મા તો સત્યનો સ્વભાવ છે તેવું તેનું સ્વરૂપ કહે છે. એમાં દુનિયાને ઓલું લાગે કે ન લાગે એ માટે નથી. એ તો એના હિતને માટે છે. અહિતમાં હિત માની બેઠો હોય એને એના હિતને માટે કહે છે. ભાઈ! તારું કલ્યાણ કેમ થાય? આહાહા..! એ કલ્યાણમૂર્તિ પ્રભુ છે, એની શક્તિઓ પવિત્ર સ્વરૂપ છે. એની તને પ્રતીત ને જ્ઞાન થયું હોય તો તેને પ્રગટ વિશેષ કરવાનો તને ભાવ આવે એને અહીંયાં પ્રભાવ અને પ્રભાવ કરનાર કહેવામાં આવે છે. આહાહા..! આવી શરતું છે. પછી એને વ્યવહાર હોય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, ધર્મની વૃદ્ધિ લોકોમાં કેમ થાય એવો ભાવ આવે પણ એ પુણ્ય છે. સમજાણું કાંઈ? બીજામાં ધર્મની વૃદ્ધિ કેમ થાય માટે તે ભાવ ધર્મ છે એમ નહિ. પર તરફનું લક્ષ ગયું ને તો એ તો શુભભાવ છે. આહાહા..! આવું (સાંભળે એટલે) નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય કહે. 'સોનગઢ'વાળા નિશ્ચય નિશ્ચય કરે છે એમ કહે છે. અરે..! ભગવાન! નિશ્ચય એટલે સત્. સત્ એટલે સત્ય. સત્ય તે આ સ્વરૂપ છે. આહાહા..! તેં સાંભળ્યું ન હોય ને જાણ્યું ન હોય માટે કંઈ સત્ય અસત્ય થઈ જાય? અને સત્ય છે ઇ સોંઘું થઈ જાય? રાગથી પ્રાપ્ત થાય એમ થઈ જાય? આહાહા..! સત્‌ને પ્રાપ્ત કરવા માટે એની કિંમત દેવી જોઈએ. આહાહા..!

એવો પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એને સ્વીકાર કરવો એ કંઈ અનંત પુરુષાર્થ નથી? એને સમ્યગ્દર્શનમાં પ્રતીતમાં લેવો એ પુરુષાર્થ નથી? આહાહા..! અને આ નિશ્ચય છે એ તો પોતાથી પ્રગટ થાય છે અને પછી શુભભાવ આવે, પછી ખ્યાતિ, પૂજા, લાભને માટે નહિ. મારી પ્રસિદ્ધિ થાય, મને લોકો ઓળખે એવા જે ભાવ આવે એ ભાવ તો શુભેય નથી. સમજાણું કાંઈ? આહાહા..! એને તો પોતાને શક્તિની વૃદ્ધિ થઈ છે, કરે છે માટે બીજાને પણ કેમ થાય એવો વિકલ્પ આવે. પણ એ વિકલ્પ તે પુણ્યબંધનું કારણ છે, એ નિશ્ચય

પ્રભાવના નહિ. નિશ્ચય પ્રભાવના ધર્મની પરિણતિ છે અને આ જે વ્યવહાર પ્રભાવના છે, આ નહિ પણ અંદર ભાવ થવો તે શુભભાવ, નિશ્ચય સહિત હોય એને, હોં! આહાહા..!

એ **'પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી...'** શું કીધું ઇ? પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી. એટલે કે આત્મામાં અનંત શક્તિઓ છે તેને પર્યાયમાં પ્રભાવ વિશેષ પ્રગટ કરતો હોવાથી તેને પ્રભાવના કરનારો કહેવામાં આવે છે. આહાહા..! અરેરે..! **'તેથી તેને જ્ઞાનની પ્રભાવનાના અપ્રકર્ષથી...'** આત્માની જે શક્તિઓનો વિકાસ થયો તેથી તેને વિકાસ ન થવાનો જે ભાવ એનાથી જે બંધ થતો હતો તે બંધ નથી. આહાહા..! જ્ઞાન એટલે આત્મા. જ્ઞાયકભાવ લીધો છે ને? એટલે જ્ઞાન. આત્માના અનંત જ્ઞાનગુણની શક્તિને વિકસાવતો હોવાથી તેની **'પ્રભાવનાના અપ્રકર્ષથી...'** તેનું જે હીણાપણું થવું વિરુદ્ધ એ એને નથી. તેથી તેને જ્ઞાનની પ્રભાવના નહિ વધારવાથી થતો બંધ નથી. જ્ઞાનની પ્રભાવના પોતે અંદરમાં વધારે જ છે. આહાહા..!

**'થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.'** જે જરીક વિકલ્પ શુભાદિ આવ્યો તો અહીંયાં શક્તિની પ્રભાવના પ્રગટ કરે છે તેથી તે ખરીને નિર્જરી જાય છે એમ કહે છે. આહાહા..! એ શુભભાવ આવે છે એનું પુણ્ય બંધાય છે પણ અહીં એ વાત ન લેતા એ ખરી જાય છે. સ્વભાવનું શક્તિનું જોર બતાવ્યું કે એ ખરી જાય છે. આહાહા..!

(ભાવાર્થ) :– (પ્રભાવના એટલે) **'પ્રગટ કરવું,...'** પ્ર-ભાવના છે ને? વિશેષ ભાવના. પ્રગટ કરવું, **'ઉદ્યોત કરવો...'** વિકસાવવું, ફેલાવવું વગેરે. **'માટે જે પોતાના જ્ઞાનને...'** આત્માને **'નિરંતર અભ્યાસથી પ્રગટ કરે છે...'** આહાહા..! પોતાનો ભગવાનઆત્મા, આહા..! એ પોતે પોતાનો તે આત્મા છે. રાગ ને શરીર એ કંઈ પોતાનું નથી. આહાહા..! અને પર્યાય જેટલોય પોતાનો આત્મા નથી. આહાહા..! છે? પોતાના આત્માને **'નિરંતર અભ્યાસથી પ્રગટ કરે છે...'** આહાહા..! અનંત ગુણનો સાગર નાથ, તેની અનંત ગુણની શક્તિઓને પર્યાયમાં એકાકારના અભ્યાસથી પ્રગટ કરે છે. આહાહા..! આ અભ્યાસ, હોં! શાસ્ત્ર અભ્યાસ કે ઇ એમ નહિ. આહાહા..!

પોતાનો જે ભગવાન જ્ઞાયકભાવ તેનો એકાગ્રતાનો અભ્યાસ. આહાહા..! નિરંતર આત્માના **'અભ્યાસથી પ્રગટ કરે છે...'** આત્માના નિરંતર અભ્યાસ–એકાગ્રતાથી જે પ્રગટ કરે છે. આહાહા..! **'વધારે છે,...'** શુદ્ધિની પર્યાય છે એનાથી વધારે છે. આહાહા..! આવો માર્ગ. લોકોને એવું લાગે કે આ તો નિશ્ચયાભાસ જેવું (છે), વ્યવહારની તો વાત આવતી નથી કે વ્યવહાર કરીએ તો કાંઈક થાય. વ્યવહાર કરે તો પુણ્ય બંધાય, સંસાર.. સંસાર થાય. એ દયા, દાન, વ્રતના ભાવ પરિણામ એ સંસાર છે. આહાહા..! ભગવાન સંસાર સ્વરૂપથી રહિત છે. આહાહા..!

મુમુક્ષુ :– દ્રવ્ય રહિત છે, પર્યાયમાં તો છે.

ઉત્તર :- દ્રવ્યમાં નથી એ જ વસ્તુમાં નથી. દ્રવ્યમાં નથી એ જ વસ્તુમાં નથી. વસ્તુ જે ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાયકભાવ, એમાં સંસાર છે જ નહિ. પર્યાય એમાં નથી તો વળી સંસારના રાગની વાતું ક્યાં કરવી? ઝીણી વાત, ભાઈ! આહાહા..! પ્રભુના મારગડા શાસ્ત્રોમાં રહી ગયા. પ્રભુના તો વિરહ પડ્યા. આહાહા..! પણ એની પંથની રીત આખી ભૂંસાઈ ગઈ અને અપંથ-કુપંથને નામે પંથ ચલાવ્યા. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! તું કોણ છો? કેટલો છો? કેવડો છો? એ તો બપોરે આવ્યું હતું ને? કે, એ તો અનંત ગુણસંપન્ન શક્તિવાળો છે. અત્યારે ઓલી પર્યાયની વાત નહિ. પર્યાયનો અધિષ્ઠાન એ અત્યારે અહીં નહિ. અહીં તો અનંતી શક્તિઓ સ્વભાવ જે ત્રિકાળી તે વાળો છે. આહાહા..! એવી જેને પ્રભાવના અંગ હોય છે **'તેને અપ્રભાવનાકૃત કર્મબંધ નથી,...'** આહાહા..! જેને એ અપ્રભાવના નામ શક્તિનો વધારે નહિ પણ હીણી કરવાનો ભાવ હતો તેનાથી જે બંધ થતો એ આને બંધ નથી. આહાહા..! પર્યાયમાં એ શક્તિને હીણી, વિપરીત કરવાનો જેને ભાવ છે એ આને નથી. આહાહા..! તેથી **'તેને અપ્રભાવનાકૃત કર્મબંધ નથી, કર્મ રસ દઈને ખરી જાય છે...'** જરી રાગાદિ આવે... આહાહા..! પણ સ્વભાવ તરફની એકાગ્રતાના જોરે એ રાગ ખરી જાય છે. આહાહા..!

**'આ ગાથામાં નિશ્ચયપ્રભાવનાનું સ્વરૂપ કહ્યું છે.'** છે ને? હવે વિદ્યાઆરૂઢ શબ્દ હતો ને એમાંથી કાઢ્યું છે. **'જેમ જિનબિંબને...'** ભગવાનની પ્રતિમાને **'રથમાં સ્થાપીને...'** જિનબિંબ વીતરાગમૂર્તિ, એને માથે કપડા કે ચાંદલા કે એ ન હોય. જેવા વીતરાગ હતા તેવી જિનપ્રતિમા હોય. આહાહા..! સમજાણું કાંઈ? જિનબિંબ કહેવાય છે ને? જેવા જિન પરમેશ્વર વીતરાગ હતા, એવી જિનબિંબ દશા વીતરાગી શાંત દેખાય એને અહીં જિનબિંબ કહે છે. એ **'જિનબિંબને રથમાં સ્થાપીને...'**

કાલે એક જણો પ્રશ્ન કરતો હતો. એક શ્વેતાંબર જુવાન આવ્યો હતો. આમ તો ઠેકાણા વિનાની વૃત્તિ હતી પણ જુવાન માણસ હતો. નામ ભૂલી ગયા. ઓલો જુવાન હતો. અંદર આવતો, બેસતો. મને તો બીજી કંઈ શ્રદ્ધા નથી પણ આ તમે કહો છો એની મને શ્રદ્ધા થાય છે. મારે પણ હવે બહાર મોટી પ્રભાવના માંડવી છે. ધર્મની શ્રદ્ધા-બદ્ધા કાંઈ નહિ. જુવાન માણસ અને પરણવાનો ભાવ, જુવાન માણસ. પહેલેથી નાની ઉંમરમાં દીક્ષા લીધી. પછી એક કન્યાએ એને કીધું કે હું તને પરણું. કન્યા કહે. પણ ઓલો કહે કે મારી પાસે અત્યારે સાધન ન મળે હું શું કરું? આહાહા..! ખાનગી કહેતો હતો બિચારો અંદર. તમારી વાતમાં મને કંઈક ભરોસો આવે છે, બાકી હું તો કંઈ માનતો નથી. આહા..! ઇ એમ કહેતો હતો કે તમે એમ જિનબિંબ કહો, ભગવાનની મૂર્તિ ને વળી પાછા રથમાં બેસાડો. આમ હોય, કાયોત્સર્ગ હોય ને આમ? વળી એને રથમાં બેસાડો. તમે એમ કે, અમે વસ્ત્રમાં ભગવાનને પધરાવીએ છીએ. તમે રથમાં પધરાવો છો તેથી શું થયું? એમ કહે. અરે..! ભાઈ! એમ

નથી. એ તો પુણ્ય, શુભભાવ આવે ત્યારે એ જિનપ્રતિમા રથમાં બેસાડીને (ફેરવે). વીતરાગ છે ને એને રથ કેવો? એમ કહેતા ઇ. ભઈ! આ તો પ્રતિમા છે, એની સ્થાપના છે. સાક્ષાત્ વીતરાગ હોય તો તો રથમાં ન બેસે. પણ 'જિનપ્રતિમા જિન સારખી' એ વ્યવહારે કહ્યું છે. એથી એને રથમાં સમ્યગ્દૃષ્ટિ ધર્મી હોય એને પણ એવો શુભભાવ આવે. સમજાણું કાંઈ? ભગવાનને ફેરવીને જગતમાં લોકો જાણે કે આવા ધર્મી જીવો છે અને ધર્મ કેમ થાય એની પ્રભાવના કરે છે. એવો વિકલ્પ હોય છે. આહા..!

અહીં કહે છે, **'જેમ જિનબિંબને રથમાં સ્થાપીને નગર, વન વગેરેમાં ફેરવી વ્યવહારપ્રભાવના કરવામાં આવે છે,...'** એ તો એક શુભભાવ છે. સમકિતીની વાત છે, હોં! **'તેમ જે વિદ્યારૂપી...'** પાઠમાં છે ખરું ને? **'विज्जारहमारूढो'** વિદ્યારથ આરૂઢ, વિદ્યારૂપી રથમાં બેસાડ્યો. ઓલા રથમાં ભગવાનને પધરાવ્યા. અહીં વિદ્યા (એટલે) જ્ઞાનરૂપી રથમાં ભગવાનને પધરાવ્યો. આહાહા..! રથમાં આત્માને સ્થાપી **'મનરૂપી (જ્ઞાનરૂપી) માર્ગમાં ભ્રમણ કરે...'** આહાહા..! **'તે જ્ઞાનની પ્રભાવનાયુક્ત સમ્યગ્દૃષ્ટિ છે, તે નિશ્ચયપ્રભાવના કરનાર છે.'** એ સાચી પ્રભાવના કરનાર છે. વ્યવહારની વાત આવશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૧૦ ગાથા–૨૩૬ શુક્રવાર, ભાદરવા વદ ૯, તા. ૧૪-૦૯-૧૯૭૯

---

સમ્યગ્દર્શન એક ગુણની–શ્રદ્ધા ગુણની એક પર્યાય છે. સમજાય છે કાંઈ? દ્રવ્યમાં જે એક શ્રદ્ધા નામનો ગુણ ત્રિકાળ છે. સમ્યગ્દર્શન નિર્મળ વીતરાગી પર્યાય છે. આહાહા..! એમાં **'નિઃશંકિત આદિ ગુણોનું...'** (એટલે કે) પર્યાયનું **'નિશ્ચય સ્વરૂપ (સ્વ-આશ્રિત સ્વરૂપ) અહીં બતાવવામાં આવ્યું છે.'** દેવ-ગુરુ-શાસ્ત્રમાં શંકા ન કરવી એ તો બધો વ્યવહાર છે. એ તો વિકલ્પ છે અને આ તો વાસ્તવિક નિર્વિકલ્પ દૃષ્ટિ છે. આહાહા..!

**'તેનો સંક્ષેપ આ પ્રમાણે છે–જે સમ્યગ્દૃષ્ટિ આત્મા...'** ધર્મની પહેલી સીઢી જે સમ્યગ્દર્શન પૂર્ણ પરમાત્મ જ્ઞાયકભાવ, એનો જેને અનુભવ થયો છે અને અનુભવમાં પ્રતીત થઈ છે તેને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે. આહા..! એ સમ્યગ્દૃષ્ટિનો આત્મા **'પોતાના જ્ઞાન-શ્રદ્ધાનમાં નિઃશંક હોય...'** છે. પોતાનું જે સ્વરૂપ જ્ઞાયક ત્રિકાળ છે, એના જ્ઞાનમાં અને એની શ્રદ્ધામાં નિઃશંક હોય છે. પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ ને પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એવો જે આત્મ સ્વભાવ, તેમાં ધર્મની પહેલી સીઢીવાળો નિઃશંક હોય છે. છે? **'જ્ઞાન-શ્રદ્ધાનમાં નિઃશંક...'** પહેલું તો આ છે. આ વિના જે બધું થાય એ બધો સંસાર છે.

મુમુક્ષુ :– એકલું જ્ઞાન કે એકલી શ્રદ્ધા હોય તો?

ઉત્તર :– જ્ઞાન, શ્રદ્ધા બેય સાથે જ હોય છે. વસ્તુ સ્વરૂપ જે છે તેની વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જાણવામાં આવ્યું, તેની પ્રતીત એમ લીધું છે ને? ૧૭ મી ગાથા. પ્રથમમાં પ્રથમ આ ભગવાન આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એ જેને અંતરમાં સ્વસન્મુખમાં જ્ઞાન થયું એ જ્ઞાનમાં આ આત્મા પૂર્ણ છે એમ જણાણું તે જ્ઞાનમાં પ્રતીત થવી તે સમ્યગ્દર્શન છે. આહાહા..! મૂળ આ વાત પહેલેથી આખી ગોટા ઉઠ્યા છે. આહા..! અરે..! અનાદિકાળથી પોતે દુઃખને પંથે પડ્યો છે. શુભરાગની ક્રિયા એ પણ દુઃખનો પંથ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ બધો રાગ, દુઃખનો પંથ છે. આહાહા..!

મુમુક્ષુ :– પુણ્ય દુઃખનું કારણ?

ઉત્તર :– દુઃખ જ છે ઇ, કારણ નહિ, એ પોતે દુઃખ છે. જે રાગની ક્રિયા વ્રતની, તપની, ભક્તિની, પૂજાની એ રાગ પોતે દુઃખ છે. એનાથી રહિત આત્મા જ્ઞાયક સ્વરૂપ છે તેનું જ્યાં ભાન થાય, ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો અંશ વેદનમાં આવે. આહાહા..! ત્યારે તે સુખને પંથે પડ્યો. સુખી એવો જે ભગવાનઆત્મા, એની શ્રદ્ધા-જ્ઞાનને પંથે પડ્યો એ સુખની દશાના વેદનમાં આવ્યો. આહાહા..! એ ચીજ છે (એમ) જાણી તેની પ્રતીત કરીને પછી તેમાં રમણતા થાય. પણ ચીજ જાણી નથી તેની શ્રદ્ધા કેવી? ને તેની સ્થિરતા કેવી? આહા..! જાણવું પહેલું છે આમાં. ૧૭ મી ગાથામાં નથી આવ્યું? પહેલો આત્મા જાણવો, એમ કહ્યું છે. પહેલા દેવ-ગુરુ-શાસ્ત્રને જાણવા કે આ જાણવા, એ બધી વ્યવહારની વાતું નથી કરી. આહાહા..! 'સમયસાર' પરમ સત્યની દૃષ્ટિનો એ વિષય છે. આહાહા..!

અહીંયાં આત્મા–સમ્યગ્દૃષ્ટિનો આત્મા પ્રથમ જ ચોથે ગુણસ્થાને, આહાહા..! પાંચમું ગુણસ્થાન તો હજી ચોથા ગુણસ્થાનને પ્રગટ કરે એમાં વિશેષ આનંદની સ્થિરતા કરે ત્યારે એને પાંચમું ગુણસ્થાન થાય. આહાહા..!

મુમુક્ષુ :– પહેલેથી જ પડિમા લઈ લઈએ તો શું વાંધો?

ઉત્તર :– પડિમા-બડિમા હતો કે દી'? રાગ છે, દુઃખને અંગીકાર કર્યા છે.

મુમુક્ષુ :– મહાવ્રત..?

ઉત્તર :– મહાવ્રતના પરિણામ એ દુઃખરૂપ છે. કહ્યું નહિ એ તો? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમજ્ઞાન લેશ સુખ ન પાયો' એ મહાવ્રતના પરિણામ પણ દુઃખ ને આસ્રવ છે. ભાઈ! એને ખબર નથી.

મુમુક્ષુ :– એ તો અજ્ઞાનીના વ્રત, જ્ઞાનીના..?

ઉત્તર :– એ અજ્ઞાનીના વ્રત ને જ્ઞાનીના વ્રતનો વિકલ્પેય આસ્રવ છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં આવ્યું નહિ? આસ્રવના અધિકારમાં. અણુવ્રત ને મહાવ્રત એ આસ્રવ છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં છે. આહાહા..!

અહીંયાં તો પ્રથમ ભગવાન પૂર્ણ પરમાત્મ સ્વરૂપ પરમેશ્વર છે. એ પરમેશ્વરની સન્મુખ

થઈને તેનું જ્ઞાન થઈને તેમાં પ્રતીત થવી અને તેની પ્રતીતમાં તેને નિઃશંકતા થવી, આહાહા..! આવી વાત છે, ભાઈ! છે? જે **'સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાનાં જ્ઞાન-શ્રદ્ધાનમાં...'** પોતાના એટલે આત્માના જ્ઞાન ને શ્રદ્ધાનમાં. આહાહા..! અતીન્દ્રિય અનંત આનંદ અને અતીન્દ્રિય અનંત જ્ઞાન, અતીન્દ્રિય અનંત વીર્ય ને અનંત અતીન્દ્રિય દર્શન, એનો પિંડ પ્રભુ આત્મા છે. આહાહા..! એવો જે પોતાનો આત્મા, તેના જ્ઞાન-શ્રદ્ધાનમાં. આહાહા..! **'નિઃશંક હોય,...'** એનો બીજો અર્થ કર્યો કે, **'ભયના નિમિત્તે સ્વરૂપથી ડગે નહિ...'** આહાહા..! જે વજ્રનો બિંબ ભગવાને પકડ્યો આત્માએ, ધ્રુવ.. ઓહો..! હવે એ **'ભયના નિમિત્તે સ્વરૂપથી ડગે નહિ...'** આહાહા..! દુનિયાનો બધો ભય નીકળી ગયો, કહે છે. આહા..!

**'સંદેહયુક્ત ન થાય,...'** અંતર અનુભવ થયો છે ને સમ્યગ્દર્શનમાં આત્માના આનંદનો અનુભવ થયો છે તેને અહીં સમ્યગ્દૃષ્ટિ કહીએ. આહાહા..! એ સમ્યગ્દૃષ્ટિ નિઃસંદેહયુક્ત છે, સંદેહરહિત છે, નિઃસંદેહયુક્ત છે. સંદેહયુક્ત ન થાય, એમ. આહાહા..! તેને નિઃશંકિત ગુણ હોય છે. ગુણ એટલે પર્યાય. વીતરાગી પર્યાય નિઃશંકિત એને હોય છે. આહાહા..! અરે..!

બીજો બોલ. **'જે કર્મનાં ફળની વાંછા ન કરે...'** કર્મનું ફળ જે સંયોગ. અઘાતિનું ફળ સંયોગ અને ઘાતિનું ફળ રાગ. શું કીધું? **'કર્મનાં ફળની વાંછા ન કરે...'** એટલે? ઘાતિ કર્મના ફળ તરીકે અંદર રાગ આવ્યો એની પણ જેને વાંછા નથી. અઘાતિના ફળ તરીકે એને લક્ષ્મીના ઢગલા, ચક્રવર્તીના રાજ હોય તોપણ જેને એની ઇચ્છા નથી. આહાહા..! **'કર્મનાં ફળની વાંછા ન કરે...'** એક વાત. **'અન્ય વસ્તુના ધર્મોની વાંછા ન કરે,...'** સોનું, રૂપુ આદિ વસ્તુ, આહા..! એની વાંછા ન કરે. તેમ અન્ય મતના ધર્મોની વાંછા એ ન કરે. આહા..! જૈન ધર્મ જે વસ્તુ સ્વરૂપ છે એનું જેને ભાન થયું તે અન્યમતિના મોટા આડંબર દેખે– બાવા ને જોગી ને મોટા નગ્ન (હોય એના) રાજા આદર કરતા હોય એથી એને વાંછા નથી કે આ આવો કાંઈક હશે. એ બધું પાખંડ છે. આહાહા..! લાખો, કરોડો માણસો માનતા હોય અને ખમા.. ખમા થતા હોય હાથીને હોદ્દે.

મુમુક્ષુ :– મંત્રવાળો દોરો બાંધે તો..

ઉત્તર :– ધૂળેય ઉતરતા નથી, મફતનો મૂઢ છે. 'સ્વામીનારાયણ'ને 'જુનાગઢ'માં હાથીને હોદ્દે રાજાએ બેસાડ્યા. હાથીને હોદ્દે માન આપ્યું, મોટું લશ્કર.. એથી શું થયું? એ વસ્તુ શું છે? આહાહા..! રાજા હતો મુસલમાન. 'સ્વામીનારાયણ'ના વખતમાં એને હાથીને (હોદ્દે) બેસાડીને કાઢ્યું હતું, રથ. શું કહેવાય? એ હતું. એથી શું? અને સમકિતી ધર્મી હોય એનો કોઈ આદર પણ કરતું ન હોય, સામું જોતું ન હોય. એથી શું? આહાહા..! અહીં કહે છે કે, સમકિતી **'અન્ય વસ્તુના ધર્મોની વાંછા ન કરે, તેને નિઃકાંક્ષિત ગુણ હોય છે.'** આહાહા..!

ત્રીજો. **'જે વસ્તુના ધર્મો પ્રત્યે ગ્લાનિ ન કરે,...'** દુગંછા ન કરે. કૂતરા સડેલા, મીંદડા

સડેલા દેખીને ગ્લાનિ નહિ. એમ મુનિરાજ ધર્માત્મા સંત હોય સાચા એના શરીરમાં ગ્લાનિ હોય, રોગ હોય કે મેલા શરીર હોય, શરીર ગંધ મારે (તો) સમકિતી ગ્લાની ન કરે. આહાહા..! પહેલા કાંક્ષા ન કરે (કીધું) એટલે રાગ ન કરે, ગ્લાનિ ન કરે એટલે દ્વેષ ન કરે. આહાહા..! **'તેને નિર્વિચિકિત્સા ગુણ હોય છે.'** જેને જુગુપ્સાનો અભાવ, એવી વીતરાગી પર્યાયનો ભાવ તેને હોય છે. આહાહા..! જેણે સ્વનો આશ્રય લીધો છે અને સ્વને આશ્રયે જેને સમ્યગ્દર્શન થયું છે. આહાહા..! એને પરમાં કોઈ જાતની ગ્લાનિ કે પરની ઇચ્છા, વાંછા હોતી નથી. આહાહા..! પોતાનો ભગવાનઆત્મા, તેનું ભાન થયું તેમાં હવે રમવા માટેની ભાવના હોય. સ્વરૂપમાં રમવું એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ ક્રિયાકાંડ ને મહાવ્રત ને એ કંઈ ચારિત્ર નથી. આહાહા..! વસ્તુ જેવી છે તેને જાણી, માનીને વસ્તુમાં ઠરવું, આહાહા..! એનું નામ જ્ઞાન, શ્રદ્ધા ને ચારિત્ર છે. આહાહા..!

**'જે સ્વરૂપમાં મૂઢ ન હોય,...'** એ સ્વરૂપમાં મુંઝાય નહિ કે, આહાહા..! અરે..! આવી ચીજ છે અને હું સ્થિર થઈ શકતો નથી તો કંઈ મારામાં ભ્રમણા હશે? એમ મુંઝાય નહિ. આહાહા..! ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ, એનું સમકિતીને અતીન્દ્રિય આનંદનું વેદન આવે છે ત્યારે તો એને સમકિતી કહેવાય છે. આહાહા..! એવા આનંદના સ્વાદમાં બીજી કોઈ ચીજમાં એને મૂઢતા ન હોય. **'સ્વરૂપને યથાર્થ જાણે,...'** જેવી રીતે સ્વરૂપની સ્થિતિ (છે) તે રીતે જાણે. વિપરીત નહિ, ઓછું નહિ, અધિક નહિ. આહાહા..! ચોથો બોલ થયો.

**'જે આત્માને શુદ્ધ સ્વરૂપમાં જોડે,...'** છે? **'આત્માની શક્તિ વધારે,...'** આહા..! **'અન્ય ધર્મોને ગૌણ કરે,...'** રાગાદિને ગૌણ કરે અને સ્વરૂપની સ્થિરતાને વધારે. આહાહા..! શક્તિને વધારે, જોયું? ભગવાનઆત્મા અનંત જ્ઞાન, દર્શન આદિ અનંત શક્તિનો સાગર પ્રભુ, તેની શક્તિને સમ્યગ્દષ્ટિ વધારતો જાય. આહાહા..! રાગ ઘટાડતો જાય અને આ શક્તિને વધારતો જાય. બે લીધું ને? ઉપગૂહન અને ઉપબૃંહણ. ઉપગૂહનમાં રાગને ઘટાડતો જાય, ગૌણ કરતો જાય અને નિઃશંક આદિ નિર્મળ પર્યાયને વધારતો જાય. આહાહા..! આવું તો હજી ચોથા ગુણસ્થાનનું સ્વરૂપ છે. હજી ચોથાના ઠેકાણા નહિ. આહાહા..! આકરી વાત, ભાઈ! એના સુખના પંથ પ્રભુના, વીતરાગે કહ્યો તે વીતરાગ સ્વરૂપ ભગવાનઆત્મા છે. એ વીતરાગ સ્વરૂપ ભગવાનઆત્માના પંથે અંતરમાં પડવું, એનો આશ્રય લઈને એમાં રમવું, આહાહા..! એ ઉપબૃંહણ છે. પર્યાયને વધારે છે, શક્તિને વ્યક્ત કરવામાં વધારો કરે છે. શક્તિની વ્યક્તતા તો અંશે થઈ છે પણ એની શક્તિનો હવે વધારો કરે છે. એનું નામ ઉપબૃંહણ નામનો સમકિતનો એક પર્યાય ગુણ કહેવાય છે. આહાહા..! તેને **'ઉપગૂહન ગુણ હોય છે.'** ગૌણ કરે એ ઉપગૂહન છે, શક્તિને વધારે એ ઉપબૃંહણ છે. પાંચ (થયો).

**'જે સ્વરૂપથી ચ્યુત થતા આત્માને સ્વરૂપમાં સ્થાપે,...'** કોઈ પણ રીતે કાંઈક અંદરમાં ગળકા ખાતાના પરિણામ થઈ જાય (તેને) છોડી દ્યે, સ્થિર થાય. આહાહા..! આનંદના

નાથમાં સ્થિર થાય, કહે છે. ભગવાન અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે, આહા..! એમાં એ સ્થિર થાય. જરી દુઃખના પરિણામ આવે (એને) છોડીને આમાં સ્થિર થાય. આહાહા..! **'તેને સ્થિતિકરણ ગુણ હોય છે.'**

**'જે પોતાના સ્વરૂપ પ્રત્યે વિશેષ અનુરાગ રાખે,...'** પોતાના સ્વરૂપ પ્રત્યે અનુરાગ (અર્થાત્) અનુસરીને પ્રેમ રાખે. આહાહા..! જેને અતીન્દ્રિય આનંદનો અનુભવ સમ્યગ્દર્શમાં થયો છે તે રુચિને અનુયાયી વીર્ય, પુરુષાર્થ ત્યાં કામ કરે. આહાહા..! એ પરમાત્મસ્વરૂપ પ્રત્યે પ્રેમ કરે. આહાહા..! નિશ્ચયની વાત છે ને આ સત્ય? **'તેને વાત્સલ્ય ગુણ...'** કહે છે.

**'જે આત્માના જ્ઞાનગુણને પ્રકાશિત કરે...'** જ્ઞાન એટલે આત્માના અનંતા ગુણો જે છે તેને પર્યાયમાં વિશેષે પ્રગટ કરે તે પ્રભાવના છે. આ પ્રભાવના સાચી છે. આહા..! પ્ર-ભાવના, પ્ર–વિશેષે પ્રગટ. અનંત અનંત શક્તિનો સાગર પ્રભુ, તેનો અનુભવનો અંશ તો આવ્યો છે પણ હવે એ શક્તિને વિશેષ પ્રભાવના પ્રગટ કરે. આહાહા..! અનંત શક્તિનો સાગર છે તેની પર્યાયમાં વિશેષ પ્રગટ કરે. એને અહીંયાં પ્રભાવના સાચી કહેવામાં આવે છે. આહાહા..! આ નિશ્ચય પ્રભાવના. 'કિશોરભાઈ'! આ તમારે ન્યાં બધા કરવાના છે ને? કેટલાય. કેટલા ખર્ચવાના? ત્રીસ લાખ. 'નાઈરોબી', 'આફ્રિકા'. આ બધા શેઠિયાઓ ભેગા છે. એ બહારની વાત કહે છે એમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે. આહાહા..! અહીં તો પ્રભાવના એને કહીએ, એ બહારમાં મોટી પ્રભાવના થાય કે, ઓહોહો..! શેઠિયાઓએ પૈસા બહુ ખર્ચ્યા ને મંદિર મોટું બનાવ્યું.

મુમુક્ષુ :– એ તો આપનો પ્રભાવ છે ને.

ઉત્તર :– કોઈનો નથી. 'આફ્રિકા'માં બે હજાર વર્ષમાં કોઈ દિગંબર મંદિર છે નહિ, પહેલુવહેલું થાય છે. 'આફ્રિકા'માં 'નાઈરોબી'. ત્યાં તો શ્વેતાંબર ઘણા છે. શ્વેતાંબરનું મંદિર મોટું કરશે. અને આ દિગંબર મંદિર ભગવાન પછી બે હજાર વર્ષે થયું ને ત્યાં તો છે જ નહિ, હવે નવું થાય છે. પણ એ તો પરમાણુની ક્રિયા તે કાળે તે થવાની છે અને તેમાં જેનો રાગ મંદ હોય એ શુભભાવ, પણ એ શુભભાવ એ વ્યવહાર પ્રભાવના છે, પણ કોને? કે જેને નિશ્ચય આત્માના ગુણની પ્રભાવના પ્રગટ કરી છે એને વ્યવહાર હોય. આહાહા..! સમજાણું કાંઈ? આકરું કામ બહુ, ભાઈ! વીતરાગ માર્ગને અંતર માર્ગે ચડવું, કુપંથને છોડીને વીતરાગ માર્ગના, આત્માના પંથે (ચડવું). આહાહા..! આત્મા વીતરાગ સ્વરૂપ જ છે. એ વીતરાગ સ્વરૂપને પંથે ચડવું.. આહા..! અને એમાં જે શક્તિઓ અનંત છે તેને ક્ષણે ક્ષણે અંદરમાં વધારવી તે પ્રભાવના છે. પ્ર-ભાવના. પ્ર–પ્રગટ, પ્રગટપણે શક્તિઓને પ્રગટ કરવી. આહાહા..! વ્યવહારવાળાને તો એવું લાગે કે આવું શું? પણ વસ્તુ જ આ છે પહેલી, આ વિના તારા વ્યવહાર બધા મીંડા છે ખોટા. આહાહા..! સમજાણું કાંઈ? **'આત્માના જ્ઞાનગુણને...'** એટલે આત્માની બધી શક્તિઓને **'પ્રકાશિત કરે–પ્રગટ કરે,. તેને પ્રભાવના ગુણ...'** કહે

છે. છે?

**'આ બધાય ગુણો તેમના પ્રતિપક્ષી દોષો વડે...'** એ ગુણોના પ્રતિપક્ષી દોષ વડે **'જે કર્મબંધ થતો હતો તેને થવા દેતા નથી.'** આહા..! આઠે ગુણોથી વિરુદ્ધ જે ભાવ, એનાથી બંધ થતો એ આ અવિરોધી ગુણને લઈને બંધ થતો નથી. આહાહા..! 'ચીમનભાઈ' ગયા? ગયા હશે. **'વળી આ ગુણોના સદ્ભાવમાં,...'** આ સમ્યગ્દર્શનની દશામાં આઠ પર્યાય જે પ્રગટી તેની હયાતીમાં, સદ્ભાવ એટલે હયાતી, **'ચારિત્રમોહના ઉદયરૂપ શંકાદિ પ્રવર્તે...'** ચારિત્રમોહના ઉદયરૂપી કોઈ શંકાદિ થાય **'તોપણ તેમની (–શંકાદિની) નિર્જરા જ થઈ જાય છે,...'** આહાહા..! આદર નથી. આદર તો અહીં ભગવાનનો છે. આહાહા..! પૂર્ણાનંદના નાથનો જ્યાં સ્વીકાર ને આદર અંદર દૃષ્ટિમાં થયો એને ચારિત્રમોહના ઉદયનો રાગ આવે પણ એ નિર્જરી જાય છે.

બે વાત કરી, કે જે નિઃશંકાદિ આઠ ગુણો છે એનાથી વિરુદ્ધ દોષોથી બંધ થતો તે બંધ નથી અને એને જે ઉદયમાં આવે એ પણ નિર્જરી જાય છે, એમ કહે છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદના નાથને ઓથે પડ્યો છે ને અંદર. એને એના ગુણથી વિરુદ્ધ જે દોષો એનાથી બંધ થતો, એ તો છે નહિ. હવે જ્યારે પૂર્વના કર્મના ઉદયને લઈને જે રાગાદિ આવે પણ ત્યાં એનો આદર નથી અને આદર તો અહીં સ્વભાવનો છે. આહાહા..! આવું સ્વરૂપ. તેથી તે સમ્યગ્દૃષ્ટિને પોતાના શુદ્ધ સ્વભાવના સત્કાર અને આદરમાં, સ્વીકારમાં, આહાહા..! રાગનો સ્વીકાર નથી, ઉપાદેય નથી તેથી તે રાગ ખરી જાય છે. આહાહા..!

**'નવો બંધ થતો નથી;...'** એટલે? કે, દોષથી બંધ થતો એ તો નથી પણ ઉદયને લઈને રાગ થાય તેનાથી પણ બંધ થતો નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– રાગથી બંધ ન થાય?

ઉત્તર :– ખરી જાય છે, એમ કહે છે. સ્વભાવનું જોર છે ને? એમ કહે છે. અહીં તો સમ્યગ્દર્શનનું માહાત્મ્ય આઠે ગુણનું વર્ણવવું છે ને. રાગ છે. પહેલા તો કહ્યું એનાથી જે વિરુદ્ધ ભાવો છે એનાથી દોષથી બંધ થતો એ તો છે નહિ પણ હવે પૂર્વ કર્મ છે જરી તો નબળાઈથી રાગાદિ આવે છે પણ તેનો આદર નથી એટલે ખરેખર એનું બંધન નથી. અલ્પ બંધન ને સ્થિતિ પડે છે તેને અહીં ગણી નથી. રાગ છે થોડો એ પણ છે એને પણ ખરી જાય છે એમ ગણવામાં આવ્યું. બાકી છે. નથી? અને એનાથી બંધ, સ્થિતિ પડે છે પણ એ ગૌણ કરી નાખીને (નથી એમ કહ્યું). આહાહા..! અરે..! ભાઈ! જન્મ-મરણના ચોરાશીના આંટામાંથી છૂટવું, ભાઈ! એ કોઈ અલૌકિક વસ્તુ છે, ભાઈ! ચોરાશીના અવતારમાં...

**'કારણ કે બંધ તો પ્રધાનતાથી...'** જોયું? હેં? **'બંધ તો પ્રધાનતાથી મિથ્યાત્વની હયાતીમાં જ કહ્યો છે.'** જોયું? જ્યાં આગળ રાગની એકતાબુદ્ધિ છે, રાગ ધર્મ છે, દયા, દાન, વ્રત મને ધર્મનું કારણ છે એવો જે મિથ્યાત્વ ભાવ. આહાહા..! **'કારણ કે બંધ તો..'** મુખ્યથી,

ગૌણપણે પરિણામ છે પણ મુખ્યથી **'મિથ્યાત્વની હયાતીમાં જ કહ્યો છે.'** મિથ્યાત્વ એ જ સંસાર છે, મિથ્યાત્વ એ જ આસ્રવ છે, મિથ્યાત્વ એ જ ભાવબંધ છે. આહાહા..! એની તો ખબરું ન મળે, મિથ્યાત્વ એટલે શું? આ દેહની ક્રિયા હું કરું છું, દયા, દાન, વ્રતના પરિણામ મને ધર્મ છે એ બધો મિથ્યાત્વ ભાવ છે. આહાહા..! કરે મિથ્યાત્વની પુષ્ટિ અને માને કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. શું થાય? આહા..! અનંતકાળ થયા, ભાઈ! એને સત્યપંથે ગયો નથી. આહાહા..!

અહીં તો કહે છે, **'બંધ તો પ્રધાનતાથી...'** એટલે મુખ્ય, **'મિથ્યાત્વની હયાતીમાં જ કહ્યો છે.'** સમકિત પછી જરી જે બંધ થાય એ અલ્પ છે, અલ્પ સ્થિતિ, રસવાળો (છે) એને અહીં ન ગણ્યો. અલ્પ સંસાર થોડો છે. મિથ્યાત્વમાં તો અનંત સંસારની વૃદ્ધિ છે. ભલે મુનિ હોય, પંચ મહાવ્રત ધારનારો હોય, નગ્ન દિગંબર પણ રાગને પોતાનો માને છે, રાગની ક્રિયા તે ધર્મ છે, શુભઉપયોગ તે ધર્મ છે, એમાં આ કાળે શુભયોગ જ હોય છે, એમ અત્યારે કહે છે. 'શ્રુતસાગર' છે. 'શાંતિસાગર'ના કેડાયત. એમ કે બધા મુનિઓ શુભઉપયોગવાળા જ હતા અને શુભઉપયોગી અત્યારે હોય, બીજો હોય નહિ. અરે..! પ્રભુ.. પ્રભુ..! શું કરે છે? ભાઈ! તો પણ એટલું બહાર પાડ્યું એટલું ઠીક કર્યું. આહાહા..! અત્યારે શુભઉપયોગ જ હોય. શુભઉપયોગ તો પુણ્ય છે, રાગ છે, ઝેર છે. ત્યાં તો ધર્મ છે ક્યાં? આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આહા..! 'શાંતિસાગર'ના કેડાયત. 'શાંતિસાગર' અહીં આવ્યા હતા, ચોવીસ કલાક રહ્યા હતા. મૂળ દૃષ્ટિની ખબર નહિ. બાકી આચરણ અને બહારની ક્રિયા સાધારણ. એને માટે ચોકા કરીને આહાર લ્યે, એ તો વ્યવહારનાય ઠેકાણા નહિ. ભઈ! માર્ગ તો આવો (છે), પ્રભુ! શું થાય? આહાહા..!

મુમુક્ષુ :– બધાની પોલ ખુલ્લી થઈ ગઈ.

ઉત્તર :– વસ્તુસ્થિતિ આ છે, કોઈને માટે કંઈ છે નહિ. આહાહા..! માર્ગ આ છે ને, પ્રભુ! પરમાત્માનું ફરમાન આ છે. કહ્યું હતું નહિ? 'જયપુર'માં 'મનોહરલાલ વર્ણી' 'વર્ણીજી'ના શિષ્ય અમારી પાસે આવ્યા. આમ ક્ષુલ્લક પણ છતાં રેલમાં બેસીને આવ્યા. રેલમાં બેસતા. પછી આવીને પ્રશ્ન કર્યો. બેય 'જયપુર' આવ્યા. કહે, મહારાજ! આ રાગને પુદ્‌ગલ કેમ (કહ્યો)? પુદ્‌ગલના પરિણામ કેમ કહ્યા? એક પ્રશ્ન આ કર્યો. કીધું, ભઈ! એ નીકળી જાય છે, આત્માનો સ્વભાવ નથી. એથી પુદ્‌ગલ ગયા ભેગું એ છૂટી જાય છે. જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી રાગ છે અને કર્મ નથી ત્યાં રાગ નથી. એ અપેક્ષાએ તેને પુદ્‌ગલના પરિણામ કહીને છોડી ગયા. બીજો પ્રશ્ન કર્યો કે, અત્યારે ક્ષુલ્લક ને મુનિને આ બધો ઉદ્દેશિક આહાર થાય છે એ તો ગૃહસ્થો પોતાને માટે કરે છે. માટે એ ઉદ્દેશિકનો ખુલાસો જો થાય તો બહુ સારું થાય, એમ. એનો અર્થ એમ કે એ ઉદ્દેશિક કહેવાય નહિ. મેં કહ્યું, બાપુ! પ્રભુ! શું કહું? અરે..! વીતરાગના વિરહ પડ્યા, ત્રણલોકના નાથના સંયોગમાં હતા ત્યાંથી

વિયોગમાં આવી ગયા. આહાહા..! એમાં વીતરાગનો અત્યારે સંયોગ નથી, એમાં ઉદ્દેશિક આહાર એ ઉદ્દેશિક નથી, પ્રભુ! એમ ન કહેવાય, ન કહેવાય. ભાઈ! એને માટે બનેલા બનાવેલા ચોકા બનાવે, ક્ષુલ્લક લ્યે. એ તો વ્યવહારે ક્ષુલ્લક નથી. એ તો બાપુ! હું તો વ્યવહારનયથી દ્રવ્યલિંગી ક્ષુલ્લક પણ કોઈને માનતો નથી. સાંભળ્યું, સાંભળતા હતા. મધ્યસ્થતાથી કહેતો હતો, કોઈ અનાદર માટે નહિ. બાપુ! વસ્તુ આવી છે, ભાઈ! પરમાત્માનું ફરમાન છે અને વસ્તુસ્થિતિ આમ છે, ભાઈ! કોઈ વ્યક્તિગત માટે નહિ. એને એમ કે, આ લોકો બનાવે છે ને લ્યે એમાં એને શું દોષ? એમ. પણ લોકો બનાવે છે અને લ્યે છે એ એનું અનુમોદન છે. સમજાણું કાંઈ? એને માટે બનાવેલા આહાર આવે, એને ખબર છે કે આ મારે માટે બનાવે છે. એ લ્યે છે તો એ પાપને અનુમોદે છે. ભલે કરતો નથી, કરાવતો નથી, એ લ્યે છે એ અનુમોદે છે. નવ કોટિમાં અનુમોદન કોટિ તૂટી જાય છે એની. વ્યવહારની નવ કોટિ પણ રહેતી નથી, નિશ્ચય તો ક્યાં છે? આહાહા..! સમજાણું કાંઈ?

આ પ્રશ્ન તો અમારે સંપ્રદાયમાં ૧૯૬૯ની સાલમાં ચાલ્યો હતો, સંવત ૧૯૬૯. છાસઠ વર્ષ પહેલા આ પ્રશ્ન (ચાલેલો). કારણ કે હું તો દુકાન છોડીને દીક્ષા લેવા ઉપર હતો, સંપ્રદાયમાં, એમાં વળી એક સાધુ મળ્યા. ત્રણ મહિના 'પાળિયાદ' રહ્યો પછી ભાઈની આજ્ઞા લેવા 'પાલેજ' જાતો હતો. ત્યાં વચ્ચે 'બોટાદ' (આવે), એમાં એક 'ગુલાબચંદ ગાંધી' સાધુ હતા. 'રાજકોટ'ના. એકલા રહેતા. એણે એવું કહ્યું કે, સાધુ માટે અપાસરો બનાવ્યો હોય અને અપાસરો વાપરે તો એ સાધુ નહિ. અરે..! આ શું કહે છે? આપણે તો કોઈ દિ' સાંભળેલું નહિ. અમારા 'હિરાજી મહારાજ' સ્થાનકવાસી ગુરુ હતા, એ અપાસરા વાપરતા (અને) આ શું કહે છે? સાધુ માટે મકાન બનાવ્યું હોય અને જો વાપરે તો એ સાધુ નહિ. કેમ? એ વાપરે તો અનુમોદન થાય છે અને 'દશવૈકાલિક'માં પાપ છે.

એ પછી મેં પ્રશ્ન મારા ગુરુને કર્યો કે, ભઈ! આ મકાન એને માટે બનાવે છે અને એ વાપરે તો એને દોષ શું? તો એમણે કહ્યું કે, તમારા ભાઈએ તમારા માટે મકાન બનાવ્યું અને તમે વાપરો એમાં શું? એમ બિચારા સરળ ભદ્રિક હતા. મને ત્યારે પણ ખબર હતી કે, જે મકાન જેને માટે બનાવે કે આહાર બનાવે અને લ્યે તો એ અનુમોદન છે. અનુમોદનની કોટિ તૂટી જાય છે. કરવું, કરાવવું અને અનુમોદનની (કોટિ) એક તૂટતા નવે તૂટી જાય છે. આ તો ૧૯૬૯ની સાલ, દીક્ષા લીધા પહેલાની વાત છે. ૧૯૭૦માં ઢૂંઢિયામાં દીક્ષા લીધી. એ તો દીક્ષા ક્યાં હતી?

એ ૧૯૬૯માં આ પ્રશ્ન થયેલો. ૧૯૬૯ સમજે? '૬૯. ચોમાસામાં 'રાણપુર' પ્રશ્ન કરેલો, 'રાણપુર'. અમારા સંપ્રદાયના ગુરુ હતા. મેં કીધું આ જેને માટે મકાન બનાવે અને એ વાપરે તો મહારાજ કઈ કોટિ તૂટે? ૧૯૬૯ની સાલ, આ સાંઈઠ વર્ષ પહેલાની વાત છે. હવે એને અત્યારની કાંઈ ખબર નથી. એને માટે બનાવેલા આહાર ને ચોકા લ્યે ને આહાર,

પાણી, અધમણ પાણી, એક પાણીના બિંદુમાં અસંખ્ય જીવ. એવા દસ-દસ શેર, પંદર શેર પાણી બનાવે લ્યે ને એને માટે લ્યે. એ..ઇ..! 'કાંતિભાઈ'! એ તો શેઠિયા છે ને. એણે કર્યું છે ને બધું. આ તો વસ્તુની સ્થિતિ જાણવા માટે. આહાહા..!

એને માટે કરેલા છે, ઇ લ્યે છે એ જ મહાપાપ છે. લેનારનેય પાપ છે અને દેનારનેય પાપ છે. કારણ કે સાધુ માનીને આપે છે તો એને મિથ્યાત્વ છે અને ઓલો સાધુ છું એમ માનીને લ્યે છે તો એને પણ મિથ્યાત્વ છે. આહાહા..! આવી વાતું છે. એ અહીં કહે છે. મિથ્યાત્વની પ્રધાનતામાં હયાતીમાં જ બંધ કહ્યો છે. જેની શ્રદ્ધા હજી વિપરીત છે. આહાહા..! જેના શ્રદ્ધાના ઠેકાણા નથી એની પ્રધાનતાથી એને જ બંધનું કારણ કહ્યું છે.

**'સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં ચારિત્રમોહના ઉદયનિમિત્તે સમ્યગ્દષ્ટિને જે બંધ કહ્યો છે...'** છે ને? સમ્યગ્દષ્ટિને ઓલામાં ના પાડીને હવે કહે છે કે, બંધ કહ્યો છે ને? **'તે પણ નિર્જરારૂપ જ...'** છે. આહા..! અપેક્ષાથી ગણ્યું છે ને એને? દૃષ્ટિનું જોર છે ને? એ તો શાસ્ત્રમાં એમેય આવ્યું છે ને, જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ. નિર્જરામાં અધિકાર આવી ગયો છે. સમકિતી ભોગ ભોગવે એ નિર્જરાનો હેતુ છે. એ ભોગ નિર્જરાનો હેતુ હોય? ભોગ તો પાપ છે. એ તો એને ભોગનો આદર નથી અને દૃષ્ટિનું જોર છે એ અપેક્ષાએ કહ્યું છે. પણ એમ જ માની લ્યે કે ભોગ છે એ નિર્જરાનો હેતુ છે. તો પછી ભોગ છોડીને ચારિત્ર ગ્રહણ કરવું એ તો રહેતું નથી. એમ નથી. એ તો દૃષ્ટિના જોરમાં સ્વભાવનો આદર છે અને તેથી તેને રાગનો આદર નથી અને તેથી તેને થોડો રસ ને સ્થિતિ પડે છે, તેને ગૌણ કરીને નિર્જરા કહેવામાં આવી છે. આહાહા..! એમાં ખેંચાતાણ કરી નાખે કે ભોગમાં નિર્જરા જ છે. એમ નથી. તેમ ભોગમાં નિર્જરા કીધી છે ને સિદ્ધાંતે? એ તો કઈ અપેક્ષાએ? ભાઈ! મિથ્યાત્વથી જે બંધ પડતો તેટલો બંધ એને નથી. તેથી એ બંધને ગૌણ કરી સ્થિતિ, રસ થોડો પડે તેને ગૌણ કરીને બંધ નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! અરે..! ભાઈ! બંધ તો દસમા ગુણસ્થાન સુધી પડે છે. સમકિત થયું એટલે થઈ રહ્યું, બંધ ન પડે? કઈ અપેક્ષાએ કહ્યું છે? મિથ્યાત્વ સંબંધીનો જે બંધ છે તે બંધ નથી અને મુખ્યપણે એને બંધ ગણવામાં આવ્યો છે. એ અપેક્ષાએ બંધ નથી એમ કીધું. પણ સમકિત થઈને એમ જ માની લ્યે કે અમારે તો હવે કાંઈ બંધ છે જ નહિ. એ સ્વચ્છંદી છે. આહાહા..! અહીં તો ભઈ! જે વાત સત્ય હશે તેમ રહેશે. અહીં કંઈ કોઈનો પક્ષ નથી. આહા..!

અહીં કહે છે કે, **'સિદ્ધાંતમાં...'** છે? **'બંધ કહ્યો છે તે પણ નિર્જરારૂપ જ...'** છે. આવી ગયું. ચારિત્રમોહ થયો ને? **'(–નિર્જરા સમાન જ) જાણવો કારણ કે સમ્યગ્દષ્ટિને જેમ પૂર્વે મિથ્યાત્વના ઉદય વખતે બંધાયેલું કર્મ ખરી જાય...'** આહાહા..! શું કહે છે? સમ્યગ્દર્શનમાં આત્માના અનુભવમાં આનંદની દશા વર્તે છે. તેને પૂર્વનું કર્મ છે ઇ ખરી જાય છે. **'તેમ નવીન બંધાયેલું કર્મ પણ ખરી જાય છે;...'** આહાહા..! એ સમ્યગ્દર્શનના જોરની અપેક્ષાએ

વાત કરી. મિથ્યાત્વની પ્રધાનતાથી બંધ થાય એનો નિષેધ કર્યો. બાકી બિલકુલ બંધ જ નથી એમ નથી. આહાહા..! સમકિતીને અવ્રતના ભાવ છે, પ્રમાદનો ભાવ છે, કષાયનો ભાવ છે એ બધું બંધનું કારણ છે. આહાહા..! મુનિને પણ હજી રાગ, પ્રમાદ, પંચ મહાવ્રતના પરિણામ છે એ બંધના કારણ છે. આહાહા..! અરે..રે..! આવી વાતું. વીતરાગ માર્ગ બહુ અલૌકિક છે, બાપુ! અને વાણિયા ને વેપાર-ધંધા આડે સત્ય શું છે એનો નિર્ણય કરવાની નવરાશ ન મળે. આ ઠપકો અપાય છે. નિવૃત્તિથી સત્ય શું છે અને અસત્ય શું માનીએ છીએ? અરે..! પ્રભુ! એને નિર્ણય કરવાના ટાણાય નહિ, ભાઈ! આવા મનુષ્યપણા મળ્યા. વીતરાગની વાણી કાને પડી. આહાહા..!

અહીં તો કહે છે કે, સમ્યગ્દૃષ્ટિને આત્માનું જ્ઞાન ને ભાન, અનુભવ છે તેથી તેને મિથ્યાત્વ નથી. તેથી તેને પૂર્વના કર્મનો ઉદય છે એ ખરી જાય છે. થયું? અને વર્તમાનમાં જે રાગાદિ થાય છે, નવું બંધન એ પણ ખરી જવાનું છે માટે ખરી જાય છે એમ કીધું. શું કહ્યું સમજાણું? કે આત્મા પૂર્ણાનંદના નાથના જેના અંતરના ભેટા અનુભવમાં, સમ્યગ્દર્શનમાં થયા; સમ્યક્–સત્ય દર્શન પૂર્ણાનંદનો નાથ એનું દર્શન થયું, તેનો અનુભવ થયો, એને આનંદનો સ્વાદ આવ્યો, આહાહા..! એવા સમ્યગ્દૃષ્ટિને પૂર્વના કર્મનો ઉદય છે એ ખરી જાય છે. એને આદર નથી. ત્યારે કહે, રાગ છે એનું બંધાય છે ને થોડું? (તો કહે છે), એ પણ ખરી જાય છે. ખરી જશે (એને) ખરી જાય છે એમ કહ્યું. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ ત્રણલોકના નાથ પરમાત્માનો માર્ગ કોઈ અલૌકિક છે. આહા..! અત્યારે તો લોકોએ બહારમાં બધું મનાવી લીધું. આહાહા..!

કેમ ખરી જાય છે? **'તેને તે કર્મના સ્વામીપણાનો અભાવ હોવાથી...'** છે ને? પૂર્વના કર્મનો સ્વામી નથી અને વર્તમાન રાગનોય સ્વામી નથી. આહાહા..! આ મિથ્યાત્વની અપેક્ષાએ, હોં! **'તે આગામી બંધરૂપ નથી, નિર્જરારૂપ જ છે.'** નિર્જરારૂપ 'જ' છે. આહાહા..! **'જેવી રીતે—'** આહાહા..! હવે મુનિવ્રત ધારે, પંચ મહાવ્રત લ્યે, નિરતિચાર પાળે તોપણ તેને દુઃખની દશા છે, એને ધર્મ માને છે. તેથી તે મિથ્યાદૃષ્ટિ છે, એને મિથ્યાત્વનો આકરો બંધ પડે છે. અને સમકિતીને રાગ જરી થાય છે તેનો થોડો બંધ પડે એ બંધ પણ ખરી જશે એમ અહીં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અરે..! આવી વાતું આકરી લાગે લોકોને, શું થાય?

ભાઈ! તારું સત્ય શું છે એને શોધવા જા તો તને મળશે. આહા..! પ્રભુને શોધ, એને પગલે-ડગલે ન્યાં જા. આહાહા..! ત્યાં આગળ ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે. અંતરાત્મા, તેને અનુભવ, દૃષ્ટિમાં લે, અનુભવ કર. એ અપેક્ષાએ તેને પૂર્વનું કર્મ નિર્જરી જાય છે, નવું બંધાય એ પણ નિર્જરી જશે એટલે નિર્જરી જાય છે એમ કહ્યું. કેમકે એનો સ્વામી નથી. જ્યાં સ્વસ્વરૂપનો સ્વામી થયો.. આહાહા..! સ્વસ્વામીસંબંધ નામનો એક આત્મામાં ગુણ છે. અનંતગુણ છે એ માહેલો એક ગુણ છે. સ્વસ્વામીસંબંધ. તો સ્વ નામ આત્મા

આનંદમૂર્તિ ભગવાન, એ સ્વ, એનો ગુણ સ્વ, દ્રવ્ય સ્વ અને નિર્મળ પર્યાય થઈ એ સ્વ, એનો એ સ્વામી છે. રાગાદિ આવે એનો એ સ્વામી ધર્મી છે નહિ. આહા..! સમજાણું? આવી વાતું આકરી પડે, શું થાય? ભાઈ! અરે..રે..! અનંતકાળથી રઝળે છે.

**'જેવી રીતે–કોઈ પુરુષ...'** દૃષ્ટાંત આપે છે. **'પરાયું દ્રવ્ય ઉધાર લાવે તેમાં તેને મમત્વબુદ્ધિ નથી,...'** આહાહા..! આ છોકરાના લગન હોય અને મોટા ગૃહસ્થ (પાસેથી) પાંચ-દસ હજારનો દાગીનો લઈ આવે, વરઘોડે ચડે ને તો નાખવા માટે પણ એ માને કે આ મારું છે? હેં? સાધારણ હોય, એની પાસે કંઈ બે-પાંચ હજારનો દાગીનો હોય પણ વધારે હોય તો પછી 'કિશોરભાઈ'ને કહે કે, એક દસ હજારનો દાગીનો આપજો. લાવીને વરઘોડે નાખે. એને પોતાનું માને? 'કાંતિભાઈ'! આહાહા..! **'કોઈ પુરુષ પરાયું દ્રવ્ય ઉધાર લાવે તેમાં તેને મમત્વબુદ્ધિ નથી, વર્તમાનમાં તે દ્રવ્યથી કાંઈ કાર્ય કરી લેવું હોય તે કરીને...'** બે-ત્રણ દિ' છોકરાને વરઘોડે ચડાવે, દાગીનો પહેરાવે, સારા લૂગડાં કોઈ કોટ ઊંચા હોય, મલમલના કે કો'ક ઊંચા શેઠિયાઓને ત્યાંથી લઈ આવે પણ ઇ કંઈ મારું માને એમ મારું માને છે? મારા દીકરાએ પહેર્યું માટે મારું છે (એમ માને છે)? આહાહા..!

**'તે કરીને કરાર પ્રમાણે...'** જોયું? **'તે કરીને કરાર પ્રમાણે...'** શેઠિયાને કહે, ભાઈ! આ અમે બે દિ', ત્રણ દિ' રાખશું. તમારો દાગીના ને આ કપડા ત્રણ દિ' રાખશું પછી તમને આપી દઈશું. **'કરાર પ્રમાણે નિયત સમયે...'** નિયત એટલે નિશ્ચય સમયે. જે સમય નક્કી કર્યો હોય કે, ત્રણ દિ' પછી એને તમને આપી દઈશું. એ **'ધણીને આપી દે છે; નિયત સમય આવતાં સુધી તે દ્રવ્ય પોતાના ઘરમાં પડ્યું રહે તોપણ તે પ્રત્યે મમત્વ...'** મારું છે એમ નથી. આહાહા..! માળે! દૃષ્ટાંત દીધો છે ને! એમ બને છે ને અત્યારે? શેઠિયાઓ પાસેથી લઈ આવે. આહા..! **'ઘરમાં પડ્યું રહે તોપણ તે પ્રત્યે મમત્વ નહિ હોવાથી તે પુરુષને તે દ્રવ્યનું બંધન નથી,..'** આહાહા..! **'ધણીને દઈ દીધા બરાબર જ છે;...'** એ ધણી નહિ, પરનું જ છે, દઈ દીધા બરાબર છે. આહા..!

**'તેવી જ રીતે–જ્ઞાની...'** સમ્યગ્દૃષ્ટિ જીવ. આહાહા..! અરે..! સમ્યગ્દર્શન શું ચીજ છે, બાપુ! એ લોકોને ખબર નથી. બહારમાં માની બેઠા, દેવ-ગુરુ-શાસ્ત્રને અમે માનીએ છીએ. હવે વ્રત લઈ લ્યો. બધો મિથ્યા ભ્રમ છે. આહાહા..! ઓહોહો..! પૂર્ણાનંદના નાથનો જ્યાં અંદર સ્વીકાર થાય, એનો સ્વીકાર થઈ, સત્કાર થઈને અનુભવ થાય એવી દૃષ્ટિને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે. આહાહા..! ભાષા સમજાય છે ગુજરાતી થોડી થોડી? આહા..! **'જ્ઞાની કર્મદ્રવ્યને પરાયું જાણતો હોવાથી...'** શું કહે છે, જોયું? ધર્મી જીવ તો (એમ જાણે છે કે), કર્મ જડ છે, અજીવ છે, પર દ્રવ્ય છે એ તો, પરદ્રવ્ય મારી ચીજ નથી. આહાહા..! અજીવ છે તેને મારું માને? કર્મ તો અજીવ છે, જડ છે, માટી છે, ધૂળ છે, પુદ્‌ગલ છે. આહાહા..! એ અજીવ તત્ત્વને, જીવતત્ત્વ જાણેલો પોતાનું માને? આહાહા..!

**'ધર્મી કર્મદ્રવ્યને પરાયું જાણતો હોવાથી તેને તે પ્રત્યે મમત્વ નથી માટે તે મોજૂદ હોવા છતાં...'** એ કર્મ હોવા છતાં **'નિર્જરી ગયા સમાન જ છે...'** આહાહા..! ઓલું ઘરમાં રાખ્યું છે છતાં દીધા બરાબર છે. આહાહા..! જુઓ! આ સમ્યગ્દર્શનની મહિમા. આહાહા..! ચોથા ગુણસ્થાનનું સમ્યગ્દર્શન આવું હોય. લોકો માને છે કે આપણે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ને નવ તત્ત્વની વ્યવહાર શ્રદ્ધા એ બધી મિથ્યાત્વ છે. નવ તત્ત્વનો અનુભવ એ મિથ્યાત્વ છે, ભેદ છે ને? ભેદ. આહાહા..! 'કળશટીકા'માં કળશમાં છે. નવના ભેદની શ્રદ્ધાવાળો છે તે મિથ્યાદૃષ્ટિ છે. અભેદ ભગવાન અખંડાનંદ પ્રભુ, આહાહા..! પૂર્ણાનંદના નાથના સ્વભાવનો સ્વીકાર કરી અને જે પર્યાયમાં અનુભવ થાય તેમાં સ્વાદનો અંશ આવે, એમાં પ્રતીત થાય કે આ તો પૂર્ણાનંદનો નાથ છે, આ સ્વાદનો અંશ એ પૂર્ણ આનંદથી ભરેલો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું છે. **'મમત્વ નથી માટે તે મોજૂદ હોવા છતાં નિર્જરી ગયા સમાન જ છે એમ જાણવું.'** લ્યો.

**'આ નિઃશંકિત આદિ આઠ ગુણો વ્યવહારનયે વ્યવહારમોક્ષમાર્ગ પર નીચે પ્રમાણે લગાવવા :–'** આ તો નિશ્ચયથી જે સત્ય છે તે કહ્યા. હવે એ સમકિતીને પણ વ્યવહાર આઠ આવે. વ્યવહાર નિઃશંક આદિ આઠ વિકલ્પ આવે. છે પુણ્ય બંધનું કારણ. વ્યવહાર સમકિતના આઠ આચાર એ પુણ્યબંધનું કારણ અને નિશ્ચય સમકિતના આચાર તે નિર્જરાનું કારણ. આહાહા..! અરે..રે..! **'જિનવચનમાં સંદેહ ન કરવો,...'** એ હવે વ્યવહાર ઉતારે છે. વીતરાગના વચનમાં સંદેહ ન કરવો, એ વ્યવહાર, વિકલ્પ, રાગ છે. એ વ્યવહાર સમકિતનું આચરણ આઠ આચાર એ બંધનું કારણ છે. આહાહા..! પણ નિશ્ચયવાળાને વ્યવહાર હોય, હોં! જેને નિશ્ચય નથી એને વ્યવહાર હોય જ નહિ. આહાહા..! જેને આત્માનું નિઃશંકપણું (આદિ) નિશ્ચયથી આઠ (ગુણો) પ્રગટ્યા છે એને આવો વ્યવહાર હોય છે એ વ્યવહાર પણ તેને બંધનું કારણ છે. આહાહા..! અજ્ઞાની મિથ્યાદૃષ્ટિને તો વ્યવહારેય હોતો નથી. આહાહા..! કારણ કે જ્યાં નિશ્ચય પ્રગટ્યું નથી, સમ્યગ્દર્શન, અનુભવ શું છે એની ખબરેય નથી, એને તો વ્યવહાર હોતો નથી. વ્યવહારાભાસ તરીકે રખડે. આહાહા..! **'જિનવચનમાં સંદેહ ન કરવો, ભય આવ્યે વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રથી** ડગવું **નહિ,...'** આ વ્યવહાર, હોં! **'તે નિઃશંકિતપણું છે.'** એનું નામ નિઃશંકિતપણું (છે).

**'સંસાર-દેહ-ભોગની વાંછાથી તથા પરમતની વાંછાથી વ્યવહારમોક્ષમાર્ગથી** ડગવું **નહિ...'** સંસાર, દેહ ને ભોગની વાંછાથી અને પરમતની વાંછા–અન્યમતિઓની વાંછાથી વ્યવહાર મોક્ષમાર્ગથી ડગવું નહિ **'તે નિષ્કાંક્ષિતપણું છે.'** એ શુભ વિકલ્પ છે, એ શુભ વિકલ્પ છે. એ સમકિતીને આવો શુભ વિકલ્પ હોય એને વ્યવહાર કહેવામાં આવે છે. અજ્ઞાનીને તો વ્યવહારેય નથી. આહાહા..! આવી વાતું આકરી છે.

**'અપવિત્ર, દુર્ગંધવાળી–એવી એવી વસ્તુઓના નિમિત્તે વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિ પ્રત્યે**

**ગ્લાનિ ન કરવી તે નિર્વિચિકિત્સા છે.'** શુભભાવ. **'દેવ, ગુરુ, શાસ્ત્ર, લોકની પ્રવૃત્તિ, અન્યમતાદિકના તત્ત્વાર્થનું સ્વરૂપ-ઇત્યાદિમાં મૂઢતા ન રાખવી,...'** દેવમાં મૂઢતા, ગુરુમાં મૂઢતા, શાસ્ત્રમાં મૂઢતા, લોકની પ્રવૃત્તિમાં મૂઢતા. એ વ્યવહારમૂઢતા છે, એ વિકલ્પ છે. એ વિકલ્પ રાગ છે. નિશ્ચય અમૂઢતા એ જીવના અરાગી પરિણામ છે. સમ્યગ્દર્શન એ અરાગી પરિણામ છે તો એના નિઃશંક આદિ એ પણ નિશ્ચય અરાગી પરિણામ છે અને આ વ્યવહાર છે એ તો રાગના પરિણામ છે. નિશ્ચય હોય એને આવો વ્યવહાર આવે, હોય છે. આહાહા..!

**'ધર્માત્મામાં કર્મના ઉદયથી દોષ આવી જાય...'** ધર્માત્મા છે, કોઈ કર્મનો આકરો દોષ આવી જાય **'તો તેને ગૌણ કરવો...'** એને બહાર ન પાડવું. સમ્યગ્દૃષ્ટિ છે, ધર્માત્મા છે એને કોઈ વખતે એવો રાગાદિ આવી ગયો. સમજાણું? આહાહા..! તો ધર્મીજીવે વ્યવહારથી તેને ગૌણ કરવો **'અને વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિને વધારવી...'** પોતાનો શુભરાગ. **'તે ઉપગૂહન અથવા ઉપબૃંહણ છે.'** એ પાંચ કહ્યા. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૧૧ ગાથા–૨૩૬, શ્લોક–૧૬૨ શનિવાર, ભાદરવા વદ ૧૦, તા. ૧૫-૦૯-૧૯૭૯**

---

'સમયસાર' નિશ્ચય સમ્યગ્દર્શનના આઠ અંગો કહ્યા. એ સ્વરૂપને આશ્રયે અહીંયાં વાત છે અને આ છે એ પરની અપેક્ષાની વાત છે. પરાશ્રિત વ્યવહાર. આહાહા..! **'આ નિઃશંકિત આદિ આઠ ગુણો વ્યવહારનયે વ્યવહારમોક્ષમાર્ગ પર...'** વ્યવહાર મોક્ષમાર્ગ એટલે દયા, દાન, વ્રત પરિણામ એને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવો, છે રાગ, મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો અંતરમાં શુદ્ધ સ્વરૂપ, તેની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા (થાય) તે એનો નિશ્ચય મોક્ષમાર્ગ છે. એ નિશ્ચય મોક્ષમાર્ગના કાળમાં પૂર્ણ વીતરાગતા નથી તેથી એને પરદ્રવ્ય પ્રત્યે વ્યવહારથી **'જિનવચનમાં સંદેહ...'** નહિ. ઓલામાં સ્વરૂપમાં સંદેહ નહિ. આહાહા..! સમ્યગ્દર્શન એટલે ભાઈ એ તો કોઈ અલૌકિક (ચીજ છે). આનંદ સ્વરૂપ ભગવાન એની અંતરમાં વેદન થઈને પ્રતીતિ થાય, આહાહા..! એવા જે સ્વરૂપને સમ્યગ્દર્શનમાં જાણ્યું–માન્યું, તે સ્વરૂપમાં શંકા કાંક્ષા નહિ એ નિશ્ચય છે અને જિનવચનમાં શંકા નહિ એ વ્યવહાર વિકલ્પ છે. આહાહા..!

વીતરાગ ત્રણલોકના નાથ, એની જે વાણી એ પરદ્રવ્ય છે ને? એમાં સંદેહ ન કરવો. **'ભય આવ્યે વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રથી ડગવું નહિ,...'** વ્યવહાર. વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે શુભરાગ. એને ભય આવતા ડગવું નહિ. આહા..! તે નિઃશંકિત છે. નિશ્ચયમાં સ્વરૂપની નિઃશંકતા છે એની સાથે કર્મના ફળની કાંક્ષા નથી, સ્વરૂપમાં નિઃકાંક્ષ છે એ પરમાં કાંક્ષ નથી. એ નિશ્ચય છે. એ નિશ્ચયની સાથે આવો વ્યવહાર, પૂર્ણ (વીતરાગતા) ન હોય

ત્યાં હોય. એ નિઃકાંક્ષિત છે. વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્ર, વ્યવહાર હોં! નિશ્ચય જે સ્વરૂપને આશ્રયે જ્ઞાન, દર્શન, ચારિત્ર (પ્રગટ્યા) એ તો નિશ્ચય છે. આહાહા..! ઝીણી વાતું, ભાઈ! એવો જેને નિશ્ચય છે એને આવો વ્યવહાર અંદર આવે છે, એ શુભરાગ છે, શુભ વિકલ્પ છે. સ્વઆશ્રય છે તે નિર્વિકલ્પ નિઃશંક, નિઃકાંક્ષ આદિ છે. પરઆશ્રય છે એ રાગ, વિકલ્પ છે. એને અહીંયાં વ્યવહાર મોક્ષમાર્ગમાં નિઃકાંક્ષ કહેવામાં (આવે છે). આહા..!

ત્રીજું. '**અપવિત્ર, દુર્ગંધવાળી–એવી એવી વસ્તુઓના નિમિત્તે વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિ પ્રત્યે ગ્લાનિ ન કરવી...**' ઓલામાં સ્વરૂપ પ્રત્યે ગ્લાનિ ન કરવી. પોતાનો સ્વભાવ આનંદ સ્વરૂપ છે તેમાં ગ્લાનિ ન કરવી. એવા નિશ્ચયમાં આવો વ્યવહાર હોય છે. આહાહા..! શરીર, સંસાર, દેહ ભોગ, એની વાંછા એટલે પરદ્રવ્ય આવ્યા ને? એનાથી પરમતની વાંછા, એ સિવાય પરમતની વાંછા, વ્યવહાર. '**વ્યવહાર મોક્ષમાર્ગથી ડગવું નહિ તે નિષ્કાંક્ષિતપણું છે.**' આહાહા..! એકલું વ્યવહાર નિઃકાંક્ષિતપણું હોઈ શકે નહિ. જેને આત્માના સ્વરૂપની અંતર દૃષ્ટિ અને અનુભવ થયો છે, આહા..! એ પરના, કર્મના ફળને વાંછતો નથી એવા નિશ્ચયની સાથે વ્યવહારમાં દેહ, શરીર, ભોગ સંબંધી વાંછા તેને નથી. આહાહા..! શૈલી છે, અલૌકિક વાતું છે, ભાઈ! આહાહા..! પ્રભુ! તારા હિતનો પંથ કોઈ અલૌકિક છે. આહાહા..! તારા સ્વરૂપની અંતર દૃષ્ટિ, અનુભવ થવો અને અંતર.. આહાહા..! અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આવવું એને સ્વમાં શંકા ન થાય એ નિઃશંક નિશ્ચય છે અને પર આદિમાં શંકા ન થાય એ વ્યવહાર (છે). જિનવચનમાં શંકા ન થાય એ વ્યવહાર. જિનવચનમાં શંકા ન થાય માટે તે નિશ્ચય સમકિત છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એમાં જેને કાંક્ષા જ નથી, એને મૂકીને પરની ઇચ્છા જ નથી. સ્વરૂપને છોડીને પરની ઇચ્છા નથી અને અહીંયાં તો દેહ, શરીર ને ભોગની ઇચ્છા નથી. આહા..! અથવા પરમત ને '**વ્યવહારમોક્ષમાર્ગથી ડગવું નહિ...**' એ નિઃકાંક્ષિત છે. આહાહા..! એકલું આ વ્યવહારે નિઃકાંક્ષપણું (હોય) એને વ્યવહાર કહેતા નથી. સમજાય છે કાંઈ?

ત્રીજું. ત્રીજામાં એ છે કે, સ્વરૂપ પ્રત્યે ગ્લાનિ ન કરે. પોતાનું સ્વરૂપ આનંદનો નાથ પ્રભુ, એના પ્રત્યે દ્વેષ ન કરે. આહાહા..! એ તો વસ્તુ આનંદકંદ પ્રભુ, આહાહા..! એના પ્રત્યે નિર્વિચિકિત્સા એ તો નિશ્ચય છે. વ્યવહાર.. આહાહા..! '**અપવિત્ર, દુર્ગંધવાળી–એવી એવી વસ્તુઓ...**' પર. આ પર છે અને ઓલું (નિજ સ્વરૂપ) સ્વ છે. આહાહા..! પંડિતજીએ પણ કેટલું સ્પષ્ટ કર્યું છે, જુઓ! 'હેમરાજજી' પંડિત છે ને? હેં? 'જયચંદ્રજી.. જયચંદ્રજી'. 'હેમરાજજી' તો ઓલા 'પ્રવચનસાર'(નું સ્પષ્ટીકરણ કર્યું).

જેને આત્માના સ્વરૂપમાં પૂર્ણાનંદનો નાથ આવો કેમ હોય? એવી ગ્લાનિ જ નથી જેને. એટલે કે અરુચિ ભાવ નથી. આહાહા..! સ્વરૂપ અરુચિ તે ગ્લાનિ છે. અહીંયાં તો કહે છે, પર વસ્તુની જુગુપ્સા, નિંદા, દુગંછા ન કરવી એ નિર્વિચિકિત્સા ત્રીજો ગુણ છે. છે આ

શુભભાવ. પહેલા જે આઠ નિશ્ચય છે એ શુદ્ધભાવ છે. આહાહા..! એ સમકિતના અવયવો છે. શું કહ્યું ઇ? પ્રભુ! પહેલો (ગુણ) જે સમ્યગ્દર્શન છે, સ્વરૂપની અનુભવ દૃષ્ટિ થઈ, આનંદનો સ્વાદ આવ્યો એ સમકિત નિશ્ચય છે, એ સમકિતના નિઃશંક આદિ આઠ અવયવ છે. સમકિત તે અવયવી છે, છે તો પર્યાય, આહાહા..! સમ્યગ્દર્શન છે તો નિર્મળ વીતરાગી પર્યાય પણ એના આઠ જે ગુણો છે એ એના અવયવ છે, ભાગ છે, અવયવી સમ્યક્ છે તેના ભાગ છે, તે બધા વીતરાગી પર્યાય છે. આહાહા..! અને જે આ વ્યવહાર છે એ પરદ્રવ્ય આશ્રય ભાવ છે તેમાં તે વિકલ્પ (છે તે) શુભરાગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ચોથો. **'દેવ, ગુરુ, શાસ્ત્ર,...'** જોયું? ઓલામાં સ્વરૂપમાં મૂઢતા નહિ. પોતાનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યમૂર્તિનો અનુભવ થયો તેમાં એને–ધર્મીને મૂઢતા નથી. એ નિશ્ચય છે. હવે અહીં વ્યવહાર મૂઢતા નથી એટલે **'દેવ, ગુરુ, શાસ્ત્ર,...'** એ પર છે ને? આહાહા..! દેવ, ગુરુ ને શાસ્ત્રમાં મૂઢતા નહિ. એ એક શુભભાવ છે. આહાહા..! પરદ્રવ્ય પ્રત્યે મૂઢતા નહિ. દેવમાં, ગુરુમાં ને શાસ્ત્રમાં મૂઢતા નહિ એ કંઈ ધર્મ નથી. સ્વરૂપમાં મૂઢતા નહિ તે ધર્મ છે. આહાહા..! પરદ્રવ્યમાં મૂઢતા નહિ એ ધર્મ નથી, એ શુભભાવ છે. આહાહા..! અરે..રે..! આવી વાતું હવે. અહીં તો નિશ્ચય સ્વઆશ્રય અને વ્યવહાર પરઆશ્રય. એટલું લક્ષમાં આવ્યું ને આ એનું (સ્પષ્ટીકરણ છે). આહાહા..!

જેને એ નિશ્ચય સ્વઆશ્રય સમ્યગ્દર્શન અને તેના આઠ અવયવો નિશ્ચય હોય એને પૂર્ણ વીતરાગ ન થાય તેને આવો વ્યવહાર હોય. આહાહા..! દેવ, ગુરુ ને શાસ્ત્રમાં મૂઢતા નહિ, એ હજી શુભભાવ. આહાહા..! સમજાણું કાંઈ? દેવ, ગુરુ ને શાસ્ત્ર તો પરવસ્તુ છે. પરવસ્તુમાં મૂઢતા નહિ એ શુભભાવ છે.

મુમુક્ષુ :– ભગવાન મારું ભલું કરે એ શુભભાવ?

ઉત્તર :– ભગવાન ભલું કરે એ તો વળી દૃષ્ટિ મિથ્યાત્વ છે. ભગવાન ભલું કરે. આત્મા ભલું કરે. આહાહા..!

દેવ સર્વજ્ઞ પરમાત્મા, ગુરુ નિર્ગ્રંથ મુનિ દિગંબર ભાવલિંગી સંત, શાસ્ત્ર સર્વજ્ઞે કહેલા, ભગવાને કહેલા શાસ્ત્ર, એ ત્રણમાં મૂઢતા નહિ એ હજી શુભ રાગ છે. નિશ્ચય મૂઢતા નહિ એ નિશ્ચય શુદ્ધ છે. વ્યવહાર મૂઢતા નહિ એ શુભ રાગ છે. આહાહા..! અરે..! પ્રભુ! તારો માર્ગ કોઈ જુદો છે, ભાઈ! આહા..! અરે..રે..! સાંભળવા મળે નહિ, એના ભેદજ્ઞાનના પ્રકાર શું છે? પ્રભુ! તારું હિત કેમ થાય? આહાહા..! આ તો હિતના પંથને માટે વાત કરે છે. આહા..! કહે છે કે, સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ ભગવાન, એમાં મૂઢતા નહિ એ તો સમકિતનો નિશ્ચયનો એક શુદ્ધ અવયવ છે. આહાહા..! અને દેવ, ગુરુ, શાસ્ત્રમાં મૂઢતા નહિ એ વ્યવહાર વિકલ્પ છે. આહાહા..! નવમી ગ્રૈવેયક દિગંબર સાધુ થઈને ગયો એને દેવ, ગુરુ, શાસ્ત્રમાં મૂઢતા નહોતી. એમાં મુંઝાણો નથી એવો એકલો શુભ રાગ હતો. આહાહા..! દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા પણ બરાબર હતી પણ એને આત્માના આશ્રયની શ્રદ્ધા નહોતી. આહાહા..!

મુમુક્ષુ :- તો પછી દેવ, ગુરુની શ્રદ્ધા કેવી રીતે?

ઉત્તર :- એ વ્યવહારે કહ્યું છે ને કહ્યું છે. 'બંધ અધિકાર'માં કહ્યું છે. વ્યવહાર, અભવિને પણ વ્યવહાર હોય છે. એ અપેક્ષાથી કહ્યું છે. એ અપેક્ષા છે. નિશ્ચય વિના વ્યવહાર હોતો નથી પણ વ્યવહારાભાસને પણ મિથ્યાદૃષ્ટિને પણ એ વ્યવહાર કહેવામાં આવ્યો છે. 'બંધ અધિકાર' છે ને? મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન છે, આહાહા..! પણ એને દેવ, ગુરુની વ્યવહાર શ્રદ્ધા બરાબર છે એ અપેક્ષાએ તેને વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહાહા..! છે તો એ બંધનું કારણ, પણ એને વ્યવહાર કહેવામાં આવ્યો છે. અહીંયાં તો નિશ્ચય સહિત હોય તેને વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો 'સમયસાર' છે ને? પ્રભુ! સમય એટલે આત્મા અને તેનો સાર. વીતરાગમૂર્તિ પ્રભુ, પૂર્ણ અતીન્દ્રિય આનંદનું દળ, કંદ પ્રભુ એમાં જરી મુંઝવણ ન થવી તે અમૂઢદૃષ્ટિ નિશ્ચય છે અને દેવ, ગુરુ, શાસ્ત્રમાં મૂઢતા ન થવી તે વ્યવહાર છે. આહાહા..! અહીં તો કહે, દેવ, ગુરુ, શાસ્ત્રને બરાબર માને ને ઓળખે તો સમકિત છે, એ વાત ખોટી છે. આહાહા..! આત્માનો અનુભવ સ્વભાવનો આશ્રય કરીને અનુભવે તો સમકિત છે. આહા..! જુઓને! ખુલાસો.

દેવ, ગુરુ ને શાસ્ત્ર. જે સમકિતના નિમિત્ત કારણો (છે). આહાહા..! તેના પ્રત્યે.. પર છે ને ઇ? એક. અને **'લોકની પ્રવૃત્તિ,...'** દુનિયાની પ્રવૃત્તિ એવી દેખાય, ઓહો..! જાણે ધર્મની પ્રવૃત્તિ ઘણી એટલે એને મુંઝવણ આવી જાય કે આ શું? મુંઝાય નહિ વ્યવહારે. મિથ્યાદૃષ્ટિઓની ધર્મની પ્રવૃત્તિ બહાર દેખીને કરોડો રૂપિયા ખર્ચતા હોય, હાથીને હોદ્દે ગજરથ કાઢતા હોય પણ એથી લોકની પ્રવૃત્તિ દેખીને એ મુંઝાય નહિ. એમાં શુભભાવમાં મુંઝવણ ન આવે, એમ કહે છે. શુદ્ધમાં તો ન જ આવે. આહાહા..! અરે..રે..! આ ધર્મ તો સમજ્યા નથી અને આ લોકો કરોડો રૂપિયાના ગજરથ કાઢે, રથયાત્રા કાઢે ને પંડિતો બધા ભેગા થાય, હો..હા, હો..હા (કરે) એ પ્રવૃત્તિથી સમકિતી વ્યવહારથી મુંઝાય નહિ. નિશ્ચયથી તો મુંઝાય નહિ. સ્વભાવ (છે). આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! શું થાય?

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એના વિરહ પડ્યા. આહાહા..! અને પાછળ વાણીમાં માર્ગ રહ્યો. ઇ જેને અંદર સમજવામાં આવ્યો, આહાહા..! એને કહે છે કે વ્યવહાર દેવ, ગુરુ, શાસ્ત્રમાં... ઇ દેવ, ગુરુ, શાસ્ત્રમાં મુંઝાય નહિ માટે એ નિશ્ચય ધર્મ છે એમ નહિ. સમજાણું કાંઈ? પોતાનો નાથ ભગવાન સ્વરૂપ આનંદનો સ્વઆશ્રય તેમાં જે અમૂઢ દૃષ્ટિ પ્રગટી છે તે નિશ્ચય છે, તે નિર્જરાનું કારણ છે. એ નિર્જરાનું કારણ છે. આહાહા..! અને દેવ, ગુરુ, શાસ્ત્રમાં મુંઝવણ નહિ, એ સમકિતીને, હોં! એ પુણ્યબંધનું કારણ છે. અરે..! આવી વાતું છે.

મુમુક્ષુ :- પરંપરા મોક્ષનું કારણ છે.

ઉત્તર :- પરંપરા એ તો આનો અભાવ કરશે એ અપેક્ષાએ. આહા..! બંધભાવ એ કંઈ પરંપરા મોક્ષનું કારણ હોય? પણ અત્યારે નિશ્ચયમાં આવ્યો છે અને અશુભના ઓલાથી છૂટ્યો છે પછી શુભથી છૂટશે એથી એને પરંપરા કારણનો આરોપ આપ્યો છે. આહાહા..!

એવું સ્વરૂપ છે, ભાઈ! આહાહા..!

અહીં તો પ્રશ્ન મગજમાં એમ ઉઠ્યો કે, દેવ, ગુરુ ને શાસ્ત્રમાં મુંઝવણ નહિ એ વ્યવહાર માર્ગ (છે). આહાહા..! એ એક વિકલ્પ છે, એ ધર્મ નથી. વ્યવહાર વિકલ્પને, વ્યવહાર પુણ્યને વ્યવહાર ધર્મ કહેવામાં આવે છે. વ્યવહાર ધર્મ એટલે પુણ્ય, એમ. એટલે કે બંધનું કારણ. આહા..! પણ જેને આત્માના જ્ઞાનનો અનુભવ હોય, જ્ઞાયકનો જેને સ્વાદ આવ્યો છે, આહાહા..! એ સ્વાદને અંશેથી આખો આત્મા આનંદમય છે એવી જેને અંતરમાં અનુભવમાં પ્રતીતિ આવી છે તેની દશાને અમૂઢ દશા કહે છે. એ મુંઝાતો નથી આમાં કે આ દુનિયામાં શું છે? પ્રભુ! પૂર્ણાનંદનો નાથ જ છે. આહા..!

મુમુક્ષુ :– કોર્ટમાં જાય તો મુંઝાય જાય.

ઉત્તર :– કોર્ટમાં જાય તોય મુંઝાય નહિ, કીધું નહોતું? તે દિ' એ (સંવત) ૧૯૬૩ની સાલ છે, સત્તર વર્ષની ઉંમર હતી. સત્તર વર્ષની. મોટી કોર્ટ, 'વડોદરા'. તે દિ' ત્રણ હજારનો મહિને પગાર! શું કહે છે? ભાઈ! પ્રેસિડેન્ટ શું કહે છે? પ્રેસિડેન્ટ. તે દિ', હોં! ૧૯૬૩ની સાલમાં મહિનાનો ત્રણ હજારનો પગાર. મોટી કોર્ટ છે 'વડોદરા' બહાર. અમારે માથે અફીણનો ખોટો કેસ આવ્યો હતો. દુકાન ઉપર પોલીસ (બક્ષીસ) લેવા આવ્યો, પિતાજીએ કહ્યું કે તું ભઈ! તું આઠ આના લે. એ કહે કે નહિ, રૂપિયો લઉં. એમાં થઈ તકરાર. આહા..! એમાં કોર્ટે ચડતા સાતસોનો ખર્ચ થયો. તે દિ' તો મારી નાની ઉંમર, સત્તર વર્ષ અને પોલીસે મારું નામ નાખેલું કે આ અફીણની પોટલી લઈને આવ્યો હતો અને છોકરાએ આમ કર્યું ને તેમ કર્યું એમ કંઈક કહ્યું. ૧૯૬૩ની વાત. ખોટી, તદ્દન ખોટી (વાત). ત્રણ કલાક કોર્ટમાં કેસ ચાલ્યો. 'વડોદરા' બહાર મોટી કોર્ટ (છે). તે દિ' ત્રણ હજારનો પગાર તે દિ' એટલે! અત્યારે ત્રીસ ગુણો લાખનો (પગાર) થયો. ત્રણ કલાક (દલીલ ચાલી) અને સત્તર વર્ષની ઉંમર. મારા ભાઈ સાથે 'ગાંડાભાઈ', આ 'મનહર' નહોતો આવ્યો, કરોડપતિ છે, એના બાપનો બાપ અમારી સાથે હતો, કેસમાં હતા. પાંચને પકડ્યા હતા. ત્રણ કલાક, ભાઈ હોં! બહાર નીકળીને ભાઈએ પૂછ્યું, ભાઈ! કેમ થયું? કીધું, કાંઈ થયું નથી. શું થાય? જે સત્ય હતું (તે કહ્યું).

મુમુક્ષુ :– આપ તો અપવાદ છો.

ઉત્તર :– આ તો સત્ય છે, બિલકુલ ધ્રુજ્યા વિના (કહ્યું). સત્તર વર્ષની ઉંમર. એનો ભૂરાનો એક કારકુન હતો, બહુ મધ્યસ્થ. આમ જોઈને (કહ્યું), કોણ છે આ વાણિયા? આ અફીણના ગુનેગાર? બિલકુલ એના મોઢામાં દેખાતા નથી, એમ કહ્યું. ૧૯૬૩ની સાલની વાત છે. તમારા જન્મ પહેલા. બોંત્તેર વર્ષ (થયા). એમને લાકડાના ઓલામાં ન ઉભા રાખો. પાંજરામાં (ઉભા) રાખે ને? નહિ, ખુલ્લામાં ઉભા રહેવા દ્યો. વાણિયા છે, એના મોઢા તો દેખો! અફીણના ગુનેગાર આ વાણિયા? ક્યાં દેખાય છે? વાત સાચી, ખોટેખોટો કેસ હતો. ત્રણ કલાક મને કોર્ટમાં પૂછ્યું કે, આનું કેમ છે? મેં ત્રણ કલાક જવાબ બરાબર આપ્યો.

આપણને કાંઈ ભય-ડર કાંઈ કરતા કાંઈ (નહિ), મોટા ત્રણ હજારના પગારદાર હોય અને ઓલી ભાઈ હોય ને શું માથે? પંખો મોટો. આ પંખો ન હોય. મોટી કોર્ટ. મહિનાનો ત્રણ હજારનો પગાર, ૧૯૬૩ની સાલ એટલે? અહીં અમારે કાંઈ નથી. ત્રણ કલાક કોર્ટમાં (હતા). એ લોકોને એવું લાગ્યું કે આ વાત, કેસ તદ્દન ખોટો છે.

મુમુક્ષુ :- ઇ વાત સાચી પણ આપનું દૃષ્ટાંત બધાને લાગુ ન પડે.

ઉત્તર :- પણ આ તો થયું એની વાત છે. બિલકુલ કેસ ખોટો છે. મોટો ત્રણ હજારનો પગારદાર અને કારકુન. જ્યાં કેસ થયો ત્યાં અમે કોર્ટ લાવીએ. 'પાલેજ' કોર્ટ લાવ્યા. ન્યાથી 'વડોદરા'થી 'પાલેજ'. જે ઠેકાણે ખુરશી નાખી ને પ્રેસિડેન્ટ બેઠો, કારકુન બેઠો. પૂછવા માંડ્યો સૌને, પોલીસને ને બધાને. બિલકુલ કેસ ખોટો, જૂઠો, શૂન્ય છે એમ લખ્યું. એ..ઇ..! અને ત્યાં સુધી એ લોકોએ કહ્યું કે, આ પોલીસે તમને ગુનો કરીને પકડ્યા ને તમને ખર્ચ થયો હોય તે એની પાસેથી લ્યો. ખોટી વાત કેમ કરી આવી? હવે, કીધું રહેવા દે ને, ભઈ! અમારા પિતાજીને બધાએ (કહ્યું). અને કુદરતે એવું થયું કોઈ કે, કોઈ માણસે એને મારી નાખ્યો. અહીંથી તો બિલકુલ કીધું, બિચારા ગરીબ માણસ, એણે આમ કર્યું, જતું કર્યું સાતસો રૂપિયાનો અહીં અમારે તૂટો નથી. ૧૯૬૩ની વાત છે. સત્યને શું છે?

એમ જ્યાં આ સત્ય જ વસ્તુ આવી છે. આહાહા..! પૂર્ણાનંદનો નાથ ભગવાન જ્યાં પ્રતીતમાં, અનુભવમાં આવ્યો કહે છે, એને મૂઢતા કેવી અંદરના સ્વરૂપ માટે? કે આવું સ્વરૂપ આવડું મોટું હશે કે નહિ? એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવી શક્તિ અંદરમાં પડી છે, એવો એ આત્મા. અનંત અનંત આનંદ પડ્યો છે, અનંત અનંત વીર્ય પડ્યું છે, અનંત અનંત શાંતિ પડી છે. શાંત.. શાંત.. આવડો આત્મા હશે? એમ સ્વરૂપ પ્રત્યે તેને મૂઢતા હોતી નથી. એને વ્યવહાર પ્રત્યે, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે મૂઢતા હોતી નથી, વિકલ્પ છે. આહાહા..! શું વીતરાગનો માર્ગ! આહાહા..! દેવ, ગુરુ ને શાસ્ત્ર એ ત્રણ (અને) બહારની **'લોકની પ્રવૃત્તિ,...'** એમાં મુંઝાય નહિ. અજ્ઞાનીઓના મોટા ઠાઠમાઠ દેખે, ગજરથ હોય ને, છે મિથ્યાદૃષ્ટિ. અને બધા સાધુ ભેગા થઈને.. ઓહોહો..! એનાથી મુંઝાય નહિ. એ તો પુણ્યનો ઉદય હોય તો એવું હોય છે. આહા..! બે.

**'અન્યમતાદિકના તત્ત્વાર્થનું સ્વરૂપ...'** અન્યમતિ આદિ જે અજ્ઞાનીના કથન, વેદાંતના, ઈશ્વર કર્તા આદિના મતના. **'ઇત્યાદિમાં મૂઢતા ન રાખવી,...'** આ વ્યવહાર, હોં! આહાહા..! આ મૂઢતા ન રાખી માટે ધર્મ છે એમ નહિ. આહાહા..! અરે..! પ્રભુ! માર્ગ બહુ જુદો, ભાઈ! આહાહા..! સ્વરૂપમાં મૂઢતા નહિ. આવડો ભગવાન મોટો પરમાત્મા અસંખ્ય પ્રદેશી, આ શરીર પ્રમાણે અને અનંત અનંત ગુણનો પુંજ, જેની સંખ્યાનો પાર નહિ અને જે અનંત અનંત અનંત અનંત અનંત અનંત જ્ઞાન, દર્શનની શક્તિનો સાગર, જ્ઞાનીને તેમાં મૂઢતા નથી આવતી. નિઃશંક છે, વસ્તુ જ એવી છે. આહાહા..! તે જીવને વ્યવહારમાં દેવ, ગુરુ, શાસ્ત્રની લોકપ્રવૃત્તિની અન્યમતિની વાંછા નહિ, મૂઢતા નહિ એ વ્યવહાર મોક્ષમાર્ગ છે, એ

વિકલ્પ છે. ઓલી નિશ્ચય મૂઢતા એ નિર્જરાનું કારણ શુદ્ધ છે. આ વ્યવહાર વિકલ્પ તે બંધનું કારણ છે. આહાહા..! આવો માર્ગ છે. **'યથાર્થ જાણી પ્રવર્તવું...'** દેવ, ગુરુ, શાસ્ત્રને યથાર્થ જાણી (પ્રવર્તવું). યથાર્થ જાણી (તેમ પ્રવર્તવું) **'તે અમૂઢદૃષ્ટિ છે.'** જોયું? તે પણ વ્યવહાર થયો. આહાહા..!

પાંચમું. **'ધર્માત્મામાં કર્મના ઉદયથી દોષ આવી જાય તો તેને ગૌણ કરવો...'** કોઈ ધર્મી છે, સમકિતી છે, મુનિ છે, સાચા સંત છે એને કોઈ રાગાદિ કે એવો દોષ આવી ગયો તો સમકિતી તેના દોષને ગૌણ કરે, એને મુખ્ય કરીને બહાર પ્રસિદ્ધ ન કરે. એ શુભ ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? પોતાના ગુણની શક્તિની વૃદ્ધિ કરે અને વિકારને ગૌણ કરીને એને ગોપવી લ્યે, એ નિશ્ચય.. શું કીધું ઇ? ઉપબૃંહણ. એ નિશ્ચય ઉપબૃંહણ (છે). આહાહા..! અને ધર્માત્મા પરદ્રવ્ય છે, એના ઉદયથી કોઈ દોષ હોય, અંદર રાગાદિ આવી જાય, લોકને ઠીક ન પડે એવો રાગ હોય એથી એની નિંદા ન કરે. જાણે કે અત્યારે છદ્મસ્થ છે, કોઈ દોષ આવી ગયો. આહાહા..! તો તેને ગૌણ કરી **'વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિને વધારવી...'** શુભની. જોયું? **'તે ઉપગૂહન અથવા ઉપબૃંહણ છે.'** વધારવું અથવા ગોપવવું એ ઉપગૂહન છે. વ્યવહાર, હોં! પણ જેને નિશ્ચય હોય તેને આવો વ્યવહાર હોય છે. નિશ્ચય જેને આત્માનું સમ્યગ્દર્શન, અનુભવ જ નથી એની તો વાત અહીં છે નહિ. આહાહા..! ગમે એટલા એ પછી પંચ મહાવ્રત પાળતો હોય ને પાંચ સમિતિ ને ગુપ્તિ ને બધું થોથા છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! પરમાત્મા ત્રણલોકના નાથ, વીતરાગ 'સીમંધરપ્રભુ' બિરાજે છે, ભાઈ! એમની આ કથની છે. આહાહા..! એની પાસેથી લાવ્યા. આહા..! ઓહોહો..! પાંચમો થયો.

**'વ્યવહારમોક્ષમાર્ગથી ચ્યુત થતા આત્માને...'** દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિમાંથી ખસતા આત્માને સ્થિર કરવો. વ્યવહાર, હોં! નિશ્ચયમાં તો પોતાના સ્વરૂપમાં સ્થિર થવું તે. આહાહા..! **'વ્યવહારમોક્ષમાર્ગથી ચ્યુત થતા આત્માને સ્થિત કરવો...'** એ વ્યવહાર, શુભ વિકલ્પ છે.

**'વ્યવહારમોક્ષમાર્ગમાં પ્રવર્તનાર પર વિશેષ અનુરાગ હોવો તે વાત્સલ્ય છે.'** સ્વરૂપ આનંદનો નાથ, એમાં વાત્સલ્ય નામ અનુરાગ–પ્રેમ એ નિશ્ચય વાત્સલ્ય છે અને દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યે સાચા ધર્માત્મા આદિ (પ્રત્યે). આહાહા..! છે? **'વ્યવહારમોક્ષમાર્ગમાં પ્રવર્તનાર પર વિશેષ અનુરાગ હોવો તે વાત્સલ્ય...'** પ્રેમ છે. આહા..! શુભરાગ છે. **'વ્યવહારમોક્ષમાર્ગનો અનેક ઉપાયો વડે ઉદ્યોત કરવો...'** જોયું? ઓલું નિશ્ચયમાં સ્વરૂપને પ્રગટ કરવું એ પ્રભાવના છે. ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, તેની શક્તિમાંથી વ્યક્તતા વ્યક્તિ પ્રગટ કરવી, તે નિશ્ચય પ્રભાવના છે. વ્યવહારમાં દેવ, ગુરુ, શાસ્ત્રની, આ રથમાં ભગવાનને બેસાડીને (રથયાત્રા કાઢે) એ શુભરાગ છે. એ શુભરાગ છે. આહાહા..! પણ એ વ્યવહાર પણ જેને નિશ્ચય હોય એને અહીં વ્યવહાર કહ્યો છે. જેને નિશ્ચયની ખબર જ નથી, આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ છે, એ જ્ઞાતા-દૃષ્ટા છે, એ રાગનોય કર્તા નથી ને પરની ક્રિયાનો તો કર્તા

છે જ નહિ. આહાહા..! અરે..રે...! આવો સ્વભાવ અરે.રે..! ગોપ્ય રહ્યો, ગોપ્ય, ગોપ્ય રહ્યો. અગોપ્ય છે એને ગોપ્ય રાખ્યો. આહાહા..! એવો જે ભગવાનઆત્મા, એના સ્વરૂપની શક્તિઓનો જે ભંડાર છે તેને ખોલીને શક્તિઓને વધારવી એ નિશ્ચય પ્રભાવના છે અને વ્યવહારમાં દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યે પ્રેમ કરવો. આહા..! **'વ્યવહારમોક્ષમાર્ગનો અનેક ઉપાયો વડે...'** વ્યવહાર વડે, શુભરાગ. **'ઉદ્યોત કરવો તે...'** વ્યવહાર (પ્રભાવના છે).

**'આ પ્રમાણે આઠે ગુણોનું સ્વરૂપ વ્યવહારનયને પ્રધાન કરીને કહ્યું.'** જોયું? પરાશ્રિતની અપેક્ષાએ આઠ ભાવને કહ્યા અને ઓલામાં (–નિશ્ચયમાં) એમ કહ્યું હતું, જોયું? **'ગુણોના સદ્‌ભાવમાં,...'** (ચારિત્રમોહના ઉદયરૂપ) **'શંકાદિ પ્રવર્તે તોપણ તેમની (–શંકાદિની) નિર્જરા જ થઈ જાય છે,...'** ત્યાં તો એમ કહ્યું છે. અંદર દૃષ્ટિમાં તો નિઃશંક છે ને? **'બંધ થતો નથી; કારણ કે બંધ તો પ્રધાનતાથી મિથ્યાત્વની હયાતીમાં જ કહ્યો છે.'** આહાહા..! રાગની ક્રિયા દયા, દાન, વ્રત, તપ, ભક્તિની છે એને ધર્મ માને એ મિથ્યાત્વ છે. આહાહા..! એ મિથ્યાત્વની પ્રધાનતાથી અહીં વાત લીધી છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ **'વ્યવહારનયને પ્રધાન કરીને કહ્યું. અહીં નિશ્ચયપ્રધાન કથનમાં તે વ્યવહારસ્વરૂપની ગૌણતા છે.'** જોયું? વ્યવહાર છે પણ તેની ગૌણતા છે. મુખ્યતા નિઃશંકની, નિશ્ચયની છે. આ 'સમયસાર'માં સ્વરૂપના આશ્રયની નિશ્ચયની પ્રધાનતા છે. આહા..! ચરણાનુયોગમાં વ્યવહારની પ્રધાનતાથી કથન આવે. અહીં કહે છે કે, એ ગૌણ છે. આહાહા..! અરે..! એણે કોઈ દિ' પૂર્ણાનંદના નાથને જોયો નહિ, જાણ્યો નહિ ને વાતું બધી કરી. આહાહા..! મોટા અભિમાન, અભિમાન, અભિમાન જાણે અમે.. આહાહા..! ભાઈ!

એણે માનની વ્યાખ્યા કરી છે. બહુ સરસ વ્યાખ્યા, ઓહોહો..! ભાઈ 'હુકમચંદજી'એ. નિર્માન માર્દવ ધર્મની વ્યાખ્યા કરી છે. 'પાટનીજી' વાંચ્યું છે કે નહિ? વાંચ્યું છે? મળ્યું છે? ઠીક. આહા..! એમ થઈ જાય કે, આહાહા..! વાહ! સ્પષ્ટીકરણ કરવાની પદ્ધતિ. એમ કે માન પરવસ્તુ ચીજ છે એમ નહિ, પરવસ્તુ ન હોય તોપણ દીનતા આવે છે એનું પણ એક માન છે. આમ તો 'શ્રીમદ્દે' કહ્યું નહિ? 'માન પ્રત્યે તો દીનપણાનું માન' ઇ માન એટલે દીનપણું જ છું, એનો માનનો અભાવ થઈ ગયો. અને અહીં તો કહે છે, દીન હોય છે, અરે..રે..! અમે દીન છીએ. એ પણ એક અભિમાન, મિથ્યાત્વ છે, અભિમાન છે. આહાહા.! બહુ વ્યાખ્યા લાંબી કરી છે. આહાહા..!

**'અહીં નિશ્ચયપ્રધાન કથનમાં...'** ભગવાનઆત્મા નિર્મળાનંદ પ્રભુ, દયા, દાનના વિકલ્પથી પણ પ્રભુ રહિત છે. આહાહા..! એવા આત્માની શ્રદ્ધા-જ્ઞાનની મુખ્યતામાં વ્યવહાર છે તે ગૌણ કરીને કહેવામાં આવે છે. મુખ્ય તો નિશ્ચય કહેવામાં આવે છે. આહાહા..! **'સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણદૃષ્ટિમાં બન્ને પ્રધાન છે.'** નિશ્ચયદૃષ્ટિમાં વ્યવહાર ગૌણ છે પણ પ્રમાણદૃષ્ટિમાં બેય એકસાથે છે એમ જાણવામાં આવે છે. શું કહ્યું ઇ? આહાહા..! જ્યાં અંતર સ્વના આશ્રયની દૃષ્ટિનું કથન છે ત્યાં આગળ પ્રધાનતા તેની–નિશ્ચયની છે અને રાગાદિનો વ્યવહાર જે છે

તેની ગૌણતા છે પણ જ્યારે પ્રમાણથી જોઈએ તો નિશ્ચય અને વ્યવહારનું એકસાથે જ્ઞાન થાય ત્યાં બેયની મુખ્યતા છે. છે? **'સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણદૃષ્ટિમાં બન્ને પ્રધાન છે.'** શું કીધું ઇ સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુ ભગવાનઆત્મા, શુદ્ધ અનંત આનંદનો કંદ, એનો જે અનુભવ ને સમ્યગ્દર્શન, એની નિશ્ચય કથનીમાં વ્યવહાર કથનો છે એ ગૌણ છે. ત્યારે પ્રમાણદૃષ્ટિએ જોઈએ તો ઓલા નિશ્ચયની પ્રધાનતા અને વ્યવહારની ગૌણતા (છે) પણ પ્રમાણથી જોઈએ તો બેયની પ્રધાનતા (છે), એ સાથે છે એમ. નિશ્ચય છે અને સાથે વ્યવહાર છે, એવું પ્રમાણજ્ઞાન બેયને એકસાથે જાણે છે. આહાહા..!

મુમુક્ષુ :– નિશ્ચયપૂર્વકનો વ્યવહાર આવો જ હોય?

ઉત્તર :– વ્યવહાર આવો હોય. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી. આહાહા..! સમજાણું કાંઈ? માળાએ માર્દવ ધર્મની વ્યાખ્યા કરી છે. આપણે તો કોઈ એવો જોયો નથી અત્યાર સુધી. એવી વ્યાખ્યા આમ આત્મા અંદરથી ઉછળી જાય. આહાહા..! નિર્માનની વ્યાખ્યા, માર્દવની વ્યાખ્યા, માળો જાગ્યો છે ને! ૪૪ વર્ષની ઉંમર અને અત્યારે તો બધા પંડિતોને પાણી ભરાવ્યા છે. ૩૪ પંડિતોએ તો એને અભિનંદન આપ્યા છે. આહાહા..! અરે..! ભાઈ! આત્મા છે. ભલે નિશ્ચય નથી પણ અંદર વ્યવહાર શ્રદ્ધા, જ્ઞાનના કેટલા પ્રકારનો વિકાસ છે. આહાહા..!

**'સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણદૃષ્ટિમાં બન્ને પ્રધાન છે.'** બન્ને એટલે નિશ્ચય અને વ્યવહાર. ત્યાં એક પ્રધાન અને એક ગૌણતા પ્રમાણમાં નહિ. નિશ્ચયની પ્રધાનતામાં વ્યવહાર ગૌણ, પણ પ્રમાણદૃષ્ટિમાં બેયની પ્રધાનતા એકસાથે જાણે. નિશ્ચય છે ત્યાં આવો વ્યવહાર હોય, એમ સાથે જ્ઞાન કરે. સમજાણું કાંઈ? આહાહા..! પ્રમાણનો અવયવ તે નય છે. પ્રમાણ અવયવી છે અને બેય તેના અવયવ છે–નિશ્ચય અને વ્યવહાર. એક કોર સમ્યગ્દર્શન અવયવી છે અને નિઃશંક નિશ્ચય જે છે, નિઃશંક આદિ નિશ્ચય તે તેના અવયવ છે. આ વ્યવહાર તે તેનો અવયવ નથી. એ તો રાગનો વિકલ્પનો ભાવ છે. આહાહા..! અને જ્યારે નિશ્ચયના કથનમાં જ્યારે આવે ત્યારે વ્યવહારના કથનો ગૌણ હોય છે પણ જ્યારે બેયની પ્રધાનતા– એકસાથે નિશ્ચય અને વ્યવહાર છે એમ જાણવું હોય ત્યારે બેયની પ્રધાનતારૂપી પ્રમાણ છે. પ્રમાણ બેયને જાણે. આ નિશ્ચય છે અને આ વ્યવહાર (એમ) બેયને જાણે. આહાહા..! અરે..રે..! આવી વાતું સાંભળવા મળે નહિ, એ ક્યાં અંદર વિવેક કરે? પ્રભુ! અરે..! હિતના પંથ.. આહાહા..! અલૌકિક વાતું છે, બાપુ!

**એકનો એક જુવાન દીકરો મરી જાય અને એને કેવો ઘા લાગી જાય છે? એમ એને ઘા લાગવો જોઈએ. રાગ અને સંયોગની આડમાં તું પોતે મરી જાય છે એનો તને ઘા લાગે છે કાંઈ?**

આત્મધર્મ અંક–૫, જાન્યુઆરી–૨૦૦૮

## શ્લોક-૧૬૨

(मन्दाक्रान्ता)

रुन्धन् बन्धं नवमिति निजैः सङ्गतोऽष्टाभिरङ्गैः
प्राग्बद्धं तु क्षपमुपनयन् निर्जरोज्जृम्भणेन।
सम्यग्दृष्टिः स्वयमतिरसादादिमध्यान्तमुक्तं।
ज्ञानं भूत्वा नटति गगनाभोगरङ्गं विगाह्य।।१६२।।

---

હવે, નિર્જરાનું યથાર્થ સ્વરૂપ જાણનાર અને કર્મના નવીન બંધને રોકી નિર્જરા કરનાર જે સમ્યગ્દષ્ટિ તેનો મહિમા કરી નિર્જરા અધિકાર પૂર્ણ કરે છે :-

શ્લોકાર્થ :- [ इति नवम् बन्धं रुन्धन् ] એ પ્રમાણે નવીન બંધને રોકતો અને [ निजैः अष्टाभिः अङ्गैः सङ्गतः निर्जरा-उज्जृम्भणेन प्राग्बद्धं तु क्षयम् उपनयम् ] (પોતે) પોતાનાં આઠ અંગો સહિત હોવાના કારણે નિર્જરા પ્રગટવાથી પૂર્વબદ્ધ કર્મોને નાશ કરી નાખતો [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દષ્ટિ જીવ [ स्वयम् ] પોતે [ अतिरसात् ] અતિ રસથી (અર્થાત્ નિજરસમાં મસ્ત થયો થકો) [ आदि-मध्य-अन्तमुक्तं ज्ञानं भूत्वा ] આદિ-મધ્ય-અંત રહિત (સર્વવ્યાપક, એકપ્રવાહરૂપ ધારાવાહી) જ્ઞાનરૂપ થઈને [ गगन-आभोग-रङ्गं विगाह्य ] આકાશના વિસ્તારરૂપી રંગભૂમિમાં અવગાહન કરીને (અર્થાત્ જ્ઞાન વડે સમસ્ત ગગનમંડળમાં વ્યાપીને) [ नटति ] નૃત્ય કરે છે.

ભાવાર્થ :- સમ્યગ્દષ્ટિને શંકાદિકૃત નવીન બંધ તો થતો નથી અને પોતે આઠ અંગો સહિત હોવાને લીધે નિર્જરાનો ઉદય હોવાથી તેને પૂર્વ બંધનો નાશ થાય છે. તેથી તે ધારાવાહી જ્ઞાનરૂપી રસનું પાન કરીને, જેમ કોઈ પુરુષ મદ્ય પીને મગ્ન થયો થકો નૃત્યના અખાડામાં નૃત્ય કરે તેમ, નિર્મળ આકાશરૂપી રંગભૂમિમાં નૃત્ય કરે છે.

પ્રશ્ન :- સમ્યગ્દષ્ટિને નિર્જરા થાય છે, બંધ થતો નથી એમ તમે કહેતા આવ્યો છો. પરંતુ સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં અવિરત સમ્યગ્દષ્ટિને વગેરેને બંધ કહેવામાં આવ્યો છે. વળી ઘાતિકર્મોનું કાર્ય આત્માના ગુણોનો ઘાત કરવાનું છે તેથી દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય-એ ગુણોનો ઘાત પણ વિદ્યમાન છે. ચારિત્રમોહનો ઉદય નવીન બંધ પણ કરે છે. જો મોહના ઉદયમાં પણ બંધ ન માનવામાં આવે તો તો મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ-અનંતાનુબંધીનો ઉદય હોવા છતાં બંધ નથી એમ પણ કેમ ન મનાય?

સમાધાન :- બંધ થવામાં મુખ્ય કારણ મિથ્યાત્વ-અનંતાનુબંધીનો ઉદય જ છે; અને સમ્યગ્દષ્ટિને તો તેમના ઉદયનો અભાવ છે. ચારિત્રમોહના ઉદયથી જોકે સુખગુણનો ઘાત છે તથા મિથ્યાત્વ-અનંતાનુબંધી સિવાય અને તેમની સાથે રહેનારી અન્ય પ્રકૃતિઓ સિવાય બાકીની ઘાતિકર્મોની પ્રકૃતિઓનો અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ તેમ જ બાકીની અઘાતિકર્મોની પ્રકૃતિઓનો બંધ થાય છે, તોપણ જેવો મિથ્યાત્વ-અનંતાનુબંધી સહિત થાય છે તેવો નથી થતો. અનંત સંસારનું કારણ તો મિથ્યાત્વ-અનંતાનુબંધી જ છે; તેમનો અભાવ થયા પછી તેમનો બંધ થતો નથી; અને જ્યાં આત્મા જ્ઞાની થયો ત્યાં અન્ય બંધની કોણ ગણતરી કરે ? વૃક્ષની જડ કપાયા પછી લીલાં પાંદડાં રહેવાની અવધિ કેટલી ? માટે આ અધ્યાત્મશાસ્ત્રમાં સામાન્યપણે જ્ઞાની-અજ્ઞાની હોવા વિષે જ પ્રધાન કથન છે. જ્ઞાની થયા પછી જે કાંઈ કર્મ રહ્યાં હોય તે સહજ જ મટતાં જવાનાં. નીચેના દૃષ્ટાંત પ્રમાણે જ્ઞાનીનું સમજવું. કોઈ પુરુષ દરિદ્ર હોવાથી ઝૂંપડીમાં રહેતો હતો. તેને ભાગ્યના ઉદયથી ધન સહિત મોટા મહેલની પ્રાપ્તિ થઈ તેથી તે મહેલમાં રહેવા ગયો. જોકે તે મહેલમાં ઘણા દિવસનો કચરો ભર્યો હતો તોપણ જે દિવસે તેણે આવીને મહેલમાં પ્રવેશ કર્યો તે દિવસથી જ તે મહેલનો ધણી બની ગયો, સંપદાવાન થઈ ગયો. હવે કચરો ઝાડવાનો છે તે અનુક્રમે પોતાના બળ અનુસાર ઝાડે છે. જ્યારે બધો કચરો ઝડાઈ જશે અને મહેલ ઉજ્જવળ બની જશે ત્યારે તે પરમાનંદ ભોગવશે. આવી જ રીતે જ્ઞાનીનું જાણવું. ૧૬૨.

ટીકા :- આ પ્રમાણે નિર્જરા (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગઈ.

ભાવાર્થ :- એ રીતે, નિર્જરા કે જેણે રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો તે પોતાનું સ્વરૂપ પ્રગટ બતાવીને બહાર નીકળી ગઈ.

## શ્લોક–૧૬૨ ઉપર પ્રવચન

'હવે, નિર્જરાનું યથાર્થ સ્વરૂપ જાણનાર અને કર્મના નવીન બંધને રોકી નિર્જરા કરનાર જે સમ્યગ્દષ્ટિ તેનો મહિમા કરી નિર્જરા અધિકાર પૂર્ણ કરે છે :–' છેલ્લો કળશ છે, નિર્જરાનો છેલ્લો કળશ (છે).

(मन्दाक्रान्ता)

रुन्धन् बन्धं नवमिति निजैः सङ्गतोऽष्टाभिरङ्गैः
प्राग्बद्धं तु क्षपमुपनयन् निर्जरोज्जृम्भणेन।
सम्यग्दृष्टिः स्वयमतिरसादादिमध्यान्तमुक्तं।
ज्ञानं भूत्वा नटति गगनाभोगरङ्गं विगाह्य।।१६२।।

ઓહોહો..! **[ इति नवम् बन्धं रुन्धन् ]** **'એ પ્રમાણે નવીન બંધને રોકતો...'** આહાહા..! શુદ્ધ નિર્મળ સમકિતની નિશ્ચયની વાત છે ને. આહાહા..! એ **'નવીન બંધને રોકતો...'** 'અમૃતચંદ્રાચાર્ય'નો કળશ છે. 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત, જેણે 'કુંદકુંદાચાર્યે' તીર્થંકર જેવા કામ કર્યા એની ટીકા કરીને ગણધર જેવું કામ કર્યું છે. આહાહા..! પંચમ આરાના એ ગણધર અને 'કુંદકુંદાચાર્ય' પંચમઆરાના તીર્થંકર. એવા કામ કર્યા છે, પ્રભુ! આહા..! સમકિતી પોતાના સ્વરૂપની પ્રભુતાને પૂર્ણ માને પણ પર્યાયમાં પોતાને પામર જાણે છે. ક્યાં મુનિની દશા, ક્યાં કેવળીની દશા અને ક્યાં આ પર્યાય. આહાહા..! સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપને પૂર્ણ પ્રભુ તરીકે માને છે પણ માનવાની જે પર્યાય છે તેમાં પામરતા માને છે. એ પામરતાની પર્યાય પ્રભુતાને માને છે પણ પામરતાની પર્યાયને જોઈને સમકિતી પૂર્ણ કેવળજ્ઞાન ને મુનિદશા.. આહાહા..! એની પાસે પોતાને પામર માને છે. દૃષ્ટિના વિષયની અપેક્ષાએ પ્રભુતા છે અને પર્યાયની અપેક્ષાએ પૂર્ણ પર્યાય, સંતોની પર્યાય.. આહાહા..! ભાવલિંગી મુનિઓ જેને વીતરાગ દશા (પ્રગટી છે), અતીન્દ્રિય આનંદમાં ઝુલતા સંતો અને કેવળી અતીન્દ્રિય આનંદની પૂર્ણ દશા, એની પાસે મારી પર્યાય તો પામર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, **'એ પ્રમાણે નવીન બંધને રોકતો...'** **'निजैः अष्टाभिः अङ्गैः'** એટલે પોતાના આઠ અંગ. છે ને? **'निजैः अष्टाभिः अङ्गैः सङ्गतः'** **'પોતાના આઠ અંગો સહિત...'** **'निजैः'** એટલે પોતાના **'अष्टाभिः अङ्गैः सङ्गतः'** **'सङ्गतः'** એટલે સહિત. આહાહા..! નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ તે વાસ્તવિક દૃષ્ટિવંત અને તે બધા નિજના સમકિતના અંગો છે. એ **'निजैः अष्टाभिः'** આઠ અંગ. **'अङ्गैः सङ्गतः'** **'સહિત હોવાના કારણે...'** **'निर्जरा-उज्जृम्भणेन'** **'નિર્જરા પ્રગટવાથી...'** આહાહા..! અશુદ્ધતાનો નાશ થવાથી **'प्राग्बद्धं तु क्षयम् उपनयम्'** **'प्राग्बद्धं'** નામ જે **'પૂર્વબદ્ધ કર્મોને...'** નાશ કરી નાખવા. આહાહા..! પૂર્વબદ્ધ છે તે ભગવાન પૂર્ણાનંદની દૃષ્ટિ થઈ, અહીં સમકિતનું જોર આપ્યું છે. એને લઈને વર્તમાન તો બંધના કારણોનો તો નાશ કરે છે પણ પૂર્વના બંધના કારણને પણ નાશ કરે છે. આહાહા..!

એવો **'સમ્યગ્દૃષ્ટિ જીવ પોતે...'** **'अतिरसात्'** આહાહા..! અતિ આનંદના રસમાં મસ્ત થયો થકો. આહાહા..! સંતોની ભાષા તો જુઓ! આહાહા..! દિગંબર મુનિઓ કહે છે કે, અમે નિજરસમાં મસ્ત છીએ. સમકિતી.. આહાહા..! પોતે **'अतिरसात्'** નિજરસમાં **'अतिरसात्'** મસ્ત થયા થકા. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ અતીન્દ્રિય આનંદમાં મસ્ત થયા થકા. આહાહા..! **'अतिरसात्'** **'(નિજરસમાં મસ્ત થયો થકો)...'** આહાહા..! **[आदि-मध्य-अन्तमुक्तं ज्ञानं भूत्वा]** **'આદિ-મધ્ય-અંત રહિત...'** એવું જે સ્વરૂપ આત્માનું, એ તો **'આદિ-મધ્ય-અંત રહિત...'** છે. **'(સર્વવ્યાપક, એકપ્રવાહરૂપ ધારાવાહી) જ્ઞાનરૂપ થઈને...'** આહા..! આત્માની પર્યાય જ્ઞાનરૂપ દશા થઈને. જ્ઞાન એટલે આત્મા. આત્મારૂપ થઈને. આહાહા..! પર્યાયમાં આત્મારૂપ

થઈને.

[गगन-आभोग-रङ्गं विगाह्य] **'આકાશના વિસ્તારરૂપી રંગભૂમિમાં અવગાહન કરીને (અર્થાત્ જ્ઞાન વડે સમસ્ત ગગનમંડળમાં વ્યાપીને)...'** એટલે જાણીને. જ્ઞાન સારા જગતને લોકાલોકને જાણતું જ્ઞાન. ભલે છદ્મસ્થનું શ્રુતજ્ઞાન છે. આહાહા..! છતાં તે લોકાલોકને જાણવાની તાકાતવાળું જ્ઞાન છે. આહાહા..! એમાં **'અવગાહન કરીને...'** આકાશની વિસ્તારરૂપ રંગભૂમિ એટલે ઇ. સર્વ આકાશને જાણનારું એવું જે જ્ઞાન, એનો વિસ્તાર, એની રંગભૂમિમાં ત્યાં જઈને. આહાહા..! આનંદમાં અને જ્ઞાનમાં અંદર પ્રવેશ કરીને. આહાહા..! અરે.રે..! સત્ય વાતું ક્યાં રહી ગઈ? હેં? અને બહારના ડોળે જગતને મારી નાખ્યા. આહા..! અને એમાં એને અભિમાન થાય, પ્રભુ! આહાહા..!

આ તો કહે છે, જે જ્ઞાન લોકાલોકને જાણનાર છે, **'गगन-आभोग'** આહાહા..! ગગન (અર્થાત્) **'આકાશના વિસ્તારરૂપી રંગભૂમિમાં અવગાહન કરીને...'** એટલે એનું જ્ઞાન કરીને એમાં અંદરમાં જાય છે. એવું જે જ્ઞાનસ્વરૂપ છે તેને અવગાહે છે. આહા..! જેમ દરિયામાં અવગાહન કરે ને? એમ આ જ્ઞાન કેવું છે? કે, લોકાલોકને જાણનારું એવું પ્રભુ ભગવાન જ્ઞાન, આહાહા..! ક્યાંય નહિ અટકતું તે જ્ઞાન તેમાં પ્રવેશ કરીને. આહાહા..! **'(જ્ઞાન વડે સમસ્ત ગગનમંડળમાં વ્યાપીને...)'** **[नटति] 'નૃત્ય કરે છે.'** આહાહા..! ધર્મી અતીન્દ્રિય જ્ઞાનમાં પેસીને એ જ્ઞાન ને આનંદની પર્યાયમાં નાચે છે. **'नटति'** એટલે પરિણમન કરે છે. આહાહા..! રાગ નહિ, પુણ્ય નહિ, વ્યવહાર નહિ. અહીં તો એ કાઢી નાખ્યું. આહા..! પરમાર્થની વાતું બાપુ! બહુ આકરી છે. ભાઈ! તારા ઘરની વાતું છે, પ્રભુ! તારું ઘર એવડું મોટું છે. એ ઘરમાં જતા એના આનંદનો નાથ, જ્ઞાનનો સાગર (એનો) જ્યાં પત્તો મળે.. આહાહા..! એની પર્યાયમાં તો આનંદ અને જ્ઞાનનો નાચ, આનંદ અને જ્ઞાનનું પરિણમન હોય છે. આવી વાતું છે. પણ આ બધું ઠીક, પણ એનું કોઈ સાધન, વ્યવહાર સાધન હશે કે નહિ? લોકોની રાડ્યું આવી છે. એ સાધન ભગવાન તારા ગુણમાં છે, પ્રભુ! સાધન–કરણ નામનો તારામાં એક ગુણ છે. અનંત ગુણમાં એક કરણ નામ સાધન નામનો ત્રિકાળ ગુણ છે. એ સાધનમાં જા તો સાધન થાય. બાકી રાગની ક્રિયા કરતા સાધન થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી. રાગ સાધન થાય એ વસ્તુમાં ગુણ નથી, કહે છે. આહાહા..! સ્વરૂપમાં સાધન નામનો એક અનાદિઅનંત ગુણ છે. કરણ નામનો. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. એ કરણ નામના ગુણનું સાધન અંતરની દૃષ્ટિ કરીને એ સાધન થઈને તને સાધ્ય થશે. આહાહા..! વાતું બધી ફેરફારવાળી બહુ આ. ભાઈ! માર્ગ તો આવો છે, પ્રભુ! આહા..!

નાચે છે. નાચે છે એટલે પરિણમે છે. આહાહા..! લોકોલોકને જાણનારું જ્ઞાન, એવો જે જ્ઞાનનો સ્વભાવ, તેમાં અવગાહીને પરિણમે છે. આહાહા..! જેમ પાણીમાં પડતા રસબોળ થઈને નીકળે, પાણી ટપકતા, એમ અંદરમાં જઈને એકાગ્ર થાય તો આનંદમાં રસબોળ થઈને

ટપકે છે, કહે છે. આહાહા..! જુઓ આ સમ્યગ્દષ્ટિની દશા! આહાહા..! અરે..! પ્રભુ! એની ખબરું ન મળે ને તું બહારમાં માનીને બેસે, ભાઈ! એ બહારની મહિમા તને આવી ને અંતરની ન આવી. જ્યાં મહિમા કરવા લાયક છે તેની મહિમા ન આવી અને આ દયા, દાન ને વ્રતના વિકલ્પ, રાગ એની મહિમા આવી, પ્રભુ! તેં આત્માનો અનર્થ કર્યો છે. અર્થ જે પદાર્થ છે તેનો તેં અનર્થ કર્યો છે. આહાહા..! અર્થ નામ પદાર્થ જે છે, અખંડાનંદ પ્રભુ પૂર્ણાનંદ આત્મા, તેનો તેં રાગથી લાભ થાય (માનીને) અનર્થ કર્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! અહીં તો નિર્મળ પરિણતિ તે પરિણમે છે તે તેનો નાચ છે. રાગ જે આવે છે એ નાચ (છે), એની ના પાડે છે. આહાહા..! એકદમ ઊંચી વાત લીધી છે ને!

**ભાવાર્થ :– 'સમ્યગ્દષ્ટિને શંકાદિકૃત નવીન બંધ તો થતો નથી...'** નિઃશંક આદિ આત્માની દૃષ્ટિનો અનુભવ વર્તે છે તેથી તેને શંકાકૃત તો બંધ છે નહિ **'અને પોતે આઠ અંગો સહિત હોવાને લીધે...'** એ સમ્યગ્દષ્ટિને આઠ અવયવો, અંગો કહો અવયવો કહો, એ **'સહિત હોવાને લીધે નિર્જરાનો ઉદય હોવાથી...'** આહાહા..! એને તો શુદ્ધતાની વૃદ્ધિ અને અશુદ્ધતાનો નાશ હોવાથી. આહાહા..! શુદ્ધતાની ધારા વધતી જાય છે, ઉત્પાદ (થાય છે અને) અશુદ્ધતાનો વ્યય થતો જાય છે. આહાહા..! અને ધ્રુવ ઉપર દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! એકવાર મધ્યસ્થથી તું સાંભળ તો ખરો, પ્રભુ તું. તારી ચીજ શું છે ને કેમ છે ને કેમ પ્રાપ્ત થાય? આહા..! પરમાત્માનો પોકાર છે, સંતોનો ધારાવાહી ઉપદેશ છે આ. આહા..! દિગંબર સંતો કરુણા કરીને આ વાત કરે છે. આહા..!

**'સમ્યગ્દષ્ટિને શંકાદિકૃત નવીન બંધ તો થતો નથી અને પોતે આઠ અંગો સહિત...'** છે. નિઃશંકાદિ નિશ્ચય. એને **'નિર્જરાનો ઉદય હોવાથી તેને પૂર્વ બંધનો નાશ થાય છે.'** પૂર્વનો જે બંધ છે તે પણ નાશ થાય છે. **'તેથી તે ધારાવાહી જ્ઞાનરૂપી રસનું પાન કરીને,...'** આહાહા..! **'આભોગ'** લીધું છે ને? ધારાવાહી જ્ઞાનરૂપી રસ, આત્માનો રસ. એ ધારાવાહી, ધારા–આનંદની ધારા વહે છે. આહાહા..! જેમ શેરડીનો–ગન્નાનો રસ ગટક ગટક ગટક પીવે છે એમ સમ્યગ્દષ્ટિ જીવ.. આહાહા...! ધારાવાહી જ્ઞાનના રસને પાન કરે છે. એ આનંદના રસને પીવે છે ઇ. આહાહા..! ઓલામાં આવે છે નહિ? ભાઈ! 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં, 'ન્યાલભાઈ'. શેરડીનો રસ જેમ ગન્નાનો રસ ગટક ગટક પીવે એમ સમકિતી જીવ, આહાહા..! અરે..! આ વાત, બાપુ! જેને હજી સાંભળવા મળે નહિ, જેને હજી એની શ્રદ્ધાનો શું વિષય છે એની ખબર નહિ, અરે..રે...! પ્રભુ! એનું શું થાય? અરે..! અનંતકાળથી રખડે છે.

અહીં કહે છે, એકવાર પ્રભુ! સમ્યગ્દષ્ટિ ધારાવાહી જ્ઞાન, જ્ઞાન એટલે આત્મા, એના રસનું પાન કરીને, આહા..! રાગનું નહિ એટલે જ્ઞાનનું, એમ. આહાહા..! **'જેમ કોઈ પુરુષ મદ્ય પીને મગ્ન થયો...'** દારૂ પીને **'મગ્ન થયો થકો નૃત્યના અખાડામાં નૃત્ય કરે...'** દારૂ પીને નાચે. એમ અંદર આત્માનો મદ્ય ચડ્યો છે, કહે છે. આહા..! અતીન્દ્રિય આનંદના

રસને ધારાવાહી પીવે છે. આહાહા..! અરે.. અરે..! કહે છે, આવું તો મુનિને હોય ને કેવળીને હોય. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! મુનિને તો અલૌકિક વાતું હોય છે. સાચા સંતની વાતું તો બાપુ! જુદી છે કોઈ. ભાવલિંગી સંતને તો અંદર અતીન્દ્રિય ઉભરા આવે છે, પ્રચુર સ્વસંવેદન હોય છે. પાંચમી ગાથામાં કહ્યું છે. સાચા સંત તો એને કહીએ કે જેને પ્રચુર અતીન્દ્રિય આનંદના સ્વાદના ઢગલા અંદરથી આવે છે. અહીં તો હજી સમ્યગ્દૃષ્ટિની વાત છે. મુનિ તો કોને કહેવા, બાપુ! એ કોઈ અલૌકિક વાતું છે, ભાઈ!

જેમ મદ્ય પીને નૃત્યના અખાડામાં નાચે છે, તેમ **'નિર્મળ આકાશરૂપી રંગભૂમિમાં...'** નિર્મળ આકાશરૂપી એટલે ઓલા નિર્મળ આત્મસ્વભાવમાં **'રંગભૂમિમાં નૃત્ય કરે છે.'** સમકિતી આત્માના આનંદમાં રમે છે. પ્રશ્ન વિશેષ કરશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૩૧૨ શ્લોક-૧૬૨, ૧૬૩ રવિવાર, ભાદરવા વદ ૧૧, તા. ૧૬-૦૯-૧૯૭૯

'સમયસાર' પાછળથી છે, પ્રશ્ન છે ને? **'સમ્યગ્દૃષ્ટિને નિર્જરા થાય છે,...'** આત્મા પૂર્ણ જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ, પૂર્ણનું જ્યાં પ્રતીત અને જ્ઞાન થયું, એ પૂર્ણ પરમાત્મા હાથ આવ્યો. આહાહા..! પૂર્ણ સ્વરૂપ ભગવાનઆત્મા ધ્રુવ સ્વરૂપ, એની જ્યાં અંતરમાં અંતર્મુખ દૃષ્ટિ થઈ ત્યાં પૂર્ણ પરમાત્માના ભેટા થયા, એથી એને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. સમ્યક્ નામ સત્ય પૂર્ણ સ્વરૂપ, તેની દૃષ્ટિ થઈ એથી એને સમ્યગ્દૃષ્ટિ કહીને એને નિર્જરા થાય છે (એમ કહ્યું). એને અશુદ્ધ ભાવ થોડો થાય કે કર્મનો ઉદય હોય એ ખરી જાય છે. આ એ અપેક્ષાએ (વાત) છે. આહાહા..!

જેના મનમાં–દૃષ્ટિમાં જેને આત્મા અંદર વસ્યો છે, આહાહા..! જેની દૃષ્ટિમાં પરમાત્મા.. ઓલા ભજનમાંય એમ આવ્યું હતું, 'હરિ ભજતા હજી કોઈની લાજ જતા નથી જાણી રે...' હરિ આ, હોં! 'હરિ ભજતા હજુ કોઈની લાજ જતા નથી જાણી રે' જેનો આત્મા પૂર્ણાનંદનો નાથ, એને હરિ કહીએ. આહા..! 'શ્રીમદ્દે' કહ્યું છે ને? કે, મહાત્માઓએ અધિષ્ઠાન કહ્યું છે તે અધિષ્ઠાન હરિ ભગવાન છે, તે હરિ ભગવાન મારા હૃદયમાં ભાસે છે. અહીં છે. આહાહા..!

મુમુક્ષુ :– પોતાનો અધિષ્ઠાન પોતામાં જ હોય ને.

ઉત્તર :– પોતે. કોઈ ભગવાન ને ઈશ્વર બીજો કોઈ એ નથી અહીં. અને હરિનો અર્થ જ (એ છે કે), હરતિ ઇતિ હરિ. જે અજ્ઞાન અને રાગ, દ્વેષને હરે એ હરિ. એ પ્રભુ પોતે હરિ છે. આહા..! એના જેણે શરણા લીધા એને હવે પાછું પડીને જગતમાં રખડવું થાય એ બને નહિ. આહાહા..!

અહીં કહે છે કે **'સમ્યગ્દષ્ટિને...'** સત્ય સ્વરૂપ પરમાત્મા, ભગવાન પરમેશ્વર નિજ પરમાત્મા, હોં! આહાહા..! એની જ્યાં દૃષ્ટિ થઈને પર્યાયમાં એનો અનુભવ થયો, કહે છે કે, એને જે કંઈ રાગાદિ થાય એનો સ્વામી નથી એટલે નિર્જરા થઈ જાય છે. આહાહા..! મિથ્યાત્વ જેવું કોઈ મહાપાપ નથી અને સમ્યગ્દષ્ટિ જેવો કોઈ આત્માનો આદર નથી. આહાહા..! મિથ્યાદૃષ્ટિ જેવો કોઈ આત્માનો અનાદર નથી, આહાહા..! અને સમ્યગ્દષ્ટિ જેવો કોઈ આત્માનો આદર નથી. આહાહા..! બાળક, આઠ વર્ષનો બાળક હોય, ભગવાન તો પરિપૂર્ણ બિરાજે છે, પ્રભુ! આહા..! બધા આત્માઓ ભગવાન છે, ભગવત્ સ્વરૂપ છે. એવા સ્વરૂપને જેણે, ભલે આઠ વર્ષનો બાળક હો પણ જેણે એ સ્વરૂપને પકડ્યું અને ભેટા થયા, આહાહા..! એના માહાત્મ્યનું શું કહેવું? એને તો નિર્જરા થઈ જાય છે. આહાહા..! અહીં સમ્યગ્દર્શનની પ્રધાનતાની વાત છે, હોં! કહેશે ઉત્તર.

પ્રભુ! તમે કહો છો કે એને **'બંધ થતો નથી...'** સમ્યગ્દષ્ટિ પરમાત્મા, જેને નજરે પડ્યા, જેને પરમાત્મા નજરમાં આવ્યો, નજરબંધી થઈ ગઈ. આહાહા..! એને આપ તો નિર્જરા કહો છો. આહા..! **'બંધ થતો નથી...'** એમ કહો છો. **'એમ તમે કહેતા આવ્યા છો.'** આહાહા..! **'પરંતુ સિદ્ધાંતમાં...'** પ્રશ્ન કરે છે. **'ગુણસ્થાનોની પરિપાટીમાં અવિરત સમ્યગ્દષ્ટિ વગેરે...'** ચોથા ગુણસ્થાને, સમ્યગ્દષ્ટિ છે એ ચોથા ગુણસ્થાનથી વગેરે **'બંધ કહેવામાં આવ્યો છે.'** ચોથા ગુણસ્થાનમાં સાત-આઠ કર્મનો બંધ કહેવામાં આવ્યો છો ને, પ્રભુ! તમે કહો છો કે નિર્જરા થઈ જાય અને બંધ નથી. સાંભળ, ભાઈ! આહાહા..! આ તો પોતાના સ્વભાવની પ્રાપ્તિની વાત છે, પ્રભુ! અહીં બહારના ઝગડા-ફગડા આમાં કાંઈ ન મળે. આહાહા..! અહીં તો શંકા-કંખા આદિ ન મળે. હેં? આહા..! નિઃસંદેહ નાથ પરમાત્માના અંતર જેને દર્શન થયા એને કહે છે કે, નિર્જરા જ છે, બંધ થતો નથી. તો સિદ્ધાંતમાં તો ચોથા, પાંચમાથી દસમા સુધી બંધ કહ્યો છે ને? પ્રભુ! તમે પાધરો સમ્યગ્દષ્ટિ છે તો બંધ જ નથી (એમ કહો છો). સાંભળ, ભાઈ! આહા..!

**'વળી ઘાતિકર્મોનું કાર્ય...'** બે વાત કરી કે, (ગુણસ્થાનોની) પરિપાટીમાં અવિરત સમ્યગ્દષ્ટિ આદિને બંધ કહેવામાં આવ્યો છે અને **'ઘાતિકર્મોનું કાર્ય આત્માના ગુણોનો ઘાત કરવાનું છે તેથી દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય–એ ગુણોનો ઘાત પણ વિદ્યમાન છે.'** સમ્યગ્દષ્ટિને, આહાહા..! દર્શન, જ્ઞાન, સુખ ને વીર્ય, એનો ઘાત પણ છે. ચાર ઘાતિમાં ચાર. એની પર્યાય પૂર્ણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'એ ગુણોનો ઘાત પણ વિદ્યમાન છે.'** એક, બે વાત. ત્રીજી. **'ચારિત્રમોહનો ઉદય નવીન બંધ પણ કરે છે.'** આહાહા..! ચોથે ગુણસ્થાનથી આગળ ચારિત્રમોહનો ઉદય એને બંધ પણ કરે છે.

મુમુક્ષુ :– દર્શનગુણનો ઘાત કરે છે એમ કેમ કીધું?

ઉત્તર :– દર્શન એટલે દર્શન ઉપયોગ. દર્શન સમકિતની ક્યાં વાત છે? દર્શન ઉપયોગની

વાત છે. સમ્યગ્દર્શનની વાત ક્યાં છે. અહીં તો દર્શન એટલે દર્શન ઉપયોગ, જ્ઞાન ઉપયોગ, સુખ અને વીર્ય એનો ઘાત કરે છે. આહા..! સમ્યગ્દર્શનની અહીં વાત નથી. આહા..! અને **'ચારિત્રમોહનો ઉદય નવીન બંધ પણ કરે છે.'** ચોથે રાગ છે. **'જો મોહના ઉદયમાં પણ બંધ ન માનવામાં આવે તો તો મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ-અનંતાનુબંધીનો ઉદય હોવા છતાં બંધ નથી એમ પણ કેમ ન મનાય?'** આહાહા..! સમ્યગ્દૃષ્ટિને, આહાહા..! દર્શન, જ્ઞાન, સુખ ને વીર્યનો ઘાત પણ છે. દર્શન એટલે ઉપયોગ અને તેને ચારિત્રમોહના ઉદયથી બંધ પણ છે. જ્યારે તમે એને બંધ નથી એમ કહો તો પ્રભુ! હું તો એમ કહું કે, મિથ્યાદૃષ્ટિને પણ બંધ નથી. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! સમ્યગ્દર્શનની મહિમાનું વર્ણન છે. આહા..!

**'સમાધાન :– બંધ થવામાં મુખ્ય કારણ મિથ્યાત્વ-અનંતાનુબંધીનો ઉદય જ છે;...'** આ મુખ્ય, હોં! ગૌણ છે તેને અહીંયાં લક્ષમાં લીધું નથી. આહાહા..! જેમ આત્મામાં પર્યાય છે છતાં જ્યારે દૃષ્ટિનો વિષય બતાવવો હોય ત્યારે પર્યાયને ગૌણ કરીને નથી એમ કહે. આહાહા..! ત્રિકાળી ભગવાન વસ્તુ ભૂતાર્થ સત્યાર્થ પ્રભુ, એ છે એમ દૃષ્ટિ કરાવવા પર્યાય છે તેને ગૌણ કરીને નથી એમ કહ્યું છે. એમ અહીંયાં, આહાહા..! સમ્યગ્દૃષ્ટિને, મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો ઉદય બંધનું કારણ છે, એ સમ્યગ્દૃષ્ટિને નથી. આહાહા..! પણ મિથ્યાત્વ શું ને અનંતાનુબંધી શું? જગતને કઠણ પડે. આહા..! જ્યાં રાગનો વિકલ્પ છે એની એકતાબુદ્ધિ છે ત્યાં મિથ્યાત્વ ને અનંતાનુબંધી બેય ભાવ પડ્યા છે. આહાહા..! અહીં તો પૃથક્ થયો માટે એને બે નથી એમ કહ્યું છે. શું કહ્યું ઇ?

રાગનો પણ કણ ગમે તે શુભરાગ હોય, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો શુભ રાગ (હોય) પણ એ રાગની એકતાબુદ્ધિ જ્યાં છે ત્યાં મિથ્યાત્વ ને અનંતાનુબંધી બેય છે અને જેની એકતા તૂટી છે, આહાહા..! એને એ મિથ્યાત્વ ને અનંતાનુબંધી નથી તેથી તેને બંધ નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! પણ એમાંથી એમ જ સર્વથા માની લ્યે કે ચોથે ગુણસ્થાને બિલકુલ બંધ જ નથી, એમ નથી. એને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? જેમ ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર બિરાજે છે એના સત્‌ની અસ્તિત્વની પ્રતીતિ કરાવવા પર્યાયની અલ્પતાનો ભાવ, તેને નથી–ગૌણ કરીને નથી એમ કહ્યો પણ એથી પર્યાય નથી, એમ નહિ. એમ અહીંયાં સમ્યગ્દર્શનના જોરમાં પૂર્ણાનંદનો નાથ જ્યાં રાગની એકતા તૂટી અને સ્વભાવની એકતા થઈ, અલ્પ પામર રાગની એકતા તૂટીને પરમાત્મા પૂર્ણાનંદનો નાથ, એમાં એકતા થઈ. આહાહા..! એ આઠ વર્ષના બાળક પણ સમકિત પામે છે. એને માટે ઉંમરની કોઈ જરૂર નથી. આહાહા..! એટલે બીજાઓ એમ જાણે કે આપણને આ ન સમજાય કે ન થાય, એમ નથી, પ્રભુ! આહાહા..!

અંદરમાં ચૈતન્ય પરમાત્મા બિરાજે છે એની જેને એકતા થઈ અને રાગની એકતા તૂટી.. આહાહા..! એ **'સમ્યગ્દૃષ્ટિને તો તેમના ઉદયનો અભાવ છે.'** મિથ્યાત્વ અને

અનંતાનુબંધીનો અભાવ છે. આહાહા..! કહો, 'શશીભાઈ'! આવી વાતું છે. **'ચારિત્રમોહના ઉદયથી જોકે સુખગુણનો ઘાત છે...'** સમજાણું? આહાહા..! છે? આત્માનું આનંદ સ્વરૂપ પ્રભુ, એનો અંશ પ્રગટ્યો છે, પરિપૂર્ણ સુખ પ્રગટ્યું નથી તેથી સુખનો ઘાત પણ છે. આહાહા..! અને **'મિથ્યાત્વ-અનંતાનુબંધી સિવાય તેમની સાથે રહેનારી અન્ય પ્રકૃતિઓ સિવાય બાકીની ઘાતિકર્મોની પ્રકૃતિઓનો અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ તેમ જ બાકીની અઘાતિકર્મોની પ્રકૃતિઓનો બંધ થાય છે,...'** સમજાણું કાંઈ? આહાહા..! સમ્યગ્દષ્ટિને પણ ભગવાનના ભેટા થયા એને પણ પર્યાયમાં પામરતા છે એથી.. આહાહા..! જરી સંસારનો સ્થિતિ, બંધ થોડો પડે છે. સુખનો ઘાત પણ થાય છે. આહા..! તેમ ઘાતિની પ્રકૃતિની સાથે અઘાતિની પ્રકૃતિનો બંધ પણ થાય છે. **'તોપણ જેવો મિથ્યાત્વ-અનંતાનુબંધી સહિત (બંધ) થાય છે તેવો નથી થતો.'** આહાહા..! એકતાબુદ્ધિ તૂટી છે એની એકતા કોઈ દિ' થતી નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેને વિકલ્પની સાથે એકત્વબુદ્ધિ હતી, એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ રાગ છે, એ રાગ સાથે એકત્વબુદ્ધિ હતી ત્યાં સુધી તે મિથ્યાદષ્ટિ ને અનંતાનુબંધી કષાયવાળો છે. આહાહા..! અરે..! પ્રભુ! તારી મહિમા તો જો! આહાહા..! તારી મહિમા જેને અંતરમાં આવી એને રાગ જે વિકલ્પ છે તેની એકતા તૂટી ગઈ છે. એ ભગવાન મુક્ત સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યો છે. આહાહા..! અને તેથી પર્યાયમાં પણ મુક્તપણું થોડું આવ્યું છે. આહાહા..! પણ થોડો બંધ કહ્યો છે છતાં મિથ્યાત્વ-અનંતાનુબંધી સંસારનું કારણ છે. **'મિથ્યાત્વ-અનંતાનુબંધી સહિત થાય છે તેવો નથી થતો.'** જોયું? આહાહા..!

**'અનંત સંસારનું કારણ તો મિથ્યાત્વ-અનંતાનુબંધી જ છે;...'** આહાહા..! એ વિકલ્પ છે દયા, દાન, વ્રતાદિનો રાગ, એની સાથે એકત્વબુદ્ધિ છે એ જ મિથ્યાત્વ ને અનંતાનુબંધી છે. અરે..રે..! આવી વાતું હવે આ. કાળ આવો પંચમ હલકો કાળ, એમાં આ મોટો પરમાત્મા અંદર છે એની મોટપ અંદર બેસવી અને રાગની પામરતાની એકતા તૂટી જવી.. આહાહા..! પામર સાથે પ્રેમ અને પ્રભુથી એણે પ્રેમ તોડી નાખ્યો અને પ્રભુ સાથે પ્રેમ તેણે પામરથી પ્રેમ તોડી નાખ્યો. આહાહા..! આવો માર્ગ છે, બાપા! સમજાણું કાંઈ? ભગવત્ સ્વરૂપ છે પરમાત્મા બધા. કોઈનો નાનોમોટો આત્મા છે, એમ છે નહિ. આહાહા..! કોને કહેવો નાનો? ને કોને કહેવો મોટો? વસ્તુની અપેક્ષાએ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! શાસ્ત્રમાં તો એવું આવે કે, સમ્યગ્દષ્ટિ સત્યની વાત કરતા દોષોને બતાવે કે મિથ્યાદષ્ટિ આવા હોય, આવા હોય. અરે..! કહે છે કે, લાજ આવે છે અમને પ્રભુની પાસે. આહાહા..! એ પ્રભુના દોષો પર્યાયમાં છે એ બતાવવા લાજ આવે છે. આહાહા..! પણ વસ્તુનું સ્વરૂપ જણાવતાં પ્રભુ! એ આવ્યા વિના રહેતું નથી. આહાહા..!

કહે છે, એ મિથ્યાત્વ-અનંતાનુબંધી સહિત (બંધ થાય) તેવો બંધ તેને–સમકિતીને નથી.

**'અનંત સંસારનું કારણ તો મિથ્યાત્વ...'** આહાહા..! ભલે ત્યાગી થયો હોય, પંચ મહાવ્રત ધારણ કરતો હોય, અગિયાર પડિમા ધારણ કરી પણ એ રાગનો વિકલ્પ છે તે મારો છે એમ એકતાબુદ્ધિ પડી છે એ અનંત સંસારનું કારણ તો એ છે. અરે..રે..! એની એને ખબરું ન મળે. એટલે શું કહ્યું? કે, અનંત આનંદનો નાથ અનંત ગુણનો સાગર, તેનો પ્રેમ છોડી અને જે રાગના પ્રેમમાં જોડાય ગયો છે એ અનંત સંસારના અભાવ સ્વરૂપ પ્રભુ, એનો અનાદર કરીને અનંત સંસાર એણે વધાર્યો છે. આહાહા..! ભાઈ નથી આવ્યા, 'હીરાભાઈ'? ગયા હશે. સમજાય છે કાંઈ?

પ્રભુ! અમૃતની વાતું છે, ભાઈ! આહાહા..! અમૃતનો સાગર ભગવાન, એ અમૃતનો સાગર પ્રભુ, આહાહા..! એની જેને અંતરમાં એકતા થઈ અને રાગની એકતા તૂટી કહે છે કે મિથ્યાત્વ અને અનંતાનુબંધી સહિત જે બંધ થાય તેવો તેને બંધ નથી અને તે જ અનંત સંસારનું કારણ છે. આહાહા..! ભલે ત્યાગી થયો હોય, પંચ મહાવ્રત ધારણ કર્યાં, હજારો રાણી છોડી પણ એ રાગનો કણ છે એ મારો છે એમ એકત્વબુદ્ધિ (છે), એનાથી મને લાભ થશે (એમ માને છે તો) અનંત સંસારનું કારણ છે. અર..ર..ર..! કેમકે અનંત સંસારના અભાવસ્વરૂપ અનંત ગુણનો પિંડ પ્રભુ, એનો તો એણે અનાદર કર્યો અને રાગના કણનો આદર (કર્યો), પામર છે એ તો. એણે એકતાબુદ્ધિમાં આદર કર્યો, પ્રભુ! એ અનંત સંસારનું કારણ છે. એ સમકિતી નથી. આહાહા..! કહો, 'હિંમતભાઈ'! આવી હિંમત છે અંદર, કહે છે. હેં? આહાહા..!

પ્રભુ! તારા પુરુષાર્થની શું વાતું કરવી! અનંત બળનો ધણી બળિયો. ઓલા બળદેવ નથી કહેતા? શું કહે ઇ? આ છોકરાઓને કહે છે, નહિ? હેં? પાંજરામાં. બળિયો. ઓલુ પાંજરું હોય.. ઓલું શું કહેવાય પાણીનું? પાણીનું હોય ને એના ઉપર બળિયો રાખતા. અમારા ઘરમાં રાખતા એ યાદ આવ્યું. ક્યારાનું રાખે, થોડું રૂ ચોડે. આહાહા..! એ બળિયો નહિ, પ્રભુ! તું અનંત બળનો ધણી નાથ! તારા બળને રોકવાને કોણ સમર્થ છે? એવી એકત્વબુદ્ધિ જેને સ્વભાવની થઈ છે તેને અનંત સંસારનું કારણ રાગની એકતાબુદ્ધિનો મિથ્યાત્વભાવ ને અનંતાનુબંધી તેને ટળી ગયા છે. તેથી એને અનંત સંસાર થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? હવે આવી વાતું હવે ક્યાંય (સાંભળવા મળે નહિ). આહાહા..!

જરીક શરીર રૂપાળું હોય ત્યાં એને અંદર માહાત્મ્ય આવે કે, આહાહા..! અમે તો રૂપાળા છીએ, અમે તો છોકરાવાળા છીએ, અમે પૈસાવાળા છીએ. અરે..! પ્રભુ! શું થયું તને આ? તારો નાથ અંદર ભગવાન બિરાજે છે ને! એના રૂપના સ્વરૂપની તને પ્રતીતિ નહિ અને આ રૂપ મારા! તો એનો અર્થ થયો કે શરીર મારું. એ રૂપ મારું તો શરીર મારું થયું, પ્રભુ! આહાહા..! આહાહા..! તો આત્મા મારો નહિ, એમ એને થયું, પ્રભુ! આહાહા..! પણ જેને આત્મા મારો છે એમ ભાન થયું તેને રૂપ ને શરીર બેય મારી ચીજ નથી. આહાહા..!

સમજાણું કાંઈ? આહાહા..! છે ને?

**'સંસારનું કારણ તો મિથ્યાત્વ-અનંતાનુબંધી જ છે;...'** બાપુ! આ માલ માલ વર્ણવે છે. આહાહા..! **'તેમનો અભાવ થયા પછી તેમનો બંધ થતો નથી; અને જ્યાં આત્મા જ્ઞાની થયો...'** આહાહા..! જ્ઞાની એટલે શાસ્ત્રનું જ્ઞાન એ અહીં નહિ. આહાહા..! જેણે ભગવાનઆત્માનું જ્ઞાન કર્યું, રાગનું જ્ઞાન નહિ, નિમિત્તનું નહિ, પર્યાયનું પણ નહિ. **'આત્મા જ્ઞાની થયો...'** (અર્થાત્) આત્મજ્ઞાન થયું. આહાહા..! પૂર્ણાનંદનો નાથ ભગવાનઆત્મા, એનું જેને જ્ઞાન થયું તે દ્રવ્યનું જ્ઞાન થયું. આહાહા..! **'આત્મા જ્ઞાની થયો ત્યાં અન્ય બંધની કોણ ગણતરી કરે?'** આહાહા..! સમજાય છે કાંઈ?

**'વૃક્ષની જડ કપાયા પછી...'** ઝાડના મૂળિયાં કપાણા પછી પાંદડાં ને ડાળીયાની શી કિંમત છે? એ તો સૂકાઈ જવાના. જેણે વૃક્ષનું મૂળ હેઠેથી તોડ્યું, વિહાર કરતા રસ્તામાં ઘણા એવા ઝાડ દેખેલા, આમ પડી ગયા હોય, એક સ્હેજ થોડો ભાગ રહી ગયો તોય ખીલે પણ આખું મૂળ તૂટી ગયું (તો ન ઊગે). એમ જેણે મિથ્યાત્વ ને અનંતાનુબંધીના મૂળ તોડી નાખ્યા છે, સંસારનું મૂળ તો એ છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'વૃક્ષની જડ કપાયા પછી લીલાં પાંદડાં...'** લીલાં પાંદડાં, હોં! ભલે એ લીલાં પાંદડાં હોય પણ એ સૂકાઈ જવાના, પડી જવાના. કારણ કે કસ મળતો નથી, મૂળ તૂટી ગયું. પાંદડાંને પાણી પાય તો પાંદડું રહે એમ નથી. પાંદડાંને પાણી તો મૂળમાંથી મળે તો રહે. શું કીધું ઇ? પાંદડાં છે એને પાણી નાખે તો એને પુષ્ટિ ન થાય. એ અંદર ન ચડે. આહાહા..! મૂળિયામાં કસ હોય ત્યાંથી પાંદડે કસ ચડે, એ મૂળ તો તૂટી ગયું છે. ભલે પછી લીલાં પાંદડાં પાણીમાં બોળો તો નહિ રહે હવે. નહિ રહે, ભાઈ! આહાહા..!

શું પ્રભુનો માર્ગ! જિનેશ્વર ત્રિલોકનાથ ત્રણલોકના નાથ.. આહાહા..! જગતની દરકાર કર્યા વિના સંતો જગતને જાહેર કરે છે કે, અરે..! આવી વાતું કરનારા જે ક્રિયાકાંડીઓ રાગથી લાભ માનનારાને શું થશે? પ્રભુ! જે થાય, તને લાભ થશે, ભાઈ! એ દૃષ્ટિ તોડી નાખ. સમજાણું કાંઈ? આહાહા..! આ અમે વ્રત પાળીએ છીએ, પડિમા ધારણ કરી છે, એવા પરના અભિમાનીઓની એકતાબુદ્ધિ એને તૂટી જાય માટે એને આ વાત કરે છે. પ્રભુ! એ તોડી નાખ, ભાઈ! એ વસ્તુ તારી નથી. આહા..! તારી છે તેમાં એ નથી. એ નથી તેમાં તું નથી. આહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'વૃક્ષની જડ કપાયા પછી લીલાં પાંદડાં...'** ભાષા જોઈ? સૂકા પાંદડાં નથી લીધા. સૂકા તો સૂકાઈ ગયા પણ આ તો લીલાં પાંદડાં પણ સૂકાઈ જશે. (તેની) **'રહેવાની અવધિ કેટલી?'** લીલાં પાંદડાં રહેવાની અવધિ કેટલી? મૂળ કપાઈ ગયું, કસ તો ચડતો નથી, લીલાં પાંદડાંને ભલે કૂવામાં નાખો, સરોવરમાં નાખો, (એ) સૂકાઈ જશે, ભાઈ! આહાહા..! એમાં શું કહેવું છે જરી? કે, જેના મૂળ કપાણાં તેના પાંદડાંમાં ભલે કોઈ અસ્થિરતા આદિ, મિથ્યાત્વ કપાણું

અસ્થિરતા આદિ રહી પણ એ સૂકાઈ જવાના. આહાહા..! એને હવે પોષણ મળતું નથી. આહાહા..! પુણ્ય-પાપના ભાવ ધર્મીને થાય પણ તેને મિથ્યાત્વનું પોષણ નથી, એની એકતાબુદ્ધિનું મૂળિયું તૂટી ગયું છે. આહાહા..! અંદર બધા ભગવત્ સ્વરૂપે ભગવાન બિરાજે છે, હોં! કોઈએ શરીરને દેખવું નહિ. વેદ દેખવો નહિ. એના પુણ્ય-પાપના પરિણામ તે દેખવા નહિ. દેખવો ભગવાન અંદર પરમાત્મા. એવી જેને પોતાની દૃષ્ટિ થઈ છે એ બીજાને પણ એ જ દૃષ્ટિએ ભગવાન તરીકે જોવે છે. આહાહા..! પર્યાયમાં દોષ છે એ જાણે પણ ભગવાન અંદર પરમાત્મા છે, એ તો મારો સાધર્મી સિદ્ધ ભગવાન છે. આહા..! 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એમ બધાનું સિદ્ધપદ છે ને? આહાહા..! કોના ઉપર એને દ્વેષ આવે? અને કોના ઉપર એને રાગ આવે? આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

**'લીલાં પાંદડાં રહેવાની અવધિ કેટલી?'** આહાહા..! જુઓ! સમ્યગ્દર્શનનું માહાત્મ્ય! સમ્યગ્દર્શને સ્વીકારેલા ભગવાનનું માહાત્મ્ય. જેને પર્યાયનો સ્વીકાર ગયો, રાગનો સ્વીકાર ગયો, નિમિત્તનો સ્વીકાર ગયો, આહાહા..! **'માટે આ અધ્યાત્મશાસ્ત્રમાં સામાન્યપણે જ્ઞાની-અજ્ઞાની હોવા વિશે પ્રધાન કથન છે.'** સામાન્ય-વિશેષ, જ્ઞાની-અજ્ઞાનીની મુખ્યપણે. ગૌણપણે તો જ્ઞાનીને બંધ છે, અસ્થિરતા છે એ બધો ખ્યાલ છે પણ એ અનંત સંસારનું કારણ નથી અને અજ્ઞાની ભલે ત્યાગી થઈને બેઠો હોય, પંચ મહાવ્રત (પાળતો હોય) અને એને માટે આહાર-પાણીનો કણ પણ મરી જાય તો ન લ્યે, એવી ક્રિયા હોય છતાં અંદર રાગથી ભિન્ન ભાળ્યો નથી અને એ રાગની સાથે એકતાબુદ્ધિ છે તો એ અનંત સંસારી છે. આહાહા..!

આણે એવો અર્થ કર્યો, ભાઈ! અનંતાનુબંધી છે ને? અનંત સાથે સંબંધ છે માટે અનંતાનુબંધી. એમ અર્થ કર્યો છે. અને આમ નહિતર અનંતાનુબંધી એટલે અનંત એટલે મિથ્યાત્વ, એની સાથે સંબંધ છે એવો અનંતાનુબંધી, એવો અર્થ છે. આ અનંતાનુબંધી છે ને? એ અનંત મિથ્યાત્વ એની સાથે સંબંધવાળો કષાય તે અનંતાનુબંધી. ભાઈએ વળી એવો અર્થ કર્યો છે. આવે, આવે એ તો વ્યવહારથી સમજાવવામાં (આવે). આહાહા..! અનંતનો અનુબંધ. છે ને? એક સાથે જેને એકતાબુદ્ધિ છે એને અનંત સાથે એકતાબુદ્ધિ છે, એમ. સમજાણું? એક રાગના કણનો પણ કર્તા થાય છે તો સારા વિશ્વનો પણ કર્તા એ માને છે. આહાહા..! અને જેણે રાગનું કર્તાપણું તોડીને જ્ઞાતાપણું છે એક રાગનું, એ સારા વિશ્વનો તે જ્ઞાતા-દૃષ્ટા છે. આહાહા..! અરે..! આવી વાત. માંડ થોડો ટાઈમ મળ્યો છે, માણસપણાનો ટાઈમ થોડો છે એ પૂરો થઈ જશે, દેહ ચાલ્યો જશે, ભાઈ! આહાહા..!

**'અધ્યાત્મશાસ્ત્રમાં સામાન્યપણે...'** સામાન્યપણે, હોં! વિશેષની વ્યાખ્યા તો ઘણી બધી અંદર છે. **'જ્ઞાની-અજ્ઞાની હોવા વિષે જ પ્રધાન કથન છે.'** જ્ઞાની અને અજ્ઞાનીનું બેનું મુખ્યપણે વર્ણન છે. જ્ઞાનીને બંધ નથી અને અજ્ઞાનીને બંધ છે. **'જ્ઞાની થયા પછી..'** આહાહા..! જ્ઞાની એટલે ભગવાન પૂર્ણાનંદનો નાથ તેનું જ્ઞાન થયું. ભલે શાસ્ત્રજ્ઞાન ન પણ હોય, આહાહા..!

'શિવભૂતિ' અણગાર. મારુષ-માતુષ શબ્દ યાદ નહોતો રહેતો. અંદર આત્મા આનંદસ્વરૂપ છે એ બરાબર યાદ છે. આહા..! આહાહા..! બહારનું ધારણાનું જ્ઞાન ભલે ઓછું હોય, અરે..! તિર્યંચને તો નવ તત્ત્વના નામેય આવડતા નથી, આહાહા..! અરે..! પ્રભુ! એ વાતું કોઈ જુદી છે, બાપા! આહાહા..! સમજાણું કાંઈ? અંતરમાં જેને **'જ્ઞાન થયા પછી જે કાંઈ કર્મ રહ્યાં હોય તે સહજ જ મટતાં જવાનાં.'** ઓલા પાંદડાંની પેઠે. મૂળ કપાઈ ગયું એટલે પાંદડાં જૂના હોય તોપણ સૂકાઈ જવાના, ટળી જવાના. આહાહા..! આવું સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે. હવે એની અત્યારે કિંમત ઘટી ગઈ અને બહારના ત્યાગની કિંમત વધારી નાખી. બહારના ત્યાગ કરે, લૂગડાં ફેરવે કે શાસ્ત્રને કાંઈક વાંચે એટલે થઈ ગયું જ્ઞાન ને થઈ ગયો ત્યાગી. અરે..! પ્રભુ! આહા..! અનંત સંસારના મૂળિયા તો તોડ્યા નથી ને ક્યાંથી ત્યાગી થઈ ગયો તું? આહાહા..! **'સહજ જ મટતાં જવાનાં. નીચેના દૃષ્ટાંત પ્રમાણે જ્ઞાનીનું સમજવું.'**

**'કોઈ પુરુષ દરિદ્ર હોવાથી...'** કોઈ પુરુષ દરિદ્ર હોય **'ઝૂંપડીમાં રહેતો હતો. તેને ભાગ્યના ઉદયથી ધન સહિત મોટા મહેલની પ્રાપ્તિ થઈ...'** પુણ્યના ઉદયથી મોટું મકાન મળી ગયું, બે-પાંચ કરોડનું, આહાહા..! **'ભાગ્યના ઉદયથી ધન સહિત...'** મોટા ધન સહિત, હોં! એકલો મહેલ નહિ. કરોડો, અબજો રૂપિયા અંદર (ભરેલું), એ સહિત મોટું મકાન મળ્યું. આહાહા..! **'તેથી તે મહેલમાં રહેવા ગયો.'** એ મહેલમાં રહેવા ગયો. **'જોકે તે મહેલમાં ઘણા દિવસનો કચરો ભર્યો હતો...'** કચરો છે, વાળનારે વાળ્યું નહોતું. આહાહા..! **'તોપણ જે દિવસે તેણે આવીને મહેલમાં પ્રવેશ કર્યો...'** આહાહા..! **'તે દિવસથી જ તે મહેલનો ધણી બની ગયો,...'** હેં? મહેલ ને ધનનો ધણી બની ગયો. આહાહા..! **'મહેલનો ધણી બની ગયો, સંપદાવાન થઈ ગયો.'** બે વાત થઈ. ઓલી અંદર લક્ષ્મી છે ને? મહેલનો ધણી થયો અને ઓલું ધન હતું (તેથી) સંપદાવાન થઈ ગયો, એમ. મહેલનો ધણી અને અંદર અબજો રૂપિયા લક્ષ્મી હતી. આહાહા...! આ તો દૃષ્ટાંત છે, હોં! એમાં કંઈ રાજી થવા જેવું નથી. આહા..! કે, ઠીક, ઠીક ભાગ્યથી આવો મહેલ ને પૈસા (મળ્યા). ધૂળ છે. આ તો દૃષ્ટાંત દીધો છે. આહાહા..!

બે વાત કીધી, તે દિવસથી જ તે મહેલનો ધણી બની ગયો અને સંપદાવાન થઈ ગયો. બે. લક્ષ્મી હતી ને અંદર? એકલો મહેલ નહિ. અબજો રૂપિયા એમાં હતા. આહાહા..! **'હવે કચરો ઝાડવાનો છે...'** એ કચરો કાઢવાનો છે. આહાહા..! **'તે અનુક્રમે પોતાના બળ અનુસાર ઝાડે છે.'** પોતાની શક્તિ અનુસાર એ કચરો કાઢે છે. આહાહા..! દૃષ્ટાંત તો જુઓ! **'જ્યારે બધો કચરો ઝડાઈ જશે અને મહેલ ઉજ્જવળ બની જશે ત્યારે તે પરમાનંદ ભોગવશે.'** ધણી તો થઈ ગયો છે. આહાહા..! એટલો એને એ જાતનો રાજીપો પણ આવ્યો છે પણ બધું કાઢી નાખશે ત્યારે પૂર્ણ રાજી થશે. આહાહા..! **'આવી જ રીતે જ્ઞાનીનું જાણવું.'** આહાહા..!

ધર્મીજીવને–સમકિતીને આખો ભગવાન પરમાત્મા મળ્યો અને એમાં અનંતી લક્ષ્મી– અંદર સ્વભાવ–ગુણ છે એ બધા મળી ગયા. આહાહા..! દ્રવ્ય મળ્યું, ભેગા અનંતા ગુણોની

જે સંપદા, અનંતી અનંતી સંપદા પડી છે, પ્રભુમાં અનંતી સંપદા પડી છે અંદર. આહાહા..! તેનો એ સ્વામી થઈ ગયો. દ્રવ્યનો અને સંપદાનો, બેયનો. આહાહા..! ઓલો મહેલનો અને લક્ષ્મીનો, બેયનો. આહાહા..! એમ આ દ્રવ્યનો અને એના ભાવનો. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ બેયનો સ્વામી થઈ ગયો, બેય જેને અંદરથી પ્રાપ્ત થયા. આહાહા..! રાગની એકતા જેને તૂટી ગઈ, પ્રભુ! આહાહા..! આત્માની સાથે એકત્વ થતાં એ તૂટી ગઈ. સમજાવવામાં તો એમ આવે. આહાહા..! **'આવી જ રીતે જ્ઞાનીનું જાણવું.'**

સમ્યગ્દૃષ્ટિને પણ આત્મદ્રવ્ય અને અનંત અનંત ગુણની સંપદાનો ખજાનો, બેય મળી ગયા. આહાહા..! અરે..રે..! પ્રભુ! આવા આત્મદ્રવ્યની વાતું મૂકીને બાકી બીજી કૂથલિયું (કરી). આહાહા..! પ્રભુ! તારા ઘરની, હિતની વાતું છે, નાથ! આહા..! હવે ઓલો સમકિતી છે, ચક્રવર્તીનું રાજ હોય, લ્યો! પણ વસ્તુ અને વસ્તુના ગુણોની સંપદાનો સ્વામી થઈ ગયો, હવે એનો જરી રાગાદિ છે એ ટળી જશે. એ થોડો કચરો છે. આહાહા..! અસ્થિરતાનો કચરો. અંદરમાં સ્થિરતા કરીને ટાળી નાખશે. આહા..! વસ્તુ હાથ આવી ગઈ ને! ભલે કચરાવાળો મહેલ ને સંપદા, પણ એ કચરો મહેલનો, મહેલના સંપદાનો નથી. આહાહા..! આવી વાતું, લ્યો.

જેને ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ જેને મળી ગયો, એને અનંતી સંપદા મળી. જેમાંથી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય એવો જ્ઞાનગુણ અનંતો મળી ગયો. આહાહા..! જેના ગુણમાંથી કેવળજ્ઞાનની પર્યાય અનંતી અનંતી અનંતી અનંતી સાદિઅનંત પ્રગટે. એ ગુણમાંથી એવી અનંતી પર્યાયનો સાહેબો જ્ઞાન મળી ગયું. અનંતી સમકિતની શ્રદ્ધા છે, અંદર જે શ્રદ્ધાગુણ છે એમાંથી સમકિતની પર્યાય અનંતી નવી થાય એનો ખજાનો શ્રદ્ધાગુણ એને મળી ગયો. આનંદની પર્યાય જે સાદિ અનંત અનંત અનંત અનંત આનંદ થાય, એ આનંદની પર્યાયનો સ્વામી–ધણી આનંદ મળી ગયો અંદરથી. આહાહા..! ખજાના ખોલી નાખ્યા જેણે. આહાહા..! અજ્ઞાનીના કપાટ બંધ છે. રાગની એકતામાં ખજાના બંધ છે, ભાઈ! આહાહા..! ભલે પછી દિગંબર મુનિ થયો હોય પણ અંદરમાં રાગને–શુભરાગને પોતાનો માનીને પોતાને લાભ છે એમ માને છે એ ખજાનાને તાળા માર્યા છે. આહાહા..! સમકિતીએ ખજાના ખોલી નાખ્યા છે. આહાહા..! આવી વાતું છે. ભાઈ! તારા સંસારનો અંત કેમ આવે એની વાતું છે, ભાઈ! સમજાય છે કાંઈ? બીજાના દોષ દેખાડવાની આ વાત નથી. આહા..! પણ તારો દોષ છે એ તારું સ્વરૂપ નથી. અંદર ગુણ છે. દોષ છે એ તો ક્ષણિક છે અને ગુણ છે એ તો ત્રિકાળ આનંદનો નાથ પૂર્ણ છે. આહાહા..! એની જ્યાં દૃષ્ટિ પડી પછી દોષનો કચરો કાઢવાને વાર શી? કહે છે. દોષનો સ્વામી નીકળી ગયો અને ગુણનો સ્વામી થયો, ધણી તો ગુણ ને દ્રવ્યનો થઈ ગયો. આહાહા..!

આ કીધું ને ઓલું? રસ્તામાં જાય પછી ઓલા પાંચ વાગ્યા પછી ગાય છે ને? એક

ઓલું બોલ્યો હતો 'હંસલો મારો નાનો ને મારું દેવળ જુનું થયું, જૂનું રે થયું રે દેવળ જૂનું થયું, મારો હંસલો નાનો ને દેવળ...' મારો નાથ તો એવો ને એવો છે અનાદિથી. આ શરીર જીર્ણ થયું છે. ગાતા હતા. એને કંઈ બોલની ખબર ન હોય. સાંભળતા, હંસલાનું ભાઈએ કીધું હતું. ઓલું હરિભજન તો મેં પણ સાંભળેલું. 'હરિ ભજતા હજી કોઈની લાજ' આહાહા..! બહારના જાણપણા, ફેરફાર થઈ જાય ને પાગલ થઈ જાય, હોં! ઘેલો થઈ જાય ઇ. દૃષ્ટિમાં તત્ત્વ આવ્યું નથી અને બહારની ધારણા હોય એમાં મોટો પંડિત દેખાય, એ પાગલ થઈ જાય. આહાહા..! પણ જેને ભગવાનઆત્માનું જ્ઞાન થયું છે, આહાહા..! ભલે તેને બહુ વિશેષ ધારણાનું જ્ઞાન નથી પણ એ પાગલ નહિ થાય, એ પંડિત થઈને કેવળ લેશે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! **'આવી જ રીતે જ્ઞાનીનું જાણવું.'**

**'ટીકા :– આ પ્રમાણે નિર્જરા (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગઈ.'** એ નિર્જરાનું જ્ઞાન થઈ ગયું. જ્ઞાયક છે, નિર્જરા અને બંધ બેયનો જ્ઞાતા-દૃષ્ટા જાણવામાં આવ્યો. નિર્જરાનેય જાણે છે, બંધનેય જાણે છે, મોક્ષને જાણે છે, ઉદયને જાણે છે. આહાહા..! છે ને ૩૨૦ (ગાથા)?

**'ભાવાર્થ :– એ રીતે, નિર્જરા કે જેણે રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો...'** શુદ્ધ પર્યાય શુદ્ધતાએ રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો **'તે પોતાનું સ્વરૂપ પ્રગટ બતાવીને બહાર નીકળી ગઈ.'** નિર્જરાની સ્થિતિ આ છે, (એમ) જાણી નિર્જરા છૂટી ગઈ. આહાહા..! આવો ઉપદેશ હવે. વ્રત પાળવા ને ભક્તિ કરવી ને પડિમા લેવી એ કંઈ આવતું નથી આમાં. ભાઈ! તારું ભાન થતાં રાગ જેમ ઘટતો જશે તેમ સ્થિરતા વધતી જશે, તેમ તેવા પંચ મહાવ્રતના વિકલ્પ તે ભૂમિકામાં આવશે પણ એ કચરો છે. આહાહા..! અરે..રે..! એનું દ્રવ્ય અને એના ગુણના માહાત્મ્ય ન આવે અને રાગની ક્રિયા ખૂબ કરે એટલે માહાત્મ્ય આવે, અરે..! પ્રભુ! તું ક્યાં રોકાઈ ગયો? દુનિયા માન આપશે. દુનિયાને ત્યાગ નથી અને આ ત્યાગ કરે (એટલે) ઓહોહો! ભારે કામ કર્યાં તમે, જાવજીવનું બ્રહ્મચર્ય, તમે બાળ બ્રહ્મચારી. પણ ભાઈ! એ શું છે? એ ચીજ શું છે? બ્રહ્મ નામ આનંદના નાથને જગાડીને જેણે બ્રહ્મમાં આનંદ ચર્યા કરી છે, એ બ્રહ્મચારી છે, કાયાના બ્રહ્મચર્ય તો અનંત વાર પાળ્યા છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– કાયાનું બ્રહ્મચર્ય એ બ્રહ્મચર્ય છે જ નહિ.

ઉત્તર :– છે જ ક્યાં? પણ લોકો તો આ માને છે કે, શરીરથી વિષય ન લીધો તો થઈ ગયા આપણે બ્રહ્મચારી. અરે..! ભાઈ! સ્ત્રીનું સેવન ન કર્યું માટે બ્રહ્મચારી થઈ ગયા એમ અહીંયાં પ્રભુ કહેતા નથી. આહાહા..! નવમી ગ્રૈવેયક ગયો ત્યારે સ્ત્રીના સેવન તો અનંત વાર નથી કર્યાં, પણ ભગવાનઆત્મા બ્રહ્મ નામ આનંદસ્વરૂપ તેની સેવા તેં ન કરી. આહાહા..! તેમાં તેની ચર્યા, બ્રહ્માનંદનો નાથ તેની ચર્યા તેં ન કરી. આહાહા..! બહુ વાતું

ફેર, ભાઈ! અત્યાર કરતાં બહુ વાતું ફેર લાગે, ભાઈ! આહા..! પણ વસ્તુનું સ્વરૂપ જ આવું છે. અનાદિથી ત્રણલોકના નાથ તીર્થંકર કહેતા આવે છે, કહે છે અને કહેશે. હેં? આહાહા..! છેલ્લો શ્લોક છે.

**इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यामात्मख्यातौ निर्जराप्ररूपकः षष्टोऽङ्कः ।।**

---

**સમ્યકવંત મહંત સદા સમભાવ રહૈ દુઃખ સંકટ આયે,**
**કર્મ નવીન બંધૈ ન તબૈ અર પૂરવ બંધ ઝડૈ વિન ભાયે;**
**પૂરણ અંગ સુદર્શનરૂપ ધરૈ નિત જ્ઞાન બઢૈ નિજ પાયે,**
**યોં શિવમારગ સાધિ નિરંતર આનંદરૂપ નિજાતમ થાયે.**

**આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં નિર્જરાનો પ્રરૂપક છઠ્ઠો અંક સમાપ્ત થયો.**

---

**સમ્યકવંત મહંત સદા સમભાવ રહૈ દુઃખ સંકટ આયે,**
**કર્મ નવીન બંધૈ ન તબૈ અર પૂરવ બંધ ઝડૈ વિન ભાયે;**
**પૂરણ અંગ સુદર્શનરૂપ ધરૈ નિત જ્ઞાન બઢૈ નિજ પાયે,**
**યોં શિવમારગ સાધિ નિરંતર આનંદરૂપ નિજાતમ થાયે.**

આહાહા..! '**સમ્યકવંત મહંત...**' એ મહંત છે. આહાહા..! એ મહાત્મા છે. જેણે ભગવાન પૂર્ણાનંદના નાથની દૃષ્ટિ, અનુભવ થયો એ મહંત છે. આહાહા..! '**સમ્યકવંત મહંત...**' હવે ઓલા સમ્યગ્દૃષ્ટિની કિંમત કાંઈ કરતા નથી. ઇ તો ત્યાગ થાય ત્યારે ચારિત્ર પાળે, બહારની ક્રિયા ત્યારે એને સાતમે ગુણસ્થાને નિશ્ચય સમકિત થાય. અરે..રે..! શું કરે છે પ્રભુ તું?

અહીં તો કહે છે, '**સમ્યકવંત મહંત સદા સમભાવ રહૈ...**' એ તો જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આહાહા..! રાગ આવે એને જાણે, દ્વેષ આવે એને જાણે. જ્ઞેયો જગતના અનંત છે તેને જ્ઞેય તરીકે જાણે. આ ઠીક-અઠીક છે તે રીતે ન જાણે ઇ. ઠીક-અઠીકની કલ્પના આવી જાય, એને પણ જાણે. આહા..! કારણ કે એ બધું જ્ઞેયમાં જાય છે. ઠીક-અઠીકની કલ્પના ને જ્ઞેયો બધું જ્ઞેય છે, એમ કહે છે. '**સદા સમભાવ રહૈ...**' આહાહા..! એ પોતાના જ્ઞાતા-દૃષ્ટાના ભાવમાં રહેનારો છે. આહાહા..! '**દુઃખ સંકટ આયે,..**' પ્રતિકૂળતા અને સંકટમાં આવ્યા

છતાં સમભાવ રાખે છે. એને પ્રતિકૂળતા દેખાતી નથી. પ્રતિકૂળતા જ્ઞેય તરીકે જાણે છે. આહાહા..! સમ્યગ્દષ્ટિ હોય, નિર્ધન હોય, આહા..! ગરીબ હોય, રહેવાની ઝૂંપડી પણ મળતી ન હોય, ખાવાનું એક ટંક મળતું ન હોય છતાં તેને અંતરમાં શાંતિ ને સમભાવ છે. હું ગરીબ છું એમ એને દીનતા નથી. આહાહા..! હું તો ધનવાન છું, આત્માનો ધણી છું. આહાહા..! આવી વાતું છે, પ્રભુ! શું થાય? પરમાત્માના તો વિરહ પડ્યા, કેવળજ્ઞાની રહ્યા નહિ, શાસ્ત્રોમાં વાત રહી ગઈ પણ એ વાતને ઉકેલનારા ઓછા થયા અને બહારની પ્રવૃત્તિમાં બધું મનાવી દીધું. આહાહા..! એને આવી વાતું એવી લાગે કે, અરે..! 'સોનગઢિયા' તો નિશ્ચયની (વાત કરે છે). અરે..! 'સોનગઢિયા'ની રહેવા દે, બાપુ! આહાહા..! એ... એ તો નિશ્ચયની જ વાત માનનાર, વ્યવહારની નહિ. અરે..! પ્રભુ! સાંભળને, ભાઈ! સત્ય જ સ્વરૂપ છે, ભગવાનઆત્મા તેને માનનારા, રાગ એ મારું સ્વરૂપ નથી, એમ માનનારાની તને નિંદા કેમ આવે છે? સમજાણું કાંઈ? આહા..!

**'કર્મ નવીન બંધે ન તબૈ...'** એને નવીન કર્મ ન બંધાય. **'પૂરવ બંધ ઝડે વિન ભાયે.'** ભાવના વિના એના કર્મ તો ઝરી જાય છે. **'પૂર્ણ અંગ સુદર્શનરૂપ...'** સમકિતદર્શન-સુદર્શન. સુદર્શન મોટું. **'પૂરણ અંગ..'** આઠે અંગ સહિત **'ધરૈ નિત જ્ઞાન બઢૈ નિજ પાયે,...'** નિત જ્ઞાનની પર્યાય શુદ્ધતા વધી જાય. **'નિજ પાયે'** પોતાને પ્રાપ્ત કરે ત્યારે. આહાહા..! **'યોં શિવમારગ સાધી...'** એ રીતે શિવ નામ મોક્ષનો માર્ગ સાધી **'નિરંતર આનંદરૂપ નિજાતમ થાયે.'** નિરંતર પૂર્ણ આનંદરૂપ નિજાત્મ દશા પ્રગટ કરે. તેને મોક્ષ થાય. આ સમ્યગ્દષ્ટિની દશા. એને પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય, તે તેનું પરિણામ ને ફળ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**હે જીવ ! સ્ત્રી-પુત્ર આદિના કારણે તું જે હિંસા આદિ પાપ કરે છે તેનું ફળ તારે એકલાએ જ ભોગવવું પડશે, દુઃખફળ ભોગવવા સ્ત્રી-પુત્ર કે સગા-સંબંધી સાથે નહીં આવે. સ્ત્રી-પુત્ર, સગા-સંબંધી આદિના મમત્વથી તું હિંસા, જૂઠું આદિ અનેક પ્રકારના પાપ કરે છે તથા અંતરમાં રાગાદિ વિકલ્પ વડે રાગાદિ વિકલ્પ રહિત શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્માની હિંસા કરે છે, પરંતુ તેના ફળમાં દુઃખ ભોગવવા ટાણે સ્ત્રી-પુત્ર આદિ તારા દુઃખમાં ભાગ પડાવવા નહીં આવે, તારે એકલાએ નરક-નિગોદ આદિના અનેક દુઃખો ભોગવવા પડશે. જેના કારણે તું પાપ કરી રહ્યો છે તેઓ તારા દુઃખ ભોગવવા તો સાથે નહીં આવે પણ તારા દુઃખ જોવા પણ સાથે નહીં આવે.**

આત્મધર્મ અંક-૫, જાન્યુઆરી-૨૦૦૮

ૐ

श्री सीमंधरस्देवाय नमः
श्री निज शुद्धात्मने नम

# સમયસાર સિદ્ધિ

## ભાગ-૮

અધ્યાત્મયુગપુરુષ

**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

સમયસારજી શાસ્ત્ર ઉપરના ૧૯ મી વખતના બંધ અધિકારની ગાથા ૨૩૭ થી ૨૮૭ તથા તેના શ્લોકો ઉપર થયેલા ૪૪ મંગલમયી પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**

યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ–૩૬૦૦૦૭.
ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૦ | ૨૫૩૫ | ૨૦૬૫ | ૨૦૦૯ |

**પ્રકાશન**

મહા સુદ–૫, વસંતપંચમીના પવિત્ર દિને

તા. ૩૧-૦૧-૨૦૦૯

પ્રથમ આવૃત્તિ – ૧૫૦૦ પડતર કિંમત – રૂ. ૧૬૦/- મૂલ્ય - રૂ. ૬૦/-

**પ્રાપ્તિ સ્થાન**

રાજકોટ : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧. ટેલી. નં. ૨૨૩૧૦૭૩
શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૭. ટેલી. નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮

મુંબઈ : (૧) શ્રી શાંતિભાઈ ઝવેરી
૮૧, નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ-૪૦૦૦૨૬ ટેલી. નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨
(૨) શ્રી મહેન્દ્રભાઈ મહેતા
'સાકેત' સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી. ખોટ સ્કૂલ પાસે, બોરીવલી (વે.),
મુંબઈ-૪૦૦૦૯૨ ટેલી. નં. ૨૮૦૫૪૦૬૬/૦૯૮૨૦૩૨૦૧૫૯
(૩) શ્રી ભરતભાઈ સી. શાહ
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી (વે.) મુંબઈ-૯૨
ટેલી. નં. ૨૮૩૩૦૩૪૫/૦૯૩૨૨૨૮૨૧૬૬
(૪) શ્રી વિજયભાઈ મગનલાલ બોટાદરા
બી-૨૭, 'મહાવીર પ્રકાશ' ૨ જે માળે, વલ્લભબાગ (એક્ષટેન્શન લેન) ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ
ટેલી. ૦૨૨-૨૫૦૬૮૭૯૦

કલકત્તા : શ્રી પ્રકાશભાઈ શાહ
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર, કલકત્તા-૨૦.
ટેલી. નં. ૦૩૩–૨૪૮૬૮૫૧૮/૦૯૮૩૦૩૩૧૦૧૦

સુરેન્દ્રનગર : ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડીકલ સ્ટોર સામે, સુરેન્દ્રનગર. ટેલી. નં. ૨૩૧૫૬૦

| લેસર ટાઈપ સેટિંગ | મુદ્રક | જેકેટ અને મલ્ટીકલર ફોટા |
|---|---|---|
| પૂજા ઇમ્પ્રેશન્સ | શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ | ડોટ એડ |
| પ્લોટ નં. ૧૯૨૪/બી<br>૬, શાંતિનાથ બંગલોઝ<br>શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ<br>પાસે, ભાવનગર-૩૬૪૦૦૧<br>ફોન નં. ૯૩૨૭૪૯૪૯૭૨ | ૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,<br>ડૉ. યાજ્ઞિક રોડ,<br>રાજકોટ-૩૬૦૦૦૧<br>ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧ | ૨૩૪, રાજ ચેમ્બર્સ,<br>માલવિયા પેટ્રોલ પંપ સામે,<br>ગોંડલ રોડ, રાજકોટ<br>ફોન નં. ૬૬૨૬૦૭૩ |

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯ માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ શાસ્ત્ર છે. જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર સમયસારજી છે તેની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયે; લોપ થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

જેમણે આ આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો

સુવર્ણમય ઉદય થયો. જેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રીએ જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ પ્રદાયક પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. વિરોધીઓના વિરોધનો પણ જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી વિરોધીઓ પણ 'ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં, સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું. અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :–

❋ સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
❋ સમયસાર તો સિદ્ધાંત શિરોમણિ–અદ્વિતીય અજોડ ચક્ષુ ને આંધળાની આંખ છે.
❋ સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘ શાસ્ત્ર છે.
❋ સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું શાસ્ત્ર બની ગયું. જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ. ધન્ય કાળ !
❋ સમયસારની એક એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
❋ સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે.
❋ સમયસાર જેના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
❋ સમયસાર તો ભરતક્ષેત્રનો પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર શાસ્ત્ર કહેવાય.
❋ સમયસાર તો જગતના ભાગ્ય, સમયસારરૂપી ભેટણું જગતને આપ્યું. સ્વીકાર નાથ ! હવે સ્વીકાર ! ભેટ પણ દે, એ પણ સ્વીકારે નહીં ?
❋ સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
❋ સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે અમૃત વહેવરાવ્યા છે.
❋ સમયસાર એકવાર સાંભળીને એમ ન માની લેવું કે આપણે સાંભળ્યું છે. એમ નથી બાપુ !

આ તો પ્ર... વચનસાર છે એટલે આત્મસાર છે વારંવાર સાંભળવું.

❋ સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.

❋ સમયસારની મૂળભૂત એક એક ગાથામાં ગજબ ગંભીરતા પાર ન પડે એવી ચીજ છે. એક એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.

❋ સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ, ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે. જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે. ધર્મનો ધોધ એવો ધર્મી છે. ધ્રુવ પ્રવાહ છે. જ્ઞાનની ધારા છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે. વાસ્તવિક વસ્તુ છે. સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ–શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય વાડો ગચ્છ નથી વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય ? પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ. તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિં તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

'શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ' ની રચના સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણાર્થે બેન સરોજબેન ચંદુલાલ મહેતા પરિવાર રાજકોટ દ્વારા કરવામાં આવી છે. આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય કરવામાં આવશે.

આ પરિવારને આદરણીય પૂ. શ્રી લાલચંદભાઈ મોદી–રાજકોટ દ્વારા જ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશની પ્રેરણા તથા આધ્યાત્મિક મહામંત્રોનું રસપાન થયું હોય આ પરિવાર તેમનો અત્યંત ૠણી છે. પૂ. લાલચંદભાઈ હંમેશાં આ પરિવારને કહેતા કે તમો બધા પૂજ્ય ગુરુદેવશ્રીના ભવભ્રમણનો થાક ઊતારનારા મૂળતત્ત્વને સાંભળી ને સમજો. તેઓશ્રી ફરમાવતા કે તને 'જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી' તેમ અમે જાણીએ છીએ, હવે તો સ્વીકાર કરી લે. આવા આવા ઘણા મહામંત્રો જેમાં બાર અંગનો સાર ભરેલો છે તેવા મહામંત્રો તથા પૂ. ભાઈશ્રીની અધ્યાત્મની સૂક્ષ્મ સિદ્ધાંતિક સચોટ શૈલીથી જ આ પરિવાર અધ્યાત્મમાં ઓતપ્રોત થયો હોય તેઓશ્રીનો અત્યંત આભારી છે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની બંધ અધિકારની ગાથાઓ ૨૩૭ થી ૨૮૭ તથા તેના શ્લોકો ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સળંગ પ્રવચનો નં. ૩૧૩ થી ૩૫૬ સમયસાર સિદ્ધિ ભાગ-૮માં અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ પ્રવચનોમાં ૧૮ હિન્દી પ્રવચનો ગુજરાતીમાં ભાષાંતર કરી પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે. અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ કોઈવાર બે વર્ષ કોઈવાર અઢી વર્ષ તેમ ૧૯ વખત ૪૫ વર્ષમાં જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ જેમ જ્ઞાનીની જ્ઞાન સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ અંતિમ પ્રવચનો પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે. ટોટલ ૪૮૭ પ્રવચનો ૧ થી ૧૧ ભાગમાં ક્રમબદ્ધ શૃંખલારૂપે પ્રકાશિત થશે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન

પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

'સમયસાર સિદ્ધિ' ભાગ-૮ ના પ્રવચનોનું સમગ્ર કૉમ્પ્યુટરાઈઝડ ટાઈપસેટિંગનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું સંપૂર્ણ કાર્ય શાર્પ ઓફસેટવાળા શ્રી ધર્મેશભાઈ શાહ-રાજકોટ દ્વારા તથા કલર પેઈજનું કામ ડોટ એડવાળા શ્રી કમલેશભાઈ સોમપુરા-રાજકોટ દ્વારા થયું હોય સંસ્થા તેમનો આભાર માને છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિ અપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના ખૂબ જ સરળ ભાષામાં આચાર્યોના ગૂઢભાવોને રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

સમયસાર સિદ્ધિ ભાગ-૮ માટે એક મુમુક્ષુભાઈ તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

ટ્રસ્ટી

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ

રાજકોટ

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૩૧૩ | ૧૭-૯-૭૯ | શ્લોક-૧૬૩ | ૦૦૨ |
| ૩૧૪ | ૧૮-૯-૭૯ | ગાથા-૨૩૭ થી ૨૪૧ | ૦૧૭ |
| ૩૧૫ | ૧૯-૯-૭૯ | ગાથા-૨૩૭ થી ૨૪૧ તથા શ્લોક ૧૬૪ | ૦૩૦ |
| ૩૧૬ | ૨૦-૯-૭૯ | ગાથા-૨૪૨ થી ૨૪૬, શ્લોક-૧૬૪/૧૬૫ | ૦૪૭ |
| ૩૧૭ | ૨૨-૯-૭૯ | શ્લોક-૧૬૫ થી ૧૬૭ | ૦૬૦ |
| ૩૧૮ | ૨૩-૯-૭૯ | ગાથા-૨૪૭ થી ૨૪૯, શ્લોક-૧૬૭ | ૦૭૫ |
| ૩૧૯ | ૨૪-૯-૭૯ | ગાથા-૨૪૯ થી ૨૫૩ | ૦૯૦ |
| ૩૨૦ | ૨૫-૯-૭૯ | ગાથા-૨૫૩ થી ૨૫૬ | ૧૦૮ |
| ૩૨૧ | ૨૬-૯-૭૯ | કળશ ૧૬૮, ૧૬૯ | ૧૨૩ |
| ૩૨૨ | ૨૭-૯-૭૯ | ગાથા-૨૫૭ થી ૨૬૨, શ્લોક-૧૭૦ | ૧૩૯ |
| ૩૨૩ | ૨૮-૯-૭૯ | ગાથા-૨૬૩ થી ૨૬૫ | ૧૫૮ |
| ૩૨૪ | ૩૦-૯-૭૯ | ગાથા-૨૬૫ | ૧૭૩ |
| ૩૨૫ | ૧-૧૦-૭૯ | ગાથા-૨૬૫ | ૧૮૫ |
| ૩૨૬ | ૨-૧૦-૭૯ | ગાથા-૨૬૫, ૨૬૬ | ૧૯૭ |
| ૩૨૭ | ૩-૧૦-૭૯ | ગાથા-૨૬૬, ૨૬૭ | ૨૧૧ |
| ૩૨૮ | ૩-૧૦-૭૯ | ગાથા-૨૬૭ થી ૨૬૯, કળશ-૧૭૧ | ૨૨૪ |
| ૩૨૯ | ૪-૧૦-૭૯ | શ્લોક-૧૭૨, ગાથા-૨૭૦ | ૨૩૯ |
| ૩૩૦ | ૭-૧૦-૭૯ | ગાથા-૨૭૦ | ૨૫૩ |
| ૩૩૧ | ૮-૧૦-૭૯ | ગાથા-૨૭૦ | ૨૬૩ |
| ૩૩૨ | ૯-૧૦-૭૯ | ગાથા-૨૭૦, ૨૭૧ | ૨૭૩ |
| ૩૩૩ | ૧૦-૧૦-૭૯ | ગાથા-૨૭૧, શ્લોક-૧૭૩ | ૨૮૬ |
| ૩૩૪ | ૧૯-૧૦-૭૯ | ગાથા-૨૭૨ | ૩૦૧ |

| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૩૩૫ | ૨૦-૧૦-૭૯ | ગાથા-૨૭૨ | ૩૧૩ |
| ૩૩૬ | ૨૧-૧૦-૭૯ | ગાથા-૨૭૩ | ૩૨૭ |
| ૩૩૭ | ૨૨-૧૦-૭૯ | ગાથા-૨૭૪, ૨૭૫ | ૩૩૯ |
| ૩૩૮ | ૨૩-૧૦-૭૯ | ગાથા-૨૭૫ | ૩૫૫ |
| ૩૩૯ | ૨૩-૧૦-૭૯ | ગાથા-૨૭૫ થી ૨૭૭ | ૩૬૭ |
| ૩૪૦ | ૨૫-૧૦-૭૯ | ગાથા-૨૭૬, ૨૭૭ | ૩૮૩ |
| ૩૪૧ | ૨૬-૧૦-૭૯ | ગાથા-૨૭૬, ૨૭૭ | ૩૯૪ |
| ૩૪૨ | ૨૭-૧૦-૭૯ | ગાથા-૨૭૬-૨૭૭ તથા શ્લોક-૧૭૪ | ૪૦૮ |
| ૩૪૩ | ૨૮-૧૦-૭૯ | ગાથા-૨૭૮, ૨૭૯, શ્લોક-૧૭૫ | ૪૨૪ |
| ૩૪૪ | ૩૦-૧૦-૭૯ | ગાથા-૨૮૦, શ્લોક-૧૭૭ | ૪૪૧ |
| ૩૪૫ | ૩૧-૧૦-૭૯ | ગાથા-૨૮૧ થી ૨૮૫ | ૪૫૪ |
| ૩૪૬ | ૧-૧૧-૭૯ | ગાથા-૨૮૩ થી ૨૮૫ | ૪૭૦ |
| ૩૪૭ | ૨-૧૧-૭૯ | ગાથા-૨૮૩ થી ૨૮૫ | ૪૮૪ |
| ૩૪૮ | ૧૬-૧૧-૭૯ | ગાથા-૨૮૩ થી ૨૮૫ | ૪૯૭ |
| ૩૪૯ | ૧૮-૧૧-૭૯ | ગાથા-૨૮૩ થી ૨૮૫ | ૫૧૦ |
| ૩૫૦ | ૨૦-૧૧-૭૯ | ગાથા-૨૮૩ થી ૨૮૫ | ૫૨૧ |
| ૩૫૧ | ૨૧-૧૧-૭૯ | ગાથા-૨૮૩ થી ૨૮૫ | ૫૩૩ |
| ૩૫૨ | ૨૨-૧૧-૭૯ | ગાથા-૨૮૩ થી ૨૮૫ | ૫૪૪ |
| ૩૫૩ | ૨૩-૧૧-૭૯ | ગાથા-૨૮૩ થી ૨૮૫ | ૫૫૪ |
| ૩૫૪ | ૨૪-૧૧-૭૯ | ગાથા-૨૮૬, ૨૮૭ | ૫૬૭ |
| ૩૫૫ | ૨૫-૧૧-૭૯ | ગાથા-૨૮૬, ૨૮૭, શ્લોક-૧૭૮ | ૫૭૮ |
| ૩૫૬ | ૩૦-૧૧-૭૯ | શ્લોક-૧૭૮, ૧૭૯ | ૫૮૯ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.




ભગવાન કુંદકુંદાચાર્યદેવ વનમાં તાડપત્ર ઉંપર શાસ્ત્ર લખે છે



# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું ‘સત સત, જ્ઞાન જ્ઞાન’ ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

ॐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર

# સમયસાર સિદ્ધિ

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'સમયસાર' ઉપર પ્રવચન)

(ભાગ-૮)

– ૭ –

## બંધ અધિકાર

अथ प्रविशति बन्धः।

(शार्दूलविक्रीडित)

रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्
क्रीडन्तं रसभावनिर्भरमहानाट्येन बन्धं धुनत्।
आनन्दामृतनित्यभोजि सहजावस्थां स्फुटं नाटयद्
धीरोदारमनाकुलं निरुपधि ज्ञानं समुन्मज्जति।।१६३।।

---

રાગાદિકથી કર્મનો, બંધ જાણી મુનિરાય,
તજે તેહ સમભાવથી, નમું સદા તસુ પાય.

પ્રથમ ટીકાકાર કહે છે 'હવે બંધ પ્રવેશ કરે છે.' જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે તેમ રંગભૂમિમાં બંધતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.

ત્યાં પ્રથમ જ, સર્વ તત્ત્વોને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તે બંધને દૂર કરતું પ્રગટ થાય છે એવા અર્થનું મંગળરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ राग-उद्गार-महारसेन सकलं जगत् प्रमत्तं कृत्वा ] જે (બંધ) રાગના ઉદયરૂપી મહા રસ (દારૂ) વડે સમસ્ત જગતને પ્રમત્ત (-મતવાલું, ગાફેલ) કરીને, [ रस-भाव-निर्भर-महानाट्येन क्रीडन्तं बन्धं ] રસના ભાવથી (અર્થાત્ રાગરૂપી ઘેલછાથી) ભરેલા મોટા નૃત્ય વડે ખેલી (નાચી) રહ્યો છે એવા બંધને [ धुनत् ] ઉડાડી દેતું - દૂર કરતું, [ ज्ञानं ] જ્ઞાન [ समुन्मज्जति ] ઉદય પામે છે. કેવું છે જ્ઞાન ? [ आनन्द-अमृत-नित्य-भोजि ] આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે, [ सहज-अवस्थां स्फुटं नाटयत् ] પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે, [ धीर-उदारम् ] ધીર છે, ઉદાર (અર્થાત્ મોટા વિસ્તારવાળું, નિશ્ચળ) છે, [ अनाकुलं ] અનાકુળ (અર્થાત્ જેમાં કાંઈ આકુળતાનું કારણ નથી એવું) છે, [ निरुपधि ] નિરુપધિ (અર્થાત્ પરિગ્રહ રહિત, જેમાં કાંઈ પરદ્રવ્ય સંબંધી ગ્રહણત્યાગ નથી એવું) છે.

ભાવાર્થ :– બંધતત્ત્વે રંગભૂમિમાં પ્રવેશ કર્યો છે, તેને ઉડાવી દઈને જે જ્ઞાન પોતે પ્રગટ થઈ નૃત્ય કરશે તે જ્ઞાનનો મહિમા આ કાવ્યમાં પ્રગટ કર્યો છે. એવા અનંત જ્ઞાનસ્વરૂપ જે આત્મા તે સદા પ્રગટ રહો. ૧૬૩.

---

## પ્રવચન નં. ૩૧૩ શ્લોક–૧૬૩ સોમવાર, ભાદરવા વદ ૧૨, તા. ૧૭-૦૯-૧૯૭૯

---

'સમયસાર' સાતમો 'બંધ અધિકાર'. 'अथ प्रविशति बन्धः' થોડું હિન્દી છે.

રાગાદિકથી કર્મનો, બંધ જાણી મુનિરાય,
તજે તેહ સમભાવથી, નમું સદા તસુ પાય.

ટીકાકાર માંગલિક કરે છે. ટીકા એટલે આ અર્થના કરનાર. 'રાગાદિ...' રાગ, દ્વેષ અને મિથ્યાત્વાદિ કર્મનો બંધ. રાગાદિથી કર્મનો બંધ છે. શુભ-અશુભરાગ અને રાગનો ઉપયોગ, મારો રાગ એવો જે મિથ્યાત્વભાવ એ કર્મબંધનું કારણ છે. 'બંધ જાણી મુનિરાય, તજે...' એ રાગાદિક ભાવને તજે. તે (પણ) સમભાવથી (તજે). અંતરનો સમભાવ (અર્થાત્) વીતરાગસ્વરૂપ આત્મા, એને આશ્રયે થયેલો વીતરાગભાવ, એનાથી રાગાદિને તજે. આહા..!

(અજ્ઞાની જીવો) બાહ્ય ક્રિયાઓ અને બાહ્ય નિમિત્તને મટાડવાનો ઉપાય કરે છે પણ એ તો પર્યાયમાં છે નહિ. શરીર, મન અને વચન એ આત્માની પર્યાયમાં તો નથી. કર્મ જે જડ છે એ આત્માની પર્યાયમાં નથી તો પછી આ સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસો, મકાન, એ તો આત્માની પર્યાયમાં છે નહિ. એ તો અભાવસ્વરૂપ જ છે, હવે એનો અભાવ શી રીતે કરવો? આહાહા..! પરપદાર્થનો પર્યાયમાં અત્યંત અભાવ છે. એનો અભાવ કરવો નથી.

આ તો અત્યારે કેટલાક કહે છે ને? 'આ બધું છોડ્યું એટલી આકુળતા તૂટી. એક શરીર રહ્યું તો એની આકુળતા ન રાખવી.' એમ નથી.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલજી'એ લીધું છે, કે અનાદિથી અજ્ઞાની બાહ્ય ક્રિયા અને બાહ્ય નિમિત્તોને મટાડવાનો ઉપાય રાખે છે. 'સાતમા અધિકાર'માં છે. પણ એ બાહ્ય ક્રિયા અને બાહ્ય પદાર્થ તો પર્યાયમાં છે જ નહિ. આહાહા..! એ પર્યાય દ્રવ્ય-ગુણમાં તો નથી તેથી દ્રવ્ય-ગુણમાં તો પરપદાર્થ નથી પણ એની પર્યાયમાં પણ નથી. આહા..! મનના પરમાણુઓ, વાણીના અને જડ શરીર, એની ક્રિયા અને એનું સ્વરૂપ એ આત્માની પર્યાયમાં નથી. આરે..! અજીવતત્ત્વને અને પરતત્ત્વને પર્યાયમાં (પોતાના) માનવા, એને છોડીને મારી પર્યાય નિર્મળ થાય (એમ માને). આહા..! (પરંતુ) એનાથી તો રહિત જ છે. નિર્મળ કેમ નથી? સમજાણું કાંઈ? એનાથી તો રહિત જ છે, નિર્મળ કેમ થઈ નહિ? એનાથી રહિત જ એનો સ્વભાવ છે. એ કંઈ પરનો અભાવ થાય એટલે મલિનતાનો અભાવ થાય એમ નથી. આહાહા..!

તેથી કહ્યું, 'તજે તેહ સમભાવથી,...' એ રાગાદિ પરિણામમાં જે વિકાર છે એને અંતરના સ્વભાવના આશ્રયે સમભાવ પ્રગટ કરી, એનાથી તે તજે. આહાહા..! પર્યાયમાં જે રાગાદિ... અહીં તો આગળ કહેશે, ઉપયોગમાં રાગાદિ કરે તે જ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આગળ (૨૪૧) ગાથામાં કહેશે – 'रागादी उवओगे कुव्वंतो' પરને પોતાનું કરે, એ માને એ તો એની માન્યતા છે. એ કંઈ એનામાં છે નહિ. આ તો એની પર્યાયમાં રાગ, દ્વેષ, મિથ્યાત્વ છે. આહાહા..! એને પોતાના જ્ઞાનસ્વભાવના ઉપયોગમાં પોતાના માને, એને કરે (અર્થાત્) આ રાગનો હું કર્તા છું (તે જ મિથ્યાત્વ છે). પરનું તો કરી શકતો નથી. પર તો એનામાં છે નહિ, હવે રાગ અને દ્વેષના પરિણામ રહ્યા એને હું કરું એવો જે ભાવ, તો જ્ઞાયકતત્ત્વ છે એનાથી ભિન્ન પુણ્ય-પાપ તત્ત્વ છે એ ભિન્ન તત્ત્વ છે, એ જ્ઞાયકતત્ત્વ પોતાના ઉપયોગમાં એને કરે એ તો મિથ્યાત્વ છે. આહાહા..!

એ અહીં કહે છે, 'રાગાદિકથી કર્મનો, બંધ જાણી મુનિરાય,...' પરના કારણે બંધ (થાય), સંયોગ ઘણા (છે) માટે બંધ થાય, એમ નથી. અને સંયોગનો અભાવ–ઓછા થયા માટે બંધ ઘટ્યો, એમ નથી. આહાહા..! ઓલા 'વિદ્યાસાગર' એમ કહે છે ને? જુવાન માણસ છે ને! એના ગુરુએ આચાર્યપદ આપ્યું છે. 'આ બધું ઘટી ગયું, હવે એક શરીર રહી ગયું, બધું ઘટાડી દીધું એટલી આકુળતા ઘટી ગઈ. હવે શરીર રહ્યું એના ઉપર રાગ ઘટાડવો.' (એમ કહે છે). અરે..રે..! શરીર અને બાહ્ય ચીજ તો પર્યાયમાં છે જ નહિ પછી અભાવ (કરવો) મટાડવો એ પ્રશ્ન જ ક્યાં છે? અરે...! આવી વાત છે. શું થાય? વાસ્તવિક તત્ત્વની મર્યાદા શું છે તેની ખબર નહિ.

ભગવાનઆત્માની પર્યાયમાં એના ક્ષેત્રના આંગણમાં પરદ્રવ્યનો તો અભાવ છે. અભાવ કરું તો અભાવ થાય, એમ નથી. આહાહા..! પણ એની પર્યાયમાં જે રાગ ને દ્વેષ ને મિથ્યાત્વ

છે એ એની પર્યાયમાં છે. છે એમાંથી ટાળવું છે ને? બીજું તો એનામાં નથી, એને ટાળવું શું? આહાહા..! એ 'તજે તેહ સમભાવથી,...' પણ એ કેમ તજે? પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ્ઞાયકભાવની પિછાણ કરીને એમાં ઠરે, સમભાવ પ્રગટ કરે એનાથી તે રાગાદિ ટળે. કોઈ બહારની ક્રિયા સુધારવા જાય અને બહારનું છોડવા જાય તો રાગ ઘટે, એમ નથી. આહાહા..! ઝીણી વાતું બહુ, ભાઈ!

'નમું સદા તસુ પાય.' જેણે આત્માના સમભાવના વીતરાગભાવથી એ રાગાદિ ભાવને જેણે છોડ્યા, વ્યય કર્યો, સમભાવની જેણે ઉત્પત્તિ કરી, ધ્રુવ સ્વરૂપ તો ત્રિકાળ છે, એને આશ્રયે જે સમભાવ પ્રગટ કર્યો, એથી તેને રાગાદિનો ત્યાગ થયો, તે મુનિને હું વંદન કરું છું. આહાહા..! આ હિન્દી ટીકા કરનાર પોતે કહે છે. આહા..!

ત્યાં 'પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે બંધ પ્રવેશ કરે છે.' નાટકના જેવો દૃષ્ટાંત આપ્યો છે ને! આહાહા..! 'જેમ નૃત્યના અખાડામાં..' નાચવાના ક્ષેત્રમાં 'સ્વાંગ પ્રવેશ કરે તેમ રંગભૂમિમાં બંધતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.' આહાહા..! એ આ બંધ એટલે કર્મનો નહિ. વિકારી પરિણામ રાગ-દ્વેષનો ભાવબંધ છે તે આવે છે. એ એક સ્વાંગ છે, જીવનો એ સ્વાંગ છે, જડકર્મ એ કંઈ જીવનો સ્વાંગ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એનામાં જે રાગ ને દ્વેષ ને મિથ્યાભાવ (થાય છે) તે બંધનું તત્ત્વ (છે અને) તે એનો સ્વાંગ છે. આહાહા..! 'જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે તેમ રંગભૂમિમાં બંધતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.' એમ અહીંયાં બંધતત્ત્વ પ્રવેશ કરે (છે). નાટકમાં બીજા માણસો નાચ કરનારા આવે એમ આ નાચવા આવ્યું છે.

'ત્યાં પ્રથમ જ, સર્વ તત્ત્વોને યથાર્થ જાણનારું...' આહાહા..! માંગલિક કર્યું છે. એ શુભ-અશુભ રાગ તે મારો નથી, મારા તત્ત્વનું એ સ્વરૂપ નથી, એમ જેણે આત્મજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યું છે... આહાહા..! એ 'પ્રથમ જ, સર્વ તત્ત્વોને યથાર્થ જાણનારું...' સર્વ તત્ત્વોને યથાર્થ જાણનારું (કહ્યું). સ્વતત્ત્વ છે તે જ્ઞાયક છે તેમ જાણનારું, રાગ છે તે વિકારતત્ત્વ છે એમ જાણનારું, અજીવ છે તે પર છે એમ જાણનારું. આહાહા..! એ 'સર્વ તત્ત્વોને યથાર્થ જાણનારું...' સર્વ તત્ત્વો આવ્યા છે ને? જીવ, અજીવ, પુણ્ય, પાપ આદિ જે રીતે છે... આહા..! એ રીતે તે જાણનારું 'જે સમ્યગ્જ્ઞાન છે તે બંધને દૂર કરતું...' આહાહા..! પરને દૂર કરતું નહિ. આહાહા..! લોકોનો પ્રયાસ બધો આ–બહારથી બાયડી છોડી, છોકરા છોડ્યા, દુકાન છોડી.. પણ છૂટા જ છે, કે દિ' તારી પર્યાયમાં આવ્યા છે? આહાહા..!

આ શરીર વિષયની ક્રિયા છે તેને છોડવી. એ પણ જડની ક્રિયા છે. આહાહા..! પણ અંદરમાં જે રાગ ને દ્વેષ ને વિકારીભાવ (થાય છે) એ તારી પર્યાયમાં અસ્તિત્વ છે. એને પૂર્ણ અસ્તિત્વનો આશ્રય લઈને... આહાહા..! સમજાય છે કાંઈ? એ તારી પર્યાયમાં રાગ-દ્વેષનું અસ્તિત્વ છે, આહાહા..! એને પૂર્ણ અસ્તિત્વની સત્તાનો આશ્રય લઈને ક્ષણિક

અસ્તિત્વનો ત્યાગ કરે છે, ત્રિકાળી અસ્તિત્વનો આશ્રય–આદર લ્યે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે, ભાઈ! વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે, બાપુ! આહા..! હેં?

મુમુક્ષુ :– નિર્જરા પછી બંધ કેમ આવ્યો?

ઉત્તર :– નિર્જરા પછી બંધ કહ્યો આ બાજુમાં, કેમકે નિર્જરા થઈ છે એ કોની નિર્જરા કરી? કે, બંધની. એ હવે સમજાવે છે. કોઈ ઠેકાણે પહેલો બંધ અને પછી નિર્જરા એમ પણ આવે છે, પણ અહીંયાં નિર્જરા પછી બંધનું વાસ્તવિક તત્ત્વ એને જણાય છે, એમ. બંધ છે એ રાગ-દ્વેષનો બંધ છે એને આત્માના આશ્રયે જ્યારે ટાળ્યો છે, નિર્જરા (પ્રગટ કરી છે) ત્યારે એને બંધનું જ્ઞાન યથાર્થ થાય છે. આહાહા..! 'કુંદકુંદાચાર્યદેવે' આ શૈલી લીધી છે. આહા..!

'તે બંધને દૂર કરતું...' એ રાગ જે શુભ-અશુભ વિકાર (થાય છે) તેને નિર્વિકારી દ્રવ્ય સ્વભાવનો આશ્રય લઈને સમભાવ પ્રગટ કરીને વિષમભાવનો ત્યાગ કરીને... આહાહા..! જે જ્ઞાન પ્રગટ થાય છે 'એવા અર્થનું મંગળરૂપ કાવ્ય કહે છે :–' આહાહા..! મંગળ પ્રવેશ કરે છે. સમ્યગ્જ્ઞાનરૂપી માંગલિક પ્રવેશ કરે છે (અને) બંધના સ્વાંગને જાણી લે છે. આહાહા..!

रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्
क्रीडन्तं रसभावनिर्भरमहानाटयेन बन्धं धुनत्।
आनन्दामृतनित्यभोजि सहजावस्थां स्फुटं नाटयद्
धीरोदारमनाकुलं निरुपधि ज्ञानं समुन्मज्जति।।१६३।।

આહાહા..! 'राग-उद्गार-महारसेन सकलं जगत् प्रमत्तं कृत्वा' અરે..રે...! રાગના વિકારના ઉદયરૂપી મહાદારૂ. ઓહો..! વિકારી પરિણામ જે શુભાશુભ રાગ, એનો જેણે દારૂ પીધો છે. આહા..! એ વડે સમસ્ત જગતને ગાફેલ કરી નાખ્યું છે. આહાહા..! દારૂ પીને જેમ મસ્તક ખોટું થાય છે અને ગાફેલ થઈ જાય છે, એમ ભગવાનઆત્મા આનંદામૃત સ્વભાવથી ભરેલો, એને ભૂલીને એનાથી વિરુદ્ધ પુણ્ય-પાપના વિકારીભાવ, એ મારા છે, એમ જેણે દારૂ પીધો છે, એ જગત ઘેલું થઈ ગયું છે, એ જગત ગાંડું–પાગલ છે, કહે છે. આહાહા..! પણ આ ડાહ્યાના દીકરા મોટા કહેવાય! ક્રોડોપતિ કહેવાય, આમ બુદ્ધિવાળા કહેવાય, બુદ્ધિ વાપરીને પૈસા ભેગા કર્યા, મેં આમ કર્યું, ધૂળ કરી... એમ વાતું કરે છે ને! આહાહા..! ભગવાન કહે છે, કે એ ડાહ્યા નહિ. આહાહા..! એ તો ગાંડા છે.

જેને રાગ ને પુણ્ય-પાપના ભાવ, જેના દ્રવ્ય ને ગુણ પવિત્રતાના પિંડમાં જે નથી, એને પોતાના માનીને ગાફેલ, ગાંડો–પાગલ થયો છે. પરને પોતાનું માનીને એમ અહીંયાં નથી કહ્યું. સમજાણું કાંઈ? આહાહા..! રાગાદિમાં ભલે એ પર નિમિત્ત હો, પણ પરને પોતાનું માને તોપણ એ પર કંઈ એનું ન થાય. આ તો પર્યાયમાં માન્યતામાં એના માન્યા છે, વસ્તુમાં નથી. પર્યાયમાં રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ મારા છે એમ પર્યાયમાં માન્યું છે, એ

માન્યતા છે, વસ્તુમાં નથી. આહાહા..! પર મારા છે, એમ માન્યું છે છતાં એ પર તારામાં નથી. એમ રાગ-દ્વેષ મારા છે એમ માન્યું છે છતાં વસ્તુમાં નથી. આહાહા..!

‘જે (બંધ) રાગના ઉદયરૂપી મહા રસ વડે...’ બંધની વ્યાખ્યા (કરી). ભાવબંધ, હોં! આહાહા..! ભગવાન તો આત્મા અબંધસ્વરૂપ છે, પ્રભુ તો અબંધસ્વરૂપ છે. એને રાગના, પુણ્ય-પાપના પ્રેમના રસમાં ગાફેલ ગાંડો–પાગલ થઈ ગયો, કહે છે. આહાહા..! એને સત્ય શું છે તે સૂઝતું નથી. આહાહા..! જ્યાં હોય ત્યાં રાગ ને પુણ્ય ને પાપના ભાવ મારા અને મેં કર્યા, એવો મિથ્યાત્વનો દારૂ પીધો છે. આહાહા..!

એ રાગના ‘उद्गार’ છે ને? ‘ઉદયરૂપી...’ છે ને? ‘उद्गार’ શબ્દ છે ને? ઉદય. એ વિકારનો ભાવ પ્રગટ થાય છે... આહાહા..! જે સ્વભાવમાં નથી. એ મહાદારૂ વડે. રસ છે ને? રસ. રસ નામ રાગમાં એકાકાર થઈ ગયો છે. આહાહા..! મહા રસના દારૂ વડે ‘સમસ્ત જગત...’ આખું જગત, એમ કહે છે. આહાહા..! એ દિગંબર મુનિ થયો હોય, પંચ મહાવ્રત પાળતો હોય, અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, જગતનો, બાયડી, છોકરાનો ત્યાગ કર્યો હોય પણ એ રાગની ક્રિયા મારી છે, એ રાગ મારો છે, એવો જે દારૂ પીધો છે તે મિથ્યાત્વથી ગાંડો–પાગલ છે, કહે છે. અર..ર..ર...! સમજાય છે કાંઈ? આહાહા..! ‘અમૃતચંદ્રાચાર્ય’ દિગંબર સંતોની વાણી તો જુઓ! આહાહા..!

કહે છે, પ્રભુ! તું તો આનંદના અમૃતનો સાગર છો ને! એમાં આ પુણ્ય ને પાપના રાગને તેં તારા માન્યા, પ્રભુ! આ તો ગાંડપણું (છે), તું પાગલ થઈ ગયો. આહાહા..! જે જેનું નથી તેનું તેને માનવું એ તો પાગલ છે, કહે છે. આહાહા..! ‘પ્રમત્ત (–મતવાલું, ગાફેલ)...’ જગત, આખું જગત, હોં! છે? ‘सकलं जगत् प्रमत्तं कृत्वा’, ‘सकलं जगत् प्रमत्तं कृत्वा’. આહાહા..! મોટા માંધાતા સાધુ નામ ધરાવે, રાજપાટ છોડીને હજારો રાણીનો ત્યાગ કર્યો હોય પણ અંદર રાગનો ભાવ છે એ મારો છે, એ ભાવ છોડ્યો નથી. આહાહા..! સકલ જગતમાં એ પણ આવી ગયો. દ્રવ્યલિંગી મુનિ (આવી ગયો). આહાહા..! જુઓ! આ વીતરાગમાર્ગ! આહા..!

એ રાગનો ભાવ છે, ચાહે તો દયા, દાન ને વ્રતનો ભાવ હો પણ એ રાગ છે એ મારો છે એણે રાગના ઉદય(રૂપી) દારૂ પીધો. એ જ મારું સ્વરૂપ છે એમ માનીને ત્યાં રોકાઈ ગયો છે. આહાહા..! મહાપ્રભુ રાગ વિનાનો અમૃતનો સાગર અંદર પ્રભુ, એની તો એને ખબરું ન મળે, આહાહા..! મહાપુરુષ અંદર ભગવાન બિરાજે છે એના ભેટા કરવાની તો દરકાર ન મળે. રાગના ભેટા કરીને રોકાઈ ગયો. આહાહા..! સકલ જગતને પ્રમત્ત કરીને. આહાહા..!

‘रस-भाव-निर्भर-महा-नाटयेन क्रीडन्तं बन्धं’ ‘રસના ભાવથી (અર્થાત્ રાગરૂપી ઘેલછાથી)...’ આહાહા..! એ પુણ્ય અને પાપનો ભાવ જે રાગ, એના રસથી એટલે ઘેલછાથી.

આહાહા..! છે? 'ભરેલા મોટા નૃત્ય વડે...' આહાહા..! વિકારીભાવથી નાચી રહ્યો છે, કહે છે. આહાહા..! 'ખેલી રહ્યો છે...' કહે છે. રાગાદિથી ભરેલા મોટા નૃત્ય વડે નાચી રહ્યો છે. આહાહા..! 'એવા બંધને..' આ ભાવબંધની વાત છે, હોં! આહાહા..! કે જે એની પર્યાયમાં છે, એવા ભાવબંધને. આહાહા..! 'धुनत्' 'ઉડાડી દેતું...' એ ભાવબંધને ''धुनत्' નામ 'ઉડાડી દેતું–દૂર કરતું, જ્ઞાન...' એટલે ભગવાનઆત્મા. આહાહા..! જે કંઈ રાગ અને પુણ્યના પરિણામનો સ્વાદ હતો, એમાં ઘેલછાઈથી. આહાહા..! અરે..રે...! આવી વાતું સાંભળવા મળવી મુશ્કેલ પડે. પ્રભુ! તારા ઘરની વાત છે ને! આહા..! કહે છે, ઘરમાંથી બહાર નીકળી બહારચલો થયો, એ રાગમાં બહારચલો થઈને તું (એને) મારું માને, પ્રભુ! તને શું થયું આ? આહા..!

ક્રોડાધિપતી માણસ હોય અને એનો છોકરો કોઈ વાઘરણની સાથે ચાલતો હોય અને ઘરમાંથી પૈસા લઈ જતો હોય, એ એને કહે, ભાઈ! આ આપણું ઘર નહિ ટકે. આહા..! તું ક્યે રસ્તે ચડ્યો? ભાઈ! ઘરે ખાનદાનની દીકરી આંખ ઊંચી કરે નહિ, એને મૂકીને તું આ શું કરે છે? આહાહા..! અહીં પરમાત્મા, સંતો કહે છે પ્રભુ! તારો આનંદનો સાગર અંદર ઘરે ભર્યો છે ને! આહાહા..! એને મૂકીને આ બહારચલા વ્યભિચારમાં, પુણ્ય-પાપમાં ચાલ્યો ગયો, પ્રભુ! તને શરમ નથી આવતી? કહે છે. 'શાંતિભાઈ'! આવી વાતું છે, પ્રભુ! આહાહા..! અરે..! દુનિયા એવું માને, એ.. 'સોનગઢ'નું આમ (છે). પ્રભુ! 'સોનગઢ'નું નથી. એ.. સોનાને કાટ ન હોય. એમ ભગવાનને મેલ ન હોય. એને મેલ તરીકે માને એ પાગલ છે, કહે છે. આહાહા..! આવ્યું છે ને? ૭૨ ગાથામાં, નહિ? શુભ-અશુભભાવ તે અશુચિ–મેલ છે. શરીર અશુચિ (છે એમ) ત્યાં નથી કહ્યું. કારણ કે પર ચીજ છે, એની પર્યાયમાં નથી એટલે એનો પ્રશ્ન નથી. આહાહા..!

આ રોગ છે એ આત્માની પર્યાયમાં નથી આવતો. સમજાય છે કાંઈ? શરીરની રોગ અવસ્થા એ તો શરીરમાં પર્યાય રહી. એ રોગ અવસ્થા આત્માની પર્યાયમાં આવતી નથી, કોઈ દિ' અજ્ઞાનીને પણ આવતી નથી. આહાહા..! જેની પર્યાયમાં શરીર નથી એની પર્યાયમાં શરીરનો રોગ ક્યાંથી આવે? આહાહા..! એને તો રાગનો રોગ વળગ્યો છે. આહાહા..! રાગનો જ્યાં ઉદય આવ્યો અને અંદર એમાં રસ ચડી ગયો. આહા..! અંદર પ્યાલા ફાટી ગયા. અમે મોટા ગૃહસ્થ છીએ ને અમે પૈસાવાળા છીએ, અમે આબરૂવાળા છીએ, અમે પુણ્યશાળી છીએ. શું થયું પ્રભુ તને આ? આહાહા..! 'રસિકભાઈ'! આવી વાતું છે, ભાઈ! હેં! આવી વાત છે. અરે..રે...!

ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ' કહે છે, એ રાગનો પ્રેમ છે તેની એકતાબુદ્ધિ છે એ ઘેલછા છે. એ જેણે એકતા તોડીને સ્વભાવની એકતાનું જ્ઞાન પ્રગટ કર્યું... આહાહા..! એ જ્ઞાન વડે રાગને ભિન્ન કરી નાખ્યો. ભલે થોડો રહ્યો પણ ભિન્ન કરી નાખ્યો. આહાહા..! એવું સમ્યગ્જ્ઞાન 'ઉદય પામે છે.' ઓલામાં હતું ને? 'राग-उद्गार'. ત્યાં પણ હતું ને? 'राग-

उद्गार'. અહીં એમ કહ્યું, 'ज्ञानं समुन्मज्जति'. આહાહા..! શું કહ્યું? જે પુણ્ય અને પાપનો રાગ ઉદય પામે છે અને એમાં મારાપણું માનીને ઘેલછાઈ થઈ ગઈ, પાગલ છે. હવે અહીંયાં જ્ઞાન ઉદય પામે છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગી વાતું છે, બાપા! આ કંઈ વાર્તા, કથા નથી. આહા..! ત્રણલોકના નાથના શ્રીમુખે નીકળેલી વાત, ત્રણલોકના નાથના શ્રીમુખે નીકળેલી વાત, જે ઇન્દ્રો સાંભળે.. બાપુ! આહા...! એ કોઈ સાધારણ વાત નથી. અરે..રે...! ભરતક્ષેત્ર જેવું સાધારણ ક્ષેત્ર આવ્યું એથી કરીને શું કંઈ વસ્તુ ફરી જાય છે? આહાહા..!

જેને રાગનો ઉદય હતો તેમાં રસ ચડી ગયેલો, પાગલ (હતો) હવે એને છોડીને સમ્યગ્જ્ઞાનનો જેને ઉદય થયો, આમ ઉદય થયો. આહાહા..! હું તો આનંદકંદ પ્રભુ જ્ઞાનસ્વરૂપી પ્રભુ છું, રાગ મારી ચીજ નહિ, રાગ મારામાં નહિ, મેલ મારામાં નહિ. મારો મહેલ તો નિર્મળાનંદ છે, આ મેલ નહિ. આહાહા..! શું કહ્યું ઇ?

'ज्ञानं समुन्मज्जति' સામે લીધું. ઓલામાં કહ્યું ને? 'राग-उद्गार' તો આ 'ज्ञानं समुन्मज्जति'. હવે, ત્યાં એમ કહ્યું હતું, કે 'महाररसेन सकलं जगत् प्रमत्तं कृत्वा' હવે અહીંયાં જ્ઞાન જ્યાં પ્રગટ થયું, ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા આનંદનો નાથ છું, એમ જ્યાં અંતરમાં દૃષ્ટિ થઈને જ્ઞાન-સમ્યગ્જ્ઞાન-સત્યજ્ઞાન પર્યાયમાં પ્રગટ થયું.. આહાહા..! હવે (કહે છે) તે, 'आनन्द-अमृत-नित्य-भोजि' આહાહા..! ઓલું રાગને વેદતું જગત ગાંડું-પાગલ થઈ ગયું હતું. આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ (છે), રાગ તો ક્ષણિક કૃત્રિમ મેલ (છે), એ હું નહિ. આહાહા..! આ કંઈ વાતે નથી મળે એવું, બાપા! વાતે વડા થાય એવું નથી. આહા..! અંતરમાં સ્વભાવથી ભરેલો ભગવાન (છે).

કહે છે, કે એ જ્ઞાનનો જ્યાં ઉદય થયો. ઓલો પણ ઉદય થયો અને આ પણ ઉદય થયો. આહાહા..! સૂર્યનો ઉદય થયો ત્યાં અંધકારનો નાશ કરી નાખ્યો. આહાહા..! જ્ઞાનનો જ્યાં ઉદય થયો (તો) રાગના બંધનો જેણે નાશ કરી નાખ્યો. આહાહા..! થોડી ઝીણી વાત છે પણ બહુ તત્ત્વવાળી છે, ભાઈ! 'બંધ અધિકાર'નું વર્ણન પણ અલૌકિક છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' એ તો પરમાત્મા જેવા છે, પંચમઆરાના ભગવાન છે. આહા..! હેં?

મુમુક્ષુ :- મુનિરાજ ભગવાન છે.

ઉત્તર :- ભગવાન પરમેષ્ઠી છે, પંચ પરમેષ્ઠી છે, પરમ ઇષ્ટ (છે). આહાહા..! ઇષ્ટ જેણે પ્રગટ કર્યું છે, અનિષ્ટ જેણે નાશ કર્યું છે, આવે છે ને? 'પ્રવચનસાર'. આહાહા..! ઇષ્ટ જેણે પ્રગટ કર્યું છે. ઇષ્ટ એવો આનંદનો નાથ ભગવાન, એમાં એકાકાર થઈને જેણે દશા પ્રગટ કરી છે અને અનિષ્ટનો જેણે નાશ કર્યો છે. આહાહા..! બંધના ભાવનો જેણે નાશ કર્યો છે. અબંધભાવી ભગવાનને જેણે પ્રગટ કર્યો છે. આહાહા..! અરે...! પ્રભુ! આવી

વાત સાંભળતા કેટલાકને (એમ થાય છે કે) આ તો નિશ્ચયની (વાત) છે. અરે..! પ્રભુ! પણ સાંભળ તો ખરો! બાપુ! નિશ્ચય નામ પરમસત્યની વાતું છે આ. આ તો ક્રિયા કરો ને આ કરો ને આ કરો... એમાં રોકાઈને મરી ગયો. રાગના રસની ક્રિયા(માં રોકાઈ ગયો). કીધું ને, બાહ્ય ક્રિયા અને નિમિત્તો મટાડવાનો ઉપાય રાખે છે પણ રાગ ને દ્વેષને મટાડવાનો ઉપાય શું છે એને સમજતો પણ નથી. આહાહા..!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં સાતમા અધ્યાયમાં છે. આહાહા..! કેટલાક હવે એને નથી માનતા. બાહ્ય ક્રિયા અને પર મટાડવાનો ઉપાય રાખે છે, પર મટાડ્યા એટલા તો અમે ત્યાગી થયા કે નહિ? એમ મનાવવું છે. સમજાણું કાંઈ? એટલે આ શાસ્ત્ર માને નહિ, ના પાડે કે, નહિ. 'ટોડરમલજી'નું નહિ, 'પંચાધ્યાયી' નહિ, 'બનારસીદાસજી'નું નહિ. કારણ કે એણે આમ ખુલ્લું કરી નાખ્યું છે. આવી ભાષા છે ને એમાં? સાતમા અધ્યાયમાં છે. કારણ કે એ લોકોને ઇ આકરું પડે. એ તો કહે, બહારથી મટાડ્યું એટલે અમે ઘણા ત્યાગી થઈ ગયા, બધું છોડી દીધું, બાયડી-છોકરા (છોડી દીધા), હવે એક શરીર રહ્યું છે.

જુઓ! 'આસ્રવ અધિકાર' છે ને? આસ્ત્રવ. વળી રાગ-દ્વેષ-મોહરૂપ જ આસ્રવભાવ છે. તેનો નાશ કરવાની તો ચિંતા નથી. આહાહા..! આવું વાંચવું નહિ. અને બાહ્ય ક્રિયા (એટલે) આ જડની ક્રિયા. આ દેહને પૂજા, ભક્તિમાં રોકવો અને આ ક્રિયા. અને બાહ્ય નિમિત્ત મટાડવાનો ઉપાય રાખે છે પણ એ મટવાથી કંઈ આસ્રવ મટતા નથી. એ તો મટેલા, અભાવસ્વરૂપ જ છે, છતાં આસ્રવ છે. આહાહા..! છે? કારણ કે દ્રવ્યલિંગી મુનિ અન્ય દેવાદિકની સેવા કરતા નથી. જોયું? જૈન દિગંબર સાધુ હતા, દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ અન્ય દેવને માને નહિ. હિંસા, વિષયોમાં પ્રવર્તતા નથી. ક્રોધાદિ કરતા નથી, મન-વચન-કાયાને રોકે છે તોપણ તેને મિથ્યાત્વાદિ ચારે આસ્રવ હોય છે. આહાહા..! કેમકે રાગની એકતાબુદ્ધિ અને રાગનો રસ ચડ્યો છે એને મિથ્યાત્વાદિ ચાર બધા આસ્રવ પડ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, કે જેને રાગના ઉદયમાં પુણ્યનો ભાવ હોય કે ચાહે તો શુભભાવ ગમે તે (હોય), પણ તેના રસ જેને ચડી ગયા છે... રસ એટલે એમાં એકાકાર (થવું), 'રસ' શબ્દ પડ્યો છે ને? એમાં એકાકારતાનો રસ પડ્યો છે એ મિથ્યાદૃષ્ટિ પાગલ થઈ ગયો છે. આહા..! પણ જેને રાગના રસને તોડનાર ભગવાનઆત્માનો જ્ઞાનરસ ચડ્યો છે, સ્વરૂપ ભગવાનઆત્મા અનંત આનંદનો સાગર, જેમાં એ દયા, દાનના વિકલ્પનો પણ ત્રિકાળી અભાવ છે.. આહાહા..! એવા ભગવાનને અવલંબે જે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું એણે એ રાગને દૂર કર્યો. પણ કરીને થયું શું? ઓલા વખતે રાગના ઉદયમાં રાગ-દ્વેષનું વેદન હતું. સમજાય છે કાંઈ? અનાદિ રાગ ને પુણ્ય-પાપના પ્રેમમાં રાગનું વેદન હતું, વિકારનું વેદન હતું. તો આ ફર્યું ત્યારે કાંઈક વેદન થયું કે નહિ? આહાહા..! જેણે રાગનો રસ છોડીને જેણે આત્માનો, જ્ઞાનાનંદનો રસ

પ્રગટ કર્યો છે એનું વેદન ફર્યું કે નહિ? આહાહા..!

એ સમ્યગ્જ્ઞાન પ્રગટ (થયું) તેને કહીએ કે, 'आनन्द-अमृत-नित्य-भोजि'. આહાહા..! એ આનંદામૃતનો નિત્ય ભોજી છે. ઓલો રાગનો ભોક્તા અને ભોજી હતો. આહાહા..! આવી અંદરની વાત બેસવી (કઠણ પડે). બહારના કડાકૂટમાં પડ્યા. બહારના જાણવા ને બહારના માનવા ને બહારમાં છોડવા ને બહારમાં ગ્રહણ કરવાની બધી વાતું. આહાહા..! હેં?

મુમુક્ષુ :– ઈ બહારમાં તો કાંઈ કરી શકતો જ નથી.

ઉત્તર :– કરી શકે છે કે દિ'? એની પર્યાયમાં નથી એનું શું કરે ઇ? પર્યાયમાં રાગ-દ્વેષ કરે અને કાં રાગ-દ્વેષ છોડે, ઇ છે. આહાહા..! બાયડી, છોકરા, કુટુંબ, મકાન એ કંઈ આત્માની પર્યાયમાં છે? એ તો પરમાં છે. આહાહા..! જે પર્યાયમાં વિકાર, પુણ્ય-પાપ ને મિથ્યા ભ્રમ છે એને છોડવાનો તો પ્રયત્ન નહિ અને આ (બધું) છોડ્યું એટલે ત્યાગી થઈ ગયા. આહાહા..! 'શાંતિભાઈ'! સમજાય છે આ? આવી વાતું છે. આહાહા..!

'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ અમૃતભોજી કહે છે, જુઓ! 'आनन्द-अमृत-नित्य-भोजि' આહાહા..! 'કળશટીકા'માં રાજમલ્લજીએ અર્થ એવો કર્યો છે, અમૃત એટલે અપૂર્વ, એમ લખ્યું છે. અપૂર્વ–પૂર્વે નહોતો એવો અનુભવ કર્યો, એમ. આનંદનો, હોં! આહાહા..! 'કળશટીકા'માં 'અપૂર્વ લબ્ધિ' શબ્દ વાપર્યો છે. આનંદઅમૃતનો અર્થ અપૂર્વ લબ્ધિ (કર્યો છે). અપૂર્વ લબ્ધિ–પૂર્વે કોઈ દિ' પ્રાપ્ત થઈ નથી એવી આનંદની લબ્ધિ પ્રગટ થઈ છે. સમ્યગ્જ્ઞાન થતાં.. આહાહા..! રાગના રસની એકતાબુદ્ધિ તોડતાં સમ્યગ્જ્ઞાનથી રાગને દૂર કરતાં અને આનંદના નાથને સમીપ લાવતાં.. આહાહા..! જે દૂર હતો, રાગના પ્રેમમાં ભગવાન દૂર હતો એણે આત્માના આનંદના પ્રેમમાં રાગને દૂર કરી.. આહાહા..! જેણે ભગવાનઆત્માની સમીપમાં ભગવાનને લીધો. કહે છે, કે 'आनन्द-अमृत-नित्य-भोजि' 'આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે,...' આહાહા..! ધન્ય અવતાર! આહાહા..!

સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું એણે રાગને–બંધને દૂર કર્યો તો પછી તેમાં તેને થયું શું? આહાહા..! રાગને દૂર કર્યો એ તો વ્યય કર્યો પણ ઉત્પન્ન શું થયું હવે? આહાહા..! 'आनन्द-अमृत-नित्य-भोजि' અતીન્દ્રિય આનંદરૂપી અમૃત–અપૂર્વ લબ્ધિ. અપૂર્વ લબ્ધિ–કોઈ દિ' પ્રગટી નથી એવી પ્રાપ્તિ (થઈ). આહાહા..! આહા..! 'આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું...' પાછું, જોયું? આહાહા..! એ આનંદના સ્વાદીઓ આનંદના સ્વાદને નિત્ય લેનારા. આહાહા..! આહાહા..! માંગલિક કર્યું છે. આહાહા..! નાટકમાં બંધ આવ્યો એને જ્ઞાને જોઈ લીધો, જાણી લીધું. એ બંધનો વેશ એ મારો નહિ. આહા..! મારો વેશ તો આનંદામૃતનો વેશ એ મારો છે. સંવર, નિર્જરાને ભેખ કીધો છે ને? સંવર, નિર્જરાને ભેખ કીધો છે, મોક્ષને ભેખ કીધો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'આનંદરૂપી અમૃતનું નિત્ય...' પાછું, હોં! આહાહા..! ક્ષણિક અનુભવ આવ્યો અને

પછી ચાલ્યો ગયો એમ નહિ, કહે છે. ભાઈ નથી? ચાલ્યા ગયા? 'હરિભાઈ' છે ને? ગયા. આહા..! 'આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું...' જુઓ! ભેદજ્ઞાન થતાં રાગને દૂર કરતાં, ભગવાનને સમીપમાં લાવતા.. આહાહા..! ભગવાને હાજરી આપી. ઓલી રાગની હાજરી હતી. આહાહા..! આવી વાતું હવે. ભગવાને હાજરી આપી. જ્ઞાનાનંદ છો? હા. નિત્યાનંદ છો? હા. હાજર છું. રાગને ગેરહાજર કરી નાખ્યો અને આત્માના આનંદને હાજર કર્યો. આહાહા..! કહો, 'હિંમતભાઈ'! આવી વાતું છે. હેં? આહાહા..! અરે..! આવી વાતું ક્યાં (છે)? કોની સાથે વિરોધ અને કોની સાથે...? આહાહા..! ભગવાન છે, ભાઈ! આહા..! ભૂલ્યા છે તે સમયની ભૂલ છે. એ ટાળશે, પ્રભુ! આહા..! સર્વ જગત ટાળશે, એમ કીધું છે ને? ૩૮ ગાથા. ટાળશે, પ્રભુ! બધા ટાળો! આહાહા..! અરે..! વિરોધી હોય, પણ કહે છે, કે એ મારા વિરોધી નથી. તું ભલે માન. ભગવાન! તું પણ પૂર્ણાનંદનો નાથ છો તેને પામી જા, આહા..! અહીં ન રોકા, પ્રભુ! આહાહા..! 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ભાષા તો જુઓ!

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થતાં આનંદનો અનુભવ થાય, એમ કહે છે. અનાદિથી કર્મચેતનાનો જે અનુભવ હતો, રાગ–વિકાર કર્મચેતના, હોં! એને અહીંયાં શુદ્ધ જ્ઞાનચેતનાનું વેદન આવ્યું. આહાહા..! ઇ આવે છે, કે અનાદિથી કર્મચેતના, કર્મફળચેતનાનું જ વેદન છે. આહાહા..! જેના બહારના રસ, રાગના રસ જેને ઉડી ગયા છે, પ્રભુ! આહાહા..! એને ચક્રવર્તીના રાજ હોય તોપણ તેના રસ નથી. એ તો મારી પર્યાયમાં પણ નથી પછી પ્રશ્ન ક્યાં? આહા..! આ તો પર્યાયમાં જે રાગ ને પુણ્યના ભાવની મલિનતાનો પડાવ નાખ્યો હતો એ પડાવને ઉઠાવી દીધો. જ્ઞાને પડાવ નાખ્યો. આહાહા..! આહાહા..! કહો, 'શાંતિભાઈ'! આવી વાતું છે. આહાહા..! ત્રણલોકના નાથ વીતરાગ જિનેશ્વરદેવના ફરમાન છે. સંતો એ ફરમાન જગતને જાહેર કરે છે. આહાહા..! આ કંઈ આલીદુઆલીની વાર્તા નથી, પ્રભુ! આહાહા..!

'आनन्द-अमृत-नित्य-भोजि' આહાહા..! 'આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે,...' કોણ? સમ્યગ્જ્ઞાન. સમ્યગ્જ્ઞાન જે થયું, કોને સમ્યગ્જ્ઞાન કહેવું? કે જેને અતીન્દ્રિય આનંદનું નિત્ય ભોજન છે, એ અતીન્દ્રિય આનંદના કોળિયા લે છે. આહાહા..! ઓલા રાગના રસના કોળિયા લેતો (હતો). આ (–જમવાના) કોળિયા તો લેતો નહોતો. એ પર્યાયમાં છે નહિ પછી પ્રશ્ન શું? દાળ, ભાત, રોટલી તેની પર્યાયમાં નથી પછી લ્યે છે અને દે છે એ વાત જ ક્યાં છે? આહાહા..! 'આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે,...' કોણ? જ્ઞાન ઉદય પામ્યું છે તે. આહાહા..!

'सहज-अवस्थां स्फुटं नाटयत्' 'પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે,...' આહાહા..! એક તો સહજ અવસ્થા ત્રિકાળી પણ છે, હવે એમાંથી 'सहज-अवस्थां स्फुटं नाटयत्'. જાણનક્રિયા, આનંદક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ પરિણમી રહ્યો

છે, નચાવી રહ્યો છે. આહાહા..! અરે..! ભગવાન! તેં ક્યાં કર્યું? ક્યાંક ક્યાંક અટકી રહે, સત્યનો વિરોધ કરે. પ્રભુ! એ શું કરે છે તું? એનો (પોતાનો) વિરોધ કરે છે, ભાઈ! આહાહા..! ક્રિયાકાંડ કરવી નથી અને આ કરવું છે, (એમ કહે છે). અરે..! સાંભળને પ્રભુ! ક્રિયાકાંડનો રાગ છે એ તો દુઃખ છે, દુઃખ છે. આહા..! એને જેણે આત્માના સમ્યગ્જ્ઞાન અને આનંદ દ્વારા દૂર કર્યો છે. થોડો રહ્યો છે (પણ) ભિન્ન કરી નાખ્યો છે. આહા..! દૂર કર્યો, એમ કીધું ને? આહા..! દૂર કરીને કીધું છે. તદ્દન હજી અભાવ કર્યો નથી. શરૂઆત થઈ ને ચારિત્રની પૂર્ણતા પણ આમાં કહેશે. આહાહા..!

મુનિઓના શબ્દો ઘણા ગંભીર, બહુ ગંભીર!! દિગંબર સંતો ક્યાંય છે નહિ. ઘણી ગંભીર, ઘણી ગંભીર (વાત)! મહા વીતરાગી મુનિઓ સિદ્ધ સાથે વાતું કરનારા. આહાહા..! જંગલમાં પણ સિદ્ધની જાતના, નાતના પોતે છે. આહાહા..! એ સિદ્ધના ટોળામાં જવાના છે. આહાહા..! કદાચ એક-બે ભવ હો. આહાહા..!

એવો ભગવાનઆત્મા કહે છે, કે અંદર ચૈતન્યમૂર્તિ ભગવાનનો આશ્રય લઈને જે જ્ઞાન પ્રગટ્યું એ જ્ઞાન, અને એ જ્ઞાનમાં આનંદનો અનુભવ સાથે હોય તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! આ ભણતરનું જ્ઞાન, અગિયાર અંગ આદિ એ બધું તો દુઃખના વેદન સાથેનું (જ્ઞાન) છે. આહાહા..! શું કહ્યું ઇ? શાસ્ત્રના જાણપણા આદિના ભાવ, એ બધા રાગના દુઃખના વેદનના કાળમાં એ છે. આહાહા..! અરે..રે...! પ્રભુ! થોડું ઘણું જ્યાં જાણે ત્યાં એને એમ થઈ જાય કે, આહાહા..! આપણે જાણ્યું ને આપણે આમ છીએ. અરે..! પ્રભુ! ધીમો થા, ધીમો થા, ધીરો થા. આહા..! જેના જ્ઞાનમાં રાગના વેદન છે એ જ્ઞાન જ નહિ. આહાહા..!

'सहज-अवस्थां स्फुटं नाटयत्' પોતાની સ્વભાવિક ક્રિયા. આનંદની અને જ્ઞાનની ક્રિયા 'અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે,...' આહાહા..! ધીર, ઉદાર, અનાકુળ–ત્રણ શબ્દો છે. એ જ્ઞાન ધીરું છે. આહાહા..! આકુળતા વિનાનું છે, ઉદાર છે, વિસ્તાર છે. આહાહા..! એ જ્ઞાનની ધારા પ્રગટી એ તો વિશાળ છે. ત્રણલોક ત્રણકાળને જાણવાની વિશાળતાથી ભરેલું જ્ઞાન છે. ભલે શ્રુતજ્ઞાન હો. આહાહા..! 'ધીર છે,...' ધીરું છે, શાંત છે, શાશ્વત છે. એ પર્યાય પ્રગટી એ પણ (અમેય છે). આવ્યું છે ને? ચારિત્ર અધિકાર, નહિ? અક્ષય, અમેય. પ્રભુ.. પ્રભુ...!

કહે છે, કે આત્મા આનંદનો નાથ પ્રભુ જ્યાં પર્યાયમાં જાગે છે ત્યારે એ પર્યાય અક્ષય અને અમેય થઈ જાય છે. આહાહા..! એ પર્યાય હવે નાશ પામવાની નથી અને મર્યાદા વિનાની પર્યાય છે. સ્વભાવની તો શું વાત કરવી!! આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! 'અષ્ટપાહુડ'માં 'ચારિત્ર પાહુડ'માં આવે છે, પર્યાય પ્રગટી છે તે અક્ષય, અમેય છે. આહાહા..! અમારી જે પર્યાય પ્રગટી છે એ હવે પાછી પડવાની નથી. આહાહા..! અમેય છે–મર્યાદા વિનાની છે. આહાહા..! ઉદાર છે. ઉદાર માણસ ગમે તેટલું દેવું હોય તો ઉદારે દઈ શકે,

એમ આ ઉદાર છે. ગમે તેટલું કાઢવું હોય તો અંદરથી કાઢી શકે. આહાહા..!

'અનાકુળ...' આકુળતાનું કારણ જરીયે નથી. આહાહા..! જ્ઞાન સમ્યક્ થયું ને? ત્યાં આકુળતા કેવી? આહાહા..! 'નિરુપધિ...' છે. પરિગ્રહ રહિત છે, પક્કડ વિનાનું છે. '(જેમાં કોઈ પરદ્રવ્ય સંબંધી ગ્રહણત્યાગ નથી એવું) છે.' જે જ્ઞાનમાં પરનો ગ્રહણત્યાગ છે જ નહિ. આહાહા..! પરના ત્યાગગ્રહણથી તો રહિત છે. આહાહા..! પર તો કોઈ દિ' ગ્રહ્યું નથી અને તેને છોડ્યું નથી, છોડવું નથી. આહાહા..! એવો જે જ્ઞાનસ્વરૂપ ભગવાન પર્યાયમાં જે નિર્મળ સમ્યગ્દર્શન સહિતનું (જ્ઞાન) પ્રગટ્યું, એ ધીર છે, ઉદાર છે અને અનાકુળ છે અને ઉપધિ વિનાનું એટલે આવું અસ્તિ છે અને પરની ઉપાધિનો અભાવ છે, એમ કહે છે. આહાહા..!

ભાવાર્થ :– 'બંધતત્ત્વે રંગભૂમિમાં પ્રવેશ કર્યો છે, તેને ઉડાવી દઈને જે જ્ઞાન પોતે પ્રગટ થઈ નૃત્ય કરશે તે જ્ઞાનનો મહિમા આ કાવ્યમાં પ્રગટ કર્યો છે. એવા અનંત જ્ઞાનસ્વરૂપ જે આત્મા...' અનંત જ્ઞાનસ્વરૂપ જે આત્મા 'સદા પ્રગટ રહો.' આહાહા..! આ માંગલિક કર્યું, લ્યો! (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રશ્ન :- સરાગ અને વીતરાગ ભેદથી ચારિત્ર બે પ્રકારે કહ્યું છે, તે કેવી રીતે છે ?

ઉત્તર :- ચારિત્ર બે પ્રકારથી કહેલ છે. એક તો સરાગ તથા એક વીતરાગ છે. ત્યાં એમ સમજવું કે રાગ તે ચારિત્રનું સ્વરૂપ નથી. પંચમહાવ્રત ચારિત્ર નથી. બહારથી નગ્નદશા તે ચારિત્ર નથી. અજ્ઞાની લંગોટી છોડીને છઠ્ઠું ગુણસ્થાન થયું માને છે-પણ એમ નથી. આત્માનું ચારિત્ર પરથી તો હોય નહિ પણ નગ્નદશાનો ભાવ પણ ચારિત્ર નથી. તે તો ચારિત્રમાં દોષ છે.

હવે કોઈ જ્ઞાની પ્રશસ્ત રાગસહિત ચારિત્ર ધારે છે, તેને દેખી કોઈ અજ્ઞાની પ્રશસ્ત રાગને જ ચારિત્ર માની સંગ્રહ કરે તો તે નિરર્થક ખેદખિન્ન જ થાય. દેખાદેખીથી વ્રત લઈ લે તો તે કાંઈ ચારિત્ર નથી. જ્ઞાની તો જેટલો વીતરાગભાવ થયો છે એને જ ચારિત્ર માને છે. અજ્ઞાની વ્રતને ચારિત્ર માને છે પણ તે ખરેખર ચારિત્ર નથી.

(પરમાગમસાર - ૮૯૩)

# ગાથા-૨૩૭ થી ૨૪૧

जह णाम को वि पुरिसो णेहब्भत्तो दु रेणुबहुलम्मि।
ठाणम्मि ठाइदूण य करेदि सत्थेहिं वायामं।।२३७।।
छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ।
सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवधादं।।२३८।।
उवधादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।
णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो दु रयबंधो।।२३९।।
जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।।२४०।।
एवं मिच्छादिट्ठी वट्टंतो बहुविहासु चिट्ठासु।
रागादी उवओगे कुव्वंतो लिप्पदि रएण।।२४१।।

यथा नाम कोऽपि पुरुषः स्नेहाभ्यक्तस्तु रेणुबहुले।
स्थाने स्थित्वा च करोति शस्त्रैर्व्यायामम्।।२३७।।
छिनत्ति भिनत्ति च तथा तालीतलकदलीवंशपिण्डीः।
सचित्ताचित्तानां करोति द्रव्याणामुपधातम्।।२३८।।
उपघातं कुर्वतस्तस्य नानाविधैः करणैः।
निश्चयतश्चिन्त्यतां खलु किम्प्रत्ययिकस्तु रजोबन्धः।।२३९।।
यः स तु स्नेहभावस्तस्मिन्नरे तेन तस्य रजोबन्धः।
निश्चयतो विज्ञेयं न कायचेष्टाभिः शेषाभिः।।२४०।।
एवं मिथ्यादृष्टिर्वर्तमानो बहुविधासु चेष्टासु।
रागादीनुपयोगे कुर्वाणो लिप्यते रजसा।।२४१।।

---

इह खलु यथा कश्चित् पुरुषः स्नेहाभ्यक्तः, स्वभावत एव रजोबहुलायां भूमौ स्थितः, शस्त्रव्यायामकर्म कुर्वाणः, अनेकप्रकारकरणैः सचिताचितवस्तूनि निघ्नन्, रजसा बध्यते। तस्य कतमो बन्धहेतुः ? न तावत्स्वभावत एव रजोबहुला

भूमिः, स्नेहानभ्यक्तानामपि तत्रस्थानां तत्प्रसङ्गात्। न शस्त्रव्यायामकर्म, स्नेहानभ्यक्तानामपि तस्मात् तत्प्रसङ्गात्। नानेकप्रकारकरणानि, स्नेहानभ्यक्तानामपि तैस्तत्प्रसङ्गात्। न सचित्ताचित्तवस्तूपघातः, स्नेहानभ्यक्तानामपि तस्मिंस्तत्प्रसङ्गात्। ततो न्यायबलेनैवैतदायातं, यत्तस्मिन् पुरुषे स्नेहाभ्यङ्गकरणं स बन्धहेतुः। एवं मिथ्यादृष्टिः आत्मनि रागादीन् कुर्वाणः, स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुले लोके कायवाङ्मनःकर्म कुर्वाणः, अनेकप्रकारकरणैः सचित्ताचित्तवस्तूनि निघ्नन्, कर्मरजसा बध्यते। तस्य कतमो बन्धहेतुः ? न तावत्स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुलो लोकः, सिद्धानामपि तत्रस्थानां तत्प्रसङ्गात्। न कायवाङ्मनःकर्म, यथाख्यातसंयतानामपि तत्प्रसङ्गात्। नानेकप्रकारकरणानि, केवलज्ञानिनामपि तत्प्रसङ्गात्। न सचित्ताचित्तवस्तूपघातः, समितितत्पराणामपि तत्प्रसङ्गात्। ततो न्यायबलेनैवैतदायातं, यदुपयोगे रागादिकरणं स बन्धहेतुः।

---

હવે બંધતત્ત્વનું સ્વરૂપ વિચારે છે; તેમાં પ્રથમ, બંધના કારણને સ્પષ્ટ રીતે કહે છે :–

જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૩૭.
વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને,
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮.
બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ થાય શું કારણે ? ૨૩૯.
એમ જાણવું નિશ્ચય થકી - ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.
ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદષ્ટિ જે,
ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧.

ગાથાર્થ :– [ यथा नाम ] જેવી રીતે - [ कः अपि पुरुषः ] કોઈ પુરુષ [ स्नेहाभ्यक्तः तु ] (પોતાના પર અર્થાત્ પોતાના શરીર પર) તેલ આદિ સ્નિગ્ધ પદાર્થ લગાવીને [ च ] અને [ रेणुबहुले ] બહુ રજવાળી (ધૂળવાળી) [ स्थाने ] જગ્યામાં [ स्थित्वा ] રહીને [ शस्त्रैः ] શસ્ત્રો વડે [ व्यायामम् करोति ] વ્યાયામ કરે છે, [ तथा ] અને [ तालीतलकदलीवंशपिण्डीः ] તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને [ छिनत्ति ]

છેદે છે, [ भिनत्ति च ] ભેદે છે, [ सचित्ताचित्तानां ] સચિત્ત તથા અચિત્ત [ द्रव्याणाम् ] દ્રવ્યોનો [ उपघातम् ] ઉપઘાત (નાશ) [ करोति ] કરે છે; [ नानाविधैः करणैः ] એ રીતે નાના પ્રકારનાં કરણો વડે [ उपघातं कुर्वतः ] ઉપઘાત કરતા [ तस्य ] તે પુરુષને [ रजोबन्धः तु ] રજનો બંધ (ધૂળનું ચોંટવું) [ खलु ] ખરેખર [ किम्प्रत्ययिकः ] ક્યા કારણે થાય છે [ निश्चयतः ] તે નિશ્ચયથી [ चिन्त्यताम् ] વિચારો. [ तस्मिन् नरे ] તે પુરુષમાં [ यः सः स्नेहभावः तु ] જે તેલ આદિનો ચીકાશભાવ છે [ तेन ] તેનાથી [ तस्य ] તેને [ रजोबन्धः ] રજનો બંધ થાય છે [ निश्चयतः विज्ञेयं ] એમ નિશ્ચયથી જાણવું, [ शेषाभिः कायचेष्टाभिः ] શેષ કાયાની ચેષ્ટાઓથી [ न ] નથી થતો [ एवं ] એવી રીતે - [ बहुविधासु चेष्टासु ] બહુ પ્રકારની ચેષ્ટાઓમાં [ वर्तमानः ] વર્તતો [ मिथ्यादृष्टिः ] મિથ્યાદષ્ટિ [ उपयोगे ] (પોતાના) ઉપયોગમાં [ रागादीन् कुर्वाणः ] રાગાદિ ભાવોને કરતો થકો [ रजसा ] કર્મરૂપી રજથી [ लिप्यते ] લેપાય છે - બંધાય છે.

ટીકા :– જેવી રીતે - આ જગતમાં ખરેખર કોઈ પુરુષ સ્નેહના (અર્થાત્ તેલ આદિ ચીકણા પદાર્થના) મર્દનયુક્ત થયેલો,સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે (અર્થાત્ બહુ રજવાળી છે) એવી ભૂમિમાં રહેલો, શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ (અર્થાત્ શસ્ત્રોના અભ્યાસરૂપી ક્રિયા) કરતો, અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, (તે ભૂમિની) રજથી બંધાય છે - લેપાય છે. (ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ કયું છે ? પ્રથમ, સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે એવી ભૂમિ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું એવા પુરુષો કે જેઓ તે ભૂમિમાં રહેલા હોય તેમને પણ રજબંધનો પ્રસંગ આવે. શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ શસ્ત્રવ્યાયામરૂપી ક્રિયા કરવાથી રજબંધનો પ્રસંગ આવે. અનેક પ્રકારનાં કરણો પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ અનેક પ્રકારનાં કરણોથી રજબંધનો પ્રસંગ આવે. સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરવાથી રજબંધનો પ્રસંગ આવે. માટે ન્યાયના બળથી જ આ ફલિત થયું (-સિદ્ધ થયું) કે, જે તે પુરુષમાં સ્નેહમર્દનકરણ (અર્થાત્ તે પુરુષમાં જે તેલ આદિના મર્દનનું કરવું), તે બંધનું કારણ છે. તેવી રીતે - મિથ્યાદષ્ટિ પોતામાં રાગાદિક (-રાગાદિભાવો-) કરતો, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે એવા લોકમાં કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો, અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાય છે. (ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ કયું છે ? પ્રથમ,

સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે એવા લોક બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો સિદ્ધો કે જેઓ લોકમાં રહેલા છે તેમને પણ બંધનો પ્રસંગ આવે. કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયાસ્વરૂપ યોગ) પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો યથાખ્યાતસંયમીઓને પણ (કાય-વચન-મનની ક્રિયા હોવાથી) બંધનો પ્રસંગ આવે. અનેક પ્રકારનાં કરણો પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો કેવળજ્ઞાનીઓને પણ (તે કરણોથી) બંધનો પ્રસંગ આવે. સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેઓ સમિતિમાં તત્પર છે તેમને (અર્થાત્ જેઓ યત્નપૂર્વક પ્રવર્તે છે એવા સાધુઓને) પણ (સચિત્ત તથા અચિત્ત વસ્તુઓના ઘાતથી) બંધનો પ્રસંગ આવે. માટે ન્યાયબળથી જ આ ફલિત થયું કે, જે ઉપયોગમાં રાગાદિકરણ (અર્થાત્ ઉપયોગમાં જે રાગાદિકનું કરવું), તે બંધનું કારણ છે.

ભાવાર્થ :- અહીં નિશ્ચયનય પ્રધાન કરીને કથન છે. જ્યાં નિર્બાધ હેતુથી સિદ્ધિ થાય તે જ નિશ્ચય છે. બંધનું કારણ વિચારતાં નિર્બાધપણે એ જ સિદ્ધ થયું કે - મિથ્યાદૃષ્ટિ પુરુષ જે રાગદ્વેષ મોહભાવોને પોતાના ઉપયોગમાં કરે છે તે રાગાદિક જ બંધનું કારણ છે. તે સિવાય બીજાં - બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, મન-વચન-કાયના યોગ, અનેક કરણો તથા ચેતન-અચેતનનો ઘાત-બંધનાં કારણ નથી; જો તેમનાથી બંધ થતો હોય તો સિદ્ધોને, યથાખ્યાત ચારિત્રવાળાઓને, કેવળજ્ઞાનીઓને અને સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓને બંધનો પ્રસંગ આવે છે. પરંતુ તેમને તો બંધ થતો નથી. તેથી આ હેતુઓમાં (-કારણોમાં) વ્યભિચાર આવ્યો. માટે બંધનું કારણ રાગાદિક જ છે એ નિશ્ચય છે.

અહીં સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓનું નામ લીધું અને અવિરત, દેશવિરતનું નામ ન લીધું તેનું કારણ એ છે કે - અવિરત તથા દેશવિરતને બાહ્યસમિતિરૂપ પ્રવૃત્તિ નથી તેથી ચારિત્રમોહ સંબંધી રાગથી કિંચિત્ બંધ થાય છે; માટે સર્વથા બંધના અભાવની અપેક્ષામાં તેમનું નામ ન લીધું. બાકી અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ જાણવા.

---

## પ્રવચન નં. ૩૧૪ ગાથા–૨૩૭ થી ૨૪૧ મંગળવાર,

ભાદરવા વદ ૧૩, તા. ૧૮-૦૯-૧૯૭૯

(આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે)

---

'સમયસાર', 'બંધ અધિકાર' પહેલી પાંચ ગાથા છે.

जह णाम को वि पुरिसो णेहब्भत्तो दु रेणुबहुलम्मि।
ठाणम्मि ठाइदूण य करेदि सत्थेहिं वायामं।।२३७।।

छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ।
सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवघादं।।२३८।।
उवघादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।
णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो दु रयबंधो।।२३९।।
जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।।२४०।।
एवं मिच्छादिट्ठी वट्टंतो बहुविहासु चिट्ठासु।
रागादी उवओगे कुव्वंतो लिप्पदि रएण।।२४१।।

નીચે હરિગીત.

જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૩૭.
વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને,
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮.
બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ થાય શું કારણે ? ૨૩૯.
એમ જાણવું નિશ્ચય થકી - ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.
ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદષ્ટિ જે,
ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧.

ટીકા :– તેની ટીકા છે ને? જરી ઝીણી વાત છે. 'જેવી રીતે–આ જગતમાં ખરેખર કોઈ પુરુષ સ્નેહના (અર્થાત્ તેલ આદિ ચીકણા પદાર્થના) મર્દનયુક્ત થયેલો,...' તેલ આદિ ચીકણા (પદાર્થથી) મર્દન થયેલો, 'સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે...' સ્વભાવથી ઘણી રજ હોય તેમાં તે રહ્યો હોય. 'શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ (અર્થાત્ શસ્ત્રોના અભ્યાસરૂપી ક્રિયા) કરતો,...' શસ્ત્રોથી–હથિયારથી વ્યાયામ કરે. 'અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,..' ઝીણી વાત છે. '(તે ભૂમિની) રજથી બંધાય છે–લેપાય છે. (ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ કયું છે?'

'પ્રથમ, સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે એવી ભૂમિ રજબંધનું કારણ નથી;...' બન્ને બંધનું કારણ નથી. રજ ભરી છે તે બંધનું કારણ નથી. તેલમર્દન છે તે બંધનું કારણ છે. આહાહા..! 'કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું એવા

પુરુષો કે જેઓ તે ભૂમિમાં રહેલા હોય તેમને પણ રજબંધનો પ્રસંગ આવે.' જેને તેલની ચીકાશ–સ્નેહ નથી તે ધૂળમાં રહે તોપણ બંધ થતો નથી. એ (બંધ) તેલના મર્દનને કારણે છે. તેલમર્દન ન કર્યું હોય તે ધૂળમાં રહે તોપણ ધૂળ ચોંટતી નથી. થોડી ઝીણી વાત છે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિનેશ્વર, જેમણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણ્યા, તે બંધનું કારણ શું છે, (તેને) સંતો સર્વજ્ઞના આડતિયા થઈને કહે છે. આહાહા..!

કહે છે, કે એ ધૂળમાં રહ્યો હોય અને તેલમર્દન કર્યું છે તો કોના કારણે બંધ થયો? ધૂળને કારણે થાય છે? (જો ધૂળને કારણે હોય તો) જેણે મર્દન નથી કર્યું તેને ધૂળથી બંધન થતું નથી. એક વાત. શસ્ત્રોથી વ્યાયામ (કરતો હોય), શસ્ત્ર જે હથિયાર છે તેનો વ્યાયામ કરે છે તે (વ્યાયામ) બંધનું કારણ નથી. 'કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું...' તેલનું મર્દન નથી કર્યું અને શસ્ત્રથી વ્યાયામ કરે તો ધૂળ ચોંટતી નથી. આહા..! થોડી સૂક્ષ્મ વાત છે.

'અનેક પ્રકારનાં કરણો પણ રજબંધનું કારણ નથી;...' આ પાંચ ઇન્દ્રિય છે. કેમકે આત્માની પર્યાયમાં આ ઇન્દ્રિયો નથી. વ્યાયામ, અધિકરણ જે શસ્ત્ર છે તે આત્માની પર્યાયમાં નથી. એ તો ભિન્ન છે. સમજાણું કાંઈ? આત્માની પર્યાયમાં તો જે રાગ-દ્વેષ કરે છે તે ચીકાશ છે તેનાથી બંધ છે. સમજાણું કાંઈ? એ ધૂળ છે તે કંઈ આત્માની પર્યાયમાં નથી. શસ્ત્રો હોય છે એ કંઈ આત્માની પર્યાયમાં નથી, એ તો પર જડમાં છે. આહા..! સમજાણું કાંઈ?

'સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ રજબંધનું કારણ નથી;...' આહાહા..! ઝીણી વાત છે. સચિત્ત જીવો અને અચિત્તનો ઘાત થાય પણ તેલમર્દન ન કર્યું હોય તો તેને બંધન થતું નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! 'કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરવાથી રજબંધનો પ્રસંગ આવે.' વાત એ કહે છે, કે આત્મા આનંદમૂર્તિ પ્રભુ, તેનો ઉપયોગ જે વર્તમાન પરિણામ છે તેમાં રાગ અને દ્વેષની ચીકાશ પોતામાં કરે છે એ બંધનું કારણ છે. બાહ્ય ચીજ કોઈ બંધનું કારણ નથી. બાહ્ય ચીજ બંધમાં ભલે નિમિત્ત હો પણ એ બંધનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! અનંતકાળથી રખડતો પ્રાણી ચોરાશીના અવતારમાં દુઃખી, દુઃખી, દુઃખી છે. કેમ દુઃખી છે? અને કેમ રખડે છે? એ કોઈ બહારના કારણે નહિ. આહાહા..! એ કહે છે, જુઓ!

'માટે ન્યાયના બળથી જ આ ફલિત થયું (–સિદ્ધ થયું) કે, જે તે પુરુષમાં સ્નેહમર્દનકરણ (અર્થાત્ તે પુરુષમાં જે તેલ આદિના મર્દનનું કરવું), તે બંધનું કારણ છે.' તેલનું મર્દન એ બંધનું કારણ છે, એ બંધનું કારણ છે. કોઈ શસ્ત્ર આદિ કે સચિત્ત, અચિત્ત ઘાત આદિ, ઇન્દ્રિયો આદિ બંધનું કારણ નથી. આહાહા..! કેમકે આત્માની પર્યાયમાં એ શરીર, વાણી, ઇન્દ્રિયો છે નહિ. પર્યાયમાં નથી, એ તો ભિન્ન છે. ભિન્નની ક્રિયા થવાથી આત્માની પર્યાયમાં

બંધ થાય તેમ છે નહિ, એમ કહે છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે.

'તેવી રીતે-મિથ્યાદૃષ્ટિ પોતામાં રાગાદિક (-રાગાદિભાવો) કરતો,...' આ સિદ્ધાંત છે. જેની દૃષ્ટિમાં, દ્રવ્ય જ્ઞાયક સ્વભાવ પૂર્ણાનંદનો નાથ જેની દૃષ્ટિમાં આવ્યો નથી અને જેની દૃષ્ટિમાં રાગ અને ઉપયોગ વર્તમાન પર્યાયદૃષ્ટિમાં છે, એ રાગ અને પુણ્ય-પાપના ભાવ ચાહે તો દયા, દાન, વ્રતાદિના હોય તે પોતાના ઉપયોગમાં રાગની એકતા કરે છે એ મિથ્યાદૃષ્ટિ બંધનું કારણ છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

ભગવાન! તારી ચીજ તો અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે. આહાહા..! પણ તેની દૃષ્ટિનો અભાવ અને વર્તમાન પર્યાય-અવસ્થા ઉપર તારી દૃષ્ટિ છે તો એ દૃષ્ટિમાં તને જે રાગાદિ ઉત્પન્ન થાય છે, એ રાગનું ઉપયોગમાં એકત્વ કરે છે. આહાહા..! જે ત્રિકાળી વીતરાગ સ્વરૂપ પ્રભુ, તેમાં રાગના ભાવને પોતાનો કરવો, ચીકાશને જોડવી એ મિથ્યાદૃષ્ટિ બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

સચિત્ત-અચિત્તનો ઘાત થાય પણ તે પોતાની પર્યાયમાં ક્યાં છે? દ્રવ્ય-ગુણમાં તો છે નહિ, દ્રવ્ય-ગુણ તો પવિત્ર ત્રિકાળ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ સત્ય ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાનઆત્મા... આહાહા..! એમાં તો એ પરચીજ છે નહિ પણ તેની પર્યાયમાં એ પરચીજ નથી. 'સુમેરુમલજી'! આવી વાતું છે, પ્રભુ! આહાહા..! જો પર્યાયમાં એ ચીજ નથી તો એ ચીજ બંધનું કારણ નથી. આહા..! ત્યારે કહે છે, બંધનું કારણ છે કોણ? મિથ્યાદૃષ્ટિ પોતામાં રાગાદિ કરતો (થકો). ભગવાન વીતરાગમૂર્તિ જ્ઞાયક સ્વભાવ શુદ્ધ ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનું દળ ભગવાનઆત્મા, તેમાં પોતાની પર્યાયમાં રાગ-દ્વેષ, વિકાર કરે છે તે મિથ્યાત્વભાવ બંધનું કારણ છે. આહાહા..! 'ભાગચંદજી'! આવી વાત છે, ભગવાન!

બધા ભગવાન છે, ભાઈ! વસ્તુએ તો ભગવાનસ્વરૂપ જ છે. આહા..! એનામાં શરીર નથી, કર્મ નથી, અરે..! એનામાં રાગ નથી, અરે..! એનામાં પર્યાય નથી. એવા ભગવંતસ્વરૂપ પ્રભુમાં દૃષ્ટિ નહિ કરીને, પોતાનો સત્સાહેબ પ્રભુ પરમાત્મા અંદર (છે), આત્મા પરમેશ્વર છે. આહાહા..! એવી દૃષ્ટિ નહિ કરીને, પામર એક સમયની પર્યાય જે જાણવા-દેખવાનો ઉપયોગ છે તેમાં રાગ અને દ્વેષ વિકારી પરિણામને પોતાના કરવા, નિર્મળાનંદના નાથમાં મલિન પર્યાયને પોતાની કરવી (તે બંધનું કારણ છે). આહાહા..! આવી વાતું ક્યાં છે? આહાહા..! પ્રભુ! ભગવંતસ્વરૂપ આનંદસ્વરૂપ ભગવાન સ્વરૂપ જ પ્રભુ તારું છે અને અંદરમાં તો બધા ભગવાન જ છે પણ એ ભગવત્સ્વરૂપની દૃષ્ટિનો અનાદિથી અભાવ (છે) આહાહા..! અને અનાદિથી પર્યાય નામ વર્તમાન દશા ઉપર જેની દૃષ્ટિ છે તો એ રાગને પોતાનો કરે છે. અહીંયાં જે (પોતાની) ચીજ છે તેને પોતાની કરી નહિ. આહાહા..!

'ઉપયોગમાં ઉપયોગ છે' આવે છે ને 'સંવર અધિકાર'માં? શુદ્ધ પરિણતિમાં આત્મા જણાય છે એટલે ઉપયોગમાં ઉપયોગ છે. શુદ્ધ નિર્મળ અવિકારી પરિણતિના આધારે ભગવાન

પૂર્ણાનંદનો નાથ જણાય છે. એ પૂર્ણાનંદની પરિણતિ નહિ કરીને રાગાદિની પરિણતિ કરે છે તો તેમાં આત્મા ભાસતો નથી, આત્મા ખ્યાલમાં આવતો નથી. ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! માર્ગ બહુ અલૌકિક છે. આહા..! સમજાય છે કાંઈ?

મિથ્યાદૃષ્ટિ પોતામાં, પોતામાં; જે ચીજ ભગવત્‌સ્વરૂપ આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ સત્ સત્ય, સત્ સત્ય એ સત્યસ્વરૂપ છે, ત્રિકાળી પરમાત્મસ્વરૂપ ભગવાનની દૃષ્ટિ નહિ કરીને.. આહાહા..! પર્યાયમાં ઉપયોગમાં રાગને, ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો, તે પર્યાયમાં ઉપયોગમાં રાગને પોતાનો કરે છે. પર્યાયમાં ત્રિકાળીને પોતાનો કરવો જોઈએ (તે કરતો નથી). જેની પર્યાય છે તેને પોતાનો કરવો જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? એ છોડીને, પોતાના ત્રિકાળી ભગવાનને પર્યાયમાં પોતાનો કરવાનું છોડીને... આહાહા..! ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો પણ છે રાગ. એ રાગને વીતરાગી ભગવાનસ્વરૂપમાં ઉપયોગમાં રાગને પોતાનો કરે છે એ મિથ્યાદૃષ્ટિ, એ મહાચીકાશ જેણે ઉત્પન્ન કરી એ બંધનું કારણ છે. સમજાય છે? આહાહા..! આવો માર્ગ છે, પ્રભુ! આહા..!

'જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે એવા લોકમાં કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો,...' એ નહિ, એ બંધનું કારણ નથી. 'અનેક પ્રકારનાં કરણો...' એટલે ઇન્દ્રિયોનો, સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત. આહાહા..! એકેન્દ્રિયાદિ સચિત્ત પ્રાણીનો ઘાત થાય, જો એનાથી બંધ હોય તો (કોઈ) મુનિ છે, સમિતિથી આમ ચાલે છે એને ઘાત થાય છતાં બંધ નથી. આહાહા..! આનંદસ્વરૂપનું ધ્યાન છે, વીતરાગસ્વરૂપી પ્રભુ છું, એવું ધ્યાન છે અને વિકલ્પ ઊઠ્યો છે તો જરી જોઈને ચાલે છે, એથી સચિત્ત-અચિત્તનો ત્યાં ઘાત થઈ જાય તોપણ બંધ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને, જ્ઞાની ચોથે કે પાંચમે (ગુણસ્થાને) હોય એને હજી રાગભાવ છે, એકતાબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? આ મુનિને તો રાગ છે જ નહિ, એમ બતાવ્યું છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે, ધર્મી છે આત્માનું ભાન થયું છે પણ વીતરાગતા નથી તો અસ્થિરતાનો રાગ છે, પણ એ રાગની એકત્વબુદ્ધિ માનતો નથી. આહાહા..! કહો, 'ભાગચંદજી'! ક્યાં આમાં છે તમારા સ્થાનકવાસીમાં કે દિ' હતું? આવી વાત છે.

ત્રણલોકના નાથ 'સીમંધર' ભગવાનની આ તો વાણી છે. 'કુંદકુંદાચાર્યદેવ' ત્યાં ગયા હતા. પ્રભુ કેવળીપણે બિરાજે છે. ત્યાંથી આવીને આ શાસ્ત્રો રચ્યા. આહાહા..! ભગવાનનો આ સંદેશ છે, કે બાહ્યની ક્રિયા–પ્રવૃત્તિ એ આત્માની પર્યાયમાં નથી તો એ બંધનું કારણ નથી. આત્માની પર્યાયમાં જે રાગ અને દ્વેષ છે તે બંધનું કારણ છે. આહાહા..! દ્રવ્ય-ગુણ બંધનું કારણ નથી એ દ્રવ્ય ને ગુણ તો ભગવાન અબંધસ્વરૂપ છે. આહાહા..! પર્યાય પણ નિર્મળ છે તે બંધનું કારણ નથી. મલિન પર્યાય, જે નિર્મળાનંદના નાથની સાથે એ શુભરાગ, દયા, દાન, વ્રતનો ભલે શુભરાગ હો, પણ વીતરાગમૂર્તિ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, નિર્મળાનંદના

નાથ સાથે પર્યાયમાં રાગની એકતા કરવી એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! અરે..! એણે અનંતકાળમાં ધ્યાન આપ્યું નથી. અનંતકાળ.. 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને' ગુરુ-સંતના ત્યાં કંઈ પગ દાબવા છે? આહાહા..! એ વીતરાગભાવ જે બતાવે છે તેની સેવા ન કરી (એમ કહેવું છે). અને રાગ ને પુણ્ય ને પાપની સેવા કરી એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

ત્રણલોકના નાથ આનંદનો સાગર પ્રભુ, સચ્ચિદાનંદ સત્યસાહેબ એવું સત્ય જેનું સ્વરૂપ આખું ત્રિકાળ છે, એવા સત્ય સ્વરૂપની દૃષ્ટિ ન કરતાં રાગ અને પુણ્ય-પાપ અસત્ય, કાયમ રહેનારી ચીજ નથી, એ તો વિકૃત છે, એ વિકૃત અવસ્થાને પોતાની પર્યાયમાં 'મારી છે' એમ કરે છે. આહાહા..! અને ભગવાનઆત્માનો સ્વભાવ પોતાનો છે તેને છોડી દે છે તેને બંધન થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! અમારા 'રતનલાલજી'ને પ્રેમ છે. કીધું 'રતનલાલજી' આવશે, એને બહુ પ્રેમ છે. ભાઈ કહેતા હતા તમારા 'કલકત્તા' છે ને? એ 'કલકત્તા' છે ને? 'મોહનલાલજી પાટની' ત્યાં મુખ્ય છે. ઇ કહેતા હતા, 'રતનલાલજી'ને બહુ રસ છે. અહીં આવે તો આમ ધૂણે. આ તો બાપા! આત્માની વાત (છે), પ્રભુ! આ કાંઈ કોઈ પક્ષ ને પંથની વાત નથી. આહાહા..!

ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ અનંત અનંત શક્તિઓનો સાગર, અનંત સ્વભાવનો સમુદ્ર, અનંત ગુણનું ધામ, ગંભીર મોટું ગોદામ! આહાહા..! અનંત ગુણનું ગોદામ ભગવાન છે. આહાહા..! એની દૃષ્ટિ ન કરી, એવું સત્ય સ્વરૂપ છે તેનો સ્વીકાર ન કર્યો અને પર્યાયમાં રાગ ને વિકાર ક્ષણિક દુઃખરૂપ, જે રાગ દુઃખરૂપ દશા છે (તેનો સ્વીકાર કર્યો). ધર્મીને પણ સમ્યગ્દર્શન થયા પછી પણ.. આહાહા..! જેટલો રાગ રહે છે એ દુઃખ છે. આહાહા..! એ રાગને એકત્વ કરવું એનું નામ અહીં મિથ્યાત્વ અને બંધનું કારણ કહ્યું છે. સમજાય છે કાંઈ? અસ્થિરતા છે એને ગૌણ ગણી નાખી છે. આહાહા..! અહીં મુનિપણાની મુખ્યતાથી વાત લીધી છે ને!

'(ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ કયું છે? પ્રથમ, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે એવો લોક બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો સિદ્ધો...' સિદ્ધ ભગવાન છે ત્યાં કર્મના થોક પડ્યા છે. ભગવાન જે સિદ્ધ છે ત્યાં પણ કર્મને યોગ્ય પરમાણુ ઘણા છે, એ કર્મને યોગ્ય રજ બંધનું કારણ હોય તો સિદ્ધોને પણ બંધ થાય. સમજાય છે કાંઈ? જ્યાં સિદ્ધ પરમાત્મા રાગથી ભિન્ન થઈને પૂર્ણ વીતરાગદશા સર્વજ્ઞદશા પ્રગટ કરીને જ્યાંથી મુક્ત થયા ત્યાં ઉપર છે, અહીંયાંથી અનંત મુક્ત થયા છે. એ સિદ્ધ ભગવાન છે ત્યાં ઘણી રજ પડી છે. ત્યાં નિગોદના જીવ પણ એના પેટમાં છે. નિગોદ! આખા લોકમાં નિગોદ ભર્યા છે ને! તો સિદ્ધ ભગવાન તો પોતાના આનંદમાં છે. એના ક્ષેત્રમાં અંદર નિગોદ પણ પડ્યા છે. આહાહા..! પણ તે પોતાના નથી. પોતાની

તો આનંદના નાથની અમૃતધારા જે પૂર્ણ વહે છે તેનો અનુભવ કરે છે. સમજાણું કાંઈ? એ રજ ત્યાં છે તે બંધનું કારણ નથી. 'કારણ કે જો એમ હોય તો સિદ્ધો કે જેઓ લોકમાં રહેલા છે તેમને પણ બંધનો પ્રસંગ આવે.' સિદ્ધ લોકમાં છે ને? સિદ્ધ આ લોકમાં છે ને, લોકમાં? ત્યાં કર્મની રજ, પરમાણુ ઘણા છે. જો તે બંધનું કારણ હોય તો (સિદ્ધ) લોકમાં જ છે તો તેમને પણ બંધ થાય. જરી ન્યાયનો વિષય છે, ભાઈ! આહાહા..!

'કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયાસ્વરૂપ યોગ) પણ બંધનું કારણ નથી;...' આહાહા..! 'કારણ કે જો એમ હોય તો યથાખ્યાતસંયમીઓને...' ચારિત્ર જે યથાખ્યાત (છે), યથા–જેવું સ્વરૂપ છે એવી જેને આત્મખ્યાતિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ, પરમાત્મા યથાખ્યાત ચારિત્રને (પ્રાપ્ત થઈ ગયા) આહાહા..! એમને મન-વચન-કાયા છે છતાં બંધનું કારણ નથી. કેમકે યથાખ્યાત ચારિત્ર પ્રગટ થયું છે. આહાહા..! ભારે વાતું, ભાઈ!

'અનેક પ્રકારના કરણો પણ બંધનું કારણ નથી;...' ઇન્દ્રિયો. આ જડ ઇન્દ્રિય છે, શરીરના અવયવો એ પાંચ ઇન્દ્રિયો છે. શરીર છે તે આત્માની પર્યાયમાં નથી. શરીર શરીરમાં છે તો ઇન્દ્રિયો શરીરની પર્યાય (છે), આત્માની પર્યાયમાં શરીર નથી તો ઇન્દ્રિયો પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? પણ તેની પર્યાયમાં સ્વભાવની દૃષ્ટિ નહિ હોવાથી રાગ ને દ્વેષ છે તેને પોતાના માને છે તે બંધનું કારણ છે. ઝીણી વાત છે, ભગવાન! આહાહા..!

જડ ઇન્દ્રિયો તો શરીર પરિણામ (છે), શરીર પરિણામને પ્રાપ્ત છે, એ આત્મપરિણામ નહિ. એ તો પુદ્‌ગલના પરિણામ (છે). એટલે શરીરપ્રમાણ એમ લીધું છે ને? ઇન્દ્રિયો શરીરપરિણામને પ્રાપ્ત (છે) એ ૩૧ (ગાથામાં) લીધું છે ને? ભાઈ! દ્રવ્યેન્દ્રિય. છે ને? ખ્યાલ છે ને? ૩૧ ગાથા. આ પાંચ ઇન્દ્રિયો તો શરીર પરિણામને પ્રાપ્ત છે. પ્રભુ! એ તારી પર્યાયમાં નથી. આહાહા..! એ શરીર તારા દ્રવ્ય-ગુણમાં તો નથી પણ તારી પર્યાયમાં નથી. તારી પર્યાયમાં અનાદિથી તું રાગ અને દ્વેષ કરે છે એ તારી પર્યાયમાં છે અને તેને તેં તારા માન્યા છે એ મિથ્યાદૃષ્ટિપણું સંસાર બંધનું કારણ છે. આહાહા..! આવું કામ હવે આકરું કામ. છે? જુઓને! નીચે કરણનો અર્થ ઇન્દ્રિયો કર્યો છે ને?

'કરણો પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો કેવળજ્ઞાનીઓને પણ (તે કરણોથી) બંધનો પ્રસંગ આવે.' કેવળજ્ઞાનીઓને પણ ઈન્દ્રિયો તો છે. સર્વજ્ઞ પરમાત્મા બિરાજે છે, શરીર તો છે, પાંચ ઇન્દ્રિયો છે. (જો) ઇન્દ્રિયો બંધનું કારણ હોય તો ભગવાનને બંધનું કારણ થાય, (પણ એમ નથી) એ તો કેવળજ્ઞાની છે. આહાહા..! અરે..રે..! પરમસત્યની વાતું સાંભળવા મળે નહિ. અરે..! એ ક્યારે અંદર કામ કરે? ક્યાંક ક્યાંક બધા રોકાઈ ગયા. એક તો સંસારના કામ, આખો દિ' પાપમાં (જાય). થોડો વખત મળે નિંદ્રામાં (જાય) અને થોડો વખત મળે તો બાયડી-છોકરા રાજી રાખવામાં (જાય). આહાહા..! એમાં એકાદ કલાક મળે અને સાંભળવા જાય ત્યાં કુગુરુ મળે એ લૂંટી લે. વ્રત કરો ને અપવાસ કરો

ને.. આહાહા..! અહીં કહે છે, કે વ્રત ને અપવાસનો જે વિકલ્પ, રાગ છે એ પોતાની પર્યાયમાં છે 'તે મારો છે અને મને લાભકર્તા છે' એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! બહુ કામ આકરું, ભાઈ! આહાહા..!

અનંતકાળનો સંસાર. ચોરાશી લાખ યોનિ, એક એક યોનિમાં અનંતવાર જન્મ લીધા છે. આહા..! અનંત અનંત કાળ.. ભૂતકાળ જુઓ તો ભવ વિનાનો ભૂતકાળ છે? શું કહ્યું? આજ પહેલાના ભવ જુઓ તો કોઈ વખત ભવ વિનાનો આત્મા છે? હેં? આ ભવ.. આ ભવ.. આ ભવ.. આ ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ.. અનંત.. આહાહા..! ભવ કલંક છે. ભગવાન અખંડાનંદને ભવ એ તો કલંક છે, 'યોગીન્દ્રદેવે' કહ્યું છે. 'યોગીન્દ્રદેવ'ના દોહરા છે ને? ભવ ધારણ કરવા તે કલંક છે. ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, ભવ અને ભવના ભાવ વિનાની ચીજ (છે). આહાહા..! તેમાં ભવ અનંતકાળથી કરતો આવ્યો છે. એનું કારણ કે અંતરમાં પરમાત્મસ્વરૂપ છે તેની દૃષ્ટિનો અભાવ (છે) અને પર્યાયમાં રાગ-દ્વેષ કરે છે તેની સત્તાનો સ્વીકાર–એ મારા છે, એવો સ્વીકાર (છે, તે પરિભ્રમણનું કારણ છે). આહાહા..! બીજી રીતે કહીએ તો એ પર્યાયબુદ્ધિ કીધી છે. ઉપયોગમાં રાગનું કરવું એટલે એનો અર્થ કે પર્યાયબુદ્ધિ છે. આહાહા..! ઝીણું છે, ભગવંત! તારા ઘરની વાતું (છે), ભાઈ! આહાહા..!એ ઘરમાં કેમ જવાય અને ઘરમાં કેમ જતો નથી, એ વાત ચાલે છે. આહાહા..!

કહે છે, કે જો મન, વચન અને કાયા બંધનું કારણ હોય તો કેવળીઓને પણ બંધનું કારણ થવું જોઈએ. 'સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ બંધનું કારણ નથી;...' આહાહા..! અરે..! એકેન્દ્રિય જીવ હણાય. અરે..! મુનિ છે, વીતરાગી સંત છે.. આહા..! અહીં મુખ્ય તો એને લીધા છે. સમકિતીને—જ્ઞાનીને થોડો રાગ છે ને? અને રાગ છે એટલું દુઃખ પણ છે. તેથી અહીં મુનિની મુખ્યતા લીધી છે. ગૌણપણે તો સમ્યગ્દૃષ્ટિને–જ્ઞાનીને પણ રાગની એકતા નથી, અસ્થિરતા છે. સમજાય છે કાંઈ? આહાહા..! આત્મજ્ઞાની સમ્યગ્દૃષ્ટિને રાગની એકતા તૂટી ગઈ છે, સ્વભાવની એકતા પ્રગટ થઈ છે પણ હજી અસ્થિરતા ગઈ નથી, આસક્તિ ચારિત્રદોષ છે. આહાહા..! એથી એને અહીં મુખ્યમાં ન લીધા. આહાહા..!

'સચિત્ત તથા અચિત્ત...' ભાષા જુઓ! આહાહા..! સચિત્ત–એકેન્દ્રિય, બેઇન્દ્રિય હણાય જાય. મુનિ આમ ચાલતા હોય, વીતરાગ મુનિ છે અંદર વિકલ્પ આવ્યો અને સૂક્ષ્મ ઝીણા ઇંડા ધૂળમાં બહુ સૂક્ષ્મ હોય, પંચેન્દ્રિય ઇંડા હોય ઇ મરી જાય, પણ ઉપયોગમાં સમિતિથી પ્રવર્તે છે તેથી બંધનું કારણ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– બંધ તો પોતાના દોષથી થાય છે ને!

ઉત્તર :– કીધું ને ભાવથી, રાગથી. એ કીધું ને, શું કીધું? રાગની પરિણતિની એકતાબુદ્ધિ અથવા અસ્થિરતા. એ અસ્થિરતાને અહીં મુખ્ય નથી લીધી. અહીં મુખ્ય તો રાગને ઉપયોગમાં એકત્વ કરવો એ મુખ્ય લીધું છે. મિથ્યાત્વ (લીધું છે). એ આવશે, ઉપયોગમાં રાગને કરવો

એ મિથ્યાત્વ (છે), બસ! એ વાત (છે). આહા..! ઉપયોગમાં પરમાત્માનો ઉપયોગ જે ચૈતન્ય છે, ત્રિકાળી ઉપયોગ ભગવાન છે એને ઉપયોગમાં ન લેતાં, ઉપયોગમાં રાગને લેવો એ બંધનું કારણ છે. પામરને પ્રભુની સાથે જોડી દેવો અને પ્રભુની સાથે જોડ તોડી નાખવી (તે બંધનું કારણ છે). 'સુમેરુચંદજી'! આહાહા..! સુમેરુ–આત્મા એવો છે, અંદર હલે નહિ. આહાહા..!

પણ એની દૃષ્ટિના ઠેકાણા નહિ એટલે (રખડે છે). આહાહા..!

કહે છે, કે 'સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો...' મુનિને મુખ્ય લીધા છે. 'જેઓ સમિતિમાં તત્પર છે...' મહામુનિ પર્યાયમાં વીતરાગી આનંદની ધારા વહે છે. આહા..! સમ્યગ્દૃષ્ટિને પણ આનંદનો અંશ આવે છે. મુનિને તો અતીન્દ્રિય પ્રચુર આનંદ છે. પાંચમી ગાથામાં છે, પાંચમી ગાથામાં 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, હું તો પ્રચુર આનંદથી, મારા નિજ વૈભવથી હું કહીશ. એ નિજ વૈભવ, હોં! આ ધૂળનો–પૈસા-બૈસા (વૈભવ નથી). 'ભાગચંદજી'! મારો નિજ વૈભવ અતીન્દ્રિય આનંદ જે પ્રચુર વેદનમાં આવ્યો છે એ મારો નિજ વૈભવ છે. પ્રગટ, હોં! આખી ચીજ તો છે. આહાહા..! પણ વેદનમાં ન આવે તો એ ચીજ મારા શું કામની? મારી ચીજનો આશ્રય કરીને જે નિર્મળ પર્યાય, આનંદની ધારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ધારા આવી તેનું મને વેદન થયું તે મારો નિજ વૈભવ છે. આહાહા..!

આ બધા પૈસાવાળાની ધૂળધાણી કાઢી નાખી. 'સુમેરુમલજી'! પૈસાવાળા, બાયડીવાળા, છોકરાવાળા.. કેટલા વાળા? એક વાળો પગમાં નીકળે (તો રાડ નાખી જાય). કોઈ પાણી અપથ્ય હોય ને? પાણી સરખું ન હોય એમાંથી વાળો નીકળે. એક વાળો નીકળે તો રાડ નાખે. (તો આ તો) તને કેટલા વાળા વળગ્યા? પ્રભુ! શું છે તને આ? રાગ મારો, પુણ્ય મારું, પાપ મારું, શરીર મારું, પુણ્યવાળો, પાપવાળો, રાગવાળો, શરીરવાળો, કર્મવાળો, બાયડીવાળો, છોકરાવાળો, આબરૂવાળો.. અરે...! પ્રભુ! એ બધામાં તો રાગની એકતા કામ કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આકરી વાતું, બાપા! આ ઉપદેશ કોઈ જુદી જાતનો છે, ભાઈ! જગતમાં અત્યારે સંપ્રદાયમાં પ્રવાહ ચાલે છે એથી આ જાત જુદી છે, ભગવાન! સ્થાનકવાસીમાં કહે સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. દેરાવાસીમાં કહે, ભક્તિ કરો, જાત્રા કરો. દિગંબરમાં (કહે), લૂગડાં છોડી નાખો ને પડિમા લ્યો ને! અરે...! આહા..! વૈષ્ણવમાં કહે કે, ઈશ્વરની ભક્તિ કરો.

આવ્યા હતા નહિ તમારા? એના શેઠ છે, 'મુંબઈ'માં. પચાસ કરોડ રૂપિયા. વૈષ્ણવ છે, પચાસ કરોડ રૂપિયા. દર્શન કરવા આવ્યા હતા. બૈરાં બધા દેરાવાસી જૈન છે અને આદમી બધા વૈષ્ણવ, આખું ઘર. પચાસ કરોડ. આવ્યા હતા (એને કીધું), ભાઈ! તમારા 'નરસિંહ મહેતા' તો એમ કહે છે, કે 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચીહ્નયો નહિ' ત્યાં એમ

નથી કહ્યું, 'જ્યાં લગી ઈશ્વર માન્યા નહિ'. 'સુમેરુમલજી'! આવે છે? આહા..! બેન, માતાને તો બધી ખબર છે. આહાહા..! 'નરસિંહ મહેતા'માં આવે છે. 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ, ત્યાં લગી સાધના. (સર્વ જૂઠી)' તેં ઈશ્વર માન્યા ને પૂજા ને ભક્તિ, વ્રત, તપ બધા એકડા વિનાના મીંડાં છે. 'શું થયું તપ ને તીર્થ કરવા થકી..' એમાં–વૈષ્ણવમાં આવે છે. 'નરસિંહ મહેતા', 'જૂનાગઢ', નહિ? 'જૂનાગઢ'માં થઈ ગયા. મેં કહ્યું, ભાઈ! જુઓ! 'નરસિંહ મહેતા' તો આમ કહે છે. પણ પૈસા આડે ગૂંચાઈ ગયેલા. પચાસ કરોડ રૂપિયા. આમ બિચારા આવ્યા હતા, હજાર રૂપિયા મૂક્યા, નાળિયેર મૂક્યું. મહારાજ! ઘરે પધારશોને! બૈરાં બધા જૈન ખરા ને! એટલે બૈરાંને બહુ પ્રેમ. મહારાજ! મારે ત્યાં (આવજો). કીધું, ભાઈ! આવશું, હોં! ન્યાં ગયા ત્યારે પંદરસો રૂપિયા મૂક્યા, નાળિયેર મૂક્યું. પણ આ વાત સમજમાં ન આવે. ધૂળ મૂકી એમા શું? આહા..! અનંતકાળનો આગ્રહ જે જૂઠો છે એને મૂકવો, એ મૂકવા જેવું છે. બાકી તો બધું ઠીક છે. આહા..!

અહીં કહે છે, સચિત્ત-અચિત્તનો ઘાત. પંચેન્દ્રિય ઇંડું નીચે મરી જાય. આહા..! સૂક્ષ્મ જીવ (હોય). મુનિ ચાલતા હોય અને એવા ઝીણા તીડ આવે, ચાલતાં એકદમ આવી ગયા, દૂરથી પગ નીચે આવી જાય, પણ એને એનો બંધ નથી. ખેતરમાં હોય છે ને? ખેતર, જમીન. કોઈ ઠેકાણે ફૂદા હોય, ઝીણા ફૂદા. આજે હતા ને? દિશાએ જતા. એટલા ફૂદા. .... એટલા ફૂદા આવતા. આહાહા...! આ જુઓ! ભગવાન અંદર છે, કીધું. અત્યારે આ શરીર (મળ્યું છે). ઓલું કાંઈક આવ્યું છે, પ્રકાશ! શું કહેવાય? કાચનું એક આવ્યું છે. ભાઈ એક મોટી બેટરી લાવ્યા છે. જુદી જાતની નવી બેટરી છે, ભાઈ લાવ્યા છે. આહા..! એટલા પ્રકાશમાં ફૂદા દોડાદોડ કરે.

અરે..! પ્રભુ! ચૈતન્યનો પ્રકાશ અંદર છે ત્યાં જતો નથી અને આ શું કરે છે? આજે જંગલ ગયા હતા (ત્યારની વાત છે). આહા..! અરે..! આ આત્મા ક્યારે માણસ થાય? ફૂદા બિચારા, મરીને પાછા તિર્યંચમાં જાય. કારણ કે કંઈ ભાન ન મળે. એટલે એમાં ને એમાં અવતરે. પશુમાં જાય, ગાયમાં, ઘોડા (થાય). આહાહા..! અરે..રે...! આવા અવતાર પ્રભુ! તેં અનંત કર્યા છે ને! આહા..! ભૂલી ગયો એટલે નહોતું કેમ કહેવાય? જન્મ્યા પછી બાર મહિના શું હતું? માતાએ કેમ ધવરાવ્યો? કેમ નવરાવ્યો તને ખબર છે? ખબર નથી માટે નહોતું? એમ કેમ કહેવાય? એમ ભવભ્રમણ ખબર નથી માટે નહોતું એમ કેમ કહેવાય? આહાહા..! અનંતકાળ થયો પ્રભુ! એ રાગ ને પુણ્ય-પાપની એકતાબુદ્ધિ કરતા મિથ્યાત્વથી અનંત ભવ કર્યા. એ મિથ્યાત્વ–રાગની એકતાબુદ્ધિ એ સંસારનું મૂળિયું છે, ચોરાશીના અવતારનું એ મૂળિયું છે. એ પછી સમકિતીને અસ્થિરતા હોય છે પણ એનો બંધ થોડો છે, એની ગણતરી ઓછી ગણી છે અને એટલું દુઃખ પણ છે. સમકિતીને જેટલો રાગ આવે એટલું દુઃખ પણ છે. જેટલો આત્માનો આનંદ પ્રગટ્યો તેટલો આનંદ છે અને સાથે દુઃખ

પણ છે, મિશ્ર (દશા) છે. સર્વજ્ઞ પરમાત્માને એકલો આનંદ છે. મિથ્યાદૃષ્ટિને એકલું દુઃખ છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને દુઃખ ને આનંદ બેય ભેગા છે, હજી પૂર્ણ (દશા) નથી. આહાહા..!

અહીં કહે છે, કે જે મુનિ છે, ત્રણ કષાયનો અભાવ (થયો છે), જોઈને સમિતિથી ચાલવાનો ભાવ (છે), એના પગથી સચિત્ત-અચિત્ત હણાય જાય છતાં બંધ નથી. સમજાણું કાંઈ? કારણ કે હણવાનો જે રાગભાવ છે એ એને છે નહિ. એનો ઉપયોગ તો પોતામાં શુદ્ધ છે. શુદ્ધ ઉપયોગ છે અને જરી ચાલવાનો વિકલ્પ ઉઠ્યો છે એ પણ શુભ છે. આહાહા..! આમ જોઈને ચાલતાં એમાં કોઈ આવી ગયું. એ કહે છે. છે?

'સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ બંધનું કારણ નથી;...' આહાહા..! ભાઈ ચાલ્યા ગયા? છોકરો હતો ને? 'ખેડા.. ખેડા'! છે? ગયા ઇ, 'ખેડા'નો છોકરો હતો. એ બિચારો ગભરાઈ ગયો હતો. પાંચસો-છસોનો પગાર છે, નોકરી (કરે છે). સ્થાનકવાસી ખરા ને અને ત્યાં પાણી બહુ હણાય. છ કાયના જીવ હણાય એમાં મગજ એવું થઈ ગયું છે. ભાઈ! એક છોકરો હતો. બે-ત્રણ દિ' રહ્યા, ચાલ્યા ગયા લાગે છે. એનો ભાઈબંધ આમાં નોકર છે. 'શૈલેષ' છે ને? 'શૈલેશ'. 'હિંમત'નો ભાઈ 'શૈલેષ' નોકર છે તેમાં આ નોકર છે. એને લઈને આવેલો. નરમ માણસ, છોકરો જુવાન. પાંચસોનો પગાર છે. પણ યંત્રમાં પાણી હણાય એટલે આમ.. ફડાક ગાંડપણ જેવું થઈ જાય. (કીધું), બાપા! મૂંઝાવ નહિ, ભાઈ! એ મારી ચીજ નથી એમ પહેલો નિર્ણય કરવો. સમજાય છે? એ ચીજ મારી નથી અને પછી તેમાં થતો રાગ છે એ પણ મારો નથી. આહાહા..! પહેલું આ કરવાનું છે, મૂંઝાવાનું નથી, કીધું.

આત્મા સિવાય બીજા પદાર્થો અનંત ગમે તે હો, દેવ ને ગુરુ ને શાસ્ત્ર હો પણ એ મારી ચીજ નહિ. આહાહા..! સ્ત્રી, કુટુંબ-પરિવાર, લક્ષ્મી, મકાન આદિ મારી ચીજ નથી. એ મારી નહિ, એ મમતા છોડ અને પછી જે આસક્તિનો રાગ થાય છે તેને પણ હેયબુદ્ધિએ જાણ, ઉપાદેય તો ભગવાન છે. આહાહા..!

મૂંઝાતો હતો બિચારો. બેન લાવ્યા હતા, 'મરઘાબેન'. ન્યાં ઉતર્યા હતા. જુવાન માણસ છે, ૨૬ વર્ષની ઉંમર. મૂંઝાય જાય. સ્થાનકવાસી (એટલે) પાણી હણાય, છ કાયની ઘાત (થાય). પણ છ કાયમાં તું છો કે નહિ? આ પરને કરું છું ને રાગ કરું છે, એ મારું છે એ જ તારો ઘાત થયો. આહાહા..! પરની દયા પાળી શકું છું, એ જ મિથ્યાત્વભાવ તે જ આત્માનો ઘાત છે. ભાઈ! તને ખબર નથી. પરની હિંસા કરી શકું એ તો છે જ નહિ, પર પ્રાણીની પર્યાયને દૂર કરવી એ કંઈ આત્માની તાકાત છે? એ રાગ કરે, પણ પર પ્રાણીનો નાશ કરી શકે, હિંસા કરી શકે એ ત્રણ કાળમાં ન કરી શકે. તેમ પરની દયા પાળી શકે? પરની દયાનો ભાવ રાગ આવે પણ પરની–પરદ્રવ્યની દયા પાળી શકે? એક દ્રવ્ય પરદ્રવ્યની પર્યાય કરી શકે? બહુ આકરું કામ.

અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળ! મુનિરાજ સમિતિથી ચાલે છે. એમના પગ તળે કોઈ એકેન્દ્રિય, સૂક્ષ્મ પંચેન્દ્રિય જીવ આવી જાય (તોપણ) એને બંધ નથી. સમજાય છે? સચિત્ત-અચિત્તના ઘાતથી બંધ હોય તો આ મુનિને બંધ હોવો જોઈએ, એમ કહે છે. સમજાણું કાંઈ? મુનિનો મુખ્યપણે દૃષ્ટાંત આપ્યો છે. કારણ કે સમકિતી છે, જ્ઞાની છે, ધર્મી છે પણ એને હજી રાગ, અવ્રતનો રાગ છે. આહાહા..! એથી એને અહીં મુખ્યપણે ગણ્યા નથી. નીચે ભાવાર્થમાં કહેશે. આહાહા..!

જેણે રાગની એકતા તોડી છે અને સમ્યગ્દર્શન થયું છે એ જીવને રાગની એકતાનો મિથ્યાત્વનો હવે બંધ નથી. સમજાણું કાંઈ? પણ જેટલી અસ્થિરતા છે (તેટલો બંધ છે). દસમા ગુણસ્થાન સુધી બંધ છે. દસમા ગુણસ્થાને એક લોભનો અંશ છે ને? દસમી ભૂમિકા. ચોથે, પાંચમેં તો હોય જ તે. આહા..! દસમે ગુણસ્થાને લોભનો અંશ છે. દસમે છ કર્મ બંધાય છે. ચોથે, પાંચમે તો સાત-આઠ કર્મ બંધાય છે. આહા..! સમજાય છે? તેથી એને રાગ ભાગ છે. મુનિની મુખ્યતા દીધી એનું કારણ આ કે એને રાગ નથી. સમજાણું કાંઈ? આહાહા..! બંધમાં કહેશે.

'સમિતિમાં તત્પર છે તેમને (અર્થાત્ જેઓ યત્નપૂર્વક પ્રવર્તે છે એવા સાધુઓને) પણ (સચિત્ત તથા અચિત્ત વસ્તુઓના ઘાતથી) બંધનો પ્રસંગ આવે. માટે ન્યાયબળથી જ આ ફલિત થયું...' ન્યાયથી એ વાત સિદ્ધ થઈ કે, 'જે ઉપયોગમાં રાગાદિકરણ (અર્થાત્ ઉપયોમાં જે રાગાદિકનું કરવું), તે બંધનું કારણ છે.' આહાહા..! પોતાનો જે ઉપયોગ છે–જાણન-દેખન પર્યાય, એમાં વિકાર રાગને પોતાનો કરવો તે જ મિથ્યાત્વભાવ અને બંધનું કારણ છે. આહાહા..! મુખ્યપણે ગણ્યું ને? મુનિને લીધા છે ને? આહાહા..!

બાકી તો સમ્યગ્દૃષ્ટિને પણ જેટલો રાગ છે તેટલો કર્તા-ભોક્તા છે. ૪૭ નયમાં આવી ગયું છે. 'પ્રવચનસાર' ૪૭ નય. સમકિતી છે. સાચા અનુભવી ધર્મી જ્ઞાની પાંચમે ગુણસ્થાને છે એને પણ રાગ થોડો આવે છે, એનો કર્તા પણ છે. પરિણમન છે ને? કરવા લાયક છે એમ નહિ. કરવા લાયક છે એમ કર્તા નહિ પણ પરિણમન છે માટે કર્તા (છે). અરે..રે..! આવી વાતું. નયમાં આવી ગયું છે. અને એટલો ભોક્તા પણ છે. સમકિતી જ્ઞાની ધર્માત્મા જેટલો રાગ છે તેટલા દુઃખનો ભોક્તા પણ છે. આહાહા..! ૪૭ નયમાં આવી ગયું છે. છેલ્લા અધિકાર પહેલા આવી ગયું છે. આહાહા..!

અહીં મુખ્યપણે મુનિ લીધા છે કે જેને વીતરાગી દશા છે. આહા..! જે અતીન્દ્રિય આનંદના ઝુલે ઝુલે છે. એને મુનિ કહીએ. એને બાહ્યમાં વસ્ત્રનો ધાગો ન હોય, અંદરમાં રાગનો કણ અલ્પ હોય પણ તેના સ્વામી ન હોય. આહાહા..! અતીન્દ્રિય આનંદના ઝુલે પવિત્ર આનંદ જે ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એના અતીન્દ્રિય આનંદના ઝુલે અંદરમાં ઝુલે છે. આહા..! ક્ષણમાં વિકલ્પ આવે તો છઠ્ઠું ગુણસ્થાન, ક્ષણમાં વિકલ્પ તૂટી જાય તો

સાતમું ગુણસ્થાન. બાપુ! એ મુનિપણું (છે). આહાહા...!અત્યારે તો ક્યાં (મુનિ છે). આહા..! એ મુનિનું દૃષ્ટાંત અહીં આપ્યું છે. એવા મુનિઓ વીતરાગભાવે વર્તે છે અને સમિતિથી પ્રવર્તે છે. એટલો શુભ વિકલ્પ છે. એના પગથી કોઈ સચિત્ત-અચિત્ત જીવ હણાય જાય તો બંધ નથી. આહાહા..!

ત્યારે બંધનું કારણ શું? 'ન્યાયબળથી જ આ ફલિત થયું કે, જે ઉપયોગમાં રાગાદિકરણ...' આહાહા..! આ સિદ્ધાંત આખો. જે જ્ઞાનના ઉપયોગમાં ઉપયોગ સ્વરૂપ આવવું જોઈએ... 'સંવર અધિકાર' ભાઈ! જે ઉપયોગ શુદ્ધ ઉપયોગમાં–શુદ્ધ પરિણતિમાં આત્મા આવવો જોઈએ એ ન લાવતા ઉપયોગમાં રાગ લાવ્યો. આહાહા..! એ રાગ ચાહે તો દયા, દાન ને વ્રત ને ભક્તિનો હો પણ એ ઉપયોગમાં રાગનું કરણ એ બંધનું કારણ છે. ભાઈ! 'સુમેરુમલજી' સમજાય છે? આહાહા..! 'ભાગચંદજી'! આવું ક્યાંય નહોતું. સ્થાનકવાસીમાં ૪૫ વર્ષ રહ્યા છીએ. શરીરને તો ૯૧ ચાલે છે, ગર્ભના (ગણીને) ૯૧. શરીરના, હોં! ગર્ભના. જન્મના આ વૈશાખ સુદ ૨, ઉપર જન્મના બેસશે. ગર્ભના ગણાય ને? પેલા ભવથી આવ્યા છીએ એને અત્યારે ૯૧ વર્ષ ચાલે છે. મહાવિદેહમાંથી આવ્યા છીએ ને!! આહાહા..!

અહીં કહે છે, કે પ્રભુ! તું સાંભળ તો ખરો! તારી ઉંમર નહિ, તારે સ્થિતિ નહિ. આહાહા..! તારો રાગ નહિ. એક જણાને મેં પૂછ્યું હતું, જુવાન માણસ હતો. અહીં કેટલાય અમારી પાસે આવે ને? મહારાજને સાંભળીએ તો આપણો ધંધો-બંધો સરખો ચાલે. એવા ઘણા આવે. એક જુવાન આવ્યો હતો, વીસ-પચીસ લાખની દુકાન કરવી હતી. મેં કીધું, આ આયુષ્યનું પ્રમાણ કહે છે તે દેહનું કે આત્માનું? ઇ કહે, મને કાંઈ ખબર નથી. ૩૫-૪૦ વર્ષનો જુવાન હતો. ૨૫ લાખની દુકાન ખોલવી હતી. આ ઉંમર કહેવાય છે, ૨૫-૫૦-૬૦-૭૦ (વર્ષ) એ શરીરની ઉંમર હશે કે આત્માની? તો કહે, ઇ ખબર નથી. આ તો જડ માટી છે, એની શું ઉંમર છે? ભગવાનની ઉંમર તો અનાદિઅનંત છે. 'સુમેરુમલજી'! આહાહા..! પ્રભુ તો સચ્ચિદાનંદ નાથ અંદર અનાદિઅનંત છે, એને ઉંમર કેવી? આ તો આની મુદ્દત છે, કે આટલા વર્ષ થયા ને પછી આટલા વર્ષે છૂટી ગયું. આહા..!

અહીં તો ભગવાન આચાર્ય કહે છે, પ્રભુ! શરીર મારું છે, એ વાત અહીંયાં નથી. એ પર ચીજ છે. એ તારી પર્યાયમાં નથી. તારી પર્યાયમાં રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ વિકાર આવે છે તેને પોતાના કરવા, જે સ્વભાવમાં નથી તેને પોતાના કરવા એ જ બંધનું કારણ મિથ્યાત્વ છે. આહાહા..! કહો, 'પાટનીજી' આવું છે. સાધારણ સમાજ નથી, પ્રભુ! કોઈ કહે કે, સાધારણ સમાજમાં આવું? અરે..! પ્રભુ! સાધારણ નથી, એ ભગવાનસ્વરૂપ છે, પૂર્ણાનંદનો નાથ છે. આહા..! ભગવત્ સ્વરૂપ અંદર બિરાજે છે, એની એને ખબર નથી. આહાહા..! એવા સ્વરૂપની ખબર વિના જે રાગની ખબરું કરીને રાગ મારો છે એમ માને છે... આહા..! એ મિથ્યાદૃષ્ટિને જ સંસારનો બંધ થાય છે. આહાહા..! સમજાય છે? ઝીણી

વાત છે, પ્રભુ! આહાહા..! શું શૈલી સંતોએ કરી છે!!

દિગંબર સંતો કહે છે, પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ છો ને! એ તારી પર્યાય ત્યાં જાતી નથી તેથી તારી પર્યાયમાં રાગને પોતાનો કરે છે, એ સંસાર છે. પ્રભુ! આહાહા..! ચાહે તો અગિયાર અંગના જ્ઞાન કર્યા હોય અને પંચ મહાવ્રત ચોખ્ખા, નિર્મૂળ પાળતો હોય, એને માટે કરેલું ભોજન પ્રાણ જાય તોપણ ન લે. આહાહા..! પણ એ બધી રાગની ક્રિયા છે. એ રાગને પોતાના ઉપયોગમાં (લાવે છે), ભગવાનને ઉપયોગમાં ન લાવતાં ઉપયોગમાં રાગને લાવવો... આહાહા..! ત્રણલોકનો નાથ બાદશાહ પરમાત્મા, એને પર્યાયમાં ન પધરાવતા એ પર્યાયમાં તેં રાગને પધરાવ્યો. આહાહા..! એની તેં પ્રતિષ્ઠા કરી. હેં? પ્રભુની પ્રતિષ્ઠા તેં છોડી દીધી. આહાહા..! બહુ કામ આકરું. જગતમાં પ્રવાહ અત્યારે તો એવો ચાલ્યો છે, કે ક્રિયાકાંડ ને બહારનું જાણપણું, વાંચન ને આ પડિમા લેવી ને આ લેવું ને આ લેવું.. એક જણો 'રાજકોટ'માં કહેતો હતો કે, આઠ પડિમા લઈને બેઠા છીએ પણ અગિયાર પડિમા વિના અમારો આદર નહિ થાય માટે અગિયાર લેવી પડશે. કહો! અરે..! ભગવાન! તું શું કરે છે? અરે..રે...! આહાહા..

અહીં પરમાત્મા છેલ્લે (કહે છે), બંધનું કારણ જે ચીકાશ છે તે છે. ધૂળ નહિ, હથિયાર નહિ, ઇન્દ્રિયો નહિ, સચિત્ત-અચિત્ત ઘાત નહિ. એમ ધર્માત્માને, મુનિ છે, સમિતિમાં ચાલનારને સચિત્ત-અચિત્તનો ઘાત થવા છતાં તેને બંધ નથી, તેનો એને બંધ નથી. એમ જે આત્માના ઉપયોગમાં ભગવાનને નહિ લાવતા.. આહાહા..! પોતાના ઉપયોગમાં ભગવાનની પ્રતિષ્ઠા નહિ કરતાં રાગને પોતાનો માનીને પ્રતિષ્ઠા કરે છે તે મિથ્યાદૃષ્ટિ સંસારને વધારે છે. 'ભાગચંદજી'! આ માલ છે, આ. અરે..રે...! સાંભળવા મળે નહિ. શું કરે? વખત ચાલ્યો જાય છે, ભાઈ! મહિનો સમય જે જાય છે એ મૃત્યુની સમીપ જાય છે. હેં? આહાહા..! મૃત્યુ નક્કી છે. જે સમયે દેહ છૂટવાનો તે નક્કી છે. એમાં કંઈ આઘાપાછો થવાનો નથી. આહાહા..! કાળ ચાલ્યો જાય છે એમાં જો સમજણ-જ્ઞાનનો દોરો ન પરોવ્યો તો પ્રભુ! દોરા વિનાની સોય ખોવાય જશે. દોરો સમજ્યા? ધાગો.. ધાગો. આહાહા..! બંધનું કારણ આ છે. વિશેષ કહેશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૧૫ ગાથા-૨૩૭ થી ૨૪૧, શ્લોક-૧૬૪ બુધવાર,**
ભાદરવા વદ ૧૩, તા. ૧૯-૦૯-૧૯૭૯

(આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે)

---

'સમયસાર', 'બંધ અધિકાર'ની પાંચ ગાથાનો ભાવાર્થ. ભાવાર્થ છે ને? 'અહીં...' સૂક્ષ્મ વાત છે. અનંતકાળથી પર્યાયબુદ્ધિ નામ વર્તમાન અવસ્થાની દૃષ્ટિ કરીને રાગ ઉપર તેનું

લક્ષ જાય છે. વસ્તુ જે અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે, શુદ્ધ આનંદકંદ અખંડ ઉપર અનાદિથી દૃષ્ટિ નથી. દૃષ્ટિ વર્તમાન પર્યાય–અવસ્થા, અંશ જે છે તેના ઉપર તેની અનાદિની રમતું છે. પર્યાય અંશમાં. પર્યાયબુદ્ધિ છે તો પર્યાય ઉપર લક્ષ જાય છે તો રાગ થઈ જાય છે. રાગ ચાહે તો શુભ હો કે અશુભ હો, એ શુભ-અશુભ રાગ પોતાની પર્યાય નામ ઉપયોગમાં કરવો એ જ મિથ્યાત્વ અને સંસાર છે. ઝીણી વાત, ભાઈ! આહાહા..!

એ અહીંયાં કહે છે. કેમકે વસ્તુ જે છે સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ પ્રભુતા, એવી અનંત શક્તિનો સંગ્રહાલય પ્રભુ ભગવાનઆત્મા (છે) એ દ્રવ્ય ઉપર તો કદી દૃષ્ટિ કરી નથી. એ છે તો અનાદિનો છે અને છે તે નિરાવરણ છે, પરિપૂર્ણ છે, જેમાં વિપરીતતા કે અપૂર્ણતા છે નહિ. આહાહા..! પણ એ વાત સાંભળવા ન મળી અને સાંભળવા મળી તો પર્યાયબુદ્ધિમાં સાંભળીને કાઢી નાખી કે, એ છે. આહાહા..!

કહે છે, કે પોતાનું સ્વરૂપ શુદ્ધ પરમ પવિત્રતાનો પિંડ પ્રભુ, એ વસ્તુ અનાદિની છે (અને) પર્યાયબુદ્ધિ પણ અનાદિની છે. સમજાય છે કાંઈ? એ પર્યાય નામ એક સમયની વ્યક્ત જે પ્રગટ દશા છે તેના ઉપર અનાદિની બધી રમતું છે. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, પાંચ જડ ઇન્દ્રિયોથી જાણવું, આ ઇન્દ્રિયોથી જડ જાણવામાં આવે છે, સમજાણું કાંઈ? પર્યાયમાં–વર્તમાન અવસ્થામાં જેની દૃષ્ટિ છે તેને પાંચ ઇન્દ્રિયથી જડ પર જાણવામાં આવે છે. આહાહા..! મન છે એ એક કોર રાખો. અને આમ જુઓ તો અંદરમાં પર્યાયબુદ્ધિથી અંશબુદ્ધિ છે તો તેનું લક્ષ જાય છે તો રાગ ઉપર જાય છે. રાગ છે ને? ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો. એ રાગનું એકત્વ કરવું, પોતાની પર્યાયમાં–ઉપયોગમાં એકત્વબુદ્ધિ કરવી તે જ મિથ્યાત્વ સંસાર અને જન્મ-મરણનું મૂળ છે. આહાહા..! આવી વાતું છે, પ્રભુ!

એ કહે છે, 'અહીં નિશ્ચયનય પ્રધાન કરીને કથન છે,...' ભાવાર્થ છે ને? નિશ્ચય નામ યથાર્થદૃષ્ટિથી આ કથન છે. 'જ્યાં નિર્બાધ હેતુથી સિદ્ધિ થાય...' જેમાં કોઈપણ અપવાદ ન ચાલે, (એવી) નિર્બાધ યુક્તિથી વસ્તુની સિદ્ધિ થાય છે 'તે જ નિશ્ચય છે.' આ નિશ્ચયની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? નિશ્ચય એટલે જેમાં કોઈ અપવાદ નહિ, કોઈ બાધા નહિ, કોઈ વિરોધ નહિ, કોઈ અન્યાય નહિ. સત્ય વસ્તુ જેવી છે તેમ કહેવું, જાણવું તે નિશ્ચયનય છે.

'બંધનું કારણ વિચારતાં નિર્બાધપણે...' વિઘ્ન વિના યથાર્થપણે 'એ જ સિદ્ધ થયું કે– મિથ્યાદૃષ્ટિ પુરુષ...' આહાહા..! જેની બુદ્ધિ પર્યાય ઉપર છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! પર્યાય મૂઢા પરસમયા, એમ 'પ્રવચનસાર'માં 'જ્ઞેય અધિકાર'માં છે. આહા..! 'મિથ્યાદૃષ્ટિ પુરુષ...' પુરુષ એટલે આત્મા. સ્ત્રીનો આત્મા હોય કે પુરુષનો (હોય), આત્મા તો આત્મા છે, એમાં સ્ત્રી-પુરુષ છે નહિ. આહા..!

'મિથ્યાદૃષ્ટિ પુરુષ જે રાગદ્વેષમોહભાવને પોતાના ઉપયોગમાં કરે છે...' એ રાગ, દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અજ્ઞાની પોતાના પરિણામ–ઉપયોગમાં કરે છે. આહાહા..!

જે એનું સ્વરૂપ નથી, એના સ્વભાવમાં નથી એવા જે પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, મોહ-મિથ્યાત્વ (છે તેને) પોતાના ઉપયોગમાં એકત્વ કરે છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! 'રાગાદિક જ બંધનું કારણ છે.' એ પોતાની પર્યાયમાં-જાણવા-દેખવાના ઉપયોગમાં રાગાદિને પોતાના કરવા એ જ બંધનું કારણ છે, એ જ સંસારનું મૂળ છે, જેમાં ચોરાશી લાખ યોનિ ઉત્પન્ન કરવાનો ગર્ભ છે-તાકાત છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ!

એણે કદી પર્યાયબુદ્ધિ છોડીને અંતર શું ચીજ છે, પૂર્ણ શુદ્ધ ચૈતન્ય આનંદઘન (છે) એવી દૃષ્ટિ ક્યારેય કરી નથી. સમજાણું કાંઈ? કંઈક કંઈક કોઈપણ કારણે બહારમાં અટકી ગયો. અટકવાના કારણ અનંત અને છૂટવાનું કારણ એક. અંતર ભગવાન પૂર્ણાનંદનો નાથને અંદરમાં જાણવો એ એક જ છૂટવાનું કારણ છે. આહાહા..! નિજઘરમાં જાવું. આહા..! અહીંયાં કહે છે, 'રાગાદિક જ બંધનું કારણ છે.' (રાગાદિક) શું? એકલો રાગ અહીંયાં નથી લીધો. અહીંયાં ઉપયોગમાં રાગાદિકનું કરવું તે બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

'તે સિવાય બીજા-બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક,...' છે. કર્મયોગ્ય પરમાણુથી દુનિયા ભરેલી છે તે બંધનું કારણ નથી. 'મન-વચન-કાયાના યોગ,...' બંધનું કારણ નથી. આહાહા..! 'અનેક કરણો...' એટલે ઇન્દ્રિયો. ઇન્દ્રિયો પણ બંધનું કારણ નથી. 'ચેતન-અચેતનનો ઘાત બંધનાં કારણ નથી; જો તેમનાથી બંધ થતો હોય તો સિદ્ધોને,...' શું કહે છે? કે, કર્મયોગ્ય પરમાણુ છે તેનાથી જો બંધ થતો હોય તો સિદ્ધ ભગવાન જ્યાં બિરાજે છે ત્યાં પણ કર્મવર્ગણા પડી છે. સમજાણું કાંઈ? જો કર્મવર્ગણા બંધનું કારણ હોય તો સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં કર્મવર્ગણા તો પડી છે (પરંતુ સિદ્ધ ભગવાનને બંધ નથી માટે કર્મ પરમાણુ) બંધનું કારણ નથી. પરમાત્મા જ્યાં બિરાજે છે ને? મુક્તિ-લોકાગ્રે સિદ્ધ.. સિદ્ધ (બિરાજે છે). આહાહા..! ત્યાં લોકમાં પણ કર્મ થવાને લાયક પરમાણુ અનંત છે, અનંત નિગોદજીવ પણ તે ક્ષેત્રમાં છે, પરમાત્મસ્વરૂપના ક્ષેત્રમાં તો નિગોદના જીવ પણ છે. આહાહા..! તે કંઈ બંધના કારણ નથી.

'અનેક કરણો...' (અર્થાત્) ઇન્દ્રિયો. મન-વચન-કાયાનો યોગ બંધનું કારણ નથી. કેમકે મન, વચન ને કાયા તો યથાખ્યાત ચારિત્રવંતને પણ છે તો એ બંધનું કારણ નથી. ઇન્દ્રિયો-કેવળીને ઇન્દ્રિયો છે. પાંચ જડ ઇન્દ્રિય. સર્વજ્ઞ પરમાત્મદશા પ્રાપ્ત થઈ તેમને આ જડ ઇન્દ્રિય શરીર તો છે પણ ઇન્દ્રિયો બંધનું કારણ નથી. આહાહા..! 'ચેતન-અચેતનનો ઘાત-બંધના કારણ નથી; જો તેમનાથી બંધ થતો હોય તો સિદ્ધોને,...' બંધ થાય. 'યથાખ્યાત ચારિત્રવાળાઓને,...' બંધ થાય, 'કેવળજ્ઞાનીઓને...' (પણ બંધ થાય).

સચિત્ત-અચિત્તના ઘાતથી જો બંધ થાય તો 'સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓને બંધનો પ્રસંગ આવે છે.' પહેલા આવ્યું હતું ને? મુનિ આત્મધ્યાન આનંદકંદ પ્રભુમાં (લીન છે). સમ્યગ્દર્શનમાં આનંદનો અનુભવ થાય છે પણ મુનિપણામાં તો અતીન્દ્રિય આનંદની પર્યાયમાં

ભરતી આવે છે. જેમ સમુદ્રમાં કાંઠે પાણીની ભરતી આવે છે.. આહાહા..! અરે..! પ્રભુ! એમ આત્માની પર્યાયમાં–અવસ્થામાં મુનિને એટલી અતીન્દ્રિય (આનંદની) ભરતી આવે છે, પ્રચુર સ્વસંવેદન થાય છે. આહા..! તેઓ સમિતિપૂર્વક ચાલે છે. કોઈ સચિત્ત-અચિત્ત જીવ હણાય જાય (તોપણ) બંધ થતો નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! 'પરંતુ તેમને તો બંધ થતો નથી. તેથી આ હેતુઓમાં (–કારણોમાં) વ્યભિચાર આવ્યો.' પરથી જો બંધ થાય તો વ્યભિચાર આવે છે, સત્ય વાત રહેતી નથી, અસત્ય થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! 'માટે બંધનું કારણ રાગાદિક જ છે એ નિશ્ચય છે.'

'અહીં સમિતિરૂપ પ્રવર્તનારા મુનિઓનું નામ લીધું અને અવિરત, દેશવિરતનું નામ ન લીધું...' સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને છે, જ્ઞાની છે, આત્માનો અનુભવ છે. પાંચમે ગુણસ્થાને શ્રાવક (છે). આ વાડાના શ્રાવકની વાત નથી. અંતર શ્રવણ, મનન કરી અને જેણે રાગથી વિવેક નામ ભિન્ન કરી અને ભેદજ્ઞાનની સ્થિરતા પ્રગટ કરી છે (તે શ્રાવક છે). આહાહા..! એ શ્રાવકનું નામ અહીંયાં નથી લીધું. કેમ? ચોથા ગુણસ્થાન, પાંચમા ગુણસ્થાનની વાત ન લીધી. આહાહા..! છે? તેનું કારણ છે.

'અવિરત તથા દેશવિરતને બાહ્યસમિતિરૂપ પ્રવૃત્તિ નથી...' અવિરતી છે તેને હજી અવ્રતના પરિણામ છે, રાગ છે, અસ્થિરતાનો રાગ છે. સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું તોપણ જ્ઞાનીને એક અનંતાનુબંધીનો રાગ નથી પણ અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન, સંજ્વલન એમ ત્રણ કષાયનો રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને જેટલો રાગ છે તેટલું જ્ઞાનીને દુઃખ પણ છે. જ્ઞાનીને! કહો, 'બાલચંદજી'! જ્ઞાનીને દુઃખ ન હોય એમ કહે છે ને? 'સુમેરુમલજી'! મોટા ભ્રમમાં પડ્યા છે. આ વાત જ નથી, ભાઈ! અહીં તો કહે છે, ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને પણ.. ચોથે ગુણસ્થાને ત્રણ કષાયનો રાગ છે, પાંચમામાં બે કષાયનો રાગ છે તો તેટલું બંધનું કારણ તેને છે. આહાહા..! અને તેનું તેટલું દુઃખ પણ છે. જેટલો રાગ છે તેટલું દુઃખ જ્ઞાનીને પણ છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ રાગ છે તેની વાત અહીંયાં નથી લીધી. અહીં તો મુનિની વાત લીધી છે. જેને અંતર વીતરાગદશા પ્રગટ થઈ છે. ભાવલિંગી સંત. એ કહે છે, જુઓ!

'ચારિત્રમોહ સંબંધી રાગથી કિંચિત્ બંધ થાય છે;...' જુઓ! સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને અને પાંચમા ગુણસ્થાનવાળા સાચા શ્રાવક, સમકિતી, અનુભવીને પણ 'ચારિત્રમોહ સંબંધી રાગથી કિંચિત્ બંધ થાય છે;...' છે? વીતરાગતા નથી ને. ભલે અનુભવ થયો, સમ્યગ્જ્ઞાન થયું, જ્ઞાની થયા પણ હજી રાગ છે, એ રાગ ચારિત્રમોહ સંબંધી રાગ છે, મિથ્યાત્વ સંબંધી નહિ. રાગની એકતાબુદ્ધિ સહિતનો રાગ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અસ્થિરતાનો રાગ ચારિત્રમોહનો દોષ સમકિતી અને શ્રાવક–સાચા શ્રાવક પંચમ ગુણસ્થાનવાળા(ને છે). (એવા) શ્રાવક અઢી દ્વીપ બહાર તો અસંખ્ય તિર્યંચ છે, સિંહ અને

વાઘ, મગરમચ્છ અને વાંદરા પાંચમા ગુણસ્થાનવાળા અસંખ્ય (તિર્યંચ) બહાર છે. સમજાણું કાંઈ? હજાર જોજનના મચ્છ, તેની આત્માનુભવ અને અનુભવ ઉપરાંત પંચમ ગુણસ્થાનની દશા છે. અઢી દ્વીપ બહાર તિર્યંચ છે ને? એથી અસંખ્યગુણા મિથ્યાદૃષ્ટિ છે. તિર્યંચની સંખ્યા બહુ મોટી છે. જેટલી તિર્યંચની સંખ્યા અસંખ્ય છે, તેનાથી અસંખ્યાતમે ભાગે સમકિતી પાંચમા ગુણસ્થાનવાળા છે. આહાહા...! મચ્છ પાણીમાં રહ્યા છે. પાણી તો સચેતન છે. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનવાળાને ત્રણ પ્રકારના રાગ છે–અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલન. પંચમ ગુણસ્થાનવાળાનો બે (પ્રકારના) રાગ (છે). અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનીનો નાશ થયો છે. પ્રત્યાખ્યાન અને સંજ્વલનનો રાગ છે તો તેને પણ બંધનું કારણ છે. આહાહા..!

'ચારિત્રમોહ સંબંધી રાગથી કિંચિત્ બંધ થાય છે;...' થોડો બંધ થાય છે. મિથ્યાત્વનો બંધ જે અનંત સંસારનું કારણ છે, તે નથી.. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! ઝીણી વાત બહુ. વીતરાગનું તત્ત્વ સમજવા માટે ઘણો પ્રયત્ન જોઈએ. ઘણું વાંચન, શ્રવણ હોય તો એને ખ્યાલમાં આવે, એ વિના આ વસ્તુ (ખ્યાલમાં નહિ આવે). 'રાગથી કિંચિત્ બંધ થાય છે; માટે સર્વથા બંધના અભાવની અપેક્ષામાં...' અહીં તો સર્વથા બંધની અપેક્ષાએ વાત છે ને? મુનિને બંધ થતો જ નથી. મુનિને જેટલો રાગ છે તેટલો બંધ થાય છે પણ તેને અહીં ગણ્યો નથી. છઠ્ઠે ગુણસ્થાને મુનિ છે સમિતિ પાળે છે પણ જેટલો શુભ વિકલ્પ છે (કે) કોઈને દુઃખ ન થાય, તે વિકલ્પ બંધનું કારણ છે. પરંતુ ત્રણ કષાયનો અભાવ છે તો ગણવામાં આવ્યું નથી, એ રાગ ગણવામાં આવ્યો નથી. અને સમકિતી અને શ્રાવકને હજી ત્રણ કષાયનો રાગ અને બે કષાયનો રાગ છે તો સર્વથા બંધના અભાવમાં તેમને ગણવામાં આવ્યા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

સમકિતી છ ખંડના રાજમાં દેખાય. ચોથા ગુણસ્થાને 'ભરત' ચક્રવર્તી. આહા..! સમકિતી આત્મજ્ઞાની અનુભવી સહોદર–એક પેટથી ઉત્પન્ન થયેલા 'બાહુબલી' ઉપર ચક્ર ચલાવ્યું. રાગ છે ને! સમ્યગ્દૃષ્ટિ છે પણ ચારિત્રમોહનો રાગ છે. આહા..! 'રામચંદ્રજી' સમકિતી હતા, અનુભવી હતા, એ ભવે મોક્ષ જનારા પરમ પુરુષોત્તમ પુરુષ હતા, પણ જ્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં હતા (ત્યારે) 'રાવણ' 'સીતાજી'ને લઈ ગયો. ડુંગરાઓને જઈને પૂછે છે, મારી 'સીતા'.. મારી 'સીતા' (ક્યાં)? એ ચારિત્રનો દોષ છે, સમકિતનો નહિ. સમકિતી તો જ્ઞાની છે પણ હજી વીતરાગી દશા પ્રગટ નહોતી થઈ.

મુમુક્ષુ :– ડુંગરાને પૂછે?

ઉત્તર :– હા, ડુંગરાને પૂછે.

મુમુક્ષુ :– એને ખબર નથી કે આ જડ છે?

ઉત્તર :– એને એકદમ રાગ (આવે છે). ચારિત્રનો દોષ છે ને! આહાહા..!

મુમુક્ષુ :– એવું તો અજ્ઞાની પણ ન પૂછે.

ઉત્તર :– એ ચારિત્રનો દોષ છે. આહાહા..! 'વાસુદેવ' જ્યારે ગુજરી જાય છે ત્યારે 'બળદેવ' ખભે ઉપાડે છે. સમકિતી છે. 'બળદેવ' સમકિતી છે, આત્મજ્ઞાની છે, અનુભવી છે, જ્ઞાની છે પણ ચારિત્રદોષનો રાગ છે તો ભાઈના દેહને છ મહિના સુધી ખભે ઉંચકે છે. આહાહા..!

મુમુક્ષુ :– ચારિત્રમોહનો દોષ જીવને ગાંડો બનાવી દે.

ઉત્તર :– એ ગાંડો નથી, એ છે તો જ્ઞાની પણ ચારિત્રમોહની અપેક્ષાએ ગાંડપણ કહેવામાં આવે છે. 'સમાધિ શતક'માં કહ્યું છે ને? 'સમાધિ શતક'માં 'પૂજ્યપાદસ્વામી' મુનિ, મહા મુનિન્દ્ર કહે છે, આહાહા..! આ સમજાવવાનો વિકલ્પ છે તે ઘેલછાઈ છે. રાગ છે. 'સમાધિ શતક'માં કહ્યું છે. રાગ છે. મુનિ કહે છે. જેને અહીં ના પાડી કે (તેમને) બંધનો અભાવ છે. કહે છે, કે અમને હજી સમજાવવાનો વિકલ્પ આવે છે તે વિકલ્પ છે, રાગ છે, દોષ છે. એ પાગલપણું છે, એમ કહે છે. આહાહા..! જુઓ! મુનિરાજ 'પૂજ્યપાદસ્વામી' દિગંબર સંત વનવાસી (જેમને) ત્રણ કષાયનો અભાવ (છે), આનંદનું પ્રચુર વેદન (છે), ... વિકલ્પ આવે છે. આહાહા..! એ એમારું પાગલપણું છે. ચારિત્રદોષની અપેક્ષાએ (વાત છે), દૃષ્ટિની અપેક્ષાએ નહિ.

ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુનો અનુભવ તો થયો પણ સ્થિરતા થઈ નથી. અંદરમાં સ્થિરતા–જામી જવું એ થયું નથી. આહાહા..! ગૃહસ્થાશ્રમમાં છે, સ્ત્રી-કુટુંબ છે, રાજ છે, ચક્રવર્તી (છે), છ ખંડનું રાજ (છે). સગા ભાઈને મારવા ચક્ર ચલાવ્યું પણ એ ચારિત્રનો દોષ છે, સમકિતનો નહિ. એક ગુણનો દોષ બીજા ગુણના દોષમાં લાગે તો સમકિત રહેતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! ચારિત્રનો દોષ સમકિતમાં લાગે તો સમકિત રહેતું નથી, એમ નથી. આહાહા..!

'બાહુબલીજી' સમકિતી હતા. ચક્ર આવ્યું, અરે..! સંસાર. અનુભવી સમકિતી તો હતા. આ સંસાર છોડ. અંતરમાં રાગનો ત્યાગ કરીને સ્થિરતામાં આવી ગયા. સમજાણું કાંઈ? આહાહા..! પછી પણ ધ્યાનમાં થોડો રાગ રહી ગયો કે, અરે..રે..! 'ભરત'ની જમીન ઉપર ઉભો છું. એવો રાગ, ખટક.. ખટક.. ખટક રાગનો વિકલ્પ રહી ગયો. મુનિ છે, ત્રણ કષાયનો અભાવ છે. રાગ ખટક રહી ગઈ. એમાં 'ભરત' આવે છે. ઓ.હો..! 'ભરત'ને તો કાંઈ નથી. (એમ લાગ્યું ત્યાં) રાગની ખટક એકદમ છૂટી ગઈ. અંદર ગયા ને ફટાક.. કેવળજ્ઞાન થઈ ગયું. ઝળહળ જ્યોતિ ચૈતન્ય ભગવાન પરમાનંદની પૂર્ણ દશાની પ્રાપ્તિ થઈ ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? 'ભરત' અને 'બાહુબલી'.

એમ 'રામચંદ્રજી' મુનિપણામાં આનંદમાં રમતા હતા. (ત્યાં) 'સીતાજી' સ્વર્ગમાંથી ચળાવવા માટે આવ્યા. (છતાં) આનંદ.. આનંદ.. આનંદમાં છે. એકદમ સ્થિર થઈને કેવળજ્ઞાન (લીધું). પૂર્ણાનંદનો નાથ જાગૃત થઈ ગયો, 'રામચંદ્રજી'એ પરમાત્મદશા પ્રાપ્ત કરી. આહાહા..!

'સીતાજી' ચળાવવા આવ્યા. હું તમારી સ્ત્રી છું. સ્ત્રીનો વેશ ધારણ કર્યો, છે તો દેવ, ત્યાં તો દેવ છે. આહાહા..! એ રાગના ચાળા એવા છે. એ રાગ દોષ છે, ચાહે તો સમકિતી હો, ચાહે તો સાચા શ્રાવક હો, અરે...! ચાહે તો મુનિ હો. પણ જેટલો રાગ આવે છે તેટલો ચારિત્રનો દોષ છે. સમકિતનો દોષ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

સમ્યગ્દષ્ટિ છન્નુ હજાર સ્ત્રીનો ભોગ લે છે. એ રાગ છે કે વીતરાગ છે? રાગ છે. પણ એ રાગ ચારિત્રનો દોષ છે અને એ કારણે તેને તેટલો બંધ થાય છે પણ સમ્યગ્દર્શનમાં દોષ નથી. એ તો જેવું સિદ્ધનું સમકિત છે એવું સમકિતીનું સમકિત છે. તિર્યંચને પણ સમકિત છે તે સિદ્ધના સમકિત જેવું છે. 'ટોડરમલજી'ની 'રહસ્યપૂર્ણ' ચિઠ્ઠીમાં આવ્યું છે. આહાહા..!

અહીં તો કહે છે, ચોથે ગુણસ્થાને કે પાંચમામાં ચારિત્રમોહ સંબંધી રાગનો બંધ છે. 'માટે સર્વથા બંધના અભાવની અપેક્ષામાં તેમનું નામ ન લીધું.' આહા..! 'બાકી અંતરંગની અપેક્ષાએ...' જુઓ તો સમકિતી રાગથી ભિન્ન પડી ગયા છે અને સમ્યગ્દષ્ટિનો વિષય તો અબંધસ્વરૂપ ભગવાન છે. પૂર્ણાનંદનો નાથ મુક્તસ્વરૂપ બિરાજે છે, મુક્તસ્વરૂપ છે. પરમાત્મા જે આત્મા છે એ તો મુક્તસ્વરૂપ જ છે. આહાહા..! મુક્તસ્વરૂપ છે તો પર્યાયમાં મુક્ત થશે. મુક્તસ્વરૂપ છે. આહાહા..! એવી દૃષ્ટિ જ્યારે થઈ તો એ દૃષ્ટિની અપેક્ષાએ, મુક્તસ્વરૂપની અપેક્ષાએ તેને-સમકિતીને અબંધ કહેવામાં આવ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બહુ સૂક્ષ્મ છે. 'અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ જાણવા.' ચારિત્રનો દોષ છે તેટલો બંધ છે પણ અંતરદૃષ્ટિમાં દૃષ્ટિના વિષયની અપેક્ષાએ જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એમ કહ્યું છે. ભોગ નિર્જરાનો હેતુ છે? ભોગ તો રાગ (છે), દુઃખનું કારણ છે. પરંતુ દૃષ્ટિમાં આનંદનો નાથ અંદર તરવરે છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એ દૃષ્ટિના વિષયમાં ત્યાં દૃષ્ટિ પડી છે તે કારણે તેને રાગ આવ્યો તોપણ તેને અબંધ કહેવામાં આવ્યા છે. આહાહા..! આવી વાતું છે. ભગવાનનો સ્યાદ્‌વાદ માર્ગ (છે). આહાહા..!

એક સમયનો રાગ અંદરમાં-ત્રિકાળી સ્વભાવમાં પેઠો નથી. મિથ્યા માન્યતા અને રાગ સ્વભાવની અંદર પેઠા નથી. અને પર્યાયમાં બિલકુલ છે જ નહિ એમ કહે તો તે પણ ખોટો છે. દરેક ચૈતન્યરત્ન છે તેની એક પર્યાયનો હાંસમાં સંસાર છે તથા જ્ઞાનની પર્યાય સ્વપર-પ્રકાશક સામર્થ્યવાળી છે. તેમાં પરપદાર્થનું પોતાના અભાવનું જ્ઞાન ને સ્વપદાર્થનું પોતાના સદ્‌ભાવનું જ્ઞાન છે. પરના અભાવરૂપ નાસ્તિપણે પરિણમન પોતાના કારણે છે ને સ્વનું અસ્તિત્વરૂપ પરિણમન પોતાના કારણે છે.

(પરમાગમસાર - ૮૬૯)

# શ્લોક-૧૬૪

(पृथ्वी)

न कर्मबहुलं जगन्न चलनात्मकं कर्म वा
न नैककरणानि वा न चिदचिद्वधो बन्धकृत्।
यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः
स एव किल केवलं भवति बन्धहेतुर्नृणाम्।।१६४।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ बन्धकृत् ] કર્મબંધ કરનારું કારણ, [ न कर्मबहुलं जगत् ] નથી બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક, [ न चलनात्मकं कर्म वा ] નથી ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ), [ न नैककरणानि ] નથી અનેક પ્રકારનાં કરણો [ वा न चिद्-अचिद्-वधः ] કે નથી ચેતન-અચેતનનો ઘાત. [ उपयोगभूः रागादिभिः यद्-ऐक्यम् समुपयाति ] 'ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે [ सः एव केवलं ] તે જ એક (-માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ-) [ किल ] ખરેખર [ नृणाम् बन्धहेतुः भवति ] પુરુષોને બંધનું કારણ છે.

ભાવાર્થ :– અહીં નિશ્ચયનયથી એક રાગાદિકને જ બંધનું કારણ કહ્યું છે. ૧૬૪.

## શ્લોક-૧૬૪ ઉપર પ્રવચન

न कर्मबहुलं जगन्न चलनात्मकं कर्म वा
न नैककरणानि वा न चिदचिद्वधो बन्धकृत्।
यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः
स एव किल केवलं भवति बन्धहेतुर्नृणाम्।।१६४।।

શ્લોકાર્થ :– 'કર્મબંધ કરનારું કારણ, નથી બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક,...' બંધનું કારણ એ કર્મનો લોક નથી. લોક ભલે કર્મથી ભર્યો હોય, એમાં આત્માને શું? આહા..!

તે બંધનું કારણ નથી. 'न चलनात्मकं कर्म' કર્મ. મન-વચનની ક્રિયા બંધનું કારણ નથી. 'न नैककरणानि' એટલે અનેક પ્રકારના કરણ એટલે ઇન્દ્રિયો બંધનું કારણ નથી. 'ચેતન-અચેતનનો ઘાત...' બંધનું કારણ નથી. આહાહા..! પરંતુ 'उपयोगभूः' આહાહા..! ભગવાન ઉપયોગસ્વરૂપ ભગવાનની ભૂમિકામાં, ભગવાનઆત્મા ઉપયોગ, તેની તો ત્રિકાળ આનંદકંદ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનઉપયોગ ભૂમિકા છે. એ ઉપયોગભૂમિકામાં પર્યાયમાં રાગનું એકત્વ કરવું... આહાહા..!

'रागादिभिः यद्-ऐक्यम्' 'ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે...' આહાહા..! ચાહે તો એ દયા, દાનનો વિકલ્પ હો પણ રાગની સાથે ઉપયોગમાં એકત્વ કરે છે તે બંધનું કારણ છે. ઝીણી વાત છે, ભાઈ! આહા..! સમજાણું કાંઈ? મૂળ વાતની ખબર ન મળે અને બહારના દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પડિમા કરી લીધા. હજી સમ્યગ્દર્શન કેવું હોય તેની ખબર નથી. આહા..! અરે..રે..! એવો પ્રવાહ ચાલ્યો છે ને!

અહીં પરમાત્મા ત્રણલોકના નાથનો પોકાર છે. એ સંતો આડતિયા થઈને તેમની વાત કરે છે, માલ તો ભગવાનના ઘરનો છે. કહે છે, 'ઉપયોગભૂ.' આહાહા..! દયા પાળે, વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે એ રાગ. આહાહા..! એ રાગને અંતર સ્વરૂપ ભગવાન ઉપયોગસ્વરૂપની ભૂમિકા-પર્યાય, એમાં એકતા કરે છે. આહાહા..!

બીજી દૃષ્ટિએ કહીએ તો તેની દૃષ્ટિ પર્યાય ઉપર છે તો પર્યાયમાં રાગની એકતા કરે છે. આહાહા..! ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો વિકલ્પ હો પણ એ રાગની સાથે પર્યાયમાં એકત્વ કરવું તે જ મિથ્યાત્વભાવ છે. આહાહા..! આવી વાત લોકોને કઠણ પડે. શું થાય? ભાઈ! ભગવંત! તારું સ્વરૂપ જ કોઈ જુદી જાતનું છે. આહાહા..! એ તો આનંદકંદ શુદ્ધ ચૈતન્યપ્રભુ છે. આહા..! એ ચૈતન્યપ્રભુ પવિત્રતાનો પિંડ પ્રભુ, એની પર્યાયની ભૂમિકામાં એ ચાહે તો શુભરાગ દયા, દાનનો હોય પણ (તેની સાથે) એકત્વ કરવું કે, એ મારી ચીજ છે, એ મને લાભદાયક છે, એ મિથ્યાત્વભાવ બંધનું કારણ છે. આહાહા..! 'ભાગચંદજી'! આવી વાત છે, પ્રભુ! આકરું કામ છે, બાપા!

અનંતકાળથી આથડે છે. ચોરાશીના અવતાર, નરકના, નિગોદના, અરે..! સ્વર્ગના (ભવ કર્યા). નરકના ભવ કરતાં સ્વર્ગના ભવ અસંખ્યગુણા અનંતા કર્યા. સમજાણું કાંઈ? થોડામાં થોડા મનુષ્યના ભવ અનંત. અનંતકાળે એકવાર મનુષ્યપણું મળે તોપણ અનંત વાર મળ્યું. અને અનંત ભવ નરકની ગતિ અપેક્ષાએ, મનુષ્યના જે અનંતા (ભવ થયા) એથી અસંખ્યગુણા અનંતા નરકના ભવ કર્યા, ભાઈ! સાતમી નરક, પહેલી નરક બધામાં અનંત ભવ કર્યા. આહાહા..! મનુષ્યની અનંત ભવની સંખ્યા કરતાં નરકના ભવની સંખ્યા અસંખ્યગુણી અનંત (છે). આહાહા..! આ ગયા કાળની .... અને એના કરતાં અસંખ્યગુણા અનંતા સ્વર્ગના ભવ કર્યા. આહાહા..! જ્યારે દયા, દાન, વ્રત, પુણ્ય કર્યું હશે તો ગયો હશે ને? આહાહા..!

શું કહ્યું? પ્રભુ! નરક ગતિના જે અસંખ્યગુણા અનંતા મનુષ્ય ભવ કરતાં (ભવ) કર્યા, એથી અસંખ્યગુણા અનંતા સ્વર્ગના ભવ કર્યા. આહાહા..! આકરું કામ છે. સમજાય છે કાંઈ?

ચાર ગતિમાં અનંત ભવ કર્યા છે ને? પરમાત્મા એની સંખ્યાની .... કરે છે. પરમાત્મા! મનુષ્યના જે અનંતા ભવ કર્યા, અનંત કર્યા, અનંતકાળે એકવાર મળ્યું તોપણ અનંત કર્યા છે, પણ એથી અસંખ્યગુણા અનંતા તો તેં નારકીના ભવ કર્યા છે, પ્રભુ! એ તો પાપના (ફળમાં કર્યા). આહાહા..! પણ એથી અસંખ્યગુણા અનંતા સ્વર્ગના (ભવ) કર્યા. તેં એટલા પુણ્ય કરેલા. આહાહા..! 'સુમેરુમલજી'! 'શાંતિભાઈ'! શું કહ્યું?

નારકીના જે અનંત ભવ કર્યા એ મનુષ્યની સંખ્યા કરતાં અસંખ્યગુણા અનંતા. અનંતા તો બન્ને. મનુષ્યના પણ અનંતા અને નારકીના પણ અનંતા. પણ મનુષ્યના અનંત કરતાં નારકીના અસંખ્યગુણા અનંતા (ભવ કર્યા). હવે ત્રીજી વાત, આ સ્વર્ગના ભવ પણ પ્રભુ તેં નરકના ભવ કરતાં અસંખ્યગુણા અનંતા કર્યા. તો એ પાપ કરીને ત્યાં ગયો હશે? દયા, દાન, વ્રત (કર્યા) પણ મિથ્યાદૃષ્ટિ–દૃષ્ટિ મિથ્યાત્વ (હતી). આહાહા..! સમજાણું કાંઈ? મનુષ્યપણામાં શેઠાઈ કરી, અબજોપતિ અનંતવાર થયો પણ એથી અસંખ્યગુણા અનંતા નારકીના ભવ કર્યા. આહાહા..! એથી અસંખ્યગુણા અનંતા સ્વર્ગના કર્યા. એમ પરમાત્માના સિદ્ધાંતમાં, વીતરાગની વાણીમાં છે. આહાહા..!

એ પરમાત્મા એમ કહે છે, પ્રભુ! તેં સ્વર્ગના ભવ અનંતા કર્યા. એ કંઈ પુણ્ય વિના કર્યા નથી. પણ રાગની એકતાબુદ્ધિ મિથ્યાત્વ ટાળ્યું નહિ માટે તારા એક્કે ભવ છૂટ્યા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અને જે અસંખ્યગુણા અનંતા (ભવ) સ્વર્ગના કર્યા, એથી અનંતગુણા અનંતગુણા નિગોદના ભવ કર્યા. સ્વર્ગના ભવ કરતાં અનંતગુણા અનંતા નિગોદના ભવ (કર્યા). આહા..! નિગોદ સમજ્યા? આ લસણ, ડુંગળી, આ કાય, લીલ-ફૂગ.. લીલ-ફૂગ થાય છે ને? આહાહા..! અસંખ્યગુણા અનંતા એથી અનંતા અનંતા ભવ કર્યા. એ ફક્ત રાગની એકતાબુદ્ધિના મિથ્યાત્વને કારણે (કર્યા). આહા..! બાકી તો દયા, દાન ને વ્રત તો એટલી વાર કર્યા કે નરક કરતાં અસંખ્યગુણા અનંતી વાર કર્યા. આહાહા..! અરે! એને ખબર નથી. નિગોદ પણ પશુ કહેવાય છે ને? તિર્યંચમાં ગણાય છે ને? મિથ્યાદૃષ્ટિ નિગોદમાં જાય. પશુમાં જાય એટલે નિગોદમાં જાય. આહાહા..! અનંતા ભવ કર્યા.

અહીં એ કહે છે, ઉપયોગમાં રાગાદિ સાથે ઐક્યપણાને પામે છે તે 'તે જ એક (–માત્ર...)' તે જ એકમાત્ર. '(–માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ) ખરેખર પુરુષોને બંધનું કારણ છે.' આહાહા..! છે? પ્રભુ! જુઓ! અંદર છે. અંદર ભગવાન છે, ભાઈ! પણ એ ભૂલી ગયો. હેં? આહા..! કેવી વાત છે, જુઓને! આ એક જ બંધનું કારણ છે, બીજું નહિ, બીજું નહિ. પાઠ છે?

'किल' 'सः एव केवलं', 'सः एव केवलं'. છે? આહાહા..! એ રાગનો દયા, દાન,

વ્રતાદિનો વિકલ્પ જે રાગ, એની સાથે આત્માના ઉપયોગનું એકત્વ કર્યું એ એક જ કેવળ બંધનું કારણ છે. આહાહા..! છે? 'सः एव'–'તે જ...'. તે જ એકમાત્ર. એમ કીધું ને? 'તે જ...' એમ કીધું ને? તે જ – 'केवलं'. 'તે જ...' 'केवलं' એટલે એક. એક જ માત્ર રાગની સાથે એકત્વબુદ્ધિ એવું મિથ્યાત્વ બંધનું કારણ છે. ખરેખર બંધનું કારણ એ છે. આહા..! સમજાણું કાંઈ? આ તો હજી બંધ સમજાવે છે. આહાહા..! અરે..! શું થાય? પ્રભુ! એણે અનંતકાળથી એવા દુઃખ (ભોગવ્યા છે). બહાના કાઢીને કાંઈક કરું છું, ધર્મ કરું છું, વ્રત પાળું છું, મેં ભક્તિ કરી, મેં દાન કર્યા, મંદિરો બનાવ્યા, દુનિયાને સમજાવીને મેં ઘણાને ધર્મમાં રાખ્યા. કોણ સમજાવે? સાંભળને, ભાઈ! એ તો વિકલ્પ છે. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! આત્માને અનાદિથી જો કોઈ બંધનું કારણ હોય તો તે ભગવાન પૂર્ણાનંદનો નાથ પવિત્રતાની સાથે પર્યાયમાં રાગની અપવિત્રતાની સાથે એકતા કરવી તે જ સંસાર છે, તે જ બંધ છે. આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્યદૃષ્ટિથી એ મિથ્યાત્વનો નાશ થયો. હું પૂર્ણાનંદનો નાથ છું એમ પર્યાય આત્મામાં ઢળી ગઈ, જે પર્યાય રાગમાં ઢળતી હતી, જે પર્યાય–વર્તમાન દશા રાગમાં એકત્વ કરતી હતી તે પર્યાય ત્યાં રહી, પછીની પર્યાય જે આવી તે પર્યાય દ્રવ્ય ઉપર ઢળી ગઈ. આહાહા..! એ એક સમ્યગ્દર્શન અબંધનું કારણ છે, એ બંધનું કારણ નથી. આહાહા..! પછી રાગ રહે છે, એ તો કહ્યું ને? કિંચિત્ બંધ છે, દોષ છે, દુઃખ છે પણ તેની અહીંયાં ગણતરી ન ગણવી. સમજાણું કાંઈ? સર્વ બંધની અપેક્ષાએ હોવા છતાં પણ વિશેષ ગણવામાં આવ્યું નથી. બાકી તો દસમા ગુણસ્થાન સુધી (બંધ છે).

આત્મજ્ઞાની ચારિત્રવંત ક્ષપકશ્રેણીએ ચડ્યા હોય.. ઓ..હો..હો..! દસમે ગુણસ્થાને લોભ, અંશે રાગ રહે છે તેને છ કર્મ બંધાય છે. એ લોભ રાગ છે. રાગથી ત્યાં છ કર્મ બંધાય છે. દસમા ગુણસ્થાને આત્માની નિસરણી ચડે છે ને? નિસરણીને શું કહે છે? સીડી. એમ અંતર ધ્યાનની શ્રેણીમાં ચડતાં ચડતાં ચડતાં છઠ્ઠે-સાતમે મુનિ છે, અંદર આનંદકંદમાં જ્યાં સ્થિરતા જામી ગઈ, મોક્ષની પર્યાય પ્રગટ કરવા શ્રેણી ધારા ચાલી, જ્યાં દસમે ગુણસ્થાને આવ્યા, આહાહા..! એમને પણ હજી અવ્યક્તપણે લોભનો રાગ છે. લોભ છે એ રાગનો ભાગ છે.

ભાઈ! એણે કહ્યું છે ને? 'લોભાંત' શબ્દ વાપર્યો છે. 'હુકમચંદજી'એ. કેમકે છેલ્લો લોભનો નાશ થાય છે. દ્વેષનો નાશ તો પહેલા થઈ જાય છે. દ્વેષનો નાશ પહેલા થાય છે. સમકિતીને, મુનિને આગળ ચડતાં... પણ રાગ તો દસમા ગુણસ્થાન સુધી (રહે છે). 'લોભાંત' એવો શબ્દ વાપર્યો છે. લોભાંત–લોભનો અંત છેલ્લે. ત્યાં પણ પરમાત્મા તો એમ પોકાર કરે છે, એટલો લોભનો અંશ છે, ધારા ચાલી છે, આનંદની ધારામાં જરી લોભ છે તો છ કર્મ બંધાય છે. પછી આગળ જાતા બારમે ગુણસ્થાને છૂટી જાય છે. વીતરાગ.. વીતરાગ..

વીતરાગ (થઈ ગયા). પહેલા વીતરાગ થાય પછી કેવળજ્ઞાન થાય છે. પહેલા કેવળજ્ઞાન થાય અને પછી વીતરાગ થાય, એમ નથી. આહાહા..! પહેલા વીતરાગ થાય છે. આહા..!

બાળક જન્મે છે ને? બાળક. જન્મે છે તે જોયું છે ક્યારેય? જન્મે છે તો પહેલા નવ મહિના, સવા નવ મહિના પેટમાં રહે છે. જ્યારે બહાર નીકળે છે ત્યારે આંખ બંધ હોય, મોઢું ફાડીને ઉં..વા કરે, પહેલો અવાજ ઇ કરે. 'સુમેરુમલજી'! અહીં તો બધી (ખબર છે). બાળક જન્મે, હજી એની મા દીકરી છે કે દીકરો છે, એ જોયા પહેલા તો ઉં..વા.. કરે. આંખ્યું બંધ રાખે, આંખ્યું ઉઘાડે નહિ. ઉં...વા.. (કરે). એમ પહેલા વીતરાગદશા થાય પછી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? અંતર દશામાં પૂર્ણ વીતરાગતા થઈ, પછી કેવળજ્ઞાન થાય. કેવળજ્ઞાનનો જન્મ થયો. આહાહા..! ધન્ય દશા! તેનું કારણ વીતરાગતા છે. વીતરાગતા સ્વદ્રવ્યના અવંલબને ઉત્પન્ન થાય છે, પરના લક્ષે વીતરાગતા ઉત્પન્ન થતી નથી. અરે..! પ્રભુ! વાત તો ઘણી સૂક્ષ્મ છે, આહાહા..! પરમસત્ય છે, પ્રભુ! આહાહા..! ઓ..હો..!

'ઉપયોગભૂ' શબ્દ વાપર્યો છે, જોયું? પર્યાયભૂમિ એની છે ને? ભગવાન ત્રિકાળી છે પણ એની પર્યાયભૂમિકા (છે). આહાહા..! એમાં શુભ વિકલ્પ હો ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વિકલ્પ સાથે ઉપયોગમાં એકતા કરે છે. આહાહા..! એ જ મિથ્યાત્વભાવ બંધનું કારણ છે. આહાહા..! અને એ વિકલ્પની એકતા તોડીને સ્વભાવની એકતા કરે છે એ સમ્યગ્દર્શન અબંધનું કારણ છે. સમજાણું કાંઈ? થોડો રાગ છે, બંધનું કારણ છે પણ એને ગૌણ કરીને આમ કહ્યું છે. સર્વથા એકાંત માની લે તો એમ નથી. આહાહા..! અરે..! ભાગ્ય વિના સત્ય વસ્તુ કાને પડવી મુશ્કેલ (છે). આહા..! 'ભવિ ભાજન જોગ' આવે છે ને? ભગવાનની વાણી ભવ્યના ભાગ્યને જોરે નીકળે છે. આહા..! પરમસત્યનો પ્રવાહ! આહાહા..! પ્રભુ! આમાં કોઈ અભિમાનની જરૂર નથી. આને તો નિર્માનતાની જરૂર છે. આહાહા..!

અહીં તો શબ્દ એ વાપર્યો છે ને? 'ઉપયોગભૂ' 'उपयोगभूः' સંસ્કૃત છે. એક ઉપયોગભૂ. ભગવાન પૂર્ણાનંદનો નાથ જે ઉપયોગ શુદ્ધ સ્વરૂપ, એની પર્યાયમાં જે જ્ઞાનનો ઉપયોગ છે તેની સાથે રાગની એકતા કરવી, ચાહે તો શુભરાગ દયા, દાન, વ્રતનો હો, પણ એ મને લાભદાયક છે અથવા એનું આત્માની સાથે એકત્વ છે, એવી બુદ્ધિ મિથ્યાત્વ છે, એ મિથ્યાત્વ બંધનું કારણ છે. અરે..રે...! પહેલી ચીજ આ છે તેનો નાશ કરવો નથી અને બહારમાં આ કરો, આ કરો.. બિચારો ભ્રમણામાં ચડી ગયો.

કાલે બપોરે આપણે આવ્યું હતું, કે રાગનો ગ્રહણત્યાગ છે. પરનો ગ્રહણત્યાગ આત્મામાં છે જ નહિ. પોતાની પર્યાયમાં પર તો છે નહિ. પર નથી તો ત્યાગ કરવું એ નથી. આહાહા..! (અત્યારે તો કહે છે), પરનો ત્યાગ એટલો કર્યો, બધો કર્યો માત્ર એક શરીર રહ્યું માટે આકુળતા ઘટી ગઈ. ધૂળેય નથી, સાંભળને! નગ્ન થઈ ગયો, ઘર છૂટી ગયું, અરે..! એકેય

છૂટ્યું નથી સાંભળ તો ખરો! અંદરમાં દયા, દાન, રાગના વિકલ્પની સાથે એકતાબુદ્ધિ છે તો તારું મિથ્યાત્વ છૂટ્યું નથી અને પર છોડ્યું તો પર તો છૂટું જ પડેલું છે. પરને ગ્રહણ ક્યાં કર્યા હતા કે તું છોડ? તેં રાગની એકતાબુદ્ધિ ગ્રહણ કરી હતી તેને છોડ. આહાહા..! આવી વાત છે.

'માત્ર...' ભાષા એમ છે ને? 'केवलं', 'केवलं' એટલે માત્ર. 'एव' એક જ. આહાહા..! પુણ્ય અને પાપની સાથે એકત્વ પ્રાપ્ત કરવું તે જ 'किल', 'किल' નામ નિશ્ચયથી, ખરેખર. 'नृणाम्' 'પુરુષોને..' એટલે આત્માને 'બંધનું કારણ છે.' આહાહા..! બહુ સરસ વાત. એને ગુલાંટ માર. પર્યાય અને રાગની સાથે એકતા કરે એ સંસાર, બંધ, મિથ્યાત્વ છે અને એ પર્યાય સ્વભાવની સાથે એકતા કરે તે સંસારથી રહિત થવાનો મુક્તિનો ઉપાય છે. આહાહા..! આ ક્રિયાકાંડ કોઈ મુક્તિનો ઉપાય નથી.

એ કાલે આવ્યું છે. એકાંત નિયતવાદ છે. પુણ્ય પણ ધર્મ છે. અરે..! પ્રભુ! ક્રમબદ્ધની વ્યાખ્યા આવે છે એ લોકોને આકરી લાગે છે. પણ આ ભાઈ કરશે, હિન્દીમાં આવી ગયું. ક્રમબદ્ધની વ્યાખ્યા. 'મુંબઈ'માં પૂછ્યું હતું ને! બહુ સરસ. બધાને આપ્યા છે, તે દિ' આપ્યા છે. ક્રમબદ્ધપર્યાયની વ્યાખ્યા આવશે.

પ્રત્યેક દ્રવ્યમાં ક્રમસર એક પછી એક પર્યાય થાય છે, આગળપાછળ થતી નથી અને સ્વકાળમાં થાય છે. એવો પાઠ છે. 'પ્રવચનસાર'. જુઓ! ૧૦૨ ગાથા. 'નિજક્ષણ'. નિજક્ષણ. દરેક દ્રવ્યમાં જે પર્યાય ઉત્પન્ન થાય છે એ સ્વકાળથી, પોતાના કાળથી ઉત્પન્ન થાય છે. પરની અપેક્ષા નહિ, દ્રવ્ય-ગુણની નહિ, નિમિત્તની નહિ. આહાહા..! એ ક્રમબદ્ધમાં લોકોને નિયતવાદ લાગે છે. પ્રભુ! એ ક્રમબદ્ધમાં નિયતવાદ છે ખરો, પણ એકલો નિયતવાદ નથી. એ ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય છે તો આત્માનો જ્ઞાયકભાવ અકર્તા છે એ નિર્ણય થઈ જાય છે. ત્યાં અકર્તા સિદ્ધ કરવું છે. એ વાત આવી છે. હમણાં 'મુંબઈ'માં કરી હતી. રાત્રે ચર્ચા (કરી હતી). એમાં 'સમયસાર'માં પાઠ છે. આ ક્રમબદ્ધ તો પછી કહ્યું, પણ અકર્તાપણું સિદ્ધ કરવું છે, એવો સંસ્કૃત પાઠ છે.

અકર્તાનો અર્થ પરનો તો કર્તા નથી, રાગનો તો કર્તા નથી, ખરેખર તો નિશ્ચયથી દ્રવ્ય પર્યાયનું પણ કર્તા નથી. અરે..! આવી વાતું છે. ઝીણી વાત, ભાઈ! વીતરાગમાર્ગ ગહન છે. કાલે 'જૈનદર્શન' આવ્યું છે. નિયતવાદ સામે લખો, ત્યાંનું નિયત છે. અહીંનું નામ નથી લખ્યું નથી પણ કહેવાનો અર્થ એ છે. અરે..! ભગવાન! એ વાત અમારે તો (સંવત) ૧૯૭૨ની સાલથી ચાલે છે. સમજાણું? ૭૨.. ૭૨.. કેટલા વર્ષ થયા? હેં? ૬૩ વર્ષ થયા. ૬૩ વર્ષ પહેલા એ વાત ચાલતી હતી.

સંપ્રદાયમાં અમારે એક ગુરુભાઈ હતા. ઇ કહે, કેવળજ્ઞાનીએ દીઠું ત્યારે કલ્યાણ થશે, આપણે શું કરવાનું? એમ કહેતા હતા. વારંવાર કહે. બે વર્ષ તો સાંભળ્યું. (સંવત) ૧૯૭૦માં

દીક્ષા (લીધેલી). ૧૯૭૨માં પ્રશ્ન થયો. આ શું કહો છો? કેવળજ્ઞાનીએ દીઠું એમ થશે, આપણે શું કરવું? કીધું, કેવળજ્ઞાન જગતમાં છે એવો નિર્ણય છે તમને? કેવળજ્ઞાન છે, સર્વજ્ઞ છે, જગતમાં સર્વજ્ઞ છે એવી પ્રતીત છે પહેલી? પછી સર્વજ્ઞે જોયું તેમ થશે. તો સર્વજ્ઞ જગતમાં છે, જ્ઞાનની એક પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક જાણવાની તાકાતવાળી પર્યાય જગતમાં છે, એવો નિર્ણય જ્યારે તમે કરવા જાઓ છો તો એ નિર્ણય પર્યાયના લક્ષે થતો નથી, પરના લક્ષે થતો નથી, પર્યાયના લક્ષે થતો નથી. એટલી બધી વાત નહોતી કીધી પણ (એમ કહેલું કે), એનું લક્ષ જ્ઞાનમાં ઘૂસી જાય ત્યારે સર્વજ્ઞની પર્યાયનો નિર્ણય થઈ જાય છે, એમ કહ્યું હતું. આ તો ૬૩ વર્ષ પહેલા (કહેલું). આહા..! નિયતમાં આ છે.

સર્વજ્ઞે જોયું છે એમ થશે, એની કોણ ના પાડે છે? પણ સર્વજ્ઞ છે, કેવળજ્ઞાની છે, એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણનાર છે એવી પ્રતીત આવી છે? અને એ પ્રતીત ક્યારે આવે? પર્યાયના લક્ષે આવશે? આખો જ્ઞાનમૂર્તિ ભગવાન અંદર સર્વજ્ઞસ્વભાવી (છે). ત્યારે તે વખતે તો જ્ઞાન કહેલું, પણ આ સર્વજ્ઞસ્વભાવી ભગવાન અંદર છે તેની ઉપર દૃષ્ટિ જાય ત્યારે ભગવાને દીઠું એમ થશે એનો સાચો નિર્ણય થાય છે. આહાહા..! આ તો ૨૫ વર્ષની ઉંમરે (કહેલું), અત્યારે તો ૯૧ ચાલે છે. સંસ્કાર હતા ને! ૮૦ ગાથાનો ભાવ અંદરથી આવ્યો. 'પ્રવચનસાર'માં છે ને? 'जो जाणदि अरहंतं'. અરિહંતને જે જાણે એ આત્માને જાણે. અરિહંતના કેવળજ્ઞાનને વાસ્તવિક જાણે તે આત્મા સાથે મેળવે કે મારી પર્યાયમાં કેમ અરિહંતપણું નથી? શું છે? પર્યાય ક્યાંથી ઉત્પન્ન થાય છે? દ્રવ્યમાંથી. દ્રવ્ય શું છે? પૂર્ણાનંદનો નાથ દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતાં ક્રમબદ્ધનો અને કેવળજ્ઞાનનો નિર્ણય ત્યારે થાય છે. એ પુરુષાર્થ છે. આહા..! 'ભાગચંદજી'! થોડું સમજાય છે? ઝીણી વાત છે, ભગવાન! આહાહા..!

'ગજસુકુમાર' ભગવાન પાસે ગયા, 'ગજસુકુમાર' 'શ્રીકૃષ્ણ'ના ખોળામાં હાથીના હોદ્દે (બેસીને ગયા). આવું કહેતા હશે? મેં દીઠું ત્યારે થશે, તારાથી કંઈ નહિ થાય, એમ ભગવાને કીધું હશે? ભગવાને તો આવો ઉપદેશ આપ્યો કે, 'ગજસુકુમાર' એકદમ જાગી ગયા. પ્રભુ! આપની આજ્ઞાએ હું આજે મુનિપણું લઉં છું. 'શ્રીકૃષ્ણ'ના ભાઈ 'ગજસુકુમાર'. હાથીના તાળવા જેવું કોમળ શરીર. પ્રભુ! હું તો મુનિપણું લેવા માંગુ છું. આહાહા..! માતા પાસે જાય છે અને કહે છે, માતા! મને રજા દે, મા! માતા રોવા મંડી. જનેતા! એકવાર રોવું હોય તો રોઈ લે, ફરી માતા–જનેતા નહિ કરું, ફરી અવતાર નહિ લઉં. આહાહા..! ભગવાન પાસે આવે છે, મહારાજ! મુનિપણું (આપો). મુનિપણું લીધું. પછી કહે, મહારાજ! આપની આજ્ઞા હોય તો 'દ્વારકા'ની મહાસ્મશાનમાં ધ્યાનમાં બેસું. 'દ્વારકા'ના મહાસ્મશાનમાં! આહાહા..! બારમી પડિમા કહેવાય, સાધુની બારમી પડિમા. બારમી પડિમા લઈને બેઠા. ત્યાં એનો સાસરો આવ્યો. પાળ બાંધી. અંદરમાં ઉતરી ગયા, કેવળજ્ઞાન! આહાહા..! અંદર ભર્યું છે ને! આવી

વાત અને (તમે કહો), કેવળજ્ઞાનીએ દીઠું હશે એમ થશે, આપણે શું પુરુષાર્થ કરીએ? આવી વાતું તમે કરો છો? એક દિવસ તો સંપ્રદાય છોડી દીધો, સંપ્રદાય છોડી દીધો, આ ગુરુ ન જોઈએ, આ વાણી ન જોઈએ. પછી તો બધા શેઠિયા આવ્યા ને..

અહીં કહે છે, કે ઉપયોગમાં રાગની એકતા કરવી તે જ મિથ્યાત્વ બંધનું કારણ છે અને સ્વભાવની એકતા કરવી તે સમકિત અને અબંધનું કારણ છે. વિશેષ કહેશે..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

દ્રવ્યલિંગી વિષયસેવન છોડી તપશ્ચરણાદિ કરે છે તોપણ તે અસંયમી છે. સિદ્ધાંતમાં અસંયત એટલે અવિરતિ સમ્યગ્દષ્ટિ અને દેશસંયત એટલે પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવક કરતાં દ્રવ્યલિંગી મુનિને હલકો કહ્યો છે. કેમ કે એને પહેલું ગુણસ્થાન છે. દ્રવ્યલિંગી દિગંબર સાધુ નવકોટિએ બ્રહ્મચર્ય પાળે, મંદકષાય કરે પણ આત્માનું ભાન નથી તેથી તેને ચોથા પાંચમા ગુણસ્થાનવાળા જ્ઞાની કરતાં હીન કહ્યો છે.

પ્રશ્ન :- અસંયત-દેશસંયત સમ્યગ્દષ્ટિને કષાયોની પ્રવૃત્તિ હોય છે. જ્ઞાનીને રાજપાટ હોય, લડાઈમાં કદાચ ઊભો હોય, એવી કષાયની પ્રવૃત્તિ હોય છે અને દ્રવ્યલિંગીને એવી કષાયની પ્રવૃત્તિ દેખાતી નથી. દ્રવ્યલિંગી મુનિ ગ્રૈવેયક સુધી જાય છે. અને ચોથા-પાંચમાવાળો જ્ઞાની સોળમા સ્વર્ગ સુધી જાય છે માટે તેનાથી દ્રવ્યલિંગીને હીન કેમ કહ્યો ? દ્રવ્યલિંગીને ભાવલિંગથી હલકો કહો પણ ચોથા ગુણસ્થાનવાળા કરતાં હીન શા માટે કહો છો ?

સમાધાન :- અસંયત-દેશસંયત સમ્યગ્દષ્ટિને કષાયોની પ્રવૃત્તિ તો છે. પરંતુ શ્રદ્ધામાં તેને કોઈ પણ કષાય કરવાનો અભિપ્રાય નથી. પર્યાયમાં કષાય થાય છે. અને તે હેય માને છે. દ્રવ્યલિંગીને તો શુભકષાય કરવાનો અભિપ્રાય હોય છે. અને શ્રદ્ધાનમાં એને ભલો પણ જાણે છે. જ્ઞાનીનાં અને અજ્ઞાનીનાં અભિપ્રાયમાં મોટો ફેર છે. અજ્ઞાની મંદકષાયને ઉપાદેય માને છે, તેને એક પણ ભવનો નાશ થતો નથી. સમ્યગ્દષ્ટિ કષાયને હેય માને છે. તેથી તેણે અનંત ભવોનો નાશ કર્યો છે. માટે અભિપ્રાયની અપેક્ષાએ ચોથા તથા પાંચમા ગુણસ્થાનવાળા જ્ઞાની કરતાં દ્રવ્યલિંગીને હલકો કહ્યો છે. દ્રવ્યલિંગીને વૈરાગ્ય પણ ઘણો હોય છે. પણ અભ્યંતરમાં દૃષ્ટિ કષાય ઉપર છે. અકષાય સ્વભાવની દૃષ્ટિ તેને નથી તેથી તે મંદ કષાયરૂપ પરિણામને ઉપાદેય માને છે. જ્ઞાની અને અજ્ઞાનીના અભિપ્રાયમાં ઉગમણો આથમણો (પૂર્વ-પશ્ચિમ) ફેર છે. માટે જ્ઞાની કરતાં દ્રવ્યલિંગી મુનિને કષાય ઘણો છે - એમ કહેલ છે.

(પરમાગમસાર - ૮૯૫)

# ગાથા–૨૪૨ થી ૨૪૬

जह पुण सो चेव णरो णेहे सव्वम्हि अवणिदे संते।
रेणुबहुलम्मि ठाणे करेदि सत्थेहिं वायामं।।२४२।।
छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ।
सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवधादं।।२४३।।
उवधादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।
णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो ण रयबंधो।।२४४।।
जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।।२४५।।
एवं सम्मादिट्ठी वट्टंतो बहुविहेसु जोगेसु।
अकरंतो उवओगे रागादी ण लिप्पदि रएण।।२४६।।

यथा पुनः स चैव नरः स्नेहे सर्वस्मिन्नपनीते सति।
रेणुबहुले स्थाने करोति शस्त्रैर्व्यायामम्।।२४२।।
छिनत्ति भिनत्ति च तथा तालीतलकदलीवंशपिण्डीः।
सचित्ताचित्तानां करोति द्रव्याणामुपघातम्।।२४३।।
उपघातं कुर्वतस्तस्य नानाविधैः करणैः।
निश्यतश्चिन्त्यतां खलु किम्प्रत्ययिको न रजोबन्धः।।२४४।।
यः स तु स्नेहभावस्तस्मिन्नरे तेन तस्य रजोबन्धः।
निश्चयतो विज्ञेयं न कायचेष्टाभिः शेषाभिः।।२४५।।
एवं सम्यग्दृष्टिर्वर्तमानो बहुविधेषु योगेषु।
अकुर्वन्नुपयोगे रागादीन् न लिप्यते रजसा।।२४६।।

---

यथा स एव पुरुषः, स्नेहे सर्वस्मिन्नपनीते सति, तस्यामेव स्वभावत एव रजोबहुलाया भूमौ तदेव शस्त्रव्यायामकर्म कुर्वाणः, तैरेवानेकप्रकारकरणैस्तान्येव सचित्ताचित्तवस्तूनि निघ्नन्, रजसा न बध्यते, स्नेहाभ्यङ्गस्य बन्धहेतोरभावात्ः

तथा सम्यग्दृष्टिः, आत्मनि रागादीनकुर्वाणः सन्, तस्मिन्नेव स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुले लोके तदेव कायवाङ्मनःकर्म कुर्वाणः, तैरेवानेकप्रकारकरणैस्तान्येव सचित्ताचित्तवस्तूनि निघ्नन्, कर्मरजसा न बध्यते, रागयोगस्य बन्धहेतोरभावात्।

---

સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી, ઉપયોગનો અને રાગાદિકનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી થતો નથી, તેથી તેને પૂર્વોક્ત ચેષ્ટાથી બંધ થતો નથી - એમ હવે કહે છે :–

જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂરે કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.
વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને,
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે; ૨૪૩.
બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે ? ૨૪૪.
એમ જાણવું નિશ્ચય થકી - ચીકણાઈ જે તે નર વિષે,
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.
યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દૃષ્ટિ જે,
રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.

ગાથાર્થ :– [ यथा पुनः ] વળી જેવી રીતે - [ सः च एव नरः ] તે જ પુરુષ, [ सर्वस्मिन् स्नेहे ] સમસ્ત તેલ આધિ સ્નિગ્ધ [ अपनीते सति ] દૂર કરવામાં આવતાં, [ रेणबहुले ] બહુ રજવાળી [ स्थाने ] જગ્યામાં [ शस्त्रैः ] શસ્ત્રો વડે [ व्यायामम् करोति ] વ્યાયામ કરે છે, [ तथा ] અને [ तालीतलकदलीवंशपिण्डीः ] તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને [ छिनत्ति ] છેદે છે, [ भिनत्ति च ] ભેદે છે, [ सचित्ताचित्तानां ] સચિત્ત તથા અચિત્ત [ द्रव्याणाम् ] દ્રવ્યોનો [ उपघातम् ] ઉપઘાત [ करोति ] કરે છે; [ नानाविधैः करणैः ] એ રીતે નાના પ્રકારનાં કરણો વડે [ उपघातं कुर्वतः ] ઉપઘાત કરતા [ तस्य ] તે પુરુષને [ रजोबन्धः ] રજનો બંધ [ खलु ] ખરેખર [ किम्प्रत्ययिकः ] ક્યા કારણે [ न ] નથી થતો [ निश्चयतः ] તે નિશ્ચયથી [ चिन्त्यताम् ] વિચારો. [ तस्मिन् नरे ] તે પુરુષમાં [ यः सः स्नेहभावः तु ] જે તેલ આદિનો ચીકાશભાવ હોય [ तेन ] તેનાથી [ तस्य ] તેને [ रजोबन्धः ] રજનો બંધ થાય છે [ निश्चयतः विज्ञेयं ] એમ નિશ્ચયથી જાણવું, [ शेषाभिः कायचेष्टाभिः ] શેષ કાયાની ચેષ્ટાઓથી [ न ] નથી થતો. (માટે તે

પુરુષમાં ચીકાશના અભાવના કારણે જ તેને રજ ચોંટતી નથી.) [ एवं ] એવી રીતે [ बहुविधेसु योगेषु ] બહુ પ્રકારના યોગોમાં [ वर्तमानः ] વર્તતો [ सम्यग्दृष्टिः ] સમ્યદ્દષ્ટિ [ उपयोगे ] ઉપયોગમાં [ रागादीन् अकुर्वन् ] રાગાદિકને નહિ કરતો થકો [ रजसा ] કર્મરજથી [ न लिप्यते ] લેપાતો નથી.

ટીકા :– જેવી રીતે તે જ પુરુષ, સમસ્ત સ્નેહને (અર્થાત્ સર્વ ચીકાશને - તેલ આદિને) દૂર કરવામાં આવતાં, તે જ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી ભૂમિમાં (અર્થાત્ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી તે જ ભૂમિમાં) તે જ શસ્ત્રવ્યાયામરૂપી કર્મ (ક્રિયા) કરતો, તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, રજથી બંધાતો -લેપાતો નથી, કારણ કે તેને રજબંધનું કારણ જે તેલ આદિનું મર્દન તેનો અભાવ છે; તેવી રીતે સમ્યગ્દષ્ટિ, પોતામાં રાગાદિકને નહિ કરતો થકો, તે જ સ્વભાવથી જ બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલા લોકમાં તે જ કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો, તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાતો નથી, કારણ કે તેને બંધનું કારણ જે રાગનો યોગ (-રાગમાં જોડાણ) તેનો અભાવ છે.

ભાવાર્થ :– સમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત સર્વ સંબંધો હોવા છતાં પણ રાગના સંબંધનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી. આના સમર્થનમાં પૂર્વે કહેવાઈ ગયું છે.

## પ્રવચન નં. ૩૧૬ ગાથા–૨૪૨ થી ૨૪૬ તથા શ્લોક ૧૬૪/૧૬૫

ગુરુવાર, ભાદરવા વદ ૧૪, તા. ૨૦-૦૯-૧૯૭૯

(આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે)

'સમયસાર' પહેલી પાંચ ગાથા પૂરી થઈ ગઈ. આ વાત છે ને? છેલ્લું આવી ગયું ને? એક લીટી છે. ભાવાર્થ :– 'અહીં નિશ્ચયનયથી એક રાગાદિકને જ બંધનું કારણ કહ્યું છે.' શું કહ્યું? ભગવાનઆત્મા આનંદ, જ્ઞાનસ્વરૂપ (છે), એમાં પુણ્ય અને પાપના ભાવ જે રાગ છે એ રાગને પોતામાં કરવો એ એક જ બંધનું કારણ છે. સંસારનું મૂળિયું એ છે, કોઈ બાહ્ય ચીજ બંધનું કારણ નથી. એ બધું આવ્યું ને?

અંતર આત્મા શુદ્ધ સ્વરૂપી પ્રભુ અને એનો ઉપયોગ શુદ્ધ હોવો જોઈએ. એ શુદ્ધઉપયોગને બદલે શુભ અને અશુભ રાગ, એની એકતાબુદ્ધિ એ મિથ્યાત્વભાવ (છે), એ સંસારમાં પરિભ્રમણનું કારણ છે. આહા..! આવી વાત છે. એ નિશ્ચયનયથી એકમાત્ર, એક જ કહ્યું ને? આહા..! ભગવાન વીતરાગસ્વરૂપ આત્મા, અનાકુળ આનંદસ્વરૂપમાં રાગ આકુળતા અને દુઃખસ્વરૂપ (છે), એ રાગને આત્માની પર્યાયમાં (એકત્વ કરવો), દ્રવ્યમાં તો ક્યારેય એકત્વ થતું નથી, પર્યાયમાં ઉપયોગભૂમિકામાં.. આહા..! ચાહે તો એ દયા, દાન, વ્રતના પરિણામ

હો, પણ એ પરિણામને પોતાના પરિણામ ઉપયોગમાં એકત્વ કરવું.. ઝીણી વાત છે, પ્રભુ! એ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ અનંત સંસાર(નું કારણ છે), મિથ્યાત્વના ગર્ભમાં અનંત સંસાર, નરક અને નિગોદના ભવ પડ્યા છે.

હવે એથી સુલટું (કહે છે), 'સમ્યગ્દષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી,...' આહા..! ધર્મી–સમ્યગ્દષ્ટિ (કે જેને) ધર્મની પહેલી સીડી, પહેલી શરૂઆત (થઈ છે) તે પોતાના આનંદસ્વરૂપ ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ, તેના ઉપયોગ નામ પરિણામમાં, એ દયા, દાન, વ્રતાદિના પરિણામ કે અશુભ રાગાદિભાવને પોતાના નથી કરતો. રાગની એકતા તોડીને સ્વભાવની એકતા કરે છે તે સમ્યગ્દષ્ટિ છે. ઝીણી વાત છે, પ્રભુ! અત્યારે જગતને બહુ મુશ્કેલી પડી ગઈ. આહાહા..! આ દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને તપ કરો, એ તો રાગ છે.

અહીં તો કહે છે, કે પોતાના પરિણામમાં; દ્રવ્યમાં તો નહિ, દ્રવ્યમાં તો કંઈ રાગની એકતા થતી નથી, આહાહા..! એ ઉપયોગસ્વરૂપ ત્રિકાળ ભગવાન છે, શુદ્ધ આનંદ, જ્ઞાન, દર્શનનો પિંડ પ્રભુ, તેની પર્યાયમાં રાગનો, પુણ્યનો, પાપનો વિકાર (થાય છે) તેને પોતાનો કરવો એ જ મિથ્યાત્વભાવ નિશ્ચયથી સંસારનું કારણ છે. સમ્યગ્દષ્ટિ તેનાથી ઊલટો છે. આહાહા..!

'સમ્યગ્દષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી,...' શું કહે છે? ત્રિકાળી દ્રવ્યમાં તો રાગાદિ કોઈ કરી શકે જ નહિ. ત્રિકાળી જે દ્રવ્ય વસ્તુ છે એ તો ત્રિકાળી નિરાવરણ મુક્ત સ્વરૂપ છે. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, અનાકુળ શાંતરસનો કંદ દ્રવ્ય, એને તો આવરણ પણ નથી, તેમાં પર્યાય પણ નથી. આહાહા..! પણ તેની જે પર્યાય–વર્તમાન પરિણમન–પર્યાય છે, જાણવા-દેખવાના ઉપયોગની પર્યાય છે.. સૂક્ષ્મ વાત છે, પ્રભુ! તેમાં તે પુણ્ય-પાપના રાગના ભાવને પોતાના ઉપયોગમાં એકત્વ કરવો અને સ્વભાવને છોડી દેવો તે મિથ્યાત્વ છે. સમ્યગ્દષ્ટિ પોતાના ઉપયોગમાં રાગને પોતાનો કરતો નથી. આહાહા..! આવી વાત છે.

ચારિત્રધર્મ પ્રગટ થયા પહેલા સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોતું નથી. સમ્યગ્દષ્ટિ જીવ પ્રથમ જ પોતાના ઉપયોગમાં રાગાદિ, 'રાગાદિ' શબ્દે દયા, દાન, વ્રત આ રાગ કામ, ક્રોધના ભાવ, રાગ-દ્વેષના પરિણામ.. આહાહા..! પોતામાં કરતો નથી. સમ્યગ્દષ્ટિ–સમ્યક્ સત્યદષ્ટિ પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ જેને થઈ છે, એ પોતાના પરિણામમાં–ઉપયોગમાં પુણ્ય-પાપના રાગને એકત્વ કરતો નથી. આહાહા..! આવી વાત છે. છે?

'સમ્યગ્દષ્ટિ ઉપયોગમાં...' ઉપયોગમાં (કહ્યું છે). દ્રવ્યમાં નહિ, ભાઈ! પંડિતજી! દ્રવ્યમાં નહિ, દ્રવ્ય તો દ્રવ્ય છે. આહા..! દ્રવ્ય તો ત્રિકાળી આનંદકંદ પ્રભુ શુદ્ધ ધ્રુવ છે. ધ્રુવમાં એકત્વ કરવું, નહિ કરવું એ કંઈ છે નહિ. તેનો ઉપયોગ જે જાણવા-દેખવાના પરિણામ ઉપયોગ છે તેમાં રાગ ને દ્વેષના પરિણામને એકત્વ કરતો નથી. એકત્વ કરે છે તે મિથ્યાદષ્ટિ

છે અને એકત્વ નથી કરતો તે સમ્યગ્દષ્ટિ છે. આહાહા..! આવો માર્ગ (છે), પ્રભુ!

'સમ્યગ્દષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી,...' એમ છે ને? ભાઈ! આહાહા..! શું સંતોની શૈલી! દ્રવ્યમાં તો કદી રાગાદિ થતા નથી. દ્રવ્ય તો ત્રિકાળી નિરાવરણ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, પરમ સ્વભાવભાવ આહાહા..! જ્ઞાયકભાવ તો ત્રિકાળ નિરાવરણ છે, પણ તેનો ઉપયોગ–વર્તમાન પરિણામ જે જાણવા-દેખવાના છે, એ ઉપયોગમાં જ્યારે રાગની દષ્ટિ–પર્યાયદષ્ટિ હતી ત્યારે તો રાગને પોતાનો કરતો હતો, પણ પર્યાયદષ્ટિ છૂટીને જ્યારે સ્વભાવદષ્ટિ થઈ તો રાગને પોતાના પરિણામમાં એકત્વ કરતો નથી. 'ભાગચંદજી'! આવી વાતું છે, પ્રભુ! આહાહા..!

એ પહેલા એક આવતા હતા ભણતાને અમે જ્યારે ત્યારે, આ તો પોણોસો વર્ષ પહેલાની વાત છે. નિશાળમાં 'દલપતરામ'ની કવિતા આવતી. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી..' ઇ તો ઈશ્વરને કહેતા હતા, પણ અહીં તો આપણે આ (અધ્યાત્મમાં લઈએ છીએ). 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજ રો મુજ રોગ લે હરિ.' પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ, પ્રભુતા તારી કેવી પ્રભુતા? કે, હું આત્મા ભગવાનસ્વરૂપ છું એવી દષ્ટિ જ્યારે થાય છે તો પ્રભુતાની પર્યાયમાં રાગની એકતા થતી નથી. હેં? પર્યાયની વાત છે, દ્રવ્યમાં તો ક્યાં (રાગનું એકત્વ થાય છે)? ઝીણી વાત છે, પ્રભુ! માર્ગ તો બહુ સૂક્ષ્મ અલૌકિક છે.

અરે..! અનંત અનંત કાળ વીત્યો, અનંતવાર મનુષ્યપણું મળ્યું, અનંતવાર સ્વર્ગમાં ગયો, અનંતવાર દિગંબર જૈન સાધુ થયો. હેં? નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. આ પુરુષને આકારે લોક–ચૌદ બ્રહ્માંડ છે. આ ચૌદ રાજુલોક અસંખ્ય યોજનમાં પુરુષના આકારે (છે). એમાં ગ્રીવા છે, ગ્રીવા. ગૈવેયક નવ પાસડા છે. ગ્રૈવેયક–ગ્રીવાના સ્થાને ગ્રૈવેયક દેવ છે. ત્યાં ૩૧ સાગરની સ્થિતિ (છે). એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ, એવા ૩૧ સાગરે અનંતવાર ગયો. દિગંબર મુનિ નગ્ન થઈને પંચ મહાવ્રત પાળીને અનંતવાર (ત્યાં ગયો), પણ એ તો રાગની ક્રિયા હતી. આહાહા..! 'કાંતિભાઈ'!

આ લોકો બાહ્ય ત્યાગમાં ચાલ્યા ગયા છે ને? પ્રભુ! એ વસ્તુ નથી, ભાઈ! બાહ્યનો ત્યાગગ્રહણ આત્મામાં છે જ નહિ. એ તો આવી ગયું ને? પહેલા, બપોરે આવી ગયું. રાગનો ગ્રહણત્યાગ આત્મામાં છે. પરના ગ્રહણત્યાગ આત્મામાં નથી. પરને શું ગ્રહે? પરદ્રવ્ય તો ભિન્ન છે. કર્મને શું ગ્રહે અને છોડે? શરીરને શું ગ્રહે અને છોડે? પહેલા, પૈસાને શું ગ્રહે અને છોડે? સ્ત્રી, કુટુંબને શું ગ્રહે અને છોડે? એ તો ગ્રહણત્યાગ વિનાની ચીજ છે. આહાહા..! તેણે ફક્ત એ કર્યું કે, પોતાનું શુદ્ધ સ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ ભગવંત, સચ્ચિદાનંદ પરમાત્મસ્વરૂપ, એની પર્યાયમાં જે તેના સ્વભાવમાં નથી, તેના શક્તિ–ગુણમાં નથી એવી પર્યાયમાં રાગની એકતા કરવી તે જ સંસાર છે અને તે રાગની એકતા ન કરવી તે સમ્યગ્દર્શન

છે. આહાહા..! સમજાણું કાંઈ?

એનો અર્થ શું થયો? કે, જે જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, દૃષ્ટિએ તેનો આશ્રય લીધો ત્યારે સમ્યગ્દર્શન થયું ત્યારે રાગની એકતા તૂટી ગઈ. ભગવાનઆત્મા વીતરાગ પૂર્ણાનંદ પ્રભુની એકતા થઈ તો રાગની એકતા તૂટી ગઈ, પર્યાયની વાત છે, હોં! વસ્તુ તો વસ્તુ ત્રિકાળ છે. પણ પર્યાયમાં જ્યારે રાગની એકતા હતી, ત્યારે સંસાર-મિથ્યાત્વ હતો અને પર્યાયમાં રાગની એકતા તૂટીને સ્વભાવની એકતા થઈ પર્યાયમાં. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, પ્રભુ! ભાષા એવી કોઈ સંસ્કૃત ને વ્યાકરણ ને એવી નથી. 'સુમેરુમલજી'! પ્રભુ! તારી વાત તો સીધી છે.

કહે છે, કે 'સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં...' ઉપયોગમાં, હોં! એના પરિણામમાં રાગાદિ કરતો નથી. એ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હો પણ રાગને પોતાની પર્યાયમાં એકત્વ કરતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- આમાં તો પરિણામ નથી કરતો એમ લખ્યું છે, એકત્વ નથી કરતો એમ ક્યાં લખ્યું છે?

ઉત્તર :- હા, કીધું ને? રાગાદિ કરતો નથી. ઉપયોગનો અને રાગાદિનો ભેદ કરે છે. પોતાનું જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્યનો ઉપયોગ અને રાગને પોતાના પરિણામમાં ભિન્ન કરે છે. દ્રવ્ય તો ધ્રુવ છે, એ તો નિત્ય છે, કૂટસ્થ છે. સમજાણું કાંઈ? ભાઈ! ઝીણી વાત છે. લખ્યું છે ને? એના સ્વાધ્યાયમાં તો પહેલા વાંચન, પૃચ્છન, પર્યટન કરે. ધર્મકથા તો છેલ્લી આવે. ઉપદેશ તો છેલ્લો આવે છે. પહેલા વાંચન કરવું, વાંચન પછી પૂછવું. વાંચન કર્યા વિના પૂછે તો શું (પૂછે)? સમજ્યો ન હોય. સમજાણું કાંઈ? એમાં લખ્યું છે.

મેં તો એક ફેરી કહ્યું હતું. અમારા માસ્તર હતા, પોણોસો વર્ષ પહેલા એક 'નરોત્તમ' કરીને માસ્તર હતા. બૈરાં નહોતા. પછી એ રાંધતા હોય ને.. દસ વાગે રાંધે. ત્યારે છોકરાઓમાંથી ડાહ્યા સારા મગજવાળા હોય એને બોલાવે, બે-ચાર છોકરાઓને (બોલાવે) અને એમ કહે, તમે આ પાઠ વાંચીને આવજો. વાંચીને પછી તમે શું સમજ્યા અને હું એનો અર્થ શું કરું છું એ તમને આંતરો પડશે. એ તો સંસારની વાત છે. આ ભણવાના પાઠ(ની વાત છે).

અહીં એમ કહે છે, પહેલું થોડું શાસ્ત્રનું વાંચન હોય પછી એ વાંચનમાંથી પ્રશ્ન કરે તો તો એનો પ્રશ્ન યથાર્થ કહેવાય. સમજાણું કાંઈ? અને પ્રશ્ન પછી વાંચન, પૃચ્છન, પર્યટન. એને વારંવાર યાદ રાખવું, એનો મર્મ (યાદ રાખવો), પછી ધર્મકથા તો છેલ્લી (આવે). અનુક્રિયા, વિચારણા. અનુક્રિયા વિચાર કરવો. પછી ધર્મકથા. આ તો ધર્મકથા સમજ્યા વિના ઉપદેશ દેવા લાગે. અરે..! ભગવાન! સ્વાધ્યાયનો ક્રમ છે તેને પણ તું સમજતો નથી. સમજાણું કાંઈ? કોઈપણ માણસ ગમે તે ઉપદેશ દેવા લાગે.

અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. અમારા ઉપદેશમાં આ વાત આવી, એમ 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે. ભગવાનઆત્મા સમ્યગ્દષ્ટિ જે છે, સત્યદષ્ટિ, સમ્યક્ નામ સત્ય, સત્ય નામ પૂર્ણ સત્યસ્વરૂપ ભગવાન, સત્ય સચ્ચિદાનંદ પ્રભુ, સત્ જ્ઞાન અને આનંદાદિ સ્વભાવનો પૂર્ણ સત્ સત્ય, સત્નું સત્ત્વ સત્ય, એવી જેને અંતરદષ્ટિ થઈ... આહાહા..! પૂર્ણાનંદના નાથનો જેણે સ્વીકાર કર્યો તેણે રાગની એકતા તોડી નાખી. અહીં મૈત્રી કરી તો અહીંથી તોડી નાખ્યું, અહીં જોડી તો અહીંથી તોડી નાખી. સમજાણું કાંઈ ? પુણ્ય અને દયા, દાનના રાગની એકતા તોડી દીધી, ભગવાનઆત્મા સાથે જોડી દીધી. છોકરાઓ નથી રમતા? કટ્ટી કરે છે ને? એમ જેણે રાગની એકતા કરી એણે સ્વભાવની કટ્ટી કરી નાખી. બરાબર છે? આહાહા..! આવી વાતું છે. જેણે પર્યાયમાં સ્વભાવની એકતા કરી, દ્રવ્ય તો દ્રવ્ય છે, આહા..! તેણે રાગની કટ્ટી કરી નાખી, રાગની એકતા તોડી નાખી. રાગ થોડો છે પણ એકતા તૂટી ગઈ. સમજાણું કાંઈ? એવી પ્રધાનતાથી અહીંયાં કથન છે. આહા..!

'સમ્યગ્દષ્ટિ ઉપયોગમાં...' ઓહો..હો...! 'રાગાદિક કરતો નથી,...' એ રાગ મારું કર્તવ્ય છે, એવી દૃષ્ટિ સમકિતદષ્ટિને હોતી નથી. આહાહા..! રાગને પોતાના સ્વભાવ ઉપયોગમાં ભિન્ન કરીને હું શુદ્ધ ચૈતન્ય આત્મા છું, એવી દૃષ્ટિ થઈ તેની રાગની એકતા તૂટી ગઈ. એ વિના રાગની એકતા તૂટતી નથી. આહા..! પંચ મહાવ્રત પાળે, અઠ્યાવીસ મૂળગુણ પાળે, દિગંબર સાધુ હો, અનંતવાર થયો પણ રાગની એકતા તોડી નહિ. આહાહા..! ઉપયોગમાં જે રાગની એકતા છે એ તૂટ્યા વિના સમ્યગ્દર્શન થાય નહિ. આહા..! સમજાણું કાંઈ?

'ઉપયોગનો અને રાગાદિકનો ભેદ જાણી..' જુઓ! છે ને? જાણવું-દેખવું એવો જ્ઞાન-દર્શન ઉપયોગ અને રાગ મલિન (છે), એ બેનો ભેદ જાણીને. આહાહા..! જાણીને છે ને? એ જ્ઞાનની પર્યાય. 'રાગાદિકનો સ્વામી થતો નથી,...' એ મારી ચીજ નહિ, હું તો પરમાનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ છું. આહાહા..! એ રાંકો રાગ મારો નહિ, હું તેનો સ્વામી નહિ. એ મારી ચીજ નહિ, હું તેનો સ્વામી નથી. આવી વાતું છે, પ્રભુ! આહાહા..! કહો, 'ભાગચંદજી'! ત્યાં સ્થાનકવાસીમાં આવું બધું સાંભળ્યું હતું? અમે પણ એમાં હતા ને. અમે પણ પહેલા એમ કરતા. આહાહા..! વાત બીજી, બાપા! આહાહા..! એક લીટીમાં કેટલું ભર્યું છે!

'ઉપયોગનો અને રાગાદિકનો...' આહાહા..! જાણન-દેખન ત્રિકાળ ઉપયોગનું લક્ષ થયું તો ઉપયોગમાં રાગની એકતા તૂટી ગઈ. એવો સમ્યગ્દષ્ટિ જીવ. 'તેથી તેને પૂર્વોક્ત ચેષ્ટાથી બંધ થતો નથી...' એ ચાહે તો દેહની ક્રિયા હો, સચિત્ત-અચિત્તનો ઘાત થાય, પણ રાગની એકતા તૂટી ગઈ એ અપેક્ષાએ સમ્યગ્દષ્ટિને તે પ્રકારનો બંધ થતો નથી. (હવે) પાંચ ગાથા.

जह पुण सो चेव णरो णेहे सव्वम्हि अवणिदे संते।
रेणुबहुलम्मि ठाणे करेदि सत्थेहिं वायामं।।२४२।।

छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ।
सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवधादं।।२४३।।
उवधादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।
णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो ण रयबंधो।।२४४।।
जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।।२४५।।
एवं सम्मादिट्ठी वट्टंतो बहुविहेसु जोगेसु।
अकरंतो उवओगे रागादी ण लिप्पदि रएण।।२४६।।

જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂરે કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.
વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને,
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે; ૨૪૩.
બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે ? ૨૪૪.
એમ જાણવું નિશ્ચય થકી - ચીકણાઈ જે તે નર વિષે,
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.
યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દષ્ટિ જે,
રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.

ટીકા, ટીકા છે ને? 'જેવી રીતે તે જ પુરુષ, સમસ્ત સ્નેહને (અર્થાત્ સર્વ ચીકાશને–તેલ આદિને) દૂર કરવામાં આવતાં,...' ઓલામાં (આગળની પાંચ ગાથાઓમાં) ચીકણા તેલની ચોપડીને પછી રજકણ આદિ સંયોગમાં (વ્યાયામ કરતો હતો). આ ચીકણાઈને 'દૂર કરવામાં આવતાં...' તેલની ચીકાશ જેણે દૂર કરી છે, 'તે જ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી ભૂમિમાં...' કર્મના પરમાણુ આખા લોકમાં ભર્યા છે. '(અર્થાત્ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી તે જ ભૂમિમાં) તે જ શસ્ત્રવ્યાયામરૂપી કર્મ (ક્રિયા) કરતો, તે જ અનેક પ્રકારનાં કરણો...' (અર્થાત્) ઇન્દ્રિય 'વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,...' એ શરીરાદિની ક્રિયા થતી હોય, એમ કહે છે. અંદરમાં રાગની એકતા નથી, સમ્યગ્દષ્ટિ છે, પૂર્ણાનંદના નાથનો સ્વામી થયો છે તે કારણે તે રાગનો સ્વામી થતો નથી તો તેને બંધન નથી. સમજાણું કાંઈ? આહાહા..! 'રજથી બંધાતો–લેપાતો નથી, કારણ કે તેને રજબંધનું કારણ જે તેલ આદિનું મર્દન તેનો

અભાવ છે;...' આ દૃષ્ટાંત છે.

'તેવી રીતે સમ્યગ્દષ્ટિ,...' જીવ. આહાહા..! 'પોતામાં રાગાદિકને નહિ કરતો થકો,...' પોતામાં પરિણામમાં રાગાદિને નહિ કરતો થકો. કેમ? કે, વસ્તુસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે તેના અનુભવમાં દૃષ્ટિ છે તે કારણે પોતાના પરિણામમાં શુદ્ધ સ્વભાવથી વિરુદ્ધ રાગ સાથે એકતા કરતો નથી. આવી વાતું છે. શરતું આવી મોટી છે. આહાહા..!

પહેલા તો આ કરવાનું છે, કહે છે. બાકી તો બધું થોથાં છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તો પહેલી ચીજ આ છે. આહાહા..! એ સમ્યગ્દષ્ટિ, ચીજ કેવી રીતે ઉત્પન્ન થાય છે? કે, પોતાના ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય લઈને પરિણામમાં શુદ્ધતા પ્રગટ થાય અને અશુદ્ધતાનું એકત્વ તૂટી જાય ત્યારે તેને સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. આહાહા..! અરે..! આવી વાતું છે.

'તેવી રીતે...' તેવી રીતે એટલે શું? જેમ જેણે ચીકણાઈ–તેલ દૂર કર્યું અને પછી વ્યાયામ, ઇન્દ્રિય આદિનું કાર્ય થાય છે, સચિત્ત-અચિત્તનો ઘાત થાય છે પણ ચીકાશ નથી તો તેને બંધન થતું નથી–ધૂળ ચોંટતી નથી. 'તેવી રીતે સમ્યગ્દષ્ટિ, પોતામાં રાગાદિકને નહિ કરતો થકો,...' આહા..! શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ, તેનો જ્યાં અંતરમાં દૃષ્ટિમાં સ્વીકાર થયો તો તેની પર્યાયમાં જે રાગાદિ છે તેની સાથે એકતા કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અપૂર્વ વાત છે. આહાહા..!

જ્ઞાન સહજાનંદ પ્રભુ, સહજાત્મસ્વરૂપ.. ઓલા 'સહજાનંદ' 'સ્વામીનારાયણ'ના નહિ, હોં! સહજાત્મ કહીએ એટલે કેટલાકને 'સ્વામીનારાયણ'ના (લાગે). 'સ્વામીનારાયણ'ની વાત નથી. આ તો સહજાત્મસ્વરૂપ ભગવાન અનાદિઅનંત નિર્મળ, અનાદિ છે, અનંતકાળ રહેનારી ચીજ છે. એ સહજાત્મસ્વરૂપ અવિકારી સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ મૂર્તિ પ્રભુ આત્મા, આહાહા..! એ ચૈતન્ય વીતરાગી ચૈતન્ય પ્રતિમા ભગવાન છે. ચૈતન્યપ્રતિમા! આહા..! તેની જ્યાં અંતર દૃષ્ટિ થઈ, સ્વીકાર થયો તો દૃષ્ટિમાંથી રાગની એકતા તૂટી ગઈ. 'સુમેરુમલજી'! સમજાય છે ? ભાઈ! આહા..! બાપુ! પ્રભુ! તારો માર્ગ આ છે. આહાહા..!

પરમાત્માનો પોકાર છે, વીતરાગી સંતોનો પોકાર છે. પ્રભુ! તારું સ્વરૂપ જે પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન છે, નાથ! ભગવંત! તારો સ્વભાવ–સ્વરૂપ મહિમાવંત છે, તેની જેને દૃષ્ટિ થઈ તો પોતાના પરિણામમાં રાગની એકતા હતી તે તૂટી ગઈ. ભગવાન મળી ગયા. વીતરાગ સ્વરૂપ પરમાત્માના ભેટા થયા તો રાંકાને કેમ સાથે રાખે? આહાહા..! કહો, 'રસિકભાઈ'! આવી વાતું છે, પ્રભુ! આ તો દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો, બે-પાંચ-દસ લાખનું દાન દ્યો.. હવે, ભઈ! સાંભળને! એ બધી ક્રિયાઓ બહારની થાય છે તેમાં રાગ (મંદ) હોય તો શુભ છે, એ કોઈ ધર્મ નથી. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ, નિર્વિકલ્પ ચૈતન્યઘનમાં જેની એકતાબુદ્ધિ થઈ તેને અહીંયાં સમ્યગ્દષ્ટિ કહે છે. ભગવાનના

જેણે ભેટા કર્યાં. અનાદિથી રાગના ભેટા કરીને પામર થઈને રખડતો હતો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'સમ્યગ્દષ્ટિ, પોતામાં રાગાદિકને નહિ કરતો થકો,...' કેમ કરે? પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, જ્યાં દૃષ્ટિમાં નિધાન આવ્યા, આ..હા..! દૃષ્ટિએ ખજાના જોયા, હવે એ ખજાનામાં એકત્વ થયું, તાળા ખુલી ગયા. રાગની એકતા હતી તો તાળુ બંધ હતું. રાગને તોડી (સ્વભાવમાં) એકતા થઈ તો તાળુ ખુલી ગયું, ખજાના ખુલી ગયા. આહાહા..! ભગવાન અનંત આનંદનો ખજાનો છે. અનંત જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણનો ખજાનો છે. સમજાણું કાંઈ? તેની દૃષ્ટિ થઈ, સ્વભાવ સન્મુખ થયો (તો) રાગથી વિમુખ થયો. બરાબર છે પ્રભુ! આહાહા..! આવી વાત છે. 'કાંતિભાઈ'! આ સમજવા જેવું છે, બાપા! ભાઈ!

ભગવન્! ચોરાશીના અવતારમાં તું દુઃખી થઈને રખડે છે. કોઈ શરણ નથી. હેં? આહાહા..! એને પુણ્ય-પાપનું પણ શરણ નથી. એ તો વિકાર છે. આહાહા..! શરણ આત્મા છે તેની તો ખબર નથી. આહા..! માંગલિકમાં ચત્તારિ શરણં આવે છે ને? એ શરણ આ આત્મા. કેવળી પણ્ણંત્તો ધમ્મો શરણં.. એ પર્યાયની વાત છે. આહાહા..!

જેણે રાગની એકતા તોડીને પ્રભુ સ્વભાવની એકતા કરી એ સમ્યગ્દષ્ટિ રાગ પરિણામમાં એકત્વ કરતો નથી. ભગવાનના ભેટા થયા ત્યાં પામર વિકાર સાથે એકત્વ કેમ કરે? એ તો કાંકરા છે. આહાહા..! રાગ તો કાંકરા, મેલ, દુઃખ છે. ભગવાન તો આનંદમૂર્તિ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદ, સચ્ચિદાનંદ એનું સ્વરૂપ છે. આહાહા..! આકરું કામ લાગે. એવી ચીજ છે. આહા..!

મુમુક્ષુ :- અનઅભ્યાસે આકરું લાગે છે ને.

ઉત્તર :- અભ્યાસ નથી એટલે. આહા..! એ વાત અત્યારે સાંભળવા મળતી નથી.

મુમુક્ષુ :- કઠણ તો છે.

ઉત્તર :- કઠણ તો આ રીતે-એને અભ્યાસ નથી માટે. આહાહા..!

મુમુક્ષુ :- કળશટીકામાં તો કઠણ કીધું છે.

ઉત્તર :- કઠણ છે, કીધું છે ને! છતાં અશક્ય નથી. દુર્લભ છે. સમજાણું કાંઈ? કઠણનો અર્થ કે એને માટે અભ્યાસ જોઈએ. અભ્યાસ વિના કઠણ છે. અભ્યાસે સહેલું છે. 'ગીતાજી'માં એમ કહે, અભ્યાસ જોઈએ, પણ આનો અભ્યાસ. હેં? આહા..! પહેલા અભ્યાસ કરે, શ્રવણ કરે, મનન કરે. આહા..! વાંચન કરે, પૃચ્છના કરે, યથાર્થ તત્ત્વ જાણવા માટે પર્યટન કરે, વારંવાર લક્ષમાં ધારણ કરે. આહા..! પછી અંતરમાં ઉતરે.

સમ્યગ્દષ્ટિ, 'તેવી રીતે...' એટલે સમજાણું? જેમ ચીકાશ દૂર કરીને માણસ રજકણમાં વ્યાયામ કરતો હોય તો બંધન થતું નથી. ચીકાશ છૂટી ગઈ તો બંધન નથી થતું. 'તેવી રીતે સમ્યગ્દષ્ટિ,...' જીવને 'પોતામાં રાગાદિકને નહિ કરતો થકો,...' આહાહા..! ઇષ્ટ-

અનિષ્ટમાં જે રાગ-દ્વેષ થતા હતા, એ રાગ-દ્વેષ પોતામાં નહિ કરતો થકો, ભિન્ન રાખતો થકો. આહાહા..! એ કાંકરા છે, માલ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

'તે જ સ્વભાવથી જ બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલા લોકમાં...' હો, ભલે હો. અહીંયાં લોકમાં કર્મ પરમાણુ ભરેલા છે, ભલે હો. આહા..! '(મન-વચન-કાયાની ક્રિયા) કરતો, તે જ અનેક પ્રકારનાં કરણો વડે...' ઇન્દ્રિય દ્વારા 'સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાતો નથી,...' રાગની એકતા નથી માટે કર્મથી બંધાતો નથી. ચીકાશ હોય તો ધૂળથી બંધાય, ચીકાશ ન હોય તો ધૂળથી બંધાય નહિ. એમ રાગની એકતા હોય તો બંધન થાય, રાગની એકતા નથી તો બંધન નથી. આહાહા..! ભાષા તો સહેલી છે પણ ભાવ તો (ગંભીર છે). ભગવાન! એણે અનંતકાળથી કર્યું નથી ને! ધર્મને નામે પણ ગોટા જ વાળ્યા છે. હેં? આહાહા..! અરે..રે...! પ્રભુ! તું છેતરાય ગયો છો. આહાહા..! બહારમાં છેતરાય જાય તો એનું જરીક દુઃખ થાય, આ અંતરમાં છેતરાય ગયો. ખબર નથી.

વૈયાવચ્ચની વ્યાખ્યા લીધી છે. પગ દબાવવા એ વૈયાવચ્ચ છે? પગ દબાવનારને વૈયાવચ્ચ થાય, દાબનારને નહિ? અને દાબનારને જો વૈયાવચ્ચ (થાય એમ) કહો તો એણે તો હાથ આમ આમ કર્યા. એ ખરેખર વ્યવહાર વૈયાવચ્ચ પણ નથી. નિશ્ચય વૈયાવચ્ચ તો એને કહે છે,.. આહાહા..! પોતાના સ્વરૂપમાં શુદ્ધ ઉપયોગ પ્રગટ કરવો એ વૈયાવચ્ચ છે. શુભ ને અશુભ ઉપયોગ છોડીને.. ઝીણી વાત છે, પ્રભુ! છે ને, એમાં નાખ્યું છે. બહુ લખ્યું છે. આવી ચોખવટ તો.. આ ફેરી આવ્યા હતા પણ મેં વાંચ્યું નહોતું. આમ ઘણીવાર સાધારણ વખાણ કરીએ પણ આ વાંચીને તો.. ઓ..હો...! માળાનો ક્ષયોપશમ..! જેની હોય એ વાત (કરાય). પણ ઘમંડ નથી, નિર્માન છે. છેલ્લું બોલી ગયા'તા તે દિ' કે, મારામાં કાંઈ ભૂલ હોય તો બતાવો. ખબર છે? છેલ્લે (આવે છે). મારામાં કોઈ ત્રૂટી હોય તો બતાવજો. શું કહે છે સમજાણું?

ધર્મી એને કહીએ, અંતરમાં જે પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ આવે છે તેનાથી મારી ચીજ ભિન્ન છે, આહાહા..! હું રાગમય નથી. આહાહા..! આ વાત કોઈ દિ' સાંભળી નથી. દુનિયા એમ ને એમ અનંતકાળથી રઝળ્યા કરે છે. ભગવાનની ભક્તિનો રાગ, જાત્રાનો રાગ, વ્રતનો રાગ, પૂજાનો રાગ એ રાગથી મારી ચીજ ભિન્ન છે, એ રાગ હું નથી. આહાહા..! 'સમ્યગ્દષ્ટિ (જીવ) પોતામાં રાગાદિકને નહિ કરતો થકો,...' છે શબ્દ? આહાહા..! ધર્મની પહેલી શરૂઆત, ધર્મની પહેલી સીડી જે કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ રાગ છે તે મારી ચીજ નથી, એ બંધનું કારણ છે, હું નહિ. આહાહા..! હું તો અબંધસ્વરૂપી ભગવાનઆત્મા છું, એવી જેને દૃષ્ટિ સમ્યક્ થઈ તે રાગની ક્રિયાને, રાગના પરિણામને પોતામાં કરતો નથી. જડની ક્રિયા તો પોતાની છે જ નહિ, આ શરીરનું હલનચલન (થાય) એ તો જડની ક્રિયા છે. એ આત્મા કરી શકે નહિ અને છોડી શકે નહિ. એ ગ્રહણત્યાગ

તો છે નહિ. સમજાણું કાંઈ? ફક્ત દયા, દાન, વ્રત, જાત્રા, ભક્તિના પરિણામ જે રાગ, એ રાગને પોતાના સ્વરૂપમાં એકત્વ કરવું તે મિથ્યાત્વ અને અજ્ઞાન, મૂઢતા છે, એ સંસાર છે અને એ રાગની એકતા તોડીને જ્ઞાનાનંદ સહજાત્મ પ્રભુ આત્મામાં એકતા કરવાથી રાગની એકતા તૂટે છે. આહાહા..! આકરું કામ, ભાઈ! એ છે?

'તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાતો નથી,...' આહાહા..! જેણે પોતાનું જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ પરમાત્મા જિનેશ્વરદેવે જે આત્મા કહ્યો, એ આત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યઘન (છે), તેની જેણે દૃષ્ટિ કરી, સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો, રાગ મારી ચીજ નથી એવું ભાન થયું ત્યારે તેને કર્મબંધન થતું નથી. આહાહા..! 'કાંતિભાઈ'! આવું કોઈ દિ' ન્યાં સાંભળ્યું નથી. 'ભાવનગર'માં આપણા દિગંબર ધર્મ છે ને? (એના) પ્રમુખ છે. જૂના દિગંબર. આપણા નવા દિગંબરનું મંદિર જુદું છે. આ અમારા 'હિંમતભાઈ' એના અગ્રેસર હતા, અત્યારે ઇ અગ્રેસર છે. આહાહા..!

અહીંયાં કહે છે, કે સમ્યગ્દૃષ્ટિ એટલે ધર્મની પહેલી સીડી, ધર્મનું પહેલું પગથિયું.. આહાહા..! પોતાનો સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન, એની દૃષ્ટિ થવાથી સ્વરૂપમાં રાગ નથી તો રાગની એકતા કરવાનું તૂટી જાય છે. આહાહા..! શરતું ઘણી. હેં? આહાહા..! આ શરત કે, રાગ પરિણામ છે, રાગ છે તે મારી ચીજ નહિ. મારી ચીજ તો આનંદકંદ પ્રભુ છે. આહા..! શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ અંદર (છે), જે પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે આત્માને જોયો, નિજ સત્તાએ શુદ્ધ, મારી સત્તા શુદ્ધ છે એમ ભગવાને જોયું છે. સમજાણું કાંઈ? 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ અમને દેખતા હો લાલ..' પ્રભુ! અમારો આત્મા પવિત્ર શુદ્ધ છે, એમ તમે દેખો છે. રાગ એ આત્મા નહિ, એમ આપ દેખો છો. બરાબર છે? આહા..!

ભગવાન! તારા ઘરની વાત છે ને, પ્રભુ! આહાહા..! 'અબ હમ કબહૂ ન નિજઘર આયે' આવે છે? આહા..! 'અબ હમ કબહૂ ન નિજઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે'. પુણ્ય મૈં કર્યું, દયા મૈં કરી, પાપ મૈં કર્યા ને આ કર્યું, પરનું ભલું કર્યું, પરનું અહિત કર્યું એવા નામ તેં ધરાવ્યા, પ્રભુ! 'પરઘર ભમત અનેક નામ ધરાયે, અબ હમ કબહૂ ન નિજઘર આયે.' આ નિજઘર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરે જે આત્મા કહ્યો એ આત્મા દયા, દાનના વિકલ્પથી ભિન્ન છે. નવ તત્ત્વ છે કે નહિ? તો નવ તત્ત્વમાં પુણ્ય-પાપ તત્ત્વ ભિન્ન છે, આત્મતત્ત્વ ભિન્ન છે. નવ છે ને? આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે, કે સમ્યગ્દૃષ્ટિ જીવ ચોથે ગુણસ્થાને હોય, ... છતાં જેને આત્મા આનંદસ્વરૂપની એકતા થઈ છે અને રાગની એકતા તૂટી ગઈ છે, એ કર્મબંધન કરતો નથી. સમજાણું કાંઈ? છે? 'કારણ કે તેને બંધનું કારણ જે રાગનો યોગ (-રાગમાં જોડાણ) તેનો

અભાવ છે.' છે છેલ્લે? પોતાના શુદ્ધ સ્વરૂપ પરમાત્મામાં પર્યાયને જોડી દીધી છે. રાગમાં જોડાવું તૂટી ગયું છે. અનાદિકાળથી પરિભ્રમણ કરતો રખડતો દુઃખી પ્રાણી અજ્ઞાની છે. આહાહા..! એને પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથનો પોકાર છે, એકવાર તું સમ્યગ્દર્શન પ્રગટ કર કે જે સમ્યગ્દર્શનમાં તને પૂર્ણાનંદના નાથનો અનુભવ થશે. ત્યારે તને રાગની ક્રિયાથી ભિન્ન તારું ભાન થશે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

'રાગનો યોગ...' શબ્દ પડ્યો છે ને? એ રાગનું જોડાણ. રાગ ભલે થોડો હો, પણ જોડાણ છે તે તૂટી જાય છે. ઝીણી વાત છે, પ્રભુ! આહા..! વીતરાગ જિનેશ્વરનો માર્ગ કોઈ અલૌકિક જુદો છે. અત્યારે તો બધું બીજી રીતે ચાલે છે. અજૈનને જૈન માની બેઠા છે. આહાહા..! જૈન કોઈ સંપ્રદાય–વાડો નથી, વસ્તુનું સ્વરૂપ છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન વચન કા મર્મ.' આહા..! સમજાણું કાંઈ? 'જિન સો હી આત્મા, અન્ય સો હી હૈ કર્મ' રાગાદિ કર્મ છે તે આત્મા નથી. 'યહી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' ત્રણલોકના નાથ વીતરાગની વાણીનો મર્મ આ છે. એ વિના બધું થોથાં છે. આહાહા..!

અહીંયાં કહે છે, 'કારણ કે તેને બંધનું કારણ જે રાગનો યોગ (–રાગમાં જોડાણ)...' શુભ-અશુભ રાગની સાથે એકત્વ જોડવું તે બુદ્ધિ સમ્યગ્દષ્ટિને તૂટી ગઈ છે. સમજાણું કાંઈ? રાગ લંગડો રહી ગયો. જેમ મિંદડીની કેડ ભાંગી જાય તો આમ ચાલે, પણ કેડ ભલે ભાંગી ગઈ છે. આહાહા..! એમ સમ્યગ્દષ્ટિ ભલે ચક્રવર્તીના રાજમાં હો, સમકિતી તીર્થંકર સોળમા 'શાંતિનાથ' આદિ ત્રણ જ્ઞાનના ધણી સમકિતી હતા, ચક્રવર્તી હતા. આહાહા..! 'શાંતિનાથ' કામદેવ હતા. આહાહા..! અંતરમાં રાગની એકતા તૂટીને આનંદનો અનુભવ થયો છે. આહાહા..! તેને રાગની એકતાબુદ્ધિથી જે મિથ્યાત્વ હતું અને બંધ પડતો હતો તે બંધ નથી. અસ્થિરતાનો થોડો (બંધ) છે તે વાત બીજી છે. સમજાણું કાંઈ? 'માંગીલાલજી'! આવી વાતું છે. આહા..! શું કહ્યું?

સમ્યગ્દષ્ટિ પોતાના સ્વભાવમાં રાગની એકતા નહિ કરતો, રાગ સાથે જોડાણ નહિ કરતો હોવાથી તેને કર્મબંધનો અભાવ છે. આહાહા..! છે? 'કર્મરૂપી રજથી બંધાતો નથી, કારણ કે તેને બંધનું કારણ જે રાગનો યોગ...' રાગનું જોડાણ–રાગનો સંબંધ. સં-બંધ– સમ્યક્ પ્રકારે રાગનો બંધ. આહા..! રાગ સાથે સંબંધ બાંધ્યો છે, એ સંબંધ સમકિતીએ તોડી નાખ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! એ રાગના યોગનો અભાવ છે, રાગના જોડાણનો અભાવ છે. ધર્મી ચોથે ગુણસ્થાને. આહાહા..! ક્યાં ખબરું (છે)? કાંઈ ભાન ન મળે. ધર્મ શું છે અને ધર્મ કેમ થાય? આહાહા..!

ભાવાર્થ :– 'સમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત...' પૂર્વે કહ્યા પ્રમાણે 'સર્વ સંબંધો હોવા છતાં પણ...' બહારનો બધો સંબંધ હોય. રાજપાટ, કુટુંબ, શરીર ભલે હો, સચિત્ત-અચિત્તનો ઘાત પણ

હોય, કહે છે. આહાહા..! 'રાગના સંબંધનો અભાવ હોવાથી...' બહારનો સર્વ સંબંધ હોવા છતાં અંદરમાં રાગના સંબંધનો અભાવ હોવાથી. આહાહા..! 'કર્મબંધ થતો નથી.' સમ્યગ્દષ્ટિને સમ્યગ્દર્શનના પ્રતાપે મિથ્યાત્વથી જે બંધ થતો હતો એ બંધન થતું નથી. અનંત સંસારનું કારણ તો મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ એ સંસાર છે. સમ્યગ્દર્શન એ મોક્ષનો માર્ગ, એ મોક્ષ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'સમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત સર્વ સંબંધો હોવા છતાં...' ભલે બહારના સંબંધ હો, કહે છે. આહાહા..! 'રાગના સંબંધનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી. આના સમર્થનમાં પૂર્વે કહેવાઈ ગયું છે.'

## શ્લોક-૧૬૫

(शार्दूलविक्रीडित)

लोकः कर्मततोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्
त्तान्यस्मिन्करणानि सन्तु चिदचिद्व्यापादनं चास्तु तत्।
रागादीनुपयोगभूमिमनयन् ज्ञानं भवन्केवलं
बन्धं नैव कुतोऽप्युपैत्ययमहो सम्यग्दगात्मा ध्रुवम।।१६५।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ कर्मततः लोकः सः अस्तु ] માટે તે (પૂર્વોક્ત) બહુ કર્મથી (કર્મયોગ્ય પુદ્‌ગલોથી) ભરેલો લોક છે તે ભલે હો, [ परिस्पन्दात्मकं कर्म तत् च अस्तु ] તે મન-વચન-કાયાના ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ યોગ) છે તે પણ ભલે હો, [ तानि करणानि अस्मिन् सन्तु ] તે (પૂર્વોક્ત) કરણો પણ તેને ભલે હો [ च ] અને [ तत् चिद्-अचिद्-व्यापादनं अस्तु ] તે ચેતન-અચેતનનો ઘાત પણ ભલે હો, પરંતુ [ अहो ] અહો ! [ अयम् सम्यग्दग्-आत्मा ] આ સમ્યગ્દષ્ટિ આત્મા [ रागादिन् उपयोगभूमिम् अनयन् ] રાગાદિકને ઉપયોગભૂમિમાં નહિ લાવતો થકો, [ केवलं ज्ञानं भवन् ] કેવળ (એક) જ્ઞાનરૂપે થતો-પરિણમતો થકો, [ कुतः अपि बन्धम् ध्रुवम् न एव उपैति ] કોઈ પણ કારણથી બંધને ચોક્કસ નથી જ પામતો. (અહો! દેખો ! આ સમ્યગ્દર્શનનો અદ્‌ભુત મહિમા છે.)

ભાવાર્થ :– અહીં સમ્યગ્દષ્ટિનું અદ્‌ભુત માહાત્મ્ય કહ્યું છે અને લોક, યોગ, કરણ, ચૈતન્ય-અચૈતન્યનો ઘાત - એ બંધનાં કારણ નથી એમ કહ્યું છે. આથી એમ ન સમજવું કે પરજીવની હિંસાથી બંધ કહ્યો નથી માટે સ્વચ્છંદી થઈ હિંસા કરવી. અહીં તો એમ આશય છે કે અબુદ્ધિપૂર્વક કદાચિત્ પરજીવનો ઘાત પણ થઈ જાય તો તેનાથી બંધ થતો નથી.

પરંતુ જ્યાં બુદ્ધિપૂર્વક જીવ મારવાના ભાવ થશે ત્યાં તો પોતાના ઉપયોગમાં રાગાદિકનો સદ્દ્ભાવ આવશે અને તેથી ત્યાં હિંસાથી બંધ થશે જ. જ્યાં જીવને જિવાડવાનો અભિપ્રાય હોય ત્યાં પણ અર્થાત્ તે અભિપ્રાયને પણ નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે તો મારવાનો અભિપ્રાય મિથ્યાત્વ કેમ ન હોય ? હોય જ. માટે કથનને નયવિભાગથી યથાર્થ સમજી શ્રદ્ધાન કરવું. સર્વથા એકાંત માનવું તે તો મિથ્યાત્વ છે. ૧૬૫.

## શ્લોક–૧૬૫ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'

लोकः कर्मततोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्
त्तान्यस्मिन्करणानि सन्तु चिदचिद्व्यापादनं चास्तु तत्।
रागादीनुपयोगभूमिमनयन् ज्ञानं भवन्केवलं
बन्धं नैव कुतोऽप्युपैत्ययमहो सम्यग्दगात्मा ध्रुवम।।१६५।।

જુઓ! સમ્યગ્દર્શનનું માહાત્મ્ય! 'कर्मततः लोकः सः अस्तु' 'બહુ કર્મથી (કર્મયોગ્ય પુદ્ગલોથી) ભરેલો લોક છે તે ભલે હો,...' અમારે શું? ભલે ને ચીજ હો. 'परिस्पन्दात्मकं' મન-વચન-કાયાની યોગની ક્રિયા પણ ભલે હો. 'तानि करणानि अस्मिन् सन्तु' કરણ–ઇન્દ્રિયો પણ ભલે હો. 'तत् चिद्-अचिद्-व्यापादनं अस्तु'. ચેતન-અચેતનનો ઘાત પણ હો, હો ભલે, મારે શું? આહા..! આ મુનિરાજ કહે છે, પંચ મહાવ્રતધારી દિગંબર સંત કહે છે, કે ભલે ઘાત હો. હો, નો અર્થ જ્ઞાન કરાવે છે. પણ રાગની એકતા નથી તો તેનાથી કોઈ બંધ થતો નથી, એમ કહે છે. 'ચીમનભાઈ'! આવી વાતું છે. ઝીણું બહુ, બાપુ! ધર્મની શરૂઆત જ કોઈ અપૂર્વ છે. પછી ચારિત્રની વાત તો અલૌકિક છે. સમ્યગ્દર્શન વિના તો ધર્મની શરૂઆત થતી નથી અને એ સમ્યગ્દર્શન પૂર્ણાનંદના નાથને અનુભવમાં લે અને રાગની એકતા તૂટે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! એ વખતે તેને 'કોઈ પણ કારણથી બંધને ચોક્કસ નથી જ પામતો.' આહાહા..! છે?

'સમ્યગ્દષ્ટિ આત્મા, રાગાદિકને ઉપયોગભૂમિમાં નહિ લાવતો થકો,...' જુઓ! ઉપયોગભૂમિ–પર્યાયની ભૂમિ, હોં! દ્રવ્યમાં ક્યાં (રાગ છે)? જાણવા-દેખવાનો જે ઉપયોગ છે તેમાં રાગ લાવતો નથી. ત્રિકાળી તો ધ્રુવ છે. ત્યાં તો લાવવું-છોડવું કંઈ છે નહિ, એ તો ધ્રુવ છે. પોતાના જે પરિણામ–ઉપયોગ છે તેમાં રાગ-દ્વેષને લાવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાની ઉપયોગમાં રાગ-દ્વેષ લાવતો હતો. દ્રવ્યમાં લાવતો હતો એ તો છે જ

નહિ. આહા..! સમજાણું કાંઈ?

વસ્તુ જે ભગવાન ત્રિલોકનાથ જે દ્રવ્ય છે એ તો ત્રિકાળ નિરાવરણ છે. સચ્ચિદાનંદ પ્રભુ નિત્ય ધ્રુવ, તેની વાત તો અહીંયાં છે નહિ. એ તો નિરાવરણ છે, તેમાં કોઈ રાગને લાવવો, રાગને છોડવો એવું કંઈ છે નહિ. આહાહા..! પર્યાયમાં રાગની એકતા કરવી અને પર્યાયમાં રાગને તોડવો એ વાત છે. આહાહા..! ભાષા તો સાદી છે ને, પ્રભુ! ભાવ ભલે કઠણ છે. આહા..! આકરું કામ છે, ભાઈ!

કહે છે, 'કેવળ (એક) જ્ઞાનરૂપે થતો-પરિણમતો થકો,...' રાગાદિને ઉપયોગભૂમિમાં નહિ લાવતો. છે? પુણ્ય-પાપના ભાવને ઉપયોગભૂમિમાં નહિ લાવતો થકો. 'केवलं ज्ञानं भवन्' હું એકલો જ્ઞાતા-દૃષ્ટા છું. આહા..! 'જ્ઞાનરૂપે થતો-પરિણમતો થકો,...' પહેલા રાગરૂપ પરિણમતો હતો, હવે જ્ઞાનરૂપે પરિણમતો થયો. રાગથી ભિન્ન થઈ ગયો તો સ્વરૂપ જે આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદ છે તો પર્યાયમાં જ્ઞાનરૂપ પરિણમિત થયો. પર્યાયમાં, હોં! આહાહા..! 'कुतः अपि बन्धम् ध्रुवम् न एव उपैति' 'કોઈ પણ કારણથી બંધને ચોક્કસ નથી જ પામતો. (અહો! દેખો ! આ સમ્યગ્દર્શનનો અદ્‌ભુત મહિમા છે.)' વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૧૭ શ્લોક-૧૬૫ થી ૧૬૭ શનિવાર, આસો સુદ ૧, તા. ૨૨-૦૯-૧૯૭૯

(આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે)

---

'સમયસાર' ૧૬૫ કળશનો ભાવાર્થ છે. 'અહીં સમ્યગ્દષ્ટિનું અદ્‌ભુત માહાત્મ્ય કહ્યું છે...' જેને આત્મદૃષ્ટિ થઈ છે, શુદ્ધ ચૈતન્ય પરમાનંદ સ્વરૂપ પ્રભુનો અંતર અનુભવમાં સ્વીકાર થઈને પ્રતીતિ થઈ છે, એ સમ્યગ્દષ્ટિની અલૌકિક મહિમા છે. સમજાણું કાંઈ? એ કહે છે. 'અને લોક,...' લોકમાં ભલે કર્મ થવાને લાયક પરમાણુ હો, પણ ચીકાશ નથી તો બંધ નથી. એમ જગતમાં ભલે સમકિતદૃષ્ટિને બાહ્યની ક્રિયા હોય છે પરંતુ અંતરમાં રાગથી ભિન્ન પોતાની દૃષ્ટિ છે તે કારણે તેને લોક,.. છે ને? 'લોક, યોગ,...' મન-વચન-કાયાના યોગ પણ તેને બંધનું કારણ નથી. આહાહા..! 'કરણ,...' ઇન્દ્રિયો પણ બંધનું કારણ નથી. 'ચૈતન્ય-અચૈતન્યનો ઘાત-એ બંધના કારણ નથી...' આહાહા..!

માળે સમાજવાદ અને અપરિગ્રહવાદની વ્યાખ્યા મૂકી છે, માળે ગજબ કર્યું છે! ભારે ક્ષયોપશમ! આહાહા..! વાત તો સાચી છે, બરાબર છે. એમ (લખ્યું છે), પૂર્વના પુણ્યને લઈને પૈસા મળે છે એ કંઈ પાપને લઈને મળતા નથી. ચક્રવર્તીનું રાજ મળે એ પુણ્યને લઈને મળે છે પણ એ વસ્તુ છે એ પાપ છે અને તેને ભોગવવાનો ભાવ કરે તો એ પાપ

છે. આહાહા..!

મુમુક્ષુ :– અને વાપરે તો?

ઉત્તર :– શુભભાવમાં વાપરે તો પુણ્ય છે, ધર્મ નહિ. સમજાય છે કાંઈ? માળે એટલો વિસ્તાર કર્યો છે, ઘણો! આજે જ આવ્યું છે. ઓલા 'તુલસી' કહે છે ને? કે, સમાજમાં પૈસાનું વિતરણ નથી માટે બીજા પાસે પૈસા સરખા નથી. આ કહે, એમ નથી. સમાજવાદ અને અપરિગ્રહવાદ જુદી ચીજ છે. અપરિગ્રહવાદી જગતમાં પૂર્ણ ચક્રવર્તીના રાજ આદિ હોય છતાં મુનિ તો એક વસ્ત્રનો દોરો પણ ન રાખે. માટે ત્યાં વિતરણ કરવું કે આને બધાને છે માટે મારે હોય. માળે ગજબ વાત કરી છે! એટલો ખુલાસો કર્યો છે. સમાજવાદ તો એમ માને કે બધાને સરખું હોય એમ રાખવું. સરખું હોય, બધાને મોટું હોય તો મુનિપણું રાખે. હેં? સમાજવાદ અને અપરિગ્રહવાદ આખો ફેર છે.

સમ્યગ્દષ્ટિ છે એને બહારની પ્રવૃત્તિ યોગની, મનની ઘણી હોય છતાં તે બંધનું કારણ નથી, એમ કહ્યું. અંતર પરિગ્રહબુદ્ધિ મિથ્યાત્વની છૂટી ગઈ છે ને! હેં? આહાહા..! અપરિગ્રહ ભગવાનસ્વરૂપ પરમાત્માની જેને અંતર દૃષ્ટિ થઈ છે તેને મિથ્યાત્વનો પરિગ્રહ છૂટી ગયો છે. આહાહા..! પછી તેને ભરત ચક્રવર્તીને રાજ હોય તોપણ તે છે તો ધર્મી, સમ્યગ્દર્શનની અપેક્ષાએ. પૈસા કાંઈક બીજે વાપરે તો એ પુણ્ય છે. મળ્યા છે પુણ્યને લઈને, વસ્તુ છે પાપ. આહાહા..! પણ એથી કરીને પાપનો ઉદય છે માટે પાપી છે, એમ નહિ. અહીં તો સમ્યગ્દષ્ટિને શરીરમાં રોગ હોય, આદિ અનેક પ્રકાર હોય છતાં તે એની ચીજ નથી. આહાહા..! સમજાય છે? શરીરમાં ક્ષય રોગાદિ આવ્યો. 'સનતકુમાર'ને ૭૦૦ વર્ષ ગલત કોઢ (રહ્યો) એથી એ પાપી છે? પાપનો ઉદય છે તેથી પાપી છે? અને પૂર્વના પુણ્યનો ઉદય છે માટે પૈસા મળે માટે પુણ્યવંત છે? એમ નથી. આહાહા..! એ વર્તમાનમાં શુભભાવ કરે તો પુણ્યબંધ છે અને વર્તમાનમાં રાગનો, કષાયનો ત્યાગ કરીને બાહ્યનો પૂર્ણ ત્યાગ કરે તો પૂર્ણ અપરિગ્રહી ધર્માત્મા છે. દુનિયા પાસે ભલે ઢગલા હોય. સમાજવાદની અપેક્ષાએ તો મુનિને બધાની સાથે સરખું રાખવું જોઈએ. સમાજવાદ અને અપરિગ્રહવાદ જૈન પરમેશ્વરનો કોઈ જુદી જાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

એ અહીં કહે છે, સમ્યગ્દષ્ટિને જો લોક હોય, સાધન હોય, યોગ હોય, અરે...! ઇન્દ્રિયો હોય, ચૈતન્ય-અચૈતન્યનો ઘાત પણ કદાચિત્ ઇન્દ્રિયથી થઈ જાય, આહાહા..! (છતાં) એ બંધનું કારણ નથી. કારણ કે મિથ્યાત્વ એ મહાબંધનું કારણ છે. મિથ્યાત્વ જે વિપરીત માન્યતા, રાગ મારી ચીજ છે, રાગ હું છું, એ મિથ્યાત્વ મહાપરિગ્રહ અને સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ? તો કહે છે, કે 'એ બંધના કારણ નથી...'

'આથી એમ ન સમજવું...' હવે કહે છે, કે એનો અર્થ એવો નથી, કે 'પરજીવની હિંસાથી બંધ કહ્યો નથી માટે સ્વચ્છંદી થઈ હિંસા કરવી.' એમ નથી. આહાહા..! હિંસા

કરવાનો ભાવ, હું હિંસા કરી શકું છું, એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? પરની હિંસા હું કરી શકું છું, એ તો મિથ્યાત્વ છે અને હિંસા કરું એ ભાવ પાપ છે. અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિની મહિમા બતાવી કે જેની દૃષ્ટિમાં પરમાત્મા વસે છે એને બાહ્યના સંયોગથી બંધ થાય એમ નથી, એટલું કહ્યું. સંયોગની ક્રિયા મોટી ચક્રવર્તીના રાજની હોય છતાં એને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનું બંધન છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણો વીતરાગ માર્ગ બહુ અલૌકિક (છે). આહાહા..!

'અહીં તો એમ આશય છે કે અબુદ્ધિપૂર્વક કદાચિત્ પરજીવનો ઘાત પણ થઈ જાય...' અબુદ્ધિપૂર્વક. 'તો તેનાથી બંધ થતો નથી. પરંતુ જ્યાં બુદ્ધિપૂર્વક જીવ મારવાના ભાવ થશે...' આહાહા..! સમજાણું કાંઈ? બુદ્ધિપૂર્વક જીવોને મારવાના ભાવ, હોં! 'ત્યાં તો પોતાના ઉપયોગમાં રાગાદિકનો સદ્ભાવ આવશે...' ઉપયોગમાં રાગની હયાતી છે, તે તો મિથ્યાત્વ છે. આહાહા..! 'તેથી ત્યાં હિંસાથી બંધ થશે જ.' સ્વચ્છંદપણે હિંસા કરે.. આહા..! તો રાગાદિનું અસ્તિત્વ છે તો હિંસાથી બંધ પણ થશે.

'જ્યાં જીવને જીવાડવાનો અભિપ્રાય હોય...' આહાહા..! શું કહે છે? બીજા જીવને હું જીવાડી શકું છું, હું પરને જીવતર આપી શકું છું, બીજાને જીવાડી શકું છું.. આહાહા..! 'તે અભિપ્રાયને પણ નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે...' શું કહ્યું? હું પરજીવને જીવાડી શકું છું એ તો મિથ્યાત્વ છે. કોઈ પરજીવને આત્મા જીવાડી શકે નહિ. પરની પર્યાયને શું કરે? એનું આયુષ્ય હોય તો જીવે, આયુષ્ય ન હોય તો મરે. આ કહે કે, હું એને જીવાડી શકું છું એ પણ જ્યાં મિથ્યાત્વ છે. આહાહા..! આકરું કામ છે.

મુમુક્ષુ :– સ્વચ્છંદ થયો ત્યાં મિથ્યાત્વ થયું ?

ઉત્તર :– મિથ્યાત્વ થયું ત્યાં સ્વચ્છંદ થયો ને! સ્વચ્છંદતા થઈ. આત્મામાં ભાન સહિત છે અને અબુદ્ધિપૂર્વક કોઈ હિંસાદિ થઈ જાય તો બંધ નથી, એમ કહ્યું છે. પણ જ્યાં બુદ્ધિપૂર્વક હું હિંસા કરું, એવો ભાવ છે, અરે...! સમકિતીને પણ જેટલો પરની હિંસાનો (ભાવ), હિંસા કરી શકું છું, એમ નહિ, પણ હિંસાનો ભાવ જેટલો થાય છે તેટલું બંધનું કારણ તેને પણ છે. મિથ્યાત્વ નથી. સમજાણું કાંઈ? આહાહા..! પરનું જીવન હો કે મરણ, એના આયુષ્યના કારણે છે. જ્ઞાની એમ માને છે કે હું તો નિમિત્તમાત્ર છું. તેને રાગનો જરી ભાવ આવ્યો તો એટલો બંધ છે, પણ મિથ્યાત્વનો બંધ નથી, રાગની એકતાબુદ્ધિનો તેને બંધ નથી. એ અપેક્ષાએ બંધ નથી, એમ કહ્યું છે. આહાહા..! આવી વાતું હવે. સમજાણું કાંઈ? શું કહ્યું?

'જીવને જીવાડવાનો અભિપ્રાય...' હું પરજીવની દયા પાળી શકું છું (એવો અભિપ્રાય). તો આ બધું તમારે શું (આવે છે)? 'દયા તે સુખની વેલડી'. સ્થાનકવાસીમાં આવતું ને? નહિ? 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા...' એ પરની દયા, હોં! એ તો અમને ખબર છે. આહાહા..! અરે..!

અહીં તો કહે છે, પરને જીવાડવાનો દયાનો ભાવ, જીવાડી શકું છું એવી માન્યતા તે મિથ્યાત્વ છે. આહાહા..! કેમકે એ તો એના આયુષ્યના કારણે જીવે છે. તો શું તેં તેને જીવાડ્યો? સમજાણું કાંઈ? અને મરે છે તો એનું આયુષ્ય પૂરું થયું તો મરી ગયો, તેં એનું આયુષ્ય હરી લીધું? આહાહા..! આકરી વાત, ભાઈ! સત્યના સિદ્ધાંત એટલા સૂક્ષ્મ છે. આહા..! પર જીવને જીવાડવાનો (ભાવ), આહાહા..! હું સ્ત્રી, કુટુંબ-પરિવારને નભાવું છું... આહાહા..! એ મિથ્યાત્વ છે. તે તો તેને કારણે નભે છે અને એને અનુકૂળતા મળે એ તેની શાતાવેદનીયને કારણે મળે છે અને પ્રતિકૂળતા મળે છે તે તેની અશાતાવેદનીયને કારણે મળે છે. તું એને ક્યાં અનુકૂળતા આપી શકે છે? આહા..! બહુ કઠણ વાત, અલૌકિક વાત છે, ભાઈ! દુનિયાથી આખી જુદી જાત છે.

પર 'જીવને જીવાડવાનો અભિપ્રાય...' અભિપ્રાય, હોં! પરને જીવાડવાનો ભાવ છે, જીવાડી શકતો નથી, પણ ભાવ છે એ શુભરાગ છે, પરને જીવાડી શકું છું, એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? દયાનો ભાવ આવે છે એ રાગ છે પણ હું પરની દયા પાળી શકું છું, એમ નહિ. આહાહા..! 'ભાગચંદજી'! આવો માલ કે દિ' સાંભળ્યો હતો? આવી વાત છે, પ્રભુ! આહાહા..! પરને દુઃખ ન દેવું કે જીવાડવાનો ભાવ (આવે) એ ભાવ રાગ છે, પણ હું જીવાડી શકું છું એ ભાવ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહાહા..!

એક ભાઈએ પૂછ્યું હતું. 'પોપટભાઈ' નહોતા? 'પોપટભાઈ'! 'લીંબડીવાળા'. એના સાળા 'શાંતિલાલ ખુશાલ'. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. છે ને? અત્યારે છે, એ મરી ગયા, એના દીકરા છે. 'ગોવા', 'ગોવા'માં છે. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. આપણે 'પોપટભાઈ' આવે છે એમના ઇ સાળા થાય. પૈસાવાળા સાળા અને આ બનેવી. આ પણ ઠીક છે પણ ઓલા મોટા પૈસાવાળા, અઢી અબજ. એકવાર 'પોપટભાઈ'એ કહ્યું, કે તમે આટલી બધી ઉપાધિ શું કરવા કરો છો? ત્યારે તેણે શું જવાબ આપ્યો? હું શું મારી માટે કરું છું? લોકોનો નિર્વાહ ચાલે તેને માટે હું કરું છું. આહાહા..! સમજાણું કાંઈ? એ.. 'વજુભાઈ'! આહાહા..! એમ કહેતા હતા, લ્યો! પૈસા ઘણા, મગજ ફાટી ગયેલું.

મુમુક્ષુ :– પૈસાથી મગજ ફાટી જાય?

ઉત્તર :– પૈસાથી નહિ, મિથ્યા ભ્રમથી ફાટી જાય. પૈસા તો જડ છે. હું બધાનો નિર્વાહ કરું છું. આ મિલવાળા ને પ્રેસવાળા બહુ પાપ કરે છે ને? તોપણ એ કહે છે, કે હજારો માણસ નભે છે ને અમારે કારણે? તદ્દન ખોટી વાત છે. આહાહા..!

'જીવાડવાનો અભિપ્રાય હોય ત્યાં પણ અર્થાત્ તે અભિપ્રાયને પણ નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે તો મારવાનો અભિપ્રાય મિથ્યાત્વ કેમ ન હોય?' હું મારી શકું છું.. સમજાણું કાંઈ? પરને મારું છું, પરને મારી શકું છું એ તો મિથ્યાત્વ છે. ગજબ વાત છે. પરને મારી પણ શકતો નથી અને પરને જીવાડી પણ શકતો નથી. પરને જીવાડવાનો ભાવ હોય પણ જીવાડી

શકતો નથી. દયાનો રાગ છે તે પુણ્યબંધનું કારણ છે. પરને મારી શકું છું એવી માન્યતા મિથ્યાત્વ છે પણ પરને મારવાનો ભાવ આવ્યો, પણ પરને મારી શકું છું (એવો અભિપ્રાય) નથી તો એ ભાવ છે એ પાપ છે, મિથ્યાત્વ નહિ. અરે..! આવો ફેર હવે ક્યાં...? છે?

મુમુક્ષુ :– હજી બે-ચાર દાખલા આપો.

ઉત્તર :– આ પૈસા રાખવા, કીધું ને, લ્યો! પૈસા ઝાઝા રાખે એ પાપી છે, એમ છે? અને પૈસા થોડા રાખે એ ધર્મી છે, એમ છે? એની સાથે સંબંધ શું? આહાહા..! પૈસા હું રાખી શકું છું એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? અને હું પૈસા છોડી શકું છું, એ પણ મિથ્યાત્વ છે. પૈસાને શું છોડે? ગજબ વાત છે, પ્રભુ! આવી વાતું ક્યાં છે?

પણ પરિગ્રહનો પરિમાણ કરે, સમ્યગ્દૃષ્ટિ જીવ, પોતાના જ્ઞાનસ્વરૂપનું ભાન છે પછી પરિગ્રહનું પરિમાણ–માપ કરે તો જેટલું ઘટાડે તેટલું પુણ્ય છે, અંતરમાં જેટલો અપરિગ્રહભાવ પ્રગટ્યો હોય તો ધર્મ છે. આહાહા..! બહુ ફેર, ભાઈ! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે છે તેનાથી શું.... એ કહેતા નહિ? 'કર્તા હર્તા નહિ પરના' ગાયન ગાતા નહિ? 'માલચંદજી' ગાતા હતા. ગાયન નહોતું બનાવ્યું? પરનો કોઈ કર્તા-હર્તા નથી.

મુમુક્ષુ :– દેશનું કાર્ય કરનારા તો બધાનું બહુ કાર્ય કરે.

ઉત્તર :– ધૂળેય કરતા નથી. 'રામજીભાઈ' કરતા હતા, બધા મમતા કરતા હતા. 'રામજીભાઈ' બધાને જવાબ આપતા હતા. આ શું કહેવાય ઇ? દેશસેવા. દેશના કેવા...? 'ઢેબરભાઈ'! એની સલાહ લેવા આવતા તો સલાહ આપતા હતા. સેવા કરી હશે? આ તો ઘરનો દાખલો. આહાહા..! એ લોકો માને. આખી લાઈનફેર, બાપુ! વીતરાગમાર્ગ ને બહારનો સમાજવાદ, મોટો ફેર. વિરુદ્ધ, પરસ્પર વિરુદ્ધ છે. ઓ..હો..હો..!

સમ્યગ્દૃષ્ટિ રાજપાટ કરે છે તો હું કરું છું એવી બુદ્ધિ નથી. ફક્ત રાગ થાય છે, આસક્તિનો રાગ થાય છે. ચક્રવર્તીનું રાજ છે એટલી આસક્તિ તો છે ને? રાજ મારું છે, એમ નહિ. એના પ્રત્યે પ્રેમ–રાગ છે તેટલો ચારિત્રનો દોષ છે. પણ એ રાગ મારો છે એવો મિથ્યાત્વનો દોષ નથી. આ વાત. આહા..!

જ્યારે જીવને જીવાડવાના 'અભિપ્રાયને પણ નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે તો મારવાનો અભિપ્રાય મિથ્યાત્વ કેમ ન હોય?' હું મારું છું, મારી શકું છું. આહાહા..! એ પરને મારવાનો આત્માનો અધિકાર નથી. એનું આયુષ્ય પૂરું થાય તો મરે. છતાં હું મારી શકું છું, એ પાપ છે, મિથ્યાત્વ છે. મિથ્યાત્વ અવશ્ય થશે. 'માટે કથનને નયવિભાગથી...' નયવિભાગથી, નયના પ્રકારથી 'યથાર્થ સમજી શ્રદ્ધાન કરવું. સર્વથા એકાંત માનવું તે તો મિથ્યાત્વ છે.' પરને મારે, મારવાનો ભાવ હોય, અમારાથી મર્યો નથી, અમે તો સમ્યગ્દૃષ્ટિ છીએ તો તે સ્વચ્છંદી છે, સ્વચ્છંદી છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને પણ પરિગ્રહનો ભાવ, રાગાદિ તો છે ને? ન હોય તો અપરિગ્રહી થઈ જાય, મુનિ થઈ જાય. જેટલો પરિગ્રહનો ભાવ છે તે મારો

ભાવ છે, એમ નથી. એ ભાવ મારો નથી અને એ પરિગ્રહ મારો નથી, એમ નહિ. પણ તેમાં આસક્તિનો ભાવ આવે છે તેટલું પાપ છે. ચારિત્રદોષ છે, મિથ્યાત્વનો નહિ. આહાહા..!

અજ્ઞાની પરને જીવાડી શકું છું, પરની દયા પાળી શકું છું, બિલકુલ બધું છોડી દીધું હોય છતાં પરની દયા પાળી શકું છું એમ માનતો હોય તો મિથ્યાત્વનો પરિગ્રહ પડ્યો છે. એક પણ પરિગ્રહ છોડ્યો નથી. આહાહા..! આવી વાત છે. અને અહીં છ ખંડનું રાજ હોય તોપણ અંતરમાં એ મારી ચીજ નથી. એવો મિથ્યાત્વનો પરિગ્રહ છોડી દીધો. આહાહા..! સમકિતનો અપરિગ્રહભાવ પ્રગટ કર્યો. પછી રાગ રહ્યો તો એ રાગ ચારિત્રનો દોષ છે. સમજાણું કાંઈ? સમકિતીને રાગ તો થાય છે.

તીર્થંકર 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' ચક્રવર્તી હતા. લડાઈ કરવા ગયા. ત્રણ જ્ઞાન હતા, સમકિતી હતા, ક્ષાયિક સમકિતી હતા. બે ભાઈઓ લડ્યા. 'બાહુબલી' અને 'ભરત'. પણ એ રાગનો દોષ છે. ચારિત્રદોષ છે, મિથ્યાત્વનો નહિ. આહાહા..! મિથ્યાત્વના દોષ અને ચારિત્રના દોષમાં મોટું અંતર છે. મિથ્યાત્વમાં, પરને જીવાડી શકું છું, મારી શકું છું, સુખી કરી શકું છું, પરને અનુકૂળ સામગ્રી દઈને સુખી કરી શકું છું, પ્રતિકૂળ સામગ્રી આપીને દુઃખી કરી શકું છે એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? પરની અનુકંપા કરીને જે શુભભાવ થયો એ પુણ્ય છે. હું પરને જીવાડી શકતો નથી, પણ મને અનુકંપાનો ભાવ આવ્યો એ શુભભાવ છે. એ ભાવ પણ બંધનું કારણ છે. મિથ્યાત્વનો (બંધ) નહિ. આવી વાત છે.

## શ્લોક–૧૬૬

(પૃથ્વી)

तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां।
तदायतनमेव सा किल निरर्गला व्यापृतिः।
अकामकृतकर्म तन्मतमकारणं ज्ञानिनां
द्वयं न हि विरुध्यते किमु करोति जानाति च।।१६६।।

હવે ઉપરના ભાવાર્થમાં કહેલો આશય પ્રગટ કરવાને, કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ तथापि ] તથાપિ (અર્થાત્ લોક આદિ કારણોથી બંધ કહ્યો નથી અને રાગાદિકથી જ બંધ કહ્યો છે તોપણ) [ ज्ञानिनां निरर्गलं चरितुम् न इष्यते ] જ્ઞાનીઓને નિરર્ગલ (-મર્યાદારહિત, સ્વચ્છંદપણે) પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું, [ सा निरर्गला व्यापृतिः

किल तद्-आयतनम् एव ] કારણ કે તે નિરર્ગલ પ્રવર્તન ખરેખર બંધનું જ ઠેકાણું છે. [ ज्ञानिनां अकाम-कृत-कर्म तत् अकारणम् मतम् ] જ્ઞાનીઓને વાંછા વિના કર્મ (કાર્ય) હોય છે તે બંધનું કારણ કહ્યું નથી, કેમ કે [ जानाति च करोति ] જાણે પણ છે અને (કર્મને) કરે પણ છે - [ द्वयं किमु न हि विरुध्यते ] એ બન્ને ક્રિયા શું વિરોધરૂપ નથી ? (કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે.)

ભાવાર્થ :– પહેલા કાવ્યમાં લોક આદિને બંધનાં કારણ ન કહ્યાં ત્યાં એમ ન સમજવું કે બાહ્યવ્યવહારપ્રવૃત્તિને બંધનાં કારણોમાં સર્વથા જ નિષેધી છે; બાહ્યવ્યવહારપ્રવૃત્તિ રાગાદિ પરિણામને-બંધનાં કારણને-નિમિત્તભૂત છે,તે નિમિત્તપણાનો અહીં નિષેધ ન સમજવો. જ્ઞાનીઓને અબુદ્ધિપૂર્વક-વાંછા વિના-પ્રવૃત્તિ થાય છે તેથી બંધ કહ્યો નથી, તેમને કાંઈ સ્વચ્છંદે પ્રવર્તવાનું કહ્યું નથી; કારણ કે મર્યાદા રહિત (અંકુશ વિના) પ્રવર્તવું તે તો બંધનું જ ઠેકાણું છે. જાણવામાં અને કરવામાં તો પરસ્પર વિરોધ છે; જ્ઞાતા રહેશે તો બંધ નહિ થાય, કર્તા થશે તો અવશ્ય બંધ થશે. ૧૬૬.

## શ્લોક–૧૬૬ ઉપર પ્રવચન

'હવે ઉપરના ભાવાર્થમાં કહેલો આશય પ્રગટ કરવાને, કાવ્ય કહે છે :–' ૧૬૬.

(पृथ्वी)

तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां।
तदायतनमेव सा किल निरर्गला व्यापृतिः।
अकामकृतकर्म तन्मतमकारणं ज्ञानिनां
द्वयं न हि विरुध्यते किमु करोति जानाति च।।१६६।।

આહાહા..! શ્લોકાર્થ :– 'તથાપિ (અર્થાત્ લોક આદિ કારણોથી બંધ કહ્યો નથી અને રાગાદિકથી જ બંધ કહ્યો છે તોપણ)...' 'ज्ञानिनां निरर्गलं चरितुम् न इष्यते' 'જ્ઞાનીઓને નિરર્ગલ (-મર્યાદારહિત, સ્વચ્છંદપણે) પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું,...' સમકિતીને નિરર્ગળ હિંસા થાતી હોય તો થાઓ, ભોગ થાય, એમ નથી. આહાહા..! એ તો આસક્તિ આવી જાય છે, એમાં કોઈ પાપ જ નથી, ગમે તે ભોગ કરો, ગમે તે જીવ (હિંસા પામો) એવી નિરર્ગળ પ્રવૃત્તિ સમકિતીને હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ભાઈ જેને જગતથી જુદા પડવું હોય, જેને આત્માનું કલ્યાણ કરવું હોય તેની વાત છે. આહાહા..! બાકી તો દુનિયા આખી અબજોપતિ ને કરોડોપતિ બધા માગણો, ભિખારી છે. માગણ છે, માગણ. માગણ

સમજ્યા? ભિખારી. લાવો, લાવો, લાવો. ભીખ માગે છે, ભિખારી છે. પચાસ લાખ ને પચીસ લાખ ને કરોડ ને બે કરોડ.. ધૂળ. અત્યારે તો 'અમેરિકા'માં અબજોપતિ ઘણા છે, અબજોપતિ.

મુમુક્ષુ :– ત્યાગીની દૃષ્ટિએ બરાબર છે, પણ લૌકિકદૃષ્ટિએ..

ઉત્તર :– લૌકિકદૃષ્ટિ મૂઢ છે. લૌકિકદૃષ્ટિ, એ સમાજવાદની વાત તો પહેલા કહી. સમાજવાદ નહિ, એ તો સંસારવાદ છે. આહાહા..! 'પંચાધ્યાયી'માં મોઢા આગળ લખ્યું છે ને? ભાઈએ ફૂલચંદજીએ, એમકે પૈસા સરખા વહેંચતા નથી માટે પૈસા મળતા નથી. એમ નથી. પૈસા આદિ મળવા એ તો પૂર્વના પુણ્ય (ને કારણે મળે છે), પણ ચીજ મળી છે એ તો પાપ છે. બાહ્ય પરિગ્રહ છે ને! એ વસ્તુ પરિગ્રહ છે ને? પોતાની માને એ તો વળી મિથ્યાત્વ થયું. સમજાણું કાંઈ? પણ એ પરિગ્રહ છે અને એની જે આસક્તિ છે તેટલું પાપ છે. ધર્મીને–જ્ઞાનીને પણ એટલું પાપ છે. આહાહા..! પરિગ્રહ મારો છે અને પૈસા મારા છે, એવી જ્ઞાનીની બુદ્ધિ નથી. એવી બુદ્ધિ જો હોય તો તો મિથ્યાત્વ છે. આહાહા..! એમ વિષયસુખમાં એને બુદ્ધિ આવે છે પણ વિષયસુખ સુખ છે એવી બુદ્ધિ જ્ઞાનીની નથી. શું કહે છે? વિષયની વાસના આવે છે અને સમકિતી વિષય પણ સેવે છે પણ આ ક્રિયા હું કરું છું, એમ નથી. તેમ વિષયની વાસનામાં સુખ છે એવી બુદ્ધિ જ્ઞાનીની હોતી નથી. આહા..! અને એમાં સુખબુદ્ધિ થઈ જાય તો મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો ત્યાગી હોય. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! સુખ તો ભગવાનઆત્મામાં છે અને એ સિવાય ક્યાંય પણ પરમાં સુખ માને તો મૂઢ છે. ભાવ આવે છે, પણ સુખબુદ્ધિ નથી. સમકિતીને તેમાં સુખબુદ્ધિ નથી. આહાહા..! શુભભાવ આવે છે, અશુભભાવ પણ આવે છે.

મુમુક્ષુ :– સુખબુદ્ધિ નથી તો તિજોરીમાં રૂપિયા શું કરવા રાખે છે?

ઉત્તર :– એ રાગની મંદતા છે તો આવે છે. મંદ પુરુષાર્થ છે ને! વીતરાગતા ક્યાં થઈ છે? આહાહા..! સમ્યગ્દૃષ્ટિપૂર્વક વીતરાગતા થઈ છે, ચારિત્રદોષનો ત્યાગ નથી. એ આવે છે, એટલો દોષ આવે છે. આહાહા..!

'(સ્વચ્છંદપણે) પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું,...' સમ્યગ્દૃષ્ટિને પરની હિંસા કરવી કે પરને બચાવું એવું સ્વચ્છંદતાપૂર્વક નથી. એ તો થઈ જાય છે, એ રાગને જાણે છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં તો એવું લીધું છે, સમ્યગ્દૃષ્ટિ જીવ પરને સામગ્રી આપે છે તો જાણે છે કે હું તો નિમિત્તમાત્ર છું. એ તો એને કારણે સામગ્રી જાય છે. એ મરે છે તે તેને કારણે, હું તો નિમિત્તમાત્ર છું, એ જીવે છે તે તેને કારણે, હું તો નિમિત્તમાત્ર છું. એવો પાઠ છે. નિમિત્તનો અર્થ હું તેનો કર્તા નથી. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં પાઠ છે. નિમિત્તમાત્ર, હું તો નિમિત્ત છું. કાર્ય તો ત્યાં તેને કારણે થાય છે. આહા..! 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. આહા..! અરે..! માર્ગ ઘણો (ગંભીર). જિનેશ્વરદેવ પરમેશ્વર ત્રિલોકનાથનો અભિપ્રાય અને ધર્મ કોઈ અલૌકિક છે. એ દુનિયામાં ક્યાંય નથી. આહા..!

સંપ્રદાયને મળ્યું નથી પ્રભુ તને આહાહા..! જ્યાં જન્મ્યા, જે કુળમાં જન્મ્યો અને જેનો સંગ અને પરિચય રહ્યો, બસ! તેની માન્યતા થઈ ગઈ. વસ્તુ શું છે? ભગવાનનો માર્ગ શું છે તેની તેને ખબર નથી. જે સંપ્રદાયમાં જન્મ્યો અને જેનો સંગ રહ્યો, બસ! એ માન્યતા (થઈ ગઈ). અમે ધર્મી છીએ (એમ માન્યું). આહાહા..!

મુમુક્ષુ :- બાપદાદાની માન્યતા છોડાય?

ઉત્તર :- બાપદાદા નરકમાં ગયા, તારે નરકમાં જાવું છે? આહાહા..! 'શ્રેણિકરાજા' નરકમાં ગયા અને 'અભયકુમાર' સ્વર્ગમાં ગયા અને તેનો પુત્ર મોક્ષમાં ગયો. તેની સાથે સંબંધ શું છે? બાપે કર્યું એટલે એણે એમ કરવું, એમ છે? એનો આત્મા ભિન્ન છે, તારો આત્મા ભિન્ન છે. બાપની માન્યતા પરંપરાની જૂઠી હોય તો છોડી દેવી. આહાહા..! કુળની પરંપરા, જે કુળમાં જન્મ્યા હોય એની માન્યતા મળી હોય, એ છોડી દેવી. આ તો વીતરાગમાર્ગ છે. આહાહા..!

એકવાર પ્રશ્ન ઉઠ્યો હતો. '૮૩ની સાલ, સંવત ૧૯૮૩. ૫૨ વર્ષ પહેલા. સ્થાનકવાસી 'દામોદર' શેઠ હતા. 'દામનગર', અગ્રેસર (હતા). તે દિ' દસ લાખ (હતા). તે દિ' દસ લાખ એટલે અત્યારે ત્રીસ ગુણા. પૈસાવાળા હતા. એની શ્રદ્ધામાં એવું આવ્યું હતું, એવી ખોટી શ્રદ્ધા હતી. એ કહેતા હતા કે, મૂર્તિની માન્યતા મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી હોય, એમ કહેતા હતા. હું તો તેમાં (-સંપ્રદાયમાં) હતો. એણે બહારમાં એ વાત મૂકી. મારી પાસે ન કહે. મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી પ્રતિમાની માન્યતા છે, સમ્યગ્દૃષ્ટિ થયા પછી પ્રતિમાની માન્યતા ન હોય, એમ બહારમાં કહ્યું. મારી પાસે વાત આવી. હું તો એમાં (સ્થાનકવાસીમાં) હતો.

મેં તો એમ કહ્યું, સાંભળો! સમ્યગ્દૃષ્ટિ થાય ત્યારે તેને ભાવશ્રુતજ્ઞાન થાય છે. ભાવશ્રુતજ્ઞાન થાય તેમાં નિશ્ચય-વ્યવહારનય બે નય આવે છે. તેને વ્યવહારનય છે, જિનપ્રતિમાની માન્યતા તેને યથાર્થ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને મૂર્તિની માન્યતા યથાર્થ તેને છે. કેમકે મૂર્તિ છે તે વ્યવહાર છે અને વ્યવહારનય જેને પ્રગટ થયો છે. પોતાના આત્માના અવલંબને સમ્યગ્દર્શન, ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થયા તો ભાવશ્રુતજ્ઞાન અવયવી છે અને નય તેનો અવયવ છે, તો શ્રુતજ્ઞાનીને વ્યવહારનય છે અને તેને જ પ્રતિમાની માન્યતા, વ્યવહાર યથાર્થ છે. એ..ઇ...! આ તો તેમાં હતા. અમે આમાં આવી ગયા માટે માનીશું, એમ નથી. સત્ય શું છે? સંપ્રદાયમાં આવી ગયા માટે તમે એમ માની લ્યો કે, આમાં રહેશે (એમ નથી). જરીક ફેરફાર પડશે તો બધું છોડી દઈશું. કોઈ બોલતા નહિ, વિરોધ ન કરે. જો કાંઈક કહેશું તો મહારાજ સંપ્રદાય છોડી દેશે.

મૂર્તિની માન્યતા, પ્રતિમાની, જિનપ્રતિમા, જિનભવનની માન્યતા સમકિતીને જ વ્યવહારથી યથાર્થ હોય છે. મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. તેને નય નથી, તો નયનો વિષય

પણ તેને નથી. 'સુમેરુમલજી'! સમજાણું? આ તો અંતરની વાતું છે. મૂર્તિ છે તો પર, પણ ભગવાન કે મૂર્તિની માન્યતા, જેને વ્યવહારનય હોય તેને હોય છે. જેને વ્યવહારનય નથી, સમ્યગ્દર્શન નથી તેને દેવ-ગુરુ અને પ્રતિમાની માન્યતા છે જ ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અહીં કોઈ પક્ષપાતની વાત નથી. અહીં તો સત્ય શું છે (તેની વાત છે). અહીં તો માંધાતા કહેતા હોય અને જૂઠું હોય તો જૂઠી વાત છે. આહા..!

અહીંયાં કહે છે, 'निरर्गला व्यापृतिः' 'કારણ કે તે નિરર્ગલ પ્રવર્તન ખરેખર બંધનું જ ઠેકાણું છે.' જોયું? શું કહ્યું? હું પરની હિંસા કરું, પરને જીવાડું, પરને અનુકૂળતા આપી દઈ શકું એવી સ્વચ્છંદની માન્યતા મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ બંધનું કારણ છે. સમ્યગ્દષ્ટિની એ માન્યતા નથી. હું પરને જીવાડી શકું છું, મારી શકું છું એવું એને છે જ નહિ. પણ જરી રાગ આવ્યો અને હિંસામાં નિમિત્ત થયા તો તેટલો રાગનો આસક્તિનો બંધ છે, મિથ્યાત્વનો (બંધ) નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

સમકિતદૃષ્ટિને–જ્ઞાનીને વિષયવાસના પણ આવે છે. એ જાણે છે કે આ પાપ છે. એ દુઃખ છે, હું સહન કરી શકતો નથી તો હું વિષયવાસનાનો ઇલાજ કરું છું. એ રોગનો જેમ ઇલાજ કરે તેમ ઇલાજ માને છે. એમાં સુખબુદ્ધિ નથી. આહાહા..! મોટો ફેર. ક્યાં ફેર પડે છે તેની ખબરું (નથી). ક્યાં દુનિયા ચાલી જાય છે? પાગલની જેમ આખી દુનિયા (ચાલી જાય છે). આહા..! પૈસાવાળા, મોટા લાખો રૂપિયાના પગારદાર ને જાણે મોટા હોંશિયાર.! મૂઢ છે. શું ચીજ છે? શું પાપ છે? શું પુણ્ય છે? શું આત્મા છે? શું પર છે? કાંઈ ખબર નથી. બેખબરા (છે). બેખબરા એટલે બે ખબરું હશે? બેખબરા એટલે ખબર વિનાના. આહાહા..! અરે..રે...! વાસ્તવિક દૃષ્ટિની ખબર નથી એ તો બેખબરા મૂઢ છે. ચાહે તો અબજોપતિ હો અને ચાહે તો જૈન સાધુ હો, દિગંબર સાધુ હો પણ હું પરને જીવાડી શકું છું, મારી શકું છું એવી બુદ્ધિ છે તો મિથ્યાત્વ છે. આહાહા..!

એ પ્રશ્ન પણ એકવાર ઉઠ્યો હતો. 'ઉદેપુર'વાળા 'ચાંદમલજી' હતા. 'ઉદેપુર'વાળા 'ચાંદમલજી' નહિ? બ્રહ્મચારી હતા. ઇ કહે, સાધુ હોય ત્યારે વસ્ત્ર તો છોડી શકે છે ને? છોડી શકે કે નહિ? કીધું, ના. વસ્ત્ર એના કારણે છૂટી જાય છે. પરદ્રવ્યને છોડું, એવી બુદ્ધિ જ્ઞાનીને છે જ નહિ. અંદરમાં સ્થિર થવાની બુદ્ધિ છે અને રાગના ત્યાગની બુદ્ધિ છે તો વસ્ત્ર છૂટી જાય છે. વસ્ત્રને કારણે વસ્ત્ર છૂટી જાય છે, એ તો પરપદાર્થ છે. પરને છોડું કે મૂકું એ આત્મામાં છે નહિ. હેં?

મુમુક્ષુ :– અહીં એકવાર રાત્રે પ્રશ્ન કર્યો તો.

ઉત્તર :– ... અહીં પણ પ્રશ્ન કર્યો હતો, 'ઉદેપુર' પણ પ્રશ્ન કર્યો હતો. મૂળ એ પ્રથા હતી જ નહિ. બસ! બાહ્ય પ્રવૃત્તિ કરવી, આ કરવું, આ કરવું, આ કરવું, પડિમા લેવી ને એને સાચવવી. આહાહા..! બહારથી શરીરનું બ્રહ્મચર્ય પાળવું અને કાંઈક લૂગડા ફેરવી

નાખવા, ત્યાગ કર્યો આ માન્યું. આહાહા..!

મુમુક્ષુ :- કપડા કોણ ફેરવી શકે?

ઉત્તર :- કપડા ફેરવી શકતો નથી પણ માને છે ને, કે હું આવો કોટ પહેરું છું તો હવે ધોતિયું પહેરું છું. એ કપડા પહેરું છું એ પણ કપડાની ક્રિયા ક્યાં (એની હતી) તો પહેરી શકે? આહાહા..! ઝીણી વાત, ભાઈ!

અહીંયાં કહે છે, કે સમકિતીને બંધ કહ્યો નથી તો સમકિતીએ નિરર્ગળપણે ચાલવું એમ નથી, સ્વચ્છંદે ચાલવું એમ નથી. સ્વચ્છંદ કરશે તો મિથ્યાત્વ થશે. આહાહા..! છે? 'ज्ञानिनां अकाम-कृत-कर्म तत् अकारणम् मतम्' 'જ્ઞાનીઓને વાંછા વિના કર્મ (કાર્ય) હોય છે...' ધર્મીને કરવાની વાંછા નથી અને રાગ આવે છે તેમાં સુખબુદ્ધિની વાંછા નથી. આહાહા..! મોટો ફેર. ધર્મીએ તો પોતાના આત્મામાં સુખ જોયું છે. સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર, ભંડાર પ્રભુ, એની દૃષ્ટિમાં પરમાં સુખબુદ્ધિ હોતી જ નથી. રાગ આવે છે, વિષયસેવન કરે છે (પણ) સુખબુદ્ધિ નથી. આહા..! એટલો આસક્તિનો દોષ લાગે છે. આહા..! સમજાણું કાંઈ?

'જ્ઞાનીઓને વાંછા વિના કર્મ (કાર્ય) હોય છે...' જોયું? શરીરનું કાર્ય, પરના (કાર્ય) વાંછા રહિત એના કાર્ય હોય છે. બંધનું કારણ નથી, તેને કહ્યું. કેમકે 'जानाति च करोति' આહાહા..! એક કોર એમ કહે કે, હું જાણું પણ છું અને તેમાં થાય છે, બીજી કોર કહે, હું કર્તા પણ છું. તો જાણું છું અને કર્તા છું, બે એકસાથે નથી રહેતા. સમજાણું કાંઈ? 'કરે કર્મ સો હિ કરતારા, જો જાને સો જાનનહારા, જાને સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાને નહિ કોઈ.' આહાહા..! ઝીણી વાતું, બાપુ! જગતથી ઘણો ફેર, ભાઈ! અરે..! બિચારા ક્યાં રખડે છે જગત? ક્યાં.. ક્યાં..? આહાહા..! અને એ મનુષ્ય મરીને ક્યાંય બોકડામાં જાશે, કૂતરામાં જાશે, કાગડામાં અવતાર લેશે. ધર્મની ખબર ન મળે, વસ્તુની દૃષ્ટિની (ખબર નથી). આહા..! અરે..રે...! તેમ કોઈ બે-ચાર કલાક હંમેશાં સતસમાગમ કરવો અને પુણ્ય બંધાય, એટલા પુણ્ય પણ નથી. એકાદ કલાક કરે તો એ તો એરણની ચોરી અને સોયના દાન (જેવું છે). એરણ એટલે સમજ્યા? સોનીની. આહા..! ચોવીસ કલાક, તેવીસ કલાક એકલા પાપમાં (જાય) અને એકાદ કલાક સાંભળવા જાય તો એને સંભળાવનારા કુગુરુ મળે. તમે આ કરો, તમે વ્રત કરો, તમે તપ કરો ધર્મ (થઈ જશે). એક કલાક એનો લૂંટી લે. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, પ્રભુ! તારી દૃષ્ટિ, તું રાગથી ભિન્ન થયો તો તારી દૃષ્ટિમાં આત્મા સુખરૂપ છે એમ આવ્યું તો બહારની ક્રિયામાં સુખબુદ્ધિ છે કે કર્તાપણું છે એ તને ઊડી ગયું. બહારની ક્રિયા હું કરું છું અને જાણું પણ છું એમ બે રહે નહિ. જાણનારો કર્તા નથી થતો અને કર્તા છે તે જાણનારો નથી રહેતો. આવો ઉપદેશ, હવે કઈ જાતનો

આવો? નોકરી આડે નવરાશ ન મળે. પાંચ, સાત, દસ હજારનો મહિને પગાર હોય. આખો દિ' નોકરી અને શેઠમાં, આખો દિ' પાપ. આહાહા..! અમારા 'સુમનભાઈ'ને છે ને, લ્યોને! વખત મળે નહિ. છ, સાત, આઠ હજારનો મહિને પગાર, 'રામજીભાઈ'નો દીકરો. નિવૃત્તિ ન મળે. નોકરી અને શેઠમાં આખો દિ' માથાકૂટ. અરે..રે...! જાવું ક્યાં? ભાઈ!

મુમુક્ષુ :– આપ ઉપદેશ આપીને નોકરી છોડાવી દો.

ઉત્તર :– નોકરી હું છોડાવું કે એનો બાપ છોડાવે. આ તો ઘરનો દાખલો આપ્યો, આ તો બધાને એમ છે ને! અમારા ઘરના વેપારમાં પણ એમ હતું ને? દુકાનનો વેપાર, કીધું ને 'કુંવરજીભાઈ' અમારા ભાગીદાર ફઈના દીકરા હતા. મમતા ઘણી. આખો દિ' પેદાશ ઘણી થાય, પણ આખો દિ' આ કર્યું ને આ કર્યું ને આ લીધું... શું છે કીધું આ તમને?

મુમુક્ષુ :– શેઠ કહેવાયને.

ઉત્તર :– શેઠ મરીને ગયો હેઠે, શેઠ ગયો હેઠે. આમ તો દસ લાખ રૂપિયા મળી ગયો. દસ લાખ. તે દિ' '૨૧ની સાલમાં ગુજરી ગયો. દસ લાખ રૂપિયા, બે લાખની પેદાશ. અત્યારે છોકરાઓને ચાર લાખની પેદાશ છે. મરી ગયો ત્યારે એટલી મમતા.. ઓ..હો...! હું કરું છું, હું કરું છું... બધાની દુકાન ભાંગી ગઈ અને મારી દુકાન રહી ગઈ. અરે...! ધૂળમાંય નથી, કીધું, મરી જઈશ, ઢોરમાં જઈશ, યાદ રાખ. (સંવત) ૧૯૬૬માં કહ્યું. ૨૦ વર્ષની ઉંમર. આ તો ૯૧ થયા. સીત્તેર વર્ષ પહેલાં (કહ્યું). બોલે નહિ, મારી સામું ન બોલે. ભગત છે, સાંભળો! શું છે આખો દિ' આ? પૈસાના ઢગલા થાય ધૂળમાં તારે શું છે આમાં, દુનિયા પાખંડી, દારૂના પીધેલાઓ અજ્ઞાનીઓને પૈસાવાળાને મોટા કહે. જેણે મિથ્યાત્વના દારૂ પીધા છે એ પૈસાવાળાને મોટા કહે.

અહીં તો જેને સમ્યક્ થયું છે એ સમકિતી અને ધર્મી હોય એને મોટા કહે. ભલે ગરીબ હોય, નરકમાં હોય. આહાહા..! એવી વાત છે, બાપુ! પરની સાથે શું સંબંધ છે? આ શરીર પણ જગતના પરમાણુ હતા. એકવાર આ પરમાણુઓ વીંછીના ડંખપણે પરિણમતા હતા, પ્રભુ! સર્પના મોઢામાં ઝેરપણે પરિણમતા હતા, એ અત્યારે શરીરપણે છે. એમાં તારા ક્યાં છે? એ તો જગતની ચીજ છે. આહાહા..! એને સાચવી રાખું, એને નિરોગતા હું કરી શકું ને દવા આપીએ તો આમ થાય, એની બધી કર્તાબુદ્ધિ(માં) આહાહા..! એ જાણનારો રહેતો નથી અને જાણનારો કર્તા થતો નથી. થાય છે, જગતની ચીજ થાય છે. આહાહા..! આકરું કામ, ભાઈ!

'હરિનો માર્ગ છે શૂરાનો, એ કાયરના અહીં કામ નથી.' આવે છે ને? ભાઈ! 'હરિનો માર્ગ છે શૂરાનો, એ કાયરના નહિ કામ જો ને, પ્રથમ પહેલું મસ્તક મૂકી ફરીને લેવું હરિનું નામ જો ને...' હરિ (એટલે) આત્મા, હોં! ભગવાન રાગ અને પુણ્ય-પાપ વિનાનો પ્રભુ, એ હરિનો માર્ગ છે શૂરાનો. એ શૂરવીરના આ કામ છે. આહાહા..!

પુણ્યના પરિણામમાં રોકાઈ જાય તો પ્રભુ તો કહે છે, કે તું નપુંસક છે, પાવૈયો, હીજડો છે. પાપના પરિણામમાં તો નપુંસક છે જ, આહાહા..! શું કહ્યું? હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના, ક્રોધ, માન પાપમાં તો તું પાવૈયો છો, હીજડો છો અને શુભભાવમાં પણ રોકાઈ ગયો તો નપુંસક છો. નપુંસકને વીર્ય નથી હોતું તો પુત્ર થતા નથી. શુભભાવમાં ધર્મની પ્રજા થતી નથી. આહાહા..! 'સુમેરુમલજી'! આકરી વાત, પ્રભુ! ભગવાન! આહાહા..! 'સમયસાર'માં પાઠ છે. નપુંસક કહ્યું છે. શુભભાવવાળા (નપુંસક), પાપભાવવાળા તો પાપી નપુંસક છે જ. આહાહા..! સામાયિકની પ્રતિજ્ઞા લઈને પણ, એવો પાઠ છે. શુભભાવથી પાછા હટતા નથી એ નપુંસક છે, એવો પાઠ છે. 'સમયસાર' 'પુણ્ય-પાપ અધિકાર'માં છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સાધન છે ને?

ઉત્તર :- ધૂળેય સાધન નથી. બાધક છે, ઝેર છે. 'મોક્ષ અધિકાર'માં શુભભાવને વિષનો ઘડો કહ્યો છે. ભગવાન અમૃતનો સાગર પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ અમૃતના સુખનો સાગર (છે), એનાથી વિરુદ્ધ શુભભાવ એ તો ઝેર છે. અરે..રે...! ભગવાન! આહા..! એ શુભભાવ કરીને પણ અમે ધર્મ કરીએ છીએ (એમ માને) એ તો મૂઢ છે. આહાહા..! એના પણ અત્યારે ક્યાં ઠેકાણા છે? આહા..!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આ કહેતા હતા એ વાત અહીં આવી છે. આહાહા..! દુનિયા માને, ન માને એથી સત્ય કંઈ અસત્ય થઈ જતું નથી. આહાહા..! એ બંધનું કારણ કહ્યું.

'જાણે પણ છે અને (કર્મને) કરે પણ છે-એ બન્ને ક્રિયા શું વિરોધરૂપ નથી?' હું જાણનારો પણ રહું છું અને હું કરી પણ શકું છું. એક મ્યાનમાં બે તલવાર નથી રહી શકતી. આહાહા..! જાણનાર રહેવું અને કર્તા થવું, એ બે સાથે ન રહી શકે. હું કરી શકું છું (એમ માને તો) એ જાણનારો નથી રહી શકતો અને જાણનારો હું છું તો કરી શકું છું એવી માન્યતા નથી રહેતી. અરે..રે...! આવી વાતું. ધર્મની વાતું (એટલે. એમ કહે), વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને મંદિર કરો એવી વાતું હતી, હવે આવી વાતું કાઢી. સાંભળને, હવે તારા વ્રત ને તપ.. આહાહા..! એ ભક્તિ ને પૂજાનો બધો શુભભાવ, પુણ્યભાવ નપુંસક છે. આવે છે, જ્ઞાનીને પણ અશુભથી બચવા (આવે છે), પણ એ ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! 'એ બન્ને ક્રિયા શું વિરોધરૂપ નથી? (કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે).'

ભાવાર્થ :- 'પહેલા કાવ્યમાં લોક આદિને બંધના કારણ ન કહ્યાં ત્યાં એમ ન સમજવું કે બાહ્યવ્યવહારપ્રવૃત્તિને બંધના કારણોમાં સર્વથા નિષેધી જ છે; બાહ્યવ્યવહારપ્રવૃત્તિ રાગાદિ પરિણામને-બંધના કારણને-નિમિત્તભૂત છે,...' બાહ્ય પ્રવૃત્તિ રાગ અને બંધના કારણમાં

નિમિત્તભૂત છે. આહાહા..! 'તે નિમિત્તપણાનો અહીં નિષેધ ન સમજવો. જ્ઞાનીઓને અબુદ્ધિપૂર્વક–વાંછા વિના–પ્રવૃત્તિ થાય છે...' ધર્મીને તો હું જાણનાર-દેખનાર ભગવાનઆત્મા (છું એવી દૃષ્ટિ હોવાથી) તેની પ્રવૃત્તિનો (કર્તા થતો નથી), જાણનારો રહે છે. 'તેથી બંધ કહ્યો નથી, તેમને કાંઈ સ્વચ્છંદે પ્રવર્તવાનું કહ્યું નથી;...' સ્વચ્છંદી થઈને ગમે તે હિંસા થાઓ અને ગમે તે ક્રિયા થાઓ એમ કરવાનું કહ્યું નથી. એ તો ક્રિયા થાય છે તેનો જાણનારો રહે એવા સમકિતીને બંધનું કારણ નથી કહ્યું. આહાહા..! સમ્યગ્દષ્ટિને નામે પણ સ્વચ્છંદ થઈ જાય. ગમે તેમ કરીએ, ગમે તેમ કરીએ એમ ન હોય, આહાહા..!

'કારણ કે મર્યાદા રહિત (અંકુશ વિના) પ્રવર્તવું તે તો બંધનું જ ઠેકાણું છે. જાણવામાં અને કરવામાં તો પરસ્પર વિરોધ છે;...' પરક્રિયા થાય છે તેના જાણનારા રહેવું, પરક્રિયા થાય છે તેના કર્તાપણે માનવું–બન્ને તદ્દન વિરુદ્ધ છે. સમજાય છે? પરક્રિયા થાય છે એમાં જાણનારા રહેવું એ બીજી ચીજ છે અને થાય છે તેને હું કરું છું, એ બીજી ચીજ છે. આખી માન્યતામાં ફેર છે. આહાહા..!

'જ્ઞાતા રહેશે તો બંધ નહિ થાય,...' આહાહા..! હું તો સ્વને અને પરને જાણનાર-દેખનાર છું. એવા સમ્યગ્દર્શનમાં જ્ઞાતા રહેશે તો બંધ નહિ થાય, 'કર્તા થશે તો અવશ્ય બંધ થશે.' આહાહા..! આવી વાત છે. 'જે જાણે છે તે કરતો નથી...' આવ્યું ને? 'જે કરે છે તે જાણતો નથી; કરવું તે તો કર્મનો રાગ છે,...' કાંઈક કરું એ તો રાગ છે અને હું કરી શકું છું, એ મિથ્યાત્વ છે. આહાહા..! 'રાગ છે તે અજ્ઞાન છે અને અજ્ઞાન છે તે બંધનું કારણ છે' એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–'

'જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી; કરવું તે તો કર્મનો રાગ છે, રાગ છે તે અજ્ઞાન છે અને અજ્ઞાન છે તે બંધનું કારણ છે.' આવા અર્થનું કાવ્ય કહે છે :–

## શ્લોક–૧૬૭

(वसन्ततिलका)

जानाति यः स न करोति यस्तु<br>
जानात्ययं न खलु तत्किल कर्मरागः।<br>
रागं त्वबोधमयमध्यवसायमाहु-<br>
र्मिथ्यादृशः स नियतं स च बन्धहेतु।।१६७।।

શ્લોકાર્થ :- [ यः जानाति सः न करोति ] જે જાણે છે તે કરતો નથી [ तु ] અને [ यः करोति अयं खलु जानाति न ] જે કરે છે તે જાણતો નથી. [ तत् किल कर्मरागः ] જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે [ तु ] અને [ रागं अबोधमयम् अध्यवसायम् आहुः ] રાગને (મુનિઓએ) અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે; [ सः नियतं मिथ्यादृशः ] તે (અજ્ઞાનમય અધ્યવસાય) નિયમથી મિથ્યાદૃષ્ટિને હોય છે [ च ] અને [ सः बन्धहेतुः ] તે બંધનું કારણ છે. ૧૬૭.

## ગાથા-૧૬૭ ઉપર પ્રવચન

'જે જાણે છે તે કરતો નથી...' જાણવામાં તો હું જ્ઞાતા છું. રાગનો પણ કર્તા નથી, પરની ક્રિયા પણ મારાથી થતી નથી. આહાહા..! મેં મંદિર પણ બનાવ્યું અને હું જાણનારો રહ્યો, એમ છે નહિ. મંદિર તો મંદિરને કારણે બંધાય છે, તારાથી બંધાતું નથી. અરે..રે..! આવું મોટું મકાન છવીસ લાખનું (બન્યું). એ તો એને કારણે એ સમયમાં પરમાણુની પર્યાય થવાની તે થઈ છે. આહાહા..!

મુમુક્ષુ :- પુદ્ગલને શું ખબર પડી કે અમારે આ થવાનું છે?

ઉત્તર :- ખબરવાળું હોય તો દ્રવ્ય જડ હોત જ નહિ. ખબરવાળું દ્રવ્ય તો એક જ છે. ખબર વિનાના દ્રવ્ય પાંચ છે. છ દ્રવ્યમાં એક જ ખબરવાળું ચૈતન્ય દ્રવ્ય છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, પુદ્ગલ જ્ઞાન વિનાની ચીજ છે. એની પર્યાયનો કાળ છે તો પર્યાય થાય છે. તેની જન્મક્ષણ છે. 'પ્રવચનસાર'માં કહ્યું છે કે, જે સમયે જે પર્યાય પરમાણુની થવાની છે તે જન્મક્ષણ-તેની જન્મની ઉત્પત્તિ છે. તે સમયે તે પર્યાય થઈ છે. બીજાથી, કડિયાથી કે 'રામજીભાઈ'થી આ મકાન થયું છે એમ નથી, એમ કહે છે. 'વજુભાઈ'એ બનાવ્યું હશે, એમ કોઈ કહે છે, લ્યો ને! ઇજનેર છે. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! બહુ આકરું.

આ અનંત પરમાણુ છે એની પર્યાય એ સમયે ઉત્પન્ન થવાવાળી હતી તો તે બન્યું છે. કોઈ કહે કે મારાથી બન્યું છે એ બધું મિથ્યાભ્રમ અજ્ઞાન છે. અહીં જંગલ (હતું), પાડા બેસતા. અહીં છવીસ લાખનું મકાન (-પરમાગમ મંદિર) આરસપહાણનું (બન્યું), પોણા ચાર લાખ અક્ષર (કોતરાયા). બાપુ! એ સમયે થનારી ચીજ હતી. આહાહા..! અરે..રે...! કેમ બેસે? અભિમાન છે ને? હું કરું, હું કરું. 'નરસિંહ મહેતા' કહે છે ને? 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડાનો ભાર કૂતરો તાણે, એમ છે. એટલે જાણવું અને કરવું બેય એકસાથે હોઈ શકે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૩૧૮ ગાથા-૨૪૭ થી ૨૪૯, શ્લોક-૧૬૭

રવિવાર, આસો સુદ ૨, તા. ૨૩-૦૯-૧૯૭૯

(આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે)

'સમયસાર' ૧૬૭ કળશ. સૂક્ષ્મ વિષય છે, ભગવાન! શું કહે છે? જુઓ! 'यः जानाति सः न करोति' શું કહે છે? (આજે) રવિવાર છે. ઝીણી વાત છે. આત્મા જે છે એ જ્ઞાન અને આનંદ સ્વભાવ છે, તો જે જ્ઞાનસ્વભાવ છે એ રાગ થાય છે કે પરની ક્રિયા થાય તેને જાણે છે. જે જાણે છે તે કર્તા થતો નથી. આહાહા..! કારણ કે આત્માનો સ્વભાવ જ્ઞાન પિંડ પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ ભગવાન (છે) તેને જેણે જાણ્યો તે જાણનારો, દયા, દાન, વ્રત, કામ, ક્રોધનો રાગ થાય છે પણ તે રાગનો જાણનાર રહે છે. આહાહા..! કેમકે દૃષ્ટિ જ્ઞાયક ઉપર છે, રાગ ઉપર દૃષ્ટિ નથી. સમજાય છે? રાગ ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, કામ, ક્રોધાદિ હો પણ ધર્મીજીવ તેને કહીએ કે જે જ્ઞાતા-દૃષ્ટા જાણવાનું કાર્ય કરે. આહાહા..! જાણન-દેખન પર્યાયનું કાર્ય કરે. છે?

'જે જાણે છે તે કરતો નથી...' બહુ ઝીણી વાત, પ્રભુ! ઓ..હો..! વીતરાગમાર્ગ.. એ જ્ઞાનસ્વરૂપ પ્રભુ... સમજાય છે? આ દેહ તો જડ છે, માટી-ધૂળ છે, અંદર કર્મ માટી-ધૂળ છે અને પુણ્ય-પાપના ભાવ થાય છે એ કંઈ આત્મસ્વરૂપ નથી. આહા..! એ મલિનભાવ જે પરિણામ થાય છે, જેની દૃષ્ટિ જ્ઞાયક ચિદાનંદ હું છું, એવી દૃષ્ટિ ધર્મીની છે તો તે રાગનો જાણનારો રહે છે. આહાહા..! એ જાણવું-દેખવું તે ધર્મ છે. અરે..રે..! આવી વાત ક્યાં (મળે)? દુનિયામાં ક્યાંય પત્તો મળે નહિ એવી વાત છે, ભાઈ! આહા..!

'જે જાણે છે તે કરતો નથી...' પરની ક્રિયા અને પરની દયા પાળી શકું છું, પરની હિંસા કરી શકું છે એમ જ્ઞાની નથી માનતા, ધર્મી એમ જાણતા નથી. ધર્મી જ્ઞાયક સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ જે ધર્મી તેનો ધર્મ જાણવું-દેખવું છે. આહાહા..! તો જાણવા-દેખવાનું કાર્ય ધર્મીનું છે ત્યાં રાગનું કાર્ય તેનું નથી. ગજબ વાત છે, પ્રભુ! ઓહો..હો..! વ્યવહાર રત્નત્રયનો જે (રાગ) દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, તેનો જે રાગ છે તેનો પણ કર્તા ધર્મી નથી, એમ કહે છે. આહાહા..! 'જે જાણે છે તે કરતો નથી...' કહો, 'બાલચંદજી'! આવી વાત છે. આ દયા પાળી શકું ને હિંસા કરી શકું (એમ વાત નથી). અરે..! પ્રભુ!

અહીં તો કહે છે, કે જે ભાવ આવ્યો, જાત્રાનો ભાવ હો કે દયાનો કે વ્રતનો હો પણ તે રાગ છે, તો ધર્મીજીવ તો તેને કહીએ કે જે જ્ઞાયક સ્વભાવ એવો આત્મા, તેની દૃષ્ટિ થઈ છે તે કારણે રાગ આવે છે તો રાગનો જાણનાર રહે છે. આહાહા..! આટલી શરતું. બીજી વાત તો ક્યાં રહી? આહાહા..! અરે..! પ્રભુ! માર્ગ તારા બહુ અલૌકિક છે, પ્રભુ! આહાહા..! આ તો પ્રભુ તરીકે બોલાવે છે. ભગવાન! અંદર ભગવાનસ્વરૂપ પ્રભુ સ્વરૂપ

છે. એ જ્ઞાનની પ્રભુતા અને આનંદની પ્રભુતાવાળો છે. એ રાગની પ્રભુતાવાળો ભગવાનઆત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'જે જાણે છે તે કરતો નથી...' હું તો જ્ઞાન ચૈતન્ય વસ્તુ છું, જ્ઞાનપુંજ પ્રભુ (છું). એ તો જાણનાર-દેખનાર રહે છે, એ ધર્મી. જાણવું-દેખવું પર્યાય તે ધર્મ (છે). તે રાગનો કર્તા થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે રાગ પોતાનો કોઈ ગુણ કે પવિત્ર શક્તિ એવી નથી કે રાગરૂપ થાય. આત્મામાં અનંત ગુણ છે, ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરે એ અનંત ગુણની સંખ્યા કહી, એમાં કોઈ પણ ગુણ વિકારપણે પરિણમે એવો કોઈ ગુણ નથી. આહાહા..!

મુમુક્ષુ :– વિભાવિકગુણ છે ને!

ઉત્તર :– વિભાવિક શક્તિ–ગુણ, વિભાવનો અર્થ કોઈ વિભાવરૂપે પરિણમવું એમ તેનો અર્થ નથી. વિભાવ નામ બીજા દ્રવ્યમાં તેવી શક્તિ નથી એવી એક વિભાવિક શક્તિ છે તેનું નામ ગુણ છે, પણ વિભાવિક શક્તિ વિભાવપણે પરિણમે એવો તેનો સ્વભાવ નથી. 'ચંદુભાઈ'! આ તો વિભાવિક શક્તિ છે ને? આહા..! ભગવાન! વીતરાગ જિનેશ્વરદેવનો માર્ગ કોઈ અલૌકિક છે. આહાહા..!

અહીંયાં એ કહે છે, એક વાક્યમાં તો કેટલું સમાવી દીધું છે! જે ધર્મી, ધર્મી એવો ભગવાન જ્ઞાયકસ્વરૂપ પ્રભુ, તેની જેને દૃષ્ટિ (થઈ), દૃષ્ટિમાં પરમસત્તાનું ભાન થઈ ગયું, પરમસત્તા પૂર્ણાનંદ જ્ઞાયક આનંદ આદિ પૂર્ણ સત્તા પોતાનો સ્વભાવ, તેની જેને દૃષ્ટિ થઈ ગઈ તે જાણનાર રહે છે. આહાહા..! આવી વાત છે. આવું આકરું કામ. લોકોમાં અત્યારે તો હો..હા, હો..હા (ચાલે છે). વ્રત કરો ને અપવાસ કરો ને જાત્રા કરો ને ભક્તિ કરો (એ) ધર્મ. અરે..! ભગવાન! એ તો બધો રાગભાવ છે અને રાગના કર્તા થવું એ તો અજ્ઞાનભાવ છે. આહાહા..! બહુ ઝીણી વાત, પ્રભુ! આહા..!

તારી પ્રભુતામાં એવો કોઈ પ્રભુતા નામનો એક ગુણ છે તો અનંત ગુણમાં પ્રભુતા પ્રસરી રહી છે. અનંત ગુણમાં પ્રભુતા છે. એ પ્રભુતા રાગને કરે એવી કોઈ પ્રભુતા તેનામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! ચાલતી પ્રથાથી વાત જુદી લાગે, બાપુ! માર્ગ આ છે. આહાહા..!

કહ્યું નહિ? ભાઈ! દસલક્ષણી પર્વ વાંચ્યું ને? આખુ વાંચ્યું? આ..હા..! 'જગમોહનલાલજી'એ તો 'હુકમચંદજી' માટે લખ્યું છે, ભાઈ! વાંચ્યું છે? 'આને તો સરસ્વતીનું વરદાન છે.' ઓલો 'જગમોહનલાલજી' કેટલો જૂનો પંડિત! ૮૦ વર્ષનો. ઘણા શાસ્ત્રો જોયેલા છે. પણ એણે આ જોઈને એવી વાત (કરી) આહાહા..! કે, 'આને તો સરસ્વતીનું વરદાન છે.' અંદર જ્ઞાનસ્વરૂપ ભગવાન, એમ કે ક્ષયોપશમભાવે વિકાસ થયો છે. આહા..! એમ આત્મા જ્યાં જ્ઞાનસ્વરૂપ ભગવાન, ભલે વિશેષ ક્ષયોપશમની દશા ન હો, સમજાણું? પરંતુ પોતાનું સ્વરૂપ

જ્ઞાનસ્વરૂપ–પ્રજ્ઞાસ્વરૂપ, બ્રહ્મ આનંદસ્વરૂપ, હું ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છું એવી સમ્યક્દષ્ટિ જેને થઈ તે ધર્મીજીવ ધર્મ નામ જાણવા-દેખવાની પર્યાય કરે તે ધર્મ છે. અરે..રે...! આવી વાતું હવે. સમજાણું કાંઈ?

'જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી.' આહાહા..! એ રાગ આવે છે, તેની દૃષ્ટિ એના ઉપર છે તો કર્તા છે. જ્ઞાતાની દૃષ્ટિ જ્ઞાયક ઉપર છે તે કારણે જ્ઞાતા-દૃષ્ટા રહે છે અને રાગનો કર્તા થતો નથી. આહાહા..! અને પર્યાયબુદ્ધિવાળો રાગ દયા, દાન, વ્રતાદિના પરિણામ થાય છે તેનો કર્તા થાય છે, એ અજ્ઞાની છે. આહાહા..! આવી વાતું આકરી બહુ, ભાઈ! અનંતકાળથી રખડે છે. ચોરાશીના અવતારમાં દુઃખી. દુઃખી.. દુઃખી છે. એને ભાન નથી કે હું કોણ છું? અને શું કરવાનું છે?

અહીં એ કહે છે, 'કરે છે તે જાણતો નથી.' આહાહા..! એ રાગભાવ થાય છે તેની રચના હું કરું છું એ રાગ મારું કર્તવ્ય છે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ (છે), ધર્મી નહિ. એ જાણનારો રહી શકે નહિ. આહાહા..! એ કાલે કહ્યું હતું ને? એમાં આવ્યું હતું, 'કરે કર્મ સો હી રે કરતારા, જો જાને સો જાનનહારા, જાને સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાને નહિ કોઈ' આહાહા..! આ તો માખણ છે, માલ છે, પ્રભુ! તારામાં માલ તો જ્ઞાન ને દર્શન ને આનંદ પડ્યો છે ને, નાથ! તો જેને પોતાની શુદ્ધતાની શ્રદ્ધા થઈ, પોતાના હોવાપણાની, પૂર્ણાનંદના શ્રદ્ધા, જ્ઞાન થયા એ સત્તાના શ્રદ્ધા, જ્ઞાનવાળો રાગનો કર્તા થતો નથી. અને પોતાની સત્તા જ્ઞાયકભાવથી પરિપૂર્ણ છે તે સત્તાનો સ્વીકાર નથી, ત્યાં આગળ રાગની સત્તાનો સ્વીકાર કરીને રાગનો કર્તા થાય છે. 'સુમેરુમલજી' આવી (વાત) છે, ભગવાન! આહાહા..! આવી વસ્તુ છે.

'જે કરે છે તે જાણતો નથી.' અર્થાત્ જે પોતાની પૂર્ણાનંદ સત્તા સ્વભાવની દૃષ્ટિ થઈ નહિ તો ત્યાં દૃષ્ટિ નથી, તો રાગ થાય છે તેની ઉપર દૃષ્ટિ છે, આ પર્યાયબુદ્ધિની વાત છે, પર્યાયબુદ્ધિમાં રાગબુદ્ધિ છે તો રાગનો કર્તા થાય છે, એ અજ્ઞાની છે. આહાહા..! બહુ ઝીણું, ભાઈ! સમજાણું કાંઈ? ત્યારે આ બધું કરવું કે નહિ? દયા પાળવી, વ્રત કરવા, ભક્તિ કરવી એ કંઈ કરવું નહિ? ભાઈ! એ ભાવ આવે છે, છતાં ધર્મી જ્ઞાયક સ્વભાવ પૂર્ણાનંદ જ્ઞાયકની સત્તાનો, જેવી પૂર્ણાનંદ સત્તા–સત્ત્વ છે એવી પ્રતીતિ થઈ તો એ રાગનો કર્તા થતો નથી. પરંતુ એની પૂર્ણ સત્તાનો સ્વીકાર નથી ત્યાં દૃષ્ટિ રાગ ઉપર છે તો એ રાગનો કર્તા થાય છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એ જૈન નહિ. એને જૈનની ખબર નથી. આહાહા..! આવો માર્ગ! 'ભાગચંદજી'! ઓ..હો..હો..!

'જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે...' છે ત્રીજો બોલ? રાગનો કર્તા તે તો કર્મનો રાગ છે, રાગરૂપી ભાવનો પ્રેમ છે. પોતાના સ્વભાવની રુચિ કે પ્રેમ નથી. આહાહા..! 'કર્મરાગ...' (અર્થાત્) કાર્યરાગ, કર્મ એટલે કાર્યનો રાગ છે ને? આહાહા..! ખરેખર કર્મનો

રાગ એટલે તેનો રાગ છે, 'અને...' 'रागं अबोधमयम् अध्यवसायम् आहुः' 'રાગને (મુનિઓએ)...' ગણધરોએ, સંતોએ. આહાહા..! એ રાગના પરિણામ થયા તેને 'અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે;...' રાગની એકતાબુદ્ધિ (છે), સ્વભાવની એકતાબુદ્ધિ નથી, એ રાગની એકતાબુદ્ધિને અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે. આહાહા..!

અરે..! ચોરાશી લાખના અવતાર કરતાં કરતાં કદી એણે પોતાની સત્તા જ્ઞાયકથી ભરેલો પ્રભુ, જેમાંથી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય એવી સાદિઅનંત પર્યાયનો પુંજ જ્ઞાનગુણ અંદર છે, એવો જ્ઞાનગુણ હું છું, જ્ઞાનની પ્રધાનતાથી વાત છે, બાકી તો અનંત ગુણ છે. આહાહા..! એવા જ્ઞાનગુણનું હોવાપણું, સત્તા, મુખ્યતા છે એવી સત્તાની દૃષ્ટિ થઈ તે રાગનો કર્તા થતો નથી અને પોતાની સત્તાનો, સ્વભાવની દૃષ્ટિ અને સત્તાનો સ્વીકાર નથી એ રાગની સત્તાનો સ્વીકાર કરીને કર્તા થાય છે. સમજાણું કાંઈ? કેમ, ભાઈ નથી? કાલે ગયા? ઘણો વખત રહ્યા, બે મહિના. ત્યાં દિગંબરના પ્રમુખ (છે), 'કાંતિભાઈ', ન્યાં પ્રમુખ અહીં બે મહિનારહ્યા. આહાહા..! આ ક્યાં સાંભળવા મળે? એમ બિચારા કહેતા હતા. અરે..! ક્યાં છે? ભાઈ! શું થાય? આહાહા..! અજાણ્યા માણસને તો એવું લાગે કે, આ શું કહે છે? અરે..! ભાઈ! ભગવાન! તારી ચીજ શું છે અને તું ક્યાં રોકાઈ ગયો? આહાહા..!

તારી ચીજ તો પ્રભુ! જ્ઞાયકભાવ અને અનંત ગુણથી ભરેલી ચીજ છે એ ચીજનો તને સ્વીકાર નથી, એ સત્તાની પ્રતીત નથી તો તારી દૃષ્ટિ રાગ ઉપર છે, પર્યાય ઉપર છે કહો કે રાગ ઉપર છે (કહો) આહાહા..! તો પર્યાયબુદ્ધિવાળાની રાગ ઉપર બુદ્ધિ જાય છે તો રાગનો કર્તા થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત, ભાઈ! અને એ 'રાગને (મુનિઓએ) અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે;...' આહાહા..! કેમકે રાગનો કર્તા થાય છે તો એ રાગની એકતાબુદ્ધિ થઈ. જેમાં રાગ નથી એવો વીતરાગસ્વરૂપ ભગવાનમાં રાગની એકતાબુદ્ધિ થઈ. આહાહા..! જો સ્વભાવનું ભાન હોય તો સ્વભાવની પર્યાયની એકતા દ્રવ્યમાં છે પણ રાગની એકતા તેમાં નથી. આહાહા..! તો કહે છે, કે જેની દૃષ્ટિ પોતાનો ભગવાન પૂર્ણાનંદનો નાથ એની દૃષ્ટિનો અભાવ છે... આહાહા..! તેની સત્તાનો સ્વીકાર નથી તેને ક્યાંય પણ પોતાપણું માનવું તો પડશે તો રાગ ઉપર અનાદિની દૃષ્ટિ છે તો રાગનો કર્તા થાય છે, એ અજ્ઞાનમય અધ્યવસાય છે. આહાહા..! આવી વાતું (છે).

'सः नियतं मिथ्यादृशः' 'તે (અજ્ઞાનમય અધ્યવસાય) નિયમથી મિથ્યાદૃષ્ટિને હોય છે...' આહાહા..! જૈનધર્મની તેને ખબર નથી. આહા..! જૈનધર્મ શું છે? આહાહા..! જૈનધર્મ તો જ્ઞાયકસ્વરૂપ ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ, તેની પ્રતીતિ, જાણવું અને દેખવું થાય તે જૈનધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનમય અધ્યવસાયને કારણે મિથ્યાદૃષ્ટિ હોય છે 'અને તે બંધનું કારણ છે.' અબંધ સ્વરૂપ ભગવાનઆત્મા, તેનો જેને અંતર સ્વીકાર નથી ત્યાં દૃષ્ટિ રાગ ઉપર છે તો રાગનો કર્તા થઈને બંધનો કર્તા થાય છે. અજ્ઞાનનો નવો બંધ કરે છે. આહાહા..! આવી વાત છે.

## ગાથા–૨૪૭

जो मण्णदि हिंसामि य हिंसिज्जामि य परेहिं सत्तेहिं।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२४७।।
यो मन्यते हिनस्मि च हिंस्ये च परैः सत्त्वैः।
स मूढोऽज्ञानी ज्ञान्यतस्तु विपरीतः।।२४७।।
परजीवानहं हिनस्मि, परजीवैर्हिंस्ये चाहमित्यध्यवसायो ध्रुवमज्ञानम्। स तु यस्यास्ति सोऽज्ञानित्वान्मिथ्यादृष्टिः, यस्य तु नास्ति स ज्ञानित्वात्सम्यग्दृष्टिः।

---

હવે મિથ્યાદૃષ્ટિના આશયને ગાથામાં સ્પષ્ટ રીતે કહે છે :-

જે માનતો - હું મારું ને પર જીવ મારે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭.

ગાથાર્થ :– [ यः ] જે [ मन्यते ] એમ માને છે કે [ हिनस्मि च ] ‘હું પર જીવોને મારું છું (-હણું છું) [ परैः सत्त्वैः हिंस्ये च ] અને પર જીવો મને મારે છે,’ [ सः ] તે [ मूढः ] મૂઢ (-મોહી) છે, [ अज्ञानी ] અજ્ઞાની છે, [ तु ] અને [ अतः विपरीतः ] આનાથી વિપરીત (અર્થાત્ આવું નથી માનતો) તે [ ज्ञानी ] જ્ઞાની છે.

ટીકા :– ‘પર જીવોને હું હણું છું અને પર જીવો મને હણે છે’ - એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિશ્ચિતપણે, નિયમથી) અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.

ભાવાર્થ :– ‘પર જીવોને હું મારું છું અને પર મને મારે છે’ એવો આશય અજ્ઞાન છે તેથી જેને એવો આશય છે તે અજ્ઞાની છે - મિથ્યાદૃષ્ટિ છે અને જેને એવો આશય નથી તે જ્ઞાની છે - સમ્યગ્દૃષ્ટિ છે.

નિશ્ચયનયે કર્તાનું સ્વરૂપ એ છે કે - પોતે સ્વાધીનપણે જે ભાવરૂપે પરિણમે તે ભાવનો પોતે કર્તા કહેવાય છે. માટે પરમાર્થે કોઈ કોઈનું મરણ કરતું નથી. જે પરથી પરનું મરણ માને છે, તે અજ્ઞાની છે. નિમિત્તનૈમિત્તિકભાવથી કર્તા કહેવો તે વ્યવહારનયનું વચન છે; તેને યથાર્થ રીતે (અપેક્ષા સમજીને) માનવું તે સમ્યગ્જ્ઞાન છે.

## ગાથા-૨૪૭ ઉપર પ્રવચન

'હવે મિથ્યાદૃષ્ટિના આશયને ગાથામાં સ્પષ્ટ રીતે કહે છે :–'

जो मण्णदि हिंसामि य हिंसिज्जामि य परेहिं सत्तेहिं।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२४७।।

જે માનતો - હું મારું ને પર જીવ મારે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭.

ટીકા :– 'પર જીવોને હું હણું છું...' આહાહા..! પર જીવ તો પરદ્રવ્ય છે તો તું પરદ્રવ્ય છે અને એ તારાથી પરદ્રવ્ય છે, તો પરદ્રવ્યની પર્યાય હું કરું છું એટલે મારું છું, આહાહા..! ઝીણી વાત, ભાઈ! 'પર જીવોને હું હણું છું...' આહા..! 'અને પર જીવો મને હણે છે' પર જીવ મને મારે છે. આહાહા..! શું તને મારે છે? હું પરને મારું છું અને પર મને મારે છે (એમ માનનાર) મિથ્યાદૃષ્ટિ છે. પરને મારી શકતો નથી, પર તને મારી શકતું નથી. તું પરને મારી શકતો નથી, પર તને મારી શકતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે પરદ્રવ્યને કદી અડતો જ નથી. આહાહા..! ફક્ત માન્યતામાં હું પરને મારું છું એવી માન્યતા ઉત્પન્ન કરે છે. આહાહા..!

પેલા ચાલ્યા ગયા, નહિ? ભાઈ! 'ખેડા'વાળા એક આવ્યા હતા ને? છોકરો આવ્યો હતો, બિચારો મૂંઝાઈ ગયો હતો, ગાંડા જેવો થઈ ગયો હતો. નોકરી હતી પણ એને કારખાનામાં પાણી બહુ હણાય અને સ્થાનકવાસી (હતા), પાણી હણાય એટલે (તેને થાય કે) છ કાયની હિંસા (થાય છે), છ કાયની હિંસા (થાય છે) કરતાં મગજ અસ્થિર થઈ ગયું હતું. બિચારા અહીં આવ્યા હતા. બાપુ! એમ મૂંઝા નહિ, ભાઈ! છ કાયની હિંસાથી મગજ (અસ્થિર થઈ ગયું હતું). પણ એ તો પર છે, પ્રભુ! એકવાર એટલું તો નક્કી કર. પર છે તેને હું કરી શકતો નથી, એમ પહેલા નિર્ણય તો કર. આહાહા..! અરે..! સમજાણું કાંઈ? જુવાન માણસ હતો, મગજમાં ફેરફાર થઈ જતો હતો. અહીં બિચારા આવ્યા હતા, આશ્વાસન લેવા માટે. ભાઈ! મૂંઝા નહિ, બાપા! પ્રભુ! પરને મારી શકું છું એવી મમતા છોડી દે. ભાઈ! પરને મારવાની મમતા છોડી દે અને રાગ મારો છે એ છોડી દે.

બે વાત છે. પર પદાર્થને હું મારું છું એ મમતા છોડી દે અને અંદર રાગ થાય છે તેનું પોતાપણું માને છે એ છોડી દે. આહાહા..! સમજાણું કાંઈ? જુવાન હતો બિચારો પાંચ-સાત દિ' રહ્યો, ખાસ આશ્વાસન માટે આવ્યો હતો. મગજ ફરી ગયું હતું. 'મરઘાબેન'ને

ત્યાં ઉતર્યો હતો, ન્યાં જોડે એનો એક મિત્ર છે ને? 'શૈલેશ' આમાં નોકર છે ને? વિજળીનું મોટું કારખાનું (છે), એમાં.

પ્રભુ! તું કહે છે કે હું પરને મારું છું તો શું પરના આયુષ્યની સ્થિતિ તું નાશ કરી શકે છે? હેં? એ આયુષ્યના કારણે ત્યાં આત્મા રહ્યો છે એમ પણ નથી. એ તેની યોગ્યતાથી આત્મા ત્યાં રહ્યો છે, આયુષ્ય તો નિમિત્ત છે. સમજાણું કાંઈ? પોતાની યોગ્યતાથી (પોતાને) કારણે ત્યાં રહ્યો છે તેને હું મારી નાખું એનો અર્થ શું? ત્યાં રહ્યો છે તેને હું છોડી દઉં, તારાથી મરે છે? તારાથી તે છૂટી જાય છે? આહાહા..! શરીરમાં રહેવાની યોગ્યતાથી ત્યાં રહ્યો છે, આયુષ્યથી રહ્યો છે એ નિમિત્તથી કથન છે, અહીં નિમિત્તથી વિશેષ વાત છે. આહા..! સમજાણું કાંઈ? તો શું તેના આયુષ્યને તું હણે છે? મારી શકે છે? અરે..! તો પછી ગમે તેમ મારવું, એમ ને? પણ મારી શકતો નથી પછી પ્રશ્ન ક્યાં છે? આહા..! સમજાણું કાંઈ?

એ તો પહેલા આવી ગયું, આ વાત સ્વચ્છંદ કરવાની નથી. સમકિતદૃષ્ટિ છે તો બંધનનું કારણ લોકમાં કર્મવર્ગણા છે તે બંધનું કારણ નથી, મન-વચન-કાયાની ક્રિયા બંધનું કારણ નથી, ઇન્દ્રિયો બંધનું કારણ નથી, સચિત્ત-અચિત્તનો ઘાત બંધનું કારણ નથી. આહાહા..! ફક્ત મિથ્યાબુદ્ધિ છે તે બંધનું કારણ છે. એ મિથ્યાબુદ્ધિ જેને છૂટી ગઈ તો બંધનું કારણ નથી. આમ કહ્યા પછી કહ્યું, આમ કહ્યું છે તો તું સ્વચ્છંદે કરીશ અને કહીશ કે, મને બંધનું કારણ નથી, તો એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ હવે કોણ સાંભળવા રોકાય? નવરાશ ક્યાં જગતને? અરે..! અહીં તો પોતાને માટેની વાત છે, ભાઈ! દુનિયામાં દુનિયાનું ગમે તે થાઓ. આહાહા..!

કહે છે, 'પર જીવોને હું હણું છું...' 'પર જીવો' શબ્દ છે ને? (એટલે) એક જીવ નહિ પણ ઘણા જીવો. ઘણા જીવો છે ને? એકેન્દ્રિયાદિ. એટલે પર જીવો છે, એક જીવ નહિ. 'પર જીવોને હું હણું છું અને પર જીવો મને હણે છે' પોતે તો એક છે. ભાઈ! પોતે એક છે, સામે અનેક છે. આહાહા..! સામે ઘણા જીવો છે તેમને હું મારું છું. નિગોદના જીવ, બટાટાના જીવ આદિ. આહાહા..! એ બુદ્ધિ મિથ્યાત્વ છે. 'એવો અધ્યવસાય...' મિથ્યા અભિપ્રાય 'ધ્રુવપણે (–નિશ્ચિતપણે, નિયમથી) અજ્ઞાન છે.' આહાહા..! ઓહો..! હું પરને મારી શકું છું અને પર મને મારે છે, શું છે? પ્રભુ! તને કેવી રીતે મારે? તું ચૈતન્યમૂર્તિ છો, તેને મારી શકે છે? આહાહા..! અને એ (પર જીવો) ચૈતન્યમૂર્તિ ભગવાન છે તો તેના શરીરનો નાશ કરી શકે છે? તેના ચૈતન્યનો તો (નાશ કરી શકતો) નથી. આહાહા..! તું શરીરનો નાશ કરે છે? શું કોઈ કરી શકે છે? એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડે છે? એક દ્રવ્ય અને બીજા દ્રવ્યમાં તો અત્યંત અભાવ છે. અત્યંત અભાવમાં તારે ભાવ કરવો છે કે હું તેને મારું? એ મિથ્યાભાવ છે. આહાહા..! અરે..રે...! પોતાની ગરજ કરી નહિ, પ્રભુ! આહાહા..!

એ અધ્યવસાય નિશ્ચયથી, નિયમથી 'અજ્ઞાન છે.' એ અજ્ઞાન જેને છે, એવું અજ્ઞાન જેને છે તે 'અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે;...' આહાહા..! 'અને જેને તે અધ્યવસાય નથી...' સામે સામે લીધું છે ને? 'मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो' આહા..! ધર્મી જીવને જ્ઞાનસ્વરૂપી (આત્મા) પ્રતીતમાં, ભાનમાં આવ્યો છે તો એ ધર્મી જીવ... આહા..! પરને મારી શકું છું, એવો અધ્યવસાય તેને નથી. આહાહા..! પોતાના સ્વભાવમાં એકત્વબુદ્ધિ થઈ તેને પરને મારી શકું છું એવી એકત્વબુદ્ધિ તેને થતી નથી. આહાહા..! સૂત્ર સાદુ લાગે છે. સાદુ પણ અંદર ઘણો મર્મ છે. આહાહા..!

ચૈતન્યસત્તાનો જેને સ્વીકાર છે એને હું પરને મારું છું એવો અધ્યાવસાય છે જ નહિ. પોતાના જ્ઞાયકમાં એકત્વબુદ્ધિ થઈ તેને હું પરને મારી શકું છું કે રાગ કરું છું, એવો અધ્યવસાય છે જ નહિ. આહાહા..! અધ્યવસાય છે, પોતાની એકત્વબુદ્ધિમાં અધ્યવસાય છે. લ્યો, આને અધ્યવસાય કહ્યું. આવે છે ને? ભાઈ! 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં આવે છે. આહાહા..! મારું જીવન ચૈતન્યમૂર્તિ છે તેને હું રાખી શકું છું. આહા..! એવી જેને-સમ્યગ્દૃષ્ટિને બુદ્ધિ થઈ એ પરને મારવાનો અધ્યવસાય કરતો નથી. આહાહા..! ત્યારે કહે કે, કોઈ મરે છે ને? એમાં નિમિત્ત થાય છે ને? (તો કહે છે કે), જ્ઞાની જાણે છે. એ 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. કે, હું તો નિમિત્ત છું. નિમિત્તમાત્ર (છું), 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. મેં માર્યા નથી. સમજાણું કાંઈ? આહાહા..! શું કહ્યું? 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. ધર્મી જીવ એમ માને છે, કે પોતાના શરીરથી એ જીવ મરી ગયો, તો જાણે છે કે હું તો નિમિત્તમાત્ર છું, એની મરવાની સ્થિતિ છે તો મરે છે, હું તો નિમિત્ત છું. એમ જ્ઞાન કરે છે. 'ચંદુભાઈ'! 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. હું નિમિત્તમાત્ર છું. નિમિત્તમાત્રનો અર્થ ઇ કે હું કર્તા નથી. આહાહા..! ઝીણી વાત, ભાઈ! અરે..રે..! એને ક્યાં (ભાન છે)? આત્મા શું? રાગ શું? પર શું? ભિન્નતાનું ભાન ન મળે. જે ભિન્ન છે તેનું ભાન ન મળે અને ભિન્નતાની એકતા (કરે છે) એ જ મિથ્યાત્વ અધ્યવસાય અજ્ઞાનીને હોય છે. આહાહા..!

એક વાત એ કીધી, જે એક જ આત્મા જગતમાં છે એમ માને છે તેને પરને મારું એમ રહેતું નથી. સર્વવ્યાપક આત્મા માને તો બીજી ચીજ તો નથી, તો બીજાને મારું અને બીજી ચીજ મને મારે, એ પણ એમાં રહેતું નથી. આહાહા..! અહીં તો અનંત દ્રવ્ય છે, અનંત પદાર્થ છે એ અનંત અનંતપણે રહે છે તો આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં રહે છે તો અનંત અનંતમાં રહે, તો પરનો કર્તા હું નથી. એ અનંત પદાર્થ પોતપોતાને કારણે રહ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'જેને તે અધ્યવસાય નથી તે જ્ઞાનીપણાને લીધે...' આ તો મિથ્યાદૃષ્ટિનો એક આશય, એક ભાગ છે. બધું મિથ્યાદૃષ્ટિપણું એમાં આવતું નથી. શું કહ્યું? આ તો મિથ્યાદૃષ્ટિનો એક ભાગ છે. એ આગળ કહેશે. આખું મિથ્યાદૃષ્ટિપણું નથી, આ એક ભાગ છે. સમજાણું કાંઈ?

નહિતર તો રાગને મારો માનવો, પરને મારા માનવા એમ ઘણા પ્રકારના મિથ્યાત્વ છે. એમ આ પરને મારું, એ એક પ્રકારનો મિથ્યાત્વનો એક ભાગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જેને એક પ્રકારનું અધ્યવસાય છૂટી જાય તેને બધા પ્રકારના અધ્યવસાય છૂટી જાય.

ઉત્તર :– એ છૂટી જાય એ જુદી વસ્તુ છે પણ અહીં મિથ્યાત્વનો એક જ અંશ છે અને આવા મિથ્યાત્વના ઘણા ભાગ છે (એમ કહેવું છે). એક અંશ છૂટે તો બધું છૂટી જાય, પણ બધું છૂટે ક્યારે? કે એકલો જ્ઞાયકભાવ હું છું એવી દૃષ્ટિ થતાં પરના મિથ્યાત્વના અભિપ્રાયો બધા છૂટી જાય. સમજાણું કાંઈ? આવી વાત છે. ઇ કહેશે, આગળ છે.

મુમુક્ષુ :– અસંખ્યાત લોકપ્રમાણ છે.

ઉત્તર :– એ વળી જુદું. આ તો મિથ્યાત્વનો એક ભાગ છે, એવો પાઠ છે. મિથ્યાત્વનો આ એક ભાગ છે. એ અસંખ્ય પ્રકાર જુદી વાત છે. સમજાણું કાંઈ? અસંખ્ય પ્રકાર છે પણ આ તો મિથ્યાત્વનો એક ભાગ છે. અહીં તો પૂછવામાં એમ આવ્યું ને, કે એ મિથ્યાત્વનો અંશ ટળી જાય તો બધું ટળી જાય કે નહિ? એમ પ્રશ્ન થયો ને? એ મિથ્યાત્વનો અંશ છે એની સાથે જેટલા મિથ્યાત્વના પ્રકાર છે એ બધા સમ્યગ્દર્શન, આત્માની સત્તા–જ્ઞાયકપણાની સત્તાનો સ્વીકાર થયો તો બધા મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ?

અહીં તો એકદમ કહ્યું ને? સૂત્રમાં કહ્યું ને? 'मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो' અહીં તો એટલામાં જ્ઞાની એનાથી વિપરીત છે એમ કહ્યું. ભાઈ! એક, પરને ન મારું હું તો જ્ઞાતા-દૃષ્ટા છું, ન મારવું એટલા જ્ઞાતા-દૃષ્ટાપણાની અપેક્ષાએ જ્ઞાની છે, એમ કીધું. પરને ન મારું એ અપેક્ષાએ તેને જ્ઞાની કીધો. એક ભાગને. છતાં જ્ઞાની કીધો. આહાહા..! એને બધા મિથ્યાત્વ ટળ્યા છે. સમજાણું કાંઈ? અરે..! ઝીણી વાત છે, ભાઈ! અંશને આચાર્યોએ એક અવયવ કીધો છે, એક ભાગ. અહીં તો કહે છે, કે જેને પરને મારવાની બુદ્ધિ નથી તેને પોતાના જ્ઞાયક ઉપર બુદ્ધિ છે તો તે જ્ઞાની છે. (તેને) બધા મિથ્યાત્વ નથી. જેટલા મિથ્યાત્વના પ્રકાર છે (તેમાંથી) કોઈ મિથ્યાત્વ નથી.. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ!

ભાવાર્થ :– 'પર જીવોને હું મારું છું અને પર મને મારે છે' હજી તો આગળ લેશે. આગળ લેશે, હું પરને મોક્ષ કરાવી દઉં છું, પરને હું બંધ કરાવું છું.. આહાહા..! આવે છે ને, બંધ-મોક્ષ? અહીં તો હજી શરૂઆત કીધી. આહાહા..! તે પ્રાણી તેના મિથ્યાત્વથી બંધાય છે, તું એમ માને કે હું તેને બાંધું છું, તે વીતરાગભાવથી મુક્ત થાય છે, હું પરને વીતરાગભાવ કરાવી દઉં (એ) ભ્રમ છે. આહાહા..! બાકી તો 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં એમ આવ્યું છે, એક ભાવ પણ યથાર્થ જાણે તો સર્વ ભાવ યથાર્થ જાણે. ભાઈ! આવ્યું

છે ને? એક ભાવ પણ બરાબર યથાર્થ જાણે તો બધા ભાવને યથાર્થ જાણવાની તાકાત તેનામાં આવી જાય છે. આહાહા..! 'જયસેનાચાર્યદેવ'માં છે. એક ભાવ જાણે તે સર્વ ભાવ (જાણે). એક ભાવ બરાબર યથાર્થપણે જાણે કે, પરની ક્રિયા હું કરી શકતો નથી, હું તો પરદ્રવ્ય તેનાથી ભિન્ન છું, એવો એક ભાવ પણ યથાર્થ જાણે તો સર્વ ભાવ યથાર્થ જાણે. એથી અહીં જ્ઞાની કહી દીધું. નહિતર આ તો મિથ્યાત્વનો એક ભાગ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'એવો આશય અજ્ઞાન છે તેથી જેનો એવો આશય છે તે અજ્ઞાની છે...' જેનો એવો અભિપ્રાય છે તે અજ્ઞાની છે 'મિથ્યાદૃષ્ટિ છે અને જેને એવો આશય નથી તે જ્ઞાની છે-સમ્યગ્દૃષ્ટિ છે.' અહીં તો આટલા આશયમાં જ સમ્યગ્દૃષ્ટિ છે એમ લઈ લીધું છે. સમજાણું કાંઈ? એક ભાવ પણ યથાર્થ જાણ્યો છે તેમાં બધા ભાવનો ખ્યાલ આવી ગયા, એમ લીધું છે. આહાહા..!

'નિશ્ચયનયે કર્તાનું સ્વરૂપ એ છે...' 'જયચંદ્ર' પંડિતજી ખુલાસો કરે છે. 'નિશ્ચયનયે કર્તાનું સ્વરૂપ એ છે કે-પોતે સ્વાધીનપણે જે ભાવરૂપે પરિણમે તે ભાવનો પોતે કર્તા કહેવાય છે.' શું કહે છે? સ્વયં સ્વાધીનથી કર્તા. સ્વતંત્રપણે કરે તે કર્તા-એ કર્તાની વ્યાખ્યા. આહા..! 'પોતે સ્વાધીનપણે...' 'સ્વતંત્ર' શબ્દ ન વાપરતા 'સ્વાધીન' લીધું છે. સ્વતંત્ર, સ્વયં સ્વતંત્રપણે 'જે ભાવરૂપે પરિણમે તે ભાવનો પોતે કર્તા કહેવાય છે.' આ સિદ્ધાંત, નિર્બાધ સિદ્ધાંત. શું કહ્યું? 'પોતે સ્વાધીનપણે જે ભાવરૂપે પરિણમે...' પરિણમે 'તે ભાવનો પોતે કર્તા કહેવાય છે. માટે પરમાર્થે કોઈ કોઈનું મરણ કરતું નથી.' એમ કેમ લીધું છે? હું પરનો કર્તા નથી અને નિશ્ચયથી તો રાગનો પણ કર્તા નથી. પણ જેટલું રાગનું પરિણમન છે તેટલો કર્તા છું, એમ જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? નય અધિકાર. આવી વાત છે. કર્તા પરનો નહિ, અહીં તો રાગ અને પર, બન્નેનો કર્તા નથી. પણ અહીં દૃષ્ટિની પ્રધાનતાથી કથન છે ને? પરંતુ દૃષ્ટિની સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાન જાણે છે, કે પરનો કર્તા તો હું નથી. રાગ કર્તવ્ય છે, (કરવા) લાયક છે, એમ પણ નહિ, પરંતુ રાગનું પરિણમન મારામાં છે માટે હું કર્તા છું. આહાહા..! સમજાણું કાંઈ ?

જ્ઞાન તો સમય સમયની વાતનો સ્વીકાર કરે છે. તો જેટલો સમકિતીને-જ્ઞાનીને પણ રાગનું પરિણમન છે તેટલું કર્તૃત્વ છે અને તેટલું ભોક્તૃત્વ પણ છે અને એ સમયે અકર્તૃત્વ અને અભોક્તૃત્વ પણ છે. સમજાણું કાંઈ? પણ કરવા લાયક છે એવી બુદ્ધિ ત્યાં નથી, બુદ્ધિ આત્મા ઉપર છે. આહાહા..! તે કારણે નબળાઈથી રાગનું પરિણમન (થાય છે), માટે પરિણમન છે તો કર્તા છું, પરિણમે તે કર્તા, એમ કહ્યું ને? 'જે ભાવરૂપે પરિણમે...' જે ભાવરૂપે પરિણમે, (પરિણમે છે), પણ કર્તા નથી. કર્તા નથી એ કઈ અપેક્ષાએ? કે, એ મારું કાર્ય છે, એમ (બુદ્ધિ) નથી. પરંતુ પરિણમે છે તો જ્ઞાન જાણે છે કે તેટલો રાગનો

(કર્તા છે), પરનો (કર્તા) નહિ. પરના કાર્યમાં હું નિમિત્તમાત્ર છું. એવા રાગના પરિણમનમાં જ્ઞાની જાણે છે. આહાહા..! આવી વાતું છે. ઘણા પડખાં પડે.

મુમુક્ષુ :– નિમિત્તમાત્ર કહ્યું.

ઉત્તર :– નિમિત્તમાત્ર કહ્યું તો એનો અર્થ એ થયો. એનો અર્થ જ કે, રાગ પરિણમન છે પણ પરમાં તો નિમિત્તમાત્ર છું. ઇ તો ઇ નું ઇ જ થયું. આહાહા..! ભારે વાતું, બાપુ! અરે..રે...! વીતરાગમાર્ગ અલૌકિક (છે), ભાઈ! આહાહા..!

'પોતે સ્વાધીનપણે...' સ્વતંત્રપણે. કાર્યનો કર્તા કહેવો છે ને? 'જે ભાવરૂપે પરિણમે તે ભાવનો પોતે કર્તા કહેવાય છે. માટે પરમાર્થે કોઈ કોઈનું મરણ કરતું નથી.' અહીંયાં પરની અપેક્ષાએ વાત છે. સમજાણું? આહાહા..! કોઈ પરનું મરણ કરતો નથી. આહા..! 'ઇચ્છામિ પડિકમ્મણા'માં આવે છે ને? 'ઇચ્છામિ પડિક્કમ્મણુ' કર્યું છે કે નહિ? હેં? 'ઇચ્છામિ પડિકમ્મણા.. ઇરિયા.. ઠાણં' એક સ્થાનથી બીજે સ્થાને.. 'ઇચ્છામિ પડિકમ્મણા'માં આવે છે. તમે કર્યું છે કે નહિ? નથી (કર્યું)? આમાં પાધરા આવ્યા ને! ભાઈએ નથી કર્યું? અમે તો દસ વર્ષની ઉંમરથી, ૮૦ વર્ષ પહેલાં આખું કંઠસ્થ કરેલું. 'જીવીયા વવરોવીયા ઠાણા ઊઠાણં'. એક જીવને એક સ્થાનથી બીજે મૂક્યા હોય તો પણ મિચ્છામિ દુક્કડમ્. એમ કે, એ મારું કામ નહિ. આહાહા..! આમ સમજીને મૂકીએ છીએ ને? આવે છે કે નહિ? 'જયંતિભાઈ'! મોઢે કર્યું છે કે નહિ 'ઇચ્છામિ પડિકમ્મણા...' ઈરીયા વહીયા વિરાહણાએઁ? આહાહા..!

'કોઈ કોઈનું મરણ કરતું નથી. જો પરથી પરનું મરણ માને છે, તે અજ્ઞાની છે. નિમિત્તનૈમિત્તિકભાવથી કર્તા કહેવો તે વ્યવહારનયનું વચન (કથન) છે;...' એ તો નિમિત્તથી કહેવામાં આવે છે. નિમિત્તથી થયું નથી. નિમિત્ત એને કહીએ કે પરમાં કાંઈ કાર્ય ન કરે તેને નિમિત્ત કહીએ. 'નિમિત્તનૈમિત્તિકભાવથી કર્તા કહેવો...' આહાહા..! 'તે વ્યવહારનયનું વચન (કથન) છે; તને યથાર્થ રીતે (અપેક્ષા સમજીને) માનવું તે સમ્યગ્જ્ઞાન છે.'

અધ્યાત્મગ્રંથ કે જે ભેદજ્ઞાન કરવાનું નિમિત્ત છે તેનો અભ્યાસ પ્રથમ કરવો યોગ્ય છે. અનાદિ અજ્ઞાની અપ્રતિબુદ્ધ છે એને આ ઉપદેશ આપવામાં આવે છે. આ કાંઈ ઊંચી દશાવાળા માટે છે એમ નથી. ત્રણે કાળે આ જ ઉપદેશ કરવો યોગ્ય છે. અમુક કાળે આ હોય અને હલકા કાળે બીજો હોય-એમ નથી.

(પરમાગસાર–૯૨૦.)

# ગાથા-૨૪૮-૨૪૯

कथमयमध्यवसायोऽज्ञानमिति चेत् -

आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।
आउं ण हरेसि तुमं कह ते मरणं कदं तेसिं।।२४८।।
आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।
आउं ण हरंति तुहं कह ते मरणं कदं तेहिं।।२४९।।

आयुःक्षयेण मरणं जीवानां जिनवरैः प्रज्ञप्तम्।
आयुर्न हरसि त्वं कथं त्वया मरणं कृतं तेषाम्।।२४८।।
आयुःक्षयेण मरणं जीवानां जिनवरैः प्रज्ञप्तम्।
आयुर्न हरन्ति तव कथं ते मरणं कृतं तैः।।२४९।।

मरणं हि तावज्जीवानां स्वायुःकर्मक्षयेणैव, तदभावे तस्य भावयितुमशक्यत्वात्; स्वायुःकर्म च नान्येनान्यस्य हर्तुं शक्यं, तस्य स्वोपभोगेनैव क्षीयमाणत्वात्; ततो न कथञ्चनापि अन्योऽन्यस्य मरणं कुर्यात्। ततो हिनस्मि, हिंस्ये चेत्यध्यवसायो ध्रुवमज्ञानम्।

---

હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે ? તેના ઉત્તરરૂપે ગાથા કહે છે :-

છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તું આયુ તો હરતો નથી, તેં મરણ ક્યમ તેનું કર્યું ? ૨૪૮.
છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તે આયુ તુજ હરતા નથી, તો મરણ ક્યમ તારું કર્યું ? ૨૪૯

ગાથાર્થ :- (હે ભાઈ ! ‘હું પર જીવોને મારું છું’ એમ જે તું માને છે, તે તારું અજ્ઞાન છે.) [ जीवानां ] જીવોનું [ मरणं ] મરણ [ आयुःक्षयेण ] આયુકર્મના ક્ષયથી થાય છે એમ [ जिनवरैः ] જિનવરોએ [ प्रज्ञप्तम् ] કહ્યું છે; [ त्वं ] તું [ आयुः ] પર જીવોનું આયુકર્મ તો [ न हरसि ] હરતો નથી, [ त्वया ] તો તે [ तेषाम् मरणं ] તેમનું મરણ

[ कथं ] કઈ રીતે [ कृतं ] કર્યું ?

(હે ભાઈ ! 'પર જીવો મને મારે છે' એમ જે તું માને છે, તે તારું અજ્ઞાન છે.) [ जीवानां ] જીવોનું [ मरणं ] મરણ [ आयुःक्षयेण ] આયુકર્મના ક્ષયથી થાય છે એમ [ जिनवरैः ] જિનવરોએ [ प्रज्ञप्तम् ] કહ્યું છે; પર જીવો [ तव आयुः ] તારું આયુકર્મ તો [ न हरन्ति ] હરતા નથી, [ तैः ] તો તેમણે [ ते मरणं ] તારું મરણ [ कथं ] કઈ રીતે [ कृतं ] કર્યું ?)

ટીકા :– પ્રથમ તો, જીવોને મરણ ખરેખર સ્વ-આયુકર્મના (પોતાના આયુકર્મના) ક્ષયથી જ થાય છે, કારણ કે સ્વ-આયુકર્મના ક્ષયના અભાવમાં (અર્થાત્ પોતાના આયુકર્મનો ક્ષય ન હોય તો) મરણ કરાવું (-થવું) અશક્ય છે; વળી સ્વ-આયુકર્મ બીજાથી બીજાનું હરી શકાતું નથી, કારણ કે તે (પોતાનું આયુકર્મ) પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે; માટે કોઈ પણ રીતે બીજો બીજાનું મરણ કરી શકે નહિ. તેથી 'હું પર જીવોને મારું છું અને પર જીવો મને મારે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિશ્ચિતપણે) અજ્ઞાન છે.

ભાવાર્થ :– જીવની જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય, તો તે માન્યતા અજ્ઞાન છે. પોતાથી પરનું મરણ કરી શકાતું નથી અને પરથી પોતાનું મરણ કરી શકાતું નથી, છતાં આ પ્રાણી વૃથા એવું માને છે તે અજ્ઞાન છે. આ કથન નિશ્ચયનયની પ્રધાનતાથી છે.

વ્યવહાર આ પ્રમાણે છે :- પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી પર્યાયના ઉત્પાદ-વ્યય થાય તેને જન્મ-મરણ કહેવામાં આવે છે; ત્યાં જેના નિમિત્તથી મરણ (-પર્યાયનો વ્યય) થાય તેના વિષે એમ કહેવામાં આવે છે કે 'આણે આને માર્યો', તે વ્યવહાર છે.

અહીં એમ ન સમજવું કે વ્યવહારનો સર્વથા નિષેધ છે. જેઓ નિશ્ચયને નથી જાણતા, તેમનું અજ્ઞાન મટાડવા અહીં કથન કર્યું છે, તે જાણ્યા પછી બન્ને નયોને અવિરોધપણે જાણી યથાયોગ્ય નયો માનવા.

## ગાથા–૨૪૮-૨૪૯ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે?' હું પરને મારી શકું છું, એકેન્દ્રિય જીવ... આહાહા...! લીલોતરીને કાપુ છું, મારી શકું છું એ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે?

आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।
आउं ण हरेसि तुमं कह ते मरणं कदं तेसिं।।२४८।।
आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।
आउं ण हरंति तुहं कह ते मरणं कदं तेहिं।।२४९।।

આહાહા..! 'કુંદકુંદાચાર્યદેવ'ને પણ જિનવરનો આશ્રય લેવો પડ્યો. ભાઈ! આ જિનવર કહે છે, પ્રભુ! આહાહા..! હું કહું છું, એમ નહિ. હેં? આહાહા..! ત્રણલોકના નાથ જિનેન્દ્ર પરમેશ્વર અરિહંત વીતરાગ એમ કહે છે.

છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તું આયુ તો હરતો નથી, તેં મરણ ક્યમ તેનું કર્યું ? ૨૪૮.
છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તે આયુ તુજ હરતા નથી, તો મરણ ક્યમ તારું કર્યું ? ૨૪૯

તું પરનું આયુષ્ય હરી શકતો નથી. નિમિત્તથી કથન છે, હોં! કર્મથી કથન છે. નહિતર તો આત્મા પોતાની યોગ્યતાથી ત્યાં રહ્યો છે, પણ આયુષ્યની પ્રધાનતાથી કથન કર્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! અહીં તો આયુષ્ય ઉપરથી વાત છે. નહિતર તો જે આત્મા ત્યાં રહે છે (તેમાં) આયુષ્ય તો નિમિત્ત છે, જડ છે. એ તો પોતાની યોગ્યતાથી એ પર્યાયમાં રહેવું તો પોતાની યોગ્યતાથી રહે છે. પરંતુ અહીં કર્મના નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? લોકોને ખ્યાલમાં એ આવે એ અપેક્ષાએ (એમ કહ્યું છે). હેં?

મુમુક્ષુ :– માંડ માંડ કર્મની વાત કરી..

ઉત્તર :– એ કર્મ કીધું ને? આ પ્રશ્ન મોટો ચાલ્યો હતો. જુઓ! અહીંયાં કર્મથી થાય છે, કર્મથી થાય છે એમ કહે છે અને તમે કહો છો કે કર્મથી નહિ. એ..ઇ...! આ મોટો પ્રશ્ન ચાલ્યો હતો. આહાહા..! એના કર્મને લઈને એ બંધાય છે, એના વીતરાગભાવને લઈને મોક્ષ થાય છે. લ્યો, એમ કહ્યું છે. તમે કહો છો કે, કર્મ-ફર્મનો આત્મા કર્તા નથી. કઈ અપેક્ષા છે, ભગવાન? બાપુ! કઈ અપેક્ષા ચાલે છે? અત્યારે આયુષ્ય જે છે તે પ્રમાણે આત્માની રહેવાની પર્યાયની પોતાની યોગ્યતા છે, એ આયુષ્ય છે માટે ત્યાં એટલો સમય રહ્યો છે, એમ નહિ. એ તો નિમિત્તનિમિત્ત સંબંધની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ?

દેહમાં જેટલો કાળ આત્મા રહે તેટલો કાળ પોતાની યોગ્યતાથી રહ્યો છે, આયુષ્યને કારણે નહિ. આયુષ્ય તો પર છે, કર્મ છે. આરે..! સમજાણું કાંઈ? પરંતુ અહીંયાં આયુષ્યની સ્થિતિથી નભે છે, મરે છે એમ કહે છે ને? એ અપેક્ષાએ વાત લીધી છે. આ..હા..! જેથી ઝટ સમજાય. ઓલો કહે કે, પોતાની યોગ્યતાથી રહે છે તેને તમે મારી નાખો તો એની યોગ્યતા તો રહી નહિ. એમ સમજાય નહિ. સમજાણું કાંઈ? આહા..! અહીં તો એ કહ્યું ને? આયુષ્યને તું હરતો નથી. તારું આયુષ્ય એ હરતો નથી, એનું આયુષ્ય તું હરતો નથી, એમ કહ્યું છે. આહાહા..!

ટીકા :– 'પ્રથમ તો, જીવોને મરણ ખરેખર સ્વ-આયુકર્મના (પોતાના આયુકર્મના) ક્ષયથી જ થાય છે,...' પ્રથમ તો જીવોનું (મરણ) ખરેખર–યથાર્થ રીતે પોતાના આયુકર્મના ક્ષયથી

થાય છે. આહાહા..! 'કારણ કે સ્વ-આયુકર્મના ક્ષયના અભાવમાં (અર્થાત્ પોતાના આયુકર્મનો ક્ષય ન હોય તો) મરણ કરાવું (–થવું) અશક્ય છે.' આહાહા..! આયુનો ક્ષય ન હોય અને મરણ થાય, એમ બનતું નથી. આહાહા..! કઈ શૈલી કહે છે? આહાહા..! આયુષ્ય ભવિષ્યનું બાંધ્યું હોય તેટલું રહે પરંતુ ખરેખર તો ત્યાં રહેવાની પોતાની યોગ્યતાથી ત્યાં રહે છે. આવી લાંબી વાત ન કરતાં, ટૂંકી કરી છે. આહાહા..! ભાઈ! વીતરાગમાર્ગ, એક સમય સમયનો ત્યાં વિવેક છે. આહાહા..! ત્યાં સ્થૂળતા કામ ન આવે.

અહીંયાં તો આયુષ્યકર્મની અપેક્ષાએ વાત લેવી છે ને! આગળ લેશે કે, સુખી-દુઃખી તો તેના કર્મથી થાય છે, એમ લેશે. તું પરને સુખી-દુઃખી કરાવી શકે છે? તેના કર્મથી સુખી-દુઃખી થાય છે. એ કર્મની મુખ્યતાથી કથન છે, બાકી સુખી-દુઃખી કલ્પનાથી થાય છે, એ તો પોતાની યોગ્યતાથી સુખી-દુઃખીની કલ્પના કરે છે, કર્મને કારણે નહિ. આહાહા..! અરે..! આહાહા..! આ સમજવામાં વખત ગાળે તો ઝઘડા-બગડા બધા મટી જાય. પોતાની દરકાર ન મળે. આહાહા..!

'સ્વ-આયુકર્મ બીજાથી બીજાનું હરી શકાતું નથી,...' બીજાથી બીજાનું સ્વ-આયુકર્મ. કર્મથી વાત છે ને? કર્મ તો આત્માથી ભિન્ન છે, પર ચીજ છે. પણ આયુકર્મના નિમિત્તથી અહીંયાં કથન છે, અહીંયા બધા કથન આવશે, સુખી-દુઃખી (આદિ બધા આવશે). એક બાજુ કહેવું કે કર્મ જડ છે, તેનાથી પોતામાં સુખી-દુઃખી થતો નથી. સુખ-દુઃખની કલ્પના કરે છે તે કારણે સુખી-દુઃખી થાય છે. પણ એને સમજાવવો છે ને? પ્રભુ! કર્મના નિમિત્તથી પોતામાં કલ્પના થાય છે તો નિમિત્તથી થયું એમ કહેવામાં આવ્યું.

અહીં તો ઉપાદાન-નિમિત્તના ઝઘડામાં આ નાખે છે. એ..ઇ..! સમજાણું કાંઈ? નિમિત્તથી થતું નથી (એમ કહો છો તો) આ શું કહે છે? કર્મથી થાય છે કે નહિ? કર્મ નિમિત્ત છે. સમજાણું કાંઈ? 'કાંતિભાઈ'! તમે કહો છો કે, નિમિત્તથી કાંઈ થતું નથી. અહીં તો (કહે છે), આયુષ્યકર્મના નિમિત્તથી આત્મા મરે છે, આયુષ્યકર્મનો ક્ષય થાય તો મરી જાય છે અને હોય તો જીવે છે. નિમિત્તથી કથન છે. સમજાણું? ભાઈ! ઉપાદાન-નિમિત્તની જ્યાં ચર્ચા ચાલે ત્યાં આ વાત મૂકે. બાપુ! પ્રભુ! તું શાંતિથી સમજ. અહીંયાં તો આયુષ્યકર્મના નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? ગાથાઓ ઘણી આવશે. હેં?

મુમુક્ષુ :– પરની અપેક્ષા લઈને નિમિત્તને આયુષ્યની વાત છે.

ઉત્તર :– નહિ, પરની અપેક્ષા નહિ. સમજવામાં બહુ સુગમ પડે એ અપેક્ષાએ નિમિત્તથી કથન કર્યું છે. આત્મા પોતાની યોગ્યતાથી ત્યાં રહ્યો છે. તેનો નાશ કેવી રીતે કરે? એમ સમજવામાં મુશ્કેલ પડે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– સમજવામાં સહેલું પડે કે ભ્રમમાં પડે?

ઉત્તર :– એ સમજમાં સહેલું પડે. એમાં ભ્રમ નીકળી જાય. નિમિત્તનિમિત્ત સંબંધની

વ્યાખ્યા કરી છે. છે તો પોતાની નૈમિત્તિક પર્યાયથી ત્યાં રહ્યો છે, પણ અહીં નિમિત્તથી રહ્યો, નિમિત્ત ન હોય નાશ થઈ જાય છે, તો તેનું નિમિત્ત તું દઈ શકે છે? આયુષ્ય તેને દઈ શકે છે કે જીવે? અને આયુષ્ય તું હરી લે છે કે મરે? અને તારું આયુષ્ય કોઈ હરી લે છે? એમ કહે છે. આહાહા..! આ નિમિત્ત-ઉપાદાનની ચર્ચા બહુ થઈ ગઈ છે. આહા..!

જુઓ! 'સ્વ-આયુકર્મ બીજાથી બીજાનું હરી શકાતું નથી, કારણ કે તે (પોતાનું આયુકર્મ) પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે;...' ભાષા, જુઓ! શું (કહ્યું)? એ આયુકર્મ પોતાના ઉપભોગથી ક્ષય પામે છે. જડકર્મ નિમિત્તથી સમજાવવું છે. ભાઈ! અહીં તો એક એક બોલ સ્વયંસિદ્ધ કહ્યો છે, એ વાત છે. પાઠ તો એવો છે, 'પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે;...' આયુકર્મ, હોં! 'માટે કોઈ પણ રીતે બીજો બીજાનું મરણ કરી શકે નહિ. તેથી 'પર જીવોને મારું છું અને પર જીવો મને મારે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (–નિશ્ચિતપણે) અજ્ઞાન છે.' બસ! આ વાત છે. એ વાત નિશ્ચયથી કહેવી છે. વિશેષ કહેશે..

(શ્રોતા :–પ્રમાણ વચન ગુરુદેવ)

---

**પ્રવચન નં. ૩૧૯ ગાથા–૨૪૯ થી ૨૫૩, સોમવાર, આસો સુદ ૩, તા. ૨૪-૦૯-૧૯૭૯**

(આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે)

---

'સમયસાર' ૨૪૯ (ગાથાનો) ભાવાર્થ છે, ભાવાર્થ છે ને? શું કહે છે?

ભાવાર્થ :– 'જીવની જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય, તો તે માન્યતા અજ્ઞાન છે.' ભગવાન એમ કહે છે, કે જીવની જે માન્યતા છે તદ્અનુસાર જગતમાં જો બનતું ન હોય તો તે અજ્ઞાન છે. એ સિદ્ધાંત (કહ્યો). 'પોતાથી પરનું મરણ કરી શકાતું નથી અને પરથી પોતાનું મરણ કરી શકાતું નથી.' પોતા દ્વારા બીજાનું મરણ કરી શકાતું નથી. માને કે પરને હું મારું, એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? બીજાનું જે મરણ થાય છે તે પોતા દ્વારા (કરી શકાતું નથી) અને બીજા દ્વારા પોતાનું મરણ કરી શકાતું નથી. પોતાથી બીજાનું મરણ થતું નથી અને પરથી પોતાનું મરણ થતું નથી. આહા..!

'છતાં આ પ્રાણી વૃથા એવું માને છે...' કે હું પરને મારું અને પર મને મારે એમ અજ્ઞાની વ્યર્થ મિથ્યાત્વભાવને સેવે છે. ઝીણી વાત, પ્રભુ! આહા..! જેને આત્મા પરમાત્મા જિનેશ્વરદેવે આત્મા કહ્યો, એવા આત્માનો જેને આશ્રય નથી તેની માન્યતા વિપરીત છે. આહાહા..! એ પરને હું મારી શકું છું અને પર મને મારી શકે છે, એ માન્યતા તદ્દન

આત્માના આશ્રય (વિનાની) પરના આશ્રયની વિપરીત વાત છે. 'સુમેરુમલજી'! ઝીણી વાત, પ્રભુ! અનંતકાળથી ચોરાશીના અવતારમાં રખડે છે.

કહે છે, કે તારી માન્યતા છે તે પ્રમાણે જો બહારમાં ન બને તો તારી એ માન્યતા જૂઠી છે. આહાહા..! 'પ્રાણી વૃથા એવું માને છે તે અજ્ઞાન છે. આ કથન નિશ્ચયનયની પ્રધાનતાથી છે.' પરની હિંસા આત્મા કરી શકતો નથી અને પર પોતાને મારી શકતું નથી, એવો યથાર્થ સિદ્ધાંત સર્વજ્ઞ પરમાત્માનો છે. એમ ન માને અને હું પરને મારું (એમ માને), પરદ્રવ્યની પર્યાય તો તેનું આયુષ્ય ન હોય તો મરી જશે, આયુષ્ય હશે તો રહેશે, તારાથી મરે છે, એમ નથી. આહાહા..! ઝીણી વાત બહુ, ભગવાન!

અનંતકાળથી ચાર ગતિમાં ચોરાશીના અવતારમાં રખડે છે. મનુષ્યભવ અનંત ધારણ કર્યા, દેવભવ અનંત ધારણ કર્યા પણ આત્મજ્ઞાન શું? આત્માનો આશ્રય (શું)? આત્મા શું ચીજ છે? તેનો આશ્રય લીધો નહિ. આહાહા..! એ આશ્રય લીધા વિના આવી માન્યતા પરના આશ્રયે ઊભી કરી કે, પરને હું મારું છું અને પર મને મારે છે. છે?

'વ્યવહાર આ પ્રમાણે છે :–' (પહેલા કહ્યો તે) નિશ્ચયનયનો યથાર્થ સિદ્ધાંત છે, કે પરને હું મારી શકતો નથી અને પરથી મારું મરણ થતું નથી. એ યથાર્થ સિદ્ધાંત છે. આહાહા..! 'વ્યવહાર આ પ્રમાણે છે :– પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી પર્યાયના ઉત્પાદ-વ્યય થાય તેને જન્મ-મરણ કહેવામાં આવે છે;...' વ્યવહારથી, નિમિત્તથી કહેવામાં આવે છે, કે આને માર્યો, એ તો વ્યવહારનું કથન છે, નિમિત્તનૈમિત્તિકનું કથન છે, વાસ્તવિક સ્વરૂપ એમ છે નહિ.

'ત્યાં જેના નિમિત્તથી મરણ (–પર્યાયનો વ્યય) થાય...' જેના નિમિત્તે પરનો નાશ થાય 'તેના વિષે એમ કહેવામાં આવે છે કે 'આણે આને માર્યો',...' એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! વ્યવહાર જૂઠો, પણ લૌકિકમાં વ્યવહારથી આમ બોલવામાં આવે છે, કે આણે આને માર્યો, (પરંતુ) એમ છે નહિ. (માત્ર) વ્યવહારનું કથન છે. આહાહા..! જેનું આયુષ્ય પૂર્ણ ન થયું હોય તો તેને મારી કોણ શકે? આહા..! અને જેનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું તેને પણ કોણ મારી શકે? એ તો તેનું આયુષ્ય પૂરું થયું તો દેહ છૂટે છે. આહાહા..! અત્યારે તો જુઓને આ એક્સિડેન્ટ થાય છે ને? મોટર, રેલ. હેં? એરોપ્લેન પડી જાય છે. એ સ્થિતિ તે સમયે તેના આયુષ્યની સ્થિતિ પૂરી થવાની હતી તો એમ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, પ્રભુ!

એ કહે છે, 'અહીં એમ ન સમજવું કે વ્યવહારનો સર્વથા નિષેધ છે.' નિમિત્તનું કથન છે એ કંઈ ખોટું નથી, નિમિત્તથી કહેવામાં આવે છે. 'જેઓ નિશ્ચયને નથી જાણતા, તેમનું અજ્ઞાન મટાડવા અહીં કથન કર્યું છે,...' આહાહા..! પરને હું મારી શકું છું અને પરથી મારો દેહ છૂટી જશે, મને તલવારથી મારે છે, એ વાત ખોટી છે. એ તલવાર અને દેહનું છૂટવું જ્યારે થાય છે ત્યારે પોતાથી થાય છે, પરથી નહિ. 'સુમેરુમલજી'! આહાહા..!

ભગવાન પરમેશ્વર જિનેશ્વરદેવ ત્રિલોકનાથ 'સીમંધરસ્વામી' ભગવાન બિરાજે છે, મહાવિદેહમાં બિરાજે છે, મોજૂદ છે. આહા..! સંવત ૪૯માં 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા, સંવત ૪૯, બે હજાર વર્ષ પહેલાં. ભગવાન તો અત્યારે બિરાજે છે. પ્રભુનું ક્રોડ પૂર્વનું આયુષ્ય છે, મહાવિદેહ ક્ષેત્રમાં પાંચસો ધનુષનો દેહ છે, ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં તો સીત્તેર લાખ કરોડ, છપ્પન હજાર ક્રોડ વર્ષ જાય. આહા..! એટલું પ્રભુનું આયુષ્ય છે. સમવસરણમાં બિરાજે છે. ત્યાં ગયા હતા, ત્યાંથી આ સંદેશ લાવ્યા છે. આહાહા..! એ સંદેશની ટીકા 'અમૃતચંદ્રાચાર્યે' કરી. આહા..! એ ભગવાન પાસે ગયા હતા અને અંતરમાં ગયા હતા. આ 'અમૃતચંદ્રાચાર્ય' અંતરમાં ગયા હતા. ભગવાનઆત્મા પૂર્ણાનંદના નાથનું અવલંબન કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયા હતા, એ આ વાત કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'તેમનું અજ્ઞાન મટાડવા અહીં કથન કર્યું છે, તે જાણ્યા પછી બન્ને નયોને અવિરોધપણે જાણી યથાયોગ્ય નયો માનવા.' પરને મારતો નથી, પરંતુ નિમિત્તથી કથન કર્યું છે એમ જાણવું, એમ બન્ને નયોનું યથાર્થ જ્ઞાન કરવું.

આત્મામાં પંચમહાવ્રત, ભક્તિ વગેરેના પરિણામ થાય તે શુભરાગ છે, તે આસ્રવ છે. તે રાગને આસ્રવ પણ માનવો ને તેને જ સંવર પણ માનવો તે ભ્રમ છે. એક શુભરાગ છે તે જ આસ્રવનું અને સંવરનું બન્નેનું કારણ કેમ થાય ? મિશ્રભાવનું જ્ઞાન સમ્યગ્દષ્ટિને જ હોય છે. સમ્યગ્દષ્ટિને પણ જે રાગ છે તે ધર્મ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રાગરહિત છે તે જ ધર્મ છે. હું જ્ઞાયક છું એવા સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનથી જેટલો વીતરાગભાવ થયો તે સંવર ધર્મ છે. ને તે જ સમયે જે રાગ છે તે આસ્રવ છે, એક જ સમયમાં આવા બન્ને ભાવો મિશ્રરૂપ છે, તે બન્નેને ભિન્ન ભિન્ન ધર્મી જીવ ઓળખે છે. પહેલાં વ્યવહાર અને પછી નિશ્ચય એમ નથી. વ્યવહારનો શુભરાગ તો આસ્રવ છે, આસ્રવ તે સંવરનું કારણ કેમ થાય ? પહેલો વ્યવહાર, તે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એવી દૃષ્ટિથી તો સનાતન જૈન પરંપરામાંથી જુદા પડીને શ્વેતામ્બરો નીકળ્યા. અને દિગમ્બર સંપ્રદાયમાં રહીને પણ કોઈ એમ માને કે રાગ કરતાં કરતાં ધર્મ થશે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે તો એમ માનનાર પણ શ્વેતામ્બર જેવા જ અભિપ્રાયવાળો છે, તેને દિગમ્બર જૈન ધર્મની ખબર નથી.

(પરમાગમસાર - ૯૫૫)

# ગાથા–૨૫૦

जीवनाध्यवसायस्य तद्विपक्षस्य का वार्तेति चेत् -

जो मण्णदि जीवेमि य जीविज्जामि य परेहिं सत्तेहिं।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२५०।।

यो मन्यते जीवयामि च जीव्ये च परैः सत्त्वैः।
स मूढोऽज्ञानी ज्ञान्यतस्तु विपरीतः।।२५०।।

परजीवानहं जीवयामि, परजीवैर्जीव्ये चाहमित्यध्यवसायो ध्रुवमज्ञानम्। स तु यस्यास्ति सोऽज्ञानित्वान्मिथ्यादृष्टिः, यस्य तु नास्ति स ज्ञानित्वात् सम्यग्दृष्टिः।

---

ફરી પૂછે છે કે ''(મરણનો અધ્યવસાય અજ્ઞાન છે એમ કહ્યું તે જાણ્યું; હવે) મરણના અધ્યવસાયનો પ્રતિપક્ષી જે જીવનનો અધ્યવસાય તેની શી હકીકત છે ?'' તેનો ઉત્તર કહે છે :–

જે માનતો - હું જિવાડું ને પર જીવ જિવાડે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦.

ગાથાર્થ :– [ यः ] જે જીવ [ मन्यते ] એમ માને છે કે [ जीवयामि ] હું પર જીવોને જિવાડું છું [ च ] અને [ परैः सत्त्वैः ] પર જીવો [ जीव्ये च ] મને જિવાડે છે, [ सः ] તે [ मूढः ] મૂઢ (-મોહી) છે, [ अज्ञानी ] અજ્ઞાની છે, [ तु ] અને [ अतः विपरीतः ] આનાથી વિપરીત (અર્થાત્ જે આવું નથી માનતો, આનાથી ઊલટું માને છે) તે [ ज्ञानी ] જ્ઞાની છે.

ટીકા :– 'પર જીવોને હું જિવાડું છું અને પર જીવો મને જિવાડે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (-અત્યંત ચોક્કસ) અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.

ભાવાર્થ :– 'પર મને જિવાડે છે અને હું પરને જિવાડું છું' એમ માનવું તે અજ્ઞાન છે. જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદૃષ્ટિ છે; જેને એ અજ્ઞાન નથી તે સમ્યગ્દૃષ્ટિ છે.

## ગાથા-૨૫૦ ઉપર પ્રવચન

'ફરી પૂછે છે કે '(મરણનો અધ્યવસાય અજ્ઞાન છે એમ કહ્યું તે જાણ્યું; હવે) મરણના અધ્યવસાયનો પ્રતિપક્ષી જે જીવનનો અધ્યવસાય તેની શી હકીકત છે?' તેનો ઉત્તર કહે છે :–' આહાહા..! હું પરને મારી શકું છું, એ વાત તો આવી ગઈ, એ તો જૂઠી વાત છે, પણ પરને જીવાડી શકું છું તેમાં શું છે? અથવા પર મને જીવાડે છે તેમાં શું હકીકત છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. આહાહા..! છે? ૨૫૦.

जो मण्णदि जीवेमि य जीविज्जामि य परेहिं सत्तेहिं।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२५०।।
જે માનતો - હું જિવાડું તે પર જીવો જિવાડે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦.

ટીકા :– 'પર જીવોને હું જિવાડું છું...' ટીકા છે? ૨૫૦. આહાહા..! સમજાણું કાંઈ? હું પરને જીવાડું છું. જીવાડી દઉ છું. પૈસાવાળા હોય એ તો બહુ માને. હેં?

મુમુક્ષુ :– દવા દેવાથી જીવી જાય.

ઉત્તર :– ધૂળમાંય દવાથી જીવતો નથી. આહા..! એ કહ્યું હતું ને? 'શાંતિલાલ ખુશાલ', 'ગોવા.. ગોવા!' બે અબજ, ચાલીસ કરોડ રૂપિયા છે. કેટલા? બે અબજ, ચાલીસ કરોડ. ઇ ગુજરી ગયા, એનો છોકરો છે. 'ગોવા'. 'શાંતિલાલ ખુશાલ'. અમારે તો ઘણા વર્ષોથી પરિચય છે ને! અહીં તો દેહને ૯૧ વર્ષ થયા. ૯૦+૧. ઘણા વર્ષથી ઘણાને જાણીએ છીએ. દુકાન ઉપર બેસતા હતા ત્યારથી ઘણાને જાણીએ છીએ. સીત્તેર વર્ષ પહેલાની દુકાન છે ને અમારી? 'ભરૂચ' અને 'વડોદરા'ની વચ્ચે 'પાલેજ'માં દુકાન છે. ત્યાં પાંચ વર્ષ દુકાન ચલાવી હતી. સત્તર વર્ષથી બાવીસ વર્ષ. બધું જાણીએ છીએ. એક ગૃહસ્થ હતા (એની પાસે) બે અબજ, ચાલીસ કરોડ–અઢી અબજ. અત્યારે એનો છોકરો છે. આવ્યા હતા, 'મુંબઈ' આવ્યા હતા, નહિ? 'મુંબઈ' આવ્યા હતા. છોકરો દર્શન કરવા આવ્યો હતો.

એની પોતાની પાસે પૈસા ઘણા, બે અબજ ચાલીસ કરોડ. એના બનેવી છે તે આવે છે, અત્યારે નથી, અહીં 'પોપટભાઈ' બેસતા હતા ને? 'લીંમડી'ના છે. એમણે કહ્યું, એ પણ લાખોપતિ છે, ઘણા લાખ છે. એના સાળાને કહ્યું, તમારી પાસે ઘણા પૈસા છે, અઢી અબજ રૂપિયા છે, હવે આ શું કરો છો? એ..ઇ...! ત્યારે શું જવાબ આપ્યો? એણે જવાબ શું આપ્યો? કે, આ શું અમે અમારી માટે કરીએ છીએ? લોકોના નભાવ માટે કરીએ છીએ. મૂઢ છે. તારી મમતા છે, મૂઢ! સમજાણું કાંઈ? આવો જવાબ આપ્યો.. શું અમે અમારી માટે કરીએ છીએ? હજારો માણસો (કામ કરે), મોટો વેપારી છે, શું કહેવાય? હેં? મેંગેનીઝ. પથ્થરમાંથી કરોડો રૂપિયાનું મેંગેનીઝ નીકળ્યું છે. થોડી જમીન લીધી હતી, એમાંથી અઢી

અબજ થઈ ગયા. ધૂળમાં શું છે? એ તો પૂર્વના પુણ્ય હતા તો મળ્યું, એમાં શું છે? પણ એના સાળાને જવાબ એમ આપ્યો. આપણે અહીં આવે છે. આટલા પૈસા છે, આટલી પેદાશ છે, કેટલા કરોડો રૂપિયાની પેદાશ! કેટલા કરોડો, હોં! એક વર્ષના. અમે શું અમારા માટે કરીએ છીએ? હજારો માણસ નભે છે (માટે કરીએ છીએ). મૂઢ છે. તેને કારણે નભે છે? તેનું આયુષ્ય છે તો નભે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આયુષ્યવાળાને રોટલા ખાવા કેવી રીતે ?

ઉત્તર :– એ રોટલા ખાય ન ખાય એની ક્રિયાથી કંઈ આયુષ્ય છે નહિ. બહુ ખાય છે. આહા..! ચક્રવર્તી, 'ભરત' ચક્રવર્તી આદિ. ભગવાન કહે છે, કે એ ચક્રવર્તી જે છે તેનો ૩૨ કવળનો આહાર છે. એક કવળની અબજો રૂપિયાની કિંમત. એક કવળ, હોં! કેમકે હીરાની, માણેકની ભસ્મ કરે. ભસ્મ કરીને પછી ઘીમાં નાખે અને તેમાં ઘઉં (નાખે એ) ભસ્મ પી જાય એની રોટલી બનાવે. એવા બત્રીસ કવળ. એક કવળની અબજો રૂપિયાની કિંમત. એ બત્રીસ કવળનો (આહાર) 'ભરત' ચક્રવર્તીનો હતો. આહાહા..!

'બ્રહ્મદત્ત' ચક્રવર્તી, લ્યો! મરી ગયો. છન્નુ હજાર સ્ત્રી, બત્રીસ હજાર રાજા. મરતાં હીરાના ઢોલિયે સૂતો હતો પણ મમતા.. મમતા.. મેં કર્યું, મેં કર્યું, આ મારી બાયડી, આ મારી... મરીને સાતમી નરકે ગયો, અત્યારે સાતમી નરકે છે. એમ સિદ્ધાંતમાં લેખ છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! પ્રભુ! તું શું કરે છે? તારી ચીજની કોઈ બીજી ચીજ રક્ષા કરી શકે છે? આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! જગતમાં સત્ય પરમાત્મા જિનેશ્વરદેવ કહે તેમ યથાર્થ માનવું એ કોઈ દુર્લભ ચીજ છે. આહાહા..!

અહીંયાં કહે છે, 'પર જીવોનું હું જિવાડું છું...' છે ટીકા? હું એકેન્દ્રિયને જિવાડું છું, પંચેન્દ્રિયને જિવાડું છું, મનુષ્યને નભાવું છું, અમારી ઘરની સ્ત્રી, પુત્રને હું નભાવું છું, મદદ કરીને જીવાડું છું 'અને પર જીવ મને જિવાડે છે...' આ ગૃહસ્થ લોકો મને પૈસા આપે છે તો મારા આયુષ્યને જિવાડે છે, નહિતર તો દુકાળમાં મરી જાત. દુકાળ આદિમાં ગૃહસ્થ લોકો બે-પાંચ, દસ લાખ રૂપિયા આપે છે તો અમે જીવીએ છીએ.

'એવો અધ્યવસાય...' તે પ્રકારની માન્યતા–એકત્વ અભિપ્રાય 'ધ્રુવપણે (–અત્યંત ચોક્કસ) અજ્ઞાન છે.' અજ્ઞાનીનો મિથ્યા ભ્રમ છે. 'માલચંદજી'! આહાહા..! અમે આ કરીએ છીએ, અમે બધાને જિવાડી દઈએ છીએ. આહાહા..! કહે છે, કે હું બીજાને જિવાડે છે અને એ મને જિવાડે છે, એ માન્યતા, પરમાત્મા ત્રિલોકનાથ ઇન્દ્રો અને ગણધરોની સમક્ષ પરમાત્મા કહેતા હતા. તે જીવ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ભાષા સમજાય છે ને? ભાઈ! થોડી થોડી હિન્દી આવડે છે, અમે તો ગુજરાતી છીએ ને! આહાહા..! 'ભભૂતમલ'ના પિતાજી છે. 'ભભૂતમલે' 'બેંગલોર'માં આઠ લાખ રૂપિયા આપ્યા ને! મંદિર બનાવ્યું છે. અમે ત્યાં હતા ને! એ વખતે પંચ કલ્યાણકમાં ગયા હતા. આહાહા..! એ બધી ક્રિયા થાય છે, આત્મા

પૈસા આપી શકે છે એ વાતમાં કોઈ માલ નથી. કેમકે પૈસા તો જડ છે. જડના પરમાણુની પર્યાય થવાવાળી પોતાથી થાય છે. લેવું-દેવું, આવવું-જવું (તેને કારણે થાય છે) પણ મેં આપ્યું, મેં લીધું, એવી માન્યતા છે... ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! એ મિથ્યાત્વભાવ છે, અજ્ઞાન છે, મૂઢતા છે, ચોરાશીના પરિભ્રમણના કારણરૂપ મિથ્યાત્વભાવ છે. 'પાટનીજી'! આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

એ કહે છે, 'પર જીવોને હું જિવાડું છું...' આહાહા..! હું ઘણા માણસોને નભાવું છું. આ મિલવાળા ને પ્રેસવાળા હોય ને? મિલ.. મિલ, પ્રેસ. કરોડોપતિ. અમારા જીનમાં બે-પાંચ હજાર (માણસો) નભે છે. અમારી મિલ ચાલે છે તે કારણે. આહાહા..! પ્રભુ ત્રિલોકનાથ એમ કહે છે, પ્રભુ! એ તારી માન્યતા મિથ્યાત્વ, જૂઠો ભ્રમ છે. આહાહા..! આકરું કામ, બાપુ! ધર્મ સમજવો એ અલૌકિક વાત છે, સાધારણ વાત નથી. એ કોઈ દયા પાળીને ધર્મ થઈ ગયો કે મંદિર બંધાવ્યું ને ધર્મ થઈ ગયો, એમ ત્રણકાળમાં નથી. આહાહા..! ધર્મ તો ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ સર્વજ્ઞ જિનેશ્વરે જે આત્મા પૂર્ણ સ્વરૂપ જોયો, તેનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન ઉત્પન્ન થાય તે ધર્મ છે અને તે મુક્તિનું કારણ છે, બાકી બધું થોથાં છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, કે 'પર જીવોને હું જિવાડું છું અને પર જીવો મને જિવાડે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (–અત્યંત ચોક્કસ) અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે.' આહાહા..! એને જૈન ભગવાનની શ્રદ્ધા નથી, એમ કહે છે. પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરદેવ કહે છે, કે તું પરને જિવાડી શકતો નથી અને પરથી તું જિવતો નથી, એમ ભગવાનનું કથન છે. આ કહે છે, કે હું પરને જિવાડું છું અને પર મને જિવાડે છે, તેને જૈનની શ્રદ્ધા નથી, તેને પરમેશ્વરની શ્રદ્ધા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન! ઝીણી વાત છે. આહા..!

પર દ્રવ્યની સાથે એ અધ્યવસાય–એકત્વબુદ્ધિ જેને છે, હું છકાયનો પીયર છું. આવે છે કે નહિ? એય 'માલચંદજી'! તમારા પર્યુષણમાં આવતું હતું, ખામણામાં પત્ર લખે. છ કાયના પીયર, છ કાયના રખવાળ, છ કાયના ગોવાળ. સ્થાનકવાસીમાં આવે છે, ખબર છે, અમે પણ ૪૫ વર્ષ સ્થાનકવાસીમાં હતા. પિતાજી સ્થાનકવાસી હતા, એમાં જન્મ થયો. ૪૫ એ થયા અને ૪૫ આ જંગલમાં થયા. નેવુ પૂરા થઈ ગયા. આહા..! પિતાજી સ્થાનકવાસી હતા. એમાં જન્મ થઈ ગયો, એમાં દીક્ષા લીધી હતી. પછી તો પૂર્વના (સંસ્કાર) હતા, અમે ભગવાન પાસે હતા, ત્યાંથી દેહ છોડીને અહીંયાં આવ્યા છીએ. એ બધા સંસ્કાર અંદરમાંથી આવતા હતા. ભાઈએ તો મોટી દીક્ષા આપી હતી, ધામધૂમ. ૬૬ વર્ષ પહેલા ૧૮૦૦ (રૂપિયાનો) ખર્ચ કર્યો હતો. (અત્યારે) ત્રીસ ગુણા ગણો તો સાંઈઠ હજાર થાય. મોટાભાઈએ હાથીના હોદ્દે 'ઉમરાળા'માં દીક્ષા (આપી હતી), ભાઈને કીધું, આ ધર્મ નહિ, આ માર્ગ નથી. માર્ગ તો કોઈ બીજો છે. હું તો આ બધું છોડી દઈશ, વીતરાગનો માર્ગ બીજો છે. મોટાભાઈએ

કીધું, ધીમે ધીમે કરવું. ભાઈને પ્રેમ હતો. દુકાનમાં સાથે હતા. 'પાલેજ' દુકાન છે ને? પછી તો તેમણે છોડી દીધું હતું, પૈસા હતા તો દુકાન જલ્દી છોડી દીધી, અહીંયાં રહેતા હતા. અહીંયાં ગુજરી ગયા. એ કહે, ધીમેથી (છોડવું). કારણ કે બહારમાં અમારું માન હતું ને! પ્રતિષ્ઠા બહુ હતી (એટલે કહે), ધીમે ધીમે છોડવું. મેં તો કીધું, હું તો છોડી દઈશ, આ માર્ગ નથી. આહાહા..! બધામાં એ જ કહે ને, સ્થાનકવાસીમાં જીવની દયા પાળવી. એમ આવે છે ને? 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા, દયા તણા એ દયા પરની નહિ. ભગવાન કહે છે, કે તું પરની દયા પાળી શકતો નથી. અરે..! ભગવાન! આહાહા..!

તારો ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમાત્માએ સિદ્ધ સમાન તારો આત્મા જોયો છે. આહાહા..! તેનો આશ્રય લઈને સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે પોતાના જીવની દયા છે. આહાહા..! પરની દયા તો પાળી શકતો નથી. ઝીણી વાત, ભાઈ! આહા..! 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે' પરનું હું કરી દઉં ને પરનું આમ કરી દઉં, મિથ્યાત્વભાવ છે, જૂઠી દૃષ્ટિ છે. આહાહા..!

'અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી...' આહાહા..! જુઓ! 'તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.' કેમ? કે, સમ્યગ્દૃષ્ટિ ધર્મીને આત્મા શુદ્ધ ચૈતન્યનો આશ્રય–અવલંબન છે અને તે આશ્રયને કારણે પરને કરી શકું છું કે પરથી હું જીવું છું, એવો અધ્યવસાય તેને થતો જ નથી. સ્વભાવનો અધ્યવસાય થયો–શુદ્ધ ચૈતન્યઘનનો અધ્યવસાય–એકત્વબુદ્ધિ થઈ તો પરનું હું કરી શકું છું, એવી બુદ્ધિ સમ્યગ્દૃષ્ટિને થતી નથી. સમજાણું કાંઈ? પરનું કરી શકું છું, એવો અધ્યવસાય પોતાના સ્વભાવનો અધ્યવસાય–એકત્વબુદ્ધિ નથી તેને થાય છે. આહાહા..! આવું કામ છે, પ્રભુ! આહાહા..!

કોઈને હું જિવાડી શકું છું અને પરથી હું જીવું છું, (એમ માનનાર) મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. એ જૈન નથી, એને જૈનની ખબર નથી, વીતરાગમાર્ગની ખબર નથી. છે અંદર? ૨૫૦ છે. ૨૫૦ (ગાથા) છે ને? ભાઈ! ૨૫૦. ત્યાં તમે વાંચ્યું છે કે નહિ? પૈસામાં ગૂંચી જાય એમાં આ ક્યાં સમજાય? આહાહા..! શું કહે છે? જુઓ! હું પરને જિવાડું છું, જીવનદાન આપી શકું છું અને પર મને જિવાડે છે, એ અધ્યવસાય મિથ્યાદૃષ્ટિનું અજ્ઞાન છે. આ મા-બાપ, કુટુંબને, બાયડી-છોકરાને નભાવતા નથી? ધૂળેય નભાવતા નથી. એ તો તેમનું આયુષ્ય છે તે પ્રમાણે નભે છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, 'પુનાતર'! આવી વાત છે, ભગવાન! બહુ આકરી વાત. જગતથી (જુદી છે.)

અહીંયાં બે વાત કરે છે, કે જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે એ (એમ માને છે કે), હું પરને જિવાડું છું અને મને તે જિવાડે છે, પણ જેની દૃષ્ટિ આત્માના અધ્યવસાયમાં એકત્વબુદ્ધિ છે, આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ છે તેનો અધ્યવસાય–એકત્વબુદ્ધિ છે તે પરને જિવાડું છું, પરથી જીવું છું, એમ માનતો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દષ્ટિ છે.' છેલ્લી લીટી છે ને? ધર્મી તેને કહીએ, સમ્યગ્દષ્ટિ જૈન પરમેશ્વરની માન્યતાવંત, આત્માની માન્યતાવંત, જિનસ્વરૂપ ભગવાનઆત્મા (છે) એ જિનસ્વરૂપ આત્માની જેને અંદર માન્યતા-અધ્યવસાય થયો એ પરને જિવાડું છું, એવી માન્યતા તેને નથી. આહા..! સમજાણું કાંઈ? અને પરથી હું જીવું છું, મારો નભાવ કરે છે, દુકાળ પડ્યો તો આ શેઠિયાઓએ બે-પાંચ લાખ આપ્યા તો મારું આયુષ્ય નભ્યું, એમ સમકિતી માનતા નથી. સમકિતી બહારથી ગરીબ હોય (પણ તે એમ માનતા નથી). આહાહા..! નરકમાં નારકી છે. નીચે સાત નરક છે તેમાં કોઈ નારકી સમકિતી છે. 'શ્રેણિક' રાજા, 'શ્રેણિક' રાજા પહેલી નરકમાં ગયા. સમકિતી છે, તીર્થંકરગોત્ર બાંધે છે, ત્યાંથી નીકળીને પહેલા તીર્થંકર થશે. જેવા 'મહાવીરસ્વામી' પ્રભુ હતા, એવા તીર્થંકર થશે. અત્યારે નરકમાં છે, પહેલી નરકમાં ચોરાશી હજાર વર્ષની સ્થિતિ છે. એ એમ નથી માનતા કે, હું પરને જિવાડું છું અને પરથી હું જીવું છું, એમ જ્ઞાની માનતા નથી. જ્ઞાની (એમ માને છે કે) મારા અધ્યવસાયથી હું જીવું છું, ત્રિકાળ જીવન. ત્રિકાળ જીવન, હોં! આહાહા..! પરનું જીવન હું કરી શકતો નથી. આહાહા..!

અહીં તો (અજ્ઞાની કહે), અર્ધાંગના. અડધું અંગ પોતાનું અને અડધું અંગ સ્ત્રીનું. અર્ધાંગના, મૂઢ છે. અડધું અંગ કેવું ? એ બીજો આત્મા છે, શરીર જુદું છે, એ તો પરની ચીજ છે, એ તારી ચીજ ક્યાંથી થઈ ગઈ? 'માલચંદજી'! આવી વાત છે, ભગવાન! આહાહા..! અહીં તો સત્યની વાત છે, પ્રભુ! આહાહા..! એ વાત અત્યારે ગુપ્ત થઈ ગઈ છે, ફેરફાર થઈ ગયો. આહાહા..!

મુમુક્ષુ :- બાપુજી કહે છે કે ધર્મની વાત અહીંયાં સિવાય ક્યાંય નથી. અહીંયા રહેશે તો ધર્મ થશે.

ઉત્તર :- વાત સાચી. ભાઈને પ્રેમ છે ને! 'ભભૂતમલ'ને પ્રેમ છે. માલ તો આ છે, ભગવાન! 'હિન્દુસ્તાન'માં દસ હજાર માઈલ અમે ત્રણ વાર ફર્યા છીએ. દસ હજાર માઈલ, હોં! મોટી મોટર છે ને? શું કહેવાય ઇ? 'પ્લેમાઉટ'. પચીસ હજારની તે દિ' આવી હતી, (સંવત) ૨૦૧૪. પડી છે. દસ હજાર માઈલ ત્રણ વાર ફર્યા છીએ. આ માર્ગ અમને ક્યાંય જોવા ન મળ્યો. આહાહા..!

અહીં કહે છે, પરને જિવાડું છું, એવો જેનો અધ્યવસાય છે તે મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દષ્ટિને એવો અધ્યવસાય નથી. ધર્મી, જેને આત્માનો આશ્રય થઈને સમ્યગ્દર્શન થયું છે, ભગવાનઆત્મા જિનસ્વરૂપ છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' ત્રણલોકના નાથના વચનનો મર્મ – 'જિન સો હી હૈ આત્મા' આ આત્મા જિનસ્વરૂપ, અંદર વીતરાગસ્વરૂપ છે. 'અન્ય સો હી હૈ કર્મ' રાગાદિ, દાયાદાનાદિ બધું કર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ જિનસ્વરૂપી ભગવાનઆત્મા, તેનો આશ્રય લઈને જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, તે ત્રણકાળ ત્રણલોકમાં હું કોઈ ચીજને નભાવું

છું અને તેનાથી હું નભું છું, એમ માનતા નથી. 'ભભૂતમલજી'! આવી વાત છે, ભગવાન! બધા આત્મા અંદર ભગવાન પ્રભુ છે ને! આહા..! અંદર ભગવાનસ્વરૂપે જ છે. ભગવાનસ્વરૂપે ન હોય તો ભગવાનપણું, તેરમે (ગુણસ્થાને) કેવળી પરમાત્મા ક્યાંથી આવશે? બહારથી કોઈ ચીજ આવે છે? સમજાણું કાંઈ?

લીંડીપીપર છે ને? છોટી પીપર. એમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે. લીંડીપીપર હોય છે ને? ચોસઠ પહોરી એટલે રૂપિયે રૂપિયો, ચોસઠ એટલે સોળ આના. તીખાશ ભરી છે તો ઘૂંટવાથી છે તે આવે છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. કૂવામાં છે તે અવેડામાં આવે છે. એમ આત્મામાં પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાન વીતરાગસ્વરૂપથી અંદર ભગવાન ભર્યો છે... આહા..! તેના આશ્રયે પરમાત્મા સર્વજ્ઞ જે થાય છે તે અનંત જ્ઞાન, અનંત દર્શન અંદરથી આવે છે, કોઈ બહારથી આવતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! ઓલા તો કહે, દેરાસર કરો, મંદિર કરો, પૂજા કરો, બે-પાંચ લાખ ખર્ચો ધર્મ થઈ જશે. અહીં કહે છે, ધૂળેય ધર્મ નહિ થાય, સાંભળ! તારા કરોડ, બે કરોડ ખર્ચી દે તોપણ ધર્મ નહિ. એ..ઇ...! એ પૈસા ક્યાં તારી ચીજ છે? એ તો જડ છે, અજીવ છે. અજીવને લેવા-દેવાનો સ્વામી હોય તો તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

અહીં કહે છે, 'જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.' આહાહા..! સમ્યગ્દૃષ્ટિ તેને કહીએ. ધર્મની પહેલી સીડી, ધર્મનું પહેલું પગથિયું–સોપાન. હું તો જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ છું, મારી દૃષ્ટિમાં તો મારો આત્મા દૃષ્ટિમાં આવે છે, એ દૃષ્ટિ આત્માને સ્વીકારે છે. એવો સ્વીકાર કરનાર સમ્યગ્દૃષ્ટિ પરને મારવું, જિવાડવું એ મારા અધિકારની વાત નથી, (એમ માને છે). આહાહા..! જિન ને પ્રેસ ને મિલમાં હજારો માણસ નભે તો મિલમાલિક જો સમકિતી હોય તો એ એમ ન માને, કે આ મારાથી નભે છે. સમજાણું કાંઈ? અજ્ઞાની મૂઢ માને.

ભાવાર્થ :– 'પર મને જિવાડે છે અને હું પરને જિવાડું છું' એમ માનવું તે અજ્ઞાન છે. જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદૃષ્ટિ છે.' આહાહા..! જૂઠી દૃષ્ટિ છે, સત્યદૃષ્ટિથી (વિપરીત) અસત્યદૃષ્ટિ છે, પાખંડદૃષ્ટિ છે. આહાહા..! તમારામાં આવે છે ને? 'વૈષ્ણવ જન તો તેને કહીએ જે પર પીડા ઈ (જાણેરે)' આવે છે કે નહિ? ખબર છે, બધું જોયું છું. અહીં તો કરોડો શ્લોકો (જોયા છે). ઓગણીસ વર્ષની ઉંમરથી (અત્યારે) નેવુ વર્ષ થયા તો સીત્તેર વર્ષથી આ શાસ્ત્રનો અભ્યાસ છે. દુકાન ઉપર (પણ વાંચતા). પિતાજીની ઘરની દુકાન હતી.

મુમુક્ષુ :– પર પીડા જાણે છે, એમ લખ્યું છે.

ઉત્તર :– પર પીડાને ટાળે એમ એનું કહેવું છે. કોણ ટાળે? આહા..!

'પર મને જિવાડે છે અને હું પરને જિવાડું છું' એમ માનવું તે અજ્ઞાન છે. જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદૃષ્ટિ છે. જેને એ અજ્ઞાન નથી તે સમ્યગ્દૃષ્ટિ છે.' બીજી બે ગાથા, ૨૫૧–૨૫૨.

## ગાથા-૨૫૧-૨૫૨

कथमयमध्यवसायोऽज्ञानमिति चेत् -

आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्हू।
आउं च ण देसि तुमं कहं तए जीवेदं कदं तेसिं।।२५१।।
आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्हू।
आउं च ण दिंति तुहं कहं णु ते जीविदं कदं तेहिं।।२५२।।

आयुरुदयेन जीवति जीव एवं भणन्ति सर्वज्ञाः।
आयुश्च न ददासि त्वं कथं त्वया जीवितं कृतं तेषाम्।।२५१।।
आयुरुदयेन जीवति जीव एवं भणन्ति सर्वज्ञाः।
आयुश्च न ददति तव कथं नु ते जीवितं कृतं तैः।।२५२।।

जीवितं हि तावज्जीवानां स्वायुःकर्मोदयेनैव, तदभावे तस्य भावयितुमशक्यत्वात्; स्वायुःकर्म च नान्येनान्यस्य दातुं शक्यं, तस्य स्वपरिणामेनैव उपार्ज्यमाणत्वात्; ततो न कथञ्चनापि अन्योऽन्यस्य जीवितं कुर्यात्। अतो जीवयामि, जीव्ये चेत्यध्यवसायो ध्रुवमज्ञानम्।

---

હવે પૂછે છે કે આ (જીવનનો) અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે ? તેનો ઉત્તર કહે છે :-

છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તું આયુ તો દેતો નથી, તેં જીવન ક્યમ તેનું કર્યું ? ૨૫૧.
છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તે આયુ તુજ દેતા નથી, તો જીવન ક્યમ તારું કર્યું ? ૨૫૨.

ગાથાર્થ :– [ जीवः ] જીવ [ आयुरुदयेन ] આયુકર્મના ઉદયથી [ जीवति ] જીવે છે [ एवं ] એમ [ सर्वज्ञाः ] સર્વજ્ઞદેવો [ भणन्ति ] કહે છે; [ त्वं ] તું [ आयुः च ] પર જીવોને આયુકર્મ તો [ न ददासि ] દેતો નથી [ त्वया ] તો (હે ભાઈ !) તેં [ तेषाम् जीवितं ] તેમનું જીવિત (જીવતર) [ कथं कृतं ] કઈ રીતે કર્યું ?

[ जीवः ] જીવ [ आयुरुदयेन ] આયુકર્મના ઉદયથી [ जीवति ] જીવે છે [ एवं ] એમ [ सर्वज्ञाः ] સર્વજ્ઞદેવો [ भणन्ति ] કહે છે; પર જીવો [ तव ] તને [ आयुः च ] આયુકર્મ તો [ न ददति ] દેતા નથી [ तैः ] તો (હે ભાઈ !) તેમણે [ ते जीवितं ] તારું જીવિત [ कथं नु कृतं ] કઈ રીતે કર્યું ?

ટીકા :– પ્રથમ તો, જીવોને જીવિત ખરેખર પોતાના આયુકર્મના ઉદયથી જ છે, કારણ કે પોતાના આયુકર્મના ઉદયના અભાવમાં જીવિત કરાવું (-થવું) અશક્ય છે; વળી પોતાનું આયુકર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી, કારણ કે તે (પોતાનું આયુકર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે (-મેળવાય છે); માટે કોઈ પણ રીતે બીજો બીજાનું જીવિત કરી શકે નહિ. તેથી 'હું પરને જિવાડું છું અને પર મને જિવાડે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિયતપણે) અજ્ઞાન છે.

ભાવાર્થ :– પૂર્વે મરણના અધ્યવસાય વિષે કહ્યું હતું તે પ્રમાણે અહીં પણ જાણવું.

## ગાથા–૨૫૧-૨૫૨ ઉપર પ્રવચન

आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्हू।
आउं च ण देसि तुमं कहं तए जीवेदं कदं तेसिं।।२५१।।
आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्हू।
आउं च ण दिंति तुहं कहं णु ते जीविदं कदं तेहिं।।२५२।।

છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તું આયુ તો દેતો નથી, તેં જીવન ક્યમ તેનું કર્યું ? ૨૫૧.
છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તે આયુ તુજ દેતા નથી, તો જીવન ક્યમ તારું કર્યું ? ૨૫૨.

'હવે પૂછે છે કે આ (જીવનનો) અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે...' આ બાજુ ટીકા છે.

ટીકા :– 'પ્રથમ તો, જીવોને જીવિત ખરેખર પોતાના આયુકર્મના ઉદયથી જ છે,...' એ જે જીવે છે તે પોતાના આયુષ્યકર્મને કારણે (જીવે છે), નિમિત્તથી કથન છે. બાકી તો આત્માની શરીરમાં રહેવાની જેટલી યોગ્યતા છે તે પોતાથી છે, આયુકર્મ નિમિત્ત છે. પરંતુ અહીંયાં આયુકર્મથી લેવું છે. સમજાણું કાંઈ? આ શરીરમાં જેટલો કાળ રહેવાનું છે તે પોતાને કારણે રહે છે, આયુષ્યકર્મ તો નિમિત્ત છે, ઉપાદાન પોતાનું છે. પરંતુ અહીંયાં નિમિત્તથી કથન છે, કે જેનું જેટલું આયુષ્યકર્મ છે તે પ્રમાણે ત્યાં રહેશે. આહાહા..!

અકસ્માત થાય છે, લ્યોને! મોટરમાં, રેલમાં, આ કોઈ પ્લેન નીચે પડી ગયું, કરોડો રૂપિયા, અબજો રૂપિયાનો માલ. આહાહા..! આ 'મોરબી', અત્યારે 'મોરબી'માં.. ઓ..હો...! પંદર-વીસ હજાર માણસ (મરી ગયા), એટલું પાણી. વીસ, એકવીસ, બાવીસ, ત્રેવીસ ફૂટ પાણી. મડદાં તણાઈને દરિયામાં ચાલ્યા ગયા. કોઈ તો એમ કહે છે, કે સ્થાનકવાસીનો અડધો ભાગ મરી ગયો. સ્થાનકવાસીનો જે ભાગ હતો (તેમાંથી) અડધો ભાગ. આપણા દિગંબરમાં એક જ અપંગ બાઈ હતી ઇ મરી ગઈ, બાકી બધા જીવંત આવ્યા, 'રાજકોટ' આવી ગયા. જેનું આયુષ્ય હોય તેને કોણ કરે? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે, 'જીવોનો જીવિત ખરેખર પોતાના આયુકર્મના ઉદયથી જ છે,...' જે આયુકર્મ પૂર્વે બંધાયું છે તે પ્રમાણે અહીંયાં શરીરમાં રહેવાનું છે. 'કારણ કે પોતાના આયુકર્મના ઉદયના અભાવમાં જીવિત કરાવું (-થવું) અશક્ય છે;...' આયુકર્મ ન હોય અને જીવિત રહે એ બને નહિ. 'પોતાનું આયુકર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી,...' આહાહા..! પોતાનું આયુષ્યકર્મ બીજાનું આયુષ્યકર્મ દઈ ન શકે. પોતાનું થોડું આયુષ્યકર્મ આપે, દઈ શકે? ઇતિહાસમાં આવે છે, ઇતિહાસમાં, નહિ? 'હુમાયુ'ને થોડું આયુષ્ય આપ્યું. ઇતિહાસમાં આપે. 'બાબર' ને 'હુમાયુ', ધૂળમાંય દેતો નથી. મૂઢ મુસલમાન હતો ને? આહાહા..! કોણ આયુષ્ય આપે? મરવાની તૈયારી હતી (તો આ કહે), હું થોડું આયુષ્ય આપું છું, તો નભી ગયો. ખોટી વાત છે. પોતાનું આયુષ્યના ટુકડા કરીને તેને આપી શકે છે? તો નભે. જેટલું આયુષ્ય છે તે સમયે, જે સમયે, જે ક્ષેત્રે, જે પ્રકારે દેહ છૂટવા લાયક છે ત્યાં છૂટશે. લાખ ઉપાય કરે તોપણ બીજું કાંઈ થાય નહિ. આહાહા..! હેં?

મુમુક્ષુ :- ઇતિહાસનો બનાવ ખોટો?

ઉત્તર :- ઇતિહાસ-બિતિહાસ બધા ગપ માર્યા છે. ઇતિહાસને ખબર કે દિ' (હતી)? ભગવાન આમ કહે છે. આ શું કહ્યું? જુઓ! આવ્યું ને?

મૂળ પાઠમાં એ છે, કે જિનવરે એમ (કહ્યું છે). 'सव्वण्हू' એમ પાઠ છે. ૨૫૧-૨૫૨ ગાથા. સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે. જિનવરદેવ ત્રિલોકનાથ અરિહંત પરમેશ્વર એમ ફરમાવે છે, કે કોઈનું આયુષ્ય કોઈને આપી શકે, એમ ત્રણકાળમાં નથી. બીજાને બીજાનું જીવન આપે, એમ નથી. ડૉક્ટર તો કરે કે નહિ? ઇંજેક્શન આપીને (બચાવે ને)? અમારે અહીં એક મરી ગયો. આહાહા..! 'શિવલાલ પટેલ' હતા ને? 'વલ્લભ પટેલ'ને એ છે ને? ગુજરાતના. 'વલ્લભ પટેલ' ને કેવા? 'વિઠ્ઠલ પટેલ'. એ ત્યાં 'કરમસદ'ના છે, 'આણંદ' પાસે. અમે ગામ જોયું હતું. સંસારમાં (હતા ત્યારે) નાની ઉંમરમાં માલ લેવા જતો ને! બધા જોયેલા. 'સૂરત', 'ભરૂચ', 'મુંબઈ'. નાની ઉંમરમાં, હોં! બાવીસ વર્ષની ઉંમરની અંદર. બાવીસ વર્ષે દુકાન છોડી દીધી. (સંવત) ૧૯૬૮ના વૈશાખમાં દુકાન છોડી દીધી. બાવીસ વર્ષની ઉંમર, ૬૬ (વર્ષ) થયા. પછી અમે દીક્ષા લીધી. આ માર્ગ બીજો, ભાઈ! આહાહા..!

પેલા તો કહે, પરજીવની દયા પાળો. દયા પાળવાથી ધર્મ થશે. અહીં કહે કે, પરના જીવનની દયા પાળી શકે નહિ. (દયા પાળી) એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે, જૈન નથી. પરમેશ્વર સર્વજ્ઞ કહે છે. પાઠ આવ્યો ને? 'सव्वण्हू' ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર આમ ફરમાવે છે, કે તારા આયુષ્યનો ટુકડો તું પરને આપી શકે છે કે તેં પરને નભાવ્યો? 'ભભૂતમલજી'! પૈસાવાળા ઘણા લોકોને નભાવે. ધૂળમાંય નથી. મિથ્યાત્વનું અભિમાન છે. આહાહા..! દુકાળનો કાળ હતો તો અમને મુદ્દત આપી, અમે ભાંગી જતા હતા, (એમ કહે).

અમારે ત્યાં દુકાનમાં થયું હતું. 'ઝવાભાઈ' હતા તે સટ્ટાનો વેપાર કરતા. પછી સટ્ટામાં ખોટ ગઈ, પૈસા નહિ. પછી અમારા ભાગીદાર ફઈના દીકરા 'કુંવરજીભાઈ' હતા તેણે સોળ હજાર આપ્યા. આ તો સીત્તેર વર્ષ પહેલાની વાત (છે). સોળ હજાર આપીને એનું નામ રાખ્યું. સટ્ટામાંથી પાટિયું કાઢી નાખે ને? કાંઈ પૈસા નહોતા, હોં! હવે અત્યારે એના છોકરા પાસે એક કરોડ રૂપિયા (છે). એ વખતે સોળ હજાર દેવાની શક્તિ નહોતી. અત્યારે 'સૂરત'માં 'મનહર' છે (એને) ભંગારનો વેપાર, શું કહેવાય આ? ભંગાર.. ભંગાર. અત્યારે એક કરોડ રૂપિયા છે. એને સટ્ટામાં સોળ હજારની ખોટ ગઈ (એનું) નામ કાઢી નાખતા હતા એટલે અમારા ફઈના દીકરા 'કુંવરજીભાઈ' કહે, તારે લઈને આવ્યા છીએ, તારું નામ નીકળી જાય (એ કરતાં) સોળ હજાર લઈ જા. પછી બીજી વખત એણે એક પાઈ પણ માંગી નથી. એવું તો અનંતવાર ઘણું કર્યું, એમાં ધૂળમાં કાંઈ નથી. આહાહા..!

એક રજકણ પણ અહીંયાંથી દૂર કરવો એ પોતાની તાકાત નથી. એક આંગળી આમ હલે છે તે આત્માથી હલે છે, એમ ત્રણકાળમાં નથી. બાપાને સમજાય છે ને? ભાષા સમજાય છે? આ તો હિન્દી છે, તમારી મારવાડી (ભાષા નથી). આ તો હિન્દી છે, આ લોકો હિન્દી આવ્યા છે, બહારથી આવ્યા છે, 'સરદારશહેર'થી આવ્યા છે, 'સરદારશહેર'. આહાહા..! ભગવાન! અહીં તો ભગવાનઆત્મા અંદર છે. આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. આહાહા..! અરે..! પ્રભુ! તને તારી ખબર નહિ અને પરને હું જિવાડું છું (એમ માને છો). આહાહા..! એ આયુકર્મના ઉદયથી બધા જીવે છે.

'આયુકર્મના ઉદયના અભાવમાં જીવિત કરાવું (–થવું) અશક્ય છે; વળી પોતાનું આયુકર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી.' આહાહા..! 'કારણ કે તે (પોતાનું આયુકર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે...' શું કહ્યું જુઓ હવે. પૂર્વે જે અહીંનું આયુષ્ય બંધાયું હતું તે પોતાના પરિણામથી બંધાયું હતું. આ ભવ પહેલા ગયા ભવમાં હતો ત્યારે જે અહીંનું આયુષ્ય બંધાયું તે પોતાના પરિણામથી બંધાયું હતું. સમજાણું કાંઈ? આહાહા..! પોતાના પરિણામથી આયુષ્ય બંધાણું. આહાહા..! 'પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે (–મેળવાય છે); માટે કોઈ પણ રીતે બીજો બીજાનું જીવિત કરી શકે નહિ.' પોતાના પરિણામથી જે આયુષ્ય બંધાયું હતું તે આયુષ્ય અહીંયાં છે. આહાહા..! કોઈને મદદ મળે, દવા મળે ને

ડૉક્ટર આવે ને મારું જીવન વધારી દે (એમ) ત્રણકાળમાં નથી. આહાહા..!

જેની (આયુષ્યની) સ્થિતિ પૂરી થવાની છે તે એક ક્ષણમાં (પૂરી) થઈ જશે. કારણ કે પૂર્વે પોતાના પરિણામથી જ આયુષ્ય બંધાયું હતું. જે પરિણામથી આયુષ્ય બંધાયું તે આયુષ્ય પ્રમાણે ત્યાં જીવશે. આહાહા..! અત્યારે પણ જેટલા વર્ષ, મહિના જાય છે એ બધા મૃત્યુની સમીપ જાય છે. કેમકે મૃત્યુ નિશ્ચિત છે, આ સમયે દેહ છૂટશે એ નિશ્ચિત છે. જેટલા મહિના અને દિવસ જાય છે તે તેના મૃત્યુની સમીપ જાય છે. આ માને કે હું મોટો થાઉં છું, આ કહે કે, તારા મૃત્યુની સમીપ જાય છે. આહાહા..! ભાષા, જુઓ!

'પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે...' નિમિત્તનિમિત્ત સંબંધ નહિ. નહિતર એક વાર એમ કહ્યું, કે આયુષ્ય કર્મના જે પરમાણુ બંધાય છે તે પરમાણુની પર્યાયથી (બંધાય છે), પોતાના પરિણામથી નહિ. પોતાના પરિણામ પોતામાં રહ્યા અને આયુષ્યની પર્યાય આયુષ્યને કારણે થઈ. સમજાણું કાંઈ? શું કહ્યું ઇ? એક બાજુ જે પોતાના પરિણામ થયા હતા તે તો પોતાના પરિણામ (છે) અને જે આયુષ્ય બંધાણું તે તો પરમાણુની પર્યાય, એ આયુષ્યની સ્થિતિ તેમ થવાની હતી માટે બંધાણા છે. પણ અહીંયાં નિમિત્તનિમિત્ત સંબંધથી વાત કરે છે. શું કહ્યું સમજાણું?

અહીં તો 'પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે...' એમ કહ્યું. એક બાજુ ભગવાન એમ કહે કે, કર્મનું બંધન જે છે તે તું કરી શકતો નથી, એ તો પરદ્રવ્ય છે. આયુષ્યકર્મ એ જડ પર છે. તેની આયુષ્યની સ્થિતિ-મુદ્દત તું કરી શકતો નથી, તું તો તારા પરિણામ કરી શકે છે. અહીંયાં તો પરિણામ કર્યા અને આયુષ્ય બંધાણું તેને નિમિત્ત કરીને એ આયુષ્ય પોતાના પરિણામથી બંધાયું એમ કહેવમાં આવ્યું છે. આહાહા..! અરે..રે...!

એક બાજુ પ્રભુ એમ કહે, પ્રભુ! કર્મ જડ છે. તેને તું બાંધી શકતો નથી, છોડી શકતો નથી. કેમકે એ તો પરદ્રવ્ય છે, જડ છે. તારો પરદ્રવ્યમાં કાંઈ અધિકાર નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'પાટનીજી' અહીંયાં આ કહ્યું, 'પરિણામથી જ ઉપાર્જિત થાય છે...' બીજે ઠેકાણે ભગવાન એમ કહે છે, કે આયુષ્યના પરમાણુને યોગ્ય જે હતા તે આયુષ્યરૂપે થઈ ગયા. પરમાણુમાં તેટલી સ્થિતિ થવાને લાયક હતી. પરિણામ તો નિમિત્તમાત્ર છે. પરિણામ આયુષ્યને બાંધતું નથી. અહીંયાં તો કર્મના નિમિત્તથી કથન કરવું છે. આહાહા..!

મુમુક્ષુ :- નિમિત્તનો આશ્રય લેવો પડે.

ઉત્તર :- નિમિત્તનો આશ્રય નહિ, એને ટૂંકામાં સમજાવવું છે. લાંબી લાંબી વાત કરે કે, તારા પરિણામ હતા તે પ્રમાણે આ શરીરમાં નભવાની તારી સ્થિતિ છે, આયુષ્ય તો નિમિત્ત છે. એટલી લાંબી લાંબી વાત ન કરતાં ટૂંકી કરી છે. સમજાણું કાંઈ? નહિતર તો એમ છે, કે પૂર્વે જે પોતાના આયુષ્યના પરિણામ હતા એ પરિણામ પ્રમાણે અહીંયાં દેહમાં રહેવાની યોગ્યતા છે. પોતાની પોતાથી છે, હોં! કર્મથી નહિ. સમજાણું કાંઈ? પણ એટલી

લાંબી વાત ન કરતાં ટૂંકી કરવા માટે (એમ કહ્યું કે), તારા પરિણામથી જે પૂર્વે આયુષ્ય બંધાયું હતું એ આયુષ્ય અહીંયાં છે તે પ્રમાણે તારે રહેવાનું છે. તને કોઈ આયુષ્ય આપી શકે કે બીજાને તું આયુષ્ય આપી શકે (એમ છે નહિ). આહાહા..! ઉપભોગ નહોતું આવ્યું? કાલે ઉપભોગ આવ્યું હતું. કર્મનો ઉપભોગ–એ નિમિત્તનું કથન છે. આહા..! પોતાના ઉપભોગથી કર્મનો નાશ થાય છે, એમ. બીજો કોઈ નાશ કરી શકે એમ છે નહિ. આહાહા..! અરે..! ક્યાં નિવૃત્તિ માણસને? જગતની ઝંઝાળ. તોબા, તોબા છે. નિવૃત્ત આત્મા શું છે? અને સત્ય શું છે? તેનો નિર્ણય કરવાનો ટાઈમ નથી. અરે..! દેહ છૂટશે.. આ..હા..! ચોરાશીના અવતારમાં ક્યાંક ચાલ્યો જશે. આહાહા..!

અહીં તો (કહે છે), 'પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે...' ભાષા જુઓ! એક બાજુ એમ કહે કે, પોતાના પરિણામ પોતાથી થયા છે અને આયુષ્યની સ્થિતિ આયુષ્યકર્મથી થઈ છે. પરમાણુમાં એ આયુષ્ય થવાની એટલી સ્થિતિ હતી તો થઈ છે, આ પરિણામ તો નિમિત્તમાત્ર છે. નિમિત્ત તેનું કર્તા નથી. પરંતુ અહીંયાં ટૂંકામાં લેવા માટે (એમ કહ્યું કે), પોતાના પરિણામથી કર્મ ઉપાર્જિત કર્યાં. એ ઉપાર્જિત કર્યું તે પ્રમાણે આયુષ્ય અહીંયાં દેહમાં રહેવાનું છે. એ ઉપાર્જનમાં કોઈ બીજું દઈ શકે (એમ નથી). બીજાએ પણ પોતાના પરિણામથી જે આયુષ્યનું ઉપાર્જન કર્યું હતું તે પ્રમાણે ત્યાં રહે છે, તું તેને નભાવી શકે કે મારી શકે એમ વાત નથી. આહાહા..! આવી વાતું છે, પ્રભુ! આહાહા..!

સાધારણ માણસને તો (એમ લાગે), શું કહે છે આ? આ ડૉક્ટરો આયુષ્ય નભાવી શકે છે. ડૉક્ટર મરી નથી જતા? અહીં 'ભાવનગર'માં ઇસ્પીતાલમાં મોટો સર્જન હતો– 'હેમંતકુમાર', અહીં આવતા હતા. અહીં બધા આવી તો ગયા હોય, 'ભાવનગર'ના રાજા પણ આવી ગયા. અહીં તો રાજા આવે, દીવાન આવે, બધા ભિખારા. બધા ભિખારા છે ને? માગે છે, માગણ, માગણ છે. લાવ પૈસા, લાવ પૈસા.. મોટા ભિખારી છે. ભગવાન તેને ભિખારી કહે છે. અંતર આનંદની લક્ષ્મી અંદર પડી છે તેની તો દૃષ્ટિ નથી, તેને માંગવી નથી. સમજાણું કાંઈ? એ 'હેમંતકુમાર' કોઈની દવા કરતા હતા. સર્જન હતા. અહીં બે-ત્રણ વાર આવી ગયા. 'મને કાંઈક થાય છે, મને કાંઈક થાય છે.' એમ કહીને ખુરશીમાં બેસી ગયો, દેહ છૂટી ગયો. સર્જન! 'ભાવનગર' ઇસ્પીતાલનો મોટો સર્જન! શું કરે? વૈદ્ય અને ડૉક્ટરો પણ પોતાના આયુષ્ય પ્રમાણે રહે ને? હેં?

મુમુક્ષુ :– ઉંમર ૩૮ વર્ષ હતી.

ઉત્તર :– ૩૮ વર્ષ જ હતી!? અહીં આવ્યા હતા ખરા. બે-ત્રણ વાર આવ્યા હતા. એકવાર દાંત માટે આવ્યા હતા, એકવાર વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. કોણ કોનું આયુષ્ય એક ક્ષણ વધારે? આહાહા..! એક્સિડેન્ટ થાય છે, જુઓને! જુવાન ૩૨-૩૨ વર્ષના રેલમાં કચરાય જાય છે. એ આયુષ્યની સ્થિતિ એટલી છે. એ અકસ્માત નથી. એ આયુષ્યની

તેટલી સ્થિતિ ત્યાં પૂરી થવાની હતી માટે દેહ છૂટી ગયો. આહાહા..!

'માટે કોઈ પણ રીતે...' કોઈ પણ રીતે 'બીજો બીજાનું જીવિત કરી શકે નહિ.' આહાહા..! દવા દે ને જીવન દે ને આમ દે.. આહા..! અરે..! આપણો અહીંનો મોટો ડૉક્ટર હતો ને? શું નામ? 'રસ્તોગી', મોટો ડૉક્ટર. આપણા વ્યાખ્યાનમાં આવતા, ૬૧ વર્ષની ઉંમર, મોટો ડૉક્ટર. પૂરું થયું પછી અહીંથી 'કેમ્પ'માં ગયા, 'વઢવાણ કેમ્પ'. ૬૧ વર્ષની ઉંમર, ૬૦ ને ૧. બધા પાસે હતા ત્યાં (કહે) મને કાંઈક થાય છે. એક (જગ્યા) ખાલી હતી, દર્દીની ખાલી જગ્યા હતી ત્યાં સૂઈ ગયો. બોલાવો બૈરાંને! બૈરાં આવ્યા. (એને કહે), 'હવે હું જાઉં છું.' ૬૧ વર્ષની ઉંમર, મોટો ડૉક્ટર. તે શું ધૂળ કરે? અહીં આવતા બિચારા, અહીં જ્યારે હતા (ત્યારે) રવિવારે વ્યાખ્યાન સાંભળવા હતા. પણ જગતની લોકઝાળ મારી નાખે. બહારના માન-સન્માન મળે. આહાહા..! ૬૧ વર્ષની ઉંમરે મરી ગયો. ડૉક્ટર મોટો, જેણે આ બધું જમાવ્યું હતું. અહીં ઇસ્પીતાલ છે ને? 'જિથરી.. જિથરી!' આહા..! આયુષ્યની સ્થિતિ પૂરી થાય ત્યાં ડૉક્ટર શું કે મોટો વૈદ્ય શું? આહા..! કોણ રાખી શકે? પ્રભુ! એ નિશ્ચય તો કર, નિર્ણય તો કર. આહા..!

'માટે કોઈ પણ રીતે...' એમ ભાષા છે ને? 'કોઈ પણ રીતે બીજો બીજાનું જીવિત કરી શકે નહિ. તેથી 'હું પરને જિવાડું છું અને પર મને જિવાડે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (–નિયતપણે) અજ્ઞાન છે.' નિશ્ચયથી અજ્ઞાન છે. તારી દૃષ્ટિ મૂઢતા છે, વિપરીત પાખંડ છે. આહાહા..! આવી વાત છે.

'પૂર્વે મરણના અધ્યવસાય વિષે કહ્યું હતું તે પ્રમાણે અહીં પણ જાણવું.' સુખ-દુઃખની વાત વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રશ્ન :- ઉપવાસાદિ કરવા કે ન કરવા ?

ઉત્તર :- આહાર જે ક્ષણે મળવાનો નથી તેને તું મેળવ એમ કહેવામાં આવતું નથી. અને જે ક્ષણે રાગની મંદતા થવાની છે તે ન કરવી એમ પણ કહેવાતું નથી. વળી રાગ તીવ્ર હો કે મંદ હો પણ તે ધર્મ નથી. જે સમયે જે રાગ આવે તેની ના પાડી શકાય નહિ અને જે આહાર મળવાનો નથી, તેને મેળવવાનું કહી શકાય નહિ. હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું, રાગની મંદતા કરનારો નથી. એવી રુચિ જ્ઞાન અને રમણતાનો પુરુષાર્થ કરે છે તેને વિકલ્પ અને નિમિત્ત હોય છે. પણ રાગ કે નિમિત્ત માટે પ્રયત્ન કરવો પડતો નથી. મોક્ષનો ઉપાય કરવો એ ઉપદેશનું તાત્પર્ય છે. નિમિત્ત મેળવવા કે રાગ કરવો વગેરે ઉપદેશમાં છે જ નહિ.

(પરમાગમસાર - ૯૫૯)

## ગાથા–૨૫૩

दुःखसुखकरणाध्यवसायस्यापि एषैव गति :-

जो अप्पणा दु मण्णदि दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२५३।।
य आत्मना तु मन्यते दुःखितसुखितान् करोमि सत्त्वानिति।
स मूढोऽज्ञानी ज्ञान्यतस्तु विपरीतः।।२५३।।

परजीवानहं दुःखितान् सुखितांश्च करोमि, परजीवैर्दुःखितः सुखितश्च क्रियेऽहमित्यध्यवसायो ध्रुवमज्ञानम्। स तु यस्यास्ति सोऽज्ञानित्वान्मिथ्यादष्टिः, यस्य तु नास्ति स ज्ञानित्वात् सम्यग्दष्टिः।

---

દુઃખ-સુખ કરવાના અધ્યવસાયની પણ આ જ ગતિ છે એમ હવે કહે છે :-

**જે માનતો-મુજથી દુખીસુખી હું કરું પર જીવને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૩.**

ગાથાર્થ :– [ यः ] જે [ इति मन्यते ] એમ માને છે કે [ आत्मना तु ] મારા પોતાથી [ सत्त्वान् ] હું (પર) જીવોને [ दुःखितसुखितान् ] દુઃખી-સુખી [ करोमि ] કરું છું, [ सः ] તે [ मूढः ] મૂઢ (-મોહી) છે, [ अज्ञानी ] અજ્ઞાની છે, [ तु ] અને [ अतः विपरीतः ] આનાથી વિપરીત તે [ ज्ञानी ] જ્ઞાની છે.

ટીકા :– 'પર જીવોને હું દુઃખી તથા સુખી કરું છું અને પર જીવો મને દુઃખી તથા સુખી કરે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.

ભાવાર્થ :– 'હું પર જીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે' એમ માનવું તે અજ્ઞાન છે. જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદૃષ્ટિ છે; જેને એ અજ્ઞાન નથી તે જ્ઞાની છે - સમ્યગ્દૃષ્ટિ છે.

## પ્રવચન નં. ૩૨૦ ગાથા–૨૫૩ થી ૨૫૬, મંગળવાર, આસો સુદ ૪, તા. ૨૫-૦૯-૧૯૭૯

(આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે)

('સમયસાર' ગાથા–૨૫૩). 'દુઃખ–સુખ કરવાના અધ્યવસાયની પણ આ જ ગતિ છે એમ હવે કહે છે :–' શું કહ્યું? હું પરને જિવાડી શકું છું કે પરને મારી શકું છું કે પર મને જિવાડી શકે છે અને મારી શકે છે, એ અધ્યવસાય મિથ્યા અજ્ઞાનભાવ છે. કોઈ કોઈને મારી શકતું નથી, કોઈને બચાવી શકતો નથી. (મારી શકું છું, બચાવી શકું છું) એ અભિપ્રાય મિથ્યાદૃષ્ટિનો મિથ્યા છે.

જ્ઞાનીને–સમ્યગ્જ્ઞાનીને એવો કોઈ વિકલ્પ–રાગ આવે છે, જ્યાં સુધી વીતરાગ નથી થયા, સમ્યગ્દૃષ્ટિ છે, જ્ઞાની છે તો રાગ આવે છે, કે હું પરને જિવાડું. પરંતુ એમ માને છે, કે હું તો નિમિત્તમાત્ર છું. એને બચાવ્યો કે એને જિવાડું છે, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આમાં સંસ્કૃત ટીકામાં છે, નિમિત્તમાત્ર છું. સંસ્કૃત ટીકામાં છે. આહા..! કેમકે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, ભાન ને ધ્યાન છે છતાં વીતરાગ નથી એટલે વિકલ્પ–રાગ આવે છે, કે પરને જિવાડું એવો વિકલ્પ આવ્યો. પરંતુ પરને જિવાડું છું કે મારું છે, એમ માનતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને જ્ઞાનીને એવો વિકલ્પ પણ આવે છે, કે કોઈ જીવ મને જિવાડે છે, એવો વિકલ્પ આવે છે. પરંતુ એમ માને છે કે એ ચીજ તો નિમિત્તમાત્ર છે. મને જિવાડી શકે છે કે મારી શકે છે, એમ છે નહિ. આહાહા..! આવી વાતું છે.

હવે અહીંયાં તો સુખ-દુઃખ(ની વાત કરે છે). હું પરને સુખ-દુઃખ આપી શકું છું અને પરથી મારામાં સુખ-દુઃખ થાય છે, એ પણ મિથ્યા અભિપ્રાય છે, મિથ્યાશ્રદ્ધા છે.

जो अप्पणा दु मण्णदि दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२५३।।

જે માનતો-મુજથી દુખીસુખી હું કરું પર જીવને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૩.

ટીકા :– 'પર જીવોને હું દુઃખી તથા સુખી કરું છું...' પર જીવોને હું સગવડતા આપી શકું છું અને પર જીવોને હું અગવડતા આપી શકું છું. છે? આહા..! 'દુઃખી તથા સુખી કરું છું અને પર જીવો મને દુઃખી તથા સુખી કરે છે...' પર જીવ મને પ્રતિકૂળ સંયોગ આપે છે અને અનુકૂળતા આપે છે, એ અધ્યવસાય મિથ્યાદૃષ્ટિનો છે. હેં?

મુમુક્ષુ :– એવું બને તો છે.

ઉત્તર :– બને છે ક્યાં? એ તો નિમિત્તમાત્ર કહ્યું. જ્ઞાનીને પણ એવો વિકલ્પ આવે કે, આહાર-પાણી દઉં તો આ થાય, પણ એ માને છે, કે એ ચીજ તો જવાની હતી, હું તો નિમિત્તમાત્ર છું. મેં આહાર-પાણી આપ્યા અને પૈસા આપ્યા તો એ સુખી થયો, એમ જ્ઞાની માનતા નથી. આહા..! સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને. સમજાણું કાંઈ? આહા..!

પરને હું સુખી, દુઃખી કરું છું એમ મિથ્યાદષ્ટિ માને છે. સમ્યગ્દષ્ટિને એવો વિકલ્પ આવે છે, કે પરને હું સગવડતા આપું અથવા આ માણસ વેરી–શત્રુ છે. સમકિતી પણ લડાઈ કરે છે ને? આહા..! સમ્યગ્દષ્ટિ પણ લડાઈ કરે છે. ભાઈ બાઝ્યા. 'બાહુબલી' અને 'ભરત'. પરંતુ તેઓ અંતરમાં સમજે છે કે હું તો નિમિત્તમાત્ર છું, એ બધી ક્રિયાઓ થાય છે તે તેને કારણે–પુદ્ગલને કારણે થાય છે. આહાહા..! હું તેને મારી શકું છું, ચક્ર ચડાવે છે એ વિકલ્પ આવ્યો છે, બસ! મેં ચક્ર ચડાવ્યું એમ માનતા નથી. આહાહા..! આવી વાત છે. અને જેટલો વિકલ્પ આવે છે તેટલો રાગ છે અને દુઃખ છે, એમ સમ્યગ્દષ્ટિ માને છે. સમજાણું કાંઈ? અરે..! મારો આનંદસ્વભાવ, મારા અનાકુળ આનંદસ્વભાવમાં હું રહી શક્યો નહિ તો આ રાગ આવ્યો, રાગ આવ્યો તે દુઃખ છે. આહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને રાગ થતો જ નથી અને દુઃખ હોતું જ નથી, એમ નથી. માલિકી નથી. એ રાગના સ્વામી થતા નથી, તેમ પરને હું દુઃખી, સુખી કરું છું એમ માનતા નથી. એ ચીજ જવાલાયક હતી એટલે ગઈ, પ્રતિકૂળતા થવાલાયક હતી તેથી થઈ, એમાં તો હું નિમિત્તમાત્ર છું. આહાહા..! આવી વાતું. ભારે વાત આકરી, ભાઈ!

એ કરી શું શકે? અભિપ્રાયમાં એકતાબુદ્ધિ કરે. હું પરને કરું કે સુખી-દુઃખી કરું. પરંતુ પરને સુખી-દુઃખી કરી તો શકતો નથી. એમ જ્ઞાનીને પણ રાગ આવે છે, કે પર જીવને ન મારું, પર જીવને આહાર-પાણી દઉં, એવો વિકલ્પ (આવે છે). એ આહાર-પાણી જાય છે તે મારાથી જાય છે, એમ નથી માનતા. 'સુમેરુમલજી'! આવી વાતું છે. આહાહા..! બેયમાં ટીકામાં લીધું, ભાઈ!

મુમુક્ષુ :– મુનિને આહાર દેવો કે નહિ?

ઉત્તર :– આહાર કોણ દે? આહાર દેવાની ક્રિયા થવાવાળી થશે, તેમાં રાગ નિમિત્તમાત્ર છે, શુભભાવ છે. આહાહા..! આહારની ચીજ હું આપી શકું છે, એમ માનતા નથી. એ તો જડ છે. જડને જવાનું છે તો જાય છે. મને રાગ આવ્યો, હું નિમિત્તમાત્ર છે. આહાહા..! એવો માર્ગ (છે), ભાઈ!

મુમુક્ષુ :– નિમિત્તમાત્ર છું એટલે કાંઈ કરતો નથી..

ઉત્તર :– પરને કાંઈ કરતો નથી. એનો અર્થ એ થયો કે, હું આહાર-પાણી આપતો જ નથી. આહાહા..! 'ભરતે' ચક્ર ચલાવ્યું (પરંતુ અંદર એમ માને છે કે), મેં ચક્ર ચલાવ્યું નથી. મારામાં જરી દ્વેષ આવ્યો તેને કારણે ચક્ર (ચલાવવામાં) નિમિત્ત થયો. એ દ્વેષનું પણ

જ્ઞાનીને તો દુઃખ થાય છે. આહાહા..! મારા આનંદમાં હું રહી શક્યો નહિ, મારો પ્રભુ તો અતીન્દ્રિય આનંદનો સાગર છે. અતીન્દ્રિય મહાપદાર્થ, આવ્યું ને? ૧૯૨. અતીન્દ્રિય મહાપદાર્થમાં હું સ્થિર ન રહી શક્યો તો એવો વિકલ્પ આવ્યો કે, પર ઉપર ચક્ર ચલાવું, પરને પ્રતિકૂળતા આપું, એવો વિકલ્પ આવ્યો, તો એ પર ચીજમાં નિમિત્તમાત્ર છે. એ ચીજ જાય છે, આવે છે તેના તે સ્વામી નથી. આહાહા..!

મુમુક્ષુ :- વિકલ્પના તો સ્વામી છે.

ઉત્તર :- નહિ, નહિ, એ વિકલ્પના સ્વામી નથી. વિકલ્પ, મારામાં પર્યાયની નબળાઈથી કર્તા થઈને આવે છે, કરવાલાયક છે, એ અપેક્ષાએ નહિ પરંતુ મારામાં રાગનું પરિણમન થાય છે, મારામાં થયું છે, મારી નબળાઈને કારણે થયું છે, તેમ જાણે છે. પરંતુ રાગ મારી ચીજ છે, એમ નથી માનતા.. આહા..! અરે..! છતાં જ્ઞાનીને જેટલો રાગ આવ્યો તેનું પરિણમન મારું છે, એમ જાણે છે. કર્મથી રાગ થયો છે એમ નથી માનતા. આહાહા..! સૂક્ષ્મ વિષય (છે), ભાઈ! આહા..! જ્ઞાનીને વિષયની વાસના, ભોગનો રાગ આવે છે. આહાહા..! વીતરાગ ન થાય ત્યાં સુધી રાગ તો આવે છે, પરંતુ એ દેહની ક્રિયા થાય છે તે મારાથી થાય છે, એમ નથી માનતા. આહાહા..!

મુમુક્ષુ :- ખરેખર પર્યાયમાં એ ક્રિયા થતી નથી કે માનતો નથી?

ઉત્તર :- માનતો નથી. એનાથી થતી નથી. દેહની ક્રિયા જે વિષયની લેવાય તે દેહની ક્રિયા તો જડથી થાય છે. જ્ઞાની એમ માને છે, કે એ મારાથી થતી જ નથી. હું તો નિમિત્તમાત્ર છું. દ્વેષ આવ્યો કે વિષયવાસનાનો રાગ આવ્યો તેમાં હું નિમિત્તમાત્ર છું. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! માર્ગ બહુ જુદી જાતનો, ભાઈ! આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સમય સમયનો દોષ અને ગુણની વ્યાખ્યા કરે છે. આહા..!

ધર્મી જીવ એમ નથી માનતા કે, હું પર જીવોને દુઃખી તથા સુખી કરું છું. છે? હેં? આવ્યું ને? 'પર જીવો મને દુઃખી તથા સુખી કરે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે.' નિશ્ચયથી અજ્ઞાન છે. આહાહા..! પૈસા, આહાર, વસ્ત્ર, ભૂખ્યાને આહાર, તરસ્યાને પાણી, રોગીને ઔષધ, જમીન ન હોય તેને જમીન આપવી, એ ક્રિયા મારી છે, એમ ધર્મી માનતા નથી. અજ્ઞાની માને છે, કે હું આ કરું છું. આહાહા..! આવો ખેલ છે. હેં?

મુમુક્ષુ :- બેમાંથી સાચું કોનું?

ઉત્તર :- બેયનું સાચું છે. અજ્ઞાનીને ખોટો અભિપ્રાય છે તે સાચો છે અને જ્ઞાનીને રાગ આવે છે પણ અભિપ્રાય ખોટો નથી તે પણ સાચું છું. આહાહા..!

રાગ આવે છે તે મન-વચન અને કાયામાંથી રાગ નથી આવતો. તેમ કર્મમાંથી રાગ નથી આવતો. ધર્મી એમ માને છે, કે મારી નબળાઈને કારણે રાગ આવ્યો છે. અને કોઈ રીતે રાગ છૂટતો નથી (તેથી) એ જાતના ઇલાજમાં જોડાય છે. પણ એ ક્રિયા હું કરી શકું

છે, એમ માનતા નથી. હવે આ વાત અજબગજબની વાત છે, ભાઈ! આહા..! એ ટીકામાં લીધું, બેયમાં–આમાં અને ઓલામાં. સમકિતીને પર જીવને દુઃખી કરવાનો વિકલ્પ આવે છે, પણ પર જીવને હું દુઃખી કરી શકું છું એમ માનતા નથી. આહાહા..!

અજ્ઞાની, પરને હું અગવડતા આપી શકું છું તેથી તે મરી ગયો, મેં ઝેર આપ્યું તો તે મરી ગયો (એમ માને છે). જ્ઞાની કહે છે, કે કદાચિત્ એવો વિકલ્પ આવ્યો, પણ ઝેર આપવાનો ભાવ, ઝેરનો ભાવ મારો નથી. ઝેરની ચીજ તો જડની છે. અરે..રે...! આવી વાતું (છે). 'ભરતે' 'બાહુબલી' ઉપર ચક્ર ચલાવ્યું, તો દ્વેષનો વિકલ્પ આવ્યો હતો પરંતુ ચક્ર મેં ચલાવ્યું, એમ તેઓ નથી માનતા. હવે આ કોણ માને?

મુમુક્ષુ :– ચક્ર ચલાવ્યું કોણે?

ઉત્તર :– જડે. જડમાં ક્રિયાવતી શક્તિ છે તેનાથી ચક્ર ચાલે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ચક્રે પોતે પોતાને ચલાવ્યું?

ઉત્તર :– પોતે પોતાથી ચાલ્યું. ચક્ર શું પરમાણુ ચૌદ બ્રહ્માંડ ચાલ્યો જાય છે. સાતમી નરકમાં નીચે એક પરમાણુ હોય તે સિદ્ધ ભગવાન સુધી એક સમયમાં ગતિ કરીને ચાલ્યો જાય છે. એની ક્રિયાવતી શક્તિનો એવો સ્વભાવ છે. આહાહા..! ચૌદ બ્રહ્માંડમાં એક સમયમાં પરમાણુ ચાલ્યો જાય છે. તો અહીંયાંથી અહીંયાં જવું તે તો સાધારણ વાત છે.

મુમુક્ષુ :– સિદ્ધ ભગવાન તો સાત રાજુલોક જાય પરમાણું ચૌદ રાજુલોક જાય.

ઉત્તર :– ચૌદ રાજુલોક જાય છે. સિદ્ધ થાય તો સાત રાજુ જાય છે. આ તો નીચેથી ઉપર ચૌદ રાજુ (જાય). વસ્તુનો સ્વભાવ સ્વતઃ છે. આહા..! એ પરમાણુની ગતિ, આ શરીરની ગતિ થાય છે, આ જુઓને અહીંયાં, એ આત્માથી થાય છે એ બિલકુલ જૂઠ છે. વિકલ્પ આવ્યો કે હું હાથને ચલાવું, એવો વિકલ્પ આવ્યો, બસ! પરંતુ હાથ ચાલે છે તે મારાથી નથી ચાલતો. અજ્ઞાની એમ માને છે, કે વિકલ્પ આવ્યો અને હાથ મારાથી ચાલ્યો. આવો ફેર છે. આહા..! મોટો ફેર (છે).

આચાર્યે ટીકા લખી ને? ટીકા. ટીકા જે થઈ છે તે મારાથી નથી થઈ, એ તો શબ્દોની પર્યાયથી થઈ છે. મને તો વિકલ્પ આવ્યો હતો તો હું તો નિમિત્તમાત્ર છું. આહાહા..! આવી ટીકા ગણધર જેવી ટીકા બનાવી. પ્રભુ! મેં નથી બનાવી, હોં! એમ છેલ્લે આવ્યું ને? મોહથી ન નાચો. એ પરમાણુની પર્યાય તે સમયે ટીકારૂપ થવાની હતી તો થઈ છે, મને વિકલ્પ હતો તો તેમાં હું નિમિત્તમાત્ર છું.

મુમુક્ષુ :– આપણા પંડિતજીએ આટલા બધા તરજૂમા કર્યા તે બધા પાણીમાં ગયા?

ઉત્તર :– એ તરજૂમા કર્યા ઇ બધા મફત. એ..ઇ...! બધું ભેગું કરીને 'મોક્ષશાસ્ત્ર' બનાવ્યું છે ને? અને 'હિંમતભાઈ'એ આ બધા અર્થ કર્યા છે. 'હિંમતભાઈ'એ આ બધા

અર્થ કર્યા નહિ? ગુજરાતી (કર્યું), સંસ્કૃતમાંથી ગુજરાતી (કર્યું), લ્યો! એ તો સંસ્કૃત ભણેલાઓ કરી શકે. શબ્દના અર્થ કરવા એ ... આહાહા..! પણ ઇ અક્ષર બનાવવા એ આત્માની ક્રિયા નથી. ઓહો..હો...! સમજાણું કાંઈ?

'તે અધ્યવસાય જેને છે કે...' હું પરને પ્રતિકૂળતા આપી શકું છું. પણ પ્રતિકૂળતાનો અર્થ શું? ઇ તો અશાતાના ઉદયથી તેને પ્રતિકૂળતા થાય છે. તું આપી શકે છે? અને તેને અનુકૂળતા હોય, શાતાના ઉદયથી અનુકૂળ સામગ્રી મળે છે. અહીં નિમિત્તથી કથન છે, હોં!

મુમુક્ષુ :– બેનો-દીકરીઓ આવે ને એ કાંઈ માંગે તો એને એમ કહેવું ને એ તો એને કારણે આવશે.

ઉત્તર :– એને કારણે આવે છે, એને કારણે આવે છે, આને કારણે ક્યાં (આવે છે)? આહાહા..! આ દહેજ.. શું કહેવાય? કરિયાવર. કરિયાવર દે છે તો મિથ્યાદૃષ્ટિ એમ માને છે, કે મેં દીકરીને દસ હજારનો, એક લાખનો કરિયાવાર આપ્યો. લાખ-લાખ તો અત્યારે મારવાડીમાં બહુ ખર્ચ કરે છે. દીકરીના લગ્નમાં લાખ-લાખ આપવા એ તો સાધારણ વાત છે. પાંચ-પચીસ લાખ હોય તો લાખ તો ખર્ચે, એમાં શું ન્યાં? પાંચ-પચીસ તોલા સોનું આપ્યું, દસ તોલા આમ આપ્યું ને શું કહેવાય? વીંઝણા આપ્યા ને આટલા સાડલા ને આટલા આ ને.. અજ્ઞાની એમ માને છે, મેં આ આપ્યું.

મુમુક્ષુ :– ફળિયામાં ગાદલા નાખીને બતાવે.

ઉત્તર :– બતાવે છે. અમે જોયું છે ને. અમારા ઘરમાં થયું છે ને. નાની ઉંમરમાં જોયું છે. અમારી બેનને (આપ્યું હતું તે જોયું છે). અજ્ઞાની તેનો સ્વામી થાય છે. પરને સુખી-દુઃખી કરું છું, આહાહા..! દીકરીને સાધારણ ઘરે આપી હોય, જમાઈ સાધારણ હોય અને પોતે પૈસાવાળા હોય તો એની સગવડતા માટે દસ લાખ આપે, પાંચ લાખ આપે પછી જમાઈ પ્રતિકૂળ થાય નહિ. એવું બને છે ને? સંસારમાં અનેક હોળી બને છે. ભાઈ આ બધું બને છે. આહાહા..! એ તો શું ચીજ? પરમાણુની ચીજ હતી તે ક્ષેત્રાંતર થવાની લાયકાતથી પોતાથી ક્ષેત્રાંતર થયું છે. બીજો એમ કહે કે, મેં દીધું, એમ છે નહિ.

ધર્મી જીવ–સમકિતીને પણ દીકરી હોય, ચક્રવર્તીને નથી હોતી? બત્રીસ હજાર દીકરીઓ છે, બત્રીસ હજાર જમાઈ છે. એને જે કરિયાવાર આપે તે તો કરોડોના કરિયાવાર હોય, કરોડો રૂપિયાનો કરિયાવર! ઘરે નવ નિધાન છે, પરંતુ એ સમકિતી જાણે છે, કે એ ચીજ ત્યાં જવાવાળી હતી તે ગઈ છે, હું તો નિમિત્તમાત્ર છું. નિમિત્તનો અર્થ હું તેનો કર્તા નથી. આહાહા..! આવી ચીજ છે. સમજાણું કાંઈ?

'તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે;...' આહાહા..! હું પરને પાણી પાઉં છું, આ પરબ.. પરબ બાંધે છે ને? પરબ. ઉનાળામાં પાણીના પરબ (બાંધે). મેં પાણીના પરબ બાંધ્યા છે. અનાજની ઓલી (ભોજનાલય) કરી છે, મોટી ધર્મશાળા

બનાવે છે ને? અનાજ રંધાય, પછી ગમે તે ગરીબ માણસ આવો. આ 'પાલીતાણા'માં તો સાધુ માટે બનાવે છે. આહાહા..!

મુમુક્ષુ :– સાધુ માટે બનાવાય?

ઉત્તર :– બનાવે છે ને, આપે છે ને. રસ્તામાં જ મંદિર આવે છે. એને માટે બનાવે, બધા ન્યાંથી લઈ જાય. એ સાધુ ક્યાં છે? અને દેનારને પણ ક્યાં કંઈ ખબર છે? આહાહા..! અરે..રે...! શું થાય? ભાઈ! એક અનાજનો કોળિયો પણ કોઈને આપવો તે પોતાની ક્રિયા નથી. એ તો કોળિયાના પરમાણુ ત્યાં જવાના હતા તે ગયા. તેના શાતાના ઉદયને કારણે (ગયા). અહીં તો એ લે છે. એના કર્મના ઉદયને કારણે ત્યાં સગવડતા મળી છે. અને અશાતાના ઉદયને કારણે ત્યાં અગવડતા મળી છે, એમ અહીંયાં કહેશે. આહાહા..!

'અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.' ધર્મીજીવનો એ અધ્યવસાય નથી, કે હું પરને પ્રતિકૂળતા આપી શકું છું. હું તો નિમિત્તમાત્ર છું, એ પ્રતિકૂળતા તેના અશાતાના ઉદયને કારણે મળી. અને તેના શાતાના ઉદયને કારણે તેને અનુકૂળતા મળી, હું તો નિમિત્તમાત્ર છું. નિમિત્તનો અર્થ–એનો કાંઈ કર્તા નહિ. આહાહા..! અરે..! આવી વાતું છે. 'તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.' સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાનું સ્વરૂપ જ્ઞાન, દર્શન, આનંદ છે એમ જેને અંતરમાં ધ્રુવ સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે... આહા..! બપોરે આવ્યું હતું ને? શુદ્ધાત્મારૂપી ધ્રુવ, શુદ્ધાત્મા ધ્રુવ તે દૃષ્ટિમાં, જ્ઞાનની પર્યાયમાં પ્રાપ્ત થયું છે તે સમ્યગ્દૃષ્ટિ પરને કંઈ દઈ શકું છું કે લઈ શકું છું, એવો અધ્યવસાય તેમને નથી. આહાહા..! જ્ઞાતા-દૃષ્ટા છે. એ ક્રિયા થાય છે તેમાં તે જ્ઞાતા-દૃષ્ટા છે. જાણનાર-દેખનાર છું. નિમિત્ત છું તેનો અર્થ એ કે, હું જાણનાર-દેખનાર છું. આહાહા..!

ભાવાર્થ :– 'હું પર જીવોને દુઃખી...' (કરી શકું છું) એમ માનવું તે અજ્ઞાન છે. એક પ્રાણી વિરોધી હતા, મંદિર બનતું હતું, મંદિર, તો મંદિર બનતું હતું એની જે ઇંટો હોય ને? ઇંટો, આહા..! તો ત્યાં પોતાની ચોરીની ઇંટ ગોઠવી દીધી. એમ કે, હવે આ હેરાન થશે. આહાહા..! પોતાની ઇંટ હોય એને મંદિરમાં ગોઠવી દીધી. એટલે એમ કે, કો'કની ચોરી (કરી એટલે) ગુનેગાર થશે. પણ તેં કર્યું એમાં એ ગુનેગાર ક્યાં (થાય)? એને તો ખબર પણ નથી. સમજાણું કાંઈ? પોતાનું વેર લેવા માટે મંદિરમાં અથવા મંદિરની કોઈ ચીજ તેને પોતાના ઘરમાં લઈ લીધી. તેનું ઘર ચણાતું હોય તો મંદિરની એક ચીજ ત્યાં મૂકી દીધી. આ દુઃખી થશે અને પાપ બંધાશે, એમ છે નહિ. આહાહા..! એને તો ખબર પણ નથી, કે આ મંદિરની ચીજ મારા મકાનમાં કોઈ મૂકી ગયું છે. ઇંટ ભેગી ઇંટ હતી. આહાહા..! અધ્યવસાય કરનારો (એમ માને છે કે), મેં એને દુઃખી કરવા માટે આમ પ્રતિકૂળતા આપી. ધર્મનું શું કહેવાય ઇ..? ધર્મનું દાનનું શું કહેવાય ઇ બધું?

મુમુક્ષુ :– દેવદ્રવ્ય.

ઉત્તર :- દેવદ્રવ્ય.. દેવદ્રવ્ય. દેવનું દ્રવ્ય લઈને તેને આપી દીધું. પણ એને તો ખબર પણ નથી. અજ્ઞાની મૂઢ એમ (માને છે). આહાહા...! પ્રભુ! એ પરમાણુ એક પરમાણુને હલાવી શકતો નથી, આંખની પાંપણ હલે છે તે હલાવી શકતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'ભાગચંદજી'! આવ્યું ને તમારે? 'સ્વયં હોતા વિશ્વ પરિણામ.' જગતના પરમાણુ, આત્મા આદિની જે પર્યાય થાય છે તે સ્વયં તેનાથી થાય છે, પરથી થાય છે એમ નથી. આહાહા..!

'હું પર જીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે' એમ માનવું તે અજ્ઞાન છે.' આહાહા..! 'બાહુબલી' ઉપર ચક્ર આવ્યું, તેઓ સમકિતી હતા. તેઓ જાણતા હતા કે, મારા અશાતાના ઉદયને કારણે આવો યોગ આવ્યો, સંયોગ આવ્યો. 'ભરતે' આપ્યો એમ માનતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'ભરત'નો એટલો જરી દ્વેષનો ભાવ હતો. પણ એ દ્વેષને કારણે એ ચક્ર મારું માથું કાપવા આવ્યું, એમ નથી માનતા. અરે..! આવી વાતું હવે. આહા..!

'જેને એ અજ્ઞાન છે...' કે, હું પરને સુખી-દુઃખી કરું છું અને પરથી હું સુખી-દુઃખી થાઉં છું, એવું જેને અજ્ઞાન છે 'તે મિથ્યાદૃષ્ટિ છે; જેને એ અજ્ઞાન નથી તે જ્ઞાની છે- સમ્યગ્દૃષ્ટિ છે.' આહા..! (આ) એક પ્રકારનો અભિપ્રાય (થયો), સમ્યગ્દર્શનના અભિપ્રાય તો ઘણા (પ્રકારના) છે, મિથ્યાઅભિપ્રાયના (પ્રકાર) પણ ઘણા છે, પણ આ એક જાતનો (અભિપ્રાય) કહ્યો.

ભલું થવા યોગ્ય છે તેથી જે જીવને એવો વિચાર આવે છે કે.... હું કોણ છું ? ક્યાંથી અહીં આવી જન્મ ધર્યો ? મરીને ક્યાં જઈશ ? મારું સ્વરૂપ શું છે ? આ ચારિત્ર કેવું બની રહ્યું છે. આદિનો જેણે નિર્ણય કર્યો છે. આત્મા અદ્ધરથી આવ્યો છે કે પૂર્વભવમાંથી આવ્યો છે. હું આ કુળમાં જન્મ્યો છું. હું કોણ છું, મરીને ક્યાં જઈશ એટલે કે આ દેહ છૂટશે એટલે હું ક્યાં જઈશ-એવો વિચારવાન શ્રોતા હોવો જોઈએ. મારું ખરું સ્વરૂપ શુ છે ? અને આ વર્તન બધું શું થઈ રહ્યું છે. ખાવું પીવું, વેપાર-ધંધા, વગેરે જે થઈ રહ્યું છે તે શું છે ? મને આ જે ભાવો થાય છે એટલે કે આ પાપ ભાવો થાય છે, કુટુંબના-વેપારનાં-શરીરાદિનાં ભાવો થાય છે તેનું ફળ શું આવશે ? અને આ જીવ કેમ દુઃખી થઈ રહ્યો છે, તેવા વિચારો કરનારો યોગ્ય શ્રોતા છે. જેને દુઃખ જ ન લાગતું હોય તે યોગ્ય શ્રોતા નથી.

(પરમાગમસાર - ૯૭૭)

## ગાથા–૨૫૪ થી ૨૫૬

कथमयमध्यवसायोऽज्ञानमिति चेत् -

कम्मोदएण जीवा दुकिदसुहिदा हवंति जदि सव्वे।
कम्मं च ण देसि तुमं दुक्खिदसुहिदा कह कया ते।।२५४।।
कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।
कम्मं च ण दिंति तुहं कदोसि कहं दुक्खिदो तेहिं।।२५५।।
कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।
कम्मं च ण दिंति तुहं कह तं सुहिदो कदो तेहिं।।२५६।।

कर्मोदयेन जीवा दुःखितसुखिता भवन्ति यदि सर्वे।
कर्म च न ददासि त्वं दुःखितसुखिताः कथं कृतास्ते।।२५४।।
कर्मोदयेन जीवा दुःखितसुखिता भवन्ति यदि सर्वे।
कर्म च न ददति तव कृतोऽसि कथं दुःखितस्तैः।।२५५।।
कर्मोदयेन जीवा दुःखितसुखिता भवन्ति यदि सर्वे।
कर्म च न ददति तव कथं त्वं सुखितः कृतस्तैः।।२५६।।

सुखदुःखे हि तावज्जीवानां स्वकर्मोदयेनैव, तदभावे तयोर्भवितुमशक्यत्वात्; स्वकर्म च नान्येनान्यस्य दातुं शक्यं, तस्य स्वपरिणामेनैवोपार्ज्यमाणत्वात्; ततो न कथञ्चनापि अन्योऽन्यस्य सुखदुःखे कुर्यात्। अतः सुखितदुःखितान् करोमि, सुखितदुःखितः क्रिये चेत्यध्यवसायो ध्रुवमज्ञानम्।

---

હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે ? તેનો ઉત્તર કહે છે :-

જ્યાં કર્મ - ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી થતા,
તું કર્મ તો દેતો નથી, તેં કેમ દુખિત-સુખી કર્યા ? ૨૫૪.
જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો દુખિત કેમ કર્યો તને ? ૨૫૫.
જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો સુખિત કેમ કર્યો તને ? ૨૫૬.

ગાથાર્થ :- [ यदि ] જો [ सर्वे जीवाः ] સર્વ જીવો [ कर्मोदयेन ] કર્મના ઉદયથી [ दुःखितसुखिताः ] દુઃખી-સુખી [ भवन्ति ] થાય છે, [ च ] અને [ त्वं ] તું [ कर्म ] તેમને કર્મ તો [ न ददासि ] દેતા નથી, તો (હે ભાઈ !) તેં [ ते ] તેમને [ दुःखितसुखिताः ] દુઃખીસુખી [ कथं कृताः ] કઈ રીતે કર્યા ?

[ यदि ] જો [ सर्वे जीवाः ] સર્વ જીવો [ कर्मोदयेन ] કર્મના ઉદયથી [ दुःखितसुखिताः ] દુઃખી-સુખી [ भवन्ति ] થાય છે, [ च ] અને તેઓ [ तव ] તને [ कर्म ] કર્મ તો [ न ददति ] દેતા નથી, તો (હે ભાઈ !) [ तैः ] તેમણે [ दुःखितः ] તને દુઃખી [ कथं कृतः असि ] કઈ રીતે કર્યો ?

[ यदि ] જો [ सर्वे जीवाः ] સર્વ જીવો [ कर्मोदयेन ] કર્મના ઉદયથી [ दुःखितसुखिताः ] દુઃખી-સુખી [ भवन्ति ] થાય છે, [ च ] અને તેઓ [ तव ] તને [ कर्म ] કર્મ તો [ न ददति ] દેતા નથી, તો (હે ભાઈ !) [ तैः ] તેમણે [ त्वं ] તને [ सुखितः ] સુખી [ कथं कृतः ] કઈ રીતે કર્યો ?

ટીકા :- પ્રથમ તો, જીવોને સુખ-દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે, કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં સુખ-દુઃખ થવાં અશક્ય છે; વળી પોતાનું કર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી, કારણ કે તે (પોતાનું કર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે; માટે કોઈ પણ રીતે બીજો બીજાને સુખ-દુઃખ કરી શકે નહિ. તેથી 'હું પર જીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે.

ભાવાર્થ :- જીવનો જેવો આશય હોય તે આશય પ્રમાણે જગતમાં કાર્યો બનતાં ન હોય તો તે આશય અજ્ઞાન છે. માટે, સર્વ જીવો પોતપોતાના કર્મના ઉદયથી સુખી-દુઃખી થાય છે ત્યાં એમ માનવું કે 'હું પરને સુખી-દુઃખી કરું છું અને પર મને સુખી-દુઃખી કરે છે', તે અજ્ઞાન છે. નિમિત્તનૈમિત્તિકભાવના આશ્રયે (કોઈને કોઈનાં) સુખ-દુઃખનો કરનાર કહેવો તે વ્યવહાર છે; તે નિશ્ચયની દૃષ્ટિમાં ગૌણ છે.

## ગાથા-૨૫૪ થી ૨૫૬ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે :-'

कम्मोदएण जीवा दुक्खइदसुहिदा हवंति जदि सव्वे।
कम्मं च ण देसि तुमं दुक्खिदसुहिदा कह कया ते।।२५४।।
कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।
कम्मं च ण दिंति तुहं कदोसि कहं दुक्खिदो तेहिं।।२५५।।

कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।
कम्मं च ण दिंति तुहं कह तं सुहिदो कदो तेहिं।।२५६।।

હરિગીત.

જ્યાં કર્મ - ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી થતા,
તું કર્મ તો દેતો નથી, તેં કેમ દુખિત-સુખી કર્યા ? ૨૫૪.
જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો દુખિત કેમ કર્યો તને ? ૨૫૫.
જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો સુખિત કેમ કર્યો તને ? ૨૫૬.

ટીકા :– 'પ્રથમ તો, જીવોને સુખ-દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે,...' અહીં તો નિમિત્તથી કથન છે. સુખ-દુઃખનો અર્થ જે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ મળે છે તે કર્મોદયથી છે, પણ સુખ-દુઃખની કલ્પના કરવી એ તો તેનો અપરાધ છે. સમજાણું કાંઈ? પણ કર્મોદયથી અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ મળે છે ત્યાં લગી (લેવું), બસ! અને પછી તે માને, કે હું સુખી-દુઃખી છું એ તો વળી એની કલ્પના છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું, બાપુ! આહા..! તત્ત્વે તત્ત્વ ભિન્ન એમાં એક તત્ત્વ બીજા તત્ત્વનું શું કરે? આહા..!

'પ્રથમ તો, જીવોને સુખ-દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે,...' અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો મળે એ તો પોતાના કર્મોદયથી (મળે) છે, પરને કારણે નહિ. 'કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં સુખ-દુઃખ થવાં અશક્ય છે;...' જો કર્મોદય ન હોય તો અનુકૂળતા-પ્રતિકૂળતા મળે નહિ. આહાહા..! શાતાનો ઉદય હોય તો અનુકૂળ સામગ્રી મળે, અશાતાનો ઉદય હોય તો પ્રતિકૂળતા મળે. આહા..! 'પોતાના કર્મના ઉદયના અભાવમાં સુખ-દુઃખ થવાં અશક્ય છે;...' જો પોતાનો કર્મનો ઉદય ન હોય તો અનુકૂળ-પ્રતિકૂળ મળવું અશક્ય છે.

'વળી પોતાનું કર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી,...' આહાહા..! પોતાનું કર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી. આહાહા..! પૂર્વે પોતાના પરિણામથી જે કર્મ ઉપાર્જન કર્યાં છે તે ઉદયમાં આવે છે તો અનુકૂળ-પ્રતિકૂળ (સંયોગ) મળે છે તો કોઈનું કર્મ કોઈને આપે છે, એમ છે નહિ. આહાહા..! આ પૈસા દેવાવાળા યશના લોભી હોય તો 'મેં પૈસા આપ્યા' તો મારો યશ જામશે (એમ માને). પણ તેના કર્મના ઉદયને કારણે પૈસા ગયા, સામેવાળાનો શાતાનો ઉદય છે તો પૈસા ત્યાં ગયા. સમજાણું કાંઈ? આવી વાતું હવે.

આ પાછું તેરાપંથી જેવું નહિ, હોં! તેરાપંથી તો કહે કે, પરને જિવાડવાનો ભાવ છે તે પાપ છે. એમ નહિ. તેને જિવાડવાનો ભાવ છે એ તો શુભભાવ છે, પણ જિવાડી શકું છું, એમ વાત નથી.. સમજાણું કાંઈ? તમારે તેરાપંથી એમ માને છે ને? એ..ઇ...! તુલસી..

તુલસી! 'સરદારશહેર'વાળા 'લાડનૂ'ના છે. જન્મ 'લાડનૂ'માં (થયો). આહા..! 'સરદારશહેર'માં ઘણા છે ને! ઘણી વસ્તી છે. આહાહા..! પરને આહાર-પાણી આપવા એ પાપ છે, એમ નહિ. આહાર-પાણી આપી શકતો નથી, એ બીજી વાત છે અને દે છે તો પાપ છે, એમ નથી. બીજાને આહાર-પાણી આપવાનો ભાવ છે એ ભાવ શુભભાવ છે, પણ આહાર-પાણી દઈ શકું છું, એમ નહિ. હવે આવી વાતું ક્યાં (સાંભળવા મળે?). દુનિયા સાથે મેળ ખાય નહિ. હેં?

મુમુક્ષુ :– ભગવાનનો દુનિયા સાથે મેળ ખાય કે નહિ?

ઉત્તર :– ભગવાનને માનવાવાળાનો આત્માને માનવાવાળા સાથે મેળ ખાય. આત્મા જે છે તે તો જ્ઞાતા-દૃષ્ટા છે. વિકલ્પ આવે છે, તેનો પણ સ્વામી નહિ. પોતાનું પરિણમન માને છે, મારામાં તેટલું દુઃખ છે. આહા..! એ કર્મના ઉદયથી નહિ, આહાહા..! મારી નબળાઈથી હું રાગમાં આવું છું, (તેટલું) મને દુઃખ છે. આહાહા..! મારા આનંદથી વિપરીત ભાવ છે. અને જેટલો મારો આત્મા શુદ્ધ ચૈતન્યનો મને દૃષ્ટિ અને અનુભવ થયો તેટલો મને આનંદ છે અને જેટલો રાગ આવે છે તેટલું મને દુઃખ છે. મારી દશા મિશ્ર છે એમ બધા સમકિતી માને છે. કેવળીને પૂર્ણ આનંદ છે, મિથ્યાદૃષ્ટિને પૂર્ણ દુઃખ છે, જ્ઞાનીને દુઃખ અને સુખ બેય છે. આહાહા..! થોડો આનંદ છે, થોડું દુઃખ છે. દુઃખ ટાળવાનો અભિપ્રાય છે પણ જ્યાં સુધી દુઃખ ટળે નહિ ત્યાં સુધી સ્થિરતા નહિ થાય. આહાહા..! આહા..હા...! ઝીણી વાત છે. લ્યો, કોઈને સુખી-દુઃખી કરી શકે નહિ, કોઈને કંઈ કરી શકે નહિ તે આર્યધર્મથી વિરુદ્ધ છે, એમ કહે છે. એક (જણ એમ કહે) છે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો. આર્ય કોને કહે છે? આહાહા..! આત્મા પરને સુખ-દુઃખની સામગ્રી આપી શકે એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી.

મુમુક્ષુ :– સામગ્રીથી સુખી-દુઃખી થાય છે જ ક્યાં?

ઉત્તર :– ઇ અત્યારે નથી લેવું. અહીં તો એને અનુકૂળ-પ્રતિકૂળ આપે છે, બસ એટલું. પછી સુખી-દુઃખી થાય એ વળી બીજી વાત. એ તો વળી પોતાની કલ્પના (કરે છે), એ બીજી વાત. અહીંયાં તો એને સુખ-દુઃખની સામગ્રી આપી એ મેં આપી, એટલી વાત. એ જૂઠ છે. કારણ કે તેના કર્મના ઉદયને કારણે, એમ કહ્યું ને? સુખ-દુઃખનું વેદન ઉદયને કારણે, એમ નહિ. પણ એને અનુકૂળ-પ્રતિકૂળ મળ્યું તે એના કર્મના ઉદયથી. એ ઉદય પણ નિમિત્ત છે. એ સામગ્રીનું ઉપાદાન તેની જાવાની લાયકાતથી ગયું છે. કર્મ તો નિમિત્ત છે. અહીં ટૂંકું કથન કરવું છે, કે કર્મના ઉદયથી તેને અનકૂળ-પ્રતિકૂળ સામગ્રી મળે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભાઈએ નાખ્યું છે ને? કે, આ પૈસા આદિ મળે છે એ પુણ્યનો ઉદય છે પણ એ ચીજ છે એ ચોવીશ પરિગ્રહમાં પરિગ્રહ છે માટે પાપ છે, ભલે બાહ્ય છે. પણ તેને પૈસાને ભોગવવાનો ભાવ છે તો એ પાપ છે. અને એ પૈસાને ધર્માનુરાગ માટે વાપરવાનો ભાવ છે તો એ પુણ્ય છે. ધર્મ તો નથી. આહાહા..! આવું ગળે ઉતરવું (કઠણ પડે). આહા..!

એ આવ્યું ને?

'પ્રથમ તો, જીવોને સુખ-દુઃખ...' અહીંયાં સુખ-દુઃખનો અર્થ સામગ્રી લેવો. સુખ-દુઃખનો સંયોગ. એ 'ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે,...' ખરેખર તો તેના શાતા કર્મનો ઉદય હોય તો અનુકૂળતા મળે, અશાતાનો ઉદય હોય તો પ્રતિકૂળતા મળે. બીજો આપી શકે, એમ નથી. આહાહા..! જુઓને, સાધારણ પ્રાણી હોય, બુદ્ધિ અલ્પ હોય છતાં અબજો રૂપિયા હોય છે અને બુદ્ધિવાળો હોય તોપણ બે હજાર રળવા હોય તો પરસેવા ઉતરતા હોય. એ તો પૂર્વના પુણ્યને કારણે સામગ્રી છે. અહીં તો એ લેવું છે, કર્મોદયથી પરિણામમાં સુખી-દુઃખી થાય એ વાત અહીં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી અટપટી વાતું.

મુખ્ય વાત તો એ છે, પ્રથમનો અર્થ છે ને? 'तावत्'. સંસ્કૃતમાં 'तावत्' પાઠ છે. મુદ્દાની વાત તો એ છે, કે 'જીવોને સુખ-દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે,...' કર્મોદયથી જ થાય છે. (એટલે કે) અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી. એના સુખ-દુઃખના વેદનની અહીં વાત નથી. સમજાણું કાંઈ? આહાહા..! 'કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં સુખ-દુઃખ થવાં અશક્ય છે;...' શાતા-અશાતાનો ઉદય ન હોય તો એને અનુકૂળ-પ્રતિકૂળ મળવું અશક્ય છે. આહાહા..!

'વળી પોતાનું કર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી,...' પોતાનું જે કર્મ છે તે બીજાને આપી શકાતું નથી તો તેં શું આપ્યું? 'કારણ કે તે (પોતાનું કર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે;...' એ કર્મ પોતાના પૂર્વના પરિણામથી ઉપાર્જિત થયા છે, શાતા-અશાતા બંધાણી. એનો ઉદય આવ્યો તો અનુકૂળ-પ્રતિકૂળ (સામગ્રી) મળી. એ તો પોતાના પરિણામથી કર્મ ઉત્પન્ન થયા હતા. સમજાણું કાંઈ? આહાહા..!

'(પોતાનું કર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે;...' ભાષા જુઓ! અહીંયાં તો કર્મના નિમિત્તથી અનુકૂળતા-પ્રતિકૂળતા મળે છે એટલું સિદ્ધ કરવું છે. પરિણામથી કર્મ ઉત્પન્ન થયા (એમ કહ્યું) પણ કર્મ તો કર્મની પર્યાયથી ઉત્પન્ન થાય છે. પરિણામ શુભ કર્યાં તો પુણ્યબંધન થયું તે તો પરમાણુની પર્યાયથી બંધન થયું, પણ આ નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? પોતાના પરિણામથી કર્મ બંધાયા હતા, એમ. બીજે ઠેકાણે એમ કહે કે, પોતાના પરિણામ પરના બંધના પરિણામ કરી શકે નહિ. કર્મની પર્યાયનું બંધન છે એ તો કર્મથી થાય છે. અહીં તો તેના પરિણામને નિમિત્ત તરીકે બતાવીને તેણે બાંધ્યું એમ વ્યવહારથી કહેવામાં આવ્યું અને તેનો ઉદય આવ્યો તો અનુકૂળ-પ્રતિકૂળ (સામગ્રી) મળી એ પણ સ્વતઃ છે પણ કર્મનો ઉદય નિમિત્ત છે અને અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી મળી એ તેના ઉપાદાનથી તેનાથી છે. આહાહા..! આવી વાતું હવે. હેં? ઝીણી વાત બહુ, બાપુ! અને એમાં યશના લોભીઓ બહારમાં પૈસા ખર્ચે. પૈસાનો લોભ ટાળવા, યશ માટે તો પૈસા પણ ખર્ચે. આહાહા..! જગતના યશ માટે પૈસાનો લોભ પણ ઘટાડી દે, પેલો યશનો લોભ છે

માટે. આહાહા..! એમ આ જીવતરના લોભ માટે પણ પૈસાનો લોભ ઘટાડી દે, પચીસ-પચાસ હજાર, લાખ આપી દે. શરીરને ઠીક ન રહે એટલે. આહાહા..!

ભાઈ તો ત્યાં સુધી કહે છે, પૈસામાં લોભ કરવાની કોઈ ચીજ નથી. પૈસામાં કોઈ રૂપ નથી, કોઈ ગંધ નથી, રસ નથી એને જણાય એની (વાત છે), એમાં ભલે સ્વભાવ છે, કોઈ રૂપ છે માટે પૈસાનો લોભ થયો (એમ નથી). એ તો આવક કરીને પૈસાનો લોભ છે, એમ કહે છે. આહાહા..! સ્ત્રીના શરીરમાં લોભ હોઈ શકે કે સુંદર છે ને આમ છે ને તેમ છે, પણ પૈસાના લોભમાં શું છે? પૈસામાં ક્યાં સુંદરતા છે? 'સુમેરુમલજી'! આહાહા..! એ તો પોતાની પર્યાયમાં નવો (લોભ) ઊભો કર્યો છે. આરોપિત કર્યું કે, આ પૈસાનો મને લોભ છે. આહાહા..!

અહીં કહે છે, કે 'પોતાના પરિણામથી જ...' છે? પૂર્વે જે શાતા-અશાતા કર્મનો બંધ હતો તેના ઉદયથી આ (સામગ્રી) મળી. એ શાતા-અશાતાનો બંધ પોતાના પરિણામથી કર્યો છે. એ પરિણામ નિમિત્ત (થયા) અને (કર્મ) બંધ (થયો) પણ અહીંયાં નિમિત્તનિમિત્ત સંબંધથી તેણે ઉપાર્જન કર્યું એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! વાતે વાતે ફેર. એવી વાતું છે, બહુ ઝીણી, ભાઈ! 'પોતાના પરિણામથી જ...' શબ્દ છે ને? આહાહા..! જીવને જે કર્મબંધન થાય છે તે પોતાના પરિણામથી બંધ થાય છે. એવો અર્થ ન લેવો કે, મેં રાગ ન કર્યો તો કર્મ ન બંધાણા. માટે રાગ છે તો કર્મબંધ થયો, એમ અહીંયાં વાત ન લેવી. અહીં તો તેણે રાગ કર્યો હતો તો ત્યાં બંધન થયું તો એણે કર્મ ઉપાર્જન કર્યું એમ કહેવામાં આવ્યું છે.

એ પ્રશ્ન પણ એક ફેરી થયો હતો ને? રાગ ન કરે તો કર્મબંધન કેમ થાય? રાગ થયો તો કર્મબંધ થાય છે. એ તો નિમિત્તનું કથન છે. કર્મબંધન તો એ સમયમાં પરમાણુની પર્યાયમાં કર્મ થવાની લાયકાતથી બંધાયા છે. આણે રાગ કર્યો માટે બંધાયા છે એ તો નિમિત્તનું, વ્યવહારનું કથન છે. આરે.. આરે...! આવી વાતું હવે. સમજાણું કાંઈ? સમય સમયના પરમાણુના અને જીવના પરિણામ સ્વતંત્ર પોતાથી થાય છે, સ્વતંત્ર છે. કર્મની પર્યાય બંધાય છે... એ 'કર્તા-કર્મ (અધિકારમાં)' આવે છે, કે કર્મની પર્યાય બંધાય છે તે આત્માએ પરિણામ કર્યા માટે બંધાય છે, એમ નથી. પરિણામ તો નિમિત્ત છે અને પરમાણુની કર્મપર્યાય થઈ તે ઉપાદાનથી પોતાથી થઈ છે પણ અહીંયાં તો એ બતાવવું છે, કે શાતા-અશાતાનો જે બંધ પડ્યો (તેનું કારણ) તેના પરિણામ હતા, એ નિમિત્ત (હતા) તો શાતા-અશાતાનો ઉદય આવ્યો તો અનુકૂળ-પ્રતિકૂળ એને મળ્યું. એ બતાવવું છે. અરે..! સમજાણું કાંઈ?

'માટે કોઈ પણ રીતે બીજો બીજાને સુખ-દુઃખ કરી શકે નહિ.' આહાહા..! દેશની સેવા કરીએ.

મુમુક્ષુ :- સેવા તો કરી શકે છે.

ઉત્તર :– ધૂળેય કરી શકતો નથી. એણે ન્યાં કર્યું હતું ને? જોવા આવતા ને? બધા પૂછવા (આવતા). શું કહેવાય? 'ઢેબરભાઈ'ને. રામજીભાઈને પૂછવા આવતા. મહિનો સલાહ આપી હતી. કેદમાં ગયા હતા. 'રામજીભાઈ' કેદમાં ગયા હતા. તમે શું સલાહ આપી? એ તો જગતની ચીજ એવી છે. આહાહા..! અને ખબર ન પડે ને સલાહ આપી, ગામને ખબર ન પડે તો કોઈ પકડે પણ નહિ. પરિણામ જે કર્યા હતા તે પરિણામ તો હતા જ. આહાહા..!

અહીં તો કહે છે, કે પોતાના પરિણામથી પૂર્વનો શાતા-અશાતાનો બંધ થયો હતો. એ શાતા-અશાતાનો ઉદય આવ્યો તો પોતાને કારણે અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી મળી. બીજાએ આપી એ વાત સાચી નથી. આહાહા..! માટે 'એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે.' ધ્રુવ.. ધ્રુવ. ધ્રુવ એટલે નિશ્ચય. ધ્રુવ એટલે ત્રિકાળી એ નહિ. કાલે બપોરે આવ્યું કે, શુદ્ધાત્મા ધ્રુવ. એ ત્રિકાળી ધ્રુવ. આ ધ્રુવ એટલે નિશ્ચય અજ્ઞાન એમ, નિશ્ચયથી અજ્ઞાન છે. આહાહા..! હું પર જીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે એ નિશ્ચયથી અજ્ઞાન છે. આહા..! એનો અર્થ એમ નથી, કે પર જીવોને હું અનુકૂળતા આપું એવા જે ભાવ છે તે (પુણ્ય) છે. સામગ્રી આપી શકે નહિ. સમજાણું કાંઈ? પરજીવોને હું જિવાડું, બચાવું એ પરિણામ પાપ છે, એમ નથી. એ પરિણામ પુણ્ય છે. પણ પરને જિવાડી શકતો નથી. આહાહા..! અહીંયાં તેરાપંથીની જેમ નથી, કે પર જીવને જિવાડે તો પાછળથી હિંસા કરશે, જીવીને હિંસા કરશે. એ કરે એમાં તારે શું છે? આહાહા..! પરની દયાનો ભાવ આવ્યો તે શુભરાગ છે, શુભરાગ છે, પોતાના સ્વરૂપની હિંસા છે. હવે આવી વાતું છે. આવે છે, પણ પુણ્ય છે. એ પુણ્ય પણ પોતાના સ્વરૂપની હિંસા છે, પાપ પણ પોતાના સ્વરૂપની હિંસા છે. આહાહા..! આવી વાતું.

ભાવાર્થ :– 'જીવનો જેવો આશય હોય...' (અર્થાત્) અભિપ્રાય 'તે આશય પ્રમાણે જગતમાં કાર્યો બનતાં ન હોય...' છે? જેવો અભિપ્રાય હોય તેમ જગતમાં કાર્ય ન થાય 'બનતા ન હોય તો તે આશય અજ્ઞાન છે.' તારા અભિપ્રાયમાં છે તે અનુસાર થઈ શકતું નથી. તારો અભિપ્રાય એમ છે, કે હું સુખી કરી શકું છું. (પરંતુ) એમ થતું નથી. હું પરને હેરાન કરી શકું છે, એમ થતું નથી. તારી માન્યતા અજ્ઞાન છે. તારી માન્યતા પ્રમાણે ત્યાં કાર્ય થતું નથી. આહાહા..! બહુ આકરું કામ. સમજાણું કાંઈ? આહાહા..!

'સર્વ જીવો પોતપોતાના કર્મના ઉદયથી...' જુઓ! આ કારણે બધા જીવો, દરેક આત્મા, એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સર્વ 'પોતપોતાના કર્મના ઉદયથી સુખી-દુઃખી થાય છે...' આહાહા...! 'ત્યાં એમ માનવું કે 'હું પરને સુખી-દુઃખી કરું છું અને પર મને સુખી-દુઃખી કરે છે', તે અજ્ઞાન છે.' મિથ્યાત્વ છે. મહાપાપ છે, મહાઅસત્ય મિથ્યાત્વનું પાપ છે. અસત્ય બોલવાની વાત જુદી અને આ અસત્ય માન્યતાની વાત જુદી. અસત્ય બોલવામાં ચારિત્રનો દોષ છે અને આ માન્યતા મિથ્યાત્વનો દોષ છે. આહાહા..! સમજાણું કાંઈ? જે અનંત અનંત

સંસારનું કારણ એવું મિથ્યાત્વ.

એણે-ભાઈએ તો અનંતાનુબંધીનું એવું લીધું છે, એમ કે એકનો પણ કર્તા છે તો અનંતનો કર્તા છે માટે અનંતાનુબંધી છે, એમ લીધું છે. ખરેખર તો મિથ્યાત્વ તે અનંત છે અને અનંત મિથ્યાત્વની સાથે જે કષાય છે તો તેનું નામ અનંતાનુબંધી કહે છે. સમજાણું કાંઈ? એનો અર્થ એ કે, એકનો કર્તા થાય તો અનંતનો કર્તા છે એવો અભિપ્રાય થયો. એકનું કરી શકું તો આખી દુનિયાનું હું કરી શકું, એમ અભિપ્રાયમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ અભિપ્રાયમાં જે કષાય છે તે અનંતાનુબંધી. અભિપ્રાયમાં મિથ્યાત્વપણું અનંત છે. એની સાથે કષાય થાય તે અનંતાનુબંધી છે. પછી ભલે અનંત પદાર્થોનો કર્તા થઈને અનંતાનુબંધી કહો. સમજાણું કાંઈ? આહાહા..!

એક પરમાણુનો પણ કર્તા માને તો આખા જગતની ક્રિયાનો કર્તા અભિપ્રાયમાં છે. આહાહા..! અને એક પરમાણુની ક્રિયાનો પણ કર્તા નથી, હું તો જ્ઞાતા છું, તો આખા જગતનો જ્ઞાતા છે. આહાહા..! સમજાણું કાંઈ? સમકિતી જીવ આખા જગતની ક્રિયાના જ્ઞાતા છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિ જીવ એક-બે જીવને બચાવું કે મારું, એવો અભિપ્રાય રાખે છે તો એ આખા જગતને જિવાડું, બચાવું એમ તેનો અભિપ્રાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ઓલા કહે છે, લ્યો, કોઈને કાંઈ મદદ કરવી નહિ, સુખી કરવા નહિ. 'મોરબી'માં અત્યારે પંદર-વીસ હજાર મરી ગયા. કાંઈ મદદ કરવી નહિ, ફાળો-બાળો કરવો નહિ. રાહત આપે છે ને? એ ભાવ હો, ભાવ હો, પણ એ ભાવથી ત્યાં પૈસા આપવામાં આવ્યા તો રાહત થઈ એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ તો એ પ્રાણીનો શાતા-અશાતાનો ઉદય હોય ત્યારે તેને સામગ્રી મળે છે. બીજો કહે કે, મેં આપ્યું માટે સામગ્રી મળી, એ અભિમાન મિથ્યાત્વ છે. આહાહા..! થોડામાં કયાં અભિપ્રાયમાં ફેર છે? આહાહા..!

અજ્ઞાની એક રાગનો પણ કર્તા માને છે તો આખી દુનિયાનો કર્તા માનનારો અભિપ્રાય મિથ્યાત્વ છે. આહાહા..! જ્ઞાનીને રાગનું પરિણમન છે પણ એ મારું કાર્ય યથાર્થ નથી, મારી નબળાઈથી પરિણમન છે. સમજાણું કાંઈ? એ દુનિયાની કોઈ ચીજનો કર્તા નથી. આહાહા..! એવી સમ્યગ્દૃષ્ટિમાં તાકાત (છે). અનંત ક્રિયા થાય છે પણ તેનો હું જાણનાર-દેખનાર છું, મારાથી થતી નથી. અને અજ્ઞાની એક પણ કામમાં કર્તા-ભોક્તા થાય છે (તો તે) આખી દુનિયાનો કર્તા-ભોક્તા (છે). આહાહા..! એ આવ્યું ને?

'પર મને સુખી-દુઃખી કરે છે', તે અજ્ઞાન છે. નિમિત્તનૈમિત્તિકભાવના આશ્રયે (કોઈને કોઈનાં) સુખદુઃખનો કરનાર કહેવો તે વ્યવહાર છે;...' વ્યવહારથી કહેવામાં આવે છે. ભાષા (બોલાય કે), એણે મદદ કરી, આણે મદદ કરી એ નિમિત્તનું કથન છે. વસ્તુસ્વરૂપ એમ છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્લોક–૧૬૮

(वसन्ततिलका)

सर्वं सदैव नियतं भवति स्वकीय-
कर्मोदयान्मरणजीवितदुःखसौख्यम्।
अज्ञानमेतदिह यत्तु परः परस्य
कुर्यात्पुमान्मरणजीवितदुःखसौख्यम्।।१६८।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ इह ] આ જગતમાં [ मरण-जीवित-दुःख-सौख्यम् ] જીવોને મરણ, જીવિત, દુઃખ, સુખ - [ सर्वं सदैव नियतं स्वकीय-कर्मोदयात् भवति ] બધુંય સદૈવ નિયમથી (-ચોક્કસ) પોતાના કર્મના ઉદયથી થાય છે; [ परः पुमान् परस्य मरण-जीवित-दुःख-सौख्यम् कुर्यात् ] 'બીજો પુરુષ બીજાનાં મરણ, જીવન, દુઃખ, સુખ કરે છે' [ यत् तु ] આમ જે માનવું [ एतत् अज्ञानम् ] તે તો અજ્ઞાન છે. ૧૬૮.

**પ્રવચન નં. ૩૨૧ કળશ–૧૬૮, ૧૬૯ બુધવાર, આસો સુદ ૫, તા. ૨૬-૦૯-૧૯૭૯**
(આ પ્રવચન હિન્દીમાં છે તેનું ભાષાંતર કરેલ છે.)

'સમયસાર' ૧૬૮ કળશ. કળશ છે ને?

(वसन्ततिलका)

सर्वं सदैव नियतं भवति स्वकीय-
कर्मोदयान्मरणजीवितदुःखसौख्यम्।
अज्ञानमेतदिह यत्तु परः परस्य
कुर्यात्पुमान्मरणजीवितदुःखसौख्यम्।।१६८।।

શું કહે છે? જુઓ! 'આ જગતમાં જીવોને મરણ,...' અને જીવોનું જીવતર 'જીવિત,...' અને જીવોને સુખ-દુઃખના સંયોગ (મળે) તે તેના કર્મોદયથી મળે છે. 'બધુંય સદૈવ નિયમથી

(–ચોક્કસ) પોતાના કર્મના ઉદયથી થાય છે;...' શું કહે છે? પ્રાણીનું જીવન પોતાના કર્મોદયથી છે, તેનું મરણ કર્મોદયના અભાવથી છે અને સુખ-દુઃખ પણ તેના કર્મોદયના કારણે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ મળે છે. સર્વ પ્રાણીને કર્મોદયને કારણે જીવિત, મરણ, સુખ-દુઃખ છે. બીજો પ્રાણી એમ માને...

'બધુંય સદૈવ...' છે? 'કર્મના ઉદયથી થાય છે.' 'परः पुमान् परस्य मरण-जीवित-दुःख-सौख्यम् कुर्यात्' પરંતુ તે માન્યતા તો અજ્ઞાન છે કે 'બીજો પુરુષ બીજાનાં મરણ, જીવન, દુઃખ, સુખ કરે છે...' આહાહા..! હું પરને જિવાડું છું, પરને મારું છું, હું પરને સુખ-દુઃખના સંયોગ આપી શકું છું, એ માન્યતા તો મિથ્યાત્વ છે. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! કારણ કે પરના કર્મોદયને કારણે તેને જીવન, મરણ અને સુખ-દુઃખ છે છતાં બીજો પ્રાણી કહે કે, હું એને જિવાડું છું, હું મારું છું, હું અનુકૂળ સંયોગ આપું છું અને પ્રતિકૂળ સંયોગ આપું છું, એવી માન્યતા તો મિથ્યાત્વ છે. આહાહા..! વિપરીત દૃષ્ટિ છે. ઝીણી વાત છે, ભાઈ! પ્રભુનો માર્ગ ઝીણો–સૂક્ષ્મ બહુ છે. આહાહા..! 'બીજો પુરુષ બીજાનાં મરણ, જીવન, દુઃખ, સુખ કરે છે' (આમ જે માનવું) તે તો અજ્ઞાન છે.' આહાહા..!

## શ્લોક–૧૬૯

(वसन्ततिलका)

अज्ञानमेतदधिगम्य परात्परस्य
पश्यन्ति ये मरणजीवितदुःखसौख्यम्।
कर्माण्यहंकृतिरसेन चिकीर्षवस्ते
मिथ्यादृशो नियतमात्महनो भवन्ति।।१६९।।

ફરી આ જ અર્થને દૃઢ કરતું અને આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :–

શ્લોકાર્થ :– [ एतत् अज्ञानम् अधिगम्य ] આ (પૂર્વે કહેલી માન્યતારૂપ) અજ્ઞાનને પામીને [ ये परात् परस्य मरण-जीवित-दुःख-सौख्यम् पश्यन्ति ] જે પુરુષો પરથી પરનાં મરણ, જીવન, દુઃખ, સુખ દેખે છે અર્થાત્ માને છે, [ ते ] તે પુરુષો - [ अहंकृतिरसेन कर्माणि चिकीर्षवः ] કે જેઓ એ રીતે અહંકાર-રસથી કર્મો કરવાના ઇચ્છક છે (અર્થાત્

'હું આ કર્મોને કરું છું' એવા અહંકારરૂપી રસથી જેઓ કર્મ કરવાની - મારવા-જિવાડવાની, સુખી-દુઃખી કરવાની-વાંછા કરનારા છે) તેઓ - [ नियतम् ] નિયમથી [ मिथ्यादृशः आत्महनः भवन्ति ] મિથ્યાદષ્ટિ છે, પોતાના આત્માનો ઘાત કરનારા છે.

ભાવાર્થ :– જેઓ પરને મારવા-જિવાડવાનો તથા સુખ-દુઃખ કરવાનો અભિપ્રાય કરે છે તેઓ મિથ્યાદષ્ટિ છે.તેઓ પોતાના સ્વરૂપથી ચ્યુત થયા થકા રાગી, દ્વેષી, મોહી થઈને પોતાથી જ પોતાનો ઘાત કરે છે, તેથી હિંસક છે. ૧૬૯.

## શ્લોક–૧૬૯ ઉપર પ્રવચન

'ફરી આ જ અર્થને દઢ કરતું અને આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :–' ૧૬૯.

(वसन्ततिलका)

अज्ञानमेतदधिगम्य परात्परस्य
पश्यन्ति ये मरणजीवितदु:खसौख्यम्।
कर्माण्यहंकृतिरसेन चिकीर्षवस्ते
मिथ्यादृशो नियतमात्महनो भवन्ति।।१६९।।

અરે..રે...! 'આ (પૂર્વે કહેલી માન્યતારૂપ) અજ્ઞાનને પામીને...' 'ये परात् परस्य मरण-जीवित...' 'જે પુરુષો પરથી પરનાં મરણ,...' પરથી પરનાં 'જીવન, દુઃખ, સુખ દેખે છે અર્થાત્ માને છે તે પુરુષો–' 'अहंकृतिरसेन' તેને આ પ્રકારના અહંકારનો રસ છે, અભિમાન છે. આહાહા..! પરના જીવન, મરણ કરી શકતો નથી (છતાં) માને છે તો તે અહંકાર છે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

એક શબ્દ આવ્યો છે, ભાઈ! 'દસલક્ષણી પર્વ'માં, સંયમમાં. છે ત્રણ-ચાર લીટી પણ...માળે... કહે છે, અરે..રે...! પ્રભુ! તને અનેક પ્રકારની સૂચના મળે છે, કે તારે આ કામ કરવું, આ કરવું, આ કરવું અને ઇન્દ્રિયોના જાણપણામાં રોકાય છે, ઘણી જાણકારી મળે છે તો બહારની સૂચના મળે છે, કે તમારે આટલું કામ કરવું પડશે, તમારી પદવી છે, તમે શેઠ છો, તમે ધણિ છો, તમે પતિ છો... આહાહા..! તો સૂચના મળે અને ઇન્દ્રિયોથી જાણકારી મળે, એમાં આ ભગવાનઆત્મા ક્યારે જણાશે? (ક્યારે) નવરાશ લેશે? સુમેરુમલજી આહા..! માળાએ શબ્દ નાખ્યો છે, ગજબ નાખ્યો છે. બહુ વિચાર (કર્યો છે). આહા..! સમજાણું કાંઈ? બહારની સૂચના મળે કે તમારે આટલું કામ તો કરવું પડશે. પ્રભુ! તમે લગ્ન કર્યા

છે, દીકરો છે, આટલો વેપાર તમારે કરવો જ પડશે. હેં?

મુમુક્ષુ :– અસીલ પાસેથી પૈસા લીધા હોય તો વકીલાત કરવી પડે.

ઉત્તર :– વકીલાત ધૂળેય નથી. વકીલાત કોણ કરે? અભિમાન કરે છે. આ 'રામજીભાઈ' પોતાની વાત પૂછે છે. કોર્ટમાં જાતા તો ૨૦૦ રૂપિયા લેતા. પાંચ કલાકના ૨૦૦ રૂપિયા, પાંત્રીસ વર્ષ પહેલાં, હોં! આહાહા..! અરે..! પ્રભુ!

અહીંયાં કહે છે, એણે શબ્દો વાપર્યા છે, ભાઈ! ઓ..હો...! બહુ ગજબ શબ્દ છે. સંયમ (ધર્મમાં લખે છે), આ આત્મા બિચારો શું કરે? ગુજરાતી છે. બહારની સૂચનાઓ એટલી મળે... 'પૂનાતરજી'! કે, તમારે આટલા કામ તો કરવા પડશે. ભાઈ! તમારી પદવી છે, તમારી નોકરી છે, તમે એના પિતા છો, તેના તમે દીકરા છો... બહારની સૂચના એટલી મળે અને જાણકારી એટલી મળે, ઇન્દ્રિયોથી જાણવું એટલું થાય કે બિચારો (અંતરમાં જઈ શકે નહિ). અંતરમાં સર્વાધિક મહત્ તત્ત્વ આત્મતત્ત્વ પ્રભુ.. આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ અંદર સિદ્ધ સમાન આત્મા, સર્વજ્ઞ ત્રિલોકનાથે જોયો છે તેવો આત્મા અંદર (છે), શું કહે છે? અંતરમાં જે સર્વ-અધિક મહત્ પ્રભુ, મહાપ્રભુ... આહાહા..! આત્મતત્ત્વ બિરાજમાન છે એના પ્રત્યે દૃષ્ટિપાત કરવાની પણ એને નવરાશ નથી. બરાબર છે? ભગવાન! આહાહા..! સમજાણું કાંઈ?

આ સંયમનો અધિકાર છે. એમ કહે છે, જ્યાં આગળ બહારની સૂચનાઓમાં જ જ્યાં રોકાવું પડે છે અને ઇન્દ્રિયોના બહારના જાણપણામાં જ રોકાય છે તેને પોતાને જાણવાની નવરાશ ક્યારે મળે? ભગવાન મહાપ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા મહત્ ચીજ છે તેને જોવાની, જાણવાનો અવસર ક્યાં છે? અને જાણ્યા વિના માન્યતા ક્યાંથી થશે? અને માન્યતા વિના સંયમ–રમણતા ક્યાંથી આવશે? (લોકો) સંયમ સંયમ કરે છે પણ સંયમ ક્યાં છે? 'ભાગચંદજી'! બરાબર છે? આહાહા..!

પ્રભુ! અંદર ભગવાન સર્વજ્ઞ જિનેશ્વરદેવે જે આત્મા અંદર જોયો, 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા, નિજ સત્તાએ શુદ્ધ અમને પેખતા' પ્રભુ! અમારો આત્મા નિજ સત્તાએ શુદ્ધ પૂર્ણાનંદ છે, તેને આપ આત્મા જાણો છો, માનો છો. આહાહા..! સમજાણું કાંઈ? બહારની સૂચનાઓ અને ઇન્દ્રિયો દ્વારા ઘણી જાણકારી મળે (અને) ત્યાં રોકાવાને કારણે પ્રભુ! તને અંદર જોવાની નવરાશ તેં ન લીધી. બરાબર છે? ભાઈ! આહાહા..! ભગવંત! તું તો ભગવંત છો, પ્રભુ! આહાહા..! એ ભગવંતને જોવાની નવરાશ ન મળી. પામર ઇન્દ્રિયોના જાણપણા અને બહારની સૂચના મળી કે તમારે આટલું કરવું પડશે ને આટલું કરવું પડશે ને આટલું કરવું પડશે (એમાં રોકાઈ ગયો). આહા..! એ..ઇ...! કહો, 'હીરાભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :– સ્વ-પરનું જ્ઞાન તો કરવું પડે ને?

ઉત્તર :– જ્ઞાન કોનું? પણ પરનું જ્ઞાન તે જ્ઞાન જ નથી. સ્વનું જ્ઞાન થાય પછી પરનું

જ્ઞાન થાય તે સ્વ-પર જ્ઞાન યથાર્થ છે. એકલી ઇન્દ્રિયોથી પરનું જ્ઞાન કરવું અને ત્યાં રોકાવું તેમાં તો પોતાની ચીજ અંદર રહી ગઈ. જે જાણવા લાયક ભગવાન અંદર હતો, પૂર્ણાનંદનો નાથ, પૂર્ણ અધિક, મહત્ ચીજ, મહાપ્રભુ, આત્મતત્ત્વ અંદર મહાપ્રભુ છે. આહાહા..! તેને જોવાની તને નવરાશ નથી? અને બહારની સૂચનાઓમાં રોકાવું અને પાંચ ઇન્દ્રિયોના જાણપણામાં રોકાવું, પ્રભુ! તું ત્યાં રોકાઈ ગયો. આહાહા..!

અહીં તો કહે છે, કે તું રોકાઈ ગયો. પરને જિવાડું, મારું એ તો સ્થૂળ છે. સમજાણું કાંઈ? આહાહા..! હું કુટુંબને નભાવું, સ્ત્રીને નભાવું, દેશને નભાવું. કોને નભાવે? પ્રભુ! તેના કર્મ પ્રમાણે તે જીવતો રહે છે અને કર્મ ન હોય તો મરી જાય છે, તેને કારણે (થાય છે). તું તેમાં ફેરફાર કરી શકે છે? તું તેને જિવાડી શકે છે? મારી શકે છે? આહાહા..!

કહે છે, કે એ પરને જિવાડવું, મારવું, સુખ, દુઃખ થવા એ તો તેના કર્મના ઉદયથી થાય છે. તું અંતરમાં અહંકાર કરે છે, કે મેં એને જિવાડ્યો, માર્યો. પ્રભુ! તારો એ અહંકાર તો મિથ્યાત્વભાવ છે. જે મિથ્યાત્વમાં અનંત ભવ કરવાની તાકાત છે. કેમકે જ્યાં અનંત ભવ અને ભવના ભાવ વિનાની ચીજ અંદર છે તેની તો દૃષ્ટિ નથી... આહાહા..! અને (માને છે કે) પરને જિવાડ્યો, માર્યો, સગવડતા આપી, તેને અગવડતા આપી, મેં આહાર આપ્યો ને પાણી આપ્યું, વસ્ત્ર આપ્યા ને પાત્ર આપ્યા, આમ દીધું, મકાન દીધા.. કોણ દે? પ્રભુ! આહા..! એ તો તેના પુણ્યનો ઉદય હોય તો એ ચીજ મળે. તેમાં શું? શું તું તેને મેળવી આપે છે? ઝીણી વાત બહુ, ભાઈ! આહાહા..!

માળે ! કેટલાક શબ્દમાં તો એટલું નાખ્યું છે. સંયમનો અધિકાર છે. પ્રભુ! તને સંયમ ક્યારે થાય? સંયમ–સં-સમ્યક્ – સમ્યગ્દર્શનપૂર્વક યમ, સંયમ. તને બહારની સૂચના મળે અને બહારના જાણપણામાં, ઇન્દ્રિયના જ્ઞાનમાં તું રોકાઈ ગયો... આહા..! તારી ચીજ મહાપ્રભુ અંદર સર્વોત્કૃષ્ટ મહત્ત ચીજ છે, તેને અંતરમાં જાણવાની તો નવરાશ લીધી નહિ. કેટલાક વળી એમ કહે, હમણાં નવરાશ નથી, હમણાં તો મરવાનોય વખત નથી, એમ કહે. આહાહા..! પ્રભુ.. પ્રભુ..! શું કરે છે? ભાઈ! આહા..! આહાહા..!

અહીંયાં તો 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે,... પ્રભુ! 'કુંદકુંદાચાર્ય', ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવ 'સીમંધર' સ્વામી ભગવાન બિરાજે છે તેમની પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા, સમ્યગ્દૃષ્ટિ હતા, ચારિત્રવંત હતા પરંતુ ભગવાનનો વિરહ જોઈને જાવાનો ભાવ થયો, ત્યાં ગયા, આઠ દિવસ રહ્યા અને ત્યાંથી આવીને શાસ્ત્ર બનાવ્યા. ભગવાન ત્રિલોકનાથનો આ સંદેશ છે. આહા..! ત્રિલોકનાથ 'સીમંધરસ્વામી' ભગવાન બિરાજે છે, પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, અબજો વર્ષથી છે અને હજી અબજો વર્ષ રહેવાના છે. આહા..! તેમની દિવ્યધ્વનિ, 'ૐ ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' આહાહા..! પ્રભુ! માર્ગ જુદા, પ્રભુ! આ કોઈ બહારની હોંશિયારી

ને બહારના ડહાપણ ને એ કંઈ આ ચીજ નથી, પ્રભુ! આહાહા..! સમજાણું કાંઈ?

ઇન્દ્રિયના જ્ઞાનમાં રોકાઈ ગયો, બહારની સૂચના મળી કે તમારે આટલા કામ તો કરવા પડશે, તમારી નોકરી છે, તમે પિતા છો, તું દીકરી છે, તું દીકરો છો અને પિતાજીનું આટલું કરવું પડશે. અરે..! આવી સૂચનાઓમાં પ્રભુ તું રોકાઈ ગયો. આહાહા..! અંદર મહત્ત ચીજ પ્રભુ, પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદના રસકંદથી ભરેલો પ્રભુ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે, સત્ ચિદાનંદ–સત્ જ્ઞાનાનંદનો સાગર ભગવાન અંદર છે. પ્રભુ! તેને જોવાનો તેં અવસર ન લીધો, તેને જોવાની નવરાશ ન લીધી, તેં શું કર્યું? સમજાણું કાંઈ? આહાહા..! માળાએ ભાષા મૂકી છે, કે બહારની સૂચનાઓ મળે અને ઇન્દ્રિયથી જાણકારી મળે, આ વાંચનાદિ કે સાંભળવાનું (મળે) ત્યાં રોકાઈ ગયો. આહાહા..!

અંતર ભગવાનઆત્મા જેને જાણવો જોઈએ, માનવો જોઈએ અને માનીને તેમાં રમણતા કરવી એ સંયમ, તો સંયમ તો હજી જાણ્યો નથી ત્યાં સંયમ આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? આહાહા..! તેની ભૂમિકા–ચીજ શું છે એ જાણી નહિ તો માનવું ક્યાંથી થાય? અને માન્યા વિના સંયમ ક્યાંથી થાય? અમે સંયમ પાળીએ છીએ (એમ કહે). પણ પ્રભુ! તને સંયમ ક્યાં છે? સંયમમાં તો પ્રથમ સમ્યગ્દર્શન થાય છે પછી સંયમ આવે છે. સમ્યગ્દર્શનમાં તો પ્રથમ પોતાના આત્માને જાણવો અને માનવો એ પહેલી ચીજ આવે છે. આહાહા..! અત્યારે તો ગડબડી બહુ થઈ ગઈ, પ્રભુ! આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, આહા..! ૧૬૯ છે ને? 'આ (પૂર્વે કહેલી માન્યતારૂપ) અજ્ઞાનને પામીને જે પુરુષો પરથી પરનાં...' પરથી પરનાં 'મરણ, જીવન, દુઃખ, સુખ દેખે છે...' હું પરને સુખી કરું છું, હું પરને દુઃખી કરું છું, હું પરને જિવાડું છું, પરનું જીવન.. જીવન કરું છું એ પુરુષ 'જેઓ એ રીતે અહંકાર-રસથી કર્મો કરવાના ઇચ્છક છે...' આહાહા..! એ કર્મ એટલે કાર્ય. પરને મેં જિવાડ્યો, માર્યો એ કાર્ય (મેં કર્યા), એ અહંકાર છે. એ કાર્ય કરી શકતો નથી. આહાહા..! બહુ ગજબ વાત છે, ભાઈ! પ્રભુનો માર્ગ છે શુરાનો, એ કાયરના કામ નથી ત્યાં. આહાહા..! આવે છે ને તમારે, નહિ? 'હરિનો રે માર્ગ છે શુરાનો, એ કાયરના નહિ કામ જો ને...' એમ 'પ્રભુનો માર્ગ છે શુરાનો...' આ આત્માનો, હોં! એ હરિ (એટલે) આ (આત્મા). હેં? 'પ્રભુનો માર્ગ છે શુરાનો, એ કાયરના નહિ કામ જો ને, પ્રથમ પહેલા મસ્તક મૂકી...' બધું છોડ. કોઈ ચીજ તારી નથી, રાગાદિ (પણ) તારા નથી. આહા..! દયા, દાનના વિકલ્પ રાગ છે એ પણ તારી ચીજ નહિ. આહા..!

તું તો જ્ઞાયક ભગવાન છો ને પ્રભુ! સચ્ચિદાનંદ–સત્ જ્ઞાન અને આનંદનો ભંડાર પ્રભુ તું છો ને! તેને જાણવાની, જોવાની નવરાશ લીધી નહિ, પ્રભુ! તેં આ શું કર્યું? રખડવાના ભાવ કર્યા. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. આહા..! 'अहंकृतिरसेन कर्माणि' એમ. મેં કર્યું. મેં તેને અભયદાન આપ્યું તો જીવ્યો. આહા..! પાણીમાં માખી પડી હતી,

મેં હાથે લીધી તો જીવી ગઈ. શું કરે છે? તેનું આયુષ્ય હતું તો જીવે છે. 'સુમેરુમલજી'! બહુ આકરી વાતું, પ્રભુ! આવી વાતું છે, નાથ! સચ્ચિદાનંદ પ્રભુ અંદર... આહાહા..! એ ચીજ છોડીને, (તેની) દૃષ્ટિ છોડીને પરના કાર્યના અહંકારમાં રોકાઈ ગયો, પ્રભુ! તારું પરિભ્રમણ ન છૂટ્યું. ચોરાશીના અવતાર.. આ..હા...!

'હું આ કર્મોને (કાર્યોને) કરું છું' એવા અહંકારરૂપી રસથી જેઓ કર્મ કરવાની–મારવા, જિવાડવાની, સુખી-દુઃખી કરવાની–વાંછા કરનારા...' વાંછા કરનારા. આહાહા..! 'તેઓ નિયમથી...' 'मिथ्यादृशः आत्महनः भवन्ति' 'મિથ્યાદૃષ્ટિ છે, પોતાના આત્માનો ઘાત કરનારા છે.' આહાહા..! 'आत्महनः भवन्ति' આહાહા..! રાગ કરે છે અને માને છે કે હું પુણ્ય કરું છું, મને ધર્મ થાય છે, 'आत्महनः भवन्ति' પ્રભુ! આત્માનો ઘાત થાય છે. આહાહા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ ઉત્પન્ન થાય, પણ એ રાગ મારું કર્તવ્ય છે (એ માન્યતામાં) પ્રભુ! તારો આત્મા હણાય છે. આહા..! આત્માનો ઘાત થાય છે, તું આપઘાત કરે છે. અરે..રે..! આહા..!

અહીંયાં તો એ વાત ચાલી, 'ભભૂતમલજી'! હું પરને જિવાડું છું, જીવનદાન આપું છું, પરને હું મારી શકું છું, પરને હું સુખી-દુઃખી સંયોગ આપી શકું છું, એ મૂઢ મિથ્યાદૃષ્ટિ પાપી પાખંડી છે. આહાહા..! ધીમેથી, ન્યાયથી સાંભળો! હું પરને જિવાડું છું, જીવતર આપું છું. એ તો એનું આયુષ્ય હોય તો જીવે છે. તું જીવતર આપી શકે છે? હું પરને મારી શકું છું. એનું આયુષ્ય પૂર્ણ થાય તો મરે છે. તું મારી શકે છે? બીજાને અનુકૂળ સંયોગ આપી શકું છું. અનુકૂળ સંયોગ તો એના પુણ્યને કારણે તેને મળે છે. તું આપી શકે છે? હું પ્રતિકૂળ સંયોગ આપીને દુઃખી કરું છું. પ્રતિકૂળ સંયોગ તો તેના પાપનો ઉદય હોય તો મળે છે. શું તારાથી પ્રતિકૂળ સંયોગ મળે છે? આહા..! ન્યાયથી–લોજીકથી કાંઈક સમજવું પડશે ને? એમ ને એમ માનવું (એ કોઈ ચીજ નથી). સમજાણું કાંઈ? અહીંયાં કહે છે, આ પહેલા થોડી વાત બહુ ઊંચી ગઈ, 'ભભૂતમલજી'! આહા..!

'દસલક્ષણી પર્વ'માંથી એક શબ્દ લીધો હતો. શબ્દ છે, બહુ ઊંચું કર્યું છે, ભાઈનું– 'હુકમચંદજી' પંડિત! આહા..! પ્રભુ! તને બહારની સૂચના એટલી મળે છે કે તારે આટલા કામ કરવા પડે, આટલા કામ કરવા પડે, આટલા કામ કરવા પડે, નોકરી હોય તો આટલું કરવું પડે, પિતા હોય તો દીકરાનું કરવું પડે, દીકરો હોય તો પિતાનું કરવું પડે, અર્ધાંગના સ્ત્રીનું કામ કરવું પડે, સ્ત્રીને પતિનું કામ કરવું પડે, એવી સૂચના મળે. એ સૂચના આદિ અને ઇન્દ્રિયના જ્ઞાન દ્વારા જે બહારની જાણકારી મળે છે ત્યાં રોકાઈ ગયો, રોકાવાથી પોતાનો ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે તેને જાણવાનો તને વખત જ મળ્યો નહિ. લોજીક– ન્યાય સમજો છો? ન્યાય-ન્યાયમાં 'નિ' ધાતુ છે. ન્યાયમાં 'નિ' ધાતુ છે. ન્યાયાધીશ એને કહીએ કે, 'નિ' ધાતુ નામ નિ–જેવી સ્વરૂપની સ્થિતિ છે ત્યાં 'નિ' નામ લઈ જવું તેનું

નામ ન્યાય-દોરી જવું. સમજાણું કાંઈ? આહાહા..! પ્રભુ! તને બહારની સૂચના મળી તેવા કામમાં રોકાઈ ગયો અને બહારની જાણકારી, ઇન્દ્રિયોની જાણકારી, આમ ને તેમ, આ વકીલાતના જાણપણા ને ફલાણાં જાણપણા(માં રોકાઈ ગયો).

'રામજીભાઈ' હમણાં પ્રશ્ન મૂક્યો હતો ને? એ તો મોટા વકીલ હતા. પાંત્રીસ વર્ષ પહેલા પાંચ કલાકના ૨૦૦ રૂપિયા (લેતા હતા). પાપ મોટા કરતા હતા. વકીલોમાં મોટું નામ હતું. અત્યારે ૯૭ વર્ષ છે પણ ૩૫ વર્ષ પહેલાં પાંચ કલાકના ૨૦૦ રૂપિયા લેતા હતા. સલાહ લેવા આવે તો એક કલાકના સો રૂપિયા લે, બસો લે. ધૂળ છે. આહાહા..! એ કામ હું કરી શકું છું અને ઇન્દ્રિયોના જ્ઞાનમાં રોકાવું થાય, સાંભળવાનું વારંવાર મળે, જોવાનું, સાંભળવાનું, સૂંઘવાનું, રસનું, સ્પર્શવાનું (મળે) એ જાણકારીમાં રોકાઈ ગયો. પણ પ્રભુ અંદર આત્મા સચ્ચિદાનંદ સિદ્ધ સમાન પરમાત્મા છે, સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા કહે છે, કે અમે પરમાત્મા થયા તે ક્યાંથી થયા? એ પરમાત્મા તારી શક્તિમાં તું પોતે છો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અરે..રે..! પણ એ વાત મળે નહિ, શું કરે બિચારા? એણે બિચારાએ એમ લખ્યું છે, હોં! અરે..! આત્મા બિચારો શું કરે? બહારથી સૂચના એટલી મળે કે આ તો તમારે કરવું પડશે, તમારે માથે બોઝો આવ્યો, તમારે બૈરાં મરી ગયા, તમારા ભાઈ મરી ગયા, તમારા બાપ મરી ગયા, તમારે કુટુંબને બોઝો કરવો પડશે. આવી સૂચનાઓ મળે. અર..ર..ર...! ન્યાં ને ન્યાં રોકાઈ ગયો બિચારો. એ..ઇ...! અને ઇન્દ્રિયથી ઇન્દ્રિયોના જ્ઞાન (થાય) એ જાણકારીમાં રોકાઈ ગયો. અનીન્દ્રિય એવો ભગવાન જે અંદર છે એને જોવાને નાથ, પ્રભુ તેં નવરાશ ન લીધી. એ જગતના ડહાપણ કરી કરીને લાખો, કરોડો, અબજો રૂપિયા ભેગા કર્યા તો એ તો બધું પાપ છે. એ..ઇ...! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પૈસા મીઠા બહુ લાગે.

ઉત્તર :- મીઠા ધૂળમાંય લાગતા નથી. પાપ છે. આહાહા..! હેં? એવી વાત છે. અમારી દુકાનમાં હતું ને? 'પાલેજ'માં દુકાન (છે). ત્યાં દુકાનમાં અમે હતા ને? 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. અત્યારે મોટી દુકાન છે. મને તો દુકાન છોડ્યે, દીક્ષા લીધે ૬૬ વર્ષ થયા, શરીરને ૯૧ વર્ષ ચાલે છે, ૯૧-૯૦+૧. મોટી દુકાન છે. એ લોકોને એક એક દિ'માં આઠસો રૂપિયાની પેદાશ છે. એક દિવસમાં આઠસોની પેદાશ. અત્યારે મોટી દુકાન છે. 'પાલેજ'માં છે. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. અમારા ફઈના દીકરા ભાગીદાર હતા. એનો છોકરો છે. હવે તો ત્રણે જુદા થઈ ગયા. એક દિવસની આઠસોની પેદાશ! કીધું, ધૂળ છે. શું છે? આમાં ને આમાં રોકાઈ ગયો. મરીને જાશો, કીધું.

મુમુક્ષુ :- આપ સૌને ઢોરમાં જ મૂકો છો.

ઉત્તર :- એક વાત એવી છે, ભાઈએ લખ્યું છે, ભાઈ! ઢોર પેટ ભરે પછી બે કલાક, ચાર કલાક નિવૃત્તિમાં બેસે અને આ પેટ ભરવા ઉપર પેટી ભરવામાં રોકાઈ ગયો. પેટી

સમજ્યા? ગલ્લો. પેટ ઉપર પેટી ભરવામાં રોકાઈ ગયો, મૂર્ખ! આહાહા..! એ પેટી કે દિ' પૂરી થાય અને કે દિ' નવરો થાય? આહાહા..!

એણે તો ત્યાં સુધી કહ્યું છે, કે બે-બે વાર, ત્રણ-ત્રણ વાર ભોજન કરવા અને પાછું વળી ઘાસ ચાવવું, ઘાસ એટલે આ પાન, નાગરવેલનું પાન ઘાસ છે ને? શું છે ઇ? નાગરવેલનું પાન–ઘાસ મોઢામાં આખો દિ' પડ્યું જ હોય. મને તો એમ લાગે છે, કે તું તિર્યંચમાંથી આવ્યો લાગે છે. એણે લખ્યું છે. અને કાં તો તું તિર્યંચમાં જવાનો છો, જ્યાં આખો દિ' ભોજન ગોતે, ભોજન.. ભોજન.. ભોજન.. આહારસંજ્ઞા છે ને? ભગવાન સિદ્ધાંતમાં તિર્યંચને આહારસંજ્ઞા મુખ્ય કહે છે. આખો દિ' આહાર ખાધા જ કરે, ખાધા જ કરે. મનુષ્યને મૈથૂનસંજ્ઞા વિશેષ છે. આહાહા..! નારકીને ભયસંજ્ઞા વિશેષ છે. આહાર, ભય, મૈથૂન, પરિગ્રહ. દેવને પરિગ્રહસંજ્ઞા વિશેષ છે. આહાહા..! તો ત્યાં રોકાઈ ગયો, કહે છે. તેં શું કર્યું? અનંતવાર મનુષ્યપણું મળ્યું, અનંતવાર તો અબજોપતિ થયો, અનંતવાર શેઠિયો થયો, અનંતવાર નારકી થયો, અનંતવાર સ્વર્ગમાં દેવ થયો. તેં કર્યું શું? આહાહા..!

અંદર ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ (બિરાજે છે) તેને જોવા, જાણવાની તને નવરાશ નહિ અને આમાં તું રોકાઈ ગયો, તેં શું કર્યું? એ.. 'ભભૂતમલજી'! અહીં તો આ વાત છે, અહીં કંઈ માખણ-બાખણ નથી.

મુમુક્ષુ :– દીકરા હોય તો કમાવું જ જોઈએ.

ઉત્તર :– કોણ કમાવે? પાપ કરીને પૈસા ભેગા કર્યા હતા. 'સુમનભાઈ'ને ભણાવીને પાંત્રીસ હજાર ખર્ચ્યા, 'અમેરિકા'. એના દીકરાનો અત્યારે મહિને આઠ હજારનો પગાર છે પણ પાપ કરીને બધા ભેગા કર્યા હતા અને પાછા છોકરા માટે ખર્ચ્યા ઇ પાપ. એમ કહે છે, સ્પષ્ટીકરણ કરાવે છે.

મુમુક્ષુ :– હવે એનું શું થાય?

ઉત્તર :– એ થયું એ પાપ છે, એ નક્કી કરી લેવું. 'ભભૂતમલજી'! ભાઈ પોતાના (ઘરની વાત કરે છે).

મુમુક્ષુ :– એનું પ્રાયશ્ચિત આપ આપો.

ઉત્તર :– આ સમજણ કરવી તે પ્રાયશ્ચિત છે, બાપા! આહાહા..! આ આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પ્રભુ, 'સિદ્ધ સમાન સદા પદ મેરો, ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો'. મારી ચીજ અંદર સિદ્ધસ્વરૂપી ભગવાન છે. તેનું જ્ઞાન કરવું અને શ્રદ્ધા કરવી એ સંસારનું પ્રાયશ્ચિત છે. બરાબર છે? ભાઈ! અરે..રે...! બહુ ઝીણી વાત, ભાઈ!

આ આંગળીમાં આ આંગળીનો અભાવ છે. એમ આત્મતત્ત્વ જે ભગવાનઆત્મા છે તેમાં આ પરદ્રવ્ય શરીર, વાણી, આ પરદ્રવ્યનો તો અભાવ છે. પોતાથી અસ્તિ છે અને પરથી નાસ્તિ છે ત્યારે તો એ ટકી રહ્યો છે. આહા..! એમ નહિ માનીને, પરનું હું કરી

દઉં, પરના સંયોગ મળે અને સાધન મળે તો હું નભું, એ બધો મિથ્યાભ્રમ, અજ્ઞાન છે. આવું કામ છે, બાપુ! દુનિયાને તો જાણીએ છીએ ને, બાપા! આખી દુનિયાને જાણીએ છીએ. 'હિન્દુસ્તાન'માં દસ હજાર માઈલ ત્રણ વાર ફર્યા છીએ. આખા 'હિન્દુસ્તાન'માં, હોં! આ વાત બહુ મોંઘી, બાપુ! ઓહો..!

અહીં કહે છે, પ્રભુ! ભારે શબ્દ ગોઠવ્યો કે, દુનિયાની સૂચના મળે ત્યાં રોકાઈ ગયો અને ઇન્દ્રિયનું જાણપણું મળે, ઇન્દ્રિયનું જાણપણું–આ વકીલાત છે, ડૉક્ટર છે એ બધું ઇન્દ્રિયનું જ્ઞાન છે, એ અજ્ઞાન છે, જ્ઞાન નહિ. વેપાર કરવો, ઉદ્યોગ કરવો, આ ઉદ્યોગી માણસ છે ને ફલાણું.. ધૂળેય ઉદ્યોગી નથી, સાંભળને! ઉદ્યોગ તો પોતાના જ્ઞાનાનંદ સ્વભાવમાં પુરુષાર્થ કરવો તે ઉદ્યોગ છે. પરમાં ઉદ્યોગ માનવો એ તો મહા મિથ્યાત્વ, ભ્રમ છે. ઝીણી વાત છે, ભગવાન! આહા..!

અહીંયાં એ કહે છે, કે પરને મેં જિવાડ્યો, પરને માર્યો, પરને સુખી-દુઃખી કર્યા, મેં પાંચ લાખ આપ્યા, દસ લાખ આપ્યા તો લોકો સુખી થયા. એ મૂઢ મિથ્યાદૃષ્ટિ એ કાર્યનો અહંકાર કરનારો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહા..! સમજાણું કાંઈ? 'કરે કર્મ સો હી કરતારા, જો જાને સો જાનનહારા, કર્તા સો જાને નહિ કોઈ, જાને સો કર્તા નહિ હોઈ.' 'કરે કર્મ સો હી કરતારા' હું પરના કામ કરું છું, સુખી કરું છું, દુઃખી કરું છું, જિવાડું છું એ 'કરે કર્મ સો હી કરતારા'. એ મૂઢ મિથ્યાદૃષ્ટિ કર્મનો કર્તા માને છે. 'જો જાને સો જાનનહારા' જ્ઞાની છે એ જાણે છે, કે થાય છે, હું કોઈનો કર્તા નથી. આહાહા..! કારણ કે ભગવાનઆત્મા પ્રજ્ઞા બ્રહ્મસ્વરૂપ છે. પ્રજ્ઞા (એટલે) જ્ઞાન અને બ્રહ્મ એટલે આનંદ. એ સચ્ચિદાનંદ પ્રભુ છે. આહાહા..! એ પ્રજ્ઞા બ્રહ્મસ્વરૂપ ભગવાન, જેને તેનું જ્ઞાન થયું એ કોઈપણ કાર્ય-પ્રસંગમાં હું જાણનારો છું, હું બિલકુલ કર્તા નથી (એમ રહે છે). આવી વાત છે, પ્રભુ! બહુ આકરી. દુનિયાથી (જુદી જાત), એમાં અત્યારે બહારની પ્રચલિત (વાતથી જુદી છે). સંપ્રદાયમાં પણ આ કરો ને આ કરો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો. એ તો બધી રાગની ક્રિયા છે, સાંભળ તો ખરો. આવે છે, પણ જ્ઞાની તેને જાણનાર, દેખનાર રહે છે. આહાહા..! મારું કાર્ય છે, એમ માનતા નથી. ઝીણી વાત છે, ભાઈ! ધર્મ તો બહુ સૂક્ષ્મ છે, પ્રભુ! સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા, એવો વીતરાગનો માર્ગ કોઈ સૂક્ષ્મ છે. સ્થૂળપણે લોકોએ માની લીધો છે એ કોઈ જૈનધર્મ નથી. શું કહ્યું?

'પોતાના આત્માનો ઘાત કરનારા છે.' છે? શું કહે છે? પરને હું જિવાડી શકું છું, પરને હું સુખી કરી શકું છું એવી માન્યતા આત્માનો ઘાત કરે છે. આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, જ્ઞાન અને આનંદનો નાથ છે તેને પરનો કર્તા માને છે એ આત્માનો ઘાત કરે છે. હું જ્ઞાતા-દૃષ્ટા નહિ, હું તો કરનારો છું એમ માને છે. આહાહા..! એ આપઘાત કરે છે. અરે..! પ્રભુ! આ શું? માથાફોડીને આપઘાત કરે છે ને. હું પરના કાર્ય કરી શકું છું અને રાગાદિ

છે તે મારું કર્તવ્ય છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ રાગ છે, એ રાગ મારું કર્તવ્ય છે, એ આપઘાત કરે છે. જ્ઞાતા-દૃષ્ટા એવા ભગવાનનો એ ઘાત કરે છે. વકીલ! જુદી જાત છે, ભાઈ! આ તો અંતરની વાતું છે, બાપા! આહાહા..!

દુનિયાને તો અમે જાણીએ છીએ ને, આ તો ૯૧ વર્ષ ચાલે છે. સીત્તેર વર્ષથી તો આ અભ્યાસ છે. દુકાન ઉપર પણ આ જ અભ્યાસ હું તો કરતો હતો. દિગંબરના પુસ્તક નહિ, સ્થાનકવાસીના. પિતાજી સ્થાનકવાસીમાં હતા એમાં અમારો જન્મ થઈ ગયો. અમે તો અભ્યાસ કરતા હતા. ઓગણીસ વર્ષની ઉંમરથી 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન', 'આચારાંગ', 'સૂયગડાંગ'નો અભ્યાસ હતો. પિતાજીની ઘરની દુકાન હતી. ધંધો પણ કરતા હતા, પાંચ વર્ષ દુકાન ચલાવી હતી છતાં પણ હું તો એક કોર બેસીને શાસ્ત્ર વાંચતો. ભાગીદાર બેઠા હોય તો એક કોર બેસું, ભાગીદાર ન હોય તો થડે બેસવું પડે. પણ બધા પાપ. આહાહા..!

આ પ્રભુનો માર્ગ.. આહાહા..! કહે છે, કે પ્રભુ! તું પરને જિવાડી શકે છે, બૈરાં, કુટુંબને નભાવી શકે છે, એને નભાવવા માટે હું નોકરી કરું છું ને પૈસા કમાઉં છું, તારો ભ્રમ છે. આહાહા..! કારણ કે તારું સ્વરૂપ તો પ્રભુ જ્ઞાન અને આનંદ છે, તો પર ચીજ જે છે તે જ્ઞેય છે. તું જ્ઞાતા છો, એ જ્ઞેય છે. એ તારું કાર્ય છે, એમ નથી. તું જ્ઞાતા છે તો કાર્ય થાય છે તે (કાર્ય) જ્ઞાનનું જ્ઞેય છે, જાણવા લાયક ચીજ છે. કરવા લાયક ચીજ છે, એવી કોઈ ચીજ તારામાં નથી. આકરું કામ. 'ભભૂતમલજી'! આહાહા..! આપઘાત કરે છે, ભાષા જોઈ? છે?

'પોતાના આત્માનો ઘાત કરનારા છે.' આહાહા..! પાઠમાં છે, હોં! 'आत्महनः भवन्ति'. આહાહા..! પરના કામ હું કરી શકું છું, પરને મદદ કરી શકું છું, ભૂખ્યાને આહાર આપું છું, તરસ્યાને પાણી આપું છું, રોગીને ઔષધ આપું છું, જમીન ન હોય તો ઝૂંપડી આદિ બનાવી આપું છું, અરે..! પ્રભુ! એ બધા કામ હું કરું છું એ માન્યતા આત્માનો ઘાત છે. કારણ કે આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા છે અને તેં તેને કામ કરવાનું સોંપ્યું. આહાહા..! ચક્રવર્તીને મહેલનું વાસિદુ કાઢનાર બનાવ્યો. હેં? છ ખંડનું રાજ (ચલાવનાર) ચક્રવર્તી વાસિદુ કાઢે. એમ ત્રણલોકનો નાથ જ્ઞાતા-દૃષ્ટા પ્રભુ, તેને તેં રાગ અને પરના કાર્ય સોંપ્યા (એ) આપઘાત કરે છે. આ દુનિયાથી જુદી જાત છે, હોં! આખી દુનિયાની ખબર છે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! ઝીણી વાત, ભાઈ! જન્મ-મરણ ટાળવાના આવા ટાણા આવ્યા, પ્રભુ! આવું મનુષ્યપણું મળ્યું, આહા..! એમાં ત્રણલોકના નાથની વાણી સાંભળવા મળી, હવે સબ અવસર આ ગયા હૈ. આહાહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલજી'એ કહ્યું છે, સબ અવસર આ ગયા હૈ. પ્રભુ! હવે તારી નજર ત્યાં જાવી જોઈએ. આહાહા..!

જે જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનપિંડ છે. જેમ સાકર ગળપણનો પિંડ છે, એમ

ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદનો પિંડ છે. આહાહા..! સમજાણું કાંઈ? તેની નજર કર, પ્રભુ! તને નિધાન દેખાશે. આ પામર અને પરને જોવામાં રોકાઈ ગયો, પ્રભુ! તેં આપઘાત કર્યો. અર..ર...! છતી ચીજ જ્ઞાતા-દૃષ્ટા છે તેને તેં ન માનીને, અનાદર કરીને (આપઘાત કર્યો છે).

ખરેખર તો રાગની અને પરકાર્યની રુચિ છે તેને આત્મા-આનંદની અરુચિ છે. અરુચિ એ આત્મા પ્રત્યે ક્રોધ છે. આહાહા..! અનંત આનંદનો કંદ પ્રભુ, અનંત અનંત ગુણનો સાગર આત્મા, એની અરુચિ અને આ કામ કરવાની રુચિ અને રાગની રુચિ, (આત્માની) અરુચિ છે તો તને આત્મા પ્રત્યે ક્રોધ છે, પ્રભુ! અને પર પ્રત્યે તને પ્રેમ છે. આહાહા..! સૂક્ષ્મ વાત બહુ, ભગવાન! આહાહા..! ભગવાનસ્વરૂપ જ છે. આચાર્યો તો ભગવાન તરીકે બોલાવે છે. 'સમયસાર' ૭૨ ગાથા, ભગવાનઆત્મા! એમ કહે છે. આહાહા..!

એકવાર એ કહ્યું હતું ને? નાટક. 'વડોદરા'માં નાટક (જોયું હતું). અમે તો માલ લેવા ગયા હતા. અઢાર વર્ષની ઉંમર (હતી), ૭૨ વર્ષ પહેલાની વાત છે. દુકાનનો માલ લેવા ગયા હતા, માલ લીધો, પછી રાત્રે તો નિવૃત્તિ (હોય એટલે) નાટક જોવા ગયા. વૈરાગી નાટક હતું. પહેલા વૈરાગી (નાટક આવતા). અત્યારે જેમ ફિલ્મ ને બિલમ ને બાયડી આમ જોવે એવું ત્યાં નહોતું. એ વખતે બધું વૈરાગી (હતું). એક 'અનુસૂયા'નું નાટક હતું. સતી 'અનુસૂયા'. 'ભરૂચ'ને કાંઠે 'નર્મદા' છે. ત્યાં બે બહેનો હતી. એમાં 'અનુસૂયા' સતી હતી. નાટકમાં જોયું હતું, બાર આનાની ટિકીટ લીધી હતી. તમે શું બોલો છો? તમારી ચોપડી લાવો, બાર આના લ્યો. તમે શું બોલો છો એ સમજ્યા વિના (નકામું). આ તો અઢાર વર્ષની ઉંમરની વાત છે. ચોપડી લીધી. ત્યાં બાઈ સ્વર્ગમાં જાતી હતી. સ્વર્ગમાં ના પાડી. 'અપુત્રસ્ય ગતિ નાસ્તિ'. જેને પુત્ર ન હોય તેને ગતિ નહિ. એવું એ લોકોમાં વેદમાં છે ને? એ ખોટી વાત છે. ત્યારે કહે, શું કરવું? નીચે પડ, હોય તેને વર. એમાં નીચે આંધળો બ્રાહ્મણ હતો તેને વરી. છોકરું થયું. આહાહા..! ચોસઠ વર્ષની વાત છે, સંવત ૧૯૬૪, તમારા જન્મ પહેલાની વાતું. સંવત ૧૯૬૪, ૭૧ વર્ષ થયા.

એ છોકરાને ઝુલાવતી હતી. આહાહા..! બેટા! તું શુદ્ધોસિ, બુદ્ધોસિ, નિર્વિકલ્પોસિ, ઉદાસિનોસી, એમ કહેતી હતી. નાટકમાં એવું હતું. અત્યારે તો સંપ્રદાયમાં રહ્યું નથી. આ કરો ને આ કરો ને આ કરો... બેટા! તું શુદ્ધ છો. નાટકમાં બોલતા હતા, ભાઈ! 'ભૂપતભાઈ'! મેં નાટક પણ બહુ જોયા છે. નિવૃત્તિ, ઘરની (દુકાન), માલ લેવા જાતા તો 'મુંબઈ'માં ફિલ્મ જોઈ છે, બધું જોયું છે. આહાહા..! બેટા! શુદ્ધોસિ. નાટકમાં કહેતા હતા. આહાહા..! શુદ્ધ પવિત્રતાનો તું પિંડ છો, જ્ઞાનનો પિંડ છો. બુદ્ધોસિ–બુદ્ધ નામ જ્ઞાન, શુદ્ધોસિ નામ પવિત્ર અને નિર્વિકલ્પોસિ–ભેદ વિના નિર્વિકલ્પ તારી અભેદ ચીજ છે અને ઉદાસિનોસિ. રાગ અને પરથી તારું આસન ઉદાસ અને પર છે. તારું આસન તારામાં છે, રાગમાં નહિ. એ..ઈ...!

'ભભૂતલમજી'! અહીં તો અત્યારે સંપ્રદાયમાં સાંભળવું મુશ્કેલ છે. આ કરો, દયા કરો, વ્રત કરો (એવું સંભળાય). હવે મરી ગયો, સાંભળને! કરી કરીને એ તો રાગ છે. આહાહા..! નાટકના ચાર શબ્દ યાદ રહ્યા. આપણે 'સમયસાર'માં એ શબ્દો છે. 'સમયસાર'માં સંસ્કૃતમાં 'બંધ અધિકાર'માં છેલ્લે (અને) 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં એવા શબ્દો છે. એ તો બહુ બોલી હતી પણ ઘણા વર્ષ થયા (એટલે) ચાર બોલ યાદ છે.

એમ આ ભગવાનઆત્મા, અપ્પા–આત્મા ભગવાન શુદ્ધ છે, જ્ઞાતા છે, દૃષ્ટા છે, આનંદ છે, એ પરની ક્રિયા કરનારો નહિ. પરનું અસ્તિત્વ છે તો પરની પર્યાય–અવસ્થા તેનાથી થાય છે. પરપદાર્થ છે તો કાયમ રહીને પલટે છે તે તેને કારણે પલટે છે, તું તેને પલટાવે છે (એમ નથી). આહાહા..! કહો, 'બાલચંદજી'! આવી વાતું છે. આપઘાત કરે છે, એમ કહ્યું છે. જુઓ! હેં? હું પરને જિવાડું છું એ માન્યતા આત્માનો ઘાત કરે છે. આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે તેનો નકાર કરે છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! આહા..! ગજબ વાત કરી છે.

છે અંદર? ભાઈ! આપઘાત શબ્દ છે ને? આપઘાતનો અર્થ ઇ છે, કે આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, જ્ઞાનપિંડ છે, આનંદસ્વરૂપ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એમ નહિ માનતા હું પરનું કરું, ભલું કરું, બૂરું કરું, સુખી કરું, દુઃખી કરું, સંભાળ કરું, ધ્યાન રાખું... એ દૃષ્ટિ આત્માનો ઘાત કરે છે. એ આત્માનું સ્વરૂપ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ગજબ કામ કર્યું છે. અહીં તો કહે, 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ'. એ..ઇ...! 'બાલચંદજી'! 'અનંતા જીવ મુક્તિએ ગયા, દયા તણા ..' પણ કોની દયા? ભાઈ! તારી દયા. પરની દયા કોણ કરી શકે છે? સ્થાનકવાસીમાં એ ચાલે. એમાં ૪૫ વર્ષ રહ્યા ને? આહા..! 'ગઢડા'માં ચોમાસુ હતું તો મોઢા આગળ ટાંગ્યું હતું, 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ'. કઈ દયા પણ? ભાઈ!

દયાનો અર્થ પરનું જેવું જીવન છે તેમ રાખો. એમ જેવી તારી પૂર્ણ ચીજ છે એમ શ્રદ્ધામાં રાખ, એ તારી દયા છે. ન્યાય સમજાય છે? અંદર વસ્તુ જે છે, અનંત જ્ઞાન, દર્શન, આનંદનો કંદ પ્રભુ છે, એ જેવી ચીજ છે તેવી શ્રદ્ધામાં રાખવી એ આત્માની દયા છે. એમ માનવું કે, હું આવો જ પૂર્ણ છું. આહાહા..! એ પૂર્ણ છે તેવો પૂર્ણ માનવો તે જીવની દયા છે. દુનિયાથી ફેરફાર છે, ભાઈ! આખી લાઈન ફેર છે. રેલ ઊંધે પાટે ચડી ગઈ છે. રેલ હોય છે ને? એક પાટેથી પાછલો પાટો હોય ને ત્યાં ચડાવી દીધી હોય. એ બધું જોયું છે. અમારે 'પાલેજ' નજીક (હતું). આહાહા..! પાટો પાટો હોય ને? એને ચડાવી દે. એમ અજ્ઞાની અનાદિથી અજ્ઞાનને ઊંધે પાટે ચડી ગયો છે. પોતાનું સ્વરૂપ જે ભગવાન આનંદ (છે) તેને પાટે દૃષ્ટિ, જ્ઞાન નહિ લેતા પરને પાટે ચડી ગયો છે. હું પરનું કરી દઉં, ભલું કરી દઉં ને પરોપકાર કરું, દેશસેવા કરું.. દેશ-નેતાઓ બધા એમ માને ને? દેશસેવા કોણ કરે? પ્રભુ! એ માન્યતા આપઘાત છે, સ્વરૂપની દૃષ્ટિથી વિપરીત છે. આહાહા..! ગજબ

કામ કર્યું છે. આહાહા..!

'मिथ्यादृशः आत्महनः भवन्ति' જોયું? નિશ્ચયથી. છે? નિયત, નિયમથી મિથ્યા-જૂઠી દૃષ્ટિ છે. પરનું કરી શકતો નથી અને માને છે તો તારી દૃષ્ટિ મિથ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :- પરનું કરી શકાય નહિ એમ કહો છો ત્યાં ધ્રુજી જવાય છે.

ઉત્તર :- કોણ કરે? ભાઈ! એ પર ચીજ છે કે નહિ? છે તો તેની પર્યાય તેનું કાર્ય કરે છે કે તું કરી દે? આ આંગળી છે કે નહિ? જડ પરમાણુ છે? જડ છે તો આ આમ હલે છે તો એ કાર્ય એનું છે કે તારું છે? કઠણ વાત છે. આ આંગળી જડ છે, માટી છે, પરમાણુ છે. આમ હલે છે એ પર્યાય છે, પર્યાય છે. પર્યાય નામ અવસ્થા છે, એ અવસ્થાનું કાર્ય પરમાણુ કરે છે, આત્માનું કાર્ય નહિ. અરે..રે...! આહાહા..! આત્મા પાંગળો છે. પરનું કાર્ય કરવામાં, હોં! પોતાનું કરવામાં પુરુષાર્થી છે. પોતાના સ્વભાવનું (કાર્ય) કરવામાં મહા પુરુષાર્થી છે. પરનું કરી શકે નહિ. આહાહા..!

કહે છે, કે એમ માનવું... લોકોને સારું લાગે કે, દેશનો નેતા દેશની કેટલી સેવા કરે? આહા..! લાખો માણસને બચાવે. કોણ બચાવે? પ્રભુ! એની આયુષ્યની સ્થિતિ છે તે એ બચે છે. આયુષ્ય પૂરું થાય તો મરી જાય. તું તેને બચાવી શકે (એમ નથી). સૂક્ષ્મ વાત છે, ભાઈ! હું પૈસા કમાઉં છું, એ ભાવ મિથ્યા ભ્રમ છે. એ તો જડ છે. એ તો પૂર્વના પુણ્ય છે તો આવે છે, હું કમાઉં છું, મેં રાગ કર્યો તો પૈસા મળ્યા, ખોટી વાત છે.

મુમુક્ષુ :- રાગ ન કર્યો પણ પુરુષાર્થ કર્યો માટે મળ્યા.

ઉત્તર :- રાગ કર્યો એ ઊંધો પુરુષાર્થ છે. બીજો પુરુષાર્થ ક્યાં હતો? રાગનો પુરુષાર્થ છે. આહાહા..! ખરેખર પુરુષાર્થ તો ભગવાન ચેતનસ્વરૂપ પુરુષ પોતાના જ્ઞાતા-દૃષ્ટાની ચેતનામાં સૂવે તે પુરુષ કહીએ. જાણવા-દેખવામાં રહે તે પુરુષ કહેવાય. તે પુરુષ, પુરુષ. પુરુષ એટલે આત્મા, તેની ચેતના-જાણનાર-દેખનારમાં રહે તે પુરુષ. તેમાંથી નીકળીને રાગ કરવો એ તો નપુંસક, પાવૈયો, હીજડો છે. આકરી વાતું છે, બાપા! એ..ઇ...! છે ને 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં (કહે છે), પુરુષ કોને કહીએ? પુરુષ-ચેતના જે જાણનાર-દેખનાર તેમાં સૂવે, સૂવે, રહે તે ચેતના-એ આત્મા. રાગ કરે અને રાગમાં જાય એ ચેતના નહિ. આહાહા..! રાગ કરવો એ નપુંસકનું કાર્ય છે, એમ કહે છે. અર..ર..! એ પાવૈયાને વીર્ય ન હોય. હીજડાને વીર્ય ન હોય તો પુત્ર ન હોય. એમ શુભભાવ નપુંસક છે, તેનાથી ધર્મની પ્રજા થતી નથી. ભારે કામ આકરું, બાપા! સદાચાર કરો, નથી કરતા? શું સદાચાર કોને કહેવો? બાપા! તને ખબર નથી, ભાઈ! સદાચાર-સત્ ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવના જ્ઞાનાનંદમાં એકાગ્ર થવું એ સદાચાર છે. આ દયા, વ્રતાદિ ભાવ તો અસદાચાર છે. અર..ર..ર...!

એ અહીં કહે છે, કે પોતાનું સ્વરૂપ તો જાણનાર-દેખનાર, આનંદ, ત્રિકાળી શુદ્ધાત્મા

નિત્યાનંદ પ્રભુ, ધ્રુવને છોડીને પરનો કર્તા માનવો એ શુદ્ધાત્માનો ઘાત છે. ઘાતનો અર્થ પર્યાયમાં ઘાત થાય છે, વસ્તુ તો વસ્તુ છે. વસ્તુનો ઘાત તો થતો નથી. ત્રિકાળી આનંદનો નાથ તો ત્રિકાળ નિરાવરણ રહે છે, પણ પરનું હું કરું એવી માન્યતા પર્યાયમાં પોતાના સ્વરૂપનો ઘાત કરે છે, અવસ્થામાં ઘાત થાય છે. વસ્તુ તો વસ્તુ ત્રિકાળ નિરાવરણ શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે. આહાહા..!

ભાવાર્થ :– 'જેઓ પરને મારવા-જિવાડવાનો તથા સુખ-દુઃખ કરવાનો અભિપ્રાય...' અભિપ્રાય એટલે આશય–માન્યતા 'કરે છે તેઓ મિથ્યાદૃષ્ટિ છે. તેઓ પોતાના સ્વરૂપથી ચ્યુત થયા થકા...' પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થયા થકા 'રાગી, દ્વેષી, મોહી થઈને...' જુઓ! આહાહા..! 'પોતાથી જ પોતાનો ઘાત કરે છે, તેથી હિંસક છે.' ગજબ વાત છે. પરને જિવાડું એ ભાવ હિંસક છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રશ્ન :- આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ ?

ઉત્તર :- અરે ભાઈ ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ. પછી તારે કોને ફેરવવું છે ? મારી પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમેક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થઈ ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં રહ્યું ? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી ?- દ્રવ્યમાંથી, માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (–શ્રદ્ધા—જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યક્જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું.–એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી. ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા... આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.

સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલે એકલો વીતરાગી જ્ઞાતા ભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ ! જ્ઞાનમાં જ્ઞાતાદૃષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે. જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે. (પરમાગમસાર - ૨૬૩)

## ગાથા-૨૫૭-૨૫૮

जो मरदि जो य दुहिदो जायदि कम्मोदएण सो सव्वो।
तम्हा दु मारिदो दे दुहाविदो चेदि ण हु मिच्छा।।२५७।।
जो ण मरदि ण य दुहिदो सो वि य कम्मोदएण चेव खलु।
तम्हा ण मारिदो णो दुहाविदो चेदि ण हु मिच्छा।।२५८।।

यो म्रियते यश्च दुःखितो जायते कर्मोदयेन स सर्वः।
तस्मात्तु मारितस्ते दुःखितश्चेति न खलु मिथ्या।।२५७।।
यो न म्रियते न च दुःखितः सोऽपि च कर्मोदयेन चैव खलु।
तस्मान्न मारितो नो दुःखितश्चेति न खलु मिथ्या।।२५८।।

यो हि म्रियते जीवति वा, दुःखितो भवति सुखितो भवति वा, स खलु स्वकर्मोदयेनैव, तदभावे तस्य तथा भवितुमशक्यत्वात्। ततः मयायं मारितः, अयं जीवितः, अयं दुःखितः कृतः, अयं सुखितः कृतः इति पश्यन् मिथ्यादृष्टिः।

---

હવે આ અર્થને ગાથા દ્વારા કહે છે :-

મરતો અને જે દુખી થતો - સૌ કર્મના ઉદયે બને,
તેથી 'હણ્યો મેં, દુખી કર્યો' - તુજ મત શું નહિ મિથ્યા ખરે ? ૨૫૭.
વળી નવ મરે, નવ દુખી બને, તે કર્મના ઉદયે ખરે,
'મેં નવ હણ્યો, નવ દુખી કર્યો' - તુજ મત શું નહિ મિથ્યા ખરે ? ૨૫૮.

ગાથાર્થ :- [ यः म्रियते ] જે મરે છે [ च ] અને [ यः दुःखितः जायते ] જે દુઃખી થાય છે [ सः सर्वः ] તે સૌ [ कर्मोदयेन ] કર્મના ઉદયથી થાય છે; [ तस्मात् तु ] તેથી [ मारितः च दुःखितः ] 'મેં માર્યો, મેં દુઃખી કર્યો' [ इति ] એવો [ ते ] તારો અભિપ્રાય [ न खलु मिथ्या ] શું ખરેખર મિથ્યા નથી ?

[ च ] વળી [ यः न म्रियते ] જે નથી મરતો [ च ] અને [ न दुःखितः ] નથી દુઃખી થતો [ सः अपि ] તે પણ [ खलु ] ખરેખર [ कर्मोदयेन च एव ] કર્મના

ઉદયથી જ થાય છે; [ तस्मात् ] તેથી [ न मारितः च न दुःखितः ] 'મેં ન માર્યો, મેં ન દુઃખી કર્યો' [ इति ] એવો તારો અભિપ્રાય [ न खलु मिथ्या ] શું ખરેખર મિથ્યા નથી ?

ટીકા :– જે મરે છે અથવા જીવે છે, દુઃખી થાય છે અથવા સુખી થાય છે, તે ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે, કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં તેનું તે પ્રમાણે થવું (અર્થાત્ મરવું, જીવવું, દુઃખી થવું કે સુખી થવું) અશક્ય છે. માટે 'મેં આને માર્યો,આને જિવાડ્યો, આને દુઃખી કર્યો, આને સુખી કર્યો' એવું દેખનારા અર્થાત્ માનનાર મિથ્યાદૃષ્ટિ છે.

ભાવાર્થ :– કોઈ કોઈનું માર્યું મરતું નથી, જિવાડ્યું જીવતું નથી, સુખી-દુઃખી કર્યું સુખી દુઃખી થતું નથી; તેથી જે મારવા, જિવાડવા આદિનો અભિપ્રાય કરે તે તો મિથ્યાદૃષ્ટિ જ હોય એમ નિશ્ચયનું વચન છે. અહીં વ્યવહારનય ગૌણ છે.

---

## પ્રવચન નં. ૩૨૨ ગાથા–૨૫૭ થી ૨૬૨, શ્લોક–૧૭૦,

ગુરુવાર, આસો સુદ - ૬, તા. ૨૭-૦૯-૧૯૭૯

(આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે)

---

'હવે આ અર્થને ગાથા દ્વારા કહે છે :–' ૨૫૭ અને ૨૫૮.

जो मरदि जो य दुहिदो जायदि कम्मोदएण सो सव्वो।
तम्हा दु मारिदो दे दुहाविदो चेदि ण हु मिच्छा।।२५७।।
जो ण मरदि ण य दुहिदो सो वि य कम्मोदएण चेव खलु।
तम्हा ण मारिदो णो दुहाविदो चेदि ण हु मिच्छा।।२५८।।

મરતો અને જે દુખી થતો - સૌ કર્મના ઉદયે બને,
તેથી 'હણ્યો મેં, દુખી કર્યો' - તુજ મત શું નહિ મિથ્યા ખરે ? ૨૫૭.
વળી નવ મરે, નવ દુખી બને, તે કર્મના ઉદયે ખરે,
'મેં નવ હણ્યો, નવ દુખી કર્યો' - તુજ મત શું નહિ મિથ્યા ખરે ? ૨૫૮.

ટીકા :– 'જે મરે છે...' જે આયુષ્ય પૂરું થયું અને દેહ છોડીને મરે છે અને જે 'જીવે છે,...' આયુષ્યને કારણે જે જીવન હોય છે અને 'દુઃખી થાય છે...' તેના પ્રતિકૂળ સંયોગ અશાતાના ઉદયને કારણે (મળે છે), 'સુખી થાય છે,...' (તે) શાતાના ઉદયને કારણે થાય છે તે 'ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે,...' તેને કર્મને કારણે જીવન, મરણ, સુખ અને દુઃખ થાય છે. બીજો એને આપી શકે, એ વાત તદ્દન મિથ્યા ભ્રમ છે. આહાહા..!

વિશેષ કહેશે, હોં! આ તેરાપંથની જેમ નથી, કે પરને બચાવવાનો ભાવ એ પાપ. (પરંતુ) એમ નથી. પરને બચાવી શકું છું એ મિથ્યાત્વ છે, પણ એ ભાવ છે તે શુભભાવ પુણ્ય છે. સમજાણું કાંઈ? એ આવશે. વાતમાં ફેર છે.

પરને હું મારી શકું છું કે બચાવી શકું છું એ માન્યતા મિથ્યાત્વ છે, પણ બીજાને બચાવી શકું છું અને સુખના સાધન આપી શકું છું, એવો ભાવ છે તે શુભ-પુણ્ય છે. મિથ્યાત્વ સહિત પુણ્ય છે. સમજાણું કાંઈ? આહા..! એ તો એમ કહે છે, કે પરને બચાવવો તે પાપ છે. પરને બચાવી શકતો નથી, એ વાત એમાં નથી. સમજાણું કાંઈ? અહીંની વાત ત્યાં લે છે, કે જુઓ! 'સોનગઢ'વાળા પણ એમ કહે છે, કે પરને બચાવે એ પાપ છે. પણ એ તો બચાવવાની ક્રિયા હું કરી શકું છું એ પાપ છે. પણ પરને બચાવવા અને જિવાડવાનો ભાવ છે એ શુભ છે. મિથ્યાદૃષ્ટિ સહિત એ શુભ છે, દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

એ કહે છે, મરે છે, જીવે છે, દુઃખી થાય છે, સુખી થાય છે તે કર્મોદયથી (થાય છે). 'કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં તેનું તે પ્રમાણે થવું (અર્થાત્ મરવું, જીવવું, દુઃખી થવું કે સુખી થવું) અશક્ય છે. માટે 'મેં આને માર્યો, આને જિવાડ્યો, આને દુઃખી કર્યો, આને સુખી કર્યો' એવું દેખનાર અર્થાત્ માનનાર મિથ્યાદૃષ્ટિ છે.'

ભાવાર્થ :- 'કોઈ કોઈનું માર્યું મરતું નથી, જિવાડ્યું જીવતું નથી,...' કોઈ કોઈનાથી 'સુખી-દુઃખી કર્યું સુખી-દુઃખી થતું નથી;...' આહાહા..! 'તેથી જે મારવા, જિવાડવા આદિનો અભિપ્રાય કરે તે તો મિથ્યાદૃષ્ટિ જ હોય-એમ નિશ્ચયનું કથન છે. અહીં વ્યવહારનય ગૌણ છે.' નિમિત્તથી કથન આવે. કથનમાં આવે કે, આણે બચાવ્યો. નિમિત્તનું જ્ઞાન કરવા કથન આવે.

## શ્લોક-૧૭૦

(अनुष्टुभ्)

मिथ्यादृष्टेः स एवास्य बन्धहेतुर्विपर्ययात्।
य एवाध्यवसायोऽयमज्ञानात्माऽस्य दृश्यते।।१७०।।

હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છે :-

શ્લોકાર્થ :- [ अस्य मिथ्यादृष्टेः ] મિથ્યાદૃષ્ટિને [ यः एव अयम् अज्ञानात्मा अध्यवसायः दृश्यते ] જે આ અજ્ઞાનસ્વરૂપ *અધ્યવસાય જોવામાં આવે છે [ सः एव ] તે અધ્યવસાય જ, [ विपर्ययात् ] વિપર્યયસ્વરૂપ (-વિપરીત, મિથ્યા) હોવાથી, [ अस्य बन्धहेतुः ] તે મિથ્યાદૃષ્ટિને બંધનું કારણ છે.

ભાવાર્થ :- જૂઠો અભિપ્રાય તે જ મિથ્યાત્વ, તે જ બંધનું કારણ - એમ જાણવું. ૧૭૦.

---

## શ્લોક-૧૭૦ ઉપર પ્રવચન

---

'હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છે :-' ૧૭૦ શ્લોક.

(अनुष्टुभ्)

मिथ्यादृष्टेः स एवास्य बन्धहेतुर्विपर्ययात्।
य एवाध्यवसायोऽयमज्ञानात्माऽस्य दृश्यते।।१७०।।

'મિથ્યાદૃષ્ટિને જે આ અજ્ઞાનસ્વરૂપ અધ્યવસાય...' એકત્વબુદ્ધિ. નીચે (ફૂટનોટ) છે. 'જે પરિણમન મિથ્યા અભિપ્રાય સહિત હોય (-સ્વપરના એકત્વના અભિપ્રાય સહિત હોય)...' હું પરનું કરી શકું છું, એવી એકત્વબુદ્ધિ. 'અથવા વૈભાવિક હોય તે પરિણામ માટે અધ્યવસાય શબ્દ વપરાય છે. (મિથ્યા) નિશ્ચય, (મિથ્યા) અભિપ્રાય-એવા અર્થમાં પણ તે અધ્યવસાય શબ્દ વપરાય છે.'

'મિથ્યાદૃષ્ટિને જે આ અજ્ઞાનસ્વરૂપ અધ્યવસાય જોવામાં આવે છે તે અધ્યવસાય જ, વિપર્યયસ્વરૂપ (-વિપરીત, મિથ્યા) હોવાથી, તે મિથ્યાદૃષ્ટિને બંધનું કારણ છે.'

ભાવાર્થ :- 'જૂઠો અભિપ્રાય તે જ મિથ્યાત્વ,...' છે. અભિપ્રાય મિથ્યા છે ને? હું જિવાડી શકું છું, મારી શકું છું એ અભિપ્રાય મિથ્યા છે. 'તે જ બંધનું કારણ-એમ જાણવું.'

---

* જે પરિણામ મિથ્યા અભિપ્રાય સહિત હોય (-સ્વપરના એકત્વના અભિપ્રાય સહિત હોય) અથવા વૈભાવિક હોય તે પરિણામ માટે અધ્યવસાય શબ્દ વપરાય છે. (મિથ્યા) નિશ્ચય, (મિથ્યા) અભિપ્રાય - એવા અર્થમાં પણ તે શબ્દ વપરાય છે.

## ગાથા-૨૫૯

एसा दु जा मदी दे दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।
एसा दे मूढमदी सुहासुहं बंधदे कम्मं।।२५९।।
एषा तु या मतिस्ते दुःखितसुखितान् करोमि सत्त्वानिति।
एषा ते मूढमतिः शुभाशुभं बन्धाति कर्म।।२५९।।

परजीवानहं हिनस्मि, न हिनस्मि, दुःखयामि, सुखयामि इति य एवायमज्ञानमयोऽध्यवसायो मिथ्यादृष्टेः, स एव स्वयं रागादिरूपत्वात्तस्य शुभाशुभबन्धहेतुः।

હવે, આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે એમ ગાથામાં કહે છે :-

આ બુદ્ધિ જે તુજ - 'દુખિત તેમ સુખી કરું છું જીવને',
તે મૂઢ મતિ તારી અરે ! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯.

ગાથાર્થ :- [ ते ] તારી [ या एषा मतिः तु ] જે આ બુદ્ધિ છે કે હું [ सत्त्वान् ] જીવોને [ दुःखितसुखितान् ] દુઃખી-સુખી [ करोमि इति ] કરું છું. [ एषा ते मूढमतिः ] તે આ તારી મૂઢ બુદ્ધિ જ (મોહસ્વરૂપ બુદ્ધિ જ) [ शुभाशुभं कर्म ] શુભાશુભ કર્મને [ बन्धाति ] બાંધે છે.

ટીકા :- 'પર જીવોને હું હણું છું, નથી હણતો, દુઃખી કરું છું, સુખી કરું છું' એવો જે આ અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદૃષ્ટિને છે, તે જ (અર્થાત્ તે અધ્યવસાય જ) પોતે રાગાદિરૂપ હોવાથી તેને (-મિથ્યાદૃષ્ટિને) શુભાશુભ બંધનું કારણ છે.

ભાવાર્થ :- મિથ્યા અધ્યવસાય બંધનું કારણ છે.

### ગાથા-૨૫૯ ઉપર પ્રવચન

'હવે, આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે એમ ગાથામાં કહે છે :-' હવે આમાં ખૂબી લે છે.

* જે પરિણામ મિથ્યા અભિપ્રાય સહિત હોય (-સ્વપરના એકત્વના અભિપ્રાય સહિત હોય) અથવા વૈભાવિક હોય તે પરિણામ માટે અધ્યવસાય શબ્દ વપરાય છે. (મિથ્યા) નિશ્ચય, (મિથ્યા) અભિપ્રાય-એવા અર્થમાં પણ તે શબ્દ વપરાય છે.

एसा दु जा मदी दे दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।
एसा दे मूढमदी सुहासुहं बंधदे कम्मं।।२५९।।

આ બુદ્ધિ જે તુજ - 'દુખિત તેમ સુખી કરું છું જીવને',
તે મૂઢ મતિ તારી અરે ! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯.

ટીકા :– ''પર જીવોને હું હણું છું, નથી હણતો, દુઃખી કરું છું, સુખી કરું છું' એવો જે આ અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદૃષ્ટિને છે, તે જ (અર્થાત્ તે અધ્યવસાય જ) પોતે રાગાદિરૂપ હોવાથી તેને (-મિથ્યાદૃષ્ટિને) શુભાશુભ બંધનું કારણ છે.' ભાષા જુઓ! પરને જિવાડી શકું છું અને સુખી કરી શકું છું, એ માન્યતા મિથ્યા છે પણ પરને જિવાડું છું અને સુખી કરું છું એ ભાવ છે તે શુભભાવ પુણ્ય છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

હું પરને જિવાડી શકું છું, સુખી કરી શકું છું એ માન્યતા મિથ્યાત્વ છે, પણ પરને જિવાડું, સુખી કરવાનો જે ભાવ છે તે શુભ અને પુણ્ય છે. મિથ્યાદૃષ્ટિ સહિત તે પુણ્ય બાંધે છે. આહા..! આવી વાત છે. 'સુમેરુમલજી'! સમજાણું? તેરાપંથીની જેમ નહિ. તુલસી તેરાપંથી છે ને? એ કહે છે, પરને બચાવવા તે પાપ છે. એ બચાવી શકે છે કે નહિ, એ પ્રશ્ન એમાં નથી. એ તો અમને પહેલેથી ખબર છે, બધા તેરાપંથીને જોયા છે. તેરાપંથીના બધા શાસ્ત્ર જોયા છે. તેમાં એક હતા, કેવા? '...' અમારી પાસે રહેતા હતા. ... એ કહે કે, પરને બચાવી શકું છું તે પાપ છે. એ પાપ એમ નથી. પરને બચાવી શકું છું એવો અભિપ્રાય છે તે મિથ્યાત્વ છે. પણ પરને બચાવવાનો જે ભાવ છે તે મિથ્યાદૃષ્ટિ સહિત શુભભાવ છે. આહા..! આવી વાત છે. સમજાણું કાંઈ? 'सुहासुहं' કીધું ને? 'सुहासुहं बंधदे कम्मं' પરને હું મારી શકું છું અને પરને દુઃખી કરી શકું છું, એ માન્યતા અભિપ્રાય મિથ્યાત્વ છે પણ તેનો ભાવ છે તે અશુભ પાપ છે. મિથ્યાત્વ પણ પાપ છે અને અશુભભાવ પણ પાપ છે. પરને જિવાડી શકું છું, તેને સાધન આપી શકું છું એ માન્યતા મિથ્યાત્વ છે પણ ભાવ છે તે શુભ પુણ્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત છે. ઝીણી વાત, ભાઈ!

ભગવાન વીતરાગ પરમાત્મા, એને સ્પષ્ટ કરે છે. પ્રભુ! તું બીજા જીવનું કાંઈ પણ કરી શકે, સુખી, દુઃખી, જીવન, મરણ, એ તારો અભિપ્રાય મિથ્યા છે. કારણ કે તેના કર્મોદયના કારણે જીવે છે, સુખી-દુઃખી થાય છે, મરે છે તે તેના કર્મને કારણે અને તું કહે કે, હું એને જિવાડું છું, હું સુખી કરું છું એ તારો અભિપ્રાય મિથ્યાત્વ છે. પણ એ મિથ્યાત્વમાં સુખી કરું છું અથવા જિવાડું છું એવા પરિણામ છે પુણ્ય છે. મિથ્યાદૃષ્ટિ સહિત પુણ્ય છે. આવી વાત છે. પરને મારી શકું છું અને દુઃખી કરી શકું છું એ અભિપ્રાય મિથ્યાત્વ છે અને તેની સાથે અશુભ પરિણામ છે તે પાપ છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. આ તમારા પૈસા-બૈસામાં ક્યાંય આ વાત નથી. ઘણા અબજોપતિ 'અમેરિકા'માં હેરાન છે. અબજોપતિ બિચારા હેરાન.. હેરાન.. પછી 'કૃષ્ણ હરે, કૃષ્ણ હરે (કરે)'. 'મુંબઈ'માં આવે છે. ધૂળેય

ભાન ન મળે. છે ને 'મુંબઈ'માં? ખબર છે ને, જોયા છે ને. એમ કે, ન્યાંથી કંટાળી ગયા. અબજો રૂપિયામાં ક્યાંય સુખ નથી. હવે 'કૃષ્ણ હરે, કૃષ્ણ હરે' લૂગડાં પહેરીને કરે છે. ધૂળમાંય નથી. 'કૃષ્ણ હરે' તો આ આત્મા છે. 'કર્મ ક્ષે સે કૃષ્ણ કહીએ અને અજ્ઞાન ને રાગ-દ્વેષ હરે સો હરિ કહીએ.' સમજાણું કાંઈ? 'આનંદઘનજી'માં શબ્દ છે, શ્વેતાંબરમાં 'આનંદઘનજી' થઈ ગયા ને? બધું જોયું છે ને. 'આનંદઘનજી'એ એમ લખ્યું છે, કે કર્મ ક્ષે સો કૃષ્ણ કહીએ. જે કર્મ વિકારભાવ છે તેને કૃષીને નાશ કરી દે તે કૃષ્ણ છે. અને અજ્ઞાન ને રાગ-દ્વેષને હરે, નાશ કરે તે હરિ છે. એ હરિ અને કૃષ્ણ આ આત્મા છે. અરે..! ક્યાં પણ અત્યારે વાત (છે)?

દુનિયાની ગુંચવણમાં બિચારો ગુંચાઈ ગયો. આહાહા..! મારું શું થશે? હું ક્યાં જઈશ? મારા ઉતારા ક્યાં થશે? દેહ તો છૂટવાનો છે, આત્મા કાંઈ નાશ થવાનો છે? આત્માનો નાશ થતો નથી. તો ક્યાં જશે? આહાહા..! મિથ્યાત્વભાવ જ્યાં છે તે નરક, નિગોદ, તિર્યંચ આદિમાં જશે. આહાહા..! અહીં કહે છે, કદાચિત્ જીવના સુખી-દુઃખીના ભાવ હો, એ મિથ્યાદૃષ્ટિ છે, પુણ્ય બંધાશે. કદાચિત્ પુણ્યને કારણે સ્વર્ગમાં પણ જાય પણ દૃષ્ટિ મિથ્યાત્વ છે તો પરંપરામાં મિથ્યાત્વનું જ પોષણ છે. આકરી વાત છે, ભાઈ! શું કહે છે? જુઓ!

એ 'શુભાશુભ બંધનું કારણ છે.' એમ કહ્યું ને? શું? હું પરને જિવાડી શકું છું અને સુખના સાધન આપી શકું છું એ માન્યતા મિથ્યાત્વ છે પણ જિવાડું છું, સુખી કરું છું એવો ભાવ જે છે તે પુણ્ય છે, મિથ્યાદૃષ્ટિ સહિત પુણ્ય છે. તેરાપંથીની પેઠે નથી, કે મિથ્યાદૃષ્ટિ સહિત તે (ભાવ) પણ પાપ છે. સમજાણું કાંઈ? એ પુણ્ય છે (તો) અઘાતિકર્મ બંધાશે. 'सुहासुहं कम्मं' છે ને શુભકર્મ બંધાશે. શાતા બંધાશે, જશકીર્તિ આદિ બંધાશે. અને પાપ છે, પરને મારી શકું છું, દુઃખી કરી શકું છું, એ અભિપ્રાય–આશય મિથ્યાત્વ છે, અજ્ઞાન છે પણ તે મારવાનો ભાવ અને દુઃખી કરવાનો ભાવ છે તે અશુભભાવ છે. મિથ્યાદૃષ્ટિ સહિત અશુભભાવ છે. અને અજ્ઞાનીનો મિથ્યાદૃષ્ટિ સહિત જિવાડું, સુખી કરું એવો ભાવ મિથ્યાદૃષ્ટિ સહિત શુભભાવ છે. આરે..! આવી વાતું છે. સમજાણું કાંઈ? અહીં કોઈ પક્ષ નથી, વાડો નથી, આ તો વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ કહે એ વાત છે. સ્થાનકવાસી ને આ તેરાપંથી ને અહીં એ કોઈ પંથ નથી. આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ જે વસ્તુ કહે છે તે ચીજ છે. આહા..! શું આવ્યું? જુઓ!

'તેને (–મિથ્યાદૃષ્ટિને) શુભાશુભ બંધનું કારણ છે.' પરને જિવાડું છું, સાધન આપી શકું છું, સુખી (કરું છું), એ ભાવ શુભ છે (તેથી) પુણ્યબંધ કરશે. છે મિથ્યાદૃષ્ટિ એટલે મહા મિથ્યાત્વનું પાપ સાથે છે. સમજાણું કાંઈ? પરને મારી શકું છું, દુઃખી કરી શકું છું એવો અભિપ્રાય છે તે મિથ્યાત્વ છે અને ભાવ છે તે પણ અશુભ છે, મિથ્યાદૃષ્ટિ સહિત અશુભભાવ છે. તેમાં મિથ્યાદૃષ્ટિ સહિત શુભભાવ છે, એટલો ફેર છે. બાકી બેય મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

ભાવાર્થ :– 'મિથ્યા અધ્યવસાય બંધનું કારણ છે.' ભાવાર્થ છે? એ મિથ્યા અભિપ્રાય–અધ્યવસાય છે 'હું પરને જિવાડું, મારું છું' એ જ મહાપાપ છે. આહાહા..!

# ગાથા–૨૬૦-૨૬૧

अथाध्यवसायं बन्धहेतुत्वेनावधारयति -

दुक्खिदसुहिदे सत्ते करेमि जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।।२६०।।
मारिमि जीवावेमि य सत्ते जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।।२६१।।

दुःखितसुखितान् सत्त्वान् करोमि यदेवमध्यवसितं ते।
तत्पापबन्धकं वा पुण्यस्य वा बन्धकं भवति।।२६०।।
मारयामि जीवयामि वा सत्त्वान् यदेवमध्यवसितं ते।
तत्पापबन्धकं वा पुण्यस्य वा बन्धकं भवति।।२६१।।

य एवायं मिथ्यादष्टेरज्ञानजन्मा रागमयोऽध्यवसायः स एव बन्धहेतुः इत्यवधारणीयम्। न च पुण्यपापत्वेन द्वित्वा द्वन्धस्य तद्धेत्वन्तरमन्वेष्टव्यं; एकेनैवानेनाध्यवसायेन दुःखयामि मारयामि इति, सुखयामि जीवयामीति च द्विधा शुभाशुभाहङ्कारसनिर्भरतया द्वयोरपि पुण्यपापयोर्बन्धहेतुत्वस्याविरोधात्।

---

હવે, અધ્યવસાયને બંધના કારણ તરીકે બરાબર નક્કી કરે છે - ઠરાવે છે (અર્થાત્ મિથ્યા અધ્યવસાય જ બંધનું કારણ છે એમ નિયમથી કહે છે) :-

કરતો તું અધ્યવસાન - 'દુખિત-સુખી કરું છું જીવને',
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦.
કરતો તું અધ્યવસાન - 'મારું જિવાડું છું પર જીવને',
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.

ગાથાર્થ :– `[ सत्त्वान् ] હું જીવોને [ दुःखितसिखितान् ] દુઃખી-સુખી [ करोमि ] કરું છું' [ एवम् ] આવું [ यत् ते अध्यवसितं ] જે તારું *અધ્યવસાન, [ त त् ] તે

---

* જે પરિણમન મિથ્યા અભિપ્રાય સહિત હોય (-સ્વપરના એકત્વના અભિપ્રાય સહિત હોય) અથવા વૈભાવિક હોય તે પરિણમન માટે અધ્યવસાન શબ્દ વપરાય છે. (મિથ્યા) નિશ્ચય કરવો, (મિથ્યા) અભિપ્રાય કરવો - એવા અર્થમાં પણ તે શબ્દ વપરાય છે.

જ [ पापबन्धकं वा ] પાપનું બંધક [ पुण्यस्य बन्धकं वा ] અથવા પુણ્યનું બંધક [ भवति ] થાય છે.

'[ सत्त्वान् ] હું જીવોને [ मारयामि च जीवयामि ] મારું છું અને જિવાડું છું' [ एवम् ] આવું [ यत् ते अध्यवसितं ] જે તારું અધ્યવસાન, [ तत् ] તે જ [ पापबन्धकं वा ] પાપનું બંધક [ पुण्यस्य बन्धकं वा ] અથવા પુણ્યનું બંધક [ भवति ] થાય છે.

ટીકા :- મિથ્યાદૃષ્ટિને જે આ અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય છે તે જ બંધનું કારણ છે એમ બરાબર નક્કી કરવું. અને પુણ્ય-પાપપણે (પુણ્ય-પાપરૂપે) બંધનું બે-પણું હોવાથી બંધના કારણનો ભેદ ન શોધવો (અર્થાત્ એમ ન માનવું કે પુણ્યબંધનું કારણ બીજું છે અને પાપબંધનું કારણ કોઈ બીજું છે;) કારણ કે એક જ આ અધ્યવસાય 'દુઃખી કરું છું, મારુ છું' એમ અને 'સુખી કરું છું, જિવાડું છું' એમ બે પ્રકારે શુભ-અશુભ અહંકારરસથી ભરેલાપણા વડે પુણ્ય અને પાપ - બન્નેના બંધનું કારણ હોવામાં અવિરોધ છે (અર્થાત્ એક જ અધ્યવસાયથી પુણ્ય અને પાપ - બન્નેનો બંધ થવામાં કોઈ વિરોધ નથી.)

ભાવાર્થ :- આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે. તેમાં, 'જિવાડું છું, સુખી કરું છું' એવા શુભ અહંકારથી ભરેલો તે શુભ અધ્યવસાય છે અને 'મારું છું, દુઃખી કરું છું' એવા અશુભ અહંકારથી ભરેલો તે અશુભ અધ્યવસાય છે. અહંકારરૂપ મિથ્યાભાવ તો બન્નેમાં છે; તેથી અજ્ઞાનમયપણે બન્ને અધ્યવસાય એક જ છે. માટે એમ ન માનવું કે પુણ્યનું કારણ બીજું છે અને પાપનું કારણ બીજું છે. અજ્ઞાનમય અધ્યવસાય જ બન્નેનું કારણ છે.

---

## ગાથા-૨૬૦-૨૬૧ ઉપર પ્રવચન

---

'હવે, અધ્યવસાયને બંધના કારણ તરીકે બરાબર નક્કી કરે છે-ઠરાવે છે (અર્થાત્ મિથ્યા અધ્યવસાય જ બંધનું કારણ છે એમ નિશ્ચયથી કહે છે) :-' ૨૬૦ ને?

दुक्खिदसुहिदे सत्ते करेमि जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।।२६०।।
मारिमि जीवावेमि य सत्ते जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।।२६१।।

કરતો તું અધ્યવસાન - 'દુખિત-સુખી કરું છું જીવને',
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦.
કરતો તું અધ્યવસાન - 'મારું જિવાડું છું પર જીવને',
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.

જે શુભાશુભ કહ્યું ને? તેનો ખુલાસો કર્યો.

ટીકા :– 'મિથ્યાદૃષ્ટિને...' દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! મહાપાપ છે. 'જે આ અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય છે તે જ બંધનું કારણ છે...' રાગમય એકત્વબુદ્ધિ જ બંધનું કારણ છે 'એમ બરાબર નક્કી કરવું.' આહાહા..! પરને જિવાડું છું, સુખી, દુઃખી કરું છું, મારું છું એ અધ્યવસાય દૃષ્ટિ જ મિથ્યાદૃષ્ટિ છે એમ નિશ્ચય કરવો જોઈએ, બરાબર નિશ્ચય કરવો જોઈએ, બરાબર નિશ્ચય કરવો. બીજાને કંઈ આપું છું તો આત્માને લાભ થશે. બિલકુલ નહિ, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહાહા..!

અત્યારે તો બધા મોટા શેઠિયાઓ પૈસા આપે એને દાનવીર (ની પદવી આપે છે). ભાઈએ–'હુકમચંદજી'એ લખ્યું છે, બધા યશના લોભીઓ એની પાસે પૈસા પાંચ-પચીસ લાખ પડાવે અને એને દાનવીરની ઉપમા આપે. પણ કોઈ જ્ઞાનીને, સાચા જ્ઞાની, સાચા પંડિતને જ્ઞાનવીરની ઉપમા આપી? આહાહા..! હવે પાંચ-પચાસ લાખ, કરોડ, બે-પાંચ-પચીસ કરોડ હોય અને એમાં લાખ, બે લાખ ખર્ચે ત્યાં દાનવીર કરી દીધા, ધૂળમાં. અને તે પણ યશના લોભી. અમારું નામ બહાર રહે. તખ્તી ચોડે એમાં નામ રહે. ચોપાનીયામાં આવે કે, અમારું નામ આવ્યું છે, જુઓ! અમે દસ લાખ આપ્યા છે. અહીં તો ચોખ્ખી (વાત છે). એવો અભિપ્રાય છે તે દાનવીર નથી, એ તો કંજૂસ છે. આહાહા..! કારણ કે પૈસા આપીને પરિમિતતા–પૈસા ઘટાડ્યા એમ નથી. પૈસાની કમાણીમાં વધારવાનો ભાવ તો છે જ. આહાહા..! ઘટાડ્યા ક્યારે કહેવાય? જ્યારે સમ્યગ્દર્શન સહિત પરિગ્રહનું પરિમાણ કરે તો એ પરિમાણવાળાએ ઘટાડ્યા. એણે રાગ ઘટાડ્યો. પણ અહીંયાં તો પાંચ લાખની પેદાશ હોય એમાંથી પાંચ લાખ આપી દે તોપણ શું છે? આહા..! એ તો મિથ્યાદૃષ્ટિ છે, માને છે, કે મેં આ આપ્યા ને અમારો જશ રહ્યો. જશ મળ્યો તો જીવન સફળ થયું. હેં?

મુમુક્ષુ :– પ્રભાવના તો છે.

ઉત્તર :– પ્રભાવના શું? અંદર મિથ્યાદૃષ્ટિ થયો. બહારમાં પ્રભાવના તો, એનો ભાવ હોય તો તેને કારણે થાય છે, શુભભાવ થાય તો તેને કારણે થાય છે, તારે કારણે થતો નથી. ઝીણી વાત છે, ભગવાન! આહાહા..!

અહીં તો શુભાશુભને બંધનું કારણ કહ્યું હતું ને, તેનો ખુલાસો કર્યો કે, પુણ્ય-પાપનો બંધ છે. છે? જુઓ! 'મિથ્યાદૃષ્ટિને જે આ અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય...' રાગમય એકત્વબુદ્ધિ છે ને? 'બંધનું કારણ છે એમ બરાબર નક્કી કરવું. અને પુણ્ય-પાપપણે (પુણ્ય-પાપરૂપે) બંધનું બે-પણું હોવાથી બંધના કારણનો ભેદ ન શોધવો...' શું કહે છે? એકને મિથ્યાદૃષ્ટિ સહિત પુણ્ય બંધાય છે અને એકને મિથ્યાદૃષ્ટિ સહિત પાપ બંધાય છે, પણ એવા પુણ્ય-પાપમાં ભેદ ન કરવો. બંધ બન્નેને છે. સમજાણું કાંઈ?

અબંધસ્વરૂપી ભગવાનઆત્મા, પૂર્ણાનંદ સ્વરૂપ અંદર મુક્તસ્વરૂપ પ્રભુઆત્મા છે તેની

દૃષ્ટિ કરવાથી આત્માને સમ્યગ્દર્શન થાય છે. એ અબદ્ધસ્વરૂપને નહિ જાણીને પરને હું સુખી, દુઃખી કરું છું એવો આત્મામાં મિથ્યા અભિપ્રાય કરે છે, એ કહે છે, કે ભલે કોઈ જિવાડવાનો, સુખી કરવાનો શુભભાવ હો, અને પાપનો અશુભભાવ હો, પણ પુણ્ય અને પાપમાં ભેદ ન જાણવો. બન્ને બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? આકરું કામ, ભાઈ! દુનિયાથી જુદું પડવું બહુ આકરું કામ, ભાઈ! આહાહા..!

વીતરાગ ત્રણલોકના નાથ ઇન્દ્રોની સમક્ષમાં પોકાર કરે છે એ વાત છે. મહાવિદેહમાં પરમાત્મા બાર સભામાં આ વાત કરે છે. આહા..! એ વાત અહીંયાં આવી છે. આહા..! કહે છે, કે ભાઈ! પ્રભુ! તું કોણ છો? શું તું પરનું કાંઈ કરી શકે છે? સુખી-દુઃખી, જીવન, મરણ (કરી શકે છે)? હા, તારા અભિપ્રાયમાં એમ હોય કે, હું જીવન, મરણ કરું છું તો તારો એ અભિપ્રાય મિથ્યાત્વ છે. જીવન (આપવાનો) અને સુખી કરવાનો ભાવ શુભ છે અને મરણ ને દુઃખી કરવાનો ભાવ અશુભ છે, પણ એ શુભ-અશુભનો ભેદ ન કરવો. બન્ને બંધ છે, એમ કહે છે. આહાહા..!

ત્રીજી એક અપેક્ષા એવી છે, કે 'પાપ પાપને સહુ કહે, પણ અનુભવીજન પુણ્યને પાપ કહે' 'યોગીન્દ્રદેવ'માં આવે છે. 'યોગીન્દ્રદેવ'ના દોહરા છે. આહાહા..! અનુભવીજન– આત્મા આનંદનો નાથ પ્રભુ, સચ્ચિદાનંદ સ્વરૂપનો જેને અનુભવ, સમ્યગ્દર્શન થયું એ અનુભવી તો એમ કહે છે, કે અશુભભાવ તો પાપ છે જ, પણ શુભભાવ પુણ્ય છે તે પણ અનુભવની અપેક્ષાએ પાપ છે. આહાહા..! આકરું કામ. અનાદિ ચોરાશીના અવતારમાં પરિભ્રમણ કરતા કરતા માંડ મનુષ્યપણું મળ્યું. આહાહા..! એમાં જો આત્માનો દોર ન સંભાળ્યો અંદર, આહા..! ત્રણલોકનો નાથ શુદ્ધ આનંદઘન પ્રભુની દૃષ્ટિ ન કરી અને પરનો કર્તા ને ભોક્તા માની લીધું, પ્રભુ! તારું શું થશે? તારી ગતિ ક્યાં થશે? તું ક્યાં જઈશ? આહાહા..! ત્યાં કોઈ બહારની સફારશ કામ નહિ આવે. સફારશ શું કહે છે? બહારની સફારશ, અમને હજારો માનતા હતા, લાખો માનતા હતા એ ત્યાં કામ નહિ આવે. દુર્ગતિમાં જઈશ તો શરણ નહીં મળે કોઈનું મારી આબરૂ મોટી હતી ને? તારી આબરૂનું શું છે? 'ભાગચંદજી'! આહાહા..! અરે.. પ્રભુ!

અહીંયાં તો કહે છે, કે પરને જિવાડું, મારું, સુખ-દુઃખ આદિ કરું, એ મિથ્યાદૃષ્ટિ છે. ભલે પુણ્ય અને પાપમાં ફેર હો, પણ નિશ્ચયથી બંધમાં ફેર નથી. આહાહા..! છે? '(અર્થાત્ એમ ન માનવું કે પુણ્યબંધનું કારણ બીજું છે અને પાપબંધનું કારણ કોઈ બીજું છે; કારણ કે એક જ આ અધ્યવસાય 'દુઃખી કરું છું, મારુ છું' એમ અને 'સુખી કરું છું, જિવાડું છું' એમ બે પ્રકારે શુભ-અશુભ અહંકારરસથી ભરેલાપણા વડે પુણ્ય અને પાપ - બન્નેના બંધનું કારણ હોવામાં અવિરોધ છે...' પુણ્ય અને પાપ બરાબર બંધના કારણ છે, એમાં કોઈ વિરોધ નથી. આહાહા..! સોનાની બેડી અને લોઢાની બેડી. પુણ્યભાવ એ સોનાની બેડી

છે. લોઢા કરતાં સોનામાં ચીકાશ વધારે છે. લોઢાની બેડી હોય છે ને? લોઢાની, એ બહુ ઘસાય નહિ. પણ સોનાની બેડી હોય તો ઘસાય બહુ, ચીકાશ બહુ છે, વજન બહુ છે. પુણ્યભાવ છે તે સોનાની બેડી છે. પ્રભુ.. પ્રભુ...! જગતથી નિરાળી વાત છે, ભાઈ! પાપ તે લોઢાની બેડી પણ બન્ને બેડી છે. સોનાની બેડી તો બહુ આકરી, સોનાની પહેરાવી હોય તો ચાલી શકે નહિ. લોઢાની હોય તો થોડું થોડું ચાલી શકે અને ઘસાય જાય. સોનાની બેડી હોય તો પગ ઘસાય, લોઢાની બેડીમાં પગ ન ઘસાય. અરે..રે...! આહાહા..!

અહીં પરમાત્મા એમ કહે છે, કે પુણ્ય-પાપના બંધમાં ફેર ન માનવો. પરને જિવાડું છું અને સુખી કરું છું તો પુણ્યબંધ મિથ્યાદૃષ્ટિ સહિત થશે. અને પરને હું મારી શકું છું, દુઃખી કરી શકું છું, એ મિથ્યાદૃષ્ટિ સહિત પાપ છે, એ પુણ્ય-પાપમાં ફેર ન માનવો. આહાહા..! અરે..રે...! આવું કરવાનો ક્યાં વખત મળે? અનંતકાળથી રખડે છે. નરક, નિગોદ... આહાહા..! કેટલાક જીવ તો હજી ઇયળ થયા નથી, એમ ભગવાન કહે છે. ભગવાન પરમાત્મા એમ કહે છે, કે એટલા જીવ કાંદા, લસણ આદિ, લીલ, ફૂગમાં એટલા જીવ પડ્યા છે, કે અનંતકાળ થયો તોપણ હજી ત્રસ થયા નથી. એટલા જીવ ત્યાં પડ્યા છે. ત્રસ નથી થયા. આહાહા..! ઇયળ.. ઇયળ! ઇયળ કહે છે ને? લટ. લટ નથી થયા. ત્યાં ને ત્યાં નિગોદમાં અનાદિથી પડ્યા છે. આહાહા..! એ તો થયો નહિ તો મનુષ્ય તો ક્યારે થાય? એવા અનંત અનંતગુણા જીવ પડ્યા છે. ત્યાં પણ શુભાશુભભાવ થાય છે, હોં! કાંદામાં, લસણમાં, લીલ, ફૂગના જીવમાં પરમાત્મા કહે છે, કે ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ તો થાય જ છે. ભલે દયા, દાન આદિ ન હો, પણ ભાવ તો અંદર શુભ અને અશુભ બન્ને થાય છે. શું કહ્યું? લસણ અને કાંદામાં જે જીવ છે તે અનંત છે. તો દરેક પ્રાણીને ક્ષણે શુભ અને ક્ષણે અશુભ, એવી કર્મધારા એને ક્ષણે ક્ષણે બંધાય જ છે. એ કોઈ નવી ચીજ નથી. આહાહા..! ત્યાં તો કંઈ પૈસા આપવા, આહાર દેવો એવું તો કાંઈ છે નહિ. ત્યાં તો મન અને વાણી પણ નથી, એક કાયા છે. કાયાનું શું કામ છે? આત્મા છે ને, તો અંદર રાગની મંદતાથી શુભભાવ પણ થાય છે. શુભભાવથી પુણ્ય બંધાય તો એમાં ને એમાં કોઈ પર્યાપ્તપણે, બાદરપણે જન્મે. આહાહા..! અરે..! શું કહ્યું સમજાણું? નિગોદમાં પુણ્ય-પાપના ભાવ ક્ષણે ક્ષણે થાય છે. તેને મન અને વચન છે નહિ. એક કાયા જ છે. આ વનસ્પતિ, લ્યો. લીમડો. એક એક પાંદડાંમાં અસંખ્ય જીવ છે. એક એક જીવ ક્ષણે ક્ષણે શુભ-અશુભ, શુભ-અશુભનો બંધ કરે છે. એ કહે છે.

'કારણ કે એક જ આ અધ્યવસાય 'દુઃખી કરું છું, મારુ છું' એમ અને 'સુખી કરું છું, જિવાડું છું' એમ બે પ્રકારે શુભ-અશુભ અહંકારરસથી ભરેલાપણા વડે...' અભિમાન તો બન્નેનું છે, કહે છે. હું સુખી કરું છું, હું જિવાડું છું. આહાહા..! આ કહ્યું નહોતું? 'ગોવા'. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. છે હજી, છોકરાઓ છે. બે અબજ ચાલીસ કરોડ, બસો

ચાલીસ કરોડ રૂપિયા. શું? બસો ચાલીસ કરોડ-ધૂળ. આહાહા..! બહુ પાપ કરે. મેંગેનીઝ ને ત્રણસો તો બોટ છે. એક એક લાખ રૂપિયાની બોટ. મેંગેનીઝ નીકળ્યું છે. એક દેશમાંથી બીજા દેશમાં (મોકલવા) ત્રણસો તો બોટ છે. એક એક લાખની ત્રણસો (બોટ). દરિયામાં મોટો ગૃહસ્થ છે, જૈન છે-સ્થાનકવાસી છે. હેં?

મુમુક્ષુ :- અંબાજીને માને.

ઉત્તર :- પણ અંબાજીને માને. મૂરખ. આહાહા..! એને કહ્યું, બહુ પાપ કરતો હતો, એના બનેવી.. શું નામ? એના બનેવીના? આ 'પોપટભાઈ' આવે છે, 'લીંબડી'ના. એની બે દીકરીઓ બાળ બ્રહ્મચારી છે. એના બેનની દીકરીઓ. 'શાંતિલાલ'ની બેનની દીકરીઓ. બે અબજ ચાલીસ કરોડ. એને કહ્યું, કે તમે હવે આ શું કરવા કરો છો? આટલા બધા પૈસા છે. એના બનેવી 'પોપટભાઈ'એ કહ્યું, અહીં આવે છે. ત્યારે કહે, 'શું હું આ પૈસા માટે કરું છું? હજારો માણસો નભે છે.' જુઓ! આ પાગલપણાને જુઓ. પાગલ થઈ ગયો, પાગલ. હું તો હજારો માણસો નભે છે માટે કરું છું. આટલા બે અબજ ચાલીસ કરોડ રૂપિયા, દસ-દસ, પંદર-પંદર, વીસ કરોડની વર્ષની ઊપજ, હવે તારે શું કરવું છે? સમજાણું કાંઈ? એ મરીને ભાઈ એક ક્ષણમાં (ચાલ્યા ગયા). બૈરાંને હેમરેજ થયેલું. ત્યાંથી-'ગોવા'થી 'મુંબઈ' લાવ્યા. હેમરેજમાં ... પડી હતી. આને એકદમ હાર્ટ (એટેક) આવ્યો. બાલાવો ડૉક્ટરને, મને દુઃખે છે, મને દુઃખે છે. ડૉક્ટર આવે ત્યાં... જાઓ...! અરે...! રખડવા, ચાર ગતિમાં રખડશે. એ પૈસા બધા બે અબજ ને ચાલીસ કરોડ પડ્યા રહ્યા. આહાહા..! પશુમાં, ઢોરમાં, તિર્યંચમાં ગયા હશે. નરકમાં તો ન જાય. માંસ આદિ ન (ખાતા હોય) એટલે (ત્યાં તો ન જાય).

તિર્યંચની મોટી ખાણ છે. પંચેન્દ્રિય તિર્યંચ એટલા છે કે તેમાં ઘણા જાય છે અને ત્યાંથી નીકળીને સ્વર્ગમાં પણ ઘણા તિર્યંચ જાય છે. પંચેન્દ્રિય તિર્યંચ, હોં! અસંખ્ય અસંખ્ય પડ્યા છે. એમાંથી કેટલીક વાર તો લાખો, કરોડો એક સમયમાં સ્વર્ગમાં જાય છે, એવો શાસ્ત્રમાં પાઠ છે. પંચેન્દ્રિય તિર્યંચની એટલી સંખ્યા છે. અસંખ્ય દ્વીપ સમુદ્રમાં (છે). આહા..! ભગવાને કહ્યું એ વાત છે. આહા..!

અહીં કહે છે, કે હું પરના લાભ માટે કરું છું (એ) મિથ્યાત્વનો અહંકાર છે. એ કહે છે ને? 'અહંકારરસથી ભરેલાપણા વડે પુણ્ય અને પાપ-બન્નેના બંધનું કારણ હોવામાં અવિરોધ છે...' બિલકુલ ફેર નહિ, એ તો પુણ્ય બંધાય કે પાપ બંધાય પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અરે..! તમારા તો ગામમાં છે ને, 'ભાગચંદજી'! તેરાપંથી તમારા ગામમાં 'સરદારશહેર'માં છે. એક તેરાપંથી અહીંયાં આવ્યો હતો. ઘણા વર્ષ પહેલા આવ્યો હતો. હેં?

મુમુક્ષુ :- ઘણા ઘર છે.

ઉત્તર :- હા, એટલા ઘર છે. અને એક તેરાપંથી ઘણા વર્ષ પહેલા આવ્યો હતો. એને કહ્યું, કે ભાઈ! આ માર્ગ જુદો છે. આ પુણ્ય છે એ તો બંધનું કારણ છે. હું ક્રિયા

કરી શકું છું, એ તો મિથ્યાત્વ છે. એ માણસ કહે, ... એવી વાત છે. તેરાપંથી આવ્યો હતો. આ વાત ક્યાં મળે? શું કરે? પ્રભુ! આહાહા..!

અરે..! પ્રભુ! તારો છૂટકો કેમ થાય? આહાહા..! એવા બંધન તો અનંતવાર કર્યા. કારણ કે શુભ-અશુભભાવ તો નિગોદમાં થાય છે. લીમડાનું પાંદડું છે ને? એક એક પાંદડામાં અસંખ્ય જીવ છે. દરેક જીવ ક્ષણે (ક્ષણે) શુભ-અશુભ, શુભ-અશુભ ત્યાં કરે જ છે. સિદ્ધાંતમાં ભગવાનનો એવો પાઠ છે. આહાહા..! ત્યાં કંઈ દાન દેવું, પૈસા દેવા એ બધું છે નહિ, મન, વચન નથી, પણ આત્મા છે ને! આહા..! રાગની મંદતાનો ભાવ થાય છે તો તેને શુભ પણ થાય છે, અશુભ પણ થાય છે. પણ ત્યાં ને ત્યાં રહે છે. અરે..રે..! સમજાણું કાંઈ?

‘(એક જ અધ્યવસાયથી પુણ્ય અને પાપ–બન્નેનો બંધ થવામાં કોઈ વિરોધ નથી).’ આહાહા..! ૨૬૧ થઈને?

ભાવાર્થ :– ‘આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે.’ આહાહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે, એ માન્યતા જ તદ્દન મિથ્યાત્વ છે. ‘ભાગચંદજી’ કહેતા નહોતા? છએ દ્રવ્ય નકામા છે? પર્યાય વિનાના (છે)? તો બીજો તેની પર્યાય કરે. કોઈ પદાર્થ પોતાની પર્યાય વિનાનો નકામો છે કે બીજો જીવ તેની પર્યાય કરે? શું કહ્યું? શું કહ્યું? જગતમાં અનંત આત્માઓ છે, તો અનંત આત્મામાં કોઈ દ્રવ્ય પર્યાય વિનાનું છે? કાર્ય–પર્યાયરૂપી કાર્ય કર્યા વિના કોઈ દ્રવ્ય રહે છે? પર્યાય વિના, કાર્ય કર્યા વિના રહેતું નથી તો તું બીજો શું કરી શકે? ‘ભાગચંદજી’ તમારામાં આવે છે ને? કોઈ (દ્રવ્ય) નકામું નથી. નકામાનો અર્થ– દરેક દ્રવ્ય–વસ્તુ, આત્મા કે પરમાણુ, વર્તમાનમાં પર્યાયરૂપી કાર્ય કરે જ છે. એ પર્યાયરૂપી કાર્ય વિનાની કોઈ ચીજ નથી. તો તું બીજાનું શું કરીશ? આહાહા..! હેં?

મુમુક્ષુ :– બે ભેગા થઈને કાર્ય ન કરી શકે?

ઉત્તર :– બે ભેગા છે ક્યાં? એકડે એક ને બગડે બે. હું કરું છું, એ મિથ્યાત્વમાં બગડ્યો. આહાહા..!

જ્ઞાનીને પણ એવો ભાવ આવે છે. સમજાણું? પણ હું પરને સુખી, દુઃખી કરું છું અને મેં લઈ-દઈ શકું છું એવી માન્યતા નથી. એ માન્યતા (–ક્રિયા) કાળે હું નિમિત્તમાત્ર છું. કોઈ સાધુ આવ્યા, આહાર-પાણી આપ્યા. એ ક્રિયા તો તેને કારણે થઈ, હું કર્તા નથી, એમ જ્ઞાની માને છે. અને હું તો પરની ક્રિયાકાળમાં નિમિત્ત છું, કર્તા નહિ. આહાહા..! આવી વાતું હવે. પાઠ છે, હોં! ‘જયસેનાચાર્યદેવ’ની ટીકામાં (છે).

જ્ઞાનીને પણ એવો વિકલ્પ આવે છે. કોઈને દુઃખી જોઈને વિકલ્પ આવે છે. પણ એ પરને હું બચાવી શકું છું, આપી શકું છું, એવી માન્યતા નથી. હું તો તેમાં નિમિત્તમાત્ર છું. આહાહા..! એ શુભભાવ વિકલ્પ, રાગ આવ્યો તો પુણ્યબંધ થશે. આહાહા..!

ધર્મીને અશુભભાવ આવ્યો. કોઈને, શત્રુને મારવાનો વિકલ્પ (આવ્યો) તો હું મારી શકું છું એવી માન્યતા નથી. ભાવ આવ્યો, ભાવને સમજે છે, કે હું પરમાં નિમિત્તમાત્ર છું. એ ભાવ સમ્યગ્દર્શન સહિત છે તો થોડું પાપ બંધાય છે. અરે..! આવી વાતું. હેં? સમ્યગ્દષ્ટિ જ્ઞાની, 'બાહુબલી' અને 'ભરત' ચક્રવર્તી બન્નેએ લડાઈ કરી. સમકિતી હતા. વિકલ્પ આવ્યો, એ ક્રિયા થાય છે, હું તો નિમિત્ત છું, એમ બન્ને માનતા હતા. આહાહા..! સમજાણું કાંઈ? મને જરી અશુભભાવ આવ્યો તો પાપબંધ થશે. સમ્યગ્દર્શન સહિત, હોં! અને શુભભાવ આવ્યો, કોઈને દુઃખી જોઈને પાંચ-પચીસ હજાર આપ્યા, આહાર-પાણી આપ્યા. એ ક્રિયા મેં કરી એમ નથી માનતા. હું તો એ ક્રિયામાં નિમિત્તમાત્ર છું. એ શુભભાવમાં એને પુણ્ય બંધાશે. સમ્યગ્દર્શન સહિત પુણ્ય બંધાશે. અને મિથ્યાદૃષ્ટિને હું સુખી, દુઃખી કરું છું, હું તેને જિવાડું છું, મેં અનુકૂળ સામગ્રી આપી એવી એકત્વબુદ્ધિના મિથ્યાત્વ સહિત, જિવાડું છું, સુખી કરવાનો ભાવ પુણ્ય છે અને પરને દુઃખી કરવાનો, મારવાનો ભાવ પાપ છે. પુણ્ય અને પાપ બન્ને બંધના કારણ છે. આવું ક્યારે યાદ રાખવું? આ દુનિયાની મીઠાશ, ઝેરની મીઠાશ, સર્પની મીઠાશ (છે). આહાહા..! એ મીઠાશ મૂક્યા વિના પ્રભુ! આ વાત બેસે નહિ, નાથ! આહાહા..!

'અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે. તેમાં, 'જિવાડું છું, સુખી કરું છું' એવા શુભ અહંકારથી ભરેલો તે શુભ અધ્યવસાય છે...' જોયું? શુભ અધ્યવસાય (છે). 'અને 'મારું છું, દુઃખી કરું છું' એવા અશુભ અહંકારથી ભરેલો તે અશુભ અધ્યવસાય છે. અહંકારરૂપ મિથ્યાભાવ તે બન્નેમાં છે;...' બન્નેમાં એ છે. 'તેથી અજ્ઞાનમયપણે બન્ને અધ્યવસાય એક જ છે.' અજ્ઞાનની અપેક્ષાએ એક જ છે. 'માટે એમ ન માનવું કે પુણ્યનું કારણ બીજું છે અને પાપનું કારણ બીજું છે. અજ્ઞાનમય અધ્યવસાય જ બન્નેનું કારણ છે.' આહાહા..! મિથ્યા અભિપ્રાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું શું કરે? પ્રભુ! શરીર આમ હલે એ આત્મા હલાવી શકે નહિ. અહીંયાં ડગ ભરે છે, ડગ ભરવાની ક્રિયા જડની છે, આત્મા કરતો નથી. આત્માની પ્રેરણાથી શરીર ચાલતું જ નથી. આ વાત અને એ ડગ ભરે છે તો એ ડગ જમીનને અડતો નથી. પાગલ જેવી વાત લાગે. આહા..!

ભગવાન એમ કહે છે, કે એક દ્રવ્ય અને બીજા દ્રવ્યની પર્યાય વચ્ચે અત્યંત અભાવ છે. અભાવ છે તો પરને અડે ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ? આ હાથ છે, જુઓ! એ અહીંયાં અડે છે? ના. એકબીજામાં અત્યંત અભાવ છે. આ પરમાણુની પર્યાય અને આ પરમાણુની પર્યાય વચ્ચે અત્યંત અભાવ છે. અભાવ છે એમાં અડે છે એમ ક્યાંથી આવ્યું? અડે છે, ચૂંબે છે, સ્પર્શે છે એ ક્યાંથી આવ્યું? ભગવાન! બહુ આકરી વાત. આહાહા..! સમજાણું કાંઈ?

પાણી ઠંડું છે અને અહીંયાં અગ્નિ આવી તો ઊનું થયું. સાંભળો! અગ્નિની પર્યાય

પાણીને અડી જ નથી. કારણ કે પાણીના પરમાણુ અને અગ્નિના પરમાણુ ભિન્ન ભિન્ન ચીજ છે. અને પાણી ઊનું થયું તે પોતાને કારણે થયું છે, અગ્નિને અડ્યું માટે ઊનું થયું છે એમ નહિ. અર..ર..ર..! આવી વાત? હેં? 'જેઠાભાઈ'! આવી વાતું છે. આહાહા..! ભગવાન એમ કહે છે, હોં! પાણીના પરમાણુ છે (એમાં) એકેન્દ્રિય જીવ છે. પાણી–જળ છે ને? એકેન્દ્રિય જીવ છે. .... શરીર છે ને? ઠંડું. અગ્નિ આવી, પાણીના પરમાણુ અગ્નિને અડતા નથી. છતાં પાણી ઉષ્ણ થયું તે પોતાથી થયું છે. અગ્નિને અડ્યું અને ઊનું થયું છે, એમ નથી. અર..ર..ર..! આવું કહે. સમજાણું કાંઈ?

તપેલામાં પાણી છે ને? તપેલું, વાસણ. નીચે અગ્નિ છે. પાણી ધગધગ થાય છે એ અગ્નિને કારણે નહિ, એમ કહે છે. કારણ કે અગ્નિ તપેલાને અડી નથી અને તપેલું પાણીને અડ્યું નથી, પાણી તપેલાને અડ્યું નથી. ભગવાન.. ભગવાન..! ભિન્ન ભિન્ન દ્રવ્ય છે. શું કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને અડે છે? આહાહા..! છતાં પાણી ખદખદ (થાય છે). અગ્નિને કારણે છે, અગ્નિ લઈ લો તો નહિ થાય (એમ કોઈ કહે). અગ્નિને કારણે નથી. આહાહા..! આવી વાતું છે, પ્રભુ! ભગવાન તો અનંત દ્રવ્ય કહે છે ને? ભગવાન પરમાત્મા અનંત દ્રવ્ય–વસ્તુ, પદાર્થ છે (એમ કહે છે). દરેક પદાર્થ પોતામાં રહે છે. બીજા દ્રવ્યને કોઈ દ્રવ્ય કદી અડ્યું નથી. આહાહા..! અડે તો એક થઈ જાય, એમ તો છે નહિ. આહાહા..!

અહીંયાં પરને જિવાડું છું, મારું છું એવો અભિપ્રાય છે. પરનું કરી શકતો નથી પણ એનો અહંકારનો અભિપ્રાય મિથ્યાત્વ છે. જિવાડવાનો અને સુખી કરવાનો (ભાવ) શુભ છે. અને દુઃખી અને મારવાનો (ભાવ પાપ છે). બન્ને બંધના કારણ છે. બન્ને અજ્ઞાનમય અધ્યવસાય છે. આહા..! અરે..! એણે બચવું, પોતાના અજ્ઞાનથી બચવું, બાપુ! હું તો જ્ઞાનસ્વરૂપ છું. ચૈતન્યઘન હું છું, હું પરનું શું કરું? રાગ આવે છે તેને પણ હું શું કરું? હું તો પવિત્ર ગુણનો પિંડ છું ને! એ પવિત્ર અપવિત્રને કેમ કરે? આહાહા..!

ભગવાનઆત્મામાં અનંતા અનંતા ગુણ છે તે બધા પવિત્ર છે. એ પવિત્ર ગુણ રાગ જે અપવિત્ર છે તેને કેમ કરે? પવિત્રના પરિણામ અપવિત્ર હોય? આ ગજબ વાત છે. એ પર્યાયમાં અપવિત્રતા થાય છે એ ગુણથી નહિ. આહાહા..! એ અપવિત્રતાનું કારણ આત્મા નહિ એમ સમ્યગ્દૃષ્ટિ જાણે છે. આહાહા..! હું અપવિત્રતાનો નાશ કરું છું, એમ જ્ઞાનીને નથી. કારણ કે જ્ઞાની છે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર અને અનંત ગુણ ઉપર છે. આહાહા..! આકરું કામ. દુનિયાથી તો (જુદી વાત છે). બધું પાગલ જેવું લાગે. 'પરમાત્મ પ્રકાશ'માં કહે છે, પાગલ લોકો જ્ઞાનીની વાતને પાગલ જેવી માને. આહાહા..!

અહીં એ કહ્યું, 'અધ્યવસાય જ બન્નેનું કારણ છે.'

# ગાથા-૨૬૨

एवं हि हिंसाध्यवसाय एव हिंसेत्यायातम्।

अज्झवसिदेण बंधो सत्ते मारेउ मा व मारेउ।
एसो बंधसमासो जीवाणं णिच्छयणयस्स।।२६२।।

अध्यवसितेन बन्धः सत्त्वान् मारयतु मा वा मारयतु।
एष बन्धसमासो जीवानां निश्चयनयस्य।।२६२।।

परजीवानां स्वकर्मोदयवैचित्र्यवशेन प्राणव्यपरोपः कदाचिद्भवतु, कदाचिन्मा भवतु, य एव हिनस्मीत्यहङ्काररसनिर्भरो हिंसायामध्यवसायः स एव निश्चयतस्तस्य बन्धहेतुः, निश्चयेन परभावस्य प्राणव्यपरोपस्य परेण कर्तुमशक्यत्वात्।

---

'આ રીતે ખરેખર હિંસાનો અધ્યવસાય જ હિંસા છે એમ ફલિત થયું' - એમ હવે કહે છે :-

મારો - ન મારો જીવને, છે બંધ અધ્યવસાનથી,
- આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચયનય થકી. ૨૬૨.

ગાથાર્થ :– [ सत्त्वान् ] જીવોને [ मारयतु ] મારો [ वा मा मारयतु ] અથવા ન મારો - [ बन्धः ] કર્મબંધ [ अध्यवसितेन ] અધ્યવસાનથી જ થાય છે. [ एषः ] આ, [ निश्चयनयस्य ] નિશ્ચયનયે, [ जीवानां ] જીવોના [ बन्धसमासः ] બંધનો સંક્ષેપ છે.

ટીકા :– પર જીવોને પોતાના કર્મના ઉદયની વિચિત્રતાના વશે પ્રાણોનો વ્યપરોપ (-ઉચ્છેદ, વિયોગ) કદાચિત્ થાઓ, કદાચિત્ ન થાઓ, - 'હું હણું છું' એવો જે અહંકારરસથી ભરેલો હિંસામાં અધ્યવસાય (અર્થાત્ હિંસાનો અધ્યવસાય) તે જ નિશ્ચયથી તેને (હિંસાનો અધ્યવસાય કરનારા જીવને) બંધનું કારણ છે, કેમ કે નિશ્ચયથી પરનો ભાવ એવો જે પ્રાણોનો વ્યપરોપ તે પરથી કરાવો અશક્ય છે (અર્થાત્ તે પરથી કરી શકાતો નથી.)

ભાવાર્થ :– નિશ્ચયનયે બીજાના પ્રાણોનો વિયોગ બીજાથી કરી શકાતો નથી; તેના પોતાના

કર્મના ઉદયની વિચિત્રતાવશ કદાચિત્ થાય છે, કદાચિત્ નથી થતો. માટે જે એમ માને છે - અહંકાર કરે છે કે 'હું પર જીવને મારું છું', તેનો તે અહંકારરૂપ અધ્યવસાય અજ્ઞાનમય છે. તે અધ્યવસાય જ હિંસા છે - પોતાના વિશુદ્ધ ચૈતન્યપ્રાણનો ઘાત છે, અને તે જ બંધનું કારણ છે. આ નિશ્ચયનયનો મત છે.

અહીં વ્યવહારનયને ગૌણ કરીને કહ્યું છે એમ જાણવું. માટે તે કથન કથંચિત્ (અર્થાત્ અપેક્ષાપૂર્વક) છે એમ સમજવું; સર્વથા એકાતંપક્ષ તો મિથ્યાત્વ છે.

## ગાથા–૨૬૨ ઉપર પ્રવચન

'આ રીતે ખરેખર હિંસાનો અધ્યવસાય જ હિંસા છે...' શું કહ્યું? પરની હિંસાનો અભિપ્રાય તે જ પોતાની હિંસા છે. આહાહા..! ૨૬૨.

अज्झवसिदेण बंधो सत्ते मारेउ मा व मारेउ।
एसो बंधसमासो जीवाणं णिच्छयणयस्स।।२६२।।

મારો - ન મારો જીવને, છે બંધ અધ્યવસાનથી,
- આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચયનય થકી. ૨૬૨.

ટીકા :– 'પર જીવોને પોતાના કર્મના ઉદયની વિચિત્રતાના વશે પ્રાણોનો વ્યપરોપ (–ઉચ્છેદ, વિયોગ) કદાચિત્ થાઓ,...' મારવાનો ભાવ થયો, એ તો એનો કર્મનો ઉદય હોય તો પ્રાણ ઉચ્છેદ થાય, ભાવ થયો માટે મરે છે, એમ નહિ. 'કદાચિત્ ન થાઓ,...' મારવાનો ભાવ હોય પણ ત્યાં મરે નહિ. આહાહા..! પરંતુ 'હું મારું છું' એવો જે અહંકારરસથી ભરેલો હિંસામાં અધ્યવસાય (અર્થાત્ હિંસાનો અધ્યવસાય) તે જ નિશ્ચયથી...' આહાહા..! '(હિંસાનો અધ્યવસાય કરનારા જીવને) બંધનું કારણ છે,...' આહાહા..!

હું પરને જિવાડું છું, સુખી કરું છું કે મારું છું એ અધ્યવસાય જ હિંસા છે, એ અધ્યવસાય જ આત્માની હિંસા છે. આહાહા..! કેમકે ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા, અનંત ગુણનો જ્ઞાતા-દૃષ્ટા ને, પરનો નાશ કરું છું એવો અધ્યવસાય એ એકત્વબુદ્ધિ તે જ આત્માની હિંસા છે. એ આત્માની હિંસા છે. આકરી વાત છે, પ્રભુ! શું કરીએ? આહા..! હેં?

મુમુક્ષુ :– અનઅભ્યાસે આકરી લાગે.

ઉત્તર :– લાગે, ભાઈ! અભ્યાસ નહિ અને વર્તમાનમાં તો ચાલતી વાત, જ્યાં હોય ત્યાં આ કરો, આ કરો... આહાહા..! પજોસણના દિવસો હોય ને? દસલક્ષણી. ત્યાગનો દિવસ હોય તો દાનની જ વાત હોય. દાનના ખરડા કલાક એમાં જાય આહાહા..! કોઈ પાંચસો,

કોઈ હજાર, કોઈ પાંચ હજાર, દસ હજાર.. અરે..રે..! શું થાય? ત્યાગનો ધર્મ હોય છે ને? ત્યાગધર્મ. એ દાનમાં આખો દિ' કાઢે. વ્યાખ્યાન પણ ન હોય સાધુ પણ એમ કહે, ખરડો કરો. ... અરે..રે...! લખો, અમે આમ કહીએ છીએ, પાંચ હજાર, છ હજાર, દસ હજાર. અરે..રે...! પ્રભુ! શું કરે છે? પૈસા ઉઘરાવવા અને ભેગા કરવા એ આત્માનું કાર્ય છે? આહાહા..! પરપદાર્થ છે, ભાઈ! છે ને અત્યારે? જુઓને! એક કરોડ રૂપિયા ... એક કરોડ ભેગા કરવા છે. અહીંના સાધુ છે કૈલાસચંદ. આણે આમાં ખૂબ ટીકા કરી છે. બાપુ! હું તો પવિત્રતાની વાત કરું, પ્રભુ! તને દુઃખ ન લાગવું જોઈએ, હોં! આહાહા..! તારી વાતની વાત માટે નથી કહેતા, વસ્તુની સ્થિતિ આમ છે. આહાહા..! કોઈને દુઃખ લાગે એ માટે નથી. સત્ય વાત છે હોં! પ્રભુ! આહાહા..!

અહીંયાં એ કહે છે, છે? 'હું હણું છું' એવો જે અહંકારરસથી ભરેલો હિંસામાં અધ્યવસાય (અર્થાત્ હિંસાનો અધ્યવસાય) તે જ નિશ્ચયથી તેને (હિંસાનો અધ્યવસાય કરનારા જીવને) બંધનું કારણ છે.' હિંસાનો અધ્યવસાય કરનારા જીવને બંધનું કારણ છે. 'કેમ કે નિશ્ચયથી પરનો ભાવ એવો જે પ્રાણોનો વ્યપરોપ તે પરથી કરાવો અશક્ય છે...' આહાહા..! બીજા જીવના પ્રાણનો નાશ બીજાથી થયો એમ કેમ થાય? આહાહા..! અરે..!

ભાવાર્થ :– 'નિશ્ચયનયે બીજાના પ્રાણોનો વિયોગ બીજાથી કરી શકાતો નથી; તેના પોતાના કર્મના ઉદયની વિચિત્રતાવશ કદાચિત્ થાય છે, કદાચિત્ નથી થતો.' તારો મારવાનો ભાવ હોય અને આયુષ્ય હોય તો નહિ મરે અને તેનું આયુષ્ય પૂરું થયું હોય તો મરી જાય, તે તેને કારણે, તારા કારણે નહિ. આહાહા..! 'માટે જે એમ માને છે–અહંકાર કરે છે કે 'હું પર જીવોને મારું છું', તેનો તે અહંકારરૂપ અધ્યવસાય અજ્ઞાનમય છે. તે અધ્યવસાય જ હિંસા છે...' એ અધ્યવસાય જ હિંસા છે. એમાં તારી હિંસા છે. આહાહા..! પહેલા આવી ગયું ને? 'आत्महन्' આત્મઘાત કર્યો. હું પરને જિવાડું છું એવો અધ્યવસાય આત્માનો ઘાત કરે છે. અરે..રે..! સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા છે, તેમાં હું પરને જિવાડું છું એવો ભાવ કરવો તે આત્માની હિંસા છે, પોતાના પ્રાણની હિંસા થાય છે. ચૈતન્યપ્રાણ, જ્ઞાન, દર્શન, આનંદ પ્રાણની હિંસા થાય છે. આવી વ્યાખ્યા. પર મરે, ન મરે, પર જીવે, ન જીવે તેને કારણે. તારો જે અભિપ્રાય એવો થયો તે જ તને હિંસાનું કારણ છે. આહાહા..!

'પોતાના વિશુદ્ધ ચૈતન્યપ્રાણનો ઘાત છે,...' જુઓ! આહાહા..! 'અને તે જ બંધનું કારણ છે, આ નિશ્ચયનયનો મત છે.' સાચી દૃષ્ટિનો અભિપ્રાય આ છે. વીતરાગનો સિદ્ધાંત છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

# ગાથા–૨૬૩-૨૬૪

अथाध्यवसायं पापपुण्ययोर्बन्धहेतुत्वेन दर्शयति -

एवमलिए अदत्ते अबंभचेरे परिग्गहे चेव।
कीरदि अज्झवसाणं जं तेण दु बज्झदे पावं।।२६३।।
तह वि य सच्चे दत्ते बंभे अप्परिग्गहत्तणे चेव।
कीरदि अज्झवसाणं जं तेण दु बज्झदे पुण्णं।।२६४।।

एवमलीकेऽदत्तेऽब्रह्मचर्ये परिग्रहे चैव।
क्रियतेऽध्यवसानं यत्तेन तु बध्यते पापम्।।२६३।।
तथापि च सत्ये दत्ते ब्रह्मणि अपरिग्रहत्वे चैव।
क्रियतेऽध्यवसानं यत्तेन तु बध्यते पुण्यम्।।२६४।।

एवमयमज्ञानात् यो यथा हिंसायां विधीयतेऽध्यवसायः, तथा असत्यादत्ताब्रह्मपरिग्रहेषु यश्च विधीयते स सर्वोऽपि केवल एव पापबन्धहेतुः। यस्तु अहिंसायां यथा विधीयते अध्यवसायः, तथा यश्च सत्यदत्तब्रह्मापरिग्रहेषु विधीयते स सर्वोऽपि केवल एव पुण्यबन्धहेतुः।

---

હવે, (હિંસા-અહિંસાની જેમ સર્વ કાર્યોમાં) અધ્યવસાયને જ પાપ-પુણ્યના બંધના કારણપણે દર્શાવે છે :-

એમ અલીકમાંહી, અદત્તમાં, અબ્રહ્મ ને પરિગ્રહ વિષે,
જે થાય અધ્યવસાન તેથી પાપબંધન થાય છે. ૨૬૩.
એ રીત સત્યે, દત્તમાં વળી બ્રહ્મ ને અપરિગ્રહે,
જે થાય અધ્યવસાન તેથી પુણ્યબંધન થાય છે. ૨૬૪.

ગાથાર્થ :– [ एवम् ] એ રીતે (અર્થાત્ પૂર્વે હિંસાના અધ્યવસાય વિષે કહ્યું તેમ) [ अलीके ] અસત્યમાં, [ अदत्ते ] અદત્તમાં, [ अब्रह्मचर्ये ] અબ્રહ્મચર્યમાં [ च एव ] અને [ परिग्रहे ] પરિગ્રહમાં [ यत् ] જે [ अध्यवसानं ] અધ્યવસાન [ क्रियते ] કરવામાં આવે [ तेन तु ] તેનાથી [ पापं बध्यते ] પાપનો બંધ થાય છે; [ तथापि च ] અને

તેવી જ રીતે [ सत्ये ] સત્યમાં, [ दत्ते ] દત્તમાં, [ ब्रह्मणि ] બ્રહ્મચર્યમાં [ च एव ] અને [ अपरिग्रहत्वे ] અપરિગ્રહમાં [ यत् ] જે [ अध्यवसानं ] અધ્યવસાન [ क्रियते ] કરવામાં આવે [ तेन तु ] તેનાથી [ पुण्यं बध्यते ] પુણ્યનો બંધ થાય છે.

ટીકા :– એ રીતે (-પૂર્વોક્ત રીતે) અજ્ઞાનથી આ જે હિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે તેમ અસત્ય, અદત્ત, અબ્રહ્મચર્ય અને પરિગ્રહમાં પણ જે (અધ્યવસાય) કરવામાં આવે, તે બધોય પાપના બંધનું એકમાત્ર (-એકનું એક) કારણ છે; અને જે અહિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે તેમ જે સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહમાં પણ (અધ્યવસાય) કરવામાં આવે, તે બધોય પુણ્યના બંધનું એકમાત્ર કારણ છે.

ભાવાર્થ :– જેમ હિંસામાં અધ્યવસાય તે પાપબંધનું કારણ કહ્યું છે તેમ અસત્ય, અદત્ત (-વગર દીધેલું લેવું તે, ચોરી), અબ્રહ્મચર્ય અને પરિગ્રહ - તેમનામાં અધ્યવસાય તે પણ પાપબંધનું કારણ છે. વળી જેમ અહિંસામાં અધ્યવસાય તે પુણ્યબંધનું કારણ છે તેમ સત્ય, દત્ત (-દીધેલું લેવું તે), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - તેમનામાં અધ્યવસાય તે પણ પુણ્યબંધનું કારણ છે. આ રીતે, પાંચ પાપોમાં (અવ્રતોમાં) અધ્યવસાય કરવામાં આવે તે પાપબંધનું કારણ છે અને પાંચ (એકદેશ કે સર્વદેશ) વ્રતોમાં અધ્યવસાય કરવામાં આવે તે પુણ્યબંધનું કારણ છે. પાપ અને પુણ્ય બન્નેના બંધનમાં, અધ્યવસાય જ એકમાત્ર બંધ-કારણ છે.

---

પ્રવચન નં. ૩૨૩ ગાથા–૨૬૩ થી ૨૬૫, શુક્રવાર, આસો સુદ ૭,
તા. ૨૮-૦૯-૧૯૭૯
(આ પ્રવચન હિન્દીમાં થયેલ છે તેનું ભાષાંતર ગુજરાતીમાં કરેલ છે)

---

'સમયસાર' ૨૬૩-૨૬૪ ગાથા. 'હવે, (હિંસા-અહિંસાની જેમ સર્વ કાર્યોમાં) અધ્યવસાયને જ પાપ-પુણ્યના બંધના કારણપણે દર્શાવે છે :–'

एवमलिए अदत्ते अबंभचेरे परिग्गहे चेव।
कीरदि अज्झवसाणं जं तेण दु बज्झदे पावं।।२६३।।
तह वि य सच्चे दत्ते बंभे अप्परिग्गहत्तणे चेव।
कीरदि अज्झवसाणं जं तेण दु बज्झदे पुण्णं।।२६४।।

એમ અલીકમાંહી, અદત્તમાં, અબ્રહ્મ ને પરિગ્રહ વિષે,
જે થાય અધ્યવસાન તેથી પાપબંધન થાય છે. ૨૬૩.

એ રીત સત્યે, દત્તમાં વળી બ્રહ્મ ને અપરિગ્રહે,
જે થાય અધ્યવસાન તેથી પુણ્યબંધન થાય છે. ૨૬૪.

ટીકા :– 'આ રીતે (–પૂર્વોક્ત રીતે) અજ્ઞાનથી આ જે હિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે...' શું કહે છે? હું પરની હિંસા કરું છું એવો જે અધ્યવસાય–મિથ્યાત્વ કરે છે... આહા..! કેમકે પરની હિંસા કરી શકતો નથી. પોતાનો આત્મા પરની પર્યાય ક્યારેય ત્રણકાળ કરી શકતો નથી. આહાહા..! 'અજ્ઞાનથી આ જે હિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે...' કે, હું પરની હિંસા કરું, એ અધ્યવસાય મિથ્યાત્વ છે.

'તેમ અસત્ય, અદત્ત,...' ચોરી ખોટુ બોલવું. ખોટું બોલવું એવો અધ્યવસાય એકત્વ–મિથ્યાત્વભાવ છે. ચોરી. અસત્ય બોલવું અને ચોરી. હું પરની ચોરી કરી શકું છું, એ વાત મિથ્યાત્વ અધ્યવસાય છે. 'અબ્રહ્મચર્ય,...' સૂક્ષ્મ વાત છે, ભગવાન! આ શરીરથી હું વિષય સેવન કરું છું એ પણ મિથ્યાત્વ અધ્યવસાય છે. શરીર જડ છે... આહાહા..! તેનાથી હું વિષય સેવન કરું છું, હું શરીરથી મૈથૂન કરું છું, એ અધ્યવસાય પણ મિથ્યાત્વ અધ્યવસાય છે. આહાહા..! તેમ 'પરિગ્રહ...' બાહ્ય પરિગ્રહ હું રાખી શકું છું, બાહ્ય પરિગ્રહ મારી ચીજ છે, એ અધ્યવસાય મિથ્યાત્વ છે. આહાહા..!

એમ 'જે (અધ્યવસાય) કરવામાં આવે, તે બધોય પાપના બંધનું એકમાત્ર (–એકનું એક) કારણ છે;...' હું પરની હિંસા કરી શકું છું, હું જૂઠું બોલું છું, હું ચોરી કરું છું, હું શરીરથી વિષયસેવન કરું છું, હું પરિગ્રહ રાખું છું એ અધ્યવસાય મિથ્યાત્વનું મહાપાપ છે. અરે..! દુનિયાને ક્યાં જાવું?

આત્મા અંદર ભિન્ન ચીજ છે. શરીરથી ભિન્ન, કર્મથી ભિન્ન–જુદી ચીજ છે. ભગવાનઆત્મા એ તો અરૂપી છે. એ કહે છે, કે હું પરની હિંસા કરી શકું છું, જૂઠું બોલી શકું છું, પરની ચીજ લઈ શકું છું, શરીરથી વિષય સેવન કરું છું, પરિગ્રહ રાખું છું, એ અધ્યવસાય મિથ્યાત્વ છે, પાપબંધનું કારણ છે. આહાહા..! આવું કામ છે. હેં?

મુમુક્ષુ :– કોઈ પૈસાવાળો..

ઉત્તર :– પૈસાવાળો છે કે દિ'? ધૂળવાળો, પૈસાવાળો. વાળો એક નીકળે છે, નથી સાંભળ્યું? અપથ્ય પાણી આવે છે, અપથ્ય પાણી કૂવામાંથી (આવે છે). પગમાં વાળો નીકળે છે (તો) રાડ નાખે છે. તને આ કેટલા વાળા? પૈસાવાળા, બાયડીવાળા, છોકરાવાળા, કુટુંબવાળા, આબરૂવાળા તને ઘણા વાળા વળગ્યા છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! પરમાત્મા જિનેશ્વરદેવ, તેમનો અભિપ્રાય કોઈ અલૌકિક છે. આહાહા..!

એ પાંચ પાપ હું કરું છું, એવો જે અધ્યવસાય–એકત્વબુદ્ધિ છે એ પાપબંધનું કારણ છે. છે? 'અને જે અહિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે...' હું પરની દયા પાળું છું, પરની હિંસા નથી કરતો, એવો અધ્યવસાય–એકત્વબુદ્ધિ પુણ્યબંધનું, મિથ્યાત્વ સહિત

પુણ્યબંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? હું પરની અહિંસા કરી શકું છું, પરની દયા પાળી શકું છું એ મિથ્યા અભિપ્રાય પુણ્યનું કારણ છે. મિથ્યાત્વ સહિત પુણ્ય, મિથ્યાત્વ સહિત પુણ્યબંધનું કારણ છે. આહાહા..! છે? 'તેમ જે સત્ય,...' હું સત્ય બોલું છું.

મુમુક્ષુ :– સત્ય બોલવાનો ભાવ કરે ઇ?

ઉત્તર :– ભાવ કરે એ પણ જૂઠો છે. સત્ય બોલવાનો ભાવ છે એ રાગ છે. ઝીણી વાત, ભાઈ! અરે..! અનંતકાળથી પરિભ્રમણ કરે છે. પોતાની ચીજ શું છે અને પર શું છે તેનું ભેદજ્ઞાન તેણે કદી કર્યું નથી. બહારમાં ને બહારમાં માની બેઠો, જિંદગી પૂરી થઈ જાય. જાય.. ચોરાશી (લાખ) યોનિમાં રખડવા. આહાહા..!

અહીંયાં તો પરમાત્મા એમ કહે છે, કે પરની દયા પાળું છું, અહિંસા કરું છું, એવો જે અધ્યવસાય એ મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ સહિત તેમાં પુણ્ય બંધાય છે. એમ સત્ય બોલું છું. તો વાણી તો જડ છે. બોલવાનો ભાવ આવ્યો તે રાગ છે. એ રાગમાં એકત્વબુદ્ધિ છે, સત્ય બોલવામાં એકત્વબુદ્ધિ છે એ મિથ્યાત્વ છે અને સત્ય છે તે અપેક્ષાએ મિત્યાત્વ સહિત પુણ્યબંધ થશે. આહાહા..! જગતને આમાં કાંઈ પત્તો લાગે એવું નથી.

એમ 'દત્ત,...' મેં કોઈની ચોરી નથી કરી, એવો એકત્વ અધ્યવસાય છે, મિથ્યાત્વ છે. મેં પરની ચોરી ન કરી, એવો જે ભાવ એકત્વબુદ્ધિ છે, મિથ્યાત્વ છે, સાથે અચૌર્ય ભાવ છે તો મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાશે. મિથ્યાત્વના મહાપાપ સહિત પુણ્ય બંધાશે. આહાહા..! ઝીણી વાત, પ્રભુ! અરે..!

એમ 'બ્રહ્મચર્ય...' આ શરીરથી મેં બ્રહ્મચર્ય પાળ્યું. આહા..! જાવજ્જીવ મેં આ શરીરથી વિષય સેવન કર્યું નહિ. એવો જે અધ્યવસાય. આ જડની ક્રિયા મેં ન કરી એ પણ એકત્વ અધ્યવસાય મિથ્યાત્વ છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! શું થાય?

મુમુક્ષુ :– પરનું કાંઈ કામ ન કરી શકે?

ઉત્તર :– એક રજકણ હલાવી શકે નહિ. પ્રભુ! જડ જડને કારણે હાલે-ચાલે છે. જડનું કરવામાં તારો શું અધિકાર છે?

મુમુક્ષુ :– શેઠિયા આટલા..

ઉત્તર :– શેઠિયા કોને કહેવા? એ બધા અબજોપતિ માને છે. અબજોપતિ, લાખોપતિ, કરોડોપતિ એ તો જડના પતિ છે. એમ કહે છે ને–લક્ષપતિ, કરોડપતિ, અબજપતિ? જડનો પતિ છે? અજ્ઞાની માને છે. આહાહા..! આકરી વાત છે, પ્રભુ!

અહીં તો શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું, વિષય સેવન કર્યું નહિ એ પણ જડની સાથે એકત્વબુદ્ધિ છે. શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું તો શરીરની એ જાતની ક્રિયા મેં ન કરી એવી જડની સાથે એકત્વબુદ્ધિ છે. બ્રહ્મચર્ય છે તો શુભભાવ છે, પણ મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાશે. ઝીણી વાત, ભગવાન! આ ધર્મ વીતરાગનો ધર્મ કોઈ અલૌકિક છે, ભાઈ! આહા..!

સમજાણું કાંઈ?

'બ્રહ્મચર્ય...' છે શબ્દ? શરીરથી બ્રહ્મચર્ય પાળે. આહાહા..! શરીરથી વિષય સેવે એ તો મિથ્યાત્વ સહિત, અધ્યવસાય સહિત પાપ છે, પણ શરીરથી બ્રહ્મચર્ય પાળે તો મેં શરીરથી પાળ્યું (એ) એકત્વબુદ્ધિ મિથ્યાત્વ સહિત તેને પુણ્ય છે. આહાહા..! ગજબ વાત છે! હેં?

મુમુક્ષુ :– ના પડાય એવું ક્યાં છે?

ઉત્તર :– વસ્તુસ્થિતિ એવી છે ને, પ્રભુ! આ કાંઈ કોઈ ઘરની ચીજ નથી. ભગવાન ત્રિલોકનાથે ભિન્ન ભિન્ન પદાર્થ અનંત છે, એમ કહ્યું. તો ભિન્ન ભિન્ન પદાર્થ એક પદાર્થને બીજા કોઈ કંઈ કરે એ માન્યતા તદ્દન મિથ્યાદૃષ્ટિ મહાપાપી પાખંડી છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! શરીરથી બ્રહ્મચર્ય પાળે તો શરીર તો જડ છે. એવી ક્રિયા મેં ન કરી એવી જડની સાથે એકત્વબુદ્ધિ છે. આહાહા..! હેં?

મુમુક્ષુ :– તે વખતે જડની ક્રિયા થવાની નહોતી?

ઉત્તર :– નહોતી થવાની. અને મેં આ પ્રમાણે બ્રહ્મચર્ય રાખ્યું એ ભાવ શુભ છે, પણ તેની સાથે એકત્વબુદ્ધિ–મહા મિથ્યાત્વનું પાપ છે. આહાહા..! અંતરંગ મહા મિથ્યાત્વ એકત્વબુદ્ધિ જડની સાથે છે. આહા..! એ જડની ક્રિયા મેં ન કરી, વિષય સેવન ન કર્યું. તો જડની ક્રિયા થવાની નહોતી, તો મેં ન કરી એવી જડની સાથે એકત્વબુદ્ધિ છે. 'ભભૂતમલજી'! ઝીણી વાત છે, ભગવાન! આહા..! ભગવાન છે ને પ્રભુ અંદર, અંદર! પણ એની એને ખબર નથી ને!

અહીંયાં તો પ્રભુ કહે છે, કે શરીરથી વિષય સેવન કર્યું એ મેં કર્યું તો તેને મિથ્યાત્વ સહિત પાપ બંધાય છે અને શરીરથી મેં બ્રહ્મચર્ય પાળ્યું એવા મિથ્યાત્વ સહિત તેને પુણ્ય છે, પણ મિથ્યાત્વ તો સાથે છે, એકત્વ–અધ્યવસાય પડ્યો છે. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. આ તો જડ છે, માટી ધૂળ છે, જગતના પરમાણુ છે, આ તો મસાણની રાખ થશે. આહા..! અહીંયાં અગ્નિ સળગશે. માટી છે ને, આ ક્યાં આત્મા છે? આહાહા..! એ માટીથી મેં વિષય સેવન ન કર્યું તો એવી માટીથી ક્રિયા થવાની નહોતી તો મેં આમ કર્યું તેનું નામ મિથ્યાદૃષ્ટિનો બ્રહ્મચર્યનો ભાવ છે તો એટલું પુણ્ય છે, પણ મિથ્યાદૃષ્ટિ સહિતનું પુણ્ય છે. અધ્યવસાય મિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :– એ પુણ્ય તો પાપનુંબંધી પુણ્ય છે

ઉત્તર :– એ પુણ્ય પણ ક્યાં છે? પુણ્ય-પાપની પહેલી વાત આવી ગઈ કે, પુણ્ય બંધાય છે, પાપ બંધાય છે બેમાં ફેર ન માનવો. પહેલી વાત આવી ગઈ. આહા..! બન્ને બંધ છે. આહાહા..!

ભગવાન! અંદર અબંધ સ્વરૂપ પ્રભુ, ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ ચૈતન્ય ભગવાન, તેમાં રાગની એકતા માનવી, શરીરની એકતા માનવી એ મહા મિથ્યાત્વનું મોટું પાપ છે.

આહાહા..!

મુમુક્ષુ :- દીકરાની સાથે એકતા ન કરવી?

ઉત્તર :- એકતા છે જ નહિ. કરવી શું? છે જ નહિ. એ તો માને છે, એકતા છે ક્યાં? શરીરની વિષયની ક્રિયા એમ નહોતી થવાની. તો આ કહે, મેં બ્રહ્મચર્ય પાળ્યું માટે મેં શરીરની એવી ક્રિયા ન કરી. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! આવું ક્યાં ન્યાં 'બેંગ્લોર'માં સાંભળવા મળે એમ છે? આહાહા..!

મુમુક્ષુ :- દુનિયામાં ક્યાંય ન મળે.

ઉત્તર :- આપણે તો 'ભભૂતમલ' 'બેંગલોર' છે ને! મોટા છે ને ત્યાં દુકાનને? આ બધા છે ને, અમારે પણ 'પાલેજ'માં દુકાન છે, 'મુંબઈ'માં અમારા ભાઈનો છોકરો છે ને! 'ભુપેન્દ્ર ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્ક્સ'. અમારા ભાઈના દીકરા છે ને? ત્રણ છોકરાઓ. એક દિવસની પાંચ-પાંચ હજારની પેદાશ. 'મુંબઈ'માં 'ભુપેન્દ્ર ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્ક્સ' છે. અમારા ભાઈના દીકરા છે. ધૂળમાંય નથી. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તું શરીરથી બ્રહ્મચર્ય પાળે છે, શરીરથી પાળે છે, આત્માથી નહિ. આહાહા..! શરીરની ક્રિયા મેં કરી એ મિથ્યાત્વના અધ્યવસાય સહિત પાપ છે અને શરીરની ક્રિયા મેં ન કરી એ મિથ્યાત્વ સહિતનું પુણ્ય છે. બન્ને બંધના કારણ છે. આહાહા..! છે?

'અપરિગ્રહ...' મેં પૈસા છોડી દીધા. પૈસા મેં રાખ્યા, એ અધ્યવસાય મિથ્યાત્વનું-એકત્વનું પાપ છે. પૈસા હું રાખું છું, એ તો જડ છે. ભગવાન તો અરૂપી ચૈતન્ય છે. એ પરિગ્રહ કેવી રીતે રાખે? તો પરિગ્રહ હું રાખું છું, એવો અધ્યવસાય મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ સહિત તેને પાપ છે. પણ મેં પરિગ્રહ છોડી દીધો, આહાહા..! એ પણ અધ્યવસાય મિથ્યાત્વનો છે અને પુણ્ય છે. અરે..! પ્રભુનો માર્ગ કોઈ બીજો છે, ભાઈ! સમાજ સાથે કાંઈ મેળ ખાય એવું નથી. આહા..!

ઓલાએ તો લખ્યું છે ને? ભાઈ! સમાજવાદનું. એમ કે, સમાજવાદમાં તો બધું સરખું વહેંચી લેવું, એને સમાજવાદ કહે. સરખે સરખી બધાને મોટર મળે તો પછી કાંઈ વાંધો નહિ. મુનિ પણ મોટર લ્યે તો વાંધો નહિ. આ તો ભગવાનનો અપરિગ્રહવાદ છે. આહાહા..! એ અપરિગ્રહ. ચક્રવર્તીનું રાજ હોય છતાં સમકિતીએ અંદર અપરિગ્રહના અંશને પકડી લીધો છે. આહાહા..! ભગવાન આનંદમૂર્તિ ક્ષાયિક સમકિત પ્રગટ કર્યું. ચક્રવર્તીનું રાજ હો, બીજા પાસે એવું ન હોય તો સમાજવાદની અપેક્ષાએ બધાનું સરખું ન રહ્યું. ચક્રવર્તીને ચક્રવર્તીનું રાજ છે, ગરીબને બે હજાર, પાંચ હજાર પણ ન મળે. તો સમાજવાદની અપેક્ષાએ સરખું તો ન થયું, પણ અપરિગ્રહવાદની દૃષ્ટિમાં ફેર થયો. ચક્રવર્તીનું રાજ છે તોપણ રાજની એકતા તૂટી ગઈ છે તો સમ્યગ્દૃષ્ટિ તેટલો અપરિગ્રહી છે. એટલું. અને મિથ્યાદૃષ્ટિએ બધું છોડી

દીધું છે, વસ્ત્રનો ટુકડો પણ નહિ, નગ્નપણું રાખ્યું છે પણ અંદરમાં રાગની એકતાબુદ્ધિ છે. મેં વસ્ત્ર છોડ્યા, હું નગ્ન થયો એવી જડની પર્યાયની એકત્વબુદ્ધિ કરે છે એ પરિગ્રહી મિથ્યાદૃષ્ટિ પાપી છે, પણ એ છોડી દીધું એવો મિથ્યાદૃષ્ટિ પુણ્યવંત છે. પરિગ્રહ રાખ્યો એ મિથ્યાત્વ સહિત પાપ છે. પરિગ્રહ છોડી દીધો એ અધ્યવસાય મિથ્યાત્વ સહિતનું પુણ્ય છે. પંડિતજી! આહાહા..! આવી વાતું. પ્રભુ! શું થાય?

ચોરાશીના અવતારમાં રખડી રખડીને ભવ કરીને મરી ગયો છે. કાગડાના, કૂતરાના, કંથવાના, કીડીના, નાગના, વાઘના આહા..! અનંત અનંત ભવ કર્યા છે. ભૂલી ગયો, કાંઈ ભાન ન મળે. આહા..! અહીં કાંઈક મનુષ્ય થયો અને એમાં પાંચ-પચીસ (લાખની) સગવડતા મળે, દીકરા-દીકરી (મળ્યા), થઈ રહ્યું, ખોવાઈ ગયો એમાં. હું ક્યાં હતો? અને મેં કેવા દુઃખ સહન કર્યા છે? આહાહા..! નિગોદના ભવમાં એક અંતર્મુહૂર્તમાં અઢાર ભવ, પ્રભુ! એક અંતર્મુહૂર્તમાં અઢાર ભવ! ડુંગળી, લસણ, આ મૂળાના કંદ હોય છે ને? મૂળા, મૂળી.. મૂળી. ધોળા. એમાં અનંત જીવ છે. એક અંતર્મુહૂર્તમાં ૪૮ ભવ કરે છે. આહાહા..! એવા તો પ્રભુ! તેં અનંતવાર ૪૮ ભવ કર્યા. ત્યાં અનંતકાળથી છે, પ્રભુ! આહાહા..! એ મિથ્યાત્વને કારણે છે. આહાહા..! એ પરમાં અધ્યવસાયની એકત્વબુદ્ધિ મહા મિથ્યાત્વ સંસારની જડ છે. પરિભ્રમણની જડ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'અપરિગ્રહમાં...' એટલે કે, મેં પરિગ્રહ છોડી દીધો, હું નગ્ન થયો, મેં વસ્ત્ર છોડી દીધા, હું નગ્ન થયો એ તો જડની પર્યાય છે, તો મેં આવી જડની પર્યાય કરી એ મિથ્યાત્વભાવ છે. સાથે જરી અપરિગ્રહભાવ છે તો પુણ્યભાવ છે, મિથ્યાત્વ સહિત પુણ્ય છે. આહાહા..! આવું સાંભળવું કઠણ પડે એવું છે. 'સુમેરુમલજી'! ભગવંત! માર્ગ તો આ છે. આહાહા..!

ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમાત્માનો તો આ હુકમ છે. ત્રણલોકના નાથ 'સીમંધર' ભગવાન તો બિરાજે છે, મહાવિદેહમાં મોજૂદ છે, મનુષ્યપણે મોજૂદ છે. 'મહાવીર' આદિ તો સિદ્ધ થઈ ગયા. ભગવાન 'મહાવીર' આદિ ચોવીસ તીર્થંકર ણમો સિદ્ધાણં, એ તો સિદ્ધમાં ચાલ્યા ગયા. આ ભગવાન તો અરિહંતમાં છે, ણમો અરિહંતાણંમાં છે. ચાર કર્મનો નાશ થયો, ચાર કર્મ બાકી છે. ભગવાન 'મહાવીર' આદિ ચોવીશ તીર્થંકર તો આઠ કર્મનો અભાવ કરીને સિદ્ધ થઈ ગયા. ણમો સિદ્ધાણંમાં છે. 'સીમંધર' ભગવાન ણમો અરિહંતાણંમાં છે. આહાહા..! એ ભગવાનની વાણીમાં ઇન્દ્રો અને ગણધરોને ભગવાન આવું સંભળાવતા હતા. આહાહા..! ગજબ વાત છે!

જેમ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ અને પરિગ્રહ, એની એકત્વબુદ્ધિ મિથ્યાત્વ સહિત પાપ (છે) અને અહિંસા, પરની દયા પાળવી, સત્ય બોલવું, ચોરી ન કરવી, શરીરથી વિષય સેવન ન કરવું, પરિગ્રહ ન રાખવો, એવી એકત્વબુદ્ધિ... આહાહા..! એ મિથ્યાત્વ સહિત પુણ્યબંધનું કારણ છે. સમજાય છે? ભાઈ! આ બધી આંખ્યું ઉઘડી જાય એવી છે. આહાહા..!

ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો આ હુકમ, આ આજ્ઞા છે. પ્રભુ! તું જેમ પાંચ પાપની એકત્વબુદ્ધિમાં મિથ્યાત્વનું સેવન કરે છે અને પાપ બાંધે છે. એમ પાંચ પ્રકારના દયા, સત્ય, દત્ત–ચોરી ન કરવી, વિષય સેવન ન કરવો અને પરિગ્રહ છોડી દેવો એમાં એકત્વબુદ્ધિ કરે છે એ મિથ્યાત્વ સહિત પુણ્ય છે. આહાહા..! કહો, 'માલચંદજી'! ત્યાં ક્યાંય છે? તમારે ક્યાંય વાત હતી? આહા..! અમે એમાં ૪૫ વર્ષ રહ્યા છીએ ને! પિતાજી સ્થાનકવાસી હતા, એમાં અમારો જન્મ હતો. ૪૫ વર્ષ એમાં રહ્યા, આ ૪૫ અહીંયાં થયા. ૯૦ થયા. આહાહા..! સંપ્રદાયમાં ૪૫ વર્ષ સ્થાનકવાસીમાં (હતા). દસ વર્ષની ઉંમરથી જૈનશાળાનો અભ્યાસ હતો. દસ વર્ષની ઉંમરથી આખી સામાયિક, ણમો અરિહંતાણં, તિક્કખૂત્તો, ઇચ્છામી પડિકમ્મણા, તસ્સૂતરી, લોગસ્સ, દસ વર્ષની ઉંમરે (કરતા હતા). ૮૦ વર્ષ થયા. પહેલેથી એ જાતના સંસ્કાર હતા ને! આ વાત ત્યાં હતી નહિ. આહાહા..!

કેટલી કડક વાત છે! શરીરથી બ્રહ્મચર્ય પાળવું, તો શરીરની ક્રિયા મેં ન કરી એવી શરીરની સાથે એકત્વબુદ્ધિ એ અધ્યવસાય મિથ્યાત્વ છે. ખાહ નીકળી જાય એવું છે. આહાહા..! પાંચ પાપ અને પાંચ પુણ્ય, દરેકમાં એકત્વબુદ્ધિ છે તો મિથ્યાત્વ સહિત પાપ અને મિથ્યાત્વ સહિત પુણ્ય છે, એમ કહે છે. હું સત્ય બોલું છું, આ ભાષા તો જડ છે. સમજાણું કાંઈ? ભલે સત્ય બોલવાનો ભાવ છે એ શુભ છે, પણ આ ભાષા મારી છે અને હું બોલું છું એ એકત્વબુદ્ધિ મિથ્યાત્વ છે. આહાહા..!

અન્યમતિમાં આવે છે ને? 'હરીશચંદ્ર' રાજા! સત્યવાદી. બધા નાટક આવે છે. જોયું છું, બધું જોયું છે. 'હરીશચંદ્ર' રાજા સત્યવાદી. છેવટે સત્યવાદી મસાણમાં રહ્યા હતા. તેની સ્ત્રી, તેનો બાળક મરી ગયા હતા. સ્ત્રી આવી તો (કહે), લાવો. એવું નાટક આવે છે. 'હરીશચંદ્ર' રાજા. એ સત્ય નહિ, ભાઈ! એ તો સત્યનું અભિમાન હતું. આહાહા..! સત્ય તો પ્રભુઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ અંદર તેની દૃષ્ટિ અને તેનું જ્ઞાન એ સત્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહો..! બહુ ફેરફાર, ભાઈ! આ વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. આહાહા..! કહ્યું?

'તે બધોય પુણ્યના બંધનું એકમાત્ર કારણ છે.' પુણ્યબંધનું એકમાત્ર કારણ છે, એમ કહે છે. અધ્યવસાય છે ને? આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ અને પરિગ્રહ–એ પાંચની એકત્વબુદ્ધિ સહિત, મિથ્યાત્વ સહિત પાપ અને અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ અને એકત્વબુદ્ધિ સહિત–મિથ્યાત્વ સહિત પુણ્ય, પણ બન્ને બંધના કારણ છે. આહાહા..! કેમકે આત્મા તો પરિગ્રહ રહિત જ છે. પરવસ્તુથી રહિત છે તો છોડે શું અને ગ્રહે શું? આહાહા..!

મેં પરિગ્રહ છોડ્યો. એ તો છૂટો જ છે, તારામાં ક્યાં આવી ગયો છે? તારી પર્યાયમાં આવ્યો છે? એ પરિગ્રહ મારો છે એવી મમતા તારી પર્યાયમાં આવી છે. મિથ્યાત્વ અભિપ્રાય.

એ ચીજ તો અહીંયાં આવતી નથી. એ ચીજ આવી નહિ તો ગ્રહણ કરી અને આવી નહિ તેને છોડી, એ મિથ્યા અભિપ્રાય છે. મિથ્યાદર્શન શલ્ય. અઢારમાં પાપ કહે છે ને? આહાહા..!

સમકિતી પરિગ્રહ પરિમાણ બાંધે છે ને? એ તો એકત્વબુદ્ધિ રહિત મમતાના પરિણામથી તેમાં પરિમાણ કરે છે. શું કહ્યું? સમ્યગ્દૃષ્ટિ આત્માનું જ્ઞાન છે, ભાન છે એ પણ આગળ જતાં પંચમ ગુણસ્થાનમાં પરિગ્રહનું પરિમાણ કરે છે. ચોથે ગુણસ્થાને પરિગ્રહનું પરિમાણ નથી. ત્યાં તો અન્યાયનો ત્યાગ છે. અને પાંચમે ગુણસ્થાને તો પરિગ્રહ પરિમાણ કરે છે. એ તો પરિગ્રહની રાગની જે મમતા હતી તેની મમતા ઘટાડે છે. દૃષ્ટિમાં એકત્વ છૂટી ગયું છે. સમજાણું કાંઈ? પરિગ્રહ મારો છે અને પરિગ્રહ હું છોડું છું એ દૃષ્ટિ તો છે નહિ. આહાહા..! પણ પરિગ્રહમાં જે મમતા–આસક્તિ હતી, એકત્વબુદ્ધિનો તો ધર્મીને નાશ થઈ ગયો છે, એ પરિગ્રહ મેં રાખ્યો છે કે છોડું છું, એ મારામાં છે જ નહિ. પણ એ પરિગ્રહમાં એકત્વબુદ્ધિનો ત્યાગ કર્યા પછી મમતા રહે છે તો મમતાનું પરિમાણ કરે છે, કે મારે આટલી મમતા રાખવી, વિશેષ મમતા નહિ, એટલું પરિમાણ. એ પરિગ્રહ પરિમાણ. આહાહા..!

ભાવાર્થ :– 'જેમ હિંસામાં અધ્યવસાય તે પાપબંધનું કારણ કહ્યું છે તેમ અસત્ય,...' જૂઠું બોલવું. 'ચોરી, અબ્રહ્મચર્ય...' વિષય સેવન કરવું 'અને પરિગ્રહ...' રાખવો. એ અધ્યવસાય–એકત્વબુદ્ધિ 'પાપબંધનું કારણ છે.' ભાવાર્થ છે ને? 'વળી જેમ અહિંસામાં અધ્યવસાય તે પુણ્યબંધનું કારણ છે...' છે? અહિંસા નામ પરની દયા હું પાળી શકું છું એવો અધ્યવસાય મિથ્યાત્વ છે. અહિંસામાં અધ્યવસાય પુણ્યબંધનું કારણ છે. આહાહા..! ગજબ વાત છે. જગતથી નિરાળો માર્ગ છે, પ્રભુ! હેં? વીતરાગ પરમાત્મા.. આહાહા..!

'અહિંસામાં અધ્યવસાય તે પુણ્યબંધનું કારણ છે...' મિથ્યાત્વ સહિત, હોં! મેં પરની દયા પાળી, મેં પરની રક્ષા કરી. શું તું પરદ્રવ્યની રક્ષા કરી શકે છે? આહાહા..! આકરું કામ છે. એથી અત્યારે લોકો એમ કહે છે ને, 'સોનગઢ'ની વાતું બહુ આકરી પડે છે. પણ આ 'સોનગઢ'ની છે કે ભગવાનની છે? આ વાત બહારમાં નહોતી તો આવી અહીંથી. તો એ કહે, 'સોનગઢ'ની છે. 'સોનગઢ'ની નથી, આ તો ત્રણલોકના નાથની છે. આહાહા..! ભગવાન બિરાજે છે. સમજાણું કાંઈ? આહા..! રાજા, મહારાજા સિંહ ને નાગ ને વાઘ સભામાં આવે છે. ભગવાનની વાણીમાં આ આવ્યું. સમજાણું કાંઈ?

વનના રાજા સિંહ જંગલમાંથી વ્યાખ્યાન સાંભળવા આવે છે. વનરાજા સિંહ, કેસરી સિંહ, સેંકડો સિંહ જંગલમાંથી ભગવાનની સભામાં તિર્યંચની સભામાં બેસે છે. બાર સભા છે ને? બાર. આહાહા..! નાગ, કાળા નાગ પચીસ-પચીસ હાથના લાંબા જંગલમાંથી ચાલ્યા આવે. કોઈને ભય નહિ. વ્યાખ્યાન સાંભળવા પરમાત્મા પાસે ચાલ્યા આવે. આહાહા..! અને એ નાગની પાસે નજીક ઉંદર હોય તો ઉંદરને ભય નહિ. નાગ એને મારે એવો ઉંદરને ભય નહિ. સભામાં બેસે. આહાહા..! વાઘ અને મિંદડી, સિંહ અને મિંદડી, સર્પ અને ઉંદર

નજીક બેઠા હોય. સભા (ભરાય છે), ત્રણલોકના નાથની વાણી સાંભળે છે. કોઈ કોઈને વેર ઉઠે નહિ. આહાહા..! ત્યાં એ વાણીમાં આ આવ્યું.

પ્રભુ! તારા તત્ત્વને બીજા તત્ત્વની સાથે એકત્વબુદ્ધિ રાખીને હિંસા આદિ કરે તો પાપ છે અને પરની સાથે એકત્વબુદ્ધિ કરીને શુભભાવ કર્યા તો મિથ્યાત્વ સહિત પુણ્ય છે. આહાહા..! મેં કપડા છોડી દીધા, હું શરીરથી નગ્ન થયો. શરીરની નગ્ન દશા તો જડની છે. જડથી થઈ છે, આત્માથી થઈ છે. એ 'ચાંદમલજી' કહેતા હતા. 'ઉદયપુર'ના હતા ને? મુનિએ આ લૂગડાં ઉતારવા પડે ને? પણ લૂગડાં ઉતારે કોણ? એ તો જડ છે. આકરું કામ, ભાઈ! મુનિ હોય છે. ચક્રવર્તી, તીર્થંકર ચક્રવર્તી, વસ્ત્ર છૂટી જાય છે. છૂટી જાય છે, છોડે છે એમ નહિ. છોડું છું એવી એકત્વબુદ્ધિ કરે તો મિથ્યાત્વ છે. આકરું કામ, ભાઈ! જેને ગ્રહણ કર્યું નથી. ગ્રહણ કરી છે? પરચીજ આત્મામાં આવી છે? ગ્રહણ કરી નથી એને છોડવી શું? આહાહા..!

એ વાત અહીંયાં કહે છે. મેં પરિગ્રહ છોડ્યો, હું નગ્ન થયો, મેં કપડા છોડી દીધા. આહાહા..! એવી પર સાથેની એકત્વબુદ્ધિ મિથ્યાત્વ સહિત કદાચિત્ શુભભાવ હોય તો પુણ્ય બંધ થશે. આહા..! છે? 'સત્ય, દત્ત (-દીધેલું લેવું તે), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-તેમનામાં અધ્યવસાય તે પણ પુણ્યબંધનું કારણ છે. આ રીતે, પાંચ પાપોમાં (અવ્રતોમાં) અધ્યવસાય કરવામાં આવે તે પાપબંધનું કારણ છે અને પાંચ (એકદેશ કે સર્વદેશ) વ્રતોમાં અધ્યવસાય કરવામાં આવે...' આહાહા..! એ રાગ અને બહારની ક્રિયામાં એકત્વબુદ્ધિ છે. આહાહા..! માર્ગ ઝીણો, ભાઈ! આહાહા..!

એ દેહ છૂટવાનું ટાણું આવશે, પ્રભુ! આ હમણાં છૂટશે ને? આ ભવે છૂટશે ને? હેં? આહાહા..! આંતરડા તણાશે, રગુ તણાશે, અં..હ.. એમ કરશે. કોણ છે? બાપા! આ તો જડ છે, પ્રભુ! આહાહા..! સબાકા, શૂળ.. શૂળ.. શૂળ કહે છે ને? આહાહા..! જુઓને ભાઈ! આપણે નથી? 'નેમચંદભાઈ'ને અહીં (સબાકા) આવે છે, કે રાડ નાખે. 'લાલચંદભાઈ', આપણા 'લાલચંદભાઈ' વૈરાગી માણસ છે. એને શરીરમાં એવા સબાકા મારે. અહીંયાં રહી ગયા હમણા. નહિતર 'મુંબઈ' છોડી દીધું હતું, પાછું દવા માટે 'મુંબઈ' જાવું પડ્યું. એવા સબાકા મારે, ગુમડા થાય. ગુમડા સમજ્યા? ફોડા. ગુમડામાં બળતરા.. બળતરા.. બળતરા. અગ્નિના તણખા, જાણે અગ્નિ! એ જડની દશા છે, પ્રભુ! આહાહા..! જડની દશા મારામાં થાય છે એ માન્યતા અજ્ઞાન છે. આહાહા..! અને જડની દશા એ તો પરમાણુની પર્યાય છે. એ પર્યાય પરમાણુની છે અને આ માને છે કે મારામાં થઈ છે. મિથ્યા અધ્યવસાય છે. આહા..!

'દેહનો ધર્મ જીવપદમાં જણાય છે' 'શ્રીમદ્'માં આવે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'. દેહનો ધર્મ એટલે દેહની દશા. રોગની કે નીરોગની, જે હોય. આત્મા જાણનાર છે. જાણે છે, કે આ છે. એ પણ એક અપેક્ષાએ વ્યવહાર છે. આપણે ત્યાં બન્યું હતું ને? કેવા? હેં? 'રાજકોટ'માં

'મૂળજીભાઈ'. બે ભાઈઓ હતા. ઘણો વખત 'મુંબઈ' ધંધો કર્યો પછી અઢારેક લાખ પેદા થઈ ગયા પછી બધું છોડી દીધું, દુકાન છોડી દીધી. ઘણા વર્ષની વાત છે. અઢાર લાખ! તે દિ' અઢાર લાખ એટલે ઘણાને! છોડીને અહીં રહેતા હતા, 'રાજકોટ'. 'મૂળજીભાઈ'ને વાંચન ઓછું પણ એને વિચાર બહુ. એને મૃત્યુનું ટાણું આવ્યું. બીજા કહે, 'બોલાવો ડૉક્ટરને.' આ કહે, 'ડૉક્ટરને નહિ, બોલાવો 'લાલચંદભાઈ'ને.' 'લાલચંદભાઈ'ને બહુ દૃષ્ટિ અને વૈરાગ્ય છે.

ભાઈ! શરીરનો ધર્મ જીવમાં જણાય છે, એમ કહ્યું. ત્યારે તો ઘણા લાખોપતિ મોટા, મરવાની તૈયારી. ત્યારે એમ બોલ્યા, 'મૂળજીભાઈ' એમ બોલ્યા કે, આ શરીરનો ધર્મ જીવ જાણે છે કે જીવ પોતાની પર્યાયને જાણે છે? 'માંગીલાલજી'! સમજાણું કાંઈ? એના મૃત્યુ પછી કોઈએ રોવું નહિ. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે' ગાઈને પછી મડદું કાઢ્યું. 'અપૂર્વ અવસર એવો...' એને કહ્યું, ભાઈ! આ શરીરની ક્રિયા તો આત્મા જાણનાર છે. શરીરમાં થાય છે. તો જવાબ આપ્યો કે, 'શું શરીરની પર્યાય જાણનારો આત્મા છે? એ તો પર છે. પોતાની પર્યાય જાણનારો છે.' એ..ઇ..! 'સુમેરુમલજી'! મોટા લાખોપતિ. ઘણી પેદાશ, લાખોની પેદાશ. કાંઈ નહિ, શરીર મારું નહિ. શરીરને હું જાણું છું, એ પણ નહિ. શરીર તો જડ છે, હું તો ચૈતન્ય ભિન્ન છું. પરને જાણું છું કે હું પોતાને જાણું છું? આહાહા..! સમજાણું કાંઈ? એવો જવાબ આપ્યો હતો. દેહ છૂટી ગયો. પછી મડદું કાઢ્યું ત્યારે મસાણમાં 'અપૂર્વ અવસર..' લીધું. રોવાનું નહિ. આહાહા..! ભાઈ! તારો દેહ છૂટવાનો એક દિવસ આવશે. આ દેહ છે એ તો પર છે, એ તો છૂટી જશે. આહાહા..! પણ એ દેહને છોડું છું કે દેહને રાખું છું, એવી એકત્વબુદ્ધિ મિથ્યાત્વ છે. દેહને જાણું છું એ પણ હજી વ્યવહાર છે. આહાહા..! ગજબ વાત છે! આહાહા..! 'પૂનાતરજી'! સમજાય છે આ? આ સમજવું પડશે, હોં! બહારમાં ધૂળમાં નથી. લાખો રૂપિયાની પેદાશમાં (નથી). આહા..!

અહીં ભગવાન કહે છે, કે એ પાંચમાં અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહમાં અધ્યવસાય–એકત્વબુદ્ધિ છે એ મિથ્યાત્વ સહિત પુણ્ય છે. આહા..! 'આ રીતે, પાંચ પાપોમાં (અવ્રતોમાં) અધ્યવસાય કરવામાં આવે તે પાપબંધનું કારણ છે અને પાંચ (એકદેશ કે સર્વદેશ) વ્રતોમાં અધ્યવસાય કરવામાં આવે તે પુણ્યબંધનું કારણ છે. પાપ અને પુણ્ય બન્નેના બંધનમાં, અધ્યવસાય જ એકમાત્ર બંધ-કારણ છે.' અહીં તો એ સિદ્ધ કરવું છે. પુણ્ય-પાપ નહિ, એકત્વબુદ્ધિ છે ત્યાં વજન છે. આહાહા..!

## ગાથા-૨૬૫

वत्थुं पडुच्च जं पुण अज्झवसाणं तु होदि जीवाणं।
ण य वत्थुदो दु बंधो अज्झवसाणेण बंधोत्थि।।२६५।।
वस्तु प्रतीत्य यत्पुनरध्यवसानं तु भवति जीवानाम्।
न च वस्तुतस्तु बन्धोऽध्यवसानेन बन्धोऽस्ति।।२६५।।

अध्यवसानमेव बन्धहेतुः, न तु बाह्यवस्तु, तस्य बन्धहेतोरध्यवसानस्य हेतुत्वेनैव चरितार्थत्वात्। तर्हि किमर्थो बाह्यवस्तुप्रतिषेधः ? अध्यवसानप्रतिषेधार्थः। अध्यवसानस्य हि बाह्यवस्तु आश्रयभूतं; न हि बाह्यवस्त्वनाश्रित्य अध्यवसानमात्मानं लभते। यदि बाह्यवस्त्वनाश्रित्यापि अध्यवसानं जायेत तदा, यथा वीरसूसुतस्याश्रयभूतस्य सद्भावे वीरसूसुतं हिनस्मीत्यध्यवसायो जायते, तथा बन्ध्यासुतस्याश्रयभूतस्यासद्भावेऽपि बन्ध्यासुतं हिनस्मीत्यध्यवसायो जायेत। न च जायते। ततो निराश्रयं नास्त्यध्यवसानमिति नियमः। तत एव चाध्यवसानाश्रयभूतस्य बाह्यवस्तुनोऽत्यन्तप्रतिषेधः, हेतुप्रतिषेधेनैव हेतुमत्प्रतिषेधात्। न च बन्धहेतुहेतुत्वे सत्यपि बाह्यवस्तु बन्धहेतुः स्यात्, ईर्यासिमितिपरिणतयतीन्द्रपदव्यापाद्यमानवेगापतत्कालचोदितकुलिङ्गवत्, बाह्यवस्तुनो बन्धहेतुहेतोरबन्धहेतुत्वेन बन्धहेतुत्वस्यानैकान्तिकत्वात्। अतो न बाह्यवस्तु जीवस्यातद्भावो बन्धहेतुः, अध्यवसानमेव तस्य तद्भावो बन्धहेतुः।

---

વળી 'બાહ્યવસ્તુ તે બીજું પણ બંધનું કારણ હશે' એવી શંકા ન કરવી. ('અધ્યવસાય તે બંધનું એક કારણ હશે અને બાહ્યવસ્તુ તે બંધનું બીજું કારણ હશે' એવી પણ શંકા કરવી યોગ્ય નથી; અધ્યવસાય જ એકનું એક બંધનું કારણ છે, બાહ્યવસ્તુ બંધનું કારણ નથી.) આવા અર્થની ગાથા હવે કહે છે :-

**જે થાય અધ્યવસાન જીવને, વસ્તુ-આશ્રિત તે બને,**
**પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ છે. ૨૬૫.**

ગાથાર્થ :– [ पुनः ] વળી, [ जीवानाम् ] જીવોને [ यत् ] જે [ अध्यवसानं तुं ] અધ્યવસાન [ भवति ] થાય છે તે [ वस्तु ] વસ્તુને [ प्रतीत्य ] અવલંબીને થાય છે

[ च तु ] તોપણ [ वस्तुतः ] વસ્તુથી [ न बन्धः ] બંધ નથી, [ अध्यवसानेन ] અધ્યવસાનથી જ [ बन्धः अस्ति ] બંધ છે.

ટીકા :– અધ્યવસાન જ બંધનું કારણ છે; બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, કેમ કે બંધનું કારણ જે અધ્યવસાન તેના કારણપણાથી જ બાહ્યવસ્તુને ચરિતાર્થપણું છે (અર્થાત્ બંધનું કારણ જે અધ્યવસાન તેનું કારણ થવામાં જ બાહ્યવસ્તુનું કાર્યક્ષેત્ર પૂરું થાયછે, તે કાંઈ બંધનું કારણ થતી નથી). અહીં પ્રશ્ન થાય છે કે - જો બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો ('બાહ્યવસ્તુનો પ્રસંગ ન કરો, ત્યાગ કરો' એમ) બાહ્યવસ્તુનો પ્રતિષેધ (નિષેધ) શા માટે કરવામાં આવે છે ? તેનું સમાધાન :- અધ્યવસાનના પ્રતિષેધ અર્થે બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે. અધ્યવસાનને બાહ્યવસ્તુ આશ્રયભૂત છે; બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના અધ્યવસાન પોતાના સ્વરૂપને પામતું નથી અર્થાત્ ઊપજતું નથી. જો બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના પણ અધ્યવસાન ઊપજતું હોય તો, જેમ આશ્રયભૂત એવા *વીરજનનીના પુત્રના સદ્ભાવમાં (કોઈને) એવો અધ્યવસાય ઊપજે છે કે 'હું વીરજનનીના પુત્રને હણું છું' તેમ આશ્રયભૂત એવા વંધ્યાપુત્રના અસદ્ભાવમાં પણ (કોઈને) એવો અધ્યવસાય ઊપજે (-ઊપજવો જોઈએ) કે 'હું વંધ્યાપુત્રને (વાંઝણીના પુત્રને) હણું છું'. પરંતુ એવો અધ્યવસાય તો (કોઈને) ઊપજતો નથી. (જ્યાં વંધ્યાનો પુત્ર જ નથી ત્યાં મારવાનો અધ્યવસાય ક્યાંથી ઊપજે?) માટે એવો નિયમ છે કે (બાહ્યવસ્તુરૂપ) આશ્રય વિના અધ્યવસાન હોતું નથી. અને તેથી જ અધ્યવસાનને આશ્રયભૂત એવી જે બાહ્યવસ્તુ તેનો અત્યંત પ્રતિષેધ છે, કેમ કે કારણના પ્રતિષેધથી જ કાર્યનો પ્રતિષેધ થાય છે. (બાહ્યવસ્તુ અધ્યવસાનનું કારણ છે તેથી તેના પ્રતિષેધથી અધ્યવસાનનો પ્રતિષેધ થાય છે). પરંતુ, જોકે બાહ્યવસ્તુ બંધના કારણનું (અર્થાત્ અધ્યવસાનનું) કારણ છે તોપણ તે (બાહ્યવસ્તુ) બંધનું કારણ નથી; કેમ કે ઈર્યાસમિતિમાં પરિણમેલા મુનીંદ્રના પગ વડે હણાઈ જતા એવા કોઈ ઝડપથી આવી પડતા કાળપ્રેરિત ઊડતા જીવડાની માફક, બાહ્યવસ્તુ - કે જે બંધના કારણનું કારણ છે તે - બંધનું કારણ નહિ થતી હોવાથી, બાહ્યવસ્તુને બંધનું કારણપણું માનવામાં અનૈકાંતિક હેત્વાભાસપણું છે - વ્યભિચાર આવે છે. (આમ નિશ્ચયથી બાહ્યવસ્તુને બંધનું કારણપણું નિર્બાધ રીતે સિદ્ધ થતું નથી.) માટે બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્ભાવરૂપ છે તે બંધનું કારણ નથી; અધ્યવસાન કે જે જીવને તદ્ભાવરૂપ છે તે જ બંધનું કારણ છે.

ભાવાર્થ :– બંધનું કારણ નિશ્ચયથી અધ્યવસાન જ છે; અને જે બાહ્યવસ્તુઓ છે તે અધ્યવસાનનું આલંબન છે - તેમને આલંબીને અધ્યવસાન ઊપજે છે, તેથી તેમને અધ્યવસાનનું કારણ કહેવામાં આવે છે. બાહ્યવસ્તુ વિના નિરાશ્રયપણે અધ્યવસાન ઊપજતાં નથી તેથી

* વીરજનની = શૂરવીરને જન્મ આપનારી; શૂરવીરની માતા.

બાહ્યવસ્તુઓનો ત્યાગ કરાવવામાં આવે છે. જો બંધનું કારણ બાહ્યવસ્તુ કહેવામાં આવે તો તેમાં વ્યભિચાર આવે છે. (કારણ હોવા છતાં કોઈ સ્થળે કાર્ય દેખાય અને કોઈ સ્થળે કાર્ય ન દેખાય તેને વ્યભિચાર કહે છે અને એવા કારણને વ્યભિચારી-અનૈકાંતિક-કારણાભાસ કહે છે.) કોઈ મુનિ ઈર્યાસમિતિપૂર્વક યત્નથી ગમન કરતા હોય તેમના પગ તળે કોઈ ઊડતું જીવડું વેગથી આવી પડીને મરી ગયું તો તેની હિંસા મુનિને લાગતી નથી. અહીં બાહ્ય દૃષ્ટિથી જોવામાં આવે તો હિંસા થઈ, પરંતુ મુનિને હિંસાનો અધ્યવસાય નહિ હોવાથી તેમને બંધ થતો નથી. જેમ તે પગ નીચે મરી જતું જીવડું મુનિને બંધનું કારણ નથી તેમ અન્ય બાહ્યવસ્તુઓ વિષે પણ સમજવું. આ રીતે બાહ્યવસ્તુને બંધનું કારણ માનવામાં વ્યભિચાર આવતો હોવાથી બાહ્યવસ્તુ બંધનું કારણ નથી એમ સિદ્ધ થયું. વળી બાહ્યવસ્તુ વિના નિરાશ્રયે અધ્યવસાન થતાં નથી તેથી બાહ્યવસ્તુનો નિષેધ પણ છે જ.

## ગાથા-૨૬૫ ઉપર પ્રવચન

'વળી 'બાહ્યવસ્તુ તે બીજું બંધનું કારણ હશે' એવી શંકા ન કરવી.' શું કહે છે? કે, બાહ્ય ચીજ છે તે બંધનું કારણ નથી. બંધનું કારણ તો 'તે મારું છે' એવું એકત્વ અધ્યવસાય એ જ બંધનું કારણ છે. બાહ્ય ચીજ બંધનું કારણ નથી, શરીર બંધનું કારણ નથી, પૈસા બંધનું કારણ નથી, એ તો પર ચીજ છે. આહાહા..! ભલે એ પરના આશ્રયે અધ્યવસાય એકત્વબુદ્ધિ થાય, પણ એ પર બંધનું કારણ નથી. શું કહ્યું? ફરીને, એકત્વબુદ્ધિ કરે છે એ એકત્વબુદ્ધિમાં ભલે પરનો આશ્રય હો પણ એકત્વબુદ્ધિ બંધના કારણમાં પર બંધનું કારણ નથી, એ એકત્વબુદ્ધિ બંધનું કારણ છે. આવું સાંભળ્યું નથી કોઈ દિ' ન્યાં ધૂળમાં. આહાહા..!

મુમુક્ષુ :- માટે સાંભળવા આવ્યા છીએ.

ઉત્તર :- એને તો પ્રેમ છે ને! એને તો પ્રેમ છે. આહા..! બાપુ! આ વાત આવી છે, ભાઈ! આહાહા..! આવી વાત!

શરીરથી બ્રહ્મચર્ય પાળે. તો કહે, મેં શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું. એ એકત્વબુદ્ધિ મિથ્યાત્વ છે. ગજબ વાત છે, નાથ! બ્રહ્મ નામ આત્મામાં અંદર રમવું એ બ્રહ્મચર્ય છે. એ બ્રહ્મચર્ય છોડીને શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું એ એકત્વબુદ્ધિ જડની સાથે છે, કહે છે. આહાહા..! આમ ઘડીક હલાવી નાખે એવું છે. ઊંધી દૃષ્ટિવાળાને. આવું ત્રણલોકના નાથનું કથન આ છે. આહાહા..!

'વળી 'બાહ્યવસ્તુ તે બીજું પણ બંધનું કારણ હશે' એવી શંકા ન કરવી. ('અધ્યવસાય

તે બંધનું એક કારણ હશે અને બાહ્યવસ્તુ તે બંધનું બીજું કારણ હશે' એવી પણ શંકા કરવી યોગ્ય નથી; અધ્યવસાય જ એકનું એક બંધનું કારણ છે, બાહ્યવસ્તુ બંધનું કારણ નથી.)' શરીર, પૈસા એ કોઈ બંધનું કારણ નથી. સ્ત્રી, કુટુંબ-પરિવાર, પરવસ્તુ બંધનું કારણ નથી. બંધનું કારણ તો 'એ મારા છે' એવી એકત્વબુદ્ધિ એ બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'આવા અર્થની ગાથા હવે કહે છે :–' ૨૬૫.

वत्थुं पडुच्च जं पुण अज्झवसाणं तु होदि जीवाणं।
ण य वत्थुदो दु बंधो अज्झवसाणेण बंधोत्थि।।२६५।।

નીચે હરિગીત.

જે થાય અધ્યવસાન જીવને, વસ્તુ-આશ્રિત તે બને,
પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ છે. ૨૬૫.

શું કહે છે? ટીકા :– 'અધ્યવસાન જ બંધનું કારણ છે;...' એટલે પોતાની ચીજ, જે પરથી ભિન્ન છે, એમ નહિ માનતા રાગ, શરીર ને કર્મ આદિ ચીજ મારી છે, એવું જે એકત્વ અધ્યવસાય મિથ્યાત્વ છે તે જ બંધનું કારણ છે. પર ચીજ બંધનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'બાહ્યવસ્તુ બંધનું કારણ નથી,...'

ચક્રવર્તીને કરોડો, અબજો રૂપિયા હો. નવ નિધાન (હોય) અને નિધાનમાં એક એક દિવસની અબજોની પેદાશ. ચક્રવર્તી. પણ સમ્યગ્દૃષ્ટિ છે. એ માને છે, કે એ ચીજ મારી નથી, હું તેનો સ્વામી નથી. એમાં લીધું છે, કે તું માને છે કે હું તેનો સ્વામી છું તો એ ચીજ કબુલ કરે છે, કે આ મારો સ્વામી છે? પતિ-પત્નીમાં આવે છે. પત્ની કહે કે, મારો સ્વામી છે અને પતિ કહે કે, આ મારી પત્ની છે. પણ પૈસામાં તું કહે કે, પૈસા મારા છે, હું પૈસાનો સ્વામી છું. તો પૈસા માને છે, કે આ મારો સ્વામી છે? આહાહા..! જાણનારો પરને જાણીને આ મારું છું, એમ માને છે. નહિ જાણનારી ચીજ તારું સ્વામીપણું સ્વીકારતી નથી. આહાહા..!

અહીં એ કહે છે, તું પર સાથે એકત્વબુદ્ધિ કરે છે. 'રજકણ કે ૠદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ' આહાહા..! એક રજકણથી માંડી સર્વાર્થસિદ્ધની વિભૂતિ. ૩૩ સાગર, દેવ. 'રજકણ કે ૠદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો.' એ બધું પુદ્‌ગલનો સ્વભાવ છે, મારો નહિ. આહાહા..! 'દેહ જાય પણ માયા થાય ન રોમમાં' આહાહા..! દેહ જાવાનો કાળ હોય તો રોમમાં 'આ ચીજ મારી છે' એમ નથી. આહાહા..! એ તો સંયોગી ચીજ છે તો વિયોગે ચાલી જશે. એ કોઈ સ્વાભાવિક મારી ચીજ નથી કે વિયોગ થઈ જાય. મારો પ્રભુ જ્ઞાન, દર્શન, આનંદના સ્વભાવવાળો છે. એ સ્વભાવથી વિયોગ થઈ જાય એમ કદી થતું નથી. સ્વભાવ કોઈ સંયોગી ચીજ નથી. સ્વભાવ તો એની અંતર સ્વાભાવિક ચીજ છે અને આ શરીર, કર્મ, વાણી, મન આ બધા સંયોગી ચીજ છે.

આહાહા..! સંયોગી ચીજ વિયોગ લઈને આવે છે. આહાહા..!

'તત્ત્વાર્થસાર' શાસ્ત્રમાં તો એક લેખ છે, કે જ્યારે બાળક જન્મે છે ને? છોકરો કે છોકરી. ત્યારે એની માતા હજી દેખે કે, આ કન્યા છે કે પુરુષ? એ પહેલા તેને અનિત્યતાએ ગોદમાં લઈ લીધું છે. 'તત્ત્વાર્થસાર'માં એમ આવે છે. એની માતા જન્મ આપે છે તે પહેલા અનિત્યતાએ ગોદમાં લઈ લીધું છે. ક્યારે નાશ થશે તે અનિત્ય છે. આહાહા..! હજી ખોળામાં પણ લીધું નથી. જન્મીને જોવે કે આ કન્યા છે કે છોકરો? છોકરો છે કે છોકરી પહેલા જોવે ને? અને જન્મે એટલે પહેલા એ અવાજ કરે, આંખ ન ઉઘાડે. કોઈ છોકરો કે છોકરી જન્મે (તો) ઉં..હું... એમ કરે. ઉં..આ.. ઉં..આ.. શરૂઆત કરે, હોઠ ખોલે. આંખ ન ખોલે. આહાહા..! ત્યાં તો અનિત્યતાએ ગોદમાં લઈ લીધું છે, એમ કહે છે. ક્યે ક્ષણે દેહ છૂટી જશે.. આહાહા..! એવી અનિત્ય ચીજ છે. આહાહા..! એ અનિત્ય ચીજ બંધનું કારણ નથી. બંધનું કારણ તો એકત્વબુદ્ધિ છે. આહાહા..! બાહ્યવસ્તુ નહિ. છે?

'બાહ્યવસ્તુ બંધનું કારણ નથી,...' આહા..! 'કેમ કે બંધનું કારણ...' તો એક અધ્યવસાન છે. એકત્વબુદ્ધિ બંધનું કારણ છે. આહાહા..! ભગવાનઆત્મા પરથી ભિન્ન ચીજ છે, તેમાં પર મારી ચીજ છે, એવી એકત્વબુદ્ધિ, બસ! તે જ બંધનું કારણ છે. એ સંસારની જડ, સંસારનું મૂળ છે. એ મૂળથી વૃક્ષ ફાલે, ફૂલે છે. ચોરાશીના અવતાર. આહાહા..! વૃક્ષને જેમ પાણી મળે તો ફાલે, ફૂલે. એમ પરની એકત્વબુદ્ધિ મિથ્યાત્વ, એમાંથી સંસાર ફાલે-ફૂલે છે. નરક ને નિગોદ, કાગડા ને કૂતરાના ભવ. આહાહા..! સમજાણું કાંઈ? વાત ઝીણી છે, પ્રભુ! પણ માર્ગ તો આ છે, પ્રભુ! આ ઝીણું પડે પણ માર્ગ તો આ છે. આહાહા..!

'તેના કારણપણાથી જ બાહ્યવસ્તુને ચરિતાર્થપણું છે...' શું કહે છે? '(અર્થાત્ બંધનું કારણ જે અધ્યવસાન તેનું કારણ થવામાં જ બાહ્યવસ્તુનું કાર્યક્ષેત્ર પૂરું થાય છે,...)' એટલે શું કહે છે? બાહ્યવસ્તુ બંધનું કારણ નથી પણ બંધભાવ છે તેમાં તે નિમિત્ત છે, તેના આશ્રયે પરિણામ ઉત્પન્ન થાય છે, એટલું. આ પરિગ્રહ મારો છે, મેં પરિગ્રહ છોડ્યો, તેટલો પરના આશ્રયે અધ્યવસાય ઉત્પન્ન થાય છે. બંધનું કારણ અધ્યવસાય છે, બંધનું કારણ એ ચીજ નથી. આરે.. આરે..! આવી વાતું હવે. સમજાણું કાંઈ? આહાહા..! બહુ સરસ વાત છે! બહુ સરસ!! ઓ..હો..હો..! ભેદજ્ઞાનની વાત છે. આહાહા..!

ભેદજ્ઞાનમાં બિરાજમાન પ્રભુ છે તેને પરની સાથે અભેદ કરવો, તે અધ્યવસાય મિથ્યાત્વ છે. ભલે પરવસ્તુ ઉપર લક્ષ જાય છે, અધ્યવસાયનો આશ્રય પરવસ્તુ છે પણ પરવસ્તુ બંધનું કારણ નથી. એકત્વબુદ્ધિમાં પરવસ્તુનો આશ્રય છે, કે આ મારી છે, એમ. પણ એ આશ્રય છે એટલું. ત્યાં તેનું (કાર્યક્ષેત્ર) પૂરું થઈ ગયું. પણ એ પરવસ્તુ બંધનું કારણ છે, એમ નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૩૨૪ ગાથા–૨૬૫, રવિવાર, આસો સુદ ૮, તા. ૩૦-૦૯-૧૯૭૯
(આ પ્રવચન હિન્દીમાં થયેલ છે તેનું ગુજરાતીમાં ભાષાંતર કરેલ છે.)

'સમયસાર' ૨૬૫ ગાથા. ટીકા. 'બંધ અધિકાર' છે ને? તો (કહે છે), 'અધ્યવસાન જ બંધનું કારણ છે;...' પર પદાર્થ મારા છે, રાગ મારો છે, એવી એકત્વબુદ્ધિ–અધ્યવસાન, એ જ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? 'અધ્યવસાન જ' એમ લીધું છે ને? નિશ્ચય કહ્યું. 'અધ્યવસાન જ બંધનું કારણ છે;...' રાગ, શરીર, કર્મ, પર પદાર્થની એકત્વબુદ્ધિનો અધ્યવસાય એ જ મિથ્યાત્વ છે અને એ જ બંધનું કારણ છે. આહાહા..!

કારણ કે બાહ્ય વસ્તુ નથી, 'બાહ્યવસ્તુ બંધનું કારણ નથી,...' ગમે તેટલી સામગ્રી હોય, શરીર–કોઈનું શરીર પાતળું હોય, કોઈનું શરીર જાડું હોય એથી કરીને ઘણા રજકણો ઝાઝા (છે) માટે બંધનું કારણ છે, એમ નથી. બાહ્ય વસ્તુ બંધનું કારણ છે જ નહિ. આહાહા..! બે વાત કરી. 'અધ્યવસાન જ બંધનું કારણ છે; બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, કેમ કે બંધનું કારણ જે અધ્યવસાન તેના કારણપણાથી જ બાહ્યવસ્તુને ચરિતાર્થપણું છે (અર્થાત્ બંધનું કારણ જે અધ્યવસાન તેનું કારણ થવામાં બાહ્યવસ્તુનું કાર્યક્ષેત્ર પૂરું થાય છે,...)' અધ્યવસાનમાં પર દ્રવ્યનો આશ્રય છે, અધ્યવસાનને પર દ્રવ્યનો આશ્રય છે, એટલું. તેટલી ત્યાં મર્યાદા છે. પરંતુ અધ્યવસાય બંધનું કારણ છે એ અધ્યવસાય પરના આશ્રયે ઉત્પન્ન થાય છે એટલી તેની મર્યાદા છે. પરંતુ પર વસ્તુ બંધનું કારણ છે એમ નથી. સમજાણું કાંઈ? અધ્યવસાન બાહ્ય વસ્તુનો આશ્રય છે તેટલું કાર્ય છે. પરંતુ અધ્યવસાન બંધનું કારણ છે, બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી. આહાહા..! 'અધ્યવસાન તેના કારણપણાથી જ બાહ્યવસ્તુને ચરિતાર્થપણું છે...' ત્યાં તેનું કાર્ય પૂરું થઈ જાય છે. આશ્રય પૂરતું.

'અહીં પ્રશ્ન થાય છે કે–જો બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો ('બાહ્યવસ્તુનો પ્રસંગ ન કરો, ત્યાગ કરો')...' બાહ્યવસ્તુનો પ્રસંગ, સંસર્ગ ન કરો પરંતુ ત્યાગ કરો એમ 'બાહ્યવસ્તુનો પ્રતિષેધ (નિષેધ) શા માટે કરવામાં આવે છે?' આહાહા..! તેનું સમાધાન આ પ્રકારે છે.

'અધ્યવસાનના પ્રતિષેધ અર્થે...' એ બાહ્યવસ્તુનો ત્યાગ અધ્યવસાનના નિષેધ અર્થે ત્યાગ કરવામાં આવ્યો છે. બાહ્યવસ્તુનો ત્યાગ થાય અને અધ્યવસાનનો ત્યાગ ન થાય તો તો મિથ્યાદૃષ્ટિ છે. બાહ્યવસ્તુનો ત્યાગ તો અનંતવાર કર્યો. નવમી ગ્રૈવેયક ગયો. નગ્નપણું ધારણ કર્યું હતું, કપડાંનો ટુકડો પણ નહોતો. એ બાહ્યવસ્તુનો ત્યાગ થયો માટે અધ્યવસાયનો ત્યાગ થઈ ગયો એમ નથી. આહા..! અધ્યવસાયનો ત્યાગ કરાવવા બાહ્યવસ્તુનો ત્યાગ કરાવે છે. આહાહા..! પરંતુ બાહ્યવસ્તુનો ત્યાગ કર્યો માટે અધ્યવસાયનો ત્યાગ થઈ ગયો, એમ

નહિ. આહાહા..!

મુમુક્ષુ :– બાહ્યવસ્તુનો ત્યાગ ગ્રહણ જ કર્યું નથી પછી શા માટે હોય?

ઉત્તર :– લક્ષ છોડાવે છે. ત્યાગનો અર્થ–તે તરફનું લક્ષ છોડાવે છે. ત્યાગ જ છે, બાહ્યવસ્તુ કે દિ' ગ્રહણ કરી હતી કે ત્યાગે? શું કહ્યું ઇ? આત્મા સિવાય શરીર, કપડા, પૈસા એ પરદ્રવ્ય કદી ગ્રહણ કર્યા નથી. ગ્રહણ કર્યા નથી તો ત્યાગ ક્યાંથી કરે? પરંતુ અહીં ત્યાગ શું કહે છે? કે, અધ્યવસાનના ત્યાગ માટે તેનું લક્ષ છોડાવવા નિષેધ કરે છે. આહા..! આહાહા..! ઝીણી વાત બહુ, બાપુ! લોકો તો અત્યારે બાહ્ય ત્યાગ (કરીને) જરી કપડા ફેરવે, કાંઈક ફેરવે એટલે જાણે આપણે ત્યાગી થઈ ગયા. આહા..! અહીં એ ના પાડે છે, એમ છે નહિ, કહે છે.

'અધ્યવસાનના પ્રતિષેધ અર્થે બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે, અધ્યવસાનને બાહ્યવસ્તુ આશ્રયભૂત છે;...' જુઓ! અધ્યવસાન–એકત્વબુદ્ધિમાં બાહ્યવસ્તુ નિમિત્ત છે, આશ્રય છે. 'બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના અધ્યવસાન પોતાના સ્વરૂપને પામતું નથી...' બાહ્યવસ્તુના આશ્રય વિના અધ્યવસાય ઉત્પન્ન થતો નથી. આશ્રય છે, પરંતુ બંધનું કારણ નથી. આહાહા..! આટલો ફેર (છે). 'અધ્યવસાન પોતાના સ્વરૂપને પામતું નથી અર્થાત્ ઊપજતું નથી,...'

'જો બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના પણ અધ્યવસાન ઊપજતું હોય,...' દૃષ્ટાંત આપે છે. 'જેમ આશ્રયભૂત એવા વીરજનનીના પુત્રના સદ્ભાવમાં (કોઈને) એવો અધ્યવસાય ઊપજે છે...' વીરજનની–વીરની માતા. આ વીરની માતા. એ વીરને હું હણું છું. વીરની જનની, વીરને હું હણું છું. આહા..! એ તો બરાબર છે, કહે છે. એ તો વસ્તુ છે. છે? વીરજનનીને સત્પુત્ર છે. '(કોઈને) એવો અધ્યવસાય ઊપજે છે કે 'હું વીરજનનીના પુત્રને હણું છું' તો એ તો બરાબર છે. કેમકે પુત્ર છે, વીરજનનીનો પુત્ર છે.

'તેમ આશ્રયભૂત એવા વંધ્યાપુત્રના અસદ્ભાવમાં પણ...' વંધ્યાનો પુત્ર નથી અને હું તેને મારું છે, એ વાત જૂઠી છે. આહાહા..! 'વંધ્યાપુત્રના અસદ્ભાવમાં પણ (કોઈને) એવો અધ્યવસાય ઊપજે (–ઊપજવો જોઈએ) કે 'હું વંધ્યાપુત્રને (વાંઝણીના પુત્રને) હણું છું' હોય છે એવો અધ્યવસાય? વંધ્યાનો પુત્ર જ નથી ત્યાં (હણે કોને)? વીરજનનીનો પુત્ર છે તો તેના સદ્ભાવમાં હું તેને હણું છું, એવો અધ્યવસાય થાય. પરંતુ વંધ્યાને પુત્ર છે જ નહિ, તેને હું હણું છું, એ (અધ્યવસાય) નિરર્થક છે. આહાહા..! અંતરનું ઘણું જોર આપ્યું છે. આ તો લોકો બાહ્યવસ્તુ છોડે એટલે જાણે ત્યાગી થઈ ગયા. ખરેખર તો ધર્મના ત્યાગી છે.

'નિયમસાર'માં પાઠ છે. ઇ ધર્મ, ધર્મનો ત્યાગી છે. અંતરદૃષ્ટિની ખબર નહિ. હું જ્ઞાયક છું, એવી તો દૃષ્ટિ થઈ નથી અને મિથ્યાત્વનો ત્યાગ તો છે નહિ અને બાહ્ય ત્યાગથી માની લે, એ તો મિથ્યાત્વનું પોષણ છે. આહાહા..! ઝીણી વાત, બાપુ! બહુ કઠણ. અત્યારે પ્રવૃત્તિ એટલી બધી ફેરફાર ફેરફાર થઈ ગયો છે. આહાહા..!

અહીં કહે છે, કે વીરજનનીનો પુત્ર તો છે તો એને મારવું એ તો નિમિત્તરૂપે વસ્તુ છે પણ વંધ્યાના પુત્રને મારું એ તો વસ્તુ નથી. એ પરના આશ્રય વિના અધ્યવસાય થતો નથી. આહાહા..! છે? '(કોઈને) ઊપજતો નથી. (જ્યાં વંધ્યાનો પુત્ર જ નથી ત્યાં મારવાનો અધ્યવસાય ક્યાંથી ઊપજે? માટે એવો નિયમ છે (બાહ્યવસ્તુરૂપ) આશ્રય વિના...' બાહ્ય ચીજનું અવલંબન, લક્ષ છે, આલંબન છે. 'પ્રતીત' છે ને પાઠમાં? મૂળ ગાથામાં પાઠમાં 'પ્રતીત' (શબ્દ) છે. પ્રતીત એટલે બાહ્ય વસ્તુનું અવલંબન, નિમિત્ત. એ વસ્તુ છે તો તેના આશ્રયે અધ્યવસાન ઉત્પન્ન થાય છે. આહાહા..! અધ્યવસાય–એકત્વબુદ્ધિ, કોઈ ચીજ છે તો એકત્વબુદ્ધિ થાય છે ને? નથી તેની સાથે એકત્વબુદ્ધિ કેવી રીતે થાય? આહાહા..! બહુ ઝીણી વાતું, બાપુ!

'(જ્યાં વંધ્યાનો પુત્ર જ નથી ત્યાં મારવાનો અધ્યવસાય ક્યાંથી ઊપજે? માટે એવો નિયમ છે કે (બાહ્યવસ્તુરૂપ) આશ્રય વિના અધ્યવસાન હોતું નથી.' અધ્યવસાન જે એકત્વબુદ્ધિ છે તેમાં પરદ્રવ્યનો આશ્રય છે 'અને તેથી જ અધ્યવસાનને આશ્રયભૂત એવી જે બાહ્યવસ્તુ તેનો...' 'તેથી જ અધ્યવસાનને આશ્રયભૂત એવી જે બાહ્યવસ્તુ તેનો અત્યંત પ્રતિષેધ છે,...' અધ્યવસાનના નિષેધને કારણે... આહાહા..! છે? 'અધ્યવસાનને આશ્રયભૂત એવી જે બાહ્યવસ્તુ તેનો અત્યંત પ્રતિષેધ છે, કેમ કે કારણના પ્રતિષેધથી જ કાર્યનો પ્રતિષેધ થાય છે, (બાહ્યવસ્તુ અધ્યવસાનનું કારણ છે...)' નિમિત્ત. '(તેથી તેના પ્રતિષેધથી અધ્યવસાનનો પ્રતિષેધ થાય છે).' તેના નિષેધથી એકત્વબુદ્ધિનો નિષેધ થાય છે. ઝીણી વાત છે, ભાઈ! બહુ આકરું કામ. આહા..!

જ્યારે અહીં આ કહ્યું તો એ અર્થ લ્યે છે, કે બાહ્યવસ્તુનો ત્યાગ પરિણામને સુધારવા માટે છે. આવો અર્થ લ્યે છે. પણ બાહ્યવસ્તુનો ત્યાગ તો અનંતવાર કર્યો. એ ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ ક્યાં? આહા..! હમણાં એક છાપામાં આવ્યું હતું, 'ટોડરમલજી' એમ કહે છે, બાહ્ય વસ્તુના ત્યાગથી પરિણામ સુધરે છે. કઈ અપેક્ષાએ કહ્યું છે? અહીં જેણે પરિણામ સુધાર્યા છે તેને બાહ્યવસ્તુનું નિમિત્ત, આલંબન ઘટી ગયું, આશ્રય ઘટી ગયું એમ કહ્યું છે. અરે..રે...! અર્થ, એવા ઊંધા અર્થ કરે. દૃષ્ટિની વિપરીતતા. આહા..!

અહીં તો કહે છે, કે 'પરંતુ, જો કે બાહ્યવસ્તુ બંધના કારણનું (અર્થાત્ અધ્યવસાનનું) કારણ છે...' નિમિત્ત. બંધનું કારણ તો એકત્વ–અધ્યવસાય. તેમાં વસ્તુ નિમિત્ત (છે). આહાહા..! 'તોપણ તે (બાહ્યવસ્તુ) બંધનું કારણ નથી;...' ભલે બાહ્યવસ્તુ બંધનું નિમિત્ત હો, અધ્યવસાનનું નિમિત્ત હો છતાં એ વસ્તુ બંધનું કારણ નથી. આહા..! બાહ્ય વસ્તુ ગ્રહણ કે દિ' કરી છે? પોતાની પર્યાયમાં બાહ્યવસ્તુનો તો ત્રિકાળ અભાવ છે. શું કહ્યું? દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે પરંતુ પર્યાયમાં પણ બાહ્યવસ્તુનો તો ત્રણે કાળ અભાવ છે. પર્યાયમાં કોઈ બાહ્યવસ્તુ આવી ગઈ છે, એમ છે નહિ. આહાહા..! તો પર્યાયમાં શું આવ્યું? કે, બાહ્યવસ્તુના

આશ્રયે એકત્વબુદ્ધિ–અધ્યવસાન, એ મિથ્યાત્વ પર્યાયમાં આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? બાહ્યવસ્તુ તો પર્યાયમાં ત્રણકાળમાં કોઈ દિ' કોઈને આવતી નથી. તો ગ્રહણ કરી નથી તો છોડવી, એ રહ્યું ક્યાં? આહાહા..! પરંતુ બાહ્યપદાર્થના આશ્રયે જે એકત્વબુદ્ધિ હતી, એ એકત્વબુદ્ધિના નિષેધ અર્થે બાહ્ય વસ્તુનો નિષેધ કરે છે. એ નિમિત્ત, નિમિત્તકારણ છે. પણ નિમિત્તકારણને છોડે અને અધ્યવસાનની એકતાને ન છોડે તો એ તો અનંતકાળથી થયું છે. સમજાણું કાંઈ?

નગ્ન દિગંબર 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' વસ્ત્રનો એક દોરો નહિ. આહાહા..! જંગલમાં વસે, એક વાર ભોજન લે, એને માટે કરેલું નહિ, પ્રાણ જાય તોપણ લે નહિ. તેથી શું થયું? અંદરમાં એકત્વબુદ્ધિ રાગ અને પરદ્રવ્ય સાથે એકત્વબુદ્ધિ છે તેનો તો નાશ થયો નથી. એકત્વબુદ્ધિનો નાશ થયા વિના મિથ્યાત્વનો નાશ થતો નથી. મિથ્યાત્વના નાશ વિના બાહ્યનો ત્યાગ તારે શું કામનો છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અભિમાન થાય છે. મેં આટલું છોડી દીધું, મેં આટલું છોડી દીધું, મિથ્યાત્વનું અભિમાન છે. આહાહા..! આકરું કામ. જૈનદર્શન બહુ ઝીણી વસ્તુ. લોકોએ તો આખો માર્ગ બહારમાં વ્યવહારમાં ખતવી નાખ્યો. માર્ગ અંતરનો છે. આહા..!

'જોકે બાહ્યવસ્તુ બંધના કારણનું (અર્થાત્ અધ્યવસાનનું) કારણ છે...' નિમિત્ત. 'તોપણ તે (બાહ્યવસ્તુ) બંધનું કારણ નથી;...' શું કહે છે? પરવસ્તુ એકત્વબુદ્ધિમાં નિમિત્ત છે પરંતુ પરવસ્તુ બંધનું કારણ નથી. અરે..! હવે આમાં.. સમજાય છે કાંઈ? પરપદાર્થ–આત્મા સિવાય જેટલા અનંત શરીર, ઔદારિક, કાર્મણ, વૈક્રિયક, તૈજસ, પર પૈસા, સ્ત્રી, કુટુંબ, કપડાં, દાગીના બધું પરદ્રવ્ય છે. પરદ્રવ્ય તો પોતાની પર્યાયમાં ત્રણકાળમાં કદી છે નહિ. પર્યાયમાં છે નહિ તેનો ત્યાગ કરું છું (એમ માને) એ તો મિથ્યાત્વ થયું. ત્યાગ જ છે તેનો ત્યાગ કરું છું! સમજાણું કાંઈ? આહાહા..! બહુ આકરું કામ.

'(બાહ્યવસ્તુ) બંધનું કારણ નથી; કેમ કે ઈર્યાસમિતિમાં પરિણમેલા મુનીંદ્ર...' મુનિરાજ– ત્રણ કષાયનો જ્યાં અભાવ છે, આત્માનું પ્રચુર સ્વસંવેદન પ્રગટ થયું છે, મુનિને અતીન્દ્રિય આનંદનું પ્રચુર (વેદન પ્રગટ થયું છે). આહાહા..! સમ્યગ્દૃષ્ટિને આનંદનું પ્રચુર વેદન નથી, જઘન્ય વેદન–થોડું વેદન છે. આનંદનું, અતીન્દ્રિય આનંદનું. પંચમ ગુણસ્થાનમાં અતીન્દ્રિય આનંદનું થોડું વિશેષ વેદન છે. મુનિને તો વિશેષ પ્રચુર છે. આહાહા..! એ અતીન્દ્રિય આનંદમાં રમણતા કરતાં મુનીંદ્ર ચાલે છે, ઈર્યાસમિતિમાં પરિણમિત છે. 'પગ વડે હણાઈ જતા...' તેમના પગ નીચે કોઈ નાનું તીડ આવી ગયું. જંગલમાં ઊડતાં ઊડતાં (પગ નીચે આવી જાય). નાના તીડ થાય છે, આટલા નાના તીડ. આમ જાગૃત રહીને ચાલે છે પણ પગ નીચે આવી ગયું. આહાહા..!

'પગ વડે હણાઈ જતા એવા કોઈ ઝડપથી આવી પડતા...' શું કહે છે? મુનિ તો ધ્યાનથી

ચાલતા હતા પણ ઝીણો જીવ વેગથી કાળપ્રેરિત દશા પૂર્ણ થઈ ગઈ. વેગથી પગ નીચે આવી ગયું. આહાહા..! જંગલમાં, ખેતરમાં થાય છે. તીડ, ઝીણા, ઝીણા તીડ. તીડ સમજ્યા? શું કહે છે તીડને? 'શુકનરાજ' ગયા લાગે છે. નાના તીડ થાય છે ને? ખડમાકડી અને નાના ફૂદા થાય છે. નાના ફૂદા.. ફૂદા.. નાના. (મુનીંદ્ર) ચાલતા ચાલતા આમ જ્યાં પગ મૂકે છે ત્યાં કાળથી પ્રેરિત થયેલા (ફૂદા પગ) નીચે આવી જાય છે. અમે તો ખેતરમાં બહુ જોયા છે.

'કોઈ ઝડપથી...' ઝડપથી એમ ભાષા છે. ઇર્યાસમિતિમાં મુનીંદ્ર ચાલતા હતા.. આહાહા..! અને અતિ વેગથી એક નાનું ફૂદું આવ્યું અને 'કાળપ્રેરિત ઊડતા...' પાછી ભાષા એવી છે. કાળને પ્રેરિત એટલે ત્યાં મરણ થવાનું હતું. આહાહા..! 'કાળપ્રેરિત ઊડતા જીવડાની માફક, બાહ્યવસ્તુ–કે જે બંધના કારણનું કારણ છે તે–બંધનું કારણ નહિ થતી હોવાથી, બાહ્યવસ્તુને બંધનું કારણપણું માનવામાં અનૈકાંતિક હેત્વાભાસપણું છે–વ્યભિચાર આવે છે.' દોષ આવે છે. મુનિને બંધનું કારણ નથી. બાહ્ય વસ્તુ મરી ગઈ છતાં બંધનું કારણ નથી. આહાહા..! કારણ કે અધ્યવસાય–એકત્વ નથી. અધ્યવસાય–એકત્વ સ્વભાવની સાથે છે. આહા..! સ્વભાવની સાથે એકત્વ એ પણ અધ્યવસાય છે. એકત્વ–સમ્યગ્દર્શન, તેને અધ્યવસાય કહે છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે–અધ્યવસાય. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં. બંધ અને મોક્ષ બેયને અધ્યવસાય કહે છે. આહા..!

પોતાનું સ્વરૂપ આનંદઘન છે તેની એકત્વબુદ્ધિને અધ્યવસાય કહે છે. પોતાના સ્વભાવનું અધ્યવસાય–એકત્વ છે તેને રાગ અને પરની એકત્વતા તૂટી ગઈ છે. અરે..રે...! આવી વાતું ઝીણી બહુ, ભાઈ! વીતરાગનો માર્ગ દુર્લભ ઘણો. આહાહા..! એ પ્રમાણે તો વ્યભવિચાર આવે છે, કહે છે. બાહ્ય (પદાર્થને) બંધનું કારણ કહો તો મુનિને તો બંધ થતો નથી. તો તો ન્યાયથી વ્યભિચાર આવ્યો. બાહ્ય વસ્તુ બંધનું કારણ છે જ નહિ. જીવ મરી ગયો છતાં મુનિને બંધ નથી. આહાહા..! વીતરાગી દશા છે અને સમિતિથી ચાલે છે તેમાં પ્રાણી મરી ગયો તો બંધ નથી. જો બાહ્ય વસ્તુ બંધનું કારણ હોય તો મરી ગયો તો બંધ થાય. એમ છે નહિ. આહાહા..! બંધનું કારણ તો રાગ અને પરની એકતાબુદ્ધિ, એ બંધનું કારણ છે. આહા..! સમજાણું કાંઈ?

જેની એકત્વબુદ્ધિ રાગની સાથે અને પરદ્રવ્ય સાથે છે તો એકત્વબુદ્ધિમાં એ ચીજ નિમિત્ત છે, પણ બંધનું કારણ નથી. બાહ્ય વસ્તુ જો બંધનું કારણ હોય તો મુનિ ઇર્યાસમિતિથી ચાલે છે, પગ નીચે ઊડતું પ્રાણી વેગથી.. વેગથી એમ આવ્યું, ઝડપથી અને કાળપ્રેરિત. કારણ કે ત્યાં દેહ પૂર્ણ થઈ ગયો, મરી ગયું. (છતાં) બંધ નથી. બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો (અજ્ઞાની) એમ કહે છે, કે બાહ્ય વસ્તુ છોડો તો પરિણામ સુધરશે. એમ કહીને બાહ્ય વસ્તુનો ત્યાગ છે તેની પોતાને મહિમા બતાવવી

છે. બાહ્ય વસ્તુ છૂટે... આ 'ટોડરમલજી' એમ કહે છે, કે બાહ્ય વસ્તુનો ત્યાગ પરિણામ સુધારવા માટે છે. એ તો પરિણામ સુધરે તેને બાહ્ય વસ્તુનો ત્યાગ કહેવામાં આવ્યો છે. પણ પરિણામ સુધરતા નથી, એકત્વબુદ્ધિ તો પડી છે. બાહ્ય વસ્તુ લાખ છોડીને કપડા પણ છોડી દીધા.. આહાહા..! રાગ, દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ જે છે તેની સાથે એકત્વબુદ્ધિ–મિથ્યાત્વ તો પડ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણો માર્ગ ભારે, ભાઈ! એમાં વર્તમાન પ્રચલિત પ્રવૃત્તિ આગળ આ વાત આખો ફેરફાર લાગે. આહા..!

'(આમ નિશ્ચયથી બાહ્યવસ્તુને બંધનું કારણપણું નિર્બાધ રીતે સિદ્ધ થતું નથી).' બાહ્ય વસ્તુ બંધનું કારણ છે એમ યથાર્થથી સિદ્ધ થતું નથી. આહા..! '(માટે બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્ભાવરૂપ છે...' શું કહે છે? બાહ્યવસ્તુ જીવમાં અતદ્ભાવ છે. અતદ્ભાવ નામ તેની પર્યાયમાં અતદ્ભાવ–તે ભાવ છે નહિ. આહાહા..! આ ભગવાનઆત્મા, તેની પર્યાયમાં એ બાહ્યવસ્તુનો અતદ્ભાવ છે. બાહ્યવસ્તુ પર્યાયમાં છે નહિ. આહાહા..! ભારે વાત. સમજાણું કાંઈ?

શું કીધું? '(બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્ભાવરૂપ છે...)' તદ્ભાવરૂપ નહિ. પર્યાયમાં જેમ રાગ તદ્ભાવ છે એકત્વબુદ્ધિનો, તેમ પરદ્રવ્ય તદ્ભાવ નથી. પરદ્રવ્યનો તો પર્યાયમાં અભાવ જ છે, અતદ્ભાવ છે. આહાહા..! સૂક્ષ્મ વિષય છે. ચાહે તો શરીર હો કે લક્ષ્મી હો કે બાહ્ય સ્ત્રી, કુટુંબ, રાજ ચક્રવર્તીનું (હો) એ આત્માની પર્યાયમાં તો અતદ્ભાવ છે. આહાહા..! અતદ્ભાવમાં આવ્યું, જોયું? પર્યાયમાં અતદ્ભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :– દ્રવ્ય અને ગુણ, પર્યાયમાં અતદ્ભાવ.

ઉત્તર :– દ્રવ્ય અને ગુણની તો વાત જ શું કરવી? એ તો ત્રિકાળ ધ્રુવ છે. પર્યાયમાં અતદ્ભાવ છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

જે પોતાનો આત્મા છે, ત્રિકાળી દ્રવ્ય અને ગુણ ત્રિકાળી ધ્રુવ છે તેમાં તો વર્તમાન પર્યાય પણ નથી. ત્રિકાળી જે ધ્રુવ છે તેમાં તો વર્તમાન પર્યાય પણ નથી. હવે વર્તમાન પર્યાય જે છે તેમાં બીજા સર્વ દ્રવ્ય કર્મ, તૈજસ શરીર, પૈસા, લક્ષ્મી, કપડાં પોતાની પર્યાયમાં અતદ્ભાવ છે, તદ્ભાવ નથી. એ પર્યાયમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! ટીકા..! આ વસ્તુ કહેવાય. આમ તો ઘણીવાર કહેતા હતા કે, પર્યાયમાં એ વસ્તુ નથી પણ અહીં તો અતદ્ભાવ આવ્યું (એટલે) નથી. આહાહા..! આ શરીરાદિ, વાણી આદિ તો એનામાં છે, પરદ્રવ્યમાં છે. પોતાની પર્યાયમાં અતદ્ભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :– અત્યંત અભાવ છે.

ઉત્તર :– અત્યંત અભાવ છે. અત્યંત અભાવ છે ભલે પણ પર્યાયમાં થોડું છે કે નહિ? તો કહે છે, ના, ના. પોતાના દ્રવ્ય-ગુણમાં તો છે નહિ પર્યાય, પણ પર્યાયમાં પરદ્રવ્યનો અતદ્ભાવ છે. પર્યાયમાં પરદ્રવ્ય છે જ નહિ પછી તેનો ત્યાગ કરવો, ગ્રહણ કરવું ક્યાં

રહ્યું? આહાહા..! ફક્ત રાગનો ત્યાગ કરવો એ પણ નિમિત્તમાત્રનું કથન છે. પરના ત્યાગ-ગ્રહણ તો છે જ નહિ, પણ રાગનો ત્યાગ કરું છું, એ પણ ૩૪મી ગાથામાં કહ્યું, કે જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા જ્ઞાનમાં જ્યાં ઠર્યો ત્યાં રાગની ઉત્પત્તિ ન થઈ તો રાગનો ત્યાગ કર્યો એમ વ્યવહારમાત્રથી કથન છે, પરમાર્થે તો રાગનો ત્યાગ આત્મા કરતો નથી. આહાહા..! શું કહ્યું?

'સમયસાર' ૩૪ ગાથામાં છે, કે ભગવાનઆત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. આત્મા પોતાના દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં (છે). બસ! બરાબર છે? પોતાનું દ્રવ્ય ત્રિકાળી, ગુણ ત્રિકાળી અને પર્યાય વર્તમાન, બસ! એમાં આત્મા છે. હવે એ દ્રવ્ય-ગુણ જે ત્રિકાળી છે તેમાં વર્તમાન પર્યાયનો પણ અભાવ છે. એક વાત. વર્તમાન પર્યાય છે તેમાં અનંત પરદ્રવ્યનો અતદ્ભાવ છે, પર્યાયમાં છે નહિ. આહાહા..! ભારે વાત. 'અતદ્ભાવ' શબ્દ વાપરીને પર્યાયમાં પરપદાર્થ છે જ નહિ (એમ કહ્યું). છે જ નહિ તો તારે છોડવું શું છે? આહાહા..! હા, પર્યાયમાં રાગ છે, રાગ છે પણ તે પણ રાગનો ત્યાગ કરવો તે પણ નિમિત્તનું વ્યવહાર કથન છે. કેમ? કે, ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનમાં, જ્ઞાનમાં ઠરે છે ત્યાં રાગની ઉત્પત્તિ થતી નથી એ રાગનો ત્યાગ કર્યો એમ નિમિત્તનું કથન વ્યવહારનું છે. રાગનો ત્યાગ પણ વ્યવહારનું કથન છે, પરમાર્થ (કથન) નહિ. આહાહા..! ઝીણી વાતું બહુ, ભાઈ!

એ ૩૪ ગાથામાં આવે છે. છે ને એમાં? 'સમયસાર' છે ને? 'ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ (આત્માને) હોવા છતાં પણ,...' ૩૪માં છે, ૩૪ ગાથામાં છે. ટીકા.. ટીકા. 'બીજો તો કોઈ ત્યાગનાર નથી એમ આત્મામાં નિશ્ચય કરીને, પ્રત્યાખ્યાન (ત્યાગના) સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ (આત્માને) હોવા છતાં પણ, પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...' એ રાગનો ત્યાગ પણ પોતામાં નથી. આહાહા..! ઝીણી વાત, ભાઈ! અરે..! સત્ય શું છે એ સાંભળ્યું નથી, સાંભળ્યું નથી, સમજ્યો નથી.

અહીં તો પરભાવ નામ રાગ. છે? આહાહા..! પરભાવની ઉપાધિમાત્ર, રાગની ઉપાધિમાત્ર. આહાહા..! નિરુપાધિ ભગવાનઆત્મા પોતામાં જ્યાં સ્થિર થયો તો રાગની ઉત્પત્તિ ન થઈ તો રાગનો ત્યાગ કર્યો એ નામમાત્ર કથન છે, નામમાત્ર કથન (છે), પરમાર્થે રાગનો ત્યાગકર્તા આત્મામાં નથી. આહાહા..! શું કહે છે? કે, જેની પર્યાયમાં પરદ્રવ્ય તો છે નહિ, તો પરદ્રવ્યનો ત્યાગ તો છે જ નહિ, એને તો પરદ્રવ્યનો ત્યાગ નામમાત્ર પણ નથી. આહાહા..! હેં? આહાહા..! થોડી ઝીણી વાત છે.

પર્યાય છે ને? દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ ધ્રુવ છે. હવે પર્યાય જે વર્તમાન પર્યાય છે, એમાં રાગ છે પણ પરવસ્તુનો અતદ્ભાવ છે. પરવસ્તુ તેનામાં નથી. પરવસ્તુ નથી તો તેનો ત્યાગ કરવો એ વાત તો રહેતી નથી. હવે રહ્યો પર્યાયમાં રાગ કે વિકાર. એ વિકારનો ત્યાગ કરવો એ પણ નામમાત્ર કથન છે. કેમ? કે, ભગવાન જ્ઞાનસ્વરૂપી છે તે રાગરૂપ થયો જ

નથી. એ જ્ઞાનસ્વરૂપની જ્યાં દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન થયું અને સ્વરૂપમાં જ્યાં સ્થિરતા થઈ ત્યાં રાગ ઉત્પન્ન થયો નહિ તો રાગનો ત્યાગ કર્યો એમ નામમાત્ર, નામમાત્ર કથન છે. આહાહા..! ગજબ વાત છે. 'શશીભાઈ'! સમજાણું? થોડું થોડું ધીમેથી સમજવું, પ્રભુ! આ તો (વીતરાગનો) માર્ગ (છે). આહાહા..! અહીંયાં આવ્યું છે ને?

'પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ (આત્માને) હોવા છતાં પણ,...' નામ હોવા છતાં, હોં! 'પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...' પરભાવ નામ રાગ. રાગનું કર્તૃત્વનો ત્યાગ આત્મામાં છે જ નહિ. આહાહા..! ચૈતન્યસ્વરૂપ ભગવાન જ્ઞાયકભાવ જ્યાં દૃષ્ટિમાં આવ્યો અને જ્યાં તેમાં લીનતા થઈ તો તેટલા અંશે પહેલા ભાન થયું તો રાગની એકતા તૂટી ગઈ અને અંદરમાં સ્થિર થયો તો રાગની ઉત્પત્તિ રોકાઈ ગઈ. શું કહ્યું? કે, ભગવાન જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ પ્રભુ, તેમાં એકતાબુદ્ધિ થઈ તો રાગની એકતાબુદ્ધિ તૂટી ગઈ. રાગ રહ્યો પણ એકતાબુદ્ધિ તૂટી ગઈ. હવે પ્રત્યાખ્યાન વખતે-પચ્ચખાણ વખતે સ્વરૂપજ્ઞાનમાં જ્ઞાન ઠર્યું તો જે અસ્થિરતાનો રાગ હતો તે ઉત્પન્ન ન થયો, એ રાગનો નામમાત્ર ત્યાગકર્તા કહેવામાં આવે છે. પરના ત્યાગની તો વાત જ નથી. આહાહા..! અરે..રે..! જગતને સત્ય વાત સાંભળવા મળે નહિ. એ ક્યાં સમજે અને ક્યારે શ્રદ્ધે? આહાહા..! સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :- બહારની વસ્તુમાંથી અંતરની વસ્તુ સમજવાનો કાળ જ ક્યાં છે?

ઉત્તર :- અત્યારે કાળ જ છે. આજ જ કરો, એમ નથી કહ્યું? 'પ્રવચનસાર' છેલ્લે (આવે છે). પ્રભુ! ક્યાં તું નથી? પૂર્ણાનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર ક્યાં નથી? બધા ક્ષેત્રમાં, બધા કાળમાં તું છે. આહાહા..! ભાઈએ લીધું છે ને? કે, આ સ્પર્શેન્દ્રિય છે, સ્પર્શેન્દ્રિય, ઇ અખંડપણે છે અને અનાદિકાળથી છે. સ્પર્શેન્દ્રિય વિના કોઈ દિ' એક સમયમાત્ર રહ્યો નથી. નિગોદમાં ગયો તો ચાર ઇન્દ્રિય વિના તો રહ્યો. નિગોદમાં સ્પર્શેન્દ્રિય સિવાય ચાર ઇન્દ્રિય વિના રહ્યો પણ સ્પર્શેન્દ્રિય વિના કદી રહ્યો નથી અને સ્પર્શેન્દ્રિયનો વિષય અખંડ છે. એ અખંડ છે તો તેનો વિષય આઠ (છે). ઠંડું, ગરમ (વગેરે). આંખ બંધ કરે તો રૂપ ન દેખે, કાન બંધ કરે, ધ્યાન ન રાખે તો શબ્દ ન સંભળાય, નાક બંધ કરે તો સુગંધ નહિ આવે, પણ સ્પર્શમાં શું કરવું? સ્પર્શમાં તો ઠંડી હવા, ગરમ હવા આવે છે. હવે એમાં શું રોકવું? આહાહા..! એ તો જ્યારે અખંડ જ્ઞાયક તરફની દૃષ્ટિ થાય... આહાહા..! ત્યારે સ્પર્શેન્દ્રિયનો વિષય જીતવામાં આવ્યો. જે અનાદિનો હતો, અખંડ ઇન્દ્રિય છે અને અનાદિથી છે. કાળથી અનાદિથી છે, ભાવથી અખંડ છે. આહાહા..! ચાર ઇન્દ્રિય છે તે અનાદિની નથી. એ તો અમુક કાળે આવે છે. નિગોદમાં નહોતી. આહા..! સ્પર્શેન્દ્રિય અખંડ છે અને અનાદિકાળની છે. ચાર ઇન્દ્રિય ખંડ ખંડ છે અને અનાદિકાળની નથી. આહાહા..! માળાએ બહુ ખુલાસો કર્યો છે, પંડિતોએ એના વખાણ કર્યા છે. 'જગનમોહનલાલજી',

'જગનમોહનલાલજી'એ તો ત્યાં સુધી કહ્યું છે, 'ભારિલ્લ', 'ભારિલ્લ' કેવા? તમને સરસ્વતીનું વરદાન છે. 'જગનમોહનલાલજી' એંસી વર્ષનો જૂનો પંડિત (છે), પણ આ દેખીને એણે (આમ કહ્યું), એમ નહિ કે મારી પંડિતાઈ આમાં ચાલી જશે. સરસ્વતીનું વરદાન તમને છે. આવું પુસ્તક બનાવ્યું. આહાહા..! એમાં એ લીધું છે, કે સ્પર્શેન્દ્રિય આખા શરીરમાં છે, અખંડ છે અને અનાદિકાળથી છે. કોઈ દિ' સ્પર્શેન્દ્રિય વિના રહ્યો નથી. ચાર ઇન્દ્રિય વિના તો રહ્યો. આહાહા..!

અહીં તો કહે છે, કે જ્યાં પંચેન્દ્રિય જીતી, તો આખી સ્પર્શેન્દ્રિયનું જિતવું થયું. એ તરફનું લક્ષ છોડીને અંતર સ્વરૂપ અતીન્દ્રિયમાં જ્યાં ઉપયોગ થાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ઇન્દ્રિયજ્ઞાનથી, ઇન્દ્રિયના વિષયથી અતીન્દ્રિય જ્ઞાનમાં અવાતું નથી. આ વાંચન, શ્રવણ, આ આંખથી વાંચન થાય છે તેનાથી આત્મા ખ્યાલમાં નથી આવતો. આંખથી તો આ શબ્દો ખ્યાલમાં આવે છે, રૂપ (ખ્યાલમાં આવે). પાંચ ઇન્દ્રિયથી આત્મા ખ્યાલમાં નથી આવતો. પાંચ ઇન્દ્રિયથી તો પુદ્ગલની પર્યાય ખ્યાલમાં આવે છે. આહાહા..! અને બહુ દેખો તો મનથી વિકલ્પ થાય છે. આહાહા..! તો પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનને જીતવું ક્યારે થાય છે? કે, અખંડ ભગવાન જ્ઞાયકસ્વરૂપ પ્રભુ આત્મા, તેનો અનુભવ કરીને જિતવું થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? 'મનુભાઈ'! સમજાય છે આ? 'મનહર'! આ ઝીણી વાત છે. બહુ ઝીણું. આહાહા..!

અહીં તો 'અતદ્ભાવ' શબ્દ આવ્યો ને? કે, જીવને બાહ્યવસ્તુ, શરીર, કર્મ, પૈસા, સ્ત્રી, કુટુંબ, વસ્ત્ર, દાગીના એ અતદ્ભાવ છે. પોતાની પર્યાયમાં અતદ્ભાવ છે, એ પર્યાયમાં છે નહિ. પર્યાયમાં છે નહિ તો ત્યાગ શું કરવો? હેં?

મુમુક્ષુ :– મુદ્દાની રકમ છે.

ઉત્તર :– મુદ્દાની રકમ છે. આહાહા..! થોડા દિ' થી કહેતા હતા કે, પર્યાયમાં નથી પણ અહીં તો શબ્દ આવી ગયો. આહા..! સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે, પ્રભુ! સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા જિનેશ્વરદેવનો આ હુકમ છે. આહા..! પ્રભુ! તારી પર્યાયમાં પરદ્રવ્યનો તો અતદ્ભાવ છે ને, નાથ! જેનો અતદ્ભાવ છે તેનો તારે અતદ્ભાવ કરવો છે? છે નહિ તેનો ત્યાગ કરવો છે? આહાહા..! લોકો કાંઈક થોડી એકાદ પડિમા લે, લૂગડાં ફેરવે (એટલે) થઈ ગયા ત્યાગી, થઈ રહ્યું. ત્યાગી નામ ધરાવે અને એ પ્રમાણે માન ન મળે તો ખેદ કરે. એ પ્રમાણે અમને ગણે. શું ગણે તને? પણ તું ક્યાં છો? આહાહા..! મારી નાખ્યા છે અનંતકાળથી. આહાહા..! સન્માન. સત્‌સ્વરૂપ ભગવાનનું સન્માન ન કર્યું અને બહારથી સન્માન લેવા જાય છે એ એકત્વબુદ્ધિ–મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? પ્રભુ! ધીમેથી, શાંતિથી સમજવાની આ ચીજ છે. આ કોઈ ઉતાવળે એકદમ સમજી જવાય એવી વાત નથી. આહાહા..!

ઘણા દિવસથી કહેતા હતા કે, (પરદ્રવ્ય) પર્યાયમાં નથી, પણ અહીં આવ્યું, આ તો પાઠ આવ્યો. સમજાણું કાંઈ? પોતાના દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે, તેમાં તો પરદ્રવ્ય છે નહિ. પરદ્રવ્ય તો નથી પણ પર્યાય પણ નથી. વર્તમાન સમ્યગ્દર્શનની નિર્મળ પર્યાય છે તે પણ દ્રવ્ય-ગુણમાં નથી. પર્યાય પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. પર્યાય દ્રવ્યમાં ઉપર તરે છે. છે ને શ્લોક? છે ને પહેલો શ્લોક? પર્યાય છે તે દ્રવ્યમાં ઉપર તરે છે. જેમ પાણીના દળમાં તલનું ટીપું હોય, તેલ.. તેલ, અંદર પ્રવેશ નથી કરતું. ઉપર ઉપર તરે છે. એમ ભગવાનઆત્મા પૂર્ણ દ્રવ્ય ને ગુણ ધ્રુવ, તેમાં તેની નિર્મળ પર્યાય થાય, મલિનતાની તો વાત જ શું કરવી? પણ નિર્મળ પર્યાયનો પણ અંદરમાં પ્રવેશ નથી. આહાહા..! હવે રહી પર્યાય, પછી મલિન રાગવાળી હો કે નિર્મળ હો, છતાં એ રાગવાળી પર્યાયમાં પરદ્રવ્યનો તો અતદ્ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'સુમેરુમલજી'! અધિકાર સારો આવ્યો છે, હોં! ભાગ્યશાળીને (સાંભળવા મળે). આહા..! આવી ગયો, અધિકાર આવે ત્યારે નીકળે ને! આવું છે, પ્રભુ! આહાહા..!

'માટે બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્ભાવરૂપ છે...' આહાહા..! ગજબ કામ કર્યું છે ને! સીધી વાત, ચોંટ મારી છે. બાહ્ય વસ્તુ છોડો, ઘટાડો, ઘટાડો તો પરિણામ સુધરે. એ તો પરિણામ જેના સુધરે છે તેને બાહ્યવસ્તુનો અભાવ નિમિત્તપણે થઈ જાય છે. પર્યાયમાં છે નહિ, સંયોગપણે તે છૂટી જાય છે. આહાહા..! અરે..રે..!

અહીં તો કહે છે, પ્રભુ! તારી વર્તમાન દશા છે ને? દશા. ભલે એમાં રાગ હો, પણ પરવસ્તુનો તો અતદ્ભાવ છે. ભગવાન પણ પર્યાયમાં આવતા નથી, દેવ-ગુરુ-શાસ્ત્ર પર્યાયમાં આવતા નથી, કર્મ જડ છે તે પર્યાયમાં આવતા નથી, ઔદારિક, તૈજસ, કાર્મણ આદિ શરીર પર્યાયમાં આવતા નથી. ઓહોહો..! વસ્ત્ર ને પાત્ર ને દાગીના. દાગીનાને શું કહે છે? ઝવેરાત. એ પર્યાયમાં આવતા નથી. ત્રણકાળમાં પર્યાયમાં નથી. આહાહા..! તો કહે છે, કે પર્યાયમાં નથી. એ તો બાહ્ય ચીજ છે. અધ્યવસાયમાં નિમિત્ત થઈ. અધ્યવસાયનો આશ્રય છે પણ બંધનું કારણ નથી કેમકે પર્યાયમાં તેનો અતદ્ભાવ છે. આહાહા..! પંડિતજી! આહાહા..! આવી નવરાશ ક્યાં? મૂળ ચીજને સમજવા માટે વખત લે નહિ. અનંતકાળ ગુમાવ્યા છે.

એક જણો એમ કહે છે. છે ને 'વિદ્યાસાગર'? જેટલી બાહ્ય ચીજ ઘટી તેટલી આકુળતા ઘટી ગઈ. હવે એક શરીરમાત્ર રહ્યું, એમ કહે છે. એ બધું બાહ્યના ત્યાગમાં ત્યાગ મનાવવો છે ને! અમે બહારમાં ત્યાગી છીએ એમ આભાસ બતાવવા છે ને. ઇ એમ કહે છે, ચોખ્ખું કહે છે. ઇ તો વળી એમ પણ કહે છે, 'વિમલચંદજી' કહેતા હતા કે, જ્ઞાન જ્ઞેયથી થાય છે. અહીં કહે છે, જ્ઞાન થાય છે એ અંદર જ્ઞાનમાંથી જ્ઞાન થાય છે, જ્ઞેયથી જ્ઞાન થાય જ નહિ. ભગવાન સર્વજ્ઞ છે તે આત્માનું જ્ઞેય છે. તેનાથી પણ પોતામાં જ્ઞાન થતું નથી. આહાહા..! કેમકે પોતાની પર્યાયમાં તો સર્વજ્ઞ છે નહિ. આહાહા..! પોતાની પર્યાયમાં સર્વજ્ઞનો

તો અભાવ છે.

'સમયસાર'ની પહેલી ગાથામાં કહ્યું ને? 'वंदित्तु सव्वसिद्धे'. પર્યાયમાં જે અનંત સિદ્ધોને સ્થાપે છે, છે નહિ તેને સ્થાપે છે! 'वंदित्तु सव्वसिद्धे' તેનો અર્થ, તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. આહાહા..! જેની એક સમયની પર્યાયમાં અનંત સિદ્ધનો અતદ્ભાવ છે. અતદ્ભાવ છે ને? અતદ્ભાવ છે. છતાં જે અનંત સિદ્ધો (કે જેમને) પૂર્ણાનંદની, પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ (થઈ), એવા અનંત અનંત સિદ્ધ પર્યાયમાં (સ્થાપે છે). 'वंदित्तु सव्वसिद्धे'નો અર્થ કર્યો. પર્યાયમાં સ્થાપના કરી તે 'वंदित्तु'. આહાહા..! છે નહિ, તેનું પર્યાયમાં સ્થાપન કર્યું. પરમાત્મા અનંત સિદ્ધ મારી પર્યાયમાં છે. આહાહા..! અનંતા સિદ્ધ પર્યાયમાં સ્થાપ્યા તો તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. પછી કહે છે, કે સાંભળો! અમે હવે તત્ત્વની વાત કરીએ છીએ, સાંભળો! 'वंदित्तु सव्वसिद्धे' પહેલી ગાથા છે ને?

અહીં તો કહે છે, કે અનંત સિદ્ધો પર્યાયમાં નથી, પરદ્રવ્ય છે. ત્યાં કહે કે, અનંત સિદ્ધને પર્યાયમાં સ્થાપીએ છીએ. સમજાણું કાંઈ? એટલે કે એક સમયની પર્યાય છે અને અનંત અનંત અનંત કેવળજ્ઞાની સિદ્ધોને સ્થાપન કરતાં, પર્યાયનો ઝુકાવ દ્રવ્ય ઉપર થઈ જશે. પર્યાય આનંદમય થઈ જશે. અનંત સિદ્ધ જ્યાં પર્યાયમાં આવ્યા, દૃષ્ટિથી સ્થાપિત કર્યા તો દૃષ્ટિ (સ્વરૂપની) થઈ ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે.

અહીં તો શું આવ્યું? કે, તારી પર્યાયમાં બીજા દ્રવ્યોનો અતદ્ભાવ છે. હવે ત્યાં કહ્યું, કે તારી પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ. છે કે નહિ? 'वंदित्तु सव्वसिद्धे'. 'वंदित्तु'નો અર્થ કે, પર્યાયમાં સ્થાપન કરવું એ 'वंदित्तु'નો અર્થ થયો. આદર કર્યો, પર્યાયમાં અનંત સિદ્ધનો આદર થયો. પર્યાયનો, એક સમયનો આદર નહિ અનંત સિદ્ધનો આદર થયો. આહાહા..! સમજાણું કાંઈ? એ અનંત અનંત સિદ્ધ, જ્યાં અલ્પજ્ઞ પર્યાયમાં અનંત અનંત સિદ્ધને સ્થાપન કર્યા.. આહાહા..! એ દૃષ્ટિ આમ ઝુકી જાય છે, દ્રવ્ય ઉપર જાય છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' પર્યાયમાં સિદ્ધ સ્થાપ્યા તો (દૃષ્ટિ થઈ કે), મારી ચીજ સિદ્ધ સમાન સદાય છે. આહાહા..! અરે..રે..!

અહીં કહે છે, કે બાહ્ય વસ્તુ. સિદ્ધ બાહ્ય વસ્તુ છે કે નહિ? સિદ્ધ બાહ્ય વસ્તુ છે? પંચ પરમેષ્ઠી બાહ્ય વસ્તુ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય બાહ્ય વસ્તુ છે. અને આમ તો કહ્યું છે, કે એ બાહ્ય વસ્તુ છે પણ જેવું તેમનું સ્વરૂપ છે તેવા તારા આત્મામાં પંચ પરમેષ્ઠી વસે છે. વસ્તુસ્વરૂપ, હોં! એ ચીજ નહિ, પણ તારી શક્તિમાં એ પાંચે વસે છે. એવો પાઠ છે. આહાહા..! 'બાલચંદજી'! આ માલની વાત ચાલે છે. આહાહા..!

પાંચે પરમેષ્ઠીની પવિત્રતા, એ તારા સ્વભાવમાં પાંચ પરમેષ્ઠી વસે છે. એ ચીજ નહિ, પાંચ પરમેષ્ઠીની જેટલી શક્તિ છે, એ શક્તિ તારી વસ્તુમાં છે. આહાહા..! એ બાહ્ય વસ્તુનો તો અહીં અભાવ કહે છે. હેં? હવે અંદર પાંચ પરમેષ્ઠીનો સ્વભાવ છે તેનો અર્થ શું? કે,

જે પાંચ પરમેષ્ઠીનો સ્વભાવ છે તેવા તે તારા સ્વભાવમાં વસે છે, તારો સ્વભાવ એવો છે. એ ચીજ આવતી નથી. આહાહા..! પંચ પરમેષ્ઠી..! આહાહા..! (તેની) શક્તિ તારામાં છે, પંચ પરમેષ્ઠી સ્વરૂપ જ તારી ચીજ છે. તારી ચીજ જ પંચ પરમેષ્ઠીસ્વરૂપ છે. દ્રવ્ય, હોં! આહાહા..! નહિતર તો અહીં એ કહ્યું, કે પર્યાયમાં સિદ્ધનો અતદ્ભાવ છે અને પરમાત્મા 'કુંદકુંદાચાર્યદેવ' તો એમ કહે છે, પર્યાયમાં અતદ્ભાવ છે એ 'કુંદકુંદાચાર્યદેવ' પોતે કહે છે. એ જ 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, પર્યાયમાં અનંત સિદ્ધો-પરદ્રવ્ય સ્થાપ. આહાહા..! અનંત અનંત અનંત અનંત કેવળજ્ઞાનીઓ અનંત, જ્યાં પર્યાયમાં સ્થાપન કરે છે, ભલે પરદ્રવ્ય છે પણ પોતાની શક્તિ, મારી પર્યાય અનંત સિદ્ધ ધારણ કરે છે. આહાહા..! એ શક્તિવાનમાં પાંચ પરમેષ્ઠી મારા સ્વરૂપમાં છે, તેની ઉપર તેની દૃષ્ટિ જાય છે. આહાહા..! પછી કહ્યું, 'वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते। वोच्छामि समयपाहुडमिणमो' હું તમને સમયસાર કહીશ, પણ આ રીતે મને અને તને બેયને સિદ્ધને પર્યાયમાં સ્થાપીને (કહીશ). એમ કહ્યું છે ને? છે પહેલી ગાથામાં? આહાહા..!

મારી પર્યાયમાં પણ હું અનંત સિદ્ધને સ્થાપું છું. એ તો મુનિ છે, ત્રણ જ્ઞાનના ધણી, ઘણી નિર્મળ પર્યાય છે તોપણ અનંત સિદ્ધોનો હું તો આદર કરું છું. આહાહા..! એ દ્રવ્ય મારામાં નથી આવતું, પણ એટલી તાકાતવાળી ચીજ છે તેને હું મારી પર્યાયમાં સ્થાપન કરું છું અર્થાત્ મારા દ્રવ્યમાં એ પંચ પરમેષ્ઠીની શક્તિ પરિપૂર્ણ પડી છે. આહાહા..! એ શક્તિવાન તરફ જ્યાં ઝુકાવ થાય છે, હવે વાત સાંભળ, તને સમયસાર કહીશ, તને કેવળજ્ઞાન થઈ જશે. આહાહા..! આહા..હા..! શું શૈલી! દિગંબર સંતોની કોઈ ગજબ શૈલી છે! ઓહો..! વાત ક્યાંય મળે એવી નથી. આહાહા..! પણ વાડા બાંધીને બેઠા, ઓલા કહે કે, અમે સ્થાનકવાસી, ઓલા વળી કહે, અમે તેરાપંથી, ઓલા કહે, અમે શ્વેતાંબર. એમ આ દિગંબર એક વાડો માન્યો. વાડો નથી, બાપુ! એ વસ્તુનું સ્વરૂપ જ છે. આહાહા..!

એ પર્યાયમાં અતદ્ભાવ હોવા છતાં અને તે વસ્તુ બંધનું કારણ નહિ હોવા છતાં, આહાહા..! એમ બે વાત આવી ને? પર્યાયમાં અતદ્ભાવ છે તો બંધનું કારણ નથી. પર્યાયમાં હોય તો બંધનું કારણ થાય. પર્યાયમાં નથી તો બંધનું કારણ નથી પણ અનંત સિદ્ધને સ્થાપીએ છીએ. બીજા દ્રવ્યને (સ્થાપતા) નથી. આમાં તો બધા દ્રવ્યનો અતદ્ભાવ કહ્યો. અહીંયાં તો સિદ્ધોને સ્થાપે છે. હેં? અતદ્ભાવ છે તેને સ્થાપન કરે છે. આહાહા..! તમારે શ્વેતાંબરમાં ક્યાં હતી? મુનિઓની વાત તો જુઓ! કપાટ ફાડી નાખે છે ને! તોડી નાખે છે. આહાહા..! ભાગ્યવંત છે, બાપા! વાત કાને પડનારા ભાગ્યશાળી છે. આ તો પરમાત્મા ત્રણલોકના નાથની વાત છે. આહા..! સમજાય છે? આહા..!

(અહીંયાં કહે છે), 'જીવને અતદ્ભાવરૂપ છે તે બંધનું કારણ નથી;...' એમ સિદ્ધ કરવું છે ને? પર્યાયમાં તે છે નહિ, તો બંધનું (કારણ નથી). પર્યાયમાં હોય તો બંધનું કારણ

થાય. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણું થોડું કઠણ છે. નવી શૈલીનું છે. પ્રભુ! તારા ઘરની વાત છે. તું બધું સમજીશ. કેવળજ્ઞાન લેવાની તાકાત (છે), નાથ! તું પરમાત્માસ્વરૂપે બિરાજે છે. આહા..! આજે સવારમાં વાંચ્યું હતું. નહિ? કુંચી, કુંચીમાં. બેનના ફોટામાં લખ્યું છે, પરમાત્મા છો, એમ લખ્યું છે. પરમાત્મા છો. આપ્યું છે (તમને) 'વિમલચંદજી'? આપ્યું? ભાઈને કહ્યું હતું, 'વિમલચંદજી'ને આપજો. એમાં માથે છે. શરૂઆતમાં પરમાત્મા નામ છે કાંઈક. આહાહા..!

(અહીંયાં) કહે છે, કે વ્યભિચાર આવે છે. એ અનૈકાંતિક નથી. (બાહ્ય વસ્તુને) બંધનું કારણ માનવામાં વ્યભિચાર આવે છે. વ્યભિચાર નામ દોષ આવે છે. 'માટે બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્ભાવરૂપ છે...' આહાહા..! 'તે બંધનું કારણ નથી; અધ્યવસાન કે જે જીવને તદ્ભાવરૂપ છે...' હવે ભાષા જુઓ! આહાહા..! પરદ્રવ્ય મારા છે અને રાગ મારો છે એવો અધ્યવસાય પર્યાયમાં તદ્ભાવ છે. સમજાણું કાંઈ? પર્યાયમાં છે. મિથ્યાત્વ–એકત્વ–અધ્યવસાય પર્યાયમાં છે. અજ્ઞાનીની અનાદિની વાત કરે છે. 'બંધનું કારણ નથી; અધ્યવસાન કે જે જીવને તદ્ભાવરૂપ છે...' પર્યાયમાં એકત્વબુદ્ધિ–રાગની અને પરદ્રવ્યની એકત્વબુદ્ધિ પર્યાયમાં તદ્ભાવ છે 'તે જ બંધનું કારણ છે.' વિશેષ કહેશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૨૫ ગાથા–૨૬૫, સોમવાર, આસો સુદ ૧૦, તા. ૧-૧૦-૧૯૭૯
(મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો આ ગુજરાતી અનુવાદ છે)

---

છેલ્લી બે લીટી. ૨૬૫ (ગાથા). બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, એ અહીંયાં સિદ્ધ કરવું છે. કેમ? કે, 'બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્ભાવરૂપ છે...' શું કહે છે? બાહ્ય ચીજ બંધનું કારણ નથી તેમ બાહ્યનો ત્યાગ તે મોક્ષનું કારણ નથી. આહા..! કેમ? કે, પોતાના જે દ્રવ્ય અને ગુણ છે તેમાં તો પર્યાય છે નહિ. પર્યાય છે તેમાં (બીજા) અનંત દ્રવ્ય છે તેનો અભાવ છે. જે અનંત પરદ્રવ્ય છે (તેનો) પર્યાયમાં (અભાવ છે). પર્યાયમાં કર્મનો, કર્મદ્રવ્યનો પણ અભાવ છે, પર્યાયમાં શરીરનો પણ અભાવ છે, પર્યાયમાં વાણીનો પણ અભાવ છે, મન પરમાણુ જે તેનો પણ પર્યાયમાં અભાવ છે. સમજાણું કાંઈ? અતદ્ભાવ કહ્યું ને? આહાહા..!

બંધનું કારણ તો પર્યાયમાં, એ મારી ચીજ છે, તેને હું કરી શકું છું, એવો અધ્યવસાય–મિથ્યાત્વ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..! આ શરીર અને શરીરની ક્રિયા એ પોતાની પર્યાયમાં નથી તો તે બંધનું કારણ નથી. અહેતુક છે. કોઈ રાગ થયો તો (શરીરની ક્રિયા થઈ એમ નથી).

શરીર, વાણી, મનની ક્રિયા હો કે શરીર હો એ પોતાની પર્યાયમાં નથી. શરીરની ક્રિયા થાય એ ક્રિયા પોતાની પર્યાયમાં નથી. શરીર પોતાની પર્યાયમાં નથી. સમજાણું કાંઈ? શરીરની ક્રિયા જે પર્યાય તે પણ પોતાની પર્યાયમાં નથી. શરીરની ક્રિયા અને શરીર બંધનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કોઈએ કોઈને થપ્પડ મારી. એ ક્રિયા જડની (થઈ)એ બંધનું કારણ નથી, પણ અંદરમાં ભાવ થયો કે હું એને મારું, એવો જે ભાવ તે બંધનું કારણ છે. આહાહા..! 'ચંદુભાઈ'! આવી વાત છે. આહાહા..!

મુનિનો દૃષ્ટાંત આપ્યો છે ને ? મુનિનો દૃષ્ટાંત આપ્યો છે. મુનિ સમિતિથી ચાલે છે. (કોઈ) જીવ મરી જાય તો પરદ્રવ્ય મર્યું તોપણ બંધનું કારણ નથી. કારણ કે તેની પર્યાયમાં તેને મારવાનો ભાવ નથી અને તેને જીવાડવાનો ભાવ નથી. ફક્ત પોતાની સમિતિથી ચાલે છે અને તે મરી જાય તો બંધનું કારણ નથી. કેમકે પોતાની પર્યાયમાં એ ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! આ બે પદમાં તો (ઘણું ભર્યું છે).

'બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્ભાવરૂપ છે...' શરીર, કર્મ, વાણી, પૈસો, સ્ત્રી, કુટુંબ, દેવ-ગુરુ-શાસ્ત્ર એ બધા પદાર્થો પોતાની પર્યાયમાં અતદ્ભાવરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! તે બંધનું કારણ નથી. કેમકે પોતાની પર્યાયમાં જે ચીજ નથી તે બંધનું કારણ નથી. આહાહા..! પરંતુ અધ્યવસાન–હું પરનું કરી શકું છું, પરને જિવાડી શકું છું, મારી શકું છું એવો જે અધ્યવસાય–એ અધ્યવસાન એકત્વબુદ્ધિ એ તદ્ભાવરૂપ છે. એ પોતાની પર્યાયમાં છે. સમજાણું કાંઈ? પરને મારી શકું છું, જિવાડું છું–એવો જે અધ્યવસાય તે પર્યાયમાં છે. એ તદ્ભાવરૂપ છે. આહાહા..! આખી દુનિયા, એક સમયની પર્યાયમાં આખી દુનિયા નથી. આહાહા..! અતદ્ભાવ છે, તો આખી દુનિયા બંધનું કારણ નથી. આહાહા..! એ બંધનું કારણ તદ્ભાવરૂપ છે. પર મારું, હું તેનો, હું પરનું કરી શકું છું, એવો અધ્યવસાય એ પર્યાયમાં તદ્ભાવ છે, એ અધ્યવસાય પર્યાયમાં છે તો એ બંધનું કારણ છે. આહાહા..! અને અધ્યવસાય છૂટી જશે પછી રાગ રહે તો રાગ પર્યાયમાં છે એ કારણે રાગ ચારિત્રબંધનું કારણ છે. અધ્યવસાન મિથ્યાત્વબંધનું કારણ છે અને અધ્યવસાન છૂટે (એટલે) પર્યાયમાંથી પરની એકત્વબુદ્ધિ ગઈ. પરનો ગ્રહણ-ત્યાગ તો છે જ નહિ. ત્રણકાળમાં કોઈ પરવસ્તુ ગ્રહણ કરી છે અને છોડી છે એવું આત્મામાં છે જ નહિ. આહાહા..! એક તો ગુણ એનો એવો છે. ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. ૪૭ શક્તિ છે ને? આહાહા..! પરવસ્તુનો ત્યાગ અને ગ્રહણ, તેનાથી તો રહિત પ્રભુ અનાદિથી છે. પરને ગ્રહણ કર્યું નથી તો પરનો ત્યાગ કરવો તેનામાં છે નહિ. આહાહા..! પરનો ત્યાગ કરું છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા..!

મેં આટલો તો ત્યાગ કર્યો, આટલો તો ત્યાગ કર્યો. પણ એ તારી પર્યાયમાં ક્યાં હતું તો ત્યાગ કર્યો? સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! આહાહા..! બાહ્યના આટલા કપડા તો છોડી દીધા, આટલા ધંધા તો છોડી દીધા, દુકાનના ધંધા (છોડ્યા), સ્ત્રી, કુટુંબને

(છોડ્યા). આહાહા..! સ્ત્રીનો સંગ છોડી દીધો. પણ સ્ત્રીનો સંગ છોડી દીધો તો સંગ પર્યાયમાં ક્યાં હતો તો છોડી દીધો? આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

પરદ્રવ્યનો ત્યાગ અને ગ્રહણથી પ્રભુ શૂન્ય છે. કેમકે પરદ્રવ્ય ત્રિકાળમાં દ્રવ્ય-ગુણમાં તો છે જ નહિ. દ્રવ્ય-ગુણમાં તો એ પર્યાય પણ નથી. આહાહા..! પણ એ પર્યાય, એક સમયની અવસ્થા–હાલત છે તેમાં બાહ્ય વસ્તુનો અતદ્ભાવ છે, બાહ્યવસ્તુનો એમાં ભાવ નથી. આહાહા..! ખરેખર તો કર્મ પણ પર્યાયમાં નથી, તો કર્મ પણ બંધનું કારણ નથી. 'ચંદુભાઈ'! આહાહા..! પ્રભુ! કોઈ કહે કે, કર્મ બંધનું કારણ છે. કર્મ તો પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય પર્યાયમાં તો છે નહિ, તો બંધનું કારણ કેવી રીતે થાય? પણ એ કર્મ મારામાં છે એવી માન્યતા છે એ માન્યતા–અધ્યવસાય બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! આ તો ભેદજ્ઞાનની વાત છે. આહાહા..!

અનંતા દ્રવ્યો, ત્રણલોકના નાથ પરમાત્મા.. આહા..! પણ પોતાની પર્યાયમાં નથી. કાલે એ કહ્યું હતું, કે પોતાની પર્યાયમાં અનંત સિદ્ધો આદિ નથી. પહેલી ગાથામાં એમ કહ્યું 'वंदित्तु सव्वसिद्धे'. જે પર્યાયમાં નથી એવા અનંત સિદ્ધને સ્થાપ. છે નહિ. આહાહા..! એ તો અતદ્ભાવમાં આવ્યા. અનંત સિદ્ધ પોતાની પર્યાયમાં નથી. એ (નો) તો અતદ્ભાવ (છે), પણ કહે છે, કે પ્રભુ! એકવાર તારે સાંભળવું હોય ને, 'સમયસાર' સાંભળવું હોય, પ્રભુ! તો પર્યાયમાં 'वंदित्तु' સિદ્ધોને વંદન. એટલે? સિદ્ધોને પર્યાયમાં સ્થાપન કર. આહાહા..! અને પર્યાયમાં સ્થાપન કરવાથી પર્યાય ઝુકી ગઈ, દ્રવ્ય પર ઝુકી જશે. પર્યાયમાં સિદ્ધને સ્થાપન કર્યા તો સિદ્ધ સમાન મારું સ્વરૂપ છે, એવી દૃષ્ટિ તારી થઈ જશે. 'ચંદુભાઈ'! ઝીણી વાત છે, ભગવાન! આહાહા..!

અહીં કહે છે, કે સિદ્ધ ભગવાન અને પંચ પરમેષ્ઠી પણ તારી પર્યાયમાં નથી. અતદ્ભાવ છે. આહાહા..! અહીં 'કુંદકુંદાચાર્યદેવ' આમ કહે છે, ન્યાં 'કુંદકુંદાચાર્યદેવ' એમ કહે છે. સ્થાપન કર. છે નહિ પણ... આહાહા..! એક એક સિદ્ધ અનંત કેવળજ્ઞાન સહિત એવા અનંત સિદ્ધો અલ્પજ્ઞ પર્યાયમાં અનંત સિદ્ધને સ્થાપન કર. આહાહા..! એ પર્યાય ઝીલશે. એ વસ્તુ નહિ આવે, પણ પર્યાય ઝીલશે કે, અનંત સિદ્ધ મારી પર્યાયમાં છે. આહાહા..!

મુમુક્ષુ :– અલ્પજ્ઞની પર્યાય બહુ મોટી થઈ ગઈ.

ઉત્તર :– એ માટે તો પ્રભુ કહેવું છે. એ પર્યાય એટલી મોટી કે અનંત સિદ્ધને ધારણ કર્યા! તેનો અર્થ–દૃષ્ટિ ગુલાંટ ખાઈને દ્રવ્ય ઉપર ચાલી ગઈ. જે સિદ્ધને પર્યાયમાં સ્થાપું છું એ ચીજ–મારું દ્રવ્ય સિદ્ધ સ્વરૂપ જ છે. જરી ઝીણી વાત છે, ભાઈ! 'वंदित्तु सव्वसिद्धे'નો અર્થ બહુ સૂક્ષ્મ છે. આહાહા..! ભગવાનની વાણી, 'કુંદકુંદાચાર્યદેવ'ની વાણી એ તો કોઈ અલૌકિક છે. હેં? આહાહા..! સિદ્ધ છે તો પરદ્રવ્ય, પણ પોતાની પર્યાયમાં પરદ્રવ્ય, એવું પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ એટલે ઓલું પૂરણ નહિ, હોં! રોટલીમાં પૂરણ નાખે ઇ નહિ. આ

પૂર્ણ.. આહાહા..! અનંત સિદ્ધ, એક નહિ એવા અનંત સિદ્ધ. કેવળજ્ઞાનની પર્યાયવાળા અલ્પજ્ઞ પર્યાયમાં એવા અનંત પર્યાયવાળા સિદ્ધને આદર કરું છું. પર્યાય કહે છે, કે હું અનંત સિદ્ધોનો આદર કરું છું. આહાહા..! સ્થાપનનો અર્થ એ છે. 'वंदित्तु'નો અર્થ એ છે. વંદન કરું છું, એનો અર્થ એ છે, વંદન કરવાનો અર્થ એ છે. સમજ્યા? છે, છે અમારે ગુજરાતી આવી જાય. આહાહા..!

અહીંયાં કહે છે, કે પ્રભુ! તારી પર્યાયમાં પરદ્રવ્યનો અતદ્ભાવ છે. એ કારણે પરદ્રવ્ય બંધનું કારણ નથી. તારા અધ્યવસાયમાં તેનો આશ્રય હો, અધ્યવસાયમાં તેનો આશ્રય હો, પણ છતાં બંધનું કારણ નથી. કેમકે અધ્યવસાય વિભાવ વિકાર છે, જે પરના લક્ષે ઉત્પન્ન થાય છે, પરનું લક્ષ છે તો અધ્યવસાયનો આશ્રય પરદ્રવ્ય હો પણ પરદ્રવ્ય બંધનું કારણ હો, એમ નથી. આહાહા..! વાત ગુલાંટ મારે છે ને! અરે..રે..! એને ક્યાં અંતર વાત (સાંભળી છે)? આહાહા..!

અહીં કહે છે, કે તારી પર્યાયમાં અનંતા સિદ્ધ છે નહિ, અતદ્ભાવ છે. આહાહા..! હવે અમે તો કહીએ છીએ કે, તારે સમયસાર–શુદ્ધાત્મા ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદના નાથની વાત અમારા વૈભવથી કહીશું, તો સાંભળ. મારી પર્યાયમાં પણ સિદ્ધને (સ્થાપું છું), એમ છે ને? ભાઈ! મારી પર્યાયમાં પણ અનંત સિદ્ધોને સ્થાપું છું. છે તો મુનિ, ત્રણ કષાયનો અભાવ (છે). આહાહા..! અનંત અનંત, અનંત અનંત છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ (જીવો) સિદ્ધ થાય. એવા એવા અનંત સિદ્ધ થયા. આહાહા..! આદિ નહિ. છ મહિના અને આઠ સમયમાં ૬૦૮. એની આદિ નહિ. એટલા સિદ્ધ અત્યાર સુધી (થયા). અને જ્યારે જ્યારે કહો ત્યારે એ અનંતા સિદ્ધને પર્યાયમાં સ્થાપન કરીએ છીએ. તો સિદ્ધ તો ઘણા વધી જશે. આહાહા..! પણ એ પૂર્ણ પરમાત્મા છે (એમ) પર્યાયે જ્યારે સ્વીકાર કર્યો.. આહાહા..! છે તો પરદ્રવ્ય, પણ પર્યાયમાં એ સ્વીકાર કર્યો... આહાહા..! નિશ્ચયથી તો એ વિકલ્પ છે, પર્યાયમાં પરદ્રવ્યનું સ્થાપન છે એ ખરેખર તો વિકલ્પ છે, પણ.. આહા..! આટલા અનંત સિદ્ધ પર્યાયમાં આવવાથી પર્યાય નબળી નહિ રહે. પર્યાયનો આશ્રય દ્રવ્ય થઈ જશે. આહાહા..! સમજાણું કાંઈ?

એ દ્રવ્ય સચ્ચિદાનંદ પ્રભુ, સત્.. આહાહા..! ચિદ્ જ્ઞાનાનંદ સ્વભાવ પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પ્રભુ, જેમ પૂર્ણ પર્યાયવાળા સિદ્ધોને સ્થાપન કર્યા તો અહીં પ્રભુ પૂર્ણ.. પૂર્ણ છે. આહાહા..! એવી સિદ્ધની અનંત પર્યાય, કેવળજ્ઞાનની (પર્યાય) ગુણમાંથી નીકળે છે એવો એક ગુણ છે. આહાહા..! ભગવાનને અનંત આનંદ પ્રગટ થયો તો એ અનંત આનંદની પર્યાય પ્રગટ થાય એવો આનંદ ગુણ છે, ભગવાનને અનંત દર્શન (પ્રગટ) થયું, અનંત વીર્ય (પ્રગટ) થયું તો એ અનંત વીર્યગુણમાં અનંત વીર્ય પ્રગટ થવાની શક્તિ છે. સમજાણું કાંઈ? એવા અનંત ગુણની પૂર્ણ પર્યાય સિદ્ધને થઈ ગઈ.

સમ્યગ્દર્શનમાં 'સર્વ ગુણાંશ તે સમકિત'. જેટલા ગુણની સંખ્યા છે એટલી સંખ્યામાં અંશે બધાની વ્યક્તતા પ્રગટતા થાય.. આહાહા..! તેનું નામ સમ્યગ્દર્શન. ત્યારે અહીંયાં પર્યાયમાં સિદ્ધ(નું સ્થાપન) કર્યું તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ તો પર્યાયમાં જેટલા ગુણ છે તેટલા એક અંશે વ્યક્ત–પ્રગટ થઈ ગયા. આહાહા..! ધીરેથી સમજવું, ભાઈ! આ તો અંતરના માર્ગ છે. આહા..! આ અંતરના ઉદ્ગાર છે. આહાહા..! ભગવાન પૂર્ણ પૂર્ણ બધા પરમાત્મા (છે). આહાહા..!

ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' તો એમ કહ્યું. ગજબ કામ કર્યું છે ને! 'वंदित्तु सव्वसिद्धे' આ પહેલો શબ્દ. શરૂઆત છે. આહાહા..! પ્રભુ! અહીં એક કોર તમે કહો છો કે એ સિદ્ધ અતદ્ભાવ છે, તારી પર્યાયમાં છે નહિ ને! વળી આપ અનંત સિદ્ધોને સ્થાપન કરવાનું કહો છો. અમારી પર્યાયમાં પણ સ્થાપન અને તમારી પર્યાયમાં પણ સ્થાપન. વક્તા અને શ્રોતા બન્નેની પર્યાયમાં અનંત સિદ્ધની પર્યાયમાં સ્થાપે છે.

મુમુક્ષુ :– અતદ્ભાવને તદ્ભાવ કેમ કરી શકે?

ઉત્તર :– એની પર્યાયમાં આટલો મોટો છે એવી પ્રતીત આવી ગઈ. આહાહા..! એ સિદ્ધ અંદર આવ્યા નહિ, પણ સિદ્ધની સ્થાપના મારી પર્યાયમાં થઈ, ત્યાં તો અહીં પર્યાય મોટી થઈ ગઈ. આહાહા..! અનંતા અનંતા ગુણનો ધરનાર પ્રભુ, તેની પ્રતીતિ થવાની તાકાત આવી ગઈ. ઝીણી વાત છે થોડી, હોં! આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! વીતરાગ માર્ગ. આહાહા..! સંતો, દિગંબર સંતોએ તો કેવળજ્ઞાન ઊભું કર્યું છે. આહાહા..! કેવળજ્ઞાનના કેડાયતો છે, પ્રભુ! આ પક્ષ નથી, આ વાડો નથી. આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પ્રતિચ્છંદના સ્થાને છે.

ઉત્તર :– એ પ્રતિચ્છંદ (એટલે) હું સિદ્ધ છું, તું સિદ્ધ છો (એમ આવ્યું તો) તું સિદ્ધ છો (એમ આવ્યું). એમ. આવ્યું છે ને ઇ? એનો અર્થ જ ઇ થયો. પર્યાયમાં સિદ્ધ સ્થાપ્યા તો તેનું દ્રવ્ય સિદ્ધ છે, એવી દૃષ્ટિ થઈ. સૂક્ષ્મ વાત છે, ભગવાન! આહાહા..! 'સમયસાર' તો એવું છે, કે અપ્રતિબુદ્ધને સમજાવે છે. અપ્રતિબુદ્ધને, છતાં એ દર્શન-જ્ઞાન-ચારિત્ર સમજમાં આવી ગયા તો (એ) અમારું (દર્શન) અપ્રતિહત છે–પડશે નહિ, એવા શ્રોતા લીધા છે. સમજાણું કાંઈ? ભાઈ! ૩૮ ગાથા (સમયસાર), ૯૨ ગાથા (પ્રવચનસાર).

મુનિરાજ 'કુંદકુંદાચાર્યદેવ', 'અમૃતચંદ્રાચાર્યદેવ' તેમની પર્યાયમાં અનંત સિદ્ધોને સ્થાપે અને એ એમ કહે છે, કે અમારી જે પર્યાય પ્રગટ થઈ છે તે હવે પડશે નહિ. અમે સમ્યગ્દર્શનથી નહિ પડીએ, ચારિત્રની પર્યાય તો જુદી વાત છે. સ્વર્ગમાં જશું. આહાહા..! પણ જે દ્રવ્યની પકડ લીધી છે.. આહાહા..! એ દ્રવ્ય પડે તો પર્યાય પડે. આહાહા..! એવી દ્રવ્યની પ્રતીતિ અંતરમાં પર્યાયમાં આવી ગઈ... આહાહા..! તો પર્યાયમાં એ પ્રતીતિ થઈ, પર્યાયમાં અનંત

દ્રવ્યો આવ્યા નહિ.. સમજાણું કાંઈ? પણ અનંત સિદ્ધોને લક્ષમાં લઈને દ્રવ્ય ઉપર ગુલાંટ ખાધી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો સંતોના કેવળીઓના શબ્દો છે, આ કાંઈ સાધારણ આલીદુઆલીના નથી. એમાં ગંભીરતાનો પાર નથી, પ્રભુ! આહાહા..!

કહે છે, કે 'બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્‌ભાવરૂપ છે...' અતદ્‌ભાવરૂપ છે. પર્યાયમાં અનંત દ્રવ્યો છે જ નહિ. આહાહા..! અનંત દ્રવ્યો છે નહિ તો અનંત દ્રવ્યોનો ત્યાગ કરવો એ છે ક્યાં? ત્યાગ જ છે. આહાહા..! પણ છતાં આગળ કહેશે કે, પરનો ત્યાગ પરિણામના અધ્યવસાયનો ત્યાગ કરાવવા માટે કહે છે. છે ને? ભાઈ! આહાહા..! એ પરનો ત્યાગ કરે માટે અધ્યવસાય સુધરી જશે, એમ નહિ. પણ આ અધ્યવસાયનો ત્યાગ કરાવવા માટે પરનું લક્ષ છોડાવવા માટે પરનો ત્યાગ કહેવામાં આવ્યો છે. અરે..રે...! સમજાણું કાંઈ? આ બે શબ્દમાં તો ઘણું મૂક્યું છે. આહાહા..! પાર નથી, પ્રભુ! આહાહા..! એની ગંભીરતા હૃદયમાં ખ્યાલમાં આવે એટલી વાત (કથનીમાં) આવી શકે નહિ. આહાહા..! મૂળ લોકોને બાહ્ય ત્યાગ અને બાહ્યનો.. આ વસ્તુ છોડો, વસ્તુ છોડો, વસ્તુ છોડો એટલે ત્યાગી થઈ ગયા, એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. ત્યાગ છે તેનો મેં ત્યાગ કર્યો. હેં?

મુમુક્ષુ :- વસ્તુનો ત્યાગ..

ઉત્તર :- એના ઉપર જે આશ્રય છે તેનો ત્યાગ છે. આશ્રયનો ત્યાગ. વસ્તુનો ત્યાગ તો ત્રિકાળ છે. એ તો અહીંયાં કહે છે, કે વસ્તુ અધ્યવસાયનો આશ્રય છે. કેમકે વિકાર ઉત્પન્ન થાય (એ પરદ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય). નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય એ તો દ્રવ્યને આશ્રયે ઉત્પન્ન થાય, પણ વિકારી પર્યાયમાં પરનું લક્ષ અને આશ્રય છે. છતાં બંધનું કારણ તો અધ્યવસાય અને રાગ-દ્વેષ જ બંધનું કારણ છે. આહાહા..! બંધનું કારણ એ ચીજ નહિ. આહાહા..! બંધનું કારણ એ ચીજ નહિ તો એ જેટલી છૂટે તેટલો લાભ થાય, એવી વાત છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..! એમ કે, આપણે એક શરીર રહી ગયું, બધું છોડી દીધું, બધું છોડી દીધું. પણ શું છોડ્યું? છૂટું જ પડ્યું છે. છૂટાને છોડવું! આહાહા..! ઝીણી વાત, ભાઈ!

એ શાસ્ત્રમાં આવ્યું છે, 'બંધ અધિકાર'માં આવ્યું છે ને? ભાઈ! એમ કે, બાહ્યનો ત્યાગ એ તો અધ્યવસાયના ત્યાગ માટે બાહ્ય ત્યાગની વાત કરી છે, પણ બાહ્યના ત્યાગ ઉપર જેની દૃષ્ટિ છે એ તો તદ્દન વિપરીત છે. સમજાણું કાંઈ? આહાહા..! બહુ ઝીણી વાત, બાપુ! વીતરાગનો માર્ગ... ભરતમાં પરમેશ્વર પરમાત્માના વિરહ પડ્યા. સારા સંતોના પણ વિરહ પડ્યા આહા..! અને એની ઊંડી ઊંડી વાતું રહી ગઈ. હેં? આહાહા..! ઊંડી ઊંડી વાતું શાસ્ત્રમાં રહી ગઈ. એ ઊંડા ઊંડા નાથ તીર્થંકર કેવળી અને મુનિઓ ન રહ્યા. આહાહા..! આહાહા..! પણ એની વાણીમાં એની ઊંડપ જે ભાવની ઊંડપ હતી એ વાણીમાં વાણીને કારણે રહી ગઈ, હોં! વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે. આત્મામાં સ્વપર જાણવાની તાકાત

છે, કહેવાની તાકાત નથી. વાણીમાં સ્વપર કહેવાની તાકાત આત્માને લઈને નહિ, આત્માને લઈને નહિ, વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં એટલું કહે છે, કે 'બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્ભાવરૂપ છે તે બંધનું કારણ નથી;...' બહુ આકરું પડે. આ શરીરની વિષયની, મૈથૂનની ક્રિયા ચાલે, કહે છે, કે એ ક્રિયા બંધનું કારણ નથી. કેમકે એ પોતાની પર્યાયમાં નથી. એ..ઇ...! ગજબ વાત છે! હા, એ વખતે જે એકત્વબુદ્ધિ છે, કે આ દેહની ક્રિયા હું કરું છું તો એ અધ્યવસાય પોતાની પર્યાયમાં બંધનું કારણ છે. એ અધ્યવસાય ન હો અને ક્રિયા દેહની થાય એ પણ બંધનું કારણ નથી, પણ દેહની ક્રિયા કાળે રાગ થાય, પ્રેમ થાય એટલું બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

જ્ઞાનીને પણ, સમકિતીને પણ એકત્વબુદ્ધિનો નાશ થયો છે છતાં વિષયવાસના છે અને એ ક્રિયા થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! 'ભરતેશ વૈભવ'માં તો એક વાત એવી ચાલી છે, 'ભરતેશ વૈભવ', કે, 'ભરત' ચક્રવર્તી વિષયભોગ લેતા હતા, પણ ભોગ લઈને જ્યાં નીચે ઉતરે છે ત્યાં ધ્યાનમાં નિર્વિકલ્પ થઈ જતા હતા. 'ભરતેશ વૈભવ'માં છે. આ મુદ્દાની રકમ યાદ રહી જાય, બાકી બીજું બધું (યાદ ન રહે). સમજાણું કાંઈ? કેમકે એ રાગની જરી અસ્થિરતા હતી, એ ક્રિયાને કારણે નહિ, અસ્થિરતા છે તેનું ધ્યાન હતું, શ્રદ્ધામાં તેની હેયબુદ્ધિ હતી, પણ હતી ને? એટલો રાગ પણ સમકિતીને પણ બંધનું કારણ અને દુઃખ છે, પણ અંદર એટલી તૈયારી હતી કે જ્યાં ભોગ લઈને નીચે ઉતરે છે.. એવો પાઠ 'ભરતેશ વૈભવ'માં છે, અને વાત પણ સાચી છે. અંતરમાં ઊતરી જાય અને નિર્વિકલ્પ અનુભવ કરે છે. આહાહા..!

જેમ હરણનું માંસ પેટમાં હોવા છતાં.. દસમો ભવ, ભગવાન 'મહાવીર' સિંહ મારે છે. ફાડી ખાય છે. મુનિરાજ આવીને કહે છે, પ્રભુ! તું દસમે ભવે તીર્થંકર થવાનો છે. આ શું? તીર્થંકરે કહ્યું છે. આહાહા..! આ શું? પેટમાં માંસ છે અને આ જ્યાં સાંભળે છે... કોણ જાણે સિંહની ભાષા કેવી હશે? મુનિની ભાષા કેવી હશે? 'ચંદુભાઈ'! મેળ પણ કેવો ખાય છે! મુનિની શું દેશના હશે? ઉપરથી ઉતર્યા અને એની ભાષા સિંહ સમજી ગયો. 'મહાવીર'નો દસમો ભવ. આહાહા..! પ્રભુ! તું તો 'મહાવીર'નો તીર્થંકરનો જીવ, દસમે ભવે તીર્થંકર થવાનો, આ શું? આંસુની ધારા (ચાલી જાય છે). પાપના પરિણામમાં ... સિંહને આંસુની ધારા ચાલે છે. ફોટો જોયો છે? બે પગ નીચે છે. અંદર એકાગ્ર થતાં... આહાહા..! પેટમાં માંસ પડ્યું, સમકિત થયું. પરચીજ ક્યાં પર્યાયમાં છે? સમજાણું કાંઈ? આ તો આ બતાવવું છે. આહાહા..! પર્યાયમાં જે એકત્વબુદ્ધિ હતી (એ છૂટી ગઈ). આહાહા..!

મુમુક્ષુ :– આટલું જલ્દી સમ્યગ્દર્શન થઈ જાય?

ઉત્તર :– જલ્દી થઈ જાય. આ કાળે, આજ જ, નથી કીધું? 'પ્રવચનસાર'. આજ જ પામ. 'પ્રવચનસાર'માં છેલ્લે બે શ્લોક છે. અને ('સમયસાર') પાંચમી ગાથામાં એ છે– 'તં

एयत्तविहत्तं दाएहं... जदि दाएज्ज' એક વાર તો કીધું 'दाएहं अप्पणो सविहवेण'. પણ 'जदि दाएज्ज' તું સાંભળવા બેઠો અને જો આ વાત આવી... અનુભવ કરીને પ્રમાણ કરજે. ત્યાં એમ કીધું છે. છે? તત્કાળ તે વખતે પ્રમાણ કરજે. આહાહા..! સંતોની વાણીએ ગજબ કરી છે! દિગંબર મુનિઓએ તો પરમાત્માને ઉભા કર્યા છે. 'સુમેરુમલજી'! આહાહા..! છે ને?

૩૮ ગાથામાં આવ્યું ને? ભાઈ! ૩૮ ગાથા. અનાદિકાળનો જે અપ્રતિબુદ્ધ જ હતો એને ગુરુએ વારંવાર સમજાવ્યો. આવે છે? ૩૮ ગાથામાં છે. સમજ્યો અને સમ્યગ્દર્શન પામ્યો. સમ્યગ્જ્ઞાન, ચારિત્ર ત્રણે પ્રાપ્ત કર્યા. અરે..! અપ્રતિબુદ્ધ પંચમ આરાનો શ્રોતા અને એને ઉપદેશ દેવાવાળા પંચમ આરાના સંત. આહાહા..! આરા-ફારા ત્યાં ક્યાં નડે છે? આરા ક્યાં પોતાની પર્યાયમાં છે? એ..ઇ...! આહાહા..! વાહ.. પ્રભુ! વાહ..! આ તો પ્રભુ અંદરથી કહે છે, હોં! આહા..! અપ્રતિબુદ્ધે સાંભળ્યું અને અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન થયા અને અપ્રતિબુદ્ધ કહે છે, કે આ અંકુર ઉત્પન્ન થયો તેનો હવે નાશ નહિ થાય. છે? પંચમ આરાના શ્રોતા. અરે..! પ્રભુ! પંચમ આરામાં આત્મા છે કે નહિ? પ્રભુ! આહાહા..! સમજાણું કાંઈ? આત્મા ક્યાં પંચમ આરાનો છે ને ચોથા આરાનો છે. આહાહા..! પાંચમો આરો ક્યાં આત્માની પર્યાયમાં પંચમ આરાનો કાળ પેઠો છે અંદર? અતદ્ભાવ છે. આહાહા..! 'હીરાભાઈ'! આવી વાતું છે. આ લોકો બિચારા આવ્યા છે અને આવી ઊંચી વાત આવી છે, હોં! આહાહા..! અરે..! બાપુ! અલૌકિક વાત છે.

૯૨મી ગાથામાં કહે છે. ૯૨ ગાથા, 'પ્રવચનસાર'. આ મોક્ષમાર્ગમાં અમે આવ્યા. કાલે જ વાત આવી ગઈ. મોક્ષમાર્ગ, અહીં આવ્યું હતું ને? બપોરે આવ્યું હતું, નહિ? મોક્ષમાર્ગ પામ્યા છીએ, મોક્ષમાર્ગમાં વર્તન કરી રહ્યા છીએ. આહાહા..! પંચમ આરાના 'અમૃતચંદ્રાચાર્યદેવ' તો ભગવાન પાસે ગયા નહોતા. 'કુંદકુંદાચાર્યદેવ' તો ભગવાન પાસે ગયા હતા. 'અમૃતચંદ્રાચાર્યદેવ' એમ કહે છે, કે અમે મોક્ષમાર્ગ પામ્યા, અમારું પ્રવર્તન છે, મોક્ષમાર્ગમાં વર્તીએ છીએ. અરે..! પ્રભુ! પણ ભગવાન પાસે ગયા વિના. અમે ભગવાન પાસે ગયા છીએ. આહાહા..! ત્રણલોકનો નાથ, જેના એક સમયમાં ત્રણકાળ ત્રણલોક સમાઈ જાય, આહાહા..! વિજ્ઞાનઘન.

૧૪૪ (ગાથામાં) આવે છે ને? ભાઈ! ૧૪૪. ફક્ત ત્યાં ચારિત્ર નથી, ત્યાં દર્શન અને જ્ઞાનની વાત છે. છતાં આ લોકો નથી માનતા. 'વર્ણીજી' કહે કે, એ દર્શન, જ્ઞાન નથી. સાતમા ગુણસ્થાનની વાત છે. પણ અહીં દર્શન-જ્ઞાનની વાત છે. પણ લોકો એ બહારથી માની બેઠા. આહાહા..! એ વાત થઈ હતી. ૧૪૪ ગાથા છે ને? પાઠ તો એ છે, કે 'सम्यग्दर्शनज्ञानव्यपदेशं' એને સમ્યગ્દર્શનનું નામ ત્યારે પડે છે, એવો પાઠ છે. ૧૪૪. આહાહા..! ત્યારે એ કહે કે, એ તો મુનિ સાતમા ગુણસ્થાનની વાત છે. કહો! અરે..! પ્રભુ!

સમજાણું કાંઈ? છે ને? આમાં જ છે ને? આ 'સમયસાર' છે. ૧૪૪. અંદર છે.

બીજો પેરેગ્રાફ. 'આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ...' અનંત વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ 'સમયસારને જ્યારે આત્મા અનુભવે છે...' આહાહા..! જેવું પૂર્ણ સ્વરૂપ ભગવાન છે તેનો અનુભવ કરે છે, કહે છે. આહાહા..! છે? નીકળ્યું? ભાઈને નીકળ્યું? 'માલચંદજી'! નીકળ્યું? ૧૪૪માં બીજો પેરેગ્રાફ છે. 'અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે...' એનો અર્થ '(અર્થાત્ શ્રદ્ધાય છે) અને જણાય છે તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.' અહીં તો એ વાત છે. અરે..! બાપુ! ભગવાન! સમ્યગ્દર્શન-જ્ઞાનને 'સોનગઢ'વાળાએ બહુ મોંઘું કરી નાખ્યું, એવું કહે. બાપુ! એની કિંમત છે એટલી જ છે. મોંઘું-બોંઘું કંઈ (નથી), જેમ છે એમ છે. આહાહા..!

મુમુક્ષુ :– સમ્યક્પણે દેખાય છે શ્રદ્ધાતો કૌંસમાં છે તે તો 'સોનગઢ'નું લખેલું છે.

ઉત્તર :– દેખાય છે એટલે આ. શ્રદ્ધે છે, આવ્યું, નહિ? દેખાય છે એટલે શ્રદ્ધાય છે. એમ છે.

મુમુક્ષુ :– ઇ 'સોનગઢ'નું છે.

ઉત્તર :– ઇ 'સોનગઢ'નું નહિ, હિન્દીમાં એમ છે. હિન્દી નથી? આ હિન્દી છે ને? ૧૪૪. જુઓ! 'अनुभव करता है... दिखाई देता है (अर्थात् उसकी श्रद्धा की जाती है)...' આ હિન્દી તો પહેલાનું છે. લોકોએ પોતાનો પક્ષ માન્યો હોય એમાંથી છૂટવું કઠણ પડે એટલે કાંઈકના કાંઈક અર્થ લગાવી દે. હેં? કઠણ પડે, વાત સાચી. અહીં તો કહે છે, 'दिखाई देता है (अर्थात् उसकी श्रद्धा की जाती है) सम्यक्तया जाना जाता है।' આ હિન્દી (છે), 'સોનગઢ'નું નથી. ભાઈ કહે છે 'સોનગઢ'નું છે. 'इसलिये समयसार ही सम्यग्दर्शन और सम्यग्ज्ञान है।' ઠીક કર્યું. આહાહા..!

હવે એમાં બે વાત છે, કે 'અતદ્‌ભાવરૂપ છે તે બંધનું કારણ નથી; અધ્યવસાન કે જે જીવને તદ્‌ભાવરૂપ છે તે જ બંધનું કારણ છે.' હવે અહીં તો એક અધ્યવસાયને બંધના કારણમાં લીધું છે. પણ અધ્યવસાય છૂટી જાય છે, એકત્વબુદ્ધિ છૂટી જતાં સમ્યગ્દર્શન થાય છે ત્યારે પણ તેની પર્યાયમાં રાગ છે એ બંધનું કારણ છે, પરની ક્રિયા બંધનું કારણ નથી. સમજાણું કાંઈ? સમકિતી ચક્રવર્તી તીર્થંકર છન્નુ હજાર સ્ત્રી, છન્નુ હજાર સ્ત્રીનો ભોગ લે છે, પણ એ તો જડની ક્રિયા પોતાની પર્યાયમાં આવતી નથી, પણ તેની પર્યાયમાં તેના પ્રત્યેનો જે રાગ છે તે પોતાની પર્યાયમાં છે તો એ રાગ બંધનું કારણ છે, સમકિતીને પણ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..!

ક્ષાયિક સમકિતી હો, અધ્યવસાય પર્યાયમાં નથી તો એ જાતનો મિથ્યાત્વનો બંધ નથી.

આહાહા..! પણ પોતાની પર્યાયમાં જેટલી આસક્તિ, રાગ છે, સમકિતીને પણ જ્યારે વીતરાગતા નથી, રાગ છે તો એટલું દુઃખ જ છે, દુઃખનો અનુભવ છે અને દુઃખ છે તેટલું બંધનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :– ગુરુદેવ! 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં કહ્યું છે, ...

ઉત્તર :– એ રાગને તો હિંસા કહ્યું છે ને! અપરાધ કહ્યું છે. તીર્થંકર ગોત્ર બાંધે એ ભાવને ત્યાં અપરાધ કહ્યો છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં. અપરાધ છે. આહાહા..! તીર્થંકર ગોત્ર બાંધે એ સમકિતી જ બાંધે છે. મિથ્યાદૃષ્ટિ નહિ. છતાં એ ભાવ છે તે અપરાધ છે. જ્ઞાનીનો ભાવ પણ અપરાધ છે. આહાહા..! આહારક શરીર બાંધે, જશોકીર્તિ બાંધે.. સમજાણું કાંઈ? આહાહા..! પણ એ અપરાધ છે. તીર્થંકર ગોત્ર બાંધે. બંધભાવ એ ધર્મ છે? એ રાગ છે. જ્ઞાનીને પણ રાગ દુઃખ છે, દુઃખનો અનુભવ છે. રાગ પોતામાં છે તો દુઃખનો અનુભવ છે. પોતાની પર્યાયમાં રાગ છે તે દુઃખનો અનુભવ છે, પરનો અનુભવ નથી. આહાહા..! 'સુમેરુમલજી'! 'સુમેરુમલ' એકવાર કહેતા હતા કે, અમુક વાત માટે આપણે અહીં ચાલો. એકવાર કહ્યું હતું. ખ્યાલ છે. 'શેઠિયા'ને કહ્યું હતું. એકવાર તમે કહ્યું હતું. વાત તો એવી છે. શું થાય? ભાઈ! 'માલચંદજી'!

અરે..! પ્રભુ! જ્ઞાનીને પણ પોતાની પર્યાયમાં રાગ છે તે બંધનું કારણ છે. ચીજ બંધનું કારણ નથી. અધ્યવસાય નહિ, મિથ્યાત્વ નથી. પણ રાગ પોતાની પર્યાયમાં છે, એ ક્રિયા ગમે તેટલી હો, છન્નુ હજાર સ્ત્રીની હો, શરીર મોટું લઠ્ઠ (હોય) અને કોઈનું પાતળું (હોય), રજકણ થોડા હોય અને ઝાઝા રજકણ એ કોઈ બંધનું કારણ નથી. ઝાઝી સ્ત્રી છે માટે બંધનું કારણ છે, એમ નથી. આહાહા..!

એ ભાઈ કહેતા હતા. 'લાલન', પંડિત 'લાલન'. જુઓ! અમારે એક સ્ત્રી અને તમારા તીર્થંકરને, ક્ષાયિક સમકિતીને છન્નુ હજાર સ્ત્રી. પણ આંકડા ઉપર ક્યાં પ્રશ્ન છે? કોઈનું શરીર મોટું હોય માટે બંધનું કારણ એમ છે? અને પાતળું (હોય તો ઓછું થાય)? એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યની સંખ્યા વિશેષ હો કે થોડી હો, એ કોઈ બંધનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'લાલન' એમ કહેતા હતા. ભગવાન તીર્થંકરને છન્નુ હજાર સ્ત્રી, અમારે જોગને એક સ્ત્રી. હવે તારો જોગ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એકત્વબુદ્ધિ છે. ભગવાનને છન્નુ હજારમાં એકત્વબુદ્ધિ તૂટી ગઈ છે. ક્ષાયિક સમકિતી છે. આહાહા..! એ સંયોગ બંધનું કારણ નથી. જેટલો ટાઈમ સંયોગમાં રાગ રહે (તેટલો બંધ છે).

પાઠ તો એવો છે, કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. એ તો દૃષ્ટિના જોરની વાત કરી. બાકી ભોગ નિર્જરાનો હેતુ હોય તો ભોગ છોડીને ચારિત્ર લેવું રહેતું નથી. સમજાણું કાંઈ? ભોગ નિર્જરાનો હેતુ છે જ નહિ. એ તો દ્રવ્યની દૃષ્ટિનું જોર દીધું. જ્ઞાતા-દૃષ્ટાનો અનુભવ છે એ અપેક્ષાએ રાગ આવ્યો તો ભોગ નિર્જરાનો હેતુ કહી દીધો. દૃષ્ટિની અપેક્ષાએ.

બાકી ભોગ છે એ તો રાગ છે, સમકિતીને પણ બંધનું કારણ છે. આહા..! જ્યાં સુધી ચારિત્ર નહિ થાય ત્યાં સુધી તેને મુક્તિ નહિ થાય. તીર્થંકર હોય તોપણ નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો (કહે છે), 'અધ્યવસાન કે જે જીવને તદ્દ્ભાવરૂપ...' અહીં તો અધ્યવસાયને તદ્દ્ભાવ કહ્યો. પણ અધ્યવસાય છૂટે અને પછી પણ રાગ રહે છે એ પર્યાયમાં તદ્દ્ભાવ છે. અહીં તો અધ્યવસાયનું જોરી દીધું છે. 'બંધ અધિકાર' છે ને? ઉપયોગભૂમિમાં રાગ કરે છે, એમ લીધું છે. રાગ અસ્થિરતાની અહીં વાત નથી લીધી. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાન-દર્શન ઉપયોગમય છે. તેની પર્યાયમાં–ઉપયોગમાં–ઉપોયગભૂ–ઉપયોગ ભૂમિકામાં રાગની એકતા કરે છે તે જ મિથ્યાત્વ છે અને બંધનું કારણ છે. એમ લીધું છે ને? ન્યાંથી લીધું એમ લીધું છે. અસ્થિરતાની વાત ગૌણ રાખી છે. સમજાણું કાંઈ? આહાહા..!

'ભાયચંદજી'એ બિચારાએ એક ફેરી ગાયું હતું. 'ભાયચંદજી' 'લીંબડી' .. હતા ને? દિગંબરની શ્રદ્ધા હતી. સ્થાનકવાસી સાધુ હતા, ભાઈ! છોડી દીધું. પછી દિગંબરની શ્રદ્ધા હતી. પછી એણે બિચારાએ એક ગાયન બનાવ્યું હતું, હોં! 'ઉપયોગભૂમિ પાવન કરવા પધારજો' મારી ઉપયોગભૂમિ. આપણે ઉપયોગભૂ છે ને! 'ઉપયોગભૂમિ પાવન કરવા પધારજો'. દ્રવ્ય.. દ્રવ્ય. દ્રવ્ય મારા ઉપયોગમાં આવી જાઓ, પ્રભુ! આહાહા..! ઉપયોગભૂમિમાં રાગની એકતા છે એ છૂટી જાઓ. આહાહા..! અને પર્યાયમાં જે ઉપયોગ છે, 'ઉપયોગભૂમિ પાવન કરવા પધારજો' પ્રભુ! અમારા ઉપયોગમાં પ્રભુ પધારો. દ્રવ્યને કહે છે, હોં! પર્યાય પર્યાયરૂપે છે પણ પર્યાયમાં દ્રવ્ય આવી જાઓ, તેનું જ્ઞાન આવી જાઓ. દ્રવ્ય તો આવતું નથી. દ્રવ્ય અને ગુણ કંઈ પર્યાયમાં આવતા નથી. પણ જેટલી દ્રવ્ય-ગુણની તાકાત છે એ તાકાત પર્યાયમાં આવી જાય તો દ્રવ્ય પર્યાયમાં આવી ગયું, એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..રે..! પ્રભુના વિરહ પડ્યા અને આવી વાતું પાછળ રહી ગઈ અને લોકોએ એકાંત તાણ્યા. અરે..! મૂળ વાત રહી ગઈ. મૂળ વાત વિના બહારથી બધા પાંદડાં તોડ્યા. મૂળિયું સાજું (રહી ગયું) તો એ તો પંદર દિ'એ ઝાડ પાંગરી જશે. આહાહા..! જે મૂળ અંદર છે, રાગ અને દેહાદિની એકત્વબુદ્ધિ છે એ મૂળ નાશ કરવાની વાત છે પહેલી તો. હેં? એને ઠેકાણે બાહ્ય સંયોગો છોડ્યા અને માન્યું કે ત્યાગી થઈ ગયા. અરે..! પ્રભુ! શું કરીએ? બાપુ! ભાઈ! તારા અનાદર માટે વાત નથી, પ્રભુ! સત્યની વાત છે. આહાહા..! તને દુઃખ થાય તો ક્ષમા કરજે, પ્રભુ! બીજું શું થાય?

'પદ્મનંદિ'માં આવ્યું છે ને? ભાઈ! 'પદ્મનંદિ'માં બ્રહ્મચર્યની વાત બહુ કરી. બ્રહ્મ નામ આત્મા, બ્રહ્મ નામ આત્મા આનંદ, તેમાં ચરવું તે બ્રહ્મચર્ય. ખૂબ વાત કરી. 'જુવાનો! બ્રહ્મચર્યની વાત તમને હું કહું છું. તમને ન રુચે...' ૨૫-૩૦ વર્ષની જુવાન અવસ્થા. બાયડીની ૨૫ વર્ષની જુવાન અવસ્થા, એમાં પાંચ-પચીસ લાખ રૂપિયા હોય અને પોતે જ કર્તા-હર્તા હોય

અને ફાટી ગયા પ્યાલા.. આહાહા..! 'પ્રભુ! તને અમારી બ્રહ્મચર્યની વાત કહું છું એ ન રુચે તો ક્ષમા કરજે.' આહાહા..! બાપુ! મારી પાસે શું હશે? ભાઈ! 'માલચંદજી'! મુનિરાજ કહે છે. આહાહા..! 'ભાઈ! જુવાનો! તમને આ વાત ન રુચે, હું તો મુનિ છું તો ક્ષમા કરજે. પ્રભુ! બાકી બીજું શું કરું?' આહાહા..!

એમ સંતો કહે છે, કે જે સમ્યગ્દર્શનની વ્યાખ્યા અમે કરીએ છીએ, અમારી પાસે તો આ છે. હેં? આહાહા..! એ વાત, બાહ્યની ક્રિયા, ત્યાગમાં તને ન રુચે તો ક્ષમા કરજે, પ્રભુ! તું ભગવાન છો. હેં? તું પણ ભગવાનની હારમાં બેઠો છો, પ્રભુ! ભગવાનની હરોળમાં. ભગવાન છો. હા. ઓલામાં બોલે છે ને? નંબર નહિ બોલે? ફલાણો.. જી, હા! એમ અહીં કહે છે, સિદ્ધ. જી હા! આહાહા..!

અહીં તો બે વાત કરી, અધ્યવસાન જીવને તદ્દ્ભાવરૂપ છે પણ રાગ પણ તદ્દ્ભાવરૂપ છે. એ અહીં ગૌણ વાત કરી. આમાં એકલી અધ્યવસાયની જ વાત કીધી છે. ઉપયોગભૂમિ પહેલી લીધી હતી ને? એ ઉપયોગભૂમિમાં એકત્વબુદ્ધિ એ જ અધ્યવસાય, એટલું લીધું. બાકી તો સમકિતીને અધ્યવસાય છૂટી ગયો, એકત્વબુદ્ધિ છૂટી ગઈ અને પછી રાગ રહે છે, વિષયનો, ભોગનો, રળવાનો, કમાવાનો રાગ એની પર્યાયમાં છે અને એ બંધનું કારણ છે. સમકિતીને પણ, પ્રભુ! દસમા ગુણસ્થાન સુધી રાગ-લોભ રહે છે તો બંધનું કારણ છે ને, પ્રભુ! તો તું પહેલેથી કહે કે, અમારે બંધનું કારણ નથી, એમ નહિ ચાલે. સમજાણું કાંઈ? દસમે ગુણસ્થાને લોભ (રહે છે). લોભ કહો કે રાગનો ભાગ કહો. આહાહા..! માયા અને લોભ એ રાગનો ભાગ છે.

ભાઈએ તો લીધું છે ને? 'હુકમચંદજી'એ. 'લોભાંત' શબ્દ વાપર્યો છે. લોભાંત એટલે લોભ અંતે જાય છે. પહેલો દ્વેષ જાય છે. લોભ અંતે જાય છે. 'લોભાંત' શબ્દ વાપર્યો છે. માળાએ ભારે કામ કર્યું છે! આખું વાંચ્યું? આખું વાંચ્યું છે? ભાઈ! 'લોભાંત' શબ્દ વાપર્યો છે. બહુ ગજબ કર્યું છે! ઓ..હો..હો..! દસમે, લોભ છેડે જાય છે. દ્વેષ પહેલો જાય છે. લોભ જાય ત્યારે બધા કષાય જાય. હજી દ્વેષ જાય અને બીજો કષાય રહે, પણ લોભ જાય અને કોઈ કષાય રહે એમ બને નહિ. માટે લોભ પાપનો બાપ કીધો છે. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મીને પણ.. આહાહા..! અરે..! મુનિઓને પણ જે પંચ મહાવ્રતના વિકલ્પ પોતાની પર્યાયમાં આવે છે એ બંધનું કારણ છે, એ તદ્દ્ભાવ છે, પોતાની પર્યાયમાં છે. કોઈ ક્રિયા કે બાહ્ય (વસ્તુ) બંધનું કારણ નથી. આહા..! એટલે અધ્યવસાન એકલું લીધું છે પણ પર્યાયમાં રાગ પણ લેવો. વિશેષ કહેશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૩૨૬ ગાથા–૨૬૫, ૨૬૬ મંગળવાર, આસો સુદ ૧૧, તા. ૨-૧૦-૧૯૭૯

'સમયસાર' ૨૬૫નો ભાવાર્થ. તદ્-અતદ્ભાવનું કાલે ચાલ્યું હતું. આજે તો ગુજરાતી (ચાલશે), એ હિન્દી લોકો ગયા ને.

ભાવાર્થ :– 'બંધનું કારણ નિશ્ચયથી અધ્યવસાન જ છે;...' શું કહે છે? રાગ અને શરીરાદિ પરવસ્તુ, એ મારી છે અને હું એનો (છું), એવો જે અધ્યવસાય–મિથ્યાત્વભાવ એ બંધનું કારણ છે. અનાદિ જીવને બંધનું એ કારણ છે, બાહ્યવસ્તુ નહિ. બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. આ શરીર છે એ બંધનું કારણ નથી. ભલે એક વાત એમ કીધી ને? ઓલા લુટારામાં. સંઘ રસ્તામાં–માર્ગમાં નીકળ્યો હોય તો સંઘ લૂંટાય છે પણ માર્ગ લૂંટાય છે એમ કહેવાય. એમ આત્માના પ્રદેશ ઉપર એકક્ષેત્રાવગાહી કર્મ, શરીર આદિ દેખાય છે એથી એમ વ્યવહારથી કહેવાય કે, એ એના છે. પણ એના છે નહિ. માર્ગનો દાખલો આવે છે ને? ૫૮ અને ૬૦ ગાથા. લૂંટાતા દેખીને માર્ગ લૂંટાય છે (એમ કહ્યું છે). એમ આત્માના પ્રદેશમાં છે અતદ્ભાવ, કર્મ, શરીર આદિ અંદરમાં પર્યાયમાં એકાકાર નથી પણ એક ક્ષેત્રાવગાહમાં ત્યાં રહ્યા છે, એમ ગણીને વ્યવહારથી કહેવામાં આવે કે, એના છે. નિશ્ચયથી છે નહિ. આહાહા..!

એમ અહીંયાં શરીર કે બાહ્ય ચીજ, કર્મ એ બંધનું કારણ નથી. કર્મ જડ છે એનો ઉદય પણ બંધનું કારણ નથી. આહાહા..! ભલે એ આત્માના પ્રદેશ ઉપર એ ઉદયાદિ રહ્યા છે પણ એ પ્રદેશમાં એકમેક નથી, ભિન્ન છે. આહા..! પ્રદેશમાં તો એ શરીર હું, કર્મ હું, આ પરદ્રવ્ય હું એવી માન્યતા જે અધ્યવસાય છે એ એની પર્યાયમાં સ્થિત છે. એની પર્યાયમાં એ છે માટે એ બંધનું કારણ છે. પર્યાય બંધનું કારણ અને પર્યાય મોક્ષનું કારણ. સમજાય છે કાંઈ? આહાહા..! દ્રવ્ય-ગુણ નહિ, પરદ્રવ્ય નહિ. આહાહા..!

પર્યાય એટલે અવસ્થા. એમાં જે આ શરીર હું, સ્ત્રી મારી, આ કુટુંબ મારું, પૈસા મારા, મકાન મારા એવો જે મિથ્યા અધ્યવસાય એ મહામિથ્યાત્વ એ પાપબંધનું કારણ છે, પણ એ ચીજ બંધનું કારણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? હેં?

મુમુક્ષુ :– બંધનું કારણ આ છે એમાં જીવને નુકસાન શું?

ઉત્તર :– એ નિમિત્ત હો. અનંત સંસારમાં રખડવાનું નુકસાન. આહાહા..! જે ચીજ એનામાં નથી, એની નથી એ મારી છે એમ માનવું એ અનંત સંસારના પરિભ્રમણનું કારણ છે. ઝીણી વાત, પ્રભુ! વીતરાગ માર્ગ જિનેશ્વર ત્રિલોકનાથ, એનો માર્ગ કોઈ જુદો છે. આહાહા..!

કહે છે, કે પ્રભુ! તું ભિન્ન આત્મા છો ને! એ આત્મા છે એ પોતાનું પોતાપણે ન માનતા 'છે' એવું ક્યાંક એને માનવું તો પડે. આ છે, એ તો જાણવામાં આવ્યું નથી. વસ્તુ

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞ જિનેશ્વરે કહ્યો તે આત્મા, હોં! સત્ ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો પિંડ પ્રભુ છે. આહાહા..! એવો આત્મા જ્ઞાનમાં જાણવામાં ન આવ્યો ત્યારે એ છે એમ માનવામાં ન આવ્યું ત્યારે ક્યાંક છે એમ તો એણે માનવું પડશે. આહાહા..! જેમાં દૃષ્ટિ પડી નહિ એથી તેને જાણવામાં ન આવ્યું અને એ છે એમ માનવામાં ન આવ્યું. આહાહા..! એથી જ્યાં એની દૃષ્ટિ છે-શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો, બાયડી, છોકરા, ધંધો, એ બધા મારા છે, એ મિથ્યાત્વભાવ અધ્યવસાય એકત્વબુદ્ધિ એ મહા સંસારના બંધનું કારણ છે. ઝીણી વાત છે, પ્રભુ! શું થાય? આહાહા..! કુટુંબમાં અને ધંધામાં રહેવું અને એ કુટુંબ ને ધંધો મારો નહિ (એમ માનવું). આહાહા..! સમજાય છે કાંઈ? એ તો પર ચીજ છે. એ પરચીજ મારી અને હું એનો, એવો જે અભિપ્રાય-અધ્યવસાય એ જ બંધનું કારણ, સંસારમાં રખડવાનું કારણ છે. આહાહા..! છે?

'બંધનું કારણ નિશ્ચયથી...' નિશ્ચય એટલે ખરેખર. 'અધ્યવસાન જ છે;...' અધ્યવસાન 'જ' છે. 'જ' કેમ મૂક્યો? 'અને જે બાહ્યવસ્તુઓ છે તે અધ્યવસાનનું આલંબન છે...' પોતે એકત્વબુદ્ધિ કરી છે એ એકત્વબુદ્ધિનું આલંબન પરલક્ષ છે. આલંબન છે પણ એ વસ્તુ બંધનું કારણ નથી. આરે.. આરે..! આહા..!

મુમુક્ષુ :- બાયડી, છોકરા હેરાન કરે છે એનું શું?

ઉત્તર :- કોણ કરે? બાયડી, છોકરા એના હતા કે દિ'? મૂઢ મફતનો અનાદિકાળથી (માને છે). એ રખડતા જીવો ક્યાંકથી રખડતા આવ્યા છે. એ આત્મા છે, એનું શરીર જડ છે, એ તો પરચીજ નથી, તને અડી નથી અને તારી પાસે આવી નથી. અર..ર..ર..! આવી વાતું. આકરું કામ, ભાઈ! આહાહા..! અર્ધાંગના કહે. અમારી અર્ધાંગના! અથવા બીજી ભાષા કહે, અમારી ઘરવાળી છે, એમ કહે. તારી ઘરવાળી છે ઇ? તારું ઘર તો અંદર આત્મા છે. આહાહા..! અરે..રે..! અજ્ઞાન.

વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો જગત પાસે પોકાર છે, કે જે ચીજ તારી નથી તેને તું (તારી) માને છો, એ તારો અધ્યવસાય-મિથ્યાત્વ તે જ સંસારનું રખડવાનું કારણ છે. આહાહા..! એ 'અધ્યવસાયનું આલંબન છે...' પરચીજ અધ્યવસાયમાં નિમિત્ત છે. એનું લક્ષ જાય છે ને? અધ્યવસાય-એકત્વબુદ્ધિમાં એ આલંબન, નિમિત્ત છે. 'તેમને આલંબીને અધ્યવસાન ઊપજે છે,...' તેનું લક્ષ થઈને અધ્યવસાય-એકત્વબુદ્ધિ ઉત્પન્ન થાય છે. 'તેથી તેમને અધ્યવસાનનું કારણ કહેવામાં આવે છે.' નિમિત્ત, હોં! અધ્યવસાનનું ઉપાદાન કારણ તો પોતે જ છે, પણ નિમિત્તકારણ કહેવામાં આવે.

'બાહ્યવસ્તુ વિના નિરાશ્રયપણે અધ્યવસાન ઊપજતાં નથી...' આહાહા..! ભગવાનનો જે અંદરનો અધ્યવસાય છે એ એકત્વબુદ્ધિનો અધ્યવસાય છે. એને અધ્યવસાય કહ્યો છે. સમજાય છે? આમાં 'જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકામાં છે. મોક્ષનો અધ્યવસાય અને બંધનો

અધ્યવસાય, એમ કરીને બેય (વાત કરી છે). સંસ્કૃત ટીકામાં છે. એટલે શું? કે, આત્મા પોતે શુદ્ધ ચૈતન્યઘન નિર્મળાનંદ છું એવો જે અધ્યવસાય એ તો મોક્ષનું કારણ છે. અધ્યવસાય. સમજમાં આવ્યું? સંસ્કૃતમાં છે, ભાઈ! 'જયસેનાચાર્યદેવ'ની ટીકા. નથી અહીં? છે? હા, છે. ૨૬૫,૨૬૬. બંધ, બંધ અધિકાર, હોં! જુઓ! જુઓ આવ્યું, ૨૬૬.

'भवदीयाध्यवसाने सत्यपि परजीवानां सातासातोदयाभावात् सुखदुःखाभावः स्वीकयाशुद्धशुद्धाध्यवसानाभावात् बंधो मोक्षाभावश्चेति।।' સામાને સ્વકીય અશુદ્ધ અધ્યવસાય ન હોય તો બંધ નહિ. તું એને બંધ કરાવી દે, હું આને પાપ કરાવી દઉં એ વાત જૂઠી છે. એના સ્વકીય અશુદ્ધ અધ્યવસાય વિના એને બંધ ન થાય. અને બીજા પ્રાણીને હું મોક્ષ કરાવી દઉં, ભાઈ! એના શુદ્ધ અધ્યવસાયની એકતા વિના એને મુક્તિ નહિ થાય. એ કીધું, 'शुद्धाध्यवसानाभावात्' સામાને શુદ્ધ અધ્યવસાયનો ભાવ નથી તો એનો મોક્ષ નહિ થાય. પણ તું કહે કે, એનો મોક્ષ કરાવી દઉં અને બંધ કરાવી દઉં (તો એમ નહિ થાય). આહાહા..! ૨૬૬ ગાથા, સંસ્કૃત ટીકામાં છે. અહીં તો ઘણી વાર વાત થઈ ગઈ, આ તો ૧૯મી વાર ચાલે છે. 'સમયસાર'નો એક એક શબ્દ ૧૮ વાર થઈ ગયો છે, ૧૯મી વાર ચાલે છે, સભામાં, હોં! અંદરમાં તો સેંકડો વાર થઈ ગયું છે. (સંવત) ૧૯૭૮ની સાલ. ૧૯૭૮થી આ 'સમયસાર' હાથ આવ્યું છે. કેટલા વર્ષ થયા? હેં? ૫૩? ૫૭ વર્ષથી આ ચાલે છે. અને શ્વેતાંબરના શાસ્ત્રો ૭૦ વર્ષ પહેલાથી ચાલે છે. દુકાનમાં દુકાન ઉપર હું વાંચતો. 'પાલેજ'માં દુકાન છે ને? પિતાજીની દુકાન 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે (છે). ત્યાં દુકાન હતી, પાંચ વર્ષ મેં ચલાવી હતી. ૧૭ વર્ષથી ૨૨ વર્ષ. ત્યાં હું દુકાન ઉપર આવતો. 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન', 'આચારાંગ', 'સૂયગડાંગ' (વાંચેલા). આખી જિંદગી નિવૃત્તિ. પૂર્વના સંસ્કાર હતા તો આખી જિંદગી આમાં જ ગઈ છે. ૧૯ વર્ષની ઉંમરથી. આ તો અત્યારે ૯૦, ૯૧ ચાલે છે. ગર્ભના ૯૧ અને જન્મના ૯૦. ગર્ભના સવા નવ મહિના અહીંના ગણાય કે નહિ?

આ 'સમયસાર' તો ૧૯૭૮માં હાથ આવ્યું. આ..હા..હા...! ગજબ છે, કીધું. પ્રભુ! લોકોને જાહેર કર્યું. શરીર રહિત થવાનું હોય તો આ છે. 'દામોદર' શેઠ હતા, 'દામનગર'. ગૃહસ્થ હતા ને? એ વખતે દસ લાખ તો ઘણા કહેવાય ને? અત્યારે તો ત્રીસ ગણા થઈ ગયા. દસ લાખ! શેઠ! આ તો શરીર રહિત થવાનું શાસ્ત્ર છે. પણ તે દિ' તો આમાં (– સંપ્રદાયમાં) હતા એટલે કાંઈ વાંધો ન આવે. આહાહા..!

અહીં કહે છે, 'બાહ્ય વસ્તુ વિના નિરાશ્રયપણે...' બાહ્યનું અવલંબન છે. એકત્વબુદ્ધિમાં બાહ્ય પદાર્થનું નિમિત્ત છે પણ બાહ્ય પદાર્થ બંધનું કારણ નથી. આહાહા..! શું કહે છે આ? અરે..રે..! વીતરાગનો માર્ગ એણે કોઈ દિ' સાંભળ્યો અને સમજ્યો નથી. ચોરાશીના અવતારમાં આહાહા..! અબજોપતિ શેઠિયાઓ અહીંયાં હોય અને મરીને ઢોરમાં, ગાયમાં અવતરે.

આહાહા..! કૂકડામાં કૂકડો થાય. આહાહા..! આવા અવતાર પ્રભુ! અનંતવાર કર્યા છે, હોં! અબજોપતિ માંસ અને દારૂ ન ખાતા હોય તો નરકમાં ન જાય. બાકી તો આત્માનું જ્ઞાન, ભાન ન મળે અને મિથ્યાત્વ અને રાગ-દ્વેષના સેવન (કર્યા હોય). આહાહા..! અંદર એ આડોડાઈ કરેલી તો શરીર આડા મળી ગયા. આ માણસ આમ ઊભા છે. ગાય, ભેંસ, કૂકડા આમ આડા છે તો ભગવાન એને આડા-તીરછા કહે છે. તેણે પૂર્વે કષાય અને મિથ્યાત્વની આડોડાઈ બહુ કરેલી, એથી આત્મા તો આડો થઈ ગયો પણ શરીર એને આડા મળ્યા. આહાહા..!

અરે..રે..! એવા ભવ અનંત કર્યા, ભાઈ! તું ભૂલી ગયો. ભૂલી ગયો માટે નહોતું, પ્રભુ! એમ કેમ કહેવાય? આહાહા..! જન્મથી માંડીને બાર મહિના શું હતું ખબર છે? માતાએ ધવરાવ્યો, શું નવરાવ્યો ખબર છે? ખબર નથી માટે નહોતું? માતાએ બાર મહિના શું કર્યું? ભાઈ! તને કંઈ ખબર નથી. બે પગ લાંબા કરીને તને હંગાવ્યો. ... થવું હોય, છોકરું-બાળક હોય એને શી રીતે કરવું? જોયું છે કે નહિ? એની મા પગ લાંબા કરે અને આમ પગ રાખે, એના ઉપર બેસાડે અને હેઠે હંગે. એ.. જોયું છે કે નહિ? આ તો બધી એક એક વાત નજરે જોઈ છે. કારણ કે એને દિશાએ જરી આમ દેખાય એટલે આવ્યું, હવે એને બેસાડવો હોય તો ક્યાં બેસાડવો? ઇંટ ક્યાં લેવા જાય? પગ લાંબા કરી ને આમ પગ ઉપર બેસાડે. આહાહા..! એની ખબર છે? ખબર નથી માટે નહોતું? આહાહા..!

મુમુક્ષુ :- .. એ તો બરાબર છે પણ છે એમ સાબિત કરવું છે.

ઉત્તર :- છે પણ સાબિત શું કર્યું? આ મોટો થયો ક્યાંથી? બાર મહિના હતો ત્યારે આ મોટો થયો છે. ખબર નથી માટે નહોતું એમ કોણ કહે? એમ અનંત ભવમાં રખડી મરી ગયો તું, પ્રભુ! તને ખબર નથી. ખબર નથી માટે નહોતું એમ કોણ કહે એને? આહાહા..!

અહીં કહે છે, કે બાહ્ય વસ્તુની એકત્વબુદ્ધિ તને થઈ. તું એકલો ભિન્ન છો એનાથી અનંત પદાર્થ ભિન્ન છે એ કોઈપણ એક પરમાણુ કે સ્ત્રી કે દીકરો કે દીકરી કે કોઈ ચીજ, પોતાનું ગામ કે મકાન કે ઘર. આહાહા..! એકત્વબુદ્ધિ કરી કે, એ મારા છે, એ અધ્યવસાય મહા મિથ્યાત્વ બંધનું કારણ છે. એ અધ્યવસાયનું નિમિત્ત આલંબન ભલે એ ચીજ હો, પણ એ ચીજ બંધનું કારણ નથી. સમજાય છે, ભાઈ? ભાષા તો સાદી છે, પ્રભુ! આહા..! પ્રભુ! તારા ઘરની વાત છે. આહા..! એ ઘરને ભૂલ્યો તો એકત્વબુદ્ધિ કરી. આહાહા..!

એ 'બાહ્ય વસ્તુ વિના નિરાશ્રયપણે અધ્યવસાન ઊપજતાં નથી તેથી બાહ્યવસ્તુઓનો ત્યાગ કરાવવામાં આવે છે.' મિથ્યાત્વના પરિણામનો ત્યાગ થાય છે ત્યારે બાહ્ય વસ્તુઓનો પણ તેટલો ત્યાગ થાય છે. સમજાય છે? એને બાહ્ય વસ્તુ ત્યાગ કરાવવાનું કહેવામાં આવે છે. ખરેખર તો બાહ્ય વસ્તુઓનો ત્યાગ અને ગ્રહણ તો આત્મામાં છે જ નહિ. બાહ્ય વસ્તુ છે એ કોઈ દિ' ગ્રહી નથી તો છોડે એવું ક્યાં છે? આહાહા..! ઝીણી વાત, પ્રભુ! ભગવાન

ત્રણલોકનો નાથ એમ કહે છે, કે તારા અસંખ્ય આત્મપ્રદેશ છે એમાં આ અનંત ચીજો કોઈ દિ' આવી નથી કે ગઈ નથી, તો ગ્રહી નથી તો છોડી, એ છે નહિ. પરવસ્તુનો ત્યાગ-ગ્રહણ પ્રભુ આત્મામાં છે જ નહિ. છે ને? ભાઈ! ગુણ છે ને એ? ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ (આદિ) અનંત ગુણ છે, એવો એક ગુણ છે, કે પરવસ્તુના ત્યાગ-ગ્રહણથી રહિત તારો પ્રભુ છે. આહાહા..! પરવસ્તુના ત્યાગ-ગ્રહણથી રહિત છે. અહીં કહે છે, કે પરિણામ એકત્વ છે તેથી તેનું આલંબન ઇ છે તેથી તેની એકત્વબુદ્ધિ છોડાવતાં તે વસ્તુને છોડાવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો એવી આવી. એ નિમિત્તનું, વ્યવહારનું કથન છે. આહાહા..!

'જો બંધનું કારણ બાહ્યવસ્તુ કહેવામાં આવે તો તેમાં વ્યભિચાર આવે છે.' બાહ્યવસ્તુ બંધનું (કારણ કહેવામાં) આવે તો એકાંત નિયમ સિદ્ધ થતો નથી. આહાહા..! '(કારણ હોવા છતાં કોઈ સ્થળે કાર્ય દેખાય અને કોઈ સ્થળે કાર્ય ન દેખાય તેને વ્યભિચાર કહે છે અને એવા કારણને વ્યભિચારી–અનૈકાંતિક–કારણાભાસ કહે છે).' કારણાભાસ, વાસ્તવિક કારણ નહિ.

'કોઈ મુનિ ઇર્યાસમિતિપૂર્વક યત્નથી ગમન કરતા હોય...' હવે મુનિનો દૃષ્ટાંત આપે છે. સાચા સંત આત્મજ્ઞાની ધ્યાની આનંદના વેદનારા. આહાહા..! મુનિ તો કોને કહીએ, બાપુ! એ કોઈ અલૌકિક વાતું છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એને પર્યાયમાં અતીન્દ્રિયનું પ્રચુર સ્વસંવેદન હોય. આહાહા..! પાંચમી ગાથા છે. પ્રચુર સ્વસંવેદન. શાસ્ત્રમાં આધાર છે. એટલે બધું કહેવાય છે. સમજાય છે કાંઈ? મુનિ તો કોને કહેવા એ વાત અત્યારે ગુપ્ત થઈ ગઈ. સમકિત કોને કહેવા એની ખબર ન મળે. હેં? આહાહા..!

કાલે એક પત્ર હતો. ભાઈ! 'વિદ્યાનંદજી' પાસે 'ભાનુ' છે ને? 'ભાનુ.' 'જયપુર'નો હોંશિયાર વિદ્યાર્થી છે. એણે ગુજરાતમાં બધે ઠેકાણે વ્યાખ્યાન આપ્યા. પછી 'ઇન્દૌર' ગયો. ત્યાં એને 'વિદ્યાનંદજી' કહેતા હશે કે, અવિરતી સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શન ઉપચારથી છે. આહાહા..! અવિરત સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શન ઉપચારથી છે. અવિરતી છે ને? આ વિરતીવાળાને... અર..ર...! અને પુણ્યબંધથી નિર્જરા થાય છે. અરે..! પ્રભુ! તું આ શું કરે છે? શુભભાવમાં જરી અશુભની નિર્જરા છે, પણ એ તો અભવિને પણ છે. ભાઈ! શુભભાવની અપેક્ષાએ જરી અશુભની (નિર્જરા છે). મૂળ નિર્જરા છે એ નિર્જરા નથી. જે ધર્મરૂપી નિર્જરા છે એ નિર્જરા નથી. નિર્જરા એટલે સંવરની શુદ્ધિની ઉત્પત્તિ થાય અને શુદ્ધિની વૃદ્ધિ થાય તે નિર્જરા છે. આહાહા..! શુભભાવ દયા, દાન, વ્રતાદિ એ બંધનું કારણ છે, પણ જરી અશુભભાવથી બંધાયેલા પરમાણુ જરી ખરે, પણ એ તો મિથ્યાદૃષ્ટિને હોય, એ કંઈ ચીજ નથી. આહાહા..! અને એક વાત એણે આ કરી કે, જાતિસ્મરણ જે મનાવ્યું છે એ મિથ્યાત્વ કરીને પોતાની પ્રસિદ્ધિ માટે મનાવ્યું છે. અરે..! પ્રભુ! તું શું કરે છે? ભાઈ! આ બેનનું

જાતિસ્મરણ બહાર પાડ્યું છે ને! હેં? જાતિસ્મરણજ્ઞાનને નામે પ્રસિદ્ધિ કરવી છે, મિથ્યાત્વભાવ છે. અત્યારે જાતિસ્મરણ છે જ નહિ. અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! હેં?

મુમુક્ષુ :– જાતિસ્મરણને સમ્યક્‌માં નિમિત્તકારણ માન્યું છે.

ઉત્તર :– એ જુદું. અત્યારે ક્યાં છે? એમ કહે છે. અરે..! ભાઈ! આહાહા..! શું થાય? ભાઈ! જગતના પાપના ઉદય ઘણા, એમાં રોકાઈ ગયા. એને આવું જાતિસ્મરણ છે એ વાત બેસવી કઠણ પડે, પ્રભુ! સમજાય છે કાંઈ? આહા..! ત્યાં સભામાં એવું કહ્યું. અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! દુનિયા સાંભળનારા બિચારા વાણિયા વેવલા જેવા ધંધા આદિમાં નવરા ન મળે. સત્યનો નિર્ણય કરવાનો અવસર ન મળે. આખો દિ' પાપમાં પચ્યા. ધંધા.. ધંધા. હવે એમાં સત્ય શું છે અને અસત્ય શું છે? અરે..રે..! પોતાના હિતને માટે નિર્ણય કરવાના અવસર ન મળે. આહા..! રાત્રે છ-સાત કલાક ઊંઘમાં જાય, ચાર-છ કલાક બાયડી ને છોકરાને રાજી કરવામાં જાય. આહાહા..! બાકી છ-આઠ કલાક ધંધામાં જાય. આ ચોવીસ કલાક ચાલ્યા જાય. એકાદ કલાક ક્યાંક સાંભળવા મળે તો એવા કુગુરુ સામે મળે, એનો કલાક લૂંટી લે, એવું ભગવાન, 'શ્રીમદ્' કહે છે. આવે છે? ૨૯મા (વર્ષમાં) આવે છે. એને લૂંટી લે. એને કહે કે, વ્રત કરો ને તપ કરો, તમને ધર્મ થાશે. લૂંટી લે બિચારાને. આહાહા..! આરે...! શું થાય? પ્રભુ! અનંતકાળથી તું લૂંટાય ગયો છે, પ્રભુ! આહાહા..! તારી દયા તને નથી. અરે..! અંદર રાગ થાય છે તે હિંસા છે. ચાહે તો પરની દયાનો રાગ થાય. દયા પાળી શકે નહિ. પરની દયા જીવ પાળી શકે નહિ. કેમકે એ તો પરદ્રવ્ય છે. પણ એનો ભાવ આવે એ શુભરાગ છે અને એ રાગ છે તે સ્વરૂપની હિંસા છે. અર..ર..ર..! આવી વાત ક્યાં બેસે? વીતરાગનો માર્ગ.. આહાહા..! 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં છે. છે ને, ખબર છે, બધી ખબર છે. આધાર આપવા જઈએ તો પાર ન આવે. લક્ષમાં તો જે વખતે બોલાય ત્યારે આધારનો ખ્યાલ ભેગો હોય. આહાહા..!

'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં છે. સમકિતી આતમજ્ઞાની, જે ભાવે તીર્થંકર ગોત્ર બાંધે, એ પણ અપરાધ છે. આહાહા..! રાગ છે ને! સમકિતી બાંધે, મિથ્યાદૃષ્ટિને તો એ હોય નહિ. જેને રાગની એકતાબુદ્ધિ છે, પરની એકતાબુદ્ધિ (છે), એ તો મિથ્યાદૃષ્ટિ (છે), એને તો તીર્થંકર ગોત્ર બાંધવાના પરિણામ હોય જ નહિ. પણ જેને અધ્યવસાય તૂટીને સ્વનો અધ્યવસાય થયો છે... આહાહા..! છે તો આમ (પરમાં) એકત્વ, એમ અહીં (સ્વમાં) એકત્વ થયું છે. આહાહા..! એવો ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, ધ્રુવ સ્વભાવ પરમાત્માનો–આત્માનો, એની સાથે જ્યાં એકતાબુદ્ધિ થઈ છે અને રાગ ને પરની એકતાબુદ્ધિ તૂટી છે, એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. એ સમ્યગ્દૃષ્ટિને તીર્થંકર ગોત્ર બાંધવાનો ભાવ, શુભ વિકલ્પ આવે, છતાં એ અપરાધ છે. આહાહા..! છતાં 'ભાવ પાહુડ'માં એમ કહેવામાં આવે, ભાઈ! 'ભાવ પાહુડ'માં આવે છે, કે ધર્મી જીવે તીર્થંકરભાવનાની ભાવના ભાવવી. એ અશુભથી બચવા માટે. 'ભાવ પાહુડ'માં

આવે છે. પચીસ ભાવના મહાવ્રતની.. આહાહા..! તીર્થંકર ગોત્ર બાંધવાનો ભાવ, એ મુનિએ, સમકિતીએ કરવો એમ આવે. એ અશુભથી બચવાની અપેક્ષાએ વાત કરે. આહાહા..! 'અષ્ટ પાહુડ'માં 'ભાવ પાહુડ'માં વ્યવહારનો ઘણો અધિકાર છે, પણ એ તો સમ્યગ્દર્શન સહિત અશુભથી બચવા માટે શુભ આવે એ વાત માટે છે. એણે કાં શુદ્ધતામાં રહેવું અને કાં શુભમાં આવવું, એ માટે એ અધિકાર છે. 'ભાવ પાહુડ'માં ઘણો અધિકાર છે. હમણાં સજ્ઝાય થઈ ગઈ, નહિ? આહાહા..!

અહીં કહે છે, 'મુનિ ઇર્યાસમિતિપૂર્વક યત્નથી ગમન કરતા હોય તેમના પગ તળે કોઈ ઊડતું જીવડું...' ઊડતું જીવડું, કોઈ પડ્યું જીવડું નહિ. ત્યાં જીવ પડ્યો હોય તો તો એનો ખ્યાલ આવી જાય, પણ ઊડતું જીવડું. ઝીણા તીડ થાય છે, ઝીણા તીડ ખેતરમાં બહુ (થાય). આમ જોઈને ચાલે તોપણ તીડ ઊડતું આવી (પડે). 'વેગથી આવી પડીને...' મૂળ પાઠમાં કાળ પ્રેરિત છે. ઊડતું આવીને એને કાળ પ્રેરિત છે. કાળ પૂરો થવાનો એનો કાળ (હતો). આહાહા..! 'તેની હિંસા મુનિને લાગતી નથી.' વેગથી આવી પગ નીચે મરી ગયું તો તેની હિંસા મુનિને લાગતી નથી. ભાવ નથી ને! અને અકસ્માત આવીને પડ્યું છે. જો પરની હિંસાથી બંધ થાય તો તો મુનિને પણ આ રીતે બંધ થવો જોઈએ. આહાહા..!

'અહીં બાહ્ય દૃષ્ટિથી જોવામાં આવે તો હિંસા થઈ,...' જીવ મરી ગયો ને? 'પરંતુ મુનિને હિંસાનો અધ્યવસાય નહિ હોવાથી...' મારવાની બુદ્ધિ નથી કે મારવાનો ભાવ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! 'તેમને બંધ થતો નથી. જેમ તે પગ નીચે મરી જતું જીવડું મુનિને બંધનું કારણ નથી તેમ અન્ય બાહ્યવસ્તુઓ વિષે પણ સમજવું.' આ તો દૃષ્ટાંત દીધો. આ શરીર ને શરીરની ક્રિયા બંધનું કારણ નથી, એમ કહે છે. આ શરીર હાલે-ચાલે, ગતિ થાય એ બંધનું કારણ નથી. એ શરીર દ્રવ્ય, શરીરના ગુણ અને શરીરની પર્યાય ત્રણે આત્માને બંધનું કારણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કારણ કે એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્ય તે આત્માની પર્યાયમાં નથી. એ પહેલા આવી ગયું. આત્માની પર્યાય છે... અરે.. અરે..! આ પર્યાય શું...? આત્માની જે અવસ્થા છે એમાં આ શરીર, કર્મ નથી, અવસ્થામાં નથી એ તો બહાર છે. અવસ્થામાં હોય તો તે એકત્વબુદ્ધિ હોય કે, એ મારા છે, એટલું. અને કાં રાગ-દ્વેષ હોય, બાકી એ સિવાય પરદ્રવ્ય એની અવસ્થામાં છે જ નહિ. આહાહા..!

'આ રીતે બાહ્યવસ્તુને બંધનું કારણ માનવામાં વ્યભિચાર...' નામનો દોષ આવે છે. (તેથી) 'બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી એમ સિદ્ધ થયું. વળી બાહ્યવસ્તુ વિના નિરાશ્રયે અધ્યવસાન થતાં નથી તેથી બાહ્યવસ્તુનો નિષેધ પણ છે જ.' રાગનો નિષેધ થતાં બાહ્યવસ્તુનો પણ ભેગો નિષેધ છે. આહાહા..! એકલી બાહ્યવસ્તુનો નિષેધ નહિ. આહાહા..! બાહ્યવસ્તુઓ અંદર છે જ ક્યાં? પણ સમ્યગ્દર્શન સહિત રાગનો ત્યાગ થાય છે ત્યારે તેને બાહ્યવસ્તુનો પણ ત્યાગ કહેવામાં આવે છે. આહાહા..! અરે..રે...! આવી વાતું હવે. એક પણ ન્યાય ફરે તો આખી લાઈન ફરી જાય. આહાહા..!

# ગાથા-૨૬૬

एवं बन्धहेतुत्वेन निर्धारितस्याध्यवसानस्य स्वार्थक्रियाकारित्वाभावेन मिथ्यात्वं दर्शयति -

दुक्खिदसुहिदे जीवे करेमि बंधेमि तह विमोचेमि।
जा एसा मूढमदी णिरत्थया सा हु दे मिच्छा।।२६६।।

दुःखितसुखितान् जीवान् करोमि बन्धयामि तथा विमोचयामि।
या एषा मूढमतिः निरर्थिका सा खलु ते मिथ्या।।२६६।।

परान् जीवान् दुःखयामि सुखयामीत्यादि, बन्धयामि मोचयामीत्यादि वा, यदेतदध्यवसानं तत्सर्वमपि, परभावस्य परस्मिन्नव्याप्रियमाणत्वेन स्वार्थक्रियाकारित्वाभावात्, खकुसुमं लुनामीत्यध्यवसानवन्मिथ्यारूपं, केवलमात्मनोऽनर्थायैव।

---

આ રીતે બંધના કારણપણે (-કારણ તરીકે) નક્કી કરવામાં આવેલું જે અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી મિથ્યા છે - એમ હવે દર્શાવે છે :-

કરું છું દુખી-સુખી જીવને, વળી બદ્ધ-મુક્ત કરું અરે !
આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬.

ગાથાર્થ :– હે ભાઈ ! [ जीवान्] હું જીવોને [ दुःखितसुखितान् ] દુઃખી-સુખી [ करोमि ] કરું છું, [ बन्धयामि ] બંધાવું છું [ तथा विमोचयामि ] તથા મુકાવું છું, [ या एषा ते मूढमतिः ] એવી જે આ તારી મૂઢ મતિ (-મોહિત બુદ્ધિ) છે [ सा ] તે [ निरर्थिका ] નિરર્થક હોવાથી [ खलु ] ખરેખર [ मिथ्या ] મિથ્યા (-ખોટી) છે.

ટીકા :– હું પર જીવોને દુઃખી કરું છું, સુખી કરું છું ઇત્યાદિ તથા બંધાવું છું, મુકાવું છું ઇત્યાદિ જે આ અધ્યવસાન છે તે બધુંય, પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી, 'હું આકાશના ફૂલને ચૂંટું છું' એવા અધ્યવસાનની માફક મિથ્યારૂપ છે, કેવળ પોતાના અનર્થને માટે જ છે (અર્થાત્ માત્ર પોતાને જ નુકસાનનું કારણ થાય છે, પરને તો કાંઈ કરી શકતું નથી).

ભાવાર્થ :– જે પોતાની અર્થક્રિયા (-પ્રયોજનભૂત ક્રિયા) કરી શકતું નથી તે નિરર્થક છે, અથવા જેનો વિષય નથી તે નિરર્થક છે. જીવ પર જીવોને દુઃખી-સુખી આદિ કરવાની બુદ્ધિ કરે છે, પરંતુ પર જીવો તો પોતાના કર્યા દુઃખી-સુખી થતા નથી; તેથી તે બુદ્ધિ નિરર્થક છે અને નિરર્થક હોવાથી મિથ્યા છે - ખોટી છે.

## ગાથા–૨૬૬ ઉપર પ્રવચન

'આ રીતે બંધના કારણપણે (–કારણ તરીકે) નક્કી કરવામાં આવેલું જે અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ...' શું કહે છે? કે, હું પરને મારું, જિવાડું, સુખી-દુઃખી કરું, પરદ્રવ્યને સંભાળું, પરદ્રવ્યની રક્ષા કરું એવો જે અભિપ્રાય તે અભિપ્રાય પ્રમાણે બહારમાં થાતું નથી. તેથી અભિપ્રાય પ્રમાણે અર્થક્રિયા નામ પદાર્થની ક્રિયા થતી નથી. આહા..! 'અધ્યવસાન તો પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી...' અધ્યવસાય થયો એ પ્રમાણે પરમાં કાર્ય થાય છે, એમ છે નહિ. તેથી 'મિથ્યા છે–એમ હવે દર્શાવે છે—' ૨૬૬.

दुक्खिदसुहिदे जीवे करेमि बंधेमि तह विमोचेमि।
जा एसा मूढमदी णिरत्थया सा हु दे मिच्छा।।२६६।।

કરું છું દુખી-સુખી જીવને, વળી બદ્ધ-મુક્ત કરું અરે !
આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬.

આહાહા..! ભાઈ વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ છે, પ્રભુ! દુનિયાની સાથે મેળ ખાય એવો નથી. આ માર્ગ ક્યાંય છે નહિ. વીતરાગ સિવાય માર્ગ ક્યાંય નથી. કોઈ પંથમાં, કોઈ માર્ગમાં એ માર્ગ જ નથી. આહાહા..! ત્રણલોકના નાથ પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે એનો આ સંદેશ છે. આહાહા..! આહા..! 'કુંદકુંદાચાર્યદેવ' સંવત ૪૯ માં ત્યાં પ્રભુ પાસે ગયા હતા. પ્રભુ તો બિરાજે છે. પ્રભુનું તો કરોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં સીત્તેર લાખ કરોડ, છપ્પન લાખ કરોડ વર્ષ જાય. એવું મોટું પ્રભુનું આયુષ્ય છે. સમવસરણમાં બિરાજે છે. આહાહા..! આ સામાયિકમાં આજ્ઞા નથી લેતા? ખબરેય નથી, કોણ શું છે? મિથ્યાત્વભાવમાં ક્યાં સામાયિક હતી? આહાહા..!

અહીં કહે છે, 'હું પર જીવોને દુઃખી કરું છું...' હું પર જીવોને સગવડતા આપીને, પ્રતિકૂળ સગવડતા આપીને, અગવડતા આપીને દુઃખી કરું છું, હું સુખી કરું છું. પરજીવને સગવડતા આપીને 'સુખી કરું છું ઇત્યાદિ...' અધ્યવસાય તે મિથ્યાત્વ છે. આહાહા..! કેમકે એ પરિણામ છે તેની કાર્ય દશા તે પરિણામથી થતી નથી. પરની કાર્ય દશા જીવવું, મરવું

એ તારા પરિણામથી થતું નથી. એ અર્થક્રિયા તેથી થતી નથી માટે તારો અધ્યવસાય મિથ્યા–જૂઠો છે. આહાહા..!

'બંધાવું છું, મુકાવું છું...' અત્યારે હવે (આ) બે વિશેષ નાખ્યા. અત્યાર સુધી જીવિત, મરણ, સુખ, દુઃખનું હતું. હું પરને બંધાવું છું. આહાહા..! એક માણસ વેરી વિરોધી હતો. પછી દેરાસર થતું હતું એની ઇંટ લઈને ઓલાના મકાનમાં નાખી આવ્યો. એમ કે, આ દેવદ્રવ્ય છે તો એને પાપ લાગશે. મંદિરનું (કામ) ચાલતું હતું એની એક ઇંટ લઈને ઓલા વિરોધીનું મકાન ચાલતું હશે (ત્યાં મૂકી દીધી.) (એનું) સત્યાનાશ જાય. પણ એને ખબરેય નથી. આહાહા..! એણે પોતે લઈને પોતે લીધું હોય કે, આ દેવદ્રવ્ય છે માટે હું ખાઉં તો તો એનો પોતાનો અભિપ્રાય જૂઠો છે. એને તો આ ખબર પણ નથી. વિરોધીઓ આવા વેર ઉતારવા માટે આવા પગલાં ભરે. એના અભિપ્રાય નિરર્થક છે, કહે છે. આહાહા..! હું પરને બંધાવું છું. આ રીતે. એને એવી અગવડતા આપું કે, એ મિથ્યાત્વનો ભાવ કરે, બંધ કરે અને દુઃખી થશે. અને 'મુકાવું છું...' હવે અહીં આવ્યું. હું પર જીવોને સમજાવીને મુક્ત કરું છું, એ અધ્યવસાય જૂઠો છે. આહાહા..!

'નિયમસાર'માં કહ્યું છે ને? ભાઈ! 'નાના જીવા', 'નાના કમ્મા', 'નાના લબ્ધિ' વાદવિવાદ કરીશ નહિ, પ્રભુ! તું કોની સાથે કરવા જઈશ? જીવો અનેક પ્રકારના ભવિ-અભવિ, કર્મ અનેક પ્રકારના બંધાયેલા, લબ્ધિ નામ ક્ષયોપશમની પ્રાપ્તિ અનેક પ્રકારની, હવે તું કોની સાથે વાદવિવાદ કરીશ? સ્વસમય અને પરસમય સાથે વાદવિવાદ કરીશ નહિ. 'કુંદકુંદાચાર્યદેવ'નો પોકાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? કારણ કે એક વિચારના બધા થાય, એવું નહિ બને. હેં? તું તારું સંભાળ. બીજાને મુક્તિ કરાવી દઉં એવી બહુ ઉતાવળ કરવા જઈશ તો મિથ્યા અભિપ્રાય થશે. આહાહા..! ગજબ છે ને! સમજાય છે? ભલે શિષ્ય એમ કહે, પ્રભુ! તમે તરણતારણ છો. 'નમોત્થુણં'માં આવે છે ને? ઇ કહે એ જુદી વાત છે. એ તો વ્યવહારથી કથન છે પણ તું એને એમ કહે કે, આને મુકાવી દઈશ, મારી પાસે આવ્યો તો છોડાવી દઈશ, એ તારા અભિપ્રાય ત્યાં કામ નહિ આવે. એના વીતરાગ પરિણામ વિના એ નહિ મૂકાય. તું એને વીતરાગ પરિણામ કરાવી દઈશ? આહાહા..! સમજાય છે કાંઈ આમાં?

'મુકાવું છું...' આહાહા..! હું પરને મુક્ત કરાવીશ. પ્રભુ! મુક્ત કરાવીશ, તારો જે અભિપ્રાય છે પણ એની વીતરાગતા એ મુક્ત નહિ થાય. તારા અભિપ્રાયથી એ ત્યાં મુક્ત થશે? તારો અભિપ્રાય નિરર્થક છે. આહાહા..! એ..ઇ..! આહાહા..! 'સમાધિ શતક'માં તો ત્યાં લગી કહ્યું છે. મુનિરાજ આત્મધ્યાની જ્ઞાની (કહે છે), અમને જે આ ઉપદેશનો વિકલ્પ આવે છે.. આહાહા..! ઘેલછાઈ છે, ઉન્મત્ત છે. આહાહા..! ધન્ય દશા! જેને આ વિકલ્પ આવ્યો. એથી શું? એમાં બીજાને લાભ છે? અને પોતાને એમાં લાભ છે? એમ કહે છે. આહાહા..! 'ચંદુભાઈ'! આવી વાતું છે. આહાહા..! હું બીજાને ધર્મ પમાડી દઉં. પ્રભુ! એની

વીતરાગદૃષ્ટિ થયા વિના એ ધર્મ કેમ પામશે? તું એની દૃષ્ટિ કરી શકીશ? ઉતાવળ ન કર, પ્રભુ! એમ કહે છે. આહાહા..! ગજબ છે! હેં?

મુમુક્ષુ :– પરમ સત્ય છે.

ઉત્તર :– પરમ સત્યનો પોકાર છે. પ્રભુનો પોકાર છે. જિનેશ્વર ત્રિલોકનાથ... આહાહા..! ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે પરમાત્મા આમ ફરમાવતા હતા, એ વાત આ આવી છે. આહાહા..! ભાઈ! તું ઉતાવળ ન કરીશ, ધીરો થજે. બીજાને હું રખડાવી મારું અને બીજાને મોક્ષ કરાવી દઉં એ અભિપ્રાય ન કર, પ્રભુ! એ તારો અભિપ્રાય નિરર્થક છે. કેમકે એ બંધાવાના મિથ્યાત્વના ભાવ વિના બંધાશે નહિ અને મોક્ષના–વીતરાગના માર્ગ વિના એ મુક્ત થશે નહિ. એનો વીતરાગભાવ તું કરાવી દઈશ? આહાહા..! 'ચીમનભાઈ'! અહીં આવી વાતું છે, બાપા! આહા..!

ત્રણલોકના નાથ 'સીમંધર' ભગવાન આમ સભામાં ફરમાવે છે એ ભાષા છે. આહાહા..! એ 'કુંદકુંદાચાર્યદેવ' લઈને આવ્યા, ગાથાઓ બનાવી, એની ટીકા 'અમૃતચંદ્રાચાર્યદેવે' કરી. આહાહા..! પંચમ આરાના તીર્થંકર જેવું 'કુંદકુંદાચાર્યદેવે' કામ કર્યું, 'અમૃતચંદ્રાચાર્યદેવે' ગણધર જેવું કામ કર્યું છે. આહાહા..! પાઠ તો 'કુંદકુંદાચાર્યદેવ'નો છે. પરને બંધાવું એવો એને ઉપદેશ આપું અને એવા મિથ્યાત્વને એ કરે અને રાગ-દ્વેષને કરે અને બંધાય અને એવો ઉપદેશ આપું કે એથી એને વીતરાગતા પ્રગટ થાય અને મુક્ત થાય. તારો એ અભિપ્રાય જૂઠો છે. કારણ કે એ બંધાય છે એ એના પરિણામથી બંધાશે. તું કહે કે, બંધાવી દઉં એ તારી વાત ખોટી–જૂઠી છે. અને મુક્ત કરાવી દઉં, તો વીતરાગભાવથી એ મુક્ત થશે, એના વીતરાગભાવથી મુક્ત થશે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે વીતરાગભાવ છે. આહા..! કેમકે પ્રભુ વીતરાગસ્વરૂપ છે. અકષાયસ્વરૂપ કહો, વીતરાગસ્વરૂપ કહો, ચારિત્રસ્વરૂપ કહો. ત્રિકાળ. એ વીતરાગ સ્વરૂપને આશ્રયે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ વીતરાગી પર્યાય છે. તો એ તો એ આશ્રય કરશે ત્યારે એને પર્યાય થશે. એને તું મુક્તિ કરાવી દઈશ? આહાહા..! ગજબ વાત છે! કહો, 'સુજાનમલજી'! આહાહા..! અરે..! બીજાને ધર્મ પમાડી દઉં અને મુક્તિ કરાવી દઉં, એ પણ નહિ? આહાહા..! ધીરો થા, પ્રભુ! આહાહા..!

વિકલ્પ આવે, પણ એનો અર્થ એવો નથી કે બીજો સમજી જશે અને એની મુક્તિ થશે. આહાહા..! અને એને ઊંધે રસ્તે ચડાવી દઉં... આહાહા..! જુગલિયાનું આવે છે ને? જુગલિયા, નહિ?

મુમુક્ષુ :– આપે હમણાં કહ્યું, કે કુગુરુઓ લૂંટી લે છે.

ઉત્તર :– લૂંટી લે, એ નિમિત્તથી કથન છે. વાત સાચી. એ વાત એવી કરે કે, ઓલાને બેસે, ઊંધી વાત બેસે, એમ કહે છે. એ બેસે છે એ એનાથી બેસે છે. આહાહા..! ઇ શેઠ કહે છે, 'ભગવાનલાલ' શેઠ બીડીવાળા મોટા કરોડોપતિ છે ને? આ મકાન કરાવ્યા છે.

અમે શું (કરીએ)? માથે કહેતા હોય, ઇ અમે માનીએ. પણ માનો છો તમે કે એણે મનાવ્યું માટે માનો છો? તમે માનો છો. આહાહા..! એ તમારી માન્યતાની જવાબદારી તમારી છે. ઇ એમ કહે છે. શેઠિયા છે ને?

મુમુક્ષુ :- આપ તો કહો છો, પ્રમાણ કરજો.

ઉત્તર :- પ્રમાણ કરજોનો અર્થ, અનુભવનું પરિણામ તું તારાથી કરજે, એમ કહે છે. આહાહા..! આવો માર્ગ. વીતરાગ પરમેશ્વર એમ ફરમાવે, એ સંતો આડતિયા થઈને ફરમાવે છે. આહાહા..! વચમાં આડતિયા થઈને ફરમાવે છે.

પ્રભુ! બીજાને બંધનમાં નાખવું એ જો તું કરી શકે તો તારું એ કામ નિરર્થક છે. તારા પરિણામ નિરર્થક છે. એના બંધના મિથ્યાત્વ ભાવ વિના અને અજ્ઞાન વિના એ નહિ બંધાય. આહા..! અને તું એની મુક્તિ કરાવી દઈશ? આહા..!

મુમુક્ષુ :- આપના જેવા ગુરુ ...

ઉત્તર :- કોણ ગુરુ? ગુરુ તો પોતે આત્મા પોતાનો છે. નથી કહ્યું? 'ઇષ્ટોપદેશ'. પોતે પોતાને સમજાવે તે ગુરુ. આહાહા..! હે આત્મા! તું આનંદનો નાથ, પ્રભુ! તું ક્યાં જાય છે? આહા..! અતીન્દ્રિય વીતરાગ સ્વભાવથી ભરેલો પ્રભુ (છે), એમ આત્મા પોતાને સમજાવે તે એનો ગુરુ છે. આહાહા..! જુદી વાતું, ભાઈ! આહાહા..! ઓહોહો..! આવી વાત મૂકે છે. છતાં કહે છે, કે અમે બીજાને મુકાવી દઈશું, એમ નથી. ગાથા મૂકી છે. એ પણ એમણે – 'અમૃતચંદ્રાચાર્યદેવે' એમ કીધું, એ શબ્દની રચનાથી ટીકા થઈ છે, પ્રભુ! મેં કરી નથી, હોં! આહાહા..! અને એ શબ્દો તારે કાને પડે માટે તને જ્ઞાન થાય છે, એમ ન માનીશ, પ્રભુ! તારી પર્યાયનું જ્ઞાન તો તારાથી તે કાળે થાય ત્યારે શબ્દને નિમિત્ત કહેવાય છે. શબ્દોથી થયું નથી. આહાહા..! શું વીતરાગતાની રેલ ચાલી છે!! આહાહા..! શાંત થા, પ્રભુ!

એવો પરિણામ કરીશ નહિ કે, હું બીજાને મુક્તિ કરાવી દઉં, પ્રભુ! એની દશા ફેરવ્યા વિના એની મુક્તિ કેમ થશે? એના દ્રવ્યનો આશ્રય કરશે ત્યારે એની (મુક્તિ) થશે. એ દ્રવ્યનો આશ્રય તું કરાવી દે? આહાહા..! ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે. પરમાત્મસ્વરૂપ પ્રભુ આત્મા પરમેશ્વર જ વસ્તુ છે. એનો આશ્રય ઇ કરે ત્યારે થશે કે તું કરાવી દઈશ? આહાહા..! એ વીતરાગમાર્ગ આમ કહે. બીજા તો (એમ કહે), તમને તારી દેશું, તમને આમ કરી દેશું. આહાહા..! આવી વાતું કહે, આવી પ્રરૂપણા કરે (છતાં) કહે છે, કે અમે તમને સમજાવી દઈશું (એમ નથી). 'અમૃતચંદ્રાચાર્યદેવે' કહ્યું, કે આ શબ્દ તને જ્ઞાન આપે છે એમ માનીશ નહિ. શબ્દ અમે કર્યા એમ માનીશ નહિ અને શબ્દ તને જ્ઞાનની પર્યાય બનાવે છે, રચાવે છે એમ માનીશ નહિ. તારી જ્ઞાનની પર્યાય તને જ્ઞેયપણે તારાથી થશે, શબ્દથી નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મોહથી ન નાચો.

ઉત્તર :– એ પછી કહ્યું. મેં શબ્દ બનાવ્યા અને શબ્દથી તમને જ્ઞાન થયું, એ જ્ઞાનની પર્યાય થઈ એમ મોહથી ન નાચો. આહાહા..! અરે..! વીતરાગ, વીતરાગી સંતોની આવી શૈલી છે, પ્રભુ! આહાહા..! આ ધીરાના કામ છે. આહા..! આ બધા સંઘ ભેગા કરીએ, આમ કરીએ, બધાને તારી દઈએ, જુવાનોને ધર્મમાં લગાવી દઈએ, જુવાનો સંગઠન કરો, તમને પમાડી દઈએ. પ્રભુ! ધીરો થા. આહાહા..! એના પરિણામ તો એણે સુધારવાના છે. ઇ નહિ સુધારે અને તું એને સુધારી દઈશ? આહા..! આવી વાતું સાંભળવા પણ મુશ્કેલથી મળે. આહાહા..!

પરજીવોને દુઃખી કરું, સુખી કરું, જિવાડું, મારું એમ બધું લેવું. ઇત્યાદિ અને વિશેષમાં આ નાખ્યું. પહેલાં ઇ નહોતું. બંધાવું અને મુકાવું 'ઇત્યાદિ જે અધ્યવસાન છે તે બધુંય, પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે...' એ તારા પરિણામ પરભાવમાં, પરમાં વ્યાપાર. તારો અભિપ્રાય પરભાવ છે, એનો 'પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી,...' અધ્યવસાય એ છે, કે આને બંધાવું અને મુક્ત કરાવું, એ પરિણામ એ પરપદાર્થની ક્રિયા કરવાને સમર્થ નથી. આહાહા..! અરે..રે..! આવી વાતું સાંભળવી (મુશ્કેલ પડે). આ દુનિયા ચાલી જાય છે, જીંદગી તો.

ઓલા બિચારાનો કાગળ આવ્યો છે. 'ભાનુ' નાની ઉંમરનો છે, હોંશિયાર છે. 'જયપુર'નો વિદ્યાર્થી (છે). બહુ વાંચ્યું તો ડૉક્ટરે મનાઈ કરી છે. બોલશો નહિ. અરે..! લ્યો, જુવાન માણસ. ડૉક્ટરને કાંઈક શંકા પડી હશે. બોલશો નહિ. 'સંતોષ' ઉપર કાગળ આવ્યો છે. 'સંતોષભાઈ' ગયા ને? આજે ગયા. 'સંતોષભાઈ' છે ને? બ્રહ્મચારી છે. અહીં બેસતા, અહીં બેસતા. બહુ વાંચન ને મનન ઘણું. એના ઉપર કાગળ છે, કે મેં બહું વાંચ્યું એટલે ડૉક્ટર મનાઈ કરે છે. છાતીમાં ધડાકા ચાલે છે. વાંચવું બંધ કરી દ્યો. કહો, નાની ઉંમરમાં (આવું થાય). એ જડની પર્યાય થવાની. આહા..! એ બોલવાની પર્યાય ન થવાની એમાં કરે કોણ? ડૉક્ટરે તો વિકલ્પ કર્યો. મારે તો બીજું (કહેવું હતું), બિચારો જુવાન માણસ છે. (શ્રોતા :- ચર્ચા બંધ કરાવી દીધી) એ થવાની નહોતી. આહાહા..! પ્રભુ.. પ્રભુ! તું જ્ઞાનસ્વરૂપ છો ને, પ્રભુ! જ્ઞાનસ્વરૂપી બીજાને બંધાવે અને મુકાવે. એ તો આવ્યું નહિ? ૩૨૦ (ગાથા). બંધ અને મોક્ષને જાણે. પોતાના બંધ, મોક્ષને જાણે. આહાહા..! ગજબ વાત, પ્રભુ!

પ્રભુ! તું કોણ છો? તું તો જ્ઞાનસ્વરૂપ છો ને, પ્રભુ! આહા..! તારા જ્ઞાનના સ્વભાવથી ભરેલો ભંડાર છો ને આખો. એ જ્ઞાતા શું કરે? પ્રભુ! એ ઉદય આવે તેને જાણે, નિર્જરા થાય તેને જાણે. કરે નહિ. આહાહા..! પોતાના બંધ-મોક્ષને કરે નહિ. ગજબ વાત છે! અહીં તો પરના બંધ-મોક્ષ આવ્યું ને?

મુમુક્ષુ :– વીતરાગ પરિણામ..

ઉત્તર :– એ નહિ. મોક્ષની પર્યાય કરે નહિ. થાય છે એ જાણે. દ્રવ્યને લેવું છે ને?

મુમુક્ષુ :- શુદ્ધ અધ્યવસાય..

ઉત્તર :- એ વેપાર (થયો). પરિણામથી મોક્ષ છે, દ્રવ્યથી-ગુણથી નહિ, એમ સિદ્ધ કરવું છે. પરિણામ છે તેનો ખરેખર દ્રવ્ય કર્તા નથી, પ્રભુ! એ પરિણામ છે એ ષટ્કારકથી પરિણમતી મોક્ષની દશા થાય છે. આહાહા..! એ મોક્ષની દશા જે છે... ઝીણી વાત છે, પ્રભુ! એ ષટ્કારકના પરિણમનથી પર્યાય પોતે મુક્તિને કરે છે. આહા..! જેને દ્રવ્ય અને ગુણનો પણ આશ્રય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો બાપુ! વીતરાગમાર્ગ છે. બાપુ! ગહન માર્ગ છે. ગહન, ગંભીર માર્ગ છે. આહાહા..! ગુમડા થાય છે ને? ગંભીર ગુમડા. પત્તો ન ખાય. પ્રભુના રહસ્યની વાતું, બાપા! આહાહા..! અલૌકિક છે. એકલો વીતરાગરસ ઘોળાય છે, કહે છે. આહાહા..! એ કોને બંધાવે અને કોને મુકાવે? આહાહા..! પોતાના બંધ-મોક્ષને જાણે-દેખે તો વળી પરના બંધ-મોક્ષને કરે એ પ્રશ્ન ક્યાં આવ્યો? આહાહા..! બરાબર છે? 'ચંદુભાઈ'! ૩૨૦. ઉદયને અને નિર્જરાને, સામેસામા (લીધા). બંધને અને મોક્ષને. આહા..!

પ્રભુ! તું તો જાણનાર-દેખનાર છો ને! બંધ-મોક્ષની પર્યાયને કરનાર નહિ. એ જાણવા-દેખવાની પર્યાયને ખરેખર દ્રવ્ય કરનાર નથી. આહાહા..! બંધ-મોક્ષ, ઉદય-નિર્જરાને જે વર્તમાન પર્યાય જાણે છે તે પર્યાયનું કર્તા દ્રવ્ય નથી. હેં?

મુમુક્ષુ :- ઉપચારથી કર્તા કહેવાય-

ઉત્તર :- એ તો બીજું શું થાય? પ્રભુ! ગજબ, પ્રભુ! વીતરાગ ત્રણલોકના નાથનું રહસ્ય કોઈ અલૌકિક છે. જૈનમાં વાણિયાને મળ્યું પણ વાણિયા વેપાર આડે નવરા ન મળે. કીધું ને? 'જાપાન'વાળો મોટો ઇતિહાસીક છે. હમણાં બહાર પાડ્યું છે, કે જૈનમાર્ગ છે તે અનુભૂતિમાર્ગ છે. અંદર આત્માનો અનુભવ કરવો એ એનો માર્ગ છે, પણ વાણિયાને મળ્યો, વાણિયા નવરા ન મળે. 'જાપાન'નો કોઈ મોટો ઇતિહાસજ્ઞ છે. ઇતિહાસનો જાણનાર, લાખો શાસ્ત્રો ભણેલો છે. છાપામાં આવ્યું હતું. વાણિયા વેપાર આડે નવરા ન મળે. નવરાશ ન મળે કે, સત્ય શું છે? આહાહા..! ઓલા જાપાની અન્યમતિ વાણિયાની ટીકા કરે છે! વાણિયા એટલે વેપાર કરનાર. પછી ભલે તે ખોજા હોય. અંદર શું ચીજ છે અને કઈ રીતે સત્ય પ્રાપ્ત થાય? એનો નિર્ણય કરવાનો અવસર પણ લેતા નથી, પ્રભુ! તો ઠરવાનો તો અવસર ક્યાંથી આવે? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૩૨૭ ગાથા–૨૬૬, ૨૬૭ બુધવાર, આસો સુદ ૧૩, તા. ૩-૧૦-૧૯૭૯

૨૬૬ ગાથા. માથે (મથાળું) છે ને? 'આ રીતે બંધના કારણપણે (–કારણ તરીકે) નક્કી કરવામાં આવેલું જે અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી મિથ્યા છે...' શું કહે છે? કે, કોઈપણ બીજાને હું જિવાડી શકું, મારી શકું, સુખી કરી શકું, દુઃખી કરી શકું કે બીજાનો બંધ કરી શકું ને મોક્ષ કરી શકું, એવો જે અધ્યવસાય એ પરની ક્રિયા કરવાને સમર્થ નથી. એ નિરર્થક અધ્યવસાય છે.

મુમુક્ષુ :– પરને દઈ શકું, પરમાંથી લઈ શકું?

ઉત્તર :– કંઈ દઈ શકું, લઈ શકું બધા અધ્યવસાય મિથ્યા છે. કેમકે દેવાની-લેવાની ક્રિયા જડની સ્વતંત્ર છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! પરમાત્મા જિનેશ્વરદેવ એમ કહે છે, કે એ અધ્યવસાય જે છે... ગાથામાં આવશે.

दुक्खिदसुहिदे जीवे करेमि बंधेमि तह विमोचेमि।
जा एसा मूढमदी णिरत्थया सा हु दे मिच्छा।।२६६।।

નીચે હરિગીત.

કરું છું દુખી-સુખી જીવને, વળી બદ્ધ-મુક્ત કરું અરે !
આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬.

આહા..! ઝીણી વાત છે, ભાઈ! જગતની વ્યવસ્થા તે તે સમયની જગતના પદાર્થથી થઈ રહી છે. તેમાં બીજો જીવ એમ કહે કે, આની વ્યવસ્થા હું કરું એ મિથ્યા અભિપ્રાય, મિથ્યાત્વ છે અને અનંત સંસારનું કારણ, બંધનું કારણ છે. ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે. આહાહા..!

એ કહે છે, 'હું પર જીવોને દુઃખી કરું છું,...' એવો જે અભિપ્રાય. એ પર જીવને દુઃખી કરી શકતો નથી. એવો અભિપ્રાય તેનો નિરર્થક છે. તેથી તે અધ્યવસાય મિથ્યાત્વ છે અને તે તેને સંસારના બંધનું કારણ છે. આહાહા..! હું 'સુખી કરું...' પરને સગવડતા આપીને સુખી કરી શકું એવો જે અધ્યવસાય એ પરને સુખી કરવા માટે નિરર્થક છે. એ અધ્યવસાય પોતાની અર્થક્રિયા, પર પદાર્થની ક્રિયા કરવાને એ અધ્યવસાય નિરર્થક છે. આહાહા..! અરે..! મૂળની વાતની ખબર ન મળે. અનાદિથી રખડે છે. આહા..! ચોરાશીના અવતારમાં મિથ્યા અભિપ્રાય કરી ચોરાશીના અવતારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. એ અહીં પરમાત્મા જિનેશ્વરદેવની વાણીમાં આવ્યું એ અહીં સંતો જગતને જાહેર કરે છે. આહા..!

હું બીજાને સુખી કરું, દુઃખી કરું ઇત્યાદિ. એટલે કે જિવાડું, મારું ઇત્યાદિ અને બંધાવું,

મુકાવું ઇત્યાદિ. બીજાને હું બંધ કરાવું, મિથ્યા અભિપ્રાય કરાવીને એને સંસારમાં રખડાવું અને બીજાનો મોક્ષ કરાવું, એ તદ્દન મિથ્યા અભિપ્રાય છે. આહાહા..! બીજાનો મોક્ષ તો એનો વીતરાગભાવ કરે તો તેનો મોક્ષ થાય. બીજો કહે કે, હું એને મોક્ષ કરાવી દઉં એ મિથ્યાત્વ અધ્યવસાય મિથ્યાત્વ છે અને અનંત સંસારનું, પરિભ્રમણનું કારણ છે. આહાહા..! આકરું કામ. બીજાને હું મોક્ષ કરાવી દઉં. બીજી રીતે કહીએ તો બીજાને હું ધર્મ પમાડી દઉં.

મુમુક્ષુ :- ભગવાને તો ઘણા જીવને ... પમાડ્યા.

ઉત્તર :- કોણ પમાડે? એની પર્યાયથી એ પામે, બીજો એને શું કરે? ઝીણી વાત છે, ભાઈ! આહા..! બીજાને ધર્મ (પમાડું). એ તો પોતે એની અંતર દૃષ્ટિ કરે તો ધર્મ પામે. બીજો કહે કે, એને ધર્મ પમાડું. તો અંતર દૃષ્ટિ કરવાનો એનો નિરર્થક-ખોટો અભિપ્રાય છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! અત્યારે દુનિયાની પ્રવૃત્તિથી આખી વાત બીજી છે. વીતરાગ જિનેશ્વર પરમેશ્વરની દિવ્યધ્વનિમાં આવેલી આ વાત છે. આહા..!

'આ અધ્યવસાન...' કયો? અધ્યવસાય એટલે અભિપ્રાય. બીજાને સુખી કરું, દુઃખી કરી શકું, મારી શકું, જિવાડી શકું, બીજાને બંધમાં નાખી શકું, બીજાનો મોક્ષ કરાવી શકું. આહાહા..! એ 'અધ્યવસાન છે તે બધુંય, પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે...' એ અધ્યવસાન છે એ પરમાં ક્રિયા કરી શકે નહિ. પરને જિવાડી શકે નહિ, બીજાને મારી શકે નહિ, સુખી-દુઃખી કરી શકે નહિ, બંધ કરી શકે નહિ, મોક્ષ કરી શકે નહિ. એ અધ્યવસાય પરમાં ક્રિયા કરી શકે નહિ. આહાહા..! બહુ ઝીણું.

ભક્ત તો એમ કહે, પ્રભુ! આપ તરણતારણ છો. પણ બીજો કહે કે, મેં આને તાર્યો... આહાહા..! મેં આને જીવતર આપ્યું, અભયદાન આપીને જીવતો રાખ્યો, એ અભિપ્રાય તદ્દન પોતાની ક્રિયા પરમાં થવાને માટે નિરર્થક છે. આહાહા..! અરે..રે..! આવું ક્યાં (સાંભળવા મળે)? અનંતકાળથી આથડે છે. આહા..! નરક ને નિગોદ, તિર્યંચના અવતાર કરી કરીને અનંત અવતાર થયા. આ મિથ્યાત્વને લઈને. મૂળમાં સંસારનું મૂળ જ મિથ્યાત્વ છે. આહાહા..!

એ અભિપ્રાય 'પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે...' તું અધ્યવસાય કર પણ તેથી પરમાં એ જીવન-મરણ થાય કે સુખી-દુઃખી થાય કે બંધ-મોક્ષ થાય એ ક્રિયા કરવાનો તારો અભિપ્રાય સમર્થ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! 'પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી...' એ અભિપ્રાય પોતાની અર્થક્રિયા એટલે પરની પ્રવૃત્તિની જે ક્રિયા, જિવાડવા-મારવાની, બંધ-મોક્ષની. (એ) અર્થક્રિયા નહિ કરનારું હોવાથી 'હું આકાશના ફૂલને ચૂંટું છું' આકાશના ફૂલને (ચૂંટું છું). આકાશને ફૂલ હોય નહિ. આહાહા..! શું વીતરાગનો માર્ગ! સંતો જગતને જાહેર કરે છે. પ્રભુ! અરે..! તેં કોઈ દિ' સાચી તત્ત્વની વાતનો નિર્ણય કર્યો નથી. એમ ને એમ અનંતકાળથી હું પરની દયા પાળું, પરને મારી શકું, પરની વ્યવસ્થા

કરી શકું, વ્યવસ્થાપકો વ્યવસ્થા કરે કે નહિ?

મુમુક્ષુ :– કરવી જ પડે ને.

ઉત્તર :– કરવી જ પડે ને, પ્રમુખ છે તે. નહિ? વ્યવસ્થા થતી હોય તેની વ્યવસ્થા કરું. એ વ્યવસ્થા તો ત્યાં તેની પરમાણુની અને તેના જીવની અવસ્થા (થાય જ છે). વ્યવસ્થા-અવસ્થા, તે તે પરમાણુ, તે તે આત્માની વિશેષ પર્યાયરૂપી અવસ્થા. તે તેનાથી થાય એ બીજો કહે કે, હું વ્યવસ્થા કરું. ઝીણી વાત, ભગવાન! આકરું પડે એવું છે. બીજું શું થાય? ભાઈ! અત્યારે આખો માર્ગ (બદલાઈ ગયો). વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ, એની ગેરહાજરી, તેમ કોઈ કેવળજ્ઞાની નહિ, અવધિજ્ઞાની નહિ, કોઈ સમકિતી દેવ આવે નહિ. આહાહા..! અને આવા ઊંધા અભિપ્રાયથી જગતને ચલાવે. આહાહા..! આ મુદ્દાની રકમ છે. આહાહા..!

હું પૈસા રાખી શકું, પૈસા વાપરી શકું, એવો જે અભિપ્રાય એ પૈસા લેવા, રાખું, લઉં એની ક્રિયા કરવાને અસમર્થ છે. આહાહા..! અરે..રે..! પણ ભાવ થયો કે, હું આને બે-પાંચ હજાર, લાખ આપું. તો નોટું ફટ..ફટ ગણી આપે. હવે અહીં કહે છે, કે એ તારો અભિપ્રાય જૂઠો છે. એ નોટુંની પર્યાય એ પ્રમાણે જવાની ક્રિયા તો એનાથી થાય છે અને તું કહે કે, મારાથી થાય છે. બહુ આકરું કામ, ભાઈ! અરે..! જન્મ-મરણથી અનાદિથી મરી ગયો છે. આ પૈસાવાળા લાખોપતિ, કરોડોપતિ બિચારા દુઃખી છે, હોં! એ ભિખારા દુઃખી છે, ભિખારા ભીખ માંગે છે. પૈસા લાવો, બાયડી લાવો, આબરૂ લાવો, કીર્તિ લાવો, મહા મોટા ભિખારી છે. એ.. 'રામજીભાઈ'! એ કરોડપતિ છે. કણબી, 'રાજકોટ'. એ કરોડ અને અબજ, એ પૈસા તો જડ છે. એને હું રાખું અને વાપરું, એ તારો અભિપ્રાય છે એ અર્થક્રિયા કરનારું નથી. તારો અભિપ્રાય પરમાં જવા-આવવાની ક્રિયાનો કરનાર નથી. તારો અભિપ્રાય નિરર્થક છે. આહા..! એટલે મિથ્યા છે. ઝીણી વાત, ભાઈ! આખા જગતના અભિપ્રાયોથી વીતરાગનો અભિપ્રાય બહુ જુદો છે, ભાઈ! આહાહા..! 'શાંતિભાઈ'! આવું છે.

હું આકાશના ફૂલને તોડું છું. આકાશને ફૂલ નથી અને તોડું છું, એમ એનો અભિપ્રાય બીજાને જિવાડું-મારું, સુખી-દુઃખી કરું, આકાશના ફૂલને તોડું છું, એના જેવી વાત છે. આહાહા..! હોંશિયાર માણસ હોય તો જગતમાં બધા કામ સારા ન કરે? દુકાનની વ્યવસ્થા સરખી ચલાવે. હેં? હોંશિયાર માણસને પગાર સારો મળે. અડધો, દસ આના, આઠ આના ભાગ આપે. આ તો બધું અમે જોયેલું છે ને! આહા..! ભાઈ! તારો અભિપ્રાય જૂઠો છે, બાપુ! જડની એ બધી ક્રિયાઓ થવાની તે તો તેની ક્રિયા તારા અધ્યવસાયને લઈને એ ક્રિયા થાય, એમ છે નહિ. આહાહા..!

એ આકાશના ફૂલને તોડું છું. જેમ આકાશના ફૂલ જ નથી, એમ આનો અધ્યવસાય બીજાને સુખી-દુઃખી કરું, જિવાડું-મારું, બંધાવું-મુકાવું એ આકાશના ફૂલ તોડવા જેવું છે. ગજબ વાત છે! અરે..રે..! એવી વાત સાંભળવા મળે નહિ. આવું મનુષ્યપણું મળ્યું. અનંતે કાળે

મહા મોંઘેરી ચીજ છે. આહાહા..! એ મનુષ્યપણામાં કરવાનું તો આ છે. આવ્યું હતું ને? કરવા લાયક તો આ છે, આવ્યું હતું. બપોરે આવ્યું હશે. કરવા લાયક તો આ છે.

હું તો જ્ઞાતા-દૃષ્ટા છું. જગતના કોઈ કાર્ય મારાથી થાય, એ હું નહિ. કેમકે જગતના પદાર્થો પોતાની પર્યાયના કામથી નવરા નથી. દરેક પદાર્થ તેની પર્યાયથી નકામા નથી. પર્યાય તેનું કાર્ય તે દ્રવ્ય કરે જ છે. અને બીજો કહે કે, એની પર્યાયને હું કરું (એ મિથ્યા અભિપ્રાય છે). સમજાય છે કાંઈ? આહાહા..! આકરું કામ છે, ભાઈ! પહેલી તો વાત સાંભળવી મુશ્કેલ પડે. આહાહા..!

વીતરાગ ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવ કહે છે, પ્રભુ! અનંત પદાર્થ છે ને? અનંત પદાર્થની પર્યાય તે તે કાળે તે પદાર્થ કરે એમાં તું કહે કે, હું આનું કરું. એ તો આકાશના ફૂલ તોડવા જેવો તારો અભિપ્રાય જૂઠો છે. આહાહા..! અરે..! આવું ક્યાં મળે? બાપુ! આહા..! અબજો રૂપિયા મળે, કરોડો મળે એ ધૂળ મળી એમાં કાંઈ (નથી). એ તો પૂર્વનું પુણ્ય હોય તો મળ્યું, પણ મળ્યું છે એ તો પાછું પાપ છે, પરિગ્રહ છે. શું કીધું ઇ? પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ મળ્યા, અબજો મળ્યા.

'શાંતિલાલ ખુશાલ', 'ગોવા'. બે અબજ ચાલીસ કરોડ. છે અત્યારે. બે અબજ ચાલીસ કરોડ! અઢી અબજ! 'ગોવા'માં છે, દસાશ્રીમાળી વાણિયા છે. આહાહા..! ગુજરી ગયો, બે છોકરા છે. છોકરો ખ્રીસ્તીને પરણ્યો છે. પૈસા બહુ, કાંઈ ઠેકાણું ન મળે. આહાહા..! 'મુંબઈ' અમારી પાસે આવ્યો હતો. મહારાજ! મારા બાપને તમારા દર્શન કરવા હતા, પણ ગુજરી ગયા. 'મુંબઈ' ૬૧ વર્ષમાં ગુજરી ગયો. અઢી અબજ રૂપિયા. ધૂળમાં શું છે? આહાહા..! 'ગોવા'માં સાંઈઠ લાખના તો ત્રણ મકાન છે. ચાલીસ-ચાલીસ લાખનું એક અને બે દસ-દસ લાખના. ધૂળ, એ પરપદાર્થ છે, બાપુ! એ તારા ક્યાં છે? અને તારા કર્યા ક્યાં થયા છે? આહાહા..! આ મકાન છે તે આત્માથી થાય છે? બહુ ધ્યાન રાખે. 'રામજીભાઈ'એ બહુ ધ્યાન રાખ્યું હતું અને 'વજુભાઈ' પણ બહુ ધ્યાન રાખતા. એ ભાવ હોય, પણ એ ત્યાં થાય છે તો એના કારણે. કેમ બેસે? પ્રભુ! તને આકરી વાત (લાગે), બાપા! એ પદાર્થ, એ પરમાણુ પદાર્થ છે. તત્ત્વ છે, અજીવ તત્ત્વ છે અને અજીવ તત્ત્વની ક્ષણે ક્ષણે પર્યાય થાય તેવું એ તત્ત્વ છે. એ અજીવની આ પર્યાય થવાનો કાળ હતો તો આ પર્યાય થઈ છે. આહાહા..! ૨૬ લાખનું મકાન. તે દિ'. અત્યારે તો પચાસ લાખે પણ થાય નહિ. આ તો પાંચ વર્ષ અને સાત મહિના પૂરા થયા. આજે તેરસ છે ને? એની માસિક તિથિ છે. પૂજા હતી ને? પાંચ વર્ષ અને સાત મહિના થયા. ફાગણ સુદ-૧૩. એ તો એની પર્યાય, પ્રભુ! તે પરમાણુઓ સ્કંધ છે, પિંડ છે, તેની તે સમયે તે જ અવસ્થા તે પણે થવાની તે થઈ છે, એ બીજો કહે, કે આ મારાથી થઈ છે, એ તારો અધ્યવસાય આકાશના ફૂલ તોડવા જેવો છે. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! આહાહા..!

બીજું તત્ત્વ બીજા તત્ત્વની કોઈ પરભાવની ક્રિયા કરે એ ત્રણકાળમાં બનતું નથી. અંદર એને બેસવું જોઈએ, ભાઈ! આહાહા..! એમ ને એમ નહિ, એને અંદર બેસવું જોઈએ. તે વિના જૂઠો અભિપ્રાય નહિ ટળે અને જ્યાં સુધી જૂઠો અભિપ્રાય (છે) ત્યાં સુધી નરક અને નિગોદના ભવ કરવા પડશે, બાપા! આહાહા..! સમજાણું કાંઈ?

'અર્થક્રિયા કરનારું નહિ હોવાથી, 'હું આકાશના ફૂલ ચૂંટું છું' એવા અધ્યવસાનની માફક મિથ્યારૂપ છે,...' આકાશના ફૂલ તોડું એવો જે અધ્યવસાય મિથ્યા છે એમ આને જિવાડું-મારું, સુખી-દુઃખી કરું, બંધ-મોક્ષ કરું એવો તારો અધ્યવસાય નિરર્થક છે. છે સાર્થક– સંસારમાં રખડવા માટે. પર કાર્ય માટે નિરર્થક છે. આહાહા..! જુઓને! વીતરાગમાર્ગ તો જુઓ, પ્રભુ! આહાહા..! ત્રણલોકના નાથ ભગવાન 'સીમંધર' પ્રભુ મહાવિદેહમાં બિરાજે છે, એની આ વાણી છે. ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' ત્યાં ગયા હતા. દિવ્યધ્વનિ સાંભળી, અનુભવ તો હતો, ચારિત્ર હતું, આનંદનું સ્વસંવેદન હતું. આહાહા..! કહે છે, કે આ પુસ્તક બન્યું એ પણ અમારાથી નહિ, હોં! આહાહા..! એ ટીકા બની એ અમારાથી નહિ. કેમકે એ પરમાણુની તે કાળે તે પર્યાય થવા કાળે તેનાથી થઈ. બીજો અભિપ્રાય એમ કરે કે, મારાથી થાય તો તારો અભિપ્રાય તેના કાર્યમાં નિરર્થક છે. આહાહા..! હજારો-લાખો કહે નહીં. બહુ ફેરવવું પડે. આહાહા..!

'હોંશિડા મત હોંશ ન કીજે' એક સ્તવન આવે છે. ચાર સજ્ઝાયમાળા છે ને? સજ્ઝાયમાળા છે. એક એક સજ્ઝાયમાળામાં બસો-અઢીસો (શ્લોક છે). એ તમારે દિગંબરમાં ન હોય. શ્વેતાંબરમાં છે. મેં તો દુકાન ઉપર મંગાવી હતી. સંવત ૧૯૬૪-૬૫ની સાલની વાત છે. ચાર સજ્ઝાયમાળા છે. હું તો દુકાને (બેસતો), પિતાજીની ઘરની દુકાન હતી એટલે હું તો નિવૃત્તિથી વાંચતો. ચાર સજ્ઝાયમાળા, ચારેય વાંચેલી. એક એકમાં બસો-અઢીસો સજ્ઝાય છે. એ ચારેય વાંચેલી. એમાં એક આ છે, 'હોંશિડા મત હોંશ ન કીજે'. એ પરના કાર્યમાં હોંશિડા હોંશ ન કરીએ, પ્રભુ! આહાહા..! એવું છે, એમાં ઘણું આવે છે. ઘણી સજ્ઝાય આવે છે.

ત્યાં તો એ પણ આવે છે, 'સહજાનંદી રે આત્મા, સૂતો કંઈ નિશ્ચિંત રે, મોહ તણા રે રણિયા ભમે.' આ મિથ્યાત્વના મોહ મોટા માથે લેણદાર ઊભા છે. આહા..! 'જાગ જાગ રે મતિવંત રે.. એ લૂંટે જગતના જંત રે.' બાયડી-છોકરા કહે કે, અમને શું કરવા પરણ્યા? શું કરવા અમને ...? અમને પોષવા પડશે, કરવું પડશે. એ લૂંટારા બધા લૂંટશે તને. 'નિયમસાર'માં કહ્યું છે, એ બધા ધૂતારાની ટોળી તને મળી છે. આહાહા..! 'નિયમસાર'. આહાહા..! 'જાગ જાગ મતિવંત, આહાહા..! લૂંટે જગતના જંત, વિરલા કોઈ ઉગરંત'. કોઈ વિરલા પ્રાણી એમાંથી ઉગરે, બાકી તો મૂઆ પડ્યા છે અંદર. આહાહા..! અરે..રે...! આવું સાંભળવા મળે નહિ જ્યાં, એનો કે દિ' વિવેક કરે? આહાહા..!

આ કપડું છે એ આમથી આમ થાય છે, એને આત્મા કરે એ ત્રણકાળમાં નહિ, એમ કહે છે. હાથ આમ કરે એ આત્મા નહિ. હાથની ક્રિયા થાય એ જડથી જડને લઈને. અને એને લઈને કપડાની ક્રિયા થાય એમેય નહિ. કપડાની ક્રિયા એને લઈને આમ ઊંચી-નીચી થાય. આહાહા..! આવી વાત કોને બેસે? પ્રભુ! માર્ગ તો આ છે. આહાહા..!

એ અહીં કહે છે, કે 'હું આકાશના ફૂલને ચૂંટું છું' એવા અધ્યવસાનની માફક મિથ્યારૂપ છે,...' તારો અભિપ્રાય. આહાહા..! બાયડી, છોકરાને પાળું, પોષું.. આહાહા..! બીજાને કેળવણી આપું. લ્યો, ઠીક! બીજાને કેળવણી આપું. આરે..! પ્રભુ! એનું જ્ઞાન તો એનાથી ખીલશે. તારાથી ખીલશે? આવી વાતું આકરી બહુ, ભાઈ! આહાહા..! પ્રભુ તો ત્યાં સુધી કહે કે, આ વાણી છે એ વાણીની ક્રિયાનો આત્મા કર્તા નથી. વાણી તો જડ છે, એની પર્યાય જડથી થાય. પ્રભુ! તારાથી નહિ. અને એ વાણી કાને પડે માટે એને જ્ઞાન થાય છે, એમ નથી. પ્રભુ! તારો તે કાળે તે આત્માનો તે પ્રકારના જ્ઞાનનો પ્રકાર થવાનો જન્મક્ષણ હતો તે થયો છે, વાણીથી નહિ. આવું કેમ બેસે? ઘરે બેઠા નહોતું અને અહીં થયું માટે આનાથી નથી થયું? ભાઈ! અત્યારે તે પર્યાય તારા જ્ઞાનગુણની તે પ્રકારના ક્ષયોપશમની ઉત્પન્ન થવાનો કાળ છે. એમાં આ શબ્દ તો નિમિત્ત છે, એનાથી થયું નથી. અરે..રે...! આ વાત કેમ બેસે?

'હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે' 'નરસિંહ મહેતા' કહે છે. 'શકટનો ભાર જેમ શ્વાન તાણે' ગાડાનો ભાર. કૂતરો હેઠે ઠીંઠે અડે એટલે (માને કે) મારાથી ગાડું ચાલે છે. એમ આ બધી દુકાનની, બધી ઘરની વ્યવસ્થા કરનારો હોંશિયાર (માનનારો) કૂતરા જેવો છે. આહાહા..! કહો, 'પૂનાતરજી'! આવી વાતું છે. આહાહા..! પરમાત્મા જિનેશ્વરદેવની વાણીનો આ સાર છે. એ 'કુંદકુંદાચાર્યદેવ', 'અમૃતચંદ્રાચાર્યદેવ' જગતને જાહેર કરે છે. પ્રભુ આમ કહે છે. પ્રભુ! તને બેસે ન બેસે તું જાણ, પણ પ્રભુ તો આમ કહે છે. આહાહા..! છે?

'કેવળ પોતાના અનર્થને માટે જ છે...' બીજાને જિવાડી દઉં, નભાવું, પોષણ આપું, વેપાર-ધંધા મોટા હોય તો બીજાનો નભાવ થાય, આવો જે તારો અભિપ્રાય કેવળ પોતાના અનર્થને માટે છે. બે ભાષા થઈ. પરની અર્થક્રિયા કરવામાં સમર્થ નથી, પણ પોતાના અનર્થને માટે સમર્થ છે. શું કહ્યું? પ્રભુ! આહાહા..! તારા અભિપ્રાય પરને જિવાડું-મારું, સુખી-દુઃખી (કરું) એ તારો અભિપ્રાય પરની ક્રિયા-અર્થક્રિયા કરવાને સમર્થ નથી, પણ તારો અભિપ્રાય તારું અનર્થ કરવાને માટે સમર્થ છે. આહાહા..! અર્થ અને અનર્થ, સામે નાખ્યા.. આહાહા..! આ બાયડી, છોકરાને પોષે છે, નાનાને મોટા કરે છે. આહા..! નાના બાળક બિચારા એને ખબર ન હોય .... ભાઈ! શું થાય? પ્રભુ! એ બાળકનું શરીર છે એ રજકણો છે. એની એ પર્યાય જે સમયે થવાની તે ક્ષણે તે જન્મક્ષણ છે. એની મા એમ કહે કે, આને હું પાળું છું, રાખું છું એ મિથ્યા અભિપ્રાય છે. પરની ક્રિયા માટે, અર્થક્રિયા માટે સમર્થ નથી,

પણ પોતાના અભિપ્રાય માટે અનર્થનું કારણ છે. આહાહા..! અરે..રે..! ત્યારે અમારે બેસી રહેવું ને? બેસી રહેવુંનો અર્થ કે, તું તારા અભિપ્રાયમાં પરનું કરી શકું, એ છોડી દે. બાકી તો જેમ થવાનું તે થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

એ 'પોતાના અનર્થને માટે જ છે...' માત્ર પોતાના નુકસાનનું કારણ થાય છે. આહાહા..! બહુ જોર દઈને એમ કરીશ નહિ કે, બીજાને હું સમજાવી દઉં ને ધર્મ પમાડી દઉં. બહુ જોર રહેવા દે. 'છ કાયના પિયર' આવે છે ને? એ છ કાય માતા-પિતા છે. અરે..! પ્રભુ! માતા-પિતા કેવા? આહાહા..! છ કાયના જીવની પર્યાય તે કાળે તેને થવાની હોય તે તે થાય છે, એને તું એનું રક્ષણ કર તો થાય, એ અભિપ્રાય નિરર્થક (છે), તારે માટે નુકસાન છે. પરમાં થાતું નથી. પરના કાર્યમાં લાભ થતો નથી પણ તારે માટે નુકસાન છે. આહાહા..!

ભાવાર્થ :– 'જે પોતાની અર્થક્રિયા...' અર્થ એટલે પ્રયોજન. પ્રયોજનભૂત ક્રિયા. પોતાની પ્રયોજનભૂત ક્રિયા. એટલે કે હું અધ્યવસાય કરું, પરને જિવાડું, એવી પ્રયોજનભૂત ક્રિયા. એ અધ્યવસાય પરની '(–પ્રયોજનભૂત ક્રિયા) કરી શકતું નથી...' કરી શકતું નથી. આહાહા..! સાદી ભાષા કરી. 'તે નિરર્થક છે, અથવા જેનો વિષય નથી...' ભાષા જુઓ! શું કહે છે? કે, તું એવો પરિણામ કર કે, એને જિવાડું-મારું, એ જિવાડવા-મારવાના અભિપ્રાયનો એ વિષય જ નથી. એ વિષય તો પર છે. જ્ઞેય તરીકે જાણવાનો છે, એને ઠેકાણે તેને જિવાડું-મારું એવો તારો વિષય છે જ નહિ. આહાહા..! શું કહ્યું ઇ?

તું પરિણામમાં એમ અભિપ્રાય કર કે, પરને જિવાડું-મારું, સુખી-દુઃખી કરું, બંધાવું-મુકાવું. આહાહા..! એ અભિપ્રાયનો એ વિષય જ નથી. એટલે કે એ અભિપ્રાય પ્રમાણે થાતું નથી. આને કારણે થાતું નથી માટે એનો વિષય નથી. આહાહા..! ગજબ છે! અર્થકારે આવો (અર્થ) કર્યો છે. તારા પરિણામમાં તું કર. નિરર્થક, તારા નુકસાનને માટે, રખડવા માટે. પણ એ પરિણામનો વિષય જે પર છે એ એનો વિષય નથી. પરને જિવાડું, મારું, બાંધું એ કાંઈ તારા અભિપ્રાયનો વિષય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એનું ધ્યેય માન્યું હશે તો એનું એ ધ્યેય નથી. આરે..! આરે..! આવી વાતું. બહુ સરસ શબ્દ વાપર્યો છે.

'જે પોતાની અર્થક્રિયા (–પ્રયોજનભૂત ક્રિયા)...' બીજાને જિવાડું-મારું, નભાવું એવા જે તારા પરિણામ, એની અર્થક્રિયા એટલે પરમાં થવું તે કરી શકાતું નથી. 'નિરર્થક છે, અથવા જેનો વિષય નથી તે નિરર્થક છે.' તેં તારા પરિણામ કર્યા કે આને નભાવું, એનો એ વિષય છે, એ વિષય એમ છે જ નહિ. પરિણામનો એ વિષય છે જ નહિ. આહાહા..! 'ચીમનભાઈ'! ઝીણી વાત છે, પ્રભુ! તારી પ્રભુતાનો પાર ન મળે, પણ પ્રભુ તું ભૂલી ગયો. આહાહા..! તારી પ્રભુતા પરના કામ કરી શકું, ત્યાં તેં માન્યતામાં વાપરી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

એ 'જેનો વિષય નથી...' એટલે શું? કે, જે તું પરિણામ એમ કર કે, આને નભાવું,

એ તારા પરિણામનો એ વિષય નથી. આહાહા..! એ તો જ્ઞેય છે. તારા જ્ઞાનની પર્યાયનો એ જ્ઞેય વિષય છે. એને ઠેકાણે જિવાડું-મારું, બંધાવું એવા પરિણામનો એ વિષય નથી. આહાહા..! તેં જે ધ્યેય બાંધ્યું હોય કે આને આમ કરું, પણ એ તારા પરિણામનો વિષય જ નથી. આહાહા..! ધીરેથી સમજવાની વાત છે, બાપા! આ કાંઈ કોઈ ઉતાવળે (થાય એવું નથી). આવો માર્ગ હોય? આવો માર્ગ હોય તો કાંઈ પછી કરાય નહિ. ભાઈ! ધીરો થા, પ્રભુ! આહાહા..! તું તારા પરિણામમાં પરિણામનો ફેરફાર કરવો હોય એ કર, પણ પરના પરિણામમાં કંઈ ફેરફાર (કરી શકે, એમ નથી). એ પણ અહીં તો કહે છે, કે જે સમયે જે પરિણામ થયા તે સમયનો ફેરફાર કર તો એ નહિ થઈ શકે. લે! આહાહા..!

ક્રમબદ્ધ જે પરિણામ થાય છે.. આહાહા..! તારા પરિણામનો ફેરફાર કર નહિ. એટલું કરી શકે કે, પરને હું જિવાડું-મારું એવો જે અભિપ્રાય છે એ છોડીને, સ્વદ્રવ્યનો અભિપ્રાય કરી શકે, એ તારું કર્તવ્ય છે. આહાહા..! હું તો જ્ઞાતા છું, જ્ઞાયક છું, જ્ઞાનના રસથી ભરેલો પદાર્થ છું, એવો અભિપ્રાય કર તો તે તારાથી થઈ શકે છે. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ સારી ગાથા છે. આહાહા..! તો તો પછી અહીં એવું થયું કે, આ દવાથી રોગ મટે નહિ. એ તો નિમિત્ત છે, બાપા! તે પરમાણુ તે વખતે પર્યાય થવાની (હોય તે થાય). બાપુ! આકરી વાતું (છે), ભાઈ! આહાહા..! બીજા પરમાણુઓ બીજા પરમાણુની પર્યાયને પલટાવે? એમ છે નહિ. જો કે પરમાણુને કોઈ અભિપ્રાય નથી, અભિપ્રાય કરનારો તો જીવ છે, પણ પરમાણુની જે ક્રમસર પર્યાય જે કાળે જે થાય છે તેને બીજો પરમાણુ કરે (એમ છે નહિ). આહાહા..! કહો, 'શિવલાલભાઈ'! આવી વાતું છે.

ભગવાનની ભક્તિ કરવામાં સ્વાહા.. સ્વાહા (બોલે). કહે છે, કે એ સ્વાહાની ભાષા અને હાથ આમ આમ થાય અને ચોખા જાય, એ ક્રિયા તારાથી થઈ નથી. તારા પરિણામમાં તું એમ માન કે, આ મારાથી થાય એ જુદી વાત છે. તેથી કંઈ પરનું કાર્ય એ પરિણામથી થાય, એમ નથી. એ તારા પરિણામ તને નિરર્થક છે. પણ શુભ પરિણામ હોય એને જાણે કે, આ તો એને કારણે થાય છે. એને તો હું જાણનારો છું. આહાહા..! ભારે કામ, ભાઈ! આવો માર્ગ હશે? આકરું લાગે. સાંભળ્યું ન હોય (એવા) નવા માણસને તો એવું લાગે કે, આ શું કહે છે? પાગલ જેવી વાતું છે. વાત તો એવી (છે), વાત સાચી. આહાહા..!

'જીવ પર જીવોને દુઃખી-સુખી આદિ કરવાની બુદ્ધિ કરે છે, પરંતુ પર જીવો તો પોતાના કર્યા દુઃખી-સુખી થતા નથી;...' આહાહા..! 'તેથી તે બુદ્ધિ નિરર્થક છે અને નિરર્થક હોવાથી મિથ્યા છે-ખોટી છે.' મિથ્યા અભિપ્રાય, જૂઠો છે.

## ગાથા-૨૬૭

कुतो नाध्यवसानं स्वार्थक्रियाकारीति चेत् -

अज्झवसाणणिमित्तं जीवा बज्झंति कम्मणा जदि हि।
मुच्चंति मोक्खमग्गे ठिदा य ता किं करेसि तुमं।।२६७।।

अध्यवसाननिमित्तं जीवा बध्यन्ते कर्मणा यदि हि।
मुच्यन्ते मोक्षमार्गे स्थिताश्च तत् किं करोषि त्वम्।।२६७।।

यत्किल बन्धयामि मोचयामीत्यध्यवसानं तस्य हि स्वार्थक्रिया यद्बन्धनं मोचनं जीवानाम्। जीवस्त्वस्याध्यवसायस्य सद्भावेऽपि सरागवीतरागयोः स्वपरिणामयोः अभावान्न बध्यते, न मुच्यते; सरागवीतरागयोः स्वपरिणामयोः सद्भावात्तस्याध्यवसायस्याभावेऽपि बध्यते, मुच्यते च। ततः परत्राकिञ्चित्करत्वान्नेदमध्यवसानं स्वार्थक्रियाकारि; ततश्च मिथ्यैवेति भावः।

---

હવે પૂછે છે કે અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું કઈ રીતે નથી ? તેનો ઉત્તર કહે છે :-

**સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં**
**ને મોક્ષમાર્ગે સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા ? ૨૬૭.**

ગાથાર્થ :– હે ભાઈ ! [ यदि हि ] જો ખરેખર [ अध्यवसाननिमित्तं ] અધ્યવસાનના નિમિત્તે [ जीवाः ] જીવો [ कर्मणा बध्यन्ते ] કર્મથી બંધાય છે [ च ] અને [ मोक्षमार्गे स्थिताः ] મોક્ષમાર્ગમાં સ્થિત [ मुच्यन्ते ] મુકાય છે, [ तद् ] તો [ त्वम् किं करोषि ] તું શું કરે છે ? (તારો તો બાંધવા-છોડવાનો અભિપ્રાય વિફળ ગયો.)

ટીકા :– 'હું બંધાવું છું, મુકાવું છું' એવું જે અધ્યવસાન છે તેની પોતાની અર્થક્રિયા જીવોને બાંધવા, મૂકવા (-મુક્ત કરવા, છોડવા) તે છે. પરંતુ જીવ તો, આ અધ્યવસાયનો સદ્ભાવ હોવા છતાં પણ, પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી નથી બંધાતો, નથી મુકાતો; અને પોતાના સરાગ-વીતરાગ પરિણામના સદ્ભાવથી, તે અધ્યવસાયનો અભાવ હોવા છતાં પણ, બંધાય છે, મુકાય છે. માટે પરમાં અકિંચિત્કર હોવાથી (અર્થાત્ કાંઈ નહિ કરી શકતું હોવાથી) આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી; અને તેથી મિથ્યા જ છે. - આવો ભાવ (આશય) છે.

ભાવાર્થ :- જે હેતુ કાંઈ પણ ન કરે તે અકિંચિત્કર કહેવાય છે. આ બાંધવા-છોડવાનું અધ્યવસાન પણ પરમાં કાંઈ કરતું નથી; કારણ કે તે અધ્યવસાન ન હોય તોપણ જીવ પોતાના સરાગ-વીતરાગ પરિણામથી બંધ-મોક્ષને પામે છે, અને તે અધ્યવસાન હોય તોપણ પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી બંધ-મોક્ષને નથી પામતો. આ રીતે અધ્યવસાન પરમાં અકિંચિત્કર હોવાથી સ્વ-અર્થક્રિયા કરનારું નથી અને તેથી મિથ્યા છે.

## ગાથા-૨૬૭ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું કઈ રીતે નથી?' હવે અકિંચિત્કર નાખશે. આહાહા..! ૨૬૭.

**अज्झवसाणणिमित्तं जीवा बज्झंति कम्मणा जदि हि।**
**मुच्चंति मोक्खमग्गे ठिदा य ता किं करेसि तुमं।।२६७।।**

**સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં**
**ને મોક્ષમાર્ગે સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા ? ૨૬૭.**

આહાહા..! બીજાને ધર્મ પમાડી દઉં, એવો અભિપ્રાય છોડી દેજે. આહા..! ગજબ વાત છે! ઉતાવળો થઈશ નહિ, પ્રભુ! આહાહા..! તારું જ્ઞાતાપણું છોડીને આવો અભિપ્રાય કરીશ નહિ. આહાહા..! જગતને પમાડી દઉં. બાપુ! એની પર્યાય (થવા) કાળે થશે, એમાં તું શું પમાડીશ? ભાઈ! આહાહા..! બહુ ફેરફાર. હેં? આહાહા..!

ટીકા :- 'હું બંધાવું છું,...' હું બીજાને રખડાવવાનો ભાવ કરાવી દઉં છું. ઓલું આવે છે ને? જુગલિયાનું, નથી આવતું? શ્વેતાંબરમાં. જુગલિયાને એક જણાએ પાપ કરાવીને નરકમાં મોકલ્યો. શ્વેતાંબરમાં અછેરું આવે છે. એમ બને નહિ. જુગલિયા કોઈ દિ' નરકમાં જાય નહિ. શ્વેતાંબરમાં એવી કલ્પિત વાતું ઘણી આવે છે, ઘણી કલ્પિત વાતું. જુગલિયાનો વેરી જીવ હતો એટલે જુગલિયામાંથી ઉપાડીને કર્મભૂમિમાં લાવ્યા. કર્મભૂમિમાં લાવીને એને પછી રાજ આપ્યું ને માંસ ખવડાવ્યું, દારૂ પીવડાવ્યો (એટલે) નરકમાં ગયો. અછેરુ છે એમ કહે છે. એમ ન બને, ભગવાન! આહાહા..! એ શ્વેતાંબરમાં આવે છે. એ બધી કલ્પિત વાતું છે, વીતરાગે કહેલી નથી. બધી કલ્પિત વાતું કરીને શાસ્ત્ર રચ્યા છે. ઝીણી વાત છે, ભગવાન! શું કહીએ? અર..ર..ર...!

એ કહે છે, કે હરિ.. શું કહેવાય આ? દેવકુરુ. જુગલિયા. હરિવંશ. જુગલિયા છ પ્રકારના છે ને? દેવકુરુ, ઉત્તરકુરુ, હરિવંશ.. નામ ભૂલી જઈએ છીએ. હરિવંશના જુગલિયા લાવી એને માંસ ખવડાવ્યું અને રાજાને મારી નરકે ગયા. એમ કોઈ દિ' બને નહિ. આમાં શ્વેતાંબરમાં

છે. આહાહા..!

'હું બંધાવું છું, મુકાવું છું' એવું જે અધ્યવસાન છે તેની પોતાની અર્થક્રિયા...' અર્થક્રિયા એટલે? એ અભિપ્રાય છે તેવું બહારમાં જડનું કે પરનું પરિણમન થવું, એ 'જીવોને બાંધવા, મૂકવા (–મુક્ત કરવા, છોડવા) તે છે.' પરને બંધાવું, મુકાવું એ એના અધ્યવસાયની અર્થક્રિયા છે. 'પરંતુ જીવ તો, આ અધ્યવસાનનો સદ્ભાવ હોવા છતાં...' તારો અધ્યવસાય હોય કે હું બંધાવું અને મુકાવું, એવો અધ્યવસાય હોવા છતાં 'પણ પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી...' જો એ બંધાવનારો પોતાને સરાગ પરિણામ હોય તો તેનાથી બંધાય અને વીતરાગ પરિણામ હોય તો મુક્ત થાય. એમાં તું શું કરી શકે? આહાહા..!

'પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી...' (ભાષા) ટૂંકી કરી. સરાગ પરિણામથી બંધાય છે અને વીતરાગ પરિણામથી મુક્ત થાય છે. આહાહા..! આ તો ઓલા કહેતા હતા ને 'ઝરિયા'માં? 'અમૃતલાલ'. બાવા થાય તો આ બેસે. બાવો જ છો, સાંભળને! કે દિ' પરદ્રવ્યમાં ગરી ગયો છો? તારું તત્ત્વ જ આખું જુદું છે. આહાહા..! તારી પર્યાયમાં પરદ્રવ્ય છે જ નહિ. તારી પર્યાયમાં નથી એ પરદ્રવ્યનું તું કાંઈ કર? તારી પર્યાયમાં તો એને કરી શકું એવો અધ્યવસાય (હો) અને કાં રાગ-દ્વેષ. એ તારી પર્યાયમાં હોય. કાં એ તારી પર્યાયમાં દ્રવ્યને આશ્રયે વીતરાગતા હોય. બાકી તારી પર્યાયમાં કોઈ પરદ્રવ્ય હોય (એમ છે નહિ). આહાહા..! આવો વીતરાગ માર્ગ. દિગંબર સંતોની વાત ક્યાંય છે નહિ. આહા..! સત્‌ને જાહેર કરે છે. ઢંઢેરો પીટાય છે. દિગંબર મુનિઓએ તો ગજબ કામ કર્યા છે. આહાહા..! એને દુનિયાની પડી નથી, કે આ માનશે કે નહિ માને? શું કહેશે? ગમે તેમ કહો. પ્રભુ! માર્ગ તો આ છે. આહાહા..! છે?

'જીવ તો, આ અધ્યવસાનનો સદ્ભાવ...' સામાનો અધ્યવસાય છે કે આને બંધાવું અને આને મુકાવું. એવો અધ્યવસાયનો સદ્ભાવ હોવા છતાં એ સરાગ પરિણામથી બંધાશે અને વીતરાગ પરિણામથી મુક્ત થશે, કાંઈ તારા પરિણામથી સરાગ થાશે અને વીતરાગ થાશે, એમ નથી. આહાહા..! પાછું એ પણ ભેગું કહ્યું, કે રાગથી બંધ થશે અને વીતરાગતાથી મુક્તિ થશે. આહાહા..! ચાહે તો શુભરાગ હોય કે અશુભરાગ હોય. આહાહા..! પણ એ બંધનું કારણ છે. અને આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, વીતરાગ સ્વરૂપે બિરાજમાન છે, એનો આશ્રય લઈને જે વીતરાગતા થાય તે મુક્તિનું કારણ છે. આહાહા..!

'અને પોતાના સરાગ-વીતરાગ પરિણામના સદ્ભાવથી; તે અધ્યવસાયનો અભાવ હોવા છતાં...' સામાને બંધાવા-મુકાવાનો સામાનો અધ્યવસાય ન હોય, છતાં સરાગ અને વીતરાગ પરિણામથી બંધન અને મુક્તિ થશે. સામાનો અધ્યવસાય હોય કે આને બંધાવું-મુકાવું તોપણ એના અધ્યવસાયની વિદ્યમાનતામાં પણ તેના સરાગ (પરિણામથી) બંધાશે અને વીતરાગતાથી મુક્ત થશે. અને સામાનો અધ્યવસાય ન હોય તોપણ એ સરાગ પરિણામથી બંધાશે અને

વીતરાગતાથી મુક્ત થશે. આહાહા..! આવું છે. આ કલાકની વાતું આવી. માર્ગ એવો છે, પ્રભુ! આ તો પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ અરિહંત પરમાત્મા. સિદ્ધને તો વાણી હોય નહિ. એ તો ણમો સિદ્ધાણંમાં ગયા. શરીરરહિત થઈ ગયા. અરિહંત છે એને વાણી હોય એ વાણીમાં આ આવ્યું. આહાહા..! પરમાત્માની વાણીમાં આ આવ્યું. આહાહા..!

તારા અધ્યવસાયના અભાવમાં પણ. તારો અધ્યવસાય એવો ન હોય છતાં એ તો એ જીવ પોતાના અજ્ઞાનના રાગભાવથી બંધાશે અને વીતરાગભાવથી મુક્ત થાશે. તારો અધ્યવસાય હોય તોપણ તે સરાગથી બંધાશે અને વીતરાગતાથી મુક્ત થશે. તારો અધ્યવસાય ન હોય તોપણ તે સરાગથી બંધાશે અને વીતરાગતાથી મુક્ત થશે. તારા અધ્યવસાયની કોઈ અપેક્ષા ત્યાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

'માટે પરમાં અકિંચિત્કર...' લ્યો, આવી ભાષા. હમણાં એમ આવ્યું હતું. એ..ઇ...! 'ચેતનજી'! તમારા ભાઈબંધનું. નિમિત્ત કિંચિત્કર છે અને અકિંચિત્કર બેય છે. કેવા કહેવાય ઇ? 'વિકાસવિજય'. કાગળ લખે, ઉપદેશ આપે. હમણા કાગળ આવ્યો હતો. કાગળ નહિ પણ છાપામાં આવ્યું હતું. પહેલા અહીં કાગળ આવતા, કાગળ લેતા નથી એટલે હવે છાપામાં આવ્યું છે. નિમિત્ત કિંચિત્કર પણ છે અને અકિંચિત્કર પણ છે, બેય છે. કથંચિત્ કિંચિત્કર અને કથંચિત્ અકિંચિત્કર. આહાહા..!

અહીં પ્રભુ કહે છે, 'પરમાં અકિંચિત્કર હોવાથી...' આહાહા..! પરની પર્યાય કરવામાં પરનો અભિપ્રાય અકિંચિત્કર છે. આહાહા..! આ હાથ આમ ઊંચો થાય છે એમાં આત્મા એને માટે અકિંચિત્કર છે, કાંઈ કરી શકતો નથી. અરે..! પ્રભુ! આહાહા..! તારો અભિપ્રાય કે પરિણામ પરદ્રવ્યમાં કિંચિત્કર જરીયે પણ નથી, અકિંચિત્કર છે. કિંચિત્ કરે નહિ, કાંઈ કરે નહિ, કાંઈ કરે નહિ. આહાહા..! આવો તો પાઠ છે. વાંચતા નથી, સાંભળતા નથી. - અકિંચિત્કર છે. હજી બીજો એક છે, 'બુલંદશહેર'નો 'સુલતાનસિંહ' એ હજી નાખે છે, આમ થાય છે, નિમિત્તથી થાય છે, એનાથી થાય છે, ફલાણાથી થાય છે. 'બુલંદશહેર'નો છે ને? એક 'કૈલાસચંદજી' છે એ અનુકૂળ છે અને ઓલો 'બુલંદશહેર'નો વિરુદ્ધ છે. વિરોધ કોનો હોય? બાપા! આહાહા..!

અહીં કહે છે, કોઈ દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાય માટે અકિંચિત્કર છે. અકિંચિત્કર એટલે કાંઈ કરી શકે નહિ એવું છે. આહાહા..! બીજાને જિવાડી શકવાનો પરિણામ બીજો કરી શકે, એ બિલકુલ નહિ, અકિંચિત્કર છે. બીજાને સુખી કરવાનો પરિણામ, એ પરિણામ પરમાં કાંઈ કરી શકે નહિ. આહાહા..! હેં?

મુમુક્ષુ :– પરને જિવાડવાનો ભાવ તો પાગલવત થયો.

ઉત્તર :– ભાવ એ તો રાગ છે. જિવાડી શકું છું એવી માન્યતા છે તે મિથ્યાત્વ છે. બચાવવાનો દયાનો ભાવ હોય, એ રાગ છે. જ્ઞાનીને પણ આવે, પણ બચાવી શકું છું, એમ

નહિ. આહાહા..! અરે..રે..! આવો આખો ફેરફાર કરવો, દિશા ફેરવી નાખવાની વાત છે. દિશા ફર્યે, દશા ફરે. પરની દિશા તરફ લક્ષ છે એ દિશા અહીં ફેરવી નાખ, તો તારી દશા ફરે. આહા..! પરનું કરું, પરનું કરું, પરનું કરું... આહાહા..! બાયુંમાં તો બહુ હોંશિયાર હોય તો સારા પાપડ કરે, વડી કરે, પુડલા કરે, લ્યો! ધૂળેય કરે નહિ, સાંભળને! આહાહા..! છે?

'માટે પરમાં અકિંચિત્કર...' આ બહુ અલૌકિક વાત આવી છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ'નો પોકાર છે. દિગંબર સંત છે, ભાવલિંગી અનંત પ્રચુર આનંદના વેદનમાં પડ્યા છે. આહાહા..! દિગંબર સંત તો એને કહીએ, જેને વસ્ત્રનો કટકો નથી અને અંદરમાં વિકલ્પ, ત્રણ કષાયનો અભાવ ટળીને, ત્રણ કષાયનો વિકલ્પ નથી. એક સંજ્વલનનો વિકલ્પ ઊઠે. એ પણ તેનો જ્ઞાતા છે. આહાહા..! એ સંત મુનિ એમ પોકારે છે, કે એક દ્રવ્યના (પરિણામ) બીજા દ્રવ્યના પરિણામ(માં) કાંઈ કરી શકતા નથી. આહાહા..! ઇતિહાસમાં આવે છે, નહિ? 'હુમાયુ'ને આયુષ્ય આપ્યું. ખોટેખોટું. ઇતિહાસમાં ઇ આવે છે. આહાહા..! 'પરમાં અકિંચિત્કર હોવાથી (અર્થાત્ કાંઈ નહિ કરી શકતું હોવાથી) આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી;...' એ તારો અભિપ્રાય પરમાં ક્રિયા કરવાનો બિલકુલ સમર્થ નથી. આહાહા..!

મુમુક્ષુ :– દીકરાઓને સુધારવાનું કામ..

ઉત્તર :– દીકરાઓને સુધારવાનું કાંઈ કરી શકે નહિ. 'સુમનભાઈ'ને સુધાર્યા ને? આ પાંત્રીસ હજાર આપીને. 'અમેરિકા'માં શીખવ્યા. પાપ કરીને ભેગા કર્યા અને પાપ કરીને પાછા એને શીખવ્યા. આ તો ઘરનો દાખલો. આહાહા..! કોણ કરે? બાપુ! છોકરાને કોણ શીખવે અને કોણ કેળવણી આપે? આહાહા..! આકરું કામ છે, ભાઈ! આહાહા..!

અકિંચિત્કર આવ્યું ને? 'બાબુભાઈ'! બધા માટે ને? એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાય કરવા માટે અકિંચિત્કર છે. આહાહા..! નિમિત્તને મેળવી દઉં, એ માટે–પરને મેળવવા માટે આત્મા અકિંચિત્કર છે. આહા..! શું થાય? પ્રભુના વિરહ પડ્યા, પાછળ સત્ય વાણી રહી ગઈ. એના અર્થ કરનારા ઊંધા પડ્યા. આહાહા..!

જેટલા અનંત દ્રવ્યો છે, એ એક દ્રવ્ય બીજાની પર્યાય કરવાને અકિંચિત્કર છે. અકિંચિત્કર–કિંચિત્ કંઈ ન કરે. જરી પણ સહાય અને મદદ કરે, એમ છે નહિ, એમ કહે છે. 'આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી; અને તેથી મિથ્યા જ છે.' તારો અભિપ્રાય મિથ્યા–જૂઠો છે. પરને જિવાડું ને પરને નભાવું... આહાહા..! પરને પાળીપોષીને મોટા કરું. ત્યારે પછી આ બાયડીઓએ છોકરાને મોટા કરવા નહિ ને? નાનું બાળક હોય તો આમ પાધરું ઉપાડી લ્યે. કોણ ઉપાડે? પ્રભુ! સાંભળને! એ દેહની ક્રિયા એ જડથી થાય અને એ ઊંચું થાય એ એની ક્રિયાથી થાય છે, તારાથી નહિ. અર..ર..! 'આવો ભાવ (આશય) છે.' આવો આશય છે. આવો આશય છે, કે એક દ્રવ્યની પર્યાય બીજું દ્રવ્ય કિંચિત્ કરી શકે નહિ. એવો અહીંયાં આશય છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૩૨૮ ગાથા–૨૬૭ થી ૨૬૯ તથા કળશ-૧૭૧ બુધવાર, આસો સુદ ૧૩, તા. ૩-૧૦-૧૯૭૯**

'સમયસાર' ૨૬૭ ગાથાનો ભાવાર્થ. 'જે હેતુ કાંઈ પણ ન કરે તે અકિંચિત્કર કહેવાય છે.' પહેલા સિદ્ધાંત કહે છે. જે હેતુ–કારણ કાંઈ પણ ન કરે તે અકિંચિત્કર કહેવાય છે.'આ બાંધવા–છોડવાનું અધ્યવસાન...' બીજાને બંધાવું, બીજાને મોક્ષ કરાવું એવો જે અભિપ્રાય એ 'પરમાં કાંઈ કરતું નથી; કારણ કે તે અધ્યવસાન ન હોય...' બીજાનો એ બંધાવા-મુકાવાનો અધ્યવસાય ન હોય 'તોપણ જીવ પોતાના સરાગ-વીતરાગ પરિણામથી બંધ-મોક્ષને પામે છે,...' બીજાનો અધ્યવસાય એવો ન હોય કે આને બંધાવું, મુકાવું છતાં જીવ પોતાના રાગ, રાગ શબ્દે અહીં એકત્વબુદ્ધિ છે, સમજાય છે? રાગની સાથે એકત્વબુદ્ધિ અને રાગ અને વીતરાગ. એ પોતે જ રાગરૂપે ન પરિણમે ન વીતરાગરૂપે પરિણમે તો એને બંધનું કારણ ન થાય. બીજો અધ્યવસાય કરે કે આને બંધ કરું, પણ એના પરિણામમાં રાગનો અધ્યવસાય કરે અને બંધન કરે એ તો એના કારણે છે અને વીતરાગના પરિણામ કરે અને મોક્ષના પરિણામ (કરે), એ એને કારણે છે.

'સરાગ-વીતરાગ પરિણામથી...' આહાહા..! 'બંધ-મોક્ષને પામે છે,...' આહા..! 'અને તે અધ્યવસાન હોય...' બીજાનો અધ્યવસાય હોય કે આને બંધાવું, મુકાવું 'તોપણ પોતાના સરાગ-વીતરાગના પરિણામથી બંધ-મોક્ષને નથી પામતો.' આહાહા..! સરાગનો ભાવ એને ન હોય અને વીતરાગનો ભાવ ન હોય તો બંધ-મોક્ષને પામતો નથી. 'આ રીતે અધ્યવસાન પરમાં અકિંચિત્કર...' છે. અહીં તો આ (સિદ્ધ કરવું) છે. આહાહા..! પરદ્રવ્યની કોઈપણ ક્રિયા કરવામાં, આ અધ્યવસાય, કરવું એ બધું અકિંચિત્કર છે. કાંઈ કરી શકતું નથી. 'સ્વ-અર્થ ક્રિયા કરનારું...' એટલે કે જે બંધ-મોક્ષનો અધ્યવસાય છે એ એની અર્થક્રિયા એટલે બીજાને બંધ-મોક્ષ કરનારું નથી. એ અધ્યવસાય પરની અર્થક્રિયા કરનારો નથી. 'અને તેથી મિથ્યા છે.' આહાહા..! અધ્યવસાય મિથ્યા છે.

આમ લે, આ વીતરાગ પરિણામથી. મોક્ષ લે, ત્યાં. એમ. વીતરાગ પરિણામ એટલે શુદ્ધઉપયોગ. પણ એ શુદ્ધ ઉપયોગ સાતમે (ગુણસ્થાનથી) લે. એમ લ્યે છે ને ઓલા? બધે અર્થમાં (લે છે). પહેલે, બીજે, ત્રીજે અશુભ. ચોથે, પાંચમે, છઠ્ઠે શુદ્ધનું કારણ એવો શુભ. એવો અર્થ કરે. 'પ્રવચનસાર'માં છે અને આ 'દ્રવ્યસંગ્રહ'માં ૩૪ ગાથામાં પણ છે. શુદ્ધનું કારણ એવો શુભ. ખરેખર તો રાગનો અભાવ તે જ શુદ્ધઉપયોગ, તે જ આત્માનું ધ્યેય કરે છે. શુભભાવ ધ્યેય ન કરે. શુભભાવનો આશ્રય પર ઉપર છે. આહાહા..! રાગના પરિણામ રહિત. ભલે બીજો રાગ હોય પણ અંદર પરિણામ જે સ્વ તરફના ધ્યેયમાં ગયા એ તો રાગરહિત પરિણામ છે. એને શુદ્ધઉપયોગ કહેવાય. એ ન માને ઇ. કારણ કે ઓલી વાત

પાછી ત્યાં ને ત્યાં નક્કી કરીને. પહેલે, બીજે, ત્રીજે એની મુખ્યતાથી વાત છે. ચોથે, પાંચમે મુખ્યતાથી શુભ કીધો છે. છઠ્ઠે તો શુભ હોય જ, શુદ્ધ ન હોય. અહીં તો સરાગ પરિણામથી બંધાય અને વીતરાગ પરિણામથી મોક્ષ થાય, આટલી વાત સિદ્ધ કરવી છે.

મુમુક્ષુ :– છઠ્ઠે ગુણસ્થાને વીતરાગ પરિણામ હોય.

ઉત્તર :– છઠ્ઠે હજી વીતરાગ પરિણામ નથી, એમ કહે છે. શુદ્ધઉપયોગ ના પાડે છે ને ઇ. સાતમે શુદ્ધઉપયોગ છે, બધાનું કહેવું એ છે. 'વર્ણીજી' પણ એમ કહેતા ને? નહિતર ૧૪૪ ગાથા છે, ભાઈ! એ તો નયાતિક્રાંત નિર્વિકલ્પની છે. તો નિર્વિકલ્પ છે એ તો શુદ્ધઉપયોગ જ છે. પણ ઇ એમ ન બેસે. ૧૪૪. નયાતિક્રાંત છે. હું શુદ્ધ છું, બુદ્ધ છું એવો પણ જ્યાં વિકલ્પનો અભાવ છે. એ શું થયું? એ ન બેસે. હેં?

મુમુક્ષુ :– દલીલો છે.

ઉત્તર :– દલીલ છે. ન્યાયથી બેસવું જોઈએ. ભાઈ! બીજું શું થાય? નહિતર તો ૧૪૪ ગાથા તો છે. છતાં 'ગુલાબબેન' ગયા હતા ને? એને મોઢે કહ્યું હતું, કે એ સાતમા ગુણસ્થાનની વાત છે. કેમ, 'ગુલાબબેન' કહ્યું હતું ને? ખબર છે. ૧૪૪માં સમ્યગ્દર્શન અને જ્ઞાનની વાત છે, ત્યાં તો ચારિત્ર છે પણ નહિ. પણ શું થાય? પ્રભુ! વાદવિવાદે ચડે ત્યાં.

અહીં કહે કે, સરાગથી બંધન અને વીતરાગથી મોક્ષ. વીતરાગ પરિણામ તો સાતમેથી હોય, એમ કહે. એ મોક્ષનું કારણ થાય, એમ. આમ તો સમ્યગ્દષ્ટિને જિન કહ્યા છે. 'દ્રવ્યસંગ્રહ'ની ગાથાના અર્થમાં છે. જિનવરની વ્યાખ્યા કરતાં, જિન તે સમકિતી છે અને જિનવર તે તીર્થંકર છે, એમ કહ્યું છે. એક ઠેકાણે જિનનો અર્થ ગણધર પણ કર્યો છે. ખબર છે. સમકિતી જિન છે. આહાહા..! 'जो इंदिये जिणित्ता' એ ખરેખર તો.. અર્થમાં એમ લીધું છે, આવા મુનિ છે. ૩૧ ગાથા. ખરેખર તો એ ચોથેથી જિતેન્દ્રિય શરૂ થાય છે. આહાહા..! એથી ત્યાંથી જિન કહેવાય છે. અનંતાનુબંધી મિથ્યાત્વ ગયું ને તેટલો એ જિન છે. આહાહા..! હેં?

મુમુક્ષુ :– અપૂર્વકરણમાં કહ્યું છે 'ગોમટ્ટસાર'માં કરણલબ્ધિમાં ..

ઉત્તર :– ઇ તો અહીં વાત નથી. અહીં તો સમકિતીને જિન કહ્યો છે. પહેલા ગુણસ્થાનમાં અપૂર્વકરણને જિન કહ્યો છે. છે એમાં? પણ એ ન માને એ. એટલે અંશે છે. ત્યારે 'કાંતિલાલ' એમ કહે છે ને, કે જુઓ! આ શુભજોગથી પણ નિર્જરા છે. અનેક પ્રકાર (ચાલે છે). આહાહા..! શાસ્ત્રની દલીલ, કઈ નયની અપેક્ષા છે એમ ન જાણે તો શું થાય એમાં? તેથી કહ્યું છે ને, કે સ્વસમય અને પરસમય સાથે વાદવિવાદ કરીશ નહિ. અનેક પ્રકારના જીવો, એના કર્મ અનેક પ્રકારના, લબ્ધિ–પ્રાપ્તિ અનેક પ્રકારની કઈ રીતે તું એને બેસાડીશ? આહાહા..!

અહીં તો કહે છે, કે તું અધ્યવસાય કર કે બીજાને બંધ-મોક્ષ કરાવું, છતાં એને રાગના પરિણામ અને એકત્વ ન હોય તો બંધને નહિ પામે. વીતરાગપણું નહિ હોય તો મોક્ષને

નહિ પામે. અને તારો અધ્યવસાય ન હોય તોપણ સરાગના પરિણામ હોય તો બંધને પામશે, વીતરાગના પરિણામથી મોક્ષને પામશે. આહાહા..! કળશ કહે છે. ૧૭૧.

## શ્લોક–૧૭૧

(अनुष्टुभ्)

अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः ।
तत्किञ्चनापि नैवास्ति नात्मात्मानं करोति यत् ।।१७१।।

---

હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનિકારૂપે શ્લોક કહે છે :-

શ્લોકાર્થ :– [ अनेन निष्फलेन अध्यवसायेन मोहितः ] આ નિષ્ફળ (નિરર્થક) અધ્યવસાયથી મોહિત થયો થકો [ आत्मा ] આત્મા [ तत् किञ्चन अपि न एव अस्ति यत् आत्मानं न करोति ] પોતાને સર્વરૂપ કરે છે, - એવું કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને ન કરતો હોય.

ભાવાર્થ :– આ આત્મા મિથ્યા અભિપ્રાયથી ભૂલ્યો થકો ચતુર્ગતિ-સંસારમાં જેટલી અવસ્થાઓ છે, જેટલા પદાર્થો છે તે સર્વરૂપ પોતાને થયેલો માને છે; પોતાના શુદ્ધ સ્વરૂપને નથી ઓળખતો. ૧૭૧.

---

'હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનિકારૂપે શ્લોક કહે છે :'

(अनुष्टुभ्)

अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः ।
तत्किञ्चनापि नैवास्ति नात्मात्मानं करोति यत् ।।१७१।।

'આ નિષ્ફળ (નિરર્થક) અધ્યવસાયથી મોહિત થયો...' આહાહા..! પરને હું જિવાડું, પરને મારું, દુઃખી કરું, સુખી કરું, સગવડતા આપું, અગવડતા આપું, બંધ કરાવી દઉં, મોક્ષ કરાવી દઉં એવા નિષ્ફળ અધ્યવસાયથી અજ્ઞાની મોહિત થયો છે. આહાહા..! 'આત્મા...' 'तत् किञ्चन अपि न एव अस्ति यत् आत्मानं न करोति' એ 'પોતાને સર્વરૂપ કરે છે,...' અધ્યવસાયથી. કરે છે એટલે માને છે. 'એવું કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને ન કરતો

હોય.' જગતની બધી ચીજને, એક ચીજને પોતાની કરી તો આખી દુનિયાની ચીજને પોતાની કરે. આહાહા..! હેં?

મુમુક્ષુ :– એક દીકરાને એક દીકરો કીધો એટલે..

ઉત્તર :– એ દીકરો એક માન્યો તો આખી દુનિયાને (પોતાની માની). 'શ્રીમદ્દે' દૃષ્ટાંત નથી આપ્યો? કે, આ પચાસ દીકરાઓ ઊભા હોય. એમાં આ મારું ક્યાંથી આવ્યું? એ તો બધા જ્ઞેય છે. મારું હતું કે દિ'? દાખલો આપ્યો છે. અથવા શેરીમાં પચાસ ઘર હોય. હવે પચાસે ઘર ખરેખર તો જ્ઞાનમાં જ્ઞેય છે. એમાં આ ઘર મારું ક્યાંથી આવ્યું? આવ્યું ક્યાંથી ન્યાં?

મુમુક્ષુ :– પૈસા દઈને લીધું છે.

ઉત્તર :– પૈસા હતા કે દિ'? ચેતનને (તમારા પૌત્ર)ને આપ્યું ઘર. આહાહા..! આ તો જાણવા જેવી વાત છે, બાપુ! શું થાય? આહાહા..! કોનું ઘર? આહાહા..!

કહે છે, કે એકને પણ પોતાનું કરે તો સર્વને કરે. અહીં શબ્દ છે. આહાહા..! સિદ્ધાંત! કારણ કે એ તો કરી શકે નહિ પણ એનો અભિપ્રાય તો આખી દુનિયાને જાણે કરી દઉં (એવો છે). આહાહા..! એ ગાથામાં આવશે, હોં! આ તો એની સૂચનિકા છે.

ભાવાર્થ :– 'આ આત્મા મિથ્યા અભિપ્રાયથી ભૂલ્યો થકો ચતુર્ગતિ-સંસારમાં જેટલી અવસ્થાઓ છે, જેટલા પદાર્થો છે...' બે (વાત કરી). જેટલી અવસ્થાઓ છે અને જેટલા પદાર્થ છે, 'તે સર્વરૂપ પોતાને થયેલો માને છે;...' આહાહા..! 'પોતાના શુદ્ધ સ્વરૂપને નથી ઓળખતો.' ભગવાન શુદ્ધ છે, જાણન-દેખન–જ્ઞાતા-દૃષ્ટા, એની કોઈ ચીજ નથી, એમ એ જાણતો નથી. આહાહા..!

ડો. ગાંગુલી :- આત્મજ્ઞાન થવાથી એ વ્રતાદિ રાગ છે એમ ભાસે છે પણ પહેલા તો જલ્દી આત્મજ્ઞાન થતું નથી ને ?

પૂ. ગુરુદેવશ્રી : જલ્દીનો અર્થ-એનો અભ્યાસ કરવો જોઈએ. રાગ શું છે ? આત્મા શું છે ? હું કાયમી ટકનાર ચીજ કેવી છું ? વગેરે અભ્યાસ કરી જ્ઞાન કરી રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરવો એ પહેલી વસ્તુ છે. આત્માને જાણ્યા વિનાના એના ક્રિયાકાંડ બધા રણમાં પોક મૂકવા સમાન છે. આત્મા અંદર આનંદસ્વરૂપ ભગવાન ચૈતન્યતેજનો પુંજ પ્રભુ છે. તેનું જ્ઞાન ન હોય. અંદર દશાનું વેદન ન હોય ત્યાં સુધી એના ક્રિયાકાંડ બધાં જૂઠા છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું દુર્લભ છે. પહેલાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન હોવો જોઈએ.

(પરમાગમસાર - ૨૬૨)

## ગાથા-૨૬૮-૨૬૯

सव्वे करेदि जीवो अज्झवसाणेण तरियणेरइए।
देवमणुए य सव्वे पुण्णं पावं च णेयविहं।।२६८।।
धम्माधम्मं च तहा जीवाजीवे अलोगलोगं च।
सव्वे करेदि जीवो अज्झवसाणेण अप्पाणं।।२६९।।

सर्वान् करोति जीवोऽध्यवसानेन तिर्यङ्नैरयिकान्।
देवमनुजांश्च सर्वान् पुण्यं पापं च नैकविधम्।।२६८।।
धर्माधर्मं च तथा जीवाजीवौ अलोकलोकं च।
सर्वान् करोति जीवः अध्यवसानेन आत्मानम्।।२६९।।

यथायमेवं क्रियागर्भहिंसाध्यवसानेन हिंसकं, इतराध्यवसानैरितरं च आत्मात्मानं कुर्यात्, तथा विपच्यमाननारकाध्यवसानेन नारकं, विपच्यमानतिर्यगध्यवसानेन तिर्यञ्चं, विपच्यमानमनुष्याध्वसानेन मनुष्यं, विपच्यमानदेवाध्यवसानेन देवं, विपच्यमानसुखादिपुण्याध्यवसानेन पुण्यं, विपच्यमानदुःखादिपापाध्यवसानेन पापमात्मानं कुर्यात्। तथैव च ज्ञायमानधर्माध्यवसानेन धर्मं, ज्ञायमानाधर्माध्यवसानेनाधर्मं, ज्ञायमानजीवान्त- राध्यवसानेन जीवान्तरं, ज्ञायमानपुद्गलाध्यवसानेन पुद्गलं, ज्ञायमानलोकाकाशा- ध्यवसानेन लोकाकाशं, ज्ञायमानालोकाकाशाध्यवसानेना- लोकाकाशमात्मानं कुर्यात्।

---

હવે આ અર્થને સ્પષ્ટ રીતે ગાથામાં કહે છે :-

તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય-પાપ વિવિધ જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.
વળી એમ ધર્મ-અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.

ગાથાર્થ :– [ जीवः ] જીવ [ अध्यवसानेन ] અધ્યવસાનથી [ तिर्यङ्नैरयिकान् ] તિર્યંચ, નારક, [ देवमनुजान् च ] દેવ અને મનુષ્ય [ सर्वान् ] એ સર્વ પર્યાયો, [ च ]

તથા [ नैकविधम् ] અનેક પ્રકારનાં [ पुण्यं पापं ] પુણ્ય અને પાપ - [ सर्वान् ] એ બધારૂપ [ करोति ] પોતાને કરે છે. [ तथा च ] વળી તેવી રીતે [ जीवः ] જીવ [ अध्यवसानेन ] અધ્યવસાનથી [ धर्माधर्मं ] ધર્મ-અધર્મ, [ गीवाजीवौ ] જીવ-અજીવ [ च ] અને [ अलोकलोकं ] લોક-અલોક - [ सर्वान् ] એ બધારૂપ [ आत्मानम् करोति ] પોતાને કરે છે.

ટીકા :– જેવી રીતે આ આત્મા પૂર્વોક્ત પ્રકારે *ક્રિયા જેનો ગર્ભ છે એવા હિંસાના અધ્યવસાનથી પોતાને હિંસક કરે છે, (અહિંસાના અધ્યવસાનથી પોતાને અહિંસક કરે છે) અને અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે, તેવી જ રીતે ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી પોતાને નારક (-નારકી) કરે છે, ઉદયમાં આવતા તિર્યંચના અધ્યવસાનથી પોતાને તિર્યંચ કરે છે, ઉદયમાં આવતા મનુષ્યના અધ્યવસાનથી પોતાને મનુષ્ય કરે છે, ઉદયમાં આવતા દેવના અધ્યવસાનથી પોતાને દેવ કરે છે, ઉદયમાં આવતા સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે અને ઉદયમાં આવતા દુઃખ આદિ પાપના અધ્યવસાનથી પોતાને પાપરૂપ કરે છે; વળી તેવી જ રીતે જાણવામાં આવતો જે ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાય) તેના અધ્યવસાનથી પોતાને ધર્મરૂપ કરે છે, જાણવામાં આવતા અધર્મના (અર્થાત્ અધર્માસ્તિકાયના) અધ્યવસાનથી પોતાને અધર્મરૂપ કરે છે, જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી પોતાને અન્યજીવરૂપ કરે છે, જાણવામાં આવતા પુદ્ગલના અધ્યવસાનથી પોતાને પુદ્ગલરૂપ કરે છે, જાણવામાં આવતા લોકાકાશના અધ્યવસાનથી પોતાને લોકાકાશરૂપ કરે છે અને જાણવામાં આવતા અલોકાકાશના અધ્યવસાનથી પોતાને અલોકાકાશરૂપ કરે છે. (આ રીતે આત્મા અધ્યવસાનથી પોતાને સર્વરૂપ કરે છે.)

ભાવાર્થ :– આ અધ્યવસાન અજ્ઞાનરૂપ છે તેથી તેને પોતાનું પરમાર્થ સ્વરૂપ ન જાણવું. તે અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે અર્થાત્ તેમનામાં પોતાપણું માની પ્રવર્તે છે.

---

## ગાથા–૨૬૮-૨૬૯ ઉપર પ્રવચન

---

‘હવે આ અર્થને સ્પષ્ટ રીતે ગાથામાં કહે છે :–’

सर्वान् करोति जीवोऽध्यवसानेन तिर्यङ्नैरयिकान्।
देवमनुजांश्च सर्वान् पुण्यं पापं च नैकविधम्।।२६८।।

---

* હિંસા આદિનાં અધ્યવસાનો રાગદ્વેષના ઉદયમય એવી હણવા આદિની ક્રિયાઓથી ભરેલાં છે, અર્થાત્ તે ક્રિયાઓ સાથે આત્માનું તન્મયપણું હોવાની માન્યતારૂપ છે.

धर्माधर्मं च तथा जीवाजीवौ अलोकलोकं च।
सर्वान् करोति जीवः अध्यवसानेन आत्मानम्।।२६९।।

તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય-પાપ વિવિધ જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.
વળી એમ ધર્મ-અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.

આહાહા..! ટીકા :– 'જેવી રીતે આ આત્મા પૂર્વોક્ત પ્રકારે ક્રિયા જેનો ગર્ભ છે...' 'હિંસા આદિના અધ્યવસાનો રાગદ્વેષના ઉદયમય એવી હણવા આદિની ક્રિયાઓથી ભરેલા છે, અર્થાત્ તે ક્રિયાઓ સાથે આત્માનું તન્મયપણું હોવાની માન્યતારૂપ છે.' જે આત્મા 'ક્રિયા જેનો ગર્ભ છે...' આ કરું, આ કરું, આ કરું. આહાહા..! એવા 'હિંસાના અધ્યવસાનથી પોતાને હિંસક કરે છે,...' પોતાને હિંસક કરે છે. હું હિંસાનો કરનારો. આહાહા..! પરની હિંસા કરી શકતો નથી, પણ હિંસાનો કરનારો (માને છે) એટલે હિંસક થાય છે. આહા..! હિંસ-ક – હિંસાનો કરનારો. અભિપ્રાયથી, હોં! આહાહા...! 'પોતાને હિંસક કરે છે,...' આહાહા..! પોતે જ્ઞાયક સ્વરૂપ ભગવાન, એ બીજાનું કાંઈ ન કરે, એક તણખલાના બે કટકા પણ ન કરે એવો જેનો સ્વભાવ છે, એને... આહાહા..! હું પરને મારી શકું છું, એમ જીવને પોતાને હિંસક કરે છે. આહાહા..!

'(અહિંસાના અધ્યવસાનથી પોતાને અહિંસક કરે છે)...' દયા. પરની દયા પાળી શકું છું એમ કરીને પોતે અહિંસક, રાગ (કરે છે). અહિંસા સંબંધીનો રાગ, તેને રાગની ક્રિયાવાળો આત્માને કરે છે. આહાહા..! 'અને અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે,...' બીજા બધા પદાર્થો, અન્ય અધ્યવસાયથી (પોતાને) અન્ય કરે છે. 'તેવી જ રીતે ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી પોતાને નારક (–નારકી) કરે છે,...' આહાહા..! નારકીની ગતિ મળી ત્યાં એમ કહે કે, હું નારકી છું. એવો અધ્યવસાય (કરે છે). આહાહા..! એ તો જ્ઞાયક છે. એને ઠેકાણે નારકીની ગતિ મળતાં હું નારકી છું (એમ માને છે). આહાહા..! 'તિર્યંચના અધ્યવસાનથી પોતાને તિર્યંચ કરે છે,...' આહા..! પશુ ગાય, ભેંસ, ઘોડા. અમે તિર્યંચ છીએ, અમે તિર્યંચ છીએ. એને તો ખબરેય નથી, પણ અમે આ છીએ, એમ. આહાહા..! પોતે જ્ઞાયક છે એનું ભાન નથી તેથી આ છીએ એમ (માને છે). ભલે પછી તિર્યંચ છું એની ખબર ન હોય. આ છે તે હું છું (એમ માને છે). આહાહા..!

'ઉદયમાં આવતા મનુષ્યના અધ્યવસાનથી પોતાને મનુષ્ય કરે છે,...' મનુષ્ય શરીર નહિ, હોં! મનુષ્યની ગતિ. અંદરમાં નામકર્મના નિમિત્તથી ગતિનો ઉદય પોતાની પર્યાયમાં પોતામાં છે. આહા..! મનુષ્યગતિ મારી છે, એમ અધ્યવસાનથી પોતાને મનુષ્ય કરે છે. મનુષ્ય

છે નહિ. આહાહા..! એમ 'ઉદયમાં આવતા દેવના અધ્યવસાનથી પોતાને દેવ કરે છે,...' આહાહા..! દેવનો અધ્યવસાય થાય કે, આ હું દેવ છું. આહાહા..! પ્રભુ! તું તો જ્ઞાયક છો ને! ત્રણકાળ ત્રણલોકને જાણનારું તારું જ્ઞાન છે ને! એમાં આ વળી ત્રણકાળ અને ત્રણલોક મારા છે એવા અધ્યવસાયમાં તું ક્યાં રહી ગયો? આહાહા..!

એમ 'ઉદયમાં આવતા સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે...' અમે પુણ્યશાળી છીએ. પુણ્યના ઉદયે આ લક્ષ્મી મળે, પૈસા મળે, નોકરો પચીસ-પચાસ, સો-બસો-પાંચસો માણસો (હોય), મોટા મિલ પ્રેસ ચાલે. આહાહા..! એ..ઇ..! કારખાના ચાલે. એ પુણ્યના અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે. હું પુણ્યાત્મા છું, હું પુણ્યાત્મા છું. અરે..! પ્રભુ! પણ તું જ્ઞાનસ્વરૂપ છો ને! પુણ્યાત્મા ક્યાંથી આવ્યો? આહાહા..! ભાઈએ–'હુકમચંદજી'એ તો એ કહ્યું છે, કે પૈસા આદિ મળે છે એ પુણ્યને લઈને, પણ એ ચીજ છે એ તો પાપ છે–પરિગ્રહ છે. ચોવીશ પરિગ્રહ માહ્યલો એ પરિગ્રહ છે. એ પરિગ્રહવાળો હું છું એમ માને છે એ પુણ્યવાળો હું છું, એમ માને છે. આહાહા..! અમે પુણ્યશાળી છીએ, ધાર્યા થાય છે. શું કહેવાય તમારા? ... પાસા.. પાસા. ચોપાટમાં પાસા પડે ને? અમારા બધા પાસા સરખા પડે છે. ધૂળમાંય નથી, સાંભળને! આહાહા..! અમે બધા ધાર્યા કામ કરીએ છીએ. અરે..! પ્રભુ! તું શું કરે છે આ? એમ પોતે પરનો કર્તા થઈને તેવો છું, એમ માને છે. એવો થતો નથી, પણ માને છે. આહાહા..! 'સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે...'

'અને ઉદયમાં આવતા દુઃખ આદિ પાપના...' અશાતાના ઉદય અને પ્રતિકૂળ સંયોગ. અરે..રે..! અમે પાપી છીએ, એમ માને છે. પણ એ પ્રતિકૂળ સંયોગમાં તું પાપી ક્યાંથી થઈ ગયો? તું તો જ્ઞાયક છો. અમે પાપી છીએ, બાપુ! આહાહા..! અમને તો પાપના ઉદય (ચાલે છે). આહા..!

'વળી તેવી જ રીતે જાણવામાં આવતો જે ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાય) તેના અધ્યવસાનથી પોતાને ધર્મરૂપ કરે છે,...' ઇ શું કીધું? ધર્માસ્તિકાય તો અરૂપી છે. એ કંઈ ધર્માસ્તિ હું છું, એમ તો માની શકે નહિ, પણ એ ધર્માસ્તિકાયનો જે વિકલ્પ ઉઠ્યો છે, આ ધર્માસ્તિકાય છે એવો જે વિકલ્પ ઉઠ્યો છે, એને ઉપચારથી ધર્માસ્તિકાય કહેવામાં આવે છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. આહાહા..! સમજાણું? આહા..! ધર્માસ્તિકાય જે તત્ત્વ છે એનો વિકલ્પ કરે ત્યારે એ વિકલ્પમાં એકાકાર થઈ જાય છે. એ ધર્માસ્તિકાયને પોતાને કરે છે, એમ કહે છે. ધર્માસ્તિકાય તો અરૂપી છે, પણ એ જાતનો વિકલ્પ ઉઠ્યો (એમાં એકાકાર થાય છે). આહા..! આ તો જૈનદર્શનની વાત છે. ધર્માસ્તિકાય તો બીજે છે નહિ. આહાહા..! જૈનદર્શનમાં પણ આવીને ધર્માસ્તિકાયના તત્ત્વનો વિચાર કરતા જે વિકલ્પ આવે એ વિકલ્પને પોતાનો માને છે, તે ધર્માસ્તિકાયને પોતાનો માને છે. આહાહા..! સમજાણું

કાંઈ? ધર્મ એટલે ધર્માસ્તિકાય છે, હોં!

'જાણવામાં આવતા અધર્મના...' એમ અધર્માસ્તિકાય. ધર્માસ્તિકાય ચૌદ બ્રહ્માંડમાં એક દ્રવ્ય છે કે જે જડ ને ચૈતન્ય ગતિ કરે છે તેમાં નિમિત્તપણે હોય છે. અને ચૌદ બ્રહ્માંડમાં એક અધર્માસ્તિકાય નામનું દ્રવ્ય છે કે જે જડ અને ચૈતન્ય ગતિ કરતાં સ્થિર થાય તેમાં નિમિત્ત છે. પણ તે અધર્માસ્તિકાયનો વિચાર કરતાં જે વિકલ્પ આવ્યો એ વિકલ્પને પોતાનો કરે છે એ અધર્માસ્તિકાયને પોતાનો કરે છે. હવે આવું ધર્મ-અધર્મ તો કોઈ દિ' (સાંભળ્યું ન હોય). આહાહા..! આ તો જૈનદર્શનમાં આવેલા, જન્મેલાએ સાંભળ્યું છે, કે ધર્માસ્તિ, અધર્માસ્તિ (દ્રવ્ય છે). આહાહા..! અન્યમતમાં તો ક્યાંય છે નહિ. જૈનમાં–સંપ્રદાયમાં જન્મ્યા એણે સાંભળ્યું છે, કે છ દ્રવ્યમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ દ્રવ્ય છે તો એ પોતાને ભૂલી જ્ઞાનસ્વરૂપ છું તેમ ભૂલી એ ધર્મ-અધર્મનો વિકલ્પ કરે છે એને પોતાનો માને છે, તે ધર્મ-અધર્મને પોતાનો માને છે. આહાહા..! લ્યો, આ તો જૈનધર્મની જે સ્થિતિ (તેની વાત છે). ધર્મ અને અધર્મ જૈન સિવાય બીજે ક્યાંય છે નહિ. વીતરાગ સિવાય છ દ્રવ્યની (વાત ક્યાંય નથી). હજી કોઈએ આકાશ, કાળને માન્યા છે પણ ધર્મ, અધર્મ તો સર્વજ્ઞ પરમાત્માએ જોયેલા છે. આહાહા..! એમાં જન્મીને પણ સાંભળ્યું છે, કે જગતમાં છ દ્રવ્ય છે. તો એનો વિચાર કરતાં ધર્માસ્તિના વિકલ્પમાં એકાકાર થઈ જાય છે. આહાહા..! એ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો વિચાર કરતાં એમાં એકાકાર થઈ જાય છે એ અધર્માસ્તિકાયને પોતાનો માને છે. છે?

'જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી...' આ નિગોદના જીવ છે, તીર્થંકરનો જીવ છે, પંચ પરમેષ્ઠીનો જીવ છે. છે? 'જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી...' એમાં વિકલ્પ ઉઠે તેને પોતાનો માને છે. એ મારા છે, મારા છે. આહા..! 'ડાંગે માર્યા પાણી જુદા ન પડે'. એમ બધા મારા છે, બધા ભાઈઓ મારા છે. પાણીમાં ડાંગ નાખે તો પાણી પાછું ભેગું થઈ જાય. એમ ભલે જુદા, પણ અમે એક જ છીએ. આહાહા..! સમજાણું? આહા..! અમે છ ભાઈઓ છીએ, આઠ ભાઈઓ છીએ, બધા એક છીએ. ધૂળેય નથી. આહાહા..!

'અન્ય જીવના અધ્યવસાનથી...' અહીં તો પરમાત્મા પણ એમ કહે છે, કે અમે જે દેવ છીએ એ તારે હિસાબે અન્ય જીવ છીએ. એને પણ તું વિકલ્પ ઉઠાવીને (માને કે) એ જીવ મારા છે... આહાહા..! એવો અધ્યવસાય મિથ્યાત્વ અધ્યવસાય છે, કહે છે. આકરું કામ છે. આહા..! પંચ પરમેષ્ઠી અન્ય જીવ છે. એને પોતાના જ્ઞાતાપણાને ભૂલીને એ મારા છે એવો અધ્યવસાય કરે છે એ મિથ્યાદૃષ્ટિ પરને પોતાના કરતો માને છે. પર એના થતા નથી, માને છે. આહાહા..!

'જાણવામાં આવતા પુદ્‌ગલના અધ્યવસાનથી...' આ શરીર, એ તો જાણવામાં આવતું

છે. જાણવામાં આવતું શરીર તે મારું છે. મારું શરીર છે. હું કાંઠે પાતળો છું, હું કાંઠે જાડો છું, રંગે રૂપાળો છું, રંગે કાળો છું. આવો બધો પથારો છે. આહાહા..! 'જાણવામાં આવતા..' 'જાણવામાં આવતા' દરેકમાં પહેલો શબ્દ મૂક્યો છે. ખરેખર તો જાણવામાં આવતા (છે). આહાહા..! એ તો જ્ઞાનનો સ્વભાવ છે, કે જાણે. પણ જાણવામાં આવતા હું જ્ઞાયક છું એ દૃષ્ટિ નથી. આહાહા..! આ શરીર હું છું, અન્ય જીવમાં દીકરો-દીકરી આવી ગયા, હોં! આ દીકરો–'સુમન' મારો દીકરો છે, એ અધ્યવસાય મિથ્યા છે, એમ કહે છે.

મુમુક્ષુ :– એ તો બરાબર છે. કોનો છે?

ઉત્તર :– એનો છે. કોનો છે? 'ચીમનભાઈ'! એણે એક છોકરાને પરણાવ્યો છે અને એક હજી કુંવારો છે. આહાહા..! એને પરણાવે ત્યારે પાછો ઓલો પગે લાગે. બાપુ! પગે લાગું છું. તમે મને કૂવામાં નાખ્યો. આહા..!

મુમુક્ષુ :– એકવાર આપ જોઈ ગયા એટલે..

ઉત્તર :– ઘણીવાર જોયું છે. 'ખુશાલ'ને ... જોયું છે. બીજા કો'કના લગ્ન હશે. ક્યાંક પણ બધું સાંભળ્યું હોય ને! સાંભળ્યું હોય વિસ્તારથી, એને ખબર ન હોય એટલો સામે વિસ્તાર કર્યો હોય. આહાહા..!

અહીં કહે છે, જાણવામાં આવતા જીવો પર છે. આહા..! દીકરા, દીકરીઓ પર છે, જમાઈ પર છે. આ મારા જમાઈ છે. હેં?

મુમુક્ષુ :– દીકરીને પર કહો ત્યાં સુધી વાંધો નહિ.

ઉત્તર :– દીકરાનો વાંધો આવે. પણ દીકરો પણ કોનો છે? દીકરો આત્મા તો પર છે. આહાહા..! કહો, 'ચીમનભાઈ'! આ મારો દીકરો છે, એમ કહે.

મુમુક્ષુ :– ગૌતમને તો ભગવાનનો દીકરો કહે.

ઉત્તર :– એ કઈ રીતે?

પરણે પછી એની માને પગે લાગે. વહુ પણ આવીને પગે લાગે. સારું કર્યું, અમને કૂવામાં નાખ્યા. ઓલા ભાઈએ કહ્યું હતું ને? 'હુકમચંદ' નહિ? ભાઈ! આ પરણવું છે એ દુર્ઘટના છે. ભગવાન પરણ્યા નહોતા, કેમકે દુર્ઘટના કરી નથી. 'મહાવીર'. 'હુકમચંદજી'એ લખ્યું છે. આહાહા..! બાયડી કરી એટલે દુર્ઘટના વ્હોરી. અરે..! અનેક પ્રકારની હવે દુર્ઘટના કરશે. આહાહા..! વ્હાલપ કરશે, ભોગ કરશે, આમ રાજી કરશે, ખુશી કરશે, ખુશી થશે, ખુશી કરશે અને ખુશી થશે. દુર્ઘટના વ્હોરી છે. આહાહા..! પાપ કરીને પૈસા ભેગા કર્યા, પાંચસોના સાડલા લાવ્યો હોય (આવીને કહે), લ્યો! આ તમારી માટે. આહાહા..! પાંચ-પાંચ હજારના સાડલા થાય છે, પાંચ-પાંચ હજારના સાડલા થાય છે ને? છેડામાં હોય ને? છેડામાં સોનાના તાર (હોય). બધી ખબર છે. પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારના સાડલા થાય, એક-એક, હોં! એક લાખ, લાખના મોટા. સોનાના છેડા હોય. આહાહા..! આમ આપે એટલે

ઓલો ખુશી થઈ જાય. એવો ખુશી થાય.. આહાહા..! બેટા! આ તને આપીએ છીએ, હોં! શું હશે આ? 'ચીમનભાઈ'! આહાહા..! ગજબ વાત છે! આહાહા..! 'બંધ અધિકાર'માં આચાર્યે ગજબ કામ કર્યું છે!

અબંધસ્વરૂપ પ્રભુ... આહાહા..! એવો ભગવાન પરદ્રવ્યને પોતાના કરીને અધ્યવસાયથી ઊભો રહે, પ્રભુ! (એ) સંસાર રખડવાનો છે. આહાહા..! ચક્રવર્તી સમકિતી(ને) છન્નુ હજાર સ્ત્રી (હોય) પણ અંતરમાં 'એ સ્ત્રી મારી છે' એમ માનતો નથી. અરે..રે...! આહાહા..!

મુમુક્ષુ :– અંતરમાં ન માને પણ બહારથી કહે..

ઉત્તર :– બહારથી ભાષા કહે. એ કહ્યું નહોતું? 'શ્રીમદ્'. 'શ્રીમદ્'ને કોઈ કહે કે, આ કોટ લાવો. તો 'અમારો કોટ લાવો.' એમ કહે. અ-મારો એટલે મારો નહિ, એમ. અમારી સ્ત્રી, અમારો દીકરી, અમારા મકાન. અ-મારું, અ-મારું, એમ. અમારું એટલે મારા નહિ.

મુમુક્ષુ :– અમારા કહીએ તો વાંધો નહિ ને?

ઉત્તર :– એ તો અંદરથી અભિપ્રાય ન હોય. આહાહા..! એવી ભાષા 'શ્રીમદ્' બોલતા. 'શ્રીમદ્'ને તો લાખોનો ઝવેરાતનો ધંધો હતો પણ તદ્દન નિર્લેપ, જ્ઞાતા-દૃષ્ટા. સમજાય છે કાંઈ આ? એમાં કાંઈ ફેર નહિ. વૈમાનિક સ્વર્ગમાં ગયા. એક ભવે મોક્ષ જશે. કેવળ લઈને મોક્ષ જશે. એક ભવ છે, બસ! 'તેથી દેહ એક ધારીને, અશેષ કર્મનો ભોગ છે' બાકી કંઈ વાર લાગે છે. ખસતો નથી. આહાહા..! 'અશેષ કર્મનો ભોગ છે' કર્મ એટલે રાગ, હોં! 'ભોગવવો અવશેષ રે, તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ' અક્ષરે અક્ષર સાચો (છે). આહાહા..! સમજાણું કાંઈ? આત્માનો જ પડકાર અંદરથી આવે. આહાહા..! અમે હવે સંસારનો અંત કરનારા છીએ. હવે અમારે સંસાર નથી. આહાહા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં' એમાં ત્યાં અમે રહેવાના છીએ. આહાહા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? અપૂર્વ અવસર અલ્પ કાળે આવશે.' આહાહા..! આ..હા..હા..! પોકાર અંદરનો (છે).

ભાઈ! તું કોણ છો? જ્ઞાયક છો ને, નાથ! ત્રણકાળ ત્રણલોકને એક સમયની પર્યાયમાં જાણવાની તાકાતવાળો છો. કોઈની ક્રિયા કરનારો નહિ પણ એક સમયમાં ત્રણકાળનો જાણનારો ખરો. અહીં કહે છે, કે ત્રણકાળનો જાણનારો એ ત્રણકાળના દ્રવ્યને પોતાના માનનારો અધ્યવસાય ઊભો કરે છે. આહાહા..! 'અન્ય જીવના અધ્યવસાનથી પોતાને અન્યજીવરૂપ કરે છે,...' આહાહા..! એક દ્રવ્યને વિષે બીજા દ્રવ્યનો અત્યંત અભાવ (છે). આહાહા..! ત્રીજી ગાથા તો એમ કહે (છે), દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયરૂપી ધર્મ એટલે ધારી રાખ્યા છે તેને ચૂંબે. અન્ય દ્રવ્યને અડતા નથી, ચૂંબતા નથી. આહાહા..! દરેક દ્રવ્ય પોતાના ગુણ અને પર્યાયરૂપી ધર્મ નામ ધારી રાખેલા ભાવ, તેને તે ચૂંબે, અડે, સ્પર્શે પણ પોતા સિવાયના અન્ય પદાર્થની કોઈ પર્યાય, ગુણ કે દ્રવ્યને તે સ્પર્શતું અને અડતું નથી. આહાહા..! સમજાણું

કાંઈ? આવી વાતું છે, ભાઈ! આહાહા..! એને ઠેકાણે બધા દ્રવ્યોમાં જ્યાં જ્યાં જાણવામાં આવતા.. જાણવામાં આવતા એમ કરીને (શબ્દ) મૂક્યો છે. જ્યાં જાણવામાં આવ્યું ત્યાં માને કે આ મારા છે. આહાહા..! શૈલી તો જુઓ! એ જીવનું લીધું.

'જાણવામાં આવતા પુદ્ગલ...' શરીર, વાણી, મન, પૈસા, લક્ષ્મી, આબરૂ-કીર્તિ, ધૂળ-ધમાહા.. આહા..! એ દસ-દસ હજારના સાડલા ને દસ-દસ હજારના સોનાના દાગીના, એક-એકને હીરાના (દાગીના). આ હીરા આવે છે ને? એંસી હજારનો હીરો એક ફેરી 'બેચરભાઈ' લાવ્યા હતા. 'રાજકોટ' ચોમાસુ હતું ને? બતાવવા લાવ્યા હતા. એંસી હજારનો એક હીરો. અરે..! પ્રભુ! શું છે આ? અમે હીરાથી શોભીએ છીએ, અમારા મોઢા શોભે છે. પણ મોઢું તારું નથી તો શોભે ક્યાંથી આવ્યું? હીરો એનો નથી, મોઢું એનું નથી. આહાહા..! અર..ર...! સવારમાં નાય અને અરીસો નાનો હોય તેમાં આમ આમ કરે. મોટો હોય તો આખો દેખાય. નાનો હોય તો આમ આમ કરે. મેં તો જોયેલું છે. આહાહા..! અરે..! પ્રભુ! જાણવામાં આવતી ચીજને તું પોતાની માને. આ શું થયું તને? એમ અહીં કહે છે. એ તો જાણવામાં આવે છે. આહાહા..! આકરી વાત, બાપુ! વીતરાગ માર્ગ જિનેશ્વર ત્રણલોકના નાથ.. આહાહા..!

એક એક દ્રવ્યની ભિન્નતા અને તે તે દ્રવ્યની તે તે સમયની પર્યાય તે પણ બીજી પર્યાયથી ભિન્નતા. આહાહા..! એની જ બીજી પર્યાયથી ભિન્ન. આહાહા..! છતાં કહે છે, અજ્ઞાની જાણવામાં આવતી ચીજને (પોતાની કરે છે). આ શરીર જાણવામાં આવ્યું તો શરીર મારું, મન જાણવામાં આવ્યું તો મન મારું, વાણી જાણવામાં આવી તો વાણી મારી. આહાહા..! પુસ્તક જાણવામાં આવ્યું તો કહે, પુસ્તક મારું. કલમ જાણવામાં આવી તો કલમ મારી, આ અક્ષર લખ્યા એ મેં લખ્યા, એ મારા લખેલા (છે). અર..ર..ર..! હેં?

મુમુક્ષુ :– બધે ભૂલ્યો છે.

ઉત્તર :– બધે ભૂલ્યો છે. આહાહા..! ભાષા કેવી કરી છે! પહેલા ઉદયમાં આવતા, એમ હતું. ભાઈ! પહેલા હિંસાના અધ્યવસાયથી હિંસા કરે છે, એમ કહ્યું. છે? પછી ઉદયમાં આવતા એમ કહ્યું હતું, પછી જાણવામાં આવતા, એમ કહ્યું. આહા..! જુઓ! ફેર છે. સમજાણું? આહાહા..! અહીં ધર્માસ્તિમાંથી જાણવામાં આવતા, એમ કર્યું. દુઃખ આદિના અધ્યવસાનથી પોતાના ઉદયમાં આવતા, ત્યાં સુધી હતું. અહીંથી જાણવામાં આવતા, કર્યું છે. આહાહા..!

જાણવામાં આવતો ધર્માસ્તિકાય, જાણવામાં આવતો અધર્માસ્તિકાય... આહાહા..! જાણવામાં આવતા અન્ય જીવ. આહાહા..! નાનો છોકરો–બાળક રૂપાળો હોય.. આહાહા..! એની મા આમ છાતીએ રાખે, બેટા! આહાહા...! શું છે પણ આ તને? જાણવામાં આવતી એ ચીજને અધ્યવસાયથી તું પોતાની કરે છે. પ્રભુ! તું તને ભૂલી ગયો. હેં? હું તો ત્રણકાળ ત્રણલોકનો જાણનારો, જગતના પદાર્થોને ભિન્ન રહીને જાણનારો છું. તન્મય થઈને જાણનારો

નહિ. એને ઠેકાણે તન્મય થયેલી એકત્વબુદ્ધિમાં આ મારું છે (એમ માને છે). આહાહા..! વીતરાગ સિવાય આ વાત બીજે ક્યાં હોય? અરે..રે...! આહાહા..! પરમેશ્વર સર્વજ્ઞદેવ...! આ છોડીને વળાવે. અને શું કહેવાય? કરિયાવર આપે. લાખ રૂપિયાનો કરિયાવર (આપે). મારવાડીમાં બહુ આપે. આપણે તો અહીં દસ હજાર, પચીસ હજાર આપે. પૈસાવાળાએ લાખ-લાખનું આપવું પડે. ... પાથરીને આમ (દેખાડે). આ બધું દીકરીને આપીએ છીએ. ત્યાં સુખી રહેશે. એને કોઈની જરૂર પડે નહિ. આહાહા..!

હમણા નહોતું કહ્યું? દીકરીને પરણાવતા ત્રીસ હજાર રૂપિયા ખર્ચ્યા હતા. હમણા વાત આવી હતી. હેં? કોની? 'વઢવાણ'. 'ચુડગર.. ચુડગર'! 'ચુડગરે' ત્રીસ હજાર રૂપિયા ખર્ચીને દીકરીને પરણાવી, દીકરો નહોતો. અને એ દીકરી મરી ગઈ. આહાહા..! અંદરથી કાંઈક રોગ થયો. આહાહા..! ત્રીસ-ત્રીસ હજાર રૂપિયા અત્યારના કાળમાં. એક એક છોડીના ત્રીસ-ચાલીસ હજાર ખર્ચ્યા. દીકરો નહોતો અને પૈસા હતા તો (ખર્ચ્યા). 'ચુડગર'. આવ્યું હતું. આહાહા..! હવે એ છોડી મરે એટલે કેટલું (થાય). આહા..! અરે..! મારી એકની એક દીકરી. એકની એક દીકરી મારી, એમ કહે. કોની દીકરી, કોના દીકરા? ભાઈ! આહાહા..!

જાણવામાં આવતા. ભાષા ફેરવી ક્યાંથી? ધર્માસ્તિમાંથી ભાષા ફેરવી. આહાહા..! ત્યાં સુધી ઉદયમાં આવતા, ઉદયમાં આવતા એમ કહ્યું હતું. આ જાણવામાં આવતા (એમ કહે છે). આહાહા..! સંતોએ તો ગજબ કામ કર્યા છે! દિગંબર સંતો જગતની કરુણા કરીને આ વસ્તુ બતાવે છે, જણાવે છે. આહા..! ભાઈ! તું કોણ? અને કઈ ચીજને પ્રભુ! તું મારી માન્યા વિના રહ્યો છો? અને કઈ ચીજ તારી થાય છે? આહાહા..!

'જાણવામાં આવતા પુદ્ગલના અધ્યવસાન...' એ મકાન પાંચ-પચીસ લાખનું કર્યું હોય... આહાહા..! અને આમ ઘરવખરી (હોય), આમ હેઠે મખમલના ગાદલા પાથર્યા હોય, ગાલીચા (હોય), માથે પંખા (ફરતા હોય), હવા ને.. આહાહા..! કહે છે, કે એ જાણવામાં આવતી એ ચીજને મારી માનીને બેઠો. પ્રભુ! એ..ઇ..! આહાહા..! તું કોણ? એ કોણ? પ્રભુ! એ દ્રવ્ય તો જગતની ચીજ છે. હેં? તું પણ જગતની એક ભિન્ન ચીજ છો. આહાહા..! આ શરીર ને, આવું સુંદર એમાંથી મને સુખ મળશે. આહાહા..! પ્રભુ! તને શું થયું આ? સુખ તો પ્રભુ! તારામાં છે ને! તને આ ભોગમાં સુખ મળશે, પૈસાથી સુખ મળશે, આબરૂથી સુખી થશે. આ અધ્યવસાય પ્રભુ! એકત્વબુદ્ધિ મિથ્યાત્વ છે. આહાહા..!

'જાણવામાં આવતા પુદ્ગલના અધ્યવસાનથી..' પુદ્ગલનો અધ્યવસાય પોતે કરે છે, એમ. એટલું. 'પોતાને પુદ્ગલરૂપ કરે છે,...' એટલે માને છે. પુદ્ગલરૂપ કરે છે એનો અર્થ-પુદ્ગલ એના થાય છે, એમ નથી. માન્યતામાં પુદ્ગલ હું છું, એમ માને છે. આ મારા છે, મારા છે. આહાહા..! અને પાંચ-પચીસ લાખનું મકાન હોય, એનું વાસ્તુ કરવું હોય,

વહીવટદાર, કાર્યકર્તાઓને બોલાવે. હો.. હા.. હો.. હા.. ધમાલ ચાલે. હૈં?

મુમુક્ષુ :– લ્હાવો લેવાનો.

ઉત્તર :– લ્હાવો લેવાના ટાણા હશે. આહાહા..! કહ્યું હતું ને? 'જુનાગઢ'માં એકે વાસ્તુ લીધું, વાસ્તુ. દીવાન જોવા આવ્યા હતા. 'જુનાગઢ'ના દીવાન. વાસ્તુ લીધું ત્યાં હાર્ટ ફેઈલ! નામ ભૂલી ગયા. 'ખીમચંદભાઈ' ફોટોગ્રાફી. એકદમ હાર્ટફેઈલ! આમ બધા મોટા મોટાને બોલાવ્યા હતા. મકાન બતાવવા (બોલાવેલા). સૂતા ત્યાં... અમે ત્યારે 'રાજકોટ' હતા. નદીના કાંઠે, 'મૂડીવાળા'ના મકાનમાં. 'મૂડીવાળા'નું મકાન છે ને બહાર? ત્યાં હતા. ત્યાં આ ઠાઠડી નીકળી. એના ઉપર આમ ચકચકતું લૂગડું અને આપણા સ્થાનકવાસી ભાઈઓ. (સંવત) ૧૯૮૯નું ચોમાસુ હતું ને? ૧૯૮૯ના ચોમાસાની પછીની વાત છે. કીધું, આ કોણ છે? આટલું બધું માણસ! ત્યાં તો અમારી પાસે આવ્યા. 'ગુલાબચંદ પારેખ' ને.. (બીજા આવ્યા). પેલા કહે, આ ફલાણો હતો એ મરી ગયો છે. ઠાઠડી ને આપણા બધા મોટા મોટા સ્થાનકવાસી, મોટું લશ્કર! આહાહા..! અરે..રે...! કોના તારા? કોણ કોનું? તું કોનો? કોણ તારા? આહાહા..!

'જાણવામાં આવતા લોકાકાશના અધ્યવસાનથી...' હવે આકાશ લીધું. જાણવામાં–ખ્યાલમાં આવતા. એ આકાશનો અધ્યવસાય કહ્યો. એ એને ક્યાં દેખાય છે? પણ વિકલ્પ કર્યો કે, આ આકાશ છે. એ વિકલ્પમાં એકાકાર (થાય) છે. 'જાણવામાં આવતા લોકાકાશના અધ્યવસાનથી પોતાને લોકાકાશરૂપ કરે છે...' આહાહા..! 'અને જાણવામાં આવતા અલોકાકાશના અધ્યવસાનથી...' કહો! લોક અને અલોક જૈનદર્શનમાં છે. હૈં? આહાહા..! જૈનના વાડામાં આવીને પણ... અલોકાકાશ આમ છે, અલોકાકાશ આમ છે એમ કરીને ઓલો જે અધ્યવસાય વિકલ્પ ઊઠે છે, એને પોતાનો કરે છે એ અલોકાકાશને પોતાનો કરે છે. આહાહા..! આવો ઉપદેશ, આવી વાતું! વીતરાગની (વાત) ઝીણી ઘણી, ભાઈ! આહાહા..!

'રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો' 'શ્રીમદ્'માં આવે છે ને? 'રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' આહાહા..! 'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો' આહા..! 'શ્રીમદ્' ગૃહસ્થાશ્રમમાં (આમ કહે છે). 'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો' એકલા બાહ્ય નગ્ન નહિ. એમાં નગ્નભાવ આવે છે ને? 'નગ્નભાવ મૂંડભાવ સહ અસ્નાનતા' એ બાહ્ય મુનિપણું ત્યાં કહ્યું છે. આહાહા..! 'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો. આહાહા..! સર્વભાવથી ઉદાસીન વૃત્તિ કરી.' આહાહા..! 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો, અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ.' આહા..! 'દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો.' આહાહા..! જુઓ! ગૃહસ્થાશ્રમમાં પણ (આમ ભાવે છે). આહાહા..!

અહીં કહે છે, એ 'પોતાને અલોકાકાશરૂપ કરે છે. (આ રીતે આત્મા અધ્યવસાનથી પોતાને સર્વરૂપ...)' પાઠ છે ને? પાઠમાં છે ને? 'सव्वे करेदि जीवो'. ૨૬૮. 'सव्वे करेदि जीवो अज्झवसाणेण तरियणेरइए।' આહાહા..! મૂળ પાઠ. ખરેખર તો સર્વને જાણનારો પોતે ભગવાન છે, એને ઠેકાણે સર્વને પોતાનું કરે છે. આહાહા..!

ભાવાર્થ :– 'આ અધ્યવસાન અજ્ઞાનરૂપ છે...' બીજાને પોતાના માનવા એ અજ્ઞાન છે. આહાહા..! શરીરનું કંઈ કરી શકું, એનો અર્થ જ એ કે, શરીરને પોતાનું માન્યું. આહાહા..! કોળિયો લઈ શકું ને દાઢથી ચાવી શકું... આહાહા..! એ જાણવામાં આવતા પુદ્ગલોને પોતાને માન્યા. આહાહા..! સમજાણું? મેસુબ હોય ને એનો રસ લેવો હોય, પત્તરવેલિયાના ઘીમાં તળેલા ભજીયા હોય.. આહાહા..! જુઓ! ખાવા બેઠો તો જાણે... બાદશાહીમાં આવી ગયો. આમ તૃપ્ત.. તૃપ્ત..! અધ્યવસાય, મિથ્યા અધ્યાસ છે, પ્રભુ! આહાહા..! એ બધા પુદ્ગલો છે એ જાણવામાં આવે છે. છતાં એ જાણવામાં આવતા પુદ્ગલોને પોતાના માને છે. તે અધ્યવસાનથી કોઈને બાકી રાખ્યા નથી. પ્રભુ! તું કોઈને બાકી રાખ્યા વિનાનો જાણનારો, કોઈને બાકી રાખ્યા વિનાનો જાણનારો. બાકી રાખ્યા વિનાનો તેં અધ્યવસાનથી બધાને (પોતાના) કર્યા છે. આહાહા..! વાતને ગુલાંટ મારી છે. આહાહા..! આચાર્યનો 'सव्वे करेदि' શબ્દ છે, ગજબ છે!

તું સર્વને જાણનારો, પ્રભુ! તું જ્ઞાન અને એ જ્ઞેય. એવો સંબંધ પણ ઉપચરિત અસદ્ભુત વ્યવહારનયનો વિષય (છે). આહાહા..! એને ઠેકાણે પર મારા અને હું એનો (એમ માને છે). મારો કંઠ સારો ને મારી જીભ સારી, મારું માથું સારું, મારા પગ સારા, મારા શરીરનું કદ સારું. અરે..! પ્રભુ! શું કરે છે તું આ? આહાહા..! જાણવામાં આવતા એ પુદ્ગલોને તેં તે ક્ષણે અધ્યવસાયથી મારા છે, તેમ માને છો, પ્રભુ! એ મોટું સંસારનું કારણ છે. આહાહા..! 'બંધ અધિકાર'. છે?

'આ અધ્યવસાન અજ્ઞાનરૂપ છે તેથી તેને પોતાનું પરમાર્થ સ્વરૂપ ન જાણવું.' એકત્વબુદ્ધિ તો અજ્ઞાન છે. આહાહા..! 'તે અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે...' માને છે. અવસ્થારૂપ કરે છે એટલે માને છે. આહા..! 'અર્થાત્ તેમનામાં પોતાપણું માની પ્રવર્તે છે.' એમ અર્થ કર્યો ને? અનેક અવસ્થાઓ કરે છે એટલે? તેને પોતારૂપ માનીને પ્રવર્તે છે. એ વિશેષ કળશ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૧૭૨

(इन्द्रवज्रा)

विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावा-
दात्मानमात्मा विदधाति विश्वम्।
मोहैककन्दोऽध्यवसाय एष
नास्तीह येषां यतयस्त एव।।१७२।।

હવે આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનિકારૂપે કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ विश्वात् विभक्तः अपि हि ] વિશ્વથી (સમસ્ત દ્રવ્યોથી) ભિન્ન હોવા છતાં [ आत्मा ] આત્મા [ यत्-प्रभावात् आत्मानम् विश्वम् विदधाति ] જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે [ एषः अध्यवसायः ] એવો આ અધ્યવસાય - [ मोह-एक-कन्दः ] કે જેનું મોહ જ એક મૂળ છે તે - [ येषां इह नास्ति ] જેમને નથી [ ते एव यतयः ] તે જ મુનિઓ છે. ૧૭૨.

પ્રવચન નં. ૩૨૯ શ્લોક–૧૭૨, ગાથા–૨૭૦ ગુરુવાર, આસો સુદ ૧૪, તા. ૪-૧૦-૧૯૭૯

(મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો આ ગુજરાતી અનુવાદ છે)

(૧૭૨ શ્લોક). 'विश्वात् विभक्तः' આ આત્મા 'વિશ્વથી (સમસ્ત વિશ્વથી) ભિન્ન હોવા છતાં...' અંદર આત્મા જે છે એ સર્વ પરદ્રવ્યોથી ભિન્ન છે. દ્રવ્ય છે ને? વસ્તુ છે ને? તત્ત્વ છે ને? પોતાનું એ તત્ત્વ અનંત પરદ્રવ્યોથી ભિન્ન છે. એમ હોવા છતાં 'आत्मा यत्-प्रभावात् आत्मानम् विश्वम् विदधाति' 'જેના પ્રભાવથી...' (અર્થાત્) મિથ્યાત્વના પ્રભાવથી. મિથ્યા મોહ. આહાહા..! જે સંસારનું મૂળ કારણ મિથ્યાત્વરૂપી મોહ. તેના પ્રભાવથી 'પોતાને વિશ્વરૂપ કરે છે...' દરેક ચીજ મારી છે અને હું તેનો કર્તા છું, એમ માન્યતામાં પોતાને વિશ્વરૂપ કરે છે. વિશ્વરૂપ થતો નથી. આહાહા..! ઝીણી વાત, ભાઈ!

ભગવાનઆત્મા! વિશ્વ નામ સમસ્ત પદાર્થ. કર્મ, શરીર, વાણી, મન, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ-પરિવાર, આબરૂ, કુટુંબ, નારકી, દેવ આદિ એ બધી ચીજથી અંદર ભગવાનઆત્મા તો ભિન્ન છે. પરંતુ ભિન્ન આત્માને પોતાનો નહિ માની, જેના પ્રભાવથી, મોહ–મિથ્યાત્વનો અનાદિ પ્રભાવ. મોહનો પ્રભાવ. આહાહા..! 'પોતાને વિશ્વરૂપ કરે છે...' જ્યાં ત્યાં હું નારકી છું, હું રાગ છું, હું પુણ્ય છું, હું પરને જિવાડું છું, પરને મારું છું, હું પરની રક્ષા કરું છું– એવો અભિપ્રાય–મિથ્યાત્વ (કરે છે). પરની ક્રિયા પોતાથી થાય છે એમ માનીને પોતાને, એકરૂપ છે તેને વિશ્વરૂપ માને છે. આહાહા..! છે? એ અધ્યવસાય એકત્વબુદ્ધિ છે. પોતાનો આત્મા પરથી ભિન્ન હોવા છતાં મિથ્યાત્વના પ્રભાવથી સમસ્ત પદાર્થ સાથે એકત્વ કરે છે. ભિન્ન છે તેની સાથે એકત્વ કરે છે. આહાહા..!

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવનું આ વચન–દિવ્યધ્વનિ (છે). પ્રભુ! તું ભિન્ન છો ને! સમસ્ત પદાર્થથી, પુણ્ય-પાપ, પરજીવ, પરધર્મ આદિ, નારકી, દેવગતિ આદિ. આહાહા..! અરે..! ધર્માસ્તિ આદિ છ દ્રવ્ય છે (તેનાથી ભિન્ન છે). આહાહા..! પરથી તો તું ભિન્ન છો, એમ હોવા છતાં પોતાને, મિથ્યાત્વના પ્રભાવથી પરને પોતાના કરે છે અથવા પરને હું કરું છું, જિવાડું છું, સ્ત્રી-કુટુંબ આદિ મારા છે, હું તેમને નભાવું છું એવા મિથ્યાત્વના પ્રભાવથી પરને પોતાના માને છે. આહાહા..!

'એવો આ અધ્યવસાય...' 'मोह-एक-कन्दः' 'જેનું મોહ જ એક મૂળ છે...' મિથ્યાત્વ એક જેનું મૂળ છે. આહાહા..! અનાદિકાળથી એ મિથ્યાત્વનું સેવન કરતો આવ્યો છે. આહા..! શરીરની ક્રિયા હું કરી શકું છું. એ તો પરદ્રવ્ય છે. શરીર મારું છે, વાણી મારી છે, કર્મ મારા છે. આહાહા..! સ્ત્રી, કુટુંબ-પરિવાર, દેશ.. દેશ મારો છે. એ વિભક્ત–ભિન્ન હોવા છતાં મોહના–મિથ્યાત્વના પ્રભાવને કારણે પરને પોતાના માને છે. પરને પોતારૂપ કરે છે એટલે માને છે. આહાહા..! આકરું કામ. એ અધ્યવસાયનું મૂળ–એકત્વબુદ્ધિનું મૂળ (મોહ છે). છે પરથી ભિન્ન, એમ હોવા છતાં અધ્યવસાય–એકત્વબુદ્ધિ–પરની એકત્વબુદ્ધિ, હું પરને જિવાડું છું, મારું છું, સુખી કરું છું, દુઃખી કરું છું, પરને બંધાવું છું, મોક્ષ કરાવું છું એવી એકત્વબુદ્ધિ–અધ્યવસાય, તેનું મૂળ મિથ્યાત્વ–મોહ છે. આહાહા..! આકરું કામ.

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' મુનિ પણ અનંત વાર થયો પણ પરની એકત્વબુદ્ધિનો નાશ ન કર્યો. અધ્યવસાય–હું પરને સુખી કરું છું, હું પરને ઉપદેશ આપીને મોક્ષ કરાવું છું (તેનો નાશ ન કર્યો). આહાહા..! ઝીણી વાત, ભાઈ! જિનેશ્વર પરમેશ્વર ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં આ આવ્યું. તું વિશ્વથી વિભક્ત નામ ભિન્ન છો ને, પ્રભુ! તારી ચીજ જ જગતથી ભિન્ન છે. જગતથી ભિન્ન છે તે જગત સાથે એકત્વ કરે છે. આહાહા..! મારું કુટુંબ, હું નારકી ને હું દેવ ને હું પશુ ને હું ઢોર ને મનુષ્ય... આહાહા..! એમ પોતે પરથી ભિન્ન હોવા છતાં, પર સાથે અધ્યવસાય અને એકત્વ કરે છે, એ અધ્યવસાય–

એકત્વબુદ્ધિનું મૂળ મિથ્યાત્વ છે. આહાહા..! હવે આખા જગતમાં ભેગું રહેવું અને કહે, હું તેનો કર્તા નથી. ધંધામાં રહે, ધંધાની ક્રિયા હું કરું છું? કે, ના. આહાહા..! સ્ત્રી સાથે રહેવું અને માનવું કે સ્ત્રી મારી નથી. તારી ચીજ તો સ્ત્રીથી ભિન્ન છે. એમ નહિ માનતા, એ સ્ત્રી મારી છે, એવો અધ્યવસાય–એકત્વબુદ્ધિ, તેનું મૂળ મિથ્યાત્વ છે કે જે મિથ્યાત્વ અનંત સંસાર પરિભ્રમણનું કારણ છે. આહાહા..! આકરી વાત, ભાઈ! જિનેશ્વર પરમેશ્વર વીતરાગનો માર્ગ કોઈ જુદો છે. અત્યારે તો બધી ગડબડ થઈ ગઈ, ગડબડ. આહા..! પરની સેવા કરીએ, દેશસેવા કરીએ, સેવામંડળ સ્થાપે, એના અધિપતિ થાય. અહીં કહે છે, કોની સેવા કરે? પ્રભુ! એ ભિન્ન ચીજ છે તેની તું સેવા કરી શકે છે? ઝીણી વાત.

મુમુક્ષુ :– ઘરવાળાના પગ દુઃખે તો દાબવા કે ન દાબવા?

ઉત્તર :– કોણ દાબે? 'સુમનભાઈ' આવીને એને દાબે. પગ તો જડ છે. આત્મા પગથી ભિન્ન છે. પગમાં દુઃખાવો થાય તો મને થાય છે (એ) એકત્વબુદ્ધિ–અધ્યવસાય છે, મિથ્યાત્વ છે. આહાહા..! સૂક્ષ્મ છે, ભાઈ! આહા..! ઝીણી વાત. પગ, આ પગ તો માટી–ધૂળ છે. પુદ્ગલ છે, આ તો માટી અજીવ છે. એ મારા છે અને હું તેનો છું, એ પરથી શરીરથી વિભક્ત–ભિન્ન હોવા છતાં શરીરને પોતાનું માનવાનો અધ્યવસાય–એકત્વબુદ્ધિનું મૂળ તો મિથ્યાત્વ છે. આહાહા..! એ મિથ્યાત્વ ચાર ગતિમાં રખડવાનું કારણ છે. આવી વાત છે, ભાઈ! આવું છે, ઝીણું બહુ.

અહીં તો બે વાત (છે). એક કોર વિશ્વ–સમસ્ત ચીજ અને એક કોર પ્રભુ તું. એ વિશ્વથી તો પ્રભુ તારી ચીજ ભિન્ન છે. સ્ત્રી, કુટુંબ-પરિવાર, લક્ષ્મી, મકાન એ બધી ચીજથી તારી ચીજ તો ભિન્ન છે. ભિન્નને ભિન્ન નહિ માનીને, એ પર ચીજ છે તે મારી છે, મારું મકાન છે, મારી સ્ત્રી છે, મારી આબરૂ છે, મારા પૈસા છે, આહાહા...! મારું કુટુંબ છે, આ મારો જમાઈ છે, દીકરી છે... પ્રભુ! તું આ શું કરે છે? પ્રભુ! તું અધ્યવસાય, મિથ્યાત્વનો અધ્યવસાય–એકત્વબુદ્ધિ કરે છે. ઝીણી વાત, ભાઈ! આહાહા..! અહીં તો પરની દયા પાળી શકું છું, એવો અધ્યવસાય પણ એકત્વબુદ્ધિ–મિથ્યાત્વ છે. આહાહા..! કેમકે પર છે તેને તું શું કરી શકે? આહાહા..! સમજાણું કાંઈ?

'કે જેનું મોહ જ એક મૂળ છે...' આહાહા..! 'येषां इह नास्ति' 'જેમને નથી...' એ અધ્યવસાય જેમને નથી. આહાહા..! 'તે જ મુનિઓ છે.' આહા..! એ સમકિતી છે, એ મુનિ છે. આહાહા..! અહીં તો મુનિથી વિશેષ વાત લીધી છે. બાકી પરની એકત્વબુદ્ધિ નથી અને હું ચૈતન્યસ્વરૂપ ભિન્ન છું, એવી જેની દૃષ્ટિ છે એ સમકિતી છે, એ સમ્યગ્દૃષ્ટિ છે, સત્યદૃષ્ટિ છે. કેમકે જે વસ્તુસ્વરૂપ પરથી ભિન્ન છે, એવો પોતાને પરથી ભિન્ન જાણ્યો અને પોતામાં એકત્વ કર્યું તે જ સમ્યગ્દૃષ્ટિ છે. પેલામાં કહ્યું હતું ને? અધ્યવસાય જેનું મૂળ મિથ્યાત્વ છે અને પરથી ભિન્ન જાણે તેનું મૂળ સમ્યગ્દર્શન છે. એ પણ અધ્યવસાય

છે, પોતાનું એકત્વ જાણવું તે અધ્યવસાય છે. આહાહા..! બહુ આકરું કામ. આખી દુનિયામાં રહેવું (અને માનવું ભિન્ન). પણ તું દુનિયામાં છે જ નહિ, એમ કહે છે. તું તો તારામાં છે. આહાહા..! આવી ચીજ હોવા છતાં, પોતાથી ભિન્ન વસ્તુને પોતાનું કાર્ય માનવું, પોતાની વસ્તુ માનવી, તેની ક્રિયા હું કરી શકું છું, એમ માનવું તે મિથ્યાત્વ જેનું મૂળ છે એવો અધ્યવસાય–એકત્વબુદ્ધિ મિથ્યાત્વ છે. અને જેને એકત્વબુદ્ધિ નથી.... આહાહા..! (અહીંયાં) વાત ભલે મુનિની કરી છે (પરંતુ સમ્યગ્દષ્ટિને પણ એમ જ છે).

જેને, હું તો જ્ઞાયક ચૈતન્ય છું, મારાથી ભિન્ન રાગ, શરીર, વાણી, કર્મ, કુટુંબ બધી મારી ચીજ નથી. આહાહા..! 'ભરત' ચક્રવર્તી છ ખંડના રાજમાં રહેતા હોવા છતાં, એ ચીજ મારી નહિ (એમ માને છે). મારી ચીજ મારાથી જુદી થાય નહિ અને જુદી થાય તે મારી નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અત્યારે તો આ કરો ને આ કરો.. આહાહા..! મંદિર બનાવો ને ગજરથ કાઢો ને, રથયાત્રા (કાઢો). એ તો પરચીજ છે. પરચીજને કાઢો ને કરવું, એ ક્રિયા આત્માની માનવી એ તો મિથ્યાત્વ છે. આહાહા..! આકરું કામ. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને એવો શુભભાવ હોય છે, પણ એ ક્રિયા થાય છે તે મારાથી થાય છે, એમ માનતા નથી. આહાહા..! તેમ જે શુભભાવ થયો તે પણ મારું કર્તવ્ય છે, એમ સમ્યગ્દષ્ટિ–ધર્મની પહેલી શરૂઆતવાળા નથી માનતા. આહાહા..! આવું સ્વરૂપ છે.

'તે જેમને નથી...' અહીં પાઠમાં 'યતયઃ' છે ને? આહાહા..! મૂળ તો એ અધ્યવસાય જેને નથી તે સમકિતી છે અને સમ્યક્ ઉપરાંત જ્યારે સ્થિરતા વિશેષ થઈ ત્યારે તે મુનિ છે. આહાહા..! એક રજકણ પણ પોતાનો નથી. આ (શરીર) તો અનંત રજકણનો પિંડ છે. ધૂળ, ધૂળ..ધૂળ અને પૈસા ધૂળ. 'તખતરાજજી'! પૈસા.. પૈસા. અમે પાંચ લાખવાળા છીએ ને દસ લાખવાળા છીએ અને કરોડપતિ છીએ. ધૂળપતિ (છે). અરે..રે..! એ પર ચીજનો પતિ? એકત્વબુદ્ધિનું મિથ્યાત્વ છે. આહાહા..! બહુ આકરું કામ. આહાહા..! મારું મકાન ને મારા પૈસા ને મારો ધંધો ધમધોકાર ચાલે છે. દુકાનમાં નોકર એવા રાખ્યા છે. 'હીરાભાઈ'ને ભાણેજ છે. બીજા નોકર પણ અંદર હશે ને? દુકાન છે તે હોય ને. દુકાન ઉપર આવ્યા હતા ને, આવ્યા હતા. દરેકને એમ છે. આહા..! અમે કરીએ છીએ, અમે કરીએ છીએ.

અમારે પણ ત્યાં દુકાન હતી ને. 'કુંવરજીભાઈ' અમારા ભાગીદાર હતા. 'પાલેજ'. હું કરું છું, કર્તા.. કર્તા.. અરે..! શું કરે છે તું આ? કીધું. જડની અને આ બધી ક્રિયા મારી, આ કર્તા, તું દુકાને બેઠો અને આ કરે છે? આહાહા..! મરીને પશુ થઈશ, યાદ રાખ, કીધું. આ તો ૭૦ વર્ષ પહેલાની વાત છે. ૭૦ વર્ષ પહેલાની. (સંવત) ૧૯૬૬, ૧૯૬૬ની સાલ. વીસ વર્ષની ઉંમર હતી, અત્યારે તો ૯૦ (થયા). ૭૦ વર્ષ પહેલા (કહ્યું હતું). કીધું, અરે..! આ શું કરે છે આખો દિ'? દુકાને તો હું પણ (બેસતો). પણ આ એક જ–આ કર્યું, આ

કર્યું, આ કર્યું.. રાતના આઠ વાગ્યા સુધી નવરાશ નહિ. ગામમાં સાધુ આવે, ભલે સંપ્રદાયના (આવે) તો આઠ વાગે જાય. દિવસે નવરાશ નહિ. ધંધા આડે નવરાશ નહિ. અહીં તો (અમે) ગામમાં સાધુ આવે તો દુકાન છોડીને સાધુને આહાર-પાણી (આપવા જતા). એ વખતે તો એ સ્થાનકવાસીની માન્યતા હતી ને! આહાહા..!

અહીં કહે છે, આખો દિ' તું આ જ કરે છે. રાત્રે ચોપડા લખે, નામું લખે, પછી નવરા થાય ત્યારે સાધુ પાસે જાય. ભાઈ! આ શું કરો છો તમે? કીધું. આ તો ૧૯૬૬ સાલ, હોં! ૭૦ વર્ષ પહેલા. શું આ કરો છો તમે? આહાહા..! આ તો બધા લખણ તિર્યંચમાં જવાના છે, ઢોરમાં જવાના છે. ભલે તમારા પચીસ લાખ રૂપિયા હોય ને દસ લાખ હોય ને બે-બે લાખની પેદાશું (હોય). ધૂળમાંય નથી. આહાહા..!

અહીં એ કહે છે, કે વિશ્વથી વિભક્ત હોવા છતાં. 'વિશ્વ' શબ્દે સમસ્ત પદાર્થ. શરીર, વાણી, મન, કર્મ, રાગ-દ્વેષ આદિ બધી પર ચીજ. આહાહા..! વિશ્વથી વિભક્ત હોવા છતાં વિશ્વને પોતાનું માને છે. એ મારી ચીજ છે, હું તેનો છું, એ મિથ્યાદષ્ટિ પરની એકત્વબુદ્ધિ કરે છે. એ એકત્વબુદ્ધિનું મૂળ તો મિથ્યાત્વ છે. આહાહા..! મિથ્યાત્વ શલ્ય મહાશલ્ય છે. તેનાથી તો ચાર ગતિમાં રખડે છે.

સમયસાર ગાથા ૧૧ માં પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ કહી હતી, ત્યાં તો પર્યાયનો આશ્રય છોડાવવા પર્યાયને ગૌણ કરી અભૂતાર્થ કહી હતી. પણ પર્યાય સર્વથા નથી જ એમ નથી. અહીં ગાથા - ૧૫ માં તો જેમાં અબદ્ધસ્વરૂપ આત્મા અનુભવમાં આવ્યો તે પર્યાય મુખ્ય જ છે, તે પર્યાય જૈનશાસન છે. આહાહા ! મારું જે દ્રવ્ય વિકાર વિનાનું વીતરાગી તત્ત્વ છે એનું લક્ષ કરું છું ત્યાં પર્યાયમાં વીતરાગતા આવે છે. એ વેદનની પર્યાય મુખ્ય જ છે. દ્રવ્ય વેદનમાં આવતું નથી, પર્યાય વેદનમાં આવે છે એ વેદનની પર્યાય મારે મુખ્ય છે. તેને તું ગૌણ કરી નાખ એ નહિ ચાલે નાથ ! પૂર્ણાનંદનો નાથ જ્યાં જાણ્યો અને અનુભવમાં આવ્યો એને ગૌણ નહીં થાય હો ! એ તો તને દ્રવ્યનું લક્ષ-આશ્રય કરાવવા પર્યાયને ગૌણ કરી હતી પણ વેદન તો પર્યાયમાં મુખ્ય છે હો ! ભલે દ્રવ્યનો આશ્રય કરાવવા પરિણામને ગૌણ કર્યા પણ એ પરિણામ ક્યાં જતાં રહે ? એ પરિણામ અસ્તિરૂપ વેદાય તે ક્યાં જાય ! આહાહા ! આ તો આત્મા પોકાર કરે છે કે વીતરાગસ્વરૂપ જે મારું દ્રવ્ય છે તેનું લક્ષ કરતાં મને વીતરાગતા વેદનમાં આવે છે એ વેદન મને મુખ્ય છે.

(પરમાગમસાર - ૫૪૪)

# ગાથા-૨૭૦

एदाणि णत्थि जेसिं अज्झवसाणाणि एवमादीणि।
ते असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति।।२७०।।
एतानि न सन्ति येषामध्यवसानान्येवमादीनि।
ते अशुभेन शुभेन या कर्मणा मुनयो न लिप्यन्ते।।२७०।।

एतानि किल यानि त्रिविधान्यध्यवसानानि तानि समस्तान्यपि शुभाशुभकर्मबन्धनिमित्तानि, स्वयमज्ञानादिरूपत्वात्।तथाहि-यदिदं हिनस्मीत्याद्यध्यवसानं तत्, ज्ञानमयत्वेनात्मनः सदहेतुकज्ञप्त्येकक्रियस्य रागद्वेषविपाक-मयीनां हननादि क्रियाणां च विशेषाज्ञानेन विविक्तात्माज्ञानात्, अस्ति तावदज्ञानं, विविक्तात्मा दर्शनादस्ति च मिथ्यादर्शनं, विविक्तात्मानाचरणादस्ति चाचारित्रम्। [यत्पुनः नारकोऽहमित्याद्यध्यवसानं तदपि, ज्ञानमयत्वेनात्मनः सदहेतुकज्ञाय-कैकभावस्य कर्मोदयजनितानां नारकादिभावानां च विशेषाज्ञानेन विविक्तात्मा- ज्ञानादस्ति तावदज्ञानं, विविक्तात्मादर्शनादस्ति च मिथ्यादर्शनं, विविक्तात्माना चरणादस्ति चाचारित्रम्।] यत्पुनरेष धर्मो ज्ञायत इत्याद्यध्यवसानं तदपि, ज्ञानमयत्वेनात्मनः सदहेतुकज्ञानैकरूपस्य ज्ञेयमयानां धमादिरूपाणां च विशेषा-ज्ञानेन विविक्तात्माज्ञानात्, अस्ति तावदज्ञानं, विविक्तात्मादर्शनादस्ति च मिथ्यादर्शनं, विविक्तात्मानाचरणादस्ति चाचारित्रम्। ततो बन्धनिमित्तान्यैवैतानि समस्तान्यध्यवसानानि। येषामेवैतानि न विद्यन्ते त एव मुनिकुंजराः केचन, सदहेतुकज्ञप्त्येकक्रियं, सदहेतुकज्ञायकैकभावं, सदहेतुकज्ञानैकरूपं च विविक्तमात्मानं जानन्तः, सम्यक्पश्यन्तोऽनुचरन्तश्च, स्वच्छस्वच्छन्दोद्यदमन्दान्तर्ज्योतिषोऽत्यन्तमज्ञानादिरूपत्वा भावात्, शुभेनाशुभेन वा कर्मणा न खलु लिप्येरन्।

આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી - એમ હવે ગાથામાં કહે છે :-

એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,
તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.

ગાથાર્થ :– [ एतानि ] આ (પૂર્વે કહેલાં) [ एवमादीनि ] તથા આવા બીજા પણ [ अध्यवसानानि ] અધ્યવસાન [ येषाम् ] જેમને [ न सन्ति ] નથી, [ ते मुनयः ] તે મુનિઓ [ अशुभेन ] અશુભ [ वा शुभेन ] કે શુભ [ कर्मणा ] કર્મથી [ न लिप्यन्ते ] લેપાતા નથી.

ટીકા :– આ જે ત્રણ પ્રકારનાં અધ્યવસાનો છે તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી શુભાશુભ કર્મબંધનાં નિમિત્ત છે. તે વિશેષ સમજાવવામાં આવે છે :- 'હું (પર જીવોને) હણું છું' ઇત્યાદિ જે આ અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને, જ્ઞાનમયપણાને લીધે [1]સત્‌રૂપ [2]અહેતુક [3]જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો અને રાગદ્વેષના ઉદયમય એવી [4]હનન આદિ ક્રિયાઓનો [5]વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન (અશ્રદ્ધાન) હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. [ વળી 'હું નારક છું' ઇત્યાદિ જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે એવા આત્માનો અને કર્મોદયજનિત નારક આદિ ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. ] વળી 'આ ધર્મદ્રવ્ય જણાય છે' ઇત્યાદિ જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, *જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા આત્માનો અને જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. માટે આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.

માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી તે જ કોઈક (વિરલ) મુનિકુંજરો (મુનિવરો),

---

૧. સત્‌રૂપ = સત્તાસ્વરૂપ; અસ્તિત્વરૂપ. (આત્મા જ્ઞાનમય છે તેથી સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ તેની એક ક્રિયા છે).

૨. અહેતુક = જેનું કોઈ કારણ નથી એવી; અકારણ; સ્વયંસિદ્ધ; સહજ.

૩. જ્ઞપ્તિ = જાણવું તે; જાણનક્રિયા; (જ્ઞપ્તિક્રિયા સત્‌રૂપ છે, અને સત્‌રૂપ હોવાથી અહેતુક છે).

૪. હનન = હણવું તે; હણવારૂપ ક્રિયા. (હણવું વગેરે ક્રિયાઓ રાગદ્વેષના ઉદયમય છે).

૫. વિશેષ = તફાવત; ભિન્ન લક્ષણ.

* આત્મા જ્ઞાનમય છે તેથી સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ તેનું એક રૂપ છે.

સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે, સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે અને સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા ભિન્ન આત્માને (-સર્વ અન્યદ્રવ્યભાવોથી જુદા આત્માને) જાણતા થકા, સમ્યક્ પ્રકારે દેખતા (શ્રદ્ધતા) થકા અને અનુચરતા થકા, સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન (અર્થાત્ સ્વાધીનપણે પ્રકાશમાન) એવી અમંદ અંતર્જ્યોતિને અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી (અર્થાત્ અંતરંગમાં પ્રકાશતી જ્ઞાનજ્યોતિ જરા પણ અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ નહિ થતી હોવાથી) શુભ કે અશુભ કર્મથી ખરેખર લેપાતા નથી.

ભાવાર્થ :- આ જે અધ્યવસાનો છે તે 'હું પરને હણું છું' એ પ્રકારનાં છે, 'હું નારક છું' એ પ્રકારનાં છે તથા 'હું પરદ્રવ્યને જાણું છું' એ પ્રકારનાં છે. તેઓ, જ્યાં સુધી આત્માનો ને રાગાદિકનો, આત્માનો ને નારકાદિ કર્મોદયજનિત ભાવોનો તથા આત્માનો ને જ્ઞેયરૂપ અન્યદ્રવ્યોનો ભેદ ન જાણ્યો હોય, ત્યાં સુધી પ્રવર્તે છે. તે ભેદજ્ઞાનના અભાવને લીધે મિથ્યાજ્ઞાનરૂપ છે, મિથ્યાદર્શનરૂપ છે અને મિથ્યાચારિત્રરૂપ છે; એમ ત્રણ પ્રકારે પ્રવર્તે છે. તે અધ્યવસાનો જેમને નથી તે મુનિકુંજરો છે. તેઓ આત્માને સમ્યક્ જાણે છે, સમ્યક્ શ્રદ્ધે છે અને સમ્યક્ આચરે છે, તેથી અજ્ઞાનના અભાવથી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ થયા થકા કર્મોથી લેપાતા નથી.

## ગાથા-૨૭૦ ઉપર પ્રવચન

'આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી...' અહીં તો વિશેષમાં એ લેવું છે. નહિતર તો સમકિતીને પણ અધ્યવસાય નથી. પરંતુ અહીંયાં મુખ્ય મુનિપણાની વ્યાખ્યા લે છે. સમજાય છે કાંઈ? બાકી સમ્યગ્દષ્ટિ ધર્મની પહેલી સીઢી, ચોથું ગુણસ્થાન, એ સમકિતીને પર મારા છે, એવી દૃષ્ટિ ત્રણકાળમાં નથી. સ્ત્રી, કુટુંબમાં રહેવા છતાં... આહાહા..! કોરો ઘડો જેમ હોય અને એની ઉપર પાણી નાખો તો ન ચડે, એમ (સમ્યગ્દષ્ટિ છે). જેમ નાળિયેરમાં ગોળો છૂટો છે... નાળિયેર-શ્રીફળ, તેમ પોતાનો ભિન્ન આત્મા-ગોળો સમ્યગ્દષ્ટિને ભાસે છે. આહાહા..! ધર્મની પહેલી સીઢી. ધર્મનું પહેલું સોપાન, પહેલું પગથિયું. એ ધર્મની દૃષ્ટિવંતને, પરનો હું કર્તા અને પર મારી ચીજ, એવી દૃષ્ટિ નથી. આહાહા..! ભારે કામ.

એ કહે છે, ગાથા.

एदाणि णत्थि जेसिं अज्झवसाणाणि एवमादीणि।
ते असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति।।२७०।।

એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,
તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.

મુનિરાજની મુખ્યતાથી કથન છે. ટીકા :– 'આ જે ત્રણે પ્રકારનાં અધ્યવસાનો...' મિથ્યાત્વ, અજ્ઞાન અને અચારિત્ર–ત્રણે પ્રકારના અધ્યવસાન. 'તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી શુભાશુભ કર્મબંધના નિમિત્ત છે.' હું પરને જિવાડું છું, એ (ભાવ) મિથ્યાત્વ સહિત પુણ્યબંધનું કારણ છે. પરને મારું છું, એ મિથ્યાત્વ સહિત પાપબંધનું કારણ છે. આહાહા..! આમ છે.

આ પુસ્તક છે એ જડ, પર છે. તેને હું બનાવું છું... આહાહા..! તે પરચીજને પોતાની માની, એકત્વબુદ્ધિ (કરી). વિશ્વમાં એ આવી ગયું કે નહિ? પુસ્તક, પાના, વાણી એ બધું વિશ્વ, પર છે. આહાહા..! એ પુસ્તક મારું અને મેં પુસ્તક બનાવ્યું... આહાહા..! અને એ પુસ્તક વાંચે તો લોકો મને ઓળખે, હું પ્રસિદ્ધિમાં આવું એ બધો મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ગજબ વાત છે.

એ અહીંયાં કહે છે, એ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્ર–એ ત્રણ 'શુભાશુભ કર્મબંધના નમિત્ત છે.' આહા..! પરને જિવાડું છું, સુખી કરું છું, એવા પરિણામ શુભ છે, પણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ સહિત શુભબંધનું કારણ છે. હું પરને મારું છું, દુઃખી કરું છું, એવો (ભાવ) મિથ્યાત્વ સહિત પાપબંધનું કારણ છે. આહાહા..! આવું આકરું કામ. આખો દિ' દુનિયામાં ભેગું રહેવું અને ભેગો નથી. ભેગાને શું કહે છે? સાથે રહેવું અને સાથે છે નહિ. આહાહા..! વીતરાગની વાણી બહુ ઝીણી, બાપુ! જિનેશ્વર.. આહા..! આ તો આ મારા દીકરા, પાંચ-પાંચ હજારનો પગાર લાવે છે, ચાર છોકરાઓ હોંશિયાર થયા, આમ થયા, તેમ થયા. કોના દીકરા? ભાઈ! એ આત્મા જુદો, તું જુદો, તારે દીકરા ક્યાંથી આવ્યા? આહાહા..! આ મારી દીકરી, એને બરાબર કરિયાવર–દહેજ આપીએ, જેથી એને સાસરે સુખી રહે, કોઈ ઠપકો ન આપે. આહાહા..!

એક મોટા અબજોપતિની ગૃહસ્થની ભાણેજ હતી. એ ક્યાંક આપી હતી, એને બરાબર પૈસા-બૈસા આવ્યા નહિ એટલે કહે, આ શું? અબજોપતિની ભાણેજ આપી, પૈસા-બૈસા કાંઈ આવ્યા નહિ, ઓલાએ બહુ ન આપ્યા. અંતે દુઃખી થઈને મરી ગઈ, આપઘાત કરીને (મરી ગઈ). પછી ગમે તે થયું, આપઘાત કર્યો (કે) કરાવ્યો. એવું સાંભળ્યું છે. આહાહા..! આ દુનિયા. મોટા ગૃહસ્થની દીકરી આવે તો પાંચ-પચીસ લાખ લેતી આવે કે નહિ? અબજોપતિની ભાણેજ પાંચ-દસ લાખ ન લાવે તો અહીં પરણી શું કરવા? અહીં આવી શું કરવા? કહો, આહાહા..! આ જગતના જૈનમાં રહેલા જીવો. અરે..! એને ખબર નથી. આહા..!

અહીં કહે છે, એ ત્રણે હોવાથી 'શુભાશુભ કર્મબંધના નિમિત્ત છે.' નિમિત્ત. કર્મ તો પોતાથી બંધાય છે. કર્મ તો પોતાની પર્યાયથી બંધાય છે પણ અજ્ઞાનીનું નિમિત્ત મિથ્યાત્વ

અને શુભ-અશુભભાવ તેમાં નિમિત્ત છે. આહા..! ‘શુભાશુભ કર્મબંધના નિમિત્ત છે.’ એમ કહ્યું ને? ઉપાદાન તો તેનું પોતાનું છે. આહાહા..! જે કર્મ બંધાય છે એ તો પરમાણુની પર્યાયમાં તે સમયે તે પર્યાય થવાની જન્મક્ષણ હતી તો કર્મ બંધાય છે. આ આત્માનું મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ તો નિમિત્તમાત્ર છે. નિમિત્તનો અર્થ–તેણે કર્યું નથી, કર્મબંધની પર્યાય તેણે કરી નથી. આહાહા..! અહીં સુધી લઈ જવું. હેં? આ કર્મબંધન પણ વિશ્વ છે ને? વિશ્વમાં એ ચીજ છે ને? તેને મેં બાંધ્યા, મેં છોડ્યા, પરનો સ્વામી (થાય છે). આવો માર્ગ. અહીં જરીયે નવરાશ ન મળે, આખો દિ’ પાપને આડે ધંધા. બાયડી, છોકરા અને ધંધો. પાપમાં પચ્યા, ઘાણીમાં પીલાય છે. એમાં આવી વાતું. બાપુ! મરી ગયો છે, બાપુ! ચોરાશીના અવતારમાં અનંતા અવતાર કરી કરીને ચોરાશીના અવતાર(માં રખડે છે). આહાહા..! એ આ ફક્ત પરની એકત્વબુદ્ધિ(ને કારણે). આહાહા..! આવ્યું ને?

ત્રીજી ગાથા. ‘एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।’ ભગવાન એકત્વ છે તે સર્વત્ર સુંદર છે. આહાહા..! એકેન્દ્રિયમાં, બેઇન્દ્રિયમાં, ત્રણઇન્દ્રિયમાં, ચતુરઇન્દ્રિયમાં ગમે ત્યાં હોય, પોતે એકત્વ ભિન્ન છે. ત્રિકાળ દ્રવ્ય નિરાવરણ અને પરથી ભિન્ન છે. આહાહા..! એવા ભગવાનઆત્માને પરની સાથે એકત્વબુદ્ધિ માનવો, કર્મની સાથે પણ એકત્વબુદ્ધિ (માને), કર્મ મેં બાંધ્યા, કર્મ મારા છે, એ અધ્યવસાય મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કઈ જાતનો? માર્ગ તો આવો છે, ભાઈ!

વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વરની દિવ્યધ્વનિનો માર્ગ આ છે. દિવ્યધ્વનિનું રહસ્ય આ છે. આહાહા..! કહે છે, કે અમારી દિવ્યધ્વનિથી તને જ્ઞાન થાય એવો પણ તું નથી. દિવ્યધ્વનિ પણ વિશ્વ નામ તારાથી ભિન્ન છે. આહાહા..! વિશ્વથી વિભક્ત છો. વીતરાગની વાણી અને વીતરાગથી તું ભિન્ન છો. આહાહા..! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ! કઠણ. એ એમ માને કે વીતરાગની વાણી અને વીતરાગથી મને જ્ઞાન થાય છે, તો તેં એકત્વબુદ્ધિ કરી. આહાહા..! આવી વાત સાંભળવી કઠણ પડે. અરે..! શું થાય? ભાઈ! એકલો રખડે, એકલો જન્મે, એકલો મરે. આવે છે ને ગાથા? આહાહા..! એકલો બંધાય અને એકલો મુકાય. આહાહા..!

‘વિશેષ સમજાવવામાં આવે છે કે :– ‘હું (પર જીવોને) હણું છું’ દુઃખી કરું છું વગેરે ‘જે આ અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને, જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો અને રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે...’ શું કહે છે? ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, તેની સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જાણવાની ક્રિયા છે. જાણવાની ક્રિયા. સત્‌રૂપ અને અહેતુક. વાણી છે તો તેનાથી જ્ઞાન થયું, એમ પણ નહિ. આહાહા..! ગજબ વાત છે. ભગવાન જ્ઞાયકસ્વરૂપ આત્મા જ્ઞાનનો પિંડ છે, તેની જ્ઞપ્તિ–વર્તમાન જ્ઞાનની ક્રિયા, એ સત્‌રૂપ છે. ક્રિયા, હોં! જાણવાની ક્રિયા સત્‌રૂપ છે, અહેતુક છે. નીચે (અર્થ) છે. (સત્‌રૂપ અર્થાત્‌) ‘સત્તાસ્વરૂપ; અસ્તિત્વસ્વરૂપ.

(આત્મા જ્ઞાનમય છે તેથી સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ તેની એક ક્રિયા છે).' જાણવું-દેખવું તે પોતાની પોતાથી ક્રિયા છે. આહાહા..! જાણવું-દેખવું અહેતુક છે. આહાહા..! ભગવાનની વાણીથી આ જ્ઞાન થયું, એમ નહિ. એ જાણવું-દેખવું અહેતુક છે. આહાહા..! અહીં કહે કે, દિવ્યધ્વનિના નિમિત્તથી જ્ઞાન થાય છે, એમ ન માને તો એકાંત–મિથ્યાત્વ છે, એમ કહે છે. ભગવાન! પ્રભુ! છે અંદર કે નહિ? શું કહે છે?

ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ આત્મા, પ્રજ્ઞાબ્રહ્મ, જ્ઞાન. તેની વર્તમાન પર્યાય; દ્રવ્ય અને ગુણ તો અહેતુક છે જ, પણ જાણવાની ક્રિયા પણ અહેતુક છે. અર્થાત્ પર વાણી અને ભગવાન છે તો આ જાણનક્રિયા થઈ, એમ નથી. 'શાંતિભાઈ'! આવી વાત (છે). આહાહા..! 'ચેતનજી'! આ આવ્યું કે નહિ? જાણવાની ક્રિયા અહેતુક છે. પર્યાય (અહેતુક). વાણીનો હેતુ નહિ? ભગવાન નહિ? તો પહેલા કેમ જ્ઞાન નહોતું? આહાહા..! ભાઈ! પહેલા પણ પોતાથી જ્ઞાન હતું અને અત્યારે પણ પોતાથી છે. ગજબ કામ છે. આહાહા..! દિવ્યધ્વનિથી જ્ઞાન થાય છે, એમ ન માને તો મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. પ્રભુ.. પ્રભુ..! એને બિચારાને એમ બેઠું, એને બિચારાને બેઠું હોય એમ કહે. 'જામેં જિતની બુદ્ધિ હૈ, ઇતનો દિયે બતાય, વાંકો બૂરો ન માનીયે ઔર કહાં સે લાય?' ભગવાન છે, ભગવાન છે. એ ભૂલ કરે, પ્રભુ!

અહીં તો કહે છે, કે આત્મા જ્ઞાનસ્વરૂપી જ્ઞાયક ત્રિકાળ છે તો તેની વર્તમાન પરિણતિ નામ પર્યાય, જાણવાની ક્રિયા સત્ છે, અહેતુક છે. 'જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે...' આહાહા..! ગજબ વાત છે. જાણનક્રિયા એક આત્માની છે. એ પણ જાણનક્રિયા, જાણનક્રિયા–જાણવાની પરિણતિ તે પણ અહેતુક અને સત્ છે. સત્ છે, પર્યાય સત્ છે ને? સત્‌ને હેતુ શો? છે, તેનો હેતુ શો? આત્મા છે તો તેનો ઈશ્વરકર્તા હેતુ શો? એમ પોતાની પર્યાય છે તેનો પર હેતુ શો? આહાહા..! સમજાણું કાંઈ? 'શીવલાલભાઈ'! આવું ઝીણું છે. કહો, આ તો ગુરુથી જ્ઞાન ન થાય, એમ અહીં કહે છે.

મુમુક્ષુ :– અંતરના ગુરુથી જ્ઞાન થાય.

ઉત્તર :– એ તો પોતાની સત્ સ્વતંત્ર ક્રિયા છે. આહાહા..! શું ટીકા! શું વસ્તુની પ્રસિદ્ધિ! આ ટીકા 'આત્મખ્યાતિ' છે. આહાહા..!

ભગવાનઆત્મા પોતાના જ્ઞાયકભાવથી ભરેલો, વર્તમાન પર્યાયમાં જે જ્ઞાનની ક્રિયા થાય છે–જાણનક્રિયા જે થાય છે તે સત્ છે, સત્ છે. છે તેને હેતુ શું? અહેતુક છે. અહેતુક જ્ઞપ્તિક્રિયા પોતાથી થઈ છે. આહાહા..!

મુમુક્ષુ :– પોતાથી થઈ છે એ હેતુ ન થયો?

ઉત્તર :– નહિ, નહિ. એ હેતુ પોતે, પર હેતુ નહિ. ખરેખર તો પર્યાયનો દ્રવ્ય હેતુ નહિ, પર્યાયનો હેતુ પર્યાય છે. બહુ લાંબી વાત (થશે). સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગમાર્ગ સૂક્ષ્મ બહુ, પ્રભુ! આહાહા..!

અહીંયાં તો પ્રભુ કહે છે, કે જાણનક્રિયા-જ્ઞાનગુણની જાણનક્રિયા, એ વખતની જાણનક્રિયાની જે પર્યાય થાય છે એ સત્ છે. જેમ દ્રવ્ય સત્ છે, ગુણ સત્ છે, એમ પર્યાય સત્ છે. આહાહા...! અને એ પર્યાય સત્ હોવાથી અહેતુક છે. એ વીતરાગની વાણી અને વીતરાગથી જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ નથી. અર..ર...! આવી વાતું? એ..ઇ..! આહાહા..! પ્રભુ! તારે વાત બેસાડવી પડશે. સુખી થવું હોય તો આ રસ્તો છે. બાકી દુઃખને પંથે તું અનંતકાળથી દોરાઈ ગયો છે. પરથી મારામાં જ્ઞાન થયું, પરને મારાથી જ્ઞાન થયું, પરને મારાથી જ્ઞાન થયું અને પરથી મારામાં જ્ઞાન થયું. તો શું જ્ઞાનની પર્યાયમાં તેનામાં તેને કારણે ત્યાં નહોતી કે તારાથી ત્યાં થઈ? આહાહા..! ગજબ વાત છે. આ તો શાંતિનો માર્ગ છે.

આ એક શબ્દમાં તો કેટલું ભર્યું છે, જોયું! 'તે અધ્યવસાનવાળા જીવને, જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો અને રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે...' આહાહા..! દયાનો રાગ થયો પણ તે વખતે જ્ઞાનમાં પોતાની જાણનક્રિયા થઈ, એ જાણનક્રિયા અને રાગને ભિન્ન નહિ જાણતા. આહાહા..! સમજાણું કાંઈ?

'એવા આત્માનો...' એવા આત્માનો એટલે શું? કે, જેમાં જ્ઞાનની વર્તમાન એક પર્યાયની ક્રિયા થઈ એવા આત્માનો. 'જેની એક ક્રિયા છે એવા આત્માનો...' 'સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ...' જાણવાની જ. 'જેની એક ક્રિયા છે એવા આત્માનો...' આહાહા..! 'અને રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો...' છે ને હનન? નીચે (ફૂટનોટ છે). અહેતુક = જેનું કોઈ કારણ નથી એવી; અકારણ; સ્વયંસિદ્ધ; સહજ. જ્ઞપ્તિ = જાણવું તે; જાણનક્રિયા; (જ્ઞપ્તિક્રિયા સત્‌રૂપ છે, અને સત્‌રૂપ હોવાથી અહેતુક છે). હનન = હણવું તે; હણવારૂપ ક્રિયા. (હણવું વગેરે ક્રિયાઓ રાગદ્વેષના ઉદયમય છે). હું ઘાત કરું છું, પરને જિવાડું છું એવી રાગમય જે ક્રિયા અને જ્ઞપ્તિક્રિયાનો ભેદ નહિ જાણતો. આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ! વીતરાગ ત્રણલોકનો નાથ, જિનેશ્વરદેવ ગણધરો અને ઇન્દ્રોની વચમાં કહેતા હતા એ આ વાત છે. આહાહા..! ઇન્દ્ર બત્રીસ લાખ વિમાનનો સાહેબો! એને કહેતા કે, પ્રભુ! એ તારી ચીજ નહિ. તો એ કહેતા હતા કે, એ મારી ચીજ નહિ. મારી તો જાણનક્રિયા જ મારી ચીજ છે. રાગ થયો તે મારી ચીજ નહિ, તેનાથી હું ભિન્ન છું. આહાહા..! આહા..!

'રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે...' (વિશેષ અર્થાત્) તફાવત, ભિન્ન લક્ષણ. 'આત્મા જ્ઞાનમય છે તેથી સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે.' આહાહા..! બહુ ઝીણું. આ તો ધીરાના કામ છે, ભાઈ! ઉતાવળે આંબા પાકી જાય એવું આ નથી. આહાહા..!

કહે છે, ભગવાનઆત્મા વસ્તુ છે ને? તો સ્વભાવ શું? જ્ઞાનસ્વભાવ. પર્યાય શું? જ્ઞાનની ક્રિયા થાય તે તેની પર્યાય. સાથે ભલે અનંત ગુણની (પર્યાય) છે પણ જ્ઞાનને પ્રધાન લીધું

છે. આહાહા..! એ જ્ઞાનની ક્રિયા અને પરને હણવું આદિ રાગની ક્રિયા, એ બેને ભિન્ન નહિ જાણતા, (અભિન્ન છે એમ માને છે). ભિન્ન છે. આહાહા..! 'ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી,...' એ રાગની ક્રિયા (અભિન્ન) એ રાગની ક્રિયાથી જાણનક્રિયા ભિન્ન છે એવું જ્ઞાન નહિ હોવાથી–અજ્ઞાન હોવાથી. આહાહા..! કેમકે તેનું લક્ષ જ રાગ ઉપર, પર ઉપર છે. આહાહા..!

'તે અધ્યવસાય પ્રથમ તો અજ્ઞાન છે,...' રાગની ક્રિયા, દયા, દાનની, હિંસાની (ક્રિયા) અને જાણનક્રિયા બેય ભિન્ન છે. આહાહા..! પર્યાયમાં હોવા છતાં બન્ને ભિન્ન છે. આહાહા..! પરદ્રવ્ય તો પર્યાયમાં છે જ નહિ, પણ પર્યાયમાં રાગાદિની ક્રિયા થઈ અને એ પર્યાયમાં જ્ઞાનની ક્રિયા થઈ... આહાહા..! બન્ને ભિન્ન છે. સમજાય એટલું સમજવું, બાપુ! આ તો વીતરાગ પરમેશ્વરનો ગંભીર માર્ગ છે. લોકોને સાંભળવા મળતો નથી. નવરાશ નથી, નવરાશ હોય તો સ્થૂળ સાંભળવાનું મળે. આ કરો ને આ કરો ને આ કરો. આહાહા..!

અહીં તો કહે છે, કે એ રાગની જે ક્રિયા થઈ, ભલે ભક્તિની, પૂજાની ને જાત્રાની હો, પણ એ રાગની ક્રિયા અને જ્ઞાનની ક્રિયા બે ભિન્ન છે. એમ ભિન્ન–જુદી વિશેષ ન જાણતા છતાં, આહાહા..! છે? આહાહા..! 'આત્માનું અજ્ઞાન હોવાથી...' 'ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી...' એ રાગની ક્રિયા(થી ભિન્ન) એ જાણન ક્રિયા આત્માની છે, એવા ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી. 'ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી...' આહાહા..! ઘણું ગંભીર. આહાહા..!

'તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,...' રાગની ક્રિયા, દયા-દાનની અને હિંસા આદિની (ક્રિયા), એનાથી જાણવાની ક્રિયા, પોતાની સત્તાની ક્રિયા અહેતુક છે. રાગ થયો તો જ્ઞાન થયું એમ પણ નહિ. આહાહા..! દયા, દાન, હિંસા આદિનો વિકલ્પ આવ્યો તો તેનાથી જ્ઞાન થયું એમ પણ નહિ. એ જાણનક્રિયા તો પોતાથી થઈ છે. સમજાણું કાંઈ? આહાહા..! હવે આવો માર્ગ. વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે. ધંધામાંથી નવરો થાય તો બાયડી-છોકરાને રાજી કરવામાં રોકાય. એમાં આ વાત ક્યાં સાંભળવા મળે? અરે..! અરે..! જિંદગી ચાલી જાય છે અને ભવના અંતે બીજો ભવ થશે, એ ક્યો થશે? બાપુ! આવી જો દૃષ્ટિ રહી તો ક્યો ભવ થશે? પ્રભુ! આહાહા..! ક્યાંય મેળ નથી. ક્યાંય નિગોદ, નરક, તિર્યંચ... આહાહા..!

રાગની ક્રિયા અને જાણનક્રિયા એક સમયમાં પર્યાયમાં છે. પરદ્રવ્ય તો પોતામાં છે જ નહિ. એ તો વિશ્વ પર છે. પણ રાગ તો પર્યાયમાં છે, છતાં જ્ઞાનક્રિયાથી ભિન્ન છે. એ એક ન્યાયે વિશ્વમાં જાય છે. આહાહા..! અનંત પરપદાર્થ તો પોતાની પર્યાયમાં છે જ નહિ. પર્યાય એટલે અવસ્થા, હાલત. પણ પોતાની પર્યાયમાં જે રાગાદિ ક્રિયા છે તે જ સમયે જ્ઞાનની ક્રિયા, આત્માની જાણનક્રિયા છે. આહાહા..! એ બેને ભિન્ન નહિ જાણીને,

બેની વિશેષતા ભિન્ન નહિ કરીને. એ અધ્યવસાન અજ્ઞાન છે. આહાહા..!

'ભિન્ન આત્માનું અદર્શન (અશ્રદ્ધાન) હોવાથી...' જ્ઞાનની ક્રિયા જ્ઞાયકની છે, એવા અશ્રદ્ધાનથી. આહાહા..! એ જ્ઞાનની ક્રિયા રાગથી છે અને રાગ ને જ્ઞાનની ક્રિયા બે એક છે (એમ માને છે). આહાહા..! એવા આત્માના અશ્રદ્ધાનથી. ભારે ગજબ ટીકા! આહાહા..! ગંભીર.. ગંભીર.. પ્રભુ! '(તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે...' અજ્ઞાન છે અને એ આત્માનું અદર્શન હોવાથી મિથ્યાદર્શન છે. આહાહા..! એ રાગને પોતાનો માન્યો તો પોતાનો સ્વભાવ જાણનક્રિયાવાળો આત્મા છે, એવા આત્માની અશ્રદ્ધા થઈ-મિથ્યાત્વ થયું. આહાહા..! આવી વસ્તુ રહી ગઈ. આહાહા..! આવી વાત રહી ગઈ, જગતના ભાગ્ય! આહાહા..!

જાણનક્રિયા-જાણવાની ક્રિયા. ક્રિયા કેમ કીધી? પર્યાય છે ને (એટલે). ગુણ અને દ્રવ્યમાં તો પરિણમન-ક્રિયા છે નહિ. પર્યાયમાં જાણનક્રિયા અને રાગની ક્રિયા-બેને ભિન્ન નથી જાણતો (તે) આત્માનું અજ્ઞાન છે. બેને ભિન્ન નહિ જાણતો (શ્રદ્ધતો તે) આત્માની અશ્રદ્ધા છે. આહાહા..! આહાહા..! અમૃત વરસ્યા છે. 'અમૃતચંદ્રાચાર્યદેવે' પાઠમાં છે એ અર્થ કર્યા છે. ઓલો કહે છે, કે 'અમૃતચંદ્રાચાર્યદેવ' કાષ્ટાસંઘી (છે). અર..ર..! પ્રભુ.. પ્રભુ! શું કરે છે? અરે..! કોઈ (કહેવાવાળું) ન મળે. ભગવાન ન મળે, કોઈ સમકિતી દેવ ન મળે કે એને રોકે.

પ્રભુ! અહીં કહે છે, આહાહા..! આ તો પાઠમાં કહ્યું છે કે નહિ?

एदाणि णत्थि जेसिं अज्झवसाणाणि एवमादीणि।
ते असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति।।२७०।।

આ તો પાઠ છે. અધ્યવસાયવાળો લેપાય છે અને અધ્યવસાય નથી તે લેપાતો નથી. એની તો ટીકા કરી છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ' કોણ છે? આહાહા..! ચાલતા સિદ્ધ છે. દિગંબર મુનિ ચાલતા સિદ્ધ પૃથ્વી ભરત ઉપર ચાલતા હતા. આહાહા..! મુનિરાજનો એ પોકાર છે, કે ભગવાનઆત્મા જાણનક્રિયાવાળો નહિ માનતા, રાગની ક્રિયાવાળો જાણનક્રિયા સાથે એકત્વબુદ્ધિ કરે છે તે આત્માનું અજ્ઞાન છે, તેને આત્માનું અશ્રદ્ધાન છે. આહાહા..! એ રાગવાળો આત્મા નહિ. રાગની ક્રિયાવાળો (માનવો) તે અશ્રદ્ધાન છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી...' શું કહે છે? રાગ મારો છે, તો ભિન્ન આત્માનું આચરણ ન રહ્યું. ભિન્ન આત્માનું અનાચરણ થયું. રાગ મારો છે (એમ માન્યું). જાણનક્રિયા મારી છે એમ નહિ માનતા, રાગ મારી ચીજ છે, એવો ભેદ ન જાણ્યો તો રાગનું આચરણ થયું, એ આત્માનું અનાચરણ છે. આહાહા..! વાહ.. પ્રભુ! વાહ..! ચાહે તો હિંસાનો રાગ હો કે ચાહે તો દયાનો રાગ હો, પણ એ રાગ મારી ચીજ છે (એમ માન્યું). જાણનક્રિયા મારી ચીજ છે એમ લક્ષ હોય તો તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય. આહાહા..!

રાગક્રિયા મારી છે એવો અધ્યવસાન આત્માનું અનાચરણ છે, આત્માનું આચરણ નહિ. આહાહા..! વાહ..! ટીકા તે ટીકા છે!! આવી 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ટીકા! એને કાષ્ટાસંગી કહીને પ્રભુ! તારે શું કરવું છે? ભાઈ! દુનિયા તો રાજી થાશે. દુનિયાને ક્યાં પડી છે? આખો દિ' ધંધા, પાપ આડે, આહાહા..! નવરાશ ક્યાં છે? સત્ય શું છે અને અસત્ય શું છે? આહાહા..! 'અમૃતચંદ્રાચાર્યદેવ' આ ટીકા (કરે છે). પાઠમાં છે–જેને અધ્યવસાય છે તે મિથ્યાદષ્ટિ છે અને જેને નથી તે મુનિ છે. મુનિ કહો, સમકિતી કહો. એનો તો અર્થ કરે છે. આહાહા..!

'અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.' આવ્યું ને? રાગ, દયા, દાન કે હિંસાની રાગની ક્રિયા તેનાથી જ્ઞપ્તિક્રિયા–જાણનક્રિયા ભિન્ન છે. (રાગની ક્રિયાને) પોતાની માને છે તે આત્માનું અજ્ઞાન છે, પોતાની માને છે તે આત્માનું અશ્રદ્ધાન છે, આત્માની માને છે તે આત્માનું અનાચરણ છે, એ આત્માનું આચરણ નહિ. આહાહા..! એક વાત (કરી), બીજી વાત કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૩૦ ગાથા–૨૭૦ રવિવાર, આસો વદ ૨, તા. ૭-૧૦-૧૯૭૯

---

'સમયસાર' ૨૭૦ ગાથા. એની નીચે નોટ.. નોટ છે. પહેલી વાત એ આવી ગઈ કે, હું હિંસા કરું છું, જૂઠું બોલું છું, ચોરી કરું છું, વિષય સેવું છું, પરિગ્રહ રાખું છું એ ભાવ પાપની એકતાબુદ્ધિ છે. અને હું દયા પાળું છું, સત્ય બોલું છું, ચોરી કરતો નથી, શરીરથી વિષય સેવતો નથી, પરિગ્રહ રાખતો નથી એ બુદ્ધિ પણ શુભભાવની એકત્વબુદ્ધિ (છે). આહાહા..! એ એકત્વબુદ્ધિ–અધ્યવસાય મિથ્યાત્વ છે. કેમકે ભગવાનઆત્મા તો જ્ઞાયકસ્વરૂપ છે. એને આ પાંચ પાપ અને પાંચ પુણ્યની સાથે એકતા માનવી એ મિથ્યાત્વ છે. આહાહા..!

'હું નારક છું' એવો જે અધ્યવસાય તે મિથ્યાત્વ છે. આહાહા..! એમ હું તિર્યંચ છું, હું મનુષ્ય છું, હું દેવ છું એવો જે અધ્યવસાય–એકત્વબુદ્ધિ એ મિથ્યાત્વ છે. આહાહા..! 'ઇત્યાદિ જે અધ્યવસાન છે...' ઇત્યાદિ એટલે એ. નારક, મનુષ્ય, તિર્યંચ અને દેવ. 'ઇત્યાદિ જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે...' આત્મા તો જ્ઞાનમયપણાને લીધે, જ્ઞાનસ્વભાવ જેનો ત્રિકાળ છે, આહા..! જ્ઞાનમયપણાને લીધે. જ્ઞાનવાળો એમ નહિ. જ્ઞાનમય–જાણનમય સ્વભાવવાળો. આહાહા..! આકરું કામ બહુ.

'જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે...' ભગવાનનો તો જ્ઞાયક–જાણક એવો એક સ્વભાવ છે. એની સાથે આ ચાર ગતિમાં હું છું–નારક, મનુષ્ય, તિર્યંચ એ અધ્યવસાય મિથ્યાત્વ છે. આહાહા..! 'જ્ઞાનમયપણાને લીધે...' જ્ઞાન એટલે આ

શાસ્ત્રનું જ્ઞાન નહિ. જ્ઞાનમય–જ્ઞાનસ્વરૂપ. જેમ સાકરનું ગળપણ સ્વરૂપ, એમ ભગવાનઆત્માનું જ્ઞાનસ્વરૂપ. ત્રિકાળી જ્ઞાનમયપણાને લીધે સત્ અહેતુક. સત્ છે અને એને રહેવાને, થવાને કોઈ હેતુ નથી. એવો જ્ઞાયકભાવ જેનું એક રૂપ છે. જ્ઞાયકભાવ જેનું એક રૂપ અને સ્વરૂપ છે, 'એવા આત્માનો અને કર્મોદયજનિત નારક...' હું નારકી, મનુષ્ય આદિ તો કર્મોદય (જનિત) ગતિ આદિ છે.

'ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે...' ઓ..હો...! કાંકરા અને ઘઉં બે જુદા નહિ જાણવાને લીધે કાંકરા કાઢતો નથી. એમ ભગવાન જ્ઞાયકભાવ સત્ અહેતુક જ્ઞાયકસ્વભાવને લીધે એકરૂપ છે. એને આ કર્મોદયના નિમિત્તથી થતા ચાર ગતિના ભવ, શરીર નહિ, હોં! ચાર ગતિનો ઉદય–નારકી હું, દેવ હું, મનુષ્ય હું, એવા બેને જુદા ન જાણતા, ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી. નારકી છું, મનુષ્ય છું, દેવ છું એને લઈને ભિન્ન જ્ઞાયકભાવ સ્વભાવના અજ્ઞાનને લીધે. આહાહા..! 'તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,...' આહા..! એ નારકી, હું મનુષ્ય છું. આ શરીર નહિ, મનુષ્યગતિ અંદર છે, ઉદય (છે), કર્મના નિમિત્તથી ગતિની પોતાની યોગ્યતા. આહાહા..! તે ગતિ તે હું છું. એવા જ્ઞાયકભાવ અને આ ગતિનો કર્મોદયનો ભાવ બેને ભિન્ન ન જાણવાને લીધે. આહાહા..! આવો માર્ગ હવે. 'તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,...'

'ભિન્ન આત્માનું અદર્શન હોવાથી...' સત્ અહેતુક જ્ઞાયકસ્વભાવના દર્શનના અભાવે, અદર્શનને લઈને એ નારકી આદિ ચાર ગતિ હું છું, એવો અધ્યવસાય તે મિથ્યાદર્શન છે. આહાહા..! ઝીણો માર્ગ છે, ભાઈ! મનુષ્યગતિ વિના કેવળજ્ઞાન ન થાય. વજ્રનારાચસંહનન વિના કેવળજ્ઞાન ન થાય. તેથી એમ માને કે મનુષ્યગતિ મને લાભદાયક છે. આહાહા..! સમજાય છે? મનુષ્યગતિ વિના ચારિત્ર–સંયમ ન હોય. ત્રણ ગતિમાં સંયમ–ચારિત્ર નથી. પણ તે મનુષ્યગતિમાં છે માટે ગતિને લઈને છે, એમ નથી. આહાહા..! એ મનુષ્યગતિ હું છું, એવું માનનાર; જ્ઞાયકસ્વભાવ સત્ અહેતુક તેનું અને આનો ભેદ નહિ કરતાં, જુદા ન જાણતાં સ્વભાવના અજ્ઞાનને લઈને, એ અધ્યવસાય અજ્ઞાન છે. શ્રદ્ધામાં જ્ઞાયકભાવ, મનુષ્યગતિના ઉદયથી જ્ઞાયકભાવ ભિન્ન છે, એમ ન જાણતા પોતાના જ્ઞાયકભાવની શ્રદ્ધા નહિ કરતાં, હું મનુષ્યગતિ છું તેવી શ્રદ્ધા તે મિથ્યાદર્શન છે. આહાહા..! સમજાય છે? આહાહા..! આવી વાત છે. વીતરાગમાર્ગ..

જ્ઞાયકભાવ ભગવાન ત્રિકાળ નિરાવરણ અખંડ એકસ્વરૂપ પ્રભુ, એવા જ્ઞાયકભાવ આત્માને ન જાણતાં, ગતિ તે હું છું, એમ માનીને અજ્ઞાનને સેવે છે. એમ જ્ઞાયકભાવ સત્ અહેતુક ત્રિકાળી વસ્તુ ભગવાનને ન શ્રદ્ધતા, તેને ન માનતા મનુષ્યગતિ તે હું, એમ માની ભેદ નહિ કરતાં તે મિથ્યાદર્શનને પામે છે. આહાહા..! ધીરાનું કામ છે, ભાઈ! આહાહા..!

અંદર ભગવાન જ્ઞાયકસ્વભાવ સત્ છે, સત્ છે, અહેતુક છે. તેના હોવાપણામાં કોઈ

હેતુ નથી. જ્ઞાયકભાવને હોવાપણામાં કોઈ હેતુ નથી. પોતે સ્વતંત્ર છે. આહા..! અને તેથી જ્ઞાયકભાવને ન શ્રદ્ધતા ગતિ આદિ હું છું, એમ માનતા તે મિથ્યાદર્શન છે. આહાહા..! હવે અહીં અંતરની વાતું છે આ.

મુમુક્ષુ :– ધર્મ પણ અંતરમાં જ થાય છે.

ઉત્તર :– હા. મિથ્યાદર્શન આદિ પણ અંતરમાં થાય છે અને સમ્યગ્દર્શન પણ અંતરમાં થાય છે. આહાહા..! મનુષ્યગતિ હું નહિ, એ પછી કહેશે. મુનિને આવા અધ્યવસાય ન હોય. આહાહા..! મુનિને ન હોય એમ કહે છે, પણ સમકિતીને પણ એ અધ્યવસાય ન હોય. મુનિપણાની મુખ્યતાથી વાત કરી છે. આહાહા..!

'અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી...' એટલે? જ્ઞાયકભાવનું આચરણ, અંદર એકાગ્રતા ન હોવાથી. જ્ઞાયકભાવ ભગવાન ત્રિકાળી નિરાવરણ શુદ્ધ પરમસ્વભાવ ભાવનું આચરણ નહિ હોવાથી, એનું અનાચરણ હોવાથી તે 'અચારિત્ર છે.' એ અધ્યવસાય તે અચારિત્ર છે. સમજાય છે કાંઈ? આહા..! એ ટીકામાં એ વાત રહી ગઈ હતી એટલે નાખી છે.

હવે આ બાજુ. 'વળી 'આ ધર્મદ્રવ્ય જણાય છે...' ત્રીજો બોલ છે. પહેલા બોલમાં એ કહ્યું, હિંસા, જૂઠું, ચોરી, વિષય, રાગ અને પરિગ્રહ એ હું છું. બીજામાં એમાં ને એમાં અહિંસા, સત્ય, દત્ત, શરીરથી બ્રહ્મચર્ય, પરિગ્રહનો ત્યાગ એવો વિકલ્પ તે હું છું, એવો અધ્યવસાય તે મિથ્યાત્વ છે. બીજામાં હું નારકી, મનુષ્ય, દેવ ગતિ આદિ છું. જ્ઞાયકભાવ છું એ ભૂલી જાય છે. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને નહિ જાણતા, નહિ માનતા, નહિ આચરણ કરતા એ ગતિ આદિ હું છું, એમ શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ કરતાં મિથ્યાજ્ઞાન, મિથ્યાશ્રદ્ધા, મિથ્યાઆચરણ થાય છે. આહાહા..!

હવે અહીં ત્રીજો બોલ કહે છે. ધર્મ–ધર્માસ્તિ નામનું એક તત્ત્વ છે. ભગવાને જોયું છે. આ લોકમાં જડ અને ચૈતન્ય ગતિ કરતાં (પદાર્થ છે). જેમ પાણી નિમિત્તરૂપે માછલાને ગતિ કરતા હોય છે, એમ જડ અને ચૈતન્યને ગતિ કરતાં એ નિમિત્ત તરીકે (છે). ઉપાદાન તો પોતે ગતિ કરે છે ઇ. ઇ ગતિ કરાવતા નથી. આહાહા..! એવું ધર્માસ્તિ નામનું સર્વજ્ઞ પરમેશ્વરે દ્રવ્ય જોયું છે. સર્વજ્ઞ સિવાય કોઈ મતમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય નથી. વીતરાગ જિનેશ્વર પરમેશ્વર સિવાય જગતમાં ધર્માસ્તિ અને અધર્માસ્તિ સત્ છે, છતાં તેને સર્વજ્ઞ સિવાય કોઈએ જાણ્યું નથી. આહાહા..! એ સર્વજ્ઞ એમ કહે છે, કે ધર્માસ્તિ નામનું દ્રવ્ય છે.

'ધર્મદ્રવ્ય જણાય છે' ઇત્યાદિ...' ઇત્યાદિ એટલે? અધર્માસ્તિકાય હું છું, ધર્માસ્તિકાય હું છું. હું જ્ઞાયકભાવ છું એમ છોડીને હું જાણનાર જ્ઞાયક ત્રિકાળ, ચૈતન્ય અહેતુક સત્ સ્વભાવ જાણનાર-દેખનાર એ હું છું, એમ છોડીને, એ ધર્માસ્તિકાયનો વિકલ્પ ઉઠ્યો તે હું છું, એમ માનીને મિથ્યાજ્ઞાન અને મિથ્યાશ્રદ્ધાને સેવે છે. આહાહા..!

એમ અધર્માસ્તિ. અધર્માસ્તિ નામનું એક તત્ત્વ છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયું

છે અને એ છે. એ જડ અને ચૈતન્ય ગતિ કરતાં પોતાના સ્વતંત્ર ભાવથી સ્થિર થાય ત્યારે તે અધર્માસ્તિકાય નિમિત્ત કહેવામાં આવે છે. જ્ઞાયકભાવ હું છું એમ ન જાણતાં, એ અધર્માસ્તિકાયનો જે વિકલ્પ ઉઠ્યો તે હું છું, એમ માનીને અજ્ઞાન, અશ્રદ્ધા અને અચારિત્રને સેવે છે. આહાહા..! આવી વાતું હવે.

એમ કાળ. કાળ એક દ્રવ્ય છે, અસંખ્ય. એમ ન માનતાં કાળ હું છું, હું જ્ઞાયક છું એમ ભૂલીને કાળનો વિકલ્પ ઉઠ્યો તે હું છું. એમ પુદ્ગલ. પરમાણુથી માંડીને મહાસ્કંધ. લોકમાં મહાસ્કંધ છે. એ પુદ્ગલ છે તે હું છું, એ મારા છે, પરમાણુ એ મારા છે. આહાહા..! હું લાડવો કરી શકું છું, વાળી શકું છું, મેસુબના ચોસલા હું પાડી શકું છું, આહાહા..! એ પુદ્ગલને પોતાનું માને છે. કહો, આ ઢેકળા નથી થતાં? છરીથી આમ ભેગા કરે છે. એ ક્રિયા પુદ્ગલની છે. છતાં અજ્ઞાની, હું જ્ઞાયકભાવ છું એ ભૂલીને એ પુદ્ગલની ક્રિયા તે મારી છે, એ પુદ્ગલ જ મારા છે, એમ અજ્ઞાનથી અધ્યવસાય સેવે છે. આહાહા..!

દાઢથી, આ દાંત છે, મોઢામાં છે ત્યાં સુધી તે અશુચિ ન કહેવાય. છે તો હાડકા. આહાહા..! પણ એ હાડકા-દાંત મારા છે અને એ વડે હું ચાવું છું. એ પુદ્ગલની ક્રિયાને પોતાના જ્ઞાયકભાવમાં જુદી ન પાડતાં તેને પોતાનું માને છે. આહાહા..! જુઓ! આ પ્રભુ! વીતરાગમાર્ગનો વિવેક. આહાહા..! સમજાય છે કાંઈ? એ દાંત બહાર નીકળે એટલે અપવિત્ર થઈ જાય. પછી (કહે), એને હાથ અડાડશો નહિ. અહીં હોય ત્યાં સુધી પવિત્ર થઈ જાય! છે તો હાડકા, પણ અહીં છે એટલે મારા, પવિત્ર છે. બહાર નીકળે તો અપવિત્ર. એમ હાડકાની અવસ્થાને જ્ઞાયકભાવ હું છું એમ એને અને એની અવસ્થાને જુદું ન પાડતાં, તે હું છું એમ માને છે તે અજ્ઞાન છે, એ મિથ્યાશ્રદ્ધા છે અને મિથ્યા આચરણ છે.

મુમુક્ષુ :- આખી દુનિયા એમ માને છે.

ઉત્તર :- દુનિયા આખી આમ છે, બાપુ! પ્રભુ! શું કહીએ? આહાહા..! ભગવાનનો માર્ગ કોઈ અલૌકિક છે. આહાહા..!

દાંતણ વડે આમ દાંત ઘસે. એ દાતણથી હું દાંતને ઘસુ છું. એ દાતણની ક્રિયા તો જડથી થાય છે, છતાં મારાથી થાય છે, એમ માની અને એ ક્રિયાને અને જ્ઞાનના જ્ઞાયકભાવને એક માની મિથ્યાત્વને સેવે છે. આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાતું છે. કહો, 'તખતભાઈ'! આહાહા..! ઝીણી વાતું બહુ.

એક રજકણથી માંડીને... આહાહા..! અણસ્થિત મહાસ્કંધ, જગતમાં આખો એક સ્કંધ છે. ભગવાન જ્ઞાયક સ્વભાવ છે, એને પોતાને પરથી ભિન્ન ન જાણતાં તે પુદ્ગલની પર્યાય અને પુદ્ગલ તે મારા છે અને હું એની ક્રિયા કરું છું, એવો જે અધ્યવસાય તે મિથ્યાત્વ છે. આહાહા..! એવું જે જ્ઞાન તે સ્વરૂપનું અજ્ઞાન છે. આહાહા..! અને એ સ્વરૂપનું અનાચરણ છે. જડની ક્રિયા તે મારી, એવું વિકારનું આચરણ થયું એ સ્વરૂપનું અનાચરણ છે. આહાહા..!

કહો, સમજાય છે? ઝીણું છે, ભાઈ!

વીતરાગ ત્રણલોકના નાથ પરમેશ્વર જિનેશ્વરદેવ કેવળજ્ઞાનથી ત્રણકાળ ત્રણલોકને જોયા એમાં ભિન્ન ભિન્ન ચીજ છે તેમ જોયું અને ભિન્ન ભિન્ન છે તેમ કહ્યું, છતાં તે અજ્ઞાની ભિન્નને પોતાની અભિન્ન તરીકે માને એ અજ્ઞાન અને મિથ્યાદર્શન છે. આહાહા..! કહો, 'હિંમતભાઈ'! આવું છે. આવું ઝીણું ક્યાં પકડવું? કહો, 'રામજીભાઈ'! ઓલા ખેતરમાં બધા પૈસા પેદા થાય, પાંચ-દસ લાખ. આવી વાત! આહાહા..! પણ ઇ કહે છે, કે એ જડ છે, એ મને મળ્યા. તો જ્ઞાયકભાવને જડ તરીકે માન્યો. આહાહા..! આહાહા..! દરેકમાં એ છે. જ્ઞાયકભાવ. છે ને? આ તો હજી પહેલા છ બોલ લીધા.

એમ પર જીવ. સ્ત્રી, કુટુંબ-પરિવાર, દીકરા, દીકરી મારા છે. એ આમાં આવે છે. એ દીકરા મારા, દીકરી મારી, વહુ મારી, મારા છોકરા, એની વહુ મારી. પ્રભુ! કેટલા મારા તેં ઊભા કર્યા? આહા..! એવો જે જ્ઞાયકભાવ પ્રભુ, એને ભૂલી અને એ મારા છે એવો જે અધ્યવસાય કરે છે એ અજ્ઞાન ને મિથ્યાદર્શન અને અનાચરણ છે. આહાહા..! શું સંતોની શૈલી! ઓહોહો..! જગતની પાસે ભિન્નપણાની ભાવના કરાવવાની લાઈન! આહાહા..! પ્રભુ! તું ભિન્ન છો ને! એક કોર સારું વિશ્વ અને એક કોર પ્રભુ જ્ઞાયક. આહાહા..!

જ્ઞાયકસ્વભાવ સત્ છે, અહેતુક છે. આહાહા..! એવો જે ભગવાન જ્ઞાયકસ્વભાવ વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ, જેમાં અનંત અનંત ગુણ વસેલા છે, એવા જ્ઞાયકભાવને ન જાણતા, તેનાથી ભિન્ન ચીજને મારી (માને છે). જીવ મારો, આ જીવ મારો, આ દીકરો મારો.. આહાહા..! આ ભાઈ મારા. બે ભાઈઓ (હોય). ભાઈઓ કાંઈ, પાણી ડાંગે માર્યા જુદા પડે? પાણીમાં ડાંગ મારે તોય પાણી પાછું ભેગું થઈ જાય. એમ ભાઈઓ કાંઈ જુદા પડે? બાપા! એમ કહે છે. અરે..! બાપુ! પણ ભાઈ તારે હતો કે દિ'? આહાહા..! એથી તો જ્યારે મકાન બનાવે, છ ભાઈઓ હોય, મકાન બનાવે તો આમ આખી ઓસરીમાં બે-બે થાંભલીઓ નાખે. જોયું છે ને? કારણ કે વેંચવું હોય તો આ થાંભલી આની કોર અને આ થાંભલી આની કોર, વચમાં નાખી દે. આહાહા..! થાંભલી સમજાય છે? ખંભા. મોટી લાંબી ઓસરી હોય ને? છ ભાઈઓ વચ્ચે. વચ્ચે હોય ત્યાં સુધી બધું એક હોય, પણ મૂળ તો પહેલેથી બે-બે આમ ભેગા રાખે થંભા. અહીં વચમાં નાખે તો આની કોરનું આની કોર અને આની કોરનું આની કોર. આહાહા..! પહેલેથી તું જુદા પાડે છે તો પહેલેથી આમ જુદા પાડ ને. હેં? 'શાંતિભાઈ'! એ પહેલેથી જુદા પાડ ને! પ્રભુ! હું તો જ્ઞાયક છું ને! પર તો બીજી થાંભલી કોર ગયેલા, પરમાં જાય છે ઇ. આહા..! એ રજકણ પણ નહિ અને એ જીવ પણ નહિ. આહાહા..! અરે..! ત્રણલોકનો નાથ દેવ એ જીવ પણ હું નહિ. મહા સંત 'કુંદકુંદાચાર્યદેવ' જેવા ગુરુ, પણ એ જીવ હું નહિ. હું તો જ્ઞાયકભાવ (છું) એમ ભૂલીને પર જીવને પોતાના એકત્વ અધ્યવસાયથી માને, થતાં નથી, પણ માને. આહાહા..! આવું

હવે ક્યારે મૂકે? આહાહા..!

વીસ-પચીસ વર્ષનું જુવાન શરીર હોય... આહાહા..! જુવાન સ્ત્રી હોય, જુવાન ધણી હોય. પાંચ-પચીસ લાખ પૈસા હોય, મકાન-બકાન (હોય), રળતા હોય. પાંચ-પંદર આહાહા..! અરે..રે...! આ બધો ઘેરાવો, જડ અને પર આત્માના ઘેરાવામાં પોતે ઘેરાઈ ગયો. 'શિવલાલભાઈ'! તમારે તો કોઈ છોકરો, છોડી નથી. ઇ કહેતા હતા, થોડો ભાગ ઓછો કર્યો છે. ભાઈનો દાખલો આપ્યો ને? 'હસમુખ'નો. 'હસમુખે' તો આખું કાઢી નાખ્યું. ત્રણ ભાઈઓમાંથી આખું કાઢી નાખ્યું. ત્યારે કહે, મેં પણ ભાગ ઓછો કર્યો છે. એને તો બે છોકરા છે–એક છોકરો અને છોડી. આને તો કાંઈ નથી. આ તો એક દાખલો (છે). એ તો દુનિયામાં બને જ છે ને!

મુમુક્ષુ :– દીકરાની તો આપ ના પાડો છે, દીકરા માને તો ખોટું માને છે.

ઉત્તર :– ખોટું જ છે. પૈસા કેવા? દીકરા કેવા? દીકરી કેવી? ભાઈ! પૈસા પુદ્ગલમાં જાય છે. દીકરા, દીકરીના આત્મા જીવમાં જાય છે. એ જીવ પર છે.

અહીં તો દેવ અને ગુરુનો આત્મા પણ, જીવ પર છે. આહાહા..! એ આમાં આવી ગયું. ધર્મ આદિ કહ્યું ને? આદિ એટલે છ દ્રવ્ય. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. આકાશને પણ પોતાનું માને છે. જે જગ્યામાં મકાનમાં રહેતો હોય એ મકાનની ઉપર પણ કોઈએ માળ ન ચડાવાય. એ બધો આકાશનો ભાગ પણ મારો છે. થાય છે કે નહિ? 'તખતરાજજી'! શું કીધું ઇ? મકાન ચણાવે ને? પછી બે માળ એમ ને એમ (રાખે). કોઈ સાત માળ કરીને માથે આમ નાખે (તો) નહિ નાખવા દે. પોતાના બે માળ હોય અને ઓલો સાત માળ કરી માથે (નાખવા જાય તો કહે), નહિ, મારી જગ્યા છે. અરે..! અરે..! આવી ભ્રમણામાં ભગવાન ભૂલ્યો ને! ઇ આકાશ મારું છે, એ ખેતર મારું છે. આહાહા..!

ભગવાન સત્રૂપે જ્ઞાયક અહેતુક સ્વતંત્ર ચીજ છે. તેને પરપદાર્થ સાથે ભિન્ન છે તેને ભિન્ન ન જાણતા, એકપણે જાણવો તે અધ્યવસાય મિથ્યાત્વ છે. છે? 'જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે...' હેઠે છે. (જ્ઞાનમયપણું અર્થાત્) 'આત્મા જ્ઞાનમય છે તેથી સત્રૂપ અહેતુક જ્ઞાન જ તેનું એક રૂપ છે.' પ્રભુનું. આહાહા..! આત્માનું તો જ્ઞાનસ્વરૂપ એક રૂપ છે. આ જડના રૂપ અને ધૂળના રૂપ તો જડના, માટીના છે. આહાહા..! એ રૂપ છે તે હું છું, હું રૂપાળો છું, એવી જડની પર્યાયને પોતાના ચૈતન્યના સ્વરૂપ સાથે એકત્વ કરવી (તે અજ્ઞાન છે). આહાહા..! આવો ઉપદેશ. ઓલું તો કાંઈક કરો, બસ! ઇચ્છામી પડિકમ્મણા, ઇરિયા.. વિહિયા... ઇચ્છામિ પડિકમ્મણું કર્યું હતું કે નહિ? પહેલા શરૂઆતમાં તો કર્યું હોય ને? એ તો અમે પણ કર્યું છે. હેં? આહાહા..! અહીં તો દસ વર્ષની ઉંમરે કરેલું. એંસી વર્ષ થયા. પડિકમ્મણું આખું. સામાયિક, પડિકમ્મણું હું કરાવતો, હોં! 'પાલેજ'માં પડિકમ્મણું હું કરાવતો. બધા પજોસણમાં. કાંઈ ખબર ન મળે. પડિકમ્મણું ભાષા કોની ને

જડ કોનું? આહાહા..!

અહીં પ્રભુ તો એમ કહે છે, શાંતિથી શાંતિનો માર્ગ સાંભળ, પ્રભુ! આહાહા..! આ શાંતિનો માર્ગ છે. પરની એકતા તોડતા શાંતિ થાય, બાકી પરની એકતા માનતા અશાંતિ અને મિથ્યાત્વ થાય. આહાહા..! ઇત્યાદિ એટલે છએ દ્રવ્ય. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, જીવ અને પુદ્ગલ. 'ઇત્યાદિ જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે...' ભગવાનઆત્મા સત્‌રૂપ અહેતુક જ્ઞાન જેનું એક રૂપ–સ્વરૂપ છે. આહાહા..! ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર પ્રભુ છે. આહાહા..! એવા ચૈતન્યના પ્રકાશના નૂરના પૂરની સાથે, પરદ્રવ્યને આ મારા છે, એમ એકત્વબુદ્ધિ કરવી, એ મિથ્યા અજ્ઞાન છે. આહાહા..!

'જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા આત્માનો અને જ્ઞેયમય એવાં ધર્માદિક...' જોયું? ધર્માસ્તિકાય જ્ઞેય છે. ભગવાન ત્રિલોકનાથ પણ જ્ઞાનમાં જ્ઞેય છે. આહાહા..! એ પણ જ્ઞેય-જ્ઞાયક સંબંધ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી છે. પણ અહીં તો ભેદ પાડીને સમજાવવું છે ને? દીકરો છે એ જ્ઞેય છે. મારો છે એમ નથી, એ તો જ્ઞેય છે. દીકરી મારી છે એમ નથી, એ તો જ્ઞાનમાં જ્ઞેય છે. આહાહા..! જણાય એવું છે. પૈસા તારા નથી પણ પૈસા તે જ્ઞેય છે. આ ઇન્દ્રિયો જે જડ છે તે જ્ઞેય છે, તારી નથી પણ એ જ્ઞેય છે. આહા..! પુદ્ગલમાં આવે ને ઇ? આહાહા..! એમ આ કપડા ને.. આહાહા..! એ બધા જ્ઞેય છે, તારા નથી. પણ અમે ઓઢ્યા છે ને? આ ટોપી ને આ કપડા. કોણ ઓઢે? ભાઈ! આહાહા..! હવે આવો માર્ગ સાંભળવો કઠણ પડે, એ સમજે કે દિ', પરિણમાવે કે દિ'? ભાઈ! આહાહા..!

એવો ત્રિલોકનાથ જિનેશ્વર પરમાત્માનો આ હુકમ છે. એનો આ આદેશ–આજ્ઞા છે. પ્રભુ! તું જિનેશ્વરને જો માનતો હો તો જિનેશ્વરની આજ્ઞા આ છે. આહાહા..! કે, દરેક પરમાણુ અને દરેક જીવ, તારા જ્ઞાયક સ્વભાવથી ભિન્ન છે. એને તું મારા છે, એમ માનીને અધ્યવસાય કર પ્રભુ! એ તો આજ્ઞા બહારનું અજ્ઞાન છે. આહાહા..! કહો, 'શુકનલાલજી'! તમારે તો એક બાયડી ને છોડી, બે છે. હેં? નાની ઉંમરમાંથી બ્રહ્મચર્ય લઈ લીધું છે ને! છોકરો નહિ તોય લઈ લીધું. એક જ છોડી છે. આહાહા..! અહીં તો છોડી પણ નથી, છોકરો નથી ને બાયડી નથી કોઈના. આહાહા..!

જ્ઞાયકભાવ આત્મા પ્રભુ, ભગવંત! તારું સ્વરૂપ તો ચૈતન્ય અહેતુક જ્ઞાયક છે ને! એ તારું રૂપ અને એ તારું સ્વરૂપ ને એ તારો માલ (છે). હેં? આહાહા..! એવા માલ વિના તું પ્રભુ! બીજાની ચીજને તું તારામાં માન, પ્રભુ! ખૂન થાય છે, ચૈતન્યનું ખૂન થાય છે. આહાહા..! એ જ્ઞાયકભાવ, એવો સત્‌ અહેતુક પ્રભુ, બાળક હો કે જુવાન હો, વૃદ્ધ હો. આબાળગોપાળ (સૌમાં) ભગવાન પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે. આહાહા..! એ જ્ઞાયક સત્‌ અહેતુક છે. છે એનો હેતુ શો હોય? આહાહા..! આ તો દ્રવ્યની વાત છે, પણ પર્યાય પણ જ્ઞપ્તિ

અહેતુક છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

'જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા આત્માનો અને જ્ઞેયમય એવાં ધર્માદિક...' એ ધર્માસ્તિ, સર્વજ્ઞદેવ તે જ્ઞેય છે. આહાહા..! ભગવાનના શાસ્ત્રો પણ જ્ઞાનમાં જ્ઞેય છે. પ્રભુ! તે જ્ઞેય છે અને તું જ્ઞાયક છો. આહાહા..! આ સિવાય એ ચીજ મારી છે અને એનાથી મને જ્ઞાન થયું, શાસ્ત્રથી મને જ્ઞાન થયું, (એમ નથી). અરે..! ગજબ વાત છે! અર..ર..ર...! શાસ્ત્રના પાના અને શાસ્ત્ર તો કહે છે, કે જ્ઞેય છે ને! એનાથી જ્ઞાન થાય? જ્ઞાન એમાં છે કે જ્ઞાન અહીં છે? આહાહા..! સમજાય છે? સમજાય એવી ભાષા તો સાદી છે, પ્રભુ! આહાહા..! દેહને ન જો, નાથ! અંદર ભગવાન છે. જ્ઞાયકભાવથી ભરેલો સત્ અહેતુક (છે). આહાહા..! સત્સાહેબ ચિદાનંદ પ્રભુ પોતાની હૈયાતી પોતાથી રાખે છે. એવા જ્ઞાયકભાવને અને ધર્માસ્તિ, પુદ્ગલ પરમાણુ, શરીર, વાણી, મન, પૈસા, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ-પરિવાર, દીકરા-દીકરી, દેવ-ગુરુ-શાસ્ત્ર એ બધા જ્ઞાનમાં જ્ઞેય છે. આહાહા..! આવું ગળે ઉતરવું (કઠણ પડે). કહો, 'ચીમનભાઈ'! આવું છે. આજે રવિવાર છે, તમારો રવિવાર. આહાહા..!

પ્રભુ! તું એક કોર રામ અને એક કોર ગામ. એક કોર આત્મારામ જ્ઞાયકભાવ અને એ સિવાય રાગથી માંડીને પરદ્રવ્ય બધા જ્ઞેય છે. આહાહા..! એ જ્ઞેયને જ્ઞેય તરીકે ન જાણતા, જ્ઞેયને મારું જ્ઞાન છે, એમ માને, મારા છે (એમ માને તે અજ્ઞાન છે). આહાહા..! 'જ્ઞેયમય એવાં ધર્માદિક...' છે? ધર્માદિક પછી શું છે? 'ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે...' પુદ્ગલના રૂપનો વિશેષ નહિ જાણવાને લીધે, બીજા જીવનો વિશેષ નહિ જાણવાને લીધે, 'ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી...' આહાહા..! જ્ઞાયકભાવ પ્રભુ છે, એનું એને અજ્ઞાન છે. આ મારું છે એમ માનીને જ્ઞેયને પોતાનું માને છે. એ જ્ઞાન મારું છે એમ ન માનતા, જ્ઞેય મારું છે એમ માનતા, અજ્ઞાનને સેવે છે. આહાહા..!

'આત્માનું અજ્ઞાન હોવાથી...' એટલે કે આત્મા જ્ઞાયક છે તેનું અજ્ઞાન હોવાથી. એ જ્ઞેય મારા છે એમ માનતા, તે જ્ઞાયકનું અજ્ઞાન હોવાથી. આહાહા..! જરી ઝીણું છે, ભાઈ! એ જુવાનોને જરી (કઠણ) લાગે પણ બધાને સમજવા જેવું છે, પ્રભુ! આહાહા..! અરે..! આવા ટાણા ક્યારે મળે? ભાઈ! મનુષ્યનો એક સમય..! આહાહા...!આત્માને સમજવા માટે એની મોંઘપ કીધી છે. ભોગને માટે ને બહારને માટે નથી. આહાહા..! કૌસ્તુભમણિથી પણ કિંમતી કીધું છે. 'શ્રીમદ્'માં આવે છે. આહા..! એ આત્માને માટે છે. અરે..! આવું ટાણું ક્યાં હોય? ભાઈ! આહાહા..! તિર્યંચમાં, નારકીમાં, દેવમાં ક્યાંય ન મળે.

એ જ્ઞેયપણાને પામેલા. જ્ઞાનસ્વરૂપ ભગવાન, જ્ઞાયકભાવ સ્વરૂપ પ્રભુ, એમાં પરદ્રવ્યો તે જ્ઞેયપણાને પામેલા, એ જ્ઞેયપણે પામેલાને ન માનતા.. આહાહા..! 'ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી...' આમ શબ્દ લીધો છે, જોયું? જ્ઞેયથી (ભિન્ન) જ્ઞાયકસ્વભાવનું જ્ઞાન નહિ હોવાથી, શ્રદ્ધા નહિ હોવાથી.

આહાહા..! 'ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે...' જ્ઞેય તે જ્ઞાયકભાવના છે, જ્ઞેય તે જ્ઞાયકભાવના છે એ અદર્શન અને મિથ્યાદર્શન છે. આહાહા..!

આ ચક્રવર્તીના રાજમાં રહેવું કે નહિ? રહે છે કોણ? આહા..! એ તો કહે, હું તો જ્ઞાયક છું, પ્રભુ! આ બધા રહે છે એ એનામાં રહે છે. મારે લઈને નહિ અને મારામાં નહિ. આહાહા..! એ છન્નુ કરોડ પાયદળ, છન્નુ હજાર સ્ત્રીઓ. છન્નુ હજાર સ્ત્રીઓ! એક સ્ત્રીની હજાર દેવ સેવા કરે. એ મારા નહિ અને હું એનો નહિ. મારામાં એ નહિ અને એનામાં હું નહિ. હું તે મારામાં અને એ તે તેનામાં. આહા..! એમ ન માનતા, આત્માનું અદર્શન. ભગવાન જ્ઞાયક છે અને તે જ્ઞેય છે, એમ ન માનતા, અદર્શનથી મિથ્યાદર્શન છે.

'અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી....' તે મારા છે, એવા આચરણવાળો, એને ભિન્ન જ્ઞાયકસ્વભાવનું અનાચરણ હોવાથી. આહાહા..! '(તે અધ્યવસાન) અચારિત્ર છે.' આહાહા..! હવે અહીં શુભજોગ છે એ મારા છે, એ જ્ઞેય છે એને મારા માને એ અચારિત્ર છે. આહાહા..! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ! માર્ગ એવો છે, પ્રભુ! તને લાભ થાય એ વાત છે. આહાહા..! તને નુકસાન થાય છે, પ્રભુ! એની વાત ચાલે છે. તને એમ ન લાગવું જોઈએ કે, અરે..રે..! અમારી વાત ખોલે છે. હેં? પ્રભુ! તને લાભ થાય તે માટે વાત છે. પરમાત્મા તને લાભ થાય તે વાત કરે છે. તારા દૂષણ બતાવે છે, એ દૂષણ તે તારું સ્વરૂપ નથી, એમ બતાવીને દૂષણથી તું રહિત છો એમ બતાવે છે. આહાહા..! અને તને આનંદનો લાભ થાય એ માટે પ્રભુ તને આ બતાવે છે. તું એમ ન માન કે, અરે..રે..! અમે શુભજોગથી ધર્મ માનીએ માટે અમારો અનાદર કરે છે. એમ ન માન, પ્રભુ! આહાહા..! તને શુભજોગથી ભિન્ન પાડીને તને તારા સ્વરૂપમાં રહેવાનું બતાવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પ્રભુ! બધા સુખાનંદ (પામો). ભાઈ લખે છે, નહિ? 'દસલક્ષણ'માં છેલ્લે લખે છે. હું બધી વાત કરું છું, પણ મારી પવિત્ર ભાવનાથી બધા આત્માઓ સુખાનંદ, અતીન્દ્રિય આનંદને પામો, કોઈ વિરોધમાં ન રહો. અતીન્દ્રિય આનંદને પામો, પ્રભુ! આહાહા..! એવી ભાવના કરીને હું વિરામ પામું છું, એમ લખ્યું છે. વાંચ્યું છે ને? 'દસલક્ષણ'. 'તખતરાજજી'એ બધાને આપ્યું છે ને? આહાહા..! માળાની મીઠી ભાષા. પોલ બધી ખોલી છે. સાત પડિમાધારી હોય એ પણ ગૃહસ્થાશ્રમમાં રહે, પોતાથી આહાર બનાવે અને પોતે કમાયને ખાય અને તું લૂગડું ફેરવીને ધર્મશાળામાં બેઠો, બીજાને માથે ભાર નાખવા. કેવી વાત કરી છે! પણ પછી પ્રભુ! એમ કહ્યું, ભાઈ! તને આ દૂષણ બતાવવા માટે, રાખવા માટે નથી બતાવતા. તારા દોષ કરીને તારી નિંદા કરવા માટે નથી. પણ તારું સ્વરૂપ આ વિરુદ્ધ છે, પ્રભુ! આહાહા..! એને ટાળીને તું સુખાનંદ અતીન્દ્રિય આનંદને પામ. આહાહા..! કહો, 'ચેતનદાસજી!' આહાહા..! આવી વાત છે.

અહીં પરમાત્મા (કહે છે), અત્યારે સંતો કહે છે, મુનિ 'અમૃતચંદ્રાચાર્યદેવ'.

'કુંદકુંદાચાર્યદેવ'ની ગાથા (છે). ગાથાનો આ ભાવાર્થ છે, ટીકાનો એ અર્થ છે. માણસ નથી કહેતા? તું મારી શું ટીકા કરે છે? ટીકા એટલે વિસ્તાર. એમ આ વસ્તુમાં છે એની ટીકા કરીને બતાવે છે. અરે..રે..! એવા 'અમૃતચંદ્રાચાર્યદેવ'ને માટે, પોતાની દૃષ્ટિમાં મેળ ન ખાય માટે એને કાષ્ટાસંઘી કહેવા અને 'જયસેનાચાર્યદેવ'ની (ટીકામાં) વ્યવહાર સાધક છે, નિશ્ચય સાધ્ય છે એ ઘણે ઠેકાણે આવે (એટલે) એને ઠીક પડે. આહાહા..! પ્રભુ! એનો અર્થ એમ નથી. એ આચાર્ય પણ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની હતા. આહાહા..! પેલાએ કીધું ને? કે, 'કુંદકુંદાચાર્યદેવ'ને માનતા બીજા આચાર્યોનું બલિદાન દેવું પડે છે. પ્રભુ! બીજા આચાર્યો એવા નથી. બીજા બધા આચાર્યો 'કુંદકુંદાચાર્યદેવ'ની દૃષ્ટિવાળા છે. આહાહા..! ભાઈ! એ કહેવાની પદ્ધતિ ફેર છે, વસ્તુફેર નથી. આહાહા..!

ભગવાન.. ભગવાન.. ચારે કોર. આહા..! પરમાત્મસ્વરૂપ પ્રભુ તું જ્ઞાયક છો અને આ બધા જ્ઞેય છે ને! દીકરો-દીકરી, દીકરા-વહુ, છોકરાઓ, પૈસા, મકાન, પરમાણુ, દાળ, ભાત, શાક, દાઢ... આહાહા..! એ દાગીના ને કપડા ને એ બધા જ્ઞેય છે ને! આહાહા..! પૈસા જ્ઞેય છે, ખાતા જ્ઞેય છે. પ્રભુ! તું તો જ્ઞાયક છો ને! એ જ્ઞાયક અને જ્ઞેયની એક માન્યતાથી તને મિથ્યાત્વ થાય છે, પ્રભુ! આહાહા..! જાણવા લાયક છે તેને એમ ન માનતા, માનવા લાયક છે એમ તેં માન્યું. આહાહા..! મારા છે, એમ માનવા લાગ્યો. પર છે, એમ જાણવા લાયક અને પર છે એમ માનવા લાયક બરાબર છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! શું સંતોની ટીકા! કેટલી ગંભીરતા ભરી છે!!

છ દ્રવ્ય, કોઈ દ્રવ્ય બાકી નહિ. એક આત્મા સિવાયના જેટલા દ્રવ્યો (તે બધા). આહાહા..! નાક ને આંખ ને જીભ ને આ બધું પુદ્ગલ માટી (છે). એ બધા જ્ઞેય છે. જ્ઞાયકભાવ પ્રભુ તું, એ તો જ્ઞેય છે. અને એ જ્ઞેય મારા કરીને, અધ્યવસાય કરીને પડ્યો પ્રભુ! તો તને જ્ઞાયકભાવનું તો અજ્ઞાન છે. જ્ઞાયકભાવની અશ્રદ્ધા અને જ્ઞાયકભાવના આચરણરહિત અનાચરણ છે. આહાહા..! કહો, 'તખતરાજજી'! આવું સાંભળવા નથી મળતું. એવી વાત છે, પ્રભુ! આહાહા..! શું સંતની વાણી! શું મીઠી મધુરી! ઝરણા ઝરે છે!! અમૃતના ઝરણા વહે છે!

'અમૃતચંદ્રાચાર્યદેવ' કહે છે, કે તારા સિવાયનો કોઈપણ એક પરમાણુ કે તારા સિવાયનો કોઈપણ જીવ.. આહાહા..! સ્ત્રી-પુત્ર હો કે દુશ્મન હો, એ બધા જ્ઞેય છે, દુશ્મન નથી. આહાહા..! મિત્ર તે મિત્ર નથી, તે જ્ઞાયકના જ્ઞેય છે. આહાહા..! તારો જ્ઞાયકભાવ પ્રભુ, સત્ અહેતુક સિવાય બાહ્યમાં જેટલી ચીજો, પરમાણુ અને જીવો (છે).. આહાહા..! એ બધા જ્ઞેયપણાને પ્રાપ્ત છે. એને ઠેકાણે મારા છે, એવી માન્યતા પ્રભુ! તું ઊભી કરે છો, તને નુકસાન છે. આહાહા..! એનાથી તને અજ્ઞાન અને અશ્રદ્ધા થાય છે અને આત્માનું અનાચરણ થાય છે. આહાહા..! આ અનાચરણ. લોકો સદાચરણ કહે છે ને? એ સદાચરણ પણ અનાચરણ

છે. રાગ ને સત્ય ને આ ને આ. આહાહા..!

સત્ અહેતુક એવો જ્ઞાયકભાવ, તેને જ્ઞેયથી ભિન્ન જાણીને અંદરમાં આચરણ કરવું તે સદાચરણ છે. એ સદાચરણ–સત્‌નું આચરણ છે. બાકી શુભ આદિ પરિણામ તે સત્ આચરણ નથી, એ તો અસત્‌આચરણ છે. અરે..રે..! જગતને આકરું પડે. આહાહા..! ‘રામજીભાઈ’! આવી વાત છે, ભગવાન! આહા..! પ્રભુ છો, ભાઈ! આહા..! તારી મોટપની, મહિમાની તને ખબર નથી. તારી મોટપની મહિમાની પ્રભુ! તને ખબર નથી અને બીજી ચીજની મોટપ અને મહિમા લાવે છો.. આહાહા..! (તેમાં) તારી દૃષ્ટિમાંથી તારી મહિમા ચાલી જાય છે, પ્રભુ! છો તો મહિમાવાળો. દૃષ્ટિમાંથી મહિમા ચાલી જાય છે. પરને મહિમા આપે. પૈસાવાળા ને આબરુવાળા ને બાયડીવાળા ને છોકરાવાળા, છોકરા આઠ-આઠ થયા ને બધા રળાઉ થયા. એમાં શું, ધૂળમાં શું થયું? આહાહા..!

એ અહીં પ્રભુ કહે છે, કે ‘(તે અધ્યવસાન) અચારિત્ર છે. માટે આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.’ ‘બંધ અધિકાર’ છે ને? હવે કહે છે, કે એ જેને નથી. જેને છે એ અસ્તિ સિદ્ધ કરી. હવે જેને નથી એ નાસ્તિ સિદ્ધ કરી. આહાહા..! સંતોને અને સમકિતીને એ નથી. મૂળ સંતની, મુનિપણાની વાત કરે છે, પણ સમકિતીને પણ એ અધ્યવસાય–એકત્વબુદ્ધિ નથી. આહાહા..! ભલે રાજમાં પડ્યો (હોય), ઇન્દ્રના ઇન્દ્રાસનમાં ‘શક્રેન્દ્ર’ એકાવતારી સમકિતી છે. કરોડો અપ્સરાઓ છે. કોઈ મારું નથી. મારું તે મારાથી જુદું હોય નહિ. જુદું તે મારું નહિ, મારું તે જુદું ન હોય. આહા..! હું તો જ્ઞાયક અને આનંદસ્વરૂપ, તે મારા સ્વરૂપથી જુદું ન હોય. એમ ઇન્દ્રના પદમાં પણ ઇન્દ્રાસનમાં રહેલો સમકિતી પોતાને એમ માને છે. આહાહા..! એ અજ્ઞાનીને એકત્વનો અધ્યવસાન હોય છે, જ્ઞાનીને હોતો નથી. એ વિશેષ કહેશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૩૧ ગાથા–૨૭૦ સોમવાર, આસો વદ ૩, તા. ૮-૧૦-૧૯૭૯

(આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે)

---

‘સમયસાર’ ૨૭૦ ગાથા. બીજો પેરેગ્રાફ. ‘માત્ર જેમને અધ્યવસાનો વિદ્યમાન નથી...’ શું કહે છે? કે, પરની હિંસા કરું કે દયા પાળું કે પરવસ્તુ મારી, એવું જે એકત્વ–અધ્યવસાય મિથ્યાત્વ છે, તે જેને નથી. મુનિની પ્રધાનતાથી કથન છે. જેમને તે નથી ‘તે જ કોઈક (વિરલ)...’ કોઈ ‘મુનિકુંજર...’ આહાહા..! મુનિવર. કોઈ વિરલ. ‘સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા...’ આહાહા..! દેહની ક્રિયા તો નહિ પણ દયા, દાન, રાગાદિની ક્રિયા પણ નહિ. જેને સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ એક ક્રિયા (છે). પર્યાયમાં સત્‌રૂપ.. પર્યાય પણ

સત્ છે. અહેતુક છે (અર્થાત્) કોઈ રાગ હતો માટે થઈ, એમ નથી. 'જ્ઞપ્તિ...' જાણનક્રિયા. પર્યાયમાં જાણનક્રિયા. એ સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ. અહીં 'જ' શબ્દ લીધો છે. આહાહા..! ધર્મીને સત્ અહેતુક જ્ઞપ્તિ જ એક ક્રિયા હોય છે, એમ કહે છે.

પર્યાયમાં રાગથી ભિન્ન, પરની એકત્વબુદ્ધિથી ભિન્ન, પોતાની જ્ઞપ્તિક્રિયા, જે પર્યાયમાં જાણનક્રિયા થાય છે તે જ એક ક્રિયા છે. આહાહા..! ઝીણી વાત (છે). અંતર ભગવાન.. અહીં હમણાં લેશે. જ્ઞાયક સ્વભાવ દ્રવ્ય છે અને જ્ઞાનસ્વભાવ ગુણ છે અને જ્ઞપ્તિક્રિયા જેની પર્યાય છે. આહાહા..! કારણ કે રાગ અને પરવસ્તુથી ભિન્ન પોતાની વસ્તુ જ્ઞાયક સ્વભાવ, જ્ઞાનરૂપ જાણી છે. જ્ઞાયકસ્વભાવ (તે) દ્રવ્ય, સ્વભાવ જ્ઞાનરૂપ. જાણી છે તો તેની જ્ઞાનક્રિયા એક છે. આહાહા..! લ્યો, આ ધાર્મિક ક્રિયા. જેની જ્ઞપ્તિ-જાણન.. જાણન.. જાણન (ક્રિયા). જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય જ્ઞાયકભાવ, એનો જે જ્ઞાનસ્વભાવ, એની વર્તમાન પરની એકતાબુદ્ધિ ગઈ અને પોતાની પર્યાયમાં પોતાના દ્રવ્યની એકતાબુદ્ધિ થઈ તો જ્ઞાયકભાવ, તેનો જ્ઞાનગુણ સ્વભાવ, તેની વર્તમાન જ્ઞપ્તિ-જાણનક્રિયા માત્ર એક ક્રિયા છે. આહાહા..! આ ધર્મ, આ ધાર્મિક ક્રિયા.

સમ્યગ્દષ્ટિને પણ આમ હોય છે, પણ અહીંયાં મુખ્યપણું મુનિનું (લીધું છે). ત્રણ કષાયનો અભાવ છે. આહા..! મુનિને મુનિપણું કેવું હોય છે? આહાહા..! મુનિ પંચ પરમેષ્ઠીમાં આવ્યા છે તો તેની ક્રિયા પર્યાયમાં કેવી હોય છે? કે, જ્ઞપ્તિ જેની એક ક્રિયા (છે). જ્ઞપ્તિ જ. એવો શબ્દ છે? 'જ્ઞપ્તિ જ જેની એક...' જ અને એક. આહાહા..! જાણનક્રિયા.. જાણનક્રિયા.. જાણનક્રિયા. જાણનક્રિયારૂપી પરિણમન એક જ જેની ક્રિયા છે. આહાહા..! આ મુનિપણું. આહાહા..! આ ધાર્મિક ક્રિયા. હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ વાસના એ તો પાપ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો પુણ્ય છે. એ ધર્મ નહિ. એ ધાર્મિક ક્રિયા જ નથી. આહાહા..!

ધાર્મિક ક્રિયા.. ધર્મી એવો જે ભગવાન જ્ઞાયક સ્વભાવ, તેનો ધર્મ જે ત્રિકાળી જ્ઞાન સ્વભાવ, તેની પરિણતિ-વર્તમાનમાં જ્ઞપ્તિ ક્રિયા-જાણન ક્રિયા. આહાહા..! શ્રદ્ધાની ક્રિયા. આહા..! એકરૂપ સ્થિરતાની ક્રિયા. ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ લોકોને એકાંત લાગે છે. અહીં તો એકાંત જ છે. એક જ જ્ઞપ્તિક્રિયા ધર્મીને હોય છે. આહાહા..! શરીરની ક્રિયા તો જડની છે અને અંદર દયા, દાનની ક્રિયા તો રાગ અને વિકારની છે. એ કોઈ આત્માની ક્રિયા નથી. આહાહા..!

સત્. 'સત્તાસ્વરૂપ; અસ્તિત્વસ્વરૂપ. (આત્મા જ્ઞાનમય છે તેથી સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ તેની એક ક્રિયા છે).' નીચે (ફૂટનોટમાં છે). આહાહા..! આત્મા જ્ઞાયકસ્વભાવ, તેનો જ્ઞાનગુણ, એ જ્ઞાનગુણની પરિણતિ પરની એકત્વબુદ્ધિ તૂટીને સ્વભાવમાં એકત્વબુદ્ધિ થઈ તો જ્ઞાનની જ્ઞપ્તિક્રિયા એક જ આત્માની ધાર્મિક ક્રિયા છે. આહાહા..! વ્યવહાર ક્રિયા, સાધન કહે છે ને? અહીં તો કાઢી નાખ્યું. એ 'અમૃતચંદ્રાચાર્યે' (કહ્યું), પણ પાઠમાં છે ને. પાઠમાં

'કુંદકુંદાચાર્યદેવ' કહે છે. છે? 'मुणी ण लिप्पंति' 'असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति' એ પોતે પાઠ કહે છે. ૨૭૦. એનો અર્થ 'અમૃતચંદ્રાચાર્યદેવે' કર્યો. અનાદિકાળનો અભ્યાસ નહિ અને બાહ્યદૃષ્ટિનો અભ્યાસ. દયા, દાન, વ્રત, ભક્તિ એ ધર્મ. ભક્તિ, પૂજા, જાત્રા (એ ધર્મ), એમ માની લીધું છે. છે નહિ.

એક ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ, ત્રિકાળી એક જ્ઞાયકભાવ, તેનો જ્ઞાનગુણ સ્વભાવ અને એ જ્ઞાનગુણની અથવા એ અનંત ગુણની પરિણતિ, જે જ્ઞપ્તિક્રિયા, એક જ્ઞાનથી લીધું પણ અનંત ગુણની જ્ઞપ્તિ એકાકાર ક્રિયા. એ જ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ પ્રભુ, તે તરફની એકત્વની ક્રિયા. એ જ્ઞપ્તિક્રિયા, શ્રદ્ધાની ક્રિયા, શાંતિની ક્રિયા, આનંદની ક્રિયા. આહાહા..! વીર્યની સમ્યક્ ક્રિયા. એ બધાને અહીંયાં એક જ્ઞપ્તિક્રિયા કહેવામાં આવી છે. અરે...! આવી વાત છે. કહો, 'શાંતિભાઈ'! આવો માર્ગ છે. આહા..!

વિશ્વથી નિરાળો પ્રભુ, જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકભાવ, તેની દૃષ્ટિ થવાથી પરની દૃષ્ટિ–એકત્વબુદ્ધિ નાશ થવાથી, ભગવાન જ્ઞાયકસ્વરૂપમાં, જ્ઞાનરૂપમાં એકત્વ થવાથી જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, શાંતિની પર્યાય, આનંદની પર્યાય અનંત ગુણની પર્યાયને અહીંયાં જ્ઞપ્તિક્રિયા કહેવામાં આવી છે. આહાહા..! સમજાય એટલું સમજવું, પ્રભુ! માર્ગ બહુ અલૌકિક છે, ભાઈ! આહાહા..! જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. તેથી જ્ઞપ્તિક્રિયા કહેવામાં આવ્યું છે. જાણન.. જાણન.. જાણન.. જાણન-દેખન, શ્રદ્ધા, શાંતિ, વીતરાગતા, આનંદ આદિ ક્રિયા, અનંત ગુણની એકાગ્રતાની પર્યાય, પર્યાય એટલે અવસ્થા, તેને અહીંયાં જ્ઞપ્તિક્રિયા (કહેવામાં આવી છે). જ્ઞપ્તિક્રિયા જ જેની–આત્માની–ધર્મીજીવની એક ક્રિયા છે. આહાહા..! સમજાય છે? આહા..! આવી વાત છે.

સત્‌રૂપ છે, સત્‌રૂપ છે. એ જાણનક્રિયા, શ્રદ્ધાક્રિયા, આનંદની ક્રિયા, વીર્યની ક્રિયા અનંતગુણની ક્રિયા એ ઉત્પાદ્‌રૂપ સત્ છે, ઉત્પાદ્‌રૂપ સત્ છે. આહાહા..! 'ઉત્પાદવ્યયધ્રુવ યુક્તંસત્'. આ જે જાણનક્રિયા, શ્રદ્ધાક્રિયા, આનંદક્રિયા, શાંતિક્રિયા એ ક્રિયા સત્‌રૂપ–ઉત્પાદરૂપ સત્ છે અને એ સત્ છે તો તે અહેતુક (છે), કોઈ હેતુ નથી. છે તેનો હેતુ કોણ? આહાહા..! અને તે એકરૂપ છે. આહાહા..! ટૂંકા શબ્દમાં શું સમાડ્યું છે! ગજબ કર્યું છે! 'કુંદકુંદાચાર્યદેવ' મહામુનિ સંત (એમ કહે છે), જેને અધ્યવસાય નથી તે શુભાશુભભાવના કર્મથી લેપાતો નથી. એનો આ અર્થ કરે છે. આહાહા..! શુભ-અશુભ વિકલ્પથી લેપાતો નથી. એટલે કે તે મુનિ... લેપાતો નથી એમાંથી નાસ્તિમાંથી એ કાઢ્યું કે, પોતાની જ્ઞપ્તિક્રિયા જેની ક્રિયા છે, એની જેણે ઉત્પત્તિ ક્રિયા કરી છે. આહાહા..! સમજાય છે?

ઓહોહો..! સંતોએ કરુણા કરીને જગતને એના રૂપમાં બેસાડ્યા છે. પ્રભુ! તું ત્યાં જા. પ્રભુ! તું હેરાન થઈ ગયો છો. ભાઈ! તારા ઘર વિના બહારચલા પુણ્ય ને પાપ ને પરના સંયોગમાં મુંઝાઈ ગયો છો. આહાહા..! શુભ ને અશુભભાવ અને સંયોગી ચીજ, તેમાં

તારું અસ્તિત્વ માનીને પ્રભુ! તું મુંઝાઈ ગયો છો. પ્રભુ! તારી મુંઝવણ ટળે ક્યારે? એના ઉપરથી દૃષ્ટિ છોડી, જ્યાં તારું સત્ છે... આહાહા..! એવી જે જ્ઞાયકસત્તા છે, સર્વત્ર, સર્વ ક્ષેત્રે, સર્વ કાળે બિરાજમાન પ્રભુ.. આહાહા..! એવો જે ત્રિકાળી જ્ઞાયકભાવ, એનો જે જ્ઞાનરૂપ ગુણ, એની અંદર દ્રવ્યની દૃષ્ટિ થતાં પર્યાયમાં જ્ઞપ્તિ, શ્રદ્ધા, શાંતિની પરિણતિ થાય એ એક જ ક્રિયા ધાર્મિક અને ધર્મની છે. છે એમાં? આહાહા..!

અહીં તો અત્યારે કહે કે, બહારની રાગની, દયાની, દયા, દાન ને વ્રતને સાધન કહ્યા છે ને? ભાઈ! એ તો આવું થયું છે એને એ સાધનનો આરોપ આપીને સાધન કહ્યું છે. પ્રભુ! શું કરે? આહાહા..! એને આરોપ આપીને વાત કરી છે, બાકી વસ્તુ તો આ છે. આહાહા..! અરે..! એના જ્ઞાનમાં પણ આવા સત્યનો સ્વીકાર આવે નહિ તો સ્વભાવ સન્મુખ થઈને એ જ્ઞપ્તિક્રિયા કેમ કરે? જેના જ્ઞાનમાં જાણવામાં પણ આ આમ ન આવે કે આ વસ્તુ છે અને તેનો ગુણ જ્ઞાન છે, તેમાં એકાગ્ર થવું તે મારી ક્રિયા છે, એવું જ્ઞાન ન આવે એ સ્વભાવ સન્મુખ કેમ થાય? અને એ વિભાવથી, પરથી વિમુખ કેમ થાય? આહાહા..!

આ શબ્દમાં તો બહુ ભર્યું છે. જાણનક્રિયા અહેતુક (કહ્યું). છે પર્યાય. આહાહા..! જાણવા-દેખવાની સ્વભાવ લક્ષે (થતી ક્રિયા). જે ક્રિયાથી પરલક્ષે જે એકત્વબુદ્ધિ હતી એનો નાશ કરી.. આહાહા..! રાગ હું, એનો પણ-એકત્વનો નાશ કરી, ચૈતન્ય સ્વભાવ તરફનું વલણ-ઝુકાવ કરી અને પર્યાયમાં જે પરિણતિ, જ્ઞાનનીપર્યાય, શ્રદ્ધાનીપર્યાય, શાંતિની પર્યાય, આનંદની પર્યાય, વીર્યની પર્યાય, સ્વચ્છતાની પર્યાય, પ્રભુતાની પર્યાય એ અનંત ગુણની પર્યાયને અહીંયાં જ્ઞપ્તિક્રિયા તરીકે કહેવામાં આવી છે. આહાહા..! એકલી જ્ઞાનની જ ક્રિયા એમ નહિ. સમજાય છે કાંઈ? આકરું કામ છે, પ્રભુ! આહાહા..! નવરાશ ન મળે, ફુરસદ ન મળે. સંસારના કામ આડે નવરાશ (ન મળે) એમાં તદ્દન આવી વાત. આહા..! ધર્મના નામે વ્રત, તપ કરતો હોય એ પણ નહિ. આહાહા..! એ પણ રાગ છે. એ રાગની ક્રિયા તે અધર્મ છે. આહાહા..! અને જ્ઞપ્તિક્રિયા તે ધર્મ છે. આ શું કહે છે?

ભગવાન જ્ઞાયક સ્વભાવ વસ્તુ, તેનો જ્ઞાન મુખ્યપણે સ્વભાવ (છે). મુખ્ય (છે પણ) એમાં અવિનાભાવી અનંત ગુણો (છે). એના અનંત ગુણનું વર્તમાન દ્રવ્યની દૃષ્ટિ હોવાથી, રાગની એકતા તૂટી ગઈ હોવાથી, સ્વભાવની એકતા પ્રગટ કરી હોવાથી.. આહાહા..! જ્ઞપ્તિ એક જ જેની ક્રિયા છે. 'જ' (કહીને) એકાંત કહે છે. આહાહા..! નિશ્ચયનય છે ને? સમ્યક્ એકાંત છે. આહાહા..! ઘણું.. ઘણું, ઘણું.. ઘણું ભર્યું છે. આહાહા..!

આ તો જેને ભવનો ડર લાગ્યો હોય, અરે..રે...! ક્યાં જઈને ઊપજીશ? હું કોણ અને ક્યાં જઈશ? મારી ચીજ શું છે? કે જેથી મને પરિભ્રમણમાં ઊપજવું બંધ થાય? આહા..! ચાહે તો દેવનો ને શેઠનો ભવ હોય, એ પણ ભવ તો કલંક છે. આહાહા..! એમ જેને અંતરમાં થયું છે, ભલે આઠ વર્ષનો બાળક હોય કે ક્રોડ પૂર્વના આયુષ્યવાળો મનુષ્ય હોય,

આહાહા..! પણ ભગવાન તો અંદર જ્ઞાયક સ્વભાવે બિરાજમાન (છે). એના જ્ઞાનગુણ અને અનંત ગુણના રૂપવાળો, અનંત ગુણના રૂપવાળો—રૂપવાન એટલે સ્વરૂપવાન. આહાહા..! એવો ભગવાન અનંત ગુણના સ્વરૂપવાળો, તેના તરફની એકાગ્રતાથી એટલે કે દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી, પરની એકતા તૂટી હોવાથી, પર્યાયબુદ્ધિ નાશ (થઈ) હોવાથી, દ્રવ્યબુદ્ધિ પ્રગટ (થઈ) હોવાથી પર્યાયમાં જ્ઞપ્તિક્રિયા એક જ ધાર્મિક ક્રિયા છે. આહાહા..! ગજબ કામ કર્યું છે. આ એક શબ્દમાં તો ગજબ કામ કર્યું છે. આહાહા..!

ભાઈ! તારા હિતની વાત છે. તને એમ લાગે કે, અરે..રે..! અમે આ બધું કરીએ છીએ એ બધું ખોટું? ઉડાવી દ્યે છે. દયા કરીએ, વ્રત પાળીએ. બાપુ! ભાઈ! તને એ નુકસાનના કારણો છે એને ઉડાવે છે. પ્રભુ! તને લાભના કારણમાં લઈ જવા માગે છે. આહાહા..! તું એનો અનાદર ન કર. એમ એકાંત છે એમ ન માન, પ્રભુ! આહાહા..! તને ભગવંત કરવા માગે છે. તું ભગવંત સ્વરૂપ છો ને, પ્રભુ! આહાહા..! તું ભગવંત સ્વરૂપ જ છો. હમણા જ્ઞાયકભાવ કહેશે. જ્ઞાયકભાવ કહો કે ભગવંત સ્વરૂપ કહો. આહાહા..! એને પર્યાયમાં ભગવંતપણું પ્રગટ કરવા પ્રભુ તમને બતાવે છે. આહાહા..! તું ભગવાન થા, તું પામર ન રહે. તું ભવમાં ન રહે. આહાહા..! તું રાગમાં ન રહે. આહાહા..! એમ એની મોટપને પ્રગટ કરવા માગે છે. હેં? આ પામરતાનો નિષેધ કરીને પ્રભુ! આહાહા..! અરે..! આ કોને મીઠું ન લાગે? પ્રભુ! આહાહા..! એવી વસ્તુ છે ને! આહાહા..!

અહીં તો આટલો શબ્દ આવ્યો છે–'માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી...' શું? હિંસા, જૂઠું, ચોરી, વિષય, પરિગ્રહ. અહિંસા, સત્ય, દત્ત, અપરિગ્રહ, બ્રહ્મચર્ય–દેહની ક્રિયા. એવી જેને એકત્વબુદ્ધિ નથી... આહાહા..! અથવા નારકી, મનુષ્ય દેહાદિ હું છું એવી એકત્વબુદ્ધિ નથી અથવા પરદ્રવ્ય જે છે, ધર્માસ્તિ આદિ, અનંત પરમાણુ આદિ અને અનંત જીવ આદિ, દેવ-ગુરુ ને સ્ત્રી, કુટુંબ આદિ બધા આત્માઓ છે, એ હું નથી. આહાહા..! એવી જેને એકત્વબુદ્ધિ પરથી તૂટી છે, તે મુનિરાજ મહા કો'ક વિરલ જીવ છે. આહાહા..! તરણતારણ તરીને ઊભા છે. સંસાર સમુદ્રના કેડે ઊભા છે. આહાહા..! ભાઈ! વીતરાગમાર્ગ... ઓહોહો..!

'મુનિકુંજરો...' મુનિની વ્યાખ્યા કરી છે. બાકી તો સમકિતીની પણ આ વાત છે. પણ સમકિતીમાં હજી ત્રણ કષાય છે એથી એ વાતને ગૌણ રાખી અને મુનિને તો ત્રણ કષાયનો અભાવ છે, તેથી તેની જ્ઞપ્તિક્રિયા બહુ ઊંચી અને નિર્મળ છે. આહાહા..! સમજાણું? આવો ઉપદેશ છે. ઓલી તો ધમાધમ ચાલે. આમ કરો, આમ કરો.. પ્રભુ! કરો શું? બાપુ! કરવું નથી, ઠરવું છે અહીં તો. હેં? આહાહા..! ઠરવું એ કરવું નથી? સ્વરૂપ ભગવાન મહાસત્તા ચૈતન્ય ભગવાન, ભગવતસ્વરૂપ પરમાત્મા, પરમેશ્વરસ્વરૂપ પ્રભુ, એમાં ઠરવું એ કંઈ કરવું નથી? આહાહા..! આ એક પર્યાયમાં ગજબ કર્યું છે, એટલે જરી રોકાઈ (ગયા). અડધો

કલાક થાશે. આહાહા..! એનો પાર નથી.

'કોઈક (વિરલ) મુનિકુંજરો (મુનિવરો), સત્રૂપ અહેતુક જ્ઞપ્તિ જ...' એકાંત કરે છે, એકાંત કરે છે. આહાહા..! એકાંતનું જ્ઞાન થાય ત્યારે પછી અનેકાંતનું જ્ઞાન યથાર્થ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અરે..રે..! આવું સાંભળવા મળવું મુશ્કેલ પડે. પ્રભુ! તારા ઘરની વાત છે ને! તારું ઘર ભર્યો ભંડાર છે. આહાહા..! તારા ઘરમાં તો પ્રભુ! અનંત અનંત લક્ષ્મી (પડી છે). જ્ઞાનની, દર્શનની, આનંદની, શાંતિની, વીતરાગતાની બધી લક્ષ્મી પૂરી ભરી છે ને! આહાહા..! અનંત અનંત લક્ષ્મીનો ભંડાર છે ને! એને ખોલવાની આ કળા છે. આહાહા..!

એવો જે ભગવાનઆત્મા, પૂર્ણાનંદનો નાથ પૂર્ણ વીતરાગ સ્વરૂપ પૂર્ણ જ્ઞાયક સ્વરૂપ, પૂર્ણ આનંદસ્વરૂપ, પૂર્ણ પરમાત્મસ્વરૂપ... આહાહા..! પૂર્ણ પરમેશ્વરસ્વરૂપ પ્રભુ (બિરાજે છે). આહા..! એવા પરમેશ્વરની દૃષ્ટિ થતાં તારી પર્યાયમાં પ્રભુ! અનંત ગુણ જેટલી સંખ્યામાં છે, એ બધી પરિણતિરૂપી ક્રિયામાં આવી જશે. આહાહા..! અનંતા અનંતા ગુણોની ક્રિયા પર્યાયરૂપે પરિણમન પ્રભુ થશે. આહાહા..! તને આનંદનો સ્વાદ આવશે, તારી પ્રભુતાની પર્યાયમાં પ્રભુતા કેટલી છે તેની તને પ્રતીત થશે. આહાહા..! તારા આનંદના સ્વાદમાં પૂર્ણ પ્રભુ આનંદની મૂર્તિ (છે) એવી તને પ્રતીત થશે. આહાહા..! ગજબ કામ કર્યું છે ને! આહાહા..! થોડે શબ્દે ઘણું કરીને જાણજો, એમ લખ્યું છે. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. આહાહા..! દુનિયાથી વાત જુદી છે, પ્રભુ! હેં? આહાહા..!

આનંદનો નાથ પ્રભુ, જેની અમૃતની ધારાથી ભરેલો.. આહા..! અમૃતસાગર પ્રભુ, એનો જ્યાં દૃષ્ટિમાં સ્વીકાર થયો અને રાગ ને પરની એકત્વબુદ્ધિનો નાશ થયો, ત્યાં એની પર્યાયમાં સત્રૂપ અહેતુક જ્ઞપ્તિક્રિયા પરિણતિ પ્રગટ થઈ, ઉત્પાદ થયો. ધ્રુવરૂપે તો જ્ઞાયકભાવ છે, એના અનંત ગુણરૂપે ગુણસ્વરૂપ છે એ પણ ધ્રુવ છે, પણ આ પરિણતિમાં એની જ્ઞપ્તિક્રિયા ઊભી થઈ. આહાહા..! સમજાય એવું છે, પ્રભુ! આહાહા..! હેં?

મુમુક્ષુ :- ગુજરાતીમાં જે આવે, હિન્દીમાં ન આવે.

ઉત્તર :- હિન્દીમાં ન આવે. એ તો છે, ભાઈ! સમજાણું કાંઈ?

અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ ભર્યો છે, એની પરિણતિ. આહાહા..! ભર્યા ભંડારના તાળા ખોલી નાખ્યા. આહા..! દયા, દાન ને વ્રતની ક્રિયા મારી, એમાં તાળા બંધ હતા, એ મિથ્યાત્વ હતું. આહાહા..! અરે..રે..! આકરું કામ, પ્રભુ! શું થાય? તારી મોટપની વાતું કરતા હિણપની તને માહાત્મ્ય આવતા તને લજ્જા આવે છે, કે અરે..! આવું હોય? આહાહા..! પણ એ પુણ્ય અને પાપના ભાવ લજ્જાસ્પદ છે, પ્રભુ કર્મજનિત છે, એ તારા સ્વભાવજનિત નથી. આહાહા..! આ વધારે કેમ નીકળે છે? ફક્ત 'જ' અને 'એક', આ બે શબ્દમાં બધું ભર્યું છે. આહા..! સમજાય છે કાંઈ? આહાહા..! હેં? 'જ' અને 'એક.' આહાહા..! પ્રભુ!

એ 'અમૃતચંદ્રાચાર્યદેવે' તાળા ખોલીને એનો ખજાનો એને નજરે બતાવ્યો. ભાઈ! આ ખજાનો તું છો ને! આ ખજાનામાંથી નીકળેલી આ દશા છે ને! પ્રભુ! આહાહા..!

મુમુક્ષુ :– આ શુદ્ધોપયોગની વાત છે?

ઉત્તર :– એ ઉપયોગને અત્યારે એક કોર રાખો. એ વળી જગડામાં જાશે. અહીં તો પરિણતિ છે. શુદ્ધઉપયોગ કહો તોપણ વાંધો નથી. પણ અહીં તો પરિણતિ (લેવી છે). દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ લેવા છે. આહાહા..!

આ એક લીટીએ અટક્યું. આહાહા..! જેને રાગ અને પર પદાર્થ મારા છે એમ એકત્વ તૂટી ગયું છે એને આ સ્વભાવ સ્વરૂપ ભગવાનમાં એકત્વબુદ્ધિ થઈ છે, તે ધર્મી, કોઈ વિરલ ધર્મી હોય છે. આહાહા..! પાંજરાપોળમાં જેમ અનેક પ્રકારના ઢોર હોય, એમ આ ચીજ નથી, કહે છે. આ તો કોઈ વિરલ હોય છે. આહાહા..! હેં? આહા..!

સત્‌રૂપ, સત્‌રૂપ ઉત્પાદ. સત્‌રૂપ ભગવાનઆત્મા, સત્ સત્તારૂપ વસ્તુ, એનો ગુણ, જે અનંત ગુણો પણ સત્તારૂપ સત્ વસ્તુ, એની પરિણતિ જે એને અવલંબે થઈને થઈ એ પણ સત્‌રૂપ છે. ઉત્પાદ પણ સત્ છે. ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્. ત્રણેત્રણ સત્ છે. વસ્તુ સત્ છે, એમ ઉત્પાદ જે ધાર્મિક ક્રિયા, વીતરાગી દશા, આનંદની દશા ઉત્પન્ન થઈ એ પણ સત્ છે. આહાહા..! અને તે સત્ અહેતુક છે. એને કોઈ હેતુ નથી. ગજબ વાત છે! કે, ભઈ! રાગની મંદતા કરી તો આ જ્ઞપ્તિક્રિયા થઈ (એમ) એને હેતુ નથી. અરે..! નિશ્ચયથી જ્ઞપ્તિક્રિયાને દ્રવ્ય-ગુણનો હેતુ નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભાગ્ય હોય એને કાને પડે એવું છે! આહાહા..! આ તો ભગવાનનો સંદેશ આપે છે. આહાહા..!

સત્‌રૂપ. આ ઉત્પાદ છે, હોં! આ ત્રિકાળની વાત નથી. આ તો ધર્મની ઉત્પાદ પર્યાય થઈ છે. શાંતિ, આનંદ, વીતરાગ પર્યાય, અરાગી પર્યાય, વીતરાગી પર્યાય, આનંદ પર્યાય, પ્રભુતાની પર્યાય, પ્રત્યક્ષ જ્ઞાનની પર્યાય. આહાહા..! કર્તા, કર્મ આદિ એક સમયની પર્યાયમાં ષટ્કારકથી પરિણતિ ઊભી થઈ, એ સત્‌રૂપ અહેતુક છે. આહાહા..! એ પરિણતિને કોઈ રાગની મંદતાનો હેતુ નથી અને દ્રવ્ય-ગુણનો પણ હેતુ નથી. આહાહા..! સમજાય એટલું સમજવું, બાપુ! આ તો ત્રણલોકના નાથ, જિનેશ્વર પરમેશ્વર, એના પોકાર છે. પ્રભુ! આહાહા..! દુનિયાને એવું લાગે કે, આ તો ચાલે છે એનાથી બીજું (છે). બાપુ! વાત બીજી છે, ભાઈ! આહા..! વસ્તુ તો બીજી છે. આહાહા..!

'સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ...' એ જાણન, આનંદ, શાંતિ જ. આહાહા..! અનંત ગુણની નિર્મળ પર્યાય પ્રગટ થઈ (એ) એક જ. 'જેની એક ક્રિયા છે,...' એમાં રાગનો મેળ નથી. આહાહા..! અનંત ગુણની પર્યાય પ્રગટ થઈ છતાં તે એકરૂપ છે, ત્યાં ભેદ નથી. આહાહા..! આવી વાતું હવે. પ્રભુ! તારી મોટપ છે, પ્રભુ! એ તારી મોટપને તું ભૂલી ગયો છો અને જેમાં મોટપ નથી તેને મોટપ આપી અને મહિમામાં ત્યાં ગુંચાઈ ગયો છો. આહાહા..! એ

દયા, દાન, પૈસા, પુણ્ય, ધૂળ, બહારની ચીજ, જે મહિમાવાળી નથી તેમાં મહિમા કરીને મુંઝાઈ ગયો, પ્રભુ! આહાહા..! કહો, ‘ભોગીભાઈ’! આહા..! આવી વાત છે. હમણા ભાઈઓ વારાફરતી ભાગ લે છે. આહાહા..! અરે..! પ્રભુ! શું કહીએ?

ત્રિલોકનાથ જિનેશ્વર પરમાત્માનો આ હુકમ છે. આહાહા..! પરમાત્માની આ આજ્ઞા છે. આહાહા..! અનંત તીર્થંકરોની આજ્ઞાનું આ રૂપ છે. આહા..! તને એકાંત લાગે તો પ્રભુ છોડી દેજે. નય છે ને? નિશ્ચયનય છે તે એકાંત છે. અને આનું એકાંત થયે પછી રાગ છે તેનું જ્ઞાન અનેકાંતપણે થાય. આહાહા..! સમજાણું કાંઈ? ઘણું ગંભીર છે, ઘણું ગંભીર છે. સંતોના હૃદયો ઘણા ગંભીર, ભાઈ! દિગંબર મુનિઓની શું વાતું કરવી! પરમેશ્વર પરમેષ્ઠીમાં ભળેલા. આહાહા.! એ પરમેશ્વરની વાતું કરે. આહાહા..! પ્રભુ! તું પામર નથી, તું રાગવાળો નથી. આહાહા..! એ દયા, દાન ને વ્રતના પરિણામ એ રાગવાળો તું નથી. તું તો અનંત ગુણવાળો છો. આહાહા..! આવી વાતું છે.

‘જેની એક ક્રિયા છે,...’ હવે બીજી વાત (કરે છે). એ પરિણતિ–પર્યાય લીધી. આહાહા..! હવે (કહે છે), ‘સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે...’ આ દ્રવ્ય, વસ્તુ આત્મા. ભગવાન સત્‌રૂપ છે, અહેતુક છે–કોઈ હેતુ-બેતુ નથી, કોઈ એનો કર્તા-હર્તા નથી. આહાહા..! ભગવાનઆત્મા વસ્તુ છે તેનો કોઈ કર્તા-હર્તા છે નહિ. આહાહા..! ‘સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ...’ જાણનાર.. જાણનાર.. જાણનાર ત્રિકાળ, હોં! જ્ઞાયક એ જ્ઞાનની પ્રધાનતાથી વાત છે, બાકી પરમપારિણામિક સ્વભાવ જ ‘જેનો એક ભાવ છે...’ એક ભાવ છે. આહાહા..! ભગવાન જ્ઞાયક સ્વભાવ વસ્તુ દ્રવ્ય તરીકે, વસ્તુ તરીકે જ્ઞાયક સ્વભાવ જ ‘જેનો એક ભાવ છે...’ એનો આ એક જ ભાવ છે. આહાહા..! આ દ્રવ્ય લીધું. પહેલી પર્યાય લીધી હતી. ત્યાંથી (વાત) ઉપાડી, પર્યાયથી પહેલી વાત કરી. પર્યાયમાં ભાન થાય છે ને એટલે પર્યાયની વાત પહેલી કરી. પછી પર્યાયમાં ભાન કોનું થયું? કે, સત્‌રૂપ જ્ઞાયકભાવનું. આહાહા..!

‘સમયસાર’ સાક્ષાત્ ત્રણલોકના નાથ, જિનેશ્વરદેવ પરમેશ્વની વાણી છે, પ્રભુ! આહાહા..! જેને ગણધરો અને ઇન્દ્રો સાંભળે છે. એને પણ એમ લાગે કે, અરે..રે..! અમે તો પામર છીએ. આ ચીજ ક્યાં! આહાહા..! પર્યાયમાં, હોં! સમ્યક્ હોવા છતાં (એમ લાગે છે). આહાહા..! આવો મહાપ્રભુ! જ્ઞાયક એક જેનો ભાવ, એની આગળ મારી જ્ઞપ્તિક્રિયા, ધાર્મિકક્રિયા તો પામર છે. ક્યાં પૂર્ણ પરમાત્માની કેવળજ્ઞાનની ક્રિયા અને ક્યાં મારી આ ધાર્મિક (ક્રિયા)! આહા..! પણ એ ધાર્મિક ક્રિયાનું ધ્યેય જ્ઞાયક એક ભાવ છે. આહાહા..! પ્રભુ પૂર્ણ છે, ધ્યેયમાં પૂર્ણ છે. આહાહા..! સમજાય એટલું સમજવું, બાપુ! ‘બંધ અધિકાર’ની આ ગાથા પહેલેથી ઘણી ગંભીરપણે લાગી છે. આહાહા..! આવે ત્યારે એનો (વિસ્તાર) થાય ને! આહાહા..!

સત્‌રૂપ, ભગવાનઆત્મા સત્‌રૂપ (છે). આ શરીર, વાણી, મન એ નહિ, એ તો પર, પુણ્ય-પાપના ભાવ એ પર. ભગવાનઆત્મા સત્‌રૂપ જ્ઞાયક અહેતુક. આત્મા સત્‌રૂપ છે,

અહેતુ-કોઈ હેતુ નથી. કોઈ ઈશ્વર-બિશ્વર એનો કર્તા નથી. આહાહા..! આ..હા..હા..! અથવા પર્યાય છે તો દ્રવ્ય છે એમેય નથી, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એ પર્યાય જ્ઞપ્તિક્રિયા છે તો આ દ્રવ્ય છે, એમ પણ નથી. ભગવાન! આવવા દ્યો. આહાહા..! સત્‌રૂપ. ભગવાનઆત્મા સત્–સત્તા, સત્ હોવાપણે સત્. અહેતુક. એનો બીજો ઈશ્વર તો કર્તા નથી, રાગને લઈને નથી પણ પર્યાયને લઈને નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ...' જાણન જ. જાણન.. જાણન.. જાણન.. જાણન ધ્રુવ, હોં! જાણક સ્વભાવ જ 'જેનો એક ભાવ છે...' જેને એક ભાવ જ્ઞાયક જ છે. આહાહા..! એ દ્રવ્ય લીધું. વસ્તુ, આ દ્રવ્ય એટલે પૈસા નહિ. અહીં તો દ્રવ્ય એટલે બીજા દ્રવ્ય પણ નહિ. આ તો જ્ઞાયકભાવ દ્રવ્ય. આહાહા..! વીતરાગ સિવાય આવી વાત ક્યાંય છે નહિ. ત્રણલોકના નાથ જિનેશ્વરે જે કહ્યું, એવી વાત ક્યાંય, કોઈ ઠેકાણે કોઈ મતમાં છે નહિ. આહાહા..! પણ એના મતમાં આવેલાઓને પણ મદમાં સમજાતું નથી. એનો મત છે એ મદમાં સમજાતું નથી. જ્યાં-ત્યાં અભિમાન.. અભિમાન. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

સત્‌રૂપ સત્તા છે, મોજૂદગી ચીજ છે, મોજૂદ ચીજ છે. અહેતુક છે–કોઈ હેતુ નથી. આહાહા..! પરિણમન છે માટે દ્રવ્ય છે એમેય નહિ. આહાહા..! એ તો આવે છે ને? ભાઈ! ૧૦૧ ગાથામાં. ઉત્પાદને ધ્રુવની અપેક્ષા નથી, ધ્રુવને ઉત્પાદની અપેક્ષા નથી. આહાહા..! ક્યાંનું ક્યાં આવી ગયું, લ્યો! આહાહા..! સમજાય છે કાંઈ? સત્‌રૂપ ભગવાન અહેતુક વસ્તુ, એને ઉત્પાદની પણ અપેક્ષા નથી. આહાહા..! સમજાય છે? આહાહા..! ૧૦૧માં ભાઈ! આવ્યું ને? ૧૦૧ 'પ્રવચનસાર'. એ આ. આહાહા..! પ્રભુએ ઘણું સમાડ્યું છે!

અહેતુક. સત્તાસ્વરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે. આહાહા..! જે સમ્યગ્દર્શનનો વિષય છે, સમ્યગ્દર્શનનું જે ધ્યેય છે. આહાહા..! જે ધ્યેય છે, સમ્યગ્દર્શનનું આલંબન છે. આહાહા..! સાધકનું એ સાધ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એવો એક જ ભાવ છે.

ત્રીજું. 'અને સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે...' હવે ગુણ લીધો, સ્વરૂપ. જ્ઞાયકભાવનું સ્વરૂપ શું છે? એ જ્ઞાનસ્વરૂપ છે. આહા..! 'સત્‌રૂપ અહેતુક...' આહાહા..! ગુણને પણ કોઈ હેતુ નથી. ગુણના ધ્રુવપણાને પણ કોઈ હેતુ નથી. આહાહા..! દ્રવ્ય અને ગુણ વચ્ચે અતદ્‌ભાવ કહ્યો છે ને? આહાહા..! ગજબ વાત છે. જેને દ્રવ્યની અપેક્ષા નથી, કહે છે. સત્તાગુણ છે. આહાહા..! જેને પર્યાયની અપેક્ષા નથી. સત્ છે એને હેતુ શો? છે. ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુત્વસ્વરૂપ.. આહાહા..! એ ગુણ છે. અનંત ગુણ છે, અહીં તો જ્ઞાનની મુખ્યતા લીધી છે.

'સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ...' અનંત ગુણ જ 'જેનું એક રૂપ છે...' એ અનંત ગુણનું એકરૂપ છે. ગુણ–સહવર્તી. આહાહા..! અનંત ગુણનું એકરૂપ છે. જ્ઞાનપ્રધાનથી કથન છે

ને! પણ અનંત ગુણનું એકરૂપ છે. આહા..! એવો સત્‌રૂપ ગુણ, ધ્રુવ. દ્રવ્ય ધ્રુવ એ એકરૂપ છે એટલે અનંતપણું નથી. આ ગુણ અનંતપણે છે એ બધું એકરૂપ છે. આહાહા..! ભિન્ન ભિન્ન નથી. આહાહા..! અહીં ગુણનો ભેદ નથી લેવો. 'અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે...' જેનું સ્વરૂપ. સ્વરૂપવાન જ્ઞાયકનું સ્વરૂપ, સ્વરૂપવાન ભગવાન જ્ઞાયક સ્વરૂપવાન, એનું સ્વરૂપ-જ્ઞાન, દર્શન, આનંદ આદિ એનું એકરૂપ સ્વરૂપ છે. આહાહા..!

'એવા ભિન્ન આત્માને (-સર્વ અન્યદ્રવ્યભાવોથી જુદા આત્માને)...' એવો ભિન્ન આત્મા લીધો ને? ભિન્ન આત્મા. તો કોનાથી ભિન્ન? કે, સર્વ અન્ય દ્રવ્ય અને અન્ય દ્રવ્યના ભાવો. એનાથી ભિન્ન આત્માને. અન્યદ્રવ્ય અને અન્યદ્રવ્યના ભાવ. આહા..! એનાથી ભિન્ન આત્માને 'જાણતા થકા,...' ધર્મી ભિન્ન આત્માને જાણતા થકા. આહાહા..! જ્ઞપ્તિક્રિયા દ્વારા જાણતા થકા, એમ આવ્યું ને? આહાહા..! ભગવાન જ્ઞાયક સ્વભાવ સત્‌ અહેતુક અને ગુણ પણ સત્‌ અહેતુક. આહાહા..! તે ભગવાન ભિન્ન દ્રવ્ય. શરીર, કર્મ, રાગ અને પુણ્ય-પાપથી પણ ભિન્ન. દ્રવ્ય અને ભાવ બે લીધા ને? અન્ય દ્રવ્ય અને અન્ય દ્રવ્યના ભાવ. આહાહા..! પુણ્ય-પાપ પણ સંયોગીભાવ છે. સંયોગીભાવ છે, એ સ્વભાવભાવ નથી. આહાહા..!

એ ભિન્ન આત્માને 'જાણતા થકા,...' આહાહા..! અનંત ભવ પરિભ્રમણનો અંત થયો... આહા..! અને અનંત અનંત ગુણની પર્યાય પ્રગટ થઈ. આહાહા..! એવા ભિન્ન આત્માને જાણતા થકા. શાસ્ત્રને જાણતા થકા, એમ અહીંયાં નથી કહ્યું. આહા..! સમજાય છે કાંઈ? શાસ્ત્રને જાણતા થકા, એ નહિ. તેમ અહીંયાં પર્યાયને જાણતા થકા, એમ નથી લીધું. ભિન્ન આત્માને જાણતા થકા, એમ લીધું ને? આહાહા..! સમજાય એટલું સમજવું, ભાઈ! ત્રણલોકના નાથ તીર્થંકરદેવની વાણી અને એનો ઉપદેશ કોઈ અલૌકિક છે. લોકોને તો બાહ્યથી મળ્યું નથી. બાહ્ય બાહ્યની બધી વાતું (કરે). આહાહા..! અંતરના તત્ત્વના ભેદ જોયા નથી, ભાળ્યા નથી. આહાહા..!

એમ 'જાણતા થકા,...' આત્માને, હોં! ગુણ-પર્યાયને (જાણતા થકા), એમ નહિ. આહાહા..! 'સમ્યક્‌ પ્રકારે દેખતા (શ્રદ્ધતા) થકા...' એવો જે આત્મા છે તેની શ્રદ્ધા કરતા થકા. એનું નામ સમ્યગ્દર્શન. આહાહા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, જ્ઞાયક સ્વભાવ, તેને શ્રદ્ધતા થકા, એની શ્રદ્ધા કરતા થકા. આહાહા..! એ સમ્યગ્દર્શન. એને જાણતા થકા-એ સમ્યગ્જ્ઞાન. આહાહા..! બીજું જ્ઞાન ઓછું હોય, ન હોય, એની સાથે સંબંધ નથી. 'અને અનુચરતા થકા,...' એ જ્ઞાયકભાવ ભગવાનમાં આચરણ કરતા (થકા). ચારિત્ર, એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ મહાવ્રતના પરિણામ અને નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. આહાહા..! ભિન્ન આત્માને જાણતા થકા, ભિન્ન આત્માને શ્રદ્ધતા થકા, ભિન્ન આત્માનું આચરણ કરતા થકા. રાગથી પણ ભિન્ન કરીને આત્માનું આચરણ કરતા થકા. આનંદના નાથમાં આચરણ કરવું એ ચારિત્ર છે. અરે..રે..! સમજાણું કાંઈ? વિશેષ વાત છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૩૩૨ ગાથા–૨૭૦, ૨૭૧ મંગળવાર, આસો વદ ૪, તા. ૯-૧૦-૧૯૭૯

૨૭૦ (ગાથાનો) ત્રીજો પેરેગ્રાફ, ફરીને (લઈએ). જેમને 'માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી...' એટલે? હું જીવને મારી શકું છું, જિવાડી શકું છું, સુખી કરું શકું છું, દુઃખી કરી શકું છું. નારકી છું, મનુષ્ય છું, દેવ છું, પર જીવ હું છું, પર પરમાણુ હું છું, એવો જે એકત્વ–અધ્યવસાય–મિથ્યાત્વ એ અનાદિનો મિથ્યાત્વ જે એકત્વ અધ્યવસાય, એ જેને નથી. આહા..! 'તે જ કોઈક (વિરલ) મુનિકુંજરો (મુનિવરો),...' મુનિની પ્રધાનતાથી વાત કરી છે. બાકી સમ્યગ્દષ્ટિને પણ તે અધ્યવસાય તેને હોતા નથી. હું પરને જિવાડું, મારું, સુખી-દુઃખી કરું કે મનુષ્ય છું, તિર્યંચ છું, નારકી છું એ અધ્યવસાય સમકિતીને હોતા નથી. તેમ હું પરનું કરી શકું એવો અધ્યવસાય–મિથ્યાત્વ સમકિતીને હોતો નથી પણ અહીંયાં મુખ્ય મુનિપણાની વાત કહી છે.

મુનિકુંજરો–કો'ક મુનિ હોય, જેને 'સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,...' કાલે તો આ બહુ ચાલ્યું હતું. ઓહો..! 'સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની ક્રિયા...' જાણવું-દેખવું એવી જે પર્યાય. રાગની એકતા નહિ, પરની એકતા નહિ પણ દ્રવ્ય સ્વભાવની એકતામાં જેવું શ્રદ્ધામાં છે એવું એની વાણીમાં આવે છે. એવું એના અંતર વર્તનમાં આવ્યું છે. 'સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,...' આહાહા..! જાણવું-દેખવું, આનંદ, શાંતિ (આદિ) અનંત ગુણોની શક્તિની વ્યક્તતા–અંશે જે પ્રગટ પરિણમન થયું એ જ એક જેની ક્રિયા છે. પરની ક્રિયા તો એની નથી, પણ દયા, દાન, વ્રતના પરિણામ એ ક્રિયા પણ ધર્મીની નથી. આહાહા..! ઝીણું બહુ.

'જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,...' કેમકે ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયકભાવ છે તેથી તેની દૃષ્ટિ હોવાથી તેની જાણવાની, દેખવાની, શાંતિની, વીતરાગતાની, આનંદની જેની એક ક્રિયા. જ્ઞાનની પર્યાયમાં એ અનંત ગુણની પર્યાય–જ્ઞપ્તિ એક જ ક્રિયા છે. આહાહા..! ઝીણું બહુ, પ્રભુ! વર્તમાનની સાથે આ તો ભારે કઠણ પડે એવું છે. આહાહા..!

ત્રણ વાત છે. એક તો આત્મા સિવાય પરપદાર્થો જે આત્માના પર્યાયમાં નથી, એના ક્ષેત્રમાં નથી એનો આત્મા કર્તા, ભોક્તા નથી, એક વાત. બીજી વાત–આત્માના પ્રદેશમાં–ક્ષેત્રમાં રહેલા શરીર, વાણી, મન એનો પણ એ આત્મા કર્તા, ભોક્તા નથી. ત્રીજી વાત–એની પર્યાયમાં રહેલો રાગ આદિ, દ્વેષ આદિ પર્યાય એનો પણ, એ જ્ઞપ્તિ ક્રિયા કરનારો એનો કર્તા નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

આ ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવનો હુકમ છે, પ્રભુ! તું જે આત્મા છો, અસંખ્ય પ્રદેશી જ્ઞાયકભાવથી ભરેલો, એ બીજા પદાર્થો જે તારા પ્રદેશના ક્ષેત્રમાં રહ્યા નથી, ભિન્ન છે એની

કોઈ ક્રિયા તું કરી શકે (એવું) ત્રણ કાળમાં (નથી). આહાહા..! અને પ્રભુ! તારા પ્રદેશ ઉપર રહેલા શરીર, વાણી, મન, કર્મ છે એ આત્માના પ્રદેશમાં નથી, એ તો ભિન્ન છે. આહાહા..! આ શરીર, વાણી ને મન તો આત્માના પ્રદેશના ક્ષેત્રમાં રહ્યા છે. એ પણ જડ છે તેનો પણ કર્તા તું નથી. કેમકે કારણવાળા એ છે એને લઈને કર્તાપણું એનામાં છે. આહાહા..!

ત્રીજું – આત્માની પર્યાયમાં રાગ અને દ્વેષ એના ક્ષેત્રમાં અને પર્યાયમાં છે. આહાહા..! છતાં તેનો કર્તા (નથી). જ્ઞાયકસ્વરૂપ હું છું તેમ સમકિતીને દ્રવ્યદૃષ્ટિ હોવાથી હું ચૈતન્ય છું, જ્ઞાન છું, આનંદ છું એવી ક્રિયા નિર્મળ હોવાને લીધે રાગની ક્રિયા એ એની નથી. આહાહા..! આવું આકરું કામ. વીતરાગમાર્ગ એવો છે, પ્રભુ! આહાહા..! લોકોએ તો અત્યારે ગરબડ કરી નાંખીને આખો ફેરવી નાંખ્યો.

ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ પરમેશ્વરનો આ હુકમ છે, એની આ આજ્ઞા છે. પ્રભુ! તું તો જ્ઞાયક સ્વરૂપી છો ને, પ્રભુ! જ્ઞાયકસ્વરૂપી શું કરે કોઈનું? એ જાણવાની ક્રિયા કરે. જાણવાની, દેખવાની, શ્રદ્ધવાની, આનંદની... આહાહા..! એ પોતાના દ્રવ્યના લક્ષે એ ક્રિયા કરે. આહાહા..! પણ દયા, દાન, વ્રતના પરિણામનો વિકલ્પ જે રાગ એનો કોઈ ગુણ, અનંત ગુણમાં કોઈ ગુણ નથી. અનંત ગુણ છે પ્રભુમાં–આત્મામાં, પણ કોઈ ગુણ (એવો) નથી કે વિકાર કરે. એથી ગુણનો ધરનાર ગુણી એવા જ્ઞાયક સ્વભાવની જેની દૃષ્ટિ થઈ તે ગુણમાં વિકાર કરવાનો સ્વભાવ નથી માટે રાગની ક્રિયાનો પણ તે કર્તા નથી. આહાહા..! આવું વીતરાગ સ્વરૂપ એ ક્યાંય છે નહિ. વીતરાગ સિવાય, સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ક્યાંય આ વાત છે નહિ. અન્યમતમાં ક્યાંય આ વાત નથી. આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞે જોયું, જાણ્યું, એવું જગતને જાહેર કર્યું. આહાહા..!

એ અધ્યવસાય જેમને નથી. એ ‘સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા...’ એક ક્રિયા. આહાહા..! રાગની નહિ, પરની નહિ. પોતાના જાણવા, દેખવાની એક ક્રિયા ધર્મીને (છે). ધર્મી એવો જે આત્મા એની દૃષ્ટિમાં દ્રવ્યદૃષ્ટિ હોવાથી ધર્મીને પર્યાયમાં જાણવા, દેખવાની ક્રિયા હોય અને તેની સાથે શાંતિ અને આનંદનું પરિણમન પણ હોય.

‘સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે...’ એ તો ક્રિયા–પરિણતિની પહેલી વાત કરી. હવે કહે છે, વસ્તુ, વસ્તુ કેવી છે? ‘સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે....’ આહાહા..! સત્, સત્, સત્તા હોવાપણારૂપ અહેતુ કોઈ એનો હેતુ નથી એવો જ્ઞાયકભાવ જેનો ભાવ છે–દ્રવ્ય. જ્ઞાયકભાવ એવો દ્રવ્ય સ્વભાવ છે. આહાહા..! પહેલી પરિણતિની વાત કરી. પછી દ્રવ્યની આ વાત કરી. આહાહા..!

ત્રીજું. ‘સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે...’ એનું સ્વરૂપ શું છે? જ્ઞાયકભાવ દ્રવ્ય કીધું, પરિણતિ પર્યાય કીધી પણ એનું ત્રિકાળી સ્વરૂપ શું? કે, ત્રિકાળી સ્વરૂપ જ્ઞાન,

દર્શન, આનંદ આદિ એનું સ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્રણ વાત કીધી. પહેલી પરિણતિ લીધી. કેમકે એ જાણે છે. શું (જાણે છે)? વસ્તુ જ્ઞાયક ભાવ ત્રિકાળ અને એનું રૂપ જ્ઞાનરૂપ, આનંદરૂપ એ તો ત્રિકાળ (છે). એને વર્તમાન જ્ઞાનની પર્યાય, આનંદની પર્યાય જાણે છે. એટલે જાણનારને પહેલી લીધી. એણે શું જાણ્યું? આહાહા..! કે, એણે જાણ્યું, જ્ઞાયકભાવ એકરૂપ દ્રવ્ય છું તેમ તેણે જાણ્યું. આહાહા..! ઝીણી વાત, પ્રભુ! પ્રભુનો માર્ગ શૂરાનો છે, ભાઈ! એ કાયરના ત્યાં કામ નથી. આહાહા..!

કહે છે, જાણવાની, દેખવાની જે ધાર્મિક ક્રિયા–પરિણતિ થઈ એણે શું જાણ્યું? આહાહા..! એનું લક્ષ ક્યાં છે? કે, એ જ્ઞાયકભાવ ત્રિકાળ છે ત્યાં એનું લક્ષ છે. આહાહા..! જ્ઞપ્તિ ક્રિયા થઈ તેના ઉપર પણ તેનું લક્ષ નથી. આહાહા..! એ ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સર્વજ્ઞે દીઠો ઇ. અન્યમતિઓ બીજા કોઈ આત્માને કહે એ વાત છે નહિ, એ બધી વાત કલ્પિત. પરમાત્મા જિનેશ્વરદેવે જે આત્મા પૂર્ણ સ્વરૂપ અંદર જોયું છે તે તેનું–જ્ઞપ્તિ ક્રિયાનું લક્ષ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

'સત્‌રૂપ અહેતુક જ્ઞાન...' ત્યારે કહે, દ્રવ્યનું લક્ષ (થયું) છે તો એમાં છે શું? એ દ્રવ્યમાં ભર્યું છે શું? કે જ્ઞાન ને આનંદ આદિ, શાંતિ આદિ અનંત ગુણરૂપ સ્વરૂપ, એ અનંત ગુણરૂપ સ્વરૂપ ભર્યું છે. આહાહા..! એ સ્વરૂપવાન છે પ્રભુ. એમ જ્ઞપ્તિ ક્રિયા જાણે છે. આહાહા..! જરી ઝીણું પડશે પણ પ્રભુ! માર્ગ તો આવો છે, ભાઈ! અનંત કાળ થયા ચોરાશી (લાખ) યોનિમાં મુનિવ્રત અનંતવાર લીધા. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' દ્રવ્યલિંગ અનંતવાર ધારણ કર્યા, પંચમહાવ્રત અનંતા (વાર લીધા), ચોખ્ખા પંચમહાવ્રત, હોં! એને માટે કરેલા આહાર-પાણીનો બિંદુ ન લે. એવી ક્રિયાઓ પણ અનંતવાર કરી પણ જ્ઞાયક સ્વરૂપ ભગવાન રાગથી ભિન્ન છે, એ ક્રિયાથી ભિન્ન છે એવું આત્મજ્ઞાન ન કર્યું અને આત્મજ્ઞાન વિના 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' કેમકે એ પંચમહાવ્રત આદિની ક્રિયા તો આસ્રવ અને દુઃખરૂપ છે. આહાહા..! ગજબ વાત છે. 'પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'.

ભગવાન સુખ અને આનંદનું સ્વરૂપ છે. અહીં સ્વરૂપ ચાલે છે ને! જ્ઞાન ને આનંદ જેનું સ્વરૂપ છે, એના સ્વરૂપનું જ્ઞાન કર્યું નહિ તેથી આનંદ એને મળ્યો નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે, પ્રભુ! શું કહીએ? આહાહા..! વીતરાગ બાહ્ય રહી ગયા, મહાવિદેહમાં પ્રભુ રહી ગયા. વાણી રહી ગઈ ગઈ અહીં. આહાહા..! આવો માર્ગ છે.

'સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે...' સ્વરૂપ છે, જ્ઞાન સ્વરૂપ, આનંદ સ્વરૂપ, શાંતિ સ્વરૂપ, સ્વચ્છત્વ સ્વરૂપ, પ્રભુત્વ સ્વરૂપ એવા અનંત ગુણ સ્વરૂપ તે જ્ઞાયકભાવ છે. આહાહા..! 'એવા ભિન્ન આત્માને...' એવા ભિન્ન આત્માને. આહા..! છે? '(-સર્વ અન્યદ્રવ્યભાવોથી જુદા...)' સર્વ અન્ય દ્રવ્યો એટલે પર દ્રવ્યો. પ્રદેશમાં રહેલા શરીર, વાણી, મન, દ્રવ્યો અને

રાગ એ બધા 'અન્યદ્રવ્યભાવોથી જુદા આત્માને...' આહાહા..! 'જાણતા થકા,...' એનું નામ જ્ઞાન. આહાહા..! અન્ય દ્રવ્ય અને અન્ય ભાવોથી ભગવાનઆત્માને ભિન્ન જાણતા થકા, 'સમ્યક્ પ્રકારે દેખતા (શ્રદ્ધતા) થકા...' જેવું જ્ઞાનમાં જણાણું તેવી જ શ્રધ્ધા કરતા થકા. આહાહા..! શું શૈલી! દિગંબર મુનિઓની શૈલી ગજબ છે. ઘણી ગંભીરતા છે, ઘણી ઊંડપ છે, ભાઈ! હજી કેટલુંક કહી શકાય નહિ એટલી વાત એમાં ભરી છે. આહાહા..!

કહે છે, કે જેણે ભગવાન જાણ્યો, જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક અને જ્ઞાન આદિ જેનું અનંત ગુણનું રૂપ (છે) એવા સ્વરૂપવાળો ભગવાન, એને જેણે જ્ઞાનની પર્યાયમાં જાણ્યો, જાણ્યો એવો શ્રદ્ધ્યો. આહાહા..! જાણવામાં આવ્યું એવી પ્રતીતિ કરી. પહેલું એ લીધું. જોયું? ભાઈ! ઓલામાં ૧૭-૧૮ ગાથામાં લીધું છે. આહાહા..! નહિંતર તો આમ તો સમ્યગ્દર્શન પહેલું ને જ્ઞાન પછી ને ચારિત્ર પછી. 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' પણ કહે છે, પ્રભુ! એકવાર સાંભળ. એ ચીજ જેવી છે અંદર એવી જ્ઞાનમાં આવ્યા વિના તારી શ્રદ્ધા ક્યાંથી આવી? આહાહા..! સમજાય છે કાંઈ?

જાણવામાં આવ્યું એવી સમ્યક્ શ્રદ્ધા કરતા થકા. આહાહા..! વસ્તુ ભગવાન જ્ઞાયકભાવ અને જ્ઞાન ને આનંદ આદિ ગુણના સ્વરૂપવાળો પ્રભુ એનું સ્વસન્મુખ થઈને જ્ઞાન થયું અને તે જ્ઞાનમાં શ્રદ્ધતા થકા. એ જાણવામાં આવ્યું તેવી રીતે શ્રદ્ધતા થકા કે આ તો પૂર્ણ પ્રભુ છે. આહાહા..! પૂર્ણ પ્રભુ છે. અનંત ગુણનું રૂપ–સ્વરૂપ પૂર્ણ છે. એવું જે જ્ઞાનની પર્યાયમાં, સમ્યગ્દર્શન પર્યાયમાં, સમ્યક્ પર્યાયમાં આવ્યું એવું શ્રદ્ધામાં આવ્યું, એ સમ્યગ્દર્શન. આહાહા..! ભાષા તો સાદી (છે), પ્રભુ! માર્ગ કોઈ જુદો છે, બાપા! આહાહા..! ભરતક્ષેત્રમાં પ્રભુના પડ્યા વિરહ, કેવળજ્ઞાની ન મળે, અવધિજ્ઞાની ન મળે. લોકોએ પોતાની કલ્પનાથી માર્ગ ચલાવ્યો. માર્ગ કોઈ અલૌકિક છે. આહાહા..!

કહે છે, જેણે જાણક ક્રિયામાં આત્મા જ્ઞાયકભાવ અને અનંત આનંદના રૂપ સ્વરૂપવાળો જોયો... આહાહા..! જ્ઞાનની પર્યાયમાં જેણે જ્ઞાયકભાવને–અનંત સ્વરૂપને જ્ઞેય બનાવ્યું. આહાહા..! જ્ઞાનની પર્યાયમાં જેણે અનંત સ્વરૂપ ભગવાનને જ્ઞેય બનાવ્યો. આહાહા..! શૈલી તો જુઓ! આહાહા..! પરજ્ઞેય નહિ. આહા..! ભગવાન જ્ઞાન પર્યાયમાં જેણે ભગવાન જ્ઞાયકભાવને અનંત જ્ઞાન, આનંદ રૂપને જેણે જ્ઞેય બનાવ્યું, જ્ઞેય બનાવીને જાણ્યું. ભલે જાણવાની પર્યાયમાં જ્ઞેય આવ્યું નહિ પણ જ્ઞેયનું સામર્થ્ય જેટલું છે તેટલું પર્યાયમાં જાણવામાં આવી ગયું. આહાહા..! શું કીધું ઇ? વસ્તુ છે ઇ કાંઈ પર્યાયમાં આવતી નથી, દ્રવ્ય છે ઇ પર્યાયમાં આવતું નથી, પણ પર્યાયમાં દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે તેટલું જ્ઞાન આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? અને જેટલું સામર્થ્ય છે ને જેટલું છે તેટલું જ્ઞાનમાં આવ્યું તેટલી જ તેની શ્રદ્ધા થઈ. એ શ્રદ્ધામાં વસ્તુ આવી નહિ પણ વસ્તુનું જેટલું તારતમ્ય પૂર્ણાનંદ પ્રભુ છે તેવી જ વાત શ્રદ્ધામાં આવી ગઈ. એ શ્રદ્ધા અને જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય આવ્યું નહિ પણ

દ્રવ્યનું પૂર્ણ સામર્થ્ય તો એની પર્યાયમાં–શ્રદ્ધામાં, જાણવામાં આવી ગયું. આહાહા..! સમજાય છે કાંઈ?

બાપુ! પ્રભુના મારગડા જુદા. આહાહા..! અરે..રે..! એવી વાતું સાંભળવા ન મળે એ કે દિ' વિચારે ને કે દિ' અંદર જાય? આહાહા..! જેના જ્ઞાનમાં પણ આવી યથાર્થતા, પરલક્ષી જ્ઞાનમાં પણ આવી યથાર્થતા નથી (તે) સ્વલક્ષમાં કઈ રીતે જાય? આહાહા..! શું કહ્યું ઇ? જેને જ્ઞાનની પર્યાયમાં રાગથી લાભ થાય ને નિમિત્તના કાર્યને કરું અને નિમિત્તને મેળવું ને... આહાહા..! અને પૂર્ણ સ્વરૂપ છે તે આવું છે એવું હજી પરલક્ષી જ્ઞાનમાં પણ નિર્ણય ન આવ્યો, એ સ્વલક્ષમાં એ નિર્ણય(માં) કેમ જાય? આહાહા..! સમજાય છે કાંઈ? પ્રભુ! આહાહા..!

અહીં તો ભગવાન છે બધા. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે, ભગવાન સ્વરૂપ છે. બધા આત્માઓ – સ્ત્રી, પુરુષ ને એ બધા શરીરના દેહ છે એ આત્મામાં નથી. આહાહા..! આત્મા તો ભગવાન સ્વરૂપ છે, જ્ઞાયક સ્વરૂપ કહો, ભગવાન સ્વરૂપ કહો, પરમેશ્વર સ્વરૂપ કહો. આહાહા..! એવા પરમેશ્વરને જેણે જ્ઞાનની પર્યાયમાં જાણ્યા, એવા જ એક પર્યાયમાં શ્રદ્ધામાં આવ્યા, એનું નામ સમકિત. જાણ્યા વિનાની શ્રદ્ધા; સસલાના શીંગડા નથી તો એની શ્રદ્ધા કરો. શેની શ્રદ્ધા? પણ નથી તેની (શ્રદ્ધા કેમ કરવી?) આહાહા..!

'સમયસાર' ૧૭-૧૮ ગાથા. પહેલો આત્મા જાણવો અને પછી શ્રદ્ધા કરો. જાણવો. આહાહા..! પહેલા છ દ્રવ્યને જાણો ને દેવ, ગુરુને જાણો એમ નથી કહ્યું ત્યાં. ૧૭ ગાથા. પહેલો પ્રભુ આત્માને જાણો. પૂર્ણાનંદનો નાથ અંદર (બિરાજે છે). આહાહા..! અનંત અનંત આનંદ ને અનંત અનંત જ્ઞાન ને અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત કર્તા આદિ અનંત શક્તિઓનો સાગર ભગવાન છે. આહાહા..! ક્ષેત્ર શરીર પ્રમાણે (છે) માટે સ્વભાવ થોડો છે એમ ન માન. આ અવગાહન શરીર પ્રમાણે છે પણ એનો સ્વભાવ તો અપાર અને અનંત છે. સમજાય છે કાંઈ? આહાહા..! એવો જે ભગવાનઆત્મા એને જેણે જાણ્યો એવો જ શ્રદ્ધ્યો. છે? દેખતા થકા એટલે શ્રદ્ધતા થકા.

'અને અનુચરતા થકા,...' આહાહા..! આ ચારિત્ર. એ જ્ઞાયકભાવ પૂર્ણાનંદનો નાથ પ્રભુ જાણવામાં આવ્યો, શ્રદ્ધવામાં આવ્યો, એમાં અનુચરણ–આચરણ કર્યું. એ જ્ઞાયકભાવમાં રમણતા, જ્ઞાયકભાવમાં જામી જવું, જ્ઞાયકભાવમાં રમી જવું, જ્ઞાયકભાવમાં લીન થવું એ એનું આચરણ અને ચારિત્ર છે. આરે..! આરે..! આવી વ્યાખ્યા. હવે અહીં તો હજી પાંચ મહાવ્રત ને ફલાણું નગ્ન, એ ચારિત્ર. અરે..! પ્રભુ! આહાહા..! એવું તો અનંતવાર કર્યું, પ્રભુ! એ તો અભવિએ પણ કર્યું છે. આહાહા..! ભગવાનને ભૂલીને આવા બધા કામ અનંતવાર કર્યા છે. મોટપ તારી ભૂલી, મહિમાને ભૂલી પ્રભુ! આવા કામમાં મહિમા તેં અનંતવાર કરી છે, પણ ભગવાન અંદર મહિમાવંત પ્રભુ છે તે તરફ તારી નજરું ગઈ નથી. આહાહા..!

સમજાય છે કાંઈ? ઝીણી વાત છે થોડી, ભાષા તો સાદી છે, પ્રભુ! આહાહા..!

કહે છે, 'અનુચરતા થકા,...' એ જ્ઞાયક સ્વરૂપ અનંત ગુણરૂપ, જ્ઞાયકભાવ અનંત ગુણરૂપ, તેને જાણતા, શ્રદ્ધતા અને તેને અનુચરણ કરતાં એનું નામ ચારિત્ર. ચારિત્ર કોઈ પંચ મહાવ્રતના વિકલ્પ ને નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! ત્રણલોકના નાથનો આ પોકાર છે. ન્યાં મહાવિદેહમાં સર્વજ્ઞ પરમેશ્વરનો સમવસરણમાં દિવ્યધ્વનિનો પોકાર છે, ઇ આ વાત છે. આહાહા..! બાર જાતની સભા, સિંહ અને વાઘ ને નાગ અને ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે આ વાત પ્રભુ ન્યાં ફરમાવે છે. આહાહા..! એ વાત અહીંયાં આવી છે. આહાહા..!

પ્રભુ! તું કોણ છો? ક્યાં છો? કેવડો છો? હું જ્ઞાયક છું, અનંત ગુણનું સ્વરૂપ, તેવડો છું. આહાહા..! તેને અંતરમાં સ્વજ્ઞેય બનાવીને જ્ઞાન કરી અને સ્વજ્ઞેયમાં જ્ઞાન કર્યું તેની શ્રદ્ધા કરી અને તે પછી તેના સ્વરૂપમાં અનુચરણ કરવું. અતીન્દ્રિય આનંદના નાથમાં વીતરાગતાપણે જામી જવું, રમી જવું એનું નામ અનુચરણ નામ ચારિત્ર છે. આહાહા..! ત્યારે પછી આ પાંચ મહાવ્રત ને એ બધું શું સમજવું? એ ચારિત્ર નથી, પ્રભુ! આહાહા..! એ વસ્તુ નથી. ચારિત્ર એટલે ચરવું, ચરવું એટલું રમવું, રમવું એટલે જમવું. એ અતીન્દ્રિય આનંદમાં અનંત આનંદના કોળીયા લેવા, અંદર અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું, એનું આચરણ કરવું એનું નામ ચારિત્ર છે. આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાતું છે, પ્રભુ! ઓહો..હો..! ભગવાન! અહીં અનુચરણ કરવું એ કહે છે, ભાઈ! એ મોક્ષના માર્ગમાં ચારિત્ર એને કહીએ. નગ્નપણું એ તો જડની, માટીની–ધૂળની ક્રિયા (છે). પંચ મહાવ્રતના પરિણામ એ તો રાગ ને દુઃખરૂપ આસ્રવ (છે). આહાહા..! આ ભગવાન જ્ઞાયક સ્વરૂપ પ્રભુ, એનું જ્ઞાન-શ્રદ્ધા કરીને એમાં ઠરવું–વીતરાગભાવે ઠરવું... આહાહા..! એનું નામ પ્રભુ અનુચરણ નામ ચારિત્ર કહે છે. આહા..! સમજાય છે કાંઈ?

'અનુચરતા થકા,...' કાલે ત્યાં સુધી આવ્યું હતું. 'સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન...' આહાહા..! ભગવાન તો સ્વચ્છ નિર્મળાનંદ પ્રભુ અને સ્વચ્છંદપણે–સ્વચ્છંદ, સ્વચ્છંદ એટલે સ્વતંત્રપણે. આહાહા..! એ આત્મા સ્વચ્છંદી થયો. સ્વચ્છંદી – આનંદના નાથને ઘોળીને બહાર પ્રગટ કર્યો એ સ્વચ્છંદી. એ સ્વતંત્ર થયો, એ સ્વચ્છંદી થયો. આહાહા..! શું કહ્યું? પ્રભુ! આહા..!

'સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન (અર્થાત્ સ્વાધીનપણે પ્રકાશમાન)...' છે ને? સ્વચ્છંદનો અર્થ સ્વાધીન. ઇ સ્વચ્છંદી થાય ઇ વાત અહીં નથી. આ તો સ્વચ્છંદી થયો. સ્વ પ્રભુ પોતાનું સ્વરૂપ, તેનો સ્વચ્છંદી થયો, એને આશ્રયે ત્યાં રમણતા માંડી. આહાહા..! અરે..રે..! આ ક્યાં આમાં હીરા-માણેકમાં (ભળે એવું છે). હેં? આહાહા..! હીરો તો પ્રભુ આ છે. ચૈતન્ય-હીરલો, જેમાં અનંતા ગુણના પાસા પડ્યા છે. રૂપ જેનું અનંત ગુણનું રૂપ

પાસા (છે). હીરાને પાસા હોય છે ને? એમ પ્રભુ આત્મા જ્ઞાયકભાવમાં અનંત ગુણના પાસા પડ્યા છે. કેટલા અનંતા? કે અનંતા... અનંતા... અનંતા... અનંતા... સંખ્યા નહિ એટલા અનંતા. આહાહા..! એવા જે અનંતા ગુણનું સ્વરૂપ ભગવાનઆત્મા, તેને જ્ઞાનમાં લઈ, તેને શ્રદ્ધામાં લઈ, તેમાં ઠરવું એનું નામ મોક્ષનો માર્ગ છે. આહાહા..! ભગવંત! માર્ગ તો આ છે, પ્રભુ! આહાહા..!

કેટલાકને આવું લાગતા એવું લાગે કે આ તો 'સોનગઢ'વાળા નિશ્ચયની વાતું કરે છે, વ્યવહારની વાતું કરતા નથી. અરે..! પ્રભુ! સાંભળને, ભાઈ! વ્યવહારના નિષેધની વાત આવે છે ને, પ્રભુ! અને ખરેખર તો આ પણ વ્યવહાર છે. ત્રિકાળી જ્ઞાયકભાવની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા એ પર્યાય છે માટે નિશ્ચયથી તો એ વ્યવહાર છે. ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ પર્યાય તે વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ આમાં?

આહા..! 'પરમાર્થ વચનિકા'માં 'બનારસીદાસે' કહ્યું છે, કે નિશ્ચય મોક્ષમાર્ગ છે એ પર્યાય છે. પર્યાય (છે) માટે દ્રવ્યની અપેક્ષાએ તે વ્યવહાર છે. વસ્તુ જે ત્રિકાળી દ્રવ્ય છે તે નિશ્ચય છે. (આ) એક સમયની પર્યાય ને ઓલું તો ત્રિકાળી દ્રવ્ય છે આખું, એની અપેક્ષાએ પર્યાય છે તે વ્યવહાર છે. પણ આ વ્યવહાર. આહાહા..!

અરે..રે..! એને ક્યાં જાવું? દેહની સ્થિતિ પૂરી થશે, પ્રભુ! ક્યાંય ચોરાશીની પાટ પડી છે. ક્યાંય શરણ નથી, ત્યાં કોઈ શરણ નથી. આહા..! શરણ તો અહીં છે, તારામાં તું, તારામાં તું (શરણ છો). આહાહા..! જેને નજરે જોયા નહિ, જેને જોયા વિના શ્રદ્ધ્યા નહિ અને શ્રદ્ધ્યા વિના એનું આચરણ કર્યું નહિ. આહાહા..! પ્રભુ! તારું ત્યાં જ જશે. આહાહા..! એમાં દુનિયાની સફારશ કામ નહિ આવે કે મને આટલા બધા વખાણતા હતા. એ બાપુ! શું કામ આવે ત્યાં? આહા..! મને આટલા માનતા હતા, આટલી સભાઓ ભરાતી હતી. બાપુ! એને લઈને શું થયું તને? આહાહા..!

એ 'સ્વચ્છંદપણે...'. 'સ્વચ્છ ને સ્વચ્છંદપણે...' સ્વચ્છ એટલે નિર્મળ અને સ્વચ્છંદ એટલે સ્વાધીન. અહીં બે અર્થ કર્યા. છે ને કૌસમાં? નિર્મળપણે, સ્વતંત્રપણે ઉદયમાન એવી 'અમંદ અંતર્જ્યોતિને...' આહાહા..! આવો અંતર ભગવાન પૂર્ણાનંદનો નાથ જેનો વિકલ્પ પણ કરી શકાય નહિ, (જે) વિકલ્પથી જણાય નહિ. આહાહા..! રાગના વિકલ્પથી જણાય નહિ, એની જાતની ભાતથી જણાય, એના સ્વભાવથી જણાય એવો પ્રભુ છે. એ દયા, દાન ને વ્રતના વિકલ્પથી પ્રભુ! એ રાગથી જણાય એવો એ આત્મા નથી. આહાહા..! એ..ઇ..! તો પછી આ તમારા પાપના...

મુમુક્ષુ :– જયસેનાચાર્યમાં તો કહ્યું છે કે રાગથી જણાય.

ઉત્તર :– રાગથી જણાતો નથી, પર્યાયથી જણાય છે. રાગ વિકાર છે. 'અલિંગગ્રહણ'માં આવ્યું નથી? છઠ્ઠો બોલ. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. 'પ્રવચનસાર'ની

૧૭૨ ગાથા. 'અલિંગગ્રહણ'ના વીસ બોલ (છે), એનો છઠ્ઠો બોલ. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા..! એ વસ્તુ છે. વ્યવહારથી કહ્યું હોય એ તો એક નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે. આહાહા..! અરે..! ગોટા, મોટા ગોટાઓ ઊઠે. આહાહા..! 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં કહ્યું છે, ભાઈ! ઘણું કહ્યું છે. વ્યવહાર સાધન છે. એ તો નિશ્ચય થયો છે એને રાગની મંદતાનો આરોપ આપીને, સાધનનો આરોપ કર્યો છે. રાગ તે કંઈ સાધન (થાય)? સ્વભાવનું સાધન રાગ થાય? આહાહા..!

'એવી અમંદ અંતર્જ્યોતિને...' અમંદ અંતર્જ્યોતિ, ભગવાન ચૈતન્ય. આહાહા..! 'અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી...' અજ્ઞાનનો અભાવ હોવાથી. રાગનું કર્તવ્ય મારું છે, પરનું કર્તવ્ય મારું છે, રાગથી-પુણ્યથી ધર્મ થાય, એવો જે અજ્ઞાનભાવ. અજ્ઞાન, અશ્રદ્ધા અને અચારિત્ર-એ ત્રણેપણાના અત્યંત અભાવથી. ત્રણ બોલ લેવા-અજ્ઞાન, અશ્રદ્ધા ને અચારિત્ર આહાહા..! ગજબ વાત છે. બહુ થોડા શબ્દો. દિગંબર સંતોની વાણી ગજબ વાત છે. ક્યાંય છે નહિ. આહાહા..! શ્વેતાંબરમાં નથી તો અન્યની તો ક્યાં વાત કરવી, અન્યમતમાં તો ક્યાં ગંધેય નથી. શું થાય? ભાઈ! એને ઠેકાણે (કહે), બધા સરખા. બધાને એક કરીને બેસાડવા. બાપા! ક્યાંથી બેસે? ભાઈ! આહાહા..!

'અમંદ અંતર્જ્યોતિ...' આહાહા..! અંતર્જ્યોતિ... અંતર્જ્યોતિ. 'અમંદ અંતર્જ્યોતિ...' અંતર ચૈતન્યના પ્રકાશનું પૂર, ચૈતન્યના પ્રકાશનું પૂરનું, નૂરનું તેજ. 'અંતર્જ્યોતિને અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી (અર્થાત્ અંતરંગમાં પ્રકાશતી જ્ઞાનજ્યોતિ જરા પણ અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ નહિ થતી હોવાથી) શુભ કે અશુભ કર્મથી ખરેખર લેપાતા નથી.' લ્યો! આહાહા..! શુભ ને અશુભ છે એ બંધનું કારણ છે. એ શુભ-અશુભ ભાવ છે નહિ અહીં. સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા (પ્રગટી છે) એથી તેને શુભાશુભથી લેપ થતો નથી, શુભાશુભનો બંધ તેને થતો નથી. આહાહા..! માનો ન માનો માર્ગ તો આ છે અને તે પણ તારી પ્રભુતા પ્રગટ કરવા માટે છે ને પ્રભુ! તને ભગવાન કરવો છે, તું ભગવાન સ્વરૂપે છો, પ્રભુ! આહાહા..! તારો સ્વભાવ જ ભગવાન છે, એને પર્યાયમાં ભગવાન કરવો એને માટે આ વાત છે. આહાહા..! એ હીણી વાતે તું ભગવાન નહિ થા. એ વિપરીત રાગાદિથી ભગવાન નહિ થા, પ્રભુ! આહાહા..! આવી વાતું છે.

'અંતર્જ્યોતિ' શબ્દ વાપર્યો છે ને? અંતર્જ્યોતિ. અંતરમાં ચૈતન્ય જ્યોતિ, જ્ઞાનનો સૂર્ય, ચૈતન્યનો સૂર્ય, ધ્રુવ ચૈતન્ય સૂર્ય પ્રભુ (બિરાજે છે). આહાહા..! એને.. આહાહા..! અજ્ઞાન આદિના અભાવને લઈને 'શુભ કે અશુભ કર્મથી ખરેખર લેપાતા નથી.' એને શુભ અને અશુભ કર્મ બંધન થતું નથી. આહાહા..! ધીમેથી સમજવું, પ્રભુ! આ કોઈ વાર્તા નથી, આ કોઈ કથા નથી. આ તો ત્રણલોકના નાથની દિવ્યધ્વનિનું માખણ છે. કોઈ વાર્તા નથી. આહાહા..! તારા ભગવતસ્વરૂપની ભાગવત વાર્તા છે. આ તો ભગવતસ્વરૂપ પ્રભુની ભાગવત

વાર્તા છે. આહાહા..! આ ભગવાન બનાવવાની વાત છે, પ્રભુ! તને ખોટું ન લાગવું જોઈએ કે, અરે..! અમારા મહાવ્રતને ઊડાડી દે છે. પ્રભુ! એનું તને નુકસાન છે, ભાઈ! આહાહા..! ભગવાન! તને ભગવાન કરવો છે. આહાહા..!

મુમુક્ષુ :– સિંહને સિંહ બનાવવો છે.

ઉત્તર :– હા. સિંહ છો. સ્વભાવમાં સિંહ છો તેને પર્યાયમાં સિંહ બનાવવો છે. આહાહા..! એ શિયાળીયાનું કામ અહીંયાં નથી. આહાહા..! એ પુણ્ય ને પાપના ભાવ શિયાળીયા રાંકા-ભિખારા, દુઃખરૂપ, એનું અહીં કામ નથી, કહે છે. આહાહા..!

એ શબ્દની રચના પણ જ્યાં આત્માની નથી, પ્રભુ! આહાહા..! એ તો કાલે બપોરે આવ્યું હતું. શરીર, વાણી ને મનની રચના જીવની નહિ, પ્રભુ! એ તો જડની છે. ભગવાનમાં ક્યાં ભાષાવર્ગણા પડી છે. આહાહા..! એ તો અંતર્જ્યોતિ ચૈતન્યની છે ને! એમાં અંતરમાં ક્યાં આ ભાષાવર્ગણા પડી છે. એ તો બાહ્ય પડી છે તેનાથી આ ભાષા થાય છે. આહાહા..! અંતર્જ્યોતિ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો પ્રકાશનો પિંડ પ્રભુ... આહાહા..! એને અજ્ઞાન આદિના અભાવને લઈને શુભ અને અશુભ (કર્મ) ખરેખર બંધાતા નથી, લેપાતા નથી.

ભાવાર્થ :– 'આ જે અધ્યવસાનો છે તે 'હું પરને હણું છું' હણી શકું છું, પરની દયા પાળી શકું છું, હું જૂઠું બોલી શકું છું, હું સત્ય બોલી શકું છું, હું શરીરથી બ્રહ્મચર્ય પાળું છું, શરીરથી વિષય સેવું છું, એવો જે અધ્યવસાય–એકત્વ તે મિથ્યાત્વ છે. આહાહા..! 'એ પ્રકારનાં છે, 'હું નારક છું' હું મનુષ્ય છું, હું દેવ છું, હું તિર્યંચ છું એ પ્રકારના અધ્યવસાય–એકત્વબુદ્ધિ મિથ્યાત્વ છે. 'હું પરદ્રવ્યને જાણું છું' પરદ્રવ્યને જાણતા વિકલ્પ થાય તો એને (થાય), જાણે હું પરદ્રવ્ય છું. આહાહા..! એ પ્રકારનાં અધ્યવસાન એકત્વબુદ્ધિ.

ત્રણ પ્રકારની એકત્વબુદ્ધિ લીધી. એક–પરને હણું અને બચાવું, હણું ને બચાવું, જૂઠું બોલું ને સત્ય બોલું, ચોરી કરું ને ચોરી ન કરું, એ બધો વિકલ્પ છે. આહાહા..! શરીરથી બ્રહ્મચર્ય પાળું ને શરીરથી વિષય સેવું, એ બેય વિકલ્પ છે. આહાહા..! એ પ્રકારની એકત્વબુદ્ધિ. હું નારકી ને હું મનુષ્ય છું. એ પ્રકારની એકત્વબુદ્ધિ અને હું પરદ્રવ્યને જાણું એ પ્રકારની એકત્વબુદ્ધિ.

'તેઓ, જ્યાં સુધી આત્માનો ને રાગાદિકનો,...' છે? અરે..! એ નવરા જરીયે થાય નહિ ને અહીં લઈ જવા. આહાહા..! ભાઈ! ત્યાં છો, પ્રભુ! અંદર પરમાત્માની સત્તા, પરમેશ્વરની સત્તા અંદર પડી છે, પ્રભુ! આહા..! ત્યાં તને લઈ જવા માંગે છે. તું અહીં બહારમાં ફરે છો એ રહેવા દે, એ વ્યભિચાર છે. આહાહા..! રાગમાં, પુણ્યમાં, દયા-દાનમાં રોકાણો છો પ્રભુ! એ વ્યભિચાર છે. સ્વભાવની સાથે વિભાવનો વ્યભિચાર છે. આહાહા..! અરે..રે..! આવી વાતું.

આવા 'આત્માનો ને રાગાદિકનો,...' છે? 'રાગાદિક' લીધું, જોયું? અને 'આત્માનો ને

નારકાદિ કર્મોદયજનિત ભાવોનો...' ત્રણ બોલ લીધા ને? પરને હણું છું આદિ રાગાદિકનો, નારકાદિ એ કર્મોદયજનિત ભાવોનો તથા 'આત્માનો ને જ્ઞેયરૂપ અન્યદ્રવ્યોનો...' એ વીતરાગ સર્વજ્ઞદેવ પણ મારા છે, એ પણ બુદ્ધિ એકત્વ મિથ્યાત્વ છે. આહાહા..! આ બાયડી મારી છે ને છોકરા મારા છે ને પૈસા મારા છે. પ્રભુ! કેટલા મારા તેં ઊભા કર્યા! આહાહા..!

એ 'અન્યદ્રવ્યોનો ભેદ ન જાણ્યો હોય,...' અન્યદ્રવ્યોથી પ્રભુ તું ભિન્ન છો. આહા..! પૈસા, લક્ષ્મી, મકાન, આબરુ, કીર્તિ, શરીર, વાણી, મન બધાથી તું અંદર ભિન્ન છો. 'ભેદ ન જાણ્યો હોય, ત્યાં સુધી પ્રવર્તે છે.' અજ્ઞાન. 'તેઓ ભેદજ્ઞાનના અભાવને લીધે...' ભેદજ્ઞાન– પરને હણું આદિથી રહિત છું, નારકી, મનુષ્યથી રહિત છું, પરને મારું માનવાથી પણ રહિત છું, એવા 'ભેદજ્ઞાનના અભાવને લીધે મિથ્યાજ્ઞાનરૂપ છે,...' મિથ્યાજ્ઞાનરૂપ છે. આહાહા..! 'મિથ્યાદર્શનરૂપ છે અને મિથ્યાચારિત્રરૂપ છે; એમ ત્રણ પ્રકારે પ્રવર્તે છે.' અજ્ઞાની અનાદિથી. આહાહા..!

'તે અધ્યવસાનો જેમને નથી તે મુનિકુંજરો છે.' મુનિ પ્રવર પ્રધાન કોઈ મહા વિરલ જીવ છે. આહાહા..! આ ત્રણ પ્રકારના અધ્યવસાન નથી એ કોઈ મુનિકુંજર વિરલ છે. મુનિમાં કોઈ વિરલ મુનિ છે. આહાહા..! શાસ્ત્ર આમ પોકારે છે ને! આ તો શાસ્ત્ર આમ કહે છે, ભગવાન આમ કહે છે, એની વાત છે. કોઈની આલોચનાની વાત નથી. એના પરિણામનું ફળ તો એને છે. આહાહા..! અહીં તો ભગવાન આમ કહે છે એ વાતની પદ્ધતિ પ્રમાણે વાત છે. આહાહા..! માર્ગ આવો છે, પ્રભુ! આહાહા..!

'તેઓ આત્માને સમ્યક્ જાણે છે,' મુનિકુંજર, મુનિમાં પ્રધાન. એ કોઈક 'સમ્યક્ જાણે છે, (આત્માને) સમ્યક્ શ્રદ્ધે છે અને સમ્યક્ આચરે છે, તેથી અજ્ઞાનના અભાવથી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ થયા થકા કર્મોથી લેપાતા નથી.' આને મુનિ કહીએ. આહાહા..! જો કે મુનિની મુખ્યતાથી વાત કરી છે બાકી એકત્વબુદ્ધિ તો સમકિતીને પણ હોતી નથી. સમજાણું?

સમકિતી ચક્રવર્તીના રાજમાં પડ્યો હોય. કરોડો અપ્સરાની મધ્યમાં શક્રેન્દ્ર છે, શક્રેન્દ્ર એકાવતારી છે, એક ભવે મોક્ષ જનાર છે. શક્રેન્દ્ર, સુધર્મ દેવલોક, બત્રીસ લાખ વિમાન. એક એક વિમાનમાં અસંખ્ય દેવ કેટલા મોટા! કરોડો અપ્સરાઓ. (પોતે) સમકિતી છે, આત્મજ્ઞાની છે, ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. એને પણ એકત્વબુદ્ધિ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પતિ-પત્ની બેય એવા છે, પત્ની પણ એવી છે. ઈન્દ્રાણી એ પણ ત્યાંથી નીકળી મનુષ્ય થઈને મોક્ષ જવાની છે એમ ભગવાનના શાસ્ત્રમાં પાઠ છે. આહાહા..! એ હો તે હો, આખી દુનિયા છે દુનિયામાં, એમાં હું ક્યાં છું. આખી દુનિયા વિશ્વ છે તે વિશ્વરૂપે હો. હું તો એનાથી ભિન્ન જાણનાર, દેખનાર આનંદ છું. આહાહા..! એવી જ્ઞાન ને શ્રદ્ધા જેને પ્રગટી તે સમકિતી છે અને તેવા સ્વરૂપમાં રમણતા કરે તે ચારિત્ર

મુનિ છે. આહાહા..! આવી આકરી વાતું છે.

રોજનામું આ છે. રોજનામું નથી કરતાં? આહાહા..!

રજકણે રજકણની પર્યાયથી પ્રભુ ભિન્ન છે. રાગના કણથી–દયા, દાન ને વ્રતનો વિકલ્પ છે રાગ, એનાથી પ્રભુ ભિન્ન છે. આહાહા..! દેશની સેવા કરું ને પૈસાથી આમ કરું ને તેમ કરું. એ પ્રભુ ક્યાં છે તારામાં. આહાહા..! તેં એ મિથ્યાત્વનો ભાર ઉપાડ્યો, બોજો ઉપાડ્યો. પરનું કરું ને પરનું આમ કરું ને પરનું આમ કરી દઉં... આહાહા..! પરને સુધારી દઉં. લ્યો! એ આવ્યું હતું ને? પરને બગાડી દઉં. પ્રભુ! તારા અધ્યવસાયથી એ નહિ થાય. એ તો એના વીતરાગ ભાવે મોક્ષ જશે ને રાગ ભાવે, અજ્ઞાન ભાવે રખડશે. તારા કરવાથી ત્યાં બંધ થાય ને મોક્ષ થાય એમ નહિ થાય. આહાહા..! ઉતાવળ ન કરીશ, પ્રભુ! શાંતિ રાખીને તારું કામ કરજે, એમ કહે છે. આહાહા..!

ચોથા ગુણસ્થાને ઉપાદેયરૂપ શુદ્ધભાવ અલ્પ છે. પાંચમે છઠ્ઠે તે વધતો જાય છે. તથા હેયરૂપ વિકાર ચોથા ગુણસ્થાન કરતાં પાંચમે-છઠ્ઠે મંદ થતો જાય છે. જેમ જેમ શુદ્ધતા વધે છે તેમ તેમ ગુણસ્થાન વધે છે. ગુણસ્થાન અનુસાર સ્વજ્ઞેયને પકડવાની તાકાત વધતી જાય છે. પરદ્રવ્યને છોડવાથી ગુણસ્થાન વધે એમ નથી. લંગોટી હતી ત્યારે પાંચમું ને લંગોટી છૂટતાં છઠ્ઠું સાતમું એમ નથી... પણ અંદરમાં દ્રવ્યને પકડીને તેના આચરણની ઉગ્રતા થતાં ગુણસ્થાન વધે છે. ગુણસ્થાન અનુસાર બાહ્યમાં નિમિત્તોનો સંબંધ છૂટી જાય છે. જેમ કે છઠ્ઠા ગુણસ્થાને સદોષ આહાર લેવાનો ભાવ ન આવે, ત્યાં વસ્ત્રનો સંયોગ ન હોય પણ ત્યાં ગુણસ્થાન તો અંદરની શુદ્ધિથી ટક્યું છે. બહારમાં વસ્ત્રનો ત્યાગ કરીને બેસે તેથી કાંઈ છઠ્ઠું ગુણસ્થાન થઈ જતું નથી. ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન અને ગુણસ્થાન પ્રમાણે ક્રિયા. કાંઈ ચોથા ગુણસ્થાને કેવળજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન ન હોય. તેમ જ ક્રિયા એટલે શુભભાવ, તે પણ ગુણસ્થાન અનુસાર હોય છે. અંદર ચોથું ગુણસ્થાન હોય ને બહારમાં દ્રવ્યલિંગી મુનિ હોય એટલે છઠ્ઠા ગુણસ્થાન જેવી ક્રિયા હોય, પણ તેની અહીં વાત નથી. અહીં તો જેટલું ગુણસ્થાન પ્રગટ્યું તેને અનુસાર ક્રિયા હોય છે. અંદર છઠ્ઠું ગુણસ્થાન હોય ને વેપાર કરતો હોય–એમ ન બને. પણ તેથી શુભપરિણામને લીધે ગુણસ્થાન હોય છે– એમ નથી.

(પરમાગમસાર - ૬૭૨)

## ગાથા-૨૭૧

किमेतदध्यवसानं नामेति चेत् -

बुद्धी ववसाओ वि य अज्झवसाणं मदी य विण्णाणं।
एक्कट्ठमेव सव्वं चित्तं भावो य परिणामो।।२७१।।
बुद्धिर्व्यवसायोऽपि च अध्यवसानं मतिश्च विज्ञानम्।
एकार्थमेव सर्वं चित्तं भावश्च परिणामः।।२७१।।

स्वपरयोरविवेके सति जीवस्याध्यवसितिमात्रमध्यवसानं; तदेव च बोधनमात्रत्वाद्बुद्धिः, व्यवसानमात्रत्वाद्व्यवसायः, मननमात्रत्वान्मतिः, विज्ञप्तिमात्रत्वाद्विज्ञानं, चेतनामात्रत्वाच्चित्तं, चितो भवनमात्रत्वाद्भावः, चितः परिणमनमात्रत्वात्परिणामः।

---

''અધ્યવસાન શબ્દ વારંવાર કહેતા આવ્યા છો, તે અધ્યવસાન શું છે ? તેનું સ્વરૂપ બરાબર સમજવામાં નથી આવ્યું.'' આમ પૂછવામાં આવતાં, હવે અધ્યવસાનનું સ્વરૂપ ગાથામાં કહે છે :-

બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને
પરિણામ, ચિત્ત ને ભાવ - શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.

ગાથાર્થ :- [ बुद्धिः ] બુદ્ધિ, [ व्यवसायः अपि च ] વ્યવસાય, [ अध्यवसानं ] અધ્યવસાન, [ मतिः च ] મતિ, [ विज्ञानम् ] વિજ્ઞાન, [ चित्तं ] ચિત્ત, [ भावः ] ભાવ [ च ] અને [ परिणामः ] પરિણામ - [ सर्वं ] એ બધા [ एकार्थम् एव ] એકાર્થ જ છે (-નામ જુદાં છે, અર્થ જુદા નથી).

ટીકા :- સ્વ-પરનો અવિવેક હોય (અર્થાત્ સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય) ત્યારે જીવની [1]અધ્યવસિતિમાત્ર તે અધ્યવસાન છે; અને તે જ (અર્થાત્ જેને અધ્યવસાન કહ્યું તે જ)

---

૧. અધ્યવસિતિ = (એકમાં બીજાની માન્યતાપૂર્વક) પરિણતિ; (મિથ્યા) નિશ્ચિતિ; (ખોટો) નિશ્ચય હોવો તે.

બોધનમાત્રપણાથી બુદ્ધિ છે, [2]વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય છે, [3]મનનમાત્રપણાથી મતિ છે, વિજ્ઞપ્તિમાત્રપણાથી વિજ્ઞાન છે, ચેતનામાત્રપણાથી ચિત્ત છે, ચેતનના ભવનમાત્રપણાથી ભાવ છે, ચેતનના પરિણમનમાત્રપણાથી પરિણામ છે. (આ રીતે આ બધા શબ્દો એકાર્થ છે.)

ભાવાર્થ :– આ જે બુદ્ધિ આદિ આઠ નામોથી કહ્યા તે બધાય ચેતન આત્માના પરિણામ છે. જ્યાં સુધી સ્વપરનું ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી જીવને જે પોતાના ને પરના એકપણાના નિશ્ચયરૂપ પરિણતિ વર્તે છે તેને બુદ્ધિ આદિ આઠ નામોથી કહેવામાં આવે છે.

## ગાથા–૨૭૧ ઉપર પ્રવચન

'અધ્યવસાન શબ્દ વારંવાર કહેતા આવ્યા છે એ અધ્યવસાન શું છે?' એકત્વબુદ્ધિ. 'તેનું સ્વરૂપ બરાબર સમજવામાં નથી આવ્યું' આમ પૂછવામાં આવતાં,...' આમ પૂછવામાં આવતા હવે તેને અધ્યવસાનનું સ્વરૂપ કહે છે. જેને આવી જિજ્ઞાસા થઈ છે તેને આ ઉત્તર દેવામાં આવે છે. આહાહા..! પ્રભુ! આપ અધ્યવસાન અધ્યવસાન કરો છો, શું છે ઇ? આહાહા..! એનું સ્વરૂપ શું છે? એમ જેને અધ્યવસાન જાણવાની જિજ્ઞાસાથી જેણે પ્રશ્ન કર્યો છે તે સમજવા માંગે છે, તેને ઉત્તર દેવા માંગે છે. આહાહા..! ગજબ વાત. ૨૭૧.

बुद्धी ववसाओ वि य अज्झवसाणं मदी य विण्णाणं।
एक्कट्ठमेव सव्वं चित्तं भावो य परिणामो।।२७१।।

બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને
પરિણામ, ચિત્ત ને ભાવ-શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧

ટીકા :– 'સ્વ-પરનો અવિવેક હોય...' આત્મા ને રાગ, આત્મા ને શરીર, આત્મા ને વાણી, આત્મા ને પરદ્રવ્ય, એનો 'અવિવેક હોય (અર્થાત્ સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય) ત્યારે જીવની [1]અધ્યવસિતિમાત્ર...' નીચે (ફૂટનોટમાં છે). 'એકમાં બીજાની માન્યતારૂપ પરિણતિ; (મિથ્યા) નિશ્ચિતિ; (ખોટો) નિશ્ચય હોવો તે' અધ્યવસાન છે; આહાહા..! રાગને હું કરું છું, શરીરની ક્રિયા મારાથી થાય છે, પૈસા લેવડ-દેવડમાં પણ મારો અધિકાર છે, હું પૈસા દઈ શકું છું, એ જડની દશાને હું દઈ શકું છું. આહાહા..! એવો જે એકત્વ અધ્યવસાય તેને અહીંયાં મિથ્યાત્વનો અધ્યવસાય કહેવામાં આવે છે. આહાહા..!

શું કરવું ત્યારે? આ બાયડી-છોકરાને નાંખવા ક્યાં? રળવું તો પડે કે નહિ? કોણ રળે? પ્રભુ! સાંભળને, ભાઈ! એ તો પૂર્વના પુણ્ય હોય તો પૈસા આદિ આવે. તું રાગ કર માટે

૨. વ્યવસાન = કામમાં લાગ્યા રહેવું તે; ઉદ્યમી હોવું તે; નિશ્ચય હોવો તે.
૩. મનન = માનવું તે; જાણવું તે.

આવે, એવું કાંઈ છે નહિ. આહાહા..! આખી દુનિયાથી જુદી જાત છે, પ્રભુ! વીતરાગ પરમાત્મા સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવનો પંથ આખી દુનિયાથી કોઈ જુદી જાત છે. ક્યાંય મેળ ખાય એવો (નથી). મેળ અંદરમાં ખાય એવો છે. આહાહા..!

કહે છે, કે પર અને સ્વનો જ્યાં ભેદ નથી (અર્થાત્) રાગ અને આત્માનો, શરીર ને આત્માનો, વાણી ને આત્માનો, કર્મ ને આત્માનો, પરદ્રવ્ય ને આત્માનો ભેદ નથી, એવો અધ્યવસાય તેને અધ્યવસાન – મિથ્યાત્વ કહેવામાં આવે છે. આહાહા..! 'અને તે જ (અર્થાત્ જેને અધ્યવસાન કહ્યું તે જ) બોધનમાત્રપણાથી બુદ્ધિ છે,...' એને–એકત્વબુદ્ધિને બુદ્ધિ પણ કહેવામાં આવે છે. આહાહા..! મિથ્યાત્વને, અધ્યવસાયને બુદ્ધિ પણ કહેવામાં આવે છે. આહાહા..! 'બોધનમાત્રથી બુદ્ધિ...' એને જાણવામાં રોકાઈ ગયો ને? આહાહા..! એથી તેને બુદ્ધિ પણ કહેવામાં આવે છે.

'[૨]વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય છે,...' 'કામમાં લાગ્યા રહેવું તે; ઉદ્યમી હોવું તે; નિશ્ચય હોવો તે.' કામમાં લાગ્યા, વ્યવસાય... વ્યવસાય... વ્યવસાય... એવી એકત્વબુદ્ધિ, હોં! આહાહા..! આ વ્યવસ્થાપક વ્યવસાય કરે છે કે નહિ? વ્યવસ્થાપક મંડળી જગતની વ્યવસ્થા કરે. કહે છે, ના. એ વ્યવસાય કરું છું એ માન્યતા જ તારું મિથ્યાત્વ છે. આહાહા..! ગજબ છે. વ્યવસાય... આહાહા..! વ્યવસ્થા કરવી, પાંજરાપોળો કરવી, હેં? આ રાહતફંડમાં પૈસા ભરવા, વ્યવસાય કરીને દુઃખી પ્રાણીને (બચાવવા). આ 'મોરબી' જેવા... બિચારા જુઓને! પંદર-વીસ હજાર મરી ગયા. રાહતફંડમાં પૈસા ભરીને કાંઈક (વ્યવસ્થા કરું). કહે છે, પ્રભુ! એ અવસ્થા તું ન કરી શકે, હોં! એ પૈસા જવા, દવાની વ્યવસ્થા પ્રભુ તારી નહિ, હોં! આહાહા..! એ વ્યવસાય હું કરું છું, એ અધ્યવસાય–એકત્વ બુદ્ધિ છે. ગજબ વાતું છે, બાપુ! દુનિયાથી જીરવવી કઠણ પડે એવી વાત છે આહા..! અને જીરવી જાય એના ભવ રહે નહિ. આહાહા..! એવી વાત છે, પ્રભુ! ભવના છેડાની વાતું છે, નાથ! ચોરાશીના અવતાર પ્રભુ ક્યાં ક્યાં પડ્યા! આહાહા..! એ બધા અવતારનો અંત આ રીતે છે. એકત્વબુદ્ધિ ટાળવાથી ભવના અંત છે. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

---

## પ્રવચન નં. ૩૩૩ ગાથા–૨૭૧, શ્લોક–૧૭૩ બુધવાર, આસો વદ ૫, તા. ૧૦-૧૦-૧૯૭૯

---

ભાવાર્થ છે ને?

મુમુક્ષુ :– ટીકા બાકી છે.

ઉત્તર :– ટીકા. ૨૭૧. શું કહે છે? કે, જ્યાં સુધી પરથી ભેદજ્ઞાન ન હોય; હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના, સત્ય, દયા, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ બધા પર

વસ્તુ છે, એની એકત્વબુદ્ધિ હોય ત્યાં સુધી આવા અધ્યવસાય હોય છે. એમ નારકી, મનુષ્ય, દેવ આદિ ગતિ હું છું એવો અધ્યવસાય હોય ત્યાં સુધી આ બુદ્ધિ હોય છે અને પરદ્રવ્ય મારા છે, છ દ્રવ્ય, કોઈ પણ પરમાણુ કે કોઈ સ્કંધ કે શરીર તે મારા છે, એવો જે અધ્યવસાય– એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ છે.

એ અધ્યવસાન છે તે જ 'બોધનમાત્રપણાથી બુદ્ધિ છે,...' એ અધ્યવસાયને જ જાણપણાની અપેક્ષાએ એને બુદ્ધિ પણ કહેવામાં આવે છે. છે એકત્વબુદ્ધિ, એકત્વબુદ્ધિનું જ્ઞાન છે તેથી તેને બુદ્ધિ કહેવામાં આવે છે. 'વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય છે,...' (વ્યવસાન એટલે) કામમાં લાગ્યા રહેવું તે; ઉદ્યમી હોવું. એવો વ્યવસાય (છે) એને પણ અધ્યવસાય કહેવામાં આવે છે. એકત્વબુદ્ધિ વ્યવસાયમાં એને વ્યવસાય કહેવામાં આવે છે. 'મનનમાત્રપણાથી મતિ છે,...' 'માનવું તે; જાણવું તે.' નારકી હું છું, હું સત્ય બોલી શકું છું. આહાહા..! હું જૂઠું બોલી શકું છું, હું પર જીવ છું, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ જીવ મારા છે, એવી બુદ્ધિને અહીંયાં મનન કહેવામાં આવે છે. મનન નામ એકત્વબુદ્ધિનો અધ્યવસાય. આહા..!

'વિજ્ઞપ્તિમાત્રપણાથી વિજ્ઞાન છે,...' તેને જ વિજ્ઞાન કહીએ, અજ્ઞાન છે તેને અહીં વિજ્ઞાન કહીએ. આહાહા..! એકત્વબુદ્ધિ છે તેથી તેને અજ્ઞાનથી વિજ્ઞાન પણ કહેવામાં આવે છે. 'ચેતનામાત્રપણાથી ચિત્ત છે,...' એને ચિત્ત પણ કહેવામાં આવે છે. હું જૂઠું બોલું, ચોરી કરી શકું, આ શરીરથી વિષય સેવી શકું એવી એકત્વબુદ્ધિ, એને ચિત્ત પણ કહેવામાં આવે છે અને 'ચેતનના ભવનમાત્રપણાથી ભાવ...' પણ કહેવામાં આવે છે. એ એકત્વબુદ્ધિ ચેતનનો ભાવ છે ને? એ જડનો ભાવ નથી, એ અપેક્ષાએ ભાવ કહેવામાં આવે છે. 'ચેતનના પરિણમનમાત્રપણાથી પરિણામ...' પણ કહેવામાં આવે છે. '(આ રીતે આ બધાય શબ્દો એકાર્થ છે.)' અધ્યવસાયના આઠ નામ છે. આહાહા..!

ભાવાર્થ :– 'આ જે બુદ્ધિ આદિ આઠ નામોથી કહ્યા તે બધાય ચેતન આત્માના પરિણામ છે.' છે મિથ્યાત્વ અધ્યવસાય, પણ છે ચેતનના પરિણામ, એ કંઈ જડના નથી. આહાહા..! શરીરની ક્રિયા હું કરી શકું છું, સત્ય બોલી શકું છું, જૂઠું બોલી શકું છું, શરીરની-વિષયની સેવના કરી શકું છું એવા જે પરિણામ છે એ મિથ્યાત્વ (છે). પણ છે જીવના પરિણામ, એ જડના પરિણામ નથી. આહાહા..! અધ્યવસાય મિથ્યાત્વ પરિણામ છે.

'જ્યાં સુધી સ્વપરનું ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી જીવને જે પોતાના ને પરના એકપણાના નિશ્ચયરૂપ પરિણતિ વર્તે છે તેને બુદ્ધિ આદિ આઠ નામોથી કહેવામાં આવે છે.' છે તો એક ને એક. બુદ્ધિ કહો, ચિત્ત કહો, વિજ્ઞાન કહો, પરિણામ કહો, મનન કહો. પોતાના સ્વરૂપ સિવાય રાગ અને દેહાદિની ક્રિયા ને પરદ્રવ્યને પોતાના માનવા એના આ આઠ નામ છે. આહા..! છે મિથ્યાત્વ, પણ એ મિથ્યાત્વને અધ્યવસાય કહીને એકત્વબુદ્ધિ કહીને આઠ નામ વર્ણવ્યા છે. આહાહા..!

## શ્લોક-૧૭૩

(शार्दूलविक्रीडित)

सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-
स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।
सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं
शुद्धज्ञानघने महिम्नि न निजे बन्धन्ति सन्तो धृतिम्।।१७३।।

'અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી એમ સમજાય છે કે વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે અને નિશ્ચયનું ગ્રહણ કરાવ્યું છે' - એવા અર્થનું, આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :-

શ્લોકાર્થ :– આચાર્યદેવ કહે છે કે :- [ सर्वत्र यद् अध्यवसानम् ] સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે [ अखिलं ] તે બધાય (અધ્યવસાન) [ जिनैः ] જિન ભગવાનોએ [ एवम् ] પૂર્વોક્ત રીતે [ त्याज्यं उक्तं ] ત્યાગવાયોગ્ય કહ્યાં છે [ तत् ] તેથી [ मन्ये ] અમે એમ માનીએ છીએ કે [ अन्य-आश्रयः व्यवहारः एव निखिलः अपि त्याजितः ] 'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે'. [ तत् ] તો પછી, [ अमी सन्तः ] આ સત્પુરુષો [ एकम् सम्यक् निश्चयम् एव निष्कम्पम् आक्रम्य ] એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને [ शुद्ध-ज्ञानघने निजे महिम्नि ] શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં (-આત્મસ્વરૂપમાં) [ धृतिम् किं न बन्धन्ति ] સ્થિરતા કેમ ધરતા નથી ?

ભાવાર્થ :– જિનેશ્વરદેવે અન્ય પદાર્થોમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન છોડાવ્યાં છે તેથી આ પરાશ્રિત વ્યવહાર જ બધોય છોડાવ્યો છે એમ જાણવું. માટે 'શુદ્ધજ્ઞાનસ્વરૂપ પોતાના આત્મામાં સ્થિરતા રાખો' એવો શુદ્ધનિશ્ચયના ગ્રહણનો ઉપદેશ આચાર્યદેવે કર્યો છે. વળી, ''જો ભગવાને અધ્યવસાન છોડાવ્યાં છે તો હવે સત્પુરુષો નિશ્ચયને નિષ્કંપપણે અંગીકાર કરી સ્વરૂપમાં કેમ નથી ઠરતા - એ અમને અચરજ છે'' એમ કહીને આચાર્યદેવે આશ્ચર્ય બતાવ્યું છે. ૧૭૩.

## શ્લોક-૧૭૩ ઉપર પ્રવચન

'અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યાં છે...' એ આઠેય બોલ અધ્યવસાય છે એ છોડવા યોગ્ય કહ્યાં છે. આહાહા..! પરનું ભલું કરી શકું છું, એવો જે અધ્યવસાય છે એ છોડવા લાયક છે. આહાહા..! પરને હું મદદ કરી શકું છું, સહાય કરી શકું છું, અનુકૂળતા આપી શકું છું એવી જે બુદ્ધિ-એકત્વબુદ્ધિ એ અધ્યવસાન મિથ્યાત્વ છે. આહાહા..! ઇ પરની સાથે એકત્વબુદ્ધિ છે. એ 'અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યાં છે...' હવે શું કહે છે? કે, પરપદાર્થની સાથે એકત્વબુદ્ધિ (છે) એ તો ત્યાગવાયોગ્ય પરમાત્મા ત્રિલોકનાથે કહ્યાં પણ એથી 'એમ સમજાય છે કે વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે...' આચાર્ય મહારાજ 'અમૃતચંદ્રાચાર્ય' ભવિષ્યમાં ૨૭૨ ગાથા આવશે એનો ઉપોદ્ઘાત કરે છે.

પરની એકત્વબુદ્ધિ ત્યાગ કરાવી છે તેની સાથે પરના આશ્રયે જે ભાવ થાય તેનો પણ ત્યાગ કરાવ્યો છે. આહાહા..! એટલે? પરને આશ્રયે કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ થાય એનો પણ અહીંયાં ત્યાગ કરાવ્યો છે. ઇ ભલે એકત્વબુદ્ધિ નથી. પરની સાથે એકત્વબુદ્ધિ (છે) એના તો આઠ નામ કહીને ત્યાગ કરાવ્યો, પણ આચાર્ય મહારાજ એમ કહે છે, કે જ્યારે અધ્યવસાયનો ત્યાગ કરાવ્યો, પર સાથે એને કાંઈ સંબંધ નથી, તો એમ હું જાણું છું કે, પ્રભુએ અધ્યવસાયનો ત્યાગ કરાવ્યો એ પરના આશ્રયનો જ ત્યાગ કરાવ્યો છે. પરને આશ્રયે જે કાંઈ ભાવ થાય... આહાહા..! એ વ્યવહારનો પણ પ્રભુએ ત્યાગ કરાવ્યો છે. સમ્યગ્દષ્ટિને-ધર્મની પહેલી સીઢીને આહાહા..! એ વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે. કેમકે વ્યવહાર પર આશ્રિત હોવાથી બંધનું કારણ છે. આહાહા..! ઝીણું બહુ.

આચાર્ય પોતે 'અમૃતચંદ્રાચાર્ય' એમ કહે છે, કે પ્રભુએ જ્યારે આત્મા વસ્તુ છે એને જ્યારે પરની હિંસા, દયા પાળું એવી એકત્વબુદ્ધિ છે અને નારકી, દેવ, મનુષ્ય છું એવી એકત્વબુદ્ધિ છે અને પર જીવ અને પર પુદ્ગલ આદિ હું એક છું એવી એકત્વબુદ્ધિનો જ્યારે ત્યાગ કરાવ્યો ત્યારે હું એમ જાણું છું કે, પરને આશ્રયે જેટલો વ્યવહાર થાય, ભલે એકત્વબુદ્ધિ નથી... આહાહા..! પણ પર આશ્રયે જેટલો ભાવ થાય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, હિંસા એ પરિણામ, એ બધા વ્યવહાર પરિણામનો પણ પ્રભુએ ત્યાગ કરાવ્યો છે. આહાહા..! સમજાય છે આમાં? આકરું કામ છે. પરની એકત્વબુદ્ધિનો ત્યાગ કરાવ્યો, ભેગું નિમિત્તથી થાય અને વ્યવહારથી થાય એવા જે ભાવો, એનો પણ ત્યાગ કરાવ્યો છે. આહાહા..!

'અને નિશ્ચયનું ગ્રહણ કરાવ્યું છે...' સ્વ ભગવાન ચૈતન્યસ્વરૂપ, પરમાનંદનું સ્વરૂપ

(છે) તે નિશ્ચય, તેનો આશ્રય કરાવ્યો છે, તેને 'ગ્રહણ કરાવ્યું છે...' આનો ત્યાગ કરાવ્યો છે, આનું ગ્રહણ કરાવ્યું છે. આહાહા..! મહાવ્રતના પરિણામ આદિ રાગ છે ઇ પર આશ્રિત છે, બાર વ્રતના પરિણામ પણ પર આશ્રિત છે. આહાહા..! બાર વ્રતના, અણુવ્રતના પરિણામ પણ પર આશ્રિત છે. આહાહા..! હોય છે, પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી શુભ ભાવ હોય છે પણ દૃષ્ટિમાં એનો ત્યાગ કરાવ્યો છે. આહાહા..! એકત્વબુદ્ધિનો ત્યાગ કરાવ્યો એમ તો હું જાણું છું કે, પ્રભુએ તો પરને આશ્રિત થતાં ભાવ, એ બધાનો ત્યાગ કરાવ્યો છે. આહાહા..! એમ ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત હજાર વર્ષ પહેલા થયા, એ આમ કહેવા માંગે છે.

'એવા અર્થનું, આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે...' કાવ્ય ૧૭૩.

(शार्दूलविक्रीडित)

सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै
स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।
सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं
शुद्धज्ञानघने महिम्नि न निजे बन्धन्ति सन्तो धृतिम्।।१७३।।

શ્લોકાર્થ :– 'આચાર્યદેવ કહે છે કે :– [ सर्वत्र यद् अध्यवसानम् ] 'સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે...' ત્રણ બોલ લીધા ને? ત્રણ. હિંસા, જૂઠું, ચોરી, વિષય અને પરિગ્રહ એમ દયા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ બધા વિકલ્પો છે. એની બધાની એકત્વબુદ્ધિ અને મનુષ્ય, નારકી, દેવ છું તેમ પર જીવ ને પર પુદ્‌ગલ મારા છે એવો અધ્યવસાય. 'સર્વ વસ્તુઓમાં...' આત્મા સિવાય બધી વસ્તુઓમાં. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! માર્ગ બહુ આકરો છે. આહાહા..!

'સર્વ વસ્તુઓમાં...' આત્મા સિવાય પર વસ્તુ બધી હો, એકત્વબુદ્ધિ થાય છે 'તે બધાય અધ્યવસાન...' 'जिनैः' 'જિન ભગવાનોએ...' તીર્થંકરોએ, સર્વજ્ઞ પરમાત્માએ 'પૂર્વોક્ત રીતે ત્યાગવા યોગ્ય કહ્યાં છે...' આહાહા..! હું લખું છું, પાના બનાવું છું, પુસ્તક બનાવું છું એવી જે એકત્વબુદ્ધિ (છે) તેને પણ છોડાવી છે. આહાહા..! કેમકે પરદ્રવ્યની ક્રિયા પરદ્રવ્યને કારણે એના કારણથી ત્યાં થાય છે. એ આપણે આવી ગયું. કારણવાળા છે, બધા દ્રવ્યો કારણવાળા છે બપોરે આવી ગયું હતું. આહાહા..! તારા સિવયા બીજા બધા દ્રવ્યો કારણવાળા છે માટે તારે કારણે તેમાં થાય એવું છે નહિ, એ તો કારણવાળા જ છે. આહાહા..! ઝીણું બહુ, ભગવાન!

એમ બધાય 'જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી અમે એમ માનીએ છીએ,...' મુનિરાજ એમ કહે છે 'તેથી અમે એમ માનીએ છીએ કે...' [ अन्य-आश्रयः व्यवहारः एव निखिलः अपि त्याजितः ] 'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર

જ સઘળોય છોડાવ્યો છે.' આહાહા..! આકરું કામ. પરદ્રવ્યની એકત્વબુદ્ધિ છોડાવતા અમે એમ માનીએ છીએ કે, પરદ્રવ્યને આશ્રયે થતાં ભાવો તેને પણ પ્રભુએ છોડાવ્યા છે. આહાહા..! અરે..રે..! આવી વાત. સમજાય છે?

જ્યારે આ આત્મા વસ્તુ છે, સ્વયં સત્ (છે), એ સિવાય બીજી વસ્તુ પણ સત્ છે. એની સાથે એકત્વબુદ્ધિ (થાય), બધી ચીજો, ત્રણલોકના નાથ ને દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ એકત્વબુદ્ધિ (થાય) એને–અધ્યવસાયને પ્રભુએ છોડાવ્યા છે. કારણ કે, એ પર વસ્તુ તારી નથી, તું તેનો નથી. આહાહા..! અમે તો એમાંથી એમ કાઢીએ છીએ. આચાર્ય કહે છે, પર–તારા સિવાય પરદ્રવ્યની એકત્વબુદ્ધિ છોડાવી છે એ સિવાય અમે તો એમ કહીએ છીએ કે પરદ્રવ્યને આશ્રયે થતા તારામાં ભાવ (તેને પણ છોડાવ્યા છે). આહાહા..! સમજાય છે કાંઈ? ઓલી તો એકત્વબુદ્ધિ હતી પણ હવે પરદ્રવ્ય જે છે તેને આશ્રયે થતાં તારામાં શુભ-અશુભ ભાવ, એ વ્યવહાર છે તેને છોડાવ્યો છે. આહાહા..! આવી વાતું છે, આકરી બહુ.

ઉપાદાન ને નિમિત્તના ઝઘડા, નિશ્ચય ને વ્યવહારના ઝઘડા અને ક્રમબદ્ધ (એમ) પાંચના ઝઘડા છે. 'વિમલચંદજી'! પાંચના છે ને? આહાહા..! પ્રભુ! આહાહા..! નિમિત્તથી થાય (એમ કહે છે). પ્રભુ! પરદ્રવ્યથી થાય તારામાં? અને એનામાં તારાથી થાય? દરેક દ્રવ્ય કારણવાળા છે, પોતાના કારણથી થઈ રહ્યાં છે એમાં પરના કારણની ક્યાં અપેક્ષા છે. કહો, નિમિત્તથી કહો. વ્યવહારથી કથન છે પણ થાતું નથી એનાથી. આહાહા..! એક વાત–નિમિત્ત ઉપાદાન. નિમિત્ત કહે છે ને? 'વિદ્યાનંદજી'એ હમણાં કહ્યું, છાપામાં આવ્યું છે. અધ્યાત્મીઓને ફટકાર. નિમિત્ત દિવ્યધ્વનિ છે, નિમિત્ત છે એનાથી થાય છે તો એ એની મહાનતા નથી? નિમિત્તને મેળવવા જોઈએ, નિમિત્ત એની મેળાએ આવે એમ નહિ. નિમિત્તને મેળવવા જોઈએ. પ્રભુ! નિમિત્ત પર છે, એને મેળવવા જોઈએ એ તારું કાર્ય છે? આહાહા..! પ્રભુ! હેં?

મુમુક્ષુ :– એમ ન માને તો મિથ્યાત્વ છે, એમ કહે છે.

ઉત્તર :– શું થાય પણ? ઇ એમ કહે છે, મિથ્યાત્વ છે. નિમિત્ત મેળવવું જોઈએ. એની મેળે આવે એમ નહિ. એ મિથ્યાત્વ છે.

અહીં પ્રભુ કહે છે, પરદ્રવ્ય તો એની મેળાએ કારણવાળા છે તો આવે ને જાય. તારે કારણે એ આવે ને જાય, એમ છે નહિ. અરે..રે..! આવી વાતો, પ્રભુ... પ્રભુ.. પ્રભુ..! એને મેળવવું એ તો પરદ્રવ્યની એકતાબુદ્ધિ થઈ. એ તો અધ્યવસાય–મિથ્યાત્વ છે. એને તો અહીં છોડાવ્યો છે પણ હવે નિશ્ચય ને વ્યવહાર જે બેના ઝઘડા છે. એક ઉપાદાન અને નિમિત્તના અને બીજો નિશ્ચય–વ્યવહારના. એ અહીં કહે છે. પ્રભુએ તો પરને આશ્રયે થતો વ્યવહાર અધ્યવસાન છોડાવ્યો છે, ભેગો એ પણ છોડાવ્યો છે. આહાહા..! આ શ્લોક અલૌકિક છે. ઝઘડા આ બધા. શિક્ષણ શિબિરમાં પણ એ ઉપાદાન ને નિમિત્ત, નિશ્ચય ને વ્યવહાર એને શીખવવું હોય કે, જુઓ! વ્યવહારથી થાય, નિમિત્તથી થાય છે. એ શિક્ષણ શિબિર. આહાહા..!

પ્રભુ! પ્રભુના વિરહ પડ્યા, વસ્તુ તો આ રહી ગઈ. આહાહા..!

ઉપાદાન-નિમિત્ત. ઉપાદાન–દરેક દ્રવ્યની પર્યાય નિજ ક્ષણે (થાય છે). ૧૦૨ ગાથા 'પ્રવચનસાર'. દરેક દ્રવ્યની પર્યાય નિજ ક્ષણે ઉત્પન્ન થાય, એવો પાઠ છે. આહાહા..! એને કોઈ નિમિત્ત હોય તો થાય એવી વાત છે નહિ. આહાહા..! 'પ્રવચનસાર' ભગવાનની દિવ્યધ્વનિ. બપોરે ૧૦૨ (ગાથા) ચાલે છે. દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની તે સમયે તેની તે નિજ ક્ષણ, નિજ કાળ છે. આહાહા..! એને પરની અપેક્ષા નથી. તેમ તે આડીઅવળી થાય એમ નથી. અર..ર..! ક્રમબદ્ધ પણ એમાં આવી ગયું.

નિમિત્તથી થાય એમ ન આવ્યું – એક વાત. તેમ અહીં નિશ્ચયથી વ્યવહારનો નિષેધ કરાવ્યો છે તો વ્યવહારથી નિશ્ચય થાય એ પણ ન આવ્યું અને ત્રીજું – ક્રમસર તેને કારણે જે પર્યાય થાય તે સમયે, તે સમયે નિશ્ચયથી એને બીજો કોઈ કરવા, આડોઅવળો કરવા સમર્થ નથી. અરે..! પોતાની પર્યાય પણ ક્રમબદ્ધ થાય તેને જિનેન્દ્ર ને ઇન્દ્ર પણ ફેરવવાને સમર્થ નથી. આહાહા..! આ એક શ્લોકે તો પાંચેયના નિકાલ છે. આહાહા..! શું થાય? પ્રભુ!

મુમુક્ષુ :– અજ્ઞાન દુનિયામાં રહેવાનું છે.

ઉત્તર :– એમ ને એમ રહેશે, એ અભિપ્રાયવાળા જગતમાં રહેશે. સંસાર તો અનાદિ(થી) છે. અરે..! કેટલાક નિગોદના જીવો તો હજી બિચારા ત્રસપણું પામ્યા નથી. આહાહા..! અનંત અનંતકાળ થયો ઇયળ થયા નથી અને હજી અનંત કાળ થશે નહિ. કેટલા જીવો પડ્યા છે. પ્રભુ! તને અનંત કાળે મનુષ્યપણું મળ્યું. 'ज्ञायके ते इति मनुष्यः' એમ 'ગોમ્મટસાર'માં છે. એ મનુષ્યપણું તો 'ज्ञायके ते इति' આત્માનું જ્ઞાન કરે એને માટે મનુષ્યપણું છે. આહાહા..! એ રાગથી અને પરથી ભિન્ન ભગવાન છે તેનું જ્ઞાન કર, ઇ કહે જુઓ!

'પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે...' તેથી અમે એમ માનીએ છીએ, મુનિઓ કહે છે, 'અમૃતચંદ્રાચાર્ય' ટીકાકાર (કહે છે) કે, 'अन्य-आश्रयः व्यवहारः' જેટલો અન્યને આશ્રય વ્યવહાર થાય... 'વ્યવહારો પર આશ્રય, નિશ્ચય સ્વ આશ્રય' આ સિદ્ધાંત છે. નિશ્ચય સ્વ આશ્રિત, વ્યવહાર પર આશ્રિત. જેટલો વ્યવહાર ત્યાગવા યોગ્ય છોડાવ્યો છે, પરને આશ્રયે છે. 'પર જેનો આશ્રય એવો વ્યવહાર જ...' 'વ્યવહાર જ' આ 'જ'. છે? 'एव' છે ને? 'अन्य-आश्रयः व्यवहारः एव' સંસ્કૃત છે 'पर-आश्रयः व्यवहारः एव' વ્યવહાર છોડાવ્યો છે, આખો વ્યવહાર છોડાવ્યો છે. ઇ વ્યવહાર તે ધર્મ નથી. આહાહા..! હવે, અહીં સુધી જાવું.

મુમુક્ષુ :– આ શ્લોકનો એ લોકો શું અર્થ કરતાં હશે?

ઉત્તર :– કરતાં હશે કાંઈક, ગમે તે કરતાં હશે. શું થાય? 'જામે જિતની બુદ્ધિ હૈ, ઇતનો દિયે બતાય, વાંકો બૂરો ન માનીએ ઔર કહાં સે લાય?' આહાહા..! એને એ બુદ્ધિમાં બેઠું એ પ્રમાણે બોલે, માને. જેવું મનમાં બેઠું હોય એવું વાણીમાં આવે. આહાહા..! પ્રરૂપણામાં એ આવે. મનમાં એ બેઠું હોય કે, નિમિત્તથી થાય, વ્યવહારથી નિશ્ચય થાય. તે અંદર બેઠું

છે એ વાણીમાં આવે છે. પ્રભુ! આહાહા..!

'કુંદકુંદાચાર્ય'ની ગાથા ચાલશે તેનો 'અમૃતચંદ્રાચાર્ય' ઉપાદ્ઘાત કરે છે, કે ભગવાને જ્યારે તારા સિવાય કોઈપણ પર દ્રવ્ય, ત્રિલોકનાથ હો, દેવ હો, ગુરુ હો, શાસ્ત્ર હો પણ એ એકત્વબુદ્ધિ (છોડાવી છે). તે મારા છે એવી એકત્વબુદ્ધિ છે. એ તો એના છે, ઇ તારા છે, ઇ એના છે ઇ તારા છે એમ માન્યતા તે અધ્યવસાય એકત્વબુદ્ધિ છે. આહાહા..! શરીર શરીરના છે, વાણી વાણીના છે, કર્મ કર્મના છે અને તે તારા છે (એમ માને છો), ઇ એના છે ઇ તારા છે, એ બુદ્ધિ એકત્વબુદ્ધિ છે. વાત તો સીધી છે, પ્રભુ! આહાહા..!

આ બધા ઝઘડા. આહાહા..! નિમિત્ત-ઉપાદાનના, વ્યવહાર-નિશ્ચયના ને ક્રમબદ્ધ, પાંચના. આ 'સોનગઢ' સામે પાંચ છે. આહાહા..! પાંચેયનો એક મીનિટમાં છુટકારો છે. આહાહા..! ૧૦૨ ગાથા. જે સમયે જે પર્યાય થવાની તે તેનો જન્મક્ષણ–એક વાત. અને તે ઉત્પાદને તેના ધ્રુવની અપેક્ષા નથી એ બીજી વાત. કેમકે ઉત્પાદ તે સત્ છે. સત્‌ને કોઈ હેતુ ન હોય. આહાહા..! એ ઉત્પાદ જે ક્ષણે થાય છે તેને ધ્રુવની અપેક્ષા નથી તો પછી નિમિત્તની અપેક્ષા છે એ ક્યાં રહ્યું? પ્રભુ! હો નિમિત્ત. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– આ ઝઘડો તો દુનિયામાં રહેવાનો.

ઉત્તર :– રહે. નવે તત્ત્વ રહેવાના છે. આહાહા..! 'વિરલા જાણે કોઈ' એવી વાત છે. જેની શ્રદ્ધામાં, હજી વ્યવહાર શ્રદ્ધામાં પણ ઠેકાણા નથી એને આત્માનો આશ્રય થઈને સમ્યગ્દર્શન થાય. પ્રભુ! કઠણ છે, ભાઈ! અને એ પણ પ્રાણી બિચારા મિથ્યાત્વને લઈને દુઃખી થાય, ભવભ્રમણ થાય એ કાંઈ ઇચ્છવા જેવું છે? એ દુઃખી થાય (એ ઇચ્છવા જેવું છે?) આહાહા..! બધા ભગવાન છે, ભગવાનસ્વરૂપે છે પણ એની એને ખબર નથી. આહાહા..!

અહીં તો પ્રભુ આચાર્ય મહારાજનો પોકાર છે, તીર્થંકરોનો પોકાર છે. 'जिनैः' કહ્યું ને? જિને કહ્યું છે, કે એકત્વબુદ્ધિ છોડ. આહાહા..! હું બોલી શકું છું, હું ચાલી શકું છું, શરીરની ક્રિયા બરાબર ધારીને કરી શકું છું. છોડ, છોડ, અધ્યવસાય છોડ પ્રભુ!

એ જડની ક્રિયા તે સમયે તેને કારણે જન્મક્ષણ છે તેથી ઉત્પન્ન થઈ છે. આહાહા..! એટલે ત્યાં આગળ તેને જન્મક્ષણ છે એમ કહીને ધ્રુવની પણ અપેક્ષા નથી તો નિમિત્તની અપેક્ષા પણ નથી. ઉપાદાન થઈ ગયું સ્વતંત્ર–એક વાત. અને ત્યાં વ્યવહાર રાગ છે માટે અહીં નિર્મળ સમકિત થાય એમ પણ નથી. સમકિતની પર્યાય નિશ્ચય જે સમયે ઉત્પન્ન થવાની તેનો જન્મક્ષણ છે. આહાહા..! એ જન્મક્ષણ છે એવો પાઠ 'પ્રવચનસાર' ૧૦૨ ગાથામાં છે. જે સમયે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય તેને ધ્રુવની અપેક્ષા નથી તો વળી વ્યવહારની અપેક્ષા છે, વ્યવહારથી થાય એ અપેક્ષા પ્રભુ નથી. આહાહા..! ત્રણલોકના નાથ જિનેશ્વર, પરમેશ્વરનું આ ફરમાન છે. ભાઈ! કોઈના અનાદરની વાત નથી. અનાદર નહિ, પ્રભુ! એ ભગવાન છે. આહાહા..! અને એના આત્માને નુકસાન થાય છે ઇ કાંઈ કોઈને સારું લાગે?

આહાહા..! ભલે રખડે, દુ:ખી થાય એમ ન હોય, બાપુ! વસ્તુ તો આ છે, પ્રભુ! આહાહા..!

'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ...' 'જ' છે, 'एव' છે ને? 'अन्य-आश्रयः व्यवहारः एव निखिलः अपि त्याजितः' આહાહા..! શું કહ્યું પ્રભુએ? કે, પરની એકતાબુદ્ધિ તો પ્રભુએ છોડાવી પણ હું તો એમાંથી એમ કાઢું છું અને આગળ ૨૭૨માં કહેશે કે, પરને આશ્રયે 'જ' 'एव' છે ને આહાહા..! 'अन्य-आश्रयः व्यवहारः एव निखिलः अपि त्याजितः' પર જેનો આશ્રય એવો વ્યવહાર. એ દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહાર પર આશ્રય છે. 'સઘળોય છોડાવ્યો છે.' આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ તો છોડાવ્યો છે જ... આહાહા..! પણ પરને આશ્રયે થતાં ભક્તિના પરિણામ દયા-દાન આદિના વ્રત, પૂજા, ભક્તિ, દયા, દાન એ વ્યવહાર સઘળોય છોડાવ્યો છે. અરે..! પ્રભુ! આમ છે. હવે ત્યાં 'જ' બેયમાં લેશે.

'तत्' 'તો પછી,...' 'अमी सन्तः' 'આ સત્પુરુષો...' ધર્માત્મા–સમકિતી. આહાહા..! સત્પુરુષો. અરે..રે..! સમ્યગ્દષ્ટિ જીવો, એમ પોકાર કરે છે. 'एकम् सम्यक् निश्चयम् एव निष्कम्पम् आक्रम्य' 'एकम् सम्यक् निश्चयम् एव' ત્યાં 'एव' શબ્દ છે. એક સમ્યક્ નિશ્ચયને જ એકાન્ત કહે છે. આહાહા..! આ ધીરાના કામ છે, બાપુ! આ કાંઈ ઉતાવળા મોટા ધમાધમ, ધમાધમ ચાલે એ માર્ગ નથી, ભાઈ! આહાહા..!

બે કહ્યું – પરને આશ્રયે વ્યવહાર 'જ' છોડાવ્યો છે. બધો વ્યવહાર. ત્રણલોકના નાથ એમ કહે કે, અમારી ભક્તિના પરિણામ અને અમારી સામું જોતા તને રાગ થાય એ રાગ છોડાવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? કારણ કે, એ રાગ પર આશ્રયે થયો. આહાહા..! અને 'મોક્ષપાહુડ'માં તો ત્યાં સુધી કહ્યું છે, ૧૬મી ગાથા. 'परदव्वादो दुग्गई' પ્રભુ! અમે તારાથી પરદ્રવ્ય છીએ. અમારા દ્રવ્ય ઉપર લક્ષ તારું જશે તો તારી ચૈતન્યની ગતિનું નિર્મળ જ્ઞાન નહિ થાય, રાગ થશે, ઇ દુર્ગતિ છે. આવી વાત–પાઠ છે. 'મોક્ષપાહુડ' ૧૬મી ગાથા. આહાહા..! એ ત્રિલોકનાથ તીર્થંકર કહે (છે), 'परदव्वादो दुग्गई' તારે હિસાબે અમે પરદ્રવ્ય છીએ. જો અમારા ઉપર તારું લક્ષ જશે તો ચૈતન્યની ગતિ નહિ રહે, રાગ થાશે. એ રાગને અહીં છોડાવ્યો છે. આહાહા..! આહાહા..! થાય, આવે, સમકિતીને પણ ભક્તિ આદિનો રાગ આવે, પણ તે હેય છે, હેયબુદ્ધિએ આવે છે. સમજાય છે કાંઈ? મુનિને પણ પંચમહાવ્રતના પરિણામ આવે, અંતર અનુભવ આનંદનું પ્રચુર વેદન હોવા છતાં, પણ તે હેય છે, આવે છતાં તે હેય છે–એ છોડવા લાયક છે, એમ અહીં કહ્યું છે. આહાહા..! વ્યવહાર ન આવે એમ નહિ. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી રાગ આવે, પણ તે હેય છે. આહાહા..! ગજબ છે.

અરે..! પ્રભુ! તારા ઘરની વાત તેં મધ્યસ્થથી સાંભળી નથી. મધ્યસ્થ થઈને જેવું સ્વરૂપ છે (તેવું સાંભળ્યું નથી). પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને! જ્ઞાનસ્વરૂપને પર તો જ્ઞેય છે ને! રાગ અને શરીર આદિ આખી દુનિયા જ્ઞેય છે ને! એમાં જ્ઞેય છે તે મારા છે એમ

ક્યાંથી આવ્યું? સ્વજ્ઞેય પૂર્ણાનંદનો નાથ પ્રભુ! જ્ઞાયક સ્વજ્ઞેય છે, હું છું એમાં રાગાદિ પરજ્ઞેય છે એ પરજ્ઞેય મારા છે એમ ક્યાંથી આવ્યું? છોડ! એ મારી ચીજ નથી. આહાહા..! ઝીણું પડે, પ્રભુ! આહાહા..! ભગવાન ત્રિલોકનાથ, એનું આ કથન છે, પ્રભુ! પંચમ કાળમાં પરમાત્માના વિરહ પડ્યા અને મોટી ગડબડ ઊભી થઈ. આહાહા..! 'ચોર કોટવાળને દંડે' એવું થયું. આહાહા..! સત્ય વાતને ખોટી ઠરાવવી, પ્રભુ! પ્રભુ! તને નુકસાન છે, બાપુ! ભાઈ! તને એમ નથી.

અહીંયાં વ્યવહાર ને નિમિત્તની એકતા છોડાવી અને વ્યવહારની અસ્થિરતા છે તે છોડાવી છે. આહાહા..! ગજબ વાત છે! દિગંબર સંતોની ભાષા એક એક શ્લોક, એક એક કળશ ગજબની વાત છે. આહાહા..! શ્વેતાંબરના કરોડો શ્લોક દેખો તો આવી વાત ત્યાં નથી. આહાહા..! આ એક જ કળશ (બસ છે). આહાહા..! એટલે? તારું તત્ત્વ જે ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ પ્રભુ! એ સિવાય પરદ્રવ્યની એકતાબુદ્ધિ, છે નહિ તારા અને (એની) એકતાબુદ્ધિ તે મિથ્યાત્વ છે માટે છોડ.

બીજું, તારો સ્વભાવ તો આનંદ ને જ્ઞાન છે. એમાં પર આશ્રયથી થતો રાગ, વ્યવહાર એ બંધનું કારણ છે માટે દૃષ્ટિમાંથી છોડ. અસ્થિરતાથી નહિ છૂટે, અસ્થિરતાથી તો શુદ્ધ ઉપયોગ પૂર્ણ થાશે ત્યારે છૂટશે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આહાહા..! ઢુંઢિયા–સ્થાનકવાસીમાંથી નીકળ્યા અને અમારી વાતું ખોટી પાડે (છે), એમ કહે છે. પ્રભુ! એમ રહેવા દે. આહાહા..! એમ કહે છે, સ્થાનકવાસીમાંથી આવ્યા અને અમારી આલોચના કરે છે. અમારી નહિ, આ તો શાસ્ત્રની વાત છે, શાસ્ત્રનો પોકાર આ છે.

જે કોઈ નિમિત્તથી (થાય એમ) માને ઇ એકત્વબુદ્ધિ છે. કોઈ વ્યવહારથી નિશ્ચય માને એ પણ જૂઠી દૃષ્ટિ છે. આહાહા..! અને ક્રમબદ્ધ – જે સમયે થવાનું તે થવાનું, એને આડુંઅવળું માને તો કર્તાબુદ્ધિ છે. ક્રમબદ્ધમાં અકર્તાબુદ્ધિ છે. 'સમયસાર' ૩૦૮, ૩૦૯, ૩૧૦, ૩૧૧ ગાથા. ત્યાં ક્રમબદ્ધ ને અકર્તાબુદ્ધિ સિદ્ધ કરી. આહાહા..!

પરનો કર્તા નહિ, રાગનો કર્તા નહિ. નિશ્ચયથી તો... ઝીણી વાત (છે), પ્રભુ! મોક્ષ ને બંધ ને ઉદય ને નિર્જરાનો પણ કર્તા નહિ. આહાહા..! એ ૩૨૦ ગાથા. જાણનાર છે, જ્ઞાયક છે, જાણનાર છે. રાગાદિનો ઉદય આવે (તેનો) જાણનાર, નિર્જરા થાય એનો જાણનાર, બંધ થાય એનો જાણનાર, મોક્ષ થાય એનો જાણનાર. મોક્ષ કરનાર નહિ. આહાહા..! દ્રવ્ય પર્યાયનો કરનાર નહિ, પર્યાય પર્યાયનો કરનાર. આહાહા..! ગજબ વાત છે, ભાઈ!

જૈનધર્મ કોઈ પક્ષ નથી, પંથ નથી, વાડો નથી, વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુનું સ્વરૂપ છે તે જૈનધર્મ. છે. 'જિન સો હિ હૈ આત્મા, અન્ય સો હિ હૈ કર્મ, એહિ વચન સે સમજ લે જિન પ્રવચનકા મર્મ' આહાહા..! આકરું પડે પણ બાપુ! માનવું પડશે, ભાઈ! આહાહા..! અરે..રે..! ગુંચાઈ ગયા, પાપમાં આખો દિ' (પડ્યા) એને તમે એવી વાતો કરો છો (કે)

શુભભાવ પણ છોડવા જેવો છે. ભાઈ! શ્રદ્ધામાં તો છોડ, ભલે અસ્થિરતા તો રહેશે. એ અસ્થિરતા તો પૂર્ણ વીતરાગ થશે ત્યારે જ જશે. આહાહા..!

'અમૃતચંદ્રાચાર્યે' બેય ઠેકાણે 'एव' શબ્દ વાપર્યો. વ્યવહાર 'एव' સઘળો છોડાવ્યો. વ્યવહાર 'જ'. જેટલો વ્યવહાર (તે બધોય). આહાહા..! અને 'ભાવપાહુડ'માં ૮૩ ગાથામાં કહ્યું છે, કે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ કોઈ જૈનધર્મ નથી. એવો પાઠ છે. 'અષ્ટપાહુડ' છે. 'ભાવપાહુડ'ની ૮૩ ગાથા છે. આહાહા..! 'ભાવપાહુડ', હોં! 'पूयादिसु वयसहियं पुएएं हि जिणेहिं सासणे भएियं' 'જિન શાસનમેં જિનેન્દ્રદેવને ઇસ પ્રકાર કહા હૈ કિ–પૂજા આદિક...' પૂજા, વ્રત આદિ એ પુણ્ય છે. અને 'वयसहियं' વ્રત સહિત પુણ્ય. 'પૂજા ઔર આદિ શબ્દસે ભક્તિ, વંદના, વૈયાવૃત્ય આદિક સમજના, યહ તો દેવ-ગુરુ-શાસ્ત્ર કે લિયે હોતા હૈ ઔર ઉપવાસ આદિક વ્રત હૈં વહ શુભક્રિયા હૈ, ઇનમેં આત્માકા રાગસહિત શુભપરિણામ...'

पूयादिसु वयसहियं पुएएं हि जिणेहिं सासणे भएियं।
मोहक्खोहविहीएाो परिएाामो अप्पएो धम्मो।।८३।।

આહાહા..! પૂજા, વ્રત આદિ જિનધર્મ નથી, એમ અહીં કહ્યું છે. 'ભાવપાહુડ' ગાથા–૮૩. આહાહા..! આવો વીતરાગમાર્ગ છે. દૃષ્ટિને તો પહેલી સુધાર પછી વ્રત-ફ્રત તો પછી. દૃષ્ટિના સુધારા વિના તું આગળ શી રીતે જઈશ? અહીં 'पूयादिसु वयसहियं पुएएं हि जिणेहिं सासणे भएियं' જિન શાસનમાં પુણ્ય એને કહ્યું છે. આ વ્યવહાર જે પરાશ્રય કહ્યો ને? (એ) પુણ્ય છે, હેય છે, એ જિનશાસન નથી. આહાહા..!

સંતોએ તો વીતરાગતા પ્રસિદ્ધ કરી છે. દૃષ્ટિ ને સ્થિરતા બેયની વીતરાગતાને પ્રસિદ્ધ (કરી છે). દૃષ્ટિમાં વીતરાગતા–નિમિત્તથી (ન) થાય ને વ્યવહારથી ન થાય, નિશ્ચયથી થાય એ દૃષ્ટિ પણ વીતરાગ અને સ્થિરતા પણ વીતરાગ. સ્વરૂપમાં સ્થિરતા થાય, વ્રતાદિ ત્યાગ થાય, એ વીતરાગ તે ધર્મ છે. દૃષ્ટિ પણ વીતરાગી પર્યાય છે. આહાહા..! શુભઅશુભભાવ 'पूयादिसु वयसहियं पुएएं हि जिणेहिं सासणे भएियं' જૈન શાસનમાં 'કુંદકુંદાચાર્ય'નો પોકાર છે કે એને તો પુણ્ય કહ્યું છે.

'પ્રવચનસાર'માં તો એ પાઠ છે, ૭૭ ગાથા. પુણ્ય અને પાપમાં ભેદ માને, ફરે માને એ ઘોર સંસારમાં રખડવાના છે. 'પ્રવચનસાર', 'પ્રવચનસાર' ૭૭ ગાથા છે ને? આહાહા..! જુઓ ! 'ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं' શુભ ને અશુભભાવમાં કાંઈ ફેર નથી. બેય બંધના કારણ છે, એમ જે નથી માનતા 'हिंडंदि घोरमपारं संसारं' આહાહા..! ઘોર સંસારમાં રખડવાના છે. પ્રભુ! તને દુઃખ થશે. આહાહા..! 'मोहसंछण्णो' મિથ્યાત્વથી ઢંકાઈ ગયા છે. આહા..! ૭૭ ગાથા છે, 'પ્રવચનસાર'.

એ અહીં કહે છે, વ્યવહાર ભગવાને છોડાવ્યો છે. કેમકે વ્યવહાર તે પુણ્ય-પાપના ભાવ છે. અને અહીં તો વ્યવહાર ગણે તો પુણ્યનો ભાવ છે. આહાહા..! એને પણ નિશ્ચયથી

'एव' છોડાવ્યો છે. 'તો પછી, આ સત્પુરુષો...' અરે..! સંત-ધર્માત્મા 'એક સમ્યક્ નિશ્ચયને જ...' ન્યાં એને 'જ' કહ્યું છે-એકાંત કહ્યું છે. એમ નથી કે કથંચિત્ નિશ્ચય અને કથંચિત્ વ્યવહાર, એમ નથી કહ્યું. આહા..! નિશ્ચયને જ અંગીકાર કર ને વ્યવહારને નહિ, એમ અનેકાન્ત છે. આ તો અનેકાન્ત એવું સિદ્ધ કરે છે, નિશ્ચયથી પણ થાય, વ્યવહારથી પણ થાય એ અનેકાન્ત. ઉપાદાનથી થાય, નિમિત્તથી થાય એ અનેકાન્ત છે. આહાહા..! શું થાય?

'ઋષભદેવ ભગવાન' (સાથે) તો ચાર હજાર રાજાઓએ દીક્ષા દીધેલી અને જ્યારે વેશ ફેરવી નાંખ્યો (તો) દેવ આવ્યા (અને કહ્યું કે), નગ્નપણામાં બીજું કરશો તો દંડ આપશું, છોડી દો. 'ઋષભદેવ ભગવાન' સાથે ચાર હજાર રાજા સાધુ (થયા), દીક્ષા લીધી. ભગવાન તો ત્રણ જ્ઞાનના ધણી સમકિતી અનુભવી (હતા). એનાથી (-રાજાઓથી) ન પળાયું (એટલે) કંઈક કરવા મંડ્યા. દેવ આવ્યા (અને કહ્યું કે), નગ્નપણામાં કંઈ પણ ફેરફાર કરશો તો દંડશું. (મુનિપણું) છોડી દો. છાલના કપડા પહેરો કે એવું કરો. એવો કાળ હતો. અત્યારે કોઈ આવે નહિ, સામું જોવે નહિ. હેં? આહા..! કાળ ફેર છે ને, પુણ્ય ફેર છે ને. આહાહા..!

'એક સમ્યક્ નિશ્ચયને...' છે? 'एकम्' શબ્દ છે. બીજો વ્યવહાર નહિ. એક. આહાહા..! 'એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને...' ભગવાન ત્રિકાલીનાથનો આશ્રય કરી 'शुद्धज्ञानघने' આહાહા..! 'શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં...' શુદ્ધજ્ઞાનઘન પ્રભુ, ચૈતન્ય સ્વરૂપ. આહાહા..! ચૈતન્યઘન ધ્રુવ, નિત્યાનંદ પ્રભુ (છે). એ નિજ મહિમા-પોતાની મહિમામાં. એ વ્યવહારની મહિમા છોડી દે, નિમિત્તની મહિમા છોડી દે, પ્રભુ! આહાહા..! 'નિજ મહિમામાં (-આત્મસ્વરૂપમાં)...' 'धृतिम् किं न बध्नन्ति' 'સ્થિરતા કેમ ધરતા નથી?' આહાહા..! અરે..રે..! તમે સમકિતી જીવો, તમે સત્પુરુષો અંતરમાં નિમગ્ન કેમ થતા નથી? આહાહા..! આમ પોકાર છે. વ્યવહાર છોડીને તમે નિશ્ચયમાં કેમ આવતા નથી? આહાહા..! પણ જેને વ્યવહારથી નિશ્ચય થાય (એમ માને) એની રુચિ વ્યવહારમાં રહે, એ ન્યાંથી ખસે ક્યાંથી?

આ શાસ્ત્રમાં લખ્યું છે (કે), વ્યવહાર સાધન (છે). એ તો સ્વરૂપ આશ્રયે નિશ્ચય થયું છે તેનો રાગ બાકી (છે) તેને વ્યવહાર સાધનનો આરોપ આપીને કથન કર્યું છે. આહાહા..! 'જયસેનાચાર્યદેવ'માં ઘણું લખાણ છે. 'જયસેનાચાર્યદેવ'નું પસંદ પડે. 'વિદ્યાસાગર' છે ને? 'જ્ઞાનસાગર'નો શિષ્ય. એ 'જ્ઞાનસાગરે' 'જયસેનાચાર્યદેવ'ની 'સમયસાર'ની ટીકાનો અર્થ કર્યો છે, 'સમયસાર' કર્યું છે. કારણ કે, આમાં આવું બહુ છે વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. 'અમૃતચંદ્રાચાર્ય'નું નહિ. આહાહા..! અને આ તો વળી 'અમૃતચંદ્રાચાર્ય'ને કાષ્ટાસંઘી ઠરાવે છે, આ 'વિદ્યાસાગર' છે. ક્રિયાકાંડી વધારે (છે), જુવાન છે. આહાહા..!

મૂળ ભૂમિકા સમ્યગ્દર્શન. વ્યવહારને છોડી, નિમિત્તનું લક્ષ છોડી અને જ્ઞાનઘન ભગવાન એમાં નિષ્કંપપણે કેમ ઠરતા નથી? આહાહા..! 'સ્થિરતા કેમ ધરતા નથી?' શ્લોક બહુ સરસ છે.

ભાવાર્થ :- 'જિનેશ્વરદેવે અન્ય પદાર્થોમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન છોડાવ્યાં છે...' ભગવાને તારા સિવાય જગતના જેટલા બધા દ્રવ્યો (છે) એનાથી એકત્વબુદ્ધિ છોડાવી છે, આત્મબુદ્ધિ છોડાવી છે. 'તેથી આ પરાશ્રિત વ્યવહાર જ બધોય છોડાવ્યો છે,...' 'તેથી આ પરાશ્રિત વ્યવહાર જ બધોય છોડાવ્યો છે એમ જાણવું.' આહાહા..! ઇ જ આ 'કુંદકુંદાચાર્ય'ની ગાથામાં આવશે. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની' એનો આ ઉપોદ્‌ઘાત છે. આહાહા..! આ તો ઘણા થોડા પ્રાણી સાંભળવાને લાયક હોય. આહા..! આવી વસ્તુ એકાન્ત લાગે. લ્યો! નિશ્ચયથી થાય... નિશ્ચયથી થાય... વ્યવહારથી થાય એ તો વાતું જ કરતાં નથી. વાત નથી કરતા? કે, વ્યવહારથી ન થાય.

મુમુક્ષુ :- વ્યવહારનું ફળ સંસાર છે.

ઉત્તર :- વ્યવહાર પોતે રાગ છે ને એ તો ઉદયભાવ સંસાર છે. સંસાર છે. આહા..હા.! શું થાય? 'સોનગઢ' સામે મોટો વાંધો-ઉપાદાન, નિમિત્તનો, નિશ્ચય વ્યવહારનો અને ક્રમબદ્ધ પાંચનો (વાંધો). ક્રમબદ્ધનો એક નિર્ણય કરે તો બધું ઊડી જાય એવું છે. એ ભાઈ 'હુકમચંદજી' કરવાના છે. ક્રમબદ્ધના ઘણા લેખ લખ્યા છે, એક પુસ્તક બનાવવાના છે. ભાઈએ તો લખ્યું છે-દસલક્ષણી પર્વ. દસ લક્ષણી ધર્મનું બહુ સરસ, બહુ સરસ (લખ્યું છે). હમણા આવી ગયા, શિબિરમાં રહી ગયા. બહુ સરસ. એવું તો કોઈ પંડિતે બનાવ્યું નથી. અને 'જગનમોહનલાલજી' જૂનો પંડિત, ૮૦ની વર્ષ મોટી ઉંમર 'ફૂલચંદજી' અને 'કૈસાલચંદજી'ની નાની ઉંમર છે. એણે તો બધાએ વખાણ કર્યા છે પણ 'જગનમોહનલાલજી'એ તો ત્યાં સુધી કહ્યું, કે અરે..! શું એને કહેવાય? 'ભારિલ્લ.. ભારિલ્લ!' 'ભારિલ્લજી! તમને સરસ્વતીનું વરદાન લાગે છે.' એમ લખ્યું છે. હિન્દી છે ને? હિન્દી પુસ્તક છે એમાં પાઠ આપ્યો છે. સરસ્વતીનો અર્થ એમાં એવો છે એ 'હુકમચંદજી' અત્યારે... આહાહા..! બધા પંડિતોનો અગ્રેસર છે. ઉંમર છે ૪૪ વર્ષની, પણ મગજ ને ક્ષયોપશમ... આહાહા..! એ..ઈ..!

મુમુક્ષુ :- આપની પાસે સાંભળીને ગયા.

ઉત્તર :- હા, એ તો બિચારા કહે ને! (મેં) બધું ત્યાંથી સાંભળેલું કહ્યું (છે). પણ છતાં એની શક્તિ પોતાની છે ને! ક્ષયોપશમની શક્તિ (છે). દસલક્ષણી પર્વનો વિસ્તાર અત્યાર સુધી કોઈ પંડિતોએ આવો કર્યો નથી. 'જગનમોહનલાલજી' પંડિતે એમ કહ્યું, તમને સરસ્વતીનું વરદાન છે. આવો વિસ્તાર..! આહાહા..! 'જગનમોહનલાલજી'ની પણ કેટલી નિર્માનતા! નહિતર જુનો માણસ, વાંચન ઘણું, જુનો પંડિત છતાં નવો ૪૪ વર્ષનો (છે એને કહે છે કે), તને સરસ્વતીનું વરદાન છે. આવી શૈલી કોઈ દિ' કરી નથી, થઈ નથી. આહાહા..! એવા તો ૩૮ પંડિતે અભિનંદન આપ્યા. હિન્દી પુસ્તક, હિન્દી પુસ્તક છે ને? એમાં ૩૮ પંડિતે (અભિનંદન આપ્યા છે). એક શ્વેતાંબર છે એ તો શ્વેતાંબર, પણ બીજા બધા ૩૭ દિગંબર પંડિતે અભિનંદન આપ્યા. તમારું આ દસલક્ષણી પર્વ (એમાં) અજબ વાતું કરી

છે. એ જ હવે ક્રમબદ્ધનું પુસ્તક બનાવવાના છે. અને એ 'ક્રમબદ્ધ' શબ્દ પહેલો અહીંથી નીકળ્યો છે. ઘણાં વર્ષ પહેલેથી (નીકળ્યો છે). આહાહા..!

જગતના દ્રવ્યની ક્રમબદ્ધ પર્યાય જે સમયે જે થવાની તે થાય, તે સમયે (થાય), બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી. મોતીના હારની જેમ. મોતીના હારમાં જ્યાં જ્યાં મોતી ત્યાં ત્યાં (તેનું) સ્થાન (છે). એ સ્થાન. એમ જ્યાં જ્યાં પર્યાય ત્યાં ત્યાં એનો કાળ. આહાહા..! પણ એની દૃષ્ટિ જાય ક્યાં? ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ અકર્તા પુરુષાર્થમાં જાય છે, અકર્તા પુરુષાર્થમાં જાય છે. આહાહા..! નિયતવાદમાં જાતું નથી. આહાહા..! રાગનો પણ કર્તા નહિ ને પર્યાયનો ય કર્તા નહિ એવી અકર્તાબુદ્ધિ થાય છે. આહાહા..! શું થાય?

મુમુક્ષુ :– અહીં આવવાના છે.

ઉત્તર :– આવવાના હશે, આવશે. ઇ તે દિ' આવ્યા હતા પણ મેં વાંચ્યું નહોતું. હમણાં શિબિરમાં રહી ગયા ને! રહી ગયા પણ મેં વાંચ્યું નહોતું. બહુ ખબર નહિ પણ વાંચ્યું પછી (થયું), ઓહો..! ગજબ કામ કર્યા છે. આપણે તો ગમે તે માણસ કહે, આઠ વર્ષનો બાળક પણ સત્ય કહેતો હોય તો બરાબર છે. એમાં શું છે? બહુ સ્પષ્ટ કર્યું છે, ઘણું સ્પષ્ટ કર્યું છે. વાંચ્યું છે ભાઈ 'વિમલચંદજી'? વાંચ્યું નથી દસલક્ષણી? દસલક્ષણી મળ્યું નથી? હેં? છે? આહાહા..! ક્રમબદ્ધનું છપાવવાના (છે). ક્રમબદ્ધનું ગજબ કરશે, ગજબ! આહાહા..! ક્રમબદ્ધનો સિદ્ધાંત તો સર્વજ્ઞ પરમાત્માના ઘરનો. આહા..! 'જે જે દેખી વીતરાગને તે તે હોંશી વીરા' ભગવાને જ્યાં જે સમયે જે પર્યાય દીઠી તે સમયે ત્યાં થશે. દીઠી માટે થશે નહિ, એનો સ્વભાવ જ (એવો) છે. આહાહા..! આ પાંચની મોટી તકરાર.

'દિલ્હી'માં છે ને? 'જ્ઞાનમતી'. ઇ આ શિક્ષણમાં આપે–નિમિત્તથી થાય. ઉપાદાનથી, નિમિત્તથી બેયથી થાય. વ્યવહારથી થાય, નિશ્ચયથી થાય. થાવા દો, બાપુ! થાવા દો. સત્ય હશે એ રહેશે, જગતમાં અસત્ય નહિ રહે.

અહીં કહે છે, 'પરાશ્રિત વ્યવહાર જ બધોય છોડાવ્યો છે એમ જાણવું. માટે 'શુદ્ધજ્ઞાનસ્વરૂપ પોતાના આત્મામાં સ્થિરતા રાખો' એવો શુદ્ધનિશ્ચયના ગ્રહણનો ઉપદેશ આચાર્યદેવે કર્યો છે. વળી, 'જો ભગવાને અધ્યવસાન છોડાવ્યાં છે તો હવે સત્પુરુષો નિશ્ચયને નિષ્કંપપણે અંગીકાર કરી...' એટલે એકત્વબુદ્ધિ છોડાવી છે તો હવે આમ એકત્વ કરને! આહાહા..! 'સ્વરૂપમાં કેમ નથી ઠરતા-એ અમને અચરજ છે' એમ કહીને આહાહા..! આચાર્યદેવે આશ્ચર્ય બતાવ્યું છે.' આહાહા..! પ્રભુ! જ્યારે ભગવાને પરની એકત્વબુદ્ધિ છોડાવી તો પ્રભુ! તું અહીં એકત્વ કેમ કરતો નથી હવે? એકત્વ આમ કર તો વ્યવહાર પણ છોડાય જાય છે. પર તો છૂટી ગયું પણ વ્યવહાર (પણ છૂટી જાય છે). આમ (સ્વમાં) એકત્વ કરે, આમ એકત્વ છે ને આમ જ્ઞાયકભાવ સાથે એકત્વ કરે (તો) વ્યવહાર છૂટી જાય છે. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

## ગાથા-૨૭૨

एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणएण।
णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं।।२७२।।
एवं व्यवहारनयः प्रतिषिद्धो जानीहि निश्चयनयेन।
निश्चयनयाश्रिताः पुनर्मुनयः प्राप्नुवन्ति निर्वाणम्।।२७२।।

आत्माश्रितो निश्चयनयः, पराश्रितो व्यवहारनयः। तत्रैवं निश्चयनयेन पराश्रितं समस्तमध्यवसानं बन्धहेतुत्वेन मुमुक्षोः प्रतिषेधयता व्यवहारनय एव किल प्रतिषिद्धः, तस्यापि पराश्रितत्वाविशेषात्। प्रतिषेध्य एव चायं, आत्माश्रितनिश्चयनयाश्रितानामेव मुच्यमानत्वात्, पराश्रितव्यवहारनयस्यैकान्तेना- मुच्यमानेनाभव्येनाप्याश्रीयमाणत्वाच्च।

---

હવે આ અર્થને ગાથામાં કહે છે :-

વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;
નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.

ગાથાર્થ :– [ एवं ] એ રીતે (પૂર્વોક્ત રીતે) [ व्यवहारनयः ] (પરાશ્રિત એવો) વ્યવહારનય [ निश्चयनयेन ] નિશ્ચયનય વડે [ प्रतिषिद्धः जानीहि ] નિષિદ્ધ જાણ; [ पुनः निश्चयनयाश्रिताः ] નિશ્ચયનયને આશ્રિત [ मुनयः ] મુનિઓ [ निर्वाणम् ] નિર્વાણને [ पाप्नुवन्ति ] પામે છે.

ટીકા :– આત્માશ્રિત (અર્થાત્ સ્વ-આશ્રિત) નિશ્ચયનય છે, પરાશ્રિત (અર્થાત્ પરને આશ્રિત) વ્યવહારનય છે. ત્યાં, પૂર્વોક્ત રીતે પરાશ્રિત સમસ્ત અધ્યવસાન (અર્થાત્ પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન) બંધનું કારણ હોવાને લીધે મુમુક્ષુને તેનો (-અધ્યવસાનનો) નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે, કારણ કે વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે. (-જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી). અને આ વ્યવહારનય એ રીતે નિષેધવા યોગ્ય જ છે; કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ (કર્મથી) મુક્ત થાય છે અને પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત થતો એવો અભવ્ય પણ કરે છે.

ભાવાર્થ :– આત્માને પરના નિમિત્તથી જે અનેક ભાવો થાય છે તે બધા વ્યવહારનયના

વિષય હોવાથી વ્યવહારનય તો પરાશ્રિત છે, અને જે એક પોતાનો સ્વાભાવિક ભાવ છે તે જ નિશ્ચયનયનો વિષય હોવાથી નિશ્ચયનય આત્માશ્રિત છે. અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે તેથી અધ્યવસાનનો ત્યાગ તે વ્યવહારનયનો જ ત્યાગ છે, અને પહેલાંની ગાથાઓમાં અધ્યવસાનના ત્યાગનો ઉપદેશ છે તે વ્યવહારનયના જ ત્યાગનો ઉપદેશ છે. આ પ્રમાણે નિશ્ચયનયને પ્રધાન કરીને વ્યવહારનયના ત્યાગનો ઉપદેશ કર્યો છે તેનું કારણ એ છે કે - જેઓ નિશ્ચયનયના આશ્રયે પ્રવર્તે છે તેઓ જ કર્મથી છૂટે છે અને જેઓ એકાંતે વ્યવહારનયના જ આશ્રયે પ્રવર્તે છે તેઓ કર્મથી કદી છૂટતા નથી.

---

## પ્રવચન નં. ૩૩૪ ગાથા–૨૭૨ શુક્રવાર, આસો વદ ૧૪, તા. ૧૯-૧૦-૧૯૭૯

---

'સમયસાર' ૨૭૨ ગાથા. કળશ થઈ ગયો છે.

एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणएण।
णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं।।२७२।।

વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;
નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨

ટીકા :– 'આત્માશ્રિત (અર્થાત્ સ્વ-આશ્રિત) નિશ્ચયનય છે,...' સ્વ-આશ્રિત છે ને? 'પ્રવચનસાર' ૧૮૯ ગાથામાં એમ કહ્યું, કે 'શુદ્ધ દ્રવ્ય નિરૂપણ સ્વરૂપ નિશ્ચયનય' રાગ-વિકાર આત્માની પર્યાયમાં થાય છે તેથી તે જ્ઞેયનો અધિકાર છે તેથી તેનામાં શુદ્ધ દ્રવ્યના કથન અપેક્ષાએ નિશ્ચયનયથી રાગ અને વિકાર પર્યાયમાં પોતામાં છે. પર્યાય એની છે ને? જ્ઞેયનો અધિકાર છે ને? જ્ઞેયની પરિપૂર્ણતા, એનું પોતાનું સ્વરૂપ... વિકાર હોય તોપણ નિશ્ચયનયે પોતામાં જ છે. આહાહા..! ત્યાં શુદ્ધ દ્રવ્યના નિરૂપણ સ્વરૂપ નિશ્ચય, એમ કીધું. શુદ્ધનય નથી કીધી. શુદ્ધ દ્રવ્ય નિરૂપણ સ્વરૂપ નિશ્ચયનય અને અશુદ્ધનય સ્વરૂપ વ્યવહારનય. કર્મના નિમિત્તથી થાય એમ કહેવું એ અશુદ્ધનયરૂપ વ્યવહારનયનું કથન છે. અને વિકાર પર્યાયમાં થાય એ સ્વ-આશ્રિત પોતામાં પોતાથી થાય છે તેથી તેને શુદ્ધ દ્રવ્ય નિરૂપણ નિશ્ચય કહ્યો. એ જ્ઞાનપ્રધાન કથનમાં જ્ઞેયની વ્યાખ્યા કરી.

અહીં દર્શનપ્રધાન કથનમાં (કહે છે). આહાહા..! સ્વ-આત્માશ્રિત નિશ્ચયનય. આત્માશ્રિત એટલે આ પર્યાય નહિ. અહીં તો ત્રિકાળી જ્ઞાયકભાવ સ્વ એનું નામ સ્વ-આશ્રિત. આમ તો કહેશે, નિશ્ચયથી મુનિ મોક્ષને પ્રાપ્ત થાય. એનો અર્થ નિશ્ચયનયથી પ્રાપ્ત થાય એટલે નિશ્ચયનો વિષય જે ધ્રુવ જ્ઞાયકભાવ છે... આહાહા..! એને અવલંબે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય અને તેના અવલંબે તે મુક્તિનો માર્ગ થાય. આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ!

અનંતકાળથી એણે સ્વદ્રવ્યની ચૈતન્ય શક્તિનું સામર્થ્ય શું છે એની પ્રતીતિ કરી જ નથી.

અહીં આત્માશ્રિતનો અર્થ સ્વ-આશ્રિત કર્યો. ઓલો 'પરાશ્રિત' શબ્દ છે ને પછી ટીકામાં? પરાશ્રિત તો અહીં આત્માશ્રિત એટલે સ્વ-આશ્રિત. પોતાનું સ્વરૂપ જે છે પૂર્ણ આનંદ જ્ઞાયક ચૈતન્યસત્તા... એ તો કાલે બપોરે કહ્યું હતું ને? કે, જેની પર્યાયમાં આ જણાય છે, જેના અસ્તિત્વમાં આ જણાય છે, એ જાણનારી પર્યાય છે એ તો પોતાના અસ્તિત્વમાં પોતામાં છે. એ જણાય છે એમ કહેવું એ તો વ્યવહારનું અસદ્ભુત વ્યવહારનું કથન છે. અસદ્ભુત વ્યવહાર કથન છે. આહાહા..! કેમકે જેની સત્તામાં (અર્થાત્) અત્યારે પર્યાયની સત્તા, હોં! જેની સત્તામાં આ જે ચીજો છે તે જણાય છે તેનું અસ્તિત્વ પર્યાયમાં જ્ઞાનનું છે. એ જ્ઞાનને ખરેખર તો એ જાણે છે. પરને જાણે એમ (કહેવું વ્યવહાર છે). કારણ કે, પરમાં તન્મય નથી એટલે પરને નિશ્ચયથી જાણે એમ છે નહિ અને પોતાની પર્યાયમાં તન્મય છે તેથી નિશ્ચયથી પોતાને પોતે પર્યાયને જાણે છે. આહાહા..!

હવે અહીં તો એથી આગળ બીજી વાત લેશે, કે જે પર્યાય છે એ દ્રવ્યને આશ્રયે શુદ્ધ થાય છે. એ સ્વ-આશ્રય તે આત્મા સ્વવસ્તુ જે છે, પર્યાયના અસ્તિત્વમાં એ જણાય છે ઇ પર્યાય જણાય છે પણ હવે એ તો ઇ પર્યાય જ્ઞાયકને જાણે છે. એ તો 'સમયસાર' ૧૭ ગાથામાં આવી ગયું છે ને? જ્ઞાનની પર્યાય છે (એનો) સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી તે જ્ઞાનની પર્યાય સ્વદ્રવ્યને જાણે છે, છતાં તેનું ત્યાં લક્ષ નથી. અહીં કહે છે, કે લક્ષ કરે સ્વનું તેને અહીં આત્માશ્રિત કહીએ. આહાહા..! શું કહ્યું ઇ?

આ આત્મા છે ભગવાન પ્રકાશ... ચૈતન્યપ્રકાશની મૂર્તિ (છે). હવે એની જે પર્યાય છે તેમાં આ જણાય છે. ઇ જણાય છે ઇ પર્યાય જણાય છે. આ (પર) વસ્તુ નહિ, એ વસ્તુમાં ક્યાં તન્મય થાય છે? કારણ કે, એ વસ્તુ અને પર્યાય વચ્ચે તો અત્યંતઅભાવ છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! જેની સત્તામાં 'આ છે' એમ જણાય છે ઇ એની સત્તા જણાય છે. જ્ઞાનની અવસ્થાની સત્તાનું હોવાપણું જણાય છે. આહાહા..! પણ એ હોવાપણાની પર્યાયનો પણ વ્યવહાર (છે). પર્યાય છે તે વ્યવહાર છે. દ્રવ્ય તે નિશ્ચય છે, અત્યારે અહીં ઇ લેવાનું છે.

ત્યાં ('પ્રવચનસાર') ૮૯ (ગાથામાં) એમ કહ્યું, કે શુદ્ધ દ્રવ્ય નિરૂપણ-શુદ્ધ દ્રવ્યના કથનની અપેક્ષાએ પર્યાયમાં રાગ છે એ નિશ્ચયનય છે. સ્વમાં છે એ અપેક્ષાએ. અહીં કહે છે કે અહીં દર્શનપ્રધાન કથન છે તેથી સ્વ-આશ્રિત એટલે પર્યાય નહિ, ગુણભેદ નહિ, એકલો જ્ઞાયકભાવ જે ત્રિકાળી ભૂતાર્થ સત્ સાહેબ સત્સ્વરૂપ પ્રભુ, પૂર્ણ શુદ્ધ ધ્રુવ, એને આશ્રિત નિશ્ચયનય છે. આ પહેલી લીટીનો અર્થ થાય છે. આહાહા..!

નિશ્ચયનય છે એ તો જ્ઞાનનો પર્યાય છે પણ તે વિષય કરે છે દ્રવ્યને તેથી તેને સ્વ-આશ્રિત નિશ્ચયનય કીધી. સમજાય છે કાંઈ? નય તો જ્ઞાનનો પર્યાય છે પણ એ નિશ્ચય

જ્ઞાનનો પર્યાય છે... આ તો શાંતિથી સમજવા જેવી વાત છે, બાપુ! એ ત્રિકાળી જ્ઞાયકનો વિષય કરે છે. તેથી તેને–ત્રિકાળીને અહીં નિશ્ચયનય કહેવામાં આવે છે. આહાહા..! સ્વ-આશ્રિત નિશ્ચયનય, એમ કીધું ને? સ્વ-આશ્રિત નિશ્ચયનય.

ભગવાન પૂર્ણસ્વરૂપ (છે). જે પર્યાયમાં પર જણાય છે તે જ પર્યાયમાં આત્મા જણાય છે છતાં તેનું લક્ષ ત્યાં નથી. શું કીધું? જે જ્ઞાનની પર્યાયમાં આ.. આ જણાય છે, એમ કહે છે એ તો પર્યાય જણાય છે છતાં તે પર્યાય જણાય છે તે પર્યાયમાં દ્રવ્ય પણ જણાય છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! એ વસ્તુ જે છે તે પર્યાયમાં જણાય છે કેમકે જ્ઞાનના પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક (છે). ઇ સ્વ-પ્રકાશક છે તેથી જ્ઞાનની પર્યાય દ્રવ્યને, ત્રિકાળીને જાણે છે છતાં તેનું લક્ષ ત્યાં નથી, એનું લક્ષ પર્યાય અને રાગ ઉપર હોવાથી તે જાણવા છતાં જાણતો નથી.

અહીં તો સ્વ-આશ્રિતે જાણે છે, એમ કહે છે. લક્ષ ફેરવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્માશ્રિત એટલે ઓલો વ્યવહારનો 'પરાશ્રિત' શબ્દ છે ને એટલે અહીં સ્વ-આશ્રિત (કહ્યું છે). સ્વ-આશ્રિત તે નિશ્ચયનય છે. સ્વ-આશ્રિત જ્ઞાયક અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ! ધ્રુવ સ્વભાવ તે સ્વ-આશ્રિત, તેને નિશ્ચયનય કહીએ. આહાહા..! સમજાણું કાંઈ?

'પરાશ્રિત (અર્થાત્ પરને આશ્રિત) વ્યવહારનય છે.' હવે એની સામે (લ્યે છે). જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ ઉત્પન્ન થાય એ બધા પરાશ્રિત છે. પરાશ્રિત છે તેથી તે વ્યવહાર છે અને તેથી તે નિષેધ કરવા લાયક છે એમ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! હવે અહીં કેટલાક (અજ્ઞાની) ઇ કહે છે, કે વ્યવહાર કરતા સરાગ ચારિત્રથી વીતરાગ ચારિત્ર થાય. અહીં કહે છે કે એનો તો નિષેધ કરવો છે. નિષેધ કરતા જે સ્વનો આશ્રય થાય તેને નિશ્ચય કહેવામાં આવે છે. જેનો નિષેધ કરવો છે તેના આશ્રયથી નિશ્ચયમાં, અંતરમાં જવાય? સમજાય છે કાંઈ?

હા, કેટલેક ઠેકાણે કહ્યું છે, કે વ્યવહાર સાધન છે, સાધક છે, નિશ્ચય સાધ્ય છે. ઇ તો સાધકનું જ્ઞાન કરાવ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' ૨૫૬ પાનું. વ્યવહાર કહ્યો છે ને? (તો કહે છે) એ તો નિમિત્ત આદિનું જ્ઞાન કરાવવા કહ્યું છે. નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવવા કહ્યું છે. આદરણીય છે અને આશ્રય કરવા લાયક (છે), એમ નહિ. સમજાણું? ઝીણું બહુ, ભાઈ! કહો 'નવરંગભાઈ'! આવો માર્ગ છે, પ્રભુ! આહાહા..!

અહીંયાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમયની પર્યાય છે, એ તો ઠીક, પણ અંદર એ પર્યાય પોતે ખરેખર તો વ્યવહાર છે અને ત્રિકાળી જે વસ્તુ છે જ્ઞાયક સ્વરૂપ એ જ પોતે નિશ્ચય છે. નિશ્ચય અને વ્યવહાર આ રીતે છે. હવે અહીં વ્યવહારમાં તો પરાશ્રિત ભાવ થાય તેને વ્યવહાર બતાવવો છે. સમજાણું કાંઇ? નહિંતર પર્યાયમાત્ર વ્યવહાર છે. 'પંચાધ્યાયી'. પર્યાયમાત્ર વ્યવહાર છે. કેવળજ્ઞાન હોય કે મોક્ષપર્યાય હોય તોપણ એ વ્યવહાર

છે. કેમકે એ પર્યાય એક સમયની મુદતવાળી નાશવાન છે. ભગવાન ત્રિકાળી અવિનાશી શુદ્ધ ચૈતન્ય છે તે જ નિશ્ચય છે, તે જ સત્ય છે અને તે જ આત્મા છે. આહાહા..! આવો હવે ક્યારે નિર્ણય કરે?

એવો જે નિશ્ચય સ્વ-આશ્રિત છે ત્યારે વ્યવહાર પરાશ્રિત છે. અહીં વ્યવહાર પર્યાય છે એમ ન લેતા પર્યાય પોતે વ્યવહાર છે. 'બનારસીદાસ'(ની) 'પરમાર્થ વચનિકા'માં પણ આવ્યું છે ને? કે, નિશ્ચય મોક્ષમાર્ગ છે એ વ્યવહાર છે. પર્યાય છે ને? (એટલે). આહાહા..! એક સમયની મુદતવાળી ચીજ અને પલટતી ચીજ ને નાશ થવાવાળી ચીજ, તેને અહીંયાં વ્યવહાર કહ્યો છે. ચાહે તો નિશ્ચય મોક્ષમાર્ગ હો. જે અહીં નિશ્ચયનય આશ્રિત નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે એને ત્યાં નિશ્ચય મોક્ષમાર્ગને વ્યવહાર કહે છે. કઈ અપેક્ષાએ? ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ. ભેદ છે માટે અભેદની અપેક્ષાએ ભેદને વ્યવહાર કહેવામાં આવે છે. અહીંયાં અપેક્ષા બીજી છે. આહાહા..!

અહીં તો કહે છે, કે વ્યવહાર પરાશ્રિત છે. વ્યવહારનય છે ને? ઇ વ્યવહારનય પરાશ્રિત છે તેથી એકલી પર્યાય નહિ. પરને આશ્રિત થતો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો શુભભાવ કે અશુભભાવ, પરાશ્રિત થતો ભાવ તે વ્યવહારનયનો આશ્રિત છે. આવી વાતું હવે. એક તો નિશ્ચય મોક્ષમાર્ગ. એ તો રાગ છે, ઇ વ્યવહાર છે તો આને નિશ્ચય કહ્યો, પણ દ્રવ્યની અપેક્ષાએ તો ત્રિકાળ દ્રવ્ય છે તે નિશ્ચય છે અને પર્યાય છે તે પોતે જ, નિશ્ચય મોક્ષમાર્ગ એ પોતે જ વ્યવહાર છે. કેમકે એ તો આવી ગયું ને કે મોક્ષમાર્ગની પર્યાય અને મોક્ષ બેય દ્રવ્યમાં નથી. આહાહા..!

મોક્ષની પર્યાય ને મોક્ષના માર્ગની પર્યાય દ્રવ્ય ઉપર તરતી, ઉપર તરતી છે. જેમ પાણીના ઘનમાં તેલના બિંદુ ઉપર તરે છે એમ મોક્ષની પર્યાય, મોક્ષના માર્ગની પર્યાય પણ દ્રવ્યથી ઉપર તરે છે, અંદર પ્રવેશ કરતી નથી. આવે છે ને કળશ? ઉપર તરે છે. પહેલા કળશમાં આવે છે. હવે અહીં એ નથી લેવું. અહીં તો ફક્ત પરાશ્રિત જેટલો ભાવ છે એને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! હવે આવી અપેક્ષાઓનો પાર ન મળે.

મુમુક્ષુ :- અહીં મોક્ષની પર્યાય છે તે અંતરમાં જાય છે કે એ પણ બહાર રહે છે?

ઉત્તર :- જાય તે વાત પણ નથી. ઇ પર્યાય દ્રવ્ય ઉપર ઢળે છે તેથી આશ્રય કર્યો એમ કહેવામાં આવે છે. ઇ તો કહેવાય ગયું છે. પર્યાય નિર્મળ જે થાય છે એ નિશ્ચયથી ષટ્કારક પરિણમનથી થાય છે. સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાય એ કર્તા, કર્મ, કરણ (આદિ ષટ્કારકથી પોતાથી થાય છે). પર્યાયોની કર્તા (પર્યાય), (પર્યાયનું) કર્મ પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાયનું અપાદાન પર્યાય, થી-થકી, થી-થકી આવે છે ને? અપાદાન. ખરેખર એ ઉપાદાન લીધું છે અને એનો આધાર પણ ઇ. એટલે પર્યાયના ષટ્કારક પર્યાયથી છે. પણ છતાં તે પર્યાય સ્વતંત્રપણે લક્ષ ન્યાં કરે છે ઇ પોતે

કર્તા થઈને કરે છે. પરનો આશ્રય થયો માટે પરાધીન છે એમ નહિ. શું કીધું ઇ. સમજાણું? આહાહા..!

અહીં તો ફક્ત પરાશ્રિત વ્યવહાર કહ્યો એ વ્યવહાર ખરેખર તો પર્યાય પોતે જ વ્યવહાર છે છતાં ઇ અત્યારે અહીં નથી લેવું. અહીંયાં તો આત્મા સિવાય પર પદાર્થની એકતાબુદ્ધિ રૂપ અધ્યવસાન છે તેને છોડાવ્યા. બીજાને બચાવું, જિવાડું, સુધારું, આમ કરું ઇ એકત્વબુદ્ધિ છોડાવી તો ભેગું... આચાર્ય કહે છે, કે જેમ પરને આશ્રયે એકત્વબુદ્ધિ છોડાવી છે તો હું તો એમ કહું છું કે પરાશ્રિત વ્યવહાર જ છોડાવ્યો છે. કેમકે એકત્વબુદ્ધિ પણ પરને આશ્રયે છે અને દયા, દાન, વ્રત રાગાદિ થાય એ પણ પરને આશ્રિત છે. આહાહા..! માટે ભગવાને તો વ્યવહાર જ છોડાવ્યો છે. ઇ વ્યવહાર ઓલી પર્યાય છોડાવવી છે અત્યારે એમ નથી લેવું. સમજાણું?

એને થતો જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ, શાસ્ત્રનું જ્ઞાન (થાય છે) એ બધો વ્યવહાર છે, વિકલ્પ છે. આહાહા..! એને ભગવાને છોડાવ્યો છે. કેમકે ઇ પરાશ્રિત છે. આહાહા..! શાસ્ત્રજ્ઞાન એ પણ પરાશ્રિત છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ પરાશ્રિત છે. પંચ મહાવ્રતના પરિણામ એ પણ પરાશ્રિત, અણુવ્રતના પરિણામ એ પણ પરાશ્રિત છે. આહાહા..!

અહીં આ બે લીટીમાં અંદર (ભર્યું છે). 'આત્માશ્રિત (અર્થાત્ સ્વ-આશ્રિત) નિશ્ચયનય છે,...' નિશ્ચયનય છે એ તો જ્ઞાનનો અંશ છે પણ સ્વ આખી વસ્તુને જ નિશ્ચયનય કીધી છે. એનો આશ્રય કરવા લાયક જે ચીજ છે તેને નિશ્ચયનય કીધી છે. સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં કહ્યું ને? 'भूदत्थो देसिदो दु सुद्धणओ' (પર્યાયને) ગૌણ કરીને પહેલું એમ કહ્યું કે વ્યવહાર અભૂતાર્થ છે. પર્યાયને ગૌણ કરીને નથી તેમ કહ્યું. પર્યાયને ગૌણ કરીને નથી તેમ કહ્યું ને ત્યાં? અને દ્રવ્યને મુખ્ય કરીને તે છે તેમ કહ્યું. ઓલી (પર્યાયને) અસત્યાર્થ કીધી હતી એ તો ગૌણ કરીને અસત્યાર્થ કહ્યું હતું. પર્યાય છે ખરી પણ ગૌણ કરીને એને અસત્ય કીધી. હવે અહીં વ્યવહાર છે ખરો. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી સ્વ-આશ્રિત દૃષ્ટિ અને અનુભવ પણ છે અને જરી પરાશ્રિતનો રાગભાવ પણ છે. છે તેનો નિષેધ છે ને? આહાહા..! સમજાણું કાંઈ? હવે નવરાશ ક્યાં આમાં? વાણિયાને નવરાશ કે દિ' મળે? આહાહા..! આવો માર્ગ (છે). વ્યવહાર પરાશ્રિત છે, એ આ.

'ત્યાં, પૂર્વોક્ત રીતે પરાશ્રિત સમસ્ત અધ્યવસાન...' હવે ઇ પરાશ્રિત વ્યવહાર કહ્યો ઈ વ્યવહારના બે પ્રકાર કરીને નિષેધે છે. 'પરાશ્રિત સમસ્ત અધ્યવસાન (અર્થાત્ પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન)...' હું પરનું કરી શકું, પરને મેળવી શકું, પરને છોડી શકું, પરને લઈ શકું, બીજાને સુખી કરી શકું, દુઃખી કરી શકું, બીજાનો મોક્ષ કરાવી શકું, બીજાને બંધ કરાવી શકું, જિવાડી શકું, મારી શકું એવી જે પરદ્રવ્ય સાથેની

એકત્વ બુદ્ધિ એ અધ્યવસાન. 'એ બંધનું કારણ હોવાને લીધે,..' એ અધ્યવસાન બંધનું કારણ હોવાને લીધે, આહાહા..! 'મુમુક્ષુને,...' આહાહા..! જે મોક્ષાર્થી છે, મોક્ષ જેનું પ્રયોજન છે. આહાહા..! એવા 'મુમુક્ષુને તેનો (-અધ્યવસાનનો) નિષેધ કરતા...' તે અધ્યવસાનનો નિષેધ એટલે એકત્વ બુદ્ધિનો (નિષેધ કરતા). હું આને મેળવી શકું, આને છોડી શકું, આને મદદ કરી શકું, આને આમ કરી શકું, સુખી કરી શકું વગેરે. એક દ્રવ્યને બીજા દ્રવ્યની એકત્વબુદ્ધિનો અધ્યવસાન, તેનો નિષેધ કરાવતા, 'નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે,...' એકત્વબુદ્ધિનો નિષેધ કરાવ્યો છે ઇ પરના આશ્રયથી જે વ્યવહાર થાય એનો નિષેધ કરાવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી ઝીણી વાત છે, બાપુ! માર્ગ બહુ અલૌકિક છે. આહાહા..! અનંતકાળથી આથડે છે. 'શ્રીમદ્'માં આવે છે ને? 'અનંત કાળથી આથડ્યો વિના વાન ભગવાન સેવ્યા નહિ ગુરુ સંતને' સેવ્યા નહિ એટલે ન્યાં પગ દાબવા હશે? એ ચોથી ગાથામાં પણ આવે છે. પોતે તો સમજ્યો નથી પણ સમજ્યો એની સેવા કરી નથી. 'सुदपरिचिदाणुभूदा' સેવાનો અર્થ ઇ કહે છે તે (તેં) માન્યું નથી.

મુમુક્ષુ :– સિદ્ધાંત કહે છે એ કબુલ રાખવું.

ઉત્તર :– હા, પણ આ સિદ્ધાંત આમ કહે છે. કહેવાનો આશય આ છે. સેવા કરવી એટલે શું પગ દાબવા છે? એણે જે કહ્યું, આમાં છે ને? આવી ગયું છે. ચોથી (ગાથા). 'પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી (-પોતે આત્માને નહિ જાણતો હોવાથી) અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી,...' છેલ્લે છે, પહેલા પેરેગ્રાફની છેલ્લી બે લીટી. છે? જાણનારાઓની સંગતિ એટલે સેવા નહિ કરી હોવાથી. આહાહા..! સંસ્કૃતમાં 'उपासना' 'परेषामात्मज्ञानामनुपासनाच्च' છે ને? સેવા નહિ કરી. 'अनुपासनाच्च' એટલે સેવા નહિ કરવાથી. સંસ્કૃત ટીકા છે. એનો અર્થ સંગતિ કરી તો સંગતિ કરવી તે વ્યવહાર છે. પણ એણે જે કહ્યું છે તે રીતે માન્યો નહિ, જાણ્યો નહિ એ એણે સંગતિ ને સેવા કરી નહિ. આહાહા..! બહુ કામ આકરું, જનમ-મરણ રહિતની વાતું, બાપા! આકરી, ભાઈ! આહાહા..!

અહીં કહે છે, એકપણાની બુદ્ધિ જેણે પ્રભુએ છોડાવી. કેમકે સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય વચ્ચે તો અત્યંતઅભાવ (છે). એથી બીજાનું કાંઈ કરે એ તો કોઈ રીતે બને નહિ. કારણ કે જે દ્રવ્ય છે તે નકામો તો કોઈ કાળે હોઈ શકે નહિ. એટલે? જે દ્રવ્ય છે એ નકામો એટલે પર્યાયના કાર્ય વિનાનું દ્રવ્ય કોઈ દિ' હોઈ શકે જ નહિ. પર્યાયના કાર્ય વિનાનું કોઈ દિ' કોઈ દ્રવ્ય હોઈ શકે નહિ. હવે નકામું કોઈ નથી તો તેનું કામ બીજો શી રીતે કરે? આહાહા..! સમજાણું કાંઈ? જરી ઝીણી વાત છે.

મુમુક્ષુ :– આખી દુનિયા બીજાનું કામ કરે છે.

ઉત્તર :– આખી દુનિયા કરતી નથી. 'રામજીભાઈ'! બધું બહુ કરતા હતા. સલાહ આપતા હતા ને ઓલાને? 'ઢેબરભાઈ'! 'ઢેબરભાઈ'! આવતા, એને સલાહ આપતા. એક મહિનો કેદમાં જવું પડ્યું ને! એ તો એક વિકલ્પ હોય ને વાણી નીકળવાની હતી. આહાહા..! એ..ઇ..! 'શાંતિભાઈ'! આવો માર્ગ છે. આહાહા..!

અહીં તો પરમાત્મા પરની એકત્વબુદ્ધિ જ્યારે છોડાવે છે તો એ પરની એકત્વબુદ્ધિ–મિથ્યાત્વ તે વ્યવહાર છે. તે અપેક્ષાએ તો હું એમ માનું છે કે પરના આશ્રયનો સઘળો વ્યવહાર છોડાવ્યો છે. આહાહા..! 'નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ...' છે? એકાન્ત નથી? 'વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે,...' બિલકુલ વ્યવહારનય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ બધો વ્યવહાર છે તેનો નિષેધ કરાવ્યો છે, એ બંધના કારણ છે. આહાહા..! આકરું કામ. જગત ક્યાં ઝુકાણું છે અને ક્યાં ઝુકવું જોઈએ એની ખબર ન મળે. આહા..!

એ અહીં કહે છે, કે 'ખરેખર વ્યવહારનયનો જ...' આહાહા..! ભગવાને જ્યારે એક દ્રવ્ય જે આત્મા ઇ બીજા દ્રવ્યની કોઈપણ (પર્યાય કરી શકે નહિ, એમ કહ્યું), પર્યાય વિનાનું દ્રવ્ય નથી તેથી તેની પર્યાય એ કરી શકે નહિ છતાં એકત્વબુદ્ધિથી કર્તા માને એનો અહીં નિષેધ કર્યો છે, તો અમે એમ કહીએ છીએ કે પરને આશ્રયે જેટલો વ્યવહાર થાય એનો નિષેધ કર્યો છે. પરના આશ્રયની એકત્વબુદ્ધિનો નિષેધ કર્યો. એની સાથે પરાશ્રિત વ્યવહાર એકત્વબુદ્ધિ ભલે ન હોય. આહાહા..! બેય પરાશ્રિત છે. આહાહા..! હવે આવી વાતું. ક્યાં નવરાશ (છે)? 'કાંતિભાઈ'! આખો દિ' ધંધા, પાણી ને... આહાહા..! આમાં આવી વાતું... અવસર સબ આવી ગયા છે, કહે છે. આહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં (કહે છે). આહાહા..!

'વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે, કારણ કે વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે...' શું કહ્યું ઇ? જેમ પરને જીવાડું, મારું, મોક્ષ કરાવું (એવી) પરાશ્રિત એકત્વબુદ્ધિ છોડાવી તેમ બધો પરાશ્રિતનો વ્યવહારનય સમાન જ છે. જેમ એકત્વબુદ્ધિ એમ પરને આશ્રયે થતો વિકલ્પ, રાગ ચાહે તો દયા, દાન, દેવ-ગુરુની શ્રદ્ધા, દેવ-ગુરુ, પરમાત્માની શ્રદ્ધાનો રાગ એ બધો વ્યવહાર છે તેને અહીં છોડાવ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? લોકોને બહુ કઠણ પડે. શું થાય પણ ભાઈ? માર્ગ આ છે. આહાહા..!

મુમુક્ષુ :– હસ્તાવલંબન છે ને?

ઉત્તર :– હસ્તાવલંબન એ તો નિમિત્તનું કથન કર્યું છે. છે જ નહિ. હસ્તાવલંબન જાણીને કથન કર્યું છે પણ એનું ફળ સંસાર છે. છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે 'કે વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે (-જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે,...)' આહાહા..! હવે અહીં (અજ્ઞાની કહે છે કે), પરાશ્રિત વ્યવહારથી સ્વ-આશ્રિત નિશ્ચય થાય. વ્યવહાર–રાગની દશા તેની દિશા,

રાગની દશા તેની દિશા પર તરફ છે અને સમ્યગ્દર્શનની નિશ્ચયની દશા, તેની દિશા સ્વ તરફ છે. આહાહા..! સમજાણું કાંઈ? બેનો ઉગમણો-આથમણો ફેર. હવે બેનો મેળ શી રીતે કરવો? હવે ઇ કહે, વ્યવહાર સાધન કહ્યું છે ને! સાધનથી નિશ્ચય સાધ્ય થાય. એમ ઠેકાણે ઠેકાણે 'જયસેનાચાર્ય'માં, 'દ્રવ્યસંગ્રહ'માં 'બ્રહ્મદેવસૂરી'માં આવે છે. એ તો ત્યાં આગળ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં વ્યવહારનું નિમિત્ત આદિનું જ્ઞાન કરાવ્યું છે, કે આ આ હતું. પણ એ આદરવા લાયક છે ને એનાથી નિશ્ચય થાય છે એ વાત ત્યાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'(-જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી).' આહાહા..! જેમ એક દ્રવ્ય ભગવાનઆત્મા એ પરદ્રવ્યનું કાંઈ પણ કરે, મેળવે, છોડે એવું કાંઈ છે જ નહિ, છતાં પર સાથેની એકત્વબુદ્ધિ ભગવાને છોડાવી છે તો અમે તો એમ જ કહીએ છીએ કે, જેટલો પરાશ્રિત વ્યવહાર છે એ બધો ભગવાને છોડાવ્યો છે. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય', 'કુંદકુંદાચાર્ય' મહાસંત. આહાહા..! કેવળીના કેડાયતો, એક-બે ભવે તો કેવળ લેવાના, કેવળ લઈને મોક્ષ જવાના. આહાહા..! એની આ વાણી (છે) એમ કહેવું એ વ્યવહાર છે. વાણી તો વાણીની છે.

'અને આ વ્યવહારનય...' આહાહા..! 'એ રીતે નિષેધવાયોગ્ય જ છે;...' બિલકુલ પર સાથેની એકત્વબુદ્ધિ અને પરનો આશ્રય-બેય છોડવા લાયક જ છે. પર સાથે એકત્વની બુદ્ધિ અને પરને આશ્રયે થતો ભાવ, બધો છોડવા લાયક જ છે. આહાહા..! આકરું કામ છે. 'વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે;...' 'જ' કીધું છે. એકાન્ત ન થાય? નિષેધવાયોગ્ય જ છે. કથંચિત્ આદરણીય અને કથંચિત્ નિષેધવાયોગ્ય, એમ નથી. આહાહા..!

ત્યાં એમ કહે કે, સરાગ ચારિત્રથી વીતરાગ ચારિત્ર થાય. અહીં તો ના પાડે છે. એની રુચિ છોડી પર તરફની દશાના ભાવની રુચિ છોડી, સ્વ તરફના ભાવની રુચિમાં જાય એને પરનો નિષેધ થઈ જાય છે. આહાહા..! નિષેધ કરવો પડતો પણ નથી. આહાહા..! રાગના ત્યાગનું કર્તાપણું તો નામમાત્ર છે, આવ્યું ને? હેં? આહાહા..! રાગનું ગ્રહણ તો ઠીક (ત્યાગકર્તા પણ નથી). આમ તો ગ્રહણત્યાગ કીધો, 'પ્રવચનસાર' ૧૮૯. આત્મામાં રાગનો ગ્રહણત્યાગ છે એ નિશ્ચયથી છે, શુદ્ધ દ્રવ્યના નિરૂપણના નિશ્ચયથી છે. રાગ ગ્રહે છે, ઉત્પન્ન કરે છે અને વ્યય કરે છે. ગ્રહણત્યાગ છે. અને 'પંચાસ્તિકાય'માં તો એમ પણ કહ્યું, કે પર્યાય માત્ર દ્રવ્યમાં સંયોગ થાય છે અને વિયોગ થાય છે. આહાહા..! વિકારની તો વાત શું કરવી પણ નિર્વિકારી પર્યાયનો ઉત્પાદ એ દ્રવ્યની સાથે સંયોગ સંબંધ છે અને એનો વ્યય થાય તો એ વિયોગ છે. આહાહા..!

એવું જે સ્વદ્રવ્ય એનો આશ્રય કરવા માટે પરદ્રવ્યની એકતાબુદ્ધિ અને પરદ્રવ્યના આશ્રયે થતો વ્યવહાર, તેને છોડાવ્યો છે. ઝીણી વાત છે, ભાઈ! કુદરતે ગાથા જ આ આવી. આઠ

દિ' થી બંધ હતું. ૨૭૧ ગાથા સુધી આવી ગઈ હતી. આહાહા..!

'એ રીતે,...' એ રીતે, એટલે? જેમ સ્વનું પર કરી શકે આદિ એકત્વબુદ્ધિનો નિષેધ (કર્યો) તેમ પરનો આશ્રય થતો ભાવ એનો પણ નિષેધ એક જ વિધિથી છે. આહાહા..! વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર ચારિત્ર એટલે દયા, દાનના પરિણામ, શાસ્ત્રનું વ્યવહાર જ્ઞાન એ બધો વ્યવહાર છે તે નિષેધવા લાયક છે. આહાહા..!

હવે ઓલા અહીં કહે છે, કે એનાથી સાધન થાય. શાસ્ત્રમાં શબ્દો એવા છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકા(માં એમ આવે છે). તેથી ઓલા 'જ્ઞાનસાગરે' 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાંથી 'સમયસાર' બનાવ્યું. 'અમૃતચંદ્રાચાર્ય'માંથી નહિ. છે ને? આ 'વિદ્યાસાગર' સાધુ છે એનો શિષ્ય. ઇ માને નહિ. 'પંચાધ્યાયી', 'ટોડરમલ્લ' ને 'બનારસીદાસ'ના ગ્રંથ નહિ. આચાર્યનું લાવો, આચાર્યનું લાવો. અને ચોથે ગુણસ્થાને સ્વરૂપઆચરણ માને નહિ. હવે આ કહે કે, સ્વરૂપઆચરણ ચોથે છે. એ તો 'સિદ્ધાંત પ્રવેશિકા'માં આવે છે. હેં?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ચોથેથી શરૂ થાય છે. રાગનો ઉપયોગ છે (તે) ખસીને આમ જાય છે એટલે અરાગી ઉપયોગ એ શુદ્ધઉપયોગ જ છે. સ્વદ્રવ્યનો આશ્રય થવો તે શુદ્ધઉપયોગ જ છે, એકલી પરિણતિ નથી. શરૂઆત પહેલી, હોં! ... સમજાય છે કાંઈ? આહાહા..! જ્યાં ઉપયોગ શુદ્ધ ઉપયોગ છે, શુભરાગને જ્યાં છોડાવવા કીધું ત્યારે હવે આશ્રય કરવા લાયક અહીં કીધું, તો એ આશ્રય કરવા લાયક પરિણામ જે થયા એ પરિણામ શુદ્ધ જ છે, ખરેખર શુદ્ધઉપયોગ જ છે અને ચોથેથી સ્વરૂપઆચરણ છે. એ 'વિદ્યાસાગર' ના પાડે છે. આણે વળી હા પાડી છે. 'મનોહરલાલજી'. ચોથે હોય છે. એમાં કીધું ઓલામાં છે ખરુંને? 'સિદ્ધાંત પ્રવેશિકા'માં. કંઈક મતિ, કંઈક મતિ કલ્પનાએ ક્રિયાકાંડમાં એવા જોડાય ગયા, એ આડે તત્ત્વની દૃષ્ટિનો (લોપ થઈ ગયો).

ક્રિયાકાંડ પણ ક્યાં છે એવા? નવમે ગ્રૈવેયક ગયો એવા દ્રવ્યલિંગ પણ ક્યાં છે? આ તો કોઈ માટે નથી, બાપુ! એમ નહિ, હોં! અહીં તો કહ્યું ને, કે આહાહા..! ધર્મધ્યાનનો આજ્ઞાવિચય ને અપાયવિચયનો વિચાર કરતા, અપાયવિચય આહાહા..! આજ્ઞાવિચય– પરમાત્મા શું કહે છે એનો વિચાર એ આજ્ઞાવિચય. અપાયવિચયમાં કર્મનો વિપાક દુઃખરૂપ છે તો (હું) અને બધા આત્માઓ કર્મથી રહિત થાઓ, પ્રભુ! આહાહા..! એમ કહે છે. કોઈને નુકસાન ન થાઓ. આહાહા..! 'દ્રવ્યસંગ્રહ'માં અપાયવિચયનો આવો અર્થ કર્યો છે. 'દ્રવ્યસંગ્રહ' છે ને? અપાયવિચય. બધા આત્માઓ પરમાત્મા થાઓ. અમારી પવિત્ર ભાવના તો એ છે, ભાઈ! કોઈ નુકસાનમાં ન રહો. આહાહા..! એવો વિચાર અપાયવિચયમાં ધર્મધ્યાનમાં કરે છે. એ..ઇ..! બતાવ્યું હતું ને? બતાવ્યું હતું આમાંથી? નથી? નથી? અપાયવિચય કેટલામાં કીધું હતું?

અંતરાત્મા કોને કહેવો કે, ચોથે ગુણસ્થાને અશુદ્ધ લેશ્યાવાળા જીવને જઘન્ય અંતરાત્મા કહેવો. પણ ઓલું છે એમાં, ધર્મધ્યાનનું કાઢો ને, ધર્મધ્યાનમાં છે ને? અપાયવિચય. આ બાજુના પાને છે. જ્યાં ધ્યાનનો વિષય છે ને પાછળ? પાંત્રીસ અક્ષરનો ‘દ્રવ્યસંગ્રહ’માં આવે છે. પંચપરમેષ્ઠી.. પંચપરમેષ્ઠી. ધર્મધ્યાનનો આજ્ઞાવિચય, એના અપાયવિચયના અર્થમાં છે. બધા જીવો પરમાત્મપદને પામો. એવો વિચાર કરવો. આહાહા..!

‘ભેદાભેદ રત્નત્રયની ભાવનાના બળથી અમારા અથવા અન્ય જીવોનાં કર્મોનો નાશ ક્યારે થશે એ પ્રકારનું ચિંતન તેને ‘અપાયવિચય’...’ કહે છે. બધા કર્મનો નાશ (થાઓ). આહાહા..! અપાયવિચય, ૧૮૩ પાનું છે. ‘આ શ્લોકમાં કહ્યા પ્રમાણે પદાર્થનો નિશ્ચય કરવો તે ‘આજ્ઞાવિચય’ (છે). ભગવાને કહ્યું તે. એ પહેલો ધર્મધ્યાનનો બોલ. બીજો – ‘ભેદાભેદ રત્નત્રયની ભાવનાના બળથી અમારા અથવા અન્ય જીવોનાં કર્મોનો નાશ ક્યારે થશે એ પ્રકારનું ચિંતન તેને ‘અપાયવિચય’ નામનું બીજું ધર્મધ્યાન જાણવું.’ બધા જીવો પરમાત્મા થઈ જાવ, બાપા! આહાહા..! તું ભગવાન છો ને. બાપા! એવી ભાવના છે, જુઓ! આહાહા..! દસ લક્ષણીમાં ભાઈએ એમ લખ્યું છે ને?

મુમુક્ષુ :– તીર્થંકર પ્રકૃતિ બંધાય જાય.

ઉત્તર :– ઇ વળી જુદી. આ તો અપાયવિચયમાં (આવ્યું). ભાઈ ‘હુકમચંદજી’ દસ લક્ષણ પર્વમાં એક એક પૂરું કરતા લખે કે, આ મારી પવિત્ર ભાવના (છે). બધા પૂર્ણાનંદને પ્રાપ્ત કરો એવી પવિત્ર ભાવનાથી હું વિરામ પામું છું. છે? છેલ્લે. આહાહા..! આ તો આપણે ‘બ્રહ્મદેવ’ ટીકાકારમાંથી કાઢ્યું. ઓલું તો ગૃહસ્થ કહે છે. બધા આત્માઓ પ્રભુ પૂર્ણ આનંદ સ્વરૂપ છો ને, નાથ! આહાહા..! બધા કર્મ રહિત થઈ મોક્ષ થાવ. આહાહા..! કોઈપણ પ્રાણી (દુઃખી ન થાઓ). બીજાનો મોક્ષ કરી દઉં, ઇ જુદી વસ્તુ. એ બંધ-મોક્ષના પરિણામમાં એકત્વબુદ્ધિ થઈ. અને આ બીજા બધાના આત્માઓ પૂર્ણાનંદને પ્રાપ્ત થાઓ, હું ને બધા, ઇ જુદી વસ્તુ છે.

મુમુક્ષુ :– આ ભાવના કરવા યોગ્ય ને?

ઉત્તર :– ઇ ભાવના તો અંદરની એકાગ્રતાની છે. એકાગ્રતાની છે ઇ. ભલે વિકલ્પ સાથે છે પણ મૂળ એકાગ્રતા છે. ધર્મધ્યાન છે ને? નિશ્ચય ધર્મધ્યાન છે તે શુદ્ધ નિર્મળ છે, વિકલ્પ નહિ. આહાહા..! એમ તો દસ પ્રકારના ધર્મને પણ શુભભાવ કહ્યો છે. નહિતર છે તો ચારિત્રના ભેદ પણ ઓલો વિકલ્પ ઉઠે છે ને? દસલક્ષણી પર્વ. શુભભાવ કહ્યો છે પણ ઇ અપેક્ષીત છે. બાકી તો અંદર... આહાહા..! પૂર્ણ સ્વરૂપ પરમાનંદનો નાથ! સત્તા મારી પૂર્ણ છે એવી જ મને પણ પૂર્ણ પ્રગટ થાવ, બધા ભગવાન આત્માઓને પૂર્ણ થાવ. આહાહા..! કોઈ વેરી કે દુશ્મન-મિત્ર છે જ નહિ. બધા ભગવાનઆત્માઓ છે. આહાહા..! ‘અપાયવિચય’માં આ વિચાર કરવો, એમ કહે છે. આહાહા..!

અહીં (કહે છે), 'વ્યવહારનય નિષેધવાયોગ્ય જ છે;...' અહીં તો જરી અપાયનો વિચાર આવ્યો કે, આ નિષેધવાયોગ્ય છે ત્યાં તો પછી આ કહ્યું છે, કે બધા જીવો (કર્મરહિત થાઓ). પણ ઇ પોતાની ભાવના છે. ભલે વિકલ્પ ભેગો–સાથે આવે, પણ મૂળ તો અંદર એકાગ્રતા છે. બધા જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ. હું પણ પૂર્ણાનંદને પ્રાપ્ત થઈ જાઉં. અમારે ને બીજાને બેયને. બેયને આવ્યું ને? આહાહા..!

'વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે; કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ...' આહાહા..! ભગવાનઆત્મા, એનો આશ્રય કરનારા. 'નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ...' એકાન્ત કીધું. વ્યવહારનો આશ્રય કરનારા મોક્ષ જાય એની ના પાડી. આહાહા..! આવું છે. માર્ગ તો એવો છે, બાપુ! 'કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય...' આત્માશ્રિત નિશ્ચયનય, (કહ્યું છે). જોયું? 'કરનારાઓ જ...' આહાહા..! જે આત્માને આશ્રયે જે પર્યાય પ્રગટ થાય છે તે આત્માને આશ્રયે થઈ, એ નિશ્ચયનય થઈ. આહાહા..!

પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન, પૂર્ણજ્ઞાયક સ્વભાવ, એને આશ્રયે થતો... આહાહા..! એની જ મુક્તિ થાય છે. 'નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ (કર્મથી) મુક્ત થાય છે...' આહાહા..! 'અને પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત થતો એવો અભવ્ય પણ કરે છે.' આહાહા..! વ્યવહારનો આશ્રય તો અભવિ પણ કરે છે. નવમી ગ્રૈવેયક અનંતવાર અભવિ મિથ્યાદષ્ટિપણે ગયો. વ્યવહાર તો ખૂબ કર્યો, એવો વ્યવહાર કર્યો કે એના ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. પણ એ તો બધી પરાશ્રિત રાગની ક્રિયા હતી. આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ! વીતરાગમાર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય. આહાહા..!

એ વીતરાગભાવ સ્વ આશ્રયથી ઉત્પન્ન થાય. કેમકે પોતે સ્વ વસ્તુ જ વીતરાગ ભાવ સ્વરૂપ છે. અકષાયસ્વરૂપ કહો, ચારિત્રસ્વરૂપ કહો, વીતરાગસ્વરૂપ કહો, પૂર્ણાનંદ પવિત્ર સ્વરૂપ કહો એ ભગવાનને આશ્રયે જ વીતરાગતા થાય છે. આહાહા..! અને પરાશ્રયે તો એકલો વ્યવહાર જ–રાગ જ થાય છે. આહાહા..! 'કુંદકુંદાચાર્યે' 'મોક્ષપાહુડ'માં ૧૬મી ગાથામાં તો ત્યાં સુધી કહ્યું, 'परदव्वादो दुग्गई' આહાહા..! પ્રભુ! એમ કહે (છે) કે, હું પરદ્રવ્ય છું. તારું લક્ષ જો (તારા ઉપરથી) છૂટીને મારા ઉપર જશે (તો) રાગ થશે. તેથી તેની દુર્ગતિ એટલે ચૈતન્યની ગતિ નહિ મળે. આહાહા..! 'મોક્ષપાહુડ'. હવે અહીં (લોકો) કહે કે, ભક્તિથી કલ્યાણ થાય. આ ભગવાન કહે કે, મારી ભક્તિ કર તો રાગ થાય. રાગ એ ચૈતન્યની ગતિ નથી, દુર્ગતિ છે. એટલે ચાહે તો સ્વર્ગ મળે પણ એ ગતિ કાંઈ સિદ્ધગતિ નથી, ઇ દુર્ગતિ જ છે. હેં? આહાહા..!

'પરાશ્રિત વ્યવહારનયનો તો આશ્રય એકાંતે નહિ મુક્ત થતો...' કોઈ દિ' મુક્ત ન થાય. એવા વ્યવહારનયનો આશ્રય તો અભવિ કરે છે. એમાં તે શું કર્યું નવું? આહાહા..! આ વ્રત પાળ્યા ને અપવાસ કર્યા ને પડિમાઓ લીધી. એવું (કરીને) તો નવમી ગ્રૈવેયકે

ગયો. એવી તો અત્યારે ક્રિયા પણ નથી, એવો તો અત્યારે શુભભાવ પણ નથી. આહાહા..!

'પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત થતો...' કોઈ દિ' મુક્ત ન થાય 'એવો અભવ્ય પણ કરે છે.' અભવ્ય પણ, કેમ કીધું? ભવિ પણ કરે છે ને અભવિ પણ કરે છે, એમ. ભવિ નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો. એણે નિર્દોષ પંચ મહાવ્રત એવા પાળ્યા, ભગવાનની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની (શ્રદ્ધા એવી કરી કે) માથું કાપે તોપણ બીજું ન માને, એવી વ્યવહાર શ્રદ્ધા (કરી), પણ એ બધી પરદ્રવ્યની (શ્રદ્ધા). આહાહા..! એવો વ્યવહાર તો અભવ્ય પણ કરે છે, જેની કોઈ દિ' મુક્તિ પણ ન થાય. તો પછી ભવિએ પણ મિથ્યાદષ્ટિપણે એવું અનંતવાર કર્યું છે. આહાહા..! આકરું કામ બહુ.

મુમુક્ષુ :- અશુદ્ધ વ્યવહાર છે?

ઉત્તર :- પરાશ્રિત વ્યવહાર બધો અશુદ્ધ છે, મલિન છે.

મુમુક્ષુ :- બેમાં શુદ્ધ, દર્શન, જ્ઞાન, ચારિત્ર...

ઉત્તર :- ઇ નહિ અત્યારે, અત્યારે એ નથી. અત્યારે સમ્યગ્દર્શન નિશ્ચય એ નહિ. વ્યવહાર સમ્યગ્દર્શન આદિ છે ઇ અત્યારે લેવાનું છે. નિશ્ચય છે ઇ તો નિર્મળ સ્વ આશ્રિતમાં જાય છે. અત્યારે ઇ છે. નિશ્ચય મોક્ષમાર્ગ પર્યાય છે એ વ્યવહાર કહેવો, એ કઈ અપેક્ષાએ? ઇ તો ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ એને વ્યવહાર કહ્યો. ઇ બીજી અપેક્ષા છે. અને એને નિશ્ચય કહેવો કઈ અપેક્ષાએ? કે ઓલા રાગને જ્યારે વ્યવહાર કહીએ ત્યારે અરાગી મોક્ષમાર્ગની પર્યાયને નિશ્ચય કહે, ઇ અપેક્ષાએ. રાગને જ્યારે વ્યવહાર કહે ત્યારે અરાગી પર્યાયને નિશ્ચય કહે. અરાગી પર્યાયને જ્યારે વ્યવહાર કહે ત્યારે દ્રવ્યને નિશ્ચય કહે. આહાહા..! હવે વાણિયાને આટલું બધુ યાદ શી રીતે રહે? આવું છે, બાપુ! માર્ગનું... આહાહા..!

પરાશ્રિત વ્યવહારનય. ઇ તો પરાશ્રિત છે. આ કર્યું ને આ મુક્યું ને આ લીધું ને આ દીધું ને શાસ્ત્રજ્ઞાન કર્યા ને દયાઓ પાળી ને વ્રત કર્યા ને ભક્તિ કરી ને પૂજા કરી ને દાન કરોડોના, અબજોના આપ્યા ને એ તો બધો વ્યવહાર છે, પરાશ્રિત છે. 'એકાંતે નહિ મુક્ત થતો...' એકાંત એટલે કોઈ દિ' મુક્ત ન થાય, એમ. જેનો એક ભવ પણ ઘટે નહિ. એવો વ્યવહાર તો અભવ્ય પણ કરે છે. આહાહા..! માટે બીજાઓએ પણ વ્યવહારને છોડવો. અભવિ પણ જ્યારે વ્યવહાર અનંતવાર કરે છે છતાં ભવમુક્તિ થતી નથી માટે તેને વ્યવહાર છોડવા લાયક છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૩૩૫ ગાથા–૨૭૨ શનિવાર, આસો વદ ૧૫, તા. ૨૦-૧૦-૧૯૭૯

'સમયસાર' ગાથા ૨૭૨, એનો ભાવાર્થ. ભાવાર્થ છે ને?

ભાવાર્થ :– 'આત્માને પરના નિમિત્તથી જે અનેક ભાવો થાય છે તે બધા વ્યવહારનયના વિષય હોવાથી વ્યવહારનય તો પરાશ્રિત છે,...' અત્યારે આ સિદ્ધાંત સિદ્ધ કરવો છે. નહિતર તો પર્યાય પોતે છે એ વ્યવહાર છે અને વસ્તુ છે તે નિશ્ચય છે. નય અધિકારમાં આવે છે. પ્રમાણ છે તે પૂજ્ય નથી, નિશ્ચય તે પૂજ્ય છે. કેમ કે જેમાં પર્યાયનો નિષેધ વર્તે છે, દ્રવ્યનો આશ્રય વર્તે (છે), આદર વર્તે છે માટે તે નિશ્ચયનય પૂજ્ય છે. હવે, ત્યાં તો વ્યવહાર પર્યાય છે તેને વ્યવહાર કહીને નિષેધ કર્યો. અહીં એ અપેક્ષા નથી લેવી.

અહીંયાં તો આત્માને... ન્યાય સમજાય છે? થોડો ન્યાય (છે) પણ મોટો ફેર છે. 'પરના નિમિત્તથી થતાં અનેક ભાવો...' શુભ અને અશુભરાગ 'તે બધા વ્યવહારનયના વિષય હોવાથી...' તે બધા વ્યવહારનયનો વિષય હોવાથી. ઓલો જે પહેલો (વ્યવહાર) કહ્યો એ બીજો, આ (વ્યવહાર) બીજો. પહેલો કહ્યો એ તો પર્યાય પોતે વ્યવહારનય છે. અત્યારે એ વાત નથી. અત્યારે તો પરાશ્રિત જે ભાવ થાય... આહાહા..! 'પરાશ્રિત' શબ્દ છે ને? એને અહીંયાં વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહાહા..!

'તે બધા વ્યવહારનયના વિષય હોવાથી વ્યવહારનય તો પરાશ્રિત છે...' આહાહા..! બીજી રીતે કહીએ તો આત્માની વસ્તુ છે તેમાં પર્યાયનો ને નિમિત્ત, રાગનો તો નિષેધ કરતા આવ્યા છીએ, કહે છે. પણ જે અબદ્ધ સ્વરૂપ જે નિશ્ચય છે, અબદ્ધ જ્ઞાયક સ્વભાવ ચિદાનંદ વિજ્ઞાનઘન ધ્રુવ એ નિશ્ચય છે તેનો પણ વિકલ્પ કરે તે નિષેધ્ય છે. આહાહા..!

બે પ્રકાર (છે). અહીંયાં નિશ્ચયનયાશ્રિત મુનિવરો મુક્તિને પામે એમ કહેશે. એ વિકલ્પવાળી નય નહિ. એ ત્રિકાળી જ્ઞાયકભાવનું અવલંબન–આશ્રય તે નિશ્ચયનય. અને ત્યાં આગળ જે કીધું હતું (કે), અબદ્ધ છું, એક છું, શુદ્ધ છું એ વિકલ્પ છે એનો નિષેધ કર્યો છે. ભાઈ! કહ્યું હતું કાલે ઓલું શુદ્ધનું કે, ૧૪૪ માં નયાતિક્રાંત કહ્યું. એ એક જ પક્ષે કહ્યું. એમ નહિ કે, બીજો પણ પક્ષ છે ત્યાં. નિશ્ચયનય આશ્રિત મુક્તિ થાય એ એક જ સત્ય છે. વ્યવહારનય છે ખરી પણ તેને આશ્રયે ને તેનું અવલંબન મુક્તિનું કારણ નથી. એટલે આ પણ છે ને આ પણ છે, એમ અહીં નથી. અને એ શુદ્ધનો અર્થ પુણ્ય અધિકારે નયના વિકલ્પથી રહિત કર્યો. ત્યારે 'જયસેનાચાર્યે' એ શુદ્ધનો અર્થ એવો કર્યો છે, રાગાદિ ભાવકર્મ રહિત. એ તો એનો વિકલ્પ. સંસ્કૃત ટીકા છે. આત્મા રાગાદિ રહિત, ભાવકર્મ રહિત એ નિશ્ચય છે. અને અહીંયાં પર્યાયનો વ્યવહાર ન લેતા પરાશ્રિત ભાવ થાય તેને વ્યવહારનય કહેવામાં આવ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'પરના નિમિત્તથી જે અનેક ભાવો થાય છે તે બધા વ્યવહારનયના વિષય...' એમ કીધું. પર્યાય વ્યવહારનયનો વિષય છે એ અત્યારે ન લીધું. સમજાય છે? ભાઈ! નહિતર પર્યાય વ્યવહાર જ છે. 'પંચાધ્યાયીકાર' તો (કહે છે), પર્યાયમાત્ર વ્યવહાર છે. ચાહે તો કેવળજ્ઞાન હો. અરે..! મોક્ષની પર્યાય હોય. જીવના બે ભેદ પાડવા બંધ અને મોક્ષ, એ વ્યવહારનયનો વિષય છે. આહા..! સમજાણું કાંઈ? ઝીણું છે, ભાઈ!

આ તો દિવાળીનો દિવસ છે, ભગવાન આજે મોક્ષ પધાર્યા છે. આહાહા..! એ મોક્ષની પ્રથમ ક્રિયા, એ વ્યવહારનો આશ્રય છોડીને સ્વભાવનો આશ્રય કર્યો ત્યારે પ્રથમ સમ્યગ્દર્શન થયું હતું. સમજાય છે કાંઈ? અને છેલ્લે તો એ યોગનું કંપન પણ છૂટી જઈને... આહાહા..! અકંપ જ્ઞાયકભાવમાં સ્થિર થયા, કેવળજ્ઞાન તો હતું, બારમા ગુણસ્થાનની અપેક્ષાએ ચારિત્ર પણ હતું, પણ આત્માનું જે ચારિત્ર જે પૂર્ણ જોઈએ તે તેરમે પણ નહોતું, આહાહા..! એ આત્મઆચરણ જે એકાકાર પૂર્ણ થાય તે જ સમયે તેનો વ્યય થઈને મુક્તિ થાય. આહાહા..! એને ત્યાં સુધી વ્યવહાર લીધો. કેમ કે અસિદ્ધ ભાવને વ્યવહારમાં નાખ્યો છે. ઇ શું કહ્યું? જે ઉદયભાવ ગણ્યા છે, શાસ્ત્રમાં આવે છે ને? એમાં અસિદ્ધ ભાવ (છે) તે ઉદયભાવ છે. ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધ ભાવ છે. આહાહા..! સિદ્ધ નથી. ત્યાં સુધી હજી એટલો સંસાર છે. આહાહા..! એ વ્યવહારની તો અહીંયાં અત્યારે વાત નથી કરતા.

અત્યારે તો પરને આશ્રયે જેટલો ભાવ થાય-દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ પંચપરમેષ્ઠીનું સ્મરણ વગેરે. એ 'પરના નિમિત્તથી જે અનેક ભાવો...' અહીં ભાષા આ છે. પરના નિમિત્તથી. પર્યાય નહિ પણ પરના નિમિત્તથી જે ભાવ થાય... આહાહા..! તે બધા. તે અનેક ભાવો થાય છે, પાછા છે ખરા. ભાવો થાય છે, એમ કીધું છે ને? હેં? સમજાય છે કાંઈ? આત્મામાં પરના આશ્રયે તે ભાવ થાય છે ખરા, છે ખરા પણ તે બધા વ્યવહારનયનો વિષય હોવાથી... આહાહા..! આવું કામ. 'વ્યવહારનય તો પરાશ્રિત છે,...' આહાહા..! એ તો પરાશ્રિત છે. અત્યારે આટલું અહીં લીધુ છે, હોં! ન્યાં તો અસિદ્ધ સુધી વ્યવહારનય લીધો છે. આહાહા..! આમ તો બારમા ગુણસ્થાન સુધી અશુદ્ધનય લીધી છે. ભાઈ! અને અશુદ્ધનયમાં વળી શુદ્ધ ક્યાંથી આવ્યું? એમ ન્યાં એમ પ્રશ્ન કર્યો છે.

મુમુક્ષુ :- શુદ્ધ ઉપયોગ કેમ આવે?

ઉત્તર :- ક્યાંથી આવ્યો? (કહે છે). બારમાં ગુણસ્થાન સુધી અશુદ્ધનય છે. હજી કેવળ પૂર્ણ નથી અને સિદ્ધ દશા નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! અરે..! આવે કાળે નહિ સમજે પ્રભુ! કે દિ' સમજશે? આહા..! એને-અસિદ્ધ ભાવને અત્યારે અહીં વ્યવહાર તરીકે ગણ્યો નહિ. તેમ પર્યાયને વ્યવહાર તરીકે છે ખરું, એને પણ અત્યારે ન ગણ્યું. બે વાત. આહાહા..! ધીમેથી સમજવાની વાત છે, ભાઈ! આ તો વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ, પ્રભુ! આહાહા..! જેટલો પરને આશ્રયે વ્યવહાર થાય તેને અહીંયાં અત્યારે વ્યવહાર કહેવામાં આવે

છે. આહાહા..! દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપ, અપવાસ આદિ એ બધા વિકલ્પો છે. આહાહા..! એ બધા પરને આશ્રયે થયેલા ભાવ છે.

'અને જે એક પોતાનો સ્વભાવિક ભાવ છે...' જોયું? અહીં હવે પર્યાય ન લીધી. નહિતર તો ઓલી અશુદ્ધ પર્યાય છે તે પરને આશ્રયે વ્યવહાર પણ શુદ્ધ પર્યાય પણ ન લીધી. અહીં તો સ્વભાવિક ભાવ જે ત્રિકાળ છે, હેં? ત્રિકાળી જ્ઞાયકભાવ. 'પારિણામિકભાવ' શબ્દે તો પરમાણુમાં પારિણામિકભાવ પણ છે તેથી અહીં જ્ઞાયકભાવ વાપર્યો છે. સમજાય છે કાંઈ? પારિણામિક ભાવ તો છયે દ્રવ્યમાં, ધ્રુવમાં પારિણામિકભાવ, પરમ પારિણામિકભાવ બધામાં છે. પણ આને પરમ પારિણામિકભાવ ન કહેતા એને જ્ઞાયકભાવ કહ્યો છે. કેમ કે જ્ઞાન સ્વરૂપ જે ત્રિકાળ છે... આહાહા..! એવા જ્ઞાયકભાવને પરમ પારિણામિકમાં નાખીને તે 'એક પોતાનો સ્વભાવિક ભાવ...' એ જ્ઞાયકભાવ ત્રિકાળ. આમાં પર્યાય ન આવે, નિર્મળ પર્યાય પણ આમાં ન આવે. નહિતર ઓલામાં પરાશ્રિત વ્યવહારનો નિષેધ (છે) તો નિર્મળ પર્યાયની ક્યાં વાત? હવે ઇ વાત અહીં નથી. પરાશ્રિતનો નિષેધ. નિર્મળ પર્યાય છે એ સ્વનો આશ્રય કરે છે. આહાહા..! ગજબ વાત છે. એથી પર્યાય ન લેતાં... 'સ્વાભાવિક ભાવ છે તે જ નિશ્ચયનયનો વિષય...' પણ ઇ કરે છે કોણ? નિર્મળ પર્યાય જે છે, નિર્વિકલ્પ પર્યાય છે એ ત્રિકાળને વિષય કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કઈ શૈલી ને કઈ ઠેકાણે કઈ અપેક્ષા છે એ જાણ્યા વિના એકાંત કરી નાખે. અને અહીં તો એકાંત છે, કે નયાતિક્રાંત વિકલ્પાતીત થાય તેને સમ્યગ્દર્શન થાય, એ એકાંત છે. એને વળી બીજો પણ પક્ષ છે, કે વિકલ્પથી થાય એવો પક્ષ છે નહિ. ઓલાએ નાંખ્યું છે ને, કે આ આ પણ તથ્ય છે ને આ પણ તથ્ય છે. 'પ્રવીણભાઈ'એ વાચ્યું? આપ્યું છે? ઓલું પુસ્તક આપ્યું? અવિરુદ્ધ નિર્ણય. ત્યાં આવ્યું હતું, દેરાસરમાં આવ્યું હતું. આ પણ તથ્ય છે અને આ પણ તથ્ય છે. આ પણ તથ્ય છે અને આ પણ તથ્ય છે. અવિરુદ્ધ નિર્ણય. અરે..! ભગવાન! પ્રભુ! તારી મુક્તિ થાય એવું કરવું છે તારે શું કરવું છે? ભાઈ! આહાહા..! અહીં તો એકાંત સ્વદ્રવ્યનો આશ્રય લેતા સમ્યગ્દર્શન થાય એ એકાંત છે. એમાં કથંચિત્ વિકલ્પથી પણ થાય અને કથંચિત્ વ્યવહારથી સમકિત થાય, એમ છે નહિ. આહાહા..! ભાઈ! પરમ સત્ય પણ થોડું અમૃત જેવું હોવું જોઈએ. આહાહા..! મોટી લાંબી લાંબી વાતું કરે (પણ) સત્ય(નો) તો અંદર પત્તો ન થાય. આહાહા..!

અહીં પરમાત્માએ કહેલું સંતો જાહેર કરે છે. આહાહા..! ભાઈ! 'પોતાનો સ્વાભાવિક ભાવ (જે) છે,...' ત્રિકાળી, હોં! અહીંયાં. આહા..! 'તે જ નિશ્ચયનયનો વિષય હોવાથી નિશ્ચયનય આત્માશ્રિત છે.' પણ એ આત્માશ્રિત છે ઇ પર્યાય આશ્રય કરે છે. એટલે પર્યાયને ન લેતા પર્યાય નિશ્ચયનો આશ્રય કરે છે તે જ વસ્તુ છે. સમજાણું કાંઈ? પર્યાય પરનો આશ્રય કરતી હતી એ વ્યવહારમાં ગયું. હવે જે પર્યાય સ્વનો આશ્રય કરે છે એ પર્યાય ન લીધી,

એનો આશ્રય જે નિશ્ચય છે તે ભાવ વસ્તુ છે. સમજાણું? વિષય કરે છે તો પર્યાય. શું કીધું સમજાણું?

મુમુક્ષુ :- એ ધ્યાન આમ કરે છે.

ઉત્તર :- એ બીજું. જ્ઞાયક ત્રિકાળ ભગવાન, એને વર્તમાન જ્ઞાનની પર્યાય જ્ઞેય બનાવીને વિષય કરે છે. પણ અહીં ઇ કહે છે, કે પર્યાય એનો વિષય કરે છે એમ ખુલ્લું ન કહેતાં, સ્વાભાવિક ભાવ નિશ્ચયનો વિષય છે એમ કહેતા જ એ પર્યાયનો વિષય સ્વાભાવિક છે એમ આવી જાય છે. સમજાય છે કાંઈ? ગાથા એવી છે. આહાહા..! અરે..! પ્રભુનો માર્ગ છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ! ત્યાં એમ નથી કહ્યું, કે સ્વાભાવિકના આશ્રયથી પણ મુક્તિ થાય અને પરાશ્રયથી પણ મુક્તિ થાય. એમ નથી કહ્યું.

મુમુક્ષુ :- બે પ્રકારે મુક્તિ નથી કીધી.

ઉત્તર :- બે પ્રકાર એમ કહ્યાં નથી. બે પ્રકાર જાણવા માટે ભલે હો. તેમ એમ પણ નથી કહ્યું, કે નયાતિક્રાંતથી મુક્તિ થાય, સમકિત થાય અને નયના વિકલ્પથી પણ સમકિત થાય, એમ અનેકાંત નથી કર્યું. શું કહ્યું ઇ? ૧૪૪ માં નયાતિક્રાંત કહ્યું અને અહીં નિશ્ચયનયાશ્રિત મુનિવરો મુક્તિ પામે એમ કહ્યું. ત્યાં (૧૪૪માં) નિશ્ચયનયનો જે વિકલ્પ છે એનાથી રહિત નિર્વિકલ્પ તે વસ્તુ છે. એ નયાતિક્રાંત છે અને અહીંયાં નિશ્ચયનય એટલે વિકલ્પ નહિ. એ કીધું ને? 'સ્વાભાવિક ભાવ છે તે જ નિશ્ચયનયનો વિષય હોવાથી...' ત્રિકાળી જ્ઞાયકભાવ તે સમ્યગ્દર્શનનો વિષય હોવાથી અથવા સમ્યગ્જ્ઞાનનો વિષય હોવાથી. આહા..! વિષય કરનાર તો પર્યાય છે પણ એનો વિષય જે છે નિશ્ચય એ જ્ઞાયક ત્રિકાળી ભાવ છે. આહાહા..!

હવે આવું (સમજવા) નવરાશ કે દિ' મળે? આહાહા..! અરે..! આવા ટાણા ક્યારે મળે? ભાઈ! વીતરાગ ત્રણલોકના નાથની વાણી એ જગતમાં ક્યાંય છે નહિ. આહાહા..! એના વાડામાં રહ્યાં છતાં (એને ખબર નથી). એ બપોરે આવ્યું હતું ને? સમયમાં-જૈન દર્શનના વાડામાં રહ્યાં છતાં જેને હજી અજ્ઞાનની ભ્રમણા છે (કે), રાગથી થાય ને નિમિત્તથી થાય.. એ બધા સંસારતત્ત્વ મિથ્યાદૃષ્ટિ જીવ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઇ બપોરે વળી આવે ત્યારે હજી.

અહીં તો એક પોતાનો સ્વાભાવિક ભાવ. પાઠમાં એમ હતું ને? આત્માશ્રિત એટલે પોતાનો આશ્રિત, એમ. એક પોતાનો સ્વાભાવિક ભાવ-એક જ ત્રિકાળી ભાવ. આહાહા..! પર્યાય વિષય કરે એનો પણ પર્યાયનો વિષય, સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શન નહિ. સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શન નહિ, એનો વિષય ત્રિકાળ. એક જ્ઞાનપ્રધાન કથનમાં 'પ્રવચનસાર' (ચરણાનુયોગ અધિકાર ગાથા-૨૪૨)માં એમ આવે કે, જ્ઞાયક અને જ્ઞાન બેની પ્રતીતિ તે સમ્યગ્દર્શન. એ જ્ઞાનપ્રધાન કથન છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

જ્ઞાયક સ્વરૂપ ભગવાન અને જ્ઞાન, નવ તત્ત્વ આદિનું જે યથાર્થ જ્ઞાન છે એ બેયની પ્રતીતિ તેને સમ્યગ્દર્શન કહ્યું. એ જ્ઞાનપ્રધાન કથન છે. આહાહા..! દૃષ્ટિપ્રધાન કથનમાં તો એકલો ત્રિકાળી જ્ઞાયકભાવ. એની પર્યાયમાં પરનું જ્ઞાન આવી ગયું પણ એ પરનું જ્ઞાન છે એ લક્ષ છોડી દઈને, એ પરનું જ્ઞાન છે એનું લક્ષ છોડી દઈને, એમાં પરનું જ્ઞાન છે ખરું પણ તે પર્યાય અંદરમાં વાળી છે. છતાં પરનું જ્ઞાન તો એમાં છે પણ ઉપયોગ વાળ્યો છે અંદરમાં. એટલે એને સ્વજ્ઞેયમાં એનો ઉપયોગ છે. આહાહા..! સમજાણું કાંઈ? એથી જે પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન છે એ કાંઈ ચાલ્યું જતું નથી પણ ત્યાં હવે ઉપયોગ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એક. કેટલેક ઠેકાણે ભાઈ! 'એક' શબ્દ આવે ત્યાં શુદ્ધનો અર્થ કર્યો છે અને કેટલેક ઠેકાણે શુદ્ધ આવે ત્યાં એકનો પણ અર્થ કર્યો છે. શુદ્ધનો અર્થ એક. એવા ઘણા અર્થ એમાં આવે છે, ખ્યાલમાં ઘણાં બધા છે. આહાહા..!

મુમુક્ષુ :– કળશટીકાકારે ઘણા (અર્થ) કર્યા છે.

ઉત્તર :– ઘણા અર્થ કર્યા છે. 'अहमेक्को खलु सुद्धो' ૩૮ ગાથા. ૭૩ ગાથામાં શુદ્ધનો અર્થ ત્યાં 'હું' કર્યો છે. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! બહુ ટૂંકી વાત છે. જેટલો પરાશ્રિત ભાવ વિકલ્પ ઉઠે ચાહે તો દયાનો, વીતરાગની ભક્તિનો અને ભગવાનના સ્મરણનો, એ બધો વ્યવહાર પરાશ્રિત હોવાથી... આહાહા..! નિષેધવામાં આવ્યો છે. આહાહા..! એક પોતાનો સ્વાભાવિક ભાવ છે. નિષેધવાનું હજી પછી કહેશે. 'તે જ નિશ્ચય...' તે જ. એકાંત છે. 'તે જ નિશ્ચયનયનો વિષય...' અહીં વિકલ્પવાળી નિશ્ચયનય નથી લેવી. સમજાણું કાંઈ? જે ૧૪૪ માં વિકલ્પવાળી નિશ્ચયનય આવે છે ને? અબદ્ધ ને શુદ્ધ છું ને એક છું એ પણ વિકલ્પ. એ વિકલ્પ (આવ્યો) તેથી શું? ત્યાં તો એમ લીધું. ત્યાં સુધી આવ્યો તેથી શું? વ્યવહાર છોડીને નિશ્ચયના (વિકલ્પમાં) અહીં સુધી આવ્યો (તેથી શું?) આહાહા..!

મુમુક્ષુ :– આંગણામાં તો આવી ગયો.

ઉત્તર :– ઇ આંગણું ક્યારે કહેવાય? અંદર જાય તો આંગણું કહેવાય, નહિ તો (નહિ). આહાહા..! ઇ આંગણે આવ્યો તોપણ તેથી શું? એમ કીધું ત્યાં તો. ઇસસે ક્યા? હિન્દીમાં ઇ (આવે). ઇસસે ક્યા? વ્યવહારની ક્રિયાકાંડના દયા, દાન, વ્રતનું લક્ષ ભલે છોડ્યું અને એ તો પહેલેથી છોડાવતા આવ્યા છીએ, એમ કહ્યું છે, અર્થમાં છે. આહા..! પણ નિશ્ચયનો વિષય જે છે એકરૂપ, અબદ્ધસ્પૃષ્ટ ને શુદ્ધ ને ચૈતન્યઘન અખંડાનંદ એવો જે વિકલ્પ છે તેને પણ છોડાવવા માટે (કહે છે), તેથી શું? બાપુ! ત્યાં સુધી તને સમ્યગ્દર્શન નથી. આહાહા..! ત્યાં એમ ન કહ્યું, કે એનાથી સમ્યગ્દર્શન છે અને એનાથી રહિત થઈને સમ્યગ્દર્શન (છે). એમ અનેકાંત નથી કર્યું. આહાહા..! વસ્તુ તો આવી છે, ભાઈ! એને બેસે ન બેસે એ

જુદી વાત છે. પરમાત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથની આજ્ઞાનું સ્વરૂપ તો આ છે. આહાહા..!

પોતાને આશ્રયે જે ભાવ તે નિશ્ચયનયનો વિષય-ધ્યેય. વિષય નામ ધ્યેય. નિર્મળ પર્યાયનું ધ્યેય ત્રિકાળી દ્રવ્ય છે. એ તો ૩૨૦ ગાથામાં આવી ગયું છે, કે ધ્યાતા પુરુષ સમકિતી કોનું ધ્યાન કરે? કે જે સકળ નિરાવરણ અખંડ એક. આ એક આવ્યું, ત્યાં પણ એક આવ્યું. જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિકભાવ પરમ (ભાવ) લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય તે જ હું છું, એમ પર્યાય જાણે છે. પર્યાય એમ માનતી નથી કે હું પર્યાય છું.

મુમુક્ષુ :- ખંડખંડ છું એમ નથી માનતી.

ઉત્તર :- ઇ પછી. પર્યાય, આ હું છું, એમ પહેલું માને છે. આહાહા..! નિજ પરમાત્મ દ્રવ્ય જે આ નિશ્ચયનયનો વિષય કીધો ઇ. આહાહા..! ઝીણું છે, ભાઈ! હવે તો ઘણા વર્ષ થયા. આ તો હવે ૪૫ મી તો દિવાળી ચાલે છે. પરિવર્તન પછીનું ૪૫ મું વર્ષ ચાલે છે. આહા..! ઝીણું તો આવે.

વિષય જ અહીં જરીક એવો છે. પરાશ્રિત વ્યવહાર. પર્યાય વ્યવહાર એમ ન લીધું. 'પંચાધ્યાયી' કહે કે, પર્યાયમાત્ર વ્યવહાર અને દ્રવ્ય તે નિશ્ચય. આહાહા..! પર્યાય પણ ભેદ છે ને? ચાહે તો કેવળજ્ઞાન પણ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. સદ્ભૂત વ્યવહારનયનો વિષય (છે), નિશ્ચયનો વિષય નથી. આહાહા..! નિશ્ચયનું ધ્યેય તો ત્રિકાળી જ્ઞાયકભાવ પરમ સ્વભાવભાવ (છે). જો કે 'દ્રવ્યસંગ્રહ'માં મોક્ષમાર્ગના નામ આવ્યા છે. ૬૫ નામ આવ્યા છે. મોક્ષમાર્ગના નામ (છે) એમાં એક પરમ પારિણામિકભાવ પણ ગણ્યો છે પણ એ પરમ પારિણામિકભાવ પર્યાય છે. સમજાણું કાંઈ? એ વાત હમણાં બે દિ' પહેલા થઈ ગઈ હતી. એમાં પરમ પારિણામિકભાવ આવ્યો છે, શુદ્ધોપયોગ આવ્યો છે.

આ તો ઓલા 'જતીશભાઈ'નો શુદ્ધ ઉપયોગનો પ્રશ્ન હતો કે, આ લોકો વારંવાર માંગે છે, કે તમે સમકિત થાય એ શુદ્ધ ઉપયોગ છે. શુદ્ધોપયોગ સમકિતીને ક્યાંથી લાવ્યા? 'જતીશભાઈ'નો પ્રશ્ન (હતો). લોકો પૂછે ને? ભાઈ! વિકલ્પ છે એનાથી અચેત થાય ત્યારે એ ઉપયોગ ક્યો કહેવાય? અમારે તો સીધો શુદ્ધોપયોગ લાવો. પણ એ એમાં સીધો જ છે, બાપુ! રાગનો જે ઉપયોગ છે એ અશુદ્ધ છે (જેને અહીં) પરાશ્રિત કીધું. અને જે ઉપયોગ અંતરમાં ગયો, નિર્વિકલ્પ ઉપયોગ થયો એ ઉપયોગ શું છે? પ્રથમ (શુદ્ધોપયોગ) ઉત્પન્ન થતાં કાળે. પછી એની પરિણતિ રહે, પછી વિકલ્પ આવે. વિકલ્પ સહિત પણ સમકિત હોય, નિર્વિકલ્પ સહિત પણ સમકિત હોય, પણ સમકિત થવા કાળે સમકિત વિકલ્પ સહિત થાય, એમ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! સમ્યગ્દર્શન થવા કાળે તો નિર્વિકલ્પ દૃષ્ટિથી જ સમ્યક્ત્વ થાય પણ પછી સવિકલ્પ દશા હોય છતાં સમકિત રહે અને નિર્વિકલ્પ થાય ત્યારે પણ સમકિત રહે, હોય.

મુમુક્ષુ :– આતો શ્રધ્ધાનું આચરણ આવ્યું અમારે તો ચારિત્રનું આચરણ જોઈએ છીએ.

ઉત્તર :– એ અંદર એકાગ્રતા, અનંતાનુબંધીનો ભાવ આચરણ આવ્યુ અંશે. પણ હવે એ લોકો તો આચાર્યનું કથન માંગે છે. નહિતર ‘કળશ ટીકા’માં છે, કે તમે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્જ્ઞાનની વાતું કરો છો. સમ્યગ્દર્શનની. તો મોક્ષમાર્ગ તો ત્રણ (સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર) છે. (તો કહે છે), એ સમ્યગ્દર્શનમાં ત્રણે આવી જાય છે. છે? ‘કળશટીકા’માં બે, ત્રણ ઠેકાણે છે. ખબર છે ને? આહાહા..! પણ એ તો (કહે), એ નહિ. અમારે તો આચાર્યનું વચન લાવો. આ છોકરાઓ વ્યાખ્યાન કરવા જાય છે ને? વ્યાખ્યાન કરવા ત્યાં ગયા. ‘જતીશભાઈ’ ગયા હતા ત્યાં માંગતા હશે. અરે..! પ્રભુ! તું શાંતિથી વિચાર, બાપા! ભાઈ! આ કોઈ પક્ષની વાત નથી. આહાહા..! જ્યારે રાગ અને નિમિત્તથી ભિન્ન પડે છે ત્યારે તે ઉપયોગ પહેલો ક્યો કહેવાય? એકલી પરિણતિ જ થઈ છે? પરિણતિ તો છે પણ તે ઉપયોગ થઈને પરિણતિ થઈ છે. આહાહા..!

આ તો નિશ્ચયનો આશ્રય, વિષય છે એ ઉપયોગનો વિષય છે. એટલું અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? કારણ કે, વિષય છે ઇ પર્યાયનો વિષય છે ને? હેં? વિષય છે ઇ વિષય છે ઇ વિષયનો વિષય નથી, પર્યાયનો વિષય છે. તો નિર્વિકલ્પ પર્યાય છે, નયાતિક્રાંત જે કીધી એ તો શુદ્ધોપયોગ કીધો. એ શુદ્ધોપયોગનો વિષય ત્રિકાળી છે. આહાહા..! વાત તો એવી (છે), પણ હવે આકરું કામ (છે). અત્યારે ગડબડે ચડી ગઈ છે અને લોકોને સહેલું સહેલું આ કંઈક પડિમા એક, બે ધારણ કરે, કાંઈક ક્રિયાકાંડ કરે ને કાંઈક અપવાસ કરે ને લુખ્ખો આહાર કરે ને એકલો રહે ને બહાર જંગલમાં રહે ને એવી ક્રિયાકાંડમાં જગતને માહાત્મ્ય આવી ગયા, વસ્તુ પડી રહી એક કોર. આહાહા..! સમજાય છે કાંઈ? ગુજરાતી તો હવે સમજો છો. આહાહા..!

અહીં તો કહે છે, કે ‘જે એક...’ એકના અર્થમાં શુદ્ધ પણ વપરાય છે ને શુદ્ધના અર્થમાં એક પણ વપરાય છે. ‘એક પોતાનો (શુદ્ધ) સ્વાભાવિક ભાવ છે તે જ નિશ્ચયનયનો વિષય હોવાથી નિશ્ચયનય આત્માશ્રિત છે.’ ત્રિકાળને આશ્રિત છે. આશ્રય કરનાર પર્યાય છે પણ આશ્રય છે ત્રિકાળનો. આહાહા..! સમજાય છે કાંઈ આમાં? આશ્રય કરે છે તે પર્યાય છે પણ તે પર્યાયનો આશ્રયવાન વસ્તુ છે તે ત્રિકાળી છે. આહાહા..! આ તો ટીકાનો સાદી ભાષામાં અર્થ કર્યો (છે). ટીકામાં છે એનો ‘જયચંદજી’ પંડિતે સાદી ભાષામાં (અર્થ) કર્યો છે.

‘અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે...’ હવે એમ બે સિદ્ધ કરીને હવે શું કહે છે? પર્યાય વ્યવહારનો વિષય છે એમ ન લેતાં... આહાહા..! પરનું કરી શકું, પરથી મારામાં થાય એવો જે એકત્વ અધ્યવસાય મિથ્યાત્વ... આહાહા..! એને અહીં વ્યવહારનો વિષય લીધો છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે. બેનું, દીકરીયું બધા અજાણ્યા

હોય એને તો (એમ થાય) આ શું કહે (છે)? શું આ માંડી છે? અમે તો કાંઈ સમજતા નથી.

અરે..! ભગવાન! તું પરમાત્મા થવાને લાયક છો. કાલે આવ્યું નહોતું? અપાયમાં અપાયમાં. આહાહા..! અપાયનો વિચાર કરતાં ધર્મી તો એમ વિચારે છે, બધા જીવો પરમાત્મા થાવ. આહા..! કોઈ વિરોધી ન રહો, કોઈ સાધકપણે ન રહો. આહાહા..! એ..ઇ..! વિરોધી તો એના તત્ત્વનો છે પણ એ ન રહો અને સાધકપણે પણ ન રહો. આહાહા..! આજ્ઞાવિચય અને અપાયવિચય. ધર્મધ્યાનનો બીજો બોલ છે. 'દ્રવ્યસંગ્રહ'માં એ અપાયવિચયમાં આવો અર્થ કર્યો છે. બધા જીવો ભગવાન થાવ, પરમાત્મા થાવ, પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ, પ્રભુ! તમે દુઃખી છો. (મુમુક્ષુ :- દિવાળીના આશીર્વાદ આપ્યા.) આહાહા..! આવ્યું હતું ને કાલે? અપાય, અપાયવિચય. 'દ્રવ્યસંગ્રહ'. 'દ્રવ્યસંગ્રહ'માં ધર્મધ્યાનમાં આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય એવા બોલ છે ને? એમાં અપાયવિચયમાં આવો અર્થ કર્યો છે. બધા આત્માઓ પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ, મુક્ત થાવ. આહાહા..! એવો અપાયવિચયમાં ધર્મી વિચાર કરે છે. આહાહા..!

કોઈ વિરોધી છે જ નહિ. ભગવાન દ્રવ્ય તો ભગવાન સાધર્મી છે. જેવું દ્રવ્ય છે આનંદનો નાથ ને જેવો આ છે એવો ઇ છે, એ તો સાધર્મી છે. પર્યાય છે તેનો ખ્યાલ કરીને કહે છે, એ પર્યાય પણ છોડી દે હવે અને પરમાનંદને પ્રાપ્ત થા, પ્રભુ! આહાહા..! પરમાત્મા મોક્ષ પધાર્યા. આહાહા..! તો તું પણ આત્મા છો ને, નાથ! આહાહા..! તો તું પણ પરમાનંદની પ્રાપ્તિ કરીને તારી મુક્તિ થા ને, પ્રભુ! આહાહા..! કોઈ વિરોધ ન રહો. આહાહા..! એ..ઇ..! આવી વાતું છે.

હવે અહીં શું કહે છે? 'અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે...' આને 'પણ' નાંખ્યું ને? એટલે પર્યાય છે ઇ વ્યવહારનો વિષય છે પણ હવે અત્યારે અધ્યવસાન પણ વ્યવહારનો વિષય ઇ નાખવું છે. અધ્યવસાન એટલે એકત્વબુદ્ધિ. પરને જિવાડું, મારું, બચાવી શકું, એક દ્રવ્યને બીજા દ્રવ્યનું કાંઈક કરું એવી એકત્વબુદ્ધિ. એ 'અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે,...' વ્યવહારનયનો જ વિષય છે 'તેથી અધ્યવસાનનો ત્યાગ તે વ્યવહારનયનો જ ત્યાગ છે,...' આ એકત્વબુદ્ધિનો ત્યાગ જે કરાવ્યો એ વ્યવહારનયનો જ ત્યાગ કરાવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

ફરીને, 'અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે...' આમ તો કીધું પરને આશ્રિત વ્યવહાર થાય, પણ અહીં તો અધ્યવસાન પણ એક વ્યવહારનયનો વિષય છે. એ અધ્યવસાન પરને આશ્રયે જે દયા, દાન, વ્રત થાય એ તો છે જ પણ એની એકત્વબુદ્ધિ એ પણ વ્યવહારનયનો વિષય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, પ્રભુ! તું સાદો છો અંદર સહજાનંદ મૂર્તિ છો, પ્રભુ! આહાહા..!

કહે છે, કે 'અધ્યવસાન પણ...' આહાહા..! 'વ્યવહારનયનો જ વિષય છે...' ઓલામાં

પહેલું કહ્યું હતું ને? કે, વ્યવહારનય પરાશ્રિત છે. પરાશ્રિત છે તો હવે આ અધ્યવસાન પણ, એમ કહે છે. રાગાદિ દયા, દાન તો પરાશ્રિત છે એ તો વ્યવહાર છે પણ એની એકત્વબુદ્ધિ એ પણ વ્યવહારનયનો જ વિષય છે. આહાહા..! શું શૈલી! અમૃતધારા વરસાવી છે! આહાહા..!

'અમૃતચંદ્રાચાર્ય' હવે એને કાષ્ઠાસંઘમાં નાખી દીધા. કારણ કે, 'જયસેનાચાર્ય'ની ટીકામાં ઘણું વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય આવે તો ઇ પસંદ કર્યું. અને આ'અમૃતચંદ્રાચાર્ય'માં આવું આવે એ એને પસંદ ન થાય એટલે કહે, ઇ કાષ્ટાસંઘી છે. એ વાત નહિ. 'જયસેનાચાર્ય'ની ટીકા બરાબર છે. કારણ કે, ત્યાં વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે એ ઘણું આવે ને! એ તો જ્ઞાન કરાવ્યું છે. કીધું નહિ? 'મોક્ષમાર્ગ પ્રકાશકમાં' ૨૫૬ પાનું. વ્યવહારનું નિમિત્ત આદિનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! એ વખતે કોણ હતું? કેમ હતું? એનું જ્ઞાન કરાવ્યું છે. વ્યવહાર કોઈ સાધન-ફાધન છે નહિ. આહાહા..!

'અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે...' એકત્વબુદ્ધિ. ભલે પરાશ્રિત ભાવ છે એ તો વ્યવહારનયનો વિષય છે પણ હવે પરનું એકત્વપણું માન્યતા, એ પણ વ્યવહારનયનો વિષય છે. આહાહા..! શું સંતોની વાણી! બાપુ! ધર્મોપદેશ તો એનું નામ કહેવાય. આહાહા..! જેમાં વીતરાગતા ઉભી થાય એનું નામ ધર્મોપદેશ છે. જેમાં રાગ ઉભો થાય તે વિકથા છે. વિકથા કીધી છે ને? તરંગિણી કેવી? 'સુદૃષ્ટિ તરંગિણી'! એમાં ૨૫ પ્રકારની વિકથા વર્ણવી છે. રાગથી ધર્મ થાય ને એ માને એ બધી વિકથાઓ છે. પાપ કથા છે, એ ધર્મ કથા નથી. એમ કથાની વ્યાખ્યા કરી. 'સુદૃષ્ટિ તરંગિણી' નામનો ગ્રંથ છે. છે ને? બધું જોયું છે ને. આહાહા..! એ ધર્મ કથા નથી. આહાહા..! નિમિત્તથી અંદરમાં કાંઈ થાય, એક પર્યાય બીજી પર્યાયને કાંઈ કરે, એવી વાત તે ધર્મ કથા નથી, તે વિકથા છે, પાપ કથા છે. એમ બહારનું નિમિત્ત બીજાને કરે એમ અંદરનું નિમિત્ત રાગ જે વ્યવહાર છે એ નિશ્ચય વીતરાગતા ભાવને કરે, એ પણ અંતરનું નિમિત્ત એને કરે, એ પણ જૂઠો નય છે, એકત્વબુદ્ધિ છે. આહાહા..!

મુમુક્ષુ :– વિકથા બહુ છે.

ઉત્તર :– બધે વિકથા જ બહુ છે. આહાહા..! શું થાય? ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે. સચ્ચિદાનંદ પ્રભુ, એ નિર્વિકલ્પ ચીજ છે ને નિર્વિકલ્પથી જ પ્રાપ્ત થાય. આહાહા..! એ એકાંત જ છે. વળી નિર્વિકલ્પથી પ્રાપ્ત થાય ને વિકલ્પથી પણ પ્રાપ્ત થાય, એવું આમાં અનેકાંત નથી. એ તો ફૂદડીવાદ થઈ ગયો. આહા..!

'અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે તેથી અધ્યવસાનનો ત્યાગ તે વ્યવહારનયનો જ ત્યાગ છે,...' એટલે કહે છે, જે એકત્વબુદ્ધિનો ત્યાગ કરાવ્યો એનો અર્થ કે, વ્યવહારનો જ ત્યાગ કરાવ્યો છે. એમાંથી એ કાઢ્યું, વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે.

એ અધ્યવસાનનો ત્યાગ કરાવ્યો એ જ વ્યવહારનયનો ત્યાગ કરાવ્યો છે. આહાહા..! શું કીધું ઇ?

સ્વદ્રવ્ય પરદ્રવ્યની કોઈ પણ પર્યાયને કરે કે, એનાથી તને કાંઈ લાભ થાય એવી જે એકત્વબુદ્ધિ તે વ્યવહારનયનો વિષય છે. જેમ વ્યવહારનયનો વિષય દયા, દાન ને વ્રત છે એમ આ પરની એકત્વબુદ્ધિ પણ વ્યવહારનયનો જ વિષય છે. સમજાણું કાંઈ? આહાહા..! વ્યવહારનય, નિશ્ચયનય આમાં નવરાશ ક્યાં માણસને? બાયડીને નવરાશ ક્યાં? બિચારી આખો દિ' રાંધવા ને છોકરાને સાચવવા ને એ પાણી ગળવા ને સવારમાં કળશા... શું કહેવાય કળશાને? સાફ કરે છે ને સવારે? સાફ કરે ને સવારે ઉઠીને? કળશા, કળશા સાફ કરે. વાસણ સાફ કરે, એમાં છોકરાને સાચવે, રોવે એને હાલરડા નાંખવા ને એને ખવરાવવું ને એને પીવરાવવું... અર..ર..ર...!

'અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય હોવાથી...' એમ કેમ કહ્યું સમજાણું? કે, ઓલામાં એમ કહ્યું, વ્યવહારનયનો વિષય હોવાથી પરાશ્રિત હોવાથી બધાય પરના નિમિત્તથી જે અનેક ભાવો થાય, એમ કહ્યું હતું ને? એટલે એને વ્યવહાર કહ્યો પણ આ એકત્વબુદ્ધિને પણ વ્યવહાર કહ્યો, એમ. આહાહા..! શું કહ્યું ઈ? કે, પરને આશ્રયે જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, પાઠ થાય એ તો વ્યવહારનયનો વિષય છે પણ તેમાં બેની એકતાબુદ્ધિ એ પણ વ્યવહારનયનો જ વિષય છે. પહેલી એકત્વબુદ્ધિ છોડાવી છે. એમાંથી કાઢ્યું છે, કે જ્યારે ભગવાને જ્યારે પરની એકત્વબુદ્ધિના અધ્યવસાનનો ત્યાગ કરાવ્યો છે તો હું તો એમ સમજુ છું કે પરનો આશ્રય અને વ્યવહારનો જ ત્યાગ કરાવ્યો છે. ત્યાં એમ લીધું. આહાહા..! બાપુ! માર્ગ એવા ઝીણા હોય. વીતરાગ સર્વજ્ઞ, જેને ઇન્દ્રો ને ગણધરો, જેને એકાવતારી ઇન્દ્રો ગલુડીયાની જેમ બેસીને સાંભળે. આહાહા..! ભાઈ! એ ઉપદેશ કેવો હશે? આહાહા..! જેને એક ભવતારી ઇન્દ્ર અને ઇન્દ્રાણી એક ભવતારી મોક્ષ જનાર ભગવાન પાસે જાય. આમ બેસે ને સાંભળે આહાહા..! બાપુ! એ ઉપદેશ કેવો હોય? આહાહા..! એ કોઈ અલૌકિક વાતું છે. આહાહા..!

'તેથી અધ્યવસાનનો ત્યાગ તે વ્યવહારનયનો જ ત્યાગ છે, અને પહેલાંની ગાથાઓમાં અધ્યવસાનના ત્યાગનો ઉપદેશ છે...' જોયું? હવે આવ્યું. પહેલું ઓલું લીધું કે, વ્યવહારને આશ્રિત પરને આશ્રિત વ્યવહાર છે તો તે અધ્યવસાન પણ વ્યવહાર છે. હવે કહે છે, કે અધ્યવસાનનો ત્યાગ પહેલો કરાવ્યો છે. પહેલું ઇ કરાવ્યું છે. આહાહા..! પહેલાંની ગાથામાં અધ્યવસાનના ત્યાગનો (ઉપદેશ છે). એટલે શું કીધું? પરને જિવાડું, પરને મારું, મદદ કરું વગેરે. એવો જે પરના 'અધ્યવસાનના ત્યાગનો ઉપદેશ છે તે વ્યવહારનયના ત્યાગનો જ ઉપદેશ છે.' સમજાણું કાંઈ? આહાહા..!

થોડું પણ ઘણું કરીને જાણજો પ્રભુ! આવી નાથ! વાત છે. આહાહા..! આ તો દિવાળીનો

દિવસ છે. આહાહા..! એ દિવસ ઇન્દ્રો ઉજવે, ઇન્દ્રો ઉજવે. ભગવાન મોક્ષ પધાર્યા. આહાહા..! જેના જન્મ કલ્યાણક, જેના દીક્ષા કલ્યાણક અને કેવળ કલ્યાણક, જેના મોક્ષ કલ્યાણક આહાહા..! અને ગર્ભ કલ્યાણક. આહાહા..! ઇ આ દિવસ છે. આહા..!

'આ પ્રમાણે નિશ્ચયનયને પ્રધાન કરીને...' નિશ્ચયનયને મુખ્ય કરીને. 'વ્યવહારનયના ત્યાગનો ઉપદેશ કર્યો છે...' નિશ્ચયને મુખ્ય આશ્રય કરવાવાળાને તેનાથી લાભ થાય છે માટે તેને મુખ્ય કરીને (તેનો પ્રધાન ઉપદેશ છે). વ્યવહારનયનો વિષય છે ખરો. મુખ્ય કરીને કહ્યું એનો અર્થ શું? વિષય નથી એમ નહિ, પણ આ મુખ્ય કરીને એનો આશ્રય લેવરાવ્યો છે. આહા..! છે? નિશ્ચયનયને મુખ્ય કરીને વ્યવહારનયના ત્યાગનો ઉપદેશ કર્યો છે.

'તેનું કારણ એ છે...' આહાહા..! 'કે–જેઓ નિશ્ચયના આશ્રયે પ્રવર્તે છે...' આહાહા..! ભગવાન શુદ્ધ સ્વભાવ પ્રભુ! એને આશ્રયે જે પ્રવર્તે છે. પ્રવર્તે છે તે પર્યાય છે પણ આ ત્રિકાળને આશ્રયે પ્રવર્તે છે. આહાહા..! અને એ પર્યાયમાં ત્રિકાળી જ્ઞાયકનું જ્ઞાન થાય છે છતાં એ પર્યાયમાં ત્રિકાળી દ્રવ્ય આવતું નથી. એ શ્રદ્ધાની પર્યાયમાં ત્રિકાળી ચીજનું સામર્થ્ય જેટલું છે તેટલી પ્રતીતમાં આવે છે પણ એ પ્રતીતમાં દ્રવ્ય વસ્તુ આવતી નથી. વસ્તુ–દ્રવ્ય આવી જાય તો દ્રવ્યનો અભાવ થઈ જાય અને પર્યાયમાં એકલું દ્રવ્ય આવી જાય. આહાહા..! અહીં તો વિષય કરનાર પર્યાય ભિન્ન રહીને વિષય કરે છે. વિષય કરનાર કીધું ને? ખાલી એક વિષય કરનાર ને એક એનો વિષય. એક વિષય કરનાર ને એક વિષય. આહાહા..! નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય તે વિષય કરનાર અને એનો વિષય ત્રિકાળી જ્ઞાયક આહાહા..!

મુમુક્ષુ :– ગુરુદેવ! નિર્વિકલ્પ કાળે તો કોઈ ભેદ રહેતો નથી તો પછી વિષય કરનાર અને વિષય..

ઉત્તર :– ભેદ રહેતો નથી માટે તો કહે છે. અભેદ અભેદની દૃષ્ટિ થાય છે. પર્યાય ભેદપણે જુદી છે એ કામ તો અભેદનું કરે છે. પર્યાય ભળીને કામ કરતી નથી. પર્યાયનો વિષય અભેદ છે. તેથી જ કહ્યું ને, કે નિજ પરમાત્મ દ્રવ્ય તે હું છું એમ પર્યાય માને છે. પર્યાય હું છું, પર્યાય હું છું એમ એ માનતી નથી. આ (દ્રવ્ય) હું છું.

મુમુક્ષુ :– પર્યાય પોતે જેવી છે એવી નથી માનતી.

ઉત્તર :– જેવી છે એવી એને કહેવાય કે, જેવી છે એણે જે વિષય કર્યો છે એવડી એની પર્યાય છે. આહાહા..! છે ઝીણી વાત, ભાઈ! વિષય કરનારની પર્યાયની તાકાત એટલી છે, એ દ્રવ્યને લઈને નહિ. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન નયાતિક્રાંત એ દશા છે, એ દશા ષટ્કારકરૂપે સ્વતંત્ર પરિણમે છે. એ પર્યાય કર્તા થઈને સ્વનું લક્ષ કરે છે. સ્વતંત્ર કર્તા થઈને (લક્ષ કરે છે), પરાધીનપણે નહિ. આહાહા..! ઝીણું છે, ભાઈ! અરે..! તત્ત્વ છે એ ઝીણું છે, ભગવાન! જો ઝીણું ન

હોય તો અનંતકાળમાં તે કેમ ન મળ્યું હોય? આહાહા..! સૂક્ષ્મ છે. આહાહા..! શાસ્ત્રના જાણપણા પણ અનંતવાર કર્યા, અગિયાર અંગ અનંતવાર ભણ્યો અને આ વ્રત, નિયમ જે કહે છે નવમી ગ્રૈવેયક ગયો, એ તો અનંતવાર કર્યા. પણ તે ચીજ હાથ ન આવી. આહાહા..!

એ ચીજ જે અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ! એ તો નિર્વિકલ્પ દૃષ્ટિથી જ હાથ આવે એવો છે. કેમ કે પોતે નિર્વિકલ્પ અભેદ સ્વરૂપ છે. આહા..! એનો વિષય કરનાર નિર્વિકલ્પ પર્યાય છે. ઇ એક જ વાત છે, કે નિર્વિકલ્પ પર્યાયથી જ તે જણાય એવો છે. એનું અનેકાંત એમ નથી કે નિર્વિકલ્પ પર્યાયથી પણ જણાય ને વિકલ્પથી પણ જણાય, એમ નથી. આમ છે, કે નિર્વિકલ્પ પર્યાયથી જણાય ત્યારે પછી નિર્વિકલ્પ પરિણતિ પણ હોય અને સવિકલ્પ પરિણતિ પણ હોય. સવિકલ્પ પરિણતિ હોવા છતાં સમ્યગ્દર્શન ન હોય, એમ નહિ. પણ ઉત્પન્ન થવા કાળે સવિકલ્પ દશાથી પણ ઉત્પન્ન થાય, નિર્વિકલ્પથી ઉત્પન્ન થાય, એમ નહિ. આહાહા..! કહો, 'પંડિતજી'! આવી વાતું છે. હેં?

મુમુક્ષુ :- ખરી દિવાળી છે.

ઉત્તર :- દિવાળી છે આ, દિવાળી છે ને, બાપા!

'આ પ્રમાણે નિશ્ચયનયને પ્રધાન કરીને...' મુખ્ય કરીને. એટલે શું કહ્યું? કે વ્યવહારનયનો વિષય નથી એમ નહિ, વિષય છે, પણ તેના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે એમ નથી. એને માટે એકાંત જ છે, કે સ્વને આશ્રયે જ થાય. સમ્યક્ એકાંત જ છે. એને આશ્રયે પણ થાય ને વ્યવહારને આશ્રયે પણ સમકિત થાય, એવું અનેકાંત નથી. આહાહા..! પછી અનેકાંત છે. સવિકલ્પ દશા હોય તોય સમકિત હોય અને ઉપયોગ નિર્વિકલ્પમાં જામ્યો હોય તોય સમકિત હોય. આહાહા..! સમજાય એવું છે, હોં! ધીમે ધીમે (સમજવું). આ કાંઈ ઉતાવળની વાત નથી, બાપુ! આ કાંઈ પરીક્ષા દેવાની (નથી). લૌકિકમાં ઓલી સાત ચોપડી ભણી જાય ને બી.એ., એલએલબી એ નથી. આ તો જુદી વાત છે. આહાહા..!

'જેઓ નિશ્ચયના આશ્રયે પ્રવર્તે છે...' આહાહા..! આ તો એકાંત કર્યું. ત્રિકાળી જ્ઞાયકભાવને આશ્રયે પ્રવર્તે છે એ વિકલ્પાતીત નયાતિક્રાંતમાં પણ એક જ આવ્યું. નયાતિક્રાંતથી જ તે પ્રાપ્ત થાય છે. નયાતિક્રાંતથી પણ પ્રાપ્ત થાય અને નિશ્ચયના વિકલ્પથી પણ પ્રાપ્ત થાય, આ પણ સત્ય છે ને આ પણ સત્ય છે, એમ નથી. આહા..! હા, વ્યવહાર, વ્યવહાર તરીકે છે, નથી એમ નહિ. પણ વ્યવહારનો આશ્રય કરતાં ધર્મ થાય છે એ વાત તદ્દન જૂઠી છે. આહાહા..! 'જેઓ નિશ્ચયના આશ્રયે પ્રવર્તે છે તેઓ જ કર્મથી છૂટે છે...' તેઓ જ. વ્યવહારથી પણ કર્મથી છૂટે છે ને નિશ્ચયથી પણ કર્મથી છૂટે છે, કથંચિત્ એમ ને કથંચિત્ એમ, એમ નથી. આહાહા..! છે ને, સામે પુસ્તક છે? ક્યા શબ્દનો અર્થ થાય છે?

'અને જેઓ એકાંતે વ્યવહારનયના જ આશ્રયે પ્રવર્તે છે...' એકાંતે કેમ કહ્યું? કે,

નિશ્ચયનયનો આશ્રય છે અને વ્યવહાર રાગાદિ પણ છે પણ એકાંતે વ્યવહારને આશ્રયે જ પ્રવર્તે છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..! તે કર્મથી છૂટતા નથી. છે? 'એકાંતે વ્યવહારનયના...' એકાંતે એટલે? નિશ્ચયનયનો આશ્રય નથી અને એકલો વ્યવહારનો જ આશ્રય છે એવા એકાંતે વ્યવહારનયના આશ્રયે મુક્તિને પામતા નથી. પણ નિશ્ચયનો આશ્રય છે ત્યાં વ્યવહાર હોય, પૂર્ણ નથી ત્યાં. એને એમ પણ કહેવાય કે, આ વ્યવહાર સાધન છે. સમજાય છે? નિશ્ચયનો આરોપ દઈને. પણ એકાંતે વ્યવહાર, નિશ્ચયના આશ્રય વિના, ત્રિકાળી જ્ઞાયકના આશ્રય વિના એકાંતે દયા, દાન ને વ્રત, ભક્તિ ને તપ ને પૂજા અને દાન એનાથી કલ્યાણ માને 'તેઓ કર્મથી કદી છૂટતા નથી.' એટલે કે, મિથ્યાત્વથી છૂટતા નથી, મિથ્યાત્વથી છૂટતા નથી તે કર્મથી છૂટતા નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

પ્રમાણજ્ઞાન પણ સમ્યક્ એકાંતની અપેક્ષા રાખે છે. કઈ રીતે ? કે દ્રવ્ય અને પર્યાય બન્નેને અનેકાંતથી જાણીને અભેદ વસ્તુની મુખ્યતા તરફ ઢળીને સમ્યક્ એકાંત કરે તો જ પ્રમાણજ્ઞાન થાય છે. એટલે અનેકાંત પણ સમ્યક્ એકાંતની અપેક્ષા રાખે છે. સમ્યક્ એકાંત એટલે શું ? કે અભેદ તરફ વળ્યો–ત્યારે જ સમ્યક્ એકાંત થયું, દ્રવ્ય પર્યાય બન્નેને જાણીને સામાન્ય તરફ વળીને વિશેષને અભેદ કરે. તો પ્રમાણજ્ઞાન થાય. અભેદની મુખ્યતા હોવા છતાં તેમાં વળેલી પર્યાય પણ છે તો ખરી એટલે અભેદની મુખ્યતા અપેક્ષાએ તો સમ્યક્ એકાંત છે, ને દ્રવ્ય તરફ ઢળેલી પર્યાય પણ છે તે–દ્રવ્ય–પર્યાય બન્ને અપેક્ષાએ અનેકાંત પણ છે.

(પરમાગમસાર - ૭૭૪)

❀

નિશ્ચયનય તે તો જ્ઞાનનો એક અંશ છે, તે તો પર્યાય છે, તે પર્યાયના આશ્રયે કાંઈ મુક્તિ નથી, પણ નિશ્ચયનય અને તેના વિષયરૂપ જે ત્રિકાળ અભેદ સ્વભાવ છે, તે અભેદ સ્વભાવના અનુભવમાં નય અને નયના વિષયનો ભેદ નથી રહેતો, માટે અભેદ અપેક્ષાએ કહી દીધું કે, 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' અહો ! સંતોની વાણી અંદરના ઊંડા અનુભવમાંથી નીકળેલી છે. જ્ઞાનના અંશને તો નય કહેવાય, પણ તે નયના વિષયરૂપ ધર્મને પણ 'નય' કહેવો તેમાં રહસ્ય છે.

(પરમાગમસાર - ૭૭૫)

## ગાથા-૨૭૩

कथमभव्येनाप्याश्रीयते व्यवहारनयः इति चेत् -

वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं।
कुव्वंतो वि अभव्वो अण्णाणी मिच्छदिट्ठी दु।।२७३।।

व्रतसमितिगुप्तयः शीलतपो जिनवरैः प्रज्ञप्तम्।
कुर्वन्नप्यभव्याऽज्ञानी मिथ्यादृष्टिस्तु।।२७३।।

शीलतपःपरिपूर्णं त्रिगुप्तिपंचसमितिपरिकलितमहिंसादिपञ्चमहाव्रतरूपं व्यवहारचारित्रं अभव्योऽपि कुर्यात्, तथापि च निश्चारित्रोऽज्ञानी मिथ्यादृष्टिरेव, निश्चयचारित्रहेतुभूतज्ञानश्रद्धानशून्यत्वात्।

---

હવે પૂછે છે કે અભવ્ય જીવ પણ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે? તેનો ઉત્તર કહે છે :-

જિનવરકહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને
કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. ૨૭૩.

ગાથાર્થ :– [ जिनवरैः ] જિનવરોએ [ प्रज्ञप्तम् ] કહેલાં [ व्रतसमितिगुप्तयः ] વ્રત, સમિતિ, ગુપ્તિ, [ शीलतपः ] શીલ, તપ [ कुर्वन् अपि ] કરતાં છતાં પણ [ अभव्यः ] અભવ્ય જીવ [ अज्ञानी ] અજ્ઞાની [ मिथ्यादृष्टिः तु ] અને મિથ્યાદષ્ટિ છે.

ટીકા :– શીલ અને તપથી પરિપૂર્ણ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાની ભરેલું, અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે અર્થાત્ પાળે છે; તોપણ તે (અભવ્ય) નિશ્ચારિત્ર (-ચારિત્રરહિત), અજ્ઞાની અને મિથ્યાદષ્ટિ જ છે કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે.

ભાવાર્થ :– અભવ્ય જીવ મહાવ્રત-સમિતિ-ગુપ્તિરૂપ વ્યવહાર ચારિત્ર પાળે તોપણ નિશ્ચય સમ્યગ્જ્ઞાનશ્રદ્ધાન વિના તે ચારિત્ર 'સમ્યક્ચારિત્ર' નામ પામતું નથી; માટે તે અજ્ઞાની, મિથ્યાદષ્ટિ અને નિશ્ચારિત્ર જ છે.

## પ્રવચન નં. ૩૩૬ ગાથા–૨૭૩ રવિવાર, આસો વદ ૧૫, તા. ૨૧-૧૦-૧૯૭૯

સમયસાર ૨૭૩ ગાથા. 'હવે પૂછે છે...' શિષ્યનો પ્રશ્ન છે 'કે અભવ્ય જીવ પણ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે?' અભવિ જીવ છે, કોઈ દિ' જેને મુક્તિ નથી અનંત ભવમાં પણ મુક્તિ નથી. એવો અભવિ જીવ વ્યવહારનયનો કેવી રીતે આશ્રય કરે છે? એવો શિષ્યનો પ્રશ્ન છે. 'તેનો ઉત્તર કહે છે :–' આવી જેને જીજ્ઞાસા છે એને આ ઉત્તર દેવામાં આવે છે.

वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं।
कुव्वंतो वि अभव्वो अण्णाणी मिच्छदिट्ठी दु।।२७३।।

જિનવરકહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને
કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. ૨૭૩

શું કહેવા માંગે છે? છે તો આ વ્યવહારાભાસ. નિશ્ચય નથી. છતાં અહીંયાં વ્યવહાર કહેવામાં આવ્યો છે. એક સિદ્ધાંત આ. નિશ્ચય જ્યાં હોય ત્યાં વ્યવહાર હોય. અહીં તો નિશ્ચય છે નહિ છતાં અભવ્ય જીવનો દૃષ્ટાંત છે, હોં! કેટલાક એમ કહે છે, કે એ તો અભવ્ય માટે છે. આમાંથી કેટલાક એમ કાઢે છે. ભવ્ય જીવ માટે નહિ, અભવ્યનો તો દૃષ્ટાંત દે છે, જેને કોઈ દિ' મુક્તિ થતી નથી. અનંત પરિભ્રમણ ચાર ગતિમાં નરક ને નિગોદમાં સદા રહ્યા કરે, એવા જે અભવ્ય જીવ એ પણ વ્યવહારનયનો આશ્રય કઈ રીતે કરે છે? વ્યવહારનય (કહ્યું). નિશ્ચયથી નિશ્ચય વિના વ્યવહારનય નહિ પણ અત્યારે વ્યવહારનય છે એમ કહ્યું છે. નિશ્નય વિનાનો પણ વ્યવહારનય છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

કહે છે, કે 'શીલ...' એવું શીલ પાળે, કષાયની મંદતા અને મિથ્યાત્વની મંદતા. શું કહ્યું સમજાણું? અભવિ. એ મિથ્યાત્વની પણ મંદતા કરે છે અને કષાયની પણ મંદતા એને હોય છે. આહાહા..! છતાં એ આત્મજ્ઞાન નથી. અંદર ચૈતન્યમૂર્તિ એ રાગની ક્રિયાથી ભિન્ન ચીજ, તેનું એને ભાન નથી તેથી તેને દર્શન અને જ્ઞાન નથી, તેથી તેનું બધું વર્તન અચારિત્ર છે. આહાહા..! થોડી ઝીણી વાત છે, હોં! મિથ્યાત્વ મંદ ને કષાય મંદ. આ ટીકામાં લીધું છે. આની ટીકામાં–'જયસેનાચાર્ય'ની ટીકામાં છે, આજ ગાથામાં (છે). આહાહા..!

જેણે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધાનો પણ ત્યાગ કર્યો હોય. સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રની શ્રદ્ધા પણ એવી કે, માથું જાય તોપણ બીજી શ્રદ્ધા ન કરે. પણ એ તો પરદ્રવ્યની શ્રદ્ધા થઈ. આહાહા..! ઝીણી વાત છે. એણે મિથ્યાત્વ મંદ કર્યું છે. કેમ કે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા

છોડી છે, સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રની શ્રદ્ધા કરી છે એથી એનું મિથ્યાત્વ મંદ છે. આહાહા..!

બીજી રીતે કહીએ તો એને ગૃહીત મિથ્યાત્વનો જે નવો પક્કડ હતો એ મંદ કરી નાખ્યો છે. આહાહા..! અનાદિનું અગૃહીત મિથ્યાત્વ, જે ચૈતન્યના જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ થવી જોઈએ, અનુભવ થવો જોઈએ એનો એને અભાવ છે. તેથી તેને મિથ્યાત્વ અને કષાયની મંદતા–શુભ ભાવ, કેટલો શુભભાવ કે, જેને અહીં શીલમાં નાખી દીધું. કષાયની મંદતા... આહાહા..! પ્રાણ જાય તો એને માટે કરેલો આહાર લે નહિ. એવી જેની ક્રિયા. શીલ–કષાયની મંદતા ને મિથ્યાત્વની મંદતાનો શીલ સ્વભાવ છે વ્યવહાર. આહાહા..!

'અને તપથી પરિપૂર્ણ,...' અહીં જરીક ખૂબી છે. વીતરાગે કહેલો જે અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ એ બાર પ્રકારના તપમાં પણ પરિપૂર્ણ બરાબર છે. આહાહા..! પરિપૂર્ણ શબ્દ વાપર્યો છે ને? અનશન, ઉણોદરી, રસપરિત્યાગ, કાયક્લેશની બધી ક્રિયા સખત છે, કે રાગની મંદતા ને મિથ્યાત્વની મંદતારૂપી ભાવમાં આવા તપની પરિપૂર્ણતાનો ભાવ એને હોય છે. આહાહા..! આ વાત નિશ્ચયતપની નથી. નિશ્ચયતપ તો સમ્યગ્દૃષ્ટિને જ હોય. આહાહા..!

આત્મસ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, એ ચૈતન્યના પ્રકાશમાં વેદનમાં જેને સમ્યક્ ભાવ અનુભવ પ્રગટ્યો છે, એને સાચું તપ ને સાચું ચારિત્ર હોય. અહીંયાં તો બાર તપમાં ક્રિયાની વાત કરે છે. આહાહા..! અરે..રે..! હજારો રાણી છોડી હોય, કરોડોની પેદાશની દુકાનો બંધ કરી દીધી હોય, વેપાર (બંધ કર્યો હોય). આહાહા..! એને માટે આહાર કરેલો હોય તો પ્રાણ જાય તો ન લે. એવો જેનો મંદ કષાયનો સ્વભાવ જ થઈ ગયો છે. આહાહા..! અને અનશન, ઉણોદરીમાં પરિપૂર્ણ છે. અનશનમાં છ છ મહિનાના અપવાસ કરે, ઉણોદરીમાં એક એક રસ લે ને બીજા રસનો ત્યાગ કરે. આહાહા..! અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ ઘણી જ વૃત્તિઓને ટૂંકી સંક્ષેપ કરી નાખે કે, આ અમુક ઘરે જ મારે જાવું, અમુક ચીજ મળે તો લેવી નહિતર લેવી નહિ. એવી જેની ઘણી કષાયની મંદતા. લોકો તો દુનિયા એને એમ કહે કે, આહાહા..! શું સાધુ, શું એની ક્રિયા!

અહીં તો તપથી પરિપૂર્ણમાં ઘણો વિસ્તાર છે. રસપરિત્યાગ, કાય-ક્લેશ, પ્રતિ સંયમતા, ઇન્દ્રિદમન પાંચ ઇન્દ્રિનું દમન છે. આહાહા..! જે શરીરથી વિષય સેવતો નથી. આહાહા..! બ્રહ્મચર્ય પાળે છે એથી એને અહીં તપમાં પરિપૂર્ણ કીધો છે. આહાહા..! અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ. રસોમાં પણ એકાદ-બે રસ ખપે, બાકી રસ ન ખપે. એવો જેનો ત્યાગ હોય છે. આહાહા..! છતાં તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

મુમુક્ષુ :– આવો ધર્મ હોય છે.

ઉત્તર :– ધર્મ ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

એ રસપરિત્યાગ, કાયક્લેશ, પ્રતિસંયમતા, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ. એનો દેવ-

ગુરુ ને ધર્મનો પણ વ્યવહાર વિનય ઘણો હોય છે. આહાહા..! મંદ મિથ્યાત્વ છે ને!

'અમૃતચંદ્રાચાર્યે' 'તપથી પરિપૂર્ણ,...' શબ્દ વાપર્યો છે. એવું તપ, એની ક્રિયા. આહાહા..! પણ એ બધી ક્રિયા રાગની છે. આહાહા..! એ ધર્મ નહિ. અત્યારે તો એવી ક્રિયાના ઠેકાણા નથી અને માને છે, કે અમે ચારિત્રી છીએ ને અમે તપસી છીએ ને અમે સાધુ છીએ. બાપુ! આકરું કામ, ભાઈ! આહાહા..! પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય, શાસ્ત્રોનું અગિયાર અંગનું જ્ઞાન કરે, કરોડો શ્લોકો કંઠસ્થ કરે. આહાહા..!

મુમુક્ષુ :– હોંશથી, ભાવનાથી.

ઉત્તર :– શુભભાવ, ધર્મ નહિ. આહાહા..! આકરું કામ છે.

વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય, સ્વાધ્યાય કરે. આખો દિ' બરાબર સ્વાધ્યાય (કરે). શાસ્ત્રવાંચન, મનન ને શાસ્ત્રોનું જાણપણું (કરે) પણ એ બધો શુભભાવ છે. અંતર ભગવાન આનંદસ્વરૂપ જ્ઞાનમૂર્તિ પ્રભુ, એને જ્ઞાતા તરીકેના દૃષ્ટિ ને અનુભવ વિના એ ક્રિયાકાંડનો વ્યવહાર એને સંસાર ને બંધનું કારણ છે. આહાહા..! આકરું કામ છે.

અહીં 'પરિપૂર્ણ' શબ્દ વાપર્યો છે ને! પૂર્ણ એકલું પણ નહિ, પરિપૂર્ણ. પરિ (અર્થાત્) સમસ્ત પ્રકારે તપની જેટલી વ્યવહારની ઉત્કૃષ્ટતા છે. આહાહા..! દેવ-ગુરુનો વિનય, શાસ્ત્ર અધ્યયન, વિકથાનો ત્યાગ, બહારની વિકથા (ન હોય), અંદર શાસ્ત્રનો સ્વાધ્યાય જ કર્યા કરે પણ એ બધી ક્રિયાઓ મંદ રાગની છે. આહાહા..! સજ્ઝાય, ધ્યાન. શુભભાવનું ધ્યાન પણ કરે. આવે છે ને 'મોક્ષ અધિકાર'માં? ધર્મધ્યાન શુભભાવ. 'મોક્ષ અધિકાર'માં આવે છે. એટલો કષાય મંદ લાગે કે, જાણે અંદર ધ્યાનમાં–રાગની મંદતાના ધ્યાનમાં એટલો ઉતરી ગયો હોય, બીજાને એમ લાગે કે, આહાહા..! પણ એ બધી ક્રિયાકાંડનો રાગ છે. આહાહા..! એ બધો પરલક્ષીભાવ છે. આવું છે.

'તપથી પરિપૂર્ણ,...' આચાર્યનું કથન જરી કઠણ છે. બાર પ્રકારના તપ, હોં! અભ્યંતર જે છ છે એ પણ વિકલ્પાત્મક તપ લેવા છે. આહાહા..! મોક્ષમાર્ગમાં લઈ લીધું છે. અભ્યંતર એ પણ બહારની જેમ જ અભ્યંતરના વિકલ્પ છે ઇ. આહાહા..!

'ત્રણ ગુપ્તિ,...' મનને, વચનને, કાયાને બરાબર ગોપવે. અશુભમાં જવા ન દે. આહાહા..! એવી મન, વચન ને કાયાની વૃત્તિ હોય છતાં એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અરે..રે..! લોકો ક્યાં ચડી ગયા છે અને ક્યાં માને છે ને ક્યાં રહી ગયું છે. આહાહા..! મન, વચન ને કાયાને અશુભથી ગોપવે. ઓલામાં આવે છે ને? ભાઈ! શુભમાં પ્રવૃત્તિ ને અશુભમાં નિવૃત્તિ. શુભજોગ આવે છે. 'સમયસારમાં'. પ્રવૃત્તિ-નિવૃત્તિ લીધી છે. શુભમાં પ્રવૃત્તિ અને અશુભની નિવૃત્તિ. પણ એ બધો શુભભાવ છે–રાગ. આહાહા..! એ..ઇ..! એ અભવિને પણ એવી દશા તો હોય છે, કહે છે. જેને કોઈ દિ' એક ભવનો અભાવ ન થાય એને પણ આવી સ્થિતિ હોય છે, બાપુ! એ તો ભવિએ પણ એવું અનંતવાર કર્યું છે. આ તો અભવિનો

દૃષ્ટાંત છે. ભવિ જીવ પણ નવમી ગ્રૈવેયક (ગયો). 'મુનિવ્રત ધાર ગ્રૈવેયક ઉપજાવ્યો' 'મુનિવ્રત ધાર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' આત્મજ્ઞાન જે અંતર આનંદનો સ્વાદ આવવો જોઈએ... આહાહા..! જ્ઞાન એને કહીએ કે, જેમાં અતીન્દ્રિયનો સ્વાદ સાથે આવે. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! કેમ કે જે અનંત ગુણ છે, ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદ, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા, ઈશ્વરતા ગુણ છે 'ઈશ્વરભાઈ'! પ્રભુતા નથી? ગુણ છે ને? એ અનંત ગુણમાં ઈશ્વરતા છે પાછી. એક એક ગુણમાં અનંત ઈશ્વરતાનું રૂપ છે. આહાહા..! એવો જે ભગવાન અતીન્દ્રિય નિર્વિકલ્પ આનંદનો નાથ... આહાહા..! એની દૃષ્ટિ કર્યા વિના ને એના આનંદના સ્વાદ આવ્યા વિના જેટલી આ ક્રિયાકાંડ બધી કરે એ સંસાર છે. આહાહા..! આકરું કામ, અહીં તો થોડો જ્યાં બહારથી ત્યાગ કરે ત્યાં એમ થાય કે, ઓહો..હો..! ત્યાગી થઈ ગયા. ધર્મના, ધર્મનો ત્યાગી છે. 'નિયમસાર'માં પાઠ છે, ધર્મનો ત્યાગી છે ઇ. આહાહા..! અંતર આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, એનો જેને સ્વાદ નથી, અનુભવ નથી, આનંદ નથી... આહાહા..! એ બધા બહારના ત્યાગી તે ધર્મના ત્યાગી છે. આહાહા..! આકરું કામ બહુ,

અહીં તો પરિપૂર્ણ તપ અને ત્રણ ગુપ્તિ 'અને પાંચ સમિતિ...' એને માટે કરેલો આહારનો એક બિંદુ પણ પ્રાણ જાય તો ન લે. અત્યારે તો ચોકા કરીને લે છે. ચોકા એને માટે કરે અને લે. આ તો ચોકા શું એને માટે એક પાણીનો બિંદુ બનાવ્યો હોય તો ન લે. દિવસના દિવસ કાઢે પાણી વિના, એવી જેની સમિતિ હોય છે. એષણા સમિતિ. આહાહા..!

મુમુક્ષુ :- શ્રાવક ચોકા કરે એમાં અમારો શું દોષ?

ઉત્તર :- અહીં ઇ પ્રશ્ન થયો હતો. 'મનોહરલાલજી'એ પ્રશ્ન કર્યો હતો. 'જયપુર'માં આવીને બે પ્રશ્ન કર્યા હતા. આમ ક્ષુલ્લક નામ ધરાવતા પણ રેલમાં બેસતા ને પૈસા રાખતા ને બધું એવું કરતા. એણે બે પ્રશ્ન કર્યા હતા. ખાસ આવ્યા હતા, મળવા જ ખાસ આવ્યા હતા. 'મનોહરલાલજી'એ બે પ્રશ્ન કર્યા કે, આ રાગને પુદ્ગલ કેમ કીધો? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવને પુદ્ગલ કીધા. કીધું, ભાઈ! એ ચૈતન્યની જાત નથી. એ ચૈતન્યની જાતમાં હોય તો ભાત એની કાયમ રહે. એ તો નીકળી જાય છે, નીકળી જાય એ ચૈતન્યની જાત નહિ. માટે એને પુદ્ગલ કહીને અભાવ કરાવ્યો છે. અને આ બીજો ભાઈએ- 'ચંદુભાઈ'એ કીધો ઇ. ગૃહસ્થ કરે છે ને? એમ. ઇ પ્રશ્ન કર્યો હતો. ઉદ્દેશિકનો ખુલાસો જો તમારાથી થાય તો બહુ લોકોમાં સંપ થાય. ઉદ્દેશિકનું શું કહેવું છે? પ્રભુ! એમ કે, લોકો એને માટે કરે છે ને! ભલે ઇ કહે કહેનારા કરે છે, એણે કે દિ' કરાવ્યું છે? લોકો કરે છે ને લે છે. ભાઈ! એ લોકો કરે છે એને લે છે એને અનુમોદન કોટી તૂટી જાય છે. આહાહા..! બહુ આકરી વાત, બાપુ! કોઈનું ભૂંડુ થાય એમ વાત નથી. ભલું થાવ, પણ વસ્તુ તો, માર્ગ આ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ તો પ્રશ્ન કીધો હતો ને? '૬૯ની સાલ. આ પ્રશ્ન તો અમારો દીક્ષા લીધા પહેલા હતો. મારો પ્રશ્ન એ હતો. '૬૯ની સાલ, ૭૦માં દીક્ષા (લીધું). કીધું, એને માટે આ મકાન બનાવે અને એ પોતે કરે નહિ, કરાવે નહિ પણ એ વાપરે તો નવ કોટિમાં કઈ કોટિ તુટે? એ પ્રશ્ન '૬૯માં હતો. સમજાણું? અમારા ગુરુ ભદ્રિક હતાં ને એને પાછી દીક્ષા લેવાની મારી (ભાવના) હતી એટલે એણે વળી એવો ઉત્તર આપ્યો કે, તમારા ભાઈએ તમારા માટે મકાન બનાવ્યું ને તમે વાપરો એમાં શું? મારા મનમાં તો એ વખતે હતું, કે વાપરે એ અનુમોદન કોટિ તૂટે છે. પણ હવે એમને ક્યાં કહેવું? કારણ કે, તે દિ' 'દશવૈકાલિક'ના આઠ અધ્યયન મોઢે હતા. એમાં આ હતું. એ કર્યું ન હોય, કરાવ્યું ન હોય પણ કરેલા માટે લે એ એની અનુમોદનની કોટિ તૂટે છે. તેથી એની એકેય કોટિ સાચી રહેતી નથી. આહાહા..! એની એષણાસમિતિ પણ સાચી રહેતી નથી. તેમ અહિંસા વ્રત પણ સાચું રહેતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? અનુમોદન છે ઇ. પ્રશ્ન ઇ કર્યો હતો કે, ભઈ! ભગવાનનો પ્રભુનો વિરહ પડ્યો છે. મેં એમ કહ્યું હતું, હોં! ભાઈ! વીતરાગનો પ્રભુનો વિરહ છે અને અત્યારે એમ હું ખુલાસો કરું કે, લોકો કરે એમાં લેનારને શું છે? લેનારને અનુમોદન છે. એને ખબર છે, કે મારે માટે આ કર્યું છે. ભલે કર્યું નથી, કરાવ્યું નથી પણ એને માટે કરેલું લે છે એ એનું અનુમોદન છે. નવકોટિમાં એનો ત્યાગ રહેતો નથી, વ્યવહારે ત્યાગ (રહેતો નથી). આહાહા..!

પછી તો ધીરેથી કહ્યું હતું પણ હવે આટલું ... ધીરેથી કહ્યું હતું, જુઓ! ભાઈ! હું તો અત્યારે કોઈને દ્રવ્યલિંગી ક્ષુલ્લક પણ માનતો નથી. (પોતે) ક્ષુલ્લક હતા પણ શાંતિથી (સાંભળતા હતા). વસ્તુની આ સ્થિતિ છે, બાપુ! શું કહીએ? જેને માટે કરેલા લે છે એ દ્રવ્યલિંગી નથી. દ્રવ્યલિંગી ક્ષુલ્લક પણ નથી ને દ્રવ્યલિંગી સાધુ પણ નથી. આહાહા..! આકરું લાગે. એ વખતે બોલ્યા નહિ, એ વખતે સાંભળ્યે રાખ્યું. પાછળથી એને ખટક્યું (હોય) એમ લાગે છે. વસ્તુ તો આ છે, કીધું. બાપુ! આહા..!

'દશવૈકાલિક'માં એક બોલ છે. અમે તે દિ' કંઠસ્થ કરેલું. .... અઢાર બોલ છે એનો એક બોલ તોડે તો એ સાધુ નથી. એવો બોલ છે. .... અઢાર બોલ છે. પંચમહાવ્રત, છ કાયની દયા વગેરે કાંઈક અઢાર બોલ છે. એમાં એક પણ બોલ તોડે તો એ સાધુ નથી, એવો પાઠ છે. અને એ પ્રશ્ન તો (હું) થોડુંક સંસ્કૃત, વ્યાકરણ ભણતો હતો ત્યારે ભણાવનારને મેં પ્રશ્ન કરેલો. 'ગારીયાધાર' '૬૯માં. કીધું, આ બધા ભણેલા છે એ અર્થ સમજે છે કે નહિ? વ્યાકરણમાં. કીધું, સિદ્ધાંતમાં એક બોલ એવો છે, સારસ્વત વ્યાકરણવાળો એક બ્રાહ્મણ હતો. ભણાવવા રાખ્યો હતો. કીધું, જેને માટે આ આહાર આદિ કરેલો આહાર છે એ લે છે, એને તો કાંઈ ખબર ન હોય, પણ આ દશવૈકાલિકના ઠાણાંગની વ્યાખ્યા શું? સિદ્ધાંતમાં એવા દસ શબ્દ છે, કે દસ અઠેય ઠાણા એમ ઇ તો દસને આઠે ગુણવા કે દસને આઠે

ભેગા કરવા? એ તો એ વખતનો શું અધિકાર છે એ પ્રમાણે (થાય). ત્યારે થયું, સંસ્કૃતવાળો તો આમાં ન જાણેને? દોઢ મહિનો સંસ્કૃત ભણ્યા હતા, દોઢ મહિનો. પછી કીધું આ તો સંસ્કૃતનો આનો અર્થ સમજતો નથી તો સંસ્કૃતમાં શું હતું? દસ અઠેય શબ્દ છે ને? એટલે દસને આઠ ગુણવા કે દસને આઠ ભેગા કરવા કે દસમાંથી આઠ કાઢવા? 'નવરંગભાઈ'! આ તમારું પાણીને ગાળીને પીવુંને. '૬૯માં વ્યાકરણવાળાને પૂછ્યું, હોં! વ્યાકરણવાળાને. કીધું આ બધા ભણેલા છે માટે વ્યાકરણવાળા અર્થ સમજતા હોય. ઇ તો ઇ અર્થ ગુરુગમ વિના વસ્તુ સમજાય એવી નથી. એવા સંસ્કૃતના વ્યાકરણથી કોઈ અર્થ સમજાય એવા નથી. એવો પ્રશ્ન કર્યો.

એક પ્રશ્ન કરેલો '૮૦ માં. 'કાશી'નો મોટો વિદ્વાન આવ્યો હતો. 'બોટાદ'. 'કાશી'નો મોટો વિદ્વાન હતો. એને એક પૂછ્યું, આ હું પૂછું એનો અર્થ કરો. સંજોગી કેવળી, સંજોગી કેવળીનો અર્થ કરો. '૮૦ ની સાલની વાત છે. તો એ કહે, સંયોગી (એટલે) સંયોગવાળા કેવળી. કીધું, ઇ વાત-અર્થ સાચો નથી. એ સંજોગી કેવળી ન જ હોય, સયોગી કેવળી જોઈએ. તમે સંસ્કૃતના અર્થ કરવા માંડો પણ એના ભાવને સમજો નહિ. સયોગી કેવળી જોઈએ-જોગવાળા કેવળી. સંયોગી કેવળી – સંયોગવાળા કેવળી, એમ નહિ. 'ચંદુભાઈ'! આવો પ્રશ્ન કર્યો. '૮૦ ની વાત છે 'કાશી'માં ભણેલો આવ્યો હતો. 'માણેકચંદજી'.

મુમુક્ષુ :- આપ બધાના પાણી ઉતારી દો.

ઉત્તર :- ના. આ તો એમ કે આ સંસ્કૃત ભણેલા છે. ઇ સંસ્કૃત ભણેલા સાર કાઢી શકે છે? ભણેલા કાઢતા નથી તો એમાં ભણવું શું? છોડી દે સંસ્કૃત ભણવાનું. સંસ્કૃત છોડી દીધું. આહાહા..! સંજોગી કેવળી-કીધું અર્થ કરો. આ તમે વ્યાકરણવાળા. સંજોગવાળા કેવળી. કીધું, ઇ સંજોગવાળા કેવળી હોઈ શકે જ નહિ. ઇ સંનો અર્થ ત્યાં મીંડું જ ખોટું છે. સજોગી કેવળી જોઈએ. જોગવાળા કેવળી. એટલે તમે ભણેલા સંસ્કૃતવાળા પણ આ અર્થ સમજતા નથી તો બહુ ભણી ભણીને રોકાવું ત્યાં, એમાં માલ કાંઈ નથી.

મુમુક્ષુ :- સ્કૂલમાં માસ્તર જેમ પરીક્ષા કરે એમ આપે પરીક્ષા કરી.

ઉત્તર :- આ તો વાતચીત કરતાં કરતાં નીકળી. સાંભળતો હતો. 'માણેકચંદજી'નો ભત્રીજો કે એવો હતો, 'કાશી'માં ભણતો હતો.

અહીં કહે છે, કે 'ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ...'માં પૂર્ણ. ભાષા ચોખ્ખી બોલે, સમિતિ. એને માટે આહારનો બિંદુ, પાણીનો બિંદુ કરેલો લે નહિ. આહાહા..! જોઈને પણ ચાલતા કોઈ ઊંચી નજર નહિ. આહાહા..! નીચે લીલોતરી કચડાય, આ ફૂલ કચડાય (એમ નહિ). એક સાધુ આવ્યા હતા. આહાર કરીને આવે (ત્યારે) નીચે લીમડાના ફૂલના ઢગલા. એના ઉપર પગ મુકીને, ઊંચું જોઈને ચાલ્યો આવતો હતો. કીધું, આને કાંઈ (ભાન નથી). અરે..રે..! એક એક ફૂલમાં અનંત જીવ. નામ નથી આપતા. એમ ને એમ (ચાલ્યા આવતા

હતા). હાથમાં એને માટે કરેલું પાણી અને કરેલો આહાર તે ખાઈને આવે. આ લીમડા નીચે, આ લીમડો છે ને? નીચે ફૂલ હતા. એક ફૂલની એક રાયની કટકીમાં તો અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવ. (એવા તો) ઢગલા પડ્યા હતા. એના ઉપર પગ મુકેને ચાલે. નીચે જોવું નથી, કે આ શું છે. આહાહા..!

અહીં તો કહે છે, આ તો સમિતિથી પાળનારો. ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ. લેવા-મુકવામાં પણ બરાબર સાવધાની. એક વાત. ઇ પછી શું કહે છે? કે 'ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાનીભરેલું,...' તમારે ત્યાં એ જાતનો પ્રમાદ નથી. છે તો મિથ્યાત્વ. સાવધાનીથી આમ બરાબર (ચાલે). કોઈપણ પ્રાણીને કંઈ થાય, દુઃખ થાય એમ ચાલે નહિ. એમ બોલે નહિ. એષણાસમિતિ સાવધાનીભરેલી ક્રિયા (હોય). આહાહા..! અહીં પરિપૂર્ણ લીધું અને ત્રણ ગુપ્તિ, સમિતિમાં સાવધાનીપણું લીધું. એટલે ચોખ્ખું લીધું. તપમાં પરિપૂર્ણ, શીલમાં પરિપૂર્ણ, ગુપ્તિ અને સમિતિમાં સાવધાનીપણું. આહાહા..! એવું સાવધાનીપણું. આહાહા..! બે બોલ (થયા).

'અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ...' અહિંસાદિ પાંચ મહાવ્રત બરાબર પાળે. આહાહા..! અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, પરિગ્રહનો ત્યાગ. એક કપડાનો ટુકડો પણ રાખે નહિ. નગ્ન દિગંબર, આવ્યું હતું ને કાલે? સમયસ્ત. 'પંચ મહાવ્રતરૂપ...' અહિંસા, હોં! 'વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે...' એવું તો અભવિ જીવે પણ કર્યું, અનંતવાર કરે છે. આહાહા..! અને તું આટલું જ્યાં કરે, એનાથી તો કાંઈ ઠેકાણા પણ નથી છતાં (માને છે કે) જાણે અમે ત્યાગી છીએ ને અમે ચારિત્રી છીએ. આહાહા..! ઝીણી વાત, ભાઈ! બહુ આકરું કામ છે. વીતરાગનો માર્ગ (અલૌકિક છે).

આવું સાવધાનીપણું સમિતિ, ગુપ્તિમાં અને તપમાં પરિપૂર્ણ, શીલમાં પરિપૂર્ણ. જેનો નવ નવ કોટિએ શરીરનું બ્રહ્મચર્ય, એવું ચોખ્ખું (પાળે). આહાહા..! એવું વ્યવહાર ચારિત્ર અભવ્ય પણ કરે છે. (એ) મંદ મિથ્યાત્વ ને મંદ કષાયમાં આવા ભાવથી બધું કરે છે. આહાહા..! મંદ મિથ્યાત્વ આમાં નાખ્યું છે, ભાઈ! 'જયસેનાચાર્ય'ની ટીકા છે ને? આમાં નાખ્યું છે. ઇ પહેલા ઘણીવાર કહેવાય ગયું છે.

એવું 'અભવ્ય પણ કરે છે અર્થાત્ પાળે છે; તોપણ તે (અભવ્ય) નિશ્ચારિત્ર (-ચારિત્રરહિત),...' છે. એને ચારિત્ર નથી. આવું સાવધાનીપણું (હોય છતાં). ઓહો..હો..! મહાવ્રત પાળે, પાંચ સમિતિ, ગુપ્તિની સાવધાની, શીલ અને તપમાં પરિપૂર્ણ તોપણ કહે છે, કે એ ચારિત્ર નથી. આહાહા..! ગજબ વાતું છે.

એ (અભવ્ય) નિશ્ચય ચારિત્ર રહિત છે. 'નિશ્ચારિત્ર (-ચારિત્રરહિત),...' સ્વરૂપનું ચારિત્ર જોઈએ. જે સમ્યગ્દર્શન-જ્ઞાન, આત્માના આનંદના સ્વાદ સહિત આનંદમાં રમણતા જોઈએ તે ચારિત્ર રહિત વ્યવહાર ચારિત્રવાળો છે. આહાહા..! હવે અહીં ઇ કહે છે, કે વ્યવહાર

ચારિત્ર હોય તો એનાથી નિશ્ચય થાય. અહીં તો કહે (છે), અભવિએ પણ વ્યવહાર ચારિત્ર અનંતવાર પાળ્યું તો કાંઈ નિશ્ચય તો થયો નહિ. ભવિ જીવ પણ નવમી ગ્રૈવેયક ગયો તો અનંતવાર પાળ્યું તો નિશ્ચય તો થયો નહિ.

મુમુક્ષુ :– ઇ તો અધુરું હતું માટે ન થયું.

ઉત્તર :– ઇ તો દાખલો ઇ જ કહે છે, પણ અભવિનો તો દાખલો આપ્યો છે. અભવિ પણ આવું કરે છે ને ભવિએ પણ એવું અનંતવાર કર્યું છે. એટલે સમ્યગ્દર્શન વિનાની આ બધી ક્રિયાઓ સંસારમાં રખડવા માટે છે. આહાહા..! આકરું કામ છે. હવે આ મોટા તહેવારના દિવસો (છે). ઘણા ગામથી માણસો આવ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :– સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવા માટે પ્રથમ વ્યવહાર શું?

ઉત્તર :– એક જ વાત (છે). કાંઈ વ્યવહાર-ફ્વાર (નહિ), નિશ્ચય સીધો આશ્રય કરવો ઇ.

મુમુક્ષુ :– પહેલા આ નિશ્ચય શું છે તે સમજવું તો પડેને.

ઉત્તર :– ઇ વળી જુદી વસ્તુ, ઇ તો જ્ઞાન કરવું. ઇ જાણવાની, ઇ તો જાણવાની વાત છે.

મુમુક્ષુ :– પ્રથમ વ્યવહાર એવો આવે છે.

ઉત્તર :– ઇ વ્યવહાર, ઇ વ્યવહાર નથી. જાણવું, કરવું એ આવે પણ એ કાંઈ વ્યવહાર નથી કે એનાથી થાય એમ નથી. આહા..! અગિયાર અંગનું જ્ઞાન કીધું ને? હમણા ઇ કહેશે, ઇ પ્રશ્ન કરશે. હવેનો પ્રશ્ન છે, ઇ જ પ્રશ્ન છે. અગિયાર અંગ ભણ્યો છે. એક આચાર અંગમાં અઢાર હજાર પદ અને એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક, એવા અઢાર હજાર પદનું જાણપણું કર્યું. આહા..! એવા ડબલ સૂયગડાંગ, એથી ડબલ ઠાણાંગ, એથી ડબલ સમવાય (એવા) અગિયાર અંગનું જ્ઞાન અનંતવાર કર્યું, આહાહા..!

અહીં તો ઇ કહે છે, એ ચારિત્રરહિત છે. જેને આત્મજ્ઞાનની વસ્તુની ખબર નથી. આહાહા..! આત્મા નિર્વિકલ્પ ચિદાનંદ જે વિકલ્પથી પણ પ્રાપ્ત થાય એવો નથી, નયાતિક્રાંત છે. આહાહા..! આવા વ્યવહારથી તો (પ્રાપ્ત થાય) નહિ પણ નયનો વિકલ્પ જે છે, કે હું શુદ્ધ છું ને અબદ્ધ છું ને પરિપૂર્ણ છું ને એવા વિકલ્પથી પણ તે પમાય એવો નથી. આહાહા..!

મુમુક્ષુ :– નયપક્ષથી પણ પ્રાપ્ત થતો નથી.

ઉત્તર :– નથી. હા, નયપક્ષથી પણ પ્રાપ્ત થતો નથી.

મુમુક્ષુ :– એવું તો જાણપણું કરવું ને?

ઉત્તર :– ઇ ભલે હો પણ એથી કંઈ (થતું નથી). તેથી શું? આહાહા..! ઇ તો આવ્યું છે અંદર. તેથી શું? આવું આવ્યું હતું, હું અબદ્ધ છું, શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું, આનંદ છું એવો જે વિકલ્પનો પક્ષ આવ્યો એથી શું આવ્યું? એથી તને શું લાભ થયો? આહાહા..! ગજબ વાતું છે. 'લીલાધરભાઈ'! આવું ક્યાંય સાંભળવા મળે એવું નથી, ન્યાં ક્યાંય 'કલકત્તા'-

ફલકત્તામાં. 'કલકત્તા'માં રહો છો ને? આહાહા..! આકરું કામ, ભાઈ! ભગવાનનો માર્ગ વીરાનો છે. આહાહા..!

મુમુક્ષુ :– સમજાય તો આકરું નથી.

ઉત્તર :– સમજાય તો સહેલું છે. ન સમજાય એને આકરું છે ને? સત્ સરળ જ છે. અંદર આખી ચીજ જ પડી છે. અખંડાનંદ નિર્વિકલ્પ પરમાત્મસ્વરૂપ (છે). આહાહા..! એને પોતાના સ્વભાવથી પકડવો. અલિંગગ્રહણમાં આવે છે ને? અલિંગગ્રહણનો છઠ્ઠો બોલ. પોતાના સ્વભાવથી જણાય એવો એ પ્રત્યક્ષ જ્ઞાતા છે. આવી ક્રિયાકાંડથી જણાય એવી એ ચીજ આત્મા છે જ નહિ. આહાહા..! અલિંગગ્રહણમાં ૨૦ બોલ છે, એમાં ૬ બોલ છે. ઇન્દ્રિથી જણાય એવો નથી, ઇન્દ્રિથી જાણનારો નથી, ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી, બીજાઓ દ્વારા અનુમાનથી જણાય એવો નથી, એકલો પોતે અનુમાન કરીને જાણે એવો નથી. આહાહા..! એ અનુમાન કર્યું નથી, એમ આવ્યું. એ તો પોતે પ્રત્યક્ષ પોતાનો સ્વભાવ, નિર્વિકલ્પ વીતરાગી સ્વભાવ... આહાહા..! એ વીતરાગી સ્વભાવ દ્વારા પ્રત્યક્ષ જ્ઞાતા થાય તેવો આત્મા છે. ઝીણી વાત છે, ભાઈ!

આ તો તળીયાની વાતું છે. પાતાળમાં તળીયામાં અંદર શું છે? આહાહા..! એક સમયની પર્યાય જે છે એ ઉપર તરે છે. પર્યાયની અંદર ઊંડે આખું પાતાળ ભર્યું છે. આહાહા..! જેના તળમાં અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત.. અનંત... અનંત... અનંત... ગુણના સાગરનો પુંજ પ્રભુ! આહાહા..! એ પોતાના નિર્વિકલ્પ સ્વભાવથી જણાય એવો છે. આહાહા..! આવી ક્રિયાકાંડથી ત્રણ કાળમાં અનાદિકાળ અનંતવાર કર્યું એનાથી પણ જણાય એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અજ્ઞાની, એ '(–ચારિત્રરહિત) અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ જ છે...' આહાહા..! પંચ મહાવ્રતનું સાવધાનીપણું, તપમાં પરિપૂર્ણ, પાંચ સમિતિ, ગુપ્તિમાં બરાબર, છતાં કહે છે, કે મિથ્યાદૃષ્ટિ છે. આહા..! અરે..! લોકો ક્યાં ચડી ગયા, બિચારાને સત્ય મળ્યું નથી. આહાહા..! જીવન ચાલ્યા જાય છે, મૃત્યુની સમીપ છે. એ પહેલા કહે છે, કે આત્માનું નિર્વિકલ્પ ધ્યાન ને નિર્વિકલ્પથી ન જાણ્યો તો બધું થોથાં છે. આહાહા..! એવો પહેલો શ્રદ્ધામાં નિર્ણય તો કરે, લ્યો! આ તમારું આવ્યું. ઇ હજી પરલક્ષી શ્રદ્ધા, હોં! આહાહા..! ઇ કહે, પહેલું આવે. આહાહા..! આંગણામાં ઊભો (રહી) આવો નિર્ણય તો કરે. ભલે અંદર પહેલો જઈ શકે નહિ, પણ એ પમાય છે નિર્વિકલ્પ દૃષ્ટિથી, વિકલ્પની ક્રિયાકાંડથી લાખ, કરોડ, અબજ કર્યા કરે (તોપણ તેનાથી પમાય એવો નથી).

ઇ તો 'છ ઢાળા'માં કહ્યું હતું ને? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ...' દ્વૈતપણું છોડો. આ દ્રવ્ય ને પર્યાય એવા ભેદનું દ્વૈતપણું છોડ. આહાહા..! 'નિજ આતમ ઉર ધ્યાવો.' આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર છે. આહાહા..! લ્યો! (ડંકા)

વાગ્યા, નવ વાગ્યા નવ. અફર! આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

એ 'અજ્ઞાની અને મિથ્યાદષ્ટિ જ છે...' આવો વ્યવહાર પાળતો છતાં આત્માના સમ્યગ્દર્શન વિના, આત્માના જ્ઞાન વિના એ અજ્ઞાની અને મિથ્યાદષ્ટિ છે. આહાહા..! 'કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ...' અહીંયાં તો સિદ્ધાંત સિદ્ધ કરવો છે. નહિતર જ્ઞાન-શ્રદ્ધાન કારણ અને ચારિત્ર કાર્ય એવું એક ગુણનું કારણ-કાર્ય નથી. શું કહ્યું? સમજ્યા? અહીં તો સિદ્ધ કરવું છે, કે 'નિશ્ચયચારિત્રના કારણરૂપ...' અંતર સ્વરૂપની રમણતારૂપ નિશ્ચયચારિત્ર. અતીન્દ્રિય આનંદમાં રમણતા. 'નિજપદ રમે સો રામ કહીએ' એવો જે ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની સત્તાના સ્થળમાં, અતીન્દ્રિય આનંદની સત્તાના સ્થળમાં રમે. આહાહા..! એવું જે નિશ્ચયચારિત્ર એના 'કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે.' નિશ્ચયચારિત્રનું કારણ મૂળ તો સમ્યગ્દર્શન ને જ્ઞાન હોય. સમ્યગ્દર્શન ને જ્ઞાન વિના નિશ્ચયચારિત્ર આવી શકે નહિ. આહાહા..! અપેક્ષિત વાત છે, હોં! નહિતર કોઈ ગુણનું કારણ કોઈ ગુણ છે એ વળી આવે ત્યારે આખી જુદી વસ્તુ. અહીં તો કઈ અપેક્ષા સિદ્ધ કરવી છે? આહાહા..!

'નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે.' સમ્યગ્દર્શન ને જ્ઞાન જે સાચા છે, એ નિશ્ચયચારિત્રનું કારણ છે અને એને તો એ સમ્યગ્દર્શન-જ્ઞાનની શૂન્યતા છે. ચૈતન્યનો અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન તો છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? થોડી ઝીણી વાત તો આવી છે. કરવાનું તો આ છે, ભાઈ! બાકી બધું થોથાં છે. આહાહા..! દુનિયામાં માન આપે, માન મળે, મોટા માને એથી શું થયું?

'નિશ્ચયચારિત્રના કારણરૂપ...' અહીં આટલામાં વજન છે. સિદ્ધ તો ઇ કરવું છે, કે જેને સમ્યગ્દર્શન ને જ્ઞાન છે ઇ નિશ્ચયચારિત્રનું કારણ છે. એ જ્યાં સમ્યગ્દર્શન ને જ્ઞાન જ નથી ત્યાં નિશ્ચયચારિત્ર ક્યાંથી આવ્યું? એટલું સિદ્ધ કરવું છે. નહિ તો એક ગુણની પર્યાય બીજા ગુણને કરે એમ છે નહિ, ભાઈ! આવ્યું છે ને? શુભભાવમાં શુદ્ધનો અંશ છે. ઇ આવ્યું છે ને? ત્યાં ઇ સિદ્ધ કરવું છે. ભલે કર્યું છે પોતે પંડિતે–'ટોડરમલજી'એ, પણ વાત બરાબર કરી છે, કે શુભભાવમાં પણ શુદ્ધનો અંશ છે. જો શુભમાં શુદ્ધનો અંશ ન હોય અને એકલી અશુદ્ધતા જ હોય તો અશુદ્ધતા વધીને શુદ્ધ થાય એમ બને નહિ. શું કહ્યું ઇ? કે, જ્ઞાન જે છે, જ્ઞાનની ઉઘડેલી સમ્યક્ દશા, એ તો વધીને આગળ વધીને પૂર્ણ થાય પણ હવે અહીં જો ચારિત્રની તદ્દન અશુદ્ધતા જ હોય, તદ્દન અશુદ્ધતા હોય તો એ અશુદ્ધતા વધીને શુદ્ધતા ક્યાંથી થાય? એવું સિદ્ધ કરવા માટે અને જ્ઞાનની શુદ્ધતાથી ચારિત્રની શુદ્ધતા થાય એમ નથી. એમ ત્યાં સિદ્ધ કરવું છે ને? છે ને ત્યાં? વાત બરાબર છે.

એમ કે જ્ઞાનનો ઉઘાડ–ક્ષયોપશમ છે, ઇ ઉઘાડ છે એટલો તો નિર્મળ છે. એ અંશ વધી વધીને આગળ જઈને કેવળ થાય છે. પણ ઇ જ્ઞાનની શુદ્ધતા વધીને થઈ તો ક્રિયાની શુદ્ધતા એને લઈને વધે, એક ગુણની શુદ્ધતા વધતા બીજા ગુણની શુદ્ધતા એને કારણે વધે

એમ હોઈ શકે નહિ, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– 'સર્વ ગુણાંશ તે સમકિત' તો આપ ફરમાવો છો.

ઉત્તર :– ઇ પણ ઇ શું થયું? એ તો અનંત ગુણની પર્યાયની વ્યક્તતા થઈ, એમ કીધું. હેં?

મુમુક્ષુ :– સમ્યક્‌ને લઈને થઈને?

ઉત્તર :– ઇ સમ્યગ્દર્શનની પર્યાય સાથે બધી થઈ છે, એકસાથે થઈ છે. એ ઝીણો વિષય છે. વસ્તુ છે ને આખું દ્રવ્ય? અનંત... અનંત... અનંત... અપાર અનંતની સંખ્યાનો ગુણનો પાર નથી એવી જ્યાં નિર્વિકલ્પ દૃષ્ટિ અંદર થઈ ત્યારે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી, એની સાથે અનંતા ગુણની શક્તિમાં, જેટલી શક્તિ છે એ બધાનો વ્યક્તનો એક અંશ સાથે પ્રગટ્યો છે, સાથે પ્રગટ્યો છે. સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી માટે પ્રગટ્યો છે એમ નહિ પણ સાથે પ્રગટ્યો એમ કીધું. ભાઈ! આટલો ફેર (છે), શબ્દનો ફેર છે. સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી માટે અનંતી પર્યાય પ્રગટી એમ નહિ પણ સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટતા સાથે જ અનંતી (પર્યાય) પોતાની સ્વતંત્રતાથી પ્રગટી છે. આહાહા..! આવું ઝીણું. વાણિયાને નવરાશ ન મળે ને માર્ગ આવા ઝીણા. આહાહા..! અરે..રે..! ભવ ચાલ્યા જાય છે. ક્યાંય થઈને ક્યાંય ચાલ્યો જાશે. કોઈ પત્તો નથી, પ્રભુ! આહાહા..!

અહીં તો પરમાત્માનું કહેલું સંતો જાહેર કરે છે, પ્રભુ! નિશ્ચયચારિત્રનું કારણ એવું નિશ્ચય સમ્યગ્દર્શન અને જ્ઞાન, એનું એ શૂન્ય છે. આત્મજ્ઞાન નથી. આવી ક્રિયા ગમે એટલી કરે પણ આત્મજ્ઞાન નથી. આહાહા..! તેમ આચરણ ગમે તેટલું કરે પણ એને નિશ્ચયચારિત્ર નથી. કેમકે નિશ્ચયચારિત્રનું કારણ જે મુખ્ય સમ્યગ્દર્શન ને જ્ઞાન, એ તો નથી. આહાહા..! 'ચરિત્તં ખલુ ધમ્મો' 'દંસણ મૂલો ધમ્મો' આવે છે ને? સમકિત મૂળ ધર્મ છે. ચારિત્રધર્મનું મૂળ સમકિત છે. 'ચરિત્તં ખલુ ધમ્મો' 'દંસણ મૂલો ધમ્મો'. ધર્મ એટલે ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે, ત્યાં એમ કહ્યું છે. અપેક્ષાથી કહ્યું છે. ભાઈ! એમ કહે છે.

અહીં તો સિદ્ધ એ કરવું છે, કે આવું આચરણ કરતા છતાં તેને સાચું ચારિત્ર નથી. કેમ સાચું નથી? કે, એને સમ્યગ્દર્શન ને જ્ઞાન જે જોઈએ તે પહેલું નથી માટે તે સાચું નથી. આહાહા..! હવે, આવા મોટા તહેવારમાં આવી વાતું! આહાહા..! ભગવાન કેવળ પામ્યા.. આહાહા..! મોક્ષ પામ્યા. 'ગૌતમ' સ્વામી કેવળ પામ્યા. એ દિવસ દિવાળીનો કાલે ગયો. આહા..! ભગવાન મોક્ષ પામ્યા અને 'ગૌતમ'ને કેવળ થયું. આહાહા..!

અહીં કહે છે, કે એ નિશ્ચયચારિત્રનું કારણ (સમ્યક્‌દર્શન અને જ્ઞાન છે). એક બાજુ એમ કહે કે, દરેક ગુણ અસહાય છે. 'પંચાધ્યાયી'માં આવે છે, કે એક ગુણને બીજો ગુણ નિમિત્ત છે, ઉપાદાન નહિ, ઉપાદાન દરેક સ્વતંત્ર છે. દરેક ગુણની શક્તિ સ્વતંત્ર છે. તેમ તેની પ્રગટ પર્યાયમાં પણ દરેક ગુણની પર્યાય સ્વતંત્ર છે. અહીંયાં બીજું સિદ્ધ કરવું છે,

કે આવું આચરણ કરતાં છતાં એને નિશ્ચયચારિત્ર નથી. કેમ? કે તેને દર્શન ને જ્ઞાનની શૂન્યતા છે માટે. આહાહા..! 'ચેતનજી'! આહાહા..! ધીમેથી ધીમેથી, બાપુ! આ તો ઓગાળવાની ચીજ છે. આહા..! આ ઉતાવળે આંબા પાકે એવું નથી, આ તો ધીરજના કામ છે, ભાઈ! અને આ મુંઝવણનું કામ નથી. મુંઝવણને કાઢી નાખે એવી વાત છે આ તો. હવે આ ચાર લીટીમાં આવું થયું.

નિશ્ચયચારિત્રનું કારણ (એવા) જ્ઞાન ને શ્રદ્ધાનથી શૂન્ય છે. એક બાજુ કહેવું કે, જ્ઞાન ને દર્શનની પર્યાય છે માટે ચારિત્રની પર્યાય થાય, એમ નથી. પણ અહીં તો સિદ્ધ એ કરવું છે, કે જેને આવું આચરણ પંચ સમિતિ, ગુપ્તિ(માં) સાવધાન, તપમાં પરિપૂર્ણ, શીલમાં પરિપૂર્ણ એવો હોવા છતાં ચારિત્ર નથી. અને નિશ્ચયચારિત્ર નથી એનું કારણ કે, એને સમ્યગ્દર્શન-જ્ઞાન નથી. સમજાણું કાંઈ? એની મેળાએ સમજાય તો બરાબર સમજાય એવું નથી. ચોપડા આડે નવરાશ ક્યાં છે? ઓલા હીરા આડે ને માણેક આડે. આ તો એનો દાખલો આપ્યો. આહાહા..!

ભાવાર્થ :- 'અભવ્ય જીવ મહાવ્રત-સમિતિ-ગુપ્તિરૂપ વ્યવહાર ચારિત્ર પાળે...' એ પણ કેવું? સાવધાનીભરેલું અને પરિપૂર્ણ. બે શબ્દ વાપર્યા છે. આહાહા..! 'તોપણ નિશ્ચય સમ્યગ્જ્ઞાનશ્રદ્ધાન વિના...' પણ આત્મજ્ઞાન નથી, અંદર આત્માનો અનુભવ, સમ્યગ્દર્શન જોઈએ (તે નથી). આહાહા..! ચિદાનંદ પ્રભુ આત્મા સચ્ચિદાનંદ, એનો અનુભવ જે સમ્યગ્દર્શન જોઈએ, એને સમ્યગ્જ્ઞાન જોઈએ. એ 'નિશ્ચય સમ્યગ્જ્ઞાનશ્રદ્ધાન વિના તે ચારિત્ર 'સમ્યક્ચારિત્ર' નામ પામતું નથી;...' આહાહા..! એ મિથ્યાચારિત્ર છે. આહાહા..! આવું પાળતા છતાં મિથ્યાચારિત્ર, જુઓ! બાયડી-છોકરા છોડે, બ્રહ્મચર્ય શરીરથી પાળે, કપડાનો ટુકડો પણ ન રાખે, તો કહે છે, કે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ઇ ચારિત્ર નથી. કેમકે ચારિત્રનું મૂળ કારણ જે મૂળીયું એ મૂળ જ નથી. સમ્યગ્દર્શન ને જ્ઞાન જે 'દંસણ મૂલો ધમ્મો' (એ જ નથી). સમજાય છે? ધર્મ ચારિત્ર, એનું મૂળ દર્શન (છે). એમ છે ને? ધર્મ ચારિત્ર, એનું મૂળ દર્શન. એ અપેક્ષાએ કહ્યું છે. ચારિત્ર સમ્યગ્દર્શન વિના હોય નહિ, એમ સિદ્ધ કરવું છે. જેને સમ્યગ્દર્શન હોય પછી સ્વરૂપમાં રમણતા એને ચારિત્ર હોય. કારણ કે, જે ચીજ હજી અનુભવમાં આવી નથી, કે આ છે, એમાં રમણતા ક્યાંથી આવે? જે ચીજ દૃષ્ટિમાં આવી નથી કે આની સત્તા આવડી મોટી છે ને આવું છે એનું જ્ઞાન થયા વિના એમાં રમણતા આવે ક્યાંથી? આહાહા..!

મુમુક્ષુ :- ધર્મનું મૂળ તો સમ્યગ્દર્શન કહ્યું, પણ સમ્યગ્દર્શનનું મૂળિયું કયું?

ઉત્તર :- સમ્યગ્દર્શનનું મૂળિયું આત્મા, આત્મઆશ્રય. એ અત્યારે અહીં કામ નથી. સમજાણું કાંઈ? ભૂતાર્થનો આશ્રય તે સમ્યગ્દર્શન. આહાહા..! પૂર્ણ... પૂર્ણ.. પૂર્ણ પ્રભુ પૂર્ણાનંદનો નાથ, એ કારણપરમાત્મા તે સમ્યગ્દર્શનનું કારણ છે. લ્યો! ઠીક! એ કારણપરમાત્મા જે

ત્રિકાળી જ્ઞાયક ચૈતન્યમૂર્તિ એ સમ્યગ્દર્શનનું કારણ છે. એ પણ અપેક્ષાથી (કહ્યું). સમજાય છે? આ તો ભાઈ! અંતરથી અનેક અપેક્ષાઓ ઘણી મગજમાં આવે. ઇ કેટલીક કહેવાય ને કેટલીક રહી જાય. આહાહા..!

'માટે તે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ અને નિશ્ચારિત્ર જ છે.' આવું પાળતા છતાં સમ્યગ્દર્શન જે સમ્યગ્જ્ઞાન, અનુભવ જોઈએ, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન ને નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાનનું વેદન, એ વિના એ ચારિત્ર-ફારિત્ર અચારિત્ર ને મિથ્યાચારિત્ર છે. હવે શિષ્યનો પ્રશ્ન છે એ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

---

**પ્રવચન નં. ૩૩૭ ગાથા–૨૭૪, ૨૭૫ સોમવાર, કારતક સુદ ૧, તા. ૨૨-૧૦-૧૯૭૯**

---

'સમયસાર', ૨૬૮ (કળશ). (આજે) સુપ્રભાત છે ને? સુપ્રભાતના બે અર્થ લખેલા છે. આત્મામાં સમ્યગ્દર્શન થાય એ પણ એક સુપ્રભાત છે. કેમકે જે પ્રકાશનો પુંજ પ્રભુ! એની પર્યાયમાં એ પ્રકાશનું સ્વરૂપ પૂર્ણ પ્રતીતમાં અને જ્ઞાન ને વેદનમાં આવ્યું એથી એને સુપ્રભાત કહેવામાં આવે છે. આમ પૂર્ણ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એને સુપ્રભાત લેવામાં આવે છે. 'કળશ ટીકા'માં સમકિતદૃષ્ટિની વાત લીધી છે. 'કળશ ટીકા'. અહીંયાં કેવળજ્ઞાન લીધું છે.

चित्पिण्डचण्डिमविलासिविकासहासः
शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः ।
आनन्दसुस्थितसदास्खलितैकरूप-
स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा ।।२६८।।

[ चित् पिण्ड तस्य एव ] 'પુરુષ ભૂમિકાનો આશ્રય કરે...' એટલે શું કહે છે? કે, આ ચિદાનંદ ભગવાન પૂર્ણ સ્વરૂપ શુદ્ધ (છે), એનો જે આશ્રય કરે છે 'भूदत्थमस्सिदो' અગિયારમી ગાથા. અખંડ પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ, એનો જે આશ્રય કરે, અવલંબન કરે, તેને ધ્યેય બનાવીને જે અનુભવ કરે એને અહીંયાં એ ભૂમિકાનો આશ્રય એટલે અંતર આનંદનો આશ્રય (કરે તે) એ ભૂમિકાનો આશ્રય. આહાહા..! ઝીણી વાત છે, [ चित्-पिण्ड-चण्डिम-विलासि-विकास-हासः ] જેને 'ચૈતન્યપિંડનો નિરર્ગળ...' 'चण्डिम' એટલે નિરર્ગળ છે, પ્રૌઢ છે, પ્રતાપ છે. 'चण्डिम'ના ઘણાં અર્થ થાય છે. ચૈતન્યપિંડનો પ્રતાપ પ્રૌઢ થયો. આહાહા..! જેનો નિરર્ગળ (વિકાસ છે). જે એવો પ્રગટ થયો કે, જેને કોઈ વિઘ્ન આવે નહિ. 'નિરર્ગળ વિલસતો જે વિકાસ તે-રૂપ જેનું ખીલવું છે...' આહાહા..!

આ વર્ષ બેસતું છે. આહાહા..! આનું નામ સુપ્રભાત કહે છે. આ (સૂર્ય) તો ઊગે

ને આથમી જાય. સવારે ઊગે, બપોરે મધ્યમાં જાય ને સાંજે આથમી જાય. આ તો કહે છે, ઊગ્યો ઇ ઊગ્યો. આહાહા..! ચૈતન્યના પૂરનું નૂર, એકલું તેજ, એનો જેણે આશ્રય લીધો... આહાહા..! એને ચૈતન્ય 'चण्डिम' ચૈતન્યપિંડનો 'चण्डिम' નામ નિરર્ગળ અથવા પ્રૌઢ અથવા જેનો પ્રતાપ વિલસતો વિકાસ છે. જ્ઞાન ને આનંદનો વિલસતો વિકાસ પર્યાયમાં છે. આહાહા..! જેમ કમળ ખીલે એમ આત્મા શક્તિરૂપ છે એમાંથી વ્યક્તતામાં ખીલે છે. આહાહા..!

એવો 'જે વિકાસ તે-રૂપ જેનું ખીલવું છે...' છે ને? ચૈતન્યપિંડ 'चण्डिम' પ્રતાપ 'विलासि' તેનો વિલાસ એનો 'विकास' એનો 'हासः', 'हासः' એટલે નિધાન, 'હાસઃ' એટલે હિણપ નહિ, 'हासः' એટલે ખીલવું છે. નિધાન ખીલે છે. અંદર ચૈતન્યનું નિધાન અંતરનો આશ્રય કરતાં તે ચૈતન્ય ખીલે છે. 'हासः'નો અર્થ અહીંયાં ખીલવું છે. નિધાનનું પ્રગટવું છે. આહાહા..! '(અર્થાત્ ચૈતન્યપુંજનો જે અત્યંત વિકાસ થવો તે જ જેનું ખીલી નીકળવું છે),...'

[ शुद्ध-प्रकाश-भर-निर्भर-सुप्रभातः ] શુદ્ધ પ્રકાશ નિર્મળ 'भर', એની 'અતિશયતાને લીધે...' બે અર્થ છે. શુદ્ધ પ્રકાશનું 'भर', ચૈતન્ય પ્રકાશનો પુંજ, ભગવાન ચૈતન્ય પ્રકાશનું 'भर'. આપણે ભર કહે છે. ગાડું ભરે ને? ભર.. ભર કહે છે. ભરે, આખું ભર ભરે આખું. ભર.. ભર કહે છે. એમ ભગવાન આખા ચૈતન્યનો પુંજનો ભર છે. આહાહા..! આખું ગાડું ભરે એને અહીં કાઠિયાવાડમાં ભર કહે છે. 'भर' અને 'निर्भर' ભરેલો પણ અતિશયથી વિકસીત થયેલો. આહા..! છે? 'અતિશયતાને લીધે જે સુપ્રભાત સમાન છે,...' આનું નામ સુપ્રભાત ને વર્ષ બેસતું છે. આહાહા..! જે પ્રવાહ પ્રગટ થયો ઇ પ્રગટ થયો, એને હવે આથમવાનું ન મળે. આહાહા..! એવો ચૈતન્ય ધ્રુવ ભગવાન, એનું અવલંબન લઈને જે પર્યાય પ્રગટ થઈ, ઇ દ્રવ્યનો નાશ થાય તો પર્યાયનો નાશ થાય. આહા..! એવો જેનો નિધાન પર્યાયમાં વિકસીત થઈ ગયો છે. એનું નામ સુપ્રભાત છે. આ વર્ષ બેસતું એનું નામ છે.

સુકાળ થયો. સુપ્રભાત છે ને? પર્યાયમાં જે દુકાળ હતો, આહાહા..! રાગ અને વિકારની એકતામાં પર્યાયમાં દુકાળ હતો એ સ્વભાવની એકતા થતાં પર્યાયમાં સુકાળ થઈ ગયો. આહા..! ઇ સુકાળ આ, હોં! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એ ચતુષ્ટય છે તેનો અનુભવ થયો અને કાં ચતુષ્ટય છે તેની વ્યક્તતા પ્રગટ થઈ. આહાહા..! સમજાય છે કાંઈ? આ પૈસાના ઢગલા થઈને આવ્યા, આ ઢગલો મોટો થાય એમ કહે છે. 'भर' ભરેલો 'निर्भर' 'हासः'. આહાહા..! અનંત જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો 'भर' 'निर्भर' એનાથી અતિશયથી 'हासः' જેની પર્યાયમાં ખીલવટ થઈ ગઈ છે. આહાહા..! નિધાન ખીલી ગયું છે. લાખ પાંખડીનું કમળ જેમ ખીલે એમ અનંત ગુણની પાંખડીનું કમળ આત્મા, અનંત ગુણની પાંખડીનું કમળ. આહાહા..! એ અનંત ગુણની અંદર ખીલવટ થઈ ગઈ છે. એનું નામ અહીંયાં સુપ્રભાત, વર્ષ બેસતું, સુકાળ, સ્વકાળ, સ્વકાળ છે ને? ઇ સ્વકાળ છે ઇ

સુકાળ છે. નિર્મળ પૂર્ણ આનંદ અને જ્ઞાનનું પ્રગટ થવું એ એનો સ્વકાળ છે, એ એનો સુકાળ છે, એ એની સુપ્રભાત દશા છે. આહાહા..! આચાર્યે પોતે મુક્યું છે, હોં! સુપ્રભાત. છે? આહાહા..! સુપ્રભાત.

[ आनन्द-सुस्थित ] 'આનંદમાં સુસ્થિત એવું જેનું સદા અસ્ખલિત એક રૂપ છે...' અતીન્દ્રિય આનંદની દશા જ્યાં પ્રગટી છે. આહાહા..! અનંત જ્ઞાન પ્રગટ્યું એને ત્યાં આગળ ચિત્પિંડમાં લઈ લીધું. શુદ્ધ પ્રકાશમાં જ્ઞાન લઈ લીધું અને આનંદમાં અતીન્દ્રિય આનંદ લીધો. અતીન્દ્રિય આનંદ [ सुस्थित-सदा-अस्खलित-एक-रूपः ] 'આનંદમાં સુસ્થિત એવું જેનું સદા અસ્ખલિત...' હવે ખલે નહિ, પાછો પડે નહિ એવો અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો. આહાહા..! [ अचल-अर्चिः ] ત્યાં વીર્ય નાખ્યું છે. દર્શન, જ્ઞાન, આનંદ, વીર્ય – ચાર. [ अचल-अर्चिः ] જેનો વીર્યનો પ્રકાશ અંદર [ अचल-अर्चिः ] ફરે નહિ એવો થઈ ગયો છે.

'અચળ જેની જ્યોત છે એવો આ આત્મા ઉદય પામે છે.' આહાહા..! લ્યો! આનું નામ સુપ્રભાત, આનું નામ વર્ષ બેસતું કહેવાય, બાકી બધી વાતું છે. આહાહા..! પ્રથમ અનંત ચતુષ્ટય સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ થવો એ પણ એક સુકાળ અને સ્વકાળ અને પ્રભાત છે અને એમાંથી પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ પ્રગટવું એ તો સુપ્રભાત, અતિશય સુપ્રભાત છે. અને એ ઊગ્યો એ ઊગ્યો હવે આથમે એવો નથી. એટલી વાત આ સુપ્રભાતની કરી.

હવે આપણે ૨૭૪ ગાથા. ૨૭૩ થઈ ગઈ છે ને? ૨૭૪.

અધ્યાત્મ કથનીમાં મુખ્યને તો નિશ્ચય કહ્યો છે તથા ગૌણને વ્યવહાર કહ્યો છે. મુખ્યને નિશ્ચય કહ્યો એમાં સિદ્ધાંત છે. નિશ્ચયને મુખ્ય કહ્યો નથી. કેમ કે અધ્યાત્મમાં નિશ્ચયનયનો વિષય જ મુખ્ય રહે છે તેથી મુખ્યને નિશ્ચય અને નિશ્ચયને મુખ્ય કહેવામાં મોટો આંતરો છે. ગૌણને વ્યવહાર કહેલ છે. અધ્યાત્મમાં વ્યવહાર કદી મુખ્ય થાય નહિ. એક આત્મામાં નિશ્ચય અને વ્યવહાર બન્ને સાથે છે. એમાં આત્મા અખંડ ધ્રુવ એકરૂપ છે. તેની મુખ્યતા તે જ નિશ્ચય છે. કેમ કે દ્રવ્યસ્વભાવના આશ્રયે ધર્મ પ્રગટે છે, ટકે છે અને વધે છે, તે પ્રયોજન દ્રવ્યથી સધાય છે. માટે અધ્યાત્મમાં મુખ્યને નિશ્ચય કહ્યો છે. વ્યવહારથી કે નિમિત્તથી ધર્મની પર્યાય પ્રગટ થતી નથી, ટકતી નથી, અને વધતી પણ નથી. તેથી અધ્યાત્મમાં વ્યવહારની મુખ્યતા કદી થતી નથી. અધ્યાત્મમાં આત્માના આશ્રયે સાધકપણું છે. વ્યવહારથી સાધકપણું નથી. તેથી એમાં કદી વ્યવહારનું મુખ્યપણું થતું નથી, પણ ગૌણપણું જ રહે છે. નિશ્ચયનું ગૌણપણું કદી થતું નથી કેમ કે પ્રયોજન તો અખંડ દ્રવ્યના આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટ કરવી તે છે. તેથી મુખ્ય તે નિશ્ચય છે અને ગૌણ તે વ્યવહાર છે. (પરમાગમસાર - ૭૮૭)

# ગાથા-૨૭૪

तस्यैकादशाङ्गज्ञानमस्ति इति चेत् -

मोक्खं असद्दहंतो अभवियसत्तो दु जो अधीएज्ज।
पाठो ण करेदि गुणं असद्दहंतस्स णाणं तु।।२७४।।

मोक्षमश्रद्दधानोऽभव्यसत्त्वस्तु योऽधीयीत।
पाठो न करोति गुणमश्रद्दधानस्य ज्ञानं तु।।२७४।।

मोक्षं हि न तावदभव्यः श्रद्धत्ते, शुद्धज्ञानमयात्मज्ञानशून्यत्वात्। ततो ज्ञानमपि नासो श्रद्धत्ते। ज्ञानमश्रद्दधानश्चाचाराद्येकादशाङ्गं श्रुतमधीयानोऽपि श्रुताध्ययन-गुणाभावान्न ज्ञानी स्यात्। स किल गुणः श्रुताध्ययनस्य यद्विविक्तवस्तुभूत-ज्ञानमयात्मज्ञानं; तच्च विविक्तवस्तुभूतं ज्ञानमश्रद्दधानस्याभव्यस्य श्रुताध्ययनेन न विधातुं शक्येत। ततस्तस्य तद्गुणाभावः। ततश्च ज्ञानश्रद्धानाभावात् सोऽज्ञानीति प्रतिनियतः।

---

હવે શિષ્ય પૂછે છે કે - તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે; છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો ? તેનો ઉત્તર કહે છે :-

**મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,**
**પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.**

ગાથાર્થ :- [ मोक्षम् अश्रद्दधान: ] મોક્ષને નહિ શ્રદ્ધતો એવો [ यः अभव्यसत्त्वः ] જે અભવ્યજીવ છે તે [ तु अधीयीत ] શાસ્ત્રો તો ભણે છે, [ तु ] પરંતુ [ ज्ञानं अश्रद्दधानस्य ] જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા તેને [ पाठः ] શાસ્ત્રપઠન [ गुणम् न करोति ] ગુણ કરતું નથી.

ટીકા :- પ્રથમ તો મોક્ષને જ અભવ્ય જીવ, (પોતે) શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, નથી શ્રદ્ધતો. તેથી જ્ઞાનને પણ તે નથી શ્રદ્ધતો. અને જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે, આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં, શાસ્ત્ર

ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે જ્ઞાની નથી. જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે; અને તે તો (અર્થાત્ એવું શુદ્ધાત્મજ્ઞાન તો), ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્ર-ભણતર વડે કરી શકાતું નથી (અર્થાત્ શાસ્ત્ર-ભણતર તેને શુદ્ધાત્મજ્ઞાન કરી શકતું નથી); માટે તેને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે; અને તેથી જ્ઞાનશ્રદ્ધાનના અભાવને લીધે તે અજ્ઞાની ઠર્યો - નક્કી થયો.

ભાવાર્થ :– અભવ્ય જીવ અગિયાર અંગ ભણે તોપણ તેને શુદ્ધ આત્માનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી; તેથી તેને શાસ્ત્રના ભણતરે ગુણ ન કર્યો; અને તેથી તે અજ્ઞાની જ છે.

## ગાથા–૨૭૪ ઉપર પ્રવચન

'હવે શિષ્ય પૂછે છે, કે...' પ્રભુ! તમે તો એમ કહ્યું, કે પંચ મહાવ્રત પાળે, સમિતિ-ગુપ્તિ પાળે... આહાહા..! એવું વ્યવહાર ચારિત્ર કેવું? કે શીલ ને તપમાં પરિપૂર્ણ. આહાહા..! છે ને? એ શબ્દ કાલે આવી ગયો છે. જેનું–અજ્ઞાનીનું શીલ અને તપ એવું પરિપૂર્ણ છે. સમ્યગ્દર્શન વિના. આહાહા..! અને સમિતિ અને ગુપ્તિમાં જેનું સાવધાનપણું છે. બે શબ્દ વાપર્યા છે–એકમાં પરિપૂર્ણ અને બીજામાં સાવધાનપણું. સમિતિ-ગુપ્તિ સાવધાનપણે છે. એવી પંચ મહાવ્રતની ક્રિયા, અહિંસા આદિ પંચ મહાવ્રતને પાળે તોપણ પ્રભુ! તમે તેને ચારિત્ર રહિત કહો છો. કેમકે ચારિત્રનું મૂળ જે સમ્યગ્દર્શન ને જ્ઞાન... છેલ્લું છે ને ઇ? 'નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે.' ઇ કાલે ન્યાય આપ્યો હતો. આમાં બેય ન્યાય છે.

એક ગુણ, બીજા ગુણનું ખરેખર નિશ્ચયથી તો કારણ નથી. અહીં એક અપેક્ષા સિદ્ધ કરવી છે, કે જ્યાં આગળ નિશ્ચય જે ચારિત્ર છે એના પહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન થવું જોઈએ. એમ કરીને નિશ્ચયચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન-જ્ઞાન કહેવામાં આવ્યું છે. નહિતર કોઈ ગુણનું કારણ કોઈ ગુણ એ તો હોઈ શકે નહિ. વાત સમજાય છે? દરેક ગુણ અસહાય અને દરેક પર્યાય પણ સ્વતંત્ર અસહાય (છે). બીજી પર્યાયનું તેને સહાયપણું નહિ એક ગુણને બીજા ગુણનું સહાયપણું નહિ. એટલે કારણપણું નહિ. હવે અહીં કારણ કહે છે, એ બીજી અપેક્ષા છે, કે જ્યાં નિશ્ચયચારિત્ર જે સ્વરૂપની રમણતા છે એનું મૂળ કારણ તો સમ્યગ્દર્શન-જ્ઞાન હોય તો ચારિત્ર હોય, એટલું જ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? આહાહા..! એક બાજુ ના પાડે. 'પંચાધ્યાયી' ના પાડે છે, કે એક ગુણ બીજા ગુણને કાંઈ કરી શકે નહિ. અસહાય-નિસહાય દરેક ગુણ સ્વતંત્ર છે. અહીં કહે છે, કે 'નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાનશ્રદ્ધાન...' એ તો એને નિશ્ચયચારિત્ર પહેલા જ્ઞાન-શ્રદ્ધાનું હોવું જોઈએ. એ નથી એટલું સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :– 'પંચાધ્યાયી' પંડિતકા લીખા હુઆ હૈ.

ઉત્તર :– પંડિતનું ભલે લખેલું હોય પણ સત્ય છે કે નહિ? તિર્યંચનું સમકિત પણ સિદ્ધ સમાન સમકિત છે. વાત સાચી, બધા ઇ પ્રશ્ન કરે છે. સિદ્ધ સમાન તિર્યંચનું સમકિતપણું, સિદ્ધનું સમકિત બેના સમકિતમાં ફેર કાંઈ નથી. સ્થિરતામાં ફેર છે, ચારિત્રમાં ફેર છે. વસ્તુના સ્વરૂપના કથનમાં શ્રદ્ધા ને જ્ઞાનમાં કાંઈ ફેર નથી. આહાહા..! સમકિતી વાત કરે અને કેવળી કરે એ શ્રદ્ધાન-જ્ઞાનમાં કાંઈ ફેર નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

એ અહીં કહીને એમ કહે છે, કે નિશ્ચયચારિત્ર જે જોઈએ વસ્તુની રમણતા, એનું કારણ જે સમ્યગ્દર્શન-જ્ઞાન એટલે એના પહેલા હોવું જોઈએ, એમ. એ અપેક્ષાએ કારણ ગણ્યું છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન નથી ત્યાં નિશ્ચયચારિત્ર નથી. એ વાત આવી ગઈ છે. અગિયાર અંગ જાણે. એક આચાર અંગના અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક, એવા ડબલ 'સૂયગડાંગ', ડબલ 'ઠાણાંગ', (એમ) ડબલ કરતાં અગિયાર સુધી લઈ જવું. અઢાર હજાર, છત્રીસ હજાર, બોંતેર હજાર, એક લાખ ચુમ્માલીસ હજાર એમ ડબલ. એ બધું અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે ને એને? છે? 'તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે; છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો?' આહાહા..! એને નિશ્ચારિત્ર કહ્યો એ તો ઠીક. સમ્યગ્દર્શન-જ્ઞાન નથી એ માટે કહ્યું, પણ તેને અજ્ઞાની કેમ (કહો છો)? અગિયાર અંગનું જ્ઞાન હોય અને અજ્ઞાની? અબજો શ્લોકો કંઠસ્થ (હોય), પાણીના પૂરની પેઠે અંદર શાસ્ત્ર ચાલતા હોય. એવું અગિયાર અંગનું જ્ઞાન (હોય) અને તમે એને અજ્ઞાન કહો. તેને કેમ (અજ્ઞાની) કહો છો? એમ તને જો જીજ્ઞાસા હોય તો તેનો ઉત્તર કહીએ છીએ.

**मोक्खं असद्दहंतो अभवियसत्तो दु जो अधीएज्ज।**
**पाठो ण करेदि गुणं असद्दहंतस्स णाणं तु।।२७४।।**

ગાથા બહુ સારી આવી છે.

મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,
પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪

ટીકા :– 'પ્રથમ તો મોક્ષને જ અભવ્ય જીવ, (પોતે) શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...' એટલે? મોક્ષ એટલે તો પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ તે મોક્ષ છે. મોક્ષ કોઈ બીજી ચીજ નથી. તે મોક્ષને જ શ્રદ્ધતો નથી. કેમકે જ્ઞાનને શ્રદ્ધતો નથી. એ તો પુણ્ય ને પાપના દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામને શ્રદ્ધે છે. આહાહા..! એને આત્મા જે વસ્તુ છે તેનું એને જ્ઞાન નથી. મોક્ષનું જ્ઞાન નથી એમ કહે છે. કેમકે મોક્ષ છે તે તો પૂર્ણ જ્ઞાન સ્વરૂપ છે. પૂર્ણ જ્ઞાન સ્વરૂપ છે એની એને શ્રદ્ધા નથી. કેમ? કે જ્ઞાન સ્વરૂપ આત્મા છું એવી એને શ્રદ્ધા નથી. એને તો આ દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા એ છું, એમ માનનારો જ્ઞાનસ્વરૂપી ભગવાન છે તેમ તે માનતો નથી. અગિયાર અંગના ભણતરને

જ્ઞાન નહિ કહીએ. આહાહા..!

ચૈતન્યનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન પણ નહિ. આહાહા..! ચૈતન્યમૂર્તિ જે જ્ઞાન સ્વરૂપી પ્રભુ, એનું જ્ઞાન. એને સ્વજ્ઞેય બનાવી અને નિર્મળ જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદ આવે એવું જે જ્ઞાન, એ જ્ઞાનને એ અભવિ શ્રદ્ધતો નથી. શું કહેવા માંગે છે, સમજાય છે કાંઈ? કે, અગિયાર અંગનું ભલે ભણતર હો પણ ઇ જ્ઞાન સ્વરૂપી આત્મા છે અને મોક્ષ થાય તે એકલું જ્ઞાનસ્વરૂપ જ, પવિત્રસ્વરૂપ જ રહે છે એ વાતની શ્રદ્ધા એને નથી. આહાહા..! 'ચંદુભાઈ'! શું કીધું? સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા તો એકલો જ્ઞાનમૂર્તિ, જ્ઞાયકભાવ એવો જે સ્વભાવ એની પૂર્ણ પ્રાપ્તિ તેનું નામ મુક્તિ. હવે એ જ્ઞાનને જ શ્રદ્ધતો નથી. કેમકે મુક્તિને શ્રદ્ધતો નથી. કેમકે મુક્તિ એટલે પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ અને એને શ્રદ્ધતો નથી. કેમકે તે જ્ઞાનસ્વરૂપ આત્મા છે એને શ્રદ્ધતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

'મોક્ષને જ અભવ્ય જીવ, (પોતે) શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...' એટલે શું કહે છે? કે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એને ભણતર-ફણતરનું ત્યાં કામ નથી. આહાહા..! એ તો જ્ઞાનસ્વરૂપ છે તેનું જ્ઞાન નથી તેથી તેને જ્ઞાન સ્વરૂપની પૂર્ણની પ્રાપ્તિરૂપ મોક્ષ, એની શ્રદ્ધા નથી. એની શ્રદ્ધા નથી તેથી આત્મા જ્ઞાનમય છે એની પણ શ્રદ્ધા નથી. સમજાય છે કાંઈ? આ સુપ્રભાત આવ્યા પછી આ આવ્યું. આહાહા..!

'શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી...' એટલે આત્મા તો શુદ્ધ જ્ઞાનમય છે. જ્ઞાનવાળો એમ પણ નહિ. દયા, દાન ને વિકલ્પવાળો આત્મા છે જ નહિ. એ તો આસ્રવ તત્ત્વ ને પુણ્ય તત્ત્વ, એ ભિન્ન તત્ત્વ છે. આહાહા..! આ તો 'શુદ્ધજ્ઞાનમય...' છે? 'શુદ્ધજ્ઞાનમય...' આહાહા..! એ જ્ઞાન એટલે અંદર વસ્તુનો સ્વભાવ, હોં! જ્ઞાન એટલે આ શાસ્ત્રનું જાણવું ને ભણવું એ જ્ઞાન નહિ. ગળપણમય જેમ સાકર, એમ જ્ઞાનમય આત્મા. આહાહા..! એવો જે જ્ઞાનમય આત્માના જ્ઞાનથી તો શૂન્ય છે, એનું તો જ્ઞાન નથી, ભલે અગિયાર અંગ ભણ્યો હોય. આહાહા..!

કહો, પહેલું આવું હોવું જોઈએ કે નહિ?, 'પ્રવીણભાઈ'! ભાઈએ પ્રશ્ન કર્યો નહોતો? પહેલું હોય એ વિકલ્પ સહિત આવો આત્મા છે, રાગ વિનાનો છે એવું પહેલું હો, પણ એ કાંઈ વાસ્તવિકતા નથી. એ ૧૩ મી ગાથામાં આવ્યું છે. નય, નિક્ષેપ ને પ્રમાણથી આત્માનો નિર્ણય કરે. પણ એ અભૂતાર્થ છે. આવી ગયું છે? નય, નિક્ષેપ ને પ્રમાણ. પરોક્ષ અને પ્રત્યક્ષ પ્રમાણ. નિક્ષેપ ચાર ને નય સાત અથવા બે–નિશ્ચય ને વ્યવહાર, તેનાથી... આહાહા..! નય, નિક્ષેપ, પ્રમાણથી આત્માને જાણે પણ છતાં એ આત્માના જ્ઞાનને માટે તે અભૂતાર્થ છે. એ આત્માનું જ્ઞાન કરવા માટે તેનું લક્ષ છોડવું પડશે. આહાહા..! શું કીધું ઇ?

નય, નિક્ષેપ અને પ્રમાણનું જ્ઞાન. સર્વજ્ઞે કહેલા નય, નિક્ષેપ ને પ્રમાણ, એનું પણ જ્ઞાન એ વાસ્તવિક જ્ઞાન નથી. એ તો એક ભૂમિકામાં વિકલ્પથી નિર્ણયમાં આવ્યો કે, આ

આત્મા આવો છે ને તેવો છે. આહાહા..! એ પણ વિકલ્પ છે, એ વાસ્તવિક નિર્ણય નથી. આહાહા..! વાસ્તવિક નિર્ણય તો એને કહીએ... આહાહા..! કે, જ્ઞાનમય અંદર એકલું વેદનમાં આવે. એકલો શુદ્ધજ્ઞાનમય દ્રવ્ય આત્મા અને શુદ્ધ જ્ઞાનમય ગુણ. શુદ્ધ જ્ઞાનમય એવું પર્યાયમાં આવે. આહાહા..! એને એ શ્રદ્ધતો નથી. એ જ્ઞાતા-દૃષ્ટા છે એમ એ શ્રદ્ધતો નથી. કંઈક એ કરનારો છે રાગનો, દયાનો, વ્રતનો, ભક્તિનો (કરનારો છે, એમ શ્રદ્ધે છે). આહાહા..!

મુમુક્ષુ :– થોડીક ભૂલ રહી જાય.

ઉત્તર :– આ મોટી મણમાં આઠ-પાંચ શેરીની, મણમાં આઠ-પાંચ શેરીની ભૂલ. આઠ-પાંચ શેરી એટલે મણે મણની ભૂલ. આહાહા..! આપણે આવે છે કે નહિ? મણમાં આઠ-પાંચ શેરીની ભૂલ. મણમાં મણની ભૂલ. આહાહા..!

શું પ્રભુની શૈલી! કહે છે, કે જે જ્ઞાનસ્વરૂપી ભગવાન, એનું જેને જ્ઞાન નથી એને આત્મજ્ઞાન પણ નથી અને એને મુક્તિની શ્રદ્ધા પણ નથી. મુક્ત તત્ત્વ એકલું જ્ઞાન સ્વરૂપ રહે, ત્યાં ક્યાંય રાગ-ફાગ રહેતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે, 'શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી,...' આત્માના જ્ઞાનથી. બીજી વાત–નિમિત્તરૂપ જ્ઞાન નહિ, શાસ્ત્રનું જ્ઞાન નહિ, રાગનું જ્ઞાન નહિ, પર્યાયનું જ્ઞાન નહિ, શુદ્ધજ્ઞાનમય આત્માનું જ્ઞાન, એમ કહ્યું ને? પર્યાયનું પણ નહિ, ગુણ-ગુણી ભેદનું પણ નહિ. એથી કહ્યું 'શુદ્ધજ્ઞાનમય આત્મા, શુદ્ધજ્ઞાનમય આત્મા...' એમ કહ્યું ને? ઝીણી વાત છે, ભાઈ! આ તો સિદ્ધાંત છે. સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ?

'શુદ્ધજ્ઞાનમય આત્મા...' વસ્તુ ત્રિકાળી તેનું જ્ઞાન. નિમિત્તનું નહિ, રાગનું નહિ, પર્યાયનું નહિ, શુદ્ધજ્ઞાનમય આત્માનું જ્ઞાન, શુદ્ધજ્ઞાનમય આત્માનું જ્ઞાન. શુદ્ધજ્ઞાનમય આત્માનું જ્ઞાન એ પર્યાય છે. પણ કોનું એ જ્ઞાન? કે શુદ્ધજ્ઞાનમય આત્મા, તેનું જ્ઞાન. ઝીણી વાત છે, ભાઈ! આ તો 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા તો ગજબ છે. આહાહા..! એક એક લીટીમાં ઘણી જ ગંભીરતા ભરી છે. ઓહોહો..! શિષ્યના પ્રશ્નનો ઉત્તર દે છે. શિષ્ય કહે છે, પ્રભુ! અગિયાર અગિયાર અંગ ભણ્યો અને અજ્ઞાની? હજારો માણસને, લાખો માણસને સમજાવે, સભાઓ ભરે અને અગિયાર અંગની વાતું કરે. (છતાં અજ્ઞાની?) સાંભળ-સાંભળ કહે છે. 'રતનચંદજી'! આહાહા..!

ભગવાન શુદ્ધજ્ઞાનમય, એમ કહીને તો શાસ્ત્રનું જ્ઞાન પણ ઊડાવી દીધું, નિમિત્તનું જ્ઞાન ઊડાવ્યું, રાગનું જ્ઞાન ઊડાવ્યું, એક સમયની પર્યાયનું જ્ઞાન પણ ઊડાવ્યું. શુદ્ધજ્ઞાનમય આત્માનું જ્ઞાન.ત્રણે વાત આવી ગઈ કે, શુદ્ધજ્ઞાનમય આત્મા, જ્ઞાનમય એટલે ગુણ થયો, આત્મા શુદ્ધજ્ઞાનમય આત્મા થયો, એનું જ્ઞાન એ પર્યાય થઈ. એ જ્ઞાન. અગિયાર અંગનું જ્ઞાન એ જ્ઞાન નહિ. આહાહા..! ઝીણી વાત છે, પણ વસ્તુ સત્ય તો આ છે. આહાહા..!

તે મોક્ષને જ અભવ્ય જીવ શ્રદ્ધતો નથી. કેમ? કે 'શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી

શૂન્ય હોવાને લીધે, નથી શ્રદ્ધતો.' મોક્ષ(માં) તો એકલું જ્ઞાન સ્વરૂપ જ રહી જાય છે. આનંદમય, એકલો જ્ઞાન સ્વભાવ જ રહે છે. હવે ઇ મોક્ષને શ્રદ્ધતો નથી કેમ? કે શુદ્ધજ્ઞાનમય આત્માને શ્રદ્ધતો નથી માટે તે મોક્ષને શ્રદ્ધતો નથી. આહાહા..!

મુમુક્ષુ :– મોક્ષને શ્રદ્ધતો નથી તેથી આત્માની વાત ન લેતા..

ઉત્તર :– ભેગું નાખ્યું ને? મોક્ષ, મોક્ષ એટલે શું? શુદ્ધ જ્ઞાનમયની પૂર્ણ પર્યાય–દશા.

મુમુક્ષુ :– એકલી આત્માની ...

ઉત્તર :– આવ્યું નહિ, એમ કહે છે. આને ઇ તો આવ્યું નહિ. પૂર્ણ એકલું જ્ઞાન, એમાં કર્તા ને રાગ ને ફલાણું એ તો કાંઈ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ગાથા ઝીણી આવી ગઈ છે, આ વર્ષ બેસતું છે. આહાહા..! આમાં આંકડો ૧૩ નો છે. ૭ ને (બે) ૯ ને ૪ = ૧૩ નો છે. ૧૩, ૧૩ સયોગી કેવળી. ૨૭૪ છે ને? આહા..!

(અહીં) શું કીધું કે? કે, અભવિ(ને) અગિયાર અંગ(નું જ્ઞાન) હોવા છતાં એ મોક્ષને શ્રદ્ધતો નથી. કેમ? કે આત્મા તો શુદ્ધજ્ઞાનમય છે. મોક્ષમાં એકલો જ્ઞાનસ્વરૂપ ને આનંદસ્વરૂપ જ રહે છે. ન્યાં કોઈ દયા, દાનના વિકલ્પનું ફળ ને વિકલ્પ ત્યાં રહેતા નથી. એ કંઈ આત્મા નથી. આહાહા..! 'દરબાર'!

અહીં તો આત્માની વાત છે. 'આત્મ ધર્મ' આત્મ ધર્મ કેમ થાય? 'નરસિંહ મહેતા'એ એમ કહ્યું છે ને, કે 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી. શું કર્યું સેવા અને પૂજા-ભક્તિ કરવા થકી, તીર્થ અને ભક્તિ કરવાથી?' એ બધું સંસાર છે. આહાહા..! આ આત્મા શું ચીજ છે? ઝીણી વાત છે, ભગવાન! એ વાત અહીં ચાલે છે.

અનાદિ કાળથી અજ્ઞાની અભવિ જીવ, જેની મુક્તિ કોઈ દિ' ન થાય, જેમ કોરડુ મગ હોય છે ને? કોરડુ મગ.. કોરડુ મઠ. એ કોઈ દિ' પાણીમાં બફાય નહિ, પાપડ થાય, ભરડે તો ભૂકો થઈને પાપડ થાય પણ બફાય નહિ. એવા એક જીવની જાત છે. કોરડા મગની જેમ એક જીવની (જાત છે). બહુ થોડા (છે). કહે છે, કે એ અભવિ પણ શાસ્ત્રનું જ્ઞાન કરે છે, ક્રિયાકાંડ, મહાવ્રત આદિ કરે છે પણ અંદર આત્મા છે એનું જ્ઞાન કરતો નથી. જે વસ્તુ છે અંદર સચ્ચિદાનંદ પ્રભુ... આહાહા..! એનું એ જ્ઞાન કરતો નથી માટે અગિયાર અંગનું ભણતર પણ તેનું અજ્ઞાન છે. આહાહા..! અને કદાચિત્ અહિંસા, સત્ય, દત્ત આદિ પંચ મહાવ્રત પાળતો હોય તોપણ આત્મજ્ઞાન વિના એ મહાવ્રત-ફહાવ્રત બધા સંસારના કારણ છે. એ ઝીણી વાત છે, ભગવાન! આહા..!

આ તો જન્મ-મરણ રહિતની વાતું છે, પ્રભુ! બાકી ચોરાશીના અવતાર તો અનંતકાળ કર્યા. આહાહા..! ચોરાશી લાખ યોનિમાં એક એક યોનિમાં અનંત અવતાર કર્યા છે. અત્યાર સુધી ક્યાં રહ્યો? મોક્ષ થયો છે? જે ચણો શેકાયને દાળિયો થાય એ ફરીને ઊગે? એમ જો મોક્ષ થયો હોય તો ફરીને જન્મ થાય? તો અનાદિથી ભવભ્રમણ કરી રહ્યો છે. આહાહા..!

જેની આદિ નથી. આ પહેલા... આ પહેલા... આ પહેલા... આ પહેલા... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ..., અનંત... અનંત... અનંત... અનંત... ભવ. નરકના, નિગોદના, કીડાના, કાગડાના, કૂતરાના અનંત ભવ કર્યા, પ્રભુ! આહાહા..! એક આત્મજ્ઞાન વિના. એ આત્મા કોણ છે અંદર સચ્ચિદાનંદ પ્રભુ? આહાહા..! એના જ્ઞાન વિનાના શાસ્ત્ર જ્ઞાન પણ શૂન્ય છે. એના જ્ઞાન વિના મહાવ્રતની ક્રિયાઓ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધું નિરર્થક છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીંયાં એ વાત ચાલે છે, લ્યો!

શુદ્ધજ્ઞાનમય આત્મા. જેમ સાકર ગળપણનો પિંડ છે, સાકર તે ગળપણનો પિંડ છે. એમ ભગવાન અંદર આત્મા જ્ઞાનનો પિંડ છે. ભાષા તો સમજાય એવી છે. આ તો ઝીણી વાત છે, ભગવાન! આહા..! આ તો ૪૫ મી દિવાળી ચાલે છે અહીં. અહીં ૪૫મું વર્ષ બેઠું. 'દરબાર'! આ ૪૫મું વર્ષ આજે અહીં બેસે છે. ૪૫ વર્ષથી અહીંયાં છીએ ને?

મુમુક્ષુ :- તેથી દરબારને કીધું ઓલી ફેરે મોડા પડ્યા' તા તો ઝટ ચાલો કીધું.

ઉત્તર :- તે દિ' કહ્યું હતું, મે કહ્યું હતું, દરબારને કહ્યું હતું મારો ખ્યાલ છે પણ આજ ઠીક થયું. વહેલા આવ્યા.

આ તો બાપા! શું કહીએ? ભાઈ! અંદર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે એ સત્, શાશ્વત, જ્ઞાન અને આનંદનો સાગર છે, એનું જ્યાં સુધી જ્ઞાન નહિ કરે અને શાસ્ત્રના જ્ઞાન કરી કરીને રોકાઈ જશે, બહારની દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા કરીને ત્યાં રોકાઈ જશે એના પરિભ્રમણ નહિ ટળે, પ્રભુ! 'નરસિંહ મહેતા'એ કહ્યું ને? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહન્યો નહિ, ત્યાં લગી સાધના (સર્વ જૂઠી)' હમણાં છાપામાં આવ્યું હતું, છાપામાં આવ્યું હતું, ચીઠ્ઠી આવી હતી. 'નરસીંહ મહેતા'નું આખું ભજન કો'ક લાવ્યું હતું ખરું. નહિ? કો'ક ભજન લાવ્યું હતું. 'શું કર્યું તીર્થ ને સેવા કરવા થકી, શું કર્યું ભક્તિ ને પૂજા...' બહુ શબ્દ છે. અહીં કો'ક ચીઠ્ઠી લાવ્યું હતું ખરું, છાપામાં આવ્યું હતું. હમણાં દસ-પંદર દિ' પહેલા.

મુમુક્ષુ :- છાપામાં છે? હે?

ઉત્તર :- છાપામાં આવ્યું હતું, આવ્યું હતું ને, ખબર છે. અહીં લાવ્યા હતાં કો'ક.

આ દેહ તો માટી છે, ધૂળ છે. અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, કામ-ક્રોધના પરિણામ થાય એ તો વિકાર છે. ભગવાન તો એનાથી ભિન્ન અંદર પડ્યો છે, ચૈતન્યમૂર્તિ છે. એવા આત્માનું જ્ઞાન કર્યા વિના અભવિ નામ જેની મુક્તિની લાયકાત બિલકુલ નથી, એ જીવને પણ આત્મજ્ઞાન વિના એ શાસ્ત્રનું જ્ઞાન પણ કાંઈ કાર્યકારી નથી. આહાહા..! આમાં તો પંડિતાઈ ઊડી જાય છે. આહાહા..!

'આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં,...' કહે છે, કે શાસ્ત્ર છે, અગિયાર અંગ છે. એક એક અંગમાં અઢાર હજાર પદ છે, એક એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક છે. એવું ભણતર કર્યું એણે, અનંતવાર આ જીવે કર્યું. છે?

એ 'ભણતો હોવા છતાં, શાસ્ત્ર ભણવાનો જે ગુણ...' પણ શાસ્ત્ર ભણીને ગુણ શું એનો? ભણી ભણી ને ભણ્યો. અમારે ૭૫ વર્ષ પહેલાં આવતું. 'દલપતરામ' હતાં. ૭૫ વર્ષ પહેલા અમારી પરીક્ષા (લેતા). અત્યારે તો અહીં ૯૧મું (વર્ષ) ચાલે છે. ૭૫ વર્ષ પહેલા 'કવિ દલપત ડાહ્યાભાઈ' 'કદડા, કદડા' એવો શબ્દ આવતો 'કવિ દલપતરામ ડાયાભાઈ' ઇ પરીક્ષા લેવા આવતા. આ ૭૫ વર્ષ પહેલાની વાત છે. ઇ એમ બોલતા 'વાંચે પણ નહિ કરે વિચાર એ સમજે નહિ સઘળો સાર' તે દિ' કહેતા હતા, ૭૫ વર્ષ પહેલાની વાત છે. આ તો અત્યારે શરીરને ૯૧મું ચાલે છે. નેવું ને એક. 'વાંચે પણ નહિ કરે વિચાર'. 'પંડિતજી'!

ઇ 'દલપતરામ' કવિ હતા. એણે બહુ નાની ઉંમરમાં જોયેલા. પાંચમી-છઠ્ઠીમાં પરીક્ષા લેવા આવેલા. પાંચમી-છઠ્ઠી એટલે તે દિ' તો બાર વર્ષની ઉંમરની વાત છે. પછી તો એનો એક દીકરો આપણે અહીં આવ્યો હતો. અહીં આવ્યા હતાં 'નાનાલાલ', 'નાનાલાલભાઈ' આપણે અહીં ગુરુકુળમાં ઉજવ્યું હતું. 'નાનાલાલ' એ 'દલપતરામ'નો દીકરો હતો. એના અહીં ૬૦ વર્ષ ઉજવ્યા હતા. અમારે જ્યાં હોય ત્યાં બધા આવે ને! દરબારો આવે, ગરાસીયા આવે, રાજા આવે, બધા આવે. એનો બીજો એક દીકરો છે, ત્યાં 'વઢવાણ'માં છે. 'દલપતરામ'નો એક દીકરો ઇ વ્યાખ્યાનમાં આવે, આવે, બધા સાંભળવા આવે પણ બાપુ! મારગડા જુદા, ભાઈ! એ જન્મ-મરણને ટાળવાના પંથ, પ્રભુ! (કોઈ જુદા છે).

કહે છે, કે એ શાસ્ત્ર જે ભણ્યો પણ એનો ગુણ 'તેના અભાવને લીધે,...' શાસ્ત્ર ભણવાનો ગુણ તો આત્મજ્ઞાન થવું જોઈએ. એકલું શાસ્ત્ર ભણવું એ કાંઈ વસ્તુ નથી. આહાહા..! ઝીણી વાત છે. એ 'જ્ઞાની નથી.' આહાહા..! 'શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે જ્ઞાની નથી.'

'જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે;...' શું કહે છે? આહાહા..! શાસ્ત્રો ગમે તેટલા ભણ્યો, લાખો-કરોડો મોઢે કર્યા–કંઠસ્થ કર્યા પણ શાસ્ત્ર ભણવાનો (ગુણ ન થયો). ભિન્નવસ્તુ જ્ઞાનમય (છે). અંદર આત્મા દયા, દાન ને કામ, ક્રોધના વિકલ્પથી ભિન્ન છે, નિર્વિકલ્પ ચૈતન્ય પ્રભુ છે ઇ તો. આહાહા..! એ પરમાત્મ સ્વરૂપની શક્તિનું સત્ત્વ છે ઇ. એના જ્ઞાન વિના, 'ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય...' એમ કીધું ને? ભિન્ન નામ શરીરથી તો જુદો, વાણીથી તો જુદો... આ તો માટી, ધૂળ છે, પણ અંદર પુણ્ય-પાપના ભાવ થાય છે એનાથી જુદો છે ઇ. સાકરમાં ઉપર મેલ હોય ઇ મેલથી સાકર જુદી ચીજ છે. આહાહા..! એમ ભગવાન અંદર આત્મા (રાગાદિથી ભિન્ન છે). બેસવું ઝીણું, બાપુ!

અનંતકાળમાં કર્યું નથી. એમ ને એમ જીંદગી ગુમાવી દીધી છે. મનુષ્યના ભવ ચાલ્યા જાય છે અને જે સમય જાય એટલો મૃત્યુની સમીપે જાય છે. કારણ કે મૃત્યુનો સમય નક્કી છે. આ સમયે દેહ છૂટશે એ તો નક્કી છે અને જેટલો કાળ જાય એ બધો મૃત્યુની સમીપે જાય છે આમ. મૃત્યુ નજીક આવે છે. આહાહા..! એમાં આ આત્માનું કહે છે, કે

જ્ઞાન ને ઓળખાણ ન કરી (તો) અવતાર નિષ્ફળ છે. સફળ છે... કાલે બપોરે આવ્યું હતું, (ચાર) ગતિ(માં) રખડવાનું સફળ છે. અને ધર્મીને ગતિનું ફળ અફળ છે.

એ કાલે આવ્યું હતું, યાદ છે? આહાહા..! જેણે આત્માનું જ્ઞાન કર્યું (કે) શુદ્ધ ચિદાનંદ પ્રભુ (છે) અને જેની દૃષ્ટિ આત્માના ઉપર પડી એને હવે ગતિનું ફળ, રખડવાનું ફળ છે નહિ. એને હવે રખડવાનું રહેતું નથી. આહાહા..! અફળ કીધું છે. ધર્મીનું અફળ એટલે કે, ફળવું આ ચારગતિનું ફળ મનુષ્ય ગતિ, આ ઢોર ગતિ, આ નારકી છે, નીચે નરક (છે), માંસ ને દારૂ ખાનારા મરીને નીચે નરકે જાય, આ પશુ છે ઇ તીરછા છે ને આડા? આ માણસ આમ ઊભા છે. ગાય, ભેંસ, ઘોડા આમ આડા આડા (છે). આડા કેમ થયા? એ આડોડાઈ બહુ કરી હતી. આડા છે ને? ગાયું ને ભેંસું, ખીસકોલી, નોળ, કોળ આમ આડા (છે) અને આ માણસ ઊભા છે. 'દરબાર'! આ તો સાદી ભાષા છે, બાપા! આડોડાઈ કરી હતી બહુ તો આત્મા તો આડો થઈ ગયો અંદર પણ શરીર આડું મળી ગયું એને. આહાહા..! એવા અવતાર અનંતા કર્યા. 'જ્યાં લગી આત્મા ચિહન્યો નહિ.' આહાહા..! 'ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' આહાહા..!

મુમુક્ષુ :- મનુષ્ય દેહ એળે ગયો.

ઉત્તર :- મનુષ્ય દેહ એળે ગયા, બાપા! ધૂળમાં એવા અનંતવાર થયા. અબજોપતિ અનંતવાર થયો, રાજા અનંતવાર થયો, નરકનો કીડો અનંતવાર થયો, કીડા, કાગડાના ભવ અનંતા કર્યા છે. અત્યાર સુધી ભવ કરી કરીને મરી ગયો છે, અનંતકાળ થયા કોઈ દિ' ભવ વિનાનો રહ્યો? જે ચણો શેકાય જાય એ પછી ઊગે? એમ જેને મોક્ષ થાય એને પછી ભવ હોય? અત્યાર સુધી એનો મોક્ષ થયો નથી તો ભવમાં રખડે છે. આહાહા..! કાગડાના, કુતરાના ભવ કરી કરીને... બાપા! અનંત અવતાર થયા.

અહીં કહે છે, કે 'શાસ્ત્ર ભણવાનો જે ગુણ...' આહાહા..! શું કીધું? 'શાસ્ત્ર ભણવાનો જે ગુણ... ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્મા...' આહાહા..! શાસ્ત્રને તો એ પોકાર કરવો છે. સિદ્ધાંત શાસ્ત્રને તો એ કહેવું છે, કે પ્રભુ! તું રાગથી અને શરીરથી અંદર ભિન્ન છો. એનું જો જ્ઞાન ન કર્યું તો તારા શાસ્ત્રના ભણતરનો તને કાંઈ ગુણ આવ્યો નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે. માણસ ઘણું આવ્યું છે, આ ફેરી દિવાળી ઉપર માણસ (ઘણું આવ્યું છે), આખું ભરાઈ ગયું છે. આ ફેરી જાજું આવી ગયું. આહાહા..! ગાથા પણ એવી છે 'શાસ્ત્ર ભણવાનો જે ગુણ..' આહાહા..! ભણી, ભણીને ભણ્યો પણ અંદર આત્મા છે શું? એનું જ્ઞાન ન કર્યું તો શાસ્ત્ર ભણવાનો ગુણ એને આવ્યો નહિ. આહા..! તેથી એનું પરિભ્રમણ ટળ્યું નહિ, પ્રભુ! આહાહા..!

'અને તે તો (અર્થાત્ એવું શુદ્ધાત્મજ્ઞાન તો), ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા...' આહાહા..! ભગવાનઆત્મા ચૈતન્યની જ્યોત ચૈતન્યના પ્રકાશનું નૂરનું પૂર અંદર ભર્યું છે.

આહા..! તત્ત્વ છે ને? વસ્તુ છે ને? પદાર્થ છે ને? અનાદિ-અનંત નિત્ય વસ્તુ છે ને? કંઈ નવી થઈ છે? આત્મા (વસ્તુ) નવી થઈ છે? છે. ક્યારની? અનાદિથી. છે એ અનંતકાળ રહેશે. અનાદિ અને અનંત કાળ છે... છે... છે... છે ઇ ક્યાં જાય? આહાહા..! એ 'છે' એવો જે આત્મા એને કહે છે, કે ભિન્નવસ્તુ જે જ્ઞાનમય છે, એને નહિ શ્રદ્ધતા. જ્ઞાનમય મારી ચીજ છે, રાગથી ભિન્ન છું, દયા, દાન, વ્રતના (વિકલ્પ) આવે, વિકલ્પ હોય પણ છતાં એનાથી ભિન્ન છું એવું ભાન કરવું (એ ન કર્યું). આહાહા..! આકરી વાત છે.

ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ જાણતા. જોયું? ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ જાણતા. પહેલામાં આત્માને નહિ જાણતા કીધું. એ જ્ઞાન સ્વરૂપ જ ચૈતન્ય પ્રકાશની (મૂર્તિ છે). જેની સત્તામાં, જેની હૈયાતીમાં આ જણાય છે કોને? શેમાં જણાય છે આ? આ જે છે ઇ જણાય છે કોનામાં? ચૈતન્યમાં. જડમાં જણાય? ચૈતન્યની સત્તા અંદર છે, જ્ઞાન સત્તા, એમાં આ બધું જણાય છે. ઇ જણાય છે ખરેખર તો એની પોતાની દશા જણાય છે. કારણ કે, પરને તો એ અડતો પણ નથી. આહાહા..! એવી જે જાણનારની દશા, એ દશાવાળો જે ત્રિકાળ જ્ઞાનમય છે એને નહિ શ્રદ્ધતો. આહાહા..! આકરું કામ છે, પ્રભુ! શું થાય? આ તો જંગલમાં આવી પડ્યા છીએ. આ ૪૫ દિવાળી થશે. ૪૫ વર્ષે આવ્યા છીએ. ૪૫ ને ૪૫ નેવું થયા. જન્મને હોં! ગર્ભને ૯૧ ચાલે છે. આહા..!

અહીં કહે છે, તારી ભિન્નવસ્તુ. નાથ! અંદર જુદો છો ને, નાથ! આહાહા..! સ્ફટિક રત્ન જેમ નિર્મળ જેમ ભિન્ન છે. જેમ સ્ફટિક રત્ન નિર્મળ છે એમ ભગવાન અંદર આનંદનો નાથ જ્ઞાન સ્વરૂપી પુણ્ય ને પાપના મલિન ભાવથી ભિન્ન તત્ત્વ છે, પ્રભુ! આહાહા..! એવી ભિન્ન વસ્તુનું જો જ્ઞાન ન કર્યું તો એની શ્રદ્ધા પણ નથી. એ 'જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્ર-ભણતર વડે કરી શકાતું નથી...' આહાહા..! એવું છે.

મુમુક્ષુ :– ત્યારે ભણતર તો નકામું ગયું ને?

ઉત્તર :– અંદર ઓલું મૂળ તત્ત્વ જાણવું (જોઈએ તે) ન જાણ્યું (તો) તારું ભણતર શું કામનું? 'દરબાર'!

મુમુક્ષુ :– શાસ્ત્ર ન ભણવાને? એમ થયું ને?

ઉત્તર :– ઇ વાત ક્યાં છે? એ ત્યાં અભ્યાસ કરે છે. ભાઈ! ઓળખે છે ને? 'દરબાર'! ઓળખો છો ને આને? નથી સાંભળતા? 'દરબાર' નહિ ઓલા 'સરવાળાવાળા', 'સરવાળાવાળા'. આવે છે, અહીં ઘણીવાર રહે છે.

અહીં કહે છે, શાસ્ત્ર ભણવાનો ગુણ જે ભિન્નવસ્તુ છે... આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન ને આનંદનો સાગર. અપરિમિત અનંત જ્ઞાન ને આનંદથી ભરેલો પ્રભુ છે, એ સચ્ચિદાનંદ છે. એને રાગથી ભિન્ન જાણવું એ શાસ્ત્ર ભણવાનો ગુણ હતો, એ ગુણ તો કર્યો નહિ. તેં ભણીને શું કર્યું? કહે છે. આહાહા..! આકરી વાતું, બાપા!

'(અર્થાત્ શાસ્ત્ર-ભણતર તેને શુદ્ધાત્મજ્ઞાન કરી શકતું નથી); માટે તેને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે;...' આહાહા..! 'અને તેથી જ્ઞાનશ્રદ્ધાનના અભાવને લીધે તે અજ્ઞાની ઠર્યો-નક્કી થયો.' આહાહા..! એ ભલે દયા પાળતો હોય, વ્રત પાળતો હોય, ભક્તિ કરતો હોય, પૂજા કરતો હોય અને શાસ્ત્ર ભણતો હોય પણ એ આત્માનું જ્ઞાન અંદર ભિન્ન વસ્તુ છે (એ) જો ન કરે તો ઇ ભણવાનું ફળ કાંઈ આવ્યું નથી. આહાહા..! માણસ ખૂબ આવ્યું છે. ભરાઈ ગયું છે આખું. એક તો માણસ કહેતા હતા કે, જ્યાં હોય ત્યાં ફડાકા (ફૂટે છે). આ શું કહેવાય ફડાકા? ફટાકડા ધમાધમ (ફૂટે છે). એટલે (બધું) મુકીને અહીં નિવૃત્તિ લેવી છે. ગામમાં ધડા ધડ થાય, 'મુંબઈ'માં તો ફટાક્યા ફુટે ઓલા. નહિ? આહાહા..!

અહીં કહે છે 'અજ્ઞાની ઠર્યો,...' આત્માનું જ્ઞાન જ્યાં નથી, એ બીજાના ભણતરના ગમે તેટલા જ્ઞાન કર્યા અને ગમે તેટલા વ્રત ને તપ ને ભક્તિઓ કરી પણ જેને આત્મજ્ઞાન નથી એ બધાને સંસારનું પરિભ્રમણ મટતું નથી. અહીં ઝીણી વાત છે, ભગવાન! અનંતકાળ થયા, ભાઈ! અનંત ભવ થયા. આહાહા..! 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને...' પણ ગુરુ સંત શું કહે છે એ વાત એણે માની નહિ. 'સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યાં નહિ અભિમાન.' અભિમાન ન મૂક્યાં એણે. અમને જાણપણું છે, અમે જાણીએ છીએ પણ રહી ગઈ વાત આખી. એ અહીં કહ્યું.

'જ્ઞાનશ્રદ્ધાનના અભાવને લીધે તે અજ્ઞાની...' છે. ભલે તે અગિયાર અંગ ભણ્યો હોય, ભલે તે મહાવ્રત પાળતો હોય, એ શરીરથી જાવ્વજીવ બ્રહ્મચર્ય પાળતો હોય તોપણ અજ્ઞાની છે. આહાહા..! જરીક ઝીણી વાત છે. ઇ શરીરથી વિષય સેવે છે તો ઇ શરીરની ક્રિયા મારી કરું છું તે પણ ભ્રમણા છે. તેમ શરીરથી વિષય ન સેવાણો તો મેં ન સેવ્યો, શરીરની ક્રિયા ન થઈ તો મેં ન કરી, એ પણ ભ્રમણા છે. થોડી ઝીણી વાત છે. સમજાણું કાંઈ?

આહા..! અહીં તો માર્ગ આવો છે, પ્રભુ! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગ સર્વજ્ઞદેવનો આ હુકમ છે, કે જ્યાં સુધી તારું આત્મજ્ઞાન ન કર ત્યાં સુધી મરી જઈશ, બાપા! ચોરાશીના અવતાર કરી કરીને અનંત અવતાર થયા, તેં તારી દયા કરી નહિ. પરની દયા કરવા નીકળી ગયો પણ તારી દયા ન કરી. મારું શું થશે? અહીં દેહ છૂટશે તો હું જઈશ ક્યાં? આત્મા કાંઈ નાશ થાય એવો છે? દેહ છૂટે તો આત્મા તો જાય. ભાષા એમ કહે છે ને? એ આત્મા ગયો. એમ કીધું કે, આત્મા નાશ થયો એમ કહે છે? મરતા એમ કહે ને કે એ આત્મા ગયો, જીવ ગયો. ગયો એમ કીધું ને? કે મરી ગયો એમ કીધું? ક્યાંક ગયો. આહાહા..! અરે..! અજ્ઞાનમાં રહ્યો છે, ગયો અજ્ઞાનમાં પાછો ચાર ગતિમાં. આહાહા..! એથી અહીં આચાર્ય મહારાજનો પોકાર છે, કે

ભાવાર્થ :– 'અભવ્ય જીવ અગિયાર અંગ ભણે તોપણ તેને શુદ્ધ આત્માનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી; તેથી તેને શાસ્ત્રના ભણતરે ગુણ ન કર્યો; અને તેથી તે અજ્ઞાની જ છે.' આહાહા..!

# ગાથા–૨૭૫

तस्य धर्मश्रद्धानमस्तीति चेत् -

सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो च फासेदि।
धम्मं भोगणिमित्तं ण दु सो कम्मक्खयणिमित्तं।।२७५।।

श्रद्दधाति च प्रत्येति च रोचयति च तथा पुनश्च स्पृशति।
धर्मं भोगनिमित्तं न तु स कर्मक्षयनिमित्तम्।।२७५।।

अभव्यो हि नित्यकर्मफलचेतनारूपं वस्तु श्रद्धत्ते, नित्यज्ञानचेतनामात्रं न तु श्रद्धत्ते, नित्यमेव भेदविज्ञानानर्हत्वात्। ततः स कर्ममोक्षनिमित्तं ज्ञानमात्रं भूतार्थं धर्मं न श्रद्धत्ते, भोगनिमित्तं शुभकर्ममात्रमभूतार्थमेव श्रद्धत्ते। तत एवासौ अभूतार्थधर्मश्रद्धानप्रत्ययनरोचनस्पर्शनैरुपरितनग्रैवेयकभोगमात्रमास्कन्देत्, न पुनः कदाचनापि विमुच्येत। ततोऽस्य भूतार्थधर्मश्रद्धानाभावात् श्रद्धानमपि नास्ति। एवं सति तु निश्चयनयस्य व्यवहारनयप्रतिषेधो युज्यत एव।

---

ફરી શિષ્ય પૂછે છે કે - અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; છતાં 'તેને શ્રદ્ધાન નથી' એમ કેમ કહ્યું ? તેનો ઉત્તર હવે કહે છે :-

તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,
તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને. ૨૭૫.

ગાથાર્થ :– [ सः ] તે (અભવ્ય જીવ) [ भोगनिमित्तं धर्मं ] ભોગના નિમિત્તરૂપ ધર્મને જ [ श्रद्दधाति च ] શ્રદ્ધે છે, [ प्रत्येति च ] તેની જ પ્રતીત કરે છે, [ रोचयति च ] તેની જ રુચિ કરે છે [ तथा पुनः स्पृशति च ] અને તેને જ સ્પર્શે છે, [ न तु कर्मक्षयनिमित्तम् ] પરંતુ કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નહિ. (કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નથી શ્રદ્ધતો, નથી તેની પ્રતીત કરતો, નથી તેની રુચિ કરતો અને નથી તેને સ્પર્શતો.)

ટીકા :– અભવ્ય જીવ નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે પરંતુ નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો કારણ કે તે (અભવ્ય) સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે. માટે તે (અભવ્ય જીવ) કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને નથી

શ્રદ્ધતો, ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે; તેથી જ તે અભૂતાર્થ ધર્મનાં શ્રદ્ધાન, પ્રતીત, રુચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી. તેથી તેને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે (સાચું) શ્રદ્ધાન પણ નથી.

આમ હોવાથી નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.

ભાવાર્થ :- અભવ્ય જીવને ભેદજ્ઞાન થવાની યોગ્યતા નહિ હોવાથી તે કર્મફળચેતનાને જાણે છે પરંતુ જ્ઞાનચેતનાને જાણતો નથી; તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી. તે શુભ કર્મને જ ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે તેથી તેના ફળ તરીકે ગ્રૈવેયક સુધીના ભોગને પામે છે પરંતુ કર્મનો ક્ષય થતો નથી. આ રીતે સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન નહિ હોવાથી તેને શ્રદ્ધાન જ કહી શકાતું નથી.

આ પ્રમાણે વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી નિશ્ચયનય વડે કરવામાં આવતો વ્યવહારનો નિષેધ યોગ્ય જ છે.

અહીં એટલું વિશેષ જાણવું કે - આ હેતુવાદરૂપ અનુભવપ્રધાન ગ્રંથ છે તેથી તેમાં ભવ્ય-અભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય છે. હવે જો આને અહેતુવાદ આગમ સાથે મેળવીએ તો - અભવ્યને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ, કેવળીગમ્ય આશય રહી જાય છે કે જે છદ્મસ્થને અનુભવગોચર નથી પણ હોતો, માત્ર સર્વજ્ઞદેવ જાણે છે; એ રીતે કેવળ વ્યવહારનો પક્ષ રહેવાથી તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે. અભવ્યને આ વ્યવહારનયના પક્ષનો આશય સર્વથા કદી પણ મટતો જ નથી.

---

## ગાથા-૨૭૫ ઉપર પ્રવચન

---

હવે શિષ્યનો બીજો પ્રશ્ન છે. પ્રભુ! ‘અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે;...’ ભક્તિ કરે, પૂજા કરે, દયા પાળે, વ્રત કરે, અપવાસ કરે. એને ધર્મની શ્રદ્ધા નથી? શિષ્ય પૂછે છે. ‘અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; છતાં ‘તેને શ્રદ્ધાન નથી’ એમ કેમ કહ્યું?’ ૨૭૫.

सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो च फासेदि।
धम्मं भोगणिमित्तं ण दु सो कम्मक्खयणिमित्तं।।२७५।।

તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,
તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને. ૨૭૫

ટીકા :- ‘અભવ્ય જીવ નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે,...’ શું કહે છે? જરીક ઝીણી વાત છે, પ્રભુ! અજ્ઞાની કર્મનું ફળ જે રાગ આવે એને માને છે. પણ રાગના ફળ

વિનાની મારી ચીજ છે એને એ માનતો નથી. આહા..હા..! જ્ઞાનચેતના પ્રભુ છે. એ તો જાણનાર, દેખનાર, જ્ઞાતા (છે). જગત જ્ઞેય છે, પોતે જ્ઞાતા છે. જગત દૃષ્ટ છે પોતે દૃષ્ટા છે. એમ ન માનતા હું પરનો કર્તા છું ને પરથી મને કાંઈ લાભ થાય, એવો જે 'અભવ્ય જીવ નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે,...' એ તો દયા, દાન ને વ્રત, પૂજા કરી અને કાંઈક મને ફળ મળશે, સ્વર્ગ મળશે, પૈસા ધૂળ-બુળ કહેવાય એ મળશે (એમ શ્રદ્ધે છે). આહા..! 'રામજીભાઈ'! પટેલ છે, 'રાજકોટ'ના પટેલ છે, કરોડપતિ છે, કરોડપતિ છે. 'દરબાર'! ઓળખો છો તમે? 'રામજીભાઈ' કણબી છે, 'રાજકોટ'ના, એ કરોડપતિ છે. જુઓ! બેઠા, આ બેઠા. અહીં રહે છે. કરોડપતિ છે. મોટી જમીન, ઘણી જમીન ઘરે. અહીં આવે એટલે કહે. અહીં રહે છે, ઘણીવાર અહીં રહે છે. આવે છે, પ્રેમ છે, અહીં રહી જાય છે, ઘણીવાર રહી જાય છે.

અહીં તો ઇ કહે છે, કે અજ્ઞાની અનાદિથી પુણ્યના પરિણામ કરીને એના ફળને ઇચ્છે છે. દયા, દાન, વ્રત, ભક્તિ કરું તો એમાંથી કાંઈક મળશે, એમ એના ફળને ઇચ્છે છે. પણ આત્મા એનાથી ભિન્ન છે એને એ જાણતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

---

પ્રવચન નં. ૩૩૮ ગાથા–૨૭૫ મંગળવાર, કારતક સુદ ૨, તા. ૨૩-૧૦-૧૯૭૯

---

'સમયસાર' ૨૭૪ છે ને? ૨૭૫? ૨૭૪ થઈ ગઈ, ૨૭૫. શિષ્યનો પ્રશ્ન છે, કે અભવિ જીવને ધર્મની શ્રદ્ધા તો હોય છે તો પછી તેને સમકિત ન થાય એમ કેમ તમે કહો છો? શ્રદ્ધા તો હોય છતાં તેને શ્રદ્ધા નથી, એમ કેમ કહ્યું? એનો ઉત્તર (આપે છે).

એક તો વાત એ છે, કે 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'માં જ્યાં અનુજીવી ગુણની વ્યાખ્યા લીધી છે ત્યાં ભવ્ય ને અભવ્ય લીધા છે. શું કહ્યું સમજાણું? 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા' 'ગોપાળદાસ' એણે અનુજીવી ગુણની વ્યાખ્યા કરતા જ્ઞાન, દર્શન, આનંદ, ભવિ, અભવિ એમ ગુણની વ્યાખ્યા કરી છે, પણ ખરેખર ગુણ નથી. એની પર્યાયની યોગ્યતા છે. પર્યાયની યોગ્યતા. જો ગુણ હોય તો કાયમ રહે. ભવ્યત્વ ગુણ જો અનુજીવી કહો તો કાયમ રહે અને સિદ્ધમાં તો ભવ્યત્વ છે નહિ. ન્યાય સમજાય છે? પાઠ તો એ છે એમાં. એ પ્રશ્ન થઈ ગયેલો. એમ કે આમાં ભવ્યને અનુજીવી ગુણ કહ્યો છે ને? અને સિદ્ધમાં તો ભવ્યપણું છે નહિ. એનો અર્થ ઇ કે, પર્યાયમાં ભવ્યને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પામવાની યોગ્યતા છે, અભવ્યની પામવાની યોગ્યતા નથી, આટલી વાત. સમજાય છે? એ પર્યાયની અપેક્ષાએ વાત લેવાય, ગુણની અપેક્ષાએ ન લેવાય. ગુણ તો ત્રિકાળી રહ્યો.

ભવ્ય જીવ જો એને ગુણ તરીકે કહીએ તો ત્રિકાળી રહેવો જોઈએ. ભવ્યત્વ નામ એની યોગ્યતા છે એ પ્રાપ્ત થઈ ગઈ પછી ભવ્યત્વ રહેતું નથી એટલે એની પર્યાયમાં એની યોગ્યતા (છે એનો) અહીં પ્રશ્ન છે. અભવિને ધર્મની શ્રદ્ધા છે છતાં એને શ્રદ્ધા નથી એમ કેમ કહો છો? તો સાંભળ, કેની શ્રદ્ધા છે એને? આ પર્યાયની વાત ચાલે છે. 'પંડિતજી'! પર્યાયની, ગુણની નહિ.

'અભવ્ય જીવ નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે,...' જોયું? એ રાગ અને દ્વેષ, એના ફળને તે માને છે. આહાહા..! અહીં કર્મચેતના ન લેતા કર્મફળચેતના લીધી છે (એટલે કે) એ રાગ ને દ્વેષ ને હરખ-શોકને અનુભવે છે, આનંદને નહિ, એમ કહેવું છે. આહાહા..! 'નિત્યકર્મફળચેતના...' કર્મફળચેતના એટલે જડ કર્મ એ નહિ. રાગ અને દ્વેષ, એનું ફળ જે સુખ-દુઃખ-વિપાક, એને એ શ્રદ્ધે છે. કર્મની વાત અત્યારે નથી. એને જે રાગ અને દ્વેષ થાય છે દયા, દાન, વ્રત આદિના પરિણામનું ફળ જે સુખ, હરખ એને એ વેદે છે, એને એ શ્રદ્ધે છે. સમજાય છે કાંઈ? એને ભગવાન આનંદ સ્વરૂપ છે એની પર્યાયમાં આનંદનું વેદન એને હોતું નથી, એથી એને દુઃખનું વેદન કર્મફળચેતના એટલે દુઃખનું વેદન (છે). આહાહા..! સમજાય છે કાંઈ?

'અભવ્ય જીવ (પર્યાયમાં) નિત્યકર્મફળચેતના...' આમ ભાષા (-શબ્દ) તો 'નિત્ય' છે એટલે એનો અર્થ કે કાયમ તેની પર્યાયમાં હરખ-શોકનું વેદનાનું એને શ્રદ્ધાન છે. હરખ ને શોક. દયા, દાન, વ્રતના પરિણામ થાય એમાંથી તેને રાજીપો થાય, હરખ થાય છે એ હરખનું વેદન છે. આહાહા..! દયા-દાનના પરિણામ છે એ કર્મચેતના છે અને તેનું વેદન થવું તે કર્મફળચેતના છે. કર્મફળ શબ્દે જડ કર્મની અહીં વાત નથી. આહાહા..! ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ! એની શ્રદ્ધાની એને ખબર નથી. અભવિ હોય કે અભવિ જેવા જીવ જે અનાદિ છે... આહાહા..! એને અંદર કર્મફળચેતનાની શ્રદ્ધા છે. કારણ કે, વસ્તુ છે આનંદમૂર્તિ પ્રભુ, એની તો એને પ્રતીત નથી, ભાન નથી, વેદન તો છે જ નહિ. આહાહા..! અને નિત્ય એટલે કાયમ. કાયમ નામ પર્યાયમાં, હોં! 'કર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે,...' એ તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્ય આદિ, તેમાં શાંતિ દેખાય છે, કષાયની મંદતા (થાય છે) એને એ વેદે અને શ્રદ્ધે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અભવ્ય તો દૃષ્ટાંત દીધો છે, કે અભવિને પણ આવી સ્થિતિ છે તો ભવિ જીવ પણ અનાદિકાળથી અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો, દિગંબર જૈન સાધુ થયો. શ્વેતાંબરને એ તો કોઈ જૈનધર્મ જ નથી. ઝીણી વાત પડશે, પ્રભુ! દુઃખ લાગશે. શ્વેતાંબર અને સ્થાનકવાસી એ તો જૈન જ નથી, એ તો અજૈન છે. જૈનમાંથી ભ્રષ્ટ થઈને અજૈન પંથ નીકળ્યો છે. ઝીણી વાત છે, પ્રભુ! શું થાય? આહાહા..! એટલે કે એ જીવ પણ રાગની દયા, દાન, વ્રત આદિના પરિણામને કર્મચેતના કરી અને તેના ફળને વેદે છે. આહાહા..! એમાં એને ધર્મ

મનાય છે. અનાદિથી જીવ અભવિ હોય કે ભવિ, પણ જેને આત્મા આનંદસ્વરૂપ પ્રભુ છે, સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ સદા પદ મેરો, એની એને ખબર નથી એટલે પર્યાયમાં જે રાગ અને હરખ-શોક થાય તેને તે કાયમ એટલે પર્યાયમાં કાયમ વેદે છે. નિત્ય છે એટલે (કાયમ વેદે છે). આહાહા..!

'પરંતુ નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો,...' આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાન ચૈતન્યપ્રભુ છે એની જે જ્ઞાનચેતના જ્ઞાનમાં અનુભવવું, જ્ઞાનનું અનુભવવું; ઓલું જે હરખ-શોકનું અનુભવવું હતું એને ઠેકાણે કહે છે, જ્ઞાનનું અનુભવવું તેને છે નહિ. વસ્તુ તો ત્રિકાળ જ્ઞાન છે પણ તેની નિત્યજ્ઞાનચેતના એટલે કાયમ જ્ઞાનનું વેદન જે જોઈએ તે વસ્તુને નથી શ્રદ્ધતો. 'નિત્ય' શબ્દે ઇ (અર્થ છે). નિત્ય એટલે કાયમ વસ્તુની વાત નથી. અહીં પર્યાયની વાત છે. ધીમેથી સમજવું, બાપુ! આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વર દેવ, એના કથન અલૌકિક છે. આહાહા..!

અભવિ જીવનો તો દૃષ્ટાંત છે પણ અભવિની જેમ અનાદિથી અજ્ઞાની એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનું ફળ જે સુખ એટલે કે એનું માનેલું સુખ, એ સુખ એટલે દુઃખને તે વેદે છે. આહાહા..! 'નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુ...' જ્ઞાન સ્વરૂપી ભગવાન ચૈતન્યમૂર્તિ, તેનું પર્યાયમાં જ્ઞાનનું ચેતવું, અનુભવવું, વેદવું એ કાયમ જે એને હોવું જોઈએ તેને એ શ્રદ્ધતો નથી, તેને એ માનતો નથી. આહાહા..! બહુ ઝીણી વાત, ભાઈ! આહા..!

વ્રત કરે, અપવાસ કરે, તપસ્યાઓ કરે, મહિના મહિનાના, છ છ મહિનાના અપવાસ કરે અને ચોવીઆરા આઠ આઠ દિ' કાઢી નાંખે, મહિનો મહિનો કાઢી નાખે, પાણી વિનાના અપવાસ (કરે) પણ એ બધી લાંઘણું છે. એ બધી કર્મફળચેતના છે. આહાહા..! ત્યાં ભગવાનઆત્મા આનંદ સ્વરૂપ છે તેનું વેદન જે જ્ઞાન અને આનંદનું (વેદન) કાયમ રહેવું જોઈએ તેને તે માનતો નથી. પર્યાયમાં આવ્યું નથી એટલે માનતો નથી. સમજાય છે કાંઈ? આ તો સિદ્ધાંત છે, એમાં પણ 'કુંદકુંદાચાર્ય'ના સિદ્ધાંત. આહાહા..! ઇ ચોપડી વાંચી છે પહેલી ક્યાંય?

મુમુક્ષુ :– હમણાં જ વાંચી છે.

વાંચવા માટે આપી છે. 'કૈલાસચંદજી'એ તો એના માટે એમ કહ્યું, કે એમણે સમન્વય સ્યાદ્વાદ કર્યો છે. આ પુસ્તકમાં. આહાહા..! એણે તો એમ કીધું, રાગની ક્રિયાથી, સરાગ સમકિતથી નિશ્ચય સમકિત થાય, એમ લખ્યું. અહીં કહે છે, કે ઇ સરાગપણું જે છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, આ આનુપૂર્વી ગણવી એ બધો વિકલ્પ છે, રાગ છે. એ રાગ તે કર્મચેતના છે, કર્મ નામ કાર્ય, કર્મ એટલે જડ એમ નહિ. એ વિકારના કાર્યની ચેતના છે, વિકારરૂપી કાર્યની ચેતના છે. આહાહા..!

જો કે આ જ્ઞાનચેતના જે કીધી છે એ પણ એક શુદ્ધોપયોગરૂપી કર્મચેતના છે. શું

કહ્યું ઇ? કે, આ તો નિત્યજ્ઞાનચેતના વસ્તુને નથી (શ્રદ્ધતો) એટલે શું? કે, જે જ્ઞાયક સ્વરૂપ ભગવાનઆત્મા, તેનો જે ઉપયોગ શુદ્ધ થવો અને શુદ્ધોપયોગરૂપી જે કાર્ય (પ્રગટે) એને કર્મચેતના કહીને તેને તે અનુભવતો નથી (એમ કહ્યું). શુદ્ધોપયોગ 'પ્રવચનસાર'માં આવે છે. આવે છે ને? છે ને, ખબર છે. ઘણીવાર (આવી ગયું), આ તો ઘણા વખતથી ચાલે છે, આ તો ૪૫ વર્ષથી ચાલે છે, આ જંગલમાં. આહાહા..! ઝીણી વાત પડે, બાપુ! અજાણ્યા માણસને તો એવું લાગે કે, આ તે કેવો માર્ગ આ તે? ભાઈ! એ માર્ગ બહુ સૂક્ષ્મ છે. આહાહા..!

અહીંયાં કહે છે, કે અભવિ અથવા અજ્ઞાની જે અનાદિ કાળના જીવો, એ નિત્યજ્ઞાનચેતના જે વસ્તુ, એનો જે શુદ્ધોપયોગ એવી જે કર્મચેતના, તેનું ફળ જે આનંદ, તેને તે જાણતો નથી, શ્રદ્ધતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- એક શબ્દમાં જ્ઞાની અને અજ્ઞાનીની બંનેની વાત લઈ લીધી.

ઉત્તર :- બેય વાત છે. આ નિત્યજ્ઞાનચેતના તો વસ્તુ કીધી. જે આનંદસ્વરૂપ ભગવાનઆત્મા જ્ઞાનનો પિંડ પ્રભુ છે... આહાહા..! કાલે આવ્યું નહોતું? ભર અને ભર, ભર-જેમ આપણે ગાડામાં ભર કહે છે ને? ગાડુ, ગાડુ ભરે. માલ ભર ભર ભર્યો. એમ આ ભગવાન આનંદથી ભર-ભરેલો છે. અરે..! પણ કોઈ દિ' સાંભળ્યું નથી, કોઈ દિ' જોયું નથી. આહાહા..! ભર. અનંત જ્ઞાન ને અનંત આનંદનું એ ભર ભરેલો ભગવાન છે. એની જ્યારે દૃષ્ટિ થાય ત્યારે તેને નિત્યજ્ઞાનચેતના એટલે કાયમ આનંદનું વેદન એને હોય છે. એ એને શ્રદ્ધતો નથી એટલે કે, એને એ છે નહિ. પર્યાયમાં આવે તો શ્રદ્ધે ને? દ્રવ્ય તો દ્રવ્ય છે, ત્રિકાળી છે. શું કહ્યું સમજાણું કાંઈ? પર્યાયમાં આનંદ આવે તો 'આ આનંદ સ્વરૂપ છે' તેમ એનું ચેતનાનું વેદન થાય. પર્યાયમાં વેદન છે ને? વેદન ધ્રુવનું કાંઈ નથી, ધ્રુવનું વેદન નથી. વેદન છે એ તો પર્યાયનું જ છે. આહાહા..!

તેથી અલિંગ્રહણનો વીસમો બોલ એમ લીધો છે. ૧૭૨ ગાથા, 'પ્રવચનસાર'. ભગવાનઆત્મા પૂર્ણ જ્ઞાયક ચિદાનંદ દ્રવ્ય સ્વભાવ જે છે તેને એ સ્પર્શતો નથી, એને એ અડતોય નથી, એ તો નિર્મળ શુદ્ધ આનંદની પર્યાયને વેદે છે. તે આત્મા શુદ્ધ આનંદની પર્યાયસ્વરૂપ છે. વીસમો બોલ છે. દ્રવ્યસ્વરૂપ નહિ, દ્રવ્ય છે એ વેદાતું નથી. ઝીણી વાત છે, ભાઈ! વસ્તુ જે છે જ્ઞાયક ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, જે સર્વજ્ઞ જિનેશ્વરે જોયો ઇ, હોં! અજ્ઞાનીઓ જે આત્મા આત્મા કરે એ આત્માની ખબર નથી એ લોકોને. વેદાંતવાળા જે આત્મા કહે, સર્વવ્યાપક કહે, બધી વાત જૂઠી. આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેણે આત્મા જોયો (એ આત્મા).

ઇ તો એક ગુજરાતીમાં સ્તવનમાં આવે છે, 'પ્રભુ તુમ જાણગ રીતિ, સહુ જગ દેખતા હો લાલ, પ્રભુ તુમ જાણગ રીતિ, સહુ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ અમને

પેખતા હો લાલ.' પ્રભુ! અમારી સત્તા નિજ શુદ્ધ ચૈતન્ય છે તેને તમે આત્મા દેખો છો. પુણ્ય ને પાપ, શરીર-ફરીર બધું પર છે અને તમે આત્મા દેખતા નથી. અમારા આત્માને પણ એમ તમે દેખતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? 'નિજ સત્તાએ શુદ્ધ' પવિત્ર પરમાત્મા જ્ઞાનમયચેતના, કાલે આવ્યું હતું ને? જ્ઞાનમય શુદ્ધ આત્મા. એ શુદ્ધ પવિત્ર પ્રભુ, એને તમે આત્મા તરીકે હે નાથ! પરમાત્મા ત્રિલોકનાથને કહે છે, પ્રભુ! આપ દેખો છો. જેમ આપ દેખો એમ અમે દેખીએ ત્યારે અમને સમકિત થાય. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ ઝીણો પડે. બિચારા ક્રિયાકાંડની કુથલીમાં પડ્યા, આખો દિ' સામાયિક કરો ને પોહા કરો ને પડિક્કમણા કરો. અજ્ઞાનમાં સામાયિક કેવી ને પોહા કેવા? બધા મિથ્યાત્વ છે ત્યાં. આહાહા..!

અહીંયાં કહે છે, કે 'નિત્યજ્ઞાનચેતના...' વસ્તુ તો નિત્ય છે પણ એના વેદનમાં જે જ્ઞાનમાત્રની વસ્તુની શ્રદ્ધા થવી જોઈએ, આનંદનું વેદન (થવું જોઈએ) તેની એને શ્રદ્ધા (નથી). નથી શ્રદ્ધતો એટલે કે એની પર્યાયમાં એ આવતું નથી તો શ્રદ્ધે ક્યાંથી? આહાહા..! શ્રદ્ધવામાં કે જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય આવતું નથી પણ દ્રવ્યનું જ્ઞાન ને દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે તેટલું જ્ઞાનમાં ને શ્રદ્ધામાં આવે, એ પર્યાયમાં આવે, એનું સામર્થ્ય જેટલું છે એ પર્યાયમાં આવે પણ એ દ્રવ્ય પર્યાયમાં આવે નહિ. સમજાય છે કાંઈ? દ્રવ્ય પર્યાયમાં ન આવે. એથી ત્યાં કહ્યું, પ્રભુ! આપે તો એ કહ્યું છે, કે આત્મા દ્રવ્ય સ્વરૂપ જે ત્રિકાળી છે તેને અનુભવના વેદનમાં એ અડતો નથી. આહાહા..! આત્માની અંદર નિર્મળ આનંદ પર્યાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આનંદની પર્યાયને વેદતો, એ દ્રવ્યને અડતો નથી, એ દ્રવ્યને આલિંગન કરતો નથી. 'આલિંગન' શબ્દ છે, ત્યાં વીસમાં બોલમાં 'આલિંગન' (શબ્દ છે). આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

ભગવાનસ્વરૂપ આત્મા, નિત્ય પ્રભુ સચ્ચિદાનંદ આત્મા, એની જેને જ્ઞાન ને શ્રદ્ધા ને આનંદની દશા થઈ, ઇ વેદે છે જ્ઞાન ને આનંદની પર્યાયને, એ દ્રવ્યને નથી વેદતો, દ્રવ્યને કોઈ વેદી શકતું નથી. એટલે કે અહીંયાં કહે છે, કે જેને વેદનમાં આનંદ અને જ્ઞાનની ચેતના આવી નથી તેથી એને શ્રદ્ધતો નથી. એને ખબર નથી, કે આ તે કોણ ચીજ છે. 'પંડિતજી'! આહાહા..! એ તો દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજાના ભાવ–રાગ, એ કર્મચેતના ને કર્મફળચેતના એટલે એનું દુઃખ, એનું ફળ દુઃખ (એને વેદે છે અને શ્રદ્ધે છે). ભલે સ્વર્ગમાં હોય તો સુખ એ પણ એ દુઃખ, એ સુખ નથી દુઃખ છે. આ કરોડોપતિ, અબજોપતિ કહેવાય છે એ બધા દુઃખી પ્રાણી બિચારા છે, ભિખારી છે, ભિખારી. આહાહા..! માંગણ છે, આ લાવો... આ લાવો... આ લાવો... આ લાવો... પૈસા લાવો, આબરુ લાવો. મોટા ભિખારા, મિથ્યાદૃષ્ટિ ભિખારી મોટા! અહીં ક્યાં સંતને મુનિને પડી છે કે જગત સમતોલ રહેશે કે નહિ? નાગા બાદશાહથી આઘા છે, એ તો. વરાંકા કહ્યું છે.

મુમુક્ષુ :- એમને આવું ગમે ખરું?

ઉત્તર :- વરાંકા કહ્યું છે ને, ભિખારા કહ્યું છે. કીધું નહિ? સિદ્ધાંતમાં 'વરાંકા' શબ્દ છે. ભિખારી! અંતર લક્ષ્મી આનંદ ને જ્ઞાનની પડી છે એની સામું તો જોતો નથી અને આ પુણ્ય ને પાપ ને રાગ ને એના ફળ તરીકે ધૂળમાં તારી દૃષ્ટિ પડી છે. આહાહા..! એ કરોડોપતિ હોય કે અબજોપતિ (હોય), એ બધા ભિખારા છે, બિચારા દુઃખી છે. એ દુઃખના વેદનમાં પડ્યા છે. એને નિત્યકર્મચેતનાનું (જ્ઞાનચેતનાનું) વેદન નથી. આહાહા..! એને તો એ રાગનું, શુભ-અશુભ રાગ, એના ફળ તરીકે હરખ અને શોક વિકાર, તેનું તેને વેદન છે, એ કર્મફળ ચેતનાનું વેદન છે. કર્મ એટલે જડ કર્મની અહીં વાત નથી. પુણ્ય ને પાપરૂપી, ભાવરૂપી કર્મ નામ કાર્ય, પુણ્ય ને પાપરૂપી કર્મરૂપી કાર્ય, એ કાર્યનું ફળ વેદવું એને કર્મફળચેતના કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ ટૂંકા શબ્દો છે. કાલે તો કીધું હતું ને? ભાઈ આવ્યા હતા ને? નહિતર લંબાવવું હતું પણ ઓલા 'દરબાર' આવ્યા એટલે પછી આવી વાત સમજે નહિ ને. આ કર્મચેતના ને કર્મફળચેતના ને નિજકર્મચેતના ને કર્મફળચેતના ને... શું છે આ તે? અત્યારે તો સંપ્રદાયમાં પણ ઠેકાણા નથી તો બિચારા અન્યમતિની તો વાત શું કહેવી? આહાહા..!

અહીં કહે છે, 'અભવ્ય જીવ નિત્યકર્મફળચેતના...' કાયમ તેને વિકારના ફળનું જ વેદન છે. એની જ એને શ્રદ્ધા (છે), વેદવામાં આવે છે તે હું છું એમ ઇ શ્રદ્ધા છે. સમજાય છે કાંઈ? આહાહા..! એક બાય હતી. ઘણીવાર કહ્યું હતું. એક છોડી હતી બિચારી, બે વર્ષનું પરણેતર. જુવાન બાય હતી 'લાઠી'. એનો ધણી બીજી વાર પરણેલો. પહેલી બાય મરી ગયેલી. આ પરણ્યો ને બે વર્ષ લગન(ને થયેલા). એમાં એને શીતળા નીકળ્યા. દાણા (પડ્યા). દાણે દાણે ઇયળ પડી, ઇયળ. કીડા, કીડા. અઢાર વર્ષની ઉંમર, જુવાન શરીર, બે વર્ષનું લગન. આમ ફેરવે તો હજારો કીડા (આમ પડે), આમ ફેરવે તો હજારો કીડા (આમ પડે). આ કર્મફળચેતના. ત્યાં વિકારનું વેદન છે.

એ એમ કહેતી, બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. આ શું આવ્યું આ? મારાથી પડખું ફરાતું નથી. તળાઈ! તળાઈમાં પણ ઇયળ. આ કીડા ઝીણા ઝીણા. હજારો. બા! મેં આ પાપ આ ભવમાં કર્યા નથી. બાપુ! એ પૂર્વના કર્મનો ઉદય (છે) પણ તારું વેદન વર્તમાનમાં રાગ અને વિકાર ઉપર છે, એ વેદન તારું છે. શરીરનું વેદન નથી, શરીરનું વેદન (નથી). શરીર આત્માની પર્યાયમાં છે નહિ તો વેદન ક્યાંથી આવે? એની પર્યાયમાં હોય એનું વેદન હોય. શરીર, કર્મ, રોગ, દેહ ઇ કાંઈ આત્માની પર્યાયમાં આવતા નથી. આત્માની પર્યાયમાં તો આહા..હા..હા! મને આ થયું, મને આ થયું, અરે..રે..! હું દુઃખી છું, એવી જે કલ્પનાનો વિકારીભાવ એની પર્યાયમાં આવ્યો, એને એ શ્રદ્ધે ને માને છે. આહા..!

મુમુક્ષુ :- આ તો દુઃખનો દાખલો આપ્યો.

ઉત્તર :– આ દુઃખનો, હવે સામે સુખનો. ઇ દુઃખનો નહિ, કહે છે.

મુમુક્ષુ :– ખમા ખમા થાય છે.

ઉત્તર :– ધૂળમાં ય ખમા નથી. આહા..! બહારથી પંખા નાખે ને હીરાના ઢોલીયામાં સૂતો હોય ને બાયડી આમ ખમ્મા ખમ્મા કરતી હોય આહા..! તે શું ધૂળ છે? આહાહા..! 'સગી નારી રે... તારી કામની ટગ ટગ જુએ, આ રે કાયામાં હવે કાંઈ નથી એમ ધ્રુસકે ધ્રુસકે રોવે.' શું કીધું? ખમ્મા ખમ્મા કરે છે ને?

આમ વીસ વર્ષનો જુવાન બે વર્ષના પરણેતરે મરતો હોય. આહાહા..! અત્યારે પછી એવો રીવાજ છે ને થોડોક, એ બાયને છેલ્લે એની પાસે લઈ જાય, છેલ્લે લઈ જાય એવો જરી રીવાજ છે. અમારે ભાઈ હતો એને પણ એમ કર્યું હતું. મારાથી નાનો હતો ને? એ પરણ્યો હતો, નાની ઉંમરમાં–વીસ વર્ષની ઉંમરે. કન્યા બહુ રૂપાળી હતી, બહુ રૂપાળી. 'ગારીયાધાર'ની. પણ છેવટે કોણ જાણે શરીર એવું નીરોગી હતું, બહુ નીરોગી. મારી દીક્ષા પછી '૭૧ માં લગન હતાં, '૭૩ માં મરી ગયો, ગુજરી ગયો. પણ એટલી પીડા. છેવટે ભાઈ 'ખુશાલભાઈ' કહે, અરે..રે..! મેં 'કાનજી'ને રજા આપી અને આ ભાઈ ચાલ્યો આ તો. લોકો કહેવા માંડ્યા કે, હવે બાયને અમે છેલ્લી (વાર લઈ જઈએ). બાય એની પાસે ગઈ, એણે આમ હાથ મુક્યો, મરી ગયો તરત! બાય પણ પાછળ છ મહિના (પછી) ઝુરીને મરી ગઈ. આ અમારા ઘરમાં જ બનેલું છે આ તો. આહા..! ઇ તને ખબર નથી. તારો તો '૭૪ માં જન્મ, આ '૭૩ ની વાત છે. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! એ વેદન શરીરનું નથી. સમજાય છે કાંઈ? અંદર રાગ અને દ્વેષના વિકારી ભાવ (થાય)... આહાહા..! એનું જે સુખ-દુઃખની કલ્પનાનું દુઃખ, એ કર્મફળનું વેદન છે. કર્મ શબ્દે જડ નહિ. વિકારી પરિણામ તે કર્મ નામ કાર્ય, એનું એ ફળ દુઃખ છે. ઇ પર્યાયની વાત છે આ, કર્મની, જડની વાત નથી. સમજાણું કાંઈ?

એ અજ્ઞાની અભવિ જીવ... આ તો અભવિનો દૃષ્ટાંત છે, હોં! ભવિએ પણ અનંતવાર આવું કર્યું છે, એને પોતાને ભાન નથી. આહાહા..! 'નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે...' કેમ કે તે તેની પર્યાયમાં ભાસે છે. તેની પર્યાયમાં દુઃખ ને રાગ ને હરખ-શોક ભાસે છે, ભાસે છે તેની શ્રદ્ધા કરે છે.

'પરંતુ નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો કારણ કે તે (અભવ્ય) સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે.' એની પર્યાયની વાત છે, હોં! સમજાય છે કાંઈ? એ ખુલાસો 'તત્ત્વાર્થસાર'માં લીધો છે. 'તત્ત્વાર્થસાર' છે ને? 'અમૃતચંદ્રાચાર્ય'નું. એમાં કેવા...? 'ખુબચંદજી', 'ખુબચંદજી'એ અર્થ કર્યો છે. કોના ભાઈ? 'ખુબચંદજી'. 'બંસીધરજી'ના ભાઈ 'ખુબચંદજી', ત્યાં આવ્યા હતા. એણે અર્થ કર્યા છે. એમાં એણે એ અર્થ કર્યો છે, એમાં જરી આવ્યું છે. 'તત્ત્વાર્થસારમાં' ઇ જરીક એણે મુક્યું છે, કે આ અંદર વેદન છે એ પર્યાય છે, એ

કાંઈ ત્રિકાળનું (વેદન) નથી. સમજાણું? 'તત્ત્વાર્થસાર'. ભાષા કાંઈક લીધી છે.

'સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે.' આહાહા..! અભવિનો તો દૃષ્ટાંત આપ્યો છે. અભવિ જીવ છે, કોરડુ મગ જેવા હોય. કોરડુ મગ ને મઠ જેમ હોય, એ લાખ પાણીએ બાફો પણ બફાય નહિ. ભરડે ભૂકા થાય, તેના પાપડ ને વડ્યું થાય પણ એ બફાય નહિ. એવા જીવો જગતમાં છે. આહાહા..! કે, એ રાગ ને દ્વેષની ક્રિયા કરીને ભરડો ભૂકી થાય... આહાહા..! પણ એ બફાય નહિ, એ આત્મા આનંદ સ્વરૂપ છે તેનો અનુભવ એને દૃષ્ટિમાં ન આવે. 'શાંતિભાઈ'! આવું કામ છે આ બધું. આહાહા..!

'સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે.' અભવિ. આ તો અભવિનો દૃષ્ટાંત છે, હોં! એમ કે, અભવિ પણ આટલું કરે. વ્રત ને તપ ને ભક્તિ કેટલી કરે! પૂજા, દાન, દયા, વ્રત, છ છ મહિનાના અપવાસ (કરે) છતાં એ બધી રાગની ક્રિયાના વેદનને વેદે છે. એને આત્માનું જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવું રાગથી ભિન્ન પાડીને ભેદજ્ઞાનનું વેદન એને છે નહિ. આહાહા..! આકરું કામ છે. આવો ઉપદેશ હવે. પરમાત્મા તો આમ કહે છે, બાપુ! આહાહા..!

'સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે.' સદાય કીધું ને? પર્યાયમાં, હોં! એ જીવ સદાય રાગના વિકલ્પથી ભિન્ન પાડવાને લાયક જ નથી. જેમ કોરડુ મગ બાફવાને લાયક નથી. બફાય નહિ, ચડે નહિ. એમ આ જીવ એવા છે અને એવા જીવની જાત અભવિ પણ કેટલાક એવા છે, કે અનાદિથી નિગોદમાં પડ્યા છે. આહાહા..! હજી ત્રસ પણ થયા નથી. એ બધા કર્મફળને વેદે છે. ભેદજ્ઞાનનો અભાવ છે.

સંવર (અધિકારમાં) કહ્યું છે ને? 'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन' જે કોઈ અત્યાર સુધી મુક્તિને પામ્યા એ 'भेदविज्ञानतः सिद्धाः' એ દયા, દાન ને વ્રતના પરિણામથી ભિન્ન પડેલો ભગવાન, તેના જ્ઞાન ને અનુભવથી સિદ્ધને પામ્યા છે. 'अस्यैवाभावतो बद्धा' કર્મને લઈને બંધાણા એમ નથી કહ્યું. વિકારના ભેદજ્ઞાનના અભાવને લઈને બંધાયેલા છે. આહાહા..! સંવર (અધિકારમાં) આ શ્લોક છે. 'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन' જેટલા સિદ્ધ થયા ઇ 'अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन' આહાહા..! અત્યાર સુધી જેટલા પરમાત્મા થયા-નમો સિદ્ધાણં-સિદ્ધ, એ બધા દયા, દાન, વ્રત, ભક્તિના રાગથી ભિન્ન પડેલા ભેદજ્ઞાનથી સિદ્ધ થયા છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને જે બંધાણા છે તે ભેદવિજ્ઞાનના અભાવને લઈને બંધાણા છે. કર્મના જોરને લઈને બંધાણા છે એમ નથી કહ્યું. આહાહા..! રાગના ભેદજ્ઞાનના અભાવને લઈને બંધાયેલા છે. આહાહા..! પછી તો ત્યાં કહ્યું, કે ભેદજ્ઞાન ત્યાં સુધી ભાવવું... ગાથા છે ને પછી? જ્યાં સુધી કેવળજ્ઞાન (ન) થાય ત્યાં સુધી ભાવવું. પહેલો રાગથી ભિન્ન કરીને અનુભવ કરવો અને પછી સ્થિરતા કરતાં કરતાં રાગથી ભિન્ન પડીને, સ્થિરતા કરતા પૂર્ણ સ્થિરતા થાય ત્યાં સુધી ભેદજ્ઞાનને ભાવવું. જ્ઞાન જ્ઞાન પ્રતિષ્ઠિત-જ્ઞાનમાં ઠરે. આહાહા..!

'માટે તે (અભવ્ય જીવ) કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો,...' ભાષા દેખો! ભૂતાર્થ (એટલે) ત્રિકાળ ભૂતાર્થ છે ઇ અત્યારે નથી લેવું. અહીં તો ભૂતાર્થ (સત્યાર્થ) વર્તમાન ધર્મ છે ઇ લેવો છે. અગિયારમી ગાથામાં જે ભૂતાર્થ લીધું છે એ તો ત્રિકાળ લીધું છે. 'भूदत्थमस्सिदो' ત્રિકાળી જ્ઞાયક ભગવાનનો આશ્રય લઈને થાય છે. અહીં કહે છે, ભેદવિજ્ઞાનના 'કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મ...' જ્ઞાતા-દૃષ્ટા થવું, વીતરાગી પર્યાય પ્રગટ કરવી... આહાહા..! એવા '(સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો,...' આહાહા..! જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, શાંતિની પર્યાય, વીતરાગી પર્યાય છે નહિ તેથી તેને શ્રદ્ધતો નથી. આહાહા..! એક જણો કવિ કહેતો, 'ભાળે એવું ભાસે' નહોતું કાંઈક કીધું? 'ભાણો ભાળે એવું ભાખે'. એક કવિ હતો (ઇ કહેતો), 'ભાણો ભાળે એવું ભાખે', 'ભાણો ભાળે એવું ભાખે'. કવિ હતો. જેવું દેખીએ છીએ તેવું કહીએ છીએ. 'ભાણો ભાળે એવું ભાખે' એક ભાષા છે, કવિની છે. એમ અહીં તો પરમાત્માએ જેવું જાણ્યું તેવું કહ્યું છે. આહાહા..!

કહે છે, 'જ્ઞાનમાત્ર...' ધર્મ તો આત્માની જ્ઞાન ક્રિયા. એ દયા, દાન, વ્રત, ભક્તિની ક્રિયા નહિ. એ જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ, એની જ્ઞાનમાં એકાગ્રતા (થવી). આહાહા..! સંવરમાં લીધું છે ને? જાણનક્રિયા આધાર છે, આત્મા આધેય છે. 'સંવર અધિકાર'. શું કહ્યું ઇ? રાગની ક્રિયા આધાર છે ને એનાથી આત્મા જણાય છે, એમ છે નહિ. પણ 'ઉપયોગમાં ઉપયોગ છે' એવો પાઠ છે. ઉપયોગમાં એટલે શું? કે, જાણનક્રિયા–જ્ઞાનની, જ્ઞાનની જાણનક્રિયા, શ્રદ્ધાક્રિયા, શાંતિક્રિયા એ જ્ઞાનની ક્રિયા. એ જાણનમાત્ર તે આધાર છે ને એમાં આત્મા જણાય છે. જાણનક્રિયા તે આધાર છે અને આત્મા તેમાં જણાય માટે આધેય છે. આત્મા આધેય છે. પર્યાયથી જણાય છે ને? જેનાથી જણાણો તે આધાર. આહાહા..! વસ્તુ એવી છે, ભાઈ! જાણનક્રિયા. 'સંવર અધિકાર' લીધો છે.

રાગ ને આત્માને આધારઆધેય સંબંધ છે જ નહિ. રાગ આધાર અને આત્મા આધેય, એમ નથી. આહાહા..! એ દયા, દાન ને વ્રતનો ભાગ રાગ એ આધાર અને આત્મા એને આધારે રહ્યો, એમ નથી. આધારઆધેય સંબંધ એની સાથે છે જ નહિ. આહાહા..! સંબંધ હોય તો તેને જાણનક્રિયા... ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ પૂર્ણ આનંદ પ્રભુ, એનું જ્ઞાન, પ્રતીત ને રમણતા એવી જ્ઞાનની ક્રિયા, જ્ઞાનની ક્રિયા એટલે આત્માની ક્રિયા, અનંત ગુણની પરિણતિની ક્રિયા, એમ. જ્ઞાનક્રિયા શબ્દે? જ્ઞાન એટલે આત્મા. આખો આત્મા, એની ક્રિયા એટલે અનંત ગુણની પરિણતિરૂપી ક્રિયા. તે આધાર છે ને આત્મા આધેય છે–એનાથી આત્મા જણાય છે. આહાહા..! રાગ આધાર છે ને રાગથી આત્મા જણાય છે (એમ નથી). આહા..! એમાં એણે નાખ્યું છે. સરાગને. અવિરુદ્ધ દર્શનમાં, અવિરુદ્ધ નિર્ણયમાં નાખ્યું છે. રાગ આમ છે ને વીતરાગ ભાવથી થાય છે પણ છતાં રાગ અંદર ઉન્નતિ શોધવામાં સાધન છે. વાંચ્યું

છે ને ભાઈએ? અરે..! પ્રભુ! શું કરે? આહાહા..! જગતને સત્ય મળે નહિ અને એમ ને એમ રખડ્યા કરે ચોરાશીના અવતારમાં. આહાહા..!

અહીં કહે છે, ‘(સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો,...’ સત્યાર્થ ધર્મ, હોં! સત્યાર્થ વસ્તુ અહીં નથી, પર્યાય છે. આહાહા..! જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, જે ત્રિકાળી જ્ઞાયક સ્વભાવને આશ્રયે થાય તેવો સત્યાર્થ ધર્મ છે તેને તે શ્રદ્ધતો નથી. કેમકે તેને તે પ્રગટ થતાં નથી. એને ખ્યાલમાં આવ્યા નથી માટે એને શ્રદ્ધતો નથી. આહાહા..! ‘જ્ઞાનમાત્ર...’ ‘કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર,...’ શું કીધું? જ્ઞાનમાત્ર. મદદમાં જરીયે રાગનો કણ પણ નહિ. દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ રાગ(ની) બિલકુલ મદદ નહિ. જ્ઞાનમાત્ર. એકલો સ્વરૂપ ચિદાનંદ પ્રભુ જ્ઞાન આનંદ. ‘જ્ઞાનમાત્ર’ શબ્દે અનંત ગુણમાત્ર. એવી જે પરિણતિ, એ સત્યાર્થ ધર્મ, એ સાચો ધર્મ (છે). ભગવાને ધર્મ એને કહ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :– બીજા ધર્મ ખોટા -

ઉત્તર :– બીજા ધર્મ, ધર્મ જ નથી પછી પ્રશ્ન ક્યાં? આવું છે. ‘દરબાર’! આહા..!

‘(સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો,...’ આહાહા..! ત્યારે હવે શ્રદ્ધે છે કોને? ‘ભોગના નિમિત્તરૂપ,...’ જેમાં ભોગ મળે, આ સ્વર્ગના કે નરકના આદિ. આહાહા..! ‘ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર,...’ શુભકર્મ એટલે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભકર્મ છે. શુભકર્મ એટલે શુભકાર્ય છે. જેને લોકો સદાચરણ કહે છે ઇ અસદાચરણ છે. આહાહા..! સદાચરણ તો જ્ઞાનમાત્ર વસ્તુ છે તેની એકાગ્રતા (થવી), શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે સદાચરણ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિ તે અસદાચરણ છે. છે?

એ ‘શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે;...’ એ પર્યાય છે. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ કરો, બસ! એનાથી કલ્યાણ (થશે). અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ અનાદિથી આ રીતે ત્યાં રોકાય ગયેલા છે. એના ગુરુઓ પણ એ કહે છે ને સાંભળનારા પણ એ હા હા પાડે છે. સમજાણું કાંઈ? આહાહા..! છે કે નહિ એમાં? આહાહા..!

‘કર્મથી છૂટવાના નિમિત્તરૂપ,...’ નિમિત્તરૂપ ને? કર્મનું છૂટવું તો એને કારણે (થાય છે). કર્મ છૂટે તો. પણ એનું નિમિત્તરૂપ અહીંયાં જ્ઞાનમાત્ર ભૂતાર્થ ધર્મ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માના આશ્રયે થાય તે કર્મ છૂટવામાં નિમિત્ત (છે). કર્મ તો એને કારણે છૂટે છે, ઉપાદાન એને કારણે, પણ એમાં આ નિમિત્ત છે. નિમિત્ત છે માટે છૂટે છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આરે...! આવી વાતું, લ્યો!

‘કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર...’ જાણવું, દેખવું, આનંદની પરિણતિ થવી, શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... ઉપશમરસ, અકષાય સ્વભાવ જ્ઞાનમાત્ર પ્રગટ થવો, એ ‘(સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો, ભોગના નિમિત્તરૂપ,...’ એ નિમિત્તરૂપ કીધું. ‘શુભકર્મમાત્ર,...’ શુભકર્મ બંધાય છે એમાં આ પરિણામ તો નિમિત્ત છે. ‘શુભકર્મમાત્ર...’ છે? ‘ભોગના નિમિત્તરૂપ

શુભકર્મ...' એટલે એમ કહેવું છે, કે એક તો શુભકર્મ બંધાય છે એમાં શુભ પરિણામ નિમિત્ત (છે) અને એ જે બંધાણું છે એ મળેલા ભોગ સામગ્રીનું નિમિત્ત છે. છે ઉપાદાન સહુના સ્વતંત્ર. આહાહા..! સમજાણું કાંઈ? આવી ગાથાઓ (છે). આહા..!

અત્યારે તો દુનિયામાં એક જ ચાલ્યું છે, વ્રત કરો ને અપવાસ કરો ને આ કરો ને હોળી કરો ને ઓળી કરો ને... આ ઓળી.. ઓળી કરે છે ને કાંઈક? ચૈત્ર મહિનામાં અને આસો મહિનામાં. એ બધી રાગની ક્રિયા શુભકર્મ છે. એ શુભકર્મ ભોગનું નિમિત્ત છે, અનુભવનું નિમિત્ત નહિ. આહાહા..! અથવા કર્મના છૂટવાનું નિમિત્ત નહિ. એ દયા, દાન, વ્રતના પુણ્ય પરિણામ તો 'ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે;...' એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ અસત્યાર્થ ધર્મ છે, જૂઠો ધર્મ છે. છે ને?

મુમુક્ષુ :– બહુ ભાર મુક્યો.

ઉત્તર :– ભાર? અભૂતાર્થ ધર્મ છે, જૂઠો ધર્મ છે, અજ્ઞાનીની માનેલી કલ્પનાનો ધર્મ છે. આહાહા..! અસત્યાર્થ... અભૂતાર્થ કહો કે અસત્યાર્થ કહો, જુઠા ધર્મને શ્રદ્ધે છે. જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ (છે) એ જૂઠો ધર્મ છે, એ ધર્મ નથી. આહાહા..! ભારે કામ. આવી વાતું સાંભળતા મુશ્કેલ પડે એને શ્રદ્ધામાં ક્યારે બેસે? બહાર સંપ્રદાયમાં તો આખો દિ' એક જ ચાલે–વ્રત કરો ને અપવાસ કરો ને સામાયિક કરો ને પોહા કરો ને પડિકમ્મણા કરો ને ચોવીહાર કરો. કરો, કરો ને કરો. કરો, કરો ને મરો. રાગને કરવું ત્યાં આત્માનું મરવું છે. આહાહા..!

ભોગનું નિમિત્ત. આહાહા..! ભવિષ્યમાં જે અનુકૂળ ભોગ મળે એનું નિમિત્ત શુભકર્મ, વર્તમાન શુભ પરિણામ. શુભકર્મ એટલે શુભ પરિણામમાત્ર અભૂતાર્થ ધર્મ. વર્તમાન પરિણામની વાત છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ વર્તમાન ભૂતાર્થ 'શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે; તેથી જ તે અભૂતાર્થ ધર્મનાં શ્રદ્ધાન,...' એ જૂઠાં 'ધર્મની શ્રદ્ધાન, પ્રતીત, રુચિ અને સ્પર્શનથી...' આહાહા..! આવું કરે બિચારો, બાયડી-છોકરા છોડે, કુટુંબ છોડે, દુકાન છોડે, ધંધા છોડે... (એને અધર્મ કહેવું).

મુમુક્ષુ :– અહીં તો એમ ફરમાવો કે લડુ ખાવો ને મોક્ષમાં જાવ.

ઉત્તર :– લડુ ખાવો ને મોક્ષમાં જાવ, ખાવાનું જ અહીં નથી. અહીં તો આત્માનો આનંદ ખાવો ને મોક્ષમાં જાવું એમ છે. આહાહા..! આત્માના આનંદનો અનુભવ... કાલે આવ્યું હતું ને? ધર્મી જીવ લીલામાત્રથી કર્મ ખપાવે છે. આનંદમાં રહેતા રહેતા કર્મ ખપી જાય છે એની મેળાએ. આહાહા..! કોઈ કષ્ટ-બષ્ટ નથી, આ પરિષહ સહન કરવા ને આ કષ્ટ, કાય-ક્લેશ કરવા એ તો બધું દુઃખ છે, એ તો વિકાર છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! દુનિયામાં શું ચાલે છે બધી ખબર છે કે નહિ? આહા..! વીતરાગમાર્ગ કોઈ જુદી જાતનો છે. પરમેશ્વર ત્રિલોકનાથના આ કથનો છે.

અસત્યાર્થ ધર્મને શ્રદ્ધે છે, અસત્યાર્થ ધર્મને 'જ'. એકાંત છે ને? એ રાગની ક્રિયાને જ ધર્મ શ્રદ્ધે છે. જે રાગ છે એ ભોગનું નિમિત્ત છે. કારણ કે, રાગથી પુણ્ય બંધાશે ને પુણ્યથી બહાર ભોગ મળશે. આહાહા..! 'તેથી જ તે અભૂતાર્થ ધર્મનાં શ્રદ્ધાન,...' જૂઠા ધર્મની શ્રદ્ધા. આહાહા..! પાણી ઉતરી જાય એવું છે. ઓલા કહે, આઠ આઠ ચોવિહારા અપવાસ કરીએ, આઠ દિ'ના અપવાસ. કોને અપવાસ કહેવા? અપ-વાસ છે ઇ તો માઠા વાસ છે. આત્મા આનંદસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટાના ઉપમાં--સમીપમાં ગયા વિના વસવું થાય નહિ. એનું નામ ઉપવાસ છે. આનંદમૂર્તિ પ્રભુ! અતીન્દ્રિય આનંદના સમીપમાં ઉપ નામ સમીપમાં વાસ નામ વસવું એનું નામ ઉપવાસ છે. આ તો બધી લાંઘણું છે. અરે..રે..! આવી વાતું આકરી પડે.

મુમુક્ષુ :- શરીર ન પડે ત્યાં સુધી અપવાસ કરે.

ઉત્તર :- કરે છે ને. પડી જાય છે. છોડીઓ નાની-નાની આઠ-આઠ અપવાસ કરે ને પછી મરી જાય છે. ઘણાં ચોવીહારા કરે ને પછી સહન ન થાય (એટલે) દેહ છુટી જાય છે. સાંભળ્યું છે, છાપામાં આવે છે. એમાં શું થયું? અજ્ઞાન છે બધું. આહાહા..!

અહીં તો કહે છે, કે ભોગના નિમિત્તરૂપ એવા જે શુભપરિણામ... આહાહા..! શુભપરિણામથી કર્મ બંધાશે. એ કર્મ બંધાશે કર્મને કારણે અને એને કારણે સંયોગ મળશે. એ નિમિત્ત કર્મ, એ ભોગનું નિમિત્ત છે. આહાહા..! સંસારના શારીરિક અને માનસિકના અનુકૂળ સંયોગો એને મળે. આહા..! એનું એ નિમિત્ત છે. એને શ્રદ્ધી, એને પ્રતીત કરી, એની રુચિ અને સ્પર્શન (કરે છે). એ રાગને અડે છે, સ્પર્શે છે, ભગવાનને સ્પર્શતો નથી. આહા..! સ્પર્શન આવે છે. શ્રદ્ધવું, રચવું, સ્પર્શવું, આત્માને સ્પર્શવું. સ્પર્શવું છે તો પર્યાય, એ કાંઈ એકાકાર થતી નથી. પર્યાય તે તરફ ઢળી ગઈ છે એ સ્પર્શન છે. શું કહ્યું સમજાણું? એકાકાર થતી નથી. પર્યાય પર્યાયપણે રહીને દ્રવ્યનું જ્ઞાન કરે છે. છતાં શાસ્ત્રમાં એવું આવે છે, દ્રવ્યને સ્પર્શે છે, એવું આવે છે અહીં રાગને સ્પર્શે છે, કીધું.

મુમુક્ષુ :- ચાર શબ્દો મૂક્યા છે એનું શું...?

ઉત્તર :- કીધું ને. 'શ્રદ્ધા, પ્રતીત, રુચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે,...'

મુમુક્ષુ :- એકાર્થ છે?

ઉત્તર :- એકાર્થ જ છે.

મુમુક્ષુ :- ચાર શબ્દો મૂક્યા છે તો વાચ્ય જુદા છે?

ઉત્તર :- કીધું ને. શ્રદ્ધા, એની પ્રતીત, એની રુચિ, એને સ્પર્શવું.

મુમુક્ષુ :- વાચ્યમાં કાંઈ ફેર છે?

ઉત્તર :- કાંઈ ફેર નથી. આહાહા..! અસત્યાર્થ ધર્મની શ્રદ્ધા, જૂઠા ધર્મની માન્યતા, એની પ્રતીતી, એની રુચિ, એનું પોશાણ, એને સ્પર્શે. 'ઉપરના ગ્રૈવેયક સુધીના...' નવમી

ગ્રૈવેયક. 'મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો, પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એવા મુનિપણા પણ અનંતવાર લીધા. એ બધી રાગની, ચેતનાની ક્રિયાઓ કરી. આહાહા..! 'ઉપરના ગ્રૈવેયક સુધી...' ઉપરનું ગ્રૈવેયક એટલે નવમી ગ્રૈવેયક. એમ. નવ ગ્રૈવેયક છે ને? ભગવાને ઉભા પુરુષના આકારે આ લોકને ભગવાને જોયો છે. એમાં ગ્રીવા જ્યાં હોય ને? ગ્રીવા, ત્યાં ગ્રૈવેયક છે, ગ્રૈવેયક. નવ પાસડા છે. ત્યાં 'સુધીના ભોગમાત્રને પામે છે પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી.' આહાહા..! એવી ક્રિયાકાંડ કરે તો સ્વર્ગમાં જાય પણ કર્મથી છૂટે નહિ, સમકિત પામે નહિ. આહાહા..! 'તેથી તેને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે...' શિષ્યે પ્રશ્ન કર્યો એનો ઉત્તર (આપે છે). એને ધર્મની શ્રદ્ધા છે ને? તો શ્રદ્ધા કેમ નથી? કે, 'ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે (સાચું) શ્રદ્ધાન પણ નથી.' ઉપર પહેલા પ્રશ્ન એમ કર્યો હતો ને? 'અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; છતાં 'તેને શ્રદ્ધાન નથી' એમ કેમ કહ્યું?' સંસ્કૃતમાં છે 'तस्य धर्मश्रद्धानमस्तीति चेत्' સંસ્કૃત છે 'तस्य धर्मश्रद्धानमस्तीति' ના, ના, એને સાચા ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે શ્રદ્ધાન પણ નથી. સાચી શ્રદ્ધા એને છે નહિ, મિથ્યા શ્રદ્ધા છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

---

## પ્રવચન નં. ૩૩૯ ગાથા–૨૭૫ થી ૨૭૭, બુધવાર, કારતક સુદ ૪, તા. ૨૩-૧૦-૧૯૭૯

---

'સમયસાર', ૨૭૫ ગાથાનો ભાવાર્થ. છેલ્લી લીટી છે ને ઉપર? 'આમ હોવાથી નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.' એટલે? આત્મા શુદ્ધ સ્વરૂપને આશ્રયે પરના આશ્રયનો ત્યાં નિષેધ છે. પરને આશ્રયે જે ભાવ થાય એ બધો વ્યવહાર છે. એનો નિષેધ (યોગ્ય છે). સ્વઆશ્રય(થી) અંદરમાં તેની ઉત્પત્તિ થતી નથી. નિષેધનો અર્થ તો એ છે કે અંદર સ્વનો આશ્રય કરે છે ત્યારે એ વ્યવહાર ઉત્પન્ન જ થતો નથી. તેથી તેને વ્યવહારનો નિષેધ કહેવામાં આવે છે. કારણ કે, જ્યાં સુધી અપૂર્ણ છે, એને સ્વનો–શુદ્ધ ચૈતન્યવસ્તુનો આશ્રય છે, છતાં ત્યાં વ્યવહાર આવે છે. પૂર્ણ આશ્રય નથી એથી તે વ્યવહાર હોવા છતાં સ્વને આશ્રયે તેનો નિષેધ છે.

ભાવાર્થ :– 'અભવ્ય જીવને ભેદજ્ઞાન થવાની યોગ્યતા નહિ હોવાથી...' આ તો દૃષ્ટાંત છે, હોં! કે, અભવિ પણ આવું કરે છે છતાં એને મુક્તિ નથી તો ભવ્ય જીવ પણ એવું કરે એને પણ ધર્મ નથી, એમ સિદ્ધ કરવું છે. 'તે કર્મફળચેતનાને જાણે છે...' ભગવાન આનંદ સ્વરૂપ છે, એના ફળનો આનંદ, એને તે જાણતો નથી. ઇ પુણ્યના પરિણામરૂપી સુખ–કલ્પના, હરખ-શોક એ કર્મફળ (છે). 'કર્મ' શબ્દે વિકારી પરિણામનું જે કાર્ય છે તેનું

તે દુ:ખ ફળ છે, એ કર્મફળચેતના, એને એ અનુભવે છે.

'પરંતુ જ્ઞાનચેતનાને જાણતો નથી;...' જ્ઞાનસ્વરૂપી ભગવાન તેની એકાગ્રતા તેને હોતી નથી તેથી તેને તે જાણતો નથી. 'તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી.' આહાહા..! 'તે શુભ કર્મને જ ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે...' શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ છે એને ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે. 'તેથી તેના ફળ તરીકે ગ્રૈવેયક સુધીના ભોગને પામે છે...' નવમી ગ્રૈવેયકે જાય, ઉત્કૃષ્ટ. 'પરંતુ કર્મનો ક્ષય થતો નથી. આ રીતે સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન નહિ હોવાથી...' સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન, હોં! ત્રિકાળીની શ્રદ્ધા થાય તે ત્રિકાળીની યથાર્થ શ્રદ્ધા તે, તે સત્યાર્થ ધર્મની શ્રદ્ધાની ખબર નથી. અસત્યાર્થ જે શુભ કર્મ પુણ્ય છે તેને એ ધર્મ માને છે. આહા..! તેથી 'તેને શ્રદ્ધાન જ કહી શકાતું નથી.'

'આ પ્રમાણે વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી નિશ્ચયનય વડે કરવામાં આવતો વ્યવહારનો નિષેધ યોગ્ય જ છે.'

'અહીં એટલું વિશેષ જાણવું કે - આ હેતુવાદરૂપ અનુભવપ્રધાન ગ્રંથ છે...' આ ગ્રંથ અનુભવપ્રધાન ગ્રંથ છે. 'તેથી તેમાં ભવ્ય-અભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય છે. હવે જો આને અહેતુવાદ આગમ સાથે મેળવીએ તો - અભવ્યને વ્યવહારનયના પક્ષનો...' અહીં તો એણે કહ્યું, કે રાગનો અનુભવ કરે છે અને સ્વનો અનુભવ નથી, એવું એને હેતુ દૃષ્ટાંત આપીને સિદ્ધ કર્યું છે પણ આગમથી જોઈએ તો એને કંઈક વ્યવહારનો પક્ષ ઊંડે ઊંડે રહી જાય છે. રાગની પરિણતિની ક્રિયા જે દયા, દાન, શુભરાગ, અરે..! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ, એવા સૂક્ષ્મ આગમની અપેક્ષાએ, અહેતુવાદની અપેક્ષાએ 'સૂક્ષ્મ, કેવળીગમ્ય આશય (પક્ષ) રહી જાય છે કે જે છદ્મસ્થને અનુભવગોચર નથી પણ હોતો.' નથી પણ હોતો, નથી જ એમ નહિ. કોઈ છદ્મસ્થને ખ્યાલમાં પણ આવી જાય અને કોઈને ખ્યાલમાં ન આવે.

'અનુભવગોચર નથી પણ હોતો, અનુભવગોચર નથી પણ હોતો,...' શું કીધું ઇ? રાગથી સૂક્ષ્મ રાગના ભાવને ધર્મ માને છે, એવો જે એનો પક્ષ છે એને સૂક્ષ્મ છે એ ભાવ, એ કેવળીગમ્ય છે. છદ્મસ્થને અનુભવગમ્ય હોતો પણ નથી. જાણી પણ શકાય છે અને કોઈ જાણી પણ શકતું નથી–બે વાત છે. આહા..! 'માત્ર સર્વજ્ઞદેવ જાણે છે;...' કે આને રાગનો પક્ષ છે ને અને એ ત્યાં ધર્મ માનીને ઊભો છે. 'એ રીતે કેવળ વ્યવહારનો પક્ષ રહેવાથી તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે,...' આહાહા..! જ્ઞાયક સ્વરૂપ જે ભગવાન, એનો એને અંતર આશ્રય નથી તેથી તેને એકલો રાગનો આશ્રય, વ્યવહાર રહી જાય છે. 'અભવ્યને આ વ્યવહારનયના પક્ષનો આશય સર્વથા કદી પણ મટતો જ નથી.' આ તો દૃષ્ટાંત દીધો છે, હોં! કે, આવો વ્યવહાર અભવિ કરે છતાં કદી એને મુક્તિ થતી નથી તો પછી ભવિ જીવ પણ એવો વ્યવહાર કરે તો એનાથી પણ એને ધર્મ નથી. આ તો દૃષ્ટાંત છે.

આમાંથી એમ કાઢે છે, કે એ તો અભવિને માટે છે. આમાં તો કેટલાક પંડિત એમ

કહે છે. એમ નથી, આ તો દૃષ્ટાંત તરીકે આપ્યું છે. અભવિ વ્યવહારની એવી ક્રિયા કરે કે સાધારણ પ્રાણીને ખ્યાલમાં પણ ન આવે કે, આનું અજ્ઞાન છે. એવી ક્રિયા કરનાર પણ એક આગમની અપેક્ષાએ તે કેવળીગમ્ય સૂક્ષ્મ (આશયમાં રહી જાય છે). છદ્મસ્થને કો'કને ખ્યાલમાં આવે અને કો'કને ખ્યાલ ન આવે. એ રીતે ભવ્ય જીવ પણ દયા, દાન, વ્રતની એવી ક્રિયા કરે કે એના પરિણામને કોઈ સૂક્ષ્મપણે (આશય રહી જાય તેને) સર્વજ્ઞ જાણે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. ખ્યાલમાં આવે છતાં બહાર ન પાડે. સૂક્ષ્મ અંદર અભિપ્રાયમાં ફેર છે એવો ખ્યાલમાં આવે પણ સંપ્રદાયની દૃષ્ટિએ બહાર પાડે તો વિરોધ આવે. છે? આહાહા..!

મુમુક્ષુ :– ખાનગીમાં તો એ દોષ એને ખ્યાલમાં આવે.

ઉત્તર :– ખ્યાલમાં આવી જાય, કોઈને ખ્યાલમાં આવી જાય, ત્યાં એમ કહ્યું છે. પણ બહારની વ્યવહાર પ્રરૂપણા, શ્રદ્ધા, આચરણ એવું હોય કે, જેમાંથી સૂક્ષ્મ દોષ એને ખ્યાલમાં આવી જાય કે, આ વ્યવહારનો પક્ષ છે, પણ બહાર ન પાડી શકાય. સંપ્રદાયમાં વિરોધ આવે, એવું છે, એમાં લખ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં. આહાહા..!

' બાવીસ પરિષહને મુનિ સહન કરે છે ' હઠથી પરિષહને સહન કરે છે એને ધર્મ તો નથી પણ શુભભાવ પણ નથી. તેને તો એકલો અશુભભાવ હોય છે. આત્માના ભાનપૂર્વક શુદ્ધોપયોગ થયો હોય છે એમને પરિષહ વખતે તે તરફનો વિકલ્પ જ ઊઠતો નથી એને પરિષહજય કહેવાય છે.

(પરમાગમસાર - ૮૨૩)

આચાર્ય અને ઉપાધ્યાય એ બે પદવી ધારક વિના અન્ય સમસ્ત જે મુનિપદના ધારક તે મુનિ છે તે આત્મસ્વભાવને સાધે છે. સાધુ શબ્દથી પોતાના સ્વરૂપની સાધના કરે છે. એની મુખ્યતાએ વાત કરી છે. આત્માનું ભાન થઈને પોતાના સ્વભાવને સાધે છે અને આત્મામાં લીનતા કરે છે. એવા મુનિ પુરુષ હોય છે. સ્ત્રીને મુનિપણું ત્રણ કાળમાં હોતું નથી. બાહ્ય–અભ્યંતર નિર્ગ્રંથ દશા હોય તે મુનિ છે. જેણે સ્ત્રીને સાધુ પદ મનાવ્યું હોય તેનો નમસ્કાર મંત્ર સાચો હોતો નથી. અઠ્ઠાવીશ મૂળ ગુણ, નગ્ન દશા, પરિષહજય વગેરે જૈન મુનિઓની એવી જ અવસ્થા હોય છે. પરિષહજયમાં સ્ત્રીનો પરિષહ લીધો છે. માટે પુરુષ જ મુનિ હોય છે.

(પરમાગમસાર - ૮૨૪)

## ગાથા-૨૭૬-૨૭૭

कीदृशौ प्रतिषेध्यप्रतिषेधकौ व्यवहारनिश्चयनयाविति चेत् -

आयारादी णाणं जीवादी दंसणं च विण्णेयं।
छज्जीवणिकं च तहा भणदि चरित्तं तु ववहारो।।२७६।।
आदा खु मज्झ णाणं आदा मे दंसणं चरित्तं च।
आदा पच्चक्खाणं आदा मे संवरो जोगो।।२७७।।

आचारादि ज्ञानं जीवादि दर्शनं च विज्ञेयम्।
षड्जीवनिकायं च तथा भणति चरित्रं तु व्यवहारः।।२७६।।
आत्मा खलु मम ज्ञानमात्मा मे दर्शनं चरित्रं च।
आत्मा प्रत्याख्यानमात्मा मे संवरो योगः।।२७७।।

आचारादिशब्दश्रुतं ज्ञानस्याश्रयत्वाज्ज्ञानं, जीवादयो नवपदार्था दर्शनस्याश्रयत्वाद्दर्शनं, षड्जीवनिकायश्चारित्रस्याश्रयत्वाच्चारित्रमिति व्यवहारः। शुद्ध आत्मा ज्ञानाश्रयत्वाज्ज्ञानं, शुद्ध आत्मा दर्शनाश्रयत्वाद्दर्शनं, शुद्ध आत्मा चारित्राश्रयत्वाच्चारित्रमिति निश्चयः। तत्राचारादीनां ज्ञानाद्याश्रयत्वस्या- नैकान्तिकत्वाद्व्यवहारनयः प्रतिषेध्यः। निश्चयनयस्तु शुद्धस्यात्मनो ज्ञानाद्याश्रय- त्वस्यैकान्तिकत्वाद्व्यवहारनयः प्रतिषेध्यः। निश्चयनयस्तु शुद्धस्यात्मनो ज्ञानाद्या- श्रयत्वस्यैकान्तिकत्वात्तत्प्रतिषेधकः। तथाहि-

नाचारादिशब्दश्रुतमेकान्तेन ज्ञान- स्याश्रयः, तत्सद्भावेऽप्यभव्यानां शुद्धात्माभावेन ज्ञानस्याभावात्; न च जीवादयः पदार्था दर्शनस्याश्रयः तत्सद्भावेऽप्यभव्यानां शुद्धात्माभावेन दर्शनस्याभावात्; न च षड्जीवनिकायः चारित्रस्याश्रयः, तत्सद्भावेऽप्यभव्यानां शुद्धात्माभावेन चारित्रस्याभावात्। शुद्ध आत्मैव ज्ञानस्याश्रयः, आचारादिशब्दश्रुतसद्भावेऽसद्भावे वा तत्सद्भावेनैव ज्ञानस्य सद्भावात्; शुद्ध आत्मैव दर्शनस्याश्रयः, जीवादिपदार्थसद्भावेऽसद्भावे वा तत्सद्भावेनैव दर्शनस्य सद्भावात्; शुद्ध आत्मैव चारित्रस्याश्रयः, षड्जीवनिकायसद्भावेऽसद्भावे वा तत्सद्भावेनैव चारित्रस्य सद्भावात्।

હવે પૂછે છે કે 'નિશ્ચયનય વડે નિષેધ્ય (અર્થાત્ નિષેધાવાયોગ્ય) જે વ્યવહારનય, અને વ્યવહારનયનો નિષેધક જે નિશ્ચયનય - તે બન્ને નયો કેવા છે ?' એવું પૂછવામાં આવતાં વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ કહે છે :-

'આચાર' આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,
ષટ્જીવનિકાય ચરિત છે, - એ કથન નય વ્યવહારનું. ૨૭૬.
મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન ચરિત છે,
મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. ૨૭૭.

ગાથાર્થ :– [ आचारादि ] આચારાંગ આદિ શાસ્ત્રો તે [ ज्ञानं ] જ્ઞાન છે, [ जीवादि ] જીવ આદિ તત્ત્વો તે [ दर्शनं विज्ञेयम् च ] દર્શન જાણવું [ च ] અને [ षड्जीवनिकायं ] છ જીવ-નિકાય તે [ चरित्रं ] ચારિત્ર છે - [ तथा तु ] એમ તો [ व्यवहारः भणति ] વ્યવહારનય કહે છે.

[ खलु ] નિશ્ચયથી [ मम आत्मा ] મારો આત્મા જ [ ज्ञानम् ] જ્ઞાન છે, [ मे आत्मा ] મારો આત્મા જ [ दर्शनं चरित्रं च ] દર્શન અને ચારિત્ર છે, [ आत्मा ] મારો આત્મા જ [ प्रत्याख्यानम् ] પ્રત્યાખ્યાન છે, [ मे आत्मा ] મારો આત્મા જ [ संवरः योगः ] સંવર અને યોગ (-સમાધિ, ધ્યાન) છે.

ટીકા :– આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે, જીવ આદિ નવ પદાર્થો દર્શન છે કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે. અને છ જીવ-નિકાય ચારિત્ર છે કારણ કે તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે; એ પ્રમાણે વ્યવહાર છે. શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે, શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે, અને શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે; એ પ્રમાણે નિશ્ચય છે. તેમાં, વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે, કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે - વ્યભિચારયુક્ત છે; (શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે કેમ કે શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી પણ હોતાં, માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે;) અને નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે, કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે. (શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી કેમ કે જ્યાં શુદ્ધ આત્મા હોય ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે.) આ વાત હેતુ સહિત સમજાવવામાં આવે છે :-

આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી, કારણ કે તેના (અર્થાત્ શબ્દશ્રુતના) સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે; જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને

શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે; છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધઆત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે. શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ જ્ઞાનનો સદ્ભાવ છે; શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે, કારણ કે જીવ આદિ નવ પદાર્થોના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ દર્શનનો સદ્ભાવ છે; શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે, કારણ કે છ જીવ-નિકાયના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ ચારિત્રનો સદ્ભાવ છે.

ભાવાર્થ :– આચારાંગ આદિ શબ્દશ્રુતનું જાણવું, જીવાદિ નવ પદાર્થોનું શ્રદ્ધાન કરવું તથા છ કાયના જીવોની રક્ષા - એ સર્વ હોવા છતાં અભવ્યને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી હોતાં, તેથી વ્યવહારનય તો નિષેધ્ય છે; અને શુદ્ધાત્મા હોય ત્યાં જ્ઞાન, દર્શન, ચારિત્ર હોય જ છે, તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે. માટે શુદ્ધનય ઉપાદેય કહ્યો છે.

---

## ગાથા–૨૭૬-૨૭૭ ઉપર પ્રવચન

---

‘હવે પૂછે છે કે ‘નિશ્ચયનય વડે નિષેધ્ય (અર્થાત્ નિષેધાવાયોગ્ય) જે વ્યવહારનય, અને વ્યવહારનયનો નિષેધક જે નિશ્ચયનય - તે બન્ને નયો કેવા છે?’ એવું પૂછવામાં આવતાં...’ શું કહે છે? કે નિશ્ચયનય વડે વ્યવહાર નિષેધવામાં આવે છે, એ વ્યવહાર અને નિશ્ચય છે કેવો? કોને તમે નિશ્ચય ને વ્યવહાર કહો છો? આહા..! એવું પૂછવામાં આવે તો એનો ઉત્તર દેવામાં આવે છે. ‘એવું પૂછવામાં આવતાં વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ કહે છે :–’ એમ કહીને શું કહે છે? છે ને એમાં?

(મથાળું) છે. ‘कीदृशौ प्रतिषेध्यप्रतिषेधकौ’ શિષ્યનો પ્રશ્ન છે કે નિષેધ કરવા લાયક ને નિષેધ કરનાર. નિશ્ચય નિષેધ કરનાર, નિષેધ કરવા લાયક વ્યવહાર, એનું શું સ્વરૂપ છે? આપ કોને કહેવા માગો છો વ્યવહાર ને નિશ્ચય? જોયું? ‘અમૃતચંદ્રાચાર્યે’ મુક્યું છે. ‘व्यवहारनिश्चयनयाविति चेत्’ એવો પ્રશ્ન છે. એવી જેને અંતર જિજ્ઞાસા થઈ છે તેને આ ઉત્તર દેવામાં આવે છે. શું કહેવા માગો છો તમે આ? વ્યવહાર કોને કહેવો? નિશ્ચય કોને કહેવો? વ્યવહાર પ્રતિષેધ કરવા લાયક છે, નિશ્ચય પ્રતિષેધક છે. ઇ શું છે પણ આ? એમ આપ શું કહેવા માગો છે? એમ શિષ્યનો પ્રશ્ન છે.

आयारादी णाणं जीवादी दंसणं च विण्णेयं।
छज्जीवणिकं च तहा भणदि चरित्तं तु ववहारो।।२७६।।

आदा खु मज्झ णाणं आदा मे दंसणं चरित्तं च।
आदा पच्चक्खाणं आदा मे संवरो जोगो।।२७७।।
'આચાર' આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,
ષટ્જીવનિકાય ચરિત છે, - એ કથન નય વ્યવહારનું. ૨૭૬.
મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન ચરિત છે,
મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. ૨૭૭.

ટીકા :– 'આચારાંગ આદિ શબ્દશ્રુત...' હવે શું કહે છે? આચારાંગ આદિ શબ્દ છે, એનું જ્ઞાન ઇ શબ્દશ્રુતનું જ્ઞાન (છે), આત્માનું જ્ઞાન નહિ. આહાહા..! ઝીણી વાત છે. આચારાંગ આદિ, અગિયાર અંગ આદિ શબ્દશ્રુત, ઇ શબ્દશ્રુત છે તે જ્ઞાન છે. કેમ કે શબ્દશ્રુતનું જ્ઞાન અહીં છે. એ શબ્દશ્રુતનું જ્ઞાન છે, આત્માનું જ્ઞાન નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? જે શાસ્ત્રનું જ્ઞાન થયું એને અહીંયાં શબ્દશ્રુતનું જ્ઞાન થયું એમ કહે છે. આહાહા..! શું કહ્યું?

'શબ્દશ્રુત તે જ્ઞાન છે,...' શબ્દશ્રુત તે જ્ઞાન છે 'કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...' ઇ શું કહ્યું? કે, જે અગિયાર અંગ આદિ શાસ્ત્રો છે તે જ જ્ઞાન છે. કેમ? કે એમાં જ્ઞાન થવામાં તેનો આશ્રય છે એથી તે શબ્દશ્રુત તે જ્ઞાન છે. આહાહા..! ઝીણી વાત છે. શબ્દશ્રુત તે જ્ઞાનનો (આશ્રય છે). જ્ઞાન એટલે? શાસ્ત્રનું જે ભણતર, એવું જે જ્ઞાન, એનો આશ્રય શબ્દશ્રુત છે. માટે તે જ્ઞાનને શબ્દશ્રુતનું જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! અગિયાર અંગ ભણી જાય, કરોડો શ્લોકો (કંઠસ્થ હોય), અરે..! નવ પૂર્વ સુધી પણ લબ્ધિ થઈ જાય છે. ભવિ ને અભવિ મિથ્યાદષ્ટિને. પણ એ શબ્દશ્રુત શાસ્ત્રો છે, તેનું જ્ઞાન (છે) તેથી તે જ્ઞાનને શબ્દશ્રુતનું જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! એ આત્મજ્ઞાન નહિ, એ ધાર્મિક જ્ઞાન નહિ. આવી વાત છે.

'આચારાંગ આદિ શબ્દશ્રુત...' શબ્દશ્રુત. 'તે જ્ઞાન છે...' કેમ કે તે જ્ઞાનમાં શબ્દશ્રુતનો આધાર છે માટે તેને શબ્દશ્રુત જ્ઞાન કહેવામાં આવે છે. શું કહ્યું ઇ? શાસ્ત્રો આદિના શબ્દના જ્ઞાનમાં આશ્રય શબ્દોનો છે માટે તે જ્ઞાનને શબ્દશ્રુતનું જ્ઞાન કહેવામાં આવે છે. થોડી ઝીણી વાત છે. આ એકદમ ગંભીર ટીકા છે. આહાહા..! અગિયાર અંગ ભણી જાય તો કહે છે, કે એ શબ્દશ્રુત જ્ઞાન છે, એ તો શબ્દશ્રુતનું જ્ઞાન છે. કેમ કે શબ્દશ્રુત જ્ઞાનનો, એ જાણવું જે થયું તેનો આશ્રય તો શબ્દશ્રુત છે. જે શબ્દશ્રુતનું જાણવું થયું એ જ્ઞાનનો આશ્રય તો શબ્દશ્રુત છે. આહાહા..! એ જ્ઞાનનું નિમિત્ત શબ્દશ્રુત છે. એ વ્યવહારુ જે શબ્દશ્રુતનું જ્ઞાન તેનો હેતુ શબ્દશ્રુત છે, એ જ્ઞાનનું નિમિત્ત શબ્દશ્રુત છે, એ જ્ઞાનનું કારણ શબ્દશ્રુત છે. આહાહા..!

મુમુક્ષુ :– સ્વરૂપજ્ઞાન નથી?

ઉત્તર :- એ જ્ઞાન નથી. આહાહા..! ઝીણો અધિકાર છે.

શિષ્યનો પ્રશ્ન છે, કે આપ વ્યવહાર અને નિશ્ચય કહો છો ઇ કઈ રીતે કોને શું કહો છો? તો કહે છે, કે સાંભળ, ભાઈ! જે કાંઈ આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ આદિ શાસ્ત્રોનું જે જ્ઞાન (થાય) એ શબ્દશ્રુતનું જ્ઞાન, શબ્દનું જ્ઞાન છે. કેમ કે તેના જ્ઞાનમાં શબ્દશ્રુતનો આશ્રય, આધાર ને નિમિત્ત છે. તેના જ્ઞાનમાં, વ્યવહારુ જ્ઞાનમાં શબ્દશ્રુતનો આધાર-આશ્રય ને નિમિત્ત છે, એના જ્ઞાનમાં શબ્દશ્રુતનો હેતુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? માટે તેને વ્યવહાર શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. તેથી તેનો નિષેધ કરવામાં આવે છે. આહાહા..!

'જીવ આદિ નવ પદાર્થો દર્શન છે,...' શું કહે છે? જીવ આદિ નવ પદાર્થો તે દર્શન છે. કેમ કે તે નવ પદાર્થો દર્શનનો આધાર છે. નવ તત્ત્વની શ્રદ્ધાનો આશ્રય નવ તત્ત્વ છે માટે તે વ્યવહાર શ્રદ્ધા છે. આહાહા..! શું કીધું? જીવ આદિ નવ પદાર્થ પોતે વ્યવહાર સમકિત છે. અહીં ઓલું જે મોક્ષમાર્ગમાં નવ તત્ત્વની શ્રદ્ધા (આવે છે) એ અભેદની વાત છે, ઇ આ નથી અહીં. ત્યાં અભેદની વાત છે. 'ઉમાસ્વામી'એ પણ 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ'ના જે સાત બોલ કહ્યા, એ એકવચન લીધું છે અને આ તો બહુવચનવાળું છે. શું કહ્યું ઇ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન તો નિશ્ચય કહ્યું છે. ઇ એકવચને છે. એક આત્માનો આશ્રય કરીને એણે નવેને જાણ્યા છે. અહીંયાં નવ તત્ત્વ છે એ ભેદવાળા છે. આહાહા..! થોડું ઝીણું થોડું પડે એવું છે.

અહીં તો જીવ આદિ નવ પદાર્થો તે સમકિત છે, એમ કીધું. જેમ ઓલા શબ્દનું જ્ઞાન તે શબ્દ છે, એ જ્ઞાન તે શબ્દશ્રુત છે. એમ અહીંયાં નવ તત્ત્વની શ્રદ્ધા તે દર્શન છે. ઇ નવ તત્ત્વ તે દર્શન છે. કેમકે નવ પદાર્થો દર્શનનો આધાર, નિમિત્ત છે. વ્યવહાર સમકિતનો આશ્રય નવ તત્ત્વ છે, વ્યવહાર સમકિતનો હેતુ નવ તત્ત્વ છે, વ્યવહાર સમકિતનો આશ્રય નવ તત્ત્વ છે માટે તે નવ તત્ત્વને જ દર્શન કહેવામાં આવે છે. આહાહા..! વ્યવહાર. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ઝીણું લાગે બહુ.

ઉત્તર :- આવી વાત છે, ભાઈ! આમ (સ્વરૂપનો) આશ્રય નથી ને આમ (પરનો) આશ્રય છે, એમ બે ભાગ કહેવા છે. આહાહા..! જેમાં ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ સ્વભાવ(નો) જેના જ્ઞાનમાં આશ્રય નથી તેના જ્ઞાનમાં પરઆશ્રય છે માટે તે વ્યવહાર જ્ઞાન નિષેધવા લાયક છે. આહાહા..! વ્યવહારુ જ્ઞાન નિષેધવા લાયક છે. વ્યવહારુ ક્રિયાકાંડ તો ઠીક. આહાહા..! શું કહ્યું? સમજાય એવું છે, ભાષા તો સાદી છે.

આ ભગવાનઆત્મા આનંદનો નાથ સાગર પ્રભુ! જેના જ્ઞાનની પર્યાયમાં એનો આશ્રય, એનો હેતુ, એનું નિમિત્ત, એનું કારણ નથી તે જ્ઞાનમાં હેતુ, આશ્રય ને કારણ પર શબ્દ છે. માટે તેને શબ્દજ્ઞાન કહેવામાં આવે છે. એ શબ્દનું જ્ઞાન છે એને. એમ નવ તત્ત્વની

શ્રદ્ધા એ નવ તત્ત્વની, નવ તત્ત્વ તે શ્રદ્ધા છે. આત્માની શ્રદ્ધા નથી. આત્માનો અંદર આશ્રય થઈને જે શ્રદ્ધા થવી જોઈએ તે નથી. નવ તત્ત્વની શ્રદ્ધા, એ શ્રદ્ધાનો આશ્રય નવ તત્ત્વ છે. શ્રદ્ધાનું નિમિત્ત નવ તત્ત્વ છે, વ્યવહાર સમકિત. વ્યવહાર સમકિતનો હેતુ નવ તત્ત્વ છે. માટે નવ તત્ત્વ જ સમકિત છે. જેમ ઓલામાં શબ્દશ્રુત જ તે જ્ઞાન છે એમ આ નવ તત્ત્વ જ તે દર્શન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...' આ વ્યવહાર દર્શનની વાત છે, હોં! 'કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે,...' નવ પદાર્થો વ્યવહાર સમકિતનો આશ્રય છે. વ્યવહાર સમકિત એટલે રાગ. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યવહારુ જ્ઞાન એટલે વિકલ્પવાળું જ્ઞાન. વ્યવહારુ શ્રદ્ધા એટલે રાગની શ્રદ્ધા. એ રાગની શ્રદ્ધામાં નવ તત્ત્વ આશ્રય છે માટે નવ તત્ત્વને સમકિત કહેવામાં આવે છે. વ્યવહાર સમકિત. વ્યવહાર સમકિતનો આશ્રય નવ તત્ત્વ છે, વ્યવહાર સમકિતનો હેતુ, નિમિત્ત, કારણ નવ તત્ત્વ છે માટે નવ તત્ત્વ સમકિત છે. આત્મા સમકિત છે, એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત (છે). એકલા અમૃતના ઝરણા મુક્યાં છે. 'અમૃતચંદ્રાચાર્ય'! હવે એને ઊડાવી દે છે. આહાહા..!

બે વાત થઈ. એક તો જે અહીં શબ્દનું–શાસ્ત્રનું જ્ઞાન થયું તે જ્ઞાનને શબ્દજ્ઞાન કહેવામાં આવે છે, બસ. એ કાંઈ આત્મજ્ઞાન નથી, એ ધાર્મિક જ્ઞાન નથી. આહાહા..! અને જે શ્રદ્ધામાં નવ તત્ત્વનો આશ્રય છે તે નવ તત્ત્વને જ દર્શન કહીએ, નવ તત્ત્વને દર્શન કહીએ. જેમ શબ્દશ્રુતને, શબ્દને જ્ઞાન કહીએ એમ અહીં નવ તત્ત્વને દર્શન કહીએ. કેમકે એ દર્શન–વ્યવહાર દર્શનનો આધાર–આશ્રય નવ તત્ત્વ છે. એટલે નવ તત્ત્વ તે વ્યવહાર સમકિત છે. એ વાસ્તવિક છે નહિ. આહાહા..!

એક બીજી રીતે કહીએ તો આ શાસ્ત્રના જ્ઞાન સિવાય, જૈન સિવાય બીજે શાસ્ત્રનું જ્ઞાન પણ હોતું નથી. સમજાણું કાંઈ? જૈન સિવાય, સંપ્રદાય સિવાય શાસ્ત્રનું જ્ઞાન પણ બીજે હોતું નથી. હવે અહીં તો જૈનમાં રહેલો શાસ્ત્રનું જ્ઞાન કરે છે. આચારાંગ આદિનું જ્ઞાન છે ને અહીં તો? હેં? કાંઈ વેદાંતનું ને ફલાણું ને ઇ અહીં વાત અહીં છે જ નહિ. આહાહા..! શાસ્ત્ર જે ભગવાને કહેલા, આચારાંગ આદિ, જૈનમાં રહેલા જૈનો સંપ્રદાયના માણસો, કારણ કે, બીજાને તો આચારંગ આદિ છે ક્યાં? આહાહા..! એને પણ આચારાંગ આદિનું જે જ્ઞાન છે તે જૈનમાં હોવાવાળામાં આચારાંગ હોય છે ને? બીજાને હોય ક્યાં? પણ એને પણ એ શબ્દશ્રુત જ્ઞાન કહેવામાં આવે છે, એ આત્મજ્ઞાન નહિ. આહાહા..! 'ચંદુભાઈ'! આ તો આચારાંગ આદિ શબ્દ જૈનમાં લીધા છે. આ અન્યના જે શબ્દોનું જ્ઞાન એને તો એ વ્યવહાર જ્ઞાન પણ ન કહેવું.

વેદાંતના કે કોઈ ઈશ્વરકર્તાના કે વિશેષક આદિ મતોના જ્ઞાન, એને તો શબ્દજ્ઞાન વ્યવહાર શબ્દજ્ઞાન (તરીકે) પણ ના પાડી અહીં તો. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયાં

તો જૈનમાં, સંપ્રદાયમાં આવ્યો છે અને જેને આચારાંગ આદિ કાને પડ્યા છે અને એ આચારાંગ આદિનું જ્ઞાન થયું છે એ આચારાંગ શબ્દ છે માટે તે જ્ઞાનને શબ્દશ્રુત (કહે છે). જૈનમાં રહેલાને આચારાંગ આદિનું જ્ઞાન હોય તેને પણ વ્યવહાર જ્ઞાન ને બંધનું કારણ કહેવામાં આવે છે. આહાહા..!

એક કોર 'પ્રવચનસાર'માં 'જ્ઞાન અધિકાર' પૂરો થાય છે (ત્યાં) એમ કહે કે, જ્ઞાનના લક્ષે આગમનો અભ્યાસ કરવો. આવે છે? 'પ્રવચનસાર'માં જ્ઞાન અધિકાર પૂરો થાય પછી જ્ઞેય અધિકાર શરૂ કરે છે. જ્ઞાનના લક્ષે અભ્યાસ કરવો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેને લક્ષે અભ્યાસ કરવો. અહીંયાં તો કહે છે, કે લક્ષ વિનાનો જે અભ્યાસ છે... એ..ઇ..! આહાહા..!

મુમુક્ષુ :- લક્ષપૂર્વકનું જ્ઞાન એટલે શું?

ઉત્તર :- એ લક્ષપૂર્વકનું જ્ઞાન છે એ તો અંતરના જ્ઞાનમાં જાય છે, એ સમ્યગ્જ્ઞાનમાં જાય છે. અને આ લક્ષ વિનાનો એકલો અભ્યાસ છે (એ) શબ્દશ્રુતનું જ જ્ઞાન છે. મોટો ફેર છે. લક્ષ, અંદર જ્ઞાનનું લક્ષ. આ જ્ઞાતા છે, તેના લક્ષે જે કરે છે એનું અંદર જ્ઞાન યથાર્થ થાય છે. ફેર છે, ભાઈ! થોડા ફેરમાં મોટો તો ફેર છે. એ 'પ્રવચનસાર'માં જ્ઞાન અધિકાર પૂરો કરીને પછી આ ગાથા લીધી છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

અહીં તો સ્વ ને પરની વહેંચણીની વાત છે અને આ શાસ્ત્રનું, જૈનના કહેલા આચારાંગ આદિ (શાસ્ત્રનું) જ્ઞાન એ પરનું જ્ઞાન અને શાસ્ત્રજ્ઞાન છે. આહાહા..! તો બીજાના, અજ્ઞાનીના કહેલા શાસ્ત્રોનું જ્ઞાન એ તો વ્યવહાર જ્ઞાન, શ્રુતજ્ઞાન વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. અહીં તો શાસ્ત્રનું જ્ઞાન જે ભગવાને કહ્યાં શાસ્ત્રો, એને જે જાણે છે, ભણે છે, જાણે છે એના જ્ઞાનમાં આચારાંગ શબ્દનો આશ્રય હોવાથી એ જ્ઞાનને શબ્દશ્રુત ને વ્યવહાર જ્ઞાન નિષેધવા લાયક કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ભણવાનું શરૂ કર્યું ત્યારથી જ નિષેધવા લાયક છે?

ઉત્તર :- ઇ આગમ આદિનો અભ્યાસ જ નિષેધવા લાયક છે. જેમાં પરનો આશ્રય છે. આ તો વીતરાગના કહેલા આગમની વાત છે અહીં તો. ઝીણી વાત છે, ભગવાન! આ તો 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા, એ તો ગજબ છે, આહાહા..! એના એક એક શબ્દ ને એક એક અર્થ ઘણા જ ગંભીર છે. આહાહા..!

અહીં તો કહ્યું શું? એ ઘણીવાર કહેવાય ગયું છે, કે 'આચારાંગ' આદિ શબ્દ ઉપાડ્યો છે તો ઇ આચારાંગ આદિ તો જૈનમાં જ હોય છે. હેં? આહાહા..! આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી (આદિ) અગિયાર અંગ જૈનમાં હોય છે. એ આચારાંગનું જ્ઞાન એ શબ્દજ્ઞાન. કેમ કે એ શબ્દ છે માટે શબ્દનું જ્ઞાન, તે વ્યવહાર જ્ઞાન, તે વાસ્તવિક બંધનું કારણ (છે), તે નિષેધવા લાયક છે. બીજાના જ્ઞાનની વાતને તો અહીં વ્યવહાર પણ કહ્યો નથી. આહાહા..!

મુમુક્ષુ :– શબ્દશ્રુતમાં ફેરફાર હોઈ શકે અર્થમાં?

ઉત્તર :– શબ્દશ્રુત, વીતરાગના શબ્દશ્રુત એ શ્રુત. આ જરીક ઝીણી વાત છે. શ્વેતાંબરે જે શાસ્ત્રો કહ્યાં તે શબ્દશ્રુત પણ નથી. ઝીણું પડે, બાપુ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરે જે આચારાંગ આદિ કહ્યાં, એની જે રચના. શ્વેતાંબરે તો રચના પોતાની કલ્પનાથી કરેલી છે એથી તે તો આચારાંગ આદિનું જ્ઞાન એ વ્યવહારે પણ નહિ. આહાહા..! પ્રભુ! આકરું કામ છે, ભાઈ! બધાનો મોક્ષ થાવ એ તો પહેલું કહ્યું હતું પણ મારગ તો આ છે. આહાહા..!

આ ડૉક્ટરનું જ્ઞાન ને વકીલાતનું જ્ઞાન એ તો વ્યવહાર પણ નહિ. તેમ અન્યમતિના શાસ્ત્રોનું જ્ઞાન એ વ્યવહાર પણ નહિ. આહાહા..! એ..ઇ..! અહીંયાં તો ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની ધ્વનિમાંથી આચારાંગ આદિ આવ્યા, એની રચના સંતોએ કરી, એ શબ્દનું જ્ઞાન તેને શબ્દજ્ઞાન કહેવામાં આવે છે. ઇ શબ્દનું જ્ઞાન છે, આત્માનું જ્ઞાન નથી, એ તો શબ્દનું જ્ઞાન છે. આહાહા..! શું શૈલી એની! ગજબ શૈલી છે!

મુમુક્ષુ :– શાસ્ત્રી, આચાર્ય આદિ એ બધું કુજ્ઞાન?

ઉત્તર :– આત્માના સમ્યગ્જ્ઞાન વિનાનું એ બધું કુજ્ઞાન છે. આત્માના જ્ઞાન સહિત હોય તો એને વ્યવહાર જ્ઞાન કહેવામાં આવે. તે પણ નિષેધવા લાયક છે. સમજાણું કાંઈ? આહાહા..! છે ને સામે સૂત્ર?

એમ જીવ આદિ નવ પદાર્થો... મારે તો એમ કહેવું હતું, કે જીવ આદિ નવ પદાર્થ વીતરાગ સિવાય ક્યાં છે? છે? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ. એવા નવ પદાર્થો સર્વજ્ઞ વીતરાગ સિવાયના પંથમાં ક્યાંય છે નહિ. એના નવ તત્ત્વની શ્રદ્ધા એ નવ તત્ત્વરૂપ છે, એ આત્મારૂપ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– લક્ષ ફેર છે?

ઉત્તર :– લક્ષ હતું ક્યાં? પોતાનું લક્ષ થયું તો અહીંનું જ્ઞાન થયું. આ તો પોતાના લક્ષ સિવાય એકલું શબ્દનું જ્ઞાન કર્યું છે. અને લક્ષવાળું જ્ઞાન છે એની સાથે પણ જેટલું શબ્દજ્ઞાન છે એ બધો વ્યવહાર (છે). ધીમેથી સમજવું, ભાઈ! આ તો સિદ્ધાંત છે, આ કાંઈ વાર્તા નથી. આહાહા..!

નવ તત્ત્વને સમ્યગ્દર્શન કીધું. કેમ કે વ્યવહાર સમકિત જે રાગ વિકલ્પ છે, એનો આશ્રય નવ તત્ત્વ છે એથી નવ તત્ત્વ તે વ્યવહાર સમકિત છે. કેમ કે વ્યવહાર સમકિતનો આશ્રય, નિમિત્ત, હેતુ, કારણ નવ તત્ત્વ છે. તેથી નવ તત્ત્વને જ વ્યવહાર સમકિત કહ્યું. એ નવ તત્ત્વ તો જૈનદર્શનમાં જ હોય છે, બીજે તો હોતા નથી. વેદાંત આદિ એક તત્ત્વ વ્યાપે (એમ) માને. બીજા કોઈ ઈશ્વરકર્તા માને. એમાં નવ તત્ત્વ સ્વતંત્ર છે એમ તો ક્યાંય છે નહિ. આહાહા..! જેમાં નવ તત્ત્વનું યથાર્થ સત્ છે એની જેને શ્રદ્ધા છે એ પણ નવ તત્ત્વની શ્રદ્ધા (છે) એટલે શ્રદ્ધા જ નવ તત્ત્વ છે. ઇ શ્રદ્ધા નવ તત્ત્વ છે, ઇ આત્મતત્ત્વ

નહિ. આહાહા..! આવી વાતું છે.

મુમુક્ષુ :- નવમી ગ્રૈવેયક આત્મા આવે ખરો?

ઉત્તર :- આત્મા ગયો. આત્માનો ખ્યાલ આવ્યો આત્મા, આ આત્મા કહે છે, એટલું. જ્ઞાન નહિ. ધારણમાં ખ્યાલમાં આવ્યું. આહાહા..! અગિયાર અંગ ભણે તેમાં એમ આવતું નથી કાંઈ? બધું આવે છે એમાં. આત્મા આવો.. આવો. એ અગિયાર અંગ ભણ્યો એમાં નથી આવ્યું? પણ એ આત્મા વિકલ્પ સહિતનો ખ્યાલમાં આત્મા આવ્યો છે. એટલે ખરેખર એ વિકલ્પનો આશ્રય પર છે એનાથી જ્ઞાનમાં આવ્યું છે, ત્યાં સ્વનો આશ્રય છે નહિ. આહાહા..!

'જીવ આદિ નવ પદાર્થો દર્શન...' ભાષા દેખો! એ જીવ આદિ નવ તત્ત્વ તે સમકિત છે. ઇ સમકિતનો આશ્રય છે માટે તેને સમકિત કહેવામાં આવ્યું છે. આહાહા..! ઓલા શબ્દજ્ઞાનને જ્ઞાનમાં શબ્દનો આશ્રય હતો માટે શબ્દજ્ઞાન કહ્યું છે. એમ આ વ્યવહાર શ્રદ્ધાને નવ તત્ત્વનો આશ્રય હોવાથી નવ તત્ત્વ જ દર્શન છે. આહાહા..! અહીં કહેવાનો આશય તો આચારાંગ આદિ શાસ્ત્ર શબ્દ લીધા છે (એ) જૈનના (લીધા છે). નવ તત્ત્વ પણ જૈનના લીધા છે. એટલે જૈનમાં રહેલા પણ નવ તત્ત્વના આશ્રયે નવની શ્રદ્ધા કરે છે એ વ્યવહાર સમકિતનો આશ્રય નવ તત્ત્વ હોવાથી તે શ્રદ્ધા નવ તત્ત્વ છે, જીવ તત્ત્વ ન આવ્યું એમાં. આહાહા..! આ ભેદવાળાની વાત છે, હોં! ઓલું 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન' છે, એકવચન છે, અભેદ છે.

૧૩મી ગાથામાં કહ્યું હતું ને 'भूदत्थेणाभिगदा' નવ તત્ત્વને ભૂતાર્થથી જાણે. ભૂતાર્થ એટલે આત્માના જ્ઞાનના સ્વભાવથી જાણે. ૧૩મી ગાથા, 'સમયસાર'. અહીંયાં તો એકલા નવ તત્ત્વને જાણવાની, માનવાની શ્રદ્ધા એ શ્રદ્ધામાં આશ્રય ને હેતુ ને નિમિત્ત ને કારણ નવ તત્ત્વ છે. એટલે ઇ સમકિત જ નવ તત્ત્વ છે, ઇ શ્રદ્ધા જ નવ તત્ત્વ છે, આત્મા એમાં આવ્યો નહિ ક્યાંય. આહાહા..! ઝીણું પડે પણ હવે સાંભળવું તો પડે કે નહિ?

મુમુક્ષુ :- સ્વભાવપ્રત્યક્ષ, બાકી નહિ.

ઉત્તર :- હા, બાકી અજ્ઞાન છે. આહા..! કહેશે, હમણાં આવશે.

અહીં તો બે બોલ આચારાંગ આદિ અને નવ તત્ત્વ એ જૈનમાં જ હોય છે એમ સિદ્ધ કરીને તેની પણ શ્રદ્ધા એ શબ્દજ્ઞાન છે, તેની શ્રદ્ધા નવ તત્ત્વ છે, એમાં આત્મા નથી. આહાહા..! સમજાય છે? આહાહા..!

ત્રીજો બોલ 'અને છ જીવ-નિકાય ચારિત્ર છે...' ભાષા દેખો! છ જીવ-નિકાય-છ જીવનો સમૂહ તે ચારિત્ર છે. છ જીવનો સમૂહ તે ચારિત્ર છે. કારણ કે, વ્યવહાર રાગના ચારિત્રમાં છ જીવ-નિકાયનું લક્ષ જાય છે, આશ્રય એમાં એ છે. અને આમાં એક જ મુક્યું છે કેમ કે એમાં પાંચે મહાવ્રત આવી જાય છે. શું કહ્યું? ઓલામાં જેમ આચારાંગ આદિ એમ બધું આવી ગયું, ઓલામાં નવ તત્ત્વ આવી ગયું, એમ આમાં પણ છ જીવ-નિકાયની મુખ્યતા

ગણીને પરના લક્ષે થતાં જે રાગનો ભાવ એ ચારિત્રનો આશ્રય પર છે ને મહાવ્રત આદિ પાંચેયનો આશ્રય પર છે. આહા..! આ તો એક છ જીવ-નિકાયનું કેમ આપ્યું? કે, એ બીજે કાંઈ જૈન સિવાય છે નહિ. બીજે તો આમ સત્ય બોલવું કે એવી વાત આવે. છ જીવ-નિકાય – પૃથ્વીકાય, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ, કાય છ જીવ-નિકાય એ. છ જીવ-નિકાય એ કાંઈ જીવ નથી, છ જીવ-નિકાય એ જીવ નથી, જીવ તો તે જ્ઞાનસ્વરૂપ (છે) તે જીવ છે. 'પંચાસ્તિકાય'માં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

છ જીવ-નિકાય જે સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું, તેના વાડામાં રહેલાઓ... આહાહા..! છ જીવ-નિકાય. નિકાય કહ્યું ને (એટલે) સમૂહ, છ જીવનો સમૂહ તે ચારિત્ર છે. છે તો પર જીવ પણ અહીંયાં વ્યવહાર ચારિત્ર જે શુભરાગ છે તેનો આશ્રય, હેતુ ઇ છ જીવ-નિકાય છે. એટલે આ રાગનો હેતુ, પંચ મહાવ્રતના પરિણામનો હેતુ પર છે એમાં આ મુખ્ય છ જીવ-નિકાય નાખ્યું. ચાર મહાવ્રત એમાં સમાડી દીધા. ઇ વ્યવહાર અહિંસામાં પાંચેય મહાવ્રત આવી ગયા. આહાહા..! આવી વાત છે.

છ જીવ-નિકાય એક જ જીવ નહિ, એક જ એકેન્દ્રિય આદિ, પંચેન્દ્રિય એક જ જીવ નહિ. એકેન્દ્રિય પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતી, નિગોદના અનંત જીવ.. આહાહા..! એવા છ જીવ-નિકાય તે ચારિત્ર છે. આહાહા..! દયા પાળવાનો ભાવ પરાશ્રયનો છે ને? વ્રતનો ભાવ એ પરાશ્રયનો છે. એટલે પરાશ્રયને જ ચારિત્ર કીધું છે. છ જીવ-નિકાય તે ચારિત્ર છે, છ જીવ-નિકાયને પાળવી એ ચારિત્ર ન લેતાં છ જીવ-નિકાય એ ચારિત્ર છે.

મુમુક્ષુ :– એમ ઊંધું શા માટે લીધું?

ઉત્તર :– ઇ લીધુ એ ઊંધું આ કારણે લીધું કે, એ છ જીવ-નિકાય એના રાગનો આશ્રય છે માટે તે આશ્રય છે તે ચારિત્ર છે, એમ કીધું.

મુમુક્ષુ :– તો ઇ લેનારને ચારિત્ર ....

ઉત્તર :– ઇ લેનારને બધું એક જ છે. આહાહા..! ઝીણી વાત છે. ગાથાઓ એવી આવી ગઈ.

મુમુક્ષુ :– કાર્યનો કારણમાં ઉપચાર કરીને ..

ઉત્તર :– ઇ ઇ બધું એક જ છે. છ જીવ-નિકાય ચારિત્ર છે એમ કીધું છે. નવ તત્ત્વ તે સમકિત છે એમ કીધું છે.

મુમુક્ષુ :– ઉપચરિત કથન કહ્યું.

ઉત્તર :– નહિ, એક જ એ વસ્તુ (છે). ઉપચરિત કહો કે વ્યવહાર કહો બસ એક જ એ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર, એની વાણી છે, ભાઈ! આહા..! 'કુંદકુંદાચાર્યે' શબ્દો કર્યા ને એની ટીકા કરી 'અમૃતચંદ્રાચાર્યે' આહા..! હવે આવી ટીકા કરનાને એમ માને ઇ કાષ્ટાપંથી છે ને આવા છે. અર..ર..! પ્રભુ!

પ્રભુ! શું કરે છે તું? આહાહા..! ભગવાન! તારી બુદ્ધિ ભલી થાય પણ આવું ન કરવું જોઈએ તારે. આહાહા..! ભાઈ! અપરાધનો બહુ દોષ છે, પ્રભુ! આહા..!

'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત મુનિ એમ કહે છે, કે છ જીવ-નિકાય, છ કાય છે તે ચારિત્ર છે, વ્યવહાર. કેમ કે જે વ્યવહાર રાગ ચારિત્રનો એ આશ્રય છે માટે એ જ ચારિત્ર છે. કેમ કહ્યું કે નહિ પહેલું? કે, શબ્દજ્ઞાનમાં શબ્દ આશ્રય છે માટે એ શબ્દજ્ઞાન જ છે. એમ શ્રદ્ધામાં નવ તત્ત્વનો આશ્રય છે માટે નવ તત્ત્વ જ દર્શન છે. એમ ચારિત્ર વ્યવહારના આશ્રયમાં છ જીવ-નિકાય છે માટે છ જીવ-નિકાય જ ચારિત્ર છે. 'પંડિતજી'! આહાહા..! જે ગાથા આવી હોય એનો અર્થ થાય ને બીજો શું એમાં થાય? આમાં ગમે એટલો હોય તો સત્ય હોય તેમ રહેશે. આહાહા..!

છ જીવ-નિકાય. ત્રણેય બોલ લીધા. આચારાંગ આદિ શબ્દો, નવ તત્ત્વ આદિ તત્ત્વો, અને છ જીવ-નિકાય, ઇ જૈન પરમેશ્વર સિવાય ક્યાંય હોય નહિ. એટલે જૈન પરમેશ્વરના વાડામાં રહીને પણ... આહાહા..! અન્યની વાત તો શું કરવી? કહે છે. 'રતનચંદજી'! આહાહા..! જે જ્ઞાનમાં આચારાંગ આદિનો આશ્રય રહે તે જ્ઞાન તે શબ્દશ્રુત છે. જે શ્રદ્ધામાં નવ તત્ત્વનો આશ્રય રહે તે નવ તત્ત્વ તે સમ્યક્ છે, વ્યવહાર. જે ચારિત્રમાં છ જીવ-નિકાયની દયાનો ભાવ છે એ છ જીવ-નિકાય પોતે જ વ્યવહાર ચારિત્ર છે. છે કે નહિ પણ એમાં? આહા..! ગાથા તો જે આવી હોય એનો અર્થ થાય ને? આહાહા..!

મુમુક્ષુ :- આપ કહો છો એ અમને ...

ઉત્તર :- 'ચીમનભાઈ' નહિ વાંચતા હોય ત્યાં ઓલા પાઠશાળામાં ? નહિ? લોઢા તો બહુ ફેરવે છે. આહાહા..! દરેકને એમ છે ને! આરે..! માર્ગ પ્રભુ એવો છે કાંઈ... આહાહા..!

અહીં તો પર આશ્રયથી થતું જ્ઞાન તે શબ્દજ્ઞાન જ છે. પર આશ્રયથી થતી શ્રદ્ધા તે શ્રદ્ધા નવ તત્ત્વ છે. પરની દયાના ભાવથી પરનો આશ્રય જે આવે છે માટે તે ચારિત્ર છ જીવ-નિકાય ચારિત્ર છે. છ જીવ-નિકાયની દયા પાળવાનો ભાવ ચારિત્ર નહિ, છ જીવ-નિકાય ચારિત્ર છે. આહાહા..! સમજાય છે? છે ને એમાં? લખાણ છે કે નહિ?

મુમુક્ષુ :- આપ ન સમજાવો તો સમજાય નહીં.

ઉત્તર :- ઓલા ચોપડામાં કેમ સમજાય છે? ન્યાં હીરા-માણેકમાં જાય છે અંદર.

મુમુક્ષુ :- એમાં રુચિ છે ને.

ઉત્તર :- રુચિ છે. રુચિ અનુયાયી વીર્ય. જ્યાં રુચિ હોય ત્યાં વીર્ય કામ કરે. આહાહા..!

અહીં તો કહેવાનો આશય ઇ કે, ત્રણેય જૈનદર્શનના વ્યવહાર લીધા છે. બીજાનો વ્યવહાર એ વ્યવહારે નથી એમ કહ્યું છે. આહાહા..! અન્યમતિનું-વીતરાગ સિવાયના શાસ્ત્રોનું જ્ઞાન, વીતરાગ સિવાયના કહેલા તત્ત્વોની શ્રદ્ધા, વીતરાગ સિવાયની કહેલી દયા આદિના ભાવ, એ વાત અહીં છે જ નહિ. જેમાં આચારાંગ આદિ શાસ્ત્રો પડ્યા છે. આહાહા..! જેમાં નવ

તત્ત્વો જગતમાં રહ્યાં છે, જેમાં છ જીવ-નિકાય આદિ પંચ મહાવ્રતના આશ્રયરૂપ તત્ત્વ રહ્યાં છે. આહાહા..! તેને જ્ઞાન, દર્શન ને ચારિત્ર કહીને તેને કીધા છે, તે વ્યવહાર છે. આહા..!

'કારણ કે તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે;...' છે? છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય હોવાથી છ જીવ-નિકાયને ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! આ 'પંડિતજી' અમારે બેઠા કે નહિ? 'પંડિતજી'! પંડિતને સાચા પંડિત બનાવાય છે આ તો. પાંડિત્ય આવ્યું હતું ને કાલે આપણે? નહિ? કાલે આવ્યું હતું. આહા..!

અહીં તો કહે છે, કે મુદ્દાની રકમ જે ભગવાન ચૈતન્ય સ્વરૂપમાં આત્મદળ અનંત ગુણનો પિંડ, તે પણ સર્વજ્ઞે કહ્યો ઇ આત્મા, હોં! આ સર્વજ્ઞે કહેલા ઇ વ્યવહાર... આહાહા..! અને સર્વજ્ઞે કહેલો, જે પરમેશ્વરે કહેલો તે આત્મા આત્મા. બીજાઓ આત્મા કહે તે આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'એ પ્રમાણે વ્યવહાર છે.' ઠીક! આ ત્રણેનો વ્યવહાર કહ્યો. શબ્દ શ્રુતજ્ઞાન, નવ તત્ત્વ શ્રદ્ધા, છ જીવ-નિકાય ચારિત્ર એ વ્યવહાર છે. આહાહા..! વાત ઇ છે, કે જેણે લક્ષ જ એકલું પર ઉપર કર્યું છે એને એ પર ઉપરની શ્રદ્ધા ને પરનું જ્ઞાન ને પરની દયા એ પોતે છ જીવ-નિકાયમાં જ ગયું, પરમાં ગયું છે, અહીં આત્મામાં આવ્યું નથી. આહાહા..! 'ધનાભાઈ'! 'પ્રવીણભાઈ' તો ગયા લાગે છે. બેય 'કિશોરભાઈ' પણ, ઠીક! સમજાણું કાંઈ? આહાહા..! સામે પુસ્તક હોય એને ઠીક પડે.

મુમુક્ષુ :– એમ ને એમ સમજાય એવું નથી.

ઉત્તર :– આ તો અત્યારે સમજવામાં પુસ્તક હોય તો ઠીક પડે. ઇ વ્યવહાર કહ્યો.

હવે નિશ્ચય (કહે છે). 'શુદ્ધ આત્મા જ્ઞાન છે...' એ શુદ્ધ આત્મા જ્ઞાન છે, શુદ્ધ આત્મા ત્રિકાળ તે જ્ઞાન છે. વર્તમાન જ્ઞાન એ શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. શું કહ્યું? વર્તમાન જે સમ્યગ્જ્ઞાન એ શુદ્ધાત્મા તે જ્ઞાન છે. આહાહા..! 'કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...' ભાષા દેખો! ઇ જ્ઞાન છે એ ક્યું? આત્મજ્ઞાન, શુદ્ધ આત્માનું જ્ઞાન થયું, પર્યાય. એ જ્ઞાન તે આત્મા છે. એ શુદ્ધ (આત્મા). કેમ કે એ જ્ઞાનનો આશ્રય આત્મા છે. આહાહા..! શું શૈલી! આ ગજબ શૈલી છે! ટૂંકામાં ઘણું સમાડી દીધું છે. સર્વજ્ઞ સિવાયના વ્યવહારોની તો ક્યાંય વાતું જ ઉડાવી દીધી. આહાહા..! છ જીવ-નિકાય ને નવ તત્ત્વ ને છ કાયની દયા ને એ તો બીજે ક્યાંય છે નહિ. આહાહા..! આવું જૈનમાં રહેલાઓ પણ આ રીતે હોય તો તે બધો વ્યવહાર છે, બંધનું કારણ છે. આહાહા..!

શબ્દશ્રુત જ્ઞાન બંધનું કારણ, નવ તત્ત્વની શ્રદ્ધા બંધનું કારણ, છ જીવ-નિકાય ચારિત્ર વ્યવહાર બંધનું કારણ. સમજાણું કાંઈ? મગજમાં કાંઈક આવ્યું હતું વળી પાછું ગયું. સમજાણું? ઓલું આવ્યું છે ને? પરસત્તાવલંબી જ્ઞાન. 'બનારસીદાસ' 'પરમાર્થવચનીકા' પરસત્તાવલંબી જ્ઞાન તે મોક્ષનું કારણ નથી. એમ આ શાસ્ત્રનું જ્ઞાન પરસત્તાવલંબી જ્ઞાન છે. આહાહા..!

મગજમાં આવ્યું હતું પાછું વયું ગયું, પાછું આવ્યું વળી. કાંઈક આવ્યું હતું. આમ તો આવે ત્યારે થાય. ઇ કાંઈ તૈયાર કરી રાખ્યું છે? આહાહા..! એ જેટલું પર સત્તાવલંબી જાણપણું છે... આહાહા..! એ બધું બંધનું કારણ છે. 'બનારસીદાસ' કહી ગયા છે, લ્યો! અને તે પાછું છેલ્લે એમ કહ્યું છે, કે આ વચનીકા કેવળીવચન અનુસાર છે. છે? એમાં છેલ્લો શબ્દ છે. આ વચનીકા કેવળજ્ઞાનીના વચન અનુસાર છે. એલા સમકિતીઓ ગૃહસ્થાશ્રમીઓ આમ કહે? હા, સાંભળને હવે. છે કે નહિ? છે અહીંયાં?

'મોક્ષમાર્ગ પ્રકાશક'. જુઓ ! ઇ જ નીકળ્યું. '(તત્ત્વ) વચનાતીત, ઇન્દ્રિયાતીત, જ્ઞાનાતીત છે તેથી આ વિચારો બહુ શા લખવા? જે જ્ઞાતા હશે તે થોડું લખેલું (પણ) બહુ સમજશે. જે અજ્ઞાની હશે તે આ ચિઠ્ઠી સાંભળશે ખરો, પરંતુ સમજશે નહિ. આ વચનિકા જેમ છે તેમ–(યથાયોગ્ય)–સુમતિપ્રમાણ કેવળીવચનાનુસાર છે.' આહાહા..! હવે આને કહે, એ ગૃહસ્થોના વચનને માને. મુનિ હોય કે કેવળી હોય સમકિતી છે એના વચનો તો કેવળી જેવા જ હોય છે, એમાં ફેરફાર ક્યાંય હોતો નથી, સ્થિરતામાં ફેર છે, રાગાદિમાં (ફેર છે). આહાહા..!

'શુદ્ધ આત્મા જ્ઞાન...' અહીંયાં શુદ્ધ આત્માનું જ્ઞાન છે એમ ન કહેતા શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. ઇ શું કીધું? કે, જે અહીં શુદ્ધ આત્માનું જ્ઞાન થાય એ શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. કારણ કે એ જ્ઞાનનો આશ્રય શુદ્ધ આત્મા છે. સમ્યગ્જ્ઞાન-નિશ્ચય સમ્યગ્જ્ઞાન. તે શુદ્ધ આત્મા તે જ્ઞાન છે, શુદ્ધ આત્મા, શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. કેમ આ જ્ઞાન કહ્યું? કે, સ્વ ચૈતન્યને આશ્રયે થયેલું સમ્યગ્જ્ઞાન, જેનો આધાર ભગવાન છે એને આશ્રયે થયેલું જ્ઞાન એ શુદ્ધ આત્મા તે જ્ઞાન છે, શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. છે તો જ્ઞાનની પર્યાય પણ શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. શું કહ્યું સમજાણું?

જેમ ઓલામાં કીધું, નવ તત્ત્વ તે શ્રદ્ધા છે. આચારાંગ શબ્દશ્રુત જ્ઞાન છે. એમ અહીં શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. શુદ્ધ આત્મા તો ત્રિકાળી દ્રવ્ય છે અને જ્ઞાન તો વર્તમાન પર્યાય છે પણ એ શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. કેમ? જ્ઞાન કોણ? પર્યાય, સમ્યગ્જ્ઞાનની પર્યાય. એ શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. લે! જ્ઞાનની પર્યાય એ શુદ્ધ આત્મા તે જ્ઞાન. 'કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...' એ સમ્યગ્જ્ઞાનનો આધાર, હેતુ, નિમિત્ત, નિમિત્ત પણ કહેવાય છે. નિમિત્ત, કારણ, હેતુ, આશ્રય એ સમ્યગ્જ્ઞાનનો હેતુ, કારણ દ્રવ્ય છે, શુદ્ધ દ્રવ્ય છે. માટે શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. સમજાણું કાંઈ? આવી વાતું છે. ઓલી છ કાયની દયા પાળો, વ્રત પાળો ને અપવાસ કરો ને એ સહેલુસટ હતું – રખડવાનું. આહાહા..! આવો વીતરાગનો માર્ગ. આહાહા..! પરમેશ્વર ત્રિલોકનાથ! આહાહા..!

જેમ એમાં એમ કહ્યું કે શબ્દશ્રુત તે જ્ઞાન છે, એ શબ્દ તે જ્ઞાન છે, એમ. એ શબ્દ તે જ્ઞાન છે. અહીંયાં શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. ઓલા શબ્દશ્રુત જે જ્ઞાનનો આશ્રય હતો

માટે તેને શબ્દશ્રુત કીધું. એમ આ જ્ઞાનની પર્યાયમાં આશ્રય દ્રવ્ય છે માટે શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાન એને કહીએ કે જે શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. કેમ કે જ્ઞાનનો આશ્રય શુદ્ધ આત્મા છે. સમ્યગ્જ્ઞાનનું ધ્યેય ત્યાં દ્રવ્ય ઉપર છે. આહાહા..! આવી વાત છે. ભલે એણે પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિનું જ્ઞાન હો, અગિયાર અંગ ને નવ પૂર્વનું ન પણ હો. આહાહા..! પણ એ શુદ્ધ આત્મા જે ત્રિકાળ છે તેનું જ્ઞાન તે શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. શુદ્ધ આત્મા દ્રવ્ય છે તે જ્ઞાન છે. સમજાણું? જેમ ઓલા છ જીવ-નિકાય તે ચારિત્ર છે, નવ તત્ત્વ તે શ્રદ્ધા છે એમ આ શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. કેમ કે સમ્યગ્જ્ઞાન છે તો પર્યાય, પણ એ સમ્યગ્જ્ઞાનનો આધાર, આશ્રય, હેતુ, કારણ, નિમિત્ત આત્મા છે. માટે શુદ્ધ આત્મા તે જ્ઞાન છે, એ જ્ઞાન નિશ્ચય છે. આહાહા..! વિશેષ કહેશે..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

---

## પ્રવચન નં. ૩૪૦ ગાથા–૨૭૬, ૨૭૭ ગુરુવાર, કારતક સુદ ૫, તા. ૨૫-૧૦-૧૯૭૯

(આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે)

---

'સમયસાર' ૨૭૬-૨૭૭ ગાથા, આજે હિન્દી ચાલશે. હિન્દી (લોકો) આવ્યા છે ને. ટીકા :– 'આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...' શું કહે છે? શાસ્ત્રનું જે જ્ઞાન થાય છે એ તો શબ્દજ્ઞાન છે. ટીકા છે, ટીકા. ૨૭૬-૨૭૭. આચારાંગ આદિનું જ્ઞાન, એ શબ્દજ્ઞાન છે. એ સમ્યગ્જ્ઞાન નહિ. આહા..! શાસ્ત્રનું જ્ઞાન–આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, અગિયાર અંગનું જે જ્ઞાન (થાય) એ શબ્દજ્ઞાન છે. એ શબ્દનું જ્ઞાન છે, એ આત્માનું જ્ઞાન નહિ. આહાહા..! કેમકે જે જ્ઞાનમાં શબ્દનો આશ્રય છે, શાસ્ત્રના શબ્દનો આશ્રય છે, એ જ્ઞાનને યથાર્થ જ્ઞાન કહેતા નથી. આહાહા..! ઝીણી વાત છે. સમજાય છે કાંઈ?

'આચારાંગ આદિ શબ્દશ્રુત...' એ તો શબ્દશ્રુત છે. શબ્દનું જ્ઞાન (છે). આહાહા..! શબ્દ જે જડ તેનું એ જ્ઞાન છે. આચારાંગનું જ્ઞાન છે એ તો શબ્દશ્રુત જ્ઞાન છે, જડ જ્ઞાન છે. એ આત્મજ્ઞાન નહિ, આત્માનું સમ્યગ્જ્ઞાન નહિ. આહાહા..! ઝીણી વાત છે. 'કારણ કે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...' એ શબ્દશ્રુતથી જે જ્ઞાન થયું તેનો આશ્રય શબ્દશ્રુત છે. તે કારણે જ્ઞાનને જ શબ્દશ્રુત કહેવામાં આવ્યું છે. આહાહા..! આ આચારાંગ શાસ્ત્રના ભણતર-બણતર કરવા, એ બધું ભણતર શબ્દજ્ઞાન છે. કારણ કે શબ્દો છે તેનું જ્ઞાન તે શબ્દજ્ઞાન છે. આહાહા..! એ આત્મજ્ઞાન નહિ, એ સમ્યગ્જ્ઞાન નહિ. ઝીણી વાત છે, ભાઈ! એક વાત (થઈ).

'જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...' જે સમ્યગ્દર્શન, વ્યવહાર સમ્યગ્દર્શન છે તેનો આશ્રય નવ તત્ત્વ છે, તો નવ તત્ત્વ જ વ્યવહાર સમ્યગ્દર્શન છે. નવ તત્ત્વ જ વ્યવહાર સમ્યગ્દર્શન છે, એ નિશ્ચય સમ્યગ્દર્શન નહિ, એ સાચું સમ્યગ્દર્શન નહિ. આહાહા..! નવ તત્ત્વની શ્રદ્ધા, એ શ્રદ્ધામાં નવ તત્ત્વનો આશ્રય છે તે કારણે નવ તત્ત્વને જ સમ્યગ્દર્શન કહ્યું. નવ તત્ત્વ જ સમ્યગ્દર્શન (છે), વ્યવહાર, હોં! વ્યવહાર. એ સત્ય સમ્યગ્દર્શન નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

નવ તત્ત્વ પદાર્થ 'દર્શન છે કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે,...' વ્યવહાર સમ્યગ્દર્શન જે રાગ, વ્યવહાર સમ્યગ્દર્શન એટલે રાગ, એ રાગનો આશ્રય નવ તત્ત્વ છે તો એ નવ તત્ત્વને અહીંયાં વ્યવહાર સમ્યગ્દર્શન કહ્યું છે. એ સમ્યગ્દર્શન નહિ. સમજાય છે કાંઈ? બે વાત (થઈ).

અહીંયાં વાત તો એ કહી કે, આ જૈનદર્શન વીતરાગમાર્ગમાં જે આચારાંગ આદિ શાસ્ત્રજ્ઞાન છે, એ શાસ્ત્રનું જ્ઞાન (થાય) તેને વ્યવહાર જ્ઞાન કહે છે, સમ્યગ્જ્ઞાન નહિ. બીજા મતનું જે શાસ્ત્રજ્ઞાન છે તે તો વ્યવહાર પણ નથી. જૈન પરમેશ્વર ત્રિલોકનાથ, જૈન પરમેશ્વર ત્રિલોકનાથ, જેમણે બાર અંગ કહ્યા, તેમાંથી આચારાંગ આદિનું જ્ઞાન (થાય) તેને અહીંયાં શબ્દશ્રુત જ્ઞાન કહ્યું. એ વ્યવહાર છે, એ કોઈ સમ્યગ્જ્ઞાન નથી. અન્યમતના જેટલા શાસ્ત્રનુ જ્ઞાન (છે) તે તો વ્યવહાર પણ નથી. સમજાય છે કાંઈ?

આચારાંગ આદિ લીધું છે ને? જૈનદર્શનના અગિયાર અંગ લીધા છે. આહાહા..! જૈનદર્શને જે અગિયાર અંગ કહ્યા, એ અગિયાર અંગનું જ્ઞાન શબ્દજ્ઞાન છે. કારણ કે અગિયાર અંગ છે તે શબ્દ છે અને તેનું જ્ઞાન છે તે શબ્દજ્ઞાન છે. આહાહા..! અજ્ઞાનીના, વીતરાગ સિવાય, આચારાંગ આદિ સિવાય બીજા જ્ઞાનીના કોઈપણ શાસ્ત્રનું જ્ઞાન, તે તો વ્યવહાર શબ્દજ્ઞાન પણ નથી. સમજાય છે કાંઈ?

નવ તત્ત્વ. જૈન પરમેશ્વરે નવ તત્ત્વ કહ્યા. એ નવ તત્ત્વની શ્રદ્ધા. નવ તત્ત્વ એ જ દર્શન છે. વ્યવહાર, રાગ. વ્યવહાર સમકિત એટલે રાગ. એ રાગ, નવ તત્ત્વ એ જ સમ્યગ્દર્શન છે. કારણ કે વ્યવહાર સમ્યગ્દર્શન-રાગનો આશ્રય નવ તત્ત્વ છે. નવ તત્ત્વ સિવાય અન્યમતિના જેટલા તત્ત્વ છે તેની શ્રદ્ધા તો વ્યવહાર પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

આ તો 'સમયસાર' છે. સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવની વાણી છે, એ વાણીમાં જે અગિયાર અંગની રચના થઈ, એ અગિયાર અંગનું જ્ઞાન કરે એ શબ્દજ્ઞાન (છે), એ આત્મજ્ઞાન નહિ. આત્માના મોક્ષનો તરવાનો ઉપાય નથી.. આહાહા..! શાસ્ત્રજ્ઞાન છે તે આત્માને તારવાનો ઉપાય નથી.. આહાહા..! એ તો શબ્દજ્ઞાન છે, બંધનું કારણ છે. આવી વાત છે, પ્રભુ! કાલે તો વાત આવી ગઈ છે. આ તો આ લોકો નવા આવ્યા છે ને!

એ નવ તત્ત્વ તે જ સમ્યગ્દર્શન અર્થાત્ ભગવાને કહેલા જે જીવ, અજીવ, પુણ્ય-પાપ (આદિ) નવ ભેદ, એ ભેદની શ્રદ્ધા એ રાગ (છે), એ રાગને વ્યવહાર સમ્યગ્દર્શન કહ્યું. એ સમ્યગ્દર્શનનો આશ્રય નવ તત્ત્વ છે તો નવ તત્ત્વ એ જ દર્શન છે, એમ કહ્યું. નવ તત્ત્વ છે તે જ દર્શન છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! બે વાત (કરી).

ત્રીજી (વાત). '(છ જીવ-નિકાય)...' ચારિત્ર છે. છ જીવ કાય છે ને? પૃથ્વીકાય, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. છ કાય. છ કાયની રક્ષા એ રાગ છે અને રાગનો આશ્રય છ કાયના જીવ છે, તો એ છ કાયના જીવને વ્યવહાર ચારિત્ર કહ્યું. વાત તો છ કાય (અને) પંચ મહાવ્રત; છ કાય તો એક બોલ લીધો છે, પણ છ કાય અને પંચ મહાવ્રતના પરિણામનો આશ્રય પર છે. એ પર છ કાય જીવ છે તે જ ચારિત્ર કહ્યું. વ્યવહાર–રાગ. કારણ કે છ કાય (છે), રાગ છે તેમાં લક્ષ પર જીવ–છ કાય ઉપર જાય છે, તો છ કાય એ જ પોતે વ્યવહાર ચારિત્ર નામ રાગ છે. સાચું ચારિત્ર નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ છ જીવ-નિકાય તે વીતરાગે કહ્યા તે છ જીવ. અજ્ઞાનીને ક્યાંય છ કાય જીવ નથી. અજ્ઞાનીને ક્યાંય નવ તત્ત્વ પણ નથી. અજ્ઞાનીને કોઈ આચારાંગ આદિ શાસ્ત્ર પણ નથી.

આ તો જૈનમાં રહેલા આચારાંગ આદિ શાસ્ત્રો, જૈનમાં રહેલા જે નવ તત્ત્વો અને જૈનમાં કહેલા જે છ કાયના જીવો, એને આશ્રયે થતી જે શ્રદ્ધા કે જ્ઞાન કે ચારિત્ર, એ બધો વ્યવહાર (છે). કારણ કે રાગનો આશ્રય પર છે, રાગનો આશ્રય પર છે. માટે તેને વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહાહા..! ઝીણું બહુ. કાલે તો આવ્યું હતું.

'કારણ કે તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે;...' 'ચારિત્ર' શબ્દે રાગ. પંચ મહાવ્રતનો શુભરાગ છે ને? એ રાગનો આશ્રય છ કાયનું લક્ષ છે તો એ છ કાયના જીવને જ ચારિત્ર કહેવામાં આવ્યું. વ્યવહાર–રાગ. સમજાય છે કાંઈ? જે રાગનો આશ્રય છ જીવ નિકાય આદિ છે તો છ જીવ નિકાયને જ વ્યવહાર ચારિત્ર કહ્યું. વ્યવહાર ચારિત્ર એટલે રાગ. એ રાગમાં છ જીવ નિકાયના જીવનો આશ્રય છે તો તેને વ્યવહાર કહ્યો. (એ) રાગ છે, બંધનું કારણ છે. આહાહા..!

આચારાંગ આદિનું જ્ઞાન પણ બંધનું કારણ છે. નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ સમકિત (વ્યવહાર) એ પણ બંધનું કારણ છે અને છ કાયની દયાનો ભાવ અને છ કાયના જીવ, તેના લક્ષે થયેલો રાગ એ બંધનું કારણ છે. એ મોક્ષનું કારણ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

હવે (કહે છે), 'આ પ્રમાણે વ્યવહાર છે.' આ પ્રકારે વ્યવહાર છે, આ પ્રકારે વ્યવહાર છે. શબ્દશ્રુત જ્ઞાન, જે જ્ઞાનમાં શબ્દશ્રુત નિમિત્ત છે તો એ શબ્દજ્ઞાન વ્યવહાર છે, સાચું જ્ઞાન નહિ. એમ નવ તત્ત્વની શ્રદ્ધા, એ નવ તત્ત્વ જ દર્શન છે. કારણ કે સમ્યગ્દર્શન–રાગ, વ્યવહાર, રાગનો આશ્રય નવ તત્ત્વ છે, તો નવ તત્ત્વ એ દર્શન (કહ્યું), એ વ્યવહાર

છે. એમ છ કાયની દયાનો ભાવ, એમાં છ કાયનો આશ્રય છે તો એ દયાના ભાવને, છ કાયના જીવ એ જ ચારિત્ર કહ્યું. એ રાગ છે, એ વ્યવહાર છે, એ બંધનું કારણ છે. ગજબ વાત છે.

કારણ કે આ શાસ્ત્ર આદિનું જ્ઞાન, નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા અને છ કાયની દયાનો ભાવ, એમાં આત્મા ઉપાદેય છે એ વાત આવી નહિ. આહાહા..! આત્મા ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય ઉપાદેય આવ્યો નહિ. એ આવ્યો નહિ તો એ શ્રદ્ધા, જ્ઞાનમાં સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય પણ થયો નહિ. શું કહ્યું? આહાહા..!

જેણે આ શાસ્ત્રનું જ્ઞાન કર્યું, એ શબ્દજ્ઞાન. તેમાં આત્મા ઉપાદેય ન આવ્યો. એમાં તો રાગ ઉપાદેય આવ્યો. તો રાગ જે હેય છે, હેય છે, બંધનું કારણ છે તેને પોતાનો માન્યો, તો તેમાં મિથ્યાત્વ પ્રકૃતિ આદિ સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ (થયો નહિ). આત્મા શુદ્ધ ચૈતન્ય ઉપાદેય છે એમ આવ્યું નહિ તો એ નવ તત્ત્વની શ્રદ્ધા, છ કાયની દયા અથવા શબ્દજ્ઞાન, તેમાં સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ ન થયો. આત્માને ઉપાદેય કર્યા વિના સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ થતો નથી. આહાહા..! ભારે આકરું કામ. સમજાય છે કાંઈ? ભાષા સમજાય છે? આહાહા..!

જેમાં પર આશ્રય આવ્યો, જે જ્ઞાનમાં પર શબ્દનું જ્ઞાન આવ્યું, જે શ્રદ્ધામાં નવ તત્ત્વનો આશ્રય આવ્યો, જે દયાના ભાવમાં, વ્યવહાર-રાગમાં છ કાયનો આશ્રય આવ્યો એ બંધનું કારણ છે. કારણ કે એમાં આત્મા ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય છે એ ઉપાદેય છે એમ આવ્યું નહિ. આવ્યો નહિ તો તેમાં કર્મની પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય થયો નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! એ નવ તત્ત્વની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને છ કાયની દયાનો પંચ મહાવ્રત, એ દશામાં ત્રિકાળ આત્મા જે તેનાથી ભિન્ન છે એવી ઉપાદેયબુદ્ધિ થઈ નહિ, તો એ ત્રણમાં કર્મની પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ થયો નહિ. આહાહા..! ત્રણે બોલમાં દર્શનમોહનો ઉદય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ છે.

જિનેશ્વરદેવ, જિનેશ્વર પોતે એ કહે છે, અમે કહેલા શાસ્ત્રો, અમે કહેલા નવ તત્ત્વો, અમે કહેલા છ કાયના જીવ, એને આશ્રયે તારી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર (થાય) એ બધું બંધનું કારણ છે. અમે નિમિત્ત છે તો હસ્તાવલંબ તરીકે દેખાડ્યું. આવે છે ને? ભાઈ! અગિયારમી ગાથા, અગિયારમી ગાથા. હસ્તાવલંબ તરીકે, નિમિત્ત તરીક દેખાડ્યું પણ છે બંધનું કારણ, એ મોક્ષનું કારણ અને ધર્મરૂપ નથી. આહાહા..! હસ્તાવલંબ તરીકે નિમિત્ત હતા માટે નિમિત્તનું કથન કર્યું. શાસ્ત્રનું જ્ઞાન વ્યવહાર, છ કાયની દયા વ્યવહાર, નવ તત્ત્વની શ્રદ્ધા વ્યવહાર, એ હસ્તાવલંબ નિમિત્ત છે તો વાત કરી, પણ છે બંધનું કારણ. આહાહા..! છ કાયની દયા પાળે તો કહે બંધનું કારણ.

મુમુક્ષુ :– છ કાયમાં પોતે રહી જાય છે ને!

ઉત્તર :– પોતે આખો કીધું ને, શુદ્ધ ઉપાદાન ઉપાદેય પરમાત્મસ્વરૂપ છે, પોતાનો નિજાનંદ પ્રભુ ઉપાદેય કરવો તો રહી ગયો અને તારી દૃષ્ટિ અહીંયાં રોકાઈ ગઈ. શાસ્ત્રના જ્ઞાનમાં, નવ તત્ત્વની ભેદ શ્રદ્ધામાં અને છ કાયની દયા, પંચ મહાવ્રતમાં તારી રુચિ રોકાઈ ગઈ. ભગવાન અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ છે... આહાહા..! તેનો આશ્રય અને અવલંબન રહી ગયું, તો તને કાંઈ લાભ થયો નહિ. લાભ થયો–બંધનો. આહાહા..! કાલે 'બનારસીદાસ'નું પરસત્તાવલંબીનું કહ્યું હતું. પરસત્તાવલંબી જ્ઞાન બંધનું કારણ છે. આહાહા..!

જ્ઞાનીને પણ સ્વના આશ્રયમાં પૂર્ણ આશ્રય ન થાય ત્યાં સુધી તે આવે છે, પણ છે બંધનું કારણ. અને અજ્ઞાનીને તો એકલું છે તો માત્ર બંધનું કારણ છે. આહાહા..! ધર્મી જીવને શુદ્ધ આત્મા.. એ કહે છે, જુઓ! 'શુદ્ધ આત્મા જ્ઞાન છે...' છે ત્રીજી લીટી? 'શુદ્ધ આત્મા જ્ઞાન છે...' છે? શું કહે છે? 'શુદ્ધ આત્મા જ્ઞાન છે...' શુદ્ધ આત્મા તો ત્રિકાળી ચીજ છે. શુદ્ધ આત્મા તો ત્રિકાળી ચીજ છે, તે જ્ઞાન છે. કેમ એમ કહ્યું? કે એ જ્ઞાનનો આશ્રય શુદ્ધ આત્મા છે માટે શુદ્ધ આત્મા તે જ્ઞાન છે, એમ કહ્યું. આહાહા..! શબ્દના જ્ઞાનમાં શબ્દનો આશ્રય હતો માટે શબ્દજ્ઞાન કહ્યું. અહીં શુદ્ધાત્માનું જ્ઞાન (કહ્યું). જે જ્ઞાનમાં શુદ્ધાત્માનો આશ્રય થયો તે જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. તો શુદ્ધાત્માનું જ્ઞાન તે જ્ઞાન (છે). કેમ? કેમકે એ શુદ્ધાત્મા જ્ઞાનનો આશ્રય છે. સમ્યગ્જ્ઞાનનો આશ્રય શુદ્ધાત્મા છે, સાચા જ્ઞાનનો આશ્રય શુદ્ધાત્મા છે. સાચા જ્ઞાનના આશ્રયમાં શાસ્ત્રનું જ્ઞાનનો આશ્રય નથી. આહાહા..! પછી 'સોનગઢ'નો વિરોધ કરે ને?

મુમુક્ષુ :– કુજ્ઞાન જ ચાલ્યું છે ને?

ઉત્તર :– આખી પ્રવૃત્તિ જ એ ચાલી છે. અંદર ભગવાન શુદ્ધ ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ, પવિત્ર અનંત ગુણનો પિંડ પવિત્ર છે, એ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે. તેને ઉપાદેય કરીને જે જ્ઞાન થયું તો તે શુદ્ધાત્માનું જ્ઞાન તે જ્ઞાન. શુદ્ધાત્માનું જ્ઞાન. એમ કહ્યું ને અહીંયાં? 'શુદ્ધ આત્મા જ્ઞાન છે...' શુદ્ધાત્માનું એમ પણ નથી લીધું. 'શુદ્ધ આત્મા જ્ઞાન છે...' કેમ એમ કહ્યું? જેમ પેલામાં કહ્યું, કે શબ્દજ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન તે શબ્દજ્ઞાન છે. કારણ કે તે જ્ઞાનમાં શબ્દનો આશ્રય હતો. એમ શુદ્ધ આત્મા જ્ઞાન છે. કારણ કે તે જ્ઞાનમાં શુદ્ધાત્માનો આશ્રય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આશ્રય આમ ગુલાંટ ખાતો હતો, હવે આશ્રય આમ (અંદર) કર્યો. વ્યવહાર જ્ઞાનમાં પરનો આશ્રય હતો. નિશ્ચય સમ્યગ્જ્ઞાનમાં સ્વનો આશ્રય છે. ઝીણી વાત છે, પ્રભુ! અત્યારે તો પ્રવૃત્તિ વ્યવહાર, વ્યવહાર, વ્યવહાર એકલી. શું થાય?

ત્રણલોકના નાથ 'સીમંધર' ભગવાન બિરાજે છે, તેમની આ વાણી છે. સમજાય છે કાંઈ? મહાવિદેહક્ષેત્રમાં 'સીમંધર' પરમાત્મા બિરાજે છે ત્યાં 'કુંદકુંદાચાર્યદેવ' મુનિ ગયા હતા. સંવત ૪૯. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા અને આ શાસ્ત્રમાં આ આવ્યું. અરે..રે...!

ભગવાન એમ કહે છે, કે અમારી વાણીમાંથી જે શાસ્ત્ર રચાયા એ શાસ્ત્રજ્ઞાનથી તને જે જ્ઞાન થયું, એ શબ્દજ્ઞાન કહેવાય છે. એમ ભગવાન કહેતા હતા. આહાહા..! સમજાય છે કાંઈ?

'શુદ્ધ આત્મા જ્ઞાન છે...' શુદ્ધ આત્માનું જ્ઞાન તે જ્ઞાન, એમ ન લીધું. શું કહે છે? શુદ્ધ આત્માનું જ્ઞાન તે જ્ઞાન, એમ નહિ. શુદ્ધ આત્મા જ્ઞાન છે (એમ કહ્યું છે). જેમ પેલામાં એમ લીધું કે, શાસ્ત્રજ્ઞાન તે શબ્દજ્ઞાન છે. કારણ કે શાસ્ત્ર શબ્દ છે ને? તો શબ્દનું જ્ઞાન એ શબ્દજ્ઞાન છે. શબ્દનું જ્ઞાન તે શબ્દજ્ઞાન છે. એમ અહીંયાં શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. કારણ કે જે જ્ઞાનમાં શુદ્ધાત્મા ઉપાદેય આવ્યો. શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, જે જ્ઞાનમાં આદરણીય ઉપાદેય આવ્યો, એ શુદ્ધાત્મા તે જ જ્ઞાન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

પહેલામાં એમ લીધું કે, શાસ્ત્રનું જ્ઞાન તે શબ્દજ્ઞાન છે. જ્ઞાન તો અહીં થયું, પણ એ શબ્દજ્ઞાન છે. અહીં કહે છે, કે શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. શુદ્ધ આત્માનું જ્ઞાન તે જ્ઞાન, એમ ન લેતાં (આમ કહ્યું). પહેલામાં પણ શબ્દજ્ઞાન-શબ્દથી જ્ઞાન થયું માટે શબ્દજ્ઞાન, એમ ન લીધું. ત્યાં તો શબ્દજ્ઞાન જે છે તે શબ્દજ્ઞાન જ છે, તેનું જ જ્ઞાન છે. સમજાય છે કાંઈ? એમ અહીંયાં કહે છે, કે શુદ્ધ આત્માનું જ્ઞાન તે જ્ઞાન, નહિ. શુદ્ધ આત્મા જ્ઞાન છે. કારણ કે જે જ્ઞાનની પર્યાયમાં શુદ્ધ આત્મા ઉપાદેય થયો માટે શુદ્ધ આત્મા એ જ્ઞાન છે. આવી ઝીણી વાતું છે. આહાહા..! વીતરાગ સર્વજ્ઞદેવનો હુકમ આ છે.

'શુદ્ધ આત્મા જ્ઞાન છે...' એમ ન કહ્યું, કે શુદ્ધ આત્માનો આશ્રય એ જ્ઞાન છે. એમ ન કહ્યું. પહેલામાં એમ ન કહ્યું, કે જ્ઞાનમાં શબ્દશ્રુત આશ્રય છે માટે શબ્દજ્ઞાન છે. જે જ્ઞાનમાં શબ્દ આશ્રય છે તે જ શબ્દજ્ઞાન છે. આહાહા..! ધીમે ધીમે સમજવું, પ્રભુ! આ તો ધર્મકથા છે. આ કોઈ વાર્તા નથી. આ તો ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમેશ્વરની દિવ્યધ્વનિમાં નિશ્ચય અને વ્યવહાર આવ્યા, તેની આ વાત છે. આહાહા..!

ભગવાન તો એમ કહે છે,... આહાહા..! કે, અમારી જે વાણી નીકળી અને વાણીથી ગણધરોએ શાસ્ત્ર રચ્યા, એ શાસ્ત્રનું જ્ઞાન કર્યું તે શાસ્ત્રજ્ઞાન શબ્દજ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન તો અહીં થયું છે, પણ એ જ્ઞાનને શબ્દજ્ઞાન કહ્યું. એ શબ્દનું જ્ઞાન છે. આહાહા..! એમ અહીંયાં કહે છે, કે શુદ્ધઆત્માનો આશ્રય લેનાર જ્ઞાન, એમ ન કહ્યું. એ શુદ્ધ આત્મા જ્ઞાન છે. કેમ? છે? 'કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...' સમ્યગ્જ્ઞાનનો આશ્રય શુદ્ધ આત્મા છે. જે જ્ઞાનમાં શુદ્ધ આત્મા ઉપાદેય તરીકે આવ્યો એ જ્ઞાનને શુદ્ધાત્માનું જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું. કહો, 'બલુભાઈ'! આ વર્ષીતપમાં ક્યાંય સમજણ, ભાન હતું? (એમણે) વર્ષીતપ કર્યા હતા. લાંઘણ. એક દિ' જમવાનું, એક દિ' અપવાસ. શ્વેતાંબરમાં કરે છે ને? આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, કે અમે તારાથી પરદ્રવ્ય છીએ તો તારું લક્ષ અમારી

ઉપર જશે તો તને રાગ જ થશે. આહાહા..! અને તારું લક્ષ અમારા શાસ્ત્રના શબ્દ ઉપર જશે તો તને શબ્દનું જ્ઞાન થશે, આત્માનું (જ્ઞાન) નહિ થાય. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! અને તારું લક્ષ નવ તત્ત્વ ઉપર જાશે તો નવ તત્ત્વ જ વ્યવહાર સમકિત, રાગ છે. એમ તારું લક્ષ છ જીવ-નિકાય ઉપર કે પંચ મહાવ્રતના પરિણામ પર ઉપર જાશે તો એ છ કાયના જીવ એ જ ચારિત્ર છે.

એમ અહીંયાં કહે છે, કે શુદ્ધ આત્માનું જ્ઞાન તે જ્ઞાન છે. શુદ્ધ આત્માનો આશ્રય એ જ્ઞાને લીધો એમ પહેલા શબ્દ નથી લીધો. 'શુદ્ધ આત્મા જ્ઞાન છે...' (એમ કહ્યું છે). કારણ કે ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ જ્ઞાનમાં આવ્યું અને એ જ્ઞાને શુદ્ધ આત્માને ઉપાદેય કર્યો તો એ શુદ્ધ આત્માનું જ્ઞાન એ જ્ઞાન છે. કારણ કે એ જ્ઞાનનો આશ્રય શુદ્ધાત્મા છે. એ જ્ઞાનનો આશ્રય શુદ્ધાત્મા છે. વ્યવહાર જ્ઞાનનો આશ્રય પર છે. વ્યવહાર શબ્દજ્ઞાનનો આશ્રય શબ્દ છે અને નિશ્ચય સમ્યગ્જ્ઞાનનો આશ્રય શુદ્ધ આત્મા છે. આમ બે ગુલાંટ ખાધી છે. આહાહા..! ઝીણી વાત છે.

'શુદ્ધ આત્મા જ્ઞાન છે...' કાલે આપણે એ આવ્યું હતું. આહાહા..! કેમ? શુદ્ધ આત્મા જ્ઞાન છે. શુદ્ધ આત્મા તો ત્રિકાળી વસ્તુ છે. શુદ્ધ આત્મા તો ત્રિકાળી ચીજ છે. પણ શુદ્ધ આત્માને ઉપાદેય કરીને જે જ્ઞાન થયું એ શુદ્ધ આત્માના જ્ઞાનમાં શુદ્ધ આત્માનો આશ્રય થયો. શુદ્ધાત્માના જ્ઞાનમાં શુદ્ધ આત્માનો આશ્રય થયો માટે શુદ્ધ આત્માનું જ્ઞાન તે જ્ઞાન છે. આહાહા..! અલૌકિક વાત છે. સાધારણ માણસને પકડવું કઠણ પડે. આહાહા..!

આમ બે દિશા ફેરવી છે, કે નવ તત્ત્વની શ્રદ્ધા, શબ્દજ્ઞાન અને ચારિત્ર. એ રાગની દશા પર તરફની દિશા ઉપર છે. તેથી તેને શબ્દજ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા અને છ કાયનું ચારિત્ર એમ કીધું. જેમાં પરનો આશ્રય છે તેને જ પરનું સ્વરૂપ કીધું. અને જે જ્ઞાનમાં સ્વનો આશ્રય છે તેને એ શુદ્ધાત્મ જ્ઞાન જ કીધું. એ શુદ્ધ આત્માનો આશ્રય કરીને જે જ્ઞાન પ્રગટ્યું તે જ્ઞાનનો આશ્રય શુદ્ધાત્મા છે માટે શુદ્ધાત્મા તે જ્ઞાન છે. 'ચંદુભાઈ'! આહાહા..! સમ્યગ્જ્ઞાન એને કહીએ. મોક્ષનો માર્ગ જે દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ, એમાં એક અવયવ જ્ઞાન અહીંયાં પહેલો લીધો છે, અહીં દર્શન પહેલું નથી લીધું. ત્યાં દર્શન-જ્ઞાન-ચારિત્ર લીધું છે. અહીં પહેલું જ્ઞાન (લીધું છે). કેમ? કે, જ્ઞાનમાં જે ચીજ છે એ સમજાયા પછી એની પ્રતીતિ અંદર અનુભવ થાય. હેં?

મુમુક્ષુ :– 'ટોડરમલજી'એ પણ આમ જ લીધું છે.

ઉત્તર :– આમ જ લીધું છે. 'ટોડરમલજી'એ નવ તત્ત્વનું શ્રદ્ધાન લીધું છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન. 'ટોડરમલજી'એ તત્ત્વાર્થ શ્રદ્ધામાં ત્યાં આગળ પહેલો જીવ લીધો છે. નવે તત્ત્વ લીધા છે, પણ એ અભેદથી લીધું છે. એટલી વાત.

મુમુક્ષુ :– જ્ઞાન પહેલા લીધું છે, પછી દર્શન લીધું છે.

ઉત્તર :- શુદ્ધાત્માનું જ્ઞાન તે જ્ઞાન છે. કારણે એ જ્ઞાનમાં શુદ્ધાત્માનો આશ્રય-આલંબન (છે). આહાહા..! શાસ્ત્રજ્ઞાન આદિને તો પરસત્તાવલંબી જ્ઞાન કહેવામાં આવ્યું છે. એ તો મનનું કારણ છે. પરદ્રવ્ય તરફનું લક્ષ છે ને? આહાહા..! અને આ જ્ઞાન-સમ્યગ્જ્ઞાન એને કહે છે, કે શુદ્ધાત્મા જ્ઞાન. શુદ્ધાત્માનું જ્ઞાન, એમ નહિ. શુદ્ધ આત્મા જ્ઞાન (છે). કેમ? કે, જ્ઞાનનો શુદ્ધાત્મા આશ્રય છે માટે. આહાહા..! સમજાય છે? આવું ઝીણું છે.

એમ શબ્દ લીધો છે ને? જુઓને! પેલામાં પણ ક્યાંક લીધું છે ને? શબ્દશ્રુત જ્ઞાન. કારણ કે, એમાં લીધું છે ને? શબ્દશ્રુત કેમ? કે, શબ્દશ્રુત જ્ઞાનનો આશ્રય છે. શબ્દના જ્ઞાનમાં શબ્દ આશ્રય છે. એમ શુદ્ધાત્માનું જ્ઞાન છે તે જ્ઞાનમાં શુદ્ધાત્મા આશ્રય છે. ગુલાંટ ખવડાવી છે. આહાહા..! સમજાય છે કાંઈ? ધીરેથી વાત સમજવી. સૂક્ષ્મ છે, ભાઈ! આ તો અપૂર્વ વીતરાગ સિવાય ક્યાંય નથી. સર્વજ્ઞ પરમાત્મા એ પણ દિગંબર ધર્મ સિવાય આ વાત ક્યાંય નથી. આહાહા..! સનાતન જૈનદર્શનની ધ્વનિ આ છે. આહાહા..!

કહે છે, કે પહેલામાં એમ કહ્યું, કે આચારાંગ આદિ શબ્દશ્રુત જ્ઞાન. આચારાંગ આદિનું શ્રુતજ્ઞાન એમ ન કહ્યું. શું કહ્યું? આચારાંગ આદિનું જ્ઞાન એમ ન કહ્યું. આચારાંગ આદિ શબ્દશ્રુત જ્ઞાન, એમ કહ્યું. મોટો ફેર છે. શબ્દફેર છે. આચારાંગ આદિ શબ્દશ્રુત જ્ઞાન. આચારાંગ આદિનું, એમ ન કહ્યું. આચારાંગ આદિ શબ્દશ્રુત જ્ઞાન. કેમકે આ જ્ઞાન થયું એમાં શ્રુતજ્ઞાનનું અવલંબન છે. એથી એ શબ્દજ્ઞાન જ છે. એ શબ્દજ્ઞાન જ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમ નવ તત્ત્વમાં પણ શ્રદ્ધામાં નવ તત્ત્વનો આશ્રય છે તો નવ તત્ત્વ એ દર્શન છે. વ્યવહાર-રાગ. નવ તત્ત્વ જ વ્યવહાર છે. કેમકે નવ તત્ત્વ વ્યવહાર દર્શનનો આશ્રય છે. અને છ કાયના જીવ ચારિત્ર છે. કેમકે વ્યવહાર ચારિત્રમાં આશ્રય છ કાયના જીવનું ત્યાં લક્ષ છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ તો અપૂર્વ છે, ભાઈ! આહા..!

એમ અહીંયાં કહ્યું, 'શુદ્ધ આત્મા જ્ઞાન છે...' શુદ્ધાત્માનું જ્ઞાન એમ ન કહ્યું. સમજાય છે કાંઈ? પેલામાં આચારાંગ આદિનું જ્ઞાન એમ ન કહ્યું. આચારાંગ આદિનું જ્ઞાન, એમ નથી કહ્યું. આચારાંગ આદિ શબ્દશ્રુત જ્ઞાન, એમ કહ્યું છે. એમાં કાંઈ ફેર છે? 'ચંદુભાઈ'! આહાહા..! મોટો ફેર છે. દિશા ફેર છે. વ્યવહાર જ્ઞાન, વ્યવહાર શ્રદ્ધા અને વ્યવહાર ચારિત્રની દશાની દિશા (પરતરફ) આમ છે. અને નિશ્ચય જ્ઞાન, દર્શનની દશાની દિશા અહીં (અંદર તરફ) છે. સમજાય છે કાંઈ? ભાષા સમજાય છે? થોડી થોડી હળવી (છે). આહાહા..!

શાસ્ત્રજ્ઞાન એને જ્ઞાન કહ્યું. શાસ્ત્રનું જ્ઞાન તેને જ્ઞાન એમ ન કહ્યું. એ શાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાન છે. એ શબ્દશ્રુત તે જ્ઞાન છે, એમ કહ્યું. કેમકે જે જ્ઞાનમાં શબ્દશ્રુતનો આશ્રય, હેતુ, કારણ, નિમિત્ત, આશ્રય, લક્ષ ન્યાં જાય છે માટે (કહ્યું). એમ અહીંયાં 'શુદ્ધ આત્મા જ્ઞાન છે...' શુદ્ધ આત્માનું જ્ઞાન તે જ્ઞાન, એમ ન લેતાં, શુદ્ધ આત્મા તે જ્ઞાન છે (એમ લીધું). એ જ્ઞાનમાં શુદ્ધ આત્માનું લક્ષ જાય છે. એ સમ્યગ્જ્ઞાનમાં શુદ્ધાત્માનો આશ્રય રહે

છે. સમ્યગ્જ્ઞાનમાં શાસ્ત્રના જ્ઞાનનો આશ્રય રહેતો નથી. આહાહા..! હવે આમાં ક્યાં વાંચવાનો વખત મળે? 'મનસુખ'! વેપાર આડે, ધંધા આડે વખત ક્યાં મળે છે? અને વાંચે તો અંદરથી સમજાય પણ નહિ. આહાહા..! અરે..! વખત ચાલ્યો જાય છે.

પ્રભુ કહે છે, કે જ્ઞાન–સમ્યગ્જ્ઞાન મોક્ષના માર્ગનો જે અવયવ, ત્રણ થઈને મોક્ષમાર્ગ (છે). જ્ઞાન, દર્શન અને ચારિત્ર. એ ત્રણમાં જે અવયવીનું અવયવ સમ્યગ્જ્ઞાન, એ શુદ્ધાત્મા તે જ્ઞાન. શુદ્ધાત્માનું જ્ઞાન તે જ્ઞાન ન કહેતાં, શુદ્ધ આત્મા તે જ્ઞાન (છે). એટલે કે જે જ્ઞાનમાં શુદ્ધાત્માનો આશ્રય છે માટે શુદ્ધાત્મા તે જ્ઞાન કહેવામાં આવ્યું છે. ભાષા ગુજરાતી આવી જાય છે. આહાહા..! ગાથા એવી આવી ગઈ છે. આહાહા..!

'શુદ્ધ આત્મા દર્શન છે...' પેલામાં બીજામાં શું કહ્યું હતું? નવ તત્ત્વ તે દર્શન, નવ તત્ત્વ તે દર્શન. દર્શન–વ્યવહાર દર્શન તો રાગ છે, વ્યવહાર સમકિત એ તો રાગ છે. પણ નવ તત્ત્વ તે દર્શન (એમ કહ્યું). કેમકે રાગનો આશ્રય એ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમ અહીંયાં 'શુદ્ધ આત્મા દર્શન છે...' શુદ્ધ આત્માની શ્રદ્ધા દર્શન છે, એમ ન લીધું. શુદ્ધ આત્મા દર્શન છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ તે દર્શન છે. કેમકે એ દર્શનનો આશ્રય છે. નિશ્ચય સમ્યગ્દર્શનનો આશ્રય શુદ્ધ આત્મા છે. આહાહા..! નિશ્ચય સમ્યગ્દર્શન શુદ્ધ આત્માને આશ્રયે થાય છે. એ કોઈ નિમિત્તના આશ્રયે નથી થતું, રાગને આશ્રયે નથી થતું, પર્યાયના આશ્રયે થતું નથી. ત્રણે કાઢી નાખ્યા. 'શુદ્ધ આત્મા (તે) દર્શન છે...' કારણ કે એ સમ્યગ્દર્શનનો આશ્રય શુદ્ધાત્મા છે માટે શુદ્ધ આત્મા તે દર્શન કહ્યું. શુદ્ધાત્માની શ્રદ્ધા તે દર્શન એમ નથી લીધું. આહાહા..!

મુમુક્ષુ :– આવું અટપટું શા માટે લીધું?

ઉત્તર :– આ રીતે જ લ્યે, અટપટું નથી, એ રીતે વસ્તુનું સ્વરૂપ છે. આમાં આ (પર) આશ્રય છે તો આમાં આ (સ્વ) આશ્રય છે, એમ લેવું છે. વ્યવહારમાં આ (પર) આશ્રય છે, નિશ્ચયમાં સ્વ આશ્રય છે, એમ લેવું છે. અટપટું નથી. આહાહા..! સ્વઆશ્રય નિશ્ચય, પરાશ્રય વ્યવહાર. આહાહા..! ભાઈ! આ તો વીતરાગી વાત છે, ભાઈ! મુનિઓ.. આહાહા..! 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.' 'કુંદકુંદાચાર્યદેવ' ત્રીજે નંબરે (લીધા). પહેલે ભગવાન, બીજે ગણધર, ત્રીજે 'કુંદકુંદાચાર્યદેવ'. એની આ વાણી છે. આહાહા..! દિગંબર સંત મુનિ જંગલમાં રહેતા હતા અને ભગવાન પાસે ગયા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું. આહાહા..!

ભગવંત! તારા વ્યવહાર જ્ઞાનના આશ્રયમાં તો શાસ્ત્ર છે, શબ્દ છે. માટે તેને શબ્દજ્ઞાન કહેવામાં આવ્યું. નિશ્ચયજ્ઞાનમાં આશ્રય શુદ્ધાત્મા છે માટે શુદ્ધાત્મા તે જ્ઞાન કહેવામાં આવ્યું. આહાહા..! આમ શબ્દશ્રુતને જ્ઞાન કહેવામાં આવ્યું, આ જ્ઞાન, શુદ્ધાત્મા તે જ્ઞાન છે એમ કહેવામાં આવ્યું. આહાહા..! 'રતનચંદજી'! આવો માર્ગ છે. 'શુદ્ધ આત્મા દર્શન છે...' આ

સમ્યગ્દર્શન, સાચું સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્દર્શન. જેમાં શુદ્ધાત્મા ઉપાદેય વર્તે છે, શુદ્ધાત્મા ઉપાદેય વર્તે છે એવું જે દર્શન, તેને સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય વર્તે છે. જેમ અહીંયાં સ્વનો આશ્રય લીધો, ત્રિકાળ ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદ સ્વદ્રવ્ય સ્વભાવના આશ્રયે દર્શન થયું તો એ શુદ્ધ આત્મા જ દર્શન છે. તેના આશ્રયે થયું તો તે જ દર્શન છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે એમાં?

આ તો વીતરાગ અને એમાં 'કુંદકુંદાચાર્યદેવ' (કહે છે). આહાહા..! ન થયા, ન થાશે. કહ્યું છે ને, 'બનારસીદાસે'? 'કુંદકુંદાચાર્યદેવ' જેવા થયા નથી, થશે નથી, છે નહિ એમ કહ્યું છે. આહાહા..! સાક્ષાત્ ત્રિલોકના નાથ પાસે ગયા હતા. મુનિ હતા, ભાવલિંગી સંત હતા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય હતા. સાચો મોક્ષમાર્ગ હતો. એ ભગવાન પાસે ગયા હતા, એ ત્યાંથી આવીને આ કહે છે. આહાહા..! ટીકા 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની છે. પણ એ તો ભાવમાં ભર્યું છે એ ટીકા કરે છે. અંદર ભાવમાં એ વાત પડી છે.

મુમુક્ષુ :– એક હજાર વર્ષ પછી આ ટીકા થઈ.

ઉત્તર :– એ એટલી ગંભીર ચીજ છે કે કરનાર એક હજાર વર્ષે નીકળ્યા. શું કહ્યું? એટલી ગંભીર ચીજ હતી, આ શાસ્ત્ર એટલું ગંભીર છે કે હજાર વર્ષે 'અમૃતચંદ્રાચાર્યદેવ' ટીકા કરનારા નીકળ્યા. આમાં મહત્તા છે, તુચ્છતા નથી.

મુમુક્ષુ :– પંડિતજી એમ કહે છે, હજાર વર્ષ પછી આનું સ્પષ્ટીકરણ આપ કરી રહ્યા છો.

ઉત્તર :– સમજાય છે કાંઈ? આહા..! (શ્રોતા :– સાંભળનારના પણ ભાગ્ય છે)

અહીંયાં તો કહે છે, 'શુદ્ધ આત્મા દર્શન...' નિશ્ચય સમકિત કોને કહેવું? કે, નિશ્ચય સમ્યગ્દર્શન શુદ્ધ આત્મા તે. નિશ્ચય સમ્યગ્દર્શન શુદ્ધ આત્મા તે. શુદ્ધ આત્મા તે સમ્યગ્દર્શન એમ કેમ કહ્યું? નહિતર સમ્યગ્દર્શન તો પર્યાય છે અને શુદ્ધ આત્મા તો દ્રવ્ય છે. સમજાય છે? શુદ્ધ આત્મા એ તો દ્રવ્ય છે, દર્શન છે એ તો પર્યાય છે અને અહીં તો કહે છે, શુદ્ધ આત્મા એ દર્શન છે. એ દ્રવ્ય છે તે પર્યાય છે.

મુમુક્ષુ :– શુદ્ધ આત્માને એક સમયનો બનાવી દીધો?

ઉત્તર :– સમયનો બનાવ્યો નથી. છે તો ત્રિકાળ. પણ એ સમ્યગ્દર્શનનો આશ્રય ત્રિકાળી છે તેથી તેને શુદ્ધ આત્મા તે સમકિત છે, એમ કીધું. સમકિત તો પર્યાય છે, પણ એ પર્યાયનો આશ્રય ત્રિકાળી દ્રવ્ય છે. ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ એ સમ્યગ્દર્શનમાં આદરણીય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે...' દરેકમાં કારણ કે કહ્યું છે. પેલામાં પણ કારણ કે કહ્યું હતું. 'કારણ કે તે દર્શનનો આશ્રય છે,...' સમ્યગ્દર્શનનું આલંબન ત્રિકાળી ભગવાન છે. ત્રિકાળી શુદ્ધ ચૈતન્યપ્રભુ, દ્રવ્ય સ્વભાવ એ સમ્યગ્દર્શનનો આશ્રય–આલંબન છે. તેને આશ્રયે સમ્યગ્દર્શન થયું છે. સમ્યગ્દર્શન કોઈ દેવ-ગુરુની શ્રદ્ધાથી નથી થયું, કોઈ રાગથી

નથી થયું, કોઈ પર્યાયથી નથી થયું, એ ત્રિકાળી શુદ્ધાત્માને આદરવાથી સમ્યગ્દર્શન થયું છે. માટે શુદ્ધ આત્મા તે સમ્યગ્દર્શન છે. આહાહા..! વાત તો એવી આવી છે.

'કારણ કે તે દર્શનનો આશ્રય છે,...' કોણ? શુદ્ધ આત્મા. શબ્દ આટલા છે–'શુદ્ધ આત્મા દર્શન છે...' કેમ? 'કે તે દર્શનનો આશ્રય છે,...' કોણ? શુદ્ધ આત્મા. સમ્યગ્દર્શનનો આશ્રય શુદ્ધ આત્મા છે. એ શબ્દ ફરીને ન નાખ્યો. પહેલા એટલું નાખ્યું, 'શુદ્ધ આત્મા (તે) દર્શન છે...' કેમ? 'તે દર્શનનો આશ્રય...' શુદ્ધ આત્મા છે. આહાહા..! સમજાય છે? ભાષા થોડી છે પણ ભાવ ગંભીર છે. આ તો જૈનદર્શન છે, એમાં પણ દિગંબર દર્શન (છે). ક્યાંય નથી, એની સિવાય ક્યાંય માર્ગ નથી. શ્વેતાંબરમાં પણ નથી તો અન્યમતમાં તો હોય જ ક્યાંથી? આહા..! આ ચીજ શ્વેતાંબરમાં પણ નથી. કારણ કે તેણે કલ્પિત શાસ્ત્ર બનાવીને બે હજાર વર્ષ પહેલા શ્વેતાંબર પંથ કાઢ્યો. આ તો સનાતન વીતરાગ પરમાત્મા (દ્વારા નિરૂપિત છે). આહાહા..! એની ગંભીરતા તો જુઓ! આહાહા..! એક શબ્દફેરે કેટલી ગંભીરતા છે!!

શુદ્ધાત્માનું દર્શન તે દર્શન, એમ શબ્દ ન લેતાં, શુદ્ધાત્માનું જ્ઞાન તે જ્ઞાન ન લેતાં, શુદ્ધ આત્મા તે જ્ઞાન છે (એમ કહ્યું). કેમકે જ્ઞાનનો આશ્રય શુદ્ધાત્મા છે. શુદ્ધાત્મા તે દર્શન છે. શુદ્ધાત્માની શ્રદ્ધા તે દર્શન એમ ન લેતાં શુદ્ધાત્મા તે દર્શન છે (એમ લીધું). કેમ? કે, દર્શનનો આધાર શુદ્ધાત્મા છે. આહાહા..! સમ્યગ્દર્શન ત્રિકાળી શુદ્ધાત્માનો આદર કરે છે. સમ્યગ્દર્શન ત્રિકાળી જ્ઞાયક દ્રવ્યસ્વભાવનો આદર કરે છે. તે કારણે શુદ્ધાત્મા તે દર્શન એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! ભાષા તો સાદી છે, પણ ભાવ તો ગંભીર, ઘણા ગંભીર!!

ઓહોહો..! એ મુનિરાજે જંગલમાં (રહીને) ટીકા કરી છે, એમાં 'અમૃતચંદ્રાચાર્યદેવે'... આહાહા..! એકલા અમૃત રેડ્યા છે. હજાર વર્ષ પહેલા દિગંબર સંત મુનિ હતા. 'કુંદકુંદાચાર્યદેવ' તો બે હજાર વર્ષ પહેલા (થયા). પછી ટીકા હજાર વર્ષ પહેલા થઈ. કોઈ એમ કહે છે, કે એવી કોઈ ચીજ એમાં નથી કે હજાર વર્ષે ટીકા કરનારા નીકળ્યા. પણ એટલી ટીકા ગંભીર હતી કે ટીકા કરનારા નીકળ્યા જ નહિ. સમજાતું હતું, સંતોને પરંપરામાં ખ્યાલમાં બધું આવતું હતું, પરંતુ ટીકા કરવી... આ ગંભીર ચીજ (છે). ત્રણલોકના નાથ, એની વાણી અને સંતની વાણી તો વીતરાગ કેવળીના કેડાયતો, કેવળીએ કહ્યું તેના આડતિયા છે. આ તો આડતિયા છે. માલ તો ભગવાનનો છે. વચ્ચે આડતિયા થઈને બતાવે છે, કે ભગવાન આમ કહે છે. આહાહા..!

'શુદ્ધ આત્મા દર્શન છે...' શુદ્ધ આત્માની શ્રદ્ધા દર્શન છે, એમ ન લીધું. આમ આશ્રય બતાવવો છે ને! આમ આશ્રય (સ્વ) અને આમ આશ્રય (પર). વ્યવહારનો આશ્રય પર અને નિશ્ચયનો આશ્રય સ્વ. સમજાય છે? પહેલેથી એ ઉપાડ્યું છે ને? એ પહેલેથી આવ્યું છે ને? પહેલેથી આવ્યું છે. ૨૭૨. નિશ્ચય અને વ્યવહાર આવ્યું હતું. ૨૭૨ છે. આત્માશ્રિત નિશ્ચયનય. ૨૭૨. આત્માશ્રિત નિશ્ચયનય, પરાશ્રિત વ્યવહાર. આ સિદ્ધ કરે છે. આત્માશ્રિત

નિશ્ચય, પરાશ્રિત વ્યવહાર, એ અહીં સિદ્ધ કર્યું છે. આત્મા આશ્રિત જ્ઞાન, આત્મા આશ્રિત દર્શન, આત્મા આશ્રિત ચારિત્ર એ નિશ્ચય છે. પરાશ્રય જ્ઞાન, પરાશ્રય શ્રદ્ધા, પરાશ્રય ચારિત્ર એ વ્યવહાર છે. આહાહા..!

'અને શુદ્ધ આત્મા ચારિત્ર છે...' શું કહે છે? ત્રીજો બોલ. શુદ્ધાત્મામાં રમણતા કરવી તે ચારિત્ર, એમ ન લીધું. શુદ્ધ સ્વરૂપ ભગવાન, તેમાં લીનતા. દૃષ્ટિમાં, જ્ઞાનમાં તો વસ્તુ આવી. વસ્તુ દૃષ્ટિમાં આવી, જ્ઞાનની પર્યાયમાં વસ્તુ જ્ઞેયપણે આવી તો પછી એમાં લીનતા થઈ તે ચારિત્ર. એમ નહી કહેતાં, અહીં તો ચારિત્ર (એટલે) શુદ્ધ આત્મા જ ચારિત્ર છે (એમ કહ્યું). શુદ્ધ આત્મા ત્રિકાળી અને ચારિત્ર વર્તમાન પર્યાય. સમજાય છે કાંઈ? આહાહા..! ગજબ વાત છે.

દૃષ્ટિ ગુલાંટ ખવડાવે છે. ચારિત્ર-શુદ્ધાત્મા તે ચારિત્ર. કેમ? શુદ્ધાત્મા તે ચારિત્ર, કેમ? શુદ્ધાત્માની રમણતા ચારિત્ર એમ ન કહ્યું. શુદ્ધાત્મા તે જ ચારિત્ર છે. આહાહા..! છે? 'કારણ કે તે ચારિત્રનો આશ્રય છે;...' ત્યાં પછી એ શબ્દ ન લીધો. 'કારણ કે તે...' 'તે' એટલે શુદ્ધાત્મા. પહેલા આવ્યું હતું ને? 'શુદ્ધ આત્મા ચારિત્ર છે...' એમ કહ્યું ને? 'કારણ કે તે...' 'તે' એટલે શુદ્ધાત્મા. તે ચારિત્રનો આશ્રય છે, એમ. 'તે' એટલે એ લેવું. શું કહ્યું સમજાણું? શુદ્ધ આત્મા તે ચારિત્ર. ચારિત્ર (એટલે) સ્વરૂપમાં રમણતા, વીતરાગ દશા, આનંદની રમણતા (થવી). એ શુદ્ધાત્મા જ ચારિત્ર છે. કેમ? કે, એ ચારિત્રનો આશ્રય-આધાર શુદ્ધાત્મા છે. આહાહા..! અધિકાર થોડો ઝીણો આવ્યો. આહાહા..!

'એ પ્રમાણે નિશ્ચય છે.' માથે કહ્યું હતું ને, કે 'એ પ્રમાણે વ્યવહાર છે.' છે ને? એ પ્રમાણે નિશ્ચય છે. માથે આવ્યું હતું. ત્રીજી લીટી ચારિત્રનો આશ્રય-'એ પ્રમાણે વ્યવહાર છે.' હવે આ 'એ પ્રમાણે નિશ્ચય છે.' ત્રણ પ્રકાર. સ્વનો આશ્રય થયો માટે દર્શન તે આત્મા, સ્વનો આશ્રય થયો માટે જ્ઞાન તે આત્મા, સ્વનો આશ્રય થયો માટે શુદ્ધાત્મા તે ચારિત્ર. એ નિશ્ચય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૪૧ ગાથા-૨૭૬, ૨૭૭ શુક્રવાર, કારતક સુદ ૬, તા. ૨૬-૧૦-૧૯૭૯
(મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો આ ગુજરાતી અનુવાદ છે)

---

'સમયસાર' ૨૭૬-૨૭૭ ગાથા. ફરીને થોડું લઈએ. 'આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...' શું કહે છે? કે, આચારાંગ આદિનું જ્ઞાન છે તે શબ્દશ્રુત છે. એ કોઈ વાસ્તવિક જ્ઞાન નથી. આહાહા..! આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ. એક એક શાસ્ત્રમાં અઢાર હજાર પદ, એક એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા

શ્લોક. એ શાસ્ત્રનું જ્ઞાન શબ્દજ્ઞાન છે, એ કોઈ આત્મજ્ઞાન નથી. આહાહા..! છે? શબ્દશ્રુત જ્ઞાન (કેમ કહ્યું)? કેમકે તે 'જ્ઞાનનો આશ્રય છે,...' એ આચારાંગ આદિ શબ્દો છે, એ વ્યવહારુ જે જ્ઞાન છે તેનો આશ્રય શબ્દ છે. એ માટે શબ્દશ્રુત કહેવામાં આવે છે, એ આત્મજ્ઞાન નહિ. આહાહા..! એક વાત.

'જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...' નવ તત્ત્વ એ દર્શન છે. વ્યવહાર સમકિત એટલે રાગ, એ રાગનો આશ્રય નવ તત્ત્વ છે, તો નવ તત્ત્વને વ્યવહાર દર્શન કહેવામાં આવ્યું છે, એ વાસ્તવિક દર્શન નહિ. નવ તત્ત્વ એ દર્શન છે. કારણ કે વ્યવહાર દર્શન જે રાગ છે તેનો આશ્રય નવ તત્ત્વ છે. આશ્રયને કારણે નવ તત્ત્વને જ દર્શન કહ્યું. એ વ્યવહાર છે, એ નિષેધ કરવા લાયક છે. આહાહા..!

'(છ જીવ-નિકાય) ચારિત્ર છે...' વ્યવહાર ચારિત્ર જે શુભરાગ છે, એ શુભરાગનો આશ્રય છ જીવ-નિકાય દયા, છે. એ છ જીવ-નિકાયમાં તો પંચ મહાવ્રત આવી ગયા. એ પંચ મહાવ્રતના પરિણામ પરના આશ્રયે થાય છે તો એ રાગનું કારણ છે, એ ચારિત્ર નહિ. આહાહા..! આવી વાત છે. '(છ જીવ-નિકાય) ચારિત્ર છે...' ભાષા એમ લીધી છે–ચારિત્ર. શુભરાગ વ્યવહાર છે એમ નહિ કહેતા છ જીવ-નિકાય ચારિત્ર છે (એમ કહ્યું). કારણ કે છ જીવ-નિકાયનો, પંચ મહાવ્રતનો રાગ છે એ રાગમાં પરનો આશ્રય છે. તેથી છ જીવ-નિકાયને જ ચારિત્ર, વ્યવહાર કહ્યું. એ નિષેધ કરવા લાયક છે. આહાહા..!

એ છ જીવ-નિકાયનું ચારિત્ર, વ્યવહાર–રાગ, નવ તત્ત્વની શ્રદ્ધા રાગ અને આચારાંગ આદિ શાસ્ત્રનું જ્ઞાન–એ ત્રણે 'એ પ્રમાણે વ્યવહાર છે.' છે? વ્યવહાર છે. આગળ કહેશે, એ વ્યવહાર પ્રતિષેધ (કરવા લાયક) છે, આદરણીય નથી. આહાહા..! આકરું કામ. જગતને જ્યાં શાસ્ત્રનું થોડું જ્ઞાન થાય ત્યાં એમ થાય કે, જ્ઞાન થઈ ગયું. જ્ઞાન બીજી ચીજ છે, ભાઈ! એ કહે છે.

'શુદ્ધ આત્મા જ્ઞાન છે...' શુદ્ધ આત્માનું જ્ઞાન તે જ્ઞાન છે, એમ ન કહ્યું. શુદ્ધ આત્માનું જ્ઞાન તે જ્ઞાન, એમ નથી કહ્યું. શુદ્ધ આત્મા જ્ઞાન છે. કારણ કે જે જ્ઞાન છે તેનો આશ્રય સ્વદ્રવ્ય આત્મા છે. એ સમ્યગ્જ્ઞાનનો આશ્રય આત્મા છે માટે એ જ્ઞાન સમ્યક્ અને નિશ્ચયજ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? 'શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...' જ્ઞાનમાં શુદ્ધ આત્માનો આશ્રય એ જ્ઞાન છે. જે જ્ઞાનમાં શબ્દ–શાસ્ત્રનો આશ્રય છે તે જ્ઞાન નથી. આહાહા..! આકરું કામ.

'શુદ્ધ આત્મા દર્શન છે...' શુદ્ધ આત્મા સમકિત છે, શુદ્ધ આત્મા સમકિત છે. નહિતર તો શુદ્ધ આત્માની અનુભવમાં નિર્વિકલ્પ પ્રતીતિ થવી એ નિશ્ચય, સત્ય સમ્યગ્દર્શન છે. અહીં તો કહે છે, કે 'શુદ્ધ આત્મા દર્શન છે...' એ શુદ્ધ આત્મા સમ્યગ્દર્શન છે. કારણ કે સમ્યગ્દર્શનનો આશ્રય શુદ્ધ આત્મા છે. વ્યવહારનો આશ્રય પર છે, નિશ્ચયનો આશ્રય

સ્વ છે. આહાહા..! 'શુદ્ધ આત્મા દર્શન છે...' કારણ કે દર્શનનો આશ્રય આત્મા છે. સત્ય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્દર્શન જે ચોથે ગુણસ્થાને દર્શન થાય છે તેનો આશ્રય શુદ્ધ આત્મા છે. શુદ્ધ આત્માને આશ્રયે તે થાય છે તો શુદ્ધ આત્મા તે દર્શન છે, એમ કહેવામાં આવ્યું. આહાહા..! વાત વંચાઈ ગઈ છે. આ તો (ફરીથી લીધું)

'શુદ્ધ આત્મા ચારિત્ર છે...' શુદ્ધ આત્માને આશ્રયે ચારિત્ર થયું એમ નહિ કહેતાં, શુદ્ધ આત્મા ચારિત્ર છે (એમ કહ્યું). વીતરાગી પર્યાય ચારિત્ર જે મોક્ષના માર્ગની પર્યાય, એ ચારિત્ર છે, તે શુદ્ધ આત્મા છે. કારણ કે ચારિત્રનો આશ્રય શુદ્ધ આત્મા છે. નિશ્ચય ચારિત્રનું અવલંબન–આશ્રય આત્મા છે. વ્યવહાર ચારિત્રનો આશ્રય પર છે. માટે વ્યવહાર તે નિષેધ કરવા લાયક છે. સ્વઆશ્રય તે નિશ્ચય, પરઆશ્રય તે વ્યવહાર–આ સિદ્ધાંત. આહાહા...!

એ શાસ્ત્રનું જ્ઞાન ગમે તેટલું કરે તોપણ એ જ્ઞાન, જ્ઞાન નથી, એ શબ્દજ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? જે જ્ઞાન, શુદ્ધ આત્મા જ જ્ઞાન છે. કારણ કે જ્ઞાનની સમ્યક્પર્યાયમાં શુદ્ધ આત્મા આશ્રય છે, એ શુદ્ધ આત્માને આશ્રયે જ્ઞાન થયું છે. એ જ્ઞાન નિશ્ચયજ્ઞાન, સમ્યગ્જ્ઞાન, યથાર્થ જ્ઞાન છે. આહાહા..! અને શુદ્ધ આત્મા દર્શન છે. એ આવી ગયું ને? કારણ કે શુદ્ધ આત્મા... અહીં તો શુદ્ધ આત્માને આશ્રયે સમ્યગ્દર્શન (છે), એમ પહેલા નહિ કહીને શુદ્ધ આત્મા દર્શન છે (એમ કહ્યું). કારણ કે સમ્યગ્દર્શન જે નિશ્ચય, નિર્વિકલ્પ અનુભવ (થયો), શુદ્ધઉપયોગમાં આત્માનો જે અનુભવ થાય છે અને ચારિત્રની જે સ્થિરતા થાય છે, એ શુદ્ધ આત્મા જ ચારિત્ર છે. કારણે ચારિત્રનો આશ્રય શુદ્ધ આત્મા છે. ચારિત્રનો આશ્રય શુદ્ધ આત્મા છે. આહાહા..! 'એ પ્રમાણે નિશ્ચય છે.' કાલે અહીં સુધી તો આવી ગયું છે.

'તેમાં, વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે,...' શું કહે છે? શાસ્ત્રનું જ્ઞાન શબ્દજ્ઞાન છે, એ તો શબ્દજ્ઞાન છે, એ કોઈ (વાસ્તવિક) જ્ઞાન નથી. નિષેધ્ય છે, બધનું કારણ છે. આહાહા..! આચારાંગ આદિના, અઢાર હજાર પદ અને એક એક પદના એકાવન કરોડ ઝાઝેરા શ્લોક, એ શાસ્ત્રનું જ્ઞાન એ શબ્દજ્ઞાન છે. એ શબ્દજ્ઞાન વ્યવહાર છે, વ્યવહાર છે તે નિષેધ્ય છે. આહાહા..! આવી વાતું. ઝીણી વાત છે, ભાઈ!

'વ્યવહારનય પ્રતિષેધ્ય...' છે. કારણ કે આચારાંગ આદિનું જ્ઞાન એ તો શબ્દજ્ઞાન છે, એ કોઈ આત્મજ્ઞાન નથી. આત્મા જે આનંદસ્વરૂપ ભગવાન, એનો સ્પર્શ કરીને અંદર એકાગ્ર થઈને જે આનંદસહિત જ્ઞાન થાય છે, અતીન્દ્રિય આનંદ સહિત જે જ્ઞાન થાય છે, તે જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. એ જ્ઞાન નિશ્ચય છે અને શબ્દજ્ઞાન છે તે વ્યવહાર છે, નિષેધ્ય છે. વ્યવહાર નિષેધ્ય છે, નિશ્ચય નિષેધક છે. સમ્યગ્જ્ઞાન વ્યવહાર જ્ઞાનનો નિષેધ કરનાર છે. આહાહા..! આવી વાતું છે.

'વ્યવહારનય પ્રતિષેધ્ય...' છે. 'કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે...' આચારાંગ આદિનું જ્ઞાન છે એ અનૈકાંતિક છે, એકાંતિક જ્ઞાન નથી. એ તો વ્યભિચાર છે. આહાહા..! પરાશ્રયે જેટલું શાસ્ત્રનું જ્ઞાન થયું એ બધું અનૈકાંતિક વ્યભિચાર છે, દોષ છે. આહાહા..! છે? 'આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે...' ત્રણે. આચારાંગ આદિનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા અને છ જીવ કાય અથવા પંચ મહાવ્રતના પરિણામ (જે) પરના આશ્રયે (થાય છે). એ બધું અનૈકાંતિક વ્યભિચાર યુક્ત છે. એમાં આત્માનું જ્ઞાન ન આવ્યું, તેમાં આત્માનું દર્શન ન આવ્યું, તેમાં આત્માનું ચારિત્ર ન આવ્યું. આહાહા..! ભાષા સમજાય છે? આહાહા..!

'(શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે...' આહાહા..! શાસ્ત્રનું જ્ઞાન શબ્દજ્ઞાન છે. તેને જ્ઞાન માનવામાં વ્યભિચાર આવે છે કારણ કે યથાર્થ જ્ઞાન નથી. આહાહા..! છે? '(કેમકે શબ્દ શ્રુત આદિ હોવા છતાં...)' આચારાંગ આદિ શાસ્ત્રનું શબ્દજ્ઞાન હોવા છતાં '(જ્ઞાન આદિ નથી પણ હોતાં...)' સમ્યગ્જ્ઞાન નથી હોતું. આહાહા..! આવી વાતું છે. આચારાંગ આદિનું જ્ઞાન, (એમાં) કરોડો શ્લોકો અને અબજો શ્લોકો (આવે), એ શબ્દજ્ઞાન છે. તેને જ્ઞાન કહેવું એ વ્યભિચાર છે. આહાહા..! કેમકે તેમાં '(જ્ઞાન આદિ નથી પણ હોતાં...)' આચારાંગ આદિ જ્ઞાનમાં સમ્યગ્જ્ઞાન નથી. આહાહા..! સમ્યગ્જ્ઞાનમાં તો આત્મા અંદર ત્રિકાળી આનંદકંદ પ્રભુ, એમાં અભિમુખ–સન્મુખ થઈને જે જ્ઞાન અંદર થાય છે, તે આત્માનું જ્ઞાન (છે અને) તે જ્ઞાન છે. એ જ્ઞાન નિશ્ચય છે, શબ્દજ્ઞાન તે વ્યવહાર છે, તે નિષેધ્ય છે. નિષેધક નિશ્ચય, નિષેધ્ય વ્યવહાર. આહાહા..! આ તો ભારે. પંડિતાઈની પંડિતાઈ ઊતરી જાય એવું બધું આમાં તો છે. વાત આ છે, બાપુ!

ભગવાન! અંદર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, જ્ઞાનનો પુંજ છે, આનંદનો સાગર છે, પ્રભુતાનો પિંડ છે. આહાહા..! તેનો આશ્રય લેવાથી સમ્યગ્જ્ઞાન થાય છે. આચારાંગ આદિ જ્ઞાનમાં વ્યભિચાર છે કારણ કે તેમાં સમ્યગ્જ્ઞાન નથી હોતું. આહાહા..! આ તમારા લોઢાનું જ્ઞાન ને એ નહિ, હોં! આ તો આચારાંગ આદિ (જ્ઞાન). સર્વજ્ઞ વીતરાગે કહેલા આચારાંગ. અન્યમતમાં તો એ આચારાંગ, સૂયગડાંગ શબ્દ પણ નથી. સર્વજ્ઞ પરમેશ્વરે જે આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ આદિ જે કહ્યા (તે). એથી એ શબ્દ લીધો છે. અન્યમતમાં કહેલા ભાવને તો વ્યવહાર પણ (નથી કહેવાતું). આ તો વ્યવહાર આચારાંગ આદિના જ્ઞાનને વ્યવહાર કહીને નિશ્ચય આત્માનું જ્ઞાન તેમાં આવ્યું નહિ માટે તે નિષેધ્ય છે. શાસ્ત્રજ્ઞાન નિષેધ કરવા લાયક છે. આહાહા..! આવી વાત છે, માણસને ઝીણી પડે. શું થાય? માર્ગ તો અલૌકિક છે.

કારણ કે આચારાંગ આદિને (જ્ઞાન) માનવામાં... '(શબ્દશ્રુત આદિ હોવા છતાં...)' શબ્દશ્રુત જ્ઞાન હોય, નવ તત્ત્વની શ્રદ્ધા હોય, છ કાયની દયા અને પંચ મહાવ્રત હોય

છતાં તેમાં '(જ્ઞાન આદિ નથી પણ હોતાં...)' તેમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર હોતાં નથી. જ્ઞાનાદિ ત્રણ લીધા ને? એ ત્રણમાં આ ત્રણ નથી હોતા. શું કહ્યું? આચારાંગ આદિનું કરોડો, અબજો શ્લોકોનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા અને છ કાયની દયા, પંચ મહાવ્રતના પરિણામ જે પરના આશ્રયે છે, તેમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી હોતું. તેમાં સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી. આહાહા..! છે?

'(માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે).' શું કારણથી? 'માટે' એટલે શું કારણથી. આચારાંગ આદિનું કરોડો શ્લોકોનું જ્ઞાન–જાણપણું (હોય) પણ એ સમ્યગ્જ્ઞાન નથી. નવ તત્ત્વની વ્યવહારુ શ્રદ્ધા, નવ ભેદવાળી (શ્રદ્ધા) એ સમ્યગ્દર્શન નહિ. અને છ કાયની દયા અને પંચ મહાવ્રતના પરિણામ એ ચારિત્ર નહિ. એ ત્રણેમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી હોતા. ત્રણેમાં, જ્ઞાન-દર્શન-ચારિત્ર જે સ્વના આશ્રયે થવા જોઈએ, એ નથી. આહાહા..! સમજાણું કાંઈ? '(માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે).' ક્યા કારણે વ્યવહાર નિષેધ્ય છે? કે, આચારાંગ આદિ શબ્દજ્ઞાનમાં જ્ઞાન નથી. નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધામાં શ્રદ્ધા નથી અને છ કાયની દયા અને પંચ મહાવ્રતના પરિણામમાં ચારિત્ર નથી. તે કારણે વ્યવહારનય પ્રતિષેધ્ય છે. આહાહા..! ભરતજી! ઝીણી વાત છે. અત્યારે તો વ્યવહાર કરે, આચારાંગ શાસ્ત્રના જાણપણા કરીને પોતાની કલ્પનાથી વાતું કરે અને માને, કે જ્ઞાન છે. બાપુ! એ જ્ઞાન કોઈ બીજી ચીજ છે. આહાહા..! અને સમકિત વ્યવહારથી માને. આ નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા તે સમકિત. એ શ્રદ્ધા નથી. આહાહા...!

જેમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ, અનંત ગુણનો સાગર, એની અંતર સન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીતિ થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. તેથી નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન નથી, માટે તે પ્રતિષેધ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! ગાથા આવી ગઈ છે. ચાલતા, વાંચતા-વાંચતા આ આવી છે. આહા..!

'અને નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે,...' શું કહે છે? કે, આત્મા શુદ્ધ ચિદાનંદનો અનુભવ, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આત્મા જે ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદનું દળ, તેની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા, એ આનંદની દશાની રમણતા (થાય), એ દશાને કારણે વ્યવહાર પ્રતિષેધ્ય છે, નિશ્ચય પ્રતિષેધક છે. આહાહા..! નિશ્ચય પ્રતિષેધ કરનાર છે, વ્યવહાર પ્રતિષેધ કરવા લાયક છે. આહાહા..! આવી વાતું છે. હવે અહીં તો વાણિયાને નવરાશ પણ ન મળે. હજી વ્યવહાર ચીજ શું છે (તેની ખબર નથી) એમાં આવો નિશ્ચય. માર્ગ બાપા... પ્રભુનો માર્ગ કોઈ અલૌકિક છે. આહા..!

આ કારણે વ્યવહાર નિષેધ્ય છે અને નિશ્ચય નિષેધક છે. આ કારણે. શા કારણે? કે, શાસ્ત્રનું જ્ઞાન છે તે જ્ઞાન નથી, નવ તત્ત્વની શ્રદ્ધા તે શ્રદ્ધા નથી, છ કાયની દયા અને પંચ મહાવ્રત એ કોઈ ચારિત્ર નથી. એ કારણે આત્માના આશ્રયે જ્ઞાન, દર્શન અને

ચારિત્ર થયા એ પ્રતિષેધક છે. વ્યવહારનો પ્રતિષેધ કરનાર છે અને વ્યવહાર પ્રતિષેધ કરવા લાયક છે, વ્યવહાર છોડવા લાયક છે. છોડવા લાયક, પ્રતિષેધ કરવા લાયક (છે). આહાહા..! છે કે નહિ અંદર? આહાહા..!

'કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે.' આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અનંત ગુણનો પવિત્રનો પિંડ પ્રભુ, એને આશ્રયે થતાં જે જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ઐકાંતિક–સમ્યક્ છે. છે? 'શુદ્ધ આત્માને જ્ઞાન આદિ...' શુદ્ધ આત્માનું જ્ઞાન, શુદ્ધ આત્માનું સમકિત, શુદ્ધ આત્માનું ચારિત્ર (તેનો) આશ્રય તો ઐકાંતિક છે. એને આશ્રયે થતા જ્ઞાન (આદિ) ઐકાંતિક સમ્યગ્દર્શન, જ્ઞાન છે. તેમાં કોઈ અનેકાંત વ્યભિચાર આવતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

'(શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી...)' શું કહે છે? ભગવાનઆત્મા જે શુદ્ધ ચૈતન્યમૂર્તિ, આનંદકંદ, અતીન્દ્રિય આનંદનું દળ, તેને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે તે ઐકાંતિક સમ્યક્ છે. તેમાં વ્યભિચાર આવતો નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! 'શુદ્ધ આત્માને જ્ઞાનાદિ...' જ્ઞાન, દર્શન અને ચારિત્ર ત્રણે લેવા. શુદ્ધ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, તેની દૃષ્ટિ, તેનું જ્ઞાન, તેમાં રમણતા એ સમ્યક્ ચારિત્ર, જ્ઞાન, દર્શન છે. એ ઐકાંતિક–અવ્યભિચાર છે, તેમાં દોષ નથી. આહાહા..! આવી વાત છે. '(શુદ્ધ આત્માને જ્ઞાનાદિનું આશ્રયપણું ઐકાંતિક છે.'

'(શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી કેમ કે જ્યાં શુદ્ધ આત્મા હોય...)' શુદ્ધ આત્મા પવિત્ર પ્રભુ જ્યાં છે, '(ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે).' જ્યાં શુદ્ધ આત્માના આશ્રયે જે દર્શન, જ્ઞાન થયા તે યથાર્થ છે. પરના આશ્રયે (જે) જ્ઞાન અને દર્શન થયા તે યથાર્થ નથી. આહાહા..! સમજાણું કાંઈ? '(શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી કેમ કે જ્યાં શુદ્ધ આત્મા હોય...)' જ્યાં શુદ્ધ પવિત્ર ભગવાન, સચ્ચિદાનંદ પ્રભુ, સહજાત્મ પૂર્ણાનંદનો નાથ, તેના આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે તે અવ્યભિચાર છે, તે યથાર્થ છે. એ વ્યવહારનો પ્રતિષેધ કરનાર છે અને વ્યવહાર પ્રતિષેધ થવા લાયક છે. આહાહા..! વ્યવહાર એ બંધનું કારણ છે. અને આત્માના આશ્રયે જે દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા તે મોક્ષનું યથાર્થ કારણ છે. એમ કહે છે. આહાહા..! શું થાય? બધું વીંખાય ગયું. તત્ત્વ ક્યાંય રહી ગયું અને લોકો માર્ગ ક્યાંય માની બેઠા. 'ભભૂતમલજી'! આહાહા..!

'(શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી..)' સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્રમાં ત્રિકાળી ભગવાનઆત્મા, તેનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી, તેમાં યથાર્થતા છે. અને શાસ્ત્રનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ એ વ્યભિચાર છે. કારણ કે બંધનું કારણ છે. તેમાં આત્મા આવ્યો નહિ. એ તો અનાત્મા છે. આહાહા..!

શાસ્ત્રનું જ્ઞાન, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા, ભેદવાળી (શ્રદ્ધા), આમ તો 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' કહ્યું છે, એ તો એકવચન છે, અભેદ છે. અભેદમાં તો આત્મા એકલો આવે છે. અને પંચ મહાવ્રતના પરિણામ એ પરને આશ્રયની વાત છે માટે બંધનું કારણ છે. આહાહા..! એ મોક્ષનો માર્ગ નહિ, એ સંવર-નિર્જરા નહિ. વ્યવહાર શાસ્ત્રનું જ્ઞાન, વ્યવહાર નવ તત્ત્વની શ્રદ્ધા, વ્યવહાર પંચ મહાવ્રત એ સંવર-નિર્જરા નહિ. એ આસ્રવ અને બંધના કારણ છે. આહાહા..! સામે છે કે નહિ? આહાહા..!

એક પ્રશ્ન આવ્યો હતો, ભાઈ! નિયતપ્રદેશત્વ છે ને? ૨૪મી શક્તિ. પેલો 'વિદ્યાનંદ' કહે છે ને? અપદેશ અટલે ત્યાં અખંડ પ્રદેશ જોઈએ. એ વાત ખોટી છે. કારણ કે આત્મામાં અનંત શક્તિ, અનંત ગુણ છે. તેમાં એક નિયતપ્રદેશત્વ નામનો ૨૪મો ગુણ છે. નિયતપ્રદેશત્વ નામનો ગુણ. એ નિયતપ્રદેશત્વ ગુણની વ્યાખ્યા–અસંખ્ય પ્રદેશી લોકાકાશના જે પ્રદેશ છે તેટલા પ્રદેશ છે તેને નિયતપ્રદેશત્વ કહેવામાં આવે છે. એ કહે છે, કે અપદેશ એટલે અખંડ છે. 'વિદ્યાનંદજી', લોકોને રાજી રાખે, માણસો ભેગા થાય. બિચારા માણસોને ખબર ન મળે. બધા જય નારાયણ, જય નારાયણ કર્યા કરે. આહાહા..!

મુમુક્ષુ :– ધર્મની પ્રભાવના તો બહુ થાય છે.

ઉત્તર :– અજ્ઞાનની પ્રભાવના છે, મિથ્યાત્વની પ્રભાવના છે. ભાઈ! શું કરીએ? અરે..રે..! આહાહા..!

અહીં તો ત્યાં સુધી કહ્યું, કહ્યું ને? ધર્મધ્યાનના અપાયના બોલમાં. ધર્મધ્યાનનો બોલ છે, આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય તેમાં અપાયવિચયમાં તો એવું લીધું છે, 'દ્રવ્યસંગ્રહ'માં કે, એ ધર્માત્મા પોતે પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યનો વિચાર કરે છે, અનુભવ કરે છે, તેનો નિર્ણય અને સ્થિરતા કરે છે તો તેમાં અપાય આવ્યું. એ અપાયમાં એવો વિચાર કરે છે, કે મને પણ પૂર્ણાનંદ પ્રાપ્ત થાઓ અને બધા પ્રાણીઓ પૂર્ણાનંદને પ્રાપ્ત થાઓ. આહાહા..! કોઈ અધૂરા ન રહો. આહાહા..! 'દ્રવ્યસંગ્રહ'માં અપાયવિચયમાં આવો અર્થ કર્યો છે. નથી અહીં? સમજાય છે કાંઈ? શું કહે છે? શું કહ્યું?

અપાયવિચય. ધર્મધ્યાનનો એક અપાયવિચય બોલ છે. એ અપાયવિચયનો 'બ્રહ્મદેવે' 'દ્રવ્યસંગ્રહ'ની ટીકા કરનારાએ એવો અર્થ કર્યો છે, કે આ ભગવાનઆત્માને પૂર્ણાનંદની પ્રાપ્તિ થાઓ અને સર્વ જીવોને પૂર્ણાનંદની પ્રાપ્તિ થાઓ. કોઈ આત્મામાં વિરોધ ન રહો. ભગવાન બધા આત્મા છે તો પૂર્ણાનંદની પ્રાપ્તિ થાઓ, એમ અપાયવિચયમાં વિચાર કરવો એમ આવ્યું છે. 'દ્રવ્યસંગ્રહ'માં આવ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! ૩૮ ગાથાના (શ્લોકમાં) એમ આવ્યું ને? ૩૨ કળશ. સર્વ જીવો પૂર્ણાનંદના નાથમાં મગ્ન થઈ જાઓ, લીન થઈ જાઓ, પ્રભુ! આહાહા..! કોઈ વિરોધ-બિરોધ છે જ નહિ. જગતમાં કોઈ વિરોધ છે જ નહિ. પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, તેમાં હું અને તમે બધા અંદર મગ્ન થઈ જાઓ, લીન

થઈ જાઓ. આહાહા..! એવી વિચારણા જ્ઞાની કરે છે. એમ કહે છે કોઈનો વિરોધ કરતા નથી. આહાહા..! આવો પાઠ છે, હોં! ‘દ્રવ્યસંગ્રહ’માં અપાયવિચયમાં આવો પાઠ છે. બતાવ્યો હતો.

અહીં કહે છે, કે આ આત્માને આશ્રયે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (થાય) એ જ યથાર્થ છે. પરને આશ્રયે જેટલા શબ્દજ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા અને પંચ મહાવ્રતના પરિણામ (થાય) એ અયથાર્થ છે, એ કોઈ વસ્તુ નથી. એ બંધનું કારણ છે. આહાહા..! અબંધકારણ તો ભગવાન અબંધસ્વરૂપ છે, ચિદાનંદ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, અંદર સહજાત્મસ્વરૂપ અબંધ છે તેની દૃષ્ટિ કરવાથી, જ્ઞાન કરવાથી અબંધ પરિણામ થાય છે. અબંધ સ્વભાવ છે તેની દૃષ્ટિ-જ્ઞાન કરવાથી અબંધ પરિણામ થાય છે અને પરનો આશ્રય કરવાથી બંધ પરિણામ થાય છે. આહાહા..! ‘ભરતજી’! આવી વાત છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! આહાહા..!

એ કહે છે, ‘આ વાત હેતુ સહિત સમજાવવામાં આવે છે :–’ શું કહે છે હવે? ‘આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી,...’ આહાહા..! શાસ્ત્રજ્ઞાન ગમે તેટલું કરે, નવ પૂર્વ પણ કરે, નવ પૂર્વ! અભવિને પણ નવ પૂર્વનું (જ્ઞાન) થાય છે અને આચારાંગના એક આચારાંગના અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક, એવા ડબલ, તેનાથી ડબલ એવા અગિયાર અંગ, તેનું જ્ઞાન છે તે શબ્દજ્ઞાન છે. આહાહા..! છે? શબ્દશ્રુત જ્ઞાનમાં ‘જ્ઞાનનો આશ્રય નથી,...’ એ જ્ઞાનનો આધાર નથી. આહાહા..!

શાસ્ત્ર, તે (પણ) સર્વજ્ઞ પરમાત્માએ (કહેલા). આચારાંગ આદિ શબ્દ લીધો છે ને? બીજું નામ નથી લીધું. આચારાંગ, સૂયગડાંગ ભગવાને કહેલા શાસ્ત્રો. એ શાસ્ત્રનું જ્ઞાન પણ શબ્દજ્ઞાન છે. એમાં આત્મા ન આવ્યો. આહાહા..! આચારાંગ, સૂયગડાંગ એ તો સર્વજ્ઞના કહેલા બધા શાસ્ત્ર છે ને? એને અહીંયાં વ્યવહાર કહ્યો. એને વ્યવહાર કહીને તેનો નિષેધ કર્યો. આહાહા..! એ શબ્દજ્ઞાન છે તે નિષેધ્ય છે. આત્મજ્ઞાન, જે અંદર ચિદાનંદ પ્રભુનું જ્ઞાન કરવું, તેનો અંતર અનુભવ કરવો અને અનુભવ કરીને પ્રતીત કરવી, સ્વરૂપમાં રમણતા કરવી એ એકાંતિક જ્ઞાન, દર્શન, ચારિત્ર છે. એ અવ્યભિચારી મોક્ષનો માર્ગ છે. આહાહા..! છે?

‘આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી,...’ જ્ઞાન જ છે, એમ નથી. ‘કારણ કે તેના (અર્થાત્ શબ્દશ્રુતના) સદ્ભાવમાં પણ...’ અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં ‘પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે;...’ આ સિદ્ધાંત લીધો. એ આચારાંગ આદિનું જ્ઞાન અભવિને પણ થાય છે. ભવિને તો થાય છે પણ આ તો અભવિને પણ થાય છે. દૃષ્ટાંત આપ્યું છે. આચારાંગ આદિનું જ્ઞાન અભવિને અગિયાર અંગનું થયું છતાં જ્ઞાન નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા અંદર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, સહજાનંદની મૂર્તિ પ્રભુ, તેના અવલંબને જે અંતરમાં અનુભવ થયો તેને

જ્ઞાન કહે છે.

'એકાંતે જ્ઞાનનો આશ્રય નથી,...' શબ્દશ્રુત તે એકાંતે જ્ઞાનનો આધાર નથી. '(અર્થાત્ શબ્દશ્રુતના) સદ્ભાવમાં પણ...' અગિયાર અંગનું જ્ઞાન થવા છતાં. શબ્દજ્ઞાન કહો કે અગિયાર અંગનું જ્ઞાન કહો. આહાહા..! પાણી ઊતરી જાય એવું છે. અગિયાર અંગના જ્ઞાન, કરોડો અબજો શ્લોકોના જ્ઞાન, એવું હોવા છતાં અભવિને સમ્યગ્જ્ઞાન નથી. આહાહા..! સમજાય છે કાંઈ? 'સદ્ભાવમાં પણ...' સદ્ભાવ કહ્યું ને? અગિયાર અંગનો સદ્ભાવ છે, અગિયાર અંગનું જાણપણું તેની પાસે છે. છતાં 'અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...' પણ તેમાં શુદ્ધ આત્માનો અભાવ છે. તેની દૃષ્ટિમાં ત્રિકાળ આત્મા આવ્યો નહિ. આહાહા..! ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ, આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ તત્ત્વ છે, તેનો આશ્રય નથી તો અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં તેને જ્ઞાન કહેવામાં આવતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? વાત તો બહુ સાદી છે, ભાષા કંઈ બહુ એવી (કઠણ) નથી, પણ મર્મ તો છે ઇ છે. આહાહા..!

'જ્ઞાનનો અભાવ છે;...' પહેલા શું કીધું? અભવિ કે જેને કોઈ દિ' મુક્તિ નથી, કોને? અભવિ જીવ છે. કોરડું મગ જેવા, જે કોઈ દિ' બફાય નહિ. એવા જીવ છે (તેની) કદી મુક્તિ થતી નથી. તેને પણ અગિયાર અંગના જ્ઞાનની હયાતી છે છતાં સમ્યગ્જ્ઞાન નથી. આહાહા..! આ તો અભવિનું તો દૃષ્ટાંત આપ્યું છે, હોં! ભવિને પણ અગિયાર અંગ(નું જ્ઞાન) અનંતવાર થયું, નવમી ગ્રૈવેયક ગયો. આ તો દૃષ્ટાંત આપ્યો છે. ભવિને પણ અગિયાર અંગનું જ્ઞાન અનંતવાર થયું છતાં સમ્યગ્જ્ઞાન નથી. આહાહા..!

ભગવાનઆત્મા ચૈતન્ય પ્રભુ, પોતાની જ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય જ્ઞેય ન થાય ત્યાં સુધી જ્ઞાન યથાર્થ હોતું નથી. શાસ્ત્રજ્ઞાન એ પરજ્ઞેય છે. આહાહા..! પોતાની જ્ઞાનની દશા-પર્યાયમાં સ્વજ્ઞેય પ્રભુ આત્મા જે સચ્ચિદાનંદ છે, એ પર્યાયમાં સ્વજ્ઞેય ન આવે ત્યાં સુધી જ્ઞાન સાચું હોતું નથી. પરજ્ઞેય શાસ્ત્ર આદિ છે તે જ્ઞાન નથી. આહાહા..! આવી વાત છે. આહા..! થોડું થોડું ગુજરાતી આવી જાય છે.

મુમુક્ષુ :- શુભ વ્યવહાર ખરો કે નહિ?

ઉત્તર :- વ્યવહાર પણ બંધનું કારણ છે. નિશ્ચયથી તો (નિશ્ચય) વિના વ્યવહાર, વ્યવહાર કહેવાતો જ નથી. પણ આ સાધારણ વ્યવહાર તરીકે કહેવામાં આવે છે. બંધનું કારણ છે, સંસાર છે. અનાદિકાળનો સંસાર છે. આહાહા..! આ વાત છે.

વળી, 'જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી,...' જીવ, અજીવ આદિ નવ ભેદ છે ને? ભેદ, હોં! અભેદ નવ તત્ત્વની શ્રદ્ધા, અભેદમાં તો અંતરઆત્મા આવ્યો. નવમાં ભેદ આવ્યા, જીવ ને અજીવ, પુણ્ય ને પાપ. એમાં સંવર, નિર્જરા, મોક્ષને પણ અજ્ઞાનમાં અનાદિથી માન્યા. એ સંવર, નિર્જરા સાચા નહિ, એ સાચા નથી.

અભવિને પણ નવ તત્ત્વની શ્રદ્ધા છે પણ એ સંવર, નિર્જરા, મોક્ષ નથી. જેટલે અંશે રાગ ઘટે તેને સંવર કહેવાય છે, જેટલા અંશે રાગ ઘટે તેને નિર્જરા કહેવાય છે અને રાગનો અભાવ તેને મોક્ષ કહેવાય છે, એમ અજ્ઞાનમાં સંવર, નિર્જરા, મોક્ષ (માને છે). એ અજ્ઞાનીના છે. એ બંધનું કારણ છે. સાચા સંવર, નિર્જરા, મોક્ષ નહિ. નવ તત્ત્વના નામ આવ્યા કે નહિ? નવ તત્ત્વમાં સંવર, નિર્જરા, મોક્ષ આવ્યા કે નહિ? તો અભવિને સંવર, નિર્જરા, મોક્ષ ક્યાંથી આવ્યા? મિથ્યાદૃષ્ટિમાં નવ ક્યાંથી આવ્યા? એ વ્યવહાર. જે ગુણસ્થાને રાગ કંઈક ઘટે છે એ અપેક્ષાએ સંવર, નિર્જરા અને મોક્ષ કહેવામાં આવ્યા છે. વાસ્તવિક નહિ. 'ચંદુભાઈ'! 'ક્રિયાકોષ'માં બહુ વિસ્તાર છે. એક 'ક્રિયાકોષ' પુસ્તક છે, એમાં આનો વિસ્તાર બહુ છે.

આ આવું છે છતાં કેમ (યથાર્થ) નહિ? એને ગમે તેટલા હો. અરે..! આમાં પણ છે. 'કળશટીકા'માં છે ને? 'કળશટીકા' છે ને? એમાં પણ ૬ઠ્ઠા શ્લોકમાં કહ્યું છે. જુઓ! ૬ઠ્ઠો શ્લોક. 'સંસાર અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો વિભાવપરિણતિ છે, તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.' આ નવ તત્ત્વમાં સંવર, નિર્જરા આવ્યા (પણ) આ સાચા સંવર, નિર્જરા નહિ. સમજાય છે કાંઈ? આ 'કળશટીકા' છે અને 'ક્રિયાકોષ'માં પણ વિસ્તાર લીધો છે. નવ તત્ત્વની શ્રદ્ધા અભવિને કહે છે તો સંવર, નિર્જરા, મોક્ષ ક્યાંથી આવ્યા? કે, સંવર, નિર્જરા, મોક્ષ ઉપચારથી કહ્યું છે, વાસ્તવિક નથી. આહાહા...! અહીંયાં તો એ કહ્યું, 'નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.' નવ તત્ત્વનો ભેદવાળો અનુભવ મિથ્યાત્વ છે. આહાહા...! જિરવ્વું જાય નહિ. આ પૈસાવાળાને પૈસા આડે નવરાશ ન મળે, આવો નિર્ણય કરવાનો વખત ન મળે. આહાહા...! અહીં તો ૬ઠ્ઠા શ્લોકમાં મિથ્યાત્વ કહ્યું છે. નવ તત્ત્વનો અનુભવ મિથ્યાત્વ છે.

એ અહીં કહે છે, 'જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્‌ભાવમાં...' અહીં સદ્‌ભાવ કહ્યું ને? અભવિને નવ તત્ત્વની શ્રદ્ધાનો સદ્‌ભાવ કહ્યો. એ નવ તત્ત્વ શું? સાચા સંવર, નિર્જરા, મોક્ષ નહિ. એ આસ્રવ તેટલો ઘટે તે અપેક્ષાએ સંવર કહ્યો અને બંધ એટલો ઓછો પડે તો મોક્ષ કહ્યું, અને બંધ છે તેને બંધ કહ્યું. જેટલો રાગ અલ્પ બંધાણો તેને ઉપચારથી મોક્ષ કહ્યો. એ નવ તત્ત્વની શ્રદ્ધા છે. નવ તત્ત્વમાં એ સાચા સંવર, નિર્જરા, મોક્ષ નહિ. અરે..રે...! સમજાય છે કાંઈ?

અહીં એ કહ્યું કે નહિ? 'જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્‌ભાવમાં...' નવ તત્ત્વની શ્રદ્ધા હોવા છતાં 'અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે;...' પંડિતજી! સમજાણું? નવ તત્ત્વમાં સંવર, નિર્જરા, મોક્ષ લીધા છે પણ એ ભાવ સંવર, નિર્જરા, મોક્ષ નહિ. ઉપચારિક વ્યવહારુ શબ્દ લીધો છે. નહિતર અહીં તો અભવિ મિથ્યાત્વીને નવ તત્ત્વની શ્રદ્ધાનો સદ્‌ભાવ કીધો છે. મિથ્યાદૃષ્ટિને નવ

તત્ત્વની શ્રદ્ધાનો સદ્ભાવ કહ્યો છે. એ ક્યા નવ તત્ત્વ? સાચા સંવર, નિર્જરા, મોક્ષ તો સમ્યગ્દર્શન વિના હોતા નથી. અને અહીં તો નવ તત્ત્વનો સદ્ભાવ કહ્યો છે, પાઠમાં છે. સમજાણું કાંઈ? આરે..! આરે..! આવું કઠણ. એ તો વ્યવહારુ સંવર, વ્યવહારુ નિર્જરા અને વ્યવહારુ (મોક્ષ), ઉદયમાં આવતા કર્મ જરી ખરતા જાય છે ને? એને અજ્ઞાનીની નિર્જરા કીધી. અને રાગનો જેટલો અલ્પ બંધ થાય તેને મોક્ષ કહ્યો. એ વ્યવહારુ સંવર, નિર્જરા, મોક્ષ. નિશ્ચય સંવર, નિર્જરા, મોક્ષ નહિ. હેં?

મુમુક્ષુ :- મોક્ષ પણ કહ્યો.

ઉત્તર :- મોક્ષ કહ્યો છે ને. નવ તત્ત્વમાં આવ્યો કે નહિ? એ તો ચર્ચા બહુ થઈ ગઈ છે, અહીં તો ઘણી વાર ચર્ચા થઈ ગઈ છે. 'ચર્ચા સમાધાન' છે ને? એક 'ચર્ચા-સમાધાન' પુસ્તક છે, એમાં બહુ લીધું છે. આ નવ તત્ત્વની શ્રદ્ધા કીધી ને? મિથ્યાત્વી કહ્યો ત્યાં નવ તત્ત્વ ક્યાંથી આવ્યા? એ તો વ્યવહાર આસ્રવ. એ ગુણસ્થાનમાં જેટલો આસ્રવ ઘટ્યો છે તેટલો સંવર વ્યવહારથી કહેવામાં આવ્યો છે. છે તો આસ્રવ. જરી ઘટ્યો તો વ્યવહાર (સંવર) કહ્યો. થોડા કર્મ ખપે છે તો વિપાક (નિર્જરા કીધી) અને અલ્પ બંધ થાય છે એ અપેક્ષાએ બંધ થોડો ઘટે છે. કારણ કે મિથ્યાદૃષ્ટિને પણ મંદ મિથ્યાત્વ અને અનંતાનુબંધી મંદ થાય છે. સાંભળો! શું કહ્યું?

અભવિને અને મિથ્યાદૃષ્ટિને પણ સિદ્ધાંતમાં એમ લીધું છે, હમણા આવી ગયું હતું, 'સમયસાર', 'સમયસાર' ટીકામાં છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. મિથ્યાદૃષ્ટિને પણ મિથ્યાત્વનું મંદપણું અને અનંતાનુબંધીની મંદતા થાય છે. છતાં મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ટીકામાં છે. બધો ખ્યાલ છે, ઘણી વાર બતાવ્યું છે. એ જે સાચા સંવર, નિર્જરા, મોક્ષ એ આ નહિ. ખોટા સંવર, નિર્જરા, મોક્ષ સહિતના નવ તત્ત્વની શ્રદ્ધા એ મિથ્યાત્વ છે. અરે.. અરે..! આવી વાતું હવે. છે?

'જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી,...' નવ ભેદ સમકિતનું આલંબન નહિ. આહાહા..! 'કારણ કે તેમના સદ્ભાવમાં...' નવ તત્ત્વની શ્રદ્ધાની હયાતીમાં પણ, નવ તત્ત્વની શ્રદ્ધાની હયાતીમાં પણ 'અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે;...' એ નવ તત્ત્વ ક્યા? પેલા સાચા સંવર, નિર્જરા, મોક્ષ નહિ. આહાહા..! એ અધિકાર છે. 'ચર્ચા સમાધાન'માં છે. આપણે આમાં આવી ગયું ને? નવ તત્ત્વનો અનુભવ મિથ્યાત્વ છે. નવ તત્ત્વનો અનુભવ એટલે એમાં સંવર, નિર્જરા, મોક્ષ આવ્યા? સંવર, નિર્જરા, મોક્ષ છે તો સમકિત છે. સંવર એટલે ત્યાં જેટલો રાગ ઘટે એ અપેક્ષાએ સંવર કહ્યો અને જેટલા કર્મ ખપે છે, વિપાક નિર્જરા, વિપાકને નિર્જરા કહી અને કંઈક મિથ્યાત્વના બંધની અવસ્થા ઓછી થાય છે, મંદ મિથ્યાત્વમાં, મંદ અનંતાનુબંધીમાં બંધ અલ્પ થાય છે તેને મોક્ષ કહ્યો. એમ નામ કહીને નવ તત્ત્વની શ્રદ્ધા મિથ્યાત્વીને પણ હોય છે (એમ કહ્યું). 'રતનચંદજી'!

આવી વાત છે. આહાહા..!

એક બાજુ, 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' 'ઉમાસ્વામી' કહે, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' કહે, અહીં કહે કે, નવ તત્ત્વની શ્રદ્ધા મિથ્યાત્વમાં છે. એ જે 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' (કહ્યું છે), ત્યાં તો અંદર જીવનો આશ્રય થઈ, જીવનું ભાન, અનુભવ થયા તો તેમાં બીજા તત્ત્વ નથી, એવું જ્ઞાન સાથે આવી ગયું તો 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! બધી વાતું ઝીણી બહુ. શ્લોક જ એવો આવ્યો છે ત્યાં (શું થાય)? નવ તત્ત્વના સદ્ભાવમાં પણ. સમ્યગ્દર્શનના આશ્રયે આત્મા નથી માટે તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે. આહાહા..! ઝીણું બહુ, બાપુ! 'શશીભાઈ'! આ તમારે મકાન નવું થવાનું છે ને? એનું આ માંગલિક થાય છે. આહાહા..! માણસ તો આજે ઘણું આવ્યું છે, ભરાય ગયું છે. આહાહા..! શું કહ્યું?

'જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી,...' સમકિતનું કારણ નથી. નવ તત્ત્વની શ્રદ્ધા સમકિતનું કારણ નથી. નવ તત્ત્વની શ્રદ્ધા સમકિતનું કારણ નથી. આહાહા..! નવ તત્ત્વની શ્રદ્ધાના સદ્ભાવમાં અભવિને અને ભવિને પણ, અનાદિ નવમી ગ્રૈવેયક ગયો, તેને નવ તત્ત્વની શ્રદ્ધાના સદ્ભાવમાં પણ, આહા..! 'અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...' શુદ્ધ પરમાત્મા સચ્ચિદાનંદ પ્રભુ દૃષ્ટિમાં આવ્યો નહિ, જ્ઞાનમાં આવ્યો નહિ એ કારણે નવ તત્ત્વની શ્રદ્ધા પણ મિથ્યાશ્રદ્ધા છે. આહાહા..! ઝીણું છે, ભાઈ! હમણા તો ચર્ચા બંધ છે એટલે રાત્રે પૂછવું કોને? કોને પૂછે? 'શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે;...'

'છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય નથી,...' શું કીધું? છ જીવ-નિકાયની દયા, પંચ મહાવ્રતના પરિણામ.. આહા..! એ ચારિત્રનો આશ્રય નથી, તેના આશ્રયે ચારિત્ર થતું નથી. આહાહા..! અહીં છ જીવ-નિકાય શબ્દ લીધો છે, બાકી છ જીવ-નિકાયમાં પંચ મહાવ્રત ગોઠવ્યા છે. કારણ કે છ જીવ-નિકાય વ્યવહાર અહિંસામાં તેની ચાર વાડ છે. એટલે છ જીવ-નિકાયમાં પંચ મહાવ્રત લઈ લીધા છે. પંચ મહાવ્રતના પરિણામ પણ આત્માના આશ્રયે નથી, એ પરના આશ્રયે થયા માટે તે ચારિત્ર નથી. આહાહા..! સમજાય છે ને? ભાઈ! પંચ મહાવ્રતના પરિણામ, છ જીવ-નિકાયની દયા, એ ચારિત્ર નહિ. કેમ કે એમાં તો પરનો આશ્રય છે, એ તો રાગ છે. આહાહા..! ગજબ વાત છે. ગાથા જ એવી આવી છે.

મુમુક્ષુ :– તમે એવી ગાથા લાવ્યા છો.

ઉત્તર :– લાવ્યા ક્યાં, આવી ને. આ તો આપણે આવતા આવતા આવી છે.

'છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય નથી,...' અહીં તો લખ્યું ને, છ જીવ-નિકાયના રક્ષા, છ જીવની દયા પાળનારા મુનિ. એવું લખે. સંવત્સરીને દિ' કાગળ લખે ત્યારે (એવું લખે). અહીં કહે કે, છ જીવ-નિકાયની દયાના ભાવ રાગ છે. પંચ મહાવ્રતના પરિણામ

એ રાગ છે. એ પંચ મહાવ્રતના પરિણામમાં આશ્રય પર છે, એમાં શુદ્ધ આત્મા આવ્યો નહિ. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! ત્રણલોકનો નાથ મહાવિદેહમાં બિરાજે છે આ એની વાત છે, ભાઈ! આહાહા..! ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે ત્રિલોકના નાથ 'સીમંધર' ભગવાન આમ કહે છે, આમ કહેતા હતા એ આ વાત છે. આહાહા..! છ જીવ-નિકાયની દયા એ ચારિત્ર નહિ, એ ચારિત્રનો આશ્રય નહિ. આહાહા..! અહીં તો (લોકો કહે), છ કાયની દયા પાળો, છ કાયની દયા પાળો. પણ છ કાયની દયામાં આત્મા આવ્યો કે નહિ? છ કાયમાં આ આત્મા છે કે નહિ? એની દયા પાળી? આહાહા..!

ભગવાન શુદ્ધ ચિદાનંદ ભગવાન, તેને રાગથી લાભ થાય (એમ માનનારાએ) આત્માની અરુચિ કરીને આત્મા પ્રત્યે ક્રોધ કર્યો છે. આહા..! 'દ્વેષ અરોચક ભાવ' 'આનંદઘનજી' 'સંભવનાથ' (ભગવાનની) સ્તુતિ કરતા કહે છે. 'આનંદઘનજી' શ્વેતાંબરમાં થયા, થોડી થોડી વાત કરી છે. મૂળ વાત તો આ સિવાય ક્યાંય હોય નહિ, પણ થોડી વાત કો'ક કો'ક મધ્યસ્થી વૈરાગી હતા તો કરી છે. 'દ્વેષ અરોચક ભાવ'. જેને આ ભગવાન પૂર્ણાનંદનો નાથ રુચતો નથી અને જેને દયા, દાનાદિનો રાગ રુચે એને આત્મા પ્રત્યે ક્રોધ છે. 'દ્વેષ અરોચક ભાવ' ભગવાન પ્રત્યે દ્વેષ છે, અરોચકભાવ એ દ્વેષ છે. આહાહા..! શુભભાવની પ્રીતિ અને રુચિ (જેને છે) એને આત્મા પ્રત્યે દ્વેષ છે. 'દ્વેષ અરોચક ભાવ'. એ સ્વભાવ રુચતો નથી અને રાગ રુચે છે એ દ્વેષ છે, એ મિથ્યાત્વભાવ છે, એ આત્મા પ્રત્યેનો અનાદર છે. આહાહા..! એ..ઇ...! આ વાત તો ઘણીવાર આવી ગઈ છે, આ કંઈ પહેલીવહેલી નથી. આહાહા..!

અહીં તો કહે છે, શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે, જે તેને નથી. છે ને? 'તેમના સદ્ભાવમાં...' સદ્ભાવ કહ્યું ને? પંચ મહાવ્રતની હયાતીમાં પણ, છ જીવ-નિકાયની દયાના ભાવમાં પણ, જેમ નવ તત્ત્વની શ્રદ્ધાની હયાતીમાં પણ સમ્યગ્દર્શન નથી, કેમ કે શુદ્ધ આત્માનો આશ્રય નથી. એમ પંચ મહાવ્રતના પરિણામ, આવું હોવા છતાં સ્વનો આશ્રય નથી, પરનો આશ્રય છે તો એ ચારિત્ર નહિ. આહાહા..! એમ શબ્દજ્ઞાનમાં પરનો આશ્રય છે. તેમાં આત્માનો આશ્રય આવ્યો નહિ. માટે શબ્દજ્ઞાન એ વ્યભિચાર મિથ્યાત્વ બંધનું કારણ છે. એ ત્રણે– શબ્દજ્ઞાન, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા અને છ કાયની દયા, એ ત્રણે બંધના કારણ છે. આહાહા..! આવી વાત છે. એમાં આત્મા આવ્યો નહિ. ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ આનંદનું દળ છે, આત્મા સચ્ચિદાનંદ આનંદનું દળ–પિંડ છે, એ આનંદનો જ્યાં આશ્રય નથી, ત્યાં આગળ આ બધા દુઃખના પરિણામમાં પરનો આશ્રય છે. એ રાગાદિ દુઃખ છે. ચાહે તો દયાનો રાગ (હોય). આહાહા..!

'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં ત્યાં સુધી કહ્યું છે, કે પરની દયાનો ભાવ રાગ એ હિંસા છે. 'અમૃતચંદ્રાચાર્ય'. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! આ તો જન્મ-મરણ રહિતની વાત

છે, ભાઈ! બાકી જન્મ-મરણ કરીને તો, ચોરાશીના અવતાર કરીને અનંતકાળથી મરી ગયો. અનંત અવતાર કર્યા. આહાહા..!

અહીં કહે છે, કે છ કાયની દયાના સદ્ભાવમાં પણ 'અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે.' પંચ મહાવ્રત પાળે, અઠ્યાવીસ મૂળગુણ પાળે, નિરતિચાર પાળે, એને માટે ચોકા કરીને આહાર (બનાવ્યો હોય તો) પ્રાણ જાય તોપણ લે નહિ. તોપણ તે મિથ્યાદૃષ્ટિ, મિથ્યાચારિત્ર છે. આહાહા..! જેમાં ભગવાનઆત્માનો આશ્રય આવ્યો નહિ, તેનું અવલંબન લીધું નહિ, તેની સમીપ ગયો નહિ અને રાગની સમીપમાં રહ્યો તો એ અચારિત્ર છે. આહાહા..! ઉપવાસ પણ તેને કહે છે, કે ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિમાં ઉપ નામ સમીપમાં વાસ નામ વસવું, અંતર આનંદમાં રહેવું તે ઉપવાસ છે. બાકી આત્માના ભાન વિના આ અપવાસ આદિ ક્લેશ છે, લાંઘણ છે. આહાહા..! સમજાય છે? 'અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે.'

'શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...' આહાહા..! સમ્યગ્જ્ઞાનમાં જે આનંદ આવે છે, અતીન્દ્રિય આનંદ સહિત જે જ્ઞાન આવે છે એ જ્ઞાનનો આશ્રય તો આત્મા છે. આહાહા..! સમ્યગ્જ્ઞાનમાં અનંત ગુણની શક્તિની વ્યક્તતાનો અંશ પ્રગટ થાય છે તો એ આનંદ પણ અનુભવમાં આવે છે. એ આનંદ અને જ્ઞાનનો આશ્રય આત્મા છે. આત્માના આશ્રયે એ જ્ઞાન અને આનંદ થયા છે. આહાહા..! સમજાય છે કાંઈ? તેને અહીંયાં જ્ઞાન કહે છે. શું કહ્યું? જુઓ!

'શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં...' શું કહે છે? કોઈને આચારાંગ આદિ શાસ્ત્રનું જ્ઞાન ન પણ હોય તોપણ શુદ્ધ આત્માને આશ્રયે થયેલું જ્ઞાન યથાર્થ છે. અને કોઈને આચારાંગ આદિનું જ્ઞાન હોય, તોપણ આત્માના આશ્રયે થતું જ્ઞાન એ જ્ઞાન, આ જ્ઞાન નહિ. આહાહા..! બે શબ્દ લીધા છે. ક્યા? 'સદ્ભાવમાં, અસદ્ભાવમાં'. આચારાંગ આદિના જ્ઞાનની હયાતી હો તોપણ અજ્ઞાની છે અને ન હોય તોપણ અજ્ઞાની છે. આત્માનો આશ્રય છે અને શબ્દજ્ઞાન ન પણ હો, આત્માનું જ્ઞાન થયું અને શબ્દજ્ઞાન ન પણ હો, આત્મજ્ઞાન થયું અને શબ્દજ્ઞાન હો, પણ એ શબ્દજ્ઞાન એ કોઈ વાસ્તવિક જ્ઞાન નથી. આહાહા..! છે? સદ્ભાવમાં, અસદ્ભાવમાં કહ્યું ને? શાસ્ત્રનું જ્ઞાન હો કે ન પણ હો, પણ આત્માના આશ્રયે જ્ઞાન હોય તો તેને જ્ઞાન છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૩૪૨ ગાથા-૨૭૬ થી ૨૭૭ તથા શ્લોક ૧૭૪ શનિવાર, કારતક સુદ ૭, તા. ૨૭-૧૦-૧૯૭૯
(મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો આ ગુજરાતી અનુવાદ છે)

૨૭૬-૨૭૭ (ગાથા) છે ને? તેનો ભાવાર્થ. 'આચારાંગ આદિ શબ્દશ્રુતનું જાણવું,...' આચારાંગ આદિ શબ્દશ્રુતનું જ્ઞાન તે વાસ્તવિક જ્ઞાન નથી. ખરેખર તો આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં જ્યારે જાય છે ત્યારે શબ્દશ્રુત જ્ઞાન ત્યાજ્ય થઈ જાય છે અથવા તેમાં ઉત્પત્તિ થતી નથી. શું કહ્યું?

ફરીને, 'આચારાંગ આદિ શબ્દશ્રુતનું જાણવું,...' એ વાસ્તવિક જ્ઞાન નથી. કારણ કે આત્મા પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યનું અંદરમાં જ્ઞાન કરે છે ત્યારે એ શબ્દશ્રુત જ્ઞાન સ્વયમેવ ત્યાજ્ય થઈ જાય છે. અંતરમાં સ્વભાવમાં ત્રિગુપ્ત-મન, વચન, કાયાથી ગુપ્ત થઈને અંદર જ્ઞાનમાં ગુપ્ત થાય છે ત્યારે એ વ્યવહાર શાસ્ત્ર સહજ હોતા નથી, સહજ તેનો ત્યાગ થઈ જાય છે. ઝીણી વાત બહુ.

વ્યવહાર ત્યાજ્ય કહ્યો છે એ અપેક્ષિત કહ્યું છે. પોતાનો જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્માનું જ્ઞાન કરવાથી જે જ્ઞાન થાય છે તે યથાર્થ છે, એ મોક્ષનો માર્ગ છે. એ સમયે શબ્દશ્રુત જ્ઞાન સહજ ત્યાજ્ય થઈ જાય છે. અંતર જ્ઞાનમાં ગુપ્ત થાય છે તો શબ્દશ્રુતનું જ્ઞાન ઉત્પન્ન થતું જ નથી, ત્યાં રહેતું નથી, સ્વયમેવ ત્યાજ્ય થઈ જાય છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ..! મોક્ષમાર્ગ બહુ સૂક્ષ્મ છે. આહાહા..! શાસ્ત્રનું જ્ઞાન પણ મોક્ષનો માર્ગ નહિ. આહાહા..! એ જ્ઞાન પરલક્ષી શબ્દશ્રુત જ્ઞાન છે અને આત્મા..

એ કહે છે, 'જીવાદિ નવ પદાર્થોનું શ્રદ્ધાન...' એ શ્રદ્ધાન પણ યથાર્થ નથી. નવ તત્ત્વનું શ્રદ્ધાન જે ભેદવાળું છે એ પોતાના સ્વરૂપની પ્રતીતિમાં, અનુભવમાં જ્યારે જાય છે તો એ નવ તત્ત્વની શ્રદ્ધા ત્યાજ્ય જ છે. તેમાં ઉત્પન્ન થતી નથી તો સ્વયમેવ ત્યાજ્ય છે. સમજાય છે કાંઈ?

'તથા છ કાયના જીવોની રક્ષા-એ સર્વ હોવા છતાં અભવ્યને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી હોતાં,...' કેમ કે ત્રણ છે એ કોઈ ધર્મ નથી. આહાહા..! અભવ્યનું તો દષ્ટાંત આપ્યું છે. ભવ્ય કે અભવ્ય. અનંતકાળમાં અનંતવાર શબ્દશ્રુત જ્ઞાન કર્યું છે, નવ તત્ત્વની શ્રદ્ધા પણ કરી છે, છ કાયની રક્ષા, પંચ મહાવ્રતના પરિણામ પણ કર્યાં છે પણ એ તો બંધનું કારણ છે. નિષેધ કરવા લાયક છે. નિષેધ કેવી રીતે થાય છે? કે, પોતાનો આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપમાં જ્યારે એકાગ્ર થાય છે તો સહજ એ વ્યવહારનો ત્યાગ (થઈ જાય

છે). સ્વરૂપ ગુપ્તમાંથી આવતો નથી (તો) વ્યવહારનો ત્યાગ થઈ જાય છે. સમજાય છે કાંઈ? ઝીણી વાતું બહુ, ભાઈ! જન્મ-મરણ મટવાના ઉપાય કોઈ અલૌકિક છે. આહાહા..! બહારની આ કોઈ ક્રિયાકાંડો, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, દાન, દયા એ બધું તો બંધનું કારણ છે. આહાહા..!

અહીં તો એ કહેવું છે, કે વ્યવહાર ત્યાજ્ય ક્યા પ્રકારે છે? કે, વ્યવહાર ત્યાજ્ય છે, આત્મા પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્રમાં હોય છે ત્યારે તેનો વ્યવહાર છે તે તેમાં રહેતો નથી. તેની દૃષ્ટિમાં નથી અને તેની પર્યાયમાં પણ રહેતો નથી. સમજાય છે કાંઈ? 'ચંદુભાઈ'! આહાહા..! ભગવાનઆત્મા, કહે છે, કે એવા જ્ઞાન, દર્શન તો અનંતવાર થયા. 'તેથી વ્યવહારનય તો નિષેધ્ય છે;...' આહાહા..! જ્યાં શુદ્ધાત્મા હોય છે.. વાત બહુ થોડી છે પણ મૂળ વાત છે. જ્યાં શુદ્ધાત્મા એક સમયમાં પરિપૂર્ણ પ્રભુ, જ્યાં જ્ઞાનમાં જ્ઞેય થઈને તેનું જ્ઞાન થયું, ત્યાં સ્વયમેવ વ્યવહાર ત્યાજ્ય જ છે. એ વ્યવહાર રાગ, શાસ્ત્રજ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા કે છ કાયની દયાના ભાવ એ દૃષ્ટિના વિષયમાં તો નથી પણ એની પર્યાયમાં પણ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– શાસ્ત્રનું જ્ઞાન છે એ ક્યાં ચાલ્યું જાય છે?

ઉત્તર :– છે નહિ. અંતરમાં એકાગ્ર થયો તો એ છે જ નહિ. છે જ નહિ, ઉત્પત્તિ જ નથી. સહજ વ્યવહારનો ત્યાગ થઈ જાય છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

સંસ્કૃત ટીકામાં છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. જ્યારે આત્મા પોતાના જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર આદિમાં રમણતા કરે છે તો ત્રિગુપ્ત અવસ્થામાં એ વ્યવહાર સ્વયં, સહજ નાસ્તિ છે, સ્વયં નાસ્તિ છે. અસ્તિમાં સ્વભાવની અસ્તિની દૃષ્ટિનો અનુભવ થયો તો ત્યાં વ્યવહાર સ્વયં ત્યાજ્ય જ છે, નાસ્તિ છે.

મુમુક્ષુ :– ધ્યાનમાં નિશ્ચય અને વ્યવહાર બંને ઉત્પન્ન થાય છે ને.

ઉત્તર :– એ તો જ્યારે ધ્યાન ન હોય ત્યારે નિશ્ચય છે, ત્યારે વ્યવહાર આવે છે તો તેને વ્યવહાર ત્યાજ્ય કહેવામાં આવ્યો. પણ અહીં તો દર્શન, જ્ઞાન, ચારિત્રમાં લીન થઈ ગયો ત્યારે તો વ્યવહાર સહજ નાસ્તિ છે, અસ્તિ નથી. જ્યારે આત્મા પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રસ્વરૂપમાં રમણતા કરે છે, તેના આશ્રયમાં હોય છે ત્યારે વિકલ્પ છે, પરિણતિ છે, વિકલ્પ છે તે ત્યાજ્ય છે. પણ અહીં તો કહે છે, કે જ્યારે પોતાના આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રની સન્મુખ થઈને લીન થાય છે ત્યાં સહજ જ વ્યવહારની નાસ્તિ છે. વ્યવહાર ત્યાજ્યરૂપ નાસ્તિ જ છે. ત્યાં અસ્તિ છે જ નહિ. આહાહા..! ઝીણી વાત, ભાઈ! ધર્મ બહુ સૂક્ષ્મ છે.

વીતરાગમાર્ગનો ધર્મ–સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અલૌકિક વાત છે. એ

બહારથી ધમાધમથી મળી જાય એવી ચીજ નથી. આહાહા..! બહારથી તો મળતો નથી, પણ અભ્યંતરમાં દ્રવ્યશ્રુત શાસ્ત્રનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ અને પંચ મહાવ્રતનો રાગ, તેનો સ્વરૂપના આશ્રયમાં નિષેધ છે. કેમકે દૃષ્ટિના વિષયમાં નથી અને તેની પર્યાયમાં અસ્તિમાં નિર્મળ પરિણતિ ઉત્પન્ન થઈ તેમાં મલિનતા આવતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, સત્ શાશ્વત ચિદાનંદ જ્ઞાન અને આનંદનો ભંડાર તરફની દૃષ્ટિ અને જ્ઞાનમાં લીન થયો તો સહેજે વ્યવહારનું અસ્તિપણું (રહેતું નથી). આ અસ્તિપણાના અનુભવમાં વ્યવહારનું અસ્તિપણું રહેતું જ નથી. વ્યવહાર સહજ નાસ્તિપણે છે. આહાહા..! આવી વાત છે. સમજાય છે કાંઈ? પાઠમાં છે. 'निर्विकल्पसमाधिरूपनिश्चये स्थित्वा व्यवहार-स्त्याज्यः' અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા (થયા ત્યાં) વ્યવહાર ત્યાજ્ય (થઈ ગયો). 'किं तु तस्यां त्रिगुप्तावस्थायां व्यवहारः स्वयमेव नास्तीति' ('જયસેનાચાર્યદેવ'ની ટીકાનું) સંસ્કૃત છે. ઝીણી વાત છે, ભાઈ! આ તો ધર્મની વાત (છે). બાકી તો અનંતવાર પુણ્ય કર્યાં. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અનંતવાર કર્યાં. આહા..! કરોડો રૂપિયાના દાન, અબજો રૂપિયાના દાન, કરોડો મંદિરો બનાવ્યા એમાં શું થયું? એ તો શુભરાગ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયાં તો પરમાત્મા, જે નિજ પરમાત્મસ્વરૂપ, પરમઆત્મસ્વરૂપ, પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન, શાંતિનો સાગર તરફની દૃષ્ટિ, જ્ઞાનમાં લીનતા થાય છે તો એ લીનતાના કાળમાં ભલે નિર્વિકલ્પ ધ્યાનમાં ન હોય, તોપણ રાગ છે તે ત્યાજ્ય છે. હવે જ્યારે ધ્યાનમાં છે તો રાગ સ્વયમેવ નાસ્તિ છે. સમજાય છે કાંઈ? ન આવ્યું? એ ઠીક કહ્યું.

ફરી વાર, આત્મા પોતાના સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થાય છે પણ ધ્યાનમાં નથી, નિર્વિકલ્પ ધ્યાનમાં નથી ત્યારે તેને રાગાદિ થાય છે. પણ અંતરમાં તેને આ દૃષ્ટિને કારણે તેનો ત્યાગ છે. અને જ્યારે ધ્યાનમાં આવે છે, નિર્વિકલ્પ ધ્યાનમાં આવે છે ત્યારે તો વ્યવહારની નાસ્તિ જ છે, અસ્તિ નથી, નાસ્તિ છે. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..રે..!

શાસ્ત્રનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, પોતાના ચૈતન્યના ધ્યાનમાં ધ્યાન ને ધ્યેય એકાકાર થઈને, ધ્યાતા પણ આત્મા, ધ્યાન પણ આત્મા અને ધ્યેય પણ આત્મા, એવા નિર્વિકલ્પ ધ્યાનમાં જ્યારે આવે છે ત્યારે તો એ વ્યવહાર ત્યાજ્ય નાસ્તિરૂપ છે. છે જ નહિ એટલે ત્યાજ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ગુજરાતી છે. ભાષા સમજાય છે? ઇ આવો માર્ગ છે, ભાઈ! બાકી ચોરાશીના અવતારમાં રખડી મરે છે. આહાહા..! અનંતવાર દેવ થયો, અનંતવાર અબજોપતિ ગૃહસ્થ થયો, મરીને નરક અને નિગોદમાં ગયો. આહાહા..!

ભગવાનઆત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞ જિનેશ્વરદેવે જે આત્મા અનંત ગુણનો પિંડ, નિર્મળાનંદ કહ્યો, નિર્મળ વસ્તુ તેની પર્યાયમાં ઉત્પન્ન થઈ તે નંદ છે. આહાહા..!

વસ્તુ આત્મા જે નિર્વિકલ્પ ચીજ છે તેની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં નિર્વિકલ્પ શાંતિમાં આવ્યો તો કદાચિત્ ધ્યાન ન હો તો એ વિકલ્પ આવે છે. અહીંયાં નિશ્ચયના આશ્રયને કારણે વ્યવહાર ત્યાજ્ય છે. પણ જ્યારે આત્માના ધ્યાનમાં લીન થાય છે ત્યારે તો વ્યવહારની નાસ્તિ જ છે. ત્યાજ્યનો અર્થ ત્યાં વ્યવહાર છે જ નહિ. આહાહા..! આવી વાત છે. કહો, 'ચંદુભાઈ'! હવે સમજાણું કે નહિ? પહેલા ના પાડતા હતા. વાત સાચી, પણ ઝીણી વાત છે.

મુમુક્ષુ :– પ્રશ્ન તો ઊભા થાય પણ રાત્રિચર્ચા તો છે નહિ.

ઉત્તર :– થાય, થાય. બધું થાય. પ્રશ્ન થાય. રાત્રિચર્ચા બંધ છે. આહાહા..!

કહે છે, કે જો તારે કલ્યાણ કરવું હોય અને જન્મ-મરણનો નાશ કરવો હોય, ભવભ્રમણનો અભાવ કરવો હોય તો ભગવાનઆત્મામાં ભવ અને ભવભ્રમણનું કારણ–ભાવ, એ બેથી રહિત પ્રભુ છે. આહાહા..! એવી ચીજ અંદર પડી છે. પરમાત્મસ્વરૂપ પરમેશ્વર નિર્વિકલ્પ સમાધિમાં પરમાત્મા જ ધ્યાનમાં રહે છે. આહાહા..! એ પરમાત્માના આશ્રયે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા તે જ મોક્ષમાર્ગ (છે), એ નિશ્ચય (છે). એ નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર જેટલું શાસ્ત્રજ્ઞાન કે નવ તત્ત્વની શ્રદ્ધા કે દયા, દાનના પરિણામ એ બધો વ્યવહાર હો પણ નિષેધ્ય છે, આદરણીય નથી. આ આદરણીય છે તો આ આદરણીય નથી, એટલું. પરંતુ જ્યારે આત્મા એકલા ધ્યાનમાં આવી જાય છે... આહા..! અંતરમાં ધ્યાન-ધ્યાતા-ધ્યેય એકરૂપ થઈ જઈ ધ્યાનમય થઈ જાય છે ત્યારે તો એ ત્રિગુપ્તિ અવસ્થામાં એ વ્યવહાર ત્યાજ્ય, નાસ્તિરૂપ ત્યાજ્ય છે. છે જ નહિ પછી ત્યાગ શું? આહાહા..! એવી વાતું છે. વીતરાગમાર્ગ સૂક્ષ્મ છે. 'ભભૂતમલજી'! ન્યાં ક્યાંય આ વાત સાંભળી જ નથી. બહારમાં ધૂળમાં ને ધૂળમાં... ધૂળ એટલે પૈસા, માટી–ધૂળ. એમાં રોકાઈ રોકાઈને આત્મા ભગવાન ચિદાનંદ લક્ષ્મીનો ભંડાર (છે), અનંત જ્ઞાન-દર્શનનો ભંડાર, ભગવાન! એ ભંડાર ભંડાર છે. આહાહા..!

એ શરીર પ્રમાણ ભલે હો પણ એનો સ્વભાવ તો અનંત અનંત બેહદ શક્તિવાન સ્વભાવ છે. એવો પરમાત્મા, પોતાનું સ્વરૂપ, પરમ સ્વરૂપ. પરમાત્મા એટલે પરમ સ્વરૂપ. એ પરમ સ્વરૂપની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થાય એ જ મોક્ષનો માર્ગ છે. અને એ વખતે સવિકલ્પ અવસ્થા હો, વિકલ્પ આવે છે, તો એ નિષેધ્ય છે, એનો આદર નહિ. એટલું. આદર આનો છે, તેનો આદર નથી. પણ ધ્યાનમાં જ્યારે આવી જાય છે ત્યારે તો વ્યવહારની નાસ્તિ છે. આદર નથી, એમ ત્યાં નથી. આદર જ નથી. આહાહા..! આવો માર્ગ છે. એ કહ્યું. અંદર છે, હોં! ટીકામાં છે.

પહેલું એ લીધું. 'निर्विकल्पसमाधिरूपनिश्चये स्थित्वा व्यवहारस्त्याज्यः' પણ પછી કહ્યું, કે 'किं तु तस्यां त्रिगुप्तावस्थायां व्यवहारः स्वयमेव नास्तीति' છે એમાં સંસ્કૃત? 'જયસેનાચાર્યદેવ'ની (ટીકામાં) છે. આહાહા..! નિશ્ચય આદરણીય છે અને વ્યવહાર હેય છે.

તેનો એટલો અર્થ છે, કે નિશ્ચય સ્વભાવ ભગવાન પૂર્ણ આત્મા, તેની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં એ ભાવ આદરણીય છે અને તેનાથી વિરુદ્ધ ભાવ જે વિકલ્પ આદિ થાય છે, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી તે વ્યવહાર આવે છે પરંતુ એ વ્યવહાર આદરણીય નથી, ત્યાજ્ય છે, હેય છે. અસ્તિ તરીકે છે પણ હેય છે. આ અસ્તિ તરીકે છે એ ઉપાદેય છે. આહાહા..! પણ જ્યારે ધ્યાનમાં આવે છે ત્યારે એકલું અસ્તિત્વ, પૂર્ણાનંદનો નાથ (જ આદરણીય છે). ત્યારે તો હું ધ્યાન કરું છું એવું પણ ધ્યાન નથી. એવી સ્થિતિમાં વ્યવહાર ત્યાજ્ય નાસ્તિરૂપ—છે જ નહિ એટલે ત્યાજ્ય છે. આહાહા..!

અત્યારે આ વ્યવહારના ઝગડા. વ્યવહાર હોય તો નિશ્ચય થાય ને વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. મોટા ઝગડા. આહાહા..! એ તો પ્રભુ! નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. વ્યવહાર સાધન કહ્યું છે, ત્યાં તો નિમિત્ત શું હતું તેનું જ્ઞાન કરાવ્યું છે. એ સાધન નથી. સાધન તો રાગથી પ્રજ્ઞાછીણી મારી, રાગ અને ભગવાન સ્વભાવની વચ્ચે પ્રજ્ઞાછીણી મારીને ભિન્ન થયો તે સાધનપણું છે. રાગ સાધક છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ વ્યવહાર તો અભવિને પણ હોય છે, કહે છે. તું ભવિ હો તો ભલે હો. અભવિને પણ થાય છે, જેનું કદી કલ્યાણ થતું નથી તેને પણ થાય છે તો તને વ્યવહાર આવે તો તેમાં તારું કલ્યાણ નથી. શબ્દજ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ એ તને કોઈ કલ્યાણનું કારણ નથી. તું ભલે ભવિ હો. સમજાય છે કાંઈ?

'તેથી વ્યવહારનય તો નિષેધ્ય છે; અને શુદ્ધાત્મા હોય...' શુદ્ધ આત્મા જ્યાં દૃષ્ટિમાં, જ્ઞાનમાં, ચારિત્રમાં-રમણતામાં હોય. શુદ્ધ સ્વરૂપ ભગવાન પૂર્ણ પ્રભુ, પૂર્ણાનંદનો નાથ આત્મા, જેવો શુદ્ધાત્મા છે તેવી શુદ્ધ પર્યાય કેવળી પરમાત્માને પ્રગટ થાય છે, એ ક્યાંથી પ્રગટ થાય છે? કે, અંદર શુદ્ધાત્મામાં પડી છે તેમાંથી પ્રગટ થાય છે. એ ત્રિકાળી શુદ્ધાત્માનું જ્ઞાન એ જ એક જ્ઞાન છે, તેનું દર્શન તે સમકિત, તેનું ચારિત્ર થાય છે તે શુદ્ધાત્માથી થાય છે. આહાહા..!

'તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે.' સ્વરૂપની રમણતાની અપેક્ષાએ વ્યવહાર નિષેધ્ય છે. વ્યવહાર નિષેધ કરવાલાયક છે. પણ ધ્યાનમાં તો નિષેધ કરવાલાયક પણ રહેતો નથી, નાસ્તિ જ છે. અંદર રમણતા છે ત્યાં (વ્યવહાર) છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

# શ્લોક–૧૭૪

(उपजाति)

रागादयो बन्धनिदानमुक्ता-
स्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः।
आत्मा परो वा किमु तन्निमित्त-
मिति प्रणुन्नाः पुनरेवमाहुः।।१७४।।

હવે આગળના કથનની સૂચનાનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– ‘[ रागादयः बन्धनिदानम् उक्ताः ] રાગાદિકને બંધનાં કારણ કહ્યા અને વળી [ ते शुद्ध-चिन्मात्र-महः-अतिरिक्ताः ] તેમને શુદ્ધચૈતન્યમાત્ર જ્યોતિથી (અર્થાત્ આત્માથી) ભિન્ન કહ્યા; [ तद्-निमित्तम् ] ત્યારે તે રાગાદિકનું નિમિત્ત [ किमु आत्मा वा परः ] આત્મા છે કે બીજું કોઇ ?’ [ इति प्रणुन्नाः पुनः एवम् आहुः ] એવા (શિષ્યના) પ્રશ્નથી પ્રેરિત થયા થકા આચાર્યભગવાન ફરીને આમ (નીચે પ્રમાણે) કહે છે. ૧૭૪.

## શ્લોક–૧૭૪ ઉપર પ્રવચન

‘હવે આગળના કથનની સૂચનાનું કાવ્ય કહે છે :–’ આગામી કથનનું કાવ્ય કહે છે. ૧૭૪. ઝીણી વાત છે, ભાઈ! આ તો પરિચય કરે, સમજે, અભ્યાસ કરે. અનાદિકાળથી ચાર ગતિમાં ચોરાશી લાખ યોનિમાં રખડે છે. કીડા, કાગડા, કૂતરાના ભવ, નરકના નારકીના, આહાહા..! અનંત અનંત ભવ કર્યા. આ કંઈ પહેલો ભવ નથી. મનુષ્યના ભવ પણ અનંતવાર આવ્યા અને અબજોપતિ અનંતવાર થયો પણ ફરીને પાછો મરીને નરક અને નિગોદમાં જાય. આહાહા..! પોતાની ચીજની દૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ વિના એ બધું સંસારમાં પરિભ્રમણનું કારણ છે. આહાહા..! શ્લોક.

(उपजाति)

रागादयो बन्धनिदानमुक्ता-
स्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः।
आत्मा परो वा किमु तन्निमित्त-
मिति प्रणुन्नाः पुनरेवमाहुः।।१७४।।

'રાગાદિકને બંધના કારણ કહ્યા...' પ્રભુ! એ શાસ્ત્રનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા, પંચ મહાવ્રતનો રાગ, એ રાગને તો આપે બંધના કારણ કહ્યા. 'शुद्ध-चिन्मात्र-महः-अतिरिक्ताः' 'તેમને શુદ્ધચૈતન્યમાત્ર જ્યોતિથી (અર્થાત્ આત્માથી) ભિન્ન કહ્યા;...' ભગવાન શુદ્ધ ચૈતન્યથી તો ભિન્ન કહ્યા. આહાહા..! 'ત્યારે તે રાગાદિકનું...' કારણ કોણ? શું પ્રશ્ન કર્યો, સમજાયો?

એક તો એ કહ્યું, કે જે ત્રણે બોલ કહ્યા, શાસ્ત્રજ્ઞાન, પંચ મહાવ્રત(ના વિકલ્પ) અને નવ તત્ત્વની (શ્રદ્ધાને) રાગ કહ્યું. એ રાગને બંધનું કારણ કહ્યું અને આત્મા તો ચૈતન્યમાત્ર જ્યોતિ છે, તેનાથી ભિન્ન કહ્યો. તો પછી એ રાગાદિકનું કારણ કોણ છે? રાગાદિ બંધનું કારણ કહ્યા (અને) શુદ્ધ ચૈતન્યમાત્રથી ભિન્ન કહ્યા, તો બંધનું કારણ છે કોણ? આહાહા..! છે?

'ત્યારે તે રાગાદિકનું નિમિત્ત આત્મા છે કે બીજું કોઈ?' કારણ કે આ તો કહે છે, કે રાગાદિ બંધનું કારણ છે. શુદ્ધ ચૈતન્યમાત્રથી ભિન્ન છે. ભિન્ન છે તો પછી રાગનું કારણ છે કોણ? સમજાય છે કાંઈ? એક કોર ત્રણે ભાવ–રાગ બંધનું કારણ કહ્યું, એક બાજુ કહે કે, શુદ્ધ ચૈતન્યમાત્રથી ભિન્ન છે, તો એ રાગ છે તેનું કારણ કોણ છે? શુદ્ધ ચિન્માત્રથી ભિન્ન છે અને રાગ બંધનું કારણ છે, એમ કહ્યું. એ રાગનું કારણ છે કોણ? સમજાય છે કાંઈ? એવો પ્રશ્નકારનો પ્રશ્ન છે. 'આત્મા છે કે બીજું કોઈ?' 'इति प्रणुन्नाः' 'એવા (શિષ્યના) પ્રશ્નથી પ્રેરિત થયા થકા...' આ પ્રકારનો જે શિષ્યને પ્રશ્ન થાય છે તેનાથી 'પ્રેરિત થયા થકા આચાર્યભગવાન ફરીને આમ (નીચે પ્રમાણે) કહે છે.' તેનો ઉત્તર આપે છે. શિષ્યને આ સાંભળીને અંદરથી આવો પ્રશ્ન ઉત્પન્ન થયો કે, આપ એક બાજુ કહો છો કો, શુદ્ધ ચિન્માત્રથી રાગ ભિન્ન છે અને રાગ બંધનું કારણ (છે). તો રાગનું કારણ કોણ છે? શુદ્ધ ચિન્માત્રથી તો ભિન્ન છે અને રાગ બંધનું કારણ છે, તો રાગનું કારણ કોણ છે? એવો શિષ્યના અંતરમાં સમજવાની જિજ્ઞાસાથી પ્રશ્ન છે, તેને અહીંયાં આચાર્ય ઉત્તર આપે છે. આહાહા..! ગાથા.

કેટલાક જીવો જૈન સંપ્રદાયમાં જન્મીને પણ સર્વજ્ઞ દેવ કેવા હોય ? એનો વિચાર પણ કરતા નથી. અરિહંતનું સ્વરૂપ નક્કી કરે તો આત્મા પણ ચિદાનંદ પ્રભુ છે. અને પુણ્ય-પાપાદિ પર્યાયમાં છે. એનો નાશ થઈ પોતે સર્વજ્ઞ થઈ શકે છે. એમ નિર્ણય થયા વગર રહે નહિ. અને એવો નિર્ણય જેને થયો તેની મુક્તિ થયા વિના રહે નહિ. માટે અરિહંતને નમસ્કાર કરનારે એમનું જ્ઞાન કેવું હોય ? તે પ્રથમ જાણવું જોઈએ. (પરમાગમસાર - ૮૧૯)

## ગાથા–૨૭૮

जह फलिहमणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।
रंगिज्जदि अण्णेहिं दु सो रत्तादीहिं दव्वेहिं।।२७८।।
एवं णाणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।
राइज्जदि अण्णेहिं दु सो रागादीहिं दोसेहिं।।२७९।।

यथा स्फटिकमणिः शुद्धो न स्वयं परिणमते रागाद्यैः।
रज्यतेऽन्यैस्तु स रक्तादिभिर्द्रव्यैः।।२७८।।
एवं ज्ञानी शुद्धो न स्वयं परिणमते रागाद्यैः।
रज्यतेऽन्यैस्तु स रागादिभिर्दोषैः।।२७९।।

यथा खलु केवलः स्फटिकोपलः, परिणामस्वभावत्वे सत्यपि, स्वस्य शुद्धस्वभावत्वेन रागादिनिमित्तत्वाभावात् रागादिभिः स्वयं न परिणमते, परद्रव्येणैव स्वयं रागादिभावापन्नतया स्वस्य रागादिनिमित्तभूतेन, शुद्धस्वभावात्प्रच्यवमान एव, रागादिभिः परिणम्यते; तथा केवलः किलात्मा, परिणामस्वभावत्वे सत्यपि, स्वस्य शुद्धस्वभावत्वेन रागादिनिमित्तत्वाभावात् रागादिभिः स्वयं न परिणमते, परद्रव्येणैव स्वयं रागादिभावापन्नतया स्वस्य रागादिनिमित्तभूतेन, शुद्धस्वभावात्प्रच्यवमान एव, रागादिभिः परिणम्यते। इति तावद्वस्तुस्वभावः।

---

ઉપરના પ્રશ્નના ઉત્તરરૂપે આચાર્યભગવાન ગાથા કહે છે :-

જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.
ત્યમ 'જ્ઞાની' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.

ગાથાર્થ :– [ यथा ] જેમ [ स्फटिकमणिः ] સ્ફટિકમણિ [ शुद्धः ] શુદ્ધ હોવાથી [ रागाद्यैः ] રાગાદિરૂપે (રતાશ-આદિરૂપે) [ स्वयं ] પોતાની મેળે [ न परिणमते ] પરિણમતો

નથી [ तु ] પરંતુ [ अन्यैः रक्तादिभिः द्रव्यैः ] અન્ય રક્ત આદિ દ્રવ્યો વડે [ सः ] તે [ रज्यते ] રક્ત (-રાતો) આદિ કરાય છે, [ एवं ] તેમ [ ज्ञानी ] જ્ઞાની અર્થાત્ આત્મા [ शुद्धः ] શુદ્ધ હોવાથી [ रागाद्यैः ] રાગાદિરૂપે [ स्वयं ] પોતાની મેળે [ न परिणमते ] પરિણમતો નથી [ तु ] પરંતુ [ अन्यैः रागादिभिः दोषैः ] અન્ય રાગાદિ દોષો વડે [ सः ] તે [ रज्यते ] રાગી આદિ કરાય છે.

ટીકા :– જેવી રીતે ખરેખર કેવળ (-એકલો) સ્ફટિકમણિ, પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી (અર્થાત્ પોતે પોતાને લાલાશ-આદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી) પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી સ્ફટિકમણિને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ, રાગાદિરૂપે પરિણમાવાય છે; તેવી રીતે ખરેખર કેવળ (-એકલો) આત્મા, પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી (અર્થાત્ પોતે પોતાને રાગાદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી) પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ, રાગાદિરૂપે પરિણમાવાય છે. - આવો વસ્તુનો સ્વભાવ છે.

ભાવાર્થ :– સ્ફટિકમણિ પોતે તો કેવળ એકાકાર શુદ્ધ જ છે; તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે લાલાશ-આદિરૂપે પરિણમતો નથી પરંતુ લાલ આદિ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં લાલાશ-આદિરૂપે પરિણમતા એવા પરદ્રવ્યના નિમિત્તે) લાલાશ-આદિરૂપે પરિણમે છે. તેવી રીતે આત્મા પોતે તો શુદ્ધ જ છે; તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી પરંતુ રાગાદિરૂપ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં રાગાદિરૂપે પરિણમતા એવા પરદ્રવ્યના નિમિત્તે) રાગાદિરૂપે પરિણમે છે. આવો વસ્તુનો જ સ્વભાવ છે, તેમાં અન્ય કોઈ તર્કને અવકાશ નથી.

## ગાથા-૨૭૮-૨૭૯ ઉપર પ્રવચન

जह फलिहमणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।
रंगिज्जदि अण्णेहिं दु सो रत्तादीहिं दव्वेहिं।।२७८।।
एवं णाणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।
राइज्जदि अण्णेहिं दु सो रागादीहिं दोसेहिं।।२७९।।

જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.
ત્યમ 'જ્ઞાની' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.

ટીકા :– 'જેવી રીતે ખરેખર કેવળી (–એકલો) સ્ફટિકમણિ,...' સ્ફટિકમણિનો દૃષ્ટાંત આપ્યો છે. 'પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં,...' એ મોટો સ્ફટિકમણિ જોયો છે, આવડો (મોટો). 'જામનગર'માં આવડો મોટો સ્ફટિકમણિ છે, અમે જોયો છે. અમે 'જામનગર' ગયા હતા, વ્યાખ્યાન ચાલતા હતા. (સંવત) ૧૯૯૧ની સાલની વાત છે. ૪૫ વર્ષ થયા. ૧૯૯૧ની સાલમાં ગયા હતા. પરિવર્તન નહોતું કર્યું. ગયા હતા તો ડૉક્ટર વ્યાખ્યાન સાંભળવા આવતા હતા. એ વખતે માસિક અઢી હજારનો પગાર. બધા આવતા હતા, વ્યાખ્યાનમાં તો બધા આવે, સમજે ન સમજે (બીજી વાત છે). પછી (એ કહે), મહારાજ! તમે દૃષ્ટાંત આપો છો તો મારી પાસે છ લાખનું સોલેરિયમ છે. છ લાખ રૂપિયાનું, એ વખતે, હોં! ૪૫ વર્ષ પહેલા. એક સોલેરિયમ છે. બાળકને ગુમડું થાય ને, ગુમડું? એની ઉપર કિરણ મૂકે તો મટી જાય. એવો એક સોલેરિયમ સંચો છે. છ લાખ રૂપિયા, તે દિ' છ લાખ, હોં! ૪૫ વર્ષ (પહેલાં). મહારાજ! તમારે દૃષ્ટાંતમાં કામ આવશે. એમ કરીને પછી એણે સ્ફટિકમણિ બતાવ્યું. આટલું મોટું સ્ફટિકમણિ હતું. ધોળું–સફેદ, એમાં રંગ.. રંગ દેખાતા હતા. કીધું, આ રંગ છે તે સ્ફટિકમણિનો સ્વભાવ નથી. નજરે દેખાય. આમ સ્ફટિકમણિ આવડો, હોં! આવટો મોટો એક.

અહીંયાં કહે છે, કે 'ખરેખર કેવળ (–એકલો) સ્ફટિકમણિ,...' એકલો સ્ફટિકમણિ 'પરિણમનસ્વભાવવાળો હોવા છતાં,...' પલટવાના, બદલવાના, પર્યાય થવાનો સ્વભાવ હોવા છતાં, 'પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે...' સ્ફટિકને શુદ્ધ સ્વભાવ છે એ કારણે 'રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી...' રંગનું કારણ સ્ફટિકમણિ નહિ હોવાથી. એમાં જે રંગ દેખાય છે તેનું કારણ સ્ફટિકમણિ નથી. રાગાદિક એટલે રંગ. રાગ એ રંગ. રંગ આદિનું નિમિત્તપણું નહિ હોવાથી '(અર્થાત્ પોતે પોતાને લાલાશ–આદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી)...' સ્ફટિકમણિ જે લાલ ને પીળું દેખાય છે એ પોતાના સ્વભાવથી નથી. 'પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી,...' પોતાની મેળે લાલ અને પીળા રંગપણે સ્ફટિકમણિ પરિણમતો નથી. પોતાની મેળે, બીજાના સંબંધ વિના પોતાની મેળે સ્ફટિકમણિ લાલ અને પીળા રંગરૂપે પરિણમતો નથી. આહાહા..!

'પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી સ્ફટિકમણિને રાગાદિનું નિમિત્ત થાય છે...' નીચે લાલ, પીળા હોય ને? એ ફૂલને કારણે તેમાં રંગ દેખાય છે. સ્ફટિકમણિ

પોતાના સ્વભાવથી પરિણમન કરે છે, એમ નહિ. પરંતુ લાલ, પીળા ફૂલ જે નજીકમાં મૂક્યા છે તો અંદર લાલ, પીળા રંગ દેખાય છે એ ફૂલને કારણે દેખાય છે. 'પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી સ્ફટિકમણિને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ,...' 'પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થયો થકો...' સ્ફટિકમણિ પોતાથી, શુદ્ધથી ભ્રષ્ટ થયો થકો. 'રાગાદિરૂપે પરિણમાવાય છે;...' એ સ્ફટિકમણિ લાલ અને પીળા રંગ(પણે) પરિણમનમાં આવી જાય છે. પોતાના સ્વભાવથી નહિ, પર દ્વારા, રંગના સંબંધથી રંગરૂપે પરિણમી જાય છે. આમાં મોટી ગડબડ છે ને? 'એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થયો થકો જ, રાગાદિકરૂપે પરિણમાવાય છે;...'

'તેવી રીતે...' એ દૃષ્ટાંત આપ્યો. સ્ફટિકમણિ સ્વચ્છ, નિર્મળ છે તે પોતાની મેળે રંગરૂપે પરિણમતો નથી. કેમકે સ્ફટિક સ્વચ્છ છે. પરંતું તેમાં જે રંગ દેખાય છે તે બીજી ચીજને કારણે રંગ દેખાય છે. પરદ્રવ્યને કારણે તેમાં લાલ અને પીળા રંગ દેખાય છે. પોતાના દ્રવ્યસ્વભાવથી નહિ. એ દૃષ્ટાંત છે.

'તેવી રીતે ખરેખર કેવળ (-એકલો) આત્મા, પોતે પરિણમન-સ્વભાવવાળો હોવા છતાં,...' આહાહા..! ભગવાનઆત્મા તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, શુદ્ધ પરિણમન સ્વભાવવાળો છે. 'પોતાને શુદ્ધ સ્વભાવપણાને લીધે...' પોતાનો શુદ્ધ પવિત્ર ભગવાન સ્વભાવને કારણે 'રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી..' રાગાદિનું નિમિત્તપણાનો અર્થ રાગાદિનું કારણ. રાગાદિકનું કારણ નહિ હોવાથી. આહાહા..! થોડી ઝીણી વાત છે. ગડબડ આ છે ને બધી? પરદ્રવ્યને કારણે રંગ, રાગ થાય છે, પરદ્રવ્યને કારણે રંગ, રાગ થાય છે. પણ પરદ્રવ્યને કારણે, પરદ્રવ્યના સંગમાં પોતાની યોગ્યતા છે તો થાય છે. જો પરદ્રવ્યથી થતું હોય તો લાલ, પીળા ફૂલ અહીંયાં નીચે મૂકો. લાકડી નીચે લાલ, પીળા મૂકો તો તેમાં લાલ, પીળું થતું નથી. કેમકે તેની યોગ્યતા નથી. એ સ્ફટિકમણિમાં લાલ, પીળા થવાની યોગ્યતા છે તો લાલ, પીળા રંગથી લાલ, પીળું દેખાય છે. સમજાય છે કાંઈ? પરદ્રવ્યને કારણે, એનો અર્થ-પોતાની યોગ્યતા છે તો પરદ્રવ્યને કારણે લાલ, પીળા રંગ દેખાય છે. આહાહા..!

આ લાકડી છે, જુઓ! આની નીચે મૂકો તો શું લાલ, પીળું દેખાય છે? એની યોગ્યતા જ નથી. એમ સ્ફટિકમણિમાં પર્યાયમાં પોતાની યોગ્યતા છે તો પરદ્રવ્યને કારણે રંગ દેખાય છે. એમ આત્મામાં રાગાદિનું નિમિત્ત કર્મ છે, પોતાની યોગ્યતાને કારણે, પરદ્રવ્યના નિમિત્તને કારણે પોતામાં રાગ અને દ્વેષ દેખાય છે. આહાહા..! હવે આવી નવરાશ ક્યાં બધી? આહાહા..! છે?

'પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે...' ભગવાન ચૈતન્ય પ્રભુ તો શુદ્ધ સ્વરૂપ છે. તેથી પોતાની મેળે તો અશુદ્ધપણે રાગ ને દ્વેષપણે તો પરિણમતો નથી. પણ 'રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી (અર્થાત્ પોતે પોતાને રાગાદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી) પોતાની

રાગાદિરૂપે પરિણમતો નથી,...' પોતાની મેળે પોતાથી વિકારરૂપે થતો નથી. 'પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવે પામતું હોવાથી...' રંગ.. રંગ.. ફૂલ. એ ફૂલ જે લાલ ને પીળા (છે), તે પોતાથી લાલ, પીળું થાય છે. ફૂલ-ફુલ 'પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી આત્માને રાગાદિકનું નિમિત્ત થાય છે...' એ પરદ્રવ્ય છે તે આત્માને નિમિત્ત થાય છે. આહાહા..! આમાં ઝગડા હતા.

તેથી કહ્યું હતું ને તે દિ'? (સંવત) ૨૦૧૩ની સાલ, ૨૨ વર્ષ પહેલા 'ઇસરી'માં 'વર્ણીજી' સાથે મોટી ચર્ચા થઈ હતી. 'ગણેશપ્રસાદ વર્ણી' દિગંબરમાં મોટા (વિદ્વાન) હતા. ચર્ચા થઈ તો કહે કે, વિકાર પોતાથી થતો નથી, કર્મથી થાય છે. (તો કીધું), પોતાથી થાય છે, પર્યાયની પોતાની યોગ્યતાથી થાય છે, પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. મોટી ચર્ચા થઈ હતી. અત્યારે એ ચાલે છે ક્યાં? વાણિયાને નવરાશ ન મળે. માથે જે કહે ઇ સાંભળે (ને) ધંધામાં–પાપમાં જોડાય જાય. મોટી ચર્ચા થઈ. તેમને એવું લાગ્યું કે, અરે..! કર્મ વિના વિકાર થાય? કીધું, જુઓ! 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા. કર્મના કારક વિના પોતામાં પોતાથી રાગ-દ્વેષ થાય છે. ષટ્કારકના પરિણમનથી પોતામાં થાય છે, એ તો નિમિત્તમાત્ર ચીજ છે. નિમિત્તથી થાય છે, એમ નથી.

અહીં નિમિત્તથી થાય છે એમ કહ્યું, નહિ, નિમિત્તમાત્ર છે અને પોતાની યોગ્યતાથી રાગ-દ્વેષપણે પરિણમે છે. એ યોગ્યતા, આગળ લેશે. હમણા આગળ આવશે, આ શ્લોકના જ વાંધા છે. 'परसंग एव' પછીનો શબ્દ છે ને? 'परसंग एव'. 'पर एव' નહિ, પરનો સંગ પોતાથી કર્યો છે. એનો અર્થ જ હમણા કહેશે. મોટી ચર્ચા થઈ હતી. 'બંસીધરજી' મોટા પંડિત (હતા). 'ઇન્દોર'ના મોટા પંડિત હતા ને? ત્યારે બધા બેઠા હતા ત્યારે ચર્ચા થઈ હતી. પછી અહીંયાં આવ્યા ત્યારે કબુલ કર્યું હતું. મેં કીધું, આ 'परसंग एव' છે, 'पर एव' નથી. પોતાની પર્યાયે પરનો સંગ કર્યો છે તો રાગ-દ્વેષ થયા છે, પરથી રાગ-દ્વેષ થાય છે, એમ નથી. પરને તો કદી અડતો નથી. આહાહા..! બહુ ઝીણી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :– પરદ્રવ્ય પરિણમાવે છે.

ઉત્તર :– પરદ્રવ્ય પરિણમાવતું નથી. પરિણમાવેનો અર્થ આ, કે સ્વદ્રવ્યનો પરિણમવાનો સ્વભાવ નથી, પણ પોતાની પર્યાયમાં પરદ્રવ્યને કારણે રાગ, રંગની યોગ્યતાથી રાગ થાય છે. સમજાય છે કાંઈ? આ વાત આવી છે, અટપટી વાત છે. મોટી ચર્ચા પંડિતોની વચ્ચે થઈ હતી. બધા હતા, 'રામજીભાઈ' હતા, 'હિંમતભાઈ' હતા, બધા ત્યાં હતા. (સંવત) ૨૦૧૩ની સાલ. ૨૨ વર્ષ પહેલા, 'ઇસરી.. ઇસરી!' 'સમેદશીખર'. મોટી ચર્ચા થઈ હતી. મેં કીધું, આ શું કહે છે? પરથી નહિ, પરના સંગથી. પરના સંગથી પોતાના સ્વભાવનો સંગ છોડીને નિમિત્તનો સંગ કર્યો તો લાલ, પીળાની યોગ્યતા થઈ. પોતાની યોગ્યતા છે તો થયું. બીજા કોઈ પથ્થર નીચે લાલ, પીળા (ફૂલ) મૂકો તો થતું નથી. કેમકે એની

યોગ્યતા નથી.

બીજો દૃષ્ટાંત–એક દીવાસળી હોય છે ને? દીવાસળી. આ બીડી પીવે છે ને? તો એક બાજુ ઘસીને પીવે છે અને આ બાજુ ઠંડી છે. આ બાજુ ઠંડી છે ને? અને અહીંયાં ઉષ્ણ છે. આ બાજુ ઉષ્ણ થતી નથી. ઉષ્ણ હોય તો પી શકે નહિ. અને જો પાંચ-સાત હાથ લાંબો સળિયો હોય, લોઢું.. લોઢું.. એ ચાર તસુ અગ્નિમાં હોય તો આખો સળિયો ઉષ્ણ થઈ જાય છે. એ પોતાથી થાય છે. દીવાસળી છે કે નહિ? આમ સળગાવીને બીડી પીવે છે કે નહિ? તો આ બાજુ અગ્નિ છે, આ બાજુ ઠંડી છે. હવે, બે-ત્રણ તસુમાં આ બાજુ અગ્નિ અને આ બાજુ ઠંડી છે. એ તો પોતાની યોગ્યતાથી છે. અને પાંચ હાથ લાંબો સળિયો હોય, અગ્નિમાં ચાર તસુ પડ્યો હોય આમ તો આખું લોઢું ઉષ્ણ થઈ જાય છે. પોતાથી થાય છે. અગ્નિથી થતું હોય તો લાકડીમાં પણ ઉષ્ણ થવું જોઈએ. વાત સમજાય છે? 'પાટણીજી'! આવી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :– સાહેબ! એક બાજુ એમ કહે છે, કે બરફમાં એ લોઢુ રાખવામાં આવે તો એ ઠંડું થાય છે.

ઉત્તર :– એ વાત જ ખોટી છે, એને અડતું જ નથી. આ પાણી અગ્નિને લઈને ઊનું થાય એ વાત જ જૂઠી છે. અજ્ઞાની સંયોગથી જોવે છે, અગ્નિથી જોવે છે. આ બાજુથી જોવે તો પાણી પોતાનું ઠંડુપણું છોડીને ઉષ્ણપણે પોતાની પરિણતિ થઈ છે, અગ્નિથી નહિ. આહાહા..! કોણ માને? ઝગડા મોટા, પંડિતાઈના ઝગડા. તત્ત્વની વાત (ન મળે).

દીવાસળી હોય છે ને? દીવાસળી. (બીડી) પીવે છે તો આ બાજુ ઠંડી છે, ઉષ્ણ થતી નથી. ત્રણ તસુ ઉષ્ણ નથી થતી. અને લોઢું પાંચ હાથ લાંબુ હોય અને ચાર તસુ અગ્નિમાં હોય તો આખું ઉષ્ણ થઈ જાય છે. એ પોતાની યોગ્યતાથી થાય છે. જો અગ્નિથી ઉષ્ણ થતું હોય તો લાકડી પણ ઉષ્ણ થઈ જાય. દીવાસળી પણ આ બાજુ ઉષ્ણ થઈ જાય. ન્યાય સમજાય છે? અરે..! ઝગડા.. ઝગડા.. ઝગડા. આ દૃષ્ટાંત આપ્યું હતું, હોં! (આખી) દીવાસળી ઉષ્ણ થતી નથી. આ બાજુ સળગે, આ બાજુ ઠંડી રહે છે. અને ચાર તસુમાં ઠંડી, અને પેલું (લોઢું) પાંચ હાથમાં ઉષ્ણતા. અહીંયાં લોઢું ચાર તસુમાં અગ્નિ હોય તો ઠેઠ સુધી તપી જાય છે. એ પોતાની યોગ્યતાથી છે, અગ્નિથી નહિ.

એમ આત્મામાં જે રાગ-દ્વેષ થાય છે એ નિમિત્તથી થતા નથી. નિમિત્તનો સંગ પોતાની યોગ્યતાથી કર્યો તો યોગ્યતાથી રાગ-દ્વેષ થાય છે અને તે પણ રાગ-દ્વેષ ષટ્કારકરૂપે પરિણમે છે. એ રાગ-દ્વેષ ષટ્કારકરૂપે પરિણમે તેમાં નિમિત્તની જરૂર નથી અને દ્રવ્ય-ગુણનો આશ્રય નથી. આહાહા..! આવી વાતું. કોને નવરાશ (છે)?

'પંચાસ્તિકાય' ૬૨ ગાથામાં એમ લખ્યું છે. છે અહીં? 'પંચાસ્તિકાય' નહિ હોય? છે? 'પંચાસ્તિકાય' છે, હોં! આ ગાથા મૂકી હતી, તે દિ', હોં! ૨૨ વર્ષ પહેલા. જુઓ!

'જીવ પણ...' પહેલા કર્મની વાત કરી. કર્મ જે પરિણમે છે એ પોતાને કારણે કર્મ પરિણમે છે, અહીં રાગ-દ્વેષ કર્યા માટે કર્મરૂપે પરિણમે છે, એમ નહિ. એમ 'જીવ પણ (૧) ભાવપર્યાયે પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો,...' કર્તાપણાને સ્વતંત્ર ધરતો રાગપણે પરિણમે છે. '(૨) ભાવપર્યાય પામવાની શક્તિરૂપે કરણપણાને અંગીકૃત કરતો,...' કરણ પણ પોતાનું કરણ છે. '(૩) પ્રાપ્ય એવા ભાવપર્યાયરૂપે કર્મપણાને અનુભવતો, (૪) પૂર્વ ભાવપર્યાયનો નાશ થવા છતાં ધ્રુવપણાને અવલંબતો હોવાથી જેણે અપાદાનપણાને પ્રાપ્ત કર્યું છે એવો, (૫) ઊપજતા ભાવપર્યાયરૂપ કર્મ વડે સમાશ્રિત હોવાથી (અર્થાત્ ઊપજતા ભાવપર્યાયરૂપ કાર્ય પોતાને દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને પામેલો અને (૬) ધારી રાખવામાં આવતા ભાવપર્યાયનો આધાર હોવાથી જેણે અધિકરણપણાને ગ્રહ્યું છે એવો–સ્વયમેવ...' 'એવો સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતો થકો અન્ય કારકની અપેક્ષા રાખતો નથી.' આ પુસ્તક અહીંનું નથી. આ તો બે હજાર વર્ષ પહેલાનું 'કુંદકુંદાચાર્યદેવ'નું પુસ્તક (છે). પાઠમાં–ટીકામાં છે, જુઓ!

'अतः कर्मणः कर्तुर्नास्ति जीवः कर्ता,' 'न कारकांतरमपेक्षते' 'न कारकांतरमपेक्षते' 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ટીકા છે. વિકાર થવામાં નિમિત્તની અપેક્ષા નથી. મોટી તકરાર હતી. વળી એને તો એવું લાગ્યું કે, આહાહા..! આ તો ભારે ભૂલ્યા. પછી 'કલકત્તા' કાગળ મોકલ્યો. 'શાહૂજી', આ 'શાંતીપ્રસાદ શાહૂજી' ચાલીસ કરોડ રૂપિયા. અહીંયાં આવતા હતા, હમણા ગુજરી ગયા. અહીં આવતા હતા. ત્યાં 'શાહૂજી' પાસે એણે પત્ર મોકલ્યો કે, આ લોકો મૂળમાં ભૂલ્યા. વિકાર પોતાથી થાય છે, કર્મથી નહિ, એમ કહે છે. પોતાથી થાય તો સ્વભાવ થઈ જાય. 'ગજરાજજી'ને ત્યાં આહાર કરતા હતા ને? 'ગજરાજજી'. ત્યાં 'શાહૂજી' પત્ર લઈને આવ્યા. કીધું, ત્યાં જવાબ અપાય ગયો છે. વિકાર પોતાની પર્યાયમાં ષટ્કારકથી પોતાથી થાય છે, તેમાં પર કારકની અપેક્ષા નથી. જુઓ! ૬૨ ગાથા. સંસ્કૃત પંડિત હો કે મોટા ત્યાગી ગમે તે હો, વસ્તુ તો આ છે. સમજાય છે કાંઈ?

પાઠમાં છે, 'न कारकांतरमपेक्षते' નિમિત્ત કારકની અપેક્ષા નથી, એ તો નિમિત્તથી કથન કર્યું છે. આહાહા..! ભારે વાત, ભાઈ! વિકાર કરવાની લાયકાત પોતાની યોગ્યતાથી થાય છે. પરને તો અડતો પણ નથી. કર્મ જડ છે, તેના ઉદયને, પર્યાયને અડતો નથી. અને કર્મનો ઉદય છે તે આત્માના રાગને અડતો નથી. એકબીજામાં અભાવ છે. અડતા નથી એમાં તેનાથી થાય છે, એવું ક્યાંથી આવ્યું? પોતાની પર્યાયમાં પોતાની યોગ્યતાથી રાગ અને દ્વેષ ને મિથ્યાત્વભાવ પોતાને કારણે થાય છે અને પોતાના પુરુષાર્થથી તેનો નાશ થાય છે. સમજાય છે કાંઈ? વાત તો એમ છે.

આમાંથી ઘણા એ કાઢે, જુઓ! પરને કારણે થયું. પરને કારણે થાય એ તો વાત કરે છે. પોતાના દ્રવ્યનો સ્વભાવ નથી, પર્યાયની યોગ્યતા, પરના નિમિત્તને કારણે યોગ્યતા

ઉત્પન્ન થઈ છે. 'परसंग एव' કળશ આવશે. 'पर एव' નહિ. 'परसंग एव'. પર્યાયે પરસંગ કર્યો. સંગને અડતો નથી પણ પરનું લક્ષ કર્યું. કોઈ દ્રવ્યને કોઈ દ્રવ્યની પર્યાય અડતી નથી, પણ 'परसंग एव'. પરનો સંગ કર્યો તો રાગ-દ્વેષ થાય છે. પોતાને કારણે થાય છે, પરને કારણે નહિ. કર્મનો ઉદય આકરો છે તો રાગ-દ્વેષ થયો એવી વાત અહીંયાં નથી. સમજાય છે કાંઈ? અરે..! કોણ નિર્ણય કરે?

અહીંયાં એ કહ્યું, 'પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવે પામતું હોવાથી...' વર્ણ, ગંધવાળા ફૂલ. 'આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે કર્મ એવા પરદ્રવ્ય વડે જ,...' પરદ્રવ્ય વડે જ. 'શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ,...' પોતાને કારણે શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો, 'રાગાદિરૂપ પરિણમાવાય છે.—આવો વસ્તુનો સ્વભાવ છે.' આહાહા..! એ તો નિમિત્તથી કથન છે. પર દ્વારા જ. છે ને? 'પરદ્રવ્ય વડે જ' એટલે પર નિમિત્ત વડે જ એનો સંગ કર્યો. પોતાનો સંગ છોડી, સ્વભાવ જે અસંગ ચૈતન્યપ્રભુ, પોતાનો સંગ છોડી, પરનો સંગ કર્યો તો પર દ્વારા થયું એમ કહેવામાં આવ્યું છે. કઠણ વાત.

આ વાત તો ત્રણે ફીરકામાં ગડબડ છે. સ્થાનકવાસી, દેરાવાસી અને દિગંબર ત્રણેમાં. એ વાત પહેલા જ અમારે (સંવત) ૧૯૭૧થી નીકળી છે. ૧૯૭૧, કેટલા વર્ષ થયા? ૬૫. ૬૦+૫. 'ભભૂતમલજી'ના જન્મ પહેલાની વાત (છે). ૪૭ થયા? કેટલા થયા? આ તો ૬૫ (વર્ષ પહેલાની વાત છે). ૧૯૭૧ની સાલ. 'લાઠી' ચોમાસુ હતું. ૧૯૭૧ની સાલમાં મેં કહ્યું હતું, કે વિકાર છે તે પોતાથી થાય છે, કર્મથી નહિ. અમારા ગુરુ તો ન બોલ્યા. ગુરુ તો સાંભળતા હતા, સાંભળતા હતા. પણ એક શેઠિયા મોટા ગૃહસ્થ હતા. તે દિ' ૭૦ વર્ષ પહેલા. દસ લાખ રૂપિયા. 'દામનગર'. તે દિ' દસ લાખ. અત્યારે તો ૩૦ ગુણા. મોટા પૈસાવાળા હતા, ચાલીસ હજારની ઊપજ હતી. ચાલીસ હજારની ઊપજ! એક ગામ ઘરે હતું. દસ હજાર ઉપરનું ગામ. ગરાસદાર. અમારા દશાશ્રીમાળી વાણિયા (હતા). એણે વિરોધ કર્યો કે, અમારા ગુરુ કહેતા નથી ને તમે ક્યાંથી કાઢ્યું? કીધું, જુઓ! શાસ્ત્ર. કાઢ્યું ક્યાંથી? જુઓ! ૬૨ ગાથા. પર કારકની અપેક્ષા નથી. કર્તા, કર્મ, કરણ પર ષટ્કારકની અપેક્ષા બિલકુલ નથી. પોતાથી વિકાર થાય છે. આહાહા..! વિકારની પર્યાયનો કર્તા વિકાર, વિકારનું કાર્ય વિકાર, વિકારનું સંપ્રદાન—કરીને પોતે રાખી, વિકારથી વિકાર થયો, વિકારના આધારે વિકાર થયો. આહાહા..! વિકારનું સાધન વિકાર. અશુદ્ધ ભાવ છે, ભાઈ! આહાહા..! એ વસ્તુ રાખીને પછી બીજી વસ્તુ સમજે.

અહીં એ કહ્યું, 'શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો થકો જ,...' પાઠ એમ છે ને? 'પરદ્રવ્ય વડે જ,...' પરદ્રવ્ય વડેનો અર્થ—પરદ્રવ્ય નિમિત્તનું લક્ષ કરવાથી પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો. 'ચંદુભાઈ'! અમારે તો આ ૧૯૭૧થી ચાલે છે. ૬૫ વર્ષ થયા. આહાહા..! (સંવત) ૧૯૭૦ માં તો દીક્ષા લીધી. ૬૬ વર્ષ દીક્ષા, સ્થાનકવાસી સંપ્રદાયમાં. ૧૯૭૦ માં

દીક્ષા, માગશર સુદ–૧૦. ૬૬ વર્ષ થયા. શરીરને તો ગર્ભના ૯૧ ચાલે છે. જન્મના ૯૦ ચાલે છે. આહાહા..! પ્રભુ! વીતરાગ ત્રિલોકનાથની વાણી.. આહાહા..!

મેં તો એમ કહ્યું હતું, કે પંચાસ્તિકાય છે તે અસ્તિકાયને સિદ્ધ કરે છે. પંચાસ્તિકાય અસ્તિકાયને સિદ્ધ કરે છે. રાગનું અસ્તિત્વ પોતામાં છે એ સિદ્ધ કરે છે. વાત સમજાણી? પંચાસ્તિકાય છે તો દરેક દ્રવ્ય પોતાના અસ્તિત્વમાં છે. દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના અસ્તિત્વમાં છે, એ સિદ્ધ કરે છે. વિકાર પોતાના અસ્તિત્વમાં છે અને પોતાથી છે એ ત્યાં સિદ્ધ કરે છે. આહાહા..!

અહીંયાં આપણે 'પ્રવચનસાર' ૧૮૯ ગાથા. વિકાર આત્માની પોતાની પર્યાય છે એ શુદ્ધદ્રવ્ય નિરૂપણ કથનની અપેક્ષાએ છે. શુદ્ધદ્રવ્ય, શુદ્ધદ્રવ્ય એટલે પોતાની પર્યાયથી. આહાહા..! રાગનો ગ્રહણ અને ત્યાગ આત્મા કરે છે. પરને કારણે નહિ. રાગનો ગ્રહણ અને ત્યાગ. આહાહા..! પરના ગ્રહણ-ત્યાગ આત્મામાં નથી. રાગનો ગ્રહણ-ત્યાગ પર્યાયદૃષ્ટિમાં છે અને ત્રિકાળ સ્વભાવનું ગ્રહણ અને રાગનો ત્યાગ, એ સ્વભાવદૃષ્ટિમાં છે. શું કહ્યું?

ત્રણ વાત કરી, કે પરના ગ્રહણ-ત્યાગ તો આત્મામાં નથી. શરીર, વાણી, કર્મ, જડ આદિ તો આત્માએ ગ્રહણ પણ કર્યા નથી અને ત્યાગ પણ નથી કર્યા, એ તો ભિન્ન છે. પરના ગ્રહણ-ત્યાગ આત્મામાં નથી. આત્માની પર્યાયમાં શરીર, વાણી, મન, કર્મ, સ્ત્રી, કુટુંબ કોઈ છે જ નહિ તો ગ્રહણ કર્યા નથી, તો ત્યાગ ક્યાંથી? ગ્રહણ-ત્યાગ છે જ નહિ. પણ પોતાની પર્યાયમાં રાગનો ગ્રહણ-ત્યાગ છે. પર્યાયદૃષ્ટિથી તેનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે રાગનો ગ્રહણ-ત્યાગ છે. અને સ્વભાવની દૃષ્ટિમાં સ્વભાવનું ગ્રહણ અને રાગનો ત્યાગ (છે). ગ્રહણ-ત્યાગના ત્રણ બોલ. સમજાય છે કાંઈ? આહાહા..! પોતાના શુદ્ધ સ્વરૂપનું ગ્રહણ થયું ત્યાં રાગનો ત્યાગ થયો. એ અહીં કહ્યું, કે જ્યાં નિશ્ચય થયો તો વ્યવહારનો ત્યાગ થયો. અરે..રે...! આવી વાતું હવે. ક્યારે નવરાશ મળે, ધંધા આડે નવરાશ ન મળે. ધંધામાં પાપ આખો દિ'. બાયડી, છોકરા, કુટુંબ માટે કરી કરીને પાપ કરીને પોટલા બાંધે ને જાય... આહાહા..!

અહીં કહે છે, કે 'આવો વસ્તુનો સ્વભાવ છે.' કે પર્યાયમાં પરના નિમિત્ત દ્વારા વિકાર પોતાની યોગ્યતાથી પોતામાં થાય છે. પરકારકથી થતો નથી, એવો વસ્તુનો સ્વભાવ છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૩૪૩ ગાથા–૨૭૮, ૨૭૯, શ્લોક–૧૭૫, ૧૭૬ રવિવાર, કારતક સુદ ૮, તા. ૨૮-૧૦-૧૯૭૯

'સમયસાર' ૨૭૮-૨૭૯નો ભાવાર્થ.

પ્રશ્ન :– 'ભભૂતમલ' ગયા?

ઉત્તર :– એક દિવસ માટે 'ગિરનાર' ગયા છે.

ભાવાર્થ :– 'સ્ફટિકમણિ પોતે તો કેવળ એકાકાર શુદ્ધ જ છે;...' પોતે પોતાનું સ્ફટિકમણિનું સ્વરૂપ જે છે, એ તો નિર્મળ અને શુદ્ધ જ છે. 'તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં...' એ સ્ફટિકમણિ(નો) પલટવાનો, બદલવાનો, પરિણમવાનો સ્વભાવ હોવા છતાં 'એકલો પોતાની મેળે લાલાશ-આદિરૂપે પરિણમતો નથી...' એકલો પોતે નિમિત્તના સંગ વિના એકલો લાલ અને રંગરૂપે પરિણમતો નથી. લાલ, કાળો આદિ રંગ. 'પરંતુ લાલ આદિ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં લાલાશ-આદિરૂપે પરિણમતાં)...' સામી ચીજ. '(સ્વયં લાલાશ-આદિરૂપે પરિણમતા...)' સામી ચીજ તેના નિમિત્તે 'લાલાશ-આદિરૂપે પરિણમે છે.' સ્ફટિકમણિની પોતાની પર્યાયમાં યોગ્યતા છે એ યોગ્યતાને કારણે પોતાના સ્વભાવરૂપે પરિણમતો નથી ત્યારે નિમિત્તના સંગમાં લાલ અને પીળારૂપે પરિણમે છે. એ પોતાની જાતથી–દ્રવ્ય સ્વભાવથી પરિણમતો નથી પણ પર્યાયમાં યોગ્યતાને લઈને પરના સંગથી લાલ અને પીળારૂપે પરિણમે છે. એવી પોતાની અંદર યોગ્યતા છે, પર્યાયમાં, દ્રવ્યમાં નહિ. એ તો દૃષ્ટાંત થયો.

'તેવી રીતે આત્મા પોતે તો શુદ્ધ જ છે;...' ભગવાનઆત્મા તો શુદ્ધ પવિત્ર છે. આત્મા તો પરમ પવિત્ર ગુણનો પિંડ છે. 'તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં...' શુદ્ધ આત્મા(નો) પરિણમન બદલવાનો, પલટવાનો પર્યાયમાં સ્વભાવ 'હોવા છતાં એકલો પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી...' એકલો પરના સંગ વિના, એકલો પોતે રાગ અને દ્વેષરૂપે થતો નથી. 'પરંતુ રાગાદિરૂપ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં રાગાદિરૂપે પરિણમતા (જડ કર્મ) એવા પરદ્રવ્યના નિમિત્તે) રાગાદિરૂપે...' પોતાની ઉપાદાન વિભાવિક શક્તિને કારણે, વિભાવિક શક્તિને કારણે અને નિમિત્ત પર, તેના–નિમિત્તને સંગે વિભાવિક શક્તિને કારણે વિકારરૂપે 'પરિણમે છે.' પરને લઈને નહિ, પર્યાયમાં પોતાની યોગ્યતા જ એવી છે. સ્ફટિક જેમ શુદ્ધ પરિણમનવાળી હોવા છતાં લાલ-પીળાના સંગના યોગે પર્યાયમાં લાલ-પીળાશપણું દેખાય છે. એમ ભગવાનઆત્મા વસ્તુએ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે). એનું પરિણમન હોવા છતાં એ પરિણમનમાં વિભાવિક શક્તિનો એક ગુણ છે, કે જે પોતાથી નિમિત્તના સંગે રાગ અને દ્વેષપણે પોતાથી પરિણમે છે.

પર દ્વારા ભલે કહો પણ પરદ્વારા, પરદ્વારા (એટલે) પરથી નહિ, પોતાની શક્તિને કારણે

પરના નિમિત્ત દ્વારા પોતે પોતાપણે, શુદ્ધપણે ન પરિણમતા વિકારપણે પરિણમે છે. આમાં મોટો ગોટો છે.

'(સ્વયં રાગાદિરૂપે પરિણમતા એવા...)' કર્મ રાગાદિરૂપે પરિણમે છે, કર્મ. એના સંગે રાગાદિરૂપે પરિણમે છે. 'આવો વસ્તુનો જ સ્વભાવ છે,...' પર્યાયમાં પરના સંગે વિકારરૂપે થવું એવો પર્યાયનો સ્વભાવ છે. વસ્તુનો સ્વભાવ પોતાથી વિકારપણે થાય એવો એનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ?

## શ્લોક–૧૭૫

(उपजाति)

न जातु रागादिनिमित्तभाव-
मात्मात्मनो याति यथार्ककान्तः।
तस्मिन्निमित्तं परसङ्ग एव
वस्तुस्वभावोऽयमुदेति तावत्।।१७५।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ यथा अर्ककान्तः ] સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ) [ आत्मा आत्मनः रागादिनिमित्तभावम् जातु न याति ] આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી, [ तस्मिन् निमित्तं परसङ्गः एव ] તેમાં નિમિત્ત પરસંગ જ (-પરદ્રવ્યનો સંગ જ) છે. - [ अयम् वस्तुस्वभावः उदेति तावत् ] આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે. (સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી.) ૧૭૫.

## શ્લોક-૧૭૫ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–' આ કાવ્યમાં બધું છે.

न जातु रागादिनिमित्तभाव-
मात्मात्मनो याति यथार्ककान्तः ।
तस्मिन्निमित्तं परसङ्ग एव
वस्तुस्वभावोऽयमुदेति तावत् ।।१७५।।

નિમિત્ત એટલે કારણ.

શ્લોકાર્થ :– [ यथा अर्ककान्तः ] 'સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી,...' સૂર્યકાંતમણિ થાય છે એ પોતે અગ્નિરૂપે પરિણમે નહિ. 'તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે,...' સૂર્યના બિંબના નિમિત્તે પોતાની યોગ્યતાથી એ સૂર્યકાંતમણિ અગ્નિપણે ઉષ્ણપણે પરિણમે છે. એ પોતાની યોગ્યતાને કારણે, પરને કારણે નહિ ને પરથી નહિ. પણ પરના સંગના સંબંધમાં પોતાની યોગ્યતાથી સૂર્યકાંતમણિ ઉષ્ણપણે જેમ પરિણમે છે '(તેમ)...'

[ आत्मा आत्मनः रागादिनिमित्तभावम् जातु न याति ] આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ પરિણમન સ્વરૂપ (છે) એ પોતે પોતાની જાતથી, દ્રવ્ય સ્વભાવથી વિકારપણે પરિણમે એવું એનું સ્વરૂપ નથી. દ્રવ્ય સ્વભાવ એનો એવો છે, કે વિકારપણે થવું તે તેનો સ્વભાવ નથી. આહાહા..! છે? 'પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ...' નિમિત્ત એટલે કારણ. ઉપાદાન કારણ પોતે છે, અશુદ્ધ ઉપાદાન. ઇ વિભાવિક શક્તિ છે તેથી તે અશુદ્ધ ઉપાદાનને કારણે કર્મના, નિમિત્તના સંગે વિકારરૂપે થાય છે. એનો વસ્તુનો સ્વભાવ પરના સંગ વિના સ્વયં વિકારરૂપે થાય એવું એનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ?

કળશ ટીકાકારે તો ઘણો ખુલાસો કર્યો છે, કે ભઈ! ઉપાદાન તો એનું જ છે. વિકારપણે થવાનું ઉપાદાન વિભાવિક શક્તિ તો એની પોતાની છે. પર દ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. ત્યાં જ આખા વાંધા ઉઠાવે છે, કે પરને લઈને વિકાર થાય છે, કર્મને લઈને વિકાર થાય છે. એમ નથી. મોટો સિદ્ધાંત અહીં છે. કળશટીકાકારે આનો અર્થ ઘણો વિસ્તારથી કર્યો છે, કે ઉપાદાન તો પોતાનું જ છે. વિભાવપણે પરિણમવું એવી પર્યાયમાં પોતાને કારણે વિભાવપણે પરિણમે છે. એનો વસ્તુ સ્વભાવ નથી પણ પર્યાયમાં વિકારપણે થવું એવી પોતાની યોગ્યતા છે. તેથી નિમિત્તના સંગે, નિમિત્ત દ્વારા એમ ભલે કહો, પણ એ પરિણમે છે પોતે પોતાથી.

આહાહા..! આ મોટો વાંધો છે.

'બંસીધરજી' આવ્યા હતા ને? ત્યારે ત્યાં ચર્ચા થઈ હતી. (એ કહે), કર્મને લઈને થાય, કર્મને લઈને (થાય). જો કર્મ દ્વારા વિકાર થાય, કર્મને લઈને થાય. એવી મોટી ચર્ચા ત્યાં થઈ હતી. કીધું, કર્મને લઈને બિલકુલ નહિ. જીવ પરદ્રવ્યને અડતોય નથી. ફક્ત સ્વભાવ(ની) દૃષ્ટિ નથી, ત્રિકાળી જ્ઞાયક ભાવની દૃષ્ટિ નહિ હોવાથી વર્તમાન પર્યાયની દૃષ્ટિ હોવાથી તેની યોગ્યતાને કારણે રાગાદિરૂપના નિમિત્તરૂપે કર્મ છે, એના સંગે પોતે પોતાથી રાગરૂપે પરિણમે છે આહાહા..! આમ છે. કર્મને લઈને વિકાર થાય છે એ વાત ત્રણકાળમાં સાચી નથી. તેમ તેના ઉપાદાનને લઈને થાય છે એ વાત પણ સાચી છે. પર્યાયના ઉપાદાનને કારણે વિકાર થાય છે. શુદ્ધ ઉપાદાન અને દ્રવ્યદૃષ્ટિ નથી, ત્રિકાળી શુદ્ધ છે તેની દૃષ્ટિ નથી તેથી તેની પર્યાયમાં અશુદ્ધ ઉપાદાનને કારણે નિમિત્તના લક્ષે પોતામાં રાગ અને દ્વેષ મિથ્યાત્વ આદિનું પરિણમન થાય છે. સમજાય છે કાંઈ? આમાં કાંઈ ફેરફાર થાય તો મોટો ફેરફાર થાય છે. કર્મ દ્વારા વિકાર થાય, વિકારનો થવાનો સ્વભાવ નથી માટે એ વિકાર તો કર્મને લઈને થાય. એમ નથી.

મોટો વાંધો આખો ઉઠ્યો હતો ને તે દિ'? (સંવત) ૨૦૧૩ની સાલ, 'વર્ણીજી' સાથે મોટી ચર્ચા (થઈ હતી). કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને વિકાર થાય. નહિંતર વિકાર પર્યાયમાં પોતાથી થાય તો એનો સ્વભાવ થઈ જાય છે. પર્યાયમાં વિભાવિક શક્તિને કારણે, વિભાવિક શક્તિથી વિભાવપણે પરિણમવું એમ નથી. વિભાવિક શક્તિ તો સિદ્ધમાં પણ છે પણ વિભાવિક શક્તિ નિમિત્તના સંગના લક્ષે.. લક્ષે, નિમિત્ત કાંઈ અડતું પણ નથી એને, પણ એ વિભાવિક શક્તિ નિમિત્તના લક્ષે પોતાથી પોતામાં વિકારરૂપે પરિણમે છે. 'પાટનીજી'! આવી વાત છે. આ શ્લોકનો મોટો વાંધો (છે). 'परसङ्गः एव' છે ને? ત્યાં આગળ વાંધો છે. પરને લઈને થાય છે. એમ નથી કીધું 'पर एव' નથી એમાં. 'पर एव' નથી, 'परसङ्गः एव' એટલે પર્યાય પરનો સંગ કરે છે, પોતાના અસંગ સ્વભાવને ભૂલીને. આહાહા..! ચૈતન્ય સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદનો પિંડ પ્રભુ! એના લક્ષને છોડી દઈને પર્યાયમાં પરના લક્ષે પોતાની યોગ્યતાથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપે પરિણમે છે. આહાહા..! 'ચંદુભાઈ'! આમાં મોટા વાંધા. આ શ્લોકમાં મોટા મોટા પંડિતો સાથે વાંધા છે. આણે-કળશ ટીકાકારે તો એવો અર્થ ચોખ્ખો કર્યો છે, કળશ ટીકાકાર છે ને? કેટલામું છે આ? ૧૭૫. જુઓ!

'પ્રશ્ન કર્યો હતો તેનો ઉત્તર...' 'આ વસ્તુનું સ્વરૂપ સર્વકાળે પ્રગટ છે. કેવો છે વસ્તુનો સ્વભાવ?' 'जातु' 'કોઈ પણ કાળે જીવદ્રવ્ય પોતાસંબંધી છે જે રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ તેમના કારણપણારૂપ પરિણમતું નથી.' પોતાના સ્વભાવથી પરિણમતું નથી. 'ભાવાર્થ આમ છે કે દ્રવ્યના પરિણામનું કારણ બે પ્રકારનું છે :' દ્રવ્યના પરિણામનું કારણ બે પ્રકારનું છે. 'એક ઉપાદાનકારણ, એક નિમિત્તકારણ.' ટીકા કરી છે. 'ઉપાદાનકારણ એટલે દ્રવ્યમાં

અન્તર્ગર્ભિત છે પોતાના પરિણામ–પર્યાયરૂપ...' પરિણમન શક્તિ તે તો જે દ્રવ્યની છે તેમાં જ છે. 'તે જ દ્રવ્યમાં હોય છે તેવો નિશ્ચય છે. નિમિત્તકારણ–જે દ્રવ્યનો સંયોગ પ્રાપ્ત થવાથી અન્ય દ્રવ્ય પોતાના પર્યાયરૂપ પરિણમે છે;...' અન્ય દ્રવ્ય તો પોતાની પર્યાયે પરિણમે છે. 'તે તો જે દ્રવ્યનો તે દ્રવ્યમાં હોય છે. અન્યદ્રવ્ય, ગોચર હોતો નથી એવો નિશ્ચય છે.'

'જેવી રીતે મૃત્તિકા ઘટપર્યાયરૂપે પરિણમે છે, તેનું ઉપાદાનકારણ છે મૃત્તિકામાં ઘટરૂપ પરિણમનશક્તિ; નિમિત્તકારણ છે બાહ્યરૂપ કુંભાર, ચક્ર, દંડ ઇત્યાદિ; તેવી જ રીતે જીવદ્રવ્ય અશુદ્ધ પરિણામે–મોહ-રાગ-દ્વેષરૂપે પરિણમે છે, તેનું ઉપાદાનકારણ છે જીવદ્રવ્યમાં અન્તર્ગર્ભિત વિભાવરૂપ અશુદ્ધ પરિણમનશક્તિ;...' આ શ્લોકમાં એવો ખુલાસો કર્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? વિકાર થવાનો એનો સ્વભાવ નથી, સ્વભાવ તો શુદ્ધ છે પણ પર્યાયમાં લક્ષ પર ઉપર હોવાથી પરને સંગે પોતાની યોગ્યતાથી પર્યાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું પરિણમન થાય છે. સમજાય છે કાંઈ? ઉપાદાન પોતાનું છે. નિમિત્ત કીધું કે, આત્મા નિમિત્ત નથી એટલે શુદ્ધ આત્મા નિમિત્ત નથી. પણ ઉપાદાન પોતે પોતાનું નિમિત્ત છે. આહાહા..!

વિકાર જે સંસાર જે ઉત્પન્ન થાય છે, એ પોતાનો સ્વભાવ શુદ્ધ છે, પૂર્ણાનંદ છે એ તો શુદ્ધપણે પરિણમે તે જ તેનો સ્વભાવ છે, પણ તેના ઉપર લક્ષ નહિ હોવાથી પર્યાયમાં પર ઉપર લક્ષ હોવાથી પર્યાયમાં રાગ અને દ્વેષનું પરિણમન થાય એ પોતાની યોગ્યતાથી પોતામાં પોતાને કારણે થાય છે, બીજી ચીજ તો નિમિત્તમાત્ર છે. નિમિત્તથી એમાં વિકાર થતો નથી. આહાહા..! એણે ઘણું લીધું છે. પરિણમન શક્તિ પોતાની છે તે પોતે કારણ છે.

'परसङ्गः एव' 'દર્શનમોહ–ચારિત્રમોહકર્મરૂપ બંધાયેલો જે જીવના પ્રદેશોમાં એકક્ષેત્રાવગાહરૂપ પુદ્ગલદ્રવ્યનો પિંડ, તેનો ઉદય, જોકે મોહકર્મરૂપ પુદ્ગલપિંડનો ઉદય પોતાના દ્રવ્ય સાથે...' છે. કર્મના ઉદયનું વ્યાપ્ય-વ્યાપક(પણું) કર્મ સાથે છે. શું કીધું? કર્મ જે જડ છે તેનો ઉદય એ વ્યાપ્ય અને એ કર્મ વ્યાપક. એ વ્યાપ્ય-વ્યાપક સંબંધ કર્મમાં કર્મની સાથે છે. આ કર્મ વ્યાપક અને આત્મા–વિકાર વ્યાપ્ય એવો સંબંધ છે નહિ. સમજાય છે કાંઈ? આહા..! નિર્ણય કરવાનો (વખત ન મળે). સ્વતંત્ર પોતે પોતાની ભૂલથી જ રખડે છે, કર્મને લઈને નહિ, પરદ્રવ્યને લઈને નહિ. આહાહા..! ઇ તો કહ્યું નહિ ઓલામાં...?

(अनुष्टुभ्)

भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।

કર્મને કારણે નહિ. રાગથી ભિન્ન કરવાના સ્વભાવના અભાવને લઈને બંધાયેલ છે. કર્મથી બંધાયેલો છે (એમ નથી). એ તો પર વસ્તુ છે એની સાથે શું સંબંધ? આમાં ઘણું નાખ્યું છે. 'પોતાના દ્રવ્ય સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ છે,...' ઓલા કર્મનું (વ્યાપ્ય-વ્યાપકપણું). એટલે કર્મ વ્યાપક છે અને વિકાર વ્યાપ્ય છે, એમ નહિ. છતાં 'સમયસાર'માં ૭૫-૭૬

ગાથામાં એમ આવે (કે), કર્મ વ્યાપક છે અને વિકાર વ્યાપ્ય છે. એ કઈ અપેક્ષાએ? કે, સ્વભાવની દૃષ્ટિ થઈ છે. પર્યાયની યોગ્યતા તો પોતાથી જ હતી પણ સ્વભાવની દૃષ્ટિ થઈ છે એટલે સ્વભાવનું વ્યાપકપણું તેની વ્યાપ્ય અવસ્થા સ્વભાવ છે. નિર્મળ પર્યાય તેની વ્યાપ્ય અને વ્યાપક સ્વભાવ છે. એથી એ એની દૃષ્ટિ વડે વિકાર જે છે તેને કર્મની સાથે વ્યાપ્ય-વ્યાપક નાખીને કાઢી નાખ્યું છે. ૭૫-૭૬. આરે...! આવું છે. કર્મ વ્યાપક છે, વિકાર વ્યાપ્ય છે. અહીં કહે છે, કે કર્મ પોતપોતાની સાથે વ્યાપ્ય-વ્યાપક છે.

મુમુક્ષુ :– બેમાં સાચું શું?

ઉત્તર :– બેય સાચું (છે). કઈ અપેક્ષાએ? કર્મ જે છે એ તો પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યના પરમાણુઓ વ્યાપક થઈને પર્યાયપણે પરિણમે એ તો એનું પર્યાયનું વ્યાપ્ય-વ્યાપક કર્મની સાથે છે, આત્મા સાથે એનું વ્યાપ્ય-વ્યાપકપણું છે નહિ, કે કર્મ વ્યાપક થઈને આત્મામાં વિકાર વ્યાપ્ય થાય એવું છે નહિ. છતાં ૭૫-૭૬માં જ કીધું, કે કર્મ વ્યાપક ને વિકાર વ્યાપ્ય છે. એ તો સ્વભાવની દૃષ્ટિ કરી એથી તેની દૃષ્ટિમાં વિકાર નથી, તેની દૃષ્ટિમાં પર્યાય નથી, તેની દૃષ્ટિમાં પરના સંગનો સંબંધ નથી માટે કેવળ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિમાં સ્વભાવ પોતે વ્યાપક છે અને નિર્મળ પર્યાય તેની વ્યાપ્ય છે. મલિન પર્યાય છે એ કર્મનું વ્યાપ્ય (છે એમ) કરીને કાઢી નાખી છે. આહાહા..! કહો, સમજાય છે આમાં કાંઈ? ‘ચીમનભાઈ’! આ બધું ક્યાં સમજવું આમાં? એ..ઇ..! ‘શાંતિભાઈ’! આ બધા પલાખાં. આહાહા..! પલાખા નથી, વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..!

વસ્તુ પોતે સ્ફટિકમણિ શુદ્ધપણે એને પરિણમન હોવા છતાં એ પોતે જાતે એકલી શુદ્ધપણે પરિણમે છે ઇ બરાબર છે, પણ એકલી અશુદ્ધપણે પરિણમે, એમ નહિ. એને પરનો સંગ થયેલી પોતાની યોગ્યતાથી અશુદ્ધપણે પરિણમે. આહાહા..! કાલે દૃષ્ટાંત આપ્યો નહોતો? દિવાસળીનો. દિવાસળી સળગે. આ બીડી પીવે છે આમ. ત્રણ ત્રણ આંગળની હોય. અહીં પીવે તો ઠંડી છે, અહીં ઉષ્ણ છે. અહીં ઉષ્ણ થતી નથી એ પોતાની યોગ્યતા છે. અને લોઢું પાંચ હાથ લાંબુ હોય, સળિયાને ચાર તસુ અગ્નિમાં જો મુક્યો હોય તો પાંચ હાથમાં અગ્નિ બધે વ્યાપી જાય. એ એની પોતાની યોગ્યતા છે. લાકડામાં યોગ્યતા નથી ને લોઢામાં યોગ્યતા છે. તેમ વિકારપણે પરિણમવું એ જીવની પર્યાયની અપની–પોતાની યોગ્યતા છે, કર્મને લઈને નહિ.

‘કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ’ આવે છે કે નહિ? આહા..! ‘કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ’ પછી શું આવ્યું? ‘અગ્નિ સહે ઘન ઘાત, અગ્નિ સહે ઘન ઘાત લોહ કી સંગતિ પાઈ.’ અગ્નિ લોહનો સંગ કરે છે એટલે માથે પડે છે. એકલી અગ્નિ પર (ઘણ પડતા નથી). એમ ભગવાનઆત્મા નિમિત્તના સંગે જો દોરવાઈને વિકાર કરે તો દુઃખી થાય છે. આહાહા..! પોતાના સ્વભાવને સંગે જાય તો સુખી ને આનંદ થાય છે.

ભગવાનઆત્મા પરમાનંદ મૂર્તિ પ્રભુ! જ્ઞાન અને આનંદના સ્વભાવની મૂર્તિ પોતાના સ્વભાવને આશ્રયે જાય ત્યાં તો પરમ જ્ઞાન ને આનંદ પ્રગટે છે. આહાહા..! પણ એ પરને આશ્રયે લક્ષમાં જાય છે, પોતે સ્વતંત્રપણે કર્તા થઈને, હોં! ૬૨મી ગાથા કીધી નહિ? 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા. વિકારના ષટ્કારક પોતે પોતાથી પરિણમે છે. પરકારકની કંઈ અપેક્ષા છે નહિ. ૬૨મી ગાથા. 'વર્ણીજી' સાથે મોટી ત્યાં ચર્ચા થઈ હતી. ન બેઠું એને. ઇ ચાલતું નહોતું. ત્રણે ફીરકામાં વિકાર કર્મથી થાય, કર્મથી થાય એ જ સૌએ માંડી હતી.

અહીં કહે છે, કે બાપુ! કર્મ તો જડ છે. એ આત્માની પર્યાયને અડતો ય નથી, સ્પર્શતો ય નથી. કર્મનો ઉદય અને રાગ બે વચ્ચે તો અત્યંતઅભાવ છે, અત્યંતઅભાવ છે. આહાહા..! એથી કર્મનો આમાં અત્યંત અભાવ છે તે કર્મને લઈને રાગ થાય તો તો ભાવ થઈ ગયો એનો. આહાહા..! એ વિકાર પરસંગે થાય છે, પરસંગે. 'पर एव' નહિ- પરથી નહિ. પરનો સંગ પોતાની યોગ્યતાથી કરે છે માટે વિકાર થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો નિર્ણય કરવાનો વખત ક્યાં છે?

મુમુક્ષુ :- શું અપેક્ષાથી વાત થાય છે ઇ સમજાય જાય તો સમજાય જાય.

ઉત્તર :- આ જ વાત છે, વસ્તુની સ્થિતિ આવી છે. આહા..! આણે (-કળશટીકાકારે) તો બહુ ખુલાસો કર્યો છે. 'જીવદ્રવ્ય સાથે વ્યાપ્ય-વ્યાપક નથી.' વિકારનું પરિણમન વ્યાપ્ય અને કર્મ વ્યાપક એમ નથી. કર્મ જડ વ્યાપક અને એની ઉદય અવસ્થા તેની વ્યાપ્ય એની સાથે સંબંધ છે. આત્મા સાથે વ્યાપ્ય-વ્યાપક છે નહિ. 'રાજમલ્લજી'એ કેટલો ખુલાસો કર્યો છે, લ્યો! આહા..!

આ તો તે દિ' જોયું નહોતું, તે દિ' હાથ આવ્યું નહોતું. (સંવત) ૧૯૭૧માં કહ્યું હતું ત્યારે આ પુસ્તક હાથ આવ્યું નહોતું. '૭૧માં પહેલું કહ્યું હતું, 'લાઠી'માં. વિકાર પોતાથી થાય છે, કર્મથી નહિ. 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ.' કર્મ જડ છે. જડ અને આની બેની વચ્ચે તો અત્યંત અભાવ છે. અત્યંતઅભાવમાં એ ભાવ કરી દ્યે, એમ આવે ક્યાંથી? આહા..! એ વખતે તો આ પુસ્તક વાંચ્યા પણ નહોતા, 'સમયસાર' પણ વાંચ્યું નહોતું. ખળભળાટ થઈ ગયો હતો. ગુરુ તો સાંભળતા હતા એને કાંઈ (નહોતું), પણ 'દામોદર શેઠ' હતાં એણે ખળભળાટ કર્યો, કે આ ક્યાંથી કાઢ્યું આવું? અત્યાર સુધી કોઈ કહેતું નથી. અમારા ગુરુએ અમને કીધું નથી અને તમે ક્યાંથી કાઢ્યું આવું? મારે મોઢે ન કહે, બીજાના મોઢે (કહ્યું). આવું ક્યાંથી કાઢ્યું આ? વિકાર કર્મ વિના થાય એવું તો અમારા ગુરુએ કોઈ દિ' કીધું નથી. અમને કોઈ દિ' વંચાવ્યું નથી. કીધું, માર્ગ આ છે. પોતાની ભૂલ પોતે પોતા વડે કરે છે અને ભૂલને પોતાના સ્વભાવના આશ્રયે પુરુષાર્થથી ટાળે છે. એક જ વાત છે, બાકી બધી વાતું (છે). આહાહા..!

આમણે કબુલ કર્યું હતું. અહીં 'બંસીધરજી' આવ્યા હતા. ન્યાં જરી સામા 'વર્ણીજી'ના

પક્ષમાં હતા. અહીં આવ્યા હતા, મહિનો રહ્યા હતા. ત્યારે આ પરસંગની ગાથા ચાલી હતી. કીધું 'परसङ्गः एव' છે. 'पर एव' એમ નથી–પરથી એમ નથી. પરસંગ એટલે પોતાના સ્વભાવનું લક્ષ છોડીને, પોતે પર ઉપર લક્ષ કરે છે. ભલે લક્ષ કરે છે એ લક્ષ ત્યાં પરને અડતું નથી, લક્ષ કરે છે એ પરને અડતું નથી પણ પરને લક્ષ કરે છે ત્યાં અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. આહાહા..! આવી વાતું છે. જૈનને નામે તો બસ! જૈનમાં કર્મને લઈને થાય, કર્મને લઈને થાય. આહા..!

સ્થાનકવાસીમાં સ્તુતિમાં બોલે ને? પહેલી દસ મિનીટ સ્તુતિ કરે. એમાં આમ બોલે, એમ કાંઈક છે, બોલતા, બધા બોલતા ને! 'કર્મે વાળ્યો આડો અંક' એવું કાંઈક આવે છે. 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક.'

મુમુક્ષુ :– એ તો સંયોગની વાત છે.

ઉત્તર :– પણ સંયોગમાં એ તો નિમિત્ત છે. બીજી ચીજમાં સંયોગમાં પણ સંયોગી ચીજ તો એની મેળાએ આવવાને કારણે ઉપાદાનથી આવી છે. એ કર્મ તો એમાં પણ નિમિત્ત છે. આહાહા..! શાતાનો ઉદય છે ને અહીં પૈસા આવ્યા. એ ઉદય તો નિમિત્ત છે. એ પૈસા (એના) આવવાના ઉપાદાનને કારણે એની પર્યાય ત્યાંથી આવવાની (હતી) એટલે આવે છે. ઇ શાતાનો ઉદય પૈસાને લાવ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઇ અહીં કહે છે.

'સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી અગ્નિરૂપે પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ)...' [ आत्मा आत्मनः रागादिनिमित्तभावम् जातु न याति ] (નિમિત્ત એટલે કારણ). શુદ્ધ ઉપાદાન પોતે નથી. 'આત્મા પોતાને રાગાદિકનું...' મૂળ ઉપાદાન કારણ જે શુદ્ધ છે એ (રાગાદિકનું નિમિત્ત) 'કદી પણ થતો નથી,...' [ तस्मिन् निमित्तं परसङ्गः एव ] 'તેમાં નિમિત્ત પરસંગ જ (-પરદ્રવ્યનો સંગ જ) છે.' પરદ્રવ્યનો સંગ કરે છે, લક્ષ કરે છે. પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યનું લક્ષ છોડીને જે પરદ્રવ્ય છે તેનું લક્ષ કરે છે. લક્ષ કરે છે એટલે કાંઈ પરદ્રવ્યમાં એનું લક્ષ અડી જાય છે એમ નથી. કર્મનો ઉદય છે એમાં એને લક્ષ અડે છે એમ નથી, તેમ કર્મનો ઉદય છે તે આ લક્ષને અડે છે એમ પણ નથી. દ્રવ્યની ભિન્નતા સ્વતંત્ર (છે) તેમાં કોની કઈ પર્યાય કોને અડે? આહા..!

એ તો ૩ જી ગાથામાં કહ્યું નહિ? ૩ જી ગાથા. દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે. બીજા દ્રવ્યની સાથે એને ચુંબતું નથી, એવો પાઠ છે ત્યાં. દરેક દ્રવ્ય પોતાના ધર્મને ચુંબે છે. એ સિવાય એક બીજી વાત પણ એક એમાં ૩ જી ગાથામાં આવી છે. 'સમયસાર' છે ને આ? વિરુદ્ધ કાર્ય અને અવિરુદ્ધ કાર્ય. વિરુદ્ધ કાર્ય ને અવિરુદ્ધ કાર્ય સ્વતંત્ર એ રીતે થઈને આખું જગત નભી રહ્યું છે. વિરુદ્ધ વિપરીતપણે પરિણમો કે અવિપરીતપણે પરિણમો, એ રીતે પણ આખું જગત પોતાથી એ રીતે થઈ છે. છે એમાં?

આહા..! ૩ જી ગાથામાં છે.

એક દ્રવ્ય, દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયના ધર્મને ચુંબે નામ અડે છે. પરદ્રવ્યના કોઈપણ ગુણ-પર્યાયને કોઈ દ્રવ્ય તેને ચુંબતું, અડતું નથી. આહાહા..! ગજબ વાત છે. આ પગ જે આ જમીન ઉપર ચાલે છે એ પગ જમીનને અડતો નથી. જમીનને આધારે પગ ચાલતો નથી. પગના પરમાણુઓમાં નીચલા પરમાણુનો અભાવ છે અને પગના પરમાણુઓનો એનામાં અભાવ છે. અભાવ છે તો અડે ક્યાંથી? આરે..! આરે..!

મુમુક્ષુ :– સિદ્ધાંત તો બધે સરખો છે.

ઉત્તર :– બધે સરખો છે, બધે એક પ્રકારનો છે. આહાહા..! એ પગ જમીનને અડતો જ નથી. પગના પરમાણુ પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે, પરદ્રવ્યને ચુંબતો–અડતોય નથી. આહાહા..! ગજબ વાત છે.

પાણી અગ્નિને કારણે ઊનું થયું નથી. પાણી એ અગ્નિને કારણે ઊનું થયું એ દેખનારા સંયોગને જોવે છે પણ અગ્નિ પોતે જ ઊનાપણે પરિણમી છે એ કાળે એ એમ જોતો નથી. અગ્નિને કારણે ઊનું પાણી થયું નથી. આરે..! આરે..! એકલું (પાણી) ટાઢું હતું અગ્નિ આવી એટલે ઊનું થયું. પણ ઊનું થયું એ પોતાની પર્યાયથી થયું છે કે અગ્નિથી થયું છે? અગ્નિ અંદર પાણીના પરમાણુને અડતાય નથી, તેમ અગ્નિના પરમાણુ પાણીને અડતા નથી. આહાહા..! ગજબ વાત છે.

આ ચોખા પકાય, પાકા થાય છે તો પાણી અંદર ફદીયા શું કહેવાય? ફદીયા પડે ને? એવું અંદર પાણી ઊનું થાય એમાં ચોખા પાકે, પણ કહે છે, કે ચોખા પાકે છે એ ફદીયા જેવું પાણી આમ આમ થાય એને ચોખા અડતાય નથી. ફદીયા જેવું પાણી નથી કહેતા? પાણી આમ ખદબદ... ખદબદ... ખદબદ... થાય ને? એવું ઊનું થાય એમાં ચોખા નાખે તો ચોખા પાકી જાય. પણ કહે છે એ ચોખાના પરમાણુઓ પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે પણ એ પાણીના ઊની પર્યાયને તે ચોખાની પર્યાય સ્પર્શતું નથી અને ચોખા પાકે છે. 'શશીભાઈ'!

વીતરાગની વ્યાખ્યા છે, કે અનંત દ્રવ્ય છે તેનું અસ્તિત્વ ક્યારે રહે? તે અનંત દ્રવ્ય પોત પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહે ને પરને લઈને નહિ, ત્યારે અનંતપણાની અસ્તિત્વતા રહે. એક બીજાને લઈને બીજામાં થાય તો એ અસ્તિત્વ સ્વતંત્ર અનંતપણું રહેતું નથી. આહા..!

મુમુક્ષુ :– 'શશીભાઈ' કહે છે, ડૉક્ટરની દવાથી તાવ ઉતરે.

ઉત્તર :– દવા બિલકુલ નહિ, ડૉકટર-બાકટર નહિ.

મુમુક્ષુ :– ડૉકટરના પપ્પાને તાવ આવ્યો હોય તોય નહિ?

ઉત્તર :– ડૉકટર મરી જતો નથી ન્યાં? આ 'હેમંતકુમાર' ડૉકટર મોટો હતો, સર્જન.

અહીંયાં આવતા, બે-ત્રણ વાર આવ્યા હતા બિચારા. કો'કનું ઓપરેશન કરતાં (હતા ત્યારે કહે), મને આમ કાંઈક થાય છે. એમ કહીને આમ ખુરશીએ બેઠો ત્યાં ખલાસ થઈ ગયો. આ 'નરસીંહભાઈ'ના જમાઈ. 'જેતપુર' નહિ? એ કો'કનું ઓપરેશન કરતો હતો. છે ને સાંભળ્યું છે ને? 'નરસીંહ' ડૉક્ટર. આહાહા..! હમણાં 'કેશુભાઈ'નો છોકરો આવ્યો હતો. આહાહા..! આ વાત, બાપુ! આહા..!

સ્વતંત્ર.. સ્વતંત્ર દરેક દ્રવ્યની તે ક્ષણની તે પર્યાય ક્રમસર થવાની તે થાય. દરેક દ્રવ્યમાં ક્રમબદ્ધ જે સમયે જે પર્યાય થવાની તે થાય. તે ક્રમસર અનાદિઅનંત છે. પરને લઈને કાંઈ છે નહિ. એક તો (લોકોને) ક્રમસર બેસતું નથી. ભાઈ પણ ના પાડતા, 'વર્ણીજી'. એક પછી એક થાય પણ એક પછી આ પછી આ જ થાય, એમ નહિ. પણ આ પછી આ થાય નહિ તો પછી ક્રમ રહ્યો ક્યાં? આહાહા..! માળા છે એનો જે મણકો છે, જે ઠેકાણે એ મણકો છે તે ત્યાં જ છે, એ બીજે આડેઅવળે ક્યાંય કરવા જાય તો એ મણકો, એ માળા તૂટી જાય છે. એમ આત્મા ને પરમાણુની જે સમયે જે પર્યાય થવાની છે તે પર્યાય પોતાથી જ ત્યાં છે, આઘી-પાછી નથી, આઘી-પાછી કરવા જાય તો દ્રવ્ય તૂટી જશે, દ્રવ્ય નહિ રહે. થોડી ઝીણી વાત છે. હેં? આહાહા..!

અહીં કહે છે, [ तस्मिन् निमित्तं परसङ्गः एव ] નિમિત્તનો અર્થ કારણ ભલે લ્યો. વિકારનું નિમિત્ત કારણ પર છે પણ ઉપાદાનકારણ પોતે છે. ત્યારે બીજાને નિમિત્તકારણ તરીકે કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું હવે. '(-પરદ્રવ્યનો સંગ જ) છે...' જોયું? પરદ્રવ્યને લઈને નહિ. પરદ્રવ્યનો સંગ (કરી) પોતે લક્ષ ત્યાં કર્યું છે. સંગનો અર્થ કાંઈ પરદ્રવ્યને કે અડતું નથી કાંઈ. રાગ છે એ કર્મના ઉદયને અડતો નથી. તેમ કર્મનો ઉદય છે એ રાગને અડતો નથી. ફક્ત લક્ષ જાય છે આમ, એટલે [ परसङ्गः एव ] પરના સંગે ઉત્પન્ન થયેલો વિકાર પોતાની યોગ્યતાથી થાય છે. આહાહા..! આવી વાતું.

[ अयम् वस्तुस्वभावः उदेति तावत् ] છે? એ વસ્તુનો સ્વભાવ જ એવો છે કે પોતાના સ્વભાવથી વિકારરૂપે ન પરિણમે પણ નિમિત્તના સંગે વિકારપણે પરિણમે એ પોતાની યોગ્યતાથી વસ્તુનો સ્વભાવ જ એવો છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાંથી ઇ કાઢે છે, વસ્તુનો સ્વભાવ. જુઓ! આ વિકાર પરને લઈને જ થાય એવો વસ્તુનો સ્વભાવ છે, એમ કહે છે. એમ અર્થ કર્યા. બધા કરતા હતા, તે દિ' કરતા હતા ને! અહીં ઓલો આવ્યો હતો ને? 'જીવણધરજી'! 'જીવણધર... જીવણધર' ઇ એમ અર્થ કરે, જુઓ! આ દિવો મુકે, (એની ઉપર) આમ ટોપી ઢાંકી દે. જુઓ! ટોપીનું નિમિત્ત છે માટે દીવાનો પ્રકાશ બહાર ન આવ્યો ને? એમ દૃષ્ટાંત કહેતા. આહાહા..!

શેઠ વળી એમ કહેતા, એ હજી નવા છે. પહેલાવહેલા સ્થાનકવાસીમાંથી આવ્યા એટલે એને બહુ છંછેડવું નહિ. કીધું, છંછેડો. ૨૦૦૫ની સાલની વાત છે, નહિ.? બે હજારની સાલની

વાત છે. છંછેડો એ વાતને. એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યને લઈને ન થાય, ત્રણ કાળમાં ન થાય, છંછેડો! અહીં ખાનગી રાખવાની વાત નથી, કીધું. આહા..! અને તે પણ તે દ્રવ્યની તે પર્યાયનો ક્રમસર છે, ક્રમ છે તે ક્રમે તે થાય છે. આહા..! આડીઅવળી થતી નથી. આડીઅવળી એટલે શું? આડીઅવળી એટલે શું પણ? આ અહીં થાય ને આ અહીં થાય એટલે શું એનો અર્થ? આહા..! એ તો એક ફેરી ખૂબ કહ્યું હતું, ભક્તિમાંથી આવીને એક ફેરી ઘણાં વર્ષ પહેલા (કહ્યું), આડીઅવળી એટલે શું? આડીઅવળી વસ્તુમાં જ નથી. ક્રમસર એક પછી એક જે પર્યાય થાય તે તે ક્રમસર થાય છે, આડીઅવળી બિલકુલ થાય નહિ, આઘીપાછી થાય નહિ. આ પર્યાય અહીં થવાની હતી તે અહીં થઈ અને અહીં થવાની અહીં થઈ અને આ થવાની હતી તે અહીં થઈ, એમ છે નહિ, કીધું. આહાહા..!

મુમુક્ષુ :– આડાઅવળાનું વાચ્ય તો કાંઈક હશે ને?

ઉત્તર :– આડાઅવળાનું વાચ્ય આ. આડુઅવળુ એટલે ઓલું નિમિત્ત છે એને લઈને બોલાય. બાકી આડુ-અવળુ બિલકુલ છે નહિ. એમ કે, આડુઅવળુ ભાષા છે તો એનું વાચ્ય હોય કે નહિ? એમ પૂછે છે. ભાષાને લઈને આડુઅવળું બોલાય, (પરંતુ) વસ્તુ એમ નથી. આહાહા..! આ મારો દીકરો છે, આ મારું ગામ છે, એમ બોલાય પણ એનું ગામ ને દીકરો એનો છે? એનું વાચ્ય આ છે, લ્યો! અમારું 'રાજકોટ'. કહો! છે 'રાજકોટ' એનું? અમારું 'રાજકોટ'નું વાચ્ય શું? ઇ તો કહેવામાત્ર કથન છે. 'રાજકોટ'નો રહીશ છે એટલું જાણવા. 'રાજકોટ' એનું કે દિ' હતું? ઘરનું મકાન પણ ન હોય, કોઈને મકાન પણ ન હોય છતાં કો'કને (ત્યાં) ભાડે રહેતો હોય, છતાં કહે, 'રાજકોટ' અમારું ગામ છે, એમ કહે, લ્યો! મકાન પણ ઘરનું ન હોય. તેથી શું? એ તો બોલવાનું કથન છે. આહા..!

'(-પરદ્રવ્યનો સંગ જ) છે.' [ अयम् वस्तुस्वभावः उदेति तावत् ] એ વિકાર પરને લઈને થાય એ વસ્તુનો સ્વભાવ છે એમ એ કહે છે. અહીં કહે છે, કે પર સંગને લઈને પોતે કરે એવો જ વસ્તુનો સ્વભાવ છે. વિકાર પોતાના સંગથી ન થાય, પરના લક્ષે થાય છે એવો જ કોઈ વસ્તુનો, પર્યાયનો સ્વભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :– વાચક કર્મ તો એક જ છે, વાચ્ય બે જુદા જુદા છે.

ઉત્તર :– આ એક જ વાચ્ય છે. [ परसङ्गः एव ] એક જ વાચ્ય છે. [ परसङ्गः एव ], [ पर एव ] એમ નથી. આવો વસ્તુનો સ્વભાવ એટલે કે પર્યાયનો એવો સ્વભાવ છે, કે પર સંગને લઈને વિકાર પોતામાં થાય છે. પોતાના સ્વભાવના સંગને લઈને વિકાર થતો નથી. એ જ વસ્તુનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. અજાણ્યા માણસ આવે તો (એમ કહે), અમારે ધર્મ કરવો છે. પહેલા સમજ તો ખરો પણ. ધર્મ શું? વિકાર કેમ થાય છે એની ખબર વિના ધર્મ કેમ કરશે? વિકાર છે એ તારી પર્યાયમાં તારાથી થાય છે અને તારે જો ધર્મ કરવો હોય તો તે વિકારની દૃષ્ટિ છોડીને ત્રિકાળી

જ્ઞાયકભાવ છે એની દૃષ્ટિ કર તો ધર્મ થશે. વિકાર મારી પર્યાયમાં છે, મારે લઈને છે એવું લક્ષ રાખીને એને પછી રહિત થઈને મારો સ્વભાવ જે ચિદાનંદ પૂર્ણ છે એવી દૃષ્ટિ કરે તો તેને સમ્યગ્દર્શન ધર્મ થાય, બાકી ધર્મ-બરમ થાય એવું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વસ્તુ છે. વાણિયાને વેપાર આડે નિર્ણય કરવાનો વખત મળે નહિ. પછી માથે જે કીધું હોય ઇ જય નારાયણ કરીને ચાલે. આ તો વીતરાગ માર્ગ છે, બાપુ! ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર, એનો આ માર્ગ છે, આ કોઈ આલીદુઆલીનો માર્ગ નથી. ત્રણ કાળના તીર્થંકરો ને ત્રણ કાળના કેવળીઓ ને મુનિઓનો એ પોકાર છે, કે તારો સ્વભાવ શુદ્ધ છે એની જો દૃષ્ટિ કર તો અપવિત્રતા નહિ થાય. પણ તારો પવિત્ર સ્વભાવ છે તેની દૃષ્ટિ છોડી અને જો પરના સંગનું લક્ષ કરીશ તો તને અપવિત્રતા થશે અને એને લઈને સંસારમાં રખડવું પડશે. આહાહા..!

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનાર, રાગ મારો છે એમ વિચારે કે...?

ઉત્તર :– નહિ, નહિ. રાગ છે મારામાં, પર્યાયમાં એટલું જ્ઞાન રાખીને...

મુમુક્ષુ :– એ પુદ્ગલના પરિણામ છે એવું વિચારે?

ઉત્તર :– નહિ, એ લક્ષમાં રાખે ઇ. ૧૪મી ગાથાના ભાવાર્થમાં આવ્યું છે. ૧૪મી ગાથામાં. પર્યાય નથી, અભૂતાર્થ છે એમ કીધું છે પણ પર્યાય મારામાં છે, પર્યાય છે એવું લક્ષ કરીને તેને છોડીને ભૂતાર્થનો આશ્રય કરજે. ૧૪મી ગાથાની ટીકાના ભાવાર્થમાં છે. છે ને? આ 'સમયસાર'માં આવે છે. પર્યાય અભૂતાર્થ છે, અભૂતાર્થ કીધી છે. અભૂતાર્થ કીધી એટલે કે નથી જ એમ નહિ. એ તો વસ્તુ જે ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ છે એને મુખ્ય કરી, તેને નિશ્ચય કરી, તેનો આશ્રય લેવા માટે તે મુખ્ય વસ્તુ કીધી છે અને પર્યાયને છે છતાં ગૌણ કરી, વ્યવહાર કહી, નથી એમ કીધું છે, ગૌણ કરી, વ્યવહાર કહી, નથી એમ કીધું છે. ત્રિકાળી વસ્તુને મુખ્ય કરી, નિશ્ચય કહી, છે એમ કીધું છે. આહાહા..! આમ છે બધું, ભાઈ! આકરું કામ. સત્યની સત્ય વસ્તુને સમજવા માટે ઘણો પ્રયત્ન જોઈએ ભાઈ! આહાહા..!

અનંત કાળથી રખડે છે, બાપુ! આહાહા..! અહીં અબજોપતિ માણસ હોય અને આહા..! ઓલા ભાઈ ગયા? 'મીઠાલાલ' ગયા લાગે છે? ઇ બિચારા પૂછતા હતા. મારા બાપ ક્યાં ગયા હશે? મહારાજ! મેં કીધું, એના પરિણામ તો બહુ પ્રેમના હતા. એને બિચારાને એમ. આમ કરોડપતિ માણસ છે. એમ કે, મારા પિતાજી ક્યાં ગયા હશે? મેં કીધું, ભાઈ! એને પ્રેમ તો બહુ હતો એટલે નરક-તિર્યંચમાં તો ન જાય. એને ઘણો પ્રેમ હતો. સાંભળવા આવતા ત્યાં 'મુંબઈ'માં પણ રાત્રે ભલે બોલી શકે નહિ પણ સાંભળવામાં પ્રેમ ઘણો, ઉત્સાહ ઘણો અને ત્યાં સુધી કહેતા, ઓલામાં આવ્યું છે, કાળી ચોપડીમાં, કાળી નાની, નહિ? 'જ્ઞાનકળા'. એમાં એમ આવ્યું, એણે પોતે લખ્યું છે, કે 'સોનગઢ' ભવના અભાવનું કારખાનું છે. ભવનો અભાવ કરવાનું કારખાનું 'સોનગઢ' (છે), એમ બોલતા. એ બોલતા બિચારા પહેલેથી, હોં!

ઘણાં વર્ષ પહેલા. નહિ તો એ સ્થાનકવાસી હતા. આ ‘ભભૂતમલ’ દેરાવાસી (છે). એણે ચાર લાખ નાખ્યા હતાં ને ત્યાં? ‘બેંગલોર’. આઠ લાખ આના ને ચાર લાખ આના. છતાં નરમ માણસ હતાં બિચારા અને પ્રેમ. આમ શરીર ઠીક ન હોય તો સાંભળવા રાત્રે આવે સવાર, બપોર આવે ને રાત્રે આવતા, ત્યાં ‘મુંબઈ’ કાયમ સાંભળવા (આવતા). આ વાત સાંભળે ને જેના ભાવ એવા રહે એ નરક ને તિર્યંચમાં ન જાય. સંસ્કાર પડીને જાય એ તો કાં મનુષ્ય જાય ને કાં સ્વર્ગમાં જ જાય. આ ચીજ આવી પરમ સત્ય છે. આહાહા..!

અહીં એ કહે છે ‘(સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી.)’ આહાહા..!

## શ્લોક-૧૭૬

(अनुष्टुभ्)

इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन सः।
रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः।।१७६।।

‘આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને પોતાના કરતો નથી’ એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :-

શ્લોકાર્થ :- [ इति स्वं वस्तुस्वभावं ज्ञानी जानाति ] એવા પોતાના વસ્તુસ્વભાવને જ્ઞાની જાણે છે [ तेन सः रागादीन् आत्मनः न कुर्यात् ] તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી, [ अतः कारकः न भवति ] તેથી તે (રાગાદિકનો) કર્તા નથી. ૧૭૬.

## શ્લોક-૧૭૬ ઉપર પ્રવચન

‘આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની...’ જુઓ! છે? શું કહે છે, કે મારું સ્વરૂપ રાગ વિનાનું છે. એમ જાણતો રાગ થાય તેનો કર્તા થતો નથી. ‘આવા વસ્તુ સ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને પોતાના કરતો નથી...’ જોયું! પોતાની પર્યાયમાં યોગ્યતાથી ભલે થાય છતાં એ રાગ મારા છે એમ એ માનતો નથી. આહાહા..! છે? ‘વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને...’ એટલે એનો અર્થ એવો નથી, કે રાગ કર્મ કરાવે છે એમ અહીંયાં નહિ,

પણ રાગાદિક પરસંગને લઈને મારી પર્યાયમાં થાય (છે, એ) મારો સ્વભાવ નથી. એમ વસ્તુના સ્વભાવને જાણતો રાગ-દ્વેષ આદિનો કર્તા થતો નથી, એનો સ્વામી થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિ છોડાવી.

મુમુક્ષુ :– કર્યા કરે અને સ્વામી નહિ?

ઉત્તર :– એ સ્વામી નથી. પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે એટલે એનો સ્વામી નથી, એનો જ્ઞાતા છે.

મુમુક્ષુ :– જ્ઞાતા છે તો કરે કોણ?

ઉત્તર :– કોણ કરે? કરતો નથી. થાય છે એને જાણે છે.

મુમુક્ષુ :– કર્મ તો રાગ કરતું નથી.

ઉત્તર :– કર્મ પણ કરતું નથી અને એણે પણ કર્યું નથી. થયું છે તેને જાણે છે. પર્યાયમાં સ્વતંત્ર થયું છે તેને દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિથી જાણે છે.

મુમુક્ષુ :– કાર્ય છે તો કારણ કોણ?

ઉત્તર :– કોઈ કારણ-ફારણ નહિ. પોતે કારણ ને પોતે કાર્ય. એવું છે અહીં તો. વિકારના પરિણામ પોતે જ કારણ ને પોતે જ કાર્ય. ષટ્કારકમાં આવ્યું નહિ? કર્તા, કર્મ... કર્મ એટલે કાર્ય, કાર્ય પોતે ને કર્તા ય પોતે, કરણ પોતે ને સંપ્રદાન પોતે ને અપાદાન પોતે ને આધાર પણ પોતે. આહાહા..! આમાં કાંઈ ફેર પડે એવું નથી. આહાહા..!

મુમુક્ષુ :– ...કારણ-કાર્ય લઈએ..

ઉત્તર :– એ કારણ-કાર્ય નથી. પર્યાય કારણ ને પર્યાય કાર્ય.

મુમુક્ષુ :– તો એકલી પર્યાયની વાત છે?

ઉત્તર :– હા, પર્યાયની. દ્રવ્યદૃષ્ટિ થઈ એટલે એ જે કાર્ય થયું છે તેનો કર્તા નથી.

મુમુક્ષુ :– તેનો કર્તા કોણ?

ઉત્તર :– કર્તા કોઈ નથી. ઇ એની કર્તા ઇ. એનો આ જાણનાર (છે). પર્યાયનો કર્તા પર્યાય એનો આ દ્રવ્યદૃષ્ટિવાળો જાણનાર (છે). પર્યાયબુદ્ધિ ગઈ છે ને! આવી વાત છે, ભાઈ! આહાહા..! વીતરાગમાર્ગ... અનંત અનંત કાળ થયો. આહાહા..! ચોરાશીના અવતાર કરી કરીને ક્યાં નરક ને ક્યાં નિગોદ ને ઓહો..હો..! ક્યાં જંગલમાં વાઘ ને વરું ને વીંછી ને નાગ ને... આહાહા..! એવા અવતાર કરીને પાછા મરીને નરકે જાય. આહાહા..! એવા અનંત અનંત અવતાર કર્યા. એ દૃષ્ટિ–પર્યાયબુદ્ધિ, રાગ ને પુણ્ય ને પાપ મારા (માનવાને કારણે કર્યા). પર્યાયમાં છે એ બરાબર જાણે પણ મારા એ મારો સ્વભાવ નથી. થાય છે મારી પર્યાયમાં મારાથી, પણ પર્યાયબુદ્ધિ જ્યાં ઊડી ગઈ છે (ત્યાં એનો સ્વામી થતો નથી). આહાહા..!

ત્યાં તો એમ કહ્યું છે, પર્યાયબુદ્ધિ ગઈ છે એ તો બીજા આત્માઓને પણ પરમાત્મ

સ્વરૂપે જોવે છે. ભગવાન ચૈતન્ય સ્વરૂપ બધા છે, બિરાજે છે. કેમકે પોતાની પર્યાયબુદ્ધિ ગઈ એટલે બીજાની પર્યાયને ન જોતા એનું સ્વરૂપ જે છે, સચ્ચિદાનંદ પરમાત્મા શુદ્ધ આનંદનો નાથ બધા ભગવાન સ્વરૂપે બિરાજે છે, દ્રવ્યદૃષ્ટિએ ભગવાન છે (એમ જોવે છે). આહાહા..! ઇ આવ્યું નહિ? કહ્યું નહિ અપાયમાં? અપાયવિચયમાં. આહાહા..! સમકિતી ધર્મધ્યાનના અપાયવિચારમાં એવો વિચાર કરે કે, હું પણ અલ્પ કાળમાં મુક્તિને પામવાનો છું પણ આ બધા જીવો મુક્તિને પામો, આનંદને પામો એવી મારી ભાવના છે, કહે છે. મારી પવિત્ર ભાવના તો આ છે. આહાહા..! છે ને? 'દ્રવ્ય સંગ્રહ'માં બતાવ્યું હતું. 'દ્રવ્ય સંગ્રહ'માં છે. આહાહા..!

ત્યાં એક બાજુ એમ પણ કહ્યું, મુનિ ભાવલિંગી સંત છે, અરાગી વીતરાગદૃષ્ટિ છે. આહાહા..! જેને વીતરાગ તુલ્ય પણ કહ્યા, અરે..! 'નિયમસાર'ના કળશમાં વીતરાગ જેવા કહ્યા. એને પણ પ્રમત્તદશામાં કોઈ સ્વપ્નું આવી જાય તો દુઃસ્વપ્ન પણ આવી જાય તોપણ તેનો તે જ્ઞાતા ને દૃષ્ટા છે, તેનો કર્તા નથી. આહાહા..! મુનિ ભાવલિંગી અનંત આનંદ ઉછળી ગયા જ્યાં, પર્યાયમાં આનંદની ભરતી આવી છે. દરિયાને કાંઠે જેમ ભરતી આવે એમ આનંદસ્વરૂપી ભગવાન, અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ, એનો જ્યાં આશ્રય લીધો છે તેથી પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે. એને પણ કોઈ નિંદ્રા આવી જાય તો કહે છે કે સ્વપ્નામાં દુઃસ્વપ્ન આવી જાય. આહાહા..! ઇ 'દ્રવ્ય સંગ્રહ'માં કહ્યું છે. પ્રમાદ છે ને? પણ એ આવીને ખરી જાય છે. 'નિર્જરા અધિકાર'માં આવ્યું છે ને? ભાઈ! સુખ-દુઃખ થઈને ખરી જાય છે. બીજી ગાથામાં. પહેલી ગાથામાં દ્રવ્ય નિર્જરા, બીજી ગાથામાં ભાવ નિર્જરા. જ્ઞાનીને કર્મનો શાતા-અશાતાનો વિપાક આવે એટલે સુખ-દુઃખ તો થાય, પર્યાયમાં થાય એમ લીધું છે જ્ઞાનીને, પણ એ ખરી જાય છે. આહાહા..! નિર્જરાની બીજી ગાથા. આહાહા..!

આત્મા અનંત આનંદ સ્વરૂપ પ્રભુ, એની પર્યાયમાં રાગાદિ ભલે હો... આહાહા..! પણ દૃષ્ટિ જ્યાં દ્રવ્ય ને સ્વભાવ ઉપર હોવાથી તે રાગનો એ સ્વામી થતો નથી. આહાહા..! પોતાની પર્યાયથી થાય છે, પોતાથી થાય છે એમ માનવા છતાં વસ્તુની દૃષ્ટિની અપેક્ષાએ તે મારું સ્વરૂપ નથી. આહા..! એમ જાણતો તેનો સ્વામી એને કર્તા થતો નથી. આહાહા..!

એ અહીં કહે (છે), 'આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને પોતાના કરતો નથી...' જોયું? રાગાદિ થાય છે, પોતાની પર્યાયની નબળાઈને લઈને... આહાહા..! છતાં એ પોતાના કરતો નથી. વસ્તુ સ્વભાવની દૃષ્ટિએ જોતા એ વિકાર રાગાદિ દયા, દાનના પરિણામ આવે પણ ધર્મી તેને પોતાના માનતો નથી, એનો સ્વામી થતો નથી. આહાહા..! શુદ્ધ ચિદાનંદઘન જ્યાં સ્વામીપણે આવ્યો, પૂર્ણાનંદનો જ્યાં સ્વામી થયો ઇ રાંકાને સ્વામી કોણ કરે? આહાહા..! 'પોતાના કરતો નથી એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે'

इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन सः।
रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः।।१७६।।

આહાહા..! [ इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति ] એટલે? ભગવાનઆત્મા તો શુદ્ધ ચૈતન્યઘન પરમ અતીન્દ્રિય આનંદનો સાગર છે એમ ધર્મી જાણે છે. એમ જાણતા સ્વને જ્ઞાની જાણે છે. [ तेन सः रागादीन् आत्मनः न कुर्यात् ] 'તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી,...' તે રાગ મારો સ્વભાવ છે એમ એ માનતો નથી. એ મારું સ્વરૂપ નથી, એ વિકૃત છે, એ મારી ચીજ નહિ. આહાહા..! પોતાની પર્યાયમાં પોતાથી થાય છતાં દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ તેનો એ સ્વામી થતો નથી. આવી વાત છે, ભાઈ! છે? તેથી તે રાગદ્વેષને કરતો નથી, પોતાના કરતો નથી.

'તેથી તે (રાગાદિકનો) કર્તા નથી.' આ કારણે રાગદ્વેષનો કર્તા જ્ઞાની-ધર્મી નથી. જેને સચ્ચિદાનંદ પ્રભુ! અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનનો સાગર જ્યાં નજરમાં આવ્યો એવો જે આત્મા, એને કર્મ બિચારા કોણ? રાગાદિ પણ કોણ? એ મારું કર્તવ્ય નહિ, એવી દૃષ્ટિમાં તેનો કારક થતો નથી. (વિશેષ કહેશે..) (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)

જે વડે જણાય તે લક્ષણ કહીએ. જ્ઞાન વડે આત્મા જણાય છે, માટે જ્ઞાન વડે આત્મા નક્કી થાય છે. પુણ્ય-પાપાદિ કે શરીર આદિ જ્ઞાન વડે નક્કી કરવા યોગ્ય નથી પણ જ્ઞાન વડે આત્મા નક્કી કરવા યોગ્ય છે. જ્ઞાન લક્ષણ પુણ્ય-પાપનું કે દેવ-ગુરુ-શાસ્ત્રનું નથી. આ જ્ઞાન તો લક્ષ્ય એવા આત્માનું લક્ષણ છે, જ્ઞાન છે ત્યાં તેની સાથે અનંત ગુણો છે. જ્ઞાન જેનું લક્ષણ છે એવું નક્કી કરતાં અનંત ગુણોવાળો આત્મા નક્કી થાય છે. એ જ સાધ્ય છે.

(પરમાગમસાર-૬૪૧)

## ગાથા-૨૮૦

ण य रागदोसमोहं कुव्वदि णाणी कसायभावं वा।
सयमप्पणो ण सो तेण कारगो तेसिं भावाणं।।२८०।।
न च रागद्वेषमोहं करोति ज्ञानी कषायभावं वा।
स्वयमात्मनो न स तेन कारकस्तेषां भावानाम्।।२८०।।

यथोक्तं वस्तुस्वभावं जानन् ज्ञानी शुद्धस्वभावादेव न प्रच्यवते, ततो रागद्वेषमोहादिभावैः स्वयं न परिणमते, न परेणापि परिणम्यते, ततष्टङ्कोत्कीर्णैकज्ञायकभावो ज्ञानी रागद्वेषमोहादिभावानामकर्तैवेति प्रतिनियमः।

---

હવે, એ પ્રમાણે જ ગાથામાં કહે છે :-

કદી રાગદ્વેષવિમોહ અગર કષાયભાવો નિજ વિષે,
જ્ઞાની સ્વયં કરતો નથી; તેથી ન તત્કારક ઠરે. ૨૮૦.

ગાથાર્થ :- [ ज्ञानी ] જ્ઞાની [ रागद्वेषमोहं ] રાગદ્વેષમોહને [ वा कषायभावं ] કે કષાયભાવને [ स्वयम् ] પોતાની મેળે [ आत्मनः ] પોતામાં [ न च करोति ] કરતો નથી [ तेन ] તેથી [ सः ] તે, [ तेषां भावानाम् ] તે ભાવોનો [ कारकः न ] કારક અર્થાત્ કર્તા નથી.

ટીકા :- યથોક્ત (અર્થાત્ જેવો કહ્યો તેવા) વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી અને પર વડે પણ પરિણમાવાતો નથી, માટે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો અકર્તા જ છે - એવો નિયમ છે.

ભાવાર્થ :- આત્મા જ્ઞાની થયો ત્યારે વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો કે 'આત્મા પોતે તો શુદ્ધ જ છે - દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે, પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે'; માટે હવે જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી, ઉદયો આવે તેમનો જ્ઞાતા જ છે.

પ્રવચન નં. ૩૪૪ ગાથા–૨૮૦, શ્લોક–૧૭૭ મંગળવાર, કારતક સુદ ૧૦, તા. ૩૦-૧૦-૧૯૭૯

૨૮૦ ગાથા.

ण य रागदोसमोहं कुव्वदि णाणी कसायभावं वा।
सयमप्पणो ण सो तेण कारगो तेसिं भावाणं।।२८०।।

કદી રાગદ્વેષવિમોહ અગર કષાયભાવો નિજ વિષે
જ્ઞાની સ્વયં કરતો નથી; તેથી ન તત્કારક ઠરે. ૨૮૦.

ટીકા :– 'યથોક્ત (અર્થાત્ જેવો કહ્યો તેવા) વસ્તુસ્વભાવને...' આત્માનો સ્વભાવ જ્ઞાન અને આનંદ (છે). એમાં રાગ ને દ્વેષ ને વિકાર એના સ્વભાવમાં નથી. એનો ત્રિકાળી સ્વભાવ તો જ્ઞાનાનંદ શુદ્ધ પરમપારિણામિક જ્ઞાયકભાવ એવો જે વસ્તુનો સ્વભાવ, જ્ઞાન અને આનંદ એવો જે આત્માનો સ્વભાવ, એને જાણતો. વસ્તુસ્વભાવ એટલે વસ્તુ એટલે આત્મા. એનો સ્વ-ભાવ એટલે જ્ઞાન ને આનંદ. આહાહા..! જ્ઞાન અને આનંદ એ વસ્તુ આત્માનો સ્વભાવ (છે) એમ ધર્મી જાણતો. છે? 'જાણતો જ્ઞાની...' આહાહા..!

ધર્મની શરૂઆત અહીંથી થાય. આ દેહથી ભિન્ન ભગવાન પણ પુણ્ય ને પાપના વિકલ્પ એ રાગ એના સ્વાદથી પણ ભિન્ન ચીજ છે. એનો સ્વભાવ જ્ઞાન ને આનંદ (છે), એના સ્વાદને જાણતો, સ્વાદતો જીવ, એને જ્ઞાની કહીએ. આહાહા..! એને ધર્મી (કહીએ). આત્મા વસ્તુ જે ધર્મી, એનો જે જ્ઞાન ને આનંદ એવો ધર્મ, જે સ્વભાવ, ઇ વસ્તુસ્વભાવને જાણતો. આહાહા..! સંયોગને ને રાગને ને પર્યાયને જાણતો એમ નથી કહ્યું. એને ન જાણતો એટલે આને (–સ્વભાવને) જાણતો. આહાહા..!

જ્ઞાન ને આનંદ જેનું સ્વરૂપ છે, જે વસ્તુનો સ્વભાવ, વસ્તુ છે પ્રભુ આત્મા, એમાં વસેલા-રહેલા સ્વભાવ જ્ઞાન ને આનંદ ને ઈશ્વરતા વગેરે વગેરે જ્ઞાન-આનંદ સ્વભાવ એનો છે એને જાણતો. એને જાણતો 'જ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી...' આહાહા..! પોતે શુદ્ધસ્વભાવ જે જ્ઞાન ને આનંદ છે તેમાંથી, ધર્મી એને કહીએ, જ્ઞાની એને કહીએ, ધર્મની શરૂઆત કરનાર એને કહીએ, કે જે પોતાના શુદ્ધસ્વભાવ જ્ઞાનાનંદથી ચ્યુત થતો નથી. આહાહા..! આવી વાત છે.

આમાં ધર્મીને કરવું શું? કરવાનું એ, કે વસ્તુ જે છે આત્મા તત્ત્વ છે, પદાર્થ છે, અસ્તિ અસ્તિ તત્ત્વ છે, હોવાવાળો, ભાવવાળો સ્વભાવ છે. એનો સ્વભાવ જ્ઞાન ને આનંદ છે. એ જ્ઞાનને, આનંદને જાણવું અને જ્ઞાનને, આનંદને વેદવું એ જાણવાનો અર્થ ઇ છે.

જાણતો એટલે વેદતો. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! વસ્તુ યથોક્ત ભગવાન સર્વજ્ઞે કહી એવી આ ચીજ જે અંદર ચિદાનંદ પ્રભુ! જેમાં અતીન્દ્રિય આનંદનો રસ ભર્યો છે. એથી ધર્મી એ અતીન્દ્રિય આનંદના રસના સ્વાદમાં બીજાની કે રાગાદિની ક્રિયા એ કરતો નથી. રાગાદિની ક્રિયા રાગાદિ થાય ખરો પણ તેનો તે કર્તા થતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

'વસ્તુસ્વભાવને જાણતો...' યથોક્ત એટલે જેવો કહ્યો ભગવાને તેવો અનુભવતો. અતીન્દ્રિય આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે પ્રભુ! એવા અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેતો, અતીન્દ્રિય આનંદને વેદતો. આહાહા..! આવો ધર્મ (છે), 'માણેકચંદભાઈ'! આવી વાતું (છે). આહાહા..! વસ્તુસ્વભાવને અનુભવતો. જાણતો એટલે અનુભવતો. ભગવાનઆત્મા પ્રજ્ઞાબ્રહ્મ અને આનંદ, બ્રહ્મ એટલે આનંદ, પ્રજ્ઞા એટલે જ્ઞાન અને આનંદ. એ જ્ઞાન અને આનંદ જેનું ત્રિકાળી સ્વરૂપ (છે) એવા વસ્તુસ્વભાવને, વસ્તુસ્વભાવને અનુભવતો. આહાહા..! એ અતીન્દ્રિય આનંદને વેદતો. અતીન્દ્રિય આનંદ જે વસ્તુનો સ્વભાવ (છે) તેને અનુભવતો, તેના સ્વાદમાં મગ્ન રહેતો. આહાહા..!

'જે જ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી...' આહાહા..! સાકરના ગાંગડા છોકરાઓને થાળીમાં નાખે. એ ગાંગડાને અડે ત્યાં હાથના, થૂંક પણ અડે ને? મેલ અડે. ઇ પાણી જેવું થાય એમાં માંખી ચોંટે. એ સાકરના સ્વાદમાં ચોંટે અને પછી છોકરો લેવા જાય તો પાંખુ દબાય તોય છૂટે નહિ. તોય ઉખડે નહિ, ન્યાંથી નીકળે નહિ. કેમકે ઓલા સાકરનો સ્વાદ છે. આહાહા..! એમ આ ભગવાનઆત્મા...! અરે..રે..! એક બીડી પીવે ત્યાં એને (થઈ) જાય કે જાણે બસ..! એક પતરવેલીયાના શું કહેવાય? ભજીયા કે ચુરમાના લાડવા મળે ત્યાં આમ થઈ જાય છે, કે આ..હા..! અરે..! પ્રભુ! એ તો માટીના સ્વાદ છે. આહાહા..! અરે..! અંદર રાગ થાય એ પણ દુઃખનો સ્વાદ અને વસ્તુના સ્વભાવથી વિરુદ્ધ ભાવ (છે). એના સ્વાદમાં એને આત્માના સ્વાદની ખબર પડતી નથી. અને આત્માના સ્વાદની આગળ એ વસ્તુના સ્વભાવથી જ ચ્યુત થતો નથી. ઇ માખી એ સાકર ઉપર બેઠી (પછી) સ્વાદ (લેતી) ઊડતી નથી.

એમ આત્મા અતીન્દ્રિય આનંદ (સ્વરૂપ છે). એને–અતીન્દ્રિય આનંદને લેતો, ચૂસતો, સ્વાદ લેતો સમ્યગ્દર્શનમાં... આહાહા..! સ્વરૂપથી ચ્યુત થતો નથી. પોતાના આનંદના સ્વભાવના સ્વાદથી ચ્યુત થતો નથી. એના સ્વાદ આગળ રાગનો સ્વાદ એને દુઃખરૂપ અને આકુળતા લાગે છે. આહાહા..! એથી તે ધર્મી જીવ... આહાહા..! પોતાના સ્વભાવના સ્વાદથી જ ચ્યુત થતો નથી.

'તેથી...' તેથી... આહાહા..! 'રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે...' પુણ્ય ને પાપના ભાવ, શુભ-અશુભભાવ કે ભ્રમણા, એવા ભાવરૂપે 'પોતાની મેળે પરિણમતો નથી...' આહાહા..! કેમ કે આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ, તેના અસ્તિત્ત્વના સ્વાદની આગળ... આહાહા..! પોતાની

મેળાએ એ રાગ અને દ્વેષપણે પરિણમતો નથી. આહાહા..! જ્યાં અતીન્દ્રિય આનંદના પરિણમનના સ્વાદમાં આવ્યો (તો) એ પોતાની મેળાયે સ્વતઃ સુખરૂપ બુદ્ધિ છોડીને રાગ અને પુણ્ય-પાપના ભાવપણે પરિણમતો નથી. આહા..! આવું છે.

અરે..! જન્મ-મરણ રહિત... આહાહા..! પરમ દિવસ કહ્યું હતું ને? બે કૂતરા આમ તરફડીને મરી ગયા બિચારા. જુવાન લઠ જેવા હતાં. કોણ જાણે અંધારું હશે ખટારો લાગ્યો, નીચે આમ કચડાઈ ગયા. આહાહા..! દેહ અને રાગ તે હું (એવી બુદ્ધિમાં) રાગ વિનાની ચીજની ખબર ન મળે. એ રાગ ને દેહમાં ભીંસાઈ ગયા અને દેહ છૂટે તો જ્યાં આગળ મમતા (થાય) એવા દેહમાં જન્મે. આહાહા..!

અહીં કહે છે, કે ધર્મી જીવ–એવો ધર્મી એવો જે આત્મા, એનો ધર્મ એવો જે જ્ઞાન, આનંદ, ઈશ્વરતા, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એના સ્વાદને લેતો પોતાના સ્વરૂપથી ચ્યુત થતો નથી. એથી તે પોતાના સ્વરૂપથી વિરુદ્ધ એવા રાગ-દ્વેષરૂપે થતો નથી. આવી વાતું છે, ભાઈ! આહા..!

'તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી...' પોતાના સ્વભાવમાંથી ખસતો નથી એથી પોતાની મેળાએ રાગરૂપે થતો નથી. 'અને પર વડે પણ પરિણમાવાતો નથી,...' આહાહા..! અમસ્તુ પણ પર વડે પરિણમાવાતો તો છે જ નહિ પણ અહીં પોતે પોતા વડે થતો નથી તેથી પર વડે થતો નથી. આહાહા..! જન્મ-મરણ રહિત (થવાના માર્ગ કોઈ જુદા છે). આહાહા..! દુનિયાના સ્વાદમાં, વિષયના સ્વાદમાં, માનના સ્વાદમાં, આબરુના સ્વાદમાં, પૈસાના કરોડોના ઢગલા થતા હોય ત્યાં એની મીઠાશના અભિમાનમાં... આહાહા..! સ્વરૂપથી ચ્યુત થઈ ગયો છે. પોતાના સ્વભાવની અતીશયતા છોડી અને બીજી ચીજોની જેને અતીશયતા, વિશેષતા, વિસ્મયતા જેને ભાસે છે તે સ્વરૂપથી ચ્યુત થયો છે. આહાહા..! અને એ અજ્ઞાન ને રાગ-દ્વેષપણે થાય છે.

જ્ઞાની ધર્મી સ્વભાવમાંથી ચ્યુત થતો નથી. એવો ભગવાન ચૈતન્ય ચિંતામણિ રત્ન હાથ આવ્યું એની આગળ હવે કાંકરાની કિંમત શી? આહાહા..! ભગવાનઆત્મા ચૈતન્ય ચિંતામણિ રત્ન, અતીન્દ્રિય આનંદનો સાગર જેનો સ્વભાવ તેને હદ શી? તેને મર્યાદા શી? ભગવાનઆત્માનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ... આહાહા..! એવા સ્વભાવની હદ નહિ, મર્યાદા નહિ, પરિમિતતા નહિ. જેનો સ્વભાવ એને હદ શી? એવો બેહદ સ્વભાવ ભગવાનઆત્મા, એ સ્વાદનો રસીલો જીવ... આહાહા..! રાગના રસપણે પોતે તો પરિણમતો નથી પણ બીજા વડે પરિણમાવાતો નથી. પરિણમતો નથી (તો) બીજા વડે પરિણમાવાય શી રીતે? આહાહા..! અમસ્તુ પણ બીજા વડે કાંઈ પરિણમાવાતો નથી પણ અહીં સિદ્ધ એ કરવું છે. આહાહા..! આવો ધર્મ, જૈનધર્મ આવો (છે). ઓલા કહે, દયા પાળો ને એકેન્દ્રિયની દયા પાળો, વ્રત કરો ને અપવાસ કરો. બાપુ! ભગવાન એ બધી

ક્રિયાઓ રાગ છે, એ દુઃખ છે, આકુળતા છે. ભગવાન તો અનાકૂળ આનંદનો સાગર, એના જેને સ્વાદ આવ્યા, (એ) પોતે તો પોતાની મેળાએ કરતો નથી, બીજો કરાવી શકતો નથી. એને રાગનો સ્વાદ જ આવતો નથી. આહાહા..! રાગ આવે એને દુઃખરૂપ જાણીને એને છોડે છે. આહાહા..! આવો ધર્મ.

ઇચ્છામિ પડિકમ્મણા, તત્સૂતરી કરીને સામાયિક થઈ ગઈ, લ્યો! બાપુ! સામાયિક કોઈ અલૌકિક વાતું છે, ભાઈ! સામાયિકમાં તો આત્માના આનંદનો સ્વાદ આવે, સમતાનો સ્વાદ આવે. આહા..! પણ એ સમતા પોતે ચીજ સ્વાદ સ્વરૂપ એને જેણે જાણી નથી, જોઈ નથી, અનુભવી નથી એને એનો સ્વાદ ક્યાંથી આવે? એ સામાયિકના નામમાં બેઠો હોય તોય રાગની આકૂળતાને વેદતો હોય છે. આહાહા..!

એ 'પર વડે પરિણમાવાતો નથી, માટે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની...' ટંકોત્કીર્ણ એટલે શાશ્વત ભગવાન અંદર શાશ્વત વસ્તુ-નિત્ય વસ્તુ, એવી નિત્ય-શાશ્વત વસ્તુ એક જ્ઞાયકભાવ સ્વરૂપ, એ તો એક જ્ઞાયકભાવસ્વરૂપ છે. જાણક સ્વભાવ એકરૂપ જાણક ત્રિકાળ સ્વભાવ... આહા..! એને 'જ્ઞાની રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો અકર્તા જ છે...' 'એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની...' આહા..હા..! બહુ ગાથા (સારી આવી છે). માટે શાશ્વત એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની. જાણન સ્વભાવ એવો નિત્ય પ્રભુ આત્મા, એવો જે ધર્મી-જ્ઞાની એ 'રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો અકર્તા જ છે...' એ રાગ-દ્વેષના પરિણામ થાય એનો એ કર્તા નથી, એનો એ રચનાર નથી, એનું એ કર્તવ્ય નથી, તેનું એ કાર્ય નથી. આહાહા..! આવી વાતું છે. ધર્મીના આનંદના, સ્વાદના કાર્ય આગળ રાગનું કાર્ય એનું નથી. આહાહા..! ધર્મીને તો અતીન્દ્રિય જ્ઞાયકભાવ એક સ્વભાવરૂપ ભાવ જેને દૃષ્ટિમાં આવ્યો એના કાર્યમાં તો જ્ઞાતા, દૃષ્ટા ને આનંદ એના કાર્ય હોય છે. એનું કાર્ય રાગ અને પુણ્ય-પાપના પરિણામ એ એનું કર્તવ્ય નથી. આહાહા..! આકરી વાતું છે, ભાઈ!

ધર્મ તો એવી ચીજ છે અત્યારે તો સાધારણ થઈ પડી છે. એક જાત્રા કરે ત્યાં થઈ ગયો ધર્મ. 'ગીરનાર' ગયા ને 'પાલીતાણા' ગયા, હવે એવી તો અનંતવાર કરી છે, સાંભળને! અનંતવાર જાત્રા કરી ને અનંતવાર દયાઓ પાળી ને અનંતવાર વ્રત પાળ્યા ને અનંતવાર ભક્તિ કરી, એ બધો રાગ છે. એ રાગ વિનાનો ભગવાન અંદર જે ચિદાનંદ પ્રભુ છે.. આહાહા..! એના સ્વભાવનું જેને જ્ઞાન નથી એ રાગનો કર્તા થઈ અને મિથ્યાત્વને સેવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ ચાર લીટીમાં આટલું ભર્યું છે. લ્યો!

'એવો નિયમ છે.' છે? આહાહા..! ધર્મી એને કહીએ, કે ભલે આઠ વર્ષની બાળીકા હોય શરીર, પણ જેણે આત્મા આનંદનો નાથ પ્રભુ ચૈતન્યનું ભાન કર્યું છે, જેણે આત્મા જ્ઞાયક સ્વભાવને જાણ્યો, અનુભવ્યો છે એ જ્ઞાયકના સ્વાદ આગળ એને રાગ-દ્વેષ ને મોહનું કર્તવ્ય એનું છે નહિ. એનું કર્તવ્ય તો જાણવું, દેખવું ને આનંદ એ એનું કર્તવ્ય છે. આહાહા..!

સમજાણું કાંઈ? ઝીણી વાતું છે, ભાઈ! આ તો બહારમાં કુદકા મારવા ને આ કરવું ને આ કર્યું ને રાગડા તાણ્યા ને સ્તુતિઓ કરી ને ભક્તિઓ કરી ને પાંચ-પચીસ લાખ ખર્ચ્યા ને માટે ધર્મ થઈ જાય (એમ નથી). ધર્મ-બરમ એમાં નથી. આહાહા..!

ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવે સત્ શાશ્વત, ટંકોત્કીર્ણ કહો કે શાશ્વત કહો, એવો એક જ્ઞાયકસ્વભાવરૂપ પ્રભુ, એને ભગવાને આત્મા કહ્યો. એને જેણે જોયો ને જાણ્યો ને અનુભવ્યો, એ એના સ્વાદ આગળ રાગના સ્વાદને લેતો નથી. રાગ આવે છે તેને એ જાણે છે. આહાહા..! આવી વાતું છે. જન્મ-મરણ મુકવાની ધર્મની રીત આવી છે, બાપા! આહાહા..!

ભાવાર્થ :– 'આત્મા જ્ઞાની થયો ત્યારે...' આહાહા..! આ દેહ તો માટી છે, ધૂળ છે. અંદર કર્મ છે એ જડ છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય તે વિકાર ને રાગ ને દુઃખ છે. આહાહા..! એનાથી આત્મા ભિન્ન છે એમ (જાણીને) જ્ઞાની થયો ત્યારે પોતાના સ્વરૂપને શુદ્ધ ચૈતન્ય આનંદકંદ, અતીન્દ્રિય આનંદનું દળ, અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ એવો જે આત્મા તેનું જેને જ્ઞાન થયું 'ત્યારે વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો...' આહાહા..! 'કે આત્મા પોતે તો શુદ્ધ જ છે...' વસ્તુ પોતે શુદ્ધ છે, ત્રિકાળ નિરાવરણ છે, ત્રિકાળ એક અખંડ સ્વરૂપ છે, શુદ્ધ પરમપારિણામિક ભાવરૂપ એવું નિજ પરમાત્મદ્રવ્ય તે અખંડ છે. આહાહા..! આત્મા પોતે શુદ્ધ જ છે એમ જાણ્યું. વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો, કે આત્મા તો શુદ્ધ પવિત્ર પવિત્રનો પિંડ છે એ તો. આહાહા..! એકલા પવિત્રના (પિંડ), અનંતા ગુણો પવિત્રતાના પિંડ પડ્યા છે. આહાહા..! એવો જાણ્યો.

તે 'દ્રવ્યદષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે,...' શું કીધું? એ વસ્તુ છે એવી દષ્ટિએ જોઈએ તો તેમાં પરિણમન, બદલવું એમાં છે જ નહિ. એ તો ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ભગવાન નિત્ય પ્રભુ કાયમ એકરૂપ છે. આહાહા..! દષ્ટિનો–સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શન જે પ્રથમ ધર્મ, એનો વિષય તે દ્રવ્ય તે દ્રવ્યદષ્ટિએ તો એકરૂપ ત્રિકાળ છે. એ દ્રવ્ય છે એ પરિણમતું નથી. પરિણમે છે તે પર્યાય છે. પલટે છે, બદલે છે એ પર્યાય છે. નહિ બદલતું, નહિ પલટતું એ દ્રવ્ય–વસ્તુ જે ત્રિકાળ એ એકરૂપ છે. આહાહા..! આવો ક્યાંથી ધર્મ કાઢ્યો? એ..ઇ..! કેટલાક એમ કહે છે, 'સોનગઢ'વાળાએ નવું કાઢ્યું. અરે..! પ્રભુ! અનાદિનો પ્રભુનો માર્ગ આ છે, ભાઈ! આહા..! 'સીમંધર' ભગવાન વર્તમાન બિરાજે છે ત્યાં આ વાત કરી રહ્યા છે ને એ વાત અહીં આવી છે. આહાહા..! અહીં તો જરીક જાત્રા કરી ને ભક્તિ કરી ને પૂજા કરી ને વ્રત પાળ્યા, શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું (તો માને કે) થઈ ગયો ધર્મ, લ્યો! ધૂળેય ધર્મ નથી સાંભળને. આહાહા..!

અતીન્દ્રિય આનંદનો નાથ, એવી દ્રવ્યદષ્ટિએ તો પરિણમન જ નથી જેમાં. પરવસ્તુ તો એમાં નથી, દેવ-ગુરુ-શાસ્ત્ર એ દ્રવ્યમાં તો નથી, પર્યાયમાં પણ નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર,

સ્ત્રી, કુટુંબ, પરિવાર કાંઈ પર્યાયમાં પણ નથી. આહાહા..! એ પર્યાયમાં એ નથી પણ પર્યાયમાં રાગ-દ્વેષ ને પલટન છે પણ એ પરિણમન છે એ ત્રિકાળી દ્રવ્યમાં નથી. આહાહા..! આવી ચીજ (છે). હવે આમાં નવરા થઈને ક્યારે (નિર્ણય કરે)? આ હોળી બહારની, એમાં પાંચ-પચાસ લાખ ભેગા થાય એટલે જાણે.. આહાહા..! સલવાય ગયા અંદર. આહા..!

મુમુક્ષુ :- પુણ્ય હોય તો ભેગા થાય.

ઉત્તર :- પુણ્ય ધૂળમાં ય નથી ન્યાં. એ..ઇ..! આહાહા..!

દ્રવ્યદષ્ટિએ-ભગવાનઆત્માના ત્રિકાળી દ્રવ્ય સ્વભાવની દષ્ટિએ જોઈએ તો તેમાં રાગ-દ્વેષ તો નથી, પરવસ્તુ તો નથી પણ તેમાં પરિણમન પણ નથી. આહાહા..! એ દ્રવ્ય છે તે દષ્ટિનો વિષય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ બહારની વસ્તુની હોંશુંમાં જીવન ચાલ્યા જાય છે. આહા..! અને મરીને પાછા ક્યાં ના ક્યાં અવતરશે. આહા..! એ વંટોળીયાના તરણા ઊડીને ક્યાં પડશે? એમ જ્યાં આત્માના ભાન નથી એ મિથ્યાત્વમાં પડ્યા છે. એ મિથ્યાત્વના વંટોળીયે ક્યાં ચોરીશીના અવતારમાં અવતરશે? આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! એકવાર વાત સાંભળ. તારો જે આત્મા છે વસ્તુ ત્રિકાળી જે દ્રવ્ય જેને કહીએ, દ્રવ્ય એટલે વસ્તુ, આહાહા..! એ વસ્તુમાં તો આ પલટન પર્યાય પરિણમે છે તે એનામાં નથી તો પછી બીજી ચીજ તો ક્યાં રહી? આહાહા..! રાગ અને દ્વેષ ને દયા ને દાનના પરિણામ એ તો પર્યાયમાં છે, વસ્તુમાં એ છે નહિ. આહાહા..! સમજાય એવું છે, હોં! આહા..! અરે..! આવા ટાણા ક્યારે મળે? ભાઈ! મનુષ્યપણા વિખાય જાશે. એ ક્યાં જઈને અવતરશે એના ઠેકાણા નથી, ભાઈ! પાછા મનુષ્યપણું ક્યારે પામશે? આહાહા..!

'દ્રવ્યદષ્ટિએ...' આહાહા..! છે? દ્રવ્યદષ્ટિએ એટલે? દ્રવ્ય એટલે આ પૈસો નહિ, હોં! એક જણો એમ કહેતો હતો, 'દ્રવ્યદષ્ટિ તે સમકિતદષ્ટિ'. આપણે ત્યાં હતો ને? આવ્યો હતો, 'થાન'વાળો 'માણેકચંદ'. (એ કહે), આ 'દ્રવ્યદષ્ટિ તે સમ્યગ્દષ્ટિ'. અહીં બધા પૈસાવાળા બહુ આવે. 'નાનાલાલભાઈ' બધા કરોડોપતિ એના સગા. આ બધા પૈસાવાળા ઇ સમકિતદષ્ટિ? અરે..રે..! જૈનમાં જન્મ્યા એને હજી દ્રવ્યદષ્ટિ કોને કહેવી એની ખબર ન મળે. દ્રવ્ય એટલે આ પૈસો, ધૂળ (એમ માને).

અહીં તો દ્રવ્ય એટલે આત્મા જે ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ! આદિ અંત વિનાનો અનાદિ અનંત નિત્યાનંદ, જેમાં પરિણમન-બદલવું પણ નથી. આહાહા..! જેમાં પર્યાયની પણ નાસ્તિ અભાવ છે. આહાહા..! એમાં સંસાર ને બહારની ચીજનો તો અભાવ છે જ પણ પર્યાય નિર્મળ હોય એની પર્યાયનો પણ દ્રવ્યમાં અભાવ છે. આહાહા..! આવો ધર્મ ક્યાંથી (કાઢ્યો)? ઓલા કહે, દેવ-ગુરુની ભક્તિ કરો, બીજા કહે, દાન કરો, મોટા દાન આપો, લાખો રૂપિયા (આપો).

મુમુક્ષુ :- ગરીબ દાન ક્યાંથી આપે?

ઉત્તર :– પણ દાનમાં શું છે? દાન તો આ છે. અતીન્દ્રિય આનંદનો નાથ, એમાં સંપ્રદાન નામનો ગુણ પડ્યો છે. આત્મામાં એક સંપ્રદાન નામનો ગુણ છે. એ દ્રવ્ય સ્વભાવ છે. એનો આશ્રય કરતાં જે નિર્મળ પર્યાય થાય ને પોતે રાખે તે દાન છે. આહા..! અહીં તો આ વાત છે. આ 'ભભૂતમલે' સવા લાખ આપ્યા તો જાણે અંદરમાં શું થયું! ન્યાં એણે 'બેંગલોર'માં મંદિર બનાવ્યું એમાં આઠ લાખ આપ્યા હતા. 'ભભૂતમલ' 'પાલીતાણા' ગયા છે ને? બપોરે આવશે. એણે આઠ લાખનું મંદિરમાં દાન આપ્યું. અહીં સવા લાખ તમને આપ્યા આમાં. અરે..! કરોડ આપે કે પાંચ કરોડ આપે, ન્યાં ધર્મ ક્યાં છે એમાં? આહાહા..! આણે લાખ રૂપિયા આપ્યા છે. પહેલા આપ્યા હતા, બીજા આપ્યા. આહાહા..!

મુમુક્ષુ :– અમારે કેવી રીતે આપવા.

ઉત્તર :– પણ છે ક્યાં તે આપે. એમ આત્મામાં છે નહિ ને આપે-લે કોણ? આહાહા..! અહીં તો ભગવાન શુદ્ધ સ્વરૂપનું ગ્રહણ અને રાગનો ત્યાગ તે પણ પર્યાયમાં છે. વસ્તુમાં ગ્રહણ ત્યાગ એ કાંઈ નથી, વસ્તુ તો વસ્તુ ત્રિકાળ છે. આહાહા..! નિત્યાનંદ પ્રભુ અનાદિ અનંત અનાદિનો છે, અનંતકાળ રહેનારો છે. જેમાં દ્રવ્ય એટલે વસ્તુથી જોઈએ તો તેમાં પરિણમવું, બદલવું એમાં છે જ નહિ. આહાહા..! તો એમાં વળી આ શરીર ને વાણી ને મન ને આ બધા ધૂળ ને એ તો એની પર્યાયમાં પણ નથી. આહાહા..! શરીર, કર્મ, પરદ્રવ્ય, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ એની પર્યાયમાં એ વસ્તુ નથી. આહાહા..! એની પર્યાયમાં રાગ ને દ્વેષ ને વિકાર આદિ છે પણ તે વિકાર આદિ પર્યાય તે દ્રવ્યમાં નથી. આહાહા..! અરે..! દ્રવ્યદૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન થયું એ સમ્યગ્દર્શનની પર્યાય પણ દ્રવ્યમાં નથી. આહાહા..! આવી ચીજ છે.

હવે આમ જુવાન માણસ હોય, ઊગીને ઉભા થતાં હોય. પંદર, વીસ, પચ્ચીસ વર્ષની ઉંમર જુવાન (હોય), એમાં પાંચ-પચીસ લાખની પેદાશ હોય.. આહાહા..! ફાટીને જાણે ગધેડા થઈ ગયા મોટા! મોટા બળદ ભાર ઉપાડે બધા. આહાહા..! બપોરે કહ્યું હતું ને, કે રાગ અને દ્વેષ આદિ. એ અજીવ છે એ મારા થાય તો હું અજીવ થઈ જાઉં. 'નિર્જરા અધિકાર'માં છે. આહાહા..! એ મારામાં નથી.

હું તો જીવ ચૈતન્યસ્વરૂપી ચૈતન્ય ચિંતામણિ રત્ન, જેની કિંમતું કેવળી પણ વાણીમાં પૂર્ણ કહી શકે નહિ. એવો જે ભગવાન દ્રવ્ય સ્વભાવ આહા..! એની દૃષ્ટિએ, 'દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે,...' આહાહા..! એ કહ્યું હતું ને ત્યાં તે દિ'? આ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં આવ્યું છે. આ કહ્યું, અપરિણમનસ્વરૂપ છે. આ કહ્યું એણે 'લાલભાઈ'એ આમાં નાખ્યું છે. 'સોગાની'નું 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'. એમાં આ અપરિણમનનો આધાર અહીંથી આપ્યો. કીધું, ભઈ! દ્રવ્ય છે એ તો અપરિણમનસ્વરૂપ છે. એમાં છે, છે ને એમાં? ખબર છે? વાંચ્યું છે કે નહિ? 'પ્રવીણભાઈ'! વાંચ્યું હશે. આ ચોપડા વાંચવામાં રસ હોય એવો આમાં રસ

ન મળે. આહાહા..!

'દ્રવ્યદૃષ્ટિએ...' આહાહા..! શું વાત કરી છે ને! ભગવાન ધ્રુવ ચૈતન્ય પ્રભુ, નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... અનાદિ અનંત નિત્ય. જેની ઉત્પત્તિ નથી, જેનો નાશ નથી પણ જેમાં પરિણમન નથી. આહાહા..! જેમાં પલટવાની દશા પણ નથી. એવો નિત્યાનંદ ધ્રુવ ભગવાન, નિત્યાનંદ પ્રભુ આત્મા... આહાહા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..!

'પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી...' ત્યારે હવે કહે છે, કે પર્યાયમાં શું થાય છે? કે, 'પર્યાયદૃષ્ટિએ...' એટલે વર્તમાન પરિણમનની દૃષ્ટિએ 'પરદ્રવ્યના નિમિત્તથી...' ઉપાદાન પોતાનું, નિમિત્ત તો પરદ્રવ્ય. 'રાગાદિરૂપે પરિણમે છે;...' પર્યાયમાં રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, દયા, દાનપણે થાય છે. આહાહા..! દ્રવ્યદૃષ્ટિમાં તો પર્યાય નથી પણ પર્યાયમાં પરદ્રવ્યનું નિમિત્ત (છે) અને થાય છે પોતાને કારણે. આહાહા..! પર્યાયમાં રાગ અને દ્વેષ ને પુણ્ય ને પાપ, દયા ને દાન, કામ ને ક્રોધ એ એની પર્યાયમાં થાય છે, પરિણમે છે, પર્યાયમાં પરિણમે છે. 'માટે હવે જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી,...' કેમ કે જ્યાં દ્રવ્યદૃષ્ટિ થઈ... આહાહા..! જ્ઞાનાનંદ પ્રભુ આત્મા નિધાન જ્યાં જોયા, એ નિધાનની દૃષ્ટિએ રાગ-દ્વેષરૂપે પોતે પરિણમતો નથી, કે મારામાં રાગ-દ્વેષ (છે) એમ પરિણમતો નથી. થાય છે તેને એ જાણે છે. આહાહા..! આવી વાતું છે.

અરે..! જીંદગી ચાલી જાય છે, આયુષ્ય તો ઘટતું જાય છે. મુદત જેટલી દેહની, મૃત્યુની છે તે સમયમાં વધારો થવાનો નથી કાંઈ. ઠામુકું જેટલા દિવસ જાય એટલા મૃત્યુની સમીપ જાય છે. દેહ છૂટવાના મૃત્યુની સમીપ દેહ, આયુષ્ય જાય છે. આહાહા..! એમાં કહે છે, કે પ્રભુ! તું એકવાર દ્રવ્યને જો, દ્રવ્યને માન તો ખરો. આહા..! તારું તત્ત્વ કેવડું ને કેટલો ચિંતામણિ રત્ન પડ્યો છે ઇ. આહાહા..! એને જો તો ખરો. એની દૃષ્ટિએ જોઈએ તો એમાં પર્યાય નથી. હવે પર્યાય છે એ પરદ્રવ્યના નિમિત્તથી રાગ-દ્વેષપણે હો.. આહાહા..! પણ તે ભાવોનો કર્તા જ્ઞાની થતો નથી. આહાહા..! એ રાગ થાય છે, રાગ આવે છે, રાગ હોય છે પણ તેને પોતાના જ્ઞાનમાં રહી અને રાગ છે માટે જાણે છે એમ નહિ, જ્ઞાનમાં રહીને જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે તેથી તે રાગને જાણે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! આવું સ્વરૂપ છે.

અરે..! સાંભળવા મળે નહિ. આ મનુષ્ય દેહ ચાલ્યો જાય છે. આહા..! કેટલાક તો જુવાન માણસો બિચારા ઊડી જાય છે. નાની નાની બાયું છે ને? વીસ વીસ વર્ષની બાયું પણ ઊડી જાય, ફડાક દઈને! કાંઈક રોગ થયો ને કાંઈક આ ઊલટી થઈ ને કાંઈક આમ થયું. આહાહા..! પણ એ તો દેહ નાશ થાય છે અંદર ભગવાન ક્યાં નાશ થાય છે? ભગવાન તો અંદર નિત્યાનંદ પ્રભુ છે. આહાહા..! એની દૃષ્ટિ કર તો પર્યાયમાં રાગ-દ્વેષ થાય તેનો કર્તા નહિ થતા જાણનાર રહીશ, એમ કહે છે. આહાહા..! આ પરનો હીરા, માણેકનો કર્તા

તો નહિ. હીરા, માણેકપણે તો પરિણમતો પણ નથી. રાગ અને દ્વેષપણે પરિણમે છે. પણ જ્યાં આનંદના સ્વાદ આગળ એ રાગના સ્વાદને આકૂળતા જાણીને તેનો કર્તા થતો નથી. આહાહા..! એ વ્રતના, દયાના પરિણામ આવ્યા, ભક્તિના પરિણામ રાગ આવ્યો તેનો કર્તા થતો નથી. પોતાના જ્ઞાનમાં રહી અને તેને અડ્યા વિના પોતે પોતાને અને પરને જાણે છે. આહાહા..! આવું સ્વરૂપ છે. ક્ષણમાં દેહ ઊડી જાય છે. કાંઈ નક્કી કરીને નહિ આવે કે જુઓ! હું મૃત્યુ કાલે આવીશ હોં! એમ પહેલા કહીને આવે? આહાહા..!

'જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી, ઉદયો આવે તેમનો જ્ઞાતા જ છે.' જ્ઞાતા જ છે. આહાહા..! ધર્મીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોવાથી જ્ઞાન ને દર્શન ને આનંદની પર્યાયે પરિણમતો એ રાગપણે પરિણમતો નથી, રાગને જાણનાર રહે છે. આહાહા..!

## શ્લોક–૧૭૭

(अनुष्टुभ्)

इति वस्तुस्वभावं स्व नाज्ञानी वेत्ति तेन सः।
रागादीनात्मनः कुर्यादतो भवति कारकः।।१७७।।

'આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી તેથી તે રાગાદિક ભાવોનો કર્તા થાય છે' આવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક હવે કહે છે :–

શ્લોકાર્થ :– [ इति स्वं वस्तुस्वभावं अज्ञानी न वेत्ति ] એવા પોતાના વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી [ तेन सः रागादीन् आत्मनः कुर्यात् ] તેથી તે રાગાદિકને (-રાગાદિભાવોને) પોતાના કરે છે, [ अतः कारकः भवति ] તેથી (તેમનો) કર્તા થાય છે. ૧૭૭.

### શ્લોક–૧૭૭ ઉપર પ્રવચન

'આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી...' હવે ઊલટુ લે છે. આવા વસ્તુસ્વભાવને (અર્થાત્) દ્રવ્ય સ્વભાવ જ્ઞાયકમૂર્તિ આનંદ પ્રભુ! એકલો અતીન્દ્રિય આનંદના રસનો દળ. આહાહા..! મેસુબનું ચોસલું જેમ હોય એમ આ અતીન્દ્રિય આનંદનું ચોસલું પ્રભુ ધ્રુવ છે.

આહાહા..! એવા અતીન્દ્રિય આનંદના સ્વભાવને નહિ જાણતો અજ્ઞાની. 'તેથી તે રાગાદિક ભાવોનો કર્તા થાય છે...' વસ્તુને જાણી નથી તેથી તેનાથી વિરુદ્ધ ભાવનો એ કર્તા થાય છે. આહાહા..! મેં રાગ કર્યો ને મારે રાગનું ફળ આવશે ને એમાંથી પુણ્ય બંધાશે ને મારે ભવિષ્યમાં સામગ્રી સારી મળશે ને સંયોગો મળશે રખડવાના.. આહાહા..! ઝીણી વાત બહુ, બાપુ! આહાહા..! 'રાગાદિક ભાવોનો કર્તા થાય છે' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક હવે કહે છે :–' શ્લોક ૧૭૭.

इति वस्तुस्वभावं स्वं नाज्ञानी वेत्ति तेन सः।
रागादीनात्मनः कुर्यादतो भवति कारकः।।१७७।।

આહાહા..! શ્લોકાર્થ :– [ इति स्वं वस्तुस्वभावं अज्ञानी न वेत्ति ] 'એવા પોતાના વસ્તુસ્વભાવને...' ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર પ્રભુ! આહાહા..! દરિયો જેમ પાણીથી ભર્યો છે એમ ભગવાન આનંદ ને જ્ઞાન આદિ સ્વભાવથી પૂર્ણ ભર્યો છે. એવા 'વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી...' તે તરફ મોઢું કર્યું નથી. એની સન્મુખ થઈને (જોતો નથી). પરથી વિમુખ થયો નથી. આહા..! અનાદિથી સ્વથી વિમુખ થઈને પરથી સન્મુખ થયો છે. આહાહા..! વસ્તુસ્વભાવને અજ્ઞાની (જાણતો નથી). વસ્તુનો સ્વભાવ તો શુદ્ધ ચૈતન્ય રત્ન.. આહાહા..! પરમાનંદનો મણિ.. મણિ–હીરો મોટો પ્રભુ! દિવ્ય શક્તિ, ચૈતન્યદેવ! એવા ચૈતન્યદેવને નહિ જાણતો. આહાહા..!

[ तेन सः रागादीन् आत्मनः कुर्यात् ] 'તેથી તે રાગાદિકને (-રાગાદિભાવોને) પોતાના કરે છે,...' જે જાણવામાં આવ્યું નથી તેને પોતાનું કરે ક્યાંથી? જાણવામાં રાગ અને દ્વેષ આવ્યો તે તેને પોતાના કરે છે. આહા..! શું કહ્યું ઇ? ભગવાન ચિદાનંદમૂર્તિ આનંદનો નાથ અંદર બિરાજે છે. અતીન્દ્રિય અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ગુણોનો સાગર, એ જેણે જોયો નથી, જાણ્યો નથી, માન્યો નથી, આદર્યો નથી એ એને શી રીતે અનુભવે? એનો અજાણ જીવ પછી રાગ ને દ્વેષ ઉપર દૃષ્ટિ છે, એને એ કરે. આહાહા..! એ પુણ્ય ને પાપ, દયા ને દાન, કામ ને ક્રોધના પરિણામનો કર્તા થાય. કાંઈક તો કર્તા તો રચે તો ખરો. આ સ્વરૂપ છે એનું કર્તાપણાનું ભાન નથી ત્યારે અહીં કર્તા થાય. આહાહા..!

એક તો ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ! એનો આદર છોડીને, અનાદર કરીને, એનામાં– વસ્તુના સ્વભાવમાં નથી એવા પુણ્ય ને પાપ વિકારનો આદર એને કરીને તેનો તે કર્તા થાય છે. આવી વાત છે. આહાહા..! ભાવ તો (ગંભીર) છે. ભાષા કોઈ એવી આકરી નથી. આહાહા..! એ વસ્તુના પોતાના એમ શબ્દ છે ને? 'પોતાના વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી...' પોતે જે જ્ઞાનાનંદ સહજાત્મ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો મણિ, દેવ, દિવ્યશક્તિ દેવ, તેને તો એ જાણતો નથી. તેથી પામર, રાંક, રાંકા એવા પુણ્ય ને પાપના પરિણામનો એ કર્તા થાય છે. બાદશાહને ભૂલી જઈને રાંકનો કર્તા થાય છે. આહાહા..! આવું ક્યાં ન્યાં

'મુંબઈ' સંભળાય એવું છે ન્યાં? આહાહા..! બહુ આકરું કામ, બાપા!

એ વસ્તુસ્વભાવને નહિ જાણતો. પોતાનું સ્વરૂપ છે ને? એવા 'પોતાના વસ્તુસ્વભાવને...' પોતે ભગવાન આનંદ સાગર છે અંદર, અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ ને અતીન્દ્રિય પ્રભુથી ભરેલો, ઈશ્વરથી ભરેલો ભગવાન, અનંતી ઈશ્વરતા ગુણથી ભરેલો ભગવાન પોતે ઈશ્વર છે, અનંત ગુણનો ઈશ્વર છે. એવો જે પોતાનો સ્વભાવ એને અજ્ઞાની જાણતો નથી [ तेन सः रागादीन् आत्मनः कुर्यात् ] 'તેથી તે,...' તેથી તે. આને જાણતો નથી તેથી તે. આહાહા..! પુણ્ય ને પાપના ભાવને પોતાના કરે છે. પોતાના કરે છે–મારા છે એમ માને છે. પુણ્ય ને પાપના ભાવ મલિનભાવ, દુઃખરૂપભાવ, આકૂળતારૂપભાવ (છે). જે અનાકુળ પોતાનો સ્વભાવ છે તેને જાણતો નથી તેથી આકૂળતાના ભાવને પોતાના કરે છે. આહાહા..! આવો ધર્મ. 'સોનગઢ'વાળાએ કાઢ્યો હશે આવો? અનાદિનો છે, બાપા! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ કહેતા આવ્યા છે. ભગવાન 'સીમંધર' પરમાત્મા તો બિરાજે છે. એની સભામાં તો કાળા નાગ, વાઘ, સિંહ, ઇન્દ્રો જાય છે. આહા..! બાપુ! એ વાત સાંભળવાનું ક્યાં છે? આહા..! એ કાંઈ પૈસા દીધે મળે એવી નથી. આહાહા..!

પોતાના સ્વભાવને નહિ જાણતો. અતીન્દ્રિય આનંદનો સાગર ને અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ પ્રભુ! ચૈતન્ય હીરલો, એવા ચૈતન્યહીરાને–પોતાના સ્વભાવને નહિ જાણતો. 'અજ્ઞાની જાણતો નથી તેથી...' જાણતો નથી તેથી. 'तेन' છે ને 'तेन'? [ तेन सः रागादीन् आत्मनः कुर्यात् ] 'તેથી તે રાગાદિકને (-રાગાદિભાવોને) પોતાના કરે છે,...' આહાહા..! ક્યાંક પોતાનું અસ્તિત્ત્વ તો માનશે ને? જે મૂળ અસ્તિત્ત્વ ત્રિકાળી ચૈતન્યરત્ન છે એને તો જાણ્યો નથી. ત્યારે ક્યાંક પોતાનું અસ્તિત્ત્વ છે એમ તો માનવું પડશે ને? એ રાગ ને દ્વેષમાં અસ્તિત્ત્વ–મારા છે એમ કરીને માનશે. આહાહા..! બાયડી, છોકરા ને કુટુંબની તો વાત ક્યાંય રહી ગઈ. આ તો એની પર્યાયમાં થાય (છે) એની વાત છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ એ તો એની પર્યાયમાં પણ નથી. એના દ્રવ્ય-ગુણમાં તો નથી પણ એની પર્યાયમાં પણ આ ચીજ તો નથી. આહાહા..! આવું આકરું લાગે. આ તો નિશ્ચયની વાતું, નિશ્ચયની. એમ કહે. બાપુ! નિશ્ચય એટલે સત્ય.

પરમ સત્ય સચ્ચિદાનંદ પ્રભુ! પરમસત્ય પ્રભુ અંદર સત્ સાહેબો (બિરાજે છે). અનંત અનંત ગુણના રત્નથી ભરેલો રત્નાકર, રત્નાકર પ્રભુ–રત્નનો આકર–દરિયો આહાહા..! એવી ચીજને નથી જાણતો, પોતાની આવી ચીજને નથી જાણતો તેથી તે રાગ-દ્વેષ, પુણ્ય-પાપને પોતાના કરે છે. ક્યાંક પોતાપણું માનવું તો પડશે. આહાહા..! સમજાણું કાંઈ? 'તેથી તે...' તેથી સમજ્યા ને? તેથી સમજાણું? કે પોતાના સ્વભાવને જાણતો નથી તેથી, એમ. તેથી–તે કારણે તે દયા, દાન, વ્રત, ભક્તિના આદિના પરિણામને પોતાના કરે.

જે મહાપ્રભુ અસ્તિત્ત્વ દ્રવ્ય વસ્તુ છે એને પડખે ચડ્યો નથી, એને પડખે ગયો નથી

અને આ પડખે ચડી ગયો છે. જેને પડખે ચડ્યો એને પોતાના માનશે. હેં? આહાહા..! 'તેથી (તેમનો) કર્તા થાય છે.' તેથી તે પોતાના કરે છે. પોતાને જાણતો નથી તેથી તેને પોતાના કરે છે તેથી તેમનો કર્તા થાય છે. આહાહા..! કેવી ટૂંકી ભાષા! રત્ન ભર્યા છે. 'અમૃતચંદ્રાચાર્યે' તો... આહાહા..! ભરતક્ષેત્રમાં ગજબ ટીકા કરી છે. હવે ૨૮૧ આવશે. (વિશેષ કહેશે...) (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રશ્ન :- આત્મા અનંત સ્વભાવવાન હોવા છતાં તેને જ્ઞાન માત્રપણે કેમ કહેવાય છે ? જ્ઞાન માત્ર કહેવાથી બીજા અન્ય ધર્મોનો નિષેધ સમજાય છે.

ઉત્તર :- લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્ય-આત્માનો નિર્ણય કરવા માટે આત્માને જ્ઞાનમાત્ર કહેલ છે. આત્મામાં અનંત ગુણ છે. તેમાં જ્ઞાન મુખ્ય છે તે વિશેષ ગુણ છે. ત્રણે કાળ આત્માનું લક્ષણ જ્ઞાન છે, તે અન્ય દ્રવ્યોમાં નથી. જાણવાનું કાર્ય પર્યાયથી છે, જ્ઞાનની પ્રસિદ્ધિ વડે, જાણનાર તે જ આત્મા એમ લક્ષ્ય રૂપ આત્મા નિ:શંકપણે પ્રસિદ્ધ થાય છે. વ્યવહાર, રાગ, દયા ,દાન, ભક્તિવડે આત્માની પ્રસિદ્ધિ થાય નહીં. કેમકે રાગાદિ ત્રિકાળી સ્વરૂપમાં રહેતા નથી. એક સમયમાત્ર રહીને તે ટળી જાય છે. તેથી તે સ્વલક્ષણ થઈ શકે નહિ, અનંત ધર્મમાં મુખ્ય જ્ઞાન છે, પરાશ્રય બુદ્ધિ છૂટી અંતર્મુખ થવામાં જ્ઞાન જ કારણ છે. (પરમાગમસાર-૬૩૭)

❀

પ્રશ્ન :- એ લક્ષણની સિદ્ધિથી શું પ્રયોજન છે ? લક્ષણને પ્રસિદ્ધ કર્યા વિના સીધો આત્મા અનંત ધર્મો વાળો છે એમ એકલા લક્ષ્યને જ જણાવવો યોગ્ય છે.

ઉત્તર :- લક્ષણના નિર્ણય વગર લક્ષ્ય આત્મા નક્કી થઈ શકે નહિ. માટે જે રીતે આત્મા પરથી ભિન્ન અને સ્વથી પરિપૂર્ણ પણે સમજાય એ રીતે જેને લક્ષણનો નિર્ણય થાય તેને લક્ષ્ય-આત્માનો નિર્ણય થાય, જ્ઞાનમાત્ર તે આત્મા છે. પણ દેહાદિ કે રાગાદિ તે આત્મા નથી. (પરમાગમસાર-૬૩૮)

❀

પ્રશ્ન :- ક્યું તે લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેનાથી ભિન્ન પ્રસિદ્ધિ થાય છે ?

ઉત્તર :- જ્ઞાનથી જુદી ચીજ લક્ષ્ય નથી. કારણ કે જ્ઞાન અને આત્મા દ્રવ્યપણે અભેદ છે; સમજાવવા માટે પર્યાયથી, વ્યવહારથી ભેદ પડે છે, વસ્તુમાં ભેદ નથી. (પરમાગમસાર-૬૩૯)

## ગાથા–૨૮૧

रागम्हि य दोसम्हि य कसायकम्मेसु चेव जे भावा।
तेहिं दु परिणमंतो रागादी बंधदि पुणो वि।।२८१।।
रागे च द्वेषे च कषायकर्मसु चैव ये भावाः।
तैस्तु परिणममानो रागादीन् बन्धाति पुनरपि।।२८१।।

यथोक्तं वस्तुस्वभावमजानंस्त्वज्ञानी शुद्धस्वभावादासंसारं प्रच्युत एव, ततः कर्मविपाकप्रभवै रागद्वेषमोहादिभावैः परिणममानोऽज्ञानी रागद्वेषमोहादिभावानां कर्ता भवन् बध्यत एवेति प्रतिनियमः।

---

હવે આ અર્થની ગાથા કહે છે :-

પણ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ જે પ્રણમે, ફરી તે બાંધતો રાગાદિને. ૨૮૧.

ગાથાર્થ :– [ रागे च द्वेषे च कषायकर्मसु च एव ] રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં (અર્થાત્ તેમનો ઉદય થતાં) [ ये भावाः ] જે ભાવો થાય છે [ तैः तु ] તે-રૂપે [ परिणममानः ] પરિણમતો અજ્ઞાની [ रागादीन् ] રાગાદિકને [ पुनः अपि ] ફરીને પણ [ बध्नाति ] બાંધે છે.

ટીકા :– યથોક્ત વસ્તુસ્વભાવને નહિ જાણતો અજ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી અનાદિ સંસારથી માંડીને ચ્યુત જ છે તેથી કર્મના ઉદયથી ઉત્પન્ન થતા રાગદ્વેષમોહાદિ ભાવોરૂપે પરિણમતો અજ્ઞાની રાગદ્વેષમોહાદિ ભાવોનો કર્તા થતો થકો (કર્મોથી) બંધાય જ છે - એવો નિયમ છે.

ભાવાર્થ :– અજ્ઞાની વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી અને કર્મના ઉદયથી જે ભાવો થાય છે તેમને પોતાના સમજીને પરિણમે છે, માટે તેમનો કર્તા થયો થકો ફરી ફરી આગામી કર્મ બાંધે છે - એવો નિયમ છે.

પ્રવચન નં. ૩૪૫ ગાથા–૨૮૧ થી ૨૮૫ બુધવાર, કારતક સુદ ૧૧,
તા. ૩૧-૧૦-૧૯૭૯
(મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો આ ગુજરાતી અનુવાદ છે)

૨૮૧ ગાથા છે ને? 'સમયસાર' ૨૮૧ ગાથા.

रागम्हि य दोसम्हि य कसायकम्मेसु चेव जे भावा।
तेहिं दु परिणमंतो रागादी बंधदि पुणो वि।।२८१।।
પણ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ જે પ્રણમે, ફરી તે બાંધતો રાગાદિને. ૨૮૧.

શું કહે છે? વસ્તુસ્વભાવ, ભગવાનઆત્માનો સ્વભાવ તો જ્ઞાન, આનંદ છે. ત્રિકાળી સ્વભાવ નિત્યાનંદ પ્રભુ, તેનો વીતરાગ આનંદ અને જ્ઞાન એનો ત્રિકાળી સ્વભાવ છે. એ 'વસ્તુસ્વભાવને નહિ જાણતો...' અનાદિકાળથી એ વસ્તુ જે આત્મા ભગવાન, જ્ઞાન, આનંદ, શાંતિ શક્તિ સમૂહ, સ્વભાવનો સાગર અને અનંત અનંત ગુણનું ગોદામ, એવો જે ભગવાનઆત્મા વસ્તુ છે. એ વસ્તુને અનાદિથી જાણતો નથી. અનાદિથી એ ચીજને નહિ જાણતો 'અજ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી અનાદિ સંસારથી માંડીને...' અનાદિ અજ્ઞાની અનાદિ સંસારથી માંડીને. નિગોદથી માંડી. પહેલા નિગોદમાં અનંતકાળ હતો, પછી ત્રસમાં આવ્યો તો અનંતકાળથી નિગોદથી માંડીને. શુદ્ધ ભાવથી 'ચ્યુત જ છે...' આહાહા..! પોતાનો આનંદ અને જ્ઞાન સ્વભાવ, વીતરાગ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ, મુક્ત સ્વભાવ, ધ્રુવ સ્વભાવથી અનાદિ અજ્ઞાની ચ્યુત છે, ભ્રષ્ટ છે. આહા..! સ્વભાવની તો ખબર જ નથી, કે હું કોણ છું?

એ સ્વભાવથી 'ચ્યુત જ છે...' પોતાનો આનંદ–અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન, એ આત્માનો અનાદિનો સ્વભાવ છે અને એ અનાદિથી સ્વભાવથી ચ્યુત છે. સ્વભાવ પણ અનાદિ છે. તે તરફનું લક્ષ અનાદિથી ચૂકી ગયો છે. આહાહા..! શુદ્ધ સ્વભાવથી 'ચ્યુત જ છે...' સ્વભાવથી ચ્યુત છે. સ્વભાવ તો સ્વભાવ છે જ, પણ અનાદિથી અજ્ઞાનીની–મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિ સ્વભાવથી ચ્યુત છે. પોતાનો આનંદસ્વરૂપ પ્રભુ, વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે, તેના સ્વભાવથી અનાદિથી ભ્રષ્ટ છે, ચ્યુત છે. આહા..!

'તેથી...' સ્વભાવથી ચ્યુત છે તેથી 'કર્મના ઉદયથી ઉત્પન્ન...' કર્મ જે જડ છે તેનાથી ઉત્પન્ન થતા પોતામાં પોતાને કારણે 'રાગદ્વેષમોહાદિ ભાવોરૂપે પરિણમતો...' આહાહા..! પોતાના સ્વભાવમાં જે મોહ-રાગ-દ્વેષ નથી. શુભ-અશુભભાવ કે મોહ નામ ભ્રાંતિ–મિથ્યાત્વ, એ પોતાના સ્વભાવમાં તો છે નહિ, પરંતુ એ સ્વભાવને ચૂકીને અનાદિથી અજ્ઞાની સ્વભાવથી

ચ્યુત છે. અને અનાદિથી રાગ-દ્વેષ અને મોહ, જે કર્મના નિમિત્તે ઉત્પન્ન થાય છે તેમાં પરિણમે છે. આહાહા..!

'તેથી કર્મના ઉદયથી ઉત્પન્ન...' નિમિત્ત કર્મ છે. પોતામાં પોતાના સ્વભાવથી ચ્યુત થઈને ઉત્પન્ન થાય છે, કર્મથી નહિ. કર્મ તો જડ છે, રૂપી છે, મૂર્ત ચીજ છે. પરંતુ એ કર્મને તાબે થઈને, પોતાના સ્વભાવથી ભ્રષ્ટ થઈને, નિમિત્તને વશ થઈને, રાગ-દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધના પરિણામ, રાગ-દ્વેષ-મોહરૂપે પરિણમે છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! પોતાનો ચિદાનંદ સ્વભાવ, વાસ્તવિક ચીજ તો એ જ્ઞાન ને આનંદનો ભંડાર ભગવાન છે. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય વીતરાગતા, એ સ્વભાવનો તો સાગર આત્મા છે પણ એ અનાદિથી આવો હોવા છતાં, અનાદિથી એ તરફની દૃષ્ટિથી ચ્યુત છે. આહાહા..! તેથી કર્મના નિમિત્તને વશ થઈને, પોતાના સ્વભાવથી ચ્યુત થઈને, પુણ્ય ને પાપ ને મિથ્યાત્વરૂપે પરિણમે છે. કહો, સમજાય છે? આહાહા..!

'રાગદ્વેષમોહાદિ ભાવોરૂપે...' હોં! ભાવરૂપે. પોતાના પરિણામમાં સ્વભાવથી ચ્યુત થયો, નિમિત્તને આધીન થયો, નિમિત્તને વશ થયો, રાગ-દ્વેષ-મોહરૂપે સ્વયં પોતે પરિણમે છે. આહાહા..! કર્મને કારણે નહિ. કર્મ તો જડ છે. 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ' કર્મ તો જડ, અજીવ, માટી–ધૂળ છે. 'કર્મ બિચારે કૌન, ભૂલ અપની અધિકાઈ' એ ચિદાનંદ ભગવાનને ભૂલીને નિમિત્તને વશ થઈને અનાદિથી દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, પુણ્ય અને પાપના ભાવ અને મિથ્યાત્વરૂપે પરિણમે છે. આહાહા..!

અજ્ઞાની, 'પરિણમતો અજ્ઞાની રાગદ્વેષમોહાદિ ભાવોનો કર્તા થતો થકો...' આહાહા..! પોતાના જ્ઞાન અને આનંદનો તો કર્તા નથી કેમકે ખબર નથી. ભગવાન જ્ઞાન–જાણક સ્વભાવ, પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ, પ્રજ્ઞા અને આનંદસ્વરૂપ (છે) તેની તો ખબર નથી, તે કારણે 'રાગદ્વેષમોહાદિ ભાવોનો કર્તા થતો થકો...' એ પુણ્ય અને પાપ, ચાહે તો દયા ને દાન, વ્રત ને ભક્તિ, એ પુણ્ય પરિણામનો કર્તા થાય છે. આહાહા..! એમ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપનો કર્તા થાય છે. અને મિથ્યા ભ્રમ–એ મારા છે, એવા મિથ્યાત્વરૂપે પરિણમે છે. આહાહા..! છે ત્રણ લીટી. માલ આ છે. સમજાય છે કાંઈ? આજે તો હિન્દી ચાલે છે, હિન્દી લોકો આવ્યા છે. આહાહા..!

આત્માનું વસ્તુ સ્વરૂપ સ્ફટિકમણિ જેવું નિર્મળ (છે). સ્ફટિકમણિ નિર્મળ હોય છે. અમે સ્ફટિકમણિ જોયો છે. આવડો સ્ફટિકમણિ, 'જામનગર'માં એક મોટો ડૉક્ટર હતો. અહીંયાં ૧૦૦ મી ગાથા ચાલતી હતી. (સંવત) ૧૯૯૧ની વાત છે. ૪૧ વર્ષ થયા. ગાથા ચાલતી હતી, ત્યારે તો સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા. 'સમયસાર'ની ૧૦૦ મી ગાથા ચાલતી હતી. લોકો તો એ વખતે પણ ઘણા આવતા હતા ને! અમારી તો પ્રતિષ્ઠા ઘણી હતી ને! એ ડૉક્ટર કહે, મહારાજ! મારી પાસે એક સોલેરિયમ છે. છ લાખ રૂપિયાનો સંચો. તમે જુઓ,

તમારા દૃષ્ટાંતમાં કામ આવશે. એણે સ્ફટિકમણિ બતાવ્યો. આવડો, હોં! આવડો મોટો સ્ફટિકમણિ, સ્વચ્છ. મોટો ડૉક્ટર હતો, અઢી હજારનો પગાર તે વખતે, મહિનાના અઢાર હજાર. ૪૫ વર્ષ પહેલા.

એ સ્ફટિકમણિ જેમ સ્વચ્છ અને નિર્મળ છે એમ ભગવાનઆત્મા તો સ્વચ્છ નિર્મળ શુદ્ધ ચૈતન્યઘન છે. પણ એ સ્ફટિકમણિમાં જે લાલ, પીળા ફૂલનો સંયોગ થાય છે, તેની પર્યાયમાં લાલ, કાળી ઝાંય ઉત્પન્ન થાય છે એ સ્ફટિકની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. ઝાંય ઉત્પન્ન થાય છે. લાલ, પીળા ફૂલ સંયોગ (છે એની) ઝાંય પડે છે તે પોતાની યોગ્યતાથી છે. એ ફૂલને કારણે નહિ. આહાહા..! એ તો નિમિત્તમાત્ર છે. એમ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્ફટિક જેવો નિર્મળાનંદ છે, એ પોતાને ભૂલીને કર્મના નિમિત્તને વશ થઈ, પોતાની પર્યાયમાં પોતાની યોગ્યતાથી, પોતે સ્વતંત્ર કર્તા થઈને રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ અનાદિથી કરે છે. આહાહા..! પરનું તો કદી કર્યું નથી. 'ભભૂતમલજી'! શું (કહ્યું)? સ્ટીલ-બીલનું તો કદી કર્યું નથી. એ તો ધૂળ, લોઢું છે ધૂળ. એ..ઇ...! તમારા હીરા, માણેકનું કદી કર્યું નથી. એ તો જડ છે, માટી-ધૂળ છે. કર્યું શું? કે, પોતાનો શુદ્ધ આનંદપ્રભુ, તેનાથી ચ્યુત થઈને રાગ-દ્વેષ અને મિથ્યાત્વ કર્યું. બસ! પરનું કર્યું નથી, પરથી થયું નથી, પોતાના સ્વભાવથી થયું નથી. આહાહા..!

નિમિત્તને વશ થઈને (રાગાદિરૂપે પરિણમે છે). આમ સ્વભાવ છે, ચિદાનંદ ભગવાન શુદ્ધ વીતરાગમૂર્તિ આત્મા અંદર છે, પરમેશ્વર સ્વરૂપે આત્મા છે. કેમ બેસે? પરમેશ્વર સ્વરૂપે જ આત્મા છે. પરમેશ્વરસ્વરૂપ ન હોય તો પર્યાયમાં કેવળજ્ઞાની પરમાત્મા અરિહંત થયા તે ક્યાંથી થયા? એ અરિહંતપદ ક્યાંથી આવ્યું? બહારથી કોઈ ચીજ આવે છે? અંદરમાં છે. આહાહા..! એ સ્ફટિકમાં જેમ નિર્મળતા ભરી છે, એમ ભગવાનઆત્મામાં અંદર અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, નિર્મળતા એવા અનંતા ગુણોની પવિત્રતાનો પિંડ પ્રભુ આત્મા છે. એ તરફની અનાદિની નજર નથી. સાધુ થયો, દિગંબર મુનિ થયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' દિગંબર મુનિ થયો, નગ્ન થયો, પંચ મહાવ્રત પાળ્યા, પણ એ તો બધી રાગની ક્રિયા છે. આહાહા..! એ પોતાના શુદ્ધ સ્વભાવને ચૂકીને રાગની ક્રિયામાં પરિણમે છે એ અજ્ઞાની રાગ-દ્વેષ-મોહરૂપે પરિણમે છે, કર્તા થાય છે. પરિણમન કરીને કર્તા થાય છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

'(કર્મોથી) બંધાય જ છે...' એ અજ્ઞાનથી રાગ-દ્વેષ અને મોહ કરે છે તો તેનાથી કર્મબંધન થાય છે. નવીન કર્મબંધ થાય છે. છે? 'એવો નિયમ છે.' ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવનું ફરમાન છે, કે પ્રભુ! તારી પ્રભુતામાં અનંત જ્ઞાનની, આનંદની પ્રભુતા પડી છે એને ચૂકીને પ્રભુ! તું પામર તરીકે કર્મના નિમિત્તને વશ થઈને પુણ્ય-પાપના ભાવનો કર્તા થઈને, નવા

કર્મ બાંધે છે. આહાહા..! ભાષા તો સાદી છે, ભાવ તો છે ઇ છે. આહાહા..! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ વીતરાગ પરમાત્માનું આ ફરમાન છે. આહાહા..! ‘બંધાય જ છે–એવો નિયમ છે.’ કયો નિયમ? કે પોતાના સ્વરૂપના અજ્ઞાનથી પુણ્ય અને પાપના ભાવરૂપે થાય છે તેનાથી નવા કર્મ બંધાય છે, એ નિયમ છે. એ નિયમ–કાયદો છે. આહાહા..!

ભાવાર્થ :– ‘અજ્ઞાની વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી...’ દૃષ્ટિ રાગ ને દયા ને દાન ને વ્રત ને પૂજા ને ભક્તિ ને કામ ને ક્રોધ, આ કમાવું ને રળવું ને પૈસા કમાવા ઉપર, રાગ ઉપર દૃષ્ટિ છે. આહાહા..! ‘અજ્ઞાની વસ્તુ સ્વભાવ...’ ભગવાન વસ્તુ, એનો સ્વભાવ, વસ્તુ સ્વભાવવાન, તેના સ્વભાવને જાણતો નથી, ‘યથાર્થ જાણતો નથી...’ યથાર્થ જાણતો નથી, કેમ કહ્યું? કે શાસ્ત્ર પણ જાણ્યા, શાસ્ત્ર પણ કંઠસ્થ કર્યાં, શાસ્ત્રમાં એમ આવ્યું હતું, કે આત્મા શુદ્ધ છે. એવી ધારણા પણ કરી હતી. સમજાય છે કાંઈ? પણ યથાર્થ જાણ્યું નથી. એ ધારણાને છોડીને વસ્તુને જાણવાની હતી તેને જાણી નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! ‘અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.’ ‘અપને કો આપ ભૂલકે’ કર્મથી ભૂલ્યો છે, એમ નહિ. પોતાની ચીજને પોતે ભૂલ્યો (એટલે) ચોરાશીમાં હેરાન થઈ ગયો.

અહીંયાં એ કહ્યું. ‘અજ્ઞાની વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી...’ યથાર્થ જાણતો નથી. જે રીતે જ્ઞાન અને આનંદ પ્રભુ છે, એ રીતે અંદર દૃષ્ટિમાં જાણતો નથી. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી ખ્યાલમાં, જ્ઞાનમાં, લક્ષમાં આવ્યું પણ એ તો ધારણા તરીકે આવ્યું. સમજાય છે કાંઈ? આહાહા..! પરંતુ વસ્તુસ્વરૂપ જે ચિદાનંદ પ્રભુ, જે સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો તે આત્મા, બીજા કોઈ કહે તે નહિ.

ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમેશ્વર ‘સીમંધર’ ભગવાન બિરાજે છે, મહાવિદેહક્ષેત્રમાં અત્યારે પ્રભુ બિરાજે છે, તીર્થંકર છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષનો દેહ બે હજાર હાથ ઊંચો છે. સમવસરણમાં વર્તમાનમાં બિરાજે છે. ત્યાંની આ વાણી છે. ‘કુંદકુંદાચાર્યદેવ’ બે હજાર વર્ષ પહેલા અહીંયાં હતા. ૪૯ની સાલમાં ત્યાં ગયા હતા. સંવત ૪૯. ‘કુંદકુંદાચાર્યદેવ’ દિગંબર મુનિ ભગવાન પાસે ગયા હતા. ત્યાં આઠ દિવસ રહ્યા હતા. આહાહા..! લબ્ધિ હતી. ત્યાંથી આવીને આ (શાસ્ત્ર) બનાવ્યું. ભગવાન આમ કહે છે. આહાહા..!

ત્રિલોકનાથ પરમેશ્વરની આ આજ્ઞા છે, કે અજ્ઞાની વસ્તુને યથાર્થ જાણતો નથી. આહાહા..! યથાર્થ કેમ કહ્યું? કે અગિયાર અંગનું જ્ઞાન પણ તેણે કર્યું. પંચ મહાવ્રત પણ અનંતવાર પાળ્યા. પણ જ્ઞાનમાં આ ચીજ આનંદ છે, ત્રિકાળી દળ છે, સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, સત્ ચિદાનંદ, સત્ ચિદાનંદ–જ્ઞાનાનંદનો સાગર છે, પ્રભુ! એવી અંતર દૃષ્ટિ કરી નહિ. આહાહા...! એ વિના અગિયાર અંગની વાત ધારણામાં પણ લઈ લીધી. ‘પાટનીજી’! આહાહા..! વસ્તુ આવી છે, ભાઈ! ચોરાશીના અવતાર... આહાહા..!

'વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી અને કર્મના ઉદયથી જે ભાવો થાય છે...' કર્મના નિમિત્તથી પોતામાં જે રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ થાય છે, 'તેમને પોતાના સમજીને...' એ વિકારભાવને પોતાના સમજીને. કેમ કે વસ્તુ જે છે તે તેની સંધિમાં આવી નથી. સચ્ચિદાનંદ પ્રભુ, અંદર આનંદકંદ, જિનેશ્વર સિદ્ધ સમાન સ્વરૂપ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહાહા..! 'ચેતન રૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો, મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઢેરો, જ્ઞાનકલા ઉપજી અબ મોકૂ, કહું ગુણ નાટક આગમ કેરો. તાસુ પ્રસાદ સધે સિવમારગ, વેગે ઘટે મિટે ઘટ વાસ વસેરો.' આ ઘટમાં, આ માંસના હાડકામાં વસે છે. આ તો હાડકા, માસ, ચામડા છે. ત્રિલોકનો નાથ આનંદનો કંદ પ્રભુ, આ ભવમાં આવે છે એ ભવનો નાશ જ્ઞાનકળા થઈ છે તેનાથી નાશ થાય છે, એમ કહે છે. બીજી કોઈ ક્રિયાથી નાશ થાય છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

એ વસ્તુને નહિ જાણતો, 'કર્મના ઉદયથી જે ભાવો થાય છે તેમને પોતાના સમજીને પરિણમે છે,...' જે ચીજ પોતામાં છે તેને તો જાણી નહિ, તો ક્યાંક તો પોતાપણું માનવું પડશે. જે ચીજ છે તેને જાણી નહિ તો ક્યાંક પોતાપણું માને તો છે. સમજાય છે કાંઈ? એક ઓરડો હોય. કોઈ કહે કે, ફલાણાને બોલાવો, 'લક્ષ્મીચંદ'ને બોલાવો. ત્યાં ગયો તો 'લક્ષ્મીચંદ' દેખાય નહિ. છે નહિ. 'લક્ષ્મીચંદ' અંદર ઓરડામાં.. તમારે શું કહેવાય? કપાટ. કપાટમાં બેઠો હતો. ત્યાં નથી, 'લક્ષ્મીચંદ' નથી. એમ આ ભગવાન રાગ-દ્વેષ ને પુણ્ય-પાપની વિકારની દશાની પાછળ પ્રભુ બિરાજે છે, તેને તો જોયો નહિ. આહાહા..! જેને જાણવો જોઈએ, જેને આદરવો જોઈએ, જેનો સ્વીકાર કરીને સત્કાર કરવો જોઈએ તેને તો જાણ્યો નહિ. જાણ્યું શું? કે રાગ ને દ્વેષ ને મોહ. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! બહારની આ ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધા ભાવ રાગ છે. એ ધર્મ નથી. આહાહા..! એ રાગને પોતાનો માનીને રાગરૂપે મિથ્યાદૃષ્ટિ પરિણમે છે તેનાથી નવા કર્મ બંધાય છે. આહાહા..! આવી વાત છે.

'માટે તેમનો કર્તા થયો થકો...' કારણ કે પોતાના સમજીને વિકારપણે, રાગ-દ્વેષપણે પરિણમે છે તો 'તેમનો કર્તા થયો થકો ફરી ફરી આગામી કર્મ બાંધે છે–એવો નિયમ છે.' વસ્તુના સ્વભાવનો આ નિયમ છે. ભગવાને કર્યો નથી, છે તેમ ભગવાને જાણ્યું છે. ભગવાન કંઈ કોઈના કર્તા-બર્તા નથી. ઈશ્વરકર્તાની જેમ પરમાત્મા કોઈ કર્તા નથી. પરમાત્માએ તો જેવી ચીજ છે તેવી જાણી, તેવી કહી. આહાહા..! 'એવો નિયમ છે.' કહ્યું ને?

જેના નિમિત્તે આત્માની યથાર્થ વાત સાંભળી હોય, જેની પાસેથી ન્યાય મળ્યો હોય તેનો વિનય જ ન કરે તો તે વ્યવહારે નિહ્નવ છે - ચોર છે.

(પરમાગમસાર - ૮૯૬)

## ગાથા–૨૮૨

ततः स्थितमेतत् -

रागम्हि य दोसम्हि य कसायकम्मेसु चेव जे भावा।
तेहिं दु परिणमंतो रागादी बंधदे चेदा।।२८२।।

रागे च द्वेषे च कषायकर्मसु चैव ये भावाः।
तैस्तु परिणममानो रागादीन् बध्नाति चेतयिता।।२८२।।

य इमे किलाज्ञानिनः पुद्गलकर्मनिमित्ता रागद्वेषमोहादिपरिणामास्त एव भूयो रागद्वेषमोहादिपरिणामनिमित्तस्य पुद्गलकर्मणो बन्धहेतुरिति।

---

"તેથી આમ ઠર્યું (અર્થાત્ પૂર્વોક્ત કારણથી નીચે પ્રમાણે નક્કી થયું)" એમ હવે કહે છે :-

એમ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ આત્મા પરિણમે, તે બાંધતો રાગાદિને. ૨૮૨.

ગાથાર્થ :– [ रागे च द्वेषे च कषायकर्मसु च एव ] રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં (અર્થાત્ તેમનો ઉદય થતાં) [ ये भावाः ] જે ભાવો થાય છે [ तैः तु ] તે-રૂપે [ परिणममानः ] પરિણમતો થકો [ चेतयिता ] આત્મા [ रागादीन् ] રાગાદિકને [ बध्नाति ] બાંધે છે.

ટીકા :– ખરેખર અજ્ઞાનીને, પુદ્ગલકર્મ જેમનું નિમિત્ત છે એવા જે આ રાગદ્વેષમોહાદિ પરિણામો છે, તેઓ જ ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત જે પુદ્ગલકર્મ તેના બંધનું કારણ છે.

ભાવાર્થ :– અજ્ઞાનીને કર્મના નિમિત્તે જે રાગદ્વેષમોહ આદિ પરિણામો થાય છે તેઓ જ ફરીને આગામી કર્મબંધનાં કારણ થાય છે.

## ગાથા-૨૮૨ ઉપર પ્રવચન

'તેથી આમ ઠર્યું (અર્થાત્ પૂર્વોક્ત કારણથી નીચે પ્રમાણે નક્કી થયું) એમ હવે કહે છે :-' ૨૮૨.

रागम्हि य दोसम्हि य कसायकम्मेसु चेव जे भावा।
तेहिं दु परिणमंतो रागादी बंधदे चेदा।।२८२।।
એમ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ આત્મા પરિણમે, તે બાંધતો રાગાદિને. ૨૮૨.

ટીકા :- 'ખરેખર અજ્ઞાનીને, પુદ્‌ગલકર્મ જેમનું નિમિત્ત છે...' ભાષા જુઓ! પોતામાં જે રાગ-દ્વેષ અને મિથ્યાત્વ થાય છે તેમાં કર્મ તો નિમિત્તમાત્ર છે, કર્મએ કરાવ્યા છે એમ નથી. કર્મ જડ અજીવ માટી છે. જેમ આ (શરીર) માટી છે, સ્થૂળ માટી છે. કર્મ એ સૂક્ષ્મ, ઝીણી માટી છે. રૂપી, મૂર્ત, અજીવ, જડ (છે). 'ખરેખર અજ્ઞાનીને, પુદ્‌ગલકર્મ જેમનું નિમિત્ત છે...' એમ કહ્યું. કોનું? એ વિકારનું. છે?

'એવા જે રાગદ્વેષમોહાદિ પરિણામો છે,...' જો કોઈ એમ કહે કે, કર્મને કારણે આત્માને રાગ-દ્વેષ અને મોહ થયા (તો) એમ નથી. કર્મ તો નિમિત્તમાત્ર છે. જો આત્મા કરે તો તેને નિમિત્ત કહેવામાં આવે, પણ વિકાર ન કરે તો નિમિત્ત પણ કહેવામાં આવતું નથી. જેનું નિમિત્ત છે... છે? 'પુદ્‌ગલકર્મ જેમનું નિમિત્ત છે...' કોનું? જેમનું (એટલે) કોનું? એવા રાગદ્વેષમોહ. આહાહા..! દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, કામ, ક્રોધ, આ રળવાના ભાવ, કમાવાના ભાવ એ બધા વિકારભાવ છે. એ વિકારભાવમાં કર્મ નિમિત્ત છે. નિમિત્ત એટલે તેણે કરાવ્યા નથી. તેં પોતાની પર્યાયમાં પોતાને ભૂલીને, નિમિત્તને આધીન થઈને રાગ-દ્વેષ-મોહ કર્યા. આહાહા..! છે?

'રાગદ્વેષમોહાદિ પરિણામો છે તેઓ જ ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત...' શું કહે છે? ભગવાનઆત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ આનંદ, જ્ઞાતા-દૃષ્ટા, તેને ચૂકીને-ભૂલીને-ભ્રષ્ટ થઈને કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલા રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કામ-ક્રોધાદિને પોતાના માનીને પરિણમે છે. આહાહા..! 'રાગદ્વેષમોહાદિ પરિણામો છે તેઓ જ ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત...' શું કહે છે? એ રાગ અને પુણ્ય ને પાપના ભાવ, કર્મનું નિમિત્ત છે, તે પોતાથી ઉત્પન્ન થયા. એ પરિણામથી ફરીને કર્મનું બંધન થયું કે જે રાગ-દ્વેષ-મોહમાં નિમિત્ત થશે. શું કહ્યું, સમજાય છે કાંઈ? વર્તમાન રાગ અને દ્વેષના ભાવ કર્મના નિમિત્તે ઉત્પન્ન થયા, એ જ રાગ-દ્વેષ-મોહભાવ નવું કર્મબંધન કરશે કે જે કર્મનું નિમિત્ત પામીને

ફરીને ભવિષ્યમાં રાગ-દ્વેષ-મોહ ઉત્પન્ન કરશે. આહાહા..! આવું ઝીણું છે. ઓલું તો દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, જાત્રા કરો, પૂજા કરો, સહેલુંસટ હતું, રખડવાનું. આહાહા..! ભાઈ! એ વાત નથી. એ ધર્મ નથી. એ તો પુણ્ય-પાપના પરિણામ વિકાર છે. આહાહા..! એ વિકાર નવું કર્મબંધન (કરશે). શું કહે છે? જુઓ!

'ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત જે પુદ્‌ગલકર્મ...' વર્તમાન રાગ-દ્વેષના પરિણામથી બંધન થયું એ બંધન ભવિષ્યમાં રાગ-દ્વેષ-મોહનું નિમિત્ત થશે. અહીંયાં જે રાગ-દ્વેષ-મોહ કરીને, કર્મને નિમિત્ત બનાવી પોતામાં રાગ-દ્વેષ-મોહ કર્યા એ રાગ-દ્વેષ-મોહથી જે કર્મબંધન થયું એ બંધન ફરીને રાગ-દ્વેષ-મોહનું નિમિત્ત થશે. ચક્કર (ચાલે છે). આહાહા..! આવું બધું ક્યાં યાદ રાખવું? નવરાશ ક્યાં? ફુરસદ ન મળે. ઝીણી વાત છે, ભગવાન!

મુમુક્ષુ :– કંઈ સમજાય એવું આવે તો ઠીક.

ઉત્તર :– ભાષા તો સમજાય એવી સાદી છે. તદ્દન સાદી (છે). આમાં કાંઈ કોઈ સંસ્કૃત ને વ્યાકરણ નથી.

ભગવાન! તું ચૈતન્યમૂર્તિ શુદ્ધ પવિત્ર છો. તેને ભૂલીને કર્મના નિમિત્તને તાબે થઈને તારી પર્યાયમાં રાગ-દ્વેષ-મોહ તું ઉત્પન્ન કરે છે, એ રાગ-દ્વેષ-મોહથી નવા કર્મ બંધાય છે, એ બંધન વળી નવા રાગ-દ્વેષ-મોહ ઉત્પન્ન થવામાં નિમિત્ત થાય છે. વર્તમાનમાં તું નિમિત્તને આધીન થઈને રાગ-દ્વેષ-મોહ કરે છે, એ રાગ-દ્વેષ-મોહ ફરીને કર્મબંધન કરે છે, એ કર્મબંધન ફરીને રાગ-દ્વેષ-મોહમાં નિમિત્ત થશે. આહાહા..!

(કોઈ) એમ કહે કે, અત્યારે આપણે પુણ્ય બાંધીએ તો ભવિષ્યમાં અનુકૂળ સંયોગ મળે. એની અહીં ના પાડે છે. શું કહ્યું સમજાયું? કે તારા જે દયા, દાન, વ્રતના પુણ્ય પરિણામ છે એ પણ કર્મના નિમિત્તને તાબે થઈને તને વિકાર થયો છે. તારા સ્વભાવથી ચ્યુત થઈને (થયા છે) અને એ પરિણામથી જે બંધન થાય છે એ બંધન ફરીને રાગ-દ્વેષ-મોહમાં નિમિત્ત થશે. એ બંધનથી તને અનુકૂળ સામગ્રી મળશે અને તેનાથી લાભ થશે એમ છે નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :– કર્મના કારણે તો ભોગવવા મળે છે.

ઉત્તર :– એ જ કહે છે, કે કર્મના નિમિત્તે ચીજ મળી હતી. એ કર્મ પણ પાછા રાગ-દ્વેષ કરવામાં તને નિમિત્ત થશે. એ બંધન થયું એ ભવિષ્યમાં રાગ-દ્વેષ-મોહમાં નિમિત્ત થશે. એ નિમિત્તથી તને આત્મામાં લાભ થાય એવા એ કર્મ નથી. આહાહા..! આકરી વાત છે, ભાઈ! પરમસત્ય વીતરાગ જિનેશ્વરદેવ સિવાય આવી વાત ક્યાંય નથી. ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞદેવ જિનચંદ્ર પ્રભુ, ભગવાન તો મહાવિદેહમાં બિરાજે છે. લાખો કેવળી બિરાજે છે, વીસ તીર્થંકર બિરાજે છે. અનંત તીર્થંકરોનો આ માર્ગ છે. એક જ તીર્થંકરનો નહિ, અનંત તીર્થંકરનો આ માર્ગ છે.

વર્તમાનમાં તું સ્વભાવથી ચ્યુત થઈને, પૂર્વ કર્મના નિમિત્તને તાબે થઈને, કર્મથી થતા નથી, તું તાબે થઈને તારામાં રાગ-દ્વેષ-મોહ કરે છે એ રાગ-દ્વેષ-મોહ કર્મબંધન કરશે, એ કર્મબંધન તને ભવિષ્યમાં રાગ-દ્વેષ-મોહમાં નિમિત્ત થશે. વર્તમાન બંધનમાં તારા રાગ-દ્વેષ-મોહ નિમિત્ત થયા અને એનાથી નવું બંધન થયું, એ ભવિષ્યમાં રાગ-દ્વેષ-મોહમાં નિમિત્ત થશે. આવી વાત છે. આહાહા..! એમ નથી, કે પુણ્ય બંધાયું છે, શુભભાવથી પુણ્ય બંધાયું તો ભવિષ્યમાં અનુકૂળ સામગ્રી મળશે, અહીંયાં એ વાત કરી જ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! દિગંબર ધર્મ સૂક્ષ્મ છે. દિગંબર ધર્મ જ જૈનધર્મ છે, પણ સૂક્ષ્મ, બહુ સૂક્ષ્મ છે. આહાહા..!

મુમુક્ષુ :- શ્વેતાંબર ધર્મ સહેલો છે, એમ?

ઉત્તર :- શ્વેતાંબર ધર્મ, ધર્મ જ નથી. વાત તો આમ છે, બાપા! શ્વેતાંબર અને સ્થાનકવાસીને તો અજૈનમાં નાખ્યા છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક', 'ટોડરમલ્લ', માર્ગ આવો છે, પ્રભુ! શું કહીએ? આહાહા..! હજી વાડામાં છે એને સમજાતું નથી તો એને તો ક્યાં (સમજાય)? માર્ગ એવો સૂક્ષ્મ છે, ભાઈ! આહાહા..! શ્વેતાંબર પંથ તો બે હજાર વર્ષ પહેલા દિગંબરમાંથી નીકળ્યો છે અને એમાંથી પણ પાંચસો વર્ષ પહેલા સ્થાનકવાસી નીકળ્યા છે અને એમાંથી બસો વર્ષ પહેલા તેરાપંથી તુલસી (નીકળ્યા). 'લાડનૂ' તુલસી છે ને? તુલસી. સ્થાનકવાસીમાંથી એ નીકળ્યા છે. પ્રભુ! આકરી વાત છે, ભાઈ! કોઈ વ્યક્તિની વાત નથી, વસ્તુનું સ્વરૂપ આવું છે. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે (છે), તારી ધર્મભાવનામાં એવી ભાવના કર કે, તારું પણ કલ્યાણ થાઓ અને બધા જીવોનું કલ્યાણ થાઓ, એવી ભાવના કર. આહાહા..! કોઈને નુકસાન થાઓ એવી ભાવના તું નહિ કરતો. બધા ભગવાનઆત્મા છે. એ ભૂલ કાઢીને ભગવાન થઈ જાય. તું પણ ભૂલ કાઢીને ભગવાન થઈ જા અને એ પણ ભૂલ કાઢીને ભગવાન થઈ જાઓ, એવી ભાવના કર. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! બે ગાથા ટૂંકી ટૂંકી (આવી). પહેલામાં ત્રણ લીટી હતી, બીજામાં તો બે જ લીટી છે. આહાહા..!

ભાવાર્થ :- 'અજ્ઞાનીને કર્મના નિમિત્તે...' નિમિત્તે, હોં! એનાથી થયા નથી. પોતામાં પોતાના અપરાધથી રાગ-દ્વેષ કર્યા છે. આહા..! ઓલું આવે છે ને? ગાયન નથી આવતું? 'પુણ્યનું નામ ધરાવ્યા, પુણ્ય-પાપના નામ ધરાવ્યા અપને કો ભૂલકે' ગાયન છે ને? હિન્દીમાં ઘણીવાર ગાયન બોલે છે, ભૂલાય જાય છે. હેં?

મુમુક્ષુ :- ભોગીઓના ભોગનું મૂળ છે, એમ કહે છે?

ઉત્તર :- ના, એ નહિ. આ તો ગાયન છે કાંઈક.

મુમુક્ષુ :- અનેક નામ ધરાયે?

ઉત્તર :- હા, ઇ.

મુમુક્ષુ :– હમ તો કબહુ ન નિજ ઘર આયે. પરઘર ફિરત...

ઉત્તર :– 'હમ તો કબહૂ ન નિજ ઘર આયે, હમ તો કબહૂ ન નિજઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે, પરઘર ભમત..' પુણ્યશાળી છે ને પાપશાળી છે ને આવો છે ને પૈસાવાળો છે ને શેઠિયા છે ને રાજા છે ને દેવ છે... એમ પરઘર ભમત અનેક નામ ધરાયા. 'અબ હમ કબહૂ ન નિજઘર આયે' સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્માએ આનંદકંદ આત્માને જોયો છે, એવા આનંદના ઘરમાં તું કદી આવ્યો નથી. આનંદનું ઘર છોડીને પરમાં ભ્રષ્ટ થયો. આહાહા..! એ હતું, 'અબ હમ કબહૂ ન નિજઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે.' આ દેવ થયો ને આ શેઠિયો થયો ને આ દીન થયો ને ગરીબ થયો ને પંડિત થયો ને મૂરખ થયો... એ પરના નામ અનેક ધરાવ્યા પણ નિજઘર ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ, તેનો કદી સ્વીકાર કર્યો નહિ, તેનો અનુભવ કર્યો નહિ, અનંતકાળ થયો પણ કદી તેની દૃષ્ટિ કરી નહિ. જે કરવાનું હતું તે કર્યું નહિ અને જે નહોતું કરવાનું તે અનંતવાર કર્યું. આહાહા..!

એ કહે છે, 'અજ્ઞાનીને કર્મના નિમિત્તે જે...' નિમિત્તે, હોં! નિમિત્ત એટલે એનાથી થયા નથી. 'રાગદ્વેષમોહ આદિ પરિણામો થાય છે...' આમાંથી કાઢે, જુઓ! નિમિત્તથી થાય છે. નિમિત્તથી થાય છે એનો અર્થ શું? તેની દૃષ્ટિ નિમિત્ત ઉપર છે તો રાગ-દ્વેષ-મોહ ઉત્પન્ન થયા તો નિમિત્તથી ઉત્પન્ન થયા એમ કહેવામાં આવ્યું. નિમિત્ત તો જડ છે. આત્માની પર્યાયને જડની પર્યાય ક્યારેય અડતી નથી. કેમકે જડકર્મ ઉદય ચીજ છે તે પોતાના રાગને અડતા નથી અને રાગ છે તે જડ કર્મ છે તેને કદી અડતો નથી. એકબીજામાં અભાવ છે, અત્યંત અભાવ છે. કર્મની ઉદયની ચીજ અને આત્મામાં રાગ (થાય તે) બે વચ્ચે તો અત્યંતઅભાવ છે. આહાહા..!

'અજ્ઞાનીને કર્મના નિમિત્તે...' અહીંથી કાઢે કે, જુઓ! નિમિત્તથી આવ્યું. પણ નિમિત્તે એનો અર્થ શું? પોતાના સ્વભાવના આશ્રયે વિકાર ન કર્યો તો નિમિત્તને આશ્રયે વશ થઈને વિકાર કર્યો. સમજાય છે કાંઈ? આહાહા..! પરે શું કર્યું? પરચીજને તો કદી અડતો નથી. આહાહા..! એક દ્રવ્ય, એક તત્ત્વ બીજા તત્ત્વને કદી અડતા નથી. આહા..! આ આંગળી છે તે શરીરને અડતી નથી, એમ કહે છે. કેમ વાત બેસે? આ જડ છે અને આ પણ જડ છે, ભિન્ન ચીજ છે. આ પરમાણુ ભિન્ન ચીજ છે, આ પરમાણુ ભિન્ન ચીજ છે.

એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી, એમ ભગવાન કહે છે. 'સમયસાર'ની ત્રીજી ગાથા. આહાહા..! ભારે ભાઈ! શાક ઉપર છરી પડે છે ને? છરી. છરી શાકને અડતી નથી અને શાકના કટકા થાય છે. આ વાત કેમ બેસે? એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. ત્રીજી ગાથામાં છે. ચૂંબતું નથી, એમ પાઠ છે. 'સમયસાર' ત્રીજી ગાથા. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. આહાહા..! આકરું કામ છે, ભાઈ! કેમ કે એક દ્રવ્ય અને

બીજા દ્રવ્ય વચ્ચે અત્યંતઅભાવ છે. બે વચ્ચે અત્યંતઅભાવ છે તો એક ચીજ બીજી ચીજને ચૂંબે એમ કદી બનતું નથી. આકરી વાત છે, પ્રભુ! આહાહા...! ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરનો હુકમ કોઈ જુદી જાતનો છે. આહાહા..!

આ શરીર બીજા શરીરને અડતું નથી. કોણ માને? સ્ત્રીના શરીરને આ શરીર અડતું નથી, સ્પર્શતું નથી. ચૂંબતું નથી, અડતું નથી, એમ ભગવાન કહે છે. કેમ કે એ પણ જડ દ્રવ્ય છે અને આ પણ જડ છે, તો બે જડમાં અત્યંતઅભાવ છે. એકબીજામાં અભાવ છે. આહાહા..! અરે..! આવી વાત આકરી પડે, પણ શું થાય? ભાઈ! પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો તો આ હુકમ છે, એમની તો આ આજ્ઞા છે. વસ્તુનું સ્વરૂપ આમ છે, એમ પરમાત્મા ફરમાવે છે. આહાહા..! આ ચશ્મા છે એ નાકને અડ્યા જ નથી. કોણ માને?

મુમુક્ષુ :- આપના દૃષ્ટાંત બહુ આકરા છે.

ઉત્તર :- આ તો સિદ્ધાંતને સમજાવવા માટેના દૃષ્ટાંત છે. ચાર પૈસાનો શેર તો મણના અઢી. મણના અઢી તો ચાર પૈસાનો શેર, એ કૂંચી છે. એમ એક દ્રવ્ય અને બીજા દ્રવ્ય વચ્ચે અભાવ છે, તેના દૃષ્ટાંતની કૂંચી છે. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! પરમાત્મા વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે તો અનંત દ્રવ્ય જોયા છે. અનંત આત્માઓ, આ અનંત પરમાણુ, આ અનંત પરમાણુ છે ને? આ એક નથી. અનંત પરમાણુનો પિંડ છે. અંદર આત્મા તદ્દન ભિન્ન છે. આત્મા શરીરને અડ્યો નથી, શરીર આત્માને અડ્યું નથી. આહાહા..! આવું હવે ગળે ઉતારવું. 'ભભૂતમલજી'! સુખી થવું હોય તો ઉતારવું પડશે. નહિતર મરીને હેરાન થઈ જવાના. આહાહા..!

'અજ્ઞાનીને કર્મના નિમિત્તે જે રાગદ્વેષમોહ આદિ પરિણામો...' 'મોહ' શબ્દે મિથ્યાત્વ. 'થાય છે તેઓ જ ફરીને આગામી કર્મબંધના કારણ થાય છે.' લ્યો! આહાહા..! એ તો બહુ નાની ગાથા હતી. હવે જરી ઝીણી આવી.

કોઈ કહે કે અમને પણ યાદ રહેતું નથી પણ ભાવનું ભાસન છે તેને કહે છે કે જેને ભાવનું ભાસન હોય તેને વાણીમાં વિપરીત વાત કદી આવે નહીં. તિર્યંચ વિકારનો આદર કરતો નથી અને અવિકારનો આદર કરે છે. અને એ જ હિતરૂપ છે એમ તેના જ્ઞાનમાં વર્તે છે. એમાં સાતે તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન આવી જાય છે. ઢોરમાં ઊંધા લાકડાં અહીં જેવા નાખ્યા ન હોય. જેણે ઊંધા લાકડાં નાખ્યા હોય તેણે એ બધાં કાઢવા જોઈએ. એટલે કે અહીં તો બધાં પડખાથી બરાબર વિપરીતતા કાઢે તો તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય. તિર્યંચને ભલે વિશેષ જ્ઞાન ન હોય પણ સ્વભાવ, વિભાવ અને સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન હોય છે. (પરમાગમસાર - ૯૬૭)

# ગાથા–૨૮૩ થી ૨૮૫

कथमात्मा रागादीनामकारक एवेति चेत् -

अप्पडिकमणं दुविहं अपच्चखाणं तहेव विण्णेयं।
एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।।२८३।।
अप्पडिकमणं दुविहं दव्वे भावे अपच्चखाणं पि।
एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।।२८४।।
जावं अप्पडिकमणं अपच्चखाणं च दव्वभावाणं।
कुव्वदि आदा तावं कत्ता सो होदि णादव्वो।।२८५।।

अप्रतिक्रमणं द्विविधमप्रत्याख्यानं तथैव विज्ञेयम्।
एतेनोपदेशेन चाकारको वर्णितश्चेतयिता।।२८३।।
अप्रतिक्रमणं द्विविधं द्रव्ये भावेतथाऽपिऽप्रत्याख्यानम।
एतेनोपदेशेन चाकारको वर्णितश्चेतयिता।।२८४।।
यावदप्रतिक्रमणमप्रत्याख्यानं च द्रव्यभावयोः।
करोत्यात्मा तावत्कर्ता स भवति ज्ञातव्यः।।२८५।।

आत्मात्मना रागादीनामकारक एव, अप्रतिक्रमणाप्रत्याख्यानयोर्द्वैविध्योपदेशान्यथानुपपत्तेः यः खलु अप्रतिक्रमणाप्रत्याख्यानयोर्द्रव्यभावभेदेन द्विविधो- पदेशः स, द्रव्यभावयोर्निमित्तनैमित्तिकभावं प्रथयन्, अकर्तृत्वमात्मनो ज्ञापयति। तत एतत् स्थितं-परद्रव्यं निमित्तं, नैमित्तिका आत्मनो रागादिभावाः। यद्येवं नेष्येत तदा द्रव्याप्रतिक्रमणाप्रत्याख्यानयोः कर्तृत्वनिमित्तत्वोपदेशोऽनर्थक एव स्यात्, तदनर्थकत्वे त्वेकस्यैवात्मनो रागादिभावनिमित्तत्वापत्तौ नित्यकर्तृत्वानुषङ्गान्मोक्षाभावः प्रसजेच्च। ततः परद्रव्यमेवात्मनो रागादिभावनिमित्तमस्तु। तथा सति तु रागादीनामकारक एवात्मा। तथापि यावन्निमित्तभूतं द्रव्यं न प्रतिक्रामति न प्रत्याचष्टे च तावन्नैमित्तिकभूतं भावं न प्रतिक्रामति न प्रत्याचष्टे च, यावत्तु भावं न प्रतिक्रामति न प्रत्याचष्टे च तावत्कर्तैव स्यात्। यदैव निमित्तभूतं द्रव्यं प्रतिक्रामति प्रत्याचष्टे च तदैव नैमित्तिकभूतं भावं प्रतिक्रामति प्रत्याचष्टे च, यदा तु भावं प्रतिक्रामति प्रत्याचष्टे च तदा साक्षादकर्तैव स्यात्।

હવે પૂછે છે કે આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે ? તેનું સમાધાન (આગમનું પ્રમાણ આપીને) કરે છે :-

અણપ્રતિક્રમણ દ્વયવિધ, અણપચખાણ પણ દ્વયવિધ છે,
- આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩.
અણપ્રતિક્રમણ બે - દ્રવ્યભાવે, એમ અણપચખાણ છે,
- આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪.
અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણ દ્રવ્યનું, ભાવનું,
આત્મા કરે છે ત્યાં લગી કર્તા બને છે જાણવું. ૨૮૫.

ગાથાર્થ :– [ अप्रतिक्रमणं ] અપ્રતિક્રમણ [ द्विविधम् ] બે પ્રકારનું [ तथा एव ] તેમ જ [ अप्रत्याख्यानं ] અપ્રત્યાખ્યાન બે પ્રકારનું [ विज्ञेयम् ] જાણવું; - [ एतेन उपदेशेन च ] આ ઉપદેશથી [ चेतयिता ] આત્મા [ अकारकः वर्णितः ] અકારક વર્ણવવામાં આવ્યો છે.

[ अप्रतिक्रमणं ] અપ્રતિક્રમણ [ द्विविधं ] બે પ્રકારનું છે - [ द्रव्ये भावे ] દ્રવ્ય સંબંધી અને ભાવ સંબંધી; [ तथा अप्रत्याख्यानम् ] તેવી રીતે અપ્રત્યાખ્યાન પણ બે પ્રકારનું છે - દ્રવ્ય સંબંધી અને ભાવ સંબંધી; - [ एतेन उपदेशेन च ] આ ઉપદેશથી [ चेतयिता ] આત્મા [ अकारकः वर्णितः ] અકારક વર્ણવવામાં આવ્યો છે.

[ यावत् ] જ્યાં સુધી [ आत्मा ] આત્મા [ द्रव्यभावयोः ] દ્રવ્યનું અને ભાવનું [ अप्रतिक्रमणम् च अप्रत्याख्यानं ] અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન [ करोति ] કરે છે [ तावत् ] ત્યાં સુધી [ सः ] તે [ कर्ता भवति ] કર્તા થાય છે [ ज्ञातव्यः ] એમ જાણવું.

ટીકા :– આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે; કારણ કે, જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો) અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે. માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે. જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય, અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે. માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો. અને એમ હોતાં, આત્મા રાગાદિકનો અકારક જ છે એમ સિદ્ધ થયું. (આ રીતે જોકે આત્મા રાગાદિકનો અકારક જ છે) તોપણ જ્યાં સુધી તે નિમિત્તભૂત

દ્રવ્યને (-પરદ્રવ્યને) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી (અર્થાત્ જ્યાં સુધી નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ તથા પચખાણ કરતો નથી) ત્યાં સુધી નૈમિત્તિકભૂત ભાવને (-રાગાદિભાવને) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી, અને જ્યાં સુધી ભાવને પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી ત્યાં સુધી કર્તા જ છે; જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે જ નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમે છે તથા પચખે છે, અને જ્યારે ભાવને પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે સાક્ષાત્ અકર્તા જ છે.

ભાવાર્થ :– અતીત કાળમાં જે પરદ્રવ્યોનું ગ્રહણ કર્યું હતું તેમને વર્તમાનમાં સારાં જાણવા, તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે અને તે પરદ્રવ્યોના નિમિત્તે જે રાગાદિભાવો થયા હતા તેમને વર્તમાનમાં ભલા જાણવા, તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે ભાવ-અપ્રતિક્રમણ છે. તેવી રીતે આગામી કાળ સંબંધી પરદ્રવ્યોની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે દ્રવ્ય-અપ્રત્યાખ્યાન છે અને તે પરદ્રવ્યોના નિમિત્તે આગામી કાળમાં થનારા જે રાગાદિભાવો તેમની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે ભાવ-અપ્રત્યાખ્યાન છે. આમ દ્રવ્ય-અપ્રતિક્રમણ ને ભાવ-અપ્રતિક્રમણ તથા દ્રવ્ય-અપ્રત્યાખ્યાન ને ભાવ-અપ્રત્યાખ્યાન-એવો જે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો બે પ્રકારનો ઉપદેશ છે તે દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિકભાવને જણાવે છે. માટે એમ ઠર્યું કે પરદ્રવ્ય તો નિમિત્ત છે અને રાગાદિભાવો નૈમિત્તિક છે. આ રીતે આત્મા રાગાદિભાવોને સ્વયમેવ નહિ કરતો હોવાથી તે રાગાદિભાવોનો અકર્તા જ છે એમ સિદ્ધ થયું. આ પ્રમાણે જોકે આ આત્મા રાગાદિભાવોનો અકર્તા જ છે તોપણ જ્યાં સુધી તેને નિમિત્તભૂત પરદ્રવ્યનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે ત્યાં સુધી તેને રાગાદિભાવોનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે, અને જ્યાં સુધી રાગાદિભાવોનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે ત્યાં સુધી તે રાગાદિભાવોનો કર્તા જ છે; જ્યારે તે નિમિત્તભૂત પરદ્રવ્યનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કરે ત્યારે તેને નૈમિત્તિક રાગાદિભાવોનાં પણ પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે, અને જ્યારે રાગાદિભાવોનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે ત્યારે તે સાક્ષાત્ અકર્તા જ છે.

## ગાથા–૨૮૩ થી ૨૮૫ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે?' પ્રભુ! આપ તો કહો છો કે, પુણ્ય અને પાપનો કર્તા આત્મા નથી. એ આત્મા તો પુણ્ય-પાપ રાગનો અકર્તા છે. મહારાજ! એ શી રીતે આપ કહો છો? આહા...! મને સમજાયું નહિ. મને શંકા નથી પણ આશંકા–સમજાયું નહિ કે, આપ શું કહો છો? આહા...! પ્રભુ! છે? 'આત્મા રાગાદિક...' પુણ્ય-પાપના ભાવનો અકારક જ છે. શુભ-અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના

પરિણામનો આત્મા અકારક છે. આહાહા..! ભારે વાત, ભાઈ! તો પછી આ ધંધા-ફંધાનો કારક તો ક્યાંય રહી ગયું, એ તો જુદી ચીજ રહી ગઈ.

શિષ્યનો પ્રશ્ન છે. સંસ્કૃતમાં છે, જુઓ! 'कथमात्मा रागादीनामकारक' ઉપર સંસ્કૃત છે. આહાહા..! પ્રભુ! આ તમે શું કહો છો? શું કહો છો? પુણ્ય-પાપના રાગ-દ્વેષના ભાવનો આત્મા કર્તા નથી. આપ શું કહો છો? કર્તા નથી તો આ કરે છે ને આ ભોગવે છે કોણ? એમ શિષ્યનો પ્રશ્ન છે. આહાહા..! ભગવાનઆત્મા નિર્મળાનંદ પ્રભુ ચૈતન્યવસ્તુ, એ તો પુણ્ય અને પાપ, રાગ-દ્વેષાદિનો કર્તા નથી. અકર્તા–અકારક છે. કેવી રીતે છે? એ અકારક છે એ કેવી રીતે છે? આપ કહો છો એ ખોટું નથી પણ મને સમજાતું નથી. આશંકા છે. શંકા નથી. શંકામાં તો આપ કહો છો એ જૂઠું છે, ઇ શંકા (છે). આપ કહો છો એ તો બરાબર છે પણ મને સમજાતું નથી, એ આશંકા. આહાહા..! છે પ્રશ્ન?

આવું સાંભળીને પ્રશ્ન થાય છે. આત્મા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના રાગનો અકર્તા? અકારક જ છે, કર્તા જ નથી? શું કહો છો આપ? આહાહા..! તેનું સમાધાન. આવો પ્રશ્ન છે તેનું સમાધાન. તેને ઉત્તર આપે છે. એવી જિજ્ઞાસા જેને અંતરથી થઈ, પ્રભુ આ આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ નાથ, એ પુણ્ય ને પાપના ભાવનો કર્તા નથી? અકારક છે? એ કેવી રીતે છે? મને સમજાયું નહિ, પ્રભુ! એમ પ્રશ્ન છે. આહાહા..! પ્રશ્નકાર તો પ્રશ્ન કરે. તમારી વાત ખોટી નથી, અમને ખોટી નથી લાગતી પરંતુ આપ શું કહો છો એ મને સમજાતું નથી. આત્મા પુણ્ય-પાપનો અકર્તા? ત્યારે શું પર તેનો કર્તા છે? આહાહા..! 'તેનું સમાધાન (આગમનું પ્રમાણ આપીને) કહે છે :–'

अप्पडिकमणं दुविहं अपच्चखाणं तहेव विण्णेयं।
एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।।२८३।।
अप्पडिकमणं दुविहं दव्वे भावे अपच्चखाणं पि।
एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।।२८४।।
जावं अप्पडिकमणं अपच्चखाणं च दव्वभावाणं।
कुव्वदि आदा तावं कत्ता सो होदि णादव्वो।।२८५।।

અણપ્રતિક્રમણ દ્વયવિધ, અણપચખાણ પણ દ્વયવિધ છે,
- આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩.
અણપ્રતિક્રમણ બે - દ્રવ્યભાવે, એમ અણપચખાણ છે,
- આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪.
અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણ દ્રવ્યનું, ભાવનું,
આત્મા કરે છે ત્યાં લગી કર્તા બને છે જાણવું. ૨૮૫.

થોડી ઝીણી વાત છે, હોં! ટીકા, ટીકા છે? 'આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે;...' છે? ટીકા, ટીકા. છે? શું છે વાંચો જોઈએ. આત્મા.. આહાહા..! પ્રભુ ઉત્તર આપે છે. શિષ્યના પ્રશ્નનો ઉત્તર આપે છે. પ્રભુ! તેં એમ પ્રશ્ન કર્યો કે, આત્મા રાગ-દ્વેષનો અકારક? આત્મા રાગ-દ્વેષને કરે નહિ? આપ શું કહો છો? તો કહે છે, આત્મા સ્વયં રાગાદિકનો અકારક જ છે. પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ (છે) એમાંથી રાગ થાય છે એમ કદી બનતું નથી. એ શુદ્ધ ચિદાનંદ આત્મા પ્રભુ, તેનાથી તો આનંદ અને જ્ઞાનની દશા ઉત્પન્ન થાય છે. એવો આત્મા છે. આહાહા..! શું કહ્યું સમજાયું?

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ–દળ છે. એ તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની પર્યાયનો કર્તા છે. રાગાદિનો કર્તા આત્મદ્રવ્ય નથી. આહાહા..! છે? પહેલી જ પંક્તિમાં આ નાખ્યું.

'આત્મા પોતાથી...' પોતાથી, નિમિત્તને તાબે થયા વિના, પોતાથી. આહાહા..! પોતાને તાબે થઈને. જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ આત્મા, એ સ્વતઃ પોતાથી. પોતાના અનંત ગુણમાં વિકાર કરનારો કોઈ ગુણ નથી. ગુણ અનંત છે. પોતામાં ગુણ સંખ્યાએ અનંત છે. અનંત અનંત અનંત અનંત અનંત ગુણ (છે) પણ કોઈ ગુણ વિકાર કરે એવો કોઈ ગુણ આત્મામાં નથી. આહાહા..! પર્યાયમાં પરલક્ષે વિકાર થાય છે એ સિદ્ધ કરવું છે. વસ્તુ પોતે વિકાર કરે એવો કોઈ ગુણ વસ્તુમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'આત્મા પોતાથી...' પુણ્ય-પાપના ભાવનો અકારક જ છે. કેમ? 'જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો) અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.' કારણ કે ભગવાને રાગ અને દ્વેષથી હટી જવું, એમ કહ્યું એ બને નહિ. જો આત્મા કર્તા હોય તો તેનાથી હટવું જ ન બને. ભગવાને તેનાથી હટવાનું કહ્યું, કે રાગ અને દ્વેષથી હટીને પ્રતિક્રમણ કર. હટી જા. જે આત્મા આનંદસ્વરૂપ છે તેની દૃષ્ટિ કરીને, રાગ ને દ્વેષ ભાવ છે અને જડ નિમિત્ત છે, તેનાથી હટી જા. હટી જા કહેવામાં આવ્યું તો આત્મા રાગ-દ્વેષનો કર્તા પોતાથી નથી. આહાહા..! આવી વાત. વેપાર આડે નવરાશ ન મળે. હેં? આહાહા..! શું કહ્યું?

'આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે;...' કેમ? 'જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો) અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન...' એટલે? અપ્રત્યાખ્યાન અને અપ્રતિક્રમણ એટલે રાગથી હટવું અને પરનું લક્ષ છોડવું, એમ જે કહેવામાં આવ્યું છે તે જ એમ બતાવે છે, કે આત્મા રાગનો કર્તા નથી. જો રાગનો કર્તા હોય તો પરથી હટવું અને પોતામાં આવવું, એ બની શકે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! એ થોડી ઝીણી વાત છે. 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.' ભગવાનનો તો ઉપદેશ છે, કે રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવથી

હટી જા. તારી ચીજ નથી. સ્વભાવમાં આવી જા, એમ કહ્યું એ જ સિદ્ધ કરે છે, કે આત્મા પોતાથી રાગ-દ્વેષનો કર્તા નથી. સમજાય છે કાંઈ? ભાષા જરી સૂક્ષ્મ છે.

'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે...' ભગવાનનો બે પ્રકારનો ઉપદેશ છે, કે દ્રવ્ય જે પરચીજ છે ત્યાંથી હટી જા અને નિમિત્ત આધીન થઈને તને જે વિકાર થાય છે તેનાથી પણ હટી જા. કેમ કે તારામાં નથી. આહાહા..! આવો જે ભગવાનનો ઉપદેશ છે એ એમ સિદ્ધ કરે છે, કે આત્મા વિકારનો કર્તા નથી. એ તો પર ઉપર દૃષ્ટિ કરે તો વિકારનો કર્તા થાય છે. એ તો પર ઉપર દૃષ્ટિ કરે તો. પણ પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ કરે તો (રાગ ઉત્પન્ન ન થાય). રાગથી હટવાનો ઉપદેશ આપ્યો એ જ વાત એમ સિદ્ધ કરે છે કે આત્મા પોતાથી વિકારનો કર્તા નથી. સમજાય છે કાંઈ? વિશેષ વાત છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૪૬ ગાથા-૨૮૩ થી ૨૮૫ ગુરુવાર, કારતક સુદ ૧૨, તા. ૧-૧૧-૧૯૭૯

---

'સમયસાર' ૨૮૩ થી ૨૮૫ ગાથા. થોડો સૂક્ષ્મ વિષય છે.

ટીકા :- 'આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે;...' ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ, પોતાના આશ્રયે રાગ-દ્વેષનો તો અકારક છે. કેમકે સ્વભાવમાં મલિનતા નથી. સ્વભાવ(માં) તો અનંત ગુણ તદ્દન પવિત્ર છે. જે પવિત્ર છે એનું કર્તાપણું પવિત્રની પર્યાયમાં કર્તાપણું આવે, પણ એમાં રાગનું કર્તાપણું સ્વયં સ્વને આશ્રયે હોઈ શકે નહિ. ઝીણી વાત છે. આત્મા પોતાથી રાગ-દ્વેષ, મિથ્યાત્વ, રાગ-દ્વેષ, વિષયવાસના વિકાર આદિનો પોતે અકારક જ છે. વસ્તુ સ્વરૂપે તો અકારક છે. વસ્તુ પવિત્ર છે. એ પવિત્ર પોતે રાગને, દ્વેષને કરે એવું તો વસ્તુમાં છે નહિ.

'કારણ કે જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિકભાવોનો કારક હોય તો)...' શું કહે છે? આત્મા પોતાના આશ્રયથી જો રાગ-દ્વેષ ને પુણ્ય-પાપનો કર્તા હોય તો 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.' આત્મા સિવાય જે પરદ્રવ્ય છે તેની જે ગ્રહણક્રિયા છે, તેના સંસ્કાર છે, તેને ભલા જાણવા, તેની મમતા એ દ્રવ્ય અપ્રતિક્રમણ છે. અને તે નિમિત્તને આધીન પોતાના થયેલા પુણ્ય અને પાપના ભાવ, તેને ભાવ અપ્રતિક્રમણ છે. સમજાય છે કાંઈ?

વસ્તુ છે ચિદાનંદ, જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ, એ પોતાને આશ્રયે પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષના ભાવ કરે એ તો છે નહિ. સ્વભાવ તો અકારક છે. પણ એ સ્વભાવને ભૂલી જે કંઈ પરદ્રવ્ય ગયા કાળમાં ગ્રહણ કર્યા હતા, એ પરદ્રવ્યને લક્ષમાં લીધા હતા, તેને ભલા જાણ્યા હતા તેના સંસ્કાર રહ્યા હોય, તેમાં મમતા રહી હોય એને દ્રવ્ય અપ્રતિક્રમણ કહે છે. અને તેના નિમિત્તને આશ્રયે પોતાના સ્વભાવને ભૂલીને રાગ ને દ્વેષ થયા હોય, એ રાગ-દ્વેષના સંસ્કાર રહેવા, તેમાં મમતા રહેવી, તેને ભલા જાણવા એનું નામ ભાવ અપ્રતિક્રમણ છે. કહો, કેટલું યાદ રહ્યું એમાં?

દ્રવ્ય અને ભાવ અપ્રતિક્રમણ એટલે શું? કે, દ્રવ્ય એટલે આ આત્મા સિવાય જે પરદ્રવ્યને ગ્રહણ કર્યા હતા, ગ્રહણ એટલે લક્ષ કર્યું હતું અને તેને ભલા જાણ્યા હતા, તેમાં મમત્વ રહે, તેના સંસ્કાર રહે એનું નામ દ્રવ્ય અપ્રતિક્રમણ કહેવામાં આવે છે. ભગવાનનો આ ઉપદેશ છે, કે એ દ્રવ્ય અપ્રતિક્રમણ, પરના આશ્રયે મમતા થાય છે તેને દ્રવ્ય અપ્રતિક્રમણ કહેવું. અને પરના આશ્રયે થતા જે પુણ્ય-પાપના ભાવ, નિમિત્તને તાબે થઈને થયેલા વિકારી ભાવ, તેને ભલા જાણવા, (તેના) સંસ્કાર રહેવા, મમતા રાખવી એનું નામ ભાવ અપ્રતિક્રમણ કહેવાય છે. આવો જે ઉપદેશ છે એ એમ બતાવે છે, નિમિત્ત-નિમિત્ત સંબંધ, પરદ્રવ્ય નિમિત્ત છે અને વિકારી પરિણામ નૈમિત્તિક છે. વસ્તુ સ્વભાવ નિમિત્ત છે અને વિકાર પરિણામ નૈમિત્તિક છે, એમ છે નહિ. સમજાય છે કાંઈ આમાં?

ફરીને, આ વસ્તુ ભગવાનઆત્મા છે એ તો અનંત ગુણનો પિંડ, સહજ આત્મા, સ્વભાવ સાગર, શુદ્ધ પવિત્ર સ્વભાવનો સાગર છે. એ પોતાથી વિકાર કરે, પોતાને આશ્રયે વિકાર કરે એમ કોઈ દિ' બને નહિ. વસ્તુમાં વિકાર નથી. એથી તે પોતાને ભૂલીને પરદ્રવ્ય ઉપર લક્ષ કરે અને પરદ્રવ્યને ભલા જાણે, પરદ્રવ્યના સંસ્કાર રહે, પરદ્રવ્યમાં મમતા રહે એનું નામ દ્રવ્ય અપ્રતિક્રમણ–દ્રવ્યથી છૂટ્યો નથી. દ્રવ્યના લક્ષથી છૂટ્યો નથી. તેથી એને ભાવનું લક્ષ થયું નથી. સમજાણું કાંઈ?

અને તે પરદ્રવ્યના નિમિત્તે, પોતાના નૈમિત્તિક જે પુણ્ય ને પાપ, રાગ-દ્વેષ આદિ થાય તે નિમિત્તને આધીન થાય છે, સ્વભાવને આધીન નહિ. તેથી તે નિમિત્તાધીન થયેલા વિકારીભાવને જ્યાં સુધી ભલા જાણે, સંસ્કાર રહે, મમતા રહે ત્યાં સુધી તે ભાવનું ભાવ અપ્રતિક્રમણ કહેવામાં આવે છે. એ ભાવથી ફર્યો નથી, ભાવથી ખસ્યો નથી. આવી વાતું છે. યાદ રહેવું મુશ્કેલ છે.

દ્રવ્ય અપ્રતિક્રમણ અને ભાવ અપ્રતિક્રમણ. પછી દ્રવ્ય અપ્રતિક્રમણના બે પ્રકાર અને ભાવ અપ્રતિક્રમણના બે પ્રકાર. નિમિત્ત અને પોતાનો નૈમિત્તિક. પહેલા તો આ વાત છે, કે આત્મા પોતાથી રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકારનો અકારક જ છે. સ્વભાવને આશ્રયે વિકાર થાય એવી એ ચીજ જ નથી. આહાહા..! એ તો નિમિત્તના આશ્રયે, નિમિત્તને લક્ષે, નિમિત્તની

મમતામાં જતાં નિમિત્તનું અપ્રતિક્રમણ છે અને નિમિત્તને આશ્રયે થતાં વિકારી (પરિણામનું) અપ્રતિક્રમણ છે. એનો જે ઉપદેશ વીતરાગે કહ્યો, એનો અર્થ થયો કે, એકલો આત્મા વિકારનો કર્તા નથી. ફક્ત નિમિત્ત અને નિમિત્તને આશ્રયે જાય છે ત્યારે તે વિકારનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ? અરે..! આવી વાતું છે.

'જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો)...' આત્મનો સ્વભાવ જો રાગ-દ્વેષ કરવાનો હોય તો 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.' નિમિત્ત (ઉપર) તારું લક્ષ છે, નિમિત્તના લક્ષે તને વિકાર થાય છે. એ દ્રવ્ય અપ્રતિક્રમણ અને દ્રવ્ય અપ્રત્યાખ્યાનની હયાતી તારા સ્વભાવથી નથી, એ નિમિત્તને આધીન થાય છે માટે છે. સમજાય છે કાંઈ? આ ગડિયો ઝીણો છે. આહા..! 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.'

દ્રવ્ય અપ્રતિક્રમણ એટલે નિમિત્ત જે પરદ્રવ્યો છે એમાંથી પાછું ન હટવું અને તેના લક્ષમાં રહેવું, તેને ભલા જાણવા એનું નામ દ્રવ્ય અપ્રતિક્રમણ (છે). અને તેના લક્ષે થયેલા વિકારને ભલા જાણવા, સંસ્કાર રહેવા, મમતા રહેવી એ ભાવ અપ્રતિક્રમણ. કીધું? 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો...' પરનો, નિમિત્તનો ત્યાગ નથી, આદર છે અને નિમિત્તને આશ્રયે વિકાર થાય તેનો ત્યાગ નથી અને આદર છે ત્યાં સુધી અપ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ, એમ કહેવાય છે. આહા..! સમજાય છે?

ગઈ કાલે બ્રાહ્મણ આવ્યો હતો. 'પાઘડી'નો, અહીં 'પાઘડી' છે ને? (ઇ કહે), હું 'મુંબઈ'માં વ્યાખ્યાન સાંભળવા આવતો. બ્રાહ્મણ છે બિચારો. સમજાય છે? એમ તમે કહેતા હતા. આ 'પાઘડી' છે ને? 'મુંબઈ'માં રહેતો હશે, જુવાન છોકરો હતો. વ્યાખ્યાનમાં હું આવતો. આત્માની વાત બહુ સારી કરી. આ 'પાઘડી' અહીં છે ને? સમજાય છે? એમ તમે કહેતા હતા. મેં કીધું, હા, વાત સાચી. પાંચ રૂપિયા મૂક્યા અને આ પ્રમાણે બોલ્યો, મહારાજ! હું ત્યાં સાંભળવા આવતો. હવે આ વાત જ એવી છે. પરિચય નહિ એને આ વાત બેસવી કઠણ પડે. આહા..!

અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન. એટલે કે પરમાંથી ખસવું અને પરનો ત્યાગ કરવો, પરમાંથી ખસવું-નિમિત્તથી ખસવું, વિકારથી ખસવું એ દ્રવ્ય અને ભાવ અપ્રતિક્રમણ. અને તેનો ત્યાગ કરવો એ દ્રવ્ય અને ભાવ પચ્ચખાણ. ન ત્યાગ કરવો એ દ્રવ્ય અને ભાવ અપચ્ચખાણ.

'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર...' હવે પાછા બે પ્રકાર આવ્યા. પહેલા તો દ્રવ્ય અપ્રતિક્રમણ અને દ્રવ્ય અપ્રત્યાખ્યાન (હતું). એટલે? ફક્ત સમુચ્ચય વાત કરી હતી. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો દ્વિવિધપણાનો ઉપદેશ, એટલું (હતું). એમાં દ્રવ્ય અને ભાવના ભેદ પાડ્યા નહોતા. એ ભેદ હવે પાડ્યા. પરવસ્તુ નિમિત્ત છે એ પરદ્રવ્ય છે. એના સંસ્કાર રહેવા એ દ્રવ્ય અપ્રતિક્રમણ અને તેનાથી થયેલા વિકારો, તેના સંસ્કાર

રહેવા એ ભાવ અપ્રતિક્રમણ. અને પૂર્વના નિમિત્તનો ત્યાગ ન કરવો, એના તરફનું લક્ષ છોડવું નહિ અને આશ્રય લેવો અને તેના તરફના થતા વિકારનો ત્યાગ ન કરવો, એ અપ્રત્યાખ્યાન બે પ્રકારનું છે–દ્રવ્ય અપ્રત્યાખ્યાન, ભાવ અપ્રત્યાખ્યાન. દ્રવ્ય અપ્રતિક્રમણ, ભાવ અપ્રતિક્રમણ. 'પાટનીજી'! 'ભભૂતમલજી'! આવું ક્યાંય ચોપડામાં આવ્યું ન હોય, ન્યાં ચોપડામાં ક્યાંય સાંભળ્યું ન હોય. આહાહા..! શાંતિથી સાંભળવું, ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, બાપુ! અનંતકાળમાં એનું વાસ્તવિક તત્ત્વ એને સાંભળવા મળ્યું નથી અને સાંભળવા મળ્યું હોય તો દરકાર કરી નથી. સાંભળીને કાઢી નાખ્યું કે, એ તો હોય, હોય. પોતાનું શું સ્વરૂપ છે, તે તરફ તેણે દૃષ્ટિ કરી નથી. આહાહા..!

હવે અહીં કહે છે, કે ભગવાનનો આવો બે પ્રકારનો ઉપદેશ છે, કે પરના નિમિત્તનું અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન. ભેદ પછી પાડશે, પણ પરનું અપ્રતિક્રમણ અને પરનો ત્યાગ નહિ. એવો જે ભગવાનનો ઉપદેશ છે એ એમ બતાવે છે કે આત્મા એકલો અકારક છે. એ તો પરનો આશ્રય કરે તો કારક થાય છે. સમજાણું કાંઈ? આવી વાત છે. હવે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાના ખરેખર દ્રવ્ય-ભાવના ભેદ બે પ્રકારે છે. પહેલા અપ્રત્યાખ્યાન અને અપ્રતિક્રમણના બે ભેદ કીધેલા. અપ્રત્યાખ્યાન અને અપ્રતિક્રમણના બે ભેદ. હવે એક એક અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના બે-બે ભેદ (કહે છે). આહાહા..! ધીમેથી સમજવું. આવું તમારા ચોપડામાં ક્યાંય આવ્યું ન હોય. છ ભાઈઓ બેસીને વાતું કરતા હતા. ધૂળની કરતા હોય. આ શું કહે છે એ સમજવું કઠણ પડે એવું છે. આહાહા..!

અહીં એમ સિદ્ધ કરવું છે, કે પ્રભુ તું આત્મા છો. તે તો શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ નિર્મળાનંદ છો. એ પોતે પોતાને આશ્રયે વિકાર કરે એવું તો બને નહિ. કારણ કે એનામાં વિકાર છે નહિ. એ તો પવિત્રતાનો પિંડ છે, ભગવતસ્વરૂપ પરમેશ્વરસ્વરૂપ છે. તો પરમેશ્વરસ્વરૂપને આશ્રયે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન એવા જે વિકારના ભેદો એ એનાથી તો થાય નહિ. સમજાણું કાંઈ? ત્યારે એ અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન બને ક્યારે? કે, પરનો ત્યાગ ન કરે અને પરના લક્ષમાં રહે ત્યારે તે દ્રવ્યનું અપ્રતિક્રમણ કહેવાય. અને પરને લક્ષે થયેલા વિકારનો ત્યાગ ન કરે અને એની મમતા ન છોડે ત્યાં સુધી ભાવ અપ્રત્યાખ્યાન કહેવામાં આવે છે અને એને ભાવ અપ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા..! ઝીણી વાત છે. આ તો સિદ્ધાંત છે. વીતરાગી સિદ્ધાંત છે. આ કાંઈ વાર્તા નથી, કથા નથી. આહા..!

બે પ્રકારનો ઉપદેશ છે. 'તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...' શું કહે છે? કે, દ્રવ્ય અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન એવા બે ભેદ પહેલા કીધાં. એટલે કે પરથી હટ્યો નથી, પરમાં જોડાણો છે અને પરમાં રાગ-દ્વેષ કર્યા કરે છે, એમાં બન્નેમાં તું ઊભો છો. હવે એ બે થયા કેમ? કે, નિમિત્ત પર છે અને તારા વિકારી ભાવ

નૈમિત્તિક (છે). એમ નિમિત્ત-નિમિત્ત સંબંધે થયેલા છે. તારા સ્વભાવના આશ્રયે થયેલા એ છે નહિ. આહાહા..! આવું ક્યારે નવરા થાય અને ફૂરસદથી મેળવે? જિંદગી ચાલી જાય છે. આહાહા..!

દ્વિવિધ પ્રકારનો ભગવાનનો ઉપદેશ છે, કે નિમિત્તનું લક્ષ છોડી દે અને નિમિત્તથી તારામાં થતા ભાવને છોડી દે. એવો જે ઉપદેશ છે એ એમ બતાવે છે, કે એકલો આત્મા રાગનો કર્તા નથી. એકલો આત્મા વિકારનો કર્તા નથી. એને નિમિત્ત-નિમિત્ત સંબંધમાં વિકાર થાય છે. એને સ્વભાવના સંબંધમાં વિકાર થતો નથી. આહાહા..! અટપટી વાત છે.

મુમુક્ષુ :- ધર્મ શું કરવો એ સમજાતું નથી.

ઉત્તર :- આ એની વાત તો ચાલે છે. જ્યારે તારામાં વસ્તુસ્વરૂપ તો ધર્મસ્વરૂપ પવિત્ર છો જ. હવે એનો આશ્રય નથી તેથી તને પરનો-નિમિત્તનો આશ્રય છે. એ નિમિત્ત એટલે પરદ્રવ્ય, એનો આશ્રય છે, એનો આશ્રય છોડ્યો નથી તેમ એને આશ્રયે થતા વિકારને છોડ્યા નથી, તે અધર્મ છે. અને તે નિમિત્તનો આશ્રય છોડવો અને નિમિત્તને આશ્રયે થતા વિકારનો ત્યાગ કરવો એનું નામ ધર્મ છે.

મુમુક્ષુ :- એનો આશ્રય છોડીએ તો ગરીબ થઈ જાય.

ઉત્તર :- ગરીબ જ છે. પરથી તો રહિત જ છે. શું કીધું સમજાણું? આ પૈસાનો આશ્રય છોડે તો ગરીબ થઈ જાય. પછી માણસ પૈસાવાળો ન રહે (એમ કહે છે). આ બધા કરોડપતિ ને બે કરોડપતિ ને આ બધા કરોડપતિ રહ્યા. પછી એ કરોડપતિ કહેવાય નહિ, ગરીબ કહેવાય. પણ હતા કે દિ' પૈસા એના? પૈસા પરદ્રવ્ય તો નિમિત્ત છે. એ પરદ્રવ્ય સારા છે, ભલા છે એ સંસ્કાર રહેવા એનું નામ તો દ્રવ્ય અપ્રતિક્રમણ છે. અને તેના તરફના થતા વિકારભાવનો ત્યાગ ન થવો એનું નામ વર્તમાન ભાવ અપ્રતિક્રમણ છે. અને ભવિષ્યને માટે નિમિત્તના સંસ્કાર રહેવા અને મમતા રહેવી એ ભવિષ્યનું અપ્રત્યાખ્યાન છે. રાગ-દ્વેષનો ત્યાગ ન થવો એ ભવિષ્યનું અપ્રતિક્રમણ છે. આહાહા..! આ થોડી અટપટી વાત છે. થોડી ઝીણી છે. ભાષા તો બહુ સાદી આવે છે.

આ આત્મા અંદર છે એ ચૈતન્યસૂર્ય, આનંદનો સાગર છે. આહા..! શુદ્ધ ભગવંતસ્વરૂપ પરમેશ્વરસ્વરૂપ છે. એ પરમેશ્વરસ્વરૂપને આશ્રયે વિકાર થાય ક્યાંથી? એમાં છે નહિ ને. એનો કોઈ ગુણ વિકાર થાય એવો છે નહિ તો એને આશ્રયે વિકાર થાય ક્યાંથી? ત્યારે વિકાર થાય તો છે. ત્યારે પ્રભુનો ઉપદેશ છે, કે વિકાર જે પરના લક્ષે થાય છે એની મમતા છોડ અને પરને લક્ષે વિકાર થાય છે તેની મમતા છોડ. એમ છોડવાનો ઉપદેશ કીધો એ જ બતાવે છે કે આત્મા વિકારનો કર્તા નથી. સ્વભાવથી કર્તા નથી. 'શાંતિભાઈ'! આ અટપટું છે. ન્યાં હીરા-માણેક જેવું નથી.

મુમુક્ષુ :- ઉપયોગને સ્થિર કરે તો સમજાય એવું છે.

ઉત્તર :– સત્ત ઉપયોગથી એને સત્ત જોવું પડે. આહાહા..!

અહીંયાં તો એક કોર આત્મા અને એક કોર પરદ્રવ્ય. એટલે હવે જો આત્મા એકલો છે.. એ કીધું ને? પોતે એકલો રાગાદિકનો અકારક છે. એકલો, નિમિત્તના આશ્રય વિના અને નિમિત્તના લક્ષ વિના વિકાર જ થાય નહિ. પોતાને લક્ષે અને પોતાને આશ્રયે તો વિકાર થાય નહિ. કેમકે એ તો પવિત્ર આનંદકંદ પ્રભુ છે. હવે ભગવાનનો ઉપદેશ તો એવો છે, કે નિમિત્તનું પ્રતિક્રમણ કર એટલે કે નિમિત્તનું લક્ષ છોડ અને નિમિત્તથી થતા રાગનું પ્રતિક્રમણ કર એટલે છોડ. છોડ, એમ કહેવાનો આશય કે, એના સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ગરીબ થઈ જાવું પડે.

ઉત્તર :– ગરીબ કે દિ' હતો? શરીર એનું નથી. આ તો માટી–ધૂળ છે. એને કારણે આવ્યું છે, એને કારણે રહ્યું છે અને એને કારણે ખસી જશે. આહાહા..! આજે સાંભળ્યું ને? 'પ્રેમચંદભાઈ'નું વહુને જરીક દુઃખ થયું એવો દેહ છૂટી ગયો. 'રાણપર', 'પ્રેમચંદભાઈ'ની વહુ. આમ જરીક સહેજ દુઃખાવો આવ્યો. જ્યાં દુઃખાવો આવ્યો, કીધું ત્યાં તો દેહ છૂટી ગયો. છૂટતા તો એક ક્ષણ (થઈ), વારેય ન લાગી. દુઃખાવો આવ્યો, આવ્યા ભેગો દેહ છૂટી ગયો. 'રાણપર' આપણા 'પ્રેમચંદભાઈ' હતા ને? 'પ્રેમચંદ મગનલાલ' 'રાણપર'વાળા. આ બે દિ' પહેલા દેહ છૂટી ગયો, લ્યો! કાંઈ ન મળે. જરીક દુઃખાવો આવ્યો ભેગો દેહ ખલાસ થઈ ગયો, છૂટી ગયો ફટ. એની ચીજ ક્યાં હતી પણ? એ તો સંયોગી ચીજ છે.

અહીં તો બે પ્રકારે વાત કરી કે, સંયોગી ચીજના સંસ્કાર રહેવા અને સંયોગના લક્ષે થયેલા વિકારના સંસ્કાર રહેવા એ બેય અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન છે. આહાહા..! જ્યાં સુધી આ શુદ્ધ ચિદાનંદ પ્રભુ આત્માનો અનુભવ ન આવે, હું આનંદ શુદ્ધ ચૈતન્ય છું એવી દૃષ્ટિ ન થાય ત્યાં સુધી નિમિત્તનો પણ ત્યાગ નથી, એનું લક્ષ અને નિમિત્તને આધીન થતાં વિકારનો ત્યાગ નથી, તે જ દ્રવ્ય અપ્રતિક્રમણ અને દ્રવ્ય અપ્રત્યાખ્યાન કહેવામાં આવે છે.

દોષ થાય છે પોતામાં, પણ એ દોષનું લક્ષ છે પરદ્રવ્ય. કારણ કે દોષ સ્વદ્રવ્યને લક્ષે થતો નથી. સ્વદ્રવ્યમાં દોષ છે નહિ. આહા..! ફક્ત પર્યાયમાં દોષ થાય છે. આહાહા..! એ લક્ષ આમ પરમાં જાય છે એથી તેને નિમિત્તનો પણ ત્યાગ નથી. નિમિત્તની મમતા– મારી છે, એમ રહે છે. અને તેનાથી થતો વિકાર એ પણ મારા છે એમ એની મમતા રહે છે. અને પ્રભુએ કીધું કે, દ્રવ્ય અપ્રતિક્રમણ અને ભાવ અપ્રતિક્રમણ બન્નેને છોડ. એનો અર્થ એ થયો કે આત્મા એકલો રાગનો કર્તા નથી. ફક્ત પરના નિમિત્તના સંબંધમાં જાય છે તો રાગનો કર્તા અજ્ઞાનભાવે થાય છે. આહાહા..! સમજાણું? માર્ગ બહુ ઝીણો, બાપુ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. આહાહા..! આ ગાથા એવી આવી.

મુમુક્ષુ :- પણ દ્રવ્યમાં ક્યાં રાગ છે? પ્રભુ!

ઉત્તર :- પરવસ્તુ નિમિત્તમાં લક્ષ જાય છે. એ કરે છે ક્યાં? હીરા-માણેક ઉપર લક્ષ જાય છે કે નહિ? લક્ષ જાય છે એની પાછી મમતા હતી કે, આ ઠીક થાય છે.

મુમુક્ષુ :- લક્ષ જાય કે નહિ?

ઉત્તર :- લક્ષ જાય છે ને. અહીં લક્ષ નથી એટલે ન્યાં લક્ષ જાય જ છે. જાય છે માટે એને પરદ્રવ્યની મમતા રહે છે. આહાહા..! પરદ્રવ્યના સંસ્કાર રહે છે, કે આ હોય તો ઠીક. અને તેના નિમિત્તે થતા વિકાર, એને ઠીક (છે) એમ માને છે. એ પણ દ્રવ્ય અને ભાવે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન એના ભાવમાં વર્તે છે. એટલે વસ્તુનો સ્વભાવ દૃષ્ટિમાં છે નહિ. અને તેથી તો ભગવાને ઉપદેશ કર્યો કે, આ દ્રવ્ય અને ભાવ અપ્રતિક્રમણ છે એને છોડ. એનો અર્થ થયો કે, સ્વભાવમાં એ છે નહિ. એને છોડી શકાય છે. આહાહા..!

મુમુક્ષુ :- સ્વભાવ નથી માટે.

ઉત્તર :- વસ્તુ તો ચિદાનંદ ભગવાન પરમેશ્વર છે. આહાહા..! ભગવત્‌સ્વરૂપ છે, ત્રિકાળ નિરાવરણ છે. ત્રિકાળ અખંડ એક સ્વરૂપે પરમાત્મસ્વરૂપ છે. એને આશ્રયે તો વિકાર થાય નહિ. એમાં છે નહિ, ક્યાંથી થાય? એથી વિકાર છે ખરો અને તેથી પ્રભુએ કહ્યું, કે નિમિત્તની મમતા છોડ અને નિમિત્તથી થતા વિકારની મમતા છોડ. છોડ એમ કહેવામાં આવ્યું એનો જ અર્થ થયો કે, સ્વતઃ એકલો આત્મા નિમિત્તના અવલંબન વિના (વિકારનો) કારક નથી. નિમિત્તનું અવલંબન કરે છે અને વિકાર કરે છે માટે વિકારનો કર્તા થાય છે. આવું અટપટું છે. આહાહા..!

ધીમેથી સમજે, ધીમેથી સમજે. આ સમજાય (એવું છે). આચાર્યોએ સમજે છે એને સમજાવ્યું છે ને? આ આત્મા છે, અંદર ભગવાન છે અને એ સમજી શકશે એને સમજાવે છે ને? રાગને સમજાવે છે? શરીરને સમજાવે છે? આહાહા..! એક માણસને તૃષા લાગી, તૃષા. ઘરમાં હજારનો, પાંચ હજારનો ઘોડો હોય કે બળદ હોય એને કહે કે, પાણી લાવજે. તૃષા લાગી હોય તો પાણી લાવજે, એમ કહેશે? કેમકે એ મારી વાત સમજશે નહિ. પણ આઠ વર્ષની છોડી હશે એને કહેશે કે, બેટા! પાણી લાવ. કારણ કે સમજે છે કે મારી વાત આ સમજશે. ઘોડાને નહિ કહે, આઠ વર્ષની છોડીને કહેશે. એમ અહીં પરમાત્મા કહે છે, અમે કાંઈ રાગને અને શરીરને આ સમજાવતા નથી. અંદર સમજનારો છે એને સમજાવીએ છીએ. આહાહા..! અને તે સમજનારો ભગવાનઆત્મા શુદ્ધ પવિત્ર છે, ભગવત્‌સ્વરૂપ છે. ભગવત્‌સ્વરૂપ ભગવત્‌સ્વરૂપને આશ્રયે વિકાર કરે અને પરનું લક્ષ કરે એમ બને નહિ. આહાહા..! એ પોતાના ભગવત્‌સ્વરૂપને ભૂલીને, જ્યારે સ્વદ્રવ્યને ભૂલે છે ત્યારે એને પરદ્રવ્યની મમતા થાય છે. સ્વના પવિત્રતાના ગુણને ભૂલે છે ત્યારે તેની પર્યાયમાં રાગ-દ્વેષ થાય છે. આહાહા..! અહીંયાં દ્રવ્ય અને ગુણ જ્યાં પવિત્ર છે તો અહીં પરદ્રવ્ય

અને પરને આશ્રયે થતા વિકાર તે દોષ છે. એને છોડાવે છે. ભગવાને એમ કીધું કે, એને છોડ. એ અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન દોષ છે, એમ કહેતાં જ આત્મા સ્વતઃ પોતાથી વિકારનો કર્તા નથી. નિમિત્ત-નિમિત્ત સંબંધે તે વિકારનો કર્તા થાય છે.

મુમુક્ષુ :– પરદ્રવ્યનો ત્યાગ કરી શકાતો નથી.

ઉત્તર :– એ ક્યાં કીધું? પરદ્રવ્યનું લક્ષ છોડ, પરદ્રવ્યનું લક્ષ છોડ. પરદ્રવ્ય છોડવું એ વાત નથી. એનું લક્ષ, એની મમતા છોડવી એ છોડવું છે. પરદ્રવ્ય તો પરદ્રવ્ય છે. આ મારા છે અને મને લાભદાયક છે, આ પૈસા મારા છે, આ બાયડી મારી છે, છોકરા મારા છે, મકાન મારું છે એવી જે મમતા છે એ તને નુકસાન કરનાર છે. પરદ્રવ્ય કંઈ નુકસાન કરતું નથી. આહાહા..! ભારે વાત.

આચાર્ય શું કહે છે? આત્મા અકારક કેમ છે? કે, પ્રભુએ અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન બે પ્રકારનો ઉપદેશ કર્યો ને? તો એનો અર્થ થયો કે, નિમિત્તને આશ્રયે વિકાર થાય (છે) અને નિમિત્તની મમતા રહે છે. પરને આશ્રયે મમતા (થાય છે). સ્વના આશ્રયે વિકાર કોઈ દિ' થતો જ નથી. પરને આશ્રયે મમતા થાય અને સ્વને આશ્રયે તો હું શુદ્ધ છું એવી દૃષ્ટિ થાય, અને સ્વને આશ્રયે ગુણ પ્રગટે તો અંદર પવિત્રતા પ્રગટે. આહાહા..! સ્વને આશ્રયે તો હું દ્રવ્ય છું, પરિપૂર્ણ છું, એવા દ્રવ્યની પ્રતીતિ થાય. અને એના ગુણો પવિત્ર છે એનો આશ્રય લે તો નિર્દોષ ગુણની પવિત્રતા પ્રગટ થાય. આત્મા એનું લક્ષ કરતો નથી તેથી તો તે વિકાર અને પરનો કારક નથી. પણ નિમિત્તના લક્ષે, નિમિત્તના થતા ભાવે–નિમિત્તથી થતા નૈમિત્તિક ભાવે બેયનો એને અત્યાગ છે, બેયનું એને અપ્રતિક્રમણ છે માટે તેને દોષ છે. માટે તે છોડ એમ કહેવામાં આવે છે. એનામાં હોય એ છોડી ન શકાય. એનામાં નથી તે છોડી શકાય છે, એવો તો ઉપદેશ છે. આહાહા..! આમાં ક્યાંય લાદી-બાદીમાં આવું સાંભળ્યું હતું? તમારે શું કહેવાય ઇ? 'થાણા.. થાણા'! 'થાણા'માં તમારે ઘરે ઉતર્યા હતા ને? મેડીએ ઉતર્યા હતા ને? પથરા ત્યાં બધા પંદર લાખનું. આહાહા..! આવી વાત પ્રભુ! સાંભળવી પણ કઠણ, ભાઈ!

અહીં તો એક કોર આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ, દ્રવ્યસ્વભાવ, દ્રવ્યસ્વભાવ, દ્રવ્ય શુદ્ધ અને એનો સ્વભાવ શુદ્ધ, એવો જે ભગવાનઆત્મા એ સ્વયં પોતાથી પોતાને આશ્રયે વિકાર કરે અને નિમિત્ત દ્રવ્યની મમતા કરે એવું બની શકે નહિ. આહાહા..! ફક્ત તેને ભૂલીને પોતાની જાત, આનંદની નાતને ભૂલીને, આ દ્રવ્યની દૃષ્ટિ નથી એટલે પરદ્રવ્યના લક્ષે, પરદ્રવ્ય મારા છે એવી મમતા ઊભી કરે છે. એને દ્રવ્ય અપ્રતિક્રમણ કહેવાય. ભવિષ્યમાં એનો ત્યાગ ન કરે તો દ્રવ્ય અપ્રત્યાખ્યાન કહેવાય. અને તેના નિમિત્તે થતો રાગ, એનો ત્યાગ ન કરે તો એને ભાવ અપ્રતિક્રમણ કહેવાય. ભવિષ્યને માટે ત્યાગ ન કરે તો ભાવ અપ્રત્યાખ્યાન કહેવાય. અને ભવિષ્યનો વર્તમાનમાં ત્યાગ કરે બેયનો તો દ્રવ્ય અને ભાવનું પ્રતિક્રમણ

થયું અને ભવિષ્યને માટે (ત્યાગ) કરે તો દ્રવ્ય અને ભાવનું પ્રત્યાખ્યાન થયું. 'પાટનીજી'! આવો અટપટો માર્ગ. ઓલું તો થઈ ગઈ સામાયિક અને થઈ ગયા પડિકમ્મણા. અરે.. પ્રભુ! ભાઈ! મારગડા પ્રભુના જુદા, ભાઈ! એક સેકંડ પણ અનંતકાળમાં એ સમજ્યો નથી. આહાહા..!

અહીં તો બે વાત લક્ષમાં આવી. એક તો દ્રવ્ય છે ને? એના ઉપર લક્ષ નથી એથી પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે. પરદ્રવ્ય એનું થાતું નથી, પણ જ્યારે આ દ્રવ્ય હું છું, એવું નથી ત્યારે પરદ્રવ્યની મમતા થયા વિના રહેતી નથી. હવે અહીંયાં આ બાજુ જુઓ તો એકલો ગુણનો ભંડાર છે. પ્રભુ તો પવિત્રતાનો ભંડાર છે. તેના ઉપર લક્ષ નથી તેથી આમ જોતા તેને વિકારનો ભાવ નિમિત્તને આધીન (થઈ) નૈમિત્તિક થાય છે. નિમિત્તને આધીન નૈમિત્તિક થાય છે. નિમિત્તથી થાય છે, એમ નહિ. આમાં મોટા વાંધા છે. જુઓ! નિમિત્ત-નૈમિત્તિક કહ્યું છે માટે નિમિત્તથી થયું. નિમિત્ત-નૈમિત્તિક કહ્યું છે એ તો નિમિત્તના સંબંધે કરે છે માટે થાય છે. પણ નિમિત્તથી થાય છે, એમ નથી. અત્યારે એ મોટો વાંધો છે. 'વિદ્યાનંદજી'એ હમણા એ નાખ્યું છે ને? નૈમિત્તિક નિમિત્તથી થાય છે. નિમિત્તને ના પાડે, નૈમિત્તિકની ના પાડે એ એકાંત મિથ્યાત્વ છે. આહા..! કર, ભાઈ! શું થાય? સાંભળનારા બિચારા..

મુમુક્ષુ :– એના ઉપર લક્ષ કરે છે.

ઉત્તર :– લક્ષ કરે છે. બીજું તો શું છે? આહાહા..! સ્વદ્રવ્યનું લક્ષ છોડીને નિમિત્તનું લક્ષ કરે એ દ્રવ્ય કરાવતું નથી. એનું લક્ષ કરે ત્યારે નિમિત્ત કહેવાય છે અને નિમિત્તને આશ્રયે પોતે પોતામાં વિકાર થાય છે (ત્યારે) એ પોતે તેનો અજ્ઞાનભાવે કર્તા છે. સમજાણું કાંઈ? નિમિત્ત-નિમિત્ત સંબંધ કહેતાં, નિમિત્તથી થયું છે એમ એનો અર્થ નથી. ફક્ત એ વિકાર થવામાં સામી ચીજ નિમિત્ત છે એથી તેને નિમિત્ત-નિમિત્ત સંબંધ કહ્યો. બાકી નિમિત્તને તો નૈમિત્તિક વિકાર અડતો પણ નથી અને વિકારને નિમિત્ત પણ અડતું નથી. એકબીજામાં તો અભાવ છે. આહાહા..! આવી વાત.

અહીં તો પ્રભુને એમ કહેવું છે, પ્રભુ! તું પ્રભુ છો ને! પરમેશ્વર છો ને! આહાહા..! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનું દળ છો ને, પ્રભુ! તો તારે આશ્રયે વિકાર થાય એ કેમ બને? વિકાર દ્રવ્ય અને ગુણ બેયમાં નથી. આહાહા..! દ્રવ્ય એકરૂપ છે, ગુણ અનેકરૂપ છે. બેયમાં દોષ તો છે નહિ. આહાહા..! બન્ને પવિત્ર છે. હવે બેયને જ્યારે ભૂલે છે, સ્વદ્રવ્ય વસ્તુ છે એને ભૂલે છે અને પરદ્રવ્ય ઉપર એની મમતા જાય છે. પરદ્રવ્ય એને મમતા કરાવે છે, એમ નથી. પણ નિમિત્ત-નૈમિત્તિકનો અર્થ એટલો કે, વિકાર કરે છે એ નિમિત્તને લક્ષે કરે છે એટલે નિમિત્ત કીધું અને અહીં વિકાર થયો તેને નૈમિત્તિક કીધું. તો નિમિત્તથી પણ છૂટતો નથી અને વિકારથી છૂટતો નથી. એ બેયને દ્રવ્ય અને ભાવ અપ્રતિક્રમણ કહેવામાં આવે છે. અને એમ બે ઉપદેશ આપ્યો એનો અર્થ, છૂટી શકાય છે. કારણ કે એમાં નથી.

માટે આત્મા અકારક સિદ્ધ થાય છે. 'નેમચંદભાઈ'! આવી વાત છે. આજની વાત ઝીણી છે. અહીં સાંભળવા ન આવ્યા હોય અને (કોઈ પૂછે કે), શું સાંભળ્યું? (તો કહે), કાંઈક કહેતા હતા. આમથી આમ અને આમથી આમ. બાપુ! મારગડા (જુદા છે).

ત્રિલોકનાથ આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર, પોતે સર્વજ્ઞ પરમેશ્વર છે. આ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વર છે. એ સર્વજ્ઞ પરમેશ્વર પોતાને આશ્રયે સર્વજ્ઞ પરમેશ્વરમાં પોતાને આશ્રયે અવગુણ કેમ થાય? પોતે તો સર્વજ્ઞ પરમેશ્વરનો પિંડ પ્રભુ છે. આહાહા..! તેથી પરમાત્મા કહે છે, કે સર્વજ્ઞ પરમેશ્વરના સ્વદ્રવ્યને ભૂલીને પરદ્રવ્ય ઉપર તેની મમતા જાય છે ત્યારે પરદ્રવ્યને નિમિત્ત કહેવામાં આવે છે અને તેથી થયેલા વિકારને નૈમિત્તિક કહેવામાં આવે છે. એ બેયથી સૂલટ્યો નથી તેથી તેને દ્રવ્ય અને ભાવ અપ્રતિક્રમણ કહેવામાં આવે છે. અને અપ્રતિક્રમણ, છોડવાનું જે કીધું એનો અર્થ એ છે, કે એનામાં નથી માટે છૂટી શકે છે. નિમિત્તનું લક્ષ છે એ છૂટી શકે છે અને નિમિત્તથી થતા વિકારના ભાવ પણ છૂટી શકે છે. કેમકે એનામાં છે નહિ. આરે..રે..! આવો માર્ગ છે. ઝીણું પડે એવું (છે). આહાહા..! વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. આહા..હા..! શું કીધું?

'આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે;...' એ લીટી, આ પહેલી લીટી. શું કીધું? ભગવાનઆત્મા પોતાથી તો વિકારનો અકારક જ છે. આહાહા..! કેમકે દ્રવ્ય અને ગુણ તો તદ્દન પવિત્રનો પિંડ, ભગવંતસ્વરૂપ, પરમેશ્વરસ્વરૂપ છે. એ પોતાને આશ્રયે વિકાર કેમ થાય? એટલે પોતે તો વિકારનો અકર્તા દ્રવ્યસ્વભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! 'જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિકભાવોનો કારક હોય તો)...' એમ. પોતાથી રાગ-દ્વેષનો કારક હોય તો 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો...' ભગવાનનો ઉપદેશ શું કરવા છે? એ બેય છે, દોષ છે એનો ત્યાગ કર. એનો અર્થ થયો કે, એ તારા સ્વભાવમાં નથી અને તેં પર્યાયમાં ઊભા કર્યા છે. એનો ત્યાગ કર, એમ જે ઉપદેશ આવ્યો એનો અર્થ એ કે આત્મા અકારક છે. આહાહા..! સમજાણું કાંઈ? ધીમેથી સમજવું, બાપુ! આ કાંઈ વાર્તા નથી. આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વરના અંતરના અભિપ્રાયની વાતું છે. આહાહા..!

'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.' કેમકે આ દોષ છે, તે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન છે અને તેથી તેને છોડી શકાય છે, એવો જે ભગવાનનો ઉપદેશ છે એ એમ સિદ્ધ કરે છે કે આત્મા પોતાથી તો વિકારનો અકારક છે. ફક્ત નિમિત્તને આધીન જાય છે ત્યારે વિકાર કરે છે. એ પર્યાયમાં પર્યાયદૃષ્ટિ કરે છે, બીજી રીતે એમ કહેવું છે. દ્રવ્યદૃષ્ટિ છોડે છે અને પર્યાયદૃષ્ટિ કરે છે ત્યારે પર્યાયદૃષ્ટિવાળો નિમિત્તને આધીન જાય છે. એ નિમિત્તાધીન જાય છે તેથી તેનામાં વિકાર થાય છે. એ બેયનો ત્યાગ કર, એમ કીધું એનો અર્થ એ થયો કે, એકલો આત્મા વિકારનો કર્તા છે

નહિ. નિમિત્ત-નિમિત્ત સંબંધે વ્યવહારે અધ્ધરથી ઊભા થાય છે. નિમિત્ત દ્રવ્ય અને વિકારીભાવ એક સમયની પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિકમાં ઊભા થાય છે. વસ્તુમાં છે નહિ. આહાહા..! સમજાય એવું છે, ભાઈ! આઠ વર્ષના બાળકો કેવળ પામ્યા છે, ભાઈ! આહાહા..! એવી મહિમા સાંભળી.. આહાહા..!

ભગવત્‌સ્વરૂપ આત્મા, એ સ્વયં તો રાગનો, સંસારના વિકારનો અકારક છે. આહાહા..! એવી વાત સાંભળીને, જ્યાં આઠ આઠ વર્ષના બાળકો, રાજકુમાર, ચક્રવર્તીના પૂત્રો પણ ચાલી નીકળ્યા. અમે અમારા સ્વરૂપમાં સ્થિર થવા વનવાસમાં જઈએ છીએ. અમારે પરદ્રવ્ય અને પરદ્રવ્યના આશ્રયે રાગ થાય તેનો અમારે ત્યાગ છે. અમને તો સ્વદ્રવ્ય અને સ્વદ્રવ્યના આશ્રયે રહેલો ગુણનો અમારે તો આદર છે. આહા..! શું કહ્યું? ભગવાન સ્વદ્રવ્ય અને એને આશ્રયે રહેલા ગુણો, તેનો અમારે તો આદર છે. માટે તેને નિમિત્ત અને નિમિત્તથી થતા વિકાર, બેયનો અમારે આદર નથી, અમે છોડીએ છીએ. એ છોડવાનો દોષ બતાવ્યો એ જ એમ કહ્યું, કે એ છોડવા લાયક છે. એટલે કે આત્મા એનો કર્તા નથી. દ્રવ્ય કર્તા નથી, ગુણ કર્તા નથી. ફક્ત પર્યાયમાં નિમિત્ત તરફનું લક્ષ જતાં, નિમિત્તની મમતા થતાં નિમિત્તનું અપ્રતિક્રમણ અને તેના આશ્રયે થતા વિકારનું અપ્રતિક્રમણ દોષ થાય છે. તે દોષનો ઉપદેશ કર્યો એનો અર્થ એ થયો કે, આત્મા તે દોષરહિત છે. આહાહા..! સમજાય એટલું સમજવું, પ્રભુ! આ તો કંઈ પાર આવે એવું નથી. આચાર્યોને જે હૃદયથી કહેવું છે એ પાર વિનાની શક્તિ છે. આહાહા..! એની ગંભીરતા (બહુ છે).

અધ્ધરથી.. પ્રભુ! તું નિમિત્તને આધીન (થઈને) અધ્ધરથી નિમિત્તની મમતા કરે છે અને અધ્ધરથી નિમિત્તને આધીન વિકાર થાય તે અધ્ધરથી થાય છે, ઉપર ઉપર પર્યાયમાં (થાય છે). વસ્તુ દ્રવ્ય અને ગુણમાં એ કંઈ છે જ નહિ. આહાહા..! એ દ્રવ્ય અને ગુણ જે છે એની જેને દૃષ્ટિ થઈ એને તો નિમિત્ત લક્ષમાંથી છૂટી ગયું અને નિમિત્તને આશ્રયે (થતા) વિકાર એ પણ એને છૂટી ગયા. એવી છૂટવાની જે વ્યાખ્યા કરી એ જ એમ કહે છે, કે એના સ્વભાવમાં એ નથી. તેથી આત્મા વિકારનો અકારક (છે), એમ સિદ્ધ થાય છે. આહાહા..! 'મણિલાલભાઈ'! 'મુંબઈ'માં આવું કાંઈ સાંભળવા મળે એવું નથી. ધૂળ મળે, ધૂળ ન્યાં. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! સંતોના હૃદયમાં (એ) કહેવું છે.

બે પ્રકારની વાત કરી. દ્રવ્ય અપ્રતિક્રમણ અને દ્રવ્ય અપ્રત્યાખ્યાન. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન-બે. પછી બેના બે ભેદ. દ્રવ્ય અપ્રતિક્રમણ અને ભાવ અપ્રતિક્રમણ. દ્રવ્ય અપ્રત્યાખ્યાન, ભાવ અપ્રત્યાખ્યાન. બેય નિમિત્ત-નિમિત્ત સંબંધમાં થાય છે. અને તેથી તેનો ત્યાગ થઈ શકે છે. નિમિત્ત-નિમિત્તનો સંબંધ છે એ તો તેં સંબંધ ખોટો કર્યો છે એટલે થયું. એ સંબંધ છૂટી શકે છે. માટે આત્મા પોતે સ્વતંત્ર વિકારનો અકારક સિદ્ધ થાય છે. આહાહા..! સમજાય એટલું સમજવું. આહાહા..! પ્રભુની વાતું જબરી વાત છે, ભાઈ! આ

દિગંબર સંતો દુનિયાને તો કેવળજ્ઞાન બતાવવા ઊભા થયા છે! પ્રભુ! તું કેવળજ્ઞાનનો પિંડ છો ને, નાથ!

એકલો જ્ઞાન સ્વભાવ, આનંદ સ્વભાવ, અનંત પવિત્ર સ્વભાવ, એવું જે દ્રવ્ય એ પોતે સ્વયંસિદ્ધ વિકાર કરે ક્યાંથી? આહાહા..! પોતાના દ્રવ્યને લક્ષે અને ગુણને આશ્રયે તો એ વિકાર થાય નહિ. આહાહા..! તેથી દ્રવ્યદૃષ્ટિ છોડીને અથવા ગુણનો ધરનાર ગુણીની દૃષ્ટિ અને ગુણની દૃષ્ટિ છોડીને જેણે નિમિત્ત પરદ્રવ્ય છે, જે તારામાં નથી, તેની મમતામાં ગયો અને તેથી તારા સ્વભાવમાં નથી એવા જે વિકાર ઊભા થયા, તેનું દ્રવ્ય અને ભાવ અપ્રતિક્રમણ કહ્યું, એનો અર્થ એ થયો કે, તારા સ્વરૂપમાં એ છે નહિ. એ છૂટી શકે છે. આહાહા..! એવું ઝીણી આવું ગયું આજે તો. આહાહા..!

'તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...' જોયું? શું કહે છે? સ્વભાવ કારણ અને વિકાર કાર્ય, એવું તો એમાં છે જ નહિ. સ્વભાવ કારણ અને કાર્ય તો નિર્મળ સ્વભાવ, એમ જોઈએ. ત્યારે આ જે વિકાર થાય છે એ નિમિત્ત-નિમિત્ત સંબંધે થાય છે. એટલે? છે? 'દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર...' કરે છે. વસ્તુ પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે અને તેનાથી પછી ભાવ થાય છે, એ ભાવ નૈમિત્તિક છે, દ્રવ્ય નિમિત્ત છે. પરદ્રવ્ય નિમિત્ત છે અને નિમિત્તને આશ્રયે થતો ભાવ તે નૈમિત્તિક છે. નિમિત્તથી થયું નથી. આહા..! પાછું આમાં કોઈ કહે કે, જુઓ! નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. સંબંધનો અર્થ પોતે નિમિત્તને લક્ષે વિકાર કર્યો તેથી નિમિત્ત-નિમિત્ત સંબંધ કહ્યો. પણ નિમિત્તથી વિકાર થયો નથી. સમજાણું કાંઈ? આહાહા..! ફક્ત સ્વદ્રવ્યના આશ્રયને છોડીને પરદ્રવ્યનું લક્ષ કર્યું એથી તેને નિમિત્ત કહેવાણું અને નિમિત્તને આશ્રયે થતા વિકારને નૈમિત્તિક કહેવાણો. પણ નૈમિત્તિક થાય છે એની પર્યાયમાં પોતાની સ્વતંત્રતાએ. વિકારનું એક સમયનું પરિણમન ષટ્કારકથી સ્વતંત્ર છે, જેને નિમિત્તની પણ અપેક્ષા નથી, જેને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. એ રીતે અત્યાગ, અપ્રત્યાખ્યાન અને અપ્રતિક્રમણની વિકારી દશા પર્યાયમાં ષટ્કારકપણે સ્વતંત્ર પરિણમે છે. ભાઈ! આવી વાત છે, ઝીણી.

સમજાય એટલું સમજો, બાપુ! ભગવાનનો માર્ગ તો બહુ ગૂઢ છે. આહાહા..! આચાર્યોએ તો કામ કર્યા છે.. ગજબ કામ કર્યા છે! દિગંબર મુનિઓએ તો ન્યાલ કરી નાખ્યા. કેવળજ્ઞાનને ઊભા રાખ્યા છે. પાંચમા આરામાં કેવળજ્ઞાન ઊભું રાખ્યું છે. આહાહા..! પ્રભુ! અલ્પકાળમાં મોક્ષ જાઈશ. એવી વાત તને કહીએ છીએ, હોં! એમ કહે. આહાહા..! કેમકે તારો સ્વભાવ જ મુક્તસ્વરૂપ છે. મુક્તસ્વરૂપને આશ્રયે પ્રભુ! બંધના ભાવ કેમ થાય? આહાહા..! એ બંધના ભાવ નિમિત્તને અવલંબે થાય છે. નિમિત્તથી નહિ. સ્વભાવને આશ્રયે નહિ તેમ નિમિત્તથી નહિ. પણ નિમિત્તના લક્ષે તારામાં તારા અપરાધથી વિકારનું પરિણમન ષટ્કારકરૂપે કર્તા, કર્મ, કરણથી તારામાં થાય છે. એવો નિમિત્ત-નિમિત્ત સંબંધ છે એ સંસાર છે. આહાહા..!

ભારે આકરું કામ.

મુમુક્ષુ :– આપ પરદ્રવ્ય છોડવાનું કહો એટલે અમારે ભારે તકલીફ થાય છે.

ઉત્તર :– પરદ્રવ્ય છોડવાનું કોણે કહ્યું? પરદ્રવ્યનું લક્ષ છોડવાનું છે. પરદ્રવ્ય ગ્રહ્યું છે કે દિ' તે છોડે?

મુમુક્ષુ :– રૂપિયા ગ્રહ્યા વિના શાક ન આવે.

ઉત્તર :– રૂપિયા ગ્રહ્યા નથી અને 'સુમનભાઈ'ને ગ્રહ્યો નથી. ઘરનો દાખલો આપીએ ને! આહાહા..! ફક્ત તે છોડવું છે કે ગ્રહવું છે એ તો સ્વરૂપમાં છે જ નહિ. પરવસ્તુના ત્યાગ-ગ્રહણ રહિત આત્મા છે. આહાહા..!

ભગવાનઆત્મા ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. પરનો ત્યાગ અને પરના ગ્રહણથી તો પ્રભુ શૂન્ય છે. એની અહીં વાત નથી. એનું લક્ષ કરે છો. (જેનો) ત્યાગ છે અથવા તારામાં નથી તેનું તું લક્ષ કરે છો. અને અહીં દ્રવ્ય તારામાં છે તેનું લક્ષ તું છોડી દે છો. આહાહા..! ભગવાન ભંડારમાં.. 'ભંડારી'.. એ..ઇ..! 'ભંડારી'. ભંડારી કહેવાય છે ને? 'ભંડારીજી'! આ અંદરની ભંડારીની વાત ચાલે છે. આ તો સાચા ભંડારી થવાની વાત છે. ભગવાન! આહાહા..! શું વાત! ગજબ વાત કરી છે ને! એની તો ગંભીરતાનો પાર નથી.

એ તો એમ કહે છે, કે દ્રવ્ય અને ગુણ એકરૂપે અને અનેકરૂપે ભલે હો પણ તે બેય શુદ્ધ, પવિત્ર અને ધ્રુવ છે. એ પવિત્રને આશ્રયે પ્રભુ! વિકાર ક્યાં (થાય)? એમાં ક્યાં વિકાર (છે)? કોઈ ગુણ નથી, કોઈ દ્રવ્ય એવું નથી, કે વિકાર કરે. આહાહા..! ત્યારે કહે, આ વિકાર થાય છે ને? અને અમારે તો આત્માને વિકારનો અકારક સિદ્ધ કરવો છે ને! વિકાર થાય છે અને અમારે વિકારનો અકારક સિદ્ધ કરવો છે ને! કઈ રીતે? કે, આત્મા તો અકારક જ છે, પણ પોતાનું લક્ષ છોડી નિમિત્તના લક્ષમાં, મમતામાં જાય છે. નિમિત્તને ગ્રહે છે કે નિમિત્ત કરાવે છે, એમ નહિ. નિમિત્તને ગ્રહે છે અને નિમિત્તને છોડે છે, એમ નહિ. પણ નિમિત્ત ઉપર લક્ષ જાય છે ત્યારે એના ઉપર એની મમતા રહે છે અને એના કારણે થતો વિકાર–નૈમિત્તિક, એ નિમિત્ત-નિમિત્ત સંબંધમાં વિકાર છે, એ વ્યવહારનો વિષય છે. તેથી તો તેનું પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કરવાનું કહ્યું છે. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન નાસ્તિથી વાત કરી છે, પણ તેનો ત્યાગ–પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કરવાનું ભગવાને કહ્યું છે. કેમકે એનું જો હોય તો એનો ત્યાગ થઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવું છે. આ ઊતરે છે ને બધું આમાં (ટેપમાં)? ઠીક! ઝીણું છે. ભાગ્યશાળીને તો કાને પડે એવું છે, બાપા! આહાહા..! ત્રણલોકના નાથની વાત છે.

ભગવાન પરમાત્મા 'સીમંધર' ભગવાન આહા..! એ એમ કહે છે, પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ છો ને, નાથ! પ્રભુ! તું અપૂર્ણ નથી, વિકારી તો નથી પણ અપૂર્ણ નથી. આહાહા..! તું તો પર્યાયથી પણ, ઉપર તરતી પર્યાયવાળું દ્રવ્ય છો. આહાહા..! એવા દ્રવ્યના લક્ષને

તેં છોડ્યું છે, પ્રભુ! એ દ્રવ્ય પોતે તો વિકારનો અકારક સિદ્ધ કરવો છે. કેમકે દ્રવ્યને લક્ષે વિકાર થતો નથી. તેથી તે પરને લક્ષે વિકાર થાય માટે પરનું લક્ષ છોડાવવું છે અને તેનાથી થતા વિકારનું લક્ષ છોડાવવું છે. કેમકે એ વસ્તુમાં નથી. પ્રભુ પોતે તો અકારક છે. કારક આ રીતે બન્યો છે તેને તું છોડી દે. આહાહા..!

પર્યાયદૃષ્ટિએ નિમિત્તના અવલંબનમાં મમતામાં જતાં તને વિકાર થયો છે, પ્રભુ! આહાહા..! એમ જે અમારો ઉપદેશ છે એ જ એમ કહે છે, કે એ છૂટી શકે છે, એ તારી ચીજમાં નથી. આહા..! અને તેથી તારી ચીજને કારણે વિકાર થયેલા છે, એમ નથી. આહાહા..! એ તો અધ્ધરથી પર્યાયમાં અધ્ધરથી નિમિત્તના લક્ષે નૈમિત્તિક દશા, નિમિત્ત-નિમિત્ત સંબંધ ઊભો થયો છે, એનું ભગવાન પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન (કરવાનો ઉપદેશ આપે છે). અહીં તો અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન છે એટલું બતાવ્યું છે. પણ એનો ઉપદેશ આપ્યો એનો અર્થ એ થયો, કે એ છોડી દે. આહાહા..!

ઝીણું પડે, ભગવાન! પણ વિચારવું, મનન કરવું. અરે..! આના જેવી ચીજ બાપુ! કે દિ' મળે? ભાઈ! આહાહા..! આ બધું અનંતવાર મળ્યું. ધૂળ, અબજો રૂપિયા મળ્યા, રાજા થયો, રાજકુમાર થયો.. આહા..! હજારો રાણીઓ થઈ, એમાં શું થયું? પ્રભુ! એ પરદ્રવ્યને તો તું અડ્યો પણ નથી. આહા..! ત્યારે કહે છે, અહીં નિમિત્ત-નિમિત્ત સંબંધ કહે છે ને? સંબંધ કહે છે, એ તો તેં લક્ષ કર્યું છે એથી કીધું. પણ નિમિત્તને અડતો નથી. આહાહા..! નિમિત્તનું તેં લક્ષ કર્યું એટલે તેના તરફથી પાછો ફરતો નથી. માટે પાછો ફરી જા, એવો તારો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આજનું બહુ ઝીણું પડ્યું. એની ગંભીરતાનો પાર નથી. એમાં એટલી ઊંડપ ભરી છે. આહાહા..!

વાસ્તવિક એ છે, કે આ જે આખું તત્ત્વ છે, વસ્તુ છે, પ્રભુ! એ તો અનંતા.. અનંતા.. ગુણોમાં વસેલી વસ્તુ છે. એ વસ્તુ છે તેમાં વસેલા ગુણો અનંત છે. એ અનંત ગુણ અને ગુણથી રહેલી વસ્તુ, એને લક્ષે તો વિકાર કોઈ દિ' થાય નહિ. કેમકે દ્રવ્ય અને ગુણમાં તો વિકાર છે નહિ. આહાહા..! તેના લક્ષને પ્રભુ! તેં અનાદિથી છોડ્યું છે અને તેં લક્ષ કર્યું છે, અહીં (વસ્તુનું) ન કર્યું અને આમ (પરનું લક્ષ) કર્યું છે. તેથી નિમિત્તની તને મમતા થઈ છે. નિમિત્તે મમતા કરાવી નથી. નિમિત્તની મમતા તેં કરી છે. નિમિત્તને લક્ષે પછી વિકાર થયો તેની મમતા પણ તેં કરી છે. આહાહા..! એ બેયનું અપ્રતિક્રમણ, અપ્રત્યાખ્યાન કહ્યું, દોષ બતાવ્યો, એનો અર્થ ઇ કે, વસ્તુમાં છે નહિ અને તેથી તેનો ત્યાગ થઈ શકે છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૩૪૭ ગાથા–૨૮૩ થી ૨૮૫ શુક્રવાર, કારતક સુદ ૧૩,
તા. ૨-૧૧-૧૯૭૯

'સમયસાર' ૨૮૩ થી ૨૮૫ (ગાથા). ફરીને ટીકા.

ટીકા :– 'આત્મા...' જરી સૂક્ષ્મ વાત છે. 'પોતાથી રાગાદિકનો અકારક જ છે;...' ભગવાનસ્વરૂપ આત્મા, ઇ ભગવાનસ્વરૂપ જ છે, વીતરાગમૂર્તિ છે, જ્ઞાયકસ્વભાવ છે, પૂર્ણ પવિત્ર અનંત ગુણનો પિંડ છે. એ આત્મા પોતાથી અકારક છે. રાગ, પુણ્ય ને પાપના ભાવ (થાય છે) તેનો સ્વભાવભાવ તે કર્તા નથી. સમજાય છે કાંઈ? આત્મસ્વભાવ ચૈતન્ય જ્ઞાન આનંદ પૂર્ણ આનંદસ્વરૂપ છે, પૂર્ણ ભગવતસ્વરૂપ આત્મા છે. એ વીતરાગસ્વરૂપી ભગવાન વીતરાગ સ્વભાવથી ભરેલો પ્રભુ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના શુભાશુભ ભાવને એ કરે નહિ, ઇ અકર્તા છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ પ્રભુ એનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય વીતરાગ છે. એનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય ઈશ્વર-પ્રભુતા, અનંતી સ્વચ્છતા, અનંતી સ્વસંવેદન પ્રકાશસ્વભાવ સ્વરૂપ છે. આહા..! એ આત્મા પોતાના આશ્રયથી રાગ અને દ્વેષ, પુણ્ય-પાપ કરે એમ બને નહિ. આહાહા..! એ પોતાથી રાગ એટલે પુણ્ય-પાપના ભાવ એનો 'અકારક જ છે; કારણ કે, જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો)...' પોતાથી પોતે સ્વભાવથી પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ એવા જે વિકારીભાવ (થાય છે) એનો જો સ્વયં આત્મા કર્તા હોય તો 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.'

'જયચંદ પંડિતે' તો બીજું લીધું છે ને? ભાઈ! 'જયચંદ પંડિતે'. એમ કે, આ અપ્રતિક્રમણ (અને અપ્રત્યાખ્યાન) શબ્દ કેમ મૂક્યા છે? શુદ્ધનયની અપેક્ષાએ નિષેધથી વાત કરી છે. ભાઈ! 'જયચંદ પંડિતે' અર્થ કર્યો છે ને? 'જયચંદ પંડિત'. 'જયચંદ પંડિતે' એમ (લીધું છે) કે, આ અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન શબ્દ કેમ લીધા છે? કે એને શુદ્ધનયથી બતાવવું છે એથી દોષ છે એ એના નથી (એમ કહેવું છે). નહિતર કહેવું છે તો પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન. રાગથી હટવું છે અને સ્વભાવમાં આવવું છે એવું એનું સ્વરૂપ છે, બતાવવું છે એમ. પણ આ શુદ્ધનયનું કથન છે તેથી પ્રતિક્રમણ–પાછું ફરવું એ ન લેતા અસ્તિપણે એને અપ્રતિક્રમણ દોષ જે છે એ દોષ એના સ્વરૂપમાં નથી, માટે દોષનો ત્યાગ કરવામાં આવે છે. બહુ ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! આ ગાથા બહુ ઝીણી છે, સૂક્ષ્મ છે. આહા..!

‘જયચંદ પંડિતે’ અર્થ કર્યો છે. આચાર્ય નહિ. કે આ અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન શબ્દ કેમ વાપર્યો?

ખરેખર તો પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન બે જ કહેવું છે. કેમકે જો એ વસ્તુ સ્વરૂપમાં વાસ્તવિક વિકાર હોય તો એનું પુણ્ય વિકારનું પ્રતિક્રમણ કરવું અને વિકારનું પ્રત્યાખ્યાન કરવું એ બની શકે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! પોતે જાત એની શુદ્ધ ચિદાનંદ સિદ્ધસ્વરૂપી ભગવાનઆત્મા પોતાની જાતે, પોતાને આશ્રયે, પોતાને અવલંબે, દયા, દાન, વ્રત, ભક્તિ, પુણ્ય-પાપના ભાવ એ ન કરે. કેમ કે વિકાર છે. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! એમ કેમ ન કરે? કે, ભગવાને તો બે પ્રકારનો ઉપદેશ કર્યો છે. શુદ્ધનયથી અપ્રતિક્રમણ, અપ્રત્યાખ્યાન શબ્દ વાપર્યો છે.

ખરેખર તો ભગવાન કહે છે, કે વિકારથી હટી જા અને ભવિષ્યમાં વિકારનો ભાવ કરીશ નહિ. એમ પ્રત્યાખ્યાન અને પ્રતિક્રમણ કહેવાનો ભાવ છે, પણ અહીંયાં શુદ્ધનયનું કથન છે એથી એના સ્વરૂપમાં નથી એવો જે વિકાર, અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાનનો વિકાર, એ વિકારને ટાળવાનો જે ઉપદેશ કહ્યો એનો અર્થ એ થયો કે, એના સ્વરૂપમાં વિકાર કરવાનું સ્વરૂપ નથી. જો એના સ્વરૂપમાં વિકાર કરવાનું હોય તો સ્વરૂપ નિત્ય છે તો નિત્ય વિકાર કરે, કાયમ વિકાર જ કરે. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! માર્ગ પ્રભુનો ઝીણો છે, બાપુ! વીતરાગ જિનેશ્વરની ઝીણી વાતું બહુ. અત્યારે તો હજી સ્થૂળ વાતું થઈ ગઈ છે ને? આહા..!

અહીં તો પ્રથમ એમ કહે છે, કે આત્મા વસ્તુ જે છે પ્રભુ, એ પોતાને અવલંબે અને પોતાને આશ્રયે દયા, દાન, વ્રત, ભક્તિના વિકારના પરિણામ કરે એમ બને નહિ. કારણ કે, એના ગુણમાં ને દ્રવ્યમાં એ પવિત્રતા ભરી છે. તો ઇ પવિત્ર છે એ અપવિત્રતાને કરે એમ કોઈ રીતે બને નહિ. આહાહા..! તો કહે છે, કેમ એમ કીધું પ્રભુએ? બે પ્રકારનો ઉપદેશ આપ્યો છે ને? કે, વિકારથી વર્તમાનમાંથી હટવું ને ભવિષ્યના વિકાર થવા ન દેવા એમ પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાનનો ઉપદેશ કર્યો છે. એનો અર્થ નિષેધથી, શુદ્ધનયથી, અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન કીધું, દોષથી વર્ણન કર્યું. આ દોષ વસ્તુમાં નથી. એવા દોષથી છૂટે છે, દોષથી પાછો ફરી જાય છે માટે તેનામાં દોષ કરવાનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! છે?

એ ‘ઉપદેશ બની શકે નહિ. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...’ શું કહે છે? શાંતિથી સાંભળવાની વાત છે, પ્રભુ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એમનું કથન એ બીજે ક્યાંય છે નહિ. વીતરાગ સિવાય આવી વાત નામમાત્ર પણ ક્યાંય સત્ય નથી. આ તો પરમેશ્વર જિનેશ્વરદેવ પ્રભુ મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે,

ત્યાંથી આ વાણી આવી છે. આહા..! એમ કહે છે, કે પ્રભુ! એકવાર શાંતિથી સાંભળ, કે તારું સ્વરૂપ છે એ તો પરમેશ્વર સ્વરૂપ છે, ભગવાન સ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે. કેમ કે જો વીતરાગ ને પરમેશ્વર સ્વરૂપ ન હોય તો એની પર્યાયમાં પરમેશ્વર ને વીતરાગતા આવશે ક્યાંથી? જે અરિહંત પરમાત્મા થાય છે (તેમને) અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એ પર્યાયમાં અનંતપણું આવ્યું ક્યાંથી? બહારથી આવે છે? એમાં છે. આહાહા..!

ભગવાનઆત્મામાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીતરાગતા, અનંત શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... એવો અનંત શાંતિથી ભરેલો પ્રભુ છે. એ જાતે પોતે વિકાર કરે એવું બની શકે નહિ. એટલે? જાતે એટલે? પોતાને અવલંબે આ વિકાર કરે એમ બને નહિ. ત્યારે કહે, વિકાર થાય છે કેમ? એ કીધું, જુઓ! કે, 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે...' એટલે શું કહે છે? કે, જે વિકાર જીવ કરે છે એમાં એને પરદ્રવ્યનું લક્ષ છે, સ્વદ્રવ્યનું લક્ષ નથી. ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે તેની દૃષ્ટિ નથી તેથી તે પરદ્રવ્યના લક્ષમાં જાય છે. તેથી તેને પરદ્રવ્યની મમતા થાય છે. પરદ્રવ્યની મમતા, પરદ્રવ્યના સંસ્કાર ને પરદ્રવ્ય મારા છે તેવો એને ભાવ થાય છે અને તે નિમિત્ત કરાવતું નથી, પરદ્રવ્ય એ કરાવતું નથી. કરે છે પોતે પણ પરના લક્ષે (કરે છે). એથી દ્રવ્ય ઇ અને એના લક્ષે પોતે વિકારી ભાવ કરે છે. એ બે નિમિત્ત-નિમિત્ત સંબંધનો જે ઉપદેશ છે ઇ એમ બતાવે છે, કે પોતે જાતે વિકાર કરે એવો એનો સ્વભાવ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી ગાથા બહુ, બાપુ! આહાહા..!

સાદી ભાષાએ કહીએ તો એ વીતરાગમૂર્તિ પ્રભુ! અનાકુળ આનંદનો સાગર, એ આનંદના સાગર આનંદને અવલંબે દુઃખરૂપી વિકાર ભાવને કરે કઈ રીતે? સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા અનાકુળ આનંદ સચ્ચિદાનંદ પ્રભુ! અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર, એ અતીન્દ્રિય આનંદ પોતે (દુઃખને કેવી રીતે કરે?) પોતામાં તો અતીન્દ્રિય આનંદ ને અતિન્દ્રિય જ્ઞાન છે. ઇ પોતે કઈ રીતે વિકાર દુઃખ ને રાગ (કરે)? દયા, દાન, કામ, ક્રોધના પરિણામ રાગ છે એ દુઃખ છે, તો આનંદસ્વરૂપ ભગવાન દુઃખને કરે શી રીતે? એનામાં દુઃખનું કરવાનું સ્વરૂપ છે નહિ. આહાહા..! ઝીણું પડશે, પ્રભુ! વસ્તુ પણ એવી ઝીણી છે. આહાહા..! 'ભભૂતમલજી'! આ વખતે આવી વાતમાં બરાબર તાકડે (હાજર) છો. આહાહા..!

શાંતિથી જુઓ તો કહે છે, તારું સ્વરૂપ જે કાયમી છે, નિત્ય કાયમી એ તો શાંત, અકષાય, આનંદ, વીતરાગતા.... આહાહા..! શુદ્ધતા ચિદ્દ્ઘન જ્ઞાનનો પિંડ આનંદનો કંદ છે. એવો જે ગુણનો દરિયો પ્રભુ! એ બધા ગુણ પવિત્ર છે એ પવિત્રનો દરિયો પ્રભુ! એ પોતાને અવલંબે, ગુણને અવલંબે, વિકાર શી રીતે કરે? સમજાય છે કાંઈ? આહાહા..! ત્યારે કહે

છે, એનામાં વિકાર થાય છે તેથી તો પ્રભુએ પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન કહ્યું, કે વિકારથી ખસી જા અને ભવિષ્યનો વિકાર કરીશ નહિ. એમ જે પ્રતિક્રમણ ને (પ્રત્યાખ્યાનનો) ઉપદેશ આપ્યો ઇ એમ બતાવે છે, કે નિમિત્ત ઉપર એનું લક્ષ જાય છે તેથી નિમિત્તની એને મમતા થાય છે. આ નિમિત્ત (સ્વ) દ્રવ્ય છે તેના ઉપર દૃષ્ટિ નથી અને તેથી અહીં દ્રવ્ય–પરદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. તેથી તેને આ દ્રવ્ય હું છું એવું ન થયું ત્યારે આ નિમિત્ત તે હું છું, એ મારા છે એમ એની મમતા થઈ. એ પરદ્રવ્યે કરાવ્યું નથી. પરદ્રવ્યમાં–નિમિત્ત(માં) તેનું લક્ષ ગયું છે અને તેથી પરદ્રવ્યને દ્રવ્ય કીધું અને એને લક્ષે થતાં ભાવ, પુણ્ય, પાપ, વિકાર તેને ભાવ કીધા. એ દ્રવ્ય દ્રવ્યને ને ભાવને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. સમજાય છે કાંઈ? આત્મા કારણ અને વિકારી કાર્ય એવો આત્મામાં સ્વભાવ છે જ નહિ. આહાહા..! ગજબ વાત કરે છે. આવી વાત દિગંબર મુનિઓ કેવળજ્ઞાનીના કેડાયતો છે. વાતું બહુ ઝીણી બાપુ! લોકો બહારની પ્રવૃત્તિમાં રોકાય ગયા, સત્ય પડ્યું રહ્યું એકકોર.

કહે છે, કે એ પ્રભુ તો પૂર્ણાનંદ અને અતીન્દ્રિય શાંતિનો સાગર છે ને, નાથ! એ શાંતિને આશ્રયે એટલે અકષાય સ્વભાવને આશ્રયે એટલે કે વીતરાગ ને અતીન્દ્રિય આનંદને આશ્રયે વિકાર શી રીતે થાય? એ પોતે તો વિકારની અકારક વસ્તુ તો છે. વસ્તુનું સ્વરૂપ તો વિકારનું (અકારક છે). દયા, દાન ને વ્રતના પરિણામનો વિકારનો પણ કર્તા એ આત્મા નથી. આહાહા..! ત્યારે કહે, આ થયું શું આ? કે, ત્યારે પ્રભુએ કહ્યું ને, કે ભાઈ! તું વિકારથી હટી જા. કારણ કે, તારા સ્વભાવમાં નથી. ભવિષ્યનો વિકાર કરીશ નહિ કેમ કે ભવિષ્યમાં પણ તું પવિત્ર છો, તારામાં દોષ રહેશે નહિ. આહાહા..! આ ઝીણું છે. તમારા રૂપિયામાં સમજાય એવું નથી ન્યાં.

મુમુક્ષુ :– ક્યાં સમજાય?

ઉત્તર :– ન્યાં તો ઓલા રૂપિયા–ધૂળ સમજાય.ઇ કરોડોપતિ માણસ છે.

મુમુક્ષુ :– કરોડોપતિ તો સમજી જાય છે...

ઉત્તર :– આહા..! ધૂળમાં નથી, ઇ જ કહે છે. તારું દ્રવ્ય જે વસ્તુ આનંદસ્વરૂપ (છે) એનું જો લક્ષ કર તો તો વિકાર થાય જ નહિ. ત્યારે તારા દ્રવ્ય ઉપર દૃષ્ટિ નહિ હોવાથી તારું ક્યાંક બીજે, બીજી ચીજ ઉપર લક્ષ છે, પછી તો એ પૈસો, સ્ત્રી, કુટુંબ, કર્મ ગમે તે ઇ પરદ્રવ્યના નિમિત્ત ઉપર તારું લક્ષ છે તેથી તને નિમિત્તના સંસ્કાર રહી ગયા છે. નિમિત્તને તેં ભલું માન્યું છે. એ જ દ્રવ્યનું અપ્રતિક્રમણ છે અને તેના લક્ષે જે વિકાર થયા તેનાથી તું છૂટતો નથી એ જ વિકારનું અપ્રતિક્રમણ છે. ઓલું નિમિત્તનું અપ્રતિક્રમણ છે આ વિકારનું અપ્રતિક્રમણ છે. 'પાટનીજી'! ધીમેથી વાત સમજવાની છે, બાપુ! આહાહા..!

ભગવાનઆત્મા! એમ બોલાવે છે. આચાર્યો તો એમ પોકાર કરે છે–ભગવાનઆત્મા! આહાહા..! ચાહે તો એકેન્દ્રિયનો, બેઇન્દ્રિયનો, ત્રણઇન્દ્રિયનો ગમે તે આત્મા હોય, (એ)

વસ્તુ છે, દ્રવ્ય છે, દ્રવ્ય છે. વસ્તુ છે એ વસ્તુમાં વસેલા અનંતા પવિત્ર ગુણો છે. બધા આત્માઓ એ ભગવતસ્વરૂપ જ છે. આહાહા..! ભગવતસ્વરૂપ એનાથી વિરુદ્ધ વિકારભાવને ભગવાનને આશ્રયે, ભગવાનના સ્વરૂપને આશ્રયે કેમ કરે? તેથી તો પ્રભુનો પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાનનો ઉપદેશ છે, કે તું એ વિકારમાંથી હટી જા, પરના નિમિત્તના લક્ષને છોડી દે અને નિમિત્તને લક્ષે વિકાર થાય તેને પણ છોડી દે. એમ જે ઉપદેશ કર્યો એનો અર્થ એ થયો કે, આત્મા સ્વયં પોતાથી વિકાર કરે એવું છે નહિ. નિમિત્તને લક્ષે જાય તો નિમિત્ત-નિમિત્ત સંબંધમાં વિકાર થાય. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આહા..!

અહીં તો શુભભાવ એ દયાના, દાનનો, ભક્તિનો, વ્રતનો, પૂજાનો, જાત્રાનો એ રાગ, રાગ છે. અહીં તો ઇ કહે છે, કે રાગનો કર્તા જો આત્મા હોય તો આત્મા તો સ્વદોષ થઈ જાય અને આત્મા તો નિર્દોષ ત્રિકાળ પવિત્ર છે. માટે પોતે પવિત્ર પરમાત્મા એ રાગનો કર્તા છે જ નહિ. આહાહા..! રાગનો અકર્તા છે. આહાહા..! એટલે કે સમ્યગ્દૃષ્ટિ થાય એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય. તેથી તે સમ્યગ્દૃષ્ટિ રાગનો કર્તા થતો નથી. આહા..! કેમ કે દૃષ્ટિમાં વિષય દ્રવ્ય છે અને દ્રવ્ય પવિત્રનો પિંડ છે. તેથી તે દૃષ્ટિના વિષયવાળો સમકિતી રાગ થાય તેનો કર્તા થતો નથી, એનો જાણનાર રહે છે. આહાહા..! આવી વાતું છે. આવો ઉપદેશ હવે. પકડાય નહિ એવો ઉપદેશ, પ્રભુનો આવો ઉપદેશ છે, બાપુ! આહાહા..!

અનંત કાળ રખડતા થયા. ચોરાશી લાખના અવતાર (કર્યા). એક એક યોની, ચોરાશી લાખ યોનીમાં એક એક યોનીમાં અનંત અવતાર કર્યા, પ્રભુ! મુનિપણું પણ અનંતવાર લીધું છે, દિગંબર મુનિ અનંતવાર થયો પણ આત્મજ્ઞાન કર્યું નહિ. એ રાગની ક્રિયા કરીને માન્યું કે, અમે સાધુ છીએ અને એને લઈને સ્વર્ગમાં જાય. 'મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાવ્યો પણ આત્મજ્ઞાન બિન લેસ સુખ ન પાયો.' 'છ ઢાળા'માં છે. આહાહા..! પ્રભુ! તારી પવિત્રતાના પિંડને તેં કોઈ દિ' જોયો નહિ, જાણ્યો નહિ, તેનો આદર કર્યો નહિ. કહો 'ભંડારીજી'! મોટા 'ભંડારી' તો આ બેઠા. આહાહા..! આ મોટો 'ભંડારી' અહીં છે. આહાહા..!

ભગવાન પરમાત્માનો પોકાર છે (કે), તારામાં તો અનંત... અનંત... આનંદ આદિ પવિત્ર ગુણોનો સાગર, ભંડાર છો ને, પ્રભુ! એ ગુણ ને દ્રવ્ય એ વિકારને કઈ રીતે કરે? નિર્વિકારી ચીજ એ વિકારને કઈ રીતે કરે? ત્યારે કહે, એમાં વિકાર થાય છે ને? આ સંસાર છે ને? રખડે છે ને? (તો કહે છે), બાપુ! એ છે ઇ ટાળવા જેવું છે એમ સમજાવવા પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાનનો ભગવાને ઉપદેશ કહ્યો. એથી કહે (છે), પરના લક્ષને છોડ અને પરના લક્ષથી થતા વિકારને પણ છોડ. આહાહા..! સ્વનું લક્ષ કર અને સ્વને આશ્રયે છે એ પવિત્રને પ્રગટ કર. આહાહા..! સમજાય છે કાંઈ? ગાથા બહુ ઝીણી આવી છે, બાપુ!

આ તો દિગંબર સંતોની વાણી ક્યાંય છે નહિ. વીતરાગ સિવાય, સર્વજ્ઞ સિવાય એવી

વાત ક્યાંય છે નહિ. સમજવી બહુ કઠણ પડે. આહાહા..! એ કહે છે, કે ભગવાનનો 'ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ...' દ્રવ્ય એટલે પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે, એ મારા માને અને મમતાના સંસ્કાર રાખે છે, એને ભલા જાણે છે–એ નિમિત્ત. અને તેને લક્ષે વિકાર કરે છે એ નૈમિત્તિક. એ નિમિત્ત-નિમિત્તનો પ્રભુનો જે ઉપદેશ છે, કે એને છોડી દે, એનું પ્રતિક્રમણ કર, એનું પ્રત્યાખ્યાન કર. એમ કહેતાં જ આત્મા સ્વયં પોતાથી વિકાર કરે એવું એનું સ્વરૂપ નથી. ફક્ત નિમિત્તને આધીન જઈને નૈમિત્તિક દશા થાય એથી તે વિકાર કરે (છે) અને રખડે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક છોકરો આવ્યો. અહીં 'પાલડી' છે. બ્રાહ્મણનો છોકરો હતો, નાનો વીસેક વર્ષનો હશે. મહારાજ! ન્યાં 'મુંબઈ'માં હું સાંભળવા આવતો. સમજાય છે? એમ તમે કહેતા. હા, બરાબર સાચી વાત કરી. એક બ્રાહ્મણનો છોકરો હતો કો'ક. 'પાલડી' છે ને? અઢી ગાઉ (દૂર). બ્રાહ્મણ (છે). ન્યાં 'ઘાટકોપર' રહેતો હશે. પાંચ રૂપિયા મુક્યા અને આમ વાત (કરી), મહારાજ! હું આપને 'મુંબઈ' સાંભળવા આવ્યો હતો. સમજાય છે? એમ આપ કહેતા હતા. કીધું, વાત સાચી. આ તો બધા આત્માની વાત છે. આમાં ક્યાં બ્રાહ્મણ ને વાણીયો ને ઢેઢ ને આમાં ક્યાં છે. અંદર આત્મા જે ભગવાન છે એની વાતું છે ને, પ્રભુ! આત્મા વાણીયો પણ નથી ને આત્મા પુરુષ પણ નથી ને આત્મા સ્ત્રી પણ નથી, આત્મા નપુંસક પણ નથી. આહાહા..! આત્મા નિર્ધન પણ નથી ને આત્મા સધન પણ નથી, આત્મા મૂર્ખ પણ નથી ને પંડિતની પર્યાય એ પંડિત પણ નથી. પર્યાય પંડિત છે ઇ, હોં! આહાહા..!

એ તો અનંત અનંત આનંદનો સાગર... આહાહા..! (એની) જાતની ભાતમાં તો વિકાર થવું એ હોઈ શકે નહિ, પ્રભુ! એની જાત જે છે એ જાતમાંથી તો પવિત્રતા, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય શાંતિ ને સમકિત પ્રગટે એવી એની નાત, એવી એની જાત છે. છતાં એ પોતાનું લક્ષ છોડીને, સ્વદ્રવ્યને છોડીને પરદ્રવ્યની મમતામાં ચાલ્યો જાય છે. આહાહા..! પોતાના અનંતા ગુણોની પવિત્રતાનો આશ્રય છોડી દઈને એ નિમિત્તને આશ્રયે જે પુણ્ય ને પાપના વિકાર થાય તેમાં એ ઘૂસી જાય છે. આહાહા..! તાકડે આ વાત સારી આવી ગઈ છે, હોં! 'ભંડારીજી'! બરાબર આ વાત ઠીક આવી ગઈ.

ભાગ્યશાળીને તો કાને પડે એવું છે, એવી વાત છે. ત્રણલોકના નાથની પરમેશ્વરની વાત છે, બાપા! આકરી તો પડે, શું થાય? લોકો બહારમાં હરખ ને હોંશું કરીને પડ્યા છે એને અંદરમાં હરખમાં–આનંદમાં લાવવો. પ્રભુ! તું આનંદ છો ને! ત્યાં જા ને! તેની આનંદની હોંશું કર ને! આ પરની હોંશું કરવામાં પ્રભુ! તને નિમિત્તની મમતા થાય છે અને નિમિત્ત તરફના વિકાર તારાપણું માનીને તું કરે છો પ્રભુ! એ દુઃખી (થવાના), રખડવાના રસ્તા છે. આહાહા..! આહા..! ગાથાએ ગજબ કરી છે. શું કીધું ઇ?

'દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...' શું કીધું ઇ? પરદ્રવ્ય

ઉપર એની મમતા છે. ઇ પરદ્રવ્ય મમતા કરાવતું નથી. પરદ્રવ્ય ઉપર એનું લક્ષ જાય છે એટલે પર મારા છે એમ માને છે અને પરના લક્ષે જે પોતામાં વિકાર થાય છે; એ પોતાને લક્ષે તો વિકાર થાય નહિ, તેથી પરને લક્ષે જે વિકાર, દયા, દાન, કામ, ક્રોધના ભાવ થાય તેનો તે કર્તા થઈ અને નિમિત્ત-નિમિત્ત સંબંધે રખડે છે. છે?

'એ નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે.' શું કીધું ઇ? એ લીટીમાં તો બહુ છે. પરદ્રવ્યના લક્ષની મમતાથી અને પરદ્રવ્યના લક્ષે થતા વિકારથી એ નિમિત્ત-નિમિત્ત સંબંધમાં જે દુઃખી છે એ એમ બતાવે છે, કે આત્મા સ્વયં પોતે વિકારનો કર્તા નથી. એ તો નિમિત્તને આશ્રયે લક્ષે જાય તો વિકાર કરે છે. 'પાટનીજી'! ઝીણી વાત છે. શું કહ્યું ઇ? કે 'દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે.' ઇ શું કહ્યું? ભાઈ!

આ તો વીતરાગની વાણી છે. આ કાંઈ કથા નથી, આ વાર્તા નથી. આ તો પ્રભુ ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ કેવળજ્ઞાની પરમાત્મા, એના મુખે દિવ્યધ્વનિ નીકળી છે. એ દિવ્યધ્વનિ આ 'કુંદકુંદાચાર્ય' મહાવિદેહમાંથી લાવ્યા એ આ વાત છે, પ્રભુ! આહાહા..! કહે છે, કે પરના નિમિત્તના લક્ષે મમતા કરતા તને વિકાર જે થાય એ નિમિત્ત-નિમિત્ત સંબંધ જાહેર કરતા (એમ જણાવે છે કે) આત્મા નિમિત્ત-નિમિત્ત સંબંધ વિનાનો એ આત્મા તો વિકારનો કર્તા ઠરતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– લોજીક છે.. લોજીક છે.

ઉત્તર :– લોજીક છે. ન્યાય... ન્યાય... ન્યાય ધાતુ છે–નિ. ન્યાયમાં નિ ધાતુ છે. જે વસ્તુનું સ્વરૂપ છે ત્યાં નિ એટલે જ્ઞાનને લઈ જવું. જેવી રીતે વસ્તુની સ્થિતિ છે ત્યાં જ્ઞાનને લઈ જવું એનું નામ ન્યાય. આ લૌકિકના ન્યાય નહિ, હોં! તમારા વકીલાતના ને એ નહિ.

મુમુક્ષુ :– ન્યાં પણ ન્યાય છે.

ઉત્તર :– એ બધા ન્યાય અન્યાય છે. આ તો ભગવાનના ઘરના ન્યાય (છે). આહાહા..!

દ્રવ્ય એટલે પરવસ્તુ, તેની મમતા. ઓલામાં ત્રણ લીધું. એને સારા જાણવા, સંસ્કાર રહેવા, તેના પ્રત્યે મમત્વ રહેવું. પરદ્રવ્ય ચાહે તો દેવ-ગુરુ ને શાસ્ત્ર હોય પણ એ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યને ભલા જાણવા અને પોતાને ભલો જાણવું છોડી દેવું. આહાહા..! અને પરના સંસ્કાર રહેવા ને પોતાના સંસ્કાર છોડી દેવા. આહાહા..! છે ને? ભાવાર્થમાં છે. એને સારા જાણવા, સંસ્કાર રહેવા ને મમત્વ (રહેવું). પરને સારા જાણવા અને પોતાને સારો જાણવો નહિ, પરના સંસ્કાર રહેવા ને પોતાના સંસ્કાર નાખવા નહિ, પરને ભલા જાણવા, પરની મમતા કરવી (અને) પોતે સ્વરૂપ અખંડાનંદ પૂર્ણ છે એનું મમપણું, એનો અહંકાર–શ્રદ્ધા કરવી નહિ. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! ધીમે ધીમે સમજવા જેવી વાત છે, બાપુ! આ કાંઈ વાર્તા નથી.

ત્રણલોકનો નાથ 'સીમંધર' ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. પરમાત્મા સમવસરણમાં બિરાજે છે. અત્યારે હાજરાહજુર બિરાજે છે. પાંચસો ધનુષ્યનો દેહ છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં સીત્તેર લાખ કરોડ ને છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એટલું પ્રભુનું આયુષ્ય છે. મહાવિદેહમાં પ્રભુ મોજૂદ બિરાજે છે અત્યારે. આહાહા..! આ ત્યાંથી આવેલી વાત છે. આહાહા..! શાંતિથી સમજાય એવી છે, બાપા! આ કોઈ કથા નથી, પકડેલી વાત (નથી). આહાહા..!

'નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો...' એટલે? પરદ્રવ્યના લક્ષવાળો વિકાર અને પરદ્રવ્યની મમતા એ બે નિમિત્ત-નિમિત્તને જાહેર કરતો. નિમિત્ત-નિમિત્ત સંબંધ વિનાનો ભગવાનઆત્મા તે તો અકર્તા સિદ્ધ થાય છે. એ નિમિત્ત-નિમિત્તને સંબંધે કર્તા થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ઓલું સહેલુંસટ હતું–દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રા કરવી, ભક્તિ કરવી, પૂજા કરવી. અરે..! બાપા! એ તો બધી રાગની ક્રિયા (છે), ભાઈ! તને ખબર નથી. એ ભગવાન જે આત્મા છે એ તો બહાર નીકળે છે ત્યારે રાગ થાય છે. એ રાગની ક્રિયા છે, એ ધર્મ-બરમ નથી. આહાહા..! ગજબ વાત કરે છે ને, પ્રભુ! એ રાગનો કર્તા આત્મા નથી. કેમ કે આત્મા તો પવિત્રસ્વરૂપ છે. તે પોતાની જાતે અંતર આશ્રયે અવલંબે રાગ કરે એવું એનું સ્વરૂપ નથી. તેથી તે નિમિત્તને લક્ષે મમતા કરીને વિકાર કરે. એ નિમિત્ત-નિમિત્ત સંબંધને જાહેર કરતા આત્મા વિકારનો અકર્તા જાહેર થાય છે. આહાહા..!

ધીમે ધીમે સમજવું, પ્રભુ! વીતરાગ વિનાના વિરહ પડ્યા, ભરતક્ષેત્રમાં પરમાત્મા રહ્યાં નહિ. ત્યાં બિરાજી રહ્યાં. અહીંયાં કેવળજ્ઞાન રહ્યાં નહિ અને વાતું લોકોએ બગાડીને ગડબડ કરી નાખી છે. આહાહા..! આવા ત્રણલોકના નાથ, એના ઘરની આવી વાતું છે, પ્રભુ!

નિમિત્ત-નિમિત્ત સંબંધ એમ જાહેર કરે છે, પરદ્રવ્યના નિમિત્તનું લક્ષ કરતાં તેની તને મમતા રહેતા, તેને ભલો જાણતા, તેના સંસ્કાર રહેતા તારામાં જે વિકાર થાય છે તેને ભલો જાણતા, સંસ્કાર રહેતા, મમતા રહેતા, બેના સંબંધે વિકાર થાય છે. આત્માના સંબંધે અવિકાર થાય, એ આત્મા વિકારનો અકર્તા છે. નિમિત્ત-નિમિત્ત સંબંધમાં જાય તો કર્તા થાય, એ દ્રવ્ય કર્તા નથી. આહા..! ઇ પર્યાયમાં કર્તા થાય છે. આહાહા..! આવી વાતું છે.

'માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે...' શું કહ્યું? પરદ્રવ્યથી વિકાર થયો નથી. પરદ્રવ્યને તો આત્મા અડતોય નથી. કેમ કે કોઈ એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે જ નહિ એવો ભગવાનનો લેખ છે. ૩ જી ગાથા 'સમયસાર'માં. દરેક દ્રવ્ય, દરેક વસ્તુ પોતાના ગુણ ને પર્યાયને ચૂંબે, અડે પણ પરદ્રવ્યને તો ત્રણકાળમાં અડતું નથી. અર..ર..! આ વાત બેસવી (કઠણ પડે). એ રાગ થાય એ કર્મને અડતો નથી પણ એ રાગ કરનાર એનું લક્ષ કરે છે. ઇ લક્ષ કરાવે છે કે ઇ કરે છે એમ નથી પણ એ કરનારનું લક્ષ ત્યાં જાય

છે તેથી નિમિત્તની મમતા થાય છે અને એ લક્ષ જતા અહીં રાગ ને દ્વેષ થાય છે તે ભાવ છે. એ નિમિત્ત ને નૈમિત્તિકની પ્રસિદ્ધિ કરતા આત્મા એકલો અકારક ઠરે છે. એ નિમિત્ત-નિમિત્ત સંબંધમાં જાય તો કર્તા પર્યાયમાં થાય છે. આહાહા..! આવી વાતું છે. અત્યારે તો બહારનો વ્યવહારને આ બધી ધમાધમ ચાલી છે. વ્યવહાર ખૂબ કરે એને ધર્મ થાય.

મુમુક્ષુ :– પરાશ્રિત ભાવથી સ્વાશ્રિત ભાવ થાય?

ઉત્તર :– ત્રણકાળમાં ન થાય, ભાઈ! ઇ તો અહીં પ્રભુ કહે છે. આહા..!

નિમિત્ત-નૈમિત્તિક એટલે પર્યાયમાં વિકાર તે નૈમિત્તિક અને પરવસ્તુ તે નિમિત્ત, છતાં નિમિત્તથી થતું નથી પણ નિમિત્ત તરફના લક્ષવાળો વિકાર (થાય છે), તેથી તેને નિમિત્ત-નિમિત્ત સંબંધવાળો કહ્યો. એ વિકારનો કરનાર નિમિત્તના લક્ષે કરે છે તેથી નિમિત્ત-નિમિત્ત સંબંધને કારણે જીવ વિકારનો કર્તા થાય છે. પણ નિમિત્ત-નિમિત્ત સંબંધ રહિત એકલો પ્રભુઆત્મા એ વિકારનો અકર્તા ઠરે છે. આહાહા..! શું સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું.

મુમુક્ષુ :– અમે તો પરનું બધું કામ કરીએ છીએ.

ઉત્તર :– ધૂળેય કરતો નથી, અભિમાન કરે છે. શું કરે? ધૂળ. આહા..! બાપુ! આકરી વાતું, ભાઈ! એ કહ્યું નહોતું? આમાં ૩ જી ગાથામાં છે. 'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे' ભગવાનઆત્મા એકત્વ સ્વરૂપ છે. પરદ્રવ્ય–દરેક દ્રવ્ય એકસ્વરૂપ છે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને ચુંબતું, અડતું નથી. કેમ બેસે વાત? આમાં ૩ જી ગાથા છે. કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આ જમીન ઉપર પગ ચાલે... પ્રભુ! આકરું પડશે, નાથ! એ પગ જમીનને અડતો નથી એમ ભગવાનનો પોકાર છે. કેમ કે પગના પરમાણુઓ અને જમીનના પરમાણુઓ બે વચ્ચે અત્યંતઅભાવ છે. અત્યંતઅભાવને લઈને એ જમીનને પગ અડતોય નથી ને પગ ચાલે છે. 'ભંડારીજી'! આવી વાતું છે. ન્યાં 'સાયલા-બાયલા'માં ક્યાંય આવી વાતું ન મળે. બાને તો પ્રેમ છે. પ્રેમ છે ને, પ્રેમ છે ને! બાપા! આ જ કરવા જેવું છે, ભાઈ! આહા..! બાકી તો બધી થોથા છે. આહાહા..! ગાથા એવી આવી છે. આહાહા..!

કહે છે, કે 'દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે. માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે...' નિમિત્ત કરાવતું નથી કાંઈ, ફક્ત નિમિત્ત છે. 'અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે.' આત્મામાં રાગ, દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધના ભાવ થવા એ નૈમિત્તિક. નૈમિત્તિક એટલે નિમિત્તના સંબંધે થતા એ નૈમિત્તિક. નિમિત્તથી થયા નહિ, નિમિત્તને લઈને નહિ પણ નિમિત્તના સંબંધે થયા માટે એને નૈમિત્તિક કહ્યા. આહાહા..! નિમિત્તને તો નૈમિત્તિક વિકારભાવ અડતોય નથી. ભાઈ! માર્ગ આકરો, બાપુ! નૈમિત્તિક વિકાર છે, એ નિમિત્તને અડતોય નથી. એ નિમિત્ત પણ વિકારને અડતું નથી. ફક્ત વિકાર કરનાર જે જેને અડતું નથી એવા નિમિત્ત ઉપર

એનું લક્ષ જાય છે. લક્ષ જાય છે, મમતા કરે છે. એ નિમિત્ત થાય છે ને અહીં નૈમિત્તિક વિકાર (થાય) છે. આહા..! એ નિમિત્ત-નૈમિત્તિકના... છે ને?

'પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિકભાવો નૈમિત્તિક છે. જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય,...' ભગવાને એમ કહ્યું, કે રાગથી નિવૃત્ત થઈ જા, તારામાં નથી એમ જે ઉપદેશ કર્યો એ રાગનો જો આત્મા કર્તા હોય તો આત્મા તો નિત્ય છે, આત્મા ત્રિકાળ છે, ત્રિકાળ કર્તા રહે. માટે એમ છે નહિ. આહાહા..! છે? 'નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે.' આ નિમિત્ત-નૈમિત્તિકમાં પણ મોટો ગોટો છે. જુઓ! નિમિત્ત છે કે નહિ? પણ નિમિત્ત છે એ કોણે ના પાડી? પણ નિમિત્ત અહીં વિકાર કરાવે છે, એમ નથી. એ વિકાર કરનારો નિમિત્ત ઉપર લક્ષ કરે છે તે કરે છે, નિમિત્ત કરાવતું નથી. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

આ શરીર સ્ત્રીના શરીરને અડતું નથી. કેમ કે આ દ્રવ્ય છે એ અસ્તિપણે છે અને ઇ દ્રવ્યપણેથી આ નાસ્તિ છે. અને એનું અસ્તિપણું છે ઇ આ દ્રવ્યપણાથી એ નાસ્તિ છે. એથી આ શરીર બીજા શરીરને અડે છે એમ ભગવાન ના પાડે છે. કેમ બેસે? આહાહા..! સમજાય એટલું સમજવું, પ્રભુ! મારગડા આવા છે. આહા..! અરે..! વીતરાગ ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ સિવાય આ વાત ક્યાંય નથી. કોઈ ઠેકાણે આ વાત નથી. પરમેશ્વર કે કેવળી એમણે જે ત્રણ કાળ, ત્રણ લોક જોયા. એવું જોયું, એવું જાણ્યું, એવું કહ્યું. આહાહા..! એ સિવાય કોઈ ઠેકાણે આ વાત છે નહિ. બીજા ભલે આત્માની વાતું કરે, સર્વ વ્યાપક છે ને આ વેદાંતી ને સર્વ વ્યાપક-બ્યાપક (માનનારા) બધા અજ્ઞાની છે. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે કહ્યું એ સિવાય જેટલા બીજા કહેનારા છે એ બધા અજ્ઞાની છે.

પરમાત્મા ત્રિલોકનાથનું આ ફરમાન છે, કે નિમિત્ત ચીજ છે, બીજી ચીજ છે. તું પણ છો (અને) બીજી ચીજ છે. ઠીક હવે તું છો એ સ્વતંત્ર સ્વયં તો વિકારનો અકર્તા છે. ત્યારે કહે, વિકાર થાય છે કેમ? કે, ઇ પર્યાયમાં નિમિત્તનું લક્ષ કરે છે. દ્રવ્યનું લક્ષ કરે તો તો વિકાર થાય નહિ. પણ પર્યાયમાં–અવસ્થામાં–વર્તમાન દશામાં નિમિત્તની મમતા કરે છે. એથી તેને નિમિત્તની મમતા છે અને એના નિમિત્તથી થતા (અને) પોતાના કારણે (કરાતો) વિકાર, એની મમતા છે. એ નિમિત્ત-નિમિત્ત સંબંધ જાહેર કરે છે, કે આત્મા સ્વયં અકર્તા છે. આરે..! આરે..! આવું સમજવું. 'શાંતિભાઈ'! વકીલાતમાં ન્યાય આવે, બીજે ન્યાય આવે, (તમે) વેપારી, હીરા-માણેકના ધંધામાં આ ક્યાં ન્યાય આવે?

મુમુક્ષુ :– સાચો હીરો તો આ છે. બીજા તો જડ હીરા છે.

ઉત્તર :– એ તો ધૂળ છે–માટી છે. એ તો મારી નાખે. એક જણો 'મુંબઈ'માં સારો હીરો હતો ઇ લઈને નીકળ્યો હતો. 'મુંબઈ'માં બન્યું હતું. એક શેરીમાં ગયો તો એક કો'ક

શું કહેવાય? ડાકુ, લુટારો. એણે જોયો એને. અંદર ગયો, મારી નાખ્યો અને લઈ લીધો. હીરો સુખને માટે હતો એ મરવા માટે (નિમિત્ત) થયો. 'મુંબઈ'માં બન્યું હતું. આવ્યું હતું. નાની ગલીમાં ગયો હોય ને કો'ક હીરો ભાળી ગયો. અંદર ગરી (અને મારી નાખ્યો). આ હીરાની શોભાઓ! ઓભા છે મોટી. શોભા નથી, ઓભા (છે). આહા..!

હીરો તો આ ચૈતન્ય હીરો અંદર આનંદનો નાથ! આહાહા..! જેની ચમકની ચમક જગતમાં દેખાય નહિ. એ અંતરદૃષ્ટિથી દેખાય એવી એ ચીજ છે. એવો હીરો, ચમકતો હીરો! એ તો કહે છે, વિકાર એકલો તો જાતિએ પોતાના સ્વભાવને આશ્રયે તો કરે જ નહિ. એ અપેક્ષાએ ભગવાનઆત્મા તો રાગનો અકર્તા છે. પણ નિમિત્તના લક્ષમાં જાય છે, અહીં લક્ષમાં નથી જાતો, ત્રિકાળી આનંદનો નાથ સાગર છે ત્યાં દૃષ્ટિ નથી જતી અને તેથી આ દૃષ્ટિ આમ જાય છે. તે નિમિત્તના મમતે વિકાર કરે એ વિકાર નૈમિત્તક છે, પરચીજ નિમિત્ત છે. એ નિમિત્ત-નિમિત્ત સંબંધ વ્યવહારને જાહેર કરે છે. એ જાહેર કરતા આત્મા વિકારનો અકર્તા છે એમ જાહેર થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? યાદ રહેવું મુશ્કેલ. ઘરે(થી) બૈરાં-બૈરાં આવ્યા ન હોય અને (પૂછે કે), શું સાંભળ્યું તમે? (તો કહે), કાંઈ કહેતા હતા, કોણ જાણે. આમ છે ને તેમ છે ને. આ વાત તો એવી છે, હોં! બાપા! ઝીણી વાત છે ને, ભાઈ!

પ્રભુ! તારા ઘરની વાત છે, હોં! પ્રભુએ તારા ઘરની વાત કરી પ્રભુ! આહાહા..! પ્રભુ તરીકે તો બોલાવે છે. આચાર્ય એમ બોલાવે છે, પ્રભુ! ભગવંત! એમ કરીને બોલાવે છે. આહાહા..! ૭૨ ગાથા. 'સમયસાર' ભગવાનઆત્મા! આહાહા..! એને સાંભળ્યો જાય નહિ, અરે..રે..! હું ભગવાન? બાપુ! ભગવાન છો, ભાઈ! તેં પર્યાયમાં રાગ-દ્વેષ કરીને પામરતા માની છે પણ તું તો પ્રભુ છો અને પ્રભુ જો ન હોય તો પ્રભુતા કેવળજ્ઞાન અરિહંત પરમાત્મા થશે ક્યાંથી? અરિહંત પરમાત્મા થયા, સર્વજ્ઞ પરમાત્મા બિરાજે છે, મહાવિદેહ ક્ષેત્રમાં લાખો કેવળીઓ બિરાજે છે ઇ કેવળજ્ઞાની થયા ક્યાંથી? કેવળજ્ઞાનમાં અનંત આનંદ આવ્યો ક્યાંથી? બહાર લટકે છે? અંદર ભર્યો છે, પ્રભુ! અંદર ખજાનો ભર્યો છે, ભાઈ! આહાહા..! પ્રભુ! તારી નજરું ત્યાં નથી. એ નજરમાં નિધાનને લે તો તને નિધાન દેખાશે. અંદર નિધાન પડ્યું છે. આહાહા..! આરે..! આવી વાતું છે. કંઈ કરવાનું કહે કે, આ કરો, આ કરો. પણ એ કરવાનું હું કરું, એવું માનવું એ જ મિથ્યાત્વ છે. એ ભગવાન તો જાણનાર-દેખનાર છે, એ કરે કોને? આહાહા..! સમજાણું?

'પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે. જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ....' એટલે કે, દ્રવ્ય ને રાગનું લક્ષ છોડવું અને દ્રવ્યનું પ્રત્યાખ્યાન (એટલે કે) ભવિષ્યનો રાગ ન કરવો, એવા 'કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય,...' રાગ છોડવાનો ઉપદેશ કહે છે. જો રાગ આત્માનો જ હોય અને આત્મા જ

એનો કર્તા હોય તો છોડવાનો એ ઉપદેશ ભગવાનનો છે એ ખોટો થાય છે. આહાહા..! સમજાય છે આમાં? જાત જ બીજી છે. ન્યાં ઓલા રૂપિયા આડે બેઠા (છે). કો'ક તો તમારી એવી વાતું કરે છે, કરે છે ભઈ, હોય ઇ ખરું, છ ભાઈઓ છે તો એક એક પાસે કરોડ રૂપિયા છે, એમ કહે છે. લ્યો! આ છ જણા છે. એક જણો કહેતો હતો. અહીં તો સાંભળ્યું એ કીધું, અહીં ક્યાં જોવા ગયા હતા? એમ કહેતા હતા, કો'ક કહેતું હતું. એ 'બલુભાઈ' કહેતા હતા, લ્યોને! ઓલા 'બલુભાઈ', નહિ? ઓલા ડૉક્ટર છે ને? 'બલુભાઈ' નહિ? આ 'આફ્રિકા' જવાના છે, ઇ કહેતા હતા. છ ભાઈઓ પાસે એક એક પાસે કરોડ કરોડ છે. છ ભાઈઓ છે. કરોડ શું અબજ રૂપિયા હોય, આ ધૂળ. આહા..!

ક્યાં ગયા? 'પોપટભાઈ' નથી? ગયા? એ 'પોપટભાઈ'ના સાળા, 'ગોવા'. 'પોપટભાઈ' કાલે અહીં હતા. એના સાળા 'ગોવા'માં છે (એની પાસે) બે અબજ ચાલીસ કરોડ (છે). 'પાણસણા'ના છે. 'લીંબડી' પાસે 'પાણસણા' છે ને? ત્યાંના. (અત્યારે) 'ગોવા'માં છે. બે અબજ ચાલીસ કરોડ, બસ્સો ચાલીશ કરોડ. ધૂળ! મરી ગયો ૬૧ વર્ષની ઉંમરે. ચાલીસ ચાલીસ લાખના બંગલા અત્યારે 'ગોવા'માં છે. આપણો દશાશ્રીમાળી છે. અહીં અમારે દશાશ્રીમાળી નાત છે ને? એ દશાશ્રીમાળી નાતના 'પાણસણા'ના છે. એના બનેવી અહીં વ્યાખ્યાનમાં બેઠા હતા. પાંચ મિનિટમાં મરી ગયો. હાય...! હાય...! મને કાંઈક થાય છે. એમ કરીને ઊડી ગયો, લ્યો! આહાહા..!

'પ્રેમચંદભાઈ'ના વહુને એમ થયું ને? ભાઈ! કાલે 'તારાબેન'ના (સમાચાર હતા). 'આણંદભાઈ'ના અહીં સમાચાર હતાં. આપણા 'આણંદભાઈ' 'આણંદભાઈ', 'રાજકોટ'. એની બેન 'તારાબેન'ના વરને આઠ દિ'માં બે હાર્ટએટેક આવ્યા. 'મુંબઈ'. આ આપણે 'આણંદભાઈ' 'રાજકોટ'વાળા. એમના બેન એક 'તારાબેન' છે. એના વરને આઠ દિ'માં હમણાં બે એટેક આવ્યા. પછી માથે લોહી ચડી ગયું છે, વાચા બંધ થઈ ગઈ છે. છોકરાઓ કાલે આવ્યા હતા. બાપાએ બોલાવ્યા છે, કે અહીં આવો, વાચા બંધ થઈ ગઈ છે. વાચા બોલાતી નથી. લોહી માથે ચડી ગયું. ધૂળ ન્યાં શું કરે? જડની પર્યાય એ થવા કાળે થયા વિના રહેશે નહિ. એ જડની પર્યાય આત્મા ફેરવી શકે (એમ) ત્રણ કાળમાં નહિ. આહાહા..! નીરોગી શરીર દેખાય આમ ક્ષણમાં અહ..! આમ થઈ, ફુ... થઈને ઊડી જાય, હડપ દઈને.

અંદર નિત્યાનંદ પ્રભુ ભગવાન છે ને! આહાહા..! ઇ કે દિ' નાશ થાય એવો છે? એવો આત્મા, જેની દૃષ્ટિ કરતાં જેને આનંદનો નાથ જણાય એ નિમિત્તની મમતા ન કરે અને નિમિત્તને લક્ષે થતા રાગનો કર્તા તે થાય નહિ, એનું નામ ધર્મ કહેવાય છે. આહાહા..! કહો 'બાબુભાઈ'! આવું ઝીણું છે. આહાહા..!

'અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં...' શું કીધું? જ્યારે ભગવાને એમ કહ્યું, કે નિમિત્તને લક્ષે મમતા કરતો વિકાર કરે છે અને

એથી તે આત્મા પોતાને લક્ષે વિકાર કરે નહિ એટલે એને લક્ષે કરે છે. એથી એમ સિદ્ધ થયું કે, આત્માને એકલાને રાગાદિપણાનું નિમિત્તપણું આવી પડતાં. જો પરના લક્ષ વિના અને પરના સંબંધ વિના વિકાર એકલો કરે તો આત્માને એકલો વિકાર કરવાનું આવી પડે. 'આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી...' આ તો નિત્યકર્તા રહે. આત્મા તો નિત્ય છે તો નિત્ય રાગનો કર્તા રહે ને દુઃખી સદાય રહે કોઈ દિ' ધર્મ તો પામે નહિ, મુક્તિ થાય નહિ. આહાહા..! ન્યાય તો ઝીણા છે, બાપુ! આહાહા..!

'નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે.' શું કીધું ઇ? કે આત્મા નિમિત્તના લક્ષે મમતા ને વિકાર કરે એ વિકારનો કર્તા અજ્ઞાન(ભાવે) થાય, પણ એકલો આત્મા જો વિકારનો કર્તા થાય તો આત્મા નિત્ય છે તો આત્મા નિત્ય વિકારનો કર્તા રહે, એટલે નિત્ય દુઃખી રહે. કોઈ દિ' સમકિત પામે નહિ ને કોઈ દિ' ધર્મ પામે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- મોક્ષનો જ અભાવ થાય.

ઉત્તર :- ઇ પછી મોક્ષ થયો ને? આહા..! ઝીણી વાત છે થોડી, ભાઈ!

'માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.' છે ને? નિમિત્ત, હોં! સ્વદ્રવ્ય નહિ, વિકારનું કારણ સ્વદ્રવ્ય નહિ, વિકારનું કારણ પરદ્રવ્ય નિમિત્ત. ઇ પોતે પરનું લક્ષ કરે છે માટે પરદ્રવ્ય (નિમિત્ત છે) પણ નિમિત્તથી થયું નથી. આ વાંધા મોટા પાછા. નિમિત્તને લક્ષે પોતે કરે છે, નિમિત્ત એને કરાવતું નથી, નિમિત્તથી વિકાર થતો નથી. આહાહા..!

એમ સિદ્ધ થતાં... '(માટે પરદ્રવ્ય જ આત્માને) રાગાદિભાવોનું નિમિત્ત હો. અને એમ હોતાં, આત્મા રાગાદિકનો અકારક જ છે એમ સિદ્ધ થયું.' લ્યો! શું કીધું ઇ? પહેલું કીધું કે, 'રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં...' આત્મામાં (અર્થાત્) એકલો આત્મા જો રાગનો કર્તા નિમિત્ત-નિમિત્ત સંબંધ વિના હોય તો 'નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે.' તો કોઈ દિ' સમકિત પામે નહિ ને ધર્મ થાય નહિ. 'માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.' નિમિત્ત હો, હોં! પોતાને લક્ષે વિકાર થતો નથી માટે પરને લક્ષે થાય તે નિમિત્ત છે. એ વિકાર કરાવતું નથી. આહાહા..! આ બધો વેપાર-બેપાર બહુ મોટો (છે) માટે વિકાર કરાવે છે, એમ નથી. એમ ના પાડે છે. ઘરનો દાખલો ઠીક ને! આહાહા..! એ પરદ્રવ્ય વિકાર કરાવતું નથી. પોતે કરે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..!

'અને એમ હોતાં, આત્મા રાગાદિકનો અકારક જ છે એમ સિદ્ધ થયું. (આ રીતે જોકે આત્મા રાગાદિકનો અકારક જ છે)...' વસ્તુ સ્વરૂપ તો પ્રભુ ચૈતન્ય જ્યોત છે. અતીન્દ્રિય આનંદનો સાગર નાથ પ્રભુ! એકલો રાગનો કર્તા નથી, એ અકર્તા છે. આહાહા..! કહે છે, આવું હોવા છતાં 'તોપણ જ્યાં સુધી તે નિમિત્તભૂત દ્રવ્યને (-પરદ્રવ્યને) પ્રતિક્રમતો નથી...' જોયું! પ્રતિક્રમતો નથી, (એમ) આવ્યું. જ્યાં સુધી નિમિત્તનું લક્ષ છોડતો નથી, ત્યાંથી હટતો

નથી, નિમિત્તથી હટતો નથી. નિમિત્ત એને પકડી રાખે છે એમ નહિ, પોતે નિમિત્ત ઉપરના જોરમાં ગયો છે, એને નિમિત્તને છોડતો નથી. આહાહા..! છે? નિમિત્તભૂત પરને 'પ્રતિક્રમતો નથી...' જુઓ! અહીં પ્રતિક્રમણ આવ્યું. છોડતો નથી, અહીં એમ કીધું. જોયું! પહેલું અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન હતું. એ શુદ્ધનયના કથનની અપેક્ષાએ નિષેધથી કથન (હતું). બાકી કહેવું તો આમ છે, કે રાગને છોડતો નથી, એમ. અને પચ્ચખાણ કરતો નથી, ભવિષ્યનો રાગ કરવો નહિ, એમ કરતો નથી. ત્યાં સુધી નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમતો નથી ત્યાં સુધી રાગભાવને છોડતો નથી અને રાગભાવનું પચ્ચખાણ–ત્યાગ કરતો નથી.

જ્યાં સુધી ભાવને 'પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી...' ત્યાં સુધી કર્તા જ છે. પર્યાયમાં કર્તા છે, એમ કહે છે. પરનો ત્યાગ કરતો નથી, વિકારનો ત્યાગ કરતો નથી, પ્રતિક્રમણ કરતો નથી ત્યાં સુધી તે અજ્ઞાનભાવે રાગનો, વિકારનો કર્તા છે. વસ્તુસ્વભાવે નહિ. આહાહા..! આ વસ્તુસ્વભાવ શું ને ઓલી પર્યાય શું ને...

'(અર્થાત્ જ્યાં સુધી નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ તથા પચખાણ કરતો નથી) ત્યાં સુધી નૈમિત્તિકભૂત ભાવ...' એટલે વિકાર, એને 'પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી...' જ્યાં સુધી તે ભાવને છોડતો નથી, પચખતો નથી ત્યાં સુધી અજ્ઞાનથી કર્તા છે. પર્યાયદષ્ટિવાળો, દ્રવ્યદષ્ટિ વિનાનો ત્રિકાળી દ્રવ્યદષ્ટિના અભાવે વર્તમાન પર્યાયદષ્ટિને જ માનનારો રાગનો ને દ્વેષનો અજ્ઞાનભાવે કર્તા છે. આહાહા..! આ કેટલું યાદ રાખવું? એક કલાકમાં આવી બધી વાતું. આહાહા..!

વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ ભગવાન તીર્થંકર ચોવીસ તો થઈ ગયા. એ તો સિદ્ધ થઈ ગયા, ઇ અત્યારે અરિહંત નથી. 'મહાવીર' પરમાત્મા આદિ તો નમો સિદ્ધાણંમાં ગયા અને આ 'સીમંધર' ભગવાન છે એ નમો અરિહંતાણંમાં છે. ચોવીસ તીર્થંકરો તો સિદ્ધમાં ગયા એટલે નમો સિદ્ધાણંમાં છે. આ વીસ તીર્થંકર બિરાજે છે એ સિદ્ધમાં નથી, એ નમો અરિહંતાણંમાં છે. અરિહંત હોય ત્યાં સુધી વાણી હોય. સિદ્ધને વાણી હોય નહિ. આહાહા..! એની આ વાણી છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

---

**પ્રવચન નં. ૩૪૮ ગાથા–૨૮૩ થી ૨૮૫ શુક્રવાર, કારતક વદ ૧૩, તા. ૧૬-૧૧-૧૯૭૯**

---

'સમયસાર' ૨૮૩, ૨૮૪, ૨૮૫ ગાથા, એની ટીકા. ૨૮૩-૨૮૪-૨૮૫ ગાથાની ટીકા. થોડો ઝીણો અધિકાર છે. 'આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે;...' આત્માનું સ્વરૂપ જ એવું છે, કે પોતાને આશ્રયે રાગ થાય એવું એનું સ્વરૂપ જ નથી. દયા, દાન, વ્રત,

ભક્તિ, કામ, ક્રોધ આદિના ભાવ એ આત્માને આશ્રયે થાય એમ નહિ, આત્માનો સ્વભાવ જ નથી. આહાહા..! 'આત્મા પોતાથી...' પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, દયા અને દાન, વ્રત અને ભક્તિ આદિના પરિણામ, એનો પોતે 'અકારક જ છે;...' આહાહા..!

આત્મા રાગાદિકનો અકારક જ છે. 'કારણ કે, જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો)...' શું કહે છે હવે? કે રાગાદિ થાય છે ઇ પોતાના સ્વભાવને આશ્રયે નથી (થતા), ફક્ત પરદ્રવ્યના નિમિત્તના લક્ષે પોતામાં થાય છે એથી પોતાના સ્વભાવમાં એ રાગાદિ નથી. આહાહા..! સૂક્ષ્મ વિષય છે. થોડું ચાલી ગયું હતું, આ તો ફરીને (લીધું).

એકલો જ્ઞાયક સ્વરૂપ (છે) એ જ્ઞાયક રાગનો ત્યાગ (કરે છે એમ) કહેવું એ પણ એને લાગુ પડતું નથી, કહે છે. એ તો 'અકારક જ છે;...' આહાહા..! રાગનો ત્યાગ આત્મા કરે એ પણ એક વ્યવહારનું વચન છે. પોતે તો રાગ રહિત જ એનું સ્વરૂપ છે અને પોતાના આશ્રયે રાગ કે દયા, દાન કે કામ, ક્રોધના પરિણામ થાય એવું એનું સ્વરૂપ જ નથી. સમજાય છે કાંઈ? આહા..! એ પરદ્રવ્યના નિમિત્તના લક્ષે ઉત્પન્ન થાય છે. નિમિત્તથી નહિ, પણ પરદ્રવ્યના નિમિત્તથી, નિમિત્તના લક્ષે એમાં પુણ્ય-પાપના વિકાર થાય છે. એથી એ આત્માનો વાસ્તવિક સ્વભાવ–સ્વથી રાગ કરવો એવું એનું સ્વરૂપ જ નથી. આહાહા..!

સમ્યગ્જ્ઞાની ધર્મી જીવ શુદ્ધ આત્મસ્વભાવના જ્ઞાયકની દૃષ્ટિને લઈને પરનો ત્યાગ કરનારો તો એ છે નહિ, પોતે પોતાનો દેખનારો ને જાણનારો છે એ પણ વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા પરને જાણે, દેખે અને છોડે એ વાત તો એનામાં છે જ નહિ. ત્રણે આવી ગયા–દર્શન, જ્ઞાન ને ચારિત્ર. આત્મા એકલો પરને જાણે, દેખે અને છોડે એવું એનું સ્વરૂપ જ નથી. અરે..! પોતે પોતાને જાણે ને દેખે અને રાગના અભાવસ્વભાવ સ્વરૂપ (પોતાનું) સ્વરૂપ છે એ પણ સ્વસ્વામીસંબંધનો વ્યવહાર છે. પરમાર્થે એ પણ એને લાગુ પડતું નથી. આહાહા..! કહો, 'યશપાલજી'! ઝીણી વાતું છે.

સ્વયં ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ તે જ્ઞાયક જ છે. એ જ્ઞાયક સ્વરૂપ છે તે પોતાને જાણે, પોતાને દેખે અને રાગનો ત્યાગ એનામાં કરે એ પણ વ્યવહાર છે. રાગ કરે, પરને જાણે, દેખે એ તો તદ્દન અસદ્‌ભૂત વ્યવહાર છે. ઝીણું બહુ. 'ચેતનજી'એ કીધું કે આ ફરીને લેવું, કીધું હતું. કાલ કહ્યું નહોતું? થોડુંક આપણે ચાલી ગયું હતું. આહા..!

ભગવાનઆત્મા જ્ઞાયક તે જ્ઞાયક જ છે. જ્ઞાયક તે પરને જાણે ને પરને દેખે ને પરને છોડે એ એના સ્વરૂપમાં જ નથી. આહાહા..! આવો આત્મા જેની દૃષ્ટિમાં આવે ત્યારે તેને આત્મા જાણ્યો અને દેખ્યો એમ કહેવામાં આવે અને તે પણ આત્મા આત્માને જાણે અને દેખે કહેવું એ પણ વ્યવહાર ભેદ પડ્યો. આત્મા આત્મા જ પોતે છે. આહાહા..! ઝીણું છે. એ આત્મા.. અહીં શરૂઆતમાં પહેલી લીટીમાં જ આખો સિદ્ધાંત ભર્યો છે.

'આત્મા પોતાથી...' એટલે કે નિમિત્તના લક્ષ વિના અને નિમિત્તના આશ્રયે રાગ થાય એ વિના એકલો પોતાને કારણે રાગ થાય એવો એનો સ્વભાવ જ નથી. આહાહા..! એ તો જ્ઞાયકસ્વરૂપ ભગવાન, જ્ઞાયક તે જ્ઞાયક જ છે. એ જ્ઞાયક તે રાગના ત્યાગ સ્વભાવ સ્વરૂપ છે એમ કહેવું એ વ્યવહાર છે. એ તો ત્યાગના અભાવ-સ્વભાવ સ્વરૂપ જ એનું સ્વરૂપ છે. રાગના ત્યાગના અભાવ સ્વરૂપ, એનો ત્યાગ કરે એનો અભાવ, એનું સ્વરૂપ જ એવું છે. રાગનો ત્યાગ કરવો એ પણ એના સ્વરૂપમાં નથી. આહાહા..! ધર્મની આવી વાતું, લ્યો!

'આત્મા પોતાથી,...' સ્વયંથી. એ તો જ્ઞાન, દર્શન ને આનંદ સ્વરૂપ છે. એ પોતાથી પુણ્ય-પાપના પરિણામ (થાય છે) એનો 'અકારક જ છે;...' આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ જે શુભ છે એનો એ પોતાથી તો 'અકારક જ છે;...' આહાહા..! આવો એનો સ્વભાવ છે એવી દૃષ્ટિ અંદર થવી એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન છે. આહા..! અને રાગના અભાવ-સ્વભાવ સ્વરૂપ (એવા પોતામાં), પરના લક્ષને છોડી અને શુદ્ધ ચૈતન્યમૂર્તિના આશ્રયે ઠર્યો એ એનો ચારિત્રભાવ છે. આહા..! પણ એ આત્મા આત્મામાં ઠર્યો એ પણ સ્વસ્વામી અંશ સંબંધનો વ્યવહાર છે. આહાહા..! આવું સ્વરૂપ (છે). એક વાત (થઈ).

હવે કારણ આપે છે. કેમ અકારક છે? ભગવાનઆત્મા સ્વયં પોતે પોતાથી કોઈપણ દયા, દાન, ભક્તિ, વ્રત આદિના પરિણામનો તો 'અકારક જ છે;...' એનું સ્વરૂપ જ અકારક છે. આહાહા..! 'કારણ કે, જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો)...' એટલે આત્મા પોતાના આશ્રયથી, પોતાને લક્ષે, પોતાને અવલંબે દયા, દાન, પુણ્ય, પાપનો કર્તા હોય તો 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.' અહીં શુદ્ધનયનું કથન છે એથી અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન કહ્યું છે.

ભગવાને કહ્યું કે રાગ છોડ, રાગ છોડ, વર્તમાન રાગનું પ્રતિક્રમણ કર, ભવિષ્યના રાગનું પ્રત્યાખ્યાન કર. ત્યારે એમ જે ઉપદેશ આવ્યો એ એમ સૂચવે છે, કે રાગનો કર્તા ભગવાન સ્વયં પોતે નથી, જો હોય તો રાગનો ત્યાગ, વર્તમાન ને ભવિષ્યના રાગનું પચખાણ એમ બની શકે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! આવો ધર્મનો ઉપદેશ. ઓલો ઉપદેશ કેવો હતો! ઇચ્છામી પડિકમ્મણા, ઇરિયા વિરીયા.. સામાયિક થઈ જતી, પડિકમણું થઈ ગયું, લ્યો! અહીં તો પણ હજી આત્મા કોણ છે એની તને ખબર વિના (સામાયિક આવી ક્યાંથી?) સાંભળ તો ખરો. આહાહા..!

'આત્મા પોતાથી,...' પોતાથી – વજન અહીં છે. ભગવાન આનંદ ને જ્ઞાન ને દર્શન સ્વરૂપ જ છે. જ્ઞાનથી જાણે છે, દેખે છે એમ નહિ, ઇ સ્વરૂપ જ છે. જ્ઞાન, દર્શન ને આનંદ એનું પોતાનું સ્વરૂપ જ છે. તેથી પોતાથી વિકારનો 'અકારક જ છે;...' આહાહા..!

સમજાય છે કાંઈ? કેમ? જો એમ ન હોય તો ભગવાનનો ઉપદેશ એવો છે, કે... 'અપ્રિતક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.' નિષેધથી વાત કરી છે. બાકી જો એનો પોતાનો સ્વભાવ હોય તો રાગથી છૂટી જા, રાગનો ત્યાગ કર અને રાગનું પચખાણ કર, છોડ, એવો જે વ્યવહારનો ઉપદેશ, એ બની શકે નહિ. જો આત્મા પોતાથી કરતો હોય તો રાગને છોડ ને રાગનું પચખાણ કર એ બની શકે નહિ. એનો સ્વભાવ જ જો કરવાનો હોય તો એ બની શકે નહિ. આહાહા..! અધિકાર ઝીણો છે.

'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધ...' હજી દ્રવ્ય-ભાવની વાત નથી અત્યારે. અત્યારે તો હજી દ્રવ્ય અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન બસ, એટલી (વાત છે). એટલે કે, પરનું પ્રતિક્રમણ ને પરનું પચખાણ એમ કહેવું છે, એને ઠેકાણે શુદ્ધનયનો અધિકાર છે એટલે અપ્રત્યાખ્યાન–અપચખાણ કહેશે. એવો જે ભગવાનનો ઉપદેશ છે એ બની શકે નહિ. જો પોતે જ પોતાના સ્વભાવથી સ્વરૂપ જ દયા, દાન આદિ વિકાર કરવાનું હોય તો એને છોડવાનું જે કહ્યું એટલે કે, તેનાથી લક્ષ છોડી દે એમ કહ્યું, એ ઉપદેશ બની શકે નહિ. સમજાણું કાંઈ? આહા..! આવો માર્ગ હવે. ઓલું પડિકમણું, ઇચ્છામિ, ઇરિયા વિરીયા કરતા. એ.. 'વીરચંદભાઈ'! તમારા બાપ એમ કરતા. સામાયિક કરે ને પોહા આઠમ ને પૂનમના પોહા કરે. 'હરગોવિંદભાઈ'ને બધા કરતા, પણ આ. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! એ રાગનો ત્યાગ જે કહીએ છીએ એનો અર્થ જ કે, આત્મા રાગનો કર્તા નથી. રાગનું પ્રતિક્રમણ કર, રાગનું પચખાણ કર એમ કહેવાના ઉપદેશમાં જ એવો અર્થ આવ્યો, કે આત્મા પોતાથી રાગ કરે અને પુણ્ય કરે એવું એનું સ્વરૂપ જ નથી. આહાહા..! ઝીણો અધિકાર આવ્યો. ઓલી તેરસે વ્યાખ્યાન હતું આ પાછું બારસે આવ્યું. તેર દિ' વચ્ચે પડ્યું રહ્યું. 'યશપાલજી'! આહાહા..!

ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન અને પરના, રાગના અભાવ-સ્વભાવ સ્વરૂપ જ વસ્તુ છે. ભગવાનઆત્માનું સ્વરૂપ જ્ઞાન, દર્શન અને રાગના અભાવ-સ્વભાવ સ્વરૂપ છે. એનું સ્વરૂપ જ એ છે. વળી આત્મા આત્માને જાણે ને આત્મા આત્માને દેખે ને આત્મા આત્મામાં ઠરે એ પણ વ્યવહાર છે. એનું સ્વરૂપ જ એવું છે કહે છે. આહાહા..! એ જ્ઞાન, દર્શન ને રાગના અભાવ-સ્વભાવ સ્વરૂપ જ એનું સ્વરૂપ છે. એવી દૃષ્ટિ થતાં અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે. આહાહા..! આકરું પડે એવું છે બધાને. આવો માર્ગ છે, ભાઈ! આહાહા..! અનંતકાળથી રખડે છે. એની મહિમા, એની જાતની મહિમા, એની જાતની મોટપ બેઠી નથી. એને હીણો જ કલ્પ્યો છે. કાં રાગનો કર્તા ને કાં રાગનો ભોક્તા ને... આહા..! પરનો જાણનારો ને પરનો દેખનારો ને... આહાહા..!

પોતાની પર્યાયમાં પરને જાણવું થાય છે એ પર ક્યાં ત્યાં જણાય છે. આહાહા..! કેમ કે પરની સાથે તો તન્મય નથી. એટલે નિશ્ચયથી તો પરને જાણતો નથી. આહા..! નિશ્ચયથી

તો જેમાં– પર્યાયમાં તન્મય છે તેને જાણે છે એને પણ વ્યવહાર કહેવો છે. આહાહા..! એમ પરને દેખે છે (એમ કહે છે પણ) ઇ ક્યાં પરમાં તન્મય થાય છે કે દેખે છે. એ દેખવાની પર્યાયમાં તન્મય છે માટે પોતે પોતાને દેખે છે. એ પણ વ્યવહાર છે. (કારણ કે) ભેદ પડ્યો. આહાહા..!

હવે રાગનો ત્યાગ કરે છે એમ કહેવું એ પણ તદ્દન અસદ્ભૂત વ્યવહાર છે. આહાહા..! અહીં તો રાગના અભાવ-સ્વભાવ સ્વરૂપ આત્મા છે એવો જે ભેદ છે એ પણ વ્યવહાર છે. આહાહા..! એ તો રાગના અભાવ-સ્વભાવ સ્વરૂપ જ ત્રિકાળી વસ્તુ જ એવી છે, વીતરાગ સ્વરૂપ જ એ છે. આહાહા..! વીતરાગ સ્વરૂપ છે એમાં રાગનો અભાવ કરવો કે આત્મા રાગનો અભાવ કરે અથવા રાગનો અભાવ કરે તો વીતરાગપણે રહે, એમ નથી. એ તો રાગના અભાવ-સ્વભાવ સ્વરૂપ વીતરાગ સ્વરૂપ જ બિરાજમાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો થોડુંક ચાલ્યું હતું. અમારા 'ચેતનજી' વળી કહે, ટીકાથી ફરીને લેવું. તેથી ફરીને લીધું આ. આહાહા..!

મુમુક્ષુ :– આજે બહુ ઝીણું આવે છે.

ઉત્તર :– આમ જ છે. ઝીણું કહો કે જાડું કહો. વસ્તુ આવી છે ત્યાં પહેલેથી જ કીધું ને, કે પોતાથી અકારક છે એ સિદ્ધાંત શું કહે છે? કે, પોતાને આશ્રયે રાગ કરે કે પોતાને આશ્રયે પરને જાણવાનું કરે, એ પરનું લક્ષ જાય છે ત્યારે એ પરને જાણે છે એમ કહે છે. છતાં તે પરને જાણે છે ઇ પણ નહિ. કારણ કે, એની પર્યાયમાં જે પર સંબંધીનું જ્ઞાન પોતામાં તે સમયે પરની અપેક્ષા વિના પોતાથી પર્યાય જાણવા, દેખવાની થાય છે. આહાહા..! આવું છે.

'જો આમ ન હોય તો અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના...' હજી બે બોલ છે, હોં! દ્રવ્ય ને ભાવ પછી આવશે. અહીં તો હજી અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન. એટલે પરથી પાછું હટવું અને ભવિષ્યમાં પરમાં જોડાવું નહિ એવો જે ઉપદેશ છે એ એમ જ બતાવે છે, કે આત્મા સ્વયં પોતાથી રાગનો કર્તા છે નહિ. આહાહા..! એ તો એનું લક્ષ પરમાં જાય છે ત્યારે નિમિત્તના લક્ષે વિકાર થાય છે. નિમિત્તથી નહિ. પરદ્રવ્યથી જેમ રાગ નહિ તેમ પરના નિમિત્તથી પણ રાગ નહિ. આહા..! શું કહ્યું ઇ?

ભગવાન જ્ઞાયક સ્વરૂપ પ્રભુ! પોતાથી જેમ રાગ નથી તેમ તે નિમિત્તના લક્ષે પણ રાગ નથી. નિમિત્તને લક્ષે પોતે રાગ પર્યાયમાં કરે છે, નિમિત્તથી નહિ. આત્માથી જેમ રાગ નહિ એમ નિમિત્તથી પણ રાગ નહિ. સમજાય છે આમાં? એની પર્યાયમાં નિમિત્તનું લક્ષ કરીને, સ્વભાવનો આશ્રય છોડી દઈને વિકાર પર્યાયમાં કરે છે. એથી ભગવાને એમ કહ્યું, કે રાગનું પ્રતિક્રમણ કર, રાગનું પચખાણ કર. કેમ કે એ તારું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું આમાં?

'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો...' અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન એ બે અત્યારે લીધા, હોં! પછી વળી બીજા બે લેશે, પછી વળી દ્રવ્ય ને ભાવ બીજા બે પછી (લેશે). આ તો ફક્ત વર્તમાન અપ્રતિક્રમણ, ભવિષ્યનું અપ્રત્યાખ્યાન-એવા બે બોલ લીધા. ગયા કાળની વાત તો અત્યારે છે નહિ એટલે પ્રશ્ન નહિ. આ લીધું. વર્તમાનમાં રાગનો અત્યાગ, ભવિષ્યમાં રાગનો અત્યાગ. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો ઉપદેશ ભગવાને આપ્યો એ શુદ્ધનયથી કહ્યો. બાકી ખરેખર તો રાગનો વર્તમાનમાં અભાવ કર, ભવિષ્યમાં રાગનો અભાવ કર એમ જે કહેવું છે એ જ એમ બતાવે છે, કે આત્મા પોતાના સ્વભાવથી રાગ કરે એવું એનું સ્વરૂપ નથી. આહાહા..!

એ નિમિત્ત જે પરદ્રવ્ય છે તેના ઉપર એનું લક્ષ જાય (છે). આ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ છે એનું લક્ષ છોડી દઈને પર જે એનામાં નથી, જે એનામાં છે એનું લક્ષ છોડી દઈને, જે એનામાં નથી એવા પરનું લક્ષ કરે છે તેથી તે નિમિત્તને લક્ષે વિકાર (થાય છે). નિમિત્તથી રાગ-દ્વેષ થતા નથી પણ નિમિત્તને લક્ષે રાગ-દ્વેષ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! જેમ આત્મા પોતે રાગનો અકારક છે, પોતે પોતાથી રાગ કરે એવું વસ્તુનું સ્વરૂપ નથી. તેમ નિમિત્તથી રાગ થાય એવું પણ સ્વરૂપ નથી, પણ નિમિત્તને લક્ષે રાગ કરે છે. આહાહા..! કહો, આમાં સમજાય છે? ઝીણું છે, ભઈ! આ અધિકાર ઝીણો (છે). વાંચતા વાંચતા અહીં સુધી તો આવ્યું હતું. આહા..!

ભગવાનનો અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન બે પ્રકારનો ઉપદેશ બની શકે નહિ. જો પોતે પોતાથી કર્તા હોય, એનો સ્વભાવ જ રાગ કરવાનો હોય તો રાગને છોડ, વર્તમાન રાગને છોડ ને ભવિષ્યમાં રાગનું પ્રત્યાખ્યાન (કર), એવો જે ઉપદેશ એ બની શકે નહિ. સમજાય છે કાંઈ? આહા..! ગુજરાતી ભાષા સમજો છો? થોડી થોડી? આહાહા..! આવો ઉપદેશ હવે. એવો ધર્મ સરળ હતો (કે), સામાયિક કરો, પોહા કરો, પડિકમણા કરો, ચોવીહાર કરો થઈ જાય, લ્યો! થઈ ગયો ધર્મ. અરે..! ભાઈ!

ધર્મ કરનારો એ કોણ છે? કે જેનામાં રાગ છે જ નહિ, જેનામાં જ્ઞાન, દર્શન ને આનંદ ભરેલો છે. આહાહા..! ધર્મી એને જે ધર્મ કરવો હોય તો એનામાં તો જ્ઞાન, દર્શન ને આનંદ ભર્યા છે. એ પોતાને આશ્રયે રાગ-દ્વેષ કરે એ તો એનું સ્વરૂપ જ નથી. તેથી તેને ભગવાનનો દ્રવ્ય અપ્રતિક્રમણ ને દ્રવ્ય અપ્રત્યાખ્યાન(નો ઉપદેશ આપ્યો છે). વર્તમાનમાં રાગથી છૂટ અને ભવિષ્યને છોડ. કારણ કે, તારામાં છે નહિ. ફક્ત તું નિમિત્તને લક્ષે રાગ કરે છો, ભવિષ્યમાં પણ નિમિત્તને લક્ષે થાય તેને છોડ. આહાહા..! આવો છે ઉપદેશ. ઘણા દિ'એ ચાલ્યું ત્યારે આવું ઝીણું આવ્યું. આ અધિકાર જ એવો છે. આહા..!

'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર...' હવે બે પહેલા લીધા હતાં-વર્તમાન અપ્રતિક્રમણ ને ભવિષ્યનું અપ્રત્યાખ્યાન એટલું લીધું હતું. હવે એના પાછા બે ભેદ પાડ્યા.

આહાહા..! શું કીધું ઇ? 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ...' દ્રવ્ય ને ભાવ. એના બે પ્રકાર લીધા. પહેલા અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન બે ભેદ લીધા. વર્તમાન અપ્રતિક્રમણ, ભવિષ્યનું અપ્રત્યાખ્યાન. હવે અપ્રતિક્રમણ(ના) બે પ્રકાર ને અપ્રત્યાખ્યાન(ના) બે પ્રકાર. અપ્રતિક્રમણના બે પ્રકાર શું? કે દ્રવ્ય એટલે નિમિત્ત ઉપર લક્ષ જાય છે તે અપ્રતિક્રમણનું નિમિત્ત અને એને આશ્રયે વિકાર થાય છે તે ભાવ. નિમિત્તથી થતા નથી ફક્ત એને લક્ષે કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! પરદ્રવ્યને લઈને રાગ-દ્વેષ થતાં નથી ફક્ત અહીં વીતરાગી સ્વરૂપ ભગવાનઆત્માનો આશ્રય છોડીને જેણે નિમિત્ત પરદ્રવ્ય ઉપર લક્ષ કર્યું તેથી તેને આશ્રયે રાગ-દ્વેષ થાય છે. તે નિમિત્તથી થયા નથી, સ્વભાવથી થયા નથી. આહાહા..! એ પહેલા બે પ્રકાર – અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના બે ભેદ લીધા.

હવે અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાનના પાછા બે બે ભેદ (કહે છે). પહેલા અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન–વર્તમાન અપ્રતિક્રમણ, ભવિષ્યનું અપ્રત્યાખ્યાન (કહીને) બે ભેદ લીધા. હવે પાછા એક એક ના બે બે ભેદ (લે છે). અપ્રતિક્રમણ બે પ્રકાર–દ્રવ્ય અને ભાવ. કારણ કે, દ્રવ્ય એટલે પર ઉપર લક્ષ એનું જાય છે એ દ્રવ્ય. અને એને લઈને રાગ-દ્વેષ થાય છે એ ભાવ. એ અપ્રતિક્રમણના બે પ્રકાર. નિમિત્ત અને રાગ-દ્વેષ. એમ અપ્રત્યાખ્યાનના બે પ્રકાર. ભવિષ્યમાં પર (ઉપર) લક્ષ જશે એ નિમિત્ત દ્રવ્ય અને ભાવ થશે રાગ. એટલે દ્રવ્ય ને ભાવ અપ્રતિક્રમણ અને દ્રવ્ય ને ભાવ અપ્રત્યાખ્યાન. આહાહા..! નવરાશ ન મળે, ફુરસદ ન મળે. 'વીરચંદભાઈ'! આ નિર્ણય કરવાની નવરાશ ન મળે, ફુરસદ ન મળે. બાયડી, છોકરા સાચવવા, ધંધા કરવા અને સાંભળવાનું મળે તો બીજું મળે. આ વાત ક્યાં (મળે)? આહાહા..!

અહીં તો ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ વીતરાગની મૂર્તિ (છે). એ વીતરાગની મૂર્તિ રાગ કેમ કરે? કહે છે. આહાહા..! ત્યારે કહે છે, એમાં રાગ થાય છે ને? અને ભગવાનનો ઉપદેશ પણ છે ને, કે રાગનું પ્રતિક્રમણ ને રાગનું પ્રત્યાખ્યાન કર. એમ છે ને? હા, છે. ઇ કેમ (છે)? કે એના સ્વભાવ, દ્રવ્ય-ગુણમાં નથી. પણ પર્યાયમાં એનું લક્ષ પરદ્રવ્ય ઉપર જાય છે તેથી દ્રવ્ય અપ્રતિક્રમણ કહ્યું અને એનાથી રાગ-દ્વેષ ભાવ થયો એ ભાવ અપ્રતિક્રમણ કહ્યું. એમ ભવિષ્યમાં પર ઉપર લક્ષ જાય છે એ દ્રવ્ય અપ્રત્યાખ્યાન કહ્યું અને ભાવ થાય છે એ ભાવ અપ્રત્યાખ્યાન કહ્યું. બરાબર છે? આહાહા..! આ વીતરાગનો માર્ગ છે, ભાઈ! આહા..!

શું કહે છે? કે, 'અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર...' 'ખરેખર' ભાષા લીધી છે, જોયું? નિમિત્ત ઉપર લક્ષ જાય છે ને એનું? 'દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ...' બે પ્રકાર પડ્યા. પોતાનો ભગવાન વીતરાગ સ્વરૂપ જ્ઞાયકને છોડી અને પરદ્રવ્ય ઉપર લક્ષ

કર્યું એ દ્રવ્ય અપ્રતિક્રમણ અને તેનાથી થતો રાગ, તે ભાવ અપ્રતિક્રમણ. આહાહા..! 'મનહર' છે? હેં? ઠીક! અકસ્માત થયો હતો (એવું) કાંઈક સાંભળ્યું હતું. સમજાય છે કાંઈ? આહાહા..! ભાઈ આવવાના હતા એ આજે ન આવ્યા. ઓલા 'ચંદુભાઈ' નહિ? 'રાજકોટ'થી. આહા..!

કહે છે, કે 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે તે...' ભગવાનનો ઉપદેશ છે કે રાગ થાય છે તે નિમિત્તને લક્ષે થાય છે–એ દ્રવ્ય. અને થાય છે એ ભાવ. દ્રવ્ય ને ભાવ બે. બે અપ્રતિક્રમણ અને દ્રવ્ય ને ભાવ બે અપ્રત્યાખ્યાન. ભવિષ્યમાં પર ઉપર લક્ષ જાય છે એ દ્રવ્ય અપ્રત્યાખ્યાન અને ભાવ થાય ભાવ અપ્રત્યાખ્યાન. આહાહા..!

એ 'ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...' હવે શું કહે છે? આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પ્રભુ, સ્વયં તો વિકાર દયા, દાન આદિનો કર્તા નથી. પણ નિમિત્ત-નિમિત્તના સંબંધે (અર્થાત્) પરદ્રવ્ય નિમિત્ત (અને) નૈમિત્તિક એની વિકાર પર્યાય. છે? દ્રવ્ય અને ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું – દ્રવ્ય એ નિમિત્ત, ભાવ નૈમિત્તિક. એટલે શું? કોઈ પણ દ્રવ્ય ઉપર, પર ઉપર લક્ષ જાય છે એ દ્રવ્ય અને એના લક્ષે ભાવ થાય છે (એ) નૈમિત્તિક. એ નિમિત્ત-નિમિત્ત સંબંધ એમ બતાવે છે, કે વસ્તુ પોતે એકલો આત્મા વિકારનો કર્તા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? શું કહે છે? પ્રભુ! આહાહા..! મુનિરાજની ટીકા તો જુઓ! શું કહે છે?

દ્રવ્ય અને ભાવનો જે ઉપદેશ છે 'તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો...' જોયું? પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે (એ પરદ્રવ્ય) નિમિત્ત અને ભાવ થાય છે નૈમિત્તિક. એ નિમિત્ત-નૈમિત્તિકને પ્રસિદ્ધ કરે છે. સ્વભાવ તેનો ઢંકાઈ જાય છે, સ્વભાવનું ત્યાં ભાન રહેતું નથી. નિમિત્ત-નૈમિત્તિક જાહેર કરે છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે (તે) દ્રવ્ય, ભાવ થાય છે તે વિકાર. એ દ્રવ્ય અપ્રતિક્રમણ ને ભાવ અપ્રતિક્રમણ બેય. એ 'નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો...' આહા..! સ્વભાવ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ! આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ! એ પોતે પોતાથી આનંદને ઉત્પન્ન કરે એ પણ હજી વ્યવહાર. રાગને ઉત્પન્ન કરે એ તો વસ્તુમાં છે જ નહિ. આહાહા..! અહીં તો હજી વ્યવહાર, દયા, દાન ને વ્રત, ભક્તિ કરે તો ધર્મ થાય, તો નિશ્ચય થાય એમ હજી કહે છે, લ્યો! લોકો આવું કહે છે. આહા..!

ભગવંત! તારું સ્વરૂપ પ્રભુ! તારું સ્વરૂપ વીતરાગ પ્રભુના ભાવથી ભરેલું સ્વરૂપ છે. તારી મોટપમાં વીતરાગતા છે. એ તારે આશ્રયે તો વીતરાગતા થાય. પણ તું તારો આશ્રય છોડીને નિમિત્તનું પરદ્રવ્યનું આ લક્ષ કરે છે તે નિમિત્ત અને તેને લક્ષે થતો ભાવ તે વિકાર. એ નિમિત્ત-નૈમિત્તિક પ્રસિદ્ધ કરે છે, કે જ્ઞાયકભાવ પોતે કર્તા નથી. આહાહા..! આવો ઉપદેશ હવે. 'લીલાધરભાઈ'! ક્યાં આવું ક્યાં હતું? તમે સાંભળ્યું હતું ક્યાંય? આ તમારો ઓલો

ભત્રીજો તો વળી ઓલામાં ગોઠવાઈ ગયો, બાવામાં–'સાંઈબાબો'! આ આવો વીતરાગનો માર્ગ છોડીને. આહાહા..! ત્રણલોકના નાથ પોતે હોં! ત્રણલોકનો નાથ. આહા..!

જ્ઞાયકભાવ સચ્ચિદાનંદ પ્રભુ સત્ છે અને જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ. એ જ્ઞાનાનંદ સ્વરૂપ પોતાને આશ્રયે રાગ શી રીતે કરે? એના સ્વરૂપમાં છે નહિ. ત્યારે તે થાય છે ને? કે એ સ્વનો આશ્રય છોડીને નિમિત્તનો આશ્રય કરે છે એ પરદ્રવ્ય; નિમિત્તથી થતું નથી, નિમિત્તનો આશ્રય કરે છે તેથી ત્યાં પુણ્ય-પાપ, દયા-દાન આદિ વિકાર ઉત્પન્ન થાય છે. એ નિમિત્ત-નૈમિત્તિક જાહેર એમ કરે છે કે વ્યવહારથી તે વિકાર થાય છે. આત્માના સ્વભાવથી થતો નથી. આહાહા..! જરીક ઝીણું છે પણ ધીમે ધીમે વિચારવાનું, બાપુ! આવો ક્યારે વખત મળશે? અરે..રે..! વખત ચાલ્યા જાય છે. મનુષ્યદેહની આ ધૂળની સ્થિતિ કેટલી? આ તો માટી છે. ચાલ્યો જશે, આ ભગવાન અહીંથી ચાલ્યો જશે. જેની દૃષ્ટિમાં હજી તત્ત્વ શું છે એ આવ્યું નથી એ ચોરાશીમાં રખડશે. આહાહા..! પ્રભુ! કોઈ ક્યાંય શરણ નથી. આહાહા..! શું કહે છે? આહાહા..!

દ્રવ્ય અને ભાવ અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના બે ભેદ કીધા એ નિમિત્ત-નૈમિત્તિકને જાહેર કરે છે, નિમિત્ત-નૈમિત્તિકને જાહેર કરે છે. પર ઉપર લક્ષ જાય છે અને વિકાર થાય એને જાહેર કરે છે. સ્વભાવને આશ્રયે થતો નથી એમ એ અકારક સિદ્ધ કરે છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? સંભળાય છે ને બરાબર? 'નંદલાલભાઈ'! સંભળાય છે? એમ? ઠીક. આહાહા..! શું ટીકા! શું ટીકા..! આહા..! ગજબની વાત. અને તે આમ બે ને બે ચાર જેવી વાત બેસે એવી છે.

ભગવાનઆત્મા પોતાથી કારક બિલકુલ નથી, કારક છે જ નહિ, અકારક જ છે. ત્યારે કહે, આ છે ને? એ દ્રવ્ય અપ્રતિક્રમણ અને દ્રવ્ય અપ્રત્યાખ્યાનને લઈને છે. દ્રવ્ય અપ્રતિક્રમણ અને દ્રવ્ય અપ્રત્યાખ્યાન થયું કેમ? એ પરદ્રવ્યના લક્ષે દ્રવ્ય અપ્રતિક્રમણ ને પરદ્રવ્યના લક્ષે અપ્રત્યાખ્યાન (થયા) એ નિમિત્ત-નિમિત્ત (સંબંધ) પર્યાયમાં વ્યવહાર જાહેર કરે છે. એ પર્યાયમાં નિમિત્તના લક્ષે થતો વિકાર એ પર્યાયમાં વ્યવહાર જાહેર કરે છે. એ જ આત્મા કારક છે એમ સિદ્ધ કરે છે. આહાહા..! 'પ્રેમચંદજી' સમજાય છે? આહાહા..! ભાષા તો સાદી (છે) પણ ભાવ તો ભઇ જે હોય એ હોય ને! પ્રભુ! શું? આહાહા..!

ઇ શું કીધું? 'દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે.' આહાહા..! શું કહ્યું ઇ? પ્રભુ! કહે છે, પ્રભુ! સાંભળ! ભગવંત! તું ભગવનસ્વરૂપ છો. આહા..! એ ભગવન સ્વરૂપ પોતે પોતાથી વિકાર કરે એવું સ્વરૂપ એનામાં છે જ નહિ. ત્યારે હવે થાય છે ખરો. એ કાંઈ મૂળ દ્રવ્ય-ગુણમાં તો થાય નહિ. પર્યાયમાં–અવસ્થામાં થાય. એ અવસ્થામાં ક્યાંથી થાય? સ્વને લક્ષે તો થાય નહિ. કેમકે સ્વ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક આનંદ છે. ત્યારે હવે પર્યાયમાં પરના લક્ષે નિમિત્ત પરદ્રવ્ય

ઉપર એનું લક્ષ જાય છે તેનાથી આ થાય છે. એટલે નિમિત્ત અને નૈમિત્તિક જાહેર એમ કરે છે, કે આત્મા સ્વયં અકારક છે. ઇ નિમિત્ત ઉપર લક્ષ જાય છે ત્યારે (રાગાદિ) કરે છે એ રીતે વ્યવહાર ઉભો થાય છે. આહાહા..! સમજાણું આમાં? આમાં સમજાણું? એમ કીધું, સમજાય છે? (ન કહ્યું). આહાહા..! આવો માર્ગ, 'પ્રભુનો માર્ગ છે શૂરાનો એ કાયરના ત્યાં કામ નથી.' આહાહા..! શું સીધી વાત કરે છે. આહાહા..!

ભગવન! તું તો ભગવન સ્વરૂપ છો ને, વીતરાગ સ્વરૂપ છો ને! એ વીતરાગ સ્વરૂપને આશ્રયે રાગ થાય? પ્રભુ! ત્યારે કહે, આ રાગ થાય છે ને? અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન એવા દોષ દેખાય છે ને? કે એ દોષ છે એ નિમિત્તને લક્ષે દ્રવ્ય સ્વભાવનો આશ્રય છૂટીને (થાય છે). આશ્રય છે જ ક્યાં ત્યાં એને? આમ આશ્રય પરદ્રવ્ય ઉપર છે. અહીં લક્ષ નથી એટલે ન્યાં આમ લક્ષ જાય છે એ નિમિત્તના લક્ષે જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ થાય છે એ નિમિત્ત-નૈમિત્તિકને જાહેર કરતો આત્માને અકારક જાહેર કરે છે. આહાહા..! એ નિમિત્ત-નૈમિત્તિકને વ્યવહારને જાહેર કરતો નિશ્ચય ભગવાનઆત્મા એકલો અકારક છે તેમ જાહેર કરે છે. આહાહા..! હવે આવો ઉપદેશ. ઓહો..હો..! આચાર્યો દિગંબર સંતો એવી સાદી ભાષા, સાદી ભાષામાં આ એટલું સિદ્ધ કર્યું છે (કે) એને પ્રત્યક્ષ થઈ જાય!! આહાહા..!

પ્રભુ! તું તો વીતરાગસ્વરૂપ છો ને! એમ કીધું ને? પોતાથી અકારક છે એમ કીધું ને? પહેલું કીધું ને 'આત્મા પોતાથી રાગાદિકનો અકારક;...' અકારક એટલે વીતરાગ સ્વરૂપ એમ તું વીતરાગ સ્વરૂપ જ છો. અકષાય સ્વરૂપ પ્રભુ! તારું સ્વરૂપ જ ચિદાનંદ, સચ્ચિદાનંદ ત્રિકાળ સ્વરૂપ છે. સચ્ચિદાનંદ–સત્ શાશ્વત આનંદ અને જ્ઞાનનો કંદ પ્રભુ! એ પોતે પોતાથી રાગનો અકારક છે, એમ સિદ્ધ કરતાં વીતરાગ સ્વરૂપ તું છો એ વીતરાગ ભાવે, વીતરાગભાવ ઉત્પન્ન થાય પણ રાગભાવ ઉત્પન્ન થાય નહિ. આહાહા..! ઝીણું થોડું પડે પણ ફરી ફરીને બે-ત્રણ વાર આવે છે. માર્ગ આવો છે, બાપા! આહા..! ઓહો..!

શું કહ્યું? એ બે પ્રકારનો જે ઉપદેશ છે, ક્યા બે પ્રકારનો? દ્રવ્ય અને ભાવ. પરદ્રવ્યનું લક્ષ અને ઉત્પન્ન થતો ભાવ એ નિમિત્ત-નૈમિત્તિક ભાવ. ઇ બે પ્રકારનો જે 'ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો...' એટલે ભાવ કયો? વિકારી. દ્રવ્ય કોણ? પર. પરદ્રવ્યના લક્ષે, નિમિત્ત ઇ દ્રવ્ય અને અહીં વિકારભાવ એ નિમિત્ત-નૈમિત્તિકને જાહેર કરતો આત્મા અકારક છે એમ સિદ્ધ કરે છે. આહાહા..! ઝીણી વાત છે, બાપુ! આ કાંઈ કથા, વાર્તા નથી. આહાહા..! આ તો ત્રણલોકના નાથ, એની કથા છે. આ તો ધર્મ કથા, ધર્મ કથા છે. આહાહા..!

'દ્રવ્ય અને ભાવના નિમિત્તનૈમિત્તિકપણાને...' દ્રવ્ય નિમિત્ત ને ભાવ નૈમિત્તિક. પરદ્રવ્યનું લક્ષ એ નિમિત્ત અને નૈમિત્તિક પુણ્ય-પાપ વિકાર ભાવ. એ એને 'જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે.' એ નિમિત્ત-નૈમિત્તિક જાહેર એમ કરે છે કે આત્મા સ્વયં અકર્તા

છે. એ તો નિમિત્તનું લક્ષ કરે ને વિકાર કરે તો કરે, બાકી સ્વયં તો અકારક છે. આહાહા..! કહો 'વીરચંદભાઈ' આવું ક્યાં છે ન્યાં તમારે 'કલકત્તા'માં? ધૂળમાંય નથી ક્યાંય.

મુમુક્ષુ :– ત્યાં તો ધૂળ છે.

ઉત્તર :– ધૂળ છે, પૈસા, પૈસા. તમારા છોકરા હમણાં આવ્યા હતા. 'રમણીક'ના બે. જોડલા છે ને જોડલા? સાંભળવા આવ્યા હતા. આહાહા..! અરે..રે..! કોણ કોનું? બાપા! અરે..રે..!

કહે છે, કે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ નૈમિત્તિક, નૈમિત્તિક. તે નિમિત્તને લક્ષે નૈમિત્તિક થાય છે. એ નૈમિત્તિક સ્વભાવને લક્ષે થતાં નથી. આહાહા..! અરે..! એથી એનો સ્વભાવ, ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુનો સ્વભાવ, આ નિમિત્તને લક્ષે વિકાર થાય નૈમિત્તિક, નિમિત્ત-નૈમિત્તિક જાહેર કરતો, સ્વભાવ અકારક છે એમ પ્રસિદ્ધ કરે છે. આહાહા..! એ પર્યાયબુદ્ધિમાં નિમિત્તના લક્ષે વિકાર થાય એ એમ પ્રસિદ્ધ કરે છે, કે વસ્તુનો સ્વભાવ તે અકારક છે. આહાહા..! કહો, 'ચેતનજી'!, 'ચેતનજી' કહે, ફરીને લેવું. લેવા જેવું હતું, ફરીને લેવા જેવું હતું. આહાહા..! આ સમજાય એવું છે, હોં! ભાષા તો સાદી છે. ભાવ ભલે ઝીણા હોય. આહા..!

'માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે...' આ ઓલા નિમિત્ત(ના) વાંધા કાઢે છે. નિમિત્ત વસ્તુ છે પણ નિમિત્તથી થતું નથી. 'પરદ્રવ્ય નિમિત્ત છે...' જોયું! 'અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે.' આહાહા..! જ્ઞાયક ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, સચ્ચિદાનંદ આત્મા અંદર પૂર્ણાનંદનો નાથ છે. વસ્તુ છે એ વસ્તુ શુદ્ધ છે, વસ્તુ પોતે છે એ શુદ્ધ ને પવિત્ર ને પૂર્ણ છે. એવો ભગવાન અંદર આત્મા, એ પોતાના આશ્રયે સ્વભાવે વિકારનો અકર્તા છે. ત્યારે કહે, થાય છે કેમ? કે એનો પોતાનો સ્વભાવ છે તેની દૃષ્ટિ છોડી દઈને, જે નિમિત્ત તેનામાં નથી, જેનામાં છે, જેમાં જેમ છે તેમાં દૃષ્ટિ ન આપતા, જે એમાં નથી તેમાં દૃષ્ટિ આપતા, એનાથી થતું નથી, પણ એને દૃષ્ટિ આપતા તારામાં વિકાર થાય છે. આહાહા..! એમ નક્કી થયું, કે પરદ્રવ્ય તો નિમિત્ત છે, હોં! પાછું આ નિમિત્ત નથી, એમ નહિ.

લોકો વળી કહે, નિમિત્ત છે. ભાઈ 'કૈલાસચંદજી'એ નક્કી કર્યું કે, 'સોનગઢ'વાળા નિમિત્ત નથી એમ નથી (કહેતા) પણ નિમિત્તથી પરમાં થાતું નથી એમ કહે છે. વાંધા આખા આ. જુઓ! આ પરદ્રવ્ય નિમિત્ત છે. પણ નિમિત્ત છે ને? નિમિત્ત તો (ત્યારે કહેવાય છે કે), પોતે પરને લક્ષે વિકાર કરે છે એટલે એને નિમિત્ત કહેવાણું અને અહીં વિકાર કર્યો પોતે. એ કાંઈ એનાથી વિકાર થયો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

દ્રવ્ય–પરદ્રવ્ય નિમિત્ત છે. એટલે કે સ્વદ્રવ્ય જે ઉપાદાન છે શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન, એનો તો આશ્રય છે નહિ. આહાહા..! એથી તેના આશ્રય વિના એની દૃષ્ટિ ક્યાંક તો

પોતાનું અસ્તિત્વ કબુલવું જોશે. એથી સ્વદ્રવ્યમાં અસ્તિત્વ નહિ માનતા પરદ્રવ્યના લક્ષે વિકાર થયો તે મારો છે એમ માનીને અજ્ઞાનપણે રાગ-દ્વેષનો કર્તા અજ્ઞાની થાય છે. આહાહા..! આવું યાદ પણ શી રીતે રહે? કલાક સુધી આવી વાતો, પ્રભુ! આહાહા..!

પ્રભુ! તારી વાતો મોટી છે, ભગવાન! ભગવાન છો, તું પરમાત્મા છો, પરમેશ્વર છો, ભાઈ! તને તારી ખબર નથી. આહાહા..! તારી મોટપને મહિમાને સર્વજ્ઞ પણ પૂરું કહી શકે નહિ પ્રભુ! એવી તારી મોટપ છે અંદર. એક એક એવા ભગવાનઆત્માઓ બધા શરીરમાં ભિન્ન ભિન્ન બિરાજે છે. આહાહા..! એવા ભગવાનઆત્માનો સ્વભાવ દોષનો અકારક છે. કેમ કે એમાં દોષ છે નહિ. વસ્તુમાં અનંતા ગુણો છે પણ એ બધા પવિત્ર છે. તેથી તેનો કોઈ ગુણ દોષ કરે એવો ગુણ નથી, તેથી તે તેના દ્રવ્યને આશ્રયે દોષ ન થતાં... આહાહા..! જે દ્રવ્યમાં નથી એવા પરદ્રવ્ય ઉપર લક્ષ જતાં, પરદ્રવ્ય ઉપર લક્ષ જતાં, હોં! પરદ્રવ્ય કરાવે છે એમ નહિ. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર (બિરાજે છે) એના ઉપર લક્ષ નહિ હોવાથી એનું લક્ષ પર ઉપર જાય છે. પોતાનું-પ્રભુનું અસ્તિત્વ, પોતાને મોટપની ખબર નથી એથી અનાદિથી એનું લક્ષ પર ઉપર જાય છે. ઇ પરવસ્તુ છે એ નિમિત્ત છે અને એ નિમિત્તથી થતા ભાવ પોતાના પોતાથી થાય છે. નિમિત્તથી નહિ, સ્વભાવથી નહિ. સમજાણું કાંઈ? 'પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે.'

'જો એમ ન માનવામાં આવે તો,...' જો આમ ન માનવામાં આવે તો 'દ્રવ્ય-અપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય,...' જો આમ ન માને તો ભગવાને એમ કહ્યું છે, કે દ્રવ્ય--પરદ્રવ્ય ઉપર લક્ષ જતાં તને વિકાર થાય છે તેથી તું તેનો કર્તા થા છો. આહાહા..! સમજાણું? વસ્તુ કર્તા છે નહિ, વસ્તુ તો આનંદકંદ પ્રભુ છે. આહાહા..! શું કહ્યું? 'જો એમ ન માનવામાં આવે તો, દ્રવ્ય-અપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય,...' છે? એ રાગનો કર્તા છે. અજ્ઞાનભાવે રાગનો કર્તા છે. નિમિત્તને લક્ષે કર્તા છે.

'અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં...' આહાહા..! નિમિત્તને લક્ષે રાગ-દ્વેષ થાય છે તે વાસ્તવિક છે. સમજાણું? એવો પ્રભુનો ઉપદેશ છે એ બરાબર છે. આહાહા..! 'અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં...' નિમિત્તને લક્ષે વિકાર છે એ જો તું ન માન તો એકલા આત્મા ઉપર આવી જતાં આત્મા વિકાર કરે એવું છે જ નહિ. આહા..! 'આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં...' નિમિત્તપણું સમજ્યા? નિમિત્ત એટલે ઉપાદાનપણું પોતાનું, એમ. નિમિત્ત એટલે કારણ. રાગાદિભાવોનું નિમિત્ત એટલે પોતે કારણપણું આવી પડતાં 'નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી...' આહાહા..!

ભગવાન નિત્યાનંદ પ્રભુ જો નિમિત્તના લક્ષે વિકાર થાય એવો નિમિત્ત-નૈમિત્તિકને જાહેર

કરતા આત્મા અકારક સિદ્ધ છે એમ ન હોય તો આત્મા રાગનો કર્તા નિત્ય ઠરે. ઇ તો પર્યાયમાં ક્ષણિકમાં પરને લક્ષે કરે છે, પણ જો એમ ન માન તો આત્મા કર્તા (ઠરે), તો આત્મા નિત્ય છે, તો આત્મા નિત્ય રાગનો કર્તા થાય તો કોઈ દિ' સુખી થાય નહિ, ધર્મ કોઈ દિ' થાય જ નહિ. સમજાણું એમાં કાંઈ?

ફરીને, દ્રવ્ય અને ભાવ અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાનના 'કર્તાપણાના...'. અજ્ઞાનભાવે ઇ રાગ-દ્વેષ કરે છે, એમ કહે છે. એ ઉપદેશ છે એ 'નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય, અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં...' નિમિત્ત-નિમિત્ત સંબંધે વિકાર થાય છે એમ જો ન માન, નિમિત્તને લક્ષે થતાં (રાગાદિ) નૈમિત્તિક ન માન તો આત્મા ઉપર કર્તાપણું આવી પડે, તો આત્મા નિત્ય છે તો આત્મા નિત્ય વિકારને કરે તો કોઈ દિ' નિર્વિકારી થાય નહિ અને એમ કોઈ દિ' બનતું નથી.. આહાહા..! સમજાય છે આમાં? રાત્રે ચર્ચા બંધ છે નહિતર આમાંથી ચર્ચા થાય. રાત્રે ચર્ચા બંધ છે ને! શું કીધું ઇ?

દ્રવ્ય અને ભાવનાં 'કર્તાપણાના નિમિત્ત તરીકેનો ઉપદેશ...' પરને લક્ષે વિકાર થાય છે એવો જે ઉપદેશ છે એ 'નિરર્થક જ થાય,...' એકલો આત્મા કરે તો. 'અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું...' એકલા આત્માને પરના લક્ષ વિના પુણ્ય ને પાપનો ભાવ આવી પડે અને કર્તા થાય, તો તો આત્મા નિત્ય છે તો વિકાર પણ નિત્ય કરે. ખલાસ, તો તો કોઈ દિ' એને દુઃખ મટે નહિ, કોઈ દિ' સુખી થાય નહિ ને ધર્મ થાય નહિ ને મોક્ષ થાય નહિ. આહાહા..! સમજાણું આમાં?

'એક જ આત્માને રાગાદિ...' એ શું કીધું? નિમિત્તને લક્ષે વિકાર થાય છે એવું જો તું ન માન તો એકલા આત્માને રાગાદિનું કર્તાપણું આવી પડતાં આત્મા નિત્ય છે તો નિત્યકર્તાપણું ઠરી જાય. ઇ વીતરાગ સ્વરૂપ છે એને રાગપણાનું કર્તાપણું સિદ્ધ થઈ જાય. આહાહા..! ગજબની વાત છે. 'આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું...' (નિમિત્તપણું) સમજાણું? નિમિત્ત એટલે કારણ. આત્માને રાગ-દ્વેષનું કારણપણું આવી પડે. નિમિત્તને લક્ષે નૈમિત્તિક થતાં, જાહેર કરતા આત્મા અકારક છે એમ જો ન ઠરે તો આત્મા એકલો રાગનો કર્તા ઠરતા આત્મા નિત્ય છે તો રાગનો કર્તા નિત્ય ઠરે. આહાહા..!

'નિમિત્તપણું આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે.' તો આત્માનો મોક્ષ કોઈ દિ' થાય જ નહિ. આહાહા..! શું કીધું ઇ? કે નિમિત્ત ઉપર લક્ષ જતાં... નિમિત્ત પર વસ્તુ છે. જેમ તું છો તેમ પર પણ છે. એ પરના લક્ષે વિકાર થાય એ નિમિત્ત-નૈમિત્તિક જાહેર કરે છે, કે આત્મા અકારક છે. અને એમ જો ન માન તો નિરર્થક ઉપદેશ થાય. તો આત્મા એકલો રાગનો કર્તા ઠરતાં નિમિત્ત-નિમિત્ત સંબંધ ન રહ્યો. આત્મા રાગનો કર્તા ઠરતાં આત્મા રાગનો નિત્યકર્તા ઠરે, તો કોઈ દિ' મોક્ષ થાય નહિ.

વાણીયા ને વેપારીઓને આવી વાતું હવે. એકલો ન્યાયનો વિષય છે. હેં? 'મોક્ષનો અભાવ ઠરે.' પછી એ વાત વિશેષ છે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

---

પ્રવચન નં. ૩૪૯ ગાથા–૨૮૩ થી ૨૮૫ રવિવાર, કારતક સુદ ૧૪, તા. ૧૮-૧૧-૧૯૭૯

---

'સમયસાર' ગાથા ૨૮૩ થી ૨૮૫, ઇ ચાલે છે ને? ૨૮૩ થી ૨૮૫ ફરીને લઈએ.

ટીકા :– 'આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે;...' શું કહે છે? આત્મા જે છે, આ વસ્તુ (એ) શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ, એ પોતાથી તો રાગ, દયા, દાન, વ્રતાદિના પરિણામનો અકારક છે. તેમ વસ્તુ છે એ પૂર્ણ પવિત્ર છે, એના બધા ગુણો પવિત્ર છે. જે પવિત્ર છે એ પોતાથી અપવિત્રતા–રાગાદિને ઉત્પન્ન કરે, એમ બને નહિ. સમજાય છે?

આત્મા લીધો ને પહેલો? આત્મા એટલે શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ, એ પોતે પોતાથી રાગ-દ્વેષ વિકાર, વિકારનો કર્તા હોય જ નહિ, અકારક છે. કારણ કે વસ્તુ અને વસ્તુનો ગુણ એ બધા પવિત્ર છે. પવિત્ર છે એ વિકારના અપવિત્રને કરે એમ બને નહિ. સમજાય છે કાંઈ?

'જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય...)' આત્મા પોતાથી પોતાને આશ્રયે રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ વિકારીભાવ(નો) પોતાથી કારક હોય.. છે? '(આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો) અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.' ભગવાને બે પ્રકારનો ઉપદેશ કહ્યો કે રાગથી ખસી જા, સ્વભાવમાં આવી જા. એમ જે ઉપદેશ કર્યો એ જ એમ બતાવે છે, કે આત્મા પોતાને આશ્રયે સ્વયં પોતે વિકાર કરે, એમ બને નહિ. રાગાદિભાવોનું 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.' ભગવાનનો બે પ્રકારનો ઉપદેશ છે, કે વિકાર વર્તમાનમાં છે તેને છોડી દે અને ભવિષ્યમાં વિકાર થાય તેના પ્રત્યાખ્યાન કર, છોડી દે. એવો જે ઉપદેશ છે. ... અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન તો શુદ્ધનયનું કથન છે એટલે કીધું છે. વાત તો એમ છે, કે ભગવાનનો ઉપદેશ એમ છે, કે વર્તમાનમાં વિકાર જે પુણ્ય-પાપ છે તેનું પ્રતિક્રમણ એટલે પાછો હટી જા અને ભવિષ્યમાં પણ વિકારથી થાય તેનાથી તું હટી જા. એવો જે ભગવાનનો ઉપદેશ છે એ ઉપદેશ એમ સિદ્ધ કરે છે 'દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.'

જો એકલો આત્મા પોતાથી વિકાર કરે તો વર્તમાન અને ભવિષ્યમાં આ વિકારથી રહિત થા, એ ઉપદેશ બની શકે નહિ. સમજાય છે કાંઈ? એકલો ન્યાયનો વિષય છે. એકલો

પ્રભુ સચ્ચિદાનંદ આત્મા, એ તો પવિત્રતાનો પિંડ અને પુણ્ય ને પાપના ભાવથી રહિત વસ્તુ છે એ આત્મા છે. હવે એ આત્મા પોતાથી વિકાર કરે એમ બની શકે નહિ. એટલે કે પોતાને આશ્રયે રાગ દયા, દાન કે કામ, ક્રોધના પરિણામ (કરી શકે નહિ). પોતામાં પવિત્રતા છે, શુદ્ધ ચૈતન્યઘન છે એટલે એને આશ્રયે તો વિકાર થઈ શકે નહિ. માટે આત્માની વસ્તુસ્થિતિએ વિકારનો અકર્તા છે. એમ જો ન હોય તો ભગવાનનો જે બે પ્રકારનો ઉપદેશ (છે) કે, વર્તમાનમાં વિકારથી છૂટી જા, ભવિષ્યમાં વિકારનો ત્યાગ કર, પચ્ચખાણ કર. એમ જે કહ્યું એનો અર્થ એ થયો કે, આત્મા પોતે પોતાની જાતથી એકલો પરના લક્ષ અને સંબંધ વિના, પોતે એકલો આત્મા રાગ-દ્વેષને કરે એમ કોઈ દિ' બની શકે નહિ. સમજાણું કાંઈ? આ તો પરમ દિ' ચાલી ગયું છે પણ આ તો મેળ કરવા માટે (ફરીને લીધું).

અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન.. એ તો પહેલા બે બોલ લીધા. પરથી હટવું અને ભવિષ્યમાં પરને ન કરવું. એવો જે ઉપદેશ હતો એ એમ બતાવે છે, કે આત્મા પોતે એકલો પોતાને આશ્રયે વિકાર કરે એમ બની શકે નહિ. માટે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના ઉપદેશમાં બે પ્રકાર આવ્યા. દ્રવ્ય અને ભાવ. પહેલા અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન (એવા) બે પ્રકાર કહ્યા. હવે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન બે પ્રકારે (કહે છે). શું કહ્યું ઇ?

'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે...' શું કહે છે? આહાહા..! પોતાના સ્વભાવના આશ્રય વિના પરદ્રવ્ય જે છે, જેને સ્વદ્રવ્યનું લક્ષ નથી, તેને પરદ્રવ્યનું લક્ષ છે, તે પરદ્રવ્ય નિમિત્ત છે અને નિમિત્તને અવલંબે પોતામાં નૈમિત્તિક વિકાર થાય છે એવો જે દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકનો ઉપદેશ, જાતે (–પોતે) એકલો કર્તા હોય તો આમ બની શકે નહિ. આવું ઝીણું છે.

વાત તો ઠરાવવી છે, કે (તું) જ્ઞાયક ચૈતન્ય છો એની દૃષ્ટિ કર. એ વસ્તુ પોતે વિકારનો કરનાર છે જ નહિ, એ તો અબંધસ્વરૂપી જ છે. આહાહા..! એમાં વિકાર સંસાર ઉત્પન્ન થાય એવી એ ચીજ જ નથી. આહા..! ત્યારે કહે, આ ચીજમાં આવો જે ઉપદેશ કર્યો એ કારણે એમ ઠરે છે, કે પરદ્રવ્યનું લક્ષ કરે છે એમાં નૈમિત્તિક વિકાર થાય છે એ નિમિત્ત-નિમિત્ત સંબંધના વ્યવહારે વિકાર થાય છે. પોતાના સંબંધ અને પોતાના આશ્રયે વિકાર થાય એમ કોઈ દિ' બની શકતું નથી. સમજાય છે કાંઈ? આવી વાતું.

'દ્રવ્ય અને ભાવના ભેદે...' દ્રવ્ય એટલે પરવસ્તુ. જેમ સ્વદ્રવ્ય ચૈતન્ય ભગવાન છે એનું જ્યારે લક્ષ છૂટ્યું ત્યારે ભગવાને એમ કહ્યું, કે પરદ્રવ્યનું લક્ષ કરે છે તે દ્રવ્યને નિમિત્તે, નૈમિત્તિક–પોતામાં વિકાર થાય છે. નિમિત્તથી થતો નથી, પણ નિમિત્તને લક્ષે નૈમિત્તિકમાં વિકાર થાય એવો દ્રવ્ય અને ભાવ, અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન, એવો દ્રવ્ય અને ભાવનો જે ઉપદેશ છે એ એમ સિદ્ધ કરે છે, કે એકલો આત્મા પોતાને આશ્રયે વિકાર કરે એવું એનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાય છે આમાં?

'(બે પ્રકારનો) ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...' શું કહે છે ઇ? ભગવાનનો ઉપદેશ છે, કે દ્રવ્ય જે આત્મા છે એ પોતાનો આશ્રય છોડીને, જે દ્રવ્ય પરવસ્તુ છે તેના ઉપર એનું લક્ષ અને આશ્રય જાય છે, તેને આશ્રયે તેને વિકાર થાય છે એવો નિમિત્ત-નિમિત્ત સંબંધનો જે ઉપદેશ છે એ જો જાતે કર્તા હોય તો આ વાત બની શકે નહિ. આવી વાતું છે. '(બે પ્રકારનો) ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...' શું કહે છે ઇ? આ દ્રવ્ય નહિ. પરદ્રવ્યનું નિમિત્તપણું અને એને આશ્રયે થતું નૈમિત્તિક, એવો જે ઉપદેશ છે એ એમ સિદ્ધ કરે છે, કે આત્મા પોતાને આશ્રયે વિકાર એવું એનું સ્વરૂપ છે નહિ. એ નિમિત્તનું લક્ષ કરે તો નૈમિત્તિકમાં વિકાર થાય અને (સ્વ)દ્રવ્યનું લક્ષ કરે તો નિર્વિકારી પર્યાય થાય. આહાહા..! આવી ઝીણી વાત (છે). સમજાય છે આમાં? શું કહે છે?

'(બે પ્રકારનો) ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર...' કરે છે. એટલે? પરવસ્તુ ઉપર, નિમિત્ત ઉપર એનું લક્ષ જાય છે. નિમિત્ત કરાવતું નથી પણ સ્વદ્રવ્યના આશ્રયનું લક્ષ છોડી અને પરમાં દ્રવ્યના લક્ષે જાય છે ત્યાં નિમિત્ત ઇ છે અને નિમિત્તને આશ્રયે પોતાને નૈમિત્તિક વિકાર થાય છે એવો જે નિમિત્ત-નિમિત્ત સંબંધ જાહેર કરે છે એ એમ સિદ્ધ કરે છે, કે નિમિત્ત-નિમિત્ત સંબંધ વિના એકલો આત્મા રાગનો અકર્તા છે. 'પ્રવીણભાઈ'! આવી ઝીણી વાત છે. આહાહા..!

એનો અર્થ એવો (છે), પ્રભુ! તું જ્ઞાયક ચિદાનંદ આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ (છો), બસ! એનો આશ્રય અને દૃષ્ટિ કર અને એનો સ્વીકાર થાય, સ્વદ્રવ્યનો સ્વીકાર થાય તો પર્યાયમાં નિર્વિકારી દશા થાય. સ્વદ્રવ્યનો સ્વીકાર ન થાય ત્યારે પરદ્રવ્યના નિમિત્ત ઉપર એનું લક્ષ જાય ત્યારે નૈમિત્તિકમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો વિકાર થયા વિના રહે નહિ. સમજાય છે? પરમ દિ' સવારમાં આપણે આવી ગયું હતું. આ તો પછીની જરી સંધિ છે ને એ માટે (લીધું). આહાહા..!

ભગવત સ્વરૂપ પ્રભુ... આહાહા..! એનું સ્વરૂપ જ ચૈતન્ય સચ્ચિદાનંદ અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત વીતરાગતા એ પોતે સ્વરૂપે આવો વીતરાગ છે તો વીતરાગના લક્ષે વિકાર થાય એમ ત્રણકાળમાં બને નહિ. એ વીતરાગ સ્વભાવને લક્ષે તો વીતરાગી મુક્તિનો માર્ગ ઉત્પન્ન થાય. વીતરાગી પ્રભુ આત્મા, નિર્દોષ પરમાત્મસ્વરૂપ, એને આશ્રયે તો મુક્તિનો માર્ગ, મોક્ષનો માર્ગ શરૂ થાય, પણ એમ નથી ત્યારે છે શું? કે પોતાનો આશ્રય છોડી દઈને આમ જે દૃષ્ટિ કરવી જોઈએ તે છોડી દઈને, આમ નિમિત્તની દૃષ્ટિ કરે છે, સંયોગી નિમિત્તની દૃષ્ટિ કરે છે. નિમિત્તથી થાય છે, એમ નહિ. આહાહા..!

એક રીતે તો એવું પણ છે, કે આ દ્રવ્ય જે જ્ઞાયકસ્વરૂપ છે એનો આશ્રય કરે છે તેથી દ્રવ્યને લઈને અવિકારી પર્યાય થાય છે, એમ નહિ. ભાઈ! ભગવાન જ્ઞાયક ચિદાનંદ

આત્મા, અતીન્દ્રિય આનંદનો કંદ એ દ્રવ્ય છે તેને આશ્રયે નિર્વિકારી (પર્યાય) થાય એ એને લઈને નહિ. એ પર્યાય અંદર લક્ષ કરે છે તે પર્યાયમાં નિર્વિકારી દશા થાય. આ રીતે નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. એટલે શું કહ્યું?

આત્મા નિમિત્ત એટલે કારણ અને એની જેણે દૃષ્ટિ કરી એની પર્યાયમાં નિર્વિકારી દશા થાય. એવું એનું સ્વરૂપ છે. નિમિત્તને કારણે પણ કહેવાય છે. નિમિત્ત કારણ જે દ્રવ્ય છે એનું લક્ષ કર્યું એટલે એનાથી નિર્મળ પર્યાય થાય છે એમ નથી, પણ એનું લક્ષ કર્યું છે તે પર્યાયમાં મોક્ષનો માર્ગ–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. એક વાત. જ્યારે હવે એ દ્રવ્યસ્વભાવ ઉપર, અસ્તિપણાનો જે સ્વભાવ છે તેના ઉપર દૃષ્ટિ નથી ત્યારે તેની દૃષ્ટિ જ્યારે પરદ્રવ્ય ઉપર જાય છે, ત્યારે પરદ્રવ્ય નુકસાન–વિકાર કરાવતું નથી. આહાહા..! તેમ સ્વદ્રવ્યને આશ્રયે દ્રવ્ય નિર્વિકારી પર્યાય કરતું નથી. 'હિંમતભાઈ'! આહાહા..!

ભગવાનઆત્મા.. સમજાય એટલું સમજવું, બાપુ! આ તો ઊંડો માર્ગ છે. વીતરાગ માર્ગ છે. આહાહા..! અનંતકાળમાં એક સેકંડ પણ જેણે પોતાનો પરિચય કર્યો નથી. આહાહા..! એ નિમિત્તના પરિચયમાં નૈમિત્તિક મિથ્યાત્વ, રાગ-દ્વેષ થાય, એનાથી પરિભ્રમણ કરી રહ્યો છે. આહાહા..!

અહીં કહે છે, કે જેમ એ સ્વદ્રવ્ય પ્રભુ ચૈતન્ય જ્ઞાયક આનંદસ્વરૂપ છે, એને લક્ષે, એને આશ્રયે પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ પણ ષટ્કારકના સ્વતંત્ર પરિણમનથી અવિકારી દશા થાય છે. શું કીધું ઇ? ભગવાન અનંત આનંદ, અનંત જ્ઞાન અને શાંતિનો સાગર, તેનો સ્વીકાર થતાં સ્વીકાર કરનારી પર્યાયમાં જે નિર્દોષતા થાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે એ સ્વતંત્ર થાય છે, એ દ્રવ્ય કર્તા નથી, એ પર્યાય પોતે જ કર્તા સ્વતંત્રપણે થાય છે. આહાહા..! દ્રવ્ય તો ફક્ત નિમિત્ત નામ વસ્તુરૂપે કારણરૂપે છે. એમ જ્યારે આત્મા પોતાના સ્વભાવના આશ્રયે મોક્ષનો માર્ગ પ્રગટ કરે એ પણ સ્વતંત્ર ષટ્કારકની પરિણતિ ઊભી થાય છે, એ મોક્ષનો માર્ગ ષટ્કારક–પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય આધાર. એ પર્યાય પણ પોતાથી ફક્ત સ્વતંત્રપણે, લક્ષ પોતે સ્વતંત્રપણે (કરે છે). પર્યાય સ્વતંત્રપણે કર્તા થઈને દ્રવ્યનું લક્ષ કરે છે. દ્રવ્યને લઈને અહીં પર્યાય થાય છે, એમ નથી. આહાહા..!

એમ પોતાના સ્વભાવને છોડીને, ભગવાને જ્યારે દ્રવ્ય અને ભાવ અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના બે-બે પ્રકાર કહ્યા એનો અર્થ એવો થયો કે, એક બીજી ચીજ ઉપર એનું લક્ષ જાય છે. એ બીજી ચીજ એને વિકાર કરાવતી નથી. જેમ વર્તમાન પર્યાય સ્વનો આશ્રય કરતાં દ્રવ્ય નિર્વિકારી (પર્યાય) કરાવતું નથી, નિર્વિકારી પર્યાય સ્વતંત્ર થાય છે. પરમ દિ' થી જરી થોડું બીજું આવ્યું. ઇ નું ઇ આવે છે કાંઈ? આહાહા..!

અહીં પરમાત્મા એમ કહે છે, કે દ્રવ્ય અપ્રતિક્રમણ અને ભાવ અપ્રતિક્રમણના બે પ્રકાર.

દ્રવ્ય અપ્રતિક્રમણ અને ભાવ અપ્રતિક્રમણ. ભાવ અપ્રતિક્રમણ અને ભાવ અપ્રત્યાખ્યાન. દ્રવ્ય અપ્રતિક્રમણ એટલે જે નિમિત્ત પરદ્રવ્ય છે તેનો આશ્રય કરે છે. એથી અહીં નૈમિત્તિકમાં વિકાર ઉત્પન્ન થાય છે. નિમિત્ત વિકાર કરાવતું નથી, તેમ નિર્વિકારી દશા દ્રવ્ય કરાવતું નથી. નિર્વિકારી દશા પર્યાય સ્વતંત્રપણે કરે છે. એમ પોતાનો આશ્રય છોડીને પરદ્રવ્યના નિમિત્તનો આશ્રય કરે છે ત્યારે એ નિમિત્ત તેને વિકાર કરાવતું નથી, પણ નિમિત્તને લક્ષે તેને વિકાર થાય છે. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબધ છે. એ એમ જાહેર કરે છે, કે આત્મા સ્વયં એકલો નિમિત્તના આશ્રય વિના વિકાર કરે એવો એનો સ્વભાવ નથી. આહાહા..! આવો ઉપદેશ હવે. ઓલું તો એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, તેઇન્દ્રિયા હતું, લ્યો! મિચ્છામી દુક્કડમ.. તસ્સૂતરી.. આ ઝીણી વાત છે, ભગવાન! આહાહા..!

આ પરમાત્માની વાત છે. પ્રભુ! તું પરમાત્મા છો ને! પરમાત્મા છે એને આશ્રયે કાંઈ વિકાર થાય? પરમેશ્વર છો ને તું! આહાહા..! ભગવાન પરમેશ્વર છે, એ પરમેશ્વરને આશ્રયે વિકાર થાય? પરમેશ્વરને આશ્રયે તો પર્યાયમાં નિર્વિકારી મોક્ષનો માર્ગ થાય. તેથી તે આત્મા રાગનો અકર્તા, એનું સ્વરૂપ જ એવું છે. રાગનો, દયા, દાનના વિકલ્પનો અકર્તા એવું જ એનું સ્વરૂપ છે. કેમકે જ્યારે ભગવાને એમ કહ્યું, કે દ્રવ્યથી લક્ષ છોડ અને ભાવથી લક્ષ છોડ. નિમિત્ત-નૈમિત્તિકનો સંબંધ, લક્ષ છોડ. એ નિમિત્ત-નિમિત્ત સંબંધ જાહેર કરે છે, કે નિમિત્તને લક્ષે તને વિકાર થાય એ સિદ્ધ કરે છે, કે આત્મા એકલો પોતાને આશ્રયે વિકાર કરે એવો એનો સ્વભાવ છે નહિ. આહાહા..! આવું સ્વરૂપ છે. થોડો અભ્યાસ જોઈએ, ભાઈ! આ તો વસ્તુની સ્થિતિ છે, વસ્તુની મર્યાદા જ આ છે. ભગવાને કરી નથી કાંઈ. ભગવાને તો જાણી છે, જાણી છે એવી કહી છે. આહાહા..!

અહીં સુધી આપણે (આવ્યું) કે, 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનો જે ખરેખર દ્રવ્ય અને ભાવ...' દ્રવ્ય એટલે સામું નિમિત્ત અને ભાવ પોતામાં નૈમિત્તિક વિકાર થાય તે. એ 'ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...' એ દ્રવ્ય એટલે પરનું નિમિત્ત અને તેનાથી થતો વિકાર, એ બેને જાહેર કરતો થકો, આત્મા અકારક છે એમ સિદ્ધ થાય છે. આહાહા..! સમજાય છે આમાં? 'શ્રીપાલજી'! આવું સ્વરૂપ છે, ભાઈ!

થોડું પણ પરમસત્ય હોવું જોઈએ, બાપુ! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર, એના ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા પણ એની વાણી તો એવી જ રહી ગઈ. આહાહા..! આ ટીકા તો જુઓ! આ ટીકાકારને કાષ્ટાસંઘી કહે છે, ભાઈ! ઓલો 'વિદ્યાસાગર' છે ને? કાલે પુસ્તક આવ્યું છે (એમાં લખે છે), 'અમૃતચંદ્રાચાર્ય' કાષ્ટાસંઘી હતા. 'દર્શનસાર'માં કાષ્ટાસંઘીને મિથ્યાત્વી ઠરાવ્યા છે. મિથ્યાત્વી.. અર..ર...! પ્રભુ.. પ્રભુ! શું કરે છે પ્રભુ તું શું કરે છે? આ 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ટીકા તો જુઓ! 'દર્શનસાર' પુસ્તક છે એમાં કાષ્ટાસંઘીને

મિથ્યાત્વમાં નાખ્યા છે. હવે આ 'અમૃતચંદ્રાચાર્યદેવે' સ્ત્રીને મુક્તિ સિદ્ધ નથી કરી, સ્ત્રીને મુક્તિ છે, નથી એમ સિદ્ધ નથી કર્યું માટે તે કાષ્ટાસંઘી છે, એમ કહે છે. આહાહા..!

'પ્રવચનસાર'ના પહેલા ભાગના વખાણ કર્યા. ભાઈ! 'પ્રવચનસાર', 'રામજીભાઈ'! 'પ્રવચનસાર'ના પહેલા ભાગમાં 'કુંદકુંદાચાર્યદેવ'ની 'અમૃતચંદ્રાચાર્યદેવે' આખી વ્યાખ્યા કરી છે ને? અનેકાંતમાં આમ છે ને તેમ છે ને ફલાણું છે.

મુમુક્ષુ :– જેનો સંસારનો કિનારો નજીક છે...

ઉત્તર :– કિનારો નજીક છે, મોક્ષની નજીક છે. એવું જે 'કુંદકુંદાચાર્યદેવ'ની વાતું 'અમૃતચંદ્રાચાર્યદેવ' કરે, એને કાષ્ટાસંઘી કહેવા... પ્રભુ.. પ્રભુ.. પ્રભુ! કોઈ પૂછનાર ન મળે. અરે..રે...! આહા..! છે ને? ભાઈ! 'પ્રવચનસાર'માં પહેલું મોટું લખાણ આ છે. અનેકાંતી, સિદ્ધાંતી આમ છે, તેમ છે. આહાહા..! જેને અનેકાંતવિદ્યા સિદ્ધ થઈ છે. આહાહા..! આખો મોટો પેરેગ્રાફ છે. એ પોતે 'અમૃતચંદ્રાચાર્યદેવે' કર્યો છે. આ 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ટીકા છે. આહા..! જુઓ તો ટીકા! ગજબ ટીકા છે! આહાહા..! આ તો મૂળસંઘના 'કુંદકુંદાચાર્યદેવ'ના કેડાયત હતા. 'કુંદકુંદાચાર્યદેવ'ના પરંપરાએ કેડાયત (હતા), એની ના પાડે છે. એ પરંપરાના નહોતા, 'જયસેનાચાર્યદેવ' પરંપરાના હતા. કાલે બે પુસ્તક 'ખીમચંદભાઈ'ને આપ્યા. લખ્યું છે, ચિહ્ન કર્યું છે. એટલું વાંચ્યું હતું, ભાઈએ વાંચ્યું હતું. આહાહા..! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ..! ભગવાન! તારું ભલું થાય. ભગવાન! આવું ન હોય. આહા..!

'અમૃતચંદ્રાચાર્યદેવ'નો અહીં પોકાર છે, આહા..! આવી ટીકા–સ્પષ્ટીકરણ, કે એકલો ભગવાનઆત્મા પરના સંબંધના લક્ષ વિના વિકાર કરે એવું એનું સ્વરૂપ જ નથી. આહાહા..! કેમકે એ પોતે પવિત્રનો પિંડ પ્રભુ છે. એ પવિત્રતાનો આશ્રય લ્યે તો પર્યાયમાં પવિત્રતા જ થાય. અપવિત્રતા થાય જ નહિ માટે અપવિત્રતાનો આત્મા અકારક છે. અપવિત્રતા એટલે પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પનો આત્મા અકર્તા છે. કેમ અકર્તા છે? કે ભગવાને બે પ્રકારનો ઉપદેશ કર્યો છે. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન. ભગવાને એના બે ભેદ પાડ્યા છે, દ્રવ્ય અને ભાવ. અપ્રતિક્રમણ એટલે દ્રવ્યનું અપ્રતિક્રમણ એટલે દ્રવ્ય ઉપરથી ખસતો નથી એટલે ત્યાં લક્ષ જાય છે ત્યારે તેને નૈમિત્તિકમાં વિકાર થાય છે. એમ ભવિષ્યમાં પણ નિમિત્ત ઉપર જાય છે ત્યારે તેને વિકાર થાય છે. એવો નિમિત્ત-નિમિત્ત સંબંધના વિકારની વ્યાખ્યા જે કરી એ એમ સિદ્ધ કરે છે, પરના લક્ષ વિના એકલો આત્મા પોતાને આશ્રયે વિકાર કરે એવું એનું સ્વરૂપ છે નહિ. આહાહા..! ધન્ય.. ધન્ય નાથ!

બાહ્ય ત્યાગમાં માણસને અભિમાન આવી જાય છે. બાહ્ય ત્યાગ જરી કરે, નગ્ન થઈ જાય, લૂગડાં છોડે તો જાણે અમે (ત્યાગી થઈ ગયા). પ્રભુ.. પ્રભુ! આમ ન હોય, બાપુ! ભાઈ! નુકસાન થશે, બાપા! પ્રભુ! દુનિયામાં સત્ય હશે એ સત્ય રહેશે, ભાઈ! આહાહા..! આ તો શું કહેવું છે? આ 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ટીકા. 'પ્રવીણભાઈ'! એવું જ 'અમૃતચંદ્રાચાર્યદેવે'

'પ્રવચનસાર'ના પહેલા (અધિકારમાં) 'કુંદકુંદાચાર્યદેવ'નું સ્પષ્ટીકરણ કર્યું. આહા..!

પ્રભુ! તને તારી પ્રભુતાની ખબર નથી, હોં! આહાહા..! તું પરમેશ્વર સ્વરૂપ છો, પરમાત્મ સ્વરૂપ છો, વીતરાગ સ્વરૂપ છો, અનંત આનંદના કંદના પિંડ સ્વરૂપ છો, અનંત જ્ઞાન અને શાંતિ.. શાંતિ.. શાંતિ.. અનંત બેહદ શાંતિનો સાગર છો, પ્રભુ! તારે આશ્રયે વિકાર થાય એ આત્મા તો વિકારનો અકારક છે. આહાહા..! ત્યારે કહે, આ થાય છે શું? દેખાય છે ને આ સંસાર. એ એમ કહે છે, પ્રભુ! ભગવાને નિમિત્ત દ્રવ્ય અને એને આશ્રયે થતો નૈમિત્તિક વિકાર, એ નિમિત્ત-નૈમિત્તિકની જાહેરાત કરી છે એ સિદ્ધ કરે છે, કે નિમિત્ત-નૈમિત્તિકના સંબંધ વિના એકલો આત્મા રાગને કરે એવું એનું સ્વરૂપ છે નહિ. આહાહા..! ધીમે ધીમે કહેવાય છે, બાપુ! હેં? આહાહા..! મુદ્દાની વાત છે, ભાઈ! આહાહા..! પુસ્તક છે ને સામે? હેં?

મુમુક્ષુ :– સ્વભાવ તો વીતરાગી છે.

ઉત્તર :– સ્વભાવ તો ચિદાનંદ નિર્મળ અતીન્દ્રિય આનંદનો કંદ જ છે. એમાં દુઃખ કેવા ને વિકાર કેવા? આહા..! એવો ભગવાન પૂર્ણ સ્વરૂપ પોતાથી વિકારનો અકારક છે. આહાહા..! કેમકે બધા ગુણો, અનંત.. અનંત.. અનંત.. ભર્યા છે પણ કોઈ ગુણ વિકાર કરે એવો સ્વગુણ છે જ નહિ. તો એ આત્મા તો સ્વતઃ પોતાના ગુણ અને શક્તિની અપેક્ષાએ દયા, દાનના પરિણામનો પણ અકારક ઠરે છે. આહાહા..! હેં? ગજબ છે, પ્રભુ! આહાહા..! કહો, 'દેવીલાલજી'! આહાહા..!

અહીં પરમાત્મા 'અમૃતચંદ્રાચાર્યદેવ' એમ કહે છે, કે જે આ નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરે છે, એ પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે, પરદ્રવ્યથી (વિકાર) થતો નથી, પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે તેથી વિકાર થાય છે. સ્વદ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે નિર્વિકાર થાય છે. એ દ્રવ્યથી થતું નથી. એ પર્યાયની સ્વતંત્રતાથી થાય છે. એમ નિમિત્ત ઉપર લક્ષ જતાં નિમિત્ત વિકાર કરાવતું નથી. પણ તેને વિકાર કરનારને નિમિત્ત ઉપર લક્ષ જતાં નિમિત્ત દ્રવ્ય છે અને તેનાથી ઉત્પન્ન થતો ભાવ પોતામાં પોતાને કારણે તે નૈમિત્તિક છે. એ નિમિત્ત-નૈમિત્તિક જાહેર એમ કરે છે કે... છે? 'નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે.' ભાઈ! આહાહા..! આવી વાત છે.

અરે..! કોનો પક્ષ? પ્રભુ! જેમ સત્ય છે એમ રહેવા દે ને. પાળી ન શકાય તે જુદી વાત છે, પણ દૃષ્ટિ અને જ્ઞાનમાં તો ગોટા ન વાળ. સમજાય છે કાંઈ? આહા..! સ્વરૂપમાં રમણતા બની શકે નહિ, બાપુ! પુરુષાર્થ મંદ છે ને! પણ દૃષ્ટિ અને જ્ઞાનમાં તો જેમ છે તેમ રહેવા દે ને! હેં? આહાહા..!

દૃષ્ટિ અને જ્ઞાન જ્યારે સ્વભાવ ઉપર લક્ષ જાય છે ત્યારે તો તેને મોક્ષનો માર્ગ ઉત્પન્ન થાય છે. ત્યારે એ એમ સિદ્ધ કરે છે, કે એનું લક્ષ જ્યારે નિમિત્ત ઉપર જાય છે ત્યારે

નૈમિત્તિક વિકાર ઉત્પન્ન થાય છે. એ નિમિત્ત-નૈમિત્તિક એમ જાહેર કરે છે, કે એકલો આત્મા વિકારનો અકારક છે. આહાહા..! 'ચંદુભાઈ' ન આવ્યા? બે-ત્રણ દિ' થી આવવું.. આવવું.. કહેતા હતા. એક વ્યાખ્યાને બસ છે. આહાહા..! પછી તેનો બધો વિસ્તાર–ટીકા છે. આહાહા..!

એ દ્રવ્ય અને ભાવનું... દ્રવ્ય એટલે પરવસ્તુ, હોં! એ કરાવતી નથી, એ તો નિમિત્ત છે, પણ નિમિત્ત ઉપર એનું લક્ષ જાય છે તેથી તેને નૈમિત્તિક વિકાર થાય છે. એ નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો આત્માના અકર્તાપણાને જણાવે છે. એકલો ભગવાનઆત્મા, પરનું લક્ષ કરીને વિકાર થાય છે એ જો ન કરે તો, એકલો આત્મા તો વિકારનો અકર્તા ઠરે છે. સમજાણું કાંઈ? આહાહા..! નિમિત્ત ઉપર લક્ષ જતાં, દ્રવ્યનું લક્ષ છોડતાં, વસ્તુનું સ્વરૂપ છે તેનું લક્ષ છોડતાં, પર (ઉપર) લક્ષ જતાં પર્યાયમાં નૈમિત્તિક-વિકાર થાય છે. એ નિમિત્ત-નૈમિત્તિક એમ જાહેર કરે છે, કે આત્મા એકલો નિમિત્તના લક્ષ વિના સ્વના લક્ષે વિકાર કરે એવું એનું સ્વરૂપ છે નહિ. આહાહા..! 'પ્રવીણભાઈ'! બરાબર ઠીક આવી ગયા છે. 'ચંદુભાઈ'નું વિચારતો હતો, પણ ન આવ્યા. આહાહા..! આવી વાત છે. માર્ગ એવો છે, પ્રભુ! આહા..!

ચારિત્રદોષ બીજી વાત છે, એ પણ નિમિત્ત-નિમિત્ત સંબંધે થાય છે. પણ છતાં એ ચારિત્રદોષ બીજી વાત છે અને શ્રદ્ધાદોષ મૂળ વાત છે. આહાહા..! ઓલો (ચારિત્રમોહ) નબળાઈનો દોષ છે અને એ ટાળવા માગે છતાં તે નથી ટળતો ત્યાં સુધી એની પુરુષાર્થની નબળાઈ છે પણ આ વસ્તુ.. આહાહા..! જ્ઞાયક અનંત ગુણનો પિંડ પવિત્રતાનો સાગર નાથ, એકલો વિકારનો અકર્તા છે, અકારક છે. કેમકે એના દ્રવ્ય અને ગુણમાં વિકાર છે જ નહિ. દ્રવ્ય-ગુણમાં વિકાર નથી તો પર્યાયમાં વિકારનો કર્તા એ કેમ થાય? આહાહા..! ત્યારે કહે, આ વિકારનો ઉપદેશ તો ભગવાનનો છે ને? કે, વિકારથી પ્રતિક્રમણ કરીને ખસી જા, ભવિષ્યમાંથી ખસી જા. એવો ઉપદેશ છે ને? એ ઉપદેશ એમ જાહેર કરે છે, કે પરના લક્ષે ઉત્પન્ન થતો વિકાર, એ નિમિત્ત-નૈમિત્તિક એમ જાહેર કરે છે, કે એકલો આત્મા નિમિત્તના લક્ષ વિના વિકાર કરે એવું એનું સ્વરૂપ છે નહિ. આહાહા..! કહો, 'દેવીલાલજી'! આવી વાત છે. પરમ દિ' હતા કે નહિ? પરમ દિ'. આ તો પરમ દિ'નું વધારે છે. આહાહા..!

મુમુક્ષુ :– મૂળ મંત્ર આવી ગયો.

ઉત્તર :– આહાહા..! આ તો પ્રભુના મૂળ મંત્ર છે.

'આત્માના અકર્તાપણાને જ જણાવે છે. માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે...' નિમિત્ત છે, હોં! નિમિત્ત છે એટલે નિમિત્ત કરાવે છે ને વિકાર નિમિત્તથી થાય છે, એમ નહિ. આહાહા..! ખરેખર તો ભગવાન દ્રવ્ય જે શુદ્ધ ચૈતન્ય છે એનું લક્ષ થતાં દ્રવ્ય નિર્વિકારી પર્યાય કરે છે, એમ પણ નથી. આહાહા..! કેમકે દ્રવ્ય છે એ તો ધ્રુવ છે. ફક્ત લક્ષ કરનારી પર્યાય સ્વતંત્ર કર્તાપણે લક્ષ કરે છે એથી પર્યાયમાં સ્વતંત્રપણે ષટ્કારકપણે નિર્વિકાર દશા

થાય છે. એમ અહીંયાં નિમિત્ત પરદ્રવ્ય છે પણ નિમિત્તથી નૈમિત્તિક વિકાર થતો નથી. આહાહા..! છે?

'પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે.' એનો અર્થ એવો નથી કે પરદ્રવ્ય નિમિત્ત છે માટે નિમિત્ત અહીં વિકાર કરાવે છે. તો એ નિમિત્ત-નિમિત્ત સંબંધ ન થયો. એ તો કર્તા-કર્મ સંબંધ થયો. ભાઈ! પરદ્રવ્ય કરાવે અને આત્મા વિકાર કરે, પરદ્રવ્ય કરાવે અને વિકાર કરે તો કર્તા-કર્મ સંબંધ થયો. એ અહીં ના પાડે છે. અહીં તો નિમિત્ત-નિમિત્ત સંબંધ જાહેર કરે છે. એ એમ જાહેર કરે છે, કે એક વસ્તુ બીજી છે. જેમ તું પોતે ચીજ છો એમ બીજી એક ચીજ છે. જેમ પોતાની ચીજ ઉપર દૃષ્ટિ નથી ત્યારે પર ઉપર એનું લક્ષ જાય છે. લક્ષ જતાં એ લક્ષ જેના ઉપર જાય એ વિકાર કરાવતું નથી. વિકાર, તું નૈમિત્તિકપણે નિમિત્તના લક્ષે તું કરે છો. આહાહા..! આવું સ્વરૂપ છે. ઝીણું બહુ, બાપુ! પછી 'સોનગઢ'વાળાને એકાંત કરીને (કાઢી નાખે). આહાહા..!

કાલે તો 'વિદ્યાનંદજી'નો એક લેખ આવ્યો છે. ચોમાસુ થઈ ગયું ને? 'ઇન્દૌર'માં તો બહુ ધામધૂમ થઈ ગઈ. એકાંત અધ્યાત્મની 'ઇન્દૌર'માંથી વિદાય થઈ ગઈ. એવું લખાણ છે. વિદાયગીરી થઈ ગઈ. પ્રભુ! ઠીક છે, ભાઈ! બાપુ! એકાંત કેમ કહેવાય? પ્રભુ! શાંતિથી જો, બાપુ! ભગવાન! એમ આક્ષેપ કરાય નહિ. તું પણ ભગવાન છો, ભાઈ! તારી ભૂલ નીકળી જાય, એવી ભાવના હોય. ભૂલ રહીને રખડ એમ ભાવના હોય? ભાઈ! આહાહા..!

એ કહ્યું હતું, ત્રણ ઠેકાણે, ભાઈ! 'પ્રવીણભાઈ'! 'દ્રવ્યસંગ્રહ'માં ધર્મધ્યાનનો એક અવાય બોલ આવે છે. આજ્ઞાવિચય, અપાયવિચય. એમાં એવો બોલ આવે છે, કે ધર્મી એમ વિચારે છે, કે હું પણ પૂર્ણ થાઓ અને બધા આત્માઓ પરમાત્મા થાઓ. આહાહા..! એવો ધર્મધ્યાનનો અવાયનો એક ભેદ છે. આહાહા..! એ દુઃખી થઈને રખડે એમ ન હોય, બાપુ! આહા..! સુખી થાઓ, પૂર્ણાનંદને પ્રાપ્ત કરો. એક ઇ છે. અને સર્વ જીવાદિ, ભાવનામાં છે. આ 'બંધ અધિકાર'માં ટીકામાં છે. સર્વ જીવો શુદ્ધ પૂર્ણ સ્વરૂપ મન-વચન-કાયા, કરવું-કરાવવું-અનુમોદનના ભાવરહિત એકલો પરમાત્મા થાઓ. સર્વ જીવ પરમાત્મા થાઓ. સવ્વે જીવા નિરંતર ભાવના કર્તવ્યમ્. એવો પાઠ છે. સર્વ જીવોએ નિરંતર આવી ભાવના કરવી. બે. અને ૩૮ ગાથાનો કળશ. 'મજ્જન્તુ.' પ્રભુ! બધા જીવો આવીને અંદર સમાઈ જાઓ. લોકાલોકને જાણવામાં અંદર આવી જાઓ. આહાહા..! ૩૮ ગાથા, 'મજ્જન્તુ' શ્લોક છે ને? પ્રભુ! કોઈ રખડે, દુઃખી થાય (એમ ન હોય). આહાહા..! પરમાત્મા થાઓ, પ્રભુ! મોક્ષને પામો, બાપુ! સુખી થાઓ. આહાહા..! પણ સુખી થવાનો રસ્તો આ છે.

નિમિત્ત-નિમિત્ત સંબંધ એમ જાહેર કરે છે, કે એકલા સ્વભાવના સંબંધે વિકાર થાય એનો નકાર કરે છે. આહા..! ફક્ત પોતાનો આશ્રય અને લક્ષ છોડે છે ત્યારે પોતે સ્વતંત્રપણે પરદ્રવ્ય નિમિત્ત છે, ચાહે તો તીર્થંકર હો અને ચાહે તો તીર્થંકરની વાણી હો, આહાહા..!

તેના ઉપર લક્ષ કરે છે, નિમિત્ત (ઉપર) લક્ષ કરતાં તેને નૈમિત્તિક વિકાર થાય છે. એ નિમિત્ત-નૈમિત્તિક વિકાર એમ જાહેર કરે છે, કે આ સંબંધ જો ન હોય તો એકલો આત્મા અકારક છે. આહાહા..! આવી વાત છે. થોડી ઝીણી પડે પણ વસ્તુ તો આવી છે. ભગવાનનું આ કથન છે, બાપુ! આહાહા..!

'આત્માના અકર્તાપણાને જણાવે છે. માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે...' નિમિત્ત છે એનો અર્થ કંઈ કરતું નથી, તને કરાવતું નથી, એક ચીજ છે. કારણ કે આમ લક્ષ છોડે છે ત્યારે આમ લક્ષ જાય છે તો અહીં બીજી ચીજ છે કે નહિ? આમ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ છે તેમાં લક્ષ જાય છે, તો તો આ પરમાં જાય નહિ. જ્યારે એમાં નથી જતો ત્યારે ક્યાંક જાય છે તો એવી પર ચીજ તો છે. તારા સિવાય પણ બીજા અનંતા આત્માઓ અને અનંતા પરમાણુઓ છે, એ પરદ્રવ્ય ઉપર લક્ષ જતાં, (એ તો) નિમિત્ત છે, એ તો નિમિત્ત કીધું અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે. એ પોતે નિમિત્તને લક્ષે, સ્વભાવના લક્ષને છોડી દઈને, નિમિત્તને લક્ષે, નિમિત્ત કરાવતું નથી, નિમિત્તને લક્ષે નૈમિત્તિક મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરે છે એ નૈમિત્તિક છે. આહાહા..! ઝીણી વાત છે પણ પકડાય એવી તો છે. માર્ગ તો પ્રભુનો એવો છે. આહાહા..!

'જો એમ ન માનવામાં આવે...' હવે એમ કહે છે, કે 'જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનના કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય,...' દ્રવ્ય અપ્રતિક્રમણ અને ભાવ અપ્રતિક્રમણ છે ઇ કરે છે, અજ્ઞાનભાવ, ઇ નિરર્થક ઠરે. દ્રવ્ય અપ્રતિક્રમણ અને ભાવ અપ્રતિક્રમણ. દ્રવ્ય અપ્રતિક્રમણ અને ભાવ અપ્રતિક્રમણ, ભાવ અપ્રત્યાખ્યાન અને દ્રવ્ય અપ્રત્યાખ્યાન. એવો જે ઉપદેશ નિમિત્ત-નૈમિત્તિકનો છે એ નિરર્થક થાય 'અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં...' જુઓ! નિમિત્ત શબ્દે, નિમિત્ત એટલે એને આત્માનું કારણપણું આવે, એમ. પરનું કારણપણું આવતાં, પરના લક્ષ વિના જો વિકાર થાય તો એ વિકાર(માં) આત્માનું જ કારણ થાય, આત્મા જ એનું વિકારનું કારણ થાય. શબ્દ પડ્યો 'નિમિત્ત' છે. છે?

'એક જ આત્માને...' આહાહા..! બગડે બે. એકડે એક અને બગડે બે. બીજી ચીજ છે તેનું લક્ષ જાય છે તો નિમિત્ત-નિમિત્ત સંબંધે વિકાર થાય છે. એ એમ જાહેર કરે છે કે નિમિત્ત-નિમિત્ત સંબંધ વિનાનો આત્મા એકલો જે છે એ વિકારનો અકર્તા છે. આમાં અમારે ધર્મ શું કરવો આવી વાતમાં? આવી વાતમાં અમારે કરવું શું પણ? કરવું આ, ધર્મ આ. નિમિત્ત અને નૈમિત્તિકના સંબંધ છોડીને ભગવાન જ્ઞાયક સ્વરૂપ છે તેનો દૃષ્ટિમાં સંબંધ કરવો એ કરવાનું છે. આહાહા..! બહારમાં શું કરવાનું પણ? પણ બહારમાં કરી ક્યાં શકાય છે? (બાહ્ય ચીજ) તો ફક્ત નિમિત્ત છે, એ તો કીધું ને? બાહ્ય ચીજ તો નિમિત્ત છે. એને લક્ષે નૈમિત્તિક વિકાર તું કરે છો. એ કરાવતું નથી, વસ્તુમાં વિકાર કરવાનો સ્વભાવ નથી.

આહાહા..!

'આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં...' નિમિત્ત, કીધું. ભાષા જોઈ? નિમિત્ત શબ્દે કારણ. આત્માને રાગ-દ્વેષ, પુણ્ય-પાપના કરવાનું કારણપણું આવી પડતાં ' નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી...' જ્યારે ભગવાનઆત્મા પોતે જ વિકારનો કર્તા થાય તો તો આત્મા નિત્ય છે તો નિત્ય વિકાર કરે જ, એટલે કોઈ દિ' ધર્મ થઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવનું આત્માને કારણપણું આવી પડતાં એ વિકારના ભાવનો... આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ, એ ભાવ જો નિમિત્તના લક્ષે ન થાય એમ જો માને તો એ વિકારનો કરનારો આત્મા ઠરે. છે ને? તો આત્માને વિકારનું કરવાપણું આવી પડતા. પરના લક્ષ વિના એકલો આત્મા જ વિકારનો કર્તા છે, એવું આવી પડે. આહાહા..! નિમિત્તના લક્ષ વિના વિકાર જો થાય તો એકલો આત્મામાં જ વિકાર આવી પડે. સમજાણું કાંઈ? આહાહા..!

'રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી...' આત્મા તો નિત્ય છે. જ્યારે નિમિત્ત-નિમિત્ત સંબંધ વિના જો વિકાર આત્માથી થાય તો આત્મા નિત્ય કાયમ વિકાર કર્યા જ કરે, કાયમ દુઃખી થયા કરે અને સંસાર કોઈ દિ' છૂટે નહિ. આવા તો ન્યાય છે. આવા 'અમૃતચંદ્રાચાર્યદેવ'! એવી ટીકા, બાપુ! અને 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ટીકા ગંભીર બહુ અને 'જયસેનાચાર્યદેવ'ની ટીકા(માં) વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય એવું આવે એમાં એટલે એને બહુ મીઠું લાગે. એ તો એક જ્ઞાન કરાવ્યું, બાપુ! આચાર્ય કંઈ ખોટા નથી. આહાહા..!

કહે છે, કે જો આ રીતે નિમિત્ત-નિમિત્ત સંબંધથી વિકારને જાહેર ન કરીએ તો એકલા આત્માને વિકાર કરવાનું આવી પડે. વિકાર એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ. એ આવી પડતાં સદાય મિથ્યાત્વ અને રાગ-દ્વેષ આત્મા કર્યા જ કરે. કારણ કે આત્મા નિત્ય છે તો નિત્ય વિકાર ને રાગ-દ્વેષ રહ્યા કરે. કોઈ દિ' મિથ્યાત્વ રહિત થઈને મુક્તિના માર્ગે આવી શકે નહિ. એકલા ન્યાય ભર્યા છે ને! આહાહા..!

'જ્ઞાનસાગરે' 'જયસેનાચાર્યદેવ'ની ટીકા કરી છે ને? અને આ 'વિદ્યાસાગર' એનો શિષ્ય છે. ભગવાન! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ..! લોકો કેમ માને? સહન કરે છે? પાઠમાં લખાણ આવ્યું છે. કાલે પુસ્તક આવ્યું એમાં લખાણ આવ્યું છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ' કાષ્ટાસંઘી હતા. કાષ્ટાસંઘી સ્ત્રીને મુક્તિને માનતા. અરે..! ભગવાન! આવું શું કરે છે તું? સમાજ તો ભોળા બિચારા, માથે ત્યાગી હોય, લૂગડાં-બૂગડા છોડ્યા હોય, 'છોટાભાઈ'! એને હા.. હા.. કરે. બરાબર છે, બરાબર છે. એ વળી અહીંને માટે કહે છે, અહીંના ભોળા મૂર્ખાઓ માથે કહે ઇ હા, હા પાડ્યા કરે. ઇ એમ કહે છે. આહાહા..! પ્રભુ.. પ્રભુ! એ શોભે નહિ, ભાઈ! આહા..!

'રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો

અભાવ ઠરે.' કાયમ વિકાર જ કર્યા કરે તો એ કોઈ દિ' મુક્ત થાય નહિ. નિમિત્તના લક્ષે નૈમિત્તિકમાં પર્યાયબુદ્ધિમાં થાય તો એ બુદ્ધિ છોડીને આત્મા એકલો અકારક છે તો નિર્વિકારી થઈ શકે છે. આહાહા..! એકલો ભગવાન પોતાને આશ્રયે નિર્વિકારી થઈ શકે છે. આહા..! પરને આશ્રયે આ પ્રમાણે જો વિકાર નિમિત્ત-નિમિત્ત ન થાય તો એ વિકારનું કર્તૃત્વ એકલું આત્મા ઉપર આવી પડે. આવી પડતા આત્મા નિત્ય વિકારનો કર્તા રહે તો એને કોઈ દિ' મોક્ષ થાય નહિ. આહાહા..!

'માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.' આમાંથી ઊંધું કાઢે. જુઓ! પરદ્રવ્ય નિમિત્ત છે, પરદ્રવ્ય નિમિત્ત છે. પણ નિમિત્તનો અર્થ શું? એના ઉપર લક્ષ જાય છે. નિમિત્ત વિકારને કરાવે છે એમ નથી.

મુમુક્ષુ :– લક્ષ કરે ત્યારે ..

ઉત્તર :– એનું લક્ષ અહીંથી છૂટે છે અને ત્યાંનું લક્ષ કરે છે. નિમિત્ત લક્ષ કરાવતું નથી. આહાહા..! અહીંયાં ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, એના ઉપરનું લક્ષ છોડી દે છે ત્યારે એનું લક્ષ આમ જાય છે. એ લક્ષ જાય છે એ વિકાર કરે છે, નિમિત્ત કરાવતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! 'પ્રવીણભાઈ'! ઠીક આમાં બરાબર આવી ગયા. 'ચંદુભાઈ'ને બધાએ બહુ યાદ કર્યા. ગંભીર ચીજ છે. હેં? આહા..! આજે તો 'રવિવાર' છે, કેટલાક સાંભળવા આવ્યા છે ને?

'માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.' એનો અર્થ શું થયો? એ રાગાદિ કરે છે એમાં પરદ્રવ્ય નિમિત્ત છે, બસ! નિમિત્તથી રાગ-દ્વેષ થાય છે, એમ નહિ. આહાહા..! 'આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.' નિમિત્ત હો. નિમિત્તનો અર્થ એક ચીજ છે. 'અને એમ હોતાં, આત્મા રાગાદિનો અકારક જ છે એમ સિદ્ધ થયું.' લ્યો. આમ હોતાં આત્મા ભગવાન શુદ્ધ ચૈતન્યપ્રભુ, પોતાને આશ્રયે વિકાર કરે એ અકારક ઠર્યો, એ કરી શકે જ નહિ. પોતાને આશ્રયે વિકાર છે જ નહિ. એ તો પોતાનો, દ્રવ્યનો આશ્રય છોડે છે, પરદ્રવ્યના નિમિત્તના લક્ષે કરે છે તો થાય છે. માટે આત્માના લક્ષે વિકાર થાય એવું ત્રણકાળમાં બનતું નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૫૦ ગાથા–૨૮૩ થી ૨૮૫ મંગળવાર, માગશર સુદ ૧, તા. ૨૦-૧૧-૧૯૭૯

---

'સમયસાર' ૨૮૩ થી ૨૮૫. અર્થ ચાલે છે ને? અહીં સુધી આવ્યું, જુઓ! 'માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.' ત્યાંથી આવ્યું છે. શું કહે છે? કે, આ આત્મા જે છે આત્મા, એ તો શુદ્ધ આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે. એ પોતે સ્વતઃ સ્વને

આશ્રયે વિકાર કરે એમ બની શકે નહિ. સમજાય છે? આ સંસારનો વિકાર જે છે પુણ્ય અને પાપ કે મિથ્યાત્વ, એ આત્મા પોતે સ્વભાવ તો શુદ્ધ છે એનો, ચૈતન્ય આનંદકંદ પ્રભુ છે, તો પોતાને આશ્રયે વિકાર કરે એમ બને નહિ. કેમ કે એનો કોઈ ગુણ વિકારી નથી, એના બધા ગુણો પવિત્ર અને નિર્મળ છે. ત્યારે હવે વિકાર થાય છે એનું કારણ શું? અને તેથી આત્મા વિકારનો અકારક છે એમ ભગવાને જે કીધું એનું શું કારણ? કે, પ્રભુએ એમ કહ્યું, કે જે નિમિત્ત પરદ્રવ્ય છે તેનું લક્ષ છોડ.

આત્મા દ્રવ્ય સ્વભાવ સિવાય જેટલા પરદ્રવ્યો બીજા છે તેનું લક્ષ અથવા પ્રતિક્રમણ કર એટલે પાછો હટ અને એના નિમિત્તના લક્ષે વિકાર થાય તેનાથી પાછો હટ. એમ પ્રતિક્રમણ કરવાની વ્યાખ્યા ભગવાને કીધી. એનો અર્થ એ થયો, કે આત્મા પોતાના સ્વભાવની દૃષ્ટિ અને આશ્રય કરે તો વિકાર ન થાય. ઝીણી વાત છે, ભાઈ! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધભાવ એ આત્માના આશ્રયે ન થાય. કેમ કે આત્મામાં કોઈ અપવિત્રતા નથી, આત્મા તો અનંત ગુણનો પિંડ પવિત્ર છે. ત્યારે કહે, આ (રાગાદિ) થાય છે ને? પણ થાય છે એનું પ્રભુએ પ્રતિક્રમણ કહ્યું છે ને, કે એનાથી હટી જા. પરતરફના દ્રવ્યના લક્ષથી હટી જા અને નિમિત્તને લક્ષે વિકાર થાય ત્યાંથી ખસી જા. એમ જે ભગવાનનો ઉપદેશ છે એ એમ સિદ્ધ કરે છે, કે એકલો આત્મા વિકારનો કર્તા થઈ શકે નહિ. પોતાનો આત્મસ્વભાવ ચૈતન્યને છોડીને પરદ્રવ્યનું અનાદિથી લક્ષ કરે છે ત્યારે પરદ્રવ્યના નિમિત્તના અવલંબે પોતામાં પોતાથી વિકાર થાય છે. એ વિકાર અને નિમિત્ત (બે થયા), એ નિમિત્ત-નિમિત્ત સંબંધ એમ જાહેર કરે છે, કે આત્મા પોતાને કારણે એકલો રાગનો કર્તા નથી. ઝીણી વાત છે, ભગવાન! આહા..! માર્ગ ઝીણો બહુ. ન્યાયને પકડવું કઠણ, સમજ્યા વિના એમ ને એમ ધર્મ થઈ જાય (એમ બને નહિ). આહાહા..! તેથી અહીં આવ્યું.

જો આત્મા(ને) પરના નિમિત્તના લક્ષે વિકાર થાય એમ જો ન હોય તો આત્માને એકલું વિકારનું કર્તાપણું આવી પડે અને એ કર્તાપણું આવી પડતા આત્મા નિત્ય છે તો વિકાર નિત્ય કરે તો કોઈ દિ' મોક્ષ થાય એવું બને નહિ. ઝીણો ન્યાય છે, ભાઈ! વીતરાગ માર્ગ સૂક્ષ્મ બહુ.

સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવે જે સર્વજ્ઞથી ત્રણકાળ, ત્રણલોક જોયા એમાં આ રીતે સ્વરૂપ છે તેમ કહ્યું, એમણે બીજાનું કંઈ કર્યું નથી. જેવું સ્વરૂપ છે એવું જ્ઞાનમાં જાણ્યું, જાણ્યું એવું કહ્યું. કે પ્રભુ! અહીં તો આત્માને પ્રભુ કહીએ છીએ. આત્મા અંદર પ્રભુ છે. અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત વીતરાગતા, અનંત પ્રભુતા એવી અનંત અનંત શક્તિઓનો પિંડ આત્મા છે તો એ આત્મા પોતાના લક્ષે વિકાર કરે એવું ત્રણ કાળમાં બને નહિ. તેથી ભગવાનનો ઉપદેશ છે, કે નિમિત્ત જે પરદ્રવ્ય છે એના ઉપર તારું લક્ષ છે એ છોડ અને નિમિત્તને આશ્રયે વિકાર થાય છે, તારે આશ્રયે નહિ. સમજાય છે કાંઈ?

કાલે તો ઘણું આવ્યું હતું. .... આહાહા..!

અંદર આત્મા, આ દેહના પરમાણુ માટી છે એનાથી તો જુદો છે. અંદર કર્મના રજકણો છે એ તો એની પર્યાયમાં પણ નથી. શરીર, કર્મ, આ સ્ત્રી, કુટુંબ-પરિવાર કે આ ધંધા આદિની ક્રિયાઓ તે ભગવાનઆત્માની પર્યાયમાં પણ એ તો નથી, એ તો ભિન્ન ચીજ છે. એની પર્યાયમાં છે તો વિકાર છે. હવે વિકાર છે એ વિકાર થાય છે કેમ? આત્માના અંતરને લક્ષે તો વિકાર થાય નહિ કેમ કે આત્મા તો પવિત્ર છે. આહાહા..! ત્યારે એ વિકાર થાય છે, એ દુઃખ થાય છે, સંસારના પરિભ્રમણનું કારણ જે વિકાર થાય છે એ સ્વદ્રવ્યના લક્ષને છોડી પરદ્રવ્યનું લક્ષ કરે છે અને લક્ષ કરતાં તેને આધીન (થઈને) વિકાર કરે છે. એ વિકારને કારણે પછી નવું બંધન થાય છે અને તેથી તે રખડે છે. આવી વાતું હવે. આ વાણીયા ને વેપારમાં આ ન્યાય ક્યાંથી કાઢવા? આહાહા..!

વીતરાગ માર્ગ ઝીણો બહુ, સૂક્ષ્મ વસ્તુ છે, પ્રભુ! વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. જિનેશ્વર પરમેશ્વરના માર્ગ સિવાય માર્ગ બીજે ક્યાંય છે નહિ. બધે ઊંધે રસ્તે ચડી ગયા છે. આહા..! આ રસ્તો પણ એવો છે કહે છે, કે તારે જો ધર્મ ને શાંતિ જોઈતી હોય, ધર્મ કહો કે શાંતિ કહો, ધર્મ કહો કે અતીન્દ્રિય આનંદ કહો, ધર્મ કહો કે અતીન્દ્રિય વીતરાગ પર્યાય કહો, એ જો તારે જોઈતું હોય તો એ જેમાં ભરેલું છે તેના ઉપર દૃષ્ટિ કર. આહા..! અંતર અને અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. આહાહા..! એ અતીન્દ્રિય વીતરાગનું દળ છે, પિંડ છે એનો આશ્રય કર તો તને સમ્યગ્દર્શન-જ્ઞાન ને શાંતિ ને સુખ થાય. એ નથી કરતો કેમ? કે પોતાનું લક્ષ છોડી અને પરદ્રવ્યના લક્ષમાં એની અનાદિની પ્રવૃત્તિ છે. પરદ્રવ્ય જે આત્મામાં નથી, એ નથી તે દ્રવ્ય ઉપર એનું લક્ષ છે. છે આત્મામાં એમાં એનું એને લક્ષ ને આશ્રય છે નહિ. અરે..રે..! આવો ઉપદેશ હવે. ઓલું તો દયા પાળવી, વ્રત કરવા, ભક્તિ કરવી સહેલુંસટ હતું. હવે આવો માર્ગ. કહે છે, કે દયા ને ભક્તિ ને વ્રત ને બધા રાગ છે લે, કહે, સાંભળ. અને એ રાગ આત્માના સ્વભાવને આશ્રયે થતો નથી. સ્વભાવને આશ્રયે થાય તો સ્વભાવ નિત્ય છે, તો અંદર રાગનું ને વિકારનું નિત્યપણું કર્તાપણું ઠરે તેથી કોઈ દિ' એનો મોક્ષ જાય નહિ. એથી એ રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપના ભાવ થાય છે ખરા, પણ એ નિમિત્ત જે પરદ્રવ્ય છે એને લક્ષે થાય છે. એનાથી નહિ, નિમિત્તથી નહિ પણ નિમિત્તને આશ્રયે વિકાર થાય છે. આહાહા..! હવે આવું યાદ રાખવું. નવરાશ ન મળે, ધંધા આખો દિ' પાપના ધંધા. નિવૃત્તિ ન મળે ને આવી વાતું હવે. બાપુ! આ સમજ્યે છૂટકો (છે), ભાઈ! અનંતકાળ થયા રખડે છે, દુઃખી છે. આહા..!

કહે છે, શું આવ્યું? જો પરના લક્ષ વિના વિકાર થાય તો એકલા સ્વને લક્ષે વિકાર થાય તો વિકારપણું, ત્રિકાળી આત્મા છે, ત્રિકાળી આત્મા છે તો ત્રિકાળી કર્તાપણું રહે અને ત્રિકાળી કર્તાપણું રહેતા એની મુક્તિ થાય નહિ. સમજાય છે કાંઈ આમાં? આ બધું તો

કાલે આવી ગયું હતું. માટે નિત્યપણાના કર્તાપણાનો પ્રસંગ થતાં 'એક જ આત્માને રાગાદિકભાવોનું નિમિત્તપણું આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે.' સમજાણું અહીં સુધી? આહા..! 'માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.' છે? એ કારણે સ્વદ્રવ્ય પ્રભુ ભગવાનઆત્મા એ તો સચ્ચિદાનંદ સત્ આ જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો કંદ છે એને આશ્રયે કદી વિકાર થાય નહિ. જો એને આશ્રયે થાય તો (પોતે) ત્રિકાળી છે તો ત્રિકાળી વિકાર થાય તો મુક્તિ કોઈ દિ' થાય નહિ. લોજીક છે, ભાઈ! ન્યાયથી પકડે તો જરીક એવી વાત છે. આહા..!

'માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.' એટલે શું? કે જે કાંઈ મિથ્યા ભ્રાન્તિ કે પુણ્ય-પાપ જે કરે છે એ સ્વઆત્માને આશ્રયે નહિ. તેથી તે વિકાર પરદ્રવ્યના નિમિત્તના લક્ષે થાય છે. 'માટે...' છે? 'પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.' એનો અર્થ પરદ્રવ્ય રાગાદિ કરાવે છે, એમ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! કાલે સહેજ કહ્યું હતું, કે સ્વદ્રવ્ય છે એ નિત્ય ધ્રુવ આનંદકંદ પ્રભુ છે. એની ધર્મની પર્યાય એ દ્રવ્યને લક્ષે થાય પણ દ્રવ્યથી ન થાય. સ્વતંત્ર નિર્મળ વીતરાગી પર્યાય સ્વદ્રવ્યને આશ્રયે થાય. આહા..! એમ આત્મામાં વિકાર થાય એ નિમિત્તને આશ્રયે થાય, નિમિત્તથી થાય નહિ પણ નિમિત્તને આશ્રયે થાય. આહાહા..!

મુમુક્ષુ :- વિકાર નિમિત્તને આશ્રયે થાય ને.

ઉત્તર :- એનું લક્ષ ત્યાં જાય છે. ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞ જિનેશ્વરે તો આત્મા આનંદનું અતીન્દ્રિય આનંદનો કંદ, દળ છે એ તો (એમ જોયું છે). એની તો એને અનાદિથી ખબર નથી. તેથી તેના ઉપરનું લક્ષ નથી એટલે લક્ષ તો ક્યાંક હોવું જોઈએ. તો એ પરદ્રવ્ય ઉપર લક્ષ છે. કર્મ, શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ-પરિવાર, ધંધો એ બધા પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે તો એ પરદ્રવ્ય વિકાર કરાવતા નથી પણ પરદ્રવ્ય ઉપર એનું લક્ષ, આશ્રય જાય છે તેથી તે વિકાર પોતે પોતામાં કરે છે. ધર્મના નામની આવી ઝીણી વાતું. આવો જિનવર માર્ગ. આહાહા..!

'માટે પરદ્રવ્ય જ...' પરદ્રવ્ય જ 'આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.' આમાંથી ઊંધુ કાઢે કાઢવું હોય તો. આત્મા સિવાય પરદ્રવ્યને કારણે જ વિકાર થાય. એમ નથી. પરદ્રવ્ય તો પરદ્રવ્ય જ છે, સ્વદ્રવ્ય છે એ સ્વદ્રવ્ય જ છે, પણ પરદ્રવ્યનું લક્ષ કરે છે એથી પોતાના સ્વભાવના લક્ષને છોડે છે તેથી તેને વિકાર, પુણ્ય ને પાપ ને વિકારનો ભાવ નિમિત્તના લક્ષે થાય છે. નિમિત્તથી થાય છે, એમ નહિ. આવી વાતું હવે. ક્યાં ગયા? તમારે આવ્યા હતા ને 'સંઘવી'? તૈયાર થયા નથી. ઠીક! આવું કે દિ' સાંભળશે? ઓલા પૈસા ને ધૂળમાં આખો દિ'... આહાહા..! શું કહ્યું સમજાણું આમાં? 'ઝાંઝરીજી'!

આ વાત જુદી જાતની છે. આહાહા..! શું કહ્યું? કે આત્મા, આત્મા તો પરમેશ્વર છે,

ભાઈ! તને ખબર નથી. આત્મામાં તો અનંત આનંદ ને અનંતી શાંતિ ને અનંતું વીર્ય, અનંતી પ્રભુતા ભગવાનઆત્મામાં ભરી છે, ભાઈ! એને આત્મા કહીએ. એવો જે આત્મા અનંત... અનંત... અનંત... ગુણનો સાગર, (એને) પોતાને આશ્રયે જો વિકાર થાય તો આત્મા નિત્ય છે, તો આત્મામાં વિકારનું કરવાપણું કાયમ રહે, તો કોઈ દિ' એની મુક્તિ થાય નહિ. માટે આત્માને કારણે વિકાર થાય એમ નથી. ત્યારે પરદ્રવ્યનું લક્ષ કરે છે, પરદ્રવ્યથી થતું નથી પણ તરત પરદ્રવ્યનું અવલંબન લે છે. સ્વદ્રવ્ય છે એની તો ખબરે ય નથી.

અંદર આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ જિનેશ્વર પરમાત્માએ જોયો એ તો અતીન્દ્રિય આનંદનો કંદ, કંદ છે. આહાહા..! એ અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ આત્મા છે. એવો ભગવાનઆત્મા પોતાના આશ્રયે વિકાર કરે એ તો બને નહિ. (કારણ કે) ગુણમાં અને દ્રવ્યમાં વિકાર છે નહિ. ક્યાંથી કરે ઇ? ત્યારે કહે, વિકાર છે તો ખરો કે જેથી આ ચારગતિમાં રખડે છે. એ વિકાર થાય છે કેમ? કે નિમિત્તનું લક્ષ કરે છે, નિમિત્તનો આશ્રય કરે છે, પોતાને ભૂલી જાય છે, આને યાદ કરે છે. ભગવાનઆત્માનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય (છે) તેને ભૂલી જાય છે અને જે એમાં નથી (તેને યાદ કરે છે). છે એને ભૂલી જાય છે અને એમાં નથી તેને યાદ કરે છે. સમજાય છે કાંઈ? 'હીરાલાલજી'! એકલા આવ્યા છે? ઓલા કોઈ આવ્યું નથી 'શશીભાઈ'ને. આહાહા..! આવો માર્ગ હવે ક્યાં આમાં (સાંભળવા મળે?) ઓલો એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રેઇન્દ્રિયા, ચોઇન્દ્રિયા, તસ્સ મિચ્છામિ દુક્કડમ્, થઈ ગયું. સામાયિક થઈ જતી. તસ્સૂતરી કરણન.. અરે..! ભાઈ! એ સામાયિક નથી, બાપા! તને ખબર નથી કે સામાયિક કોને કહેવી? પ્રતિક્રમણ કોને કહેવા?

પ્રભુ! વીતરાગ ત્રિલોકનાથે ગણધરો ને સંતોની વચ્ચે ઇન્દ્રોની વચ્ચે તો આ વાત કરતા હતા. એ વાત આ છે. આહા..! પ્રભુ! તું પામર નથી, કે જેથી તને તારા આશ્રયે વિકાર થાય. આહાહા..! ભગવાનઆત્મા શરીરમાં કર્મથી જુદો ભગવાન બિરાજે છે, પોતે પ્રભુ છે, આત્મા પ્રભુ છે. કેમ બેસે? બે બીડી સરખી પીવે ત્યારે દિશા સરખી ઉતરે, આવા અપલખણ. એને એમ કહેવું તું પ્રભુ છો. બેસે કેમ એને? આહાહા..! ભગવંત! આચાર્ય તો ભગવાન તરીકે બોલાવે છે. આહાહા..! પ્રભુ! તું ભગવતસ્વરૂપ છો. ભગ નામ અનંત આનંદ ને અનંત જ્ઞાનની લક્ષ્મીથી ભરેલો વાન, વાન (અર્થાત્) સ્વરૂપથી ભરેલો છો. તેનો આશ્રય કરે તો તો વિકાર થાય નહિ. કારણ કે, એમાં – દ્રવ્ય ને ગુણ બેયમાં વિકાર નથી. આહાહા..! ત્યારે (કોઈ કહે કે), આ વિકાર છે તો ખરો. તેનું કારણ કોણ? કે એનું કારણ પરદ્રવ્યનું પોતે લક્ષ અને આશ્રય કરે છે. ભગવાનને ભૂલી જાય છે. સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનું દળ એનો આદર નહિ કરતાં, એનો અનાદર કરીને, પરદ્રવ્યનો આદર કરીને, આત્મા સિવાય પરદ્રવ્ય ને નિમિત્ત ઉપર આશ્રય કરીને વિકારને ઉત્પન્ન કરે છે. 'યશપાલજી' સમજાય છે? હેં? આહાહા...! એ 'નંદાભાઈ'! આવી વાતું છે. ન્યાં એના 'સુરત-બુરત'માં

ક્યાંય ન મળે. ધંધા-બંધામાં પાપ છે આખો દિ'. આહાહા..!

અહીં તો લોજીક–ન્યાયથી પરમાત્મા સિદ્ધ કરે છે. નિ ધાતુ છે. જેવું સ્વરૂપ છે તેમ જ્ઞાનને લઈ જવું એનું નામ ન્યાય. આવું સ્વરૂપ છે, કે એ તો સચ્ચિદાનંદ શુદ્ધ ચિદાનંદમૂર્તિ પ્રભુ છે. એવા સ્વરૂપ ઉપર આશ્રય કર તો તને વિકાર થાય નહિ, સમ્યગ્દર્શન થાય, સુખ-સુખી થા અને સુખની ઘટના કરતાં કરતાં પૂર્ણ સુખી, કેવળ થાય. આવી ચીજ પડી છે છતાં આ થતું કેમ નથી? આહાહા..!

એ 'પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.' નિમિત્ત એટલે કારણ. સ્વદ્રવ્ય નહિ. સ્વદ્રવ્ય જે ભગવાનઆત્મા એ પોતે દયા, દાન ને વિકાર... દયા, દાન, પુણ્ય-પાપના પરિણામ એ બધા વિકાર છે. એ વિકારનું કારણ દ્રવ્ય આત્મા-દ્રવ્ય નથી. ત્યારે એ વિકારનું રાગાદિભાવોનું કારણ નિમિત્ત પરદ્રવ્ય હો. આહાહા..! આમાંથી એવું કાઢે છે, જોયું! નિમિત્તથી રાગ-દ્વેષ થાય છે, એમ કાઢે (છે). એમ અહીં નથી. રાગ-દ્વેષ નિમિત્તથી થાય એ અહીં પ્રશ્ન નથી. નિમિત્તનું લક્ષ કરે છે તેથી તે સ્વભાવનું લક્ષ છોડે છે, એથી પરના લક્ષે તને વિકાર થાય છે. 'પ્રવીણભાઈ'! આવી વાતું છે. આહાહા..! આવો ઉપદેશ હવે. આ તે જૈન ધર્મનો ઉપદેશ હશે આવો? આહાહા..!

'માટે પરદ્રવ્ય જ,...' પરદ્રવ્ય જ છે. આત્માને રાગ પુણ્ય-પાપના ભાવોનું 'નિમિત્ત હો. અને એમ હોતાં, આત્મા રાગાદિકનો અકારક જ છે એમ સિદ્ધ થયું.' શું કહ્યું છે? કે ભગવાનઆત્મા પોતે પવિત્રનો પિંડ પ્રભુ, એનો આશ્રય નથી અને નિમિત્તનો આશ્રય છે માટે વિકાર થાય છે તો એમ એ સિદ્ધ કર્યું, કે આત્મા એકલો તો વિકારનો કર્તા છે નહિ. આત્મા પોતાને આશ્રયે એકલો વિકારનો કર્તા નથી. પરદ્રવ્યનું લક્ષ કરે છે તો પર્યાયમાં વિકાર થાય છે. આહાહા..! દ્રવ્ય અને ગુણ તો શુદ્ધ છે, દ્રવ્ય અને ગુણ તો પવિત્ર છે. આહાહા..! પણ તેની દૃષ્ટિ એને અનાદિથી નથી અને તેથી અનાદિથી પરદ્રવ્ય ઉપર તેની દૃષ્ટિ, લક્ષ છે. આહાહા..! એ પરદ્રવ્યના નિમિત્તના લક્ષે આત્મામાં વિકાર થાય. 'એમ હોતાં, આત્મા રાગાદિકનો અકારક જ છે એમ સિદ્ધ થયું.' એકલો આત્મા દયા, દાન કે પુણ્ય-પાપના પરિણામ કરે એ વાત તો સિદ્ધ ન થઈ. એ તો પરનો આશ્રય કરે તો પર્યાયમાં વિકાર અવસ્થા થાય. સ્વનો આશ્રય કરે તો પર્યાયમાં નિર્મળ ધર્મદશા થાય. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ આવો છે. આ ગાથા જ એવી આવી છે. આ તો ત્રીજી વાર કહેવાય છે. બારસે કહેવાણું, કાલ કહેવાણું ને આજ પાછું (આવ્યું). આહાહા..! સમજાય એવું છે, ભાઈ! શાંતિથી (સમજવું). બાપુ!

આ તો વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વર પરમેશ્વર એમણે જોયું, જાણ્યું એમ કહ્યું. એ સમજવું બાપુ! કઠણ છે, ભાઈ! દુનિયાની વાતું કરી કરીને મરી ગયો અનાદિથી. બહારના ધંધા ને આ ને આ ને એમાં પાંચ-પચીસ, પચાસ લાખ, કરોડ, બે કરોડ મળે એટલે જાણે બસ

ઓ..હો..! જાણે શું અમે ફુલ્યા ને શું ફળ્યા! શું ફુલ્યા ને શું ફળ્યા! અમને સંસારના સુખનું બહુ ફળ મળ્યું. મરી ગયો છે એમાં. આહાહા..! અતીન્દ્રિય આનંદના નાથને એમાં મારી નાંખ્યો છે. પરની મીઠાશના પ્રેમમાં પ્રભુ! તારો આનંદનો નાથ આત્મા તેનો અનાદર કરીને તેં નાશ કરી નાંખ્યો છે. ઇ છે જ નહિ જાણે, આ છે અને આ છે જ નહિ (એમ કરી નાખ્યું છે). આહાહા..! 'વીરચંદભાઈ'! જુદી જાતની વાતું છે, બાપા! આ તો દુનિયાથી જુદી જાત છે. આહાહા..!

'માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.' આમાંથી કાઢે, જોયું! વિકાર પરને લઈને થાય, વિકાર પરને લઈને થાય. આ લખ્યું. એમ નથી. પરનું લક્ષ કરે છે તો થાય છે એમ બતાવે છે, પર વિકાર કરાવે છે, એમ નથી. આહાહા..! છે એમાં? આહાહા..! 'માટે પરદ્રવ્ય જ...' આહાહા..! ગજબ વાત છે. એ દેવ-ગુરુ ને શાસ્ત્ર પરદ્રવ્ય. એ પરદ્રવ્યનું લક્ષ કરે તો રાગ થાય.

મુમુક્ષુ :– બાયડી, છોકરાનું કરે તો?

ઉત્તર :– બાયડી, છોકરા(નું લક્ષ કરે) તો પાપરાગ થાય, બાયડી, છોકરા, કુટુંબ, ધંધાના લક્ષમાં તો પાપરાગ થાય. પણ દેવ-ગુરુ ને શાસ્ત્રના લક્ષમાં પુણ્યરાગ થાય, પણ થાય તો રાગ બેયમાં. 'ઝાંઝરીજી'! આવી વાતું છે. આહાહા..!

મુમુક્ષુ :– આમાંથી ક્યો રાગ કરવા જેવો છે?

ઉત્તર :– આની કોર અંદર ઠરવા જેવું છે. પર તરફનું લક્ષ છોડીને ચૈતન્ય તરફ વળવાનું છે એમ અહીં સિદ્ધ કરવું છે. જ્યાં પ્રભુ બિરાજે છે. અનંત... અનંત... જ્યોતિની ગાદીએ બાદશાહ પ્રભુ છે. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિનો બાદશાહ પ્રભુ છે. એમાં બેસવાનું છે, ન્યાં બેસ. આહાહા..! આ નિમિત્તને આશ્રયે વિકારમાં બેસે છે એ તો રખડતો અનાદિથી નરક ને નિગોદના ભવ કરી કરીને પ્રભુ! અનંતા ભવ કર્યા છે. આહાહા..!

મુમુક્ષુ :– મરણતુલ્ય થઈ ગયો છે.

ઉત્તર :– મરણ થયું ને અંદર. આત્માનો નકાર કર્યો, ભાવમરણ થયું. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે' પોતાની પવિત્રતાનું સ્મરણ ન કરતાં નિમિત્તનું સ્મરણ કરીને વિકાર ઉત્પન્ન કરે એ ભાવમરણ. એ આત્મા અવિનાશીનો નાશ કરે છે, કે આ નહિ, આ હું. પુણ્ય-પાપના ભાવ કરું તે હું અને એ મારું કર્તવ્ય, એમ કરીને આત્મા જે અકારક છે, તેના સ્વભાવનો વિનાશ કરે છે. આહાહા..!

આવો ઉપદેશ કઈ જાતનો? સ્થાનકવાસીમાં હોય તો સામાયિક કરો, પોહા કરો, પડિકમણા કરો, ચોવિહાર કરો, આ કરો. શ્વેતાંબરમાં હોય તો ભક્તિ કરો, ભગવાનની ભક્તિ, પૂજા, જાત્રા, 'શેત્રુંજય' કેવું કહેવાય? 'સમેદશીખર'. દિગંબરમાં હોય તો પડિમા લઈ લો, લુગડા છોડો, આ છોડો, (એવું આવે). આવી વાતું ક્યાંથી (કાઢી)? બાપુ! દુનિયા આખીની

કઈ જાત છે એ બધી ખબર છે. આહાહા..! આ ગાથાઓ તો અલૌકિક છે. ઓહોહો..! કાંઈ પાર પડે એવું નથી એટલી ગંભીરતા ભરી છે. આહાહા..!

'આત્માને રાગાદિભાવોનું...' એટલે પુણ્ય-પાપના ભાવ, દુઃખ ભાવનું નિમિત્ત પર હો. 'અને એમ હોતાં, આત્મા રાગાદિકનો અકારક જ છે એમ સિદ્ધ થયું.' એકલો સ્વભાવ ભાવ પ્રભુ છે એ તો વિકારનો કર્તા છે જ નહિ એમ સિદ્ધ થયું. વિકારનો કર્તા તો નિમિત્તને આશ્રયે જાય ત્યારે વિકાર પર્યાયમાં થાય છે. સ્વદ્રવ્યનો આશ્રય કરે તો વિકાર થાય નહિ. માટે આત્મા તો વિકારનો અકારક ઠરે છે. આહાહા..! આ બધી લીટીઓ ઝીણી છે. આ શ્લોક જ ઝીણા છે. આ પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાનના શ્લોક છે.

પ્રતિક્રમણ કેમ? કે પર તરફનું લક્ષ છે તેનાથી લક્ષ છોડ અને તેના લક્ષે જે રાગ પુણ્ય-પાપ થાય, એને છોડ. એ પ્રતિક્રમણ (છે). અને આત્મામાં જા. ભવિષ્યમાં રાગ થાય તેનો ત્યાગ કર. ભવિષ્યમાં નિમિત્તનો આશ્રય છોડી દે અને ભવિષ્યમાં નિમિત્તને આશ્રયે વિકાર થાય તેનું પચખાણ (કર) એટલે કે છોડી દે. આત્માના આશ્રયે જા તો તને પચખાણ થાય. આહાહા..! આવું છે. ઓહો..! આચાર્યોએ જંગલમાં રહી ગજબ કામ કર્યા છે. આ 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા (છે). આહાહા..!

એથી એમ સિદ્ધ થયું, કે પરદ્રવ્ય જ આત્માને રાગાદિનું નિમિત્ત કારણ છે. 'એમ હોતાં, આત્મા રાગાદિકનો અકારક જ છે એમ સિદ્ધ થયું.' ભગવાનઆત્મા શુદ્ધ સિદ્ધ સ્વરૂપી પ્રભુ છે. (એને) પોતાને આશ્રયે વિકાર થાય (એમ નથી). એ તો અકારક છે, વિકારનો અકારક છે. પોતાનો આશ્રય કરે તો તો નિર્મળ, નિર્દોષ, સુખ અને આનંદ આવે. એ આનંદ ને સુખ એનું કાર્ય છે, આ રાગાદિનું કાર્ય એનું છે નહિ. એકલો આત્મા પોતાના આશ્રયે રાગ કરે એવું બનતું નથી. પણ એકલો આત્મા પોતાના આશ્રયે આનંદ ને શાંતિને કરે, એમ બની શકે છે. આહાહા..!

'(આ રીતે જોકે આત્મા રાગાદિકનો અકારક જ છે)...' પુણ્ય-પાપના ભાવનો આત્મા તો કર્તા છે જ નહિ. વસ્તુ સ્વરૂપ જે ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ! સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એ આત્મા, હોં! અજ્ઞાનીઓ આત્મા આત્મા કરે એ આત્મા નહિ. '(એ આત્મા જોકે રાગાદિકનો અકારક જ છે) તોપણ જ્યાં સુધી તે નિમિત્તભૂત દ્રવ્યને (-પરદ્રવ્યને) પ્રતિક્રમતો નથી...' આહાહા..! ભગવાનઆત્મા તો વિકારનો અકર્તા જ છે પણ જ્યાં સુધી નિમિત્ત તરફનું લક્ષ છોડતો નથી... આહાહા..! પરદ્રવ્યના નિમિત્ત તરફનો આશ્રય છોડતો નથી. આહાહા..! 'તથા પચખતો નથી...' પરદ્રવ્યના ભવિષ્યનો પણ ત્યાગ કરતો નથી, કે પરદ્રવ્ય ઉપર મારું લક્ષ જાય જ નહિ હવે, એમ પચખતો નથી. છે?

'(અર્થાત્ જ્યાં સુધી નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ તથા પચખાણ કરતો નથી)...' જ્યાં સુધી પરદ્રવ્ય ઉપરનું લક્ષ છોડતો નથી, જ્યાં સુધી પરદ્રવ્યનો આશ્રય છોડતો નથી 'ત્યાં

સુધી નૈમિત્તિકભૂત ભાવને (-રાગાદિભાવને) પ્રતિક્રમતો નથી...' ત્યાં સુધી તે વિકારભાવને છોડતો નથી. ત્યાં સુધી તે પુણ્ય ને પાપ ને મિથ્યાત્વભાવને છોડતો નથી. આહાહા..! સામે પાઠ છે, ક્યા શબ્દનો અર્થ થાય છે. આહા..! પરમાત્માનો આવો ઝીણો માર્ગ. વાણીયાને ધંધા આડે નવરાશ ન મળે. આખો દિ' પાપ, આ ધંધો ને આ ધંધો ને આ ધંધો. એમાં વળી હંમેશા બે-પાંચ હજારની પેદાશ થતી હોય અને જો તમારે દુકાને બેઠો હોય તો ફાલ્યો ફુલ્યો પાપમાં. નવરાશ મળે નહિ. નવરાશ મળે ત્યારે છ-સાત કલાક ઊંઘમાં જાય. બીજી નવરાશ (મળે તો) બાયડી-છોકરાને સાચવવામાં રાજી કરવામાં જાય. એકાદ કલાક મળે (ઇ) સાંભળવામાં જાય તો એવું સાંભળવાનું મળે કે, એનો એક કલાક લૂંટાઈ જાય. રાગથી ધર્મ થાય, વ્રતથી ધર્મ થાય, આમથી ધર્મ થાય એમ સાંભળે એટલે બિચારાની એક કલાક લૂંટાઈ જાય. આહાહા..! અરે..રે..! આનું ક્યારે થાય? કહો 'સુજાનમલજી'! આમ વાત છે, ભાઈ! આહાહા..! દિગંબર સંતોએ તો કરુણા કરીને જગતને ઉદ્ધારના માર્ગ સીધા કરી નાખ્યા છે. આહાહા..!

જો કે આત્મા સ્વતઃ તો વિકારનો કર્તા નથી એ તો સિદ્ધ થયું. એ તો નિમિત્તને લક્ષે કરે તો નિમિત્ત-નિમિત્ત સંબંધ, વ્યવહાર થાય તો વિકાર થાય. 'તોપણ નિમિત્તભૂત ભાવને પ્રતિક્રમતો નથી...' જ્યાં સુધી આત્મા સિવાય પરદ્રવ્ય તરફથી ખસતો નથી, તેનું લક્ષ ન્યાં પરદ્રવ્યમાં ચોટ્યું છે ન્યાંથી છૂટતો નથી અને 'પચખતો નથી...' ભવિષ્ય માટે પણ એ મારે ન જોઈએ, એમ એના તરફનું લક્ષ અને આશ્રય મારે ન જોઈએ એમ 'પચખતો નથી...' આહાહા..! 'ત્યાં સુધી નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમતો નથી...' પરદ્રવ્યના પ્રેમને અને પરદ્રવ્યના આશ્રયને છોડતો નથી તો તેના આશ્રયે થતો વિકાર છે તેને પણ એ છોડતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ઝીણું પડે એવું છે, પણ ભાઈ વસ્તુ તો આ છે. ઝીણું પડે છે, નાથ! ને ને આ તો ત્રીજી વાર થાય છે. આહાહા..! ગજબ વાત છે.

સંતોએ મોક્ષનો માર્ગ ખુલ્લો કરી નાખ્યો છે. આહાહા..! કેમ કે તું આત્મા છો કે નહિ? પ્રભુ! અસ્તિ છે કે નહિ? તત્ત્વ છે કે નહિ? અને તત્ત્વ છે તો કોઈ એનો સ્વભાવ છે કે નહિ? સ્વભાવ વિનાનું તત્ત્વ હોય કોઈ? કોઈ ચીજ પરમાણુ છે તો પણ એનો વર્ણ, ગંધ, રસ સ્વભાવ છે. ધર્માસ્તિકાય છે તો પણ એમાં અરૂપી ગતિ આદિનો સ્વભાવ છે. તો તું પ્રભુ! આત્મા છો તો તારો કોઈ સ્વભાવ છે કે નહિ? તારો કાયમ રહે એવો સ્વભાવ તો અતીન્દ્રિય આનંદ ને જ્ઞાન ને શાંતિ ને પ્રભુતા છે. આહાહા..! એટલે આત્માને આશ્રયે રાગ થાય એ તો કોઈ દિ' બને નહિ. એથી આત્મા રાગ અને વિકારનો અકર્તા ઠરે છે. ફક્ત તેની પર્યાયમાં પરલક્ષમાં જાય છે અને નિમિત્તની એને મમતા થાય છે. નિમિત્તની મમતા ને નિમિત્ત તરફની મમતાની મૂઢતા (કરે છે). નિમિત્ત-નૈમિત્તિક. એ પરદ્રવ્ય મારા, એ મારા છે, મારા છે, મારા (છે). એ બાયડી મારી છે, સ્ત્રી મારી છે, છોકરા મારા છે,

આ મકાન મારા છે, પૈસા મારા છે. આહાહા..!

મુમુક્ષુ :– બાવા થઈ જવું પડે.

ઉત્તર :– બાવો જ છે. કીધું નહિ? એ તો અહીં વાત ચાલે છે. એકલો આત્મા રાગનો અકારક છે એમ સિદ્ધ ઠરે છે ઇ બાવો જ છે. ભાષા તો સાદી છે પણ હવે... 'હીરાલાલજી'! આવ્યા છો બરાબર ઠીક. આહાહા..!

અંદર ભગવાન ચૈતન્ય ચમત્કારીક પદાર્થ પડ્યો છે જે ચમત્કાર દુનિયામાં ક્યાંય નથી. આટલા ક્ષેત્રમાં રહેલો લોકાલોકને જાણે એવો ચૈતન્ય ચમત્કાર! આહાહા..! અને શરીર પ્રમાણે રહ્યો છતાં અતીન્દ્રિય અનંત... અનંત... અનંત... આનંદનો સાગર! આહાહા..! શરીર પ્રમાણે દેખાવા છતાં અંદર અનંત... અનંત... શાંતિ... શાંતિ... અકષાય વીતરાગભાવથી પૂર્ણ ભરેલો પ્રભુ! એવો એ આત્મા સ્વતઃ કોઈ પણ સંસારના વિકારી કામ કરે ઇ એનું સ્વરૂપ જ નથી. આહાહા..! પણ એ પોતાના સ્વભાવને દૃષ્ટિ છોડી માહાત્મ્ય માહાત્મ્ય મહાત્મા છે મોટો, મહાત્મા પોતે છે મોટો પ્રભુ! એ મહાત્માને છોડી અને પામર જે પરદ્રવ્ય જે તેનામાં નથી, છે તેને છોડીને નથી તેને વળગ્યો છે. આહાહા..! નથી તેને વળગ્યો છે માટે તે નિમિત્તનો આશ્રય કરતા વિકારનું કારણ છે. એકલો આત્મા વિકાર કરે એવું સ્વરૂપ એનું છે નહિ. સમજાય છે કાંઈ? કહો 'દેવીદાસભાઈ'! આવી વાત છે, આવી ઝીણી, બાપુ! આહાહા..!

ઓહો..હો..! વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા જિનેશ્વરદેવ 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં બિરાજી રહ્યાં છે એ વાત ત્યાંથી આવી છે. આહાહા..! પરમાત્માએ, અકષાય કરુણા દ્વારા આ વાતો બહાર આવી છે. આહાહા..! પ્રભુ! તને કેટલીવાર કહીએ પ્રભુ? બોલ! તો તને પ્રભુપણું બેસે. આહાહા..! અને તને કેટલીવાર કહીએ કે, નિમિત્તને આશ્રયે વિકાર થાય છે એ તું કરે છો, નિમિત્તથી નહિ. એ કેટલીવાર તને કહીએ ત્યારે એ વાત બેસે? પ્રભુ! આહાહા..! 'યશપાલજી'! બરાબર ટાઈમસર આવ્યા છો. આ અધિકાર એવો છે ને. બરાબર! આહાહા..! એક એક લીટીનો પાર ન પડે એવો આ શ્લોક છે. આહાહા..! દુનિયા દુનિયાની જાણે. આ માર્ગ વિના (કલ્યાણ નથી).

મહાપ્રભુ બિરાજે છે. ચૈતન્ય ચમત્કાર ત્રણકાળ, ત્રણલોકને એટલા ક્ષેત્રમાં રહ્યો જાણે, એક સમયમાં જાણે. આહાહા..! એટલો જ એક સમયમાં અનંતો આનંદ અનુભવે, એટલો જ એક સમયમાં અનંત વીર્ય અનંતા ગુણની રચના કરે! આવો જે ભગવાનઆત્મા.. આહા..! તે પોતે પોતાની જાતે, પોતાને લક્ષે, પોતાને આશ્રયે સંસારનો પુણ્ય-પાપનો ભાવ કરે એ બની શકે નહિ, એ અકારક છે. આહાહા..! પણ તે પોતાના સ્વભાવના આશ્રયને છોડી જે એમાં નથી તેને વળગી... આહાહા..! જે (પોતામાં) છે તેને છોડી દઈ અને જે એમાં નથી તેને વળગી, બાવળ સાથે બાથ ભીડી છે એણે. આહાહા..! ગજબ કર્યો છે.

આ ટીકા 'અમૃતચંદ્રાચાર્ય' અરે..રે..! એને કાષ્ટાસંઘી કહેવા. એ વાંચતા ભાઈ!

આંખમાંથી આસું ચાલ્યું ગયું. આમ અંદર અર..ર..! આ શું કહે છે આ? 'અમૃતચંદ્રાચાર્ય'ને માટે આ કાષ્ટાસંઘી કહીને... ઝીલી ન શક્યો, સાંભળી શક્યો નહિ. આંખમાંથી આસું આવી ગયું. શું કીધું? કાષ્ટાસંઘી. અર..ર..ર..! પ્રભુ! શું કરે છો? આ એની ટીકા તો જુઓ! એક એક શબ્દનો પાર ન મળે. દિગંબર સંત પણ... આહાહા..! જેણે પ્રભુના દિવાન તરીકે કામ કર્યા છે. પ્રભુ તીર્થંકર છે આ આચાર્યો તેના દિવાન, વજીર તરીકે કામ કર્યા છે. આહાહા..! દુનિયા દુનિયાની જાણે પણ માર્ગ તો આ છે. ગમે તે વિરોધ કરો. એ..! 'સોનગઢ' નિશ્ચયાભાસી છે, નિશ્ચય કરે, નિશ્ચય આદિ ગમે એમ કહે નાથ! પ્રભુ! તારું સ્વરૂપ તો વ્યવહારથી રહિત જ છે. એ વ્યવહાર કરવો એ તારો સ્વભાવ નથી. એ વ્યવહાર કરવો એ અકારક છે. એ વ્યવહાર નિમિત્તને આધીન થાય છે, સ્વને આધીન છે નહિ. ગજબ વાત છે, નાથ! આહાહા..! પ્રભુ! તે વ્યવહારથી નિશ્ચય થાય તું કહે છો પ્રભુ! એ નહિ, એ શોભતું નથી, બાપા! ભાઈ!

અહીં કહે કે, આત્મા તો અકારક ઠરે છે. વ્યવહારના રાગનો પણ આત્મા અકારક ઠરે છે. વ્યવહારનો રાગ તો પર્યાયમાં પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યાં ને ત્યાં નિમિત્ત-નિમિત્ત સંબંધ થાય ત્યાં થાય છે. સ્વભાવનો સંબંધ છોડે ત્યાં થાય છે. આહાહા..! કહો 'યશપાલજી'! આવું સાંભળ્યું છે? બાપુ! ગજબ વાત છે, ભાઈ! દિગંબર સંતોની અમૃતની ધારા વહે છે. આહાહા..! એવું સ્વરૂપ છે, પ્રભુ! અને એમ બેસે નહિ કે, આટલી બધી આવડી મોટી વાત! બાપુ! એ મોટી નથી એથી પણ મોટી વાતું છે. આહાહા..!

એ ભગવાન તો જ્ઞાનનું દળ છે, આનંદનો સાગર છે, વીર્યનો પિંડ છે, શ્રદ્ધાની શક્તિથી ભરેલું તત્ત્વ છે, અતીન્દ્રિય આનંદનું પૂર છે, અતીન્દ્રિય જ્ઞાનનું પૂર છે. આહાહા..! એ પૂરના પ્રવાહ અનાદિઅનંત ધ્રુવ છે. એ પૂરનો પ્રવાહ અનાદિઅનંત ધ્રુવ છે. પ્રભુ! એવા ધ્રુવને આ વિકારનો અકારક અમે કહીએ છીએ. કેમ કે એવો એ વિકાર પ્રભુ! એનામાં છે નહિ. દ્રવ્યમાં-ગુણમાં કોઈ (ગુણ નથી). આહાહા...! માટે જ આત્મા વિકારનો અકારક ઠરતાં નિમિત્ત જ વિકારનું કારણ થાવ. એમ કીધું ને? કીધું ને? રાગાદિભાવોનું નિમિત્ત એ હો. એનો અર્થ એ નથી, કે નિમિત્ત રાગાદિ કરાવે છે. એમ નહિ. નિમિત્ત રાગાદિ કરાવે એમ અહીં વાત નથી. ફક્ત તારા વિકાર કરવામાં તારું લક્ષ ન્યાં જાય છે તે નિમિત્ત જ તારા લક્ષમાં છે, (નિજ) ભગવાન લક્ષમાં નથી.. આહાહા..! આ તો ઠરેલાના કામ છે, બાપા! જેને ઠરવું હોય, જન્મ-મરણના દુઃખથી મુક્ત થવું હોય એની વાત છે. આહાહા..! શું વાત!

એમ હોવા છતાં એટલે આત્મા સ્વતઃ પોતાને આશ્રયે વિકાર કરે એવું નહિ હોવા છતાં 'જ્યાં સુધી તે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમતો નથી...' પણ જ્યાં સુધી તે નિમિત્તનું લક્ષ છોડતો નથી... આહાહા..! અને સ્વનું લક્ષ કરતો નથી... આહાહા..! સ્વને ધ્યેય બનાવતો નથી અને નિમિત્તને ધ્યેય બનાવીને નિમિત્તને આશ્રયે વિકાર કરે છે... આહાહા..! નિમિત્તને

પચખતો નથી, નિમિત્તનું પ્રતિક્રમણ કરતો નથી એટલે ન્યાંથી ખસતો નથી. આહાહા..! ‘જ્યાં સુધી તે નિમિત્તભૂત દ્રવ્યને (-પરદ્રવ્યને) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી (અર્થાત્ જ્યાં સુધી નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ તથા પચખાણ કરતો નથી) ત્યાં સુધી નૈમિત્તિકભૂત...’ ત્યાં સુધી એને નિમિત્તના લક્ષે વિકાર થયા વિના રહે જ નહિ. આહાહા..! જેમ સ્વદ્રવ્યના લક્ષે નિર્વિકાર થયા વિના રહે નહિં, એમ પરદ્રવ્યને (લક્ષે), ત્રણ લોકનો નાથ વીતરાગ હોય પણ એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યને લક્ષે નૈમિત્તિક વિકાર થયા વિના રહે નહિ. આહાહા..! ગજબ વાત છે. આવું સ્વરૂપ છે, બાપુ! ધીરેથી વાત કરવાની છે. આ કાંઈ ઉતાવળે આંબા પાકી જાય એ વાત નથી. આહાહા..! મને તો આમાં આ ‘અમૃતચંદ્રાચાર્ય’ની ટીકાને જોતાં... એને ઓલાએ કીધું કે, આ આવો છે. અર..ર..! કાષ્ટાસંઘી. પ્રભુ! પ્રભુ! પ્રભુ! આંખમાંથી આસું (નીકળી) ગયું, હોં! ઇ ન્યાં અંદર જોયું ને અંદર... બાપુ! તારું તો નથી. આહાહા..! આ તો જુઓ! લાવો તો ખરા ક્યાંયથી. આહાહા..! છતાં નિમિત્તથી થતું નથી. નિમિત્તને લક્ષે વિકાર નૈમિત્તિક કરે છે તો નિમિત્તને છોડતો નથી, તો નૈમિત્તિકને પણ છોડતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ‘ચીમનભાઈ’! આવી વાતું છે, બાપુ!

આ દિગંબર ધર્મમાં જન્મ્યા પણ કોઈ દિ’ આવું કે દિ’ સાંભળ્યું તમે? આહાહા..! આ દિગંબર કોઈ સંપ્રદાય નથી, આ તો વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! ભગવાન અંદર આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ, છતી ચીજ પરમેશ્વરપણે બિરાજે (છે) એનું લક્ષ છોડી દે અને જે તારામાં નથી, તારે હિસાબે એ વસ્તુ જ નથી. શું કીધું ઇ? તારે હિસાબે નિમિત્ત ચીજ જે અવસ્તુ છે, એની અપેક્ષાએ વસ્તુ છે, તારી અપેક્ષાએ અવસ્તુ છે. એ અવસ્તુમાં તને માહાત્મ્ય આવતા તો એનાથી ખસતો નથી અને તેનાથી પચખાણ ભવિષ્યમાં કરતો નથી, ત્યાં સુધી... છે ને?

નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ કરતો નથી ‘ત્યાં સુધી નૈમિત્તિકભૂત ભાવને (-રાગાદિભાવને) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી, અને જ્યાં સુધી ભાવને પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી ત્યાં સુધી કર્તા જ છે;...’ આ સિદ્ધ કરે છે. છે અકારક ભગવાન, પણ નિમિત્તનું લક્ષ છોડતો નથી, ભવિષ્યમાં નિમિત્તનું પણ અનુમોદન કર્યા કરે છે, કે આવું હોય તો ઠીક, દ્રવ્ય નિમિત્ત સારું હોય તો (સારુ), સારા નિમિત્ત હોય તો સારુ, એવો ભાવ કર્યા કરે છે ત્યાં સુધી તો રાગાદિનો વિકારનો મિથ્યાત્વનો કર્તા છે. આહાહા..! વિશેષ કહેવાશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૩૫૧ ગાથા–૨૮૩ થી ૨૮૫** બુધવાર, માગશર સુદ ૨, તા. ૨૧-૧૧-૧૯૭૯

'સમયસાર' ૨૮૩ થી ૨૮૫ (ગાથા), એની ટીકા. આપણે ત્રણ વાર આવી ગયું છે. આ 'ચંદુભાઈ' આજે નવા આવ્યા છે ને? ઝીણું પડશે. હિન્દી તો સ્પષ્ટ ચાલે નહિ.

'આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે;...' શું કહે છે? આ દેહમાં રહેલી ચીજ ભગવાનઆત્મા દેહથી ભિન્ન છે. કર્મથી પણ ભિન્ન છે. દ્રવ્ય, દ્રવ્ય એટલે વસ્તુ આત્મા અને એના જે ગુણો, એ તો બધા પવિત્ર છે. પરમેશ્વરસ્વરૂપ જ આત્મા છે. પણ એને કહે છે, કે કારક કેમ થાય છે? વિકારનો કરનાર કેમ થાય છે? એ પોતે તો અકારક જ છે. આહાહાહા..! વસ્તુ જે છે.. ઝીણી વાત છે, ભગવાન! હજી તો સમ્યગ્દર્શનની શૈલી કેમ છે એ વાત ઝીણી છે, ભાઈ! આહાહા..!

આત્મા પોતાથી એટલે સ્વયં આત્મા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવનો સ્વયં આત્મા અકારક છે. આવી વાતું છે. કેમકે એનો સ્વભાવ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અનંત અતીન્દ્રિય આનંદનું દળ છે, પ્રભુ! એ પરમેશ્વરસ્વરૂપ જ આત્મા છે. એથી નિજ સ્વરૂપે આત્મા પોતાને આશ્રયે વિકાર કરે એવું ત્રણકાળમાં બને નહિ. એથી તે આત્મા પોતાથી, સ્વયં પોતાથી રાગ-દ્વેષ એટલે પુણ્ય અને પાપના ભાવ, ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયના ભાવ, ચાહે તો દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતના ભાવ (હોય), બેય વિકાર છે, એ વિકારનો આત્મા પોતાથી અકારક છે, સ્વયં અકારક છે. કેમકે એ પવિત્ર છે. અને એ પવિત્ર વસ્તુ છે એનો જો આશ્રય કરે તો તો પર્યાયમાં, પર્યાયમાં એટલે અવસ્થામાં અતીન્દ્રિય આનંદ ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા થાય. તે પણ દ્રવ્યને લઈને નહિ. ઝીણી વાત છે.

દ્રવ્ય જે વસ્તુ ચૈતન્યપ્રભુ ભગવાન અંદર છે એ તો પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિનો સાગર છે. એ પોતે વસ્તુ છે એ સ્વયં પર્યાયમાં વિકારનો અકર્તા છે. પર્યાયમાં. દ્રવ્ય-ગુણમાં તો છે નહિ. પર્યાયમાં એ અકારક છે, વિકારનો કર્તા આત્મા છે જ નહિ. સમજાય છે કાંઈ? કેમ? કે દ્રવ્ય જે વસ્તુ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, પરમેશ્વર ભગવત્સ્વરૂપ આત્મા, તેને આશ્રયે તો વીતરાગી દશા થાય. તે વીતરાગી દશા પણ દ્રવ્યને લઈને નહિ. એ પોતાની પર્યાયની સ્વતંત્રતાને લઈને આત્મા પોતે પર્યાયમાં નિર્વિકારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ધર્મ, તેની પર્યાયનો કર્તા પર્યાય થાય. સમજાય છે કાંઈ? એથી આત્મા પરનો કર્તા તો નથી પણ નિશ્ચયથી તો નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી. ઝીણી વાત છે, ભાઈ! આહા..!

અરે..! ધરમ તે શું ચીજ છે? બાપુ! દુનિયાને ક્યાં પડી છે, કે મારું શું થશે? હું ક્યાં જઈશ? અહીંની ઉંમર તો પૂરી થવા આવી છે. પાંચ-પચીસ વર્ષ રહેશે પછી દેહ છોડીને ચાલ્યો જશે. ક્યાં જશે? આહાહા..! જેને સ્વ ચીજની ખબર નથી, સ્વ ચીજનું જ્ઞાન, ઓળખાણ, સમ્યગ્દર્શન નથી એ તો ઘણા પશુ ને દેવ ને નરક આદિ યોનિમાં જાય. મનુષ્યનો ભવ તો અનંતે કાળે મળે. મનુષ્યનો ભવ અનંતે કાળે મળે. આહાહા..! એ મનુષ્યના ભવ અનંત કર્યા છે. અબજોપતિ અનંતવાર થયો છે. એના ભવની સંખ્યા કરતાં નરકની સંખ્યા અસંખ્યગુણી અનંતા ભવ કર્યા છે. મનુષ્યના અનંતની સંખ્યા કરતાં, નીચે નારકી છે જેના એક ક્ષણના દુઃખોને કરોડો ભવો અને કરોડો જીભે ન કહી શકાય એવું દુઃખ ત્યાં છે, એવા દુઃખમાં મનુષ્યના ભવના અનંતા ભવની સંખ્યા કરતાં અસંખ્યગુણા અનંતા ભવ નરકના કર્યા છે. આહાહા..! એના કરતાં અસંખ્યગુણા દેવના ભવ કર્યા છે. કેમકે પુણ્ય પણ ઘણીવાર પર્યાયબુદ્ધિએ કરેલું. એ પુણ્યને લઈને, જે નરકના ભવ કર્યા (એની સંખ્યા કરતાં) દેવના ભવો અસંખ્યગુણા અનંતા કર્યા છે. એ કોઈ નવી ચીજ નથી. આહાહા..! એના કરતાં તિર્યંચગતિના ભવ, નિગોદથી માંડીને પંચેન્દ્રિયના ભવ, સ્વર્ગના જે અનંત ભવ કર્યા, નરક કરતાં અસંખ્યગુણા અનંતા, એથી પણ અનંતગુણા અનંતા તિર્યંચના ભવ કર્યા છે. આહાહા..!

એ આત્મા પોતે અકારક છે, પણ પર્યાયમાં એને જે વિકાર અને મિથ્યાભ્રમ થાય છે તેથી તેને આ પરિભ્રમણ થાય છે. તેથી અહીં કહે છે, કે એકલો આત્મા તો અકારક છે. આહાહા..! કેમ? 'કારણ કે, જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ...)' વિકારનો કર્તા હોય તો, આત્મા સ્વયં પોતાથી નિમિત્તના અવલંબન વિના પુણ્ય અને પાપના વિકારી ભાવ સ્વયં કરે તો એનો સ્વભાવ થઈ જાય, તો તો એ ત્રિકાળ થઈ જાય.

'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન...' ભગવાનનો ઉપદેશ એમ આવ્યો, પ્રભુ! તું વર્તમાન રાગથી હટી જા અને ભવિષ્યના રાગનું પચ્ચખાણ કર એટલે રાગ ન કરવા, એવો ત્યાગ કર. એવો જે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો બે પ્રકારનો જે ઉપદેશ છે એ એમ સૂચવે છે કે એકલો આત્મા અકારક છે. એ તો અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન... શુદ્ધનયનો અધિકાર છે ને? એટલે અપ્રત્યાખ્યાન અને અપ્રતિક્રમણ લીધું છે. બાકી એમ કહેવું છે, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કહેવું છે. વર્તમાનમાં રાગ ન કર, ભવિષ્યમાં રાગને છોડ. એવો જે ભગવાનનો ઉપદેશ છે એ એમ સૂચવે છે, કે આત્મા સ્વયં પોતાથી રાગ કરે એવી એ ચીજ નથી. સમજાય છે કાંઈ? આરે! આવી ઝીણી વાતું. કેમકે ભગવાનનો ઉપદેશ જ્યારે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો (છે), એ તો શુદ્ધનયનો અધિકાર છે એટલે એમ લીધું. બાકી તો પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કહેવું છે. વર્તમાન રાગથી હટી જા અને ભવિષ્યમાં રાગને કરીશ નહિ, એવું પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કર. એ એમ સૂચવે છે કે પોતે આત્મા સ્વયં અકારક છે. એ તો પર્યાયબુદ્ધિ જ્યારે કરે છે ત્યારે તે વિકારને કરે છે.

હવે એથી ઝીણો સિદ્ધાંત છે. ‘અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.’ એ તો ફક્ત બે પ્રકાર લીધા. વર્તમાનનું પ્રતિક્રમણનું સ્વરૂપ અને ભવિષ્યના પચ્ચખાણનું સ્વરૂપ. એ બતાવ્યું છે એ એ જ બતાવે છે, કે આત્મા સ્વયં અકારક છે. તેથી પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાનનો છૂટવાનો ઉપદેશ છે એ છૂટી શકે છે અને છૂટવાનો એનો સ્વભાવ છે. ‘ચંદુભાઈ’! આહાહા..! ઝીણું છે આમાં, હોં! ‘ન્યાલભાઈ’! ન્યાં ક્યાંય સંભળાય એવું નથી અને સમજાય એવું નથી. ધૂળમાં ન્યાં એકલા પાપ છે. આહાહા..! વાત સાંભળવી કઠણ પડે, પ્રભુ! એ સમજે કે દિ’? અને જન્મ-મરણ મૂકે કે દિ’?

પ્રભુ એમ પોકારે છે, કે અમે એમ કહ્યું, કે વર્તમાન વિકારથી હટી જા, ભવિષ્યમાંથી હટી જા. એમ કહેતાં જ આત્મા સ્વયં પોતાથી વિકારનો કર્તા જો હોય તો, હટી જા, એ વાતનો ઉપદેશ આવી શકે નહિ. ‘સંઘવી’ સંભળાય છે? સંભળાય છે ને થોડું થોડું? હેં? (મશીન) મૂક્યું છે? હા, ઠીક. મશીન મૂક્યું છે.

આ આત્મા કેમ અકારક છે? કે પ્રભુનો ઉપદેશ જ્યારે વર્તમાન અને ભવિષ્યના રાગથી ખસી જા (એમ છે તો) એમ કહેવાનો આશય એ છે, કે એકલો આત્મા વિકારને કરે એવું છે નહિ. સમજાય છે કાંઈ? કેમકે એકલો આત્મા એ તો દ્રવ્ય અને ગુણ પવિત્રતાનો પિંડ છે. અનંત અનંત અનંત અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. અરે..રે..! કેમ બેસે? અતીન્દ્રિય પ્રભુતાનો પિંડ આત્મા છે, પરમેશ્વર છે, પ્રભુ છે, ભગવત્ છે, ભગવાન છે. આહાહા..! એવું એનું વાસ્તવિક સ્વરૂપ આવું છે. એ ભગવાન પોતે પોતાને આશ્રયે વિકાર કરે એવું ત્રણકાળમાં બને નહિ. તેથી પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાનનો ઉપદેશ એમ સૂચવે છે કે એ પર્યાયમાં એ કરે છે, દ્રવ્યમાં એ છે નહિ. આહાહા..! અને તે પણ.. છે?

‘અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે...’ હવે શું કહે છે જરી? કે વર્તમાનમાં નિમિત્ત જે પરદ્રવ્યો છે, આ આત્મા સ્વદ્રવ્ય સિવાય જેટલા પરદ્રવ્ય છે, ચાહે તો સ્ત્રી-કુટુંબ હોય કે ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો, પણ એ બધા નિમિત્ત જે છે, દ્રવ્ય નિમિત્ત, એ નિમિત્તને અહીં દ્રવ્ય કીધું છે. કેમકે નિમિત્તને લક્ષે વિકાર કરે છે. નિમિત્તથી નહિ, દ્રવ્ય સ્વભાવથી નિર્વિકારી પર્યાય નહિ. ઝીણી વાત છે, ભગવાન! શું કહ્યું સમજાણું?

ફરીને, વસ્તુ જે ભગવાનઆત્મા અનંત આનંદનો કંદ છે, એ તો અતીન્દ્રિય આનંદનો રસકંદ પિંડ છે. એ પોતે સ્વયં વિકાર કરે એવું સ્વરૂપ છે જ નહિ. તેમ નિર્વિકારી પર્યાય પણ દ્રવ્યને લઈને થાય એમ પણ નથી. ફક્ત દ્રવ્ય ઉપર પર્યાય લક્ષ કરે છે તેથી તે પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એ અતીન્દ્રિય આનંદના સ્વાદની પર્યાય સ્વતંત્ર ષટ્કારકપણે પરિણમતી ઊભી થાય છે. જે દ્રવ્યને કારણે પણ નહિ. એમ અહીંયાં જ્યારે દ્રવ્યમાં ગુલાંટ ખાય છે, પરદ્રવ્યમાં જ્યારે લક્ષ જાય છે ત્યારે પરદ્રવ્યથી વિકાર થાતો નથી.

જેમ સ્વદ્રવ્યથી નિર્વિકારી પર્યાય થતી નથી. એ.. 'ચંદુભાઈ'! ઝીણી વાત છે, ભાઈ! આ તો સાધારણ હજી વાત આ. અરે..રે...! સાંભળવા મળે નહિ એ સમજે કે દિ'? એના જન્મ-મરમ કે દિ' ટળે? આહાહા..! ભવિષ્યમાં તો અનંત અનંત કાળ ગાળવાનો છે. આત્મા તો અનાદિઅનંત છે. અજ્ઞાનમાં અહીંથી છૂટીને ક્યાંક તો જાશે. આહાહા..!

અહીં કહે છે, કે એકલો આત્મા.. આહાહા..! પર્યાયમાં વિકાર કરે એવું એનું સ્વરૂપ જ નથી. એ નિર્વિકારી પર્યાય જે ધર્મની થાય એ પણ સ્વતંત્ર પર્યાય દ્રવ્યના લક્ષે થાય પણ દ્રવ્યથી થાય નહિ. એમ પોતાનું જ્યારે લક્ષ અને આશ્રય છોડીને એકલો આત્મા અકારક છે માટે એનું લક્ષ પરદ્રવ્ય નિમિત્ત ઉપર જાય છે. નિમિત્તથી થતું નથી. જેમ નિર્વિકારી ચીજ ભગવાન છે તેથી નિર્વિકારી ધર્મદશા થતી નથી, ધર્મદશા સ્વતંત્ર થાય છે. એમ વિકાર પણ આત્મા સ્વયં કરે એ તો છે નહિ. ત્યારે વિકાર થાય છે ને એ શું છે? કે પરદ્રવ્ય એમાં નિમિત્ત છે. વિકાર કરે એમાં પરદ્રવ્ય નિમિત્ત છે અને વિકાર તેમાં નૈમિત્તિક છે. એ નૈમિત્તિક વિકાર નિમિત્તને લક્ષે કરે છે પણ નિમિત્તથી થતો નથી. 'ચંદુભાઈ'! આહાહા..! આવું હવે ક્યાં નવરાશ આમાં? આખો દિ' પાપ. ધર્મ તો ન મળે પણ પુણ્યના પણ ઠેકાણા ન મળે. ચાર-ચાર કલાક વાંચન, મનન. સાચા સત્‌શાસ્ત્ર, હોં! અડધો કલાક-કલાક વાંચે અને શુભભાવ થાય. એરણની ચોરી અને સોયનું દાન. એ તો એરણની ચોરી. સોનીની લોઢાની એરણ આવે એની ચોરી અને સોયનું દાન. એવું બે ઘડી ભક્તિ, પૂજા કરી, (બાકી) ત્રેવીસ કલાક પાપમાં (જાય). આહાહા..! એરણની ચોરી અને સોયનું દાન. ઊંચું ન આવે, એ પુણ્ય ધર્મ તો નથી પણ પુણ્ય પણ ઊંચું ન આવે, એમ કહે છે. આહાહા..!

અહીં તો પ્રભુનો ત્રણલોકના નાથનો એમ પોકાર છે, કે આત્મા સ્વયં અકારક છે. કેમકે એને નિવર્તવાનો ઉપદેશ છે એનો અર્થ એ છે, કે એ નિવર્તવાનું એનું સ્વરૂપ જ છે. ત્યારે એ વિકાર થાય છે એ શી રીતે? પરનું પ્રતિક્રમણ કરતો નથી એટલે હટતો નથી, ભવિષ્યમાંથી હટતો નથી. એક વાત. હવે એના બે પ્રકાર. વર્તમાનમાં નિમિત્તથી હટતો નથી અને નિમિત્તને આશ્રયે થતા વિકાર, ન્યાંથી હટતો નથી. ઝીણું છે, ભાઈ! આ તો ચોથી વાર ચાલે છે. આહાહા..! ઝીણી વાતું. વીતરાગના મારગડા જુદા છે. જન્મ-મરણના અંત લાવવાના માર્ગ કોઈ અલૌકિક છે. આહાહા..!

કહે છે, કે એકલો આત્મા વિકારનો અકારક છે. કેમકે વિકારથી હટવાનો ઉપદેશ જ્યારે વીતરાગનો છે ત્યારે એ એમ જ સૂચવે છે, કે એકલો આત્મા અકારક છે. ત્યારે હવે એ વિકાર થાય છે ને? ત્યારે કહે છે, વિકારનું પ્રતિક્રમણ કરતો નથી, ફરતો નથી, પચ્ચખાણ કરતો નથી. એ ભાવઅપ્રત્યાખ્યાન અને (ભાવ)અપ્રતિક્રમણની વ્યાખ્યા કરી. હવે એ અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના બે પ્રકાર પાછા. એક નિમિત્ત ઉપર લક્ષ છે એટલે એનું પ્રતિક્રમણ કરતો નથી, ન્યાંથી ખસતો નથી અને નિમિત્તને આશ્રયે થતા વિકાર, એનાથી

ખસતો નથી. એટલે નિમિત્ત-નિમિત્ત સંબંધે વિકારની જાહેરાત થાય છે. આહાહા..! નિમિત્તથી નહિ. સમજાય છે કાંઈ? સમજાય એટલું સમજો, બાપુ! આ માર્ગ તો કોઈ અલૌકિક છે. દુનિયામાં ક્યાંય મળે (એમ નથી). અત્યારે તો સંપ્રદાયમાં એ વાત નથી. આહાહા..! વાત બધી ગોટે ચડી ગઈ છે. શું કીધું?

શુદ્ધનયનો અધિકાર છે એટલે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન શબ્દ (લીધો છે). નહિતર તો અહીં પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન જ છે. પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાનના બે પ્રકાર થયા. એક તો દ્રવ્ય નિમિત્ત. કીધું? ખરેખર દ્રવ્ય એટલે પરવસ્તુ અને ભાવ (એટલે) એ નિમિત્તને આશ્રયે થતો વિકાર, એ ભાવ. એટલે દ્રવ્ય અપ્રતિક્રમણ, ભાવ અપ્રતિક્રમણ. દ્રવ્ય અપ્રત્યાખ્યાન, ભાવ અપ્રત્યાખ્યાન. એવા બે બે ભેદ પડ્યા. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો ગુજરાતી સહેલી છે. ભાવ તો બહુ મોંઘા છે, બાપા! આહાહા..!

નિમિત્ત (એટલે) પર દ્રવ્ય. ચાહે તો સ્ત્રી, કુટુંબ–પરિવાર દ્રવ્ય હો, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો, પણ પરદ્રવ્ય નિમિત્ત છે અને નિમિત્તને આશ્રયે વિકાર થાય તે નૈમિત્તિક છે. આત્માને આશ્રયે થાય નહિ. આત્માને આશ્રયે તો નિર્વિકારી પર્યાય પણ થાય નહિ. આહાહા..! ગજબ વાત છે. નિર્વિકારી પર્યાય સ્વતંત્ર પોતાથી કર્તા, કર્મ છ કારકે પરિણમતી, થતી ધર્મની પર્યાય ઉત્પન્ન થાય છે. એમ વિકાર જે થાય છે એમાં લક્ષ છે નિમિત્ત, પરદ્રવ્ય છે પણ પરદ્રવ્યથી થતો નથી. એ વિકારની પર્યાય પણ ષટ્કારકથી પરિણમતી નિમિત્તની અપેક્ષા વિના સ્વતંત્ર થાય છે. આહાહા..! ... સ્થાનકવાસીમાં સામાયિક કરો, પોષા કરો.. દેરાવાસીમાં પૂજા કરો, ભક્તિ કરો. આ 'સમેદશીખર' અને 'ગીરનાર' જાઓ, થઈ ગયો ધર્મ! ધૂળમાંય ધરમ નથી, બાપા! બાપુ! તને ખબર નથી. આહા..! ધર્મ કોઈ અલૌકિક ચીજ છે, પ્રભુ! આહાહા..!

ભગવત્ ભગવાન સ્વરૂપે તો પ્રભુ તને બોલાવે છે. ભગવાન તરીકે બોલાવે છે. એ ભગવાનઆત્મા પોતે પોતાથી વિકાર કરે એવું સ્વરૂપ એમાં છે જ નહિ. પર્યાયમાં વિકાર કરે એવું એનું સ્વરૂપ નથી. આહાહા..! અનાદિથી એને સ્વદ્રવ્યનો આશ્રય નથી અને તેથી તેને પરદ્રવ્યનો આશ્રય છે. દેવ-ગુરુ અને શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, દેહ, પૈસો ને લક્ષ્મી એ બધા પરદ્રવ્ય છે, એ નિમિત્ત દ્રવ્ય છે અને એને આશ્રયે થતો નૈમિત્તિક વિકાર, એ નિમિત્ત અને નૈમિત્તિક. છે?

'તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...' આહાહા..! શું શબ્દો! આ 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત મુનિ. આહાહા..! ગજબ કામ કરે છે. કહે છે, કે પ્રભુ! એકવાર સાંભળ! તારો નાથ પરમેશ્વર પરમાત્મા છે એ તો દ્રવ્ય-ગુણે શુદ્ધ જ છે. પણ તેનો આશ્રય કરીને પર્યાય થાય, એનું લક્ષ કરીને પર્યાય થાય પણ એ પર્યાય પણ સ્વતંત્ર થાય. નિર્દોષ નિર્વિકારી ધરમ, આનંદ, અતીન્દ્રિય આનંદનો સ્વાદ એવો જે

ધર્મ એ સ્વતંત્ર થાય છે. એમ આમ બાજુમાં જ્યારે વિકાર થાય છે ત્યારે ત્યાં સ્વનો આશ્રય નથી. તેમ પર્યાયમાં નિર્વિકારી દશા નથી. તેથી પરદ્રવ્ય જે નિમિત્ત છે તેમાં એનું લક્ષ જાય છે. નિમિત્ત કરાવતું નથી, નિમિત્તથી થતું નથી પણ નિમિત્ત ઉપર લક્ષ જાય છે એથી અંદર નૈમિત્તિક મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષ વિકાર થાય છે. આહાહા..! આ ન્યાં 'સ્વીટઝરલેન્ડ'માં ક્યાંય સાંભળ્યું નથી, ધૂળમાં. એ..ઇ..! 'હિંમતભાઈ'! આ તમારો ભત્રીજાને ઠપકો આપીએ છીએ. આહાહા..! પ્રભુ.. પ્રભુ..! શું માર્ગ.. શું માર્ગ..! આહાહા..!

દ્રવ્ય અને ભાવ એવા બે (ભેદ) કીધા. દ્રવ્ય અને ભાવ અપ્રતિક્રમણ અને દ્રવ્ય અને ભાવ અપ્રત્યાખ્યાન. પહેલા અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન બે જ કીધાં. વર્તમાન પ્રતિક્રમણ, ભવિષ્યનું પ્રતિક્રમણ. પછી એના બે ભેદ પાડ્યા. કેમકે જે દોષ છે એ દોષ સ્વતંત્ર પર્યાયમાં પરના લક્ષ વિના થતો નથી. થાય છે પોતાથી, પણ જે મિથ્યાત્વ દોષ છે, એ દેવ-ગુરુ-શાસ્ત્ર, કુદેવ આદિ તેમાં નિમિત્ત છે. અને પુણ્ય પરિણામ થાય છે તેમાં દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે. એ વિકારમાં દ્રવ્ય જે નિમિત્ત છે અને એના નિમિત્તથી થતો નૈમિત્તિક વિકારીભાવ, એ દ્રવ્ય-ભાવના 'નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો...' આહાહા..! ગજબ વાત છે, બાપા! દુનિયાથી જુદી જાત છે, ભાઈ! પાપ આડે નવરાશ–ફૂરસદ ન મળે. ધર્મ તો નહિ પણ પુણ્યના પણ ઠેકાણા ન મળે. ચાર-ચાર કલાક સુધી વાંચન, સત્ સત્ વાંચન. સાચા શાસ્ત્રનું (વાંચન). અને સાચો સમાગમ. પુણ્ય તો બાંધે, ધરમ તો એકબાજુ રહ્યો.

અહીં કહે છે, કે દ્રવ્ય અને ભાવ જે જાહેર થાય છે... છે? 'દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...' દ્રવ્ય તે નિમિત્ત અને ભાવ તે નૈમિત્તિક વિકાર. મિથ્યાભ્રાંતિ, રાગ-દ્વેષ આદિ. એ જાહેર કરતો થકો, નિમિત્ત-નૈમિત્તિકને જાહેર કરતો થકો 'આત્માના અકર્તાપણાને જ જણાવે છે.' હેં?

મુમુક્ષુ :– અકારકપણું સિદ્ધ કર્યું.

ઉત્તર :– હા, અકારકપણું સિદ્ધ કર્યું. ઓહોહો..! ભગવાનઆત્મા..! આમાં પુનર્યુક્તિ દોષ ન લાગે. આહાહા..! એકલો પ્રભુ સચ્ચિદાનંદ અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય પ્રભુતા અને અતીન્દ્રિય વીતરાગસ્વરૂપ. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. અનંત અનંત શાંતિ અને વીતરાગભાવથી ભરેલો ભગવાન, એ પોતે ભગવાનઆત્મા સ્વયં લક્ષે પર્યાયમાં વિકાર કરે એવું એનું સ્વરૂપ જ નથી. આહાહા..! એ તો અકારક છે. કેમ અકારક છે? કે દ્રવ્ય અને ભાવ અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનની વ્યાખ્યા કરી એ જ બતાવે છે કે ખસવાનું, હટવાનું કહીએ તો એ છૂટી જાય છે, એમાં છે નહિ. અને એમાં પણ પાછા દ્રવ્ય અને ભાવ બે પ્રકાર કહ્યા. કારણ કે વિકાર થાય છે એ નિમિત્તને લક્ષે થાય છે. નિમિત્તથી નહિ, નિમિત્તથી નહિ, નિમિત્તના લક્ષે થાય છે. આહાહા..! કહો, 'રતિભાઈ'! આ તમારા માટે ફરીને માંડ્યું, હોં! 'રામજીભાઈ'એ કહ્યું હતું, 'ચંદુભાઈ' આવે તો ફરીને

કહેવું પડશે. આહાહા..! આ ભાઈ પણ પહેલુવહેલુ સાંભળે છે ને! આહા..! ઝીણી વાત બહુ, પ્રભુ! શું કરીએ? આહાહા..!

ધર્મ કોઈ એવી ઝીણી ચીજ છે અને એના વિના જન્મ-મરણ મટે એવું નથી. મરી ગયો અનંતવાર. નરકમાં, નિગોદમાં (ગયો). આહાહા..! 'રત્નકરંડ શ્રાવકાચાર' તો એમ કહે છે, કે પ્રભુ! એ નરકના તેંત્રીસ સાગરના દુઃખોમાં તું અનંતવાર ગયો. અનંતવાર ગયો, પ્રભુ! એના એક ક્ષણના દુઃખ, નાથ! શું કહીએ? એક ક્ષણના દુઃખ કરોડો ભવે અને કરોડો જીભે ન કહેવાય, એવા ક્ષણના દુઃખ તેં વેંઠ્યા. એવા એવા સાગરોપમ અને તેંત્રીસ સાગરોપમ અનંત કાઢ્યા. આહાહા..! પ્રભુ! તને વિચાર આવ્યો નહિ. તારી જાતને કેમ ઉગારવી એનો વિચાર ન આવ્યો, પ્રભુ! આહાહા..! અને પરજાતના નિમિત્તમાં ઘેરાઈ ગયો. આહાહા..! નિમિત્તે ઘેરો ઘાલ્યો છે. નિમિત્તે ઘેરો ઘાલ્યો નથી, નિમિત્તમાં પોતે ઘેરો ઘાલ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, ભાઈ! 'ન્યાલભાઈ'! હેં? માર્ગ તો આ છે, બાપા! માર્ગ એવો છે, પ્રભુ! શું કરીએ? ભાઈ! આહાહા..!

પ્રભુ એમ કહે છે, કે દ્રવ્ય અને ભાવ અપ્રતિક્રમણ જે બે કહેવામાં આવ્યા અને દ્રવ્ય અને ભાવ બે અપ્રત્યાખ્યાન કહેવામાં આવ્યા એમાં એમ સિદ્ધ થયું કે, પરદ્રવ્ય નિમિત્ત છે અને નિમિત્તને લક્ષે મિથ્યાત્વ, રાગ-દ્વેષ, અજ્ઞાન થાય છે. એ નિમિત્ત-નિમિત્ત સંબંધ એમ જાહેર કરે છે, કે આત્મા સ્વયં અકારક છે. આહાહા..! ગુજરાતી પણ ઝીણું પડે, હિન્દીમાં તો મુશ્કેલ પડે. માર્ગ કોઈ જુદી જાત છે, પ્રભુ! આહાહા..! એવી ચીજ છે. શું થાય?

પરમાત્મા દિવ્યધ્વનિ દ્વારા પોકાર કરે છે, સંતો આડતિયા થઈને જગતને બતાવે છે. આહા..! માલ પ્રભુનો છે, આડતિયા થઈને સંતો જગતને જાહેર કરે છે, કે પ્રભુ આમ કહે છે. આહાહા..! પ્રભુ! તું આત્મા ભગવત્‌સ્વરૂપ છો, નાથ! બધા દેહમાં બિરાજમાન પ્રભુ છે. એ દેહથી ભિન્ન છે. આહા..! એની પર્યાયમાં.. પર્યાય સમજાય છે? અવસ્થા, એની અવસ્થામાં–એની પર્યાયમાં કર્મ, શરીર, સ્ત્રી, કુટુંબ, ધંધો એની પર્યાયમાં છે જ નહિ. એની પર્યાય–અવસ્થા જે છે, દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે, દ્રવ્ય વસ્તુ, ગુણ તો ત્રિકાળ ધ્રુવ છે, પણ એની વર્તમાન દશા છે, અવસ્થા જે પર્યાય, હાલત છે, આ વિચાર બદલાય એ પર્યાયમાં કર્મ, શરીર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, ધંધો, દેવ-ગુરુ ને શાસ્ત્ર તારી પર્યાયમાં છે નહિ. આહાહા..! ત્યારે એની પર્યાયમાં છે શું? નિમિત્તને લક્ષે (નિમિત્તનો) આશ્રય કરીને વિકાર કરે છે તે તારી પર્યાયમાં છે. એ વિકાર દ્રવ્ય-ગુણમાં નથી, એ વિકાર પરથી થતો નથી. 'ચંદુભાઈ'! આહાહા..!

એ વિકાર સંસારનું જે દુઃખ છે, રાગ અને દ્વેષ એકલું દુઃખ છે, પ્રભુ! એને ખબર નથી કે હું દુઃખી છું. અજ્ઞાની મૂઢતાને લઈને... આહાહા..! બાળક નાનો હોય અને એની

મા એ દૂધ બહુ વધારે પીવરાવ્યું હોય તો શેરણું થાય. ઉનાળાનો દિ' હોય તો બાળક એને ચાટે અને માને કે મને ઠંડક થાય છે. એમ પ્રભુ! અજ્ઞાનભાવે અનાદિથી પરદ્રવ્યમાં સુખ છે એવી કલ્પના કરીને દુઃખને ચાટે છે. આહાહા..! દુઃખને વેદે છે, દુઃખી છે. અબજોપતિ રાજા, દેવ બધા દુઃખી છે. આત્માના જ્ઞાન ને ભાન વિના દુઃખી છે. એ દુઃખ કેમ ઉત્પન્ન થયું? કે પરદ્રવ્ય ઉપર લક્ષ છે તેથી ત્યાં દુઃખની દશા ઉત્પન્ન થાય છે. એ નિમિત્ત-નૈમિત્તિક એમ જાહેર કરે છે, કે આત્મા સ્વયં અકારક છે. ન્યાય સમજાય છે? ભાઈ! સમજાય એવું છે આ તો. જરી કઠણ છે. આહાહા..! ભાઈ! એવો વખત ક્યારે મળે? બાપા! સાંભળવું પણ મુશ્કેલ. એને સમજવું અને અંદર પરિણમવું... ઓહોહો..! એ વિના જન્મ-મરણના અંત નહિ આવે, નાથ! ચોરાશીના અવતાર કર્યા.

એ નિમિત્ત-નૈમિત્તિક એમ જાહેર કરે છે, નિમિત્ત કરાવતું નથી, પણ વિકાર, મિથ્યાત્વ, રાગ-દ્વેષમાં લક્ષ પર ઉપર જાય છે તેથી તે નિમિત્ત અને આ નૈમિત્તિક, એવો વ્યવહાર સંબંધ એમ જાહેર કરે છે, કે ઉપરથી પર્યાયમાં અને નિમિત્તમાં બેને સંબંધ છે. એ નિમિત્ત-નૈમિત્તિક વ્યવહાર એમ જાહેર કરે છે, કે આત્મા એકલો વિકારનો કર્તા છે નહિ, આત્મા અકારક છે. આહાહા..! એ રાગનો પણ કર્તા નથી. દયા, દાનના વિકલ્પનો કર્તા આત્મા નથી. અર..ર..ર...! આવી વાતું હવે. સમજાય છે કાંઈ? આહા..! કેમકે એ વિકાર છે. વિકાર દ્રવ્યમાં નથી, ગુણમાં નથી તો કોને આશ્રયે વિકાર કરે? આહાહા..!

એ વિકાર તો નિમિત્ત પરદ્રવ્ય ઉપર લક્ષ (જાય છે તો થાય છે). વિકાર પરદ્રવ્યથી (થતો) નથી, પરદ્રવ્યથી નહિ. જેમ નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય સ્વદ્રવ્યથી (નથી થતી), ભલે લક્ષ ત્યાં કર્યું છે પણ પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન કરી છે. મોક્ષનો માર્ગ અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય સ્વતંત્ર-સ્વતંત્ર કર્તા-કર્મથી ઉત્પન્ન થઈ છે. એમ વિકાર સ્વતંત્રપણે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરે છે. ફક્ત તેનું લક્ષ નિમિત્ત ઉપર જાય છે. એ નિમિત્ત ઉપર લક્ષ જતાં, સ્વનું લક્ષ છૂટતાં, નૈમિત્તિક દશામાં-પર્યાયમાં વિકાર જે થાય છે એ વિકાર નૈમિત્તિક અને ચીજ નિમિત્ત, એ બે પર્યાયમાં અધ્ધરથી એમ જાહેર કરે છે કે એકલો આત્મા અકારક છે. સમજાય છે કાંઈ? 'રતિભાઈ'! આ રૂપિયા-બુપિયાથી બીજી બધી વાતું છે. આહાહા..!

એ 'નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...' આહા..! વસ્તુ જે ત્રિકાળી દ્રવ્ય અને ગુણ પરમાત્મસ્વરૂપ છે તેનો આશ્રય ન લેતા, પર્યાયમાં પર્યાયબુદ્ધિવાળો નિમિત્ત ઉપર લક્ષ કરે છે તેથી તેને નૈમિત્તિક દશા પોતાથી પોતામાં થાય છે, નિમિત્તથી થતી નથી. આરે..! આરે..! આમાં કેટલું યાદ રાખવું? આ ચોપડા-બોપડામાં ક્યાંય આવતું ન હોય આમાં ક્યાંય. આહાહા..! સમજાય એવું છે, ભગવાન! સમજાય એને સમજાવ્યું છે ને? આ કંઈ જડને નથી કહેતા. આ તો જડ છે. અંદર રાગ પણ જડ છે. અંદર ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ છે ને? એને કહે છે, પ્રભુ! તું સ્વયં એકલો વિકારનો અકર્તા છો, હોં! સ્વયં અકર્તા ન

હોય તો નિમિત્ત-નિમિત્ત સંબંધ એમ જાહેર કરે છે, કે એને કારણે વિકાર થાય છે, નિમિત્તને લક્ષે થાય છે, તારે લક્ષે વિકાર થાતો નથી. આહાહા...! સમજાય એટલું સમજવું, ભગવાન! આ તો વીતરાગનો માર્ગ છે, પ્રભુ! સર્વજ્ઞ જિનેશ્વરદેવ એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જેણે જોયા, એમનો આ દિવ્યધ્વનિનો ઉપદેશ સંતો મહાવિદેહમાંથી લાવ્યા. આહાહા...! ભગવાન 'સીમંધર' પ્રભુ બિરાજે છે ત્યાંથી આ 'કુંદકુંદાચાર્યદેવ' લાવ્યા, એનો અર્થ 'અમૃતચંદ્રાચાર્યદેવે' ત્યાં ગયા વિના આવા અર્થ કર્યા. આહાહા...! એ શું કહ્યું?

આત્મા સ્વયં એકલો અકારક છે. કેમ? કે પર નિમિત્ત છે એના ઉપર એનું લક્ષ જાય છે. અહીં (સ્વરૂપમાં) લક્ષ ન જતાં, ન્યાં લક્ષ જાય છે. અને અહીં લક્ષ હોય તો તો નિર્વિકારી પર્યાય સ્વતંત્ર પર્યાય થાય. આ બાજુ લક્ષ નથી તો આમ લક્ષ કરે છે તેથી તે નિમિત્ત એને વિકાર કરાવતું નથી પણ નિમિત્તના સંબંધે તે વિકાર કરે છે તે નિમિત્ત-નિમિત્ત સંબંધ એમ જાહેર કરે છે, કે આત્મા એકલો અકારક છે. નિમિત્તના લક્ષ વિના એકલો આત્મા અકારક છે. આહાહા...! સમજાય છે કાંઈ? આમાં લખ્યા તારે એવું આમાં કાંઈ નથી. એવી ચીજ છે, પ્રભુ!

'આત્માના અકર્તાપણાને જ...' જાહેર કરે છે. જોયું? આત્મા પોતાથી રાગાદિનો અકારક છે, એમ પહેલો શબ્દ હતો ને? એને અહીં સિદ્ધ કર્યું. અકારક છે એને આ રીતે સિદ્ધ કર્યું. આહાહા...! આ કાંઈ વાર્તા નથી, બાપા! આ કથા નથી, પ્રભુ! આ તો અંતરની વાતું છે. આહાહા...! જન્મ-મરણ કેમ કરી રહ્યો છે? એ જન્મ-મરણ ચોરાશીના અવતાર કેમ કરી રહ્યો છે? એકલા આત્માને આશ્રયે કરી રહ્યો નથી. ફક્ત એનું લક્ષ આ (અંતર) બાજુ ન જતાં, આ બાજુ (બહાર) જાય છે તો નિમિત્તને લક્ષે અધ્ધર વિકાર કરે છે. એ વિકારને લઈને પરિભ્રમણ થાય છે. નિમિત્તથી નહિ, દ્રવ્ય-ગુણથી નહિ. સમજાણું કાંઈ? આહાહા...! આ તો ગમે એટલી વાર વાત કરે તો એની ગંભીરતાનો પાર ન મળે. આહા...!

બીજી રીતે કહીએ તો દ્રવ્ય જે વસ્તુ છે, તેની જો બુદ્ધિ કરે તો પર્યાયમાં નિર્મળ, નિર્વિકાર દશા સ્વતંત્ર થાય. એ દ્રવ્યને લઈને નહિ. દ્રવ્યને લઈને હોય તો એકસરખી (પર્યાય) થવી જોઈએ, પણ પર્યાયની સ્વતંત્રતા, ભલે લક્ષ ત્યાં છે, પણ લક્ષમાં કર્તાપણામાં સ્વતંત્રપણે લક્ષ કરીને, દ્રવ્યનું સ્વતંત્રપણે લક્ષ કરીને પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધર્મ થાય છે. એ થતું નથી ત્યારે આ વિકાર થાય છે એ શું છે? કે દ્રવ્ય અને ગુણનું લક્ષ કરતો નથી, તેની પર્યાયનું લક્ષ નિમિત્ત ઉપર જાય છે. જેની પર્યાય છે તેનું લક્ષ ત્યાં ન જતાં, જેની પર્યાય છે ત્યાં ન જતાં, જેની પર્યાય નથી અને જેમાં એ નથી, એ પર્યાય જેમાં નથી અને એ ચીજ પર્યાયમાં નથી (તેના ઉપર લક્ષ કરે છે તો વિકાર થાય છે). આહાહા...! સમજાણું કાંઈ? એ નિમિત્ત-નૈમિત્તિક એમ જાહેર કરે છે, કે એકલો આત્મા ભગવાન અકારક છે. નિમિત્ત-નિમિત્ત સંબંધે વિકાર કરીને તે રખડી મર્યો છે. આહાહા...! કહો, સમજાય છે કે

નહિ? ભાષા તો સાદી છે. પણ હવે શું થાય? પ્રભુ! પ્રભુના વિરહ પડ્યા, લોકોએ આવી વાણીના અર્થો સ્વચ્છંદે અનેક કર્યા, અનેક પ્રકારે કર્યા. જે કહેવા માગે છે ચીજ એને છોડીને એમ ને એમ અનાદિથી રખડે છે. આહાહા..!

'માટે એમ નક્કી થયું...' શું કહે છે? જુઓ! 'માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે...' આમાં લોકો જોર આપે. પરદ્રવ્ય નિમિત્ત છે. નિમિત્ત છે એનો અર્થ કે, બીજી ચીજ લક્ષમાં છે, એટલું. પરદ્રવ્ય નિમિત્ત છે માટે એનાથી થાય છે, એમ નહિ. આહાહા..! વાતું ભારે. 'પંચાસ્તિકાય'ની ૬૨મી ગાથામાં કીધું છે ને? ૩૨-૩૩ વર્ષ પહેલા 'ઇસરી'માં બહુ મોટી ચર્ચા થઈ ગઈ છે. આત્મામાં વિકાર થાય છે એ ષટ્ગુણ-કર્તા, કર્મ ષટ્કારકે થાય છે. વિકારની પર્યાય કર્તા, કર્મ, સંપ્રદાન, અપાદાન પોતાથી થાય છે, નિમિત્તથી નહિ, દ્રવ્ય-ગુણથી નહિ. આહાહા..! એમ ધર્મની પર્યાય પણ નિમિત્તથી તો નહિ, ત્યાં લક્ષ છે નહિ, પણ આ દ્રવ્યનું લક્ષ કરે છે તેથી દ્રવ્યને લઈને અહીંયાં નિર્મળ પર્યાય થાય છે એ વ્યવહાર ભાષા છે. બાકી સ્વતંત્ર નિર્મળ પર્યાય પોતે તે પણે કર્તા, કર્મ થઈને નિર્દોષ ધર્મની દશા પ્રગટ કરે છે. તેથી એમ ઠર્યું કે, એકલો આત્મા નિમિત્તના લક્ષના સંબંધ વિના નિમિત્ત-નિમિત્ત સંબંધ એમ જાહેર કરે છે, કે એ સંબંધ છે ત્યારે રાગનો કર્તા થાય છે. નિમિત્ત-નિમિત્ત સંબંધ ન કરે તો દ્રવ્ય એકલું છે ઇ વિકારનો કર્તા છે નહિ. આહાહા..! ભારે આકરું કામ. આટલી લીટીમાં આવું કાઢવું. માર્ગ આવો છે, પ્રભુ! આહા..! બહારની હોંશું મારી નાખે છે. આહા..!

પોતાની ચીજ જે અંદર છે.. નિમિત્તનો પ્રશ્ન ઉઠ્યો છે ને? પોતાનો સ્વભાવ જે અનંત આનંદાદિ છે તેની એને વિસ્મયતા, આશ્ચર્યતા નથી અને આશ્રયતા નથી. વિસ્મયતા, આશ્રયતા, આશ્ચર્યતા એને એના સિવાય બીજી કોઈપણ ચીજ પૈસા, બાયડી, છોકરા, શરીર રૂપાળું, પૈસા, મકાનની એની એને વિસ્મયતા, આશ્ચર્યતા અને અધિકતા આત્મા કરતા વિશેષ ભાસે છે. આહાહા..! આ જ એને મારી નાખે છે, સંસારમાં રખડાવે છે. છે ને?

'માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે...' નિમિત્ત છે એમાં વાંધા ઉઠે. નિમિત્ત છે કે નહિ? પણ વસ્તુ કોણે ના પાડી? નિમિત્ત છે પણ નિમિત્ત અહીં વિકાર કરાવે છે એમ ક્યાં છે? નિમિત્તને નૈમિત્તિક અડતુંય નથી. નૈમિત્તિક વિકાર જે કરે છે એ નિમિત્તને અડતુંય નથી. તેમ નિમિત્ત છે ઇ વિકારને અડતું નથી. ફક્ત એનું લક્ષ ન્યાં જાય છે. અહીં લક્ષ ન જતાં, ન્યાં જાય છે. માટે એ નિમિત્ત છે, પરદ્રવ્ય નિમિત્ત છે. નિમિત્ત કારણ છે માટે થાય છે એમ નહિ. આહાહા..! આવો ઉપદેશ હવે. ઓલું તો દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો, ભગવાનનો ફોટો મૂકીને એક કલાક ભક્તિ કરે, વાંચે.. થઈ રહ્યું. (બાકીના) ત્રેવીસ કલાક પાપ (કરે). .... આવું છે, બાપુ! આહાહા..! ભગવાન! તારે માટે કલાક, અડધો કલાક પણ નહિ? પરને માટે, એ વ્યવહારને માટે કલાક કાઢ્યો તો

ધ્યાન થઈ ગયું, આપણે ધર્મ થઈ ગયો. આહાહા..!

મુમુક્ષુ :– બહારનો પદાર્થ તો જીવને મળતો નથી.

ઉત્તર :– કે દિ' મળે છે? કોઈ મળ્યો નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી ને. આ આંગળી આ લૂગડાને અડતી નથી. કોણ માને? 'સમયસાર' ત્રીજી ગાથામાં ભગવાન એમ પોકારે છે, કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચૂંબતું નથી, અડતું નથી, સ્પર્શતું નથી. દરેક પદાર્થ પોતાની શક્તિ–ગુણ અને પર્યાયને સ્પર્શે છે. પરને અડતું નથી. પ્રભુ! આકરી વાત છે, બાપા! શું થાય? આહાહા..!

અગ્નિ શરીરને અડતી નથી અને અહીં બળે છે. આને અગ્નિ અડતી નથી. કેમકે અગ્નિના પરમાણુઓમાં અને આ પરમાણુમાં બે વચ્ચે અત્યંતઅભાવ છે. અત્યંતઅભાવને લઈને અગ્નિ આને શરીરને અડતી નથી. આહાહા..! આ કપડાને ગજે માપે છે ને? બે-ત્રણ-ચાર. એ ગજ લૂગડાને અડતો પણ નથી, કહે છે. આ કપડાને નથી કરતા? હેં? માપે છે. બધું જોયું છે ને? ઘણા કપડાવાળાને જોયા છે. આહાહા..! માપ કરે, માપ. કહે છે કે.. એ શું કહેવાય? ગજ, કપડાને અડતો નથી. કપડાને તારો હાથ અડ્યો નથી. આ તો સાધારણ વાત છે. આ (ચાલે છે) એ વાત જરી ઝીણી છે.

મુમુક્ષુ :– આ સૂર્યનો પ્રકાશ છે તેની ઝાંય છે.

ઉત્તર :– બિલકુલ જૂઠી વાત છે. પ્રકાશ અહીં અડતો નથી. ઝાંય કાંઈ અડતી નથી. આહાહા..! અરે..રે...! એને ક્યાં જાવું?

'જો એમ ન માનવામાં આવે...' જોયું? છે ને? 'એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે. જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય,...' ભગવાન એમ કહે છે, કે રાગથી છૂટી જા, નિમિત્તથી છૂટી જા. એ ઉપદેશ નિરર્થક જાય. આહાહા..! જો આત્મા સ્વતંત્ર કર્તા હોય તો આ કર્તાપણાને છોડાવે છે. એનો અર્થ–એ કર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'નિરર્થક જ થાય, અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં...' જોયું? અહીંયાં પણ 'નિમિત્ત' શબ્દ વાપર્યો છે. 'નિમિત્ત' શબ્દે કારણ. આત્માને કારણપણું આવી પડે. વિકારનું આત્મા કારણ છે જ નહિ. આહાહા..! ઓલામાં એમ હતું, આવ્યું હતું ને? 'દ્રવ્ય-પ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય,...' માથે આવ્યું હતું ને? પરદ્રવ્ય નિમિત્ત છે, પરદ્રવ્ય નિમિત્ત છે. માથે ત્રીજી લીટીમાં આવ્યું હતું. અહીં કીધું કે, આમ હોય તો 'નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય,...' નિમિત્તને લક્ષે વિકાર થાય છે, સ્વભાવને લક્ષે નહિ, એમ જે ભગવાનનો ઉપદેશ છે એ નિરર્થક થાય, જો આત્મા સ્વયં પોતે કર્તા હોય તો. સમજાણું કાંઈ? આવી વાતું લ્યો. ચોપડાના

કપડા ફેરવવા હોય તો ધમાધમ ધમાધમ કરે, લ્યો! હેં? આહાહા..! ચાર પૈસાનું ગ્યાસતેલ બાળે. કેમ મળતું નથી? કેમ મેળ ખાતો નથી? પણ આમાં કેમ મેળ ખાતો નથી? એમ કોઈ દિ' મેળ કર્યો?

'અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં...' જુઓ! પાછું ન્યાં નિમિત્ત (કહ્યું). રાગાદિને નિમિત્તપણું એટલે કારણ. જો નિમિત્ત-નિમિત્ત સંબંધે વિકાર ન થાય એમ જો નિરર્થક કરો તો એકલા આત્માને રાગાદિભાવોનું કર્તાપણું આવી પડે. આહાહા..! 'આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી...' શું કહે છે હવે? આહાહા..! ઓલું તો પર્યાયમાં ક્ષણિક હતું નિમિત્તને લક્ષે વિકાર કરતો એ તો ક્ષણિક હતું. જો વિકારનો આત્મા જ કર્તા હોય તો આત્મા નિત્ય છે. તો આત્મા નિત્ય ત્રિકાળ કર્તા રહે અને કોઈ દિ' મુક્તિ થાય નહિ. આહાહા..! શું કહ્યું?

ફરીને, કે નિમિત્તના લક્ષે વિકાર થાય છે એ અપેક્ષાએ આત્મા અકર્તા છે. પણ જો આત્મા રાગનો કર્તા ઠરાવો, નિમિત્તના લક્ષ વિના અધ્ધર પાધરો (કર્તા ઠરાવો) તો આત્મા નિત્ય છે તો નિત્ય રાગ કરે. નિત્ય રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, મિથ્યાત્વ કર્યા જ કરે, કોઈ દિ' મુક્તિ તો થાય નહિ. આહાહા..! છે? 'એમ સિદ્ધ થયું.' 'મોક્ષનો અભાવ ઠરે.' નિત્ય થઈ ગયું ને? આત્મા નિત્ય દ્રવ્ય ત્રિકાળ છે અને ત્રિકાળ વિકારનો કર્તા થાય તો કોઈ દિ' મુક્તિ થાય નહિ. માટે નિમિત્ત-નૈમિત્તિક પર્યાય એમ સિદ્ધ કરે છે, કે આત્મા સ્વયં તો અકારક છે. નિમિત્ત-નિમિત્ત સંબંધ કરે છે તો વિકાર થાય છે. એથી આત્મા સ્વતંત્ર અકારક છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૫૨ ગાથા-૨૮૩ થી ૨૮૫** ગુરુવાર, માગશર સુદ ૩, તા. ૨૨-૧૧-૧૯૭૯

---

'સમયસાર' ૨૮૩ થી ૨૮૫ (ગાથા). અહીં સુધી આવ્યું હતું. આત્મા રાગાદિનો અકારક જ છે. ત્યાં સુધી આવ્યું હતું. છે અંદર? હેઠેથી પાંચમી લીટી. શું કહ્યું ઇ? આત્મા આનંદ અને જ્ઞાન શુદ્ધ સ્વરૂપ (છે). એ પોતે પોતાથી સ્વને લક્ષે અને આશ્રયે વિકાર કરે એમ બને નહિ. શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે, પરમાત્મસ્વરૂપ છે એ પોતે પોતાથી વિકાર કરે એમ બને નહિ. કારણ કે આત્મા સ્વથી તો અકારક છે. પણ તેનું પર્યાયમાં પર ઉપર લક્ષ જતાં, નિમિત્તનો આશ્રય લેતા, નૈમિત્તિક વિકાર દશા થાય તે નિમિત્ત-નિમિત્ત સંબંધે વિકારનો કર્તા પર્યાયમાં થાય છે. આવું ઝીણું છે. આ ત્રણવાર તો ચાલી ગયું છે. હેં?

મુમુક્ષુ :– ઝીણું બહુ છે.

ઉત્તર :– આ તો માખણ છે.

ભગવાનઆત્મા સ્વસ્વરૂપે, સ્વસ્વરૂપ તો એનું શુદ્ધ અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત વીતરાગતા આદિ અનંત શુદ્ધ શક્તિઓનો સાગર છે. એ પોતે પોતાની જાતથી, પોતાને અવલંબે, પોતાને આશ્રયે વિકાર કરે એવું એના સ્વરૂપમાં નથી. અનંત વીતરાગતા પોતાની જાતથી પોતાને અવલંબે, પોતાને આશ્રયે વિકાર કરે એવું એના સ્વરૂપમાં નથી. આત્મા વિકારનો તો અકર્તા છે. શુભ-અશુભભાવ વિકારી પરિણામ જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, આ રળવું, ભોગવવું, વિષયવાસના બધા પાપ (થાય) એનો આત્મા સ્વયં તો કર્તા નથી, પણ તેની પર્યાય, એટલે બીજી ભાષા લઈએ તો દ્રવ્યદૃષ્ટિએ તો વિકારનો કર્તા નથી. કારણ કે દ્રવ્ય વિકાર કરે એવું સ્વરૂપ નથી. પણ તેની વર્તમાન દશા પોતાના દ્રવ્યના લક્ષને છોડીને બીજા દ્રવ્યો જે અનેરા એનાથી ભિન્ન છે, તેના ઉપર લક્ષ જતા નિમિત્તને આશ્રયે પોતામાં વિકાર અજ્ઞાન, મિથ્યાત્વ, રાગ-દ્વેષ થાય. નિમિત્તથી થાય નહિ, દ્રવ્ય સ્વભાવથી થાય નહિ. પર્યાયમાં નિમિત્તને આશ્રયે થાય. એ અપેક્ષાએ નિમિત્ત-નિમિત્ત સંબંધની જાહેરાત કરતા આત્મા અકારક ઠરે છે. આહાહા..! આવો ઉપદેશ હવે. ઝીણી વાત (છે), બાપુ! જન્મ-મરણ રહિતની વાત બહુ સૂક્ષ્મ છે.

તેથી અહીં સિદ્ધ કર્યું, કે પોતે પર્યાયમાં મિથ્યાત્વ કે રાગ-દ્વેષ નિમિત્તને લક્ષે કરે તો તે વિકારનો કર્તા, પરિભ્રમણનો કર્તા થાય, પણ પોતાના સ્વભાવની જાતમાં વિકારનું થવું કે વિકારનું ઊપજવું એ પોતાના સ્વને આશ્રયે નથી. આહાહા..! માટે જેને કલ્યાણ કરવું હોય એણે નિમિત્તના સંબંધમાં નૈમિત્તિક જે થાય છે તેનો આશ્રય છોડીને, ચૈતન્ય પૂર્ણાનંદનો નાથ, તેનો આશ્રય અને અવલંબન લેતા જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય તે મોક્ષનો માર્ગ છે. ઓલા ગયા? હિન્દી લોકો હતા એ ગયા? બપોરે કહ્યું હતું, કે થાશે પણ બપોરે ભૂલી ગયા. હતા કે નહીં? સવારે કહ્યું હતું ને? સવારે તો ઝીણું છે. બપોરે યાદ આવ્યું નહીં ઇ હતા.

અહીં કહે છે, કે અકારક જ છે એમ સિદ્ધ થયું. ‘(એ રીતે જોકે આત્મા રાગાદિકનો અકારક જ છે)...’ સંસારની વિકારી દશાનો અકારક છે. આહાહા..! વસ્તુ સ્વરૂપ તો અકારક જ છે ‘તોપણ જ્યાં સુધી તે નિમિત્તભૂત દ્રવ્યને...’ એટલે પોતા સિવાયના બીજા દ્રવ્ય તરફનું લક્ષ નહિ છોડે અને નિમિત્તના લક્ષે વિકાર (થાય) છે એ ન છોડે. છે? ‘જ્યાં સુધી નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ...’ એ નિમિત્તથી હટે નહિ અને પચ્ચખાણ કરતો નથી, ભવિષ્યમાં નિમિત્ત તરફનું વલણ છોડતો નથી ‘ત્યાં સુધી નૈમિત્તિકભૂત...’ નિમિત્ત નામ પરદ્રવ્યને આશ્રયે. ‘નૈમિત્તિકભૂત ભાવને (–રાગાદિભાવને) પ્રતિક્રમતો નથી...’ નિમિત્ત તરફના લક્ષને છોડતો નથી, નિમિત્ત તરફના આશ્રયને છોડતો નથી તથા ભવિષ્યમાં ‘પચખતો નથી,...’ ભવિષ્યમાં

પણ નિમિત્ત તરફ ન જવું, નિમિત્ત તરફ ન વળવું અને નિમિત્ત તરફ વળતાં ભાવ થાય તે ન કરવો, એમ જ્યાં સુધી કરે નહિ ત્યાં સુધી ‘નૈમિત્તિકભૂત ભાવને (–રાગાદિભાવને) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી,...’

‘અને જ્યાં સુધી ભાવને પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી...’ વજન અહીં આવ્યું. પહેલા તો નિમિત્ત તરફનું લક્ષ છોડતો નથી, એમ આવ્યું. પછી નિમિત્ત તરફના થતા ભાવને છોડતો નથી ત્યાં સુધી તે ‘કર્તા જ છે;...’ ત્યાં સુધી તે મિથ્યાત્વ–ભ્રાંતિ, રાગ-દ્વેષનો કર્તા છે. આવો અધિકાર આવ્યો. સમજાણું કાંઈ? એકલો પ્રભુ એ તો અતીન્દ્રિય આનંદનું દળ છે. અતીન્દ્રિય વીતરાગની મૂર્તિ આત્મા તો છે. એને આત્મા કહીએ. એ આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ ને વીતરાગતાનો સાગર સ્વને આશ્રયે વિકાર કરે એમ તો કોઈ દિ’ ત્રણકાળમાં બને નહિ. પણ એ પોતાનો આશ્રય છોડી અને પરદ્રવ્ય જે એમાં નથી, જે એમાં છે તેનો આશ્રય ન લેતા, એમાં નથી તેનો આશ્રય લે છે તેથી તેને નૈમિત્તિક વિકારભાવ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ આમાં? આમાં ક્યાંય સ્વીત્ઝરલેન્ડમાં સાંભળવાનું મળે એવું નથી અને રખડવાનું છે. પાપ.. પાપ. આખો દિ’ સવારથી સાંજ સુધી પાપ. આ લીધું ને આ દીધું ને આ કર્યું. એ..ઇ..! ‘હિંમતભાઈ’! આ પૈસા લીધા ને આ દીધા ને આનું આ આવ્યું ને આનું આ આવ્યું, આને આટલા આપ્યા ને આ લીધા.. એકલા પાપ. ધર્મ તો નહિ પણ પુણ્ય પણ નહિ. અર..ર..ર...! હવે એણે જાવું ક્યાં? હેં?

મુમુક્ષુ :– અમારે કરવું શું?

ઉત્તર :– આ શું કરવું એની વાત તો ચાલે છે. આત્મા જેવો છે તેવો જાણી અને પર તરફના લક્ષને છોડી અને લક્ષને આશ્રયે થતા વિકારને પણ છોડી સ્વને આશ્રયે જવું તે કરવું અને તેનાથી ધર્મ થાય છે. હવે આવું ક્યાં (સાંભળવા મળે)? આખી દુનિયાનો મોટો ભાર ઉપાડીને ચાલે એને કહે છે, કે દયા ને દાન ને વ્રતના રાગનો વિકલ્પ છે ને? એ વિકલ્પ પણ નિમિત્તને લક્ષે થાય છે માટે એ નિમિત્તનું પણ લક્ષ છોડ અને નિમિત્તથી થતા વિકારનું પણ લક્ષ છોડ અને જેમાં વિકાર અને નિમિત્ત નથી એવા આત્માનો આશ્રય કર. આહાહા..! ‘યશપાલજી’! વાત તો આવી છે, ભાઈ! આહાહા..!

અહીંયાં તો હજી પ્રથમ સમ્યગ્દર્શનની વાત ચાલે છે. મિથ્યાદર્શન જે અનાદિથી છે એ પૂર્ણ સચ્ચિદાનંદ પ્રભુ, અનાકુળ શાંતિ ને શાંતિ ને આનંદનો સાગરની સામું એક સમય પણ જોયું નથી અને એક સમય પણ પરની સામું જોયા વિના રહ્યો નથી. આહાહા..! જે એમાં નથી એને પોતાનું માનીને પર તરફનું લક્ષ છોડતો નથી અને જે પોતામાં છે તેની માટે એક સમય પણ નજર કરતો નથી. આહાહા..! આ તો ચોથી વાર ચાલે છે, ત્રણ વાર તો થઈ ગયું. પછી એક જ વાત આવે એટલે ... નહિ. આહાહા..! હેં? આહાહા..!

અહીં તો ત્યાં સુધી કહે છે, કે સ્ત્રી, કુટુંબ-પરિવાર, લક્ષ્મી, વેપાર–ધંધો એ તો બધું

પર છે. પરનું લક્ષ કરે ત્યારે તેને વિકાર થયા વિના રહે નહિ અને એ વિકારમાં લાભ છે એમ માને એટલે મિથ્યાત્વ થયા વિના રહે જ નહિ અને મિથ્યાત્વ એટલે એ મિથ્યાત્વમાં અનંતા ભવ કરવાની શક્તિ છે. આહાહા..! અરે..! વાતું એવી છે, બાપુ!

અહીંયાં તો દેવ-ગુરુ અને શાસ્ત્ર એ પણ સ્વદ્રવ્યથી પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય તરફનો જ્યાં સુધી ઝુકાવ છે ત્યાં સુધી તેને પર્યાયમાં વિકાર થયા વિના રહે નહિ અને એ વિકાર થાય એનાથી મને લાભ થાય એમ માને તો મિથ્યાત્વ થયા વિના રહે નહિ. અને એ મિથ્યાત્વ થાય એ અનંત સંસારનું કારણ થાય. આહાહા..! 'છોટાભાઈ'! આવી વાતું છે. છે? અત્યારની છે? આ લાખો, હજારો વર્ષ(પહેલાની છે). આહાહા..! શું ટીકા.. શું ટીકા.. ગજબ વાત છે! 'અમૃતચંદ્રાચાર્યદેવે' હૃદય ખોલી નાખ્યા છે, કાળજાને કોતરી નાખ્યા છે!

પ્રભુ! તું એક સેકંડના અસંખ્યમા ભાગમાં પૂર્ણ આનંદ અને પૂર્ણ વીતરાગ અને પૂર્ણ શાંતિનો સાગર છે. એક સમયમાં તારી શાંતિ અને વીતરાગતાનું માપ ન આવે એવી વીતરાગતા તારામાં છે. એક સમયમાં તારામાં જ્ઞાનનું માપ ન આવે એવું અનંત જ્ઞાન છે. એક સમયમાં આનંદનું પણ માપ ન આવે એટલો પ્રભુ અનંત આનંદસ્વરૂપ છો, આહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ છો. એવી એવી અતીન્દ્રિય શક્તિઓ–ગુણનો સાગર, એની સામું પ્રભુ! તેં એક ક્ષણ પણ જોયું નથી. તારી પ્રભુતાને તેં પ્રભુતા તરીકે સ્વીકારી નથી. આહાહા..! અને જે પ્રભુતા તારી નથી અને પરની છે એની પરની પ્રભુતા ઉપર લક્ષ જઈને તેમાં વિસ્મય અને બહુમાન તેં કર્યા છે. પરના વિસ્મય અને બહુમાન તેં કર્યા એથી તારી વિસ્મયતા અને બહુમાન છૂટી ગયું છે. આહાહા..! શું ટીકા..! ગજબ છે!

આત્મા નિમિત્તના આશ્રય વિના નૈમિત્તિક વિકાર રખડવાનો ન થાય એ એમ સૂચવે છે કે એકલો આત્મા વિકારનો અકારક છે. ફક્ત નિમિત્ત-નિમિત્ત સંબંધમાં જાય છે ત્યારે વિકારનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ રીતે આત્મા અકારક હોવા છતાં જ્યાં સુધી પરદ્રવ્ય તરફનું વલણ ન છોડે અને પર તરફના વલણથી થતા વિકારને ન છોડે ત્યાં સુધી તો તે વિકાર અને મિથ્યાત્વનો કર્તા જ છે. આહાહા..!

શું 'અમૃતચંદ્રાચાર્ય'! આહાહા..! અમૃત રેડ્યાં. આટલી લીટીઓમાં પણ અમૃત મૂક્યા છે. આહાહા..! દિગંબર મુનિ હતા. આહાહા..! ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' પછી હજાર વર્ષે થયા. એની કૂંચી ખોલી. 'અમૃતચંદ્રાચાર્યદેવે' પરમાત્મા 'કુંદકુંદાચાર્યદેવ'ના શાસ્ત્રોના આગમની કૂંચી ખોલી નાખી. આહાહા..! તે પણ બહુ જ થોડા શબ્દોમાં અને ઘણી જ ઊંડી વાતું. પણ પ્રભુ! એને પહોંચવું જોઈએ. આહાહા..! બાકી આ ધૂળધાણી રખડતો રામ અનાદિનો નરક અને નિગોદના ભવ કરી કરીને મરી ગયો છે. થોથા ઊડી ગયા છે. કીડાના, કાગડાના, કૂતરાના.. અરે..રે...! નરક. પહેલી નરકની દસ હજાર વર્ષની સ્થિતિએ અનંતવાર ઊપજ્યો. દસ હજાર અને એક સમયની સ્થિતિએ બીજી સ્થિતિએ અનંતવાર ઊપજ્યો. દસ હજાર

અને બીજે સમયે પણ અનંતવાર ઊપજ્યો. એવો ઠેઠ સાગર સુધી અસંખ્ય.. અસંખ્ય.. અસંખ્ય.. વર્ષ એમાં જાય. એ દરેક સમયમાં અનંતવાર ત્યાં ઊપજ્યો છે, પ્રભુ! આહાહા..! કેમકે અનંતનો નાથ ભગવાન, પૂર્ણ અતીન્દ્રિય આનંદનો સાગર જેમાં સંસારનો લેપ નથી, જેમાં વિકલ્પની ગંધ નથી એવી ચીજને જોવાને, જાણવાને, ઓળખવાને, માહાત્મ્ય કરીને જોવાની કોઈ દિ' મહેનત કરી નથી. આહાહા..! સાધુ થયો, હજારો રાણી છોડી પણ અંદરમાં નિમિત્ત-નિમિત્ત સંબંધને ન છોડ્યો. આહાહા..! એટલે કે પરના લક્ષના વલણને ન છોડ્યું. એથી એને સ્વના લક્ષનું વલણ આવ્યું નહિ. આહાહા..!

હવે કહે છે, કે જ્યાં સુધી એ ભવિષ્યના... વર્તમાનના નિમિત્ત અને ભવિષ્યના નિમિત્ત અને વર્તમાનના નૈમિત્તિક વિકાર અને ભવિષ્યના નૈમિત્તિક (વિકારને) ન છોડે 'ત્યાં સુધી તે કર્તા જ છે.' ત્યાં સુધી કર્તા જ છે. અકારક છે એ કર્તા છે, એમ સિદ્ધ કર્યું. પહેલું એમ સિદ્ધ કર્યું કે, ભગવાન પ્રભુ તો અંદર અકર્તા જ છે. એ અકર્તા છે પણ ક્યારે અકર્તા થાય? કે જ્યાં સુધી એનો નિમિત્ત ને નૈમિત્તિકના લક્ષના સંબંધવાળો મિથ્યાત્વ ભાવ છોડે નહિ ત્યાં સુધી તે અકારક થાય નહિ. ત્યાં સુધી તે રાગ ને વિકાર ને મિથ્યાત્વનો કર્તા થઈને રખડી મરે છે. આહાહા..! હવે આમાં દયા પાળવી, વ્રત કરવા ને અપવાસ કરવા એવી વાતું તો આવતી નથી.

'ત્યાં સુધી કર્તા જ છે;...' છે? નીચેથી ત્રણ લીટી. ઓલા ચોપડા નથી, આ ચોપડા જુદી જાતના છે. એની એક એક લીટી સમજવી કઠણ છે. ઓલા થોથા સમજી સમજીને કરોડો રૂપિયા ભેગા કર્યા. પાપના, પાપ કરી કરીને. અને પાછા એને સાચવવા માટે પાપ, વાપરવા માટે પાપ અને જેને દેશે એને માટે પાપ (કર્યા). હેં? પાપમાં દેશે. છોડીને દે, જમાઈને દે. એ બધા પાપ કરશે. આહાહા..! અહીં તો વાત જ નથી. પાપ અને પુણ્ય સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..!

પ્રભુ! તું કોણ છો? હું તો રાગ એટલે નિમિત્ત તરફના લક્ષવાળો રાગ અને મિથ્યાત્વ ભાવ એનાથી તો રહિત છું. એવો છું. પરની દયા પાળનારો અને પરની હિંસા કરનારો ને પરની ભક્તિ કરનારો, એ હું નહિ. આહાહા..! હું તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ગુણ-ગુણીના ભેદ- આત્મા ગુણી છે અને એમાં જ્ઞાન, દર્શન આદિ ગુણ છે એવો ભેદનો જે વિકલ્પ ઊઠે એનો પણ હું કર્તા નથી. એવું મારું સ્વરૂપ છે પણ છતાં ભેદ પાડીને વિકલ્પનો કર્તા થાય છે. જ્યાં સુધી ત્યાંથી છોડતો નથી ત્યાં સુધી કર્તા થાય છે. કહો, 'વીરચંદભાઈ'! સમજાય છે? સમજાય છે કે નહિ? આહાહા..! આ 'કલકત્તા'માં ક્યાંય મળે એવું નથી. ધૂળમાંય તે. આહાહા..! શું વાત કરી છે! અહીં સુધી આવ્યું?

'ત્યાં સુધી કર્તા જ છે; જ્યારે...' હવે કર્તાપણું ક્યારે છૂટે? (એ કહે છે). આહાહા..! ગજબ કામ કર્યા છે! દિગંબર સંતોએ ન્યાલ કરી નાખ્યા છે. જગતને ન્યાલ કરી નાખ્યા

છે. સંસારનો (છેદ) કરીને મોક્ષમાં પધારે. ભગવાન પધારો મોક્ષમાં, એવી વાતું કરી છે. આહાહા..! ભગવાન! અહીં નિમિત્ત-નિમિત્ત સંબંધમાં રહેવું એ તારું સ્વરૂપ નથી, નાથ! આહાહા..! સંતોના પોકાર છે, કે તારા દ્રવ્ય સિવાય બીજા દ્રવ્યો ભલે દેવ-ગુરુ ને શાસ્ત્ર અમે પણ હોઈએ, એમ કહે છે. દેવ અને ગુરુ હોઈએ, એ અમારા તરફના લક્ષને છોડ નહિ ત્યાં સુધી તારું કલ્યાણ નહિ થાય. આહાહા..! એ સંતવાણી કહે, એ વીતરાગી સંતો કહે. મોઢા સામું કોળિયો કોને ખોટો લાગે? અમારી ભક્તિ કરો, તમારું કલ્યાણ થશે. અહીં તો કહે છે, અમારી ભક્તિ (કર તોપણ) અમે પરદ્રવ્ય છીએ. તારા સ્વદ્રવ્યની અપેક્ષાએ અમે પરદ્રવ્ય છીએ. સમજાણું કાંઈ? ગજબ કામ કર્યા છે.

એક કોર રામ અને એક કોર ગામ. એક કોર અખંડાનંદ નાથ અતીન્દ્રિયનો સાગર પ્રભુ ભર્યો છે. છલોછલ ઠસોઠસ (ભર્યો છે). આહાહા..! એક શબ્દ આવ્યો હતો ને ક્યાંક? ઓલામાં આવ્યો હતો–'નિયમસાર'માં. અમૃતના સાગરથી દઢીભૂત આત્મા ભર્યો છે. આહાહા..! પણ કેમ બેસે? કોઈ દિ' આત્મા શું છે એની વાત પણ (સાંભળી નથી). આહાહા..! ત્રણલોકનો નાથ અનંતા અનંતા કેવળજ્ઞાનીની પર્યાય પ્રગટ કરે એવો એક એક તો ગુણ એનો! એક સમયની કેવળજ્ઞાન પર્યાય, એવી અનંતી પર્યાય પ્રગટ કરે એવો તો એક ગુણ. એવા એવા અનંતા ગુણનો સાગર નાથ, તને આ શોભે નહિ, પ્રભુ એમ કહે છે. આહાહા..!

તારી ચીજને છોડીને પ્રભુ! પરદ્રવ્યના લક્ષમાં તને જાવું, એ વ્યભિચાર તને ઊભો થાય છે. આહાહા..! પ્રભુ એમ કહે, કે અમારી ઉપર પણ તારી નજર જાય તો તારા સ્વદ્રવ્યને છોડીને અમારા પરદ્રવ્ય ઉપર લક્ષ ગયું, પ્રભુ! તને અંદર વ્યભિચાર થયો, રાગ થયો– વ્યભિચાર થયો. વીતરાગી મૂર્તિ ભગવાન, એમાં રાગ (થયો) એ વ્યભિચાર થયો. આહાહા..! ક્યાં આવું સાંભળે? બાપા! મળે ક્યાં? એક તો સાંભળવા મળે નહિ એ કે દિ' સમજે? અને કે દિ' (પરિણમનમાં ઉતારે) ? આહાહા..! ૫૭ વર્ષ થયા એને હવે કાંઈ ૫૭ નીકળવાના નથી. એ.. 'હિંમતભાઈ'! નીકળવાના છે? નહિ? હેં?

મુમુક્ષુ :– કાલની ખબર નથી.

ઉત્તર :– કાલની ખબર નથી, લ્યો! આ તો દરેકની વાત છે. આહા..! આખી દુનિયા. ૫૦-૬૦ વર્ષ થયા, ફરીને ૫૦ નીકળવાના? અહીંથી છૂટી જવાનું છે, બાપા! એની મુદતે છૂટી જશે, ભાઈ! તારી મુદત નથી. તારી મુદત નથી, તું તો અનાદિઅનંત છો, મુદ્દત વિનાનો છો. આહાહા..! એ અનાદિઅનંત મુદ્દત વિનાનો, જેને કાળ લાગુ ન પડે... આહાહા..! જેમાં રાગની ગંધ ન દેખાય, એવો જે ભગવાન અંદર પરમાનંદનો નાથ પ્રભુ છે ને! પ્રભુ! તું પરમાનંદ સ્વરૂપ છો ને! પણ જ્યાં સુધી તારું નિમિત્ત-નિમિત્ત સંબંધમાં લક્ષ રહેશે ત્યાં સુધી તને રાગ અને મિથ્યાત્વનું કર્તાપણું તારામાં નહિ ટળે. આહાહા..! ભાષા તો સાદી છે, સમજાય એવું છે ને? ભાઈ! 'વીરચંદભાઈ'! ભાષા તો સાદી છે, બાપા! આહાહા..!

ભગવાન છો બાપુ તમે. અહીં તો અંદર તો બધા ભગવાન છે. આહાહા..!

'જ્યાં સુધી ભાવને પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી ત્યાં સુધી કર્તા જ છે.' એટલે? જ્યાં સુધી નિમિત્ત તરફનું વલણ છોડતો નથી ત્યાં સુધી નિમિત્તના લક્ષે થતો વિકાર છૂટતો નથી. ત્યાં સુધી તો તે વિકારનો, વિકાર શબ્દે અંદર બંધ અને મિથ્યાત્વ, હોં! કારણ કે વિકાર થાય એ મારો છે એ માન્યતા મિથ્યાત્વ છે. આહાહા..! હેં?

મુમુક્ષુ :- ત્યાં નિમિત્ત-નૈમિત્તિક ક્યાં ગયું?

ઉત્તર :- એ એક તરફનું વલણ થઈને વિકાર થાય એ મારો છે, ત્રિકાળી સ્વભાવ શુદ્ધ છે તેમ આ મારો છે (એમ માને છે) એ મિથ્યાત્વ છે. આહાહા..! પ્રભુનો પોકાર છે, ભગવંતનો પોકાર છે, ભગવંત તારું સ્વરૂપ છે. એમાં અમારી સામું જોતાં પણ તને રાગ થાય અને એ રાગ છે તે મને લાભદાયક થાય તો તે મિથ્યાત્વ છે. આહાહા..! એ વીતરાગ કહે, બીજા કોઈ ન કહે, બાપુ! હેં? આહાહા..! આમાં તો એટલું ભર્યું છે... એટલું ભર્યું છે આમાં, કે આ ટીકા.. આહાહા..! ગજબ વાત ભરી છે. પાર ન આવે એવી વાત છે. પાર આવી જાય એવી વાત છે, સ્વરૂપનો પાર આવી જાય અને બહારની વાતનો પાર ન આવે એવી આમાં વાત છે. આહાહા..!

કહે છે, ભલે અબજો રૂપિયા હો પણ તારું લક્ષ ત્યાં જાય છે એટલે ત્યાં પાપ જ ઊભું થાય છે. એ પાપ નૈમિત્તિક છે, લક્ષ્મી નિમિત્ત છે. એ નિમિત્ત-નૈમિત્તિક એમ જાહેર કરે છે, કે આત્મા સ્વયં (પોતાને) ભૂલીને તેનો-રાગનો કર્તા થાય છે. આહાહા..! અને એ કર્તા થાય છે એ નિમિત્ત-નિમિત્ત જાહેર કરતા, એનું વસ્તુનું સ્વરૂપ અકર્તા જ છે એમ સિદ્ધ થાય છે. નિમિત્ત-નિમિત્ત સંબંધે વિકાર થાય છે એમ પ્રસિદ્ધ થતાં ભગવાન એકલો આત્મા રાગનો કર્તા ત્રણકાળ ત્રણલોકમાં છે નહિ. આહાહા..! 'ચંદુભાઈ'! આવી વાતું છે. થોડે થોડે સમજવું, બાપુ! ભગવાન! આ તો તારા ઘરની વાત છે. અરે..! એણે પોતાની વાત કોઈ દિ' પ્રેમથી સાંભળી નથી, કે આ શું છે? આ તે શું ચીજ છે?

'જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે...' શું કહે છે? જ્યારે એ નિમિત્તભૂત. નિમિત્ત એટલે સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસો, દેવ-ગુરુ અને શાસ્ત્ર એ બધા નિમિત્તભૂત તરફનું લક્ષ જ્યારે છોડે, નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે એટલે ત્યાંથી પાછો ફરે. તારા દ્રવ્ય સિવાય બીજા દ્રવ્યમાંથી પાછો ફરે. આહાહા..! ભગવાન તો એમ કહે છે, કે મારાથી પણ જ્યારે પાછો ફરે... આહાહા..! જગતને બેસવું કઠણ તેથી 'સોનગઢ'ને નિશ્ચયાભાસ કહે છે. એકાંત કહે. 'ઇન્દૌર'માંથી એકાંતને કાઢી નાખ્યું. અરે..! ભગવાન! બાપુ! જેમ છે એમ છે, નાથ! તું કોણ છો એ ભૂલી ગયો છો, પ્રભુ! આહાહા..!

'જ્યારે નિમિત્તભૂત દ્રવ્ય...' નિમિત્તભૂત દ્રવ્ય એટલે આત્મદ્રવ્ય સિવાય બીજા દ્રવ્યો. દ્રવ્ય એટલે પૈસો? પૈસો નહિ, પૈસો ધૂળ તો ક્યાંય રહી ગઈ. આ દેવ-ગુરુ ને શાસ્ત્ર પણ

પરદ્રવ્ય છે. સ્ત્રી, કુટુંબ ને પરિવાર તો પરદ્રવ્ય છે જ, એ તો કાંઈ તારી ચીજ નથી, તારામાં નથી, એનામાં તું નથી એ તો ભિન્ન ભિન્ન છે. પણ જે દેવ-ગુરુ ને શાસ્ત્ર (પણ) પરદ્રવ્ય છે. સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસો-લક્ષ્મી, દુકાન, ધંધો એ પરદ્રવ્ય છે. એ જ્યાં સુધી નિમિત્તભૂત પરદ્રવ્યને પ્રતિક્રમતો નથી (એટલે કે) નિમિત્તથી પાછો હટતો નથી. જ્યાં સુધી અનંતા નિમિત્તો છે, એક કોર ભગવાન એક છે, આમ અનંતા નિમિત્તો છે. આહાહા..! ભગવાનઆત્મા અંતરમાં પૂર્ણાનંદનો નાથ એકરૂપ છે. ત્યારે નિમિત્તો બહાર અનંત છે. એ નિમિત્તભૂતને, નિમિત્તભૂત દ્રવ્ય એટલે વસ્તુને પ્રતિક્રમતો નથી એટલે કે ત્યાંથી પાછો વળતો નથી, પચખતો નથી એટલે ભવિષ્યમાં મારે નિમિત્તની જરૂર નથી એમ પચખતો નથી (ત્યાં સુધી કર્તા છે).

'ત્યારે જ નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમે છે...' સમજાણું? નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે, નિમિત્તનું લક્ષ છોડે છે ત્યારે તેને ભવિષ્યને માટે પચખે છે. આહાહા..! આ આત્મદ્રવ્ય સિવાય અનંતા દ્રવ્ય તરફનું લક્ષ જ્યારે વર્તમાનમાં છોડે છે ત્યારે ભવિષ્યમાં પણ તેને છોડે છે. આહાહા..! 'નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે જ નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમે છે...' ત્યારે જ નિમિત્ત તરફના વલણના વિકારભાવને છોડે છે. નિમિત્તને લક્ષમાંથી છોડે છે ત્યારે જ તેના તરફના વિકારના ભાવને પણ લક્ષમાંથી છોડે છે. આહાહા..! આવી વાત. આવો કઈ જાતનો ઉપદેશ છે?

ઓલો કહે, એક કલાક ભગવાનની ભક્તિ કરો, થઈ રહ્યું, જાઓ! પછી ત્રેવીસ કલાક કરો પાપ. અરે..! ભગવાન! અહીં તો ચોવીસે કલાકની વાત છે. ચોવીસે કલાક વર્તમાન અનંત નિમિત્ત તરફ જ્યાં સુધી દૃષ્ટિ છે ત્યાં સુધી નૈમિત્તિક વિકારનો કર્તા છે. પણ જ્યારે તે અનંત દ્રવ્યો–નિમિત્તોથી પાછો હટે છે ત્યારે ભવિષ્યમાંથી પણ પાછો હટે છે. છે?

'ત્યારે જ નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમે છે...' ત્યારે પર તરફના વલણવાળો જે વિકાર, ત્યારે તેને છોડે છે. નિમિત્ત તરફનું જ્યારે લક્ષ છોડે છે ત્યારે નિમિત્ત તરફના વલણના વિકારને પણ છોડે છે. આહાહા..! 'નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમે છે...' એટલે? વર્તમાનમાં પરમાત્મા આનંદસ્વરૂપ છે, તેની જ્યાં દૃષ્ટિ કરે છે ત્યારે એનાથી (ભિન્ન) બીજા અનંતા દ્રવ્યો છે તે નિમિત્તથી પ્રતિક્રમ થાય છે, ત્યાંથી પાછો ફરી જાય છે. ભવિષ્યમાં પણ પોતા તરફનું જ્યાં વલણ છે એથી પર તરફના વલણના ભાવથી પણ પચખાણરૂપ છૂટી જાય છે. આહાહા..! (જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને) પ્રતિક્રમે છે, પચખે છે ત્યારે જ નૈમિત્તિકભાવને, વિકારભાવને (પ્રતિક્રમે છે). આહાહા..! અહીં તો પોકાર એવો (કરે છે), અરે..! બસ! આમ કરો, આમ કરો, આમ કરો. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરો. કરોડોના દાન (કરો), અબજોના મંદિર બનાવો, લ્યો!

મુમુક્ષુ :– ભજનમાં આવે છે, કે ભગવાનની ભક્તિ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

ઉત્તર :– એ તો રાગ છે, કીધું ને? 'ભભૂતમલ' નહિ? 'ભભૂતમલ'. આપણે આમાં

આપ્યા ને? ‘ભભૂતમલ’ નહિ? ‘બેંગલોર’માં મંદિર બનાવ્યું ને? રૂપિયા તો બે કરોડ છે, પણ આઠ લાખનું મંદિર બનાવ્યું. હમણા આપણે અહીં આવ્યા (હતા) ને? આમાં સવા લાખ આપ્યા ને? નવું મકાન બનાવવાનું છે ને? (એમાં) સવા લાખ આપ્યા. બહુ ઉદાર માણસ છે. પૈસા તો બે કરોડ છે. છોકરો છે. નાનો ભાઈ મરી ગયો છે, એને ચાર છોકરા છે. બાપને બધાને લઈને આવ્યો હતો. એણે આઠ લાખ નાખ્યા. ‘બેંગલોર’માં મંદિર બનાવ્યું એમાં આઠ લાખ આપ્યા. બહુ ઉદાર માણસ છે. અહીં હમણાં સવા લાખ આપ્યા ને? કઈ તિથિ? કારતક સુદ પાંચમ. સવા લાખ આપ્યા ને? રૂપિયા બે કરોડ છે. ઉદાર, ઘણો ઉદાર. આઠ લાખ (આપીને) તો એના ગામમાં મંદિર બનાવ્યું. છતાં કહ્યું, કે જુઓ! આઠ લાખ તારા ... માટે આપ્યા માટે ધર્મ થાય છે, એમ નથી. અહીં તો ચોખ્ખી વાત છે. સાંભળે, આમ નરમ માણસ છે. નાની ઉંમર છે, ૪૭ વર્ષની ઉંમર છે પણ પૈસા, ધંધો મોટો છે. ઉદાર બહુ, પૈસા બહુ ખર્ચે. ધર્મને નામે, હોં! બીજે આડેઅવળે નહિ. શાસ્ત્રો–પુસ્તકો, નવા આપણા બને છે ને? શું કહેવાય તમારું? વિશ્રાંતિગૃહમાં સવા લાખ આપ્યા ને? હમણા મુહૂર્ત કર્યું. એણે આઠ લાખ ત્યાં આપ્યા. ‘બેંગલોર’માં આઠ લાખનું મંદિર કર્યું અને ચાર લાખ તો વળી ‘જુગરાજજી’ કરીને દેરાવાસી શ્વેતાંબર છે. ‘જુગરાજજી’ સ્થાનકવાસી છે (તેની પાસે) એક કરોડ રૂપિયા, એણે ચાર લાખ નાખ્યા. બાર લાખ. ત્રણ લાખ બીજા (એમ) પંદર લાખનું મંદિર ‘બેંગલોર’માં થયું છે. દિગંબર મંદિર નવું (થયું). પણ વાત ઇ કે, બાપા! એમાં ભાવ શુભ છે. એ ભાવ શુભ છે, પુણ્યનું કારણ છે. ધર્મનું કારણ નહિ, ભવના અભાવનું કારણ છે નહિ. અભાવનું કારણ નથી માટે ન થાય એમ નહિ. હોય, ભાવ હોય છે. પણ એમાં જો તમને એમ થઈ જાય કે, આપણે આઠ લાખ રૂપિયા મંદિરમાં આપ્યા. પૈસા બે કરોડ છે. મેંગેનીઝ.. શું કહેવાય? લોઢું.. સ્ટીલ.. સ્ટીલનો ધંધો. નાની ઉંમર છે, ૪૭ વર્ષ છે. પણ કહ્યું, કે આમાં ધર્મ નથી, અહીં ચોખ્ખી વાત છે. એ હોય છે, એ રાગ ઘટીને શુભભાવ થાય પણ એ શુભભાવ નિમિત્તને લક્ષે થાય છે, આત્માને લક્ષે શુભભાવ થાય નહિ. હેં?

મુમુક્ષુ :– રૂપિયા ખર્ચવાથી વધે છે ને?

ઉત્તર :– ધૂળમાંય એથી વધે નહિ. બન્યું એવું હતું, કે કુદરતે.. આઠ લાખ નાખ્યા. બે કરોડમાંથી આઠ લાખ (આપ્યા). છોકરો છે, ભાઈના દીકરા (છે). નાના ભાઈ મરી ગયા છે એના ચાર છોકરા છે. બધું કુટુંબ છે. છતાં પોતે.. શું કીધું? આઠ લાખ ખર્ચ્યા તે બે કરોડનું સ્ટીલ હતું. જે પૈસા બે કરોડ એની પાસે છે એનું સ્ટીલ હતું. હું ત્યાં રહ્યો, ત્યારે મારામાં રોકાણા, એમાં ભાવ વધી ગયો. ખર્ચ્યા આઠ લાખ, પેદા થયા ચાલીસ લાખ. ચાલીસ લાખ પેદા થયા! લોકોને એમ થઈ ગયું કે, આહા..હા...! આમણે આઠ લાખ ખર્ચ્યા ને ચાલીસ લાખ થઈ ગયા. બાપુ! એ તો પુણ્યની વાતું (છે). (લોકોને એમ થાય કે) મહારાજને

નામે ખર્ચ્યા છે (તો પૈસા આવ્યા). એ તો પૂર્વના પુણ્ય હોય અને મેળ ખાઈ ગયો. એથી કરીને એમાં ધર્મ થાય, (એમ નથી). એમાં જન્મ-મરણની ગાંઠ ગળે નહિ, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? ઉદાર ઘણો. ૪૭ વર્ષની નાની ઉંમર છે. કર્તા-હર્તા પોતે છે. ઉદાર ઘણો. છતાં એને કહ્યું, જુઓ ભાઈ! રાગ મંદ થાય તો પુણ્ય છે. સમજાણું? આહા..! અરે..! છોકરાઓ આવ્યા હતા તો પાંચસો રૂપિયા નાખી ગયા. આ છોકરાઓ બપોરે નાખી જાય છે ને? છોકરાઓને દેવા. બદામનો એક ત્રાંસો... શું કહેવાય? તપેલું. તપેલું ભરીને બદામ, તપેલું ભરીને કાજુ, તપેલું ભરીને દ્રાક્ષ, તપેલુ ભરીને ખારેક.. ખારેક. ભૂલી ગયા. ખારેક ઢગલાબંધ લાવ્યા. બપોરે છોકરાઓને વહેંચવા માટે. ખારેક.. ખારેક. ભાઈ! આ ચીજમાં રાગ મંદ કરે તો પુણ્ય છે. આનાથી જન્મ-મરણ મટે અને સંસારના દુઃખ મટે, એ છે નહિ. અહીં ચોખ્ખી વાત છે.

મુમુક્ષુ :– .. તો પૈસા તો વધે ને?

ઉત્તર :– ના, ના, ના. એનાથી પૈસા વધે નહિ. એ તો પૂર્વના પુણ્યને લઈને પૈસા (આવે છે). પૂર્વનું પુણ્ય હતું, પડ્યું હશે, તે દિ' મેળ એવો થઈ ગયો કે, આઠ લાખ ખર્ચ્યા ને ચાલીસ લાખ વધી ગયા. બે કરોડ અને ચાલીસ લાખ. સ્ટીલનો ધંધો છે. આહાહા..! એ આ આઠ લાખ ખર્ચ્યા માટે વધ્યા એમ પણ નથી. અહીં તો ચોખ્ખી વાત છે.

અહીંયાં તો કહે છે, નિમિત્ત તરફનું લક્ષ જ્યાં સુધી છે ત્યાં સુધી વિકાર છે. ગમે તે નિમિત્ત પછી હોય. દેવ-ગુરુ ને શાસ્ત્ર છે. લાખો-કરોડોના મોટા મંદિરો બનાવો. આહાહા..! જ્યારે નિમિત્તભૂત દ્રવ્ય તરફનું લક્ષ છોડે છે.. આહાહા..! એક આત્મા સિવાય અનંતા દ્રવ્યો જે છે, સ્ત્રી, કુટુંબ-પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર, મંદિર, શાસ્ત્ર વગેરે નિમિત્ત તરફનું લક્ષ છોડે છે... છે ને? 'નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે...' એટલે પાછો ફરી જાય અથવા 'પચખે છે...' ભવિષ્યમાં પણ તે નિમિત્ત તરફ મારે જવું નથી, નિમિત્ત તરફ વલણ કરવું નથી. આહાહા..!

'ત્યારે જ નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમે છે...' ત્યારે તે નિમિત્તને આશ્રયે જે વિકાર થતો તેને તે પચખે છે, તે પચખાણ છે, એનું નામ પચખાણ છે. બહાર આમ પચખાણ કરીને બેસે ઇ પચખાણ નથી. સમજાણું કાંઈ? આહાહા..! નિમિત્ત જે અનંત પર. એક કોર પ્રભુ અને એક કોર અનંત દ્રવ્ય, એ અનંત દ્રવ્ય તરફનું લક્ષ છોડે છે ત્યારે નૈમિત્તિકભૂત વિકારનું પ્રતિક્રમણ કરે છે. એનું નામ પ્રતિક્રમણ છે, એનું નામ ધર્મ છે. આહાહા..! કઈ જાતની વાત? ત્યારે તે પચખે છે. વર્તમાન પર નિમિત્ત તરફના નૈમિત્તિક ભાવને છોડે છે અને ભવિષ્યમાં પણ નિમિત્ત તરફના વલણને છોડે છે, ઇ પચખાણ. પચખાણ એનું નામ છે. અનંતા પરદ્રવ્ય નિમિત્ત તરફના વલણના વિકારને છોડે એનું નામ પચખાણ (છે). આહાહા..! આ તો મારે આ ખપે નહિ, કરો પચખાણ. એ પચખાણ થઈ ગયા. એ પચખાણ,

પચખાણ નથી. આહાહા..!

પ્રતિક્રમણ અને પચખાણ કહો કે ધર્મ કહો, એ ધર્મ ત્યારે થાય કે પોતાના આત્મદ્રવ્ય સિવાય અનંતા દ્રવ્ય તરફના વલણને અને તેના વલણમાં થતા વિકારને છોડે ત્યારે તેને વર્તમાન પ્રતિક્રમણ થાય અને ભવિષ્યમાં પણ તે નિમિત્ત તરફનું વલણ છોડે ત્યારે નિમિત્ત અને એના વલણવાળા બેય ભાવને પચખે છે. ત્યારે તેને સ્વભાવ તરફ, ધ્રુવ તરફ ઝુકાવ થાય છે. ત્યારે તેને પચખાણ કહેવામાં આવે છે. આહાહા..! કઈ જાતની વાત આ?

જ્યારે ભાવને 'પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે સાક્ષાત્ અકર્તા જ છે.' ત્યારે સાક્ષાત્ અકર્તા થાય છે. સાક્ષાત્ કેમ કીધું? કે વસ્તુ તો અકારક જ છે, પણ પર્યાયમાં નિમિત્ત તરફના વલણથી વિકાર થાય છે તેને છોડે, ત્યારે સાક્ષાત્ પર્યાયમાં અકર્તા થાય છે. દ્રવ્ય તો અકારક છે જ. આહાહા..! સમજાણું આમાં કાંઈ 'સાક્ષાત્' શબ્દ લીધો છે ને? પહેલું અહીં લીધેલું, 'આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે;...' પહેલી લીટી એમ હતી. વસ્તુ તરીકે જે દ્રવ્ય વસ્તુ છે એ તો અકારક જ છે, વિકાર અને નિમિત્ત તરફના વલણ વિનાની ચીજ છે, પણ જ્યારે એ પર્યાયમાં પણ નિમિત્ત તરફથી વલણ છોડે છે અને નિમિત્ત તરફના વલણના વિકારને છોડે છે ત્યારે એ પર્યાયમાં સાક્ષાત્ અકારક થાય છે. એ દ્રવ્યથી અકારક છે એ પર્યાયથી પણ અકારક થાય છે. આહાહા..! આવી જાતનો ઉપદેશ.

એટલી લીટીમાં કેટલું બધું ભર્યું છે. 'ત્યારે સાક્ષાત્ અકર્તા જ છે.' અકર્તા જ છે. ભગવાનઆત્મા પૂર્ણાનંદ ને પૂર્ણ જ્ઞાનનો સાગર, એ તરફ ઝુકતાં, નિમિત્ત તરફનું ઝુકવું અને તેનાથી થતાં વિકારનું થવું એનાથી પાછો ખસ્યો એનું નામ પ્રતિક્રમણ અને ભવિષ્યમાં નહિ કરે એનું નામ પચખાણ. ત્યારે તે આત્મા સાક્ષાત્ અકર્તા થાય છે. દ્રવ્ય અકારક છે, વસ્તુ જે છે એ અકારક છે, પણ આ નિમિત્ત-નૈમિત્તિક ભાવને છોડે ત્યારે પર્યાયમાં સાક્ષાત્ અકર્તા થાય છે. આહાહા..! આ તો ઘણા દિ' ચાલ્યું. આ ચાર દિ' ચાલ્યું. એનો ભાવાર્થ વિશેષ કહેવાશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૫૩ ગાથા–૨૮૩ થી ૨૮૫** શુક્રવાર, માગશર સુદ ૪, તા. ૨૩-૧૧-૧૯૭૯

---

ભાવાર્થ. ૨૮૩-૨૮૪-૨૮૫ ભાવાર્થ છે ને? આ શેની વાત ચાલે છે? પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન. પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન ક્યારે, કેમ, કઈ રીતે થાય? અને નથી કરતો ત્યારે શું હોય છે? એ વાત ચાલે છે.

ભાવાર્થ :– 'અતીત કાળમાં...' ગયા કાળમાં 'જે પરદ્રવ્યોનું ગ્રહણ કર્યું હતું...' પોતાના

આત્મદ્રવ્ય સિવાય બીજા દ્રવ્યોને જે લક્ષમાં લીધા હતા, ગ્રહણ કર્યું હતું એટલે લક્ષમાં લઈને મારા છે એમ માન્યું હતું. ગ્રહણ કરવાનો અર્થ કાંઈ સ્વદ્રવ્ય પરદ્રવ્યને ગ્રહણ કરી શકતું નથી, પકડી શકતું નથી પણ પોતે પોતાને ભૂલી પોતા સિવાયના અનંતા દ્રવ્યોને આશ્રયે મમતા કરી 'ગ્રહણ કર્યું હતું...' એટલે મમતા કરી (હતી), મારા છે એમ કર્યું હતું.

'તેમને વર્તમાનમાં સારા જાણવા...' ગયા કાળમાં–અતીત કાળમાં અનંત પરદ્રવ્યોનો આશ્રય અને લક્ષ કર્યું હતું તેને વર્તમાનમાં ભલા જાણવા એ અપ્રતિક્રમણ દોષ છે. આહાહા..! 'તેમના સંસ્કાર રહેવા...' પૂર્વના દ્રવ્યો જે નિમિત્ત હતા તેના સંસ્કાર રહેવા કે, નિમિત્ત ઠીક છે, ઠીક હતા, અમને અનુકૂળ નિમિત્ત મળ્યા હતા એમ સંસ્કાર રહેવા. 'તેમના પ્રત્યે મમત્વ રહેવું,...' પરદ્રવ્ય પ્રત્યે મમત્વ રહેવું. પરદ્રવ્ય પોતે પકડાતું નથી, પરદ્રવ્ય કાંઈ સ્વદ્રવ્યમાં આવતું નથી. ફક્ત સ્વદ્રવ્યને ભૂલી અનંતા પરદ્રવ્ય(ને) ભલા જાણવા, સંસ્કાર રહેવા અને મમત્વ રહેવું 'તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે...' એ દ્રવ્ય અપ્રતિક્રમણ એટલે પર તરફથી (પાછો) વળ્યો નહિ એ દ્રવ્ય અપ્રતિક્રમણ છે.

'અને તે પરદ્રવ્યોના નિમિત્તે...' આમાં નિમિત્ત આવ્યું, જુઓ! 'પરદ્રવ્યોના નિમિત્તે...' નિમિત્તથી નહિ પણ નિમિત્તે. પરદ્રવ્યના નિમિત્તથી વિકાર થતા નથી પણ પરદ્રવ્ય ઉપર લક્ષ જતાં એના નિમિત્તે 'રાગાદિભાવો થયા હતા...' પૂર્વભવમાં જે રાગ-દ્વેષ, મિથ્યાભ્રમ, એ મારા છે, હું એનો છું એવી જે ભ્રમણા થઈ હતી.... આહાહા..! 'તેમને વર્તમાનમાં ભલા જાણવા,...' પહેલા નિમિત્તની વાત કરી હતી પછી નિમિત્ત સંબંધે વિકારભાવ નૈમિત્તિક થાય એની વાત કરે છે. આ ચાર વાર આપણે ચાલી ગયું છે. આ તો ભાવાર્થ છે.

એક કોર ભગવાનઆત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદ અને પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન, વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા તો છે. તેને છોડી પરદ્રવ્યના–નિમિત્તના આશ્રયે જે કંઈ મમતા, સંસ્કાર રહેવા એ દ્રવ્ય અપ્રતિક્રમણ–પરથી પાછું ન હટવું એ દ્રવ્ય અપ્રતિક્રમણ (છે). અને એ નિમિત્તને આશ્રયે પોતામાં પોતાથી થતા રાગાદિ, દ્વેષાદિ ભાવો તેમને વર્તમાનમાં ભલા જાણવા.. આહાહા..! બહુ ટૂંકામાં (ઘણું ભરી દીધું છે). 'તેમના સંસ્કાર રહેવા,...' આહાહા..! પૂર્વે અમારા પિતા હતા, પૂર્વે અમારી મા હતા, પૂર્વે અમારી સ્ત્રી હતી, પૂર્વે અમારા એ દીકરા હતા એમ પરદ્રવ્ય પ્રત્યેની મમતા રહેવી, સંસ્કાર રહેવા એ દ્રવ્ય અપ્રતિક્રમણ કહેવાય. પણ એના નિમિત્તે થતા વિકાર, એને ભાવ અપ્રતિક્રમણ કહેવાય. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– આજે તો વિષય જરા કઠણ છે.

ઉત્તર :– ચાર દિ' થી તો ચાલ્યો છે, બાપા! ચાર દિ' થી ચાલ્યું છે ને? 'વીરચંદભાઈ'! ચાર દિ' થી તો ચાલ્યું છે. તમારો આજે પહેલોવહેલો આવ્યો, 'રમણિક'ને નવું લાગે. આહાહા..! ભાષા તો સાદી છે પણ ભાવ તો જે ભર્યા છે એ છે, બાપુ!

ભગવંત! તું પરમાત્મસ્વરૂપ છો ને, પ્રભુ! એના પ્રેમને છોડી અને નિમિત્ત અનંત દ્રવ્યોના

પ્રેમમાં ગયો તો એ નિમિત્તનું પરદ્રવ્યનું અપ્રતિક્રમણ કહેવાય અને તેના નિમિત્તે પોતામાં પોતાને કારણે, નિમિત્તથી નહિ, રાગ ને દ્વેષ ને પુણ્ય-પાપના ભાવ જે થાય તેને ભાવ અપ્રતિક્રમણ કહે છે. કહો, સમજાય છે કાંઈ? 'ઝાંઝરીજી'! ભાષા તો સાદી છે. ભાવ તો આકરા છે. વાત સાચી. આહાહા..!

તેમના નિમિત્તે, નિમિત્તે, હોં! નિમિત્તનો અર્થ એનાથી નહિ. એના લક્ષે પૂર્વે મા, બાપ, બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, મકાન, હવેલી, આબરુ એ યાદ આવતા, તેના નિમિત્તનો આશ્રય કરતાં, એ નિમિત્તનું અપ્રતિક્રમણ (છે) અને એનો આશ્રય કરીને થતા વિકાર, તે ભાવ અપ્રતિક્રમણ (છે). ભાષા તો સાદી છે પણ હવે ભાવ તો જે હોય (એ હોય), બીજું શું થાય? આ તો આપણે ચાર દિ' થી ચાલે છે. આ તો ભાવાર્થ છે. ટીકા ચાર દિ' ચાલી. મૂળ વસ્તુ છે ને? 'બંધ અધિકાર'. બંધ કેમ થાય છે? કે, પોતા સિવાયના પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે તેથી તેના ભાવબંધના એ નિમિત્ત છે. તેથી નિમિત્તનું અપ્રતિક્રમણ છે અને તેનાથી ઉત્પન્ન થતા ભાવ પોતામાં પોતાને કારણે, રાગ-દ્વેષ, અજ્ઞાન એ ભાવ અપ્રતિક્રમણ છે. 'છોટાભાઈ'! આહાહા..! સમજાય છે કાંઈ? હેં?

મુમુક્ષુ :- પરદ્રવ્યને તો ગ્રહણ કરતો નથી ને!

ઉત્તર :- ગ્રહણ કર્યાનો અર્થ આ. તેથી પહેલો અર્થ કર્યો ને? પરદ્રવ્ય તો ક્યાં પકડાય છે? પણ એ મારા છે, હું એનો હું છું એમ માનવું એ જ ગ્રહણ કર્યું કહેવાય છે. આ એક દ્રવ્ય બીજા દ્રવ્યને તો કદી અડતું નથી. આહાહા..! આ પ્રભુ આત્મા અંદર છે એ આ શરીરને અડતો પણ નથી. તેમ આ શરીર છે એ આત્માને અડતું નથી. તેમ કર્મ છે તે આત્માને અડતા નથી. કેમકે પરદ્રવ્ય છે. પરદ્રવ્યની હયાતીમાં સ્વદ્રવ્યની હયાતીને અડે એમ બનતું નથી. આહાહા..! એ ગ્રહણ કર્યાનો અર્થ ઇ થયો કે, પર નિમિત્તોને મારા માન્યા, તેમાં પ્રેમ રહ્યો, તેના સંસ્કાર રહ્યા, એ બધો સંયોગ હતો એ ઠીક હતો, પૂર્વે બધો સંયોગ અનુકૂળ હતો એ ઠીક હતો, એમ જે નિમિત્ત તરફના વલણના ભાવ (રહેવા) એ નિમિત્તનું અપ્રતિક્રમણ કહેવાય. એનાથી ખસ્યો નહિ. અને નિમિત્તના આશ્રયે પોતાથી પોતામાં થતા, આ મારા છે, હું એનો છું એવો જે મિથ્યાત્વભાવ (તે ભાવ અપ્રતિક્રમણ છે). મુખ્ય તો મિથ્યાત્વની જ આખી વાત છે. આહા..!

પરદ્રવ્ય મારા અને હું એનો એ મિથ્યાત્વ છે અને પરદ્રવ્યના નિમિત્તે થતા મારું નિમિત્ત છે તે પણ ભાવ મિથ્યાત્વ છે. આહાહા..! એનું નામ અપ્રતિક્રમણ-ભાવ અપ્રતિક્રમણ (છે). નિમિત્ત તરફથી ન ખસવું એ દ્રવ્ય અપ્રતિક્રમણ અને પછી ભાવ થાય તેનાથી નહિ ખસવું એ ભાવ અપ્રતિક્રમણ (છે). છે? 'તે ભાવ અપ્રતિક્રમણ છે.' એ વર્તમાન પ્રતિક્રમણની વ્યાખ્યા કરી. આ બે બોલમાં વર્તમાન પ્રતિક્રમણની વ્યાખ્યા કરી. બે બોલમાં ભૂતકાળના નિમિત્તનું લક્ષ અને નિમિત્તથી થતા વિકાર, એ બેય દ્રવ્ય અને ભાવનું અપ્રતિક્રમણ એ વર્તમાનની

વાત કરી. ભૂતકાળનું તો ગયું છે એનું શું કામ છે? ગયા કાળમાં તો ગયું. ગયા કાળનું વર્તમાનમાં એના સંસ્કારની મમતા થવી, એમ. એમ કહ્યું ને? જુઓ!

'તેમને વર્તમાનમાં સારાં જાણવા...' જોયું? પહેલી લીટી જ ઇ છે. 'અતીત કાળમાં જે પરદ્રવ્યોનું ગ્રહણ કર્યું હતું તેમને વર્તમાનમાં સારાં જાણવા,...' ગયો કાળ તો ગયો જ છે. આહાહા..! એને પૂર્વે બહુ સારા હતા અને સારા સંયોગમાં અમે હતા તો અમને ઠીક પડતું એ સંયોગી ચીજ નિમિત્ત છે તેનું અપ્રતિક્રમણ, તેનો દોષ, તેનું એને પાપ છે. આહા..!

મુમુક્ષુ :– પરદ્રવ્યને અનુકૂળ માનવા એ પાપ?

ઉત્તર :– પરદ્રવ્ય દોષનું કારણ નહિ. પરદ્રવ્ય મારા છે અને હું એનો છું એવો ભાવ તે દોષ છે. એ દ્રવ્ય તરફનો દોષ છે, એમ. દોષ તો છે પોતામાં, પણ પરના લક્ષવાળો એ દોષ છે. અને પછી વર્તમાનમાં જે વિકાર–દોષ થાય, એ વર્તમાન અપ્રતિક્રમણ છે. એ રીતે વર્તમાનમાં પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તથી, નિમિત્તથી નામ પોતામાં નિમિત્ત વડે પોતાથી થતાં વિકાર, એ બેનું જ્યારે અપ્રતિક્રમણ છે, પાછો હટતો નથી તેને દ્રવ્ય-ભાવ અપ્રતિક્રમણ કહેવામાં આવે છે. આ તો એકલા ન્યાય ભર્યા છે. વાણિયાને વેપારીને ન્યાયની ખબર ન પડે. ધંધા.. ધંધા.. ધંધામાં (ગુંચાઈ ગયા). આ વિષય વીતરાગનો તો ન્યાયમાર્ગ છે. ... ન્યાય–લોજીક, નીતિ, ન્યાયથી વાત કરે છે. આહાહા..! થોડું પણ જેમ છે તેમ સત્ય હોવું જોઈએ ને?

કહે છે, કે દ્રવ્ય અને ભાવ અપ્રતિક્રમણ કોને કહેવા? દ્રવ્ય અપ્રતિક્રમણ અને ભાવ અપ્રતિક્રમણ કોને કહેવા? એટલે કે દ્રવ્યથી ફર્યો નથી અને ભાવથી ફર્યો નથી. મૂળ તો પ્રતિક્રમણ કર્યું નથી, એમ કહેવું છે. એ પરના નિમિત્તના સંસ્કાર ને મમતાને યાદ કરીને ખુશી થવું એ નિમિત્ત તરફના વલણ છે અને વર્તમાનમાં એ નિમિત્ત તરફના ભાવના સંસ્કાર ઠીક રહેવા અને એ ઠીક હતું એવા ભાવ વર્તમાનમાં પાછા થવા એ વર્તમાન ભાવ અપ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :– દૃષ્ટાંત આપો.

ઉત્તર :– દૃષ્ટાંત શું આમાં? આ જ દૃષ્ટાંત છે ને. આ કીધું ને? આધાકર્મીનો દૃષ્ટાંત આપશે. આ તો સિદ્ધાંત સિદ્ધ કરીને પછી આધાકર્મીનો દૃષ્ટાંત આપશે. લોકોને સમજવા માટે. પછીની ગાથામાં આવે છે ને! આહાહા..! એ દાખલો આપશે.

અહીંયાં તો સીધી વાત છે. કોઈપણ આત્મા વસ્તુ છે આ, એનું લક્ષ છોડીને એમાં જે વસ્તુ નથી, એવી જે પરચીજ નિમિત્ત, આ તો ઉપાદાન છે, પરચીજ જે નિમિત્ત છે તેને ભલા જાણવા, સંસ્કાર રહેવા અને તેમાં ચિંતવન રહેતા સારા જાણવા અને મમત્વ રહેવું. એ પરદ્રવ્ય તરફનો મમત્વનો ભાવ એ દ્રવ્ય અપ્રતિક્રમણ અને વર્તમાનમાં તે નિમિત્તના લક્ષે થયેલા તે કાળના ભાવને વર્તમાનમાં ઠીક માનવા, વર્તમાનમાં તેને ઠીક માનવા, રાગ

ને દ્વેષ, પુણ્ય ને પાપ, મિથ્યાભ્રાંતિ, વિષયસુખની કલ્પના જે પૂર્વે થયેલી એને વર્તમાનમાં ઠીક માનવા, અમે દેવમાં હતા તો ઇન્દ્રાણીના સુખ હતા, અબજોપતિ શેઠિયા હતા ત્યારે અમને સુખ હતા.. આહાહા..! એ ભાવપાપ અને ભાવ અપ્રતિક્રમણ કહેવામાં આવે છે. નિમિત્ત અને નૈમિત્તિકની અપ્રતિક્રમણની વાત કરી. ખરેખર તો બેનું પ્રતિક્રમણ કર્યું નથી, એમ કહેવું છે.

'તેવી રીતે...' જેમ ગયા કાળના નિમિત્ત અને નૈમિત્તિકની વાત કરી 'તેવી રીતે આગામી કાળ સંબંધી...' હવે ભવિષ્યકાળ (લે છે). ભવિષ્યકાળ 'સંબંધી પરદ્રવ્યોની વાંછા રાખવી,...' અમને ભવિષ્યમાં સ્વર્ગનો સારો ભવ મળે, શેઠાઈ મળે, આમ મળે, તેમ મળે એવી જે પરદ્રવ્યની વાંછી રાખવી. આહાહા..! મને મારી પૂર્ણાનંદ દશા મળે એમ ન વાંછા કરતાં બહારના સંયોગો મને (સારા મળે), અહીંથી દેહ છૂટે તો મને સ્વર્ગ મળે, શેઠાઈ મળે, સારી ગતિ મળે એવી જે વાંછા. આહાહા..! એની મમતા રાખવી. સારો સ્વર્ગનો ભવ મળે, શેઠનો મળે, શેઠાઈનો મળે એની મમતા રાખવી. આહાહા..! ભવ મળે એ તો નુકસાનકારક છે. ભવ તો એના સ્વભાવમાં છે નહિ. ભવ થવો એ તો કલંક છે. આહાહા..!

ભગવાન ભવ વિનાનો આત્મા, એને ભવ એ તો કલંક છે. છતાં ભવિષ્યના ભવની વાંછા રાખવી કે, અહીંથી મરીને હું સ્વર્ગમાં જઉં કે જુગલિયામાં મોટું મનુષ્યનું આયુષ્ય (મળે), ત્રણ ત્રણ પલ્યોપમના આયુષ્ય છે ને? મનુષ્ય-દેવકુરુ-ઉત્તરકુરુ. આહાહા..! કાં ભવિષ્યમાં હું સિંહ ને વાઘ થાઉં, વનનો રાજા કહેવાઉં, વનમાં મારું ચાલે એવા ભવિષ્યના ભવના નિમિત્તની વાંછા રાખવી, મમતા કરવી. આહા..! ભલા જાણવા. છે? તેની 'વાંછા રાખવી, મમત્વ રાખવું, તે દ્રવ્ય અપ્રત્યાખ્યાન છે...' પહેલા નિમિત્તની વાત હતી, હવે અહીંયાં ભાવ જે છે એ અપ્રત્યાખ્યાન. એના પ્રત્યેનો જે ભાવ ભવિષ્યમાં થશે એને અત્યારે ન છોડવા એ અપ્રત્યાખ્યાન છે.

'આમ દ્રવ્ય અપ્રતિક્રમણ અને ભાવ-અપ્રતિક્રમણ...' દ્રવ્ય અપ્રતિક્રમણ એટલે ભૂતકાળના અને ભવિષ્યના નિમિત્તો જે છે તેનું દ્રવ્યનું અપ્રતિક્રમણ અને દ્રવ્યનું અપ્રત્યાખ્યાન. 'તથા દ્રવ્ય-અપ્રત્યાખ્યાન અને ભાવ-અપ્રત્યાખ્યાન છે.' ઓલું પ્રતિક્રમણ હતું, આ પ્રત્યાખ્યાન (છે). વર્તમાનમાં તેનું પ્રત્યાખ્યાન નહિ, ભવિષ્યમાં એનું પ્રત્યાખ્યાન નહિ.

'એવો જે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો બે પ્રકારનો ઉપદેશ છે તે દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિકભાવને જણાવે છે.' તે એમ જણાવતા ભગવાન એમ જણાવે છે, કે ત્યાં નિમિત્ત-નિમિત્ત સંબંધ થયો. સ્વભાવ સંબંધ ન રહ્યો. આહાહા..! જે આત્મામાં નિમિત્ત-નિમિત્ત સંબંધ છે નહિ એવો સંબંધ ઊભો કર્યો. અહીં તો આત્મા આનંદ અને જ્ઞાન સ્વભાવના સંબંધવાળો છે. એ આનંદ અને જ્ઞાનના સ્વભાવનો સંબંધ દ્રવ્ય સાથે છે. એના સંબંધને ન કરતાં, ભવિષ્યના અને વર્તમાનના દ્રવ્ય અને ભાવ પ્રત્યેની મમતા રાખતા.. આહાહા..!

'માટે એમ ઠર્યું કે પરદ્રવ્ય તો નિમિત્ત છે...' પરદ્રવ્ય નિમિત્ત છે, હોં! ઓલા કહે છે, કે તમે નિમિત્તની ના પાડો છે. નિમિત્ત છે ખરું, નિમિત્તથી થતું નથી. આ મોટો સિદ્ધાંત છે. આત્મા સ્વ ઉપાદાન અને પર વસ્તુ બધી નિમિત્ત તો છે ખરી, પણ એ નિમિત્તથી આત્મામાં થાય એમ નહિ. નિમિત્તને લક્ષે, આશ્રયે આત્મામાં થાય એ પોતાથી થાય. આહાહા..!

મુમુક્ષુ :– એ પોતે તો રાગનો અકારક છે.

ઉત્તર :– પોતે વસ્તુથી તો અકારક છે, પણ નિમિત્ત-નિમિત્ત સંબંધે કારક બને છે માટે પર્યાયમાં કારક થાય છે. આહાહા..!

'બે પ્રકારનો ઉપદેશ છે તે દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિકભાવને જણાવે છે. માટે એમ ઠર્યું કે પરદ્રવ્ય...' જે આત્મા સિવાય.. આહાહા..! સ્ત્રી, કુટુંબ-પરિવાર, લક્ષ્મી કે દેવ-ગુરુ-શાસ્ત્ર એ બધા પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય તો નિમિત્ત છે. એ નિમિત્ત એને કંઈ કરાવતું નથી. 'અને રાગાદિભાવો નૈમિત્તિક છે.' અને તેના લક્ષે થતાં મારા માન્યા એ થતાં એવા વિકારભાવ એ જીવના નૈમિત્તિક વિકાર પર્યાયમાં છે. દ્રવ્ય-ગુણમાં તો છે નહિ. એની પર્યાયમાં જે દ્રવ્ય-ગુણમાં નથી તેવા પર્યાયમાં–અવસ્થામાં વિકારના નૈમિત્તિક ભાવ ઉત્પન્ન કર્યા. છે?

'આ રીતે આત્મા રાગાદિભાવોને સ્વયમેવ નહિ કરતો હોવાથી...' આહાહા..! શું કીધું ઇ? પોતે જ્ઞાયક સ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન, વીતરાગસ્વભાવી પિંડ પ્રભુ, જે જ્ઞાનની પર્યાય જણાય છે તે તો આખો જ્ઞાનનો પિંડ છે એમ પર્યાય જાણે છે. જે આનંદનો પર્યાય જણાય છે એ એમ જાણે છે, કે આ તો આખો આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે. એવા આત્માના સ્વભાવને ન જાણતા. છે? આહા..! 'આ રીતે આત્મા રાગાદિભાવોને સ્વયમેવ નહિ કરતો...' પોતાના આનંદ અને જ્ઞાનના સ્વભાવના સંબંધે તો એ રાગાદિ થતા નથી. એટલે દ્રવ્ય સ્વયમેવ તો અકારક છે. દ્રવ્ય જે આત્મા છે, વસ્તુ જે છે એ સ્વયમેવ તો વિકારનો અકારક છે. સમજાણું કાંઈ?

'નહિ કરતો હોવાથી તે રાગાદિભાવોનો અકર્તા જ છે...' ભગવાનઆત્મા નિમિત્ત-નિમિત્ત સંબંધ વિના એકલો આત્મા તો વિકારનો કર્તા છે જ નહિ, એ તો અકર્તા છે. એ તો પોતાના ત્રિકાળી સ્વભાવનું લક્ષ છોડી દઈને વર્તમાન પર્યાયમાં નિમિત્ત-નિમિત્તનો સંબંધ ઊભો કરે છે ત્યારે તેને વિકાર થાય છે. ત્યારે તેને એ વિકારનો કર્તા કહેવામાં આવે છે. પર્યાયમાં વિકારનો કર્તા અજ્ઞાનીને કહેવામાં આવે છે. અજ્ઞાનીને દ્રવ્ય અકર્તા છે એ તો છે નહિ. આહાહા..! આવું સ્વરૂપ હવે.

ભવની ભીતી જેને લાગે... બાપા! અરે..રે..! હું અહીંથી ક્યાં જઈશ? અહીંની મુદ્દત તો પૂરી થવા આવશે. પાંચ-દસ-પચીસ વર્ષ દેહને.. પછી આત્મા ક્યાં જશે? ભાઈ! આત્મા તો અવિનાશી છે, એ તો નાશ થતો નથી, તો એ ક્યાં જશે? ક્યાં રહેશે? કેવા ભાવને કરીને દુઃખી થશે? આહાહા..! એવો જેને ભવનો ડર અને ભીતી લાગી છે એ આ નિમિત્ત-

નિમિત્ત સંબંધને છોડે છે. આહાહા..! ઝીણું છે. સત્ય તો આમ છે. આહા..!

'આ રીતે આત્મા...' આ રીતે એટલે? પરદ્રવ્યના નિમિત્તમાં લક્ષ જાય છે અને તેનાથી એને રાગાદિ પોતામાં થાય છે અને તેથી નિમિત્ત-નિમિત્ત સંબંધમાં રોકાતા ચાર ગતિમાં રખડવું એને થાય છે. 'આ રીતે આત્મા રાગાદિભાવોને સ્વયમેવ નહિ કરતો...' નિમિત્ત-નિમિત્ત સંબંધ વિના એકલો આત્મા રાગને કરે એવું છે નહિ. આહાહા..! આવી વાત મીઠી મધુરી વાત છે. દુનિયાનો મોહ અને મમતા.. આહાહા..! બહારના ભપકાની એને મહિમા આવતા અંદરની વસ્તુની મહિમા એને આવતી નથી. આહાહા..! એને લઈને જ્યારે એ બહારની વસ્તુના ભપકા ઉપર રોકાય છે તેથી તે રાગનો કર્તા થાય છે. એ હિસાબે એકલો આત્મા સ્વયમેવ તો અકારક છે. નિમિત્ત-નિમિત્ત સંબંધ વિના આત્મા એકલો વિકારનો અકર્તા છે. આહાહા..! સમજાય છે આમાં? આ તો પાંચમી વાર ચાલે છે. આહાહા..! આ વસ્તુ છે ને! 'બંધ અધિકાર'ની છેલ્લી ગાથાઓ છે.

બાપુ! બંધ કેમ થાય છે? જો તું તો અબંધસ્વરૂપ છો ને! ભગવાન તો અબંધસ્વરૂપ છે. બીજી રીતે કહીએ તો એ મુક્તસ્વરૂપ છે. એ મુક્તસ્વરૂપમાં બંધ શું આ? મુક્તસ્વરૂપ પોતે જ છે એ તો વિકારનો અકારક જ છે. આહાહા..! પણ તેની પર્યાયમાં બંધ જે દેખાય છે એ નિમિત્તને લક્ષે, નિમિત્તથી પાછો હટતો નથી અને નિમિત્તના આશ્રયે થતા વિકારથી પાછો હટતો નથી તેથી તે બંધના ભાવનો (કર્તા થાય છે). અબંધસ્વરૂપ એ તો અબંધસ્વરૂપે જ છે. પર્યાયમાં તે બંધનો કર્તા થાય છે. આહાહા..! 'ચીમનભાઈ'! આવી વાત લોકોને ઝીણી પડે. એથી બહારવાળાને લાગે છે, કે આ ક્રિયાકાંડ કરવું ને આ કરવું, આ કરવું, આ કરવું એવી વાત તો આમાં ક્યાંય આવતી નથી.

ભાઈ! તું તો આત્મા આનંદ છો ને! જ્ઞાનસ્વરૂપ તું છો ને! જ્ઞાન શું કરે? જ્ઞાન શું કરે? જ્ઞાન રાગને જાણે એમ કહેવું એ વ્યવહાર છે તો રાગને કરે એ જ્ઞાનમાં ક્યાંથી આવે? આહાહા..! ભગવાન ચૈતન્યરસ, જ્ઞાયકસ્વભાવનો પિંડ, એ જ્ઞાયક પરને જાણે, રાગને જાણે, નિમિત્તને જાણે એ કહેવું એ વ્યવહાર છે. એને ઠેકાણે એ રાગને, નિમિત્તને કરે એ વસ્તુના સ્વરૂપમાં ક્યાં છે? પણ વસ્તુના સ્વરૂપને ભૂલી અબંધ નામ મુક્તસ્વરૂપ પરમાત્મા પોતે, એને ભૂલી અને જે એમાં નથી એવી ચીજની મમતામાં જોડાઈ ગયો તેથી તે નિમિત્તનું અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન થયું. અને નિમિત્તને લક્ષે વિકાર થયો એને અંદર ભાવ અપ્રતિક્રમણ અને ભાવ અપ્રત્યાખ્યાન થયું. એ નિમિત્ત-નિમિત્ત સંબંધ એમ જાહેર કરે છે, પર્યાયમાં અધ્ધરથી નિમિત્ત-નિમિત્ત (સંબંધ થાય છે). પરદ્રવ્ય અને અહીં વિકારી પર્યાય, એ એમ સિદ્ધ કરે છે, કે દ્રવ્ય પોતે અકારક છે. આહાહા..! ભગવાનઆત્મા તો વિકારનો ને સંસારનો અને નિમિત્ત તરફના આશ્રયનો અકારક છે. થોડું ઝીણું છે, ભાઈ! પણ એણે સમજવું પડશે, ભાઈ!

આ મનુષ્યદેહ ચાલ્યા જાય છે, જુઓ! આહા..! બહારની હોંશું અને ભપકામાં પોતાનો ભપકો ભૂલી જાય છે. આહાહા..! એથી નિમિત્ત-નિમિત્ત સંબંધે પર્યાયમાં, પર્યાયદૃષ્ટિએ પર્યાયમાં નિમિત્ત-નિમિત્ત દૃષ્ટિએ બંધનું કારણ, કારક થાય છે. પણ એ નિમિત્ત-નિમિત્ત સંબંધને છોડે તો દ્રવ્ય સ્વભાવ એવો છે કે રાગ અને નિમિત્ત તરફ જોડાય એવું એનું સ્વરૂપ જ નથી. આહાહા..! આવી વાત આકરી પડે, અત્યારે ચાલતી નથી. સંપ્રદાયમાં પણ અત્યારે તો આ કરો, આ કરો (ચાલે છે). શું કહે છે આ?

ભગવાન! તને ન્યાયથી બેસવું જોઈએ, ભાઈ! પ્રભુ! તું એક ચીજ છો કે નહિ? તો ચીજ છે તે વસ્તુ પોતે સ્વતઃ વિકારી કેમ હોઈ શકે? દુઃખી કેમ હોઈ શકે? સ્વતઃ ચીજ દુઃખી અને વિકારી કેમ હોય? આહાહા..! ત્યારે વિકાર દેખાય છે ને? અને સુખ અને આનંદ દેખાતો નથી ને? એ એમ જાહેર કરે છે, કે વર્તમાન પર્યાયમાં નિમિત્ત અને નિમિત્ત સંબંધની અંદરમાં પાછો ખસતો નથી, ત્યાં હટ કરીને ઊભો રહ્યો છે. આહાહા..! એ હટ કરીને નિમિત્ત-નિમિત્ત સંબંધમાં ઊભો રહ્યો છે એ એમ સિદ્ધ કરે છે કે નિમિત્ત-નિમિત્ત સંબંધ વિનાનો જે ભગવાનઆત્મા, એ તો અકારક છે. એ તો વિકારનો કારક છે નહિ. આહાહા..!

આવી વાત વીતરાગ સિવાય, એમાં પણ દિગંબર મુનિઓ સિવાય ક્યાંય વાત નથી. બીજાને દુઃખ લાગે (કે), અમારું ખોટું કરે છે. ભાઈ! ખોટું છે એને ખોટું કહેતા તને લાભનું કારણ છે. ખોટાને ખોટું સમજતા પ્રભુ! તને લાભનું કારણ છે. ખોટાને ખોટું સમજીને રહેતા પ્રભુ! તને નુકસાન છે. ખોટાને ખોટું ન સમજે અને ખોટું છે તે બરાબર છે (એ તો નુકસાન છે). આહાહા..! આમાં કોઈને સફારશ ચાલે એવું નથી, બાપુ! આહા..! મરતા રગું તણાશે, શરીર આમ થશે, કંઈકના રોગ ઓહોહો..! બેભાન થઈ જાય, અસાધ્ય થઈ જાય. આહાહા..! શરીરમાં જીવ જીવતા અસાધ્ય થઈ જાય. બહારથી, હોં! મિથ્યાત્વને લઈને તો અસાધ્ય છે જ. નિમિત્ત અને નૈમિત્તિકના સંબંધે તો સ્વભાવમાં અસાધ્ય છે. કારણ કે એને સ્વભાવ તરફનું સાધ્ય–ધ્યેય નથી. અસાધ્ય છે. એનું સાધ્ય અને ધ્યેય તો નિમિત્ત-નૈમિત્તિક છે. આહાહા..! આચાર્યોએ કામ કર્યા છે! આ કાંઈ પૈસા દીધે મળે એવું છે? હેં? ‘છોટાભાઈ’! લાખ રૂપિયા આપે ને કરોડ આપે (તો મળે એવું છે)? આહાહા..! શું શૈલી એની! શું સંતોની શૈલી! કે જેના હૃદયમાં ઘા વાગી જાય અને ફેરફાર થઈ જાય, ફડાક દઈને...! આહાહા..!

ભગવાન! તું તત્ત્વ છો કે નહિ? પ્રભુ! તત્ત્વ છો તો સ્વભાવ વિનાનું તત્ત્વ હોય કે સ્વભાવ છે? તત્ત્વ છે તે નિત્ય છે તો એનો સ્વભાવ પણ નિત્ય છે. અનંત આનંદ અને જ્ઞાન, શાંતિ, વીતરાગતા એ નિત્ય છે. જો પ્રભુ! તારી દૃષ્ટિ નિત્ય ઉપર હોય તો તો આ નિમિત્ત-નિમિત્ત સંબંધ રહે નહિ, તો પરિભ્રમણ રહે નહિ. આહાહા..! શું વાત કરી છે! ગજબ કરી છે!! આ ‘અમૃતચંદ્રાચાર્યદેવ’! પંડિતે ભાવાર્થ પણ કેવો કર્યો છે! ‘જયચંદ્રજી’ પંડિત ગૃહસ્થ. આહાહા..!

પોતાથી અકારક છે એમ સિદ્ધ થયું. 'આ પ્રમાણે જોકે આ આત્મા...' આ આત્મા. પ્રત્યક્ષ ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મા, આ આત્મા. આહાહા..! 'રાગાદિભાવોનો અકર્તા જ છે...' સ્વરૂપે વસ્તુ, પર્યાયમાં નિમિત્તના લક્ષ વિના, નૈમિત્તિકના ભાવ વિના, એકલો સ્વભાવ એ તો અકર્તા જ છે. રાગ દયા, દાનના પરિણામનો પણ અકર્તા છે. આહાહા..! પછી આવું ઝીણું લાગે ને? 'યશપાલજી'! પછી કહે, 'સોનગઢ'નું આવું છે, 'સોનગઢ'નું આવું છે. તારો મિથ્યાભાસ છે, બાપુ! ભગવાન! પરમસત્ય છે, પ્રભુ! અને ઉદ્ધારનો માર્ગ આ છે, શરણ આ છે. બીજું નિમિત્ત અને રાગનું શરણ લેવા જઈશ (તો) મિથ્યાત્વ થશે. આહા..! કેમકે સ્વરૂપમાં એ છે નહિ. આહાહા..! અહીં મુખ્ય તો મિથ્યાત્વની વાત છે. સમજાણું કાંઈ? આવું ક્યાં મળે એવું છે? 'વીરચંદભાઈ'! 'કલકત્તા' મળે એવું છે ન્યાં? પૈસા અને ધૂળ મળે, ધૂળ. આહાહા..!

એક કોર અનંત આનંદની લક્ષ્મીનો બાદશાહ, અનંત અતીન્દ્રિય આનંદનો બાદશાહ, એનો આશ્રય છોડીને, જે (ચીજ) વસ્તુમાં નથી, આ તો છે, છે તેનું લક્ષ છોડીને નથી તેના લક્ષમાં જાય છે તેથી એ ચીજ તને વિકાર કરાવતી નથી, પણ તું છે તેમાં ન જતાં, નથી તેમાં જાય છે એટલે તારી પર્યાયમાં વિકાર થાય છે. આહાહા..! ગજબ વાત છે. આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિ. આહા..! એક વ્યાખ્યાન ગજબ કરે છે! આહાહા..!

આવો અકર્તા હોવા છતાં 'જ્યાં સુધી તેને નિમિત્તભૂત પરદ્રવ્યનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે...' આવું તો સ્વરૂપ હોવા છતાં, દ્રવ્ય સ્વભાવ તો અકર્તા છે, છતાં પર્યાયમાં નિમિત્ત અને નૈમિત્તિકનો સંબંધ જ્યાં સુધી ન છૂટે ત્યાં સુધી તે રાગનો કર્તા અને મિથ્યાત્વનો કર્તા છે. આહાહા..! બીજી ભાષાએ મીઠાશથી કહીએ તો દ્રવ્યદૃષ્ટિ છોડીને પર્યાયદૃષ્ટિમાં જાય છે ત્યારે તેને નિમિત્ત-નૈમિત્તિકનો સંબંધ થાય છે. આહાહા..! ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો ઢગલો, ગંજ પડ્યો છે મોટો ગંજ, એની સામું ન જોતાં તારી ચીજમાં એક સમયમાત્ર પણ પરચીજ નથી, આ તો ત્રિકાળ રહેનારી ચીજ છે, આનંદ ને જ્ઞાન ને શાંતિ ત્રિકાળી રહેવાની ચીજ તારામાં છે. પ્રભુ! એને તું જોતો નથી. એનો સ્વીકાર કરતો નથી અને તારી ચીજમાં એક સમયમાત્ર પણ નથી. એવી નિમિત્ત ચીજોને તું મમતાથી મારી માને છો. આહાહા..! જેથી ત્રિકાળી સ્વભાવનો આશ્રય લેતા, સ્વીકાર કરતા પર્યાયમાં જેમ નિર્મળતા પ્રગટે એ સ્વતંત્ર છે. એમ તારી દૃષ્ટિ ત્યાં ન હોવાથી તારામાં નથી તેમાં દૃષ્ટિ કરતાં તારી પર્યાયમાં વસ્તુમાં નથી એવો વિકાર ઉત્પન્ન થાય છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? 'રમણીકભાઈ'! સમજાય છે ને? આહાહા..! આ તો આજે જ આવ્યા છે ને? આહાહા..! ચાર-પાંચ દિ' થી ચાલે છે. નવાને જરી નવું લાગે. આહા..! નવું નથી, પ્રભુ!

આવો છતો સ્વભાવ નિત્યાનંદ પ્રભુ, હયાતીવાળું તત્ત્વ, અનંત જ્ઞાન અને આનંદથી

ભરેલો ભગવાન, એનો સ્વીકાર ન કરતાં જે તારામાં નથી તેવી નિમિત્ત ચીજ ગમે તે પછી રાજ હોય, સ્ત્રી હોય, કુટુંબ હોય કે અબજો પૈસા હોય, તે તારી પર્યાયમાં નથી, દ્રવ્ય-ગુણમાં તો નથી, પર્યાયમાં નથી તેમાં તારું લક્ષ જઈને મમતા કરે છો કે, આ મારું. આહાહા..! ત્યાં સુધી નિમિત્ત-નિમિત્ત સંબંધ છે, ત્યાં સુધી તે અજ્ઞાનથી રાગનો, મિથ્યાત્વનો કર્તા છે. એ નિમિત્ત-નિમિત્ત સંબંધ એમ જણાવે છે, કે એકલો પ્રભુ ચૈતન્ય, નિમિત્તના સંબંધના લક્ષને છોડીને એકલો ત્રિકાળી સ્વભાવ છે તેનો આશ્રય કરે તો તે અકારક છે. એને સંસાર છે જ નહિ. આહાહા..!

આવો હોવા છતાં 'જ્યાં સુધી તેને નિમિત્તભૂત પરદ્રવ્યનાં...' આવી વસ્તુ તો છે, અકારક, કહે છે. પણ જ્યાં સુધી તને પર તરફનું અપ્રતિક્રમણ નથી.. આહા..! અને અપ્રત્યાખ્યાન છે 'ત્યાં સુધી તેને નિમિત્તભૂત રાગાદિભાવોનાં...' મિથ્યાત્વ આદિનું 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન છે,...' ત્યાં સુધી તેને રાગ, મિથ્યાત્વનો ત્યાગ નથી, પચખાણ નથી, પ્રતિક્રમણ નથી, પાછો ફર્યો નથી. તેને છોડું, ભવિષ્યમાં છોડવું છે એમ તને થયું નથી. વર્તમાનમાં છોડ્યું નથી તેથી ભવિષ્યમાં છોડવું છે એવું પણ વર્તમાનમાં છે નહિ. આહાહા..! એકવાર તો મધ્યસ્થ માણસ સાંભળે તો એને થઈ જાય કે, માર્ગ તો આ છે, ભાઈ! ઝગડા-બગડા બધા મૂકી દે, બાપા! આહાહા..! આ સાચું છે ને આ ખોટું છે (એ મૂકી દે).

ઓલાએ વળી એવું કીધું, 'રયણસાર'માં 'વોચ્છામિ' આવે છે ને? 'વોચ્છામિ'. એનો 'બળભદ્રે' અર્થ કર્યો કે, 'કુંદકુંદાચાર્યદેવ' કર્તા નથી, એ તો વક્તા છે, કહેનાર છે. એના કર્તા નથી. કહો, એવો અર્થ કર્યો. અરે..! પ્રભુ! શું કરે છે? 'સમયસાર'માં પણ 'વોચ્છામિ' છે. એ 'સમયસાર'ના કર્તા નથી, વક્તા જ છે. આહા..! ક્યાં લગાવે છે યુક્તિ પ્રભુ! અહીં તો કહે છે, કર્તા નથી એ વાત સાચી, પણ કઈ અપેક્ષાએ? એ વાણીની ક્રિયા છે માટે વક્તા પણ નથી અને કર્તા પણ નથી. ભાઈ! એણે તો કર્તા નથી એમ કીધું છે અને વક્તા છે એમ કીધું છે. 'રયણસાર'માં. અહીં તો (કહે છે), કર્તા પણ નથી અને વક્તા પણ નથી. આહાહા..! વાણીનો કર્તા પણ નથી અને વક્તા પણ નથી. આહાહા..!

આબાળગોપાળ બધા ભગવાન તરીકે બિરાજે છે. આહા..! તેને ભગવાનસ્વરૂપે થવાની આ વાત છે. પામરમાં રહે નહિ, પ્રભુ! તને શોભે નહિ. આહાહા..! પામરની પર્યાયમાં અહંપણું જો આવે એ શોભે નહિ, નાથ! પ્રભુતાથી ભરેલો ભગવાન એનું અહંપણું આવતાં પામર પર્યાયની તુચ્છતા છૂટી જાય છે. આહા..! સમજાણું કાંઈ?

આ કહે છે, જ્યાં સુધી રાગાદિભાવોનું અપ્રતિક્રમણ છે 'ત્યાં સુધી તેને રાગાદિભાવોનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે... ત્યાં સુધી તે રાગાદિભાવોનો કર્તા જ છે;...' આહાહા..! અકર્તા અકારક એવો ભગવાનઆત્મા, દ્રવ્યસ્વભાવ ને ધ્રુવસ્વભાવ ને મુક્તસ્વભાવની દૃષ્ટિ કરતો નથી ત્યાં સુધી પર્યાયદૃષ્ટિમાં પર તરફનું વલણ અને પર તરફના થતા ભાવને છોડતો

નથી ત્યાં સુધી તે વિકારનો કર્તા જ છે. 'નંદાભાઈ' 'સુરત'વાળા ગયા? છે? ગયા. આહા..!

'જ્યારે તે નિમિત્તભૂત પરદ્રવ્યનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કરે...' એટલે? કે, પરથી હટીને સ્વભાવનો આશ્રય કરે, જે સ્વભાવનો આશ્રય છોડીને પરનો આશ્રય કરતો (હતો) ત્યાં સુધી કર્તા હતો. પરનો આશ્રય છોડીને સ્વનો આશ્રય કરે ત્યારે તેને 'નૈમિત્તિક રાગાદિભાવોનાં પણ પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે,...' આહા..! એકલા ન્યાય મણિરત્ન ભર્યાં છે. 'જ્યારે તે નિમિત્તભૂત પરદ્રવ્યનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કરે...' એટલે તેના તરફથી લક્ષ ખસી જાય 'ત્યારે તેને નૈમિત્તિક રાગાદિભાવોનાં પણ પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે,...' ત્યારે તેને રાગ-દ્વેષ થતા નથી. આહાહા..! નિમિત્તનું પ્રત્યાખ્યાન થયું એટલે તેનાથી લક્ષ છોડ્યું એટલે તેના તરફના વલણના ભાવ તેને થતા નથી.

'અને જ્યારે રાગાદિભાવોના પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે ત્યારે તે સાક્ષાત્ અકર્તા જ છે.' એ શું કીધું? પોતાની મેળાએ તો અકારક જ છે, પણ પર્યાયમાં પરના લક્ષે કર્તા થતો (હતો), એ જ્યારે પરથી ખસીને સ્વમાં આવ્યો ત્યારે પર્યાયમાં સાક્ષાત્ અકર્તા થયો. દ્રવ્યે તો અકર્તા છે જ, વસ્તુ ભગવાનઆત્મા તત્ત્વદષ્ટિએ તો પોતે અકારક જ છે, જ્ઞાતા-દૃષ્ટા જ છે, પણ નિમિત્ત-નિમિત્ત સંબંધમાં જે કારક થતો (હતો), એ ત્યાંથી પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કરીને ખસી ગયો ત્યારે પર્યાયમાં પણ જેવું દ્રવ્ય અકારક છે એવો પર્યાયમાં અકારક થયો. સમજાણું આમાં? જેવા દ્રવ્ય અને ગુણ વિકારના અકારક છે એ રીતે પર્યાયમાં પણ નિમિત્ત-નિમિત્ત સંબંધને છોડીને પર્યાયમાં પણ રાગનો અકર્તા થયો એટલે જ્ઞાતા-દૃષ્ટા થયો. જ્ઞાતા-દૃષ્ટા થયો એટલે આનંદની દશામાં રમતો થયો. ઓલી દુઃખદશામાં રમતો હતો. વિશેષ કહેવાશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

જ્ઞાન જગતમાં બધા જીવોને સ્વ-અનુભવથી નક્કી છે જ્યારે સ્વાશ્રયી જ્ઞાન વડે અંતર્મુખ જ્ઞાન વડે આત્માને જાણે ત્યારે આત્મા યથાર્થ જાણ્યો કહેવાય. પરલક્ષ્યવાળા જ્ઞાનને તથા અગીયાર અંગના શાસ્ત્રજ્ઞાનને આત્માનું જ્ઞાન કહ્યું નથી. જેનું લક્ષણ (સ્વરૂપ) નક્કી કરવું છે તે લક્ષ્યરૂપ આત્માને જ અવલંબીને જાણે તે જ જ્ઞાન છે. નિમિત્ત-રાગ, વ્યવહારને અવલંબીને જાણે તે જ્ઞાન નથી. આચાર્યદેવને પર વસ્તુનું જાણપણું પ્રસિદ્ધ કરવું નથી. જે સ્વલક્ષણરૂપ જ્ઞાન વડે આત્માને જાણે તેની પ્રસિદ્ધિ સમ્યક્ છે. જુઓ, આ રીતે પણ અંતર્મુખ દૃષ્ટિ કરવાની વાત છે. (પરમાગમસાર-૬૪૦)

## ગાથા–૨૮૬-૨૮૭

द्रव्यभावयोर्निमित्तनैमित्तिकभावोदाहरणं चैतत् -

आधाकम्मादीया पोग्गलदव्वस्स जे इमे दोसा।
कह ते कुव्वदि णाणी परदव्वगुणा दु जे णिच्चं।।२८६।।
आधाकम्मं उद्देसियं च पोग्गलमयं इमं दव्वं।
कह तं मम होदि कयं जं णिच्चमचेदणं वुत्तं।।२८७।।

अधःकर्माद्याः पुद्गलद्रव्यस्य य इमे दोषाः।
कथं तान् करोति ज्ञानी परद्रव्यगुणास्तु ये नित्यम्।।२८६।।
अधःकर्मोद्देशिकं च पुद्गलमयमिदं द्रव्यं।
कथं तन्मम भवति कृतं यन्नित्यमचेतनमुक्तम्।।२८७।।

यथाधः कर्मनिष्पन्नमुद्देशनिष्पन्नं च पुद्गलद्रव्यं निमित्तभूतमप्रत्याचक्षाणो नैमित्तिकभूतं बन्धसाधकं भावं न प्रत्याचष्टे, तथा समस्तमपि परद्रव्यमप्रत्याचक्षाणस्तन्निमित्तकं भावं न प्रत्याचष्टे। यथा चाधःकर्मादीन् पुद्गलद्रव्यदोषान्न नाम करोत्यात्मा परद्रव्यपरिणामत्वे सति आत्मकार्यत्वाभावात्, ततोऽधःकर्मोद्देशिकं च पुद्गलद्रव्यं न मम कार्यं नित्यमचेतनत्वे सति मत्कार्यत्वाभावात्, - इति तत्त्वज्ञानपूर्वकं पुद्गलद्रव्यं निमित्तभूतं प्रत्याचक्षाणो नैमित्तिकभूतं बन्धसाधकं भावं प्रत्याचष्टे, तथा समस्तमपि परद्रव्यं प्रत्याचक्षाणस्तन्निमित्तं भावं प्रत्याचष्टे। एवं द्रव्यभावयोरस्ति निमित्तनैमित्तिकभावः।

---

હવે દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાનું ઉદાહરણ કહે છે :-

આધાકરમ ઇત્યાદિ પુદ્‌ગલદ્રવ્યના આ દોષ જે,
તે કેમ 'જ્ઞાની' કરે સદા પરદ્રવ્યના જે ગુણ છે ? ૨૮૬.
ઉદ્દેશી તેમ જ અધઃકર્મી પૌદ્‌ગલિક આ દ્રવ્ય જે,
તે કેમ મુજકૃત હોય નિત્ય અજીવ ભાખ્યું જેહને ? ૨૮૭.

ગાથાર્થ :– [ अधःकर्माद्याः ये इमे ] અધઃકર્મ આદિ જે આ [ पुद्गलद्रव्यस्य दोषाः ] પુદ્‌ગલદ્રવ્યના દોષો છે (તેમને જ્ઞાની અર્થાત્ આત્મા કરતો નથી;) [ तान् ] તેમને [ ज्ञानी ] જ્ઞાની અર્થાત્ આત્મા [ कथं करोति ] કેમ કરે [ ये तु ] કે જે [ नित्यम् ] સદા [ परद्रव्यगुणाः ] પરદ્રવ્યના ગુણો છે ?

માટે [ अधःकर्म उद्देशिकं च ] અધઃકર્મ અને ઉદ્દેશિક [ इदं ] એવું આ [ पुद्गलमयम् द्रव्यं ] પુદ્‌ગલમય દ્રવ્ય છે (તે મારું કર્યું થતું નથી;) [ तत् ] તે [ मम कृतं ] મારું કર્યું [ कथं भवति ] કેમ થાય [ यत् ] કે જે [ नित्यम् ] સદા [ अचेतनम् उक्तम् ] અચેતન કહેવામાં આવ્યું છે ?

ટીકા :– જેમ અધઃકર્મથી નીપજેલું અને ઉદ્દેશથી નીપજેલું એવું જે નિમિત્તભૂત (આહાર આદિ) પુદ્‌ગલદ્રવ્ય તેને નહિ પચખતો આત્મા (-મુનિ) નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખતો (ત્યાગતો) નથી, તેમ સમસ્ત પરદ્રવ્યને નહિ પચખતો (-નહિ ત્યાગતો) આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખતો (ત્યાગતો) નથી. વળી, ''અધઃકર્મ આદિ જે પુદ્‌ગલદ્રવ્યના દોષો તેમને આત્મા ખરેખર કરતો નથી કારણ કે તેઓ પરદ્રવ્યના પરિણામ હોવાથી તેમને આત્માના કાર્યપણાનો અભાવ છે, માટે અધઃકર્મ અને ઉદ્દેશિક એવું જે પુદ્‌ગલદ્રવ્ય તે મારું કાર્ય નથી કારણ કે તે નિત્ય અચેતન હોવાથી તેને મારા કાર્યપણાનો અભાવ છે,'' - એમ તત્ત્વજ્ઞાનપૂર્વક નિમિત્તભૂત પુદ્‌ગલદ્રવ્યને પચખતો આત્મા (-મુનિ) જેમ નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખે છે, તેમ સમસ્ત પરદ્રવ્યને પચખતો (ત્યાગતો) આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખે છે. આ પ્રમાણે દ્રવ્ય અને ભાવને નિમિત્ત-નૈમિત્તિકપણું છે.

ભાવાર્થ :– અહીં અધઃકર્મ અને ઉદ્દેશિક આહારનાં દૃષ્ટાંતથી દ્રવ્ય અને ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું દૃઢ કર્યું છે.

જે પાપકર્મથી આહાર નીપજે તે પાપકર્મને અધઃકર્મ કહેવામાં આવે છે, તેમ જ તે આહારને પણ અધઃકર્મ કહેવામાં આવે છે. જે આહાર, ગ્રહણ કરનારના નિમિત્તે જ બનાવવામાં આવ્યો હોય તેને ઉદ્દેશિક કહેવામાં આવે છે. આવા (અધઃકર્મ અને ઉદ્દેશિક) આહારને જેણે પચખ્યો નથી તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો નથી અને જેણે તત્ત્વજ્ઞાનપૂર્વક તે આહારને પચખ્યો છે તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો છે. આ રીતે સમસ્ત દ્રવ્યને અને ભાવને નિમિત્ત-નૈમિત્તિકભાવ જાણવો. જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તેને રાગાદિભાવો પણ થાય છે, તે તેમનો કર્તા પણ થાય છે અને તેથી કર્મનો બંધ પણ કરે છે; જ્યારે આત્મા જ્ઞાની થાય છે ત્યારે તેને કાંઈ ગ્રહણ કરવાનો રાગ નથી, તેથી રાગાદિરૂપ પરિણમન પણ નથી અને તેથી આગામી બંધ પણ નથી. (એ રીતે જ્ઞાની પરદ્રવ્યનો કર્તા નથી.)

પ્રવચન નં. ૩૫૪ ગાથા–૨૮૬, ૨૮૭ શનિવાર, માગશર સુદ ૫,
તા. ૨૪-૧૧-૧૯૭૯

૨૮૬, ૨૮૭ ગાથા.

आधाकम्मादीया पोग्गलदव्वस्स जे इमे दोसा।
कह ते कुव्वदि णाणी परदव्वगुणा दु जे णिच्चं।।२८६।।
आधाकम्मं उद्देसियं च पोग्गलमयं इमं दव्वं।
कह तं मम होदि कयं जं णिच्चमचेदणं वुत्तं।।२८७।।
આધાકરમ ઇત્યાદિ પુદ્‌ગલદ્રવ્યના આ દોષ જે,
તે કેમ 'જ્ઞાની' કરે સદા પરદ્રવ્યના જે ગુણ છે ? ૨૮૬.
ઉદ્દેશી તેમ જ અધઃકર્મી પૌદ્‌ગલિક આ દ્રવ્ય જે,
તે કેમ મુજકૃત હોય નિત્ય અજીવ ભાખ્યું જેહને ? ૨૮૭.

અત્યાર સુધી એમ વાત કરી હતી કે, નિમિત્ત-નિમિત્ત સંબંધે જે વિકાર થાય ત્યાં સુધી તે તેનો કર્તા છે. વસ્તુ સ્વરૂપે ચૈતન્ય જ્ઞાયક દ્રવ્ય સ્વભાવે તો અકારક છે. પણ જ્યાં સુધી પોતાના દ્રવ્ય સિવાય બીજા દ્રવ્ય ઉપરનું લક્ષ છોડે નહિ અને તેના નિમિત્તે થતા વિકારને છોડે નહિ ત્યાં સુધી તે પર્યાયમાં વિકારનો કર્તા છે. દ્રવ્યે અકારક હોવા છતાં વસ્તુ છે એ ભગવાન ચૈતન્યસ્વરૂપ નિર્મળ આનંદ, એ તો વિકારનો અકારક (છે). દ્રવ્ય તો ત્રિકાળ નિરાવરણ અને વિકારનો અકારક જ છે પણ તેની પર્યાયમાં જેટલું નિમિત્ત તરફનું લક્ષ જાય છે, નિમિત્તનો આશ્રય કરે છે એટલો નિમિત્તને આશ્રયે પોતામાં જે વિકાર થાય છે તેનો તેને દોષ છે, તે દોષનો તે કર્તા થાય છે. સમજાણું કાંઈ? એનો આ દૃષ્ટાંત છે. આ ગાથામાં એનો દૃષ્ટાંત છે. મુનિપણાની મુખ્યપણાની વાત છે ને? એટલે મુનિપણાની મુખ્યતાથી વાત કરી છે.

ટીકા :– 'જેમ અધઃકર્મથી નીપજેલું...' સાધુ માટે બનાવેલો, કરેલો આહાર અને પાણી 'અને ઉદ્દેશથી...' એણે કાંઈક કહ્યું હોય અને ન કહ્યું હોય એનો ઉદ્દેશિક–એને માટે કરેલું હોય. ઓલાએ કહ્યું ન હોય. કાંઈક કહ્યું હોય કે, આમ કરો તો તો અધઃકર્મમાં જાય છે. પણ કહ્યું ન હોય અને એને માટે બનાવેલું હોય, ગામમાં સાધુ આવ્યા (હોય) તો એને વ્હોરાવવું તો પડે ને? પછી એને માટે આહાર બનાવ્યો હોય એને ઉદ્દેશિક કહે છે. એ 'અધઃકર્મથી નીપજેલું અને ઉદ્દેશથી નીપજેલું એવું જે નિમિત્તભૂત (આહાર આદિ)...' એ

પરવસ્તુ તો નિમિત્ત છે. નિમિત્ત-નિમિત્તનો દૃષ્ટાંત આપે છે. એ તો નિમિત્ત છે.

'પુદ્ગલદ્રવ્ય તેને નહિ પચખતો...' મુનિ તેને માટે કરેલા આહારને, પાણીને નહિ છોડતો. આહાહા..! તે નિમિત્તને નહિ છોડતો અને નિમિત્ત સંબંધી થતા વિકારને નહિ છોડતો. આહા..! ઝીણી વાત છે, ભાઈ! સાધુ માટે બનાવેલો હોય અને એ પોતે લે તો એ ચીજ તો નિમિત્ત છે, પરદ્રવ્ય છે પણ તેના આશ્રયે જે લેવાનો ભાવ થયો એ નૈમિત્તિક વિકાર છે. એ વિકાર છે ત્યાં સુધી તે વિકારનો ત્યાગી નથી. ત્યાં સુધી તે મુનિ નથી. આહાહા..! કેમકે એની ભૂમિકા પ્રમાણે એ નિમિત્ત જે એને માટે બનેલું એને લેવું ન જોઈએ. એને માટે બનેલું જે લ્યે છે એ નિમિત્ત સંબંધીના દોષમાં, રાગ અને દ્વેષના દોષમાં આવે છે અને તેથી નૈમિત્તિક રાગ-દ્વેષનો એ કર્તા થાય છે. આહાહા..! આહાર-પાણી ન મળે તો કરવું શું? ગામમાં સાધુ આવ્યા હોય અને ન મળે તો શું કરવું? બનાવવું પડે. એ બનાવેલું જે લ્યે તો તેના સંબંધીનો જે દોષ છે તેનો તેને ત્યાગ નથી. તેથી તે મુનિ નથી. આહાહા..!

એને માટે પાણી બનાવ્યું હોય, શું કહેવાય એને? કમંડળ. કમંડળમાં પાણી નાખવા માટે બનાવ્યું હોય, હાથ ધોવા માટે, પાવા માટે. એ બનાવેલું પાણી તો નિમિત્ત છે પણ તેનાથી થતો જે દોષ છે એ વિકાર છે, રાગ-દ્વેષ છે, એ જ્યાં સુધી તેને છોડતો નથી ત્યારે તેને રાગનો પણ પચખાણ અને રાગનો ત્યાગ નથી. તેને રાગનું પ્રતિક્રમણ નથી. આહાહા..! આવી આકરી વાત.

મુમુક્ષુ :– મુનિને આર્તધ્યાન તો છે નહિ.

ઉત્તર :– આર્તધ્યાન છે નહિ. પણ આ મુનિ ક્યાં છે? એને માટે લ્યે છે એ મુનિ નથી. 'ઝાંઝરીજી'! આ શેઠિયાઓને શું પણ ગામમાં સાધુ આવે તો એને કરવું પડે કે નહિ? ભૂખ્યા રાખવા એને?

મુમુક્ષુ :– અત્યારે તો બધું એમ જ ચાલે છે.

ઉત્તર :– વાત સાચી.

આ તો નિમિત્ત-નિમિત્ત સંબંધનો દૃષ્ટાંત છે. પોતાના આત્માનો આશ્રય છોડી અને જેટલો નિમિત્ત પરદ્રવ્યનો આશ્રય કરે છે એ પરદ્રવ્ય કંઈ દોષનું કારણ નથી, પણ એનો આશ્રય કરે છે તે દોષ છે. એથી તે નિમિત્તનું પણ પ્રતિક્રમણ નથી અને દોષનું પણ પ્રતિક્રમણ નથી. તેથી તેને અપ્રતિક્રમણ છે. આહા..! આકરું કામ ભારે. અત્યારે તો ચોકા કરે છે, છાપામાં લખે છે. લેવા આવજો, સાધુ માટે ચોકા કરવાના છે. પ્રભુ.. પ્રભુ..! આ તો વસ્તુની સ્થિતિ છે.

એ 'પુદ્ગલદ્રવ્ય તેને નહિ પચખતો...' એને માટે કરેલો આહાર, એને નહિ છોડતો. એને માટે બનાવેલું પાણી, ઔષધ (તેને નહિ છોડતો). પાંચમાં આરાના સાધુ... આ ટીકાકાર તો હજાર વર્ષ પહેલા થયા. 'અમૃતચંદ્રાચાર્યદેવ' તો હમણા થયા. એ પોતે કહે છે.

'કુંદકુંદાચાર્યદેવ' તો બે હજાર વર્ષ પહેલા કહે છે. વસ્તુ તો ત્રણે કાળમાં એક જ હોય. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' એમાં કાંઈ બીજું ભેળસેળ હોય નહિ. પંચમકાળ હલકો કાળ છે માટે કાંઈક આવા થોડા ગોટા હોય તો વાંધો નહિ. અહીં જૈનધર્મમાં એ ન ચાલે. આ દાખલો તેથી આપ્યો છે.

જ્યાં સુધી એને માટે કરેલા પાણી, રસ, આહાર, દાળ, ભાત, શાક (લે છે), પોતાને માટે ઘરમાં કરવું હોય અને થોડુંક એને માટે ભેગું નાખે. બે જણા ઘરમાં હોય અને વ્હોરાવવું હોય, ગામમાં ત્રણ-ચાર સાધુ આવ્યા હોય તો એને માટે વધારે નાખે, એ બધો ઉદ્દેશિક આહાર છે. આહા..!

મુમુક્ષુ :– ઇ નાખે એમાં સાધુનો શું દોષ?

ઉત્તર :– સાધુને ખબર નથી, કે આ તો બે જણા છે અને આટલો બધો આહાર ક્યાંથી? બે જણા છે અને પાણી ને આહાર ક્યાંથી આવ્યા? એને માટે બનાવેલો છે, એને ખબર નથી? અમારે તો એ બધા અનુભવ થઈ ગયેલા છે ને! અમારા સંપ્રદાયના ગુરુ હતા. એ તો એવા હતા, બાહ્ય ક્રિયામાં નિર્દોષ (હતા). બે-ત્રણ ગાઉનો વિહાર હોય તો વિહાર કરીને બીજા ગામમાં જાય. તરત ગામમાં પેસે નહિ, બહાર બેસે. શું કહેવાય? નેરું. નેરું હોય ને? નેરું. પાણીની ખાલી ... હોય ત્યાં બેસે. ખાનગી, કોઈને ખબર ન પડે એમ. પછી ટાઈમ જ્યારે થાય, સાડા નવ-દસે ચોકા થઈ ગયા હોય, રોટલી વણતા હોય એ વખતે ગામમાં જાય. ગામમાં જઈને જે તૈયાર થયેલું હોય એમાંથી એક-બે આહાર લે. એને માટે કરેલું હોય તો લેતા નહોતા. એવા હતા. દૃષ્ટિ ખોટી, શ્રદ્ધા તો સાચી ક્યાં હતી? સ્થાનકવાસીની શ્રદ્ધા મિથ્યાત્વ છે. પણ એના આચરણમાં, એની ક્રિયામાં આવું સખત હતું.

ગામમાં પાંચ-છ ઘર હોય, ચાર સાધુ આવે તો પાણી વ્હોરવા જાય અને પાણી દસ શેર વધારે દેખે (તો) પૂછે, કે આ પાણી આટલું કેમ? (પેલો કહે), ન્હાવા માટે કર્યું. તો પૂછે, ન્હાવા માટે તમે કેટલા જણા છો? બે જણા છો અને ન્હાવા માટે આટલું બધું પાણી વધારે? બહુ પૂછતા. જોયા હતા તમે? તમે નહિ જોયા હોય. (સંવત) ૧૯૭૪માં ગુજરી ગયા. સખત ક્રિયા હતી. જરીક ખબર પડે કે, મારી માટે પાણી બનાવ્યું છે અને મારી માટે થોડું વધાર્યું છે (તો) લેતા નહિ. એ ક્રિયામાં બિચારા હતા. દૃષ્ટિ તો વિપરીત હતી. માર્ગ તો હતો નહિ.

આ તો સમ્યગ્દર્શનપૂર્વકની વાત છે. અર્થમાં આવશે, અર્થમાં આવશે. તત્ત્વજ્ઞાનપૂર્વક. સમ્યગ્દર્શનપૂર્વક. સાધુને માટે કરેલો આહાર-પાણી લ્યે નહિ અને લ્યે તો એ દોષ છે, તો એ સાધુપણું ત્યાં રહેતું નથી, એમ કહેશે. સમજાણું કાંઈ? 'ઝાંઝરીજી'એ કહ્યું ને? શેઠિયાઓને તો આવું બધું કરવું પડે. ગામમાં શેઠિયાઓએ ક્યાં જાવું? આહારદાન આપવું, પાણી બનાવવું. પછી તિષ્ઠ-તિષ્ઠ, પછી જૂઠું બોલવું. આહાર શુદ્ધ, પાણી શુદ્ધ. 'ઝાંઝરીજી'! બનાવ્યું હોય

એને માટે (અને) બોલે એમ, આહાર શુદ્ધ, પાણી શુદ્ધ. મન શુદ્ધ, વચન શુદ્ધ, કાય શુદ્ધ. એવું જૂઠું બોલે. અને ઓલા પણ જૂઠું બોલવું કબુલ કરીને લે. બહુ માર્ગ આકરો, પ્રભુ! કોઈ વ્યક્તિ માટેની વાત નથી. માર્ગ આવો છે.

જેટલો પોતાનો દ્રવ્ય સ્વભાવ (છે), તેનો આશ્રય છોડીને જે નિમિત્તના આશ્રયે નૈમિત્તિક જેટલા ભાવ કરે એ બધા દોષ છે. એ દોષને ન છોડે ત્યાં સુધી તેને તેનું પચખાણ નથી, તેનું એને પ્રતિક્રમણ નથી. વ્યક્તિગતની વાત નથી. સૌની જવાબદારી (છે). સૌના પરિણામમાં સૌને ફળ મળશે. પણ માર્ગ આવો છે. આહાહા..!

સાધુ માટે દસ શેર ઊનું પાણી બનાવ્યું હોય અને ખબર પડે કે આ પાણી તો મારે માટે બનાવ્યું છે. આને ઘરે ક્યાં (આટલી જરૂર) છે? અને લે તો એ પાણી તો નિમિત્ત છે પણ એને લેવાનો જે ભાવ છે એ નૈમિત્તિક ભાવ દોષ છે. એ દોષને જ્યાં સુધી (છોડે નહિ), નિમિત્તને અને દોષને છોડે નહિ ત્યાં સુધી બેય પ્રત્યેનું પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન એને નથી. આહાહા..! આચાર્ય મહારાજે આ દાખલો આપ્યો છે, 'કુંદકુંદાચાર્યે' દાખલો આપ્યો છે. આહાહા..!

અત્યારે તો એવું ચાલે નહિ. જ્યાં હોય ન્યાં ચોકા જ કરે એના માટે. સાધુપણું મનાવે અને માનનારા પણ સાધુ માનીને આપે. એ માર્ગ નથી. માર્ગ નથી, બાપા! વીતરાગના માર્ગમાં સમ્યગ્દર્શન સહિત રાગ મારું સ્વરૂપ નથી, દયા-દાનના વિકલ્પ પણ મારું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું એવા ભાન સહિત મુનિની દશા, એને માટે કરેલા આહાર-પાણીના રાગનો ત્યાગ હોય છે. આહાહા..! કહો, 'દેવીલાલજી'!

એ અહીં કહે છે, 'તેને નહિ પચખતો આત્મા (-મુનિ) નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખતો (ત્યાગતો) નથી,...' એને માટે કરેલા આહાર, પાણી, કેળા લાવે, કેરીનો રસ કરે, મોસંબીનું પાણી કાઢે.. આહા..! એ બધા એને માટે કરેલાનો ત્યાગ ન કરે ત્યાં સુધી તેને નિમિત્ત અને નિમિત્ત સંબંધીનું પચખાણ નથી, ત્યાગ નથી, અત્યાગી છે. 'યશપાલજી'! આવું આ કર્યું હશે કે નહિ? તમે બધું સાંભળ્યું છે કે નહિ? આહાહા..! આવો માર્ગ છે.

ભગવાન 'કુંદકુંદાચાર્ય' ચોખ્ખો દાખલો આપે છે. નિમિત્ત-નૈમિત્તિકની વાત કરી અને હવે કોને નિમિત્ત-નૈમિત્તિક કહેવું? તો આ આધાકર્મીનો એક દૃષ્ટાંત આપ્યો. એને માટે કરેલો (આહાર આદિ) 'નહિ પચખતો આત્મા (-મુનિ) નૈમિત્તિકભૂત...' નિમિત્તને આશ્રયે થતો વિકાર, દોષને 'બંધસાધક ભાવને...' છોડતો નથી.

'તેમ સમસ્ત પરદ્રવ્યને નહિ પચખતો...' આ તો દૃષ્ટાંત કીધો. અધઃકર્મી અને ઉદ્દેશિક આહારનો દૃષ્ટાંત દીધો. તેમ આત્મા સિવાય... આહાહા..! બધા પરદ્રવ્ય તરફનું લક્ષ ન છોડે ત્યાં સુધી તેને નિમિત્ત અને નૈમિત્તિકનો ત્યાગ નથી. આહાહા..! પ્રભુ તો એમ કહે છે, કે જ્યાં સુધી અમે દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છીએ, અમારા ઉપર તારું લક્ષ જશે તો

અમે નિમિત્ત છીએ અને તને રાગ થશે. આહાહા..! એ નિમિત્ત-નિમિત્ત સંબંધ છોડતો નથી ત્યાં સુધી તને તેનું પચખાણ અને પ્રતિક્રમણ નથી. આહાહા..! આવો વીતરાગમાર્ગ છે.

કાલે છાપામાં એમ આવ્યું, ત્યાગ થાય, પુણ્યને લઈને ત્યાગી થાય છે. અર..ર..ર..! સાંભળનારા લોકો પણ શું કરે છે? એમ કે, પુણ્યશાળી પ્રાણી જ ત્યાગી થઈ શકે. આહાહા..! અહીં તો કહે છે, કે નિર્ધન હોય, ગરીબ હોય, આહાર-પાણી પણ મળતા ન હોય છતાં અંતરમાં આત્મજ્ઞાન સહિત, સ્વરૂપની રમણતા (સહિત), નિમિત્ત તરફના વલણ અને નિમિત્તનો ત્યાગ કરી શકે છે. આહાહા..! તદ્દન નિર્ધન હોય, ગરીબ હોય તોપણ તે આત્માનું જ્ઞાન કરી, આત્માના આનંદનો અનુભવ કરી નિમિત્ત-નિમિત્ત સંબંધના દોષને છોડે છે. આહાહા..! એનો અર્થ એમ નથી, કે પુણ્યશાળી છે.

પરનો ત્યાગ કરવો એમાં પુણ્યનું શું કામ છે? રાગનો ત્યાગ અને નિમિત્ત તરફના લક્ષનો ત્યાગ, એમાં પુણ્યનું શું કામ છે? પુણ્ય પોતે છોડવા જેવું છે. કારણ કે પુણ્ય જે છે એ નિમિત્ત ઉપરના લક્ષે પુણ્ય થાય છે. પુણ્ય છે એ નૈમિત્તિક ભાવ છે અને તેનું નિમિત્ત પર ઉપર જાય છે. પછી ભલે કોઈ ગરીબને દેવું હોય કે ભક્તિ કરવી હોય પણ લક્ષ નિમિત્ત ઉપર જાય છે ને? એ નિમિત્ત ઉપર લક્ષ જાય છે ત્યારે એ શુભભાવ થાય છે. જ્યાં સુધી નિમિત્ત ને નૈમિત્તિકભાવને છોડતો નથી ત્યાં સુધી તેનું તેને પચખાણ અને પ્રતિક્રમણ નથી. આહાહા..!

એ અહીં કહે છે, જુઓ! જેમ એ આધાકર્મી અને ઉદ્દેશિક આહાર, ખબર છે એને માટે બને છે, આ બન્યો છે, એને છોડતો નથી, લ્યે છે ત્યાં સુધી તેને તે ઉદ્દેશિક આહાર અને તેનાથી (થયેલો) દોષનું તેને પચખાણ નથી, પ્રતિક્રમણ નથી, તેનો એને ત્યાગ નથી. આહાહા..! આવો માર્ગ છે. એ તો દૃષ્ટાંત આપ્યો. ઉદ્દેશિક અને આધાકર્મીનો તો દૃષ્ટાંત આપ્યો.

'તેમ સમસ્ત પરદ્રવ્યને...' સમસ્ત પરદ્રવ્યને. ભાષા તો જુઓ! આહાહા..! ભગવાન કહે છે, કે હું પણ પરદ્રવ્ય છું. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરદ્રવ્ય છે. આહા..! એ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, એના અવલંબન અને આશ્રય વિના પરદ્રવ્ય ગમે તે હો, તેના તરફના વલણવાળો ભાવ દોષ જ છે. આ ભગવાન વાત કરે છે. આવે, અશુભથી બચવા માટેની શુભભાવની વાત કરે. સમજાય છે? ભગવાનની ભક્તિ, પૂજા એવો ભાવ હોય. પણ કહે છે, કે એ ભાવ છે એ નિમિત્તને આશ્રયે તારામાં તારાથી થયેલો છે તેને તું છોડતો નથી ત્યાં સુધી તેનું તને પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન નથી. આહાહા..! આકરી વાત છે. આ કોઈ પક્ષની વાત નથી. આ તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની વહેંચણીની વાત છે. આહાહા..! ભગવાનના માર્ગમાં કાંઈ એક જ દ્રવ્ય છે? અનંત દ્રવ્ય છે. અનંત દ્રવ્યમાંથી એકલું તારું દ્રવ્ય, એનો આશ્રય કરતાં નિમિત્ત તરફના વલણનો આશ્રય છૂટી જાય છે.

આહાહા..!

'સમસ્ત પરદ્રવ્ય...' ઓહોહો..! ગજબ વાત કરી છે ને! ઓલામાં આવે છે ને? ૩૧ ગાથામાં. 'इंदिये जिणित्ता'. ગાથામાં પાઠ આટલો જ છે, કે ઇન્દ્રિયને જીતીને અને ટીકાકારે અર્થમાં ક્લેશ કરી નાખ્યો. કારણ કે ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્યે' ત્યાં સુધી લીધું કે, ઇન્દ્રિયને જીતવું એટલે શું? કે, આ દ્રવ્ય ઇન્દ્રિય જડ, ભાવ ઇન્દ્રિય એક એક વિષયને જાણનારી ભાવ ઇન્દ્રિય અને ઇન્દ્રિયનો વિષય. ચાહે તો સ્ત્રી, કુટુંબ-પરિવાર, વેપાર-ધંધો, દેવ-ગુરુ અને શાસ્ત્ર, એ બધા ઇન્દ્રિય છે. એવો અર્થ કર્યો તો (પેલો કહે), ક્લેશ કરી નાખ્યો અર્થમાં. આહાહા..! પણ પ્રભુ! એમાં શું થયું? 'इंदिये जिणित्ता' એનો અર્થ કે અનીન્દ્રિયમાં જા. એટલે એનો અર્થ એ થયો કે, અનીન્દ્રિય તરફ જા એટલે આ બાજુના બધા વલણ છૂટી ગયા. એનો અર્થ જ એવો થયો અંદરથી. આહાહા..! એ ટીકાકારે ક્લેશ નથી કર્યું, પ્રભુ! ટીકાકારે તો એમાં રહેલા ભાવને સ્પષ્ટ કર્યા છે. અરે..! પણ કોને કહેવું? આહા..!

એવા 'અમૃતચંદ્રાચાર્ય'. અરે..! 'બનારસીદાસ', 'ટોડરમલ', 'રાજમલજી'એ એવી ટીકા (કરીને) ક્લેશ કરી નાખ્યું. 'સમયસાર'માં સીધો સાદો અર્થ હતો એનો ક્લેશ કરી નાખ્યો. કારણ કે 'जो इंदिये जिणित्ता' એટલે ઇન્દ્રિયોને જીતવી, બસ! હવે ટીકાકારે એનો અર્થ એટલો કર્યો કે, ઇન્દ્રિય એટલે આ જડ ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય–એક એક વિષયને જાણનારી ભાવ ઇન્દ્રિય અને ઇન્દ્રિયનો વિષય ભગવાન ને વાણી, બધા ઇન્દ્રિય. દેવ-ગુરુ ને શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ ને પરિવાર, પૈસો, લક્ષ્મી ને મકાન. એ બધા ઇન્દ્રિયમાં જાય છે. કેમકે એ અનીન્દ્રિય નથી. એ અનીન્દ્રિય નથી. એવો અર્થ તો બરાબર કાઢ્યો. ભાઈ! આહાહા..! અરે..રે..! એને આરોપ આપે છે, કે ક્લેશ કરી નાખ્યું. ઇન્દ્રિયને જીતવું એટલું હતું એમાંથી મોટું લાંબું લપસિંદર કરીને ઇન્દ્રિયનો વિષય છે તેને પણ ઇન્દ્રિય કરી નાખ્યું. આમાં સમજાય છે કાંઈ? ૩૧ ગાથા છે. 'इंदिये जिणित्ता'. ગાથા તો ટૂંકી છે ને? ગાથામાં તો ટૂંકો ગંભીર ભાવ ભર્યો છે.

'इंदिये जिणित्ता'નો અર્થ કે, અનીન્દ્રિય એવા ભગવાનઆત્માને આશ્રયે જા. આહાહા..! અનીન્દ્રિય એવો જે ભગવાનઆત્મા, એટલે પછી આચાર્યોએ સંતોએ ઇન્દ્રિયનો અર્થ અનીન્દ્રિય સિવાયની જે ચીજો એ બધાને ઇન્દ્રિય જ કહ્યું. એ તો બરાબર વ્યાજબી કર્યું છે, યથાર્થ કર્યું છે. આહાહા..! હવે એને એમ કહેવું છે, કે ક્લિષ્ટ કરી નાખ્યું. દુર્બોધ.. શું કીધું? દુર્બોધ. હેં? દુરુહ.. દુરુહ કર્યું. અર..ર..ર...! પ્રભુ પ્રભુ શું કરે છે? ભગવાન ન મળે, કેવળી ન મળે. એવા કોઈ અવધિજ્ઞાન, મંત્રજ્ઞાન ન મળે. સાંભળનારા પણ બિચારા સાધારણ માણસો. માથે કાંઈક ત્યાગી દેખે અને જે કહે ઇ, પ્રમાણ. પ્રભુ! આ તો વીતરાગમાર્ગ છે ને, ભાઈ! સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ, 'इंदिये जिणित्ता'નો અર્થ જ એ કર્યો, ભાઈ! 'કુંદકુંદાચાર્ય' પ્રભુએ એમ કહ્યું, ઇન્દ્રિયને જીતીને. 'णाणसहावाधियं मुणदि आदं' એમ કહ્યું છે ને? ભાઈ!

એનો અર્થ શું થયો? આહા..! ઇન્દ્રિયને જીતીને 'णाणसहाव' જ્ઞાનસ્વભાવથી અધિક પરથી જુદો. પરથી જુદો એટલે બધાથી જુદો થઈ ગયો. ભગવાન, ભગવાનની વાણી, શાસ્ત્ર એનાથી જુદો થઈ ગયો. બધાથી જ્ઞાનસ્વભાવે અધિક–ભિન્ન છે. આહાહા..!

'जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।' તેને નિશ્ચયના સાધુએ જિતેન્દ્રિય કહ્યો છે. આહાહા..! ગજબ વાત છે. પરમસત્ય, અમૃત–અમૃત રેડ્યાં છે. 'કુંદકુંદાચાર્યદેવે' થોડા શબ્દોમાં અમૃત-અમૃત રેડ્યાં છે. ટીકાકારે પણ એનો અમૃતનો અર્થ જ જેવો છે એવો કાઢ્યો છે. પ્રભુ! એને દુરુહ કહેવું, એને ક્લિષ્ઠ કહેવું, પ્રભુ! તને શોભતું નથી. ભગવાન! તું વીતરાગમૂર્તિ પ્રભુ છો ને! તો એમાં તારા આશ્રયમાં પૂર્ણ જા, પરથી બધાથી ખસી જા. એમાં જ એ આવી ગયું, પ્રભુ! આહાહા..!

અહીં એ દૃષ્ટાંત આપી (કહ્યું છે). આધાઃકર્મી અને ઉદ્દેશીક આહાર ત્યાગતો નથી તે તેના ભાવને ત્યાગતો નથી અને એને પ્રતિક્રમણ અને પચખાણ નથી. આહા..! એવી રીતે. એ તો દૃષ્ટાંત કહ્યો. છે ને? 'તેમ સમસ્ત પરદ્રવ્યને...' આહાહા..! એક સ્વદ્રવ્ય સિવાય. પૂર્ણાનંદનો નાથ પ્રભુ, સચ્ચિદાનંદ અખંડ અભેદ ચૈતન્યદળ એ સ્વદ્રવ્ય સિવાય જેટલા બીજા સમસ્ત પરદ્રવ્ય. છે એમાં? 'સમસ્ત પરદ્રવ્યને...' એમાં દેવ-ગુરુ-શાસ્ત્ર આવી જતા હશે? પરદ્રવ્યમાં દેવ-ગુરુ-શાસ્ત્ર આવી જતા હશે? હેં? આવી જાય? આહાહા..! સિદ્ધાંત તો આ કહેવાય કે જેમાંથી સ્વનો આશ્રય પ્રગટ થાય, પરનો આશ્રય છૂટી જાય. આહાહા..! એમાં વાદવિવાદની જરૂર નથી, પ્રભુ! આહા..!

ભરેલો ભગવાન છો ને! પૂર્ણ પ્રભુ છો ને, પ્રભુ! તારામાં શું ખામી છે? ભજનમાં આવ્યું છે, નહિ? 'પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા, પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા, પર કી આશ કહાં કરે પ્રીતમ' દેવ-ગુરુ-શાસ્ત્રની પણ (આશા નહિ). એ સ્તુતિ છે. 'પર કી આશ કહાં કરે પ્રીતમ, કઈ વાતે તુમ અધૂરા, કઈ વાતે તુમ અધૂરા, પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા.' આહાહા..! પ્રભુ! તું અનંત ગુણે પૂર્ણ છો ને! કઈ વાતે તું અધૂરો છો? નાથ! કે, તારે પરદ્રવ્યનો આશ્રય લેવો પડે? આહાહા..! આવી વાત છે. 'યશપાલજી'! સત્ય વાત આવી છે, ભગવાન! પછી એને એકાંત કહે, આ કહે. ગમે તે કહો, પ્રભુ! આહાહા..! ઊંધું પડવાની પણ એનામાં શક્તિ, યોગ્યતા છે. શક્તિ નથી, પર્યાયમાં યોગ્યતા છે. એના દ્રવ્ય-ગુણમાં ઊંધું પડવાની શક્તિ નથી. આહાહા..!

ભગવાન! દ્રવ્ય અને ગુણે તો પરિપૂર્ણ (છે). એમાં કોઈ શક્તિ અપૂર્ણપણે થવાની કે રાગની યોગ્યતાપણે થવાની, પ્રભુ! તારામાં કોઈ ગુણ જ નથી. પર્યાયમાં, એક સમયની પર્યાયમાં યોગ્યતા એ આખો સંસાર (છે). આહાહા..! એ પર્યાયમાં યોગ્યતામાં પણ નિમિત્તનો આશ્રય જે લે છે તેટલો પર્યાયમાં નૈમિત્તિક વિકાર થાય છે. તેને તે પ્રતિક્રમતો નથી તેથી તે દોષમાં આવે છે. પણ જે કોઈ પોતાના સ્વદ્રવ્યનો-ગુણનો આશ્રય લઈ સમસ્ત પરદ્રવ્ય

તરફનું લક્ષ છોડી. અહીં તો સમસ્ત પરદ્રવ્ય આવ્યું એમાં યાદ શું આવ્યું? ઓલું ઇન્દ્રિયનું (યાદ) આવ્યું. 'जो इंदिये जिणित्ता'. એમાં બધા પર આવ્યા ને? આહાહા..!

તું અનીન્દ્રિય પ્રભુ છો, પૂર્ણાનંદનો નાથ અનીન્દ્રિય, એના તરફ જતાં તારે ક્યા તરફના વલણનો ભાવ રહી જાય છે? અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એના તરફ જતાં કયો પરદ્રવ્ય તરફનો આશ્રયભાવ તને પૂર્ણ દ્રવ્યનો આશ્રય થતાં રહી જાય છે? સ્વદ્રવ્યનો આશ્રય લેતા સમ્યક્ થાય પણ હજી આશ્રય થોડો હોય, એટલો નિમિત્ત આશ્રયે જાય તો એટલો તો દોષ છે. આહાહા..! ભગવાનઆત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદનો નાથ ભગવંત સ્વરૂપ છે, એને પૂર્ણ રીતે જ્યાં આશ્રય કર તો કોઈપણ દ્રવ્યનો, નિમિત્તનો આશ્રય લેવાની તને જરૂર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત, બાપુ! અંદરનો માર્ગ બહુ (ઝીણો). યથાર્થ વસ્તુ, યથાર્થ વસ્તુ. આહાહા..! શું એનું વર્ણન! શું એની શૈલી! આહાહા..!

જેમ આધાકર્મી અને ઉદ્દેશીક આહાર, મુનિ માટે કરેલો (હોય), એને ખ્યાલમાં આવે છે, કે આ બે જણા છે અને આહાર આટલો બધો કેમ? છતાં એ લ્યે છે તો એ આધાકર્મી અને ઉદ્દેશિકનો નિમિત્ત તરફના વલણવાળો દોષ છે એને છોડતો નથી. તેથી તે મુનિ નથી. આહાહા..! 'તેમ સમસ્ત પરદ્રવ્યને નહિ...' છોડતો. આહાહા..! વાત તો સાદી છે પણ ભાવ તો બહુ ઊંડા છે. હેં? ભાષા તો સાદી છે. પ્રભુ! તું મોટો છો, નાથ! અહીં તો તારી વાતું ચાલે છે. આહાહા..! કહે છે, કે તારામાં શું અધુરાઈ છે? કે જેથી તને પરદ્રવ્યનો આશ્રય લેવો પડે? આહાહા..! અને જેટલો પરદ્રવ્યના આશ્રય ઉપર લક્ષ જાય એટલો દોષ છે એમ કબુલ કર. ભલે સ્વદ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન થયું છતાં જેટલો હજી પરદ્રવ્યને આશ્રયે જા એટલો દોષ છે એ જ્ઞાનમાં, શ્રદ્ધામાં રાખજે, નહિતર ગોટો વળશે. આહાહા..!

એ આધાકર્મી અને ઉદ્દેશીક, એ તો નિમિત્ત છે, પણ લેનારને તેનો ભાવ છે એ નૈમિત્તિક છે. એ નૈમિત્તિક ભાવ અને નિમિત્ત, બેને જે છોડતો નથી તેને તેનો ત્યાગ નથી. આહાહા..! તેને આધાકર્મી અને ઉદ્દેશીક આહારનો ત્યાગ નથી. અને મુનિને તો ત્યાગ હોવો જોઈએ. આહાહા..! જેમ એનો ત્યાગ થતાં મુનિને મુનિપણાનું યથાર્થપણું ઉત્પન્ન થાય છે. 'તેમ સમસ્ત પરદ્રવ્યને નહિ પચખતો...' આહાહા..! આત્મા સિવાય અનંતા દ્રવ્યો, ચાહે તો સિદ્ધ ભગવાન હો, આહાહા..! પંચ પરમેષ્ઠી હો કે સ્ત્રી, કુટુંબ-પરિવાર, ધંધો-વેપારપાણી, આ બધી આખો દિ' ધમાલ ધંધા એ નિમિત્ત છે. એને આશ્રયે થતો દોષ છે એ છોડતો નથી ત્યાં સુધી એ પાપી છે. આહાહા..!

મુમુક્ષુ :- બાયડી, છોકરાઓનું કરવું જોઈએ.

ઉત્તર :- બાયડી ક્યાં હતી? બાપા! ક્યે ક્ષણે દેહ છૂટી જશે? બેઠા બેઠા કાંઈ નહિ હોય અને ફૂ... થઈ જશે. આહા..!

મુમુક્ષુ :- જીવને ખબર તો પડે ને...

ઉત્તર :– કાંઈ ખબરે નહિ આવે કે, આટલો રોગ આવ્યો. ‘મલકાપુર’વાળા કહેતા હતા ને? ‘મલકાપુર’વાળો એક ભાઈ નહિ આપણો? હેં? ‘સ્વરૂપચંદ’! ‘સ્વરૂપચંદ’ નાની ઉંમરનો કાપડનો મોટો વેપારી છે. હજી પરણ્યો નહોતો. ‘મોક્ષમાર્ગ પ્રકાશક’ મોઢે, કંઠસ્થ. બહુ પ્રશ્ન કરતો. ‘મલકાપુર’નો. આવ્યું છે ને? એક પત્ર આવ્યો છે. ‘મલકાપુર’ની એક પ્રતિમા ‘વીંછીયા’માં પંચ કલ્યાણક કરાવી છે. આપણા મુમુક્ષુ હતા. ઇ મંદિરમાં સ્થાપી છે. હવે એક જજનો પત્ર આવ્યો છે. કોર્ટ કામે ગઈ છે. હવે એ મૂર્તિને બેય જણા પૂજે છે. તેરાપંથી અને વીસપંથી. જજ જરી મધ્યસ્થ માણસ છે. એટલે જજ પૂછે છે, કે મહારાજ! આમાં તમારું નામ છે તો મારાથી અન્યાય ન થાય તો આને માટે આપ કંઈક કહો કે, મારે શું કરવું આમાં? કીધું, અમે તો કાંઈ કહેતા નથી. જજનો કાગળ છે. કોર્ટે ચડ્યા. એમ કે, તમારું નામ છે માટે તમે જે કહો તે પ્રમાણે હું ન્યાય (આપું), નહિતર અન્યાય (થઈ જશે). મોટો કાગળ આવ્યો છે. ભાઈને કહ્યું હતું, ‘રામજીભાઈ’! હા, કહ્યું હતું. કાલે કો’ક બીજાનો એક કાગળ આવ્યો છે. અજૈન છે પણ જૈન થવા માગે છે. એ વળી બીજો. બટાટાની આટલી કટકીમાં અનંતા જીવ છે, દૂધીના કટકામાં પણ અનંતા જીવ છે. જ્યાં હોય ત્યાં અનંતા.. અનંતા.. મહારાજ! આમાં મારે શું કરવું? એવો મોટો પત્ર આવ્યો છે. આવે. ઓલા નિગોદ આખા લોકમાં છે ને? જ્યાં ત્યાં બધે છે પણ બધે કંઈ દૂધી ખાતા નિગોદ ન મરે. સૂક્ષ્મ નિગોદ એમાં ન આવે. સૂક્ષ્મ નિગોદ જુદા રહી જાય છે. છે દરેકમાં સૂક્ષ્મ નિગોદ. આ પાણીમાં સૂક્ષ્મ નિગોદ છે પણ પાણી પીતા એ સૂક્ષ્મ નિગોદ અંદરમાં ન આવે. એ જુદા રહે. આ બધી લાંબી વાતું. બિચારાએ મોટું લખ્યું છે. મને કાંઈક જવાબ આપો. અહીં કોઈને (જવાબ) આપતા નથી. અહીં આવે અને પ્રશ્ન (પૂછે એનો) ઉત્તર આપીએ. અહીં ક્યાં એવી નવરાશ છે? આહાહા..!

‘મલકાપુર’માં તો ઓલી તકરાર. એમ કે, મૂર્તિમાં તમારું નામ છે. તમે શું આમાં કહેવા માગો છે? એ પ્રમાણે હું ન્યાય આપું. નહિતર મારાથી અન્યાય ન થઈ જાય. કોણ કહે? બાપા! આવી તકરારું.. અર..ર..ર..! અરે..! ત્રણલોકનો નાથ જેને સાચા સંત અને દેવ-ગુરુ-શાસ્ત્રનું તો નિમિત્તપણું, એ પણ નૈમિત્તિક દોષને ઉત્પન્ન કરે છે. એને આવા તકરારમાં શું? ભાઈ! એવી તકરારું હોય નહિ. આહાહા..! અહીં જુઓને! આ શું કહ્યું?

‘સમસ્ત પરદ્રવ્યને નહિ...’ છોડતો આત્મા. આહાહા..! એમાં દેવ આવ્યા, અરિહંત આવ્યા, પંચ પરમેષ્ઠી આવ્યા, સિદ્ધ આવ્યા. જ્યાં સુધી પરદ્રવ્ય તરફનું લક્ષ નહિ છૂટે ત્યાં સુધી તેને રાગ થાશે. રાગ નિમિત્ત કરાવતું નથી. પણ નિમિત્ત તરફના વલણમાં રાગ થયા વિના રહે નહિ. અને તે પણ એમ જણાવ્યું છે ને? ભાઈ! સાતમી ગાથામાં. રાગી છે માટે રાગ થાશે. પરદ્રવ્યનું લક્ષ કરે માટે રાગ થશે, એમ નહિ. એ શું સિદ્ધાંત કહ્યો? સમજાણું? પરદ્રવ્યનું લક્ષ કર્યે રાગ થાય તો ભગવાન ત્રણલોકને જાણે છે, તો એને રાગ થવો જોઈએ.

પણ પ્રભુ! તું રાગી છો, તેથી તને પરદ્રવ્ય તરફ વલણ થતાં, રાગી છો માટે તને રાગ થશે. પરદ્રવ્યનું નિમિત્તનું લક્ષ કરે છે માટે રાગ થશે, એમ નહિ. હેં? આહાહા..! શાસ્ત્રમાં આવા ન્યાય ભરેલા છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! પણ સમજાય એવી છે. એ.. 'નંદાભાઈ'! પકડાય એવી છે ને?

મુમુક્ષુ :- આપને ના કેમ પડાય?

ઉત્તર :- આ તો સાદી વાત છે.

આ સ્વદ્રવ્ય છે, પ્રભુ! એમાં પૂર્ણ પૂર્ણતા પડી છે. એટલે એને પરદ્રવ્યના નિમિત્તના આશ્રયની જરૂર નથી. છતાં સ્વદ્રવ્યનો આશ્રય લીધો હોવા છતાં, સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છતાં નબળાઈને લઈને નિમિત્ત તરફના વલણથી નૈમિત્તિક દોષ થશે અને ત્યાં સુધી તેને નૈમિત્તિકનો ત્યાગ નથી, પણ ત્યાગ કરવા જેવો છે. એના શ્રદ્ધા-જ્ઞાનમાં તો એ આવવું જોઈએ. નિમિત્ત તરફના વલણનો ભાવ, બેયનો ત્યાગ કરવા જેવો છે. આહાહા..! ભલે હું ચોથે ગુણસ્થાને હોઉં કે પાંચમે ભલે મને પરને આશ્રયે રાગ થાય અને પરનો આશ્રય આવે પણ શ્રદ્ધામાં એને આવવું જોઈએ કે, જેટલું પરનું લક્ષ જાય છે તેટલો રાગ થાય છે તે છોડવા જેવો છે. આહાહા..! આવી વાતું. આમાં વાદવિવાદ ઊભા કરે, સમાય એવા નથી, પ્રભુ!

એક કોર રામ, એક કોર ગામ-સમસ્ત દ્રવ્ય. સમસ્ત દ્રવ્યમાં શું બાકી રહી ગયું? વીતરાગની વાણી બાકી રહી ગઈ? હેં? ઓલા કહે છે ને? 'વિદ્યાનંદજી'! વીતરાગની વાણી નિમિત્ત છે એનાથી જ્ઞાન ન થાય, એવું માને નહિ એ મિથ્યાદૃષ્ટિ છે. એમ માને છે. અરે..! પ્રભુ! આહા..! સમાજ બિચારો સાધારણ છે. સમાજને વિચાર કરવાની શક્તિ થોડી, માથે બેઠો હોય એ જે કહે ઇ કર્યા કરે. વીતરાગની વાણી એમ કહે, નિમિત્ત છે પણ એનાથી તો અહીં જ્ઞાન થાય છે. એને ઠેકાણે કહે કે, નિમિત્તથી જ્ઞાન થાતું નથી. આહાહા..! ભાઈ! અહીં શું કહે છે? પરદ્રવ્યમાં ક્યુ બાકી રહી ગયું? વીતરાગની વાણી અને સાક્ષાત્ વીતરાગ સમવસરણમાં બિરાજે છે પણ પ્રભુ તારા દ્રવ્યથી એ પરદ્રવ્ય છે. જ્યાં સુધી તારું પરદ્રવ્ય તરફ લક્ષ જશે ત્યાં સુધી તેનો વિકલ્પ ઊઠશે. માટે સ્વદ્રવ્યને આશ્રયે પૂર્ણ થતાં નિમિત્ત-નૈમિત્તિકનો સંબંધ છૂટી જાય છે. નિમિત્તનું જ્ઞાન છૂટતું નથી. એ નિમિત્તનું કાંઈ જ્ઞાન નથી, જ્ઞાન તો પોતાનું છે. પણ નિમિત્તને આશ્રયે આ જે રાગ થાય છે એ રાગ પોતાનો નથી. શું કહ્યું ઇ?

નિમિત્ત પરમાત્મા છે, પંચ પરમેષ્ઠી છે એનું જ્ઞાન થાય. એ જ્ઞાન કાંઈ જાય નહીં. તે પણ એનું જ્ઞાન નથી. તે તારી પર્યાયનું જ્ઞાન છે અને આ રાગ છે એ તારો સ્વભાવ નથી. નિમિત્ત જે અનંત પર છે એના તરફના આશ્રયમાં જે રાગ થાય એ દોષ છે. એ દોષ છોડવા જેવો છે એવો તો એણે પહેલો નિર્ણય કરવો જોઈએ. આહાહા..!

'સમસ્ત પરદ્રવ્યને નહિ પચખતો...' સમસ્ત પરદ્રવ્યને દૃષ્ટિમાંથી નહિ છોડતો. આહાહા..! '(–નહિ ત્યાગતો) આત્મા તેના નિમિત્તે થતા ભાવને...' છોડતો નથી. આહાહા..! ગજબ ટીકા છે ને! ઓહોહો..! શું એની ગંભીરતા! હવે આવા 'અમૃતચંદ્રાચાર્ય' (એને કહે) 'સમયસાર'ની ટીકા (કરીને) દુરુહ કરી નાખ્યું છે. અરે..! બાપુ! ભગવાન! એમ રહેવા દે, બાપુ! સ્પષ્ટ કરી નાખ્યું છે. એક એકને સ્પષ્ટ કરી નાખ્યું છે. આમ હથેળીમાં બતાવે એમ બતાવ્યું છે. આહાહા..! સાદી ભાષા, સત્‌ની પૂરી દશા. આહાહા..! પ્રભુ! તારી સત્‌ની પૂરી દશા ક્યારે થાય? કે, સમસ્ત પરદ્રવ્યના નિમિત્ત તરફથી વલણ છૂટી જાય ત્યારે. આહાહા..! રહે, સાધક હોય ત્યાં સુધી રહે, છતાં રહે એ નૈમિત્તિક દોષ છે એમ તો તારી દૃષ્ટિમાં રહેવું જોઈએ. નહિતર એને છોડીને પછી સિદ્ધ થા એ તો નહિ થઈ શકે. નિમિત્ત તરફના વલણનો રાગ સારો છે અને ઠીક છે, એ મને કલ્યાણનું કારણ થશે (એમ માનીશ ત્યાં સુધી) તો તેને છોડીને અંદરમાં જઈ નહિ શકે. આહાહા..! ન્યાય સમજાય છે? આહાહા..! આવો ઉપદેશ છે. બાયડી, છોકરા ને ધંધા ને મકાન તો ક્યાંય રહી ગયા. એ તો બધા પરદ્રવ્ય છે. એને આશ્રયે તો નૈમિત્તિક દોષ થાય, થાય ને થાય. એ તો પાપ થાય. એ તો પાપ દોષ થાય અને ભગવાન, પંચ પરમેષ્ઠી આદિને આશ્રયે પુણ્યભાવ થાય. આહાહા..! બેય ભાવને પચખતો નથી. એ દૃષ્ટાંત (થયો).

'વળી અધઃકર્મ આદિ જે પુદ્‌ગલદ્રવ્યના દોષો તેમને આત્મા ખરેખર કરતો નથી...' શું કહે છે? ખરેખર મુનિ છે એ અધઃકર્મી આહારને લેતો નથી એટલે કે કરતો નથી એમ. લેતો નથી એટલે કે એને કરતો નથી. લે તો કરે છે તેમ કહેવાય. લેતો નથી. આહાહા..! ખરેખર! 'વળી અધઃકર્મ આદિ જે પુદ્‌ગલદ્રવ્યના દોષો તેમને આત્મા ખરેખર કરતો નથી...' કરતો નથીનો અર્થ શું? એ તો આહાર કરનારો પણ આહારને કરતો નથી, પણ અહીં કરતો નથી એટલે શું? કે એને માટે જે આહાર તૈયાર કરે એ લેતો નથી. લેતો નથી એટલે કરતો નથી એમ. આહાહા..! આવી વાતું છે. આહાહા..!

'ખરેખર કરતો નથી...' એટલે મુનિ છે એ ઉદ્દેશિક આહાર અને અધઃકર્મી આહાર લેતો જ નથી. એનો એવો નૈમિત્તિક ભાવ આવતો જ નથી, એમ કહે છે. આહાહા..! 'તેઓ પરદ્રવ્યના પરિણામ હોવાથી...' એ તો પરદ્રવ્યના પરિણામ છે. એને લેવું એ તો દોષના પરિણામ છે. આહાહા..! 'તેમને આત્માના કાર્યપણાનો અભાવ છે,...' એ દોષ આત્માનું કાર્ય છે એનો તો અભાવ છે. આહાહા..! તેથી અધઃકર્મી ક્રિયા તો પર છે પણ એને લેવાનો ભાવ એ દોષનું કાર્ય છે. આહાહા..! એ કાર્યનો તો મુનિને અભાવ છે. એ દોષના કાર્યનો તેને અભાવ છે. સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત આપી છે. ઓહો..!

'માટે અધઃકર્મ અને ઉદ્દેશિક એવું જે પુદ્‌ગલદ્રવ્ય તે મારું કાર્ય નથી...' એટલે કે મારે લેવા લાયક નથી એમ. મારું કાર્ય નથી એટલે કાર્ય તો કરનારું પણ નથી, છે તો પર્યાય

એની. પણ મારું કાર્ય નથી એટલે મને લેવા લાયક નથી. મને લેવા લાયક નથી એટલે મારું કાર્ય નથી, એમ. આહાહા..! 'કારણ કે તે નિત્ય અચેતન હોવાથી...' એ તો અચેતન છે. લેવાનો દોષ છે એ અચેતન છે અને એ વસ્તુ પણ અચેતન છે. 'તેને મારા કાર્યપણાનો અભાવ છે.' આહાહા..! મુનિ એમ કહે છે, કે એ અધઃકર્મી અને ઉદ્દેશિક લેવાનો જે ભાવ (છે) એ દોષ છે અને એ તો અકાર્ય છે, મારું કાર્ય નથી. આહાહા..! છે? એમ.. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૫૫ ગાથા-૨૮૬, ૨૮૭ શ્લોક-૧૭૮ રવિવાર, માગશર સુદ ૬, તા. ૨૫-૧૧-૧૯૭૯

---

'સમયસાર' ભાવાર્થ છે, ૨૮૬-૨૮૭નો ભાવાર્થ છે. 'અહીં અધઃકર્મ અને ઉદ્દેશિક આહારના દૃષ્ટાંતથી દ્રવ્ય અને ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું દૃઢ કર્યું છે.' એનો પણ તેને ત્યાગ નથી. એ દૃષ્ટાંત આપ્યો છે, મુનિનો દૃષ્ટાંત છે. ઉદ્દેશિક અને આધાકર્મી આહાર બન્યો છે એ નિમિત્ત છે પણ એ જે લે છે એને નિમિત્તનો ત્યાગ નથી તેમ નિમિત્તથી થયેલા વિકારીભાવનો પણ એને ત્યાગ-પચખાણ નથી.

હવે કહે છે 'જે પાપકર્મથી આહાર નીપજે તે પાપકર્મને અધઃકર્મ કહેવામાં આવે છે,...' એ પાપકર્મને જ અધઃકર્મ કહેવામાં આવે છે. પાપથી એને માટે બનાવે ને? એ વસ્તુને પાપકર્મ કહે છે અથવા આહારને પણ અધઃકર્મ કહેવામાં આવે છે, આહારને પણ અધઃકર્મી કહેવામાં આવે છે. બે વાત કરી. 'જે આહાર, ગ્રહણ કરનારના નિમિત્તે જ,...' જે આહાર, ગ્રહણ કરનારના નિમિત્તે જ. જુઓને દૃષ્ટાંત પણ પોતે સાધુનો આપ્યો. 'બનાવવામાં આવ્યો હોય તેને ઉદ્દેશિક કહેવામાં આવે છે. આવા (અધઃકર્મ અને ઉદ્દેશિક) આહારને જેણે પચખ્યો નથી...' ઉદ્દેશિક અને અધઃકર્મ આહાર લેવું જેણે છોડ્યું નથી.

'તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો નથી...' આહાહા..! અધઃકર્મ આહાર જે લે છે તે નિમિત્તને છોડ્યું નથી અને તેના નિમિત્તે થતાં ભાવના પણ એને પચખાણ નથી. આહાહા..! આવો તો દાખલો (આપ્યો છે). (અત્યારે તો) સાધુ માટે તો બધું બનાવે, આહાર, પાણી. અહીં કહે છે કે ઇ જેણે છોડ્યા નથી તેને તેનો ત્યાગ નથી, પચખાણ નથી. છતાં પણ પચખાણ-ત્યાગ માને એ તો મિથ્યાત્વ છે. આહાહા..! એને માટે બનાવેલો ઉદ્દેશિક આહાર લે એનું એને પચખાણ નથી, ત્યાગ નથી. છતાં એ પોતાને શ્રાવક કે મુનિ માને તો કહે છે, કે એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

'અને જેણે...' હવે સિદ્ધાંત અહીં છે. 'તત્ત્વજ્ઞાનપૂર્વક તે આહારને પચખ્યો છે...' એકલો એને માટે ન કરેલો લે એ તો ઘણાં હોય. અમારે ગુરુ સંપ્રદાયના હતા. એને માટે કરેલો આહાર પાણી લે નહિ પણ દૃષ્ટિ મિથ્યાત્વ (હતી). સમજાય છે કાંઈ? એને માટે કરેલો આહાર-પાણી લે નહિ. એક આર્જિકા એમ કહેતી, અમે અમારા માટે કરેલો લેતા નથી, અમે ત્યાગી સાધુ છીએ.

અહીં તો તત્ત્વજ્ઞાનપૂર્વક સમ્યગ્દર્શનપૂર્વક (એની વાત કહે છે). આત્મા જ્ઞાયક છે, પૂર્ણ સ્વરૂપ છે એનો અનુભવ હોય, તત્ત્વજ્ઞાનના અનુભવ સહિત વિશેષપણે સ્થિરતા કરીને તેનો ત્યાગ કર્યો હોય એને યથાર્થ પચખાણ કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન વિના આધાઃકર્મી કે ઉદ્દેશિક ન લે કદાચિત્, એને માટે કરેલો આહાર પાણી ન લે તો પણ એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

જુઓને વાત પાઠમાં આવી ગઈ હતી, ટીકામાં આવી ગઈ હતી. 'તત્ત્વજ્ઞાનપૂર્વક નિમિત્તભૂત પુદ્ગલદ્રવ્યને પચખતો...' ટીકામાં આવી ગયું છે. ઇ ટીકાની વ્યાખ્યા ભાવાર્થમાં નાખી, છેલ્લી લીટી છે. છેલ્લી લીટી, ટીકાની છેલ્લી લીટી. તત્ત્વજ્ઞાનપૂર્વક ઇ અહીં ભાવાર્થમાં નાખ્યું. શું કીધું? આ બધા પ્રસંગ તો અમારે ઘણા બનેલા. એક આર્જિકા હતી એ કહે, અમારે માટે (બનાવેલો) આહાર લેતા નથી. અમે તો બરાબર સાધુ છીએ. પણ દૃષ્ટિના ઠેકાણા નથી તો સાધુ ક્યાંથી આવ્યા? દૃષ્ટિ મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર જેના ખોટા એને માને અને એને માટે કરેલો આહાર પાણી ભલે ન લે તોપણ તે મિથ્યાદૃષ્ટિ અવ્રતી જ છે. આહાહા..! આવું બધું પણ ક્યાં પરીક્ષા કરવા જાવી?

એટલે 'તત્ત્વજ્ઞાનપૂર્વક...' એમ કહ્યું ને? જ્ઞાયક આત્મા જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે) એવી દૃષ્ટિ ને અનુભવ થયો હોય એ જીવ એને માટે કરેલા આહાર પાણીનો ત્યાગ કરે, પચખાણ કરે તો એ પચખાણ બરાબર છે. તત્ત્વજ્ઞાન સમ્યગ્દર્શન વિના એને માટે કરેલો આહાર પાણી ન લે તો પણ તે મિથ્યાદૃષ્ટિ અવિરતિ જ છે. સમજાણું કાંઈ આમાં? આહા..! ઓહો..!

ટીકામાં આવ્યું હતું. ટીકામાં છેલ્લી લીટી આમાં છે 'તત્ત્વજ્ઞાનપૂર્વક નિમિત્તભૂત પુદ્ગલદ્રવ્યને પચખતો...' એમ ટીકામાં છે. એની ટીકાની જ વ્યાખ્યા કરી છે. 'અમૃતચંદ્રાચાર્યે' ટીકામાં નાખ્યું છે, કે તત્ત્વજ્ઞાન સમ્યગ્દર્શન (પૂર્વક). આત્મા તદ્દન નિર્વિકલ્પ રાગના ભાવ રહિત પૂર્ણ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યદળ (છે) એનું જ્ઞાન ને શ્રદ્ધા જ્યાં થઈ નથી એ જીવો ભલે એને માટે કરેલા આહારનો ત્યાગ (કરે) અને પાણી ન લે, એથી એ ત્યાગી કહેવાય નહિ, તેથી એને પચખાણ કહેવાય નહિ. એ મિથ્યાદૃષ્ટિ અવિરતિ છે. આહાહા..! આમ છે.

અમારા સંપ્રદાયમાં જે ગુરુ હતા ઇ એને માટે કરેલું લેતા નહિ. બિલકુલ લે નહિ. ચાર ચાર ગાઉ, પાંચ પાંચ ગાઉનો વિહાર કરીને આવ્યા હોય તોય જાતે પોતે વ્હોરવા

જાય અને નિર્દોષ જ્યાંથી હોય ત્યાંથી લે. ક્યાંય પણ શંકા પડે કે, અહીં અમારે માટે બનાવ્યું (છે તો) લે નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર ખોટા, એને માનવા અને એ માન્યતા સહિત ભલે આહાર પાણી એના કરેલા ન લે, એથી અહીં આ મૂળ મુદ્દો નાખ્યો છે. બહારનો ત્યાગ હોય કદાચિત્, આહાર પાણી આદિ ત્યાગ હોય એને માટે કરેલા ન લે અને જંગલમાં વસતો હોય પણ તત્ત્વજ્ઞાન ન હોય તો એને એ ત્યાગ કહેવાતો નથી. આહા..! આવી વાત છે.

'તત્ત્વજ્ઞાનપૂર્વક તે આહારને પચખ્યો છે તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો છે.' સમ્યગ્દર્શન સહિત, એને માટે કરેલા આહાર પાણી જેણે છોડ્યા છે તેનું પચખાણ સાચું છે, તેનો ભાવ સાચો છે. કીધું ને? તેના ભાવને પચખ્યો છે. આહાહા..! 'તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો છે.' નિમિત્તે થતાનો અર્થ નિમિત્તથી કાંઈ થતું નથી એનાથી પણ નિમિત્તને લક્ષે એ લઉં, એમ ભાવ આવ્યો ને એમાં? એ નિમિત્તને લક્ષે તે નિમિત્તથી થતાં એમ કહેવામાં આવ્યું.

'આ રીતે સમસ્ત દ્રવ્યને...' પૂર્ણ દ્રવ્યને. આહાહા..! એક કોર ભગવાન પૂર્ણ દ્રવ્ય અને એક બાજુ બધા આત્મા અને પરમાણુઓ, એ બધા પરદ્રવ્ય તરફથી લક્ષ ન છોડે ત્યાં સુધી તેના તરફના ભાવને, રાગને છોડતો નથી. આહાહા..! આકરું કામ બહુ. દુર્લભ દુર્લભ છે, ભાઈ! લોકોએ પોતાની કલ્પનાથી સોંઘો કરીને માન્યો છે એવું નથી. આહાહા..!

'આ રીતે સમસ્ત દ્રવ્યને અને ભાવને નિમિત્ત-નૈમિત્તિકભાવ જાણવો.' આ તો અધઃકર્મ આહાર ને ઉદ્દેશિકનો દૃષ્ટાંત દીધો. (એ) નિમિત્ત (અને) નૈમિત્તિકનો ત્યાગ. એનો નિમિત્ત-નિમિત્ત સંબંધનો દૃષ્ટાંત લીધો. એવી રીતે એક આત્મા સિવાય બધા પરદ્રવ્યો તરફમાં નિમિત્તનું લક્ષ કંઈ પણ રહે ત્યાં સુધી બધા નિમિત્તોનો એને ત્યાગ નથી. આહાહા..! આવું છે. ગ્રહણ કરે એટલે ઇ. પરદ્રવ્ય કાંઈ ગ્રહણ કરી શકાતું નથી. આહાહા..! પણ પરદ્રવ્ય છે, આત્મા સિવાય જેટલા પરદ્રવ્ય છે તેને પોતાના માની, પોતાના જાણી અને લે છે 'તે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તેને રાગાદિભાવો પણ થાય છે,...' આહાહા..! ઘણો વિસ્તાર. દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર લક્ષ જાય તો પણ કહે છે, રાગ થાય (કેમકે) પરદ્રવ્ય છે. અહીં કહે કે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે, પૂજા કરે તો એનાથી કલ્યાણ થાય. આટલો બધો ફેર છે. શું થાય? માર્ગની રીત તો આ છે.

એક કોર ભગવાન સ્વદ્રવ્ય એનો જેટલો આશ્રય કરે એટલો જ તેને ધર્મ થાય અને જેટલો પરદ્રવ્યનો આશ્રય કરે તેટલો તેને અધર્મ થાય. આ સિદ્ધાંત (છે). આહાહા..! સમજાય છે કાંઈ? એક કોર ભગવાનઆત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એ તો સમસ્ત દ્રવ્યને જાણનાર-દેખનાર જેનો સ્વભાવ છે તે પણ પરને લઈને નહિ. પોતાનો જ સ્વભાવ પરનું અનંતનું જાણવું ને દેખવું એવો સ્વભાવી જે આત્મા, એના આશ્રય વિના અને આશ્રય કર્યો હોય છતાં જેટલો હજી પરદ્રવ્યના નિમિત્તનો આશ્રય રહે તેટલો હજી એને અત્યાગ

અને આહાર છે એને. આહાહા..! આવું છે. આટલું બધું ક્યારે શીખવા જાય? માર્ગ આવો છે, બાપા!

'તે તેમનો કર્તા પણ થાય છે...' શું કીધું? જ્યાં સુધી જેટલે અંશે આત્મા સિવાય પરદ્રવ્યનો આશ્રય લે તેના પ્રમાણમાં એને વિકાર પણ થાય અને તેના પ્રમાણમાં તેને વિકારનું પરિણમન પણ થાય. જ્ઞાની હોય તો પરિણમન થાય છતાં એનો કર્તા ન થાય અને અજ્ઞાનીને પરિણમન થતાં કર્તા થાય. આટલો ફેર. આહાહા..! શું કીધું? ફરીને, 'સમસ્ત દ્રવ્યને અને ભાવને નિમિત્ત-નૈમિત્તિકભાવ જાણવો. જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે (સ્વામીપણે) તેને રાગાદિભાવો પણ થાય છે, તે તેમનો કર્તા પણ થાય છે...' મિથ્યાત્વ છે ત્યાં સુધી તેનો કર્તા પણ થાય પછી તત્ત્વજ્ઞાન થયા પછી નિમિત્તનો આશ્રય જરી રહે અને દોષ પણ થાય પણ તેનો કર્તા ન રહે, તેનો જાણનાર-દેખનાર રહે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ છે.

'અને તેથી કર્મનો બંધ પણ કરે છે;...' આહાહા...! અજ્ઞાની પરદ્રવ્યને પોતાના માની સ્વામીપણે તેનાથી થતાં વિકારનો પણ સ્વામીપણે થઈ અને અજ્ઞાની કર્મ બાંધે. જ્ઞાની(ને) તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ છે પણ જેટલો હજી સ્વનો આશ્રય પૂર્ણ થયો નથી અને પરનો આશ્રય રહ્યો છે તેટલો પરદ્રવ્યના નિમિત્તે અંદર રાગ થાય પણ છતાં (તેનો કર્તા નથી). પરમાર્થે પરિણમન છે માટે કર્તા કહેવાય, પરિણમે છે માટે કર્તા કહેવાય પણ કરવાલાયક છે એ રીતે કર્તા હોઈ શકે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ આમાં?

મુમુક્ષુ :– એમાં જ સમજ્યા જેવું છે.

ઉત્તર :– ફરીને, જ્યાં સુધી તત્ત્વજ્ઞાન નથી, તત્ત્વની દૃષ્ટિ નથી ત્યાં સુધી તો સમસ્ત પરદ્રવ્યના નિમિત્તે, આશ્રયે થતાં ભાવનો તે કર્તા થાય છે, તે મિથ્યાદૃષ્ટિ છે. પણ સમ્યગ્દૃષ્ટિ (કે જેને) સ્વના દર્શન થયા છે, તત્ત્વનું ભાન થયું છે પણ તત્ત્વનો પૂરો આશ્રય હજી લીધો નથી એટલો હજી પર તરફમાં, નિમિત્ત તરફમાં આશ્રય જાય છે એટલો રાગ થાય છે. પરિણમનની અપેક્ષાએ કર્તા કહેવાય, પરિણમે છે માટે, પણ કર્તાબુદ્ધિ (અર્થાત્) કરવા લાયક છે એવી બુદ્ધિ એને હોતી નથી. સમજાણું કાંઈ આમાં? આવું છે. આહાહા..!

આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? કો'ક કહે. કાઢ્યો ક્યાં? અનાદિનો માર્ગ તો આ છે. સાંભળ્યો ન હોય અને ન સમજાય એટલે કાંઈ માર્ગ બીજો થઈ જાય? આહા..! ભલે બીજા ના પાડે. આહાહા..! ઓલા તો ત્યાં સુધી કહે છે, કે નિમિત્તને આશ્રયે, વીતરાગની વાણીને આશ્રયે નૈમિત્તિક જ્ઞાન થાય એ ના પાડે, એ મિથ્યાત્વી છે અને જેટલો બાહ્ય ત્યાગ કરે તેટલો પુણ્યશાળી તે ત્યાગ કરી શકે. અરે...! આવી વાત. અને સમાજ આખો ચૂકી જાય. શું થાય?

અહીં કહે છે, કે આત્માના જ્ઞાન-ભાન વિના જેટલો પૂર્ણ પરદ્રવ્યનો આશ્રય છે–નિમિત્ત, એથી એને ઇ મિથ્યાત્વ સહિત વિકારનો કર્તા છે. અને સમ્યગ્દર્શન થતાં પૂર્ણ આશ્રય

હજી નથી (અને જેટલું) પરમાં લક્ષ જાય છે, આશ્રય થાય છે તેટલો જ તે પરિણમનની અપેક્ષાએ કર્તા કહેવાય, કરવા (લાયક છે એવી) બુદ્ધિની અપેક્ષાએ કર્તા નથી. આહાહા..! કહો, બરાબર સમજાય છે? આહાહા..! આવું વસ્તુનું સ્વરૂપ છે. અરે..! આ વાત હતી ક્યાં? આહાહા..! 'લાઠી' ને 'બોટાદ' ને 'પાળીયાદ' ને 'રાણપર' ચોમાસા કરતા. આ બધી ક્રિયાની વાતો કરતા. આહા..! આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો. મૂળ સમ્યગ્દર્શન શું એ ચીજ નહિ. આહાહા..! મૂળ વિનાની વાતું.

અહીં કહે છે, કે મૂળ મિથ્યાત્વ જેણે તોડ્યું નથી એણે તો બધા, દેવ-ગુરુ ને શાસ્ત્ર સુદ્ધાં, એને પોતે પોતાના માને, સ્વામી થાય તેથી તે તો નિમિત્ત સહિત મિથ્યાત્વ છે. આહાહા..! છે?

'તેમનો કર્તા પણ થાય છે અને તેથી કર્મનો બંધ પણ કરે છે;...' જેટલે અંશે આત્મા સ્વનો આશ્રય છોડીને પરના ઉપર લક્ષ જાય એટલે અંશે વિકારીભાવ પણ થાય અને તેનાથી બંધન પણ થાય. જ્ઞાની હોય તો પણ બંધન થાય. જેટલે અંશે પરદ્રવ્ય તરફ લક્ષ જાય છે પૂર્ણ આશ્રય સ્વભાવનો નથી ત્યાં સુધી એને બંધન છે. અજ્ઞાની(ને) તો સર્વથા પરદ્રવ્ય તરફ જ આશ્રય છે. સ્વદ્રવ્યની તો ખબર પણ નથી. આહાહા..! જ્ઞાનાનંદ સહજાનંદ ત્રણ કાળ, સમસ્ત પરદ્રવ્ય તેનો એ જ્ઞાતા-દૃષ્ટા છે. આ માને છે, કે સમસ્ત પરદ્રવ્ય, સ્વદ્રવ્યની ખબર નથી એટલે સમસ્ત પરદ્રવ્ય તે બધા મારા છે. એક પણ બે, ચાર દ્રવ્ય પણ પોતાના માન્યા એણે આખા દુનિયાના દ્રવ્ય પોતાના માન્યા. આહાહા..! કેમ કે આ આત્મા અંદર જ્ઞાતા, દૃષ્ટા છે. સમસ્ત પરદ્રવ્યનો જાણનાર, દેખનાર છે. એ દેવ-ગુરુ-શાસ્ત્રનો પણ ખરેખર તો એ જાણનાર, દેખનાર છે. એ પણ વ્યવહાર કહેવાય છે. પોતાની પર્યાયને જાણે છે એવો જ એનો સ્વભાવ છે. પોતાના અસ્તિત્વમાં પર્યાય છે, પોતાના અસ્તિત્વમાં પરદ્રવ્ય તો નથી. આહાહા..! પોતાના જ્ઞાનની પર્યાયના અસ્તિત્વમાં, હયાતીમાં પર તો નથી તેથી પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. પોતાના અસ્તિત્વમાં છે તેને જાણવું, કહેવું એ નિશ્ચય છે. આહાહા..! કર્તા-ભોક્તા તો જ્ઞાનીને છે જ નહિ. અજ્ઞાનીને અજ્ઞાનીની પર્યાયમાં પણ પરદ્રવ્ય તો છે નહિ છતાં તે સ્વદ્રવ્યની દૃષ્ટિ નથી તેથી પર્યાયમાં પરદ્રવ્યપણાનું જ એને માન્ય છે. પરદ્રવ્ય (કહીને) હમણાં ટીકા(માં) આવશે. મૂળ, પરદ્રવ્ય જેનું મૂળ છે, એવો પાઠ આવશે. એટલે કે, પરદ્રવ્ય જેનું મૂળ સ્વામીપણું છે, એમ. કળશ આવશે, કળશ. આહાહા..!

'જ્યારે આત્મા જ્ઞાની થાય છે...' શુદ્ધ ચૈતન્ય ત્રણકાળ, ત્રણલોકના સમસ્ત દ્રવ્યો, તેના ગુણ ને પર્યાયનો જાણનાર-દેખનાર (છે). મારી હયાતીમાં તેના સંબંધીના જ્ઞાનને જાણનાર-દેખનાર (છું એમ જ્ઞાન થયું) 'ત્યારે તેને કાંઈ ગ્રહણ કરવાનો રાગ નથી,...' ત્યારે તેને પરને પોતાનો માનવાનો રાગ નથી. ગ્રહણનો અર્થ ઇ. પરને પોતાનું માનવાનો એને રાગ નથી. 'તેથી રાગાદિરૂપ પરિણમન પણ નથી...' તેથી તેને રાગ-દ્વેષ આદિના પરિણામ પણ

નથી. 'અને તેથી આગામી બંધ પણ નથી.' ભવિષ્યમાં બંધ ઇ પણ એને નથી. '(એ રીતે જ્ઞાની પરદ્રવ્યનો કર્તા નથી).' આવી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :– પરદ્રવ્યનું કરવું નહિ તો રોટલા ખાવા કે નહિ?

ઉત્તર :– કોણ ખાય છે? કોણ ખાય શકે છે? રોટલાની ક્રિયા, આ દાઢની ક્રિયા આત્મા કરી શકતો નથી. દાઢથી રોટલાના કટકા કરી શકતો નથી. આહા..! રોટલાના કટકાને ગળે ઉતારી શકતો નથી. આરે! આરે! આવી વાતું છે.

આત્મા સ્વદ્રવ્ય ભગવાન એના સિવાય જેટલા પરદ્રવ્ય છે એ બધાનો એ જ્ઞાતા-દૃષ્ટા છે. કોઈપણ દ્રવ્યની એક સમયની પણ પર્યાય, એ દ્રવ્ય નક્કામું નથી, કે એ પર્યાયને આ કરે. આહાહા..! જગતના જેટલા દ્રવ્યો છે તેટલા નક્કામાં નથી, કોઈ સમયે નક્કામાં નથી. એ નક્કામાં નથી એટલે કાર્ય વિનાના નથી, એટલે કે પર્યાય વિનાના નથી. જે જે સમયે તે તે દ્રવ્યની પર્યાય થાય તે તે કાર્ય એનું કરે છે. બીજો દ્રવ્ય એનું કાર્ય શી રીતે કરે? આહાહા..!

મુમુક્ષુ :– છોકરાનું કાંઈ કરવું કે ન કરવું જોઈએ?

ઉત્તર :– છોકરા કોણ મોટા કરે? છોકરો હતો કે દિ'? 'સુમનભાઈ'નો 'સુમનભાઈ' હતો, એનો 'રામજીભાઈ'નો હતો કે દિ'? કહો! 'વીરચંદભાઈ'! છોકરાનું કરવું કે નહિ? 'રમણીકભાઈ'નું અને પછી એના એ છોકરાના છોકરા. ઘરનું પૂછે છે. આહાહા..! કોના કરે? બાપા! છોકરા કોણ? બાયડી કોણ? આ શરીર કોણ? વાણી કોણ? શરીર અને વાણી એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યના સ્વામીપણે થઈને જો કામ કરે તો તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એવી વાત છે, ભાઈ! બહુ આકરું પડે. અત્યારે તો પ્રવાહ બીજો ચાલ્યો છે. આખી પ્રવાહની લાઈન ફરી ગઈ છે. આહાહા..! શું થાય? પ્રભુ!

વીતરાગ સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવનો તો આ હુકમ છે. પરમેશ્વર પરમાત્મા એવું એણે તો ત્રણકાળ, ત્રણલોક જોયા છે. એ પણ વ્યવહાર છે. કોઈને કાંઈ કર્યું છે એમ છે નહિ. શિષ્યનું પણ કર્યું છે, ગણધરને કર્યા છે એણે (એમ નથી). આહાહા..! ઉપદેશ પણ એમણે કર્યો છે એમ પણ નથી. આહાહા..! ઉપદેશ–વાણી તો જડ છે. સમસ્ત પરદ્રવ્યમાં એ આવી જાય છે. આહાહા..! કોને કરે? પ્રભુ! અને તે પુદ્ગલો તેની વર્તમાન પર્યાય વિનાના નથી. તેમ આત્મા પર્યાય વિનાનો નથી, એ પર્યાય વિનાના નથી, તો આની પર્યાય એની પર્યાયને (કરે એમ બને નહિ). પર્યાય વિનાનો નથી એની પર્યાય કેમ કરે? આહાહા..! આવું સાંભળવું મુશ્કેલ પડે એવું છે. આહા..!

## શ્લોક-૧૭૮

(शार्दूलविक्रीडित)

इत्यालोच्य विवेच्य तत्किल परद्रव्यं समग्रं बलात्
तन्मूलां बहुभावसन्ततिमिमामुद्धर्तुकामः समम्।
आत्मानं समुपैति निर्भरवहत्पूर्णैकसंविद्युतं
येनोन्मूलितबन्ध एष भगवानात्मात्मनि स्फूर्जति।।१७८।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જેમાં પરદ્રવ્યને ત્યાગવાનો ઉપદેશ કરે છે :-

શ્લોકાર્થ :– [ इति ] આમ (પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું) [ आलोच्य ] વિચારીને, [ तद्-मूलां इमाम बहुभावसन्ततिम् समम् उद्धर्तुकामः ] પરદ્રવ્ય જેનું મૂળ છે એવી આ બહુ ભાવોની સંતતિને એકીસાથે ઉખેડી નાખવાને ઇચ્છતો પુરુષ, [ तत् किल समग्रं परद्रव्यं बलात् विवेच्य ] તે સમસ્ત પરદ્રવ્યને બળથી (-ઉદ્યમથી, પરાક્રમથી) ભિન્ન કરીને (-ત્યાગીને), [ निर्भरवहत्-पूर्ण-एक-संविद्-युतं आत्मानं ] અતિશયપણે વહેતું (-ધારાવાહી) જે પૂર્ણ એક સંવેદન તેનાથી યુક્ત એવા પોતાના આત્માને [ समुपैति ] પામે છે, [ येन ] કે જેથી [ उन्मूलितबन्धः एषः भगवान् आत्मा ] જેણે કર્મબંધનને મૂળથી ઉખેડી નાખ્યું છે એવો આ ભગવાન આત્મા [ आत्मनि ] પોતામાં જ (-આત્મામાં જ ) [ स्फुर्जति ] સ્ફુરાયમાન થાય છે.

ભાવાર્થ :– પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તકપણું જાણી સમસ્ત પરદ્રવ્યને ભિન્ન કરવામાં-ત્યાગવામાં આવે ત્યારે સમસ્ત રાગાદિભાવોની સંતતિ કપાઈ જાય છે અને ત્યારે આત્મા પોતાનો જ અનુભવ કરતો થકો કર્મના બંધનને કાપી પોતામાં જ પ્રકાશે છે. માટે જે પોતાનું હિત ચાહે છે તે એવું કરો. ૧૭૮.

## શ્લોક-૧૭૮ ઉપર પ્રવચન

‘હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જેમાં પરદ્રવ્યને ત્યાગવાનો ઉપદેશ કરે છે :–’ પરદ્રવ્યને ત્યાગવાનો ઉપદેશનો અર્થ–પરદ્રવ્યનું સ્વામીપણું છોડવાનો ઉપદેશ (કરે છે). આહાહા..! પરદ્રવ્યનો તો ત્યાગ જ છે. ભગવાનઆત્મા અનંત પરદ્રવ્યના તો અભાવ-

સ્વભાવરૂપે છે અને એ દ્રવ્યો પણ આ દ્રવ્યના સ્વભાવરૂપે નથી. તો હવે પછી આ એનું શું કરે? ઇ આનું શું કરે? આહા..! અહીં કહે, પરદ્રવ્યના ત્યાગવાનું. પછી આમાંથી લે, છોડવા, બાયડી છોડો, છોકરા છોડો, લીલોતરી છોડો, ખાવું નહિ કંદમૂળ છોડો.

ઇ કહેશે ગાથામાં.

(शार्दूलविक्रीडित)

इत्यालोच्य विवेच्य तत्किल परद्रव्यं समग्रं बलात्
तन्मूलां बहुभावसन्ततिमिमामुद्धर्तुकामः समम्।
आत्मानं समुपैति निर्भरवहत्पूर्णैकसंविद्युतं
येनोन्मूलितबन्ध एष भगवानात्मात्मनि स्फूर्जति।।१७८।।

આહા..! 'આમ પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું વિચારીને...' જોયું! શું કહે છે? સ્વદ્રવ્ય ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ અને પરદ્રવ્ય તદ્દન ભિન્ન (છે). કર્મ, વાણી, શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધો, નોકર-ચાકર, પૈસો, કપડા, દાગીના, કબાટ, પેટીઓ એ બધું પરદ્રવ્ય (છે). આહાહા..! આનું શું કરવું? બાવો થાય તો આવું થાય. બાવો જ છે. પરદ્રવ્ય ક્યાં અંદરમાં પેસી ગયા છે? આહાહા..! સમજાય છે? ભાઈ! 'રમણીકભાઈ'! આવી વાત છે. ત્યાં 'કલકત્તા' મળે એવી નથી, હોં! આ તમારા બાપ પાસેથી મળે એવી નથી. આહાહા..! આવી વાતું છે. વિશેષતા આવશે.

'આમ (પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું)...' પરદ્રવ્ય નિમિત્ત અને પોતાનો ભાવ વિકારી નૈમિત્તિક. નિમિત્તના સંબંધમાં થયેલો ભાવ તે નૈમિત્તિક. જેમ કે, શરીર નિમિત્ત છે અને શરીર મારું એવો ભાવ થાય તે નૈમિત્તિક. પૈસો છે નિમિત્ત, પણ પૈસો એ મારો છે એવો ભાવ તે નૈમિત્તિક (છે). શાક છે એ પર નિમિત્ત, પણ તેને હું ખાઉં છું અને એને હું પચાવું છું અને એના બટકા કરું છું, એવો જે નૈમિત્તિક ભાવ તે વિકાર (છે). આહાહા..!

મુમુક્ષુ :– જીભને દાંત નથી તો ચાવીને ખાવું.

ઉત્તર :– કાંઈ દાંત-ફાત (એના નથી). એ દાંત અહીંથી નીકળી ગયો હોય તો પછી અડવા દેતા નથી. ઇ તો અહીં પડ્યો હોય ત્યાં સુધી રહે છે. બહાર નીકળે તો ઉહું..! અડશો નહિ, અડશો નહિ (એમ કહે છે). 'વીરચંદભાઈ'! અહીં દાંત છે, જ્યાં સુધી દાંત ને દાઢ (છે) ત્યાં સુધી દૂધપાક, રોટલી ચાવે, બધું કરે, પણ નીકળી ગયો હોય તો પછી કહે, ઉહું..! અડશો નહિ. શું થઈ ગયું તને આ? (દાંત) અહીં હતો ત્યારે હું જાણે ચાવી શકું છું ને બધું બહાર નીકળી ગયો તો ભ્રશ થઈ ગયો. શું કહેવાય? એઠું એઠું. એંઠો થઈ ગયો. આહાહા..! આવું છે.

આ વીતરાગનો માર્ગ પહેલા તો પ્રગટ સમજવો એ મહા મુશ્કેલ છે, બાપુ! અને એનું પછી ચારિત્રનું પરિણમન એ તો કોઈ અલૌકિક વાતો છે. આહાહા...! ધન્ય અવતાર! ધન્ય કાળ! 'આમ (પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું) વિચારીને...' એમ કહ્યું ને? 'आलोच्य' બરાબર વિચારીને. આહાહા...! ગમે તે ચીજ (હોય), સામે નાટક હોય, જોવા જાય છે ને નાટક? 'ભર્તુહરિ'નો વેશ અને 'પીંગળા'નો વેશ.. કહે છે, કે એ બધા પરદ્રવ્ય છે. એને દેખીને તને જે રાગ થાય (કે) આહા...! ભારે મારા વેશ લાવ્યા! એ નૈમિત્તિક વિકાર છે. એવો નિમિત્ત-નિમિત્ત સંબંધને [ आलोच्य ] 'વિચારીને...' આહાહા...! આ કપડું પણ સરખું પહેરીને બરાબર સરખું પહેરાય ને સરખું રહે, એવું જે કપડા સંબંધેનું લક્ષ તે નિમિત્ત અને તેના નૈમિત્તિકમાં વિકાર થાય તે નૈમિત્તિક પોતાની પર્યાયમાં. આ છે તે એની પર્યાયમાં છે અને વિકાર થાય તે આત્માની પર્યાયમાં છે. એવો નિમિત્ત-નિમિત્ત સંબંધનો વિચાર કરીને. 'છોટાભાઈ'! આવું છે. આહાહા...! આવો વીતરાગનો માર્ગ. લાખો માણસને તો આ બેસવું મુશ્કેલ પડે. બહારની, વ્યવહારની વાતું હોય તો ઓહો..હો...! રાજી, રાજી ને વાહ! વાહ! (થઈ જાય). અરે...! પ્રભુ! વાહ! વાહ! તો તારી થવી જોઈએ પ્રભુ! તું જ્ઞાતા-દૃષ્ટા (છો અને) એ તો નિમિત્ત છે. તેનો આશ્રય કરતા તને વિકાર થાય. એનો આશ્રય છોડીને જેટલો સ્વનો આશ્રય કરે એટલો નિર્વિકાર થાય એ વાહ! વાહ! છે. આહાહા...! આહાહા...!

'પરદ્રવ્ય...' પરદ્રવ્યમાં કોઈ બાકી રહી ગયું? દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, પૈસો, દાગીના, કપડા, આબરુ... આહાહા...! બધા પરદ્રવ્ય છે. આ શરીર પરદ્રવ્ય છે, કપડા પરદ્રવ્ય છે, વાણી પરદ્રવ્ય છે, અહીં મન છે (જે) વિચારમાં નિમિત્ત (થાય છે) તે પરદ્રવ્ય છે. એ બધા પરદ્રવ્યનો અને... છે? પરદ્રવ્યનો અને પોતાના ભાવનો. પરદ્રવ્ય નિમિત્ત (છે). નિમિત્ત કરાવતું નથી પણ નિમિત્તને લક્ષે થાય માટે તેને નિમિત્ત-નૈમિત્તિકપણું વિચારીને (એમ કહ્યું છે). આહાહા...! અહીં હવે સિદ્ધાંત આવ્યો. અહીં ગોટા ઊઠે.

[ तद्-मूलां इमाम् बहुभावसन्ततिम् समम् उद्धर्तुकामः ] 'પરદ્રવ્ય જેનું મૂળ છે...' અહીં વાંધો ઉઠે આખો. એટલે કે પરદ્રવ્ય જેના સ્વામીપણાનું મૂળ છે. પોતાનું સ્વામીપણું છોડી ને કોઈપણ રજકણ મારા છે એવું સ્વામીપણું (કરે છે) એ નૈમિત્તિક વિકારમાં તેનું સ્વામીપણું એ નિમિત્ત છે. પરદ્રવ્ય એને વિકારનું કારણ નથી. પરદ્રવ્ય વિકારનું કારણ (હોય તો) ભગવાન તો પરદ્રવ્ય જુએ (છે). ત્રણકાળ ત્રણલોક દેખે છે. હેં? આહાહા...! 'પરદ્રવ્ય જેનું મૂળ છે...' એટલે કે વિકારમાં નિમિત્ત મૂળ છે. નિમિત્તને લક્ષે વિકાર થાય છે અને તે નિમિત્તનું સ્વામીપણું જેનું મૂળ છે, સ્વનું સ્વામીપણું જેણે છોડ્યું છે. આહાહા...!

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ! અસ્તિપણે, સત્‌પણે, સત્તાપણે બિરાજમાન છે એની સત્તાનો પૂર્ણ સંગ્રહ, અનંત ગુણનો સંગ્રહ છે. એવું જે સ્વદ્રવ્ય, આહાહા...! અને પરદ્રવ્ય.

છે? એમ વિચારીને 'બહુ એવી આ ભાવોની સંતતિને એકીસાથે ઉખેડી નાખવાને ઇચ્છતો...' 'પરદ્રવ્ય જેનું મૂળ છે...' એટલે કે સ્વદ્રવ્યનો આશ્રય છોડી અને જેટલો પરદ્રવ્યનો આશ્રય સ્વામીપણે ધણીપતે મારાપણે કરે છે એ મારા છે, મારાથી થાય છે, મારાથી રહે છે, મારાથી તૂટે છે, મારાથી ભંગાય છે, આત્મા સિવાય પરદ્રવ્યના કોઈપણ ભાવને મારાથી રખાય છે, મારાથી છોડાય છે, મારાથી એનો ઉપયોગ થાય છે એવું જે પરદ્રવ્ય જેનું મૂળ છે. આહાહા..! આવું છે. છોકરો સારો થાય તો પોતાનો માને નહિ? છોકરો અહીં આવે. આહાહા..! કોના છોકરા ને કોની છોકરી? બાપુ! શરીર અને વાણી પણ જડના છે. આ વાણી અને શરીર એ જડના છે. એનું સ્વામીપણું જેને છે, એ પરદ્રવ્ય જેનું મૂળ છે. વિકારમાં, નૈમિત્તિકમાં પરદ્રવ્ય મૂળ છે, વિકારમાં સ્વદ્રવ્ય મૂળ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'ઝાંઝરીજી'! છે ને અંદર? આહા..!

ભગવાન સ્વદ્રવ્ય છે ને એ સિવાય બીજા બધા કર્મ, વાણી, શરીર, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, આબરુ, પૈસા, કપડા, દેવ-ગુરુ ને શાસ્ત્ર, મંદિર, ભગવાનના મંદિર એ બધા પરદ્રવ્ય છે. પરદ્રવ્ય જેનું મૂળ છે પણ એ પરદ્રવ્યનો સ્વામી થાય છે એ જેનું મૂળ છે વિકારનું, વિકારનું મૂળ એ છે. આહા..! કર્મને લઈને વિકાર થાય છે એમ નથી. કર્મ એ પરદ્રવ્યમાં જાય છે, નિમિત્તમાં જાય છે. કર્મ પણ નિમિત્તમાં જાય છે, એ તો નિમિત્ત છે, પણ કર્મ મારા એવું જે મૂળ, પરદ્રવ્યનું મૂળ ધણીપતુ.

'પરદ્રવ્ય જેનું મૂળ છે એવી આ બહુ ભાવોની સંતતિને...' દેખો! પરદ્રવ્યના લક્ષે થતી એ બહુ ભાવની સંતતિ. સંતતિ (અર્થાત્) દીકરો-દીકરા, દીકરો-દીકરા આદિ એમ થાય ને? એમ વિકારની સંતતિ એક પછી એક પછી એક પછી એક વિકાર... વિકાર... આહાહા..! આવું છે. 'પરદ્રવ્ય જેનું મૂળ છે...' સ્વદ્રવ્ય જેનું મૂળ તો મોક્ષનું છે. સ્વદ્રવ્ય મૂળ તો મોક્ષનું મૂળ છે. એ વિકારનું મૂળ નથી. પરદ્રવ્યનું નિમિત્ત વિકારનું મૂળ છે. વિકાર કરે છે તેને મૂળ નિમિત્ત કહેવાય છે. પરદ્રવ્ય નિમિત્ત છે માટે વિકાર થાય છે, એમ નહિ. આહાહા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ? વિકારી ભાવમાં ચાહે તો મિથ્યાત્વ હોય, રાગ હોય, દયા હોય, વિષય (હોય), દયા હોય, ભક્તિ હોય, પૂજા હોય, વ્રત હોય એ વિકારમાં મૂળ દ્રવ્ય પરદ્રવ્યનું સ્વામીપણું છે. એવા પરદ્રવ્યના સ્વામીપણાથી. 'એવી આ બહુ ભાવની સંતતિ...' બહુ વિકાર ભાવની પરંપરા. આહાહા..!

દોરો જેમ સાંધે છે... શું કહેવાય ઇ? પૂણી. સંચો હોય ને? સંચો. રેટીંયો... રેટીંયો! તમારા નામ પણ ભૂલી જવાય છે. રેટીંયામાં એક પછી એક પૂણી સાંધે ને? પૂણી. એમ અહીં કહે છે, કે પરદ્રવ્ય જેનું સ્વામીપણું છે એવી એવી વિકારની સંતતિ, વિકારની એક પછી એક, એક પછી એક ઉત્પત્તિ. આહાહા..! શું આચાર્યોએ થોડા શબ્દોમાં કેટલું સમાડી દીધું છે! આહાહા..! 'એવી આ બહુ ભાવોની સંતતિ,...' 'પરદ્રવ્ય જેનું મૂળ છે એવી આ

બહુ ભાવોની સંતતિ...' એટલે પરદ્રવ્યથી થાય એમ કીધું નથી. પરદ્રવ્ય જેનું મૂળ (છે) એવી આ સંતતિ. પરદ્રવ્યનું લક્ષ છે એવી આ બહુ ભાવોની સંતતિ–વિકાર. નિમિત્તથી તો વિકાર થતો નથી. તેમ દ્રવ્યને–સ્વદ્રવ્યને આશ્રયે વિકાર થતો નથી.

'પર્યાયમાં, પરદ્રવ્ય જેનું મૂળ છે એવી આ બહુ ભાવોની સંતતિને એકીસાથે ઉખેડી નાખવાને...' આહાહા..! એક કોર પ્રભુ આત્મા પૂર્ણાનંદ અને પરદ્રવ્ય જેનું મૂળ એની જે સંતતિ, નિમિત્તને આશ્રયે થતી વિકાર દશા. એને જે ઉખડી નાખવા ઇચ્છતો, નાશ કરવા ઇચ્છતો. આહાહા..! 'તે પુરુષ,...' [ तत् किल समग्रं परद्रव्यं बलात् विवेच्य ] 'તે સમસ્ત પરદ્રવ્યને બળથી (-ઉદ્યમથી, પરાક્રમથી) ભિન્ન કરીને (-ત્યાગીને),...' ભિન્ન એટલે એકત્વ માન્યું હતું. ભિન્ન તો ભિન્ન જ છે. આહાહા..!

મુમુક્ષુ :– છોકરા-છૈયાં બધા ભિન્ન છે?

ઉત્તર :– માન્યું હતું એ ભિન્ન કરીને. આહાહા..! સમજાણું કાંઈ? અભિન્ન થઈ નહોતું ગયું કાંઈ. માન્યતામાં હતું, કે આ મારા, એટલું. એ માન્યતાને ભિન્ન કરીને. આહાહા..! પહેલી વાત તો આ છે. અહીંથી ધર્મની શરૂઆત થાય છે. આત્મા સિવાય બધા સમસ્ત પરદ્રવ્યોને 'बलात्' – પુરુષાર્થથી. જોયું! પુરુષાર્થથી. અંતર તરફના વલણના પુરુષાર્થથી. સ્વદ્રવ્ય જે અનંત ગુણનું ધામ, તેના તરફના પુરુષાર્થના બળથી. આહાહા..! 'ભિન્ન કરીને (-ત્યાગીને),...' ભિન્ન કરીને એટલે ત્યાગીને. પોતાના સ્વભાવ સન્મુખ થઈ અને પરના સન્મુખનો જે ભાવ હતો તેને છોડીને. પરનો ત્યાગ એટલે ઇ. જે પરના લક્ષે ભાવ હતો એ સ્વના લક્ષે ભાવ કરીને, પરના લક્ષને છોડીને, એ રાગના ભાવને ત્યાગીને. આહાહા..! જરીક અટપટી વાત છે. આમાંથી એવું કાઢે કે, મૂળ દ્રવ્ય, જેનું મૂળ દ્રવ્ય છે. વિકાર જેનું મૂળ દ્રવ્ય છે એમ.

[ निर्भरवहत्-पूर्ण-एक-संविद्-युतं आत्मानं ] 'અતિશયપણે વહેતું (-ધારાવાહી) જે પૂર્ણ એક સંવેદન...' આહાહા..! પરદ્રવ્ય અનંત, એને લઈને ભાવની સંતતિ હતી એમ કહે છે. અનેક પ્રકારના વિકાર હતા. પરદ્રવ્ય અનંત છે તો એને આશ્રયે અનેક પ્રકારના વિકાર હતા. એને આત્માના અંતર બળ વડે, સ્વભાવે. આહા..! 'એક સંવેદન તેનાથી...' ભગવાન જ્ઞાતા-દૃષ્ટા, તેનું એક સંવેદન. બસ, એકરૂપ, તે એક છે પોતે. 'અતિશયપણે વહેતું (-ધારાવાહી) જે પૂર્ણ એક સંવેદન...' એટલે અંદરમાં જવાનો પ્રવાહ એકાકાર કરતાં કરતાં એકરૂપ સંવેદન થઈ જવું. આહાહા..! ભાષા અજાણી, ભાવ અજાણ્યા.

'સંવેદન તેનાથી યુક્ત,...' પરના નિમિત્તે થતાં ભાવથી મુક્ત અને સ્વ એકલા સંવેદનથી યુક્ત. જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી યુક્ત અને પરના નિમિત્તે થતા વિકારથી મુક્ત. 'એવા પોતાના આત્માને,..' એવા પોતાના આત્માને પામે છે. 'એવા પોતાના આત્માને પામે છે...' લ્યો! આહાહા..! સર્વ પરદ્રવ્યોનો આશ્રય થતાં ભાવમાં પરદ્રવ્યનું લક્ષ છોડી અને તેનાથી થતાં ભાવને છોડી, ધારાવાહી આત્મામાં સંવેદનમાં આવી એકરૂપ સંવેદન થતાં આત્માને પામે

છે. એ આત્માને પામે–અનુભવ કરે છે. આહાહા..! વાત તો બહુ સારી આવી. ઝીણી, બહુ ઝીણી.

'પોતાના આત્માને...' ભાષા કેવી આવી જોઇ! આહાહા..! 'પોતાના આત્માને પામે છે...' પર આત્મા પરમાં રહ્યા. પર આત્માનું લક્ષ પણ જ્યાં છૂટી જાય છે. એકલો આત્મા અંદરમાં પોતાને પામે છે. 'કે જેથી જેણે કર્મબંધનને મૂળથી ઉખેડી નાખ્યું છે...' કર્મના બંધનને મૂળથી ઉખેડી નાખ્યું. 'એવો આ ભગવાનઆત્મા...' આહાહા..! 'એવો આ ભગવાનઆત્મા પોતામાં જ (-આત્મામાં જ) સ્ફુરાયમાન થાય છે.' પોતે પોતામાં પ્રગટ થાય છે. પર્યાયમાં (પ્રગટ થાય છે). જે સ્વભાવમાં હતો એ અંતર પુરુષાર્થથી પર્યાયમાં પોતામાં 'સ્ફુરાયમાન થાય છે.' કમળ જેમ ખીલે એમ ભગવાનઆત્મા પર્યાયમાં સ્ફુરાયમાન થાય છે. એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે. (વિશેષ કહેશે...) (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૫૬ શ્લોક–૧૭૮, ૧૭૯ રવિવાર, માગશર સુદ ૧૨, તા. ૩૦-૧૧-૧૯૭૯

---

'સમયસાર' ૧૭૮ કળશ, એનો ભાવાર્થ. ભાવાર્થ :– 'પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું જાણી...' જુઓ! નિમિત્ત આવ્યું ને! નિમિત્તનો અર્થ એક બીજી ચીજ છે. આધાકર્મી આદિ કે કોઈ પણ ચીજ, એ નિમિત્ત છે તેનું લક્ષ થાય છે તેથી નૈમિત્તિક વિકાર થાય છે. વિકાર નિમિત્તથી થતો નથી. વિકાર નિમિત્તને અડતો નથી, વિકારને નિમિત્ત અડતું નથી છતાંય નિમિત્ત કહેવાય છે. એ નિમિત્ત અને નૈમિત્તિક. પરદ્રવ્યના લક્ષે થતો વિકાર એને અહીં નૈમિત્તિક કહેવામાં આવે છે. એમાં મોટો ગોટો ઊઠે છે. નિમિત્ત-નૈમિત્તિક છે ને? છે એટલે શું પણ? નિમિત્તથી થાય છે? નિમિત્ત કર્તા છે? નિમિત્ત કરી દે છે? નિમિત્ત તો નૈમિત્તિકને અડતું પણ નથી. નિમિત્તને તો ખબર પણ નથી. જડ હોય એને (ખબર પણ નથી).

મુમુક્ષુ :– આઠ કર્મના અભાવને નિમિત્ત કહેવાય છે.

ઉત્તર :– એ તો અભાવનું નિમિત્ત છે પણ આ તો સદ્‌ભાવનું નિમિત્ત, આ તો વર્તમાન સદ્‌ભાવનું નિમિત્ત છે. અભાવનું (નિમિત્ત) તો એક સાધારણ વાત (છે). અહીં તો નિમિત્ત સદ્‌ભાવ છે. બીજી ચીજ સ્વદ્રવ્ય સિવાય છે એના ઉપર લક્ષ જતાં જે નૈમિત્તિક વિકાર થાય તેને નૈમિત્તિક કહીએ અને જે લક્ષ જાય તેને નિમિત્ત કહીએ પણ નિમિત્ત તેને કરાવતું નથી, નિમિત્ત નૈમિત્તિકને અડતું નથી, નૈમિત્તિક નિમિત્તને અડતું નથી. આહાહા..! આકરું કામ.

કર્મમાં પણ નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. કર્મ નિમિત્ત છે અને જીવ નૈમિત્તિક છે. વિકાર

નૈમિત્તિક જીવ કરે ત્યારે એ કર્મને નિમિત્ત કહેવાય છે. નિમિત્ત કરાવતું નથી. વિકાર નિમિત્તને અડતો નથી, નિમિત્ત છે એ વિકારને અડતું નથી. મોટો ગોટો એમાં નિમિત્ત-નૈમિત્તિકમાં છે ને?

'પરદ્રવ્યનું...' એટલે એક સ્વદ્રવ્ય સિવાય બધાય પરદ્રવ્ય, હોં! એક સ્વદ્રવ્ય સિવાય જેટલા પરદ્રવ્ય છે એ પરદ્રવ્યનું અને પોતાના ભાવનું. દ્રવ્યની સાથે તો કાંઈ સંબંધ નથી, નિમિત્ત-નિમિત્ત સંબંધ ભાવની સાથે છે. 'ચંદુભાઈ'! દ્રવ્ય સાથે કાંઈ સંબંધ નથી. દ્રવ્યના પર્યાયની સાથે નિમિત્ત-નિમિત્ત સંબંધ (છે), દ્રવ્ય-ગુણની સાથે સંબંધ છે નહિ. તેથી કહ્યું છે, કે 'પરદ્રવ્યનું અને પોતાના ભાવનું...' આહાહા..! 'નિમિત્ત-નૈમિત્તકપણું જાણી,...' નિમિત્ત-નિમિત્તપણું જાણી 'સમસ્ત પરદ્રવ્યને ભિન્ન કરવામાં--ત્યાગવામાં આવે...' એ ત્યાગવામાં આવે એનો અર્થ લક્ષ છોડવામાં આવે. પરદ્રવ્યનો ત્યાગગ્રહણ તો આત્મામાં છે જ નહિ. ત્યાગવામાં આવે એનો અર્થ પર તરફનું લક્ષ છોડવામાં આવે, એમ એનો અર્થ છે. આહાહા..! પરદ્રવ્યના ત્યાગગ્રહણથી તો શૂન્ય છે. આત્મા પરદ્રવ્યના ત્યાગ ગ્રહણથી નથી, તે શૂન્ય છે. આહા..! રાગના ગ્રહણત્યાગથી પણ દ્રવ્ય તો શૂન્ય છે. દ્રવ્ય જે વસ્તુ આત્મ તત્ત્વ છે એ પણ રાગ અને વિકારના ગ્રહણત્યાગથી શૂન્ય છે. પર્યાયમાં ગ્રહણત્યાગ છે. પરનો ગ્રહણત્યાગ નથી, દ્રવ્યમાં ગ્રહણત્યાગ નથી. પર્યાયમાં ગ્રહણત્યાગ છે. એથી અભાવ લીધો છે. પોતાના ભાવમાં, એમ. સમજાય છે કાંઈ?

'પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું,...' નૈમિત્તિકપણું. નિમિત્ત ઉપર લક્ષ જતાં વિકાર થાય તે નૈમિત્તિકપણું. 'જાણી સમસ્ત પરદ્રવ્યને ભિન્ન કરવામાં...' આવતા. સમસ્ત પરદ્રવ્ય. ભાવાર્થ છે ને? ૧૭૮નો ભાવાર્થ. 'સમસ્ત પરદ્રવ્યને ભિન્ન કરવામાં..' આવતા. ભિન્ન તો છે પણ લક્ષ છોડવામાં આવતા એનું નામ ભિન્ન કરવામાં આવતાં. સમજાણું કાંઈ? સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય ભિન્ન જ છે. એક બીજામાં અત્યંતઅભાવ છે પણ પર ઉપર લક્ષ છે એ લક્ષને છોડે તે ભિન્ન કરવામાં આવતાં એમ કહેવામાં આવે છે. આહા..!

સમસ્ત (કીધું તો) સમસ્તમાં દેવ-ગુરુ ને શાસ્ત્ર પણ આવી ગયા. સમસ્ત દ્રવ્ય એટલે સ્વદ્રવ્ય સિવાય સમસ્ત પરદ્રવ્ય. કર્મ, શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો, લક્ષ્મી, આબરુ, દેવ-ગુરુ અને શાસ્ત્ર. એ બધા 'સમસ્ત પરદ્રવ્યને ભિન્ન કરવામાં-ત્યાગવામાં આવે...' લ્યો! અહીં તો ત્યાગવામાં આવે એમ કહ્યું. પણ ભાષા શું થાય? એક કોર કહે, પરદ્રવ્યનો ત્યાગગ્રહણ આત્મામાં છે જ નહિ. સમજાવવું શી રીતે? ત્યાગવામાં આવતાં એટલે પર તરફનું લક્ષ છોડવામાં આવતાં. આ તો ઝીણી વાત છે ને!

'ભિન્ન કરવામાં-ત્યાગવામાં આવે ત્યારે સમસ્ત રાગાદિભાવોની સંતતિ કપાઈ જાય છે...' નિમિત્ત તરફનું લક્ષ છોડે છે ત્યારે આત્મામાં વિકારીભાવ કપાઈ જાય છે, તે વિકારીભાવ ઉત્પન્ન થતાં નથી. ઇ કપાઈ જાય છે એટલે ઇ. આત્મા સ્વદ્રવ્યનો આશ્રય લેતાં, પરદ્રવ્યનું

લક્ષ છોડતા એને વિકારીભાવ જે ઉત્પન્ન થતાં હતાં તે ઉત્પન્ન થતાં નથી તેને કપાઈ જાય છે એમ કહેવામાં આવે છે. આહાહા..! આ રાગ છે એને કાપું એમ છે એમાં અંદર? ફક્ત સ્વભાવનો આશ્રય લેતાં જે પરના લક્ષે ઉત્પન્ન થતા વિકાર તે ઉત્પન્ન થતા નથી તેથી તે કપાઈ જાય છે તેમ કહેવામાં આવે છે. આવી વાતું છે. આવી આવી ઝીણી ઝીણી વાતું. દયા પાળે ને વ્રત કરે ને ભક્તિ કરે ને પૂજા કરે. આહાહા..!

દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, એના ગુણ પણ સ્વતંત્ર છે અને પર્યાય વિકારી-અવિકારી કરવામાં પણ સ્વતંત્ર છે. વિકારી કે અવિકારી (પર્યાય) કરવામાં સ્વતંત્ર છે. એ વિકારી પર્યાય પણ ષટ્કારકપણે પરિણમતી પોતાથી થાય છે. ઇ કર્તા-કર્મ પોતાથી થાય છે. ઓલા સમજે કે, નિમિત્ત એટલે લક્ષ જાય છે એટલે નિમિત્ત કહેવાય છે. આહા..!

'કપાઈ જાય છે...' લ્યો! કપાઈ જાય છે. રાગ હતો (એ) કપાઈ જાય છે. પણ અહીં તો કહે છે, કે સ્વદ્રવ્યનો આશ્રય જ્યાં લીધો ત્યાં પરદ્રવ્યનું લક્ષ છૂટી ગયું, એટલો વિકાર થયો નહિ એ વિકાર કપાઈ ગયો એમ કહેવામાં આવે છે. આહાહા..! આવું ઝીણું. સમજ્યા વિના સામાયિક ને પોહા ને પડિકમણા (કરે). શું તત્ત્વ છે, ક્યાં દૃષ્ટિ દેવાની છે, ક્યાંથી ખસેડવાની છે ને ક્યાં દેવાની છે? (એની તો ખબર નથી). કારણ કે, અનંત દ્રવ્ય છે. તું સિવાય પણ અનંત દ્રવ્યો છે. એટલે અનંતમાંથી ખસેડીને એકમાં દ્રવ્યમાં લાવવાની છે. આહાહા..! એમાં તો અનંત દ્રવ્યની પ્રતીતિ આવી, અનંત દ્રવ્ય તરફનું લક્ષ હતું તેને છોડ્યું એ આવ્યું અને સ્વદ્રવ્યનો આશ્રય પણ આવ્યો. ત્યારે વિકાર ન થયો તો એને કપાઈ ગયો છે એમ કહેવામાં પણ આવ્યું. આહાહા..! આવું ઝીણું છે.

'અને ત્યારે આત્મા પોતાનો જ અનુભવ કરતો થકો...' એટલે કે પરદ્રવ્ય તરફના લક્ષ અને આશ્રયને આલંબનને છોડીને. આલંબન કહો, આશ્રય કહો એ લક્ષ કહો. આમ લક્ષ એને (કરવું છે) ન્યાં ક્યાં આલંબન આપે છે? 'આલંબન' શબ્દ વપરાય છે. ૧૪ બોલ છે ને? એમાં આલંબન (શબ્દ) બહુ વાપર્યો છે. 'સમયસાર' નહિ? ૧૪ બોલ છેલ્લા. પશુ... પશુ... એકાંતી. કળશ (છે). એકાંતી પરનું આલંબન લેતો. એમાં ૧૪ બોલમાં ઘણામાં 'આલંબન' શબ્દ પડ્યા છે. આલંબનનો અર્થ પરનું લક્ષ છે. ન્યાં બીજું શું? આલંબન શું છે? આહાહા..! ઝીણી વાત ભારે ભાઈ!

દોરડું હોય, એક દોરડું. એને નીચેથી ચડવું હોય તો દોરડાની આમ મૂંઠી વાળીને વાળે ત્યારે ચડે. અહીં કહે છે, કે એમ નથી. ઇ મૂઠીમાં એ દોરી પકડાણી નથી, દોરીને મૂઠી અડી જ નથી. આ દુનિયાથી વિરુદ્ધ છે. આ ચડે છે ને દાદરે? જુઓને દાદરો. એવો દાદરો નાનો હોય તો મોટું દોરડું રાખે છે ને? દોરડું રાખે છે. એ દોરડાને અડતોય નથી, કહે છે. અને પગ જે છે એ પગથીયાને અડતો નથી. ઇ પગથીયું જે ચડતા જાય છે એ પગથીયાને અડતો નથી અને પગ ઊંચો થાય છે એની મેળે પોતાથી, આત્માથી નહિ. આવી

ઝીણી વાતું.

સ્વતંત્રતાનો ઢંઢેરો છે. દ્રવ્ય સ્વતંત્ર, ગુણ સ્વતંત્ર, પર્યાય સ્વતંત્ર ત્રણેય સ્વતંત્ર સત્ છે. સત્ છે તેથી સ્વતંત્ર છે. સ્વતંત્ર છે તેથી તું તારું કામ કરી શકે છો. પર ઉપર લક્ષ જાય તો વિકાર કર અને સ્વ ઉપર લક્ષ જાય તો અવિકારી થાય. એક જ વાત છે. આહાહા..! 'આત્મા પોતાનો જ અનુભવ કરતો થકો...' નિમિત્ત ઉપરથી દૃષ્ટિ ખસતા, આત્મ દ્રવ્ય સ્વભાવ, એ દૃષ્ટિમાં આવતા એનો જ અનુભવ કરવો રહ્યો. સમજાણું કાંઈ? આહા..! આટલો તો એણે ભાવાર્થ ભર્યો છે. પાઠમાં તો છે પણ 'જયચંદ્ર પંડિતે' આટલો ભાવાર્થ ભર્યો છે, કહો! ગૃહસ્થે!

'પોતાનો જ અનુભવ...' 'પોતાનો જ...' 'જ' મૂક્યો છે. નિમિત્ત સમસ્ત પરદ્રવ્ય તરફથી લક્ષ છોડ્યું તો જરીયે પરનું લક્ષ રહ્યું નહિ, એકલું આત્માનું અબલંબન રહ્યું. આહા..!

'પોતાનો જ અનુભવ કરતો થકો કર્મના બંધનને કાપી...' આહાહા..! કર્મના બંધનને અડે નહિ, બંધન કરે નહિ, બંધન રાખે નહિ, બંધન તોડે નહિ. પણ નિમિત્તથી સમજાવવું છે એ શી રીતે સમજાવે? ભાષાનો વ્યવહાર હોય ઇ પ્રમાણે સમજાવાય ને? 'બંધનને કાપી પોતામાં જ પ્રકાશે છે.' જે નિમિત્તના લક્ષે વિકારમાં પ્રકાશતો હતો, વિકારની પ્રસિદ્ધિમાં હતો, પોતાના સિવાય પરદ્રવ્યના લક્ષે વિકારમાં પ્રસિદ્ધિમાં હતો એ પરદ્રવ્યના લક્ષને છોડી, સ્વદ્રવ્યના આશ્રયમાં આવ્યો એ ચૈતન્યના પ્રકાશે પ્રસિદ્ધિમાં આવ્યો. સમજાણું આમાં? એનું નામ ધર્મ. પોતાના ચૈતન્યના પ્રકાશમાં (આવ્યો). (પહેલા) પ્રકાશ પરમાં રોકાણો હતો. એમ કહે છે. આહાહા..! ચૈતન્યના પ્રકાશમાં આવ્યો. 'માટે...' આવી વસ્તુની સ્થિતિ છે માટે, એમ. આ રીતે જ વસ્તુની મર્યાદા છે 'માટે જે પોતાનું હિત ચાહે છે,...' જે પોતાના આત્માનું હિત ચાહે છે 'તે એવું કરો.' તે એમ કરો. આહા..! ટૂંકુ તો ટૂંકુ તો ઘણું કહ્યું. હવે છેલ્લો કળશ રહ્યો. ૧૭૯.

## શ્લોક-૧૭૯

(मन्दाक्रान्ता)

रागादीनामुदयमदयं दारयत्कारणानां
कार्यं बन्धं विविधमधुना सद्य एव प्रणुद्य।
ज्ञानज्योतिः क्षपिततिमिरं साधु सन्नद्धमेतत्
तद्वद्यद्वत्प्रसरमपरः कोऽपि नास्यावृणोति।।१७७।।

હવે બંધ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે જ્ઞાનના મહિમાના અર્થનું કળશકાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ कारणानां रागादीनाम् उदयं ] બંધનાં કારણરૂપ જે રાગાદિક (રાગાદિકભાવો) તેમના ઉદયને [ अदयम् ] નિર્દય રીતે (અર્થાત્ ઉગ્ર પુરુષાર્થથી) [ दारयत् ] વિદારતી થકી, [ कार्यं विविधम् बन्धं ] તે રાગાદિકના કાર્યરૂપ (જ્ઞાનાવરણાદિ) અનેક પ્રકારના બંધને [ अधुना ] હમણાં [ सद्यः एव ] તત્કાળ જ [ प्रणुद्य ] દૂર કરીને, [ एतत् ज्ञानज्योतिः ] આ જ્ઞાનજ્યોતિ - [ क्षपिततिमिरं ] કે જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે તે - [ साधु ] સારી રીતે [ सन्नद्धम् ] સજ્જ થઈ, [ तद्-वत् यद्-वत् ] એવી રીતે સજ્જ થઈ કે [ अस्य प्रसरम् अपरः कः अपि न आवृणोति ] તેના ફેલાવને બીજું કોઈ આવરી શકે નહિ.

ભાવાર્થ :– જ્યારે જ્ઞાન પ્રગટ થાય છે, રાગાદિક રહેતા નથી, તેમનું કાર્ય જે બંધ તે પણ રહેતો નથી, ત્યારે પછી તેને (-જ્ઞાનને) આવરણ કરનારું કોઈ રહેતું નથી, તે સદાય પ્રકાશમાન જ રહે છે. ૧૭૯.

---

इति बन्धो निष्क्रान्तः।

इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ बन्धप्ररूपकः सप्तमोऽङ्कः।।

ટીકા :– આ પ્રમાણે બંધ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

ભાવાર્થ :– રંગભૂમિમાં બંધના સ્વાંગે પ્રવેશ કર્યો હતો. હવે જ્યાં જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ત્યાં તે બંધ સ્વાંગને દૂર કરીને બહાર નીકળી ગયો.

જો નર કોય પરૈ રજમાંહિ સચિક્કણ અંગ લગૈ વહ ગાઢૈ,<br>
ત્યોં મતિહીન જુ રાગવિરોધ લિયે વિચરે તબ બંધન બાઢૈ;<br>
પાય સમૈ ઉપદેશ યથારથ રાગવિરોધ તજૈ નિજ ચાટૈ;<br>
નાહિં બંધૈ તબ કર્મસમૂહ જુ આપ ગહૈ પરભાવનિ કાટૈ.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં બંધનો પ્રરૂપક સાતમો અંક સમાપ્ત થયો.

## શ્લોક-૧૭૯ ઉપર પ્રવચન

(मन्दाक्रान्ता)

रागादीनामुदयमदयं दारयत्कारणानां
कार्यं बन्धं विविधमधुना सद्य एव प्रणुद्य।
ज्ञानज्योतिः क्षपिततिमिरं साधु सन्नद्धमेतत्
तद्वद्यद्वत्प्रसरमपरः कोऽपि नास्यावृणोति।।१७९।।

આહા..! આ બંધ અધિકારમાં છેલ્લો કળશ (છે).

શ્લોકાર્થ :- [ कारणानां रागादीनाम् उदयं ] 'બંધનાં કારણરૂપ જે રાગાદિક...' નવો જે બંધ થાય એનું કારણ રાગ અને દ્વેષ ને પુણ્ય ને પાપ આદિ, દયા-દાન આદિ એ બંધનું એ કારણ છે. પરમાણુનું બંધન છે એ સ્વતંત્ર છે. તે કાળે તેના પરમાણુમાં તે બંધન થવાની યોગ્યતાથી તે બંધન થયા પણ તેને નિમિત્ત કારણ છે એની વાત અહીંયાં કરી. આહા..! 'બંધનાં કારણરૂપ જે રાગાદિક (રાગાદિકભાવો) તેમના ઉદયને...' તેના પ્રગટ થવાને [ अदयम् ] 'નિર્દય રીતે (અર્થાત્ ઉગ્ર પુરુષાર્થથી)...' અથવા 'પરમાત્મપ્રકાશ'માં લીધું છે, પોતાના બંધુને મારે છે. કારણ કે અનાદિનો એને સાથ છે. બંધવ તરીકે આ બીજા ભાઈઓ તો અમુક એક ભવ રહે અને આ તો અનાદિથી કર્મનો સંબંધ છે. એવો બંધવ, એવો જે બંધુરૂપી બંધવ એને જ્ઞાની બંધવને મારી નાખે, છેદી નાખે છે. એ બંધવનો મારનાર છે. આહાહા..! સમજાણું કાંઈ? અનાદિનું જે કર્મ બંધન સાથે છે, અનાદિનું, આ ભાઈ કુટુંબ તો પચીસ-પચાસ-સો વર્ષ (રહે), વળી બીજે ભવે બીજા, ત્રીજે ભવે ત્રીજા. આ બંધન તો અનાદિથી એમ ને એમ છે નવું... નવું... નવું... નવું... નવું... એ બંધન છે તેને બંધુ તરીકે ગણીને, સાથે રહેનારા ગણીને, બંધુને છેદનારો આત્મા છે, બંધુને મારનારો આત્મા છે (એમ કહ્યું).

મુમુક્ષુ :- જ્ઞાની આવા નિર્દય હોય?

ઉત્તર :- એ કીધું ને, નિર્દય છે. આ રીતે. આહાહા..! ત્યાં 'પરમાત્મપ્રકાશ'માં એ અર્થ કર્યો છે, નિર્દય છે, નિર્દય. સગા બંધુ! અનાદિના સંબંધ-જોડે (રહ્યા) એને તોડી નાખ્યા ફડાક દઈને. પોતામાં જ્યાં દૃષ્ટિ મુકે છે ત્યાં છૂટી જાય છે. એવા નિર્દય છે. અનાદિ સાથે રહેનારા એને એક સમયમાં તોડી નાખે છે. આહાહા..!

મુમુક્ષુ :- કર્મ તો ઉપકારી છે, એ જીવના ઉપકાર કરનાર છે.

ઉત્તર :- ઉપકાર કરનાર નથી, ઉપકાર કરનાર પણ નથી, કાંઈ કરનાર નથી. પરદ્રવ્ય

(છે). ઇ ભાષા આવે (બાકી) કાંઈ કરનાર નથી. ઇ તો પરદ્રવ્ય તરીકે છે. એ સ્વદ્રવ્યને અડતું પણ નથી એને ખબર પણ નથી, કે અમે કર્મ છીએ કે નહિ. એને ખબર નથી કે અમારા ઉપર લક્ષ કરીને જીવ વિકાર કરે છે. ઇ તો એને પણ ખબર નથી. અને અમારું લક્ષ છોડીને અમારો નાશ કરે છે, એવી એને ખબર નથી. એ તો વસ્તુની સ્થિતિ છે, વસ્તુનો એ સ્વભાવ છે, કે પર ઉપર લક્ષ કરતા બંધન થાય, સ્વ ઉપર લક્ષ કરતા બંધન છૂટી જાય. આહાહા..! આવું કામ છે. આવો આકરો ધર્મ. ઓલા તો વ્રત કરે, સામાયિક કરે, પોહા કરે, પડિકમણા કરે થઈ રહ્યું, લ્યો! મિથ્યાત્વ ગયા વિના સામાયિક પોહા હતા કે દિ' તારે? મિથ્યાત્વનો રંગ તો અંદર ચડી ગયેલો છે આખો. આને હું કરું, આને હું કરું. આહા..! પરની દયા પાળું ને પરને મારી શકું, પરને જીવાડી શકું એવા ભાવ તો પડ્યા છે. એ તો મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વભાવમાં સામાયિક કેવી? આહાહા..! આકરું કામ છે, ભાઈ! માર્ગ એવો છે કોઈ. એ વીતરાગમાર્ગમાં છે બાકી એ સિવાય ક્યાંય છે નહિ. આહા..!

'નિર્દય રીતે (અર્થાત્ ઉગ્ર પુરુષાર્થથી)...' પછી ખુલાસો કર્યો ને? એમ કે, હળવે હળવે નહિ, એમ. એનો અર્થ એમ છે. હળવે... હળવે... ને ધીમે... ધીમે... ધીમે... ધીમે... નહિ. એકદમ ગુલાંટ ખાતા જેમ પર ઉપર લક્ષ છે એ ગુલાંટ ખાતા આખા દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થિર થતાં કર્મને નિર્દય રીતે તોડી નાખે છે. જરીક અંશ પણ રહેવા દેતો નથી. આહાહા..!

કર્મ છૂટે તો આત્મા નિર્મળ થઈ શકે એમ નહિ. એમ સિદ્ધ કરવું. પોતે પોતાના પુરુષાર્થથી સ્વભાવની સંભાળ લેતા ભગવાન ચિદાનંદ પ્રભુ! સ્વઅસ્તિ સત્ સત્તા વસ્તુ છે. એ વસ્તુ છે તો મહા અનંત ગુણથી ભરેલું તત્ત્વ છે. એમાં અનંતો પુરુષાર્થ છે, અનંતું જ્ઞાન છે, અનંતો આનંદ છે. એ પોતાના દ્રવ્યની સંભાળ લેતા કર્મ વસ્તુ તૂટી જાય છે. આહાહા..! અપવાસ કરે ને આટલા અપવાસ કરે માટે નિર્જરા થઈ જાય, ધૂળેય થાય નહિ. એ બધી લાંઘણું છે. આ અપવાસ કરે છે ને? વર્ષીતપ કરે છે, અપવાસ કરે, ચોવિહાર કરે ને નકોરડા (અપવાસ કરે), લાંઘણ છે. હજી મિથ્યાત્વ કોને કહેવું? (એની ખબર નથી). લાંઘણ સમજ્યા ને? આમાં કાંઈ લાંઘણ કહેતા હશે? લંઘન. આહાહા..!

જાતની ખબર ન મળે કે, ચૈતન્ય કોણ અંદર છે? મહાપ્રભુ છે, પરમેશ્વર છે, ભગવત્ સ્વરૂપ છે, પ્રભુ છે. આહાહા..! એ પ્રભુનો પ્રભુ કોઈ છે જ નહિ જગતમાં. પોતે પ્રભુ સ્વતંત્ર છે. આહાહા..! પોતાના જેવા અનંતા પ્રભુ ભલે હો, પણ બધા પ્રભુ સ્વતંત્ર છે, કોઈ કોઈને આધીન છે નહિ અને બીજા પ્રભુને લઈને પોતાની પ્રભુતા પ્રગટ થાય છે એમ પણ નથી. પોતાની પ્રભુતા પોતાને આશ્રયે જ પ્રગટ થાય છે. આહાહા..! એ ક્રિયાકાંડથી પ્રગટ થતી નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો ક્રિયાકાંડ બધો રાગ છે, પુણ્ય છે, સંસાર છે. આહાહા..! આકરું કામ. આકરું લાગે ને પછી?

અહીંયાં તો કહે છે, કે એ નિર્દય રીતે વિદારતી જ્ઞાનજ્યોતિ. જ્ઞાનજ્યોતિ પ્રભુ ચૈતન્ય,

જ્ઞાનના પ્રકાશનું પૂર, નૂર-તેજ, એકલો જ્ઞાનપ્રકાશથી ભરેલો ભગવાન અરૂપી, એના ઉપર નજર પડ્યા વિના નિધાન દેખાય નહિ. છતી ચીજ છે તેને અછતી કરી નાખી છે. છતી ચીજ છે, એ જ છતી એક જ છે. બીજી ચીજને લઈને એ નથી. બીજા પરમેશ્વર અનંત થઈ ગયા, થયા એને લઈને નથી. પોતે જ પોતાની છતી ચીજ અસ્તિ તત્ત્વ છે, સત્તા તત્ત્વ છે, હોવાવાળો ભાવ-તત્ત્વ છે. એવા ભાવના આશ્રયે... આહાહા..!

તેમના ઉદયને 'વિદારતી થકી, તે રાગાદિકના કાર્યરૂપ (જ્ઞાનાવરણાદિ) અનેક પ્રકારના બંધને...' આહાહા..! ભાષા જોઈ? 'હમણાં...' [ अधुना ] પછી કરશું, કાલ કરશું, પછી કરશું (એમ નહિ). તને જો આ ગોઠતું હોય (તો) ગોઠતી ચીજને વાયદા ન હોય. જેની જેને રુચિ એના વાયદા ન હોય કે, આ હમણાં પછી કરશું, પછી. એમ કહે છે. આહાહા..! તેથી કીધું, [ अधुना ] 'હમણાં...' [ सद्यः एव ] 'તત્કાળ જ...' 'હમણાં તત્કાળ જ...' પાછું આ પણ ભેગું લીધું. 'હમણાં તત્કાળ જ દૂર કરીને,...' એ બંધનની સંતતિને દૂર કરીને, આહાહા..!

પોતાના સ્વભાવનો (આશ્રય લઈને), જ્ઞાનાનંદ આનંદ સ્વરૂપ ભગવાન પૂર્ણ વીર્ય, પૂર્ણ શાંતિ, પૂર્ણ વીતરાગ એના સ્વભાવની સાવધાનીથી તુરત જ હમણાં જ... આહાહા..! 'દૂર કરીને,...' થોડું આમ કર ને પછી આ કર ને પછી આ કર ને, એમ અહીં વાયદો કર્યો નથી. આહાહા..! આ ભવે આટલું કર ને બીજે ભવે પૂરું કરજે એમ પણ કહ્યું નથી. આહાહા..! દિગંબર આચાર્યના વચનો પુરુષાર્થ (પ્રેરક) છે. 'શ્રીમદ્' કહે છે ને? 'શ્રીમદ્'. દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્યને સમજી શકાય છે. તીવ્ર વચનો! શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. વિપરીતતા વધતી ગઈ. આહાહા..!

પોતાના સ્વભાવ સન્મુખ થઈ 'તત્કાળ જ દૂર કરીને,...' [ एतत् ज्ञानज्योतिः ] 'આ જ્ઞાનજ્યોતિ...' જ્યોતિ કેમ કીધી? જેમ આ અગ્નિ છે ને? ઇ જ્યોતિ છે એ ઉધયને બાળી મુકે છે. લાકડાને તો બાળે, એ તો કઠણ છે એને બાળે. આ તો ઉધયને જેમ બાળે... આહાહા..! ઉધય સમજાય છે? આટલા નાના ધોળા જીવડા થાય છે. બહુ સુંવાળા (હોય). આમ તડકો ગરમી લાગે ત્યાં મરી જાય. મેં જોયા છે, એક ફેરી બહાર ગયા હતા. કેટલાય નીકળ્યા હતાં પણ સૂર્યનો તડકો લાગ્યો ત્યાં સોસવાય જાય, મરી જાય. બહુ પોચા હોય. અહીં તો કહે છે કે એ બધી કર્મ, ફર્મ પોચા પોચા... આ શું કીધું ઇ? ઉધય ઉધયની પેઠે છે. આહાહા..! એ લોઢા ને લાકડા નથી. આહા..!

તું પ્રભુ છો, પરમેશ્વર છો, આહા..! તારામાં અનંત અનંત પુરુષાર્થ ભર્યો છે. આહાહા..! અનંત આનંદ ભર્યો છે, અનંત શાંતિ પડી છે, પ્રભુ! તારી અનંતતાનો પાર ન આવે એટલી શક્તિઓ અંદર પડી છે. એ શક્તિના બળે હમણાં જ એ ઉધયની પેઠે બધાને બાળી નાખ, દૂર કરી દે. આહાહા..!

'જ્ઞાનજ્યોતિ કે જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે...' અજ્ઞાન એટલે રાગનો કણ રહેવા દીધો નથી. આહા..! રાગ અજ્ઞાન છે, રાગમાં જ્ઞાન નથી, રાગમાં જ્ઞાન નથી. ચાહે તો દયા, દાનનો રાગ હોય, વ્રતનો રાગ હોય પણ એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાન નહિ. એમાં જ્ઞાનનો અભાવ છે. ચૈતન્યજ્યોતિ જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા ચૈતન્યના પ્રકાશનો પૂંજ પ્રભુ, એને આશ્રયે કર્મબંધનને તોડી નાખ, તોડી નાખ. આહા..!

'અંધકારનો નાશ કર્યો છે...' આહાહા...! રાગ કાંઈ જાણતો નથી એવાને નાશ કરીને જ્ઞાનપ્રકાશ કર્યો છે. આહા..! રાગ ગમે તે રાગ થાઓ, તીર્થંકરગોત્ર બંધાય એવો રાગ હોય પણ એ રાગ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે રાગમાં જ્ઞાન નથી, રાગ જાણતો નથી, રાગ અંધકાર છે. આહાહા..! ભગવાન જ્ઞાનજ્યોતિ છે, રાગ અંધકાર છે. જ્ઞાનજ્યોતિની આગળ અંધકાર ટકી શકે નહિ. આહાહા..!

એમ કહીને એમ કહ્યું, કે એને નાશ કરવાનું અમે ભલે કહ્યું, પણ જ્યાં જ્ઞાનજ્યોતિ પ્રગટે છે ત્યાં અંધકાર–રાગ રહેતો જ નથી, અંધકાર હોય જ નહિ. આહાહા..! એનો નાશ કરવો, આમ કરવું કહીને છેલ્લો સરવાળો આમ કહે છે. 'જ્ઞાનજ્યોતિ...' આહાહા..! છે ને [ एतत् ज्ञानज्योतिः ] [ क्षपिततिमिरं ] તિમિર નામ અજ્ઞાન, તિમિર નામ અંધકાર તેનો જેણે નાશ કર્યો છે. આહાહા..!

'સારી રીતે' આહા..! 'સજ્જ થઈ,...' [ साधु ] 'સાધુ' શબ્દ પડ્યો છે ને? સાધુ એટલે સારી રીતે. સારી રીતે સજ્જ કરીને. જ્ઞાનજ્યોતિને બરાબર ઉજળી જેવી છે તેવી પ્રગટ કરીને. આહાહા..! જ્ઞાનજ્યોતિને સજ્જ કરીને [ तद्-वत् यद्-वत् ] 'એવી રીતે સજ્જ થઈ કે...' આહાહા..! જ્ઞાન ચૈતન્યજ્યોત ભગવાન અંદર (બિરાજે છે). એક કોર ગામ અને એક કોર રામ. એક કોર ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય અને એક કોર જ્ઞાનસ્વરૂપ ભગવાન. બધાને એક સમયમાં જાણી શકે એટલું તાકાતવાળું તત્ત્વ (છે). આહાહા..!

બહારની કોઈ પણ ચીજ, રૂપાળા શરીરથી માંડી વાણી, મન, બાહ્ય ચીજ સ્ત્રી, કુટુંબ, પરિવાર, કપડા, દાગીના, મકાનો એમાં કાંઈક પણ એને અધિકપણું લાગે (તો) ઇ આંધળો છે. અધિક મોટો ભગવાન છે, ચૈતન્ય છે એનું અધિકપણું ન ભાસતા એની વિસ્મયતામાં અધિકપણામાં ઘેરાય ગયો. આહાહા..! આ દુકાનના ઠાઠ ચાલે, ઘરના ઘરે લગન થાય, લ્યો! આહા..! ઠાઠ-માઠ. જુઓને! આ લગન છે ને? ઓલા 'પૂનમચંદ'ના છોકરાના. 'મુંબઈ'! વીસ લાખની તો એક મોટર લાવ્યા છે. એક મોટર વીસ લાખની. કેટલાય પૈસા, લાખો કેટલાય લાખો લગનમાં ખર્ચવાના. કેટલાય લાખો! આહાહા..! કેટલા આપણે મોટા ને કેટલા હતા, કોઈએ કર્યું નહિ એવું આપણે કામ કર્યું, એમ માને. આહા..! સંસાર આવો છે. પૈસા છે. પૈસા ઘણા કરોડો છે. ચાર-પાંચ કરોડ રૂપિયા (છે). પહેલો-વહેલો છોકરો એટલે આબરુ (રાખવા ખર્ચો કરે). ઇ મોટરમાં બેસીને અહીંયાં 'મુંબઈ' સ્ટેશન બેસાડવા લાવ્યા હતાં. ઇ

મોટર લાવ્યા. કેટલાની છે? કે, વીસ લાખની. એક મોટર વીસ લાખની. ગાંડા જ થાય કે બીજું શું થાય? એવા એવા દાગીના, એવા કપડા, દસ દસ હજારના એક એક સાડલા હોય. આહા..! કોટ હોય પાંચ પાંચ હજાર, દસ દસ હજારના. જરી ભરેલા ને હીરાના. મારી નાખે. ભગવાન ત્રણલોકનો નાથ, અતીન્દ્રિય આનંદનો સાગર, એનાથી કંઈ પણ બીજી ચીજમાં વિસ્મયતા આવે, આશ્ચર્ય લાગે ઇ આત્માને હણી નાખે છે. સમજાણું કાંઈ? આહા..!

મુમુક્ષુ :– પુણ્ય કે ઉદયસે આવે તો ક્યા કરે?

ઉત્તર :– આવે ન આવે તો એને ઘરે રહ્યાં. ન્યાં કોની પાસે આવે છે? અહીં આવે છે? આત્મામાં આવે છે? આત્મામાં આવે છે પૈસો?

મુમુક્ષુ :– પુણ્ય આત્માના નસીબે આવે છે.

ઉત્તર :– આ દુનિયા આખી ફેરફાર. ઓહો..હો..! બહારના ભપકા ને બહારની શણગારને દેખી-દેખીને લોકો આ..હા..હા..! (કરે). ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે, જેની એક સમયની પર્યાયની કિંમત થઈ શકે નહિ. એ આ દુનિયાની પર્યાયની કિંમત કરે, પોતાને ભૂલે. આહાહા..! શું કરે છે દુનિયા?

આ તો કહે છે, ભગવાન જ્ઞાનજ્યોતિ સારી રીતે સજ્જ કરીને. છે? [ क्षपिततिमिरं ] અને [ साधु ] થઈને. સારી રીતે–સાધુ એટલે સારી, ભલી. જ્ઞાનને ભલી રીતે સજ્જ કરીને. 'એવી રીતે સજ્જ થઈ કે...' આહાહા..! [ अस्य प्रसरम् अपरः कः अपि न आवृणोति ] 'તેના ફેલાવને બીજું કોઈ આવરી શકે નહિ.' તેના વિસ્તારને હવે કોઈ આવરી શકે નહિ. આહાહા..! છેલ્લે ભારે મંગળીક મૂક્યું. એકદમ બંધનો અભાવ. 'બંધ અધિકાર'માં બંધનો છેલ્લો અભાવ. કહેવાનો આશય કાંઈ બંધને સમજાવવું જ એકલું નથી, બંધને સમજાવીને બંધનો અભાવ કરવાની વાત છે. આહાહા..! આ હાડકા ને ચામડા, એમાં ઓલો દેખાય નહિ. સવારે પ્રશ્ન પૂછ્યો નહિ? છોકરો પૂછતો હતો ને? છોકરો કો'ક હતો. આ આત્મા કેમ જણાતો નથી? એમ.

મુમુક્ષુ :– 'પરેશ' 'પરેશ'

ગુરુજી :– ક્યાંનો?

મુમુક્ષુ :– 'જામનગર'નો 'પરેશ' 'જયસુખભાઈ'નો છોકરો

ગુરુજી :– હા, છ વર્ષનો હતો એક. નાનો હતો, નાનો. આત્મા અંદર કેમ જણાતો નથી?

મુમુક્ષુ :– અંદર જોઈએ તો અંધારું દેખાય છે.

ઉત્તર :– કીધું, જણાતો નથી એમ જાણે છે કોણ? જણાતો નથી એમ જાણે છે કોણ?

મુમુક્ષુ :– જેનો જાણવાનો સ્વભાવ હોય તે.

ઉત્તર :– એ જ જાણનાર એ જ છે. છ વર્ષનો નાનો હતો. આહાહા..!

અરે..! આવો ભગવાન! પૂર્ણ બંધ રહિત, અબંધ જેના સ્વભાવ સ્વરૂપ કહે છે એનો આશ્રય કરતાં બંધનો પૂર્ણ છેદ થઈ એ જ્ઞાનજ્યોતિ એવી પ્રગટે, કે જેને ફરીને હવે કોઈ આવરણ કરે નહિ. છે? 'ફેલાવને બીજું કોઈ આવરી શકે નહિ.' વિસ્તાર થયો એને હવે કોઈ આવરી શકે નહિ. એમાં એમ કરીને એમ પણ મૂક્યું કે, આત્મા જ્યાં પ્રકાશમાન પૂર્ણ પ્રગટ્યો, મોક્ષ જાય અને વળી ફરીને કોઈ વાર અવતાર ધારણ કરે, અનંતા કાળે વળી અવતાર ધારણ કરે, એમ કહે છે ને કેટલાક? એ વાત પણ ખોટી છે. એ તો થયો મોક્ષ, એ તો ચણો જે બળ્યો એ બળ્યો, વાવ્યો ઊગે નહિ ને ખાધે મીઠાશ આપે.

મુમુક્ષુ :– ચણાને સેક્યો ઇ સેક્યો.

ઉત્તર :– સેક્યો ઇ સેક્યો. આહાહા..!

એવી જ્ઞાનજ્યોતિ 'સજ્જ થઈ,...' આહાહા..! 'બીજું કોઈ આવરી શકે નહિ.'

ભાવાર્થ :– 'જ્યારે જ્ઞાન પ્રગટ થાય છે,...' રાગથી ભિન્ન પડી ચૈતન્યમૂર્તિ હું છું, એમ જ્યારે (જ્ઞાન) પ્રગટ કરે છે. હું છું કે નહિ? સત્તા હોવાપણે વસ્તુ છે કે નહિ? આ ચીજને છે એમ જાણે છે એ જાણનારની હયાતી છે કે નહિ? આ ચીજ છે, આ બધું (છે) ઇ જાણે છે ઇ જાણનારની હયાતીમાં જ જણાય છે કે આ નથી જાણતા એમાં એ જણાય છે? જાણનારની હયાતીમાં આ જણાય છે. આ જણાય ઇ એમાં જણાતો નથી, ખરેખર તો એ જ્ઞાન જણાય છે. આહાહા..! વાક્યે વાક્યે ફેર. ધર્મ મોંઘી ચીજ છે, ધર્મ કાંઈ સાધારણ ચીજ (નથી). આખો દિ' ધંધો કરે, બે ઘડી સાંભળવા જાય કે બે ઘડી સામાયિક કરી લે કે બે ઘડી ભગવાનની પૂજા કરી લે, થઈ ગયો ધર્મ, જાઓ! ધૂળેય ધર્મ નથી. એ ધર્મ કેમ થાય એની હજી ખબરું નથી. આહા..!

અહીં કહે છે, 'જ્યારે જ્ઞાન પ્રગટ થાય છે, રાગાદિક રહેતા નથી,...' આહાહા..! વિકૃત અવસ્થાનો રાગ તે જેમાં રહેતો નથી, અવિકૃત અવસ્થા છે એ પ્રગટ થઈ જાય છે. 'તેમનું કાર્ય જે બંધ તે પણ રહેતો નથી,...' રાગનું કાર્ય બંધ (છે). રાગ રહેતો નથી પછી બંધ થતો નથી. આહાહા..! જુઓ! 'બંધ અધિકાર' બતાવતા સાથે બંધના અભાવનું બતાવ્યું. એ બંધ ત્યારે તેણે જાણ્યો કહેવાય, કે બંધથી છૂટો પડીને જાણે ત્યારે બંધને જાણ્યો કહેવાય. પછી તદ્દન છૂટો પડે ત્યારે મોક્ષ થાય. આહાહા..! આવો ઉપદેશ હવે. વાતું ઓલી સાંભળતા, આમ કરીએ ને દયા પાળી ને આણે વ્રત પાળ્યા ને આણે અપવાસ કર્યા ને આટલા ચોવિહાર કર્યા ને આટલા નકોરડા અપવાસ કર્યા ને એનાથી તપસ્યા થઈ ને પછી એને નિર્જરા થઈ ને.... આવી વાતું સાંભળે. ધૂળમાંય (ધર્મ નથી). એ તો બધી સંસારની વાતું છે. આહાહા..!

આ જે રાગ છે ચાહે તો શુભરાગ હો, એનું કાર્ય તો બંધ છે. શુભરાગ હોય તો પણ... એ પોતે ભાવબંધ છે ને? ભાવબંધ છે તો દ્રવ્યબંધ થાય છે. 'રહેતો નથી....' 'તેમનું કાર્ય જે બંધ...' રાગ નથી ત્યારે તેમનું કાર્ય (જે) બંધ તે રહેતું નથી, 'ત્યારે પછી તેને

(-જ્ઞાનને) આવરણ કરનારું કોઈ રહેતું નથી, તે સદાય પ્રકાશમાન જ રહે છે.’ ચૈતન્ય જ્યોતિ, ઝળહળ જ્યોતિ સાદિ અનંત પ્રકાશમય એમ ને એમ અનંત આનંદનો અનુભવ કરતી રહે છે. ત્યારે તેણે બંધનો અભાવ કર્યો. આહા..!

ટીકા :– ‘આ પ્રમાણે બંધ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.’ લ્યો!

ભાવાર્થ :– ‘રંગભૂમિમાં બંધના સ્વાંગે પ્રવેશ કર્યો હતો. હવે જ્યાં જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ત્યાં...’ અંધકાર રહેતો નથી. ‘ત્યાં તે બંધ સ્વાંગને દૂર કરીને...’ જ્યાં પ્રકાશ થાય જ્ઞાનનો ત્યાં અંધકાર હોય નહિ એમ જ્યાં ચૈતન્યપ્રકાશ પ્રગટ થયો ત્યાં બંધ રહે નહિ. (સ્વાંગને) ‘દૂર કરીને બહાર નીકળી ગયો.’

‘જો નર કોય પરૈ રજમાંહિ સચિક્કણ અંગ લગૈ વહ ગાઢૈ,...’ જે મનુષ્યને શરીરમાં તેલ ચોપડેલ હોય અને રજકણવાળી જગ્યામાં એ નાચે કે રહે (તો) ‘અંગે લગૈ...’ ત્યાં એને ચીકણાઈને લઈને રજ લાગે. શરીરને લઈને નહિ, ચીકણાઈને લઈને (રજ લાગે). તેલ હોય, માખણ મલમલ... શું કહેવાય એ? મલમ-મલમ. મલમ ચોપડેલો હોય છે. ‘સચિક્કણ અંગ લગૈ વહ ગાઢૈ,..’

‘ત્યોં મતિહીન જુ રાગવિરોધ લિયે વિચરે તબ બંધન બાઢૈ;...’ તે રાગ-દ્વેષને લઈને બંધન થાય અને બંધનને લઈને ‘મતિહીન જુ રાગવિરોધ લિયે વિચરે તબ બંધન બાઢૈ...’ ત્યારે બંધન વધે પાછું. જ્યાં રાગ કરે ત્યાં બંધન વધે. આહાહા..!

‘પાય સમૈ ઉપદેશ યથારથ...’ પણ યથાર્થ અવસરે જ્યારે સાચો ઉપદેશ મળે. આહાહા..! ‘પાય સમૈ...’ અવસર–એવો કોઈ કાળ મળ્યો કે એને ઉપદેશ યથાર્થ મળે, યથાર્થ ઉપદેશ મળે, યથાર્થ. ઉપદેશ તો મળે છે પણ યથાર્થ ઉપદેશ મળે. ‘રાગવિરોધ તજૈ...’ ત્યારે રાગ અને દ્વેષ. વિરોધ એટલે દ્વેષ. બેને તજે. ‘નિજ ચાટૈ,...’ નિજનો અનુભવ કરે. રાગવિરોધ તજી અને નિજને અનુભવે, ‘ચાટૈ,...’ ચાટે એટલે અનુભવે. આહાહા..! આવી વાતું છે. રાગવિરોધનો દુઃખનો અનુભવ કરતો, એ ટાળીને આત્માનો અનુભવ કર્યો. હવે અનુભવને ચાટે એટલે અનુભવે. રાગ-દ્વેષને ચાટતો હતો, અનુભવતો હતો. એ રાગ-દ્વેષ રહિત થઈને આત્માને અનુભવે. એનું નામ મોક્ષનો માર્ગ ને મોક્ષ છે. મોક્ષના માર્ગમાં આનંદનો અનુભવ હોય છે. બંધમાર્ગમાં દુઃખનો અનુભવ છે. અનાદિ સંસારી દુઃખી પ્રાણી છે. ઇ કરોડપતિ કે અબજોપતિ બધા પાપી-દુઃખી, પાપી-દુઃખી છે. આહાહા..!

મુમુક્ષુ :– પાપી છે.

ઉત્તર :– કહ્યું નહોતું? કહ્યું હતું ને એકવાર? ઇ પૈસો મળે એ પુણ્યને લઈને પણ પૈસો પોતે પરિગ્રહ છે. ચૌદ પ્રકારનો અંતર પરિગ્રહ ને દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ (એમ) ચોવીસ પ્રકારનો પરિગ્રહ (છે). તો એ (પૈસો) પરિગ્રહમાં છે, પાપમાં. મળ્યું પુણ્યથી પણ છે પાપ. આહાહા..! જગતથી ઊંધું છે. આહાહા..! બધા કહે, પુણ્યશાળી છે. દસ કરોડ

રૂપિયા, પાંચ કરોડ રૂપિયા, પચ્ચીસ કરોડ રૂપિયા. અહીં કહે કે, પાપી છે. કેમ કે એ પરિગ્રહ છે અને પરિગ્રહ છે એ પાપમાં હોય છે.

અંતર પરિગ્રહ મિથ્યાત્વ, અવ્રત, અજ્ઞાન (અને) બાહ્ય પરિગ્રહ દસ પ્રકાર. ખેત, પૈસો આદિ દસ ખેતવત્થુ આવે છે ને? તે ચોવીસે પરિગ્રહ પાપ છે. એટલે એને પાપમાં વૃદ્ધિ થઈ. ઇ માને કે અમે પુણ્યશાળી છીએ. બીજા પણ એમ કહે, પુણ્યશાળી કેટલા! જુઓ! આહાહા..! દસ દસ લાખ મહિને પેદા કરે છે. મહા પુણ્યશાળી મોટા! કો'ક નહોતું રસ્તામાં આવ્યું? લુહાણો લુહાણો નહિ? ઘણાં કરોડનો. 'મુંબઈ'માં એક લોહાણાનું હતું ને કાંઈક? ઘણાં કરોડ રૂપિયા છે. રસ્તામાં કો'ક કહેતું હતું. ઘણાં કરોડો, ઘણાં કરોડો. ઘણાં કરોડોની પેદાશ. લોકો જાણે કે આ..હા..હા..! વધારે પૈસો, તો વધારે પાપ. આહાહા...! ઊંધુ છે, બાપુ!

અહીં તો એ કહે છે 'રાગવિરોધ તજૈ નિજ ચાટૈ, નાહિં બંધૈ તબ કર્મસમૂહ...' પછી એને કર્મસમૂહ બંધાય નહિ. 'જુ આપ ગહૈ પરભાવનિ કાટૈ.' પોતાનો અનુભવ કરે. આપ એટલે આત્મા, એને ગ્રહે–પકડે. ચૈતન્ય સ્વરૂપને પકડે અને પરને છોડે. છે ને? 'પરભાવનિ કાટૈ.' પોતાને પકડે ને પરને કાટે ત્યારે બંધન રહિત થઈને ત્યારે સુખી થાય, બાકી બધા દુઃખી ને દુઃખીયાના દાળીયા છે બધા. પૈસાવાળા ને બધા કરોડો, અબજોપતિ ને બધા ભિખારા રાંકા છે, માંગણ છે. પૈસા લાવો... પૈસા લાવો... પૈસા લાવો... માંગણ માંગણ ભિખારી! કંઈ મર્યાદા પણ ન મળે. લાવો... લાવો... લાવો... લાવો... શાસ્ત્રમાં વરાંકાં કહ્યા છે. વરાંકા એટલે ભિખારી. રાંક છે. સંતોષ જ નથી અંતરમાં લક્ષ્મી ભરી છે એની ખબર ન મળે, અંતર આનંદ-લક્ષ્મી ભરી છે એની ખબર ન મળે. આ ધૂળની લક્ષ્મીથી પોતાને મોટો માને છે, ભિખારી છે. 'આપ ગહૈ પરભાવનિ કાટૈ.' પોતાને અનુભવે ને પરને કાટે, લ્યો.

'(આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં બંધનો પ્રરૂપક સાતમો અંત સમાપ્ત થયો.' વિશેષ કહેશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

ॐ

श्री सीमंधरस्देवाय नमः
श्री निज शुद्धात्मने नम

# સમયસાર સિદ્ધિ

## ભાગ-૯

અધ્યાત્મયુગપુરુષ

**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

સમયસારજી શાસ્ત્ર ઉપરના ૧૯ મી વખતના મોક્ષ અધિકારની ગાથા ૨૮૮ થી ૩૦૭ તથા તેના શ્લોકો ઉપર અને સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની ગાથા ૩૦૮ થી ૩૩૧ તથા તેના શ્લોકો ઉપર થયેલા ૪૦ મંગલમયી પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ–૩૬૦૦૦૭.
ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૦ | ૨૫૩૬ | ૨૦૬૬ | ૨૦૧૦ |

**પ્રકાશન**

મહા સુદ–૫, વસંતપંચમીના પવિત્ર દિને

તા. ૨૦-૦૧-૨૦૧૦

પ્રથમ આવૃત્તિ – ૧૫૦૦ પડતર કિંમત – રૂ. ૧૬૦/- મૂલ્ય - રૂ. ૬૦/-

**પ્રાપ્તિ સ્થાન**

રાજકોટ : **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧. ટેલી. નં. ૨૨૩૧૦૭૩
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૭. ટેલી. નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮

મુંબઈ : **(૧) શ્રી શાંતિભાઈ ઝવેરી**
૮૧, નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ-૪૦૦૦૨૬ ટેલી. નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨
**(૨) શ્રી મહેન્દ્રભાઈ મહેતા**
'સાકેત' સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી. ખોટ સ્કૂલ પાસે, બોરીવલી (વે.),
મુંબઈ-૪૦૦૦૯૨ ટેલી. નં. ૨૮૦૫૪૦૬૬/૦૯૮૨૦૩૨૦૧૫૯
**(૩) શ્રી ભરતભાઈ સી. શાહ**
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી (વે.) મુંબઈ-૯૨
ટેલી. નં. ૨૮૩૩૦૩૪૫/૦૯૩૨૨૨૮૨૧૬૬
**(૪) શ્રી વિજયભાઈ મગનલાલ બોટાદરા**
બી-૨૭, 'મહાવીર પ્રકાશ' ૨ જે માળે, વલ્લભબાગ (એક્ષટેન્શન લેન) ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ
ટેલી. ૦૨૨-૨૫૦૬૮૭૯૦

કલકત્તા : **શ્રી પ્રકાશભાઈ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર, કલકત્તા-૨૦.
ટેલી. નં. ૦૩૩–૨૪૮૬૮૫૧૮/૦૯૮૩૦૩૩૧૦૧૦

સુરેન્દ્રનગર : **ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી**
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડીકલ સ્ટોર સામે, સુરેન્દ્રનગર. ટેલી. નં. ૨૩૧૫૬૦


| લેસર ટાઈપ સેટિંગ | મુદ્રક | જેકેટ અને મલ્ટીકલર ફોટા |
|---|---|---|
| **પૂજા ઇમ્પ્રેશન્સ** | **શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ** | **ડોટ એડ** |
| પ્લોટ નં. ૧૯૨૪/બી<br>૬, શાંતિનાથ બંગલોઝ<br>શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ<br>પાસે, ભાવનગર-૩૬૪૦૦૧<br>ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧ | ૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,<br>ડૉ. યાજ્ઞિક રોડ,<br>રાજકોટ-૩૬૦૦૦૧<br>ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧ | ૨૩૪, રાજ ચેમ્બર્સ,<br>માલવિયા પેટ્રોલ પંપ સામે,<br>ગોંડલ રોડ, રાજકોટ<br>ફોન નં. ૬૬૨૬૦૭૩ |

# પ્રસ્તાવના

**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।**
**मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।**

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯ માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ શાસ્ત્ર છે. જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર સમયસારજી છે તેની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયે; લોપ થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

જેમણે આ આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો

સુવર્ણમય ઉદય થયો. જેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રીએ જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ પ્રદાયક પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. વિરોધીઓના વિરોધનો પણ જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી વિરોધીઓ પણ 'ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં, સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું. અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :–

❋ સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
❋ સમયસાર તો સિદ્ધાંત શિરોમણિ–અદ્વિતીય અજોડ ચક્ષુ ને આંધળાની આંખ છે.
❋ સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘ શાસ્ત્ર છે.
❋ સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું શાસ્ત્ર બની ગયું. જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ. ધન્ય કાળ !
❋ સમયસારની એક એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
❋ સમયસાર તો સત્યનું ઉદ્ઘાટન છે. ભારતનું મહારત્ન છે.
❋ સમયસાર જેના થોડા શબ્દોમાં ભાવોની અદ્ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
❋ સમયસાર તો ભરતક્ષેત્રનો પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર શાસ્ત્ર કહેવાય.
❋ સમયસાર તો જગતના ભાગ્ય, સમયસારરૂપી ભેટણું જગતને આપ્યું. સ્વીકાર નાથ ! હવે સ્વીકાર ! ભેટ પણ દે, એ પણ સ્વીકારે નહીં ?
❋ સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
❋ સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે અમૃત વહેવરાવ્યા છે.
❋ સમયસાર એકવાર સાંભળીને એમ ન માની લેવું કે આપણે સાંભળ્યું છે. એમ નથી બાપુ !

આ તો પ્ર... વચનસાર છે એટલે આત્મસાર છે વારંવાર સાંભળવું.

❋ સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.

❋ સમયસારની મૂળભૂત એક એક ગાથામાં ગજબ ગંભીરતા પાર ન પડે એવી ચીજ છે. એક એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.

❋ સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ, ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે. જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે. ધર્મનો ધોધ એવો ધર્મી છે. ધ્રુવ પ્રવાહ છે. જ્ઞાનની ધારા છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે. વાસ્તવિક વસ્તુ છે. સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ–શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય વાડો ગચ્છ નથી વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય ? પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ. તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિં તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

'શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ' ની રચના સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણાર્થે બેન સરોજબેન ચંદુલાલ મહેતા પરિવાર રાજકોટ દ્વારા કરવામાં આવી છે. આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય કરવામાં આવશે.

આ પરિવારને આદરણીય પૂ. શ્રી લાલચંદભાઈ મોદી–રાજકોટ દ્વારા જ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશની પ્રેરણા તથા આધ્યાત્મિક મહામંત્રોનું રસપાન થયું હોય આ પરિવાર તેમનો અત્યંત ઋણી છે. પૂ. લાલચંદભાઈ હંમેશાં આ પરિવારને કહેતા કે તમો બધા પૂજ્ય ગુરુદેવશ્રીના ભવભ્રમણનો થાક ઊતારનારા મૂળત્ત્વને સાંભળી ને સમજો. તેઓશ્રી ફરમાવતા કે તને 'જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી' તેમ અમે જાણીએ છીએ, હવે તો સ્વીકાર કરી લે. આવા આવા ઘણા મહામંત્રો જેમાં બાર અંગનો સાર ભરેલો છે તેવા મહામંત્રો તથા પૂ. ભાઈશ્રીની અધ્યાત્મની સૂક્ષ્મ સિદ્ધાંતિક સચોટ શૈલીથી જ આ પરિવાર અધ્યાત્મમાં ઓતપ્રોત થયો હોય તેઓશ્રીનો અત્યંત આભારી છે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની મોક્ષ અધિકારની ગાથાઓ ૨૮૮ થી ૩૦૭ તથા તેના શ્લોકો ઉપર અને સર્વ વિશુદ્ધજ્ઞાન અધિકારની ગાથા ૩૦૮ થી ૩૩૧ તથા તેના શ્લોકો ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સળંગ પ્રવચનો નં. ૩૫૭ થી ૩૯૬ (૪૦) પ્રવચન સમયસાર સિદ્ધિ ભાગ-૯માં અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ પ્રવચનોમાં ૫ હિન્દી પ્રવચનો ગુજરાતીમાં ભાષાંતર કરી પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે. અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ કોઈવાર બે વર્ષ કોઈવાર અઢી વર્ષ તેમ ૧૯ વખત ૪૫ વર્ષમાં જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ જેમ જ્ઞાનીની જ્ઞાન સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ અંતિમ પ્રવચનો પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે. ટોટલ ૪૮૭ પ્રવચનો ૧ થી ૧૧ ભાગમાં ક્રમબદ્ધ શૃંખલારૂપે પ્રકાશિત થશે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

'સમયસાર સિદ્ધિ' ભાગ–૯ ના પ્રવચનોનું સમગ્ર કૉમ્પ્યુટરાઈઝડ ટાઈપસેટિંગનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું સંપૂર્ણ કાર્ય શાર્પ ઓફસેટવાળા શ્રી ધર્મેશભાઈ શાહ–રાજકોટ દ્વારા તથા કલર પેઈજનું કામ ડોટ એડવાળા શ્રી કમલેશભાઈ સોમપુરા–રાજકોટ દ્વારા થયું હોય સંસ્થા તેમનો આભાર માને છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિ અપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના ખૂબ જ સરળ ભાષામાં આચાર્યોના ગૂઢભાવોને રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

સમયસાર સિદ્ધિ ભાગ–૯ માટે શ્રી ૐ જીતેન્દ્રભાઈ વાધરના સ્મરણાર્થે છગનલાલ કાળીદાસ વાધર પરિવાર જામનગરનો સહયોગ પ્રાપ્ત થયેલ છે તથા એક મુમુક્ષુભાઈ તરફથી પણ સહયોગ પ્રાપ્ત થયેલ છે. તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

ટ્રસ્ટી

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ

રાજકોટ

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૩૫૭ | ૧-૧૨-૭૯ | શ્લોક-૧૮૦, ગાથા ૨૮૮ થી ૨૯૦ | ૦૦૨ |
| ૩૫૮ | ૨-૧૨-૭૯ | ગાથા-૨૮૮ થી ૨૯૨ | ૦૧૫ |
| ૩૫૯ | ૪-૧૨-૭૯ | ગાથા-૨૯૩ (H) | ૦૨૯ |
| ૩૬૦ | ૫-૧૨-૭૯ | ગાથા-૨૯૪ | ૦૪૨ |
| ૩૬૧ | ૬-૧૨-૭૯ | ગાથા-૨૯૪ | ૦૫૨ |
| ૩૬૨ | ૭-૧૨-૭૯ | ગાથા-૨૯૪ તથા કળશ-૧૮૧ (H) | ૦૬૨ |
| ૩૬૩ | ૮-૧૨-૭૯ | ગાથા-૨૯૫ તથા કળશ-૨૮૧ (H) | ૦૭૫ |
| ૩૬૪ | ૯-૧૨-૭૯ | ગાથા-૨૯૫ થી ૨૯૬ | ૦૮૮ |
| ૩૬૫ | ૧૦-૧૨-૭૯ | ગાથા-૨૯૭ (H) | ૧૦૨ |
| ૩૬૬ | ૧૨-૧૨-૭૯ | ગાથા-૨૯૭ તથા કળશ-૧૮૨ | ૧૧૨ |
| ૩૬૭ | ૧૩-૧૨-૭૯ | શ્લોક-૧૮૨, ગાથા-૨૯૮-૨૯૯ | ૧૨૩ |
| ૩૬૮ | ૧૪-૧૨-૭૯ | ગાથા-૨૯૮ થી ૨૯૯ | ૧૩૭ |
| ૩૬૯ | ૧૫-૧૨-૭૯ | ગાથા-૨૯૮ થી ૨૯૯ | ૧૪૭ |
| ૩૭૦ | ૧૬-૧૨-૭૯ | શ્લોક ૧૮૩-૧૮૪ | ૧૬૧ |
| ૩૭૧ | ૧૭-૧૨-૭૯ | શ્લોક-૧૮૪, ગાથા-૩૦૦ (H) | ૧૭૫ |
| ૩૭૨ | ૧૮-૧૨-૭૯ | શ્લોક-૧૮૫, ૧૮૬, ગાથા-૩૦૧ થી ૩૦૩ | ૧૮૭ |
| ૩૭૩ | ૨૦-૧૨-૭૯ | ગાથા-૩૦૧ થી ૩૦૫ | ૨૦૨ |
| ૩૭૪ | ૨૧-૧૨-૭૯ | ગાથા-૩૦૪ થી ૩૦૭ તથા શ્લોક-૧૮૭ | ૨૧૪ |
| ૩૭૫ | ૨૨-૧૨-૭૯ | ગાથા-૩૦૬ થી ૩૦૭ | ૨૩૧ |
| ૩૭૬ | ૨૩-૧૨-૭૯ | શ્લોક-૧૮૮-૧૮૯, ગાથા-૩૦૬ થી૩૦૭ | ૨૪૩ |
| ૩૭૭ | ૨૪-૧૨-૭૯ | શ્લોક-૧૮૯ થી ૧૯૧ | ૨૫૮ |
| ૩૭૮ | ૨૫-૧૨-૭૯ | શ્લોક-૧૯૨, ૧૯૩ | ૨૭૩ |

| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૩૭૯ | ૨૭-૧૨-૭૯ | શ્લોક-૧૯૪, ગાથા-૩૦૮ થી ૩૧૧ | ૨૮૭ |
| ૩૮૦ | ૨૮-૧૨-૭૯ | ગાથા-૩૦૮ થી ૩૧૧ | ૩૦૩ |
| ૩૮૧ | ૦૧-૦૨-૮૦ | ગાથા-૩૦૮ તથા શ્લોક-૧૯૩-૧૯૪, | ૩૧૭ |
| ૩૮૨ | ૦૨-૦૨-૮૦ | ગાથા-૩૦૮ થી ૩૧૧ | ૩૨૫ |
| ૩૮૩ | ૦૩-૦૨-૮૦ | ગાથા-૩૦૮ થી ૩૧૧ | ૩૩૬ |
| ૩૮૪ | ૦૪-૦૨-૮૦ | શ્લોક-૧૯૫, ગાથા-૩૦૮ થી ૩૧૩ | ૩૪૬ |
| ૩૮૫ | ૦૫-૦૨-૮૦ | ગાથા-૩૧૨ થી ૩૧૫ | ૩૫૯ |
| ૩૮૬ | ૦૬-૦૨-૮૦ | શ્લોક-૧૯૬, ગાથા-૩૧૪ થી ૩૧૬ | ૩૭૨ |
| ૩૮૭ | ૦૭-૦૨-૮૦ | શ્લોક-૧૯૭, ગાથા-૩૧૬ થી ૩૧૭ | ૩૮૪ |
| ૩૮૯ | ૧૯-૦૫-૮૦ | ગાથા-૩૧૭ થી ૩૧૮ | ૩૯૭ |
| ૩૯૦ | ૨૦-૦૫-૮૦ | શ્લોક-૧૯૮, ગાથા-૩૧૮ | ૪૧૦ |
| ૩૯૧ | ૨૧-૦૫-૮૦ | ગાથા-૩૧૯-૩૨૦ | ૪૨૪ |
| ૩૮૮ | ૦૮-૦૨-૮૦ | ગાથા-૩૨૦ | ૪૩૮ |
| ૩૯૨ | ૨૩-૦૫-૮૦ | શ્લોક-૧૯૯, ગાથા-૩૨૦ | ૪૪૮ |
| ૩૯૩ | ૨૪-૦૫-૮૦ | શ્લોક-૧૯૯, ગાથા-૩૨૧ થી ૩૨૩ | ૪૬૧ |
| ૩૯૪ | ૨૬-૦૫-૮૦ | શ્લોક-૨૦૦, ગાથા-૩૨૪ થી ૩૨૭ | ૪૭૮ |
| ૩૯૫ | ૨૭-૦૫-૮૦ | શ્લોક-૨૦૧-૨૦૨, ગાથા-૩૨૮ થી ૩૨૯ | ૪૯૩ |
| ૩૯૬ | ૨૯-૦૫-૮૦ | શ્લોક-૨૦૩, ગાથા-૩૨૮ થી ૩૪૪ | ૫૧૦ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‍ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

* ડો. ગાંગુલી :- આત્મજ્ઞાન થવાથી એ વ્રતાદિ રાગ છે એમ ભાસે છે પણ પહેલા તો જલ્દી આત્મજ્ઞાન થતું નથી ને ?

પૂ. ગુરુદેવશ્રી : જલ્દીનો અર્થ-એનો અભ્યાસ કરવો જોઈએ. રાગ શું છે ? આત્મા શું છે ? આત્મા શું છે ? હું કાયમી ટકનાર ચીજ કેવી છું ? વગેરે અભ્યાસ કરી જ્ઞાન કરી રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરવો એ પહેલી વસ્તુ છે. આત્માને જાણ્યા વિનાના એના ક્રિયાકાંડ બધા રણમાં પોક મૂકવા સમાન છે. આત્મા અંદર આનંદસ્વરૂપ ભગવાન ચૈતન્યતેજનો પુંજ પ્રભુ છે. તેનું જ્ઞાન ન હોય. અંદર દશાનું વેદન ન હોય ત્યાં સુધી એના ક્રિયાકાંડ બધાં જૂઠા છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું દુર્લભ છે. પહેલા સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન હોવો જોઈએ. ૨૬૨.

– પરમાગમસાર

ॐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર

# સમયસાર સિદ્ધિ

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'સમયસાર' ઉપર પ્રવચન)

(ભાગ–૯)

– ૮ –

## મોક્ષ અધિકાર

अथ प्रविशति मोक्षः।

(शिखरिणी)

द्विधाकृत्य प्रज्ञाक्रकचदलनाद्बन्धपुरुषौ
नयन्मोक्षं साक्षात्पुरुषमुपलम्भैकनियतम्।
इदानीमुन्मज्जत्सहजपरमानन्दसरसं
परं पूर्णं ज्ञानं कृतसकलकृत्यं विजयते।।१८०।।

---

કર્મબંધ સૌ કાપીને, પહોંચ્યા મોક્ષ સુથાન;
નમું સિદ્ધ પરમાતમા, કરું ધ્યાન અમલાન.

પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે 'હવે મોક્ષ પ્રવેશ કરે છે'.

જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે છે તેમ અહીં મોક્ષતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે. ત્યાં જ્ઞાન સર્વ સ્વાંગને જાણનારું છે, તેથી અધિકારના આદિમાં આચાર્યદેવ સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે :–

**શ્લોકાર્થ :– [ इदानीम् ] હવે (બંધ પદાર્થ પછી), [ प्रज्ञा-क्रकच-दलनात् बन्ध-पुरुषौ द्विधाकृत्य ] પ્રજ્ઞારૂપી કરવત વડે વિદારણ દ્વારા બંધ અને પુરુષને દ્વિધા (જુદા જુદા-બે) કરીને, [ पुरुषम् उपलम्भ-एक-नियतम् ] પુરુષને-કે જે પુરુષ માત્ર *અનુભૂતિ વડે જ નિશ્ચિત છે તેને- [ साक्षात् मोक्षं नयत् ] સાક્ષાત્ મોક્ષ પમાડતું થકું, [ पूर्णं ज्ञानं विजयते ] પૂર્ણ જ્ઞાન જયવંત પ્રવર્તે છે. કેવું છે તે જ્ઞાન? [ उन्मज्जत्-सहज-परम-आनन्द-सरसं ] પ્રગટ થતા સહજ પરમ આનંદ વડે સરસ અર્થાત્ રસયુક્ત છે, [ परं ] ઉત્કૃષ્ટ છે, અને [ कृत-सकल-कृत्यं ] કરવા યોગ્ય સમસ્ત કાર્યો જેણે કરી લીધાં છે (-જેને કાંઈ કરવાનું બાકી રહ્યું નથી) એવું છે.**

**ભાવાર્થ :– જ્ઞાન બંધ-પુરુષને જુદા કરીને, પુરુષને મોક્ષ પમાડતું થકું, પોતાનું સંપૂર્ણ સ્વરૂપ પ્રગટ કરીને જયવંત પ્રવર્તે છે. આમ જ્ઞાનનું સર્વોત્કૃષ્ટપણું કહેવું તે જ મંગળવચન છે. ૧૮૦.**

---

**પ્રવચન નં. ૩૫૭ શ્લોક–૧૮૦, ગાથા ૨૮૮ થી ૨૯૦ શનિવાર, માગશર સુદ ૧૩, તા. ૦૧-૧૨-૧૯૭૯**

---

'સમયસાર' 'મોક્ષ અધિકાર'. ટીકાકાર પોતે હિન્દી ટીકાકાર જરી માંગલિક કરે (છે).

**કર્મબંધ સૌ કાપીને, પહોંચ્યા મોક્ષ સુથાન;**
**નમું સિદ્ધ પરમાતમા, કરું ધ્યાન અમલાન.**

'**કર્મબંધ સૌ કાપી...**' સિદ્ધ ભગવાન અનંતા થયા એણે કર્મબંધને કાપ્યા. નિમિત્તથી કથન છે ને? '**પહોંચ્યા મોક્ષ સુથાન...**' પોતાની પરમાનંદરૂપી દશા, આત્માના અતીન્દ્રિય આનંદનો લાભ એવો જે મોક્ષ, એ એવા સુથાનને પામ્યા. '**નમું સિદ્ધ પરમાતમા,...**' એવા સિદ્ધ પરમાત્માને હું નમસ્કાર કરું છું. '**ધ્યાન અમલાન.**' મલિન રહિત ધ્યાનથી હું નમસ્કાર કરું (છું). જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્રતાથી ત્યાં હું ધ્યાન કરું છું.

હવે '**પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે 'હવે મોક્ષ પ્રવેશ કરે છે.' જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે છે તેમ અહીં મોક્ષતત્ત્વનો સ્વાંગ...**' આ પણ પર્યાય છે ને? એટલે એક સ્વાંગ છે, આત્માનો એક સ્વાંગ છે. આસ્રવ-સંવર-નિર્જરા જેમ સ્વાંગ છે એમ આ પણ એક ભેખ (છે), વસ્તુ ત્રિકાળ છે. '**મોક્ષતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે. ત્યાં જ્ઞાન સર્વ સ્વાંગને જાણનારું છે,...**' સર્વ સ્વાંગને. મોક્ષ સ્વાંગને શું, બધા સ્વાંગને (જાણનારું છે).

---

* જેટલું સ્વરૂપ-અનુભવન છે તેટલો જ આત્મા છે.

**'તેથી અધિકારના આદિમાં આચાર્યદેવ સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે.'** સમ્યગ્જ્ઞાનની મહિમારૂપ મંગળ કરે છે. ૧૮૦.

**द्विधाकृत्य प्रज्ञाक्रकचदलनाद्वन्धपुरुषौ**
**नयन्मोक्षं साक्षात्पुरुषमुपलम्भैकनियतम्।**
**इदानीमुन्मज्जत्सहजपरमानन्दसरसं**
**परं पूर्णं ज्ञानं कृतसकलकृत्यं विजयते।।१८०।।**

આહાહા..! પૂર્ણ, પૂર્ણનું માંગલિક કરે છે. **'હવે (બંધ પદાર્થ પછી),...'** **'प्रज्ञा-क्रकच-दलनात् बन्ध-पुरुषौ द्विधाकृत्य...'** ભેગી વિધિ પણ મુકી, કે મોક્ષ કેમ થાય? કે **'પ્રજ્ઞારૂપી કરવત વડે...'** રાગ અને આત્માના સ્વભાવ વચ્ચે પ્રજ્ઞારૂપી કરવત મુકવી. આહાહા..! એક કોર (ગામ) રાગ ને એક કોર રામ–આત્મા, બે વચ્ચે પ્રજ્ઞારૂપી કરવત (મુકવી). લાકડામાં જેમ કરવતથી બે કટકા કરે છે એમ આ **'द्विधाकृत्य...'** **'વિદારણ દ્વારા બંધ અને પુરુષને દ્વિધા (જુદા જુદા-બે) કરીને,...'** આહાહા..! આ ક્રિયા, મોક્ષ થવાની ક્રિયા આ (છે).

પ્રજ્ઞારૂપી ચક્ર વડે, કરવત વડે રાગ અને સ્વભાવને ભિન્ન કરવા એ એનો ઉપાય અને એનું ફળ મોક્ષ (છે). વ્યવહારની તો વાતેય આમાં ન આવી. વ્યવહાર છે, વ્યવહાર છે, કીધો. બંધ છે કીધું ને? બંધ છે, ભાવબંધ (છે). રાગ-દ્વેષ આદિ ભાવબંધ છે. તેને અને સ્વભાવને પ્રજ્ઞારૂપી કરવત વડે ભિન્ન કરીને. હવે આ આકરું પડે. એથી લોકો ક્રિયા ઉપર ચડી ગયા.

અંતરમાં અનંત ગુણ સંપન્ન પરમાત્મા બિરાજે છે. રાગ-વિકાર-વિકલ્પ તે કૃત્રિમ એક સમયની ઉપાધિ છે, ઉપાધિ છે. એ ઉપાધિ અને સ્વભાવની વચ્ચે સંધી છે, સાંધ છે, તડ છે, એક નથી. એથી એની અંદર પ્રજ્ઞા-ચક્ર વડે, પ્રજ્ઞા-કરવત વડે બેને ભિન્ન કરવા. આહાહા..! મોક્ષનો આ માર્ગ, કે રાગ ઉપરથી લક્ષ છોડી અને સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી એ રાગ અને સ્વભાવ વચ્ચેની કરવત પ્રજ્ઞા છીણી છે, એ વડે મોક્ષ થાય છે. આહાહા..! આમાં કોઈ વ્રત ને તપ ને અપવાસ ને દાન ને દયા ને ભક્તિ ને પૂજા (કાંઈ ન આવ્યું).

એ તો કીધું ને? 'ભાવપાહુડ'માં ૮૩ ગાથામાં. 'કુંદકુંદાચાર્યે' 'ભાવપાહુડ' ૮૩ ગાથા(માં કહ્યું કે), આ વ્રત, ભક્તિ, પૂજા, વૈયાવૃત્ય, દયા, દાન એ કાંઈ જૈન ધર્મ નથી. એમ કહ્યું છે. લે! છે? 'અષ્ટપાહુડ' અહીં છે કે નહિ? 'ભાવપાહુડ' એ નીકળ્યું પણ ૭૦ મી ગાથા. પેલી કેટલામી કીધી? ૮૩.. ૮૩.

**पूयादिसु वयसहियं पुएएं हि जिणेहिं सासणे भणियं।**
**मोहक्खोहविहीणो परिएामो अप्पाएो धम्मो।।८३।।**

જૈન શાસનમાં અનંત તીર્થંકરોએ, અનંત કેવળીઓએ **'इसप्रकार कहा है कि-पूजा आदिकमें और व्रतसहित होना है वह तो `पुण्य' ही है...'** વ્રત અને પૂજા એ પુણ્ય

છે, પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..! **'मोहके क्षोभसे रहित...'** મોહના ક્ષોભથી રહિત. એ ક્ષોભ છે. કહે છે, કે વ્રત, પૂજા.. બધા લેશે. અહીં જુઓ!

**'लौकिक जन तथा अन्यमती कई कहते हैं किं पूजा आदिक शुभक्रियाओंमें और व्रतक्रियासहित है वह जिनधर्म है, परन्तु ऐसा नहीं है। जिनमतमें जिनभगवानने इसप्रकार कहा है कि-पूजादिकमें और व्रतसहित होना है वह तो `पुण्य' है, इसमें पूजा और आदि शब्दसे भक्ति, वंदना, वैयावृत्त्य आदिक...'** બધું પુણ્ય છે. આહાહા..! કરવાનું આ હવે એ તો કહે છે પુણ્ય છે. અને એ ઉપદેશ ચાલે છે. **'पूयादिसु...'**નો અર્થ કર્યો, **'पूयादिसु...'** છે ને? આદિ **'पूयादिसु...'**માં એ બધું આવ્યું. ભક્તિ પણ આવી, વંદના આવી, વૈયાવૃત્ત્ય **'यह तो देव-गुरु-शास्त्रके लिये...'** એ પરદ્રવ્ય, દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે. એના નિમિત્તને લક્ષે આ છે માટે તે પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..! ૮૩ મી ગાથામાં છે.

મુમુક્ષુ :- આટલી બધી પૂજા કરી એ પાણીમાં ગઈ?

ઉત્તર :- ના, ના પાણીમાં નથી ગઈ, પુણ્ય બંધાણું. પુણ્ય બંધાણું છે, ભવ મળ્યો છે રખડવાનો. મફતમાં નથી ગયું. ભવ મળ્યો છે રખડવાનો. ભવ મળે એનાથી સંસાર મળે. મોક્ષ ન થાય, ધર્મ ન થાય. આહાહા..!

મુમુક્ષુ :- કરવી કે ન કરવી?

ઉત્તર :- કરવાની ક્યાં વાત છે? અહીંયાં તો આત્માને એનાથી ભિન્ન પાડીને (જુદો) કરવો. એ ન કરી શકે ત્યાં સુધી એવો વિકલ્પ હો, પણ એ વિકલ્પ પુણ્યબંધનું કારણ છે, ધર્મ નથી. આહાહા..! કરવા જેવું નથી, કરવા લાયક નથી. વસ્તુના સ્વરૂપ તરફ ઢળતા, પૂર્ણ ન ઢળે ત્યારે એવા વિકલ્પ હો, પણ છે એ પુણ્ય બંધનું કારણ. છે?

પૂજા, ભક્તિ, વંદન, વૈયાવૃત્ત્ય આદિ એ તો દેવ-ગુરુ-શાસ્ત્રને (માટે થાય છે) અને **'और उपवास आदिक व्रत हैं, उपवास आदिक व्रत हैं वह शुभक्रिया है, इनमें आत्माका रागसहित शुभपरिणाम है उससे पुण्यकर्म होता है,...'** પુણ્ય છે. જૈન શાસનમાં એને પુણ્ય કહ્યું છે. જૈન શાસનમાં અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓએ એને ધર્મ કહ્યો નથી. કહો 'યશપાલજી'! આ બધું લઈને તો એ બેઠા છે, ધર્મ. બે-ચાર પડિમા લેવા ને સમ્યગ્દર્શન નહિ. વ્રત લઈ લ્યો, પડિમા લઈ લ્યો, પૂજા કરો, ભક્તિ કરો, વંદન (કરો)... આહાહા..! **'उपवास आदिक व्रत हैं वह शुभक्रिया है, इनमें आत्माका रागसहित शुभपरिणाम है उससे पुण्यकर्म होता है इसलिये इनको पुण्य कहते हैं। इसका फल स्वर्गादिक भोगोंकी प्राप्ति है।'** સ્વર્ગાદિ ભવ મળે, મોક્ષ મળે નહિ. સ્વર્ગમાંથી નીકળીને પાછો મોક્ષ થાય એમેય નહિ. એ તો રખડવાના રસ્તા છે. આહાહા..!

એ અહીં કહ્યું. **'પ્રજ્ઞારૂપી કરવત વડે વિદારણ દ્વારા બંધ અને પુરુષને દ્વિધા (જુદા જુદા-બે) કરીને,...'** આહાહા..! એ તો શાંતિના કામ છે, બાપુ! કોઈ એ વ્રત કરી નાખવા,

અપવાસ કરી નાખવા એ અહીંયાં વસ્તુ નથી. આત્મા અંદર આનંદ સ્વરૂપ પ્રજ્ઞા પ્રકાશનો પુંજ, પ્રજ્ઞા પ્રકાશનો પુંજ, તેના તરફ ઢળી અને રાગ તરફથી પાછો વળી બે વચ્ચે ભેદ પાડી અને સ્વરૂપમાં એકાગ્રતા કરવી એ મોક્ષનો ઉપાય છે. આહાહા..!

એથી એનો અર્થ એવો નથી, કે શુભ છોડીને અશુભ કરવું. એવો અર્થ નથી. પણ એ શુભ છે એ પુણ્યબંધ સંસાર છે. એને છોડીને અંદરમાં જાવું, શુદ્ધ સ્વરૂપમાં જાવું એ વધારે (કરવાનું છે). આ અધિકાર 'સમયસાર'માં આવે છે ને કે, ભાઈ! આમ કહ્યું એટલે આ લોકો નીચે નીચે કેમ ઉતરે છે? શુભને અમે બંધ કારણ કહ્યા એને છોડીને અશુભમાં કેમ જાય છે? શુભ છોડીને શુદ્ધતા અંતરમાં કેમ જાતા નથી? ઊર્ધ્વ ઊર્ધ્વ શબ્દ છે ને ત્યાં? ઊર્ધ્વ ઊર્ધ્વ કેમ જાતા નથી? આહા..! આકરું કામ છે બહુ. એ જૈન ધર્મ જ નથી. પૂજા, ભક્તિ, દાન, દયા, વ્રત, અપવાસ એ જૈનશાસન ધર્મ જ નથી. અહીં તો બધા કહે, 'દયા તે ધર્મની વેલડી, દયા તે ધર્મની ખાણ.' આ વળી અહીં કહે કે, ભગવાનની ભક્તિ ને પૂજા કરતાં કરતાં કલ્યાણ થાય. બંધ કરતાં કરતાં અબંધ થાય, એવું જૈન શાસનમાં કહ્યું નથી. લોકોએ કલ્પીત કરીને એવો માર્ગ ચલાવ્યો છે. આહા..! છે?

**'બંધ અને પુરુષને...'** પુરુષ એટલે આત્મા, બંધ એટલે રાગ. પૂજા-ભક્તિ આદિનો રાગ ભાવબંધ. એને અને આત્માને આહાહા..! દ્વિધા કરીને–બેને જુદા પાડીને. આહાહા..! આવી વાત છે. ત્યારે કેટલાક એમ કહે છે, કે હજી પણ નીચલે દરજ્જે લૌકિક નીતિના સુધારા તો કરવા દ્યો, નૈતિક જીવન તો કરવા દ્યો. પાધરું આ (કરવાનું)? બાપુ! એવું અનંતવાર કર્યું છે, નૈતિક જીવન અનંતવાર કર્યા છે. જૈનના સાધુ તરીકે દ્રવ્યલીંગી પણ અનંતવાર થયો છે પણ રાગ અને આત્મા ભિન્ન છે એનું ભાન, સમકિત કદિ કર્યું નથી. ભવના અભાવ કરવા હોય તો આ છે બાકી તો બધું સંસાર છે. નીતિનો સુધારો ને બહારનું આ કરવું ને તે કરવા ને...

અહીં તો પુરુષ અને બંધને દ્વિધા કહીને પુરુષને **'उपलम्भ-एक-नियतम्'** આ પુરુષ એટલે આત્મા, આત્માને પુરુષ કહ્યો છે. આત્માને **'કે જે પુરુષ માત્ર અનુભૂતિ વડે જ નિશ્ચિત છે...'** આહાહા..! જેટલું સ્વરૂપ અનુભવન છે, જેટલું અનુભવમાં આવે છે એટલો આત્મા છે. છે આત્મા દ્રવ્ય આખું, એ અનુભવમાં આવે આનંદનો એટલો આત્મા ગણવો. રાગનો અનુભવ એ સંસાર છે. આહાહા..!

આમાં તકરારો લે (કે) વ્યવહાર સાધન છે ને 'જયસેનાચાર્યદેવે' વ્યવહાર સાધન કહ્યું છે, નિશ્ચય સાધ્ય છે, વ્યવહાર કારણ છે. એ તો કાલે આવ્યું હતું ને? કથનમાત્ર કારણ છે. કહેવામાત્ર કારણ છે, કારણ છે નહિ આહાહા..! એવો વ્યવહાર તો અનંતવાર કર્યો.

બંધ અને આત્માને દ્વિધા કરીને આત્માને-પુરુષને અનુભૂતિ વડે નિશ્ચિત છે. 'માત્ર'– એ શબ્દ લીધો છે. આત્મા માત્ર અનુભૂતિ વડે જ પ્રાપ્ત થાય એવો છે. કોઈ રાગની ક્રિયા

ને દયા-દાનના, વ્રતના વિકલ્પથી પ્રાપ્ત થાય એવો આત્મા છે જ નહિ. આહાહા..! છે કે નહિ એમાં? શું કીધું ઇ?

પુરુષ એટલે આત્માને **'માત્ર અનુભૂતિ વડે જ...'** અનુભૂતિ વડે જ. આહાહા..! ભગવાન આનંદ સ્વરૂપ છે એની અનુભૂતિમાત્ર. માત્ર જ કીધું એટલે બીજી કોઈ ચીજ એને સાધન નથી. આહાહા..! અનુભૂતિમાત્ર જ. **'વડે જ...'** પાછું **'જ'** કહ્યું છે, એકાંત કહ્યું છે. કથંચિત્ અનુભૂતિ વડે, કથંચિત્ વ્યવહાર વડે એમ નથી કહ્યું. સ્યાદ્વાદ માર્ગ છે, અનેકાંત છે. કથંચિત્ નિશ્ચયથી ને કથંચિત્ વ્યવહારથી એ અનેકાંત નથી, એ ફૂદડીવાદ છે. અનેકાંત તો એ કે, એકલી અનુભૂતિમાત્રથી છે, વ્યવહારથી નથી એનું નામ અનેકાંત છે. આહાહા..! બહુ વાતમાં ફેર. છે અંદર, દેખો!

**'જે પુરુષમાત્ર અનુભૂતિ વડે જ...'** જેટલું સ્વરૂપ અનુભવન છે તેટલો અનુભવ કરીને. **'પુરુષम् उपलम्भ'** આહાહા..! તેને આત્માને પ્રાપ્ત કરવો. **'તેને- 'साक्षात् मोक्षं नयत्...' સાક્ષાત્ મોક્ષ પમાડતું થકું,...'** **'नयत्'** એટલે પમાડતું. આહાહા..! રાગથી ભિન્ન પડી એકલા અનુભૂતિમાત્રથી જ આત્મા **'साक्षात् मोक्षं नयत्'** મોક્ષને પ્રાપ્ત કરે છે. એ સિવાય બીજી રીત છે નહિ. આહાહા..!

જુની રૂઢીના માણસ સાંભળનારા હોય એને એવું લાગે કે, આ તે આહા..! આ ક્યાંથી આવું શું કાઢ્યું? માર્ગ આવો છે, ભાઈ! અનંત કાળથી એવા શુભાશુભભાવો અનંતવાર કર્યા, અનંતવાર કર્યા. અનંતવાર એના સ્વર્ગ-નરક મળ્યા. ભવભ્રમણ ન ટળ્યું. ભવભ્રમણ ટળવાનું (ન થયું). ભવભ્રમણ.. ભવ જેને હજી વ્હાલો લાગે છે, ભવ ટાળવો એ હજી ઠીક પડતું નથી એને તો એ જ રસ લાગે. પણ આ ભવ છે એ કલંક છે. ચૈતન્યમૂર્તિ આનંદનો કંદ હીરો એને આ મેલ, માંસ ને હાડકાનું શરીર, એમાં રહેવું એ કલંક છે. આહાહા..! મરી ગયેલા ગધેડાના ચામડામાં મેસુબને વીંટવો એ કરતાં પણ આ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદ ને અનાકુળ શાંતિ ને વીતરાગની મૂર્તિ (છે) એને આ માંસ ને હાડકામાં ભેગો રાખવો (એ) કલંક છે. આહાહા..! આવી વાતું છે.

**'पूर्णं ज्ञानं विजयते'** અનુભૂતિમાત્રથી જ આત્માને મોક્ષ પમાડતું અને તે જ્ઞાન **'પૂર્ણ જ્ઞાન જયવંત પ્રવર્તે છે.'** જે જ્ઞાન પૂર્ણ થયું, જ્ઞાન એટલે આખો આત્મા, જે રાગથી ભિન્ન પડી આત્માની અનુભૂતિથી, આત્માની અનુભૂતિથી, આત્માના અનુભવથી જે મોક્ષ પ્રાપ્ત થયો એ મોક્ષ જયવંત વર્તે છે. એમ ને એમ સદા સાદિઅનંત રહે છે. આહાહા..! એને ભવ કરવા પડતા નથી અથવા ઘણો કાળ રહ્યા પછી ભવ કરવો પડે કે દુનિયામાં પાપ વધે તો અવતાર કરીને આવવું પડે એવું છે નહિ. આહાહા..!

**'પૂર્ણ જ્ઞાન જયવંત પ્રવર્તે છે.'** આહાહા..! એવું જે આત્માનું પૂર્ણ જ્ઞાન પ્રગટ્યું, જેવું પૂર્ણ સ્વરૂપ છે એવું અનુભૂતિથી પૂર્ણ સ્વરૂપ પર્યાયમાં પ્રગટ્યું એ પ્રગટ્યું, એ પ્રગટ્યું એ

જયવંત વર્તે છે. આહાહા..! **'કેવું છે તે જ્ઞાન?' 'उन्मज्जत्-सहज-परम-आनन्द-सरसं' 'પ્રગટ થતાં સહજ પરમ આનંદ વડે...'** 'उन्मज्जत्' છે ને? 'उन्मज्जत्' પ્રગટ થયું, 'उन्मज्जत्' બહાર આવ્યું આમ. **'પ્રગટ થતા...'** અંદરમાં શક્તિરૂપે આનંદ ને જ્ઞાન ને શાંતિ હતી, શક્તિરૂપે તો પ્રભુ પરમાત્મા જ છે, શક્તિરૂપે હતું એ પ્રગટરૂપે થયું. આહાહા..!

**'પ્રગટ થતા સહજ પરમ આનંદ વડે...'** સ્વભાવિક આનંદ સહિત જ્ઞાન પ્રગટ્યું થયું. મોક્ષમાં અતીન્દ્રિય આનંદ ફળ છે, અતીન્દ્રિય આનંદનું ફળ મોક્ષમાં છે. અનુભૂતિ કરતાં, જુદો પડતા, મોક્ષ થતાં અનુભૂતિ જેનું ફળ છે, અનંત આનંદનું ફળ જેનું છે. આહાહા..! આવો મોક્ષનો અધિકાર છે, ભાઈ! આહાહા..! **'સહજ પરમ આનંદ વડે સરસ (રસવાળુ) અર્થાત્ રસયુક્ત છે, ઉત્કૃષ્ટ છે,...'** એ જ્ઞાન આનંદ સહિત ઉત્કૃષ્ટ પ્રગટ્યું છે. એનાથી હવે કોઈ ઊંચી ચીજ છે નહિ. આહાહા..! માંગલિક કર્યું છે. **'कृत-सकल-कृत्यं...' 'કરવાયોગ્ય સમસ્ત કાર્યો જેણે કરી લીધાં છે...'** જે કાંઈ કરવાનું હતું પૂર્ણાનંદની પર્યાય, પૂર્ણ જ્ઞાનની પર્યાય એ થઈ ગઈ છે. હવે કરવાનું હતું એ બધું કર્યું છે. એ કૃત કૃત્ય છે. કૃત કૃત્ય. કાર્ય કરવાને બાકી કાંઈ છે નહિ. આહાહા..!

પહેલા તો મોક્ષતત્ત્વ કહેવું કોને? છે તો પર્યાય, પર્યાયમાં જે અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત વીતરાગતા અને કૃત કૃત્ય–કાંઈ બાકી નથી કરવાનું એવી તો જેની પર્યાય છે, એના દ્રવ્ય-ગુણની વાતો શું કરવી!! આહાહા..! એના દ્રવ્ય ને ગુણ તો ત્રિકાળી શક્તિના સામર્થ્યથી ભરેલા છે. આહાહા..! એમાં કાંઈ ઓછું-વત્તું થાતું નથી.

**'કરવાયોગ્ય સમસ્ત કાર્યો...'** બધા કાર્ય, એમ. કરવાયોગ્ય એ શું કાર્ય હતા? બીજાના કરવા યોગ્ય કાર્ય હતા એના? બીજાને ઉદ્ધાર કરવાના, બીજાને મોક્ષમાર્ગ બતાવવાના એ કાર્ય હતા એના? આહાહા..! કરવાયોગ્ય તો અનુભૂતિ કરીને પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવું એ કરવા યોગ્ય હતું. આહાહા..! અંતર આનંદ સ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદથી ભરેલો (છે) એની એકાગ્રતાથી કરવા યોગ્ય જે મોક્ષ તે કર્યો. એ જ કરવા યોગ્ય છે, કરવા યોગ્ય એ હતું એ કર્યું. બાકી શું કરવા યોગ્ય આ દયા ને દાન ને સુધારો ને વધારો ને, બધાને સુધારવા, બધાને એક કરવા.. આહાહા..! આ બધા ભાગલા પડ્યા છે જુદા જુદા એને એક કરવા, આમ કરવું, તેમ કરવું એ કાંઈ કરવા યોગ્ય હતું નહિ. આહાહા..! એવો અર્થ નીકળ્યો કે નહિ? એવું કાંઈ કરવા યોગ્ય હતું નહિ, કરવા યોગ્ય આ હતું. અનુભૂતિથી પૂર્ણ આનંદની પ્રાપ્તિ કરવા યોગ્ય હતી તે કરી, હવે કરવાનું કાંઈ બાકી રહ્યું નહિ. આહાહા..!

આ લૌકિક સાથે આકરું પડે, વાદ-વિવાદમાં ચડે. એકાંત છે, એમાં એકાંત છે. વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય, નિમિત્તથી પણ થાય, ઉપાદાનથી પણ થાય એનું નામ અનેકાંત છે. એકાંત છે, 'સોનગઢ'નું એકાંત છે એમ કહે છે. 'સોનગઢ'નું કહે છે કે આ ભગવાનનું છે? આહાહા..!

અહીં તો કરવા યોગ્ય જે કહે છે કરવા યોગ્ય હતું ઇ એટલે શું? કે, કરવા યોગ્ય તો આ જ હતું. દરેકને કરવા યોગ્ય આ છે. રાગથી ભિન્ન પડી અનુભૂતિ દ્વારા, આત્માની અનુભૂતિ દ્વારા પૂર્ણ મોક્ષની પર્યાય આનંદ સહિત પ્રગટ કરવાની છે પછી કાંઈ કરવાનું બાકી રહેતું નથી. એ જ કરવા યોગ્ય છે બાકી બીજુ કાંઈ કરવા યોગ્ય છે નહિ. આહાહા..! આ બધી મંડળીઓ ને દયા મંડળી થાય છે ને? દાન મંડળી. દાનનો અધિપતિ પ્રમુખ થઈને દાન ઉઘરાવે, પૈસા ઉઘરાવે. દયા મંડળો (ચલાવે), ફલાણાનું શિક્ષા મંડળ, ફલાણાની દુનિયાની નીતિ નૈતિક શિખવે. અહીં તો બધી ના પાડે છે. કરવા યોગ્ય તો આ એક છે. આહાહા..!

અરે..! આવો મનુષ્ય ભવ અનંતે કાળે મળ્યો, વિંખાય જશે. ભાઈ! પરમાણુ નહિ રહે, વિંખાય જશે. એકલો ચાલ્યો જાઈશ. ભાવ ઊંધા કર્યા હશે, પરમાં કર્તાબુદ્ધિના ને રાગના અભિમાન ને રાગથી કલ્યાણ થાય ને વ્યવહાર કરતાં નિશ્ચય થાય ને એવા મિથ્યાત્વભાવથી ચાર ગતિમાં રખડશે. આહાહા..! આકરું કામ છે, વીતરાગ માર્ગ આકરો છે.

કહે છે, કરવા યોગ્ય હોય તો આ એક છે એમ કહે છે. બીજું કાંઈ કરવા યોગ્ય નથી. આહાહા..! છે? **'कृत-सकल-कृत्यं'** કરવા યોગ્ય ઇ વ્યાખ્યામાં એમ કીધું છે, કે કરવા યોગ્ય તો આ જ છે. અનુભૂતિ જ કરવા યોગ્ય છે એ પૂર્ણ દશા કરી લીધી, બસ! આહાહા..! માંગલિક કર્યું છે.

મુમુક્ષુ :– મંગળ વચન લખ્યું છે.

ઉત્તર :– મંગળ વચન છે, મંગળ વચન. આહાહા..! હે આત્મા! રાગના ભાવ બંધનથી છૂટી અનુભૂતિમાત્ર આત્માનો અનુભવ કરીને પૂર્ણ મોક્ષના અનંત આનંદના લાભરૂપ મોક્ષને પ્રાપ્ત કરવા યોગ્ય (છે) તે કરવા લાયક છે. આહાહા..! બાકી કાંઈ કરવા લાયક નથી. આહાહા..! કૃત કૃત્ય કહીને ગજબ કામ કર્યું છે. **'कृत-सकल-कृत्यं...'** કરવા યોગ્ય બધા કર્યા. આહાહા..! કરવા યોગ્ય હતા આ, એ બધા કર્યા. બીજા એકેય કરવા યોગ્ય (નથી). આહાહા..! શબ્દોમાં ગંભીરતા (ઘણી છે). આ જ કરવા યોગ્ય છે. આહાહા..! બાકી તો હાડકા, ચામડા પડ્યા રહેશે, બાપા! મસાણમાં સળગશે, ચાલ્યો જાશે અહીંથી. આહાહા..! એ પાપના અભિમાન, પુણ્યના અભિમાન, પુણ્યના ફળના અભિમાન, રાગના આચરણના અભિમાન, આટલા વ્રત કર્યા ને આટલા અપવાસ કર્યા, આટલા દાન કર્યા, કરોડના દાન કર્યા ને બે કરોડના દાન કર્યા. બાપુ! એ બધું શું છે? ભાઈ! આહાહા..! આટલું વાંચ્યું, આટલાને સમજાવ્યા, આટલા મારાથી સમજ્યા. અહીં કહે છે, કરવા યોગ્ય હોય તો આ એક છે, બાપા! આહાહા..! ગજબ કર્યો છે ને! આચાર્યોની દશા, કથનની પદ્ધતિ, ગજબ છે!

અનુભૂતિ પ્રજ્ઞા છીણી વડે રાગના ભાવને ભલે પુણ્યનો, દયા-દાનનો, વ્રતનો (ભાવ હોય) પણ એ રાગ બંધન છે, એ બંધનથી છૂટો પડી અને આત્મામાં જ્ઞાનને વધારી અનુભૂતિથી પૂર્ણ સ્વરૂપ આત્મલાભ લે એ કરવા યોગ્ય છે. આહાહા..! હવે આ બધાને પુસ્તક આપવા

ને પુસ્તક લેવા ને દેવા એ બધું કરવા યોગ્ય નથી? શાસ્ત્રજ્ઞાન પણ કરવા યોગ્ય નથી? કહે છે, એ વિકલ્પ છે, ભાઈ! આહાહા..! ગજબ વાત છે.

ભગવાન અંદર અતીન્દ્રિય આનંદનો નાથ, અતીન્દ્રિય જ્ઞાનનો સાગર, અતીન્દ્રિય પૂર્ણ પુરુષાર્થનો પિંડ એને પૂર્ણ પુરુષાર્થની પર્યાય પ્રગટ કરવી ને અનંતા લાભની પર્યાયને પ્રાપ્ત કરવી (અને) તે અનુભૂતિથી (પ્રાપ્ત કરવી) એમ બે કારણ મુક્યા. ફલાણાથી થાય, વ્યવહારથી થાય એમ નહિ. અનુભૂતિથી જ માત્ર આ કરવા યોગ્ય છે. તે આ કહ્યું. આહાહા..! કેટલું નાખ્યું છે. આહાહા..!

આચાર્યોએ ગજબ કામ કર્યા છે, પરમેશ્વર જેવા કામ કર્યા છે. આહા..! એણે કાંઈ કર્યું નથી. એ તો કહે (છે), અમે કાંઈ કર્યું નથી, અમે તો મારો અનુભૂતિથી મોક્ષ કર્યો છે. આહાહા..! અમે તો ટીકા પણ બનાવી નથી ને શાસ્ત્ર પણ બનાવ્યા નથી. આહાહા..! જ્ઞાન સ્વરૂપ ભગવાન શું કરે? આત્મા તો જ્ઞાન ને આનંદમૂર્તિ પ્રભુ (છે) એ શું કરે? જે થાય તેને પોતામાં રહીને જાણે એમ કહેવું વ્યવહાર છે. આહાહા..! એને ઠેકાણે થાય એમાં મારો હાથ છે, પરના કાર્ય થાય એમાં મારો કાંઈ અધિકાર ડહાપણ છે, એનો અધિકારી છું. આહાહા..! મંડળનો નાયક છું, બધા મંડળને વ્યવસ્થિત રીતે ચલાવીએ છીએ.

અહીં તો ગજબ કામ કર્યું છે. અનુભૂતિથી આનંદના રસ સહિત જ્ઞાન જે પૂર્ણ પ્રગટે, તે કરવા યોગ્ય હતું તે કર્યું, બાપા! આહાહા..! બીજી વાત યાદ કરી નથી. થોડાને સમજાવવા, આમ કરવું, આમ કરવું (એ કાંઈ નહિ). 'મોક્ષમાર્ગપ્રકાશક'માં કહ્યું છે ને? ભગવાને પણ ઉપદેશ કર્યો છે, તો અમે ઉપદેશનો ઉપદેશ કરીએ છીએ. વ્યવહાર આવે ત્યારે વાત કરે. ઉપદેશ, આઠમાં અધ્યાયમાં (આવે છે). ઉપદેશ. આહા..! ભાઈ! કોણ ઉપદેશ કરે? આહાહા..! કોણ ઉપદેશ સાંભળે? એ ક્યાં પૂર્ણાનંદનો નાથ ઓછો છે તે સાંભળીને એ પ્રગટે. આહાહા..! આ ક્યાં પૂર્ણમાં ઓછું છે કે બીજાને સમજાવે તો એને કાંઈ લાભ થાય. આહાહા..! આવું છે.

'**(-જેને કાંઈ કરવાનું બાકી રહ્યું નથી)**...' છે ને કૌસમાં? '**(-જેને કાંઈ કરવાનું બાકી રહ્યું નથી) એવું છે.**' આહાહા..! વસ્તુ પ્રત્યે મહા માંગલિક કર્યું. જીવને કરવાનું હોય તો પોતાનું અનુભૂતિનું હિત, અનુભૂતિથી મોક્ષ થાય તે કરવા યોગ્ય છે. આહાહા..! બાકી બધી વાતો ઊડાડી દીધી. વ્યવહારની વાતો આવે ત્યારે આવે, કહેવાય, એથી કરીને એ વ્યવહારથી એને આત્માને લાભ થાય (એમ નથી). આહાહા..! 'અમૃતચંદ્રાચાર્યદેવ' ટીકા કરતાં તો એમ બોલે છે, ટીકા શબ્દોથી બની, બાપુ! હું તો મારા સ્વરૂપમાં છું, હું તો મારા જ્ઞાનમાં છું. હું કાંઈ વિકલ્પમાં આવ્યો નથી, હું શબ્દમાં આવ્યો નથી તો આવ્યા વિના મારાથી બને શી રીતે? એને કારણે ટીકા બની ગઈ. આહાહા..! મારું કાર્ય નથી. 'સમયસાર' જેવી ટીકા 'અમૃતચંદ્રાચાર્ય' એ કહે કે, મારાથી બની નથી. આહાહા..! એમાં વળી પેલા લોકો કળશકાર એમ કહે કે, નિર્માનથી એમ કહે છે. પણ ઇ કહે છે ઇ નિર્માનથી તો છે પણ એ કરવું

છે જ નહિ, એ કાર્ય જ એનું નથી. આહાહા..! કાર્ય જ આત્મા અનુભૂતિસ્વરૂપ (છે) એને અનુભૂતિથી, રાગ ને પુણ્યના પરિણામથી ભિન્ન કરીને પવિત્રતાનો અનુભવ કરવો. એ અનુભવ કરતાં કરતાં જે અનંત અનંત લાભ મોક્ષનો થાય એને પછી કરવાનું કાંઈ બાકી રહેતું નથી. આહાહા..! આવી વાત કરી છે.

**ભાવાર્થ :– 'જ્ઞાન બંધ-પુરુષને જુદા કરીને,...'** જ્ઞાન છે એ બંધ છે એ કાંઈ જુદો કરી શકે છે? રાગ સ્વરૂપ પુણ્ય-પાપ પોતે બંધ કરી શુદ્ધોપયોગ કરી શકે છે? જ્ઞાન જુદા કરી શકે છે. આહાહા..! જે આત્માનું જ્ઞાન છે એ જ્ઞાન હું અને રાગ હું નહિ, એ જ્ઞાન જુદા કરી શકે છે. આહાહા..! કોઈ પણ ચીજને જ્ઞાન જુદા કરી શકે છે ને? ઘઉં ને કાંકરા હોય તો પણ જ્ઞાન જાણે છે ને? ઘઉં કાંકરા જાણે છે? એમ જ્ઞાન જાણે છે, કે હું જ્ઞાન છું, રાગ એ મારું સ્વરૂપ નથી. આહાહા..!

જ્ઞાન બંધ અને પુરુષને જુદા કરે. આ આત્મજ્ઞાન, જ્ઞાનનો પિંડ આત્મા, ચૈતન્ય પ્રકાશનો પુંજ પ્રભુ, ચૈતન્ય પ્રકાશનો સૂર્ય પ્રભુ... આહાહા..! એ પ્રકાશ કરતો... કરતો... કરતો... રાગને ઘટાડીને પૂર્ણ વીતરાગ થઈ જાય છે. આહાહા..! એવું એનું દરેક ભગવાન આત્માનું એવું સ્વરૂપ જ છે. પોતાના સ્વરૂપને પૂર્ણ પ્રાપ્ત કરી શકે એવી તાકાતવાળું જ એ છે. અને પૂર્ણ થાવ એમ આચાર્ય પણ ભાવના કરે છે. પૂર્ણ થાવ ભાઈ! રહેવા દ્યો આમાં. આહાહા..! સંસારની કોઈ સ્થિતિ અનુમોદવા જેવી નથી. આહાહા..!

અંતરમાં રાગ અને આત્માને જુદા પાડનારું તો જ્ઞાન છે. રાગ જુદો પાડનાર છે? જ્ઞાન જાણનાર પ્રકાશ સ્વરૂપ છે એ રાગને જુદું પાડી **'પુરુષને મોક્ષ પમાડતું થકું...'** પુરુષ એટલે આત્મા. એ જ્ઞાન છે એ રાગને જુદું પાડી આત્માને મોક્ષ પમાડે છે તે જ્ઞાન. આહાહા..! વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને એ કોઈ મોક્ષ પમાડતું નથી. એ તો બધા રાગ છે ને રાગની ક્રિયા બંધના કારણ છે. આહાહા..! આકરી વાત, ભાઈ! માર્ગ ભાઈ! આકરો.

અનંત... અનંત... અનંત... કાળ ગયો, અનંત અનંત કાળ ગયો, ક્યાંય આદિ ન મળે. આહાહા..! આમ ભૂતકાળ જુઓ તો ભવ વિનાનો કાળ ગયો છે કોઈ દિ'? ગયો કાળ જુઓ તો ભવ વિનાનો કાળ ગયો છે કોઈ દિ'? ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... આહા..! નરકના, તિર્યંચના, દેવના, મનુષ્યના, નિર્ધનના એવા ભવો ભવ... ભવ... ભવ... ભવ..., અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... કર્યા, જેનો અંત નથી. આહાહા..!

એ **'પુરુષને મોક્ષ પમાડતું (જ્ઞાન) પોતાનું સંપૂર્ણ સ્વરૂપ પ્રગટ કરીને...'** આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ શક્તિ અને સ્વભાવરૂપે પૂર્ણ છે, સત્તારૂપે પૂર્ણ છે. એ સત્તા કહો, શક્તિ કહો, સ્વભાવ કહો. એ પૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાનઆત્મા છે. એને પૂર્ણ રીતે પ્રગટ કરીને... આહાહા..! **'જયવંત પ્રવર્તે છે.'** પૂર્ણ રીતે પ્રગટ કરીને મોક્ષ દશા જયવંત વર્તે છે.

એ પર્યાય પ્રગટી ઇ પ્રગટી હવે પછી પાછી પડતી નથી. આહાહા..! જયવંત વર્તે છે. માંગલિક બહુ કર્યું, ઉત્તમ માંગલિક કર્યું બધું. આહાહા..!

**'આમ જ્ઞાનનું સર્વોત્કૃષ્ટપણું કહેવું...'** એમ આત્માનું સર્વોત્કૃષ્ટપણું (કહેવું). ભગવાનઆત્મા બધી ચીજોને જાણનાર (છે). ચીજ છે તે જાણતી નથી, શરીર છે તે જાણતું નથી. આ તો માટી છે, વાણી માટી જાણતી નથી. જાણનારો તો જ્ઞાન ભગવાન છે. જેમાં જણાય છે તે આત્મા છે એવો સર્વોત્કૃષ્ટ સ્વરૂપ તે આત્મા છે. આહાહા..! આહાહા..! **'જ્ઞાનનું સર્વોત્કૃષ્ટપણું કહેવું તે જ મંગળવચન છે.'** આહાહા..! આ માંગલિક છે. પૂર્ણ જ્ઞાન આત્મા પ્રગટ થઈ ગયો. પોતાનો અનુભવ કરીને, જ્ઞાનનો અનુભવ કરીને જ્ઞાન પૂર્ણ થયું એ જયવંત પ્રવર્તે છે, એ જ માંગલિક છે. 'મોક્ષ અધિકાર'ની શરૂઆતમાં આ માંગલિક કર્યું.

*** આત્મામાં પંચમહાવ્રત, ભક્તિ વગેરેના પરિણામ થાય તે શુભરાગ છે, તે આસ્રવ છે. તે રાગને આસ્રવ પણ માનવો ને તેને જ સંવર પણ માનવો તે ભ્રમ છે. એક શુભરાગ છે તે જ આસ્રવનું અને સંવરનું બન્નેનું કારણ કેમ થાય ? મિશ્રભાવનું જ્ઞાન સમ્યગ્દષ્ટિને જ હોય છે. સમ્યગ્દષ્ટિને પણ જે રાગ છે તે ધર્મ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રાગરહિત છે તે જ ધર્મ છે. હું જ્ઞાયક છું એવા સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનથી જેટલો વીતરાગભાવ થયો તે સંવર ધર્મ છે. ને તે જ સમયે જે રાગ છે તે આસ્રવ છે, એક જ સમયમાં આવા બન્ને ભાવો મિશ્રરૂપ છે, તે બન્નેને ભિન્ન ભિન્ન ધર્મી જીવ ઓળખે છે. પહેલા વ્યવહાર અને પછી નિશ્ચય એમ નથી. વ્યવહારનો શુભરાગ તો આસ્રવ છે, આસ્રવ તે સંવરનું કારણ કેમ થાય ? પહેલો વ્યવહાર, તે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એવી દૃષ્ટિથી તો સનાતન જૈન પરંપરામાંથી જાુદા પડીને શ્વેતામ્બરો નીકળ્યા. અને દિગમ્બર સંપ્રદાયમાં રહીને પણ કોઈ એમ માને કે રાગ કરતાં કરતાં ધર્મ થશે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે તો એમ માનનાર પણ શ્વેતામ્બર જેવા જ અભિપ્રાયવાળો છે, તેને દિગમ્બર જૈન ધર્મની ખબર નથી. ૯૫૫.**

**– પરમાગમસાર**

# ગાથા-૨૮૮ થી ૨૯૦

जह णाम को वि पुरिसो बंधणयम्हि चिरकालपडिबद्धो।
तिव्वं मंदसहावं कालं च वियाणदे तस्स।।२८८।।
जइ ण वि कुणदि च्छेदं ण मुच्चदे तेण बंधणवसो सं।
कालेण उ बहुगेण वि ण सो णरो पावदि विमोक्खं।।२८९।।
इय कम्मबंधणाणं एदेसठिइपयडिमेवमणुभागं।
जाणंतो वि ण मुच्चदि मुच्चदि सो चेव जदि सुद्धो।।२९०।।

यथा नाम कश्चित्पुरुषो बन्धनके चिरकालप्रतिबद्धः।
तीव्रमन्दस्वभावं कालं च विजानाति तस्य।।२८८।।
यदि नापि करोति छेदं न मुच्यते तेन बन्धनवशः सन्।
कालेन तु बहुकेनापि न स नरः प्राप्नोति विमोक्षम्।।२८९।।
इति कर्मबन्धनानां प्रदेशस्थितिप्रकृतिमेवमनुभागम्।
जानन्नपि न मुच्यते मुच्यते स चैव यदि शुद्धः।।२९०।।

आत्मबन्धयोर्द्विधाकरणं मोक्षः। बन्धस्वरूपज्ञानमात्रं तद्धेतुरित्येके, तदसत्; न कर्मबद्धस्य बन्धस्वरूपज्ञानमात्रं मोक्षहेतुः, अहेतुत्वात्, निगडादिबद्धस्य बन्धस्वरूपज्ञानमात्रवत्। एतेन कर्मबन्धप्रपञ्चरचनापरिज्ञानमात्रसन्तुष्टा उत्थाप्यन्ते।

---

હવે, મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તે કહે છે. તેમાં પ્રથમ તો, જે જીવ બંધનો છેદ કરતો નથી પરંતુ માત્ર બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે તે મોક્ષ પામતો નથી-એમ કહે છે :-

જ્યમ પુરુષ કો બંધન મહીં પ્રતિબદ્ધ જે ચિરકાળનો,
તે તીવ્ર-મંદ સ્વભાવ તેમ જ કાળ જાણે બંધનો, ૨૮૮.
પણ જો કરે નહિ છેદ તો ન મુકાય, બંધનવશ રહે,
ને કાળ બહુયે જાય તોપણ મુક્ત તે નર નહિ બને; ૨૮૯.

**ત્યમ કર્મબંધનનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગને**
**જાણે છતાં ન મુકાય જીવ, જો શુદ્ધ તો જ મુકાય છે. ૨૯૦.**

ગાથાર્થ :– [ यथा नाम ] જેવી રીતે [ बन्धनके ] બંધનમાં [ चिरकालप्रतिबद्धः ] ઘણા કાળથી બંધાયેલો [ कश्चित् पुरुषः ] કોઈ પુરુષ [ तस्य ] તે બંધનના [ तीव्रमन्दस्वभावं ] તીવ્ર-મંદ (આકરા-ઢીલા) સ્વભાવને [ कालं च ] અને કાળને (અર્થાત્ આ બંધન આટલા કાળથી છે એમ) [ विजानाति ] જાણે છે, [ यदि ] પરંતુ જો [ न अपि छेदं करोति ] તે બંધનને પોતે કાપતો નથી [ तेन न मुच्यते ] તો તેનાથી છૂટતો નથી [ तु ] અને [ बन्धनवशः सन् ] બંધનવશ રહેતો થકો [ बहुकेन अपि कालेन ] ઘણા કાળે પણ [ सः नरः ] તે પુરુષ [ विमोक्षम् न प्राप्नोति ] બંધનથી છૂટવારૂપ મોક્ષને પામતો નથી; [ इति ] તેવી રીતે જીવ [ कर्मबन्धनानां ] કર્મ-બંધનોનાં [ प्रदेशस्थितिप्रकृत्म् एवम् अनुभागम् ] પ્રદેશ, સ્થિતિ, પ્રકૃતિ તેમ જ અનુભાગને [ जानन् अपि ] જાણતાં છતાં પણ [ न मुच्यते ] (કર્મબંધથી) છૂટતો નથી, [ च यदि सः एव शुद्धः ] પરંતુ જો પોતે (રાગાદિને દૂર કરી) શુદ્ધ થાય [ मुच्यते ] તો જ છૂટે છે.

ટીકા :– આત્મા અને બંધનું દ્વિધાકરણ (અર્થાત્ આત્મા અને બંધને જુદા જુદા કરવા) તે મોક્ષ છે. 'બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ છે (અર્થાત્ બંધના સ્વરૂપને જાણવામાત્રથી જ મોક્ષ થાય છે)' એમ કેટલાક કહે છે, તે અસત્ છે; કર્મથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ નથી, કેમકે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર બંધથી છૂટવાનું કારણ નથી તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર કર્મબંધથી છૂટવાનું કારણ નથી. આથી (-આ કથનથી), જેઓ કર્મબંધના પ્રપંચની (-વિસ્તારની) રચનાના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે તેમને ઉત્થાપવામાં આવે છે.

ભાવાર્થ :– બંધનું સ્વરૂપ જાણવાથી જ મોક્ષ છે એમ કોઈ અન્યમતિ માને છે. તેમની એ માન્યતાનું આ કથનથી નિરાકરણ જાણવું. જાણવામાત્રથી જ બંધ નથી કપાતો, બંધ તો કાપવાથી જ કપાય છે.

---

## ગાથા–૨૮૮ થી ૨૯૦ ઉપર પ્રવચન

---

**'હવે, મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે,'** મોક્ષની પ્રાપ્તિની વિશેષ (વાત કરે છે). પેલું ટૂંકુ કહ્યું હવે એનો વિસ્તાર કરે છે. **'તેમાં પ્રથમ તો, જે જીવ બંધનો છેદ કરતો નથી...'** અંદર રાગ, પુણ્ય, પાપ, દયા, દાનના ભાવ થાય તેને છેદતો નથી, તેની ચિંતા કર્યા કરે,

તેની વિચારણા કર્યા કરે, તેમાં રોકાય જાય એને ધર્મ ન થાય. આહાહા..! **'તેમાં પ્રથમ તો, જે જીવ બંધનો છેદ કરતો નથી...'** કહે છે, ભાષા તો એમ કહે છે, કે કદાચિત્ શાસ્ત્ર જાણે પણ બંધને છેદ કરતો નથી તેને કાંઈ વળે એવું નથી. શાસ્ત્રમાંથી જાણે. કારણ કે, અનંતા ભવ થયા. મનુષ્યપણાના થયા, શાસ્ત્રજ્ઞાન કર્યા, અગિયાર અંગ કર્યા, નવ પૂર્વ કર્યા, મોટો રાજા થયો, શેઠિયો થયો, ગરીબ થયો, રાંક થયો, ભિખારી થયો, કાગડો થયો, કુતરો થયો, નારકી થયો. આહાહા..! એવા અનંતા અનંતા ભવ કર્યા. એમાં મનુષ્યપણે જ્ઞાન કર્યું હોય. આહા..!

તે માત્ર **'બંધનો છેદ કરતો નથી પરંતુ માત્ર બંધના સ્વરૂપને જાણવાથી જ...'** બંધને જાણે. કર્મની પ્રકૃતિ આમ છે ને એકસો અડતાલીસ (પ્રકૃતિ) આવી છે ને એની સત્તા આટલી છે ને સ્થિતિ આટલી છે ને અનુભાગ આટલો છે ને આમાં આ ગુણસ્થાન આટલી બંધ પડે ને આટલી ટળે. એમાં તારું શું વળે? આહાહા..! શ્વેતાંબરમાં એ શ્લોક આવે છે. 'બંધણં છેદિદા' બંધનને છેદવું એ ઉપાદેય વાત આવે. 'સૂયગડાંગ' ની પહેલી ગાથા. પહેલું પદ ભૂલી ગયા, નહિતર બધું મોઢે હતું. 'બંધનં પરિયારિણાં' 'સૂયગડાંગ' ની પહેલી ગાથા છે. બંધનને જાણવું. પણ જાણવું એમાં બંધન છેદાય શી રીતે? આ જાણ્યું, કે આ ચીજ ઝેર છે. લ્યો! ઝેર ખાતો હોય ને જાણ્યું હોય (પછી) ખાય તો ઇ જાણ્યું છે જ ક્યાં? એમ જાણવામાં આવી પણ છતાં પોતાનું માને (તો એ) ઝેર ખાય છે. જાણવામાં આવ્યું, કે આ ચીજ છે, આ ચીજ છે ને આ ચીજ જુદી જુદી છે.

**'પ્રથમ તો જે જીવ બંધનો છેદ કરતો નથી પરંતુ માત્ર બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે તે મોક્ષ પામતો નથી...'** આહાહા..! બંધને જાણવામાત્રથી કાંઈ મોક્ષ પામતો નથી. અબંધસ્વરૂપ ભગવાનઆત્માને જાણવાથી મોક્ષ થાય છે. શ્વેતાંબરમાં એ વાત વધારે આવે. 'સૂયગડાંગ' ની પહેલી ગાથા છે. 'બંધનં પરિયારિણા' મોઢે હતું, ભૂલી જઈએ છીએ. કર્મની પ્રકૃતિ ને આ બંધન ને આ આ ને આ આ ને અને કર્મની બહુ અનુભાગ ને સ્થિતિ ને પહેલે ગુણસ્થાને આટલી પ્રકૃતિ બંધાય ને આટલો રસ પડે ને આટલી સ્થિતિ હોય ને બીજે આટલી હોય ને ત્રીજી આવી હતી ને ચોથી આટલી (હોય) પણ એ બંધનું જાણવાથી એમાં આત્માને શું? છેદ્યા વિના? બંધને જુદા કર્યા વિના લાભ ક્યાં આવ્યો? બંધને જાણવામાં લાભ શું થયો તને? એ વાત **'બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે તે મોક્ષ પામતો નથી-એમ કહે છે.'** ગાથા છે હવે, એ પછી કહેવાશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૩૫૮ ગાથા–૨૮૮ થી ૨૯૨ રવિવાર, માગશર સુદ ૧૪, તા. ૦૨-૧૨-૧૯૭૯

સમયસાર 'મોક્ષ અધિકાર' પહેલી ગાથાઓ છે ને?

**जह णाम को वि पुरिसो बंधणयम्हि चिरकालपडिबद्धो।**
**तिव्वं मंदसहावं कालं च वियाणदे तस्स।।२८८।।**
**जइ ण वि कुणदि च्छेदं ण मुच्चदे तेण बंधणवसो सं।**
**कालेण उ बहुगेण वि ण सो णरो पावदि विमोक्खं।।२८९।।**
**इय कम्मबंधणाणं एदेसठिइपयडिमेवमणुभागं।**
**जाणंतो वि ण मुच्चदि मुच्चदि सो चेव जदि सुद्धो।।२९०।।**

નીચે હરિગીત.

**જ્યમ પુરુષ કો બંધન મહીં પ્રતિબદ્ધ જે ચિરકાળનો,**
**તે તીવ્ર-મંદ સ્વભાવ તેમ જ કાળ જાણે બંધનો. ૨૮૮.**
**પણ જો કરે નહિ છેદ તો ન મુકાય, બંધનવશ રહે,**
**ને કાળ બહુયે જાય તોપણ મુક્ત તે નર નહિ બને; ૨૮૯.**
**ત્યમ કર્મબંધનનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગને**
**જાણે છતાં ન મુકાય જીવ, જો શુદ્ધ તો જ મુકાય છે. ૨૯૦.**

**ટીકા :– 'આત્મા અને બંધનું દ્વિધાકરણ...'** આત્મા અને બંધન–રાગ એનું બે જુદાપણું કરવું એ મોક્ષ છે. શ્વેતાંબરમાં 'સૂયગડાંગ' માં પહેલી ગાથા છે. કાલે યાદ નહોતી આવી, સવારમાં યાદ આવી. 'બુજેજતિવુટીજા' એવું છે. 'બુજેજતિવુટીજા' બંધનને જાણ તો કર્મથી છૂટીશ. એ વાતની અહીં ના પાડે છે. કાલ યાદ નહોતું આવ્યું, પહેલી લીટી આજ સવારમાં વળી યાદ આવી. 'બુજેજતિવુટીજા' બંધનને જો જાણ તો કર્મથી તૂટીશ. અહીં કહે છે બંધનને લાખ, કરોડ જાણ પણ છેદ નહિ તો તૂટશે નહિ. આહા..!

દ્વિધાકરણ કહ્યું ને? આત્મા અને બંધને દ્વિધાકરણ (એટલે) બેનું જુદા કરવું કરે નહિ ત્યાં સુધી તેનો મોક્ષ થાય નહિ. ગમે એટલી પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ કર્મના જાણે એથી શું જાણ્યું? આત્મા અને બંધનું દ્વિધા કરવું, બે કરવું, જુદા પાડવું **'તે મોક્ષ છે.'** અને **'બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર...'** એકલા બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર **'મોક્ષનું કારણ છે (અર્થાત્ બંધના સ્વરૂપને જાણવામાત્રથી જ મોક્ષ થાય છે)' એમ કેટલાક કહે છે,...'** એ વાત લીધી છે એમાં શ્વેતાંબરમાં વળી વિશેષ વાત છે, બંધનને જાણ, બસ! એટલે મુક્તિ થશે. જાણ્યે

મુક્તિ થાય કે બંધને છેદે (મુક્તિ) થાય? આહા..! શુદ્ધ, શુદ્ધ લીધું છે ને? ચૈતન્ય શુદ્ધ રાગ રહિત પવિત્રતાનો પિંડ પ્રભુ એવો શુદ્ધ સ્વરૂપનો અનુભવ કર તો મુક્ત થઈશ. બાકી એકલા કર્મની પ્રકૃતિના, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ ગમે તેટલા જાણે એથી કરીને મુક્તિ છે નહિ. એ તો બધું બંધનું કારણ છે.

એથી કહે છે, કેટલાક લોકો એમ કહે છે, **'તે અસત્ છે; કર્મથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ નથી, કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર બંધથી છૂટવાનું કારણ નથી...'** બેડી નાખી હોય, (એનું) અહીં જ્ઞાન થયું કે, બેડી છે. તેથી કાંઈ બેડીથી છૂટી જાય? બેડી મને નાખી છે, આ બેડી છે એમ જાણ્યું એથી કાંઈ છૂટે નહિ. **'કેમ કે જેમ બેડી આદિ બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર...'** બંધના સ્વરૂપનું એકલું જાણવું. **'બંધથી છૂટવાનું કારણ નથી તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર કર્મબંધથી છૂટવાનું કારણ નથી.'** કર્મ આવા છે ને પ્રકૃતિ આવી છે ને સ્થિતિ આમ છે. શ્વેતાંબરમાં એ ઘણું છે. એક સાધુ બહુ (જાણકાર) હતો, કર્મનો અભ્યાસ ઘણો. ગયા હતા ને ન્યાં? 'રતનચંદજી' પાસે. દિગંબર નહિ? એની પાસે એ ભણવા ગયા હતા. એને કર્મ પ્રકૃતિનું ઘણું (જ્ઞાન હતું) પણ એથી શું થયું?

જાણનારને જાણ્યો નહિ, જાણનાર ચૈતન્ય આનંદ સ્વરૂપ એના જ્ઞાન અને ભાન વિના બંધનથી ત્રણકાળમાં મુકાય નહિ. આહાહા..! ગમે એટલા કર્મ પ્રકૃતિના પલાખા, આંકડા ગમે એ શિખ્યો હોય એથી બંધન છૂટે નહિ. બેડીનો દૃષ્ટાંત આપ્યો ને? આ કારણથી **'જેઓ કર્મબંધના પ્રપંચની (-વિસ્તારની)...'** કર્મનો ખુબ વિસ્તાર સમજે. આમ પ્રકૃતિ ને આમ સ્થિતિ ને રસ ને પહેલે ગુણસ્થાને આમ છે ને બીજે સત્તા આમ છે ને ત્રીજે આમ છે ને ચોથે આમ છે. એથી કરીને શું? એ **'(-વિસ્તારની) રચનાના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે તેમને ઉત્થાપવામાં આવે છે.'** આહાહા..!

'કુંદકુંદાચાર્ય' વખતે તો શ્વેતાંબર નીકળી ગયેલા ને? અને એનું કથન વિશેષ કર્મ ઉપર હતું. કર્મને જાણવું, એને જાણવું, આને જાણવું. કર્મને જાણવામાં શું થયું? કર્મ તો જડ છે. એ કર્મથી ભિન્ન કરવું. ભિન્ન કરવું ક્યારે થાય? કે આત્માનું જ્ઞાન કરે અને પછી રાગથી જુદું પડવાનું જ્ઞાન કરે તો અંદર જ્ઞાન થાય. આ રાગ છે ને આટલી પ્રકૃતિ છે ને આ પ્રદેશ છે (એના જ્ઞાનથી શું થયું?)

મુમુક્ષુ :- આખો કરણાનુયોગ ઉડાડી દીધો.

ઉત્તર :- ઉડાડી નહિ, એ ચારેય અનુયોગનું જ્ઞાન હો. પણ કર્મ ને રાગથી ભિન્ન પડે ત્યારે મુક્તિ થાય. આજે એ આવ્યું છે. ચાર અનુયોગોનું જ્ઞાન જોઈએ, ચારેય અનુયોગોનું (જ્ઞાન જોઈએ). જ્ઞાન એ જુદી વસ્તુ છે. એને જાણવું કરવું ભલે જાણે. પણ મૂળ બંધનને છેદવાની ક્રિયા વિના (એ જાણવું શું કામનું?) એ બંધનને ક્યારે છેદે? કે અખંડ અભેદ

ચૈતન્ય જ્ઞાન, આનંદ લક્ષણવાળુ અને આ રાગાદિ દુઃખ અને બંધનનું કારણ (છે) એમ ભિન્ન જાણે તો છેદે, તો જુદો પડે. આહા..! આકરું કામ છે.

એક જગ્યાએ રહે, એક સ્થળે રહે, એક ક્ષેત્રે રહે, સાથે ને સાથે રહે. કર્મ ને આત્મા જ્યાં જાય ત્યાં ભેગા (રહે). આહા..! એથી કહ્યું ને કે, એને જે છેદે એ પોતાના બંધનને મારે છે, બંધુને મારે છે, બંધુ. સાથે રહેલા બિચારાને મારે છે. 'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે. અહીં તો કહે છે જીવ અને આત્મા એક જ વસ્તુ છે. આત્મા કર્મ એને જુદા પાડવાની ક્રિયા વિના તેની મુક્તિ થાય નહિ. બેને જાણવામાત્રથી થાય નહિ. આહા..! એ કીધું.

**ભાવાર્થ :– 'બંધનું સ્વરૂપ જાણવાથી જ મોક્ષ છે એમ કોઈ અન્યમતી માને છે.'** છે એ વિશેષ. **'તેમની એ માન્યતાનું આ કથનથી નિરાકરણ જાણવું. જાણવામાત્રથી જ બંધ નથી કપાતો,...'** બેડીમાં પકડાણો છું (એમ) જાણ્યું એમાં બેડી છુટી જાય? **'બંધ તો કાપવાથી જ કપાય છે.'** બંધને જાણવાથી કપાતો નથી. આહા..! 'હંસરાજભાઈ' ને કર્મનો અભ્યાસ હતો. 'અમરેલી'વાળા 'હંસરાજ' નહિ? 'રામજી હંસરાજ'. એને પ્રકૃતિનો અભ્યાસ હતો, વાતું કર્યા કરે. આનું આમ છે ને આનું આમ છે ને આનું આમ છે. તત્ત્વની કાંઈ ખબર ન મળે. આહાહા..!

વિશેષ આનું જ્ઞાન ન પણ હોય. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદ સ્વરૂપ સદા સર્વદા જેનું એક જ લક્ષણ આનંદ છે એવા આનંદને પકડ્યા વિના બંધનથી છૂટાય નહિ. એ આનંદને પહેલો સમ્યગ્દર્શનમાં પકડવો પછી આનંદમાં સ્થિર થવું ને સ્થિરતા વિશેષ વધવી. પણ એ આનંદ સ્વરૂપ છે, એ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ આત્મા (છે). બાકી બધા ભાવો, શુભઅશુભ ભાવો દુઃખરૂપ છે. એ દુઃખરૂપ ભાવ અને આનંદરૂપ ભાવ બેને દ્વિધા કરવું, જુદા પાડવા એ મુક્તિનો, છેદવાનો ઉપાય છે. આહાહા..! ક્રિયાકાંડ કર એ તો રાગ છે. એનાથી જુદું પાડવું એ મોક્ષનું કારણ છે. રાગ એ મોક્ષનું કારણ છે નહિ. **'જાણવામાત્રથી જ બંધ નથી કપાતો, બંધ તો કાપવાથી જ કપાય છે.'** લ્યો!

*** આ જાણનારમાંથી આનંદ અને શાંતિ આવે છે, એના શબ્દની ભલે ખબર ન હોય પણ એના ભાવનું ભાન બરાબર (સમ્યક્દૃષ્ટિ તિર્યંચને) હોય છે. શબ્દો આવડતા હોય પણ ભાવનું ભાસન ન હોય, તેને જીવતત્ત્વની ખબર નથી તેનાથી ઉલટું ભલે નામની ખબર ન હોય પણ આત્માને સ્વપણે અને અજીવ પુદ્ગલને પરપણે શ્રદ્ધે તો તેને સમ્યગ્દર્શન થાય છે. આ રીતે સામાન્યપણે જીવ-અજીવનું શ્રદ્ધાન (સમ્યક્દૃષ્ટિ) તિર્યંચોને પણ હોય છે. ૯૬૮.**

**– પરમાગમસાર**

# ગાથા-૨૯૧

जह बंधे चिंतंतो बंधणबद्धो ण पावदि विमोक्खं।
तह बंधे चिंतंतो जीवो वि ण पावदि विमोक्खं।।२९१।।

यथा बन्धांश्चिन्तयन् बन्धनबद्धो न प्राप्नोति विमोक्षम्।
तथा बन्धांश्चिन्तयन् जीवोऽपि न प्राप्नोति विमोक्षम्।।२९१।।

बन्धचिन्ताप्रबन्धो मोक्षहेतुरित्यन्ये, तदप्यसत्; न कर्मबद्धस्य बन्धचिन्ताप्रबन्धो मोक्षहेतुः, अहेतुत्वात्, निगडादिबद्धस्य बन्धचिन्ताप्रबन्धवत्। एतेन कर्मबन्धविषयचिन्ताप्रबन्धात्मकविशुद्ध-धर्मध्यानान्धबुद्धयो बोध्यन्ते।

---

બંધના વિચાર કર્યા કરવાથી પણ બંધ કપાતો નથી એમ કહે છે :–

બંધન મહીં જે બદ્ધ ને નહિ બંધચિંતાથી છૂટે,
ત્યમ જીવ પણ બંધો તણી ચિંતા કર્યાથી નવ છૂટે. ૨૯૧.

ગાથાર્થ :– [ यथा ] જેમ [ बन्धनबद्धः ] બંધનથી બંધાયેલા પુરુષ [ बन्धान् चिन्तयन् ] બંધોના વિચાર કરવાથી [ विमोक्षम् न प्राप्नोति ] મોક્ષ પામતો નથી (અર્થાત્ બંધથી છૂટતો નથી), [ तथा ] તેમ [ जीवः अपि ] જીવ પણ [ बन्धान् चिन्तयन् ] બંધોના વિચાર કરવાથી [ विमोक्षम् न प्राप्नोति ] મોક્ષ પામતો નથી.

ટીકા :– 'બંધ સંબંધી વિચારશૃંખલા મોક્ષનું કારણ છે' એમ બીજા કેટલાક કહે છે, તે પણ અસત્ છે; કર્મથી બંધાયેલાને બંધ સંબંધી વિચારની શૃંખલા મોક્ષનું કારણ નથી, કેમકે જેમ બેડી આદિથી બંધાયેલાને તે બંધ સંબંધી વિચારશૃંખલા (-વિચારની પરંપરા) બંધથી છૂટવાનું કારણ નથી તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધ સંબંધી વિચારશૃંખલા કર્મબંધથી છૂટવાનું કારણ નથી. આથી (-આ કથનથી), કર્મબંધ સંબંધી વિચારશૃંખલાત્મક વિશુદ્ધ (-શુભ) ધર્મધ્યાન વડે જેમની બુદ્ધિ અંધ છે તેમને સમજાવવામાં આવે છે.

ભાવાર્થ :– કર્મબંધની ચિંતામાં મન લાગ્યું રહે તોપણ મોક્ષ થતો નથી. એ તો ધર્મધ્યાનરૂપ શુભ પરિણામ છે. જેઓ કેવળ શુભ પરિણામથી જ મોક્ષ માને છે તેમને અહીં ઉપદેશ છે કે-શુભ પરિણામથી મોક્ષ થતો નથી.

## ગાથા–૨૯૧ ઉપર પ્રવચન

**'બંધના વિચાર કર્યા કરવાથી...'** હવે વિચાર કરવો, લ્યો! બંધની ચિંતા કર્યા કરવી એથી કાંઈ બંધ કપાય? **'પણ બંધ કપાતો નથી એમ હવે કહે છે -'**

**जह बंधे चिंतंतो बंधणबद्धो ण पावदि विमोक्खं।**
**तह बंधे चिंतंतो जीवो वि ण पावदि विमोक्खं।।२९१।।**

**બંધન મહીં જે બદ્ધ ને નહિ બંધચિંતાથી છૂટે,**
**ત્યમ જીવ પણ બંધો તણી ચિંતા કર્યાથી નવ છૂટે. ૨૯૧.**

ટીકા :– **'બંધ સંબંધી વિચારશૃંખલા મોક્ષનું કારણ છે' એમ બીજા કેટલાક કહે છે,...'** એમ કહે, બંધનું જાણવું, માત્ર બંધના વિચારમાં રહ્યા કરવું, કર્મના વિચારમાં, કર્મના વિચારમાં (રહેવું) એમ. બંધના સંબંધી વિચારનું આહાહા..! વિચારશૃંખલા–વિચારની પરંપરા **'મોક્ષનું કારણ છે' એમ બીજા કેટલાક કહે છે, તે પણ અસત્ છે;...'** આહાહા..! **'કર્મથી બંધાયેલાને બંધ સંબંધી વિચારની શૃંખલા મોક્ષનું કારણ નથી,...'** બંધનું જાણપણું તો કારણ નહિ પણ બંધનો વારંવાર... વારંવાર... વારંવાર... વિચાર કર્યા કરવો એ તો વિકલ્પ છે. એ કાંઈ મોક્ષનું કારણ નથી. કાલે એક લેખ આવ્યો છે, 'ચારે અનુયોગનું જ્ઞાન કરવું.' ટાઈમ હોય તો ચારે અનુયોગનું જ્ઞાન કરવું બરાબર છે.

મુમુક્ષુ :– દ્રવ્યાનુયોગનું જ્ઞાન તો પહેલામાં પહેલું કરવું જોઈએ.

ઉત્તર :– હા. દ્રવ્યાનુયોગનું જ્ઞાન કરે તો એ દૃષ્ટિએ બીજા અનુયોગોની રીત શું છે એ સમજાય. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે, કે દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્યાનુયોગની દૃષ્ટિ જો મળે તો એ દૃષ્ટિએ પછી બીજા અનુયોગ વાંચે તો એને કઈ દૃષ્ટિએ કહેવાણું છે એ સમજાય. પણ મૂળ દૃષ્ટિ નથી અને એની મેળાએ (વાંચે) તો પોતાની કલ્પનાથી માને. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. મૂળ વાત તો ત્યાં દ્રવ્યાનુયોગમાં છે. મુખ્ય વાત છે તેનું હજી જ્ઞાન નથી અને એ દૃષ્ટિ શું છે એની ખબર નથી. એ દૃષ્ટિ કર્યા વિના બીજા અનુયોગો વાંચે તો દૃષ્ટિને ખતવ્યા વિના બીજે ઠેકાણે ખતવી નાખે. દ્રવ્યાનુયોગની દૃષ્ટિ મળી હોય તો બધાનો સાર પાછો અભેદ સામાન્ય ઉપર કરવાનો છે. ગમે એટલી વાત ને વિચાર ને વાત આવે, લાખ વાત આવે, બધી વાત આવે, ભલે આવે પણ એનો સાર અભેદ ચૈતન્ય સ્વરૂપ જેમાં આવ્યું ને? 'નિયમસાર' માં ન કીધું? વિપરીત, વિપરીત. 'વિપરીતના પરિહાર અર્થે' એ 'નિયમસાર' માં આવ્યું. ત્યાં પછી નીચે અર્થ કર્યો છે–વિપરીત અને ભેદ, બેયના નાશ (અર્થે), ભેદ પણ નાશ (કરવાયોગ્ય) છે. ભેદ પણ વિકલ્પ છે. ભલે જાણે, જાણે પણ છતાં

સરવાળો પાછો અંત ક્યાં? એકરૂપ સ્વનો, ચૈતન્યનો આશ્રય લઈ દૃષ્ટિ કરે પછી સ્વરૂપમાં ઠરે એ મોક્ષનું કારણ છે. બાકી લાખ વાતની વાત ગમે એટલી હોય. ચાર અનુયોગમાં ઘણા પ્રકાર હોય, કર્મમાં ઘણા પ્રકારની વાતું છે.

અહીં કહે છે, કે એ કર્મનો વિચાર કર્યા કરવો, વિચારની શૃંખલા મુક્તિનું મુખ્ય કારણ છે. છે ને? તો તે પણ અસત્ છે, જૂઠી વાત છે કહે છે. **'કર્મથી બંધાયેલાને બંધ સંબંધી વિચારની શૃંખલા મોક્ષનું કારણ નથી,...'** બેડીનો દાખલો આપ્યો હતો ને પહેલો? બેડી બંધાયેલાને બેડીના જ્ઞાનથી બેડી છૂટતી નથી. એમ બેડીનો વિચાર કર્યા કરવાથી કાંઈ બેડી છૂટતી નથી. આહાહા..! **'કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને તે બંધ સંબંધી વિચારશૃંખલા (-વિચારની પરંપરા) બંધથી છૂટવાનું કારણ નથી...'** બેડીનો વિચાર કરે કે આ બેડી આવી છે ને આ બેડી આવી છે ને આ બેડી આવી છે. આહાહા..! એથી કરીને શું? **'તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધ સંબંધી વિચારશૃંખલા...'** વિચારની પરંપરા. એનો જ વિચાર કર્યા કરે (કે) આ સત્તા ને આ ઉદય ને આટલી ઉદીરણા, આ ગુણસ્થાને આટલી ઉદીરણા ને આ ગુણસ્થાને આટલી સત્તા ને આ ગુણસ્થાને આટલો ઉદય ને... એ બધી જાણવાની વાતનો વિચાર કર્યા કરે એથી કર્મબંધથી છૂટે નહિ.

**'તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધ સંબંધી વિચારશૃંખલા કર્મબંધથી છૂટવાનું કારણ નથી. આથી (-આ કથનથી), કર્મબંધ સંબંધી વિચારશૃંખલાત્મક વિશુદ્ધ (-શુભ) ધર્મધ્યાન વડે...'** શુભ કીધું ને? વ્યવહાર. જુઓ! ધર્મધ્યાન કીધું, વ્યવહાર. નિશ્ચય ધર્મધ્યાન તો આત્માના આશ્રયે થાય. આ તો વિકલ્પ છે એને વ્યવહાર ધર્મનો આરોપ કરીને વાત કરી છે. અહીં વળગે કે, જુઓ! શુભને પણ વ્યવહારધર્મ કહ્યો છે. વિશુદ્ધ (-શુભ), વિશુદ્ધ ધર્મધ્યાન વડે એમ. વિશુદ્ધનો અર્થ અહીંયાં શુભ છે. કારણ કે વિશુદ્ધના અર્થ ઘણાં થાય છે ને? વિશુદ્ધના અર્થ શુદ્ધ થાય છે, પવિત્રતા થાય. આ ઠેકાણે વિશુદ્ધનો અર્થ શુભ છે.

**'એ (–શુભ) ધર્મધ્યાન વડે જેમની બુદ્ધિ અંધ છે...'** આહાહા..! એ વિચારના શુભભાવમાં જ અટકી ગયો છે. એ આંધળો છે. આહાહા..! છે? એને આત્મા શું છે એની ખબર નથી. મૂળ ચીજની ખબર વિના કર્મની વિચારણામાં ગમે એટલો જાય, ઊંડો ઉતરે પણ એ અંધ છે, આંધળો છે. આત્માને જાણ્યો નથી માટે આંધળો છે. આત્માને જાણ્યો હોય ને પછી બીજું જ્ઞાન ભલે થોડું હોય તોપણ તે દેખતો છે. આહાહા..! વિશેષ જ્ઞાન ન પણ હોય.

'શિવભૂતિ' અણગાર. (એમને) માતુષ, મારુષ એટલા શબ્દો પણ યાદ રહેતા નહોતા. માતુષ, મારુષ–રાગ કરીશ નહિ, દ્વેષ કરીશ નહિ. એ શબ્દ યાદ રહેતા નહોતા. ભાવ અંદર હતો. આત્માથી ભિન્ન ભાવનું ભાન હતું. આહાહા..! કહો! મારુષ માતુષ. મારુષ એટલે કોઈની સાથે દ્વેષ કરવો નહિ, કોઈ સાથે રાગ કરવો નહિ. એટલા શબ્દ હતા એ પણ યાદ રહ્યા નહિ. એમાં એક બાઈ વળી અડદની દાળના ફોતરા આમ કાઢતી (હતી).

એમાં એક બાઈએ પૂછ્યું કે, શું કરો છો બેન? કે, માષતુષ ભિન્ન કરીએ છીએ. માસ એટલે અડદ ને તુષ એટલે ફોતરા. હવે ઇ સાંભળીને અંદર કેવળજ્ઞાન થઈ ગયું. આહાહા..! મુનિ તો હતા, ભાવમુનિ હતા. ધારણામાં જાણપણું નહોતું. બાકી અંતરમાં પાંચ સમિતિ, ગુપ્તિનું સમ્યગ્જ્ઞાન હતું. દ્રવ્યશ્રુત નહોતું. આહાહા..! દ્રવ્યશ્રુતના માતુષ ને મારુષ એ શબ્દ પણ યાદ નહોતા રહેતા. પણ અંદરમાં (યાદ નહોતું રહેતું). બાઈએ પૂછ્યું, શું કરો છો બેન? કે, આ માષ એટલે અડદ અને ફોતરા બે જુદા કરીએ છીએ. માષતુષ. એમાં અંદરમાં ઊતરી ગયા. અહો..! ચૈતન્યમૂર્તિ માષ અડદ છે અને પુણ્ય ને પાપના વિકલ્પ એ પોતે ફોતરા છે. અને અંદર ઊતરી ગયા, કેવળ પામ્યા. આવે છે ને વાત? કહો, હવે એને કાંઈ બીજું જાણપણું નહોતું, કરણાનુયોગનું (જાણપણું) નહોતું. આહાહા..! સમ્યગ્જ્ઞાન હતું. આત્માને રાગથી ભિન્ન જાણ્યો હતો પણ હજી ભિન્ન કરીને પૂર્ણ કરવું એ નહોતું. એમાં આ જ્યારે શબ્દ સાંભળ્યો–મારુષ, માતુષ ઓહો..! આ તો માષ અડદ (અને) તુષ ફોતરા. અડદની દાળ કરે ને? છડી દાળ, છડી ધોળી ફોતરા કાઢીને એમ આ દયા, દાન આદિ વિકલ્પો બધા ફોતરા છે. ભગવાન અંદર ચિદાનંદ એ નિર્મળ કસ વસ્તુ છે એમ અંતરમાં ભાન હતું એમાં અંદર ઊતરી ગયા, કેવળ થઈ ગયું. આહાહા..!

કહો, ચાર અનુયોગનું જ્ઞાન પણ નહોતું, આટલા શબ્દોનું જ્ઞાન નહોતું. કાલ કો'કનો મોટો લેખ આવ્યો છે. ચાર અનુયોગનું જ્ઞાન કરવું ને એકાંતે આત્મા આત્મા કરતાં હોય અને દ્રવ્યાનુયોગનું (જ્ઞાન) કરતા હોય તો એને એકાંત છે. બધાનું કરવું જોઈએ. અરે..! તું સાંભળને, ભાઈ! આહાહા..! શક્તિ હોય તો કરે, વખત હોય (તો) જાણપણું સ્વાધ્યાય (કરે) પણ કરવાનું તો આ છે. આહાહા..! ગમે તેટલું જાણ્યું પણ જાણીને કરવાનું શું? એ આવ્યું હતું ને? વ્યવહારનયમાં આવ્યું હતું ને કાલે? નહિ? કરવાનું હતું તે કર્યું કૃત કૃત્ય થઈ ગયું, કરવાનું હતું તે કર્યું માટે કૃત્યકૃત્ય થઈ ગયા. કરવાનું હતું શું? કે રાગથી ભિન્ન પડીને સ્વરૂપમાં સ્થિર થવું એ કરવાનું હતું. આહાહા..! મોટી વિદ્વતા ને સભારંજન કરતાં ન આવડે, આહાહા..! એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..!

અંતરનો ભગવાન નાળીયેરમાં જેમ જુદો ગોળો (હોય), નાળિયેરમાં જેમ જુદો (ગોળો છે) એમ આત્મા રાગના ભાવથી તદ્દન જુદો ગોળો છૂટો પડ્યો છે. આહાહા..! એવું જ્યાં ભાન અને અનુભવ થયો એને બીજું જ્ઞાન વિશેષ ન હોય, કરણાનુયોગનું શું (પણ) દ્રવ્યાનુયોગનું વિશેષ (જ્ઞાન) ન હોય. આહાહા..! એક આત્મા સ્વરૂપ, મારે અને વિકલ્પને પણ સંબંધ નથી, શુભઅશુભ રાગ ને વિકલ્પને પણ સંબંધ નથી એવો મારો ભાવ અંદર ચૈતન્ય ભિન્ન છે એવું ભાન કરીને ઠરે (એમાં) બધું આવી ગયું. એ કરવાનું હતું તે કર્યું. એ કૃત કૃત્ય થઈ ગયો, કૃત કૃત્ય થઈ ગયો એટલે કરવાનું હતું ઇ એણે કર્યું. મોટી મોટી વાતું કરે ને.. આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ! બહારના જાણપણામાં અભિમાન થઈ

જાય, અભિમાન. અમે જાણીએ છીએ, આ આમ જાણીએ છીએ, કર્મને જાણીએ છીએ ને કથાનુયોગને જાણીએ છીએ ને ગણિતાનુયોગને જાણીએ છીએ. અરે..! બાપુ! હો. ભગવાનઆત્માને જાણીને ઠરવું એ એક જ વાત છે. એમાં કાંઈ બીજી જરૂર નથી. આહાહા..!

ચૈતન્ય સ્વરૂપ, આનંદ સ્વરૂપ ગોળો ભિન્ન છે. જેને રાગના નાનામાં નાનો વિકલ્પ (આવે) એને ને એને કાંઈ સંબંધ નથી, એને અડતો નથી. આહાહા..! એવો ગોળો છૂટો પડ્યો છે. એવું ભાન કરે એણે બધું કર્યું. એનાથી જુદો પડીને કેવળ પામ્યા એને કૃત્ય થઈ ગયું, બધું કર્યું. કરવાનું હતું તે કર્યું. કૃત કૃત્ય કીધુંને? કૃત કૃત્ય-કાર્ય કરવાના હતા એ કર્યા. આહા..! શું કરવાના હતા? આ. વસ્તુ ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધ પરમ પારિણામિક નિરંજન નિજ પરમાત્મ તત્ત્વ એને પકડ્યો અને એમાં ઠરવું એ કરવાનું હતું. આહાહા..! બાર અંગ ભણે કે અગિયાર અંગ ભણે કે પાંચ સમિતિ, ગુપ્તિ ભણે. ભણી ભણીને કરવાનું તો આ છે, એ ન કર્યું તો કાંઈ કર્યું નથી. આહાહા! હવે ઓલા ઇ જાણપણામાં ઠરાવે, કાલે બહુ વાત આવી છે એક પુસ્તકમાં કે ચાર અનુયોગ ભણવા, વાંચવા. એકાંત દ્રવ્યાનુયોગનું નહિ. આત્મા આત્મા નહિ કરો.

'શિવભૂતિ' (મુનિને) તો આત્માનું ભાન (હતું). એ સિવાય દ્રવ્યશ્રુતની ધારણા પણ નહોતી. મારુષ ને માતુષ એટલા શબ્દ પણ યાદ નહોતા રહેતા. આહાહા..! માલ જે હતો એ સાથે રહેતો. અતીન્દ્રિય આનંદ જેનું એક લક્ષણ છે એમ આવ્યું હતું ને કાલે? અતીન્દ્રિય આનંદ જેનું એક લક્ષણ છે. અતીન્દ્રિય આનંદ જે સર્વાર્થસિદ્ધમાં પણ નથી. આત્મજ્ઞાન છે એટલો આનંદ છે. રાગ છે એમાં એ આનંદ નથી. એવો અતીન્દ્રિય આનંદ એકરૂપ લક્ષણ જેનું. આહા..! તેમાં દુઃખ-રાગ નામ દુઃખ, વિકલ્પ નામ દુઃખ (નથી). ભણતરના નામે પણ વ્યભિચારિણી બુદ્ધિ થાય. આહાહા..!

એક કોર વ્યભિચારિણી (કહે). શાસ્ત્રમાં બુદ્ધિ રોકે (તેને) વ્યભિચારિણી કીધી છે. એક કોર જાણવાની શક્તિ હોય તો મૂળ મુદ્દો રાખીને જાણે, મૂળ મુદ્દાને ભૂલે નહિ. મૂળ મૂદ્દાને અધિકાય આપે, બહારના જાણપણાને અધિકતા આપે નહિ, અધિકપણું આપે નહિ ને અધિકપણું આપે તો પોતાનું અધિકપણું ચાલ્યું જાય છે. આહાહા..! વસ્તુ એવી (છે). એકલો પ્રભુ જેને એક વિકલ્પની પણ જરૂર નથી. આહાહા..! બીજા ધારણાના જ્ઞાનની તો જરૂર નથી પણ જેને ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ થાય એની પણ એને જરૂર નથી. એવો જે અભેદ ભગવાન એને રાગથી જુદો પાડીને અનુભવવો અને પછી ઠરીને મોક્ષ લેવો એ કરવાનું કર્તવ્ય છે. આહાહા..! બાકી પછી અનેક પ્રકારે હોય છે. ઇ કહેશે.

**'(-શુભ) ધર્મધ્યાન વડે...'** છે? વિશુદ્ધનો અર્થ કર્યો. નહિતર વિશુદ્ધનો અર્થ તો શુદ્ધ પણ થાય છે. પવિત્રતા પણ થાય છે. પણ અહીં વિશુદ્ધ એટલે શુભ, શુભ એટલે ચિંતા, રાગ. રાગરૂપી **'ધર્મધ્યાન વડે જેમની બુદ્ધિ અંધ છે...'** અહીં તો કહે છે. આહાહા..! એ

વિકલ્પની બુદ્ધિમાં જ રોકાય ગયા છે, એમાં જ આંધળા થઈ ગયા છે. જોનારને જાણતો નથી, નહિ જોનારમાં–આંધળામાં રોકાઈ ગયો. આહાહા..! વિકલ્પમાત્ર આંધળા–અજ્ઞાન છે. એમાં જ્ઞાનનો અંશ નથી. અજ્ઞાન એટલે વિપરીત નહિ, જ્ઞાનનો અંશ નથી. એથી એની સાથે જ્ઞાનને કાંઈ સંબંધ નથી.

જ્ઞાન સ્વરૂપી ભગવાન, આનંદ સ્વરૂપી. જ્ઞાન ને આનંદ એના મુખ્ય બે લક્ષણો. એ સિવાય જે ચીજ વિકલ્પ આદિ બિલકુલ પર ચીજ છે. આહા..! એમાં જે રોકાય છે, કર્મ પ્રકૃતિ ને એના વિચાર ને એની ધારણામાં (રોકાય છે) એ આંધળા છે. આહાહા..! '**તેમને સમજાવવામાં આવે છે.**' આંધળા છે એને સમજાવવામાં આવે છે, કે તું ચિંતા કર્યા કરે શુભભાવ, એનાથી તને કાંઈ કલ્યાણ થાય એવું નથી. કર્મની પ્રકૃતિ ને રસ ને... આહા..! કર્મની વાત મોટી છે ને? પહેલે ગુણસ્થાને આટલી પ્રકૃતિ સત્તામાં હોય, ઉદયમાં આટલી હોય, કોઈને સત્તા ૧૪૮ હોય, કોઈને સમકિત નહિ થયું હોય એને થોડી હોય, એને ઉદયમાં થોડી હોય સત્તા વધારે હોય એને ઉદયમાં થોડી હોય. આહાહા..! એને આટલું બંધન થાય, સત્તા, ઉદય ને બંધન એક એક ગુણસ્થાને (લે) એમ ચૌદ ગુણસ્થાને વાત લે છે. જાણવાની વાત આવે, જાણવાની... પણ વખત ન હોય તો કરવાનું તો આ છે. કરી કરીને કરવાનું તો અહીં છે. આહાહા..!

એવા આંધળાને સમજાવે છે એમ કહે છે. રાગમાં જ આંધળા થઈ ગયા છે. ચિંતા શુભભાવ, અમારે શુભભાવ તો છે ને! કર્મની વિચારણામાં અમે રોકાઈએ છીએ ને! અમે ક્યાં સંસારની, બાયડી-છોકરાની ચિંતામાં ક્યાં રોકાણા છીએ? એમ. એ ન્યાં રોકાણા કે અહીં રોકાણા બધું એક જાત છે. આહાહા..! આકરું કામ બહુ. શુભ ને અશુભ બેય બંધનું કારણ છે અને જાત એક છે–રાગ. આહાહા..! પ્રભુ અંદર વીતરાગ સ્વરૂપ તદ્દન જાત જુદી છે. એની દૃષ્ટિનો અનુભવ અને સ્થિરતા એ જ કરવાનું મુખ્ય છે. એ કર્યું એણે બધું કર્યું, એ કર્યું નથી એણે કાંઈ કર્યું નથી. આહાહા..!

'**વિશુદ્ધ ધર્મધ્યાન વડે જેમની બુદ્ધિ અંધ છે તેમને સમજાવવામાં આવે છે.**' તેમને સમજાવવામાં આવે છે. લ્યો! એક કોર 'સમાધિશતક' માં એમ કહે, કે જે અજ્ઞાની છે એ બીજા સમજાવે તોપણ નહિ સમજે, એની મેળાએ નહિ સમજે ને બીજો સમજાવે તોપણ નહિ સમજે. આવે છે ને? 'સમાધિશતક'. આહાહા..! ઊંધી સમજણ જેની છે એ તો બીજાથી પણ સમજશે નહિ અને પોતાથી સમજશે નહિ. અહીં તો ઉપદેશની શૈલી ચાલે છે. ત્યાં એમ પણ કહેવામાં આવે કે એવા આંધળાઓને અંધ બુદ્ધિ છોડાવવા સમજાવામાં આવે છે. કોઈને તો એમ લાગે કે, આ વિરુદ્ધ છે. 'સમાધિશતક' એમ કહે, કે બીજાને સમજાવવાનો વિકલ્પ છે એ ઉન્માદ છે, ઉન્માદ છે. આહાહા..! અહીં કહે છે, બીજાને સમજાવવામાં આવે છે. હેતુફેર છે, ભાઈ!

**ભાવાર્થ :– 'કર્મબંધની ચિંતામાં મન લાગ્યું રહે,...'** કર્મબંધનની ચિંતામાં મન લાગ્યું રહે **'તોપણ મોક્ષ થતો નથી.'** ત્યાં ને ત્યાં મન ચોંટી રહે, બીજા વિચારો ન જ આવે અને કર્મ બંધનની ચિંતામાં જ રોકાય રહે તો પણ તેને મુક્તિ ને ધર્મ થતો નથી. **'એ તો ધર્મધ્યાનરૂપ શુભ પરિણામ છે.'** વ્યવહાર ધર્મધ્યાન, હોં! તે ધર્મધ્યાનરૂપ શુભ પરિણામ છે. એટલે ધર્મધ્યાન તો કહ્યું ત્યારે ધર્મધ્યાન છે ને? એ તો વ્યવહાર ધર્મધ્યાન છે. એટલે નથી તેને કહ્યું છે. વ્યવહાર ધર્મ એટલે ધર્મ નથી તેને જાણવા, જ્ઞાન કરાવવા માટે કહ્યું છે. આહાહા..! **'જેઓ કેવળ શુભ પરિણામથી જ મોક્ષ માને છે...'** શુભ પરિણામથી મોક્ષ માને છે. બસ! કર્મના વિચાર કરવા, આ વિચાર કરવા, આના વિચાર કરવા.

મુમુક્ષુ :— 'શ્રીમદ્' માં આવે છે કે 'કર વિચાર તો પામ.'

ઉત્તર :– ઇ તો ઇ આત્માના વિચાર કર તો પામ, ત્યાં આત્માની વાત છે. આત્મા આનંદ સ્વરૂપ છે એકલો જ્ઞાન સ્વરૂપ (છે). કર વિચાર–તેનું જ્ઞાન કર તો પામ. તેનું જ્ઞાન. વિચાર એટલે જ્ઞાન. આહા..! પામ એમ કીધું છે ને? 'કર વિચાર તો પામ' ત્યાં વિચાર એટલે વિકલ્પ નથી. અંદર સ્વરૂપનો વિચાર કર, અંદર જ્ઞાનમાં અસંખ્ય પ્રદેશી અનંત ગુણનો ધણી અનંતકાળથી ગરીબાઈથી રખડે છે, દીનપણે રખડે છે, દીન થઈને માગે છે, આ આપો... આ આપો... આ આપો. ભર્યું છે તેમાંથી લેતો નથી. જે જેમાં નથી એને માગે છે. આહાહા..! ભગવાન અનંત ગુણથી ભર્યો છે, પ્રભુ! ભરેલો પૂર્ણ પરમાત્મા (છે) એમાંથી લેતો નથી ને બહારની વસ્તુ જેમાં છે નહિ, જેમાં તું છે નહિ તેને માગ્યા કરે છે. આહાહા..! ઝીણું બહુ પડે. માર્ગ એવો ઝીણો (છે).

**'કેવળ શુભ પરિણામથી જ મોક્ષ માને છે...'** એમાં વળી કોઈ કહે, કેવળ નહિ. ભલે એકલા શુદ્ધ ને પછી શુભ બેયથી મોક્ષ થાય. ઇ એમ કહેવાય. નિશ્ચય મોક્ષમાર્ગ જ્યાં છે ત્યાં વ્યવહાર શુભ પરિણામને મોક્ષમાર્ગ વ્યવહારથી કહેવાય. કેવળ શુદ્ધતાના ભાન વિના, શુદ્ધતા, સ્વભાવની શુદ્ધતા વિના એકલા શુભ પરિણામથી જ મોક્ષ માને છે એટલે કે દ્રવ્ય ઉપર તો જરીએ લક્ષ કરતો જ નથી અને પરદ્રવ્ય તરફના વલણમાં જ એકલો, બધો કાળ ગુમાવે છે. આહાહા..! ભરપૂર ભરેલો ભગવાન, અનંત ગુણનો ભરેલો ભગવાન, એની સામું જોતો નથી. જેમાં કાંઈ નથી ને એમાં તું પણ નથી ને તારામાં નથી. એના પરિણામમાં મોક્ષ પ્રાપ્ત માને. **'તેમને અહીં ઉપદેશ છે કે-શુભ પરિણામથી મોક્ષ થતો નથી.'** લ્યો!

# ગાથા–૨૯૨

कस्तर्हि मोक्षहेतुरिति चेत् -

जह बंधे छेत्तूण य बंधणबद्धो दु पावदि विमोक्खं।
तह बंधे छेत्तूण य जीवो संपावदि विमोक्खं।।२९२।।

यथा बन्धांश्छित्वा च बन्धनबद्धस्तु प्राप्नोति विमोक्षम्।
तथा बन्धांश्छित्वा च जीवः सम्प्राप्नोति विमोक्षम्।।२९२।।

कर्मबद्धस्य बन्धच्छेदो मोक्षहेतुः, हेतुत्वात्, निगडादिबद्धस्य बन्धच्छेदवत्। एतेन उभयेऽपि पूर्वे आत्मबन्धयोर्द्विधाकरणे व्यापार्येते।

---

‘(જો બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી પણ મોક્ષ નથી અને બંધના વિચાર કરવાથી પણ મોક્ષ નથી) તો મોક્ષનું કારણ ક્યું છે?’ એમ પૂછવામાં આવતાં હવે મોક્ષનો ઉપાય કહે છે :–

બંધન મહીં જે બદ્ધ તે નર બંધછેદનથી છૂટે,
ત્યમ જીવ પણ બંધો તણું છેદન કરી મુક્તિ લહે. ૨૯૨.

ગાથાર્થ :– [ यथा च ] જેમ [ बन्धनबद्धः तु ] બંધનથી બંધાયેલો પુરુષ [ बन्धान् छित्वा ] બંધોને છેદીને [ विमोक्षम् प्राप्नोति ] મોક્ષ પામે છે, [ तथा च ] તેમ [ जीवः ] જીવ [ बन्धान् छित्वा ] બંધોને છેદીને [ विमोक्षम् सम्प्राप्नोति ] મોક્ષ પામે છે.

ટીકા :– કર્મથી બંધાયેલાને બંધનો છેદ મોક્ષનું કારણ છે, કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધનો છેદ બંધથી છૂટવાનું કારણ છે તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધનો છેદ કર્મબંધથી છૂટવાનું કારણ છે. આથી (-આ કથનથી), પૂર્વે કહેલા બન્નેને (-જેઓ બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે તેમને અને જેઓ બંધના વિચાર કર્યા કરે છે તેમને-) આત્મા અને બંધના દ્વિધાકરણમાં વ્યાપાર કરાવવામાં આવે છે (અર્થાત્ આત્મા અને બંધને જુદા જુદા કરવા પ્રત્યે લગાડવામાં-જોડવામાં-ઉદ્યમ કરાવવામાં આવે છે).

## ગાથા-૨૯૨ ઉપર પ્રવચન

**‘(જો બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી પણ મોક્ષ નથી...)’** બંધના સ્વરૂપમાં જ્ઞાન(માત્રથી પણ મોક્ષ નથી). પહેલી ત્રણ ગાથા આવી ને? બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી પણ મોક્ષ નથી. આહા..! ‘**(અને બંધના વિચાર કરવાથી પણ મોક્ષ નથી)...**’ એમાં ને એમાં વિચાર કર્યા કરે પણ એમાં મોક્ષ નથી. આહાહા..! ‘મોક્ષ અધિકાર’ છે ને અહીંયાં? ‘**તો મોક્ષનું કારણ ક્યું છે?’ એમ પૂછવામાં આવતાં...**’ એમ આવું સાંભળીને જેની જિજ્ઞાસા થઈ હોય, કે બંધના જ્ઞાનથી મુક્તિ નહિ, બંધના વિચારપણાથી પણ મુક્તિ નહિ. ત્યારે હવે મુક્તિ થાય શી રીતે? એમ જેને અંતરમાં સમજવાની જિજ્ઞાસા, ધગશ છે એને આ ઉત્તર દેવામાં આવે છે. આહાહા..! ‘**હવે મોક્ષનો ઉપાય કહે છે :–**’

**जह बंधे छेत्तूण य बंधणबद्धो दु पावदि विमोक्खं।**
**तह बंधे छेत्तूण य जीवो संपावदि विमोक्खं।।२९२।।**

**બંધન મહીં જે બદ્ધ તે નર બંધછેદનથી છૂટે,**
**ત્યમ જીવ પણ બંધો તણું છેદન કરી મુક્તિ લહે. ૨૯૨.**

(બંધ છેદનથી છૂટે અહીં વજન છે) બંધનો નાશ કરવાથી થાય. બંધનો વિચાર કરવાથી, બંધનું જ્ઞાન કરવાથી નહિ. બંધને છેદવાથી થાય. આહાહા..! એટલે કે શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય છે તેમાં અંદર સમાવાથી મુક્તિ થાય. કાંઈ બંધના જ્ઞાનથી નહિ ને બંધના વિચારથી નહિ. સ્વરૂપના જ્ઞાનથી ને સ્વરૂપના વિચારથી, વિચાર એટલે એકાગ્રતા, એનાથી થાય. આહા..!

**ટીકા :–** ‘**કર્મથી બંધાયેલાને બંધનો છેદ મોક્ષનું કારણ છે,...**’ અસ્તિથી (વાત) લીધી. ‘**કર્મથી બંધાયેલાને બંધનો છેદ મોક્ષનું કારણ છે. કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધનો છેદ બંધથી છૂટવાનું કારણ છે...**’ બેડીનું જ્ઞાન કરવાથી નહિ ને બેડીની ચિંતા કરવાથી નહિ પણ બેડીને છેદવાથી (મુક્તિ) થાય છે. આહા..! ‘**કર્મથી બંધાયેલાને બંધનો છેદ...**’ બંધનો છેદ. આહાહા..! મોક્ષનો ઉપાય છે.

‘**કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધનો છેદ બંધથી છૂટવાનું કારણ છે તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધનો છેદ કર્મબંધથી છૂટવાનું કારણ છે.**’ આહા..! ‘**આથી (-આ કથનથી), પૂર્વે કહેલા બન્નેને (-જેઓ બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે તેમને અને જેઓ બંધના વિચાર કર્યા કરે છે તેમને-)...**’ બંધનનું જ્ઞાન કર્યું એટલે જાણે થયું... ઓહો..! આનું આમ છે ને આનું આમ છે ને આનું આમ છે.

**'આત્મા અને બંધના દ્વિધાકરણમાં...'** આહાહા..! એનું જ્ઞાન ને એકલા વિચાર, બે નહિ. એના **'દ્વિધાકરણમાં વ્યાપાર કરાવવામાં આવે છે'** કરાવવામાં આવે છે. લ્યો! આ કરવું. આત્મા ને બંધના દ્વિધા–બે જુદું કરવાનો વ્યાપાર કરાવવામાં આવે છે. આહાહા..! **'(અર્થાત્ આત્માને બંધને જુદો જુદો કરવા પ્રત્યે લગાડવામાં આવે છે, ત્યાં જોડવામાં આવે છે).'** બંધનું જ્ઞાન ને બંધના વિચાર કરતાં છોડીને બંધને છેદવામાં કે છોડવામાં, જોડવામાં ત્યાં આવે છે. **'ઉદ્યમ કરાવવામાં આવે છે.'** આટલા શબ્દો વાપર્યા છે.

**'આત્મા અને બંધને જુદા જુદા કરવા પ્રત્યે લગાડવામાં...'** પાઠમાં આવ્યું હતું ને અભ્યાસ કરવા, વ્યાપાર કરાવવામાં આવે છે. એની વ્યાખ્યા કરી, કે આત્મા ને બંધને જુદા કરવામાં એક તો ઇ કે, **'(જુદા જુદા કરવા પ્રત્યે લગાડવામાં-જોડવામાં-ઉદ્યમ કરાવવામાં આવે છે).'** જુદા કરવાનો ઉદ્યમ. આનું જ્ઞાન ને વિચાર નહિ. એને જુદા કરવાનો ઉદ્યમ. આહાહા..! આત્મા તરફનું વલણ અને રાગથી ભિન્ન એ રીતે જુદા કરવામાં, એને જુદા લગાડવામાં, જુદા જોડવામાં, ઉદ્યમ કરાવવામાં આવે છે.

**'માત્ર આ જ (અર્થાત્ બંધનો છેદ જ) મોક્ષનું કારણ કેમ છે?'** હવે શિષ્યને શંકા હતી કે એકાંત આ, એકાંત આ એક જ વાત? કાંઈ બીજી વાત છે કે નહિ? અનેક અનેક અનેક છે કે નહિ? અનેકાંત છે કે નહિ? આહાહા..! **'માત્ર આ જ (અર્થાત્ બંધનો...)'** આહાહા..! છે ને? માથે શિષ્યનો પ્રશ્ન છે. માથે સંસ્કૃત છે **'किमयमेव मोक्षहेतु'** આજ મોક્ષનો એકાંત હેતુ? એ તો એકાંત થઈ ગયું. એક જ કારણ મોક્ષનો હેતુ? બે કારણ ખરા કે નહિ કાંઈ? મોક્ષના માર્ગ બે છે ને? બે નથી, મોક્ષનો માર્ગ બે નથી, માર્ગ એક છે. બે તો કથન કરવામાં આવ્યું છે. આરોપથી કથન છે, બે મોક્ષના માર્ગ નથી. એટલે શિષ્યને પ્રશ્ન થયો છે, કે આ માત્ર આ જ? એક જ? બંધનો છેદ જ મોક્ષનું કારણ એક જ કેમ છે? બે કારણ ક્યાંક આવ્યા છે ને ઘણે ઠેકાણે? **'એમ પૂછવામાં આવતા...'** એનો ઉત્તર કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*** જીવ અર્થ છે ને જ્ઞાયકપણું તેનો ભાવ છે, અજીવ તે અર્થ છે ને અચેતનપણું-જડપણું તેનો ભાવ છે, સંવર-નિર્જરા તે અર્થ છે ને વીતરાગતા તેનો ભાવ છે આસ્રવ-બંધ તે અર્થ છે ને મલિનતા તેનો ભાવ છે, કેવળજ્ઞાન પર્યાય તે અર્થ છે ને ત્રણ કાળ-ત્રણ લોકને એક સમયમાં જાણે એવો તેનો ભાવ છે. એ પ્રમાણે 'અર્થ' ને અને તેના 'તત્ત્વ' ને જાણે તો યથાર્થ શ્રદ્ધા થાય, માટે તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું છે. ૯૬૩. – પરમાગમસાર**

# ગાથા-૨૯૩

किमयमेव मोक्षहेतुरिति चेत् -

बंधाणं च सहावं वियाणिदुं अप्पणो सहावं च।
बंधेसु जो विरज्जदि सो कम्मविमोक्खणं कुणदि।।२९३।।

बन्धानां च स्वभावं विज्ञायात्मनः स्वभावं च।
बन्धेषु यो विरज्यते स कर्मविमोक्षणं करोति।।२९३।।

य एव निर्विकारचैतन्यचमत्कारमात्रमात्मस्वभावं तद्विकारकारकं बन्धानां च स्वभावं विज्ञाय, बन्धेभ्यो विरमति, स एव सकलकर्ममोक्षं कुर्यात्। एतेनात्मबन्धयोर्द्विधाकरणस्य मोक्षहेतुत्वं नियम्यते।

---

'માત્ર આ જ (અર્થાત્ બંધનો છેદ જ) મોક્ષનું કારણ કેમ છે ?' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :-

બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,
જે બંધ માંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો ! ૨૯૩.

ગાથાર્થ :- [ बन्धानां स्वभावं च ] બંધોના સ્વભાવને [ आत्मनः स्वभावं च ] અને આત્માના સ્વભાવને [ विज्ञाय ] જાણીને [ बन्धेषु ] બંધો પ્રત્યે [ यः ] જે [ विरज्यते ] વિરક્ત થાય છે, [ सः ] તે [ कर्मविमोक्षणं करोति ] કર્મોથી મુકાય છે.

ટીકા :- જે, નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને (આત્માના સ્વભાવને) અને તેને (અર્થાત્ આત્માને) વિકાર કરનારા એવા બંધોના સ્વભાવને જાણીને, બંધોથી વિરમે છે, તે જ સર્વ કર્મોથી મુકાય છે. આથી (- આ કથનથી), આત્મા અને બંધનું દ્વિધાકરણ જ મોક્ષનું કારણ છે એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ આત્મા અને બંધને જુદા જુદા કરવા તે જ મોક્ષનું કારણ છે એમ નક્કી કરવામાં આવે છે).

## પ્રવચન નં. ૩૫૯ ગાથા–૨૯૩ મંગળવાર, માગશર વદ ૧, તા. ૦૪-૧૨-૧૯૭૯

**[મૂળ પ્રવચન હિન્દીમાં થયેલ છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે.]**

'સમયસાર' ૨૯૩ ગાથા, ૨૯૩ છે ને? તેનો ઉપોદ્ઘાત છે ને? શિષ્યનો પ્રશ્ન છે, **'માત્ર આ જ (અર્થાત્ બંધનો છેદ જ) મોક્ષનું કારણ કેમ છે?'** શું કહ્યું? કે, આ આત્મા અને રાગાદિ જે બંધનું કારણ, રાગાદિ બંધનું કારણ (અને) આત્મા જ્ઞાનસ્વરૂપ બેનું દ્વિધાકરણ–ભિન્નતા કરવી એ મોક્ષનું કારણ છે. (એમ કહ્યું તો) શિષ્યનો પ્રશ્ન છે, કે માત્ર આ જ મોક્ષનું કારણ? બીજું કોઈ નહિ? રાગ ચાહે તો દયા, દાન ને વ્રત, ભક્તિનો રાગ હો, તો રાગ બંધનું કારણ છે અને એનાથી જુદો જ્ઞાનસ્વભાવી આત્મા છે. બન્નેને ભિન્ન કરવા એ જ માત્ર બંધ છેદનું કારણ છે? આ શિષ્યનો પ્રશ્ન છે. આ જ બંધને છેદવાનું કારણ છે? બીજું કોઈ કારણ નથી? **'એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :–'** ૨૯૩.

**बंधाणं च सहावं वियाणिदुं अप्पणो सहावं च।**
**बंधेसु जो विरज्जदि सो कम्मविमोक्खणं कुणदि।।२९३।।**

**બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,**
**જે બંધ માંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો ! ૨૯૩.**

**ટીકા :– 'જે, નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવ...'** આત્મા તો નિર્વિકાર ચૈતન્યસ્વભાવમાત્ર છે. એ કોઈ રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગ છે એ સ્વરૂપ નથી. રાગ તો બંધનું કારણ છે. આહાહા..! **'નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર...'** ચમત્કાર નામ સ્વ અને પરને પોતામાં રહીને જાણે એવો ચૈતન્યચમત્કારમાત્ર આત્મા એ **'(આત્માના સ્વભાવને) અને તેને (અર્થાત્ આત્માને) વિકાર કરનારા એવા બંધોના સ્વભાવને...'** એ પુણ્ય અને પાપના ભાવ આત્માને વિકાર કરનારા છે. આહાહા..! એ કોઈ મોક્ષનું કારણ નથી. વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે છે પરંતુ એ બંધનું કારણ છે. એ કોઈ મોક્ષનું કારણ નથી. આહાહા..!

એ **'બંધોના સ્વભાવને જાણીને,...'** આત્માનો સ્વભાવ ચૈતન્યચમત્કાર અને બંધનો સ્વભાવ રાગ, દ્વેષ, પુણ્ય-પાપ વિકલ્પ (છે) એ બન્નેના સ્વભાવ ભિન્ન જાણીને **'બંધોથી વિરમે છે,...'** જાણીને વિરક્ત થાય છે. આત્મા ચૈતન્યસ્વરૂપ જાણકસ્વભાવ (છે), રાગ અચેતન અંધકારસ્વરૂપ બંધસ્વરૂપ બન્નેને ભિન્ન જાણીને બંધથી વિરક્ત થાય છે. આહાહા..! આવી વાત છે.

વ્યવહાર રત્નત્રય છે એ પણ બંધનું કારણ છે, રાગ છે. આત્મા ચૈતન્યચમત્કાર માત્ર

છે તેમાં રાગ નથી. એ રાગથી પોતાનો ચૈતન્યચમત્કાર ભિન્ન જાણીને બંધથી વિરક્ત થવું. આહાહા..! ભાષા બહુ ટૂંકી પણ ભાવ બહુ (ઊંડા છે). કહે છે ને કે, ભાઈ! આવો વ્યવહાર કરો, વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે. ભગવાન ના પાડે છે, કે એમ વાત નથી. વ્યવહાર બંધનું કારણ છે. એ બંધના કારણનો છેદ કરવો અને પછી બંધથી વિરક્ત થવું એ મોક્ષનું કારણ છે. આહાહા..! છે?

**'નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને...'** આત્મસ્વભાવ આ-નિર્વિકાર ચૈતન્યચમત્કાર. અને આત્માને **'વિકાર કરનારા...'** એ પુણ્ય અને પાપના ભાવ શુભ-અશુભભાવ આત્માને વિકાર કરનારા છે. મોક્ષમાં સહાય કરવાવાળા નથી. મોક્ષમાર્ગમાં સહાય કરનારા નથી. વિકાર કરનારા છે. આહાહા..! **'વિકાર કરનારા એવા બંધોના સ્વભાવને જાણીને, બંધોથી વિરમે છે,...'** એ બંધ એટલે રાગભાવ, ચાહે તો વ્યવહારનો રાગ હો, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ પણ રાગ છે. રાગ આત્માને વિકાર કરનાર છે. રાગ, આત્માને શાંતિ અને સમ્યગ્દર્શન પ્રગટ કરનાર નથી. આહાહા..! રાગ તો વિકાર કરનાર છે તો વિકાર કરનારથી વિરક્ત થા. એનાથી અંદર વિરક્ત થા, એ તરફનું લક્ષ છોડી દે અને ચૈતન્યચમત્કાર સ્વભાવ છે ત્યાં દૃષ્ટિ લગાવી દે. આહાહા..! આવો માર્ગ છે.

**'તે જ સર્વ કર્મોથી મુકાય છે.'** કોણ? ચૈતન્યચમત્કાર આત્માનો સ્વભાવ જાણીને રાગને બંધનું કારણ અને વિકારનું કારણ જાણીને, રાગને વિકારનું કારણ જાણીને વિરક્ત થાય છે, રાગથી ભિન્ન પડે છે તે મુક્તિ પ્રાપ્ત કરે છે. છે? **'તે જ સર્વ કર્મોથી મુકાય છે.'** આહાહા..! આવી ચોખ્ખી વાત છે. એમાં થોડો વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ ધર્મમાં મદદ કરશે એમ નથી. એ તો વિકાર કરનારા છે. રાગ તો વિકાર (કરનાર છે). આવે છે, જાણવો કે વિકાર કરનારા છે પણ એનાથી વિરક્ત થવું તે સર્વ કર્મોથી મુક્ત થવાનો ઉપાય છે. તેનાથી વિરક્ત થવું એ પૂર્ણ કર્મથી મુક્ત થવાનો ઉપાય છે. આહાહા..! આકરું કામ (છે). અપૂર્વ વાત છે ને!

અનંતકાળમાં કદી કર્યું નથી. અનંતકાળ. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' મુનિવ્રત ધારણ કર્યા, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, પંચ મહાવ્રત પાળ્યા, નગ્નપણું લીધું, હજારો રાણી છોડી જંગલમાં વસ્યો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' સ્વર્ગમાં ગયો પણ 'આતમજ્ઞાન બિન' રાગથી ભિન્ન આત્માના અનુભવ વિના 'લેશ સુખ ન પાયો' એ પંચ મહાવ્રતના પરિણામ અને અઠ્યાવીસ મૂળગુણના ભાવ એ બધો રાગ દુઃખરૂપ છે. આહાહા..! આકરી વાત છે.

મુમુક્ષુ :- કાલે તો એને વિષકુંભ કીધો.

ઉત્તર :- ઝેર કીધા, ઝેર કીધું, દુઃખ કીધું. આહાહા..! બંધનું કારણ કહ્યું, બંધનું સ્વરૂપ

કહ્યું, બંધસ્વરૂપ જ કીધું. બંધનું લક્ષણ શું? કહ્યું ને? કે, રાગાદિ બંધનું લક્ષણ, આત્માનું ચૈતન્ય લક્ષણ. બેય જુદું જુદું આવી ગયું. આહાહા..! કામ, આકરું કામ. આકરાનો અર્થ આ અપૂર્વ વાત છે. પૂર્વે કદી કરી નથી. અનંતકાળ અનંતકાળ વીતી ગયો. પંચ મહાવ્રત અનંતવાર લીધા. દીક્ષા લીધી, નગ્ન મુનિ થયો, દિગંબર થયો, અઠ્ઠાવીસ મૂળગુણ પાળ્યા પણ એ તો બધો રાગ છે. રાગથી સ્વર્ગ મળે. કર્મથી મુક્તિ ન મળે. કર્મથી તો મુક્તિ એ રાગ બંધનું કારણ જાણીને, ચાહે તો એ વ્યવહાર રત્નત્રયનો રાગ હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ બંધનું કારણ જાણીને વિરક્ત થવું એ એક મુક્તિ થવાનું કારણ છે. ઇ આવ્યું ને?

**'તે જ સર્વ કર્મોથી મુકાય છે.'** છે કે નહિ અંદર? આહાહા..! **'સર્વ કર્મોથી મુકાય છે.'** આહાહા..! **'તે જ...'**. **'આથી (–આ કથનથી), આત્મા અને બંધનું દ્વિધાકરણ જ મોક્ષનું કારણ છે એવો નિયમ કરવામાં આવે છે...'** રાગ મોક્ષનું કારણ નથી, મોક્ષના માર્ગમાં મદદગાર નથી. રાગ અને આત્માનું દ્વિધાકરણ–ભિન્નતા કરવી, ભેદ કરવો. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો રાગ, એનાથી પણ ભિન્નતા કરવી. કેમ કે એ રાગ છે. નિશ્ચય રત્નત્રય છે એ ચૈતન્યચમત્કાર પરિણતિ નિર્મળ છે. વ્યવહાર એ રાગ છે. રાગથી વિરક્ત થઈ.. આહાહા..! કર્મથી મુક્ત થવું એ એક જ ઉપાય છે. એવો નિયમ કરવામાં આવે છે.

**'આત્મા અને બંધનું દ્વિધાકરણ...'** પૃથકકરણ. આત્મા અને રાગનું પૃથકકરણ–ભિન્નપણું. આહાહા..! અંદર ચૈતન્યસ્વરૂપ આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ આત્મા (છે) અને રાગ બંધસ્વરૂપ (છે) એ બેનું દ્વિધાકરણ–બેને પૃથક્ કરવા. વ્યવહારથી નિશ્ચય થાય છે એવી વાત અહીંયાં નથી કરી. એ દ્વિધાકરણ–પૃથકકરણ જ. છે? 'જ' શબ્દ છે. **'આત્મા અને બંધનું દ્વિધાકરણ જ...'** આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય (છે) અને રાગ એ વિકાર સ્વરૂપ (છે), બેને ભિન્ન કરવું જ, બેને જુદા પાડવું જ. એકાંત કર્યું. આહાહા..!

**'મોક્ષનું કારણ છે...'** ભિન્ન–પૃથક્ કરવા એ મોક્ષનું કારણ છે. સાથે લઈને વ્યવહાર મોક્ષનું કારણ છે, એમ છે નહિ. આહાહા..! આકરું કામ છે. અત્યારે તો લોકોને પસંદ પડે એવી વાતું કરી રાજી રાજી રાખે. વ્યવહાર આમ થાય, વ્યવહાર કરતા કરતા થાય, પહેલા રાગની મંદતા હોય, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, એ કરતા કરતા નિશ્ચય થાય, એવી પ્રરૂપણા કરે છે. એ પ્રરૂપણા જૈનશાસનથી તદ્દન વિરુદ્ધ છે. આહાહા..! સાંભળનારને ખબર ન હોય અને માથે કહેનાર હોય એને જી.. હા.. કરે.

અહીં તો કહે છે, કે રાગ ચાહે તો ભગવાન પ્રત્યેની ભક્તિનો રાગ (હોય) કે પંચ મહાવ્રતના વિકલ્પનો રાગ (હોય), રાગ અને આત્માનું દ્વિધાકરણ, જુદા કરવા એ એક જ મુક્તિનો ઉપાય છે, એવો નિયમ છે. એવો નિયમ આ છે. બીજો નિયમ કરવા જાય તો નિયમ બને એવો નથી, એમ કહે છે. આહાહા..! છે ને એમાં? છે કે નહિ? **'એવો નિયમ**

**કરવામાં આવે છે...' 'આત્મા અને બંધનું દ્વિધાકરણ જ મોક્ષનું કારણ છે...'** આહાહા..!

**'(આત્મા અને બંધને જુદા જુદા કરવા તે જ મોક્ષનું કારણ છે એમ નક્કી કરવામાં આવે છે).'** આહાહા..! પહેલા તો સમ્યગ્દર્શનમાં, અનુભવમાં આ નિર્ણય કરવો કે રાગ અને આત્માને ભિન્ન કરવા એ જ મુક્તિની શરૂઆત ઉપાય છે અને પૂર્ણ થવાનો પણ આ જ ઉપાય છે. વિરક્ત થવું એ એક જ ઉપાય છે. રક્ત થવું (એ ઉપાય નથી). દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ આવે પણ એમાં રક્ત થવું એ બંધનું કારણ છે. વિરક્ત થવું એ મુક્તિનું કારણ છે. આહાહા..! આવું આકરું લાગે.

* પ્રશ્ન :- આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ ?

ઉત્તર :- અરે ભાઈ ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ. પછી તારે કોને ફેરવવું છે? મારી પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમેક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થઈ ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં રહ્યું ? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી?- દ્રવ્યમાંથી, માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (–શ્રદ્ધા—જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યક્જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું.–એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી. ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા... આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.

સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલે એકલો વીતરાગી જ્ઞાતા ભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ ! જ્ઞાનમાં જ્ઞાતાદષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે. જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે. ૨૬૩.

– પરમાગમસાર

# ગાથા–૨૯૪

केनात्मबन्धौ द्विधा क्रियेते इति चेत् -

जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।
पण्णाछेदणएण दु छिण्णा णाणत्तमावण्णा।।२९४।।

जीवो बन्धश्च तथा छिद्येते स्वलक्षणाभ्यां नियताभ्याम्।
प्रज्ञाछेदनकेन तु छिन्नौ नानात्वमापन्नौ।।२९४।।

आत्मबन्धयोर्द्विधाकरणे कार्ये कर्तुरात्मनः करणमीमांसायां, निश्चयतः स्वतो भिन्नकरणासम्भवात्, भगवती प्रज्ञैव छेदनात्मकं करणम्। तया हि तौ छिन्नौ नानात्वमवश्यमेवापद्येते; ततः प्रज्ञयैवात्मबन्धयोर्द्विधाकरणम्। ननु कथमात्मबन्धौ चेत्यचेतकभावेनात्यन्तप्रत्यासत्तेरेकीभूतौ भेदविज्ञानाभावादेकचेतकवद्व्यवह्रियमाणौ प्रज्ञया छेत्तुं शक्येते ? नियतस्वलक्षणसूक्ष्मान्तःसन्धिसावधाननिपातनादिति बुध्येमहि। आत्मनो हि समस्तशेषद्रव्यासाधारणत्वाच्चैतन्यं स्वलक्षणम्। तत्तु प्रवर्तमानं यद्यदभिव्याप्य प्रवर्तते निवर्तमानं च यद्यदुपादाय निवर्तते तत्तत्समस्तमपि सहप्रवृत्तं क्रमप्रवृत्तं वा पर्यायजातमात्मेति लक्षणीयः, तदेकलक्षणलक्ष्यत्वात्; समस्तसहक्रमप्रवृत्तानन्तपर्यायाविनाभावित्वाचैतन्यस्य चिन्मात्र एवात्मा निश्चेतव्यः, इति यावत्। बन्धस्य तु आत्मद्रव्यासाधारणा रागादयः स्वलक्षणम्। न च रागादय आत्मद्रव्यसाधारणतां बिभ्राणाः प्रतिभासन्ते, नित्यमेव चैतन्यचमत्कारादतिरिक्तत्वेन प्रतिभासमानत्वात्। न च यावदेव समस्तस्वपर्यायव्यापि चैतन्यं प्रतिभासित तावन्त एव रागादयः प्रतिभान्ति, रागादीनन्तरेणापि चैतन्यस्यात्मलाभसम्भावनात्। यत्तु रागादीनां चैतन्येन सहैवोत्प्लवनं तच्चेत्यचेतकभावप्रत्यासत्तेरेव, नैकद्रव्यत्वात्; चेत्यमानस्तु रागादिरात्मनः, प्रदीप्यमानो घटादिः प्रदीपस्य प्रदीपकतामिव, चेतकतामेव प्रथयेत्, न पुना रागादिताम्। एवमपि तयोरत्यन्तप्रत्यासत्त्या भेदसम्भावनाभावादनादिरस्त्येकत्वव्यामोहः, स तु प्रज्ञयैव छिद्यत एव।

'આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે (અર્થાત્ ક્યા સાધન વડે જુદા કરી શકાય છે)?' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :–

**જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,**
**પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદા પડી જાય છે. ૨૯૪.**

ગાથાર્થ :– [ जीवः च तथा बन्धः ] જીવ તથા બંધ [ नियताभ्याम् स्वलक्षणाभ्यां ] નિયત સ્વલક્ષણોથી (પોતપોતાનાં નિશ્ચિત લક્ષણોથી) [ छिद्येते ] છેદાય છે; [ प्रज्ञाछेदनकेन ] પ્રજ્ઞારૂપી છીણી વડે [ छिन्नौ तु ] છેદવામાં આવતાં [ नानात्वम् आपन्नौ ] તેઓ નાનાપણાને પામે છે અર્થાત્ જુદા પડી જાય છે.

ટીકા :– આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં કર્તા જે આત્મા તેના [1]કરણ સંબંધી [2]મીમાંસા કરવામાં આવતા, નિશ્ચયે (નિશ્ચયનયે) પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી ભગવતી પ્રજ્ઞા જ (-જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ જ) છેદનાત્મક (-છેદનના સ્વભાવવાળું) કરણ છે. તે પ્રજ્ઞા વડે તેમને છેદવામાં આવતાં તેઓ નાનાપણાને અવશ્ય પામે છે; માટે પ્રજ્ઞા વડે જ આત્મા અને બંધનું દ્વિધા કરવું છે (અર્થાત્ પ્રજ્ઞારૂપી કરણ વડે જ આત્મા ને બંધ જુદા કરાય છે).

(અહીં પ્રશ્ન થાય છે કે –) આત્મા અને બંધ કે જેઓ *ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે એક (–એક જેવા–) થઈ રહ્યા છે, અને ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જાણે તેઓ એક ચેતક જ હોય એમ જેમનો વ્યવહાર કરવામાં આવે છે (અર્થાત્ જેમને એક આત્મા તરીકે જ વ્યવહારમાં ગણવામાં આવે છે) તેઓ પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે છેદી શકાય ?

(તેનું સમાધાન આચાર્યદેવ કરે છે :–) આત્મા અને બંધના નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં (અંતરંગની સંધિમાં) પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી (–નાખવાથી, મારવાથી) તેમને છેદી શકાય છે અર્થાત્ જુદા કરી શકાય છે એમ અમે જાણીએ છીએ.

આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે, કારણ કે તે સમસ્ત શેષ દ્રવ્યોથી અસાધારણ છે (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં તે નથી). તે (ચૈતન્ય) પ્રવર્તતું થકું જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે અને નિવર્તતું થકું જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે તે તે સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી પર્યાયો આત્મા છે એમ લક્ષિત કરવું – લક્ષણથી ઓળખવું (અર્થાત્ જે જે ગુણપર્યાયોમાં ચૈતન્યલક્ષણ વ્યાપે છે તે તે સમસ્ત ગુણપર્યાયો આત્મા છે એમ જાણવું) કારણ કે આત્મા

૧. કરણ = સાધન; કરણ નામનું કારક.
૨. મીમાંસા = ઊંડી વિચારણા; તપાસ; સમાલોચના.
* આત્માચેતક છે અને બંધ ચેત્ય છે; અજ્ઞાનદશામાં તેઓ એકરૂપ અનુભવાય છે.

તે જ એક લક્ષણથી લક્ષ્ય છે (અર્થાત્ ચૈતન્યલક્ષણથી જ ઓળખાય છે.) વળી સમસ્ત સહવર્તી અને ક્રમવર્તી અનંત પર્યાયો સાથે ચૈતન્યનું અવિનાભાવીપણું હોવાથી ચિન્માત્ર જ આત્મા છે એમ નિશ્ચય કરવો. આટલું આત્માના સ્વલક્ષણ વિષે.

(હવે બંધના સ્વલક્ષણ વિષે કહેવામાં આવે છે :–) બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી અસાધારણ એવા રાગાદિક છે. એ રાગાદિક આત્મદ્રવ્ય સાથે સાધારણપણું ધરતા (–ધારણ કરતા–) પ્રતિભાસતા નથી, કારણ કે તેઓ સદાય ચૈતન્યચમત્કારથી ભિન્નપણે પ્રતિભાસે છે. વળી જેટલું, ચૈતન્ય આત્માના સમસ્ત પર્યાયોમાં વ્યાપતું પ્રતિભાસે છે, તેટલા જ, રાગાદિક પ્રતિભાસતા નથી, કારણ કે રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે (અર્થાત્ રાગાદિક ન હોય ત્યાં પણ ચૈતન્ય હોય છે). વળી જે, રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે તે ચેત્યચેતકભાવની (–જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ છે, એકદ્રવ્યપણાને લીધે નહિ; જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે – ઘટાદિપણાને નહિ, તેમ (આત્મા વડે) ચેતવામાં આવતા રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે – રાગાદિપણાને નહિ.

આમ હોવા છતાં તે બન્નેની (–આત્માની અને બંધની) અત્યંત નિકટતાને લીધે ભેદસંભાવનાનો અભાવ હોવાથી અર્થાત્ ભેદ નહિ દેખાતો હોવાથી (અજ્ઞાનીને) અનાદિકાળથી એકપણાનો વ્યામોહ (ભ્રમ) છે; તે વ્યામોહ પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદાય છે.

ભાવાર્થ :– આત્મા અને બંધ બન્નેને લક્ષણભેદથી ઓળખી બુદ્ધિરૂપી છીણીથી છેદી જુદા જુદા કરવા.

આત્મા તો અમૂર્તિક છે અને બંધ સૂક્ષ્મ પુદ્‌ગલપરમાણુઓનો સ્કંધ છે તેથી બન્ને જુદા છદ્મસ્થના જ્ઞાનમાં આવતા નથી, માત્ર એક સ્કંધ દેખાય છે (અર્થાત્ બન્ને એકપિંડરૂપ દેખાય છે); તેથી અનાદિ અજ્ઞાન છે. શ્રી ગુરુઓનો ઉપદેશ પામી તેમનાં લક્ષણ જુદાં જુદાં અનુભવીને જાણવું કે ચૈતન્યમાત્ર તો આત્માનું લક્ષણ છે અને રાગાદિક બંધનું લક્ષણ છે તોપણ માત્ર જ્ઞેયજ્ઞાયકભાવની અતિ નિકટતાથી તેઓ એક જેવા થઈ રહ્યા દેખાય છે. તેથી તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને – કે જે તેમને ભેદી જુદા જુદા કરવાનું શસ્ત્ર છે તેને – તેમની સૂક્ષ્મ સંધિ શોધીને તે સંધિમાં સાવધાન (નિષ્પ્રમાદ) થઈને પટકવી. તે પડતાં જ બન્ને જુદા જુદા દેખાવા લાગે છે. એમ બન્ને જુદા જુદા દેખાતાં, આત્માને જ્ઞાનભાવમાં જ રાખવો અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો. એ રીતે બન્નેને ભિન્ન કરવા.

## ગાથા-૨૯૪ ઉપર પ્રવચન

શિષ્ય પ્રશ્ન કરે છે, **'આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે...'** સાધન શું? ભિન્ન કરવાનું સાધન શું? રાગ ચાહે તો વ્યવહાર રત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, શાસ્ત્ર ભણવાનો રાગ અને ભગવાન ચૈતન્યચમત્કારને દ્વિધા કરવા એ ઉપાય છે. પણ એનું સાધન શું? એમ કહે છે, એમ પૂછે છે. બેને જુદા કરવાનું કરણ.. કરણ, કર્તાનું કરણ-સાધન શું? છે? **'આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે (અર્થાત્ ક્યા સાધન વડે જુદા કરી શકાય છે?) એમ પૂછવામાં આવતાં...'** અંતરમાં આવી જિજ્ઞાસા થાય છે કે આત્માને રાગથી ભિન્ન કરવો એનું સાધન શું? આવો પ્રશ્ન જેના હૃદયમાં ઉત્પન્ન થાય છે તેને આ ઉત્તર દેવામાં આવે છે. હવે આ ગાથા જે કહેવામાં આવે છે તેના ઉત્તરસ્વરૂપ છે. જેને અંતરમાં પ્રશ્ન ઉઠ્યો હોય (તેને ઉત્તર દેવાય છે).

**'આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે (અર્થાત્ ક્યા સાધન વડે જુદા કરી શકાય છે?)...'** સાધન શું? કરણ શું? **'એમ પૂછવામાં આવતા...'** આવો પ્રશ્ન કરવામાં આવતા, જેને આવી જિજ્ઞાસા થાય છે તેને આ ઉત્તર દેવામાં આવે છે. મોટી ગાથા છે. ૨૯૪.

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।**
**पण्णाछेदणएण दु छिण्णा णाणत्तमावण्णा।।२९४।।**
**જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,**
**પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદા પડી જાય છે. ૨૯૪.**

**'આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં કર્તા...'** તો આત્મા છે. કર્તા તો આત્મા છે ને? રાગથી આત્મા ચૈતન્યસ્વરૂપને ભિન્ન કરવામાં કર્તા તો આત્મા છે. **'તેના કરણ સંબંધી મીમાંસા કરવામાં આવતાં,...'** હવે કર્તા, રાગથી આત્માને ભિન્ન કરનાર કર્તા આત્મા છે પણ ભિન્ન કરવામાં સાધન શું? એ સાધનની વિચારણા કરવામાં આવતાં.. છે? મીમાંસા=વિચારણા. કરણ=સાધન; કરણ નામનું કારક. મીમાંસા=ઊંડી વિચારણા; તપાસ; સમાલોચના. ઊંડી વિચારણા. ઊંડી વિચારણા કરે છે કે રાગ અને આત્માના દ્વિધાકરણમાં સાધન શું? એમ પ્રશ્ન થતાં ઊંડી વિચારણા કરવામાં આવતા, ઊંડો વિચાર કરવામાં આવતા શું મળે છે? કહે છે.

**'નિશ્ચયથી (નિશ્ચયનયે) પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી...'** આત્મા રાગથી ભિન્ન

કરવામાં આવતા નિશ્ચયથી તેનું સાધન આત્માથી ભિન્ન નથી. રાગથી ભિન્ન કરવામાં આત્મા કર્તા છે, રાગથી ભિન્ન કરવામાં આત્મા કર્તા છે તો કર્તાથી કરણ ભિન્ન નથી. આત્માથી તેનું કરણ–સાધન ભિન્ન નથી. આહાહા...! વ્યવહાર રાગ મંદ કરવો, શુભ મંદ કરવા એ સાધન એમ નથી કહ્યું. એ સાધન-બાધન કહ્યું નથી. વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય એમ તો અહીંયાં કહ્યું નથી. કોઈ ઠેકાણે કહ્યું હોય એ બીજી વાત છે. એ તો જ્ઞાન કરવાની વાત છે. પૂર્વાપર વિરોધ (વાત) હોય? અહીં તો નિષેધ કરે છે.

**'આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં કર્તા જે આત્મા...'** કરનારો તો આત્મા (છે). **'તેના કરણ સંબંધી મીમાંસા કરવામાં આવતાં, નિશ્ચયે (નિશ્ચયનયે) પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી...'** આત્મા કર્તા, રાગની ક્રિયાના પરિણામથી ભિન્ન કરવાનું કરણ **'ભગવતી પ્રજ્ઞા જ (–જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ જ) છેદનાત્મક (–છેદનના સ્વભાવવાળું) કરણ છે.'** રાગથી ભિન્ન કરવામાં જ્ઞાન–પ્રજ્ઞાછીણી, પ્રજ્ઞાછીણી સાધન છે. આહાહા..! આવી વાતું.

રાગ, પુણ્ય-પાપનો રાગ વિકાર કરનાર (અને) ભગવાનઆત્મા નિર્વિકારી, એને ભિન્ન કરવામાં કર્તા આત્મા, રાગથી ભિન્ન કરવામાં કર્તા આત્મા છે તો કર્તાનું સાધન–કરણ કોણ? સાધન ભગવતી પ્રજ્ઞા. એ કર્તાથી અભિન્ન છે. એ આત્માની સાથે કરણ છે. કરણ સાધન, બીજું કોઈ સાધન નથી. રાગથી ભિન્ન કરવામાં રાગ સાધન નથી. વ્યવહાર રત્નત્રયથી આત્માને ભિન્ન કરવામાં વ્યવહાર રત્નત્રય જરીયે સાધન નથી એમ કહે છે. આહાહા..! અત્યારે તો વ્યવહાર.. વ્યવહાર ચાલે છે. વ્યવહાર કરો, વ્યવહાર કરો, વ્યવહારથી નિશ્ચય થશે. આવી વાત (કરે). અહીં ભગવાન ના પાડે છે.

કર્તા ભગવાન ચૈતન્યસ્વરૂપ, રાગ બંધસ્વરૂપ બેને જુદા કરવામાં કર્તા આત્મા અને કરણ પણ આત્મા છે. આત્માની પ્રજ્ઞાછીણી એ કરણ (છે). રાગથી ભિન્ન કરવામાં રાગ આત્મામાં નથી એવી પ્રજ્ઞાછીણી–જ્ઞાનની છીણી, રાગ અને આત્મા વચ્ચે પ્રજ્ઞાછીણી, એ સંધિમાં પ્રજ્ઞાછીણી મારવી એ કરણ છે. આહાહા..! આ બધા બીજા સાધન ક્યાં ગયા? આ બધા મંદિર કરાવવા, જાત્રા કરવી, સમ્મેદશીખર ને ગીરનાર ને શેત્રુંજય.. ગજરથ કાઢવા, રથયાત્રા કાઢવી એ બધું ક્યાં ગયું? એ તો એને કારણે થાય છે, એ કાંઈ સાધન-ફાધન છે નહિ. આહાહા..! આકરું કામ બહુ.

મુમુક્ષુ :– આપે સ્પષ્ટ કરી આપ્યું.

ઉત્તર :– અપૂર્વ વાત તો આ છે.

બે વાત લીધી ને? કે જેટલો પુણ્ય અને પાપનો રાગ છે એ વિકાર કરનાર છે. આમ વાત લીધી. ચાહે તો દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિ ભગવાનની ભક્તિ કે પાંચ નવકારનું સ્મરણ (કરવું) એ વિકાર (છે), રાગ છે એ વિકાર કરવાવાળો છે. આહાહા..! અને ભગવાનઆત્મા તો ચૈતન્યચમત્કાર, નિર્વિકારીચૈતન્યચમત્કાર છે. પોતે પોતામાં રહીને પોતાને

અને પરને જાણે એવો ચૈતન્યચમત્કાર છે. રાગ કરે એવું એનું સ્વરૂપ છે જ નહિ. આહાહા..! આવી વાત છે.

કર્તા-કરવાવાળો, એ પુણ્યના પરિણામથી ભિન્ન કરનાર, બંધથી વિરક્ત થનાર કર્તા આત્મા (છે). કરણ શું? કરણ એ આત્માની પ્રજ્ઞાછીણી. આત્મા સમુચ્ચય (કહીને) કર્તા આખો લીધો. આ પ્રજ્ઞાછીણી વર્તમાન (લીધી). રાગ અને આત્મા વચ્ચેની પ્રજ્ઞાછીણી. બે વચ્ચે સંધિમાં છીણી મારવી એ જ્ઞાન. આહાહા..! આવું કામ છે. આકરું લાગે પછી કહે, વ્યવહારના કાંઈક કાંઈક દોકડા ખરા કે નહિ?

મુમુક્ષુ :- બંધના સોએ સો દોકડા.

ઉત્તર :- બંધના કીધા ને? વિકાર કરવાવાળાના દોકડા સોળે સોળ આના છે. વ્યવહાર વિકાર કરવાવાળો છે. એનાથી ભિન્ન પાડવાનો કર્તા આત્મા છે અને કરણ પ્રજ્ઞાછીણી છે. વર્તમાન જ્ઞાનની દશા રાગથી ભિન્ન પાડવાની પ્રજ્ઞાછીણી (છે). આહાહા..! છે કે નહિ અંદર?

મુમુક્ષુ :- પ્રજ્ઞા જ.

ઉત્તર :- એ જ છે, એક જ સાધન છે. જુઓને! આહાહા..!

**'પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી ભગવતી પ્રજ્ઞા જ...'** 'જ' કહ્યું છે ને? ભગવતી પ્રજ્ઞા છે પર્યાય. વર્તમાન રાગથી ભિન્ન પાડવાની જ્ઞાનની પર્યાય. એ ભગવતી પ્રજ્ઞા જ. એક જ વાત. 'જ'. આહાહા..! **'ભગવતી પ્રજ્ઞા જ (-જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ જ)...'** જ્ઞાનની પર્યાયને આત્મા તરફ વાળવી, રાગ તરફથી છોડવી એ એક પ્રજ્ઞા સાધન છે. આહાહા..! બાહ્યલક્ષી જે રાગ છે તેનાથી લક્ષ છોડી અને સ્વરૂપ જ્ઞાન ચૈતન્યમૂર્તિ પ્રભુ તરફ લક્ષ કરવું એ વર્તમાન જ્ઞાનની પર્યાય છીણીનું કામ છે. એ રાગનું કામ નથી, એ દ્રવ્યનું કામ નથી. દ્રવ્ય કર્તા છે, દ્રવ્ય તો ધ્રુવ છે. એ વર્તમાન જ્ઞાનની પર્યાય છે એ કરણ છે. જે વર્તમાન પ્રજ્ઞાછીણી છે એ કરણ-સાધન છે. આહાહા..!

કથંચિત્ સ્યાદ્વાદ કરો, અનેકાંત કરો કે આમ પણ થાય અને આમ પણ થાય, આમ પણ થાય અને આમ પણ થાય. એ સ્યાદ્વાદ નથી. આનાથી જ થાય, બીજાથી ન થાય એનું નામ સ્યાદ્વાદ અનેકાંત છે. આહાહા..! માણસને આકરું (લાગે). હજી સંસારના કામથી નવરો થાય નહિ. એમાં વળી આ ભક્તિ-બક્તિના પરિણામને પણ બંધના કારણ (કહે). આહાહા..! આવે, હોય છે, સમ્યગ્દષ્ટિને પણ એ ભાવ આવે પણ એનાથી જુદું પડવું એ સાધન છે. એ (રાગ) પોતે સાધન નથી. આહાહા..! પ્રજ્ઞાછીણી વડે જુદું પડવું એ સાધન છે. આહાહા..! જાજી સભા (ભરાય), એ વ્યવહારની વાતું કરે. આમ કરે, આમ પળાય, આમ દયા પાળવી, ભગવાનની ભક્તિ કરવી, ભગવાનનું સ્મરણ કરવામાં ક્યાં નુકસાન છે? ભગવાનનું સ્મરણ કરવું. પણ સ્મરણ કરવું એ પોતે વિકલ્પ છે, રાગ છે. આત્માનું સ્વદ્રવ્ય સન્મુખ છોડીને પરદ્રવ્ય સન્મુખ થવું, ચાહે તો ત્રણલોકના નાથ હોય અને એની

વાણી હોય, એની સન્મુખ થતાં રાગ જ થાય. આકરું કામ છે, ભાઈ!

અહીં એ કહે છે, એક જ પ્રજ્ઞાછીણી, **'ભગવતી પ્રજ્ઞા જ...'** 'જ' કીધું ને? એકાંત કીધું ને? કથંચિત્ પ્રજ્ઞાછીણી ને કથંચિત્ રાગ, મંદ રાગ સાધન, મંદ રાગ કથંચિત્ સાધન અને કથંચિત્ રાગથી ભિન્ન પડવાની પ્રજ્ઞા સાધન એમ કહ્યું નથી. મંદ રાગ વ્યવહાર સાધન, વ્યવહાર સાધન, વ્યવહાર સાધન એમ કહ્યું નથી. આહાહા..! **'ભગવતી પ્રજ્ઞા જ...'** પ્રજ્ઞા જ, પ્રજ્ઞા જ **'છેદનાત્મક (–છેદનના સ્વભાવવાળું) કરણ છે.'** રાગથી ભિન્ન કરવામાં જ્ઞાનની પ્રજ્ઞાછીણી એ એક જ કરણ છે. એક સાધન આ છે, બીજું કોઈ સાધન નથી. આહાહા..! બહારની વ્યવહારની વાતું કરે તો લોકો બહુ ખુશી થાય, રાજી થાય. આમ કરવું, ભક્તિ કરવી, પ્રભુની પૂજા (કરવી). હળવે હળવે રાગ મંદ થતા થતા સમકિત થઈ જાય, સમકિત થતા પછી ચારિત્ર થાય, પછી મુક્તિ થાય. એ બધી વાત અસત્ય છે. આહાહા..!

પહેલેથી જ રાગથી બિલકુલ અંશે પણ લાભ નથી. એ રાગથી ભિન્ન કરવું એમાં લાભ છે. રાગને સાથે રાખવો એમાં લાભ નથી. આમ છે. તેથી શબ્દ લીધો ને? ભગવતી પ્રજ્ઞા.. આહાહા..! એ જ છેદનસ્વરૂપ, છેદનસ્વભાવવાળું કરણ છે. આહાહા..! બીજી રીતે કહીએ તો સ્વભાવ સન્મુખ થવું એથી વિભાવથી વિમુખ થઈ જવું એ એક જ સાધન છે. આહાહા..! પર્યાયમાં સ્વભાવ સન્મુખ થવું અને રાગથી વિમુખ થવું. એ વિમુખ થવું એ પણ અપેક્ષાએ છે. આમ સ્વભાવ ચૈતન્યસ્વરૂપ છે, આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ તરફ ઝુકાવ કરવો, એ તરફ વળવું એ જ રાગથી જુદું પડવાનો ઉપાય છે. આહાહા..! બીજું કોઈ કરણ–ઉપાય છે નહિ.

કરણાનુયોગના શાસ્ત્ર ભર્યા છે, ચરણાનુયોગના શાસ્ત્ર છે, ચરણાનુયોગમાં છે આમ કરવું, આમ કરવું. બાર વ્રત આમ, પંચ મહાવ્રત આમ બધું નથી આવતું? એ બધા વિકલ્પ આવે છે એનું જ્ઞાન કરાવ્યું છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી સ્વભાવની દૃષ્ટિ હોવા છતાં, સ્વભાવ સન્મુખ હોવા છતાં પૂર્ણ સન્મુખ જ્યાં સુધી નથી ત્યાં સુધી વચ્ચે આવા વિકલ્પ હોય છે, આવે છે. એનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! વ્યવહારથી આદરણીય પણ એમાં કહેવામાં આવે. એનો અર્થ કે નિશ્ચયથી તે આદરણીય છે નહિ. આહાહા..! જાણવાલાયક છે, વ્યવહાર આવે, હોય પણ જાણવાલાયક છે. બાકી તો છેદવાલાયક છે, જાણીને છેદવાલાયક છે, જુદા પાડવા લાયક છે, એકઠા રાખવાલાયક નથી. આહાહા..! આવું આકરું કામ, લ્યો! સમ્મેદશીખરની જાત્રા કરે તો કલ્યાણ થાય કે નહિ?

મુમુક્ષુ :– અંદરમાં સમ્મેદશીખરની યાત્રા કરે તો થાય.

ઉત્તર :– આ સમ્મેદશીખર અહીં (અંદર) છે. બહાર સમ્મેદશીખર (જાત્રાનો ભાવ) તો શુભભાવ છે. એ ભક્તિ ને જાત્રા એ તો બધો શુભ પુણ્યભાવ બંધનું કારણ છે. એ બંધને છેદવો એ મુક્તિનું કારણ છે. એ બંધભાવ મુક્તિનું કારણ નથી. આવું આકરું કામ

છે. આહાહા..!

**'(-છેદનના સ્વભાવવાળું) કરણ છે.'** જોયું? છેદનના સ્વભાવવાળું. રાગને જુદું પાડવાના સ્વભાવવાળું કરણ તો પ્રજ્ઞાછીણી છે. એ એનો સ્વભાવ છે, પ્રજ્ઞાછીણીનો સ્વભાવ છે, રાગનો સ્વભાવ નથી. આહાહા..! **'તે પ્રજ્ઞા વડે તેમને છેદવામાં આવતાં...'** જ્ઞાનની પર્યાય અંતરમાં વાળતા અને રાગથી વિમુખ થતાં **'તેમને છેદવામાં આવતાં તેઓ નાનાપણાને અવશ્ય પામે છે;...'** જરૂર જુદાપણું, નાનાપણું એટલે જુદાપણું (થાય છે). અનેક છે તે અનેક થઈ જાય છે. આત્મા આત્માપણે રહે છે, રાગ રાગપણે થઈ જાય છે. રાગ અને આત્મા એકપણે થતા નથી. આહાહા..! અધિકાર તો બહુ સારો આવ્યો છે.

**'નાનાપણાને અવશ્ય પામે છે;...'** એટલે બેય તદ્દન ભિન્ન પડી જાય છે. રાગ અને આત્મા તદ્દન ભિન્ન અનેકપણાને પ્રાપ્ત થાય છે. નાના એટલે અનેક. રાગ રાગરૂપે, આત્મા આત્મારૂપે (થઈ જાય છે). પ્રજ્ઞાછીણીથી આત્માને રાગથી ભિન્ન પાડતા રાગ રાગરૂપે, આત્મા આત્મારૂપે અનેકપણે, અનેકરૂપે થઈ જાય છે. એકરૂપે જે ભાવ હતા તે અનેકરૂપે થઈ જાય છે. આહાહા..! આવો માર્ગ આકરો. માણસને નવરાશ મળે નહિ.

એક તો સાચુ સાંભળવા મળે નહિ. વ્યવહાર.. વ્યવહાર... વ્યવહાર કરો, વ્યવહાર કરો, વ્યવહાર કરો, બસ! એ સાંભળવાનું મળે. એમાં કૂચે મરી જાય, થઈ રહ્યું. જિંદગી પૂરી થઈને ચાલ્યા જાય. આહા..! એવો વ્યવહાર તો અનંતવાર જૈન મુનિ થયો, દિગંબર મુનિ (થયો). પંચ મહાવ્રત (પાળ્યા). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' એવો મુનિ અનંતવાર થયો. નગ્ન મુનિ, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, પંચ મહાવ્રત પાળ્યા પણ એ ધર્મ છે એમ માનીને કર્યું. એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! રાગથી ભિન્ન મારી ચીજ તદ્દન જુદી છે. એનું જ્ઞાન કર્યું નહિ. એથી એને સુખ મળ્યું નહિ. પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણમાં પણ દુઃખ મળ્યા, દુઃખ. પંચ મહાવ્રતના પરિણામ, એ આસ્રવ છે અને આસ્રવ છે તે દુઃખ છે. આવ્યું કે નહિ એમાં? 'લેશ સુખ ન પાયો.' 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એક જરીયે આત્માનું સુખ મળ્યું નહિ. દુઃખ છે, એકલું દુઃખ. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ એ દુઃખ (છે). માણસને આકરું પડે. બાર વ્રતના પરિણામ દુઃખ, ભક્તિના પરિણામ, ભગવાનની ભક્તિના પરિણામ, ભગવાનના સ્મરણના પરિણામ, પૂજા, ભક્તિના પરિણામ એ દુઃખ (છે). રાગ છે ને? એ દુઃખ (છે). આહાહા..! આકરી વાત છે.

**'માટે પ્રજ્ઞા વડે જ...'** જ્યારે એમ કહ્યું ને? **'પ્રજ્ઞા વડે તેમને છેદવામાં આવતાં તેઓ નાનાપણાને અવશ્ય...'** જરૂર, અવશ્ય જ, જરૂર જુદાપણાને પ્રાપ્ત થાય છે. બે એક રહેતા નથી. જ્ઞાનછીણી મારીને ભિન્ન પડવાથી એક રહેતા નથી. આહાહા..! **'માટે પ્રજ્ઞા વડે જ આત્મા...'** જ્ઞાનની પર્યાય દ્વારા અંતર્મુખ થઈને **'બંધનું દ્વિધા કરવું છે...'** આહાહા..! બંધનું

દ્વિધા કરવું થાય છે. આત્મા અને બંધને દ્વિધા પ્રજ્ઞા દ્વારા જ. એમ આવ્યું ને? **'પ્રજ્ઞા વડે જ આત્મા અને બંધનું દ્વિધા કરવું છે (અર્થાત્ પ્રજ્ઞારૂપી કરણ વડે જ આત્મા ને બંધ જુદા કરાય છે).'** આહાહા..! એમ અમે જાણીએ છીએ, એમ નીચે કહેશે, નીચે કહેશે. ત્રીજા પેરેગ્રાફમાં છે. **'તેમને છેદી શકાય છે અર્થાત્ જુદા કરી શકાય છે એમ અમે જાણીએ છીએ.'** આહાહા..!

**'(અહીં પ્રશ્ન થાય છે કે–) આત્મા અને બંધ કે જેઓ ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે એક (–એક જેવા) થઈ રહ્યા છે,...'** શું કહે છે? આત્મા ચેતક છે, જાણનાર છે. બંધ એ ચેત્ય છે, જાણવાલાયક છે. રાગાદિ ભાવ આવે એ જાણવાલાયક છે. આહાહા..! એ જાણેલો પ્રયોજનવાન આવ્યું. આત્મા જાણનાર છે અને બંધ ચેત્ય છે. આત્મા ચેતક છે. છે ને? નીચે છે. આત્મા ચેતક છે. ચેતનાર, જાણનાર (છે) અને બંધ ચેત્ય છે. જાણવાલાયક છે. બંને અજ્ઞાનદશામાં તેઓ એકરૂપ અનુભવાય છે. શું કહે છે?

રાગ છે એ ચેત્ય છે, જાણવાલાયક છે અને આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એમ બન્ને ભિન્ન ચીજ છે. પરંતુ ભેદજ્ઞાનના અભાવને કારણે બન્ને એક દેખાય છે. રાગ અને આત્મા એક લાગે છે. ચેત્ય અને ચેતક. જાણવાલાયક અને જાણનાર બેય એક લાગે છે. આહાહા..! ગાથા બહુ (સારી આવી). ચેત્ય-ચેતક. આહાહા..! આત્મા ચૈતન્યસ્વરૂપ ચેતક અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ, એ ચેત્ય છે, જાણવાલાયક છે. પણ ભેદજ્ઞાનના અભાવે ચેતક અને ચેત્ય બેય એક દેખાય છે. જાણવાલાયક ચીજ અને જાણનાર છે ભિન્ન, છતાં અજ્ઞાનને કારણે બેય એક દેખાય છે. જાણનારી ચીજ અને જાણનાર બેય એક લાગે છે. આહાહા..!

વ્યવહાર રત્નત્રય એ ચેત્ય છે, જાણવાલાયક છે અને આત્મા ચેતક છે, જાણનાર છે. (રાગ) જાણવાલાયક છે, આ (આત્મા) જાણનાર છે. ચેત્ય-ચેતક આમ એકસાથે રહે છે. નિકટ છે અને ભિન્ન પાડવાની ભેદજ્ઞાન શક્તિ નથી તેથી બન્ને એક લાગે છે. આત્મા અને રાગ એક છે. જણાવાલાયક અને જાણનાર એક લાગે છે. આહાહા..! જાણનાર આત્મા અને જણાવાલાયક રાગ બેય અજ્ઞાનભાવે એક લાગે છે. છે બન્ને જુદા. આહાહા..!

**'ચેત્યચેતકભાવ વડે...'** આહાહા..! **'અત્યંત નિકટતાને લીધે...'** બહુ નજીક છે. કેમકે એના પ્રદેશમાં છે. પર્યાયમાં રાગ (છે). આહાહા..! પર્યાયમાં રાગ અને પર્યાય જ્ઞાન છતાં એ જ્ઞાનની પર્યાય આ બાજુ ન ઢળતા જણાવાલાયક છે તેને જાણવામાં રોકાતા એ જાણનાર અને જણાવાલાયકને એક માનતા–ચેત્યચેતકને એકરૂપે માને છે. વ્યવહાર છે એ ચેત્ય છે, જાણવાલાયક છે. આત્મા ચેતક–જાણનાર છે, બેય એક નથી. આહાહા..! આવું બધું ઝીણું. માર્ગ એવો છે, ભાઈ! છે એમાં? છે કે નહિ?

**'ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે એક (–એક જેવા) થઈ રહ્યા છે,...'** એક

જેવા થઈ રહ્યા છે, એક થયા નથી. એક જેવા થયેલા દેખાય છે. એક થયા નથી. જાણનાર ચૈતન્ય અને રાગ જણાવાલાયક એક જેવા દેખાય છે, એક થયા નથી, એક છે નહિ. જેટલો વ્યવહાર રત્નત્રયનો રાગ અને ભગવાન ચૈતન્ય બેય એક જેવા દેખાય છે, એક છે નહિ. આહાહા..! **'અને ભેદવિજ્ઞાનના અભાવને લીધે,...'** રાગ અને આત્મા ભિન્ન છે એવા ભેદવિજ્ઞાનના અભાવને લીધે, બેના ભેદવિજ્ઞાનના અભાવને લીધે. આહાહા..! **'જાણે કે તેઓ એક ચેતક જ હોય એમ જેમનો વ્યવહાર કરવામાં આવે છે...'** એટલે કે જાણે કે આ રાગ (થાય છે એ) હું આત્મા જ છું. રાગ પુણ્યાદિ છે એ આત્મા જ છે, જુદી ચીજ છે નહિ એમ અજ્ઞાનીને ભાસે છે. આહાહા..! બહુ ઝીણી વાત આવી. **'એમ જેમનો વ્યવહાર કરવામાં આવે છે...'** જાણવાલાયક અને જાણનાર જાણે એક છે એમ વ્યવહાર કરવામાં આવે છે. એવો **'વ્યવહાર કરવામાં આવે છે...'** આહાહા..! **'(જેમને એક આત્મા તરીકે જ વ્યવહારમાં ગણવામાં આવે છે)'** જાણે રાગ આત્મા જ છે, રાગ દયા, દાનના વિકલ્પ એ આત્મા જ છે. ત્યાં નજર છે ને? નજર ત્યાં છે. **'(વ્યવહારમાં ગણવામાં આવે છે) તેઓ...'** આહાહા..! **'પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે છેદી શકાય?'** એક જેવા દેખાય એને કેમ છેદાય? કહે છે. અને નિકટ છે. રાગ છે ત્યાં જ્ઞાન છે અને જ્ઞાન છે ત્યાં રાગ છે. એક જેવા દેખાય છે. ચેત્ય અને ચેતક ભિન્ન છે છતાં ચેત્ય ચેતક જેવું દેખાય. આ મારું છે એમ દેખાય. એવું છે (તો તેમને) **'પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે છેદી શકાય?'** એને પ્રજ્ઞા દ્વારા ભિન્ન કઈ રીતે થાય? એમ શિષ્યનો પ્રશ્ન છે એનો ઉત્તર વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૬૦ ગાથા-૨૯૪ બુધવાર, માગશર વદ ૨, તા. ૦૫-૧૨-૧૯૭૯

---

'સમયસાર' ૨૯૪ (ગાથા). શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા અને બંધ બે, એક જેવા અંદર દેખાય છે. બંધ છે એ ચેત્ય છે-જાણવાલાયક છે અને ચેતન તે જાણનાર છે. છતાં નજીકપણાને લઈને ચેત્ય અને ચેતક એક જેવા દેખાય છે તો તેને જુદા કેમ પાડવા? એમ પ્રશ્ન છે. છે ને? એક ચેતક જ હોય એમ જેમનો વ્યવહાર દેખાય છે. **'તેઓ પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે છેદી શકાય?'** પ્રશ્ન પહેલો સમજાય છે?

આ આત્મા જે છે એ તો ચેતક જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર (છે) અને બંધ એ રાગાદિ છે, એ ચેત્ય છે એટલે જાણવાલાયક છે. એ જાણનાર નથી, જાણનાર નથી. જાણવાલાયક છે અને જેની બહુ નિકટતાને લઈને ચેત્ય-ચેતક જાણે બેય જાણનાર જ હોય એમ દેખાય છે. પહેલા પ્રશ્ન (સમજાય છે)? બહુ ઝીણી વાત છે, ભાઈ! એ બે

ચીજ અંદર જુદી છે એમ જુદી શી રીતે કરવી? એક જેવું દેખાય એને જુદું શી રીતે કરવું? કારણ કે અત્યંત નિકટપણે ચેત્ય અને ચેતક સાથે જ છે. જાણનારો ચૈતન્ય અને જણાવાયોગ્ય પુણ્ય, પાપ, દયા, દાન, રાગ-દ્વેષ વિકાર પરિણામ એ સાથે ને સાથે જ છે. જે સમયે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય એ જ સમયે રાગાદિ ઉત્પન્ન થાય છે. કાળ એક છે, નિકટ છે. જાણનાર અને જણાવાયોગ્ય બેય ભિન્ન છે તો તેને ભિન્ન શી રીતે કરવા? ભેગા દેખાય છે ને. સમજાય છે કાંઈ? આકરું કામ છે.

શરીર, વાણી, મનની વાત નથી. શરીર, વાણી, મન, પૈસો, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ એ તો પર છે. એ તો આત્માની પર્યાયમાં (પણ) નથી. એ તો પર છે, એ તો આત્મામાં છે જ નહિ. આત્માની પર્યાયમાં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ એવા પરિણામ એની પર્યાયમાં ઊપજે છે પણ છે તે જણાવાલાયક. જાણનાર નથી. જાણનાર તો ચેતક છે. એ ચેતક જાણનાર અને જણાવાયોગ્ય, એની નિકટતાને લઈને બેય જાણે ચેતક હોય, બેય આત્મા હોય એમ લાગે છે. સમજાય છે કાંઈ? આવી ઝીણી વાતું છે. હવે એને કેમ જુદા પાડવા? જુદા છે એને જુદા પાડવા, એ કાંઈ પ્રશ્ન નથી. શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કટુંબ-પરિવાર, લક્ષ્મી એ તો પર છે. પર છે એ તો જુદા જ છે. એ તારા દ્રવ્ય-ગુણમાં તો નથી પણ તારી પર્યાયમાં પણ એ ચીજ નથી. આહાહા..!

તારી પર્યાય જે વર્તમાન અવસ્થા છે એમાં જણાવાલાયક વિકારની ઉત્પત્તિ થાય છે અને જાણનારો ચૈતન્ય છે. એટલો નિકટ સંબંધ છે. એથી કરીને જાણનાર અને જણાવાયોગ્ય બે જુદા છે તેમ જણાતા નથી. બે એક છે, ચેતક છે, ચેતક છે એમ બેય જાણનાર છે, જણાવાયોગ્ય અને જાણનાર એમ નહિ, બેય જાણનાર છે એમ દેખાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! ધર્મનું ઝીણું રૂપ અત્યારે કરી મૂક્યું સ્થૂળ રૂપ. બધું ઊંધું, અવળું અને આ રીતે ધર્મને સમજવો.

‘**(તેનું સમાધાન આચાર્યદેવ કરે છે :–)**’ છે? કે, ‘**આત્મા અને બંધનાં નિયત સ્વલક્ષણોની...**’ કહે છે, ભલે નિકટ–નજીક છે. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે, જાણનાર-દેખનાર આનંદ છે અને રાગ, દયા, દાન, કામ, ક્રોધાદિ એ વિકાર છે. બેયના ‘**આત્મા અને બંધનાં નિયત સ્વલક્ષણો...**’ બેયના સ્વલક્ષણો જુદા છે. એક જેવું દેખાય છતાં બેયના લક્ષણ જુદા છે. રાગાદિનું લક્ષણ જુદું છે, ચૈતન્યનું લક્ષણ જુદું છે. આહાહા..! આવી વાતું હવે. ‘**આત્મા અને બંધના નિયત...**’ નિશ્ચય. ખરેખર બેયના સ્વલક્ષણો ‘**સૂક્ષ્મ અંતઃસંધિમાં...**’ સૂક્ષ્મ અંતઃસંધિમાં. જાણનાર અને રાગ, દયા, દાન, કામ, ક્રોધાદિ જણાવાયોગ્ય એ બેની વચ્ચે સૂક્ષ્મ સંધિ છે. બેય એક નથી. બે વચ્ચે સાંધ–તડ છે. આહાહા..! આવો માર્ગ હવે.

સૂક્ષ્મ અંતઃસંધિ. અંતરંગની સંધિમાં ‘**પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને...**’ જાણનાર જે પર્યાય છે તે પ્રજ્ઞાછીણીને રાગ અને જ્ઞાનની વચ્ચે મારતા બેય જુદા પડી જાય છે. કારણ કે બેય

એક નથી. બે જાતના એક નથી, બેના લક્ષણ એક નથી, બેનું સ્વરૂપ એક નથી. બેનું સ્વરૂપ, બેના લક્ષણો, બેના ભાવો બેય જુદી જાત છે. આહાહા..! વિકાર જે છે તે પર દિશા તરફના વલણથી થાય છે અને જ્ઞાન છે તે અંતરમાંથી થાય છે. એમ અંતર સૂક્ષ્મ અંતઃસંધિ–અંતરંગની સાંધમાં. બેયના સ્વલક્ષણો જાણીને આત્માનું લક્ષણ જ્ઞાન અને બંધનું લક્ષણ રાગ, એમ બેના સ્વલક્ષણો જુદા જાણીને. આહાહા..! **'પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને...'** પટકવી. એટલે કે જ્ઞાનની પર્યાય જે પર તરફ વળેલી છે એ જ્ઞાનની પર્યાયને સ્વ તરફ વાળવી. એ બેની વચ્ચે સંધિ કરવાનો–સાંધ કરવાનો ઉપાય છે. આહાહા..!

આત્મા ચૈતન્યમૂર્તિ છે તેની વર્તમાન જે જ્ઞાનની દશા છે તે દશા અનાદિથી રાગ તરફ વળેલી છે. (ધ્યેય) જે જેનું લક્ષ નથી, જેનું લક્ષણ નથી એવા રાગ તરફ પર્યાય વળેલી છે. તેથી જેનું લક્ષણ જ્ઞાન છે, લક્ષ આત્મા છે એ જ્ઞાનના લક્ષણ વડે કરીને લક્ષ તરફ દોરવું. આહાહા..! આવી ઝીણી વાત છે. ધર્મ સૂક્ષ્મ છે, ભાઈ! વર્તમાનમાં તો બધી ગડબડી ચાલી છે. બહારથી આ કરો, વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો ને... એ બધી ક્રિયાકાંડો છે. એ તો રાગ છે, એ તો જણાવાયોગ્ય છે એ કંઈ વસ્તુ નથી. એ આત્માની ચીજ નથી, એ આત્માનું લક્ષણ નથી.

આત્મા સ્વલક્ષણ એટલે જ્ઞાન દ્વારા જણાય, બંધ રાગ દ્વારા જણાય. બેયને જાણીને જ્ઞાનની પર્યાયને બે વચ્ચે પટકવી એટલે? જ્ઞાનની પર્યાયને સ્વ તરફ વાળવી. એ બે વચ્ચે પટકવી એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે? આવો વીતરાગનો માર્ગ છે. લોકોએ બહારથી કરી મૂક્યો કે દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, અપવાસ કરો. અરે..! એ બધું તો અભવિ પણ અનંતવાર કરે છે. અનંતવાર કર્યું એ કંઈ જન્મ-મરણ મટવાનો ઉપાય નથી. એ તો જન્મ-મરણ થવાનો ઉપાય છે. સંસાર, ઘોર સંસાર કહ્યો નહિ? આહાહા..!

જે શુભભાવ છે એ પણ ચેત્ય છે, જણાવાલાયક છે, ઘોર સંસાર છે, દુઃખરૂપ છે. ભગવાનઆત્મા ઘોર જ્ઞાનસ્વરૂપ છે, સુખરૂપ છે. આહાહા..! અને તે જ્ઞાનના લક્ષણે જાણી શકાય છે. આવો બેમાં ફેર છે. આવું ઝીણું છે. ધીમે ધીમે સમજવું, બાપુ! વીતરાગમાર્ગ અચિંત્ય, અલૌકિક અને અપૂર્વ છે. પૂર્વે કદી કર્યો નથી એવી એ ચીજ છે. અપૂર્વ–પૂર્વે કદી અનંત અનંત કાળના પરિભ્રમણમાં એક સેકંડ પણ (ધર્મ) કર્યો નથી. બેને ભિન્ન પાડવાની ક્રિયા એક સેકંડ કરી નથી. ભિન્ન પાડવાની ક્રિયા કરે તો એની મુક્તિ થયા વિના રહે નહિ. પછી ભવભ્રમણ રહે નહિ. એકાદ-બે ભવ હોય પણ પછી ભવભ્રમણ ન રહે. આહાહા..! બીજી કોઈ ક્રિયાકાંડને લઈને ભવભ્રમણ બંધ થઈ જાય (એમ નથી). એ ક્રિયાકાંડ પોતે ભવભ્રમણ છે, ક્રિયાકાંડ જે છે એ પોતે સંસાર છે, ઘોર સંસાર છે. આહાહા..! દયા, દાન, ભક્તિ, વ્રત, તપ એ જે વિકલ્પ ઉઠે છે રાગ, એ ઘોર સંસાર છે. કેમકે એનાથી ગતિ મળે છે, ચાર ગતિ રખડવાની (મળે છે). એમાંથી જન્મ-મરણનો અંત આવતો નથી. આહાહા..!

તેથી જણાવાયોગ્ય જે રાગ છે અને જાણનાર જે છે, એ જાણનારને જણાવાયોગ્ય ચીજ તરફથી વાળીને, પાછી વાળીને એ પર્યાયને જાણવાયોગ્ય છે તેમાં વાળવી. જણાવાયોગ્ય છે ત્યાં વળેલી છે એને એ જ્ઞાનની પર્યાયની અવસ્થાને, પર્યાય એટલે અવસ્થા. પર્યાય સાંભળી ન હોય કેટલાકે, એની અવસ્થા જે વર્તમાન દશા, તે દશા રાગ ઉપર વળેલી છે, ચેત્ય ઉપર ચેતક વળેલો છે, એ ચેતકને ચેતક તરફ વાળવો. આહાહા..! આ બેને જુદા પાડવાનો ઉપાય છે. આ ધર્મ છે, આ મુક્તિનો ઉપાય છે. કહો, 'યશપાલજી'! આવી વાતું ઝીણી બહુ. બહારમાં ને બહારમાં બહારની પ્રવૃત્તિ (કરે). ત્યાગ દેખે, લૂગડા છોડે, નગ્ન થાય (એમાં) ધર્મ માની લે. આહાહા..!

મુમુક્ષુ :– કષાય પાતળો કરે તો અંતર્મુખ થવાય ને?

ઉત્તર :– બિલકુલ જૂઠી વાત. સંસાર પાતળો કરે ત્યારે સંસારથી રહિત થવાય ને? ઝેર પાતળું કરે ત્યારે અમૃત તરફ જવાય ને? આહાહા..! આકરી વાત (છે).

ચૈતન્ય ભગવાન અંદર બિરાજે છે, ચમત્કારીક ચીજ છે એની તો એને કિંમત જ નથી અને એ રાગ અને મંદ-તીવ્રતાની કિંમત (છે). એ કહ્યું નહિ? એ કહ્યું નહોતું? ('પ્રવચનસાર') ૭૭ ગાથા. શુભ અને અશુભ બે ભાવમાં કંઈ ફેર માને એ ઘોર હિંડંતિ સંસાર. હિંડંતિ સંસાર, ઘોર સંસારમાં રખડશે. વીતરાગને જગતની શું પડી છે? આહાહા..! પુણ્ય અને પાપના ભાવમાં વિશેષ નથી, બેમાં કાંઈ તફાવત નથી, બેય બંધના કારણ છે, બેય સંસાર છે, બેય ઝેર છે, બેય અમૃતથી વિરુદ્ધ ભાવ છે એમાં એકને ઠીક માનવો અને એકને અઠીક માનવો, પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે (એમ જે માને છે એને) ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, કે **'हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो' 'हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो'** એ મિથ્યાત્વથી ઢંકાઈ ગયો છે. પુણ્ય-પાપથી રહિત ભગવાન છે એને એ જાણતો નથી. શુભ-અશુભભાવથી અંદર ભગવાન ભિન્ન છે એને જાણતો નથી. એ પુણ્ય ને ઠીક અને પાપને અઠીક માને છે. બેમાં તફાવત માને છે, બેમાં વિશેષતા માને છે, કંઈક બેમાં ફેર છે, શુભભાવ અને અશુભભાવ બેમાં કાંઈક ફેર છે એમ માને છે એ ઘોર સંસારમાં રખડશે. બેય ઝેર છે, બેય રાગ છે, બેય સંસાર છે, બેય દુઃખ છે, બેય આકુળતા છે, બેય પરજન્ય ભાવ છે, બેયની દિશા પર તરફ વળે છે. સ્વ તરફની દિશા નથી. આહાહા..!

**'આત્મા અને બંધનાં નિયત...'** નિશ્ચય, સાચા સ્વલક્ષણ, સાચું સ્વલક્ષણ. રાગનું સાચું સ્વલક્ષણ બંધ, આત્માનું સાચું લક્ષણ જ્ઞાન. એ બેના સાચા લક્ષણ જાણીને. આહાહા..! **'સૂક્ષ્મ અંતઃસંધિ...'** આહાહા..! બે જુદા પડી જાય છે માટે બે વચ્ચે સાંધ છે, બેય એક થયા નથી. દ્રવ્યસ્વરૂપ જે ચૈતન્યદ્રવ્ય વસ્તુ છે એ જણાવાયોગ્ય જે રાગ, દયા, દાન આદિ એ રૂપ થયો નથી, (એક) માન્યો છે. આહાહા..! આવો ઉપદેશ કોઈ દિ' સાંભળ્યો ન હોય

એને એવું લાગે કે આ શું છે પણ? આ તે જૈનની વાત હશે? આ વીતરાગની વાત હશે? ક્યાંની હશે આ? ભાઈ! તેં વીતરાગમાર્ગ સાંભળ્યો નથી, ભાઈ! આહાહા..!

જૈન પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ પરમ દેવાધિદેવ એમ ફરમાવે છે તેમ સંતો ફરમાવે છે. આહાહા..! પ્રભુ! તું જાણનાર છો ને! જાણનારમાં કાંઈ ખામી, ઓછી છે નહિ. જાણનાર આખો ભર્યો છે ને! આહાહા..! અને જાણનારની સામે રાગ જણાવાયોગ્ય છે ને. એ પણ ક્ષણિક છે, જણાવાયોગ્ય છે એ ક્ષણિક છે. એ જણાવાયોગ્ય જણાય અને ખરી જાય છે. આહાહા..! જાણનારો જાણીને ટકી રહે છે. જાણનારો જાણીને સ્થિર રહે છે. રાગાદિ જણાય છે એ જણાવાયોગ્ય જણાયને ખરી જાય છે. આહાહા..! એ તારી ચીજ નથી. આહાહા..! ઝીણું પડે, ભાઈ! બીજું શું થાય? માર્ગ તો આ છે. લોકોએ બીજો કરી નાખ્યો છે ને એટલે આ વળી 'સોનગઢે' નવી લપ ક્યાંથી કાઢી? એમ કેટલાક કહે છે. આહાહા..! એકાંત છે, એકાંત છે એમ કહે છે. વાત સાચી. સાચી પ્રભુ! તારી વાત સાચી છે. એકાંત છે. આત્મા તરફની વાણી, આત્મા તરફનો ભાવ એકાંત છે. આહાહા..!

પ્રજ્ઞાછીણી એટલે? કે, જ્ઞાનની દશાને રાગ તરફ અનાદિથી વળેલી છે, જેની છે તે તરફ વળેલી નથી, જેમાં જે નથી, જેની નથી, તેને જાણવાયોગ્યમાં રોકાઈ ગઈ છે. એને પોતાની પર્યાયને પોતામાં વાળ. આહાહા..! જાણનારને જાણનારમાં વાળ એ પ્રજ્ઞાછીણી છે. આહાહા..! ભાષા ટૂંકી છે પણ આખો માર્ગ સમાડી દીધો છે. આખો મોક્ષનો માર્ગ આ છે, ધર્મ આ છે.

રાગ દયા, દાન, ચાહે તો ભગવાનની ભક્તિનો વિકલ્પ હોય કે ગુણ-ગુણી ભેદનો વિકલ્પ (હોય) એ એક કોર સંસાર (છે અને) એક કોર મુક્તસ્વરૂપ પ્રભુ (છે). આત્મા એ ત્રિકાળી મુક્ત સ્વરૂપ છે, રાગ એ બંધસ્વરૂપ છે. બેના સ્વલક્ષણ જાણીને રાગ તરફથી જ્ઞાનની પર્યાયને જેની છે તેના તરફ વાળીને, તેણે બંધ અને આત્મા વચ્ચે છીણી મારી. (આ) પ્રજ્ઞાછીણી. આહાહા..! ભાષા તો સાદી આવી છે પણ હવે માર્ગ તો આવો છે, ભાઈ! પાંચ-પચીસ હજાર રૂપિયા દાનમાં દઈએ એમાંથી કંઈ મોક્ષ થાય કે નહિ?

મુમુક્ષુ :- તો તો પૈસાવાળાનો મોક્ષ થાય, બીજાને રખડી મરે.

ઉત્તર :- પૈસા ગોતવા પડે, પૈસા પાછા લેવા-દેવા એ ઉપાધિ.. આહાહા..! જે જેમાં નથી તેને દેવું-લેવું એ આત્માનો અધિકાર છે? આહાહા..! ભગવાનઆત્મામાં એ પૈસો છે નહિ, પૈસો પૈસામાં છે. હજી આ જણાવાયોગ્ય રાગ છે એ તો હજી આત્માની પર્યાયમાં છે. પૈસો તો આત્માની પર્યાયમાં પણ નથી. એના દ્રવ્ય-ગુણમાં તો નથી એની વિચારની ધારામાં પૈસો નથી, પૈસો પૈસામાં-જડમાં છે. આહાહા..! એ થઈ ગયો ધણી અત્યારે. પૈસો જ્યાં પાંચ-પચાસ લાખ ને કરોડ, બે કરોડ, પાંચ કરોડ થાય ત્યાં આહાહા..! મોટા મોટા સાંભળ્યા નથી? 'શાંતિલાલ ખુશાલ'. બે અબજ ચાલીસ કરોડ. 'ગોવા.. ગોવા!' આપણા

દશાશ્રીમાળી વાણિયા, 'પાણસણા'ના. ક્ષણમાં મરી ગયો. મમતા.. મમતા. 'શાહૂજી' 'શાંતિલાલ શાહૂ' 'શાંતિપ્રસાદ' 'દિલ્હી' ચાલીસ કરોડ. ગુજરી ગયા, કાંઈ લઈ ન ગયા. આ 'ચીમનભાઈ'ના શેઠ વૈષ્ણવ (છે), પચાસ કરોડ (છે). હમણા 'મુંબઈ' આવ્યા હતા. પચાસ કરોડ ધૂળ છે ને! પચાસ કરોડમાંથી દસ કરોડ આપે તો કાંઈ ધર્મ થાય? કાંઈક ઉધ્ધાર થાય કે નહિ? ત્યારે હવે ન આપવા ને? આપવા, ન આપવાનો પ્રશ્ન ક્યાં છે? લોભ ઘટાડે, પુણ્ય થાય. લોભ ઘટાડે તો પુણ્ય થાય. પણ પુણ્ય છે એ સંસાર છે. એનાથી ધર્મને સહાય મળે (એમ નથી). ધર્મ ધુરંધર (કહેવાય). આહાહા..!

હમણા એક દેરાવાસી સાધુ આવ્યા હતા ને? કીધું, નામ શું? (તો કહ્યું), 'ધર્મધુરંધર', 'ધર્મધુરંધરવિજય' આચાર્યપદવીમાં છે, જુવાન છે. અહીં આવ્યા હતા. અરે..! કોને ધર્મધુરંધર કહેવા? બાપુ! આહાહા..! હજી તો સમકિતના ઠેકાણા નહિ એને ધર્મ ધુરંધર (કહે).

મુમુક્ષુ :– હજી ગૃહીત મિથ્યાત્વનો જ અભાવ થયો નથી.

ઉત્તર :– શું થાય? ભાઈ! અતડા થઈ જાય. આખી દુનિયાથી અતડા થઈ જાય, જુદા પડે ત્યારે આ તો બેસે એવું છે. ક્યાંય ભેળસેળ રાખીને મેળ રાખે તો મળે એવું નથી. એ તો 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું નથી? ઇ યાદ આવ્યું હતું. ત્યાં હમણા 'હુકમીચંદજી' 'શાંતિસાગર' ને આચાર્યપદ મળ્યું છે ને? ત્યાં 'હુકમીચંદજી' ગયા હતા ને? લાખો માણસમાં ભાષણ આપ્યા. 'હસ્તિનાપુર'. બધા અનુકૂળ. બીજા એક 'જયસાગર' છે એ તો અહીં આવ્યા હતા. બધા અનુકૂળ, કોઈ પ્રતિકૂળ વિરોધ નહિ. વાત એક છે, માર્ગ આ જ છે, એમ. એને આચાર્યપદવી આપી 'શાંતિસાગર'ને, 'હુકમીચંદજી'ને નાળિયેર મળ્યું.

'મોક્ષમાર્ગ પ્રકાશક' શાસ્ત્રમાં આવે છે ને? પોતા કરતા ક્રિયામાં વધારે હોય, હોય ભલે મિથ્યાત્વી પણ તેને વ્યવહાર સહિત ભક્તિ કરે. છે ને? છે? શું? 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં. 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં છે. પણ વ્યવહારમાં ચોખ્ખું જોઈએ ને? આ તો એને માટે કરેલો આહાર લે, ચોકા કરીને લે એ વ્યવહાર પણ ક્યાં છે? આમ બીજી રીતે અનુકૂળ. જે કહે એ વાત સાચી છે, 'સોનગઢ' કહે એ સાચી વાત છે, માર્ગ એ છે એમ કહે. અને ભાઈ 'હુકમીચંદજી' કહે એને અનુમોદે. લાખો માણસ ભેગા થયા હતા. 'હુકમીચંદ'ને પોતાને નાળીયેર મુક્યું પોતે. ... હતી. બીજી રીતે વ્યવહાર ઠીક પણ આહાર-પાણી ચોકા કરીને લે છે. બહારનો બીજો વ્યવહાર ભલે ઠીક હોય, પ્રરૂપણા ઠીક હોય, આ ઠીક હોય પણ આ ઠીક ન હોય એનું શું? ચોકા કરીને આહાર લે એના તો વ્યવહારના પણ ઠેકાણા નથી. ઘણા માણસો, લાખો માણસોએ એમનું સાંભળ્યું, 'હુકમીચંદજી' નું સાંભળ્યું અને બધા સાધુઓ..

અહીં તો ના પાડે છે. એને માટે કરેલો આહાર લે, વ્યવહારમાં ફેર છે. નિશ્ચયમાં ભલે ફેર હોય, વ્યવહાર ચોખ્ખો હોય તો 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં આવે છે. એમ કે સમકિતી

હોય એ મિથ્યાદૃષ્ટિને પણ પગે લાગે. પણ એનો બહારનો વ્યવહાર ઊંચો હોય. જેમ નિર્ધન માણસ, એક પૈસાવાળો હોય એ મોટો કહેવાય, એમ. દાખલો આપ્યો છે ને એમાં 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં? આ તો મોટો ફેર (છે), બીજો તો ઠીક. એ વાત તો ઠીક. અનુકૂળ છે, પ્રતિકૂળ વિરોધ ન કરે. પણ આહારમાં મુશ્કેલી ભારે અત્યારે. અહીં તો આપણે ઇ આવ્યું, આધાકર્મી, ઉદ્દેશિક પચખે નહીં તેને ત્યાગ નથી. આવ્યું કે નહિ? ગમે તે હોય. આધાકર્મી, ઉદ્દેશિકનો ત્યાગ નથી તેને તેર જાતના પચ્ચખાણ નથી. થઈ રહ્યું. આહાહા..! આવી વાત આકરી ભારે, ભાઈ! એક કોર હા પાડી અને એ ચોખ્ખું હોય તો. ભલે વ્યવહાર અંદર મિથ્યા દેખાય, ઊંડે ઊંડે વિચારતા પણ વ્યવહાર ચોખ્ખો હોય..

અહીં તો કહે છે, કે વ્યવહાર છે એ રાગ છે. એ પ્રજ્ઞાછીણી વડે છેદવો. એટલે કે પ્રજ્ઞાછીણીને તેના તરફથી ખસેડવી. એટલે કે પર્યાયબુદ્ધિ છોડવી, એનો અર્થ ઇ. જ્ઞાનની પર્યાય જે રાગ ઉપર છે એ પર્યાયબુદ્ધિ છે. એ પર્યાયને દ્રવ્ય તરફ વાળવી એ રાગ અને આત્મા વચ્ચે છીણી છે, પ્રજ્ઞાછીણી એને કહેવાય. છે? **'પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને...'** સાવધાન થઈને. આહાહા..! અંદર ધીરજ કેટલી જોઈએ! સાવધાન.

જ્ઞાનસ્વરૂપ આત્મા, રાગરૂપ બંધ, બે (વચ્ચે) ફેર કરવો, જ્ઞાનને ન્યાંથી દૂર કરવું, આત્મા તરફ વાળવું એ પ્રજ્ઞાછીણી. આહાહા..! એ પ્રજ્ઞાછીણી વડે સાવધાન થઈને પટકવાથી, નાખવાથી તેમને છેદી શકાય છે. આહાહા..! આચાર્ય મહારાજ પોતે કહે છે, 'અમૃતચંદ્રાચાર્ય' પોતે કહે છે, 'કુંદકુંદાચાર્ય' કહે છે. આહાહા..! નાનાપણું પામી જાય છે, પાઠ (છે). 'કુંદકુંદાચાર્ય' નો શબ્દ છે. બે જુદા પડી જાય છે. 'અમૃતચંદ્રાચાર્યે' અર્થ કર્યો કે, **'જુદા કરી શકાય છે એમ અમે જાણીએ છીએ.'** આહાહા..! જ્ઞાનસ્વભાવ ભગવાનને રાગથી પાછો વાળીને સ્વભાવ તરફ વાળવો એમ પ્રજ્ઞાછીણી મારવી. એનાથી જુદા પડી શકે છે એમ અમે જાણીએ છીએ, કહે છે. આહાહા..! આવી વાત હવે. વ્રત કરવા, અપવાસ કરવા, આંબેલું કરવી, ઓળી.. ઓળી.. ઓળી (કરવી).

મુમુક્ષુ :- વિચારો આવ્યા જ કરે, સંધિ દેખાય નહિ તો શું કરવું?

ઉત્તર :- આવ્યા કરે, એ પોતે જુદો નથી પાડતો માટે આવ્યા કરે છે. એની મેળાએ કાંઈ આવ્યા નથી કરતા. ઊંધા પુરુષાર્થથી આવ્યા જ કરે. પુરુષાર્થ ત્યાં હોય ત્યાં સુધી વળ્યા જ કરે. વાળતો નથી માટે આવ્યા કરે છે. આહાહા..! એવી ઝીણી વાત છે. સ્વરૂપ ઝીણું છે પણ માર્ગ આ છે. આ માર્ગ વિના છૂટકો નથી. બીજા ગમે એ રીતે મનાવે અને માને એથી કરીને કંઈ રસ્તો નહિ નીકળે. આહાહા..!

**'એમ અમે જાણીએ છીએ.'** કેટલાક એમ કહે છે, કે નિશ્ચય સમકિત જણાય નહિ. અત્યારે એમ કહે છે. વ્યવહાર જણાય માટે વ્યવહાર કરો. નિશ્ચય ભગવાન કેવળી જાણે. આહાહા..! 'જ્ઞાનમતિ' એમ કહે છે, કે આપણે ભવિ છીએ કે અભવિ? કાળલબ્ધિ પાકી

છે કે નથી પાકી એ તો કેવળી જાણે. અહીં આચાર્ય કહે છે, કે અમે જાણીએ છીએ. આહાહા..! બહુ ફેર, ઘણો ફેર. આખા ફેરફાર છે.

રાગ અને જ્ઞાન બે જુદા (છે). એક સુખરૂપ અને એક દુઃખરૂપ. એક આકુળતારૂપ અને એક અનાકુળતારૂપ. આહા..! એક અચેતન અને એક ચેતન. શુભ-અશુભભાવ અચેતન. ચેતનનો અંશ એમાં નથી. ચેતનનો અંશ જે છે તેને દ્રવ્ય તરફ વાળ. એ રાગમાં ચેતનનો અંશ નથી. આહાહા..! પર તરફ વળેલી વૃત્તિઓ જે છે એમાં જ્ઞાનનો અંશ નથી. માટે તેના (તરફથી) પાછો ફર. આહાહા..! આજે તો આ મુદ્દાની વાત છે.

હવે લક્ષણની વાત કરે છે. માથે એમ કહ્યું ને? **'આત્મા અને બંધના નિયત સ્વલક્ષણો...'** નિશ્ચય બેના લક્ષણ શું? એનાથી જાણીને જુદું પાડ. હવે લક્ષણની વાત કરે છે. લક્ષણ શું? **'આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે,...'** આહાહા..! જે કાયમ છે. જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર જાણનાર એ એનું લક્ષણ છે. અસ્તિત્વ ને અરૂપીપણું ને એ એનું મુખ્ય લક્ષણ નથી કાંઈ. (યથાર્થ) લક્ષણ આ છે. કારણ કે અસ્તિત્વ ને અમૂર્તપણું તો બીજા દ્રવ્યમાં પણ છે. **'આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે,...'** એ તો જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર ચૈતન્ય લક્ષણ છે. આહાહા..!

**'કારણ કે તે સમસ્ત શેષ દ્રવ્યોથી અસાધારણ છે (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં તે નથી).'** જાણવું તે અન્ય દ્રવ્યોમાં નથી. ભલે બીજા આત્મામાં છે, પણ આ જાણવું તે એ દ્રવ્યમાં નથી. જડમાં તો નથી પણ આ જાણવું જે છે, જે રાગથી પાછું વળે એવું જ્ઞાન એ ચેતન એ આ જાત છે તે ન્યાં નથી. ન્યાં એની જુદી છે. આહાહા..! **'સમસ્ત શેષ દ્રવ્યોથી અસાધારણ છે (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં તે નથી).'** અન્ય દ્રવ્યમાં એ નથી.

**'તે ચૈતન્ય...'** હવે લક્ષણને સ્પષ્ટ કરે છે. ચૈતન્ય લક્ષણ એટલે શું? એને સ્પષ્ટ કરે છે. કે ચૈતન્ય લક્ષણ એ આત્મા. **'તે (ચૈતન્ય) પ્રવર્તતું થકું...'** ગુણ.. ગુણ લીધો. ચૈતન્યનો ગુણ. **'(ચૈતન્ય) પ્રવર્તતું થકું જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે...'** પર્યાય શબ્દે અહીં ગુણ (લેવો). જે જે ગુણને વ્યાપીને પ્રવર્તે છે. આ ગુણ છે, આ ગુણ, સહવર્તી ગુણ. આહાહા..! **'તે (ચૈતન્ય) પ્રવર્તતું થકું...'** જે જે ભેદને. એ ગુણભેદ છે ને? ચૈતન્યમાં એ ગુણ છે તેને વ્યાપીને પ્રવર્તે છે. ચૈતન્ય દ્રવ્ય જે છે એ ગુણને વ્યાપીને પ્રવર્તે છે. કાયમ (એમ પ્રવર્તે છે). આહાહા..!

**'જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે...'** ગુણ.. ગુણ. સ્વદ્રવ્ય. ચૈતન્યદ્રવ્ય જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે એટલે ગુણ. **'અને નિવર્તતું થકું જે જે પર્યાયને ગ્રહણ કરીને...'** જે જે નવી પર્યાયને ગ્રહણ કરીને જૂની પર્યાયથી નિવર્તે છે. આહાહા..! થોડામાં પણ ઘણું ભર્યું છે. **'નિવર્તતું થકું...'** પર્યાય ફરે છે, ચૈતન્યની પર્યાય તો ફરે છે. રાગ છે એ જણાવાલાયક છે અને જાણનાર (પોતે). પણ જાણનારની પર્યાય ફરે છે, બદલે છે, પલટે છે. એ

જણાવાયોગ્યમાં જાણતું નથી. અત્યારે આ, હોં! બાકી ખરેખર પર્યાયને પર્યાય જાણે છે. આહાહા..!

**'નિવર્તતું થકું જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે તે તે સમસ્ત સહવર્તી...'** એ પર્યાયને પ્રવર્તતું થકું કીધું એ સહવર્તી, સાથે રહેનારા ગુણો. ચૈતન્ય દ્રવ્ય એ ચૈતન્ય ગુણમાં સાથે રહેતું પ્રવર્તે છે. કાયમ રહેનારું છે. આહાહા..! દ્રવ્ય-ગુણ ને ત્રણ નાખ્યા. ચૈતન્યદ્રવ્ય એ ચૈતન્ય ગુણ જે સ્વભાવ સહવર્તીમાં વ્યાપીને પ્રવર્તે છે. આહાહા..! **'તે સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી પર્યાયો...'** જે જે પર્યાયને ગ્રહીને નિવર્તે છે, નવી પર્યાયને ગ્રહીને નિવર્તે છે. આહાહા..! નિવર્તીને ગ્રહે છે એમ ન લીધું. સમજાણું કાંઈ? નવી પર્યાયને ગ્રહીને નિવર્તે છે. અસ્તિ પાછી રાખવી છે. પર્યાય વિનાનું રહેતું નથી. છોડીને ગ્રહે છે (એમ હોય તો) ત્યાં પર્યાયનું અસ્તિત્વ રહેતું નથી. અહીં પર્યાયનું અસ્તિત્વ પર્યાયમાં છે એ ગ્રહણ કરે છે, નવી પર્યાય ઉત્પન્ન કરે છે અને જૂની નિવર્તે છે. સમય એક છે. આહાહા..! આવું ઝીણું આવ્યું. એને સંયોગ કીધો ને? 'પંચાસ્તિકાય'. જે પર્યાય ઉત્પન્ન થાય છે એ સંયોગ છે, વ્યય થાય છે તે વિયોગ છે. આહાહા..! ચૈતન્યદ્રવ્યની સાથે ગુણ તો સાથે સદાય છે. ચેતનની સાથે ચૈતન્યપણાનો ગુણ સદાય સાથે પ્રવર્તે જ છે અને પર્યાય છે એ નવી પર્યાયને ગ્રહણ કરતી, નવી પર્યાયને ગ્રહણ કરતી નિવર્તે છે. નવીની અસ્તિ પર્યાય તો રાખે છે. આહાહા..! પહેલું પર્યાયને અસ્તિપણે રાખીને ગ્રહીને નિવર્તે છે. નવી પર્યાયને ગ્રહતું જૂની પર્યાયથી નિવર્તે છે. આહાહા..!

**'તે તે સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી પર્યાયો આત્મા છે...'** એ સહવર્તી ગુણો ચૈતન્યની સાથે કાયમ રહેનારા, સહ-સાથે રહેનારા ગુણો અને ક્રમે ક્રમે નિવર્તન ઉપજાવીને ઉપજતા થકા છોડે એ પર્યાય, તે બધા આત્મા છે. એ સહવર્તી અને ક્રમવર્તી પર્યાયો આત્મા છે. બેય આત્મા છે. આહાહા..! પેલો રાગ (આત્મા) નહિ. આ આત્માનું લક્ષણ કહેવું છે ને? આત્મા ચૈતન્ય ગુણ જે ત્રિકાળ સહવર્તી (છે) તેને વ્યાપીને પ્રવર્તે છે. આહાહા..! અને નવી પર્યાયને ઉત્પન્ન કરીને નિવૃતે છે. ગ્રહણ કરીને નિવૃતે છે. એ બધી સહવર્તી અને ક્રમવર્તી પર્યાયો આત્મા છે. આ લક્ષણ કીધું. આત્માનું આ લક્ષણ બાંધ્યું. આહાહા..! હવે આવી ધર્મની ઝીણી વાતું. લોકોને બહારથી ધર્મ માની લેવો (છે). જેમાં આત્માની નિર્મળ પર્યાય કે ગુણ પણ નથી અને એને ધર્મ માનવો! આહાહા..!

તે બધું આત્મા જ છે. તે જ એક લક્ષણથી લક્ષ છે. તે જ આત્મા તે જ એક લક્ષણ. લક્ષણ એક (છે). જ્ઞાનલક્ષણથી લક્ષ (થાય છે). ચૈતન્યલક્ષણથી જ ચૈતન્ય ઓળખાય છે. બીજું કોઈ એમાં લક્ષણ નથી.

**'વળી સમસ્ત સહવર્તી અને ક્રમવર્તી અનંત પર્યાયો સાથે...'** આહાહા..! સમસ્ત સહવર્તી ગુણો અને ક્રમવર્તી પર્યાયો. ક્રમવર્તી પર્યાયો એટલે ભેદો લીધા. સહવર્તી પણ પર્યાય લધી

(કેમ કે) ભેદ છે ને? સહવર્તી, ક્રમવર્તી અનંત પર્યાયો. **'ચૈતન્યનું અવિનાભાવીપણું હોવાથી...'** આત્માનું અનંત ગુણો અને અનંતી પર્યાય સાથે અવિનાભાવ છે. એના વિના ચેતન ન હોય અને ચેતન વિના એ ન હોય. ચેતન વિના ચૈતન્યનો સહવર્તી ગુણ અને પર્યાય ન હોય અને ગુણ ને પર્યાય વિના ચેતન ન હોય. એ અવિનાભાવ (કહેવાય છે).

**'સાથે ચૈતન્યનું અવિનાભાવીપણું હોવાથી ચિન્માત્ર જ આત્મા છે...'** જ્ઞાન–જાણક સ્વભાવ, જાણક સ્વભાવમાત્ર આત્મા છે. એ કોઈનું કંઈ કરનારો, કોઈથી કાંઈ લેનારો આત્મા નથી. આત્મા બોલનારો ને આત્મા ચાલનારો એ આત્મા નથી. રાગ એ આત્મા નથી પછી વળી બોલવાનું ક્યાંથી (આત્મા હોય)? આહાહા..! **'ચિન્માત્ર જ આત્મા છે એમ નિશ્ચય કરવો.'** એમ નિર્ણય કરવો. **'આટલું આત્માના સ્વલક્ષણ વિષે.'** આટલું આત્માના સ્વલક્ષણ વિષે કહ્યું.

હવે બંધનું લક્ષણ (કહે છે). **'(હવે બંધના સ્વલક્ષણ વિષે કહેવામાં આવે છે :–) બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી અસાધારણ એવા રાગાદિક છે.'** અહીં રાગાદિ લીધા, વિકાર લીધા, પરિણામ લીધા. ભાવાર્થમાં જરી કર્મ રજકણ લેશે. **'બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી અસાધારણ...'** આત્મદ્રવ્યમાં બિલકુલ નથી. આત્મદ્રવ્યમાં ગુણ કે પર્યાયમાં બિલકુલ નથી. એવો અસાધારણ રાગ, પુણ્ય, દયા, દાન, કામ, ક્રોધ ભાવ એ બંધનું લક્ષણ છે. આહાહા..! બંધના લક્ષણથી અબંધ સંવર ને નિર્જરા થાય એવું કહેવામાં આવે છે. બંધથી સંવર, નિર્જરા થાય. અહીં કહે છે, બંધથી બંધ થાય. સંવર, નિર્જરા તો આત્માના સ્વભાવના આશ્રયથી થાય. આહાહા..! પણ શુભભાવ પાતળો પડે એમાં અશુભની નિર્જરા થાય ને? પણ અશુભની નિર્જરા થાય એમાં શું થયું? બધી અશુભની કંઈ નિર્જરા થાય છે? થોડી થાય. શુભબંધન ભેગું છે. એ તો બંધન જ છે. શુભભાવ તો સંસારનું કારણ કહ્યું.

**'એ રાગાદિક આત્મદ્રવ્ય સાથે સાધારણપણું ધરતા (–ધારણ કરતા) પ્રતિભાસતા નથી,...'** આત્મા સાથે રાગ-દ્વેષ સાથે દેખાતા નથી. જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં રાગ એમ દેખાતું નથી. જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં જ્ઞાન એમ દેખાય છે. આહાહા..! **'કારણ કે તેઓ સદાય ચૈતન્યચમત્કારથી...'** પુણ્ય અને પાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ **'સદાય ચૈતન્યચમત્કારથી ભિન્નપણે પ્રતિભાસે છે.'** ચૈતન્યના ચમત્કારથી જુદા ભાસે છે. આહાહા..!

એ શુભભાવ આત્માથી જુદા ભાસે છે. (શિષ્ય) કહેતો હતો, ચેત્યચેતકને લઈને નિકટપણાને લઈને એક જેવા ભાસે છે. એમ કહ્યું હતું ને? રાગ ચેત્ય છે અને આત્મા ચેતક છે. એથી જાણે એક હોય, નિકટ હોય એમ દેખાતું હતું પણ એક છે નહિ. આત્મા અને રાગ બે ચીજ તદ્દન જુદી છે. એના લક્ષણ તદ્દન જુદા છે.

**'ચૈતન્ય આત્માના સમસ્ત પર્યાયમાં વ્યાપતું પ્રતિભાસે છે,...'** જાણવું-દેખવું એવું ચૈતન્ય એ આત્માના દરેક સમયમાં પ્રતિભાસે છે. **'તેટલા જ, રાગાદિક પ્રતિભાસતા નથી,...'** તેટલા

કાંઈ રાગ-દ્વેષ (પ્રતિભાસતા નથી). જ્યાં જ્યાં આત્મા ત્યાં રાગ-દ્વેષ દેખાતા નથી. સિદ્ધ થયા, કેવળી થયા ત્યાં રાગ દેખાતો નથી. આહાહા..! **'કારણ કે રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે...'** રાગ-દ્વેષ વિના પણ એકલો આત્મા ભગવાન રહે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ વિનાનો આત્મા છે. એના વિના પણ એકલો આત્મા.. છે ને? **'આત્મલાભ સંભવે છે (અર્થાત્ રાગાદિક ન હોય ત્યાં પણ ચૈતન્ય હોય છે).'** પણ સાથે કેમ ઊપજે છે? એની વ્યાખ્યા વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૩૬૧ ગાથા–૨૯૪ ગુરૂવાર, માગશર વદ ૩, તા. ૦૬-૧૨-૧૯૭૯

'સમયસાર' ૨૯૪ ગાથા છે. પાંચમો પેરેગ્રાફ ચાલે છે ને? અહીં આવ્યું છે. **'કારણ કે રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે...'** શું કહે છે? રાગ ન હોય તોપણ આત્મા તો એકલો રહી શકે છે. એટલે રાગ એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. રાગ વિના એકલો આત્માનો લાભ–મોક્ષનો મળી શકે છે એટલે રાગ કાંઈ આત્માની ચીજ નથી.

હવે કહે છે, કે ત્યારે કે, આમ રાગ સાથે ઉત્પન્ન થાય છે ને? **'રાગાદિકનું ચૈતન્ય સાથે જ...'** જ્યાં જ્ઞાન ઊપજે છે તે જ કાળે રાગ ઊપજે છે. એક સમયે સાથે છે. રાગ-દ્વેષનું ચૈતન્ય સાથે જ (ઊપજવું થાય છે). ઝીણી વાત છે, ભાઈ! અહીં તો જેટલો વ્યવહાર દયા, દાન, ભક્તિ, વ્રત આદિના પરિણામ એ બધા રાગ છે, એ આત્મામાં જાણવા લાયક છે, એ આત્માની ચીજ નથી. એનાથી આત્માને જરીએ લાભ નથી. કેમ ? કે **'રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે...'** છે?

આત્મા જ્ઞાન સ્વરૂપ વસ્તુ છે એ જ્ઞાનની ઉત્પત્તિ થાય તે જ સમયે રાગ, દ્વેષ આદિ દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉત્પન્ન થાય. સમય તો એક જ છે. **'તે ચેત્યચેતકભાવની (-જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ છે,...'** આમ કેમ છે? એક સાથે બેય ઊપજે. જ્ઞાન, આત્મા છે જ્ઞાન સ્વરૂપ, એ જ્ઞાનની પર્યાય ઊપજે અને સાથે રાગની ઊપજે એમ કેમ? એ અતિ નિકટતાને લઈને અને ચેત્યચેતકપણાને લઈને. એટલે? રાગ છે એ જણાવા યોગ્ય છે, આત્મા જાણનાર છે. આત્મા ચેતક છે, રાગ ચેત્ય છે–જણાવા લાયક છે. આવો સંબંધ હોવાથી નજીકપણું લાગે છે. એ રાગ ને આત્મા જાણે એક હોય એમ લાગે છે. આહાહા..! આકરું કામ. જેટલો વ્યવહારનો રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા એ બધો રાગ (છે). આત્માની દશા, આત્મા તો જ્ઞાન સ્વરૂપ, આનંદ સ્વરૂપ (છે). જે સમયે જ્ઞાન ઊપજે છે તે સમયે રાગ પણ સાથે ઊપજે (છે). એક સાથે ઊપજે છે એનું કારણ કે, ઇ તો ચેત્યચેતકપણાને લઈને છે. રાગ છે એ જણાવા લાયક છે અને આત્મા જાણનાર

છે. બેય એક નથી. આહાહા..! ભારે...!

જેને દુનિયા અત્યારે વ્યવહાર સાધન કહીને ધર્મ કહે છે. દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, તપ કરો, ભક્તિ કરો, પૂજા કરો એમ કહીને લોકો ધર્મ કહે છે. એને અહીંયાં ભગવાન રાગ કહીને આત્મામાં જાણવા લાયક એવી બીજી ચીજ છે, એ આત્માની ચીજ નથી (એમ કહે છે). આત્મા ચેતક છે, જાણનાર છે અને રાગ જણાવા લાયક બીજી ચીજ જુદી છે, બે થઈને એક ચીજ નથી. આહાહા..! આવું આકરું કામ. આ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને એવો જે ભાવ આવે કહે છે, કે એ રાગ છે. તો થાય છે કેમ? કે, ચેત્યચેતકપણાને લઈને. એ જ્ઞેય છે ને આ જ્ઞાયક છે. રાગ છે (એ) જણાવા લાયક છે અને આત્મા જાણનાર છે એને કારણે નિકટથી દેખાવામાં આવે છે. અજ્ઞાનીને બે એક જેવું લાગે છે. અજ્ઞાની રાગની ક્રિયાથી આત્માને લાભ થાય એમ જાણે છે. આહાહા..! આકરું કામ ઘણું કહે છે. જેને લોકો ધર્મ માને એ કહે છે, કે અહીં વિકાર છે. એ તો એક જાણવા લાયક ચીજ છે. ઇ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એ વાતને અહીં સિદ્ધ કરી છે. વ્યવહાર આવે, હોય છે પણ જાણેલો પ્રયોજનવાન છે. આહાહા..! છે?

એ ચેત્ય અને ચેતકપણાની-ચેતક એટલે કે જ્ઞાયક. ચેત્ય એટલે કે જ્ઞેય અને ચેતક એટલે કે જ્ઞાયક. છે? ચેત્યચેતક-ચેત્ય એટલે જ્ઞેય, જણાવા લાયક અને ચેતન-ચેતક એટલે જાણનાર. એ બેની અતિ નિકટતાને લીધે જ છે. બેય એક સમયે અને એક ક્ષેત્રે છે. શું કીધું ઇ? આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે અને આ રાગ ઉત્પન્ન થાય એ વિકાર બંધ લક્ષણ છે, ઇ બંધનું લક્ષણ છે. આત્માનું જ્ઞાન લક્ષણ છે. બે લક્ષણો જુદા હોવાથી ચીજ બેય જુદી છે. છતાં નજીકપણું એક ક્ષેત્રે ને એક કાળે (છે). જાણનાર અને જણાવા યોગ્ય એક સમયે હોવાથી અજ્ઞાનીને એ રાગ મારી ચીજ છે અથવા રાગથી મને લાભ થશે એમ અજ્ઞાનીને ભેદજ્ઞાન નથી તેથી એમ માને છે. આહાહા..! આવી વાત છે. આ જુના માણસને શું? ‘ઝવેરચંદભાઈ’ એ સાંભળ્યું હોય બધું ઇ સાંભળ્યું હોય. વ્રત પાળવા, તપસ્યા કરવા ને આ કરવું ને... ‘આંકડિયા’માં શું હોય ન્યાં? એ અહીં કહે છે વ્રત ને તપ ને અપવાસ ને ભક્તિ ને ભગવાનનું સ્મરણ કરવું ને એ બધો રાગ છે. એ રાગ છે તે ચેત્ય છે એટલે કે જ્ઞેય છે અને આત્મા તે ચેતક છે એટલે કે એને જાણનારો જ્ઞાયક છે. બે ચીજ જુદી છે. આહાહા..! હવે આવું કે દિ' સાંભળવાનું (મળે)? સમજે નહિ ને જન્મ-મરણથી છૂટે નહિ. આહાહા..! છે?

એક લીટીમાં કેટલું સમાડ્યું! જોયું? આહા..! એ રાગ અને દ્વેષનું **‘ચૈતન્ય સાથે જ...’** આત્માના જ્ઞાનની દશા સાથે જ **‘ઊપજવું થાય છે...’** ક્ષેત્ર એક છે, કાળ એક છે, ભાવ ભિન્ન છે. ભગવાનઆત્મા ચેતન, જાણક સ્વભાવ છે અને એ દયા, દાન, વ્રત, રાગાદિના પરિણામ એ ચેત્ય નામ જાણવા લાયક છે, એ જ્ઞેય છે. જ્ઞાયક આત્મા છે (અને) એ જ્ઞેય

છે. જ્ઞેય અને જ્ઞાયક બેય એક નથી. પણ સાથે, એક સાથે ઉત્પન્ન થાય એથી અજ્ઞાનીને ભ્રમ ઊપજે છે, કે રાગ પણ મારી ચીજ છે અને એ રાગ કરતાં મને કાંઈ લાભ થશે એમ અજ્ઞાની અનાદિથી મિથ્યાશ્રદ્ધામાં માની રહ્યો છે. કહો, 'યશપાલજી'! આ તો બધો વ્યવહાર ઊડી જાય છે. આહાહા..! ઊડી નથી જતો. રહે છે, છે તો ખરો. નથી તો પછી જાણવા લાયક કીધું કોને? જાણવા લાયક (તો કહ્યું). વ્યવહાર, રાગ જાણવા લાયક છે પણ જાણનાર એનાથી જુદી ચીજ છે. આહા..! જાણનારથી એ જુદી ચીજ છે અને રાગથી જાણનાર જુદી ચીજ છે. બે ચીજ તદ્દન જુદી છે. આહા..!

જ્ઞાયક.. ચૈતન્ય તો જ્ઞાયક છે. શરીર ને વાણીની વાત તો અહીં લીધી નથી. એ તો પરવસ્તુ તદ્દન જુદી (છે). સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધો, વેપાર એની તો વાત લીધી નથી (કેમ કે) એ તો પરવસ્તુ તદ્દન ભિન્ન છે. એને તો આત્મા માને કે, હું કરું. તોપણ કરી શકતો નથી. આ માને તો કરે, માન્યતા કરી શકે, રાગ મારો છે એમ માન્યતા કરી શકે પણ પરચીજ મારી છે એમ કરે તો એ પરચીજ એની થાય નહિ. એ રાગ માને, મારો છે એમ માને પણ રાગ એનો થાય નહિ પણ માની શકે છે. આહાહા..! આવું ઝીણું કામ છે.

**'રાગાદિક...'** એટલે દ્વેષાદિ. રતિ, અરતિ, વિષય વાસના, ભક્તિ આદિના ભાવ એ બધા રાગાદિકમાં જાય છે. એ **'ચૈતન્ય સાથે જ...'** ચૈતન્ય સાથે જ, સાથે, એક સાથે ઉત્પન્ન **'ઊપજવું થાય છે તે ચેત્યચેતકભાવની (-જ્ઞેયજ્ઞાયકભાવની)...'** ચેત્ય એટલે જ્ઞેય ને ચેતક એટલે જ્ઞાયક. ચેત્ય એટલે વિકાર ને ચેતક એટલે નિર્વિકારી ચૈતન્ય. એ બેને જાણનાર અને જણાવા યોગ્ય એટલો સંબંધ છે, બાકી બીજો સંબંધ એને કાંઈ છે નહિ. આહાહા..! વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એવો કોઈ રીતે એમાં સંબંધ છે નહિ. આહાહા..! હા, વ્યવહાર છે, વ્યવહાર આવે, હોય, ચીજ છે પણ એ ચેતકને જાણવા લાયક છે. આહાહા..! અને તે કેમ એમ થાય છે? એક સાથે ઊપજે છે માટે. જ્ઞાનની પર્યાય ઊપજે એ જ કાળે અને એ જ ક્ષેત્રે રાગની ઊપજે. ભાવ જુદો, ભાવ જુદો, હોં! આહાહા..! હવે આવી ઝીણી વાત. ભગવાનનું સ્મરણ કરવું ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં... કહે છે, કે એ સ્મરણ કરવું એ રાગ છે. રાગ છે એ ચેત્ય છે, ચેત્ય છે એટલે જ્ઞેય છે, જ્ઞેય છે એટલે કે જ્ઞાયકથી ભિન્ન છે. જાણનાર આત્માથી એ ચીજ જુદી છે અને જણાવા યોગ્ય ચીજથી જ્ઞાયકભાવ જુદો છે. આહાહા..!

**'ચેત્યચેતકભાવની અતિ નિકટતાને લીધે જ છે,...'** બહુ નજીક (છે અને) એક સાથે ઊપજે (છે) એથી લોકોને ભ્રમ પડે છે, કે દયા, દાન, વ્રતનો વિકલ્પ જે ઉઠે એ જીવનો છે એમ ભ્રમ ઉત્પન્ન થાય છે. આહાહા..! જે કાંઈ કરી શકતા, કરી શકે એ કહે છે એ તું નહિ. તું તો જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ છો, જાણનાર-દેખનાર છો. એ સિવાય વધારે જો અંદર નાખ્યું કે, રાગનો કર્તા (છું તો) મરી ગયો. મિથ્યાત્વ થાશે. ચૈતન્યને તેં મારી

નાખ્યો. આહા..! ભયંકર ભાવમરણ ઊભું કર્યું. એ રાગની ક્રિયા મારી છે ને રાગથી મને લાભ થાય એણે રાગથી ભિન્ન ચેતન છે તેને તેણે હણી નાખ્યો. એ ચેતન નહિ પણ એમ કે રાગવાળો એ ચેતન છે (એમ માન્યું). આહાહા..! આવું આકરું છે. જુવાનીયાઓને પણ આ આકરું પડે એવું છે. જુવાનીયા ઝટ પકડે. જૂના આગ્રહ ન હોય તો. વૃદ્ધને તો જૂના આગ્રહ હોય તો છોડવું આકરું પડે. આહાહા..!

એક લીટીમાં કેટલું નાખ્યું છે! જેટલા વિકલ્પો ઉઠે ચાહે તો પરમેષ્ઠીનું સ્મરણ, પંચપરમેષ્ઠીનું સ્મરણ, નવકાર... પેલું શું કહે છે? આનુપૂર્વી. આનુપૂર્વી નથી (કરતા)? ણમો અરિહંતાણં, ણમો આઇરિયાણં (એમ) આડીઅવળી (બોલે). બરાબર, બરાબર ધ્યાન રાખીને વાંચે. કહે છે, રાગ છે. એ રાગ છે તે આત્માની જાત નથી, એ આત્મા ને રાગ ભિન્ન છે અને તેથી તે રાગ જાણવા લાયકમાં જણાય છે અને આત્મા એનો જાણનાર છે એમ જણાય છે. આહાહા..! આમાં મોટો ગોટો. રાગ આમ થાય, વ્યવહારથી આમ થાય, વ્યવહારથી આ થાય, વ્યવહારથી નિશ્ચય થાય, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય. આહાહા..! (એ) છોડીને એ પણ એક અપેક્ષાથી કથન છે. બાકી તો જ્ઞાયક સ્વરૂપમાં એકાગ્ર થાય છે એટલે રાગ ઉત્પન્ન થતો નથી, એ રાગને છોડે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! કોઈ કહે, આવું ક્યાંથી કાઢ્યું? (શ્રોતા :- આપે અંદરથી કાઢ્યું.) વીતરાગ માર્ગમાં છે આ? આ શેમાં છે આ? આ કોનું પુસ્તક છે?

આ 'સમયસાર' છે. બે હજાર વર્ષ પહેલા કરેલા. 'કુંદકુંદાચાર્યે' કરેલું છે. એ તીર્થંકર પાસે ગયા હતા. 'સીમંધર' ભગવાન બિરાજે છે, મહાવિદેહમાં બિરાજે છે પ્રભુ, અત્યારે બિરાજે છે. આહા..! એની પાસે ગયા હતા. આઠ દિ' રહ્યા હતા ને આ શાસ્ત્ર આવીને બનાવ્યું છે. આહાહા..! એની ટીકા કરનાર 'અમૃતચંદ્રાચાર્ય' ભલે ભગવાન પાસે નહોતા ગયા પણ અંદર આ ભગવાન પાસે ગયા હતા. આહાહા..! ભારે વાત!

એક લીટીમાં કેટલું ભર્યું છે! એક તો એક વાત, કે રાગાદિ એક વાત. બીજું ચૈતન્ય બે વાત, ત્રીજું સાથે જ ઊપજે છે ત્રણ વાત. એક સાથે જ ઊપજે છે, ત્રણ વાત. તે ચેત્યચેતકપણાને કારણે. આમ કેમ છે? કે ઇ તો જણાવા લાયક છે ને આત્મા જાણનાર છે, એને કારણે નજીકથી એક સમયમાં ઉત્પન્ન થાય છે. આહાહા..!

બીજી રીતે (કહીએ તો) જે રાગ જે સમયે ઉત્પન્ન થાય છે તે જ સમયે તે રાગનું જ્ઞાન ઉત્પન્ન પોતાથી જ થાય છે. શું કહ્યું ઇ? રાગ જે કાંઈ દયા, દાન, ભક્તિ આદિનો વિકલ્પ ઉત્પન્ન થાય તે જ સમયે તે રાગની હયાતી (છે) માટે એનું જ્ઞાન થાય છે એમ નહિ. એ જ્ઞાન-ગુણની પર્યાય જ પોતે સ્વપરપ્રકાશકપણે તે સમયે પ્રગટે છે. તેથી તેને જાણનાર કહી અને રાગને જણાવા યોગ્ય કહેવામાં આવ્યો છે. આહાહા..!

ખરેખર તો આત્મા જ પોતે પોતાની પર્યાયને જાણે છે. જાણનારનો કર્તા આત્મા પોતે

છે, પર્યાયનો એ વ્યવહાર છે. પર્યાય પર્યાયની કર્તા છે. એ રાગને લઈને નહિ, દ્રવ્ય-ગુણને લઈને નહિ. જાણવાની પર્યાય કર્તા-કર્મથી પોતે સ્વતંત્ર ઊભી થાય છે. એની સાથે રાગને મેળવવો, ભેળવવો અને રાગ છે એ મારો છે એમ માનવું એ મિથ્યાત્વ નામ આત્માના સ્વરૂપની હિંસા છે. આત્માના સ્વરૂપની હિંસા છે. અર..ર..! આવી વાતું હવે.

હવે કહે છે, પહેલા નિષેધ કર્યો કે, એ **'અતિ નિકટતાને લીધે જ છે, એકદ્રવ્યપણાને લીધે નહિ;...'** શું કીધું ઇ? જાણનાર ચૈતન્ય ભગવાન અને દયા, દાનના વિકલ્પો જે રાગ બેય એક દ્રવ્ય નહિ, દ્રવ્ય બેય જુદા છે. આહાહા..! બેય પદાર્થ જુદા છે, બેય તત્ત્વ જુદા છે. પેલું આસ્રવ તત્ત્વ, પુણ્ય તત્ત્વ, પાપ તત્ત્વ છે, આ આત્મતત્ત્વ છે. બેય તત્ત્વ જુદી ચીજ છે. એક વસ્તુ નથી. નવ તત્ત્વમાં પણ એમ આવે છે કે નહિ? દયા, દાન, વ્રતના પરિણામ એ પુણ્ય તત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરી, ધંધા-વેપારના પરિણામ એ પાપ તત્ત્વ છે. ભગવાન તો એ પુણ્ય-પાપ તત્ત્વથી જુદો જ્ઞાયક તત્ત્વ છે. એટલે બે તત્ત્વ તદ્દન જુદા છે. એટલે ઇ સાથે ઊપજે છે એ એક દ્રવ્યપણાને લીધે નહિ. એક સાથે, એક કાળે, એક ક્ષેત્રે, જ્ઞાન ઊપજે ને રાગ ઊપજે એ એક દ્રવ્યપણાને લઈને નહિ, એક વસ્તુપણાને લઈને નહિ. બે થઈને એક પદાર્થપણાને લઈને નહિ. આહાહા..! છે?

**'જેમ...'** આહાહા..! **'(દીપક વડે) પ્રકાશવામાં આવતા...'** હવે બહુ ઝીણી વાત આવશે. આહાહા..! **'દીવા વડે પ્રકાશવામાં આવતા ઘટાદિક...'** ઘડો, રથ, પાણી આદિ ગમે તે ચીજ એ **'(દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે...'** આહાહા..! એ દીપકપણાને જ જાહેર કરે છે, એ ઘટ-પટને જાહેર નથી કરતાં. ઘટ-પટ તો ઘટ-પટમાં રહ્યા. ઘડો આદિ જાહેર કરતાં નથી. કેમકે એ તો એનામાં રહ્યા. એ સંબંધીનું અહીં જ્ઞાન પોતાનું છે તેને જાહેર કરે છે. કારણ કે, એ પોતામાં રહ્યું. આહાહા..!

ફરીને, દીવો છે એ બીજી ચીજને પ્રકાશે છે એમ નથી. ઇ પોતાની પ્રકાશની ચીજ જ પ્રકાશે છે. દીવાનો સ્વભાવ જ સ્વને પરને પ્રકાશવાનો છે, પોતે એને લઈને પ્રકાશે છે, એ બીજી ચીજને પ્રકાશે છે એમ નહિ. આહાહા..! ઝીણું આવ્યું બહુ. હવે સિદ્ધાંત આવશે, આ તો દૃષ્ટાંત આપ્યો.

**'તેમ (આત્મા વડે) ચેતવામાં આવતા...'** આત્મા વડે જાણવામાં આવતા જે રાગાદિ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ જાણવામાં આવતા એ **'રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે...'** એ શું કહે છે? આહાહા..! આત્મા પોતાને જાણે છે અને રાગાદિ થાય એને જાણે છે. એ જાણવાને જાણવાની પર્યાયને જ પ્રકાશે છે, પરને નહિ, રાગાદિને નહિ. ઝીણી વાત છે. આહાહા..!

દીવો બીજી ચીજને પ્રકાશતો નથી. કારણ કે, બીજી ચીજમાં એ પેસતો નથી. એ પોતાની

ચીજમાં રહીને પ્રકાશે છે એટલે એ તો દીવાના પ્રકાશને પ્રકાશે છે. આહાહા..! એમ આત્મા રાગ, દયા, દાન, કામ, ક્રોધના પરિણામમાં પેસીને જાણતો નથી, એમાં તન્મય થઈને જાણતો નથી. તન્મય તો પોતાની પર્યાયમાં થઈને જાણે છે. એથી તે પ્રકાશે છે એ પોતાની જ્ઞાનની પર્યાયને પ્રકાશે છે, રાગાદિને પ્રકાશતો નથી. આહાહા..! આવું ઝીણું છે. ક્યાં લઈ ગયા!

આત્માનો સ્વભાવ સ્વતઃ સ્વયં સ્વ-પરપ્રકાશક હોવાથી પરને લઈને પરને પ્રકાશે છે એમ નથી. પરને લઈને પરને પ્રકાશે છે એમ નથી. પરને ને પોતાને પ્રકાશે છે એ પોતાને પ્રકાશે છે, પોતાની પર્યાયને પ્રકાશે છે, એ પર ચીજને પ્રકાશતો નથી. આહાહા..! સમજાય છે આમાં કાંઈ? બહુ ઝીણું છે, બાપુ!

જેમ દીપક વડે પ્રકાશવામાં આવતા ઘડો, મકાન કોઈ પણ ચીજ સામી હોય તે, દીવો સામે સર્પ હોય એને પ્રકાશે છે. એ સર્પને પ્રકાશતો નથી. એ સર્પ સંબંધી પોતાનો પ્રકાશ, જે દીવાનો પ્રકાશ એને પ્રકાશે છે. કારણે કે, સર્પ સાથે દીવાના પ્રકાશનું તન્મયપણું નથી. આહાહા..!

એમ આત્મા જ્ઞાનાનંદ પ્રભુ રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ પરિણામ થાય તેને પ્રકાશતો નથી. પહેલું કીધું હતું કે, એને જણાય. જણાવા યોગ્ય છે ને આ જાણનાર (છે). એમ કહીને હવે કહે છે, કે એ જણાવા યોગ્ય છે એ પણ વ્યવહારથી કહ્યું હતું. બાકી એને પ્રકાશતો નથી. પોતાના પર્યાયમાં દ્વિરૂપતાને પ્રકાશે છે. પોતાને પ્રકાશે છે ને રાગને પ્રકાશે છે એ દ્વિરૂપતાને પ્રકાશે એ પોતાનો પ્રકાશ છે. આહાહા..! આવી વાત છે. ઝીણું પડે એવું છે. માર્ગ તો આ છે, ભાઈ! અત્યારે તો ગડબડ ચાલી છે બધી, ધર્મના નામે ગડબડ કર ગોટા બહારથી ચલાવ્યા. આહા..!

અહીં તો કહે છે, પ્રભુ! એક વાર સાંભળ કે, તું એક ચૈતન્ય છો કે નહિ? છો તો તારો સ્વભાવ જાણવું એ છે કે નહિ? એ જાણવું છે તો જાણવું સ્વ-પરપ્રરકાશકપણે છે કે એકલા સ્વપણે જ છે? જ્યારે સ્વ-પરપ્રકાશકપણે જાણવું છે તો એ પરને પ્રકાશે છે કે પોતાને પ્રકાશે છે? સ્વ-પરપ્રકાશકપણું પોતાને પ્રકાશે છે. આહાહા..! આવું ઝીણું. ક્યાં લઈ ગયા? રાગનો કર્તા નહિ, જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચેતન પ્રભુ આત્મા એ દયા, દાન, રાગનો કર્તા તો નહિ પણ એનો જાણનાર પણ નહિ. આહાહા..! અહીં લઈ ગયા. જાણનાર કહ્યો હતો એના જાણવામાં એ આવે છે માટે. ખરેખર તો એ પોતાના જ્ઞાનને પ્રકાશે છે. સ્વ-પરપ્રકાશક પોતાની શક્તિ છે એને વિસ્તારે છે, એ રાગાદિને વિસ્તારતો નથી. ચૈતન્યનો સ્વ-પરપ્રકાશક વિસ્તાર પોતાના જ્ઞાનને વિસ્તારે છે, પરવસ્તુ જ્ઞેયને વિસ્તારતો નથી. આહાહા..! આવું ઝીણું છે. આ કઈ જાતનો ધર્મ? આવો વીતરાગનો જૈનધર્મ હશે? પેલી ઇચ્છામી પડિકમ્મણા.. એમાં આવે મિચ્છામિ દુક્કડમ.... એ સમજવામાં પણ આવે. તસ્સસૂતરી કરણેન, ... અપ્પાણં વોસરે.. છેલ્લે આવે અપ્પાણં વોસરે. અપ્પાણં કોણ? અને વોસરે કોણ? એની પણ ખબર

ન મળે. આહાહા..!

અહીંયાં મર્યાદા આત્માના ગુણની મર્યાદા લીધી છે. એ આત્માના ગુણની મર્યાદા ચૈતન્યની સ્વ-પરપ્રકાશક છે. એ પરને પ્રકાશે છે એમ જાહેર નથી કરતું પણ પર સંબંધી પોતાનો જે પર પ્રકાશક સ્વભાવ છે એ સ્વ-પરપ્રકાશક છે એને પ્રકાશે છે. આહાહા..! આવું હવે સાંભળવું મુશ્કેલ પડે, એ બેસાડવું કઠણ.

પહેલા તો એ લીધું કે, રાગ, પુણ્ય ને પાપનો ભાવ થાય એ ચેત્ય છે, જણાવા લાયક છે, બસ! એટલું કીધું. આત્મા જાણનાર છે એટલું કહ્યું. એ એક સાથે ઉત્પન્ન થાય છે, એક કાળે ને એક ક્ષેત્રે છતાં બેય ભિન્ન ચીજ છે. પેલી જણાવા યોગ્ય ચીજ છે, આ જાણવા યોગ્ય છે. હવે અહીં તો કહે છે, કે એ જણાવા યોગ્ય ચીજ છે એ વાત કહી હતી પણ એ આના પ્રકાશમાં પ્રકાશે છે, એ પોતાનો પ્રકાશ છે. એ ચીજને પ્રકાશતો નથી. એ પોતાનો ચૈતન્યનો સ્વ-પરપ્રકાશક (પ્રકાશ છે) તેને પ્રકાશે છે. આહાહા..! આવી વાતું છે. ઝીણું પડે થોડું પણ સમજવા જેવું આ છે. બહારની વાતું સાંભળી સાંભળીને તો ઘણા વર્ષ ગાળ્યા. આહાહા..! પણ સત્ય વાત પરમેશ્વર ત્રિલોકનાથ (આમ ફરમાવે છે).

જ્ઞાન સ્વરૂપી આત્મા, જ્ઞાન સ્વરૂપી આત્મા એ જ્ઞાન જ્ઞેયમાં ક્યાં તન્મય થાય છે? જ્ઞેય સંબંધીનું જે જ્ઞાન પોતાનું છે તેમાં એ તન્મય છે. તેથી તે પોતે પોતાના જ્ઞાનને સ્વ-પરપ્રકાશકને વિસ્તારે છે, વિસ્તરે છે, પરનો વિસ્તાર કરતો નથી. આહાહા..! હવે આને વખત કે દિ' મેળવવો આવું સમજવા માટે? આહા..!

ચૈતન્યદ્રવ્ય ભગવાન સ્વરૂપ ચૈતન્ય પ્રકાશ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. ચમત્કારી એટલે પોતામાં રહીને અનંતને પ્રકાશે છે. છતાં અનંતને પ્રકાશે છે એમ કહેવું એ અપેક્ષા છે. અનંતને પોતાના ભાવને પ્રકાશે છે અનંતને. પોતાની પર્યાયમાં અનંતા જણાય એ અનંતને પ્રકાશે છે. આહાહા..! સમજાય છે આમાં? આકરું કામ છે બાપુ! કાંઈ 'કલકત્તે-ફલકત્તે' મળે એવું નથી. 'દિલ્હી ને કલકત્તે' બધેથી ધૂળ મળે એવું છે ન્યાં. આહાહા..!

પ્રભુ! તું કેવડો છો? ક્યાં છો? કે, જણાય એવા પદાર્થમાં હું નથી, જણાય એવા પદાર્થમાં હું નથી. ક્યાં છો? હું તો મારા સ્વ-પરપ્રકાશકના પર્યાયમાં હું છું. આહાહા..! ગજબ છે ને! આવી શૈલી સંતોએ જગતને સાદી ભાષામાં, ટૂંકી ભાષામાં, સાદી ભાષામાં ચૈતન્ય ચમત્કારને આમ મોઢા આગળ મુક્યો, મોઢા આગળ (ભૂક્યો છે). આ બધું જણાય છે? કે ના. જ્ઞાનની પર્યાયમાં આ બધું (જણાય છે?) અહીં તો સૂક્ષ્મપણે અંદરનો રાગ લીધો, આ બધું જણાય છે જ્ઞાનમાં? કે ના. એ ચૈતન્યનો સ્વભાવ છે કે પ્રકાશવું. એના અસ્તિત્વમાં રહીને પ્રકાશે છે તે પોતાના જ્ઞાનને પ્રકાશે છે. આ ચીજોમાં એ જ્ઞાન જાતું નથી, તેમ તે ચીજને લઈને અહીં જ્ઞાનનો પ્રકાશ થતો નથી, એ ચીજને લઈને અહીં પ્રકાશ થતો નથી, આ પ્રકાશ

ત્યાં જતો નથી તેમ આ પ્રકાશ... આહાહા..! અનંત છે માટે અનંતને પહોંચી વળે તો અનંતને જાણે, અનંતને પહોંચી વળે તો અનંતને જાણે, ત્રણકાળને પહોંચી વળે તો ત્રણકાળને જાણે... આહાહા..! એમ નથી. સમજાણું કાંઈ? આ તો મંત્ર છે, ભાઈ! એ પોતાના અનંત ભાવ જાણવાનો જે સ્વભાવ છે, એ સ્વભાવમાં અનંતા જણાય છે. એ સ્વભાવમાં અનંતા જણાય છે એ પોતાની પર્યાય જણાય છે, પર નહિ, પરને તો અડતુંય નથી. આહાહા..! આવું સ્વરૂપ છે. આવું સાંભળ્યું હતું કે નહિ? આહાહા..!

જન્મ-મરણ કરી કરીને બાપા! ચોરાશીના અવતાર અનંતા ભવ કરી કરીને મરી ગયો છે. થાક્યો નહિ, થાક્યો નહિ. પાછો વળતો નથી. ન્યાં બહારને બહારની નજરું, આહાહા..! હજી તો બહાર કરવાની નજરું એક વાત, પછી બહારને જાણવાની નજરું બે વાત. આહાહા..! પછી મારામાં જણાય છે તે એ જણાય છે, એ ત્રીજી વાત. હવે અહીં કહે છે, કે મારામાં જણાય છે તે હું જણાઉં છું, એ ચોથી વાત. આહાહા..! ભાષા તો સાદી છે. ભાવ સમજાય એવા છે કે નહિ? ‘યશપાલજી’! આવો માર્ગ છે, બાપા! આહાહા..!

અરે..! આ મનુષ્ય દેહ તો ચાલ્યો જશે, મનુષ્ય દેહની રાખ થઈ જશે. આ તો રાખ છે, માટી, ધૂળ, રાખ છે, મસાણમાં રાખ આટલી પણ નહિ થાય. આટલી થઈને પવન આવશે એટલે...

**રજકણ તારા રખડશે અને જેમ રખડતી રેત**
**નરતન પછી ક્યાં પામીશ ક્યાં? નરતન પછી ક્યાં પામીશ ક્યાં?**
**ચેત ચેત ચેત નર ચેત.**

પ્રભુ! તારે કરવાનું આ છે, ભાઈ! કાળ આવ્યો છે આવો. આહા..! હવે પછી ક્યાં જઈશ? બાપુ! ક્યાં જઈને શું કરીશ તું? મનુષ્યપણું હારીને જો ઢોરમાં ક્યાંય ચાલ્યો ગયો (તો) અનંત કાળે પાછું માણસપણું મળવું મુશ્કેલ (છે). ઢોર મરીને માંસ ખાયને જાય નરકે. આહાહા..! એ નીકળીને સિંહ થાય, મરીને પાછા ન્યાં જાય ને આવા અનંતા ભવ કર્યા, બાપુ! મૂળ ચીજને અમને એ સમજાય નહિ, અમને એ ઝીણી પડે, અમને આમ (થાય), એમ કરીને કાઢી નાખ્યું અને જગતની ચીજ જે જાણવા યોગ્ય નથી ખરેખર એમાં ઊંડો ઊતરી ગયો, ઊંડો. આહાહા..!

મુમુક્ષુ :– સહેલું પડે છે.

ઉત્તર :– સહેલું માને છે, સહેલું કાંઈ પડતું નથી. સહેલું તો અહીં છે. જાણનારો ભગવાન પોતે ક્ષણે ક્ષણે પોતે, પોતે અને પરને પોતાના કારણે પોતે પ્રકાશે છે. આહાહા..!

**સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી, તાતે વચનભેદ ભ્રમ ભારી,**
**જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.**

જ્ઞેય બે છે પણ ખરેખર તો જ્ઞેય આ ભાસે છે. ચૈતન્ય જ્ઞેય છે. એ ચૈતન્ય જ્ઞેયમાં

પ્રકાશ છે અને એ પ્રકાશથી પોતે પ્રકાશે છે. પરથી પ્રકાશે છે (એમ નથી). પરથી પ્રકાશે છે? આહાહા..! એનું અસ્તિત્વ જ એટલું મોટું છે કે પોતામાં રહીને પરને અડ્યા વિના પરનું અસ્તિત્વ છે માટે પોતાને જાણે છે એટલું બધું એમેય નહિ. પોતાના અસ્તિત્વની સત્તા જ એટલી છે, કે પર અનંત છે તેને અડ્યા વિના સ્વ-પરપ્રકાશકને પ્રકાશે છે. એ પરપદાર્થને પ્રકાશતો નથી, સ્વને પ્રકાશે છે. આહાહા..! આવી વસ્તુ છે. આટલી લીટીમાં ઘણું ભર્યું છે, ઘણું ભર્યું છે. અહીંથી ઉપાડીને આખો આજનો પેરેગ્રાફ જ આખો સરસ છે. આહા..!

એ થયું ને? **'રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે તે ચેત્યચેતકભાવની અતિ નિકટતાને લીધે જે...'** નિકટતાને લીધે, એકપણાને લઈને નહિ. આહાહા..! **'એકદ્રવ્યપણાને લીધે નહિ;...'** આહા..! જેમ દીવા વડે પ્રકાશવામાં આવતા ઘડો, સર્પ, વીંછી આહાહા..! દીવાના પ્રકાશમાં જણાય, આ સર્પ છે, વીંછી છે. છતાં એ દીવાના પ્રકાશને પ્રકાશે છે, સર્પને નહિ. પ્રકાશને જાહેર કરે છે કે આને ને આના બેયને પ્રકાશને જાહેર કરે છે. એમ ભગવાનઆત્મા... આહાહા..! **'ચેતવામાં આવતા રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે...'** આહાહા..! રાગાદિ છે એને જાણનારું ચૈતન્ય છે એમ જાહેર કરે છે. આહાહા..! રાગ તો આંધળો છે. રાગમાં ક્યાં જાણવાની શક્તિ છે? એ જાણવાની શક્તિ છે તેને પ્રસિદ્ધ કરે છે, એ રાગને પ્રસિદ્ધ જ્ઞાન કરતું નથી. આહાહા..! આવું છે. કાને પડવું મુશ્કેલ. અરે..! ક્યાંનું ક્યાં જાવું? ક્યાં રખડ્યો ને ક્યાં રઝળ્યો?

**'આત્માના ચેતકપણાને જ...'** ભાષા જોઈ? શું કહે છે ઈ? રાગાદિને નહિ. **'આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે-રાગાદિપણાને નહિ.'** આહાહા..! ગજબ કામ કર્યું છે ને! આવી આવી વાત ક્યાંય નથી. દિગંબર સંપ્રદાય સિવાય અને આ સમયસાર સિવાય ક્યાંય વાત નથી. આહાહા..! કહે છે, કે **'આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે...'** **'જ'** શબ્દ છે ને? સામાને (પ્રકાશે છે) એમ નહિ. આહાહા..! એ તો ચૈતન્યનું સ્વ-પરપ્રકાશકપણું વિશાળ છે, વિશાળ છે, એની સત્તા જ વિશાળ છે એ વિશાળતાને જાહેર કરે છે. વિશાળતામાં વિશાળ વસ્તુ જાહેર કરે છે એમ નહિ. આહાહા..! સાંભળવા જોગ આ વાત છે. આહાહા..!

**'આમ હોવા છતાં...'** છે તો આમ. આત્માના પ્રકાશમાં આત્માનો પ્રકાશ જ જાહેર કરે છે, રાગાદિને નહિ. આહાહા..! એ નજીકમાં નજીક ભલે એક સમયે ને એક ક્ષેત્રે ઉત્પન્ન થાય. આહાહા..! એને પણ જાહેર કરતો નથી. પોતાની પ્રકાશની દ્વિરૂપતા–એને ને પોતાને પ્રકાશે એવી પોતાની શક્તિને પ્રકાશે છે. આહાહા..! **'ચેતકપણાને જ જાહેર કરે છે...'** શબ્દ મુક્યો છે, જોયો? એકાંત કર્યું અહીં. પરને જાહેર કરે છે નહિ, પોતાને જ જાહેર કરે છે. આહાહા..! સંતોની શૈલી.. જે વાત કરે તે વાતને એક આમ (સિદ્ધ કરે છે).

**'પોતે ચેતકપણાને જ જાહેર કરે છે...'** જણાય તેને નહિ. એ જણાતું નથી. એ સંબંધીનું

જ્ઞાન અહીં જણાય છે. એ સંબંધીનું અહીં જ્ઞાન પોતાનું પોતાથી થયું છે એ જણાય છે. આહાહા..! આવી વાત! 'જ' શબ્દ પડ્યો છે ને? **'આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે–રાગાદિપણાને નહિ.'** અરે..! પરને તો નહિ પણ એક ક્ષેત્રે ને એક કાળે ઉત્પન્ન થાય તેને પણ નહિ. આહાહા..!

ત્રણલોકના નાથની વાણી છે. મુનિ, ભગવાનની વાણી કહી રહ્યા છે. આહાહા..! ત્રણલોકનો નાથ બિરાજે છે. આહાહા..! એકસાથે ઉત્પન્ન થાય છે એને પણ (પ્રકાશતું નથી). બીજી ચીજ તો એક સાથે ઉત્પન્ન થાતી નથી, પણ આ રાગ-દ્વેષ, દયા-દાન એક સમયમાં જ્ઞાન ને રાગ એક સાથે ઉત્પન્ન થાય એને પણ જ્ઞાન એને જાહેર નથી કરતું, જ્ઞાન જ્ઞાનને જાહેર કરે છે. આહાહા..! પર તો પર (રૂપે) રહી ગયા. આ તો રાગ તો એક ક્ષેત્રે ને એક કાળે ઉત્પન્ન થાય. પેલા તો પરક્ષેત્ર ને એનો કાળ પર છે, પર વસ્તુ બધી. શરીર, વાણી, મન, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, આખી દુનિયા, ધંધો એ તો પર રહ્યા, એની તો અહીં કાંઈ વાત જ નહિ. આહાહા..! પણ એક સાથે ઉત્પન્ન થાય એને પણ પ્રકાશે છે એમ કહેવું કહે છે, એ વ્યવહાર કહ્યો. ખરેખર પોતાના પ્રકાશને પ્રકાશે છે. આહાહા..! ચૈતન્યની સ્વ-પર પ્રકાશવાની શક્તિ છે તેને પ્રકાશે છે, પરને પ્રકાશે છે એમ નહિ, પરને જાહેર કરે છે એમ નહિ. પોતાની સ્વ-પરપ્રકાશક (શક્તિ છે) તેને જાહેર કરે છે. આજનું જરી ઝીણું છે. આહા..! કહો, 'દેવીલાલજી'! આવી વાતું છે.

**'આમ હોવા છતાં...'** છે તો આમ, કહે છે. એક સાથે ઉત્પન્ન થાય એ ચીજને પણ જાણે છે એમ કહેવું એ વ્યવહાર (છે), પોતાને પ્રકાશે છે તે નિશ્ચય (છે). આહાહા..! જે ચીજ પરક્ષેત્રે, પરકાળ ને પરભાવથી છે એની વાત તો અહીં કાંઈ (કરી જ નથી). આહાહા..! **'આમ હોવા છતાં તે બન્નેની (–આત્માની અને બંધની) અત્યંત નિકટતાને લીધે...'** અત્યંત નિકટ. એક સમયે સાથે ને ક્ષેત્ર સાથે. આહાહા..! **'ભેદસંભાવનાનો અભાવ હોવાથી...'** અજ્ઞાનીને ભેદજ્ઞાનનો અભાવ હોવાથી. આહાહા..! **'આમ હોવા છતાં...'** એમ કહ્યું, જોયું? વસ્તુ તો આમ છે, વસ્તુની સ્થિતિ તો આ રીતે છે.

**'આમ હોવા છતાં બન્નેની અત્યંત નિકટતાને લીધે ભેદસંભાવનાનો અભાવ હોવાથી...'** રાગ અને આત્મા તદ્દન ભિન્ન છે. આહાહા..! એ દયા, દાન, ભક્તિ, વ્રતનો વિકલ્પ જે રાગ છે એનાથી ભગવાનઆત્મા તદ્દન ભિન્ન છે. અરે..રે..! કેમ બેસે? હજી શરીરથી જુદો બેસવો કઠણ પડે. આ શરીરથી જુદો. એ તો તદ્દન જુદી ચીજ (છે). આ તો માટી છે ને પેલો ચૈતન્ય છે. અહીં તો એક સાથે ઉત્પન્ન થાય એવા રાગ ને દ્વેષ, દયા ને દાન, વ્રત ને ભક્તિ એવો વિકારભાવ એને નહિ જાણતા પોતાને જાણે છે એવું જ સ્વરૂપ છે, એવું જ સ્વરૂપ છે. **'આમ હોવા છતાં...'** એમ કીધું ને? આવું સ્વરૂપ છે એમ. આ સ્વરૂપ તો આવું જ છે. એટલે **'આમ હોવા છતાં...'** એમ કીધું ને?

**'તે બન્નેની અત્યંત નિકટતાને લીધે ભેદસંભાવનાનો અભાવ હોવાથી અર્થાત્ ભેદ નહિ દેખાતો હોવાથી...'** અંદર દયા, દાનના પરિણામ રાગ છે, વિકાર છે ને ભગવાનઆત્મા ભિન્ન છે. આહાહા..! એ પરને પણ પ્રકાશતો નથી, પોતાને પ્રકાશે છે. એવું હોવા છતાં, આમ હોવા છતાં, વસ્તુની મર્યાદા આમ હોવા છતાં... આહાહા..! વસ્તુની સ્થિતિ આવી હોવા છતાં **'ભેદસંભાવનાનો અભાવ હોવાથી...'** ભેદજ્ઞાનના અભાવને લઈને **'ભેદ નહિ દેખાતો હોવાથી...'** રાગ અને આત્મા જુદા અજ્ઞાનીને દેખાતા નથી. શરીર ને વાણી આ તો જડ, માટી, ધૂળ છે. બાયડી, છોકરા, પૈસા તો ક્યાંય-ક્યાંય ધૂળ બહાર રહી ગઈ. આહાહા..!

**'આમ હોવા છતાં...'** એટલે સમજાણું? છે તો આમ, કે આત્મા પોતાને પ્રકાશે છે. છે તો આમ. આમ હોવા છતાં પણ અત્યંત નિકટ રાગ, દયા, દાન, વ્રતનો વિકલ્પ જે ઉઠે એની અત્યંત નિકટતાને લઈને ભેદનો અભાવ હોવાથી જુદાપણું **'ભેદ નહિ દેખાતો હોવાથી (અજ્ઞાનીને) અનાદિ કાળથી એકપણાનો વ્યામોહ (ભ્રમ) છે;...'** અનાદિથી. રાગ એ મારો ને રાગ એ મારું કર્તવ્ય છે એ અનાદિનો અજ્ઞાનીનો ભ્રમણા ને મિથ્યાભ્રમ છે.

**'તે વ્યામોહ...'** આ રીતે હોવા છતાં તે વ્યામોહ તોડવાની એક જ રીત છે. **'પ્રજ્ઞા વડે જ...'** જોયું? વડે જ (કહ્યું). અને એ પણ એક જ. **'પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદાય છે.'** એ જ્ઞાનની પર્યાયને પોતાના તરફ વાળતા તેનાથી જુદા પડી જાય છે. રાગ અને જ્ઞાનની પર્યાય બે તદ્દન જુદી પ્રજ્ઞા વડે પડે છે, બીજો કોઈ ઉપાય છે નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૬૨ ગાથા-૨૯૪, કળશ–૧૮૧ શુક્રવાર, માગશર વદ ૫, તા. ૦૭-૧૨-૧૯૭૯**

---

**[નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે]**

'સમયસાર' છેલ્લો ભાવાર્થ છે. છેલ્લી લીટી છે ને? છેલ્લી, છેલ્લી. **'આત્મા અને બંધ બન્નેને...'** સૂક્ષ્મ વાત છે. આત્મા અને બંધન **'બન્નેને લક્ષણભેદથી ઓળખી...'** બેના લક્ષણ જુદા જુદા જાણીને **'બુદ્ધિરૂપી છીણી...'** પ્રજ્ઞારૂપી છીણી–સમ્યગ્જ્ઞાનરૂપી અનુભવ. રાગથી ભિન્ન પોતાનો જ્ઞાનસ્વભાવ, એનો અનુભવ–એ છીણી. પોતાના અનુભવથી છેદીને **'જુદા જુદા કરવા.'** તેનું નામ સમ્યગ્દર્શન અને તેનું નામ ધર્મ કહે છે.

જિનેશ્વરદેવ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માના શ્રીમુખે આ વાત આવે છે, કે આત્માનું લક્ષણ જાણીને કે આ તો જ્ઞાનલક્ષણવાળો આત્મા છે અને બંધનનું લક્ષણ રાગ છે. ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો. બન્ને રાગ બંધનનું લક્ષણ છે. બેના લક્ષણભેદ જાણીને બંનેને ભિન્ન કરીને, બંનેને જુદા કરીને પોતાના આત્માના અનુભવમાં આવવું તેનું નામ

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ધર્મની શરૂઆત છે. આહાહા..! આવી વાત છે. એ આવ્યું ને? આ બાજુ.

**'આત્મા તો અમૂર્તિક છે...'** ભગવાનઆત્મામાં તો રંગ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. એ અમૂર્તિક આત્મા છે. એમાં શરીર નહિ, વાણી નહિ, મન નહિ, કર્મ નહિ, પુણ્ય નહિ, પાપ નહિ, રંગ નહિ, રાગ નહિ. એ એવી ચીજ અંદર આત્મા અમૂર્તિક છે. **'અને બંધ સૂક્ષ્મ પુદ્ગલપરમાણુઓનો સ્કંધ છે...'** અહીંયાં પરમાણુની વાત લીધી છે પણ મૂળ તો રાગની (વાત) છે. **'તેથી બન્ને જુદા છદ્મસ્થના જ્ઞાનમાં...'** છદ્મસ્થને અલ્પ જ્ઞાનમાં (આવતા નથી). આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને રાગસ્વરૂપ એ બંધસ્વરૂપ છે એમ ભિન્ન જાણવામાં આવતા નથી. આહાહા..!

અનાદિકાળથી અનંત અનંત કાળથી ચોરાશીના અવતારમાં રખડતાં ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપ છે એ તો જાણવું-દેખવું સ્વભાવ છે. અને આ દયા, દાન, વ્રત, કામ, ક્રોધ ભાવ એ રાગ છે. એ રાગ બંધભાવ છે. એ બંધનું લક્ષણ છે. તો બંધના લક્ષણને અને આત્માના લક્ષણને બન્નેના લક્ષણ ભિન્ન જાણીને બંધના લક્ષણથી પોતાનું સ્વરૂપ ભિન્ન જાણવું, પોતાના સ્વરૂપનો ભિન્ન અનુભવ કરવો. એ શુભ-અશુભભાવ તો વિકાર છે. તેનાથી (ભિન્ન) પોતાના આત્માનો અનુભવ કરવો તેનું નામ પરથી છેદ કરવાની વાત છે. આહાહા..! ઝીણી વાત બહુ.

અજ્ઞાની છદ્મસ્થને આત્મા અમૂર્તિક છે અને પુદ્ગલ એ રાગ-દ્વેષ આદિ, પરમાણુ આદિ છે એ બેની અજ્ઞાનીને ભિન્નતા ભાસતી નથી. **'માત્ર એક સ્કંધ દેખાય છે...'** એક જ પિંડ દેખાય છે. આત્મા અને રાગ એક જ છે એમ દેખાય છે. (ખરેખર તો) રાગ તો વિકાર છે. ચાહે તો દયા, દાન, વ્રતનો વિકલ્પ રાગ હોય, એ વિકાર છે. રાગ અને ભગવાનઆત્મા બેના લક્ષણ તદ્દન ભિન્ન છે. બેની ભિન્નતા અજ્ઞાનીને નહિ જણાતા **'એક સ્કંધ દેખાય છે...'** બે એકરૂપ છે એમ અનાદિથી માને, ભિન્ન જાણતો નથી. કારણ કે **'(બન્ને એકપિંડરૂપ દેખાય છે); તેથી અનાદિ અજ્ઞાન છે.'** એ તો અનાદિ અજ્ઞાન છે. આહાહા..!

રાગ ચાહે તો શુભરાગ હો કે અશુભ હો, એ તો બંધનું લક્ષણ છે અને ભગવાનઆત્માનું લક્ષણ તો જ્ઞાન અને આનંદ છે. એ આનંદ ને જ્ઞાનના લક્ષણનો અનુભવ કરીને રાગના લક્ષણને ભિન્ન કરવું અને પોતાના અનુભવમાં આવવું એ બેને ભિન્ન કરવાની ક્રિયા છે. આહાહા..! શું કરવું? બહારની જે ક્રિયા છે એમાં તો શુભભાવ છે. ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત, ભક્તિ એ બધો શુભભાવ રાગ છે, એ કંઈ ધર્મ નથી. આહાહા..! એ રાગ બંધલક્ષણ છે અને આત્મા જ્ઞાનલક્ષણ છે. બેના ભિન્ન લક્ષણ જાણીને જ્ઞાનનો અનુભવ કરવો અને રાગને છોડવો એ ધર્મની ક્રિયા કહેવાય છે. આહાહા..! આવી ઝીણી વાત છે. લોકોને હજી સ્થૂળ વાતની ખબર નથી. બહારની વાતમાં માની બેસે.

**'તેથી અનાદિ અજ્ઞાન છે.'** શા માટે? કે રાગ છે એ સૂક્ષ્મ છે. એ રાગ શુભરાગ હો કે અશુભરાગ હો. દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ હો કે હિંસા, જૂઠું, ચોરીનો રાગ હો, બન્ને રાગ સૂક્ષ્મ છે, પર તરફનું વલણ છે, એ તરફનો ઝુકાવ છે. અને આત્મા તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ અંતરમાં ઝુકાવ છે. એમ બેના લક્ષણ ભિન્ન જાણીને પોતાને રાગથી ભિન્ન કરવો એનું નામ પ્રથમ ધાર્મિક સમ્યગ્દર્શનની ક્રિયા છે. આહાહા..! એ સમ્યગ્દર્શનની ક્રિયા વિના રાગાદિ બધું છે એ બંધનું કારણ છે. એમાં કાંઈ ધર્મ-બર્મ છે નહિ. ઝીણી વાત છે, બહુ સૂક્ષ્મ વાત છે.

**'શ્રી ગુરુઓનો ઉપદેશ પામી...'** શું કહે છે? શ્રી ગુરુનો ઉપદેશ એ છે કે રાગથી ભિન્ન તારી ચીજ છે એને ઓળખ. દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ આવે છે એ રાગ છે એ બંધ લક્ષણ છે, તેનાથી તારી ચીજ અંદર ભિન્ન છે. એમ ગુરુઓનો 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર આચાર્યોનો આ ઉપદેશ છે. આહાહા..! એ રાગ બંધનું લક્ષણ જાણીને રાગથી ભિન્ન પોતાના જ્ઞાનનો અનુભવ કરવો એ રાગથી ભિન્ન કરવાની કળા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'શ્રી ગુરુઓનો ઉપદેશ પામી તેમનાં લક્ષણ જુદાં જુદાં અનુભવીને...'** એમના લક્ષણ ભિન્ન ભિન્ન અનુભવ કરીને જાણવા જોઈએ. એ રાગ છે એ બંધલક્ષણ છે અને આત્મા જ્ઞાનલક્ષણ છે. એ જાણવું-દેખવું (થાય છે) એ આત્મા છે અને રાગ ઉત્પન્ન થાય છે એ બધું બંધ લક્ષણ છે. શ્રી ગુરુનો ઉપદેશ પામી બેના ભિન્ન ભિન્ન લક્ષણ જાણીને. છે?

**'ચૈતન્યમાત્ર તો આત્માનું લક્ષણ છે અને રાગાદિક બંધનું લક્ષણ છે...'** આહાહા..! આત્મા એ જાણન-દેખન, આનંદ એ તેનું સ્વરૂપ છે અને આ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ બંધનું લક્ષણ છે, રાગ છે, એ તો રાગ છે. આહાહા..! શ્રી ગુરુઓનો ઉપદેશ આ છે કે બેને ભિન્ન કર તો તારું કલ્યાણ થશે. નહિતર કલ્યાણ થશે નહિ. આહાહા..! આવી વાત. નવરાશ ફૂરસદ ન મળે. જે બહાર શરીર, વાણી, મન તો ભિન્ન છે. આ તો જડ છે, માટી–ધૂળ છે, વાણી માટી છે, મન પણ અહીં એક પરમાણુ માટી છે. આ બહારની બધી ચીજ તો માટી, પર છે. પૈસો, લક્ષ્મી, આબરુ એ તો જડ છે. એનાથી તો આત્મા ભિન્ન છે, એની સાથે તો કાંઈ સંબંધ નથી. પણ પર્યાયમાં રાગ ને દ્વેષ થાય છે એનો પર્યાયબુદ્ધિમાં સંબંધ છે. પર્યાયબુદ્ધિ–અવસ્થાબુદ્ધિમાં જે રાગ અને દ્વેષ ભાવ, પુણ્ય-પાપ થાય છે એની સાથે સંબંધ છે. એને એકત્વ માને છે. આત્મા અને રાગને એકત્વ માને છે એ અજ્ઞાન છે. એ અજ્ઞાનને છેદવાનો ઉપાય બેના લક્ષણ ભિન્ન જાણીને રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરવો એ એને છેદવાનો ઉપાય છે. આહાહા..! આવું ઝીણું છે. વીતરાગ માર્ગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરની આ આજ્ઞા છે. સંતો તો આડતિયા થઈને વાત કરે છે પણ વાત છે સર્વજ્ઞ પરમાત્માની.

જિનેશ્વરદેવ ત્રિલોકનાથની આ આજ્ઞા છે, કે બેના ભિન્ન લક્ષણ જાણીને દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા આદિનો રાગ છે એ તો વિકલ્પ રાગ છે. એને ભિન્ન જાણીને પોતાનું સ્વરૂપ એનાથી ભિન્ન જ્ઞાતા છે એમ જાણીને જ્ઞાનનો અનુભવ કરવો, રાગનો અનુભવ ન કરવો. એમ ભિન્ન પાડીને પોતાના સ્વરૂપનો અનુભવ કરવો એ બેને છેદવાનો ઉપાય છે. આહાહા..! આ વાત સાંભળવી કઠણ પડે. કરી તો ક્યાંથી કરી શકે? અનંત કાળ થયા. બહારની (કડાકૂટ કરી), આ કરો, આ કરો, આ કરો.

ભગવાનની ભક્તિ એ શુભરાગ છે, વ્રતાદિ એ રાગ છે, પાંચ પરમેષ્ઠીનું સ્મરણ કરવું એ પણ રાગ છે. આહા..! પંચ મહાવ્રતના પરિણામ પણ રાગ છે. એ રાગ બંધનું લક્ષણ છે એ આત્માનું લક્ષણ નહિ. એનાથી આત્મા જણાતો નથી. એટલે શું કહ્યું? કે જે કંઈ શુભરાગાદિ અનેક પ્રકારના આવ્યા એનાથી આત્મા જણાતો નથી. કેમ કે એ આત્માનું લક્ષણ નથી. આહાહા..! એ તો જ્ઞાતા ચૈતન્યસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ સત્ જ્ઞાન અને આનંદનો પિંડ છે. ભગવાન તો જ્ઞાન અને આનંદનું દળ છે. એનો અનુભવ કરવો અને રાગને ભિન્ન કરવો એ અનુભવની ક્રિયા અને ભેદ કરવાની ક્રિયા છે. આહાહા..! આવી વાત એકદમ (આવી છે). અનંતકાળ થયો, ચોરાશી લાખ (યોનિમાં) અનંત વાર દેવ થયો, અનંત વાર દેવ થયો, અનંત વાર મુનિ પણ થયો. પંચ મહાવ્રતધારી મુનિ અનંતવાર થયો પણ એ રાગની ક્રિયાને ધર્મ માન્યો. પણ એ રાગથી ભિન્ન મારી ચીજ છે, જ્ઞાનાનંદ સ્વભાવ મારો વીતરાગ સ્વભાવ છે એનો અનુભવ કર્યો નહિ. અને અનુભવ કર્યા વિના જન્મ-મરણના અંત આવ્યા નહિ. આહાહા..! છે?

**‘ચૈતન્યમાત્ર તો આત્માનું લક્ષણ છે...’** આહાહા..! **‘અને રાગાદિક બંધનું લક્ષણ છે...’** શુભ-અશુભરાગ એ તો બંધનું લક્ષણ છે. આહાહા..! વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાન, દયા એ બધો રાગ છે અને રાગ એ બંધનું લક્ષણ છે. આવે છે પણ એ જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આહાહા..! આવી આકરી વાત છે. અંદર છે? **‘તોપણ માત્ર જ્ઞેયજ્ઞાયકભાવની અતિ નિકટતાથી...’** દયા, દાન, વ્રત, ભક્તિનો રાગાદિ ઉત્પન્ન થાય છે અને આત્મા સાથે જ્ઞાન છે. તો જ્ઞાન અને રાગ એકસાથે છે અને એક સમયમાં બન્ને ઉત્પન્ન થાય છે અને ક્ષેત્ર એક છે તે કારણે બન્ને એક છે એમ અજ્ઞાની માને છે.

**‘અતિ નિકટતાથી તેઓ એક જેવા થઈ રહ્યા દેખાય છે.’** છે? આહાહા..! જ્ઞાનસ્વરૂપી આનંદસ્વરૂપી ભગવાનઆત્મા તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. રાગ એ તો દુઃખસ્વરૂપ છે પણ બેની નજીકતાને કારણે બન્ને એક દેખાય છે, બેને ભિન્ન જોતો નથી. છે? **‘તેથી તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને...’** આહાહા..! જ્યારે તેમને ભિન્ન કરવા હોય તો અને પોતાનો અનુભવ કરવો હોય તો અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય તો એ રાગને આત્માની સૂક્ષ્મ બુદ્ધિથી ભિન્ન કરવો. **‘તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણી...’** તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણી.. છીણીથી **‘કે જે**

**તેમને ભેદી જુદા જુદા કરવાનું શસ્ત્ર છે...'** રાગ અને આત્માને ભિન્ન કરવાનું તો આ પ્રજ્ઞા છે એ એક શસ્ત્ર છે. પ્રજ્ઞા એક શસ્ત્ર (છે). આહાહા..!

**'તેની સૂક્ષ્મ સંધી શોધીને...'** બહુ ઝીણી વાત, ભાઈ! આત્મા સચ્ચિદાનંદ પ્રભુ વીતરાગમૂર્તિ આત્મા છે. ત્રિકાળ ભગવત્‌સ્વરૂપ અંદર છે અને રાગ એ બંધસ્વરૂપ છે. બેની વચ્ચે તીક્ષ્ણ છીણી બુદ્ધિ, તીક્ષ્ણ ઝીણી સૂક્ષ્મ બુદ્ધિ. આહાહા..! છે? તીક્ષ્ણ બુદ્ધિ-ઝીણી બુદ્ધિ. ઝીણી બુદ્ધિરૂપી છીણી. **'કે જે તેમને ભેદી જુદા જુદા કરવાનું શસ્ત્ર છે તેને-તેમની સૂક્ષ્મ સંધિ શોધીને તે સંધિમાં સાવધાન (નિષ્પ્રમાદ) થઈને પટકવી.'** આહાહા..! બહુ ઝીણી વાતું છે.

આત્મા આનંદ સ્વરૂપ અતીન્દ્રિય આનંદમૂર્તિ (છે). એમાં રાગ ઉત્પન્ન થાય છે એ બધું દુઃખ છે, આકુળતા છે, બંધ છે. બે વચ્ચે સૂક્ષ્મ તીક્ષ્ણ બુદ્ધિ પટકવાથી.. આહા..! બેને જુદા કરવાથી સમ્યગ્દર્શન થાય છે. ધર્મની પહેલી સીડી, ધર્મનું પહેલું સોપાન. રાગ અને આત્મા વચ્ચે તીક્ષ્ણ બુદ્ધિ નાખીને છેદીને ભિન્ન કરવા એ પ્રથમ ધર્મની સીડી છે. એ વિના ધર્મ-બર્મ છે નહિ. સમ્યગ્દર્શન વિના આ ભક્તિ ને પૂજા ને દાન ને યાત્રા એ બધા શુભભાવ છે, રાગ છે, બંધનું કારણ છે, ધર્મ નહિ. આહાહા..! આકરી વાત પડે.

મુમુક્ષુ :- આપે સહેલી કરી દીધી. સમજાવીને ઘણી સહેલી કરી દીધી.

ઉત્તર :- અભ્યાસ નથી ને, બાપા! આહાહા..!

આ શરીર ભિન્ન છે, આ તો માટી છે. એમ અંદર પુણ્ય અને પાપના ભાવ, શુભ ને અશુભરાગ ચૈતન્યના સ્વભાવથી તદ્દન ભિન્ન છે. બેય એક ચીજ છે નહિ. આહાહા..! પણ બેની વચમાં તીક્ષ્ણ બુદ્ધિ-છીણી (પટકે અર્થાત્) જ્ઞાનને ભિન્ન કરે અને રાગને ભિન્ન કરે એવી તીક્ષ્ણ સૂક્ષ્મ બુદ્ધિ વડે... આહાહા..! બેને જુદા કરવા. છે? આહાહા..!

**'તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને-કે જે તેમને ભેદી જુદા જુદા કરવાનું શસ્ત્ર છે તેને-તેમની સૂક્ષ્મ સંધિ શોધીને...'** સૂક્ષ્મ સંધિ. રાગની ઉત્પત્તિ અને જ્ઞાનની ઉત્પત્તિ એક સમયે (થાય છે) પણ સૂક્ષ્મ સંધિ, બે વચ્ચે સાંધ છે, સંધિ છે. બેય એક નથી. રાગ અને ભગવાનઆત્મા એક નથી. રાગ તત્ત્વ પુણ્ય-પાપ તત્ત્વ છે અને આત્મા જ્ઞાયક તત્ત્વ અંદર ભિન્ન છે. આહાહા..! ખબર નથી ને અનાદિથી એમ ને એમ ચાલે છે, ચાર ગતિમાં રખડે છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' 'છ ઢાળા' માં આવે છે, 'છ ઢાળા'. 'મુનિવ્રત ધાર' મુનિપણું લીધું, અઠ્ઠાવીસ મૂળગુણ પાળ્યા, પંચ મહાવ્રત પાળ્યા, અઠ્ઠાવીસ મૂળગુણ ચોખ્ખા પાળ્યા. એને માટે ચોકા કરીને આહાર બનાવ્યો હોય તો પ્રાણ જાય તોપણ ન લે. એવી પંચ મહાવ્રત અને અઠ્ઠાવીસ મૂળગુણની ક્રિયા અનંતવાર કરી, પણ એ તો રાગ છે, એ તો બંધનનું લક્ષણ છે. એનાથી ભિન્ન આત્માના ચૈતન્ય લક્ષણને ભિન્ન ન જાણ્યું એટલે ભિન્ન અનુભવ કર્યો નહિ. પ્રજ્ઞાછીણી નામ અનુભવથી ભિન્ન ન કર્યા. આહાહા..! આવું આકરું લાગે, લ્યો!

**'સાવધાન (નિષ્પ્રમાદી) થઈને પટકવી. તે પડતાં જ બન્ને જુદા જુદા દેખાવા લાગે છે.'** આહાહા..! જાણક, આનંદ સ્વભાવ અને રાગ અજ્ઞાન, દુઃખ સ્વભાવ. આત્મા જાણન અને આનંદ સ્વભાવ અને રાગ અજ્ઞાન અને દુઃખ સ્વભાવ, બેને ભિન્ન કરતા ભિન્ન દેખાય છે. આહાહા..! છે? **'ભિન્ન ભિન્ન દેખાવા લાગે છે.'** આહાહા..! **'એમ બન્ને જુદા જુદા દેખાતાં, આત્માને જ્ઞાનમાત્રમાં જ...'** આત્માને જ્ઞાનસ્વરૂપ અનુભવમાં રાખવો. આહાહા..! રાગમાં જોડવો નહિ. આવી વાત છે, ભાઈ! સૂક્ષ્મ વાત છે. જિનેશ્વર વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવની સૂક્ષ્મ વાણી છે. આહાહા..!

કહે છે, કે જેટલા ભક્તિ, વ્રત, તપ, અપવાસ આદિ નામ સ્મરણ આદિ (થાય) એ બધો રાગ છે. એ રાગ બંધ લક્ષણ છે અને એનાથી ભિન્ન ભગવાન અંદર આનંદ અને જ્ઞાન લક્ષણ છે. જ્યાં સુધી આનંદનો અનુભવ ન થાય ત્યાં સુધી રાગનો અનુભવ છે, ત્યાં સુધી આત્માનો અનુભવ નથી. આહાહા..! શું કહ્યું? **'બન્ને જુદા જુદા દેખાવા લાગે છે.'** એમ કીધું ને? **'એમ બન્ને જુદા જુદા દેખાતાં, આત્માને જ્ઞાનભાવમાં જ રાખવો અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો. આ રીતે બન્નેને ભિન્ન કરવા.'** રાગ જે વિકલ્પ ઉત્પન્ન થાય છે એ અજ્ઞાન અને દુઃખરૂપ છે અને આત્મા જ્ઞાન ને આનંદરૂપ છે. આહાહા..! બેના ભિન્ન લક્ષણ જાણીને આત્માને જ્ઞાનના અનુભવમાં રાખવો (અને) રાગથી ભિન્ન પાડવો. તેનું નામ આત્મજ્ઞાન, આત્મદર્શન, સમ્યગ્દર્શન ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. ત્યારે ધર્મની શરૂઆત થાય છે. નહિતર ધર્મ-બર્મ છે નહિ. બહારના પુણ્ય બંધન થાય, શુભભાવ કરે તો પુણ્યબંધન થાય. સાથે મિથ્યાત્વ છે (એમાં) ધર્મ માને છે. ચાર ગતિમાં રખડે છે. ચોરાશીના અવતારમાં રખડશે. આહાહા..! આ તો અર્થકાર 'જયચંદ પંડિતે' કર્યું છે, હોં! આહા..!

**'આત્માને જ્ઞાનભાવમાં જ રાખવો અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો.'** આહાહા..! પણ બેને જાણ્યા વિના (જુદા) શી રીતે રાખે? બે જણાય ક્યારે? કે રાગ જે પર તરફ જાય છે એમાં દુઃખ છે અને આત્મા આત્મા તરફ જાય છે તો ત્યાં જ્ઞાન અને આનંદ છે. અહીં જ્ઞાન અને આનંદ છે અને રાગમાં અજ્ઞાન (છે), રાગ અજ્ઞાન છે. રાગમાં જ્ઞાન નથી. ચાહે તો દયા, દાન, ભક્તિ, જાત્રા આદિનો રાગ હો, એ રાગમાં જ્ઞાન નથી. રાગ તો અચેતન છે. જ્ઞાનસ્વરૂપનો અભાવ છે અને દુઃખ છે. આત્મા જ્ઞાન અને આનંદ છે. આહાહા..! આવી ઝીણી વાત છે. ધર્મ ઝીણો છે, બાપુ! જિનેશ્વરદેવ વીતરાગ પરમેશ્વરનો માર્ગ લોકોએ સ્થૂળ કરી નાખ્યો. બહારથી મનાવી લીધો છે. જાત્રા કરો ને ભક્તિ કરો ને વ્રત કરો ને તપ કરો, થઈ ગયો ધર્મ. અહીં કહે છે, કે એ બધા ભાવ શુભભાવ, રાગ છે, એ બંધ લક્ષણ છે. બંધ લક્ષણને ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ અનંત સંસારનું કારણ છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! એ અહીં કહ્યું, **'એ રીતે બન્નેને ભિન્ન કરવા.'**

## શ્લોક-૧૮૧

(स्रग्धरा)

प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः
सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य।
आत्मानं मग्नमन्तःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे
बन्धं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ।।१८१।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ इयं शिता प्रज्ञाछेत्री ] આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી [ निपुणैः ] પ્રવીણ પુરુષો વડે [ कथम् अपि ] કોઈ પણ પ્રકારે (યત્નપૂર્વક) [ सावधानैः ] સાવધાનપણે (નિષ્પ્રમાદપણે) [ पातिता ] પટકવામાં આવી થકી, [ आत्म-कर्म-उभयस्य सूक्ष्मे अन्तःसन्धिबन्धे ] આત્મા અને કર્મ બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં (-અંદરની સાંધના જોડાણમાં) [ रभसात् ] શીઘ્ર [ निपतति ] પડે છે. કેવી રીતે પડે છે? [ आत्मानम् अन्तः-स्थिर-विशद-लसद्-धाम्नि चैतन्यपूरे मग्नम् ] આત્માને તો જેનું તેજ અંતરંગમાં સ્થિર અને નિર્મળપણે દેદીપ્યમાન છે એવા ચૈતન્યપૂરમાં (ચૈતન્યના પ્રવાહમાં) મગ્ન કરતી [ च ] અને [ बन्धम् अज्ञानभावे नियमितम् ] બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ (નિયત) કરતી-[ अभितः भिन्नभिन्नौ कुर्वती ] એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.

ભાવાર્થ :– અહીં આત્મા અને બંધને ભિન્ન ભિન્ન કરવારૂપ કાર્ય છે. તેનો કર્તા આત્મા છે. ત્યાં કરણ વિના કર્તા કોના વડે કાર્ય કરે? તેથી કરણ પણ જોઈએ. નિશ્ચયનયે કર્તાથી ભિન્ન કરણ હોતું નથી; માટે આત્માથી અભિન્ન એવી આ બુદ્ધિ જ આ કાર્યમાં કરણ છે. આત્માને અનાદિ બંધ જ્ઞાનાવરણાદિ કર્મ છે, તેમનું કાર્ય ભાવબંધ તો રાગાદિક છે અને નોકર્મ શરીરાદિક છે. માટે બુદ્ધિ વડે આત્માને શરીરથી, જ્ઞાનાવરણાદિક દ્રવ્યકર્મથી તથા રાગાદિક ભાવકર્મથી ભિન્ન એક ચૈતન્યભાવમાત્ર અનુભવી જ્ઞાનમાં જ લીન રાખવો તે જ (આત્મા ને બંધનું) ભિન્ન કરવું છે. તેનાથી જ સર્વ કર્મનો નાશ થાય છે, સિદ્ધપદને પમાય છે, એમ જાણવું. ૧૮૧.

## શ્લોક–૧૮૧ ઉપર પ્રવચન

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–**' 'અમૃતચંદ્રાચાર્ય' કાવ્ય કહે છે.

**प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः**
**सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य।**
**आत्मानं मग्नमन्तःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे**
**बन्धं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ।।१८१।।**

[ **इयं शिता प्रज्ञाछेत्री** ] '**આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી...**' જ્ઞાનસ્વરૂપી ભગવાન છે. વર્તમાન જ્ઞાનની દશા તે રાગરૂપી વિકારની સાથે એકત્વ છે તે સંસાર છે, મિથ્યાત્વ છે. શું કહ્યું? ભગવાનઆત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન વીતરાગ મૂર્તિ આત્મા સ્વભાવ છે. એને રાગ અને પુણ્ય સાથે એકત્વ માનવું એ મિથ્યાત્વ છે. એ રાગ અને આત્મા (વચ્ચે) '**પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી...**' જે અનુભવરૂપી તીક્ષ્ણ છીણી. રાગની ક્રિયાથી આત્મા ભિન્ન છે એમ તીક્ષ્ણ છીણી વડે, તીક્ષ્ણ અનુભવ વડે, આત્મા તરફના ઝુકાવ વડે રાગના ઝુકાવથી છૂટવાથી, પર્યાયબુદ્ધિ ઉપરથી છૂટવાથી, દ્રવ્યબુદ્ધિ ઉપર આવવાથી એમ કહે છે. આહાહા..!

'**પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી પ્રવીણ પુરુષો વડે...**' છે અંદર? પ્રવીણ પુરુષો દ્વારા. સમ્યગ્દષ્ટિ પ્રવીણ પુરુષ છે. પ્રવીણ પુરુષ દ્વારા રાગ અને આત્માને ભિન્ન કરે છે. આહાહા..! દાણા અને કાંકરા જેમ ભિન્ન કરે છે. કાંકરા અને દાણા. ઘઉં ને કાંકરા ભિન્ન કરે છે. એમ પુણ્ય અને પાપરૂપી ભાવ કાંકરા છે અને ભગવાનઆત્મા–દાણા જ્ઞાન અને આનંદરૂપી દળ છે. આહાહા..! બે વચ્ચે પ્રજ્ઞાછીણી વડે '**પ્રવીણ પુરુષો વડે...**' ડાહ્યા પુરુષો વડે. એનું નામ પ્રવીણ પુરુષ છે. બીજી વાત ભલે જાણતો ન હોય, વિશેષ ન જાણે પણ રાગ અને આત્માને ભિન્ન જાણવાની દશા કરતો હોય એ પ્રવીણ પુરુષ છે. આહાહા..!

'**પ્રવીણ પુરુષો વડે કોઈ પણ પ્રકારે (–યત્નપૂર્વક)...**' પુરુષાર્થથી. રાગ તરફના વલણને.. વલણ કહે છે ને? ઝુકાવ. જે રાગ, શુભરાગ આવે છે તે તરફનો ઝુકાવ છોડી જ્ઞાયક સ્વભાવ ચૈતન્ય ઉપર ઝુકાવ કરીને, આહા..! '**પ્રવીણ પુરુષો વડે કોઈ પણ પ્રકારે (–યત્નપૂર્વક) સાવધાનપણે (–નિષ્પ્રમાદપણે) પટકવામાં આવી થકી,...**' આહાહા..! આત્મા અંદર આત્મદળ (છે). જેમ રૂનું ધોકડું હોય છે. ધોકડાને શું કહે છે? રૂનું મોટું ધોકડું હોય છે એમ આત્મા જ્ઞાન ને આનંદ ને શાંતિનો ધોકડો છે. અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત આનંદ, અનંત વીતરાગતા, અનંત સ્વચ્છતા, અનંત અકર્તૃત્વ, અભોક્તૃત્વ

આદિ શક્તિ અનંત અનંત અંદર ભરી છે. આહાહા..! એ તરફની જાણવાની કોઈ દરકાર નહિ અને બહારનું આ કરવું, આ કરવું ને આ કરવું ને આ કરવું એના ઉપર વલણ. ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને જાત્રા. એ તો બધો શુભભાવ છે, રાગ છે, એ કોઈ ધર્મ નથી. આવે, અશુભથી બચવા આવે પણ ધર્મ નહિ. આહાહા..! આવું કામ. વાણિયાને આ ધંધા કરવામાં આવું આકરું પડે કે નહિ? 'શાંતિભાઈ'! 'હીરાભાઈ' ગયા લાગે છે? 'હીરાભાઈ' સાત ટિકીટ લેવાના છે. પાંત્રીસ હજાર રૂપિયા. ત્યાં આવવા માટે. એમ કહેતા હતા. ભાઈને સાથે લઈ જવાના છે. સાત ટિકીટ પાંચ હજાર રૂપિયાની. ૪૭૦૦ ની એક ટિકીટ છે ને? એ સાત ટિકીટ લેવાના છે. ગયા. 'આફ્રિકા' આવવા માટે. આહાહા..! અહીં આત્મામાં આવવા માટે પ્રજ્ઞાછીણી મારવાની છે. અહીં તો એમ કહે છે. આહાહા..! પૈસા હોય ન હોય એની સાથે કાંઈ (સંબંધ નથી). આહાહા..!

સ્વદેશ.. આહાહા..! બેનની ચોપડીમાં આવી ગયું છે ને? અરે..! અમે પરદેશમાં ક્યાં આવી ચડ્યા? આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ (છે) ત્યાંથી છૂટીને શુભભાવમાં આવવું, શુભ અને અશુભમાં આવવું એ પરદેશમાં આવવું છે. આહાહા..! આવે છે? બેનની ચોપડીમાં આવે છે. અરે..! અમે ક્યાં આવી ચડ્યા? ક્યાં અમારો દેશ ને ક્યાં આ રાગ? આહાહા..! જેને અન્યમતિ વાંચીને આનંદ પામે છે. અન્યમતિ, હોં! અહીં ગોપનાથ છે એના મઠનો અધિપતિ છે. એના હાથમાં આ પુસ્તક ગયું. અહીંનું ત્યાં એના હાથમાં (આવ્યું). વાંચીને તો આમ ખુશી ખુશી (થઈ ગયો). ઓ..હો..હો..! ભારે વસ્તુ આ તે કોઈ! અમારા ઉપનિષદમાં છે એના કરતા સુંદર સામગ્રી આમાં ભરી છે. બેનની ચોપડીમાં. અન્યમતિનો બાવો, મઠનો અધિપતિ. સત્યને કબુલ કરતાં અસત્ય માણસ (ભલે) હોય. એમાં વાડાનું શું (કામ છે)? અહીં વાડો ક્યાં છે?

અંદર આત્મા જે છે, સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે કહ્યો તે આત્મા (છે). એનાથી વિરુદ્ધ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ રાગ, વિકાર બંધ લક્ષણ છે. બેને જુદા પાડવા આ માર્ગ (છે). આ માર્ગમાં વાડો ક્યાં છે ત્યાં? કે નાત-જાત પણ ક્યાં છે કે ફલાણી નાત કે હરિજન ન પામી શકે ને વાણિયો પામી શકે એવું કાંઈ નથી. હરિજન પણ આ પામી શકે છે. આહાહા..! મઠાધિપતિએ બહુ વખાણ કર્યા છે. ખુશી થઈ ગયો છે આમ. વખાણ કરતા કરતા થાકતો નહોતો એવું લખ્યું છે. વાંચતા એને ઉલ્લાસ આવતો કે ઓ..હો..હો..! આ લખાણ!

મુમુક્ષુ :- રત્ન કણિકા જ ભરી છે.

ઉત્તર :- હા. આ આત્મા વસ્તુ છે ને? વસ્તુ છે ને! છે તો અંદર કોઈ શક્તિ, ગુણ, સ્વભાવ છે કે નહિ? વસ્તુ છે તો કોઈ શક્તિ, સ્વભાવ, ગુણ, સત્ત્વ, તત્ત્વ, ગુણ છે કે નહિ? તો એ વસ્તુ આત્મા છે તો એમાં અનંત શક્તિ છે. જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા,

વિભુતા (આદિ) અનંત અનંત શક્તિઓ છે. અનંત શક્તિનો પિંડ આત્મા છે. આહાહા..! એને આ રાગના બંધના લક્ષણથી જુદો અનુભવવો. આહાહા..! જુદો પાડીને, પ્રજ્ઞાછીણીથી જુદો પાડી જુદો અનુભવવો એનું નામ આત્માની પ્રાપ્તિ છે. એનું નામ આત્મજ્ઞાન છે, એનું નામ આત્માનું દર્શન–સમકિત છે. એ વિના બધા થોથા છે, એકડા વિનાનાં મીંડા છે. લાખ જાત્રાઓ કરે ને કરોડો, અબજો રૂપિયા ખર્ચે, ભક્તિ, પૂજા કરે ને મંદિરો સ્થાપે એ બધા શુભભાવ છે, ધર્મ નહિ. આહાહા..!

ધર્મ તો એ રાગથી ભિન્ન પાડીને ચૈતન્યસ્વરૂપને અનુભવવો એનું નામ પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ ધર્મ કહે છે. એનું નામ જૈનધર્મ છે. જૈનધર્મ કોઈ વાડો નથી, કોઈ પક્ષ નથી. વસ્તુનું સ્વરૂપ છે એવું ભગવાને જોયું, જોયું એવું કહ્યું. આહાહા..! સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ બિરાજે છે, મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે. 'સીમંધર' ભગવાન અત્યારે બિરાજે છે. એવા વીસ તીર્થંકરો બિરાજે છે. લાખો કેવળીઓ બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં જીવતી જ્યોત બિરાજે છે. બધા ભગવાનનું કથન આ છે. અને 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯ માં ત્યાં ગયા હતા. બે હજાર વર્ષ થયા. 'કુંદકુંદાચાર્ય' દિગંબર મુનિ ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું છે. આહાહા..! ભગવાનનો આ સંદેશ છે. તમને બેસે, ન બેસે સ્વતંત્ર છે. તમારા બહારના આગ્રહને લઈને બહારના એટલા બધા આગ્રહ અંદરથી ગરી ગયા છે. ભગવાનની ભક્તિ કરીએ તો ધર્મ થાય, પૂજા કરીએ તો ધર્મ થાય, ભગવાનનું મંદિર સ્થાપીએ ને ધર્મ થાય, વરઘોડા કાઢીએ, ગજરથ કાઢીએ તો ધર્મ થાય. બધી વાતું ખોટી છે. એમાં રાગની મંદતા કરે તો પુણ્ય થાય. પણ પુણ્ય છે એ રાગ છે. રાગ છે એ બંધનું સ્વરૂપ છે. રાગ છે એ અબંધસ્વરૂપ આત્માનું એ સ્વરૂપ નથી. આહાહા..! આવું આકરું કામ છે. 'ઝવેરચંદભાઈ'! ન્યાં તમારે આંકિડયા-ફાકડિયામાં આવું સાંભળ્યું નથી. આહાહા..! બહુ આકરી વાત છે ભાઈ!

પહેલું તો બેસવું (કઠણ પડે). હજી આ વાત સાચી છે કે નહિ એ બેસવું કઠણ પડે. જો આવું હોય તો આ બધો વ્યવહાર? આ બધો વ્યવહાર કરે છે ઇ? ક્યો વ્યવહાર છે? સાંભળને હવે. નિશ્ચય વિનાના વ્યવહાર બધા એકડા વિનાના મીંડા છે. લાખ મીંડા હોય અને એકડો ન હોય તો સંખ્યામાં ન ગણાય. એમ સમ્યગ્દર્શન વિના જેટલી ક્રિયાકાંડ મંદ રાગની કરે એ બધી ગણતરી ધર્મમાં ન આવે. આહાહા..! સમ્યગ્દર્શન એ એકડો છે. એ સમ્યગ્દર્શન રાગથી ભિન્ન પડીને આત્માનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! આવી વાત છે. ભાષા તો સાદી છે, પ્રભુ! ભાષા તો સાદી છે. ભાવ ભલે આકરા છે. ભાષા બહુ એવી આકરી નથી. સાધારણ માણસને અભ્યાસ પણ ન મળે, વ્યવહારનો અભ્યાસ ન મળે. સવારે ભગવાનના દર્શન ને ભક્તિ કર્યા ને જય નારાયણ રાડુ પાડીને.. ભગવાન... ભગવાન... થઈ ગયો ધર્મ જાણે. એ વાણી પણ જડ, એ ભક્તિનો ભાવ એ

રાગ. આત્મા એનાથી તદ્દન ભિન્ન છે. આહાહા..! આવી વાત છે. એ અહીં પરમાત્મા 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ હજાર વર્ષ પહેલા થયા. બે હજાર વર્ષ પહેલા 'કુંદકુંદાચાર્ય' દિગંબર મુનિ (થયા), આ 'અમૃતચંદ્રાચાર્ય' હજાર વર્ષ પહેલા થયા એમની આ ટીકા છે. એમનો આ શ્લોક છે. આહાહા..!

**'કોઈ પણ પ્રકારે (–યત્નપૂર્વક) સાવધાનપણે (નિષ્પ્રમાદપણે) પટકવામાં આવી થકી, આત્મા અને કર્મ–બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં...'** આહાહા..! મોટા પથરા હોય છે ને? પથરાને સંધિ હોય, સાંધ હોય. એમાં સુરંગ નાખે, સુરંગ. લાલ કે ધોળી ઝીણી દોરી હોય. એ સાંધ. એમ આત્મા અને દયા, દાન, ભક્તિના પરિણામના રાગ વચ્ચે સંધિ–સાંધ છે. તડ.. વચ્ચે તડ છે. તડને શું કહે? ધારી. બે તદ્દન ભિન્ન છે. બે વચ્ચે સાંધ છે. એ કહે છે, જુઓને!

જુઓ! શું કીધું? **'આત્મા અને કર્મ–બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિ...'** અંતરંગ સંધિ. આહાહા..! **'સંધિના બંધમાં શીઘ્ર પડે છે.'** એક સમય લાગે છે, બસ! આહાહા..! એ રાગનો વિકલ્પ વિકાર અને આત્મા નિર્વિકારી સ્વરૂપ, આનંદ સ્વરૂપ–બે વચ્ચે પ્રજ્ઞાછીણી પડવામાં એક સમય લાગે છે. એક સમયાંતરમાં દર્શન થઈ જાય છે, કહે છે. આહાહા..! બીજું બધું કરે પણ આ મૂળ છે ઇ ન કરે ત્યાં સુધી ભવછેદ ન થાય, ભાઈ! આહાહા..! દુનિયા માને, મનાવે. માનીને લોકો રાજી થાય પણ એથી કાંઈ વસ્તુ નહિ મળે. આહાહા..! સંસારનું પરિભ્રમણ ચોરાશીના અવતાર કરી કરીને થાકીને અનંતા અવતાર કર્યા. એકેન્દ્રિયના, બેઇન્દ્રિયના, ત્રેઇન્દ્રિયના, નરકના, તિર્યંતના અનંતા અવતાર કર્યા. એ મિથ્યાત્વને લઈને એ અનંતા અવતાર થયા. જ્યાં સુધી એ મિથ્યાત્વ છેદે નહિ ત્યાં સુધી એના અનંતા અવતાર ટળશે નહિ. આહાહા..! એ મિથ્યાત્વ છેદવાની ક્રિયા આ છે. રાગ અને આત્મ લક્ષણ ભિન્ન જાણીને અંતર આત્માનો અનુભવ કરવો. રાગથી ભિન્ન જાણીને આત્માની પ્રજ્ઞાછીણી મારીને અનુભવ કરવો એ સમ્યગ્દર્શન પામવાની રીત છે. આહાહા..! આ તો હજી સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન. શ્રાવક પાંચમું તો હજી આઘી દશા (છે). એની દશા તો આનંદ વધારે (હોય) અને અલૌકિક હોય. મુનિની તો વાત જ શું કરવી! સાચા મુનિ જે સંત મુનિ (હોય) એને તો અંતર આનંદનો ઉભરો આવતો હોય. અતીન્દ્રિય આનંદની અંદર ભરતી આવે. દરિયામાં જેમ પાણીની ભરતી આવે એમ ભરતી આવે છે. એ મુનિપણું તો અલૌકિક! બાપુ! અત્યારે તો.. આહા..! હજી શ્રદ્ધાના ઠેકાણા નથી ત્યાં મુનિપણા તો આઘા રહ્યા, ભાઈ!

અહીં એ કહે છે, **'સંધિના બંધમાં શીઘ્ર પડે છે.'** શીઘ્ર પડે છે એટલે જેમ રાગથી ભિન્ન આમ જાણ્યો એ જ સમયમાં જુદો પડી જાય. એમ. ઉપયોગમાં ભલે અસંખ્ય સમય લાગે પણ અંદરમાં તો એક સમયમાં જુદો પડી જાય છે, એમ કહે છે. આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ અને રાગ બંધ સ્વરૂપ, એની વચ્ચે પ્રજ્ઞાનો અનુભવ કરતા એક

સમયમાં જુદો પડી જાય છે. આહાહા..! આ શ્લોક છે. 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત મુનિ જંગલવાસી. મુનિઓ જંગલમાં રહેતા. આહાહા..!

**'કેવી રીતે પડે છે? આત્માને તો જેનું તેજ અંતરંગમાં સ્થિર...'** હવે શું કહે છે? આત્મા સ્થિર ધ્રુવ છે ત્યાં દૃષ્ટિ જાય છે. સ્થિર ધ્રુવ આનંદસ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય આનંદ સ્વરૂપ ઉપર દૃષ્ટિ જાય છે. આહાહા..! **'આત્માને તો જેનું તેજ અંતરંગમાં સ્થિર અને નિર્મળપણે દેદીપ્યમાન છે...'** આહાહા..! ભગવાન તો ચૈતન્યપ્રકાશ ધ્રુવ દેદીપ્યમાન, જેની નિર્મળતા છે એવો ચૈતન્યપ્રકાશ ભગવાન ભર્યો છે. આહાહા..! ચંદ્ર અને સૂર્યના તેજ જડના છે. આ ચૈતન્યના પ્રકાશના તેજ છે. એક એક આત્મામાં એવા અનંતા તેજનો પ્રકાશ અંદર ભર્યો છે. આહાહા..! એ બેને જુદા પાડતા...

**'જેનું તેજ...'** (એટલે) આત્માનું. **'અંતરંગમાં સ્થિર...'** રાગ છે એ તો ક્રમે ક્રમે ભિન્ન ભિન્ન ભિન્ન થઈ જાય છે અને આ તો સ્થિર ધ્રુવ.. ધ્રુવ ભગવાન અંદર છે. **'સ્થિર અને નિર્મળપણે દેદીપ્યમાન છે એવા ચૈતન્યપૂરમાં (ચૈતન્યના પ્રવાહમાં) મગ્ન કરતી...'** એવો ચૈતન્યપ્રવાહ એટલે ચૈતન્ય ધ્રુવ. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... એવો જે કાયમ રહેનારો ધ્રુવ પ્રવાહ (છે) ત્યાં દૃષ્ટિ પડે છે. ત્યાં પ્રજ્ઞાછીણી પડે છે, એમ કહે છે. આહાહા..! આકરું કામ છે. (આ) ગાથા.

**'(ચૈતન્યના પ્રવાહમાં) મગ્ન કરતી અને બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ (નિયત) કરતી...'** આહાહા..! એ પ્રજ્ઞાછીણી એટલે અનુભવ. આત્માને આનંદમાં લીન કરતી અને બંધને રાગમાં (નિશ્ચિત) કરીને. રાગને અજ્ઞાનભાવમાં કરે છે. રાગ અજ્ઞાનભાવ છે. એમાં આત્માનું જ્ઞાનસ્વરૂપ જે છે (તે નથી). એ રાગ છે તે અજ્ઞાન છે. રાગમાં જ્ઞાનનો કણ નથી, રાગ તો અંધકાર છે. પ્રભુ ચૈતન્યજ્યોત દેદીપ્યમાન છે, ત્યારે રાગનો ભાવ, ચાહે તો દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો રાગ હો પણ એ રાગ અંધકાર છે, અજ્ઞાન છે. અજ્ઞાન છે એટલે એમાં જ્ઞાન નથી. આહાહા..! એ જ્ઞાનજ્યોતથી વિરુદ્ધ ભાવ અંધકાર છે. આવી વાત સાંભળવી કઠણ પડે. નવા માણસ બિચારા આ બધું કરતા હોય તો જાણે ધર્મ.. ધર્મ કરતા હોય. ભક્તિ ને ભગવાનની સામે રાડ્યું પાડી ને.. જાણે ધર્મ કરીએ છીએ. એને આ કહેવું. આકરું પડે કે નહિ? આહાહા..! માર્ગ આમ છે, બાપુ! અહીં કાંઈ કોઈની સફારશ લાગુ પડતી નથી. વીતરાગ માર્ગમાં કોઈની સફારશ લાગુ નથી પડતી. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ જે કહ્યું તેને કોઈની અપેક્ષા છે નહિ. એ વાત છે એ રીતે કહી છે અને એ રીતે અનુભવ કરે તેને ધર્મ થાય એવું છે. આહાહા..!

અંતરંગમાં સ્થિર કરતી અને **'બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ (નિયત) કરતી...'** રાગ છે એ બંધ છે. એ બંધમાં નિશ્ચળ કરતી કે એ તો બંધ છે. આ અબંધ સ્વરૂપ જ્ઞાન છે. અબંધ સ્વરૂપ આત્મા છે અને રાગ તે બંધસ્વરૂપ છે. એમ પ્રજ્ઞાછીણી બેને જુદી પાડતી..

આહાહા..! **'(નિયત) કરતી...'** જુદી નિશ્ચય કરતી. **'अभितः भिन्नभिन्नौ कुर्वती' 'એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.'** આહાહા..! બેને જુદા જુદા કરતી-કરતી પડે છે. આવી વાત કેવી? આવો ઉપદેશ કઈ જાતનો? પેલું તો આમ કરો ને આ કરો ને આમ કરો ને આ કરો ને આ કરો (હતું). અહીં કરો કરો કાંઈ નથી. કરવાનો રાગ છે અને રાગ કરું ત્યાં તો મૃત્યુ છે, આત્માનું મૃત્યુ છે. આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા છે. એ રાગને કરે ત્યાં તો આત્માની શાંતિની હાનિ (થાય છે), હણાય છે. આહાહા..! આકરું કામ છે, પ્રભુ! સાધારણ પ્રાણીને બિચારાને હજી આજીવિકા માંડ ભેગી થાતી હોય. આજીવિકા માટે રોકાય એમાં આવી વાતું સાંભળવા પણ ક્યાંય મળે નહિ. સાંભળવા મળે તો સમજાય નહિ. આ શું કહે છે પણ આત્મા? આત્મા.. આત્મા.. આત્મા.. આવો આત્મા ને આવો રાગ. આહાહા..!

શરીર, વાણી, મન તો આત્માની પર્યાયમાં પણ નથી. શરીર, વાણી, મન આત્માની પર્યાય–અવસ્થા છે ને? એમાં પણ નથી. એની પર્યાયમાં રાગ ને દ્વેષ છે. એ પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્યબુદ્ધિ કરતા ભિન્ન પડી જાય છે. આહાહા..! આમ કહેવું છે. આ તો ભિન્ન જ છે. આ શરીર, વાણી તો જડ છે, ભિન્ન છે, ભિન્ન જ છે. બાયડી, છોકરા, કુટુંબ, કબીલો, ધંધો-વેપાર એ તો તદ્દન ભિન્ન ભિન્ન જ છે. પણ પર્યાયમાં તારા પુરુષાર્થની ઊંધાઈથી જે રાગ અને દ્વેષના, પુણ્ય-પાપના પરિણામ થાય, તેને જ્ઞાન તરફ વાળીને તેનાથી જુદો પડી જા. આહાહા..! ઇ છે ને?

**'अभितः भिन्नभिन्नौ कुर्वती' 'એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.'** રાગ અને આત્મા એક માન્યા છે, માન્યું છે એ માન્યતા છે, છે નહિ. રાગ તત્ત્વ ભિન્ન છે. નવ તત્ત્વ છે ને? જીવ, અજીવ, આસ્રવ, બંધ, પુણ્ય-પાપ બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. તો આસ્રવ તત્ત્વ, પુણ્ય-પાપ તત્ત્વ જુદું છે અને જ્ઞાયક તત્ત્વ જુદું છે. જ્ઞાયક તત્ત્વ પુણ્યરૂપે થયું નથી, પાપરૂપે થયું નથી. એને પુણ્ય અને પાપરૂપે માનવો એ જ મિથ્યાત્વ છે. આહાહા..! અને એને છેદવું અને જુદું છે એવું જુદું પાડવું એનું નામ સમકિત છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*** અજ્ઞાનીને સાચી ઉદાસીનતા હોતી નથી. પરદ્રવ્યના ગુણદોષ ન ભાસે તો સાચી ઉદાસીનતા થાય. પરદ્રવ્યના દોષને અને ગુણને તો બરાબર જાણે છે. પણ પરદ્રવ્ય મને હિતકર છે કે અહિતકર છે એમ માને નહિ તેનું નામ પરદ્રવ્યના ગુણ દોષ ન ભાસે એમ સમજવું. શુભાશુભભાવ નુકશાનકારક છે. અને ત્રિકાળી સ્વભાવ લાભદાયક છે. એ સિવાય જગતનો કોઈપણ પદાર્થ આત્માને લાભ નુકશાનનું કારણ નથી. એમ સમજવું તે સાચી ઉદાસીનતા છે. ૮૯૧. – પરમાગમસાર**

## પ્રવચન નં. ૩૬૩ ગાથા-૨૯૫ કળશ-૧૮૧ શનિવાર, માગશર વદ ૫, તા. ૦૮-૧૨-૧૯૭૯

**નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

'સમયસાર' ૧૮૧ કળશ છે તેનો ભાવાર્થ ચાલે છે. શું કહે છે? સૂક્ષ્મ વાત છે. સમયસાર છે સમયસાર.

**ભાવાર્થ :- 'અહીં આત્મા અને બંધને ભિન્ન ભિન્ન કરવારૂપ કાર્ય છે.'** જે આત્મા છે અંદર એ તો શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ મૂર્તિ છે અને શરીર, વાણી, મન એ તો જડ કર્મ છે અને પુણ્ય-પાપના ભાવ છે એ તો વિકાર છે તો વિકારથી અને શરીરાદિથી તો આત્મા અંદર ભિન્ન છે. તો જેને ભિન્ન કરવા હોય, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય તેને આત્મા અને બંધને ભિન્ન ભિન્ન કરવાનું કાર્ય છે. આ કાર્ય છે. કાર્ય કરવાનું શું છે? કે આત્મા અને રાગાદિને ભિન્ન કરવા એ કાર્ય છે. ઝીણી વાત છે. ધર્મ એને કહે છે, કે રાગાદિ ભાવ, વિકાર અંદર ઉત્પન્ન થાય છે તેનાથી ભિન્ન આત્મા જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ (છે) એ આત્માને અને રાગને ભિન્ન કરવા એ કાર્ય કરવાનું છે. આહાહા..! ત્યારે એ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું સોપાન.

**'આત્મા અને બંધને ભિન્ન ભિન્ન કરવારૂપ કાર્ય છે. તેનો કર્તા આત્મા છે.'** ભિન્ન કરવાનો કર્તા તો આત્મા છે. **'ત્યાં કરણ વિના કર્તા કોના વડે કાર્ય કરે?'** કરણ-સાધન જોઈએ ને? સાધન. સાધન વિના કર્તા, સાધન વિના કોનાથી ભિન્ન કરશે? સાધન શું છે? આત્મા અને રાગાદિ ભાવ એનાથી ભિન્ન કરવામાં કર્તા આત્મા છે પણ કર્તા આત્માને સાધન શું છે? આહાહા..! આ પ્રશ્ન છે, શિષ્યનો આ પ્રશ્ન છે. કોના દ્વારા કાર્ય કરશે? કર્તા આત્મા કોના દ્વારા કાર્ય ભિન્ન કરશે? આહાહા..! સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં નવ તત્વથી આત્મા ભિન્ન છે, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ ભાવથી તો ભિન્ન છે. તો ભિન્ન કરનાર કર્તા તો આત્મા (છે) પણ કર્તાને સાધન શું? સાધન વિના કર્તા શું કરશે?

કહે છે, કે **'કર્તા કોના વડે કાર્ય કરે?'** સમજાય છે કાંઈ? સૂક્ષ્મ છે, ભાઈ! તત્ત્વદૃષ્ટિ સૂક્ષ્મ (છે). જૈન પરમેશ્વર જિનેશ્વરદેવ ત્રિલોકનાથનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. અંતરમાં રાગ ઉત્પન્ન થાય છે તેનાથી પણ આત્મા ભિન્ન છે. ભિન્ન કરનાર કર્તા આત્મા છે. તો કર્તા કરણ નામ કોના દ્વારા કાર્ય કરશે? **'તેથી કરણ પણ જોઈએ.'** કર્તા આત્મા, રાગ અને દયા, શુભાશુભભાવથી ભિન્ન કરવામાં કર્તા આત્મા છે તો કરણ કોણ? ક્યા સાધનથી કરશે? (તો કહે છે), કરણ પણ આવશ્યક છે. સાધનની પણ જરૂર છે.

**'નિશ્ચયનયે કર્તાથી ભિન્ન કરણ હોતું નથી;...'** નિશ્ચયદષ્ટિએ, વાસ્તવિક દષ્ટિથી જુઓ તો કર્તા આત્મા, તે રાગથી ભિન્ન કરનાર કર્તા તેનું કરણ–સાધન કર્તાથી ભિન્ન નથી હોતું. કર્તાથી કરણનું સાધન ભિન્ન નથી હોતું. છે? **'નિશ્ચયનયે કર્તાથી ભિન્ન કરણ હોતું નથી;...'** આહાહા..! **'માટે આત્માથી અભિન્ન એવી આ બુદ્ધિ...'** અનુભવ. રાગથી ભિન્ન કરવાની જ્ઞાન–પ્રજ્ઞા. જ્ઞાનરૂપી છીણી. એ પ્રજ્ઞારૂપી છીણી–અનુભવ એ રાગથી ભિન્ન કરવાનું કરણ-સાધન છે. કર્તા આત્મા છે પણ એ રાગાદિથી ભિન્ન કરવાનું કરણ–સાધન પ્રજ્ઞા એટલે તેનાથી ભિન્ન કરવાનો અનુભવ એ સાધન છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! અનંત અનંત કાળ ચોરાશીના અવતારમાં ગયો પણ કદી એણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નહિ. સમ્યગ્દર્શન વિના બધા ક્રિયાકાંડ કર્યા તો એનાથી તો પુણ્યબંધ થાય અને સ્વર્ગ આદિ મળે પણ એની ચાર ગતિ ટળે નહિ.

અહીંયાં કહે છે, કે કર્તા આત્મા (છે). રાગ અને શરીરાદિથી ભિન્ન કરવામાં સાધન કોણ? કે કર્તાથી ભિન્ન સાધન હોતું નથી. કર્તા આત્મા તો પ્રજ્ઞા–અનુભવ, રાગથી ભિન્ન અનુભવ એ સાધન છે. રાગથી પુણ્ય-પાપના ભાવથી, શુભ-અશુભભાવથી, શરીરથી ભિન્ન કરવાનું સાધન અનુભવ છે. રાગથી ભિન્ન કરવાનો અનુભવ, આત્માનો અનુભવ એ સાધન છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આ મૂળ વાત છે. અનંત કાળ થયો પણ એણે આ વાત કરી જ નથી. ઉપર ઉપર ક્રિયાકાંડ કર્યા. દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને એ તો બધો રાગ છે.

અહીં તો રાગથી ભિન્ન કરનાર કર્તા આત્મા અને એનું કરણ–સાધન આત્માનો અનુભવ કરવો (એ સાધન છે). રાગથી ભિન્ન કરી જ્ઞાન–પ્રજ્ઞા સાધન દ્વારા અનુભવ કરી ભિન્ન કરવો એ સાધન છે. આહાહા..! આવી ઝીણી વાત છે. સૂક્ષ્મ વાત છે. બહારથી માને છે કે આમ કરવું ને આમ કરવું એ કોઈ સાધન નથી. એ તો શુભરાગ હોય તો પુણ્ય બંધાશે, એનાથી સંસાર મળશે.

અહીં તો રાગથી ભિન્ન કરનાર કર્તા આત્મા, તેનું કરણ એટલે સાધન કર્તાથી ભિન્ન હોતું નથી (એમ કહે છે). તો એ સાધન ક્યું? કર્તા આત્મા અને એનો અનુભવ કરવો, રાગથી ભિન્ન થઈને ભિન્ન અનુભવ કરવો એ કર્તાનું કરણ રાગથી ભિન્ન કરવાનું સાધન છે. સમજાય છે કાંઈ? કોઈની ગુજરાતીની માંગણી હતી. કાલે હિન્દી ચાલ્યું હતું ને? એ તો ગુજરાતી અને હિન્દી ભાષા (ગમે તે હોય) ભાવ તો જે ઝીણા હોય એ આવેને? ભાવ બીજા ક્યાંથી આવે? ભાઈ! આહાહા..!

નિશ્ચયનયથી કર્તા આત્મા, રાગથી ભિન્ન કરવાનું તેનું સાધન, આત્માથી ભિન્ન સાધન હોતું નથી. **'માટે આત્માથી અભિન્ન એવી આ બુદ્ધિ...'** એટલે જ્ઞાન, અનુભવ. રાગથી ભિન્ન કરવાનો અનુભવ એ સાધન છે. આહાહા..! ઝીણી વાત બહુ. અનંતકાળ અનંતકાળ થયો.

ચોરાશીમાં રખડતા રખડતા કદી સમ્યગ્દર્શન કેમ પમાય એની ખબર પણ નથી. બહારની પ્રવૃત્તિમાં ધર્મ માની લીધો.

અહીંયાં તો પરમાત્મા જૈન પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહે છે, કે રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ (થાય) એ રાગ છે, બંધન છે. તેનાથી ભિન્ન કરનાર કર્તા આત્મા છે. કર્તાથી ભિન્ન કરવાનું સાધન જુદું નથી હોતું. કર્તા આત્મા તો એનું સાધન પ્રજ્ઞા એટલે અનુભવ (છે). રાગથી ભિન્ન કરવાનો આત્માનો અનુભવ એ સાધન છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે?

**'બુદ્ધિ જ આ કાર્યમાં કારણ છે.'** પ્રજ્ઞા–જ્ઞાનની પર્યાય. જે જ્ઞાનની દશા રાગ સન્મુખ છે એ જ્ઞાનની પર્યાયને સ્વભાવ સન્મુખ કરવી, એ અનુભવ આત્માને રાગથી ભિન્ન કરવાનું સાધન છે. આહાહા..! આવી ઝીણી વાત છે, બાપુ! વીતરાગ માર્ગ... જિનેશ્વર ત્રિલોકનાથ પરમાત્માનું આ ફરમાન છે.

**'આત્માને અનાદિ બંધ જ્ઞાનાવરણાદિ કર્મ છે,...'** આત્માને અનાદિ જ્ઞાનાવરણીય આઠ કર્મનું બંધન છે. અનાદિથી છે. એકેન્દ્રિયથી નિગોદમાં પડ્યો હતો ત્યારથી તેને આઠ કર્મોનો બંધ છે. **'તેમનું કાર્ય ભાવબંધ તો રાગાદિક છે...'** એ દ્રવ્યબંધ જે જડકર્મ છે તેનું કાર્ય શું? કરે તો રાગ-દ્વેષ એ એનું કાર્ય છે. જ્ઞાનાવરણીય આદિ (કર્મ) અનાદિથી આત્મા સાથે બંધાયેલા છે. એ જડ કર્મ છે. તેનું કાર્ય શું? કરે તો કાર્ય શું? રાગ-દ્વેષ ને પુણ્ય ને પાપ એનું કાર્ય છે. આત્મા કરે તો એને આત્માનું કાર્ય કહેવામાં આવે છે. એનું કાર્ય તો એ છે. એનું કાર્ય કોઈ ધર્મ છે એમ નથી. આહાહા..! **'તેનું કાર્ય ભાવબંધ તો રાગાદિક છે અને નોકર્મ શરીરાદિક છે.'** આ શરીરાદિ કર્મનું ફળ છે. આ શરીર, વાણી, મન આ જડ માટી, ધૂળ. માટી છે, આ તો પુદ્ગલ માટી છે. આત્મા તો તદ્દન ચૈતન્ય ભગવાન અંદર ભિન્ન છે. અરૂપી છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. રાગ ને દ્વેષ, પુણ્ય-પાપના વિકારભાવથી રહિત ચીજ અંદર છે. કેમ કે નવ તત્ત્વમાં વિકાર તત્ત્વ રાગ ને પુણ્ય-પાપ બીજી ચીજ છે. આત્મતત્ત્વ નવ તત્ત્વમાં ભિન્ન ચીજ છે. એ ચીજને ભિન્ન પાડવાનો ઉપાય (શું)? એ રાગથી ભિન્ન કરવાનો ઉપાય છે–અનુભવ. સ્વસન્મુખ થવું, પરથી વિમુખ થવું એવી પ્રજ્ઞાછીણી. આત્માની સન્મુખ થઈને અનુભવ કરવો એ રાગથી ભિન્ન પડવાનું સાધન છે. કેમ કે અનાદિકાળથી આઠ કર્મ તો પડ્યા છે. તેનું કાર્ય રાગ-દ્વેષ તો કરે છે અને શરીર મળે છે.

**'માટે બુદ્ધિ વડે...'** અંદરમાં જ્ઞાનની દશા દ્વારા. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આત્મા જ્ઞાન સ્વ-સ્વરૂપ છે. સ્વ ભાવ છે. આત્માનો જ્ઞાન સ્વ ભાવ છે, પોતાનો આત્માનો તો જ્ઞાનસ્વભાવ છે. એ સ્વભાવ દ્વારા **'આત્માને શરીરથી, જ્ઞાનાવરણાદિક દ્રવ્યકર્મથી તથા (પુણ્ય-પાપ) રાગાદિક ભાવકર્મથી ભિન્ન...'** કરવો. આ ધર્મની રીત આકરી છે, ભાઈ! અત્યારે તો બધું બહારમાં

ચાલ્યું છે. બહારની પ્રવૃત્તિ કરતા કરતા થશે. અહીં તો પરમાત્મા કહે છે, કે અંદર રાગની પ્રવૃત્તિ થાય છે તેનાથી ભિન્ન થા. ભિન્ન થવું. ચૈતન્યસ્વરૂપ... કહ્યું ને?

**'એક ચૈતન્યભાવમાત્ર...'** એક ચૈતન્યભાવમાત્ર. જાણન.. જાણન.. જાણન.. જાણન સ્વભાવમાત્ર આત્મા. એ આત્મામાં રાગ નહિ, પુણ્ય નહિ, પાપ નહિ, આસ્રવ નહીં, શરીર નહિ. એક ચૈતન્યસ્વભાવમાત્ર અનુભવ **'અનુભવી...'** ચૈતન્યસ્વભાવમાત્ર આત્માને અનુભવી **'જ્ઞાનમાં જ લીન રાખવો...'** એ જ્ઞાનસ્વભાવમાં લીન રાખવો એ રાગથી ભિન્ન કરવાનો ઉપાય છે. આહાહા..! આ ધર્મ છે. ઝીણી ચીજ છે, ભાઈ! છે? અંદર છે કે નહિ?

**'તે જ (આત્મા ને બંધનું) ભિન્ન કરવું છે.'** રાગથી ભિન્ન પડી પોતાના જ્ઞાનસ્વભાવમાં.. આત્મા સ્વ ભાવ, પોતાનો ભાવ જે જ્ઞાન છે એમાં એકાગ્ર રહેવું તે રાગથી ભિન્ન કરવાનો ઉપાય છે. આહાહા..! આ માર્ગ છે. વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વર પરમેશ્વરનો આ હુકમ છે. આકરું પડે, અપૂર્વ લાગે. પૂર્વે કોઈ દિ' કર્યું નથી, પૂર્વે કદી અંતરની વાત સાંભળી નથી. અંતર આત્મા શું ચીજ છે? અને આ જડ શું છે? દયા, દાન, વ્રતના પરિણામ તો રાગ છે. રાગ જુદી ચીજ છે, શરીર જુદી ચીજ છે, આત્મા જુદી ચીજ છે. આહાહા..! એ આત્મા અને બંધને ભિન્ન કરવાના છે.

**'તેનાથી જ સર્વ કર્મનો નાશ થાય છે,...'** એ રાગ ને કર્મથી આત્માને, ચૈતન્ય સ્વભાવથી ભિન્ન કરી અનુભવ કરવો એ જ આઠ કર્મનો નાશ કરવાનો ઉપાય છે. આહાહા..! અંતરનો અનુભવ. 'વસ્તુ વિચારત ધ્યાવતૈ મન પાવે વિશ્રામ, રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ તાકો નામ.' 'બનારસીદાસ' નું કાવ્ય છે. 'વસ્તુ વિચારત ધ્યાવતે' વસ્તુ સ્વભાવ આત્મા આનંદ અને જ્ઞાનાદિ એ એનો સ્વ-પોતાનો ભાવ છે, તેનો વિચાર કરી એકાગ્ર થાય છે તો 'વસ્તુ વિચારત ધ્યાવતૈ મન પાવે વિશ્રામ' મનના વિકલ્પ છે એ તૂટી જાય છે, વિશ્રામ પામી જાય છે. 'રસ સ્વાદત સુખ ઉપજે' અને એ સ્થાનમાં આત્માના આનંદરસનો સ્વાદ આવે છે. આનંદનો સ્વાદ (આવે છે). રાગનો સ્વાદ તો અનાદિથી ચાલ્યો આવે છે. પુણ્ય ને પાપનો સ્વાદ અનાદિથી ચાલ્યો આવે છે, એ તો પહેલા કહ્યું. એ છોડીને નિજ રસ, જ્ઞાનાનંદ રસ, ચૈતન્ય સ્વભાવનો રસ, એનો અનુભવ કરવો તેનું નામ અનુભવ છે અને એ અનુભવ પ્રજ્ઞાછીણી છે. એ અનુભવ પ્રજ્ઞાછીણી નામ રાગથી ભિન્ન કરવાનો ઉપાય છે. આહાહા..! આવો માર્ગ છે.

અને **'સિદ્ધપદને પમાય છે, એમ જાણવું.'** આ ઉપાયથી પરમાત્મપદ, ણમો સિદ્ધાણં એવા સિદ્ધપદની પ્રાપ્તિ આ ઉપાયથી થાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. જે રાગાદિ, પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ બધા વિકાર છે, એ વિકાર તત્ત્વથી નિર્વિકારી ચૈતન્ય સ્વભાવ આત્મા અંદર ભિન્ન છે. એ ચૈતન્યસ્વભાવનો અનુભવ કરવો, તેનો સ્વાદ લેવો, એના આનંદનું વેદન કરવું એ કર્મબંધન છેદવાનો ઉપાય છે. આહાહા..! આવી ઝીણી વાત છે. આ તો કાલે આવી ગયું હતું, ગાથા તો આવી ગઈ, એનો આ ભાવાર્થ (ચાલ્યો).

# ગાથા–૨૯૫

आत्मबन्धौ द्विधा कृत्वा किं कर्तव्यमिति चेत् -

जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।
बंधो छेदेदव्वो सुद्धो अप्पा य घेत्तव्वो।।२९५।।

जीवो बन्धश्च तथा छिद्येते स्वलक्षणाभ्यां नियताभ्याम्।
बन्धश्छेत्तव्यः शुद्ध आत्मा च गृहीतव्यः।।२९५।।

आत्मबन्धौ हि तावन्नियतस्वलक्षणविज्ञानेन सर्वथैव छेत्तव्यौ; ततो रागादिलक्षणः समस्त एव बन्धो निर्मोक्तव्यः, उपयोगलक्षणः शुद्ध आत्मैव गृहीतव्यः। एतदेव किलात्मबन्धयोर्द्विधाकरणस्य प्रयोजनं यद्बन्धत्यागेन शुद्धात्मोपादानम्।

---

'આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :–

જીવ બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે,
ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૨૯૫.

ગાથાર્થ :– [ तथा ] એ રીતે [ जीवः बन्धः च ] જીવ અને બંધ [ नियताभ्याम् स्वलक्षणाभ्यां ] તેમના નિશ્ચિત સ્વલક્ષણોથી [ छिद्येते ] છેદાય છે. [ बन्धः ] ત્યાં, બંધને [ छेत्तव्यः ] છેદવો અર્થાત્ છોડવો [ च ] અને [ शुद्धः आत्मा ] શુદ્ધ આત્માને [ गृहीतव्यः ] ગ્રહણ કરવો.

ટીકા :– આત્મા અને બંધને પ્રથમ તો તેમનાં નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી સર્વથા જ છેદવા અર્થાત્ ભિન્ન કરવા; પછી, રાગાદિક જેનું લક્ષણ છે એવા સમસ્ત બંધને તો છોડવો અને ઉપયોગ જેનું લક્ષણ છે એવા શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો. આ જ ખરેખર આત્મા અને બંધને દ્વિધા કરવાનું પ્રયોજન છે કે બંધના ત્યાગથી (અર્થાત્ બંધનો ત્યાગ કરી) શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :– શિષ્યે પૂછ્યું હતું કે આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું? તેનો આ ઉત્તર આપ્યો કે બંધનો તો ત્યાગ કરવો અને શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.

## ગાથા-૨૯૫ ઉપર પ્રવચન

**'આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું'** હવે શિષ્યનો પ્રશ્ન છે. ભગવન્! આત્માને રાગથી દયાથી, પુણ્ય-પાપના ભાવથી ભિન્ન કરીને શું કરવું જોઈએ? કોને ગ્રહણ કરવું જોઈએ? છે? **'એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :–'** આવો પ્રશ્ન થાય કે આ રાગાદિ પુણ્ય-પાપના ભાવ જે અંદર થાય છે તેનાથી આત્મા ભિન્ન છે તો એનાથી ભિન્ન પડીને કરવું શું? એમ કહે છે. છે? **'દ્વિધા કરીને શું કરવું'** જુદા પાડીને કરવું શું? કોને ગ્રહણ કરવું અને કોને છોડવું? એમ પ્રશ્ન છે. આહાહા..! આ શિષ્યનો પ્રશ્ન છે કે અંદર ભગવાનઆત્મા ચૈતન્યહીરો સચ્ચિદાનંદ પ્રભુ, સત્ શાશ્વત નિત્ય આનંદ અને જ્ઞાનનો દરિયો ભગવાન (છે) તેનો અનુભવ કરીને રાગથી ભિન્ન પડવું, તો ભિન્ન કરીને કરવું શું? આ પ્રશ્ન છે.

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।**
**बंधो छेदेदव्वो सुद्धो अप्पा य घेत्तव्वो।।२९५।।**
**જીવ બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે,**
**ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૨૯૫.**

ટીકા :– **'આત્મા અને બંધને પ્રથમ તો તેમનાં નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી સર્વથા જ છેદવા...'** પહેલા ભિન્ન કરવા જોઈએ. આહાહા..! પહેલામાં પહેલું તારું ધર્મનું કર્તવ્ય હોય તો (આ છે). આ..હા..! આત્મા અને બંધ એટલે રાગાદિને પ્રથમ તો તેમનાં નિયત સ્વલક્ષણ. (અર્થાત્) રાગ બંધનું લક્ષણ છે અને ભગવાનનું–આત્માનું જ્ઞાન લક્ષણ છે. આત્માનું જાણન.. જાણન.. જાણન આનંદ લક્ષણ છે. રાગનું બંધ લક્ષણ છે. બેના ભિન્ન લક્ષણ જાણીને જ્ઞાનથી સર્વથા જ છેદ કરવો. આહા..! જ્ઞાનની દશામાં અંતર ઝુકાવ કરીને રાગથી વિમુખ થઈને આત્મામાં ભેદ કરવો જોઈએ.

**'પછી, રાગાદિક જેનું લક્ષણ છે...'** પુણ્ય અને પાપ, રાગના વિકલ્પ જેનું લક્ષણ છે **'એવા સમસ્ત બંધને તો છોડવો...'** જોઈએ. આહાહા..! દ્વિધા કરીને કરવું શું? બેને જુદા પાડીને કરવું શું? કે બંધને છોડવો. આહાહા..! ચાહે તો એ પુણ્યભાવ હો કે પાપ હો, શુભ-અશુભભાવ બન્ને બંધના કારણ છે. શુભ અને અશુભભાવ બન્ને બંધના કારણ છે. બન્ને બંધરૂપ છે અને ભગવાનઆત્મા તેનાથી ભિન્ન ચૈતન્યસ્વરૂપી અબંધ સ્વરૂપ છે. બેને ભિન્ન કરવા. પહેલા ભિન્ન કરવા જોઈએ. **'સમસ્ત બંધને તો છોડવો...'** આહાહા..! બેને જુદા કરીને બંધ એટલે રાગાદિ જે પરિણામ બંધના કારણ છે તેને તો દૃષ્ટિમાંથી છોડવા.

ઝીણી વાત છે, ભાઈ! સૂક્ષ્મ વાત છે. આહાહા..!

અંતરમાં આત્મા આનંદસ્વરૂપ પ્રભુ જ્ઞાન ને આનંદની મૂર્તિ આત્મા (છે). અતીન્દ્રિય અનંત જ્ઞાન, અતીન્દ્રિય અનંત આનંદ, અતીન્દ્રિય અનંત શાંતિ, વીતરાગતા અનંત.. અનંત.. પ્રભુતા એમાં ભરી છે. એવી અનંત શક્તિઓનો ભંડાર ભગવાન, એને રાગથી ભિન્ન કરીને.. આહાહા..! આ કરવું. ભિન્ન કરીને રાગને છોડવો. ભિન્ન કર્યા વિના છોડે શું? સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

અનંત કાળ થયો, ચોરાશી લાખ યોનિ(માં ભટક્યો), અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. સ્વર્ગમાં નવમી ગ્રૈવેયકના અનંત ભવ કર્યા. મુનિવ્રત ધારણ કર્યા. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' અનંતવાર મુનિ થયો પણ આત્મજ્ઞાન કર્યું નહિ. આત્મજ્ઞાન જે રાગથી ભિન્ન છે તે ન કર્યું. રાગની ક્રિયાને જ ધર્મ માન્યો. આહાહા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' આત્મા આનંદસ્વરૂપ ભગવાન (છે) અને રાગ આકુળતા સ્વરૂપ દુઃખ (છે) બેનું ભેદજ્ઞાન ન કર્યું. આહાહા..! બેને અનાદિથી એકરૂપ માને છે તે માન્યતા ચાલી આવે છે, કદી ભિન્નતા કરી નહિ. આહાહા..! અને ભિન્ન કર્યા વિના છોડવું ને ગ્રહણ કરવું એ ક્યાંથી આવે? ભિન્ન પાડ્યા વિના એકને છોડવું અને એકને ગ્રહણ કરવું એ ભિન્ન પાડ્યા વિના ક્યાંથી થાય? પહેલા ભિન્ન પાડવા. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

આ તો વીતરાગમાર્ગ છે. પરમેશ્વર જિનેશ્વરદેવ ત્રિલોકનાથ ભગવાનની વાણી છે. 'સીમંધર' ભગવાન પાસે 'કુંદકુંદાચાર્ય' ગયા હતા. સંવત ૪૯ 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત મુનિ છે, દિગંબર મુનિ (છે). સંવત ૪૯ માં ભગવાન પાસે ગયા હતા. ભગવાન બિરાજે છે. મહાવિદેહમાં બિરાજે છે. 'સીમંધરસ્વામી' તીર્થંકરદેવ, એક કરોડ પૂર્વનું આયુષ્ય (છે) અને પાંચસો ધનુષનો દેહ છે, બે હજાર હાથ ઊંચા ભગવાન મહાવિદેહમાં શરીરપણે બિરાજે છે, હજી શરીર છે. ત્યાં સંવત ૪૯ માં ગયા હતા, આઠ દિવસ ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. આ શાસ્ત્ર બનાવ્યા પછી એક હજાર વર્ષે આ 'અમૃતચંદ્રાચાર્યે' ટીકા કરી, શાસ્ત્રનું સ્પષ્ટીકરણ કર્યું કે શાસ્ત્રમાં શું કહેવું છે. એનું સ્પષ્ટીકરણ કર્યું.

કહે છે, કે પહેલા કરવું શું? આહાહા..! શાસ્ત્રને કહેવું છે શું? ભગવાનને શું કહેવું છે? ભગવાનની વાણી શું કહે છે? એ વાણી એમ કહે છે, કે પ્રથમ તો આત્મા અને વિકારને ભિન્ન કરવા. આહાહા..! બંધભાવનું લક્ષણ રાગ છે તેને ભિન્ન કરવા. આત્માનું લક્ષણ જ્ઞાન છે. જ્ઞાનથી રાગને ભિન્ન કરી બેને ભિન્ન કરી રાગને છોડવો. આહાહા..! જે બન્નેને અનાદિથી એકરૂપ માન્યા છે, કદી ભિન્ન કર્યા જ નથી તો છોડે કેવી રીતે? આહાહા..! ભિન્ન પાડીને રાગને છોડવો. છે?

**'સમસ્ત બંધને તો છોડવો...'** 'સમસ્ત' શબ્દ છે. વિકલ્પમાત્ર, ગુણ-ગુણી ભેદનો વિકલ્પ,

રાગ ઉઠે છે તેને પણ છોડવો. આહાહા..! સમસ્ત બંધને છોડવો. ઝીણી વાત છે, ભાઈ! શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ એ રાગ તો બંધ છે જ પણ ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ, રાગ ઉઠે છે તે પણ સમસ્ત બંધ છે, એ બંધને છોડવો. આહાહા..! સમસ્ત બંધને છોડવો. સમસ્તમાં શું બાકી રહ્યું? કોઈપણ રાગનો કણ, શુભ કે અશુભ, બધું બંધનું કારણ છે તો સમસ્ત બંધને છોડવો જોઈએ. બંધને છોડવો જોઈએ. આહાહા..! જેને હિત કરવું છે તેણે જુદા પાડીને એકને છોડવો. આહાહા..!

**'અને ઉપયોગ જેનું લક્ષણ છે...'** આત્માનું લક્ષણ તો ઉપયોગ જાણવું-દેખવું છે. એનું લક્ષણ કોઈ રાગ, દયા, દાન એ એનું લક્ષણ નથી, એ તો બંધનું લક્ષણ છે. આહાહા..! **'ઉપયોગ જેનું લક્ષણ છે...'** આત્માને જાણવું-દેખવું જેનું લક્ષણ છે. એ **'ઉપયોગ જેનું લક્ષણ છે એવા શુદ્ધ આત્માને જ...'** શુદ્ધ આત્માને જ **'ગ્રહણ કરવો.'** જોઈએ. આહાહા..! બહુ વાત થોડી પણ ઘણી (ઊંડી). જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય, પ્રથમ ધર્મ–સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવો હોય તેણે શું કરવું એ વાત ચાલે છે. સમ્યગ્દર્શન વિના તો જ્ઞાન અને ચારિત્ર હોતા જ નથી.

સમ્યગ્દર્શન પહેલા કેમ થાય છે? કે બંધનો જે ભાવ રાગાદિ છે, ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો, બન્ને બંધના લક્ષણ છે. એ બંધના લક્ષણને છોડી ચૈતન્ય લક્ષણને ભિન્ન કરવું. ભિન્ન કરી સમસ્ત બંધને છોડવો. આહાહા..! ઝીણી વાતું આવી. બહારનું છોડવું હોય તો છોડે, પણ એ બહારનું તો છૂટેલું પડ્યું જ છે. કે દિ' ગ્રહ્યું હતું? શરીર, વાણી, મન, પૈસો, લક્ષ્મી, સ્ત્રી એ તો બહાર પડ્યા જ છે. એ તેં ગ્રહ્યા છે કે દિ' કે છોડે? આહાહા..! ગ્રહ્યા છે એણે પુણ્ય અને પાપ, વિકાર (તે પણ) પર્યાયમાં–અવસ્થામાં–દશામાં. એ વિકારને ગ્રહ્યો છે તો વિકારને બંધ લક્ષણ જાણી અને ચૈતન્ય આત્માને જ્ઞાન લક્ષણ જાણી, બેને ભિન્ન કરી અને રાગને છોડવો, બંધને છોડવો. આહાહા..! બાયડી, છોકરા છોડવા એમ નથી કહ્યું. એ તો છૂટેલા પડ્યા જ છે, એ ક્યાં એના હતા? એનામાં ક્યાં હતા? ને એના ક્યાં હતા? ને એમાં ઇ ક્યાં હતો? આહાહા..! આવી વાત આકરી છે.

**'સમસ્ત બંધને તો છોડવો...'** કોઈ પણ બંધનો અંશ છે એ રાખવાલાયક નથી. આહાહા..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ બંધનું કારણ છે. એને પણ છોડવો. આહા..! દૃષ્ટિમાંથી છોડવો. ઝીણી વાત છે, ભગવાન! શું થાય? પ્રભુનો માર્ગ તો વીરાનો છે. આ કંઈ કાયરનો માર્ગ નથી. આ કાંઈ સમજે નહિ, ખબર નહિ અને ધર્મ થઈ જાય? જીવ કોને કહે? પુણ્ય કોને કહે? પાપ કોને કહે? પુણ્ય કોને કહે? આત્મા કોને કહે? એની કાંઈ ખબર નહિ અને ધર્મ થઈ જાય? આહાહા..!

અહીં તો કહે છે, અંદરમાં બેના લક્ષણ. પુણ્ય અને પાપના ભાવ એ બંધનું લક્ષણ છે અને આત્માનું લક્ષણ જ્ઞાન છે. એ જાણન, એ આત્મા છે. એમ બેના લક્ષણથી ભિન્ન

કરી રાગને છોડવો. બંધનું જે લક્ષણ કહ્યું તેને છોડવું અને ચૈતન્ય લક્ષણ જે ભગવાનઆત્મા છે... જુઓ! છે? **'ઉપયોગ જેનું લક્ષણ છે...'** જે જાણે, જાણે અને દેખે એ જેનું લક્ષણ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો રાગ છે, એ કંઈ આત્માનું લક્ષણ, સ્વરૂપ નથી, એ તો બંધનું લક્ષણ છે. આહાહા..!

મુમુક્ષુ :– રાગને પોતાના આત્માથી ભિન્ન જાણી લીધો પછી છોડવું અને ગ્રહણ કરવું ક્યાં રહ્યું?

ઉત્તર :– પણ એ વિશેષ સમજાવવું છે ને! ભિન્ન કર્યું એટલે પછી આને (ગ્રહવું) અને પેલાને (રાગને) છોડવો. એમ. રાગ અને દ્વેષ બંધનું લક્ષણ છે અને હું ચૈતન્યલક્ષણ ઉપયોગ છું એમ પરથી ભિન્ન કર્યું, ભિન્ન કરીને તે તરફનું લક્ષ છોડવું. લક્ષ છોડવું એ જ છોડવું કહેવામાં આવ્યું છે. એનું લક્ષ છોડવું તેને છોડ્યું કહેવામાં આવે છે. ઉપયોગ લક્ષણ ચૈતન્ય એ તો જાણન.. જાણન.. જાણન.. જાણન, જાણન, જાણન-દેખન ઉપયોગ તે આત્માનું લક્ષણ છે. પુણ્ય-પાપના ભાવ એ તો બંધનું લક્ષણ છે. આહાહા..! ઝીણું ભારે, ભાઈ! પકડાવું કઠણ. એક તો હજી મળવું કઠણ, સાંભળવું કઠણ. સાંભળવામાં મળે આ કરો, આ કરો, આ કરો, ફલાણું કરો. જાત્રા કરો, ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો, કરો, કરો ને કરો આવે. એ તો બધો રાગ છે. આવે, અશુભથી બચવા આવે. પણ એ કંઈ ધર્મ નથી. આહાહા..!

એ રાગના લક્ષણને બંધ લક્ષણ જાણી અને આત્માનું ઉપયોગ લક્ષણ જાણી બેને ભિન્ન કરીને રાગનો સંબંધ બંધ છે એ સમસ્ત બંધને છોડવો અને ઉપયોગરૂપી જે આત્માનું લક્ષણ છે એવા શુદ્ધાત્માને... જુઓ! **'એવા શુદ્ધાત્માને...'** આહાહા..! આત્મામાં પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ છે જ નહિ, એ તો વિકારમાં ગયું, એ તો બંધમાં ગયા, રાગના લક્ષણમાં ગયા. ભગવાનઆત્મા શુદ્ધ અંદર ચૈતન્ય છે તેને ગ્રહણ કરવો અને રાગાદિ જે ઉઠે, પુણ્ય ને પાપની લાગણી (ઉઠે) એ બંધ છે, તેને છોડવા. આત્માને ગ્રહણ કરવો અને આને છોડવા. ભિન્ન પાડીને ગ્રહણ કરવું અને છોડવું આ. આહાહા..! આવી વાત ઝીણી છે. માર્ગ તો હોય એ આવે ને? દુનિયા માને એટલે કાંઈ માર્ગ આવી જાય?

વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમેશ્વર, એની આજ્ઞામાં જે આવ્યું છે એ માર્ગ છે. દુનિયા પોતાની કલ્પનાથી માને કે આ ધર્મ થઈ ગયો, બહારની ક્રિયાકાંડ કરવાથી ધર્મ થઈ ગયો, એ ધર્મ નથી. છે ને વાત?

**'સમસ્ત બંધ...'** બંધનું લક્ષણ રાગ. ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો. એ બંધનું લક્ષણ છે. એ બંધ લક્ષણને ભિન્ન કરીને ઉપયોગ લક્ષણને ગ્રહણ કરીને બંધને છોડવો. આહાહા..! અને ઉપયોગ લક્ષણ શુદ્ધ આત્માને ગ્રહણ કરવો, એમ. **'ઉપયોગ જેનું લક્ષણ છે એવા શુદ્ધ આત્માને...'** આહાહા..! એ રાગના વિકલ્પથી, રાગથી ભિન્ન શુદ્ધ આત્મા

ગ્રહણ કરવો. એની સન્મુખ થઈને તેમાં અભિન્ન થવું. આહાહા..! આનું નામ ધર્મ છે. જિનેશ્વર વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ અનંત તીર્થંકરો આમ કહે છે. એ વર્તમાન તીર્થંકર ભગવાન મહાવિદેહમાં પણ આ જ કહે છે.

'સીમંધર' ભગવાન જે કહે છે એ અહીંયાં આવ્યું છે. 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯ માં ત્યાં ગયા હતા. દિગંબર મુનિ, સંવત ૪૯, બે હજાર વર્ષ થયા. ભગવાન પાસે ગયા હતા. ભગવાન તો બિરાજે છે. આયુષ્ય કરોડ પૂર્વનું છે. અબજો વર્ષ ગયા અને હજી અબજો વર્ષ છે. આગામી ચોવીશીમાં તેરમા તીર્થંકર થશે ત્યારે મોક્ષ જશે અને ગયા કાળના વીસમા તીર્થંકર 'મુનિસુવ્રત' થયા ત્યારે તો દીક્ષા (લીધી) હતી. પ્રભુનું કરોડ પૂર્વનું આયુષ્ય છે, મહાવિદેહમાં સમવસરણમાં બિરાજે છે, સભા ભરાય છે. ઇન્દ્રો આવે છે, દેવો આવે છે, જંગલમાંથી નાગ ને વાઘ ને સિંહ બધા સાંભળવા આવે છે. આહાહા..! એ ભગવાનની દિવ્યધ્વનિમાં આ આવ્યું. એ 'કુંદકુંદાચાર્યે' ગ્રહણ કરીને આ શાસ્ત્ર બનાવ્યા. આહાહા..! અજાણ્યા માણસને આકરું લાગે. બહારનું સાંભળ્યું હોય, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો ધર્મ થઈ જશે. અહીં કહે છે, કે એ બધી ક્રિયાઓ છે એ રાગની છે.

પ્રભુ આત્મા તો જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે. એ તો બધું રાગ સ્વરૂપ છે. રાગ સ્વરૂપથી ભગવાનને ભિન્ન કરીને, ભગવાન (એટલે) પોતાનો ભગવાન, હોં! આત્મા. આહાહા..! સર્વ પ્રકારના રાગનો સંબંધ છોડવો અને ઉપયોગ લક્ષણ એવો આત્મા, શુદ્ધ આત્મા, રાગ વિનાનો શુદ્ધ આત્મા પવિત્ર આનંદકંદ પ્રભુ છે, એનો અનુભવ કરવો. ગ્રહણ કરવો એટલે અનુભવ કરવો. રાગને છોડવો અને આ શુદ્ધ આત્માનો અનુભવ કરો. આહાહા..! આવી વાત છે, ભાઈ! માર્ગ ઝીણો છે, બાપા!

પ્રભુનો માર્ગ 'વીરનો માર્ગ છે શુરાનો, એ કાયરના નહિ કામ' વીર્યહીન કાયરના એ કામ નહિ, બાપા! આ તો વીર જીવોના કામ છે. આહાહા..! જેને અંતરમાં વીર્ય સ્ફૂરે છે, રાગ લક્ષણ બંધનું જાણે અને આત્માનું લક્ષણ જ્ઞાન ઉપયોગને જાણે ત્યારે ભેદ પાડીને આત્માને ગ્રહણ કરે એ વીરનું લક્ષણ છે. આહાહા..! બાકી બહારની લડાઈ કરીને ઘણાને હણે એને જોદ્ધો કહેવાય, એ તો બધા બાળ છે, બાળક છે. આહા..! વીર તો આ છે. આહાહા..!

આત્મા જ્ઞાનાનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પ્રભુ, વીતરાગ મૂર્તિ આત્માનો અનુભવ કરીને રાગથી ભિન્ન કરીને ગ્રહણ કરવો, અનુભવવો અને રાગને છોડવો, આ વીતરાગની આજ્ઞા છે. વીતરાગનો આ માર્ગ, જૈનશાસનનો આ માર્ગ છે. એ સિવાય વિરુદ્ધ કહે એ જૈનશાસન, માર્ગ નથી. આહાહા..! કઠણ વાત છે, ભગવાન! શું થાય?

માણસને દરકાર નહિ. અરે..રે..! આવો મનુષ્યભવ ચાલ્યો જાય છે. અનંત ભવ કર્યા અને નહિ સમજે તો હજી નરક, નિગોદના અનંત ભવ કરશે. આહાહા..! એને ભવભ્રમણનો

ત્રાસ પણ નથી. ભવભ્રમણનો ડર લાગે તો અંદર આત્મામાં જાય. આહા..! ભવભયથી ડરે, ભવભયથી ડરે આવે છે ને? (ભવભયથી) ડરી ચિત્ત આવે છે. ‘યોગસાર’માં. આહાહા..! ચોરાશીના અવતાર કરતા કરતા અનંત અવતારમાં જૈનનો સાધુ પણ અનંતવાર થયો. દિગંબર સાધુ પંચ મહાવ્રતધારી, અઠ્યાવીસ મૂળગુણ ધરનાર અનંત વાર થયો, પણ એ તો અઠ્યાવીસ મૂળગુણ અને પંચ મહાવ્રત તો આસ્રવ અને રાગ છે. એ તો બંધનું લક્ષણ છે. આહાહા..! એનાથી ભિન્ન આત્મા ઉપયોગ જાણન.. જાણન-દેખન ઉપયોગ લક્ષણ, એવો શુદ્ધ આત્મા જેમાં રાગનો જરીયે વળગાડ નથી, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ રાગનો પણ આત્મા સાથે જરીયે વળગાડ નહિ, આહાહા..! એવો શુદ્ધ આત્મા. છે? **‘આત્માને જ ગ્રહણ...’** પાછો એમ શબ્દ છે. એવા **‘આત્માને જ...’** એવા આત્માનો જ અનુભવ કરવો, બાકી બધું છોડવું. આહાહા..!

મુમુક્ષુ :– અનુભવનો સ્વાદ કેવો હોય છે?

ઉત્તર :– કીધું નહિ, આનંદ. રાગનો સ્વાદ દુઃખ અને આત્માનો સ્વાદ આનંદ. જ્યાં સુધી રાગનો સ્વાદ છે ત્યાં સુધી આકુળતા છે અને આનંદનો સ્વાદ આવતા એ આકુળતાનો સ્વાદ જણાય જાય છે, હોય છે ખરો. આત્મા આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. એનો અનુભવ થતાં આનંદ જેનું મુખ્ય લક્ષણ છે. એ કહ્યું ને હમણા? ‘વસ્તુ વિચારત ધ્યાવતે, રસ સ્વાદત સુખ ઊપજે’. આહાહા..!

જ્યાં સુધી આત્માનો આનંદનો સ્વાદ નથી ત્યાં સુધી રાગનો સ્વાદ છે અને જેટલો રાગનો, પુણ્ય-પાપનો સ્વાદ છે એટલો દુઃખરૂપ અને આકુળતા છે, એ આત્માની જાતનો નહિ. અને એ પુણ્ય ને પાપની જાતથી ભિન્ન આત્માની જાત, તેનો સ્વાદ અને તેનું સ્વરૂપ આનંદ છે. ભિન્ન પડતા, રાગથી ભિન્ન પડતા પ્રથમ સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે ત્યારે એ સ્વાદ આવ્યો એ આત્માને છે. રાગનો સ્વાદ છે એ આકુળતા દુઃખનો (સ્વાદ છે). આહાહા..! ત્યારે એને સમ્યગ્દર્શન કહેવાય. સમ્યગ્દર્શન વસ્તુની સ્થિતિ ઉપયોગમય ચૈતન્ય છે એમ જાણ્યું તો એમાંથી એનો નમૂનો પર્યાયમાં પણ જેટલા અનંત ગુણ છે એ અનંત ગુણમાંથી એક અંશ સર્વ વ્યક્તિ પ્રગટ થાય છે. જેટલા અનંત શુદ્ધ ગુણ છે તેને ગ્રહણ કરવાથી, તેનો અનુભવ કરવાથી અનંત ગુણનો એક અંશ વ્યક્ત– પ્રગટ થાય છે. ત્યારે આનંદનો સ્વાદ આવે છે ત્યારે જાણ્યું કે, આ આત્મા. રાગનો સ્વાદ એ આકુળતા દુઃખ (છે). આહાહા..! બાકી જાણપણું ગમે એટલું કર્યું હોય એની સાથે કાંઈ સંબંધ નથી. અગિયાર અંગનું જાણપણું કર્યું.

રાગ અને આત્મા, બેનો સ્વાદ ભિન્ન છે. બેનો સ્વાદ ભિન્ન ન જણાય ત્યાં સુધી આત્મા અગિયાર અંગનું જ્ઞાન કરે તોપણ એ અજ્ઞાન છે. આહાહા..! વાતું આકરી છે,

ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- શાંતિ અને આનંદ એક જ છે કે બે છે?

ઉત્તર :- શાંતિ ચારિત્રની સ્થિતિ છે, આનંદ સુખની સ્થિતિ છે. શાંતિ છે એ ચારિત્રનો ભાગ છે. ચારિત્ર છે ને? શાંતિ. ચારિત્ર એટલે શાંતિ એટલે અકષાય ભાવ. એ ચારિત્રનો ભાવ શાંતિ છે અને આનંદનો ભાવ એ સુખ છે. બેય ભિન્ન છે. આહાહા..! આવું આકરું સાંભળવું. માર્ગ આવો છે, ભાઈ! જેને સાંભળવા મળે નહિ એ ક્યાં અંદર કરે અને કે દિ' વિચારે? ભટક્યા ભટક ચારેકોર રખડ્યા રખડ કરે છે. વસ્તુ અંદર પડી છે. ન્યાં જવું છે એ તરફ જાતો નથી અને બહારમાં ભટક્યા ભટક કર્યા કરે છે. આહાહા..!

એકલો બેઠો કોઈની સાથે સંબંધ નહિ, ક્યાંય જવું નહિ, કોઈ ક્ષેત્રે નહિ, કોઈ કાળમાં નહિ, કોઈ ભાવમાં નહિ. પોતાના ઉપયોગ લક્ષણ ચૈતન્ય સ્વરૂપમાં આરૂઢ થવું. આહાહા..! એક એને ગ્રહણ કરવો એનું નામ અનુભવ અને સમ્યગ્દર્શન છે. છે?

**'શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો. આ જ ખરેખર આત્મા અને બંધને દ્વિધા કરવાનું પ્રયોજન છે...'** બેને જુદા પાડવાનું પ્રયોજન શું? રાગ અને પોતાના આત્માને જુદા પાડવાનું પ્રયોજન શું? કે, રાગને છોડવો અને સ્વભાવનો અનુભવ કરવો એ પ્રયોજન છે. આહાહા..! આવું કામ છે. 'શાંતિભાઈ'! ન્યાં તો બધા પૈસા આડે, ધૂળ આડે હખ નથી, 'કલકત્તા'માં. આ ને આ પૈસા... આહાહા..!

દેહદેવળમાં ચૈતન્યદેવ, આ દેહદેવળમાં ચૈતન્યદેવ હીરો અનંત અનંત ગુણથી ભરેલો ભગવાન છે. આહાહા..! જેના ગુણની સંખ્યાનો પાર નથી એવો ચૈતન્યહીરો એને ઉપયોગથી પકડીને, એનાથી વિરુદ્ધ રાગાદિ છે એ બંધ લક્ષણ છે. અનુપયોગ કહો કે બંધ લક્ષણ કહો, તેનું લક્ષ છોડી દઈને, આ બાજુ ગ્રહણ કરીને આત્માને અનુભવવો. આહાહા..! એ પ્રયોજન છે. બે જુદા પાડવાનું પ્રયોજન આ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

જેમ લાડવામાં કોઈ લાકડાની કણી આવી ગઈ હોય, ચીરોડી.. ચીરોડીની, એને જુદી પાડવાનો હેતુ શું? કે, એને છોડીને લાડવો ખાવો એ પ્રયોજન છે. આહાહા..! એમ ભગવાનઆત્મા અનંત અનંત આનંદકંદ પ્રભુ છે, જેની જગતને ગંધેય નથી, જેની ખબરું પણ નથી કે અંદર આત્માનું શું સ્વરૂપ છે, બહારની વાતું (કરી), આત્મા મૂકીને બહારની બધી કડાકૂટમાં પડ્યા અને અનંત કાળ એણે વીતાવ્યો, પણ સ્વરૂપને અને પરને બેને ભિન્ન પાડવાની કળા ગ્રહણ કરી નહિ અને ગ્રહણ કરી નહિ તેથી પરને છોડ્યું નહિ અને પરને છોડ્યું નહિ માટે સ્વને ગ્રહણ કર્યો નહિ. આહા..! છે ને?

**'ખરેખર આત્મા અને બંધને દ્વિધા કરવાનું પ્રયોજન છે કે કે બંધના ત્યાગથી...'** ભાષા તો સમજાણીને? **'બંધના ત્યાગથી (અર્થાત્ બંધનો ત્યાગ કરી) શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.'** ગ્રહણ કરવાનો અર્થ અનુભવવો. બંધનો ત્યાગ (કરવો). બંધ ઉપરનું લક્ષ છોડી, ત્યાગનો

અર્થ ઇ. બંધના લક્ષણ ઉપરથી ઉપયોગ હટાવીને આત્માનું લક્ષણ ગ્રહણ કરીને આત્માનો અનુભવ કરવો એ ભિન્ન કરવાનું પ્રયોજન છે અને એ પ્રયોજનથી મુક્તિની સિદ્ધિ થાય છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*** દ્રવ્યલિંગી વિષયસેવન છોડી તપશ્ચરણાદિ કરે છે તોપણ તે અસંયમી છે. સિદ્ધાંતમાં અસંયત એટલે અવિરતિ સમ્યગ્દષ્ટિ અને દેશસંયત એટલે પાંચમાં ગુણસ્થાનવાળા શ્રાવક કરતાં દ્રવ્યલિંગી મુનિને હલકો કહ્યો છે. કેમ કે એને પહેલું ગુણસ્થાન છે. દ્રવ્યલિંગી દિગંબર સાધુ નવકોટિએ બ્રહ્મચર્ય પાળે, મંદકષાય કરે પણ આત્માનું ભાન નથી તેથી તેને ચોથા પાંચમાં ગુણસ્થાનવાળા જ્ઞાની કરતાં હીન કહ્યો છે.**

**પ્રશ્ન :- અસંયત-દેશસંયત સમ્યગ્દષ્ટિને કષાયોની પ્રવૃત્તિ હોય છે. જ્ઞાનીને રાજપાટ હોય, લડાઈમાં કદાચ ઊભો હોય, એવી કષાયની પ્રવૃત્તિ હોય છે અને દ્રવ્યલિંગીને એવી કષાયની પ્રવૃત્તિ દેખાતી નથી. દ્રવ્યલિંગી મુનિ ગ્રૈવેયક સુધી જાય છે. અને ચોથા-પાંચમાંવાળો જ્ઞાની સોળમા સ્વર્ગ સુધી જાય છે માટે તેનાથી દ્રવ્યલિંગીને હીન કેમ કહ્યો ? દ્રવ્યલિંગીને ભાવલિંગથી હલકો કહો પણ ચોથા ગુણસ્થાનવાળા કરતાં હીન શા માટે કહો છો ?**

**સમાધાન :- અસંયત-દેશસંયત સમ્યગ્દષ્ટિને કષાયોની પ્રવૃત્તિ તો છે. પરંતુ શ્રદ્ધામાં તેને કોઈ પણ કષાય કરવાનો અભિપ્રાય નથી. પર્યાયમાં કષાય થાય છે. અને તે હેય માને છે. દ્રવ્યલિંગીને તો શુભકષાય કરવાનો અભિપ્રાય હોય છે. અને શ્રદ્ધાનમાં એને ભલો પણ જાણે છે. જ્ઞાનીનાં અને અજ્ઞાનીનાં અભિપ્રાયમાં મોટો ફેર છે. અજ્ઞાની મંદકષાયને ઉપાદેય માને છે, તેને એક પણ ભવનો નાશ થતો નથી. સમ્યગ્દષ્ટિ કષાયને હેય માને છે. તેથી તેણે અનંત ભવોનો નાશ કર્યો છે. માટે અભિપ્રાયની અપેક્ષાએ ચોથા તથા પાંચમાં ગુણસ્થાનવાળા જ્ઞાની કરતાં દ્રવ્યલિંગીને હલકો કહ્યો છે. દ્રવ્યલિંગીને વૈરાગ્ય પણ ઘણો હોય છે. પણ અભ્યંતરમાં દૃષ્ટિ કષાય ઉપર છે. અકષાય સ્વભાવની દૃષ્ટિ તેને નથી તેથી તે મંદ કષાયરૂપ પરિણામને ઉપાદેય માને છે. જ્ઞાની અને અજ્ઞાનીના અભિપ્રાયમાં ઉગમણો આથમણો (પૂર્વ-પશ્ચિમ)નો ફેર છે. માટે જ્ઞાની કરતાં દ્રવ્યલિંગી મુનિને કષાય ઘણો છે - એમ કહેલ છે. ૮૯૫.**

**– પરમાગમસાર**

## પ્રવચન નં. ૩૬૪ ગાથા-૨૯૫ થી ૨૯૬ રવિવાર, માગશર વદ ૬, તા. ૦૯-૧૨-૧૯૭૯

'સમયસાર' ગાથા ૨૯૫ એનો ભાવાર્થ છે, ભાવાર્થ. ૨૯૫ ગાથા વંચાય ગઈ છે, એનો ભાવાર્થ છે, જરી સૂક્ષ્મ છે. **'શિષ્યે પૂછ્યું હતું...'** શિષ્યનો પ્રશ્ન હતો **'કે આ આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું?'** મુખ્ય સવાલ છે, જરી ઝીણો (છે). આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, ત્રિકાળ જેનો સ્વભાવ, સ્વ-ભાવ, સ્વ નામ પોતાનો ભાવ આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય આનંદઘન છે અને રાગ ને પુણ્ય ને દયા, દાન, કામ, ક્રોધનો ભાવ એ રાગ છે એ બંધનું લક્ષણ છે, એ બંધનું સ્વરૂપ છે. એ બેને જુદા કરીને, જેને કલ્યાણ કરવું હોય એણે પહેલા જુદા કરવા પડશે. આહાહા..!

આ શરીર આદિ તો માટી છે. આ તો માટી, ધૂળ જડ છે એ કાંઈ ચૈતન્ય નથી, અંદર જાણનારો અંદર જુદો છે. એ જાણનારો અને એમાં થતાં દયા, દાન ને પુણ્ય-પાપના ભાવ બેય ચીજ અંદર ભિન્ન છે. આ શરીર ને માટી તો ભિન્ન છે પણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ(ના) ભાવ થાય એ પણ બંધ લક્ષણવાળા, રાગવાળા લક્ષણ છે. એ રાગને બંધમાં નાખી અને આત્માને જ્ઞાન સ્વરૂપે લઈ જાણનાર તે આત્મા અને રાગ તે બંધ સ્વરૂપ છે એમ બેને અંદર દ્વિધા કરીને, દ્વિધા નામ બે છે તેને બે રીતે કરીને. ઝીણી વાત છે, પ્રભુ! ધર્મ કાંઈ સાક્ષાત સાધારણ વાત નથી. આહા..! ધર્મ અલૌકિક ચીજ છે.

અંદર ચૈતન્ય સ્વરૂપ છે એ અતીન્દ્રિય અનંત જ્ઞાન ને અનંત આનંદ ને શાંતિથી ભરેલો સ્વભાવ છે. એને અને પુણ્ય ને પાપના ભાવને બેને વિલક્ષણતા છે, બેનું લક્ષણ એક નથી, બેનું લક્ષણ વિ-લક્ષણ છે. વિલક્ષણ નામ વિપરીત લક્ષણ છે. આહાહા..! જેને આત્મા ને વિકારને ભિન્ન કરવા હોય એણે બેને આ રીતે લક્ષણ જાણી, કે હું જાણનાર ચૈતન્ય, જાણનાર જ્ઞાન, આનંદ તે હું અને આ રાગ થાય છે દયા, દાન, કામ, ક્રોધ આદિ ભાવ એ બંધ ભાવ ને વિકાર (છે). જેને પ્રથમ આત્માનું સમ્યગ્દર્શન કરવું હોય... ઝીણી વાત છે, પ્રભુ! ધર્મની જેને પ્રથમ શરૂઆત કરવી હોય, પૂર્ણતા તો પછી વાત, હજી શરૂઆત ન હોય ત્યાં પૂર્ણતા ક્યાં હોય? શરૂઆત કરવી હોય તો અહીંથી શરૂઆત થાય છે. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..!

આત્મા અને (બંધ) બન્નેને દ્વિધા કરી. બેને બે છે તેમ અંદરમાં કરવા. આહાહા..! એટલે? કે જ્ઞાન ગુણ જે ત્રિકાળ છે તેની જે વર્તમાન વિચાર આદિ દશા છે એ દશા અનાદિથી રાગ તરફ ઢળેલી છે, પુણ્ય ને પાપ, કામ અને ક્રોધ આદિ વિકાર તરફ ઢળેલી છે એને આત્મા તરફ વાળવી. આહાહા..! આવું કામ આકરું કામ છે, પ્રભુ! એ દશા જે પર તરફ

વળેલી છે, જેની છે તેની એને ખબર નથી. એટલે શું કહ્યું? જેની એ પર્યાય છે, જાણવાની દશા છે, જેની દશા છે તેની દિશા કોણ છે એ શું એને એણે જાણ્યું નથી. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! એ રાગને પોતાના જાણી, પુણ્ય ને પાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ ક્રોધ એ રાગને પોતાના જાણી અને જ્ઞાન સ્વરૂપી ચૈતન્ય છે તેને ભૂલી, ભગવાનને ભૂલી અને રાગની ભક્તિ કરે છે. આહાહા..!

જેને જેને કલ્યાણ પ્રથમ કરવું હોય એણે પહેલામાં પહેલું શું કરવું? ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! પહેલા એ કરવું–આત્મા ને રાગને દ્વિધા કરવા. બે છે તેને બેરૂપે ભિન્ન પાડવા. જેમ કાંકરા અને ઘઉં બે જુદા છે તેમ જુદા પાડવા. પછી શું કરવું એ પછી કહેશે. એમ રાગનો ભાવ ચાહે તો દયાનો, દાનનો, ભક્તિનો, પરમાત્માનું સ્મરણ, પંચપરમેષ્ઠીનું સ્મરણ પણ રાગ છે, પ્રભુ! પરદ્રવ્ય તરફનો ઝુકાવ છે તેટલો રાગ છે, સ્વદ્રવ્ય જે વસ્તુ ચૈતન્ય અનંત આનંદકંદ પ્રભુ છે તેના તરફનો ઝુકાવ તે ધર્મ અને નિર્મળ દશા છે અને પરદ્રવ્ય તરફનો જેટલો ઝુકાવ એટલો રાગ છે. સમજાય છે કાંઈ? આવી વાત છે, ભગવાન! અહીં ઝીણી વાત છે, બાપા! આહા..! અનંત કાળ થયા કોઈ દિ' કર્યું નથી. બાકી બધું કર્યું ભક્તિ કરી અનંતવાર, મંદિરો બનાવ્યા, કરોડો રૂપિયા ખર્ચ્યા, ભક્તિ કરી, પૂજા કરી, દાન, સ્મરણ કર્યા. એ કોઈ નવી ચીજ નથી. આહાહા..!

નવી ચીજ તો આ પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ જૈન પરમેશ્વર એમ ફરમાવે છે, પ્રભુ! રાગ અને આત્મા બેને તેં કોઈ દિ' દ્વિધા કર્યા નથી. બેને જુદા પાડ્યા નથી અને જુદા કેમ પડે તેના લક્ષણની તને ખબર નથી, તેના લક્ષણની તને ખબર નથી. પર તરફનો જેટલો રાગાદિ જાય એ બધું બંધનનું લક્ષણ છે. આહાહા..! અને ભગવાન અંદર ચૈતન્ય સ્વરૂપ અનંત અનંત ગુણનું નિધાન, ખાણ ચૈતન્ય હીરલો પડ્યો છે, ભગવત સ્વરૂપ છે અંદર, પરમેશ્વર સ્વરૂપ આત્મા છે. જો ન હોય તો પરમાત્મા પર્યાયમાં, અવસ્થામાં પરમેશ્વર થાય છે એ પર્યાયમાં પરમેશ્વર આવ્યા ક્યાંથી? કાંઈ બહારથી આવે છે? આહાહા..! પ્રાપ્તની પ્રાપ્તિ હોય છે. અંદર હોય છે તે બહાર આવે છે. એમ આત્માના દ્રવ્યમાં, વસ્તુમાં એ પરમાત્મપણું પડ્યું છે. આહા..! કેમ બેસે? માપ કરતાં આવડે નહિ ને! આહા..! ઝીણી વાત છે, પ્રભુ!

એ પર તરફનો વિકલ્પ જેટલો ઉઠે તે રાગ છે અને ભગવાનઆત્મા તો જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે. આ ઇન્દ્રિયોમાં જે વિષય કલ્પાય છે, મનાય છે એ તો દુઃખ છે. પર તરફમાં સુખ મનાય છે એ તો દુઃખ છે. ભ્રમણામાં અજ્ઞાનીઓએ દુઃખને સુખ માન્યું છે. ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે. એ અતીન્દ્રિય આનંદની ઊલટી દશા તે દુઃખ છે. વિષયનું જે દુઃખ છે એ અતીન્દ્રિય આનંદની ઊલટી દશાનું દુઃખ છે. એની ઊલટી દશાનું આત્મામાં સુખ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ કહે છે, કે દ્વિધા કરીને શું કરવું? એવો શિષ્યનો પ્રશ્ન (છે). પ્રભુ! આપે કીધા તે લક્ષણ વડે બેને જુદા પાડવા, કે રાગનું લક્ષણ બંધ છે, ભગવાનઆત્માનું લક્ષણ જ્ઞાન ને આનંદ (છે). એ જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એ જાણનાર આત્મા છે અને જેમાં જણાય નહિ એવો રાગ, પર તરફનો રાગ છે એ રાગ તો અંધકાર છે. રાગ નથી જાણતો પોતાને, રાગ નથી જાણતો આત્માને. રાગ છે દયા, દાન, વ્રત, ભક્તિનો એ અંધકાર છે. આહાહા..! અરે..! આવી વાત, પ્રભુ! આકરી પડે. એ અંધકાર અને ચૈતન્ય પ્રકાશને બેને અંદર પહેલા જુદા પાડવા. બેના ભિન્ન ભિન્ન લક્ષણ વડે કરીને (જુદા પાડવા). રાગનું લક્ષણ બંધ છે અને ભગવાનઆત્માનું લક્ષણ જ્ઞાન ને આનંદ છે. આહાહા..! આવી વાતું. હવે આવો ઉપદેશ. સમાજમાં ક્યાં પડ્યા હોય બિચારા ગળા સુધી ગરી ગયા છે અંદર. એક તો ધંધો આખો દિ' ચોવીસ કલાક પાપનો, આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને, આ વકીલો વકીલાતમાં, ડૉકટરો ડૉકટરપણામાં બધા પાપમાં (પડ્યા છે).

મુમુક્ષુ :- અસીલોનું તો ભલું કરે ને વકીલ?

ઉત્તર :- ધૂળેય કરતાં નથી. એ મોટા વકીલ હતા. ૩૫ વર્ષ પહેલા બસ્સો રૂપિયા લેતા એક કોર્ટમાં. બધા પાપ. અહીં તો ચોખ્ખી વાત છે. 'રામજીભાઈ'ના વખાણ બહુ કરે. 'અમદાવાદ'માં નથી પેલા ભાઈ ઓળખો છો? 'મંગળભાઈ', 'મંગળભાઈ' નથી? 'અમદાવાદ'માં વકીલ છે ને? 'અમદાવાદ'માં વકીલ છે, 'મંગળભાઈ' આવે છે આપણે. એ 'રામજીભાઈ'ના બહુ વખાણ કરે. એના વખતે તો 'રામજીભાઈ' હતા. એ બસ્સો રૂપિયા (લે) પણ એની તો છાપ પડતી.

મુમુક્ષુ :- આપે તો અભિમાનના થોથા કાઢી નાખ્યા...

ઉત્તર :- એ બધી અભિમાનની છાપ હતી. અમે અસીલને જીતાવી શકીએ છીએ, કોર્ટમાં જજ પાસે દલીલ આપી શકીએ છીએ, કે આવા... શું કહેવાય ઇ? કાયદો. આ કાયદાનો ખુલાસો ફલાણે ઠેકાણે આમ થયો છે, ફલાણે ઠેકાણે આમ થયો છે. માટે એનો ખુલાસો આમ થવો જોઈએ. એવી બધી દલીલો આપે વકીલો. આહાહા..! એ બધી પાપની દલીલો છે. એ..ઇ..! (આ તો) દુનિયાથી જુદી વાત છે, પ્રભુ! દુનિયાને તો જાણીએ છીએને. દુનિયાને તો ખૂબ જાણીએ છીએ, ૭૨ વર્ષથી. આ તો ૯૦ વર્ષ થયા, શરીરને તો ૯૦ થયા, ગર્ભનું ૯૧ ચાલે છે. ગર્ભનું ૯૧ મું ચાલે છે. જન્મનું ૯૦ મું ચાલે છે. ગર્ભના સવા નવ મહિના અહીંના ગણવા ને? આહાહા..! દુકાન ઉપર પાંચ વર્ષ રહ્યા. દુકાન 'પાલેજ'માં છે ને! 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે. બધું ઘણું કરેલું દુકાન ઉપર. નાની ઉંમરમાં, હોં! ૧૮ વર્ષની ઉંમરથી ૨૩, પાંચ વર્ષ દુકાન ચલાવી. મોટી દુકાન છે, અત્યારે મોટી દુકાન છે, ૪૦ લાખ રૂપિયા છે, ચાર લાખની પેદાશ છે.

મુમુક્ષુ :- એ પછી નવી દુકાનમાં બધા ને ...

ઉત્તર :– તે દિ' એવડી મોટી નહોતી.

મુમુક્ષુ :– ના અત્યારે નવી દુકાનમાં બધાને ...

ઉત્તર :– પછી આ નવી દુકાન માંડી આ તો. અમારા ભાગીદારના છોકરાઓ છે. ચાલીશ લાખ રૂપિયા છે, વર્ષની ચાર લાખની પેદાશ છે. દુકાન, મોટી દુકાન છે. (સંવત) ૧૯૫૯ની સાલની દુકાન છે. આ દેશમાંથી ત્યાં ગયેલા. આ દેહનો જન્મ અહીં 'ઉમરાળા' (થયો). અગિયાર માઈલ છે ને! ૧૩ વર્ષની ઉંમર ૫૯ સાલ, ૪૬માં જન્મ. ૫૯ માં ત્યાં ગયેલા. ચાર વર્ષ પિતાજી હતા ત્યાં સુધી પિતાજીએ દુકાન ચલાવી પછી પાંચ વર્ષ મારે ભાગીદારમાં ચલાવવી પડી. પછી ૬૮ માં છોડી દીધી. એટલે બધું ઘણું જોયું, ઘણું જોયું છે. વેપાર, માણસ... વકીલાત એક જોઈ નથી પણ વકીલાત કરવાને વકીલ કર્યા હતા, વકીલો દલીલો જોઈ હતી, વકીલોનું બધું સાંભળ્યું હતું.

અમારે (સંવત) ૧૯૬૩ ની સાલમાં વકીલનો કેસ ચાલ્યો હતો. એક ખોટો કેસ હતો. એક મહિનો કેસ ચાલ્યો. 'પાલેજ' થી 'વડોદરા'. ત્રણ હજારનો પગારદાર મોટો હતો. મહિને ત્રણ હજાર પગાર તે દિ', હોં! ૬૩ ની સાલ.

મુમુક્ષુ :– ૭૩ વર્ષ પહેલા.

ઉત્તર :– હા. મોટો કેસ ચાલેલો પણ અંતે કેસ ખોટો હતો. એણે પોતે લખી દીધું, કેસ ખોટો છે તદ્દન. અફીણનો ખોટો કેસ હતો, ખોટો તદ્દન. બધું ઘણું જોયું, ઘણું કર્યું છે. આ જુદી ચીજ છે, બાપુ! આહાહા..!

એ રાગનો કણિયો દયા, દાન, ભક્તિ, પરમાત્માનું નામ સ્મરણ એ પણ રાગનો કણિયો એનાથી આત્માને ભિન્ન જાણવો પડશે. આહાહા..! એને દ્વિધા કરવું પડશે, પ્રભુ! એ બે એક નથી. એક હોય તો એનાથી જુદું પડે નહિ. પરમાત્મા સિદ્ધ થાય છે એને રાગ હોતો નથી. કેમકે એની ચીજ નથી. એ તો ઉપરની ઉપાધિની ચીજ છે. આહાહા..! એ ઉપાધિની ચીજથી આત્મા ભિન્ન કર્યો. શિષ્યે પૂછ્યું, દ્વિધા કરીને કરવું શું પછી? બે કર્યા જુદા લ્યો અંદર.

**'તેનો આ ઉત્તર આપ્યો કે બંધનો તો ત્યાગ કરવો...'** રાગ જે પરલક્ષી રાગ થાય તેના લક્ષને છોડી દેવું. આહાહા..! **'અને શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.'** શુદ્ધ પ્રભુ અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જે આત્મા અંદર શુદ્ધ પવિત્ર જોયો છે, સર્વજ્ઞ સ્વરૂપી આત્મા છે એને ગ્રહણ કરવો. રાગને છોડવો અને સ્વરૂપને ગ્રહણ કરવું. એ બે ભિન્ન કરવાનું પ્રયોજન આ છે. આહાહા..! આવો ઉપદેશ છે.

શું કીધું? પ્રભુ! કે રાગનો ભાવ અને પ્રભુનો ચૈતન્ય ભાવ જ્ઞાન બેને અંદર જુદા પાડવા. જુદો અનુભવ કરવો, પ્રજ્ઞાછીણી દ્વારા રાગથી જુદો આત્માનો અનુભવ કરવો. જ્ઞાન દ્વારા ભિન્ન પાડવા. આત્માને અનુભવવો અને રાગને છોડવો, એમ શિષ્યને આ ઉત્તર આપ્યો.

સમજાય છે કાંઈ? આહા..!

હવે, '**('આત્મા અને બંધને ભિન્ન તો પ્રજ્ઞા વડે કર્યા...)**' જરીક ઝીણી વાત છે, ભગવાન! વાત તો અલૌકિક છે, બાપુ! આહાહા..! આખા જગતથી જુદી જાત છે. આહાહા..! કહે છે પ્રભુ! આત્મા અને રાગ ભાવ બંધ બેને પ્રજ્ઞા વડે ભિન્ન તો કર્યા. અનુભવ દ્વારા રાગ તરફનું વલણ છોડી અને અંતર ચૈતન્ય સ્વરૂપના વલણના ઝુકાવથી પ્રજ્ઞા વડે, અનુભવ વડે આત્માનો અનુભવ કર્યો. આહાહા..! આનું નામ સમ્યગ્દર્શન–ધર્મની પહેલી સીડી, ધર્મની શરૂઆત આ. બાકી બધા ફાંફાં, ફાંફાં, થોથા, થોથા. આહાહા..! ઝીણી વાત, ભાઈ!

અનંત કાળમાં અનંત અનંત ભવ કર્યા. અનાદિનો આત્મા રહ્યો ક્યાં? ભવભ્રમણમાં એક એક અવતારમાં ચોરાશી લાખ યોનિ, એ એક એક યોનિમાં એણે અનંત અવતાર કર્યા છે. એ અવતારના દુઃખોનું વર્ણન શાસ્ત્ર કરે તો આંખમાંથી આસું ચાલ્યા જાય. એવા દુઃખ તો પ્રભુ તેં સહન કર્યા છે. ટાણા આવ્યા ત્યારે મુકી દીધી વાતને. બહારના મભા ને હો હા (કરી). એમાં ઘુંચાય ગયો ને રહી ગઈ પેલી ચીજ રહી ગઈ. આહાહા..! ટાણા નહોતા ત્યારે તો બહારમાં જ હતો પણ ટાણા આવ્યા ત્યારે તે બહારમાં આમ મભામાં રોકાય ગયો, કાં બાયડી-છોકરાને રાજી રાખવામાં ને કાં ધંધામાં. છ, સાત, આઠ કલાક ધંધો ને છ, સાત કલાક ઊંઘ ને થઈ રહ્યું. કલાક-બલાક વખત મળે, સાંભળવા જાય એમાં વળી સાંભળવાનું એવું મળે કે, આ કરો, દયા કરો, વ્રત કરો, ભક્તિ કરો ધર્મ થાશે. સાંભળવાનું એવું મળે. એટલે એ તો એનું એ થયું–સંસાર. આહાહા..!

અહીં કહે છે, કે બેને જુદા કર્યા. છે? '**પરંતુ આત્માનું ગ્રહણ શા વડે કરાય?**' બે જુદા પાડ્યા કે અંદર, રાગ જુદો, પ્રભુ ચૈતન્ય સ્વરૂપ જુદો. હવે એને જુદા પાડ્યા પણ ગ્રહણ શા વડે કરવો? એને પકડવો શી રીતે? આહાહા..! જુદા પાડ્યા ને પકડવો શી રીતે? ભગવાન જ્ઞાન સ્વરૂપી ચૈતન્ય બિંબ પ્રભુ જાણનાર પોતાની સત્તામાં રહીને પરને ને સ્વને જાણનાર, જાણનારો તે જ આત્મા. પરવસ્તુ ભિન્ન, પરવસ્તુના નિમિત્તથી પોતામાં થયેલા રાગ-દ્વેષ આદિ એ પણ ભિન્ન. હવે જ્યારે જુદા પાડ્યા ત્યારે શું કરવું? '**આત્માને ગ્રહણ શા વડે કરાય? એવા પ્રશ્નની તથા તેના ઉત્તરની ગાથા કહે છે.**' એક ગાથામાં બન્ને આવશે.

*** વાંચવું સાંભળવું આદિ બહારથી બધું કરે પણ એનાથી શું ? એને પોતાથી અંદરથી હા આવવી જોઈએ કે રાગ તે હું નહિ અને જ્ઞાયક સ્વરૂપ ધ્રુવવસ્તુ તે જ હું એમ એના અસ્તિત્વની અંદરથી હા આવે. હા એટલે સ્વભાવની પ્રતીત કરીને હા આવે ત્યારે એના કલ્યાણની શરૂઆત થાય. ૨૭૮.**

**– પરમાગમસાર**

# ગાથા–૨૯૬

कह सो धिप्पदि अप्पा पण्णाए सो दु घिप्पदे अप्पा।
जह पण्णाइ विभत्तो तह पण्णाएव घेत्तव्वो।।२९६।।

कथं स गृह्यते आत्मा प्रज्ञया स तु गृह्यते आत्मा।
यथा प्रज्ञया विभक्तस्तथा प्रज्ञयैव गृहीतव्यः।।२९६।।

ननु केन शुद्धोऽयमात्मा गृहीतव्यः? प्रज्ञयैव शुद्धोऽयमात्मा गृहीतव्यः, शुद्धस्यात्मनः स्वयमात्मानं गृह्णतो, विभजत इव, प्रज्ञैककरणत्वात्। अतो यथा प्रज्ञया विभक्तस्तथा प्रज्ञयैव गृहीतव्यः।

---

('આત્મા અને બંધને ભિન્ન તો પ્રજ્ઞા વડે કર્યા પરંતુ આત્માને ગ્રહણ શા વડે કરાય?'- એવા પ્રશ્નની તથા તેના ઉત્તરની ગાથા કહે છે :–

એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે;
પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૨૯૬.

ગાથાર્થ :– (શિષ્ય પૂછે છે કે-) [ सः आत्मा ] તે (શુદ્ધ) આત્મા [ कथं ] કઈ રીતે [ गृह्यते ] ગ્રહણ કરાય? (આચાર્યભગવાન ઉત્તર આપે છે કે-) [ प्रज्ञया तु ] પ્રજ્ઞા વડે [ सः आत्मा ] તે (શુદ્ધ) આત્મા [ गृह्यते ] ગ્રહણ કરાય છે. [ यथा ] જેમ [ प्रज्ञया ] પ્રજ્ઞા વડે [ विभक्तः ] ભિન્ન કર્યો, [ तथा ] તેમ [ प्रज्ञया एव ] પ્રજ્ઞા વડે જ [ गृहीतव्यः ] ગ્રહણ કરવો.

ટીકા :– શુદ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો? પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો; કારણ કે શુદ્ધ આત્માને, પોતે પોતાને ગ્રહતાં, પ્રજ્ઞા જ એક કરણ છે-જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું તેમ. માટે જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.

ભાવાર્થ :– ભિન્ન કરવામાં અને ગ્રહણ કરવામાં કરણો જુદાં નથી; માટે પ્રજ્ઞા વડે જ આત્માને ભિન્ન કર્યો અને પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.

---

## ગાથા-૨૯૬ ઉપર પ્રવચન

૨૯૬ ગાથા.

**कह सो घिप्पदि अप्पा पण्णाए सो दु घिप्पदे अप्पा।**
**जह पण्णाइ विभत्तो तह पण्णाएव घेत्तव्वो।।२९६।।**

એ મૂળ શ્લોક (થયો), નીચે હરિગીત.

**એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે;**
**પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૨૯૬.**

અધિકાર તો સારો આવ્યો છે, પણ હવે શું થાય? વર્તમાનમાં આખી લાઈન જ ફરી ગઈ છે. ધર્મના નામની આખી લાઈન જ (ફરી ગઈ). પેલા કહે, પૂજા કરો, ભક્તિ કરો ને આ કરો ને આ કરો, વ્રત કરો, અપવાસ કરો, તપસ્યા કરો, દયા કરો.

મુમુક્ષુ :- વકીલને તો ઉડાડ્યા પણ પૂજા, ભક્તિ પણ ઉડાડી.

ઉત્તર :- વકીલનું પણ જૂઠું અને આ પણ જૂઠું. બેય જૂઠું. અહીં ક્યાં સફારશ લાગુ પડે એમ છે? આહાહા..! અરે..! ભાઈ! ઇ રાગ છે ને? બાપુ! પોતાના સ્વભાવ સન્મુખમાં ન રહેતા બહારમાં આમ લક્ષ જાવું એ તો રાગ છે. પંચ પરમેષ્ઠીનું સ્મરણ પણ રાગ, પંચ પરમેષ્ઠીની ભક્તિ પણ રાગ, એ પ્રતિમા ને મંદિરની ભક્તિ કરવી એ પણ રાગ. આવે, અશુભથી બચવા આવે, પણ છે બંધ. આહાહા..! આકરું પડે. જગતને હજી પાપથી નિવૃત્તિ ન મળે એમાં પુણ્યની તો (વાત) ક્યાં રહી? અહીં તો કહે છે, પાપ અને પુણ્ય બેય બંધના કારણ છે. બેમાં જરીયે ફેર છે નહિ. આહાહા..!

**ટીકા :- 'શુદ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો?'** ટીકા છે ને? શુદ્ધ કેમ કીધો? કે જે પુણ્ય ને પાપના ભાવ છે શુભ-અશુભ એ તો રાગમાં જાય છે, એ આત્મામાં નથી. આત્મા તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ શુદ્ધ છે. રાગ, પુણ્ય-પાપના ભાવ તો મેલ ને મળ છે, મેલ ને મળ છે, અશુચિ અને જડ છે. પુણ્ય ને પાપના ભાવ અશુચિ છે, મેલ છે અને જડ છે. કેમ? કે જે રાગ છે એ પોતે પોતાને જાણતો નથી, તે રાગ આત્મા જોડે પડ્યો છે એને જાણતો નથી માટે રાગ છે એ અંધકાર છે. ચાહે તો શુભ રાગ હોય પણ એ અંધકાર છે ને જડ છે. આહાહા..! ન્યાયથી સમજાય છે? માર્ગ આમ છે, ભાઈ!

**'શુદ્ધ એવો આ આત્મા...'** શુદ્ધ-રાગ વિનાનો આત્મા અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ! વસ્તુ છે ને? તત્ત્વ છે ને? સત્તા છે ને? અસ્તિત્વ છે ને? અસ્તિત્વ સત્તા છે તો કાંઈ ચીજ છે કે નહિ? ચીજ છે તો કોઈ એનો સ્વભાવ હોય કે નહિ? સાકર હોય એનો સ્વભાવ

ગળપણ ન હોય એમ બને? એમ છે આત્મા. તો એનો કોઈ સ્વભાવ હોય કે નહિ? તો છે ભગવાનઆત્મા સત્તા છે, હોવાપણે છે એનો સ્વ-ભાવ, સ્વ નામ પોતાનો ભાવ તો જ્ઞાન, દર્શન ને આનંદ છે. આહાહા..! ભાષા તો સાદી છે, બાપુ! ભાવ આકરા છે. વસ્તુ તો આવી છે. આહાહા..! સાંભળ્યું ન હોય, પહેલું વહેલું (સાંભળે) એને તો એવું લાગે કે, આ તે શું છે પણ આ? આ બધું ચાલે છે એને મીંડા વાળે છે બધા. 'બાબુભાઈ'! આહાહા..!

કીધું હતું નહિ? હમણાં 'બેંગલોર'માં એક નવું મંદિર બનાવ્યું ને? બાર લાખ નોંધાણા. ત્યાં અમે હતા, પંચ કલ્યાણક કર્યા, મોટું મંદિર કર્યું છે.એક જણાએ આઠ લાખ આપ્યા ને એક જણાએ ચાર લાખ આપ્યા. એક 'ભભુતમલ' છે. હમણાં આવ્યા હતા ને? આપણે અહીં નવું મકાન (–મંદિર) કરવા મુહૂર્ત કર્યું ને? આ પાંચમે. સવા લાખ રૂપિયા આપ્યા. ત્યાં આઠ લાખ આપ્યા. બે કરોડ રૂપિયા છે. મારવાડી 'સાયલા'ના છે. આ 'લીમડી' નું 'સાયલા' નહિ. એણે આઠ લાખ આપ્યા. દેરાવાસી શ્વેતાંબર (છે) પણ બનાવ્યું દિગંબર ધર્મ(નું મંદિર). આમાં પ્રેમ થઈ ગયો ને આ સાંભળ્યું અને એને રસ પડ્યો. ચાર લાખ (બીજાએ આપ્યા). સ્થાનકવાસી છે 'જુગરાજજી'. મહાવીર મારકીટ 'મુંબઈ'માં મહાવીર મારકીટ છે. એ કરોડપતિ સ્થાનકવાસી છે. એણે ચાર લાખ (આપ્યા). બાર લાખનું મંદિર બનાવ્યું. પણ કહ્યું કે, જો ભાઈ! તારા બાર લાખ શું પંદર લાખ (ખર્ચે) પણ છે શુભભાવ, ધર્મ નહિ. એનાથી તને કલ્યાણ થઈ જાય ને જન્મ-મરણ મટી જાય એ (વાત) અહીં નથી. આહાહા..!

આકરું લાગે દુનિયાને, આખી દુનિયાની લાઈન જ ફરી ગઈ છે. લાઈન લાઈન. રેલના પાટા હોય છે કે નહિ? જોયા છે? બીજે પાટે (ગાડી) લઈ જવી હોય તો એક પાતળો પાટો હોય છે. પાતળો પાટો હોય. અમારા 'પાલેજ'ની જોડે સ્ટેશન (છે). પાટા હોય ને? પાટો હોય. ચડાવવું હોય બીજે એ આમ પાતળે પાટે આમ કરીને ચડાવી દે. બીજે પાટે ચડાવી દે. જોયું છે? આહા..! એમ આત્માને પાટે મુકીને બીજે પાટે ચડાવી દીધું છે. શુભભાવ દયા, દાન ને વ્રત ભક્તિ આદિ. હજી એની પણ કેટલાકને તો નવરાશ નથી. પણ એ રસ્તે ચડાવી દીધો, બીજે પાટે ચડાવી દીધો. ધર્મનો પાટો રહી ગયો. આહાહા..!

એ અહીં કહે છે, **'શુદ્ધ એવો આ આત્મા...'** કેમ શુદ્ધ કીધો? કે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ રાગ હતા એ તો અશુદ્ધ છે, એ આત્મામાં નથી. માટે આત્મા શુદ્ધ છે. એ રાગ વિનાનો છે એ આત્મા અંદર શુદ્ધ ચૈતન્ય છે. આહાહા..! ચૈતન્ય હીરો અનંત ગુણથી ભરેલો અનંત શક્તિનો સાગર, અનંત શક્તિનો સમૂહ, અનંત ગુણનો સાગર ને અનંત ગુણનું ધામ, અનંત ગુણનું ગોદામ (છે). આ ગોદામ હોતા નથી મોટા મોટા? 'મુંબઈ'માં મોટા ગોદામ હોય છે. બધા જોયા છે, ઘણા મોટા ગોદામ. આ આત્મા અંદર મોટો ગુણનો ગોદામ છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ સંખ્યાએ અનંત ગુણનો ગોદામ છે એ. આહાહા..! એ એક વર પડ્યો રહ્યો (અને) જાન જોડી દીધી. ઇ જાન ન કહેવાય. એ માણસના ટોળા

કહેવાય. વર હોય તો જાન કહેવાય. એમ આત્મા ભેગો હોય આત્માનું ભાન હોય, સમ્યગ્દર્શન હોય તો પછી દયા, દાન ને વ્રત આદિનો ભાવ હોય છે તો એ રાગ કહેવાય. રાગ વ્યવહાર, તો વ્યવહાર કહેવાય. જાણવા માટે, આદરવા માટે નહિ. આહાહા..!

અહીં કહે છે, **'શુદ્ધ એવો આ આત્મા...'** આત્મા તો શુદ્ધ સ્વરૂપ એ આત્મા (છે). કારણ કે નવ તત્ત્વ છે ને? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. તો જે દયા, દાન, વ્રત, પરિણામ એ પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ, લાભ, રળવું એ પાપ છે. એ બે આસ્રવ છે. એનાથી આત્મા તો ભિન્ન તત્ત્વ છે. નવ તત્ત્વમાં એ તત્ત્વ તે ભિન્ન તત્ત્વ છે. એને અહીંયાં શુદ્ધ આત્મા કહ્યો છે. સમજાણું કાંઈ? શુદ્ધ આત્મા, **'શુદ્ધ એવો આ આત્મા...'** આ આત્મા. ભાષા આમ (છે). ભગવાન નહિ, ભગવાન ભગવાન પાસે રહ્યા.

**'શુદ્ધ એવો આ આત્મા...'** પ્રત્યક્ષ. 'આ' પ્રત્યક્ષ બતાવે છે. આહાહા..! **'શા વડે ગ્રહણ કરવો?'** એમ પ્રશ્ન છે. **'પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો;...'** આહાહા..! પ્રજ્ઞા એટલે જ્ઞાનના અનુભવ દ્વારા આત્માને પકડવો. આહાહા..! રાગ ને પુણ્ય ને પાપના ભાવને ભિન્ન કરી અને જ્ઞાનના અનુભવ દ્વારા આત્માને પકડવો, એને ગ્રહવો એટલે અનુભવવો. આવી વાત હવે. માર્ગ તો આ છે. આપણે તો અહીં ૪૫ વર્ષથી ચાલે છે આ. અહીં તો ૪૫ વર્ષ થયા. ૪૫ વર્ષની ઉંમરે અહીંયાં આવ્યા હતા. ૪૫ આ થયા. શરીરને ૯૦ થયા, શરીરને હોં! આત્મા તો અનાદિઅનંત છે. આહાહા..! આ વાત તો ૪૫ વર્ષથી ચાલે છે. અને આ તરફથી, આપણા તરફથી તો લગભગ ૨૨ લાખ પુસ્તક છપાણા છે. ૮ લાખ 'જયપુર'થી (છપાણા). ૩૦ લાખ તો પુસ્તક છપાણા છે. અને આ હવે ટેપ રેકોર્ડિંગ ઉતારે છે ને? એવા ટેપ રેકોર્ડિંગ ૩૩ હજાર છપાણા છે. ઘણો પ્રચાર છે ને! ઠેઠ 'આફ્રિકા', 'લંડન', 'અમેરીકા' બધે એ પહોંચી ગયું છે. બધે વાંચન ચાલે છે. થોડું થોડું ન્યાં પરદેશમાં અનાર્ય દેશમાં તો... અહીં આર્ય દેશમાં પણ હજી સમજવાને મુશ્કેલી પડે ત્યાં બિચારા અનાર્ય (દેશમાં તો)...

અહીં તો (કહે છે), **'શુદ્ધ એવો આત્મા શા વડે ગ્રહણ કરવો? પ્રજ્ઞા વડે જ...' 'જ'** છે? એ શુભ રાગ વડે નહિ અનુભવાય. આહાહા..! એ જ્ઞાનની પર્યાય જે છે એ પર્યાય જે રાગ તરફ વળેલી છે તે જ્ઞાનને (જ્ઞાનપર્યાયને) અંદરમાં વાળવી અને એ જ્ઞાન દ્વારા એને અનુભવવો. આહાહા..! હવે આવી વાતું, આવો ધર્મ કઈ જાતનો આ? નવો ધર્મ હશે આ? જૈન ધર્મ હશે આવો? બાપુ! અનાદિનો માર્ગ તો આ છે. વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવનું કથન તો આ છે. એમની હુકમ-આજ્ઞા તો આ છે. લોકોએ પોતાની કલ્પનાથી ઊંધા અર્થ કરીને બીજી રીતે ચલવે એથી કરીને કાંઈ સત્ય અસત્ય થઈ જાય? સત્ય તો સત્ય જ રહેશે. આહાહા..!

ઇ શુદ્ધ આત્મા, રાગ વિનાનો આત્મા. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ રાગ છે. એ રાગ બંધનમાં જાય છે. એ વિનાનો આત્મા જે **'શુદ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો? પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો;...'** આહાહા..! જ્ઞાનની અવસ્થા દ્વારા, જ્ઞાનના અનુભવ દ્વારા આત્માને પકડવો, અનુભવવો. આહાહા..! એ રાગ ને પુણ્ય ને પાપના ભાવથી પકડાય એવો નથી. કારણ કે, એમાં એ ચીજ નથી. આહાહા..! ભાષા તો સહેલી છે પણ હવે ભાવ તો જે હોય એ હોય બીજા લાવવા ક્યાંથી? આથી કાંઈ સહેલું હશે કે નહિ બીજું? બાપુ! સહેલું કહો તો આ ને આઘું કહો તો આ. માર્ગ આ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' વીતરાગ પરમેશ્વર જિનદેવ એનો આ માર્ગ એક અનાદિનો અનંત કાળનો એ છે.

ભગવાન બિરાજે છે, 'સીમંધર સ્વામી' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે ત્યાંથી આવેલી આ વાત છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯ માં ત્યાં ગયા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્રો બનાવ્યા છે. ભગવાનનો આ હુકમ છે એમ આચાર્ય વચ્ચે આડતીયા થઈને વાત કરે છે. આહાહા..!

**'પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો...'** આહા..! રાગ વડે દયા, દાન ને વ્યવહાર કરતાં કરતાં, દયા, દાન, વ્રત, ભક્તિ કરતાં કરતાં આમ આત્મા જણાશે એમ ન કીધું. આહાહા..! પહેલા રાગ મંદ પાળો, દયા પાળો, વ્રત કરો, ભક્તિ, પૂજા વગેરે (કરો), દુકાનના પાપના (પરિણામ) છોડીને પુણ્યના પરિણામ કરો તો પુણ્યના પરિણામ કરતાં કરતાં આગળ વધીને અંદર જવાશે એમ ન કીધું. આહાહા..! એ તો **'પ્રજ્ઞા વડે જ...'** અનુભવ વડે જ. પ્રજ્ઞા એટલે અનુભવ. રાગનો અનુભવ નહિ ને આત્માનો અનુભવ. અનુભવ વડે **જ** એકાંત કીધું છે. કથંચિત્ રાગ દ્વારા અનુભવાય ને કથંચિત્ પ્રજ્ઞા દ્વારા જણાય એમ ન કહ્યું, અનેકાંત એમ ન કર્યું, લોકો અનેકાંત એને કહે છે. વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય. અહીં તો કહે કે, નિશ્ચયથી થાય ને વ્યવહારથી ન થાય એનું નામ અનેકાંત છે. આહાહા..!

આ કહ્યું, **'પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો; કારણકે શુદ્ધ આત્માને, પોતે પોતાને ગ્રહતાં,...'** શુદ્ધ સ્વરૂપ રાગ વિના, પુણ્ય ને પાપના વિકલ્પ ને રાગ વિનાનો આત્મા પ્રભુ અંદર **'તે શુદ્ધ આત્મા પોતે પોતાને ગ્રહતાં, પ્રજ્ઞા જ એક કરણ છે...'** પોતાને પકડતા, અનુભવતા એક પ્રજ્ઞા–જ્ઞાનની દશા જ એક સાધન છે, બીજું સાધન કોઈ છે નહિ. આહાહા..! વ્યવહાર સાધન કહો અને નિશ્ચય સાધ્ય કહો એમ નથી. આહા..! છે? **'પ્રજ્ઞા જ એક કરણ છે...'** રાગથી ભિન્ન પાડવાનો અનુભવ એક જ સાધન છે. આહાહા..! કહો 'કલ્યાણજીભાઈ'! આવો માર્ગ છે આ. એક જ માર્ગ છે. કથંચિત્ આ ને કથંચિત્ આ એમ નહિ. આહાહા..!

**'પ્રજ્ઞા જ એક કરણ છે...'** કર્તા આત્મા, રાગથી ભિન્ન કરવામાં કરણ–સાધન પ્રજ્ઞા–

અનુભવ. આહાહા..! પર તરફના વલણવાળી વૃત્તિ, પર તરફમાં, પર દ્રવ્યમાં પછી ભલે દેવ-ગુરુ ને શાસ્ત્ર એના તરફની વળેલી વૃત્તિ તે રાગ છે એનાથી રહિત જે શુદ્ધ આત્મા. આહાહા..! એ પ્રજ્ઞા વડે એક જ કરણ છે. જુદું પાડીને અનુભવ (કરવા) માટે એક જ સાધન છે, આ એક જ સાધન છે એમ કહે છે. આહાહા..! છે એમાં? નહિ? 'જ' શબ્દ છે ને? પ્રજ્ઞા જ, સમ્યક્ અનુભવ, રાગથી ભિન્ન પ્રજ્ઞા વડે જ, અનુભવ દ્વારા જ એક કરણ છે, એક સાધન આ છે. આહાહા..! ભાષા તો બહુ સહેલી છે પણ હવે ભાવ કરવાની કાંઈ દરકાર (નથી). અનંત કાળ ગયો, ચોરાશીના અવતારમાં મનુષ્યપણું અનંતવાર પામ્યો. અબજોપતિ અનંતવાર થયો છે, અબજોપતિ અનંતવાર થયો. મરીને પછી ગયા ભૂંડડામાં, નરકમાં. આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય, એને રાગથી જુદો પાડવામાં પ્રજ્ઞા અનુભવ એક જ સાધન છે, બીજું સાધન નથી. આહાહા..! છે કે નહિ એમાં? પ્રજ્ઞા જ એક કરણ છે. આહાહા..!

મુમુક્ષુ :- અત્યારે અતીન્દ્રિય જ્ઞાન તો છે નહિ.

ઉત્તર :- કોને?

મુમુક્ષુ :- અત્યારે અમને અતીન્દ્રિય જ્ઞાન તો છે નહિ પછી શું કરવાનું?

ઉત્તર :- અતીન્દ્રિય જ્ઞાન કરવાનું, કરવાનું કહે છે આ. નથી તે શું? હવે ઇન્દ્રિય જ્ઞાન તરફથી છૂટીને અતીન્દ્રિય તરફ વળવું એમ કહે છે, નથી માટે આમ કરવું એમ કહે છે. આહાહા..! સમજાય એવી ભાષા તો છે, બાપા! ભાષા તો સાદી છે, ભાવ તો જેમ છે એમ છે. આહાહા..! કઠણ પડે (પણ) માર્ગ તો આ છે. આહા..!

મુમુક્ષુ :- માનસીક જ્ઞાનને અંદર બાજુ ઝુકાવવું?

ઉત્તર :- માનસીક જ્ઞાન નહિ, માનસીક જ્ઞાન આ બાજુ (પર તરફ) ઢળી ગયેલું છે. આ બાજુ (સ્વ તરફ) ઢાળવું એમાં માનસીકપણું આવે નહિ, ત્યાં આત્મિક (જ્ઞાન) આવે. આહાહા..! આ તો પ્રજ્ઞા વડે કીધું ને? આત્મા આવ્યો ને? માનસીક ન આવ્યું એમાં. આહાહા..! સામે પુસ્તક છે ને? શેનો અર્થ ચાલે છે એ ખબર પડે. આહાહા..! મારગડા બાપા! જુદા છે પ્રભુ! આહાહા..! પ્રભુ! તારી પ્રભુતાનો માર્ગ જુદો છે, પ્રભુ! આહા..! સાધારણમાં એને વેડફી નાખ્યો છે, અરે..! વખત ચાલ્યો જાય છે. આહાહા..! પોતાનું (કરવાનું) બાકી રહી જાય છે, બાકી બીજું કરવામાં રોકાઈને બધો વખત ચાલ્યો જાય છે. આહાહા..! જે કરવાનું પોતાને માટે છે એ પડ્યું રહે છે. પરને માટે, એ મમતા પોતે પર માટે કરતો નથી, પરમાં પોતાની મમતા છે. આહા..! છોકરાઓને ભણાવવા ને બાયડીને રાજી રાખવી, છોડીઓને ઠેકાણે પાડવી ને છોકરાને ઠેકાણે પાડવા ને સારે ઠેકાણેથી કન્યા મેળવવીને. આહાહા..! આરે..! આરે..! ગજબ કર્યો છે ને! પોતે પડ્યો રહ્યો એકલો. મારે મને ક્યાં ઠેકાણે પાડવો (એ વિચાર્યું નહિ). આહાહા..! આ બધાને ઠેકાણે પાડવા. એ તો પુણ્ય લઈને આવ્યા હશે

એ પ્રમાણે એનું થાશે. તારું કર્યે કાંઈ થાય છે? આહાહા..! એ તો મફતનો અભિમાન કરે છે. એ તો એના પુણ્ય હશે એમ એને લઈને થયા કરશે. આહાહા..! અરે..! આહાહા..! કેવી વાત કરી છે!

**'શુદ્ધ આત્માને, પોતે પોતાને ગ્રહતાં,...'** આહાહા..! શુદ્ધ આત્માને, પોતે પોતાને અનુભવતા **'પ્રજ્ઞા જ એક કરણ છે...'** કરણ એટલે સાધન, હોં! **'જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું તેમ.'** આહાહા..! રાગથી જુદું પાડવામાં પ્રજ્ઞા અનુભવ એક જ કરણ–સાધન હતું. આહાહા..! ચૈતન્યસ્વરૂપ પ્રકાશનો પુંજ પ્રભુ, ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર પડ્યું છે આત્મા, ચૈતન્યના પ્રકાશનું પૂર છે આત્મા અને રાગ છે એ અંધકાર છે. ચાહે તો દયા, દાન ને વ્રત, ભક્તિનો રાગ (હોય) એ અંધકાર છે. આહાહા..! એ અંધકારથી જુદું પાડવામાં એક પ્રજ્ઞા જ કરણ હતું. છે ને?

**'જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું તેમ.'** જુદું પાડવામાં પણ એક પ્રજ્ઞા અનુભવ જ સાધન હતું. આહાહા..! **'તેમ. માટે જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.'** અનુભવ જ્ઞાન દ્વારા જ્યારે જુદો પાડ્યો તો જ્ઞાન દ્વારા અનુભવ કરવો. આકરી વાત છે આવી. વાત તો બહુ સારી આવી છે, ગાથા તો સારી આવી છે બરાબર. આ પકડવું તો એને છે ને! બાપા! આહાહા..!

**'જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું...'** ત્યાંય કરણ એક જ હતું. જુદું પાડવામાં પણ એક જ પ્રજ્ઞા જ એક કરણ–સાધન હતું. આહાહા..! તેમ. આહાહા..! અનુભવ કરવા ગ્રહણ કરવા માટે એક જ સાધન છે. વળી રાગની મંદતા હતી માટે અનુભવ થાય ને આત્માને પકડાય ને રાગની, કષાયની મંદતા કરતાં કરતાં પકડાય એમ કાંઈ છે નહિ. આહાહા..! આ અત્યારનું છપાયેલું નથી, આ તો બે હજાર વર્ષ પહેલાનું પુસ્તક છે અને આ અભિપ્રાય તો અનાદિ કાળનો ચાલે છે. તીર્થંકરદેવ, ત્રિલોકનાથ અનાદિકાળના છે. ત્રણકાળમાં, ત્રણકાળને જાણનારાનો વિરહ કોઈ દિ' હોય નહિ. એ શું કહ્યું? આ ત્રણકાળ છે–ભૂત, ભવિષ્ય ને વર્તમાન, ત્રણકાળને ત્રણકાળના જાણનારનો વિરહ કોઈ દિ' હોય નહિ. જેવા ત્રણકાળ છે એવા ત્રણકાળને જાણનારા પણ અનાદિના છે. આહાહા..! જેમ અનાદિની આ ચીજ વસ્તુ છે એમ ત્રણકાળના જ્યાં સર્વજ્ઞ ભગવાન પણ અનાદિના છે. સમજાણું કાંઈ? એમના આ વચનો છે. દુનિયાને બેસે ન બેસે, દુનિયા સ્વતંત્ર છે, રખડવામાં સ્વતંત્ર છે અને છોડવામાંય સ્વતંત્ર છે.

કર્તા એને કહીએ સ્વતંત્રપણે, સ્વતંત્રપણે કરે તે કર્તા, કર્તાની વ્યાખ્યા આ છે. સ્વતંત્રપણે કોઈની અપેક્ષા રાખ્યા વિના કરે તે કર્તા. એમ આત્મા રાગથી ભિન્ન પાડવામાં કર્તા પરની અપેક્ષા રાખ્યા વિના ભિન્ન પાડવાનો કર્તા આત્મા સ્વતંત્ર છે. આહાહા..! એને પરની અપેક્ષા છે નહિ. આહાહા..! જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું તેમ. તેમ ગ્રહણ કરતાં

પ્રજ્ઞા એક જ સાધન છે. **'માટે જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.'** ગ્રહણ એટલે અનુભવ કરવો. આહાહા..! સમજાય છે ભાષા? ભાષા તો સાદી છે. આહાહા..! નવરાશ ક્યાં છે માણસને? ફુરસદ ન મળે.

મુમુક્ષુ :- આ પ્રજ્ઞા તો નવું ઊપજેલું જ્ઞાન છે.

ઉત્તર :- હા નવું છે, પ્રજ્ઞા અનુભવ છે. પર્યાયનો અનુભવ છે, નવું છે.

મુમુક્ષુ :- નવું કેમ ઊપજે?

ઉત્તર :- પર્યાય પોતે ઊપજે છે, નવી ક્ષણે ઉત્પન્ન થાય છે. પોતે સ્વતંત્રપણે ઉત્પન્ન થાય છે. કર્તા થઈને, કર્મ થઈને, કરણ થઈને ષટ્કારક થઈને પ્રજ્ઞા ઉત્પન્ન થાય છે. એ વાત બહુ ઝીણી પડશે. એ આવશે, એ હવે હમણાં આવશે પછી. એ પ્રજ્ઞા જે થાય, રાગથી જુદું પડવાની જ્ઞાનની પર્યાય (જે થાય) એ સ્વતંત્ર કર્તા, તેને પરની અપેક્ષા નહિ. સ્વતંત્ર કર્મ-કાર્ય એ પોતાનું-પોતાનું કાર્ય પોતાથી (થાય છે). સ્વતંત્ર કરણ-સાધનપણું સ્વતંત્ર (છે) તેને પરની અપેક્ષા નહિ. ઇ સ્વતંત્ર પોતા માટે કરે છે. ઇ પોતા માટે કરે છે એ સંપ્રદાન છે. પોતાથી કરે છે એ અપાદાન છે. પોતાને આધારે કરે છે તે અધિકરણ છે. છ બોલ છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, આપાદાન, અધિકરણ. સાત વિભક્તિ આવે છે ને? સાત વિભક્તિ આવે છે. સાતમાં પછી સંબોધન (આવે) હે આત્મા! ને એમ આવે. એના પહેલા આ છ બોલ છે. એ છ વિભક્તિ આમાં ઉતારી છે. આહાહા..!

**ભાવાર્થ :- 'ભિન્ન કરવામાં અને ગ્રહણ કરવામાં કરણો જુદાં નથી;...'** બેય સાધન એક જ છે. જુદા પાડવાનું સાધન ને ગ્રહણ કરવાનું સાધન એક જ છે. **'માટે પ્રજ્ઞા વડે જ આત્માને ભિન્ન કર્યો અને પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.'** વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

*** કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એટલે સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, કેવળજ્ઞાન આદિ જે સમયે થવાના છે તે જ સમયે થાય છે. જે કાળે જે થવાનું તે જ કાળે તે થાય. પણ એનો અર્થ એમ નથી કે પુરુષાર્થ વિના થઈ જાય ! કાળનયને દેખનાર સાધકની દ્રષ્ટિ કાળ ઉપર નથી પણ સ્વભાવ ઉપર હોય છે. તેથી કાળનયથી જાણે છે કે જે સમયે ચારિત્ર પ્રગટ થવાનું છે તે સમયે જ પ્રગટ થશે. જે કાળે કેવળજ્ઞાન થવાનું છે તે જ કાળે થશે. કોઈ મુનિ લાખો વર્ષ ચારિત્ર પાળે ને કેવળજ્ઞાન થતા વાર લાગે. કોઈ મુનિને અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈ જાય. તેથી લાંબો કાળ ચારિત્ર પાલન કરનાર મુનિને અધીરજ થતી નથી. તે જાણે છે કે કેવળજ્ઞાન થવાનું જ છે તે સ્વકાળે થશે. ૨૮૨.**

**– પરમાગમસાર**

# ગાથા–૨૯૭

कथमयमात्मा प्रज्ञया गृहीतव्य इति चेत् -

पण्णाए घित्तव्वो जो चेदा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९७।।

प्रज्ञया गृहीतव्यो यश्चेतयिता सोऽहं तु निश्चयतः।
अवशेषा ये भावाः ते मम परा इति ज्ञातव्याः।।२९७।।

यो हि नियतस्वलक्षणावलम्बिन्या प्रज्ञया प्रविभक्तश्चेतयिता, सोऽयमहं; ये त्वमी अवशिष्टा अन्यस्वलक्षणलक्ष्या व्यवह्रियमाणा भावाः, ते सर्वेऽपि चेतयितृत्वस्य व्यापकस्य व्याप्यत्वमनायान्तोऽत्यन्तं मत्तो भिन्नाः। ततोऽहमेव मयैव मह्यमेव मत्त एव मय्येव मामेव गृह्णामि। यत्किल गृह्णामि तच्चेतनैकक्रियत्वादात्मनश्चेतय एव; चेतयमान एव चेतये, चेतयमानेनैव चेतये, चेतयमानायैव चेतये, चेतयमानादेव चेतये, चेतयमाने एव चेतये, चेतयमानमेव चेतये। अथवा-न चेतये; न चेतयमानश्चेतये, न चेतयमानेन चेतये, न चेतयमानाय चेतये, न चेतयमानाच्चेतये, न चेतयमाने चेतये, न चेतयमानं चेतये; किन्तु सर्वविशुद्धचिन्मात्रो भावोऽस्मि।

---

હવે પૂછે છે કે-આ આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો? તેનો ઉત્તર કહે છે :–

પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે ચેતનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૭.

ગાથાર્થ :– [ प्रज्ञया ] પ્રજ્ઞા વડે [ गृहीतव्यः ] (આત્માને) એમ ગ્રહણ કરવો કે- [ यः चेतयिता ] જે ચેતનારો છે [ सः तु ] તે [ निश्चयतः ] નિશ્ચયથી [ अहं ] હું છું, [ अवशेषाः ] બાકીના [ ये भावाः ] જે ભાવો છે [ ते ] તે [ मम पराः ] મારાથી પર છે [ इति ज्ञातव्यः ] એમ જાણવું.

ટીકા :– નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક (-ચેતનારો), તે આ હું છું; અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય (અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજા લક્ષણોથી ઓળખાવાયોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી, મારાથી અત્યંત ભિન્ન છે. માટે હું

જ, મારા વડે જ, મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું. આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી, 'હું ગ્રહણ કરું છું' એટલે 'હું ચેતું જ છું;' ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું, ચેતતા વડે જ ચેતું છું, ચેતતા માટે જ ચેતું છું, ચેતતામાંથી જ ચેતું છું, ચેતતામાં જ ચેતું છું, ચેતતાને જ ચેતું છું. અથવા-નથી ચેતતો; નથી ચેતતો થકો ચેતતો, નથી ચેતતા વડે ચેતતો, નથી ચેતતા માટે ચેતતો, નથી ચેતતામાંથી ચેતતો, નથી ચેતતામાં ચેતતો, નથી ચેતતાને ચેતતો; પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર (-ચૈતન્યમાત્ર) ભાવ છું.

ભાવાર્થ :- પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો જે ચેતક તે આ હું છું અને બાકીના ભાવો મારાથી પર છે; માટે (અભિન્ન છ કારકોથી) હું જ, મારા વડે જ, મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું. 'ગ્રહણ કરું છું' એટલે 'ચેતું છું', કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે. માટે હું ચેતું જ છું; ચેતનારો જ, ચેતનાર વડે જ, ચેતનાર માટે જ, ચેતનારમાંથી જ, ચેતનારમાં જ, ચેતનારને જ ચેતું છું. અથવા દ્રવ્યદૃષ્ટિએ તો-છ કારકોના ભેદ પણ મારામાં નથી, હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.-આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવો અર્થાત્ પોતાને ચેતનાર તરીકે અનુભવવો.

---

## પ્રવચન નં. ૩૬૫ ગાથા-૨૯૭ સોમવાર, માગશર વદ ૭, તા. ૧૦-૧૨-૧૯૭૯

---

[જેટલું પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે.]

'સમયસાર' ૨૯૭. 'હવે પૂછે છે કે-આ આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો?'

**पण्णाए घित्तव्वो जो चेदा सो अहं तु णिच्छयदो।**
**अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९७।।**

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે ચેતનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૭.**

'પંચાસ્તિકાય' ની ૬૨ ગાથામાં વિકારના ષટ્કારક લીધા છે. દરેક દ્રવ્ય ને ગુણ તો ત્રિકાળ (છે) પણ જે સમયે જે પર્યાય દ્રવ્યની જે ક્ષણે થવાની તે ક્ષણે તે પર્યાય થશે. તે ૬૨ ગાથામાં વિકારી પર્યાયના ષટ્કારક લીધા. અહીંયાં નિર્વિકારી (પર્યાયના) ષટ્કારક લે છે. ૨૯૭. વાત તો જે સમયે જે પર્યાય થવાની એ 'પ્રવચનસાર' માં ૧૦૧ ગાથા, જે ક્ષણે છ દ્રવ્યનો જે પર્યાય ઉત્પન્ન થવાનો છે તે ક્ષણે ઉત્પન્ન થશે અને તે ઉત્પન્ન (થવામાં) પરની અપેક્ષા નથી. દ્રવ્યધ્રુવની ને વ્યયની પણ જેને (ઉત્પાદને) અપેક્ષા નથી. ઝીણી વાત બહુ, બાપુ! ઓહોહો..!

એક તો છ દ્રવ્ય, તેનો તે સમયનો જે સમયનો પર્યાય છે તે સમયે જ થાય અને

તે પણ ષટ્કારકના પરિણમનથી થાય. એને નિમિત્તની અપેક્ષા તો નથી પણ એને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. ઝીણું છે બહુ. આહા..! ૬૨ ગાથામાં વિકારી પરિણમનના ષટ્કારક ચાલ્યા છે, કે વિકાર પોતાથી કર્તા પોતે, તે જ સમયે. બીજો આડોઅવળો સમય નહિ. તે જ સમયે વિકાર કર્તા, વિકાર કાર્ય, વિકાર કરણ–સાધન, વિકાર પોતા માટે, વિકાર પર્યાયથી વિકાર અને પર્યાયને આધારે વિકાર અને પર્યાયરૂપી કાર્ય, કર્મ પણ તે સમયે. એક સમયમાં (ષટ્કારક છે).

એ મોટી ચર્ચા ૩૩ વર્ષ પહેલા ચાલી હતી ને? 'વર્ણીજી' સાથે. વિકારી પર્યાય થઈ એ ષટ્કારક પોતાથી થાય છે, પરથી થાય છે એમ નથી. કર્મથી પણ નહિ. મોટો વાંધો આવ્યો હતો, મોટો. અરે..! કર્મથી નહિ? તો તો સ્વભાવ થઈ જાય. પર્યાયનો સ્વભાવ જ છે. મોટી ચર્ચા ચાલી હતી. વિકારના ભાવ હતા. આમાં હવે આવે છે નિર્વિકારના. આમાં ૨૯૭ માં નિર્વિકારી દ્રવ્યની સમ્યગ્દર્શન આદિની પર્યાય નિર્મળ થાય એ ષટ્કારકથી સ્વતંત્ર થાય છે. આહા..! આવી ઝીણી વાતું.

૬૨ (ગાથામાં) વિકારની વાત છે અને અહીંયાં નિર્વિકારની વાત છે. બાકી છે તો દરેક દ્રવ્યની જે સમયે જન્મક્ષણ છે, ઉત્પત્તિનો એનો કાળ છે તે સમયે ષટ્કારકથી પરિણમતી તે પર્યાય ઊભી થાય છે, જેને નિમિત્તની અપેક્ષા તો નથી. એનો મોટો વાંધો છે ને અત્યારે? નિમિત્તથી થાય, નહિતર એકાંત થઈ જાય છે. 'વિદ્યાનંદજી' એ હમણાં એમ કહ્યું. અધ્યાત્મ એકાંત એમ કહે છે, કે નિમિત્તથી થાય નહિ. નિમિત્તથી નૈમિત્તિક થાય છે. ભગવાનની વાણી છે તો જ્ઞાન થાય છે. વાણી ન હોય તો જ્ઞાન થાય? અહીં કહે છે, કે જે સમયે તેને જ્ઞાન થવાનું તે ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર પોતે થવાનું. હવે આવી વાત છે. આહાહા..! હવે એને વાણિયાને આટલે બધે પહોંચવું. વેપાર-ધંધા આડે નવરાશ ન મળે. 'ચંદુભાઈ'! અહીં સુધી પહોંચવું. આહાહા..!

ભગવાને કહેલા છ દ્રવ્ય છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે છ દ્રવ્ય જોયા છે. જાતિ છ (છે), સંખ્યા અનંત (છે). એ દરેક દ્રવ્યનો તે તે સમયનો પર્યાય સત્ છે. તે તે સમયનો તે પર્યાય સત્ છે અને સત્ છે એને હેતુ ન હોઈ શકે. એ વાત અહીંયાં ૨૯૭ માં સિદ્ધ કરે છે. અહીં નિર્વિકારીને સિદ્ધ કરે છે. આહાહા..! ૬૨ માં વિકારીને સિદ્ધ કર્યું. 'પ્રવચનસાર' માં કોઈ પણ છ દ્રવ્યની ઉત્પત્તિ ને વ્યય, ઉત્પત્તિની દશા, વિકાર કે અવિકાર તેની જન્મક્ષણે જ પોતે ઉત્પન્ન થાય. એવો વસ્તુનો સ્વભાવ 'પ્રવચનસાર' કહે છે. એટલે વીતરાગની વાણી એમ કહે છે. આહાહા..! ક્યાં પહોંચવું એને? આવી ઝીણી વાત છે, ભાઈ! એ અહીં કહે છે.

**ટીકા :– 'નિયત સ્વલક્ષણને અવલંબનારી...'** જડ અને ચૈતન્યના નિશ્ચય સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા. જોયું? પ્રજ્ઞા કેવી છે? કે જે જડ અને ચૈતન્યના જે લક્ષણ છે એને એ બરાબર જાણે છે. પ્રજ્ઞા તેના લક્ષણને જાણે છે. જડના લક્ષણને અને આત્માના લક્ષણને,

રાગના લક્ષણને, ચૈતન્યના લક્ષણને (જાણે છે). અહીં તો એ બેય લેવું છે. રાગ એ બંધનું લક્ષણ છે, જ્ઞાન ચૈતન્યનું લક્ષણ છે. એને નિયત–નિશ્ચય લક્ષણ છે એ. બેયના નિશ્ચય લક્ષણ છે. **'નિયત સ્વલક્ષણને...'** પોતાના લક્ષણને **'અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો છે જે ચેતક (–ચેતનારો)...'** જુદો કરવામાં આવ્યો જે ચેતનારો. આહાહા..!

બહુ ઝીણું. સમજવું તો પડશે ને? ઝીણું પડે કે.. ભવ ચાલ્યા જાય છે અને પાછા અનંત ભવમાં ક્યાં જશે? આ ન સમજ્યો અને જો આ સમ્યક્ દોરો ન પરોવ્યો તો દોરા વિનાની સોય ખોવાઈ જશે. દોરા વિનાની સોય ક્યાં જશે? ખોવાઈ જશે. પણ દોરો પરોવ્યો હશે તો કદાચિત્ ચકલી એના માળામાં લઈ ગઈ હશે તો 'આ લાલ દોરો રહ્યો, સોય ન્યાં લાગે છે' (એમ) દોરા સહિત સોય હશે તો ખોવાઈ નહિ જાય. એમ સમ્યગ્જ્ઞાન વિનાનો આત્મા ચોરાશીમાં ખોવાઈ જશે. સમજાય છે કાંઈ? સમ્યગ્જ્ઞાન વિના ચોરાશીના અવતારમાં ખોવાઈ જશે. ગમે એ ક્રિયાકાંડ કરે. દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા એ બધા ભાવ રાગ છે, એ તો સંસાર છે, એ કંઈ ધર્મ નથી. આહાહા..!

અહીં તો કહે છે, ગમે ઇ બહારની ક્રિયા કરે પણ અંતરમાં આત્માને રાગથી ભિન્ન પાડીને જ્ઞાનની દશા નહિ પ્રગટે ત્યાં સુધી એનું પરિભ્રમણ મટશે નહિ. એ પણ નિયત લક્ષણે **'પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક (–ચેતનારો) તે આ હું છું;...'** રાગથી જુદો કર્યો. રાગનું લક્ષણ બંધ છે. ભગવાનઆત્માનું લક્ષણ જ્ઞાન છે. એવા બે લક્ષણથી બેને જુદા પાડ્યા. પાડીને 'આ હું છું' એમાં ચેતનારો તે હું છું. જાણનારો તે હું છું. રાગ ને પુણ્ય-પાપના ભાવ એ હું નહિ. એ તો બંધનું સ્વરૂપ છે. આહાહા..! અહીં જાવું એને. છે?

**'(–ચેતનારો) તે આ હું છું;...'** તે આ હું છું. ચેતનારો–જાણનારો.. જાણનારો.. જાણનારો (હું છું). રાગ તે બંધનું કારણ ને બંધનું લક્ષણ છે. એ ચેતનારો નથી, એ તો આંધળા છે. એનાથી હું જુદો ચેતનારો આ હું છું. **'અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય...'** રાગ ને પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ તેના બંધના લક્ષણથી લક્ષ્ય છે. બંધના લક્ષણથી જાણવાલાયક છે. લક્ષ એટલે જાણવાલાયક. બંધના લક્ષણથી જાણવાલાયક છે. આહાહા..! ભગવાનઆત્માને જ્ઞાન લક્ષણથી જાણવાલાયક છે અને રાગાદિ છે એને બંધના લક્ષણથી જાણવાલાયક છે. આહાહા..! આવી વાત હવે આકરી પડે પછી 'સોનગઢ' ને નામે કહે ને કે, 'સોનગઢ' નિશ્ચય કહે છે, એકાંત કહે છે, એકાંત કહે છે. એની વાત સાચી છે. અહીં તો એકાંત સત્ય જ કહે છે. આરોપની વ્યવહારની વાતો બધી જાણવાલાયક છે, એ કોઈ આદરવા લાયક નથી. વ્યવહારની વાત હોય છે, વ્યવહાર હોય છે, નિમિત્ત પણ હોય છે પણ એ બધું જાણવાલાયક છે, આદરવા લાયક નથી. આહાહા..! આદરવા લાયક તો હું બંધના લક્ષણથી જુદો ચેતનારો તે હું છું. આહાહા..!

**'અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય (અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજા લક્ષણોથી**

**ઓળખાવાયોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો...**' આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, અપવાસ, પૂજા, નામસ્મરણ એ બધા બંધના કારણ રાગ છે. એ રાગ બંધનું લક્ષણ છે. આહાહા..! છે? અન્ય સ્વભાવલક્ષણોથી લક્ષ્ય છે. એ આત્માના લક્ષણથી લક્ષ્ય નથી. આત્માના લક્ષણથી (નહીં) અન્ય લક્ષણોથી લક્ષ્ય છે. આત્મા ચૈતન્ય લક્ષણે લક્ષ્ય છે ત્યારે આ એનાથી અન્ય લક્ષણે લક્ષ્ય છે. અન્ય લક્ષણ એટલે રાગ અને અચેતન લક્ષણે એ લક્ષ્ય છે. આહાહા..! આવું છે.

અન્ય સ્વ એનું લક્ષણ છે. અન્યનું પણ સ્વલક્ષણ છે. દયા, દાન, વ્રત, કામ, ક્રોધ ભાવ એ બંધનું લક્ષણ છે, એ બંધભાવનું લક્ષણ છે. ભગવાનઆત્માનું જ્ઞાનલક્ષણ છે. એ અન્ય લક્ષણોથી લક્ષ્ય '**(અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજા લક્ષણોથી ઓળખાવાયોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો...**' છે, જોયું? આહાહા..! વ્યવહારરૂપ ભાવો. જેટલી વૃત્તિઓ, વિકલ્પો ઊઠે, ચાહે તો ભગવાનની ભક્તિ હો, પાંચ નવકાર (ગણતો હોય) કે ભગવાનની પૂજા હોય, એ બધો રાગ છે. એ રાગ એના લક્ષણથી જાણવાયોગ્ય છે–સ્વલક્ષણોથી જાણવાલાયક છે. એને આત્માના ચૈતન્ય લક્ષણથી જાણવાલાયક નથી. આહાહા..! એવા '**વ્યવહારરૂપ ભાવો છે,...**' એ પણ છે. વ્યવહાર નથી એમ નહિ, પણ એ વ્યવહાર છે એ જાણવાલાયક છે, વ્યવહાર છે એ આદરવા લાયક નથી અને વ્યવહાર કરતા નિશ્ચય થાય એવું ત્રણકાળમાં નથી. કારણ કે વ્યવહારનું નિજ લક્ષણ સ્વભાવથી ભિન્ન અન્ય લક્ષણ એનું છે. સ્વલક્ષણ એનું ભિન્ન છે, આનું સ્વલક્ષણ ભિન્ન છે. એમ પ્રજ્ઞા વડે કરીને જુદું જાણીને. આહાહા..! આમાં ક્યારે નવરાશ મળે? 'ચંદુભાઈ'! ધંધા-પાણી આખો દિ' કરવા. ચોખા, દાણા, આ ફલાણા, ઢીકણા.. અમારે ન્યાં 'પાલેજ' માં છે ને? 'મનસુખ' ને મોટી દુકાન (છે). કેટલા અનાજ ભર્યા હોય. મોટી આમ વખાર ભરી હોય. મોટા ધંધા આખો દિ'. આહાહા..! અરે..! આમાં આ નવરાશ ક્યાં મળે?

હું કોણ? મારા લક્ષણે કરીને લક્ષિત હું કોણ? અને મારા લક્ષણથી અન્ય ભાવ, એના ભાવના સ્વલક્ષણો. એના ભાવના સ્વલક્ષણોથી લક્ષિત. એના ભાવના સ્વલક્ષણોથી જણાવાયોગ્ય અને આત્માના સ્વલક્ષણથી જણાવાયોગ્ય આત્મા. આહાહા..! બધા વ્યવહાર ભાવો છે. છે, હોં! પાછા નથી એમ નહિ. નિશ્ચય જ એકલો છે અને વ્યવહાર નથી એમ નહિ. વ્યવહાર હોય છે. વ્યવહાર આવે છે, પણ છે એ બંધનું કારણ. આહાહા..! નિશ્ચય પણ છે અને ચેતનારો.. ચેતનારો.. ચેતના લક્ષણ વડે લક્ષિત પણ છે અને રાગ બંધના લક્ષણવાળો બંધભાવ પણ છે. બેય છે, પણ વ્યવહારથી નિશ્ચય થાય છે એમ નથી. વ્યવહાર તે ધર્મ નથી. આહાહા..! જેટલો વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા, પૂજા એ ધર્મ નથી. એ રાગ બંધ લક્ષણવાળું સ્વરૂપ છે. છે ખરું. લખ્યું છે ને? આહાહા..! કેટલું સ્પષ્ટ છે!

'**તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી,...**' શું કહે છે? ભગવાન

ચેતક છે, જાણનાર છે. એ તો જાણનાર-દેખનાર પ્રભુ આત્મા છે. એ જાણનાર-દેખનાર આત્માના વ્યાપકના વ્યાપ્ય. ફરીને, હિન્દી ફરીને.

**'નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો...'** શું કહે છે? સમજ્યા? કે આત્મા અને રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો રાગ અને આત્મા જ્ઞાયક, બે ભિન્ન ચીજ છે. નવ તત્ત્વમાં રાગાદિ ભિન્ન ચીજ છે અને આત્મા રાગથી ભિન્ન ચીજ છે. તો કહે છે, કે નિશ્ચય સ્વલક્ષણનું અવલંબન કરનારી. જીવનું અને રાગનું સ્વલક્ષણને ભિન્ન કરનારી પ્રજ્ઞા, જ્ઞાન, જ્ઞાન દશા. એ દ્વારા (જુદો) કરવામાં **'આવેલો જે ચેતક (–ચેતનારો),...'** ચેતનસ્વરૂપ આત્મા છે **'તે આ હું છું'** ધર્મી જીવ એને કહીએ કે જે રાગાદિ ભાવ છે તેનાથી ભિન્ન હું ચેતનારો છું. હું રાગ નહિ. વ્યવહાર રાગ આવે છે પણ એ મારી ચીજ નહિ. આહાહા..! ભારે! મને એનાથી લાભ થતો નથી. વ્યવહાર આવે છે, વ્યવહાર છે, પણ એનાથી મને ધર્મ થાય છે એવો ભાવ છે નહિ. ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ... અત્યારે તો લોકોને સ્થૂળ કરી નાખ્યું એટલે આ એવું લાગે કે આ શું કહે છે? મગજમાં બેસે નહિ. બહારની ક્રિયાકાંડમાં મરી ગયા એકલા. આત્મા–ચૈતન્ય અને રાગ–જડ ભિન્ન (છે) એની તો કંઈ ખબરું ન મળે.

એ કહે છે, **'તે આ હું છું'** ચેતનારો આત્મા હું છું. **'અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય...'** પોતાના ચૈતન્ય લક્ષણથી અન્ય લક્ષણવાળા રાગ જે દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, જાત્રા તેનો જે રાગ ભાવ છે એ તો અન્ય સ્વલક્ષણ–અનેરા તેના લક્ષણ વડે જણાવાયોગ્ય છે. એના લક્ષણથી જણાવાયોગ્ય છે. આહાહા..! **'જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે.'** એ વ્યવહારરૂપ બધા ભાવો છે, આત્મા જ્ઞાયક સિવાય. ચેતનારો હું છું, ચેતવાવાળો હું છે, હું જાણનારો છું, હું દેખનારો છું. એ સિવાય જેટલા રાગાદિ વિકલ્પ ઊઠે છે, પુણ્ય, શુભ-અશુભભાવ બધા મારા લક્ષણ નથી. એ બાકીના વ્યવહાર ભાવ છે.

**'તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી,...'** શું કહે છે? જુઓ! આહાહા..! ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ (છે). એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ ચેતનસ્વરૂપમાં વ્યાપક થઈને વ્યાપ્ય થતા નથી. આત્મા અવસ્થાયી અને રાગાદિ વ્યાપ્ય નામ અવસ્થા, એમ થતું નથી. આહાહા..! આવું આ છે, પ્રભુ! આકરી વાત છે. છે? **'ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી,...'** ભગવાન ચેતનારો, જાણનાર-દેખનાર એ આત્મા, એ વ્યાપક. એ પ્રસરવાવાળો, વિસ્તરવાવાળો. પણ રાગ અને દ્વેષ, દયા ને દાન, વ્રત ને ભક્તિના ભાવ તે ચેતક–આત્માના વ્યાપ્ય નથી, આત્માનું કાર્ય નથી, આત્માના ભાવ નથી. આહાહા..! આવી વાત છે. લોકોને બિચારાને સાંભળવા મળ્યું નથી. નિશ્ચય શું? સત્ય શું? વ્યવહારની ક્રિયાકાંડમાં મશગુલ અને એમાં ને એમાં જિંદગી કાઢીને મિથ્યાત્વનું પોષણ કરે છે. એ કહે છે.

**'વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી,...'** આત્મા ત્રિકાળી વ્યાપક, રાગાદિ તેની વ્યાપ્ય અવસ્થા થતી નથી. વ્યવહાર રત્નત્રયનો જેટલો રાગ છે, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, દયા, દાનના ભાવ, પૂજાના ભાવ એ ભાવ વ્યાપક આત્માના (વ્યાપ્ય નથી). વ્યાપક કર્તા અને વ્યાપ્ય કાર્ય, એમ છે નહિ. ભાષા સમજાય છે? આહાહા..! **'ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી...'** એ એની દશા નહિ. આહાહા..! શરીર, વાણી, મન તો જડ છે, એની ક્રિયા તો પોતાની છે નહિ, પણ અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ પોતાનું વ્યાપ્ય–પોતાની પર્યાય નથી, પોતાનું કાર્ય નહિ, પોતાનું કર્તવ્ય નહિ. આત્મા કર્તા અને એ વ્યવહાર વિકાર પર્યાય કર્મ–કાર્ય, એમ છે નહિ. આહાહા..! છે કે નહિ અંદર? આવી વાત છે, ભાઈ! સત્ય માર્ગ તો આ રહ્યો. લોકોએ પછી આ કરો, આ કરો, આ કરો... કરી કરીને નિશ્ચય થશે. વ્યવહાર કરો કરો પછી નિશ્ચય થશે એવી પ્રરૂપણા મિથ્યા પ્રરૂપણા છે. મિથ્યાદૃષ્ટિની મિથ્યા પ્રરૂપણા છે તો મિથ્યાત્વનું પોષક છે. ધર્મની વાત ત્યાં નથી.

અહીંયાં કહે છે, ચેતક જે વ્યાપક આત્મા, એનું વ્યાપ્ય નામ કાર્ય–અવસ્થા. રાગ વ્યવહાર રત્નત્રયનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, શાસ્ત્રજ્ઞાનનો રાગ એ આત્માનું વ્યાપ્ય–આત્માની અવસ્થા નથી. આત્મા ચેતક છે એની અવસ્થા ચેતના છે, આ રાગ એની અવસ્થા થતી નથી. આહાહા..! કોઈ દિ' સાંભળ્યું ન હોય. 'ચંદુભાઈ'! આવી વાત છે. વચ્ચે ભાવ આવે, શુભ આવે, હોય છે, ભક્તિ, મંદિર (બંધાવવા) પણ એ બંધના કારણ છે, એ ધર્મ નહિ. પૂર્ણ વીતરાગ ન હોય તો વ્યવહાર આવે છે પણ વ્યવહાર સાધન નથી. આહાહા..! વ્યવહાર એ બંધનું કારણ છે. એ આત્મા વ્યાપકનું વ્યાપ્ય નહિ. આત્મા કર્તાનું રાગ પુણ્ય-પાપ, દયા, દાન કાર્ય નહિ. આત્મા વ્યાપક દ્રવ્ય, તેની વિકારી અવસ્થા વ્યાપ્ય–કાર્ય નહિ. આહાહા..! છે કે નહિ અંદર? જુઓ!

**'વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી, મારાથી અત્યંત ભિન્ન છે.'** મારાથી અત્યંત ભિન્ન છે. આહાહા..! એ શુભ-અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, જાત્રાનો ભાવ એ રાગ છે. એ ધર્મી એમ સમજે છે કે મારાથી અત્યંત ભિન્ન છે. એ મારી ચીજ નહિ, મારામાં એ નથી, હું એનો સ્વામી નહિ, મારું એ વ્યાપ્ય નામ કાર્ય નહિ. થાય છે. આહાહા..! આવું કામ આકરું બહુ. **'અત્યંત ભિન્ન છે.'** આહા..!

**'માટે હું જ, મારા વડે જ,...'** લ્યો, ઠીક! **'હું જ...'** એ કર્તા. હું કર્તા છું. કોનો? **'હું જ, મારા વડે જ,...'** ચેતન દ્વારા, જ્ઞાન દ્વારા. **'મારા માટે જ,...'** મારા માટે. મારામાં રાખવા માટે. જ્ઞાન દ્વારા જ્ઞાનની પર્યાય કરીને મારામાં રાખવા માટે. આહાહા..! ધર્મી–સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે જે પોતાનો ચૈતન્ય સ્વભાવ તે પોતા માટે, પોતા દ્વારા જ, પોતામાં જ. પોતામાં—જ્ઞાનમાં. જ્ઞાન દ્વારા જ, જ્ઞાન માટે, પોતામાં રાખવા માટે, પોતાથી. પોતાથી થી-થકી. એ પર્યાય પોતાથી થઈ છે. કોઈ રાગની મંદતા થઈ કે વ્યવહાર થયો માટે નિશ્ચય

થયો એમ નથી. આહાહા..! છે કે નહિ અંદર? આવી ઝીણી વાતું છે. પાછા પંદર-પંદર લાખના મંદિર બનાવવા. 'આફ્રિકા'માં પંદર લાખનું મંદિર (થાય છે). પંદર લાખનો બીજો ખર્ચ, ત્રીસ લાખનો ખર્ચ. એથી વધારે ખર્ચ છે. પંદર લાખ તો બીજા ખર્ચ છે. એ સિવાય બીજો ખર્ચ છે. કહે છે, એ ક્રિયા તો પરની જડની છે. એમાં તારો ભક્તિનો ભાવ હો તો શુભ છે, ધર્મ નહિ. આહાહા..! આવી વાત છે. છે?

**'મારામાંથી જ,...'** મારામાંથી જ. થી-થકી. **'મારામાં જ,...'** એ આધાર. એ જ્ઞાન, આનંદ મારામાં જ, મારા આધારે ઉત્પન્ન થાય છે. એનો કોઈ રાગ અને વ્યવહાર રત્નત્રય આધાર છે (એમ નથી). વ્યવહાર આધાર છે તો પોતામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ઉત્પન્ન થાય છે એમ છે નહિ. આહાહા..! **'મારામાં જ,...'** છે? **'મને જ...'** કર્મ.. કર્મ. **'મને જ...'** મારું કાર્ય એ છે. મારું કાર્ય જ્ઞાન કરવું, જાણવું-દેખવું એ મારું કર્મ...કર્મ–કાર્ય છે. સમજાય છે કાંઈ? પહેલા કર્તા લીધું હતું. કર્તાથી કર્મ છેલ્લે લીધું.

હું ચૈતન્ય કર્તા છું, મારા ચૈતન્ય દ્વારા, ચૈતન્ય વડે, ચૈતન્યથી, ચૈતન્યના આધારે, ચૈતન્યને માટે હું ચેતું છું. હું તો, મારું તો જાણવું-દેખવું તે કાર્ય છે. આહાહા..! આવી વાત છે. છે કે નહિ અંદર? 'સમયસાર' કોઈ વાર વાંચ્યું છે કે નહિ? 'ચંદુભાઈ'! આ વાંચ્યું છે કે નહિ? ધંધા આડે ક્યાં નવરાશ પણ મળે?

મુમુક્ષુ :– આપ જે કહો છે એ બરાબર છે.

ઉત્તર :– એ તો પહેલેથી કહે છે. પ્રેમ તો છે ને! પણ માર્ગ એવો છે, બાપા! આખી દુનિયાથી જુદી જાત છે. સંપ્રદાયમાં તો એ વાત સાંભળવા મળતી નથી. આહાહા..! ન્યાં તો આ કરો, આ કરો, આ કરો. ભક્તિ કરો, જાત્રા કરો, પૂજા કરો, જાઓ તમને ધર્મ થઈ જશે.

અહીં તો કહે છે, કે ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત, તપ એ ભાવ કાર્ય મારું નહિ. એ મારું વ્યાપ્ય–અવસ્થા નહિ, એ મારું કર્મ નહિ. આહાહા..! મારું કર્મ તો આ છેલ્લે આવ્યું ને? આહા..! **'મને જ ગ્રહણ કરું છું,...'** આહાહા..! આ મારું કાર્ય છું. હું તો જ્ઞાનનો અનુભવ કરું છું. જ્ઞાનનો અનુભવ કરું છું, જ્ઞાનને જાણું છું, એ મારું કાર્ય છે. 'ઝવેરચંદભાઈ'! સાંભળ્યું છે કોઈ દિ'? આહાહા..! આવો માર્ગ (છે). બહુ ફેરફાર (થઈ ગયો). બાપુ! વીતરાગ માર્ગ જન્મ-મરણ રહિત, ભવભ્રમણ રહિત થવાનો માર્ગ કોઈ બીજો છે. આહાહા..! દુનિયા તો જેનાથી ભવભ્રમણ થાય એ ભાવને ધર્મ કહે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા, ભક્તિ ભાવ એ તો રાગ છે, સંસાર છે, પરિભ્રમણનું કારણ છે. તેને લોકો ધર્મ કહે છે.

પરમાત્મા જિનેશ્વરદેવ એમ કહે છે, કે એ કોઈ મારા ભાવ જ નથી, મારું કાર્ય નહિ, હું કર્તા નહિ, મારું કાર્ય નહિ. આહાહા..! નિર્મળ પર્યાયનો હું કર્તા છું, નિર્મળ પર્યાય મારું કાર્ય છે, વીતરાગી પર્યાય મારા આધારે ઉત્પન્ન થાય છે, વીતરાગ પર્યાયથી વીતરાગતા ઉત્પન્ન થાય છે, વીતરાગતાના આધારે વીતરાગતા ઉત્પન્ન થાય છે. રાગ વીતરાગતાના

આધારે ઉત્પન્ન થતો નથી. આ પર્યાયની સ્વતંત્રતા, હોં! આ પર્યાયની વાત ચાલે છે. આહાહા..! દ્રવ્ય તો ત્રિકાળી છે. એ દ્રવ્યમાં તો કંઈ હલનચલન છે નહિ. એની પર્યાય જે છે, પર્યાય– અવસ્થા જે છે એ મારી અવસ્થા છે. એમ ધર્મી માને છે. અજ્ઞાનીને એની કાંઈ ખબર નથી. એ તો અધર્મી અધર્મ છે. અધર્મમાં અનાદિથી પડ્યો છે, અધર્મ કરે છે. ધર્મ-બર્મ નહિ. આહાહા..!

**'આત્માની, ચેતના જ એક ક્રિયા...'** છે. શું કહે છે? હવે ક્રિયા લીધી. આત્માની ક્રિયા શું? આ શરીર-બરીર, ચાલવું એ ક્રિયા? એ તો જડની ક્રિયા છે. બોલવું એ ક્રિયા તો જડની ક્રિયા છે. ભગવાનની ભક્તિનો રાગ આવ્યો, જાત્રાનો રાગ આવ્યો એ આત્માની ક્રિયા? ના. એ તો રાગની ક્રિયા છે. આત્માની એ ક્રિયા નહિ. આહાહા..! **'આત્માની, ચેતના જ...'** 'જ' શબ્દ વાપર્યો છે. એકાંત શબ્દ વાપર્યો છે. **'આત્માની ચેતના જ એક ક્રિયા...'** છે. જાણવું-દેખવું, જાણવું-દેખવું, જાણવું-દેખવું એ આત્માની એક ક્રિયા છે. રાગાદિ એની ક્રિયા નહિ. શરીર, વાણીની ક્રિયા તો એની છે જ નહિ. ઓહોહો..! કેટલું સમાડ્યું છે! થોડા શબ્દોમાં દિગંબર સંતોએ, દિગંબર સંતોએ ઘણી ગૂઢ ભાષા અને ઘણી ગંભીર ભાષામાં સમજાવ્યું છે. લોકોને દરકાર ન મળે. પોતાના સંસારમાં પરિભ્રમણમાં અનાદિથી પડ્યો છે. એનું એ પરિભ્રમણ કરે. અવતાર કર્યા કરે, નરક ને નિગોદ. નરક ને નિગોદના ભવ અનંત કર્યા અને અનંત કરશે. જ્યાં સુધી આ રાગને આત્માથી ભિન્ન (નહિ કરે કે) આ રાગ મારું કાર્ય નહિ, રાગ મારું કર્તવ્ય નહિ, રાગ મારા આધારે નહિ, રાગ મારાથી નથી (ત્યાં સુધી પરિભ્રમણ નહિ મટે). આહાહા..! મિથ્યાત્વને લઈને ઊંધી માન્યતા, એ રાગથી ધર્મ થાય એ મિથ્યાત્વની શ્રદ્ધા, ઊંધી માન્યતા એ ગર્ભમાં ગળાવાની માન્યતા છે. ઊંધા સંસારમાં રખડવાની.. આહાહા..! આવી વાતું છે. ચાર ગતિમાં રખડવાની એ ક્રિયા છે. અહીંયાં આપણે થઈ ગયું છે, ઘોર સંસારનું મૂળ છે. શુભભાવ આવે એ પણ ઘોર સંસારનું મૂળ છે. હોય, આવે, અશુભથી બચવા આવે પણ છે સંસાર, ઘોર સંસાર. એ દયા, દાન, વ્રત, ભક્તિના, પૂજાના ભાવ પણ ઘોર સંસાર છે. આહાહા..! આપણે આવી ગયું છે. 'નિયમસાર'. આહાહા..! આ વાત જીરવી જાય નહિ, કદી સાંભળી નથી. કદી કરી નથી. કરી તો ક્યાંથી હોય? સાંભળી નથી. જિંદગી બહારનું સાંભળવાની ક્રિયામાં ગઈ. સત્યની ક્રિયા શું છે એ સાંભળી નથી. આહાહા..!

**'આત્માની, ચેતના જ...'** આત્માની જાણવાની, જાણન-દેખન, જાણવા-દેખવાની પરિણતિ, જ્ઞાન જાણવા-દેખવાની દશા એ એક એની ક્રિયા (છે). રાગ જે દયા, દાન, વ્રત, જાત્રાનો, ભક્તિનો રાગ એ આત્માની ક્રિયા નહિ. એ આત્માની ક્રિયા નહિ, એ તો રાગની જડની ક્રિયા (છે). આહાહા..! પછી રાડ નાખે ને! 'સોનગઢ' આમ કહે છે, 'સોનગઢ' આમ કહે છે. 'સોનગઢ' કહે છે કે ભગવાન કહે છે? ભગવાનની વાણી પણ તેં સાંભળી નથી માટે

તને બીજું લાગે. આ તો ભગવાન જિનેશ્વરદેવ ત્રણલોકના નાથ તીર્થંકરદેવની વાણી છે. 'સીમંધરસ્વામી' ભગવાન બિરાજે છે. મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં આ 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯ માં ગયા હતા, ત્યાંથી આ લઈને આવ્યા છે અને આ બનાવ્યું છે. દુનિયાને જિરવવું કઠણ પડે, પણ માર્ગ આ છે. બીજો કોઈ માર્ગ માને તો એ બધું મિથ્યાત્વ છે. આહાહા..! બહારથી માને, બહારની ક્રિયાકાંડથી કોઈ ધર્મ માને તો મિથ્યાત્વ, અજ્ઞાન, સંસાર છે. એ ચાર ગતિમાં રખડવાની ક્રિયા છે. આ કોણ માને? આહાહા..!

**'આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી, હું ગ્રહણ કરું છું એટલે હું ચેતું જ છું...'** આહાહા..! હવે છ કારક લગાવે છે. **'હું ચેતું જ છું'** હું તો ચેતનારો કર્તા છું. આહાહા..! હું તો ચેતનારો કર્તા છું. હું ચેતના જ છું, હું તો ચેતનારો જ છું. હું દયા, દાન, વ્રત નહિ. આહાહા..! આવી વાત સાંભળીને તો રાડ નાખી જાય. બિચારા નવરાશ ન મળે ધંધા આડે, પાપ આડે. નવરો થાય કલાક તો ભગવાની ભક્તિ, પૂજા કરી આવે. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં.. થઈ ગયું, જાઓ! રખડો. એવું તો અનંતવાર કર્યું.

આ આત્મા અંદર છે. રાગથી ભિન્ન ચીજ છે એનું જ્ઞાન કર્યું નહિ અને એની ભિન્નતા કદી કરી નહિ. ભેદજ્ઞાન કર્યું નહિ. રાગની ક્રિયા અને આત્માની જ્ઞાનક્રિયા, બેનું ભેદજ્ઞાન કદી કર્યું નહિ. આહાહા..! અને ભેદજ્ઞાન વિના એની ચાર ગતિ મટી નહિ. ચોરાશીના અવતારમાં રખડીને પરિભ્રમણ કરે છે. આહાહા..!

**'હું ચેતું જ છું'** છે? **'ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું,...'** ચેતતો થકો ચેતું છું, એમ. **'ચેતતા વડે જ ચેતું છું, ચેતતા માટે જ ચેતું છું,...'** એ સંપ્રદાન છે. ચેતતો થકો ચેતું છું. થી-થકી છે. અને **'ચેતતામાંથી જ ચેતું છું.'** એ આધાર છે. **'ચેતતામાં જ ચેતું છું.'** એ કર્મ છે, કાર્ય છે. આત્માનું કાર્ય શું? **'ચેતતામાં જ ચેતું છું.'** એ કાર્ય છે. આહાહા..! છેલ્લો શબ્દ કર્મ છે, પહેલો શબ્દ કર્તા છે. હું કર્તા, મારું કર્મ ચેતના. જાણવું-દેખવું એ મારું કાર્ય છે. રાગ ને દયા, દાન ને વ્રત પરિણામ એ મારા કાર્ય નહિ. એ ધર્મી એને કાર્ય માને નહિ અને માને તો એ ધર્મી નહિ. આહાહા..! આવું આકરું પડે.

છ બોલ થયા. હું ચેતના જ છું એટલું સાધારણ. **'ચેતતો થકો જ ચેતું છું'** એ કર્તા. **'ચેતતા વડે જ ચેતું છું,...'** મારા દ્વારા જ ચેતું છું–કરણ. **'ચેતતા માટે જ ચેતું છું'**–પોતાને માટે. (એ) સંપ્રદાન. **'ચેતતામાંથી જ ચેતું છું,...'** **'ચેતતામાં જ ચેતું છું.'** પોતાને માટે ચેતું છું. અને **'ચેતતાને જ ચેતું છું.'** **'ચેતતામાંથી જ ચેતું છું.'** એ આધાર. **'ચેતતામાં જ ચેતું છું'** અને **'ચેતતાને જ ચેતું છું.'** એ કર્મ. આહાહા..! કર્મ એટલે આ જડ નહિ, હોં! આ જડ કર્મ એ નહિ. તેમ રાગ દયા, દાન થાય એ કર્મ અહીં નહિ. આહાહા..! અહીં તો જાણવું-દેખવું એ મારું કર્મ છે–કાર્ય છે. સમ્યગ્દષ્ટિ–ધર્મી એમ માને છે. એથી ઊલટું માને એ મિથ્યાદષ્ટિ જૈન નહિ. આહાહા..! જૈન નામ ધરાવે પણ જૈન છે નહિ. જૈન વીતરાગભાવથી

ઉત્પન્ન થાય છે. રાગભાવથી ઉત્પન્ન થાય એમ માને એ જૈન નહિ. આહાહા..! આવી વાત છે. એક વ્યાખ્યાન પણ કઠણ પડે. આહાહા..!

હું મારો કર્તા, મારા માટે, મારા વડે, મારાથી, મારે આધારે, મને, હું જાણું છું. આહાહા..! આ પર્યાયના ષટ્કારક છે, હોં! દ્રવ્યના નહિ. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. જેમ ૬૨ ગાથામાં વિકારના છ કારક લીધા હતા એમ અહીં અવિકારના લીધા છે. 'મોક્ષ અધિકાર' છે ને? આહાહા..! સમજણ કઠણ પડે, ભાઈ! શું થાય? માર્ગ બીજો નથી. અત્યારે તો બધું બીજું ચાલ્યું છે. આખી ગડબડ ઊંધી. રાગને, વિકારને ધર્મ માનીને (ચાલ્યું છે), જે જૈનધર્મ છે જ નહિ એને ધર્મ માનીને, અમે ધર્મી છીએ એમ માનીને પડ્યા છે. રખડતા રામ છે. ચાર ગતિમાં રખડનારા, પરિભ્રમણ કરનારા છે. આહાહા..!

અહીં પ્રભુ કહે છે, 'કુંદકુંદાચાર્યે' કહ્યું, એની ટીકા 'અમૃતચંદ્રાચાર્યે' કરી, કે ભગવાન આમ કહે છે. પરમાત્મા ત્રિલોકનાથની આ વાણી છે. મહાવિદેહમાં પ્રભુ એમ કહેતા હતા એ અહીંયાં હું કહું છું. આહાહા..! એ છ કારક વ્યવહારથી લીધા. હજી એ પણ વ્યવહાર. આહાહા..! ગજબ છે ને! પર્યાયમાં ષટ્કારક નિર્મળપણે થવું એ પણ ભેદ પડ્યો એટલો એ વ્યવહાર થયો. આહાહા..! પરનો વ્યવહાર, દેહ, વાણીનો તો ક્યાંય રહી ગયો. દયા, દાન, વ્રતના પરિણામ, વ્યવહારનો રાગ તો ક્યાંય રહી ગયો. અહીંયાં નિર્મળ પર્યાય ષટ્કારકના પરિણમનનો વ્યવહાર એ પણ નહિ. હું તો અભેદ છું. આહાહા..! છે?

**'નથી ચેતતો,...'** ભેદ-બેદ નથી. હું ચેતતો નથી. **'નથી ચેતતો થકો ચેતતો,...'** કેવળ ચેતતો થકો ચેતું છું એમ નહિ. ભાગેય નહીં. **'નથી ચેતતા વડે ચેતતો, નથી ચેતતા માટે ચેતતો, નથી ચેતતામાંથી ચેતતો, નથી ચેતતામાં ચેતતો, નથી ચેતતાને ચેતતો...'** છેલ્લું કર્મ (લીધું). એ ષટ્કારકના ભેદ નથી. આહા..! પર્યાયમાં ષટ્કારક ભેદ પડે છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. એક સમયની નિર્મળ પર્યાયમાં ધર્મીને ષટ્કારક પડે છે પણ એ હું નથી, હું તો અભેદ છું. આહાહા..!

હવે આ સાંભળી જાય, આગ્રહવાળાને સંપ્રદાયવાળાને આગ્રહ હોય. બિચારાને ખબર પણ ન મળે ધર્મ કોને કહેવો? એ તો વાડામાં પડ્યા ને આ અમે ભક્તિ, પૂજા કરી.. થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી. વીતરાગ ધર્મ તો વીતરાગભાવથી ઉત્પન્ન થાય. રાગભાવથી ઉત્પન્ન થાય એ વીતરાગભાવ હોય? એ જિનધર્મ હોય? જૈનધર્મ તો વીતરાગભાવથી ઉત્પન્ન થાય. તો વીતરાગભાવની પર્યાયની ષટ્કારકની આ વાત કરી. વીતરાગભાવના ષટ્કારક ઉત્પન્ન કીધા. છતાં એ ષટ્કારક એ ભાવ વ્યવહાર, ભેદ છે. હું તો અભેદ છું. આહાહા..! છે? **'પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર (–ચૈતન્યમાત્ર) ભાવ છું.'** સર્વવિશુદ્ધ ચિન્માત્ર ભાવ છું, ભેદ પણ નહિ. હું તો શુદ્ધ સર્વવિશુદ્ધ માત્ર છું. એમ સમકિતી આ રીતે ભાવના ભાવે છે. વિશેષ કહેશે..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૩૬૬ ગાથા–૨૯૭, શ્લોક ૧૮૨, બુધવાર, માગશર વદ ૯, તા. ૧૨-૧૨-૧૯૭૯**

**ભાવાર્થ :– 'પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો...'** છે? આ આત્મા જેને આત્માનું હિત કરવું હોય એણે શું કરવું અને કઈ વિધિએ કરવું એ વાત ચાલે છે. આત્મા **'પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં...'** આવ્યો. પહેલું તો ઇ (કરવાનું છે). રાગના વિકલ્પથી પ્રજ્ઞા ભિન્ન એટલે અનુભવથી–જ્ઞાનના અનુભવથી તેને પહેલો જુદો કરવો. આહાહા..! એની પહેલી શું ક્રિયા હશે? પહેલી ક્રિયા આ કે, પ્રજ્ઞા–જ્ઞાન વડે, અનુભવ વડે રાગથી આત્માને ભિન્ન–જુદો કરવો. આહાહા..! આવી વાત.

**'ભિન્ન કરવામાં આવેલો જે ચેતક...'** એમ ભિન્ન કરવામાં આવેલો એવો જે ચેતક, ચેતનારો, જાણનાર-દેખનારો **'તે આ હું છું...'** તે આ હું છું. **'તે આ હું છું'** પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો જે પોતાના અનુભવ દ્વારા, જ્ઞાન અનુભવ દ્વારા, જ્ઞાનનો અનુભવ એ રાગથી ભિન્ન છે. અનુભવ દ્વારા ભિન્ન કરવામાં આવ્યો એ હું ચેતક, ચેતનારો હું તો જાણનાર-દેખનારો તે હું છું. **'અને બાકીના ભાવો મારાથી પર છે;...'** એ દયા, દાનના, વ્રતના વિકલ્પ આદિ છે એ પણ મારાથી ભિન્ન છે. આહાહા..! આવી ક્રિયા. **'માટે...'** માટે એટલે? ભિન્ન કરવામાં આવેલો એવો ચેતક હું છું અને બાકીના ભાવો મારાથી પર છે માટે–આ કારણે. સમજાય છે કાંઈ? આહા..! જ્ઞાનમાં અનુભવ દ્વારા આત્માને ભિન્ન કરવામાં આવેલો તે જ હું છું. તેનાથી બીજા પરભાવો બધા પર છે. આમ કરવાથી.

**'માટે (અભિન્ન છ કારકોથી) હું જ,...'** એ ભિન્ન કરવામાં કર્તા હું જ. આહાહા..! એ મારી પર્યાય જ કર્તા છે, રાગ ને વ્યવહાર રત્નત્રય કોઈ કર્તા નથી. મારી નિર્મળ સમ્યગ્દર્શનની અનુભવની પર્યાયમાં રાગાદિની કોઈની અપેક્ષા નથી. હું જ કર્તા સ્વતંત્ર છું. આહાહા..! છે? હું જ સ્વતંત્ર કર્તા છું એટલે? કે રાગથી ભિન્ન કરીને ચેતક તે હું કર્તા સ્વતંત્રપણે એ કામ મેં સ્વતંત્ર કર્તા થઈને કર્યું છે, કોઈની અપેક્ષા એમાં છે નહિ. કર્મ મોળા પડે કે દેવ-ગુરુ-શાસ્ત્ર મળે તો આ થાય એમ નહિ. આહાહા..! આવું કામ છે. હું જ પોતે કર્તા છું. 'હું જ' એમાં કોઈની અપેક્ષા છે નહિ. આહાહા..!

અને તે પણ **'મારા વડે જ,...'** છે. કરણ.. કરણ. હું મારા વડે કામ કરું છું. અનુભવ, રાગથી ભિન્ન પુણ્ય, દયા, દાનના વિકલ્પથી ભિન્ન અનુભવ હું એકલો કર્તા (થઈને) મારા વડે એટલે પોતે, કરણ પોતે સાધન છે, બીજું કોઈ સાધન છે નહિ. આહાહા..! શું ટીકા છે ને! **'મારા માટે જ,...'** તે મેં અનુભવ કર્યો. ચેતકને રાગથી ભિન્ન પાડ્યો અને ચેતકથી ભિન્ન રાગાદિને જાણ્યા એ મારા માટે કર્યું છે, કોઈને માટે કામ નથી. આહાહા..! એ સંપ્રદાન.

મેં મને મારે માટે મેં દાન આપ્યું. મને મેં દાન આપ્યું. આહાહા..! એ રાગથી ભિન્ન કરીને ચેતકને જાણ્યો એ દાન મેં મને લેનાર પણ હું ને દેનાર પણ હું. આહાહા..!

**‘મારા માટે જ, મારામાંથી જ,...’** એ કોઈ રાગમાંથી કાઢ્યું છે આવું એ કાંઈ નથી. એ મારા આત્મસ્વભાવમાંથી જ મેં આ કાઢ્યું છે. આહાહા..! આવો માર્ગ હવે. **‘મારામાંથી...’** આત્મા જે ચેતક છે ચેતક, ચેતક ચેતનારો જે છે તે તેનાથી. તેનાથી મેં કામ લીધું છે. આહાહા..! **‘મારામાંથી જ, મારામાં જ,...’** આહા..! મારે આધારે. મારામાં, મારે આધારે મેં કામ કર્યું છે. મારા કામ માટે કોઈનો આધાર નથી. આહાહા..! એક એક ગાથા ચડતી ઊંચી આવે છે. આહાહા..! આવી વાત છે.

જેણે આત્મા રાગથી ભિન્ન કર્યો છે, કરેલો છે તેની વાત અહીંયાં ચાલે છે અને કરેલો ન હોય એણે પહેલો રાગથી ભિન્ન કરવો. પ્રજ્ઞા વડે, અનુભવ વડે ભિન્ન કરવો. અને તે કરવામાં કર્તાપણે હું છું. એ ભિન્ન કરવામાં કર્તાપણામાં બીજાની કોઈની સહાય છે નહિ. કર્તા એને કહીએ સ્વતંત્રપણે કરે તે કર્તા. એ હું સ્વતંત્રપણે કર્તા (છું). મારા ચેતના સ્વભાવને મેં રાગથી ભિન્ન કર્યો એ મારા સ્વતંત્ર સ્વભાવથી (કર્યો) અને તે મારા વડે (કર્યો). સાધન પણ મારા વડે મેં કર્યું. સાધન કોઈ બીજું નથી, એની મદદમાં સાધન કોઈ બીજું હોય એમ નથી. આહાહા..! અને તે મારે માટે, એમ આવ્યું ને? મારા વડે એ સાધન કીધું, મારા માટે સંપ્રદાન થયું. દાન.. દાન. મારે માટે મેં કર્યું છે, મારા માટે મેં કર્યું છે. કો’કને માટે મેં આ કર્યું છે (કે) મને આ થાય છે પછી ઉપદેશ દઈશ, પછી લોકોને સમજાવીશ ને માટે મેં આ કર્યું છે એમ નથી. આહાહા..! છે કે નહિ અંદર? એ મારા માટે જ. એ ભેદ કરીને અનુભવ કર્યો એ મેં મારા માટે કર્યો છે. હવે અનુભવ કર્યો માટે બીજાને સમજાવીશ ને, અને એને માટે અનુભવ કર્યો એમ નથી. આહાહા..!

**‘મારામાંથી જ...’** અપાદાન. મારામાંથી મેં આ કાઢ્યું છે. કાંઈ પરથી નથી. મારામાં સમૃદ્ધિ (ભરેલી છે). ચૈતન્ય સમૃદ્ધિથી ભરેલો ભગવાન છે. પોતાના જ્ઞાન ને આનંદ આદિ અનંત સ્વભાવથી (ભરેલો છે). જેનો સ્વભાવ છે એને હદ નથી એવા સ્વભાવથી ભરેલી સમૃદ્ધિવાળો આત્મા, એ આત્મા. આહાહા..! મારામાંથી મેં કાઢ્યું છે. ભેદજ્ઞાન મેં કર્યું ને આત્મા કાઢ્યો એ મારામાંથી કાઢ્યો છે, કાંઈ પરમાંથી કાઢ્યો નથી. આહાહા..!

**‘મારામાં જ...’** આધાર. મારામાં જ, મારે આધારે કામ મેં કર્યું છે. મારે આધારે મેં કામ કર્યું છે, કોઈના આધારે મેં કામ કર્યું નથી. આહાહા..! ગાથા તો બહુ ઊંચી છે. ભાષા પણ સાદી છે પણ હવે ભાવ એવા છે. આહાહા..! આ બધી બહારની પ્રવૃત્તિ જે છે એ તો એકકોર પડી રહી. જેમાં વિકલ્પની પ્રવૃત્તિથી પણ ભિન્ન છે, મારાથી એ ભિન્ન છે એથી મારે એને માટે કોઈ સાધન, એની મદદ લેવી એમ, મેં મારામાં જ એને આધારે મેં કાંઈ કામ કર્યું છે (કે) રાગની મંદતા કરી... ક્યાં ગયા? ‘દેવીલાલજી’! રાગની મંદતા

કાંઈ કરી એના આધારે મેં કામ લીધું છે, એમ નથી ને એમાં? આહા..!

**'મારામાં જ,...'** આહાહા..! ગજબ કામ કરે છે! આચાર્યોએ જગતને તારવા, ભગવાન કરાવવા. પોતે ભગવાન થવાના છે ને ભગવાન કરવા... ભગવાન થાવ બધા પ્રભુ! આ દુઃખના રસ્તે, પંથે ન જાવ, નાથ! દુઃખને પંથે ત્યાં તો નિગોદ ને નરકના પંથ છે. જેના ફળમાં પરભાવના ફળમાં તો ક્લેશ છે. આવ્યું હતું ને? એ ક્લેશરૂપી શરીર છે. એના ફળ તો નરક ને નિગોદ છે. એ રસ્તે પ્રભુ! હવે ન જા. હવે આ રસ્તો લે. આહાહા..! અને ભગવાન થા! આહાહા..! આચાર્યોની કરુણા...!

**'મારામાંથી જ...'** મેં આ કાઢ્યું છે. આ **'મને જ ગ્રહણ કરું છું.'** એ કર્મ છે, કર્મ એટલે કાર્ય. મને જ ગ્રહણ કર્યું ને મેં મારું જ કાર્ય કર્યું છે. એ મેં મારું જ કાર્ય કર્યું છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! મને જ ગ્રહણ કર્યો એટલે કે મેં મને જ અનુભવ્યો છે, મેં મને જ અનુભવ્યો છે, મેં મારું જ કાર્ય કર્યું છે. મેં મારા અનુભવનું કાર્ય મેં મારાથી મેં-મેં કર્યું છે. આહાહા..! આવી ભાષા સાંભળવી... 'યશપાલજી'! આહાહા..! અલૌકિક વાત છે. સાંભળે તો એને બેસે તો હળવે હળવે રુચે, આગળ વધે પણ સાંભળવાનું જ્યાં મળે નહિ ત્યાં શું કરવું? અને એ પ્રાણી પણ બિચારા દુઃખી થાય... આહાહા..! એ કાંઈ ઠીક કહેવાય? કોઈ પણ પ્રાણી નરક ને નિગોદમાં (જાય એ ઠીક નથી). આહાહા..! ભર્યે ભંડારે સુખી એ દુઃખમાં દુઃખી થાય એ ઠીક હોય? ઠીક કહેવાય? આહાહા..!

**'મને જ ગ્રહણ કરું છું.'** એટલે? **'ગ્રહણ કરું છું' એટલે (મને જ) ચેતું છું,'** એ કર્મ–કાર્ય છે. હું મારું જ કાર્ય કરું છું, હું મારું જ કાર્ય કરું છું. અનુભવનું–રાગથી ભિન્નનું કાર્ય મેં મારા માટે જ મેં કર્યું છે અને મારું એ કાર્ય છે. આહાહા..! આચાર્યોએ પણ કેટલી કલ્પના–કરુણા કરીને કર્યું છે! આહાહા..! આવી છે કલ્પના–વિકલ્પ, પણ કરુણામાં કેટલો...! આહા..! આવો પ્રભુ તને બેસે ન બેસે, આખી દુનિયા સૃષ્ટિ આ રીતે સાંભળો ને આ રીતે સમજો ને એમાં જાવ. ત્યાં દોરાય જાવ, આમ બહાર દોરાય ગયા છો. આહાહા..! દોરનારે દોર્યા નથી, તું પોતે દોરાય ગયો છો. એ પોતે તું અહીં અંદરમાં દોરાય જા. એ જ માટે કીધું ને અહીંયાં? કે, હું મને જ ચેતું છું. આહાહા..! મારું કાર્ય મને ચેતું એ મારું કાર્ય છે. મારું બીજું કોઈ કાર્ય છે નહિ. રાગ ને વ્યવહાર રત્નત્રય કરવો એ કોઈ મારું કાર્ય નથી.. આહાહા..!

માણસને આકરું લાગે. આ સાંભળ્યું ન હોય કોઈ દિ' એને તો એમ લાગે પણ બાપુ! ભગવાન! તારો માર્ગ તો આ છે. બીજે ગમે એ રીતે ચડાવી દીધા હોય એ રસ્તે પ્રભુ સુખી નહિ થા. કારણ કે સુખનો પંથ તો સુખી પોતે છે. સુખથી ભરેલો ભગવાન, અનંત સુખથી ભરેલો ભગવાન છે. અતીન્દ્રિય અનંત આનંદથી ભરેલો ભગવાન છે. એને મુકીને તું બીજે રસ્તે સુખી નહિ થા. આહાહા..! એને રસ્તે જા તને ત્યાં આનંદ (થશે) અને સુખી

થાઈશ. એ સુખના પંથે દોરવાની વાત કરીએ છીએ. આહાહા..! છે કે નહિ અંદર? આવી વાતું છે.

**'કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે.'** જુઓ! આહાહા..! ગજબ કરે છે ને! એક જ ક્રિયા--ચેતવું એ એક જ ક્રિયા આત્માની છે. જાણવા-દેખવા, આનંદની ક્રિયા–પર્યાય એ એક જ ક્રિયા જીવની છે. આહાહા..! પરનું કરવું, દેહનું, વાણી, મનનું કરવું એ તો ક્યાંય રહી ગયું પણ વિકલ્પનું કરવું એ પણ આત્માની ક્રિયા નથી. આહાહા..! આત્માની એક ક્રિયા–**'ચેતવું તે જ...'** નિશ્ચયથી કહ્યું. એ જ, એકાંતે એ જ. કારણ કે, ચેતવું તે એકાંત જ આત્માની એક ક્રિયા છે. આહાહા..! આવું તો વાંચ્યું ન હોય. વાંચ્યું હશે તમારા મામાએ? આહાહા..! આવી ઘરમાં વસ્તુ–નિધાન પડ્યા છે.

**'ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે. માટે હું ચેતું જ છું;...'** આ કર્તા (કહ્યો). **'હું ચેતું જ છું; ચેતનારો જ,...'** ચેતું જ છું. હું ચેતનારો ચેતું એટલું. **'ચેતનારો જ...'** કર્તા. ચેતનારો જ–કર્તા. હું ચેતું છું એ ચેતનારો જ ચેતું છું. આહાહા..! **'ચેતનાર વડે જ...'** ચેતું છું. એ કરણ. સાધન શું? ચેતનારનું ચેતવાનું સાધન શું? સાધન-સાધન–કારણ શું? ઉપાય શું? કે, ચેતના વડે જ હું ચેતું છું, ચેતના વડે જ ચેતું છું. આહાહા..! આવું તો યાદ રહે એવું (નથી). પૂછે કે શું સાંભળ્યું? કહેતા હતા, કાંઈક છ કારક હતા ને આમ હતું ને આમ હતું. આ કારક નિશાળમાં આવે છે. ચોથી, પાંચમી ચોપડી... કર્તા, કર્મ, કરણ... સાત વિભક્તિ આવે છે ને? છ વિભક્તિ અને સાતમી સંબોધન છે. હે માણસ! હે મનુષ્ય! એમ કરીને. અહીં છનું કામ છે. ચોથી, પાંચમી ચોપડીમાં આ આવતું, પણ ઇ પરીક્ષા દઈને ભૂલી ગયા હોય પછી શું કામ હોય? પરીક્ષા પૂરતું કામ હોય ને ત્યાં? આહાહા..!

ચેતના વડે (એ) કરણ. ચેતના વડે જ સાધું–ચેતું (છું). ચેતનારો જ ચેતે છે. ચેતનારો જ ચેતે છે એ કર્તા. ચેતના જ વડે ચેતે છે (એ) કરણ. ચેતનાર માટે એ સંપ્રદાન, દાન દાન દીધું, દાન દીધું. એ પોતે દાન દેનારો ને પોતે દાન લેનારો. આહા..! બીજાને દાન દેવાની ક્રિયા એ કાંઈ આત્મા કરી શકતો નથી દાનની ક્રિયા. ભાવ એમાં હોય એ શુભ છે. ભલે તીર્થંકરદેવ છદ્મસ્થ હોય અને આહાર પાણી આપે ઇ ક્રિયા તો શરીર, જડની છે, પણ અંદરમાં ભાવ થાય એ શુભ છે, એ આત્માની ક્રિયા નથી, એ ચેતનાની ક્રિયા નથી. આહાહા..!

**'ચેતનાર માટે જ...'** મારે માટે હું ચેતું છું. આહાહા..! **'ચેતનારમાંથી જ...'** ચેતું છું. આમાંથી. થી-થકી અપાદાન છે. ચેતનારમાંથી–આમાંથી હું ચેતું છું, રાગમાંથી, પુણ્યમાંથી નહિ, વ્યવહાર રત્નત્રયમાંથી ચેતું છું એ નહિ. આહાહા..! ચેતનારમાંથી જ (ચેતું છું). જરી ઝીણું (છે). છ બોલ ઝીણા મુક્યા છે. પહેલા થોડા આવ્યા છે, હજી આવશે, હજી વિશેષ આવશે. આહાહા..! વખત ક્યારે મળે? ક્યારે હજી સાંભળવા મળે ને ક્યારે કરે? અરે..!

વખત ચાલ્યો જાય છે. આહાહા..!

આ 'મનસુખ'નો છોકરો, ભાઈ! સાંભળ્યું ને? 'મનસુખ'નો છોકરો પડીને મરી ગયો. પોતે મૂંઝાણો હશે. મગજ પણ એવું સાધારણ હતું, પરણ્યો હતો પણ એ છોડીને છોડી દીધી. છોડી એવી હતી. મગજ એવું (હતું). દોઢ વાગે ઉપરથી પડતું મુક્યું. આહાહા..! અરે..રે..! આવો મનુષ્ય દેહ. 'જોબાળીયા'ના ઘરમાં આવ્યા ને એને આ થયું, કહો! પડતું મુક્યું ઉપરથી, મરી ગયો. બીજા નંબરનો. આ 'હિંમતભાઈ'નો સૌથી નાનામાં નાના ભાઈનો દીકરો. આહાહા..! માણસ મૂંઝાય જાય છે ને. આંખે કાંઈ કાચું હતું. આમ બહાર દેખાય નહિ, મગજ પણ એવું હતું. અરે..રે..! આવી સ્થિતિ. એવી સ્થિતિ અનંતવાર ભજી ગઈ, ભગવાન! આ કર્યું નહિ. કરવાના કર્યા નહિ, નહિ કરવામાં ઘૂંચી ગયો. આહાહા..! કરવા માટે વખત મેળવ્યો નહિ. જે કરવું છે એને માટે વખત મેળવ્યો નહિ. નથી કરવાનું, એમાં કરી શકતો નથી એમાં અભિમાન કરી કરીને વખત ગાળ્યો એમાં (ને) એમાં. આહાહા..!

અહીં કહે છે, કે **'ચેતનાર માટે જ, ચેતનારમાંથી જ,...'** અંદરમાંથી ચેતું છું. હું મારામાંથી (ચેતું છું). રાગમાંથી ને પુણ્યથી ને વ્યવહારમાંથી નહિ. અને **'ચેતનારમાં જ, ચેતનારને જ ચેતું છું,...'** ચેતનારમાં એ આધાર આવ્યો. આહાહા..! પેલું થી-થકી અપાદાન હતું– ચેતનારમાંથી. આ ચેતનારમાં (એટલે) આધાર (થયો). મારે આધારે મેં ચેત્યું છે. આહાહા..! મારે આધાર કોઈ રાગનો, નિમિત્તનો, દેવ-ગુરુ-શાસ્ત્રનો આધાર કોઈ છે જ નહિ. આહાહા..! માણસને એ આકરું પડે હોં! માર્ગ તો પણ આવો છે, પ્રભુ!

વીતરાગ ત્રણલોકના નાથ જિનેશ્વર અનંત તીર્થંકરો, વર્તમાન વીસ તીર્થંકરો બિરાજે છે. લાખો કેવળીઓ બિરાજે છે. બધાનો આ ધ્વનિ છે. આહાહા..! દુનિયાની કાંઈ એને પડી નથી. સત્ય હતું એ બહાર આવ્યું, આમ સત્ય છે, ભાઈ! અને તેને તું પહોંચને, બાપા! આ અસત્યમાં રખડીને મરી ગયો રખડી રખડીને. આહાહા..! બહારની હોંશુ ને બહારમાં ઉત્સાહ ને બહારમાં જાણે આનંદ અને આનંદ આવતો હોય જાણે, મજા પડતી હોય, બધી બહારની વાતું બોલતા, ચાલતા વાતું કરતાં... દેવનો દીકરા ઉતર્યો જાણે ઉપરથી... વાતું કરે. આહાહા..! આ ઘરની વાત આખી મૂળ રહી ગઈ. આહાહા..!

ઇ અહીં કહે છે, **'ચેતનારમાંથી જ, ચેતનારમાં જ,...'** આધાર. અને **'ચેતનારને જ ચેતું છું.'** એ કર્મ, કર્મ–કાર્ય, કાર્ય. મારું કાર્ય તો ચેતનારને ચેતવું છે એ મારું કાર્ય છે. આહાહા..! આ કરી દ્યો ને આ મોટો માણસ થયો માટે આ કામ કરે. ગામમાં વડીલ મોટો હોય, બધાને સલાહ આપે ને ગામમાં તકરાર હોય (તો) જઈને ભાંગે ને માણસ બહુ પેલો કહેવાય માણસ, બાપુ! કાંઈ નથી. આહાહા..!

અહીં તો કહે છે, **'ચેતનારમાં જ, ચેતનારને જ ચેતું છું.'** ચેતનારને જ એ કર્મ થયું, કર્મ એટલે કાર્ય. ચેતનારને જ ચેતું છું. આહાહા..!

મુમુક્ષુ :– ધ્રુવ સ્વભાવને જ ચેતે છે.

ઉત્તર :– એકલો ચૈતન્ય સ્વભાવ. પર્યાયમાં (ચેતે છે). છે તો ધ્રુવ. પણ પર્યાયમાં (ચેતે છે). આ બધી પર્યાયની વ્યાખ્યા છે. છએ કારકો પર્યાયના છે. લક્ષ છે ભલે ધ્રુવ ઉપર, લક્ષ ધ્રુવ ઉપર, ધ્યેય ધ્રુવ ઉપર પણ છે આ ષટ્કારકો પર્યાયના. આહાહા..! પર્યાય ને ધ્રુવ વળી શું (હશે) બે? આહાહા..! કાયમ રહેનારી ચીજ જે છે એ ધ્રુવ કહેવાય અને વિચાર પલટે છે, પર્યાયો બદલાય એ પર્યાય કહેવાય. એ બદલે તેમાં છ કારક થાય. ધ્રુવમાં તો છે નહિ. એ તો ષટ્કારક શક્તિરૂપે છે. ષટ્કારક છે ખરા, ધ્રુવમાં પણ ષટ્કારક છે ખરા પણ સ્વભાવ શક્તિ સત્ત્વ, સત્ત્વ, સત્ત્વ રૂપે છે, હયાતી રૂપે છે અને આ તો પરિણમનરૂપે છે. આહાહા..! સમજાણું કાંઈ? ધ્રુવ સ્વભાવ તો અપરિણમન છે. ત્રિકાળી સ્વભાવ છે એ અપરિણમન છે અને આ જે ક્રિયા ચાલે છે એ પરિણમનની ચાલે છે. લક્ષ છે ધ્રુવ (ઉપર), ધ્યેય ધ્રુવ (છે) પણ પર્યાયમાં આ ષટ્કારક પરિણમન છે. આહાહા..!

**'અથવા...'** (પહેલા) ષટ્કારક કીધા. (હવે કહે છે) **'અથવા દ્રવ્યદૃષ્ટિએ તો...'** એ તો પર્યાય દૃષ્ટિથી છ કારકની વાત કરી. પર્યાયથી, પર્યાય બદલે છે એના ષટ્કારકની વાત કરી. કારણ કે કાર્ય, કારણ બધું પરિણમન બધું એમાં છે. પરિણમનનું કારણ, હોં! ત્રિકાળને કારણ કહેવાય એ તો અપેક્ષાથી (કહેવાય છે). કારણ ને કરણ ને કાર્ય થાવું ને બધું સાધન ને પોતે પર્યાયમાં જ છે એ બધું. આહાહા..! સમજાય એવું છે, હોં! ભાષા (સાદી છે). કેમ 'ઝવેરચંદભાઈ'! ભાષા તો સાદી છે, સમજાય એવું છે. આહાહા..! આ કરવા જેવું છે, બાપુ! દેહ ચાલ્યો જશે. આહા..! છે ક્યાં? એનો ક્યાં હતો? અને એનામાં ક્યાં હતો? એ તો દેહ દેહમાં છે. આહા..! આત્માની પર્યાયમાં પણ દેહ નથી. દ્રવ્ય-ગુણમાં તો નથી પણ એની પર્યાયમાં દેહ નથી, દેહ તો દેહમાં છે. પર્યાયમાં તો રાગ ને દ્વેષ ને વિકાર છે પણ એ પણ અહીં મારું કર્તવ્ય નથી. હું તો એનો જાણનાર-દેખનાર (છું). એ પણ મારામાં જાણવા-દેખવાના સ્વભાવ દ્વારા જાણું-દેખું છું. આહાહા..! એ જાણવા-દેખવાની ષટ્ ક્રિયા મારી મારાથી થાય છે. એ રાગાદિ છે એટલે જાણું છું એ નહિ. એ જાણવાની ક્રિયા પણ મારી, મારાથી, મારાને લઈને મારી તાકાતને લઈને થાય છે. આહાહા..! એ પર્યાય દૃષ્ટિની છ (કારકની) પહેલા વાત કરી. કાર્ય તો પર્યાયમાં થાય છે ને? મોક્ષ, સંસાર, દુઃખ, સંસારની કલ્પના, મોક્ષનો માર્ગ બધું પર્યાયમાં થાય, ધ્રુવમાં એ થતું નથી.

હવે અહીં કહે છે, કે પર્યાયના ષટ્કારક ભલે હો પણ દ્રવ્યદૃષ્ટિએ તો છ કારકોના ભેદ પણ મારામાં નથી. આહાહા..! એ ભેદ જ નથી. હું તો એકરૂપ જ્ઞાયક ત્રિકાળ છું. આહાહા..! ભલે માને છે પર્યાય પણ હું તો એકરૂપ જ્ઞાયક છું, ષટ્કારક (પરિણામ) મારામાં નથી. આહાહા..!

**'છ કારકોના ભેદ પણ મારામાં નથી, હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.'** જોયું? ત્રિકાળી,

હોં! હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું, ત્રિકાળી ચૈતન્યમાત્ર ભાવ છું. આહાહા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે, એ સમ્યગ્દર્શનનું ધ્યેય છે. આહાહા..! અરે..! આવી મીઠી મધુરી વાત, અમૃતની એવી વાત સાંભળવા મળે નહિ અને સાંભળવા મળે તો એમ કહે કે, એ તો એકાંત છે, એકાંત છે અને અમારી ક્રિયાજડને ક્રિયાજડ કહે છે. અરે..! પ્રભુ! સાંભળને ભાઈ! શરીરની ક્રિયા તો જડ છે જ પણ અહીં તો અંદર દયા, દાનના વિકલ્પ થાય તે જડ ને અચેતન છે. આહાહા..! અને ક્લેશ છે. આહાહા..! બેસવું ન બેસવું સ્વતંત્ર છે. બેઠે છૂટકો (છે), પ્રભુ! સત્‌ને પંથે આવ્યા વિના સુખી નહિ થવાય, સત્‌ને પંથે આવ્યા વિના સુખી ન થવાય, અસત્‌ને પંથે આવ્યે દુઃખથી નહિ મુકાય. આહાહા..! આમાં કોઈની સફારશ હાલે એવું નથી. આમાં કોઈની કાંઈ... ભાઈ! અમને ઘણાં માનતા હતા અને ઘણી મોટપ હતી, અમે મોટા (હતા). તારી મોટપ અહીં નીચે કહેશે. એ નીચે કહેશે.

**'चिन्मुद्राङ्कितनिर्विभागमहिमा...'** એ એનો મહિમા છે, મોટપ છે. કળશ છે ને કળશ? કળશમાં ચોથી લીટી છે. કળશ. એ તારી મહિમા ને મોટપ તો પ્રભુ! આહાહા...! નિર્વિભાગ મહિમા એ મોટપ છે. અભેદમાં ભાગ જ ન પાડવા એ તારી મોટપ છે. આહાહા..! મોટી પદવી મળી ગઈ રાજાની ને ફલાણાની ને ઢીંકણાની ને આની ને (એ મોટપ નથી). આહાહા..! નિર્વિભાગ-ષટ્‌કારકના ભાગ જ પાડવા નહિ. એવો અભેદ સ્વરૂપ ભગવાન એ તારી મહિમા છે, એ તારી મોટપ છે. એ મોટપનો અધિકારી, મોટપ તો તને છે. એ મોટપનો અધિકારી તું તને છો. આહાહા..! કોની મોટપ પ્રભુ તારે લેવી છે? દુનિયા મોટો કહે ને વખાણે એમાં તારા દાળિયા શું થાય એવું છે? બાપા! આહાહા..! કહેશે આમાં. પેલા ષટ્‌કારક કહ્યા ખરા ને એટલે કહેશે કે, એ ષટ્‌કારકથી રહિત નિર્વિભાગ-જેના ભાગ નથી એવી તારી મોટપ છે. આહાહા..! આવો ઉપદેશ પણ થોડો, પણ બાપુ અમૃત છે. વસ્તુ આ છે. એને બેસાડે છૂટકો છે. આહા..! સત્‌ને રસ્તે ગયે સત્ મળે એવું છે. અસત્‌ને પંથે પડ્યે કોઈ સત્ મળે? માને તો એથી કરી બાપુ મળી જાય કાંઈ? બાપુ! ભાઈ! આહાહા..!

**'છ કારકોના ભેદ પણ મારામાં નથી, હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.-આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવો અર્થાત્ પોતાને ચેતનાર તરીકે અનુભવવો.'** લ્યો! શ્લોક શ્લોક ૧૮૨ને?

*** મમ્ અને ગલ. પુણ્ય - પાપનો રાગ તે હું ને તેનું ફળ તે હું એવો અહંકાર તે મમ્ અર્થાત્ વિપરીત અભિપ્રાય, તેનો નાશ તે ગલ એટલે કે તે મંગલ છે. પહેલો અર્થ અસ્તિથી છે. આ બીજો અર્થ નાસ્તિથી છે. મિથ્યાત્વનો નાશ તે મમ્ + ગલ = મંગલ છે. ૨૮૪.**

**– પરમાગમસાર**

# શ્લોક–૧૮૨

(शार्दूलविक्रीडित)

भित्त्वा सर्वमपि स्वलक्षणबताद्भेत्तुं हि यच्छक्यते
चिन्मुद्राङ्कितनिर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहम्।
भिद्यन्ते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि
भिद्यन्तां न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति।।१८२।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ यत् भेत्तुं हि शक्यते सर्वम् अपि स्वलक्षणबलात् भित्त्वा ] જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને, [ चिन्मुद्रा-अङ्कित-निर्विभाग-महिमा शुद्धः चिद् एव अहम् अस्मि ] જેનો ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ મહિમા છે (અર્થાત્ ચૈતન્યની છાપથી ચિહ્નિત વિભાગરહિત જેનો મહિમા છે) એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું. [ यदि कारकाणि वा यदि धर्माः वा यदि गुणाः भिद्यन्ते, भिद्यन्ताम् ] જો કારકોના, અથવા ધર્મોના, અથવા ગુણોના ભેદો પડે, તો ભલે પડો; [ विभौ विशुद्धे चिति भावे काचन भिदा न अस्ति ] પરંતુ *વિભુ એવા શુદ્ધ (-સમસ્ત વિભાવોથી રહિત-) ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી. (આમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરાય છે.)

ભાવાર્થ :– જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી એવા પરભાવો તો મારાથી ભિન્ન છે, માત્ર શુદ્ધ ચૈતન્ય જ હું છું. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકભેદો, સત્ત્વ, અસત્ત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ આદિ ધર્મભેદો અને જ્ઞાન, દર્શન આદિ ગુણભેદો જો કથંચિત્ હોય તો ભલે હો; પરંતુ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં તો કોઈ ભેદ નથી. -આમ શુદ્ધનયથી અભેદરૂપે આત્માને ગ્રહણ કરવો. ૧૮૨.

* વિભુ = દૃઢ; અચળ; નિત્ય; સમર્થ; સર્વ ગુણપર્યાયોમાં વ્યાપક.

(शार्दूलविक्रीडित)

भित्त्वा सर्वमपि स्वलक्षणबलाद्भेत्तुं हि यच्छक्यते<br>
चिन्मुद्राङ्कितनिर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहम्।<br>
भिद्यन्ते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि<br>
भिद्यन्तां न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति।।१८२।।

આહાહા..! જુઓને શબ્દ મૂક્યા છે! નિર્વિભાગ મહિમા. 'અમૃતચંદ્રાચાર્યે' અમૃત રેડ્યા છે. આહાહા..! હવે એને કાષ્ટાસંઘી કહે. પ્રભુ... પ્રભુ! શું કરે છે? ભાઈ! આહાહા..! એની વાત આકરી છે એટલે બિચારા જાણે બીજા પંથમાં નાખી દઈએ અને જે સાધન બતાવે કે, વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે એને પરંપરામાં નાખી દઈએ. આહાહા..! પરંપરા ઇ હતી એમ કહે. અરે..! ભગવાન! આ પાઠ તો ટીકા પાઠ પોતાનો છે 'કુંદકુંદાચાર્ય'નો. 'કુંદકુંદાચાર્ય'ના અર્થ (कर्या છે). **'पण्णाए घित्तव्वो जो चेदा सो अहं तु णिच्छयदो। अवसेसा जे भावा...'** એમાંથી કાઢ્યું છે. ૨૯૭ (ગાથા) એમાંથી આ બધું કાઢ્યું. **'पण्णाए घित्तव्वो जो चेदा सो अहं...'** એ તો સિદ્ધાંત છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'નું લખેલું છે.

કળશનો અર્થ. **'यत् भेत्तुं हि शक्यते सर्वम् अपि स्वलक्षणबलात् भित्त्वा...'** **'જે કાંઈ ભેદી શકાય છે...'** ભાષા આમ છે. **'જે કાંઈ ભેદી શકાય છે...'** એટલે જે કાંઈ જુદું પાડી શકાય છે. **'તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને,...'** આહાહા..! એ શરીર, વાણી, મન તો પરલક્ષણ છે પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ સ્વલક્ષણે બંધ છે. આહાહા..! જે ભેદી શકાય **'તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને...'** એનું ભેદ વ્યવહારનું લક્ષણ બીજું છે, નિશ્ચયનું લક્ષણ બીજું છે. આહાહા..!

**'જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને...'** આહાહા..! ષટ્‌કારક કીધા એને પણ છોડી દે. આહાહા..! આ 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા કળશ છે. **'સ્વલક્ષણના બળથી ભેદીને...'** એના બેયના લક્ષણો જુદા છે એ લક્ષણના બળથી જુદા પાડીને. વ્યવહારનું લક્ષણ, નિશ્ચયનું લક્ષણ, રાગનું લક્ષણ, ચૈતન્યનું લક્ષણ બેયના જુદા લક્ષણ છે અને જુદા **'સ્વલક્ષણના બળથી ભેદીને...'** અમથું નહિ, બેયના સ્વલક્ષણના બળથી ભેદીને. બેયના લક્ષણ જુદા છે. વ્યવહારનું લક્ષણ જુદું, નિશ્ચયનું લક્ષણ જુદું. આહાહા..! નિમિત્તનું લક્ષણ જુદું, શુદ્ધ ઉપાદાનનું લક્ષણ જુદું. આહાહા..!

**'જે કાંઈ...'** જે કાંઈ લીધું છે ને? એટલે જેટલું જે છે, (જે) કંઈ ભેદી શકાય છે તે. જે કાંઈ છૂટું પાડી શકાય છે તે. પરથી જુદું, રાગથી જુદું, ષટ્‌કારકથી પણ જુદું. આહાહા..! તે સર્વને **'સ્વલક્ષણના બળથી...'** પાછું અમથું મફત નહિ. બેયના લક્ષણો જુદા છે. એકનું ભેદ, એકનું અભેદ. એકનું પર, એકનું સ્વ. એકનું અચેતન, એકનું ચેતન. આહાહા..! આ બેયના લક્ષણ જુદા જુદા જાણીને. આહા..!

'सर्वम् अपि स्वलक्षणबलात्...' છે ને? 'बलात्' શબ્દ પડ્યો છે, હોં! જોયું? **'સ્વલક્ષણના બળથી...'** બેયના ભિન્ન લક્ષણના જોરથી. ભગવાન ચૈતન્ય લક્ષણે લક્ષિત છે, રાગ બંધ લક્ષણે લક્ષિત છે. બેયના સ્વલક્ષણ પોતાના લક્ષણના બળથી. લક્ષણના જોરથી જુદા પાડીને. આહાહા..! આવો ઉપદેશ હવે.

**'चिन्मुद्रा-अङ्कित-निर्विभाग-महिमा शुद्धः चिद् एव अहम् अस्मि...'** **'જેનો ચિન્મુદ્રાથી અંકિત...'** ચિન્મુદ્રા (અર્થાત્) જ્ઞાન જેની મુદ્રા–લક્ષણ છે, જ્ઞાન જેની છાપ છે, જ્ઞાન જેની મુદ્રા છે. આહાહા..! જ્ઞાનમુદ્રાથી અંકિત એટલે લક્ષણવાળું. **'નિર્વિભાગ મહિમા...'** નિર્વિભાગ મહિમા. આહાહા..! **'(અર્થાત્ ચૈતન્યની છાપથી ચિહ્નિત...)'** મુદ્રા કીધી હતી ને? (એટલે) **'ચૈતન્યની છાપથી ચિહ્નિત...'** જાણક સ્વભાવ ચૈતન્યની છાપથી ભિન્ન, જુદું. **'(ચૈતન્યની છાપથી ચિહ્નિત વિભાગરહિત જેનો મહિમા છે)...'** ભાગ જેનો છે નહિ એવી જેને મોટપ છે. ભગવાન પ્રભુની મોટપનો પાર ન મળે, જેમાં ભેદની પણ જ્યાં જરૂર નથી. આહાહા..! એવી જેની મોટપ છે, એવો મોટો પ્રભુ છે ઇ. આહાહા..!

જેની જ્ઞાન છાપ, જ્ઞાનની જેમાં છાપ છે. રાગાદિમાં તો અચેતનની છાપ છે, બંધ લક્ષણની છાપ છે. આહાહા..! નિર્વિભાગ મહિમા (એટલે) ભાગ પાડવા નહિ જેમાંથી એવો નિર્વિભાગ. એની મહિમા છે, મોટપ છે, મોટપ છે. અભેદ એ મોટપ છે, ભેદ મોટપ નથી કહે છે. આહાહા..! એ વસ્તુ અભેદ છે, સામાન્ય છે, એક છે, ધ્રુવ છે, અચળ છે, એ એકરૂપ જેની મહિમા છે. આહા..! એનાથી તે મહિમા–મોટપ છે.

**'એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું.'** આહાહા..! જેના બે ભાગ જ પડતા નથી એવો શુદ્ધ ચૈતન્યમૂર્તિ તે હું છું. આહાહા..! ધર્મીએ આમ મંથન કરીને મેળવવું. ધર્મીએ મંથન કરીને આમ ભગવાનને મેળવવો, એમ કહે છે. આહાહા..! ચૈતન્યની છાપથી લક્ષણવાળું વિભાગરહિત જેનો મહિમા (છે). એક તો ચૈતન્ય છાપ કીધી અને બીજી વિભાગરહિત કીધી, બે વાત કરી. એક તો ચૈતન્ય ચિહ્ન છે, જેનું ચૈતન્ય લક્ષણ છે, ચૈતન્ય જેની છાપ છે, એમાં છાપ પાડેલી છે. આહાહા..! અને નિર્વિભાગ જેનો મહિમા છે, અભેદ જેની ચીજ છે. આહા..! અજાણ્યા માણસને આવું આકરું લાગે. સાંભળ્યું ન હોય. આવું કહેશે, જૈન માર્ગ હશે આવો? વીતરાગના માર્ગમાં તો દયા પાળો ને વ્રત કરો એવું સાંભળ્યું હોય 'છોટાભાઈ'! આવું ક્યાંથી કાઢ્યું? આવું? અરે..! પ્રભુ! વીતરાગ ત્રણલોકના નાથ જિનેશ્વરદેવનો તો આ માર્ગ છે. આ માર્ગ છે, બીજો માર્ગ નથી. પ્રભુ! ભલે દુનિયા માને, મનાવે, સંખ્યા ગમે તેટલી હો, માર્ગ તો પ્રભુ આ છે. આહાહા..!

અંદર ભગવાન ચૈતન્ય મુદ્રા–છાપવાળો અને જેની નિર્વિકાર મોટપ છે. ભેદ ન પડવો, ભેદ વિભાગ ન કરવો એ એની મોટપ છે. આહાહા..! પ્રભુની મોટપ તો એ છે. અભેદ એ એની મોટપ છે. આહાહા..! ભેદ પાડવો એ એની મોટપ નથી. આહાહા..! એવો શુદ્ધ છે.

ચૈતન્ય હું છું, **'એવો શુદ્ધ ચૈતન્ય હું છું.'** **'यदि...'** હવે આવે છે, **'कारकाणि वा यदि धर्माः वा यदि गुणाः भिद्यन्ते, भिद्यन्ताम्...'** ભલે છ કારકો હો. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ છ હો. હો, પણ હું તો નિર્વિભાગ અભેદ છું. આહાહા..! એવા ભાગ ભલે પડે તો પડો, વસ્તુમાં ભાગ નથી. એવી વસ્તુ અંદર અખંડ... આહાહા..! ચૈતન્ય વજ્રનો પિંડ જેને રાગ અડતો નથી, ભેદ પડતો નથી. આહાહા..! એવો નિર્વિભાગ ચૈતન્ય તે હું છું એમ જાણતા ભલે કારકો હો. કર્તા, કર્મ, કરણ એવા પવિત્રતાના કારકો, હોં! અપવિત્રતાના નહિ. નિર્મળ પરિણતિ ચૈતન્યની ક્રિયા, ચૈતન્ય કર્તા, ચૈતન્ય કર્મ, ચૈતન્ય આધાર, ચૈતન્ય વડે, ચૈતન્યને માટે, ચૈતન્યને ચેતે એ બધી ક્રિયા હો ભલે પણ મારા વસ્તુ સ્વરૂપમાં એ નથી. આહાહા..!

ક્યાં સુધી લઈ જવા એને? એકકોર પુણ્યથી ધર્મ નથી ત્યાં લઈ ગયા. દયા, દાન, વ્રત અને ભક્તિ, પૂજા-બૂજા ધર્મ નહિ. હવે અહીંથી એક તો ભડકે. એમાંથી વળી આ ષટ્કારકમાં નિર્મળ પરિણતિ પણ તારી નહિ એ (સાંભળીને) ભડકે. આહાહા..! અરે..! ધર્મો- અસ્તિત્વ ને અનિત્ય ને નિત્ય ને એવા જે ધર્મો હો. હો તે હો પણ વસ્તુમાં એ ભેદ નથી. આહા..! અસ્તિત્વ આદિ ધર્મ, નિત્ય-અનિત્યાદિ ધર્મ અને ગુણ, દર્શન-જ્ઞાન આદિ ગુણ. જ્ઞાન, દર્શન, આનંદ એ ગુણ (છે) અને નિત્ય-અનિત્યાદિ એ ધર્મ કહેવાય. ધર્મ એટલે એના અપેક્ષિત રહેનારા ભાવો. હો, કારકો હો, ભેદો હો, ધર્મો હો. ધર્મો એટલે આ ધર્મ, હોં! એમાં રહેલા ભાવો અને **'ગુણોના ભેદો પડે, તો ભલે પડો;...'**

**'विभौ विशुद्धे...'** આહાહા..! **'પરંતુ વિભુ...'** વ્યાપક. (વિભુ અર્થાત્) દઢ, અચળ, નિત્ય સમર્થ સર્વ ગુણમાં વ્યાપક **'એવા શુદ્ધ...'** એવો જે શુદ્ધ, વિભુ એવો શુદ્ધ, દઢ એવો શુદ્ધ, અચળ એવો શુદ્ધ, નિત્ય એવો શુદ્ધ, સમર્થ એવો શુદ્ધ, સર્વ ગુણ પર્યાયોમાં વ્યાપક શુદ્ધ. **'(-સમસ્ત વિભાવોથી રહિત-)...'** આહાહા..! **'ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી.'** આહાહા..! એકલો ચૈતન્યમાત્ર સ્વભાવ અરૂપી પણ પદાર્થ છે ને? અરૂપી પણ સત્તા, ચૈતન્ય સત્તા છે ને? એને ગુણોના, ધર્મોના અને કારકોના ભેદ પડે તો પડો. વસ્તુ તો વસ્તુ છે. ચેતનામાત્રમાં ભેદ-બેદ છે નહિ. આહાહા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! આ ભેદ કારકના ગુણોના, ધર્મોના ભેદ પણ સમ્યગ્દર્શનનો વિષય નહિ. આહાહા..!

અહીં તો સમ્યગ્દર્શનને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા સમ્યગ્દર્શન (કહે). નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા (તે સમ્યગ્દર્શન). હવે વ્રત કરો એટલે ચારિત્ર થઈ જાય. અરે..! પ્રભુ! શું કરે છે? જીવન ચાલ્યા જાય છે, બાપા! એ મોંઘુ પડે પણ એકવાર કરવું પડશે, ભાઈ! આહાહા..! દુનિયાની સાથે નહિ ચલાય. દુનિયા દુઃખને ડુંગરે પડે છે તારાથી નહિ પડાય, પ્રભુ! આહાહા..! દુનિયા તો દુઃખને દરિયે દોડે છે. આહાહા..! પ્રભુ! તારે જો આ બધું કરવું હોય તો આ કરવું પડશે.

એ **'ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી.'** એ કારકના કારકો, છ કારકો પર્યાયમાં હોય, ગુણ–જ્ઞાન, દર્શન, ચારિત્ર હો, નિત્ય-અનિત્ય આદિ અપેક્ષિત ધર્મ હોય પણ ચૈતન્યમાત્રમાં તો કાંઈ ભેદ નથી. **'(આમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરાય છે.)'** આમ જ્ઞાન અનુભવ વડે આત્માને અનુભવવો એ વસ્તુનો સાર છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૬૭ શ્લોક-૧૮૨, ગાથા–૨૯૮ થી ૨૯૯ ગુરુવાર, માગશર વદ ૧૦, તા. ૧૩-૧૨-૧૯૭૯

---

'સમયસાર' ૨૯૭ ગાથાના કળશ પછી ભાવાર્થ છે. છેલ્લો ભાવાર્થ છે ને? **'જેમનું સ્વલક્ષણ...'** ચૈતન્યનું સ્વલક્ષણ ચૈતન્ય છે, જડનું ચૈતન્ય લક્ષ નથી. **'જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી...'** (એટલે કે) જડનું. **'એવા પરભાવો તો મારાથી ભિન્ન છે,...'** એટલે કે શરીર, વાણી, મન તો ભિન્ન છે પણ પુણ્ય ને પાપના ભાવમાં પણ ચૈતન્યપણું નથી, એથી એ મારાથી ભિન્ન છે. આહાહા..! **'માત્ર શુદ્ધ ચૈતન્ય જ હું છું.'** ધર્માત્મા આત્માને એવો જાણે છે, અનુભવે છે, કે શુદ્ધ ચૈતન્ય જ હું છું, પરભાવ હું નહિ. કેમ કે, એ ચૈતન્ય નથી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં પણ ચૈતન્યપણું નથી. એ અંધારું જડ છે, અચેતન છે. આહા..! **'શુદ્ધ ચૈતન્ય જ હું છું.'** એક વાત.

**'કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકભેદો,...'** જે ક્રિયાના કારકો, ભેદો. ક્રિયાના, હોં! દ્રવ્યના નહિ. દ્રવ્ય જે વસ્તુ છે એ તો શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે. હવે આ જે છ કારક છે એ પર્યાયમાં થાય છે. કર્તા, કર્મ આદિ વિસ્તાર ગયો છે અને હજી આવશે. એ ષટ્કારક ભેદો ભલે હો પણ હું એ રૂપે નથી, હું તો ત્રિકાળ અભેદ છું. એમ સમ્યગ્દષ્ટિએ ધર્મની ભાવના એમ કરવી. આહાહા..! એ કારકભેદો ભલે હો. પર્યાયમાં ષટ્કારકના પરિણતિના પર્યાયમાં (કારકો) હો. તેમ જ **'સત્ત્વ, અસત્ત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ આદિ...'** ધર્મ એટલે અપેક્ષિત ભાવો. નિત્યપણું અપેક્ષિત છે, નિત્યપણું ગુણ નથી. અનિત્યપણું અપેક્ષિત છે, (અનિત્યપણું) કોઈ ગુણ નથી. ગુણ હોય તો એની પર્યાય જોઈએ. એટલે નિત્ય ને અનિત્ય, સત્ત્વ અને અસત્ત્વ એટલે અસ્તિત્વ અને નાસ્તિત્વપણું. અસ્તિત્વ-નાસ્તિત્વ ગુણ છે પણ અસ્તિત્વ, નાસ્તિત્વ અપેક્ષિતપણું એ બધા **'નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ આદિ ધર્મભેદો...'** એવા આત્મામાં અપેક્ષિત ધર્મો હો, ભલે હો કહે છે.

**'અને જ્ઞાન, દર્શન આદિ ગુણભેદો જો કથંચિત્ હોય...'** ધર્મ જુદો, ગુણ જુદા. ધર્મ નિત્ય, અનિત્ય, એકત્વ, અનેકત્વને ધર્મ કહીએ. ધર્મ એટલે આ મોક્ષનો માર્ગ એ અહીં વાત નથી. અંદર આત્મામાં રહેલા અપેક્ષિત ભાવો. એ નિત્ય, અનિત્ય, એક, અનેક એ

અપેક્ષિત ધર્મો છે અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ એ એના કાયમ રહેનારા ગુણ છે. એટલે ધર્મ ને ગુણમાં ભેદ છે. ગુણ અપેક્ષાએ ધર્મ થાય અપેક્ષિતથી, પણ ધર્મ તે અપેક્ષિત એ ગુણ ન થાય. એ ઝીણી વાત છે. 'આલાપ પદ્ધતિ' માં એ આવ્યું છે. ગુણ છે એને અપેક્ષાથી કહેવાય. અપેક્ષાથી કહે તો ધર્મ કહેવાય પણ અસ્તિત્વ ધર્મને ગુણ ન કહેવાય.

એ ભેદો હો **'પરંતુ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં તો કોઈ ભેદ નથી.'** શુદ્ધ ચૈતન્યમાત્ર દ્રવ્ય સ્વભાવ જે સમકિતનો વિષય છે, એવો જે શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ એમાં તો કર્તા, કર્મ, કરણ એવા ષટ્કારકો પણ નથી, નિત્ય-અનિત્ય અપેક્ષિત ધર્મો પણ નથી, જ્ઞાન, દર્શન ગુણો પણ નથી. ઝીણી વાત છે. આહા..! અપૂર્વ વાત છે, ભાઈ! આ 'મોક્ષ અધિકાર' છે ને? આહાહા..!

એ **'ભાવમાં તો કોઈ ભેદ નથી. -આમ શુદ્ધનયથી અભેદરૂપે આત્માને ગ્રહણ કરવો.'** આમ શુદ્ધનયથી અભેદરૂપે આત્માને અનુભવવો. ભેદ કાઢી નાખી (અનુભવવો). રાગાદિ ભાવ, .. ભાવ છે એ તો અચેતન કહ્યા. હવે એનામાં રહેલા કારક ભેદો કર્તા, કર્મ આદિ અપેક્ષિત ધર્મ નિત્ય, અનિત્ય આદિ, જ્ઞાન-દર્શન-ગુણ આદિ. એ ભેદ હો તો હો, વસ્તુમાં ભેદ નથી. સમ્યગ્દર્શનનો જે વિષય આત્મા, સમ્યગ્દર્શનનું જે ધ્યેય આત્મા, એમાં તો આ ધર્મ ને ગુણ ને ભેદો ને ષટ્કારકના ભેદો છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? હજી અહીં વાંધા તકરારો બહારમાં (કરે). વ્યવહાર દયા, દાન ને વ્રત, ભક્તિથી કલ્યાણ થાય. એની તો અહીં વાત જ નથી. એને તો કહે છે, કે એ પરભાવ અચેતન છે. પણ ચૈતન્યમાં પર્યાયમાં રહેલા કારકો અને અપેક્ષિત ધર્મો ને સાક્ષાત ગુણો, એ ભેદ પણ દ્રવ્યમાં નથી. સમ્યગ્દર્શનનો વિષય જે દ્રવ્ય છે એમાં એ ભેદ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– એવો કોણ સમ્યગ્દર્શનનો વિષય છે જેમાં ભેદ નથી?

ઉત્તર :– માને છે. આ રાગથી માને છે ને રાગથી લાભ થાય ને... તો વળી ગુણ-ભેદ તો ક્યાંય રહી ગયા. દયા, દાન ને વ્રત, ભક્તિ કરીએ, વ્રત, અપવાસ કરીએ તો કલ્યાણ થાય. એ રાગ તો અચેતન ભાવ (છે). એને પોતાનો માને છે. એમાં કારક ભેદની વાત તો ક્યાં આવી? ગુણભેદ ને ધર્મભેદની તો વાત ક્યાં રહી? આહાહા..!

અહીં તો કહે છે, એ પરના નિમિત્તથી થતાં વિકારી ભાવો એ તો આત્મામાં છે નહિ પણ આત્મામાં જે નિત્ય, અનિત્ય આદિ ધર્મો છે અને કર્તા, કર્મ, આદિ કારકો છે અને ગુણો છે એ પણ ભેદ નથી. આહા..! એ બધા વ્યવહારનયના ભેદ છે. નિશ્ચયના વિષયમાં સમ્યગ્દર્શનનો દ્રવ્ય જે વિષય છે તે દ્રવ્યના અભેદમાં તે ભેદ છે નહિ. આહાહા..! આવું આકરું કામ છે. **'-આમ શુદ્ધનયથી અભેદરૂપે આત્માને ગ્રહણ કરવો.'** અનુભવવો. અભેદ એકલો શુદ્ધ ચૈતન્ય અભેદ ધર્મ, ગુણ ને કારકના ભેદ વિના એકલો અભેદ છે તેને ગ્રહણ કરવો–અનુભવવો. સમજાણું આમાં કાંઈ?

# ગાથા–૨૯૮-૨૯૯

पण्णाए घित्तव्वो जो दट्ठा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९८।।
पण्णाए घित्तव्वो जो णादा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९९।।

प्रज्ञया गृहीतव्यो यो द्रष्टा सोऽहं तु निश्चयतः।
अवशेषा ये भावाः ते मम परा इति ज्ञातव्याः।।२९८।।
प्रज्ञया गृहीतव्यो यो ज्ञाता सोऽहं तु निश्चयतः।
अवशेषा ये भावाः ते मम परा इति ज्ञातव्याः।।२९९।।

चेतनाया दर्शनज्ञानविकल्पानतिक्रमणाच्चेतयितृत्वमिव द्रष्टृत्वं ज्ञातृत्वं चात्मनः स्वलक्षणमेव। ततोऽहं द्रष्टारमात्मानं गृह्णामि। यत्किल गृह्णामि तत्पश्याम्येव; पश्यन्नेव पश्यामि, पश्यतैव पश्यामि, पश्यते एव पश्यामि, पश्यत एव पश्यामि, पश्यत्येव पश्यामि, पश्यन्तमेव पश्यामि। अथवा-न पश्यामि; न पश्यन् पश्यामि, न पश्यता पश्यामि, न पश्यते पश्यामि, न पश्यतः पश्यामि, न पश्यति पश्यामि, न पश्यन्तं पश्यामि; किन्तु सर्वविशुद्धो दङ्मात्रो भावोऽस्मि। अपि च-ज्ञातारमात्मानं गृह्णामि। यत्किल गृह्णामि तज्जानाम्येव; जानन्नेव जानामि, जानतैव जानामि, जानते एव जानामि, जानत एव जानामि, जानत्येव जानामि, जानन्तमेव जानामि। अथवा-न जानामि; न जानन् जानामि, न जानता जानामि, न जानते जानामि, न जानतो जानामि, न जानति जानामि, न जानन्तं जानामि; किन्तु सर्वविशुद्धो ज्ञप्तिमात्रो भावोऽस्मि।

---

(આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર તો ગ્રહણ કરાવ્યો; હવે સામાન્ય ચેતના દર્શનજ્ઞાન-સામાન્યમય હોવાથી અનુભવમાં દર્શનજ્ઞાનસ્વરૂપ આત્માને આ પ્રમાણે અનુભવવો-એમ કહે છે :–

પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે દેખનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૮.
પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે જાણનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૯.

ગાથાર્થ :– [ प्रज्ञया ] પ્રજ્ઞા વડે [ गृहीतव्यः ] એમ ગ્રહણ કરવો કે- [ यः द्रष्टा ]

જે દેખનારો છે [ सः तु ] તે [ निश्चयतः ] નિશ્ચયથી [ अहम् ] હું છું, [ अवशेषाः ] બાકીના [ ये भावाः ] જે ભાવો છે [ ते ] તે [ मम पराः ] મારાથી ૫૨ છે [ इति ज्ञातव्याः ] એમ જાણવું.

[ प्रज्ञया ] પ્રજ્ઞા વડે [ गृहीतव्यः ] એમ ગ્રહણ કરવો કે - [ यः ज्ञाता ] જે જાણનારો છે [ सः तु ] તે [ निश्चयतः ] નિશ્ચયથી [ अहम् ] હું છું, [ अवशेषाः ] બાકીના [ ये भावाः ] જે ભાવો છે [ ते ] તે [ मम पराः ] મારાથી ૫૨ છે [ इति ज्ञातव्याः ] એમ જાણવું.

ટીકા :– ચેતના દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઉલ્લંઘતી નહિ હોવાથી, ચેતકપણાની માફક દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે. માટે હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું. 'ગ્રહણ કરું છું' એટલે 'દેખું જ છું;' દેખતો જ (અર્થાત્ દેખતો થકો જ) દેખું છું, દેખતા વડે જ દેખું છું, દેખતા માટે જ દેખું છું, દેખતામાંથી જ દેખું છું, દેખતામાં જ દેખું છું, દેખતાને જ દેખું છું. અથવા-નથી દેખતો; નથી દેખતો થકો દેખતો, નથી દેખતા વડે દેખતો, નથી દેખતા માટે દેખતો, નથી દેખતામાંથી દેખતો, નથી દેખતામાં દેખતો, નથી દેખતાને દેખતો; પરંતુ સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું. વળી એવી જ રીતે-હું જાણનારા આત્માને ગ્રહણ કરું છું. 'ગ્રહણ કરું છું' એટલે 'જાણું જ છું;' જાણતો જ (અર્થાત્ જાણતો થકો જ) જાણું છું, જાણતા વડે જ જાણું છું, જાણતા માટે જ જાણું છું, જાણતામાંથી જ જાણું છું, જાણતામાં જ જાણું છું, જાણતાને જ જાણું છું. અથવા-નથી જાણતો; નથી જાણતો થકો જાણતો, નથી જાણતા વડે જાણતો, નથી જાણતા માટે જાણતો, નથી જાણતામાંથી જાણતો, નથી જાણતામાં જાણતો, નથી જાણતાને જાણતો; પરંતુ સર્વવિશુદ્ધિ જ્ઞપ્તિમાત્ર (જાણનક્રિયામાત્ર) ભાવ છું. (આમ દેખનારા આત્માને તેમ જ જાણનારા આત્માને કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકોના ભેદપૂર્વક ગ્રહણ કરીને, પછી કારકભેદોનો નિષેધ કરી આત્માને અર્થાત્ પોતાને દર્શનમાત્ર ભાવરૂપે તેમ જ જ્ઞાનમાત્ર ભાવરૂપે અનુભવવો અર્થાત્ અભેદરૂપે અનુભવવો.)

(ભાવાર્થ :– આ ત્રણ ગાથાઓમાં, પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવાનું કહ્યું છે. 'ગ્રહણ કરવું' એટલે કોઈ અન્ય વસ્તુને ગ્રહવાની-લેવાની નથી; ચેતનાનો અનુભવ કરવો, તે જ, આત્માનું 'ગ્રહણ કરવું' છે.

પ્રથમની ગાથામાં સામાન્ય ચેતનાનો અનુભવ કરાવ્યો હતો. ત્યાં, અનુભવ કરનાર, જેનો અનુભવ કરવામાં આવે તે, જેના વડે અનુભવ કરવામાં આવે તે-ઇત્યાદિ કારકભેદરૂપે આત્માને કહીને, અભેદવિવક્ષામાં કારકભેદનો નિષેધ કરી, આત્માને એક શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો હતો.

હવે આ બે ગાથાઓમાં દ્રષ્ટા અને જ્ઞાતાનો અનુભવ કરાવ્યો છે, કારણ કે ચેતનાસામાન્ય

દર્શનજ્ઞાનવિશેષોને ઉલ્લંઘતી નથી. અહીં પણ, છ કારકરૂપ ભેદ-અનુભવન કરાવી, પછી અભેદ-અનુભવનની અપેક્ષાએ કારકભેદ દૂર કરાવી, દ્રષ્ટાજ્ઞાતામાત્રનો અનુભવ કરાવ્યો છે.)

(ટીકા :–) અહીં પ્રશ્ન થાય છે કે–ચેતના દર્શનજ્ઞાનભેદોને કેમ ઉલ્લંઘતી નથી કે જેથી ચેતનારો દ્રષ્ટા તથા જ્ઞાતા હોય છે? તેનો ઉત્તર કહેવામાં આવે છે :– પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે. તે ચેતના દ્વિરૂપતાને અર્થાત્ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. (બધીયે વસ્તુઓ સામાન્યવિશેષસ્વરૂપ છે, તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી.) તેનાં જે બે રૂપો છે તે દર્શન અને જ્ઞાન છે. માટે તે તેમને (-દર્શનજ્ઞાનને) ઉલ્લંઘતી નથી. જો ચેતના દર્શન જ્ઞાનને ઉલ્લંઘે તો સામાન્યવિશેષને ઉલ્લંઘવાથી ચેતના જ ન હોય (અર્થાત્ ચેતનાનો અભાવ થાય). તેના અભાવમાં બે દોષ આવે–(૧) પોતાના ગુણનો નાશ થવાથી ચેતનને અચેતનપણું આવી પડે, અથવા (૨) વ્યાપકના (-ચેતનાના-) અભાવમાં વ્યાપ્ય એવા ચેતનનો (આત્માનો) અભાવ થાય. માટે તે દોષોના ભયથી ચેતનાને દર્શનજ્ઞાનસ્વરૂપ જ અંગીકાર કરવી.

---

## ગાથા–૨૯૮ તથા ૨૯૯ ઉપર પ્રવચન

---

કૌંસમાં. **'(આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર તો ગ્રહણ કરાવ્યો; હવે સામાન્ય ચેતના...'** જે ચેતના જે આત્માનો ત્રિકાળ ગુણ છે એ ચેતનાના બે પ્રકાર છે. આત્મામાં ચેતના નામનો ગુણ ત્રિકાળ છે, એ ચેતના ગુણમાં બે પ્રકાર છે–દર્શન અને જ્ઞાન. આહાહા..! **'દર્શનજ્ઞાન-સામાન્યમય હોવાથી અનુભવમાં દર્શનજ્ઞાનસ્વરૂપ આત્માને આ પ્રમાણે અનુભવવો-એમ કહે છે.'** ૨૯૮ અને ૨૯૯.

**पण्णाए घित्तव्वो जो दट्ठा सो अहं तु णिच्छयदो।**
**अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९८।।**
**पण्णाए घित्तव्वो जो णादा सो अहं तु णिच्छयदो।**
**अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९९।।**

હરિગીત.

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે દેખનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૮.**
**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે જાણનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૯.**

એની ટીકા. ઝીણો વિષય છે થોડો, ઠેઠનો ઝીણો વિષય લઈ ગયા છે. વિકાર તો

છે નહિ પણ ભેદ પણ વસ્તુમાં નથી. ત્યારે કહે છે, વસ્તુ છે એમાં બે ભેદ છે ને? આત્મા ચેતના વસ્તુ છે એમાં બે ભેદ છે ને? (તો કહે છે), એ ભેદ તો બરાબર છે, એ ભેદ નથી એમ નહિ. આ ભેદો કાઢી નાખ્યા. કારકોના, ધર્મના, ગુણની અપેક્ષાના કાઢી નાખ્યા. પણ આત્મા ચેતના ગુણ છે એ ચેતનાના બે પ્રકાર છે–દર્શન અને જ્ઞાન. એ બે માંથી ભેદ કાઢી નાખવો ને એક જ રાખવો એમ નહિ રહે. બેય એનું વસ્તુનું સ્વરૂપ જ છે. આહાહા..! સમજાણું કાંઈ? બધા ભેદ કાઢી નાખતા આ ભેદ પણ કાઢી નાખવો એમ નથી એમ કહે છે. એ ભેદ કાઢી નાખતા આખા ચેતનાનો નાશ થાય છે. એ ચેતના જ બે પ્રકારે છે, આત્માનો જે જાણવું-દેખવું એવો ચેતક સ્વભાવ એ બે પ્રકારે છે, દર્શન અને જ્ઞાન. છે? ટીકા આવીને?

**ટીકા :– 'ચેતના દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઉલ્લંઘતી નહિ હોવાથી,...'** શું કહે છે? કે તમે આટલા બધા ભેદો કાઢી નાખ્યા પણ આ ભેદ નહિ નીકળી શકે. ગુણભેદ કાઢી નાખ્યા, ધર્મભેદ કાઢી નાખ્યા, વિકાર કાઢી નાખ્યા પણ ચેતનાના બે પ્રકાર છે જ્ઞાન ને દર્શન એ નીકળી નહિ શકે. એ તો એનું સ્વરૂપ જ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી દયા પાળવી ને વ્રત પાળવા સહેલું સટ હતું. આવી ઝીણી વાતું. સહેલું હતું રખડવાનું. રાગની ક્રિયા તો ક્લેશ ને દુઃખ છે. ચાહે તો ભગવાનની ભક્તિ હો, વ્રત, નિયમ હોય એ રાગ છે ને રાગ છે તે ક્લેશ છે, ક્લેશ છે તે દુઃખ છે. આહાહા..! એની વાત તો એકકોર રહી પણ અહીં તો કહે છે, કે એનામાં જે ગુણભેદ લીધા ને ધર્મભેદ ને કારકભેદ રહ્યા એ કાઢી નાખ્યા. એ કાઢી નાખતા ભેગું ચેતનાના બે ભેદ છે એ કાઢી નહિ નખાય, એ તો એનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ?

**'ચેતના દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઓળંગતી-ઉલ્લંઘતી નહિ હોવાથી, ચેતકપણાની માફક...'** ચેતના જેમ આત્મામાં ત્રિકાળ છે તેમ ચેતનાનું **'દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે.'** આહાહા..! ગુણભેદ ઘણા કાઢી નાખ્યા. ગુણ, દર્શન, ચારિત્ર ને એવા ઘણા (ભેદો કાઢી નાખ્યા) પણ આ ચેતના જે છે એના બે ભેદને કાઢી નહિ શકાય. એ એનો સ્વભાવ છે. આહા..! શું શૈલી! સમજાય છે કાંઈ? આહા..!

એ **'ચેતના દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઓળંગતી-ઉલ્લંઘતી નહિ હોવાથી ચેતકપણાની માફક...'** જેમ ચેતન, ચેતના ત્રિકાળ એકરૂપ છે અને તે જીવનું સ્વરૂપ છે એમ આ દર્શનપણું ને જ્ઞાનપણું આત્માનું સ્વલક્ષણ જ છે. એનું સ્વરૂપ જ એ છે. ભલે બે પ્રકાર હો, દર્શન ને જ્ઞાન, પણ એનું સ્વરૂપ જ એ છે. બહુ ઝીણું છે, બાપુ! હવે એના ષટ્કારક ઝીણા આવશે. આહાહા..!

**'માટે હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું.'** દેખનારા આત્માને ગ્રહણ–અનુભવુ છું, ધર્મી એમ કહે (છે), હું તો દેખનારા આત્માને અનુભવુ છું, ભેદને નહિ. રાગને તો નહિ પણ કારક ભેદને અને ગુણભેદને, ધર્મભેદને નહિ. આહાહા..! પણ ચેતનાના ભેદને હું અનુભવુ

છું. કારણે કે એ તો મારું સ્વલક્ષણ સ્વરૂપ જ છે, ભલે બે હો, દર્શન અને જ્ઞાન. આહાહા..! સ્યાદ્વાદની શૈલી તો જુઓ!

**'ચેતકપણાની માફક દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે. માટે હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું.'** અનુભવું છું. દેખનારો જે ભગવાનઆત્મા એને જ હું તો દેખું છું. **''ગ્રહણ કરું છું...' એટલે 'દેખું જ છું;...'** આહાહા..! **'દેખતો જ (અર્થાત્ દેખતો થકો જ) દેખું છું,...'** અહીંથી શરૂ થયું. કર્તા, આ કર્તા છે. દેખતો જ, દેખતો થકો દેખું છું, મારા સ્વરૂપને દેખતો થકો દેખું છું. આહાહા..! છે? બીજી વાત તો કાઢી નાખી પણ આ વાત તો રાખી. બે છે એમાં. એથી કહે છે, કે દેખનાર એ દેખું છું, દેખતો જ દેખું (છું). એ કર્તા (છે). એ કર્તા, કર્મ, કરણ છ કારક છે એમાં પહેલું આ કર્તા (છે). આહા..! દેખતો થકો દેખું છું. હું તો કર્તા સ્વતંત્રપણે દેખતો થકો દેખું છું. મારા દેખવામાં કોઈ પરની અપેક્ષા નથી. આહાહા..! આવું ઝીણું હવે. વ્યવહારના રસવાળાને આવું ઝીણું એકાંત લાગે. કીધુંને?

**'(દેખતો થકો જ) દેખું છું,...'** એ કર્તા. દેખતો થકો એટલે દેખતો જ, દેખતો થકો દેખું છું. આહાહા..! હું દેખતો થકો દેખું છું. હું પરની અપેક્ષાએ ને આંખ અને પાંચ ઇન્દ્રિયની અપેક્ષાએ દેખું છું એ નહિ. આહાહા..! હું પરને દેખું છું એ નહિ. થોડું ઝીણું છે. દેખતો થકો જ દેખું છું એ કર્તા છે. હું સ્વતંત્રપણે દેખતો થકો દેખું છું, મારા દેખવા માટે કોઈની અપેક્ષા છે નહિ. મારા, મને દેખવા માટે કોઈની અપેક્ષા છે નહિ, એમ કહે છે. મને મારા દેખવા માટે, કર્તાપણામાં સ્વતંત્રપણે કર્તા હોવાથી મારા દેખવામાં કોઈની અપેક્ષા છે નહિ. આહાહા..! આવી વાતું હવે.

**'દેખતો જ દેખું છું,...'** એક વાત. **'દેખતો થકો જ દેખું છું,...'** પર વડે દેખતો થકો એ નહિ, ઇન્દ્રિયો વડે નહિ, મન વડે નહિ, પરપદાર્થ વડે દેખતો થકો પરને દેખું છું એમ પણ નહિ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગની અપૂર્વ વાત છે. સર્વજ્ઞ વીતરાગ જેવો (એવો) સૂક્ષ્મ માર્ગ છે, કે જગતને એકાંત જેવું લાગે. એકાંત છે, એકાંત છે એમ કરે છે, લોકો કહે છે. વાત સાચી છે. સમ્યક્ એકાંત આ જ છે. દેખતો થકો દેખું છું. હું કર્તા દેખતો થકો, સ્વતંત્રપણે દેખતો થકો દેખું છું. મારા દેખવામાં પરની કોઈ અપેક્ષા છે જ નહિ. આહાહા..! મને મારા દેખવા માટે પરની અપેક્ષા છે જ નહિ. ઇન્દ્રિયોની, મનની, રાગની કે ભેદની અપેક્ષા છે જ નહિ. આહાહા..! આવું સ્વરૂપ હવે, આવું પચાવવું. આખો દિ' ધંધામાં નવરાશ ન મળે. આહાહા..! ઇ તમારા પેલા છોકરાની વાત હતી? તે દિ' આખો દિ' દુકાને બેઠો હતો. દુકાને બેઠો હતો આખો દિ'. રાત્રે દોઢ વાગ્યો, પડતું મુક્યું ને મરી ગયો. આહાહા..!

આ પહેલો બોલ કર્તાનો બોલ છે. કર્તા એને કહીએ, કે સ્વતંત્રપણે કરે તે કર્તા.

પરની અપેક્ષા રાખ્યા વિના નિરપેક્ષપણે, સ્વતંત્રપણે કર્તા થઈને કરે તેનું નામ કર્તા. તો કહે છે, કે હું તો દેખતો થકો દેખું છું, પરની અપેક્ષા રાખ્યા વિના દેખતો થકો દેખું છું. આહાહા..!

**'દેખતા વડે જ દેખું છું,...'** એ કરણ-સાધન આવ્યું, કે દેખનારને સાધન શું? દેખનાર દેખે છે તેને સાધન શું? કે દેખવા વડે, મારા દેખવા વડે મારું સાધન છે. આહાહા..! મને દેખવા માટે મારું સાધન છે. આહાહા..! બહુ ધ્યાન રાખે તો પકડાય એવું છે, બાપુ! આ તો આખો માર્ગ જુદો છે બહુ. આહા..! **'દેખતા વડે જ દેખું છું,...'** મારો સ્વભાવ દેખવું છે, એ દેખવું છે એ જ મારું સ્વરૂપ. દેખતા માટે દેખું છું, દેખતા વડે (દેખું છું). દેખતા થકા દેખું એ કર્તા. દેખતા વડે દેખું એ કરણ-સાધન. દેખવામાં મારું સાધન શું? કે, સાધન હું. હું સાધન, બીજું કોઈ સાધન નહિ. **'દેખતા વડે જ દેખું છું,...'** આહાહા..! સાંભળવું, આ યાદ રાખવું પાછું મુશ્કેલ. આહાહા..!

**'દેખતા માટે જ દેખું છું,...'** ત્રીજો બોલ. દેખતા માટે, મારા માટે દેખું છું, પર માટે દેખું છું એમ છે નહિ. હું મારા માટે મને દેખું છું. હું પરને દેખું છું એ વાત છે નહિ. આહાહા..! આવી વાત હવે, પછી લોકો એકાંત કહે ને? વસ્તુ આવી છે. શું કીધું ઇ? **'દેખતા વડે જ દેખું છું,...'** દેખનારા વડે દેખું છું. મારું કોઈ સાધન ઇન્દ્રિય ને મન કે પુસ્તક ને પાના એનાથી દેખાય છે એમ નથી. આહાહા..! **'દેખતા વડે જ...'** 'જ' છે ને? પેલામાં પણ 'જ' હતો. **'દેખતો જ દેખું છું'** એ 'જ' હતો. કર્તા, કર્તા. **'દેખતો જ દેખું છું'** એ કર્તા સ્વતંત્ર જ. **'દેખતા વડે જ દેખું છું,...'** દેખતા વડે જ દેખું છું, દેખનાર વડે દેખું છું. એ પરવસ્તુ દેખનાર નથી કાંઈ. એના વડે હું પરને તો દેખતો નથી પણ હું પર વડે મને દેખતો નથી. હું તો મારા વડે મને દેખું છું. આહાહા..! આવું ઝીણું છે. ભાષા તો સાદી છે, ભાષા પકડાય એવી છે, નથી પકડાય એવી નથી. શું ન પકડે આત્મા? આહાહા..!

**'દેખતા વડે જ દેખું છું,...'** દેખનાર વડે દેખું છું. ઇન્દ્રિયો વડે ને પર વડે હું દેખતો નથી. આહાહા..! આ આંખ્યું છે, મન છે માટે દેખું છું? ના. હું તો દેખતા વડે દેખું છું. મારું સાધન તો મારામાં છે. મારું કર્તાપણું પહેલું એ પણ હું અને સાધન પણ હું છું. મારું સાધન દેખવા માટે બીજું કોઈ સાધન છે નહિ. આહાહા..! આજે થોડું ઝીણું આવ્યું છે. આ બધા આવ્યા છે અમારા 'કાંતિભાઈ' ને બેય. આજે નવું છે.

કહે છે, કે હું મારા વડે દેખું છું. આહાહા..! અને **'દેખતા માટે જ દેખું છું,...'** દેખતા માટે દેખું છું, કો'ક માટે દેખું છું એમ નહિ. હું દેખું છું તો કાંઈક મને લખવામાં કામ આવશે, જાણવામાં લખવામાં આવશે, હું જાણી લઉં તો પુસ્તક બનાવવામાં કામ આવશે એમ નહિ. આહાહા..! જીરવવું કઠણ પડે. શું કીધું ઇ? **'દેખતા માટે જ દેખું છું,...'** દેખનારો જે આત્મા એને માટે હું દેખું છું, કો'કને માટે હું દેખતો નથી. આહાહા..! મને આવડે તો હું લખું, મને આવડે તો હું બીજાને સમજાવી દઉં, આવડે તો હું કાંઈક પુસ્તકોની રચના

કરું એ મારામાં છે જ નહિ કાંઈ. આહાહા..! થોડું પણ સત્ત્વ સત્ છે. થોડું પણ થોડા શબ્દમાં પણ પરમ સત્ય (છે). સર્વજ્ઞ ભગવાન જિનેશ્વરદેવ એનું કહેલું સત્ય પણ ઝીણું બહુ બાપુ! અપૂર્વ વાત છે. **'દેખતા માટે જ દેખું છું...'** એ સંપ્રદાન છે. ષટ્કારકમાં પહેલું કર્તા હતું પછી કરણ હતું, પછી આ સંપ્રદાન લીધું. મારા માટે દેખું છું, હું દેખું છું એ કો'કના માટે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– દીકરા-દીકરીઓનું કે દિ' કામ કરે?

ઉત્તર :– દીકરા-દીકરી હતા કે દિ'? અહીં દીકરો-દીકરી નથી. પણ અહીં તો શાસ્ત્ર લખવા માટે જાણી લઉં એમ પણ નથી એમ કહે છે. ખૂબ દેખી લઉં (તો) શાસ્ત્ર લખાય, અહીં તો એમ પણ નથી. આહાહા..! ખૂબ દેખી લઉં તો પછી વાત સારી પ્રરૂપણા થઈ શકે, શાસ્ત્ર સભા ભરાય શકે એ માટે હું નથી દેખતો. આહાહા..!

મુમુક્ષુ :– આનંદ પ્રાપ્ત કરવા માટે દેખું છું?

ઉત્તર :– પોતાને માટે જ. ભાઈ! જે કંઈ આનંદ કહો, દેખવું કહો, શ્રદ્ધા કહો, સમકિત કહો પોતાની પર્યાય, પોતાને દેખવા માટે હું દેખું છું, મારે માટે હું દેખું છું. મને મારે માટે દેખું છું, હું કોઈને માટે દેખું છું એ છે નહિ. આહાહા..! છે કે નહિ? સામે પુસ્તક છે?

મુમુક્ષુ :– એમાં છે પણ સમજાતું નથી. આપ સમજાવો.

ઉત્તર :– સંતોએ તો કરુણા ઘણી કરી છે, દિગંબર સંતોએ... ઓહોહો..! સત્યની આટલી બધી જાહેરાત મૂકી, એને દુનિયાની દરકાર નથી. આ રીતે કહેતા દુનિયા અમને એકાંત માની લેશે કે નહિ અને એકાંત કહેશે કે નહિ, એની દરકાર એને નથી. વસ્તુ સત્ય આ છે. આહાહા..! શું આવ્યું?

આ ત્રીજો બોલ આવ્યો ને? **'દેખતા માટે જ...'** એમ શબ્દ છે ને? બધામાં 'જ' છે. મારા માટે જ દેખું છું. આહાહા..! મને યાદ રહે તો હું પુસ્તક લખી શકું, યાદ રહે તો હું વ્યાખ્યાન કરી શકું. (એમ પરને) માટે હું દેખતો નથી. આહાહા..! 'દેવીલાલજી'! આવી વાતું છે, બાપુ! આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એના સિવાય આ વાત ક્યાંય છે નહિ. પણ એને સમજનારા, એના સંપ્રદાયમાં રહેલા સમજનારા કો'ક હોય. આહા..! આવી ચીજ બાપુ! ઝીણી બહુ છતાં.... આહાહા..!

ધર્મધ્યાનનો અવાય વિચાર કરતાં ધર્મી વિચાર કરે (છે), બધા ભગવાન થાઓ, કોઈ વિરુદ્ધ ન રહો, દુઃખ ન રહો પ્રભુ! બધા આત્મા ભગવાન થાઓ! ધર્મ ધ્યાનનો અવાય બોલ છે. ધર્મ ધ્યાન આજ્ઞા વિજય, અવાય વિજય, એમાં–'દ્રવ્ય સંગ્રહ' માં એવો બોલ લીધો, કે મારું પણ પૂરું પડી જાઓ, પૂરું થઈ જાવ. બધા ભગવાન થાઓ. કોઈ વિરોધી ન રહો, કોઈ અલ્પમાં ન રહો, કોઈ વિરુદ્ધ દશામાં ન રહો. બધા ભગવાન છે, ભગવાન થઈ જાઓ. આહાહા..! આવી વાત છે.

એ ત્રીજો બોલ થયો ને? દેખતા માટે જ દેખું છું, એ સંપ્રદાન થયું. એટલે? હું મારે માટે દેખું છે, હું દેખીને એ પર્યાય મારામાં રાખું છું. લેનાર પણ હું ને દેનાર પણ હું. હું લેનાર ને દેનાર કો'કને એમ નહિ. આહાહા..! મારા દેખવાનો લેનાર પણ હું ને દેનાર પણ હું. આહાહા..! ડોલાવી નાખ્યો છે, હલાવી નાખ્યો છે એને. ફાટ... ફાટ અંદર અભેદ અને ભેદ વચ્ચે છીણી માર, અભેદ ભગવાન આવો છે. આહાહા..! અને તે પણ સર્વ ભગવાન થાઓ. કોઈ વિરુદ્ધમાં ન રહો, દુઃખમાં ન રહો, બાપુ! તમે દુઃખમાં રહો એ કાંઈ અનુમોદવા જેવું છે? કે આ બહુ વિપરીત શ્રદ્ધા કરે છે માટે બહુ દુઃખી થશે. અરે...! ભાઈ! દુઃખી ન થાઓ, પ્રભુ! સુખી થાવ. આહાહા..! સત્‌ને માર્ગે આવી જાવ, સુખી થાવ. આહાહા..! સર્વે જીવા, એવો શાસ્ત્રમાં પાઠ છે. આહાહાહા..!

મુમુક્ષુ :– આવી કરુણા તો રાખવીને?

ઉત્તર :– એ અકષાય કરુણા છે. એ જ્ઞાતાપણાનો અકષાય સ્વભાવ એવો છે. હું પૂર્ણ જ્ઞાતા થઈ ગયો, જ્ઞાતા પૂર્ણ થઈ જાય. આહાહા..! હું પણ પૂર્ણ જ્ઞાતા-દૃષ્ટા થઈ જાઉં, બધા ભગવાનો (થઈ જાઓ). પણ અભવિ? અભવિ-ભવિ મારા દશામાં લક્ષમાં નથી. એ પણ આત્મા છે. આહાહા..! વિષમતા કંઈ ન રહો, વિરુદ્ધતા કંઈ ન રહો. બધા પ્રભુ બની જાવ. આહાહા..! ધર્મધ્યાનનો બોલ લીધો છે. 'દ્રવ્ય સંગ્રહ' માં અવાય વિજય (આવે છે). આહાહા..! એવા બે, ત્રણ બોલ છે. સવ્વે જીવા આમ કરો એ બોલ છે 'સમયસાર'માં અને ૩૮ ગાથામાં સર્વ જીવો આમાં આવી જાવ. 'મજ્જમ' લોકાલોક જાણનારો આત્મા ત્યાં આવી જાવ, આવી જાવ, બીજે ન જાવ. આહાહા..! વીતરાગ માર્ગ, બાપુ! આ કાંઈ ધમાલની વાત નથી. ધમાલ થાય, મોટા ભાષણ આપે, માણસો ખૂબ ભરાય માટે વીતરાગતા વધી જાય ને એવી આ ચીજ નથી, પ્રભુ! આહાહા..!

હું કાંઈ ભણી લઉં તો કહેવા થાય, મારું ગુજરાન ચાલે, આજીવિકા ચાલે અને કાંઈક મારે દુનિયામાં રહેવું છે, નભી શકું એ માટે હું દેખતો નથી. આહાહા..! જવાબદારીની શરતું આપે છે. 'યશપાલજી'! શરતું આપે છે, શરતું. પ્રભુ! તારે કલ્યાણ કરવું હોય તો આ શરત છે, આ શરત રાખ. આહાહા..!

**'દેખતા માટે જ દેખું છું,...'** આહાહા..! **'દેખતામાંથી જ દેખું છું,...'** અપાદાન. મારામાંથી દેખું છું. પરમાંથી કાંઈ દેખતો નથી. પર વસ્તુ સામે દેખાય છે માટે એમાંથી અહીં દેખાય છે એમ નથી. એ મારામાંથી દેખાય છે. આહાહા..! આ પરવસ્તુ જણાય છે? તો (કહે છે), ના ના. એ તો જ્ઞાનની પર્યાય ને દર્શનની પર્યાય અહીં થાય છે એ જણાય છે. આહાહા..! એ દેખતામાંથી દેખાય છે. દેખનારો છે એમાંથી દેખાય છે. એ બીજી ચીજો એ કાંઈ આ ચીજ બીજી ચીજ નથી કે દેખનારી દેખે. આહાહા..! હલાવી નાખે છે એકવાર તો, સંસાર ભૂલાવી દે. આહાહા..!

એ ચોથો બોલ છે. **'દેખતામાંથી જ દેખું છું,...'** 'માંથી જ' એ અપાદાન છે. આનાથી... આનાથી... આનાથી... આ થકી. આનાથી, આના થકી. એમ આત્માથી, આત્મા થકી. આત્માથી આત્મા થકી. આહાહા..! આત્માથી આત્મા થકી જ દેખું છું, આત્માથી અને આત્મા થકી જ દેખું છું. આહાહા..! ગજબ વાત છે. દિગંબર સંતો.... બીજા કાંઈ દુનિયામાં રહે નહિ. એમણે જે કહ્યું એવું ક્યાંય કોઈ પંથમાં ક્યાંય નથી. એને સમજનારા એના પક્ષમાં જન્મ્યા એને કઠણ (પડે). આહાહા..! બીજે તો ક્યાંય છે નહિ. આહા..! આ કોઈ પક્ષ નથી, આ કોઈ વાડો નથી, આ કોઈ કહેવાની ને સમજાવવાની એકલી બહારની રીત નથી. વસ્તુનું સ્વરૂપ આ છે. આહા..! જેવું સ્વરૂપ છે તેવું જાહેર કરે છે. આહાહા..!

ભગવાન! આહાહા..! દેખતામાંથી દેખું છું. દેખતો છે એમાંથી દેખું છું. આહા..! બહાર વડે દેખું છું, આ વડે, દીવા વડે દેખું છું, સૂરજ વડે દેખું છું ને ફલાણા વડે દેખું છું, પ્રકાશ વડે દેખું છું... આહા..! આ શાસ્ત્રના પાના વડે દેખું છું. ના ના. આહાહા..! એ રીત ક્યાં છે? પ્રભુ! આહાહા..! આવી વાત સંતો જગતની પાસે મુકતા બેડર નાગા બાદશાહથી આઘા. દુનિયાની કાંઈ દરકાર નથી કે આ રીતે કહેતા લોકો કેમ માનશે? સત્ તો આ છે, માનો ન માનો, માનો જ તમે, આ પ્રમાણે કરો જ તે, એમ કહે છે એ તો. આહાહા..!

**'દેખતામાંથી જ દેખું છું,...'** દેખનાર હું. અંદર ખાણ છે, દેખનારની ખાણ છે આત્મા, એમાંથી દેખું છું. આહાહા..! **'દેખતામાં જ દેખું છું,...'** એ આધાર–અધિકરણ. દેખતામાં જ દેખું છું, દેખતામાં દેખું છું. કોઈને આધારે દેખતો નથી, મારે આધારે મારાથી દેખું છું, મારા આધારે મારાથી દેખું છું. શું આ તે વાત હશે આવી? આહાહા..! આવો માર્ગ છે, પ્રભુ! આહા..! છે? આહા..! **'દેખતામાં જ દેખું છું,...'** હું તો દેખતામાં દેખું છું, આ દેખાય છે એમાં દેખું છું નહિ. આહાહા..! વાત તો ભગવાન ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ એણે તો અમૃત વરસાવ્યા છે, પ્રભુ! દિવ્યધ્વનિમાં અમૃત મૂક્યા છે. જગતને પચાવવા કઠણ પડે. પણ પચાવવું પડશે, પ્રભુ! દુઃખી થઈને આવા ચોરાશીના અવતારમાં રખડે છે. ક્યાંય સુખ નથી, એકલા દુઃખ... દુઃખ. એ પૈસાવાળા દુઃખી બિચારા ભિખારા. એ કરોડપતિ, અબજોપતિ રાંકા, બિચારા રાંકા છે. એને આત્માની લક્ષ્મીની ખબર નથી. ધૂળની ને બહારની આબરુની લક્ષ્મીની જરૂર (છે) એને શાસ્ત્રકારે ભિખારા, વરાંકા કહ્યા છે. ભિખારી પ્રભુ માંગણ છો. આ લાવો... આ લાવો... આ લાવો... આ લાવો... આ લાવો... પણ મારે કાંઈ ન જોવે, મારી પાસે છે એ બધું અહીં છે. આહાહા..! ગુરુ એમ કહે છે કે મારી પણ તને જરૂર નથી. દેવ એમ કહે છે, મારી પણ તને જરૂર નથી. આહાહા..!

**'દેખતામાં જ દેખું છું,...'** ને દેખનાર છું એમાંથી દેખું છું ને. ભગવાનના આશ્રયે દેખું છું કે ભગવાનના શાસ્ત્રને આધારે દેખું છું એમ છે નહિ. આહાહા..! આવું ઝીણું પડે પણ શું થાય? આ જે વસ્તુ અધિકાર આવે એ આવે ને? માર્ગ તો આ છે, બાપુ! આહાહા..!

શું આચાર્યોએ કામ કર્યા છે! આહા..! જગતને એ કહે છે, કે આ શબ્દો મારા નથી. એ તો ભાષાની રચના થઈ છે, બાપુ! એ ટીકાની ભાષા જડની જડે રચિ છે, મેં-અમે નથી રચી. આહાહા..! એ તો પરમાણુની રચના ટીકા છે. એ વિકલ્પ આવ્યો છે એ પણ મારો નથી, એ તો વિકાર છે. આહાહા..! અને અમે તો સ્વરૂપગુપ્ત, જ્ઞાનમાં ગુપ્ત છીએ ને! બહાર નીકળતા નથી ને, જ્ઞાન બહાર (આવતા નથી). આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! દેખતામાંથી દેખું (છું), એ પાંચમો બોલ થયો.

**'દેખતામાં જ દેખું છું,...'** દેખતામાં જ દેખું છું. દેખતામાં જ આધાર થયો, આધાર. દેખતામાં જ દેખું છું, દેખતામાં દેખું છું, આધાર મારો દેખવામાં મારો મને છે. મને મારો દેખવામાં આધાર મારો મને છે. મારો મને દેખવામાં આધાર કોઈનો છે નહિ. આહાહા..! બહુ વાત સરળ આવી છે. આહાહા..! વ્યવહારના રસિયા તો એકાંત આવી વાત સાંભળીને તો ધ્રુજી ઉઠે. અર..ર..ર..! આ એકાંત (છે). વ્રત ને જાત્રા, ભક્તિ, પૂજા (એને) તો કહે છે, કે રાગ છે, એ તો ક્લેશ છે, એ તો દુઃખ છે, એ તો આત્માથી દૂર છે. આવે, પણ હેય તરીકે આવે, દુઃખ તરીકે લાગે. આહાહા..!

**'દેખતામાં જ દેખું છું,...'** આધાર આવ્યો, આધાર. દેખતામાં જ દેખું છું, દેખતામાં દેખું છું, જે દેખાય છે એ ચીજને દેખું છું એમ નહિ. આહાહા..! દેખતામાં જ દેખું છું, દેખનારને જ દેખું છું, દેખતામાં જ દેખું છું. આહાહા..! ગજબ કામ કર્યા છે ને! દિગંબર સંતોએ જંગલમાં રહી (આ કામ કર્યા છે). પોતે તો મોક્ષ પધારવાના પણ જગતને મોક્ષ જાહેર કરી ગયા છે. બાપુ! આ રીતે મોક્ષ થશે, બીજી રીતે નહિ થાય. આહાહા..! એ પાંચમો બોલ થયો.

હવે મારું કાર્ય શું? મારું કર્મ કર્મ. કર્મ એટલે કાર્ય. **'દેખતાને જ દેખું છું.'** દેખવું એ મારું કાર્ય છે, એ મારું કર્મ છે. આહાહા..! એક જડ કર્મ, એક શરીર-વાણીની ક્રિયા કર્મ, એક દયા-દાનરૂપી કર્મ, એક આ કર્મ. પેલા કર્મ તો છે જ નહિ આત્મામાં. આહાહા..! છે? **'દેખતાને જ દેખું છું, દેખતાને જ દેખું છું.'** હું તો દેખતાને દેખું છું એ કાર્ય થયું. દેખનારનું કાર્ય દેખવું તે કાર્ય તેનું છે. પોતા માટે દેખવું તે તેનું કાર્ય છે. આહાહા..! ગજબ કામ કર્યું છે ને! થોડું પણ ઘણું કરીને વાંચવું. થોડું લખ્યું ઘણું કરીને વાંચવું. તમારે કાગળમાં લખે છે કે નહિ? એમ આ થોડું લખ્યું ઘણું કરીને જાણવું. આહાહા..! ગંભીરતાનો પાર નથી, ટીકાની ઊંડપનો... ઊંડપનો પાર નથી. આહાહા..!

દેખતાને જ દેખું છું, એ કર્મ-કાર્ય થયું, મારું કાર્ય-દેખતાને દેખું એ મારું કાર્ય. રાગ મારું કાર્ય નહિ, પરના મારા કાર્ય નહિ. આહાહા..! શરીરને હલાવું, બોલવું એ મારું કાર્ય નહિ. બાયડી, છોકરાને સાચવવા એ મારું કાર્ય નહિ. આહાહા..! દેખતાને જ દેખું એ મારું કાર્ય છે. દેખતાને જ દેખું છું એ મારું કર્મ. કર્મ એટલે કાર્ય. આહાહા..!

મુમુક્ષુ :- સર્વદર્શીપણું ક્યાં રહ્યું?

ઉત્તર :- એ સમ્યગ્દષ્ટિપણું, એ બધું સમ્યગ્જ્ઞાન, મોક્ષ કહો જે કહો ઇ છે.

મુમુક્ષુ :- સર્વદર્શી, સર્વદર્શી.

ઉત્તર :- સર્વ બધું એમાં આવી ગયું. આહા..! કારણ કે આના પછી 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' શરૂ કરશે ને? તેથી છેલ્લે શબ્દ આવશે ને? કે હું તો સર્વ વિશુદ્ધ છું. આહાહા..! આવી ગયું ને પહેલું આપણે? પહેલા આવી ગયું છે, આમાં આવશે. આમાંય આવશે, જુઓ! **'સર્વવિશુદ્ધિ જ્ઞપ્તિમાત્ર (જાણનક્રિયામાત્ર) ભાવ છું.'** પાછળથી આવે છે. પહેલું આવી ગયું છે પણ આમાંય આવશે. દષ્ટામાં આવશે. જુઓ! ચોથી લીટી. ચાલે છે એનાથી પાંચમી, ચોથી લીટી. **'પરંતુ સર્વવિશુદ્ધિ જ્ઞપ્તિમાત્ર ભાવ છું.'** આહાહા..! પહેલા આવી ગયું ને આમાં આ છે. આમાં આ અધિકારમાં આ છે. એ અધિકાર એને માટે કર્યો છે. સર્વવિશુદ્ધ અધિકારનો આ ઉપોદ્ઘાત ચાલે છે. આહાહા..! ધીમે ધીમે સમજવાનું આ છે, બાપુ! આ કાંઈ ઉતાવળે આંબા પાકી જાય, એકદમ મોટી વાતું કરે, મોટી આ થાય ને આમ થાય ને... આહાહા..! સંસ્કૃત ને વ્યાકરણ ને છંદ ને ગાયન ને રંગ ને રાગ ને શાસ્ત્રને સંગીતમાં ઉતારીને ગાવા ને એ બધી ક્રિયાઓ તો જડની, પરની છે. આહા..! એમાં થતો રાગ છે કદાચિત્ શુભ રાગ હો તો એ પુણ્ય છે, એ કાંઈ આત્મા નથી ને આત્માનો ધર્મ પણ નથી તેમ એનાથી આત્માનો ધર્મ થતો પણ નથી. આહાહા..!

આવી ગયો છઠ્ઠો બોલ? **'દેખતાને જ દેખું છું.'** એ છઠ્ઠો બોલ છે. પહેલું કર્તા હતું, છેલ્લું કર્મ છે અને ચાર વચમાં નાખ્યા. પહેલું કર્તા હતું. કયો? **'દેખતો થકો દેખું'** એ કર્તા છે, **'દેખતા વડે દેખું'** એ કરણ, એ એનું કરણ. **'દેખતા માટે દેખું'** એ સંપ્રદાન, **'દેખતામાંથી દેખું'** તે દેખતામાંથી દેખું, માંથી દેખું એ અપાદાન, **'દેખતામાં દેખું'** દેખતામાં દેખું એ અધિકરણ, દેખતાને દેખું એ કર્મ, છ બોલ છે. આહાહા..! સમજાય એટલું સમજવું, ભાઈ! આ અધિકાર તો જે આવ્યો હોય એનું સ્પષ્ટિકરણ થાય ને?

ચરણાનુયોગ ને કરણાનુયોગ બધામાં વ્યવહારની વાત આવે પણ એ બધી જાણવા લાયક છે. આદરવા લાયક તો આ એક જ ચીજ છે. કોઈ કહે કે, આ ચારેય અનુયોગમાં કહ્યું. પણ ચારેય અનુયોગમાં કહ્યું છે શું? કથાનુયોગમાં કથાઓ કહી દીધી અહીંથી આ, આમ થયું, આનું આમ થયું, આનું આમ થયું ને આનું થાશે. એ શું સૂચવ્યું? એ બધું ક્રમબદ્ધ સૂચવ્યું. જે આમ થયું ને આમ થશે, થશે આમ એ બધું ક્રમબદ્ધ સૂચવે છે. આહાહા..! એનો અર્થ એ કે, એ બધું જ્ઞાતા-દષ્ટાપણું સુચવે છે. એમાં એ અકર્તાપણું સુચવે છે. આહાહા..! પણ એ દ્રવ્યાનુયોગની દષ્ટિ વિના એ ત્રણ અનુયોગ વાંચે તો પોતાની કલ્પનાથી અર્થ કરે. જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય. ન્યાં એમ અર્થ કરે. અહીં કહે છે, કે એ વાત જૂઠી છે. જ્ઞાનાવરણીયથી રોકાય તે તો જૂઠું પણ જ્ઞાન હીણું પડે છે એ પણ જૂઠું. જ્ઞાન તો જ્ઞાન

જ છે. એમાં હીણું પડવું અંદર વસ્તુમાં હીણું-બીણું કાંઈ છે જ નહિ. પર્યાયમાં હીણું છે એ જાણવા લાયક છે. આહાહા..! આવી ઝીણી વાતું છે.

અથવા... હવે છ કારક કીધા, છ કારકો અસ્તિથી બતાવ્યા. પર્યાયમાં હોં! પર્યાયમાં, દ્રવ્યમાં નહિ. દ્રવ્ય તો દ્રવ્ય ધ્રુવ છે. પર્યાયમાં આવા ષટ્કારક (છે). **'અથવા-નથી દેખતો;...'** ભેદ નથી હવે કહે છે. દેખતો થકો, દેખતો કર્તા હતો ને? એ નકાર કર્યો. **'નથી દેખતો થકો દેખતો,...'** આ નથી દેખતો થકો એ કર્તા. નથી દેખતો એ સાધારણ. **'નથી દેખતો થકો દેખતો, નથી દેખતા વડે દેખતો (કરણ), નથી દેખવા માટે દેખતો (સંપ્રદાન), નથી દેખતામાંથી દેખતો (અપાદાન), નથી દેખતામાં દેખતો (આધાર)...'** દેખતામાંથી થી થકી. **'નથી દેખતાને દેખતો;...'** દેખતાને દેખતો નથી, લે! ઠીક! પરને તો દેખતો નથી પણ દેખનારને દેખતો નથી. ભેદ, ભેદ કાઢી નાખ્યો. હું તો સર્વવિશુદ્ધ દર્શનજ્ઞાન સ્વરૂપ છું. આહાહા..!

પહેલી તો નિસ્પૃહ દર્શનવિશુદ્ધિ થવી એ મૂળ ચીજ છે. એની વાત મૂકીને બધી વાતું બહારની આમ છે ને તેમ છે ને ફલાણું છે ને ઢીંકણું છે ને આ છે ને આ છે ને. આહાહા..! અરે..! દુનિયામાં એવી બધી વાતું છે. મૂળ વાત તો આ છે, ભવના અંતની વાત તો આ છે. ભવના અંત વિના એને ક્યાંય પરિભ્રમણ મટશે નહિ ને દુઃખ ટળશે નહિ. આહાહા..! ભગવાન તો અનાદિઅનંત રહેશે જ તે. એ કાંઈ નાશ પામે એવો નથી. ભવિષ્યમાં જે દૃષ્ટિ હશે તે પ્રમાણે રહેશે. જો દૃષ્ટિ રાગ અને ભેદને ઉપર દૃષ્ટિ હશે તો એ રખડતો ચાર ગતિમાં એમ રહેશે અને અભેદ ઉપર દૃષ્ટિ હશે તો થોડા કાળમાં પૂર્ણ અભેદ થઈને ભેદનો નાશ કરીને કેવળ પામશે. આહાહા..! વસ્તુની સ્થિતિ આ છે.

અહીં હવે છનો નકાર કર્યો. **'નથી દેખતો થકો દેખતો, નથી દેખતા વડે દેખતો, નથી દેખતા માટે દેખતો, નથી દેખતામાંથી દેખતો, નથી દેખતામાં દેખતો, નથી દેખતાને દેખતો;. પરંતુ સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું.'** ઠીક! જુઓ! આવ્યું. દર્શનનું આવ્યું. **'પરંતુ સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું.'** પૂર્ણ વિશુદ્ધ સર્વ દર્શનમાત્ર આત્મા છું, એવા ભેદ-બેદ મારા સ્વરૂપમાં નથી. આહાહા..! એને અહીં લઈ જવો. ક્યાં પડ્યો છે ને ક્યાં લઈ જવો એને. ઉપદેશો ઘણી જાતના, એમાંથી આવો ઉપદેશ આવે ત્યારે એકાંત લાગે એને, એકાંત લાગે. કારણ કે, એના મગજમાં પેસે નહિ, મગજમાં સાંભળ્યું ન હોય અને આ કઈ પદ્ધતિથી કહેવાય છે એ પદ્ધતિ પકડવી કઠણ પડે. આહાહા..!

કહે છે, કે હું દેખતા માટે દેખતો નથી. પરને માટે (દેખતો નથી). મારે માટે દેખું છું. મને દેખું છું, મારે માટે દેખું છું. આહાહા..! છે ને છેલ્લું? છેલ્લું અહીં કીધું, નથી દેખતાને દેખતો, નથી દેખતાને દેખતો. જોયું? કર્મ કાઢી નાખ્યું. **'પરંતુ સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું. વળી એવી જ રીતે...'** દર્શનનું ઉતાર્યું એમ જાણતામાં ઉતારવાની વાત છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૩૬૮ ગાથા–૨૯૮, ૨૯૯ શુક્રવાર, માગશર વદ ૧૦, તા. ૧૪-૧૨-૧૯૭૯**

'સમયસાર' અહીં **'સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ...'** ત્યાં સુધી આવી ગયું. ધર્મી એમ વિચારે છે અને એને ધર્મી કહીએ, કે સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ હું છું. હું તો સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ આત્મા છું. છ કારકના ભેદ કર્યા એ પણ વ્યવહાર જાણવા લાયક (છે), આદરણીય નથી. આદરણીય તો સર્વવિશુદ્ધ દર્શનમાત્ર, દર્શનમાત્ર (ભાવ છું). માત્ર કહેતા કોઈ છ કારક ભેદ, ધર્મ, ગુણભેદ આદિ મારામાં નથી. ધર્મ ભેદ કીધાને? નિત્ય-અનિત્ય, એક-અનેક ધર્મ. એ પણ મારામાં નથી. જ્ઞાન, દર્શન આદિ ગુણનો ભેદ પણ મારામાં નથી. હું તો સર્વવિશુદ્ધ, આહા..! દર્શનમાત્ર છું. છ કારક કહી વ્યવહાર બતાવ્યો, જણાવ્યો, જાણવા લાયક વ્યવહાર છે. ટીકાકાર 'રાજમલ' (વ્યવહારને) વચનમાત્ર કહે છે. વચનથી કહેવા માત્ર છે. વસ્તુ તો અભેદ છે, એમાં કાંઈ ભેદ પડતો નથી. ફક્ત કથન સમજાવવા માટે વ્યવહારનો ભેદ પડે છે. બાકી વસ્તુ તો સર્વવિશુદ્ધ દર્શનમાત્ર વસ્તુ છે એ જ આદરણીય અને ઉપાદેય છે. છ કારકના ભેદો પણ, આહાહા..! આદરણીય નહિ. કહો! અહીં લઈ જવું છે. હવે જ્ઞાનની વાત આવે છે.

**'વળી એવી જ રીતે-હું જાણનારા આત્માને...'** હું જાણનારો જે આત્મા એને જ અનુભવું છું. **'ગ્રહણ કરું છું.'** એટલે અનુભવું છું. હું... આહાહા..! જાણનાર આત્માને, જાણનારા આત્માને, જાણનાર આત્મા છે ને જાણનાર આત્માને જાણું છું. આહાહા..! જાણનાર આત્માને જાણું છું. જણાવા યોગ્ય વસ્તુથી આત્માને જાણું છું એ હું નહિ. એટલે કે **''ગ્રહણ કરું છું' એટલે 'જાણું જ છું;' જાણતો જ...'** હવે કારક ઊતારે છે. એક તો સાધારણ વસ્તુ કીધી. જાણનાર આત્માને અનુભવું છું, એને ગ્રહણ કરું છું. એ પહેલી સામાન્ય વાત કરી, હવે છ કારક કરે છે. આહા..!

**'જાણતો જ (અર્થાત્ જાણતો થકો જ) જાણું છું,...'** એ કર્તા છે. હું જાણતો જ જાણું છું, જણાવાયોગ્ય ચીજથી જાણું છું કે મન ને ઇન્દ્રિયથી જાણું છું એ હું નહિ. આહાહા..! હજી તો દયા, દાન ને વ્રત, ભક્તિના પરિણામ પણ ક્યાંય બંધના કારણમાં રહી ગયા, આ તો પર વડે જાણવું એ પણ નહિ અને પરને જાણવું એ પણ નહિ. એ પણ પરની અપેક્ષા આવી, ભેદ આવ્યો. આહાહા..! હું જાણતો જ, જાણતો જ જાણું છું. એટલે? જાણતો થકો જ જાણું છું. આહાહા..! બહુ ઝીણું. દયા પાળી શકું છું કે વ્રત કરી શકું છું કે ભગવાનની ભક્તિ કરી શકું છું કે એ હું નહિ. આહા..! હું તો જાણતો થકો (એ) કર્તા. કર્તા સ્વતંત્રપણે કરે તે કર્તા. હું જાણતો થકો, જાણતો સ્વતંત્રપણે જાણતો કર્તા હું છું. મારા જાણવા માટે

કોઈ પરની અપેક્ષા છે નહિ. આહાહા..! આવું ઝીણું હવે.

બહારની વાતું તો ક્યાંય રહી ગઈ. દેહની ક્રિયા ને વાણીની ક્રિયા એ તો જડમાં ગઈ. દયા, દાન ને રાગાદિ પરિણામ પણ અચેતનમાં ગયા. આહા..! આ તો હજી વ્યવહાર એની પર્યાયમાં છ પ્રકાર પડે એની વાત કરે છે. પછી પર્યાયમાંથી કાઢી નાખીને એકલા દ્રવ્યની દૃષ્ટિ કરે છે. આહાહા..! નિમિત્તથી છોડાવી, રાગથી છોડાવી, પર્યાયથી પણ છોડાવી, આહાહા..! દ્રવ્યદૃષ્ટિ જે ત્રિકાળ દ્રવ્ય છે તે દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે. આહાહા..! આવી ચીજ ઝીણી છે.

ઇ પહેલો બોલ છે. **'જાણતો જ જાણું છું,...'** એટલે? જાણતો જ જાણું છું એટલે? મારા જાણવા માટે કોઈ બીજાની અપેક્ષા નથી. જાણતો જ જાણું છું. કર્તા છે ને? જાણતો જ હું જાણું છું, સ્વને જાણતો જ હું જાણું છું. સ્વને હોં! સ્વને જાણતો જ હું જાણું છું, સ્વને જાણતા માટે, કર્તા માટે કોઈની અપેક્ષા છે નહિ. આ પણ હજી વ્યવહાર છે. વ્યવહાર એટલે પર્યાયના ભેદ છે. પર્યાયમાં ષટ્કારક ઉભા થાય છે, દ્રવ્યમાં નહિ, દ્રવ્ય તો અભેદ વસ્તુ છે. દૃષ્ટિ તો અભેદની કરાવવી છે પણ આ દ્વારા જણાવીને પછી છોડાવે છે, કે એ ભેદ-પર્યાયના ષટ્કારકના ભેદ પણ તારામાં નથી.

શરીર, વાણી, મન ને કર્મ, સ્ત્રી, કુટુંબ, પૈસા, આબરુ તો તારામાં નથી અને તું તેમાં નથી. આહાહા..! અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ તારામાં નથી, તું તેમાં નથી, તે તારામાં નથી. પણ પર્યાયના છ ભેદ છે એ પર્યાયમાં છે. પેલું તો પર્યાયમાં પણ નથી, પર્યાયમાંથી કાઢી નાખ્યું. આહાહા..! પર્યાય અવસ્થામાં ભેદ છે, દ્રવ્યમાં નથી. દ્રવ્યની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય, ભેદની દૃષ્ટિ કરતાં વિકલ્પ ઉઠે. પણ ભેદ આવે, જણાવે, પહેલો જાણવામાં એ આવે. આહા..! તો પહેલો બોલ ઇ જાણતો જ જાણું છું, જાણતો જ જાણું છું. આહાહા..! કર્તા.

**'જાણતા વડે જ જાણું છું,...'** બીજો બોલ એ કરણ છે, કરણ-સાધન. મારા જાણવા માટે સાધન શું? કે, જાણવા માટે જ જાણું છું. સાધન મારા, મારા સાધન માટે મને જાણું છું, સાધન હું છું. આહાહા..! મારા સાધન માટે પરની કોઈ અપેક્ષા છે નહિ. એ પણ હજી વ્યવહાર છે. આવી આકરી વાત છે. આવો માર્ગ હવે. જૂની (વાત) હજી પકડી હોય એને આ કઠણ પડે. **'જાણતા વડે જ...'** દરેકમાં 'જ' છે, હોં! પહેલામાં હતું ને? જાણતો જ જાણું છું. પર્યાયમાં પણ તે નિશ્ચય છે. રાગાદિની અપેક્ષા એને નથી. એમ. પર્યાયમાં જાણતો જાણું છું તેમાં રાગના વિકલ્પની અપેક્ષા નથી. આહાહા..! આ અત્યારે કહે છે ને કે, વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય. વ્યવહાર જોઈએ, વ્યવહાર સાધન છે. અહીં કહે છે, કે વ્યવહારની તો અહીં વાત પણ નથી. આહાહા..!

આ તો હું મને જાણું છું અથવા જાણતો જ જાણું છું એ જ હજી વ્યવહાર છે. કર્તા

એ પર્યાયનો વ્યવહાર છે. પર્યાય પોતે વ્યવહાર છે, દ્રવ્ય પોતે નિશ્ચય છે. આહાહા..! જાણતા વડે જ જાણું છું, જાણતા વડે, ઇન્દ્રિયો વડે ને મન વડે... આહાહા..! કે ભગવાનની વાણી વડે જાણું છું એમ પણ નહિ, અહીં તો એ કહ્યું, લ્યો! દિવ્યધ્વનિ દ્વારા હું મને જાણું છું. હમણાં ઇ આવ્યું છે, કે દિવ્યધ્વનિથી પણ ન જાણે એ તે એકાંત મિથ્યાત્વી છે. નિમિત્તને માનતા નથી. એને (જે વાત) બેઠી હોય એ કહે. જે લાઈનમાં બેઠી હોય એને એ રૂપે જ આત્મા તો થઈ ગયો ને એ વખતે. આહાહા..! દિવ્યધ્વનિથી જ્ઞાન ન થાય.

મુમુક્ષુ :– આ જીવને તો ન થયું?

ઉત્તર :– કોઈને ન થાય. દિવ્યધ્વનિ દ્વારા કોઈને ન થાય, દિવ્યધ્વનિ પર છે. એની અહીં વાત જ નથી. અહીં તો કહે છે, કે **'જાણતા વડે જ જાણું છું,...'** એ નિમિત્ત વડે જાણું છું, વાણી વડે જાણું છું, દિવ્યધ્વનિ વડે જાણું છું એ હું નહિ. આહાહા..! આકરું કામ ભાઈ છે. 'કનુભાઈ'! વાત એવી આવી. આહાહા..! વીતરાગ માર્ગ કોઈ એવો છે. આહાહા..! ઠરી જવાની વાતું છે, બાપુ! આહાહા..!

**'જાણતા વડે જ જાણું છું,...'** એ સંસ્કૃત ને વ્યાકરણ ને બધું ભણ્યો માટે જાણવામાં આવ્યું... આહાહા..! એમ નહિ. **'જાણતા વડે જ જાણું છું...'** આહાહા..! એમ શાસ્ત્રમાં ચાર અનુયોગમાં કર્મથી આવે, જ્ઞાનાવરણીયથી જ્ઞાન આમ થાય, ચરણાનુયોગમાં વ્રત ને નિયમની વાત આવે. આ કથાનુયોગમાં આના આ ભવ થયા ને આના આ ભવ થયા (એ) બધી વાત આવે પણ કહે છે, કે એ બધી વાત વ્યવહારની છે. અહીં તો જાણતા વડે જાણે છે આત્મા એ કથા દ્વારા નહિ.... આહાહા..! એ દ્રવ્યાનુયોગના શાસ્ત્ર દ્વારા નહિ. આહાહા..! આવી વાતું સહન થવી (કઠણ પડે).

**'જાણતા વડે જ જાણું છું,...'** જ છે ને? એકાંત કરે છે, એકાંત.. અનેકાંત નહિ. જાણતા વડે પણ જાણું છું અને ન જણાય એવી પર ચીજથી પણ હું જાણું છું, એ અનેકાંત નથી. જાણતા વડે જ જાણું છું અને બીજી ચીજ વડે નથી જાણતો એનું નામ અનેકાંત છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આ ગાથાઓ જ એવી છે. બહુ ઝીણી. આહા..! જાણતા, જાણતો, જાણનારો એ વડે જ જાણું છું. જ્ઞાન દ્વારા જાણું છું, એ વડે જાણું છું. મનથી નહિ, નિમિત્તથી નહિ, આહાહા..! ગુરુથી નહિ, દેવથી નહિ, શાસ્ત્રથી નહિ. આહાહા..! આ વાત જીરવવી.. વીતરાગનો મૂળ માર્ગ આવો છે, પ્રભુ! આહાહા..!

જાણતા વડે જ, જાણતા વડે જ. કથંચિત્ જાણતા વડે ને કથંચિત્ જણાવયોગ્ય વસ્તુ વડે જાણું છું, જણાય છે વસ્તુ તે વડે કથંચિત્ જાણું છું એમ નથી. આહાહા..! ઝીણું પડે પણ હવે કાને સાંભળવું તો ખરું. અમારે 'કાંતિભાઈ' ને 'કનુભાઈ' બરાબર આવ્યા છે ને તાકડે. આ ઝીણી વાતું (આવે છે). આહાહા..! ભારે અદ્‌ભૂત વાત છે, બાપા! આહાહા..!

મુમુક્ષુ :– ઘણું ઝીણું પણ બહુ સ્પષ્ટીકરણ આવે છે.

ઉત્તર :– સત્ય, સત્ય જ આ છે, બાપા! વસ્તુની સ્થિતિ જ આ મર્યાદા છે. વીતરાગ એમ પોતે કહે છે, કે હું પણ તારા જાણવામાં મારી અપેક્ષા નથી. આહાહા..! હવે બીજો કોણ કહે આ? આહાહા..! ત્રણલોકનો નાથ એમ કહે કે મારી વાણી અને હું એ વડે તું જાણ એવો તું છો નહિ, એવો તું છો નહિ. આહાહા..! તું તો જાણતા વડે જ જાણો છો. જાણનારો છે એ વડે તું જાણે છો એવો તું છો. આહાહા..! કહો, 'યશપાલજી'! આવી ઝીણી વાતું છે. જૂની ક્રિયાકાંડવાળાને લાગે આકરું. હવે છે એ બધી ખબર નથી? આહા..! બહુ સરસ વાત. આહાહા..! આ એ પણ વ્યવહાર. હજી આ ભેદ પાડવા એ પણ વ્યવહાર. ભગવાનથી જાણું છું, દિવ્યધ્વનિથી જાણું છું એ તો ક્યાંય ક્યાંય રહી ગઈ વાત. આહાહા..! હમણા છાપામાં એ આવ્યું હતું. 'વિદ્યાનંદજી'! અહીંની વાત (આવી હતી કે) દિવ્યધ્વનિથી નિમિત્ત-નિમિત્તથી જ્ઞાન ન માને તે એકાંત મિથ્યાત્વ છે. પ્રભુ! તને ખબર નથી.

મુમુક્ષુ :– એમની ભાષાને સિંહનાદ કહી છે.

ઉત્તર :– સિંહનાદ. એમ કે સિંહનાદ કર્યો. 'ઇન્દોર'માં સિંહનાદ કર્યો કે, આ એકાંત છે. દિવ્યધ્વનિથી જ્ઞાન ન થાય એમ માનનાર એકાંત છે. 'કનુભાઈ'! 'વિદ્યાનંદ' છે ને? 'ઇન્દોર'માં અત્યારે દસ દસ હજાર માણસ (ભેગા થાય છે). સમાજને ખબર ન મળે, સમાજ એમ ને એમ પડ્યો છે. ઓઘે ઓઘે જિંદગી ચાલી જાય છે. આહા..! આવું સત્ય એને લક્ષ, સાંભળવામાં ન આવે તો વિચાર કે દિ' કરે? વિચાર કે દિ' કરે? આહાહા..!

**'જાણતા વડે જ જાણું છું,...'** બે બોલ થયા. કર્તા અને કરણ. કરણ આ બીજો બોલ એ કરણ છે. કરણ એટલે સાધન. મારા જાણતા વડેનું સાધન હું છું. આહાહા..! કરણ, કરણ ષટ્કારક છે–કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ છ બોલ છે. આહાહા..! સંતો વર્ણવીને જગતને જાહેર કરે છે. જગતને બેસે, ન બેસે સ્વતંત્ર છે. વિરોધ કરે તો પણ ઇ સ્વતંત્ર છે. એને ન બેસે તો વિરોધ કરે. 'જામે જિતની બુદ્ધિ હૈ ઇતનો દિયે બતાય, વાંકો બુરો ન માનીએ ઔર કહાંસે લાય' એનું બુરુ ન માનવું. એની બેઠી એ વાત કહે, બીજી લાવે ક્યાંથી? આહા..!

હવે ત્રીજો બોલ–સંપ્રદાન. આહાહા..! **'જાણતા માટે જ જાણું છું,...'** હું તો મારા માટે જાણું છું, જાણતા માટે જ જાણું છું. આહાહા..! હું પર માટે જાણું છું (એમ નથી). આહાહા..! સમજાય છે કાંઈ? ત્રીજો બોલ. **'જાણતા માટે જ જાણું છું,...'** ઇ સંપ્રદાન છે. ષટ્કારકમાં સંપ્રદાન (છે). પોતે પોતાને દીધું. જાણતા માટે જ જાણું છું, જાણનાર માટે હું જાણું છું. આહા..! મને મારા માટે જાણું છું, મને મારા માટે જાણું છું. આહાહા..! આમાં લખ્યું છે તો આમાં કાંઈ ના તો પાડી શકાય નહિ કે, 'સોનગઢ'વાળા એમ કહે છે ને ફલાણાવાળા એમ કહે છે. ભગવાન આમ કહે છે હવે એમ લેને તું. આહાહા..!

અરે..! આવા અવસર પ્રભુ! ક્યારે મળે? મનુષ્યભવ અનંત કાળે મળે. એમાં અનંત

કાળે આર્ય દેશ (મળવો).પાછો અનંત કાળે જૈનનો સંપ્રદાય, એમાં પછી સત્ય વાણી કાને મળવી. આહાહા..! અને મળ્યા પછી પણ સાંભળીને એના તરફનું લક્ષ છોડીને અંતરમાં આવવું. આહાહા..! 'દેવીલાલજી'! આહાહા..! બાપુ! આવું પણ છે આવી રીતે રીત એમ પકડે તો ખરો. પહેલી શ્રદ્ધામાં આ રીત છે એમ પકડે તો અંતર્મુખ થવાનો પ્રયત્ન કરે. પણ રીત જ પકડતા આવડે નહિ એ કરે શું? આહાહા..! અરે..! આત્મા આવો દુઃખી થાય બિચારા. આહાહા..!

તમારો છોકરો કેટલો બિચારો અહીં સાંભળતો, હોં! 'મનસુખ'નો. સાંભળતો. કોણ જાણે શું થઈ ગયું? ૩૫ વર્ષની ઉંમર બિચારાની, પડીને મરી ગયો. 'મુંબઈ'માં ચોથે માળથી રાત્રે દોઢ વાગે પડતું મુક્યું. આહા..! અર..ર..! અહીં સાંભળતો, સાંભળવા આવતો, વાંચતો પણ શું થયું? સંસાર દશા એવી (છે), બાપા! આહાહા..! એવા ભાવો તો અનંતવાર વીતી ગયા છે, પ્રભુ! આહાહા..! જૈનનો દિગંબર દ્રવ્યલિંગી સાધુ પણ અનંતવાર થઈ ગયો. અનંતવાર પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ અનંતવાર પાળ્યા પણ એ તો બધી રાગની ક્રિયા (છે), પ્રભુ! એ કાંઈ આત્મા નથી. ત્યાં વીતરાગ ભાવ આવ્યો નહિ એમાં અને વીતરાગનો માર્ગ વીતરાગ ભાવથી પ્રગટ થાય છે. આહા..! એ રાગથી પ્રગટ થતો નથી. આહાહા..!

**'જાણતા માટે જ...'** એમ. બધામાં ('જ' લખ્યું છે). આહાહા..! કથન તો જુઓ! દરકાર વિનાના, જેને દુનિયાની દરકાર નથી. સમાજ શું કરશે ને શું કહેશે? શું માનશે? ને શું આનું ધોરણ કહીને બહાર પાડશે ઘરે લ્યો! આવું? બસ! જાણતા માટે જ જાણું છું? મારા માટે તો હું જાણું છું, હું તો મારા માટે જાણું છું. કોઈને માટે નહિ, કોઈને કહેવા માટે, કોઈને સમજાવવા માટે... આહાહા..! વિદ્વત્તાની પરીક્ષા દેવા માટે, ભણીને પરિક્ષાની શું કહેવાય? આ આપેને કાંઈક? પદવી પદવી. પદવી આપેને? આહાહા..! આ તો આ પદવી તો પોતાને લેવાની હોય છે, સમકિતરૂપી પદવી. એને માટે પોતે આ જાતનો વિચાર હજી તો વ્યવહારમાં કરે છે. આહાહા..! જેને સમ્યગ્દર્શન પદવી, પદવી કીધી છે. સમ્યગ્દર્શનને પદવી કીધી છે. આહાહા..!

**'જાણતા માટે જ જાણું છું,...'** આહાહા..! જાણનાર! મારે માટે હું જાણું છું, હું તો મારા માટે જ જાણું છું. આહાહા..! મને જ જાણું છું, મારા વડે જાણું છું, મારા માટે જ જાણું છું. આહાહા..! છે ને? એ જાણતા શબ્દ મારા માટે (છે). મારા માટે જ જાણું છું. પહેલો શબ્દ એ આવ્યો હતો ને? જાણતો જાણું છું એટલે હું પોતે મને માનતો જાણું છું, મને માનતો જાણું છું, મને હું માનતો જાણું છું. મારા વડે મને જાણું છું, મારા વડે મને જાણું છું, મારા માટે મને જાણું છું, મારા માટે મને જાણું છું. આહાહા..! (એ) સંપ્રદાન થયું.

સંપ્રદાન એટલે? એ પર્યાય મારા માટે મેં પ્રગટ કરી અને મેં રાખી. મેં દાન આપ્યું મને મારી પર્યાયને. આહાહા..! મારી પર્યાયને મેં દાન આપ્યું, મારા માટે મેં જાણ્યું એ.

એ પણ હજી વ્યવહાર છે, કહે છે. આહાહા..! આવો માર્ગ. પછી સંપ્રદાયની દૃષ્ટિમાં તો આ વાત કોઈ દિ' સાંભળી ન હોય તેથી એને એમ લાગે આ તો એકાંત છે, એકાંત છે... એકાંત છે. 'સોનગઢ'નું એકાંત છે. કહે, ભાઈ! પ્રભુ! તને ખબર નથી, બાપા! આ માર્ગ ભાઈ! વીતરાગનો કોઈ જુદો છે. આહાહા..!

ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવની શૈલી કોઈ અલૌકિક છે, ક્યાંય છે નહિ. અહીં તો કહે છે, કે એ સંસ્કૃત ને વ્યાકરણ ને જાણું તો હું મને જાણી શકું એવો હું નથી. આહાહા..! 'શિવભૂતી' મુનિને મા રુષ ને મા તુષ એટલા શબ્દ યાદ નહોતા આવતા, એટલા શબ્દ પણ ધારણામાં નહોતા રહેતા. છતાં અંદરમાં એક બાઈને આમ જોઈ કે, આ શું કરે છે? આ દાળ, અડદની દાળ શું કહેવાય? ફોતરા કાઢે ને ધોળી, ધોળી આપણે ભાષામાં શું કહે છે? છડી, છડી. છડી દાળ કરતી હતી. પાંદડા કાઢે, ફોતરા જુદા (કાઢતી હતી). એક બાઈએ પુછ્યું શું કરે છે? એ એને કાને પડ્યું. માષ તુષ. પેલું હતું મા રુષ-મા તુષ. એટલે કોઈ ઉપર દ્વેષ કરીશ નહિ, કોઈ ઉપર રાગ કરીશ નહિ–મા રુષ-મા તુષ. એમ આ માષ તુષમાંથી અંદર વિચારમાં આવીને કેવળજ્ઞાન લીધું. આહાહા..! બીજું કાંઈ યાદ રહેતું નહોતું. આહાહા..! એક આવ્યો એક, એક આવ્યો હાથમાં. ભગવાન પૂર્ણાનંદનો નાથ હું તો મારે માટે જાણવાનો પ્રયત્ન કરું છું એમ જ્યાં થયું ત્યાં ફટ દઈને કેવળજ્ઞાન થઈ ગયું. આહાહા..! ત્રણલોકનો નાથ કેવળજ્ઞાની (થઈ ગયા). મા તુષ-મા રુષના શબ્દો યાદ ન રહે એ કેવળજ્ઞાન પામે! એવી આત્મામાં તાકાત છે, કે પરની અપેક્ષાની કોઈ જરૂર નથી. આહાહા..! એટલું સામર્થ્ય આત્મામાં ભર્યું છે કે જેને કોઈ શબ્દની જરૂર નથી એવી ઇ તાકાત છે. આહાહા..!

એથી અહીંયાં કહે છે, જાણતા માટે જ જાણું છું. એ મારા માટે જ જાણું છું. આહા..! મને કાંઈક આવડે તો હું દુનિયાને કહી શકું ને સમજાવી શકું, બોલી શકું નહિતર મુંગા જેવું લાગે. આહાહા..! એ નહિ, એ મારું કામ નહિ. આહાહા..! જાણતા માટે હું તો મારે માટે જાણું છું. જાણવાની ક્રિયા જે મારે માટે થાય છે. આહાહા..! છે હજી ક્રિયા–પર્યાય. આહાહા..! ગજબ કામ કર્યું છે ને! આચાર્યોએ પણ સમાજ કેમ રહેશે? સમાજ કેવડી ને કેટલી બુદ્ધિવાળો? એમાં આ તો પંચમ આરામાં વાત કરે છે. આ તો હજી તો એક હજાર વર્ષ પહેલા થયા આ 'અમૃતચંદ્રાચાર્ય' એ આ પંચમ આરાના જીવને આ વાત કરે છે. એમ નથી કે, આ ચોથા આરાની 'સમયસાર' ની વાતો ચોથા આરા માટે છે. આહાહા..!

મુમુક્ષુ :– મુનિ માટે છે.

ઉત્તર :– અરે..! આત્મા માટે છે. આત્મા માટે આ વાત છે. આ નવસો, હજાર વર્ષ પહેલા 'અમૃતચંદ્રાચાર્ય' થયા. એ આ જગત પાસે આમ મુકે છે. આહાહા..! એ પણ એમ કહે છે, કે એ ટીકા હું મુકતો નથી, હોં! આહાહા..! એ શબ્દો હું કરતો નથી, હોં! એ મારું કાર્ય નહિ, ભાઈ! આહાહા..! એ તો શબ્દોથી બને છે, એનો શબ્દોનો કાળ સ્વકાળ

છે, શબ્દોમાં ભાષા થવાની જન્મક્ષણ છે (તેથી) થાય છે. હું તો જ્ઞાન સ્વરૂપ છું. મારામાંથી કાંઈ હું રાગમાં ને વાણીમાં આવતો નથી કે એને બનાવું. આહાહા..!

જાણતા માટે, મારા માટે જ જાણું છું. મારા માટે જ. બધા માટે 'જ' લીધો છે, હોં! પર માટે નહિ, કહેવા માટે નહિ, સંભળાવવા માટે નહિ. આહાહા..! વિદ્વતા માટે નહિ, પદવી લેવા માટે નહિ. આહાહા..! ત્રણ બોલ થયા ને? એ કર્તા, કરણ, સંપ્રદાન ત્રણ થયા. **'જાણતામાંથી...'** અપાદાન. આમાંથી-જ્ઞાનમાંથી મેં જાણ્યું. **'જાણતામાંથી જ જાણું છું,...'** જ્ઞાનમાંથી જાણું છું, નિમિત્તમાંથી નહિ, શબ્દોમાંથી નહિ, વાણીમાંથી નહિ. આહાહા..! ગજબ વાત છે. એ વીતરાગના દર્શન થયા ને વીતરાગની વાણી સાંભળી એનાથી હું મને જાણું છું એમ નહિ. આહાહા..! છે? જાણતામાંથી જાણનારો છે એમાંથી જાણું છું. આહાહા..! થોડા શબ્દોમાં પણ ભરેલું (છે). ભગવાન! આહાહા..!

**'જાણતા માટે જ, જાણતામાંથી જ જાણું છું,...'** જાણનારમાંથી, જાણનારમાંથી જાણું છું. પરની સહાયથી જાણું છું, મને સારા નિમિત્ત મળ્યા માટે જાણું છું, એમ નહિ. આહાહા..! પુસ્તકો ઘણા સારા મળ્યા માટે હું જાણું છું એમ નહિ. હું તો જાણનારમાંથી જાણું છું. જાણનારો ભગવાન અંદર બિરાજે (છે), ચૈતન્ય સર્વજ્ઞ પ્રભુ છે. એ સર્વજ્ઞ સ્વભાવ છે જેનો, સર્વજ્ઞ સ્વભાવ (છે) એમાંથી હું તો જાણું છું. આહાહા..! છે? જાણતામાંથી એ અપાદાન. થી થકી, થી થકી. અપાદાન છે ને? થી, થી થકી. જાણતામાંથી જ કહો કે જાણતા થકી કહો. જાણતા થકી જાણું છું. આહાહા..! એ અપાદાન થયું.

**'જાણતામાંથી જ જાણું છું, જાણતામાંથી જ જાણું છું,...'** આહાહા..! વાણીમાંથી, શબ્દોમાંથી, દેવ-ગુરુમાંથી જાણું છું? ના. આહાહા..! ગજબ વાત છે. આવી વાત તો કાને પડવી એ કોઈ વખતે ભાગ્યશાળીને પડે એવું છું, એવું તત્ત્વ છે. આહા..! ચૈતન્યનો બિંબ પડ્યો છે ને! પ્રભુ! બિંબ શું એ તો સર્વજ્ઞ સ્વભાવી છે ને! સર્વજ્ઞ સ્વભાવ જ જેનો છે ને! એમાંથી બધું જાણે છે. આહાહા..! જેમાં સર્વજ્ઞ, સર્વજ્ઞપણું નથી એમાંથી જાણવાનું મળે ક્યાંથી? આહાહા..! સર્વજ્ઞપણું સ્વભાવ મારો છે એમાંથી જાણવાનું મને મળે છે. આહાહા..! છે? જાણતામાંથી, જાણનારો જે સર્વજ્ઞ સ્વભાવ એમાંથી જ જાણું છું, એમાંથી જ જાણું છું. 'જ' એકાંત કીધું છે. કથંચિત્ એનાથી અને કથંચિત્ બહારથી એમ કહે ને? કે, ના ના. એ નહિ. આહાહા..!

એક ભગવાનઆત્માની કિંમત તો જુઓ! આહાહા..! એ અનંત આનંદ ને અનંત જ્ઞાનનું દળ છે, પ્રભુ! એના સ્વભાવના સામર્થ્યનો પાર નથી. જેને પ્રગટ કરવા માટે શક્તિમાં બધું પડ્યું છે. એની સામું જોતા જ પ્રગટ થાય એવું છે. પરની સામું જોતા પ્રગટ થાય એવું નથી. આહાહા..! આવો ઉપદેશ. પેલા કહે, વ્રત કરો ને અપવાસ કરો ને આ કરો ને ચોવીહાર કરો, કંદમૂળ ન ખાવ, છ પરબી પાળો, છ પરબી બ્રહ્મચર્ય પાળો. થઈ ગયો ધર્મ. અરે..!

બાપા! ધર્મ ભાઈ! એવો જૈન ધર્મ વીતરાગમાર્ગ એવો નથી. એ અલૌકિક છે, લૌકિકથી બધોય બહાર છે. આહાહા..! લૌકિકની સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. એવો પ્રભુનો માર્ગ છે, ભાઈ! આહા..!

**'જાણતામાંથી જ જાણું છું,...'** આહાહા..! એ અપાદાન થયું. આધાર, અધિકરણ. **'જાણતામાં જ જાણું છું,...'** એ આધાર. એ જાણતામાં જ જાણું છું, જાણતામાં જ જાણું છું. મન વડે જાણું છું, કો'કનો આધાર (છે એમ) કાંઈ આધાર નથી. મને મારા જાણવા માટે કોઈનો આધાર જરીએ નથી. આહાહા..! અમૃત રેડ્યા છે. સત્ય તો સત્ય જ છે પણ વાણી દ્વારા આવી વાત આવી. આહાહા..! જે વાણી એને અડે નહિ, એ જ્ઞાન વાણીને અડે નહિ છતાં વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે તેથી વાણી આવી છે. સ્વપર કહેવાની તાકાત, ભગવાનની સ્વપર જાણવાની તાકાત. આત્માની સ્વપર જાણવાની તાકાત, વાણીમાં સ્વપર કહેવાની તાકાત. બન્ને હોં! સ્વપર કહેવાની તાકાત. આહાહા..!

**'જાણતામાં જ જાણું છું,...'** આધાર-અધિકરણ. મારા જાણવાનો આધાર કોણ? જાણતો, જાણનારો એ મારામાં આધાર છે. મારે જાણવામાં આધાર કોણ? કે, જાણનારો પોતે આધાર છે. આહાહા..! જાણતામાંથી જાણતો. આહા..! **'જાણતામાં જ જાણું છું,...'** જાણતામાં જ જાણું છું, જાણનારમાં જ જાણું છું. આહાહા..! મન દ્વારા જાણું છું એ નહિ. એ ક્યાં જાણનાર છે. આહાહા..! ઇ પાંચમો બોલ થયો.

છઠ્ઠો (કારક) કાર્ય. કર્મ, કર્મ. પહેલો કર્તા લીધો હતો એ કર્તાનું કર્મ કોણ? કર્મ એટલે કાર્ય. કર્તા કરનારો એમ કહીને પછી ચાર બોલ લીધા પછી કરનારનું કાર્ય શું? કરનારનું કર્તાનું કાર્ય શું? આહાહા..! કે, **'જાણતાને જ જાણું છું.'** એ કાર્ય, એ કર્મ. કર્મ એટલે કાર્ય. **'જાણતાને જ જાણું છું.'** હું તો જાણતાને જ જાણું છું, પરજ્ઞેયને નહિ. આહાહા..! પરને જાણતો નથી. ગજબ વાત છે. પર છે એ ભિન્ન રહી ગયો છે. ભિન્ન છે એનું સત્ત્વ જ ભિન્ન છે. ભિન્ન છે એને જાણવું એમ કહેવું એ તો અસદ્ભૂત વ્યવહારનય છે. આહાહા..!

**'જાણતાને જ જાણું છું.'** જાણતાને જ જાણું છું, જાણનારને જ જાણું છું. આહાહા..! છઠ્ઠો કર્મ, કર્મ (કારક ચાલે છે). કર્મ એટલે કાર્ય. કર્તા, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ અને કર્મ-આ છ બોલ. આહાહા..! આવું 'કાન્તિભાઈ'! સાંભળ્યું ન હોય કોઈ દિ'. જય નારાયણ કરતો હોય ને.. ભક્તિ કરો, દેરાસર કરો, પૂજા કરો. દેરાસરમાં એ ને સ્થાનકવાસીમાં આ. સામાયિક કરો ને પોષા કરો ને... શું કરે? આ વસ્તુ મોંઘી બહુ પડે. એને બિચારાને સુખી તો થાવું છે ને! કંઈ દુઃખી તો થવા (નથી માગતો). આહા..! આત્મા દુઃખી થાય એ કોઈની ભાવના હોય? પણ ખબર ન મળે. સુખી થવાના રસ્તા, એનો પંથ ને એનો પગર પગર કયે રસ્તે જાવું એની ખબર ન મળે. આહાહા..! પગર નથી કહેતા? જે રસ્તે

આમ માણસના પગર–પગ પડ્યા હોય ને ત્યાં ત્યાં જાય ત્યાં રસ્તો મળી જાય. એમ જે રસ્તે ભગવાન ગયા છે એ રસ્તો અહીંયાં બતાવ્યો. એ રસ્તે જા તો તને અંદર ભગવાન મળશે. આહાહા..! ત્યાં પરમાત્માનો પગર છે. આહાહા..! છેલ્લું કીધું ને? શું (કીધું)?

**'જાણતાને જ જાણું છું.'** જાણતાને જ જાણું છું, પરને નહિ. આહાહા..! પરને હું નથી જાણતો. કારણ કે, મારી પર્યાયમાં પર સંબંધીનું જ્ઞાન મારાથી, મારામાં, મારા વડે થાય છે. પરનું પર વડે ને પર વડે મારામાં થાય છે એમ નહિ. આહાહા..! આવો બોલ છે. જાણતાને જ, જાણનારને જ, માનનારને જ, દેખનારને જ, ઠરનારને જ, આનંદને જ જાણું છું. આહાહા..! છ બોલ થઈ ગયા. એ પર્યાયના બોલ છ કીધા. આત્માની પર્યાયમાં છ બોલ કીધા. પરવસ્તુ નહિ, પરની અપેક્ષા નહિ, રાગની અપેક્ષા નહિ, પર્યાયમાં નિર્મળ પર્યાય, નિર્મળ પર્યાય (છે). આ નિર્મળ પર્યાયના ષટ્કારક છે. મલિન પર્યાયના ષટ્કારક 'પંચાસ્તિકાય' ની ૬૨ ગાથામાં (કહ્યા). વિકારી પર્યાયના ષટ્કારક. કર્તા આત્મા, કર્મ આત્મા વિકારી. એ 'પંચાસ્તિકાય' ૬૨ મી ગાથામાં (કહ્યા). આ નિર્મળ પર્યાયના ષટ્કારક છે પણ એ પણ ત્રિકાળી દ્રવ્યમાં નથી. આહાહા..! અહીં સુધી એને જાવું. આહાહા..! કેટલી ધીરજ જોઈએ. શાંતિ, ધીરજ. જે રસ્તો છે તે રસ્તાને કેમ સાફ કરીને અંદર જાવું? આહાહા..! એમાં કોઈ પરની અપેક્ષા આવે નહિ. આહાહા..! એવો ભગવાનઆત્મા...

મુમુક્ષુ :– અંતરમાં તો કોઈની સલાહ કામ કરે નહિ.

ઉત્તર :– અંતરમાં આ જ કામ કરે. અંદર જાય તો આ કામ કરે. બીજું કોઈ કરી શકે જ નહિ. આ આકરું પડે એટલે શું થાય? પહેલું એનું શ્રદ્ધામાં તો લે, શ્રદ્ધા તો પાકી કરે કે, આ પ્રકારે અંદર થાય તો જ કલ્યાણ થાય એવું છે, એ સિવાય કોઈ રીતે કલ્યાણનો પંથ છે નહિ. ભલે સમ્યગ્દર્શન પછી (થાય) પણ એના પહેલા વિકલ્પ સહિત નિર્ણય તો કરે. વિકલ્પ, વિકલ્પ રાગ સહિત નિર્ણય આવે છે ને પહેલો? તેરમી ગાથામાં ને બધે આવે છે, તેરમી ગાથામાં આવે છે. નય, નિક્ષેપ, પ્રમાણથી પહેલો નિર્ણય કરે, વિકલ્પ આવે, હોય. પણ પછી એને છોડીને, એ વિકલ્પ છે તે પણ અભૂતાર્થ છે. આહાહા..!

અરે..રે..! આવું ક્યારે સાંભળે? ૫૦-૫૦ વર્ષ, ૬૦-૬૦ વર્ષ ચાલ્યા જાય ને સાંભળ્યું ન હોય. જિંદગી એમ ને એમ ચાલી જાય છે, જાવું છે ક્યાં? બાપા! આહા..! દેહ છોડીને અહીંથી જાવું છે. ભવિષ્યમાં અનંત કાળ રહેવું છે. એ આ ઊંધી શ્રદ્ધા ને ઊંધી માન્યતામાં રહેશે. અનંત કાળ એ માન્યતામાં રહેશે. આહાહા..! એને કે દિ' સાંભળવાનો પાછો પ્રસંગ આવશે? કે દિ' માણસ થાય ને કે દિ' સાંભળવાનો પ્રસંગ (આવે)? એમાં પણ આ જૈન પરમેશ્વરનો સાંભળવાનો પ્રસંગ, તે પણ જૈન પરમેશ્વરનો પણ સાચું સાંભળવાનો પ્રસંગ (ક્યારે મળે)? આહાહા..! એવી દુર્લભ ચીજ છે. આહા..!

ઇ છ બોલ પર્યાયના કહ્યા. નિર્મળ પર્યાયના છ (કારક) કીધા એ પણ વ્યવહાર છે.

આહાહા..! એ સદ્‌ભૂત વ્યવહાર છે. રાગાદિ છે એ અસદ્‌ભૂત વ્યવહાર છે. નિમિત્ત આદિ તો તદ્દન પર છે. એ તો અસદ્‌ભૂત ઉપચાર છે. આહાહા..!

હવે છ કાઢી નાખે છે. **'અથવા–નથી જાણતો;...'** કર્તા કાઢી નાખ્યું. **'નથી જાણતો થકો જાણતો,...'** એ કર્તા કાઢી નાખ્યો. **'નથી જાણતા વડે જાણતો,...'** નથી જાણતારૂપે એ કર્તા કીધો, નથી જાણતો એ સામાન્ય વાત લીધી. **'નથી જાણતા થકો જાણતો,...'** એ કર્તા કાઢી નાખ્યું. **'નથી જાણતા વડે જાણતો,...'** એ કરણ. **'નથી જાણતા માટે જાણતો,...'** એ સંપ્રદાન. **'નથી જાણતામાંથી જાણતો,...'** એ અપાદાન **'નથી જાણતામાં જાણતો,...'** એ આધાર. **'નથી જાણતાને જાણતો;...'** એ કર્મ, કર્મ. એ છ એ પર્યાયોના ભેદો છે તે મારામાં નથી. આહાહા..!

દયા, દાન, વ્રત, ભક્તિ તો આત્મામાં છે નહિ. આહાહા..! પણ નિર્મળ પર્યાયના ષટ્કારકો પણ દ્રવ્યમાં નથી. કેમકે પર્યાય ને દ્રવ્ય બે સ્વતંત્ર ચીજ છે. પર્યાય દ્રવ્યને જાણે બરાબર પૂરી રીતે છતાં પર્યાયમાં દ્રવ્ય આવે નહિ. આહાહા..! પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાય દ્રવ્યને પૂરું જાણે, પૂરું માને, જેવડું છે તેટલું માને એટલું સમ્યગ્દર્શનમાં બળ છે છતાં એ સમ્યગ્દર્શનની પર્યાય દ્રવ્યમાં જાય નહિ ને દ્રવ્યમાં સમ્યગ્દર્શનની પર્યાય આવે નહિ. સમ્યગ્દર્શનની પર્યાયમાં દ્રવ્ય આવે નહિ. આહાહા..! આવી વાતું હવે ક્યાંય સાંભળવા મળવું મુશ્કેલ અને પછી બેસવું કઠણ પડે. એ પ્રસંગ જ લીધા નથી ને. આહાહા..!

**'પરંતુ સર્વવિશુદ્ધિ જ્ઞપ્તિમાત્ર...'** હું તો **'સર્વવિશુદ્ધિ જ્ઞપ્તિમાત્ર (જાણનક્રિયામાત્ર) ભાવ છું.'** આ ત્રીજો બોલ આવ્યો. પહેલા ચેતનારમાં આવ્યું હતું, ચેતનારમાં સર્વવિશુદ્ધિ ચેતનમાત્ર છું. પછી દર્શનમાં આવ્યું હતું સર્વવિશુદ્ધિ દર્શનમાત્ર છું, આ જ્ઞાનમાં આવ્યું સર્વવિશુદ્ધિ જ્ઞપ્તિમાત્ર જાણન ક્રિયામાત્ર ભાવ છું. આહા..! ત્રિકાળી જ્ઞાનમાત્ર સ્વભાવ તે હું છું. **'(આમ દેખનારા આત્માને તેમ જ જાણનારા આત્માને કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ...'** ક્રિયાના કારક કહેવાયા. કર્તા ભલે લેવો પણ એ કર્તા દ્રવ્ય નહિ, પર્યાય. પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય આધાર. એ કર્તા આત્મા ને પર્યાય કાર્ય એ અહીં નહિ. અહીં તો પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ અને કાર્ય–કર્મ. આહાહા..!

આવો એક કલાક. ઝીણું પડ્યું લ્યો! આવો માર્ગ છે. કોઈ દિ' વાડામાં તો સાંભળવા મળવું મુશ્કેલ પડે. અમારે સંપ્રદાય તો બહુ ઊંચો હતો. 'બોટાદ' સંપ્રદાયના 'હિરાજી મહારાજ' (એમની) બહુ ઊંચી ક્રિયા (કરતા). એવી ક્રિયા કે, એને માટે પાણીનો બિંદુ બને તો ન લે. એવી એની વ્હોરવાની ક્રિયા. કપડું-બપડું સામું લાવીને ઘરે આપે તો ન લે. લેવા જાય ત્યાં પણ ક્યાંક દાણો-બાણો કચરાય જાય, ગુવારનો કાંઈક કટકો પડ્યો હોય ને પગ હેઠે આવે તો વસ્ત્ર ન લે. બહુ સખત ક્રિયા હતી. આ વસ્તુ સાંભળી નહોતી. આહાહા..! 'હિરાજી

મહારાજ' હતા. છેતાલીસ વર્ષની દીક્ષા, બાર વર્ષની ઉંમરે લીધેલી. અઠ્ઠાણુ વર્ષે ગુજરી ગયા. પણ આ શબ્દ કાને પડ્યા નહોતા. આહાહા..! હતું નહિ ને? નહિતર જીવ ભદ્રિક હતો, જીવ બહુ શાંત, કષાય મંદ. આહાહા..! એને પણ આવું સાંભળવા મળ્યું નહિ. આહાહા..! ક્યાં ગયા હશે? ભાઈએ નહિ જોયા હોય, નહિ? જૂના સ્થાનકવાસી હોય એણે જોયા હોય ને? તમે નહિ જોયા હોય. (સંવત) ૧૯૭૪ માં ગુજરી ગયા ને? ત્યાં 'કાંપ' માં હેઠે બાળ્યા ને? પુલની નીચે. (સંવત) ૧૯૭૪, ચૈત્ર વદ આઠમે ગુજરી ગયા, નોમે સવારમાં બાળ્યા. આહા..! આ આવા શબ્દો (સાંભળવા ન મળ્યા). છેતાલીસ વર્ષની દીક્ષા, છ છ ગાવનો વિહાર કરીને આવે. પોતે હાથે વ્હોરવા જાય, શિષ્યોને ન કહે. જાતે જાય અને જાતે નિર્દોષ લઈને આવે પણ વસ્તુની ખબર ન મળે. આહાહા..! ચીજ કોઈ બીજી રહી ગઈ.

અહીં એ કહે છે. આમ છ બોલને (કહ્યા). છે? **'કારકોના ભેદપૂર્વક ગ્રહણ કરીને, પછી કારકભેદોનો નિષેધ કરી આત્માને અર્થાત્ પોતાને દર્શનમાત્ર ભાવરૂપે તેમ જ જ્ઞાનમાત્ર ભાવરૂપે અનુભવવો અર્થાત્ અભેદરૂપે અનુભવવો.)**' લ્યો! છ કારક કાઢી નાખીને (અનુભવવો). વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૬૯ ગાથા–૨૯૮, ૨૯૯ શનિવાર, માગશર વદ ૧૧, તા. ૧૫-૧૨-૧૯૭૯**

---

'સમયસાર' ૨૯૮ ને ૨૯૯ ગાથા, ભાવાર્થ છે.

**'(ભાવાર્થ :– આ ત્રણ ગાથાઓમાં, પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવાનું કહ્યું છે.**' પ્રજ્ઞા નામ જ્ઞાન દ્વારા જ્ઞાનથી આત્માનો અનુભવ કરવો. રાગાદિ છે એ બધી ક્રિયા વિકાર છે એનાથી ભિન્ન પડીને જ્ઞાન દ્વારા આત્માને ગ્રહણ કરવો એટલે અનુભવવો. છે ને? **''ગ્રહણ કરવું' એટલે કોઈ અન્ય વસ્તુને ગ્રહવાની-લેવાની નથી; ચેતનાનો અનુભવ કરવો, તે જ, આત્માનું 'ગ્રહણ કરવું' છે.**' અનુભવ છે. પહેલી ગાથામાં આમ આવ્યું. પહેલી ગાથામાં બે પ્રકાર આવ્યા હતા. મને ને મારા માટે ને મારા માટે એમ ભાષા આવી હતી અને પછી ચેતના માટે ને ચેતનામાં એવી ભાષા આવી. બે બોલ આવ્યા હતા.

૨૯૭ ગાથા. બે બોલ આવ્યા હતા. મારાથી, છે ને એમાં? હું જ મારા વડે, મારા માટે, મારામાંથી, મારામાં, મને, એમ એ શબ્દ સમુચ્ય લઈ, પહેલું સમુચ્ય લીધું ઇ, પહેલા મારા માટેનું (લીધું), પછી ચેતનાનું લીધું. પહેલા પોતે સામાન્ય લીધું કે, મારા માટે હું કરું છું. હવે ઇ છે શું? કે, ચેતના. એના છ કારક લીધા. સમુચ્ચય પોતાના છ કારક લીધા પછી ચેતનામાં છ લીધા, ચેતનાના બે ભાગ–દર્શન ને જ્ઞાન. એ એક એકના છ ભાગ લીધા. ષટ્કારકના ચોવીસ બોલ આવ્યા છે એમાં ચાર વખત.

અહીં '**પ્રથમની ગાથામાં સામાન્ય ચેતનાનો અનુભવ કરાવ્યો હતો.**' અંદરમાં મને, મારા માટે એમ છે પછી ચેતના માટે, ચેતનામાં એ પછી. '**ત્યાં, અનુભવ કરનાર, જેનો અનુભવ કરવામાં આવે તે, જેના વડે અનુભવ કરવામાં આવે તે-ઇત્યાદિ કારકભેદરૂપે આત્માને કહીને, અભેદવિવક્ષામાં...**' ભેદ વડે પર્યાયના છ કારકો બતાવ્યા પણ અભેદ કથનમાં '**કારકભેદનો નિષેધ કરી, આત્માને એક શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો હતો.**' આવું ઝીણું છે. છ કારકાના ભેદો એ પણ નહિ, એ વ્યવહાર છે. આહા..!

કાલે કહ્યું હતું ને? કે આત્માના વિકલ્પો ઉઠે એ તો નહિ, નયના વિકલ્પો ઉઠે એ તો નહિ પણ ધ્યાનની ધારામાં પર્યાય ઉઠે છે એ નહિ. ત્રિકાળ જ્ઞાયકભાવ છું એનો અનુભવ કરવો. પછી એમ લીધું કે છ કારક, આ ષટ્કારક છે એ નહિ. ધર્મ સત્ય-સત્ય, એક-અનેક, દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ-વ્યય એ નહિ અને પછી ગુણ, જ્ઞાન, દર્શન એ નહિ. આહાહા..! એ છે ખરું. જાણવા જોગ છે, આદરવા જોગ એ નથી. આહાહા..! અભેદ ચૈતન્ય વસ્તુ જેમાં ષટ્કારકની પર્યાય પણ ઉપર તરે છે, અંતરમાં નથી. આહા..! એવા અભેદની દૃષ્ટિ કરાવી.

'**હવે આ બે ગાથાઓમાં દ્રષ્ટા અને જ્ઞાતાનો અનુભવ કરાવ્યો છે,...**' મારું અને ચેતન આમાં એમ કરીને સમજાવ્યું. હવે આ દ્રષ્ટા ને જ્ઞાતાનું આવ્યું. '**કારણ કે ચેતનાસામાન્ય દર્શનજ્ઞાનવિશેષોને ઉલ્લંઘતી નથી.**' કેમ? બે કેમ કીધું? ચેતનામાં આવી જતું હતું. પહેલા બોલમાં ૨૯૭ માં ચેતના આવી જતું હતું. ચેતના, ચેતનાને ને ચેતના માટે (એ આવી જતું હતું) પછી એમાં બે ભાગ શાના પાડ્યા તમે? '**અહીં પણ, છ કારકરૂપ ભેદ-અનુભવન કરાવી,...**' ચેતના દર્શન, જ્ઞાન વિશેષો ઓળંગતી નથી માટે. એ ચેતના પણ દર્શન ને જ્ઞાન બેને ઓળંગતી નથી. આહાહા..! આવી ઝીણી વાત છે. ચેતન એનો જે મૂળ સ્વભાવ ત્રિકાળી ચેતના એ ચેતનામાં બે પ્રકાર દર્શન ને જ્ઞાન. એ ચેતના દર્શન-જ્ઞાનને ઓળંગતી નથી. માટે ચેતનાના છ પ્રકાર પાડી અને એના બે ભેદ દર્શન ને જ્ઞાન પાડી ને એક એકના છ છ બોલ આ કારણે કહ્યા છે. સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :- આટલા બધા ભેદ પાડવાથી તો રાગ ઉત્પન્ન થાય.

ઉત્તર :- ભેદો છે, પર્યાય છે, દ્રવ્ય-ગુણ-પર્યાય છે કે નહિ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે કે નહિ? પર્યાયમાં ષટ્કારક પર્યાયરૂપે છે કે નહિ? છે પણ તેનું લક્ષ છોડાવ્યું છે. કારણ કે, એ ભેદ છે. આહાહા..! અખંડ આનંદ પ્રભુ જ્ઞાયક છે એની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય. આ ભેદના લક્ષે તો રાગ ઉત્પન્ન થાય. આહાહા..! આકરું કામ છે, ભાઈ! અપૂર્વ વાત છે ને? બાપુ! આકરાની વ્યાખ્યા-અપૂર્વ. પૂર્વે કોઈ દિ' કર્યું નથી. આહા..! અનંત કાળમાં રુચિપૂર્વક સાંભળ્યું પણ નથી. એવી આ ચીજ રહી ગઈ છે. એ ચીજને માટે અહીંયાં સ્પષ્ટ કરે છે. આહાહા..!

પ્રથમ હું મને મારા માટે, મારા વડે વગેરે (કહ્યું). પછી ચેતના વડે, ચેતનાને એ વડે એ બે બોલ એમાં નાખ્યા. પછી આ ૨૯૮-૨૯૯માં બે બોલ આ નાખ્યા. એ ચેતનાને જે કરાવ્યું હતું, ચેતનામાં બે ગુણ છે, ચેતના એકરૂપ નથી. બીજા બધા ભેદો કાઢી નાખ્યા પણ ચેતના દર્શન ને જ્ઞાન ભેદરૂપ, બે રૂપે છે એ નીકળી શકતા નથી. એ તો એનું સ્વરૂપ છે. આહાહા..! સમજાય છે આમાં? ઝીણી વાત છે. ક્યાંય આવી વાત સાંભળવા મળે નહિ, લોકોને મુશ્કેલી પડે. આકરું લાગે. પેલું બીજું સહેલું લાગે.

ક્યાં સત્ છે? બાપુ! સત્ય વસ્તુ જે છે પ્રભુ! જે સચ્ચિદાનંદ ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ એમાં ત્રિકાળી સત્ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે નહિ. આહા..! દ્રવ્ય-ગુણ ને પર્યાય એવા ત્રણ (ભેદ) પણ નહિ. એક દ્રવ્ય ને એક સત્‌રૂપે ત્રિકાળ એનો પર્યાયમાં અનુભવ કરવો. છતાં પર્યાય ઉપર લક્ષ નહિ, લક્ષ તો દ્રવ્ય ઉપર છે. આહાહા..! આવો ઝીણો માર્ગ છે, બાપુ! પહેલો વિકલ્પથી એનો પાકો નિર્ણય કરવો. દઢતાથી પાકો (નિર્ણય કરવો કે) માર્ગ તો આ જ છે. બીજી કોઈ વાત કરતા હોય તો એ વાત માર્ગ નથી. આહાહા..! વ્રત પાળો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને કલ્યાણ થશે એ માર્ગ નથી એ તો મિથ્યાત્વ માર્ગ છે. આહાહા..! ગજબ વાત છે. આકરું કામ છે.

અહીંયાં તો આવા છ કારક પર્યાયમાં પડે એ પણ આશ્રય કરવા લાયક નથી. વ્યવહાર છે, જાણવા લાયક છે, આદરવા લાયક નથી. એમ વસ્તુના ત્રણ પ્રકાર છે–દ્રવ્ય, ગુણ ને પર્યાય પણ એ ત્રણ ભેદ જાણવા લાયક છે. આદરવા લાયક તો દ્રવ્ય, ત્રિકાળી સત્ એક જ આદરવા લાયક છે. આહાહા..! ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એ વસ્તુનું સ્વરૂપ છે છતાં ઉત્પાદ ને વ્યય તે જાણવા લાયક છે. આદરવા લાયક તો ત્રિકાળી ધ્રુવ અભેદ છે તે આદરવા લાયક છે. આરે.. આરે..! આવી ઝીણી વાત છે. પછી માણસ એકાંત કહે ને? વસ્તુને સમજે નહિ.

દૃષ્ટિ, દૃષ્ટિનો વિષય બહુ અલૌકિક છે. દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય પહેલા એને સિદ્ધ કરવા માગે છે પછી દૃષ્ટિમાં આવ્યા પછી એમાં રમત કેમ કરવી એ ચારિત્ર છે. પણ હજી દૃષ્ટિ જ અભેદ શું છે, એની વસ્તુમાં વસ્તુ જ શું છે એની ખબર નથી તો એ રમે ને ટકે શેમાં? આ તો વસ્તુ આવી અભેદ છે એમાં ષટ્‌કારકના પરિણામના ભેદનો પણ જેમાં વ્યવહારનો નિષેધ છે. આહાહા..! ભેદ પાડીને સમજાવ્યું. બીજો કોઈ ઉપાય નથી. વ્યવહારથી સમજાવ્યા વિના કોઈ ઉપાય નથી. આવે છે ને? વ્યવહાર, વ્યવહાર ઉપદેશ કે ઉપદેશ તો વ્યવહારથી જ થાય પણ તે વ્યવહાર આદરણીય નથી. એ આઠમી-નવમી ગાથામાં કીધું છે. આત્મા કોણ છે? કે, આત્મા દર્શન, જ્ઞાન ને ચારિત્રને પ્રાપ્ત થાય તે છે. આટલો ભેદ પાડીને વ્યવહાર કર્યો છતાં ત્યાં કહ્યું કે અમે ભેદ પાડીને કહ્યું પણ અમારે ને તારે બેયને ભેદ આદરવા લાયક નથી. આઠમી-નવમી ગાથામાં કહ્યું છે. આહા..! આવો માર્ગ

ભારે, બાપા! એમ અહીંયાં ભેદ પાડીને સમજાવ્યું પણ આદરવા લાયક તો એક ચૈતન્ય સ્વરૂપ ત્રિકાળ જ્ઞાયક ભાવ તે એક જ આદરણીય છે.

હવે, એમાં ચેતના છે એને કોઈ બે ભેદ કરી એના પણ બે ભેદ કાઢી નાખે, બીજા ભેદ કાઢી નાખતા આ પણ કાઢી નાખે તો એ વાત પણ ખોટી છે. એ ચેતન એની જે ચેતના એનો સ્વભાવ જ દર્શન ને જ્ઞાન બે છે. એનું સ્વરૂપ જ સામાન્ય ને વિશેષ છે. દર્શન સામાન્ય છે, જ્ઞાન વિશેષ છે. આહાહા..! દરેક વસ્તુ સામાન્ય વિશેષ છે, તો ચેતના પણ સામાન્ય વિશેષ છે. સામાન્ય દર્શન ને વિશેષ જ્ઞાન. આહાહા..! એથી ચેતનાને પણ દર્શન, જ્ઞાનના બે ભેદથી સમજાવ્યા અને બે ભેદ છે પણ ખરા. એ બે ભેદ કોઈ કાઢી નાખે તો ચેતનાનો નાશ થતાં ચેતનનો નાશ થશે. રાગને કાઢી નાખતા આત્માની સિદ્ધિ થશે. ભેદને કાઢી નાખતા અભેદની દૃષ્ટિ થશે પણ ચેતનાના બે ભેદ કાઢી નાખતા ચેતનનો નાશ થશે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું હવે. ઝીણી વાત છે. ભગવાન! અપૂર્વ વાત છે, પ્રભુ!

મુનિરાજ 'કુંદકુંદાચાર્યદેવ' ભગવાન પાસે ગયા હતા ને મુનિ ભાવલિંગી સંત હતા, ભાવલિંગી સંત હતા. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણના અનુભવમાં સ્વસંવેદન પ્રચુર હતું. એ જગતની પાસે આ જાહેર કરે છે. એની ટીકા કરનાર 'અમૃતચંદ્રાચાર્ય' પણ એવા જ હતા. એ જગતને જાહેર કરે છે, પ્રભુ! તું સ્વરૂપે છો એમાં ત્રણ પ્રકાર છે ખરા– દ્રવ્ય, ગુણ ને પર્યાય. ઉત્પાદ, વ્યય ને ધ્રુવ. તેમ પર્યાયમાં ષટ્કારક ઉત્પન્ન થાય એ પણ છે છતાં તે નિષેધ કરવા લાયક છે. આહાહા..! જે હોય એનો નિષેધ થાય કે ન હોય એનો નિષેધ થાય? તો એનો નિષેધ કરતાં ચેતનામાં બે ભેદ છે એનો જો નિષેધ કરવા જાઈશ તો ચેતનનો નાશ થઈ જશે. આહાહા..! કહો, 'ઝવેરચંદભાઈ'! કોઈ દિ' આ તમારા 'આંકડીયા' માં ક્યાંય સાંભળ્યું નથી. કાલે પૂછતા હતા, કબુતરને દાણા નાખવાનું શું? એ ભાવ અંદર હોય છે, શુભ અનુકંપાનો ભાવ હોય પણ એ પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..! એ તો ધર્મ નહિ પણ આ છ પ્રકારના કારક ઉપર લક્ષ જાય તો વિકલ્પ ઉઠે છે એ પણ ધર્મ નહિ.

આત્માના ત્રણ ભેદ છે અંદર વસ્તુ દ્રવ્ય, ગુણ, પર્યાય (છે), એ ત્રણના ભેદ ઉપર લક્ષ જાય તોય ધર્મ નહિ, ત્યાં વિકલ્પ ઉઠશે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ એનો સ્વભાવ છે, એનું વસ્તુનું સ્વરૂપ છે છતાં એ ત્રણનો વિચાર કરવા જશે તો વિકલ્પ ઉઠશે... આહા..! રાગ ઉઠશે. આહાહા..! એથી પહેલા કહી ગયા છે ને? કે, એમાં એ ભેદ તો છે નહિ, વિકલ્પો છે નહિ, નયના વિકલ્પો એમાં નથી કે નિશ્ચયનયથી આવો છે ને વ્યવહારથી આવો છે ને અભેદથી આવો છે ને ભેદથી આવો છે, એવા નયના વિકલ્પો પણ પ્રભુ આત્મામાં નથી. અને ધ્યાનાવલીના ભેદ જે ધ્યાનની પર્યાય પ્રગટે, એ પ્રગટે છે, એ તો પર્યાય (છે), એનામાં

શુદ્ધિની વૃદ્ધિ થાય છે. એ એકરૂપ રહેતું નથી માટે એ પણ આદરવા લાયક નથી. આહાહા..! એ પણ વ્યવહાર છે. ગજબ કામ છે, ભાઈ! ધ્યાનાવલી પર્યાયને વ્યવહાર કહેવો એને ઠેકાણે હજી તો દયા, દાન ને વ્રત ને ભક્તિ ને વ્યવહાર કહીને છોડવા લાયક (કહીએ) ત્યાં તો રાડ નાખે, રાડ નાખે છે. હાય..હાય..! ત્યારે હવે કરવું શું? એ તો આવ્યું હતું ને? એ નિષેધ કર્યું છે પણ એને શરણ પ્રભુ અંદર છે. શુભ ને અશુભનો બેનો નિષેધ કર્યો છતાં ચૈતન્ય સ્વભાવ અંદર નિત્યાનંદનો નાથ પ્રભુ વીતરાગમૂર્તિ શરણભૂત છે. આહાહા..! આખી વસ્તુને ભૂલીને તું જાણે કે, આ શુભાશુભ છોડ્યો તો હવે ક્યાં જાવું? અહીં જાવું. આહા..! આખી ચીજ પડી છે ત્યાં જાવું. કૃત્રિમ વિકલ્પ ઉઠે છે તેને છોડી દેવા. આહાહા..! આ એ વાત કરી. છે?

**'દૃષ્ટા અને જ્ઞાતાનો અનુભવ કરાવ્યો છે, કારણ કે ચેતના સામાન્ય દર્શનજ્ઞાનવિશેષોને ઉલ્લંઘતી નથી.'** ચેતનની ચેતના, ભગવાનઆત્માની ચેતના જે શક્તિ... આહાહા..! ભગવાન ચેતન સ્વરૂપ છે એની જે ચેતના શક્તિ છે એ બે જ્ઞાન દર્શનને ઓળંગતી નથી. **'અહીં પણ, છ કારકરૂપ ભેદ-અનુભવન કરાવી,...'** ભલે ત્યાં આગળ ચેતનાના ભેદ પાડ્યા ને દર્શન-જ્ઞાનના ભેદ સમજાવ્યા છતાં **'પછી અભેદ-અનુભવનની અપેક્ષાએ કારકભેદ દૂર કરાવી,...'** એ છ કારકોને પણ દૂર કરાવી (એમ) ચેતનામાં ભેદને દૂર કરાવી એમ નહિ. ચેતનાના ભેદ તો દર્શન-જ્ઞાન છે તો એનું સ્વરૂપ છે પણ એના ષટ્કારકો જે છે તે ભેદ દૂર કરાવી. આવી વાત. માણસને રળવા માટે જોવે તો ચોવીસ કલાક માથાકુટ કરીને પચાસ-પચાસ સાંઈઠ, સીત્તેર-સીત્તેર વર્ષ એમાં કાઢે પછી શરીર બહુ ઘરડુ થઈ જાય તો પછી ન જઈ શકે, ચાલી શકે અને આને માટે કરવું હોય કે, ભાઈ! આ શું છે પણ આ? આ સત્ છે શું? આટલો ફેર? એની તુલના કરવા માટે વખત લેવો હોય તો વખત મળે નહિ. આહાહા..! આ બહુ ઊંચી વાત આવી છે.

**'(દૃષ્ટાજ્ઞાતામાત્રનો અનુભવ કરાવ્યો છે.)'** હવે ટીકા.

**'(ટીકાઃ–) અહીં પ્રશ્ન થાય છે કે-ચેતના દર્શનજ્ઞાનભેદોને કેમ ઉલ્લંઘતી નથી કે જેથી ચેતનારો દૃષ્ટા તથા જ્ઞાતા હોય છે?'** શું કીધું ઇ? આત્મા ચેતન છે એની ચેતના છે એ પણ દૃષ્ટા ને જ્ઞાતા બેરૂપે કેમ થઈ જાય? આહાહા..! સમજાય છે કાંઈ? આ પ્રશ્ન કર્યો. પ્રશ્ન સમજવો પણ કઠણ પડે. આહા..! 'વિરલા જાણે તત્ત્વને વિરલા સાંભળે કોઈ' 'વિરલા સાંભળે કોઈ' 'કાર્તિકેયાનુપ્રેક્ષા' માં એવો પાઠ આવે છે. 'કાર્તિકસ્વામી' મહાન મુનિ થઈ ગયા. 'વિરલા સાંભળે કોઈ' તત્ત્વની વાત તો કોઈ વિરલ સાંભળે અને વિરલા જાણે, અને વિરલા શ્રદ્ધા કરે. આહા..!

મુમુક્ષુ :– સંભળાવનારા પણ વિરલા જ હોય.

ઉત્તર :– એ વિરલા... આહાહા..! ભારે વાતું બહુ, બાપુ! વાદવિવાદે પાર પડે એવું

નથી. એથી તો 'નિયમસાર'માં 'કુંદકુંદાચાર્યે' કહ્યું, પ્રભુ! તું સમય, સ્વસમય એટલે જૈન સંપ્રદાયની સાથે કે અન્ય સંપ્રદાયની સાથે વાદવિવાદ કરીશ નહિ. કેમકે એટલા બધા ભેદ ને નિશ્ચય ને વ્યવહારમાં પડે. વ્યવહારમાં છે એ વ્યવહાર મુકે, આ વ્યવહાર રહ્યો, આ વ્યવહાર રહ્યો, પણ વ્યવહાર છે એ છોડવા લાયક છે કે આદરવા લાયક છે?

લખાણમાં વ્યવહાર(ના) કથનનો પાર નથી. એ અગિયારમી ગાથામાં આવી ગયું છે. હસ્તાવલંબ જાણીને ભગવાને વ્યવહાર ઘણો કહ્યો છે પણ તેનું ફળ સંસાર છે. અગિયારમી ગાથામાં અર્થમાં આવી ગયું છે. આહાહા..! આ તો પરમાત્માની કથા છે, પ્રભુ! આ કાંઈ વાર્તા નથી, કથા-વાર્તા નથી. આ તો ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા, એના મુખથી નીકળેલી ધ્વનિ છે એનો આ તો સાર છે. આ કોઈની કલ્પનાથી કે છદ્મસ્થે કરેલું એ વસ્તુ નથી, બાપુ! આહાહા..! બહુ ધીરેથી, શાંતિથી સાંભળે તો એને પકડાય એવું છે. નહિતર તો વાત એકાંત લાગે, એકાંત લાગે એવી વાત છે. એ ખબર છે, બાપુ! આહા..! ઘણા વર્ષથી તો બહારનું સાંભળીએ છીએ કે એકાંત છે, એ એકાંત છે. કાલે હજી આવ્યું હતું, કાળલબ્ધિ નથી. કહો! 'મોક્ષમાર્ગ પ્રકાશક' નો આધાર આપ્યો છે. કાળલબ્ધિ અને ભવિતવ્ય કંઈ વસ્તુ જ નથી. માટે હોનહાર ટાણે થાય એવું કાંઈ નથી. આહાહા..! ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ દીઠુ એમ થશે. 'જે જે દેખી વીતરાગને તે તે હોંશી વિરા.' આહાહા..! 'કાહે હોત અધિરા. અનહોની કંઈ હોસે નહિ' ઇ નહિ માને. ઇ માનવા જાય તો સર્વજ્ઞ સિદ્ધ (થાય), ક્રમબદ્ધ સિદ્ધ થઈ જાય અને આત્માનો પુરુષાર્થ સિદ્ધ થાય. આત્મા તરફ એનું વલણ થાય ત્યારે એને ક્રમબદ્ધ બેસે. આહાહા..! એવી વાતું છે, બહુ ઝીણી, ભગવાન! આહા..!

શું કીધું આ? **'અહીં પ્રશ્ન થાય છે કે-ચેતના દર્શનજ્ઞાનભેદોને કેમ ઉલ્લંઘતી નથી કે જેથી ચેતનારો દૃષ્ટા તથા જ્ઞાતા હોય છે?'** એમ. ચેતન એવો આત્મા, ચેતના એવો એનો ગુણ એ ગુણ બે ભેદને ઓળંગતો નથી તો જેથી આત્મા પણ દૃષ્ટા ને જ્ઞાતા બેરૂપે થઈ જાય છે. ચેતનાને બે રૂપે ઠરાવવા જાઓ છો ત્યાં આત્મા પણ બે રૂપે થઈ જશે. સમજાણું કાંઈ? આ પ્રશ્નકારનો પ્રશ્ન છે. પ્રશ્ન હજી સમજવો જોઈએ કે નહિ? આહાહા..! પ્રશ્ન શું છે? કે ચેતના, આ ચેતન ભગવાનઆત્મા એમાં ચેતના એનો ત્રિકાળી ગુણ છે. અહીં તો કહે છે ચેતના વ્યાપક છે ને આત્મા વ્યાપ્ય છે એમ કહેશે. ચેતના જે છે ત્રિકાળ રહેનાર છે અને આત્મા એનું વ્યાપ્ય છે. નહિતર આત્મા વ્યાપક ને પર્યાય વ્યાપ્ય એ તો બરાબર છે. પણ આ તો અહીં ચેતના ગુણ છે એ ત્રિકાળ રહેનાર તે વ્યાપક છે, આમ પ્રસરનાર (છે) અને આત્મા વ્યાપ્ય છે. જો ચેતનાનો નિષેધ કરતાં આત્મા વ્યાપ્ય છે તેનો નિષેધ થઈ જશે. સમજાણું કાંઈ? આ પ્રશ્નકારનો પ્રશ્ન છે. પ્રશ્ન હજી સમજવો જોઈએ કે નહિ? આહાહા..!

પ્રશ્ન શું છે? કે ચેતના, આ ચેતન ભગવાનઆત્મા એમાં ચેતના એનો ત્રિકાળી ગુણ

છે. અહીં તો કહેશે ચેતના વ્યાપક છે ને આત્મા વ્યાપ્ય છે એમ કહેશે. ચેતના જે છે એ ત્રિકાળ રહેનાર છે ને આત્મા એનું વ્યાપ્ય છે. નહિતર આત્મા વ્યાપક અને પર્યાય વ્યાપ્ય એ તો બરાબર છે, પણ આ તો ચેતના ગુણ છે એ ત્રિકાળ રહેનાર તે વ્યાપક છે, આમ પ્રસરનાર (છે) અને આત્મા વ્યાપ્ય છે. ચેતનાનો નિષેધ કરતાં આત્મા વ્યાપ્ય છે તેનો નિષેધ થઈ જશે. આહાહા..! આવી વાતું છે. આવો ઉપદેશ? જૈન પરમેશ્વરે આવો કર્યો હશે? અમે તો સાંભળીએ કે, સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો, ઇચ્છામિ પડિકમણા કરો, તસ્સૂતરી.. લ્યો! આઠમ પોષા કરો, ચોવિહાર કરો, છ પરબી દયા પાળો, બ્રહ્મચર્ય પાળો, છ પરબી કંદમૂળ ન ખાવા. અરે..! પ્રભુ! સાંભળ, ભાઈ! એ બધી વાતું મંદ રાગની ક્રિયાની વાતું છે, બાપા! એ ધર્મ જુદી ચીજ છે, ભાઈ! આહાહા..! એ પ્રભુની વાતું પ્રભુ જુદી જાતની છે. આહાહા..! એને શાંતિથી પૂર્વનો આગ્રહ છોડીને મધ્યસ્થ ભાવથી આ તો સાંભળવા જેવું છે, ભાઈ! આહાહા..!

અમારે તો ઘણા વર્ષથી આ ક્રમબદ્ધની વાત ચાલે છે. બે હજારની સાલમાં વિસ્તારથી કરી હતી. અમસ્તો પણ અમારે તો આ પરિચય (હતો). પિતાજીની દુકાન ઘરની હતી ને. 'પાલેજ' 'પાલેજ' છે ને? એટલે હું તો ત્યાં આ શાસ્ત્રો વાંચતો. એક પરમહંસ અને એક કુબેરના એલા કુબેર શું કહેવાય ઇ? કબીરના સાધુ આવ્યા હતા. આ તો ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૬૬-૧૯૬૭. અમે તો જૈન ખરા ને અને અમારી ન્યાં પ્રસિદ્ધિ (હતી). અમારી દુકાનની પાછળ એક ધર્મશાળા (હતી) ન્યાં એ ઉતરેલા. ઇ બેને થાતી ચર્ચા. મોટી ચર્ચા થઈ. આ તો ૧૯૬૫-૧૯૬૬ ની વાત છે. પેલો કબીર કહે કે ઈશ્વર કર્તા નથી, પેલો કહે, કર્તા છે. લાવો સિદ્ધ કરીએ. કર્તા ન માને તો ખોટું છે. પેલો કહે, પણ મને સમજાવો. ઈશ્વર જ્યારે કર્તા છે તો ઈશ્વરે આ બધું કર્યું ત્યારે ક્યાં હતા? નહોતું ત્યારે ઉભા હતા ક્યાં ઇ? અને અમે જૈન લોકો. નાની ઉંમર ને તે દિ' તો અઢાર-ઓગણીસ વર્ષની (ઉંમર હતી). અમારી સામું જોઈને પેલો કબીરવાળો જૈનોને જોઈને કહે, કેમ ભાઈ! એ ઈશ્વર કર્તા હોય તો આ વસ્તુ નહોતી ત્યારે ઉભા હતા ક્યાં? એને કોણે બનાવ્યો? જમીન નહોતી, આકાશ નહોતું, કાંઈ નહોતું ત્યારે ક્યાં ઉભો રહ્યો? આ તો ઘણા (વર્ષ પહેલાની વાત છે). આહાહા..! નાની ઉંમરમાંથી બધી ચર્ચા સાંભળતા. કીધું, વાત સાચી, ભાઈ! ઈશ્વર કર્તા હોય તો આ બધી ચીજ નહોતી તો આ સામગ્રી આવી ક્યાંથી? લાવ્યા ક્યાંથી? એ ઈશ્વર ઉભો ક્યાં રહ્યો? અને પછી સામગ્રી ક્યાંથી લાવ્યો? આવી ચર્ચા તો તે દિ'ની ચાલે છે. ૧૯૬૪ ને ૧૯૬૫ ની સાલથી. આહાહા..! તેમાં રસ લઈએ, દુકાન છોડીને સાંભળીએ. શું કહે છે આ લોકો? આપણે જૈન કહેવાઈએ એટલે એ લોકો જૈન સામું જોઈને કહે, આ જૈન લોકો ઈશ્વરમાં માનતા નથી. આહા..!

મુમુક્ષુ :- સરસ ન્યાય કાઢ્યો.

ઉત્તર :– ન્યાયથી કીધું છે. પેલાએ કીધું, તું મારો શિષ્ય થા તો સમજાવું. પણ પહેલું સમજ્યા વિના? એક કબીરનો સાધુ હતો અને એક હતો પરમહંસ વેદાંતી. મોટા બે હતા. ત્યાં ધર્મશાળા છે એમાં ઊતરેલા. અમારી દુકાનની પાછળ છે. અમને ખબર પડી એટલે ગયા, અમે સાંભળવા ગયા હતા. પહેલેથી રસ હતો ને એ તો! કબીરનો સાધુ આવે તો જાતા, સાંભળવા જઈએ. કબીરનો જુવાન સાધુ આવતો. બહુ વૈરાગ્ય, બહુ વૈરાગ્ય. જિન ત્યાં બહાર જિન છે એમાં ઉતરેલા અને બહુ વૈરાગ્યથી વાત કરે. ફોનોગ્રામ.. શું કહેવાય આ? હાર્મોનિયમ. બહુ વૈરાગ્યથી (બોલતા), તત્ત્વ બીજી વાત છે પણ એની વૈરાગ્યની વાતું બહુ કરે તો અમે સાંભળવા જતા. પણ આ તત્ત્વ બાપુ! કાંઈ જુદી વાત છે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ સિવાય ક્યાંય છે નહિ. એના વાડામાં રહેલાને હજી સમજાતું નથી. વર્ષ કાઢ્યા કેટલાય તોપણ હજી ગોટા ઉઠે અંદર. આહાહા..!

અહીં જુઓને શિષ્યનો પ્રશ્ન કેવો છે? શિષ્યના પ્રશ્નમાં મર્મ છે, કે જ્યારે તમે આ આત્મા ચેતન છે એની ચેતનાના બે પ્રકાર કહેશો દૃષ્ટા–દર્શન ને જ્ઞાન તો આત્મા પણ દૃષ્ટા ને જ્ઞાતા એક છે એ બે રૂપે થઈ જશે. પ્રશ્ન બરાબર સમજાય છે? સમજવું જોઈએ ને, બાપુ! આ એમ ને એમ માની લેવું એ કોઈ વસ્તુ છે? વીતરાગ તો કહે છે ‘નેયાવયમ’ પાંચમા શ્રમણ સૂત્રમાં આવે છે. શ્રમણ સૂત્ર નથી આવતું? પાઠમાં ‘નૈયાવયમ’. કોને ખબર અર્થની? એ તો હાંકે રાખે ગડીયાને. થઈ ગયા પડિકમણા ને ચાલો. ધૂળેય નથી. પડિકમણા પણ નથી ને પચ્ચખાણ પણ નથી, બાપા! એ સમ્યગ્દર્શન કોઈ ચીજ એવી છે. એના વિના બધા એકડા વિનાના મીંડા લાખ-કરોડ કરે તોય સંખ્યામાં ન આવે. આહા..! એ આ સમ્યગ્દર્શનની શુદ્ધિની વાત છે.

શિષ્યે એમ પ્રશ્ન કર્યો, કે ચેતના–ચેતનની ચેતના, ચેતનની ચેતના... આ શું? આત્મા ચેતન છે તેની ચેતના ગુણ ત્રિકાળ, એ જો દર્શન ને જ્ઞાનમય બે હોય, ભેદોને ઓળંગતી ન હોય તો જેથી ચેતનારો પણ દૃષ્ટા ને જ્ઞાતા થઈ જાય. તો આત્મા એક છે એ બે રૂપે થઈ જાય–દૃષ્ટા ને જ્ઞાતા. આહાહા..! સમજાય છે કાંઈ આમાં? ભાષા તો સાદી છે, ભાવ તો પ્રભુ છે એ છે. આહાહા..!

**‘તેનો ઉત્તર કહેવામાં આવે છે :–’** એનો ઉત્તર ટીકાકાર છે આ તો આચાર્યની વાત છે. જેને આવો પ્રશ્ન ઉદ્ભવ થાય તેને અમે આ ઉત્તર દઈએ છીએ. સાંભળવા ખાતર સાંભળે અને અંદરમાં સમજવાની દરકાર કરે નહિ કે, આ શું કહેવા માગે છે, એને નહિ. જેને જિજ્ઞાસા થઈ છે, કે પ્રભુ આત્મા અમે ચેતન કહીએ તો એની ચેતના એનો ગુણ કહીએ. તો ગુણ કહીએ તો ચેતનાના પણ બે ભેદ થઈ ગયા, દર્શન ને જ્ઞાન. તો દર્શન ને જ્ઞાન બે ભેદ થઈ ગયા તો આત્મા પણ દૃષ્ટા ને જ્ઞાતા થઈ ગયો. એકલો દૃષ્ટા રહ્યો નહિ, જ્ઞાતા એકલો ન રહ્યો. દૃષ્ટા અને જ્ઞાતા બે રૂપે થઈ ગયો. એ પણ ભેદમાં આવી

ગયો. આહાહા..! આ શિષ્યનો પ્રશ્ન છે. આહાહા..! કોઈપણ બોલ વિચારીને તુલના કરીને માનવું જોઈએ, એમ ને એમ માને એ તો અનાદિ કાળથી કાળ કાઢ્યા છે, બાપા! ભવ અનંત કર્યા. આહાહા..!

**'પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે.'** ઉત્તર ઉત્તર. ઝીણું તો છે, પ્રભુ! અપૂર્વ વાત છે, નાથ! પણ હવે સમજવી તો પડશે ને એને. આહાહા..! વીતરાગ જૈન પરમેશ્વર, જેને ત્રિકાળ જ્ઞાન (થયું છે), પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં તો સાક્ષાત્ બિરાજે છે. 'મહાવીર' ભગવાન એ તો મોક્ષમાં પધાર્યા. એ ણમો સિદ્ધાણંમાં ગયા. ચોવીસ તીર્થંકરો અત્યારે ણમો અરિહંતાણંમાં નથી, ણમો સિદ્ધાંણંમાં ગયા. અને આ 'સીમંધર' ભગવાન બિરાજે છે તે ણમો અરિહંતાણંમાં છે. સિદ્ધને વાણી હોય નહિ, શરીર હોય નહિ, તેને ઉપદેશ હોય નહિ. આ તો ભગવાન છે, બિરાજે છે, અરિહંત પદે છે, ચાર કર્મનો નાશ કર્યો, ચાર કર્મ બાકી (છે), શરીર ને વાણી બેય છે. વાણી નીકળે છે, સવાર, બપોર, રાત છ-છ ઘડી વાણી નીકળે છે, ઇન્દ્રો સાંભળે. ઇન્દ્રો, વાઘ, નાગ, માણસો ત્યાં પ્રભુ પાસે સાંભળવા જાય છે. અત્યારે મહાવિદેહમાં મનુષ્ય ક્ષેત્રમાં (છે). આહાહા..!

મુમુક્ષુ :- મહાવિદેહક્ષેત્ર આ બાજુ આવ્યું?

ઉત્તર :- હા. આ બાજુ આવ્યું.

મુમુક્ષુ :- ક્યાં સુધી જઈએ તો આવે?

ઉત્તર :- નજર લાંબી કરે તો લક્ષમાં આવે. આ શરીર ન જઈ શકે, શરીર જઈ નહિ શકે. એ તો 'કુંદકુંદાચાર્ય' ગયા હતા, સંવત ૪૯. આ દેહે ગયા હતા. ભગવાન પાસે સમવસરણમાં આઠ દિવસ રહ્યા હતા. ત્યાં તો પાંચસો ધનુષનો દેહ છે. ભગવાનને પાંચસો ધનુષ બે હજાર હાથ ઊંચો (દેહ છે). 'સીમંધર' પ્રભુ અત્યારે બે હજાર હાથ ઊંચા છે. અને આ 'કુંદકુંદાચાર્ય' ૪૯માં ગયા, બે હજાર (વર્ષ પહેલા), ચાર હાથ ઊંચા. એ શું કહેવાય પેલું નાનું? તીડ, તીડ. તીડ જેવું લાગે. નાનું તીડ બેઠું હોય (એવું લાગે). પ્રભુને ચક્રવર્તીએ પૂછ્યું, પ્રભુ! આ તીડ જેવો માણસ છે કોણ? નાનો. આહા..! આ સંવત ૪૯ની વાત છે.

મુમુક્ષુ :- આપ કહો છો, બીજા તો એને ધર્મ જ કહે છે.

ઉત્તર :- દુનિયા કહે, સ્વતંત્ર છે. 'જેમાં જિતની બુદ્ધિ હૈ ઇતનો દિયો બતાય, વાંકો બુરો ન માનીએ ઔર કહાં સે લાય?' જે એને બેઠું એ કહે, બીજું ક્યાંથી લાવે બિચારા? એ પ્રભુ છે. આહાહા..! પ્રભુતાની ખબર નથી, અંદર પ્રભુ છે કેવડો ને કેટલો (એની ખબર નથી). આહાહા..! શિષ્યનો પ્રશ્ન જુઓને કેવડો છે?

પ્રભુ! જ્યારે આ ચેતનને આત્માને તમે ચેતના ગુણ કહી અને બે ભેદ પાડશો તો ચેતન એવો જે ભગવાન એના બે ભેદ પડી જાશે, એ દૃષ્ટા ને જ્ઞાતા થઈ જશે. આહાહા..! કેટલો વિચાર કરીને પ્રશ્ન છે. છે તો આચાર્ય ને આચાર્ય પોતે કહેનારા. આહાહા..! સમજાય

એવું છે, ભગવાન! ન સમજાય એવું પ્રભુ નથી. આ તો પ્રભુ પ્રભુને વાત કરે છે. તું પ્રભુ છો, ભગવાન! અંદર પ્રભુ છે, પરમેશ્વર છે. આત્મા અંદર પરમેશ્વર સ્વરૂપ છે. આહા..! એને આ કહે છે. કંઈ આ જડને ને શરીરને નથી (કહેતા). આ તો માટી છે, ધૂળ છે. તેમ દયા, દાનના પરિણામ થાય એ તો રાગ છે એને આ કાંઈ કહેતા નથી. રાગ કાંઈ જાણે? રાગને કહે આ? એ રાગનો જાણનાર પ્રભુ અંદર છે એને આ તો કહે છે. આહાહા..!

એવો જેનો પ્રશ્ન ઉઠ્યો **'તેનો ઉત્તર કહેવામાં આવે છે :– પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે.'** સાંભળ! જે ચેતન ભગવાન એની જે ચેતના શક્તિ–ગુણ, એ પ્રતિભાસરૂપ છે. પ્રતિભાસ એટલે કે એમાં જ્ઞાન થાય, જણાય, દેખાય એવું. હવે **'તે ચેતના દ્વિરૂપતાને અર્થાત્ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી,...'** એ પ્રતિભાસરૂપ છે, એ પ્રતિભાસરૂપ છે એ બેરૂપને ઓળંગતી નથી. ખુબી કરશે. ઇ પ્રતિભાસરૂપ છે એ બેરૂપને ઓળંગતી નથી આહાહા..!

**'કારણ કે સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે.'** આહાહા..! દરેક વસ્તુ સામાન્યવિશેષ (છે). સામાન્ય એટલે દ્રવ્યરૂપે, વિશેષ એટલે પર્યાયરૂપે. એ રૂપે દરેક વસ્તુ એવી છે. સામાન્ય-વિશેષ. પરમાણુ હો, આત્મા હો, પરમેશ્વર હો, સિદ્ધ હો, કેવળજ્ઞાની હોય. કેવળજ્ઞાન એ પર્યાય છે એનો આત્મા તે દ્રવ્ય છે. દરેક વસ્તુ સામાન્યવિશેષ સ્વરૂપ જ છે. આહાહા..! પહેલી અહીં ખુબી કેવી કહી કે, પ્રતિભાસરૂપે એવું સિદ્ધ કરવું છે. એમાં બે પ્રકારે પ્રતિભાસ થાય–દર્શન ને જ્ઞાન એમ સિદ્ધ કરવું છે. ચેતનની ચેતનામાં પ્રતિભાસ સ્વભાવ છે, પ્રતિભાસ એટલે જે સામે છે તે પોતામાં પોતાથી જણાય તેવો એનો સ્વભાવ છે. એ પ્રતિભાસના બે પ્રકાર છે એ હવે બતાવવા છે.

**'ચેતના દ્વિરૂપતાને બે-રૂપપણાને ઓળંગતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે.'** બધીયે વસ્તુઓ સામાન્ય એટલે દર્શન અને વિશેષ એટલે જ્ઞાનસ્વરૂપ છે–આત્મા. અને પરમાણુ આદિ દ્રવ્ય સામાન્ય અને ગુણ-પર્યાય વિશેષ. એ સામાન્યવિશેષ દરેક વસ્તુ એવી છે. આહાહા..! આવો ઉપદેશ હવે. અજાણ્યા માણસને તો એવું લાગે કે, શું આ જૈન પરમેશ્વરની વાત હશે આ? આપણે તો જ્યાં હોય ત્યાં વાતું કરીએ કે આમ કરો, સામાયિક કરો ને પોષા કરો, આ છોડો ને આ મૂકો ને આ મૂકો... બધી વાતું ક્રિયાકાંડની, કર્તાબુદ્ધિની બધી વાતું છે, બધી અજ્ઞાનની, અજ્ઞાનની (વાતું છે). એ જ્ઞાનની વાતું બાપા! એ કોઈ સર્વજ્ઞ ત્રિલોકનાથની જુદી છે. એની સાથે કોઈ ક્યાંય મેળ ખાય એવો નથી. આહાહા..!

કહે છે **'સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. (બધીયે વસ્તુઓ સામાન્યવિશેષસ્વરૂપ છે, તેથી...'** પરમાણુ પણ સામાન્ય વિશેષ (સ્વરૂપ છે). દ્રવ્ય છે અને તેના ગુણ ને પર્યાય ભેદ પણ છે, વિશેષ છે. **'તેથી તેમને પ્રતિભાસનારી ચેતના...'** શું કીધું ઇ? દરેક ચીજ સામાન્યવિશેષસ્વરૂપ છે તેથી તેને ચેતનારી, પ્રતિભાસ કરનારી ચેતના પણ બે રૂપે છે. આહાહા..! આ લોજીકથી–ન્યાયથી તો (વાત) છે. ભગવાનનો માર્ગ તો લોજીક–ન્યાયથી છે.

એમ ને એમ માની લેવી એ વસ્તુ કાંઈ નથી. આહાહા..!

દરેક ચીજ સામાન્ય વિશેષ (સ્વરૂપ છે). કાયમ રહીને અવસ્થા બદલે છે એ બે પ્રકાર જ છે. ત્યારે દરેક ચીજ જ્યારે બે પ્રકારરૂપે છે તો એને જાણનારી ચીજ પણ બે પ્રકારે છે. આહાહા..! છે? ત્યારે **'તેનાં જે બે રૂપો છે તે દર્શન ને જ્ઞાન છે.'** સામાન્યવિશેષ દરેક ચીજ છે એને જાણનારી ચેતના પણ બે રૂપે છે, જાણવું ને દેખવું. એ બે રૂપે દર્શન ને જ્ઞાન છે. **'માટે તે તેમને ઉલ્લંઘતી નથી...'** ચેતના, દર્શન અને જ્ઞાન, દેખવું ને જાણવું એને ચેતના ઓળંગતી નથી. કારણ કે, દરેક વસ્તુ સામાન્યવિશેષ છે તો પોતે પણ સામાન્યવિશેષ છે.

દરેક વસ્તુ સામાન્યવિશેષ છે, આત્મા પણ સામાન્યવિશેષ છે. દરેક વસ્તુ સામાન્યવિશેષ છે તો ચેતના પણ સામાન્યવિશેષરૂપ છે. એ સામાન્યવિશેષને પ્રતિભાસ કરનારી જાણનારી પણ, જેમ સામાન્યવિશેષ (વસ્તુ છે), એમ આ જાણનારી (ચેતના) પણ સામાન્યવિશેષ બે રૂપે છે. સમજાય છે? આહા..!

ફરીને, શિષ્યનો પ્રશ્ન થયો કે પ્રભુ! ચેતના કહીને તમે બે ભાગ પાડી દ્યો છો–દર્શન ને જ્ઞાન તો પછી આત્મા પણ બે રૂપે થઈ જશે–દૃષ્ટા ને જ્ઞાતા. આત્મા એકરૂપ છે એના બે રૂપ થઈ જાશે. આહાહા..! સાંભળ, ભાઈ! કઈ અપેક્ષા છે એ? દરેક વસ્તુ સામાન્યવિશેષસ્વરૂપ છે. ત્રિકાળ રહેવું અને વિશેષ વર્તમાન ગુણ અને પર્યાયના ભેદરૂપ પણ છે. તો દરેક વસ્તુ સામાન્યવિશેષરૂપ છે તેને જાણનારી ચેતના પણ સામાન્યવિશેષરૂપ છે. પ્રતિભાસ–જે છે, છે તેનો પ્રતિભાસ. જે વસ્તુ છે ઇ ત્યાં ને ત્યાં રહી પણ એનો પ્રતિભાસ કરનારી ચેતના પણ બે રૂપે છે. માટે વસ્તુ પણ સામાન્યવિશેષ છે, તેની જાણનારી ચેતના પણ સામાન્યવિશેષ છે. આહાહા..! હવે આવું ધ્યાન કરવું ને... 'ઝવેરચંદભાઈ'! કોઈ દિ' દુકાનમાં ને છોકરામાં સાંભળ્યું નહોતું આવું ક્યાંય. આહાહા..! આવો માર્ગ, આ તો શાંતિનો માર્ગ છે, બાપા! આ કોઈ વાડો નથી, કોઈ પક્ષ નથી. આ જૈન ધર્મ કોઈ પંથ નથી, પક્ષ નથી, જૈન ધર્મ તો વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુ જેવી છે તેવી જાણી છે તેવી કહી છે તેનું નામ જૈન ધર્મ. એ કોઈ પક્ષ નથી કે, અમે આમ કહીએ ને તમે તેમ કહો છો એવી અહીંયાં વાત નથી.

અહીં તો ભગવાને ત્રણકાળ ત્રણલોકની જે ચીજો છે તે જોઈ છે એ વસ્તુ સામાન્યવિશેષ છે તો એની જાણનારી ચેતના પણ સામાન્યવિશેષ છે. એ વસ્તુનું સ્વરૂપ છે. એ કોઈ પક્ષપાત કે એની વાત નથી. આહા..! એકલા ન્યાયો ઘણા આવ્યા. ભાષા તો સાદી છે. એ પકડાય, પકડે તો પકડાય એવું છે, બાપુ! આહા..! અરે..! આવો વખત કે દિ' મળશે? પ્રભુ! માણસપણું મળ્યું એમાં વીતરાગની સાચી વાત... આહાહા..! અરે..રે..! સાચી (વાત) સાંભળવા મળે નહિ એ કે દિ' વિચારે ને કે દિ' રુચિ કરે ને બેસે? આહાહા..! અને જીવન ચાલ્યા જાય છે. આહા..! દરરોજ સાંભળીએ છીએ, ફલાણો મરી ગયો ને ફલાણો મરી ગયો, ફલાણો

મરી ગયો. આહા..! એ તો દેહની સ્થિતિ પુરી થાય ત્યાં શું થાય? આહા..! દેહની તો મર્યાદા છે. આ તો જેટલો કાળ રહેવાની, બરાબર એટલો જ કાળ તે સમયે જ છૂટવાની છે. જે ક્ષેત્રે, જે કાળે, જે સંયોગે છૂટવાની તે તે કાળે બરાબર છૂટવાની. એમાં લાખ ઇન્દ્રો ઉતરે કે કોઈ ડૉક્ટરો ઇન્જેક્શન લગાવે તો એક સમય વધે (એમ) ત્રણકાળમાં નથી. ડૉક્ટરના દેહ છૂટી જાય છે. આહા..! મોટો આ સર્જન હતો, ડૉક્ટર. 'ભાવનગર' હેમ.. કેવા? 'હેમંતકુમાર' મોટો હોશીયાર હતો 'પાટણી' ના સગા હતા. 'પ્રભાશંકર પાટણી' નહિ? 'પ્રભાશંકર પાટણી' અહીં આવ્યા હતા, વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. 'પ્રભાશંકર' પોતે આવ્યા હતા ને આ પણ આવ્યા હતા, આ પણ બે-ત્રણવાર આવ્યા હતા. આવે તો ખરા આસપાસના બધા દરબાર પણ આવ્યા હતા. 'પાલીતાણા' દરબાર, 'કૃષ્ણકુમાર' દરબાર બધા વ્યાખ્યાનમાં આવેલા. એકવાર સાંભળવા આવી જાય, મોટું નામ સાંભળીને (આવી જાય).

અહીં કહે છે, કે આ વસ્તુ... આહાહા..! ચેતન, તું ચેતન છો કે નહિ? તો ચેતનની ચેતના શક્તિ (છે). ચેતન તો શક્તિવાન છે. હવે એની શક્તિ શું? ચેતનની શક્તિ ચેતના છે. હવે ચેતના શક્તિ બે રૂપે કેમ? કે, બધી ચીજો સામાન્યવિશેષરૂપે છે તો એની જાણનારી ચેતના પણ બે રૂપે હોય તો બે રૂપને બે રૂપે જાણે. જેવું સામાન્યવિશેષ દ્રવ્ય પર્યાય છે તે રીતે જાણે તો દ્રવ્ય પર્યાયનું જ્ઞાન સાચું થાય. આહાહા..! ઝીણું પડે પણ શું થાય? માર્ગ તો આવો છે.

**'(બધીયે વસ્તુ સામાન્યવિશેષસ્વરૂપ છે, તેથી તેમને...)'** કોને? સામાન્યવિશેષ વસ્તુને. **'(પ્રતિભાસનારી ચેતના પણ બે-રૂપપણાને ઓળંગતી નથી.)'** આહાહા..! ન્યાય તો જુઓ! જાણવા યોગ્ય વસ્તુ જ્યારે સામાન્યવિશેષ છે તો એને જાણનારી ચેતના પણ બે રૂપને ઓળંગતી નથી. એનું પણ સામાન્યવિશેષ બે રૂપ સ્વરૂપ જ છે, એનું સ્વરૂપ જ એ છે. **'(ચેતના પણ બે રૂપપણાને ઉલ્લંઘતી નથી.) તેનાં જે બે રૂપો છે તે દર્શન અને જ્ઞાન છે.'** આહાહા..! પુણ્ય ને પાપ ને રાગ ને દ્વેષની તો અહીં વાત છે જ નહિ. દયા, દાન ને વ્રત, ભક્તિ એ બધા પરિણામ રાગમાં વિકારમાં જાય છે. ધર્મમાં નહિ, ધર્મના સાધનમાં-ફાધનમાં એ કોઈ છે નહિ. આહાહા..! આ લાખો રૂપિયાના મંદિરો બનાવવા ને... એ તો બનવાને કાળે બને, બાપુ! એનો ભાવ હોય એ શુભભાવ હોય છે, શુભભાવ પુણ્ય છે, ધર્મ-બર્મ નહિ. ધર્મ કોઈ જુદી ચીજ છે, બાપુ! આહા..!

**'માટે તે તેમને (-દર્શનજ્ઞાનને) ઉલ્લંઘતી નથી.'** કેમકે ચેતનની ચેતના જ્યારે જાણ પ્રતિભાસરૂપ છે એટલે કે બીજી ચીજો છે તેને જાણવાનો સ્વતઃ સ્વતઃ પોતાથી સ્વભાવ છે ત્યારે બીજી ચીજ પણ સામાન્યવિશેષ છે તેને જાણનારી ચેતના પણ સ્વતઃ બે રૂપે સ્વભાવે છે. સામાન્ય ને વિશેષ, દર્શન ને જ્ઞાન એવા બે રૂપે સ્વભાવ એનો છે. આહાહા..! એક એક ગાથા એવી છે આ બધી. આહા..! ઉખેડી નાખે આખો સંસાર. અંદર એકલો ભગવાન

ઊભો રહે છે. ચેતન દૃષ્ટા, જ્ઞાતા ભગવાનઆત્મા. આહા..!

**'જો ચેતના દર્શન જ્ઞાનને ઉલ્લંઘે તો સામાન્યવિશેષને ઉલ્લંઘવાથી...'** શું કહે છે? ચેતનની ચેતના પ્રતિભાસરૂપ છે. જે ચીજ છે તેને જાણવાના સ્વભાવવાળી છે. એ એને લઈને નહિ પણ એનો પોતાનો જાણવાનો સ્વભાવ છે. પોતાથી પોતાને જાણવાનો પોતાનો સ્વભાવ છે. ત્યારે જે સામાન્યવિશેષસ્વરૂપ છે એ પોતાને જાણવાના સ્વભાવવાળી પોતે ચીજ પણ બે સ્વરૂપે છે. ચેતના, દર્શન ને જ્ઞાનરૂપ. તેના અભાવમાં... આહાહા..! ઓળંગવાથી. ચેતના જો સામાન્યવિશેષને છોડી દે તો **'ચેતના જ ન હોય (અર્થાત્ ચેતનાનો અભાવ થાય). તેના અભાવમાં બે દોષ આવે...'** ચેતનાનો અભાવ થતાં ચેતનાના બે પ્રકાર છે સામાન્યવિશેષ, વસ્તુ સામાન્યવિશેષ છે એટલે જાણનાર સામાન્યવિશેષ છે, સામાન્યવિશેષને જો ચેતના ઓળંગે, ચેતનની ચેતના, હોં! રાગ-દ્વેષ ને પુણ્ય-પાપની અહીં વાત નથી. આહાહા..!

**'(૧) પોતાના ગુણનો નાશ થવાથી ચેતનને અચેતનપણું આવી પડે,...'** ચેતનાનો સ્વભાવ દર્શન જ્ઞાન છે. એ બે રૂપને જો ઓળંગે તો ચેતના વિનાની ચેતન જડ થઈ જાય. આહા..! **'(૧) પોતાના ગુણનો નાશ થવાથી ચેતનને અચેતનપણું આવી પડે,...'** ચેતનને જે ચેતના બે પ્રકારે સ્વભાવ છે એ ન હોય તો ચેતન, ચેતના વિના ચેતન જડ થઈ જાય. જાણનારનો બે પ્રકારનો સ્વભાવ છે – સામાન્યવિશેષ, એનો જો અભાવ કરો તો ચેતનનો જ અભાવ થઈ જાય. ન્યાય સમજાય છે? પ્રભુનો માર્ગ ન્યાયથી, લોજીકથી (છે). એમ ને એમ માની લેવું એમ નહિ. ભગવાન તો કહે, અમે કહીએ છીએ એને કસોટીએ ચડાવી, ન્યાયની તુલનાએ ત્રાજવા તોળી, ન્યાયના ત્રાજવાએ તોળી, ન્યાયના ત્રાજવાએ તોળીને માનજે. એમ ને એમ ઓઘેઓઘે માનીશ નહિ કે પાંચ શેર છે ને સાત શેર છે, તોળીને માનજે. આ પાંચ શેર છે, આ સવા પાંચ શેર, આ સાડા પાંચ શેર છે. આહાહા..!

એમ જે ચીજ જેવી રીતે છે તેને જોનારી ચીજ ચેતના છે એ પણ સામાન્યવિશેષસ્વરૂપ છે. સામાન્યવિશેષને ઓળંગે તો ચેતનાનો અભાવ થઈ જાય, ચેતનાનો અભાવ થતાં ચેતનને જ અચેતનપણું આવી પડે. તો ચેતન છે તે અચેતન થઈ જાય. આહાહા..! આજે જરી ઝીણી વાત છે. ધીમે ધીમે સમજવું.

અથવા **'(૨) વ્યાપકના (-ચેતનાના-) અભાવમાં વ્યાપ્ય એવા ચેતનનો (આત્માનો) અભાવ થાય.'** આહાહા..! દર્શન જ્ઞાન ચેતના છે એ વ્યાપક છે, કાયમ રહેનારી અનાદિ અનંત (છે). જો એનો અભાવ થઈ જાય (તો) વ્યાપ્ય એવો જે આત્મા એનો અભાવ થઈ જાય. આહાહા..! પહેલા એમ કહ્યું કે, એનો અભાવ થાય તો ચેતનને અચેતનપણું આવી પડે અને બીજું એમ કહ્યું કે, એનો અભાવ થાય તો ચેતનનો જ અભાવ થઈ જાય. વ્યાપ્ય એવા ચેતનનો અભાવ થઈ જાય. કારણ કે, વ્યાપક એવી ચેતના તો નાશ થઈ ગઈ તો એના નાશથી, વ્યાપકના નાશથી વ્યાપ્ય એવો જે આત્મા એનો પણ નાશ થઈ જાય. એકલા

ન્યાય ભર્યા છે. આહાહા..! વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે. ભલે પાંચ, પચાસ લાખ ભેગા કરે ધૂળ, એમાં રાજી રાજી થઈ જાય કે, આહાહા..! આપણે કમાણા. ધૂળમાંય કાંઈ કમાણા નથી, ગમાણા છે, ગુમાવ્યું છે ગુમાવ્યું અંદરથી. આહાહા..!

બે દોષ કીધા. ચેતના સામાન્યવિશેષ સ્વભાવને જાણનારી હોવાથી સામાન્યવિશેષસ્વરૂપ છે. એ સામાન્યવિશેષસ્વરૂપ ચેતનાનો જો અભાવ થાય તો ચેતન અચેતન થઈ જાય, એક દોષ ઇ. અને બીજો ચેતના વ્યાપક છે એનો અભાવ થતાં આત્મા વ્યાપ્ય છે તેનો અભાવ થઈ જાય. આહાહા..! પહેલો ચેતનાનો અભાવ કીધો પછી ચેતન ચેતનનો જ અભાવ કીધો. છે? આહાહા..! **'માટે તે દોષોના ભયથી ચેતનાને દર્શનજ્ઞાનસ્વરૂપ જ અંગીકાર કરવી.'** એ દોષોના કારણે ચેતનાને દર્શનજ્ઞાનસ્વરૂપ અંગીકાર કરવી. દૃષ્ટા-જ્ઞાતા આત્મા છે. જાણનાર-દેખનાર છે ભગવાનઆત્મા. કોઈનું કરવું નથી, લેવું નથી, દેવું નથી, દેવાનો રાગ પણ નહિ, પુણ્ય પણ નહિ ને પાપ પણ નહિ. એ એના છે જ નહિ. એ તો જ્ઞાતા ને દૃષ્ટા આત્મા છે. એને તે રીતે જાણવો ને અનુભવવો એનું નામ સમ્યગ્દર્શન છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૮૩

(शार्दूलविक्रीडित)

अद्वैतापि हि चेतना जगति चेद् दग्ज्ञप्तिरूपं त्यजेत्
तत्सामान्यविशेषरूपविरहात्साऽस्तित्वमेव त्यजेत्।
तत्त्यागे जडता चितोऽपि भवति व्याप्यो बिना व्यापका-
दात्मा चान्तमुपैति तेन नियतं दग्ज्ञप्तिरूपाऽस्तु चित्।।१८३।।

**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**

**શ્લોકાર્થ :- [ जगति हि चेतना अद्वैता ] જગતમાં ખરેખર ચેતના અદ્વૈત છે [ अपि चेत् सा दग्ज्ञप्तिरूपं त्यजेत् ] તોપણ જો તે દર્શનજ્ઞાનરૂપને છોડે [ तत्सामान्यविशेषरूपविरहात् ] તો સામાન્યવિશેષરૂપના અભાવથી [ अस्तित्वम् एव त्यजेत् ] (તે ચેતના) પોતાના અસ્તિત્વને જ છોડે; [ तत्-त्यागे ] એમ ચેતના પોતાના અસ્તિત્વને**

છોડતાં, (૧) [ चितः अपि जडता भवति ] ચેતનને જડપણું આવે અર્થાત્ આત્મા જડ થઈ જાય, [ च ] અને (૨) [ व्यापकात् विना व्याप्यः आत्मा अन्तम् उपैति ] વ્યાપક વિના (-ચેતના વિના-) વ્યાપ્ય જે આત્મા તે નાશ પામે (-આમ બે દોષ આવે છે). [ तेन चित् नियतं दग्ज्ञप्तिरूपा अस्तु ] માટે ચેતના નિયમથી દર્શનજ્ઞાનરૂપ જ હો.

ભાવાર્થ :– સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ સામાન્યપ્રતિભાસરૂપ (-દર્શનરૂપ) અને વિશેષપ્રતિભાસરૂપ (-જ્ઞાનરૂપ) હોવી જોઈએ. જો ચેતના પોતાની દર્શનજ્ઞાનરૂપતાને છોડે તો ચેતનાનો જ અભાવ થતાં, કાં તો ચેતન આત્માને (પોતાના ચેતનાગુણનો અભાવ થવાથી) જડપણું આવે, અથવા તો વ્યાપકના અભાવથી વ્યાપ્ય એવા આત્માનો અભાવ થાય. (ચેતના આત્માની સર્વ અવસ્થાઓમાં વ્યાપતી હોવાથી વ્યાપક છે અને આત્મા ચેતન હોવાથી ચેતનાનું વ્યાપ્ય છે. તેથી ચેતનાનો અભાવ થતાં આત્માનો પણ અભાવ થાય.) માટે ચેતના દર્શનજ્ઞાનસ્વરૂપ જ માનવી.

અહીં તાત્પર્ય એવું છે કે-સાંખ્યમતી આદિ કેટલાક લોકો સામાન્ય ચેતનાને જ માની એકાંત કહે છે, તેમનો નિષેધ કરવા માટે 'વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષરૂપ છે તેથી ચેતનાને સામાન્યવિશેષરૂપ અંગીકાર કરવી' એમ અહીં જણાવ્યું છે. ૧૮૩.

---

## પ્રવચન નં. ૩૭૦ શ્લોક–૧૮૩, ૧૮૪ રવિવાર, માગશર વદ ૧૨, તા. ૧૬-૧૨-૧૯૭૯

---

'સમયસાર' શ્લોક–૧૮૩. શ્લોક છે ને?

(शार्दूलविक्रीडित)

अद्वैतापि हि चेतना जगति चेद् दग्ज्ञप्तिरूपं त्यजेत्
तत्सामान्यविशेषरूपविरहात्साऽस्तित्वमेव त्यजेत्।
तत्त्यागे जडता चितोऽपि भवति व्याप्यो बिना व्यापका-
दात्मा चान्तमुपैति तेन नियतं दग्ज्ञप्तिरूपाऽस्तु चित्।।१८३।।

ઝીણો વિષય છે થોડો. **'जगति हि चेतना अद्वैता' 'જગતમાં ખરેખર ચેતના અદ્વૈત છે...'** અહીં તો આત્માની વાત કરવી છે. ચાર બોલે વાત તો થઈ ગઈ છે. આ આત્મા છે એનો ચેતના ગુણ છે. ચેતન છે ચેતન, એનો ચેતના ગુણ (છે). એ ચેતના ગુણ છે એ વસ્તુ તરીકે ભલે એક છે છતાં **'अपि चेत् सा दग्ज्ञप्तिरूपं त्यजेत्' 'તોપણ જો તે દર્શનજ્ઞાનરૂપને છોડે...'** છે એકરૂપ ચેતના, પણ એના રૂપ બે છે–દર્શન અને જ્ઞાન. આહા..!

રાગ ને વિકલ્પ ને શરીર, વાણીની અહીં વાત છે નહિ, એ તો બધી પરચીજ છે

એટલે એના ઉપર દૃષ્ટિની કાંઈ જરૂર છે નહિ. દૃષ્ટિનો વિષય જે ચેતન એ ચેતનની ચેતના, આમ ચેતન એકરૂપ (છે) છતાં ચેતના છે એના બે રૂપ છે. એ દ્વૈતપણું છે છતાં અદ્વૈત, દૃષ્ટિ અદ્વૈત છે. બેપણાથી એનો ભાગ પડી જાય છે એમ નહિ. કેમકે એ ચેતના દર્શન-જ્ઞાનને જો છોડે... આહાહા..! ચેતન એવો જે પ્રભુ એની ચેતના જે શક્તિ ગુણ એ બે પણું એનું જો છોડે, દર્શન અને જ્ઞાન એવા બે એનો સ્વભાવ છે. આહા..!

આ કેમ વાત કરે છે? કે, બધા ભાગ તો કાઢી નાખ્યા. પરવસ્તુ પણ કાંઈ સમકિતનો વિષય નથી. તેમ અંતરમાં રાગ-દ્વેષ થાય એ પણ સમકિતનો વિષય નથી. તેમ પર્યાયના ભેદ પડે તો એ પણ તેનો વિષય નથી. હવે વિષય છે ચેતન પણ છતાં ચેતનમાં ચેતનાનું રૂપ બે છે. આમ ભલે ભાગ કાઢી નાખ્યા પણ આમાં આ ભાગ નીકળે એવો નથી એમ કહે (છે). સમજાય છે કાંઈ?

ચેતનનું રૂપ ચેતના, એ ચેતના બે પ્રકારે (છે). આમ ચેતના અદ્વૈત એક છે છતાં તેના રૂપ બે છે–દર્શન અને જ્ઞાન. આહાહા..! જો તે બેને છોડે **'તો સામાન્યવિશેષરૂપના અભાવથી...'** તો સામાન્ય ને વિશેષ તો વસ્તુનું સ્વરૂપ છે, ચેતના પણ સામાન્ય ને વિશેષ સ્વરૂપે છે. સામાન્ય દર્શન ને વિશેષ જ્ઞાન, એ બેને છોડે તો એ ચેતના છૂટી જાય. સામાન્યવિશેષના અભાવથી ચેતના પોતાના અસ્તિત્વને છોડે. ચેતના પોતાનો હોવાપણાનો નકાર થઈ જાય. આ એવી વાત છે. આવો ઉપદેશ છે, લ્યો! કરવું ને પરનું કરવું નહિ કાંઈ, પરથી થતું નથી કાંઈ. હવે રહે છે ભગવાનઆત્મા એક ચેતન, એની ચેતનાનું રૂપ પણ એક જ રૂપ નથી. ચેતના તરીકે એક પણ એના રૂપ બે છે. એક એક કરતાં એક બધા જ કરી નાખે, બે નથી જ, તો તો એ ચેતનાનું રૂપ જ રહી શકે નહિ. આહાહા..! એક... એક... એક... એમ કરતાં કરતાં ચેતના પણ એક જ પ્રકાર છે અને એના બે ગુણ નથી એના તો એ ચેતના જ રહેતી નથી. આહાહા..! ઝીણું ભારે.

બે રૂપ કાઢી નાખ્યું બીજું, છ કારકો કાઢી નાખ્યા, કોઈ વિકલ્પો બીજા કાઢી નાખ્યા, નયના વિકલ્પો કાઢી નાખ્યા, ધ્યાનાવલીની પર્યાય પણ દ્રવ્યમાંથી કાઢી નાખી. આહાહા..! પણ દ્રવ્ય જે ચેતન દ્રવ્ય એની ચેતના જે ગુણ એમાંથી બે ભેદ કાઢી નાખે તો ચેતના ન રહે અને ચેતના ન રહે તો ચેતન પણ નહિ રહે. એકલો ન્યાયનો વિષય છે, ભાઈ! વાણિયાને આકરું પડે, વેપાર-ધંધા આડે નવરાશ નહિ. આહાહા..! શું કહે છે સમજાય છે? બધું કાઢી નાખીને દૃષ્ટિનો વિષય ચેતન છે એ રાખ્યો. સમ્યગ્દર્શનનો વિષય ચેતન છે પણ કોઈ એમ કહે કે, ચેતનનો વિષય છે એ ચેતનની ચેતનાથી એક જ રૂપે છે, કારણ કે ચેતન એક છે તો એની ચેતના પણ એક જ રૂપે છે તો કહે છે, કે એમાં એને મોટી ભૂલ પડશે. ન્યાં બે પણું છે એને કાઢી નાખશે તો ભૂલ પડશે. આહા..! બીજું બધું કાઢી નાખ્યું. વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા-ફૂજા એ કોઈ ધર્મ નથી, એ કોઈ આત્માની

ચીજ નથી, પણ આત્મા ચેતન છે તેની અદ્વૈત ચેતના અદ્વૈત એનું એકરૂપ છે પણ એકરૂપ હોવા છતાં એના રૂપ બે છે–દર્શન અને જ્ઞાન. દર્શન ને જ્ઞાન બે છે એમ જો છોડે તો ચેતના જ છૂટી જાય છે, અભાવ થઈ જાય છે. ચેતનાનો અભાવ થતાં ચેતનાનો ધરનાર ચેતનનો પણ અભાવ થઈ જાય છે. ન્યાય સમજાય છે? આહાહા..! આવી વાત છે.

**'સામાન્યવિશેષરૂપના અભાવથી (તે ચેતના) પોતાના અસ્તિત્વને જ છોડે;...'** એટલે? ચેતનાનું સામાન્ય-વિશેષ બે રૂપ છે. એને એક જ રૂપ નાખો તો એ ચેતના છૂટી જશે, ચેતનાનો અભાવ થશે અને ચેતનાનો અભાવ થતાં ચેતન દ્રવ્યનો પણ અભાવ થશે. આહાહા..! આવી વાતું છે. ધર્મને નામે આવી ઝીણી વાતું.

છ કારક કાઢી નાખ્યા. પર્યાયના ભેદ, નિર્મળ ચેતનાના છ ભેદ, હોં! નિર્મળ પર્યાયના, એ કાઢી નાખ્યા. વિકાર તો ક્યાંય કાઢી નાખ્યો. સંયોગ તો એના અસ્તિત્વમાં, પર્યાયના અસ્તિત્વમાં પણ નથી. આહાહા..! એના અસ્તિત્વમાં વિકાર છે એને કાઢી નાખ્યો, એની પર્યાયના અસ્તિત્વમાં કર્તા, કર્મ, કરણ છ પ્રકાર પડે છે એને કાઢી નાખ્યા પણ હવે એના અસ્તિત્વમાં ચેતના છે એના પણ બે ભાગ કાઢી નાખે તો ચેતન નહિ રહે. આહાહા..! 'શશીભાઈ'! ઝીણી વાતું છે. આહા..! કેમ? કે દરેક ચીજનું સ્વરૂપ સામાન્ય અને વિશેષ છે. સામાન્યવિશેષ એટલે કે દ્રવ્ય છે તે સામાન્ય છે અને ગુણ પર્યાય તે વિશેષ છે તો દરેક વસ્તુ સામાન્ય ને વિશેષ સ્વરૂપ જ છે. જ્યારે દરેક વસ્તુ સામાન્ય ને વિશેષ આ રીતે છે તો એને પ્રતિભાસ કરનારી ચેતના પણ સામાન્ય ને વિશેષ બે રૂપે છે. એટલે બે રૂપમાં એકરૂપ કરી નાખે તો એ ચેતના નહિ રહે. આવું ઝીણું છે.

આ દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને એ તો વળી ક્યાંય ગયું. એ તો કહે (છે) ધર્મ નહિ, પણ એના ભાગ પાડ્યા એ સમકિતનો વિષય નહિ. ભાગ પાડ્યા પર્યાયના, નિર્મળના હોં! કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, એ પણ સમકિતનો વિષય નહિ પણ ત્રણે એનો વિષય નહિ એમ કરતાં કરતાં ચેતનની ચેતના છે એ પણ બે ગુણ છે એનો એ વિષય તે સમકિતનો નહિ (એમ કરીને) કાઢી નાખો તો નહિ પાલવે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ઝીણી વાત છે.

'મોક્ષપાહુડ' છે ને? આ મોક્ષ (અધિકાર) છે ને? 'મોક્ષપાહુડ' તો લક્ષમાં આવી ગયું. કાળાદિ લબ્ધિ છે ને? ભાઈ! 'મોક્ષપાહુડ'માં 'કુંદકુંદાચાર્ય'ની પોતાની કાળાદિ લબ્ધિની ગાથા છે. 'મોક્ષપાહુડ'ની ૨૪ મી ગાથા છે. 'कालाईलद्धीए' હવે પેલો એક જણ કહે કે કાળલબ્ધિ હોય નહિ. આવા ને આવા કાંઈક કાંઈક, કાંઈક કાંઈક કલ્પનાથી બધા ઉઠાવે છે. વાસ્તવિક તત્ત્વની સ્થિતિ વિના દર્શનશુદ્ધિ થાય નહિ અને દર્શનશુદ્ધિ વિના ધર્મની શરૂઆત થાય નહિ ને શરૂઆત વિના પછીનો ચારિત્ર ભાગ એ એને થાય જ નહિ. હજી વસ્તુની શરૂઆત જ નથી ત્યાં વળી ચારિત્ર તો પછી રહ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

એટલે અહીં કહે છે, કે દરેક વસ્તુ સામાન્યવિશેષ સ્વરૂપ છે તો એની જાણનારી ચેતના પણ સામાન્ય ને વિશેષ સ્વરૂપ જ છે અને સામાન્યવિશેષ સ્વરૂપ બે રૂપ થઈ ગયા અને બે રૂપ તમને ન ગોઠતા હોય ને એકરૂપ કરી નાખ તો એ ચેતના જ નહિ રહે, સામાન્યવિશેષ સ્વરૂપ જ ચેતના છે. આહાહા..! એકલો ન્યાય ઘૂંટ્યો છે.

**'સામાન્યવિશેષરૂપના અભાવથી (તે ચેતના) પોતાના અસ્તિત્વને જ છોડે; એમ ચેતના પોતાના અસ્તિત્વને છોડતાં, (૧) ચેતનને જડપણું આવે...'** શું કહે છે? ચેતન એવો જે ભગવાન એની ચેતના બે રૂપે છે-દર્શન ને જ્ઞાન. એ બે રૂપને જો છોડે તો ચેતના છૂટી જાય તો ચેતનને ચેતના છૂટતા ચેતન જડ થઈ જાય. ઝીણી વાત છે, ભાઈ! ચેતન એવો જે ભગવાન એનો ચેતના એવો જે ગુણ એનું બે રૂપ કાઢી નાખો તો ચેતના વિનાનું ચેતન જડ થઈ જાય. કારણ કે આમાં ચેતનામાં બે રૂપ છે અને બે રૂપ કાઢી નાખ ને એક જ રૂપ છે એમ માન તો ચેતના ન રહે તો ચેતન જ ન રહે. ન્યાય સમજાય છે? આહાહા..! 'શાંતિભાઈ'! આવું ઝીણું કે દિ' ચોપડામાં જોયું નથી, વાંચ્યું નથી કાંઈ નક્કી કર્યું છે કે દિ'? આહાહા..! નહિ? સંપ્રદાયમાં જન્મ્યા એ પ્રમાણે કર્યું વળી એટલા ભાગ્યશાળી કે પાછું ફેરવ્યું કે માર્ગ તો આ લાગે છે. પણ માર્ગ પાછો શું છે અંદર? માર્ગ તો અંદર ચેતનમાં છે, મોક્ષનો માર્ગ ચેતનની પર્યાય છે. એ ચેતનની પર્યાય છે એટલે ચેતન છે એ ચેતના ગુણવાળો છે અને ચેતના ગુણના બે પ્રકાર રહી ગયા-દર્શન ને જ્ઞાન. અને દર્શન-જ્ઞાનનું બે રૂપ તું કાઢી નાખતા, એકરૂપને લોભે બે કાઢી નાખતા ચેતના વિના ચેતન નહિ રહે અથવા રહેશે તો ચેતન જડ થઈ જશે. ચેતના વિના ચેતન જડ થઈ જશે. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે પ્રભુ! આહાહા..!

એનામાં તો પ્રભુતા પૂર્ણ પડી છે, પ્રભુ! આવી વાત તો શું કેવળજ્ઞાન લેવાની તાકાત છે. એક સમયમાં કેવળજ્ઞાન લે એવી તાકાત એનામાં પડી છે. આહાહા..! ઇ દરેકનો આત્મા એવો છે કે એક સમયમાં કેવળજ્ઞાન લે એટલી તાકાત પડી છે અંદર. હવે એવા આત્મા ને આટલો ને આવડો માનવો હજી કઠણ પડે. સમજવાની દરકાર ન કરે, પ્રભુ! શરૂઆત ક્યાંથી થશે? શરૂઆતથી આવીને એનું પૂર્ણપણું રૂપ ક્યાંથી આવશે? આહાહા..! સમજાય છે કાંઈ?

**'चितः अपि जडता भवति'** જ્યારે ચેતનની ચેતનાના બે રૂપ કાઢી નાખ અને દરેક વસ્તુ સામાન્યવિશેષરૂપ છે તો એને જાણનારી ચેતના પ્રતિભાસ કરનારી પણ બે રૂપે છે. સામાન્યદ્રવ્ય ને પર્યાયને બેયને જાણનારી છે. એ બેને જાણનારીને કાઢી નાખ તો ચેતનાના ગુણ વિના ચેતન એકલો જડ થઈ જશે. ચેતનાનો અભાવ થતાં ચેતનનો પણ અભાવ થઈ જશે. આવા ન્યાયના વિષય, 'કનુભાઈ'! હવે આ વાણિયાને શીખવું. આહાહા..! પેલા વેપાર-ધંધા મુકીને આ બધું આ કરવું, નક્કી કરવું, આ કરવું પડશે. ધંધા હોળી તો આખી દિ'

ચાલે છે. આહાહા..!

ભગવાનઆત્મા એકરૂપે છે પણ એની ચેતના એકરૂપે નથી. ચેતન એકરૂપ છે પણ એનો ગુણ જે ચેતના છે એ એકરૂપે નથી એ અહીંયાં સિદ્ધ કરવું છે. એ બે રૂપ છે. બે કાઢતા... કાઢતા... કાઢતા... ચેતનાના બે રૂપને પણ કાઢી નાખીશ તો ચેતના વિના ચેતન જ નહીં રહે. કારણ કે સૌનું સામાન્ય ને વિશેષ સ્વરૂપ છે. સામાન્યવિશેષ સ્વરૂપમાં વિશેષને કાઢી નાખતા એકલું સામાન્ય રહેશે નહિ. ન રહેતા, ચેતના ન રહેતા ચેતન પણ નહિ રહી શકે. આહાહા..! કેવો ન્યાય આપ્યો છે ને! ભાષા તો સાદી છે, ભાવ તો ભાઈ ઝીણા છે. વ્રત પાળો ને દયા કરો ને પડિમા લઈ લ્યો ને સહેલુંસટ હતું. એમાં શું કરવું હતું? રાગની ક્રિયા બધા અંગીકાર કરે ને રાગ (કરે). આહાહા..! આ તો પ્રભુને પકડવો છે, કહે છે. આહાહા..!

એ પ્રભુ ચેતન છે અને એ પ્રભુનો ચેતના ગુણ છે તો સમકિતનો વિષય તો અભેદ ને એક છે તો એનો વિષય છે ચેતન એની ચેતનાને પણ એકરૂપે તું ગણી નાખીશ તો ચેતન નહિ રહે. આહાહા..! ચેતના બે રૂપે છે. બે રૂપ ધરનાર ચેતન તે સમ્યગ્દર્શનનો વિષય છે. ચેતના બે રૂપે ધારણ કર્યું છે દર્શન ને જ્ઞાન, સામાન્યવિશેષ, એને ધરનાર ચેતન છે એ વિષય સમકિતનો વિષય છે. આહાહા..! એના વિષયમાં બેય ચેતના અંદર આવી ગઈ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પ્રયોજનભૂત વાત છે.

ઉત્તર :- મૂળ વાત છે, પ્રયોજનભૂત વાત છે. જરી ઝીણી વાત છે. આહાહા..!

**'એમ ચેતના પોતાના અસ્તિત્વને છોડતાં, (૧) ચેતનને જડપણું આવે અર્થાત્ આત્મા જડ થઈ જાય, અને...'** આહાહા..! શું આ શ્લોક આચાર્યે જ્યારે કર્યા હશે એનું હૃદય શું (હશે)! આહા..! **'व्यापकात् विना व्याप्यः आत्मा अन्तम् उपैति' 'વ્યાપક વિના...'** અહીં તો ચેતના વ્યાપક છે. આત્મા વ્યાપક અહીં નથી ગણવો. ચેતના કાયમ રહેનારી, કાયમ રહેનારી દર્શન-જ્ઞાનરૂપે સામાન્ય, સામાન્યવિશેષરૂપ ચેતના છે બે રૂપે પણ રહેનારી છે કાયમ, અનાદિઅનંત. એ ચેતનાનું બે રૂપ રહેનારું છે એ અનાદિ અનંત છે. એ જો બે રૂપ એનું કાઢી નાખ ને એક જ રૂપ લે તો ચેતના છે એ વ્યાપક છે અને આત્મા છે તે વ્યાપ્ય છે. તો ચેતનાનું વ્યાપકપણું-બે પણું કાઢી નાખ તો વ્યાપ્ય આત્મા પણ નહિ રહે. અત્યારે વ્યાપક આત્માને નથી કહેવો. નહિ તો બીજે ઠેકાણે આત્મા વ્યાપક અને પર્યાય વ્યાપ્ય એમ આવે. સમજાણું કાંઈ? આવ્યું હતું ને આપણે? હમણાં કાંઈક વ્યાપક ને વ્યાપ્ય આમાં આવ્યું હતું કે પેલામાં? વ્યાપ્ય-વ્યાપક નહિ? પેલામાં આવ્યું હતું? 'નિયમસાર'માં આવ્યું હતું? ચેતના વ્યાપક. આત્મા વ્યાપક છે અને પર્યાય વ્યાપ્ય છે. ઇ વ્યાપક-વ્યાપ્ય આવ્યું હતું. પેલામાં આવ્યું હશે. તાજે તાજુ ઘણી વાર મગજમાં આવ્યું હોય એટલે એ તાજે તાજુ લાગે.

વ્યાપક ને વ્યાપ્ય આવ્યું હતું. આત્મા વ્યાપક અને પર્યાય વ્યાપ્ય એમ આવ્યું હતું.

મુમુક્ષુ :- 'કર્તા-કર્મ અધિકાર'માં.

ઉત્તર :- ના, ના. આપણે હમણાં અહીં આવ્યું હતું. આ તો હમણાં જ આવ્યું હતું. બે, ત્રણ, ચાર દિ' માં આવ્યું હતું. ક્યાંક આવ્યું હતું.

મુમુક્ષુ :- ૨૯૪ ગાથા.

ઉત્તર :- ૨૯૪ ગાથા. આહાહા..! ક્યાં આવ્યું? વ્યાપક વ્યાપ્ય આવ્યું હતું, શબ્દ ક્યાં આવ્યો? ૨૯૭. આવ્યું હતું. હમણાં જ આવ્યું હતું. હા બસ ઇ, જુઓ! જુઓ! **'ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતાં હોવાથી,...'** જોયું? બસ, આ શબ્દ. હમણાં આવ્યું હતું. **'ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતાં હોવાથી,...'** રાગાદિ તે એના વ્યાપ્ય થતાં નથી, એમ કહે છે. **'નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક (-ચેતનારો), તે આ હું છું; અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય (અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજાં લક્ષણોથી ઓળખાવાયોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો...'** રાગાદિ વ્યવહારરત્નત્રય **'તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતાં હોવાથી,...'** બસ, આ. કીધું આ હમણાં આવ્યું હતું. શું કીધું? ૨૯૭ માં ચોથી લીટી, ટીકાની ચોથી લીટી.

શું કીધું? આહાહા..! **'ચેતકપણારૂપી વ્યાપક...'** બધાય જેટલા રાગાદિ જે છે એ **'ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતાં હોવાથી, મારાથી અત્યંત ભિન્ન છે.'** રાગ અને દ્વેષ, દયા ને દાન, પુણ્ય ને પાપના વિકલ્પો ચેતકપણાના વ્યાપકનું વ્યાપ્ય અવસ્થા એ નથી. વ્યાપ્ય અવસ્થા છે ત્યાં. એ મારી વ્યાપ્ય અવસ્થા નથી માટે મારાથી એ જુદા છે. આહાહા..! અહીં આત્માને વ્યાપક કીધો ને પર્યાયને વ્યાપ્ય કીધી છે. સમજાણું કાંઈ? અને રાગ-દ્વેષને વ્યાપ્ય મારી નથી, રાગ-દ્વેષ મારી વ્યાપ્ય અવસ્થા નથી, મારી વ્યાપ્ય અવસ્થા નિર્મળ છે. હું વ્યાપક આત્મા, વ્યાપક આત્મા એની નિર્મળ પર્યાયમાં એ વ્યાપ્ય નામ અવસ્થા છે. મારી નિર્મળ પર્યાયથી વ્યાપ્ત તે મારી અવસ્થા છે. રાગાદિ મારી પર્યાય વ્યાપ્ય એ છે નહિ. આહાહા..! કીધું હમણાં આવ્યું હતું. યાદશક્તિ એટલી બધી ક્યાંથી હોય? મગજમાં ભાવ યાદ રહે, અહીં ચોખ્ખું છે.

શું કીધું? જેટલા પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત, ભક્તિના ભાવ (થાય) એ વ્યવહારરૂપ ભાવો તે બધાય ચેતકપણારૂપી વ્યાપક, ચેતક એવો જે આત્મા એનાથી વ્યાપક એટલે પ્રસરનાર. એનું વ્યાપ્ય નહિ થતાં. એની પર્યાય જ નહિ, એ એની પર્યાય જ નહિ. આહાહા..! છે? હવે અહીંયાં બીજું લેવું છે. અહીં **'વ્યાપક વિના વ્યાપ્ય જે આત્મા...'** શું કીધું ત્યાં? શું કીધું અહીં? ન્યાં એમ કીધું વ્યાપક આત્મા-દ્રવ્ય વ્યાપક એટલે પ્રસરનાર અને વ્યાપ્ય એટલે અવસ્થા. વિકારી અવસ્થા એનું વ્યાપ્ય નથી. એનું વ્યાપ્ય નિર્વિકારી અવસ્થા (થાય એ) એની અવસ્થા છે. આત્મા અવસ્થાયી (છે) એની નિર્વિકારી વ્યાપ્ય અવસ્થા છે. એને પર્યાયને

ત્યાં વ્યાપ્ય કીધું છે. સમજાણું કાંઈ? આહા..!

અહીંયાં ચેતનાને વ્યાપક કીધું છે અને આત્માને વ્યાપ્ય કીધું છે. છે? **'વ્યાપક વિના...'** વ્યાપક એટલે ચેતના. ચેતનાને વ્યાપક કીધો, ન્યાં વ્યાપક કીધો છે આત્મા. ૨૯૭માં વ્યાપક એટલે પ્રસરનાર દ્રવ્ય, દ્રવ્ય, વસ્તુ એ વ્યાપક, પર્યાય વ્યાપ્ય. દ્રવ્ય વ્યાપક, પર્યાય વ્યાપ્ય. ત્યાં આત્માને દ્રવ્યને ચેતનને વ્યાપક કહી અને પર્યાયને વ્યાપ્ય, નિર્મળ પર્યાયને વ્યાપ્ય કીધી છે. અહીં કહે છે ચેતના તે વ્યાપક છે, આત્મા વ્યાપ્ય છે. સમજાય છે કાંઈ આમાં? આવી ઝીણી વાતું. ભાઈ! અમારે ધર્મ કરવો છે પણ ધર્મ કે દિ' થાય? સમજ્યા વિના તને ધર્મ કેમ થાતો હતો? ક્યાંકનું ક્યાંક લગાવી દે. ધર્મ ક્યાંથી થાતો હતો?

ચેતન વસ્તુ ત્રિકાળ છે. નિશ્ચયથી તો એ જ વ્યાપક છે અને પર્યાય તેની વ્યાપ્ય એટલે અવસ્થા છે. પર્યાયે વ્યાપ્ય એટલે અવસ્થા, વ્યાપક એટલે દ્રવ્ય. અહીંયાં બીજી રીતે કહેવું છે, કે ચેતનની ચેતનાના બે ગુણો જે દર્શન ને જ્ઞાન છે એને બે ન માન ને એક જ માન તો ચેતના નહિ રહે. ચેતના ન રહેતા ચેતન જ નહિ રહે તો ચેતના વ્યાપક છે અને ચેતન આત્મા વ્યાપ્ય છે. અરે..! આવું છે. કહો, પકડાય છે કે નહિ આમાં? ૨૯૭ માં એ કહ્યું અને અહીં આમાં ૨૯૮-૨૯૯ ના (૧૮૩) કળશમાં આ આવ્યું. ઇ અપેક્ષા છે ને અહીંયાં? કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએને? આહાહા..!

ભગવાન અનંત ગુણનો ધણી ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુ, એના અનંત ગુણો નિર્મળ છે. એ નિર્મળ વ્યાપક થઈને નિર્મળ વ્યાપ્ય થાય, એની અવસ્થા નિર્મળ થાય પણ એ વ્યાપક થઈને એની અવસ્થા વિકારી વ્યાપ્ય થાય એવું એનું સ્વરૂપ નથી. એ તો ૭૫-૭૬ ગાથામાં લીધું ને? ભાઈ! 'કર્તા-કર્મ અધિકાર' માં લીધું છે. આ તો અહીંયાં આપણે આવી ગયું હતું ઇ વાત યાદ કરાવી છે. ભાઈ! 'કર્તા-કર્મ' માં આ લીધું છે. આહાહા..! આત્મા વ્યાપક છે અને નિર્મળ પર્યાય એની વ્યાપ્ય છે. વિકારી પર્યાય એની વ્યાપ્ય અવસ્થા નથી. ઇ તો ત્યાં કર્તા-કર્મમાં શરૂઆતમાં વાત કરી. આ તો આપણે આમાં કીધું હમણાં આવ્યું હતું ને. સમજાય છે કાંઈ? ત્યાં એમ લીધું છે, કે આત્મા વ્યાપક, નિર્મળ પર્યાય વ્યાપ્ય. વિકાર-બિકાર એ આત્માનું વ્યાપ્ય છે જ નહિ. પુણ્ય-પાપના પરિણામ તો આત્માને જાણવાલાયક વચનમાત્ર, વ્યવહારમાત્ર જાણવા લાયક છે. આહાહા..! અને કર્તાનું કર્મ એટલે કર્તા વ્યાપક અને કર્મ એટલે વ્યાપ્ય અવસ્થા, નિર્મળ અવસ્થા તે કર્મ નામ કાર્ય નામ વ્યાપ્ય અને નિર્મળ વસ્તુ તે વ્યાપક. એ નિર્મળ વસ્તુની દૃષ્ટિ થઈ એથી વ્યાપકનું વ્યાપ્ય નિર્મળ જ હોય, એનું વ્યાપ્ય વિકાર ન હોય. સમજાય છે કાંઈ આમાં? આહાહા..!

અહીં બીજી અપેક્ષા કહેવી છે. અહીં તો અદ્વૈત ચેતના અદ્વૈત હોવા છતાં તેનું રૂપ બે છે–દર્શન ને જ્ઞાતા–જ્ઞાન અને એને લઈને આત્મા પણ દૃષ્ટા ને જ્ઞાતા છે. જો ઇ ચેતનાનું એક જ રૂપ ગણ કે મારે બે નહિ... બે નહિ... બે નહિ... બે નહિ... દ્વૈત નહિ, તો તો

સાંખ્યમતિ (થઈ જઈશ). એ નીચે કહેશે. સામાન્ય ચેતનને સાંખ્યમતિ આદિ, નીચે આવશે. સામાન્ય પ્રાણી એને એકલા એક જ ગુણ તરીકે ગણે છે એવું વસ્તુનું સ્વરૂપ નથી. આ તો સર્વજ્ઞ પરમાત્મા, એણે જે વસ્તુ જોઈ એ સામાન્ય ને વિશેષ (સ્વરૂપ જોઈ છે). સામાન્ય એટલે દ્રવ્ય અને વિશેષ એટલે પર્યાય. સામાન્ય એટલે દર્શન અને વિશેષ એટલે જ્ઞાન. અહીં પર્યાય લીધી છે. એમ પણ લીધું છે, 'રાજમલજી' એ ટીકામાં પર્યાય લીધી છે. ભાઈ! નહિતર અહીં વિશેષ એટલે ગુણ-જ્ઞાન છે, સામાન્ય એટલે દર્શન (છે). 'રાજમલ' માં વિશેષને પર્યાય લીધી, સામાન્યને દ્રવ્ય દર્શન લીધું છે. એટલે એ અપેક્ષાએ ઠીક છે. 'રાજમલ' ની ટીકા, 'કર્તા-કર્મ' માં.

અહીં કહે છે કે તું ચેતન છો ને પ્રભુ! ચેતનની ચેતના જે જાણવા-દેખવાનો પ્રતિભાસ જેમાં થાય છે એ બે રૂપે છે, એ બે રૂપે છે એમાંથી તું એકરૂપ જો કરવા જા તો એ ચેતના નહિ રહે, ચેતના નહિ રહે તો ચેતનાનો ધરનાર ચેતન જડ થઈ જશે. સમજાણું કાંઈ? એકલા ન્યાયનો વિષય છે. આહાહા..! વેપારીને નવરાશ ન મળે. બે ઘડી ગયો હોય સામાયિક પડિકમણા કરીને માથે જે કહેતા હોય એ સાંભળ્યું ને જય નારાયણ (કરે), એ થઈ રહ્યું જાવ. આહાહા..! માર્ગ પ્રભુનો જુદો, બાપા! વીતરાગ સર્વજ્ઞ...

મુમુક્ષુ :- આખી જિંદગી વેપારમાં કાઢી.

ઉત્તર :- એમાં કાઢી. તુલના કરવાનો વખત ક્યાં લે છે ઇ? કે, શું કહે છે આ? બીજા શું કહે છે, આ શું કહે છે, એ બેમાં ફેર શું છે? ફેર હોય તો કારણ શું છે? આહાહા..!

અહીં પરમાત્મા કહે છે તે સંતો જગતને કહે છે, કે ભાઈ! ચેતનાના બે રૂપ છે. દર્શન અને જ્ઞાન. એ જો વ્યાપક, જો એનો નિષેધ થઈ જાય, વ્યાપક એટલે ચેતના એનો બે રૂપનો નિષેધ થઈ જાય તો એના વિના વ્યાપ્ય એટલે આત્મા તે નાશ પામે. આહાહા..! સમજાણું આમાં? અને અહીંયાં વ્યાપ્યને આત્મા કીધો છે. નહિતર વ્યાપ્ય છે તે પર્યાય છે પણ અહીં એમ કહેવું નથી. ચેતના કાયમ રહેનારી છે અને એને અવલંબે આત્મા છે. ચેતના કાયમ રહેનારી (છે) એટલે ચેતનાને વ્યાપક કહીને આત્માને વ્યાપ્ય કહ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! ધીમેથી વિચારવું. આ તો મનન કરીને, વિચારીને માનવા જેવું છે. આ કોઈ વાર્તા કથા નથી કે આ કોઈ સાધારણ વાત નથી. આ તો સર્વજ્ઞદેવ પરમેશ્વર, એના મૂળ તત્ત્વના ગહન ગંભીર તત્ત્વ કેવડું છે, કેમ (છે) તેની વાત છે અહીં તો. આહાહા..! દુનિયા કંઈની કંઈ પડી હોય અને વસ્તુ ક્યાંય રહી ગઈ છે. લોકોએ વસ્તુની દરકાર કરી નથી. આહા...!

**'વ્યાપ્ય જે આત્મા તે નાશ પામે (-આમ બે દોષ આવે છે).'** શું બે દોષ આવે? કે, ચેતના, જે ચેતનની ચેતના, ચેતન એટલે આત્મા એની ચેતનાના બે રૂપમાંથી એક રૂપ ગણો તો ઇ ચેતના નહિ રહે. ચેતના નહિ રહેતા તો ચેતન જડ થઈ જશે. એક (એ

દોષ આવે). અને ચેતના વ્યાપક વિના આત્મા વ્યાપ્ય (નહિ રહે). ચેતના નહિ રહે તો આત્મા નહિ રહે. કારણ કે, આ ચેતના વ્યાપક છે ને આત્મા વ્યાપ્ય છે. આહાહા..! સમજાણું આમાં કાંઈ? આવી ભાષા બધી કઈ જાતની આ? હજી વાદ-વિવાદ તો બહારના. વ્યવહાર પહેલો જોઈએ ને પછી નિશ્ચય થાય ને પછી આ થાય ને પછી આ થાય ને. અરે..! પ્રભુ! ક્યાં અટક્યો? બાપા! પ્રભુ! તારા હિતના માર્ગની વાત છે, પ્રભુ!

આ તો જિનેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણી છે. એને માટે બહુ તૈયારી જોઈએ, સમજવા માટે પ્રયત્ન જોઈએ, સમજવા માટે નિવૃત્તિ લેવી જોઈએ. આહાહા..! આવું તત્ત્વ છે. ગમે તે ગડબડ રહી ગઈ હશે તો થઈ રહ્યું, પછી ચોરાશીના અવતારમાંથી બાપા! નીકળવાનો અવસર માંડ મળ્યો. અહીં મનુષ્યપણું (મળ્યું) જો ચાલ્યો ગયો પછી થઈ રહ્યું મળવું મુશ્કેલ છે. આહાહા..! આવો અવસર ફરીને આવવો (મુશ્કેલ છે). આહાહા..!

**'માટે ચેતના નિયમથી દર્શનજ્ઞાનરૂપ જ હો.'** આ બે દોષ આવે છે ને? કીધા ને? એક તો ચેતનાના બે રૂપ ન માન તો ચેતના નહિ રહે અને ચેતના નહિ રહે તો ચેતન પણ નહિ રહે. કારણ કે, ચેતના વ્યાપક છે ને ચેતન વ્યાપ્ય છે. વ્યાપકનો નાશ થશે તો વ્યાપ્યનો પણ નાશ થઈ જશે. આહાહા..! આખી ભાષા જરી સિદ્ધાંતિક ભાષા છે. તાત્ત્વિક વાત છે ને?

**ભાવાર્થ :– 'સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે.'** છ દ્રવ્ય ભગવાને જોયા છે. ભગવાન જિનેશ્વરદેવ પરમાત્મા ત્રિલોકનાથ, એણે છ દ્રવ્ય જોયા છે. સંખ્યાએ અનંત અને જાતિએ છ. જાતિ છ–જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. સંખ્યાએ અનંત. જીવ અનંત, પુદ્‌ગલ અનંત, કાળ અસંખ્ય, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એક એક. એમ ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ જિનેશ્વરદેવે છ દ્રવ્ય જોયા. એ છએ દ્રવ્યો સમસ્ત વસ્તુઓ એટલે છએ દ્રવ્યો. એમ આવ્યું ને? સમસ્ત દ્રવ્ય એટલે છએ દ્રવ્યો. સામાન્યવિશેષસ્વરૂપ છે, દ્રવ્યપર્યાયરૂપ વસ્તુ છે. આહાહા..!

**'તેથી તેમને પ્રતિભાસનારી...'** તેથી તે દ્રવ્ય સામાન્ય વિશેષને જાણનારી **'ચેતના પણ સામાન્યપ્રતિભાસરૂપ (-દર્શનરૂપ) અને વિશેષ-પ્રતિભાસરૂપ...'** છે? **'સામાન્યપ્રતિભાસરૂપ (-દર્શનરૂપ) અને વિશેષપ્રતિભાસરૂપ (-જ્ઞાનરૂપ) હોવી જોઈએ.'** આ તો ન્યાય મુક્યો છે. આહાહા..! આ જરી ઝીણું પડ્યું. સાધારણ બહેનું દીકરીઓ બિચારી નવરી ન થાય. આખો દિ' રાંધવું ને છોકરા સાચવવા ને એમાં આવી વાતું હવે.. આહાહા..! આદમી પણ કે દિ' નવરા છે? 'જ્યોતિ' ધંધા આડે કે દિ' નવરો થાય છે ત્યાં? આહાહા..!

કહે છે, આ જગતમાં જેટલી ચીજો છે, અનંત (ચીજો) ભગવાને જોઈ એ સામાન્ય ને વિશેષરૂપ છે, દ્રવ્ય ને પર્યાયરૂપ છે. દરેકમાં દ્રવ્ય ત્રિકાળી છે અને પર્યાય છે, બે રૂપે છે. તેને પ્રતિભાસનારી–તેને જાણનારી, જેવી ચીજ છે તેવો અહીં ભાસ થાય એવી પ્રતિભાસ

કરનારી જે આત્માની ચેતના તે પણ સામાન્ય પ્રતિભાસરૂપ છે. સામાન્ય પ્રતિભાસરૂપ એટલે દર્શનરૂપ અને વિશેષ પ્રતિભાસરૂપ એટલે જ્ઞાનરૂપ હોવી જોઈએ.

**'જો ચેતના પોતાની દર્શનજ્ઞાનરૂપતાને છોડે...'** જો ઇ ચેતના સામાન્યવિશેષ એવા દર્શનજ્ઞાનને છોડે તો ચેતનાનો જ અભાવ થાય. કારણ કે, સામાન્યવિશેષ સ્વરૂપ છે. ચેતનાનું એક જ રૂપ ગણે અને બે ન ગણે તો એ વસ્તુનો ચેતનાનો નાશ થઈ જાય. ચેતનાનો હજી તો, વાત હોં! ચેતન પછી. આહાહા..! આવું ક્યાં 'શાંતિભાઈ'! હતું? આમાં તમારે ક્યાં 'નાગનેશ'માં ક્યાંય (હતું)? સાંભળ્યું છે ક્યાં? આહાહા..! આવો માર્ગ પ્રભુનો છે, બાપુ! બહુ ઝીણો, પ્રભુ! અનંત કાળમાં રખડવામાં અનંત અનંત કાળ વિત્યો, ભાઈ! એ અનંતનો અંત નહિ એટલો આદિ વિનાનો કાળ... આહાહા..!

મુમુક્ષુ :– પહેલા જાણે ને પછી દેખે કે પહેલા દેખે ને પછી જાણે?

ઉત્તર :– એ પહેલા જાણે પછી પ્રતીત થાય. જાણ્યા વિના પ્રતીત શેની? એ તો પહેલામાં ૧૭ મી ગાથામાં આવી ગયું. અને આમાં આવ્યું હતું. જાણે ત્યારે પ્રતીત કરે, આમાં 'શ્રીમદ્' માં આવ્યું હતું. આપણે ૧૭ મી ગાથામાં આવ્યું હતું. પહેલો આત્મા જાણે પછી જાણીને પછી પ્રતીત કરે. વસ્તુ સ્વરૂપ જાણ્યા વિના પ્રતીત કોની? શું આ ચીજ છે એ તો જ્ઞાનમાં આવી નહિ અને પ્રતીત–શ્રદ્ધા કરો, શેની શ્રદ્ધા કરે? ગધેડાના શીંગડાની? ત્યાં ૧૭-૧૮ ગાથામાં એ દાખલો આપ્યો છે. આહાહા..! આવી વાતું, આ ઉપદેશ. આવો માર્ગ છે, બાપા!

હિતના પંથ પ્રભુ! બહુ જુદી જાતના છે. દુનિયાને એમ લાગે કે, આ તે આવું શું હશે આ? આવી વાતું ક્યાં આ જૈન ધર્મની આવી વાતું હશે? જૈન ધર્મમાં તો છ કાયની દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, છ પરબી પાળો, છ તીથીએ બ્રહ્મચર્ય પાળો, છ તીથીએ કંદમૂળ ન ખાવ. હવે એ તો વાતું ચાલતી હતી, બાપુ! એમાં આટલી વાતમાં અત્યાર સુધી આવી? પણ હજી મૂળ ચીજને જાણ્યા વિના તારો ત્યાગ-બ્યાગ ક્યાંથી આવ્યો? મિથ્યાત્વના ત્યાગ વિના અવ્રતનો ત્યાગ આવ્યો ક્યાંથી? પહેલો હજી મિથ્યાત્વનો ત્યાગ નથી ત્યાં અવ્રત ને પ્રમાદનો ત્યાગ આવ્યો ક્યાંથી? આહાહા..! ભાષા તો સાદી છે, પ્રભુ! સમજાય એવું છે, ધ્યાન રાખે તો પકડાય એવું છે, જરી ઝીણું લાગે.

**'જો ચેતના પોતાની દર્શનજ્ઞાનરૂપતાને છોડે...'** ભાવાર્થની ત્રીજી લીટી. **'તો ચેતનાનો જ અભાવ થતાં, કાં તો ચેતન આત્માને (પોતાના ચેતનાગુણનો અભાવ થવાથી) જડપણું આવે,...'** એક આવ્યું ને? એ આવી ગયું પહેલું. **'અથવા તો વ્યાપકના અભાવથી વ્યાપ્ય...'** વ્યાપક એવી ચેતના એના **'અભાવથી વ્યાપ્ય એવા આત્માનો અભાવ થાય.'** છે? પેલા ઘરે 'સમયસાર' છે, વાંચ્યું હશે કે નહિ ત્યાં? વાંચ્યું નથી ત્યારે ઘરે ઘડિયાળ ફેરવ્યા કરો છો. આહા..! ઘડિયાળને તો બહુ ફેરવ્યા કરે. આ સંચો આમ ને આ સંચો આમ. આ ઘડિયાળનો કાંટો ક્યાં ફરે છે કે નહિ એને? આહાહા..! આ બહુ સરસ વાત છે. આજે રવિવાર છે.

કેટલાક આવ્યા છે, 'ભાવનગર'થી આવે છે ને? 'જયંતિભાઈ' નથી આવ્યા લાગતા. હેં? આવ્યા છે? 'ભાવનગર'વાળા 'જયંતિભાઈ' નથી આવ્યા, નથી, નથી. ભાઈ આવ્યા છે 'પ્રવિણભાઈ' આવ્યા છે, 'શાન્તિભાઈ' આવ્યા છે. એ તો દેખાય ને! નજર દેખાય ને! આહાહા..!

**'(ચેતના આત્માની સર્વ અવસ્થાઓમાં વ્યાપતી હોવાથી...)'** હવે વ્યાપક કેમ કીધું? ખરેખર તો વ્યાપક આત્મા જોઈએ, એમ ચેતનાને કેમ કીધું? તો કહે છે, **'(ચેતના આત્માની સર્વ અવસ્થાઓમાં વ્યાપતી હોવાથી વ્યાપક છે અને આત્મા ચેતન હોવાથી ચેતનાનું વ્યાપ્ય છે.)'** આહાહા..! ચેતના દરેક અવસ્થામાં હોવાથી વ્યાપક છે. આત્માની ત્રણેય કાળમાં ચેતના હોવાથી તે વ્યાપક છે અને તે આત્મા (ચેતન હોવાથી) ચેતનાનું વ્યાપ્ય છે. આત્મા ચેતન હોવાથી ચેતનાનું વ્યાપ્ય–અવસ્થા છે. ચેતના અવસ્થા એટલે ચેતનાનું કાર્ય છે.

**'(તેથી ચેતનાનો અભાવ થતાં આત્માનો પણ અભાવ થાય.)'** થોડું ઝીણું લાગે પણ વિચારવું, ઘરે વાંચવું આ, અહીં ન સમજાય તો ઘરે વાંચવું થોડું, થોડી નવરાશ લેવી. એ.. 'જીતુભાઈ'! ઝીણું પડે આ. આ ગાથા આખી વાંચવી પછી વિચારવી અને મેળવવું. આહાહા..! **'(આત્મા ચેતન હોવાથી ચેતનાનું વ્યાપ્ય છે. તેથી ચેતનાનો અભાવ થતાં આત્માનો પણ અભાવ થાય.) માટે ચેતના દર્શનજ્ઞાનસ્વરૂપ જ માનવી.'** આહા..! એકરૂપ... એકરૂપ... એકરૂપ... એકરૂપ... અમે કહીએ છીએ એટલે એકરૂપમાં તને ચેતના પણ એકરૂપ લાગે તો એમ નથી.

એકરૂપ માનવું... એકરૂપ માનવું... એકરૂપ માનવું... એમ વારંવાર કહે. અભેદ માનવું, અભેદનો વિષય લેવો. અભેદમાં ચેતનાના બે પ્રકાર પડી જાય છે. પણ ઇ અભેદમાં બે આવી જાય છે અંદર. આહાહા..! ચેતનાનો ચેતન આધાર, ચેતનનો વિષય કર્તા, ચેતના દર્શનજ્ઞાનમય છે એની પણ પ્રતીતિ ભેગી આવી જાય છે. આહા..! 'કનુભાઈ'! આવું છે, ઝીણું બહુ. 'કાન્તિભાઈ'! ક્યાં આવું-આવું સાંભળ્યું હતું ન્યાં ક્યાંય? આહાહા..! આકરું લાગે પણ વસ્તુ બાપુ! આવી છે. પ્રભુ તારી પ્રભુતા પ્રગટવાનો રસ્તો કોઈ અલૌકિક છે. બાકી તો જિંદગી કાઢી છે એ તો... આહાહા..!

**'અહીં તાત્પર્ય એવું છે કે–સાંખ્યમતી આદિ કેટલાક લોકો...'** સાંખ્યમતી આદિ કેટલાક લોકો **'સામાન્ય ચેતનાને જ માની એકાંત કહે છે,...'** એક ચેતનાને એક જ રૂપ માની એના બે રૂપ ન માનીને એકાંત માને છે. શું કીધું સમજાણું? સાંખ્યમતી આદિ કેટલાક લોકો સામાન્ય એકલું સામાન્ય... સામાન્ય... સામાન્ય... કરવા જાય ત્યાં સામાન્ય ને વિશેષ બે ગુણો જે છે એ રહી જાય છે. વિશેષ પર્યાય છે પણ એ એક કોર રાખો પણ સામાન્યવિશેષ બે ગુણો જે છે, એકલું સામાન્ય કરવા જતા ગુણો રહી જાય છે. આહાહા..! સમજાય એટલું સમજવું, પ્રભુ! તારો પાર નથી, તારા ચમત્કારની–ચેતનની ચમત્કારની સ્થિતિનો પાર નથી.

આહા..!

ટીકાકાર પોતે એમ કહે છે, બપોરના ટીકાકાર (કહે છે), અરે..! અમે મંદબુદ્ધિ ક્યાં આ ટીકા કરીએ? ગણધર ને આચાર્યથી ચાલી આવી છે. આહાહા..! 'પદ્મપ્રભમલધારી' મુનિ જેવા પણ એમ કહે અમે મંદ બુદ્ધિ તે ક્યાં? આહાહા..! આવે છે ને? ભાઈ! ટીકા ઠેઠથી ચાલી આવે છે. અમે તે મંદબુદ્ધિ ક્યાં? પણ મારા વિકલ્પમાં વારંવાર રહ્યા કરે છે, આનું સ્પષ્ટ થાય, ટીકા થાય.. ટીકા સ્પષ્ટ થાય એટલે આ થાય છે. આહાહા..! થાય છે, હોં! કરાય છે એમ નહિ. આહાહા..! હવે આવું સાંભળીને કેટલાકને તો એવું થાય. 'સોનગઢ'વાળા તો એકાંત જ વાતું કરે છે. એક નિશ્ચયની... નિશ્ચયની... નિશ્ચયની... કહે લોકો, બાપા! ગમે એમ કહે, ભાઈ! બાપુ! તારા ઘરની વાત છે, પ્રભુ! પરમાત્મા તારા ઘરની માટે વાત કરે છે, પ્રભુ! તને વખત ન મળે માટે કાંઈ વસ્તુ સ્થિતિ બદલાય જશે? વસ્તુ તો જેમ છે એમ છે. જે રીતે છે એ રીતે પકડવામાં નહિ આવે તો કાંઈ વસ્તુ નહિ બદલાય.

તારો કાળ ચાલ્યો જાશે, બાપા! આહા..! વખત ચાલ્યો જાય છે. મરણ આવીને ઊભા રહે, બિચારા જુઓને! 'મખ્ખનલાલજી' જેવા બિચારા... આહા..! 'દાસ' ગુજરી ગયા. 'પરષોત્તમદાસ' બિચારાને પ્રેમ હતો. આહા..! સ્થિતિ પૂરી થાય, એમાં મરી ક્યાં ગયો છે? કોણ મરે છે? એ તો દેહનો વિયોગ થયો એટલી વાત છે. મરે કોણ ને જીવે કોણ? આહાહા..! ત્રિકાળ તત્ત્વ છે ત્યાં ઉત્પાદ-વ્યય પણ ત્યાં ગૌણ છે. આહા..!

અહીં તો ત્રિકાળી ચીજમાં ઉત્પાદ-વ્યયને પણ સંયોગ કીધો છે. એની નિર્મળ પર્યાય થાય ને? આત્મામાં સમકિત ને મોક્ષમાર્ગ થાય તો એને સંયોગ કીધો છે. ધ્રુવને એ પર્યાયનો સંયોગ થયો અને પૂર્વની પર્યાય વ્યય થઈ ગઈ એને વિયોગ કીધો છે. 'પંચાસ્તિકાય'માં એ જ્ઞેયનું સ્વરૂપ બતાવતા એમ બતાવ્યું (કે) જ્ઞેય આમ છે. આહાહા..! જ્યાં પોતાના દ્રવ્યમાં સંયોગ-વિયોગ પર્યાયથી ગણ્યો એને પરના સંયોગ-વિયોગને સંબંધ શું છે? આહાહા..! સ્ત્રી, કુટુંબ, શરીર, વાણી, મન, પૈસો, લક્ષ્મી, મકાન એ તો ક્યાંય રહી ગયા, ક્યાંય. આહા..! એને સંયોગ-વિયોગમાં નાખ્યા નથી, એનો ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. આહાહા..! આ તો પર્યાય થાય તેને સંયોગ કીધો ને જાય તેને વિયોગ કીધો. આહાહા..!

અહીં કહે છે, એ પર્યાયને વિશેષને ન માને અને એકલા સામાન્યને માને તો તો એકાંત થઈ જાય છે. **'તેમનો નિષેધ કરવા માટે 'વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષરૂપ છે તેથી ચેતનાને સામાન્યવિશેષરૂપ અંગીકાર કરવી' એમ અહીં જણાવ્યું છે.'**

**'હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છે :–'** લ્યો! ૫૫ મીનીટ તો થઈ ગઈ એમાં. આહાહા..! પણ સમજાય એવું છે, બાપુ! તારા ઘરની વાત છે, પ્રભુ! તું ત્યાં ગયો નથી, જ્યાં છે ત્યાં ગ્યો નથી, જ્યાં છે ત્યાં નજર કરી નથી, પ્રભુ! તેથી તને મોંઘુ લાગે, આકરું લાગે, કઠણ લાગે, જાણે આ તે ન હોય એવું લાગે. એમ નથી ભાઈ! મહા પ્રભુ

છો. સત્તા ચૈતન્ય સત્તા અસ્તિત્વ મહા પ્રભુ અસ્તિત્વ છે. છે એ કોઈ સ્વભાવથી ખાલી હોઈ શકે નહિ. વસ્તુ છે, તું વસ્તુ છો, પ્રભુ! અસ્તિ છે. અસ્તિ જે વસ્તુ છે તે સ્વભાવથી ખાલી હોય નહિ. જેમ અસ્તિ ત્રિકાળ છે તેમ તેનો સ્વભાવ પણ ત્રિકાળ છે. આહાહા..! એની પર્યાય વર્તમાન અવસ્થા તે વિશેષ પર્યાય છે. આહાહા..!

## શ્લોક–૧૮૪

(इन्द्रवज्रा)

एकश्चितश्चिन्मय एव भावो
भावाः परे ये किल ते परेषाम्।
ग्राह्यस्ततश्चिन्मय एव भावो
भावाः परे सर्वत एव हेयाः।।१८४।।

હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છે :–

શ્લોકાર્થ :– [ चितः ] ચૈતન્યનો (આત્માનો) તો [ एकः चिन्मयः एव भावः ] એક ચિન્મય જ ભાવ છે, [ ये परे भावाः ] જે બીજા ભાવો છે [ ते किल परेषाम् ] તે ખરેખર પરના ભાવો છે; [ ततः ] માટે [ चिन्मयः भावः एव ग्राह्यः ] (એક) ચિન્મય ભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે, [ परे भावाः सर्वतः एव हेयाः ] બીજા ભાવો સર્વથા છોડવાયોગ્ય છે. ૧૮૪.

## શ્લોક–૧૮૪ ઉપર પ્રવચન

एकश्चितश्चिन्मय एव भावो
भावाः परे ये किल ते परेषाम्।
ग्राह्यस्ततश्चिन्मय एव भावो
भावाः परे सर्वत एव हेयाः।।१८४।।

**શ્લોકાર્થ :–** **'चितः'** **'ચૈતન્યનો (આત્માનો) તો...'** **'एकः चिन्मयः एव भावः'** **'એક ચિન્મય જ ભાવ છે,...'** આહાહા..! એ તો જ્ઞાનમય ભાવ છે, ચેતનમય ભાવ છે. ભાવ છે ને? ભાવવાન છે ને પ્રભુ? સ્વભાવવાન છે ને? વસ્તુ છે એ સ્વભાવવાન છે તો એનો સ્વભાવ હોય કે નહિ? તો એ એનો ચિન્મય સ્વભાવ છે. આહાહા..! જાણવું-દેખવું એવો ચિન્મય એનો ત્રિકાળી સ્વભાવ છે. કોઈ રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ પરિણામ એ કોઈ એનો સ્વભાવ નથી કાંઈ. આહાહા..! આવો માર્ગ. **'જે બીજા ભાવો છે તે ખરેખર પરના ભાવો છે;...'** એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવો પર ભાવ છે, એ આત્માનો ભાવ નથી. આહાહા..! વ્રતના પરિણામના વિકલ્પ જે અપવાસના એ વિકલ્પ (આવે) એ પરભાવ છે, એ તારો સ્વભાવ નથી. આહાહા..!

**'માટે...'** **'चिन्मयः भावः एव ग्राह्यः'** **'(એક) ચિન્મય ભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે,...'** જ્ઞાન સ્વભાવ ભગવાન, જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય જ્ઞાન જાણક સ્વભાવ, સ્વભાવ... સ્વભાવવાનનો સ્વભાવ, સ્વભાવવાન જ્યારે અસ્તિત્વ ને સત્તા છે તો એનો ચિન્મય સ્વભાવ પણ અસ્તિત્વ ને સ્વભાવ છે. બીજો એનો કોઈ સ્વભાવ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ એનો સ્વભાવ છે નહિ. શરીર, વાણી, મન ને આ જડ તો ક્યાંય રહી ગયા. આહાહા..!

**'તે ખરેખર પરના ભાવો છે;...'** જોયું? ચૈતન્ય છે એ સ્વનો ભાવ છે. બીજા **'परे भावा'** એ પર ભાવ છે. આહાહા..! **'માટે...'** **'चिन्मयः भावः एव ग्राह्यः'** **'(એક) ચિન્મય ભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે,...'** જ્ઞાન સ્વરૂપી ભગવાન એ જ ગ્રહણ કરવા યોગ્ય છે. **'परे भावाः सर्वतः एव हेयाः'** **'બીજા ભાવો સર્વથા છોડવાયોગ્ય છે.'** છે ને? **'सर्वतः'** છે ને? કથંચિત્ આદરણીય ને કથંચિત્ છોડવાયોગ્ય એમ નથી કહ્યું. વ્યવહાર જેટલા છે દયા, દાન, વ્રત, ભક્તિ એ સર્વથા છોડવાયોગ્ય છે. કારણ કે, એ બંધના કારણ છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*** સ્વસમય અને પરસમય સાથે વાદ-વિવાદ કરવા યોગ્ય નથી. તું તારા આત્માનો અનુભવ કર. પરની સાથે વાદ-વિવાદમાં પડવા જેવું નથી. નિધાન પામીને નિજ વતનમાં જઈ ભોગવવા કહ્યું છે માટે પોતાની નિધિ પામી પોતે એકલા ભોગવવા જેવું છે. ૨૯૦.**

**– પરમાગમસાર**

**પ્રવચન નં. ૩૭૧ શ્લોક-૧૮૪, ગાથા–૩૦૦ સોમવાર, માગશર વદ ૧૩, તા. ૧૭-૧૨-૧૯૭૯**

**[નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે]**

'સમયસાર' ૧૮૪ કળશ ચાલે છે. કળશ છે, કળશ. ૧૮૪ કળશ છે.

**एकश्चितश्चिन्मय एव भावो**
**भावाः परे ये किल ते परेषाम्।**
**ग्राह्यस्ततश्चिन्मय एव भावो**
**भावाः परे सर्वत एव हेयाः।।१८४।।**

આહાહા..! બહુ ટૂંકું. **'ચૈતન્યનો (આત્માનો) તો...'** આ ચૈતન્ય જે આત્મા છે એ ચૈતન્યનો તો **'એક ચિન્મય જ ભાવ છે,...'** એક જ્ઞાનમય ભાવ છે. તેનો સ્વભાવ તો જ્ઞાનમય ભાવ (છે). પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ એ ભાવ કંઈ આત્માનો સ્વભાવ નથી. આહાહા..! આ 'મોક્ષ અધિકાર' છે ને? ચૈતન્યનો નામ આત્માનો **'એક ચિન્મય જ...'** **'એક ચિન્મય જ ભાવ છે,...'** ચૈતન્ય સ્વભાવ એક જ આત્માનો સ્વભાવ (છે). કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એ આત્માના ભાવ છે જ નહિ. એ સર્વ ભાવ હેય (છે). સર્વ છોડવાલાયક છે. આહાહા..! આ આકરું લાગે.

**'ये परे भावाः'** એ ચિન્મય સિવાય **'ये परे भावाः'** અનેરા ભાવ. **'ते किल परेषाम्'** **'તે ખરેખર પરના ભાવો છે;...'** આહાહા..! શુભ અને અશુભભાવ પણ પરભાવ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિ ભાવ આવે છે, હોય છે પણ છે પરભાવ, આત્માનો સ્વભાવ નહિ અને આત્માનો ધર્મ નહિ. **'ખરેખર પરના ભાવો છે; માટે (એક) ચિન્મય ભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે,...'** એક જ્ઞાનસ્વરૂપ આત્મા એ અનુભવ કરવાલાયક છે. ધર્મ કરવાલાયક હોય તો આ છે. જ્ઞાનસ્વરૂપ આત્મા, જ્ઞાન જાણન સ્વભાવ સત્તા આત્મા, તેને ગ્રાહ્ય નામ અનુભવ કરવાલાયક છે. લ્યો, આ મોક્ષનો માર્ગ. છે ને? પહેલું તો એમ કીધું કે આત્મા ચિન્મય ભાવ, બીજા અન્ય ભાવ. એટલી વ્યાખ્યા કરી.

હવે બેમાં ગ્રાહ્ય શું? બેમાં ગ્રાહ્ય ચિન્મય ભાવ એ ગ્રહણ કરવાયોગ્ય છે. **'ચિન્મય ભાવ જ...'** એમ છે ને? આહાહા..! **'चिन्मयः एव'** એમ શબ્દ પડ્યો છે ને? આહાહા..! જાણન-દેખન ભાવ એ ચેતનનો ભાવ (છે), એ ગ્રહણ કરવાલાયક છે, અનુભવ કરવાલાયક છે, આદર કરવાલાયક છે. એ આશ્રય કરવાલાયક છે, સેવન કરવાલાયક છે. આહાહા..! ગ્રહણ કરવાયોગ્ય છે.

**'ये परे भावाः'** અન્ય ભાવ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ, એ અન્ય ભાવ સર્વથા ત્યાજ્ય છે. આહાહા..! જ્ઞાનીને પોતાનો ત્રિકાળી ચૈતન્ય સ્વભાવ એ એક ગ્રહણ કરવા લાયક છે. એ અંતરમાં અનુભવ કરવાલાયક છે તો તેને ધર્મ થાય છે. ચિન્મય ભાવ સિવાય બીજા કોઈ પણ વિકલ્પ ઊઠે રાગ, વ્યવહાર-વ્યવહાર રત્નત્રયનો રાગ પણ હેય છે. આહાહા..! આવો ઝીણો માર્ગ (છે). દેવ, ગુરુ ને શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું વાંચવું આદિ વિકલ્પ એ બધા પરભાવ છે. એ નિજભાવ નહિ. આહાહા..! એ પરભાવ સર્વથા, એમ શબ્દ છે ને? **'सर्वतः'**. કથંચિત્ આદરણીય છે અને કથંચિત્ છોડવાલાયક છે, એમ નથી. આવે છે, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી આત્મજ્ઞાનપૂર્વક આત્માના અનુભવપૂર્વક, આત્મા ચિન્મયના આદરપૂર્વક રાગ આવે છે પણ રાગ હેય છે. એ રાગ આત્માને શરણ નથી, એ આત્માનો ધર્મ નહિ. એ રાગ આત્માના ધર્મનું કારણ નથી. આવી વાત છે. છે કે નહિ? આકરું પડે. માણસને માંડ હજી નવરાશ (મળે).

મુમુક્ષુ :– વ્રત અને મહાવ્રતને કેવા કહેવા?

ઉત્તર :– રાગ કહેવા, હેય કહેવા, ઝેર કહેવા, વિકાર કહેવો. એ તો આવ્યું છે ને? વિકલ્પ ઊઠે એ ઘોર સંસાર છે. 'નિયમસાર' માં આવી ગયું છે.

આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાન અને આનંદનો સાગર છે, અનંત અનંત પવિત્ર ગુણનો પિંડ છે એ એક જ ધર્મીને અનુભવ કરવાલાયક અને આદર કરવાલાયક છે અને એ સિવાય જેટલા ભાવ છે, ૧૪૮ પ્રકૃતિ બંધનનું કારણ એવા જે ભાવ, એ બધા હેય છે. આહા..! બધું છોડવાલાયક છે. પાઠ છે? **'परे भावाः सर्वतः एव हेयाः'** બધા ભાવો સર્વતઃ સર્વથા પ્રકારે હેય છે. કથંચિત્ આદરણીય છે અને કથંચિત્ છોડવાલાયક છે એમ નથી. આહાહા..! સર્વથા ત્યાજ્ય છે. બહુ ટૂંકું કહ્યું. 'મોક્ષ અધિકાર' છે.

આ કળશ 'અમૃતચંદ્રાચાર્ય' નો છે. 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, ચિન્મય ભાવ, જ્ઞાન સ્વભાવ ભાવ, જ્ઞાન સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ ભાવ એ આત્માનો ચૈતન્ય સ્વભાવ તે ભાવ છે. આત્માનો ચૈતન્ય સ્વભાવ તે ભાવ છે. એ સિવાય બધા પરભાવ છે. આટલી બે વાત કરી પછી કહ્યું કે, આત્માનો ચૈતન્યભાવ છે તે જ્ઞાનભાવ છે તે જ ગ્રહણ કરવાલાયક છે અથવા અનુભવ કરવાલાયક છે અથવા સેવન ને આશ્રય કરવાલાયક છે. આત્માનો આશ્રય કરીને એ જ્ઞાન ઉત્પન્ન કરવાલાયક છે. આહા..! એ સિવાય જેટલા ભાવ છે, ચાહે તો ભગવાનની ભક્તિ, જાત્રા, સમ્મેદશીખરની જાત્રા, ગિરનારની, પાલીતાણાની જાત્રાનો ભાવ, બધો રાગ હેય છે. પુણ્યબંધનું કારણ છે, ધર્મ નથી. આહાહા..! આકરું પડે. માર્ગ તો આ છે. હવે ૩૦૦ ગાથા.

# ગાથા-૩૦૦

को णाम भणिज्ज बुहो णादुं सव्वे पराइए भावे।
मज्झमिणं ति य वयणं जाणंतो अप्पयं सुद्धं।।३००।।
को नाम भणेदुधः ज्ञात्वा सर्वान् परकीयान् भावान्।
ममेदमिति च वचनं जानन्नात्मानं शुद्धम्।।३००।।

यो हि परात्मनोर्नियतस्वलक्षणविभागपातिन्या प्रज्ञया ज्ञानी स्यात्, स खल्वेकं चिन्मात्रं भावमात्मीयं जानाति, शेषांश्च सर्वानेव भावान् परकीयान् जानाति। एवं च जानन् कथं परभावान्ममामी इति ब्रूयात् ? परात्मनोर्निश्चयेन स्वस्वामिसम्बन्धस्यासम्भवात्। अतः सर्वथा चिद्भाव एव गृहीतव्यः, शेषाः सर्वे एव भावाः प्रहातव्या इति सिद्धान्तः।

---

હવે આ ઉપદેશની ગાથા કહે છે :-

સૌ ભાવ જે પરકીય જાણે, શુદ્ધ જાણે આત્મને,
તે કોણ જ્ઞાની 'મારું આ' એવું વચન બોલે ખરે? ૩૦૦.

ગાથાર્થ :- [ सर्वान् भावान् ] સર્વ ભાવોને [ परकीयान् ] પારકા [ ज्ञात्वा ] જાણીને [ कः नाम बुधः ] કોણ જ્ઞાની, [ आत्मानम् ] પોતાને [ शुद्धम् ] શુદ્ધ [ जानम् ] જાણતો થકો, [ इदम् मम ] 'આ મારું છે' (-'આ ભાવો મારા છે') [ इति च वचनम् ] એવું વચન [ भणेत् ] બોલે?

ટીકા :- જે (પુરુષ) પરના અને આત્માના નિયત સ્વલક્ષણોના વિભાગમાં પડનારી પ્રજ્ઞા વડે જ્ઞાની થાય, તે ખરેખર એક ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે અને બાકીના સર્વ ભાવોને પારકા જાણે છે. આવું જાણતો થકો (તે પુરુષ) પરભાવોને 'આ મારા છે' એમ કેમ કહે? (ન જ કહે;) કારણ કે પરને અને પોતાને નિશ્ચયથી સ્વસ્વામિસંબંધનો અસંભવ છે. માટે, સર્વથા ચિદ્ભાવ જ (એક) ગ્રહણ કરવાયોગ્ય છે, બાકીના સમસ્ત ભાવો છોડવાયોગ્ય છે-એવો સિદ્ધાંત છે.

ભાવાર્થ :- લોકમાં પણ એ ન્યાય છે કે-જે સુબુદ્ધિ હોય, ન્યાયવાન હોય, તે પરનાં ધનાદિકને પોતાનાં ન કહે. તેવી જ રીતે જે સમ્યગ્જ્ઞાની છે, તે સમસ્ત પરદ્રવ્યોને પોતાનાં કરતો નથી, પોતાના નિજભાવને જ પોતાનો જાણી ગ્રહણ કરે છે.

## ગાથા-૩૦૦ ઉપર પ્રવચન

**को णाम भणिज्ज बुहो णादुं सव्वे पराइए भावे।**
**मज्झमिणं ति य वयणं जाणंतो अप्पयं सुद्धं।।३००।।**

નીચે હરિગીત,

**સૌ ભાવ જે પરકીય જાણે, શુદ્ધ જાણે આત્મને,**
**તે કોણ જ્ઞાની 'મારું આ' એવું વચન બોલે ખરે? ૩૦૦.**

વચન નહિ પણ માન્યતા. ભાષા વચનથી લીધી છે.

ટીકા :- **'જે (પુરુષ)...'** પુરુષ શબ્દે આત્મા. **'પરના અને આત્માના નિયત સ્વલક્ષણોના વિભાગમાં...'** પરના એટલે પુણ્ય-પાપના ભાવ અને આત્મા ચૈતન્ય ભાવ. એ નિયત એટલે નિશ્ચય સ્વલક્ષણ. બેયના નિશ્ચય સ્વલક્ષણ છે. નિયત છે ને? બેયના નિશ્ચય સ્વલક્ષણ ભિન્ન છે. આહાહા..! એના વિભાગમાં, બેના નિશ્ચય સ્વલક્ષણના વિભાગમાં **'પડનારી...'** પડવાવાળી, પડવાવાળી. બે વિભાગમાં પડનારી. **'પ્રજ્ઞા વડે જ્ઞાની થાય,...'** છે. એ પ્રજ્ઞા દ્વારા જ્ઞાની થાય છે. આહાહા..! કોઈ શાસ્ત્રજ્ઞાન ને એ જ્ઞાન કોઈ જ્ઞાન નથી. આહાહા..!

આત્માનું સ્વલક્ષણ જ્ઞાન અને રાગનું લક્ષણ બંધ, બેયના નિશ્ચય સ્વલક્ષણ (છે). છે ને? **'વિભાગમાં પડનારી...' 'સ્વલક્ષણોના વિભાગમાં...'** વિભાગમાં એટલે ભાગમાં **'પડનારી પ્રજ્ઞા વડે જ્ઞાની થાય,...'** છે. ઓહોહો..! કેટલું ભણે તો જ્ઞાની થાય? કેટલું વાંચે તો જ્ઞાની (થાય)? જ્ઞાની એને કહીએ કે આત્માનું ચૈતન્યમય જ્ઞાન અને એ સિવાય પરના ભાવ રાગાદિ બધા વિકલ્પ છે, (એ) બેના વિભાગમાં પડનારી પ્રજ્ઞા, એ પ્રજ્ઞા દ્વારા જ્ઞાની થાય છે. છે? **'પડનારી પ્રજ્ઞા વડે જ્ઞાની થાય,...'** છે. આહાહા..! બહુ ટૂંકી વાત છે. ત્યારે ધર્મી થાય છે. જ્ઞાની નામ ધર્મી.

ધર્મની પ્રથમ શરૂઆત, ધર્મની પ્રથમ શરૂઆત-આત્મા અને રાગ કે જે પર છે, તેમાં વિભાગ કરનારી પ્રજ્ઞા, બેને એકરૂપ માનનારું મિથ્યાત્વ, બેને એક માનવાવાળું મિથ્યાત્વ, બેને વિભાગ કરી ભિન્ન કરનારી પ્રજ્ઞા, એ પ્રજ્ઞા દ્વારા જ્ઞાની થાય છે. આહાહા..! જ્ઞાની શબ્દે? વળી કોઈ એમ કહે કે જ્ઞાની એટલે એ તો ઊંચી વાત, પણ અમારે તો ધર્મ કરવો છે. પણ એ જ્ઞાની કહો કે ધર્મી કહો. આહાહા..!

જે કોઈ આત્મા પરના અને આત્માના નિશ્ચય સ્વલક્ષણ-બેના નિશ્ચય સ્વલક્ષણ, નિશ્ચયથી

બેયના લક્ષણ. આત્માનું ચિન્મય લક્ષણ છે, રાગાદિનું ભાવબંધ લક્ષણ છે. નિશ્ચય સ્વલક્ષણ, તેનો વિભાગ તેમાં પડનારી પ્રજ્ઞા દ્વારા. આહાહા..! આ ધર્મની શરૂઆત. કેટલું ભણ્યો અને કેટલું વાંચ્યું એમ કહ્યું નથી. અંતરમાં રાગ અને આત્મા બે વચ્ચે સાંધ છે, બેમાં વિભાગ કરનારી પ્રજ્ઞા દ્વારા બેને ભિન્ન કરે છે ત્યારે જ્ઞાની થાય છે, ત્યારે ધર્મી થાય છે. આહાહા..! સમજાય છે? આવી વાત છે, ભાઈ! દુનિયા તો બહારથી આ દયા, દાન ને ભક્તિ, પૂજા ને જાત્રાને ધર્મ મનાવી બેસે છે. એ ધર્મ નથી. એ તો એક પાપથી બચવા શુભભાવ આવે છે. પાપથી, અશુભથી બચવા નબળાઈથી શુભભાવ આવે છે, પણ છે હેય, ગ્રાહ્ય નથી. આહાહા..! ગ્રાહ્ય નામ ગ્રહણ કરવાલાયક, અનુભવ કરવાલાયક એ નથી. અનુભવ કરવાલાયક તો એક આત્માનો ચિન્મય ભાવ એ અનુભવ કરવાલાયક છે. આહા..! શેષ ભાવ છોડવાલાયક છે. (આજે) સોમવાર છે. બહારના છોકરા છે? (શ્રોતા :– વાંકાનેરના છે) સમજાય છે કાંઈ?

આત્મા અને રાગ, બેના ભિન્ન ભિન્ન લક્ષણ બરાબર જાણીને વિભાગ કરનારી, બેને બે રૂપે કરનારી. બેમાં એકત્વ કરનારો મિથ્યાત્વભાવ છે. બેને ભિન્ન કરનારી, બે વચ્ચે પડનારી પ્રજ્ઞા, પ્રજ્ઞાછીણી વડે જે જ્ઞાની થાય છે. આહાહા..! ભાષા તો જુઓ! આટલું શાસ્ત્ર ભણ્યો કે આટલું કર્યું ને.. આહાહા..! એમ નથી કહ્યું.

આ આત્મા સર્વજ્ઞ પરમેશ્વર, જૈન પરમેશ્વરે આત્મા જ્ઞાનમય જોયો છે. જ્ઞાન ચિન્મય આત્મા અને રાગ દયા, દાન આદિ રાગ એ વિકાર છે. બે વચ્ચે પડનારી પ્રજ્ઞાછીણી દ્વારા જે જ્ઞાની થાય છે એ જ્ઞાની છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'તે ખરેખર એક ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે...'** આમ વિભાગમાં પડનારી પ્રજ્ઞા દ્વારા જ્ઞાની થાય છે **'તે ખરેખર એક ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે...'** જાણન.. જાણન.. જાણન-દેખન એવો આત્મા. આ તો જડ છે. પુણ્ય-પાપ પણ જડ છે, અચેતન છે, એ કંઈ જાણતા નથી. જાણનારો જે આત્મા છે તેને જે ગ્રહે છે તે ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે. તેને પોતાનો જાણે, આહાહા..! **'અને બાકીના સર્વ ભાવોને પારકા જાણે છે.'** અજીવના (જાણે). આહાહા..! એ શુભ ને અશુભભાવ એ પણ અજીવના ભાવ છે, જીવના ભાવ નહિ.. આહાહા..!

જીવનો ભાવ તો ચેતનમય, જાણન-દેખનમય આત્માનો ભાવ છે. એ સિવાય જેટલા ભાવ છે તે બધા જડના અજીવના ભાવ છે. આહાહા..! આવી વાત આકરી છે. ભગવાનની ભક્તિ, ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં, સમ્મેદશીખરની જાત્રા, પંચ મહાવ્રતના પરિણામ, પોતા સિવાય શાસ્ત્રના ભણતર બધા પર છે, બધું અજીવ છે, એ જીવ નહિ. આહાહા..! અંદર છે કે નહિ? આકરી વાત છે, ભાઈ! ધર્મ કોઈ સાધારણ વાત નથી. આહાહા..!

આ તો સવારે સાંભળ્યું કે, ખ્રીસ્તીની, મુસલમાનની અને બૌદ્ધની વસ્તી ઘણી છે, કહે છે. બૌદ્ધની પણ બહુ વસ્તી છે અને અફઘાન આ મુસલમાનની બહુ વસ્તી છે અને ખ્રીસ્તીની, આહાહા..! ત્રણે માંસ ખાનારા. અર..ર..ર..! બહારથી જુઓ તો ભપકા. એના

ગુરુ પાંચ-પાંચ કરોડ રૂપિયાની મોટરમાં (બેસે) અને મરીને નરકે જાય, બાપા! અર..ર..! એણે સાંભળ્યું ન હોય શું કરે? આહાહા..! ખ્રીસ્તી લોકો તો ગાયનું માંસ ખાય. બૌદ્ધ ગાયનું માંસ ન ખાય, બીજું માંસ ખાય. આહાહા..! એમાં અવતાર ને એમાં જિંદગી (ગાળે). કેટલી મોટી વસ્તી છે, કહે છે. આ દુનિયામાં હિન્દુસ્તાનની હિન્દી વસ્તી તો બહુ થોડી, બહુ થોડી. પેલી તો ઘણી વસ્તી (છે). બૌદ્ધ કરતા ખ્રીસ્તીની અને મુસલમાનની વસ્તી ઘણી. આહાહા..! અરે...! બિચારાને ક્યારે અવસર મળે? આવી વાત સાંભળવાનો અવસર ન હોય. આહાહા..! દુર્લભ વસ્તુ છે. મળી એને દરકાર નથી અને નથી મળી એને બિચારાને વિરહ છે, સાંભળવા મળતી નથી. આહાહા..!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ એમ કહે છે, કે એક ચિન્મયભાવને પોતાનો જાણવો. સ્ત્રી, કુટુંબ, પરિવાર તો પરના છે. કર્મ પરના છે, પુણ્ય-પાપ ભાવ પરના છે. અહીં તો પર્યાય પણ ગણી નથી. ચિન્મયભાવ, ત્રિકાળી ચિન્મયભાવ જ્ઞાન સ્વભાવ ભગવાનઆત્માને એકને પોતાનો જાણવો. એ જ્ઞાનસ્વભાવ જે ભગવાનઆત્મા અંદર ચૈતન્યમૂર્તિ છે, આ (શરીર) તો જડ (છે). જે જાણનારી ચીજ આ છે એમ જે જાણે છે, આ છે, શરીર છે એમ શરીરને ખબર છે? વાણીને ખબર છે? આને ખબર છે? ખબર તો ચેતનને છે કે આ છે. એ તો ચેતનને ખબર છે. એ ચેતનસત્તા ચિન્મય જે ભાવ ત્રિકાળ (છે)... આહાહા..! એ પોતાનો સ્વભાવ છે. છે? ચિન્મય ભાવને પોતાનો જાણવો, એને પોતાનો માનવો. આહાહા..! દુનિયાની પડમાં ક્યાંય પડીશ નહિ. બધા પ્રપંચ ને... આહાહા..! આકરું કામ છે.

આત્મા અંદર ચિન્મય ભગવાનઆત્મા જાણનારો અંદર બિરાજે છે. જે જગતની ચીજ છે એને તો ખબર નથી, જે જાણનારો છે એ આત્મા છે, જાણનારો એ આત્મા છે. આ ચીજ જડ આદિ છે એ તો જડ છે. બીજા આત્મા છે એ ભલે જાણવામાં આવે પણ આ જ્ઞાન એ નહિ. આ જ્ઞાન જે છે કે જે બધાને જાણનાર છે એ જ્ઞાનને પોતાનું જાણવું. આહાહા..! આકરી વાતું છે. ભાષા થોડી પણ ભાવ ઘણા ગંભીર છે. અનંતકાળથી કર્યું નથી. આહાહા..!

ખરેખર એમ કહ્યું ને? '**ખરેખર એક ચિન્માત્ર ભાવ...**' ભાષા જોઈ? એકાંત નથી થઈ જતું? '**ખરેખર એક ચિન્માત્ર ભાવને પોતાનો...**' જાણવો. ચિન્મયભાવ જ, જ્ઞાનમય ભાવને જ પોતાનો (જાણવો). એકાંત એક જ ચિન્મયભાવ પોતાનો જાણવો, બીજા એક પણ નહિ. રાગનો કણ તીર્થંકર ગોત્ર બાંધે એ કણ પોતાનો નહિ. આહાહા..! શું કહ્યું? પહેલા તો બે ભાગ પાડ્યા. જ્ઞાની થયો તો એ જ્ઞાની શું જાણે છે? જ્ઞાની થયો એ જ્ઞાની શું જાણે છે? કે ખરેખર એક ચિન્માત્ર ભાવ (પોતાનો જાણે છે). જાણન સ્વભાવ.. જાણન સ્વભાવ.. જાણન સ્વભાવ.. ચૈતન્યનો ચેતનસ્વભાવને એકને જ પોતાનો જાણે છે. આહાહા..! તો પછી આ બાયડી, છોકરાનું શું સમજવું? બાયડી, છોકરા કોના હશે? આહાહા..! એ તો એના નથી પણ એના પ્રત્યેનો રાગ છે એ પણ એનો નથી. એ ચીજ તો એની નથી પણ એના

પ્રત્યેનો રાગ છે એ પણ એનો નથી. આહાહા..!

અહીં તો ચિન્મયભાવ કહીને, જેટલું અંગ્રેજીનું જાણપણું, આ બધી બહારની ભાષા, અનેક પ્રકારની ભાષા છે ને? તામિલ ને કન્નડીને વગેરે એ બધી ભાષાનું જ્ઞાન એ જ્ઞાન જ નથી. અંગ્રેજી ભણી ભણીને મોટો ૨૫-૩૦ ઉંમરનો થયો પણ એ જ્ઞાન જ નથી. જ્ઞાની તેને પોતાનું જ્ઞાન માનતો જ નથી. આહાહા..!

મુમુક્ષુ :– જ્ઞાનીની દુનિયા જુદી છે.

ઉત્તર :– વાત જ જુદી છે. આહાહા..!

અહીંયાં તો ચિઠ્ઠીમાં ત્યાં સુધી કહ્યું નહિ? જેટલું પરસત્તાવલંબી જ્ઞાન છે તે આત્માનું જ્ઞાન જ નથી. એ બંધનું કારણ છે. 'પરમાર્થ વચનિકા' 'બનારસીદાસ'. 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં પાછળ ત્રણ ચિઠ્ઠી છે. જેટલું પરાવલંબી જ્ઞાન છે તે બધું બંધનું કારણ છે. ધર્મી તેને મોક્ષનું કારણ માનતા નથી. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તો મોક્ષનું કારણ નથી પણ જેટલું પરાવલંબી જ્ઞાન છે, જેમાં આત્માનો આશ્રય નથી, આત્માના આશ્રય વિના જેટલું પરાવલંબી જ્ઞાન થાય એ બધું અચેતન છે, બંધનું કારણ છે. આહાહા..! આવી વાત આકરી પડે એવી છે. પછી લોકો એકાંત કહે. એમાં કાંઈ હરકત નથી. 'સોનગઢ' નું એકાંત છે, એકાંત છે. અંદર અનેકાંત રાખતા નથી. આહાહા..! વ્યવહારથી પણ કથંચિત્ લાભ છે, નિમિત્તથી પણ કથંચિત્ લાભ છે (એમ માને તો) અનેકાંત થાય છે. અહીં કહે છે, કે વ્યવહારથી, નિમિત્તથી જરીયે લાભ ન થાય એ અનેકાંત છે. આહાહા..!

મુમુક્ષુ :– સાચું સમ્યક્ એકાંત અહીં છે.

ઉત્તર :– એકાંત આત્મામાં છે. આહાહા..! છે?

**'ખરેખર...'** વાસ્તવમાં, ખરેખર, નિશ્ચયથી એક ચિન્માત્ર ભાવ, જ્ઞાનમાત્ર ભાવ. જ્ઞાનની સાથે આનંદ આદિ બધા અનંત ગુણ આવી ગયા. જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી. ચિન્માત્ર ભાવ. ભાવ છે ને? એ ચિન્માત્ર ભાવ છે. **'ભાવને પોતાનો જાણે છે...'** તેને પોતાનો જાણે છે. આહાહા..!

આમાં શાસ્ત્રના વાદવિવાદ કરે. આ વાત બતાવે તો કહે, એ તો નિશ્ચયની છે, બીજે વ્યવહારની વાત છે કે નહિ? પણ શું વ્યવહારની વાત છે? છે એ વ્યવહારને જાણવાલાયક છે. વ્યવહારની વાત ચરણાનુયોગમાં, કરણાનુયોગમાં બધે આવે. એ છે, વસ્તુ નથી? વ્યવહારનયનો વિષય નથી? વ્યવહારનય નથી? નય છે, નયનો વિષય છે પણ એ જાણવાલાયક છે, આદરવા લાયક નથી. આહાહા..! વ્રત, તપ, ભક્તિ, ગુરુ, જ્ઞાન, ગુરુને સાંભળવા, એમનો વિનય કરવો એ બધું શાસ્ત્રમાં આવે. ન આવે? આવે પણ એનો અર્થ શું? આહાહા..! શાસ્ત્રમાં તો ત્યાં સુધી આવે કે શાસ્ત્ર છે એ આપ્તપુરુષથી નીકળ્યા છે. માટે આપ્તપુરુષ વંદનીય ઉપકારી છે. આવે છે ને આપણે? 'નિયમસાર' માં પહેલો શ્લોક. પહેલા શ્લોકમાં શરૂઆતમાં

આવે છે. આવે, આવે પણ જાણવું જોઈએ ને કઈ અપેક્ષા છે? એક જ વાત કરે એ કંઈ ચાલે? કેટલામી ગાથા છે? છઠ્ઠી ગાથા પછી.

**'ઇષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે...'** છઠ્ઠી ગાથા થઈ ગઈ પછી ઘણા શ્લોકો છે. એક, બે અને ત્રણ. એમાં આ આવ્યું છે કે **'ઇષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે...'** સમ્યગ્જ્ઞાન છે. **'(અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે), સુબોધ સુશાસ્ત્રથી થાય છે...'** જુઓ! સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી થાય છે. હવે એક કોર એમ કહે કે નિમિત્તથી જ્ઞાન થાય નહિ. એ વખતે પોતાને જ્ઞાનની પર્યાય થવાની છે ત્યારે પેલાને નિમિત્ત કહેવાય છે. આહાહા..! નિમિત્તથી કથન છે પણ એને પકડે. આ કહ્યું, જુઓ! **'સુબોધ સુશાસ્ત્રથી થાય છે,...'** પેલામાં ના પાડે છે કે નિમિત્તથી આત્મામાં કાંઈ થાય નહિ. જે ક્ષણે આત્મામાં પોતાની પર્યાય થવાની છે તે ઉપાદાન પોતાનું છે, ક્ષણિક ક્રમબદ્ધમાં પર્યાય આવવાની તે આવી છે. ત્યારે સામી ચીજ ભલે હો તો એને નિમિત્ત કહેવાય છે. પણ એનાથી અહીં થાય છે (એમ નથી). (એનાથી થયું હોય તો) પછી આણે કર્યું શું? દ્રવ્ય નકામું હતું?

જો નિમિત્તે પર્યાય કરી, નિમિત્તથી થઈ તો દ્રવ્ય નકામું એટલે પર્યાય વિનાનું હતું? પર્યાયવાળું દ્રવ્ય છે, પર્યાય છે. બસ! થઈ રહ્યું તો સામે નિમિત્ત પણ છે. આહાહા..! શાસ્ત્રમાં તો આવા શબ્દો ઘણા આવે. જુઓ! **'સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે; માટે તેમના પ્રસાદને લીધે...'** જુઓ! **'આપ્તપુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે (અર્થાત્ મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે), કેમ કે કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો) ભૂલતા નથી.'** એ વ્યવહાર છે. ભગવાનની વાણી નિમિત્ત છે. જ્ઞાન તો તે ક્ષણે પોતાને તે ઉત્પન્ન થવાનો જન્મક્ષણ છે. જ્ઞાનની પર્યાયની ઉત્પત્તિનો જન્મક્ષણ છે. ત્યારે સામે નિમિત્ત કહેવાય છે. જન્મક્ષણ તો પોતાથી થયેલો, પોતાથી થાય છે. નિમિત્તથી નહિ, વીતરાગની વાણીથી નહિ અને વીતરાગથી પણ નહિ. અરે.. અરે..! આવી વાત?

અહીં કહે કે સુશાસ્ત્રથી (આપ્તથી) થાય અને સુશાસ્ત્રથી સુબોધ થાય, એનાથી જ્ઞાન થાય. 'યશપાલજી'! એક કોર આ લખ્યું હોય એનો નકાર કરવો પાછો. બાપુ! વ્યવહારના વચનો, નિશ્ચયના કેવા વચનો હોય છે? એ તો અગિયારમી ગાથામાં કહ્યું છે ને? કે નિમિત્તને હસ્તાવલંબ જાણીને ભગવાને પણ ઘણું કહ્યું છે પણ તેનું ફળ સંસાર છે. અગિયારમી ગાથામાં આવે છે. નિમિત્તને હસ્તાવલંબ જાણી, ટેકો જાણી અને નિમિત્ત દેખીને શાસ્ત્રમાં ઘણી વાત કરી છે પણ તેનું ફળ સંસાર (છે). આહાહા..! આકરી વાતું. અહીં કહે છે, સુબોધ થાય છે, શાસ્ત્રથી થાય છે. અહીં કહે કે સુબોધ પોતાની જ્ઞાનની પર્યાયથી થાય છે ત્યારે શાસ્ત્રને નિમિત્ત કહેવાય છે. આહાહા..! શું થાય? ભાઈ! બધી વાત આમ છે.

અહીં તો (કહે છે), **'ખરેખર એક ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે...'** આહાહા..! **'અને બાકીના સર્વ ભાવોને પારકા જાણે છે.'** આહાહા..! એ શાસ્ત્ર તરફના વલણવાળું જ્ઞાન

પણ પરનું છે. આહાહા..! જેમાં સ્વ આશ્રય આવે નહિ અને સ્વ આશ્રય વિના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે નહિ. એ અતીન્દ્રિય આનંદના સ્વાદ વિનાનું જ્ઞાન તે જ્ઞાન, જ્ઞાન જ નથી, કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેમાં સ્વ આવે નહિ અને સ્વ જેનો આશ્રય જ્ઞાન આવે એમાં ભેગો આનંદ પણ આવે. આહાહા..! તે પ્રજ્ઞા વડે ભિન્ન કરેલું જ્ઞાન તે જ્ઞાન પોતાનું છે, તેમાં આનંદ ભેગો આવે એ પોતાનો છે. આહાહા..! સમજાય છે આમાં? ત્યાં તો એવું કીધું. સુબોધ તો સુશાસ્ત્રથી થાય.

મુમુક્ષુ :– નિમિત્તનું જ્ઞાન કરાવ્યું.

ઉત્તર :– નિમિત્ત કોણ હતું (તેનું) જ્ઞાન છે, શાસ્ત્ર છે, ભગવાન છે, વાણી છે, નિમિત્ત છે. વસ્તુ નથી? પણ એનાથી થાય છે એમ નથી. એનાથી થાય તો અહીં પર્યાય વિનાનું દ્રવ્ય છે? કોઈ દ્રવ્ય પોતાની પર્યાયરૂપી કાર્ય વિનાનું નકામું દ્રવ્ય છે? કે જે એના કાર્યને નિમિત્ત કરે? આહાહા..! આવી વાત છે. થોડું ઝીણું પડે પણ હવે શું થાય? બાપુ! માર્ગ તો આવો છે. દુનિયામાં માનનારા થોડા નિકળે. આહાહા..! પેલી વ્યવહારની વાતું માનનારા ઘણા નીકળે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઘણા હોય. માણસો પણ ઘણા છે, લ્યોને! ‘અફઘાનિસ્તાન’ ના મુસલમાનના એકલા ગંજ. આખું મુસલમાન, ‘પાકિસ્તાન’ આખું મુસલમાન, ખ્રિસ્તી માંસ ખાનારા, બૌદ્ધ પણ માંસ ખાનારા. અર..ર..ર..! પ્રભુ.. પ્રભુ..! એને આ વાણી ને આ ક્યાં (સાંભળવા મળે)? ઓહોહો..! મોટી વસ્તી. હિન્દુસ્તાનમાં પણ કંઈ બધા માંસ નહિ ખાનારા નથી. માંસ ખાનારા પણ છે. હિન્દુસ્તાનમાં પણ મુસલમાન તો ખરા પણ હિન્દુ પણ માંસ ખાનારા છે. આહાહા..! અરે..રે..! જ્યાં માંસનો ખોરાક છે ત્યાં તો નરક છે. આહાહા..! ભવિદ્ર નારકી છે એમ શાસ્ત્રમાં પાઠ છે. શાસ્ત્રમાં એવો પાઠ છે, ભવિદ્ર નારકી છે. મરીને જવાનો છે ને (એટલે) અત્યારથી એને ભવિદ્ર નારકી કહેવો, કહે છે. અર..ર..ર..! બહારમાં દેખાવ તો જુદો હોય. આહાહા..! પાંચ-પાંચ કરોડની મોટર (હોય). એના પ્રમાણમાં મકાન, મહેલ પણ મોટો હશે કે નહિ? આહાહા..! અરે..રે..! એથી શું થયું?

પોતાનું કોણ? પોતાનું કોણ? પોતાનો તો જ્ઞાનસ્વભાવ જે ચૈતન્ય રાગથી ભિન્ન કર્યો, પ્રજ્ઞાછીણી વડે રાગથી, પુણ્યથી ભિન્ન કર્યો તે જ્ઞાન પોતાનું છે. આહાહા..! **‘અને બાકીના સર્વ...’** એ સિવાય બધા. બાકીના અને સર્વ. **‘ભાવોને પારકા જાણે છે.’** આહાહા..! એ ખરેખર તો રાગ ને એ બધું અજીવ છે. જીવ સ્વભાવ જ નહિ, જીવ જ નહિ. આહાહા..! વ્રત ને તપ ને ભક્તિ, પૂજા, દાનનો વિકલ્પ આવે પણ એમાં જીવપણાનો, ચૈતન્ય સ્વભાવનો અભાવ છે. ચિન્મયભાવ જ્ઞાનમય ચૈતન્ય જ્યોતિ સ્વયં જ્યોતિ સુખધામ, એવી સ્વયં ચૈતન્યજ્યોતિનો તો રાગમાં અભાવ છે. એ અપેક્ષાએ, ચૈતન્યજ્યોતિની અપેક્ષાએ રાગને

તો અચેતન અને જડ કહ્યો છે. આહાહા..! આવું છે.

એક બાજુ કહે કે, રાગ છે એ આત્માનું વ્યાપ્ય છે અને આત્મા વ્યાપક છે, એમ પણ કહે. આત્મા વ્યાપક છે અને રાગ એનું વ્યાપ્ય છે, જડ એનું વ્યાપ્ય નથી. એ વ્યાપ્ય અવસ્થા આત્માની છે. એને પરથી જુદો બતાવવો હોય ત્યારે એ બતાવે પણ પાછો રાગથી જુદો બતાવવો હોય ત્યારે રાગ પર છે અને તું ચૈતન્ય પર છે (એમ કહે). આહાહા..! આવા બધા ભંગ પડે. પછી એમાંથી એકાંત તાણે. આહાહા..!

અહીં તો ચોખ્ખું કહે છે, **'બાકીના સર્વ ભાવોને પારકા જાણે છે.'** પોતાના નહિ, બીજાના જાણવા. જીવના નહિ ત્યારે અજીવના જાણવા. આહાહા..! એ રાગાદિ ભાવ જીવના નહિ, અજીવના જાણવા. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ જીવનો નહિ, એ ભાવ અજીવ છે. આહાહા..! ગજબ વાત છે. **'બાકીના સર્વ ભાવોને પારકા જાણે છે. આવું જાણતો થકો...'** આવું જાણતો થકો, આ પ્રકારે જાણનારો, સ્વ અને પરને ભિન્ન જાણતો થકો. હું તો ચિન્મય આત્મા છું અને મારાથી રાગાદિ ભિન્ન છે એ બધા અચેતન પર છે. આહાહા..! એ બીજાના છે. એ બીજાના છે, મારા નહિ. આહાહા..! ઉત્પન્ન થાય છે આત્માની પર્યાયમાં, છતાં એ બીજાના છે. પરવસ્તુ જે પર્યાયમાં નથી એ તો બીજાની છે જ, પણ પર્યાયમાં દયા, દાન, વ્રત, વિકાર ઉત્પન્ન થાય છે એ બધા બીજાના છે એમ જાણવું.

**'આવું જાણતો થકો...'** આમ જાણતો થકો **'(તે પુરુષ) પરભાવોને 'આ મારા છે' એમ કેમ કહે?'** કહે એટલે કેમ માને? કહે એ તો કથનની શૈલી છે. **'(તે પુરુષ) પરભાવોને...'** રાગાદિ વિકલ્પને, ચાહે તો શાસ્ત્રનું જ્ઞાન હો, એનો વિકલ્પ હો. આહાહા..! એકલી ચૈતન્યમય વસ્તુ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, પૂર્ણ.. પૂર્ણ સ્વરૂપ, હોં! જ્ઞાનમય છે છતાં અપૂર્ણ નહિ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, પૂર્ણ આનંદસ્વરૂપ વસ્તુ એવી છે. પછી પ્રતીતિ અને જ્ઞાનમાં આવે ત્યારે ભલે અપૂર્ણતા, પર્યાય અપૂર્ણ થાય. આહાહા..! વસ્તુ પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ સ્વરૂપ (છે). એમ જાણનારો **'(તે પુરુષ) પરભાવોને 'આ મારા છે' એમ કેમ કહે?'** એમ કેમ માને ? કહેનો અર્થ એમ લેવો. આહાહા..!

જે પોતાનો ચિન્મય ભાવ છે એ સિવાય રાગાદિ બીજાના ભાવ છે. એ બીજાના ભાવને પોતાના કેમ માને? આહાહા..! બીજાના ભાવ છે તેનાથી પોતામાં લાભ થશે, વ્યવહાર રત્નત્રય બીજાના ભાવ છે તે બીજાના ભાવથી પોતામાં લાભ થશે એમ વાત નથી. આહાહા..! પોતાના સ્વભાવથી પોતામાં લાભ થાય છે. પોતાના ભાવથી પોતામાં લાભ થાય છે. પરના ભાવથી પોતામાં લાભ થાય છે એમ કદી નથી. આહાહા..! જૂની વાત સાંભળી હોય ને જૂની વાતનું પોષણ હોય એને આ સાંભળીને એમ થઈ જાય કે આ શું કહે છે આ બધું? શું કહે છે આ? આ પરમેશ્વર કહે છે, જિનેશ્વરદેવની આ વાણી છે, જે સંતો દિગંબર સંતો બહાર પાડે છે કે ભગવાન આમ કહેતા હતા અને એવી ચીજ છે. આહાહા..! એમ (પોતાના)

કેમ માને?

**'આવું જાણતો થકો (તે પુરુષ) પરભાવોને...'** એટલે રાગાદિને પોતાના કેમ માને? ન જ માને. **'કારણ કે પરને અને પોતાને નિશ્ચયથી સ્વસ્વામિસંબંધનો અસંભવ છે.'** લ્યો, અહીં આવ્યું. ૪૭ શક્તિમાં છેલ્લી આવી છે ને? સ્વસ્વામિસંબંધ શક્તિ. અહીંથી આવી, આમાંથી કાઢી. આહાહા..! શું કહે છે? **'કારણ કે પરને અને પોતાને નિશ્ચયથી સ્વસ્વામિસંબંધનો અસંભવ છે.'** રાગ સ્વ અને એનો આત્મા સ્વામિ એમ અસંભવ છે. વ્યવહાર રત્નત્રયનો રાગ પોતાનો અને આત્મા તેનો સ્વામિ એમ અસંભવ છે. આહાહા..! હવે એ વ્યવહાર રત્નત્રય સાધન અને નિશ્ચય સાધ્ય, એમ 'જયસેનાચાર્ય' ની ટીકામાં બહુ આવે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! નિમિત્ત એક હોય છે, વસ્તુ છે. વ્યવહારનો વિષય નથી? વ્યવહારનો વિષય નથી તો નય શું? નય છે એ તો વિષયી છે. નય છે એ વિષયી (છે), વિષયને જાણનારી (છે). જાણનારી છે તો એનો વિષય છે કે નહિ? વ્યવહાર વિષય છે પણ છોડવા લાયક છે. આહાહા..! આવી વાત છે. નવા માણસને તો એવું લાગે કે આ કેવો શેનો માર્ગ હશે? આ વીતરાગનો માર્ગ છે. જિનેશ્વરદેવ પરમેશ્વર, તેમને કહેનારા 'કુંદકુંદાચાર્ય' આડતિયા થઈને માર્ગ કહે છે. આ 'કુંદકુંદાચાર્ય' કહે છે. ભગવાન પાસે ગયા હતા. ૨૦૦૦ વર્ષ પહેલા આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું કે ભગવાન આમ કહે છે. ભગવાનનો આ માર્ગ છે. આહાહા..! કેમ? આહાહા...!

પોતામાં સ્વસ્વામિસંબંધનો ગુણ છે. શું કહ્યું? આ આત્મામાં સ્વસ્વામિસંબંધ નામનો એક ગુણ છે તો એ ગુણ સ્વ પોતાની શુદ્ધતા, દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય શુદ્ધ, એ સ્વ એનો સ્વામિ આત્મા છે. પણ વિકાર સ્વ અને આત્મા એનો સ્વામિ એમ છે નહિ. શું કહ્યું? આત્મામાં એક અનાદિઅનંત સ્વામિસંબંધ નામનો ગુણ છે. અંદર ગુણ છે. ૪૭ શક્તિમાં છેલ્લી છે. સ્વ, પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાય સ્વ નામ શુદ્ધ જે પવિત્ર–શુદ્ધ છે એ સ્વ, તેનો આત્મા સ્વામિ છે. પરંતુ અંદર વિકાર થાય છે તે પોતાનું સ્વ નહિ તો તેનો સ્વામિ નહિ. વ્યવહારનો આત્મા સ્વામિ નથી. વ્યવહાર આત્માનું સ્વ નહિ, વ્યવહાર આત્માની પોતાની ચીજ નથી. આહાહા..! આવી વાત છે. આ શક્તિ કાઢી છે ને? એ અહીંથી કાઢી છે. આહાહા..!

**'પરભાવોને 'આ મારા છે' એમ કેમ કહે? કારણ કે...'** પરભાવોને પોતાના માને નહિ કેમ? એ દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ આવે છે તેને સમકિતી પોતાના માનતો નથી એ કેમ? **'કારણ કે...'** હવે કારણ આપે છે. **'પરને અને પોતાને નિશ્ચયથી સ્વસ્વામિસંબંધનો અસંભવ છે.'** પરમાં અને પોતામાં નિશ્ચયથી સ્વસ્વામિસંબંધનો અસંભવ છે. પરચીજ મારી છે અને હું આત્મા તેનો સ્વામિ છું એમ અસંભવ છે. આહાહા..! અહીં હવે સ્ત્રી મારી, દીકરો મારો ને દીકરી મારો, મકાન મારું ને આબરુ મારી ને પુસ્તક મારા ને ચોપડા મારા,

દાગીના મારા, કપડાં મારા (માને). આહાહા..! અહીં કહે છે કે વ્યવહાર રત્નત્રય પણ બીજાના છે, પોતાના નથી. પોતાના નથી તો સ્વસ્વામિસંબંધનો અસંભવ છે. કારણ કે બેનો સંબંધ જ નથી. બેમાં સ્વસ્વામિસંબંધનો અભાવ છે. તેનું સ્વ અને તેનો સ્વામિ જડ અને આત્મા સ્વ અને તેનો સ્વામિ ચૈતન્ય. આત્મા ચૈતન્ય અને તેનો સ્વામિ ચેતન. આહાહા..! આવી ચોખ્ખી વાતું છે. વાણિયાને તુલના કરવાનો વખત મળે નહિ. ધંધા આડે, પાપ આડે, પરના આડે, પરનું કરવા માટે રોકાય. આહાહા..! બાયડી માટે કરું, છોકરા માટે, છોડ્યું માટે, ફલાણા માટે. છોકરા-છોકરી 'ત્રંબકભાઈ' ને નથી તો ભાઈની લીધી. આ તો દાખલો છે, બધા લે છે ને બીજા પણ કરે છે કે નહિ? છોકરાને લે. આહાહા..!

અહીં તો કહે છે, કે જ્યાં પોતાનું સ્વરૂપ નથી અને પરનું સ્વરૂપ જે છે તો પરમાં અને પોતામાં સ્વસ્વામિસંબંધનો અસંભવ છે. તો અસંભવ હોવાથી પર મારું છે એમ કેમ માને? સમજાય છે કાંઈ? આહાહા..! થોડા થોડા શબ્દમાં પણ ઘણું ભર્યું છે. આવું જાણતો થકો કે બાકીના સર્વ પર છે અને હું સ્વ ચિન્મય છું. **'પરભાવોને 'આ મારા છે' એમ કેમ કહે? કારણ કે...'** કેમ ન માને? **'પરને અને પોતાને નિશ્ચયથી સ્વસ્વામિસંબંધનો અસંભવ છે.'** એ મારું સ્વ અને એનો હું સ્વામિ... આહાહા..! રાગ સ્વ અને રાગનો સ્વામિ આત્મા એમ અસંભવ છે. વ્યવહાર રત્નત્રય જે રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ વ્યવહાર રત્નત્રય રાગ એ મારું સ્વ અને હું તેનો સ્વામિ, તેનો અસંભવ છે. આહાહા..! આ તો બહુ ચોખ્ખું કરતા કરતા ન્યાં જાય છે. આહાહા..!

**'પરને અને પોતાને...'** આહાહા..! પરનું સ્વ તે અને તેનો સ્વામિ એ છે. અને પોતાનું સ્વ આ આત્મા અને તેનો સ્વામિ હું છું. આહાહા..! **'પરને અને પોતાને નિશ્ચયથી સ્વસ્વામિસંબંધનો અસંભવ છે.'** આહાહા..! વ્યવસ્થાપકો દરેક ચીજની વ્યવસ્થા કરે છે તેની અહીં ના પાડે છે. વ્યવસ્થાપક છે એ સૌની વ્યવસ્થા કરે. એ તારી ચીજ ક્યાં છે કે તું બીજાની વ્યવસ્થા કરે? સમજાય છે કાંઈ? વ્યવસ્થાપક સ્થાપે છે કે નહિ? ફલાણું કામ તમારે કરવું, ફલાણું કામ તમારે કરવું.. આ વ્યવસ્થા તમને સોંપીએ છીએ, આ વ્યવસ્થા તમને સોંપાય છે. લગ્ન હોય ત્યારે મોટા સારા લગ્નમાં પચીસ-પચાસ હજાર ખર્ચવા હોય (ત્યારે કહે), આ ફલાણી ચીજ લાવવાની તમને સોંપીએ છીએ, ફલાણું તમે (લાવો), સ્વતંત્ર જાઓ, વ્યવસ્થા તમારે કરવાની. અહીં કહે છે, વ્યવસ્થા કોઈ કરી શકતું નથી. આહાહા..! કેમકે વ્યવસ્થા છે એ પરચીજ છે. તેની વ્યવસ્થા હું કેમ કરું? આહા..! કેમ કે પરમાં જે વ્યવસ્થા થાય છે તે તેનું સ્વ અને તે તેનો સ્વામિ છે. હું તેનો સ્વ અને સ્વામિ છું નહિ. આહાહા..! ભારે આકરું કામ. આ બધા વ્યવસ્થાપકો વ્યવસ્થા કરનારાઓ સ્થાપના હોય ૨૫-૫૦ માણસ હોય, તમને મુખ્ય સ્થાપીએ છીએ. તમારી આજ્ઞા પ્રમાણે બધું કામ થશે. તમે હુકમ કરશો એમ બધાને કરવું પડશે. અહીં કહે છે, કે એ વાત સાચી નથી. આહાહા..!

મુમુક્ષુ :– લગ્નનું કામ હોય તો કોઈને સોંપવું જ પડે.

ઉત્તર :– કોણ સોંપે? જેને સોંપે એ ક્યાં એનું કામ લગ્નનું કરી શકે છે? એ તો એની ક્રિયા એને કારણે થાય છે. આહાહા..! પરની ક્રિયા પરને કારણે થાય છે. એક એક રજકણની પર્યાય એક એક રજકણ ને તે કાળે જન્મક્ષણે તેની પર્યાય પરમાણુમાં થાય, એમાં બીજો શું કરે? આહાહા..! આકરું લાગે તો ખરું. વ્યવહારના રસિકને, વ્યવહાર સાંભળ્યો હોય, એકલો વ્યવહાર સાંભળ્યો હોય (એને આકરું લાગે). એમ નહિ, વ્યવહાર હોય છે, પણ નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય છે. એ જાણવા લાયક છે, આદરવા લાયક નથી. આહાહા..!

**'માટે, સર્વથા ચિદ્ભાવ જ...'** સર્વથા (કહ્યું છે), જોયું? જ્ઞાનભાવ જ **'ગ્રહણ કરવાયોગ્ય છે,...'** એક માત્ર જ્ઞાનસ્વભાવ જ અનુભવ કરવાલાયક છે. ગ્રહણ કરવાલાયકનો અર્થ અનુભવ કરવાલાયક છે. એક જ્ઞાનસ્વભાવ ચૈતન્યસ્વભાવ તે હું છું, તે ગ્રહણ કરવાલાયક છે. **'બાકીના સમસ્ત ભાવો છોડવાયોગ્ય છે...'** એ સિવાયના સમસ્ત ભાવો (છોડવા યોગ્ય છે) **'એવો સિદ્ધાંત છે.'** એવો સિદ્ધાંત છે. વસ્તુની સિદ્ધિ એમ છે. વસ્તુની સિદ્ધિ આ રીતે થાય છે, એવો સિદ્ધાંત છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૭૨ શ્લોક-૧૮૫, ૧૮૬, ગાથા–૩૦૧ થી ૩૦૩ રવિવાર, માગશર વદ ૧૪, તા. ૧૮-૧૨-૧૯૭૯**

---

ભાવાર્થ :– **'લોકમાં પણ એ ન્યાય છે કે-જે સુબુદ્ધિ હોય, ન્યાયવાન હોય, તે પરનાં ધનાદિકને પોતાનાં ન કહે.'** લૌકિકમાં પણ ન્યાયવાળો ને સજ્જન હોય એ પરધન, પરસ્ત્રી, પર મકાનને પોતાના ન કરે, કહે એનો અર્થ પોતાના ન માને. **'તેવી જ રીતે જે સમ્યગ્જ્ઞાની છે, તે સમસ્ત પરદ્રવ્યોને પોતાનાં કરતો નથી. પોતાના નિજભાવને જ પોતાનો જાણી ગ્રહણ કરે છે.'** આહાહા..! જ્ઞાનસ્વરૂપી ચૈતન્યબ્રહ્મ આત્મા આનંદરસથી ભરેલ ભગવાન, એને જ પોતાને નિજ માનીને બીજાને છોડી દે છે. પોતાને જાણી ગ્રહણ કરે છે ને બીજાને છોડી દે છે. બહુ ટૂંકું. આહાહા..! શ્લોક ૧૮૫. અહીં ઘણી વાર વંચાય ગયેલો ને એટલે જાણે વંચાય ગયો (એમ લાગ્યું).

## શ્લોક-૧૮૫

(शार्दूलविक्रीडित)

सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।१८५।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ उदात्तचित्तचरितैः मोक्षार्थिभिः ] જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (-ઉદાર, ઉચ્ચ, ઉજજવળ) છે એવા મોક્ષાર્થીઓ [ अयम् सिद्धान्तः ] આ સિદ્ધાંતને [ सेव्यताम् ] સેવન કરો કે - '[ अहम् शुद्धं चिन्मयम् एकम् परमं ज्योतिः एव सदा एव अस्मि ] હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; [ तु ] અને [ एते ये पृथग्लक्षणाः विविधाः भावाः समुल्लसन्ति ते अहं न अस्मि ] આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, [ यतः अत्र ते समग्राः अपि मम परद्रव्यम् ] કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે'. ૧૮૫.

## શ્લોક-૧૮૫ ઉપર પ્રવચન

(शार्दूलविक्रीडित)

सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।१८५।।

**'જેમના ચિત્તનું ચરિત્ર...'** જેમનો અભિપ્રાય **'ઉદાત્ત (-ઉદાર, ઉચ્ચ, ઉજજવળ) છે...'** ચરિત્ર એટલે અભિપ્રાય જેનો. **'એવા મોક્ષાર્થીઓ...'** જેમના અભિપ્રાયની ઊંચાઈ છે, જેનું

ચિત્ત ઊંચું એટલે અભિપ્રાયમાં ઊંચો છે. એવો અભિપ્રાયવાળો સમ્યગ્જ્ઞાની **'अयम् सिद्धान्तः'** **'આ સિદ્ધાંતને સેવન કરો...'** એટલે આ સિદ્ધાંતનો આશ્રય કરો. સેવન કરો એટલે આશ્રય કરો મૂળ તો. આહાહા..! શું? **'કે-'अहम् शुद्धं चिन्मयम् एकम् परमं ज्योतिः एव सदा एव अस्मि'** **'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;...'** આહાહા..! **'હું તો શુદ્ધ ચૈતન્યમય...'** શુદ્ધ ચૈતન્યમય વસ્તુ છે ને? પદાર્થ છે ને? તત્ત્વ છે તો એ શુદ્ધ ચૈતન્યમય દ્રવ્ય છે.

સત્ય અભિપ્રાયવંતે એ આશ્રય લેવો અને એ સેવા કરવી **'કે–હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;...'** પરમ જ્યોતિ. ચૈતન્યની (જ્યોતિ). અગ્નિની ને દીવાની જ્યોતિ નહિ. પરમ જ્યોતિ–ચૈતન્ય. ઝળહળ જ્યોતિ અંદર ચૈતન્યમય એ જ્યોતિ તે હું છું. આહાહા..! **'જ્યોતિ જ...'** એમ શબ્દ છે ને? પરમ **'એક પરમ જ્યોતિ જ...'** આટલું વજન છે. એક જ છું, જેમાં ભેદ નથી. અને તે એક છે. પરમ છે, એક છે અને તે સદાય એક જ છે, **'જ'** છે. આહાહા..! હવે આત્મા કોને કહેવો એની ખબર ન મળે, આત્મા સાંભળ્યો ન હોય. આહાહા..!

ધર્મ એને કહીએ કે, જે આત્મા ચૈતન્યમય પ્રભુ સદા શુદ્ધ એક પરમ જ્યોતિ સદાય છું; એવી જેની દૃષ્ટિ છે તેને અહીંયાં સમ્યગ્જ્ઞાની ધર્મી કહે છે. જેને એની ખબર નથી તે બધા અજ્ઞાની અધર્મી છે. આહાહા..! આકરું કામ છે.

**'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ...'** **'એક પરમ જ્યોતિ જ સદાય છું;...'** એક સ્વરૂપે હું છું એમાં ભેદ પણ નથી. મતિ ને શ્રુત પર્યાયના ભેદ છે. હું તો પરમ જ્યોતિ સદાય એક છું. **'અને 'एते ये पृथग्लक्षणाः विविधाः भावाः समुल्लसन्ति ते अहं न अस्मि'** ખૂબી શું છે કે **'આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો...'** **'समुल्लसन्ति'** **'પ્રગટ થાય છે...'** એ કંઈ કાયમી ચીજ નથી, આ કાયમી ચીજ છે. સદાય ચૈતન્ય, ચૈતન્ય જ્યોતિ, પરમ જ્યોતિ સદાય છે, એ હું છું. આહાહા..! પછી આ વેપાર-ધંધા કરવા કે દિ'? વકીલાત ક્યારે કરવી? આ ડૉક્ટરપણું... 'નવરંગભાઈ' નથી? ગયા? ચાલ્યા ગયા હશે. 'નવરંગભાઈ' ન્યાં કેમ બેઠા?

મુમુક્ષુ :– ટેકો, ટેકો લઈને.

ઉત્તર :– ટેકો ઠીક. કહો, સમજાણું કાંઈ? આહા..!

હું તો એક જ ભાવ છું, જે સદા રહેનાર તે એક જ હું (છું). સદા રહેનાર તે એક જ હું અને આ પ્રગટ થતા ભાવ તે હું નહિ. ભાષા જુઓ તો, આહાહા..! એ કાયમ રહેતી ચીજ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ આદિ એ કંઈ સદા રહેનારી ચીજ નથી. એથી ભાષા એમ વાપરી છે, કે એ ભિન્ન લક્ષણવાળા, મારા સ્વરૂપથી ભિન્ન–જુદા લક્ષણવાળા વિવિધ પ્રકારના, પાછા એક જ પ્રકાર પણ નથી. પેલો

એક પ્રકાર હતો. હતું ને એમાં?

**'ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;...'** સદાય પરમ જ્યોતિ એક ચૈતન્યમય છું. એની સામે આ ભિન્ન લક્ષણવાળા મારાથી જુદા લક્ષણવાળા એટલે એક પ્રકાર નહિ પણ વિવિધ પ્રકારના. આહાહા..! કોઈ વખતે દયા ને કોઈ વખતે હિંસા ને કોઈ વખતે ચોરી ને કોઈ વખતે વિષય ને કોઈ વખતે બ્રહ્મચર્યનો વિકલ્પ આવા વિવિધ પ્રકારના ભાવો એ પણ પ્રગટ થાય છે. પેલામાં સદા હતું. આહાહા..! એકરૂપ સદાય ચૈતન્ય હતું ત્યારે અહીં કહે છે કે અનેકરૂપે ભિન્ન લક્ષણવાળા પ્રગટ થાય છે. વિકલ્પો ભિન્ન ભિન્ન જાત તે હું નથી. આહાહા..! શબ્દો થોડા પણ ઘણું સમાવેશ કર્યું છે.

એક બાજુ હું તો શુદ્ધ ચૈતન્યમય (છું). ચૈતન્યવાળો એમ નહિ, ચૈતન્યમય, ચૈતન્યમય અભેદ અને તે પણ એક, તે પણ પરમ જ્યોતિ, ઉત્કૃષ્ટ જ્યોતિ છે, તે પણ સદાય રહેનાર છે. આહાહા..! તે હું છું **'અને આ જે ભિન્ન લક્ષણવાળા...'** એટલે શું? ચૈતન્ય કીધું હતું ને? ચૈતન્યમય, એનાથી આ ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના, અનેક પ્રકારના વિકલ્પો ઊઠે છે. આહાહા..! શુભ-અશુભ વિકલ્પની જાત ઉત્પન્ન થાય છે એમ કહે છે. તે **'ભાવો પ્રગટ થાય છે...'** તે પણ તે ભાવો પ્રગટ થાય છે, પ્રગટ થાય છે. છે ખરા. એક બાજુ આ છું ને એક બાજુ આ છે. આહાહા..! **'તે હું નથી,...'** છે એ, તે હું નથી. આહાહા..! આટલે બધે જાવું ને આખો દિ' આ કરવું, હવે શું કરવું આમાં? આહાહા..!

ધર્મને નામે વખત લે. કાં ભક્તિ કરી લે. કલાક ભગવાનની ભક્તિ, પૂજા (કરે), થઈ ગયું, લ્યો! ધર્મ થઈ ગયો. એ શુભભાવ પણ ઠેકાણા વિનાનો હોય, એક સરખો શુભભાવ (ન હોય). તેને ધર્મ માને. હવે એ કે દિ' તરે? કે દિ' ઉધરે? આહાહા..! તે નવા નવા (ઉત્પન્ન થાય છે). કાંઈ વસ્તુના સ્વરૂપમાં એ ચીજ નથી એમ કહે છે. વસ્તુના સ્વરૂપમાં તો ચૈતન્યમય, શુદ્ધ ચૈતન્યમય આ પરમ જ્યોતિ છે. એ તો પરમ જ્યોતિમય સદાય છે એમાં આ ચીજ નથી. એ વિવિધ પ્રકારના પાછા અનેક પ્રકારના. આહાહા..! કંઈનો કંઈ વિકલ્પ ઉઠતો હોય. એ પ્રગટ થાય છે. એક તો સદાય રહેતા નથી તે પ્રગટ થાય છે અને છે ખરા, નથી એમ નહિ. આહાહા..!

**'તે હું નથી, કારણ...'** **'यतः अत्र ते समग्राः अपि मम परद्रव्यम्'** આહાહા..! **'કારણ કે તે બધાય...'** એ દયા, દાન ને વ્રતનો વિકલ્પ પણ આવે, એ બધાય મને પરદ્રવ્ય છે. આહાહા..! ધર્મ તો નહિ, પોતાના નહિ, પરદ્રવ્ય છે. પોતાના દ્રવ્ય ગુણ તો નહિ, પર્યાય નહિ. આહાહા..! તે બધા મને છે ખરા, **'મને પરદ્રવ્ય છે.'** આહાહા..! એમાં વળી પાંચ પચાસ લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ પૈસા થઈ જાય (તો) મગજ ફરી જાય, ગાંડા થઈ જાય, ગાંડા, ઘેલા. આહાહા..! આનું આમ કરો, આનું આમ કરો, આમ કરો. લાવ આ કરો... એમાં છોકરાના લગન હોય ને દસ કરોડ રૂપિયા હોય અને દસ-પંદર લાખ

ખરચવા હોય... જોઈ લ્યો, તમારે એ તો પાગલ. આહાહા..!

મુમુક્ષુ :– આપણે એને પાગલ કહી તો ઇ આપણને પાગલ કહે ને!

ઉત્તર :– દુનિયા તો પાગલ છે. પાગલની સંખ્યાવાળા પાગલ શાને કહે? પાગલની સંખ્યાવાળા તો પાગલમાં એને ગણે–પોતાની જાતમાં ગણે. આહાહા..!

અહીં કહે છે, એ બધાય મને (પરદ્રવ્ય છે) પણ મારું સ્વદ્રવ્ય ચૈતન્યમય જ્યોતિ એનાથી તેના લક્ષણો ભિન્ન છે. ભિન્ન લક્ષણને કારણે અને વિવિધ પ્રકારે ઉત્પન્ન થતાં, પ્રગટ થતાં (હોવાને) કારણે તે મારી સાથે કાયમ રહેનારી ચીજ નહિ માટે તે **'મને પરદ્રવ્ય છે.'** આહાહા..! રાગ ને દયા-દાનના પરિણામને પરદ્રવ્ય કીધા. આહાહા..! આ વ્રતના પરિણામ ને ભક્તિના પરિણામ ને પૂજાના પરિણામ ને દયા-દાનના પરિણામ એ વસ્તુમાં નથી, નવા પ્રગટ થાય છે અને તેથી તે પરદ્રવ્ય છે. હું જેમ સદાય સ્વદ્રવ્ય રહેનારો છું તેમ એ સદાય રહેનાર નથી. પ્રગટ થાય ને જાય, પ્રગટ થાય ને જાય એ મારા નથી. આહાહા..! આવું કામ આકરું છે. અપૂર્વ વાત છે. મુક્તિ–મોક્ષ ને મોક્ષનો માર્ગ તો અપૂર્વ છે ને? પૂર્વે કર્યો હોય એ જાતનો હોય તો તો મુક્તિ થવી જોઈએ ને? અનંત કાળમાં એક સેકન્ડ માત્ર પણ સમ્યગ્દર્શન કર્યું નથી. અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... ચોવીશી... અનંતા ભવ કર્યા પણ કોઈ એક સમય પણ આત્મા તરફ એણે જોયું નથી. આહાહા..!

તે ભાવો પ્રગટ થાય છે તે, **'તે હું નથી,...'** છે તો ખરા. વસ્તુ નથી એમ નહિ, વ્યવહાર છે ખરો પણ તે હું (નથી). તે, તે હું નથી. કેમકે એ પરદ્રવ્ય છે, ઉત્પન્ન થાય છે, કાયમ રહેનારી ચીજ નથી. ઉત્પન્ન થાય ને વ્યય થઈ જાય છે. એ કાંઈ સ્વદ્રવ્ય (જે) સદાય રહેનારી ચીજ છે એની એ જાત છે નહિ. આહાહા..! હું સદાય રહેનારો ચૈતન્યમય પ્રભુ, શુદ્ધ ચૈતન્યમય પાછો, હોં! તે પણ એકરૂપ અને પરમ જ્યોતિ. આહાહા..! એ સદાય રહેનારો હું (છું), એની સાથે ક્ષણે ક્ષણે નવા નવા ઉત્પન્ન થતાં વિવિધ અનેક પ્રકારના ભાવો તે મારા લક્ષણથી ભિન્ન લક્ષણવાળા અને વિવિધ પ્રકારના ઉત્પન્ન થતાં (ભાવ છે) તેથી તે પરભાવ બધાય મને પરદ્રવ્ય છે. આહાહા..!

અહીં તો વ્યવહાર રત્નત્રયના રાગને પણ પરદ્રવ્ય કીધો છે. આહાહા..! કેમકે એ પણ ભિન્ન... ભિન્ન... ભિન્ન... વિકલ્પ ઉત્પન્ન થાય છે. ભિન્ન ભિન્ન કાળે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ તરફના વલણનો ભાવ ભિન્ન ભિન્ન પ્રકારનો થાય છે. **'તે બધાય મને પરદ્રવ્ય છે.'** આહાહા..! આ 'અમૃતચંદ્રાચાર્ય' નો કળશ છે, 'અમૃતચંદ્રાચાર્ય' એનો આ કળશ છે. એથી લોકોને આ આકરું લાગે ને પેલાને કે, વ્યવહાર સાધક હોય તો સાધ્ય થાય એને ઠેકાણે કહે છે કે આ વ્યવહાર પરદ્રવ્ય, પરદ્રવ્ય છે અને વિવિધ પ્રકારના ઉત્પન્ન થતાં પર લક્ષણવાળા છે. આહાહા..! વસ્તુની સ્થિતિ તો આ જ છે પણ જેને એ પક્ષમાં ગોઠે નહિ એને એ 'અમૃતચંદ્રાચાર્યે' તો બહુ વાત બીજી જાતની કરી. 'જયસેનાચાર્યે' બરાબર

કહી છે. સાધક કીધો છે, વ્યવહાર સાધક (કીધો છે). કેટલી વાર, સેંકડો વાર કીધો છે. વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય, વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય. અહીં કહે છે, કે વ્યવહાર જે કહીએ છીએ એ છે ખરો પણ વિવિધ પ્રકારના વિકલ્પોની લાગણી ભિન્ન ભિન્ન કાળે, ભિન્ન ભિન્ન જાત ઉત્પન્ન થાય એ મારી ચીજ નહિ. હું સદાય રહેનાર ચૈતન્ય (છું). એ મારી ચીજ નહિ. આહાહા..! એ તો મને પરદ્રવ્ય છે. આહા..! હવે બીજો શ્લોક, શ્લોક તો બોલાય ગયો.

## શ્લોક-૧૮૬

(अनुष्टुभ्)

परद्रव्यग्रहं कुर्वन् बध्येतैवापराधवान्।
बध्येतानपराधो न स्वद्रव्ये संवृतो यतिः।।१८६।।

**હવે આગળના કથનની સૂચનાનો શ્લોક કહે છે :-**

**શ્લોકાર્થ :– [ परद्रव्यग्रहं कुर्वन् ] જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે [ अपराधवान् ] તે અપરાધી છે [ बध्येत एव ] તેથી બંધમાં પડે છે, અને [ स्वद्रव्ये संवृतः यतिः ] જે સ્વદ્રવ્યમાં જ સંવૃત છે (અર્થાત્ જે પોતાના દ્રવ્યમાં જ ગુપ્ત છે-મગ્ન છે-સંતૃષ્ટ છે, પરદ્રવ્યને ગ્રહતો નથી) એવો યતિ [ अनपराधः ] નિરપરાધી છે [ न बध्येत ] તેથી બંધાતો નથી. ૧૮૬.**

## શ્લોક-૧૮૬ ઉપર પ્રવચન

परद्रव्यग्रहं कुर्वन् बध्येतैवापराधवान्।
बध्येतानपराधो न स्वद्रव्ये संवृतो यतिः।।१८६।।

**'જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે...'** આહાહા..! એ વ્યવહાર રત્નત્રયનો રાગ છે એ પણ મારા છે એમ જે ગ્રહણ કરે છે એટલે કે અનુભવે છે. કોઈ કહે પરદ્રવ્ય તો ગ્રહણ કરી શકાતું નથી. અહીં તો રાગ ને દ્વેષના પરિણામને પણ પરદ્રવ્ય કહીને એને અનુભવે છે, ગ્રહણ કરે છે એમ કહ્યું. પરવસ્તુને ગ્રહણ કરે છે એમ કાંઈ અત્યારે છે નહિ. પરવસ્તુનો

ગ્રહણત્યાગ તો આત્મામાં છે જ નહિ. આહાહા..! એક પણ રજકણ ગ્રહણ કરે ને છોડે એ તો આત્મામાં છે નહિ. એ તો પરદ્રવ્ય સ્વતંત્ર છે. એને કાળે એની પર્યાય થાય ને એને કાળે એની પર્યાય જાય એમાં તારો અધિકાર, વ્યવહારનો અધિકાર પણ તારો નથી. આહાહા..!

એ પરદ્રવ્યને જે ગ્રહણ નામ અનુભવ કરે છે **'તે અપરાધી...'** ચોર, ગુનેગાર છે. આહાહા..! રાગ ભાવ આવ્યો, વિવિધ પ્રકારની મલિનતાની દશા ઉત્પન્ન થઈ, ક્લેશ થયો, દુઃખ થયું એને મારા તરીકે જે માને છે... આહા..! એટલે કે મારા તરીકે જે અનુભવે છે તે જીવ તો અપરાધી છે. તે જીવ અપરાધી ગુનેગાર છે. આહાહા..! આવી વાત આકરી લાગે, એ 'અમૃતચંદ્રાચાર્ય' ને કાઢી નાખે. અને અહીંની વાત માટે 'જયસેનાચાર્ય' ની (ટીકા) પસંદ કરે. ૩૨૦ ગાથા 'જયસેનાચાર્ય' ની પસંદ કેમ કરી? એક પંડિતે એમ કહ્યું કે, ઇ કેમ ગ્રહણ કર્યું? એમને બંધબેસતું (છે) માટે ગ્રહણ કર્યું છે. પણ 'જયસેનાચાર્યે' ગમે તે વાત કરી (હોય), વ્યવહારથી વિરુદ્ધ કાંઈ હોય નહિ. કોઈ આચાર્યથી કોઈ આચાર્યનું કથન વિરુદ્ધ ન હોય દિગંબર સંતોનું, કથનની પદ્ધતિ ફેર હોય. આહાહા..! ફક્ત ત્યાં વ્યવહારને જાહેર કરે છે કે વ્યવહાર છે. તેથી એને સાધકનો આરોપ અપાય છે. જેને અહીં નકાર કર્યો એને આરોપ કરી, આરોપ કરીને સાધક કહ્યું છે. આહાહા..! અરે..! અરે..! આવું ક્યાં પણ એટલે બધે ભંગજાળ પડે.

ભાઈ! પ્રભુ તું પણ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છો કે નહિ? વસ્તુ છે કે નહિ? અને વસ્તુ છે એ સદાય રહેનારી છે કે નહિ? સદાય રહેનારી છે તે શુદ્ધ છે કે નહિ? હવે એને અશુદ્ધતા છે એ તો પરદ્રવ્ય તરીકે છે, એની ચીજ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

એથી કહે છે, કે **'જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તે અપરાધી છે તેથી બંધમાં પડે છે,...'** આહાહા..! વ્યવહારના ભાવને પણ મારા માને તો એ અપરાધી છે અને બંધમાં પડે છે. ન્યાં એમ કહે કે, વ્યવહાર સાધન ને (નિશ્ચય) સાધ્ય. અહીં એમ કહે કે એ વ્યવહારથી બંધાય છે. એ તો સાધકનું જ્ઞાન કરાવ્યું, પ્રભુ! આગળ ન જા, એને આગળ ન લઈ જા હવે કે એનાથી આમ થાશે, અંદરમાં જવાશે. એને છોડીને (અંદર) જવાશે. આહાહા..! અશુદ્ધતાને લઈને શુદ્ધતામાં જવાશે? દુઃખને લઈને સુખમાં જવાશે? આકુળતાને લઈને અનાકુળતામાં જવાશે? વ્યવહારનો જેટલો રાગાદિ છે એ બધો આકુળતા ને દુઃખ છે. ભગવાન તો સદાય અનાકુળ આનંદનો નાથ છે. આહાહા..! જેના આનંદને માટે કોઈ પણ પદાર્થની અપેક્ષા જેને છે જ નહિ. આહાહા..! નિરપેક્ષ આનંદથી ભરેલો છે. આહાહા..! એ હું સ્વદ્રવ્ય છું. એનાથી જે વિવિધ પ્રકારના ભાવો મારી એક જાતથી, મારા લક્ષણથી ભિન્ન ભિન્ન જે જાતની વૃત્તિઓ ઊઠે છે એ બધી પકડનાર, અનુભવ કરનાર, અપરાધી, ગુનેગાર છે,

એ અપરાધી બંધાય છે. આહાહા..! એ વ્યવહાર છે એને પોતાનો અનુભવે તો એ અપરાધી ગુનેગાર બંધાય છે એમ કહે છે. આકરી વાતું બહુ આવી. આહાહા..!

**'स्वद्रव्ये संवृतः यतिः' 'જે સ્વદ્રવ્યમાં જ સંવૃત છે...'** એટલે પોતાના સ્વદ્રવ્યને અનુભવે છે, સ્વદ્રવ્યમાં ગુપ્ત છે. આહાહા..! **'(અર્થાત્ જે પોતાના દ્રવ્યમાં જ ગુપ્ત છે-મગ્ન છે-સંતુષ્ટ છે,...)'** ચૈતન્ય સ્વરૂપ ભગવાન જ્ઞાયક સ્વરૂપ એમાં જ જે અનુભવમાં લીન છે. આહાહા..! **'(પરદ્રવ્યને ગ્રહતો નથી)...'** એ રાગને અનુભવતો નથી, રાગને ગ્રહતો નથી. આહાહા..! માણસને આવું એકાંત લાગે. જોવે નહિ, આમ વાંચે નહિ, વિચારે નહિ. ભાઈ! ભવથી મુક્ત થવાનો માંડ માંડ ભવ મળ્યો. આહાહા..! આ ભવ તો ભવ રહિત થવા માટે ભવ છે, એને ઠેકાણે ભવના ભાવને પોતાના જાણીને સેવવા, આહાહા..! એ તો એની એ દશા છે.

**'स्वद्रव्ये संवृतः यतिः'** પણ જે કોઈ સંત અથવા આત્મા સ્વદ્રવ્યમાં જે સંવૃત છે, પોતાના ચૈતન્યમય આનંદમાં જે મગ્ન છે એ **'નિરપરાધી છે...'** આહાહા..! છે? તે **'નિરપરાધી છે...'** જોયું? એવા મુનિઓ. યતિ એટલે આ જતિ જ નહિ. પોતાના સ્વરૂપની જતના કરનાર, પોતાના સ્વરૂપની જતના કરનાર એ નિરપરાધી છે. આહાહા..! કોઈનું કરી દે છે ને કો'કને ઉપકાર કરે છે ને કો'કનું ભલું કરી દે છે ને ઘણાને ઉપકાર કરે છે ને ઘણાની સેવા કરે છે તે નિરપરાધી છે એમ નથી કહ્યું. એને તો અપરાધી કહ્યો છે. અર..ર..! ગજબ વાત. બીજાની સેવા કરે ને અનુકંપા કરે, બીજાને મદદ કરે ને બીજાના દુઃખ ટાળે, આહાર-પાણી આપે, આહાર આપે, ઔષધ આપે ને... એ ભાવ તો આવે, કહે છે. પણ એ તો વિવિધ પ્રકારના ભાવમાં જાય છે. એકરૂપ ભાવમાં એ કાંઈ આવતા નથી. આહા..! એ વિવિધ પ્રકારના ભાવો તો અપરાધ છે. અર..ર..! આવી વાત. અપરાધ છે એ ગુનેગાર છે, એ બંધાય છે.

**'નિરપરાધી છે તેથી બંધાતો નથી.' 'એવો યતિ નિરપરાધી છે...'** પોતાના સ્વરૂપને જ શ્રદ્ધા-જ્ઞાનમાં રમે છે. આહાહા..! રાગને અડતો નથી, રાગને અનુભવતો નથી. આ સચ્ચિદાનંદ પ્રભુ એને જે અનુભવે છે તે નિરપરાધી બંધાતો નથી. બંધ ને અબંધની વ્યાખ્યા ટૂંકી કરી નાખી. વ્યવહારને અનુભવે છે તે બંધાય છે ને નિશ્ચયને અનુભવે છે તે બંધાતો નથી. લ્યો! ટૂંકી વાત આ. આહાહા..! ચાહે તો વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વ્યવહાર હો (પણ) વ્યવહારમાં રક્ત છે તે બંધાય છે. આહાહા..! અને સ્વદ્રવ્યમાં... જેટલું પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે એટલો એ ગુનેગાર છે, એટલો એ અપરાધી છે, એ બંધનમાં છે. જેટલો સ્વદ્રવ્યમાં સંવૃત છે, સ્વદ્રવ્યનો આશ્રય અવલંબન લઈને અંદર જેટલે અંશે મગ્ન છે તેટલે અંશે તે નિરપરાધી છે, તેટલે અંશે તે અબંધ છે, એને બંધ છે નહિ. આહાહા..! આવી વાતું.

અહીં તો કહે પરની દયા પાળવાનો ભાવ, દયા પાળી શકતો નથી પણ ભાવ (આવે) એ અપરાધ છે. આહાહા..! બહુ સ્પષ્ટ કરવા જાય (તો) 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' માં હિંસા કીધી છે. પરની દયાનો ભાવ એ રાગ છે ને રાગ છે તે સ્વરૂપની હિંસા છે. આહાહા..! આવી વાતું. બહાર જાય તો બધી બીજી જાતની વાતું સાંભળે. હવે તો આનો પ્રચાર પણ થયો છે. પરદેશમાં પ્રચાર ગયો ને! 'આફ્રિકા'માં ગયો લ્યો! 'આફ્રિકા'માં ત્રીસ લાખ ઉપર ખરચવાની તૈયારી થઈ ગઈ છે. ત્રીસ લાખ ઉપર ખરચવાને તૈયાર થઈ ગયા છે. એક આ વસ્તુ છે એ તરફના વલણની જિજ્ઞાસા છે. આ શું છે ભઈ આ?

*** સ્વરૂપની લીલા જાત્યાંતર છે. મુનિની દશા અલૌકિક જાત્યાંતર છે. મુનિરાજ સ્વરૂપના બાગમાં લીલા કરતાં કરતાં એટલે કે સ્વરૂપના બાગમાં રમતાં રમતાં કર્મનો નાશ કરે છે. દુઃખી થતાં થતાં નહિ પણ સ્વરૂપમાં રમતાં રમતાં કર્મનો નાશ કરે એવી તેમની જાત્યાંતર દશા છે-લીલા છે. સ્વરૂપ જ જેનું આસન છે, સ્વરૂપ જ જેની બેઠક છે, સ્વરૂપ જ જેનો આહાર છે, સ્વરૂપ જ જેનું વિચરવું છે, સ્વરૂપ જ જેની લીલા છે. અંતરના આનંદની રમતુંમાં ચડ્યો તેની લીલા જાત્યાંતર છે. અરે! સમ્યગ્દષ્ટિની લીલા પણ જાત્યાંતર છે. કોઈ સમ્યગ્દષ્ટિ લડાઈમાં હોય ને ત્યાંથી ઘેર આવી ધ્યાનમાં બેસતાં નિર્વિકલ્પ આનંદને અનુભવે છે. અરે ! કોઈવાર લડાઈનાં પ્રસંગમાં હોય ને વખત મળતાં ધ્યાનમાં આવી જાય અરે ! સંસારના અશુભ ભાવમાં પડ્યા હોયને ત્યાંથી ખસીને બીજી ક્ષણે ધ્યાનમાં બેસતાં નિર્વિકલ્પતા આવી જાય છે. એ વસ્તુ અંદર પડી છે. તેના મહાત્મ્યના જોરથી નિર્વિકલ્પતા આવી જાય છે. આહાહા! રાગની ભિન્નતા થઈને. સ્વરૂપની એકતા થઈને. આનંદના ખજાનાના તાળા ખુલી ગયા છે એ અશુભ ભાવના પ્રસંગમાંથી ખસીને ધ્યાનમાં નિર્વિકલ્પ આનંદમાં આવી જાય છે. એ બધો ચમત્કાર પૂર્ણાનંદનો નાથ જાણ્યો તેનો છે. સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદનો નાથ જાગ્યો તેનો છે. સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદનો નાથ આખો કબજે થઈ ગયો છે એ એની જાત્યાંતર લીલા છે. અરે ! કોઈ જીવ નિગોદમાંથી નીકળીને આઠ વર્ષે સમ્યક્દર્શન પામી તુરત મુનિ થઈ સ્વરૂપમાં એકાગ્ર થતાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે ને અંતર્મુહૂર્તમાં દેહ છૂટતાં સિદ્ધ થઈ જાય. આહાહા ! સ્વરૂપની જાત્યાંતર લીલા જ કોઈ અદ્ભુત છે. અને સમ્યગ્દર્શન વિનાના વ્રત કરે, તપ કરે, ઘરબાર છોડી મુનિ થાય. તોપણ એની લીલા જાત્યાંતર નથી. સંસારની લીલા હતી તેની તે જ છે. ૩૬૩.**

**– પરમાગમસાર**

## ગાથા-૩૦૧ થી ૩૦૩

थेयादी अवराहे जो कुव्वदि सो उ संकिदो भमदि।
मा बज्झेज्जं केण वि चोरो त्ति जणम्हि वियरंतो।।३०१।।
जो ण कुणदि अवराहे सो णिस्संको दु जणवदे भमदि।
ण वि तस्स बज्झिदुं जे चिंता उप्पज्जदि कयाइ।।३०२।।
एवम्हि सावराहो बज्झामि अहं तु संकिदो चेदा।
जइ पुण णिरावराहो णिस्संकोहं ण बज्झामि।।३०३।।

स्तेयादीनपराधान् यः करोति स तु शङ्कितो भ्रमति।
मा बध्ये केनापि चौर इति जने विचरन्।।३०१।।
यो न करोत्यपराधान् स निश्शङ्कस्तु जनपदे भ्रमति।
नापि तस्य बद्धुं यच्चिन्तोत्पद्यते कदाचित्।।३०२।।
एवमस्मि सापराधो बध्येऽहं तु शङ्कितश्चेतयिता।
यदि पुनर्निरपराधो निश्शङ्कोऽहं न बध्ये।।३०३।।

यथात्र लोके य एव परद्रव्यग्रहणलक्षणमपराधं करोति तस्यै बन्धशङ्का सम्भवति, यस्तु तं न करोति तस्य सा न सम्भवति; तथात्मापि य एवाशुद्धः सन् परद्रव्यग्रहणलक्षणमपराधं करोति तस्यैव बन्धशङ्का सम्भवति, यस्तु शुद्धः संस्तं न करोति तस्य सा न सम्भवतीति नियमः। अतः सर्वथा सर्वपरकीयभावपरिहारेण शुद्ध आत्मा गृहीतव्यः, तथा सत्येव निरपराधत्वात्।

---

હવે આ કથનને દૃષ્ટાંતપૂર્વક ગાથામાં કહે છે :-

અપરાધ ચૌર્યાદિક કરે જે પુરુષ તે શંકિત ફરે,
કે લોકમાં ફરતાં રખે કો ચોર જાણી બાંધશે; ૩૦૧.
અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,
'બંધાઉં હું' એવી કદી ચિંતા ન થાયે તેહને. ૩૦૨.

ત્યમ આતમા અપરાધી 'હું બંધાઉં' એમ સશંક છે,
ને નિરપરાધી જીવ 'નહિ બંધાઉં' એમ નિઃશંક છે. ૩૦૩.

ગાથાર્થ :– [ यः ] જે પુરુષ [ स्तेयादीन् अपराधान् ] ચોરી આદિ અપરાધો [ करोति ] કરે છે [ सः तु ] તે '[ जने विचरन् ] લોકમાં ફરતાં [ मा ] રખે [ केन अपि ] મને કોઈ [ चौरः इति ] ચોર જાણીને [ बध्ये ] બાંધશે-પકડશે' એમ [ शङ्कितः भ्रमति ] શંકિત ફરે છે; [ यः ] જે પુરુષ [ अपराधान् ] અપરાધ [ न करोति ] કરતો નથી [ सः तु ] તે [ जनपदे ] લોકમાં [ निश्शङ्कः भ्रमति ] નિઃશંક ફરે છે, [ यद् ] કારણ કે [ तस्य ] તેને [ बद्धुं चिन्ता ] બંધાવાની ચિંતા [ कदाचित् अपि ] કદાપિ [ न उत्पद्यते ] ઊપજતી નથી. [ एवम् ] એવી રીતે [ चेतयिता ] અપરાધી આત્મા '[ सापराधः अस्मि ] હું અપરાધી છું [ बध्ये तु अहम् ] તેથી હું બંધાઈશ' એમ [ शङ्कितः ] શંકિત હોય છે, [ यदि पुनः ] અને જો [ निरपराधः ] નિરપરાધી (આત્મા) હોય તો '[ अहं न बध्ये ] હું નહિ બંધાઉં' એમ [ निश्शङ्कः ] નિઃશંક હોય છે.

ટીકા :– જેમ આ જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી, તેમ આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે શુદ્ધ વર્તતો થકો અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી-એવો નિયમ છે. માટે સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે (અર્થાત્ પરદ્રવ્યના સર્વ ભાવોને છોડીને) શુદ્ધ આત્માને ગ્રહણ કરવો, કારણ કે એમ થાય ત્યારે જ નિરપરાધપણું થાય છે.

ભાવાર્થ :– જો માણસ ચોરી આદિ અપરાધ કરે તો તેને બંધનની શંકા થાય; નિરપરાધને શંકા શા માટે થાય? તેવી જ રીતે જો આત્મા પરદ્રવ્યના ગ્રહણરૂપ અપરાધ કરે તો તેને બંધની શંકા થાય જ; જો પોતાને શુદ્ધ અનુભવે, પરને ન ગ્રહે, તો બંધની શંકા શા માટે થાય? માટે પરદ્રવ્યને છોડી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું. ત્યારે જ નિરપરાધ થવાય છે.

---

## ગાથા–૩૦૧ થી ૩૦૩ ઉપર પ્રવચન

---

'હવે આ કથનને દૃષ્ટાંતપૂર્વક ગાથામાં કહે છે :–' હવે 'કુંદકુંદાચાર્ય'ની ગાથા.

थेयादी अवराहे जो कुव्वदि सो उ संकिदो भमदि।
मा बज्झेज्जं केण वि चोरो त्ति जणम्हि वियरंतो।।३०१।।

जो ण कुणदि अवराहे सो णिस्संको दु जणवदे भमदि।
ण वि तस्स बज्झिदुं जे चिंता उप्पज्जदि कयाइ।।३०२।।
एवम्हि सावराहो बज्झामि अहं तु संकिदो चेदा।
जइ पुण णिरावराहो णिस्संकोहं ण बज्झामि।।३०३।।

નીચે હરિગીત.

**અપરાધ ચૌર્યાદિક કરે જે પુરુષ તે શંકિત ફરે,**
**કે લોકમાં ફરતાં રખે કો ચોર જાણી બાંધશે; ૩૦૧.**
**અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,**
**'બંધાઉં હું' એવી કદી ચિંતા ન થાયે તેહને. ૩૦૨.**
**ત્યમ આતમા અપરાધી 'હું બંધાઉં' એમ સશંક છે,**
**ને નિરપરાધી જીવ 'નહિ બંધાઉં' એમ નિઃશંક છે. ૩૦૩.**

આહાહા..! આ 'મોક્ષ અધિકાર' છે.

**ટીકા :– 'જેમ આ જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે...'** પોતાનું દ્રવ્ય નથી ને પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ. પરવસ્તુ, કોઈ પણ પરવસ્તુ લે. જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે. **'પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે...'** કપડું, દાગીનો, કોઈ પકવાન, કો'કની કોઈ ચીજ પડી હોય તો લઈ લે, એ તો ચોર કહેવાય. આહાહા..! **'જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે...'** આહાહા..! એને બંધની શંકા થાય કે, અરે..! ક્યાંક મને પકડશે, કોઈ મને પકડશે એમ ચિંતા એને થાય. કો'ક જાણી ગયું હશે કે આ મેં આ વસ્તુ લીધી છે. આ વસ્તુ મેં લીધી એમ કોઈ જાણી જશે, એમ.

**'અને જે અપરાધ કરતો નથી...'** આહાહા..! બિલકુલ કોઈ પરની ચીજને અડતો પણ નથી, લેતો નથી **'તેને બંધની શંકા થતી નથી,...'** એ નિઃશંક છે. મેં કોઈનું કાંઈ લીધું નથી એટલે હું કાંઈ બંધાવ અને કોઈ મને પકડે એમ છે નહિ. આહાહા..! ચોરીને કરે એને શંકા પણ હોય કોઈ જોઈ ગયું હશે? બહાર કોઈ ઊભુ હતું? આમ અંદર બારણામાંથી ઊભા થઈને જોયું હશે કે આ મેં એમાંથી લીધું? એમ એને શંકા પડે. જેણે કાંઈ લીધું નથી એને શંકા શી? આહાહા..! (જેણે લીધું હોય) તેને બંધની શંકા થાય પણ **'જે અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી,...'** એ દૃષ્ટાંત કહ્યો, એ તો દૃષ્ટાંત દીધો. હવે સિદ્ધાંત.

**'તેમ આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો,...'** આહાહા..! ટીકા! ભગવાનઆત્મા પુણ્ય ને પાપના પરિણામમાં વર્તતો થકો. અશુદ્ધમાં બેય આવ્યા. પુણ્યના દયા, દાન, વ્રત, ભક્તિના

પરિણામ પણ અપરાધમાં આવી ગયા. આહાહા.! છે? ક્યારનું આ લખાણ છે? અહીંનું છે? આહાહા..! આ તો અનાદિનું છે. અનાદિ તીર્થંકરોનો અભિપ્રાય (છે). 'કુંદકુંદાચાર્ય'ની ગાથા, 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે. હજાર વર્ષ પહેલા 'અમૃતચંદ્રાચાર્ય' થઈ ગયા, 'કુંદકુંદાચાર્ય' બે હજાર વર્ષ પહેલા થયા, એનો અર્થ છે. સાંભળ્યું ન હોય એને નવું લાગે એટલે કાંઈ નવું થઈ જાય? એ તો અનાદિની આ વાત છે. આહાહા..!

કહે છે... આહાહા..! **'તેમ આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો,...'** આહાહા..! ગજબ વાત કરે છે ને! પ્રભુ! શુદ્ધ ચૈતન્યમય આત્મા એ પુણ્યના પરિણામમાં અશુદ્ધપણે પણ વર્તતો હોય, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજામાં પણ વર્તતો હોય અને આત્માની ખબર ન મળે કે, હું કોણ છું. આહાહા..! છે? **'અશુદ્ધ વર્તતો...'** અશુદ્ધમાં એ આવ્યું. પુણ્ય અને પાપ, શુભ અને અશુભ બેય ભાવ અશુદ્ધ છે. જે પ્રાણી અશુદ્ધમાં વર્તતો થકો. વર્તતો થકો કહીને પોતાના પુરુષાર્થથી વર્તતો થકો છે, કર્મથી નહિ. કર્મને લઈને આ અશુદ્ધપણે વર્તે છે એમ નહિ. આહાહા..! અને અશુદ્ધપણે પુણ્યપણે વર્તે છે માટે ધર્મ છે એમ નહિ. આહાહા..! છે કે નહિ અંદર?

મુમુક્ષુ :- છે પણ ઉકેલીને આપ બતાવો પછી ખબર પડે.

ઉત્તર :- આહાહા..! જેમ પરદ્રવ્યનું ગ્રહણ કરનાર અપરાધી છે અને બંધની શંકા થાય. એમ જે આત્મા અશુદ્ધપણે વર્તે છે. આહાહા..! પરદ્રવ્યની ક્રિયા કરી શકે કે એ તો પ્રશ્ન અહીં છે નહિ, અહીં તો અશુદ્ધપણે વર્તતો થકો એમ છે. પોતાના પરિણામમાં, પુણ્ય-પાપના ભાવમાં વર્તતો થકો. વેપાર કરી શકે છે કે આ ધંધો કરી શકે છે કે બાયડી-છોકરાને સાચવી શકે છે કે રાખી શકે છે કે એ પ્રશ્ન છે નહિ. એને રાખવું ન રાખવું એવો જે ભાવ એ અશુદ્ધ ભાવ (છે). આહાહા..! ત્યારે શું કરવું હવે? બાયડી છોકરા નાખી દેવા? આહાહા..! તે તો એને કારણે દ્રવ્ય-આત્મદ્રવ્ય ઊભુ છે, એનું શરીર પણ એને કારણે પરમાણુ ઊભા છે. તું એમ માની લે કે, આ મારા છે. તો એ તો મફતનો ચોર છો. આહાહા..!

મુમુક્ષુ :- જાજા રૂપિયા ભેગા કર્યા એ મોટો ચોર?

ઉત્તર :- હજાર શું લાખ-કરોડ કરે નહિ. આહાહા..! આકરું કામ છે, ભાઈ! પ્રભુ તો શુદ્ધ ચૈતન્યમય છે ને! પ્રભુ! એને મુકીને જે એનામાં નથી (તેને પોતાના માને છે). કાયમી ચીજ સદા રહેનારી, શુદ્ધ ચૈતન્યપણે સદા રહેનારી, ત્રિકાળ રહેનારી, ત્રિકાળ ટકનારી એ ચીજને અશુદ્ધપણે દયા, દાન ને વ્રત, ભક્તિના પરિણામમાં વર્તાવે. આહાહા..! જ્ઞાનીને આવે પણ એ એને જાણે. એમાં વર્તતો વ્યવહારે કહેવાય પણ એમાં જાણે. આદરે (કે) એને આદરવા લાયક છે એમ (માને) નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મીને પણ શુભભાવ તો આવે, આવે છતાં તેને જાણે કે આ અપરાધ છે, ગુનો છે, અશુદ્ધ છે, મારી ચીજમાં એનો મેળ નથી, મેળ વિનાની ચીજ છે. આવે છે ને કળશમાં?

મેળવાળી નથી. ઇ આવે છે, બે ત્રણ ઠેકાણે કળશમાં, ગાથામાં આવે છે. મારે ને એને મેળવાળું નથી. આહાહા..! દૂધમાં છાશ પડે તો મેળ કહેવાય, દહિ થાય. એમ મારામાં આ વસ્તુ આવે તો મને લાભ થાય એવો એ નથી. એ તો નુકશાન કરનાર છે. આહાહા..! ભારે આકરી વાત. શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિનો, પડિમાનો શુભભાવ એ એમાં વર્તતો થકો. આહાહા..! ગજબ કર્યું છે એમાં. એને પરદ્રવ્યને ગ્રહણ કરે એ વાત આમાં લીધી નથી. ફક્ત અશુદ્ધમાં વર્તતો થકો, બસ! આ વાત લીધી. કારણ કે, આત્મા સિવાય જે જે પરદ્રવ્ય છે એને ગ્રહી શકતો નથી. ગ્રહી શકતો નથી, મુકતો નથી. પોતાના પરિણામમાં અશુદ્ધમાં વર્તતો થકો એ અજ્ઞાન ભાવે કરી શકે છે. આહાહા..! પરચીજનું લેવું-મુકવું તો અજ્ઞાન ભાવે પણ કરી શકતો નથી. કોઈને આ ચીજ દેવી કે લેવી એ તો અજ્ઞાન ભાવે પણ કરી શકતો નથી. એ તો પરચીજ છે, પરચીજને જવું-આવવું એ તો એને આધીન છે. આહાહા..! આવું સાંભળે ત્યાં (એમ થાય) આવો જૈન ધર્મ હશે?

પેલા કહે, 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ અનંતા જીવ મુક્તિએ ગયા...' અરે..! બાપા! એ કઈ દયા તારી? આહાહા..! એ પરની દયાના ભાવપણે જે વર્તે છે એ અશુદ્ધપણે વર્તે છે. સમજાણું આમાં? પરની દયા કરી શકતો નથી પણ પરની દયાના ભાવપણે જે વર્તે છે એ અશુદ્ધપણે વર્તે છે, એ રાગ છે. અર..ર..ર..! આવી વાતું કોઈ દિ' સાંભળી ન હોય. નવું (કાઢ્યું એમ કહે). નવું નથી, પ્રભુ! અનાદિનો જિનેશ્વરદેવ તીર્થંકર પરમાત્મા અનાદિથી (આમ કહે છે). મહાવિદેહમાં તો તીર્થંકરનો વિરહ કોઈ દિ' પડે જ નહિ. મહાવિદેહમાં તો સદાય તીર્થંકરનો એ ઉપદેશ ચાલુ જ છે, અનાદિથી ચાલુ છે. આહા..! ત્યાં તો વિરહ પડે નહિ. અત્યારે પણ ભગવાન ત્યાં છે. આહાહા..! આ ભાષા આકરી છે.

પરને ગ્રહે છે એ વાત તો ન લીધી. કારણ કે પરને ગ્રહે છે, મુકે છે એ તો લઈ શકતો નથી પણ અશુદ્ધપણે વર્તી શકે છે. રાગ ને દ્વેષપણે (વર્તી શકે છે). હું આ દયા પાળુ ને હું ભક્તિ કરું ને પૂજા કરું એવો ભાવ, એવા અશુદ્ધભાવપણે જે વર્તે છે... છે? **'તેમ આત્મા પણ...'** પણ એટલે કેમ? પેલો દાખલો આપ્યો એટલે. ચોરીનો દાખલો આપ્યો. **'તેમ આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો,...'** આહાહા..! **'પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે...'** ઇ આ અશુદ્ધ વર્તતો થકો ઇ, હોં! એ પરદ્રવ્યનું ગ્રહણ–અનુભવ એવો અપરાધ કરે છે, પરદ્રવ્યનો અનુભવ **'જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે...'** આહાહા..! રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ પરદ્રવ્ય છે. આવું આકરું કામ. એ પરદ્રવ્યના ભાવપણે જે વર્તે છે એ પરદ્રવ્યનું ગ્રહણ કરે છે. એ પરદ્રવ્ય જે રાગાદિ તેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે. આહાહા..! આકરી વાત.

પુણ્ય-પાપમાં કહ્યું છે ને કે તમે જ્યારે શુભ-અશુભ બેયનો નિષેધ કરો પછી એને કરવું શું પણ ત્યારે? રહ્યું શું હવે? બસ, સમાય ગયું બેયમાં? આખો ભગવાન રહી ગયો.

શુભ-અશુભ તો નવું ઉત્પન્ન થાય, ઉત્પન્ન થાય ને જાય. એ તો એ જ વસ્તુ હતી? એનો નિષેધ કરતાં ભગવાન અંદર છે કે નહિ? સદાય ત્રિકાળ ભગવાન છે ત્યાં વર્તે છે, એ તો અમૃતનો સ્વાદ લે છે. શુભાશુભ પરિણામને ઝેરને છોડે છે એ અમૃતને સેવે છે. આહાહા..! ઇ બ્રહ્માનંદને અનુભવે છે. ઝેરના દુઃખને છોડી દે છે. આહાહા..!

દુનિયાથી બધું વિરુદ્ધ લાગે. બધી ધમાલ ચાલતી હોય... બબ્બે હજાર, પાંચ પાંચ હજાર માણસ (ભેગા થાય). આમ કરો... આમ કરો... આમ કરો... આમ કરો... એકબીજાને મદદ કરો. વ્યવહાર સમજાવે ત્યારે આવે પણ એ જાણવા લાયક છે. સમજાણું? ઇ તો દાખલો આવ્યો હતો ને ન્યાં 'દાન અધિકાર'માં? કે, પૈસા મળ્યા, કાગડાને જે ઉકડીયા મળ્યા એ કાગડો એકલો ખાતો નથી. એમ તને પુણ્યને લઈને મળ્યા ને એકલો ખા તો કાગડામાંથી જાઈશ. ઇ આવો ઇ જાતનો શુભભાવ હોય છે એમ બતાવે છે. ખરેખર એ આદરણીય અને અંગીકાર કરવા લાયક છે એમ નથી. અર..ર..ર..! આવી વાતું હવે. એકકોર આચાર્ય એમ કહે કે, એને દાનમાં કાગડાની પેટે ખરચવું. કાગડો એકલો ન ખાય, એમ તને મળ્યું હોય એમાંથી ધર્મમાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં, મંદિરમાં એમાં ખરચવું. આહા..! પણ છે એ પુણ્ય, છે એ શુભ, છે એ અપરાધ. અર..ર..ર..ર..! એ અશુભથી બચવાને માટે શુભ આવે એવી વાત જણાવે છે. પણ ત્યાં ને ત્યાં ચોંટી રહે, અટકી રહે (તો) ઇ તો અનાદિનો છે ત્યાં ને ત્યાં ઉભો છે. આહાહા..!

અહીં તો (કહે છે), અશુદ્ધ પણે વર્તતો થકો. પોતે વર્તતો થકો છે ને? પરદ્રવ્યનું ગ્રહણ એ લક્ષણ છે એ તો અપરાધ છે. રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપના ભાવ પોતાના છે એમ અનુભવવા એ અપરાધ છે. આહાહા..! એ પરનો અનુભવ એવું જે લક્ષણ એ તો અપરાધ કરે છે. આહાહા..! ગજબ છે. 'અમૃતચંદ્રાચાર્ય' ની વાણી સ્પષ્ટ કરી છે, ચોખવટ કરે છે. 'કુંદકુંદાચાર્યે' કહ્યું છે. અંદરમાં નથી કહ્યું? એને તો સ્પષ્ટ કરે છે. છે અહીંયાં અપરાધી ન આવ્યું?

**एवम्हि सावराहो बज्झामि अहं तु संकिदो चेदा।**
**जइ पुण णिरावराहो णिस्संकोहं ण बज्झामि।।३०३।।**

પાઠ છે, એ કાંઈ ઘરનું કહેતા નથી. એમાં છે એનું સ્પષ્ટીકરણ કરે છે. આહાહા..! ગળે ઉતરવું કઠણ પડે. કારણ કે, એક તો દરકાર (નથી), સંસારના આખા કામ આડે નવરો નથી. નવરો થાય તો કલાક સાંભળવા જાય તો મળે એવું કે, દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો એ ધર્મ છે. હવે એમાં અહીં એમ કહે કે, દયા પાળો એ રાગ ને હિંસા છે, એ દયાનો ભાવ એ અપરાધ છે, ગુનેગાર છે. શું કરવું આનું? થોડું ઘણું પોચું કરો. 'હિંમતભાઈ' લાવ્યા હતા. 'મુંબઈ' તમે લાવ્યા હતા? 'મુંબઈ' શું કહેવાય ઇ? 'પુનમચંદ ઘાંસીલાલ'. મંદિર છે ને? કાલબાદેવી રોડ. 'પુનમચંદ ઘાંસીલાલ' એ સમાચાર લાવ્યા હતા (કે) સ્વામીજી થોડું

ઓછું કરે તો અમે કરીએ એમ કરીને આપણે ભેગા થઈ જઈએ. કહો, થોડું થોડું માં ને માં કહે અને થોડું માં ને બાયડી કહે તો આપણે ભેગા થઈ જઈએ. એમ કહેવાય? અર..ર..! માતા તો માતા જ છે. એમ સત્ય તો સત્ય જ છે અને અસત્ય તો અસત્ય જ છે. આહા..! એ અસત્ય કોઈ દિ' કંઈ પણ સત્યમાં આવી જાય (એમ બને નહિ). આહાહા..! આકરું કામ છે. લોકો એટલું સાંભળે છે. આહાહા..!

**'પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ...'** પરદ્રવ્યના ગ્રહણની વ્યાખ્યા એટલી કે અશુદ્ધપણે વર્તતો થકો. અશુદ્ધપણે વર્તવું છે એ જ પરદ્રવ્યનું ગ્રહણ છે. પરદ્રવ્ય પરવસ્તુને ગ્રહે છે કે મુકે છે એ વાત નથી. સમજાણું કાંઈ? આહાહા..! શુદ્ધ સ્વરૂપ જે ભગવાન એમાં અશુદ્ધને ગ્રહવો, અનુભવવો એ જ ગ્રહણ છે. આહાહા..! હવે કાંઈ કરતાં નથી એના કરતાં બિચારા થોડું-ઘણું કરે છે એ કરવા દ્યોને એને, કેટલાક વળી એમ કહે છે. 'શાંતિભાઈ'! એમ કરીને શુભ છોડીને અશુભમાં જવાની વાત છે નહિ. આ તો શુભ છે એ શું ચીજ છે એ જણાવે છે, શુભને છોડીને અશુભ કરવું એમ અહીં વાત છે નહિ. પણ પોતે શુભ છે એ છે શું? છે અપરાધ, અશુદ્ધતા. એને તું જો ધર્મ ને ગુણ માન તો મિથ્યાદૃષ્ટિપણે ચાર ગતિમાં રખડવું પડશે. આહાહા..! એ કહ્યું ને? **'પરદ્રવ્યનું ગ્રહણ...'** પણ એ અશુદ્ધપણે વર્તતો એ પરદ્રવ્યનું ગ્રહણ (છે). **'એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે...'** તેને બંધની શંકા થાય કે, આ હું બંધાવ છું. બીજું સવળું લેશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૭૩ ગાથા-૩૦૧ થી ૩૦૫ ગુરુવાર, પોષ સુદ ૧, તા. ૨૦-૧૨-૧૯૭૯

---

'સમયસાર' ૩૦૧, ૩૦૨, ૩૦૩. (ટીકા) ફરીને.

**ટીકા :- 'જેમ આ જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ...'** પરદ્રવ્યનું ગ્રહણ એટલે પરદ્રવ્યને પોતાનું માનીને અનુભવવું. **'એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી,...'** દૃષ્ટાંતમાં તો એમ આવે ને કે પરદ્રવ્યને ગ્રહણ કરે છે. **'તેમ આત્મા પણ...'** પેલામાં ગ્રહણ કરે છે એમ હતું અને આમાં **'આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો,...'** સિદ્ધાંત અહીં છે. અશુદ્ધ વર્તતો થકો. પર્યાયમાં મેલ અશુદ્ધ ભાવ... આહા..! શુભ-અશુભભાવ એ જે અશુદ્ધ ભાવ એ પણે વર્તતો થકો, **'પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે...'** એ પરદ્રવ્યનો અનુભવ એવો જે અપરાધ કરે છે... **'એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે શુદ્ધ વર્તતો થકો અપરાધ કરતો નથી, શુદ્ધ વર્તતો થકો અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી-**

**એવો નિયમ છે. માટે સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે...'** અહીં શબ્દ આખો સિદ્ધાંત છે. **'સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે (અર્થાત્ પરદ્રવ્યના સર્વ ભાવોને છોડીને) શુદ્ધ આત્માને ગ્રહણ કરવો,...'** ગ્રહણ કરે એટલે અનુભવે. આહાહા..! આત્મા આનંદ અખંડ જ્ઞાનાનંદ (છે) એને અનુભવે. એ સિવાય સર્વથા સર્વ પર ભાવોના પરિહાર. સર્વથા અને સર્વ પારકા ભાવો. આહાહા..! એ ચાહે તો પરમાત્મા પ્રત્યે (ભક્તિનો ભાવ હો), એ બધા પારકા ભાવ (છે).

આત્મા અખંડ જ્ઞાનાનંદ એના અનુભવ સિવાય **'સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે (અર્થાત્ પરદ્રવ્યના સર્વ ભાવોને છોડીને) શુદ્ધ આત્માને ગ્રહણ કરવો,...'** શુદ્ધ આત્માને અનુભવવો. આહાહા..! અશુદ્ધ વર્તતો થકો એટલે એ અશુદ્ધ અનુભવતો હતો. આત્માને પુણ્ય ને પાપના વિકલ્પથી મલિનતાને અનુભવતો હતો. એ અપરાધ છે, એક ગુનો છે. આ શુદ્ધ આત્માને અનુભવવો. એમાં વિકલ્પ-બિકલ્પ, પુણ્ય બધું બહારમાં આવી ગયું. ચાહે તો તીર્થંકર ગોત્ર બાંધે એ બધું બહારમાં આવી ગયું. **'સર્વથા સર્વ પારકા ભાવોના...'** સર્વ પારકા ભાવોના **'પરિહાર વડે (અર્થાત્ પરદ્રવ્યના સર્વ ભાવોને છોડીને) શુદ્ધ આત્માને...'** અનુભવ કરવો. સમજાવવું છે ને એમાં? સમજાવવાના બે પ્રકાર આવે ને? હેય ને ઉપાદેય. બાકી હેય ને ઉપાદેય પણ વ્યવહાર છે. સમજાવવામાં એ વિના ઉપાય ન મળે. નહિતર આ છોડ ને આ ગ્રહણ કર એ પણ હજી વ્યવહાર છે. આહાહા..! જ્યાં પરની અપેક્ષા આવી ને? બે આવ્યા ને? એ વ્યવહાર છે. પણ સમજાવવું છે તો એ વિના બીજો શું થાય ઉપાય? આહા..! શુદ્ધ આત્માને અનુભવ કરવો, એને છોડીને. રાગ માત્રને હેય જાણી અને શુદ્ધ આત્માને અનુભવવો.

**'કારણ કે એમ થાય ત્યારે જ નિરપરાધપણું થાય છે.'** ત્યારે નિરપરાધી થાય. ભારે આકરું કામ. આહાહા..! એક આત્મા સિવાય, અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ એ સિવાય વિકલ્પની વૃત્તિનો અંશ પણ મલિન ને પરદ્રવ્ય છે, એ સ્વદ્રવ્ય નથી. એથી સમજાવવાની શૈલીમાં તો શું આવે? કે, રાગાદિ પરદ્રવ્યને છોડી અને આત્મા જ્ઞાનાનંદ છે તેને અનુભવવો. કથન ઉપદેશ શૈલીનો બીજો કોઈ ઉપાય ન મળે. આહાહા..! શુદ્ધ આત્માને અનુભવ કરવો. **'કારણ કે એમ થાય ત્યારે જ નિરપરાધપણું થાય છે.'** શુદ્ધ અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપી આત્મા, એનો અનુભવ સ્વસન્મુખ થઈને થાય તે જ એક નિરપરાધપણું છે. એકાંત અને એકાંત આ છે. આહાહા..! એ સિવાય વિકલ્પમાત્ર પરદ્રવ્ય તરીકે ગણીને છોડવા લાયક છે. સમજાવવાની શૈલીમાં તો (બીજું શું આવે?)

**ભાવાર્થ :– 'જો માણસ ચોરી આદિ અપરાધ કરે તો તેને બંધનની શંકા થાય; નિરપરાધને શંકા શા માટે થાય?'** જે અપરાધ કરતો નથી એને શંકા થાય નહિ. **'તેવી જ રીતે જો આત્મા પરદ્રવ્યના ગ્રહણરૂપ...'** પર તરફના વલણના વિકલ્પમાં આવે અને **'અપરાધ કરે**

**તો તેને બંધની શંકા થાય જ;...'** આહાહા..! પરદ્રવ્યને કાંઈ ગ્રહણ કરી શકતો નથી. પરદ્રવ્યનો ગ્રહણ ત્યાગ આત્મામાં નથી. ફક્ત સ્વદ્રવ્ય તરફનું લક્ષ છોડી અને પરદ્રવ્યના લક્ષે જે વિકાર કરે, તેને અનુભવે એ પરદ્રવ્યને અનુભવે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! આવો માર્ગ (છે).

**'આત્મા પરદ્રવ્યના ગ્રહણરૂપ અપરાધ કરે તો તેને બંધની શંકા થાય જ;...'** આ રીતે. પરદ્રવ્ય તરફનું લક્ષ કરે અને સ્વનો આશ્રય છોડે એ જ બંધનું કારણ થાય. ત્યારે એ બંધની શંકા ઉત્પન્ન થાય. આહાહા..! **'જો પોતાને શુદ્ધ અનુભવે,...'** એટલે કે જેવો શુદ્ધ છે એવો જ અનુભવે. એ મલિન છે નહિ કંઈ, મલિનતા તો માન્યતામાં ઉભી કરે છે. રાગાદિ મલિન (ભાવ) વસ્તુમાં નથી, વસ્તુ તો શુદ્ધ પવિત્ર છે. એ શુદ્ધ આત્માનો અનુભવ કરવો. ત્યારે જ નિરપરાધ થવાય છે. કેટલા લખાણ! વ્યવહારના પાર ન મળે. ચરણાનુયોગના 'રત્નકરંડ શ્રાવકાચાર' ને કેટલા વ્રત પાળવા ને અતિચાર ટાળવા ને... આ કરવું ને આ કરવું. વચ્ચે આવે એનું જ્ઞાન કરાવ્યું છે. બાકી તો એ વ્રતનો વિકલ્પ છે એ પણ અપરાધ છે. આહાહા..! એ પરદ્રવ્યમાં જાય છે, શુદ્ધ આત્માના અનુભવમાં એ આવે નહિ. શુદ્ધ આત્માનો અનુભવ કરવો **'ત્યારે જ નિરપરાધ થવાય છે.'**

*** નિર્વિકલ્પ અનુભવમાં સમ્યગ્દષ્ટિ નિરંતર રહી શકતા નથી એટલે તેને શાસ્ત્રાભ્યાસ વગેરેનો ભાવ આવે છે. નિર્વિકલ્પ અનુભવની અપેક્ષાએ તે શુભરાગને હેય કહ્યો છે. નિર્વિકલ્પ અનુભવમાં રહેવું તે તો ઉત્તમ જ છે. પણ છદ્મસ્થનો ઉપયોગ નીચેની દશામાં આત્મસ્વરૂપમાં લાંબો કાળ લાગતો નથી. માટે જ્ઞાનની વિશેષ નિર્મળતા માટે શાસ્ત્રાભ્યાસમાં બુદ્ધિ જોડવી યોગ્ય છે. નિશ્ચયાભાસી તો તેનો સર્વથા નિષેધ કરે છે, પણ અરે ભાઈ ! તને બીજો રાગ તો આવે છે ! તો શાસ્ત્રાભ્યાસ વગેરેમાં પણ ઉપયોગ જોડવો તે યોગ્ય છે. તેમાં જે રાગ છે તે દોષ છે, પણ તીવ્ર ઉપયોગ જોડવો તે યોગ્ય છે. તેમાં જે રાગ છે તે દોષ છે, પણ તીવ્ર રાગની અપેક્ષાએ શાસ્ત્રાભ્યાસમાં જોડાવું યોગ્ય છે. સમ્યગ્દર્શન થયું ત્યાં કાંઈ તદ્દન વીતરાગતા થઈ જતી નથી. સમ્યગ્દર્શન પછી પણ રાગ તો આવે છે. જો નિર્વિકલ્પ આનંદમાં જ્ઞાનપર્યાય એકાગ્ર થઈ જાય તો તો તે બરાબર છે, પણ જ્યારે નિર્વિકલ્પ આનંદમાં ન રહેવાય ત્યારે સ્વાધ્યાય, પૂજા, દેવ-ગુરુની ભક્તિ વગેરે પ્રશસ્ત કાર્યો છોડીને વિકથા વગેરે નિંદનીક કામમાં જોડાય તો મહા અનર્થ થાય. ૯૮૩.**

**– પરમાગમસાર**

# ગાથા–૩૦૪-૩૦૫

को हि नामायमपराधः ?—

संसिद्धिराधसिद्धं साधियमाराधियं च एयट्ठं।
अवगदराधो जो खलु चेदा सो होदि अवराधो।।३०४।।
जो पुण णिरावराधो चेदा णिस्संकिओ उ सो होइ।
आराहणाइ णिच्चं वट्टेइ अहं ति जाणंतो।।३०५।।

संसिद्धिराधसिद्धं साधितमाराधितं चैकार्थम्।
अपगतराधो यः खलु चेतयिता स भवत्यपराधः।।३०४।।
यः पुनर्निरपराधश्चेतयिता निश्शङ्कितस्तु स भवति।
आराधनया नित्यं वर्तते अहमिति जानन्।।३०५।।

परद्रव्यपरिहारेण शुद्धस्यात्मनः सिद्धिः साधनं वा राधः। अपगतो राधो यस्य चेतयितुः सोऽपराधः। अथवा अपगतो राधो यस्य भावस्य सोऽपराधः, तेन सह यश्चेतयिता वर्तते स सापराधः। स तु परद्रव्यग्रहणसद्भावेन शुद्धात्मसिद्ध्यभावाद्बन्धशङ्कासम्भवे सति स्वयमशुद्धत्वादनाराधक एव स्यात्। यस्तु निरपराधः स समग्रपरद्रव्यपरिहारेण शुद्धात्मसिद्धिसद्भावाद्बन्धशङ्काया असम्भवे सति उपयोगैकलक्षणशुद्ध आत्मैक एवाहमिति निश्चिन्वन् नित्यमेव शुद्धात्मसिद्धिलक्षणयाराधनया वर्तमानत्वादाराधक एव स्यात्।

---

હવે પૂછે છે કે આ 'અપરાધ' એટલે શું? તેના ઉત્તરમાં અપરાધનું સ્વરૂપ કહે છે :–

સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ, આરાધિત, સાધિત-એક છે,
એ રાધથી જે રહિત છે તે આતમા અપરાધ છે; ૩૦૪.
વળી આતમા જે નિરપરાધી તે નિઃશંકિત હોય છે,
વર્તે સદા આરાધનાથી, જાણતો 'હું' આત્મને. ૩૦૫.

ગાથાર્થ :– [ संसिद्धिराधसिद्धम् ] સંસિદ્ધિ, *રાધ, સિદ્ધ, [ साधितम् आराधितं च ] સાધિત અને આરાધિત - [ एकार्थम् ] એ શબ્દો એકાર્થ છે; [ यः खलु चेतयिता ]

જે આત્મા [ अपगतराधः ] 'અપગતરાધ' અર્થાત્ રાધથી રહિત છે [ सः ] તે આત્મા [ अपराधः ] અપરાધ [ भवति ] છે.

[ पुनः ] વળી [ यः चेतयिता ] જે આત્મા [ निरपराधः ] નિરપરાધ છે [ सः तु ] તે [ निश्शङ्कितः भवति ] નિઃશંક હોય છે; [ अहम् इति जानन् ] 'શુદ્ધ આત્મા તે જ હું છું' એમ જાણતો થકો [ आराधनया ] આરાધનાથી [ नित्यं वर्तते ] સદા વર્તે છે.

ટીકા :- પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન તે રાધ. જે આત્મા 'અપગતરાધ' અર્થાત્ રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે. અથવા (બીજો સમાસવિગ્રહ આ પ્રમાણે છેઃ) જે ભાવ રાધ રહિત હોય તે ભાવ અપરાધ છે; તે અપરાધ સહિત જે આત્મા વર્તતો હોય તે આત્મા સાપરાધ છે. તે આત્મા, પરદ્રવ્યના ગ્રહણના સદ્‌ભાવ વડે શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવને લીધે બંધની શંકા થતી હોઈને સ્વયં અશુદ્ધ હોવાથી, અનારાધક જ છે. અને જે આત્મા નિરપરાધ છે તે, સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિના સદ્‌ભાવને લીધે બંધની શંકા નહિ થતી હોવાથી 'ઉપયોગ જ જેનું એક લક્ષણ છે એવો એક શુદ્ધ આત્મા જ હું છું' એમ નિશ્ચય કરતો થકો શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી, આરાધક જ છે.

ભાવાર્થ :- સંસિદ્ધિ, રાધ, સિદ્ધિ, સાધિત અને આરાધિત-એ શબ્દોનો અર્થ એક જ છે. અહીં શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધનનું નામ 'રાધ' છે. જેને તે રાધ નથી તે આત્મા સાપરાધ છે અને જેને તે રાધ છે તે આત્મા નિરપરાધ છે. જે સાપરાધ છે તેને બંધની શંકા થાય છે માટે તે સ્વયં અશુદ્ધ હોવાથી અનારાધક છે; અને જે નિરપરાધ છે તે નિઃશંક થયો થકો પોતાના ઉપયોગમાં લીન હોય છે તેથી તેને બંધની શંકા નથી, માટે 'શુદ્ધ આત્મા તે જ હું છું' એવા નિશ્ચયપૂર્વક વર્તતો થકો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના એક ભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.

## ગાથા-૩૦૪ અને ૩૦૫ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે આ 'અપરાધ' એટલે શું?' શિષ્યનો પ્રશ્ન છે, કે અપરાધ એટલે શું? ગુનો કોને કહેવો? 'તેના ઉત્તરમાં અપરાધનું સ્વરૂપ કહે છે :-'

संसिद्धिराधसिद्धं साधियमाराधियं च एयट्ठं।
अवगदराधो जो खलु चेदा सो होदि अवराधो।।३०४।।

**जो पुण णिरावराधो चेदा णिस्संकिओ उ सो होइ।**
**आराहणाइ णिच्चं वट्टेइ अहं ति जाणतो।।३०५।।**

**સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ, આરાધિત, સાધિત-એક છે,**
**એ રાધથી જે રહિત છે તે આતમા અપરાધ છે; ૩૦૪.**
**વળી આતમા જે નિરપરાધી તે નિઃશંકિત હોય છે,**
**વર્તે સદા આરાધનાથી, જાણતો ‘હું’ આત્મને. ૩૦૫.**

**ટીકા :–** ‘**પરદ્રવ્યના પરિહાર વડે...**’ એટલે પરદ્રવ્યના આશ્રયના ત્યાગથી ‘**શુદ્ધ આત્માની સિદ્ધિ...**’ શુદ્ધ આત્માનું આરાધન. આહાહા..! ‘**અથવા સાધન...**’ આત્માની સિદ્ધિ કહો કે સાધન કહો બધું એકાર્થ છે. આત્મા અખંડ જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ (છે) તેની સિદ્ધિ થવી, તેનું સાધન થવું–વીતરાગ ભાવ (થવો) ‘**તે રાધ. છે જે આત્મા ‘અપગતરાધ’ અર્થાત્ રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે.**’ આવા રાધ રહિત એટલે શુદ્ધ આત્માની સિદ્ધિનું સાધન એવા રાધથી રહિત હોય એ આત્મા અપરાધ છે. આહાહા..! શું કીધું સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ધર્મી પોતાને શુદ્ધ અનુભવે છે.

ઉત્તર :– ‘**પરદ્રવ્યના પરિહાર વડે...**’ હેય-ઉપાદેય કહેવું છે ને? ઉપાય સમજાવવું શી રીતે? આત્માનું સાધન ને શુદ્ધની સિદ્ધિ, એનું સેવન કરવું એટલે આશ્રય લેવો એ ‘અપગતરાધ’ છે. એ રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે. એવા રાધ રહિત હોય તે અપરાધ છે. આત્માના આશ્રયની સેવા સિવાય જે કંઈ રાગાદિમાં જાય તે બધો અપરાધ છે. આશ્રય કહો કે સેવા કહો. સ્વદ્રવ્ય જે શુદ્ધ ચૈતન્ય તેના આશ્રય ને સેવન વિના જેટલો રાગાદિમાં જાય તેટલો તેને અપરાધ છે. આહાહા..! એ રાધ રહિત છે માટે ગુનેગાર છે. આહાહા..! આવું સ્વરૂપ (છે).

‘**તે આત્મા અપરાધ છે. અથવા...**’ બીજો એનો અર્થ કર્યો છે. ‘**બીજો સમાસવિગ્રહ આ પ્રમાણે છે:) જે ભાવ રાધ રહિત હોય...**’ જે આત્માના સેવન વિનાનો ભાવ હોય, આત્માના આશ્રય વિનાનો જે ભાવ હોય ‘**તે ભાવ અપરાધ છે;...**’ પહેલા એમ કહ્યું કે, રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે. હવે અહીં એમ કહ્યું, ‘**જે ભાવ રાધ રહિત હોય તે ભાવ અપરાધ;...**’ ‘**તે ભાવ અપરાધ છે...**’ આહા..! જ્ઞાનાનંદ સ્વરૂપ સ્વભાવ સ્વરૂપ, એનાથી વિરુદ્ધ જે કંઈ રાગ એ રાધ રહિત, સેવન રહિત છે. આત્માના આશ્રય રહિત છે. આહાહા..! ‘**તે ભાવ અપરાધ છે;...**’ આત્માના આશ્રય વિનાનો ભાવ તે ભાવ અપરાધ છે.

આત્માનો રાધ, સેવન, સિદ્ધિ, આશ્રય એ વિનાનો ભાવ. ગમે તે પ્રકારનો શુભ કે અશુભ વિકલ્પ ઊઠે એ આત્માના આશ્રય વિનાનો ભાવ (છે) એ જ અપરાધ ને ગુનેગાર છે. ઓહોહો..! આકરું કામ પડે. આ તો અપૂર્વ વાત છે. બહારમાં તો પ્રવૃત્તિમાં મનાય.

ત્યારે દેખાય ને એ દેખાય એટલે કરે, અને એ તો કરી શકે. ભાવ, ભાવ હોં!

અહીંયાં તો કહે છે, જે ભાવ રાધ રહિત હોય, આત્માના આશ્રય, સેવન વિનાનો જે ભાવ હોય, જે આત્માના અવલંબન વિનાનો ભાવ હોય, જે ભાવમાં પરદ્રવ્યનો આશ્રય ને અવલંબન આવે તે ભાવ અપરાધ છે. આહાહા..! આવી ટૂંકી વાત, બહુ ટૂંકી કરી.

પહેલામાં કહ્યું હતું ને? પહેલામાં તો એ કહ્યું હતું. **'પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન...'** એમ અસ્તિ કરીને (કહ્યું). એ રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે. અને આ સીધો અર્થ એ કર્યો **'જે ભાવ રાધ રહિત હોય તે ભાવ અપરાધ છે;...'** જેમાં આત્મા ચિદાનંદ ભગવાન અખંડ આનંદના આશ્રયમાં, સેવનમાં, અવલંબનમાં આવ્યો નથી તે બધો ભાવ અપરાધ અને ગુનો છે. આહાહા..! માણસને આવું આકરું પડે. વાડામાં તો એમ કહે, ઇરીયાવહી કરો, પડિકમણ કરો, સામાયિક થઈ જાય. લ્યો! આહાહા..! અહીંયા તો કહે, ઇરીયાવહી કરવા જાવ તો વિકલ્પ ઊઠે એ અપરાધ છે. આહાહા..! તતસૂતરી કરણેન, પ્રાયશ્ચિત કરણેન એ બોલવા જાવ ત્યાં વિકલ્પ ઉઠે છે એ અપરાધ છે. આવી વાત છે.

એક જ સિદ્ધાંત કહ્યો–આત્મા આનંદ અને અખંડાનંદ પ્રભુ, જ્ઞાન ને આનંદનો પૂર્ણ સ્વભાવ એના આશ્રય વિનાનો જેટલો પરનો આશ્રય (છે) એ બધો અપરાધ છે, ગુનો છે. આહાહા..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ અપરાધ છે. આહાહા..! કારણ કે, એ આત્માનો આશ્રય એમાં નથી. એમાં પરનો આશ્રય આવ્યો. આહાહા..! આકરું પડે ભાઈ! લોકને શું થાય? વસ્તુ તો આ છે. છેલ્લો 'મોક્ષ અધિકાર' છે ને? ચોખવટ એકદમ ચોખ્ખી કરી નાખી.

આત્મા ચૈતન્ય અખંડ આનંદ પ્રભુ એનો આશ્રય ને સેવન એ રાધ છે, તે નિરપરાધ છે. એ રાધ વિનાનો જે ભાવ જેટલો ઉઠે એ બધો અપરાધ (છે) અને પરદ્રવ્યનો આશ્રય અવલંબનથી આહાહા..! છે કે નહિ આમાં? આવું ન કરવું ત્યારે કરવું શું? આખો દિ' કરવું આ ધંધો મુકીને થોડું બે ઘડી સામાયિક કરીને બેસે, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં... તો એમાં તો એમ થાય કે, સામાયિક કરી, સાંજે પડિકમણુ કર્યું, મિચ્છામિ દુક્કડમ્. ધર્મ કર્યો ધર્મ.

ધર્મ તો એને કહીએ જે અખંડાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ તેનો આશ્રય, તેનું અવલંબન, તેની સન્મુખતાની એકાગ્રતા એ એક જ રાધ ધર્મ છે. રાધ એટલે સેવન ને ધર્મ છે. એ **'રાધ રહિત હોય તે ભાવ...'** હોં! ભાવ. વસ્તુ નહિ, પરદ્રવ્ય એ નહિ. પરદ્રવ્ય કાંઈ ગુનો નથી, પરદ્રવ્ય સ્વતંત્ર જગતની ચીજ છે. આહાહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો, લક્ષ્મી, શરીર, વાણી, મન, કર્મ એ તો પરદ્રવ્ય છે, એ કાંઈ ગુનો નથી, એ તો પરદ્રવ્યની વસ્તુ છે. એના રહિત આત્માની સેવા રહિતનો ભાવ અપરાધ છે. અહીં તો એટલી વાત (છે).

આહાહા..! એમાં ને એમાં એની સેવા તે નિરપરાધ છે ને એની સેવાના વિનાનો ભાવ તે અપરાધ છે, બસ! બીજા પદાર્થની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..!

**'તે અપરાધ સહિત જે આત્મા વર્તતો હોય...'** પેલામાં આવી ગયું હતું ને? અશુદ્ધ વર્તતો થકો. તો અહીં એ આવ્યું. **'તે અપરાધ સહિત જે આત્મા વર્તતો હોય...'** આહાહા..! આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ (છે) એ સિવાય વર્તે તે અપરાધ અને **'તે અપરાધ સહિત જે આત્મા વર્તતો હોય તે આત્મા સાપરાધ છે.' 'તે આત્મા સાપરાધ છે.'** આહાહા..! પાંચ નવકાર ગણવા ને ભગવાનની સામું જોવું ને... એ બધો ભાવ અપરાધ છે, કહે છે. આહાહા..! નવરો થાય તો ણમો અરિહંતાણં (બોલે). અનુપૂર્વી ગણે. ચોપડી આવે છે ને? અનુપૂર્વી ગણે એટલે થઈ ગયો ધર્મ. કહે છે, એ આત્માના આશ્રય વિનાનો વિકલ્પ છે, એ ગુનો ને અપરાધ છે. આવી વાત છે. અત્યાર સુધી સાંભળ્યું એનું શું કરવું? આહાહા..!

**'તે અપરાધ સહિત જે આત્મા વર્તતો હોય તે આત્મા સાપરાધ છે. તે આત્મા, પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવ વડે...'** તે આત્મા પરદ્રવ્યનું ગ્રહણ એટલે રાગાદિ તેના **'સદ્ભાવ વડે શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવને લીધે...'** ત્યાં શુદ્ધ આત્માની સિદ્ધિ, રાધ, સેવન એના અભાવને લીધે. છે ને અર્થ? નીચે અર્થ આવી ગયો. છે ને? રાધ. નીચે રાધના અર્થ કર્યા છે. આરાધના–અંદર આત્માની સેવા કરવી એ આરાધના (છે). વિકલ્પ વિનાની આત્માની સેવા એ આત્માની પ્રસન્નતા (છે). રાગ થાય તે અપ્રસન્નતા. એ આત્માની અપ્રસન્નતા છે. આ આત્માનો આશ્રય, જ્ઞાન ને આનંદ એનો આશ્રય તે પ્રસન્નતા, તે આત્માની કૃપા. છે ને નીચે અર્થ. એ આત્માની એ કૃપા. આહાહા..! નીચે ફૂટનોટમાં છે. આરાધના, પ્રસન્નતા, કૃપા... કૃપા... એ આત્માની કૃપા થઈ. આત્માનું સેવન કરવું એ આત્માની કૃપા. રાગ એ આત્માની અકૃપા. આત્માનું એક સેવન કરવું એ પ્રસન્નતા (છે), રાગ છે તે અપ્રસન્નતા (છે). આહાહા..! સિદ્ધિ–સ્વભાવની સિદ્ધિ, ચૈતન્ય સ્વરૂપની, પુણ્ય-પાપ રહિત આત્માની સિદ્ધિ. એ આરાધના, એ સેવના, પૂર્ણતા. એ રાધ સેવના એ પૂર્ણતા. છે બધે આરાધન, આરાધન. છતાં એને પૂર્ણતા કીધી. એને સિદ્ધ કરવું, એ નિર્મળ પરિણામનું સિદ્ધ થવું અને તે પૂર્ણ કરવું. એ બધું રાધના અર્થમાં જાય છે. આહાહા..!

**'તે આત્મા, પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવ વડે...'** ગ્રહણનો અર્થ અનુભવ. પરદ્રવ્ય કાંઈ ગ્રહી–પકડી શકતો નથી. પરદ્રવ્ય મારા એનો આશ્રય એનું નામ ગ્રહણ. પરદ્રવ્યના ગ્રહણનો અનુભવ. એ રાગનો અનુભવ એ પરદ્રવ્યનું ગ્રહણ. આહા..! **'પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવ વડે...'** આહાહા..! **'શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવને લીધે...'** જેમાં શુદ્ધ આત્મા વિકલ્પ વિનાનો, રાગ વિનાનો (છે) એની સિદ્ધિનો અભાવ છે. પરદ્રવ્યના ગ્રહણમાં, વિકલ્પમાં આત્માની સિદ્ધિનો અભાવ છે. એને **'લીધે બંધની શંકા થતી હોઈને...'** એને બંધની શંકા થાય, અબંધ તો જોયો નથી. આહાહા..! આત્મા અબંધ સ્વરૂપ છે એ તો જોયું નથી. 'जो पस्सदि अप्पाणं

अबद्धपुट्ठं' ૧૪મી-૧૫મી ગાથા. જૈન શાસન એણે જોયું કહેવાય. જેણે આત્માને અબદ્ધ સ્પૃષ્ટ જોયો, દેખ્યો, અનુભવ્યો એ જૈન શાસન, એ આરાધના, એ રાધ. આહાહા..! અને એના વિરાધનો ભાવ

**'સિદ્ધિના અભાવને લીધે બંધની શંકા થતી હોઈને સ્વયં અશુદ્ધ હોવાથી,...'** રાગનો ભાવ સ્વયં અશુદ્ધ હોવાથી. પરદ્રવ્યના અવલંબનથી થતો સ્વયં અશુદ્ધ ભાવ છે. આહાહા..! કાંઈ આધાર, કાંઈ સાધન-બાધન કાંઈ (નહિ). કીધું ને એ સાધન કીધું ને ઇ. આત્માનો આશ્રય કરવો એ આત્માનું સાધન. એ સાધન (છે). આહાહા..! આવી ગયું ને? સાધન નીચે આવી ગયું. અર્થમાં આવી ગયું. આરાધના આવી. **'પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન તે રાધ...'** છે. એ સાધન છે. આહાહા..!

**'બંધની શંકા થતી હોઈને સ્વયં અશુદ્ધ હોવાથી,...'** સ્વયં અશુદ્ધ હોવાથી. કોઈ કર્મ કારણે કે પરને કારણે નહિ. પોતે જ અશુદ્ધ હોવાથી. શુભ-અશુભભાવના મલિન પરિણામમાં એકાકાર ઠરવાથી, **'સ્વયં અશુદ્ધ હોવાથી, અનારાધક જ છે.'** એ આત્માનો અસેવક છે, રાગનો સેવક છે. આત્માનો અસેવક છે, રાગનો સેવક છે. આહાહા..! આવી વાતું હવે. **'સ્વયં અશુદ્ધ હોવાથી, અનારાધક જ છે.'** જોયું? 'જ' શબ્દ મુક્યો છે. **'અનારાધક જ છે.'** આહાહા..! વિકલ્પ માત્ર તેનું સેવન કરવાથી–મારા છે એમ માનવાથી, એમાં લાભ છે એમ માનવાથી, મારી ચીજ છે એમ માનવાથી (તે) અનારાધક જ છે. અશુદ્ધ હોવાથી અનારાધક જ છે. એ આરાધક નથી, એ આત્માની સેવા કરનારો નથી, એ વિકારની સેવા કરનારો છે. આહાહા..! આવું આકરું કામ છે.

**'અને જે આત્મા નિરપરાધ છે તે, સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે...'** આહાહા..! સ્વદ્રવ્યના આશ્રય સિવાય. આરાધક જીવ સિદ્ધિ રાધનું સેવન કરનાર આત્માનો **'સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે...'** વીતરાગ એમ કહે કે, મારા આશ્રય ને આધાર વિના. આહાહા..! સમગ્ર પરદ્રવ્ય, બધા પરદ્રવ્ય એટલે ભગવાન તીર્થંકર ને એની વાણી, એ બધા પરદ્રવ્ય. આવું કામ છે. સમગ્ર બધા **'પરદ્રવ્યના પરિહાર વડે...'** મુનિ પોતે કહે છે, કે અમે પણ પરદ્રવ્ય છીએ. પરદ્રવ્યના પરિહાર વડે–અમારી સામું જોયા વિના. આહાહા..! અંદર જો, અંદર ભગવાન છે. આહા..! **'સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિના સદ્‌ભાવને લીધે...'** અંદર ભગવાન છે, જ્ઞાન સ્વભાવ છે, આનંદ સ્વભાવ છે, વીતરાગ સ્વભાવ છે, તે બધા નિત્ય સ્વભાવ છે. આહાહા..! તે સ્વભાવની સેવના. જુઓ! આહાહા..!

**'સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિના સદ્‌ભાવને લીધે...'** શુદ્ધ આત્માની સિદ્ધિ એટલે ઇ એકાગ્રતા, સ્વસ્વભાવની એકાગ્રતા, વિકલ્પ વિનાની નિર્વિકલ્પ દશા. આહાહા..! **'એ શુદ્ધ આત્માની સિદ્ધિના સદ્‌ભાવને લીધે બંધની શંકા નહિ થતી હોવાથી...'** ધર્મીને બંધની શંકા નહિ થતી હોવાથી. આહાહા..! રાગનો વિકલ્પ ઊઠે છે એ પણ મારો નથી,

એ પરનો છે, હું તો ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ છું એવી જેની આશ્રય દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે એને પરદ્રવ્યના પરિહાર વડે બંધની શંકા થતી નથી. મને બંધ થશે એમ શંકા થતી નથી. આહાહા..! છે? આહાહા..! બહુ ટૂંકું. **'શુદ્ધ આત્માની સિદ્ધિના સદ્ભાવને લીધે બંધની શંકા નહિ થતી હોવાથી...'** આહાહા..!

**'ઉપયોગ જ જેનું એક લક્ષણ છે...'** રાગ ને વિકલ્પ, પંચ મહાવ્રતના પરિણામ ને તીર્થંકર ગોત્ર બાંધે, ષોડશ પ્રકારે ભાવના, પંચ મહાવ્રત ને પંચ મહાવ્રતની ભાવના ને... 'ભાવ પાહુડ'માં આવે. આમ કરવું, આમ કરવું જણાવે. પણ કહે છે, કે એ બધો અપરાધ છે. આહાહા..! આવી વાત સાંભળવી કઠણ પડે. ભગવાન તો કહી ગયા છે, અનાદિ કાળથી આ કહેતા આવ્યા છે, આ કાંઈ નવી વાત નથી. અનંત કાળથી તીર્થંકરો તો મહાવિદેહમાં અનાદિથી કહેતા જ આવ્યા છે. આહા..! એ જ આ વાત છે. એને છોડીને ઘરની બધી વાતું કલ્પનાથી કરે. સાંભળનારાને ખબર ન હોય, જય નારાયણ આહાહા..! બહુ સારી વાત કરી, બહુ સારી વાત કરી. આહા..!

**'ઉપયોગ જ જેનું એક લક્ષણ છે...'** જોયું? એ રાગ થાય, જેનાથી બંધાય એ રાગ પણ આત્માનું લક્ષણ નથી. આહાહા..! પંચમ આરાના મુનિ જગતને જાહેર કરે છે, હજાર વર્ષ પહેલા (કહી ગયા છે). કોઈ એમ કહે કે, આ તો ચોથા આરાની વાતું છે. પંચમ આરાના સાધુ પંચમ આરાના શ્રોતાને વાત કરે છે. ધર્મને કાંઈ આરો નડતો નથી. પાંચમા આરાના છેડે પણ સારા ભાવલિંગી સંત થશે. આહાહા..! છેડે, હોં! કાળ ક્યાં નડે છે?

**'ઉપયોગ જ જેનું એક લક્ષણ છે...'** એક જ લક્ષણ છે. બે લક્ષણ નથી. રાગ એનું લક્ષણ અને ઉપયોગ એનું લક્ષણ (એમ) બે (લક્ષણ નથી). દયા, દાન, વ્રત આદિનો ભાવ પણ આત્માને સાધન છે અને ઉપયોગ પણ સાધન છે, (એમ) બે નથી. **'ઉપયોગ જ જેનું એક લક્ષણ છે...'** આહાહા..! **'એવો એક શુદ્ધ આત્મા...'** ઉપયોગ જ જેનું એક લક્ષણ છે. જાણવું-દેખવું એક ઉપયોગ એ જ જેનું આત્માનું લક્ષણ છે, એવો એક શુદ્ધ આત્મા. એવો એક શુદ્ધ આત્મા. ઉપયોગ જ જેનું એક લક્ષણ છે એવો એક શુદ્ધ આત્મા. એક શુદ્ધ આત્મા, જોયું? આહાહા..! **'એક શુદ્ધ આત્મા જ હું છું...'** આહાહા..! આ ધર્મીની આ દૃષ્ટિ હોય છે. આહાહા..! ઉપયોગ આત્મા ને શુદ્ધ આત્મા એ તો પડ્યો રહ્યો એકકોર, આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો (એમાં) જિંદગી ચાલી જાય છે. આહાહા..!

**'ઉપયોગ જ જેનું એક લક્ષણ છે...'** રાગ રહિત જાણવું-દેખવું એક એનું લક્ષણ છે. એવો એક શુદ્ધ આત્મા, એવો એક શુદ્ધ આત્મા. **'એવો એક શુદ્ધ આત્મા જ હું છું...'** વચ્ચે રાગાદિ હું નથી. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ તે હું નથી, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે હું નથી. આહાહા..! જે ભાવે આહારક શરીર બંધાય, મુનિને સર્વાર્થસિદ્ધનું આયુષ્ય બંધાય એ હું નથી. આહાહા..! આવી વાત છે. એક એક ગાથા ચડતી છે પણ

દરકાર જેને આત્માનું કરવાની હોય એની આ વાત છે. બહારની વાતું બહારમાં તો ચાલ્યા કરે છે. આહા..!

**'એવો એક શુદ્ધ આત્મા જ હું છું' એમ નિશ્ચય કરતો થકો...'** છે? એમ નિર્ણય કરતો થકો. હું એક શુદ્ધ આત્મા ઉપયોગ જ છું. જાણવું-દેખવું ઉપયોગ જ એક લક્ષણ મારું છું એવો આત્મા છું, એવો નિર્ણય કરતો થકો. આહાહા..! પરનું ભલું કરી દઉં ને પરથી મારામાં ભલું થાય ને એ કોઈ ચીજ મારામાં છે જ નહિ. આહાહા..! તો પછી આ શાસ્ત્ર બનાવવા ને ઉપદેશ દેવો (એ) એને કારણે બને છે, ભાઈ! ઉપદેશ ને ભાષા ભાષાને કારણે, શાસ્ત્ર એની ભાષાને કારણે બને. આત્મા એને બનાવે એવું છે નહિ. આહાહા..!

**'એક શુદ્ધ આત્મા જ હું છું' એમ નિર્ણય કરતો થકો શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે...'** શુદ્ધ આત્માની સિદ્ધિ, સાધન, આરાધન, કૃપા, પ્રસન્નતા **'જેનું લક્ષણ છે એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી,...'** એવી આરાધના. **'શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવી આરાધના....'** આહાહા..! **'શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ...'** શુદ્ધ પવિત્ર નિર્મળ આનંદકંદ અખંડાનંદ પ્રભુ એવી જે સિદ્ધિ, એનું જે લક્ષણ **'એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી, ધર્મી આરાધક જ છે.'** આરાધક જ છે. આહાહા..! આવી વાતું છે. હવે આમાં વાદ-વિવાદે વાદ કરો (એમ કહે). તમારું એકાંત છે માટે વાદ કરો. જુઓ શાસ્ત્રમાં (લખ્યું છે). શાસ્ત્રમાં વ્યવહાર બહુ લખ્યો છે, લે ને! પણ એ વ્યવહારનું ફળ સંસાર છે. વ્યવહારથી સમજાવ્યા વિના બીજો ઉપાય ન મળે. આત્માને વાણી ન મળે, વિકલ્પ ન મળે હવે એને સમજાવવો શી રીતે? એટલે ભેદ પાડીને સમજાવવું, હેય અને ઉપાદેય કરીને સમજાવવું એ સિવાય ઉપાય નથી. છતાં તે આદરણીય, ભેદ આદરણીય નથી. હેય ને ઉપાદેય એવી બુદ્ધિ, વ્યવહાર એ આદરણીય નથી. આહાહા..!

આદરણીય તો આ એક જ (છે). છે? **'શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી, આરાધક જ છે.'** આ એક જ પ્રકારે વર્તતો થકો આરાધક છે, બીજો પ્રકાર એને નથી. આહાહા..! વ્યવહારમાં થોડો આવે તો જરી એને વિશ્રામ મળે, એમ કહેતા ને એક ફેરી? 'છોટાભાઈ' બ્રહ્મચારી હતા. 'છોટાલાલ' બ્રહ્મચારી. પછી છોડી દીધું. મારી ભૂલ છે. વ્યવહાર આવે ત્યારે થોડો વિશ્રામ મળે પછી વળી અંદર નિશ્ચયમાં જવાય. વ્યવહારમાં આવે ત્યારે દુઃખ લાગે, દુઃખ લાગે પછી સુખમાં જવાય. આહાહા..! આવી વાતું છે.

**'શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવી આરાધનાથી... એવી આરાધનાથી સદાય વર્તતો...'** પાછો સદાય વર્તતો. ચોવીસે કલાક, ઊંઘમાં પણ. અંદરથી ભિન્ન પડ્યો છે પછી ઊંઘમાં પણ ભિન્ન જ છે. આહાહા..! આવું કામ છે. એક જ નિશ્ચયની વાત જ કરે છે, (એમ લોકો) કહે (છે). નિશ્ચય કહે છે એ પણ એ કહે છે એ વ્યવહાર નથી? એ જ

વ્યવહાર છે. કહેવું છે એ વ્યવહાર છે, વિકલ્પ છે એ વ્યવહાર છે, આવો આત્મા છે એમ વિકલ્પ ઉઠીને કહેવું એ બધો વ્યવહાર છે. વ્યવહાર હોય છે પણ આદરણીય નથી. આહાહા..! જાણવા લાયક છે. આહાહા..! એક જ ગાથાએ કેટલું કામ કર્યું, જુઓને! આહાહા..!

પહેલું આ કરવું ને પછી આ થાય ને પહેલા અશુભમાંથી ખસીને શુભમાં આવે તો એને જરી શુદ્ધમાં જવાને ઠીક પડે. (એવી) કાંઈ આમાં તો વાત આવી નહિ. આહાહા..! અને છેલ્લો શુભભાવ હોય, છેલ્લો અશુભ ન હોય. અંતર દૃષ્ટિ થતાં અનુભવમાં જતા પહેલા શુભભાવ હોય પણ તેથી (એ) સાધન છે એમ નથી. હોય છેલ્લો વિકલ્પ શુભ જ હોય પછી એને છોડીને અંદર જાય ત્યારે તેનું આરાધન થાય. આહાહા..! ક્યાં ગયા 'દેવીલાલ' ગયા? સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ છે. આરાધક જ, આ આરાધક જ છે. આહા..!

ભગવાનઆત્મા નિર્મળાનંદ સંકલ્પ-વિકલ્પના ભાવથી રહિત નિર્વિકલ્પ અખંડ વીતરાગ એની સેવના એટલે આરાધના એટલે કે એકાગ્રતા એટલે કે એનો આશ્રય ઇ એક જ આરાધવા લાયક છે, એક જ કરવા લાયક છે. આહાહા..! આ એકાંત લાગે કે નહિ? 'યશપાલજી'! બીજાને લાગે. શું કહેવાય તમારો દેશ? 'મહારાષ્ટ્ર'. 'મહારાષ્ટ્ર' માં આમ કરો ને આમ કરો ને આ કરો, ક્રિયા કરે. આહાહા..! આકરું કામ છે, ભાઈ! હોય છે પણ એ કાંઈ વસ્તુ નથી. એને તો વસ્તુ નથી એમ કીધી છે.

જેમ સ્વની અપેક્ષાએ પરવસ્તુ નથી... શું કીધું ઇ? જેમ સ્વ છે એ અપેક્ષાએ પર અવસ્તુ છે, એમ નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર અવસ્તુ છે, વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છે. નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર અવસ્તુ છે. વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છે, વ્યવહાર નથી એમ નહિ પણ વ્યવહાર નિશ્ચયની અપેક્ષાએ અવસ્તુ છે. આહાહા..! સ્વ ઉપાદાનની અપેક્ષાએ નિમિત્ત અવસ્તુ છે. એ અવસ્તુ છે એ આત્માને–વસ્તુને મદદ શી રીતે કરે? આહાહા..! એમ શુદ્ધ ઉપાદાન સ્વભાવ શુદ્ધની અપેક્ષાએ વ્યવહાર છે એ અશુદ્ધ છે, એ અવસ્તુ છે, તો વસ્તુને અવસ્તુ મદદ શી રીતે કરે? આહાહા..! ગજબ વાત છે. એક તો વસ્તુ કહેવી. એ તીર્થંકર ભગવાન છે પણ આ આત્માની અપેક્ષાએ નથી, એ અદ્રવ્ય છે. આ દ્રવ્ય છે તો એ અપેક્ષાએ બીજી વસ્તુ અદ્રવ્ય છે. અર..ર..ર..! આહાહા..!

પંચપરમેષ્ઠી પણ અદ્રવ્ય છે, એની અપેક્ષાએ દ્રવ્ય છે. આની અપેક્ષાએ અદ્રવ્ય છે. શુદ્ધ ઉપાદાનની અપેક્ષાએ નિમિત્ત અવસ્તુ છે, નિમિત્તમાત્ર વસ્તુ અવસ્તુ છે. નિમિત્તની અપેક્ષાએ નિમિત્ત છે, વસ્તુ છે. પોતાની અપેક્ષાએ અવસ્તુ છે. એમ શુદ્ધ ઉપાદાનની અપેક્ષાએ વ્યવહાર છે પણ એ વ્યવહાર શુદ્ધ ઉપાદાનની અપેક્ષાએ અવસ્તુ છે, વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છે. આરે.. આરે.. આવી વાતું કોઈ દિ' સાંભળી ન હોય.

સ્વચતુષ્ટયમાં આવે છે ને? સપ્તભંગી, સપ્તભંગી. સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવથી અસ્તિ છે. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ ને પરભાવથી નાસ્તિ છે. સપ્તભંગી આવે છે. આહાહા..!

ગજબ વાત કરે છે ને! એમ વ્યવહાર વ્યવહારની અપેક્ષાએ છે, સ્વની અપેક્ષાએ વ્યવહાર અવસ્તુ છે. એને નુકશાનકારક કે લાભદાયક નથી માટે અવસ્તુ છે. આહાહા..! શું એની શૈલી! મીઠી-મધુરી અમૃત ધારા (વહે છે). આહાહા..!

કહે છે, કે અમૃત સાગર ભગવાન, એની અપેક્ષાએ રાગ ઝેર છે. ઝેરની અપેક્ષાએ ઇ છે, અમૃત સાગરની અપેક્ષાએ ઇ નથી. આહાહા..! ગજબ વાત છે. ભગવાન અખંડ અમૃત સાગર છે એની અપેક્ષાએ રાગ, દયા, દાનનો રાગ વસ્તુ જ નથી, અવસ્તુ છે, અદ્રવ્ય છે, અક્ષેત્ર છે, અકાળ છે, અભાવ છે. આહાહા..! કળશ ટીકાવાળા તો બહુ લાંબું લઈ ગયા છે. આત્મા ત્રિકાળની અપેક્ષાએ છે, વર્તમાન પર્યાયની અપેક્ષાએ નહિ, પર્યાય પરદ્રવ્ય છે. આહાહા..! ઇ પરકાળ છે. ત્રિકાળ વસ્તુ એ સ્વકાળ છે, વર્તમાન પર્યાય એ પરકાળ છે, પર્યાયની અપેક્ષાએ પર્યાય છે. આહાહા..!

અહીં કહે છે... આહા..! એક જ શુદ્ધ આત્માની અપેક્ષાએ અશુદ્ધપણું છે એની અપેક્ષાએ (છે), આની અપેક્ષાએ નથી. એક જ શુદ્ધ આત્માનું લક્ષણ જેનું **'એવી આરાધનાથી સદાય વર્તતો...'** જોયું? સદાય વર્તતો. કોઈ ક્ષણ, સમય એમ નહિ સદાય. સ્વપણે છું અને પરપણે નથી, એ સદાય વર્તતો થકો. આહાહા..! આમાં કેટલું યાદ રાખવું? સદાય વર્તતો હોવાથી. આહાહા..! સ્વ શુદ્ધ અખંડ આનંદપણે છું અને અશુદ્ધ મલિનપણે નથી એ અપેક્ષાએ સદાય વર્તતો થકો **'આરાધક જ છે.'** એને આરાધક કહેવામાં આવે છે. એને આત્માની સેવા કરનારો કહેવામાં આવે છે. પરની સેવા કરી શકતો નથી. પરની સેવા કરો, પરની સેવા કરો. કોણ કરી શકે? પરની સેવા ઇ રાગની. રાગ ને પુણ્યના પરિણામની સેવા એ પરની સેવા અને સ્વની શુદ્ધની સેવા એ સ્વની સેવા. એ રીતે સ્વની સેવા તે આરાધક છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૭૪ શ્લોક-૧૮૭, ગાથા-૩૦૪ થી ૩૦૭ શુક્રવાર, પોષ સુદ ૨, તા. ૨૧-૧૨-૧૯૭૯**

---

૩૦૪ ને ૩૦૫ છે ને? એનો ભાવાર્થ છે.

**ભાવાર્થ :- 'સંસિદ્ધિ, રાધ, સિદ્ધિ, સાધિત અને આરાધિત-એ શબ્દોનો અર્થ એક જ છે.'** બધા પર્યાય વાચક છે, પર્યાય વાચક એટલે ભિન્ન ભિન્ન અક્ષરો પણ અર્થ એક જ છે, **'એ શબ્દોનો અર્થ એક જ છે. અહીં શુદ્ધ આત્માની સિદ્ધિ...'** શુદ્ધ આત્માની સિદ્ધિ એટલે સાધકપણું **'અથવા સાધનનું નામ 'રાધ' છે.'** અહીં સાધનની વાત છે. પૂરું થઈ ગયેલાની વાત નથી. અંતર આત્માનું અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ તેની એકાગ્રતાનું સેવન અથવા આશ્રય

તેને અહીંયાં સાધન કહેવામાં આવે છે, આ સાધન છે. **'જેને તે રાધ નથી તે આત્મા સાપરાધ છે...'** જેને એ રાધ નથી એટલે સેવના નથી, આત્માનો આશ્રય નથી, આત્માનું અવલંબન નથી અને વિકલ્પ આદિનું અવલંબન ને આશ્રય છે એ બધા સાપરાધી ગુનેગાર છે. આહાહા..!

શુદ્ધ આત્માની સિદ્ધિ **'જેને તે રાધ નથી તે આત્મા સાપરાધ છે...'** આહાહા..! વિકલ્પ માત્ર કર્મકૃત ભાવ (છે), એ ધર્મકૃત ભાવ નહિ. એ સર્વ ભાવ સાપરાધ છે, એ અપરાધમાં જાય છે, ગુનામાં જાય છે. **'અને જેને તે રાધ છે...'** રાધ એટલે સેવન, આશ્રય. આત્મા અખંડ જ્ઞાનાનંદનો જ્યાં આશ્રય છે તે આત્મા નિરપરાધ છે. જેનો દ્રવ્ય સ્વભાવ... કાલે આવી ગયું, કે ત્રિકાળી નિરુપાધિ સ્વભાવ છે તેથી તે નિરાવરણ દર્શન-જ્ઞાન વડે જ એ સેવના જણાય એવો છે. શું કહ્યું ઇ? આત્મા ત્રિકાળ નિરુપાધિ સ્વરૂપ છે તેથી તેનું લક્ષ અથવા સેવન આશ્રય નિરાવરણ જ્ઞાન ને દર્શન દ્વારા તેનું સેવન-આશ્રય કરી શકાય. આહાહા..! કાલે આવ્યું હતું નહિ? આવ્યું હતું ને કાલે?

આત્મા ત્રિકાળી નિરુપાધિ સ્વભાવ છે. તે નિરાવરણ જ્ઞાન-દર્શનની પર્યાયથી જ આશ્રય ને સેવન કરવા લાયક છે. સમજાય છે કાંઈ? આહાહા..! વિકલ્પ, જેટલો ઉઠે રાગ એ બધું પરદ્રવ્ય ને બંધનું કારણ છે, ઝેર છે. અમૃત સ્વરૂપ, અમૃત સ્વરૂપ આત્મા એમાં છે એ ભાવથી જણાય એવો છે, એમાં નથી એનાથી જણાય એવો નથી. સમજાય છે કાંઈ? એનામાં જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, વીતરાગતા ભરેલી છે તો એ એ સ્વભાવ દ્વારા જણાય એવો છે, એમાં છે તે દ્વારા જણાય એવો છે, એમાં નથી તે દ્વારા જણાય એવો નથી. આહાહા..! આવું ઝીણું, ઝીણું પડે. અપૂર્વ વાત તો આ છે.

એ અહીં કીધું, **'તે આત્મા સાપરાધ છે અને જેને તે રાધ છે...'** એટલે સ્વભાવનું આરાધન છે એટલે કે તે વીતરાગ ત્રિકાળી સ્વભાવ છે એવો જ પર્યાયમાં સ્વભાવ થવાથી તેનું સેવન, આરાધન થાય છે. આહાહા..! તે આત્મા નિરપરાધી છે. પોતે નિરુપાધિ સ્વભાવ અખંડાનંદ જ્ઞાન સ્વરૂપ પ્રભુ તે અખંડ જ્ઞાનની પર્યાય જે સ્વભાવિક છે એનાથી તે જણાય એવો છે. છે એમાં, એનામાં જે છે એનાથી જણાય એવો છે, એનામાં નથી એનાથી જણાય એવો નથી. આ ટૂંકી ભાષા. સમજાણું કાંઈ? આહાહા..! જે એનામાં સ્વભાવ છે તે સ્વભાવની પર્યાય દ્વારા જ સ્વભાવ જણાય એવો છે. કારણ કે ઇ એનામાં છે તે ભાવથી તે જણાય, એનામાં નથી તે ભાવથી તે જણાય નહિ. આહાહા..!

કાલે તો ત્યાં સુધી આવ્યુ હતું. કે નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર નથી જ. કેમકે નિશ્ચયમાં વ્યવહાર નથી. સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય છે, સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય છે. તીર્થંકરનો આત્મા પણ આ સ્વદ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય છે. આહાહા..! એમ નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર પણ નથી જ. નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર નથી જ. વ્યવહારની અપેક્ષાએ

વ્યવહાર છે. આ રીતે, આ રીતે. સ્વની અપેક્ષાએ વ્યવહાર નથી જ, એમાં છે નહિ. જેમ પરદ્રવ્ય સ્વની અપેક્ષાએ અદ્રવ્ય છે. એમ સ્વ નિશ્ચયની અપેક્ષાએ રાગ વ્યવહાર તે અદ્રવ્ય છે અથવા અનિશ્ચય અથવા એ ભાવ નથી. પણ એની અપેક્ષાએ એ ભાવ છે, વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છે પણ વ્યવહારની અપેક્ષાએ લાભ થાય એમ નહિ. વ્યવહાર છે ખરો, પર્યાય પોતે વ્યવહાર છે ને દ્રવ્યમાં પર્યાય નથી. છતાં અહીં તો એમ કહે છે, કે સ્વભાવ જે છે તે સ્વભાવની નિરાવરણ પર્યાય દ્વારા તે સ્વભાવ લક્ષિત થઈ શકે છે, કે જે પર્યાય એમાં નથી. આહાહા..!

ફરીને, જે વસ્તુ છે એ ત્રિકાળ નિરાવરણ નિરુપાધિ સ્વરૂપ જ છે, વીતરાગ સ્વરૂપ જ છે. એમાં જે પર્યાય છે એ દ્રવ્યમાં નથી. આહાહા..! તો એમાં નથી તો એના દ્વારા જણાય ખરો પાછો. આહાહા..! અપેક્ષા તો કેટલી! એનામાં પર્યાય દ્રવ્યમાં નથી પણ જણાય તો એ પર્યાય દ્વારા જ જણાય. આહાહા..! પર્યાય વિના દ્રવ્ય હોય નહિ ક્યાંય કોઈ દિ' ત્રણકાળમાં. એટલે જણાય ત્યારે એ પર્યાય દ્વારા જણાય છે, પર્યાયમાં દ્રવ્યનું સ્વરૂપ જેવડું છે, જેટલું છે તેટલું જણાય છે છતાં તે દ્રવ્ય પર્યાયમાં આવતું નથી, છતાં તે દ્રવ્યમાં પર્યાયની નાસ્તિ છે અને પર્યાયમાં દ્રવ્યની નાસ્તિ છે. આહાહા..! આવું ઝીણું છે.

મુમુક્ષુ :- ઇન્દ્રજાળ જેવું લાગે.

ઉત્તર :- ઇન્દ્રજાળ છે. કહ્યું છે ને ત્યાં કહ્યું છે. પ્રભુ! એકકોર તમે કારક નથી એમ કહો, આહાહા..! વળી ધર્મ નથી, ગુણ નથી એમ કહો. ધર્મ નથી એટલે? નિત્ય-અનિત્ય, એક-અનેક એવા અપેક્ષિત ધર્મો છે પણ વસ્તુમાં નથી. કારકો પર્યાયમાં છે, કારકો ષટ્કારકરૂપે પર્યાય પરિણમે છે, અસ્તિપણે પોતે જ પોતાથી, હોં! દ્રવ્યની અપેક્ષા નહિ. નિમિત્તની અપેક્ષા તો નહિ, દ્રવ્યની અપેક્ષા નહિ. એ પર્યાય ષટ્કારકરૂપે પરિણમે છે છતાં આ પર્યાયના ષટ્કારક છે તે દ્રવ્યમાં નથી. દ્રવ્યના ષટ્કારક ધ્રુવ છે એ જુદા છે. આહાહા..! આ તો ષટ્કારકનું પર્યાયનું પરિણમન જે છે તે દ્રવ્યમાં નથી, છતાં ષટ્કારકનું પરિણમન છે તેમાં દ્રવ્યનું જેટલું અને જેવડું સામર્થ્ય છે એટલું પર્યાયમાં જણાય અને શ્રદ્ધામાં આવી જાય છે. આહાહા..! આવું આકરું છે. માર્ગ અંતર ચીજ તો અલૌકિક વાત છે, ભાઈ! ત્રણલોકમાં એના જેવી કોઈ ચીજ જ મોટી નથી. એક આત્મા, એક આત્મા ત્રણલોકમાં એના જેવી કોઈ મોટી ચીજ નથી. આહાહા..! એવો જે ભગવાનઆત્મા એનું જે રાધ, રાધ એટલે સેવન, સેવન એટલે એનો આશ્રય. આહાહા..! છતાં એ સેવનની પર્યાય અને આશ્રય દ્રવ્યને અડતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- અડ્યા વિના સેવન થાય?

ઉત્તર :- પર્યાયથી થાય, પણ પર્યાયમાં દ્રવ્ય આવે નહિ ને દ્રવ્યને પર્યાય અડે નહિ. પર્યાયનું અસ્તિત્વ દ્રવ્યના અસ્તિત્વમાં જાય નહિ, દ્રવ્યનું અસ્તિત્વ સત્તા પર્યાયની સત્તામાં

આવે નહિ.

મુમુક્ષુ :– કથંચિત્?

ઉત્તર :– કથંચિત્ નહિ, સર્વથા. કથંચિત્ તો ઇ કે, પર્યાય પર્યાયમાં છે, પર્યાય દ્રવ્યમાં નથી એમ. પણ કથંચિત્ પર્યાય દ્રવ્યમાં છે ને કથંચિત્ દ્રવ્યમાં પર્યાય નથી એમ નહિ. આહાહા..! માર્ગ બહુ ઝીણો, બાપુ!

અહીં એ કહે છે રાધ. જેણે આત્માનું સેવન કર્યું, સેવન એટલે આશ્રય લીધો. આશ્રય લીધો એટલે? પર્યાયે સ્વતંત્ર કર્તા થઈને લક્ષ કર્યું, બસ! ઇ આશ્રય. પર્યાયે સ્વતંત્ર કર્તા થઈને લક્ષ કર્યું એટલો આશ્રય. આહાહા..!

મુમુક્ષુ :– એ સ્વનું લક્ષ કર્યું કે પરનું?

ઉત્તર :– દ્રવ્યનું લક્ષ કર્યું. દ્રવ્યનું. પર્યાયે લક્ષ કર્યું દ્રવ્યનું પણ પર્યાયે પર્યાયમાં રહી કર્તાપણે સ્વતંત્રપણે રહીને લક્ષ કર્યું, દ્રવ્યમાં પેઠા વિના.

મુમુક્ષુ :– પર્યાય ને દ્રવ્ય તો એક બીજાથી પર છે ને? માટે પરનું લક્ષ કર્યું?

ઉત્તર :– હા લક્ષ, લક્ષ ન થાય? ઇ પર આવે નહિ. આ જ્ઞાનમાં આ જણાય છે એ ચીજ જણાતી નથી, જ્ઞાન જણાય છે, જ્ઞાનની પર્યાય જણાય છે. એ જણાય છે ક્યાં? એની સાથે આ જ્ઞાન ક્યાં તન્મય છે? જ્ઞાનની પર્યાય આ પર સાથે તન્મય ક્યાં છે? પોતે પર્યાય તન્મય પોતાની સાથે છે અને પરની સાથે તો અતન્મય છે, અભાવ છે.

મુમુક્ષુ :– પોતાની સાથે તન્મય નથી?

ઉત્તર :– પર્યાય તો પર્યાયમાં તન્મય છે.

મુમુક્ષુ :– દ્રવ્યમાં તન્મય છે ને?

ઉત્તર :– નહિ. પર્યાય પર્યાયમાં તન્મય છે, એમ કીધું. દ્રવ્યમાં કીધું નથી. આહાહા..!

મુમુક્ષુ :– દ્રવ્યનો સ્વાંગ ધારણ કર્યો એમ કહેવાય સાહેબ!

ઉત્તર :– ઇ તો એમાં શું? દરેક પર્યાયનો સ્વાંગ જ છે. 'સમયસાર'માં દરેક ઠેકાણે આવ્યું. એક એક લેખમાં કે આ પુણ્ય સ્વાંગ પહેરીને આવ્યું, મોક્ષ સ્વાંગ લઈને આવ્યું. એ તો સ્વાંગ તો દરેક પર્યાય (છે), સ્વાંગ એટલે પર્યાય. આહાહા..!

અહીં રાધ છે તે આત્મા નિરપરાધ છે. એ પર્યાયે જેને આત્માના લક્ષથી તેનું જ્ઞાન કર્યું અથવા તેનો આશ્રય કર્યો. તેની સેવા કરી એનો અર્થ ઇ કે એનો આશ્રય કર્યો. **'भूदत्थमस्सिदो'** આવે છે ને? અગિયારમી ગાથા. ભાષાના પ્રકાર ઘણા પ્રકાર પણ એનો મૂળ હેતુ શું છે? કે, આ આમ જે લક્ષ છે એ લક્ષ આમ કર્યું, એ પર્યાયે આત્માનું સેવન કર્યું એમ કહેવાય. આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ! બહારના આ ક્રિયાકાંડમાં રોકાય ગયેલા, રોકાયને ન્યાં ને ન્યાં પડ્યા બિચારા જિંદગી ચાલી જાય છે. આહાહા..! સત્ય જે રીતે છે, જે રીતે સત્ય છે તે રીતે હાથમાં ન આવે ને આડીઅવળી ક્રિયાકાંડમાંથી (પ્રાપ્ત

કરવા મથે). ઇ તો કાલે આવી ગયું હતું આપણે, ભગવાન તો ક્રિયા–સર્વ ક્રિયાકાંડના આલંબનથી રહિત છે. સર્વ ક્રિયાકાંડના રાગ ને દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા ને ગજરથ કાઢવા ને બધી ક્રિયાકાંડથી પ્રભુ રહિત છે. આહાહા..!

મુમુક્ષુ :– શુદ્ધરૂપે પરિણમવું ઇ ક્રિયાકાંડ?

ઉત્તર :– ઇ ક્રિયાકાંડ નહિ, ઇ એક છે ક્રિયા પણ ક્રિયાકાંડ એ નહિ. પર્યાય છે એ ક્રિયા છે, દ્રવ્ય છે તે નિષ્ક્રિય છે, પર્યાય છે તે સક્રિય છે પરિણમનની અપેક્ષાએ. રાગની અપેક્ષાએ નિર્મળ પર્યાય નિષ્ક્રિય છે. આરે..! કેટલી વાત કરવી? રાગની અપેક્ષાએ સમ્યગ્દર્શનની નિર્મળ પર્યાય નિષ્ક્રિય છે પણ દ્રવ્યની અપેક્ષાએ તે સક્રિય છે, બદલે છે. આવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? ધીમેથી સમજવું, ભાઈ! માર્ગ આવો છે. આહાહા..! અરે..! આવા ટાણા ક્યારે મળે? ભાઈ! આ તો માંડ મનુષ્ય ભવ (મળ્યો). એમાં વીતરાગની મૂળ વાણી... આહાહા..! કાને પડવી, સાંભળવી ભાગ્યવાનને પડે એવું છે. આહાહા..!

સત્–ઉત્પાદ-વ્યય ને ધ્રુવ ત્રણ સત્ છે. ત્રણ સત્. એક દ્રવ્યના ત્રણ સત્ હોવા છતાં એક સત્ બીજા સત્‌ની અપેક્ષા રાખતું નથી. ઇ તો ઘણી વાર કહેવાય ગયું છે. ૧૦૧ ગાથા, 'પ્રવચનસાર' ૧૦૧ ગાથા. ઉત્પાદને, વ્યય અને ધ્રુવની અપેક્ષા નથી. આહાહા..! આખી પર્યાયને તો નથી, આખી પર્યાય ઉત્પાદ-વ્યય બે, પણ એક એક ભાગ ઉત્પાદને, વ્યય ને આશ્રય દ્રવ્યની અપેક્ષા નથી. સત્ તેને સિદ્ધ કરવું છે. સત્ છે, છે તેને હેતુ હોઈ શકે નહિ. છે એને સિદ્ધ કરવા માટે હેતુ હોઈ શકે નહિ. છે ઇ છે, નિરપેક્ષ અપેક્ષા વિના છે.

અહીંયાં જે રાધનું કીધું ઇ સેવન એટલે એનો અર્થ આશ્રય, બસ! રાધ છે તે આત્મા નિરપરાધ છે. એટલે કે આત્મા જે છે, એણે પર્યાયમાં જેણે દ્રવ્યનો આશ્રય કર્યો છે એ નિરપરાધ છે. ઇ સેવના કહો કે આશ્રય કહો. આહાહા..! **'જે સાપરાધ છે તેને બંધની શંકા થાય છે.'** આહાહા..! જે રાગને સેવે છે, રાગ વિનાનો અબંધ સ્વરૂપ ભગવાન એને ભૂલી જાય છે, એને બંધની શંકા થાય છે. કેમ? કે જે વસ્તુ છે તે અબંધ સ્વરૂપ છે અને રાગ છે તે બંધ સ્વરૂપ છે. એટલે રાગ જેણે પોતાનો માન્યો એને બંધની શંકા થાય છે. આહાહા..! જે રાગ આત્માનો નથી (તેને પોતાનો માને છે).

કહ્યું નહિ? કાલ કહ્યું હતું, વ્યવહાર નિશ્ચયમાં નથી. નિશ્ચયમાં વ્યવહાર છે જ નહિ. નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર છે જ નહિ, વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છે. આહાહા..! સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય છે જ નહિ, પરદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય છે. નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર છે જ નહિ, વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છે. આહાહા..! આવું સ્વરૂપ હવે. ઇ ચીજ જ એવી છે.

ત્રણ અંશ હોવા છતાં દરેક અંશ નિરાલંબન છે. ઉત્પાદ-વ્યય ને ધ્રુવયુક્તં સત્. દ્રવ્ય

સત્, ગુણ સત્, પર્યાય સત્, સત્‌નો વિસ્તાર. ('પ્રવચનસાર') ૧૦૭ ગાથા. એ સત્‌નો વિસ્તાર છે. છતાં તે તે એક એક પર્યાય કે એક ગુણ, દ્રવ્ય કોઈની અપેક્ષા રાખતું નથી. આહાહા..! અપેક્ષા રાખે (તો) એ સત્‌ની સિદ્ધિ થઈ શકે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– પર્યાય ગુણની હોવા છતાં ગુણની અપેક્ષા નથી.

ઉત્તર :– હા. ઝીણી વાતો પડે, ભાઈ! પર્યાયના ષટ્‌કારકો છે એ સ્વતંત્ર ષટ્‌કારક દ્રવ્ય ને ગુણની અપેક્ષા વિના કામ કરે છે. છતાં પ્રશ્ન તો મગજમાં ઉઠ્યા હોય ઘણા, કે ષટ્‌કારક છે એમાં એક કારક બીજાની અપેક્ષા રાખે છે કે નહિ? ઇ તો ભેગું છે ને? ભેગું છે. એક જ સમયમાં ભેગું છે ને? પ્રશ્ન ઉઠ્યા હોય ને ઘણા. આવતા આવતા આવ્યું હોય એ આવે. આહા..! ષટ્‌કારક પર્યાયમાં છે એ એક એક કારક ખરેખર તો છે ઇ છે. એક પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ છે. એ એક એક અવિભાગ પ્રતિચ્છેદ પર અવિભાગ પ્રતિચ્છેદની અપેક્ષા રાખતું નથી. એવું એ સત્‌નું સ્વરૂપ છે. આહાહા..!

અહીં એ કહે છે, જેને એ આત્મઆશ્રય નથી, પર્યાયને આત્માનો આશ્રય નથી એટલે પર્યાયમાં આત્માનું સેવન નથી, પર્યાયમાં આત્માનું આરાધન નથી, આ પર્યાયમાં આત્માનું સાધન નથી... છે? (તે) **'સાપરાધ છે તેને બંધની શંકા થાય છે.'** જે અપરાધી જીવ છે તેને શંકા થાય છે. નિરપરાધીને (બંધની શંકા થતી નથી). **'માટે તે સ્વયં અશુદ્ધ હોવાથી...'** કેમ? કહે છે બંધની શંકા કેમ? કે રાગને જ લક્ષમાં લીધો છે ને રાગને સેવે છે. આહાહા..! એ અશુદ્ધ હોવાથી ચાહે તો શુભ રાગ હોય પણ શુભ રાગનું લક્ષણ ન્યાં જ પડ્યો છે તેથી **'અશુદ્ધ હોવાથી અનારાધક છે;...'** આહાહા..! આવું ઝીણું છે. એને સમજવું પડશે કે નહિ? ભાઈ! ગમે એવું ઝીણું છે એ છે ને? ઝીણું પણ છે ને? છે એને જાણવું છે એમાં છે ને પ્રશ્ન (શું)? આહાહા..! અને જાણનાર જાણનારને જાણે છે. આહાહા..! જાણનાર જાણનારને જાણે છે, જાણનાર જણાય છે તેને જાણતો નથી. આહાહા..! એની પોતાની પર્યાયની સત્તા છે તેને તે જાણે છે. આહાહા..!

**'સ્વયં અશુદ્ધ હોવાથી અનારાધક છે;...'** શું કીધું ઇ? એ રાગનો વિકલ્પ ચાહે તો દયા, દાન ને વ્રત, ભક્તિ આદિનો હોય કે ભગવાનના સ્મરણનો (હોય) એ અશુદ્ધ છે અને અશુદ્ધ મારું છે એમ સેવન કર્યું છે તે અનારાધક છે, એ આત્માનો આરાધક નથી, એ આત્માનો આશ્રય નથી, આત્માનું સેવન નથી. આહાહા..! છે કે નહિ? 'ધીયા'! ન્યાં નથી તમારે ઘીમાં નથી. અહીં છે, અહીં બીજી જાતમાં છે. ઘી ક્યાં એની ધીયા તો ઓળખ છે. લાકડા છે ને? શું છે? પતરા, લોઢાનો વેપાર. આહાહા..!

**'અશુદ્ધ હોવાથી અનારાધક છે;...'** પરને પોતાનું માને છે ઇ માન્યતા પરને લઈને નહિ, અશુદ્ધ હોવાથી સાપરાધી છે. અનારાધ જોયું? એ પરને, પરવસ્તુને માને છે એ તો પોતે પોતાને કારણે અશુદ્ધ છે, પરવસ્તુને કારણે અશુદ્ધ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'અને જે નિરપરાધ છે તે નિઃશંક થયો થકો પોતાના ઉપયોગમાં લીન હોય છે...'** જોયું? ઉપયોગમાં લીન છે, પર્યાયે એકાગ્ર છે, દ્રવ્ય તરફ પર્યાયની એકાગ્રતા છે. એ રાગ તરફ વલણ છે નહિ. આહાહા..! રાગનું સેવન નથી, રાગનો આશ્રય નથી. આહાહા..! જ્યાં સ્વભાવની સત્તાનું સેવન છે ત્યાં રાગની સત્તા જ નથી. નિરાલંબન એવી આત્મદશા એ નિરાગી આત્માના આશ્રયથી નિરાગી થઈ છે પોતાથી, ફક્ત આમ લક્ષ કર્યું છે, આશ્રય કર્યો છે એટલું. માટે તે નિરાગી દશા તે સ્વતંત્ર નિરપરાધી છે. આહાહા..!

**'માટે 'શુદ્ધ આત્મા તે જ હું છું'** છે? રાગ નહિ, પુણ્ય નહિ, દયા-દાન ભગવાનનું સ્મરણ, ભગવાનને યાદ કરવા... આહાહા..! તો પોતાની યાદને ભૂલી જાય છે, કહે છે. ભલે સ્વરૂપના ભાન સહિત હોય પણ છતાં તેટલી અસ્થિરતા છે. આહાહા..! (પોતાને) ભૂલીને ભગવાનને સંભારે એ તો મિથ્યાત્વનો અપરાધ છે, પણ ભૂલ્યા વિના સંભારે તો પણ રાગનો અપરાધ છે. કહો, 'ચંદુભાઈ'! આવી વાત છે. આહાહા..! માર્ગ બહુ અલૌકિક છે.

**'શુદ્ધ આત્મા તે જ હું છું...'** એ કોણ કહે છે? પર્યાય માને છે. માને છે પર્યાય ને? **'શુદ્ધ આત્મા તે જ હું છું એવા નિશ્ચયપૂર્વક વર્તતો...'** પર્યાય દેખો! **'થકો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના એક ભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.'** લ્યો! ઇ ત્રણની એક નિર્વિકલ્પ દશા. **'શુદ્ધ આત્મા તે જ હું છું એવા નિશ્ચયપૂર્વક વર્તતો થકો...'** આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, પર્યાય પર્યાયમાં સ્વતંત્ર કામ કરે છે. એ પર્યાયે પોતે દ્રવ્યનું આમ લક્ષ કર્યું છે પણ છતાં પર્યાય એમાં ભળી ગઈ નથી, તેમ દ્રવ્ય પર્યાયમાં ભળીને આવી ગયું નથી.

ઇ તો ૪૯ ગાથામાં આવ્યું હતું. અવ્યક્ત જે છે એ વ્યક્તને સ્પર્શતું નથી, (દ્રવ્ય) પર્યાયને સ્પર્શતું નથી એમ કહે છે. ૪૯ ગાથા, અવ્યક્તના બોલ છ બોલ. વ્યક્ત-અવ્યક્તનું એક સાથે જ્ઞાન હોવા છતાં વ્યક્તને તે સ્પર્શતો નથી. વ્યક્ત એટલે પ્રગટ પર્યાય. અરે..! ત્યાં સુધી કીધું... આહાહા..! દ્રવ્યને અડ્યા વિના, સ્પર્શ્યા વિના શુદ્ધ પર્યાય તે જ આત્મા છે. કીધું છે? ૨૦ મો બોલ. એ શુદ્ધ પર્યાય છે એ જ આત્મા છે. વેદનમાં જે નિર્મળ શુદ્ધ પર્યાય આવી એ આત્મા (છે). એ પર્યાય દ્રવ્યને અડતી નથી. આહાહા..! અલિંગગ્રહણ ૨૦ મો બોલ છે. આહાહા..!

જે પર્યાયે દ્રવ્યનો આશ્રય કરી અને વીતરાગતા પ્રગટ કરી તે વીતરાગતા તે જ આત્મા છે, એ જ આત્મા (છે). પ્રગટ પર્યાય જે છે એ જ આત્મા છે. આહાહા..! બધે ઠેકાણે દ્રવ્ય આત્મા... દ્રવ્ય આત્મા... દ્રવ્ય આત્મા (કહે), અહીં (કહે છે), પર્યાય આત્મા. વેદનમાં અમારે તો આવ્યું (એ આત્મા). ધ્રુવ વેદનમાં આવતું નથી, વેદનમાં તો પર્યાય આવે છે. આહાહા..! એટલે પર્યાયનું વેદન છે એ જ આત્મા. અને એ પર્યાય સામાન્ય દ્રવ્યને સ્પર્શતી નથી. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે દ્રવ્ય, પ્રત્યભિજ્ઞાનનું કારણ એટલે કે આ છે એ હતું,

તે છે ને છે તે રહેશે એવું જે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે સામાન્ય દ્રવ્ય એને સ્પર્શ્યા વિના, એને અડ્યા વિના શુદ્ધ વેદન પર્યાય આનંદની છે તે આત્મા છે. આહાહા..!

મુમુક્ષુ :– તાદાત્મ્ય સંબંધ પણ કહો છો અને એને સ્પર્શે નહિ, બે વાત કેમ બને?

ઉત્તર :– તાદાત્મ્ય સંબંધ કોની સાથે? એ તો પરની અપેક્ષાએ, પરથી જુદું પાડવાની અપેક્ષાએ. સ્વથી તો તાદાત્મ્ય છે નહિ. પર્યાય પર્યાયમાં છે, દ્રવ્ય દ્રવ્યમાં છે. આહાહા..! આકરી વાત છે. ત્યાં તો ત્યાં સુધી કીધું કે પર્યાય દ્રવ્યને અડતી નથી એવી જે શુદ્ધ પર્યાય પ્રગટ છે, પ્રગટ પર્યાય છે, દ્રવ્ય તો અપ્રગટ છે, અવ્યક્ત છે. આહાહા..! એ પર્યાય પોતે જ આત્મા છે, બસ! એ જ કહે છે, હું આત્મા છું. આહાહા..! આકરું કામ છે, ભાઈ! સત્યને સમજવું અને સત્યને નિસ્પૃહપણે ફક્ત લક્ષમાં વાત લેવી તે કઠણ છે. આહા..! એકકોર દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... કરે ને એકકોર કહે કે એ શુદ્ધ પર્યાય એ દ્રવ્ય છે. મારે તો સેવનમાં આનંદ આવ્યો અને જે કાંઈ પરિણતિ આવી પ્રગટ વેદનમાં તે આત્મા, બસ! આહાહા..! ૨૦ મો બોલ.

મુમુક્ષુ :– ૩૨૦ મી (ગાથામાં) બોલમાં એ પર્યાય...

ઉત્તર :– એ પર્યાય એમ કહે છે, કે હું તો ત્રિકાળ નિરાવરણ અખંડાનંદ એક અવિનશ્વર પ્રત્યક્ષ પ્રતિભાસમય શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું, પર્યાય એમ કહે છે. લક્ષ કરે છે. આ પર્યાય એમ કહે છે આ હું છું. અંદર પર્યાયમાં શ્રદ્ધા ને જ્ઞાન આવી ગયું છે ને એનું? દ્રવ્યનું સામર્થ્ય જેટલું છે એટલું પર્યાયમાં આવી ગયું છે એટલે પર્યાય કહે છે કે આ હું છું. પ્રગટ પર્યાય! આહાહા..! વાત તો આકરી બહુ, ભાઈ! જગતને સમજવી ને કઠણ (પડે). આહાહા..!

મુમુક્ષુ :– એક બાજુ કહે દ્રવ્ય જ આત્મા અને એક બાજુ કહે પર્યાય જ આત્મા.

ઉત્તર :– પર્યાય આત્મા. આહાહા..! માટે **'શુદ્ધ આત્મા તે જ હું છું' એવા નિશ્ચયપૂર્વક વર્તતો થકો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના એક ભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.**' લ્યો!

## શ્લોક-૧૮૭

(मालिनी)

अनवरतमनन्तबध्यते सापराधः
स्पृशति निरपराधो बन्धनं नैव जातु।
नियतमयमशुद्धं स्वं भजन्सापराधो
भवति निरपराधः साधु शुद्धात्मसेवी।।१८७।।

ननु किमनेन शुद्धात्मोपासनप्रयासेन? यतः प्रतिक्रमणादिनैव निरपराधो भवत्यात्मा; सापराधस्याप्रतिक्रमणादेस्तदनपोहकत्वेन विषकुम्भत्वे सति प्रतिक्रमणादेस्तदपोहकत्वेनामृतकुम्भत्वात्। उक्तं च व्यवहाराचारसूत्रे-अप्पडिकमणमप्पडिसरणं अप्पडिहारो अधारणा चेव। अणियत्ती य अणिंदागरहासोही य विसकुंभो।।१।। पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य। णिंदा गरहा सोही अट्ठविहो अमयकुंभो दु।।२।।

---

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ सापराधः ] સાપરાધ આત્મા [ अनवरतम् ] નિરંતર [ अनन्तैः ] અનંત પુદ્‌ગલપરમાણુરૂપ કર્મોથી [ बध्यते ] બંધાય છે; [ निरपराधः ] નિરપરાધ આત્મા [ बन्धनम् ] બંધનને [ जातु ] કદાપિ [ स्पृशति न एव ] સ્પર્શતો નથી જ. [ अयम् ] જે સાપરાધ આત્મા છે તે તો [ नियतम् ] નિયમથી [ स्वम् अशुद्धं भजन् ] પોતાને અશુદ્ધ સેવતો થકો [ सापराधः ] સાપરાધ છે; [ निरपराधः ] નિરપરાધ આત્મા તો [ साधु ] ભલી રીતે [ शुद्धात्मसेवी भवति ] શુદ્ધ આત્માનો સેવનાર હોય છે. ૧૮૭.

(હવે વ્યવહારનયાવલંબી અર્થાત્ વ્યવહારનયને અવલંબનાર તર્ક કરે છે કે :–) ‘એવો શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ (મહેનત) કરવાનું શું કામ છે? કારણ કે પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે; કેમ કે સાપરાધને, જે અપ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી, વિષકુંભ છે, માટે જે પ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં હોવાથી, અમૃતકુંભ છે. વ્યવહારાચારસૂત્રમાં (-વ્યવહારને કહેનારા આચારસૂત્રમાં) પણ કહ્યું છે કે -’

अप्पडिकमणमप्पडिसरणं अप्पडिहारो अधारणा चेव।
अणियत्ती य अणिंदागरहासोही य विसकुम्भो।।१।।

पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।
णिंदा गरहा सोही अट्ठविहो अमयकुम्भो दु।।२।।

[અર્થ :– અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ-એ (આઠ પ્રકારનો) વિષકુંભ અર્થાત્ ઝેરનો ઘડો છે. ૧.

[1]પ્રતિક્રમણ, [2]પ્રતિસરણ, [3]પરિહાર, [4]ધારણા, [5]નિવૃત્તિ, [6]નિંદા, [7]ગર્હા અને [8]શુદ્ધિ-એ આઠ પ્રકારનો અમૃતકુંભ છે. ૨.]

## શ્લોક–૧૮૭ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–' ૧૮૭ કળશ.

अनवरतमनन्तबध्यते सापराधः
स्पृशति निरपराधो बन्धनं नैव जातु।
नियतमयमशुद्धं स्वं भजन्सापराधो
भवति निरपराधः साधु शुद्धात्मसेवी।।१८७।।

**'સાપરાધ આત્મા નિરંતર...' 'अनन्तैः' 'અનંત પુદ્‌ગલપરમાણુરૂપ કર્મોથી બંધાય છે;...'** આહાહા..! જેની ગણતરી થઈ શકવી કઠણ, કહે છે. એ રાગને પોતાનો માનનાર, વિકલ્પને પોતાનો અનુભવનાર, ભગવાન એકકોર પડ્યો રહ્યો, એ જીવને **'નિરંતર અનંત પુદ્‌ગલપરમાણુરૂપ કર્મોથી બંધાય છે;...'** કહો, પાછા નિરંતર અને અનંત. રાગનો વિકલ્પ છે એ મારો છે એમ જે સેવન અને આશ્રય કરે છે એ નિરંતર અનંત પરમાણુથી (બંધાય છે). આહાહા..! એક સમયનો અપરાધ અને પરમાણુ અનંતા બંધ તરીકે થાય કહે છે. સમજાણું કાંઈ?

સ્વસ્વરૂપને ભૂલી અને રાગ જ વિકલ્પ છે તે હું, એવો જે સાપરાધી પ્રાણી નિરંતર

૧. પ્રતિક્રમણ = કરેલા દોષોનું નિરાકરણ કરવું તે
૨. પ્રતિસરણ = સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા
૩. પરિહાર = મિથ્યાત્વાદિ દોષોનું નિવારણ
૪. ધારણા = પંચનમસ્કારાદિ મંત્ર, પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું તે
૫. નિવૃત્તિ = બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે
૬. નિંદા = આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે
૭. ગર્હા = ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે
૮. શુદ્ધિ = દોષ થતાં પ્રાયશ્ચિત્ત લઈને વિશુદ્ધિ કરવી તે

અંતર વિના સમયે સમયે અનંત પુદ્‌ગલપરમાણુરૂપ કર્મોથી, ગણતરી નહિ એટલા પરમાણુની સંખ્યાથી બંધાય છે. આહાહા..! કઠણ છે, ભાઈ! 'સમયસાર' (લ્યો), ગમે તે લ્યો, 'નિયમસાર' લ્યો, વસ્તુ સ્થિતિ કોઈ અલૌકિક છે. આહાહા..!

અંદર સમજવા માટે દ્રવ્ય અને પર્યાય બે. આહાહા..! દ્રવ્ય એવો એક વજ્ર કિલ્લો છે કે પર્યાય એનાથી ઉપર તરે છે. આવે છે? કળશમાં પહેલા કળશમાં શરૂઆતમાં (આવે છે). દ્રવ્ય ઉપર પર્યાય તરે છે, ઉપર તરે છે. આહાહા..! આવે છે ને પહેલા શરૂઆતમાં? આહાહા..! પર્યાયનો પ્રવેશ દ્રવ્યમાં છે જ નહિ. છતાં પર્યાય દ્રવ્યને પૂરું જાણ્યા વિના રહેતી નથી. આહાહા..! આવી ચીજ સાધારણ માણસને તો કઠણ પડે એવું આકરું લાગે.

**'બંધાય છે; નિરપરાધ આત્મા બંધનને કદાપિ સ્પર્શતો નથી જ...'** સ્પર્શે તો કોઈ અડતો નથી, સ્પર્શતો નથી. બંધાતો નથી અને નથી સ્પર્શતો એમ કહેવામાં આવે છે. અમથો આત્મા કાંઈ બંધન જડને સ્પર્શતો નથી. પરમાણુને આત્મા કાંઈ સ્પર્શતો નથી, અડતો નથી. એ ત્રીજી ગાથામાં આવી ગયું છે. દરેક દ્રવ્ય પોતાના ધર્મ એટલે ગુણ-પર્યાયને સ્પર્શે છે, ચુંબે છે પણ પરને ચુંબતું નથી. આહાહા..! અહીંયાં સ્પર્શનો અર્થ ઇ બંધનમાં આવતો નથી, બંધનને કદાપિ પામતો નથી એમ. સ્પર્શતો નથી એનો અર્થ ઇ. નિરપરાધી આત્મા રાધ વિનાની ચીજ નિર્મળાનંદ પ્રભુ એવું પર્યાયમાં ભાન થયું એવો નિરપરાધી આત્મા. આહાહા..! એ કર્મથી બંધાતો નથી, એમ. સ્પર્શતો નથી એનો અર્થ ઇ.

**'જે સાપરાધ આત્મા છે તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો...'** આહાહા..! અશુદ્ધ સેવતો થકો એટલે આત્માને અશુદ્ધ સેવતો થકો, પર્યાય અશુદ્ધ છે તેને સેવતો થકો એ સેવતો થકો એમ કહે છે. પર્યાયમાં રાગ છે, વિકલ્પ છે એને સેવતો થકો એ અશુદ્ધ આત્માને સેવતો થકો એમ કહેવામાં આવે છે. આહાહા..! પોતાને અશુદ્ધ સેવતો થકો એમ કહેવામાં આવે છે. પોતાને એટલે દ્રવ્યને નહિ. પર્યાયમાં રાગને સેવે છે એ પોતાના પર્યાયને સેવે છે એટલે પોતાનો–અશુદ્ધતાનો આશ્રય લે છે. તે સાપરાધી છે, એ અપરાધી, ગુનેગાર છે. આહાહા..!

**'નિરપરાધ આત્મા તો ભલી રીતે...'** **'સાધુ'**નો અર્થ કર્યો. **'નિરપરાધ આત્મા તો...'** **'સાધુ'** એટલે **'ભલી રીતે...'** **'शुद्धात्मसेवी भवति'** **'શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.'** આહાહા..! સેવનારનો અર્થ આશ્રય, સેવનારની વ્યાખ્યા જ આશ્રય છે. આહાહા..! એને સેવનાર કહે, અનુભવનાર કહે, અનેક ભાષા આવે. આહાહા..! નિયમથી નિરપરાધી આત્મા સારી રીતે એમ. શુદ્ધ આત્માનો સેવનાર હોય છે. શુદ્ધ આત્માને જ પોતાનો જાણે છે, રાગના વિકલ્પને પોતાના જાણતો નથી. આહાહા..! શુદ્ધ પર્યાય છે એને પોતાની જાણે છે. એ શુદ્ધ પર્યાય તે જ હું છું, આત્મા એ જ છે પણ અશુદ્ધ છે તે હું નથી અને જે અશુદ્ધ છે ઇ હું છું એમ માને છે તે અપરાધી, ગુનેગાર છે. આહાહા..! આવી વાત જગતને કઠણ

પડે. મૂળ વાત તો આ છે. હવે વિષય બદલે છે.

**'(હવે વ્યવહારનયાવલંબી અર્થાત્ વ્યવહારનયને અવલંબનાર તર્ક કરે છે કે :–) 'એવો શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ (મહેનત) કરવાનું શું કામ છે?'** પહેલું પડિકમણું કરીએ નહિ. આ વ્યવહારનું પડિકમણું, વ્યવહાર, વ્યવહારથી શુદ્ધ થશે. પાધરો શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... કરવા, કહેવા મંડો છો. એમ કહે છે. **'શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ કરવાનું શું કામ છે? કારણ કે પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે;...'** પ્રતિક્રમણ (એટલે) આ વ્યવહાર પ્રતિક્રમણ, હોં! વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર પ્રતિમા આદિ વંદન, એનાથી આત્મા શુદ્ધ થશે, નિરપરાધ થશે.

**'કેમકે સાપરાધને, જે અપ્રતિક્રમણ આદિ છે, તે અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી,...'** અપરાધી જીવને અપ્રતિક્રમણ એટલે હજી શુભમાં આવતો નથી, અશુભમાં છે એવા જીવને **'અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી, વિષકુંભ છે,...'** એને તો વિષકુંભ ઝેર છે. શુભભાવમાં નથી આવતો ને અશુભમાં રહે છે એને તો ઝેરના, ઝેરના ઘડા છે. અશુભ, અશુભ હોં! આ તો વ્યવહારનયને અવલંબનારો કહે છે. આહાહા..! માટે જે સૂત્રમાં, **'વ્યવહારાચારસૂત્રમાં (વ્યવહારને કહેનારા આચારસૂત્રમાં પણ કહ્યું છે કે–'** પડિકમણું આદિ અમૃત છે એમ કીધું છે. વ્યવહાર પ્રતિક્રમણ, હોં! વ્યવહાર સૂત્રમાં વ્યવહાર પ્રતિક્રમણને અમૃત કીધું છે માટે અમને પહેલું સેવવા દ્યોને. હવે શુદ્ધ શુદ્ધની પાધરી ક્યાં માંડી તમે, એમ કહે છે. આપણા વ્યવહાર સૂત્રમાં કહ્યું છે. ચરણાનુયોગમાં વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર પ્રતિમા, વંદન, પૂજા એને બધાને અમૃત કીધું છે. ઇ તો કરવા દ્યો પહેલું, પછી શુદ્ધ થઈ જશે. આહાહા..!

**'માટે જે પ્રતિક્રમણ છે તે, અપરાધને દૂર કરનારાં હોવાથી,..'** કોણ? વ્યવહાર પ્રતિક્રમણ. વ્યવહાર પ્રતિક્રમણ આદિ આઠ બોલ છે ને નીચે? એ આઠેય બોલ અપરાધને દૂર કરનારા એટલે અશુભને દૂર કરનારા (છે). વ્યવહારાલંબીનો પક્ષ છે. **'અમૃતકુંભ છે.'** એ શુભભાવ તે અમૃતકુંભ છે અને શાસ્ત્રમાં પણ છે, આ રહ્યું શાસ્ત્રમાં, જુઓ! ચરણાનુયોગમાં આ ઠેકાણે છે, આ ઠેકાણે છે. બધે છે હવે સાંભળને. **'વ્યવહારાચારસૂત્રમાં (-વ્યવહારને કહેનારા આચારસૂત્રમાં-) પણ કહ્યું છે કે -'**

**अप्पडिकमणमप्पडिसरणं अप्पडिहारो अधारणा चेव।**
**अणियत्ती य अणिंदागरहासोही य विसकुम्भो।।१।।**

એ નિશ્ચયનું અપ્રતિક્રમણ છે વ્યવહાર અનાદિનું, અનાદિનું. હવે વ્યવહાર પ્રતિક્રમણ આ.

**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।**
**णिंदा गरहा सोही अट्ठविहो अमयकुम्भो दु।।२।।**

વ્યવહારશાસ્ત્રમાં શુભભાવ વિનાનો અશુભ ભાવ છે તેને અપડિકમણું કહ્યું છે અને શુભભાવને વ્યવહારશાસ્ત્રમાં પ્રતિક્રમણ કહ્યું છે અને શુભભાવને વ્યવહાર શાસ્ત્રમાં અમૃતકુંભ

કહ્યું છે. આહાહા..! તો ઇ પહેલું કરવા દ્યો ને. પાધરો શુભ બેય આવા છે, આવા છે આમ કરીને અરે..! સાંભળ તો ખરો. આહાહા..! લ્યો! છે ને?

**'અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ-એ (આઠ પ્રકારનો) વિષકુંભ અર્થાત્ ઝેરનો ઘડો છે. ૧.'** વ્યવહારશાસ્ત્રમાં અશુભભાવ છે એ ઝેરનો ઘડો છે. અને શુભભાવ ૧. પ્રતિક્રમણ - કરેલા દોષોનું નિરાકરણ. શુભભાવ. ૨. પ્રતિસરણ - સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા. શુભભાવ, ૩. પરિહાર - મિથ્યાત્વાદિ દોષોનું નિવારણ. ગૃહીત મિથ્યાત્વાદિ. ૪. ધારણા - પંચનમસ્કારાદિ મંત્ર, પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું. વ્યવહાર ધારણા એ અમૃત છે. ૫. નિવૃત્તિ - બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે. એ અમૃત છે શુભભાવ. ૬. નિંદા - આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે. એ શુભભાવ એ અમૃત છે. શિષ્યનો પ્રશ્ન છે, હોં! ૭. ગર્હા - ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું. એ શુભભાવ. ૮. શુદ્ધિ - દોષ થતાં પ્રાયશ્ચિત્ત લઈને વિશુદ્ધિ કરવી. શુભભાવ. શાસ્ત્રમાં એ અમૃત કીધું છે, કહે છે. અને તમે પાધરી માંડી શુદ્ધતા... શુદ્ધતા... શુદ્ધતા...

મુમુક્ષુ :– પુણ્ય પાપને ધોઈ નાખે એ વાત તો સહેલી લાગે.

ઉત્તર :– પુણ્ય ને પાપ બેય એક જાત છે. 'પ્રવચનસાર'માં કહ્યું ને એક ગાથામાં? બેમાં વિશેષ માને તે ગંભીર સંસારમાં ઊંડો ઉતરશે. ગહન, ગહન સંસારમાં ઊંડો ઉતરશે. 'પ્રવચનસાર' ૭૭ ગાથા. પુણ્ય ને પાપ બેમાં વિશેષ માનશે, વિશેષ એટલે ફેર છે એમ માનશે, શુભ અને અશુભ બેમાં ફેર છે એમ માનશે (તે) ઘોર સંસારમાં હિંડંતી. એ પાઠ છે. આવું છે. વસ્તુસ્થિતિ જ આવી છે ત્યાં વસ્તુ જ એવી છે. તદ્દન નિર્મળાનંદ પ્રભુ, જેમાં રાગની ગંધ નથી. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ રાગ છે, એ પણ ઝેર છે, એ પણ અધર્મ છે. આહાહા..! વસ્તુસ્થિતિ આવી છે.

વ્યવહાર શાસ્ત્રમાં કહ્યું હોય, નિશ્ચય સહિત હોય છે. નિશ્ચય સહિત હોય છે એવા વ્યવહારવાળાને આ નિશ્ચયનો આરોપ કરીને અમૃત કીધું હોય. નિશ્ચય સહિત વ્યવહાર જેનો છે તેનો નિશ્ચયનો અમૃતનો આરોપ આપીને વ્યવહારને અમૃત કીધું છે. એને પેલો વ્યવહારનયવાળો પકડે, જુઓ! આમાં કીધું છે કે નહિ? પણ એ તો આરોપીત કરીને અમૃત કીધું છે. નિશ્ચયનો આરોપ કરીને (કહ્યું છે). આહા..! એકલા સમકિત વિનાના ને શુદ્ધ વિનાના શુભની તો અહીં વાત જ નથી, એ તો એકલો સંસાર છે. આહાહા..! ઝીણી વાત છે. એ આવ્યું ને?

માથે આઠ બોલ છે '[૬]**નિંદા, [૭]ગર્હા અને [૮]શુદ્ધિ એ આઠ પ્રકારનો અમૃતકુંભ છે. ૨.]'**

**'ઉપરના તર્કનું સમાધાન આચાર્યભગવાન (નિશ્ચયનયની પ્રધાનતાથી) ગાથામાં કરે છે :–**

પહેલા એણે વ્યવહારનયના શાસ્ત્રનો આધાર આપ્યો. વ્યવહારનયના શાસ્ત્રમાં લખાણ બહુ

છે. એ તો કહ્યો નથી ૧૧મી ગાથામાં? કે, હસ્તાવલંબ જાણીને વ્યવહારનો (ઉપદેશ) શાસ્ત્રમાં જિનવરની આજ્ઞામાં પણ વ્યવહાર ઘણો કહ્યો છે પણ એનું ફળ સંસાર છે. આવે છે ને? આહાહા..! શું થાય? વાદવિવાદે પાર (પડે એવું નથી). વ્યવહારના લખાણ (આવે એટલે આ) કહે છે, આણે કીધું ઇ વાત સાચી છે. વ્યવહારના સૂત્રમાં શુભભાવને અમૃત કીધો છે. પણ કોને? જેને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન છે, એવું સાચું અમૃત છે એને શુભભાવનો વ્યવહાર અમૃતનો આરોપ આપ્યો છે. આહા..! જેને અજ્ઞાનનું ભાનેય નથી, જેને હજી ધર્મ શું છે (એની ખબર નથી) એવા અજ્ઞાનીને શુભભાવ તો એકલો ઝેર ને ઝેરનો ઘડો કીધો છે. આહાહા..! આવું હવે માનવું... આવો જૈન ધર્મ હશે આવો? બાપુ! જૈન ધર્મ કોઈ અલૌકિક છે. જૈન ધર્મ કોઈ વાડો નથી, કોઈ પક્ષ નથી એ તો વસ્તુનો પંથ છે, વસ્તુનો પંથ છે. આહાહા..! એના ઉત્તરની ગાથા.

*** પ્રશ્ન :- ધ્રુવમાં એકાગ્રતા કરવા ધ્રુવને ક્યાં શોધવો?**

**ઉત્તર :- એ પોતે જ ધ્રુવસ્વરૂપ વસ્તુ છે. વસ્તુ છે જ એને ક્યાં શોધવા જવું છે? એક સમયની પર્યાય છે એ કોના આધારે છે? વસ્તુ છે, છે ને છે. એક સમયની પર્યાયમાં પહેલા ધ્રુવ વસ્તુનું મહાત્મ્ય આવવું જોઈએ. સર્વજ્ઞે જેના ગુણગાન કર્યા છે એવી અનંત અપાર અપાર મહિમાવાળી ચીજ આત્મા છે કોણ?- કે જેના સામર્થ્યનો પાર નથી, જેની આશ્ચર્યતાનો, અદભુતતાનો પાર નથી, જેની શક્તિઓનો પાર નથી એવી મહિમાવાળી વસ્તુનો જ્ઞાન પર્યાયમાં નિર્ણય કરતાં એ ધ્રુવ વસ્તુનો મહિમા આવે છે. એ મહિમા આવતાં આવતાં જેવું સ્વરૂપ છે એવો મહિમા આવતાં પર્યાય ધ્રુવમાં ઢળી જાય છે. આહાહા ! અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એના દરેક ગુણો મુક્ત સ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે. એનું જ્ઞાન થઈને પ્રતીત થઈ એટલે બસ ! ખલાસ થઈ ગયું. મુક્તિ પ્રતીતમાં આવી એટલે હાથમાં આવી ગઈ. ૪૪૫.**

**– પરમાગમસાર**

## ગાથા-૩૦૬-૩૦૭

अत्रोच्यते -

पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।
णिंदा गरहा सोही अट्ठविहो होदि विसकुंभो।।३०६।।
अप्पडिकमणमप्पडिसरणं अप्परिहारो अधारणा चेव।
अणियत्ती य अणिंदागरहासोही अमयकुंभो।।३०७।।

प्रतिक्रमणं प्रतिसरणं परिहारो धारणा निवृत्तिश्च।
निन्दा गर्हा शुद्धिः अष्टविधो भवति विषकुम्भः।।३०६।।
अप्रतिक्रमणमप्रतिसरणमपरिहारोऽधारणा चैव।
अनिवृत्तिश्चानिन्दाऽगर्हाऽशुद्धिरमृतकुम्भः।।३०७।।

यस्तावदज्ञानिजनसाधारणोऽप्रतिक्रमणादिः स शुद्धात्मसिद्धयभावस्वभावत्वेन स्वयमेवापराधत्वाद्विषकुम्भ एव; किं तस्य विचारेण? यस्तु द्रव्यरूपः प्रतिक्रमणादिः स सर्वापराधविषदोषापकर्षणसमर्थत्वेनामृतकुम्भोऽपि प्रतिक्रमणाप्रतिक्रमणादिविलक्षणाप्रतिक्रमणादिरूपां तीर्तीयीकीं भूमिमपश्यतः स्वकार्यकरणासमर्थत्वेन विपक्षकार्यकारित्वाद्विषकुम्भ एव स्यात्। अप्रतिक्रमणादिरूपा तृतीया भूमिस्तु स्वयं शुद्धात्मसिद्धिरूपत्वेन सर्वापराधविषदोषाणां सर्वङ्कषत्वात् साक्षात्स्वयममृतकुम्भो भवतीति व्यवहारेण द्रव्यप्रतिक्रमणादेरपि अमृतकुम्भत्वं साधयति। तयैव च निरपराधो भवति चेतयिता। तदभावे द्रव्यप्रतिक्रमणादिरप्यपराध एव। अतस्तृतीयभूमिकयैव निरपराधत्वमित्यवतिष्ठते। तत्प्राप्त्यर्थ एवायं द्रव्यप्रतिक्रमणादिः। ततो मेति मंस्था यत्प्रतिक्रमणादीन् श्रुतिस्त्याजयति, किन्तु द्रव्यप्रतिक्रमणादिना न मुञ्चति, अन्यदपि प्रतिक्रमणाप्रतिक्रमणाद्यगोचराप्रतिक्रमणादिरूपं शुद्धात्मसिद्धिलक्षणमतिदुष्करं किमपि कारयति। वक्ष्यते चात्रैव-कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं। तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।। इत्यादि।

ઉપરના તર્કનું સમાધાન આચાર્યભગવાન (નિશ્ચયનયની પ્રધાનતાથી) ગાથામાં કરે છે :–

પ્રતિક્રમણ ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃત્તિ, ધારણા,
વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા-એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.
અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,
અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ-અમૃતકુંભ છે. ૩૦૭.

ગાથાર્થ :– [ प्रतिक्रमणम् ] પ્રતિક્રમણ, [ प्रतिसरणम् ] પ્રતિસરણ, [ परिहारः ] પરિહાર, [ धारणा ] ધારણા, [ निवृत्तिः ] નિવૃત્તિ, [ निन्दा ] નિંદા, [ गर्हा ] ગર્હા [ च शुद्धिः ] અને શુદ્ધિ- [ अष्टविधः ] એ આઠ પ્રકારનો [ विषकुम्भः ] વિષકુંભ [ भवति ] છે (કારણ કે એમાં કર્તાપણાની બુદ્ધિ સંભવે છે).

[ अप्रतिक्रमणम् ] અપ્રતિક્રમણ, [ अप्रतिसरणम् ] અપ્રતિસરણ, [ अपरिहारः ] અપરિહાર, [ अधारणा ] અધારણા, [ अनिवृत्तिः च ] અનિવૃત્તિ, [ अनिन्दा ] અનિંદા, [ अगर्हा ] અગર્હા [ च एव ] અને [ अशुद्धिः ] અશુદ્ધિ- [ अमृतकुम्भः ] એ અમૃતકુંભ છે (કારણ કે એમાં કર્તાપણાનો નિષેધ છે-કાંઈ કરવાનું જ નથી, માટે બંધ થતો નથી).

ટીકા :– પ્રથમ તો જે અજ્ઞાનીજનસાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં) અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે; તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે? (તેઓ તો પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે.) અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી અમૃતકુંભ છે (એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે) તોપણ પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને નહિ દેખનાર પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે વિપક્ષ કાર્ય (અર્થાત્ બંધનું કાર્ય) કરતાં હોવાથી વિષકુંભ જ છે. જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે તે, સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી, સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે અને એ રીતે (તે ત્રીજી ભૂમિ) વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે. તે ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે. તેના (અર્થાત્ ત્રીજી ભૂમિના) અભાવમાં દ્રવ્ય-પ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે. માટે, ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે એમ ઠરે છે. તેની પ્રાપ્તિ અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે. આમ હોવાથી એમ ન માનો કે (નિશ્ચયનયનું) શાસ્ત્ર દ્રવ્યપ્રતિક્રમણાદિને છોડાવે છે. ત્યારે શું કરે છે? દ્રવ્યપ્રતિક્રમણાદિથી છોડી દેતું નથી (-અટકાવી દેતું નથી, સંતોષ મનાવી દેતું નથી); તે સિવાય બીજું પણ, પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી અગોચર અપ્રતિક્રમણાદિરૂપ, શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવું,

અતિ દુષ્કર કાંઈક કરાવે છે. આ શાસ્ત્રમાં જ આગળ કહેશે કે - *कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं। तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।। (અર્થ :– અનેક પ્રકારના વિસ્તારવાળાં જે પૂર્વે કરેલાં શુભાશુભ કર્મ છે તેમનાથી જે પોતાના આત્માને નિવર્તાવે છે તે આત્મા પ્રતિક્રમણ છે.) વગેરે.

ભાવાર્થ :– વ્યવહારનયાવલંબીએ કહ્યું હતું કે-'લાગેલા દોષોનું પ્રતિક્રમણ આદિ કરવાથી જ આત્મા શુદ્ધ થાય છે, તો પછી પ્રથમથી જ શુદ્ધ આત્માના આલંબનનો ખેદ કરવાનું શું પ્રયોજન છે? શુદ્ધ થયા પછી તેનું આલંબન થશે; પહેલેથી જ આલંબનનો ખેદ નિષ્ફળ છે.' તેને આચાર્ય સમજાવે છે કે :– જે દ્રવ્યપ્રતિક્રમણાદિક છે તે દોષનાં મટાડનારાં છે, તોપણ શુદ્ધ આત્માનું સ્વરૂપ કે જે પ્રતિક્રમણાદિથી રહિત છે તેના આલંબન વિના તો દ્રવ્યપ્રતિક્રમણાદિક દોષસ્વરૂપ જ છે, દોષ મટાડવાને સમર્થ નથી; કારણ કે નિશ્ચયની અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે, કેવળ વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી, બંધનો જ માર્ગ છે. માટે એમ કહ્યું છે કે-અજ્ઞાનીને જે અપ્રતિક્રમણાદિક છે તે તો વિષકુંભ છે જ; તેમની તો વાત જ શી? પરંતુ વ્યવહારચારિત્રમાં જે પ્રતિક્રમણાદિક કહ્યાં છે તે પણ નિશ્ચયનયે વિષકુંભ જ છે, કારણ કે આત્મા તો પ્રતિક્રમણાદિકથી રહિત, શુદ્ધ, અપ્રતિક્રમણાદિ-સ્વરૂપ જ છે.

## ગાથા–૩૦૬ અને ૩૦૭ ઉપર પ્રવચન

**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।**
**णिंदा गरहा सोही अट्ठविहो होदि विसकुंभो।।३०६।।**

પેલો જે વિષકુંભ કહેતો હતો એ શુભભાવ વિનાના અશુભભાવ વાળાના મિથ્યાદષ્ટિના જીવને કહેતો હતો. અહીં સમકિતદષ્ટિ જીવવાળા શુભભાવને વિષકુંભ કહ્યો છે. અને

**अप्पडिकमणमप्पडिसरणं अप्परिहारो अधारणा चेव।**
**अणियत्ती य अणिंदागरहासोही अमयकुंभो।।३०७।।**

શુદ્ધ નિશ્ચયના આશ્રયની પવિત્રતા પર્યાયમાં પ્રગટી છે. શુદ્ધ પર્યાય તેને જ્યાં આત્મા કહ્યો હતો, કે શુદ્ધ પર્યાય જે છે એ જ આત્મા છે, એ શુદ્ધ પર્યાયને અહીં અમૃતકુંભ

* જુઓ ગાથા ૩૮૩-૩૮૫; ત્યાં નિશ્ચયપ્રતિક્રમણ વગેરેનું સ્વરૂપ કહ્યું છે.

કીધો છે. અને એ અમૃતની અપેક્ષાએ શુભ ત્યાં હોય એને અમૃતનો આરોપ કરીને અમૃત કીધું છે. પણ જ્યાં સમ્યગ્દર્શન ને જ્ઞાન નથી અને શુભભાવમાં એકલો છે એ તો એકલું ઝેર છે. આહાહા..! આવો માર્ગ હવે. આ તો ઉગીને ઊભા થયા હોય ત્યાં... આ કરો... આ કરો... આ કરો... આ કરો... એવી વાતું (કરે). અહીં તો કહે છે, કરવું ત્યાં મરવું છે. આ કરું, આ કરું એવો જે વિકલ્પનો કર્તા... આહાહા..! એ તો જ્ઞાન સ્વરૂપ ભગવાન છે એને કર્તાપણું સોપવું એ મિથ્યાત્વ છે. ચક્રવર્તીને મહેલમાંથી સાવરણીથી મેલ કાઢી નાખજે (એમ કહેવા જેવું) છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

**પ્રતિક્રમણ ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃત્તિ, ધારણા,**
**વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા-એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.**
**અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,**
**અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ-અમૃતકુંભ છે. ૩૦૭.**

ટીકા :- **'પ્રથમ તો જે અજ્ઞાનીજનસાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં) અપ્રતિક્રમણાદિ છે...'** જેને હજી મિથ્યાદષ્ટિપણું છે, અજ્ઞાન છે, જે રાગને, પુણ્યને ધર્મ માની બેઠા છે એ લોકોના તો **'અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે;...'** એ તો ઝેર છે જ. મિથ્યાદષ્ટિ શુભભાવ કરતાં હોય અને મિથ્યાદષ્ટિપણું તો પડ્યું છે અંદર એના શુભભાવને તો અમે વિષકુંભ કહીએ છીએ, એ તો ઝેરનો ઘડો જ છે એની વાત અમે કરતાં નથી હવે. આહાહા..! આવી વાત છે. **'તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે?'** અનાદિથી મિથ્યાત્વમાં શુભભાવ-શુભભાવ કરે છે એ તો અનાદિ રખડે છે.

---

**પ્રવચન નં. ૩૭૫ ગાથા-૩૦૬ થી ૩૦૭ શનિવાર, પોષ સુદ ૩, તા. ૨૨-૧૨-૧૯૭૯**

---

'સમયસાર' ૩૦૬ અને ૩૦૭ એની ટીકા. થોડું ચાલ્યું છે. ફરીને **'પ્રથમ તો જે અજ્ઞાનીજનસાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં) અપ્રતિક્રમણાદિ છે...'** એટલે શું? અનાદિનું જેને અજ્ઞાન અને રાગ-દ્વેષ રૂપી અપ્રતિક્રમણ છે. અપ્રતિક્રમણના બે ભેદ છે. (૧) અજ્ઞાનીનું અપ્રતિક્રમણ અને (૨) જ્ઞાનીનું અપ્રતિક્રમણ. એ પ્રતિક્રમણ શુભભાવથી રહિત, એ જ્ઞાનીનું અપ્રતિક્રમણ. અને શુભ ને અશુભભાવ બેય મારા એવા મિથ્યાદષ્ટિ જીવને અનાદિનું અજ્ઞાન (છે) એ અજ્ઞાનીનું અપ્રતિક્રમણ. એ અપ્રતિક્રમણ આદિ છે.

એટલે શું કહે છે? એને પંચ નવકાર, પંચ પરમેષ્ઠીનું સ્મરણ હોય છે, પરમેષ્ઠીના

જાપ જપે છે, દોષ હોય તેનું પ્રાયશ્ચિત લે છે. એવો અનાદિથી અજ્ઞાની મિથ્યાદષ્ટિ એમ કરે છે એ તો અપ્રતિક્રમણ છે, અજ્ઞાન છે એની સાથે કાંઈ સંબંધ નથી. એનો અહીં વિચાર કરવાની જરૂર નથી. આહાહા..! મિથ્યાદષ્ટિ અજ્ઞાની અનાદિથી પંચ પરમેષ્ઠીનું ભજન, મંત્ર, સ્મરણ, જાપ એવું કરે છે છતાં મિથ્યાદષ્ટિ એને ધર્મ માને છે તેથી તેને દ્રવ્ય અપ્રતિક્રમણ, અજ્ઞાનીનું દ્રવ્ય અપ્રતિક્રમણ કહ્યું છે. આહાહા..!

**'(તેઓ તો પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે.)...'** કહે છે, એ વિચાર કરવાનું શું કામ છે? એકલા જે વ્યવહાર કરે છે નિશ્ચય વિના એની તો અમે વાત કરતા નથી. સમજાણું કાંઈ? આત્મા સહજાત્મસ્વરૂપ અતીન્દ્રિય આનંદ (સ્વરૂપ છે) એના વેદન વિના, એને જ્ઞેય બનાવ્યા વિના જે કાંઈ શુભ ક્રિયા પંચ પરમેષ્ઠીને નમસ્કાર, વંદન, પ્રતિક્રમણ આદિ કરે એની તો અમે અહીં વાત કરતા નથી. એ તો એકલું ઝેર છે. આહાહા..! **'(તેઓ તો પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે.)'**

**'અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે...'** હવે સમકિતના. મુનિના, સમકિતીના– આત્મજ્ઞાનીના જે દ્રવ્ય પ્રતિક્રમણ આદિ પંચપરમેષ્ઠીનું સ્મરણ, મંત્ર, જાપ, પરમેષ્ઠીની પૂજા વગેરે જે દ્રવ્ય અપ્રતિક્રમણ છે. **'તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ...'** શું કહ્યું એ? જેની આત્મ દષ્ટિ થઈ છે, આત્મજ્ઞાનનો અનુભવ પ્રત્યક્ષ થયો છે એ જીવને આ પંચ પરમેષ્ઠીનું સ્મરણ, વંદન વગેરે સર્વ અપરાધના વિષના દોષોને ઘટાડવા... અશુભ ઘટે છે ને? અશુભ, એ અપેક્ષાએ ઘટાડવા કહ્યું. પણ કોને? કે નિશ્ચય જેની દષ્ટિ અનુભવમાં થઈ છે, આત્માનો અનુભવ છે એને આ વ્યવહાર દોષ ઘટાડવાને સમર્થ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહા..! દોષોને ઘટાડવા ને? મટાડવા. એ મટાડવાનો અર્થ ઇ ક્રમે ક્રમે મટાડવું. એકલું મટાડવું એમ નહિ. કારણ નિશ્ચય તો સાથે છે જ. શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા-દષ્ટાનો અનુભવ તો છે જ, એની સાથે આવા દ્રવ્ય પ્રતિક્રમણ આદિ હોય, પંચ પરમેષ્ઠીનું સ્મરણ આદિ (હોય) તો એ અશુભ ઘટે છે એ અપેક્ષાએ દોષ એક દેશ તે ઘટાડવાને સમર્થ છે. આહાહા..!

તેથી તેને **'અમૃતકુંભ છે...'** શું કીધું ઇ? એમ કે વ્યવહાર શાસ્ત્રોમાં વ્યવહાર પ્રતિક્રમણ ને વ્યવહાર ભગવાનની પૂજા ને સ્મરણને અમૃતકુંભ કહ્યું છે. શિષ્યે પ્રશ્ન કર્યો હતો ને? વ્યવહાર શાસ્ત્રમાં તો એને અમૃતકુંભ કહ્યો છે અને તમે એને ઝેર કહો છો, વિષકુંભ કહો છો. ભાઈ! કઈ અપેક્ષાએ કહ્યું છે? ભાઈ! વ્યવહાર શાસ્ત્રમાં નિશ્ચયવાળાને વ્યવહારથી અમૃતકુંભ છે એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? વ્યવહાર શાસ્ત્રમાં પણ નિશ્ચય આત્માના અનુભવ નિર્વિકલ્પ દષ્ટિવંતને જે વ્યવહાર આવે એને અમૃતકુંભ વ્યવહાર શાસ્ત્રમાં કહ્યો છે. **'(એમ વ્યવહાર આચાર્યસૂત્રમાં કહ્યું છે)...'** સમજાય છે આમાં?

**'તોપણ પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ...'** આહાહા..! એ શુભભાવ મિથ્યાદષ્ટિનો

પંચ (પરમેષ્ઠીનું) સ્મરણ આદિ અને પ્રતિક્રમણ વ્યવહાર સમકિતીનો, સમકિતીનો વ્યવહાર પ્રતિક્રમણ આદિ પંચપરમેષ્ઠીનું સ્મરણ આદિ. એનાથી **'વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને...'** આ પ્રતિક્રમણ નિર્મળની વાત છે. પહેલું અપ્રતિક્રમણ મિથ્યાદષ્ટિની અપેક્ષાએ હતું અનાદિનું. આહા..! **'એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને...'** એવી શુભ અને અશુભ બેયથી રહિત શુદ્ધ સ્વરૂપ, એને નહિ જાણનારને, એને નહિ દેખનારને.

**'નહિ દેખનાર પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે...'** શું કહે છે? જ્યાં સમ્યગ્દર્શન આત્મા અનંત જ્ઞાન, અખંડ આનંદકંદ એવા પૂર્ણાનંદની જ્યાં અંદર ભાન ને દશા નથી એની તો વાત શું કરીએ. સમજાણું? પણ જેને પૂર્ણાનંદની દૃષ્ટિ છે, આત્મજ્ઞાન છે એને પણ વ્યવહાર પ્રતિક્રમણાદિ ત્રીજી ભૂમિને, એને ત્રીજી ભૂમિને નહિ દેખનારને તો વ્યવહાર પ્રતિક્રમણ પણ કહેવાતું નથી. નિશ્ચય દ્રવ્યને નથી દેખનારો એને તો દ્રવ્ય પ્રતિક્રમણ આદિ નથી કહેતા. છે?

**'પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ...'** આ અપ્રતિક્રમણ એટલે અજ્ઞાનીનું અનાદિનું. અને પ્રતિક્રમણ એટલે શુભભાવ. એનાથી **'વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને નહિ દેખનાર પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે...'** શું કહે છે? જેને નિશ્ચય સ્વભાવ આનંદકંદ પ્રભુ છે એનો જ્યાં અનુભવ ને ભાન નથી એને તો એ વ્યવહાર પ્રતિક્રમણ દોષ ઘટાડવાને પણ સમર્થ નથી. એ તો આ ત્રીજી ભૂમિવાળાને એમ કહે છે દોષ ઘટાડવાને સમર્થ એ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આવું અટપટુ છે.

અજ્ઞાનીના જે એકલા દ્રવ્ય પ્રતિક્રમણ, પાંચ પરમેષ્ઠીનું સ્મરણ, પ્રતિમા મંદિર સ્થાપન, મંદિર પૂજા એ અપ્રતિક્રમણ અજ્ઞાનીના એની વાત તો અમે અહીં કરતા નથી. આહાહા..! હવે રહી વાત નિશ્ચયવાળાની વ્યવહાર પ્રતિક્રમણની. એ નિશ્ચયવાળો જે છે, દૃષ્ટિ નિશ્ચય થઈ છે એનું વ્યવહાર પ્રતિક્રમણ દોષ ઘટાડવાને સમર્થ છે. છતાં ત્રીજી ભૂમિ નહિ દેખનારને તે વિષકુંભ ને ઝેર છે. આહાહા..! આવું છે. આવી ગયું હતું ને આપણે? આઠ બોલ આવી ગયા છે, આઠ બોલ આવી ગયા છે ને?

**'કરેલા દોષનું નિરાકરણ, સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા, મિથ્યાત્વાદિ દોષોનું નિવારણ, પંચનમસ્કારાદિના મંત્ર (જપવા), પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું (એ બધો શુભભાવ), નિવૃત્તિ-બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું એ શુભભાવ, આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું એ શુભભાવ છે, ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું એ શુભભાવ છે, શુદ્ધિ-દોષ થતાં પ્રાયશ્ચિત લઈને વિશુદ્ધિ કરવી એ શુભભાવ છે,...'** શુભ. પણ એ શુભભાવ સમકિતીના દોષ ઘટાડવાને વ્યવહારે દોષ અશુભ ઘટે એમ કહેવાય છે પણ ત્રીજી ભૂમિ જ્યાં નથી એને તો એ પ્રતિક્રમણ આદિ દોષ ઘટાડવાને સમર્થ જરીએ

નથી. સમજાણું કાંઈ? આવી વાતું, લ્યો!

**'ત્રીજી ભૂમિને નહિ દેખનાર,...'** આહાહા..! નિર્વિકલ્પ ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ પ્રભુ એકલો આનંદનો રસકંદ એકલો એ જેને અનુભવમાં નથી એના તો દ્રવ્ય જે વ્યવહાર પ્રતિક્રમણ આદિ છે એ દોષ ઘટાડવાને સમર્થ નથી. દોષ ઘટાડવાને સમર્થ કીધા હતા પણ કોને? સમ્યગ્દૃષ્ટિ પહેલી ભૂમિકા, જેને ત્રીજી ભૂમિકા છે એના વ્યવહાર ને દોષ ઘટાડવા વ્યવહારે કહ્યું હતું. પણ જેને સમ્યગ્દર્શન-જ્ઞાન નથી એના વ્યવહાર પ્રતિક્રમણના વ્યવહાર પંચ મંત્ર આદિ (દોષ ઘટાડવા સમર્થ નથી). આહાહા..! છે? **'પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાથી...'** આહાહા..! એ દ્રવ્યનું પોતાનું કાર્ય ખરેખર નિશ્ચય સહિત હોય તો એ ઘટાડવા માટે કાર્ય છે. નિશ્ચય દૃષ્ટિ હોય તો વ્યવહાર જે છે એ ઘટાડવા માટે છે, એ પોતાનું કાર્ય નિશ્ચય ભૂમિકા વિના કરી શકતું નથી અને એકલું બંધનું ઝેરનું કામ કરે છે. આહાહા..! સમજાય છે?

મુમુક્ષુ :– થોડું અટપટું તો લાગે છે.

ઉત્તર :– અટપટું લાગે છે? કીધું ને આ, કે અજ્ઞાનીના અપ્રતિક્રમણની વાત તો અમે વિચાર કરતાં નથી. મિથ્યાદૃષ્ટિ જે પુણ્યને ધર્મ માને, રાગને ધર્મ માને એવા મિથ્યાદૃષ્ટિની તો અમે વાત (કરતા નથી). એનો શુભભાવ હોય, એને શુભભાવ હોય પણ એની તો અમે વાત કરતાં નથી. બાકી રહ્યો એ સમકિતી એને આત્મજ્ઞાનમાં ભૂમિકા આત્મજ્ઞાનની થઈ, છતાં સ્થિર થઈ શકતો નથી તો એને પડિકમણનો વ્યવહાર, વ્યવહાર પંચ (પરમેષ્ઠીનું) સ્મરણ આવે અને તે વ્યવહાર દોષ ઘટાડવાને સમર્થ છે. દોષ ઘટાડવાને, હોં! દોષનો અભાવ કરવાને નહિ. ક્રમે ક્રમે પેલો અશુભ ઘટે છે એટલે અમે (કહ્યું) પણ જે ત્રીજી ભૂમિ નથી, આત્મદર્શન ને આત્મજ્ઞાન નથી એને તો એ વ્યવહાર દોષ ઘટાડવાને સમર્થ નથી પણ એકલા ઝેર છે. કહો, હવે અટપટું ક્યાં આમાં રહ્યું? અટપટું નથી. સમજાણું કે નહિ કાંઈ? આહાહા..!

પહેલી વાત તો ઇ કરી. સીધી સાદી ભાષા છે, કે અનાદિથી આત્માના અજ્ઞાનને લઈને અજ્ઞાનની ભૂમિકામાં જે કાંઈ એ શુભભાવ કરે એનો તો અહીંયાં અમે વિચાર કરતા નથી, એ તો એકલું ઝેર છે. એટલે એનો તો અમે અહીં વિચાર કરતા નથી. હવે વિચાર એ કહીએ છીએ, કે આત્મજ્ઞાન સહિત જેને એ વ્યવહાર પ્રતિક્રમણ આદિ હોય એને દોષ ઘટાડવાને સમર્થ છે. ઘટાડવા, હોં! મટાડવા નહિ, ઘટાડવા. પણ એને પણ–ત્રીજી ભૂમિકા દેખતો હોય એને. જેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન નથી એના દ્રવ્ય પ્રતિક્રમણ પંચ પરમેષ્ઠીનું સ્મરણ, મંત્ર, જાપ, પ્રતિમા પૂજા, પ્રતિમાનું સ્થાપન એ બધો સમ્યગ્દર્શન વિના એ શુભભાવ પોતાનું કાર્ય કરવા એટલે દોષ ઘટાડવા સમર્થ નથી. છે?

**'દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે વિપક્ષ કાર્ય (અર્થાત્ બંધનું કાર્ય)...'** કરે છે. એકલું બંધનું જ કાર્ય કરે છે. સમજાણું આમાં કાંઈ?

આહા..! ભાષા તો સાદી છે પણ હવે પકડવું તો (એને છે). અનાદિનો અજ્ઞાની જેને કાંઈ આત્મજ્ઞાન શું છે, વસ્તુ અંદર આખી પડી છે પ્રભુ પરમેશ્વર છે, ભગવાન છે, વીતરાગ છે, ત્રિલોકનાથ ત્રણલોકમાં એના જેવી કોઈ મોટી ચીજ નથી, એવો આ આત્મા (છે) એની જેને અનાદિથી ખબર નથી, એક અનાદિથી લીધી, એના જે શુભભાવ છે એની તો અમે વાત કરતા નથી. કારણ કે, એ તો મિથ્યાદૃષ્ટિ અને શુભભાવ એ તો ઝેર ચાર ગતિમાં રખડવાનો છે. આહાહા..! પણ જ્યાં જોર દેવાનું છે ત્યાં જોર દેતો નથી એની આ વાત નથી કરતા. હવે જોર દેવાનું છે જ્યાં આત્મા ઉપર, નિર્વિકલ્પ આત્માની દૃષ્ટિ ને જ્ઞાન જેને થયા છે એના વ્યવહાર પંચ નમસ્કાર આદિ હોય એ દોષ ઘટાડવાને સમર્થ છે. પણ જો એને ત્રીજી ભૂમિકા ન હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન ન હોય તો એ દોષ ઘટાડવાનું પોતાનું કાર્ય કરવા અસમર્થ છે. દોષ ઘટાડવાનું પોતાનું કાર્ય કરવા ત્રીજી ભૂમિકાને અભાવે અસમર્થ છે. વિપક્ષ કાર્ય કરે (છે) એટલે બંધનું કામ કરે છે. ઘટાડવાને બદલે એકલું વિષનું કામ કરે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– જ્ઞાનીના વ્યવહારથી તો અજ્ઞાન ને દોષ ઘટે.

ઉત્તર :– કીધું ને જ્ઞાનીનો વ્યવહાર દોષ ઘટાડવાને સમર્થ છે. નિશ્ચયથી તો એ ઝેર છે પણ આમ અશુભ ઘટે છે એ અપેક્ષાએ અને દૃષ્ટિની અપેક્ષા રાખીને એને જરી વ્યવહાર શાસ્ત્રમાં અમૃત કીધું છે. એ અહીં અમૃત છે એનો આરોપ આપ્યો છે. બાકી એ પણ છે તો ઝેર જ. જ્ઞાનીના એ શુભભાવ ઝેર છે. આહાહા..! પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરે, મંત્ર જાપ કરે ૐ... ૐ... ૐ... ૐ... જાપ કરે, લ્યો! ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં માળા ફેરવે. એવા અજ્ઞાનીના અશુભભાવનો તો અમે વિચાર કરતા નથી. ફક્ત જ્ઞાનીને જ્યારે અંતરમાં ઠરી શકતો નથી છતાં ભાન છે, કે હું તો જ્ઞાતા-દૃષ્ટા ને આનંદ છું, એવા જીવને જે વ્યવહાર પ્રતિક્રમણ ને વ્યવહાર પંચ પરમેષ્ઠીનું સ્મરણ આવે એ નિશ્ચય અહીં છે માટે આને દોષ ઘટાડવાને વ્યવહાર થોડો સમર્થ છે. જરીક અશુભ ઘટે છે ને? એને અશુભ ઘટે છે. અહીં મિથ્યાત્વ ગયું છે એટલે આને અશુભ ઘટે છે. એને એટલો ઘટાડવા સમર્થ છે પણ એને પણ જો ત્રીજી ભૂમિકામાં દૃષ્ટિ ન રહે તો એ દોષ ઘટાડવાનું કાર્ય કરી શકતો નથી, વિપક્ષ કાર્ય કરે છે એટલે બંધનું કામ કરે છે. આહાહા..! આવું બધું અટપટું છે.

અત્યારે તો આત્મા શું એ તો પડ્યો રહ્યો, આત્મા મુકીને બધી વાતું (કરે). ભક્તિ કરો ને પૂજા કરો ને પ્રતિમા કરો ને સ્થાપના કરો ને દેરાસર ને પંચ પરમેષ્ઠીના જાપ કરો. આહાહા..! ટીકા પણ એવી બનાવી છે ને! આહાહા..!

એ ત્રીજી ભૂમિને નહિ દેખનાર, સમ્યગ્દૃષ્ટિ વિના આખો આત્મા પૂર્ણ છે એને નહિ જોનાર, નહિ માનનાર ને નહિ અનુભવનાર એવા પુરુષને **'તે દ્રવ્યપ્રતિક્રમણાદિ...'** જે વ્યવહાર પ્રતિક્રમણ પહેલા દોષ ઘટાડવાને સમર્થ કહ્યા હતા, દોષ ઘટાડવાને સમર્થ કહ્યા હતા તે

જ પ્રતિક્રમણ આદિ **'પોતાનું કાર્ય કરવા અસમર્થ...'** દોષ ઘટાડવાનું કાર્ય કરવાને અસમર્થ. આહાહા..! એ તો સમ્યગ્દર્શન હોય, અનુભવ હોય એને શુભભાવમાં અશુભ ઘટાડવામાં સમર્થ છે. આહાહા..! સામે છે, પુસ્તક છે ને? ક્યા શબ્દનો અર્થ થાય છે? અહીં તો એવી વાત છે. મૂળ રાખીને વાત છે.

જ્યાં આત્મજ્ઞાન જ નથી ને આત્મદર્શન નથી, નિર્વિકલ્પ પ્રતીતિ અનુભવની નથી તે જીવના શુભભાવ છે એ દોષ ઘટાડવાને તો સમર્થ નથી પણ વિપક્ષ કાર્ય (એટલે કે) બંધ કરવાને સમર્થ છે. આહાહા..! ત્રીજી ભૂમિ છે એ તો સર્વથા દોષને મટાડવાને સમર્થ છે. દૃષ્ટિ સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ જે છે એ તો સર્વ દોષને મટાડવાને સમર્થ છે. એ જીવને જે વ્યવહાર હોય છે એ દોષને ક્રમે ઘટાડવા માટે સમર્થ છે. આહાહા..! અને એ ત્રીજી ભૂમિ જો નથી ને એકલા જો આ વ્યવહાર આદિ એને હોય તો જે ઘટાડવાનું કાર્ય કરવું હતું એ ન કરી શકતા બંધનું કાર્ય કરે એવો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે? ભાષા તો સાદી છે પણ વાત ચાલતી નહિ એટલે પ્રવૃત્તિ.. પ્રવૃત્તિ.. પ્રવૃત્તિ.. પ્રવૃત્તિ, પ્રવૃત્તિ વિના અંદર એકલો અક્રિય ભગવાન છે, પોતે અક્રિય વસ્તુ છે. પર્યાય ભલે સક્રિય અક્રિય કહેવાય, રાગની અપેક્ષાએ નિર્મળ પર્યાયને અક્રિય કહેવાય, ત્રિકાળની અપેક્ષાએ નિર્મળ પર્યાયને સક્રિય કહેવાય પણ વસ્તુ જે છે એ તો અક્રિય જ છે. ત્રિકાળ વસ્તુ જે છે... આહાહા..! એ પલટતી નથી, બદલતી નથી, ઘટતી નથી, વધતી નથી, ઓછા-વત્તાપણું એમાં થતું નથી. આહાહા..!

એકરૂપ વસ્તુ ભગવાન પરમાત્મા બિરાજે છે એનું જેને જ્ઞાન નથી ને એકલો અનાદિથી અજ્ઞાની પ્રતિક્રમણ વ્યવહાર ને પંચ પરમેષ્ઠી, મંદિર ને મંદિરની પૂજા ને પંચપરમેષ્ઠીનું સ્મરણ ને જાપ... જાપ... જાપ જપો. આહાહા..! ૐ કાર... એનો કાગળ આવ્યો છે. કેટલી વાર મેં ઓમકાર જપ્યો મહારાજ એનું ફળ શું? એવું આવ્યું હતું. લાખ-કરોડવાર જપે નહિ, આત્માના જ્ઞાન વિના શુભભાવ થાય એ એકલા બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આહા..!

તે પ્રતિક્રમણાદિ, તે પ્રતિક્રમણ એટલે પહેલા જે પ્રતિક્રમણ દોષ ઘટાડવાને સમર્થ કહ્યા હતા તે જ પ્રતિક્રમણાદિ નિશ્ચય વિના, ત્રીજી ભૂમિકા વિના **'પોતાનું કાર્ય કરવા અસમર્થ...'** વ્યવહારનું કાર્ય દોષ ઘટાડવામાં એ અસમર્થ છે. આહાહા..! પણ **'વિપક્ષ કાર્ય (અર્થાત્ બંધનું કાર્ય) કરતાં હોવાથી વિષકુંભ જ છે.'** આહાહા..! કેટલું સમાડી દીધું છે એમાં! જેને ત્રીજી ભૂમિકા—પુણ્ય-પાપથી, શુભ-અશુભથી રહિત એવો આત્મા એની જેને દૃષ્ટિ ને જ્ઞાન નથી એના જેટલા પડિકમણા, પંચ પરમેષ્ઠી, સ્મરણ, મંત્ર-બંત્ર, જાપ-જાપ, ભક્તિ, વ્રત, પૂજા બધા દોષને ઘટાડવાને, એનું કાર્ય ઇ ઘટાડવાનું હતું નિશ્ચય હોય તો, એને ઠેકાણે બંધનું કારણ થાય. ઘટાડવાનું કાર્ય નહિ (કરીને) બંધનું (કારણ) થાય. આહાહા..!

**'વિષકુંભ જ છે. જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે...'** શુભ ને અશુભ રહિત.

એ શુદ્ધ પરિણામ જે છે, પંચ પરમેષ્ઠીના સ્મરણાદિથી રહિત એવો જે શુભ-અશુભ રહિત છે. આહાહા..! **'તે, સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે...'** ઇ તો સ્વયં એનું સ્વરૂપ જ એવું છે. **'શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી,...'** નિશ્ચય સહિતના વ્યવહારને દોષ ઘટાડવા કીધું હતું. જરી અશુભ ઘટે. અહીં કહે છે, કે ત્રીજી ભૂમિકા કેવી છે? આહાહા..! **'સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી,...'** સમજાણું કાંઈ? આટલા બધા બોલો હવે યાદ રાખવા ક્યાં? આહાહા..!

કહે છે, કે ત્રીજી ભૂમિકા એવી ચીજ છે, શુભ-અશુભભાવ રહિત આત્મા નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ જ્ઞાન, વીતરાગી દૃષ્ટિ એવો સ્વભાવ છે એનો, કે **'સર્વ અપરાધરૂપી વિષના દોષોને...'** નિશ્ચય સહિત વ્યવહારવાળાને વ્યવહાર દોષ ઘટાડવાને સમર્થ કીધું હતું. હવે અહીં તો ત્રીજી ભૂમિકાને સર્વ અપરાધરૂપી ઝેરના દોષોને **'સર્વથા નષ્ટ કરનારી હોવાથી...'** ઠીક! પેલું ઘટાડવા-બટાડવાનું અહીં નહિ હવે. આહાહા..!

**'સર્વ અપરાધરૂપી વિષ...'** એક તો ઇ. પુણ્ય ને પાપ બેય. અને તે પણ સર્વથા. પેલા વ્યવહારમાં ઘટાડવાનું હતું, નિશ્ચય સહિત વ્યવહારમાં. આ એકલો નિશ્ચય છે. આત્મા દૃષ્ટિમાં લીધો છે, નિર્વિકલ્પ વૃત્તિ થઈ છે, અનુભવમાં આનંદ વર્તે છે એને જે કંઈ શુભ (છે), એ એને ઇ ત્રીજી ભૂમિકાવાળાને, ત્રીજી ભૂમિકાવાળા સહિત વ્યવહારવાળાને દોષ ઘટાડવાનું કહ્યું હતું. અહીં ત્રીજી ભૂમિકા સર્વથા, સર્વ દોષને નાશ કરવાને સમર્થ છે (એમ કહ્યું). **'સર્વથા નષ્ટ કરનારી હોવાથી,...'** છે? આહાહા..! ત્રીજી ભૂમિકા જે **'સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિ...'** શુદ્ધ આત્મા પવિત્ર પ્રભુ નિર્મળાનંદ એવી જે પ્રતીતિ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં થઈ... આહાહા..! એ એને હોવાને લીધે **'સર્વ અપરાધરૂપી વિષના દોષોને...'** ખૂબી આ છે. આહાહા..! સર્વ અપરાધરૂપી વિષના દોષ, ઝેરના દોષ. એ પુણ્ય પણ અપરાધરૂપી ઝેર છે. આહાહા..!

મુમુક્ષુ :- ઉપર પણ સર્વ અપરાધરૂપી વિષના દોષો, અહીંયાં પણ સર્વ અપરાધરૂપી વિષના દોષો કહ્યું છે.

ઉત્તર :- આ પણ વિષના દોષ છે. અપ્રતિક્રમણવાળો અજ્ઞાની તો સર્વથા છે.

મુમુક્ષુ :- સર્વ અપરાધરૂપી વિષના દોષો..

ઉત્તર :- વિષના દોષોને ઘટાડવા કીધું ને. સર્વ અપરાધરૂપી વિષના (દોષોને) ઘટાડવાને. એટલે એ સમકિત સહિત, સમકિત સહિત રાગ શુભરાગ છે એ સર્વ દોષોને ઘટાડવા, સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવા, પણ સર્વ અપરાધરૂપી વિષને સર્વથા ઘટાડવા સમર્થ નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનીનો વ્યવહાર પુણ્ય અને પાપના બન્ને દોષોને (ઘટાડવા સમર્થ છે?)

ઉત્તર :- બંનેનો અભાવ છે. નિશ્ચય, નિશ્ચય. વ્યવહાર નહિ નિશ્ચય. જ્ઞાનીનો વ્યવહાર

સર્વથા દોષ ઘટાડવા (સમર્થ) એટલું. સર્વથા દોષ નહિ. જેટલા દોષ છે એટલા અશુભ થોડા ઘટે. ત્યાં એકલું પુણ્ય છે, પાપ નથી. આહા..! જ્ઞાનીના વ્યવહારમાં એકલું પુણ્ય છે એટલે એને દોષ ઘટાડવા કહેવામાં આવ્યું છે. અહીં સર્વથા, ત્યાં સર્વ એટલું કહ્યું. અપરાધને સર્વ વિશેષણ છે. અહીં તો... આહાહા..! **'સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી...'** આમ છે. સમજાય છે કાંઈ? નિશ્ચય સમકિત ને અનુભવ સહિતના વ્યવહાર એ વ્યવહાર. વ્યવહાર કેવો છે? દોષને સર્વથા નાશ કરનારો નથી, દોષને ઘટાડવા સમર્થ છે. સર્વ દોષનો અંશ ઘટે છે, અંશ. અને નિશ્ચય સહિત જે એકલો નિશ્ચય છે-ત્રીજી ભૂમિકા એ સર્વ દોષોને સર્વથા નષ્ટ કરનાર છે. આહાહા..! છે કે નહિ? અંદર છે? આહાહા..! ગંભીર ટીકા, 'અમૃતચંદ્રાચાર્ય'ની ઘણી ગંભીર (ટીકા). આહાહા..!

**'ત્રીજી ભૂમિ છે તે, સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે...'** પોતે શુદ્ધ આત્મા છે એની દૃષ્ટિ ને જ્ઞાનમાં સિદ્ધિ જ છે. એને લીધે સર્વ અપરાધરૂપી વિષ, સર્વ અપરાધ પુણ્ય-પાપ બધું તેને **'સર્વથા નષ્ટ કરનારી હોવાથી, સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે,...' 'સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે...'** પેલા વ્યવહારને અમૃતકુંભ કહ્યું હતું. નિશ્ચયવાળાને વ્યવહાર શાસ્ત્રમાં વ્યવહાર શુભભાવને અમૃત કહ્યું છે, અમૃત. વ્યવહાર શાસ્ત્રમાં અમૃત કહ્યું એ આરોપ દઈને (કહ્યું છે).

'મોક્ષમાર્ગ પ્રકાશક' માં આવે છે ને? નિશ્ચય સમકિત છે એને વ્યવહાર સમકિતનો આરોપ અપાય છે. છે રાગ, રાગ કોઈ સમકિતની પર્યાય નથી પણ નિશ્ચય સમકિત છે તેને વ્યવહાર સમકિતનો આરોપ રાગમાં અપાય છે, પણ જેને નિશ્ચય સમકિત નથી એને તો વ્યવહારનોય આરોપ અપાતો નથી. એમ અહીંયાં જેને નિશ્ચય વસ્તુ છે એને વ્યવહારમાં દોષ ઘટાડવામાં, સર્વ દોષો થોડો ઘટાડવાને સમર્થ છે, સર્વથા દોષને નહિ. દોષોને થોડો ઘટાડવા સમર્થ છે. ભલે સર્વ દોષ હો પણ સર્વ દોષોને સર્વથા નહિ, સર્વ દોષોને જરી ઘટાડવા સમર્થ છે. નિશ્ચય અનુભવ સહિત શુભભાવ હોય એને. અને ત્રીજી ભૂમિકા છે એ તો સર્વ દોષોને સર્વથા નષ્ટ કરનાર છે. આહાહા..! આ આવું ઘરે કોઈ દિ' વાંચ્યું ન હોય. ક્યાં નવરાશ ક્યાં છે? આહાહા..! આ તો બે ગાથા છે-૩૦૬ ને ૩૦૭. આહા..!

મુમુક્ષુ :- શુભ હોવા છતાં શુભને હેય માને તો દોષ ઘટે?

ઉત્તર :- પણ હેય માને ક્યારે? અહીં ઉપાદેય થયું હોય તો હેય માનેને? એકલો હેય આવ્યો ક્યાંથી? અંતર શુદ્ધ સ્વભાવના ઉપાદેયપણે જાણે ત્યારે રાગને હેય તરીકે જાણે. એકલો જ રાગ દેખાય છે ત્યાં હેય તરીકે ક્યાં આવ્યું ન્યાં? ઇ તો જે છે ઇ છે, ઇ ઉપાદેય છે એ તો. ઝીણી વાત છે, ભાઈ! માર્ગ બહુ ઝીણો.

મુમુક્ષુ :- નિશ્ચય પ્રગટ થાય ત્યારે જ વ્યવહાર હેય થયો કહેવાય?

ઉત્તર :- ત્યારે જ વ્યવહાર કહેવાય, વળી વ્યવહાર શેનો કહેવાય? ત્યારે દોષ ઘટાડવાને,

દોષ ઘટાડવાને સર્વથા નહિ, દોષ ઘટાડવાને (સમર્થ છે). ત્રીજી ભૂમિકા સર્વ દોષ સર્વથા મટાડવાને એટલે નાશ કરવાને (સમર્થ છે). આહાહા..! સમજાણું કાંઈ? સામે પુસ્તક છે, વાંચવું જોઈએ, વાંચીને આવવું જોઈએ.

અમારા નિશાળના માસ્તર હતા તે એમ કહેતા. તે દિ' પોણો સો વર્ષ પહેલાની વાત છે. જે પાઠ તમારે લેવો છે એ વાંચીને આવજો મારી પાસે. બૈરા નહોતા એકલા હતા, રાંધતા. એ રાંધે અને પછી છોકરા ખાસ ખાસ હોંશિયાર હોય ને (એવા) બે ત્રણને બોલાવે અને એને રાંધતા રાંધતા શીખવે. ઇ જે શીખવાનું હોય ઇ એમ કહે કે વાંચીને આવજો. એટલે તમે શું એમાંથી સમજ્યા અને અહીંથી હું શું કહું છું એનો તને આંતરો લાગશે. સમજાણું કાંઈ? આહા..! એક હતો બ્રાહ્મણ. 'નરોત્તમ' કરીને માસ્તર હતા. પોણો સો વર્ષ પહેલાની વાત છે. ૭૮ વર્ષ (થયા).

મુમુક્ષુ :– ગુરુદેવ! અમને તો આપ શિખામણ આપો છો કે વાંચીને આવવું.

ઉત્તર :– વાંચવું જે કહે છે એમ કીધું. તો પછી એણે પોતે શું પકડ્યું ને અહીં શું નીકળે છે એનો આંતરો (ખબર પડે). આહાહા..! મેં તો આનો અર્થ આવો કાઢ્યો હતો પણ આ તો અર્થ બીજો નીકળ્યો. એને આંતરો પડે એટલે વધારે ધારણામાં આવે. આહાહા..!

**'સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી,...'** પેલામાં સર્વ દોષ છે પણ સર્વ દોષોનો ઘટાડવા હતું, અહીં સર્વથા છે, ત્યાં ઘટાડવાનું હતું. ત્યાં સર્વ દોષ છે એ અહીં સર્વ દોષ છે, ઇ સર્વ દોષમાં બેય સરખા છે. પેલામાં ઘટાડવામાં હતું, અહીં નાશ કરવામાં (સમર્થ) છે. સમજાણું કાંઈ? આહા..! આની પરીક્ષા લેવાતી હોય તો ખબર પડે કે, આ કેટલું ધારણામાં છે. આહાહા..!

મુમુક્ષુ :– જ્ઞાનીને બન્ને દોષ ઘટે?

ઉત્તર :– એને દોષ ઘટ્યો છે એને એનો વ્યવહાર સહેજ દોષ ઘટાડે છે. અશુભ છે એને અશુભ ઘટે છે. મિથ્યાદૃષ્ટિને પોતે અશુભ બધું છે. મિથ્યાદૃષ્ટિ પોતે જ અશુભ છે એમાં અશુભ ઘટે ક્યાંથી? આહાહા..! મિથ્યાત્વ પોતે જ અશુભ છે એટલે એના શુભમાંથી અશુભ ઘટે એ પ્રશ્ન જ ક્યાં (છે)? એટલે અહીંયાં એમ લીધું છે. મિથ્યાદૃષ્ટિના શુભભાવની તો વાત અમે કરતા જ નથી. ફક્ત સમ્યગ્દૃષ્ટિના શુભભાવની વાત કરતા નિશ્ચય જેને સમ્યગ્દર્શન છે તેનો વ્યવહાર સર્વ દોષને, દોષો સર્વ, પણ સર્વ દોષને અંશે અંશે ઘટાડે છે. અહીં ત્રીજી ભૂમિકા સર્વથા ઘટાડે, પેલી અંશે ઘટાડે, ત્રીજી ભૂમિકા સહિત છે માટે. આહાહા..! સમજાણું?

મુમુક્ષુ :– જ્ઞાનીને શુભના બળે દોષ ઘટે કે દૃષ્ટિના બળે દોષ ઘટે?

ઉત્તર :– ઇ દૃષ્ટિનું બળ છે તેથી ઘટે છે. નિશ્ચયથી તો એમ ઘટે છે. દૃષ્ટિનું બળ છે ને એને લઈને અહીં એક દેશ અંશે ઘટે છે. દૃષ્ટિ જ્યાં નથી ત્યાં તો જરીએ ઘટવું–

ફટવું (થતું નથી), પોતે જ અશુભ છે ત્યાં ઘટે શું? મિથ્યાત્વ પોતે જ એકલો અશુભ છે. આહાહા..! લોકોને આ વીતરાગ માર્ગ સાંભળવો કઠણ પડે, સાંભળ્યો ન હોય. આહાહા..! સંપ્રદાયમાં તો ઇ વાત ચાલે આ કરો... આ કરો... આ કરો... વ્યવહાર કરો, બીજી વાત કાંઈ ન મળે. ભક્તિવાળાને ભક્તિ ચાલે, ભક્તિ કરો પરમેશ્વરની ને ગુરુની ખૂબ ધૂન લગાવો. કહે છે, કે એ મિથ્યાદૃષ્ટિને એ ધૂન છે એવાના શુભભાવની તો અમે વાત કરતા નથી. લ્યો! આહાહા..! પણ જે સમ્યગ્દૃષ્ટિ છે એને સમ્યક્‌નું જોર આવ્યું છે એથી તેને આ જે શુભભાવ છે, એમાં આ અશુભ છે મિથ્યાત્વ તદ્દન અશુભ છે એ તો નાશ થઈ ગયો છે એથી તેના શુભમાં અશુભના દોષનો અંશ, અંશ ઘટે છે. અને ત્રીજી ભૂમિકા એકલી અનુભવે છે એને સર્વ દોષો સર્વથા (નાશ કરે છે). પેલાને, સર્વ દોષોને ઘટાડતો હતો. આહાહા..!

મુમુક્ષુ :– અશુભનો અભાવ તો એકલા મુનિને જ થાય.

ઉત્તર :– અશુભનો અભાવ સમકિતીને હોય છે. શુભ ને અશુભ બેય નિર્વિકલ્પ અનુભવમાં નથી. અને નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ છતાં જ્યારે શુભભાવ હોય ત્યારે એટલો અશુભ ઘટ્યો છે, અંશે ઘટ્યો છે. આહાહા..! આવો માર્ગ પકડવો કઠણ પડે, એ ક્યારે રુચિમાં લે? આહાહા..! બહારથી માનીને બેસી જાય, જિંદગી કાઢે. આહાહા..!

હવે ઇ કહે છે, જુઓ! **'સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે...'** કોણ? ત્રીજી ભૂમિકા, નિર્વિકલ્પ દશા, નિર્વિકલ્પ સમકિત, નિર્વિકલ્પ જ્ઞાન એ સાક્ષાત્ અમૃતકુંભ છે. ઇ શું કીધું? સાક્ષાત્ કેમ કીધું? કે, વ્યવહાર શાસ્ત્રમાં નિશ્ચયવાળાને વ્યવહાર અમૃતકુંભ કહ્યો છે પણ આ તો સાક્ષાત્ અમૃતકુંભ છે. નિશ્ચયનો અનુભવ છે એ તો સાક્ષાત્ અમૃતકુંભ છે અને નિશ્ચય સહિત જે વ્યવહાર છે એને પણ વ્યવહાર શાસ્ત્રમાં (અમૃત કુંભ કહ્યો છે). એ તો શિષ્યનો પ્રશ્ન હતો, શિષ્યનો એ પ્રશ્ન ગાથા મૂકીને હતો કે, વ્યવહારમાં અમૃતકુંભ કહ્યું છે ને તમે આ શું માંડી એકલી? ઝેર... ઝેર... ઝેર... કહી કહીને (શું માંડી છે?) વ્યવહાર શાસ્ત્રમાં અમૃતકુંભ કહ્યું છે ને? એ તો પ્રશ્ન છે એનો પહેલો. ભાઈ! એ વ્યવહાર અમૃતકુંભ કહ્યો છે એ અમૃતકુંભ ભગવાન ત્રીજી ભૂમિકા જેને છે એના વ્યવહારને અમૃતકુંભનો આરોપ દીધો છે. છે તો એ પણ ઝેર. આહાહા..!

સમકિતીના શુભભાવને પણ ઝેર કીધો પણ અમૃતનો આરોપ આપ્યો, નિશ્ચય અમૃત થયું છે એનો આરોપ (આપ્યો). સમકિત નિશ્ચય થયું છે એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના રાગને વ્યવહાર સમકિત કહે. તો હવે રાગ ક્યાં ને વ્યવહાર સમકિત ક્યાં? એ તો રાગની પર્યાય છે, વ્યવહાર સમકિત એ છે એ તો રાગની પર્યાય છે, એ કાંઈ સમકિતની પર્યાય નથી. આહાહા..! આવે છે ને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં? નિશ્ચય ને વ્યવહાર આભાસ. નિશ્ચય, વ્યવહારાભાસમાં આવે છે. આહા..! નિશ્ચય એકલો છે એની વાત જુદી. નિશ્ચય સહિત વ્યવહાર હોય છે એ બરાબર છે. એને અંશે ઘટે છે અને એકલો ત્રીજી ભૂમિકામાં રમે છે એને

સર્વ દોષો સર્વથા નષ્ટ થયા છે. નિશ્ચયવાળો વ્યવહારમાં છે એને સર્વ દોષો અંશે ઘટ્યા છે. આહાહા..!

આવી વાત છે. **'અને એ રીતે (તે ત્રીજી ભૂમિ)...'** જોયું? જે પુણ્ય-પાપ રહિતનો જે નિર્વિકલ્પ ભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન ને નિર્વિકલ્પ ભૂમિકા **'(તે ત્રીજી ભૂમિ) વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે.'** જોયું? એ ત્રીજી અમૃતકુંભ ભૂમિ થઈ છે એથી ત્રીજી ભૂમિની અપેક્ષાથી જ આત્મા... છે ને? **'વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે.'** આહાહા..! એ ત્રીજી ભૂમિકાવાળાના વ્યવહારને અમૃતકુંભ કહેવાય છે. એમ. પણ જેને ત્રીજી ભૂમિકા જ નથી એને વ્યવહાર અમૃતકુંભ ક્યાંથી આવ્યો? આરોપથી કહેવું છે એ આરોપ જ કોનો પણ કરવો? વસ્તુ નિશ્ચય છે નહિ, તો નિશ્ચયનો આરોપ કોને દેવો? નિશ્ચય હોય એને વ્યવહાર આવે એને આરોપ દેવાય. નિશ્ચય સમકિત હોય એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, છે રાગ, કાંઈ સમકિતની પર્યાય નથી. છતાં તેને વ્યવહાર સમકિત કહેવાય. એમ આ ત્રીજી ભૂમિકા વિના એકલો (વ્યવહાર) આવે એની વાત નથી. ત્રીજી ભૂમિકા છે એને જે વ્યવહાર આવે એ દોષને અંશે ઘટાડે અને ત્રીજી ભૂમિકા તો એકલી અમૃતકુંભ છે. અને એ ત્રીજી ભૂમિકા સહિતવાળાનો વ્યવહાર ઇ કીધો. જોયું?

**'વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે.'** જોયું? શું કહ્યું ઇ? એ રીતે ત્રીજી ભૂમિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન વ્યવહારથી ઇ ત્રીજી ભૂમિ **'વ્યવહારથી દ્રવ્ય-પ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે.'** ઠીક! આહાહા..! વાત તો અહીં (એ છે કે) એકલો આત્માનો આશ્રય લીધો એને પછી વ્યવહાર આવે એને ઘટાડે છે એમ કહેવાય. પણ જ્યાં આત્માનો આશ્રય જ નથી, વસ્તુ ભગવાન તો ઇ છે, આશ્રય તો એને ઓથે જાવું છું. આશ્રય કહો, અવલંબન કહો, આધાર કહો. મૂળ ચીજને પડખે તો ચડ્યો નથી તો બીજી ચીજને એને અમૃતનો આરોપ શી રીતે આપવો? આહાહા..! પહેલી ચીજને અમૃતકુંભને રસ્તે ચડ્યો છે એના વ્યવહારને ત્રીજી ભૂમિકા અમૃતકુંભપણે સાધે છે. છે?

એ ત્રીજી ભૂમિ વ્યવહારથી, વ્યવહારથી હોં! વ્યવહાર પ્રતિક્રમણ આવે છે ને? એ દ્રવ્ય પ્રતિક્રમણાદિને પણ કેમ કીધું? નિશ્ચય અમૃત તો પોતે છે પણ એ નિશ્ચય ભૂમિકાને પણ, નિશ્ચય છે માટે એને પણ વ્યવહારથી અમૃતકુંભપણું સાધે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'એ રીતે તે ત્રીજી ભૂમિ...'** ત્રીજી ભૂમિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. વ્યવહારથી, એ ત્રીજી ભૂમિ વ્યવહારથી. એ ત્રીજી ભૂમિ... ત્રીજી ભૂમિ એટલે શું? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. આત્માનો આશ્રય લીધો છે એ દશા ત્રીજી ભૂમિ. પરનો એકલો આશ્રય છે એ વ્યવહાર ભૂમિ. એ નિશ્ચય વિનાની વ્યવહાર ભૂમિની વાત અહીં નહિ. હવે અહીં તો નિશ્ચયનો, સ્વનો આશ્રય લીધો છે પણ હજી અધૂરો છે એથી પરનો આશ્રય જરી આવે છે એથી પણ ત્રીજી ભૂમિકા અમૃત સ્વરૂપ છે ઇ પોતે વ્યવહારને વ્યવહારથી અમૃતકુંભપણે સાધે છે. આહાહા..!

**'અમૃતકુંભપણું સાધે છે. તે ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે.'** જોયું? ભલે ત્રીજીવાળાનો વ્યવહાર હોય પણ શુદ્ધ નિરપરાધ તો ત્રીજી ભૂમિકાથી જ થાય છે. એકલા વ્યવહારથી નિરપરાધી થતો નથી. **'ત્રીજી ભૂમિથી જ...'** ત્રીજી ભૂમિથી જ, એકાંત લીધું. વ્યવહારથી તો નહિ. **'આત્મા નિરપરાધ થાય છે. તેના અભાવમાં...'** આહાહા..! નિશ્ચયના અભાવમાં, સ્વના આશ્રયના અભાવમાં. જ્યાં સ્વદ્રવ્યનો આશ્રય નથી એના અભાવમાં **'દ્રવ્ય-પ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે.'** એ દ્રવ્યપ્રતિક્રમણ અપરાધ જ છે. આહાહા..! નિરપરાધી તો ભગવાન છે. એનો આશ્રય લીધો છે એ નિરપરાધ છે. એ ત્રીજી ભૂમિકા વ્યવહારે અમૃતકુંભ કહેવાય છે. આહાહા..! બાકી એના અભાવમાં દ્રવ્યપ્રતિક્રમણ... આહાહા..! પાંચ નવકારને ગણવા, સ્મરણ કરવું. નામ ૐ... ૐ... ૐ... ૐ..., જાપ... જાપ (કરવા), પંચપરમેષ્ઠીનો જાપ સવારથી સાંજ સુધી ચોવીસ કલાક (કરે), એ બધું નિશ્ચયના **'અભાવમાં દ્રવ્યપ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે.'** આહાહા..! આ તો અત્યારનું નથી, આ તો હજાર વર્ષ પહેલાની ટીકા છે. બે હજાર વર્ષ પહેલાનો આ આશય છે. અનાદિનો આશય આ છે. આહા..! વસ્તુસ્થિતિ જ અનાદિની આ છે. આહાહા..!

**'માટે, ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે એમ ઠરે છે.'** માટે ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે. સ્વનો આશ્રય લઈને જે દૃષ્ટિ-જ્ઞાન પ્રગટે તે જ નિરપરાધ છે. હવે જરીક વાત કરે છે. વ્યવહાર આવે છે. **'તેની પ્રાપ્તિ અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે.'** એ દ્રવ્યપ્રતિક્રમણ વખતે પણ લક્ષ તો દ્રવ્ય ઉપર હોવું જોઈએ. પ્રાપ્ત તો દ્રવ્યને કરવું છે. દ્રવ્યપ્રતિક્રમણમાં ન્યાં ને ન્યાં રોકાવું નથી એમ કહે છે. આહાહા..! શું કીધું? દ્રવ્યપ્રતિક્રમણ વ્યવહાર સ્મરણ પંચપરમેષ્ઠી વગેરે છે. **'તેની પ્રાપ્તિ અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે.'** નિશ્ચયની પ્રાપ્તિ અર્થે વ્યવહાર (છે). આમાંથી કાઢે.

અહીં તો એમ કહે છે, કે જ્યાં નિશ્ચયની દૃષ્ટિ હોય ત્યાં વ્યવહાર હોય છે ત્યારે જ એને વ્યવહાર કહેવામાં આવે છે અને વ્યવહારનું સફળપણું ત્યારે કહેવાય કે ન્યાંથી છૂટીને નિશ્ચયમાં આવે તો. ઇ આપણે 'નિયમસાર'માં આવી ગયું છે. વ્યવહારનું સફળપણું. જે વ્યવહાર સાંજના પડિકમણા કરે, આચાર્યે જે પડિકમણા બાંધ્યા એ કરે, પણ સફળપણું ક્યારે? કે, એનાથી રહિત થઈને નિશ્ચયમાં આવે ત્યારે સફળપણું કહેવાય. આહાહા..! 'નિયમસાર'માં ઇ શબ્દ છે, 'નિયમસાર'માં આવી ગયું છે. આહાહા..! **'તેની પ્રાપ્તિ અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે.'** એટલે કે ન્યાં રોકાવાનું નથી પણ એને ને એને છોડીને નિશ્ચયમાં જવાનું છે. એને માટે વ્યવહાર વચ્ચે વિકલ્પ આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ઇ સાધન ખરું ને.

ઉત્તર :- ઇ સાધન-ફાધન ઇ વ્યવહાર, વ્યવહાર સાધન આરોપ. નિશ્ચય સાધન છે ત્યાં વ્યવહાર સાધનનો આરોપ (કરાય છે). નિશ્ચય અંતરથી રાગથી રહિતનું સાધન છે

તેને વ્યવહારનું આ સાધન, વ્યવહારનો આરોપ અપાય છે. આમાંથી ઘણું બધું નીકળે છે. નિશ્ચય હોય એને વ્યવહાર પ્રતિક્રમણાદિને વ્યવહાર પ્રતિક્રમણ કહેવાય છે. વ્યવહાર અમૃતકુંભ પણ કહેવાય છે. આહાહા..!

**'તેની પ્રાપ્તિ અર્થે...'** એટલે શુભ-અશુભ છોડીને જવું છે તો ત્રીજી ભૂમિકાએ, પણ વચમાં આવો વિકલ્પ આવે એને છોડીને નિશ્ચયમાં જાય તો એનું સફળપણું વ્યવહારનું કહેવાય. એને છોડીને જાય. આહા..! એથી એનાથી પ્રાપ્તિ થાય એમ કહેવામાં આવે છે. આહાહા..! **'આમ હોવાથી એમ ન માનો કે (નિશ્ચયનયનું) શાસ્ત્ર દ્રવ્યપ્રતિક્રમણાદિને છોડાવે છે.'** આહાહા..! ઇ છોડાવે છે એમ ન માનો. **'ત્યારે શું કરે છે? દ્રવ્યપ્રતિક્રમણાદિથી છોડી દેતું નથી...'** તેને ત્યાં અટકાવતું નથી, ત્યાં એને ઊભા નથી રાખતા.

**'(-અટકાવી દેતું નથી, સંતોષ મનાવી દેતું નથી); તે સિવાય બીજું પણ, પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી અગોચર...'** આહાહા..! આ પ્રતિક્રમણ એટલે અજ્ઞાન, હોં પહેલા. પ્રતિક્રમણ-અપ્રતિક્રમણ તે ત્રીજી ભૂમિકા અપ્રતિક્રમણ પાછી. આ પ્રતિક્રમણ છે અજ્ઞાનનું અને પછીનું અપ્રતિક્રમણ છે એ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન. એ **'પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી અગોચર અપ્રતિક્રમણાદિરૂપ, શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે...'** આહાહા..! **'એવું, અતિ દુષ્કર કાંઈક કરાવે છે.'** આ શુભને છોડાવી દેતું નથી પણ ન્યાંથી જઈને અંદરમાં જવું એ દુષ્કર કરાવે છે. એ કરાવે છે. શુભ છોડીને અશુભમાં જવું એ તો પ્રશ્ન નથી પણ શુભમાં આવ્યો છે એને ન્યાંથી છોડીને અંદરમાં જવાય એવી વાત કરે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૭૬, શ્લોક ૧૮૮, ૧૮૯, ગાથા–૩૦૬ થી ૩૦૭ રવિવાર, પોષ સુદ ૫, તા. ૨૩-૧૨-૧૯૭૯**

---

૩૦૬ અને ૩૦૭, એનો છેલ્લો ભાગ છે. **'આ શાસ્ત્રમાં જ આગળ કહેશે...'** આ 'મોક્ષ અધિકાર' છે ને? '"**कम्मं जं पुव्वकयं सुहासुहमणेय-वित्थरविसेसं। तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।।**' **'(અર્થઃ– અનેક પ્રકારના વિસ્તારવાળાં જે પૂર્વે કરેલાં શુભાશુભ કર્મ છે...'** પુણ્ય ને પાપના ભાવ જે પૂર્વે કર્યા હોય એ શુભાશુભ કર્મ **'તેમનાથી જે પોતાના આત્માને નિવર્તાવે છે તે આત્મા પ્રતિક્રમણ છે.)'** આહાહા..! શુભ-અશુભભાવથી ખસીને સ્વભાવનો આશ્રય લે એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. પ્રતિક્રમણ (એટલે) આ એકલી ભાષા બોલવી ને એનો વિકલ્પ એ કાંઈ પ્રતિક્રમણ નથી. વસ્તુ સ્વરૂપની દૃષ્ટિ કરી, એ તો પહેલી છે પછી શુભાશુભભાવથી નિવૃત્તિ લેવી અને સ્વભાવમાં રહેવું એનું નામ પ્રતિક્રમણ છે.

**ભાવાર્થ :– 'વ્યવહારનયાવલંબીએ કહ્યું હતું કે - 'લાગેલા દોષનું પ્રતિક્રમણ આદિ કરવાથી જ આત્મા શુદ્ધ થાય છે,...'** શું કહે છે? વ્યવહારનયના પક્ષવાળાએ એમ કહ્યું હતું, વ્યવહારનયના શાસ્ત્રમાં એમ છે કે વ્યવહાર પ્રતિક્રમણ એ બધા અમૃત છે અને તમે ઝેર કહો છો. વ્યવહાર શાસ્ત્રમાં વ્યવહાર પ્રતિક્રમણ, ભગવાનની પ્રતિમા પંચ પરમેષ્ઠીનું સ્મરણ વગેરે શુભભાવને વ્યવહાર શાસ્ત્રમાં અમૃત કહ્યું છે. આહા..! છે ને? **'તો પછી પ્રથમથી જ શુદ્ધ આત્માના આલંબનનો ખેદ કરવાનું શું પ્રયોજન છે?'** શુદ્ધ આત્મા અંદરમાં એકદમ લેવો પાધરો એવું કષ્ટ ઉઠાવવાનું શું કામ છે? શુભ છે એ જ અમૃત છે, શુભ ક્રિયાકાંડનો ભાવ શુભ એ અમૃત છે. વ્યવહારનયમાં કહ્યું છે.

**'શુદ્ધ થયા પછી તેનું આલંબન થશે; પહેલેથી જ આલંબનનો ખેદ નિષ્ફળ છે.' 'તેને આચાર્ય સમજાવે છે...'** આવો જેને પ્રશ્ન ઉઠ્યો હોય એને સમજાવે છે **'કે :– જે દ્રવ્યપ્રતિક્રમણાદિક છે તે દોષનાં મટાડનારાં છે,...'** નિશ્ચય સહિત. નિશ્ચય સમ્યગ્દર્શન ને જ્ઞાન શુદ્ધ ચિદાનંદ આત્મા એના ભાનની ભૂમિકામાં સ્થિર રહી શકે નહિ તો એને શુભભાવ આવે તો એ શુભભાવ દોષના મટાડનારા છે. અશુભ દોષને મટાડે છે પણ શુભ પોતે છે એને મટાડતા નથી, એ તો બંધનું કારણ છે. આહાહા..!

**'તોપણ શુદ્ધ આત્માનું સ્વરૂપ કે જે પ્રતિક્રમણાદિથી રહિત છે...'** શું કહે છે? વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર પ્રતિમા, વ્યવહાર પંચ સ્મરણ પાંચ પરમેષ્ઠીનું એ બધું વ્યવહાર ક્યારે હોય કે, શુદ્ધ આત્માનું સ્વરૂપ કે જે પ્રતિક્રમણાદિથી રહિત છે. ઇ પ્રતિક્રમણ નામ શુભભાવથી રહિત એનું સ્વરૂપ છે. આહાહા..! જેટલી ક્રિયાકાંડનો શુભભાવ કહેવાય છે એનાથી તો ભગવાન તદ્દન ભિન્ન છે. કારણ કે, પેલું તો પુણ્ય તત્ત્વ છે, આ આત્મ તત્ત્વ છે. બેય તત્ત્વનું સામર્થ્ય ભિન્ન ભિન્ન છે.

**'તેના આલંબન વિના...'** ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ પ્રભુ જે અનંત બળનો ધણી, અનંત ગુણનો વિશ્વાસુ એવો જે આત્મા **'તેના આલંબન વિના તો દ્રવ્યપ્રતિક્રમણાદિક દોષ સ્વરૂપ છે,...'** આહા..! દોષ-દોષની વાત લીધી છે, ભાઈ! સર્વથા મટાડે એ વાત અહીં ન લીધી. દોષને જરીક ઘટાડે. નિશ્ચય સહિત, સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત હોય તો અશુભભાવ ઘટે, એટલો ઘટાડે. અને નિશ્ચયનું જ્ઞાન ને સ્થિરતા હોય, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની રમણતા (હોય) તો એ તો શુભાશભ દોષને સર્વથા નષ્ટ કરે. આહાહા..! આવી આકરી વાત છે.

ભલે કહે છે, કે નિશ્ચય પ્રતિક્રમણ સહિત. નિશ્ચય નામ આત્માના અવલંબન સહિત શુભરાગ આવે એને વ્યવહારે કહેવાય, વ્યવહારે દોષ મટાડવાનું કારણ કહેવાય. **'કારણ કે નિશ્ચયની અપેક્ષા સહિત જ...'** આહાહા..! અને એના વિના, **'તેના આલંબન વિના તો દ્રવ્યપ્રતિક્રમણાદિક દોષ સ્વરૂપ જ છે,...'** આહા..! જેને આ આત્મા અંદર નિર્મળ, નિર્લેપ પરમ પરમેશ્વર અનંત આનંદ ને જ્ઞાનથી ભરેલો (છે) તેનો પૂર્ણ વિશ્વાસ સમ્યગ્દર્શન અને

અંતર આનંદનો ભાવ (પ્રગટ થયા હોય) એવા સહિત જ. આહાહા..! દોષ સ્વરૂપ છે, દોષ મટાડવાને સમર્થ નથી.

**'નિશ્ચયની અપેક્ષા સહિત જ...'** એકલા નિશ્ચય વિના વ્યવહારને વ્યવહાર કહેતા નથી એમ કહે છે. આત્માનું જ્યાં નિશ્ચય, જ્ઞાન ને આનંદ નથી તેવા વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર વંદના, ભગવાનની સ્તુતિ, પંચપરમેષ્ઠીનું સ્મરણ એને નિશ્ચય વિના અમે વ્યવહાર કહેતા નથી. આહાહા..! **'કારણ કે નિશ્ચયની અપેક્ષા સહિત જ...'** આહા..! સ્વના આશ્રય સહિત જ **'વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે,...'** આહાહા..! શું કીધું? નિશ્ચય એટલે સ્વદ્રવ્ય ચૈતન્યમૂર્તિ અનંત ગુણ, અનંત જ્ઞાન ને આનંદનો સાગર એના અવલંબન ને આશ્રય વિના એકલો વ્યવહાર (હોય) તેને વ્યવહાર કહેતા નથી.

**'દ્રવ્યપ્રતિક્રમણાદિક દોષસ્વરૂપ જ છે, દોષ મટાડવાને સમર્થ નથી; કારણ કે...'** દ્રવ્યપ્રતિક્રમણ (એટલે) આ વ્યવહાર કરે છે ને? એ બધા દોષરૂપ છે, કહે છે. દોષ મટાડવાને સમર્થ છે એમ કહ્યું હતું એ કોને? એ નિશ્ચય વિનાના વ્યવહાર એકલા કરે એને નહિ. આહાહા..! આત્માના શુદ્ધ અવલંબન વિના જેટલા દ્રવ્યપ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન વ્યવહાર પંચ પરમેષ્ઠીનું સ્મરણ, જાપ, ણમો અરિહંતાણં (બોલે) એ બધું નિશ્ચય વિના એકલું ઝેર છે, બંધનું કારણ છે. આહાહા..! છે ને?

**'તેના આલંબન વિના તો દ્રવ્યપ્રતિક્રમણાદિક દોષસ્વરૂપ જ છે, દોષ મટાડવાને સમર્થ નથી; કારણ કે નિશ્ચયની અપેક્ષા સહિત જ...'** જુઓ! કેટલો ખુલાસો કર્યો છે! **'વ્યવહારનય મોક્ષમાર્ગમાં (હોય) છે,...'** અંતર આલંબન સહિત. ચૈતન્ય સ્વરૂપના આનંદ સ્વરૂપનો અનંત બળનો ધણી એવો જેને અંતરમાં વિશ્વાસ દૃષ્ટિમાં આવ્યો છે એ અનંત બળ છે. એનામાં વીર્ય અનંત છે. એ અનંત બળનો ધણી રાગને તાબે ન થાય. એ સ્વભાવને તાબે થાય એવી જેને દૃષ્ટિ ને અનુભવ છે એવા જીવને વ્યવહારનય મોક્ષમાર્ગમાં વ્યવહારે કહેવામાં આવ્યો છે. આહાહા..! નિશ્ચય સહિત હોય તો તેને વ્યવહારમાં વ્યવહાર કહેવામાં આવ્યો છે. નિશ્ચય આત્માનું જ્ઞાન, દર્શન જેને નથી અને પ્રતિક્રમણ ને બધું લાખ કરી કરીને મરી જાય, સુકાય જાય એ બધું દોષ સ્વરૂપ જ છે. આહાહા..!

આત્મજ્ઞાન વિના જેટલી ક્રિયાકાંડના રાગની મંદતાની ક્રિયા કરે એ બધું દોષ સ્વરૂપ છે. કેમ? કે **'નિશ્ચયની અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે,...'** વ્યવહાર મોક્ષમાર્ગમાં છે એટલે આત્માનો મોક્ષમાર્ગ શુદ્ધ ચૈતન્ય છે એની દૃષ્ટિ, જ્ઞાન થયા છે એને રાગની મંદતાનો ભાવ હોય. એવા નિશ્ચય મોક્ષમાર્ગમાં વ્યવહાર મોક્ષમાર્ગ હોય છે. વ્યવહારનય મોક્ષમાર્ગમાં હોય છે. એટલે છે. છે દોષરૂપ, છે બંધનું કારણ પણ નિશ્ચય જ્યાં આત્મજ્ઞાન છે ત્યાં એવો વ્યવહાર હોય છે તો એને વ્યવહાર કહેવામાં આવે છે. છે બંધનું કારણ. સમકિતીને પણ દોષ તો બંધનું જ કારણ છે. આહાહા..! શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ,

પૂજા, પાંચ ભગવાનનું સ્મરણ એ બધું નિશ્ચય સમ્યગ્દર્શન વિના, નિશ્ચય આત્માના ભાન વિના બધું દોષરૂપ છે. આહાહા..! આવું આકરું કામ. અહીંયાં અત્યારે તો આત્મા પડ્યો રહ્યો એકલો. બહારની ક્રિયાકાંડમાં પ્રવૃત્તિ કરે ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, તિક્ખુત્તો.. થઈ ગઈ સામાયિક.

અહીં કહે છે નિશ્ચય વિનાનો વ્યવહાર એકલો દોષરૂપ છે. નિશ્ચય સહિત હોય તો મોક્ષમાર્ગમાં એ વ્યવહાર આવે છે, આવે છે. એમ કીધું ને? જુઓને? વ્યવહાર મોક્ષમાર્ગમાં છે. વ્યવહાર મોક્ષમાર્ગ ઇ છે એમ નથી કહ્યું. વ્યવહાર મોક્ષમાર્ગમાં છે. જ્યારે નિશ્ચયનો આશ્રય લીધો છે ત્યારે વચ્ચે રાગ આવે છે એ વ્યવહાર મોક્ષમાર્ગમાં છે એટલું. આહાહા..! કહ્યું સમજાણું? વ્યવહાર (તે) મોક્ષમાર્ગ નહિ. પણ મોક્ષમાર્ગમાં અંતરનું આલંબન લઈને શુદ્ધ થયો છે એને વ્યવહાર છે. તેને વ્યવહારનય મોક્ષમાર્ગમાં નિશ્ચયવાળાને વ્યવહાર છે. નિશ્ચય જ્યાં આત્માનું જ્ઞાન નથી તેનો તો વ્યવહાર એકલો દોષસ્વરૂપ છે. આહાહા..! આકરું કામ. બધી ક્રિયા પ્રવૃત્તિ આખો દિ' સવાર (થી સાંજ) સુધી સંસારની કરે અને એકાદ કલાક આ કરે. સામાયિક કરે, પોષા, સાંજે એક કલાક પડિકમણું કરી લે, લ્યોને! થઈ ગયા જાણે પાપ રહિત. એ બધાય દોષસ્વરૂપ છે.

ચૈતન્ય સ્વરૂપ આનંદ સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદનો કંદ આત્મા છે. અરે..રે..! આહાહા..! આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત શાંતિ એનો પિંડ આત્મા અંદર છે. આહાહા..! એના દૃષ્ટિ ને અનુભવ વિના જેટલી ક્રિયાકાંડ કરવામાં આવે એ બધી ક્રિયાકાંડ દોષસ્વરૂપ છે, આત્માને જરીએ લાભદાયક નથી. આહાહા..! **'નિશ્ચયની અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં (હોય) છે.'** અનુભવ જ્યાં આત્માનો હોય છે, સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ છે... આહાહા..! અતીન્દ્રિય જ્ઞાનથી ભરેલો ભગવાન છે આત્મા, એનો અનુભવ થયો અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો, આત્મા અતીન્દ્રિય આનંદમય છે, એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એની ભૂમિકામાં આવે તેને વ્યવહારનય કહેવામાં આવે છે. આહાહા..! આવું આકરું કામ છે.

**'કેવળ વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી,...'** આત્મજ્ઞાન, આત્મજ્ઞાન વિના, આત્મ અનુભવ વિના કેવળ એકલી ક્રિયાકાંડ જે વ્યવહાર એ મોક્ષમાર્ગમાં છે જ નહિ. આહાહા..! આવું આકરું કામ છે. મૂળ ... નથી, ભગવાન છે એમાં અતીન્દ્રિય આનંદ અનંત પડ્યો છે, અનંત જ્ઞાન છે. અનંતા ગુણનો વિશ્વાસ કરે એવો અનંત વિશ્વાસ નામનો એ ગુણ છે. અનંત વિશ્વાસ નામનો એટલે શ્રદ્ધા નામનો ગુણ છે. એવા અનંતા અનંતા ગુણને બળ આપનાર વીર્ય છે. એવો અનંત બળવંત એવો ભગવાનઆત્મા એ પુણ્ય ને પાપ, દયા ને દાનના વિકલ્પથી પાર છે. આહાહા..! એના ભાન વિના એકલી વ્યવહાર ક્રિયાકાંડ છે એ એકલી દોષ સ્વરૂપ છે. જરીએ લાભ નથી, આત્માને માટે જરીએ લાભ નથી. આહાહા..!

છે? **'કેવળ વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી,...'** આત્માના અનુભવ વિના, સમ્યગ્દર્શન વિના, આત્મજ્ઞાન વિના એકલો વ્યવહારનો પક્ષ તે મોક્ષમાર્ગમાં છે નહિ, **'બંધનો જ માર્ગ છે.'** આહાહા..! આત્મજ્ઞાન વિનાના જેટલી ક્રિયાકાંડ છે ચાહે તો પરમેશ્વરની ભક્તિ હો, પરમેશ્વરની વાણી સાંભળતો હોય, પરમેશ્વરની વાણી વિચારતો હોય એ બધા વિકલ્પો ને રાગ છે, એ બધા બંધ પક્ષમાં છે. આહાહા..! એ ધર્મ પક્ષમાં નથી. આવી વાતું આકરી.

**'માટે એમ કહ્યું છે કે-અજ્ઞાનીને જે અપ્રતિક્રમણાદિક છે...'** મિથ્યાદૃષ્ટિના જે અનાદિના અશુભભાવ અજ્ઞાન સહિતના જે છે તે તો અપ્રતિક્રમણ છે, **'તે તો વિષકુંભ છે જ;...'** અજ્ઞાનીના અપ્રતિક્રમણાદિ છે એ તો ઝેર છે. આહાહા..! **'તેમની તો વાત જ શી?'** કરવી. જેને આત્માનું અવલંબન નથી આવ્યું, આત્માનું ભાન નથી આવ્યું એવા આત્મજ્ઞાન વિનાના ક્રિયાકાંડીઓની તો અમે વાત કરતા જ નથી. કારણ કે એ તો એકલા બંધમાં, ઝેરમાં પડ્યા છે. પ્રભુ અમૃત સ્વરૂપ છે, આત્મા અંદર અમૃતનો સાગર છે. એનાથી વિકલ્પ જેટલો ઊઠે ચાહે તો દયા, દાન ને ભગવાનની ભક્તિની વૃત્તિ ઊઠે, એ વૃત્તિ ઊઠે એ ઝેર છે. આત્મા અમૃત સાગરની સામે એ ઝેર છે. આહાહા..!

**'તેમની તો વાત જ શી? પરંતુ વ્યવહારચારિત્રમાં જે પ્રતિક્રમણાદિક કહ્યાં છે...'** એણે પ્રશ્ન કર્યો હતો ને? કે, વ્યવહાર શાસ્ત્રમાં એ પ્રતિક્રમણને શુભભાવને તો અમૃત કીધું છે, અમૃતકુંભ કીધો છે. અમૃતકુંભ તો કેમ (કીધો)? કે **'વ્યવહારચારિત્રમાં જે પ્રતિક્રમણાદિક કહ્યાં છે તે પણ નિશ્ચયનયે વિષકુંભ જ છે,...'** છે તો ઝેર. વિષકુંભ, વિષનો–ઝેરનો ઘડો છે. અર..ર..ર..! આવી વાત. આત્મજ્ઞાન, જે અંદર દેહથી તો ભિન્ન છે, પણ અંદરમાં પુણ્ય ને પાપના શુભ-અશુભભાવ એનાથી પણ ભિન્ન છે એવું સ્વસ્વરૂપનું જેને જ્ઞાન નથી, સ્વસ્વરૂપનો જેને આનંદનો સ્વાદ આવ્યો નથી, એવાને **'નિશ્ચયનયે વિષકુંભ જ છે,...'** એ રાગાદિ બંધ. અને જ્ઞાનીને પણ વ્યવહાર વિષકુંભ જ છે. આહા..! છે?

**'તે પણ નિશ્ચયનયે તો વિષકુંભ જ છે,...'** જ્ઞાનીને પણ. અજ્ઞાનીની તો વાત શું કરવી, એ તો ઝેર છે એકલું. શ્રદ્ધાએ ઝેર છે ને ચારિત્રે પણ શુભભાવ ઝેર છે. અહીંયાં નિશ્ચયની દૃષ્ટિવંતને પણ જેટલા શુભભાવ પ્રતિક્રમણ આદિના હોય તેને પણ વિષકુંભ જ કહ્યા છે, ઝેરના ઘડા કહ્યા છે. આહાહા..! હવે આમાં નિર્ણય કરવાનો વખત મળે નહિ કે આ શું સત્ય છે, શું અસત્ય છે? ધંધા આડે નવરાશ ન મળે, પાપના ધંધા આખો દિ'. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! એકવાર થોડી નિવૃત્તિ લે. આહાહા..! અનંત કાળે માંડ મનુષ્યપણું મળ્યું છે, અનંતા ભવ કરી ચુક્યો છો, પ્રભુ! આહાહા..! એક એક ભવ, ચોરાશી લાખ યોનીમાં એક એક યોનીમાં અનંતા ભવ કર્યા છે. આહાહા..! નરકના અનંતા, મનુષ્યના અનંતા, દેવના અનંતા, કીડાના અનંતા, કાગડાના અનંતા, કુતરાના અનંતા, અત્યાર સુધી અનંતા અનંતા ભવ કર્યા, પ્રભુ! આ ભવ પહેલા ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ...

ભવ... ભવ... કોઈ દિ' ભવ રહિત નથી થયો. આહાહા..! તો એ ભવરહિત થવાની ક્રિયા કોઈ અલૌકિક હોવી જોઈએ ને! આ ભગવાનની પૂજા કરી ને ભક્તિ કરી અને ટોકરી વગાડી જય નારાયણ! એ કાંઈ ધર્મ નથી. એ તો એક અશુભભાવથી બચવા શુભભાવ આવે. સમજાય છે કાંઈ? અશુભભાવથી બચવા જ્ઞાનીને (શુભભાવ આવે). અજ્ઞાનીની તો વાત છે જ નહિ, કહે છે. આહાહા..!

જ્ઞાનીને આત્મજ્ઞાન છે તેને પણ ભક્તિ, ભગવાનનું સ્મરણ એવો શુભભાવ આવે, એ અશુભથી બચવા, પણ છે દોષસ્વરૂપ. એ શુભભાવ પણ જ્ઞાનીને પણ છે દોષ સ્વરૂપ. પણ એ દોષ સ્વરૂપ અશુભથી બચવા માટે આવે. આહાહા..! આવી વાતું. ચરણાનુયોગમાં જેટલી ક્રિયાકાંડની વ્યાખ્યા આવતી હોય એ બધી નિશ્ચયનયે તો કહે છે ઝેર છે. આહાહા..! અજ્ઞાનીની તો વાત કરતા જ નથી પણ જ્ઞાનીને પણ આત્મજ્ઞાનમાં સ્થિરતા રહી શકતી નથી ત્યારે એને અશુભથી બચવા ભક્તિ-પૂજા-નામ સ્મરણનો શુભભાવ આવે પણ એને પણ દોષ સ્વરૂપ છે, એને પણ બંધનું કારણ છે. આહાહા..!

જેટલો આત્મા(નો) આશ્રય થયો છે એટલો અબંધ છે, જેટલો પરનો આશ્રય રહે છે એટલો બંધ છે એવી મિશ્ર અવસ્થા છે. પૂર્ણ દશા થતાં એકલો આત્મા(નો) આશ્રય છે. ત્યાં રાગાદિ નથી. કેવળીની કોઈની ભક્તિ કરવી, વિનય કરવો, નમસ્કાર કરવો એ કેવળીને હોતું નથી. સમજાણું કાંઈ? 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન' આવે છે ને? એમ નથી. એ શ્વેતાંબરની ઝળક છે. કેવળી હોય એને પછી... કેવળ ચૈતન્યજ્યોતિ ઝળહળ સ્વભાવ જે ભર્યો છે એ પર્યાયમાં ઉછળી ગયો, પૂરો આવી ગયો. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત શાંતિ એને હવે વંદન કોને કરવું? ને એને એ કંઈ ક્રિયા હોય નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'કારણ કે આત્મા તો પ્રતિક્રમણાદિકથી રહિત,...'** શુભભાવથી રહિત છે પ્રભુ તો. શુભભાવ છે એ તો પુણ્યમાં જાય છે, અશુભભાવ છે હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ પાપમાં જાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પુણ્યમાં જાય છે, એ આત્મા નથી કાંઈ. એ તો વિકલ્પ છે, એ તો વૃત્તિઓ ઊઠે છે. આહા..! **'આત્મા તો પ્રતિક્રમણાદિકથી રહિત, શુદ્ધ, અપ્રતિક્રમણાદિસ્વરૂપ જ છે.'** આ અપ્રતિક્રમણ સ્વરૂપ એ પવિત્ર છે. અજ્ઞાનીનું અપ્રતિક્રમણ સ્વરૂપ એકલું પાપ છે. શબ્દ બેયને અપ્રતિક્રમણ છે. પણ અજ્ઞાનીનું અપ્રતિક્રમણ એકલું મિથ્યાત્વ સહિત એકલું ઝેર છે અને આ જ્ઞાનીનું અપ્રતિક્રમણ એટલે કે પુણ્યથી રહિત, શુભથી રહિત સ્વભાવમાં સ્થિરતા તે અપ્રતિક્રમણ છે–ત્રીજી ભૂમિ (છે).

## શ્લોક-૧૮૮

अतो हताः प्रमादिनो गताः सुखासीनतां
प्रलीनं चापलमुन्मूलितमालम्बनम्।
आत्मन्येवालानितं च चित्त-
मासम्पूर्णविज्ञानघनोपलब्धेः।।१८८।।

હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ अतः ] આ કથનથી, [ सुख-आसीनतां गताः ] સુખે બેઠેલા (અર્થાત્ એશઆરામ કરતા) [ प्रमादिनः ] પ્રમાદી જીવોને [ हताः ] હત કહ્યા છે (અર્થાત્ મોક્ષના તદ્દન અનધિકારી કહ્યા છે), [ चापलम् प्रलीनम् ] ચાપલ્યનો (-વિચાર વિનાના કાર્યનો) પ્રલય કર્યો છે (અર્થાત્ આત્મભાન વિનાની ક્રિયાઓને મોક્ષના કારણમાં ગણી નથી), [ आलम्बनम् उन्मूलितम् ] આલંબનને ઉખેડી નાખ્યું છે (અર્થાત્ સમ્યગ્દષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરેને પણ નિશ્ચયથી બંધનું કારણ ગણીને હેય કહ્યાં છે), [ आसम्पूर्ण-विज्ञान-घन-उपलब्धेः ] જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી [ आत्मनि एव चित्तम् आलानितं च ] (શુદ્ધ) આત્મારૂપી થાંભલે જ ચિત્તને બાંધ્યું છે (-વ્યવહારના આલંબનથી અનેક પ્રવૃત્તિઓમાં ચિત્ત ભમતું હતું તેને શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મામાં જ લગાડવાનું કહ્યું છે કારણ કે તે જ મોક્ષનું કારણ છે). ૧૮૮.

## શ્લોક–૧૮૮ ઉપર પ્રવચન

'હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છે :–'

अतो हताः प्रमादिनो गताः सुखासीनतां
प्रलीनं चापलमुन्मूलितमालम्बनम्।
आत्मन्येवालानितं च चित्त-
मासम्पूर्णविज्ञानघनोपलब्धेः।।१८८।।

'આ કથનથી,...' 'सुख-आसीनतां गताः' 'સુખે બેઠેલા (અર્થાત્ એશઆરામ કરતા)

**પ્રમાદી જીવોને હત કહ્યા છે...'** આહાહા..! જેને કંઈ આત્માનું જ્ઞાન પણ નથી ને વ્યવહારે શુભ નથી એવા અજ્ઞાનીઓને તો હત કહ્યા છે. આહાહા..! પ્રભુ! તું ક્યાં જઈશ? દેહ છૂટીને આત્મા કાંઈ નાશ થાય એવો નથી. આત્મા તો અવિનાશી છે અંદર. આ દેહ નાશવાન છે તે રાખ થાશે પછી તું ક્યાં જાઈશ? ક્યે ઠેકાણે ઉતારા કરીશ? અજ્ઞાનીને એના વિચાર પણ ન મળે. આહાહા..! એવા જીવોને તો હત કહ્યા છે. હત એટલે ધિક્કારવા જેવા. આહાહા..! એને તે આત્માનો કાંઈ વિચાર પણ નથી કે, અરે..! આત્મા છે અંદર, સત્તા છે, સત્ છે, અસ્તિત્વ છે, એમાં ગુણો જે શક્તિ છે અનંત શક્તિ ભરી છે. એવા અનંત શક્તિનો સાગર નાથ એનો તને વિચારે નહિ, વિકલ્પે નહિ. એવા જીવોને તો હત-તિરસ્કાર કીધા છે. છે ને? **'(અર્થાત્ મોક્ષના તદ્દન અનધિકારી કહ્યા છે),...'** આહાહા..!

**'ચાપલ્યનો (-વિચાર વિનાના કાર્યનો) પ્રલય કર્યો છે (અર્થાત્ આત્મભાન વિનાની ક્રિયાઓને મોક્ષના કારણમાં ગણી નથી),...'** આહાહા..! ભગવાનઆત્મા, એનું જ્યાં જ્ઞાન નથી, આત્મજ્ઞાન નથી એ આત્મભાન વિનાની જેટલી ક્રિયા છે, ચાહે તો ભગવાનના સ્મરણ ને લાખો-કરોડો રૂપિયા મંદિર માટે ખર્ચે, મંદિર બનાવે, મોટા વરઘોડા કાઢે ને કરોડો રૂપિયા ખર્ચે. ઇ આત્મભાન વિનાની ક્રિયા મોક્ષના કારણમાં ગણી નથી, એ ક્રિયા મોક્ષમાર્ગમાં નથી. આહાહા..! આવું કામ છે.

**'आलम्बनम् उन्मूलितम्' 'આલંબનને ઉખેડી નાખ્યું છે (અર્થાત્ સમ્યગ્દષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરેને પણ નિશ્ચયથી બંધનું કારણ ગણીને હેય કહ્યાં છે),...'** શું કીધું ઇ? કે, સમ્યગ્દષ્ટિને પણ પરના આલંબનથી બંધ થાય છે એમ નિષેધ કરીને એ આલંબન છોડાવી દીધું છે, ઉખેડી નાખ્યું છે. જેટલો પરદ્રવ્યનો આશ્રય થશે,... એ તો 'મોક્ષ પાહુડ'માં ઘણીવાર કહીએ છીએ. ૧૬મી ગાથા **'परदव्वादो दुग्गई सद्दव्वादो हु सुग्गई'** આવા બે શબ્દ પડ્યા છે 'કુંદકુંદાચાર્ય'. **'परदव्वादो'** જેટલા અમે દેવ ને ગુરુ, શાસ્ત્ર છીએ એ અમારી સામું જેટલું જોઈને રાગ થાય એ બધી ચેતનગતિને બગાડે છે. આહાહા..! આકરી વાતું. દેવ, ગુરુ ને શાસ્ત્ર એમ કહે છે, અમે તારાથી પરદ્રવ્ય છીએ. અમારા ઉપર જેટલું તારું લક્ષ જાશે (તેટલો) રાગ થશે. એને રાગને દુર્ગતિ કહી છે. રાગથી ભલે કોઈ પૈસા મળે, આ શેઠિયાઓ ધૂળ કહેવાય અને કોઈ દેવ થાય છતાં એને ગણતરીમાં ગણી નથી. આહાહા..!

**'આલંબનને ઉખેડી નાખ્યું છે (અર્થાત્ સમ્યગ્દષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરેને પણ નિશ્ચયથી બંધનું કારણ ગણીને હેય કહ્યાં છે),...'** આહાહા..! સમકિતી છે, જ્ઞાની છે એને પણ વ્યવહારનું આલંબન આવે છે છતાં તે આલંબનને બંધનું કારણ ગણીને હેય કહ્યું છે. ભાવ આવે, પૂર્ણ વીતરાગ ન હોય તો આત્મજ્ઞાન સહિત ભૂમિકામાં રાગ હોય, છતાં તે આલંબનનો પણ નિષેધ કર્યો છે. એ આલંબનનો પણ નિષેધ કર્યો છે.

એક ભગવાનનું પૂર્ણ આલંબન લેવું. ભગવાન એટલે આત્મા. સચ્ચિદાનંદ પ્રભુ સત્

શાશ્વત ચિદાનંદ જ્ઞાન ને આનંદ અખંડાનંદ પ્રભુ અંદર બિરાજે છે. આહાહા..! એવા આત્માના આલંબન સિવાય બીજા આલંબનને ઉખેડી નાખ્યા છે. આહા..! આ તો સમ્યગ્દષ્ટિના આલંબનને છોડાવ્યું છે, કહે છે. વ્યવહાર છે ને? મિથ્યાદષ્ટિની તો અહીં વાત કરી જ નથી. શું કરવી? બેય દોષવાળા. દષ્ટિનું ભાન નથી ને અહીંયાં એકલો શુભભાવ કરે એ તો એકલું પાપ ને ઝેર છે બધું. આહાહા..! જેને આત્મા અમૃતનો સાગર નાથ એનો અંતર પૂર્ણ અનંત વિશ્વાસ આવીને જે આનંદનો સ્વાદ આવ્યો છે એવા આનંદના સ્વાદિને, અતીન્દ્રિય આનંદના રસીલા જ્ઞાનીને પણ પર તરફના આલંબનને છોડાવ્યું છે. સમજાણું કાંઈ?

**'આલંબનને ઉખેડી નાખ્યું છે (અર્થાત્ સમ્યગ્દષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરે,...)'** આહાહા..! પંચ પરમેષ્ઠીના સ્મરણને ઉખેડી નાખ્યું છે. પંચ પરમેષ્ઠી પર છે. એના ઉપર લક્ષ જશે તો વિકલ્પ, રાગ જ થશે. આહાહા..! બહુ ઝીણી વાત છે, ભગવાન! માર્ગ કઠણ છે, ભાઈ! અપૂર્વની વાતું છે. એવી વાતું છે. દુનિયા આખી વાતું કરે છે. આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો. પરની સેવા કરો ને પરનો ઉપકાર કરો ને પરોપકાર કરો. ધૂળેય સેવા કરી શકતો નથી. પર ઉપકાર પરનો ઉપકાર કરે કે તારો? પર એટલે પ્રધાન આત્મા તું, એનો ઉપકાર કરને! આહા..!

મિથ્યાદષ્ટિના એકલા ચાપલ્યપણાને તો છોડાવ્યું છે. આહાહા..! ઇ ચાપલ્ય છે. સ્વરૂપ તરફનું આલંબન જરીએ નથી. પણ જેને સ્વરૂપ તરફનું આલંબન છે એને પણ જે પરનું આલંબન જેટલું આવે એને પણ છોડાવ્યું છે. આહાહા..! માર્ગ આકરો છે, બાપા! દુનિયાને તો કઠણ પડે. થઈ રહ્યું ત્યારે, બસ! અમારે આ બધું પુણ્ય? ધર્મ નહિ? ત્યારે ધર્મ શી રીતે અમારે કરવો? આહાહા..! ભાઈ! તને ખબર નથી. એ બધા ક્રિયાકાંડ કાંઈ ધર્મ નથી.

અંદરમાં એ રાગથી ભિન્ન ભગવાન બિરાજે છે ચૈતન્ય, ચૈતન્ય ચમત્કારી વસ્તુ અંદર છે. અનંત ગુણથી ભરેલી ચમત્કારી ચીજ છે. એના અવલંબનથી, એકાગ્રતાથી જે અનુભવ થાય એ નિશ્ચયથી મોક્ષમાર્ગમાં ગણાય છે. એને પણ જેટલું વ્યવહારનું આલંબન આવે એ પણ બંધનું કારણ છે. તેથી તેને આલંબનને છોડાવ્યું છે. આહાહા..! આવી વાત છે. **'હેય કહ્યાં છે,...'**

**'आसम्पूर्ण-विज्ञान-घन-उपलब्धेः' 'જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની પ્રાપ્તિ ન થાય...'** આહાહા..! પહેલા કહે છે, કે ભલે અનુભવ થયો પણ હજી પૂર્ણ વીતરાગ જ્યાં સુધી ન થાય... કારણ કે, એનું સ્વરૂપ જ વીતરાગ મૂર્તિ આત્મા છે. અકષાય સ્વરૂપ, અકષાય સ્વરૂપ કહો કે વીતરાગ સ્વરૂપ કહો કે રાગ ને દ્વેષના ભાવ રહિત જ પ્રભુનું સ્વરૂપ છે. એવા સ્વરૂપમાં નીચેથી અનુભવથી થોડું કરે પણ હજી એને રાગ આવે. **'જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી (શુદ્ધ) આત્મારૂપી થાંભલે જ ચિત્તને બાંધ્યું છે...'** આહાહા..! છે? વ્યવહારમાં વિકલ્પ જાતો હોય એને છોડીને અહીં આત્મામાં

થાંભલે બાંધ્યો છે.

ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે. આહાહા..! જેનો આનંદ છે એ પૂર્ણ છે, અતીન્દ્રિય આનંદથી ભરેલો છે, અતીન્દ્રિય જ્ઞાનનો સાગર છે, અતીન્દ્રિય વીર્ય અનંત બળનો ધણી છે. એને પામર તરીકે માનવો ને પામર તરીકેની ક્રિયામાં પોતાને લાભ માનવો... આહાહા..! એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! આવું આકરું કામ છે. **'(શુદ્ધ) આત્મારૂપી થાંભલે જ ચિત્તને બાંધ્યું છે...'** સમકિતીને પણ એમ કહે છે. આહાહા..! થંભ અંદર પડ્યો છે. વજબિંબ ચૈતન્યબિંબ આત્મતત્ત્વ અનંત... અનંત... અનંત... શાંતિનો સાગર એ બિંબ છે. એ સમકિતીને પણ વ્યવહારના આલંબન છોડાવીને એક ચીજનું આલંબન કરાવ્યું છે. નિશ્ચય સત્યનું આલંબન કરાવ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- આવડો મોટો થાંભલો ખોવાય ક્યાં ગયો?

ઉત્તર :- ખોવાય ગયો. એની નજર ક્યાં કરે છે? નજર કરે તો દેખાય ને! નજર તો કરતો નથી. ખોવાય ગયો છે ક્યાં? પરનું માહાત્મ્ય આવે છે એવું સ્વનું માહાત્મ્ય તો આવતું નથી. આહાહા..! દયા ને દાન ને ભક્તિ ને પૂજા ને ધમાલ કરે તમારે, નગારા વગાડે ને આ વગાડ્યા ને... એનું બધું માહાત્મ્ય આવે પણ પ્રભુ અંદર નિર્વિકલ્પ નિષ્ક્રિય ભગવાન બિરાજે છે, છે પણ નજર કરતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- જો આત્મા ઇન્દ્રિયગમ્ય હોત તો બહુ મજા આવે.

ઉત્તર :- પણ વસ્તુ, વસ્તુ જ ઇન્દ્રિયગમ્ય(નથી), ઇન્દ્રિય જ નથી ને એમાં. ઇ તો અનિન્દ્રિય વસ્તુ છે. ભગવાન તો અનિન્દ્રિય વસ્તુ છે અંદર. આ ઇન્દ્રિયો તો પર જડ માટી ધૂળ છે. અને ભાવેન્દ્રિય છે એક એક ઇન્દ્રિય એક વિષયને જાણનારી એ પણ પર છે. અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ તો અનિન્દ્રિયનો સાગર છે. આહાહા..!

ઇ ૩૧મી ગાથામાં આવી ગયું છે. **'जो इंदिये जिणित्ता'** ૩૧મી ગાથા. આ ઇન્દ્રિય સામું જોવું નહિ, ભાવેઇન્દ્રિય સામું જોવું નહિ અને ભાવેન્દ્રિયનો વિષય... આહાહા..! દેવ-ગુરુ ને શાસ્ત્ર, ત્રણલોકનો નાથ તીર્થંકરદેવ એમ કહે છે, કે તમારે હિસાબે અમે પણ ઇન્દ્રિયમાં જાઈએ છીએ. માટે અમારું લક્ષ પણ છોડીને અનિન્દ્રિયમાં જા. આહાહા..! તું તારે આલંબને જા તો મારા જેવો પરમાત્મા થઈ જાઈશ. એમ છે, વસ્તુ સ્વરૂપ આમ છે પણ અત્યારે ગડબડ બહુ થઈ ગઈ છે, બાપુ! આહાહા! પંડિતો નામ ધરાવે, વિદ્વાન નામ ધરાવે ને ગોટા વાળે બધા. આહાહા..! અહીં વિદ્વતાનું કામ નથી, અહીં પંડિતાયનું કામ નથી, અહીં તો અંતર વસ્તુ છે તેની દૃષ્ટિ ને રુચિનું કામ છે. આહાહા..! બીજાને સમજાવતા આવડે પણ નહિ. એની સાથે સંબંધ કાંઈ છે નહિ.

પોતે ભગવાન પૂર્ણાનંદનો નાથ ગ્યો ક્યાં? ઇ પૂછતા હતા તમારે 'ભગવાનજી' વકીલ. 'રામજીભાઈ'ના મિત્ર પૂછતા હતા કે આવા વખાણ કરો છો. તો ધોયેલ મૂળો ગ્યો ક્યાં?

એમ કહેતા હતા. ધોયેલ મૂળો! અરે..! ભગવાન એમ ન કહેવાય. પ્રભુ! અંદર આત્મા આનંદનો કંદ છે, પ્રભુ! ભાઈ! તેં કોઈ દિ' સાંભળ્યો નથી, તેં કોઈ દિ' અંદર જોયું નથી. એ વસ્તુ છે કે નહિ? વસ્તુ છે તો વસ્તુમાં વસેલા ગુણ છે કે નહિ? અનંત ગુણ એમાં વસેલા, રહેલા છે. એમાં અનંતી શાંતિ ને અનંત આનંદ, અતીન્દ્રિય જ્ઞાન અનંતુ ભર્યું છે. આહાહા..!

મુમુક્ષુ :– અત્યારે દુષ્કાર કાંઈ કરાવે છે.

ઉત્તર :– ઇ આ દુષ્કાર કહે એટલે આ. ત્રીજામાં જાય એટલે...

મુમુક્ષુ :– માન ઘટી જ ગયું છે.

ઉત્તર :– શુભનું માન ઘટાડી દીધું. દુષ્કર કરાવે છે એટલે? મહા પુરુષાર્થવાળો છે ઇ કરાવે છે એમ કહે છે. શુભને છોડાવીને અશુભમાં લઈ જતા નથી પણ શુભને છોડાવીને અંદર શુદ્ધમાં લઈ જાય છે. એ દુષ્કર છે એટલે મહા પુરુષાર્થ માગે છે, એમ કહે છે. છે, બધુંય છે. આહાહા..! શું થાય? ભાઈ! બહુ ફેરફાર થઈ ગયો એટલે અત્યારે આખું... આહાહા..!

**'(-વ્યવહારના આલંબનથી અનેક પ્રવૃત્તિઓમાં ચિત્ત ભમતું હતું...)'** સમકિતી જ્ઞાનીનું પણ મન બહારમાં ભમતું હતું. આહાહા..! આ મંદિર ને મંદિરની પ્રતિષ્ઠા ને એ બધો વિકલ્પ છે. આહાહા..! એય..! શુભરાગ છે. 'આફ્રિકા'માં મંદિર થયું ને? પંદર લાખનું. પંદર લાખનું મંદિર થયું છે અને બીજો ખર્ચ (છે). એકંદર બીજાને જમાડવાના ને આદિ પંદર લાખ બીજા થયા છે. ત્રીસ લાખનો ખર્ચ છે. પેલી પૂનમે 'આફ્રિકા' જાવું છે. આ પોષ સુદ પૂનમ, બુધવાર. ચૌદસે રાત્રે ત્યાં.. બેસીને. 'ચંદુભાઈ' સાથે છે ત્યાં. આહાહા..! શુભભાવ, એને પણ કહ્યું હતું કે શુભભાવ છે. તમે ત્રીસ લાખ ને લાખ કરોડ ખર્ચો માટે ધર્મ થઈ જાય (એમ નથી). આહા..!

મુમુક્ષુ :– મંદિર બંધાવે એને તો અહીં ચાપલ્ય કહ્યું. વિચાર વિનાની ક્રિયા.

ઉત્તર :– ઇ ચાપલ્ય પણ અજ્ઞાનીની ક્રિયા કીધી, ચાપલ્ય એટલે અજ્ઞાનીની. ચાપલ્યપણું એ ચાપલ્ય છે, અંદર એણે વસ્તુ જોઈ નથી. એટલે એકલું ચાપલ્યપણું અજ્ઞાનમાં જ નાખી દીધું છે. આહા..! એ તો 'બેંગલોર'માં 'ભભુતમલ' નહિ? એણે આઠ લાખ નાખ્યા. આઠ લાખ એણે, ચાર લાખ 'જુગરાજજી' એ (નાખ્યા). બાર લાખનું મંદિર બનાવ્યું. હું ત્યાં હતો ને! બનાવ્યું પણ આઠ લાખ એક જણાએ આપ્યા. આપણે કોઈને કહેતા નથી કે, અહીં દ્યો ને કરો. કીધું નથી કોઈને. એની મેળાએ થવું હોય એ થાય, ન થવું એ ન થાય. બાર લાખનું કર્યું ને ત્રણ લાખ બીજા ખર્ચીને પંદર લાખનું મંદિર કર્યું છે. એને પહેલેથી કહ્યું હતું કે, જુઓ ભાઈ! આ તમે કરો છો એમાં ભાવ શુભ હોય તો પુણ્ય થશે. ધર્મ તો આત્માને અવલંબે થાય છે, પરને અવલંબે ધર્મ ત્રણકાળમાં નથી. ત્યારે આઠ લાખ

આપ્યા હતા એક રકમે. હમણાં આવ્યા હતા ને? એણે સવા લાખ આપ્યા હમણાં. વાણિયો બે કરોડ રૂપિયા છે, બે કરોડ રૂપિયા છે તો આઠ લાખ ખર્ચ્યા. કુદરતે એવું બન્યું કે, એને સોળ દિ' મારામાં રહેવું પડ્યું. એમાં ભાવ વધી ગયો તો બે કરોડનું જે સ્ટીલ હતું એના ચાલીસ લાખ વધારે પેદા થઈ ગયા. આઠ લાખ ખર્ચ્યા એના ચાલીસ લાખ આવ્યા. ભાવ વધી ગયો. પેલા કામમાં રહી ગયા ને આ બાજુ ભાવ વધી ગયા. પડ્યું રહ્યું ને ભાવ વધી ગયો. પણ એ ગમે તે પાંચ કરોડ શું દસ કરોડ, ધૂળ કરોડ હોય એનાથી કાંઈ ધર્મ થાય (એમ નથી), એનાથી પુણ્ય પણ નથી. એમાં રાગ મટાડે તો પુણ્ય થાય, રાગ ઘટાડે તો પુણ્ય થાય. લક્ષ્મીથી પુણ્ય ન થાય, લક્ષ્મી તો જડ છે, માટી, ધૂળ છે. આહાહા..!

ખરેખર તો લક્ષ્મી પરિગ્રહ પાપ છે. ચોવીસ પરિગ્રહમાં લક્ષ્મીને પાપ કહ્યું છે. આહાહા..! પણ એ પ્રત્યે તીવ્ર રાગ હોય ઇ કરતાં રાગ મંદ કરે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિ (કરે તો) પુણ્ય થાય. ભવ ઘટે નહિ, ચોરાશીના ભવ તો માથે ઉભા હોય, માથે. આહાહા..! આમાં અમારા પૈસાની કાંઈ કિંમત નહિ? પૈસાની ધૂળની શું કિંમત છે? એ તો ધૂળ છે. આ પુદ્ગલ છે, માટી છે, એવી એ માટી છે. એની સાથે શું સંબંધ છે? અહીં તો પુણ્યનો ભાવ દયા, દાન આદિનો જે ભાવ, પુણ્યનો ભક્તિ આદિનો ભાવ... આહા..! એનું આલંબન છોડાવ્યું છે. આહાહા..! અંદર ચૈતન્ય ભગવાન બિરાજે છે ત્યાં પ્રવેશ કર, ત્યાં પ્રભુ પાસે જા અને આ પામર પાસેથી ખસી જા. આહાહા..!

કહ્યું ને? **'(-વ્યવહારના આલંબનથી અનેક પ્રવૃત્તિઓમાં ચિત્ત ભમતું હતું તેને શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મામાં જ લગાડવાનું કહ્યું છે કારણ કે તે જ મોક્ષનું કારણ છે).'** વ્યવહાર મોક્ષનું કારણ નથી. આહાહા..! ઇ શાસ્ત્ર લખવાના, શાસ્ત્ર પ્રરૂપણા કરવી, શાસ્ત્રને સંભાળવા એ બધો ભાવ શુભરાગ છે, એ કાંઈ ધર્મ નથી. આહાહા..! ગજબ વાત છે. જગતને પચવું (કઠણ પડે). આહાહા..! આખી જિંદગી બીજી રીતે ગાળી હોય એમાં આ (વાત પચવવી). શાસ્ત્ર સાચા, વીતરાગના શાસ્ત્ર, સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વરની દિવ્યધ્વનિ પણ પરદ્રવ્ય છે. પરદ્રવ્યનો આશ્રય હશે એને શુભભાવ થાશે. એ પરદ્રવ્ય આવા, હોં! સ્ત્રી, કુટુંબ આદિ પરદ્રવ્ય ઉપર લક્ષ જશે એને પાપ થાશે. ધંધામાં, સ્ત્રી, પૂત્રમાં, બાયડીને રાજી રાખવામાં આ ધંધો કરે આખો દિ' એમાં એકલું પાપ (છે). આહાહા..! આમાં પુણ્ય. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પુણ્ય (છે), ધર્મ નહિ. આહા..!

**'તે જ મોક્ષનું કારણ છે.'** ચૈતન્યમાત્ર આત્મામાં લગાડવું. આહાહા..! ચૈતન્યમાત્ર આત્મા. ચૈતન્યમાત્ર કેમ કહ્યો? કે, એકલો જાણન-દર્શન, દૃષ્ટા-જ્ઞાતાનો પિંડ (છે). એમાં તો રાગની ગંધ નથી. દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ છે એની ગંધ ચૈતન્યમાં નથી. એવો અંદર ભગવાન ભિન્ન બિરાજે છે. આહાહા..! ચૈતન્યમાત્ર એટલે બીજી કોઈ ચીજ નથી એમાં. એકલું જ્ઞાન ને આનંદ, બસ! આહાહા..! એવો જે ચૈતન્યમાત્ર આત્મા એમાં ચિત્ત લગાડવું કહ્યું છે.

આહાહા..! છે ને? **'કારણ કે તે જ મોક્ષનું કારણ છે.'**

**'અહીં નિશ્ચયનયથી પ્રતિક્રમણાદિકને વિષકુંભકહ્યાં...'** નિશ્ચયનયથી પ્રતિક્રમણ, સામાયિક વ્યવહાર કરવો એ બધાને ઝેરના ઘડા કહ્યા. **'તેથી કોઈ ઊલટું સમજી પ્રતિક્રમણાદિકને છોડી પ્રમાદી થાય તો તેને સમજાવવાને કળશરૂપ કાવ્ય કહે છે :–'** શુભને છોડી અશુભમાં જાય એ તો મહા પાપમાં વધારે ગયો. અહીંયાં તો શુભને છોડીને અંદર શુદ્ધમાં જા, એ માટે બતાવ્યું છે. શુભ છોડીને અશુભમાં આવવું એમ કહેવાનો આશય છે નહિ અહીંયાં. આહાહા..! છે? અહીં ગાથા છે.

## શ્લોક–૧૮૯

(वसन्ततिलका)

यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं
तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।
तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः
किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः।।१८९।।

---

**અહીં નિશ્ચયનયથી પ્રતિક્રમણાદિકને વિષકુંભ કહ્યાં અને અપ્રતિક્રમણાદિકને અમૃતકુંભ કહ્યાં તેથી કોઈ ઊલટું સમજી પ્રતિક્રમણાદિકને છોડી પ્રમાદી થાય તો તેને સમજાવવાને કળશરૂપ કાવ્ય કહે છે :–**

**શ્લોકાર્થ :– [ यत्र प्रतिक्रमणम् एव विषं प्रणीतं ] (અરે! ભાઈ,) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, [ तत्र अप्रतिक्रमणम् एव सुधा कुतः स्यात् ] ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય? (અર્થાત્ ન જ હોય.) [ तत् ] તો પછી [ जनः अधः अधः प्रपतन् किं प्रमाद्यति ] માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે? [ निष्प्रमादः ] નિષ્પ્રમાદી થયા થકા [ ऊर्ध्वम् ऊर्ध्वम् किं न अधिरोहति ] ઊંચે ઊંચે કાં ચડતા નથી?**

**ભાવાર્થ :– અજ્ઞાનાવસ્થામાં જે અપ્રતિક્રમણાદિક હોય છે તેમની તો વાત જ શી? અહીં તો, શુભપ્રવૃત્તિરૂપ દ્રવ્યપ્રતિક્રમણાદિનો પક્ષ છોડાવવા માટે તેમને (દ્રવ્યપ્રતિક્રમણાદિને) તો નિશ્ચયનયની પ્રધાનતાથી વિષકુંભ કહ્યાં છે કારણ કે તેઓ કર્મબંધના જ કારણ છે, અને પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી રહિત એવી ત્રીજી ભૂમિ, કે જે શુદ્ધ આત્મસ્વરૂપ છે તેમ જ પ્રતિક્રમણાદિથી રહિત હોવાથી અપ્રતિક્રમણાદિરૂપ છે, તેને અમૃતકુંભ કહી છે અર્થાત્ ત્યાંના અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં છે. ત્રીજી ભૂમિમાં ચડાવવા માટે આ ઉપદેશ**

**આચાર્યદેવે કર્યો છે. પ્રતિક્રમઆદિને વિષકુંભ કહ્યાં સાંભળીને જેઓ ઊલટા પ્રમાદી થાય છે તેમના વિષે આચાર્યદેવ કહે છે કે-'આ માણસો નીચા નીચા કેમ પડે છે? ત્રીજી ભૂમિમાં ઊંચા ઊંચા કેમ ચડતા નથી?' જ્યાં પ્રતિક્રમણને વિષકુંભ કહ્યું ત્યાં તેના નિષેધરૂપ અપ્રતિક્રમણ જ અમૃતકુંભ હોઈ શકે, અજ્ઞાનીનું નહિ. માટે જે અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ કહ્યાં છે તે અજ્ઞાનીના અપ્રતિક્રમણાદિ ન જાણવાં, ત્રીજી ભૂમિના શુદ્ધ આત્મામય જાણવાં. ૧૮૯.**

---

## શ્લોક-૧૮૯ ઉપર પ્રવચન

---

यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं
तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।
तत्किं प्रमाद्यति जनः प्रपतन्नघोऽधः
किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः।।१८९।।

'**(અરે! ભાઈ,) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે,...**' જ્યાં શુભભાવના પ્રતિક્રમણને ઝેર કહ્યું છે. આહાહા..! વ્યવહાર પ્રત્યાખ્યાન, વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર ત્યાગ એવા ભાવને શુભભાવને ઝેર કહ્યું છે. આહાહા..! બાયડી-છોકરા છોડે ને દુકાન-બુકાન છોડે ને ત્યાગી થાય ને થઈ ગયો ધર્મી. ધૂળેય નથી, સાંભળને! એ તો ત્યાગ જ છે. પર કે દિ' ગરી ગયું છે તારામાં? પરનો તો ત્યાગ જ છે. અંતરમાં રાગ અને દ્વેષ એ મારા, એ માન્યતા એ મહા મિથ્યાત્વ છે. એને લઈને અહીં કહે છે '**જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય?**' ત્યાં અશુભભાવમાં આવવું એ અમૃત ક્યાંથી હોય? એમ કહે છે. શુભભાવને જ્યાં અમે ઝેર કહ્યું તો એમાંથી અશુભમાં આવવું, અજ્ઞાનમાં આવવું એ ક્યાંથી આવી ગયું? ઝેરમાં ઝેર છે. શુભ છોડીને અશુભમાં આવવું એ કાંઈ વાત અહીં નથી. અહીં તો ઊંચે ઊંચે ચડવાની વાત છે, નીચે પડવાની વાત નથી. આહાહા..! કોઈ અવળો અર્થ લે તો આ કહે છે, કે તને ખબર નથી. અમે તો આ શુભભાવને છોડાવીને વાસ્તવિક ધર્મમાં લઈ જવા (માંગીએ છીએ), જેમાં જન્મ-મરણના અંત છે, જેમાં ભવના છેડા છે. આહાહા..! એવો જ્યાં ભગવાનઆત્મા (બિરાજે છે) એનું આલંબન કરવા શુભને ઝેર કહ્યું છે. શુભને ઝેર જાણીને છોડીને અશુભમાં જા તો તારી ઊંધી દૃષ્ટિ થાશે, એ માટે આ કહ્યું નથી કાંઈ. આહાહા..! છે?

'**જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય?**' અપ્રતિક્રમણ કોણ? અજ્ઞાન. અજ્ઞાનીના શુભાશુભભાવ તે બધું અપ્રતિક્રમણ છે, અજ્ઞાનીની વાત છે. '**(અર્થાત્ ન જ હોય.) તો પછી માણસો નીચે નીચે પડતા...**' આહાહા..! શુભભાવને જ્યારે અમે

ઝેર કહીએ ત્યારે એમાંથી ઉતરીને વળી અશુભમાં જા, એમ નીચે નીચે ક્યાં ઉતરતો જાય છે? બાપુ! શું કરે છે તું આ? આહાહા..! એવો પ્રમાદ કરવાનું અહીં કહ્યું નથી. અહીં તો શુભમાં ધર્મ માનતો હોય એને શુદ્ધની સાથે સંબંધ કરાવ્યો છે.

**'માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે? નિષ્પ્રમાદી થયા થકા...'** આહાહા..! એ શુભભાવ પણ પ્રમાદ છે. અશુભભાવ તો પ્રમાદ છે જ. શુભભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દાન, પંચ પરમેષ્ઠીનું સ્મરણ ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... હજાર વાર, લાખ વાર, કરોડ વાર (કરે) એ બધો શુભભાવ છે, ધર્મ નહિ.

મુમુક્ષુ :– પ્રમાદ તો છઠ્ઠા ગુણસ્થાનમાં છે.

ઉત્તર :– ઇ જ કહે છે ને પ્રમાદ છઠ્ઠા ગુણસ્થાને છે. ઇ વ્યવહાર છે માટે છોડાવ્યો છે એને. ઇ જ કહે છે આ. છઠ્ઠે ગુણસ્થાને શુભભાવ આવે છે.

મુમુક્ષુ :– અહીં તો દયા, દાનને પણ પ્રમાદ કીધો ને?

ઉત્તર :– બધો પ્રમાદ જ છે. પંચ મહાવ્રતના પરિણામ પ્રમાદ છે. ઝીણી વાત છે, ભગવાન! રાગમાત્ર પ્રમાદ છે. છઠ્ઠે ગુણસ્થાને રાગ હોય છે એટલો પ્રમાદ છે. એ છૂટીને અપ્રમાદ થાય ત્યારે સાતમું થાય છે. આહાહા..!

અહીં તો ઇ કહે છે, કે **'માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે?'** શુભને અમે જ્યાં બંધનું કારણ કહ્યું એથી એને છોડીને અશુભમાં જા, એમ કોણે કહ્યું તને? નીચે નીચે ક્યાં ઉતરી જા છો? આહાહા..! **'નિષ્પ્રમાદી થયા થકા...'** શુભભાવને પણ છોડીને અંતર જાવું, જ્યાં નિર્મળાનંદ પ્રભુ બિરાજે છે. આહાહા..! એ પ્રભુના ભેટા કર ને! એ માટે કહ્યું છે. અશુભ કર, શુભને છોડીને અશુભ કર એમ કહ્યું છે? આહાહા..! અંદર ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત, આ વસ્તુ તો શાશ્વત, આત્મા તો શાશ્વત છે. નવો ઊપજતો નથી, નાશ થતો નથી, સ્વભાવથી ખાલી નથી. આહાહા..! એવા ભગવાનઆત્માનું આલંબન લેવા માટે શુભને અમે ઝેર કહ્યું છે. પણ એને છોડીને પ્રમાદી થઈને અશુભમાં જા એ તો તારો સ્વચ્છંદ છે. છે?

**'નિષ્પ્રમાદિ થયા થકા...'** એમ. **'ऊर्ध्वम् ऊर्ध्वम् किं न अधिरोहति'** **'ઊંચે ઊંચે કાં ચડતા નથી?'** આહાહા..! આગળ વધીને સ્વરૂપનો આશ્રય કેમ લેતા નથી? ઇ શુભ છોડીને, મુનિને પણ શુભ આવે એને છોડીને સાતમે અપ્રમત્તમાં જવાનું કહ્યું છે. રાગને હેય કરીને છોડવાનું કહ્યું. 'પ્રવચનસાર'માં આવે છે ને પહેલા ભાગમાં? રાગ હેય છે. રાગ છઠ્ઠે આવે છે પણ હેય છે. એને છોડીને અપ્રમાદ થાય છે. ત્યારે તે મોક્ષનો માર્ગ કહેવાય છે. રાગમાત્ર બંધનું કારણ છે. રાગ રહિત ભગવાન અંદર વીતરાગ મૂર્તિ અજ્ઞાનથી રહિત એકલો જ્ઞાનનો પિંડ છે, એનો આશ્રય લેવો એ ધર્મ છે, બીજો ધર્મ છે નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૩૭૭ શ્લોક ૧૮૯ થી ૧૯૧, સોમવાર, પોષ સુદ ૬, તા. ૨૪-૧૨-૧૯૭૯**

'સમયસાર' (શ્લોક-૧૮૯ નો) ભાવાર્થ છે ને? છેલ્લી ગાથાઓ છે. છેલ્લી ગાથાઓ છે. છેલ્લી ગાથાઓનો ભાવાર્થ છે. **'અજ્ઞાનાવસ્થામાં જે અપ્રતિક્રમણાદિક હોય છે...'** મિથ્યાદૃષ્ટિપણે જે પ્રતિક્રમણાદિ શુભભાવ હોય છે **'તેમની તો (અહીંયા) વાત જ શી?'** એમની તો અહીંયાં વાત છે નહિ. જેને દૃષ્ટિ મિથ્યાત્વ છે અને પ્રતિક્રમણાદિકનો શુભભાવ હોય છે. ભાવાર્થ છે ને? **'અહીં તો, શુભપ્રવૃત્તિરૂપ દ્રવ્યપ્રતિક્રમણાદિનો પક્ષ છોડાવવા માટે તેમને...'** આહા..! આ તો શુભપ્રવૃત્તિરૂપ સમકિતીને પણ **'દ્રવ્યપ્રતિક્રમણાદિનો પણ પક્ષ છોડાવવા માટે તેમને (દ્રવ્યપ્રતિક્રમણાદિને) તો નિશ્ચયનયની પ્રધાનતાથી વિષકુંભ કહ્યાં છે...'** સમકિતીના વ્યવહાર પ્રતિક્રમણ જે છે, પંચ પરમેષ્ઠીનું સ્મરણ, પંચ પરમેષ્ઠીની ભક્તિ એ સમકિતીના શુભ વ્યવહારને ઝેર કીધું છે. અજ્ઞાનીને તો મિથ્યાત્વ છે એટલે એની વાત અહીં નથી. આહાહા..! તેમ આ શુભભાવને ઝેર કહ્યું છે એટલેથી અટકાવવું નથી. આગળ વધારે છે, ભાઈ! શુભભાવ છે એ છોડીને અંદરમાં જા, આત્માનો આશ્રય લે. તો એ સમયનું પ્રતિક્રમણ છે. શુભભાવ છોડાવીને કાંઈ ન્યાં અટકાવી રાખે છે એમ નથી, આગળ વધારવા માગે છે. અથવા શુભભાવ છોડીને અશુભમાં જા એમ કહેવા માગતા નથી. આહા..!

**'શુભપ્રવૃત્તિરૂપ દ્રવ્યપ્રતિક્રમણ...'** દ્રવ્ય વ્યવહાર જેટલી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો વ્યવહારનો **'પક્ષ છોડાવવા માટે તેમને (દ્રવ્યપ્રતિક્રમણાદિને) તો નિશ્ચયનયની પ્રધાનતાથી વિષકુંભ કહ્યાં છે કારણ કે તેઓ કર્મબંધના જ કારણ છે,...'** વ્યવહાર પ્રતિક્રમણાદિ, વ્યવહાર સામાયિક, વ્યવહાર ભગવાનનું સ્તવન, વંદન એ કર્મ બંધના જ કારણ છે. આહાહા..! વ્યવહારમાત્ર સ્વના આશ્રય વિના થાય છે, તેથી પરના આશ્રયે ભાવ થાય એ બધા બંધના જ કારણ છે. આહાહા..!

**'અને પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી રહિત એવી ત્રીજી ભૂમિ,...'** પ્રતિક્રમણ એટલે શુભભાવની પ્રવૃત્તિ અને અપ્રતિક્રમણ એટલે અજ્ઞાનીનું અપ્રતિક્રમણ, બેયથી રહિત અહીંયાં બતાવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એક તો જ્ઞાનીના દ્રવ્યપ્રતિક્રમણ અને અજ્ઞાનીનું અપ્રતિક્રમણ. અપ્રતિક્રમણ એટલે મિથ્યાત્વ સહિત જે શુભરાગ એ બધું અપ્રતિક્રમણ છે. એનાથી **'રહિત એવી ત્રીજી ભૂમિ, કે જે શુદ્ધ આત્મસ્વરૂપ છે...'** અપ્રતિક્રમણ ત્રીજી (ભૂમિ) છે શુદ્ધ આત્મસ્વરૂપ છે. ન્યાં લઈ જવા, ચડવા માટે આ વાત કરી છે. શુભને છોડવા માટે વાત અટકાવી નથી દેતું એટલું કે, ભાઈ! આ શુભ કર્યું એટલે ત્યાં અટકી જા, એ અટકવા નથી દેતા. ન્યાંથી ખસીને શુદ્ધમાં જા તો કલ્યાણ થાય નહિતર શુભમાં કલ્યાણ

છે નહિ. આહાહા..!

**'શુદ્ધ આત્મસ્વરૂપ છે તેમ જ પ્રતિક્રમણાદિથી રહિત હોવાથી અપ્રતિક્રમણાદિરૂપ છે,...'** કેમકે શુભ પ્રવૃત્તિનો પ્રતિક્રમણનો શુભરાગ, પંચપરમેષ્ઠીનું સ્મરણ આદિ નથી ત્યાં એક આત્માનું અવલંબન છે માટે તેને અમૃતકુંભ કહ્યું છે. આહાહા..! અહીં સુધી પહોંચવું. હજી તો વ્યવહારે નિવૃત્તિ મળે નહિ. અહીં તો કહે વ્યવહારે મળે ને પ્રવૃત્તિ કરે તોપણ એ ઝેર છે.

ત્રીજી ભૂમિમાં ચડાવવા અજ્ઞાનીનું આ પ્રતિક્રમણ છે એ તો એને છોડાવ્યું. જ્ઞાનીનું શુભ પ્રવૃત્તિનું પ્રતિક્રમણ છે એ છોડાવીને ત્રીજી ભૂમિકા એટલે શુભથી શુદ્ધમાં જવા માટે એને એ અપ્રતિક્રમણ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ત્રીજી ભૂમિ કે જે શુદ્ધ આત્મ સ્વરૂપ છે. પેલો રાગ હતો એ આત્મસ્વરૂપ નહોતું. દ્રવ્ય ભગવાનની પ્રતિમા, પૂજન વગેરે જે છે એ બધો રાગ હતો, એ કાંઈ ધર્મ નહોતો. આહાહા..! છતાં જ્ઞાનીને આવે, શુભભાવ વચ્ચે આવે એ જાણે કે આ અશુભથી બચવા શુભ આવે. એને ધર્મ ન માને, શુભભાવ ન આવે એમેય નહિ અને શુભભાવ ધર્મ માનવો એમેય નહિ. આહાહા..! આવું છે.

શાસ્ત્રમાં આવે ત્યારે તો બધું આવે. જિન મંદિર (બનાવે), એક આટલી પણ ચોખા જેટલી પ્રતિમા પધરાવે તો કેટલા પુણ્ય થાય એમ આવે. ઘણી વાતું થાય. શુભની વાત કરે ત્યારે શુભ તો આવે કે નહિ? દાનની વાત કરે ત્યારે આવે. કાંઈ એકલો ખાઈશ નહિ કંઈ ભાગ પાડજે. ધર્મના નામનો ભાગ પાડજે, એકલો ખાઈશ નહિ. એ પૈસાનો ભાગ તે શુભભાવ છે. શુભભાવ આવે છે, હોય છે પણ એ ધર્મ નથી એ માટે ત્રીજી ભૂમિકા અપ્રતિક્રમણ જે વ્યવહાર પ્રતિક્રમણથી રહિત છે તેને અહીંયાં ધર્મ બતાવ્યો, પ્રતિક્રમણ બતાવ્યું છે, અપ્રતિક્રમણને પ્રતિક્રમણ બતાવ્યું છે.

મુમુક્ષુ :– શુદ્ધમાંથી પાછા ન પડવું.

ઉત્તર :– એમાં રહેવું એમ. ન્યાં રહેવું. અપ્રતિક્રમણ, એ જ, અપ્રતિક્રમણ એ જ ખરું પ્રતિક્રમણ છે એમ કહે છે. શુભભાવમાં, જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભભાવ એ બધો વ્યવહાર પુણ્યબંધનું કારણ છે. આહાહા..! પુણ્યબંધ છે એ કાંઈ ધર્મ નથી.

અપ્રતિક્રમણ બે પ્રકારના કીધા. એક અજ્ઞાનીનું પ્રતિક્રમણ કે જેને મિથ્યાત્વ સહિત ભલે શુભભાવ હોય પણ એની વાત નહિ. એ જ્ઞાનીનું અપ્રતિક્રમણ એ શુભભાવની પ્રવૃત્તિને છોડીને શુદ્ધમાં જાય એ જ્ઞાનીનું અપ્રતિક્રમણ. અને જ્ઞાનીનું વ્યવહાર પ્રતિક્રમણ એ નિશ્ચય સ્વભાવના ભાન સહિત શુભભાવ આવે એને વ્યવહાર પ્રતિક્રમણ કહે. અજ્ઞાનીને તો વ્યવહાર-નિશ્ચય એકેય નથી. આહાહા..! આવી વાત છે.

**'ત્રીજી ભૂમિ, કે જે શુદ્ધ આત્મસ્વરૂપ છે તેમ જ પ્રતિક્રમણાદિથી રહિત હોવાથી અપ્રતિક્રમણાદિરૂપ છે,...'** છે? **'તેને અમૃતકુંભ કહી છે...'** આહાહા..! ભગવાન તો અમૃતનો

ઘડો ભર્યો છે એમાંથી થોડો ઉછાળીને પર્યાયમાં શુદ્ધતા લાવ તો એ અમૃતનો ઘડો છે. ભગવાન તો અમૃતનો સાગર છે. આત્માના ધ્રુવ સ્વભાવમાં તો એકલું અમૃત પૂર્ણ પડ્યું છે. આહા..! અનંત બળ સહિત, અનંત આનંદ પડ્યો છે. એ તો એકકોર રહ્યું. પણ જે કાંઈ એને શુભરાગમાંથી ખસી અને શુદ્ધમાં આવે ઇ શુદ્ધની પરિણતિને પણ અહીંયાં અમૃતકુંભ કીધું છે, શુદ્ધની અવસ્થાને પણ અમૃતકુંભ કહ્યું છે. આહા..!

શિષ્યનો પ્રશ્ન હતો ને? વ્યવહારને અમૃતકુંભ કહ્યા છે ને શાસ્ત્રમાં? કે, ભાઈ! એ તો જ્ઞાનીના વ્યવહારને અમૃતકુંભ જે શુદ્ધતા છે એનો આરોપ દઈને એને વ્યવહાર અમૃતકુંભ કહ્યું છે. અમૃતકુંભ. નિશ્ચય અપ્રતિક્રમણ છે તેને વ્યવહારના અપ્રતિક્રમણને અમૃતનો આરોપ આપ્યો છે. બાકી અમૃત નથી એ ઝેર છે. આહાહા..! આવી વાતું, લ્યો! માંડ માંડ કરતા નવરાશ પણ મળતી ન હોય, 'શાંતિભાઈ'! ધંધા આદિ આવું ન હોય તો પણ કહે છે એ ઝેર છે.

મુમુક્ષુ :– એક બાજુ તો ઝેર કહે ને એક બાજુ દોષ ઘટાડે, એમ કહે. એમ બે વાત કેમ બને?

ઉત્તર :– કીધું ને. દોષ ઘટે એ કઈ અપેક્ષાએ કીધું? કે, અશુભ નથી એ અપેક્ષાએ કહ્યું છે, પણ છે એ તો ઝેર છે. અશુભ ઘટ્યું ને? શુભમાં અશુભનો ઘટાડો થયો ને? એટલું બંધન ઓછું એટલે એ અપેક્ષાએ એને ઘટાડવાનું કહ્યું. સર્વથા દોષના ઘટાડવાનું નહિ, દોષના અંશને ઘટાડવા સમર્થ અંશ. તીવ્ર જે રાગમાં દોષ હતો એ મંદ રાગમાં ઓછો દોષ થાય છે, એમ. આહાહા..! દોષ રહિત તો શુભ ને અશુભ રાગ રહિત જે આત્માની દશા, શુદ્ધ ચૈતન્યની નિર્મળ નિર્દોષ દશા એ જ અમૃતકુંભ અને એ જ અપ્રતિક્રમણરૂપ પ્રતિક્રમણ છે. આહાહા..!

જેટલો વ્યવહાર શાસ્ત્રમાં આવે એ બધા વ્યવહારને અહીં તો ઝેરનો ઘડો કીધો છે. આવે, હોય ખરો, જ્ઞાનીને હોય છે, જાણે છે, કે આ મારી નબળાઈ છે અને એને લઈને આ ભાવ આવે છે. ખટકે, દુઃખ થાય, ખટકે પણ નબળાઈને લઈને આવે છે. એનો અંતર આદર નથી. આહા..! **'તેને અમૃતકુંભ કહી છે અર્થાત્ ત્યાંનાં અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં છે.' 'અમૃતકુંભ કહી છે અર્થાત્ ત્યાંના અપ્રતિક્રમણાદિને...'** એટલે સ્વરૂપની સ્થિરતા શુભભાવથી રહિત થઈને અંતરમાં શુદ્ધ ઉપયોગમાં આવવું એને અમૃતકુંભ કહ્યું છે. અશુભ ઉપયોગ. શુભ ઉપયોગ, અને શુદ્ધ ઉપયોગ એ ત્રણ પ્રકારનો વેપાર. એમાં અશુભ ઉપયોગ તો પાપબંધનું કારણ છે, શુભ ઉપયોગ પુણ્યબંધનું કારણ (છે) અને શુદ્ધ ઉપયોગ ધર્મનું કારણ (છે). આહાહા..! આવી વાત છે.

**'ત્રીજી ભૂમિમાં ચડાવવા માટે આ ઉપદેશ આચાર્યદેવે કર્યો છે.'** હેઠે ઉતારવા કર્યો નથી, એમ કહે છે. શુભભાવ છોડીને તું અશુભમાં આવ એમ નથી. એ શુભની ભૂમિકા

પુણ્યબંધની છે એને છોડીને અંદર દ્રવ્ય સ્વભાવનું અંતર અવલંબન લે. પ્રભુ ભગવાન પૂર્ણ આનંદથી ભરેલો છે, અનંત બળ સંપન્ન છે, અનંત જ્ઞાન સંપન્ન છે, અનંત શાંતિ-આનંદ સંપન્ન છે, અનંત અનંત ગુણનો ધણી, અનંત ગુણ સંપન્ન છે તેનો આશ્રય લે ત્યારે શુદ્ધતા થાય. આહાહા..! આવી વાત હવે.

આચાર્યદેવ કહે છે, કે **'પ્રતિક્રમણાદિને વિષકુંભ કહ્યાં સાંભળીને...'** જુઓ! **'જેઓ ઊલટા પ્રમાદી થાય છે...'** કે, આ તો .. આવે છે માટે શુભ કરીએ કે અશુભ કરીએ ગમે તે કરો. એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? શુભ પડિકમણા કરવા આવે ને? શુભ કરે ને? પછી બીજા કેટલાક એ વખતે ફરવા નીકળી જાય. તો કહે છે, એમ અમે નથી કહ્યું. શુભ પડિકમણાને છોડીને આમ ફરવા નીકળવું, અશુભભાવ, એ તો અશુભભાવ છે. એમ અમે નથી કહ્યું. આહાહા..! અમે તો શુભભાવને છોડીને શુદ્ધમાં જા. અંતર ભગવાન બિરાજે છે તેનો આશ્રય લે, તેનું અવલંબન લે તો તારી શુદ્ધતા પ્રગટશે અને ધર્મ થશે. એ માટે આ વાત કરી છે. આહાહા..! માર્ગ ભારે.

તેના વિષે–ઊલટા પ્રમાદી થાય તેને આચાર્ય એવું કહે છે, શુભને જ્યારે ઝેર કહ્યું એટલે પ્રમાદી થઈને પછી શુભની દરકાર કરે નહિ પછી શુભ સેવે એવા પ્રમાદીને **'આચાર્યદેવ કહે છે કે-'આ માણસો નીચા નીચા કેમ પડે છે?'** નીચે કેમ ઉતરે છે પાછા? આહાહા..! આહાહા..! **'ત્રીજી ભૂમિમાં ઊંચા ઊંચા કેમ ચડતા નથી?'** ત્રીજી અપ્રતિક્રમણ એટલે શુભ-અશુભભાવ રહિત એમાં કેમ આવતા નથી? **'જ્યાં પ્રતિક્રમણને વિષકુંભ કહ્યું ત્યાં તેના નિષેધરૂપ અપ્રતિક્રમણ જ અમૃતકુંભ હોઈ શકે,...'** કહે છે, જ્યાં વ્યવહાર પ્રતિક્રમણાદિને ઝેરનો ઘડો કીધો ત્યાં નિશ્ચયરૂપ એનો એ વ્યવહારનો નિષેધરૂપ, વ્યવહારના નિષેધરૂપ અપ્રતિક્રમણ જ અમૃતકુંભ છે. વ્યવહારને છોડીને બીજામાં જાવું એ કાંઈ અમૃતકુંભ નથી. શું કીધું ઇ? વ્યવહારના પ્રતિક્રમણાદિને છોડીને બીજે રસ્તે અશુભમાં જાવું, એમ અહીં કહ્યું નથી. આહાહા..! છે?

**'ત્રીજી ભૂમિમાં ઊંચા ઊંચા કેમ ચડતા નથી?' જ્યાં પ્રતિક્રમણને વિષકુંભ કહ્યું ત્યાં તેના નિષેધરૂપ અપ્રતિક્રમણ જ અમૃતકુંભ હોઈ શકે, અજ્ઞાનીનું નહિ.'** આહાહા..! જેની દૃષ્ટિ જ હજી મિથ્યાત્વમાં છે એ શુભ છોડીને અશુભમાં રખડે એને માટે એમ કહ્યું નથી, ભાઈ! આહા..! **'માટે જે અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ કહ્યાં છે તે અજ્ઞાનીના અપ્રતિક્રમણાદિ ન જાણવાં,...'** અપ્રતિક્રમણ એ અજ્ઞાનીનું નહિ, જ્ઞાનીના અપ્રતિક્રમણની વાત છે. પ્રતિક્રમણ રહિત શબ્દ આવ્યો ને? અપ્રતિક્રમણ. એટલે જ્ઞાનીનું એ અપ્રતિક્રમણ. શુભભાવરૂપી પ્રતિક્રમણ એનાથી રહિત તે અપ્રતિક્રમણ. અજ્ઞાનીનું અપ્રતિક્રમણ ન સમજવું. સમજાય છે?

એ અજ્ઞાનીના ન જાણવા, **'ત્રીજી ભૂમિનાં શુદ્ધ આત્મામય જાણવાં.'** લ્યો! અમૃત કીધું છે તો ત્રીજી ભૂમિકાને કીધું છે. શુભ છોડીને અશુભમાં જાય એમ નથી કહ્યું. ભલે શુભ

ને અશુભ બેય બંધના કારણ છે છતાં નિશ્ચય દૃષ્ટિ હોવા છતાં પણ શુભભાવ આવે, પણ અશુભની તો અહીં વાત જ નથી. શુભ આવે એને છોડીને નિશ્ચય અંતરમાં જાવું એને અહીંયાં અપ્રતિક્રમણ કહ્યું છે. અજ્ઞાનીની પ્રતિક્રમણ રહિત દશા એ અપ્રતિક્રમણ એ આ નહિ. અજ્ઞાનીના શુભભાવ રહિત, જે સમ્યગ્દર્શન નથી એવાને જે પડિકમણું હોવા છતાં તે અપ્રતિક્રમણ છે, એ આ અપ્રતિક્રમણ નહિ. આ તો શુભભાવ છે પણ એને છોડાવીને અંદર સ્થિરતામાં જાય. એને અમૃતકુંભ કહ્યા છે. આહાહા..! આકરું કામ છે, ભાઈ! શ્લોક ૧૯૦.

## શ્લોક-૧૯૦

(पृथ्वी)

प्रमादकलितः कथं भवति शुद्धभावोऽलसः
कषायभरगौरवादलसता प्रमादो यतः।
अतः स्वरसनिर्भरे नियमितः स्वभावे भवन्
मुनिः परमशुद्धतां व्रजति मुच्यते वाऽचिरात्।।१९०।।

હવે આ અર્થને દૃઢ કરતું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ यतः कषाय-भर-गौरवात् अलसता प्रमादः ] કષાયના ભાર વડે ભારે હોવાથી આળસુપણું તે પ્રમાદ છે, તેથી [ यतः प्रमादकालितः अलसः शुद्धभावः कथं भवति ] તેથી એ પ્રમાદયુક્ત આળસભાવ શુદ્ધભાવ કેમ હોઈ શકે? [ अतः स्वरसनिर्भरे स्वभावे नियमितः भवन् मुनिः ] માટે નિજ રસથી ભરેલા સ્વભાવમાં નિશ્ચળ થતો મુનિ [ परमशुद्धतां व्रजति ] પરમ શુદ્ધતાને પામે છે [ वा ] અથવા [ अचिरात् मुच्यते ] શીઘ્ર-અલ્પ કાળમાં (કર્મબંધથી) છૂટે છે.

ભાવાર્થ :- પ્રમાદ તો કષાયના ગૌરવથી થાય છે માટે પ્રમાદીને શુદ્ધ ભાવ હોય નહિ. જે મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે તે શુદ્ધ થઈને મોક્ષને પામે છે. ૧૯૦.

## શ્લોક-૧૯૦ ઉપર પ્રવચન

શ્લોક-૧૯૦.

प्रमादकलितः कथं भवति शुद्धभावोऽलसः
कषायभरगौरवादलसता प्रमादो यतः।
अतः स्वरसनिर्भरे नियमितः स्वभावे भवन्
मुनिः परमशुद्धतां व्रजति मुच्यते वाऽचिरात्।।१९०।।

'कषाय-भर-गौरवात् अलसता प्रमादः' અર્થ : **'કષાયના ભાર વડે ભારે હોવાથી આળસુપણું તે પ્રમાદ છે,...'** આહાહા..! એ પંચ મહાવ્રતના પરિણામ ને એ બધા બાર વ્રતના (પરિણામ) એ બધો પ્રમાદ છે. આહાહા..! ત્રિકાળી શુદ્ધની અપેક્ષાએ એ પ્રમાદ છે. **'કષાયના ભાર વડે...'** જુઓ! કષાયનો ભાર છે. **'भर'** **'कषाय-भर'** ભાર, ઇ કષાયનો ભર છે. જેમ ગાડુ ભર્યું હોય ને ઘાસનું? એમ આ કષાયથી ભરેલું છે એમ કહે છે. **'કષાયના ભાર વડે ભારે હોવાથી આળસુપણું તે પ્રમાદ છે,...'** આહાહા..! આ પોષા આદિ કરે ને? ગૃહસ્થો. અમારે 'બોટાદ'માં બહુ થાતા. પોષા આદિ કરે પછી આખો દિ' સૂઈ રહે. એક વ્યાખ્યાન વખતે બેસે જરીક વાર, બાકી પછી સૂઈ રહે. પોષા કર્યા, પૌષધ. એક તો અસમર્થ હોય એટલે જરીક વ્યાખ્યાનમાં બેસે, બસ! બાકી સૂઈ જાય. થઈ ગયો પોષો. પૌષધ.. પૌષધ. અરે..! ક્યાં પૌષધ છે. આહા..!

**'કષાયના ભાર વડે ભારે હોવાથી...'** અહીં તો કહે છે, કે કષાયનો ભાવ એ પોતે આળસ છે. આહાહા..! એ કષાયભાવમાં ઉદ્યમ કરે છે. પ્રવૃત્તિ કરે છે હોંશથી, હરખથી છતાં તે આળસુ છે, સ્વ માટે તે આળસુ છે. આહાહા..! બહારને માટે આમ હરખ-શોકથી કામ એકદમ લે. આમ કરો... આમ કરો... આમ કરો... આમ કરો... આહા..! એમ પુરુષાર્થ બતાવે. અહીં કહે છે એ બધો **'કષાયના ભાર વડે ભારે હોવાથી આળસુપણું તે પ્રમાદ છે,...'** આહાહા..! આ ધંધા-પાણીમાં રોકાવું આળસ છે એમ કહે છે. ઉત્સાહથી કરે છે ને કામ? હોંશથી કરે ને? આળસ છે. પ્રભુ પાસે જાતો નથી માટે આળસુ છો. આહાહા..!

શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અમૃતથી ભરેલો ભગવાન અંદર એની પાસે ન જતા અશુભભાવની પ્રવૃત્તિમાં હોંશીલો, હોંશની પ્રવૃત્તિમાં હરખનો, હરખમાં કાળ ગાળે છે એ તો પાપી છે, પાપના ભારવાળો છે. આહાહા..! 'यतः प्रमादकलितः अलसः शुद्धभावः कथं भवति' **'એ પ્રમાદયુક્ત આળસભાવ શુદ્ધભાવ કેમ હોઈ શકે?'** આહાહા..! એ અશુદ્ધ, અશુભભાવ તો આળસ છે પણ શુભભાવ પણ આળસ છે. શુભભાવ પણ આળસમાં જાય છે. આહાહા..! છટ્ઠે ગુણસ્થાને

પ્રમાદી કહ્યા ઇ, પંચ મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણ (પાળે છે) એને પ્રમાદી કહ્યા. એ વિકલ્પ છે એ બધો પ્રમાદ છે. અંદરમાં સ્થિર થાય તે અપ્રમાદ છે. આહાહા..!

**'अतः स्वरसनिर्भरे स्वभावे नियमितः भवन् मुनिः' 'માટે નિજ રસથી ભરેલા સ્વભાવમાં...'** નિજ રસથી ભરેલો સ્વભાવ. આત્મા છે એ નિજ આનંદ ને શાંતિના રસથી ભરેલો છે. આહાહા..! રાગાદિ તો ઉપર ઉપર પર્યાયમાં તરે છે. વસ્તુ છે એ તો નિજ રસથી ભરેલી, આનંદ, જ્ઞાન, શાંતિના રસથી પૂર્ણ આમ ભરેલી છે, એવો એ આત્મા છે. આહાહા..! **'નિજ રસથી ભરેલા...'** જોયું? ભગવાનના રસથી એમ નહિ. સ્વરસ છે ને? ભગવાનની સ્તુતિ ને ભગવાનની (ભક્તિ) એ પરરસ છે, શુભભાવ છે. આ તો નિજ રસ નિર્ભર આહા..! પોતાના રસથી નિર્ભર ભરેલો એવો જે સ્વભાવ. આહાહા..!

**'નિશ્ચળ થતો,...'** એવા **'સ્વભાવમાં નિશ્ચળ થતો મુનિ...' 'परमशुद्धतां व्रजति' 'પરમ શુદ્ધતાને પામે છે...'** લ્યો! આહાહા..! એ શુભ છોડીને અંદરમાં શુદ્ધતાને પામે એ આળસ વિનાનો અપ્રમાદી કહેવામાં આવે છે. માટે પ્રમાદીની પ્રવૃત્તિના પરિણામ જેટલા સ્વભાવમાંથી ખસી જાય એ બધા પરિણામને આળસુ ને આળસ કહ્યા છે. આહા..! વ્યવહાર શાસ્ત્રમાં આવે, 'ભાવ પાહુડ'માં આવે છે. આમ ષોડશ ભાવના ભાવવી, પાંચ મહાવ્રતમાં અતિચાર ન કરવો, એવો વ્યવહાર વગેરે આવે. એ બધું અશુભ ટાળવા, અશુભને ટાળવા માટે એ વાત આવે. પરંતુ આવેલી વાત છે એ તો બંધનું કારણ છે. 'ભાવ પાહુડ'નો અધિકાર ઘણો, વ્યવહાર નાખ્યા છે.

નિશ્ચયના, આત્માના ભાન સહિત વ્યવહાર આવે છે છતાં એ વ્યવહાર બંધનું કારણ છે અને નિશ્ચય વિનાનો જે વ્યવહાર એને તો વ્યવહાર પણ કહેતા નથી. આહાહા..! **'નિજ રસથી ભરેલા સ્વભાવમાં નિશ્ચળ થતો મુનિ...' 'परमशुद्धतां व्रजति' 'પરમ શુદ્ધતાને પામે છે અથવા...' 'अचिरात् मुच्यते' 'શીઘ્ર-અલ્પ કાળમાં (કર્મબંધથી) છૂટે છે.'** એ જીવ અલ્પકાળમાં કર્મથી છૂટે છે. એમાં ક્રમબદ્ધ ક્યાં ગયું? અલ્પકાળમાં છૂટે ત્યારે? એમાં આવ્યું એ. આ તો આવું કરે એને અલ્પકાળમાં કેવળ થાય એવી એ સ્થિતિ છે એમ બતાવે છે. બાકી છે તો બધું ક્રમમાં, ક્રમબદ્ધ છે. **'अचिरात्'** એટલે વચ્ચે કાળ તોડીને અંદર આડું-અવળું થઈ જાય છે એમ નથી. આહા..! આવો જે અપ્રમાદ દશામાં રહેનારો એની ક્રમબદ્ધમાં દશા જ એવી છે (કે) થોડા કાળે કેવળ પામે. એમ કીધું ને? **'अचिरात् मुच्यते' 'શીઘ્ર-અલ્પ કાળમાં (કર્મબંધથી) છૂટે છે.'** એ અચિરાત્ કહો, શીઘ્ર કહો એમ ઘણા શબ્દ આવે. પણ એનો અર્થ એ કે, તે કાળને પછી એને વાર નથી એટલું બતાવવા અચિરાત્ ને શીઘ્ર શબ્દ વાપર્યા છે. પણ અચિરાત્ ને શીઘ્ર (એટલે) પર્યાય આડી-અવળી થઈ જાય અને ક્રમ તુટીને એકદમ થઈ જાય એમ નથી. આહાહા..! એવું છે.

ક્રમબદ્ધ માને પછી તો આળસુ થઈ જશે. ક્રમબદ્ધ માને એ સ્વતંત્ર પુરુષાર્થી થશે.

આહાહા..! જે સમયે જે પર્યાય જ્યાં થવાની ત્યાં થાય એને ઇન્દ્ર ને નરેન્દ્ર ફેરવી ન શકે, જિનેન્દ્ર પણ પોતાની પર્યાય આડી-અવળી ન કરી શકે. આહાહા..! એમ જેનો અંતરમાં નિર્ણય થાય તો દ્રવ્યનો આશ્રય થાય. સમજાય છે કાંઈ? દ્રવ્યનો આશ્રય થાય એ પુરુષાર્થ છે, મહા પુરુષાર્થ એ જ છે. આહાહા..! વસ્તુ જે ભગવાન પૂર્ણાનંદ એમાં જે પુરુષાર્થ જાય એ જ પુરુષાર્થ છે. આહાહા..! ક્રમબદ્ધમાં આળસુપણું થાય છે, એ વખતે જે થવાનું હશે એ થાશે (પરંતુ એમ નથી) એમાં પુરુષાર્થ છે. પેલામાં આવ્યું નથી?

**જે જે દેખી વીતરાગને તે તે હોંશી વીરા,**
**અનહોની કબહુ ન હોંશે કાહે હોત અધિરા.**

એ પુરુષાર્થ બતાવે છે. ક્રમબદ્ધ છે એમાં વીતરાગતા કેમ છોડે છે તું? આહાહા..! એની પર્યાય જે સમયે થવાની તે થાય છે. તું તેનો જાણનાર ને દેખનાર રહે. આહાહા..!

**ભાવાર્થ :– 'પ્રમાદ તો કષાયના ગૌરવથી થાય છે...'** ભાર, કષાયના ભારથી થાય. **'માટે પ્રમાદીને શુદ્ધ ભાવ હોય નહિ.'** પ્રમાદિ આળસુને શુદ્ધભાવ હોય નહિ. આહાહા..! **'જે મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે...'** જુઓ! અહીં ઉદ્યમ આવ્યો. એમાં આવ્યું હતું કે નહિ? પેલામાં આવ્યું હતું. **'નિજ રસથી ભરેલા સ્વભાવમાં નિશ્ચળ થતો...'** થકો. આવ્યું હતું ને? નિજ રસથી ભરેલા સ્વભાવમાં. પુરુષાર્થ તો આવ્યો ત્યાં. ભલે ક્રમબદ્ધ છે પણ એ ક્રમબદ્ધમાં આ પુરુષાર્થ ભેગો આવ્યો છે. આહાહા..! નિજ રસથી ભરેલા સ્વભાવમાં તેની દૃષ્ટિ છે, એની ક્રમબદ્ધ એટલે પર્યાય ઉપર દૃષ્ટિ નથી. આહાહા..! આવો ઝીણો માર્ગ.

**'મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે...'** આહા..! ઘણા વર્ષ પહેલા એક ફેરી પ્રશ્ન ચાલ્યો હતો. 'ઉત્તરાધ્યયન' માં આવે છે ને? 'સમયં ગોયં મા પમાઈ' એક અધ્યયન આવે છે. 'સમયં ગોયં મા પમાઈ' હે ગૌતમ! સમયમાત્રનો પ્રમાદ કરીશ નહિ. ત્યારે ઇ કહે કે, કેવળી છે ઇ પણ ઉદ્યમ ક્યારે થશે એની ખબર છે, એ ઉદ્યમ કરવાનું કેમ કહે? 'ઉત્તરાધ્યયન' માં આવે છે. 'ઉત્તરાધ્યયન' નું સૂત્ર છે. 'સમયં ગોયં મા પમાઈ' હે ગૌતમ! સમયનો પ્રમાદ કરીશ નહિ. ઇ કહે કે, વીતરાગ તો જાણે છે કે આ વખતે આને પુરુષાર્થ થશે. તો ઇ શું કરવા પુરુષાર્થ કરવાનું કહે? કે, વાણીમાં ઇ જ આવે, કીધું. કારણ કે પુરુષાર્થપૂર્વક સ્વભાવમાં ગયા છે અને વિકલ્પ હતો એનું પુણ્ય બંધાણું છે અને એ પુણ્ય બંધમાંથી વાણીમાં એ જ આવે. આહાહા..! ઘણા વર્ષની વાત છે આ તો. ભગવાનની આજ્ઞા જ એ આવે. થવાનું હશે એ થાશે માટે હમણાં કાંઈ કરવું નહિ એમ નહિ. આહાહા..! એય 'ચીમનભાઈ'! ઘણી ઘણી અમારે તો માથે વીતી ગયેલા ને ઘણા પ્રકાર. ઘણા સામે નડેલા. '....' મેં એ તો કીધેલું, જુઓ! આ શું કીધું છે? ભગવાન ગણધર કહે છે, કે સમયમાત્રનો પ્રમાદ ન કરવો. આહા..!

ભગવાને દીઠું એમ થાશે એ વાત ચાલી હતીને અમારે? (સંવત) ૧૯૭૨ માં ઇ ઉઠ્યું

હતું 'લાઠી' માં. ૭૩ નું ચોમાસુ 'દામનગર' હતું, (ત્યાંથી) ઊઠીને 'લાઠી' ગયા હતા. ૭૪. 'હિરાજીમહારાજ' ઉપર ઉભા ઉભા આમ પાતરુ લૂતા હતા અને ભાઈ 'મૂળચંદજી' કહેતા હતા જે થવાનું હશે તે થશે ઇ કહે કે, મહારાજ તમે પણ આ ઉભા ઉભા કરો છો ને આ ફુટી જાય, તુટી જાય, આવું થાય ત્યારે... કહે, ભાઈ! થવાનું હોય એ થાય. ઇ પહેલા મારામાં અનુકૂળ હતા. મૂળ નિર્ણય એકેય નહિ ને. એમ કે, ભગવાને તો પાતરા લૂવા, સાફ કરવા, પ્રમાદ ન કરવો. પાતરા-ફાતરા હતા જ કે દિ' મુનિને? પણ એમ હતું કે, એને બરાબર ઉભા ઉભા લુઓ છો એ વીતરાગની આજ્ઞા નથી. વીતરાગની આજ્ઞા બેઠા... ત્યારે 'હિરાજીમહારાજે' એને બિચારાને જવાબ એવો આપ્યો, ભોળા માણસ, કહે, ફુટવાનું હશે એ ફુટશે. પછી એમાં સામે જવાબ આપ્યો કે, ભગવાને આજ્ઞા કરી છે કે નહિ? અમારે આ વાત (સંવત) ૧૯૭૨ માં થયેલી એ વાત અહીં અથડાણી. બે વચ્ચે અથડાણી. આહાહા..! અરે..! ભાઈ! બનવાનું હશે એ બનશે એમાં એની નજર ક્યાં જાય? બનેલી છે ચીજ, જે પ્રભુ નિત્યાનંદ આહાહા..! નિત્યાનંદ સહજાનંદ પ્રભુ આત્મા એના ઉપર જેની દૃષ્ટિ છે તેને જે થવા કાળે થાય તેનો તે જ્ઞાતા છે. આહાહા..! દૃષ્ટિમાં જ્યાં પર્યાયબુદ્ધિ ને રાગબુદ્ધિ છે, તેને ફેરવવાની બુદ્ધિ ને કરવાની બુદ્ધિ હોય જ એને. આહાહા..! ઘણા પ્રકારની શૈલી એવી (આવે).

અહીં ઇ કહે છે, **'મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે...'** એ આવ્યું ને ભાવાર્થમાં? ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે. અચિરાત્ કીધું હતું ને એટલે એનો અર્થ કર્યો છે. **'તે શુદ્ધ થઈને મોક્ષને પામે છે.'** ધર્માત્મા અંદર પોતામાં ઉદ્યમ કરે છે. ક્રમબદ્ધમાં અનંતી સ્વતંત્રતા છે અને એ અનંતી સ્વતંત્રતા સ્વસન્મુખ વળે છે. એ સ્વસન્મુખ શુદ્ધતામાં વળે છે તેમાં કર્મબંધનો નાશ થાય છે. આહાહા..! એવો ઉદ્યમ છે. આહા..! **'મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે...'** જોયું? ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે. જે ત્રિકાળ સ્વભાવ છે એમાં ઉદ્યમથી પ્રવર્તે છે. ઘણા વાંધા આવતા.

આચારાંગમાં એક ટુકડો છે. મોઢે હતું ને આચારાંગ. 'આણાએગે ચોવીસ ઠાણા', 'આણાએગે જોગઠાણા,' 'અણાણા એગે જોગઠાણા', અણાએગે નોઠાણા પાંચમા અધ્યયનમાં શબ્દ છે. કેટલાક ભગવાનની આજ્ઞામાં આળસુ અને આજ્ઞા બહાર પુરુષાર્થ એ માણસ હોય એવો આચારાંગનો શબ્દ ટૂકડો છે. તે દિ' તો બધું મોઢે હતું ને! 'આણાયે' પુરુષાર્થ અને 'આણાણાએણ' એમાં પુરુષાર્થ નહિ. 'આણાયેગે સોળસઠાણા' એટલે ભગવાનની આજ્ઞાએ ઉપસ્થિત રહેવું અને આજ્ઞા બહારમાં ઉપસ્થિત છોડી દેવું. ત્યારે ભગવાને આ કીધું ને કે સમયમાત્ર પુરુષાર્થ કરવો. એ ઉદ્યમ છે. આહા..! એ 'આણાયે સોગઠાણા' છે ઇ ભગવાનની આજ્ઞાએ ઉપસ્થિત છે. આચારાંગમાં પહેલા ભાગમાં છે. મોઢે હતું. કેટલામું અધ્યયન છે? દસમું છે. 'સમયં ગોયં મા પમાઈ' આહાહા..! માણસોને સત્ ઉપર આવવું, પોતાનો આગ્રહ

છોડવો ભારે કઠણ. જે પકડ્યું એમાંથી ખસી જવું કઠણ પડે.

અહીં કહે છે, કે **'મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે...'** એ ક્રમબદ્ધમાં પુરુષાર્થ જ આવ્યો અંદર. એ ક્રમબદ્ધમાં પુરુષાર્થ સ્વભાવ તરફ વર્તે એનું નામ ક્રમબદ્ધ થયું. એની દૃષ્ટિ ક્રમબદ્ધ પર્યાય ઉપર ન હોય. આહાહા..! સમજાય છે કાંઈ? **'તે શુદ્ધ થઈને મોક્ષને પામે છે.'**

## શ્લોક-૧૯૧

(શાર્દૂલવિક્રીડિત)

त्यक्त्वाऽशुद्धिविधायि तत्किल परद्रव्यं समग्रं स्वयं
स्वद्रव्ये रतिमेति यः स नियतं सर्वापराधच्युतः।
बन्धध्वंसमुपेत्य नित्यमुदितः स्वज्योतिरच्छोच्छल-
च्चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो भवन्मुच्यते।।१९१।।

હવે, મુક્ત થવાનો અનુક્રમ દર્શાવતું કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ यः किल अशुद्धिविधायि परद्रव्यं तत् समग्रं त्यक्त्वा ] જે પુરુષ ખરેખર અશુદ્ધતા કરનારું જે પરદ્રવ્ય તે સર્વને છોડીને [ स्वयं स्वद्रव्ये रतिम् एति ] પોતે પોતાના સ્વદ્રવ્યમાં લીન થાય છે, [ सः ] તે પુરુષ [ नियतम् ] નિયમથી [ सर्व-अपराध-च्युतः ] સર્વ અપરાધોથી રહિત થયો થકો, [ बन्ध-ध्वंसम् उपेत्य नित्यम् उदितः ] બંધના નાશને પામીને નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) થયો થકો, [ स्व-ज्योतिः-अच्छ-उच्छलत्-चैतन्य-अमृत-पूर-पूर्ण-महिमा ] સ્વજ્યોતિથી (પોતાના સ્વરૂપના પ્રકાશથી) નિર્મળપણે ઊછળતો જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ તેના વડે પૂર્ણ જેનો મહિમા છે એવો [ शुद्धः भवन् ] શુદ્ધ થતો થકો, [ मुच्यते ] કર્મોથી છૂટે છે-મુક્ત થાય છે.

ભાવાર્થ :– જે પુરુષ, પહેલા સમસ્ત પરદ્રવ્યનો ત્યાગ કરી નિજ દ્રવ્યમાં (આત્મસ્વરૂપમાં) લીન થાય છે, તે પુરુષ સર્વ રાગાદિક અપરાધોથી રહિત થઈ આગામી બંધનો નાશ કરે છે અને નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાનને પામી, શુદ્ધ થઈ, સર્વ કર્મનો નાશ કરી, મોક્ષને પામે છે, આ, મોક્ષ થવાનો અનુક્રમ છે. ૧૯૧.

## શ્લોક-૧૯૧ ઉપર પ્રવચન

'હવે, મુક્ત થવાનો અનુક્રમ દર્શાવતું કાવ્ય કહે છે :-'

त्यक्त्वाऽशुद्धिविधायि तत्किल परद्रव्यं समग्रं स्वयं
स्वद्रव्ये रतिमेति यः स नियतं सर्वापराधच्युतः।
बन्धध्वंसमुपेत्य नित्यमुदितः स्वज्योतिरच्छोच्छल-
च्चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो भवन्मुच्यते।।१९१।।

આ બધું 'મોક્ષ અધિકાર'નું છેલ્લું છે. ગાથા પૂરી થઈ ગઈ, છેલ્લા કળશો છે. **'यः किल अशुद्धिविधायि परद्रव्यं तत् समग्रं त्यक्त्वा' 'જે પુરુષ ખરેખર અશુદ્ધતા કરનારું જે પરદ્રવ્ય...'** આહાહા..! સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્ય છે એમાં અશુદ્ધનું કારણ છે. ચાહે તો તીર્થંકરનું સ્મરણ કરે, ચાહે તીર્થંકરને યાદ કરે. આહાહા..! એ તીર્થંકર પણ પરદ્રવ્ય છે. આહાહા..! આકરી વાત છે. ભાષા કેવી (છે), જુઓ! ખરેખર **'જે પુરુષ ખરેખર અશુદ્ધતા કરનારું જે પરદ્રવ્ય...'** પરદ્રવ્ય અશુદ્ધતાનું કરનારું નથી પણ પરદ્રવ્ય તરફનું લક્ષ અશુદ્ધતાનું કારણ છે. સમજાણું કાંઈ? અશુદ્ધતાનું કારણ પરદ્રવ્ય છે એમ માને. આહાહા..! એ પરદ્રવ્યનું લક્ષ છે તે અશુદ્ધતાનું કારણ છે એમ કહેવું છે. પરદ્રવ્ય છે એ તો નિમિત્તમાત્ર છે, અડતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. કર્મ અને આત્મા બે વચ્ચે તો અત્યંત અભાવ પડ્યો છે, મોટી વજની ભીંત પડી છે. એમાં એકબીજાને અડે એ ક્યાંથી અડે? આહાહા..! તો લખ્યું છે ને આ?

**'જે પુરુષ ખરેખર અશુદ્ધતા કરનારું જે પરદ્રવ્ય તે સર્વને છોડીને...'** અહીં તો ઇ કહેવું છે. પરદ્રવ્ય તરફનું લક્ષ છોડીને. પરદ્રવ્યને ગ્રહણ કરવું નથી ને છોડવું પણ નથી. એ પરદ્રવ્ય તો પરદ્રવ્યમાં છે. આહાહા..! પરદ્રવ્ય આત્માને નુકશાન કરનારું નથી. અહીં તો આ કીધું અશુદ્ધતા કરનારું છે. **'જે પુરુષ ખરેખર અશુદ્ધતા કરનારું જે પરદ્રવ્ય તે સર્વને છોડીને...'** એટલે તે તરફનું લક્ષ છોડીને. સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્ય જેટલા હોય એ બધા પરદ્રવ્યથી લક્ષ છોડી દઈને. **'स्वयं स्वद्रव्ये रतिम् एति'** આહાહા..! **'પોતે પોતાના સ્વદ્રવ્યમાં લીન થાય છે,...' 'स्वयं स्वद्रव्ये रतिम् एति'** પામે છે. આહાહા..!

એકલો ભગવાનઆત્મા શુભના વિકલ્પ રહિત, નિર્વિકલ્પ આનંદનો સાગર એવું જે સ્વદ્રવ્ય એ સ્વદ્રવ્ય લીધું છે, પર્યાય નહિ. સ્વદ્રવ્યમાં, પોતાના સ્વદ્રવ્યમાં લીન થાય એ પર્યાય છે. આહા..! સ્વદ્રવ્યમાં લીન થાય છે એ પર્યાય છે. સ્વદ્રવ્ય તો અનંત ગુણનો ભંડાર

ધ્રુવ પડ્યું છે. એનો આશ્રય લેતા એમાં લીન થાય છે. આહાહા..! હવે આ દ્રવ્યાનુયોગમાં પણ આવું આવે, લ્યો! તો ચરણાનુયોગમાં તો બીજું આવે. આનાથી આમ થાય, વ્યવહારથી આમ થાય, ફલાણાથી આમ થયું, ગાળ આપી માટે આમ થયું ને પેલાએ માર્યું ને તલવારથી કટકા કર્યા ને ફલાણું કર્યું ને... આહાહા..! એ બધું આવે. આવે એનું સ્પષ્ટીકરણ કરવું જોઈએ.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડે નહિ. એક દ્રવ્યને બીજા દ્રવ્ય વચ્ચે અત્યંત અભાવરૂપી શીલા પડી છે. અત્યંત અભાવ. આહાહા..! એથી પરદ્રવ્ય નુકસાન કરનારું નથી પણ પરદ્રવ્યનો આશ્રય લેવો એ નુકસાન કરનાર છે. ઓહોહો..! આ શાસ્ત્રમાં પણ લક્ષ જાય એટલો રાગ થાય, શાસ્ત્ર પરદ્રવ્ય છે. 'પદ્મનન્દિ પંચવિંશતિઃ'માં કીધું છે, કે જે બુદ્ધિ શાસ્ત્રમાં જાય એ વ્યભિચારની બુદ્ધિ છે. 'પદ્મનન્દિ પંચવિંશતિઃ'. અર્થ કર્યો છે ને? 'વજુભાઈ'એ અર્થ કર્યો છે ને? 'પદ્મનન્દિ પંચવિંશતિઃ'. 'અમદાવાદ'થી કર્યો હતો, કોણે કર્યો? 'પદ્મનન્દિ પંચવિંશતિઃ'નો અર્થ કર્યો છે ને? 'છોટાલાલ' 'છોટાભાઈ', 'વજુભાઈ'એ કર્યો છે? કે 'છોટાભાઈ'એ? 'છોટાભાઈ' ગુજરી ગયા ને? એમાં એનો અર્થ છે. અહીં નથી. 'અમદાવાદ'થી કર્યો છે, ભાઈ! કોણે કર્યો છે? 'પદ્મનન્દિ પંચવિંશતિઃ'નો અર્થ કર્યો છે ને? 'છોટાલાલ', 'છોટાભાઈ' 'વજુભાઈ' એ કર્યો છે કે 'છોટાભાઈ'એ? 'છોટાભાઈ' ગુજરી ગયા, નહિ? એમાં અર્થ છે. અહીં નથી. આહા..!

બહુ ટૂંકુ. **'यः किल अशुद्धिविधायि परद्रव्यं तत् समग्रं त्यक्त्वा'** આહાહા..! અને **'स्वयं स्वद्रव्ये रतिम् एति'** આહાહા..! આ ટૂંકામાં આ છે, બાકી બધો વિસ્તાર (છે), એની ટીકાનો વિસ્તાર છે. આત્મા સિવાય જેટલા પરદ્રવ્ય છે તેના ઉપર લક્ષ જતાં અશુદ્ધતા જ ઉત્પન્ન થશે. સ્ત્રી, કુટુંબ, પરિવાર ઉપર લક્ષ જશે તો અશુભ અશુદ્ધતા થશે. દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર લક્ષ જતા અશુદ્ધ શુભભાવ ઉત્પન્ન થશે. આહાહા..! આવી વાતું છે હવે. જે માંડ કરતાં પણ ન હોય નિવૃત્તિથી એને આ કહેવું આવું છે. ભાઈ! બાપુ! ભવના આભાવ (કરવાના) મારગડા કોઈ જુદા. આહાહા..!

હમણાં તો આ સડક ઉપર કૂતરા કચડાય જાય છે. કોણ જાણે શું હમણાંથી મોટા મોટા ડાઘા. ખટારા નીકળતા હશે. મરી જાય, માથે ફરી જાય. પાછા અવતરે જ્યાં-ત્યાં તિર્યંચમાં. આહા..! આવા અવતાર અનંત કર્યા છે, પોતે, હોં! આહાહા..! સ્વરૂપનો શું સ્વભાવ છે અને એનું શું માહાત્મ્ય છે તેની મહિમા આવી નથી અને સ્વની મહિમા આવ્યા વિના રાગની મહિમા તૂટતી નથી. આહાહા..! સ્વનું માહાત્મ્ય આવ્યા વિના શુભ રાગનું માહાત્મ્ય કે મહિમા છૂટતો નથી. આહાહા..!

'સઃ' **'તે પુરુષ નિયમથી સર્વ અપરાધોથી રહિત થયો થકો,...'** આહાહા..! જે પરદ્રવ્યથી ખસીને સ્વદ્રવ્યમાં રમે છે એ સર્વ અપરાધથી રહિત થયેલો છે. આહાહા..! એક સ્વદ્રવ્ય

ને એક પરદ્રવ્ય, બે વાત. પછી એક તો સ્વદ્રવ્યનો આશ્રય લે તો એ કલ્યાણનું કારણ છે. પરદ્રવ્યનો આશ્રય લે એ અશુદ્ધતાનું કારણ છે, અકલ્યાણનું કારણ છે. આવે, આવે તો ખરો ને! 'ભરત' અને 'બાહુબલીજી' સમકિતી હતા છતાં લડાઈ કરી. એવો ચારિત્રમોહનો ઉદય હોય. આહાહા..! સ્વામીપણે ન થાય, સ્વસ્વામીસંબંધ રાગ સાથે ન હોય, ધર્મીને સ્વસ્વામીસંબંધ પોતાના ગુણ ને પવિત્ર સાથે હોય છે. અજ્ઞાનીને સ્વ રાગ અને રાગનું ફળ એ એનો સ્વામી હોય છે. આહાહા..! પુણ્ય અને પુણ્યના ફળ તરીકે પૈસા ને અનુકૂળ સામગ્રી મળી એટલે એને એમ થાય કે, ઓહોહો..! હું કેટલાનો ધણી, હું કેટલાનો માલિક છું. કેટલાનો માલિક? એકેયનો માલિક નથી, કલ્પનાથી તેં માન્યું છે. આહાહા..!

અહીં એ કહે છે, જે **'સ્વદ્રવ્યમાં લીન થાય છે, તે પુરુષ નિયમથી સર્વ અપરાધોથી રહિત થયો થકો,...'** છે? **'सर्व-अपराध-च्युतः'** સ્વદ્રવ્યનો આશ્રય લ્યે છે એ સર્વ અપરાધથી ચ્યુત થાય છે. આહાહા..! 'પુરુષાર્થ સિદ્ધિ' માં કહ્યું છે, કે પરની દયાનો ભાવ, પરની દયાનો ભાવ એ રાગ હિંસા છે. કારણ કે, પરને કરી શકતો નથી. એની ક્રિયા તો એને આયુષ્ય હોય તો નભે. ફક્ત તને ભાવ આવે એ રાગ છે, રાગ છે એ સ્વરૂપની હિંસા છે, 'અમૃતચંદ્રાચાર્ય' 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય' માં (કહે છે). આહાહા..! આ બધા સેવાભાવી ને પાંજરાપોળવાળા ને વ્યવસ્થાપક, વ્યવસ્થા કરનાર વ્યવસ્થાપકને આકરું લાગે એવું છે. વ્યવસ્થાપક કહે ને અમે આ વ્યવસ્થા કરીએ છીએ, આ વ્યવસ્થા કરીએ. વ્યવસ્થા ચાલી જ રહી છે એમાં વ્યવસ્થા કરવી છે ક્યાં? પદાર્થમાં વ્યવસ્થા–વિશેષે અવસ્થા જે સમયે જે થવાની તે અવસ્થા વિશેષે થયા જ કરે છે. એમાં બીજો એની વ્યવસ્થા કરે એ બનતું નથી. બધી જુદી જાત છે, ભાઈ! આહાહા..! પણ માન્યે છૂટકો છે તે વિના જન્મ-મરણ મટે એવું નથી. શું કીધું?

મુમુક્ષુ :– આરામ કરવાની વાત છે.

ઉત્તર :– અંદરમાં આરામની વાત છે. (આરામ) બહારમાં ક્યાં હતો? આહા..!

**'સર્વ અપરાધોથી રહિત થયો થકો,...' 'बन्ध-ध्वंसम् उपेत्य नित्यम् उदितः' 'બંધના નાશને પામીને નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) થયો થકો,...'** આહાહા..! સદા પ્રકાશમાન. પ્રભુ તો ત્રિકાળ પ્રકાશમાન વસ્તુ છે. નિત્ય પરમાર્થ પરિપૂર્ણ સ્વરૂપ ભગવાન નિત્ય પ્રકાશમાન ધ્રુવ છે. આહા..! એ પરનો આશ્રય છોડીને સ્વનો આશ્રય કરનાર છે. નિત્ય પ્રકાશમાન જ્યોતિ પ્રગટશે એમ કહે છે. છે? **'नित्यम् उदितः' '(સદા પ્રકાશમાન) થયો થકો,...'** આહાહા..! અંદર પુરુષાર્થથી એ સ્વભાવ તરફ ઢળ્યો છે. એથી નિત્ય પ્રકાશમાન એવો આત્મા પ્રગટ થયો હોવાથી **'स्व-ज्योतिः-अच्छ-उच्छलत्-चैतन्य-अमृत-पूर-पूर्ण-महिमा'** આહાહા..! **'સ્વજ્યોતિથી પોતાની જ્યોતિ ચૈતન્ય જ્યોતિ (પોતાના સ્વરૂપના પ્રકાશથી) નિર્મળપણે...'** એ પોતે પ્રકાશની જ્યોતિ એ પોતે છે.

**'સ્વજ્યોતિથી (પોતાના સ્વરૂપના પ્રકાશથી) નિર્મળપણે ઊછળતો...'** આહાહા..! **'જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ...'** આહાહા..! કહે છે, કે જે પરદ્રવ્યનો આશ્રય છોડી સ્વદ્રવ્યના આશ્રયમાં જાય છે એને બંધનનો નાશ થઈ આ બાજુ આત્મા ખીલી નીકળે છે. બંધનનો આ બાજુ નાશ થાય છે અને આ બાજુ ખીલી નીકળે છે. આહાહા..! છે ને? આહાહા..! **'નિર્મળપણે ઉછળતો ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ,...'** અમૃતનો પ્રવાહ છે, કહે છે. આહા..! જેમ પાણીનો પ્રવાહ આમ ચાલ્યો જાય એમ આ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અનિત્યની પર્યાય એમ જાણે કે, આ નિત્ય ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ (છે). એ આમ આમ પ્રવાહ છે. આડો પ્રવાહ નથી, પાણીનો પ્રવાહ આમ આડો જાય છે. આનો પ્રવાહ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એ પર્યાય એને જોવે છે. એ સ્વજ્યોતિથી...આહાહા..! **'જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ તેના વડે પૂર્ણ જેનો મહિમા છે...'** પૂર્ણ સ્વરૂપ કહે છે ને? તદ્દન પરદ્રવ્યનું આલંબન પૂર્ણ છોડીને સ્વદ્રવ્યનું પૂર્ણ આલંબન લઈને પૂર્ણ જેનો મહિમા **'એવો શુદ્ધ થતો થકો,...'** લ્યો! **'કર્મોથી છૂટે છે-મુક્ત થાય છે.'** 'મોક્ષ અધિકાર' છે ને? કર્મોથી છૂટે છે. મુક્ત થાય છે.

**ભાવાર્થ :– 'જે પુરુષ, પહેલા સમસ્ત પરદ્રવ્યનો ત્યાગ કરી...'** ઉપદેશમાં શું આવે? પહેલું એકકોર કહે કે, પરદ્રવ્યનો ત્યાગગ્રહણ આત્મામાં નથી. અહીં તો ત્યાં સંયોગ છે એટલે એમ બતાવે છે. **'સમસ્ત પરદ્રવ્યનો ત્યાગ કરી નિજ દ્રવ્યમાં (આત્મસ્વરૂપમાં) લીન થાય છે,...'** નિજ દ્રવ્ય આનંદકંદ પ્રભુ એમાં જે **'લીન થાય છે, તે પુરુષ સર્વ રાગાદિક અપરાધોથી રહિત થઈ...'** સર્વ રાગાદિ અપરાધ. પુણ્ય ને પાપ આદિ બેય. **'આગામી બંધનો નાશ કરે છે...'** ભવિષ્યનું બંધન છે તેનો એ નાશ કરે છે.

**'અને નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાનને પામી,...'** જોયું? પેલો અર્થ કર્યો ઇ **'નિર્મળપણે ઊછળતો જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ તેના વડે પૂર્ણ જેનો મહિમા છે...'** ઇ. **'નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાનને પામી, શુદ્ધ થઈ, સર્વ કર્મનો નાશ કરી, મોક્ષને પામે છે. આ, મોક્ષ થવાનો અનુક્રમ છે.'** આ મોક્ષ થવાનો આ અનુક્રમ છે. પહેલા સમસ્ત પરદ્રવ્યનો ત્યાગ કરી નિજ દ્રવ્યમાં લીન થાય, તે પુરુષ સર્વ રાગાદિક અપરાધોથી રહિત થઈ આગામી બંધનો નાશ કરે. આ ક્રમ. **'અને નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાનને પામી, શુદ્ધ થઈ, સર્વ કર્મનો નાશ કરી, મોક્ષને પામે છે. આ, મોક્ષ થવાનો અનુક્રમ છે.'** (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૯૨

(मन्द्राक्रान्ता)

बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-
न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम्।
एकाकारस्वरसभरतोऽत्यन्तगम्भीरधीरं
पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि।।१९२।।

હવે મોક્ષ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે પૂર્ણ જ્ઞાનના મહિમાનું (સર્વથા શુદ્ધ થયેલા આત્મદ્રવ્યના મહિમાનું) કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ बन्धच्छेदात् अतुलम् अक्षय्यम् मोक्षम् कलयत् ] કર્મબંધના છેદથી અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું, [ नित्य-उद्योत-स्फुटित-सहज-अवस्थम् ] નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે એવું, [ एकान्त-शुद्धम् ] એકાંતશુદ્ધ (-કર્મનો મેલ નહિ રહેવાથી જે અત્યંત શુદ્ધ થયું છે એવું), અને [ एकाकार-स्व-रस-भरतः अत्यन्त-गम्भीर-धीरम् ] એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા) નિજરસની અતિશયતાથી જે અત્યંત ગંભીર અને ધીર છે એવું [ एतत् पूर्णं ज्ञानम् ] આ પૂર્ણ જ્ઞાન [ ज्वलितम् ] જળહળી ઊઠ્યું (સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું); [ स्वस्य अचले महिम्नि लीनम् ] પોતાના અચળ મહિમામાં લીન થયું.

ભાવાર્થ :– કર્મનો નાશ કરી મોક્ષને અનુભવતું, પોતાની સ્વાભાવિક અવસ્થારૂપ, અત્યંત શુદ્ધ, સમસ્ત જ્ઞેયાકારોને ગૌણ કરતું, અત્યંત ગંભીર (જેનો પાર નથી એવું) અને ધીર (આકુળતા વિનાનું) - એવું પૂર્ણ જ્ઞાન પ્રગટ દેદીપ્યમાન થયું, પોતાના મહિમામાં લીન થયું. ૧૯૨.

ટીકા :– આ રીતે મોક્ષ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

ભાવાર્થ :– રંગભૂમિમાં મોક્ષતત્ત્વનો સ્વાંગ આવ્યો હતો. જ્યાં જ્ઞાન પ્રગટ થયું ત્યાં તે મોક્ષનો સ્વાંગ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયો.

જ્યોં નર કોય પર્યો દૃઢબંધન બંધસ્વરૂપ લખૈ દુખકારી,
ચિંત કરૈ નિતિ કૈમ કટૈ યહ તૌઊ છિદૈ નહિ નૈક ટિકારી;

છેદનકૂં ગહિ આયુધ ધાય ચલાય નિશંક કરૈ દુય ધારી,
યોં બુધ બુદ્ધિ ધસાય દુધા કરિ કર્મ રુ આતમ આપ ગહારી.

**આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્‌ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં મોક્ષનો પ્રરૂપક આઠમો અંક સમાપ્ત થયો.**

---

**પ્રવચન નં. ૩૭૮, શ્લોક–૧૯૨, ૧૯૩, મંગળવાર, પોષ સુદ ૭, તા. ૨૫-૧૨-૧૯૭૯**

---

'સમયસાર' ૧૯૨ કળશ.

**बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-**
**न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम्।**
**एकाकारस्वरसभरतोऽत्यन्तगम्भीरधीरं**
**पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि।।१९२।।**

છેલ્લો કળશ છે ને એ તો? આનો છેલ્લો કળશ છે. **'बन्धच्छेदात् अतुलम्' 'કર્મબંધના છેદથી અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું,...'** જ્ઞાન, પૂર્ણ જ્ઞાન. આહાહા..! જેણે પંચાચારથી સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, તપ એવા પંચાચાર શુદ્ધ, હોં! એનાથી જેને પરમ શુદ્ધ ઉપયોગ પ્રગટ્યો છે. આહાહા..! એને અહીંયાં આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ કીધા છે. એને અહીંયાં કહે છે, કે **'મોક્ષને અનુભવતું...'** (એ) જ્યારે આ પ્રમાણે પરમ શુદ્ધ ઉપયોગમાં રમે છે એને મોક્ષ થાય છે. તો એ જ્ઞાન **'મોક્ષને અનુભવતું, [ नित्य-उद्योत-स्फुटित-सहज-अवस्थम् ] નિત્ય ઉદ્યોતવાળી સહજ અવસ્થા...'** નિત્ય ઉદ્યોત હોવાથી કાયમ રહેનારું છે. એ જ્ઞાન જે કેવળજ્ઞાન મોક્ષમાં થયું એ તો કાયમ રહેનારું છે.

**'(જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની,...' '(જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે...'** એ પર્યાયમાં અવસ્થા ખીલી નીકળી છે. આહાહા..! **'એવું, એકાંતશુદ્ધ...'** લ્યો! આમાં અનેકાંત એકાંત શુદ્ધ ને કથંચિત્ અશુદ્ધ એમ ન આવ્યું. કથંચિત્ એકાંત શુદ્ધ અને એકાંત અશુદ્ધ (એમ ન આવ્યું). આ તો સર્વથા એકાંત આવ્યું. **'એકાંતશુદ્ધ (-કર્મનો મેલ નહિ હોવાથી જે અત્યંત શુદ્ધ થયું છે એવું),...'** શું? જ્ઞાન. આત્મા કહો કે જ્ઞાન કહો બધું એક છે. મૂળ જ્ઞાનની વાત લીધી છે. **'એવું અને...' 'एकाकार-स्व-रस-भरतः अत्यन्त-गम्भीर-धीरम्' 'એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા)...'** જ્ઞાન એટલે આત્મા. એકલા આત્માના અનંત સ્વભાવપણે પરિણમેલો. આહાહા..! આ મોક્ષની

વ્યાખ્યા છે.

**'નિજરસની અતિશયતાથી...'** અતિશય ગંભીર છે. આત્માના જ્ઞાન અને આનંદના નિજરસની વિશેષતાથી, અતિશયતાથી નામ વિશેષતાથી. આહાહા..! **'જે અત્યંત ગંભીર...'** છે. કેવળજ્ઞાન અત્યંત ગંભીર છે. આહા..! **'અને ધીર છે...'** ધીરું છે. શાશ્વત છે. પ્રગટ્યું એ પ્રગટ્યું, એમ. **'એવું આ પૂર્ણ જ્ઞાન...'** કેવળજ્ઞાન. હમણાં અહીં વજન છે. આ પૂર્ણ જ્ઞાનનો અર્થ ત્યાં. એ બધા વિશેષણ એના (છે). **'જળહળી ઊઠ્યું...'** આહાહા..! ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્મા એનો જ્ઞાન, દર્શન, આનંદ આદિ આચાર કરતાં પરમ શુદ્ધ ઉપયોગ થઈને એને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, ઇ કેવળજ્ઞાન આવું હોય. આહાહા..! હવે અત્યારે તો કહે છે, કે શુદ્ધ ઉપયોગ હોય જ નહિ. અહીં કહે છે, કે સાચા પાંચ આચાર પાળે એને પરમ શુદ્ધ ઉપયોગ હોય.

મુમુક્ષુ :– આચાર્યને પોતાને છે એમ આચાર્ય જાહેર કરે છે.

ઉત્તર :– ઇ પોતાને જાહેર કરે છે ને! પંચમ આરામાં છે એમ જાહેર કરે છે. નથી એમ નહિ. ભલે થોડું, થોડા પણ. અહીં ઇ જ કહે છે. આહાહા..!

**'આ પૂર્ણ જ્ઞાન જળહળી ઊઠ્યું...'** શેને લઈને? એ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ને વીર્ય એ પાંચ પ્રકારના આચારની નિર્મળતાથી. આહાહા..! અને પરમ શુદ્ધ ઉપયોગથી આ કેવળજ્ઞાન જળહળી ઊઠ્યું. આહાહા..! પાંચ મહાવ્રત પાળવાથી કે એમ એકેય વાત ન આવી એમાં. પાંચ મહાવ્રત પાળવાથી છે આમાં? **'આ પૂર્ણ જ્ઞાન જળહળી ઊઠ્યું (સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું);...'** **'स्वस्य अचले महिम्नि लीनम्'** **'પોતાના અચળ મહિમામાં લીન થયું.'** પોતાના અચળ મહિમામાં લીન થયું. જે બહારમાં ભટકતું હતું, રાગ ને દ્વેષમાં અટકતું હતું એ અટકતું, ભટકતું રહી ગયું એ પોતાના સ્વરૂપમાં લીન થઈ ગયું. આહાહા..! આનું નામ મોક્ષ ને આ મોક્ષનો ઉપાય. આહા..!

પરમ દર્શન, પરમ જ્ઞાન, પરમ ચારિત્ર, વીર્ય, તપ એ પાંચ આચારની ઉત્કૃષ્ટ દશા છતાં જે પરમ શુદ્ધ ઉપયોગ થાય... આહાહા..! છોકરાવને રજા છે આજ. રજા છે. ત્યાં આહાર છે ને આજ. નાતાલનો દિવસ છે. આહાહા..! એક સ્વરૂપે ભગવાન દ્રવ્ય સ્વભાવ છે એ પર્યાયમાં પૂર્ણ જ્ઞાન, દર્શન, ચારિત્રને આરાધીને પરમ શુદ્ધ ઉપયોગ દ્વારા જેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે. હવે આમાં કાંઈ વ્યવહારથી થાશે ને એનાથી થાય એ તો વાત કાંઈ આવતી નથી. કે નિમિત્તથી થાશે ને વ્યવહાર કરે તો થાય એવું આવતું નથી આમાં.

મુમુક્ષુ :– એનો અભાવ કરે વ્યવહારમાં તો થાય.

ઉત્તર :– ઇ ન જ હોય. અહીં નજર કરે ત્યાં એ ક્યાં હોય? આવ્યું હતું ને ક્યાંક એ? વ્યવહારથી નિશ્ચય આવ્યું હતું ક્યાંક. એ વ્યવહારથી નિશ્ચય (નહિ). એક આ જ ઉપાય છે. બસ! આત્મા જ્ઞાન સ્વરૂપ, આનંદ સ્વરૂપ, વીતરાગ મૂર્તિ, અનંત સ્વચ્છ, અંદર અનંત...

અનંત... પવિત્રતાનો આત્મા પિંડ છે. એની પર્યાયમાં ફેર છે પણ એની વસ્તુ આ છે. એ વસ્તુનું જ્ઞાન એની પ્રતીત, એની સ્થિરતા, એનું તપ અને એનું વીર્ય આચરણ, એના પુરુષાર્થનું આચરણ ત્યાં છે. એને લઈને એને પરમ શુદ્ધ ઉપયોગ થઈ અને કેવળજ્ઞાન થાય છે. બાકી કોઈ ક્રિયાકાંડથી, વ્યવહારથી થતું નથી. આહા..! ઇ મોટી તકરાર ચાલી છે. કાલે મોટું લખાણ આવ્યું છે. શુદ્ધ ઉપયોગને ના પાડે છે પણ શુભ ઉપયોગ ધર્મ જ અત્યારે હોય, શુભ ઉપયોગ સિવાય બીજો અત્યારે ધર્મ હોય નહિ. કહો, હવે આવું.

મુમુક્ષુ :– શુદ્ધ ઉપયોગ ન હોય તો સમ્યગ્દર્શનેય ન હોય.

ઉત્તર :– સમ્યગ્દર્શન એ તો શુદ્ધ ઉપયોગમાં હોય. અરે..! પ્રભુ! શું કરે છે? આવું આંધળું ખાતું ચાલે છે. આહા..!

પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ અતીન્દ્રિય આનંદકંદ એની દૃષ્ટિ આપતા, એનો સ્વીકાર કરતાં દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ પ્રગટ થઈ, પરમ શુદ્ધ ઉપયોગ થઈ અને કેવળજ્ઞાન થાય, આ એનો ઉપાય છે. બહુ ટૂંકામાં ટૂંકો આ ઉપાય છે, બીજો ઉપાય છે નહિ. ત્યારે કહે (છે), અત્યારે બની શકતું નથી. પણ બની શકતું નથી પણ શ્રદ્ધામાં તો કરો કે આ જ માર્ગ છે ને બીજો માર્ગ નથી. એ રસ્તે અંદરમાં જવાથી જ કલ્યાણ છે, બહારના વિકલ્પથી બિલકુલ કલ્યાણ છે નહિ. એમ એના શ્રદ્ધામાં તો એનો દોર કરે પહેલો તો આગળ વધે. પણ પહેલથી કહે, નહિ. એ શુભભાવ જ ધર્મ છે... શુભભાવ ધર્મ છે... શુભભાવ ધર્મ છે... હવે એને આગળ ક્યાં વધવાનું રહ્યું?

**ભાવાર્થ :– 'કર્મનો નાશ કરી મોક્ષને અનુભવતું, (જ્ઞાન) પોતાની સ્વાભાવિક અવસ્થારૂપ,...'** દશા. અવસ્થા છે ને મોક્ષ? **'અત્યંત શુદ્ધ,...'** અત્યંત શુદ્ધ. શુદ્ધ તો નીચે પણ થોડું જ્ઞાન જે છે સ્વભાવ એ તો જ્ઞાનનો ક્ષયોપશમનો અંશ છે એને પણ કેવળજ્ઞાનનો અંશ કહ્યો છે. ક્ષયોપશમનો અંશ કેવળજ્ઞાનનો અંશ છે. ચીઠ્ઠીમાં આવે છે. ઇ જે ઉઘાડ છે એ કેવળજ્ઞાનમાં ભળે છે. એમ અહીં યથાખ્યાત ચારિત્રનો અંશ અહીંયાં શુભમાં હોય, જરી શુદ્ધતા (હોય) તો એ જઈને યથાખ્યાત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ આમાં? શુભભાવમાં શુદ્ધતાનો અંશ છે ખરો પણ એ ગ્રંથિભેદ થયા પછી એ કામ કરે. આહાહા..! સ્વભાવની એકાગ્રતા કરે પછી એ શુદ્ધતા કામ કરે. એ શુદ્ધતા વધીને પરમ શુદ્ધતામાં યથાખ્યાત ચારિત્ર થાય. એ જ્ઞાન કીધું. અને આચરણમાં પણ એટલો શુભમાં જરી શુદ્ધનો અંશ છે એ ગ્રંથિભેદ થતાં એ અંશ આગળ વધીને યથાખ્યાત ચારિત્રને પામે. એ અંશ. નિમિત્તથી નહિ ને જ્ઞાનથી નહિ તો પછી બીજાથી ક્યાં રહ્યું? એમાં આવ્યું છે, કે એ જ્ઞાન વધે ને ચારિત્ર એને લઈને વધે એમ ન હોય.

આવે છે ને 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં? પાછળ ચિઠ્ઠી (માં આવે છે). જ્ઞાન વધે ને જ્ઞાનને લઈને ચારિત્ર વધે એમ નહિ. એ જ્ઞાનનો અંશ જેમ શુદ્ધ સ્વભાવ છે ને વધે છે એમ

એ શુદ્ધ સ્વભાવ અંદર અંશ હોવો જોઈએ એ આગળ વધે. જ્ઞાન વધ્યું માટે ચારિત્ર વધે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ચારિત્રનો અંશ એણે શુભભાવમાં ગણ્યો છે અનાદિથી પણ જો ગ્રંથિભેદ કરે–મિથ્યાત્વ ટાળે તો એ અંશ શુદ્ધ અંશ કામ કરે, નહિતર અનાદિ બંધનું કારણ છે. આહાહા..! આવી બધી વાતમાં ક્યાં માથાકૂટ કરવી? કાંઈ કરી નાખો, કરો. બસ! શું કરે? સાંભળ તો ખરો! તું કોણ છો અંદર ને કેમ થાય છે પર્યાયમાં? તારી નજર ક્યાં છે? નજરમાં શું લીધું છે? નજરમાં આ શું આવતા ભાવ કેવા થાય છે? પરની નજર કરતાં ભાવ કેવા થાય છે? સ્વની નજર કરતાં ભાવ કેવા થાય છે? આહાહા..! એનું જ્ઞાન પણ ન મળે, એની ઓળખાણ ન મળે અને હવે એને ધર્મ થઈ જાય!

અહીં તો કહે છે, કે **'પોતાની સ્વાભાવિક અવસ્થારૂપ, અત્યંત શુદ્ધ, સમસ્ત જ્ઞેયાકારોને ગૌણ કરતું,...'** એટલે જ્ઞેય એમાં જણાય છે પણ એને ગૌણ કરતું. એકલું જ્ઞાન જ છે, જ્ઞાન. જ્ઞેયનું જ્ઞાન તે તેનું જ્ઞાન, જ્ઞેયનું જ્ઞાન તે તેનું જ્ઞાન છે, એ જ્ઞેયનું જ્ઞાન નથી. **'સમસ્ત જ્ઞેયાકારોને ગૌણ કરતું, અત્યંત ગંભીર (જેનો પાર નથી એવું)...'** આહાહા..! કેવળજ્ઞાન એટલે અનંત આનંદ સહિત, અનંત વીર્ય સહિત, અનંત સ્થિરતા સહિત એવું જે કેવળજ્ઞાન એનો અપાર મહિમા છે. **'અને ધીર...'** છે. જેમાં આકુળતા નથી. સુખ છે, કેવળજ્ઞાનમાં સુખ છે, આત્મામાં સુખ છે, સુખ બીજે ક્યાંય નથી.

આત્મામાં સુખ આનંદ છે એ સિવાય ક્યાંય ત્રણકાળમાં કોઈ ઠેકાણે સુખ નથી. પૈસામાં નથી, બાયડીમાં નથી, છોકરામાં નથી, આબરૂમાં નથી, કુટુંબ-કબીલામાં ક્યાંય સુખ નથી. સુખ છે એક આત્મામાં. આહાહા..! જેને સુખી થવું હોય એણે તો સ્વદ્રવ્યને પકડવું, જેમાં સુખ ભર્યું છે. આહાહા..! એ સુખી થઈને ધીર થાય છે. જુઓને! આકુળતા રહિત થાય છે. **'(આકુળતા વિનાનું)-એવું પૂર્ણ જ્ઞાન પ્રગટ દેદીપ્યમાન થયું, પોતાના મહિમામાં લીન થયું.'** જેવું હતું એવું મહિમામાં લીન થયું. આહાહા..! મહિમા તો એવી હતી જ પણ એવી પર્યાયમાં લીન થયું. દ્રવ્ય સ્વભાવમાં જ્ઞાન છે એની તો મહિમા અપાર છે. સ્વભાવમાં જ્ઞાન છે શક્તિ અપાર (છે) હવે એની પર્યાયમાં પણ મહિમાનો પાર નહિ, પર્યાય રહી ગઈ. આહાહા..!

**ટીકા :– 'આ રીતે મોક્ષ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.'** લ્યો! મોક્ષને પણ સ્વાંગ ગણ્યો, એક વેષ ગણ્યો. ભગવાન નિત્યાનંદ પ્રભુ એના ઉપર આ બધા વેષો છે, પર્યાયો છે. આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ બધી પર્યાયો છે, ભેખ છે એનો, એ ત્રિકાળી વસ્તુ નથી. ત્રિકાળી વસ્તુ તો ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છે. એમાં આ વેષો અંદરમાં નથી. આહાહા..! આવો ધર્મનો ઉપદેશ?

એ મોક્ષ છે. **'રંગભૂમિમાં મોક્ષતત્ત્વનો સ્વાંગ આવ્યો હતો.'** જોયું? સ્વાંગ એક ભેખ છે. મોક્ષ પણ એક આત્માનો એક સ્વાંગ છે, મોક્ષ એ કાંઈ ત્રિકાળી તત્ત્વ નથી. ત્રિકાળી તત્ત્વ તો શુદ્ધ જે ત્રિકાળ અનાદિ અનંત પડ્યું છે, એ તો નિત્યાનંદ પ્રભુ છે, નિર્મળ જ

છે. એને કાંઈ આમાં નિર્મળતા કરવી છે ને મલિનતા ટાળવી છે એવું ધ્રુવમાં નથી કાંઈ. ધ્રુવને લક્ષે મલિનતા ટળે ને નિર્મળતા પ્રગટે એ તો પર્યાયમાં થાય. મોક્ષ પર્યાય, આ મોક્ષ એક સ્વાંગ છે. મોક્ષ એક સ્વાંગ છે, ભેખ છે જીવમાં. આહાહા..! એ **'સ્વાંગ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયો.'** સ્વાંગ જણાય ગયો એટલે નીકળી ગયો, એમ કહે છે.

**જ્યોં નર કોય પર્યો દઢબંધન બંધસ્વરૂપ લખૈ દુખકારી,**
**ચિંત કરૈ નિતિ કૈમ કટૈ યહ તૌઊ છિદૈ નહિ નૈક ટિકારી;**
**છેદનકૂં ગહિ આયુધ ધાય ચલાય નિશંક કરૈ દુય ધારી,**
**યોં બુધ બુદ્ધિ ધસાય દુધા કરિ કર્મ રુ આતમ આપ ગહારી.**

**'જ્યોં નર કોય પર્યો દઢબંધન'** બંધનમાં પડ્યો હોય કોઈ તે વિશે **'દુખકારી,...'** એ દુઃખરૂપ જાણે. **'ચિંત કરૈ...'** એ દુઃખરૂપ જાણ્યા કરે તેથી કાંઈ છેદાય નહિ. બંધનને દુઃખરૂપ જાણે ને જાણ્યા કરે માટે બંધ છેદાય નહિ. તેમ એનું ચિંતન કર્યા કરે તોય છેદાય નહિ. બે વાત આવી ગઈ છે ને પહેલી? **'નિતિ કૈમ કટૈ યહ તૌઊ છિદૈ નહિ નૈક ટિકારી;...'** એની બંધની ચિંતા કર્યા કરે, બંધન આમ છે ને તેમ છે, કર્મનો ઉદય સત્તા છે ને એવી કર્મની ને બંધની વાતું કર્યા કરે એથી કરીને છેદાય નહિ કહે છે. એની બંધની ચિંતા કર્યા કરે તોય તે કર્મ છેદાય નહિ.

**'છેદનકૂં ગહિ આયુધ ધાય...'** પણ છેદનકૂં ગહિ આયુધ હોય તો છેદે. **'ચલાય નિશંક કરૈ દુય ધારી,...'** બે ભાગ પાડી નાખે. **'યોં બુધ બુદ્ધિ ધસાય દુધા કરિ...'** યોં જ્ઞાની બુદ્ધિ વડે કરીને દુધા કરિ. કર્મ અને આત્મા બેને જુદા પાડી. આહાહા..! જુદા છે પણ માન્યા છે એટલે એને જુદા કરીને, આહાહા..! બે દ્રવ્ય કાંઈ એક થયા નથી કોઈ દિ' પણ માન્યું છે. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર નથી ને પર ઉપર છે એથી એને છેદ્યું. પર ઉપરની કર્મની જે બુદ્ધિ હતી એ છેદી અને ભેદજ્ઞાન કર્યું. **'આતમ આપ ગહારી.'** આત્માને પકડ્યો. પરને દૂર કરી, કર્મબંધનને દૂર કરીને આત્માને અનુભવ્યો એનું નામ મોક્ષ છે. લ્યો!

**'આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં મોક્ષનો પ્રરૂપક આઠમો અંક સમાપ્ત થયો.'** લ્યો!

– ૯ –

# સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

अथ प्रविशति सर्वविशुद्धज्ञानम्।

(मन्दाक्रान्ता)

नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्त्रादिभावान्
दूरीभूतः प्रतिपदमयं बन्धमोक्षप्रक्लृप्तेः।
शुद्धः शुद्धः स्वरसविसरापूर्णपुण्याचलार्चि-
ष्टङ्कोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुञ्जः।।१९३।।

---

સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય, સદા આતમારામ;
પરને કરે ન ભોગવે, જાણે જપિ તસુ નામ.

પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે ‘હવે સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે’.

મોક્ષતત્ત્વનો સ્વાંગ નીકળી ગયા પછી સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. રંગભૂમિમાં જીવ-અજીવ, કર્તાકર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ આઠ સ્વાંગ આવ્યા, તેમનું નૃત્ય થયું અને પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા. હવે સર્વ સ્વાંગો દૂર થયે એકાકાર સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.

ત્યાં પ્રથમ જ, મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ अखिलान् कर्तृ-भोक्तृ-आदि-भावान् सम्यक् प्रलयम् नीत्वा ] સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને [ प्रतिपदम् ] પદે પદે (અર્થાત્ કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતા દરેક પર્યાયમાં) [ बन्ध-मोक्ष-प्रक्लृप्तेः दूरीभूतः ] બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો, [ शुद्धः शुद्धः ] શુદ્ધ-શુદ્ધ (અર્થાત્ જે રાગાદિક મળ તેમ જ આવરણ-બન્નેથી રહિત છે એવો), [ स्वरस-विसर-आपूर्ण-पुण्य-अचल-अर्चिः ] જેનું પવિત્ર અચળ તેજ નિજરસના (-જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી ભરપૂર છે એવો, અને [ टङ्कोत्कीर्ण-प्रकट-महिमा ] જેનો મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે એવો [ अयं ज्ञानपुञ्जः स्फूर्जति ] આ જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.

**ભાવાર્થ :– શુદ્ધનયનો વિષય જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે, બંધમોક્ષની રચનાથી રહિત છે, પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી શુદ્ધ છે, પોતાના સ્વરસના પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે. એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે. ૧૯૩.**

## શ્લોક–૧૯૩ ઉપર પ્રવચન

'સર્વવિશુદ્ધ' આપણે આવી ગયું છે. તોય ફરીને (લઈએ). આમાં ક્લાસમાં આવી ગયું છે. 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'. બધા સ્વાંગ નીકળી ગયા. એકલો જ્ઞાતા-દૃષ્ટા હતો તે રહી ગયો. એને અહીંયાં 'સર્વવિશુદ્ધજ્ઞાન' કહે છે. સર્વવિશુદ્ધ–જે જ્ઞાનને બંધ અને મોક્ષ પણ જેમાં નથી. આહાહા..! બંધ, મોક્ષ એ પર્યાય છે. જે જ્ઞાનમાં એ બંધ અને મોક્ષનો વેશ નથી એવું ત્રિકાળી જ્ઞાન, એવી પૂર્ણ પ્રગટ દશા (થઈ) એને અહીં સર્વવિશુદ્ધજ્ઞાન કહે છે.

**સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય, સદા આતમારામ;**
**પરને કરે ન ભોગવે, જાણે જપિ તસુ નામ.**

સર્વવિશુદ્ધજ્ઞાનમય. આત્મા તો સર્વવિશુદ્ધજ્ઞાનમય છે, ચૈતન્ય પ્રકાશનું પૂર છે. ચૈતન્યના પ્રકાશના નૂરનું તેજનું પૂર છે. કેમ ત્યારે દેખાતો નથી? કહ્યું હતું ને ડૉક્ટરે 'ચંદુભાઈ'એ. આવો થાંભલો. ચિત્તને થાંભલે બાંધ્યું એમ આવ્યું હતું ને? આહા..! પણ તેં નજર કે દિ' કરી છે અંદર? જ્યાં છે ત્યાં નજર કરી નથી પછી દેખાય નહિ એનો અર્થ શું? જ્યાં છે ત્યાં નજર કરે તો દેખાય નહિ એમ ન રહે. દેખાય જ તે. આહા..! વસ્તુ તો અંદર છે. રાગ, પુણ્ય, દયા, દાનના વિકલ્પથી પણ અંદર ભિન્ન છે અને જ્યાં છે ત્યાં નજર ન કરે, નથી ત્યાં નજર કરે ને પછી (કહે) દેખાતો નથી. આહાહા..! બહારની ચીજમાં જો ઠીક હોય તો આંખો આમ ટક... ટક... ટક... જોયા કરે. એવી ચીજ હોય, નાટક છે કે આ ફિલ્મ, ફિલ્મ (હોય)... આહાહા..! ત્યાં આંખો પરને જોવા માટે ટક ટક કર્યા કરે. પોતાને જોવા માટે કોઈ દિ' ફુરસદ લેતો નથી. આહાહા..!

પોતાને જોવા તે પોતે કોણ છે? અંદર જ્ઞાનાનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ પરમ શુદ્ધ પરમાત્મા છે. એ આત્મા અંદર પોતે પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ છે. આહાહા..! અંદર દેહમાં આત્મા છે એ તો પરમ સ્વરૂપ પરમાત્મા છે, એની અવસ્થા પર્યાય એમાં બધી ભૂલ છે. આહાહા..! પછી કહે, કેમ દેખાતો (નથી)? કેટલાક કહે છે પણ હું નથી, મને દેખાતો નથી. પણ હું નથી એવું કઈ સત્તામાં હું નથીનો તેં નિર્ણય કર્યો? એ જ્ઞાનની સત્તામાં

હું નથી એવો નિર્ણય થાય છે. જ્ઞાનનું હોવાપણું એમાં નિર્ણય થાય છે. અજ્ઞાન અંધારામાં થાય? હું નથી, ત્યાં જ કીધું કે હું છું. આહાહા..!

મુમુક્ષુ :– આપે મોઢુ બંધ કરી દીધું.

ઉત્તર :– પણ વાત જ આખી વસ્તુ... બધું આ જણાય છે. ક્યાં જડમાં ક્યાં ગયો છે ઇ? જડને અડે છે કે દિ'? એ તો ખરેખર પોતાની જ્ઞાનની પર્યાયને જ જાણે છે. આહાહા..! આ મોટો ફેર, ઉગમણો-આથમણો ફેર છે. આ બધું જેની સત્તામાં જણાય છે એ સત્તા જ્ઞાન સત્તા છે. તે આ બધી સત્તાથી એની સત્તા ભિન્ન છે. જાણનારની સત્તા અને જણાય એની સત્તા બેયની જુદી છે. છતાંય જે જણાય છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! મારા જ્ઞાનનો પર્યાય જ એને જાણવા તરફ વળેલો છે, પર્યાય જ મારો એવો છે. પરને જાણતો નથી, પોતાની પર્યાયને જાણે છે. પરને જાણવું કહેવું એ અસદ્ભૂત વ્યવહારનય છે, નિમિત્તપણું બતાવવા (કહેવાય). આહાહા..! આવું આકરું કામ. બીજું હવે ધંધા ન કરવા? ઢીકણું ન કરવું?

પરને જાણવું એ પણ તારું જ્ઞાન છે એ કાંઈ પરને લઈને તું જાણતો નથી. એ તારું જ્ઞાન છે એ જ્ઞાન જાણે છે. જ્ઞાનમાં જ્ઞાન કર્તા થઈ, જ્ઞાન કર્મ થઈને પોતે પોતાના કાર્યને કરે છે. અને તે જ્ઞાન થયેલું જ્ઞાન પોતે પોતામાં રાખે છે. એ કાંઈ જેને જાણે છે, વ્યવહારથી જાણે છે એની ભેગું જ્ઞાન ભળતું નથી. આહાહા..! આકરું કામ બહુ.

ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્મા ચૈતન્યનું પૂર છે, નૂરનું તેજ છે. એમાં જે કાંઈ પર જણાય એમ કહેવું એ વ્યવહાર છે. એ પોતે જ પોતાને જાણે છે. પોતે જ્ઞેય, પોતે જ્ઞાન, પોતે જ્ઞાતા. ગાથા આવે છે. પોતે જ્ઞેય–જણાવા લાયક હોય તોપણ પોતે, જાણનાર પણ પોતે અને જાણવાનું સાધન જ્ઞાન એ પોતે. આહાહા..! ઇ કહે (છે), જુઓ!

**'સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય, સદા આતમારામ, સદા આતમારામ,...'** સદા આતમારામ સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય છે. એ તો સદાય સુજ્ઞાનમય જ છે અને સર્વવિશુદ્ધ જ છે. આહાહા..! ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ સર્વવિશુદ્ધ ને સુજ્ઞાનમય છે. **'સદા આતમારામ; પરને કરે ન ભોગવે,...'** આહાહા..! એ આત્મા સિવાય શરીરનું, વાણીનું, કર્મનું, સ્ત્રી-કુટુંબ-પરિવારનું, ગામનું, દેશનું કાંઈ કરી શકે નહિ, પરનું કાંઈ કરી શકે નહિ. આહાહા..! આ આખો વખત એમાં જાય કે, આનું કરું છું, આનું કરું છું, આનું કરું, આને માટે કરું છું, આને માટે કરું છું, આને માટે કરું છું, પણ ઇ આને માટે કરું એ ભાવ કોનો છે? ભાવ તો તારો છે. આહાહા..! આકરું કામ ઘણું.

**'કરે ન ભોગવે'** પરને તો કરે નહિ ને પરને તો ભોગવે નહિ એવો આત્મા છે. રાગને પણ કરે નહિ ને રાગને ભોગવે નહિ એવો આત્મા છે. આહાહા..! અરે..! બંધને કરે નહિ ને મોક્ષને કરે નહિ એવો આત્મા છે. આહાહા..! ત્રિકાળી સ્વરૂપ છે એને બંધ મોક્ષ કેવા?

અને પર્યાયમાં પણ જ્યારે સર્વવિશુદ્ધજ્ઞાન થયું એટલે પર્યાયને જાણનાર થયો. જાણે કે આ રાગ છે એ બંધ છે, મોક્ષની પર્યાય નિર્મળ છે એમ કેવળજ્ઞાનમાં જણાય પણ પોતે જાણનારો બંધમાં છે એમ નથી. એ તો એક સમયની પર્યાયમાં બંધમાં છે એમ પોતાનું જ્ઞાન ભિન્ન જાણે. જાણનારો બંધમાં નથી, બંધમાં તો એક સમયની પર્યાય છે. એમ મોક્ષની પર્યાયમાં મોક્ષ, મોક્ષ જાણનારમાં મોક્ષ નથી. એ શું કીધું ઇ? જાણનારો ભગવાન છે એમાં મોક્ષ નથી. એ તો મોક્ષની તો પર્યાય છે તેને એ જાણે છે. આરે આરે..! વાતું આવી. પકડવું કઠણ. શું કરવું આ? '**પરને કરે ન ભોગવે, જાણે જપિ તસુ નામ.**' એ વિશેષ કેટલું વ્યવહાર કરે? તેને જાણે, જેમ છે તેમ જાણે, બસ!

**'પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે 'હવે સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે'.'**

**नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्त्रादिभावान्**
**दूरीभूतः प्रतिपदमयं बन्धमोक्षप्रक्लृप्तेः।**
**शुद्धः शुद्धः स्वरसविसरापूर्णपुण्याचलार्चि-**
**ष्टङ्कोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुञ्जः।।१९३।।**

આ સર્વવિશુદ્ધિનું માંગળિક કર્યું.

**'મોક્ષતત્ત્વનો સ્વાંગ નીકળી ગયો...'** લ્યો! ઠીક. એક સમયની પર્યાય હતી. એ દ્રવ્યમાં ક્યાં છે દ્રવ્યમાં? આહાહા..! વળી દ્રવ્યમાં નથી ને પર્યાયમાં છે, શું આ તે વાતું? કઈ જાતની આ વાત? કોઈ દિ' સાંભળી ન હોય. પેલું સાંભળ્યું હોય કે, સામાયિક કરો, પોષા કરો ને પડિકમણા કરો ને છ પરબી બ્રહ્મચર્ય પાળો ને છ પરબી ફલાણું કરો, એવું ક્રિયાકાંડનું રાગનું સાંભળ્યું હોય, એમાં કાંઈ આત્મા નથી ન્યાં. આહાહા..!

અહીં કહે છે, 'મોક્ષતત્ત્વનો સ્વાંગ નીકળ્યો, આત્મામાં એક સમયની પર્યાય એ સ્વાંગ હતી. વસ્તુ છે એ ત્રિકાળી આનંદકંદ છે, મોક્ષ એક સમયની પર્યાય છે. ભલે એ પર્યાય સાદી અનંત રહે પણ એ પર્યાય ત્યાં બે પર્યાય ભેગી થાતી નથી. શું કીધું? દ્રવ્ય સ્વભાવ છે એ તો એકરૂપ અનંત ગુણનો પિંડ આખો છે અને તેથી તેને મોક્ષ છે એ એક સમયની પર્યાય છે. એ સ્વાંગ નીકળી ગયો એટલે એક સમયની પર્યાય છે એ બીજે સમયે હોય નહિ. બે સમયનું ભેગું ન થાય. અહીં તો અનંતા ગુણોનો ભેગો આત્મા છે. આહાહા..!

અનંત ગુણનો ધણી આત્મા અંદર, એને મોક્ષ તો એક સમયની પર્યાય છે. જ્ઞાને જાણી લીધું એ મોક્ષ છે, જાણ્યું બસ! કરવાનું કાંઈ નથી એણે. જાણ્યું. આહાહા..! મોક્ષ પણ કરવો નથી, હોં! થઈ ગયો એને જાણે. આહાહા..! કારણ કે, કેવળજ્ઞાન હો એ પણ એક સમયની પર્યાય છે. કેવળજ્ઞાન બે સમય ભેગું રહેતું નથી. અને આ તો અનંત ગુણનો પિંડ એક સાથે ભેગો રહે છે. આહાહા..! અનંત... અનંત... અનંત... ગુણનો પિંડ ભેગો એક સમયમાં છે. આહાહા..! એને આ પર્યાય છે તે એક સમયની છે. કેવળજ્ઞાન હોય

તોપણ એ, ક્ષાયિક સમકિત હોય તોપણ એ અને કેવળદર્શન હોય તો અનંત વીર્ય હોય તો ઇ. એક સમયની પર્યાય બીજા સમય સાથે ભેગી થતી નથી. એથી તેને જ્ઞાની જાણે છે, તેને કરતો ભોગવતો નથી. જાણે છે એને પોતાના ભાવને કર્તા-ભોક્તા જાણે છે, કર્તા-ભોક્તા હોય છે.

**'મોક્ષતત્ત્વનો સ્વાંગ નીકળી ગયા પછી સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. રંગભૂમિમાં...'** જીવ-અજીવ અધિકાર આવી ગયા. કર્તાકર્મ આવ્યો, પુણ્ય-પાપનો આવી ગયો, આસ્રવનો આવી ગયો, સંવરનો, નિર્જરાનો, બંધનો અને મોક્ષ—એ આઠ સ્વાંગ કીધા, લ્યો! એ ભગવાન આત્માના આઠેય સ્વાંગ છે. જેવો બંધનો સ્વાંગ એવો મોક્ષનો સ્વાંગ. આહાહા..! દયા, દાનના પરિણામ છે એ બંધના કારણ છે, એ પણ બંધનો સ્વાંગ છે. કારણ કે, એ વિકાર છે અને મોક્ષ છે તે નિર્વિકાર છે એ પણ એક સ્વાંગ છે, એક પર્યાય એ સમયની (છે). આહાહા..!

**'એ આઠ સ્વાંગ આવ્યા, તેમનું નૃત્ય થયું...'** એટલે કે તેનું પરિણમન જણાણું. **'અને પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા.'** આહાહા..! એકલો જ્ઞાયકભાવ રહી ગયો. એ આઠેય સ્વાંગને જાણ્યા. એકલો જ્ઞાયક સ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અનંત ગુણનો ગંભીર દરિયો એક રહી ગયો, કહે છે. આહાહા..! છે? **'પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા. હવે સર્વ સ્વાંગો દૂર થયે એકાકાર સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.'** આહાહા..! ઝીણી વાત છે.

**'ત્યાં પ્રથમ જ, મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છે :–'**

**नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्त्रादिभावान्**
**दूरीभूतः प्रतिपदमयं बन्धमोक्षप्रक्लृप्तेः ।**
**शुद्धः शुद्धः स्वरसविसरापूर्णपुण्याचलार्चि-**
**ष्टङ्कोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुञ्जः ।।१९३।।**

નીચે **અર્થ** :– **'अखिलान् कर्तृ-भोक्तृ-आदि-भावान् सम्यक् प्रलयम् नीत्वा' 'સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...'** આહાહા..! એક રજકણને પણ હું હલાવું કે મુકું એ મારા અધિકારની વાત નથી.

મુમુક્ષુ :– રજકણ તો ક્યાં પકડી શકે છે?

ઉત્તર :– છે જ નહિ પકડવું છે ક્યાં?

મુમુક્ષુ :– ભેદજ્ઞાન થવું જોઈએ?

ઉત્તર :– ભેદજ્ઞાન જ વસ્તુ સ્વરૂપ જ આ છે. ભેદ સ્વરૂપ જ છે. અહીં તો ભેદ સ્વરૂપ કીધું એટલું. આહા..!

**'સમસ્ત કર્તા-ભક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...'** આહાહા..! બધા મારા દ્રવ્ય સિવાય બીજા બધા દ્રવ્યોનું કંઈ પણ કર્તા-ભોક્તાપણું આત્મામાં છે નહિ. આહાહા..!

અહીંયાં તો આ જ્ઞાન સ્વરૂપ એવું પ્રગટ્યું એ તો બંધને, મોક્ષને, ઉદયને, નિર્જરાને જાણશે, જાણે. આહાહા..!

કારણ કે, જે સમયે જે પર્યાય થવાની છે એને, સમ્યગ્દષ્ટિએ પણ જે દ્રવ્યનો સ્વભાવ પકડ્યો છે અને તેથી એમાં ભાવ નામનો ગુણ છે એ ગુણને લઈને જે પર્યાય થવાની છે તે થાય જ છે. હું કરું તો થાય, ન કરું તો ન થાય ત્યાં એવું છે જ નહિ. આહાહા..! એ ભાવ નામના ગુણનું સ્વરૂપ જ એવું છે કે જે દ્રવ્યદૃષ્ટિ થઈ એટલે ભાવ ગુણ અંદર હતો એ સમયે સમયે જે પર્યાય આવવાની છે એ ભાવ ગુણને લઈને પર્યાય આવે જ, પર્યાય થાય જ. પર્યાય કરું તો થાય એમ નહિ, પર્યાય થાય જ. આરે.. આરે.. આવું આકરું કામ.

**'સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...'** તેમ ભોક્તા. આહારનો ભોક્તા, સ્ત્રીના શરીરનો ભોક્તા, મકાનનો ભોક્તા ઇ આત્મા નથી. આહાહા..! ઇ તો જડની અવસ્થા છે. જડની અવસ્થા આત્મા ભોગવી શકે નહિ. આહાહા..! રોટલો, દાળ, ભાત, શાક એ આત્મા ભોગવી શકે નહિ અને રોટલીના બે કટકા આત્મા કરી શકે નહિ, એનો કર્તા થઈ શકે નહિ. આહાહા..! આવી ચીજ આકરી પડે. બધું આખો દિ' કરવું અને કહે કે ન કરી શકે. કરવું તું માને છો આખો દિ'. છે ક્યાં? એ તો જ્ઞાન સ્વરૂપ ભગવાન તો છે. જાણનાર જાણે છે, કે આ છે એમ જાણે છે, એમાં કરવું ક્યાં આવ્યું? ભોગવવાનું, પરને ભોગવવાનું ક્યાં આવ્યું અંદરમાં? પરને અડે છે આત્મા? આત્મા પરને અડે છે તે ભોગવે? અડે એ ભોગવે. આહાહા..! ભારે વાતું આ.

**'કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...'** જોયું? સમ્યક્ પ્રકારે કીધું ને? **'सम्यक् प्रलयम्'** છે ને એમાં? **'સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...'** જેમ વસ્તુ છે એ રીતે જાણીને નાશ પમાડીને. ધારણામાં એકલી વાત લઈ લે એમ નહિ, એમ કહે છે. આહાહા..! ધારણામાં લઈ લે વાત કે, આત્મા કર્તા-ભોક્તા નથી. એ નહિ. અહીં તો **'સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...'** એ આચાર્યની શૈલી છે એવી. એવું બધું જ્યાં આવે ત્યારે 'સમ્યક્' શબ્દ મુકે છે. સમ્યક્ પ્રકારે જાણીને, સમ્યક્ પ્રકારે દેખીને, સમ્યક્ પ્રકારે શ્રદ્ધિને. આહાહા..! (એનો અર્થ) પરિણમન કર એમ કહે છે. એકલું જાણપણું જ ન રાખે. એકલું જાણપણું રહે એ તો જ્ઞાનનો ઉઘાડ ક્ષયોપશમ છે. એ કોઈ ચીજ આત્મા નથી. આહાહા..! એવો ક્ષયોપશમ તો અભવિને પણ હોય છે. અભવિને ક્ષયોપશમ છે તેથી કરીને એ ક્ષયોપશમ આત્માને લાભ કરે એમ નથી કાંઈ. આહાહા..!

**'કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...'** આહાહા..! **'सम्यक् प्रलयम् नीत्वा'** આહાહા..! ચૈતન્ય આનંદકંદ પ્રભુ, એનો આશ્રય પૂર્ણ લઈને આ બધા રાગાદિનો નાશ કરે અને તેનો કર્તા ને ભોક્તા ન થાય. આહા..!

**'प्रतिपदम्' 'પદે પદે (અર્થાત્ કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતા દરેક પર્યાયમાં)'**

**'बन्ध-मोक्ष-प्रक्लृप्तेः'** **'બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો,...'** આહાહા..! કહે છે, સમયે સમયે જે આત્મા છે એ બંધ ને મોક્ષની પર્યાયથી દૂર વર્તે છે. બંધ ને મોક્ષ એ પર્યાય છે. આહાહા..! આવું આકરું કામ. મોક્ષ એ પર્યાય છે, એનાથી દૂર વર્તતો થકો, મોક્ષથી દૂર વર્તતો થકો. આહાહા..! **'बन्ध-मोक्ष-प्रक्लृप्तेः दूरीभूतः'** સંસ્કૃત છે ને? **'બંધ-મોક્ષની રચનાથી દૂર...'** બંધને રચે ને મોક્ષને રચે એનાથી દૂર છે ભગવાન. આહાહા..! એ તો જ્ઞાયક સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ, આનંદ સ્વભાવ, નિત્યાનંદ પ્રભુ જ્ઞાન અરીસો, ત્રિકાળી ધ્રુવ એ બંધ ને મોક્ષને કરતો નથી. આહાહા..! છે?

**'કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...'** આહા..! **'દરેક પર્યાયમાં બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો,...'** ઓહોહો..! દરેક સમયમાં દ્રવ્ય એટલે આત્મામાં દૃષ્ટિને લઈને આત્માનો અનુભવ હોવાથી પર્યાયમાં બંધ ને મોક્ષની રચનાથી રહિત છે. છે? **'બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો...'** કહો! હવે મોક્ષમાર્ગ તો ક્યાંય રહી ગયો, નિશ્ચય, હોં! વ્યવહારનય તો ક્યાંય રહી ગયો. વ્યવહાર મોક્ષમાર્ગ તો ક્યાંય (રહી ગયો). એ વ્યવહાર છે જ નહિ. નિશ્ચય મોક્ષમાર્ગ છે એ પર્યાય છે એનાથી પણ આત્મા દૂર વર્તે છે. આહાહા..! સત્યને શોધવું નથી અને જેમાં વાડામાં પડ્યા એ વાડામાં માથે કીધે હા હા પાડી જિંદગી કાઢે. આહા..! જે ગમાણમાં ઘાસ નાખે ભેંસ એ ખાય, ઢોર એ ખાય. જે ગમાણમાં જે પડ્યું હોય એ ઢોર ખાય ને? એમ જે સંપ્રદાયમાં જે વાત એને મળે એ એને માને. આહાહા..! પણ તુલના કરી નહિ કે આ સત્ય શું છે? અસત્ય શું છે? આહાહા..!

**'બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો'** ગજબ શબ્દ છે. **'શુદ્ધ-શુદ્ધ (અર્થાત્ જે રાગાદિક મળ તેમ જ આવરણ-બન્નેથી રહિત છે એવો),...'** બે શબ્દ છે ને? એકમાં તો રાગાદિ મળથી રહિત છે ને બીજામાં આવરણ જડ કર્મ, બંનેથી રહિત છે. આહાહા..! પ્રભુમાં તો અંદર આવરણ પણ નથી ને મળ પણ નથી. દયા, દાનનો મળ પણ એમાં નથી અને જડ કર્મનું આવરણ એ પણ નથી. આહાહા..!

આવ્યું ને? પેલામાં આવ્યું ને? લોગ્ગસમાં આવ્યું. 'વિહુયરયમલા'. લોગ્ગસ છે ને? હે ભગવાન! આપે વિહુય નામ ટાળ્યા છે. રજ, રજ–કર્મ ટાળ્યા છે. એ પણ એક અપેક્ષિત વચન છે. કર્મ ને મેલ. મેલ એ રાગ-દ્વેષ છે, રજ એટલે જડ-કર્મ. 'વિહુયરયમલા' લોગ્ગસ છે ઇ એનો અર્થ ઇ છે, પ્રભુ! ભગવાનની સ્તુતિ કરે છે, કે આપ કર્મના રજથી દૂર છો, ટાળ્યા છે અને પુણ્ય ને પાપનો મેલ છે એ પણ આપે ટાળ્યો છે. આહાહા..!

બંધ-મોક્ષથી દૂર વર્તતો શુદ્ધ, શુદ્ધ. જુઓ! **'स्वरस-विसर-आपूर्ण-पुण्य-अचल-अर्चिः'** **'જેનું પવિત્ર અચળ તેજ નિજરસના...'** જેનું પવિત્ર અચળ તેજ, પવિત્ર અચળ તેજ ચૈતન્યના તેજ અંદર છે. આહાહા..! જાણન-દેખનનું તેજ, અંદર ચંદ્રમાં શીતળ ઠંડો પડ્યો છે. આહાહા..! **'પવિત્ર અચળ તેજ નિજરસના (-જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી ભરપૂર છે**

**એવો,...'** આહાહા..! એ તો જ્ઞાનમાં, અનુભવમાં ભરપૂર છે. એ પરનો કર્તા-ભોક્તા નથી. આહાહા..! પોતાનો જે જ્ઞાન સ્વભાવ તેના રસમાં પૂર્ણ છે.

**'જ્ઞાનચેતનારૂપી રસના ફેલાવ...'** જોયું? **'स्वरस-विसर'** છે ને? **'आपूर्ण-पुण्य-अचल-अर्चिः'** પૂર્ણ થઈ જાય છે એનું. આહાહા..! એ સર્વજ્ઞ સ્વભાવી, આત્મા સર્વજ્ઞ સ્વભાવી જ છે. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં સર્વજ્ઞ સ્વભાવ પર્યાયમાં આવે છે એટલે પૂર્ણ જ્ઞાન થઈ જાય છે. આહાહા..! પણ એનો ઉપાય (શું)? એનો ઉપાય કહ્યો ને. એવા શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન ને તેનું આચરણ તે એનો ઉપાય છે, બીજો ઉપાય કાંઈ છે નહિ. આહા..! બહારની ક્રિયાકાંડના આડંબરો, મોટા આડંબર ચાલ્યા જાય એમાં જરીએ ધર્મ નથી. આહાહા..! આડંબર છે બધા આડંબર.

**'જેનું પવિત્ર અચળ તેજ નિજરસના ફેલાવથી ભરપૂર છે એવો, અને...'** **'टङ्कोत्कीर्ण-प्रकट-महिमा'** **'જેનો મહિમા (શાશ્વત) ટંકોત્કીર્ણ પ્રગટ છે...'** ટંકોત્કીર્ણ (એટલે) જેનો મહિમા શાશ્વત છે. આહાહા..! કોઈથી ઘડાયેલો નથી, કોઈથી ઘડતરથી ઊભો થયો નથી. આહાહા..! એવો જે ભગવાન શાશ્વત પ્રગટ છે. શાશ્વત અંદર પ્રભુ પ્રગટ છે, એ વસ્તુ શાશ્વત ઉપર નજર ન કરતાં પોતાનું શાશ્વતપણું ન રાખતા, પોતે શાશ્વત છે એટલે બીજી ચીજને પણ નિત્ય ઠરાવવા માગે છે. મારી પાસે બીજી બધી ચીજ રહેજો. પૈસા, આબરુ, કીર્તિ (રહેજો). કારણ કે, એ નિત્ય છે એ નિત્યનું ભાન નથી. પછી આ ચીજને નિત્ય ઠરાવવા માગે છે. બહારની ચીજ પૈસા, આબરુ, કીર્તિ મારી પાસે રહેજો. એ મૂઢતા છે, અજ્ઞાન છે. આહાહા..! પોતે શાશ્વત છે, નિત્ય છે એવું પોતે જાણતો નથી એટલે સામી ચીજને નિત્ય કાયમ ટકે એવું લેવા માગે છે. શરીર ટકે, વાણી ટકે, પૈસા ટકે, આબરુ ટકે, બાયડી-છોકરા સાચવવા આ બધા સરખા ટકે એવો એને નિત્યનો ઉદ્યમ છે. આ નિત્યનો ઉદ્યમ છોડીને એ નિત્યનો (ઉદ્યમ) કરવા મથે છે. એ નિત્ય કોઈ દિ' થાય નહિ ને એનો પુરુષાર્થ સવળો થાય નહિ. આહાહા..! આવું તો બાવા થાય તો સમજાય. બાવો જ છો એમ અહીં કીધું ને? બંધ-મોક્ષનો પણ કર્તા નથી પછી તારે પ્રશ્ન શું? બાવો જ છે. આહાહા..! બંધ-મોક્ષને જાણનારો. આહાહા..! આ તે વાત છે! બંધ-મોક્ષનો જાણનાર, બંધ-મોક્ષનો જાણનાર. પ્રગટ જેની શાશ્વત મહિમા છે. **'આ જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.'** લ્યો! આવો ભગવાન જ્ઞાનપુંજ જે છે એ પ્રગટ થાય છે.

**ભાવાર્થ :– 'શુદ્ધનયનો વિષય જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે...'** શું કહે છે હવે? કે, સમ્યગ્દર્શન એ દર્શનની અપેક્ષાએ, જ્ઞાનની અપેક્ષાએ શુદ્ધનય, એનો વિષય જ્ઞાનસ્વરૂપ આત્મા. એકલો આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે, પર્યાય નહિ. દયા, દાનના વિકલ્પ તો ક્યાંય રહી ગયા, એ તો વિકાર છે. આહાહા..! શુદ્ધનયનો વિષય કહો, સમકિતનો વિષય કહો. સમ્યગ્દષ્ટિનું ધ્યેય, વિષય, જ્ઞાનસ્વરૂપ આત્મા છે. આહાહા..! એ તો જ્ઞાન સ્વરૂપી

પ્રભુ એમ સાથે લઈ લીધું. કે, આત્મા એટલે શું? જ્ઞાનસ્વરૂપ એમ. આત્મા ધ્યેયમાં છે પણ ઇ કેવો? કે એ જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એ જ્ઞાનસ્વરૂપ આત્મા તે સમ્યગ્દષ્ટિનો વિષય છે, તે ધ્યેય છે. પહેલા ધર્મની શ્રેણી. શરૂઆતની ધર્મની પહેલી શ્રેણી, પહેલું પગથીયું. આહાહા..!

એને **'શુદ્ધનયનો વિષય જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે,...'** એવું જે જ્ઞાન એ પરના કર્તાભોક્તાપણાથી રહિત છે. આહાહા..! આ બધા વ્યવસ્થાપકો વ્યવસ્થા કરનારા નીકળે છે ને ગામો ગામ? કાર્યકર્તા નથી કહેતા? 'ઢેબરભાઈ' ને બધાને કાર્યકર્તા કહેતા ને? આવતા ને અહીંયાં આવતા, વ્યાખ્યાનમાં પણ આવતા. કાર્યકર્તા, વ્યવસ્થાપક, ફલાણી સંસ્થાના વ્યવસ્થાપક છે, ફલાણી સંસ્થાના એ દેખરેખ કરનારા ને બનાવનાર છે. આ દુનિયાથી ઊંધુ છે બહુ. જે વ્યવસ્થિત છે તેની વ્યવસ્થા કરે કોણ? શું કહ્યું એ? જગતના જડ-ચૈતન્યની અવસ્થા તો વ્યવસ્થિત છે. જે પ્રમાણે થવાની છે તે વ્યવસ્થિત થાય જ છે. કોઈની કરી થાય છે એમ નથી, તેમ આડી-અવળી થાય છે એમ નથી. આહાહા..! ભારે આકરું કામ. આ બધા મંડળના નાયક થાય છે મોટા, પ્રમુખ થાય. બધા કામ કરે, નહિ? સારા કામ કરે. આહાહા..! કહે છે એ કાંઈ બનતું નથી.

એ **'કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે, બંધમોક્ષની રચનાથી રહિત છે,...'** ત્રિકાળી સ્વભાવમાં એ ક્યાં છે? ત્રિકાળી સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી બંધમોક્ષની રચના પણ નથી. આહાહા..! ભાવ મોક્ષ, હોં! આહાહા..! એની રચનાથી રહિત છે. આહાહા..! **'પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી...'** પરદ્રવ્યથી... આહાહા..! શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ. આ મારો દેશ છે, આ મારો દેશ છે... 'હમચી મુંબઈ'! 'મુંબઈ'માં ચાલે છે ને? તમારા 'મહારાષ્ટ્ર'વાળા, 'મહારાષ્ટ્ર'વાળા બધા. 'હમચી મુંબઈ'! ધૂળની 'મુંબઈ'. આહાહા..! એવું બોલે છે ન્યાં. અમારું રાજકોટ, અમારું 'વઢવાણ', અમારું 'લીમડી'. કયું 'લીમડી' ને 'વઢવાણ'?

**'પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી...'** પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવ. જેમ પરમાણુમાં વર્ણ, ગંધ આદિ. બીજા આત્મામાં જ્ઞાન, દર્શન આદિ. એ બધા પરભાવ. એ **'પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી...'** આહાહા..! પર જીવથી તો રહિત છે પણ પર જીવના ભાવથી પણ રહિત છે. આહાહા..! પર જીવના ભાવને આત્મા કરે એમ બને નહિ, એમ કહે છે. આહાહા..! આકરું લાગે. આ 'સર્વવિશુદ્ધ અધિકાર' છે ને? બધા અધિકાર પૂરા થયા પછી માથે દેરાસરમાં કળશ ચડાવે ને? આ મોટો કળશ છે.

**'પોતાના સ્વરસના પ્રભાવથી...'** ભગવાનઆત્મા સ્વરસ નામ આનંદરસ, અતીન્દ્રિય આનંદ. આત્મા તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. જે આ ઇન્દ્રિયના વિષય છે એ તો ઝેર છે. ઇન્દ્રિયોના વિષયનો ભોગ તો ઝેરના પ્યાલા પીવે છે અને માને છે કે અમને મજા પડે છે. આહાહા..! આ તો અતીન્દ્રિય પોતાના સ્વરસનો પ્રવાહ, આનંદ રસનો પ્રવાહ આવે

છે. આહાહા..! પ્રવાહ એટલે આમ ધ્રુવ આનંદની ધારા વહે છે. **'પોતાના સ્વરસના પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે...'** આહાહા..! **'અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે.'** શાશ્વત મહિમાવાળો છે. **'એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.'** લ્યો! **'એવો આત્મા પ્રગટ થાય છે.'** એની વિશેષ વ્યાખ્યા આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૧૯૪

(अनुष्टुभ्)

कर्तृत्वं न स्वभावोऽस्य चितो वेदयितृत्ववत्।
अज्ञानादेव कर्तायं तदभावादकारकः।।१९४।।

હવે 'સર્વવિશુદ્ધજ્ઞાનને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ, 'આત્મા કર્તા-ભોક્તાભાવથી રહિત છે' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે :–

શ્લોકાર્થ :– [ कर्तृत्वं अस्य चितः स्वभावः न ] કર્તાપણું આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી, [ वेदयितृत्ववत् ] જેમ ભોક્તાપણું સ્વભાવ નથી. [ अज्ञानात् एव अयं कर्ता ] અજ્ઞાનથી જ તે કર્તા છે, [ तद्-अभावात् अकारकः ] અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે. ૧૯૪.

---

પ્રવચન નં. ૩૭૯, શ્લોક-૧૯૪, ગાથા–૩૦૮ થી ૩૧૧ ગુરૂવાર, પોષ સુદ ૯, તા. ૨૭-૧૨-૧૯૭૯

---

'સમયસાર' 'સર્વવિશુદ્ધ અધિકાર'. ૧૯૪ કળશ છે, ૧૯૪.

कर्तृत्वं न स्वभावोऽस्य चितो वेदयितृत्ववत्।
अज्ञानादेव कर्तायं तदभावादकारकः।।१९४।।

**'कर्तृत्वं अस्य चितः स्वभावः न'** આત્મા પરનું કાંઈ કરી શકે એ સ્વભાવ નહિ. આહાહા..! ઇ ક્રમબદ્ધમાં આવશે ઇ અહીં સિદ્ધ કરવું છે. આત્મા શરીર, વાણી, મન કે પરપદાર્થ એનું કાંઈ કરી શકે નહિ. આહાહા..! **'कर्तृत्वं अस्य चितः स्वभावः न'** એનો સ્વભાવ નથી એ તો જ્ઞાન ને દર્શન ને આનંદ સ્વરૂપ છે, પરનો કર્તા નથી. આહા..! તેમ ભોક્તા પણ નથી. પર વસ્તુને ભોગવે આત્મા તો આત્મા તો અરૂપી છે રંગ, ગંધ, રસ વિનાનો અને જ્ઞાન ને આનંદ એનું રૂપ છે. કોને ભોગવે ઇ? પરનો કર્તા નથી ને પરનો ભોક્તા નથી. આહાહા..! સંસારની બધી વાતું ઊડી જાયને? પેલામાં આવશે.

**'અજ્ઞાનથી જ તે કર્તા છે,...'** અજ્ઞાનથી. સ્વરૂપનું ભાન નથી તેથી કર્તા માને છે, કે હું આ શરીરનું કરું, દેશનું કરું, કુટુંબનું કરું... આહા..! પરની દયા પાળી દઉં એવા અનેક ભાવ અજ્ઞાનપણે કરે છે. આહાહા..! **'तद्-अभावात् अकारकः'** **'અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે.'** પોતે સ્વરૂપે અકર્તા છે. અભાવ થતાં સ્વરૂપે અકર્તા છે. કાંઈ પણ પરને (કરે નહિ). આહાહા..! એક પાંદડું તોડવાની પણ આત્મામાં શક્તિ નથી. પત્ર.. પત્ર. લીમડાનું કોઈ પત્તું તોડવાની શક્તિ નથી. આહાહા..! એ તો જડની ક્રિયા છે. એનો ભાવ છે તો એની પાસે રહ્યો, પણ ક્રિયા કરી શકતો નથી. ઓહોહો..! દૂધીનું શાક કરે છે ને? છરીથી આમ (કટકા કરે), એ આત્મા કરી શકતો નથી. દૂધીના કટકા આત્મા કરી શકતો નથી. તેમ ગોળ મોઢામાં નાખ્યો અને દાંતથી પાતળો કરે એ આત્મા કરી શકતો નથી. આહાહા..! એ ગાથા છે, હોં!

*** અહીં છ-માસનો અભ્યાસ કહ્યો તેથી એટલો જ વખત લાગે તેમ ન સમજવું. ખરેખર તો એક સમયમાં પ્રાપ્ત થાય છે પણ ઉપયોગ અસંખ્ય સમયનો હોવાથી અંતર્મુહૂર્તમાં પ્રાપ્ત થાય છે પરંતુ શિષ્યને કઠિન લાગતું હોય તો કહે છે કે છ-માસથી વધુ કાળ નહીં લાગે માટે જ્ઞાયક ભગવાનની લગની લગાવ. ૪૩૯.**

**– પરમાગમસાર**

# ગાથા–૩૦૮ થી ૩૧૧

अथात्मनोऽकर्तृत्वं दृष्टान्तपुरसरमाख्याति-

दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं।
जह कडयादीहिं दु पज्जएहिं कणयं अणण्णमिह।।३०८।।
जीवस्साजीवस्स दु जे परिणामा दु देसिदा सुत्ते।
तं जीवमजीवं वा तेहिमणण्णं वियाणाहि।।३०९।।
ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो आदा।
उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि।।३१०।।
कम्मं पडुच्च कत्ता कत्तारं तह पडुच्च कम्माणि।
उप्पज्जंति य णियमा सिद्धी दु ण दीसदे अण्णा।।३११।।

द्रव्यं यदुत्पद्यते गुणैस्तत्तैर्जानीह्यनन्यत्।
यथा कटकादिभिस्तु पर्यायैः कनकमनन्यदिह।।३०८।।
जीवस्याजीवस्य तु ये परिणामास्तु दर्शिताः सूत्रे।
तं जीवमजीवं वा तैरनन्यं विजानीहि।।३०९।।
न कुतश्चिदप्युत्पन्नो यस्मात्कार्यं न तेन स आत्मा।
उत्पादयति न किञ्चिदपि कारणमपि तेन न स भवति।।३१०।।
कर्म प्रतीत्य कर्ता कर्तारं तथा प्रतीत्य कर्माणि।
उत्पद्यन्ते च नियमात्सिद्धिस्तु न दृश्यतेऽन्या।।३११।।

जीवो हि तावत्क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानो जीव एव, नाजीवः, एवमजीवोऽपि क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानोऽजीव एव, न जीवः, सर्वद्रव्याणां स्वपरिणामैः सह तादात्म्यात् कङ्कणादिपरिणामैः काञ्चनवत्। एवं हि जीवस्य स्वपरिणामैरुत्पद्यमानस्याप्यजीवेन सह कार्यकारणभावो न सिध्यति, सर्वद्रव्याणां द्रव्यान्तरेण सहोत्पाद्योत्पादकभावाभावात्; तदसिद्धौ चाजीवस्य जीवकर्मत्वं न सिध्यति; तदसिद्धौ च कर्तृकर्मणोरनन्यापेक्षसिद्धत्वात् जीवस्याजीवकर्तृत्वं न सिध्यति। अतो जीवोऽकर्ता अवतिष्ठते।

હવે આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે :–

જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,
જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.
જીવ-અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,
તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.
ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,
ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.
રે! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે,
આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.

ગાથાર્થ :– [ यत् द्रव्यं ] જે દ્રવ્ય [ गुणैः ] જે ગુણોથી [ उत्पद्यते ] ઊપજે છે [ तैः ] તે ગુણોથી [ तत् ] તેને [ अनन्यत् जानीहि ] અનન્ય જાણ; [ यथा ] જેમ [ इह ] જગતમાં [ कटकादिभिः पर्यायैः तु ] કડાં આદિ પર્યાયોથી [ कनकम् ] સુવર્ણ [ अनन्यत् ] અનન્ય છે તેમ.

[ जीवस्य अजीवस्य तु ] જીવ અને અજીવના [ ये परिणामाः तु ] જે પરિણામો [ सूत्रे दर्शिताः ] સૂત્રમાં દર્શાવ્યા છે, [ तैः ] તે પરિણામોથી [ तं जीवम् अजीवम् वा ] તે જીવ અથવા અજીવને [ अनन्यं विजानीहि ] અનન્ય જાણ.

[ यस्मात् ] કારણ કે [ कुतश्चित् अपि ] કોઈથી [ न उत्पन्नः ] ઉત્પન્ન થયો નથી [ तेन ] તેથી [ सः आत्मा ] તે આત્મા [ कार्यं न ] (કોઈનું) કાર્ય નથી, [ किञ्चित् अपि ] અને કોઈને [ न उत्पादयति ] ઉપજાવતો નથી [ तेन ] તેથી [ सः ] તે [ कारणम् अपि ] (કોઈનું) કારણ પણ [ न भवति ] નથી.

[ नियमात् ] નિયમથી [ कर्म प्रतीत्य ] કર્મના આશ્રયે (-કર્મને અવલંબીને) [ कर्ता ] કર્તા હોય છે; [ तथा च ] તેમ જ [ कर्तारं प्रतीत्य ] કર્તાના આશ્રયે [ कर्माणि उत्पद्यन्ते ] કર્મો ઉત્પન્ન થાય છે; [ अन्या तु ] બીજી કોઈ રીતે [ सिद्धिः ] કર્તાકર્મની સિદ્ધિ [ न दृश्यते ] જોવામાં આવતી નથી.

ટીકા :– પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી; એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી; કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે. આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી, કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ

છે; તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં, અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી; અને તે (-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી, જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી. માટે જીવ અકર્તા ઠરે છે.

ભાવાર્થ :– સર્વ દ્રવ્યોના પરિણામ જુદા જુદા છે. પોતપોતાના પરિણામોના, સૌ દ્રવ્યો કર્તા છે; તેઓ તે પરિણામોના કર્તા છે, તે પરિણામો તેમનાં કર્મ છે. નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તાકર્મસંબંધ નથી. માટે જીવ પોતાના પરિણામનો જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. એવી જ રીતે અજીવ પોતાના પરિણામનું જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. આ રીતે જીવ બીજાના પરિણામોનો અકર્તા છે.

---

## ગાથા–૩૦૮ થી ૩૧૧ ઉપર પ્રવચન

---

**'હવે આત્માનું અકર્તાપણું...'** એ ક્રમબદ્ધની વ્યાખ્યા છે પણ અકર્તાપણું અહીં સિદ્ધ કરે છે. **'હવે આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે :–'** આત્મા અકર્તા છે શરીર, વાણી, મન, પરદ્રવ્ય, બિલકુલ પરદ્રવ્યનો (અકર્તા છે).

दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं।
जह कडयादीहिं दु पज्जएहिं कणयं अणण्णमिह।।३०८।।
जीवस्साजीवस्स दु जे परिणामा दु देसिदा सुत्ते।
तं जीवमजीवं वा तेहिमणण्णं वियाणाहि।।३०९।।
ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो आदा।
उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि।।३१०।।
कम्मं पडुच्च कत्ता कत्तारं तह पडुच्च कम्माणि।
उप्पज्जंति य णियमा सिद्धी दु ण दीसदे अण्णा।।३११।।

નીચે હરિગીત.

જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,
જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.
જીવ-અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,
તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.

**ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,**
**ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.**
**રે! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે,**
**આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.**

**ટીકા** :– આ તો હમણા શિબિરમાં વંચાય ગયું છે. વંચાઈ ગયું છે, પહેલા વંચાઈ ગયું છે. દરેક પદાર્થ પરમાણુ હો કે આત્મા, પ્રત્યેક પદાર્થ જે એની પર્યાય ઉત્પન્ન થવાનો કાળ છે તે સમયે પર્યાય ઉત્પન્ન થાય છે. આત્મા કહે કે હું ફેરફાર કરું. જિનેન્દ્રદેવ પણ પોતાની પર્યાયમાં આઘીપાછી ફેરફાર કરી શકતા નથી. આહાહા..! જે સમયે જે પર્યાય ઉત્પન્ન (થવાની) એ જન્મક્ષણ (છે). એ પર્યાયમાં ઉત્પત્તિનો કાળ છે. આહાહા..! નિયતવાદ થઈ જાય છે એને. એ લોકોને નિયત લાગે છે. પણ નિયતવાદમાં પાંચે સમવાય આવી જાય છે. એમાં એક નહિ, એ કહેશે. જુઓ!

'**પ્રથમ તો જીવ ક્રમબદ્ધ...**' ક્રમબદ્ધ આ સિદ્ધાંત છે. દરેક પરમાણુ ને પ્રત્યેક આત્માના ક્રમસર પરિણામ થાય છે. ક્રમવૃત્તિ તો પર્યાયનો ધર્મ જ છે. ક્રમવૃત્તિ તો પર્યાયનો ધર્મ છે પણ અહીં તો ક્રમબદ્ધ. એમાં વિશેષ (એ છે કે) જે સમયે જે થવાનું તે થાય. એ માટે ક્રમબદ્ધ કીધું છે. આહાહા..! આ બધા દુકાને બેસીને વેપાર કરે છે, ધંધા કરે છે. કહે છે, એક તણખલાના બે કટકા કરવાની તાકાત આત્મામાં નથી. એક તણખલું.. તણખલું એના બે કટકા કરવાની આત્મામાં શક્તિ નથી. એ સમયે થવાની ક્રિયા એનાથી બે કટકા થાય છે. એને અજ્ઞાની માને છે કે હું આને કરું એ કર્તા અજ્ઞાની માને છે તે કરી શકતો નથી. આહાહા..! બહુ વાત આકરી.

'**પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા...**' સમયે સમયે જે પર્યાય થવાની એને 'પ્રવચનસાર'માં તો એમ કહ્યું, કે દરેક દ્રવ્યની જે પર્યાય ઊપજે છે એ એનો જન્મક્ષણ છે, ઉત્પત્તિનો કાળ છે. એ પર્યાય ઉત્પન્ન (થવામાં) કોઈ નિમિત્તની અપેક્ષા કે દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. ઇ પર્યાય સ્વતંત્ર કર્તા થઈને એ સમયે પર્યાય ઉત્પન્ન થાય. જે સમયે ઉત્પન્ન થવાનો તે કાળ તે થાય અને તે પર્યાય ઉત્પન્ન થનારને દ્રવ્યની અપેક્ષા નથી. આહાહા..! નિમિત્તની અપેક્ષા તો નથી, પણ દ્રવ્યની અપેક્ષા નથી. આહાહા..! એવો એ '**જીવ ક્રમબદ્ધ...**' આહાહા..! જે સમયે જે પર્યાય થવાની તે સમયે થાય. આમાં મોટો વાંધો હતો. વાંધો છે ને? અત્યારે હજી મોટો વાંધો છે. એમ હોય તો નિયતવાદ થઈ જશે, ફલાણું થઈ જશે, ઢીંકણું થઈ જશે. એમાં અકર્તાપણાનો પુરુષાર્થ છે, ભાઈ!

જે સમયે જે પર્યાય જ્યાં થાય તેનો આત્મા કર્તા નથી ત્યારે અકર્તાનો ત્યાં પુરુષાર્થ છે અને અકર્તાપણું અહીં સિદ્ધ કરવું છે. માથે એ લખ્યું છે ને? અકર્તાપણું સિદ્ધ કરવું છે. પર જીવની આમ દયા પાળવી કે પરની હિંસા કરવી કે પરને અડવું. આહાહા..! એક

દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, ચૂંબતું નથી, સ્પર્શતું નથી. અડતું નથી, સ્પર્શતું નથી તો કરે શું? આહાહા..! આકરી વાત છે આ.

**'જીવ ક્રમબદ્ધ એવા...'** ભાવાર્થમાં એની એટલી બધી ગંભીરતા નથી લખી. એના ખ્યાલમાં આવી નથી. ભાવાર્થ છે ને સાધારણ છે. જેના પરિણામ હોય એના પરિણામ... પણ ક્રમબદ્ધ છે એનો અર્થ નથી લખ્યો, ખ્યાલમાં આવ્યો નથી. આહાહા..! જે જીવ ક્રમબદ્ધ એક સમયે જે પર્યાય થાય છે પણ એવું જેનું લક્ષ હોય, કે ક્રમબદ્ધ પર્યાય થવાની તે થાય. 'સ્વામી કાર્તિકેયાનુપ્રક્ષા' માં પણ એમ લખ્યું છે. જે સમયે ભગવાને દીઠું તે સમયે ત્યાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે થઈને ત્યાં થવાનું તે સમયે થાય. આહાહા..!

મુમુક્ષુ :– એ ન માને તો મિથ્યાદૃષ્ટિ....

ઉત્તર :– ન માને તો ત્યાં મિથ્યાદૃષ્ટિ કહ્યું છે. એવું ન માને તો મિથ્યાત્વ ને માને તો સમ્યગ્દૃષ્ટિ કહીએ એવો શબ્દ છે. આહાહા..! ત્યારે આમાં પુરુષાર્થ (શું)? પુરુષાર્થ આવ્યો. ક્રમબદ્ધ એટલે પર્યાય થાય છે એને કરવી છે ક્યાં? થાય છે એને કરવી છે ક્યાં? પોતાની પણ થાય છે ત્યાં કરવી છે ક્યાં? પરની પણ પર્યાય થાય છે ત્યાં તો બીજો ક્યાં કરી શકે? બીજા પરમાણુ અને આત્માની જે સમયે પર્યાય થાય છે એ થાશે. એમાં આત્મા શી રીતે કરી શકે? આહાહા..! છોકરાઓને એના મા-બાપ મોટા કરે ને, નાના હોય એ મોટા કરે. એ ભ્રમણા છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ-કાંઈ કરતું નથી, અકર્તા છે. આહા..!

એ અકર્તા **'પોતાના પરિણામોથી ઊપજતો થકો...'** ક્રમબદ્ધ એવા પોતાના સમયે સ્વતંત્રપણે, સ્વતંત્રપણે... આહાહા..! તે તે દ્રવ્ય એ સમયની પર્યાય સ્વતંત્રપણે કરતો હોવાથી, **'પોતાના પરિણામોથી ઊપજતો થકો...'** એમ કહે છે. પોતાના પરિણામથી, ક્રમબદ્ધ અને પોતાના પરિણામથી ઊપજતો થકો, **'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો...'** એમ ભાષા છે. છે એમાં? શું કહ્યું? ક્રમબદ્ધ, **'જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો...'** બસ. આહા..! પોતાના પરિણામ પોતે ક્રમસર હોય એ ઊપજાવે. તે આવવાના અથવા પર્યાય થવાના એ આડા-અવળા ન કરી શકે. ઓહોહો..! આકરું કામ છે આ.

એ **'જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામો...'** ક્રમસર આવનારા પરિણામ એ પોતાના પરિણામ. આહાહા..! જે સમયે જેનો ભવ અંત આવવાનો હોય ત્યારે આવે. જે સમયે જેને રખડવાનું હોય તે આવે. આહાહા..! કાળનય આવ્યું છે ને? નય આવી છે, કાળનય. જે સમયે એનો કાળ હોય તે તે સમયે મોક્ષ થાય. પછી અકાળનય પણ લીધી, પણ અકાળ એટલે કાંઈ કાળ ફરે એમ નહિ. કાળની સાથે પુરુષાર્થ અને સ્વભાવ લઈને અકાળ કહેવામાં આવ્યો છે. એકલો કાળ નથી એટલે. બાકી અકાળ (એટલે) આઘો-પાછો મોક્ષ થાય, અકાળે મોક્ષ થાય એમ છે નહિ. અકાળે મૃત્યુ થાય એમેય નથી. જુઓ!

'ભગવતી આરાધના' માં એમ લખ્યું છે, અકાળે મૃત્યુ છે. એમ ન માને તો ખોટું

છે. એ વ્યવહારથી વાત કરી, વ્યવહારથી વાત છે. પરમાણુનું સંક્રમણ તે રીતે થવાનું હતું તેથી ત્યાં થયું છે પણ આયુષ્ય ઓછું થયું અને આયુષ્યનો ક્રમ તુટી ગયો માટે ઇ મરી ગયો, દેહ છૂટ્યો એમ નથી. એના એ પરિણામ તે જ વખતે, તે જ છૂટવાના, તે ક્ષેત્રે, તે કાળે, તે સંયોગે, તે નિમિત્તે (તે છૂટશે). એમાં બીજો કોઈ ફેરફાર કરી શકે, ડૉક્ટર-બાકટર કોઈ દવા ને ઇન્જેકશન આપીને (એમ નથી). ડૉક્ટર નથી કોઈ? કહો, સમજાણું?

**'ક્રમબદ્ધ એવા પોતાના..'** આહાહા..! અહીં વજન ત્યાં છે. **'જીવ...'** અહીં પહેલો જીવને લીધો. જડને પછી લેશે. જડનું કાર્ય કરી શકતો નથી એ પછી કહેશે. પહેલો તો **'જીવ ક્રમબદ્ધ એવા...'** એક પછી એક અનુક્રમે. અનુક્રમ ક્યારે કહેવાય? કે, એક પછી એક, એક પછી એક જે થવાની પર્યાય તે થાય એને અનુક્રમ કહીએ, તેને ક્રમબદ્ધ કહીએ. આહાહા..! આ ટિકિટ લેવા બેઠા હોય તો આમ નંબરવાર હોય છે ને? પહેલો ઉભો હોય એની પહેલી ટિકિટ, બીજાને બીજી, ત્રીજાને ત્રીજી. આ ટિકિટ રેલની કે ફિલ્મની. હાર હાર હોય. જેનો પહેલો નંબર હોય એને આપે પછી બીજાને, ત્રીજાને એમ ઉભા રહેવાનું લાઈનમાં. છાશ લેવા જાય છે ત્યાંય એમ થાય. આ છાસની (દુકાન) હોય છે ને? ત્યાં માણસ એક પછી એક ઉભા હોય એને આપે. આહાહા..! છે, જોયું છે. એમ અહીંયાં એક પછી એક આત્મા ક્રમબદ્ધ અનુક્રમે આવનારા જે પરિણામ છે તે પરિણામપણે તે ઊપજતો થકો. આહાહા..! ઝીણી જરી વાત છે. વધારે સ્પષ્ટ તો ભાઈ 'હુકમચંદજી' એ લખ્યું છે. ક્રમબદ્ધનું પુસ્તક બહાર પાડવાનું છે. આપણે પણ પહેલા બે વાર થઈ ગયું છે. આમ તો ઘણી વાર થઈ ગયું પણ હમણાં બે વાર થયું તાજે તાજું.

ઓહોહો..! ભગવાનઆત્મા **'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામ...'** ક્રમબદ્ધ એવા પોતાના પરિણામ. આહાહા..! માથે કહ્યું હતું ને? અકર્તા સિદ્ધ કરવું છે એમ કીધું હતું ને? આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક સિદ્ધ કરવું છે. ક્રમબદ્ધ સિદ્ધ કરવું છે એમ નથી આવ્યું. અકર્તાપણું સિદ્ધ કરવું છે એમાં ક્રમબદ્ધ આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! આત્મા(ના) અકર્તાની પરાકાષ્ટા અહીંયાં છે. જગતનો ઈશ્વરકર્તા છે એ માન્યતા જેમ જૂઠી છે એમ એક આત્મા પરનું કરી શકે એ વાત જૂઠી છે. તેમ એ દ્રવ્ય પર્યાયને આડી-અવળી કરી શકે એ પણ જૂઠું છે અને એ પર્યાયને દ્રવ્ય કરે એ પણ નહિ, પર્યાય પર્યાયને કરે. એ અકર્તાપણું સિદ્ધ કરવું છે. ઠેઠ અકર્તાપણું લે છે. આહાહા..!

આ ચોપડી આત્મા બનાવી શકે નહિ, એમ કહે છે. આહા..! આ વકીલો વકીલાત કરી શકે નહિ એમ કહે છે. ભાષા વર્ગણા બોલે એ તો જડની પર્યાય છે આત્મા નહિ, આત્મા નહિ. આહા..! ડૉક્ટરો ઇન્જેકશન આપે છે એનાથી કાંઈ પરમાં થાય (એમ નથી). ઇન્જેકશન શરીરને અડતું નથી, આત્મા ઇન્જેકશન આપી શકતો નથી. આહાહા..! આવી વાત. પાંગળો થઈ ગયો, પર માટે પાંગળો, પોતા માટે પરમેશ્વર. પોતાના કાર્ય કરવા માટે

પરમેશ્વર, બીજાના કાર્ય માટે પાંગળો. આહાહા..! આવી વાતું સાંભળવા ક્યાં મળે? કરો, આ કરો, આ કરો તોફાન. 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ. અનંતા જીવ મુક્તિએ ગયા...' એ પરની દયાથી નહિ. એ દયાના પરિણામ જ રાગ છે.

અહીં કહે છે એ **'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી ઊપજતો...'** ભલે ઊપજે. એ **'ઊપજતો થકો જીવ જ છે,...'** જીવ ક્રમસર અનુક્રમે પોતાના પરિણામે ઊપજતો થકો જીવ છે. આહાહા..! બહુ ઊંડું છે. સમજાય છે કાંઈ? એક લીટીમાં કેટલું ભર્યું છે એમાં! જીવ પ્રથમ કીધુંને? 'तावत्' એમ. મુખ્ય વાત ઇ કહેવી છે, કે આહા..! **'જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...' 'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...'** આહાહા..! થાય ક્રમબદ્ધ એવા, પોતાના ક્રમસર થાય એવા પરિણામોથી પણ, **'પરિણામોથી ઊપજતો થકો...'** જીવ પરિણામપણે ઊપજતો થકો. આહાહા..! ઉત્પાદની પર્યાય છે ને? **'પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે,...'** આહાહા..!

જીવ ખાઈ શકતો નથી. કહો! રોટલી, દાળ, ભાત, શાક ખાઈ શકતો નથી. ચા ને દાળ દૂધ પી શકતો નથી. આત્મા તો અંદર અકર્તા છે. આહાહા..! આકરી વાત છે, પ્રભુ! વીતરાગની વાત બહુ ઝીણી. આહાહા..! માથે આ ટોપી પણ ઓઢી શકતો નથી, ટોપીને ફેરવી શકતો નથી, કપડાને આમ ફેરવી શકતો નથી. કપડું આમ પહેરવું કે આમ પહેરવું. આહાહા..! આકરું કામ બહુ. ઘણું ભર્યું છે એમાં.

**'જીવ ક્રમબદ્ધ એવા...' 'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામો...'** પાછા એ પોતાના પરિણામ. આહાહા..! એનાથી **'ઊપજતો થકો જીવ જ છે,...'** એ જીવ જ છે **'અજીવ નથી;...'** એ જીવ છે ને અજીવ નથી. એટલે કે ત્યાં અજીવની પરિણામની સહાય છે એ જરીએ બિલકુલ નહિ. આહાહા..! સમ્યગ્દર્શનની પર્યાય ક્રમસર પોતાના પરિણામે ઊપજે છે એમાં કહે છે કે બીજી કર્મની કે બિલકુલ અપેક્ષા છે નહિ. આહાહા..! એ ક્રમબદ્ધમાં સમ્યગ્દર્શનની પર્યાય આવી એ પરિણામ પોતે પોતાને પોતે ઉપજાવી છે અને એ ઊપજતો થકો પોતે સ્વરૂપ છે. પરને લઈને એ જ્ઞાનની પર્યાય કે સમ્યગ્દર્શનની ઉત્પન્ન થતી નથી. આહાહા..!

સાંભળવાથી જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થતી નથી એમ કહે છે. આહાહા..! એ તો ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી ઊપજે છે. એને એમ ભ્રમ પડે કે, હું બહાર હતો ને મારા બીજા પરિણામ હતા ને અહીંયાં આવ્યો ત્યાં મને આ સાંભળવાના પરિણામ થયા એટલે આ સાંભળવાથી આ પરિણામ થયા એમ નથી. આહાહા..! ભારે વાતું આકરી.

**'જીવ પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે,...'** એમાં અજીવની બિલકુલ અપેક્ષા નથી. અજીવ શબ્દે? અજીવ તો ખરું, અહીં અજીવને સિદ્ધ કરવું છે. બાકી આ જીવ સિવાય બીજા બધા અજીવ, જીવ નહિ એનું પણ આત્મા કાંઈ કરી શકતો નથી. આહાહા..! આવું છે. છોકરાને ભણાવી શકતો નથી, મોટા કરી શકતો નથી, પરણાવી શકતો નથી.

આરે.. આરે..! આહા..!

**'પોતાના પરિણામોથી ઊપજતો...'** બહુ વચન છે ને? એક જ પ્રકારના પરિણામ નહિ, અનંત પરિણામ છે, અનંત ગુણ છે. એ અનંત ગુણના અનંત પરિણામ (એક) સમયમાં (છે). શું કહ્યું સમજાણું? જીવદ્રવ્ય એક છે પણ ગુણ અનંત છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ એ અનંતા ગુણની ક્રમબદ્ધ પોતાના પરિણામોથી તેથી તો બહુવચન છે. એ અનંતા ગુણોની એ સમયની જે પર્યાય જ્ઞાનની થવાની, દર્શનની, શાંતિની, ચારિત્રની, આનંદની, વીર્યની જે સમયે જે પર્યાય થવાની તે આત્મા જ છે, એ આત્મા એ રીતે એમાં ઊપજે છે. આહાહા..! ગજબ વાત કરી છે ને! (કોઈ એમ કહે છે), ક્રમબદ્ધ પાઠ નથી. પણ પાઠમાં ક્રમનિયમિત છે ને? ક્રમનિયમિત છે એ જ ક્રમબદ્ધ છે. બીજું શું? લોકો એમ કહે, ક્રમબદ્ધ રાખવું, ક્રમબદ્ધ ક્યાં કીધું છે? પાઠમાં તો ક્રમ પણ કીધું નથી એમ કહે છે. અકર્તાપણું કહ્યું છે. પણ ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે એ એમાં છે એ કહે છે કે બીજું નવું કહે છે? જે ભાવ એમાં ભર્યા છે તેને ખીલવે છે, તેને ખીલવે છે, ચોખવટ કરે છે. આહાહા..! બહુ વાત આવી.

**'જીવ ક્રમબદ્ધ એવા પોતાના...'** એટલે અનંતા ગુણોના. ઓહોહો..! જેટલા ગુણની સંખ્યા અનંતા... અનંતા... અનંતા... અનંતા... ગુણ છે એ દરેકની પર્યાય તે પોતાના સમયે પોતાના પરિણામથી જીવ ઊપજે છે. આહાહા..! કોઈ ગુણની પર્યાય બીજાથી થાય એમ છે નહિ. એમ એ **'જીવ જ છે, અજીવ નથી;'** પેલામાં શબ્દ આવ્યો ને? જીવ જ છે. પરિણામથી અનંતા ગુણોની પર્યાય જે ઊપજી એ જીવ જ છે, અજીવ નહિ. આહાહા..!

એક બાજુ કહેવું કે, રાગ છે એ પુદ્ગલ છે. એ તો સ્વભાવમાં નથી માટે એને કાઢી નાખવાની વાત છે. બાકી રાગ પણ એને સમયે થાય છે. પણ જેને એ સમયે થાય છે તેની બુદ્ધિમાં તેનું અકર્તાપણું હોય છે. ત્યારે તેના સમયે થાય છે એવો એનો નિર્ણય સાચો છે. અકર્તા જ્ઞાતા-દૃષ્ટા છે. અકર્તાનો બીજો અર્થ જ્ઞાતા-દૃષ્ટા છે. જાણનાર-દેખનાર છે, બસ! બાકી બીજું કાંઈ આત્મા કરનારો નથી. ઓહોહો..!

**'એવી રીતે અજીવ પણ...'** પાંચ દ્રવ્ય અજીવ. ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ, આકાશ અને પુદ્ગલ. આમાં મૂળ તો પુદ્ગલની વાત છે વધારે. **'અજીવ પણ ક્રમબદ્ધ એવા પોતાના...'** આહાહા..! આ શરીરની પર્યાય, વાણીની પર્યાય એ **'ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ...'** આહાહા..! ભાષા જે આ બોલાય છે આત્માથી નહિ. આહાહા..! ભાષાને આત્મા કહી શકતો નથી, આત્મા શરીરને હલાવી શકતો નથી. આહાહા..! દોરડું આમ હલતું હોય એને જાલી રાખે, દોરડું આમ સ્થિર થઈ જાય ઇ કરી શકતો નથી, કહે છે. દોરડું હોય, દોરી આમ હલતી હોય એને થંભાવી રાખે. કહે છે એ કરી શકતો નથી. એ તો એ વખતની એની પર્યાય એવી થવાની છે. આહાહા..! અજીવ, અજીવની વાત છે

ને આ તો? એ દોરી અજીવ છે. આહાહા..! આવી વ્યાખ્યા લોકોને આકરી પડે. કર્તાબુદ્ધિ છે ને આખો દિ'. આ કરું ને આ કરું. અહીં પણ મંદિર બનાવું ને મૂર્તિ બનાવું ને આ બનાવું ને આ બનાવું, બધું કર્તાબુદ્ધિએ થાય.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– બની ગયું નહિ, એની મેળાએ બનવાનું હતું ને બની ગયું છે. ઇ 'રામજીભાઈ'થી નથી બન્યું. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'અજીવ પણ...'** શરીર પણ વાણી, શરીર, દાળ, ભાત, રોટલા, લાડવા ને ચુરમું ને પાપડ ને એ એને સમયે **'અજીવ પણ ક્રમબદ્ધ એવા...'** અનુક્રમે તે પરમાણુની પર્યાય આવે તે પોતાના પરિણામોથી (આવે). કારણ કે એમાં અનંત ગુણ છે. પરમાણુમાં પણ અનંત ગુણ છે. જેટલા ગુણો જીવમાં છે એટલા ગુણો પરમાણુમાં છે. આ જડ છે ને આ ચેતન છે. બાકી જેટલી સંખ્યા ગુણની જીવમાં છે એટલી સંખ્યા ગુણની પરમાણુમાં છે. એક પરમાણુ. આ તો અનંતા પરમાણુ ભેગા છે. ભેગા લાગે છે, છે નહિ, છૂટે છૂટો છે. પરમાણુ એમાં સ્કંધમાં છૂટે છૂટો છે. આહાહા..! ઇ આવે છે ને? ૮૭ ગાથામાં નહિ? પરમાણુ સ્કંધમાં રહ્યો છતાં છૂટું કામ કરે છે, પોતાની પર્યાયે કામ કરે છે, પરને લઈને નહિ. આહાહા..! ઇ આવે છે ને? જે પરમાણુમાં બે ગુણ ચીકાશ હોય એ ચાર ગુણ ચીકાશવાળાને ભળે તો ચાર ગુણ થઈ જાય. એટલે જુઓ! પરને લઈને થાય છે એમ કહે છે. એ સમયે તે પરમાણુમાં ચાર ગુણી ચીકાશ થવાના ક્રમબદ્ધ ઊપજવાના પોતાના પરિણામથી તે ઊપજ્યો છે. જોડે ચાર ગણો જે ચીકણો પરમાણુ હતો એ એને લઈને અહીં ચાર ગુણ થયા, ગુણ એટલે ભાગ–ચાર પ્રકાર, એક, બે, ત્રણ એવા અનંત અનંત અવિભાગપ્રતિચ્છેદ છે. અનંત અવિભાગપ્રતિચ્છેદ (છે) પણ તે તે સમયે તેના પોતાના પોતાથી થાય છે. આહાહા..! આવું આકરું છે.

**'અજીવ પણ ક્રમબદ્ધ...'** એ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામ, એ પણ ક્રમસર, અનુક્રમે. અજીવમાં પણ અનુક્રમે **'પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે,...'** આહાહા..! બે બોલમાં તો ચૌદ પૂર્વનું બધું સમાડી દીધું છે. આહાહા..! ધીરો થા, ધીરો થા ભાઈ! તું જ્ઞાન સ્વરૂપ છો ને પ્રભુ! તારું સ્વરૂપ તો જ્ઞાન ને આનંદ છે. એ જ્ઞાન, જ્ઞાન એ કરે, કર્તા શેનું કરે? એને કર્તા કામ સોપવું એ શી રીતે જ્ઞાન કરે? તારું અજ્ઞાન છે તે એને જ્ઞાનમાં માને, કે હું કરી શકું છું. આહા..! સમજાણું? પહેલા આવી ગયું હતું. **'અજ્ઞાનનો કોઈ ગહન મહિમા...'** છે. આવ્યું હતું ને? પહેલા આવ્યું હતું. ઇ શ્લોકમાં (આવ્યું હતું). એના પહેલા શ્લોકમાં. ૧૯૫ કળશ છે? ૧૯૫ કળશ તો હવે આવશે. પણ આ તો જ્ઞાનનો મહિમા... વંચાય ગયો હશે, વંચાય ગયો હશે ને એટલે... **'ગહન મહિમા...'** ઇ જુઓ! **'તે ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા...'** આહાહા..!

વસ્તુ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ લોકાલોકને એક સમયમાં અનુક્રમે આવતી પર્યાયનો જાણનારો, દેખનારો છે. આહાહા..! એને રાગ કરવો કે બીજાનું કરવું કે અલ્પજ્ઞપણાની વિકારી પર્યાયનો કર્તા થવું. આહાહા..! અવિકારી પર્યાય પર્યાયથી થાય છે.

અહીં કહે છે, કે અજીવ ક્રમબદ્ધ... ઇ આવી ગયું. પેલામાં ક્રમબદ્ધ એવા છે ને? **'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...'** અહીં પણ એમ લેવું **'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...'** જોયું? એ અજીવના પરિણામ છે. આહાહા..! પાનું આમ ફેરવે એ અજીવના પરિણામ છે એને આત્મા ફેરવી શકતો નથી. આત્મા પાનું આમ ફેરવી શકતો નથી. એકલું નિશ્ચય રહી ગયું કહે છે. પણ નિશ્ચય એ સત્ય છે. વ્યવહાર તો બધો આરોપીત કથન છે. વ્યવહાર છે ખરો, વ્યવહાર નથી એમ નહિ. બોલાય છે, ભાષા બોલાય એમ બોલે. જ્ઞાની હોય એ એમેય બોલે, ભાઈ! આ મારો દીકરો છે, આ મારી દીકરી છે. બોલે, માનવામાં નહિ. આહાહા..! આ મારું ઘર છે, આ મારા વેવાય છે એમ જ્ઞાની પણ બોલે. બોલવું જુદું ને માનવું જુદું. માન્યતામાં એમ છે જ નહિ. આહાહા..! હવે આવો આંતરો પાડવો.

**'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું...'** અજીવ છે ને ઉપર? **'થકું અજીવ જ છે,...'** અજીવ દરેક અજીવ પરમાણુ, એક પરમાણુથી માંડીને અનંત પરમાણુના જે સ્કંધ થાય, બે પરમાણુ ભેગા, ત્રણ પરમાણુ ભેગા, ચાર આદિ ક્રમબદ્ધ એના પરિણામમાં જે થવાના છે તે ઠેકાણે ઊપજે છે. આહાહા..! આત્મા એમ કહે છે, કે ભાઈ! તું લાડવો વાળી શકતો નથી. આહા..! આ તો હાથ છે, જડ છે. એ હાથ પણ લાડવો કરી શકતો નથી, તો પછી આત્મા શી રીતે કરે? આહા..!

મુમુક્ષુ :– આત્મા પ્રેરણા તો કરે ને?

ઉત્તર :– પ્રેરણા બિલકુલ કરે નહિ. પ્રેરણા પ્રેરણાથી જરીક નહિ. આહા..! એક બીજામાં અત્યંત અભાવરૂપ નાસ્તિ છે. એક દ્રવ્ય ને બીજા દ્રવ્ય વચ્ચે અત્યંત અભાવ છે. અત્યંત અભાવનો કિલ્લો પડ્યો છે મોટો. એમાં બીજો શી રીતે પ્રવેશ કરે? આહાહા..! આકરું કામ છે. આ અધિકાર જ ઝીણો છે.

મુમુક્ષુ :– સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે.

ઉત્તર :– હા. સર્વવિશુદ્ધ છે ને! તદ્દન અહીં તો, બંધ ને મોક્ષને પણ જાણનારો ત્યાં સુધી લીધું છે. આહાહા..! એકદમ ભગવાન ચૈતન્યદળ જાણક સ્વભાવવાળું તત્ત્વ એ જાણવાની પર્યાયને કરે એમ કહેવું એ હજી વ્યવહાર (છે). એ પર્યાય, પર્યાયકાળે પર્યાય ન્યાં થાય જ. આહાહા..! એનામાં ભાવ નામનો ગુણ છે એ ગુણને લઈને દ્રવ્યની જ્યાં દૃષ્ટિ થઈ, દ્રવ્યનો વસ્તુનો સ્વીકાર થયો તો એનામાં ભાવ નામનો એક ગુણ છે કે જેથી પર્યાય થાય જ. કરું તો થાય, ન કરું તો થાય એ પ્રશ્ન કાંઈ છે નહિ. આહાહા..! આકરું કામ છે. 'યશપાલજી'! આવું કાંઈ સાંભળ્યું છે કોઈ દિ'? આકરી વાત છે. લોકો મશ્કરી કરે એવું

છે. આખો દિ' આ કરીએ અને કહે, કરતાં નથી, કરતાં નથી. કરો, બાપુ!

મુમુક્ષુ :- પોતે પોતાની મશ્કરી કરે.

ઉત્તર :- હા, શું કરે પણ? એ બધા જાણ્યા પછી તો વિરોધ કરે. ક્રમબદ્ધનો વિરોધ કરે છે. ક્રમબદ્ધનું લખાણ ભાઈએ 'હુકમચંદજી'એ 'વિદ્યાનંદજી'ને આપ્યું હતું. વિરોધ કર્યો. ખોટું છે, કહે. કારણ કે, એની માનેલી એકેય વાત સાચી રહેતી નથી. એને સુધારવા છે બધાને, આમ કરવું છે એમ કરીને બહારમાં પડવું છે, લોકરંજન કરવું છે. અહીં લોકરંજન થાય એવું નથી આમાં, આત્મા રંજન થાય એવું છે. આહાહા..! શું થાય? ભાઈ! આવી વાત સાંભળવા માટે પણ માણસ થોડા હોય અને સાધારણ દેશી વાત કરે, આમ કરો, દયા પાળો, આમ કરો, મંડળ બાંધો, એક બીજાને મદદ કરો, કપડા આપો, ખાવાનું આપો... (આવું) સમજાય તો માણસ ભેગાય થાય જાજા. હવે આ કહે કે, કપડું-ફપડું કોઈને કાંઈ આપી શકે નહિ, કોઈને અનાજ આપી શકે નહિ, પાણી આપી શકે નહિ. ઠીક! આહાહા..! અનાજ, પાણી, ઔષધ અને કપડું, સ્થળ કાંઈક આપે, સારી જગ્યા આપે રહેવા માટે. અહીં કહે છે, કે એ ચીજ તો એને સમયે તે કાળે અજીવની થવાની એ અજીવ પોતાના પરિણામથી તે અજીવ ઉપજ્યું છે. તું જાણે કે, મારાથી ઊપજ્યું છે. આહાહા..! આ મકાન છવ્વીસ લાખનું ઊપજ્યું છે એ એને કારણે ઊપજ્યું છે.

મુમુક્ષુ :- છવ્વીસ લાખ આપે કહ્યું એમાં છવ્વીસ લાખ પૈસા જોયા એમ.

ઉત્તર :- છવ્વીસ લાખ પણ એનામાંથી આવવાના હતા એ આવ્યા. આહાહા..! આત્મા છવ્વીસ લાખને ખર્ચતો નથી. આત્મા પૈસા લઈ શકતો નથી, પૈસા દઈ શકતો નથી. આવી વાતું. બહુ આકરું કામ. આહાહા..! નિશ્ચયથી તો મંદિર ને પ્રતિમા સ્થાપવી એ આત્મા કરી શકતો નથી એમ કહે છે. ફક્ત એનો શુભભાવ હોય ત્યારે એની ક્રિયા થવાની હોય તો થાય છે. એનો શુભભાવ પુણ્ય, ધર્મ નહિ. આહાહા..! આવી વાતું છે.

**'પોતાના પરિણામોથી...'** એટલે બહુવચન (લીધું છે). પરિણામથી નહિ. અજીવમાં પણ અનંત ગુણ છે, માટે એ અજીવ અનુક્રમે... પણ લીધું ને? પણ. પણ કેમ લીધું? કે, પેલો જીવ કીધો માટે. જીવના પરિણામ જેમ કીધા તેમ અજીવ પણ, એમ. એથી પણ લીધું. **'ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...'** એ પણ બહુવચન. અનંતા ગુણો પરમાણુ આ રંગ, ગંધ, રસ, સ્પર્શ, અસ્તિત્વ, વસ્તુત્વ એ દરેક ગુણ **'પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી;...'** જીવ નહિ, જીવ તેનો કર્તા નહિ. આહાહા..! પરમાણુ ને શરીર આદિની પર્યાયનો કર્તા નહિ, અકર્તા છે. આહાહા..! ઇ અકર્તાપણામાં ક્રમબદ્ધનો સિદ્ધાંત આવી જાય છે. આહાહા..!

**'કારણ કે...'** દૃષ્ટાંત કહેતા હતા ને? લખ્યું હતું ને માથે? કે, અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહેશું. હવે દૃષ્ટાંત કહે છે. માથે લખ્યું હતું માથે. માથે આવ્યું હતું. અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક

આવ્યું હતું ને? **'આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે...'** એમ આવ્યું હતું ને? ગાથા ઉપર, ગાથાની ઉપર. આહાહા..! ગાથાની ઉપર જ તે. અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે. હવે દૃષ્ટાંત દે છે. પહેલું અકર્તાપણું સિદ્ધ કર્યું, હવે એનો દાખલો આપે છે.

**'કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા)...'** સોનાથી સોનાના કંકણ થાય કે દાગીના થાય. દાગીનાને શું કહેવાય? ઝેવર. એ **'સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...'** સોનાના ઝેવરને–દાગીનાને, સુવર્ણને કંકણ આદિ પરિણામ સાથે સંબંધ છે, એ સોનાને તેના પરિણામ સાથે સંબંધ છે. એ સોનીએ કંકણ કર્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઇ સોનીએ કર્યું નથી, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– હથોડાએ કર્યું?

ઉત્તર :– એ કર્યું એ સોનાએ કર્યું છે, અરે..! સોનાના પરિણામે કર્યું છે. સોનાએ નહિ, સોનાના પરિણામે કર્યું છે. આવી વાત છે. દુનિયાથી જિનેશ્વરનો વીતરાગ માર્ગ જુદી જાત છે, ભાઈ! આહાહા..! દુનિયા તો બહારથી ચલાવે છે. આ કરો, આ અપવાસ કરો ને ફલાણું કરો ને ઢીંકણું કરો, આઠ-દસ અપવાસ કર્યા એટલે ઓહોહો..! મોટો વરઘોડો કાઢો, પતાસાની, ફલાણાની, પેંડાની લ્હાણી કરો એ બધો ધર્મ છે. ધર્મ ક્યાં હતો એમાં? એ તો શુભભાવ છે. તે પણ તે કાળે તે થવાનું છે તે તે થાય છે. એમાં તારો ભાવ હોય તો શુભભાવ હોય છે. પુણ્ય, ધર્મ નહિ. આહાહા..! કરોડો રૂપિયાના દાન આપે તોપણ એને રાગની મંદતા હોય તો પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– પુણ્યને પણ આપે પાપમાં નાખી દીધું.

ઉત્તર :– એ પુણ્ય તો કઈ અપેક્ષાએ? પવિત્રતાની પવિત્રતાથી હેઠે પડે છે એટલે. પુણ્યના પરિણામ શુભભાવ પણ પવિત્ર પ્રભુ છે ન્યાંથી ખસી જાય પતીત થાય, ત્યારે શુભ થાય છે. એથી પછી કહે કે, ભાઈ! 'પાપને પાપ તો સૌ કહે, પણ અનુભવી જન તો પુણ્યને પાપ કહે.' આ આકરી વાતું છે. દુનિયાથી જુદી જાત છે. કઠણ વાત. કેટલાકને પહેલી સાંભળવી જ કઠણ પડે. આખો દિ' એ બહારની ક્રિયાકાંડમાં મથ્યા હોય, રચ્યા હોય. આહાહા..! એક તો સંસારની ક્રિયામાં નવરો ન હોય, નવરો થાય તો કલાક સાંભળવા જાય તો મળે એવું ક્રિયાકાંડ ને બધી વાતું. એ કલાક લુટાંય જાય, થઈ રહ્યું. આહાહા..! આખી જિંદગી મફત ઢોરની જેમ જાય. ઢોર જેમ જાય એમ આખી જિંદગી જાય. આહાહા..! વળી મરીને પાછા ઢોર થાય. કારણ કે, સમ્યગ્દર્શન નથી તેમ સત્‌સમાગમ રોજ બબ્બે, ત્રણ ત્રણ, ચાર ચાર કલાક કરવો જોઈએ, ચાર ચાર કલાક વાંચવું જોઈએ તો એને પુણ્ય પણ થાય, તો પુણ્ય-પુણ્ય થાય, હોં! આહાહા..! આવું આકરું છે.

દાખલો આપ્યો છે. સોનાનું જે કંકણ થયું **'સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...'** એ સુવર્ણને કંકણ એટલે કડું લ્યો, કડું લ્યો, કોઈ પણ સોનાની વીંટી લ્યો, એ સોના

સાથે એનું તન્મય છે. એનાથી જુદું નથી. એ દ્રવ્યના જ પરિણામ છે, એ સોનાના જ એ પરિણામ છે. તે સમયે ક્રમસર અનુક્રમે આવતા તે કડું થયું, કંકણ થયું વગેરે વગેરે. આહાહા..!

**'કંકણ આદિ...'** આદિ છે ને? કડું હોય, વીંટી હોય વગેરે. દાગીના હોય, સોનાના કડા હોય, પગમાં શું કહેવાય પગમાં એ? બહેનો પગમાં પહેરે. નહિ? કડા નહિ, બીજા પેલા કડલા, કડલા કહેતા હતા ને પહેલા? પહેલા કડલા પહેરતા હતા. એ હવે પછી ફરી ગયું. પણ એ કડલા-બડલા આત્માથી થયા નથી. આહાહા..! સોનીએ ઘડ્યું નથી, સોની એ એરણને અડ્યો નથી, સોની એ સોનાને અડ્યો નથી... આહાહા..! અને કંકણ થાય છે. ક્રમબદ્ધ એવા અજીવના પરિણામ તે કાળે, થવાને કાળે પોતાના પરિણામમાં પરિણામ ઊપજે છે. આહાહા..! કહો, 'પુનાતર' આવી આકરી વાત છે.

મુમુક્ષુ :– સિદ્ધાંત તો એવો છે–પરસ્પર ઉપગ્રહો જીવાનામ્.

ઉત્તર :– ઉપગ્રહો ઇ જ બધા નાખે છે ને. હજી સવારમાં જ વાંચ્યું હતું. ઇ ઉપગ્રહનો અર્થ નિમિત્ત એક બીજાને નિમિત્ત છે, એમ કહે છે. ઉપગ્રહનો અર્થ ઉપકાર છે એમ નથી. પણ સૌ હવે ઇ નાખે છે. ચૌદ બ્રહ્માંડનો ફોટો નાખી હેઠે (લખે) પરસ્પર ઉપગ્રહો. ઉપગ્રહનો અર્થ જ કર્યો છે ભાઈએ 'સર્વાર્થસિદ્ધિ' માં એનો અર્થ કર્યો છે. એ નિમિત્ત છે એને આમ ઉપગ્રહો કહ્યું, બાકી એનાથી કાંઈ થાય એવું કાંઈ નથી. પરસ્પર ઉપગ્રહ, પરસ્પર નિમિત્ત નિમિત્ત સંબંધ છે. તે નિમિત્ત સંબંધ છે એનો અર્થ એ, કે નિમિત્ત એમાં કરતું નથી માટે એને નિમિત્ત નિમિત્ત સંબંધ કહેવાય છે. સામી પર્યાય થાય છે ત્યારે જે નિમિત્ત હોય છે એને નિમિત્તથી નૈમિત્તિક કહેવાય. કર્મના નિમિત્તથી વિકાર થયો એમ કહેવાય પણ ખરેખર એમ નથી. એ નિમિત્ત નૈમિત્તિક સંબંધથી કહેવાણું છે. ખરેખર તો વિકાર વિકારથી થયો છે, કર્મથી વિકાર થયો જ નથી. આહાહા..! કહો, આવી વાત છે.

મુમુક્ષુ :– બીજો વિકાર કેમ કરે છે? બેય ભેગા મળે તો વિકાર થાય ને?

ઉત્તર :– બેય ભેગા મળતા જ નથી કોઈ દિ'. બે વચ્ચે અત્યંત અભાવ છે. અત્યંત અભાવ છે એમાં ભાવ ક્યાંથી લાવવો? અડે એ તો ભાવ થઈ ગયો. આહા..! ઝીણી વાત છે, ભાઈ! બહુ ઝીણું તત્ત્વ છે, વીતરાગનું તત્ત્વ બહુ ઝીણું છે. એમાં પણ દર્શનશુદ્ધિ પહેલી કરવી એ તો મહા વસ્તુ છે. દર્શનશુદ્ધિથી એ ધર્મની શરૂઆત થાય છે. એ દર્શનશુદ્ધિના ઠેકાણા જેના નથી એને તો જ્ઞાન પણ ખોટું, ચારિત્ર પણ ખોટું, બધું ખોટું છે. આહાહા..!

છે કે નહિ? સામે પુસ્તક છે. **'સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...'** તાદાત્મ્ય છે. ઠીક! પર્યાયને અને દ્રવ્યને તાદાત્મ્ય કહ્યું. પરિણામને અને પરિણામીને તાદાત્મ્ય કહ્યું. ખરેખર તો પર્યાય પર્યાયમાં તાદાત્મ્ય છે અને દ્રવ્ય દ્રવ્યમાં તાદાત્મ્ય છે. છતાં ફક્ત બીજાથી જુદું પાડવા તાદાત્મ્ય છે (એમ કહ્યું). સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે. એ અજીવ સાથે નથી એમ સિદ્ધ કરવું છે, અજીવ સાથે એને છે નહિ એમ સિદ્ધ

કરવું છે. આહાહા..!

**'તેમ...'** જેમ સોનાનો દૃષ્ટાંત આપ્યો **'તેમ સર્વ દ્રવ્યોને...'** બધા દ્રવ્યોને. પરમાણુ આત્મા, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. **'બધા દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.'** જેમ સોનાને તેના પરિણામ સાથે તદ્રૂપ છે એમ દરેક દ્રવ્યને પોતાના પરિણામ સાથે તદ્રૂપ છે. અહીં તો અત્યારે પરિણામની વાત સિદ્ધ કરવી છે ને? પછી પરિણામ ને દ્રવ્યની વાત સિદ્ધ કરવી હોય ત્યારે બીજી વાત આવે. આહાહા..! ત્યારે તો એમ કહે, કે આત્મા બંધ ને મોક્ષના પરિણામને કરતો નથી. ૩૨૦ ગાથા. પરિણામ પરિણામને કરે છે, પરિણામ દ્રવ્યને પર્યાયને કરતો નથી. પણ અહીં તો ફક્ત હજી બીજાથી જુદું પાડીને પોતાના પરિણામને પોતે કરે છે. પરના પરિણામને નથી (કરતો) એટલું અહીંયાં સિદ્ધ કરવું છે. આહાહા..!

આમ રીતસર કલાક ભાષણ આપે, તે બરાબર કલાક આપી શકે છે. આહાહા..! ભારે. ભાષાનો કાળ હોય, ક્રમ નીકળવાનો (હોય) એ પ્રમાણે ભાષા નીકળે, આત્માને લઈને નહિ. આહાહા..! આત્મા એનો કર્તા નથી. આકરું તો પડશે, બાપુ? શું થાય? આ અધિકાર જ આકરો છે. બધું લખાણ થોડું થોડું આવી ગયું છે. વિશેષ તો ક્રમબદ્ધની ચોપડી છપાય છે ત્યારે આવશે. આહાહા..! સર્વ દ્રવ્યો એટલે દરેક દ્રવ્યો. ઓહોહો..! એક બાજુ 'નિયમસાર'માં એમ કહે કે, હવે કાળ ન હોય તો પરિણામ થાય નહિ. કાળદ્રવ્ય ન હોય તો પરિણામ થાય નહિ માટે કાળદ્રવ્ય જોઈએ.

મુમુક્ષુ :- ઇ તો કાળની સિદ્ધિ માટે છે.

ઉત્તર :- પણ એવું આવ્યું, લ્યો! ઇ તો કાળ છે, નિમિત્તપણે વસ્તુ એક સિદ્ધ કરવી છે એટલું. પણ પરિણામ ઇ કાળને લઈને પરિણમે છે? દરેક વસ્તુ પરિણામી તો સ્વભાવ છે, નિત્ય પરિણામી તો સ્વભાવ પોતાનો છે. નિત્ય પરિણામી-ટકીને બદલવું એ તો દરેક દ્રવ્યનો સ્વતઃ સ્વયંસિદ્ધ સ્વભાવ છે. સમજાણું કાંઈ? છતાં ત્યાં એમ કહે કે, કાળદ્રવ્ય વિના પરિણામ (થાય નહિ). એ તો કાળદ્રવ્યને સિદ્ધ કરવું છે. કાળદ્રવ્ય વિના બીજા ન પરિણમે તો પરિણમન સ્વભાવવાળું દ્રવ્ય નથી? પાઠ તો આવો છે, લ્યો! આહાહા..! દરેક દ્રવ્ય પોતાના પરિણામથી પરિણમતો થકો બીજા દ્રવ્યની કોઈ આશા છે નહિ. આહાહા..! આમ હોંશું ને હરખ. છોકરાના લગન થાય ને પૈસા પચાસ-પચાસ હજાર ખરચવા હોય... જુઓ! તમારે હરખ ને હરખ, હરખ. જાણે અમે શું કરીએ છીએ? આહાહા..! બાપુ! કરી શકતો નથી કાંઈ, અભિમાન કરે છે. મિથ્યાત્વ સેવે છે. હું આ કરું છું એ તો મિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :- આ તો જેને સંસાર છોડવો હોય એની વાત છે.

ઉત્તર :- જેને રખડવું મટાડવું હોય એને માટે છે. સંસાર એટલે બાયડી, છોકરા એમ નહિ. બાયડી, છોકરા કાંઈ સંસાર નથી. બાયડી, છોકરા, કુટુંબ, પૈસો એ સંસાર નથી. સંસાર તો પર્યાયમાં મિથ્યાત્વ ભાવ એ સંસાર છે. 'સમયસાર'માં (આવી ગયું), મિથ્યાત્વ તે સંસાર

છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર એ પરદ્રવ્ય એ કાંઈ સંસાર નથી. એની પર્યાયમાં રહેલો મિથ્યાત્વ ભાવ તે સંસાર છે. આહાહા..! એને છોડવું હોય તો આ સમજવું પડશે. સંસાર છોડો. સંસાર કેવો? આહાહા..! આત્માની ભૂલ આત્મામાં રહે કે બહાર રહે? મિથ્યા ભ્રમણા કરે. મેં કર્યું. તો ભ્રમણા તો એની પર્યાયમાં રહે. બહારની ચીજને શું સંબંધ છે? આહાહા..! આવું છે.

**'સર્વ દ્રવ્યોને...'** આહાહા..! **'પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.'** આહા..! દરેક દ્રવ્યને. એમાં કોઈ બાકી નથી. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ વગેરે. આહાહા..! ધર્માસ્તિકાય નથી માટે સિદ્ધ ઉપર નથી જતા એમ નથી. ઘણા એમ કહે છે ને? ધર્માસ્તિકાય નથી માટે ઉપર જતાં નથી. (ઉપર) જવાનો ઊર્ધ્વ સ્વભાવ છે, ઊર્ધ્વ સ્વભાવ છે પણ ઊર્ધ્વ સ્વભાવ (હોવા છતાં) ધર્માસ્તિકાયનો અભાવ છે (માટે જતા નથી). પણ એનો પર્યાય રહેવાનો સ્વભાવ જ એટલો ત્યાં સુધી છે. ઊર્ધ્વ સ્વભાવમાં ત્યાં સુધી રહેવાનો એટલો એનો ક્રમમાં સ્વભાવ છે, આગળ જવાનો સ્વભાવ નથી. ધર્માસ્તિકાય હોત તો જાત. પણ ઇ નથી ત્યાં વળી હોત તો જાત ક્યાં પ્રશ્ન આવ્યો? આહાહા..! વાંધા ઘણા ઉઠાવ્યા છે. આહાહા..!

**'આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** છે ને? **'આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...'** લ્યો!

---

**પ્રવચન નં. ૩૮૦ ગાથા–૩૦૮ થી ૩૧૧ શુક્રવાર, પોષ સુદ ૧૦, તા. ૨૮-૧૨-૧૯૭૯**

---

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' 'સમયસાર'. ચાર લીટી ચાલી છે. થોડું એની સાથે મેળ કરવા ફરીને લઈએ. **'પ્રથમ તો જીવ...'** આ જીવની અસ્તિ છે ને? આત્મા છે ને અંદર? જેમાં, જેનામાં જણાય છે તે ચીજ જાણનારી છે ને? એવી જે જાણનારી ચીજ એ શાશ્વત છે, નિત્ય શાશ્વત. એ **'જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...'** એના પર્યાયો હોય છે, બદલવાની દશા હોય છે. **'એ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો...'** ક્રમસર અનુક્રમે જે પરિણામ અવસ્થા થવાની છે તે ત્યાં થશે, આડી-અવળી થશે નહિ. થોડી ઝીણી વાત છે.

ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી. અનુક્રમમાં જે થતાં પરિણામ **'તે પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે,...'** એ અજીવને કારણે એ પરિણામ થાય છે, પરને કારણે થાય છે એમ નથી. જે જાણવા-દેખવાના, રાગના-દ્વેષના વગેરે જીવમાં પરિણામ થાય છે એ પરિણામ જીવના છે. એ પરિણામનો કર્તા જીવ છે, એ પરિણામનો કર્તા પરજીવ અને પરજડ નથી. આહાહા..! અજીવ નથી, એ જીવ (કર્તા) છે. પોતાના પરિણામનો પર્યાયનો, પર્યાય એટલે અવસ્થા,

દ્રવ્ય એટલે ત્રિકાળી નિત્ય વસ્તુ, એનું પરિણમન બદલવાની બદલતી દશા-અવસ્થા એ અવસ્થાને પોતે પોતાથી કરે છે. એમાં એને અજીવ કરતો નથી.

**'એવી રીતે અજીવ પણ...'** જડ, શરીર, વાણી, મન આ બધા પુદ્‌ગલો **'ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...'** એ પણ ક્રમસર અનુક્રમે. એના અનુક્રમમાં જે આવેલા પરિણામો એમાંથી ઊપજતું થકું અજીવ છે. જીવ એના જડના પરિણામને ઊપજાવી શકે, એ નહિ ઉપજાવે. આહાહા..! બહુ ઝીણું. આ શરીર છે, વાણી છે, આ જડ છે, એ જડના પર્યાય જે થાય છે, એને આત્મા ન કરી શકે. કારણ કે જડના પરિણામ જડમાં ને ચૈતન્યના પરિણામ ચૈતન્યમાં એક સમયે સાથે હોવા છતાં એક બીજાના કર્તા-કર્મ નથી. કર્તા આત્મા અને કાર્ય જડનું અથવા જડ કર્તા ને કાર્ય આત્માનું એમ છે નહિ. અજ્ઞાનીને અનાદિની ભ્રમણા છે. આહાહા..!

મુમુક્ષુ :- સાબુ લગાડવાથી શરીર સાફ થાય છે?

ઉત્તર :- સાબુને અડી શકતો નથી. ઝીણી વાત બહુ પડશે, બાપા! એક દ્રવ્ય, એક તત્ત્વ, બીજા તત્ત્વની અસ્તિ છે અને પોતાની પણ અસ્તિ છે, સત્તા છે, હોવાપણે છે. એ હોવાપણે છે એના દ્રવ્ય એટલે વસ્તુ હોવાપણે છે, ગુણ-શક્તિ હોવાપણે છે અને એની વર્તમાન પર્યાય-પરિણામ હોવાપણે છે. એ હોવાપણાના ત્રણમાં કોઈનો અધિકાર છે નહિ. આહાહા..! ઝીણી વાત છે, બહુ ભાઈ! અત્યારે તો ગડબડ બહુ ચાલી છે.

જીવ વસ્તુ છે. જીવ શબ્દ છે એ તો વાચક છે. એનું વાચ્ય આત્મા અંદર (છે), એ આત્મા વસ્તુ છે તો એ દ્રવ્ય એટલે વસ્તુ કાયમ રહેનારી (છે). ગુણ એટલે જ્ઞાન, દર્શન કાયમ રહેનારા અને પર્યાય એટલે એની બદલતી દશા. હવે એ ત્રણેનો કર્તા જીવ છે, બીજો નહિ. આહાહા..! બીજા પરિણામનો કર્તા બીજો છે એમ નહિ, અજીવ નહિ. એ અજીવ પણ, એ શરીર, વાણી, મન **'પોતાના પરિણામથી ઊપજતું થકું અજીવ જ છે,...'** આહાહા..! ઝીણી વાત બહુ પડે. શું થાય?

એક તત્ત્વ પોતાનું અસ્તિત્વ ધારે છે તેથી બીજા તત્ત્વનું અસ્તિત્વ છે એમાં એનો અધિકાર નથી. એ પદાર્થ જે છે એ છે, છેમાં એની જે સ્થિતિ છે, દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે અને પર્યાય વર્તમાન છે. છે, એની વર્તમાન પર્યાયની સત્તામાં એનો કર્તા એ પોતે છે, બીજો છે નહિ. હાય..હાય..! આવી ઝીણી વાત છે.

**'એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે,...'** અજીવ પણ સત્તા છે ને? આ પરમાણુઓ અસ્તિ દેખાય છે ને? અસ્તિ છે કે નહિ આ? તો છે અસ્તિ તો એની કોઈ શક્તિ છે કે નહિ? એક એક પરમાણુ છે. આનો કટકો કરતાં છેલ્લો પોઈન્ટ, છેલ્લા પોઈન્ટને પરમાણુ કહીએ. પરમ અણુ. અને એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ એ એના ગુણ છે અને આ અવસ્થા છે. પહેલી ધૂળની અવસ્થા હતી પછી

ઘઉંની થઈ, અત્યારે લોટની થઈ, પછી આ લોહીની થઈ. અવસ્થા બદલે. ઇ અવસ્થા એની સત્તાની જ અવસ્થા છે, અજીવની સત્તાની અવસ્થા છે. એ અવસ્થાને જડ-ચેતન કરે એમ ત્રણકાળમાં બને નહિ.

મુમુક્ષુ :– રોટલા ખાય ને શાંતિ કેમ મળે?

ઉત્તર :– રોટલા કોણ ખાય? ધૂળેય મળતી નથી શાંતિ. કલ્પના કરે છે. આહાહા..! ઝીણી વાત બહુ, બાપુ!

આ તો જે તત્ત્વ છે, અસ્તિ છે, છે, સત્તા છે. છે એની આદિ નથી, અંત નથી એવું સ્વરૂપ છે. જડ ને ચેતન બેય. એમાં છે એની પર્યાય વર્તમાનમાં જે છે એ પણ એની છે. ચેતનની વર્તમાન અવસ્થા પણ છે અને જડની વર્તમાન અવસ્થા પણ છે. તો ચેતનની વર્તમાન અવસ્થાને જડ કરે એમ બને નહિ. તેમ જડ છે એની અવસ્થા છે, અવસ્થા છે. જેમ દ્રવ્ય-ગુણ છે એમ અવસ્થા પણ વર્તમાન છે. એના દ્રવ્ય-ગુણ ત્રિકાળ છે. જેમ ત્રિકાળ છે તેમ તેની વર્તમાન અવસ્થા ભલે એક સમયની છે પણ અહીં ત્રિકાળ સત્તાને જેમ બીજાની કોઈ અપેક્ષા નથી એમ એની વર્તમાન અવસ્થાની સત્તાને બીજાની અપેક્ષા નથી. ઝીણી વાત છે, બાપુ! જગતથી જુદી જાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– બંને દ્રવ્યની સ્વતંત્રતા..

ઉત્તર :– બેય સ્વતંત્ર (છે). પણ છે કીધું ને? અસ્તિ વસ્તુ છે એમ કહો તો એનું અસ્તિત્વ સિદ્ધ થયું. અસ્તિત્વ સિદ્ધ થયું તો એ દ્રવ્ય ને ગુણનું અસ્તિત્વ ત્રિકાળ અને વર્તમાન પર્યાયનું તે જ કાળનું, તે જ સમયનું અસ્તિત્વ પ્રમાણ, આઘે પાછે નહિ. આહાહા..! આઘે પાછે નહિ પણ બીજાથી નહિ. નહિતર સત્તા સિદ્ધ નહિ થાય. આહાહા..! ઝીણી વાત છે. છે એવી જ્યારે વસ્તુ છે એ ત્રિકાળ છે. જીવ છે એ ત્રિકાળ છે અને જીવમાં જ્ઞાન, દર્શન, આનંદ, સચ્ચિદાનંદ પ્રભુ છે, એનો ગુણ આનંદ આદિ, શાંતિ આદિ છે એ પણ ત્રિકાળ છે. એની વર્તમાન અવસ્થા બદલે છે એ પર્યાય એક સમયની છે. જેમ ત્રિકાળ, ત્રિકાળપણે છે એમ એક સમયની અવસ્થા વર્તમાન વર્તમાનપણે છે. એ વર્તમાનપણે છે એ બીજાથી નથી. જેમ ત્રિકાળ દ્રવ્ય-ગુણ પણ દ્રવ્ય-ગુણપણે છે. એમ પર્યાય પર્યાયપણે છે એ સત્તા છે. એને બીજાથી છે એમ છે નહિ. આહાહા..! આખો દિ' આ બધું કામ કરે છે. કરી શકતો નથી, માને છે, ભ્રમણા છે એની. આહાહા..!

એક તત્ત્વ બીજા અનેક તત્ત્વ જો માનો તો એક તત્ત્વ ને બીજા તત્ત્વ વચ્ચે તો અભાવ છે. અભાવ ન હોય તો એ તત્ત્વ સિદ્ધ જ નહિ થાય. એક આ આંગળી છે એનું અસ્તિત્વ સિદ્ધ કરવું હોય તો એ પોતાથી છે અને આ આંગળીથી નથી ત્યારે તેનું (અસ્તિત્વ) સિદ્ધ થાય નહિતર સિદ્ધ નહિ થાય. એમ આત્મા આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયથી છે અને પરદ્રવ્ય ગુણ પર્યાયથી નથી. મૂળ વાંધા તો પર્યાયના છે ને! આહાહા..!

એમ જડ. જડ છે. એની વસ્તુથી. દ્રવ્ય એટલે કાયમ રહેનાર, ગુણ એટલે શક્તિ. જ્યારે ઇ છે તો એની પર્યાય (પણ છે). (વસ્તુ) ત્રિકાળ છે તો આ વર્તમાન છે. એ ત્રિકાળ ફરે નહિ, આ વર્તમાન ફરે નહિ. ત્રિકાળ કોઈથી ન થાય, તેમ વર્તમાન કોઈથી ન થાય. આહાહા..! થોડું નવું આવ્યું. વાંચતાં વાંચતાં ક્યારે આવે? ઇનું ઇ આવે છે એવું કાંઈ છે? આહાહા..! બહુ સરસ વાત છે, હોં! આહાહા..!

અજીવ પોતાના પરિણામથી ઊપજતું થકું. આ જડ જે છે, ભાષા બોલાય છે, આ હાથ ચાલે છે એ બધી પરમાણુઓની અવસ્થા છે. એ અસ્તિ છે ને? હોય તે જણાય કે ન હોય તે જણાય? ત્યારે હોય છે, આ છે એમ જણાય છે. તે હોય છે એ શું ચીજ છે? કે, આ પરમાણુનો પિંડ છે. એ પરમાણુમાં એક એક ભિન્ન પરમાણુ છે એ દરેક પરમાણુ કાયમ રહેનાર છે. એની વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શક્તિ પણ કાયમ રહેનાર છે. જ્યારે કાયમ રહેનાર ત્રિકાળી પોતાની સત્તાને બીજાના સ્વીકારની જરૂર નથી તો એની વર્તમાન પર્યાયને પોતાના હોવાપણામાં બીજાના સ્વીકારની જરૂર નથી. આહાહા..! આવું આકરું છે. વાત તો એવી છે. આહાહા..!

**'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતું થકું...'** ભાષા તો એમ છે, કે ઉત્પાદવ્યયધ્રુવ યુક્તમ સત્. એમ આવે છે ને? નવી અવસ્થા નવી ઊપજે, જુની અવસ્થા જાય ને ધ્રુવ રહે ધ્રુવ. તે ત્રણેય સત્ છે ને? તો સત્ છે એને પરની કોઈ અપેક્ષા હોય નહિ. એના દ્રવ્ય-ગુણને તો હોય નહિ પણ વર્તમાન પરિણામ બદલે એને પણ પરની અપેક્ષા ન હોય. પોતાને કાળે, પોતાની યોગ્યતાથી, પોતાના પરિણામરૂપી પર્યાયને તે તે દ્રવ્ય કરે છે. આહાહા..! ભારે આકરું કામ જગતથી. આખો દિ' આ બધા વેપાર કરે છે, બધા વકીલાત કરતાં નહોતા? 'રામજીભાઈ' વકીલાત કરતાં. બસ્સો રૂપિયા લેતા. કોર્ટમાં જતાં. ઇ બધા કરતાં હતા કે નહિ કાંઈ? ઇ તો માન્યતા હતી અંદર. કરે કોણ? પરને કરે કોણ? આ હોઠને હલાવે કોણ? આ અસ્તિ છે કે નહિ? સત્તા છે કે નહિ? સત્તા છે તો એ વસ્તુમાં કોઈ એની શક્તિ છે કે નહિ? વસ્તુ છે તો એની કોઈ શક્તિ ગુણ છે કે નહિ? અને છે શક્તિ તો એ ત્રિકાળ તત્ત્વ છે. શક્તિ અને પરમાણુ એ પોતે ત્રિકાળ છે. તો એનું કોઈ વર્તમાન છે કે નહિ? ત્રિકાળી ચીજનું વર્તમાન છે કે નહિ? જેમ ત્રિકાળને અપેક્ષા નથી એમ વર્તમાનને કોઈની અપેક્ષા નથી. આહાહા..! આવી ચીજ છે. દૃષ્ટાંત આપે છે.

**'કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને...'** સોનું જે કુંડળ આદિથી ઊપજે, સોનું કુંડળની પર્યાયથી ઊપજે. **'આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...'** એ પોતાની પર્યાય સાથે તદ્રૂપ છે. શું કહે છે? સોનું જે છે સોનું, એ કુંડળપણે ઊપજે એ કુંડળની પર્યાય એ સોના સાથે તદ્રૂપ છે. એ બીજા સાથે તદ્રૂપ (નથી), બીજા સાથે એને કાંઈ સંબંધ નથી. એ કંકણ આદિની પર્યાયનો સંબંધ સોના સાથે છે. સોનું જેમ કાયમ

છે તેમ એના પરિણામ તે કાળે પોતાથી થયેલા સોના સાથે તાદાત્મ્ય છે. એ કુંડળને સોનીએ ઘડ્યા છે એમ નથી. આહાહા..! ગજબ વાત છે. સોનીએ ઘડ્યા નથી એમ કહે છે. સોની જુદું તત્ત્વ છે, સોનું જુદું તત્ત્વ છે. જુદા તત્ત્વની હયાતી પોતાથી છે. હયાતી જ્યારે પોતાથી છે તો એની વર્તમાન થતી અવસ્થાની હયાતી પણ પોતાથી છે. પરની હયાતીથી એની હયાતી છે એમ છે નહિ. આહાહા..! ગજબ વાત છે ને! હજી તો ભાષા બેસવી કઠણ પડે. આ તો મુદ્દાનો માલ છે.

**'સુવર્ણને કંકણ...'** એટલે કુંડળ આદિ, કડા આદિ **'પરિણામો સાથે...'** સોનાનો દાગીનો થાય, એ દાગીનો એ સોનાની પર્યાય છે, સોનાના પરિણામ છે. કેમકે વર્તમાન પોતે પરિણામ છે. પાછા બદલી જાય છે. જે ત્રિકાળ સોનું છે એના જે કંકણ આદિ વર્તમાન પરિણામ છે એ પરિણામ સાથે સોનાને તદ્‌રૂપ છે. આહાહા..!

એમ જીવના પરિણામ સાથે જીવને તદ્‌રૂપ છે, અજીવના પરિણામ સાથે અજીવને (તદ્‌રૂપ છે). પરિણામ એટલે પર્યાય. એ અજીવની પર્યાય સાથે અજીવને તન્મય છે. એ.. 'દેવીલાલજી'! અહીંયાં પર્યાય ને દ્રવ્ય તન્મય કીધા. પરથી જુદું પાડવા (એમ કહ્યું). આહાહા..! ઇ તો ખ્યાલ છે. ઇ ઝીણી વાત પડે. પર્યાય પણ દ્રવ્ય ન કરે. પર્યાય પર્યાયને કરે. બે અસ્તિ છે ને? સત્ છે ને? સત્‌ને પરની અપેક્ષા હોય નહિ. છે એને પરની અપેક્ષા હોય નહિ. નથી એને પરની અપેક્ષા હોય નહિ. નથી એટલે નથી જ તે. છે તે ત્રિકાળ છે. અને તે ત્રિકાળ છે એ પોતાથી છે અને પોતાના પરિણામ ક્ષણે ક્ષણે બદલે છે એ પોતાથી બદલે છે, પરને લઈને નહિ. આહાહા..! નવરો નક્કર તદ્દન જુદો છે. આખો દિ' અભિમાન આ કરું, આ કર્યું... આ કર્યું... આ કર્યું... આ કર્યું... આહાહા..!

**'સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે તેમ સર્વ દ્રવ્યોને...'** સર્વ દ્રવ્ય એટલે વસ્તુ. આત્મા અનંત, અનંત પરમાણુઓ, આ પરમાણુ અનંત છે, આત્મા પણ જગતમાં અનંત છે. એક શરીરમાં એક એમ અનંત છે, એમ આ પરમાણુ જે છે આ અનંત અનંત રજકણનું દળ છે, આ એક ચીજ નથી. કટકા કરતાં... કરતાં... કરતાં... છેલ્લો પોઈન્ટ રહે તેને પરમ અણુ, પરમ અણુ–ઉત્કૃષ્ટ નાનો એને પરમાણુ કહેવામાં આવે છે. એ પરમાણુ પણ પોતાના પરિણામ સાથે તાદાત્મ્યરૂપ છે. આહાહા..! એ કંકણ આદિ પરિણામોથી ઊપજતા **'સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે તેમ સર્વ દ્રવ્યોને...'** આહાહા..! મોટા સિદ્ધાંતો છે, મહા સિદ્ધાંતો (છે). જેમ કુંડળની પર્યાય થઈ, કુંડળપર્યાય કહો કે પરિણામ કહો, કુંડળની પર્યાય થઈ તે સોના સાથે તદ્‌રૂપ છે. એ પરદ્રવ્ય સાથે તદ્‌રૂપ નથી, એના પોતાના દ્રવ્ય સાથે તદ્‌રૂપ છે.

**'તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.'** આહાહા..! દરેક પદાર્થ પોતાના વર્તમાન પરિણામ બદલતી દશા સાથે, પલટતી અવસ્થા સાથે તે તત્ત્વને તદ્‌રૂપ છે. બે જુદા

નથી, તદ્રૂપ છે. એ પરરૂપ નથી, તદ્રૂપ છે. તે તે તત્ત્વના, તે તે સમયના ઉપજતા પરિણામ તે પરિણામને ને દ્રવ્યને તદ્રૂપ છે, અન્યરૂપ નથી. અને અન્યરૂપ નથી એટલે અન્યથી થયા નથી, સોનાથી થયા છે. આહાહા..! 'યશપાલજી'! આવું સાંભળ્યું હતું કે નહિ ન્યાં ક્યાંય? કાલે પેલો આવ્યો હતો ને? ભાઈ! ક્ષુલ્લક. ઇ કહે, મારે 'આફ્રિકા' સાથે આવવું છે. ઇ 'આફ્રિકા' માટે આવ્યો હતો. શું કહેવાય ઇ? પાસપોર્ટ તો લેવાય ગયા છે. ઘણા માણસો 'આફ્રિકા' આવવાના છે.

અહીં કહે છે, બાપુ! કોઈનું કોઈ કાંઈ કરી શકે... પરોપકાર, પરોપકાર તો મૂળ ચીજ છે. મંડળના અધિકારી થાય અને પરોપકાર કરે એક બીજાને મદદ કરે, સહાય કરે. અહીં કહે છે, કે એક તત્ત્વનું, એક તત્ત્વની વર્તમાન અવસ્થાની હયાતીને જેમ તેના દ્રવ્ય અને ગુણને હયાતીને કોઈ અપેક્ષા નથી તેમ તેની વર્તમાન અવસ્થાની દશાને કોઈ અપેક્ષા છે જ નહિ. જેમ સ્વતંત્ર વસ્તુ પરમાણુ આદિ અનાદિથી છે તેમ એ પર્યાય પણ તે કાળની, તે કાળની સત્... સત્... સત્... છે. આહાહા..! આવો ઉપદેશ. વસ્તુ એવી છે, બાપુ! દુનિયાને અત્યારે ક્યાં દરકાર પડી છે? શું તત્ત્વ છે અને હું શું કરી રહ્યો છું અને આનું શું પરિણામ આવશે એને ક્યાં પડી છે. આહાહા..!

ભગવાનઆત્મા...! કહે છે, કે એ આત્મા અને પરમાણુ સર્વ દ્રવ્યોને. બધાને આવ્યું ને? એમાં સિદ્ધ પણ આવ્યા ને? સિદ્ધ. સિદ્ધ પણ ઉપર નથી જતાં એ પોતાના પરિણામની યોગ્યતાથી તે પરિણામ ત્યાં સુધીના જ છે. ધર્માસ્તિકાય ઉપર નથી માટે જતાં નથી એ વાત ખોટી છે. આહાહા..!

**'સર્વ દ્રવ્યોને...'** સર્વ દ્રવ્યો એટલે ઘણા દ્રવ્યોને. અનંત છે. આત્માઓ એક એક શરીરમાં એમ ભગવાન તરીકે અંદર છે એવા અનંત અનંત આત્માઓ છે. એથી અનંત ગુણા અનંત પરમાણુઓ છે. આત્માની સંખ્યા જે અનંત છે એના કરતાં પરમાણુ, આ છેલ્લો પરમાણુ એવી એની સંખ્યા અનંત અનંત ગુણી છે. એ બધા દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે. આહાહા..! ઓહોહો..! આકરું કામ, બાપા! એ દાઢથી રોટલીના બે બટકા ન થાય. દાઢના રજકણો જુદા છે, રોટલીના જુદા છે. બટકાની જે પર્યાય થાય છે તે, તે ને પરમાણુની પોતાથી અસ્તિ કરીને થાય છે. પરમાણુ દ્રવ્ય-ગુણનું અસ્તિત્વ છે એની સાથે હયાતીવાળી પર્યાય એનાથી થાય છે, દાઢથી નહિ. દાઢની અસ્તિ તો દાઢને લઈને છે. આવું તો સાંભળ્યું ન હોય. આહાહા..! એવો માર્ગ છે, બાપુ!

આચાર્યોએ તો આમાં ઘણું ભરી દીધું છે. બધા દાખલા દેવા જઈએ તો પાર ન આવે. આહાહા..! એક પગ ચાલે છે ને? પગ, ઇ ચાલે છે એ પગના રજકણો છે એનું અસ્તિત્વ છે તેની અવસ્થા થાય છે, તેની અવસ્થાને લઈને ચાલે છે. જીવની પ્રેરણાથી ચાલે છે એ વાત તદ્દન જૂઠી (છે). કેમકે એનું અસ્તિત્વ છે, પરમાણુનું અસ્તિત્વ (છે). આ અંગુલી ચાલે

છે, જુઓ! એના પરમાણુનું અસ્તિત્વ છે. અસ્તિત્વ છે તો એની આ પર્યાયનું પણ અસ્તિત્વ છે. એ પર્યાયના અસ્તિત્વને–સત્તાને બીજી સત્તા આપે, સત્તા, એ સત્તા છે એને બીજું એને સત્ત્વ આપે એમ ત્રણકાળમાં બને નહિ. આહાહા..! નવરો થઈ જાય એવું છે. પણ માને ત્યારે ને. આહાહા..!

**'આમ જીવ...'** અહીં સુધી તો આપણે આવ્યું હતું. **'આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** શું હવે કહે છે? કે આ જીવ જે છે આત્મા, આત્મા કહો કે જીવ કહો, એ પોતાના પરિણામથી તો ઊપજે છે ને? બદલે છે ને દશા? દશા બદલે છે તો બીજાને પણ બદલાવે. પોતે બદલતો ન હોય તો જુદી વાત છે. પોતે બદલે બીજાને પણ બદલાવે એમ શિષ્યનો પ્રશ્ન છે. આહાહા..! શું કીધું? આમ પોતાના પરિણામથી ઊપજતો હોવા છતાં. દરેક આત્મા પોતાની વર્તમાન અવસ્થા, દશા, પરિણામ, અંશ જે છે વર્તમાન અંશ એને કરતો થકો. **'છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...'** આવું પોતાનું પરિણામ બદલતાં છતાં પરની સાથે બદલવું એ કાર્ય સિદ્ધ થતું નથી. કોઈ કહે કે, પોતે બદલે છે ભેગું બીજાને બદલાવે. આહાહા..! એમ થતું નથી, એમ છે નહિ. વસ્તુની મર્યાદામાં આ વાત છે નહિ. (વાત) બેસવી કઠણ પડે, બાપુ! એમાં પહેલું-વહેલું સાંભળે એને તો આ શું કહે છે? આ તે કઈ જાતનો (ઉપદેશ)? આહાહા..! આખો દિ' અભિમાન કરતો હોય, આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. આહાહા..!

પ્રભુ! તું ચૈતન્ય છો ને! જ્ઞાનાનંદ, સહજાનંદ મૂર્તિ છો. તારામાં તારા પરિણામ તારી જાતના થાય, જીવ જાતના, જીવ જાતના (થાય) પણ કાંઈ જડ જાતના પરિણામ તારામાં ન થાય. એમ જડમાં જડની જાતના પરિણામ થાય એ ચૈતન્યને લઈને એના પરિણામ બદલે એમ ન થાય. આહાહા..!

આ સિદ્ધાંત શું કહ્યો છેલ્લો? કે, **'આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** ઊપજે તો છે, પર્યાય કરે તો છે પર્યાય. જીવ પર્યાય કરે તો છે. ઊપજે છે એટલે કરે તો છે. તો ભેગું તે અજીવની સાથે કારણકાર્યભાવ કરે તો વાંધો શું છે? (તો કહે છે), **'પરની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...'** આહાહા..! પોતે પરિણમતો છતાં, બદલતો છતાં પરપદાર્થની સાથે પરપદાર્થ કાર્ય ને આત્મા કારણ, આત્મા કર્તા ને પરપદાર્થ કર્મ નામ કાર્ય એ રીતે વાત સિદ્ધ થતી નથી. આ તો સિદ્ધાંતોના સિદ્ધાંત છે, બાપા! આ કાંઈ વાત નથી, આ કાંઈ વાર્તા નથી. આહાહા..! ઝીણી વાત છે.

જ્યારે પોતે જીવ આત્મા છે (તેના) વિચાર તો બદલે છે, પરિણામ બદલાય છે. તો બદલે છે તો ભેગું બીજાના બદલાવે (એમાં) શું વાંધો છે? (તો કહે છે), પોતે બદલે ભલે છતાં હજી પરની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી. આત્મા કર્તા અને પરમાણુનું કાર્ય જીવ કરે એના પરિણામને એ (કાર્યકારણભાવ) સિદ્ધ થતો નથી. આ હાથ હલવવો એ

આત્માથી હલે છે એ વાત સિદ્ધ થતી નથી. આ ભાષા નીકળે છે એ જડની પર્યાય છે. એનો કર્તા આત્મા છે એવું કર્તાકર્મપણું સિદ્ધ થતું નથી. આહાહા..! પરની દયા પાળી શકે છે એમ બનતું નથી, એમ કહે છે. આહાહા..! એ તો પરવસ્તુ છે, પરજીવ છે.

મુમુક્ષુ :– આપના પ્રભાવથી તો અમે બધા આવ્યા છીએ.

ઉત્તર :– એ બધી નિમિત્તની વાતું. આહાહા..! માર્ગ એવો છે, બાપા! શું થાય? પ્રભુ! તારી રીત જ એવી છે. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી' પહેલા શીખતાને? ૭૮ વર્ષ પહેલાની વાત છે. બાર વર્ષની ઉંમર હતીને જ્યારે, ૭૮ વર્ષ પહેલા 'દલપતરામ' હતા. 'દલપત' કવિ કવિ. કદડા, કદડા એટલે 'કવિ દલપતરામ ડાહ્યાભાઈ' હતા. એના છોકરાઓ છે ને? 'વઢવાણ'માં છે. 'નાનાભાઈ'. ઇ એમ કહેતા, એક સ્તુતિ બનાવી હતી. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો મુજ રોગ લે હરી.' ઇ તો કર્તા માનનારા ને! 'પ્રભુતા પ્રભુતા પ્રભુ તારી (તો ખરી). અહીં આત્મામાં 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો મુજ રોગ...' અજ્ઞાન છે, રાગ હરી લે તો પ્રભુ તું કહેવાય, પ્રભુ છો તું. આહાહા..! પરનું અભિમાન ને પરને કરું છું.

મુમુક્ષુ :– રાગ રૂપી રોગ.

ઉત્તર :– રાગ રોગ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ પણ રોગ છે. ભગવાન તો રાગ વિના નિર્વિકલ્પ આનંદ સ્વરૂપ છે, અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે. ન હોય તો પૂર્ણાનંદ પવિત્ર ન હોય તો પૂર્ણાનંદ પવિત્ર થાય ક્યાંથી? બહારથી કોઈ થાય એવું છે? અંદરમાં શક્તિ છે એમાંથી એ થાય છે. આહાહા..! લીંડીપીપરમાં ચોસઠ પ્હોરી તીખાશ ભરી છે. ભલે કદે નાની (હોય) પણ તીખાશ ચોસઠ પ્હોરી ભરી છે. એટલે ઘૂંટતા ઘૂંટતા ચોસઠ પ્હોરી બહાર આવે છે. ઇ છે ઇ બહાર આવે છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. એમ ભગવાનઆત્મામાં કેવળજ્ઞાન ને કેવળદર્શન થવાની શક્તિ છે. એ કેવળજ્ઞાન, કેવળદર્શન જ્યારે થાય છે ત્યારે અંદર પ્રાપ્ત છે એમાંથી પ્રાપ્તિ થાય છે. આહાહા..! આકરી વાત બહુ. દુનિયાને સાધારણ મગજવાળાને તો આકરું લાગે.

**'આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે...'** અજીવ શરીર, વાણી, મન, કર્મ, દાળ, ભાત, શાક. એ દાળ, ભાત ને શાક આત્મા ખાઈ શકતો નથી, એમ કહે છે. એને અડતો નથી, કહે છે. એ તો જડની ક્રિયા જડમાં એને કારણે થાય. અરે..! આકરી વાત, બાપુ! બહુ આકરી, પ્રભુ! દુનિયાને જોઈ છે અમે, નથી કાંઈ જોઈ? ઘણી રીતે જોઈ છે. ૯૦ વર્ષ થયા. ૭૨ વર્ષથી તો નિવૃત્તિ છે. અઢાર વર્ષની ઉંમરથી નિવૃત્તિ (છે). ઘરની દુકાન 'પાલેજ'માં છે ને? તે દિ' ત્યાં દુકાન ઉપર શાસ્ત્રો વાંચતો. જોયું, ઘણું જોયું દુનિયાનું. આ ચીજ જુદી, બાપુ! આહાહા..! આ મારગડા જુદા, એ મારગડા જુદા. આહા..!

**'અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી, કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય**

**સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે;...**' શું કહે છે? સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ એટલે ઉત્પન્ન થવું અને ઉત્પાદક એટલે ઉત્પન્ન કરવું. ઉત્પાદ્ય એટલે ઉત્પન્ન થવું અને ઉત્પાદક એટલે ઉત્પન્ન કરવું એમ છે નહિ. એક ઉત્પાદક દ્રવ્ય છે અને બીજું ઉત્પાદ્ય છે, ઉત્પન્ન કરનાર એમ છે નહિ. ઉત્પાદ્ય ઉત્પાદક છે નહિ. આહાહા..! બીજી રીતે કહીએ તો ઉત્પાદક કારણ અને ઉત્પાદ્ય તે કાર્ય–કર્મ, એ કાર્ય–કર્મ એમ છે જ નહિ. આહાહા..! આ આખો દિ' ધંધો કરે તો કોણ કરતું હશે ઇ? 'શાંતિભાઈ'! ગાંડા પાગલ કહે. આવી વાતું (કરે છે). આહાહા..! બાપુ! બધી ખબર છે સૌની. વસ્તુસ્થિતિ એવી છે. આહાહા..!

એ અહીં કહે છે '**સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય...**' એટલે કાર્ય અને ઉત્પાદક એટલે કે એનું ઉત્પાદ કરનારું કારણ. ઉત્પાદ્ય એટલે કર્મ ને ઉત્પાદક એટલે કારણ, એનો અભાવ છે. આહાહા..! એ દરેક દ્રવ્યમાં ઉત્પાદ્ય નામ ઉત્પન્ન થવાની યોગ્યતા અને બીજો એનો ઉત્પાદક એવો અભાવ છે. આહાહા..! આ લાકડી જે ઊંચી થાય છે એમાં ઉત્પાદ્ય જે આ દશા થઈ એનો ઉત્પાદક એનો પરમાણુ છે. એનો ઉત્પાદક આ આંગળી નહિ. આત્મા નહિ ને આંગળી નહિ. આહાહા..! આ કઈ જાતનો આ સિદ્ધાંત?

વીતરાગ ત્રણલોકના નાથ જિનેશ્વર પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા, એના મુખથી નીકળેલું તત્ત્વ છે. સાધારણ જનતાને તો સાંભળવા મળ્યું નથી. સાધરણ જનતા પોતામાં મશગૂલ. એમાં બે પાંચ દસ હજારનો પગાર હોય, મહિને દસ, વીસ હજારનો (હોય) એટલે થઈ રહ્યું, જાણે અમે જીતી ગયા ને આગળ ચાલ્યા, ઊંડા. ધૂળમાંય નથી કાંઈ ન્યાં. લાખો-કરોડો રૂપિયા હોય તો શું છે? આહાહા..! કરોડ એ જડ છે એ તો. જડના કાર્ય તું રાખી શકે? આહાહા..! એ જડને લઈ શકું, જડને રાખી શકું, જડનું વ્યાજ ઉપજાવી શકું અને એ વ્યાજ હું લઈ શકું, કહે છે, કે એવું આત્મા અને જડ વચ્ચે કાર્યકારણ સંબંધ નથી. આહાહા..! આવું તો આકરું લાગે.

મુમુક્ષુ :– આ સમજવાથી લાભ શું થાય?

ઉત્તર :– લાભ સ્વતંત્ર એકલો હું છું પરિણામને બદલાવીને અંદરમાં રાખું. મારા પરિણામ છે એ બદલે છે ઇ મારાથી. હું કોણ છું? હું આત્મા ત્રિકાળી છું. ત્યાં (તે તરફ) એ પરિણામને વાળવા અને અનુભવ કરવો એ એનો સાર છે. આહા..! મારા સિવાય કોઈ પણ પરમાણુ ને આત્માનો હું કર્તા નથી. એની પર્યાયનું જે પરિણામ થાય છે તેનો કર્તા તે છે. એટલે પરનો કર્તા ઊડી ગયો, એટલે અકર્તા થયો. એ પુરુષાર્થ છે. આમાં એ આવ્યું ને? અકર્તા સિદ્ધ કરવું છે, પહેલું આવી ગયું છે.

પરનો કર્તા નથી પણ અંદર રાગ ને દ્વેષના પરિણામ થાય દયા, દાન, કામ, ક્રોધના તેનો પણ આત્મા કર્તા નથી. એ અજ્ઞાનમાં કર્તા (થાય છે). ગહન વિષય કોઈ અજ્ઞાન કે અજ્ઞાની એને માને છે. આહા..! વસ્તુ ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ કાયમ રહેનારું

જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ છે. એવા પરનું કરવું એ કંઈ પણ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- જૈન દર્શન તો દયા પ્રધાન છે.

ઉત્તર :- દયા પ્રધાન, આ દયા આત્માની. આત્માની દયા-એ રાગ ન કરવો એ આત્માની દયા. રાગ કરવો એ આત્માની હિંસા. આ બધી વ્યાખ્યા બીજી છે. આહાહા..! કેટલાકને તો કાને પહેલી-વહેલી પડી હશે. આહાહા..! એવો માર્ગ છે, પ્રભુ! પ્રભુતા પ્રભુ તારી તો મોટપ છે પણ એ તારી મોટપની તને ખબર નથી. આહા..! અનંત તું અને પર બધાનો જાણનાર છો, જાણનાર સિવાય તારું કોઈ કામ છે જ નહિ. રાગ કરવો ને પરનું કરવું ને એ તો કોઈ તારી ચીજમાં છે જ નહિ. આહા..! જ્ઞાતા-દૃષ્ટા તારો સ્વભાવ છે, જાણવું-દેખવું સ્વભાવ (છે). તે પણ પોતાને ખરેખર તો જાણવું-દેખવું એ સ્વભાવ છે, પરને જાણવું-દેખવું એ અપેક્ષિત છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! પણ સમજવી પડશે કે નહિ?

બાપુ! મરી જાઈશ ચોરાશીના અવતારમાં. અવતાર કરી કરીને અત્યાર સુધી ઠચ્ચ નીકળી ગયા છે. કાગડાના, કુતરાના, નરકના, નિગોદના અનંતા ભવ કર્યા છે. કારણ કે આજ પહેલા ભવ વિનાનો ક્યાંય રહ્યો નથી. ભવ વિનાનો હોય તો ફરીને અવતાર હોય નહિ. જે ચણાનું બીજ બળી ગયું હોય એ કોઈ દિ' ઉગે નહિ. ચણો પાકો થઈ ગયો (એ) ઉગે નહિ. એમ જો મોક્ષ હોય તો ફરીને અવતાર હોય નહિ. ભવ જ અનંત કર્યા છે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ભૂતકાળમાં ક્યાંય આરો નથી. એ મિથ્યાત્વને લઈને, ભ્રમણાને લઈને, અસત્યની દૃષ્ટિને લઈને. આહાહા..! સત્ દૃષ્ટિની ખબર ન મળે એટલે અસત્ દૃષ્ટિમાં ગુંચવાય ગયેલા પડ્યા હોય, જિંદગી પૂરી કરી નાખે, જાવ. આહાહા..!

**'સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય...'** એટલે કે ઉપજવાને લાયક અને ઉત્પાદક એને ઉપજાવનાર, એનો અભાવ છે. બીજા દ્રવ્યો ઉત્પાદ્ય-ઉત્પન્ન થવાને લાયક અને બીજા એને ઉત્પન્ન કરનાર, એનો અભાવ છે. આહાહા..! અહીં તો જરી બે, પાંચ, દસ લાખ થાય ત્યાં જાણે, ઓહો..! કેવા અમે સુખી છીએ ને કેવા (છીએ)! આહાહા..! ભ્રમણા અજ્ઞાનીની છે, અજ્ઞાનની મૂઢતા છે. આહાહા..! અને સ્ત્રી સાથે પરણે એટલે કે, ઓહોહો..! બધી દુર્ઘટના ઉભી થઈ. આ સ્ત્રી ને મારું આ ને મારું આ. પ્રભુ! કોનું કોણ છે કોઈનું? આહાહા..! એનો આત્મા સ્વતંત્ર છે, એના શરીરના રજકણો સ્વતંત્ર છે. તારો આત્મા સ્વતંત્ર છે, તારા શરીરના રજકણો, બીજાના એના રજકણ પણ સ્વતંત્ર જુદા છે. આહાહા..! આવું છે.

**'ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે; તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં,...'** જ્યારે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી, કોઈ પણ તત્ત્વનું કાર્ય એટલે પર્યાય બીજાનું કારણ થઈને થાય એ વાત સાબિત થતી નથી. સમજાણું કાંઈ? કાર્યકારણ-કોઈ પણ દ્રવ્યની પર્યાય એટલે વર્તમાન પરિણામ, વર્તમાન દશા, વર્તમાન પર્યાય એને બીજું દ્રવ્ય કારણ થાય એમ કોઈ

રીતે બનતું નથી. આહાહા..! અમે કારણ તો થઈએ ને? નિમિત્ત કારણ તો થઈએ ને? એમ કેટલાક કહે છે. અમે ભલે કરીએ નહિ પણ નિમિત્તકારણ તો છીએ. એ જ અહીં ના પાડે છે.

મુમુક્ષુ :– 'ઢેબરભાઈ' કહેતા હતા.

ઉત્તર :– 'ઢેબરભાઈ' કહેતા, 'ઢેબરભાઈ' આવતા ને અહીં? ઇ કહેતા કે, અમે નિમિત્ત તો થાઈએને, નિમિત્ત થાઈએને? કોનું પણ નિમિત્ત થાય? એની પર્યાય એને કાળે થાય છે. તમારાથી થાય છે? તમે નિમિત્ત હતા માટે થાય છે? તો તો પછી આના પરિણામ અને એ પરિણામમાં કર્તા-કર્મ થઈ ગયું. આહા..! આકરું કામ છે, ભાઈ! દુનિયાથી અત્યારે ચાલતો પ્રવાહ છે (એનાથી જુદી જાત છે). આહાહા..!

**'તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં, અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી;...'** શું કહે છે? અજીવનું કાર્ય જીવનું એ સિદ્ધ થતું નથી. અજીવનું કાર્ય જીવનું એ સિદ્ધ થતું નથી. અહીં એટલી વાત લીધી છે. અજીવને જીવનું કાર્ય, અજીવને જીવનું કાર્યપણું સિદ્ધ થતું નથી. એટલે આત્મા જડનું, શરીરનું, વાણીનું, મનનું, કોઈનું, કુટુંબનું, કબીલાનું, સ્ત્રીનું, કો'કનું કરી શકે એ વાત સાબિત થતી નથી. લોજીક ને ન્યાયથી વસ્તુને સિદ્ધ કરતાં વસ્તુ જ્યારે સત્તા ને અસ્તિત્વથી છે, વસ્તુ પોતાની સત્તાથી છે. બદલે છે ત્યારે પણ પોતાની સત્તાથી છે. એને બીજાથી બદલવું એ સિદ્ધ થતું નથી. આહાહા..! આકરું પડે જગતને.

મુમુક્ષુ :– 'નરસિંહ મહેતા'એ કહ્યું છે, કે કોઈનું નહિ કરી શકે.

ઉત્તર :– 'હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે.' આ વાત જુદી. એ સાધારણ વાત છે.

**'અજીવને જીવનું કર્મપણું...'** એટલે? જીવનું કાર્ય અજીવનું, જીવનું કાર્ય અજીવનું સિદ્ધ થતું નથી. સમજાણું કાંઈ? એટલો અહીં સરવાળો લેવો છે. અજીવ જેટલા શરીર, વાણી, મન, અરે..! કર્મ, કર્મ બંધનને પણ જીવ કરે એ સિદ્ધ થતું નથી. એ જીવ છે એ અજ્ઞાન ભાવે પુણ્ય-પાપના ભાવ કરે અને તેથી કર્મબંધન થાય એ જીવ કરી શકતો નથી. કર્મના બંધનના પરમાણુ કર્મના સ્વતંત્ર છે કર્મ બંધનમાં. આહાહા..!

ખરેખર તો પુણ્ય ને પાપના ભાવ પણ વિકાર છે. એનો પણ કર્તા જીવ નથી. જીવ તો જ્ઞાન ને આનંદ સ્વરૂપ પ્રભુ છે. ત્રિકાળી જાણક ને આનંદ સ્વરૂપ છે, વીતરાગ મૂર્તિ છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે છતાં અનંત ગુણનો ખજાનો, ગોદામ છે, અનંત ગુણનું ગોદામ છે. આહાહા..! એ જીવને અજીવનું કાર્યપણું સિદ્ધ થતું નથી. એ જીવ ગમે એવો તમે મોટો સ્થાપો, આવો છે, અનંત બળ છે, પણ એ પોતાને માટે, પરને માટે કાંઈ નહિ. આહાહા..! છે?

**'અજીવને જીવનું કર્મપણું...'** અજીવને જીવનું કાર્યપણું. એટલે જીવને અજીવનું કાર્યપણું સિદ્ધ થતું નથી. આહાહા..! મેળ એવો લાગે એને. ઇચ્છા થાય ને પગ ચાલે, ઇચ્છા થાય

ને ભાષા બોલાય. આ હાથ હલે છે એ જડની પર્યાય અવસ્થા છે. પરમાણુ અસ્તિત્વ છે એમાં વર્ણ, ગંધ, રસ, ગુણ છે અને આ આમ થઈ એ અવસ્થા છે. પહેલી આ પરમાણુની ધૂળની અવસ્થા હતી પછી ઘઉંની થઈ પછી લોટની થઈ પછી લોહીની થઈ અત્યારે આંગળીની થઈ. એ અવસ્થાઓ બદલાય, વસ્તુ કાયમ રહે. એ અવસ્થાને અહીં એ કહે છે. આહાહા..! એ જડની અવસ્થાનું કાર્ય જીવનું કોઈ રીતે સિદ્ધ થતું નથી. આ અજીવનું કર્મ–કાર્ય એ જીવનું છે એ સિદ્ધ થતું નથી. આહાહા..! આકરું લાગે ને? આ આમ આમ થાય એ તો જડનું કાર્ય છે. ભાષા જડ જડ છે, આ હોઠ માટી (છે). એનું કર્મ અજીવનું કર્મ એટલે આ કાર્ય જીવનું તો સિદ્ધ થતું નથી. જીવને લઈને ઇ આમ આમ થાય છે એ વાત સાબિત થતી નથી. આહાહા..!

ન્યાય મુક્યા છે એકલા. ન્યાયનો વિષય છે. લોજીક છે, ન્યાય છે. ન્યાયનો અર્થ નિ ધાતુ છે એમાં. નિ ધાતુ એટલે જેવી વસ્તુની સ્થિતિ છે ત્યાં જ્ઞાનને લઈ જવું, દોરી જવું એનું નામ ન્યાય. આ સરકારે ન્યાય-બ્યાય કર્યા એ નહિ. આ તો વસ્તુનો જેવો સ્વભાવ છે, જેવું એનું સ્વરૂપ છે તેમાં તે ન્યાય એટલે નિ ધાતુ તેને જ્ઞાનમાં તેને દોરી જવું ને આ રીતે છે એમ દોરી જવું એનું નામ ન્યાય. ન્યાયથી આ સિદ્ધ થાય છે. આહા..! અન્યાયથી ગમે તે રીતે અજ્ઞાની માને એ વસ્તુ સ્થિતિ બદલે એવું નથી. આહાહા..! જુઓ! આ પાનું છે તો એની મેળે આમ ફરે? હાથ વિના ફરે? હા. હાથ ને આ બેયની પર્યાયનું કાર્ય જીવનું નથી. અજીવને, આ અજીવને જીવનું કાર્યપણું એટલે જીવનું આ કાર્યપણું આમ થવું એ સિદ્ધ થતું નથી. આહાહા..! આવું કામ છે.

**'અને તે (-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં,...'** અજીવનું કાર્ય જીવનું નહિ સિદ્ધ થતાં. અજીવની અવસ્થા જીવથી થાય તે નહિ સાબિત થતાં. આહાહા..! અજીવમાં જે વર્તમાન અવસ્થા છે... આહાહા..! પાણી અગ્નિથી ઊનું થતું નથી, એમ કહે છે. પાણીના દ્રવ્ય જુદા છે, અગ્નિના જુદા છે. પોતપોતાની પર્યાયનો કર્તા પોતે છે, બીજો દ્રવ્ય એનો કર્તા નથી. આહાહા..! ગજબ વાત! દુનિયાને ગળે ઉતરવી (કઠણ પડે) એવી વાત છે. કેમકે સર્વ દ્રવ્ય ભિન્ન છે ને? સર્વ દ્રવ્ય એટલે એ પાણીના દ્રવ્ય ભિન્ન છે, એ અગ્નિના પરમાણુ ભિન્ન છે. ઇ પરમાણુ છે. તો એક પરમાણુથી બીજી પરમાણુની પર્યાય થાય એનો અહીં નિષેધ છે. આહાહા..!

ખરું તો અગ્નિ પાણીને અડતી નથી અને પાણી ઊનું થાય (છે). એ ઊનું તો પાણીનું સ્પર્શગુણનું પરિણમન છે ઉનું. અગ્નિને લઈને નહિ. આરે..! આવી વાત આકરી. દુનિયાથી જુદી જાતની વાત. શું થાય? માર્ગ આ છે. આકરો પડે ન પડે. અમારે શું કરવું આખો દિ'? આખો દિ' કરે શું? કરી જ ક્યાં શકે છો? જાણ કે થાય છે, જાણ કે આ થાય છે, થાય તેને જાણ. આહાહા..! થાય તેને કરું છું એ વાત છોડી દે. આહાહા..! પણ એ

કાંઈ વાત નથી, એ કાંઈ વાતે વડા થાય એવા નથી. અંદર પુરુષાર્થ જોઈએ છે.

ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ છે. પ્રજ્ઞા નામ જ્ઞાન ને બ્રહ્મ નામ આનંદ. પ્રજ્ઞાબ્રહ્મ આનંદ સ્વરૂપ છે એ શું કરે? જાણે-દેખે. આહાહા..! પરની અવસ્થાને કરે એ તો વાતેય નથી પણ પરને અડે એ વાતેય નથી. આહાહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે એ પણ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..!

'**(-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...**' ભારે ભાષા જુઓ! '**કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી,...**' હવે શું કીધું ઇ? દરેક પદાર્થ પોતે કર્તા અને પોતે પર્યાય એનું કર્મ. એ કર્તા-કર્મમાં પરની અપેક્ષા નહિ, નિરપેક્ષપણે સિદ્ધ થાય છે. એક દ્રવ્યના પરિણામ બીજા કરે એમ નહિ. નિરપેક્ષપણે સ્વતંત્ર સિદ્ધ થાય છે. આહાહા..! આવું આકરું. હાથને આમ હલાવવો કહે છે એની અવસ્થાને જીવની સાથે કર્તા-કર્મની અન્યનિરપેક્ષ છે. પરની અપેક્ષા વિના જડ પોતાને કારણે અવસ્થા ત્યાં કરે છે. એ પર્યાય અવસ્થા બદલે છે. આત્માથી કાંઈ નથી થાતું એનાથી. આહાહા..! છેલ્લો શબ્દ જોયો?

'**કર્તા-કર્મની અન્યનિરપેક્ષ...**' એક દ્રવ્યથી બીજા દ્રવ્યની નિરપેક્ષપણે કર્તા-કર્મ થાય છે. એટલે દરેક વસ્તુ કર્તા એટલે રચનાર અને કર્મ એટલે એની પર્યાય પરિણામ થાય તે એનું કર્મ. એ કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (એટલે કે) બીજા દ્રવ્યની અપેક્ષા વિના, બીજા તત્ત્વની અપેક્ષા વિના સ્વતઃ તત્ત્વ પોતાના પરિણામને પોતે કરે, પરની સાથે કાંઈ સંબંધ છે નહિ. આરે આરે...! આવું ઝીણું છે. આટલા શબ્દોમાં (એટલું ભર્યું છે).

કોઈ કહે કે, આટલી અપેક્ષા તો છે ને? અપેક્ષા તો છે ને? એ કાઢી નાખવા. '**કર્તા-કર્મની અન્યનિરપેક્ષ...**' પરદ્રવ્યની અપેક્ષા છે નહિ. જેમાં પોતાના પરિણામ થાય છે જીવને તો એમાં કર્મની પણ અપેક્ષા નથી. કર્મ બંધન થાય છે તેમાં જીવની અપેક્ષા નથી. શરીરની આંગળી ચાલે છે તેમાં જીવ ને બીજા પરમાણુની પણ અપેક્ષા નથી. નિરપેક્ષપણે પ્રત્યેક પદાર્થ બીજાની અપેક્ષા વિના... આહાહા..! સ્વદ્રવ્યમાં જ સિદ્ધિ હોવાથી. દરેક દ્રવ્ય પોતાના પરિણામ પોતે કરે એ સિદ્ધિ હોવાથી. આહાહા..! છેલ્લો બોલ સિદ્ધ બહુ જ, ઘણો કર્યો છે.

'**કર્તા-કર્મની અન્યનિરપેક્ષ...**' પરમાણુઓ અને આત્મા સમયે સમયે, ક્ષણે ક્ષણે જે બદલવાના પરિણામ પરમાણુ અને આત્મામાં થાય તે કર્તા પરમાણુ અને પર્યાય કર્મ. એમ જીવના પરિણામ જીવ ને પણ જીવના પરિણામ જીવ. એ એનો જીવ કર્તા ને પરિણામ કર્મ. અન્યદ્રવ્યની સાથે કર્તા-કર્મ નિરપેક્ષ છે. આહાહા..! આ આત્મા છે તો આ હાથ હલે છે એ નિરપેક્ષ છે. એની મેળાએ એનો પોતાનો પર્યાય છે તે થાય છે. આહાહા..!

કરવતથી લાકડાના બે ટૂકડા થાય છે એ વાત સિદ્ધ થતી નથી એમ કહે છે. કરવતના રજકણ જુદા છે, પેલા રજકણ જુદા છે. દરેક રજકણનો પર્યાય પોતાથી કાર્ય કારણમાં પોતે

છે, પર કારણ છે એમ છે નહિ. આહાહા..! આ બાઈયું હોંશિયાર હોય એ કરે ને? આ પાપડ ને વડી ને નથી કરતાં? વડી, પાપડ.. પેલા શું કહેવાય? પુડલા. સારા પુડલા કરે. હળવો હાથ જેનો હોય ને પુડલા કરે, ભજીયા કરે. કરે છે કે નહિ? ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... અભિમાન કરે. આહાહા..! ઇ કીધું ને? કર્તા-કર્મની અન્યનિરપેક્ષ. બીજા તત્ત્વની અપેક્ષા જ જેને નથી. એ રીતે બધી ચીજોના પર્યાય થયા કરે છે. આહાહા..! આ એક વાત સમજે તો બધો નિર્ણય નિવેડો થઈ જાય. આકરી વાત છે, ભાઈ!

આ ક્રમબદ્ધનો અધિકાર જ ઝીણો છે. શરૂ થયો છે, શરૂ થયો ત્યારથી... (સંવત) ૨૦૦૦ માં બહાર વિસ્તાર મૂક્યો હતો. છત્રીસ વર્ષ થયા. ત્યાં ખળભળાટ, ખળભળાટ થઈ ગયો. ક્રમબદ્ધ થયું, બસ! તો તો પછી આ આત્મા કાંઈ કરી શકે નહિ. થવાનું હોય એ થાશે? થવાનું થાશે એમ જ છે. પણ થવાનું થાશે એની દૃષ્ટિ ક્યાં? પર ઉપર નહિ. એની આત્મા ઉપર દૃષ્ટિ (હોય). હું તો જ્ઞાન છું, આનંદ છું, સચ્ચિદાનંદ પ્રભુ છું એવી મારી સત્તા જ્ઞાનમય છે એવી જેને દૃષ્ટિ હોય એને આ ક્રમબદ્ધના કર્તા-કર્મપણાનો ભાવ બરાબર બેસી જાય કે, કર્તા-કર્મ એક બીજા નથી. છે ને? આહા..!

**'કર્તા-કર્મની અન્યનિરપેક્ષ...'** અન્યની અપેક્ષા નથી. આહા..! લોકો કહે ને? કાંઈક અપેક્ષા તો રાખો, નિમિત્તની કાંઈ અપેક્ષા રાખો. 'ઢેબરભાઈ' એમ કહેતા હતા. આ સાંભળતા ત્યારે કહે, નિમિત્ત છે, નિમિત્ત રાખો. એની સાથે બીજા એક હતા એ તો બિચારા બેસતા, બીજા નહોતા એક? આવ્યા હતા. આહાહા..! હું બીજાનું ભલું કરી શકું એ વાત જ જૂઠી છે. ભાવ આવે, ભાવ આવે એનો જ્ઞાતા રહે, જાણનાર રહે. એનો એ કર્તા ન થાય. ભાવ આવે એનો કર્તા ન થાય. પરનું ભલું તો કરી તો શકે નહિ પણ ભલું કરવાનો ભાવ આવે એનો પણ કર્તા થાય તો મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે, વિકારનો કર્તા થાય છે. આહાહા..! પ્રભુ તો જ્ઞાન સ્વરૂપ સચ્ચિદાનંદ છે એને રાગનું કર્તાપણું સોપવું એ વિપરીત દૃષ્ટિ છે. આહાહા..! એટલે કે એક બીજાને કાર્યમાં પરની અપેક્ષા છે જ નહિ. ભારે શબ્દ છે. અન્યની અપેક્ષા જ નથી. કિંચિત્ કથંચિત્ આમ છે ને કથંચિત્ આમ છે, એમ આવે છે ને? તમારે એમાં પણ આવે છે. શું તમારો હતો? વિકાસ... કથંચિત્ (આ) ને કથંચિત્ આ. આહાહા..! દુનિયા બેઠી આખી દુનિયાને (એ વાત) બેઠી છે. એ કાંઈ નવું નથી. આ વાત તદ્દન નવી છે. **'જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી. માટે જીવ અકર્તા ઠરે છે.'** લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૩૮૧, શ્લોક-૧૯૩, ૧૯૪, ગાથા–૩૦૮ થી ૩૧૧ શુક્રવાર, મહા સુદ ૧, તા. ૦૧-૦૨-૧૯૮૦**

સર્વવિશુદ્ધજ્ઞાન પ્રગટ થાય છે એ પણ છે પર્યાય પણ ત્રિકાળીને જાણે છે માટે એને સર્વવિશુદ્ધજ્ઞાન કહેવામાં આવ્યું. જાણે છે ત્રિકાળીને એની સાથે મોક્ષની પર્યાયને પણ જાણી છતાં એ સ્વાંગ છે અરે..! નિશ્ચયથી તો એ મોક્ષની પર્યાય પણ એક સ્વાંગ છે. આહાહા..! કારણ એક સમય, પણ એ જાણનારી પર્યાય રહે છે. ત્રિકાળી ભગવાન ધ્રુવ છે એ તો એ જેમ છે તેમ જ તેટલો અનાદિ કાળથી અનંત કાળ એક જ રૂપે છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીમાં દ્રવ્ય તો ત્રિકાળી નિરાવરણ જેમ છે તેમ જ છે. એમાં કાંઈ હેર-ફેર થતો નથી. એથી (એમ કહ્યું કે) **'સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.'** એ પણ (પ્રવેશ કરે છે). જેમ મોક્ષનો સ્વાંગ પ્રવેશ કરે છે અને જાણી લીધું તેમ આ પણ સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે, એ પણ એક પર્યાય થઈ. આહાહા..!

રંગભૂમિમાં જીવ-અજીવ, ઇ અધિકાર આવી ગયા. કર્તાકર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ આઠ સ્વાંગ આવ્યા, આઠ સ્વાંગ આવ્યા. આહાહા..! ભગવાન આત્મદ્રવ્ય ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ એમાં આ આઠ સ્વાંગ આવ્યા, આઠ ભેખ આવ્યા, આઠ એક અવસ્થાઓ આવી. આહાહા..! **'તેમનું નૃત્ય થયું...'** આઠનું નૃત્ય થયું એટલે પર્યાય પ્રગટી ને પરિણમી એ એનું નૃત્ય. પર્યાય થઈ અને પ્રગટી એ એનું નૃત્ય. આહાહા..!

**'અને પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા.'** લે. આઠેય પર્યાય પાછી નીકળી ગઈ. ટકતું તત્ત્વ એ પર્યાય નથી એટલે નીકળી ગઈ એમ કીધું. ટકતું તત્ત્વ જે ધ્રુવ ત્રિકાળ છે એની અપેક્ષાએ તો આઠે પર્યાયો નીકળી ગઈ. આહાહા..! આવી વાત હવે, લ્યો! હવે અહીં કોઈ દિ' દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજાથી ધર્મ થાય! ક્યાં આ વાત ને ક્યાં આ વાત! ઉગમણો-આથમણો ફેર છે. અહીં તો કહે છે સંવર, નિર્જરા ને મોક્ષનો ભેખ પણ નીકળી ગયો. એક સમયમાં આવીને બીજે સમયે તે રહેતો નથી. આહાહા..! એથી એ સ્વાંગ નીકળી ગયો એમ કહેવામાં આવે છે. ધ્રુવ કાંઈ નીકળી જતું નથી અને જે જાણે છે એ છે તો પર્યાય પણ એ પર્યાય બધા સ્વાંગને એ જાણનારી છે. એ અપેક્ષાએ એમ કહીને એને સર્વવિશુદ્ધજ્ઞાન કહેવામાં આવ્યું છે.

**'પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા...'** સંવર ને નિર્જરા ને મોક્ષ ત્રણે નીકળી ગયા. આસ્રવ બંધ તો ભલે નીકળી ગયા. આસ્રવ એટલે પુણ્ય-પાપ, આસ્રવ ને બંધ ચાર એ તો મલિન છે. એ તો નીકળી ગયા પણ સંવર, નિર્જરા ને મોક્ષની પર્યાય નીકળી ગઈ.

એક સમયમાં આવી ને ચાલી ગઈ, એક સમય આવીને ચાલી ગઈ. આહાહા..! ભગવાન ધ્રુવરૂપે રહ્યો અને પર્યાય એક સમયમાં આવીને ચાલી ગઈ. આહાહા...! એને જાણનારું જ્ઞાન એ છે તો વર્તમાન પર્યાય. એ પર્યાયે, તે પર્યાયોને જાણી, કે આમ થયું. કરી નથી, જાણનાર પર્યાયે એને કરી નથી. સંવર, નિર્જરા, મોક્ષના સ્વાંગને પણ જાણનારી પર્યાયે કરી નથી. આહાહા..!

મુમુક્ષુ :– જેમ મોક્ષની પર્યાય નીકળી જાય છે, ગુરુદેવ! તેમ એને જાણનારી જ્ઞાનની પર્યાય એ પણ નીકળી જાય.

ઉત્તર :– અહીંયાં જાણનારી પર્યાય પલટે તો છે એ તો કહ્યું. પર્યાય છે ને ઇ? પણ એ કાયમ રહેનારી છે એમ ને એમ જાણનારી-જાણનારી (રહે છે) માટે એને (એમ કહ્યું કે) સ્વાંગ નીકળી ગયો ને સર્વવિશુદ્ધજ્ઞાન રહી ગયું. એટલે ખરેખર તો ત્રિકાળી જ્ઞાન રહી ગયું છે પણ ત્રિકાળી જ્ઞાનનું જ્ઞાન જે છે એ પર્યાય છે. ત્રિકાળીને જાણનારી પર્યાય રહી એ સ્વાંગ નીકળી ગયા છતાં તેને જાણનારી પર્યાય રહી. છે તો એ પણ સ્વાંગ.

મુમુક્ષુ :– જાણનારી પર્યાય પણ સ્વાંગ? મોક્ષેય સ્વાંગ ને મોક્ષને જાણનારી પર્યાયે સ્વાંગ?

ઉત્તર :– ધ્રુવમાં ક્યાં જાણવું છે? એ પણ પર્યાય છે, મોક્ષને જાણનારી પણ પર્યાય છે, અહીં સંવર, નિર્જરાને જાણનારી પર્યાય છે, ધ્રુવ જાણનાર નથી. આહાહા..!

મુમુક્ષુ :– ગુરુદેવ! મોક્ષની પર્યાયને જે જ્ઞાનની પર્યાય જાણે એ મોક્ષની પર્યાય એટલે કઈ લેવી?

ઉત્તર :– એ નિર્મળ પૂર્ણ થયું એમ જ્ઞાને જાણ્યું, કર્યું નથી.

મુમુક્ષુ :– નિર્મળતામાં કઈ પર્યાય લેવી?

ઉત્તર :– મોક્ષની પૂર્ણ, પૂર્ણ શુદ્ધ. મોક્ષની પર્યાય એટલે પૂર્ણ શુદ્ધ.

મુમુક્ષુ :– બધા ગુણોની?

ઉત્તર :– પૂર્ણ શુદ્ધ. બધા ગુણોની પર્યાય પૂર્ણ શુદ્ધ.

મુમુક્ષુ :– જ્ઞાનગુણની પર્યાય....

ઉત્તર :– .. જ્ઞાન પણ ભેગું છે પણ જ્ઞાનને અહીંયાં પ્રધાનપણે કહેવું છે. જાણનાર રાખવું છે ને એને? જાણનાર રાખવું છે. જાણનાર છે એ કાંઈ ધ્રુવ નથી. જાણનારની પર્યાયે ધ્રુવને જાણ્યું. એ પર્યાય પલટી જાય છે છતાં એ પર્યાય બીજા સ્વાંગને જાણે છે માટે એ સ્વાંગને કાયમ રહેનારી કહેવામાં આવી છે, આ અપેક્ષાએ. આહાહા...! ઝીણી વાત છે ને? સમજાણું કાંઈ? મોક્ષનો સ્વાંગ નીકળી ગયો. નીકળી ગયો એ જાણ્યું કોણે? એ પર્યાયે. કંઈ ધ્રુવ જાણતો નથી. છતાં પર્યાય પણ ક્રમસર છે, એ જાણનારી પર્યાય પણ ક્રમસર છે અને એ જાણનારી પર્યાયની સાથે અનંતી પર્યાય છે તે અક્રમ છે. જાણનારી પર્યાય સાથે અનંતા

ગુણની પર્યાય એક સમયે છે તેથી તે અક્રમ છે. એકલું ક્રમબદ્ધ જ છે એમ નથી, અક્રમ પણ છે, અક્રમનો અર્થ એક સાથે. ક્રમનો અર્થ એક પછી એક. આહાહા..! આવું છે.

આ તો 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' (છે). **'હવે સર્વ સ્વાંગ દૂર થયે એકાકાર સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.'** એ સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે, એ પ્રગટ થયેલું પ્રવેશ કરે છે, એમ. બધા સ્વાંગને જાણનારું જ્ઞાન એ પ્રવેશ કરે છે. આહાહા..! છે તો જાણનારું એ જ્ઞાન પર્યાય છે એ કાંઈ જાણનારું ધ્રુવ નથી. બધાને જાણનારી પર્યાય પ્રગટ થાય છે. પોતામાં રહીને પોતે પરમાં ભળ્યા વિના પોતાની સત્તાના સામર્થ્યથી સ્વાંગ બધાને જાણે છે. એ સ્વાંગ છે માટે તેને જાણે છે એમ નહિ. એ પર્યાયનું સામર્થ્ય જ એવું છે, કે સર્વ સ્વાંગને સ્વાંગનું અસ્તિત્વ છે માટે જાણે છે એમ નહિ. એ પર્યાયનું પોતાનું અસ્તિત્વ એટલું તાકાતવાળું છે, કે બધા સ્વાંગને પોતામાં રહીને પરને અડ્યા વિના જાણે છે, આવું છે. એકાકાર કીધું ને હવે? પેલો ફેરફાર થતો હતો. આમાં એકાકાર (છે). એ પણ છે તો પર્યાય પણ સર્વવિશુદ્ધજ્ઞાન (પર્યાય છે). ધ્રુવ, ધ્રુવને સિદ્ધ કરવું છે. ધ્રુવને જાણનારું જ્ઞાન એ પ્રસિદ્ધ કરવું છે. ધ્રુવને જાણનારું જ્ઞાન પ્રવેશ કરે છે એમ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! છે ઝીણું ભાઈ! સમજાય છે કાંઈ? આહાહા..!

**'ત્યાં પ્રથમ જ, મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છે :–'**

**શ્લોકાર્થ :– 'अखिलान् कर्तृ-भोक्तृ-आदि-भावान् सम्यक् प्रलयम् नीत्वा' 'સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને પદે પદે (અર્થાત્ કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતા દરેક પર્યાયમાં)...' 'बन्ध-मोक्ष-प्रक्लृप्तेः' 'બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો,...'** આહાહા..! જાણનારી પર્યાય(નું) ધ્રુવની ઉપર જોર છે એથી તે પર્યાયને સ્વાંગને દૂર કરતો, **'બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો....'** આહાહા..! ધ્રુવને જાણનારું જ્ઞાન એ બંધ-મોક્ષ આદિ પર્યાયથી તે જ્ઞાન દૂર વર્તતું (છે). આહાહા..!

**'કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને પદે પદે (અર્થાત્ કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતા દરેક પર્યાયમાં)...' 'बन्ध-मोक्ष-प्रक्लृप्तेः' 'બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો,...'** આહાહા..! એ પર્યાય તો જાણે જ છે. છે તો પર્યાય, જાણનારી છે તો પર્યાય પણ એ પર્યાયનું જોર ધ્રુવ ઉપર છે. એથી આ બંધ-મોક્ષના પર્યાયથી દૂર વર્તતું એમ કીધું. છે તો એ પર્યાય પણ ધ્રુવ ઉપર જોર હોવાથી... છે તો પર્યાય, પર્યાયનું લક્ષ ધ્યેય ધ્રુવ હોવાથી બંધ-મોક્ષ આદિ પર્યાયથી દૂર વર્તતું, નહિ કરતું. બંધ-મોક્ષની પર્યાયને પણ એ જ્ઞાન પર્યાય સર્વવિશુદ્ધજ્ઞાન નહિ કરતું, દૂર વર્તતું (છે). આહાહા..! આવું છે. છે?

**'बन्ध-मोक्ष-प्रक्लृप्तेः दूरीभूतः'** છે. આહાહા..! **'બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો, શુદ્ધ-શુદ્ધ (અર્થાત્ જે રાગાદિક મળ તેમ જ આવરણ-બન્નેથી રહિત છે એવો),...'** આવરણથી રહિત અને રાગાદિક મળથી રહિત એવો **'स्वरस-विसर-आपूर्ण-पुण्य-अचल-अर्चिः' 'જેનું**

**પવિત્ર અચળ તેજ નિજરસના...'** પવિત્ર અચળ તેજ નિજરસ **'(-જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી ભરપૂર છે...'** જોયું? છે તો જ્ઞાનચેતના પર્યાય. આહા..! એ પર્યાયની એટલી તાકાત છે (કે) મોક્ષ ને સંવર-નિર્જરા આદિથી દૂર વર્તતું. એમાં ભળતું નથી. એ જ્ઞાન સ્વયં પોતે પોતાના પોતાને જાણતું પરને પોતામાં રહીને જાણતું, પરથી દૂર વર્તતું (પ્રવર્તે છે). આહાહા..! મોક્ષની પર્યાયને જાણતું છતાં તે જ્ઞાન મોક્ષની પર્યાયથી દૂર વર્તતું. 'સર્વવિશુદ્ધ અધિકાર' ઝીણો અધિકાર છે. એકદમ પૂર્ણ ધ્રુવ ઉપર (જેનું જોર છે), છે પર્યાય પણ એ પર્યાયનું ધ્યેય ધ્રુવ છે તેથી તે પર્યાયને બંધ-મોક્ષની પર્યાયથી દૂર વર્તતું એમ કહ્યું છે, ધ્રુવની સમીપ વર્તતું અને આ પર્યાયથી દૂર વર્તતું. સમજાય છે કાંઈ? આવો વિષય છે.

**'જેનું પવિત્ર અચળ તેજ નિજરસના (-જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી ભરપૂર છે...'** આહાહા..! **'એવો,...'** **'टङ्कोत्कीर्ण-प्रकट-महिमा'** **'જેનો મહિમા ટંકોત્કીર્ણ (શાશ્વત) પ્રગટ છે...'** વસ્તુ છે એની મહિમા શાશ્વત છે પણ જેણે જાણી છે, જાણી છે એને શાશ્વત છે. જેના જ્ઞાનમાં પર્યાયોથી દૂર વર્તતું ધ્રુવને જાણતું, ધ્રુવ છે એને જાણતું, એના ફેલાવથી. ધ્રુવ એમ કે કારણ છે, ધ્રુવ છે પણ ધ્રુવ છે તો એ જેણે જાણ્યું તેને ધ્રુવ છે, જેણે નથી જાણ્યું એને ધ્રુવ છે ક્યાં? સમજાય છે કાંઈ? આહા..!

**'(જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી ભરપૂર એવો, અને જેનો મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે...'** ધ્રુવ, શાશ્વત એવો **'अयं ज्ञानपुञ्जः स्फूर्जति'** **'આ જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.'** જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે. એટલે ધ્રુવ તો છે પણ ધ્રુવ ઉપર દૃષ્ટિ પડી ત્યારે પ્રગટ થાય છે એમ કહેવામાં આવ્યું. છે ઇ છે એમ ધારણામાં લીધું એને છે ઇ લક્ષમાં આવ્યું નથી. સમજાણું કાંઈ?

પ્રશ્ન કર્યો હતો ને ભાઈએ? 'ત્રિભુવનભાઈ'એ. એમ કે કારણ પરમાત્મા છે તો કાર્ય તો આવવું જોઈએ. કારણ પરમાત્મા છે, પણ કોને? જેને કારણ પરમાત્મા છે એવું ભાન થયું એને કાર્ય આવે. કારણ પરમાત્મા છે ઇ તો છે પણ છે એવી પ્રતીતિ કોને થઈ? એના ખ્યાલમાં એ ચીજ જ નથી આવી એને છે ક્યાં? જેના ખ્યાલમાં એ વસ્તુ આવી નથી એને છે ક્યાં? આહાહા..! ઇ છે એ ખ્યાલમાં આવે એને છે, ન આવે એને છે નહિ. છે છતાં એને ક્યાં છે? જેના ખ્યાલમાં આ વસ્તુ આવડી છે એ મૂળ ખ્યાલમાં જ તેનું જ્ઞેય આવ્યું નથી એને એ છે આવ્યું ક્યાં? આહાહા..! આવું ઝીણું છે.

કારણ પરમાત્મા છે એવું જ્ઞાન થાય તેને કારણ પરમાત્મા છે. બીજો આત્મા એમ બધાને કહે, કે બધા કારણ પરમાત્મા છે. પણ એને એમ જાણ્યા વિના એને કારણ પરમાત્મા નથી. બીજો આત્મા કહે, કારણ પરમાત્મા ધ્રુવને જાણનારો એમ કહે, કે બધા ભગવાન છે, બધા આત્માઓ પરમાત્મા છે. એ તો પોતે જાણ્યું છે એ અપેક્ષાથી પરને પરમાત્મા કહે છે. પણ જાણ્યું છે તે સ્થિતિથી આ રીતની મર્યાદાવાળું તત્ત્વ છે એવું જ બધાનું મર્યાદાવાળું

તત્ત્વ છે એમ જાણ્યું છે તે બીજાના તત્ત્વને શુદ્ધ ધ્રુવ તરીકે જાણે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.'** એમ કીધું ને? છે તો ખરો પણ જેને દૃષ્ટિમાં આવ્યો એને પ્રગટ થાય છે એમ કહેવામાં આવ્યું. જેની દૃષ્ટિમાં જ આવ્યું નથી (કે) વિષય શું ચીજ છે આ, એને પ્રગટ ક્યાં છે? એ એને તો અપ્રગટ–છે જ નહિ. એને પ્રગટ છે એ પર્યાય છે ને રાગાદિ એ પ્રગટ છે. આહાહા..! પૂર્ણ પરમાત્મ સ્વરૂપ જ્ઞાનપુંજ, જ્ઞાનપુંજ કીધો ને? એવો જ્ઞાનપુંજ આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો એને પ્રગટ છે, એને છે એમ આવ્યું એ પ્રગટ છે એમ આવ્યું. પર્યાયમાં જણાણું માટે એને પ્રગટ છે એમ આવ્યું. પર્યાયમાં જે ધ્રુવ જણાતું નથી એને તો ધ્રુવ છે નહિ. એને ધ્રુવ નથી.

ધ્રુવ જોનારો એના ધ્રુવને ધ્રુવ કહે છે. ધ્રુવને જોનારો બધા આત્માને આ રીતે ભગવાન ધ્રુવ છે એમ દેખે છે. એ તો પર્યાયબુદ્ધિ ગઈ છે, ધ્રુવબુદ્ધિ થઈ છે, એ પણ છે પર્યાય, પણ એ પર્યાયમાં ધ્રુવ જણાણો છે તેથી બધા આત્માઓ ધ્રુવ સ્વરૂપ ભગવાન છે (એમ જાણે છે). 'દ્રવ્યસંગ્રહ'માં આવી ગયું. 'દ્રવ્યસંગ્રહ'માં ધર્મ ધ્યાનનો અવાય વિચાર કરતાં (કહ્યું છે). આજ્ઞા, અવાય, વિપાક એવો વિચાર છે ને? ધર્મધ્યાનનો ભેદ (છે). એ ધર્મધ્યાન પણ છે તો નિર્મળ પર્યાય, પણ પર્યાયે જાણ્યો છે ધ્રુવ, પકડ્યો છે. આખી ચીજ આવડી છે એ પર્યાયે જે જાણ્યો છે એ કહે છે, કે બધા આત્માઓ ભગવાનસ્વરૂપ (છે). હું પણ હવે થોડા કાળમાં પૂર્ણ ભગવાન સ્વરૂપ થવાનો છું. સ્વભાવ ભગવાન છે એમ જાણ્યું છે ઇ એમ કહે છે, કે શક્તિરૂપે જે ભગવાન છે એને મેં જાણ્યો છે તો હું વ્યક્તરૂપે ભગવાન થવાનો જ છું. તેમ બધા ભગવાન થાવ! એ ધ્રુવ જાણનારો તો એમ કહે છે. છે જાણનારી પર્યાય પણ એ પર્યાયે જાણ્યું છે ધ્રુવ. આહાહા..!

૩૨૦ ગાથામાં એ આવ્યું ને? કે પર્યાય એમ માને છે, કે ત્રિકાળ સર્વ આવરણ રહિત અવિનશ્વર સ્વરૂપ પ્રત્યક્ષ પ્રતિભાસમય શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છે એમ પર્યાય કહે છે. પર્યાય એમ નથી (કહેતી કે) હું પર્યાય છું. પર્યાય આમ જેનું લક્ષ ન્યાં છે, કે આ જ આ હું છું. આહાહા..! એ પરમાત્મદ્રવ્ય જેણે જાણ્યું છે તેને આ જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે. એને પ્રગટ થયો છે. સમજાય છે કાંઈ? છે તો ખરો પણ દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો છે એને પ્રગટ થાય છે. નહિતર વસ્તુ તો છે. છે છતાં તેને દૃષ્ટિમાં અસ્તિપણું આવ્યું નથી. એનું જેટલું હોવાપણાનું સામર્થ્ય છે એટલું જેની પર્યાયમાં, દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યું નથી એને તો ઇ ક્યાં છે? એ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પર્યાયમાં, દૃષ્ટિમાં આવ્યો છે એને જ્ઞાનપુંજ પ્રગટ થાય છે અને એ એમ જ જાણે છે, કે બધા ભગવાન જ્ઞાનપુંજ છે. પર્યાયમાં છે ભૂલ એને એકકોર રાખો. જ્ઞાનપુંજ ભગવાન છે. અને તેથી તો એમ પણ કહ્યું, બધા ભગવાન થાવ. હું થવાનો છું, તમે થાવ. આહાહા..! 'દ્રવ્યસંગ્રહ'માં

ધર્મધ્યાનનો બોલ છે. **'આવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.'**

**ભાવાર્થ :– 'શુદ્ધનયનો વિષય...'** સમ્યગ્જ્ઞાનનો જે શુદ્ધનય છે, નય છે એ તો જ્ઞાનનો અંશ છે પણ એનો વિષય જ્ઞાનસ્વરૂપ આત્મા છે. શુદ્ધનય છે જ્ઞાનનો પર્યાય પણ એનો વિષય જ્ઞાન સ્વરૂપ ભગવાન છે. પૂર્ણાનંદનો નાથ જ્ઞાનસ્વરૂપ ભગવાન તેનો વિષય છે. પર્યાયનો વિષય છે તેથી પર્યાય એમ માને છે કે હું તો આ છું. જેમાં મારી નજર પહોંચી, જેમાં મારી નજર પહોંચી ગઈ તે હું છું. આહાહા..!

**'તે કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે,...'** રાગ ને અન્યનો તો કર્તાભોક્તા નહિ પણ **'બંધમોક્ષની રચનાથી રહિત છે,...'** આહાહા..! આ પંચમઆરાના સંત પંચમઆરાના અપ્રતિબુદ્ધ શિષ્યને આ કહે છે. અહીં તો પંચમઆરાના છે ને સાધુ? કોઈ કહે કે, આ વાત તો ચોથાઆરાની (છે). પંચમઆરાના સંત, પંચમઆરાના અપ્રતિબુદ્ધ જીવને કહે છે. ભગવાન તું પૂર્ણ છો. મેં જાણ્યું છે, કે પૂર્ણ છો તો તું પણ પૂર્ણ છો. આહાહા..! બંધ અને મોક્ષની રચનાથી રહિત છે. આહાહા..! વસ્તુ જે છે (એ) આવે છે ખ્યાલમાં, જ્ઞાનમાં, પર્યાયમાં. પર્યાયમાં ખ્યાલમાં આવવા છતાં એ પર્યાય બંધ-મોક્ષની રચનાથી દૂર છે. આહાહા..!

**'પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી શુદ્ધ છે, પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી શુદ્ધ છે, પોતાના સ્વરસના પ્રવાહથી...'** પોતાનો જ્ઞાન, આનંદ રસ જે ધ્રુવ (છે) તેનો પ્રવાહ. પાણીનો પ્રવાહ આમ તીરછો જાય છે, આનો પ્રવાહ આમ ધ્રુવ જાય છે. કાયમનો ધ્રુવ પ્રવાહ અનાદિ અનંત એકરૂપ છે. આહાહા..! **'પોતાના સ્વરસના પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે...'** આહાહા..! જેવો ભગવાનઆત્મા અનંત અનંત શક્તિનો સાગર છે એવો જણાણો છે તેથી તેને તે જ આત્મા છે એમ પ્રતીતમાં, અનુભવમાં આવી ગયું છે. અનુભવમાં આવ્યા વિના આ છે એની પ્રતીતિ કેમ, ક્યાંથી લ્યે? જે ચીજ જણાણી નથી એની પ્રતીતિ કઈ રીતે લ્યે? જાણવામાં આવી હોય એ ચીજની પ્રતીતિ થાય કે આ ચીજ આવડી છે. સમજાણું કાંઈ?

**'પોતાના સ્વરસના...'** રસ એટલે સ્વભાવ. એના **'પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન...'** પોતાના સ્વભાવથી પૂર્ણ દેદીપ્યમાન છે. આહાહા..! **'દેદીપ્યમાન જ્યોતિરૂપ છે અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે.'** શાશ્વત જેની મહિમા છે પણ જાણે છે કોણ? પર્યાય. આહાહા..! ટંકોત્કીર્ણ મહિમાવાળો છે, શાશ્વત મહિમા છે જેની, એવું જેણે જ્ઞાનમાં જાણ્યું એને (પ્રતીતમાં) આવ્યું કે, આ શાશ્વત મહિમાવાળું તત્ત્વ છે. આહાહા..! **'એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.'** એ તો અર્થનો ભાવાર્થ કર્યો.

**'હવે સર્વવિશુદ્ધજ્ઞાનને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ, 'આત્મા કર્તા-ભોક્તાભાવથી રહિત છે' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે :–'**

कर्तृत्वं न स्वभावोऽस्य चितो वेदयितृत्ववत्।
अज्ञानादेव कर्तायं तदभावादकारकः।।१९४।।

**'કર્તાપણું (આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી),...'** આહાહા..! આકરી વાતું છે. એમ જ્ઞાનની પર્યાય જાણે છે, જાણેલાને જાણનારું જ્ઞાન, જાણેલાને જાણનારું જ્ઞાન કહે છે કે હું તો કર્તા-ભોક્તા રહિત છું. બંધ-મોક્ષના કર્તાપણાથી પણ રહિત જ છું. આહાહા..! **'જેમ ભોક્તાપણું સ્વભાવ નથી.'** એ ન્યાય મુક્યો. ભગવાનઆત્મા રાગને ભોગવે એવો એનો સ્વભાવ જ નથી. આહાહા..! સંસારને ભોગવે એવો એનો સ્વભાવ નથી, ભોક્તાપણું સ્વભાવ નથી. 'अज्ञानात् एव अयं कर्ता' **'અજ્ઞાનથી જ તે કર્તા છે,...'** આહાહા..! કરવાપણું, કરું એ અજ્ઞાનથી છે. આહાહા..! 'तद्-अभावात् अकारकः' **'અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે.'** આહાહા..! 'સર્વવિશુદ્ધ અધિકાર' અલૌકિક છે.

**'હવે આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે :–'**

दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं।
जह कडयादीहिं दु पज्जएहिं कणयं अणण्णमिह।।३०८।।
जीवस्साजीवस्स दु जे परिणामा दु देसिदा सुत्ते।
तं जीवमजीवं वा तेहिमणण्णं वियाणाहि।।३०९।।
ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो आदा।
उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि।।३१०।।
कम्मं पडुच्च कत्ता कत्तारं तह पडुच्च कम्माणि।
उप्पज्जंति य णियमा सिद्धी दु ण दीसदे अण्णा।।३११।।

નીચે હરિગીત.

**જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,**
**જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.**
**જીવ-અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,**
**તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.**
**ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,**
**ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.**
**રે! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે,**
**આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.**

ટીકા :– **'પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા...'** આમાં બધા વાંધા છે અત્યારે. ક્રમબદ્ધ

થાય તો એમાં પછી આપણે કરવાનું ક્યાં રહ્યું? ક્રમબદ્ધ થાય, એની મેળે થવાનું હશે એ થાશે. દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ છે. જે કાળે ને જે સમયે ને જે ક્ષેત્રે અને જે સંયોગમાં ને જે નિમિત્તની અપેક્ષામાં, ભલે અપેક્ષા એને નથી પણ નિમિત્તમાં જે સમયે જે પર્યાય થવાની તે ત્યાં ક્રમબદ્ધમાં થવાની. આગળ-પાછળ કરવા ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર સમર્થ નથી. આહાહા..! પર્યાય ક્રમબદ્ધ થવામાં આડી-અવળી કરવાને સમર્થ જિનેન્દ્ર, નરેન્દ્ર પણ નથી, જિનેન્દ્ર નથી પછી શું? આહાહા..! પણ એની દૃષ્ટિ ક્યાં હોય છે? જ્ઞાયકભાવ ઉપર, અકર્તા ઉપર દૃષ્ટિ હોય છે. સિદ્ધ કરવું છે અકર્તાપણું. ક્રમબદ્ધ તો પછી આના પેટામાં આવ્યું. સમજાણું? માથે છે ને?

**'આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે.'** અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે. ક્રમબદ્ધ કહે છે એ વાત નથી લીધી. **'અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે.'** માથે લખ્યું છે? આહા..! અકર્તાપણું સિદ્ધ કરે છે. જૈન દર્શનની સર્વોત્કૃષ્ટતા (આ છે) કે, કોઈ પર્યાયનો પણ કર્તા નહિ એવી સર્વોત્કૃષ્ટતા અહીં સિદ્ધ કરી છે. પરનો કર્તા તો નહિ, રાગનો કર્તા નહિ, પણ નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી. અકર્તા વસ્તુ સ્વભાવ છે એમ અહીંયાં જૈન દર્શનનું અકર્તાપણું સર્વોત્કૃષ્ટપણું છે એ બતાવે છે. આહાહા..!

**'પ્રથમ...'** એટલે મુખ્ય વાત તો એ છે, કે **'तावत'** શબ્દ છે ને? **'जीवो हि तावत'** અંદર સંસ્કૃતમાં છે. **'तावत'** એટલે **'પ્રથમ તો...'** અમારે મુખ્ય પ્રયોજનભૂત કહેવું છે તે તો **'જીવ ક્રમબદ્ધ...'** આહાહા..! જીવની પર્યાય ક્રમસર (થાય છે). બીજે ભલે સહવર્તી અને ક્રમવર્તી કહ્યું, અહીં ક્રમનિયમીત કરીને ક્રમબદ્ધ–જે પર્યાય જે સમયે થવાની તે થવાની તેને ક્રમનિયમિત કહ્યું. એ ગુણ છે એ સહવર્તી છે, પર્યાય ક્રમવર્તી છે એના અર્થમાં કોઈ એને કાઢી નાખે (કે) ભલે ક્રમવર્તી છે પણ આપણે ફેરવી શકીએ, આડી-અવળી ગમે તે કાળે કરી શકીએ. એનો નિષેધ કરવા મુખ્ય તો તાત્પર્ય તો આ શેનું છે? કે, **'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો...'** આહાહા...! જીવ પોતાના પરિણામોથી ઊપજતો. જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામ. પાછી ભાષા જોઈ?

**'જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો...'** પહેલું કહેતા હતા કે, બંધ-મોક્ષના પરિણામનો કર્તા નથી. અને વિશેષ સ્પષ્ટ બીજી આ રીતે કરીએ છીએ. પોતાના પરિણામથી ઊપજે છે દ્રવ્ય. પોતાના પરિણામથી તે કાળે, તે સમયે, તે ક્ષેત્રે, તે સંયોગે, તે નિમિત્તમાં પોતાના પરિણામથી તે જીવ ઊપજે છે. એને કોઈ પરની અપેક્ષા નથી. નિરપેક્ષપણે જીવદ્રવ્ય **'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...'** આહાહા..! મહાસિદ્ધાંત મૂક્યો છે. કોઈ કહે, ક્રમબદ્ધ ક્યાંથી કાઢ્યું? કોઈ કહે, એમાં તો ક્રમનિયમિત છે. એકલો 'ક્રમ' શબ્દ પડ્યો નથી. સંસ્કૃત. ક્રમનિયમિત છે, પેલામાં સાધારણ શબ્દમાં ક્રમવર્તી છે. ગુણ સહવર્તી, પર્યાય ક્રમવર્તી. તો ક્રમવર્તી (એટલે) ક્રમે વર્તે એટલું. અહીં તો ક્રમનિયમિત (શબ્દ છે). જે સમયે

જે પર્યાય આવવાની તે થવાની એમ નિયમિત કહીને સિદ્ધ એ કર્યું છે. નહિતર ક્રમે તો ભલે થાય પણ આડી-અવળી થાય, ગમે તે થાય. એમ નથી. એથી ક્રમની સાથે નિયમિત શબ્દ વાપર્યો છે. ક્રમે પણ નિશ્ચિત જે થવાની તે થવાની. આહાહા..! આવો ઉપદેશ. પેલું તો દયા પાળો ને વ્રત કરો ને ભક્તિ કરો ને પૂજા કરો... એ માર્ગ અને આ માર્ગ. નિયતિવાદ લાગે, નિયતવાદ. આ તો નિયતવાદ થઈ ગયો. જે સમયે જે થવાનું હોય તે થાય. એ તો નિયતવાદ (થયો), હવે આપણે શું કરીએ છીએ એમાં? પણ એ ક્રમબદ્ધના નિયમમાં પાંચેય સમવાય સાથે હોય છે. જે સમયે પર્યાય થાય એ સમયે સ્વભાવ પણ છે, પુરુષાર્થ સ્વ તરફ છે, નિમિત્ત પણ છે સામે, ભવિતવ્યતા પણ તે સમયની છે અને કાળલબ્ધિ પણ તે સમયની છે.

**'જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે,...'** આમાંથી કેટલાક કાઢે ને? એ તો પોતાના પરિણામથી ઊપજે છે એટલી જ વાત ત્યાં લેવી. એ જીવ પોતાના પરિણામથી ઊપજે છે એમ, પરના પરિણામથી નહિ. પણ અહીં ક્રમ અને નિયમિત બે શબ્દ એની સાથે જોડ્યા છે. ક્રમે ક્રમે અને નિયમિત નામ જે થવાની તે જ થવાની. આહા..! એવો એ જીવ છે. એવો એ જીવ જ છે, જીવનો એવો સ્વભાવ જ છે. એમ કહ્યું ને? **'પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે,...'** 'જ' શબ્દ વાપર્યો છે. જીવ છે એટલું નહિ, જીવ જ છે. પોતાના પરિણામથી ઊપજતો થકો, પરને નહિ ઊપજાવતો, પરથી નહિ ઊપજતો, પરને નહિ ઉપજાવતો, પરથી નહિ ઊપજતો પોતાના પરિણામથી ઊપજતો થકો એ જીવ છે. વિશેષ કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૮૨ ગાથા–૩૦૮ થી ૩૧૧ શનિવાર, મહા સુદ ૨, તા. ૦૨-૦૨-૧૯૮૦

---

'સમયસાર' 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'. જેમ બીજા અધિકારો આવ્યા જીવ-અજીવ-મોક્ષ પ્રવેશ કર્યો એનો, સ્વાંગ પૂરો થઈ ગયો. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનો સ્વાંગ પૂરો થતો નથી. બીજાની પેઠે આ અધિકાર નથી. મોક્ષનો સ્વાંગ પ્રવેશ કર્યો, સર્વવિશુદ્ધજ્ઞાને પ્રવેશ કર્યો એટલે જેમ મોક્ષનો જાણનાર રહી ગયો, એમ સર્વવિશુદ્ધને જાણનાર બીજી (ચીજ) રહી ગઈ એમ નથી. 'સર્વવિશુદ્ધજ્ઞાન' પ્રગટ કર્યો એ કર્યો, બસ. સમજાય છે? જે 'સર્વવિશુદ્ધજ્ઞાન' પ્રગટ થયું ઇ તો એમ ને એમ સદાય રહ્યું. એને બીજા વેશની પેઠે વેશ નથી. પ્રવેશ કર્યો એટલે એને અંત આવી ગયો એમ નથી.

આ તો 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'. પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનની પર્યાય પ્રગટ થાય એને પણ જાણે ઇ શૈલી અહીં લીધી છે. એ જાણવાનો પર્યાય સાદી અનંત છે, એનો અંત નથી. મોક્ષના સ્વાંગનો અંત આવ્યો, પ્રવેશ નીકળી ગયો એમ કીધું ને? મોક્ષનો સ્વાંગ નીકળી

ગયો એમ 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'નો સ્વાંગ નીકળી ગયો એમ નથી. આ બે અધિકારમાં આ ફેર છે. કેમ? એ વસ્તુ ભલે ધ્રુવ ન લીધી પણ એ ધ્રુવનું જે જ્ઞાન થયું ને મોક્ષ કે નિર્જરા, ઉદય કે બંધનું જ્ઞાન એ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... સદાય (રહે છે), એનો એ વેશનો અંત આવી જાય એમ નથી. સમજાણું કાંઈ? એ રીતે 'સર્વવિશુદ્ધજ્ઞાન' પ્રવેશ કરે છે, ભલે એમ ભાષા લીધી. જેમ મોક્ષ સ્વાંગ પ્રવેશ કરે છે એમ (ભાષા) લીધી છતાં બેમાં મોટો ફેર છે.

બીજા અધિકારોનો સ્વાંગ પ્રવેશ કર્યો, પ્રવેશ થયો એને જાણી લીધું, આ જાણનારને હવે એનો અંત આવીને જાણ્યું એમ નહિ. સમજાય છે કાંઈ? 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર', છે પર્યાય પણ એ એમ ને એમ સાદિઅનંત પ્રગટ થઈ દશા તે થઈ એ મોક્ષને જાણે, બંધને જાણે, સંવરને જાણે, નિર્જરાને જાણે, એ જાણનાર પર્યાય જે છે 'સર્વવિશુદ્ધજ્ઞાન' એ પ્રવેશ એટલે કે પ્રગટ થયો પણ એનો હવે અંત નથી. બીજાનો જેમ અંત આવી ગયો, મોક્ષનો વેશ પ્રવેશ પૂરો થઈ ગયો એમ આ સર્વાંગ 'સર્વવિશુદ્ધ અધિકારનો' પૂરો પ્રવેશ થયો એટલે પૂરો થઈ જશે એમ નથી. મોટો ફેર છે. સમજાણું કાંઈ?

**ટીકા :–** '**तावत**' તાત્પર્ય તો એ કહેવું છે અથવા મુખ્ય મુદ્દાની રકમ એ કહેવી છે. પ્રથમ એટલે '**तावत**' શબ્દ સંસ્કૃતમાં (છે). '**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો...**' આહાહા..! જીવ પોતાની પર્યાયમાં ક્રમબદ્ધ જે સમયે જે થવાની તે થઈને રહે છે. આહાહા..! તે ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતો થકો, તે પરિણામને પરની કોઈ અપેક્ષા નથી. ક્રમબદ્ધ પરિણામ છે તેને પૂર્વ પર્યાયની અપેક્ષા નથી. 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં એમ આવે છે ને? 'પૂર્વ પરિણામયુક્ત દ્રવ્ય કારણ અને ઉત્તર પરિણામયુક્ત દ્રવ્ય કાર્ય' એ તો વ્યવહારની અપેક્ષા કહેવી છે. આનો અંત જ નથી આ તો, આને કોઈ અપેક્ષા જ નથી. પૂર્વની પર્યાયની, પછીની પર્યાયની કે નિમિત્તની કે દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. આહાહા..! આવો અધિકાર છે.

મૂળ પાઠમાં '**तावत**' શબ્દ છે. '**जीवो हि तावत**' છે ને સંસ્કૃતમાં? '**પ્રથમ તો...**' '**तावत**' એટલે પ્રથમ તો. કહેવું છે તાત્પર્ય એમાં જીવનું પહેલું કહ્યું, અજીવનું પછી કહેશે. કારણ કે, જાણનાર જીવ છે. આહાહા..! ક્રમબદ્ધને જાણનાર જીવ છે, ક્રમબદ્ધને જાણનાર અજીવ નથી. અજીવના ક્રમબદ્ધને જાણનાર પણ જીવ છે. આહાહા..! એથી પહેલો જીવ મુખ્ય '**तावत**' ક્રમબદ્ધ (લીધો).

કોઈ એમ કહે છે, કે ભાઈ! ક્રમબદ્ધ શબ્દ કેમ નાખ્યો આમાં? ક્રમનિયમિત છે ને? એ ચર્ચા છે. ક્રમ છે, બસ! પણ નિયમિત છે એનો અર્થ જ બદ્ધ. જે સમયે જે પર્યાય થવાની તે ક્રમસર (થવાની) આહાહા..! તેને કોઈ અપેક્ષા જ નથી. 'સર્વવિશુદ્ધજ્ઞાન' પ્રવેશ કરે છે. આહાહા..! અને એમ ને એમ રહે છે 'સર્વવિશુદ્ધજ્ઞાન' જે પ્રગટ કરે છે એ એમ

ને એમ રહે છે. મોક્ષ ભલે એમ ને એમ રહે છતાં એનો પ્રવેશનો અંત આવી ગયો, જ્ઞાન એને જાણે છે. પ્રધાનતા અહીં આપી છે. જ્ઞાન એને જાણે છે પણ જાણનારનો અંત નથી. જાણનાર તો જાણે જ છે. આહાહા..! એ પર્યાયથી, હોં!

**'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે,...'** પરિણામોથી ઊપજતો થકો એ જીવ જ છે. પરિણામ છે એ ઊપજતો થકો એ જીવ જ છે. આહાહા..! **'અજીવ નથી;...'** ક્રમબદ્ધ પરિણામ થાય છે એમાં કોઈ અજીવ નથી. જીવ જ ક્રમબદ્ધ પોતાના પરિણામથી સ્વયંસિદ્ધ સ્વતંત્ર ઊપજતો થકો પોતાના પરિણામે ઊપજતો થકો જીવ જ છે. ઇ પરિણામે ઊપજતો થકો જીવ જ છે. આહાહા..! **'અજીવ નથી;...'** ઇ અનેકાંત કર્યું. ક્રમબદ્ધ પણ છે ને અક્રમબદ્ધ પણ છે એમ નહિ. અક્રમબદ્ધ છે ખરું પણ અક્રમબદ્ધની વ્યાખ્યા– એક સમયમાં અનંત ગુણની પર્યાય એક સાથે થાય છે ઇ અપેક્ષાએ અક્રમ. અનંત ગુણની પર્યાય ક્રમે ક્રમે પહેલી એક ગુણની, બીજી બીજા ગુણની, ત્રીજી ત્રીજા ગુણની એમ ક્રમ નથી. એ અપેક્ષાએ જેમ ગુણ અક્રમ છે, સહવર્તી સાથે રહેનાર (છે) તેમ અનંતી પર્યાયો પણ સાથે રહેનાર છે, તે પણ સહવર્તી છે. આહાહા..! પણ છે ક્રમબદ્ધ. આહાહા..!

**'એવી રીતે...'** પહેલો તો જીવ–જાણનારને મુક્યો. **'અજીવ પણ...'** પણ કેમ કીધું? પહેલો જીવ કીધો ખરો ને. **'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે,...'** આહાહા..! અજીવને જે સમયે પર્યાય ઊપજે છે તેને જીવની પર્યાયની કોઈ અપેક્ષા છે જ નહિ. આહાહા..! અજીવને પણ ઊપજતા થકા તેની પર્યાયના ક્રમમાં એની પૂર્વની પર્યાયની પણ અપેક્ષા નથી, એને જીવના પરિણામની પણ અપેક્ષા નથી. તે તે સમયના તે પરિણામ (થાય છે). બહુ આકરું લોકોને લાગે.

આ હાથ હલે, આ લાકડી હલે, કહે છે, કે એ સમયનો એનો પર્યાય ક્રમબદ્ધમાં એને કારણે આવ્યો છે. ઇ આત્માની ઇચ્છા અને આત્માના જ્ઞાનને કારણે નહિ. **'અજીવ પણ...'** પણ કેમ કીધું? પહેલા જીવને કીધું ખરું ને. એટલે **'અજીવ પણ...'** એક જીવ પણ નહિ, અજીવ પણ **'ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું...'** આહાહા..! જે જે સમયે જે જડના પરિણામ થાય તે પોતાથી ઊપજેલા છે, એને કોઈ નિમિત્તની અપેક્ષા નથી. નિમિત્ત હો, એમ કહેવાય પણ એની અપેક્ષા નથી એને કે નિમિત્ત છે માટે આ પર્યાય થઈ. શાસ્ત્ર ભાષામાં એટલું બધું આવે, કર્મના નિમિત્તે રાગ થાય એવી ભાષા આવે. કર્મના નિમિત્તથી રાગ થાય, કર્મના નિમિત્તથી મિથ્યાત્વ થાય એવા શબ્દો ઘણા આવે. એ તો એક નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવ્યું છે. પણ અહીંયાં જે પરિણામ થાય છે તેમાં તેને નિમિત્તની અપેક્ષા નથી. આહાહા..! આવું ઝીણું.

**'ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું...'** જડ જડના પરિણામથી ઊપજતું. પર્યાય, પરિણામ એટલે પર્યાય. **'ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ**

**નથી;...'** આહાહા..! આમાં ઘણા વાંધા લે છે, કે એ ક્રમબદ્ધ ક્યાં કહ્યું છે આમાં? ક્રમ નિયમિત છે એમ કહે (છે). પણ ક્રમનિયમિતનો અર્થ જ બદ્ધ છે. તે સમયે તે પર્યાય બંધાયેલી એટલે થવાને લાયક જ છે. આહાહા..! કોઈ પણ જડની પર્યાય, એની પર્યાય થવામાં જીવની અપેક્ષા તો નથી પણ એની પૂર્વની પર્યાયની અપેક્ષા એને નથી. એ અજીવમાં પણ અનંતી પર્યાય થાય છે. કેમકે અજીવમાં પણ અનંત ગુણ છે અને એ અપેક્ષાએ એક સમયમાં અનંતી પર્યાય અક્રમે રહેનારી, ક્રમે ઉત્પન્ન થનારી, અક્રમે રહેનારી, ક્રમે ઉત્પન્ન થનારી (પર્યાય છે). આહાહા..! આવી વાત છે. 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે. આહાહા..! જેમાં જેના પરિણામમાં બીજાની અપેક્ષા જ નથી.

મુમુક્ષુ :- જીવના પરિણામ તો સમુચ્ચય લેવાના ને? જીવના ક્યા પરિણામ લેવા?

ઉત્તર :- બધા. નિર્મળ. બધાય અનંત ગુણમાં પરિણામ, અનંત ગુણના પરિણામ અક્રમે (થાય છે).

મુમુક્ષુ :- શુદ્ધ અને અશુદ્ધ બન્ને પરિણામ?

ઉત્તર :- શુદ્ધ-અશુદ્ધ બેય. પણ એ અશુદ્ધનો જાણનાર છે ભેગો એની મુખ્યતા છે. અશુદ્ધતા છે ખરી. ક્રમબદ્ધમાં અશુદ્ધતા પણ આવે છે, અશુદ્ધતા નથી આવતી એમ નહિ, પણ એને પણ જાણનાર 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' જે જાણનાર જીવ છે. જીવ જાણનાર છે એની અહીં પ્રધાનતા છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. પેલું જીવદયા પાળો ને વ્રત પાળો ને ભક્તિ કરો ને મંદિર બનાવો ને.. મંદિરમાં ધમાલ લાગે. આહાહા..! પચીસ પચીસ લાખના મંદિર થાય. ધામધુમ ચાલે એમાં રસ લાગે. પણ એ તો એના ક્રમબદ્ધમાં પર્યાય થાય છે, તારાથી કાંઈ થઈ નથી એમાં. આહા..! એ વાજુ વાગે છે એ જીવથી નહિ, એ ડંકાથી નહિ. ડંકો આમ પડે છે એનાથી પણ નહિ. આહાહા..! ત્યાં જીવને એકદમ અટકવાનો રસ પડી જાય. બહારમાં આમ દેખાય કે, આહાહા..! પચાસ લાખનું મંદિર બન્યું. એને સમયે તે પર્યાય થાય તે પરિણામ એના જ છે.

**'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી;...'** અજીવના પરિણામનું ક્રમસર અનંતા પર્યાયોનું (રહેવું) અક્રમ પણ ઉત્પન્ન થવામાં ક્રમ (છે) એમાં જીવની અપેક્ષા એને અજીવના પરિણામને બિલકુલ નથી. પગ છે એ જમીનને અડીને ચાલે છે એ વાત ખોટી છે. એમ આ હોઠ છે એ આ હોઠને અડે છે એ વાત પણ ખોટી છે. હોઠ હોઠને અડતો નથી. એક રજકણ બીજા રજકણની પર્યાયને અડતો નથી. એ પર્યાય તેને કાળે સ્વતંત્ર સ્વયંસિદ્ધ થાય છે તેમ 'સર્વવિશુદ્ધજ્ઞાન' જાણે છે. અજીવને ક્યાં જાણવું છે? જીવના પરિણામ ઊપજવાનો કાળ ને અજીવના બધાને જાણનાર જ્ઞાન છે. 'સર્વવિશુદ્ધજ્ઞાન' (છે). આહાહા..! તે જ્ઞાન એમ ને એમ કાયમ રહેનારું છે. બીજા વેશ જેમ ગયા એમ આ વેશ પણ જાય એમ નથી. પ્રવેશ કર્યો છે એમ છે. પ્રવેશ એટલે તે સમયે પ્રગટ થયો

છે પણ રહેનાર છે એમ ને એમ. આહાહા..! જેમ ધ્રુવને અપેક્ષા નથી તેમ તેના પરિણામને પણ કોઈ પરની અપેક્ષા નથી. એટલું લીધું કે અજીવના પરિણામથી ઊપજતો અજીવ છે, જીવના પરિણામથી ઊપજતો એ જીવ છે. એટલું ત્યાં લીધું. સમજાણું કાંઈ?

દૃષ્ટાંત આપે છે. કેમકે પાઠમાં પહેલું કહ્યું હતું ને શરૂઆતમાં? કે હવે અકર્તાપણાનું દૃષ્ટાંત સહિત... એમ કહ્યું હતું ને? ગાથાર્થ કર્યા પહેલા. **'આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે.'** ગાથા પહેલા. આત્માનું અકર્તાપણું, એ અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે પણ એ અકર્તાપણું... આહા..! ઇ પરનો કર્તા નથી ને સર્વ જાણનાર જ છે. આહાહા..! એમ અહીંયાં જીવની સર્વ જાણવાની પર્યાયને સિદ્ધ કરવી છે. આહાહા..! એ પર્યાય પર્યાયને જાણે, એ પર્યાય એક સાથે અનંતી પર્યાય થઈ છે તેને જાણે, તે પર્યાય લોકાલોકને જાણે, તે પર્યાય દ્રવ્ય-ગુણ પૂરાને જાણે, એક જ પર્યાય જાણે જગતમાં પૂરી હોય એક જ તે (એવું છે). આહાહા..! ગજબ છે. એક જ પર્યાય બધી આવી ગઈ એમાં. કારણ કે, લોકાલોકને જાણવાનું પણ પર્યાયનું સામર્થ્ય છે. લોકાલોક છે માટે નહિ પોતાનું સામર્થ્ય જ એટલું છે અને દ્રવ્ય ગુણને જાણવાનું સામર્થ્ય પણ દ્રવ્ય-ગુણ છે માટે નહિ. એ પર્યાયનું એટલું સામર્થ્ય છે, કે દ્રવ્ય-ગુણને પરની અપેક્ષા વિના પોતે જાણે એવી એની તાકાત છે. આ 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે. આહાહા..! અને તે પર્યાયનો અધિકાર છે આ, ધ્રુવનો નહિ. આહા..! એવી એક સમયની જે પર્યાય એને દૃષ્ટાંત સહિત સિદ્ધ કરે છે હવે. અકર્તાપણું, સિદ્ધ કરવું છે અકર્તાપણું એમાં ક્રમબદ્ધ આવ્યું છે. અકર્તાપણું સિદ્ધ કરવામાં ક્રમબદ્ધ આવ્યું છે. ક્રમબદ્ધ સિદ્ધ કરવામાં અકર્તાપણું આવ્યું એમ નથી, ફેર એટલો છે. આહાહા..!

જૈનદર્શનની સર્વોત્કૃષ્ટ અકર્તાપણાની સ્થિતિનું વર્ણન આ છે. ઈશ્વર કર્તા તો નથી પણ દ્રવ્ય એની પર્યાયનો કર્તા નથી એવું ઉત્કૃષ્ટ સ્વયંસિદ્ધ વસ્તુના અકર્તાપણાને દૃષ્ટાંત સહિત સિદ્ધ કરીને સિદ્ધ કરે છે. આહાહા..! આમાં ધર્મ શું આવ્યો પણ હવે આવી વાતમાં? એમ માણસ કહે. એ જ આવ્યો, બાપુ! પ્રભુ! આહાહા..! પોતે પોતાના પરિણામને ઊપજતો થકો એ ધર્મના પરિણામને ઊપજતો થકો. એ જીવના પરિણામ એ ધર્મના પરિણામ ઊપજતો થકો. ભલે અશુદ્ધ હોય પણ અશુદ્ધને જાણવાનું જ્ઞાન ઊપજતો થકો. આહાહા..! જ્ઞાન ઊપજતું થકુ ને? અશુદ્ધપણું ઊપજતું થકું એમ નહિ. અશુદ્ધપણાને ને શુદ્ધપણાની પર્યાયને જાણતું જ્ઞાન પ્રગટ થાય છે. આહાહા..! ઇ કહેશે, કર્તા, કર્મ પોતાના પોતામાં છે. કર્તા પોતે અને કર્મ બીજાનું અથવા કર્તા બીજો ને કર્મ એટલે કાર્ય બીજાનું, કરનાર બીજો ને કાર્ય બીજાનું એવું સ્વરૂપ નથી. જે કર્તા છે તેનું કાર્ય તેનામાં તેનાથી સ્વતંત્ર થાય છે. આહાહા..! ઝીણો ઉપદેશ છે, ભાઈ! આ ગાથાઓ ઝીણી છે.

દૃષ્ટાંત કહે છે. **'કારણ કે જેમ...'** ભાવાર્થમાં બહુ વિશેષ લીધું નથી. જેવી ગંભીરતા ટીકાની છે એવી ગંભીરતા ભાવાર્થમાં લીધી નથી. એટલે લોકો બહુ જુદું ન પાડી શકે. **'(કંકણ**

**આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને...**' સોનું કંકણથી ઉત્પન્ન થતાં, સોનીથી ઉત્પન્ન થતું નથી. એરણથી એને એ લોઢાના ઘણથી દાગીનાની અવસ્થા ઉત્પન્ન થતી નથી. આહાહા..! '**કંકણ આદિ પરિણામો...**' કુંડળ આદિ પરિણામો, વીંટી આદિ પરિણામોએ ઊપજતું થકું, '**સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...**' સોનાને તે પર્યાય સાથે તદ્દરૂપે છે. ઉત્પન્ન થાય છે સોનાથી અને તે પરિણામ સોના સાથે તાદાત્મ્ય છે. આહાહા..! છે?

'**સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...**' તે સ્વરૂપ છે, તત્ સ્વરૂપ છે. આહાહા..! સોનામાં કંકણ આદિ તત્ સ્વરૂપ છે, સોના સ્વરૂપ છે. અત્યારે એ દૃષ્ટાંત છે. (શ્રોતા :- પર્યાય જુદી ન રહી અત્યારે) નહિતર પરિણામ પરિણામ જ છે, દ્રવ્ય દ્રવ્ય છે. પણ અહીંયાં સોનાથી જે પરિણામ થયા તે સુવર્ણ જ છે, બીજી ચીજ નથી એમ સિદ્ધ કરવા એ સુવર્ણ છે એમ કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

'**સુવર્ણને...**' સોનાને '**કંકણ આદિ પરિણામો...**' આદિ (એટલે) જે પરિણામ થવાના તે. કુંડળ, કંકણ, વીંટી. એ પરિણામો સાથે તાદાત્મ્ય છે. જુઓ! અહીં પર્યાયને ને દ્રવ્યને તાદાત્મ્ય કીધું. એક બાજુ દ્રવ્ય અને પર્યાય બેય ભિન્ન છે (એમ કહે). પર્યાય દ્રવ્યમાં તાદાત્મ્ય થતી નથી. છતાં અહીંયાં પરથી જુદું પાડવા તે પરિણામ તાદાત્મ્ય દ્રવ્યના છે. '**આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...**' પરિણામો સાથે સુવર્ણ તાદાત્મ્ય છે. આહાહા..! લ્યો! પર્યાય સાથે દ્રવ્ય તાદાત્મ્ય છે. અહીં કઈ અપેક્ષા સિદ્ધ કરવી છે? સર્વથા એમ લેવા માગે કે એ પરિણામ તાદાત્મ્ય છે, દ્રવ્યની સાથે તદ્દરૂપ થઈ જાય છે (તો) એમ નથી. પણ દ્રવ્યના પરિણામ છે માટે દ્રવ્ય સાથે તાદાત્મ્ય છે અને તે સમયે તેનાથી ઉત્પન્ન થયું છે અને તે જ ઉત્પન્ન થવાનો તેનો કાળ છે માટે તે પરિણામને તેના દ્રવ્ય સાથે તાદાત્મ્ય છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

૩૨૦ ગાથામાં પર્યાયને દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કીધી છે, કથંચિત્. અને 'ચિદ્દવિલાસ' માં દ્રવ્યથી પરિણામ સર્વથા જુદા જ છે. દ્રવ્ય ધ્રુવ છે અને તો એક સમયની પર્યાય છે. બેય ભિન્ન ભિન્ન છે. વાચક બે ભિન્ન છે એમ વાચ્ય પણ બે ભિન્ન છે. ત્યાં આગળ બે (ભિન્ન) કહેવું છે. અહીંયાં એકમેક કહેવું છે ત્યાં ભિન્ન કહેવું છે. આહાહા..! અહીંયાં જેનાથી પરિણામ ઉત્પન્ન થયા તે પરિણામ તે દ્રવ્યથી તાદાત્મ્ય છે, બીજાથી તાદાત્મ્ય નથી એમ સિદ્ધ કરવા (કહ્યું). તેમ તે પરિણામ પૂર્વની પર્યાય સાથે પણ તાદાત્મ્ય નથી. આહાહા..! તે પરિણામ-પર્યાય તે દ્રવ્યની સાથે તાદાત્મ્ય છે, બીજા દ્રવ્યની સાથે નથી અને બીજા દ્રવ્યની અપેક્ષાથી તે પરિણામ થયા નથી. આહાહા..!

મુમુક્ષુ :- આટલી બધી વાત કરી એમાં સાચી વાત કઈ?

ઉત્તર :- બધી એકે એક સાચી વાત છે. કઈ અપેક્ષા કીધી? દ્રવ્યના પરિણામ, પરિણામ તે પરના નથી, એટલે એના છે માટે તાદાત્મ્ય. પરથી જુદું પાડવા તેનું તાદાત્મ્ય (કહ્યું)

અને પોતામાં બેમાં જુદું પાડવા માટે બે ભિન્ન (કહે છે). આમ છે. આહાહા..!

મુમુક્ષુ :– જૈનદર્શનમાં કોઈ એક વાત નથી કરી, ઘડીકમાં આમ ને ઘડીકમાં આમ.

ઉત્તર :– ઘડીકમાં આમ ને ઘડીકમાં આમ નથી. કઈ અપેક્ષાએ છે તે અપેક્ષા બીજી છે ને આ અપેક્ષા બીજી છે. એ અપેક્ષા બીજી છે. ઘડીકમાં આમ ને ઘડીકમાં આમ એમ નથી.

મુમુક્ષુ :– એ તો એમ કહે છે, કંઈ નક્કી જ નથી.

ઉત્તર :– બેય નક્કી જ છે, બેય નક્કી છે. તે પરિણામ તાદાત્મ્ય છે તે પણ નક્કી છે, બીજા સાથે સંબંધ નથી તે અપેક્ષાએ. અને તે પરિણામ દ્રવ્યથી ભિન્ન છે, તે અપેક્ષાએ ભિન્ન છે. તે પણ એ રીતે સત્ય છે. બેય એ રીતે સત્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ગાથા તો આ મૂળ (અકર્તાપણાને સિદ્ધ કરનારી છે).

ક્રમબદ્ધનો આખો વાંધો જ ઉઠ્યો છે ને ઇ? ક્રમબદ્ધ થાય તો પછી આ અમારે પુરુષાર્થ કરવાનો ફેરફાર તો રહેતો નથી, થવાનું ત્યારે થશે, અમારો પુરુષાર્થ કરવો તો રહ્યો નથી. પણ થવાનું થશે તેનો નિર્ણય જ્ઞાયક સ્વભાવ ઉપર જાય ત્યારે તેનો નિર્ણય સાચો થાય, ત્યારે તેમાં પાંચેય સમવાય ભેગા આવી જાય. આહાહા..! સમજાણું કાંઈ? જે સમયે જે પર્યાય થાય તેમાં પુરુષાર્થ પણ છે, સ્વભાવ પણ છે, ભવિતવ્યતા છે, કાળલબ્ધિ છે, નિમિત્તની અપેક્ષા અને અનઅપેક્ષા (પણ છે). એટલે કે નિમિત્ત છે પણ ખરું અને નિમિત્તની અપેક્ષા એને નથી એ પણ ખરું. આહાહા..! આવો માર્ગ છે. વીતરાગ માર્ગ જૈનદર્શન સૂક્ષ્મ છે, ગંભીર છે. આહા..! આ તો અંતરના અનુભવની વાતું છે. આ કાંઈ એકલી ભાષાવર્ગણા, ધારેલી ધારણા એ આ માર્ગ નથી. આહાહા..!

ભગવાન પોતે આત્મા તેના પરિણામથી ઊપજતો થકો તાદાત્મ્ય છે. અજીવ પોતાના પરિણામથી ઉત્પન્ન થતો અજીવ દ્રવ્ય સાથે તાદાત્મ્ય છે. પરદ્રવ્ય સાથે તાદાત્મ્ય નથી એટલી અપેક્ષાએ તાદાત્મ્ય સિદ્ધ કરવું છે. આહાહા..! પણ જ્યારે એને ભિન્ન સિદ્ધ કરવું હોય ત્યારે દ્રવ્યથી પરિણામના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભિન્ન છે. એ દ્રવ્ય એટલે વસ્તુ એની. ઇ પર્યાય એને દ્રવ્ય કહેવું છે. ક્ષેત્ર એનું ભિન્ન છે, કાળ એનો એક સમય છે, ભાવ એની શક્તિ ભિન્ન છે. આહાહા..! આવું છે. આવું સમજણમાં આવે નહિ એટલે એકાંતપણું ટળે નહિ. અને ક્યાંક ક્યાંક હું કરી શકું છું અને મારાથી આ થયું એ એનું અભિમાન અંદરથી ગળે નહિ. આહાહા..! અભિમાન ટળે નહિ. જ્યાં ત્યાં હું કર્તા... હું કર્તા... હું કર્તા.

વ્યવસ્થાપકો વ્યવસ્થા કરવામાં તૈયાર છે એ મિથ્યા છે. વ્યવસ્થા થઈ રહી છે તેને વ્યવસ્થાપક કહે કે, અમે કરીએ છીએ. વ્યવસ્થાપક હોય ને? મંડળના વ્યવસ્થાપક, કામના વ્યવસ્થાપક. આહાહા..! વ્યવસ્થા, વ્યવસ્થા કરે કોણ? વ્યવસ્થા વ્યવસ્થાને કારણે, કાળે થઈ રહી છે તેમાં વ્યવસ્થાપક કહે કે મારાથી થઈ છે.

મુમુક્ષુ :- વ્યવસ્થાપકે શું કર્યું?

ઉત્તર :- વ્યવસ્થાપકે કર્યું અભિમાન. કર્યું એણે. આહાહા..! વ્યવસ્થાપક એટલે વિશેષ અવસ્થા તે તે સમયની ત્યાં ત્યાં થાય છે તેમાં વ્યવસ્થાપક કરે શું? એય! 'શાંતિભાઈ'! વ્યવસ્થાપક સ્થાપેને મોટા માણસને ક્યાંક બધે? આ વ્યવસ્થા તમારે કરવી, આ વ્યવસ્થા તમારે કરવી. થાળીઓ લાવવાની તમારે કરવી, દાળ રાંધવાનું ધ્યાન તમારે રાખવું, લાડવા વાળવામાં ધ્યાન બનાવવામાં તમારે ધ્યાન રાખવું. આહા..!

મુમુક્ષુ :- કામની વ્યવસ્થા તો કરવી જ પડે.

ઉત્તર :- હા ઇ જ કહે છે, કે વ્યવસ્થા થાય તેને કરવી પડે એ લાવ્યો ક્યાંથી તું?

મુમુક્ષુ :- આ તો મુનિઓએ લખેલ છે. મુનિઓ એવું કામ ન કરે.

ઉત્તર :- મુનિઓએ લખેલ છે એ વસ્તુની સ્થિતિ લખી છે. મુનિપણાને માટે આ વાત છે એમ નથી. વસ્તુની સ્થિતિ જ આ રીતે છે. ત્રણે કાળમાં જીવને માટે વ્યવસ્થા આ છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! તેમ આ 'સર્વવિશુદ્ધજ્ઞાન' થયું તેનો અંત આવી જશે એમેય નથી. (અંત આવી જશે) એ પણ જૂઠી વાત છે. આહાહા..! વ્યવસ્થાને કાળે વ્યવસ્થા થાય તેને 'સર્વવિશુદ્ધજ્ઞાન' જાણે, જાણે. આહાહા..! છતાં અહીં પરિણામને દ્રવ્ય સાથે તાદાત્મ્ય કીધા. છતાં તેને જાણે. ઇ 'સર્વવિશુદ્ધજ્ઞાન' તેને કરે નહિ. તાદાત્મ્ય કીધા છતાં કરે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- દ્રવ્ય અને પર્યાય બેને જાણે કે એકલા દ્રવ્યને જાણે?

ઉત્તર :- બેયને જાણે, બધાને જાણે. પહેલું કહ્યું હતું ને? એક જ પર્યાય બધું બધું જગત આખું એક પર્યાય (જાણે). એ પર્યાય પર્યાયને જાણે, એ પર્યાય લોકાલોકને જાણે, એ પર્યાય અનંતી પર્યાયને જાણે, એ પર્યાય દ્રવ્ય-ગુણને જાણે. એટલી એક સમયની જ્ઞાનની પર્યાયમાં તાકાત છે. એવી શ્રદ્ધાની એક સમયની પર્યાયમાં બધું પૂર્ણ આ રીતે શ્રદ્ધવું એવી એની તાકાત છે. એક સમયની જાણવાની તાકાત છે, એક સમયની શ્રદ્ધાની તાકાત એટલી છે. એમ એક સમય ... આહાહા..! એટલી તાકાત છે. અનંતા ગુણમાં સ્થિર થવું એ પર્યાયની તાકાત છે. આહાહા..! અને તે તે સમયમાં પૂર્વની પર્યાયની અપેક્ષા રાખ્યા વિના (તે પર્યાય ઉત્પન્ન થાય છે). મોક્ષમાર્ગની પર્યાય છે માટે મોક્ષ થાય છે એમ નહિ. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગની પર્યાય છે અભેદ. કાલે આવ્યું હતું. ભગવાને કહેલો અભેદ માર્ગ એ પણ જાણવા લાયક છે, એને હું પરિણમું છું. એમ આવ્યું હતું ને? બપોરે. આહાહા..!

એ સમય સમયની પર્યાય, એનું સત્ત્વ સ્વથી છે. સમય સમયની પર્યાય ક્રમસર થવાની અને તેનું સત્ત્વ સ્વથી છે. ભલે લોકાલોકને જાણે, ભલે અનંતી પર્યાયને જાણે, ભલે દ્રવ્ય, ગુણને જાણે છતાં એ પર્યાયનું સત્ત્વ સ્વથી છે, પરથી નથી. આહાહા..! એ રીતે 'સર્વવિશુદ્ધજ્ઞાન' જાણે છે. આહા..!

મુમુક્ષુ :– ભાવનાનું ફળ મોક્ષ આવે જ, કુદરત બંધાયેલી છે.

ઉત્તર :– એનો અર્થ થયો. પણ એ તો વસ્તુ બતાવી. પરિણામ છે તો એ પરિણામની પૂર્ણ દશા આવે જ. છતાં એ અપેક્ષિત વાત છે. મોક્ષમાર્ગથી મોક્ષ થાય એ પણ અપેક્ષિત છે. મોક્ષની પર્યાય મોક્ષથી થાય છે, મોક્ષમાર્ગથી નહિ. કેમકે મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય થાય છે અને મોક્ષનો ઉત્પાદ થાય છે. એ ઉત્પાદમાં વ્યયનું કારણ નથી. આહા..! તેમાં ભાવનું કારણ ગણીએ તો દ્રવ્ય છે અને એનું કારણ ન ગણીએ તો પર્યાયનું કારણ પર્યાય છે. આહાહા..!

મુમુક્ષુ :– બધું લાંબું લાંબું બહુ છે.

ઉત્તર :– આવી ચીજ જ છે. એ વસ્તુનું સ્વરૂપ જ આવું છે. લાંબી કહો કે મોટી કહો કે ટૂંકી કહો કે છે એમ કહો. વસ્તુ આ રીતે છે, બીજી રીતે કોઈ રીતે વસ્તુની સિદ્ધિ નહિ થાય. આહાહા..! કેમકે પર્યાય પણ સત્ છે અને સત્ છે તે અહેતુક હોય છે. સત્‌ને હેતુ હોતો નથી. છે એને પણ હેતુ હોય તો એ છેનું સામર્થ્ય રહેતું નથી. ‘ચંદુભાઈ’! આહાહા..! આવું આવે છે. છે, ‘સમયસાર’માં ‘બંધ અધિકાર’ માં આવ્યું છે. પર્યાય પણ સત્ અહેતુક છે એને દ્રવ્યનો હેતુ પણ નથી. આહાહા..! અને જાણનારને જાણનાર એને જાણે છે. એ જાણવાની પર્યાયને પણ પરનો હેતુ નથી. ઇ જાણનારની પર્યાય તે સ્વયંસિદ્ધ સ્વતંત્ર સામર્થ્યવાળી છે. આહાહા..! વ્યવહારના રસીલાને તો આકરું લાગે એવું છે. વ્યવહારનો તો ક્યાંય ભુક્કો ઉડી જાય. આહાહા..!

મુમુક્ષુ :– વ્યવહાર ઉડી જાય તો જ વ્યવહારનું સંબંધપણું છે.

ઉત્તર :– ઇ ઉડી જાય એનું નામ જ વ્યવહાર છે. વ્યવહાર રહેતો નથી. નિશ્ચય ‘સર્વવિશુદ્ધજ્ઞાન’ જ રહે છે. આહાહા..! હવે એ સદાય રહે છે. ‘સર્વવિશુદ્ધજ્ઞાન’ સદાય રહે છે. પ્રવેશ કર્યો માટે એનો અંત આવી ગયો, મોક્ષની પેઠે અંત આવી જશે એમ નથી. મોટો ઉગમણો-આથમણો ફેર છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ અધિકાર જ ઝીણો છે. સર્વવિશુદ્ધની શરૂઆત કરી એમાં અકર્તાપણું શરૂ કર્યું. ‘સર્વવિશુદ્ધજ્ઞાન’ કહ્યું ને? જ્ઞાન. તો જ્ઞાન છે એ અકર્તા છે. આહાહા..! અને અકર્તાપણામાં ક્રમબદ્ધ આવ્યું છે. આહાહા..! અને એ વીતરાગ જૈનદર્શન, સર્વજ્ઞદર્શન, ત્રિલોકનાથનું દર્શન એ અકર્તાપણાની પરાકાષ્ટાને બતાવે છે. અકર્તાપણાની પરાકાષ્ટાને બતાવે છે, કે દ્રવ્ય પણ પર્યાયનું કર્તા નથી એવું અકર્તાપણું (સિદ્ધ કરે છે). આહાહા..! ઈશ્વર કર્તા તો નથી પણ દ્રવ્ય એની પર્યાયનો કર્તા નથી એટલું અકર્તાપણાનું સર્વોત્કૃષ્ટપણું જૈનદર્શન, વિશ્વદર્શન આ બતાવે છે. આહાહા..! આ બધી ગાથા ઝીણી છે. આ બધું ઝીણું ભેગું આવ્યું. એક તો સર્વવિશુદ્ધ છે વળી ક્રમબદ્ધ છે. ‘સર્વવિશુદ્ધ અધિકાર’ છે અને ‘ક્રમબદ્ધ અધિકાર’ છે. આહાહા..!

અહીં તો આપણે અહીં આવ્યું છે, કે '**(કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે તેમ...**' એ તો દૃષ્ટાંત કહ્યો. સિદ્ધાંત અકર્તા સિદ્ધ કરવું છે. '**તેમ સર્વ દ્રવ્યોને...**' બધા પદાર્થોને. સર્વ દ્રવ્યમાં ક્યું બાકી રહી ગયું? નિગોદનો જીવ, કાળનું દ્રવ્ય, પરમાણુ દ્રવ્ય. આહાહા..! નિગોદનો જીવ પણ પોતાની પર્યાય સાથે તાદાત્મ્ય છે, એ કર્મ સાથે તાદાત્મ્ય છે જ નહિ. નિગોદના અનંત જીવ એક અક્ષરના, એક આંગળના અસંખ્યમાં ભાગમાં અનંતા આત્માઓ અને એક એક આત્માની સાથે તૈજસ, કાર્મણ શરીર. એક અંગુલના અસંખ્ય ભાગમાં અનંત આત્મા અને અનંતા તૈજસ, કાર્મણ શરીર (રહેલા છે)... આહાહા..! છતાં દરેકના પરિણામ તેના દ્રવ્ય સાથે તાદાત્મ્ય છે. આહાહા..! નિગોદના જીવના બધાનો શ્વાસ એક, આહાર એક છતાં તેના પરિણામ તેની સાથે–બીજાથી ભિન્ન છે અને એની સાથે અભિન્ન છે. દ્રવ્યથી અભિન્ન છે, બીજાથી ભિન્ન છે. ભલે એક શરીરમાં ભેગા રહેલા (હોય), અનંતા ભેગા (રહ્યા છે). આહાહા..! અને અનંતા તૈજસ અને કાર્મણ શરીર સાથે ભેગા છે. એક એક કર્મનો તૈજસનો, કાર્મણનો પરમાણુ પોતાના પરિણામ સાથે તાદાત્મ્ય છે, પર સાથે કાંઈ છે જ નહિ.

'**તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.**' જોયું? અહીં પરિણામને દ્રવ્ય સાથે તાદાત્મ્ય લીધા. અનેકાંત છે. કઈ અપેક્ષાએ અનેકાંત સિદ્ધ કરવું છે? આહાહા..! એક બાજુ એમ કહે કે દ્રવ્ય પરિણામનો કર્તા છે જ નહિ અને દ્રવ્યમાં એ પરિણામ છે જ નહિ. દ્રવ્યમાં એ પરિણામ છે જ નહિ, પરિણામમાં દ્રવ્ય છે જ નહિ. જૈન માર્ગ, અનેકાંત વસ્તુસ્થિતિ જ એવી છે. આહાહા..! આ કાંઈ ઘડી કાઢ્યું નથી. વસ્તુનું સ્વરૂપ જેવું છે એવું જાણ્યું, એવું કહેવામાં આવ્યું.

'**આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...**' ઇ શું કહ્યું? પહેલું કહ્યું સર્વ દ્રવ્યોને પોતાના પરિણામ સાથે તાદાત્મ્ય છે. '**આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો..**' એટલે પરિણામથી ઊપજે તો છે તો પછી એકને ઊપજે તો એક ગાયનો (ગોવાળ થાય તો ભેગો) બે ગાયનો (ગોવાળ થાય). પોતાના પરિણામે ઊપજે છે તો બીજાને પણ ઊપજાવવામાં શું વાંધો? ઊપજતો ન હોય તો તો બીજાને ભલે ન ઊપજાવે, પણ ઊપજે છે. આહાહા..! '**જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...**' એ ઊપજવાનું કાર્ય હોવા છતાં '**તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...**' ઊપજવાનું કાર્ય કરતો છતાં, ઊપજવાનું કાર્ય કરતો છતાં અજીવ સાથે કાર્યકારણભાવનો સંબંધ નથી. આહાહા..! કેટલું સમાડ્યું છે એમાં!

'**આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...**' પોતાના પરિણામ શબ્દ લીધો. પોતાના પરિણામ, દ્રવ્યના પરિણામ. પરથી જુદું પાડીને એનું સ્વતંત્ર સિદ્ધ કરવું છે ને. '**પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...**' હોવા છતાં કેમ કહ્યું? એ ઊપજવાનું કામ તો કરે

છે તો પછી બીજાને ઊપજાવે ભેગો એની સાથે વાંધો શું? એક ગાયનો ગોવાળ ને પાંચ ગાયનો ગોવાળ એમ ભેગું સાથે સાથે ચાર ગાયને (ચરાવે એમાં વાંધો શું?) ન ઊપજતો હોય તો તો ન ઊપજાવે પણ ઊપજે છે. આહાહા..! આવી વાત છે. આહાહા..! વીતરાગ માર્ગ અપૂર્વ ને અલૌકિક છે. આહાહા..! એ સિવાય ક્યાંય નથી. અત્યારે તો એમાંય મોટી ગડબડ ઊઠી છે. આ માર્ગ બીજે ક્યાંય નથી, વીતરાગ સિવાય ક્યાંય સત્ય નથી. આહાહા..! વીતરાગ માર્ગમાં પણ અત્યારે તો ગડબડ ઊઠી ગઈ છે.

મુમુક્ષુ :- દરેક ધર્મવાળા એમ જ કહે છે.

ઉત્તર :- કહે છતાં વસ્તુ આ છે. દરેક પોતપોતાની કલ્પનાથી કહે (કે) અમારું સાચું છે. પણ આ વસ્તુ તો વસ્તુની સ્થિતિ છે.

ઉત્પાદવ્યયધ્રુવ યુક્તમ સત્ સ્વતઃ છે. ઉત્પાદવ્યયધ્રુવ યુક્તમ સત્ સ્વતઃ છે. એવી વાત બીજે ક્યાંય છે નહિ. તે તે સમયનો ઉત્પાદ,... આહાહા..! તે તે સમયનો વ્યય એ ઉત્પાદની અપેક્ષા રાખતું નથી. ઉત્પાદ વ્યયની અપેક્ષા રાખતું નથી. આહાહા..! એ પણ 'પ્રવચનસાર'માં ૧૦૧ ગાથામાં કહ્યું છે. અહીં પરિણામને તાદાત્મ્ય લીધું છે. ન્યાં લીધું છે, કે ઉત્પાદ તે ધ્રુવની અપેક્ષા રાખતું નથી, તે વ્યયની અપેક્ષા રાખતું નથી. 'પ્રવચનસાર' ૧૦૧ ગાથા. આહાહા..!

**'આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** એમ કે ન ઊપજતો હોય તો તો ભલે ન ઊપજાવે. કૂટસ્થ છે એ તો ભલે ન ઊપજાવે પણ ઊપજે છે એ પર્યાયમાં ઊપજે તો બદલે તો છે. કૂટસ્થ જે દ્રવ્ય છે એ તો ન બદલે, પરિણમે નહિ. ભલે પરિણામ સાથે તાદાત્મ્ય હોવા છતાં એ પરિણમે નહિ કાંઈ. આ તો **'પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...'** આહાહા..! જીવ કારણ અને અજીવ કાર્ય, અજીવની પર્યાય કાર્ય (એમ નથી). આહાહા..! જીવનું જ્ઞાન કારણ અને જ્ઞાનમાં આવું મારે ચાલવું છે એ ચાલવાની ક્રિયા એનું કાર્ય કોઈ રીતે સિદ્ધ થતું નથી. જીવનું જ્ઞાન કારણ (અને) ચાલવાની ક્રિયા કાર્ય, એ જીવની સાથે અજીવનું કાર્યકારણપણું કોઈ રીતે સિદ્ધ થતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- ધક્કો મારે તો ચાલે.

ઉત્તર :- બિલકુલ જૂઠ વાત છે. ધક્કો મારી શકે કોણ? આ છે તે અહીં પડ્યું છે તે આમ કરે કોણ? આંગળા એમ કરે નહિ અને આત્મા તો કરે નહિ જ તે. આહાહા..! એવી વાત છે.

**'જીવ પોતાના પરિણામથી ઊપજતો હોવા છતાં...'** એમ કેમ કહ્યું? કે પરિણામ જો પરિણામથી ઊપજતો ન હોય, દ્રવ્ય કૂટસ્થ રહે તો તો પરનું ન કરે પણ પરિણમે તો છે. તે તે સમયમાં તે ઊપજે તો છે, તો ઊપજે ભેગો બીજાને ઊપજાવે. ઇ **'ઊપજતો હોવા**

**છતાં...'** પોતપોતાના પરિણામને તે તે સમયે તે પરિણામને ઊપજાવતો હોવા છતાં. આહાહા..! **'અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી.'** જીવના પરિણામ ઊપજે એટલું ઊપજવાનું કાર્ય કરે તો ભેગું જડનું પણ કાર્ય કરે એ વાત સિદ્ધ થતી નથી. આહાહા..! એના પોતાના પરિણામ બદલે તો સાથે બીજાના પરિણામ પણ બદલાવે (એમ નથી). એથી એમ લીધુંને ઊપજતો હોવા છતાં, પોતે પોતાના પરિણામે ઊપજતો હોવા છતાં, ઊપજવાનું કાર્ય કરવા છતાં. આહાહા..! ઊપજતો ન જ હોય, દ્રવ્ય છે એ કુટસ્થ છે એ તો જુદું, પણ આ તો પરિણામે ઊપજતો હોવા છતાં બીજાના પરિણામને કારણરૂપે થાય નહિ. આહા..! સમજાય છે કાંઈ?

**'અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...'** આહાહા..! **'કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે;...'** સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય–ઉત્પન્ન થવાને લાયક, ઉત્પાદક ઉત્પન્ન કરનારો, ઉત્પાદ્ય એટલે ઉત્પન્ન થવા લાયક અને ઉત્પાદક એટલે ઉત્પન્ન કરનારો, એવા ભાવનો અભાવ છે. આહાહા..! પરનો ઉત્પાદ્ય અને જીવ ઉત્પાદક એનો અભાવ છે. પર ઉત્પન્ન થવાને લાયક એ ઉત્પાદ્ય, જીવ ઉત્પાદક એ અભાવ છે. એ કાર્યકારણનો અભાવ છે. ઉત્પાદ્ય જે છે એ કાર્ય છે, ઉત્પાદક છે તે કારણ છે. ઉત્પાદ્ય છે તે કાર્ય છે, ઉત્પાદક છે તે કારણ છે. તે કારણકાર્યનો જીવને અજીવની સાથે ઉત્પાદ્ય-ઉત્પાદક કાર્યનું કારણ સિદ્ધ થતું નથી. આહાહા..! આવું છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૮૩ ગાથા–૩૦૮ થી ૩૧૧ રવિવાર, મહા સુદ ૩, તા. ૦૩-૦૨-૧૯૮૦

---

'સમયસાર' ૩૦૮ ગાથા ફરીને લઈએ. માણસ નવા આવ્યા છે. **'પ્રથમ તો જીવ...'** આત્મા. ક્રમબદ્ધમાં જાણનારને પહેલો લીધો છે. જણાય છે અજીવ ને જીવ પણ જાણનારને પહેલો લીધો છે. 'સર્વવિશુદ્ધ' છે ને? **'પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો...'** જીવમાં ક્રમબદ્ધ જે સમયે જે પરિણામ થવાના તે ક્રમસર તે જ આવવાના, તે જ થવાના એવો એનો સ્વભાવ છે. **'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે.'** ભલે કહે કે, પોતાના પરિણામથી ક્રમસર ઊપજે પણ એ પરિણામ તે જીવ જ છે. જીવના છે તે જીવ જ છે. અત્યારે એ સિદ્ધ કરવું છે. પરિણામ અને પરિણામી ભિન્ન એ અત્યારે સિદ્ધ નથી કરવું.

ક્રમબદ્ધ બહુ ઝીણી વસ્તુ (છે). દરેક દ્રવ્યમાં, દરેક સમયે જે પર્યાય થવાની તે થવાની. એને જિનેન્દ્ર પણ ફેરવી શકે નહિ. પોતાની પર્યાય જે સમયે જે થાય તેને આઘી-પાછી

જિનેન્દ્ર પણ કરી શકે નહિ. કેમકે વસ્તુનો સ્વભાવ જ એ છે. ક્રમસર, નંબર વાર જે પર્યાયનો નંબર આવે તે જ પર્યાય તે આવે. નંબર વાર એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ એમ જે સમયે જેની પર્યાય આવવાની છે તે નંબરવારમાં આવે. આડી-અવળી પર્યાય કરવા જાય તો થાય નહિ, માન્યતા એની ફેરફાર થઈ જાય. આહાહા..! ઇ કહેશે કે, અજ્ઞાન કોઈ ગહન વિષય છે, કે આવી ચીજમાં પણ જ્યારે અંદર કર્તાપણું માને છે, એને છે એ કોઈ અજ્ઞાનનો ગહન વિષય છે. બાકી તો આત્મા તેનો જે સમય છે તે સમયની પર્યાયમાં તે પ્રકારની પર્યાયે ઊપજતો થકો જીવ છે. બીજાની પર્યાયે ઊપજતો થકો એ તો છે જ નહિ, પોતાની પર્યાય પણ ક્રમસરમાં નંબરવાર આવે એ આવવાની. જેનો નંબર એ પર્યાયમાં આવવાનો એ જ આવવાની. આહાહા..! પણ એવી પ્રતીતિ કરનારને જ્ઞાયકભાવ સત્ સ્વરૂપ જે ત્રિકાળી સત્ સત્તા (છે) તેના ઉપર એની દૃષ્ટિ જો હોય તો તે ક્રમસર પરિણામ થાય તેનો તે જાણનાર થાય.

પર્યાયનો નિર્ણય પર્યાયથી થાય નહિ. જે સમયે જે પર્યાય થવાની તે થાય પણ એનો નિર્ણય પર્યાયને લક્ષે ન થાય. એનો નિર્ણય, અનુભવ જ્ઞાયક જે સત્તા ત્રિકાળી છે તેના સત્તાના સ્વીકારમાં દૃષ્ટિ જતાં ક્રમબદ્ધનો નિર્ણય એને અકર્તાપણે આવે છે. એટલે કે તે પર્યાય થાય છે તેનો પણ કર્તા નથી. થાય છે તેને શું કરવું? થાય છે તેને શું કરવું? છે, છે એને શું કરવું? આહાહા..!

એટલે પહેલો જીવ ક્રમસર, નંબરવાર, **'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો હોવાથી જીવ જ છે.'** એને પરિણામ ઊપજવામાં પરદ્રવ્યની કોઈ અપેક્ષા છે જ નહિ. જીવના નંબરવાર પરિણામ ઊપજવામાં બીજા કોઈ દ્રવ્યની અપેક્ષા છે જ નહિ, પહેલું એ સિદ્ધ કરે છે. પછી સિદ્ધ તો બીજું કરવું છે, કે અજીવનું કર્મ એનું નથી. વાત તો એ સિદ્ધ કરવી છે પણ પહેલો એના જ પરિણામનો પોતે તે સમયના પરિણામ ઊપજે તે જીવ છે, તે જીવ છે. તે તે પરિણામ તે તે સમયે ઊપજે છે તેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર છે તેથી તે જીવ છે. આડીઅવળી કરવા જાય તો એ જીવ નથી. તેમ પર્યાયનો ક્રમબદ્ધનો (નિર્ણય) પર્યાયને લક્ષે કરવા જાય તોપણ તે જીવ નથી. આહાહા..! ત્રિકાળી જીવ જે સ્વભાવ છે તેની દૃષ્ટિ કરતાં જે નંબરવાર પર્યાય આવે તેને તે જાણનાર છે. આવી આકરી વાતું છે.

**'અજીવ નથી;...'** એ પરિણામ જે આવે તે અજીવ નથી. ભલે અશુદ્ધ હો પણ તેનો જાણનાર તરીકે જાણવાનો પર્યાય પણ સાથે ઉભો થાય છે તેને અજીવની અપેક્ષા નથી. તેમ ખરેખર તો અશુદ્ધ પરિણામ જે ઊપજે છે અને એનો જે જીવ જ્ઞાયકપણે જે નિર્ણય કરીને જ્ઞાન થાય છે તે જ્ઞાનમાં પણ એ અશુદ્ધ પરિણામની અપેક્ષા નથી. આહાહા..! આવી વસ્તુ છે.

**'એવી રીતે અજીવ પણ...'** જેમ જીવ કહ્યો એમ અજીવ પણ. શરીર, કર્મ, પરમાણુઓ,

બહારની બધી પુદ્‌ગલની ચીજો એ **'અજીવ પણ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...'** એ પણ નંબરવાર પરિણામ આવે તેનાથી તે ઊપજે છે. તેથી તે અજીવ છે. એ પરિણામને જીવની કોઈ અપેક્ષા નથી. કર્મબંધન જે થાય છે તે અહીં રાગ છે માટે કર્મબંધનની પર્યાય થાય છે એવી અપેક્ષા નથી. કર્મબંધન વખતે પણ તે પરમાણુની પર્યાય અજીવની કર્મપણે થવાને લાયકથી થઈ છે તેથી તે અજીવ છે. જીવના રાગની અપેક્ષા થઈ માટે અહીં કર્મબંધન થયું એવી અપેક્ષા નથી. આહાહા..!

એક બાજુ એમ કહેવાય કે, જ્ઞાનાવરણીય આદિ છ કારણે બંધાય. આવે છે કે નહિ? જ્ઞાનનો નિહ્નવ કરે, ઓળવે, જ્ઞાન વિપરીત કરે એવા ભાવથી જ્ઞાનાવરણીય બંધાય, એમ આવે. અહીં કહે છે, કે ઇ જ્ઞાનાવરણીય જે બંધાય છે એ અજીવ પોતાના તે સમયના તે પરિણામથી ઊપજતો થકો કર્મ થાય છે. જોડે રાગ છે કે મિથ્યાત્વ છે માટે આ કર્મની પર્યાય એમ થાય છે એમ નથી. એ પરમાણુના એ સમયના પરિણામ નંબરવાર આવ્યા (છે). જેમ પહેલા નંબરનો... છોકરાઓને કહે, પહેલો નંબર? કે, હા. બીજો, ત્રીજો, ચોથો નંબરવાર આહાહા..! એમ ટિકિટ લેવા જાય ત્યાં પણ નંબરવાર ઉભા હોય છે ને આમ? એને ક્રમસર મળે છે. અહીં તો અત્યારે તો દૂધ લેવા જાય છે તો એને હારમાં ક્રમસર પહેલો, બીજો (હોય) તેને તે મળે, આડો-અવળો થઈને ત્રીજા નંબરનો પહેલે નંબર ઘુસી જાય તો માર પડે માથે.

એમ આ અજીવમાં પણ ક્રમબદ્ધ પોતાના પરિણામ તે જ સમયે, તે જ જાત, તે જ જાતના પરિણામ જે થયા તે જ જાતના થવાના તે થવાના થયા. તેથી તે પરિણામે અજીવ ઊપજતો થકો એ અજીવ છે. ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે ઇ. આહાહા..! કર્મબંધ થાય એને જીવના રાગની અપેક્ષા નથી, કહે છે. એ તો એનો પર્યાયનો કાળ છે. પરમાણુઓનો કર્મપણે પરિણમવાની પર્યાયનો નંબરવાર પરમાણુમાં છે તેથી તે તે જ્ઞાનાવરણીય આદિ બંધાય છે. આમ કહે, છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધાય, છ પ્રકારે દર્શનાવરણીય બંધાય, અગિયાર પ્રકારે વેદનીય બંધાય. આવે છે ને બોલ? આહાહા..! એ તો નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવ્યું છે. બાકી તો તે સમયે અજીવના પરિણામ તે જ જાતના, તે જ પ્રકારના, તે જ કાળે, તે જ પર્યાય થવાની હતી. આહાહા..!

એ પ્રશ્ન થયો હતો. જીવ રાગ ન કરે તો ત્યાં કર્મબંધન ક્યાં બંધાય છે? એટલો ફેર પડે છે કે નહિ? એ પ્રશ્ન થયો હતો. 'રાજકોટ' (સંવત) ૨૦૦૬ ની સાલ. ખબર છે? ખબર નહિ હોય. 'મૂળશંકરે' પ્રશ્ન કર્યો હતો. ૨૦૦૬ સાલ, મંદિર વખતે. એમ કે, આત્મા રાગ ન કરે તો ત્યાં બંધાય નહિ. એટલી અપેક્ષા છે કે નહિ? પણ ઇ અપેક્ષા ત્યાં છે જ નહિ. ન કરે, કરવાનો પ્રશ્ન જ નથી. એ સમયે પરમાણુની પર્યાય ક્રમપણે થવાની તે થઈ, થવાની તે થાશે જ, એને રાગની અપેક્ષા નથી. આહાહા..! જ્યારે કર્મરૂપે પર્યાય થાય

છે પછી એનો પ્રશ્ન શું? કે રાગ ન કરે તો ન થાત એ પ્રશ્ન જ નથી, એ વાત જ તદ્દન અસત્ય ને જૂઠી છે. આહાહા..! એ જે સમયે કર્મની પર્યાય જે પ્રકારે થવાની તે થાય છે તેથી તેને અજીવ કહેવામાં આવે છે. **'અજીવ પણ...'** પણ એટલે પહેલો જીવ કીધો છે માટે **'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી;...'** જીવની અપેક્ષા એને બિલકુલ નથી એમ કહે છે. આહાહા..!

**'કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને...'** સોનું જે છે એ કુંડળ ને વીંટી આદિથી ઊપજે છે. તે **'આદિ પરિણામો સાથે તે (સુવર્ણ) તાદાત્મ્ય છે...'** અત્યારે તે પરિણામને તે દ્રવ્યથી તાદાત્મ્ય સિદ્ધ કરવા છે. પરિણામી પરિણામપણે આવતો નથી, થતો નથી અને પરિણામ પરિણામથી થાય છે એ વાત અત્યારે સિદ્ધ નથી કરવી. અત્યારે તો એ પરિણામ તાદાત્મ્ય (છે). કેમકે સુવર્ણના જે પરિણામ કંકણ આદિ થાય એ પરિણામ સુવર્ણથી તાદાત્મ્ય (છે). તાદાત્મ્ય નામ તદ્દસ્વરૂપ, તદ્દસ્વરૂપ. તાદાત્મ્ય તદ્દસ્વરૂપ જ છે એ તો. આહાહા..! એ કંકણ આદિના પર્યાય સોના સ્વરૂપ જ છે, સોનું તે રૂપે તાદાત્મ્ય છે. આહાહા..! એ કંકણ આદિ થયા એમાં સોનીનો અધિકાર નથી. સોની છે માટે કંકણ થયું કે અંતર નીચે... શું કીધું? લોઢાની એરણ, એરણ છે માટે ત્યાં સોનાનો દાગીનો થયો એવી એને અપેક્ષા છે જ નહિ. આહાહા..! તે સમયે તે સોનાના પરિણામનો નંબરવાર કંકણ થવાનો નંબર હતો માટે થયો છે. તેથી તે પરિણામ સોના સાથે તાદાત્મ્ય છે. પર સાથે નહિ એમ સિદ્ધ કરવા તાદાત્મ્ય છે એમ કીધું. નહિતર તાદાત્મ્ય નથી. પરિણામ ને પરિણામી પણ ભિન્ન છે. પણ પરથી થયા નથી અને પરની અપેક્ષા રાખીને એ પરિણામ થયા નથી. આહાહા..! સોની છે, હથોડો છે, એરણ છે તેથી દાગીનો થયો એમ નથી. તે કાળે તે પરિણામ સોનાના પરિણામ થવાનો તે જ પરિણામ થવાનો કાળ (હતો) તેથી તે પરિણામ તે સોના સાથે તાદાત્મ્ય છે, તદ્દરૂપે જ છે. આહાહા..! સોનાના કંકણ સોનારૂપે જ છે. આહાહા..!

**'તેમ સર્વ દ્રવ્યોને...'** એની પેઠે સર્વ દ્રવ્યોને. જીવ કે અજીવ, પરમાણુ કે ધર્માસ્તિ, કર્મનું બંધન કે જીવના પરિણામનો. **'સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.'** દરેક દ્રવ્યને તેની પર્યાય સાથે તે દ્રવ્ય નંબરવાર આવે અને તેની સાથે તાદાત્મ્ય છે. આહાહા..! પરની સાથે કાંઈ એની અપેક્ષા નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહાહા..! પાણી ઠંડુ છે, અગ્નિ આવીને ઊનું થાય છે. એ અગ્નિ એને અડતી નથી. અગ્નિથી ઊનું થયું નથી, અગ્નિને લઈને એ પાણી ઊનું થયું નથી. એ પાણીના પરિણામ ઉષ્ણપણે થવાના (હતા તેથી થયા છે). પાણી સાથે તાદાત્મ્ય છે, એ અગ્નિથી તાદાત્મ્ય છે નહિ. આહાહા..! **'સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.'**

**'આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** હવે શું કહે છે? કે, ઊપજવાનું

કાર્ય તો કરે છે તો ભેગું બીજાનું પણ ઊપજવાનું કાર્ય કરે એમાં શું વાંધો? કે, ના. **'પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** પરિણમનથી, **'પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે,...'** આહાહા..! કર્મ સાથે કાંઈ સંબંધ નથી. **'કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...'** અજીવની સાથે કાર્યકારણભાવ (અર્થાત્) જીવ કારણ અને અજીવની પર્યાય કાર્ય. આહાહા..! સોનીએ વીંટી ઘડી કે કુંડળ કર્યું એ વાત સિદ્ધ થતી નથી. આહાહા..! અને સત્ છે તેને હેતુ નથી. છતાં અહીંયાં દ્રવ્યને તાદાત્મ્ય સાથે સંબંધ કીધો. એ તો તાદાત્મ્ય સાથે સંબંધ કીધો. પણ દ્રવ્યથી ઉત્પન્ન થાય છે. પોતાના પરિણામ ઊપજે છે એમ અહીંયાં સિદ્ધ કર્યું, એટલું તો અહીં સિદ્ધ કર્યું છે. આહાહા..! તદ્દન વીતરાગભાવ છે. આહાહા..! જગતના બધા પદાર્થોથી ઉદાસ થઈ સ્વ પરિણામનો કર્તા રહે એ વીતરાગપણાનું તાત્પર્ય છે. આહાહા..!

કોઈ પણ પરને સુધારી શકે કે બગાડી શકે કે વ્યવસ્થાપક વ્યવસ્થા કરી શકે એમ બનતું નથી. હોંશિયાર વ્યવસ્થાપક હોય તો તેની વ્યવસ્થા બરાબર થાય એમ નથી. આહાહા..! આવું છે. શિક્ષણ શિબિર. શીખવે શિષ્યને. ગુરુ ભણાવવાવાળો બીજાને શીખવે. કહે છે, કે એથી એને પર્યાય ન્યાં થઈ છે એમ નથી. અરે..! અરે..! અને અત્યારે અહીંયાં સાંભળતા પણ શબ્દ કાને પડે છે તેથી તેને તે પ્રકારનું જ્ઞાન ઊપજે છે એમ નથી. આહાહા..! ગજબ વાત છે. ઘરે હતા ત્યારે આ પરિણામ નહોતા, અહીં પરિણામ થાય છે. પરિણામ આવવાનો ફેર પડ્યો નહિ? દુકાને બેઠો હોય એ પરિણામ જુદા અને મંદિરે જાય ત્યાં પરિણામ જુદા થાય. એટલી કોઈ પરની અસર છે કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :- આપ ના પાડો છો.

ઉત્તર :- એમ છે જ નહિ, વસ્તુના સ્વરૂપમાં જ એ નથી. જ્યાં જ્યાં જે જે દ્રવ્યો હોય ત્યાં ત્યાં તેના પરિણામ તેનાથી ઊપજેલા છે, એ મંદિરથી ઊપજ્યા નથી. ભગવાનના દર્શન થયા માટે શુભભાવ થયો એમ નથી એમ કહે છે. આહાહા..! તે પરિણામને ઉત્પન્ન થવાનો કાળ જ છે. ત્યારે એ સામી ચીજ છે એને નિમિત્ત કહો. નિમિત્ત એટલે કે બીજી ચીજ છે એટલું જ્ઞાન કરવા (કહો). એનાથી થાય છે, ભગવાનના દર્શનથી શુભભાવ થાય છે, એમ નથી. આહાહા..! આવી વાતું (એટલે) લોકો તો પછી કહે જ ને? 'સોનગઢ'નું એકાંત છે. પેલું તો શિક્ષણ શિબિર(માં) શીખો, આમ કરો, આ કરો, દુનિયાને મદદ કરો, એક બીજા સંપીને રહો, સંપીને રહો, એકબીજાને સહાયક થાવ. અહીં કહે છે, કે સહાયક-ફહાયક કોઈ થઈ શકતું નથી. આહાહા..! એકબીજા સાથે સંપ કરી શકતા નથી. ભિન્ન ભિન્ન છે. આહાહા..!

એ કહે છે, **'આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** એટલે કાર્ય તો કરે જ છે, કહે છે. જીવ પોતાના પરિણામે ઊપજે તો છે. **'તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી.'** ભલે પોતાનું ઊપજવાનું કાર્ય કરે પણ તેને પર સાથે

કાર્યકારણનો સંબંધ થતો નથી. **'કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે...'** સર્વ દ્રવ્યોને, સર્વ પદાર્થ, છ દ્રવ્યને, અનંતને. અનંત અનંતપણે ત્યારે રહી શકે કે પોતપોતાની પર્યાયમાં તાદાત્મ્ય હોય તો જ તે રહી શકે, નહિતર અનંતપણું ન રહે. આહાહા..! અનંત આત્માઓ, અનંત પરમાણુઓ એ ક્યારે રહી શકે? કે, જેને પરની અપેક્ષા વિના પોતાના પરિણામ પોતાથી થાય અને પોતાથી ટકે ત્યારે તે અનંતપણું અનંતપણે રહી શકે. એક દ્રવ્ય પણ બીજા દ્રવ્યને કાંઈ કરે તો એ બીજાને કરે, ત્રીજો ત્રીજાને કરે એમ કરીને અનંત દ્રવ્યો બધા પોતાના ભિન્ન અસ્તિત્વને ગુમાવી બેસે. આહાહા..! બહુ આકરી વાત.

**'કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય...'** એટલે? બીજા દ્રવ્યના પરિણામ ઉત્પન્ન થવાને લાયક અને બીજા દ્રવ્ય એને ઉત્પાદ કરનાર, એમ છે નહિ. ઉત્પાદ્ય એટલે થવાને લાયક, ઉત્પાદક (એટલે) એને કરનાર, એવા ભાવનો અભાવ છે. આહાહા..! ઉત્પાદ્ય અને ઉત્પાદકભાવનો અભાવ છે. આહાહા..! 'જયસેનાચાર્ય' ની ટીકામાં લખ્યું છે, કે કોઈ પણ એક ભાવ જો પૂરો સમજે તો બધા ભાવ બરાબર સમજે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. કોઈ પણ એક બોલ બરાબર સમજે, જેમ છે તેમ પર્યાય સમજે, જેમ છે તેમ દ્રવ્ય સમજે, જેમ છે તેમ ગુણ સમજે, એક ભાવ બરાબર સમજે તો એને બધા ભાવ સમજવામાં સરખા આવી જાય. એવું 'જયસેનાચાર્ય' ની ટીકામાં છે. આહાહા..!

**'સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય...'** નામ ઉત્પન્ન થવાની યોગ્યતા અને ઉત્પાદક કરનારો. કાર્ય ને કારણ (તેનો) અભાવ છે. ઉત્પાદ્ય તે કાર્ય અને ઉત્પાદક તે કારણ. એનો... છે? **'અભાવ છે. તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં,...'** ઉત્પાદ્ય એટલે કાર્ય. ઉત્પાદક એટલે કારણ. ઉત્પન્ન કરનારું કારણ, ઉત્પાદ્ય એટલે ઉત્પન્ન થયેલું કાર્ય. ઉત્પન્ન થયેલું કાર્ય અને ઉત્પાદક કરનારો. એવો કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી. ઉત્પાદ્ય શબ્દે કાર્ય અને ઉત્પાદક શબ્દે કારણ. આહાહા..!

**'સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે;...'** એક જીવ કાર્ય ને બીજો જીવ એનું કારણ એનો અભાવ છે. અજીવ કાર્ય ને જીવ એનું કારણ એનો અભાવ છે. અજીવ કારણ અને જીવ કાર્ય એનો અભાવ છે. આહાહા..! **'(કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં,...'** ઉત્પાદ્ય એટલે કાર્ય, ઉત્પાદ એટલે કારણ. **'તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં, અજીવને...'** સિદ્ધ તો આ કરવું છે. **'જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી;...'** અજીવને જીવનું કાર્ય એમ સિદ્ધ થતું નથી. અજીવનું કાર્ય જીવનું કાર્ય છે એમ સિદ્ધ થતું નથી. અજીવને જીવનું કર્મપણું, કર્મપણું એટલે કાર્ય, અજીવને જીવનું કાર્યપણું, અજીવને જીવનું કાર્યપણું સિદ્ધ થતું નથી. આહાહા..! એટલા બધા અજીવો છે એટલે એ શબ્દ વાપર્યો છે. આમ દેખનારો એક ને દેખાય અનંત પદાર્થ. તો એ અજીવનું કાર્ય જીવનું કારણ એમ સિદ્ધ થતું નથી. આહાહા..! છે?

**'અજીવને જીવનું કર્મપણું...'** અજીવને જીવનું કાર્યપણું. આહાહા..! અજીવનું કાર્ય જીવનું છે એમ સિદ્ધ થતું નથી. આહાહા..! પાણી ઊનું થાય, ટાઢુ મટીને ઊનું થાય એ અગ્નિથી ઊનું થયું નથી, અગ્નિ પાણીને અડી નથી, પાણીને અગ્નિ અડી જ નથી. પાણીનું કાર્ય અને અગ્નિ કારણ, પાણી ઊનું (થયું) એ કાર્ય, અગ્નિ કારણ એમ સિદ્ધ થતું નથી. અથવા કાર્ય ઉષ્ણતા અને જીવ આવીને અગ્નિનો સંયોગ કરાવીને ઊનું થયું એમ જીવનું, અજીવનું કાર્ય સિદ્ધ થતું નથી. જીવને અજીવનું કાર્ય સિદ્ધ થતું નથી. આહાહા..! આખો દિ' આ બધા કર્યા કરે છે ને?

મુમુક્ષુ :- વકીલ ને ડૉક્ટર તો બહુ કરે.

ઉત્તર :- વકીલ ને ડૉક્ટર કરે, અભિમાન. ઇંજેક્શન લગાવીએ, આ કરીએ ને ફલાણું કરીએ. વકીલ દલીલ કરે. આહાહા..!

અજીવનું કોઈ પણ સમયનું કાર્ય અજીવને સમયે થાય. તેમાં જીવનું કાર્યપણું-કર્મપણું બિલકુલ નથી. આહાહા..! સિદ્ધ તો એમ કર્યું છે, જોયું? **'અજીવને જીવનું કર્મપણું...'** અજીવનું કાર્ય જીવ કાર્ય કરે એ સિદ્ધ થતું નથી. આહાહા..! આ કોટ પહેરે છે ને ટોપી ઓઢે છે એ ક્રિયા અજીવના કાર્ય છે, એ જીવ કરતો નથી. અજીવનું કર્મ, જીવનું કાર્ય છે તેમ સિદ્ધ થતું નથી. આહાહા..! સરવાળે પાછી વાત ઇ લીધી છે. જીવનું કાર્ય અજીવ કરે એ વાત નથી. પણ અજીવનું કાર્ય જીવ કરે એ વાત સિદ્ધ થતી નથી. કારણ કે, જીવ હોંશિયાર માણસ બહુ ગણાય ને? અને બધું જે વ્યવસ્થિત કામ કરવું હોય તો બરાબર કરે. આહાહા..!

સોઈમાં આમ બરાબર ધ્યાન રાખીને દોરો પોરવવો હોય, દોરાને પાતળો ઝીણો કરી પછી ખેંચે. કહે છે, (એની) સત્તા ભિન્ન છે, જ્ઞાયક સત્તા ભિન્ન છે. જડના કાર્ય વિનાનું કાર્ય છે, જડનું કાર્ય જીવનું નથી. જીવ સ્વતંત્ર ભિન્ન સત્તા છે એવા અહમ્‌પણાની સત્તાની શ્રદ્ધા એને થતી નથી. આહાહા..! ક્ષણે અને પળે અજીવ બદલતું જાય, લુગડું બદલે, આંખ બદલે, શરીર બદલે એ બદલવામાં પણ મારું ધ્યાન ન રહ્યું માટે બદલાણું, ખાવાનું ધ્યાન ન રહ્યું માટે આમ થયું. ક્ષણે ને પળે પરના કાર્યના કારણનો જીવમાં અભાવ છે. અજીવના કાર્યમાં જીવના કાર્યનો અભાવ છે. શબ્દ જોયો? **'અજીવને જીવનું કર્મપણું...'** અજીવનું કાર્ય એ જીવનું કાર્ય સિદ્ધ થતું નથી. અજીવનું કાર્ય તે જીવનું કાર્ય સિદ્ધ થતું નથી. એ શબ્દનો એ અર્થ છે. સમજાણું કાંઈ? આહાહા..!

એક જ સિદ્ધાંત ગજબ કરે છે ને! આખા દુનિયાને વહેંચી નાખ્યું. દરેક દ્રવ્ય પોતપોતાની પર્યાયને કરે અને એ પર્યાય તાદાત્મ્ય દ્રવ્ય સાથે ભલે હો. બસ! બાકી પરની સાથે એનો કાંઈ (સંબંધ નથી). શબ્દ તો અહીં અજીવનું કાર્ય જીવ કરે નહિ, એમ કીધું છે. પણ બીજા જીવનું કાર્ય પણ બીજો જીવ કરે એમેય નથી. આ આમ વધારે લીધું. કારણ કે, અજીવ બહુ ઘણા છે. જીવ કરતાં અનંતગુણા અજીવ છે. આહા..! અને અનંતગુણા અજીવના કાર્ય

સમય સમયે ભિન્ન ભિન્ન થતાં ભાળતા મારી વ્યવસ્થા છે માટે આ ભિન્ન ભિન્ન થાય છે, મારું લક્ષ બરાબર ત્યાં છે માટે તે વ્યવસ્થિત જડના કાર્ય (થાય) છે એમ માનનારને અહીં જૂઠા ઠરાવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'અજીવને જીવનું કર્મપણું...'** જીવનું કર્મપણું અજીવનું એમ નથી લીધું. પણ અજીવનું કાર્ય જીવનું સિદ્ધ થતું નથી. આહાહા..! છે કે નહિ અંદર? જુઓને! આહાહા..! હવે અહીં કહે કે, પરની દયા પાળો. જીવ પરની દયા પાળી શકતો નથી. જીવને દયાના ભાવ આવે એ પણ રાગ અને જીવની પોતાની હિંસા છે. આહાહા..! પરની (દયા) કરી શકતો તો નથી પણ પર જીવની દયાનો ભાવ આવે તો કહે છે, કે એ પણ કામ રાગ છે. પણ અહીં તો એ સિદ્ધ નથી કરવું પણ એની ગૌણતામાં આ બધું આવી જાય છે. અજીવનું કર્મ જીવનું નથી એટલું અહીં સિદ્ધ કરવું છે. કેમકે જાજા અજીવ છે. બધા આમ અનંતગુણા દેખાવમાં આવે અને જ્યાં હોય ત્યાં એને સવારમાં ઉઠે મોઢામાં સાફ કરે. શું આવે છે ઇ? સજાયો. કહે છે, કે એ કાર્ય જીવનું નથી એમ સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- જીવનું નથી પણ સજાયાનું છે?

ઉત્તર :- સજાયાનું પણ નથી. અહીં તો અજીવનું કાર્ય જીવ(નું) નથી એટલું સિદ્ધ કરવું છે પણ એમાં બધા ભાગ આવી જાય છે. આહાહા..! સજાયો એ વાળને ખેંચતો નથી, વાળને અડતોય નથી અને વાળ છૂટા પડે છે. આહાહા..! હવે આખો દિ' આ ધંધામાં તો 'હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે, હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' એ ગાડુ ચાલતું હોય અને નીચે ઠુંઠે, પાછળ કુતરુ નીચે ઉભું હોય તો એને પેલું ઠુંઠું અડતું હોય (તો માને કે) એને લઈને ગાડું ચાલે છે. એમ આ દુકાને બેઠો. નોકર વ્યવસ્થિત કામ કરી શકે નહિ એવું હું બરાબર વ્યવસ્થિત કામ કરી શકું. ઘરાકને સાચવી શકું છું, લઈ-દઈ શકું છું. આહાહા..! એવા અજીવના કામને, અજીવની પર્યાયને જીવ કારણ થઈને કરે એ સિદ્ધ થતું નથી. આહાહા..! આ બધા કારખાના ચલાવે છે. આમ ચાંપ દાબે ત્યાં ચાલે, ચાંપ આમ કરે ત્યાં બંધ થઈ જાય, લ્યો! આહાહા..!

આ વાત સિદ્ધ કરીને સિદ્ધ આટલું કરવું છે. જીવનું જીવ કાર્ય કરે પણ જીવ અજીવનું ન કરે એ સિદ્ધ કરવું છે. આમ અજીવનું અજીવ કર્તા ને જીવનું કર્મ કર્મ, એમ નહિ. પણ જીવ કર્તા અને અજીવનું કર્મ એ કોઈ રીતે સિદ્ધ થતું નથી. આહા..! કારણ કે, વધારે તો આખું ચાલે ઇ જ છે ને માટે (એમ કહ્યું છે). આખો દિ' હાથ, પગ હલે, આમ હલાવવા, આમ હલાવે. ખાવા વખતે પણ રોટલીને આંગળા આમ આમ કરે, બટકા ભરે, બટકા કરે. એ અજીવનું કાર્ય, જીવનું કાર્ય સિદ્ધ થતું નથી. આહાહા..! આંગળાને જેમ વાળવા હોય તો વળે, શાકને અડે. શું કહેવાય પેલું? ચટણી. ચટણીને લે ત્યારે આમ લે, શાકને લે ત્યારે આમ લે, રોટલી લેતા આમ કટકા કરે, રોટલાના કટકા આમ કરે, એને તોડે. એ અજીવની

પર્યાયનું કર્મ એટલે કાર્ય તે તે સમયે તે પર્યાય તે અજીવમાં થતી તેનું કર્મ જીવને સિદ્ધ થતું નથી. આહાહા..! આવી વાત છે. એકાંત છે એમ કરીને કાઢી નાખે. માણસ એકાંત છે, અનેકાંત જોઈએ. કથંચિત્ નિશ્ચયથી કરી શકે નહિ, વ્યવહારથી કરી શકે.

મુમુક્ષુ :- વ્યવહારથી એમ કહેવાય.

ઉત્તર :- કહેવાય ઇ તો બોલાય. એમાં છે શું? બોલે તે કોણ બોલે છે? બોલે છે બીજો. આત્મા ક્યાં બોલે છે? આહાહા..! વીતરાગ માર્ગ એ સિવાય ક્યાંય બીજે સત્ છે જ નહિ. પરમાત્મા ત્રિલોકનાથ... આહાહા..! મુનિને એ દરકાર નથી. મુનિ તો ભગવાન કરીને બોલાવી (કહે છે કે) પ્રભુ! તારું કાર્ય અજીવનું નથી, હોં! આહાહા..! ભગવાન! અજીવ અનંતા આ જે દેખાય છે, પરમાણુ, હોઠ, શરીર, વાણી, મન, પૈસા, લક્ષ્મી, દાળ, ભાત, શાક, લુગડા, કપડા, દાગીના, મકાન... આહાહા..! તેના તે તે સમયનું તે કાર્ય અજીવનું કર્મ એટલે કાર્ય, જીવનું નથી. આહાહા..!

મુમુક્ષુ :- જીવ પોતાનામાં પોતાનો પર્યાય ગમે તેમ કરી શકે, પરમાં ન કરી શકે.

ઉત્તર :- ગમે તેમ નહિ. એ પર્યાય આવે તે જ કરી શકે. ગમે તેમ નહિ. જે સમયની એ પર્યાય આવે તે જ રૂપે પરિણમે.

મુમુક્ષુ :- એના ઉપર જોર કેમ નથી આપતા?

ઉત્તર :- ઇ આવી ગયું અંદર. સર્વ દ્રવ્ય આવ્યું ને? **'સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.'** પોતપોતાના પરિણામ સાથે (તાદાત્મ્ય છે), પરની સાથે કાંઈ સંબંધ નથી. એ પહેલું સામાન્ય આવી ગયું. અને આ હવે અજીવનું (કાર્ય) ઘણું છે, આખો દિ' અજીવનું ખાવું, પીવું, બોલવું, ચાલવું, પુસ્તક લખવું, દાગીના, દેવું, લેવું, ઘરાક, માલ આવ્યો, માલ દીધો ને માલ રાખ્યો ને આટલો રાખ્યો ને આટલો દીધો ને આટલો... એ..ઇ..! 'શાંતિભાઈ'! જવેરાતમાં આટલી જવેરાત વેચાણી ને આટલા કામ કરનારા પચ્ચીસ જણા છે ને એનાથી આટલા દાગીના સાફ થયા ને આટલા પૈસા ગયા ને એટલા પેદા થયા. આહાહા..! બહુ આકરું કામ.

અહીં આ શબ્દ લેવો છે. **'અજીવને જીવનું કર્મપણું...'** આહાહા..! સમજાય છે કાંઈ? પરમાણુથી માંડીને સ્કંધ. રોટલી, દાળ, ભાત, શાક, હાથ, દાઢ, જીભ કોઈ પણ જડનું કાર્ય અજીવનું સિદ્ધ થતું નથી. કેમકે અજીવમાં તે તે સમયે તે પર્યાય તેમાં ઉત્પન્ન થાય છે. આહાહા..! તેથી અજીવને જીવનું કાર્યપણું (સિદ્ધ થતું નથી). વજન અહીં આપ્યું છે. આ બધું કહ્યું બધું. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું કરે નહિ, એમ વાત તો બધી આવી, પણ વધારે વજન અહીં આપ્યું છે. કારણ કે, આ બહારમાં બધે અજીવની ચીજમાં ક્ષણે ક્ષણે એને અભિમાન થાય છે. આહા..! લખવામાં, બોલવામાં, ખાવામાં, પીવામાં, વહેંચવામાં, માલ લાવવામાં. એ..ઇ..! 'કાંતિભાઈ'! જંગલમાંથી લાકડા લાવવામાં. આહાહા..! આનું આ કર્યું

ને આનું આ કર્યું ને આનું આ કર્યું. આહાહા..! આ તો ઠરી ગયેલાની વાતું છે, બાપુ!

તું તારા પરિણામમાં રહે. એ પરિણામની સાથે તાદાત્મ્ય તારે છે. બીજાના પરિણામ સાથે તાદાત્મ્ય નથી તેથી તે પરિણામનું કાર્ય તારું નથી. એ અજીવનું કાર્ય જીવનું નથી. આહાહા..! સરવાળો અહીં લીધો. પહેલું સર્વ દ્રવ્યોનું લઈને છેવટે અજીવ બહુ છે (અને) આખો દિ' એની નજરું ત્યાં જ જાય છે. આહાહા..! શ્વાસ લઈ શકું છું, શ્વાસ મુકી શકું છું, શ્વાસ રોકી શકું છું. આહાહા..! એવા અજીવના કાર્યને જીવનું કાર્યપણું સિદ્ધ થતું નથી. આહાહા..! પાંચ મિનિટની વાર છે ને હજી? પોણા નવમાં પાંચ (થઈ છે). આહાહા..!

**'અને તે (-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...'** આહાહા..! ટીકા તે ટીકા છે. **'કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...'** પરનું કાર્ય જીવની અપેક્ષા વિના, એમ જીવનું કાર્ય પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે-અપેક્ષા જ નથી, કે આ છે માટે આ થયું એવી અપેક્ષા જ નથી. આહાહા..! આ લાકડી એની મેળાએ કેમ ઊંચી થતી નથી? કહે છે, એની મેળાએ ઊંચી થાય છે. એ ઊંચીનું કર્મ જીવનું કાર્ય નથી. આહાહા..! એ સમયનું અજીવનું કર્મ જીવનું નથી. જીવે તે લાકડીને ઊંચી કરી નથી. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- જીવને ભાવ શક્તિ વિનાનો ઠરાવ્યો.

ઉત્તર :- ભાવ શક્તિવાળો ઠરાવ્યો. અનંતી ભાવ શક્તિ (છે). પરનું કાર્ય નહિ ને એનો જ્ઞાતા-દૃષ્ટા (રહે) એવી અનંતી શક્તિ છે. અનંત અનંત આત્માથી વિરુદ્ધ અનંત અજીવો, એ અનંત અનંતગુણા અજીવના કર્મને-કાર્યને નહિ કરતો તે કાળે, તે કાળે તેને જાણતો, દેખતો અનંત સામર્થ્યવાળો ભગવાન છે. જાણતા-દેખતાવાળો અનંત સામર્થ્યવાળો છે. પરના કામ કરવાના સામર્થ્યવાળો નથી. પરના કાર્ય માટે પાંગળો છે. પણ પર અને સ્વને જાણવા માટે... આહાહા..! અનંતો પુરુષાર્થ છે, અનંતો પુરુષાર્થી છે.

અહીં સરવાળો તો લીધોને? **'(-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...'** જડનું કાર્ય જીવની અપેક્ષા વિના થાય છે. આ હાથ હાલે છે એ આત્માની અપેક્ષા વિના હાથ હાલે છે. આહાહા..! 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા, દયા તણા પ્રમાણ.' અહીં કહે છે, કે પરની દયાનું કાર્ય જીવનું છે જ નહિ. ઇ પર જીવનું કાર્ય આનું છે જ નહિ. આહાહા..! એનું શરીર જે નભ્યું ને ટક્યું, તેં કાંઈ મદદ કરી માટે ટક્યું છે એમ છે જ નહિ. આહાહા..! એકબીજાને સંપથી રહી શકે તો શાંતિ રહે, એકબીજાને સહાયક થાય તો શાંતિ રહે. ઇ અહીં છે જ નહિ એમ કહે છે. આહાહા..! શાંતિ તો પોતાથી પોતામાં રહે છે. પરનું કાર્ય મારું નથી. આહાહા..! મારું તો જાણવા-દેખવાનું કાર્ય છે. એ જાણવા-દેખવાના પરિણામ સાથે તાદાત્મ્ય છું. જાણવા-દેખવાના કાર્યનો કર્તા છું એટલું અહીં સિદ્ધ કરવું છે. પણ પરની સાથે કાંઈ સંબંધ નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૩૮૪, શ્લોક-૧૯૫, ગાથા–૩૦૮ થી ૩૧૧ સોમવાર, મહા સુદ ૪, તા. ૦૪-૦૨-૧૯૮૦**

**ભાવાર્થ :–** 'સમયસાર' ૩૦૮ થી ૩૧૧ ગાથાનો ભાવાર્થ. **'સર્વ દ્રવ્યોના...'** સર્વ દ્રવ્યો લીધા છે, છએ દ્રવ્ય. **'પરિણામ જુદા જુદા છે.'** દરેક દ્રવ્યના પરિણામ જુદા જુદા છે. **'પોતપોતાના પરિણામોના, સૌ દ્રવ્યો કર્તા છે;...'** દરેક દ્રવ્ય પોતપોતાના પરિણામ એટલે પર્યાયના કર્તા એ દ્રવ્ય છે. **'તેઓ તે પરિણામોના કર્તા છે,...'** તે તે દ્રવ્ય તે તે પરિણામનો કર્તા છે અને **'તે પરિણામો તેમનાં કર્મ (કાર્ય) છે.'** કર્તા ને કર્મ અભિન્ન કીધું. તે પરિણામોનો કર્તા તે છે અને પરિણામ તેનું કાર્ય છે. એટલે કર્તાકર્મ બધું અભિન્ન છે. કર્તા બીજો ને કર્મ–કાર્ય બીજાનું, બીજામાં એવો કોઈ સંબંધ નથી.

**'નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તાકર્મસંબંધ નથી.'** વ્યવહારથી કથન કહેવામાં આવે પણ એ કાંઈ વસ્તુ નથી. **'નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તાકર્મસંબંધ નથી.'** આહાહા..! **'માટે જીવ પોતાના પરિણામનો જ કર્તા છે.'** જીવ તો પોતાને જે પરિણામ થાય તેનો તેને કર્તા કહેવામાં આવે છે. અત્યારે એ વાત સિદ્ધ કરવી છે. પરથી જુદા. બાકી પરિણામ પરિણામનો કર્તા છે એ વાત અહીંયાં ગૌણ રાખી છે. **'જીવ પોતાના પરિણામનો જ કર્તા છે.'** અહીં તો દ્રવ્ય જે છે, દ્રવ્ય એ થતાં પરિણામનો તે કર્તા છે એમ કહીને બીજું દ્રવ્ય તેનું કર્તા નથી (એમ સિદ્ધ કરવું છે). આહા..! સમય સમયમાં દરેક જીવના પરિણામ એનું કાર્ય છે અને કર્તા એ જીવદ્રવ્ય છે. પરદ્રવ્યના પરિણામ સાથે કાંઈ એને સંબંધ નથી. આહાહા..! આ શરીરના, વાણીના, કર્મના, મનના પરિણામ સાથે જીવને કાંઈ સંબંધ નથી. પોતાના પરિણામ કર્તા અને પોતે એનો કર્મ.

**'એવી જ રીતે અજીવ પોતાના પરિણામનું જ કર્તા છે,...'** પરમાણુઓ, આ દરેક શરીર આદિ તેના જે આ પર્યાય થાય તેના કર્તા તે અજીવ છે. હાલવા, ચાલવાની ક્રિયા થાય, બોલવાની ક્રિયા થાય તેનો કર્તા તે અજીવ છે, જીવ નહિ. આહાહા..! આવો પરથી તદ્દન નવરો. એક સમયમાં બેયના પરિણામ સાથે હોવા છતાં બીજાના પરિણામનો બીજો જીવ કર્તા નથી. તેના પરિણામનો કર્તા તે અને આના પરિણામનો કર્તા જીવ. **'એવી જ રીતે અજીવ પોતાના પરિણામનું જ કર્તા છે,...'** શરીર, આ વાણી, આ મન. આહાહા..! તે તે કાળે તે પરિણામનો તે કર્તા તે દ્રવ્ય અજીવ છે. અજીવના પરિણામનો કર્તા જીવ નિમિત્તપણે દેખાય છે એથી એ કર્તા નથી. નિમિત્તપણે ભલે હો. નિમિત્તપણું કહેશે પણ કર્તા નથી. નિમિત્ત તેનો કર્તા નથી, નહિંતર નિમિત્ત કહેવાય નહિ. નહિંતર ઉપાદાન થઈ જાય. ઇ કહેશે.

**'પોતાના પરિણામ કર્મ છે.'** પોતાના પરિણામ કર્તા અને એનું કર્મ પોતે કર્મ–કાર્ય, કર્મ એટલે કાર્ય. **'આ રીતે જીવ બીજાના પરિણામોનો અકર્તા છે.'** આહાહા..! ધંધોપાણી, આ વેપાર એ બધા પદાર્થનો કર્તા આત્મા નથી, એમ કહે છે. આહાહા..! ખાવા-પીવાની ક્રિયા, બોલવાની, ચાલવાની ક્રિયા એ પરિણામનો કર્તા આત્મા નથી. તે તે કાળે તે અજીવના પરિણામ એનું કર્મ અને તેનો કર્તા તે અજીવ છે. નિમિત્તાધીન દૃષ્ટિવાળાને નિમિત્તથી થાય છે તેમ એને માને. નિમિત્ત આવ્યું માટે તે પરિણામ થયા. અહીં કહે છે, તેના પરિણામ (થાય) તેને કાળે ભલે નિમિત્ત હો, નિમિત્ત કહેશે આગળ કહેશે. છતાં એ નિમિત્તથી પરિણામ થતાં નથી. **'આ રીતે જીવ બીજા પરિણામોનો અકર્તા છે.'**

## શ્લોક–૧૯૫

(शिखरिणी)

अकर्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः
स्फुरच्चिज्जयोतिर्भिश्छुरितभुवनाभोगभवनः।
तथाप्यस्यासौ स्याद्यदिह किल बन्धः प्रकृतिभिः
स खल्वज्ञानस्य स्फुरति महिमा कोऽपि गहनः।।१९५।।

---

'આ રીતે જીવ અકર્તા છે તોપણ તેને બંધ થાય છે એ કોઈ અજ્ઞાનનો મહિમા છે' એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છે :–

શ્લોકાર્થ :– [ स्वरसतः विशुद्धः ] જે નિજરસથી વિશુદ્ધ છે, અને [ स्फुरत्-चित्-ज्योतिर्भिः छुरित-भुवन-आभोग-भवनः ] સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ વડે લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે એવો જેનો સ્વભાવ છે, [ अयं जीवः ] એવો આ જીવ [ इति ] પૂર્વોક્ત રીતે (પરદ્રવ્યનો અને પરભાવોનો) [ अकर्ता स्थितः ] અકર્તા ઠર્યો, [ तथापि ] તોપણ [ अस्य ] તેને [ इह ] આ જગતમાં [ प्रकृतिभिः ] કર્મપ્રકૃતિઓ સાથે [ यद् असौ बन्धः किल स्यात् ] જે આ (પ્રગટ) બંધ થાય છે [ सः खलु अज्ञानस्य कः अपि गहनः महिमा स्फुरति ] તે ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા સ્ફુરાયમાન છે. ૧૯૫.

**ભાવાર્થ :- જેનું જ્ઞાન સર્વ જ્ઞેયોમાં વ્યાપનારું છે એવો આ જીવ શુદ્ધનયથી પરદ્રવ્યનો કર્તા નથી, તોપણ તેને કર્મનો બંધ થાય છે તે કોઈ અજ્ઞાનનો ગહન મહિમા છે-જેનો પાર પમાતો નથી. ૧૯૫.**

## શ્લોક-૧૯૫ ઉપર પ્રવચન

**'આ રીતે જીવ અકર્તા છે...'** જીવનો એનો સ્વભાવ પરનો અકર્તા છે. **'તોપણ તેને બંધ થાય છે...'** શું છે આ? વિસ્મયતા આ તે શું? જીવ બીજા દ્રવ્યના પરિણામનો કર્તા નથી છતાં... આહાહા..! તેને બંધ થાય છે. એના પરિણામનો કર્તા નથી છતાં બંધ થાય છે. **'એ કોઈ અજ્ઞાનનો મહિમા છે...'** આહાહા..! ગહન મહિમા છે એમ કહેશે. આહા..! કળશમાં તો એમ કહેશે. શું છે આ તે આ? દરેક પરમાણુ પોતાની પર્યાયને કરે એનો કર્તા ઇ અને નિમિત્ત એનો કર્તા નહિ છતાં એ આત્મામાં બંધ થાય છે એ કોઈ અજ્ઞાનની ગહન મહિમા છે. અજ્ઞાનની કોઈ ગહન (મહિમા છે) કે કર્તાપણું નહિ હોવા છતાં તેને બંધ થાય છે એ અજ્ઞાનની મહિમા છે. આહાહા..! **'એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છે :'**

**अकर्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः**
**स्फुरच्चिज्जयोतिर्भिश्छुरितभुवनाभोगभवनः।**
**तथाप्यस्यासौ स्याद्यदिह किल बन्धः प्रकृतिभिः**
**स खल्वज्ञानस्य स्फुरति महिमा कोऽपि गहनः।।१९५।।**

આહાહા..! શું છે આ તે? કર્તા નહિ અને બંધ થાય! પરદ્રવ્યનો કર્તા નહિ, કર્મનો ને કર્મની પ્રકૃતિનો જીવની સાથે બંધ થાય. કર્તા નહિ ને બંધ થાય એ અજ્ઞાનની મહિમા છે, એમ કહે છે. આહાહા..!

**'स्वरसतः विशुद्धः'** ભગવાનઆત્મા **'જે નિજરસથી વિશુદ્ધ છે,...'** પોતાના સ્વભાવથી શુદ્ધ સ્વભાવથી સ્વરસ-સ્વશક્તિ, સ્વસામર્થ્ય એના સ્વરસથી તો એ વિશુદ્ધ છે. આહાહા..! દરેક ભગવાનઆત્મા નિજરસથી તો વિશુદ્ધ છે. પોતાના રસના સ્વભાવથી જ્ઞાનરસ છે, આનંદરસ, શાંતરસ, વીતરાગરસ.. આહાહા..! એવા નિજરસથી તો એ વિશુદ્ધ જ છે. વિશુદ્ધ તો શુભભાવને પણ વાપરવામાં આવે છે પણ અહીં એ નહિ, અહીં શુદ્ધને વિશુદ્ધ કીધું છે. વિશુદ્ધ શુભભાવને પણ વિશુદ્ધ કહેવામાં આવે છે. અશુભની અપેક્ષાએ. પણ આ વિશુદ્ધ છે એ તો નિર્મળ છે. આહાહા..! સ્વરસથી-પોતાની તાકાતથી, પોતાના સ્વભાવના સામર્થ્યથી ભગવાનઆત્મા પોતાના સ્વભાવના સામર્થ્યથી વિશુદ્ધ છે. એની વિશુદ્ધતાને માટે કોઈ દ્રવ્યની અપેક્ષા નથી. નિજરસથી જ વિશુદ્ધ છે, પોતાના સ્વભાવથી જ તે વિશુદ્ધ છે.

**'અને...'** 'स्फुरत्-चित्-ज्योतिर्भिः छुरित-भुवन-आभोग-भवनः' જેની ચૈતન્ય જ્યોતિ પ્રગટ થતાં **'સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ...'** આહાહા..! વિશુદ્ધ ચૈતન્ય સ્વભાવ, તેની પ્રગટ થતી **'ચૈતન્યજ્યોતિઓ વડે લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે,...'** એટલે કે બધાને જાણી લે છે. બધાને જાણનારો છે. આખા લોકાલોકને એ જાણનારો છે. ચૈતન્યની વિશુદ્ધ જ્યોતિ વડે લોકાલોકનો તે જાણનાર છે. આહા..!

**'એવો જેનો સ્વભાવ છે,...'** એવો જેનો સ્વભાવ છે. વિશુદ્ધ છે નિજરસથી અને લોકાલોકને જાણે તેવો તેનો સ્વતઃ સ્વભાવ છે એમ કહે છે. છે ને? **'એવો જેનો સ્વભાવ છે,...'** આ જીવ છતાં... આહાહા..! સ્વરસથી વિશુદ્ધ ત્રિકાળ અને જેની ચૈતન્ય જ્યોતિઓ પ્રગટ થતાં લોકાલોકને જાણે એવો એનો સ્વભાવ છે. પર્યાયનો પણ એવો એનો સ્વભાવ છે. ચૈતન્ય જ્યોતિ પ્રગટ થતાં વસ્તુ શુદ્ધ છે, તેમ પર્યાય પણ શુદ્ધ લોકાલોકને જાણવાને પોતાને કારણે સમર્થ છે. લોકાલોક છે માટે જાણે છે એમ પણ નહિ. આહા..! એનો સ્વભાવ જ એવો છે, એમ કહે છે. કીધું ને?

**'લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે એવો જેનો સ્વભાવ છે,...'** એમ કીધું. આહાહા..! એ લોકને જાણવા માટે લોક છે માટે (જાણે છે) એમ પણ નહિ, એનો સ્વભાવ જ એવો છે. ચૈતન્ય જ્યોતિ પ્રગટ થાય તે લોકાલોકને જાણે એવો જેનો સ્વભાવ છે, કરે એવો એનો સ્વભાવ નથી. કોઈ ચીજને કરે... આહાહા..! એવો એનો સ્વભાવ નથી, પણ આ સ્વભાવ છે. બધી ચીજને જાણવું એમ એવો એનો સ્વભાવ છે. બાકી રાખ્યા વિના, પોતાની ચૈતન્ય જ્યોતિથી બધાને વિસ્તારથી જાણવું એવો સ્ફુરાયમાન જેનો સ્વભાવ છે. આહાહા..!

**'अयं जीवः'** અરે..રે..! આ આવો જીવ છતાં. દ્રવ્યે શુદ્ધ છે અને પર્યાયની પ્રગટ જ્યોતિ થતાં બધાને જાણે એવો જેનો સ્વભાવ છે, એમ કહે છે. આહાહા..! વસ્તુ શુદ્ધ છે અને તેની પ્રગટ થતી ચૈતન્ય જ્યોતિઓ લોકાલોકને જાણે એવો એનો પોતાનો સ્વભાવ છે. લોકાલોકને કારણે નહિ, પોતાનો જ એવો સ્વભાવ છે. આવું હોવા છતાં, દ્રવ્ય અને પર્યાયમાં આવી તાકાત હોવા છતાં. આહાહા..!

**'આ જીવ પૂર્વોક્ત રીતે (પરદ્રવ્યનો અને પરભાવોનો) અકર્તા...'** સિદ્ધ છે. આ રીતે પરભાવોનો આત્મા અકર્તા ઠર્યો. સિદ્ધ છે એટલે ઠર્યો. એટલે એમ જ છે. આહાહા..! વસ્તુએ શુદ્ધ છે અને એની પર્યાયો પ્રગટ થતાં લોકાલોકને જાણે તેવો તેનો સ્વભાવ છે એ રીતે તે જીવ સિદ્ધ છે, આ રીતે જીવ સિદ્ધ છે. આહાહા..! તેને આવું હોવા છતાં, **'તોપણ...'** એમ કહ્યું ને? આહાહા..! દ્રવ્ય વિશુદ્ધ અને ચૈતન્ય જ્યોતિની પ્રગટતા પણ સર્વને જાણે એવો જેનો સ્વતઃ પોતાનો સ્વભાવ જ એવો છે. એવો જીવ હોવા છતાં **'तथापि' 'તોપણ તેને આ જગતમાં કર્મપ્રકૃતિઓ સાથે...'** આહાહા..! જે આ બંધ થાય છે, અરે..રે..! આ

શું? કહે છે. જેનું દ્રવ્ય અને પર્યાય તો આવું છે, શક્તિ આવી છે છતાં એને કર્મની પ્રકૃતિ સાથે બંધ થાય છે. આહાહા..! **'બંધ થાય છે.'**

**'यद् असौ बन्धः किल स्यात्'** નિશ્ચયથી પ્રગટ બંધ થાય દેખાય છે. **'सः खलु अज्ञानस्य कः अपि गहनः महिमा स्फुरति'** આહાહા..! અંદરમાં કોઈ એવી અજ્ઞાન દશાની ગહન મહિમા (છે કે) જેને પ્રકૃતિનો સંબંધ થાય છે. સંબંધ થાય છે તે બંધ થાય છે, એમ. નહિતર સંબંધ નથી. એને તો જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. એ પરને જાણવું એવો સ્વતઃ પોતાનો સ્વભાવ છે. એવું હોવા છતાં એને પ્રકૃતિ સાથે જે બંધ થાય છે એ કોઈ અજ્ઞાનનો ગહન મહિમા છે. આહાહા..!

**'તે ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા સ્ફુરાયમાન છે.'** આહાહા..! એ એને પ્રગટ છે કહે છે. છે બધાને જાણવાનો સ્વભાવ છતાં કોઈ અજ્ઞાનનો એવો કોઈ મહિમા એના સ્ફુરાયમાનમાં છે, કે જેથી પ્રકૃતિની સાથે સંબંધ દેખાય છે. પ્રકૃતિ સાથે બંધ એવો સંબંધ દેખાય છે. આહાહા..! ચૈતન્ય જ્યોતિ પોતે સ્ફુરાયમાન, પોતે સ્વતઃ અને એની ચૈતન્ય જ્યોતિઓ પણ સ્વતઃ સ્વભાવ છે છતાં તેને કોઈ પ્રકૃતિ સાથે સંબંધ (થાય છે), એનો સ્વભાવ ને પ્રગટ જ્યોતિઓમાં સ્વભાવ નથી છતાં એ બંધ થાય છે એ કોઈ અજ્ઞાનનો મહિમા છે. આહાહા..! એ વસ્તુના સ્વરૂપનું અજ્ઞાન, એ આવી ચીજ છે એનું અજ્ઞાન, એ બંધનું નિમિત્ત થાય છે. આહાહા..! ખરેખર અજ્ઞાનનો કોઈ અગમ્ય મહિમા છે. એ અજ્ઞાનનો મહિમા ખરેખર પરને લઈને છે એમ પણ નહિ.

ખરેખર, એમ કીધું ને? **'खलु अज्ञानस्य'** પોતાની અજ્ઞાનની કોઈ ગહન મહિમા છે. આહાહા..! એની પર્યાયમાં અજ્ઞાનની કોઈ ગહન મહિમા છે, કે જે પ્રકૃતિનો સંબંધ થાય એવું અજ્ઞાન ગજબ થાય છે, કહે છે. આહા..! જેના દ્રવ્ય ને પર્યાયમાં એવો સ્વભાવ છે નહિ, દ્રવ્ય ને પર્યાય બેયમાં એવો સ્વભાવ છે નહિ છતાં કોઈ પર્યાયમાં આવો અજ્ઞાન મહિમા પોતાને કારણે... આહાહા..! કર્મને કારણે નહિ. ગહન અજ્ઞાન મહિમા, જેની ખબર નથી, જેની ખબરું નથી એવી કોઈ અજ્ઞાન મહિમા છે. એવો ભગવાનઆત્મા દ્રવ્ય અને પર્યાયે શુદ્ધ અને સ્ફુટ-પ્રગટ હોવા છતાં એની પોતાની કોઈ અજ્ઞાન મહિમાને લીધે પ્રકૃતિનો સંબંધ, બંધ દેખાય છે. આહાહા..! વિસ્મયતા બતાવે છે. પ્રકૃતિનો સંબંધ તો કોઈ વિસ્મય છે. કહે છે, વસ્તુને હોય નહિ આ. આહાહા..! એ વસ્તુ જોતા એને એ હોય જ નહિ, એ વસ્તુ ને વસ્તુની પ્રગટતા, ચૈતન્ય જ્યોતિઓની પ્રગટતા એ જોતા એને કર્મનો સંબંધ હોય જ નહિ. આહાહા..! પણ કોઈ અજ્ઞાનની ગહન મહિમા સ્ફુરાયમાન છે. એ પણ પ્રગટ કરી છે, કહે છે. પેલું જે પ્રગટ થવું જોઈએ, બધાને જાણવું એવું સ્ફુરાયમાન પ્રગટ થવું જોઈએ એને ઠેકાણે અજ્ઞાનની મહિમા સ્ફુરાયમાન છે. એના સ્થાનમાં, એને ઠેકાણે... આહાહા..! અજ્ઞાનની મહિમા સ્ફુરાયમાન છે. કર્મને લઈને નહિ, એમ નહીં. પ્રકૃતિને લઈને નહિ, કર્મને

લઈને નહિ. એનો જ પોતાનો સ્વભાવ આવો હોવા છતાં અજ્ઞાનની મહિમા સ્ફુરાયમાન થાય છે, એ પ્રગટ થાય છે, કહે છે. આહાહા..! અજ્ઞાન કોઈ એ રીતે પ્રગટ થાય છે, કે જેથી તેને કર્મનો સંબંધ થાય છે. આહા..! એ કોઈ ગહન મહિમા (છે). આહાહા..! ગહન મહિમાનો અર્થ ટીકાકાર (કરે છે).

**ભાવાર્થ :– 'જેનું જ્ઞાન સર્વ જ્ઞેયોમાં વ્યાપનારું છે...'** એ તો શુદ્ધ પ્રભુ, દ્રવ્ય તો શુદ્ધ છે પણ સર્વ જ્ઞેયોને જાણવામાં વ્યાપનારું છે એવો જેનો સ્વતઃ સ્વયંસિદ્ધ સ્વભાવ છે. આહાહા..! સર્વ જ્ઞેયો–પ્રકૃતિથી માંડીને બધું. સર્વ જ્ઞેયોને... આહા..! વ્યાપનારું નામ જાણનારું છે. **'એવો આ જીવ શુદ્ધનયથી પરદ્રવ્યનો કર્તા નથી,...'** પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોઈએ તો તે પરદ્રવ્યનો કર્તા નથી. શુદ્ધનય એટલે સ્વભાવ દૃષ્ટિ. સ્વભાવ દૃષ્ટિથી જોઈએ તો તે પરનો કર્તા નથી. **'તોપણ તેને કર્મનો બંધ થાય છે...'** આહાહા..! **'તે કોઈ અજ્ઞાનનો ગહન મહિમા છે...'** એની પર્યાયમાં, હોં! ઇ. કર્મને લઈને નહિ. આહાહા..! કર્મને લઈને કોઈ અજ્ઞાન મહિમા પ્રગટ થયો છે એમ નહિ. આહાહા..! એવું જે ચૈતન્ય દ્રવ્ય અને સ્ફુરાયમાન ચૈતન્ય જ્યોતિથી સર્વ જ્ઞેયોને વ્યાપનારું, જાણનારું આવું તત્ત્વ હોવા છતાં કોઈ અજ્ઞાનનો મહિમા (છે). એ સ્વરૂપનું જેને જ્ઞાન નથી એવા અજ્ઞાનનો કોઈ ગહન મહિમા (છે). આહાહા..!

અર્થકાર તો જરી કહે છે, **'તોપણ તેને કર્મનો બંધ થાય છે તે કોઈ અજ્ઞાનનો ગહન મહિમા છે-જેનો પાર પમાતો નથી.'** એમ કરી નાખ્યું. વસ્તુ શુદ્ધ, ચૈતન્યજ્યોતિ પ્રગટ પર્યાય સ્ફુરાયમાન શુદ્ધ, એવું જેનું સ્વરૂપ હોવા છતાં અજ્ઞાન એમાંથી કોઈ પ્રગટ થાય છે, એ શું છે? જેમાં જ્ઞાન પ્રગટ થવું, અજ્ઞાન એ કોઈ દ્રવ્ય ને ગુણ પર્યાયમાં છે નહિ... આહાહા..! પણ પર્યાયમાં કોઈ અજ્ઞાનનો ગહન મહિમા પર્યાયમાં પ્રગટ થાય છે. છે ઇ, હોં! એમ કહે છે, પાછું નથી એમ નહિ. અજ્ઞાનની મહિમા એની પર્યાયમાં છે. આહાહા..! અજ્ઞાનનો ગહન મહિમા છે. તો છે ઇ. પાછું એમ કીધું કે, દ્રવ્ય આવું ને ચૈતન્ય આવું માટે એમાં અજ્ઞાનપણું છે જ નહિ એમાં, પર્યાયમાં અનાદિ સંસાર નથી એમ નહિ. અજ્ઞાનપણું છે. આહાહા..! જેનો ગહન મહિમા છે, જેનો પાર પામવો મુશ્કેલ છે. અહીં તો કહે છે, પાર પામવો (એવું) તો નથી, એ તો ઠીક. મુશ્કેલ છે એટલું. પાર પમાતો નથી એમ નહિ, પણ જેનો પાર પામવો મહા ગહન છે. કોઈ અલૌકિક કોઈ અચિંત્ય પુરુષાર્થ છે એમાં. આહાહા..! જે અજ્ઞાનનો મહિમા અચિંત્ય પુરુષાર્થથી તોડી નાખે છે એવો જેનો સ્વભાવ છે એમાં પણ આવું જે અજ્ઞાન મહિમા ઉત્પન્ન થાય છે તેને અજ્ઞાનપણામાં પાર પમાતો નથી. ભાન થયે તેનો પાર પામી શકે છે. આહાહા..! એ સ્વરૂપનું અજ્ઞાન છે ત્યાં સુધી એને પર્યાયમાં ગહન મહિમા પ્રકૃતિના સંબંધનું અજ્ઞાન ઉત્પન્ન થાય છે. છતાં એની શક્તિ એવી છે... આહાહા..! કે ઇ અજ્ઞાન મહિમાને ક્ષણમાં તોડી શકે છે. આહાહા..! કેમ કે એ કાંઈ મૂળ જાત નથી. એ કોઈ ટકતી ચીજ નથી. ટકતી ચીજ તો શુદ્ધ છે અને ચૈતન્ય જ્યોતિઓ પ્રગટે એ ટકતું

છે. ચૈતન્ય દ્રવ્ય શુદ્ધ છે અને એની ચૈતન્યજ્યોતિઓ પ્રગટે તે તે ટકતું છે. આ અજ્ઞાન ટકતી ચીજ નથી. આહાહા..! પણ કોઈ એવી અજ્ઞાન મહિમા ઊભી થાય છે. આહા..!

આવો ભગવાન ભરેલો આનંદ ને જ્ઞાનનો સાગર, અનંત ગુણથી ભરેલો સાગર, જેની પ્રગટતામાં પણ ચૈતન્યજ્યોતિઓ જ પ્રગટ થાય. આહાહા..! એવું જેનું સ્વરૂપ છે છતાં કોઈ એની પર્યાયમાં... આહા..! શું થાય છે આ? કે એ અજ્ઞાન મહિમા છે. સ્વરૂપનું ભાન નથી તેથી તેને અજ્ઞાનના મહિમામાં કર્મનો સંબંધ દેખાય છે. બાકી એ કર્મ સંબંધ વિનાનો ભગવાન છે. આહા..! એનું દ્રવ્ય, ગુણ અને પર્યાય પરના સંબંધ વિનાનો છે પણ કોઈ અજ્ઞાન, સ્વરૂપના અજ્ઞાનને લઈને કર્મનો સંબંધ છે તે ગહન છે. તેને પાર પામવો મહાપુરુષાર્થ છે એમ કહે છે. પાર પમાતો નથી એટલે એમ અર્થ નથી. એને પાર પામવા માટે ગહન પુરુષાર્થ છે.

જાતિને જોવી, જાતને જોતા અજ્ઞાનનો પાર પામી જાય છે એવી એનામાં શક્તિ છે. આહાહા..! એની જાતને જોતા અજ્ઞાનની ગંધ જેમાં નથી એવી એનામાં તાકાત છે. એ અજ્ઞાનને પાર પામી જાય છે, અજ્ઞાનનો નાશ કરી શકે છે, એમ કહે છે. આહાહા..! આ તો વાત (થઈ), પણ કરવું શું આમાં? દયા પાળવી? કે આ વ્રત પાળવા? ઇ તો કહે છે કે એ વિકલ્પો એના સ્વરૂપમાં છે જ નહિ. એ પ્રગટ થાય તો ચૈતન્યજ્યોતિ પ્રગટ થાય. એમાં વ્રત ને અવ્રતનો વિકલ્પ ઉત્પન્ન થાય એવું તો એનું સ્વરૂપ છે જ નહિ. આહાહા..! પણ કોઈ અજ્ઞાનને કારણે એ સ્વરૂપનો ખ્યાલ નથી. એ ચૈતન્ય મહાપ્રભુ એનો એને ખ્યાલ નથી. એ કોઈ અલૌકિક ખ્યાલવાળી ચીજમાં ખ્યાલ નથી, એમ કહે છે. આહાહા..! શું કહ્યું ઇ?

જે ખ્યાલવાળી ચીજ છે, ખ્યાલવાળી જ ચીજ છે, જાણનારી ચીજ છે. સ્વપરને જાણવાના સ્વભાવથી સ્વતઃ ભરેલો સ્વભાવ જ છે. એ જાણનારને આ અજાણપણું શું થયું આ? એમ કહે છે. આહાહા..! આવો જાણનાર ભગવાન ભરપૂર ભરેલો અને એની સ્ફુરાયમાન જ્યોતિઓ પણ ચૈતન્ય જ થાય. એમાં આ અજ્ઞાનની સ્ફુરણા શું થઈ? આહાહા..! એ અજ્ઞાન એમાં આવ્યું ક્યાંથી? પ્રકૃતિને લઈને નહિ, દ્રવ્યની પર્યાયને લઈને નહિ. છતાં કોઈ પર્યાયમાં અજ્ઞાન (મહિમા છે). આહાહા..! એની પર્યાય તો ચૈતન્યજ્યોતિ કીધી. પ્રકાશ.. પ્રકાશ જેનો પ્રકાશ એવી જેની પર્યાયો છે, જ્યોતિ (છે) એમાં અજ્ઞાન શું છે? ગહન કોઈ ચીજ છે. આહાહા..! જેનો પાર જ્ઞાની પામી શકે છે, અજ્ઞાનીને પત્તો ખાતો નથી. આહાહા..! એમ કહે છે. પાર પામતો નથી એનો અર્થ પાર પામી જાય છે. પણ અજ્ઞાન એ શું આ તે? જ્ઞાન સ્વરૂપમાં આ અજ્ઞાન શું? એમ કહે છે. જાણનાર સ્વભાવ, જાણનાર સ્વભાવ શક્તિ એમાં આ અજ્ઞાન એટલે નહિ જાણવું, વિપરીત જાણવું એ શું છે આ તે? ગહન કોઈ છે, કહે છે. પણ તેનો પાર પામી શકાય છે, તેનો પાર પામી શકાય છે. આહાહા..!

# ગાથા–૩૧૨-૩૧૩

चेदा दु पयडीअट्ठं उप्पज्जइ विणस्सइ।
पयडी वि चेययट्ठं उप्पज्जइ विणस्सइ।।३१२।।
एवं बंधो उ दोण्हं पि अण्णोण्णप्पच्चया हवे।
अप्पणो पयडीए य संसारो तेण जायदे।।३१३।।

चेतयिता तु प्रकृत्यर्थमुत्पद्यते विनश्यति।
प्रकृतिरपि चेतकार्थमुत्पद्यते विनश्यति।।३१२।।
एवं बन्धस्तु द्वयोरपि अन्योन्यप्रत्ययाद्भवेत्।
आत्मनः प्रकृतेश्च संसारस्तेन जायते।।३१३।।

अयं हि आसंसारत एव प्रतिनियतस्वलक्षणानिर्ज्ञानेन परात्मनोरेकत्वाध्यासस्य करणात्कर्ता सन् चेतयिता प्रकृतिनिमित्तमुत्पत्तिविनाशावासादयति; प्रकृतिरपि चेतयितृनिमित्तमुत्पत्तिविनाशावासादयति। एवमनयोरात्मप्रकृत्योः कर्तृकर्मभावाभावेऽप्यन्योन्यनिमित्तनैमित्तिकभावेन द्वयोरपि बन्धो दृष्टः, ततः संसारः, तत एव च तयोः कर्तृकर्मव्यवहारः।

---

(હવે આ અજ્ઞાનના મહિમાને પ્રગટ કરે છે :–)

પણ જીવ પ્રકૃતિના નિમિત્તે ઊપજે વિણસે અરે!
ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે વિણસે; ૩૧૨.
અન્યોન્યના નિમિત્ત એ રીતે બંધ બેઉ તણો બને
-આત્મા અને પ્રકૃતિ તણો, સંસાર તેથી થાય છે. ૩૧૩.

ગાથાર્થ :– [ चेतयिता तु ] ચેતક અર્થાત્ આત્મા [ प्रकृत्यर्थम् ] પ્રકૃતિના નિમિત્તે [ उत्पद्यते ] ઊપજે છે [ विनश्यति ] તથા વિણસે છે, [ प्रकृतिः अपि ] અને પ્રકૃતિ પણ [ चेतकार्थम् ] ચેતકના અર્થાત્ આત્માના નિમિત્તે [ उत्पद्यते ] ઊપજે છે [ विनश्यति ] તથા વિણસે છે. [ एवं ] એ રીતે [ अन्योन्यप्रत्ययात् ] પરસ્પર નિમિત્તથી [ द्वयोः अपि ] બન્નેનો- [ आत्मनः प्रकृतेः च ] આત્માનો ને પ્રકૃતિનો- [ बन्धः तु भवेत् ] બંધ થાય

**છે, [ तेन ] અને તેથી [ संसारः ] સંસાર [ जायते ] ઉત્પન્ન થાય છે.**

**ટીકા :- આ આત્મા, (તેને) અનાદિ સંસારથી જ (પરનાં અને પોતાનાં જુદા જુદા) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા થયો થકો, પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે; પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે (અર્થાત્ આત્માના પરિણામ અનુસાર પરિણમે છે). એ રીતે-જોકે તે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મભાવનો અભાવ છે તોપણ-પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી બંનેને બંધ જોવામાં આવે છે, તેથી સંસાર છે અને તેથી જ તેમને (આત્માને ને પ્રકૃતિને) કર્તાકર્મનો વ્યવહાર છે.**

**ભાવાર્થ :- આત્માને અને જ્ઞાનાવરણાદિ કર્મની પ્રકૃતિઓને પરમાર્થે કર્તાકર્મપણાનો અભાવ છે તોપણ પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવને લીધે બંધ થાય છે, તેથી સંસાર છે અને તેથી જ કર્તાકર્મપણાનો વ્યવહાર છે.**

---

## ગાથા-૩૧૨-૩૧૩ ઉપર પ્રવચન

---

'**(હવે આ અજ્ઞાનના મહિમાને પ્રગટ કરે છે :-)**' કેમ એમ થાય છે? એ અજ્ઞાન કેમ પ્રગટ થાય છે? સ્વરૂપમાં એ છે નહિ, પર્યાયમાં થવાનો સ્વભાવ નથી. પર્યાયમાં પણ એનો અજ્ઞાન થવાનો સ્વભાવ નથી, એમ કહે છે. પર્યાયમાં પણ ચૈતન્યજ્યોતિઓ પ્રગટ થાય એવો એનો સ્વભાવ છે. આહાહા..! છતાં અજ્ઞાન શું થયું? કેમ થાય છે? એ કહે છે.

**चेदा दु पयडीअट्ठं उप्पज्जइ विणस्सइ।**
**पयडी वि चेययट्ठं उप्पज्जइ विणस्सइ।।३१२।।**
**एवं बंधो उ दोण्हं पि अण्णोण्णप्पच्चया हवे।**
**अप्पणो पयडीए य संसारो तेण जायदे।।३१३।।**

જુઓ ચેદા-ચેતન, આત્મા **पयडीअट्ठं**-પ્રકૃતિના લક્ષથી.

નીચે હરિગીત. '**પણ જીવ પ્રકૃતિના નિમિત્તે...**' નિમિત્ત જેવો શબ્દ આવ્યો એટલે નિમિત્તનો અર્થ પોતાનું લક્ષ ત્યાં જાય છે એમ કહે છે. નિમિત્ત એ કરાવતું નથી, નિમિત્ત કરતું નથી. લક્ષ આ ચૈતન્ય દ્રવ્ય અને એની જ્યોતિઓ પ્રગટ પ્રકાશમાન હોવું જોઈએ ત્યાં તેનું લક્ષ જાતું નથી. તેથી તેનું લક્ષ નિમિત્તમાં જાય છે. નિમિત્તથી થાય છે એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

**પણ જીવ પ્રકૃતિના નિમિત્તે ઊપજે વિણસે અરે!**
**ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે વિણસે; ૩૧૨.**

**અન્યોન્યના નિમિત્ત એ રીતે બંધ બેઉ તણો બને**
**-આત્મા અને પ્રકૃતિ તણો, સંસાર તેથી થાય છે. ૩૧૩.**

આમાં નિમિત્તવાળા કાઢે. **ટીકા :–** '**આ આત્મા, (તેને) અનાદિ સંસારથી જ...**' એમ કહે છે. એ કાંઈ નવું નથી, કહે છે. અનાદિ સંસારથી જ '**(પરનાં ને પોતાનાં જુદા જુદા) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે...**' આ કારણે. અજ્ઞાન ઉત્પન્ન થાય છે આ કારણે. કોઈ પ્રકૃતિને કારણે નહિ. એ નિમિત્ત છે, 'ચેદા અટ્ઠં' નિમિત્તને લક્ષે. નિમિત્તથી નહિ, નિમિત્ત વડે નહિ, નિમિત્તને લક્ષે. આહાહા..! '**(પરનાં અને પોતાનાં નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી...**' દેખો! પરનો ને પોતાનો એકપણાનો અધ્યાસ કરવાથી, પ્રકૃતિથી નહિ. આહાહા..! એના દ્રવ્ય, ગુણ, પર્યાયથી પણ નહિ. ફક્ત પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી. એણે અધ્યાસ કર્યો છે, વાસ્તવિક સ્વરૂપ નથી. એણે પર્યાયમાં પરનો અધ્યાસ–એકત્વબુદ્ધિ કરી છે.

'**એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા થયો થકો...**' અજ્ઞાનનો. '**પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે;...**' અહીંયાં નિમિત્તવાળા જોર આપે. પણ અહીં તો ફક્ત એમ કહેવું છે, કે પ્રકૃતિના નિમિત્તે. સ્વભાવ નથી, પણ પ્રકૃતિ ઉપર એનું લક્ષ જાય છે. આમ લક્ષ જાતું નથી તો આમ જાય છે, એમ કહે છે. જે વસ્તુ છે ત્યાં લક્ષ નથી એટલે એનું લક્ષ તો જાવું તો જોઈએ ક્યાંય, એ આમ નિમિત્તમાં જાય છે. નિમિત્ત દ્વારા... છે? '**પ્રકૃતિના નિમિત્તે...**' એટલે પ્રકૃતિના લક્ષે, સ્વભાવના લક્ષને છોડી દઈને. આહાહા..!

'**ઉત્પત્તિ-વિનાશ પામે છે;...**' પ્રકૃતિના નિમિત્તે, આમાં જરી વજન છે. પ્રકૃતિના નિમિત્તે એટલે પોતાના સ્વભાવથી નહિ, પણ પ્રકૃતિના લક્ષમાં જતાં. એનું લક્ષ અહીં જવું જોઈએ એને ઠેકાણે લક્ષ આમ જાય છે. ચૈતન્ય સ્વભાવ ઉપર આમ લક્ષ લેવું જોઈએ એ ન જતાં અજ્ઞાનને લઈને પર ઉપર લક્ષ જાય છે. પરથી થતું નથી, પરને લઈને થતું નથી, પર તેને અડતું નથી, પરને એ અડતું નથી. આહાહા..! છતાં '**પ્રકૃતિના નિમિત્તે...**' આ નિમિત્તવાળા અહીં જોર દે. પ્રકૃતિના નિમિત્તનો અર્થ આ. પોતાનું લક્ષ છોડીને લક્ષ પરનું કરે છે એટલે એ નિમિત્ત થયું. કર્યું લક્ષ પર ઉપર એટલે નિમિત્ત થયું, એમ. નિમિત્તે કર્યું છે ને કરાવ્યું છે એમ નહિ. આહાહા..!

'**પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે;...**' આહાહા..! પોતે પરમાં લક્ષ કરતાં પ્રકૃતિના નિમિત્તે એટલે પ્રકૃતિનું તો નિમિત્ત છે, તેના લક્ષે. આહાહા..! ઉત્પત્તિ-વિનાશ થાય છે. વિકાર ઉત્પન્ન કરે ને વિકારનો નાશ થાય એ નિમિત્તને લક્ષે છે, વસ્તુમાં છે નહિ. આહાહા..! પર્યાયબુદ્ધિ તે નિમિત્તનું લક્ષ છે એમ કહે છે. એની પર્યાયબુદ્ધિ છે, દ્રવ્યબુદ્ધિ નથી, વસ્તુના સ્વભાવ બુદ્ધિ નથી તેથી પર્યાયબુદ્ધિવાળો પરના લક્ષમાં જાય છે. આહાહા..! પરના લક્ષવાળો જીવ એને લક્ષે ઉત્પત્તિ-વિનાશ પામે છે. પરના લક્ષે ઉત્પત્તિ અને વિનાશ થાય છે. પરથી

નહિ, પરમાં નહિ, પરને લઈને નહિ. આહાહા..! ફક્ત પરના લક્ષે ઉત્પત્તિ-વિનાશ પામે છે. આહાહા..! પોતાનું જે લક્ષ જોઈએ ચૈતન્યમૂર્તિ ભગવાન શુદ્ધ સ્ફુરાયમાન જ્યોતિ ચૈતન્ય જ્યોત, ચૈતન્ય જ્યોત એમાં પ્રગટ થવી જોઈએ એમ ન થતાં પરને લક્ષે ઉત્પત્તિ અને વિનાશ, વિકારને ઉત્પન્ન કરે ને વિકાર નાશ પામે તે પરના લક્ષે કરે છે. પર તેને કરાવતું નથી, પર તેનું કર્તા નથી. આહાહા..!

**'પ્રકૃતિના નિમિત્તે..'** બેયમાં નિમિત્ત લેશે, હોં! પાઠમાં છે ને? **'चेदा दु पयडीअट्ठं उप्पज्जइ'** પ્રકૃતિના અર્થે ઊપજે છે એમ પાઠ છે. અર્થે એટલે નિમિત્તે, એમ. **'चेदा दु पयडीअट्ठं उप्पज्जइ'** પ્રકૃતિને અર્થે ઊપજે, વિનશે. **'पयडी वि चेययट्ठं'** પ્રકૃતિ પણ ચેતનાને અર્થે ઊપજે અને વિણસે. અર્થે ઊપજે છે એનો અર્થ અહીં નિમિત્ત કર્યું. સમજાણું કાંઈ? આહા..! ગંભીર વાત છે, ભાઈ!

**'અનાદિ સંસારથી જ...'** પહેલો પર્યાયમાં શુદ્ધ હતો અને પછી આ અશુદ્ધતા થઈ એમ નથી. **'અનાદિ સંસારથી જ (પરનાં અને પોતાનાં જુદાં જુદાં) નિશ્ચિત લક્ષણોનું જ્ઞાન નહિ હોવાથી...'** આહાહા..! પોતે ભગવાન ચૈતન્ય આનંદ, જ્ઞાનસ્વરૂપી વિજ્ઞાનઘન, વિજ્ઞાનસાગર તેનું લક્ષ નહિ હોવાથી, રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન નહિ હોવાથી **'પરના અને પોતાના એકત્વનો અધ્યાસ...'** રાગ અને આત્માના એકત્વનો અધ્યાસ **'કર્તા થયો થકો,...'** આહાહા..! રાગનો કર્તા થયો થકો. રાગનો કર્તા અજ્ઞાનપણે કર્તા થયો થકો, પણ પ્રકૃતિનો નહિ, પ્રકૃતિથી અહીં નહિ. આહાહા..! ઇ આત્માની પહેલી વાત છે.

**'પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે...'** એટલે શું કીધું ઇ? કે, આત્માને સમયે સમયે ચૈતન્યજ્યોતિનો ઉત્પાદ થવો જોઈએ એને ઠેકાણે નિમિત્તને લક્ષે વિકારને ઉત્પન્ન કરે ને વિકારને નાશ પામે છે. આહાહા..! નિમિત્તથી નહિ પણ પોતાની પર્યાયમાં, પોતાના અજ્ઞાનને લઈને પ્રકૃતિના નિમિત્તનું લક્ષ કરીને પ્રકૃતિના નિમિત્તે ઊપજે છે, વિણસે છે. તેના લક્ષે કરીને ઊપજે ને વિણસે છે. એટલે વિકારને ઊપજાવે છે અને વિકારને નાશ કરે છે. ફક્ત પરના લક્ષે, પરથી નહિ. સમજાણું કાંઈ? મોટો ફેર છે આમાં. અર્થ કરવામાં મોટો ફેર કરે છે. જુઓ! નિમિત્તે અહીં કીધું છે.

**'પ્રકૃતિના નિમિત્તે...'** નિમિત્તે છે ને? એટલે કે પ્રકૃતિના લક્ષે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને અડતું નથી, પર્યાય પર્યાયને અડતી નથી. પ્રકૃતિનું નિમિત્ત છે તે આત્મા નિમિત્તને અડતું નથી કાંઈ, ફક્ત લક્ષ કરે છે. આહાહા..! પોતાનું લક્ષ છોડી દઈ, પોતાનો ભગવાન પરમાનંદ જ્ઞાન સ્વરૂપ (છે) તેની ચૈતન્યજ્યોતિ તેને લક્ષે–સ્વને લક્ષે પ્રગટ થવી જોઈએ, એ સ્વને લક્ષે જે ઉત્પન્ન થવું જોઈએ તે છોડી દઈને પરને લક્ષે રાગ ને દ્વેષ ને ઉત્પન્ન થાય છે અને નાશ થાય છે. આહાહા..! આનો અર્થ કરવામાં લોકો ફેર ઘણો કરે છે.

**'પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે;...'** પ્રકૃતિના નિમિત્તે, જોર ન્યાં આપે. એટલે

પ્રકૃતિના લક્ષે, એમ. નિમિત્ત પર ચીજ છે તેના લક્ષે ઉત્પત્તિ ને વિનાશ પામે છે. **'પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે...'** એટલે આત્માની ઉપસ્થિતિથી. એને લક્ષ નથી ત્યાં, પ્રકૃતિને કાંઈ લક્ષ નથી. પણ **'આત્માના નિમિત્તે...'** આહાહા..! **'ઉત્પત્તિ-વિનાશ પામે છે...'** કારણ કે, આત્મા જ્યારે પરના લક્ષે રાગ-દ્વેષથી ઉત્પન્ન-વિનાશ પામે છે ત્યારે પ્રકૃતિ પણ આ ઉત્પાદ અને વિકાર ઉત્પન્ન-વિનાશ થાય છે તેના નિમિત્તે, તેને આશ્રયે પ્રકૃતિ પણ ઉત્પન્ન થાય છે. આહાહા..! આત્માના નિમિત્તે એટલે આત્માના વિકારના લક્ષે. લક્ષ એટલે વિકારના આશ્રયે. લક્ષ તો અહીં જડ છે. આત્માના આશ્રયે, આત્માની વિકાર દશાને આશ્રયે **'ઉત્પત્તિ-વિનાશ પામે છે.'** પ્રકૃતિ આત્માના વિકારને આશ્રયે ઉત્પત્તિ ને વિનાશ પામે છે. આહાહા..! બેયમાં નિમિત્ત શબ્દ વાપર્યો છે, નિમિત્તથી નહિ. દ્રવ્ય નિમિત્તને અડતું પણ નથી નિમિત્ત તો પહેલા સિદ્ધ કર્યું. કોઈ કોઈને અડતું છે નહિ. આહા..!

**'પ્રકૃતિ પણ આત્માના...'** પણ કેમ કીધું? આત્મા જેમ પ્રકૃતિના લક્ષે ઉત્પત્તિ-વિનાશ પામે છે તેમ પ્રકૃતિ પણ આત્માના વિકારને આશ્રયે, આત્માના વિકારને આશ્રયે, નિમિત્ત એટલે આશ્રયે ઉત્પત્તિ-વિનાશ પ્રકૃતિમાં થાય છે. આહાહા..! ગાથા સાદી છે પણ એના ભાવ ઊંચા છે, જરી ઊંડા છે. આહા..!

ભગવાનઆત્મા ચૈતન્યજ્યોતિ સ્ફુરાયમાન પ્રગટ ચૈતન્ય પર્યાય (થાય) એવો જ એનો સ્વભાવ છે. એમ હોવા છતાં પ્રકૃતિના લક્ષે વિકારને ઉત્પન્ન કરે ને નાશ કરે છે. તેમ પ્રકૃતિ પણ જીવના વિકારના આશ્રયે ઉત્પત્તિ ને વિનાશ પામે છે. અહીં રાગ કરે તો ત્યાં એ પ્રમાણે કર્મ બંધાય. રાગ છૂટે તો ન્યાં કર્મ છૂટે એવો નિમિત્ત-નિમિત્ત સંબંધ (છે). કોઈ કોઈનો કર્તા-કર્મ નહિ. નિમિત્તનિમિત્ત સંબંધ (છે), કોઈ કોઈનો કર્તા-કર્મ નહિ. આહાહા..! નિમિત્ત નિમિત્ત સંબંધ એક જુદી ચીજ છે, કર્તા-કર્મથી જુદી ચીજ છે.

**'પ્રકૃતિ પણ...'** આહાહા..! કર્મના પરમાણુઓ પણ આત્માના વિકારના આશ્રયે પોતાના ઉપાદાનથી ઉત્પત્તિ ને વિનાશ પામે છે. સમજાય છે આમાં? એક બીજાના નિમિત્તે થાય છે એટલે નિમિત્તથી થાય છે એમ નથી. નિમિત્તથી થાય છે એમ નથી. મોટો ગોટો છે. આહા..! નિમિત્તના લક્ષે થાય છે અને પ્રકૃતિ પણ જીવના વિકારના આશ્રયે થાય છે. અહીં વિકાર કરે છે એને આશ્રય પ્રકૃતિ પોતે પોતાને કારણે ઉત્પત્તિ ને વિનાશને પામે છે. આહાહા..! **'પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે...'** આત્માના પરિણામ અનુસાર એમ અર્થ કર્યો ને? **'(અર્થાત્ આત્માના પરિણામ અનુસાર પરિણમે છે).'** એમ. પ્રકૃતિ પણ આત્માના વિકારના જે પરિણામ છે એને પ્રમાણે પરિણમે છે. છતાં એ પરિણમવું પોતાને પોતાની પર્યાયનો કાળ ક્રમબદ્ધનો છે. અનુસાર આનો નિમિત્ત પણ પરિણમવાની યોગ્યતા તો પોતાની તે કર્મની તે પ્રકારે, તે સમયમાં, તે પર્યાય થવાની યોગ્યતાથી પ્રકૃતિ પરિણમે છે. પાઠમાં જ એવો અર્થ છે ને? આત્મા પ્રકૃતિને અર્થે અને પ્રકૃતિ પણ આત્માને અર્થે. એમ પાઠ છે. છે ને? અર્થે

એટલે ઇ. આત્મા પરને લક્ષે વિકાર ઉત્પન્ન ને વિનાશ પામે અને પ્રકૃતિ કર્મના વિકારને આશ્રયે ઉત્પન્ન ને વિનાશ પોતાના ઉપાદાનથી પોતામાં થાય છે.

આત્માના પરિણામ વિકાર નિમિત્ત છે માટે અહીં કર્મનું થવું થાય છે એમ નથી. ફક્ત વિકારને આશ્રયે, વિકારને અનુસારે પોતાની તેની લાયકાતથી પ્રકૃતિ પ્રકૃતિપણે ઉત્પન્ન ને વિનાશ પામે છે. આહાહા..! ગાથા તો સાદી છે.

મુમુક્ષુ :- વિસ્તાર સારો આવ્યો.

ઉત્તર :- વિસ્તાર સારો આવ્યો. વસ્તુસ્થિતિ આવી છે. આહાહા..!

**'(આત્માના પરિણામ અનુસાર...)'** પ્રકૃતિને લક્ષ તો છે એટલે અહીં જે પરિણામ થયા એના અનુસારે પરિણમે છે. પણ એ અનુસાર અહીં છે માટે પરિણમે છે? પણ તે પરિણમવાનો તેનો તે સમયનો કર્મરૂપી થવાની પર્યાયનો કાળ તેનો છે, ત્યારે આ જીવના વિકારી પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તથી ત્યાં થતું નથી. સમજાણું કાંઈ? પરિણામ અનુસારે એટલે અહીં વિકાર પરિણામને અનુસાર જેવા જેટલા પ્રમાણમાં વિકાર થયા તેટલા જ પ્રમાણમાં અહીં કર્મની પ્રકૃતિ પોતે બંધાય છે. પણ એ પોતાને કારણે. આ તો નિમિત્તમાત્ર છે. આહાહા..! આશ્રયમાત્ર છે. નવી પ્રકૃતિ બાંધવામાં વિકારી પરિણામ આશ્રયમાત્ર છે. બાકી બંધાય છે એ પોતે પોતાના ઉપાદાનની યોગ્યતાથી તે સમયમાં તે કર્મની પર્યાય તે પ્રકારે પરિણમવાની યોગ્યતાને કારણે પરિણમે છે. આહાહા..! કહો, આમાં તો નિમિત્ત પણ છે ને? આવો અર્થ...

મુમુક્ષુ :- સ્વભાવભાવ નથી એમ બતાવે છે.

ઉત્તર :- અહીં તો ફક્ત એક બીજાનો આશ્રય (બતાવે છે). કરનાર આશ્રય કરે છે, આશ્રય દેનારો આશ્રય આપતો નથી. આહાહા..! આશ્રય કરનારો આશ્રય કરે છે, આશ્રય દેનારો આશ્રય દેતો નથી. એમાં મોટો ફેર છે. એટલે કે આત્માને વિકાર પરિણામ થયા એ કર્મને ભલે અનુસારે થયા પણ કર્મ તો નિમિત્તમાત્ર એને લક્ષે થયા, પણ ન્યાં લક્ષ છે માટે અહીં જીવના વિકાર પરિણામ થયા, એમ નહિ. તેમ જીવના વિકારને અર્થે કર્મ પ્રકૃત્તિ ઊપજે છે એટલે કે જેવા અહીં પરિણામ થયા એ અનુસારે તે પ્રકૃતિનું ઉપાદાન પોતાનું તે પ્રકારની પર્યાયનું ઉત્પન્ન થવાનું છે તેમ ઊપજે છે. આહાહા..!

આમાં પહેલું અકર્તા ઠરાવી, ક્રમબદ્ધ ઠરાવીને આ વાત કરે છે. ક્રમબદ્ધ ઠરાવીને આ વાત કરે છે ને? ક્રમબદ્ધમાં શું આવ્યું? પોતે પોતાનો સ્વભાવ ભૂલ્યો ત્યારે ક્રમમાં વિકાર આવ્યો. અને એ વિકારનું નિમિત્ત, પ્રકૃતિના કારણ પ્રકૃતિને તે પ્રકારે પરિણમવાનું ઉપાદાન તે ક્રમબદ્ધમાં તે કર્મની પર્યાયમાં તે જ પ્રકારે પરિણમવાનો ઉપાદાન તે રીતે પરિણમ્યું. જીવના વિકાર પરિણામ છે માટે અહીં કર્મ પરિણમ્યું એમ નહિ અને કર્મ પ્રકૃતિ છે માટે અહીં જીવને વિકાર પરિણામ થયા, એમ નહિ. આહાહા..! થઈ ગયો વખત, થઈ ગયો વખત, લ્યો! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૩૮૫ ગાથા–૩૧૨ થી ૩૧૫ મંગળવાર, મહા સુદ ૪, તા. ૦૫-૦૨-૧૯૮૦**

'સમયસાર' ૩૧૨ અને ૩૧૩, એની ટીકા ફરીને. **'આ આત્મા, (તેને) અનાદિ સંસારથી જ (પરનાં અને પોતાનાં જુદા જુદા નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે...'** પ્રકૃતિનો સ્વભાવ રાગાદિ (અને) ભગવાન ચૈતન્યનો સ્વભાવ જ્ઞાન, એ બેના જુદા લક્ષણો જુદા નહિ જાણવાને લીધે, **'પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી...'** ભિન્નપણાના ભાન વિના રાગ અને જ્ઞાનને એકપણે માનવું એવો **'એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા થયો થકો, પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ–વિનાશ પામે છે;...'** પ્રકૃતિનું નિમિત્ત એટલે કે લક્ષ. પરના આશ્રયે, પરનો આશ્રય કરવાથી ઉત્પત્તિ અને વિનાશ (અર્થાત્) વિકાર ઉત્પન્ન કરે અને વિકાર નાશ કરે એવી દશા ઉત્પન્ન થઈ છે.

**'પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે...'** એટલે આત્માના આશ્રયે. **'ઉત્પત્તિ-વિનાશ પામે છે...'** નિમિત્તથી નહિ. નિમિત્તથી થાય તો કર્તા-કર્મ થઈ જાય. ફક્ત તેને આશ્રયે ઉત્પત્તિ ને વિનાશ, જીવના રાગને આશ્રયે પ્રકૃતિ નવીન બંધાય છે અને જૂની નાશ પામે છે. **'(અર્થાત્ આત્માના પરિણામ અનુસાર પરિણમે છે).'** અહીં સુધી આવ્યું હતું.

**'એ રીતે-જોકે તે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મભાવનો અભાવ છે...'** એ રીતે જોકે આત્મા અને પ્રકૃતિને, આત્મા પ્રકૃતિને કરે ને પ્રકૃતિ આત્માના રાગને કરે એનો અભાવ છે. **'તોપણ–પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી બંનેને બંધ...'** પણ આ નિમિત્તનૈમિત્તિકપણું સંબંધ છે એટલું. પરના આશ્રયે વિકાર કરે અને વિકારને આશ્રયે કર્મ બંધાય એટલો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે, કર્તાકર્મ સંબંધ નથી. પ્રકૃતિને આશ્રયે જીવ વિકાર કરે અને વિકારને આશ્રયે પ્રકૃતિ બંધાય એટલો નિમિત્તનૈમિત્તિક સંબંધ હોવાને લીધે. આહાહા..! બેને કર્તાકર્મનો તો અભાવ છે. જીવના રાગને પ્રકૃતિ કરે ને પ્રકૃતિના પરિણામને રાગ કરે એ તો અભાવ છે, એ વસ્તુ સ્વરૂપ છે નહિ.

**'તોપણ-પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી...'** ફક્ત નિમિત્તનૈમિત્તિક સંબંધને લઈને **'બંનેને બંધ જોવામાં આવે છે,...'** સંસારની દશા જીવ અજ્ઞાનથી કરે છે પણ તેમાં આ નિમિત્ત છે, કર્મ પ્રકૃતિ નિમિત્ત (છે). અને કર્મ પણ પોતાની પર્યાય થવાને લાયક તે કર્મ પરિણમે છે. પણ તેમાં નિમિત્ત જીવના રાગ ને દ્વેષ (થાય છે) એટલો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. એ બંધ જોવામાં આવે છે. **'પરસ્પર નિમિત્તનૈમિત્તિક ભાવથી...'** નિમિત્ત કર્તા ને નૈમિત્તિક કાર્ય એમ નહિ. આ રીતે **'નિમિત્તનૈમિત્તિકભાવથી બંનેને બંધ જોવામાં આવે છે, તેથી સંસાર છે...'** તેથી મિથ્યાત્વ આદિ સંસાર છે. પ્રકૃતિના નિમિત્તે મિથ્યાત્વ કરે, મિથ્યાત્વને નિમિત્તે

કર્મ પોતાના પર્યાયથી ઉત્પન્ન થાય. એટલો નિમિત્તનૈમિત્તિકભાવનો સંબંધ હોવાને લઈને બંધ જોવામાં આવે છે. આહાહા..! **'તેથી સંસાર છે...'** એ મિથ્યાત્વ એ સંસાર છે. કર્મના નિમિત્તે ઉત્પન્ન થતો મિથ્યાત્વ ભાવ, નિમિત્ત એટલે લક્ષ, ઉત્પન્ન થાય પોતાથી, ફક્ત આશ્રય લક્ષ પર ઉપર છે, એ સંસાર છે. આહાહા..! અને પ્રકૃતિ પણ તે સમયે પોતાની યોગ્યતાથી બંધાય છે. પોતાની ઉપાદાનની પર્યાયની તે સમયે ઉત્પન્ન થવાને લાયકથી બંધાય છે પણ એમાં જીવના રાગ ને વિકારનું નિમિત્ત છે એટલા સંબંધથી એને બંધ જોવામાં આવે છે. **'તેથી સંસાર છે.'** આહાહા..!

આમાં મોટો ગોટો ઊઠે. કર્મને લઈને વિકાર થાય, જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય. 'ગોમ્મટસાર' માં એવા તો શબ્દ છે. જ્ઞાનાવરણીય કીધું છે ને? જ્ઞાનને આવરનાર જ્ઞાનાવરણીય કર્મ, એવો પાઠ છે. એ તો નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવ્યો છે. જ્ઞાનાવરણીય કર્મ છે એ તો સ્વતંત્ર પોતાની પર્યાયે પરિણમે છે. અહીંયાં જ્ઞાનાવરણીયમાં નિમિત્તપણે જે વિકાર કર્યો એ પણ સ્વતંત્રપણે પોતે તે કાળે તે કરવાની યોગ્યતાથી થયો છે. પણ એક બીજાના નિમિત્તનૈમિત્તિક સંબંધથી બંધ જોવાને લઈને એ સંસાર છે. એ નિમિત્તનૈમિત્તિક સંબંધ છે એ સંસાર છે. એ છે પોતાનો સ્વતંત્ર ભાવ, કર્મનો પણ સ્વતંત્ર પરિણમનનો ભાવ છતાં એ નિમિત્તનો આશ્રય છે તેથી વિકાર જીવ કરે છે તે સંસાર છે. કર્મકાંડમાં તો એટલું આખું ભર્યું હોય. જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય ને દર્શનાવરણીયથી દર્શન, વેદનીયથી આ સંયોગ મળે, મોહનીયથી દર્શન અને ચારિત્રનું વેદન ઉત્પન્ન થાય. એ બધી નિમિત્તનૈમિત્તિકની વ્યાખ્યા છે, કર્તાકર્મ નથી. આહાહા..!

**'તોપણ–પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી બંનેને બંધ જોવામાં આવે છે,...'** જીવને અને પ્રકૃતિને. પ્રકૃતિમાં પણ બંધન નિમિત્તને લક્ષે, આશ્રયે દેખાય છે અને પ્રકૃતિને આશ્રયે જીવમાં વિકાર દેખાય છે તે સંસાર છે. આહાહા..! અને તેથી જ આ કારણે નિમિત્તનૈમિત્તિકભાવથી બંધ જોવામાં આવે છે. **'તેથી સંસાર છે, તેથી જ તેમને (આત્માને ને પ્રકૃતિને) કર્તાકર્મનો વ્યવહાર છે.'** કર્તાકર્મ છે નહિ. આહાહા..! કર્તાકર્મનો વ્યવહાર રાગ, મિથ્યાત્વનો કર્તા મિથ્યાદર્શન મોહનીય અને મિથ્યાદર્શન મોહનીયની ઉત્પત્તિનું કારણ મિથ્યાત્વ, એમ સંસાર (છે), બંનેનો આવો નિમિત્તનૈમિત્તિક સંબંધ સંસાર છે. આહાહા..! **'તેથી જ તેમને કર્તાકર્મનો વ્યવહાર છે.'** પરમાર્થે નથી. કર્મને લઈને વિકાર ને વિકારને લઈને કર્મ બંધાય એમ નથી. આહાહા..! પણ નિમિત્તનૈમિત્તિક સંબંધને કારણે એકબીજાને કર્તાકર્મનો વ્યવહાર ઉપચારથી કહેવામાં આવે છે. મોટો આ ગોટો છે. જ્ઞાનાવરણીય ભાષા એવી છે ને? જ્ઞાનાવરણીય જ્ઞાનને આવરે. જ્ઞાનાવરણીયના ઉદયને લઈને જ્ઞાન રોકાણું છે. એમ નિમિત્ત- નૈમિત્તિકથી કહેવામાં આવે છે છતાં એક બીજામાં કર્તાકર્મપણું નથી, પણ આ નિમિત્તનૈમિત્તિક સંબંધને લઈને વ્યવહારથી ભાષા કર્તાકર્મની કરવામાં આવે છે. મોટો ફેર છે કર્મમાં. આહા..!

એ મોટો પ્રશ્ન (સંવત) ૧૯૭૨ માં થયેલો, કે આ કર્મને લઈને જ આ મિથ્યાત્વ થાય છે. એમ એ લોકો કહેતા. કર્મનો ઉદય છે એને લઈને અહીં મિથ્યાત્વ થાય છે. ત્યારે કહ્યું હતું કે, ભાઈ! એમ નથી. પોતે મિથ્યાત્વ કરે છે તેથી કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આ તો ૧૯૭૨ ની વાત છે. આહાહા..! મોટી ચર્ચા ચાલી હતી. 'મૂળચંદજી' એ તોફાન કર્યું હતું. મેં કીધું, તમે ગમે તેમ કહો પણ મને માન્ય નથી. કર્મથી વિકાર થાય અને વિકાર થયો માટે પ્રકૃતિ બંધાય એ મને માન્ય નથી. બેય સ્વતંત્ર છે, કોઈ કોઈને આધીન કોઈ છે નહિ. ફક્ત નિમિત્તનૈમિત્તિક સંબંધ હોવાથી કર્તાકર્મનો વ્યવહાર, વ્યવહાર બોલવામાં, કહેવામાં આવે છે, સ્વભાવમાં નથી. આહાહા..!

એમ કે, આ જ્ઞાનાવરણીય કર્મ છે ભાષા સિદ્ધાંત 'ગોમ્મટસાર'માં છે. જ્ઞાનને કર્મ આવરે છે. પાઠ તો એવો છે–જ્ઞાનાવરણીય. કીધું, એ નિમિત્તનું કથન છે. આત્માની જ્ઞાન પર્યાયને જ્ઞાનાવરણીય કર્મ ભિન્ન ચીજ છે એ આને આવરે એ વાત કોઈ રીતે વસ્તુમાં બેસે નહિ. વસ્તુનું એ સ્વરૂપ જ છે નહિ. ફક્ત નિમિત્તનૈમિત્તિક સંબંધ દેખીને કર્તાકર્મનો વ્યવહાર કરવામાં આવે છે. પણ એટલા ઊંડે કોણ વિચારે? એ તો જે માથે કહે એ જય નારાયણ. દર્શનમોહના ઉદયને લઈને મિથ્યાત્વ થાય. શાસ્ત્રમાં શબ્દ પણ એવા આવે. અહીં આવ્યું ને?

**'પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે.'** એમ આવ્યું ને? નિમિત્તનો અર્થ શો? કર્તા નથી. પ્રકૃતિ વિકારની કર્તા નથી. ફક્ત પ્રકૃતિનું નિમિત્ત છે અને વિકાર પોતે પોતાના ઉપાદાનથી સ્વતંત્ર તે સમયની પર્યાય થવાને લાયકથી તે થાય છે. જૈન ધર્મમાં કર્મની વ્યાખ્યા બહુ પ્રધાન થઈ ગઈ છે. જ્યાં હોય ત્યાં કર્મ.. કર્મ. સ્થાનકવાસીમાં સ્તુતિ બોલે ને? એમાં એમ બોલે, 'કર્મે વાળ્યો આડો અંક' એમ આવે એમાં. બીજી ભાષા ભૂલી ગયા. 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક'. એ તો નિમિત્તના કથન છે. પરદ્રવ્યને અને સ્વદ્રવ્યને બિલકુલ અત્યંત અભાવ છે, એકબીજા વચ્ચે તદ્દન અભાવ છે.

અંતરાય કર્મ આત્માને રોકે છે એ પણ નિમિત્તના કથન છે. અંતરાય કર્મની પર્યાય કર્મમાં છે અને આત્માની પર્યાય રોકાય છે એ પોતાના ઉપાદાનને કારણે રોકાય છે. અંતરાય કર્મ તો એને નિમિત્તમાત્ર કહેવામાં આવે છે. એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ જોઈને વ્યવહારથી કર્તાકર્મ કહેવાય, પરમાર્થે કર્તાકર્મ છે નહિ. આહાહા..!

ચારિત્રમોહનો ઉદયને લઈને. આવે છે ને? જ્ઞાનીને પણ ચારિત્રમોહના ઉદયને લઈને વિકાર થાય એમ આવે છે. એ તો નિમિત્તની વાત છે. ચારિત્રમોહનું નિમિત્ત છે પણ કરનાર તો પોતે કરે છે ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. જ્ઞાની પણ રાગ પોતે કરે છે. પોતાની નબળાઈમાં વિકારને કારણે વિકાર ઉત્પન્ન થાય છે તેમાં પ્રકૃતિને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત સંબંધ કહેવાથી તે કર્તા છે એમ નથી. આ મોટો વાંધો છે. નિમિત્તનૈમિત્તિક સંબંધ

છે એમાં કર્તાકર્મ જોડી દે છે. શાતા વેદનીયના ઉદયને લઈને સંયોગો અનુકૂળ મળે એવું લખાય, લખાણમાં આવે. એ નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. શાતા વેદનીયનો ઉદય નિમિત્ત છે અને જે સંયોગ આવે તે સ્વતંત્ર પોતાના પરમાણુની તે પર્યાય તે ઠેકાણે આવવાને લાયકથી આવે છે. શાતા વેદનીય તો નિમિત્ત છે. એ નિમિત્તનૈમિત્તિક સંબંધ દેખીને કર્તાકર્મનો સંબંધ જગતે ઊભો કર્યો છે. અહીં કીધું કે, એને દેખીને વ્યવહાર કહેવામાં આવે છે.

**'તેથી સંસાર છે અને તેથી જ તેમને (આત્માને અને કર્મને) કર્તાકર્મનો વ્યવહાર છે.'** વ્યવહાર છે ને? વ્યવહાર છે એટલે શું પણ? નિમિત્તનૈમિત્તિક સંબંધ દેખીને નિમિત્તનો વ્યવહાર કહેવામાં આવ્યો છે. નિમિત્ત કર્તા નથી. તેમ વિકારી પરિણામ કર્મને બાંધે, વિકાર ન થાય તો કર્મ ન બંધાય, વિકાર થાય તો કર્મ બંધાય તો એટલું તો વિકારને કારણે કારણ થયું કે નહિ ત્યાં? કે, ના. એ વખતે પણ કર્મ પ્રકૃતિના પરમાણુમાં કર્મ થવાની લાયકાતથી બંધાયેલા છે. જીવે પોતે પોતાથી વિકાર અને રાગ કર્યો છે. એટલો નિમિત્તનૈમિત્તિક સંબંધ દેખીને વ્યવહારથી કર્તાકર્મ કહેવામાં આવે છે. આ કર્મનું મોટું જોર છે. જૈનમાં તો કર્મ.. કર્મ. બીજામાં ઈશ્વર અને આમાં કર્મ. પેલાનો ઇશ્વર ચૈતન્ય ને આનો કર્મ જડ. કર્મને લઈને થાય, કર્મને લઈને થાય. આત્મામાં કર્મ ને પરદ્રવ્યને લઈને આત્મામાં થાય એ બિલકુલ જૂઠી વાત છે.

જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ-ઉઘાડ હોય તો અહીં જીવમાં ઉઘાડ દેખાય અને ઉઘાડ દેખાય છે ત્યારે ત્યાં કર્મનો ક્ષયોપશમ પણ છે, એટલો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. પણ કર્મનો ક્ષયોપશમ છે માટે જ્ઞાનનો ઉઘાડ થયો અને જ્ઞાનનો ઉઘાડ થયો માટે ત્યાં કર્મનો ક્ષયોપશમ છે એવું છે નહિ. એ તો નિમિત્તનૈમિત્તિક સંબંધથી કથન કરવામાં આવે છે. એમ આઠે (કર્મની) પ્રકૃતિ, ૧૪૮ પ્રકૃતિ સ્વતંત્ર પોતાના પરિણામથી થાય છે. જીવ પોતાના તે સમયના પોતાના સ્વતંત્ર પરિણામથી તે પરિણામ કરે છે. બે વચ્ચેનો નિમિત્તનૈમિત્તિક સંબંધ દેખી કર્તાકર્મ કહેવામાં આવે છે. આમાં મોટો ઝઘડો છે.

'વર્ણીજી' સાથે ચર્ચા થઈ ત્યારે પણ એમ બોલેલા, નિમિત્ત પણ કોઈ વખતે પરમાં નુકસાન કરે છે. તે દિ' મોટી બે વાત થઈ હતી. (સંવત) ૨૦૧૩ ની સાલ. કથંચિત્ નિમિત્ત પણ કર્તા છે. કીધું, કર્તા નિમિત્ત નથી. અને ક્રમબદ્ધમાં પણ ક્રમસર જે પર્યાય થવાની હોય થાય એમ નહિ. એ તો જેમ પોતાનો પુરુષાર્થ હોય એવી થાય. કીધું, એમ નહિ. જે થવાની હોય તે જ થાય, પુરુષાર્થ એવો જ હોય. પહેલા પછી જે થવાની હોય તે થાય. ઇ કહે, પહેલા પછી જે થવાની હોય તે નહિ. પહેલા પછી થવાની હોય એ થાય ખરી પણ તે જ થવાની હતી તે થઈ એમ નહિ. એ મોટી ચર્ચા થઈ હતી. નહોતું બેસતું, બધાને નહોતું બેસતું. 'મખ્ખનલાલજી', 'કૈલાસચંદજી' બધા બેઠા હતા. બધા હા પાડતા હતા. કોઈએ વિરોધ નહોતો કર્યો. એક વિરોધ ભાઈએ કર્યો 'ફુલચંદજી' એ, એણે કર્યો. 'પંચાસ્તિકાય'

ની ૬૨મી ગાથામાં એ લેખ છે એ વાત તે દિ' મુકી હતી. (સંવત) ૨૦૧૩ ની સાલની વાત છે. ત્યાં તો કીધું 'પંચાસ્તિકાય' તો એમ કહે છે, કે એ પોતપોતાને કારણે ષટ્કારણે વિકાર પરિણમે છે, કર્મને લઈને નહિ.

ધર્મ તો સ્વતંત્ર છે પણ વિકાર પણ પર્યાયમાં તે સમયમાં ષટ્કારકના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાનથી વિકાર પોતે ષટ્કારકથી પોતે પરિણ્મે છે. એને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, એને નિમિત્તની અપેક્ષા નથી. પરકારકોની અપેક્ષા નથી એવો પાઠ છે. ત્યાં તે દિ' મુક્યો હતો. ન બેઠું. 'ફુલચંદજી' એ હા પાડી, કે સ્વામી એમ કહે છે, કે નિશ્ચયથી વિકાર પરના કારકની અપેક્ષા વિના પોતાથી પોતામાં વિકાર થાય છે. એ વાત ન બેસી. વિકાર પોતાથી થાય? દેખો! ૬૨મી ગાથા. ષટ્કારકથી વિકાર પોતે પોતાથી પરિણમે એને પર કારકોની અપેક્ષા નથી એવો પાઠ છે. ૬૨મી ગાથા. ન બેઠું. આ ગાથાઓમાં મોટો ઝઘડો છે. એમ કહ્યું ને પાછું કે નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. એનો અર્થ શું? અહીંયાં કર્યું, કરે છે ત્યારે સામે ચીજ છે, બસ એટલું. અને સામે ચીજ છે તેથી અહીં કરે છે એમ નહિ. મોટો ફેર છે. જૈનમાં તો કર્મ... કર્મ. અન્યમાં ઈશ્વર અને જૈનમાં કર્મ. એને ચૈતન્ય ઈશ્વર.

એક ફેરી (સંવત) ૧૯૬૮ માં સ્વામીનારાયણના મંદિરમાં જોવા ગયા. 'ગઢડા' હું ને 'મગનભાઈ' સાથે હતા. ત્યાં મને દેખીને એ સ્વામીનારાયણ સાધુઓ ધોતા હતા. એને ખબર, કે આ જૈન છે એમ એને ખબર હતી. 'આ પાંદડું પણ ઈશ્વર વિના હલે નહિ.' એમ બોલ્યા. ૧૯૬૮ ની વાત છે. 'પાંદડું પણ ઈશ્વર વિના હલે નહિ.' એની સાથે ક્યાં વાત કરવી? ઈશ્વર કર્તા માને ને? ઈશ્વરથી પાંદડું હલે, ઈશ્વરની પ્રેરણાથી જગતના પ્રાણી પરિણામ કરે. ઈશ્વરની પ્રેરણા વિના કંઈ પણ પાંદડું હલી શકે નહિ. એમ મને દેખીને જૈન છે એમ દેખીને સ્વામીનારાયણ સાધુ બોલેલા. એની સાથે શું વાત કરવી? પણ જૈનમાં ઇ બોલે છે ને? કર્મને લઈને જ આત્મામાં વિકાર થાય. અને અર્થમાં એવું આવે પણ ખરું.

('સમયસાર') ૭૫-૭૬ ગાથામાં એવું આવે, કર્મ વ્યાપક છે અને વિકાર વ્યાપ્ય તેનું કાર્ય છે. ૭૫ માં એમ આવે છે. એ તો સ્વભાવની દૃષ્ટિ થઈ છે તેથી સ્વભાવ તે કર્તા અને તેનું કાર્ય સ્વભાવ નિર્મળ પર્યાય તે તેનું કાર્ય. એને કંઈ કર્મનો સંબંધ છે નહિ. એ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ (વાત છે). સ્વભાવ ચૈતન્ય છે એવું ભાન થયું એથી એનું વ્યાપ્ય સ્વભાવ છે. પછી થોડો રાગ બાકી રહ્યો એનું વ્યાપ્ય કર્મ છે એમ કરીને બેયને કાઢી નાખ્યા છે. ૭૫, ૭૬, ૭૭, ૭૮ (ગાથા). કર્મ વ્યાપક છે. ઇ મોટી ચર્ચા થઈ હતી, ભાઈ સાથે, 'ખારા.. ખારા!' 'ખારા' નહિ? ભાઈ! 'જામનગર'માં એ હતા. એ નોકર હતા. નોકરી હતી ને મોટી પદવીની?

મુમુક્ષુ :- 'સોમચંદભાઈ' નામ છે.

ઉત્તર :- 'સોમચંદભાઈ' છે એમ ને? ઇ 'સોમચંદભાઈ' કહે કે, જુઓ! આ શાસ્ત્રમાં

૭૫ ગાથામાં તો આમ કહ્યું છે, કર્મ વ્યાપક ને વિકાર વ્યાપ્ય. વિકારનું કર્તા તો કર્મ છે એમ અહીં કહ્યું છે. અને એક ઠેકાણે તમે એમ કહો કે, કર્મને લઈને થતું નથી. ભાઈ! આ કઈ અપેક્ષાએ કહ્યું? 'સોમચંદભાઈ' નોકર હતા ને? 'જામનગર'. ત્યાં નોકરી હતી.

વિકારની પર્યાય પોતાનું વ્યાપ્ય એ કર્મનું વ્યાપ્ય ત્યાં કહી દીધું. કેમકે સ્વભાવદષ્ટિ થઈ છે તેથી તેનું લક્ષ વિકાર ને નિમિત્ત ઉપર નથી. તેથી તે વિકારનું કાર્ય કરનાર કર્મ ને વિકાર વ્યાપ્ય. એ વિકાર તેનું વ્યાપ્ય અવસ્થા છે, એમ કરીને કાઢી નાખ્યું. એથી કરીને એ કર્મનું જ કાર્ય છે એમ સિદ્ધ કરવું એમ નહિ થાય, કીધું. 'સોમચંદભાઈ' સાથે (ચર્ચા) થઈ હતી. 'જામનગર'. આ ૭૫ ગાથામાં આવ્યું ને, કે આમાં તો આમ આવ્યું છે, કે કર્મ વ્યાપક છે ને વિકાર વ્યાપ્ય છે અને તમે ના પાડો છો, કર્મ વ્યાપક નથી. કીધું, અહીં તો સ્વભાવની દૃષ્ટિ જ્યાં થઈ છે તો સ્વભાવની દૃષ્ટિવંતનું વ્યાપ્ય સ્વભાવ છે. એનું વ્યાપ્ય (સ્વભાવ છે). કોઈ ગુણ અનંત ગુણમાંયલો કોઈ ગુણ અપવિત્ર નથી અથવા અપવિત્રને પ્રગટ કરે એવો કોઈ ગુણ નથી. તેથી અનંત ગુણની સંખ્યાવાળું તત્ત્વ તે સ્વભાવદષ્ટિ થઈ તેનું વ્યાપ્ય સ્વભાવ જ છે. એનું વ્યાપ્ય-કાર્ય વિકાર નહિ. એ અપેક્ષાએ કર્મનું કાર્ય વિકાર છે એમ કીધું છે. કાઢી નાખવા માટે. સમજાણું કાંઈ? આહા..! એ અહીં છે.

ભાવાર્થ :- **'આત્માને અને જ્ઞાનાવરણાદિ કર્મની પ્રકૃતિઓને પરમાર્થે કર્તાકર્મપણાનો અભાવ છે'** ખરેખર તો અભાવ છે. આહાહા..! **'તોપણ પરસ્પર નિમિત્તનૈમિત્તિક ભાવને લીધે...'** નિમિત્તનૈમિત્તિક સંબંધના વ્યવહારને લીધે **'બંધ થાય છે, તેથી સંસાર છે અને તેથી કર્તાકર્મપણાનો વ્યવહાર છે.'** નિશ્ચય નથી. આહાહા..!

*** સમ્યગ્દષ્ટિ, જીવ-અજીવ-આસ્રવ-બંધ આદિના સ્વાંગોને જોનારા છે. રાગાદિ આસ્રવ બંધના પરિણામ આવે પણ સમ્યગ્દષ્ટિ તે સ્વાંગોના જોનારા જ્ઞાતા-દૃષ્ટા છે, તે સ્વાંગોના કર્તા નથી. સમ્યગ્દષ્ટિ એ સ્વાંગોને કર્મકૃત જાણી શાંતરસમાં જ મગ્ન રહે છે. શુભાશુભભાવો આવે છે. પણ સમ્યગ્દષ્ટિ તેને કર્મકૃત સ્વાંગો જાણી તેમાં મગ્ન થતાં નથી. મિથ્યાદષ્ટિ જીવો જીવ-અજીવનો ભેદ જાણતાં નથી, તેથી તે કર્મકૃત સ્વાંગોને જ સાચા (પોતારૂપ) જાણીને તેમાં મગ્ન થઈ જાય છે. રાગાદિ ભાવો કર્મકૃત ભાવો હોવા છતાં તેને પોતાના ભાવો જાણી તેમાં લીન થઈ જાય છે. તેવા અજ્ઞાની જીવોને ધર્મીજીવો આત્માનું યથાર્થ સ્વરૂપ બતાવી, તેનો ભ્રમ મટાડી, ભેદજ્ઞાન કરાવીને શાંતરસમાં લીન કરી સમ્યગ્દષ્ટિ બનાવે છે. ૪૪૮.**

**– પરમાગમસાર**

# ગાથા–૩૧૪-૩૧૫

जा एस पयडीअट्ठं चेदा णेव विमुंचए।
अयाणओ हवे ताव मिच्छादिट्ठी असंजओ।।३१४।।
जदा विमुंचए चेदा कम्मफलमणंतयं।
तदा विमुत्तो हवदि जाणओ पासओ मुणी।।३१५।।

यावदेष प्रकृत्यर्थं चेतयिता नैव निमुञ्चति।
अज्ञायको भवेत्तावन्मिथ्यादृष्टिरसंयतः।।३१४।।
यदा विमुञ्चति चेतयिता कर्मफलमनन्तकम्।
तदा विमुक्तो भवति ज्ञायको दर्शको मुनिः।।३१५।।

यावदयं चेतयिता प्रतिनियतस्वलक्षणानिर्ज्ञानात् प्रकृतिस्वभावमात्मनो बन्धनिमित्तं न मुञ्चति, तावत्स्वपरयोरेकत्वज्ञानेनाज्ञायको भवति, स्वपरयोरेकत्वदर्शनेन मिथ्यादृष्टिर्भवति, स्वपरयोरोकत्वपरिणत्या चासंयतो भवति; तावदेव च परात्मनोरेकत्वाध्यासस्य करणात्कर्ता भवति। यदा त्वयमेव प्रतिनियतस्वलक्षणनिर्ज्ञानात् प्रकृतिस्वभावमात्मनो बन्धनिमित्तं मुञ्चति, तदा स्वपरयोर्विभागज्ञानेन ज्ञायको भवति, स्वपरयोर्विभागदर्शनेन दर्शको भवति, स्वपरयोर्विभागपरिणत्या च संयतो भवति; तदैव च परात्मनोरेकत्वाध्यासस्याकरणादकर्ता भवति।

---

('જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું ન છોડે ત્યાં સુધી તે અજ્ઞાની, મિથ્યાદ્રષ્ટિ, અસંયત છે' એમ કહે છે :–)

ઉત્પાદ-વ્યય પ્રકૃતિનિમિત્તે જ્યાં લગી નહિ પરિતજે,
અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત ત્યાં લગી આ જીવ રહે; ૩૧૪.
આ આતમા જ્યારે કરમનું ફળ અનંતું પરિતજે,
જ્ઞાયક તથા દર્શક તથા મુનિ તેહ કર્મવિમુક્ત છે. ૩૧૫.

ગાથાર્થ :– [ यावत् ] જ્યાં સુધી [ एषः चेतयिता ] આ આત્મા [ प्रकृत्यर्थं ] પ્રકૃતિના

નિમિત્તે ઊપજવું-વિણસવું [ न एव विमुञ्चति ] છોડતો નથી, [ तावत् ] ત્યાં સુધી તે [ अज्ञायकः ] અજ્ઞાયક છે, [ मिथ्यादृष्टि ] મિથ્યાદષ્ટિ છે, [ असंयतः भवेत् ] અસંયત છે.

[ यदा ] જ્યારે [ चेतयिता ] આત્મા [ अनन्तकम् कर्मफलम् ] અનંત કર્મફળને [ विमुञ्चति ] છોડે છે, [ तदा ] ત્યારે તે [ ज्ञायकः ] જ્ઞાયક છે, [ दर्शकः ] દર્શક છે, [ मुनिः ] મુનિ છે, [ विमुक्तः भवति ] વિમુક્ત (અર્થાત્ બંધથી રહિત) છે.

ટીકા :– જ્યાં સુધી આ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને-છોડતો નથી, ત્યાં સુધી સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે, સ્વપરના એકત્વદર્શનથી (એકત્વરૂપ શ્રદ્ધાનથી) મિથ્યાદષ્ટિ છે અને સ્વપરની એકત્વપરિણતિથી અસંયત છે; અને ત્યાં સુધી જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા છે. અને જ્યારે આ જ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોના જ્ઞાનને (ભેદજ્ઞાનને) લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને-છોડે છે, ત્યારે સ્વપરના વિભાગજ્ઞાનથી (ભેદજ્ઞાનથી) જ્ઞાયક છે, સ્વપરના વિભાગદર્શનથી (ભેદદર્શનથી) દર્શક છે અને સ્વપરની વિભાગપરિણતિથી (ભેદપરિણતિથી) સંયત છે; અને ત્યારે જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ નહિ કરવાથી અકર્તા છે.

ભાવાર્થ :– જ્યાં સુધી આ આત્મા પોતાના અને પરના સ્વલક્ષણને જાણતો નથી ત્યાં સુધી તે ભેદજ્ઞાનના અભાવને લીધે કર્મપ્રકૃતિના ઉદયને પોતાનો સમજી પરિણમે છે; એ રીતે મિથ્યાદષ્ટિ, અજ્ઞાની, અસંયમી થઈને, કર્તા થઈને, કર્મનો બંધ કરે છે. અને જ્યારે આત્માને ભેદજ્ઞાન થાય છે ત્યારે તે કર્તા થતો નથી, તેથી કર્મનો બંધ કરતો નથી, જ્ઞાતાદ્રષ્ટાપણે પરિણમે છે.

## ગાથા–૩૧૪ અને ૩૧૫ ઉપર પ્રવચન

હવે ૩૧૪-૧૫. '('**જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું ન છોડે...**' જોયું? પેલામાં પ્રકૃતિના નિમિત્તે ઊપજે-વિણસે છે એમ કહ્યું. હવે પોતે '**આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું ન છોડે ત્યાં સુધી અજ્ઞાની...**' છે. આહાહા..! પરને આશ્રયે વિકાર ઉત્પન્ન કરે એ તો અજ્ઞાની છે, કહે છે. આહાહા..! '**મિથ્યાદષ્ટિ, અસંયત છે...**' ત્રણ લીધા. '**એમ હવે (ગાથાઓમાં) કહે છે :–**' ૩૧૪-૧૫.

जा एस पयडीअट्ठं चेदा णेव विमुंचए।
अयाणओ हवे ताव मिच्छादिट्ठी असंजओ।।३१४।।
जदा विमुंचए चेदा कम्मफलमणंतयं।
तदा विमुत्तो हवदि जाणओ पासओ मुणी।।३१५।।

નીચે હરિગીત.

**ઉત્પાદ-વ્યય પ્રકૃતિનિમિત્તે જ્યાં લગી નહિ પરિતજે,**
**અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત ત્યાં લગી આ જીવ રહે; ૩૧૪.**
**આ આતમા જ્યારે કરમનું ફળ અનંતું પરિતજે,**
**જ્ઞાયક તથા દર્શક તથા મુનિ તેહ કર્મવિમુક્ત છે. ૩૧૫.**

ટીકા :– **'જ્યાં સુધી આ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે,...'** આ કારણે એમ કહે છે. જ્યાં સુધી **'(પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન નહિ હોવાને લીધે,...'** આ કારણે **'પ્રકૃતિના સ્વભાવને–કે જે પોતાને બંધનું નિમિત્ત છે...'** પ્રકૃતિનો સ્વભાવ તો બંધનું નિમિત્ત છે, બંધનું મૂળ કારણ નથી. આહાહા..! ભાષા સાદી છે પણ વસ્તુ સિદ્ધાંત એનો (મૂક્યો છે). પ્રકૃતિના સ્વભાવને જ્યાં સુધી ભેદજ્ઞાન કરીને ન તજે, તેનો આશ્રય ન છોડે. આશ્રય પોતે કરે છે. તેથી તેને સામાને નિમિત્ત કહેવામાં આવે છે. એ આશ્રય છોડી દચે નહિ જ્યાં સુધી ત્યાં સુધી નિમિત્તના આશ્રયે કર્યા કરે.

**'નિશ્ચેત સ્વલક્ષણોનું જ્ઞાન નહિ હોવાને લીધે...'** આત્મા આનંદ ને જ્ઞાનની સત્તાવાળો છે એમાં વિકાર અને કર્મનો તો અભાવ છે, એવું જ્યાં સુધી સ્વલક્ષણનું અને પરના લક્ષણનું **'જ્ઞાન નહિ હોવાને લીધે, પ્રકૃતિના સ્વભાવને–કે જે પોતાને બંધનું નિમિત્ત છે...'** જુઓ! આમાં નિમિત્તની વ્યાખ્યા ઘણી આવી. પ્રકૃતિનો સ્વભાવ કે જે બંધનું નિમિત્ત છે. બંધનું ઉપાદાન મૂળ કારણ પોતે છે. પ્રકૃતિ તો ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત કીધું માટે એનાથી થાય છે તો એ નિમિત્ત જ રહેતું નથી. આહાહા..!

**'જ્યાં સુધી આ આત્મા (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે,...'** આને કારણે **'પ્રકૃતિના સ્વભાવને–કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને–છોડતો નથી,...'** આહાહા..! ભેદજ્ઞાન નથી કરતો ત્યાં સુધી પ્રકૃતિના સ્વભાવનો રાગને લક્ષમાંથી આશ્રય કરવો છોડતો નથી. પ્રકૃતિનો આશ્રય કરવો છોડતો નથી. પણ પ્રકૃતિનું લક્ષણ ને સ્વભાવ ચૈતન્યનું (લક્ષણ) બેયનું ભિન્ન છે એના ભેદજ્ઞાનના અભાવને લીધે પરના આશ્રયે થતો તેને ભાવને છોડતો નથી. પરના આશ્રયે થતો ભાવ તેને પોતાનો માને છે પણ છોડતો નથી. આહાહા..!

આ 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે. **'ત્યાં સુધી...'** ક્યાં સુધી? કે, પોતે આત્મા પરનો આશ્રય છોડતો નથી, પરનું નિમિત્ત તરફનું લક્ષ છોડતો નથી આ કારણે. **'ત્યાં સુધી...'** એમ કહ્યું ને? જ્યાં સુધી કર્મનો ઉદય છે ત્યાં સુધી એમ કહ્યું નથી. જ્યાં સુધી આત્મા અને કર્મનો ભિન્ન ભાવ જાણતો નથી, ભિન્ન લક્ષણ કરતો નથી ત્યાં સુધી. ઇ તો પોતા ઉપર આવ્યું. સમજાણું કાંઈ?

**'ત્યાં સુધી સ્વ-પરના એકત્વજ્ઞાનથી...'** પર ને સ્વના ભેદજ્ઞાનના અભાવને લીધે. પર રાગ અને આત્મા બેને એક માનતો. આહાહા..! **'એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે,...'** રાગ એ ખરેખર પોતાનું સ્વરૂપ નથી પણ નિમિત્તને આશ્રયે પોતામાં પોતાથી થાય છે. તેથી તે તેનું ખરું સ્વરૂપ લક્ષણ નથી. એવું લક્ષણનું ભાન નહિ હોવાને લીધે. આહાહા..! ભાષા બધી સાદી છે પણ છે અંદર નરમ. બેયની ભિન્નતા, સમય સમયની બેયની ભિન્નતા. કોઈને કારણે કોઈ પર્યાય ઉત્પન્ન થાય એ ત્રણ કાળમાં નથી. કર્મને લઈને વિકાર થાય ને વિકારને લઈને કર્મને થવું પડે એવું ત્રણ કાળમાં નથી. આહાહા..!

**'સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે,...'** પ્રકૃતિને આશ્રયે જે વિકાર કરે છે તે વિકાર અને આત્માનો સ્વભાવ બે ભિન્ન છે, એમ નથી જાણતો ત્યાં સુધી નિમિત્તને આશ્રયે થતો વિકાર ને જ્ઞાન બે એક માનીને. શું કહ્યું ઇ? નિમિત્તને નહિ પણ નિમિત્તને આશ્રયે થતો જે વિકાર અને જે આત્માનું જ્ઞાન એને એકત્વજ્ઞાનથી, એ બેનું એકપણાનું જ્ઞાન છે. એ અજ્ઞાયક છે, એ જ્ઞાયક નથી. આહાહા..! હવે આવું બધું (સમજવું). કર્મને લઈને થાય, કર્મને લઈને થાય, જૈનમાં તો પહેલેથી એ પોકાર છે. સ્થાનકવાસીમાં ઇ, દેરાવાસીમાં ઇ, દિગંબરમાં ઇ, ત્રણેયમાં ઇ છે. કર્મને લઈને થાય.

અહીં તો (કહે છે), સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે, કર્મને લઈને નહિ. કર્મને લઈને અજ્ઞાયક છે એમ નહિ. **'સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે,...'** પોતે જ્ઞાયક સ્વરૂપ છે અને વિકાર તે વિપરીત સ્વભાવ છે. એ નિમિત્તને આશ્રયે વિકાર થાય છે, એનો સ્વભાવ નથી. એમ જ્યાં સુધી વિકારનું અને સ્વભાવનું એકત્વજ્ઞાન છે ત્યાં સુધી તે અજ્ઞાની છે. આહાહા..! પ્રકૃતિને અને આત્માને એમ ન કહ્યું. અહીં તો સ્વ-પરના એકત્વજ્ઞાનથી (કહ્યું છે). પરના નિમિત્તને આશ્રયે થતો જે વિકાર અને સ્વભાવ બેને એકત્વ જ્ઞાન છે. આહાહા..! ત્યાં સુધી તે અજ્ઞાયક છે. છે? એ પર તો બંધનું નિમિત્ત છે, ઉપાદાન તો પોતે છે. તો એ નિમિત્તને આશ્રયે થતાં વિકારને પોતાનો માનીને ભેદજ્ઞાન કરતો નથી ત્યાં સુધી તેને એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે, ઇ અજ્ઞાની છે. આહાહા..! આવું બધું લાંબું લાંબું ક્યાં કરવા જાય? નવરાશ ક્યાં છે? ફુરસદ ન મળે. એટલે પછી કર્મ... કર્મ... કર્મ... કર્મ... બસ... જ્યાં હોય ત્યાં મોઢા આગળ વાત કર્મની જ મુકે. કર્મને લઈને થાય. આત્મા તો શુદ્ધ છે. એ અશુદ્ધતા તો કર્મને લઈને થાય છે. એ વાત સાચી, નિમિત્તપણાને લક્ષે થાય છે

એટલું સાચું, પણ નિમિત્તથી થાય છે એ ખોટું. આહાહા..! ક્યાં ફેર છે એ જરીક સમજવા જેવું છે. ક્યાં દરકાર કરી છે? આ કર્મ અને નિમિત્ત શું છે એનો નિર્ણય કે દિ' કર્યો છે? આહાહા..! શું કહ્યું?

**'જ્યાં સુધી આ આત્મા,...'** જ્યાં સુધી આ આત્મા. જ્યાં સુધી કર્મનો ભાગ છે ત્યાં સુધી એમ નથી કહ્યું, **'જ્યાં સુધી આ આત્મા (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન નહિ હોવાને લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે...'** પ્રકૃતિના નિમિત્તે થયેલો ભાવ એ તો બંધનું કારણ છે. પ્રકૃતિના નિમિત્તે થયેલો ભાવ એ તો બંધનું કારણ છે. અને તેને તે છોડતો નથી. કોને? નિમિત્તને આશ્રયે થયેલો વિકાર તેને ઇ છોડતો નથી. આહાહા..!

**'ત્યાં સુધી સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે, સ્વપરના એકત્વદર્શનથી (એકત્વરૂપ શ્રદ્ધાનથી) મિથ્યાદૃષ્ટિ છે...'** આહાહા..! એ નિમિત્તને આશ્રયે થયેલો ભાવ, કર્તા નિમિત્ત નહિ પણ નિમિત્તને આશ્રયે થયેલો ભાવ અને સ્વભાવિક ભાવ બેના ભેદજ્ઞાનના અભાવને લીધે તે વિભાવને છોડતો નથી. આહાહા..! વિભાવ થાય છે નિમિત્તને આશ્રયે, નિમિત્તથી નહિ, બેમાં મોટો ફેર છે. નિમિત્તથી અને નિમિત્તને આશ્રયે. નિમિત્તને આશ્રયે ત્યાં સ્વાધીન પોતે નિમિત્તનું લક્ષ કરે છે અને નિમિત્તથી થાય તો પરાધીન થઈ જાય છે. નિમિત્ત એને વિકાર કરાવે એમ થઈ જાય છે. આહાહા..!

**'સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે,...'** **'બંધનું નિમિત્ત છે તેને છોડતો નથી,...'** એમ કીધું છે. બંધને છોડતો નથી એમ નથી કહ્યું. **'પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે...'** આહાહા..! તેને નિમિત્તને લક્ષમાંથી છોડતો નથી, એથી વિકારને છોડતો નથી. નિમિત્તને લક્ષમાંથી છોડતો નથી એટલે આને છોડતો નથી. આહાહા..! આવું બધું અજ્ઞાન.

મુમુક્ષુ :- પોતાને બંધનું નિમિત્ત છે, ભાવબંધનું નિમિત્ત છે?

ઉત્તર :- ભાવબંધનું નિમિત્ત છે. નિમિત્ત એટલે પોતે કરે છે તે પરનું લક્ષ છે, એમ. તેથી તે નિમિત્ત તરફનું લક્ષ છોડતો નથી, તેથી તેના તરફે થતો પોતાનો વિકાર તે લક્ષે એને પણ એ છોડતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'બંધનું નિમિત્ત છે તેને-છોડતો નથી.'** બંધનું નિમિત્ત પ્રકૃતિ નથી, પ્રકૃતિને આશ્રયે થયેલો વિકાર તે બંધનું નિમિત્ત છે. આહાહા..!

**'જ્યાં સુધી આ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે...'** એ પ્રકૃતિને આશ્રયે થતો ભાવ એ બંધનું કારણ છે. તેને એ છોડતો નથી. નિમિત્તને છોડતો નથી એમ નહિ. નિમિત્તથી થતાં ભાવને. પોતે નિમિત્તને આશ્રયે થતો ભાવ તેને છોડતો નથી. આહાહા..! પ્રકૃતિને છોડતો નથી ને ગ્રહતો નથી એ પ્રશ્ન છે જ નહિ. એ પ્રકૃતિનું ગ્રહવું-છોડવું આત્મામાં છે જ નહિ. પણ પ્રકૃતિના નિમિત્તે થતાં ભાવને છોડતો નથી. આહાહા..!

એ વિકાર બંધનું નિમિત્ત છે, એ આત્માનો સ્વભાવ નથી.

મુમુક્ષુ :- બંધનું નિમિત્ત છે એટલે નવા બંધનું નિમિત્ત છે?

ઉત્તર :- ભાવ, ભાવબંધનું નિમિત્ત છે ને. પ્રકૃતિના નિમિત્તના આશ્રયે થતો ભાવ બંધનું નિમિત્ત છે. તેને પ્રકૃતિનો આશ્રય છોડતો નથી તેથી તે વિકારને પણ છોડતો નથી. આહાહા..! કર્મને છોડવું ને ગ્રહવું નથી. પરદ્રવ્યનો ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એ તો શૂન્ય છે. પણ પ્રકૃતિના નિમિત્તે થતો જે વિકાર સ્વભાવ એને પોતાનો માને છે એ નિમિત્તને આધીન થયેલો વિકાર છે એ સ્વભાવ આધીન થયેલી દશા નથી. થયેલી દશા પોતાથી પોતામાં છે, પણ નિમિત્તને આધીન થયેલી (છે). વિકાર સ્વભાવને આધીન થતો નથી. આહાહા..! આવું બધું યાદ રાખવું.

મુમુક્ષુ :- એને સ્વ-પરના ભેદજ્ઞાનનો અભાવ છે.

ઉત્તર :- એને પોતાને સ્વ-પરનું ભાન નથી. નિમિત્તને આશ્રયે થયેલો વિકાર એ પોતાનો સ્વભાવ નથી, વિકાર છે. થાય છે પોતાથી પણ નિમિત્તને આશ્રયે થાય છે, સ્વભાવને આશ્રયે નહિ. આહાહા..! સમજાય છે? બંધનું નિમિત્ત છે. પ્રકૃતિનો જે નિમિત્તને આશ્રયે થયેલો સ્વભાવ બંધરૂપ વિભાવ એ બંધનું નિમિત્ત છે તેને છોડતો નથી. **'ત્યાં સુધી સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે, સ્વપરના એકત્વદર્શનથી મિથ્યાદૃષ્ટિ છે...'** આહાહા..! પ્રકૃતિના લક્ષે થયેલો વિકાર તે મારો સ્વભાવ છે, મારું સ્વરૂપ છે એમ બેની એકતાબુદ્ધિ જેની છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! થયો છે પોતામાં પણ નિમિત્તને આશ્રયે થયેલો છે. એ વાસ્તવિક સ્વભાવથી થયેલો નથી. સમજાણું આમાં?

મુમુક્ષુ :- તો પછી વિકારને સાપેક્ષ કહેવામાં શું વાંધો છે?

ઉત્તર :- વિકાર સ્વતંત્ર છે, નિમિત્ત કીધું ત્યાં સ્વતંત્ર છે. ઉપાદાન સ્વતંત્ર છે. નિમિત્તની અપેક્ષા-તો પોતે કરી છે. લક્ષ, નિમિત્તની અપેક્ષા છે માટે વિકાર થાય છે એમ નથી. એ લક્ષ કરે છે. એ લક્ષ કરે છે એ નિમિત્તને આશ્રયે કરે છે એ બંધનું કારણ છે. તેથી તે એને છોડતો નથી. નિમિત્તને છોડતો નથી, ગ્રહતો નથી એ આવ્યું નથી. આહાહા..! પરદ્રવ્યને ગ્રહવા, મુકવાનો પ્રશ્ન અહીં છે જ નહિ. આહાહા..!

પરને લક્ષે થતો જે વિકાર એને જ્યાં સુધી નિમિત્તાધીન થયેલા વિકારને છોડતો નથી ત્યાં સુધી વિકાર ને સ્વભાવનું ભેદજ્ઞાન નથી. ત્યાં સુધી તે અજ્ઞાની છે, ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. નિમિત્તને આધિન થયેલો ભાવ, નિમિત્તથી નહિ, નિમિત્તને આધીનથી થયેલો ભાવ, નિમિત્તને વશ થયેલો ભાવ. વશ આવે છે, 'જયસેનાચાર્ય'ની ટીકામાં 'કર્મને વશે' એવો શબ્દ આવે છે. કર્મથી નહિ, કર્મને વશે. કર્મથી નહિ ને કર્મને વશે એમાં મોટો ફેર છે. પોતે વશ થાય છે. આહાહા..! આવું ઝીણું ઘણું, ભાઈ! હવે આવી ઝીણી વાતું ક્યાં (યાદ રાખવી?) દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો.. થઈ ગયું. આહાહા..! પણ ઇ કહે

છે, કે ઇ ભાવ પ્રકૃતિના નિમિત્તે થયેલો છે. એટલે કે પરને આશ્રયે થયેલો છે તારો સ્વભાવભાવ નથી. થયો છે તારી પર્યાયમાં પ્રકૃતિના આશ્રયે, પણ સ્વભાવભાવ નથી. તેથી તેને તે ભાવ અને સ્વભાવના ભેદજ્ઞાનનો અભાવ છે. આહાહા..!

તેથી તે '**મિથ્યાદૃષ્ટિ છે અને સ્વપરની એકત્વપરિણતિથી અસંયત છે;...**' આહાહા..! નિમિત્તને આધીન થયેલો ભાવ એને ને પોતાના સ્વભાવને એકત્વ પરિણતિ છે એ અસંયતી છે, એ સંયતી નથી. આહાહા..! એ અસાધુ છે. સાધુ થયેલો પણ પ્રકૃતિના નિમિત્તે થયેલો ભાવ પોતાનો પોતાની પર્યાયમાં પણ એને પણ સ્વભાવથી ભિન્ન નથી જાણતો અને એકત્વ માને છે તે અસંયમી, મિથ્યાદૃષ્ટિ અસંયમી છે. આહાહા..! અભ્યાસ નહિ એટલે વિષય જરી આકરો પડે. આહાહા..!

'**અને ત્યાં સુધી જ...**' જ્યાં સુધી એમ કહ્યું હતું ને? '**ત્યાં સુધી જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા છે.**' કોનો? પરિણામનો. નિમિત્તનો કર્તા છે એ નહિ. નિમિત્તને આધીન થયેલો વિકાર તેનાથી ભેદજ્ઞાન નથી, તેને છોડતો નથી ત્યાં સુધી તેનો કર્તા અજ્ઞાની થાય છે. વિકારનો કર્તા, હોં! પ્રકૃતિનો નહિ, નિમિત્તનો નહિ. એ તો પહેલેથી ના જ પાડી કે નિમિત્તનૈમિત્તિક સંબંધ છે, કર્તાકર્મ સંબંધ છે નહિ. નિમિત્ત અને પ્રકૃતિ સાથે. આહાહા..! આવું આટલું બધું યાદ રાખવું. પેલું તો ટૂંકું ટચ હતું. દયા પાળવી ને વ્રત પાળવા ને ભક્તિ કરવી, પૂજા કરવી. જાઓ! પણ કહે છે, કે એ બધો ભાવ નિમિત્તને આધીન થયેલો છે, તારો સ્વભાવ નથી. નિમિત્તથી થયો નથી, તારો સ્વભાવ નથી. નિમિત્તને આધીન થયેલો ભાવ અને સ્વભાવભાવનું ભેદજ્ઞાન નથી ત્યાં સુધી તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ અને અસંયમી છે. આહાહા..!

'**ત્યાં સુધી જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા છે.**' કર્તા સિદ્ધ કરવું છે ને? કોનો પણ કર્તા? નિમિત્તનો નહિ, નિમિત્ત આધીન થયેલા વિકારનો કર્તા છે. આહાહા..! '**ત્યાં સુધી જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા છે. અને જ્યારે આ જ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોના જ્ઞાનને (ભેદજ્ઞાનને) લીધે, પ્રકૃતિના સ્વભાવને...**' એ પ્રકૃતિનો સ્વભાવ નિમિત્ત આધીન થયો એને કીધું. એ પોતાનો સ્વભાવ નથી. પ્રકૃતિના નિમિત્તે એટલે પ્રકૃતિના નિમિત્તનો સ્વભાવ. આહાહા..! '**પ્રકૃતિના સ્વભાવને–કે જે પોતાને બંધનું નિમિત્ત છે...**' કોણ? વિકાર. '**તેને–છોડે છે,...**' જ્યારે પ્રકૃતિના આશ્રયે થતો પોતાનો વિકાર સ્વભાવ કે જે પોતાને બંધનું નિમિત્ત છે. પ્રકૃતિ નિમિત્ત છે એમ નહિ, બંધનું નિમિત્ત એનો ભાવ–વિકારી ભાવ બંધનું નિમિત્ત છે.

જ્યારે છોડે છે '**ત્યારે સ્વપરના વિભાગજ્ઞાનથી (ભેદજ્ઞાનથી)...**' પોતાના અને પરના જુદા જ્ઞાનથી) '**જ્ઞાયક છે,...**' જાણનાર છે. નિમિત્તનો કર્તા તો નથી પણ વિકારનો પણ કર્તા નથી. આહાહા..! એ જ્ઞાયક કીધો ને? પહેલા કર્તા કીધો એ વિકારનો અને આ જ્ઞાયક

કીધો એ વિકારનો કર્તા નથી. પર તો નિમિત્ત માત્ર એક ચીજ (છે) એટલું. આહાહા..!

**'સ્વપરના વિભાગદર્શનથી (ભેદદર્શનથી) દર્શક છે...'** નિમિત્તના આશ્રયે થયેલા વિકાર ને સ્વભાવના ભેદજ્ઞાનથી તે સમ્યગ્દષ્ટિ છે. **'અને સ્વપરની વિભાગપરિણતિથી (ભેદપરિણતિથી) સંયત છે;...'** પ્રકૃતિના નિમિત્તે થયેલો વિકાર અને સ્વભાવનું ભેદજ્ઞાન હોવાથી અને સ્વભાવમાં પરિણતિ હોવાથી તે સંયત છે. **'અને ત્યારે જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ નહિ કરવાથી અકર્તા છે.'** કોનો? વિકારનો. આહાહા..! વિશેષ આવશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૮૬, શ્લોક-૧૯૬, ગાથા–૩૧૪ થી ૩૧૬ બુધવાર, મહા સુદ ૫, તા. ૦૬-૦૨-૧૯૮૦**

---

'સમયસાર' ૩૧૪-૩૧૫નો ભાવાર્થ છે. **'જ્યાં સુધી આ આત્મા પોતાના અને પરના સ્વલક્ષણને જાણતો નથી...'** એમ નથી લીધું કે, જ્યાં સુધી કર્મનું જોર છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ વાત જ નથી. એક દ્રવ્યનું બીજા દ્રવ્ય ઉપર જોર છે જ નહિ. એટલે **'જ્યાં સુધી આ આત્મા...'** એમ લીધું, જ્યાં સુધી કર્મનું જોર છે ત્યાં સુધી ભેદજ્ઞાન કરતો નથી એમ નથી લીધું. પાઠમાં એ આવી ગયું. **'જ્યાં સુધી આ આત્મા...'** એ આ આત્મા કરીને બીજા આત્માઓથી જુદો પાડ્યો છે, બધા એક નથી.

**'જ્યાં સુધી આ આત્મા પોતાના અને પરના સ્વલક્ષણને જાણતો નથી ત્યાં સુધી તે ભેદજ્ઞાનના અભાવને લીધે કર્મપ્રકૃતિના ઉદયને પોતાના સમજી પરિણમે છે;...'** પોતાનો સમજીને પરિણમે છે. **'એ રીતે મિથ્યાદૃષ્ટિ...'** પોતાનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ, એને છોડી અને પ્રકૃતિનો જે સ્વભાવ એ વિકાર છે. છે તો જીવની પર્યાયનો પણ એ પ્રકૃતિનો સ્વભાવ છે, આત્માનો સ્વભાવ નથી., એમ ભેદ પાડવો છે. જે પ્રકૃતિના સ્વભાવને પોતાનો સમજી પરિણમે છે. **'એ રીતે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની અને અસંયમી થઈને,...'** પોતે જ મિથ્યાદૃષ્ટિ જૂઠી દૃષ્ટિ જે સ્વભાવ દૃષ્ટિ છોડી અને વિભાવ પ્રકૃતિના સ્વભાવને પોતાનો માને ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ, અસંયમી અને અજ્ઞાની થઈને, **'કર્તા થઈને, કર્મનો બંધ કરે છે.'** એ વિકારનો કર્તા થઈને કર્મનો બંધ થાય છે. આહાહા..! કર્તા થઈ વિકારની પરિણતિનો (બંધ કરે છે). સ્વ આશ્રય છોડી અને પર આશ્રયને અવલંબે જતાં તે વિકારનો કર્તા (થાય છે). જ્ઞાતાપણું ભાસ્યું નહિ એટલે કર્તાપણું તો એને હોઈ શકે. એટલે વિકારનો કર્તા થઈને કર્મનો બંધ કરે છે. કર્મનો બંધ કરે છે એ સમજાવ્યું છે. બાકી કર્મબંધ તો એને કારણે થાય છે. આ પોતે માને છે એ પ્રમાણે તે કાળે કર્મના બંધનના રજકણોની પર્યાયનું કર્મપણે થવાનું

છે તેને કર્મને બાંધે છે એમ કહે છે. સમજાણું?

**'અને જ્યારે આત્માને ભેદજ્ઞાન થાય છે...'** કર્મ મોળા પડે છે ને એમ વાત નથી કરી. પોતાથી જ ભેદજ્ઞાન જ્યારે થાય છે એમાં બધું આવી ગયું. ક્રમબદ્ધ પણ આવ્યું, સર્વજ્ઞ સ્વભાવીનો નિર્ણય પણ આવ્યો. સર્વજ્ઞ સ્વભાવી આત્મા એને રાગથી ભિન્ન પાડી અને એનું ભેદજ્ઞાન કરે છે **'ત્યારે તે કર્તા થતો નથી,...'** ત્યારે વિકાર પરિણામ થવા છતાં પ્રકૃતિના, નિમિત્તના આશ્રયે વિકાર થવા છતાં તેનો કર્તા થતો નથી. આહાહા..! શબ્દો તો બહુ સાદા છે પણ આ મૂળ માલ છે.

સ્વનો આશ્રય ન કરતા પરનો આશ્રય કરે છે તે રાગનો કર્તા થાય છે. અને જ્યારે ભેદજ્ઞાન થાય છે, પ્રકૃતિનો સ્વભાવ જે વિકાર થવું એનાથી ભેદજ્ઞાન થાય છે ત્યારે તે કર્તા થતો નથી. પરિણતિ હોય છે. પ્રકૃતિના નિમિત્તની પોતાના પર્યાયમાં, પોતાની કમજોરીથી વિકાર થાય છે પણ કર્તા થતો નથી. આહાહા..! **'તેથી કર્મનો બંધ કરતો નથી,...'** તેથી તેને કર્મબંધ થતો નથી. કરતો નથી એટલે થતો નથી. આહાહા..! **'જ્ઞાતાદૃષ્ટાપણે પરિણમે છે.'** ભેદજ્ઞાન થતાં એ આવી ગયું. ક્રમબદ્ધ પણ એમાં આવી ગયું. ન્યાંથી શરૂ કર્યું છે ને? શરૂઆત, ગાથાથી શરૂઆત (કરી છે). ક્રમબદ્ધમાં સ્વનું શરણ છે, એ શરણ લીધું છે એથી જ્ઞાતા-દૃષ્ટાપણે પરિણમે છે. એ જ એના ક્રમબદ્ધમાં જાણવું-દેખવું એ જ એની પરિણતિ થાય તેને તે પ્રકૃતિના સ્વભાવને પોતામાં રહીને, જ્ઞાન ને દર્શનમાં રહીને તેને જાણે છે. એ કર્તાની વ્યાખ્યા કરી.

## શ્લોક-૧૯૬

(अनुष्टुभ्)

भोक्तृत्वं न स्वभावोऽस्य स्मृतः कर्तृत्ववच्चितः।
अज्ञानादेव भोक्तायं तदभावादवेदकः।।१९६।।

**'એવી જ રીતે ભોક્તાપણું પણ આત્માનો સ્વભાવ નથી' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :-**

**શ્લોકાર્થ :– [ कर्तृत्ववत् ] કર્તાપણાની જેમ [ भोक्तृत्वं अस्य चितः स्वभावः स्मृतः न ] ભોક્તાપણું પણ આ ચૈતન્યનો (ચિત્સ્વરૂપ આત્માનો) સ્વભાવ કહ્યો નથી. [ अज्ञानात् एव अयं भोक्ता ] અજ્ઞાનથી જ તે ભોક્તા છે, [ तद्-अभावात् अवेदकः ] અજ્ઞાનનો અભાવ થતાં અભોક્તા છે. ૧૯૬.**

## શ્લોક-૧૯૬ ઉપર પ્રવચન

**'એવી જ રીતે ભોક્તાપણું પણ આત્માનો સ્વભાવ નથી...'** પ્રકૃતિના આશ્રયે થતો વિકાર તેનો ભોક્તાપણું એ જીવનો સ્વભાવ નથી. શરીર ને વાણી ને મન પરદ્રવ્યનું ભોગવવાપણું તો છે જ નહિ, એનો તો અહીં પ્રશ્ન છે નહિ. કેમકે એને તો એ અડતું પણ નથી અને તેનો તો અત્યંત અભાવ છે, પણ એની પર્યાયમાં કર્મના પ્રકૃતિના નિમિત્તે નબળાઈથી થતો વિકાર (છે) એનું ભોક્તાપણું પણ આત્માનો સ્વભાવ નથી. એ વિકારનું ભોગવવું એ જીવનો સ્વભાવ નથી. આહાહા..!

**'એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :–'** પછીની ગાથા કહેશે એની સૂચના પહેલી બતાવે છે. પછીની ગાથા કહેશે એની આ સૂચના કહે છે. ૧૯૬.

**भोक्तृत्वं न स्वभावोऽस्य स्मृतः कर्तृत्ववच्चितः।**
**अज्ञानादेव भोक्तायं तदभावादवेदकः।।१९६।।**

**'કર્તાપણાની જેમ ભોક્તાપણું પણ આ ચૈતન્યનો...'** રાગ, દયા, દાન, કામ, ક્રોધના પરિણામ એનું ભોગવવાપણું એ જીવનો સ્વભાવ નથી. આહાહા..! જેમ કર્તાપણું એનો સ્વભાવ નથી તેમ તેનું વેદવું, વિકારનું વેદવું એ કંઈ જીવનો સ્વભાવ નથી. આહાહા..! **'भोक्तृत्वं अस्य चितः स्वभावः स्मृतः न' 'ભોક્તાપણું પણ આ ચૈતન્યનો (ચિત્સ્વરૂપ આત્માનો) સ્વભાવ કહ્યો નથી.'** આહાહા..! દયા, દાનના રાગને પણ ભોગવે એવો એનો સ્વભાવ નથી. ત્રિકાળી સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા (છું) એવું જ્યાં એને જ્ઞાનમાં ભેદજ્ઞાન થયું તેથી તે જ્ઞાતા-દૃષ્ટાને ભોગવે પણ પ્રકૃતિના સ્વભાવને ભોગવતો નથી. પરિણામ થાય છે, પ્રકૃતિના નિમિત્તથી, પોતાની નબળાઈથી વિકારભાવ થાય છે પણ તેને ભોગવવાનો સ્વભાવ કહ્યો નથી, એને ભોગવવાનો સ્વભાવ કહ્યો નથી.

**'अज्ञानात् एव अयं भोक्ता'** રાગનું અનુભવવું એ અજ્ઞાનથી છે. આહાહા..! કેમકે રાગ એના સ્વભાવમાં નથી. એ તો પ્રકૃતિના નિમિત્તે થયેલી ઉપાધિ (છે) એને ભોગવવું એનો સ્વભાવ નથી. આહાહા..! શરીર, વાણી આદિ પરદ્રવ્યને ભોગવવું એ તો વાત છે જ નહિ. જેમ એનો કર્તા પણ નહિ તેમ ભોક્તા (નહિ), એની સાથે કંઈ સંબંધ જ નથી. ફક્ત પ્રકૃતિના નિમિત્તના આશ્રયે જે પ્રકૃતિનો સ્વભાવ, ચૈતન્યનો સ્વભાવ નહિ પણ એ પ્રકૃતિનો સ્વભાવ (છે) એમ. એને ભોગવવાનો સ્વભાવ ભગવાને કહ્યો નથી અને એમાં છે નહિ. ભોક્તાપણું ચૈતન્યનો સ્વભાવ કહ્યો નથી. આહાહા..!

કોઈ એમ કહે, કે આ તો ઉપરની વાતું છે. ઉપરના ઊંચા ગુણસ્થાનની (વાત છે).

અહીં એમ નથી, અહીં તો પહેલેથી જ આ વાત છે. સમ્યગ્જ્ઞાન થયું ત્યારથી પ્રકૃતિના સ્વભાવનો ભોક્તા નથી, એનો જાણનાર છે. આહાહા..! જે પોતાના અસ્તિત્વમાં છે તેનો તે કર્તા ને ભોક્તા છે. એ વિકાર પોતાના અસ્તિત્વ સ્વભાવમાં નથી. પોતાની સત્તાની સ્વભાવમાં એ નથી. તેથી પ્રકૃતિના નિમિત્તે થતો વિકૃત સ્વભાવ એનું ભોક્તાપણું ભગવાને કહ્યું નથી. એટલે કે એના સ્વભાવમાં નથી. એથી કહે (છે), જ્ઞાની રાગને ભોગવતો નથી, એમ ભગવાને કહ્યું છે અને એમ છે. **'સ્વભાવ કહ્યો નથી.'** એમ કહ્યું ને?

**'भोक्तृत्वं अस्य चितः स्वभावः स्मृतः न' 'स्मृतः न' 'स्मृतः'** એટલે સ્મરણમાં આવે, કે આના કરતા એવું ભગવાને કહ્યું નથી અને એવો એનો સ્વભાવ છે જ નહિ. આહાહા..! કેટલાક આ વાત સાતમા ગુણસ્થાનની છે એમ કહે છે. કે, આ વાત સાતમા(ગુણસ્થાન)ની વાત છે. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન જ્યાં થાય, ત્યાં આગળ એને કર્તા-ભોક્તા નથી, એમ આ ગાથાના અર્થમાં કહે છે. (પરંતુ) એમ નથી. કેમકે ચૈતન્યનો સ્વભાવ જ આનંદ ને જ્ઞાન ને દર્શન સ્વભાવ છે. તે સ્વભાવનો ભોક્તા અને કર્તા તો એનું સ્વરૂપ છે. પ્રકૃતિના નિમિત્તે થતી વિકૃત દશા તેનો એ કર્તા ને ભોક્તા સમકિતી ચોથે ગુણસ્થાનથી નથી. સમજાણું? કોઈ એને ઊંચે ગુણસ્થાને કહે છે, કે ભાઈ! સાતમાની વાત છે. ચોથે અનુભૂતી નથી એમ કહે છે. છે ને એક? 'વિદ્યાસાગર' જુવાન છે. એ એમ કહે છે, ચોથે ગુણસ્થાને અનુભૂતિ નથી. અહીં ચોથાથી જ વાત બધી લીધી છે. સમ્યગ્દર્શન-જ્ઞાનથી વાત લીધી છે.

**'(ચિત્સ્વરૂપ આત્માનો)...'** ભગવાન તો ચિત્સ્વરૂપ છે, આત્મા તો ચિત્-જ્ઞાન સ્વરૂપ છે. જ્ઞાન સ્વરૂપ છે એવું જે ભાન થયું એ રાગને કેમ ભોગવે? આહાહા..! એ રાગ આવે ખરો, સાધક છે એટલે હોય ખરો, પણ તેને જાણે. જાણવાના અસ્તિત્વમાં તેને જાણે કે, આ રાગ છે. નથી એમ નહિ તેમ ભોગવે છે એમ પણ નહિ. છે છતાં ભોગવતો નથી. આહાહા..! કેમકે જ્ઞાતા-દૃષ્ટા એવો ચૈતન્ય સ્વભાવ, પ્રકૃતિના સ્વભાવથી ભેદજ્ઞાન કર્યું છે અને ક્રમબદ્ધનું ફળ જ ભેદજ્ઞાન છે. ત્યાંથી શરૂ કર્યું છે ને? ક્રમબદ્ધનું પરિણામ જ અકર્તાપણું છે. રાગ અને રાગનું ફળ એનું કરવું ને ભોગવવું એ જીવનો સ્વભાવ નથી. ક્રમબદ્ધમાં એ આવી ગયું છે. શરૂઆતમાં ક્રમબદ્ધ સિદ્ધ કરવામાં અકર્તાપણું સિદ્ધ કર્યું છે. એની આ બધી વ્યાખ્યા વિસ્તાર છે. આહાહા..!

જે સમયે જે પર્યાય થવાની તે થાય એને જાણનારો જાણે. રાગાદિને જાણે, ભોગવે નહિ. આહાહા..! થાય, હોય (પણ) ભોગવે નહિ. એનાથી ભિન્ન સત્તા સ્વભાવનું ભાન છે એ ચૈતન્યની મહાસત્તા પ્રભુ છે એને પોતે કરે ને ભોગવે એવું એને વ્યવહારથી થઈ જાય છે. આહાહા..!

મુમુક્ષુ :– દીપચંદજી શેઠિયા એમ જ કહેતા હતા ને કે, રાગને વેદે નહિ?

ઉત્તર :– હા, ઇ કહેતા હતા. એની એમાં મોટી ભૂલ આવી હતી ને. 'ન્યાલચંદભાઈ'ને

લઈને. 'ન્યાલચંદભાઈ'એ એમ કહ્યું ને કે, શુભભાવ છે એ ભઠ્ઠી છે, એ એને ન રુચ્યું. શુભભાવ એ ભઠ્ઠી છે. તો એ કહે કે, નહિ. દુઃખ છે, એ શુભભાવ દુઃખ છે. તો ઇ કહે કે, દુઃખનું વેદન જ્ઞાનીને હોય નહિ, એમ કહેતા'તા.

મુમુક્ષુ :– દર્શન અપેક્ષાએ ન હોય પણ જ્ઞાન અપેક્ષાએ હોય.

ઉત્તર :– કોઈ અપેક્ષાએ વેદન હોય નહિ. દુઃખનો જાણનાર છે. વેદન પણ છે, વેદન છે પણ એનો જાણનાર છે. વેદન નથી એમ નહિ, બિલકુલ વેદન જ નથી એમ નહિ. તેમ વેદન હોવા છતાં છે વેદન એને જાણે છે. છે એને જાણે કે ન હોય એને જાણે? વેદન છે. તો ઇ એમ કહેતા હતા કે, દુઃખનું વેદન કરે એ તીવ્ર કષાયી જીવ છે, એમ કે, એ સમકિતી નથી, એમ કહેતા એ. છતાં એની સાથે આ 'સુમેરુમલ' ઇ બિચારા કહેતા કે, ભાઈ! આપણે આના ખુલાસા માટે મહારાજ પાસે જઈએ. એમ વાત એણે વાત કરી હતી, પણ ઇ કાંઈ આવી શક્યા નહિ. એમ ઇ કહેતા હતા.

મુમુક્ષુ :– આપે ફરમાવ્યું ને કે, રાગનો જાણનાર છે, વેદન કરનાર નથી.

ઉત્તર :– જાણનાર પણ વેદન છે, પર્યાયમાં વેદન બિલકુલ નથી (એમ નથી). જાણનાર છે એ તો જ્ઞાનની અપેક્ષાએ કીધું, પણ વેદન ન હોય તો પૂર્ણ વીતરાગતા હોય. મિથ્યાદૃષ્ટિને પૂર્ણ વેદન છે એકલું, (રાગનું) કેવળીને પૂર્ણ વેદન છે એકલું શાંતિનું, મિથ્યાદૃષ્ટિને પૂર્ણ વેદન છે એકલું વિકારનું, સાધકને વેદન શુદ્ધતાનું અને અશુદ્ધતાનું બેયનું છે. અહીં તો એને જ્ઞાતા-દૃષ્ટા તરીકે બતાવવો છે એટલે. પ્રકૃતિમાં વેદન છે, વેદન ન હોય તો પૂર્ણ વેદન વીતરાગ હોવો જોઈએ. પૂર્ણ વીતરાગ વેદનમાં રાગનું વેદન ન હોય, પણ જ્યાં અધૂરી દશા છે ત્યાં વેદન પણ છે અને તેનો જ્ઞાતા પણ છે. આહાહા..!

મુમુક્ષુ :– એમ માનીયે કે વેદે નથી પણ છેદે?

ઉત્તર :– છે એને ક્યાં છેદવું છે? પછી છેદાય છે, પછી. છે એની અહીં તો હયાતી બતાવવી છે એને છેદવું છે ક્યાં? છેદે તો પછી. છે એ વખતે છેદાય છે? આહાહા..! અહીં તો પ્રકૃતિનું વેદન છે તો ખરું એને જાણે છે એમ કહ્યું. તો છે એને જાણે કે ન હોય એને જાણે? આહાહા..! એ થોડાક ફેરે મોટો ફેર છે. એક ન્યાય પણ ફરે તો આખું તત્ત્વ ફરી જાય છે.

સાધકને બાધકપણું ભેગું છે, કેવળીને બાધકપણું નથી. સાધક નથી તેને–મિથ્યાદૃષ્ટિને એકલું બાધકપણું છે. સમ્યગ્દૃષ્ટિને સાધકપણું છે ત્યાં બાધકપણું પણ છે. એ શ્લોક પહેલા આવી ગયો છે. એ બેય એક સાથે રહે એમાં વિરોધ નથી. જ્ઞાન (ધારા) અને કર્મધારા બેય એક સાથે રહેવામાં વિરોધ નથી. સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન એક સાથે રહેવામાં વિરોધ છે. પણ જ્ઞાનધારા ને કર્મધારા રહેવામાં વિરોધ નથી. એ શ્લોક આવી ગયો છે. ... કર્મની વિરતી પૂર્ણ ન થાય, રાગની નિવૃત્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી કર્મધારા અને જ્ઞાનધારા બેયનું

વેદન છે. પણ એ મારા તરીકે છે એમ વેદનમાં તો નથી. સમજાણું કાંઈ? આહા..!

ઇ તો 'સુમેરુમલ' કહેતા, કે એ વખતે મેં એને કહ્યું હતું. આને નહોતું બેસતું. એને કહ્યું હતું, કે 'ભાઈ! આ ફેર છે, આપણે મહારાજ પાસે જઈએ.' આવી શક્યા નહિ. વાત એવી આકરી છે અને એમાં પક્કડ થઈને પછી મુકાય (નહિ તો) આકરું પડે, બહુ આકરું પડે. (જ્ઞાનીને દુઃખનું) વેદન નથી એમ કહ્યું છે એ તો જ્ઞાતા-દષ્ટાની પ્રધાનતાથી કહ્યું છે. પણ વેદન ન હોય તો 'નિર્જરા અધિકાર' માં કહ્યું છે, કે સુખ-દુઃખનું વેદન હોય જ છે. બીજી ગાથામાં છે, નિર્જરાની બીજી ગાથા. પહેલી ગાથામાં દ્રવ્ય નિર્જરા, બીજામાં ભાવ નિર્જરા (લીધી છે). ત્યાં સુખ-દુઃખનું વેદન, સુખ-દુઃખનો ભાવ થાય જ છે, છતાં એ ખરી જાય છે. જ્ઞાતા-દષ્ટા છે ને! બીજી ગાથામાં છે ને? સુખ-દુઃખને ઓળંગતું નથી. થાય છે પણ ખરી જાય છે. આહાહા..!

અહીંયાં કહે છે, કે રાગનું, પ્રકૃતિના નિમિત્તથી થતી ઉપાધિનું ભોગવવાપણું આ ચૈતન્યનો સ્વભાવ નથી, એનો સ્વભાવ તો એવો નથી. **'અજ્ઞાનથી જ તે ભોક્તા છે,...'** પેલામાં છે ઇ વેદન છે એ જાણે છે અને વેદન છે. આ તો એકલો અજ્ઞાનથી ભોક્તા છે. પ્રકૃતિના સ્વભાવને અજ્ઞાનથી ભોગવે છે. પોતાના સ્વરૂપની ખબર નથી, આનંદ સ્વરૂપ ભગવાન, જ્ઞાન સ્વરૂપી પ્રભુ, ત્રિકાળી જ્ઞાન સ્વભાવ પરમ પંચમભાવ, એમાં એ પ્રકૃતિનો સ્વભાવ ભેળસેળ થતો નથી. એ અપેક્ષાએ એને ભિન્ન રાખીને જાણે છે એમ કહ્યું. બાકી વેદે પણ છે, વેદે નહિ તો છે એને વેદે નહિ? જાણે ખરું. આહાહા..!

'સમયસાર'ની શૈલી અંતરની અલૌકિક છે. એ કોઈ બહારથી આ વાત કાંઈ મેળ ખાય એવો નથી. આહાહા..! એની સત્તા, મહાસત્તા એકલી આનંદ ને જ્ઞાનમય છે. એથી તેને પ્રકૃતિના સ્વભાવનું વેદન નથી એમ કહ્યું, આ આત્માના સ્વભાવની અપેક્ષાએ. બાકી તો કર્મધારામાં વેદન છે એમ પણ કહ્યું. બેય છે. રાગનું વેદન છે અને 'આસ્રવ અધિકાર' માં ત્યાં સુધી કહ્યું કે, જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર નથી ત્યાં સુધી જઘન્યપણે વેદન છે એમાં રાગનું વેદન પણ છે. 'આસ્રવ અધિકાર'. આહાહા..! છે ને નથી, નથી ને છે એ અપેક્ષા છે. આહાહા..! એનો સ્વભાવ કહ્યો નથી, વેદવું એનો સ્વભાવ કહ્યો નથી. થાય છે એ વેદન વિના થાય છે? રાગ થયો એ વેદન વિના થયો? પણ એનો સ્વભાવ નથી, એમ અહીંયા કહેવું છે. આત્માનો સ્વભાવ કહ્યો નથી. **'અજ્ઞાનથી જ તે ભોક્તા થાય છે,...'** એનું ભોક્તાપણું સ્વભાવને ભૂલીને એકલો રાગનો ભોક્તા થાય છે એ અજ્ઞાનથી થાય છે. આહાહા..! વાત સાધારણ છે પણ વાત મુદ્દાની છે. આમ તો કર્તા નથી ને ભોક્તા નથી એમ સાંભળ્યું તો ઘણીવાર હોય. ઘણીવાર આ વાત થઈ ગઈ છે પણ એનો મૂળ મર્મ ન સમજે જ્યાં સુધી... કે, વસ્તુ છે એ પ્રકૃતિના સ્વભાવને કરે ને વેદે એ વસ્તુનો સ્વભાવ નથી. વસ્તુનો સ્વભાવ નથી પણ પર્યાયમાં વેદન ને પરિણમન છે એને જાણે છે. આહાહા..!

## ગાથા-૩૧૬

अण्णाणी कम्मफलं पयडिसहावट्ठिदो दु वेदेदि।
णाणी पुण कम्मफलं जाणदि उदिदं ण वेदेदि।।३१६।।
अज्ञानी कर्मफलं प्रकृतिस्वभावस्थितस्तु वेदयते।
ज्ञानी पुनः कर्मफलं जानाति उदितं न वेदयते।।३१६।।

अज्ञानी हि शुद्धात्मज्ञानाभावात् स्वपरयोरेकत्वज्ञानेन, स्वपरयोरेकत्वदर्शनेन, स्वपरयोरेकत्वपरिणत्या च प्रकृतिस्वभावे स्थितत्वात् प्रकृतिस्वभावमप्यहंतया अनुभवन् कर्मफलं वेदयते। ज्ञानी तु शुद्धात्मज्ञानसद्भावात् स्वपरयोर्विभागज्ञानेन, स्वपरयोर्विभागदर्शनेन, स्वपरयोर्विभागपरिणत्या च प्रकृतिस्वभावादपसृतत्वात् शुद्धात्मस्वभावमेकमेवाहंतया अनुभवन् कर्मफलमुदितं ज्ञेयमात्रत्वात् जानात्येव, न पुनः तस्याहंतयाऽनुभवितुमशक्यत्वाद्वेदयते।

---

હવે આ અર્થને ગાથામાં કહે છે :-

અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,
ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં. ૩૧૬.

ગાથાર્થ :- [ अज्ञानी ] અજ્ઞાની [ प्रकृतिस्वभावस्थितः तु ] પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત રહ્યો થકો [ कर्मफलं ] કર્મફળને [ वेदयते ] વેદે (ભોગવે) [ पुनः ज्ञानी ] અને જ્ઞાની તો [ उदितं कर्मफलं ] ઉદિત (ઉદયમાં આવેલા) કર્મફળને [ जानाति ] જાણે છે, [ न वेदयते ] વેદતો નથી.

ટીકા :- અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે સ્વપરના એકત્વજ્ઞાનથી, સ્વપરના એકત્વદર્શનથી અને સ્વપરની એકત્વપરિણતિથી પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી પ્રકૃતિના સ્વભાવને પણ 'હું'પણે અનુભવતો થકો (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને પણ 'આ હું છું' એમ અનુભવતો થકો) કર્મફળને વેદે છે-ભોગવે છે; અને જ્ઞાની તો શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્ભાવને લીધે સ્વપરના વિભાગજ્ઞાનથી, સ્વપરના વિભાગદર્શનથી અને સ્વપરની વિભાગપરિણતિથી પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો (-ખસી ગયેલો, છૂટી ગયેલો) હોવાથી શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ 'હું'પણે અનુભવતો થકો ઉદિત કર્મફળને, તેના જ્ઞેયમાત્રપણાને

લીધે, જાણે જ છે, પરંતુ તેનું 'હું'પણે અનુભવાવું અશક્ય હોવાથી, (તેને) વેદતો નથી.

ભાવાર્થ :– અજ્ઞાનીને તો શુદ્ધ આત્માનું જ્ઞાન નથી તેથી જે કર્મ ઉદયમાં આવે તેને જ તે પોતારૂપ જાણીને ભોગવે છે; અને જ્ઞાનીને શુદ્ધ આત્માનો અનુભવ થઈ ગયો છે તેથી તે પ્રકૃતિના ઉદયને પોતાનો સ્વભાવ નહિ જાણતો થકો તેનો જ્ઞાતા જ રહે છે, ભોક્તા થતો નથી.

## ગાથા–૩૧૬ ઉપર પ્રવચન

'હવે આ અર્થને ગાથામાં કહે છે :–'

अण्णाणी कम्मफलं पयडिसहावट्ठिदो दु वेदेदि।
णाणी पुण कम्मफलं जाणदि उदिदं ण वेदेदि।।३१६।।

**અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,**
**ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં. ૩૧૬.**

મારા તરીકે વેદે નહિ. વેદન તો છે. 'આસ્રવ અધિકાર' માં લઈ લીધું છે. જઘન્ય જ્યાં સુધી છે ત્યાં સુધી વેદન છે. યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી એને એ વેદન છે. પણ એ ખરેખર જ્ઞાતા-દૃષ્ટા તરીકે લેતા તેનો જાણનાર છે એમ કહેવામાં આવ્યું છે. એના જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવને લઈને એના સ્વભાવમાં એ વેદવાનું નથી એ અપેક્ષાએ વેદન નથી એમ કહ્યું છે. પણ પર્યાયની અપેક્ષાએ વેદન અંદર છે, એ વાત પણ કાંઈ ખોટી નથી. ન હોય તો આત્માનું પૂર્ણ વેદન જોઈએ. પૂર્ણ વીતરાગી વેદન જ્યાં નથી ત્યાં આગળ બેય પ્રકાર છે. આહાહા..! **'અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,...'** જોયું? પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી. **'ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં.'**

**ટીકા :– 'અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે...'** શુદ્ધ આત્મા, આત્મા તો શુદ્ધ છે, પવિત્ર છે, અનંત ગુણનો ધણી એ તો પવિત્ર છે. અનંત ગુણ બધા સંખ્યાએ ભલે અનંત અપાર નહિ એવા અસંખ્ય પણ બધાય પવિત્ર છે. અનંત! અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ, પાર નહિ એટલા પણ છે બધા ગુણો પવિત્ર. અનંત ગુણમાંયલો કોઈ ગુણ અપવિત્ર છે એમ નથી.

**'અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે સ્વપરના એકત્વજ્ઞાનથી,...'** રાગ અને જ્ઞાનના એકત્વ ભાવથી. **'સ્વપરના એકત્વદર્શનથી...'** જ્ઞાન અને રાગના એકત્વ શ્રદ્ધાથી **'અને સ્વપરની એકત્વપરિણતિથી...'** ચારિત્ર. સ્વ અને રાગની એકત્વપરિણતિથી **'પ્રકૃતિના**

**સ્વભાવમાં સ્થિત હોવાથી...**' સ્વપરની એકત્વપરિણતિ. ત્યાં સ્વ શબ્દે સ્વભાવ પ્રગટ છે એમ નહિ.

ફક્ત જ્ઞાતા છે એની સાથે ભેગો પ્રકૃતિના સ્વભાવને વેદે છે, બસ! અને સ્વપરની એકત્વપરિણતિ એટલે સ્વની શુદ્ધતા પરિણતિ અને પરની અશુદ્ધતા પરિણતિ એમ નહિ. **'સ્વપરની એકત્વપરિણતિથી...**' જ્ઞાતા-દૃષ્ટાને ભૂલી અને પ્રકૃતિના સ્વભાવને વેદે છે એ સ્વપરની એકત્વબુદ્ધિ છે. એનો અર્થ એવો નથી કે, અજ્ઞાનીને શુદ્ધ પરિણતિ પણ છે અને અશુદ્ધ પણ છે. અહીં તો અજ્ઞાનીની વાત છે. છતાં ભાષા તો એવી છે–સ્વપરની એકત્વ પરિણતિથી. સ્વ એટલે શુદ્ધ પરિણતિ સાથે છે એમ નથી. આહાહા..!

અજ્ઞાનમાં તો એકલી સ્વની સાથે વિકારની એકત્વની પરિણતિથી **'પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી...**' જોયું? સ્વપર શબ્દ કીધો તો સ્વમાં કાંઈક સ્થિત છે એમ નથી. આહાહા..! પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત રહીને, પોતાની પર્યાયમાં બિલકુલ સ્થિત રહ્યા વિના. પ્રકૃતિના સ્વભાવ–વિકાર, રાગ અને દ્વેષ પ્રકૃતિનો સ્વભાવ છે, ચૈતન્યનો સ્વભાવ નથી એમ વાત છે. તેમ પ્રકૃતિથી થયું છે એમેય નથી. થયું છે પોતાથી પણ એ પ્રકૃતિના લક્ષે થયેલું છે, એનો સ્વભાવ નથી. આમાંથી એમ કાઢે કે, એ પ્રકૃતિને લઈને જ વિકાર થાય છે અથવા નિમિત્તને લઈને વિકાર થાય છે, એમ કોઈ કાઢે તો એમ નથી. આહા..!

**'સ્વપરની એકત્વપરિણતિથી પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી પ્રકૃતિના સ્વભાવને પણ...**' જોયું? એટલી વાત છે. પ્રકૃતિનો સ્વભાવ જે વિકૃત છે તેને **'હું'પણે અનુભવતો થકો...**' એ વિકારને 'હું'પણે જાણીને અનુભવતો થકો. જ્ઞાતા-દૃષ્ટાની તો એને ખબર નથી. મારી સત્તા વિકારથી ભિન્ન મારી સત્તા છે, મારું સત્ત્વ જ તદ્દન શુદ્ધ છે એની તો એને ખબર નથી. એથી એ પ્રકૃતિના સ્વભાવને (હું પણે અનુભવે છે). ક્યાંક હું પણે (તો અનુભવશે). જ્યારે અહીં હું પણું સ્વભાવ છે એવો તો ખ્યાલ નથી, ત્યારે ક્યાંક હું પણે તો વેદવું પડશે એને. **'હું'પણે અનુભવતો થકો (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને પણ 'આ હું છું' એમ અનુભવતો થકો)...**' આ 'પણ' કેમ કીધું? કે પ્રકૃતિનો સ્વભાવ એનો નથી. છતાંય પ્રકૃતિના સ્વભાવને પણ, એમ. એની સાથે સ્વભાવનું ભાન છે એમ નહિ. અહીં તો અજ્ઞાનીની વાત છે ને?

અજ્ઞાની પ્રકૃતિના સ્વભાવને પણ **'હું'પણે અનુભવતો થકો (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને પણ 'આ હું છું' એમ અનુભવતો થકો)...**' વસ્તુ તો જોઈ નથી, વસ્તુ તરફ નજર કરી નથી, મહાસત્તા પ્રભુની પડી છે એની સામું જોયું નથી. તેથી પર્યાયબુદ્ધિવાળો તો પ્રકૃતિના સ્વભાવને જ હું પણે વેદે છે. આહાહા..! કથન સાદું છે પણ છે મર્મવાળું, ઝીણું મર્મવાળું છે. એ પ્રકૃતિના સ્વભાવને હું પણે વેદે છે. પોતે કોણ છે એની એને ખબર નથી. અજ્ઞાનને લઈને... કીધું ને? **'અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે...**' એટલે શુદ્ધ સત્તાના

ભાનના અભાવને લીધે. ચૈતન્યની શુદ્ધ સત્તા એ ચૈતન્ય છે. એવા આત્માના શુદ્ધ સ્વભાવના જ્ઞાનના અભાવને લીધે. એનું જ્ઞાન જ નથી. આહા..!

**'સ્વ-પરના એકત્વજ્ઞાનથી...'** પોતે જ્ઞાતા એની સાથે રાગને ભેળવીને **'સ્વપરના એકત્વ દર્શનથી, સ્વપરની એકત્વપરિણતિથી પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી...'** એ તો પ્રકૃતિ– રાગમાં સ્થિત છે. આહાહા..! રાગ વિનાની ચીજ જ્ઞાતા-દૃષ્ટા મહાસત્તા પ્રભુ તે શુદ્ધનું એને જ્ઞાન નથી. આહાહા..! પર્યાયબુદ્ધિવાળો એને શુદ્ધ સ્વભાવની સત્તાનું જ્ઞાન નથી. તેથી પર્યાયબુદ્ધિમાં રહેલો એ પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત રહીને. આમ (–સ્વભાવમાં) સ્થિત થવું જોઈએ એ નથી તો આમ સ્થિત રહીને. પ્રકૃતિનો સ્વભાવ રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, દયા ને દાન, કામ ને ક્રોધ એમાં સ્થિત રહીને, સ્થિત હોવાથી.

**'પ્રકૃતિના સ્વભાવને પણ હું પણે (વેદતો) અનુભવતો થકો.' '(અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને પણ આ હું છું' એમ અનુભવતો થકો) કર્મફળને વેદે છે...'** કર્મના ફળને વેદે છે. ભગવાન ચૈતન્યનું આનંદનું ફળ શાંતિ... આહાહા..! જ્ઞાનચેતનાનું વેદન એને નથી, એટલે આત્માનું વેદન નથી, તેથી કર્મની પ્રકૃતિનું વેદન એને છે. પ્રકૃતિ એટલે એના નિમિત્તે થતો સ્વભાવ. **'કર્મફળને વેદે છે...'** અજ્ઞાની તો **'કર્મફળને વેદે છે-ભોગવે છે;...'** આહાહા..!

**'અને જ્ઞાની તો શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્ભાવને લીધે...'** ધર્મીને શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્ભાવને લીધે. શુદ્ધ આત્માની હયાતી તે જ હું છું. ધર્મીને શુદ્ધ આત્માની સત્તા એ જ હું છું. રાગનો પ્રકૃતિનો જે સ્વભાવ તે હું નથી, મારું સ્વરૂપ નથી, મારો સ્વભાવ નથી. આહાહા..! **'શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્ભાવને લીધે સ્વપરના વિભાગજ્ઞાનથી,...'** લ્યો! આમાં તો જુદું પાડ્યું, આમાં સ્વનું વેદન છે ને રાગ ભિન્ન છે એમ બેય છે. પેલામાં (અજ્ઞાનીના સ્વરૂપમાં) સ્વપર કીધું હતું પણ સ્વ શબ્દે જ્ઞાતા-દૃષ્ટા છે એટલું, પરિણતિ નથી. અહીં તો પરિણતિ છે. **'સ્વપરના વિભાગજ્ઞાનથી,...'** સ્વપરનું વિભાગનું જ્ઞાન છે, પ્રગટ થયેલું છે. જ્ઞાતા-દૃષ્ટા ને રાગનો સ્વભાવ બેયનું ભિન્નપણાનું ભાન, જ્ઞાન પરિણમ્યું છે. આહાહા..!

**'સ્વપરના વિભાગદર્શનથી...'** સ્વપરના વિભાગશ્રદ્ધાથી. આમ લ્યો તો દર્શનનો સ્વભાવ તો ફક્ત સ્વને પૂર્ણ રૂપે શ્રદ્ધવું એમાં કાંઈ પર આવતું નથી. અહીં તો બેય લીધા. જ્ઞાનપ્રધાન કથન છે (તેથી) બેય સાથે લીધા છે. **'સ્વપરના વિભાગદર્શનથી...'** સ્વનું આનંદનું વેદન અને પ્રકૃતિ, બેના જુદા દર્શનથી. જુઓ! આ શ્રદ્ધામાં બે ભાગ કરી નાખ્યા. આમ સમકિતનો વિષય એક અભેદ અગિયારમી ગાથામાં કહ્યું. **'भूदत्थ मस्सिदो खलु...'** એકલો ભૂતાર્થ તે સમકિતનો વિષય છે. અહીં કહે છે, સમકિતના વિષયમાં સ્વપરનો વિભાગ બેય છે. આહાહા..! કઈ અપેક્ષાએ ક્યાં કેમ છે એમ જાણવું જોઈએને. આહાહા..!

**'સ્વપરના વિભાગદર્શનથી...'** બે આવ્યા. સમકિતના વિષયમાં તો બે આવ્યા. આહાહા..! સ્વપરનો વિભાગ. પેલામાં એક જ (આવ્યું). સમકિતમાં એકલો ભૂતાર્થ એકલો આવ્યો.

'પ્રવચનસાર'માં આવે છે ને? જ્ઞાન ને જ્ઞેયની શ્રદ્ધા. એને બેયની શ્રદ્ધા લીધી છે. પાઠમાં ટીકા છે. જ્ઞાન સ્વરૂપ અને જ્ઞેય, એનું જે જ્ઞાન અને આત્માનું જ્ઞાન બેયની શ્રદ્ધા એને છે. એક ઠેકાણે શ્રદ્ધાનો વિષય એક જ દર્શન, ત્રિકાળી જ્ઞાયક ભૂતાર્થ છે એમ કહ્યું. અને ત્યાં કહ્યું કે, જ્ઞાન પોતાનું અને જ્ઞેય એનું જ્ઞાન, બેયની શ્રદ્ધા તે સમકિત છે. આહાહા..! એવું છે.

મુમુક્ષુ :- બેયની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યક્ કે વ્યવહાર સમ્યક્?

ઉત્તર :- નિશ્ચય.. નિશ્ચય. નિશ્ચય છે આ. સ્વપરના વિભાગનું દર્શન આ નિશ્ચય છે. ત્યાં એ કહ્યું છે, જ્ઞાન અને જ્ઞેય, બેની શ્રદ્ધા (તે) સમકિત એ પણ નિશ્ચય છે, વ્યવહાર નહિ. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાનપ્રધાન શ્રદ્ધા થઈ?

ઉત્તર :- જ્ઞાનપ્રધાન કથનમાં એ આવે, એમ જ આવે. ત્યાં બેયનું ભેગું લીધું છે. જ્ઞાન પર્યાયનો સ્વભાવ છે, કે જે પરને જાણે એ જ્ઞાન અને પોતે વસ્તુ, બેયની શ્રદ્ધા તે સમકિત છે, ત્યાં એમ લીધું છે. આહાહા..! ક્યાં કેટલી અપેક્ષાઓ પડે? લોકો મુંઝાય જાય.

મુમુક્ષુ :- એક ગુણમાં અનંત ગુણનું રૂપ હોય છે માટે એમ ત્યાં કહ્યું?

ઉત્તર :- એમ નહિ. ઇ બીજી વાત, આ બીજી વાત. એ તો એક ગુણમાં બીજા ગુણનું રૂપ છે. આમાં એમ નહિ. અહીં તો પરિણતિમાં શુદ્ધ પરિણતિ છે છતાં એની સાથે રાગ પણ છે અને શુદ્ધ પરિણતિમાં રાગનું જ્ઞાન છે. એ જ્ઞાન અને શ્રદ્ધા ત્રિકાળી બે થઈને સમકિત છે એમ કહ્યું છે. રૂપની વાત ત્યાં નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

**'સ્વપરના વિભાગદર્શનથી...'** ઇ તો 'સમયસાર'માં પણ આવે છે. સ્વપરની બેયની શ્રદ્ધા. જ્ઞાનની પર્યાયમાં તેનું જ્ઞાન થાય છે, તેથી જે પર સંબંધીનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન, બેયની શ્રદ્ધા તે સમકિત છે એટલે એ વસ્તુ થઈ, આખી વસ્તુ આવી ગઈ. આમ સમકિતના વિષયમાં એ પરની, બેની ભેદની અપેક્ષા કોઈ ઠેકાણે બિલકુલ ના પાડે. પરની, ભેદની અપેક્ષા છે જ નહિ. અને અહીં કહે કે, બે ભેગા (છે) જ્ઞાન અને જ્ઞેય, આત્મા બેયની શ્રદ્ધા. તે વિભાગ, તે બેનું જુદું ઉપાડ્યું છે. એનું નામ સમકિત છે એમ આવ્યું ને? સ્વપરના વિભાગના દર્શનથી. આહાહા..!

મુમુક્ષુ :- ચોખ્ખી વાત છે.

ઉત્તર :- છે, એ પણ છે, એકાંત નથી. અનેકાંતમાં પણ સમ્યક્ એકાંત એવો સમાય જાય છે. આહા..! પોતે પોતાનું જ્ઞાન અને પરનું જ્ઞાન બધું થઈને સમકિતનો વિષય છે એમ પણ કહે. અને એક બાજુ એકલો ભૂતાર્થ ત્રિકાળ સત્તા એ સમકિતનો વિષય છે એમ પણ કહે. દર્શનપ્રધાનથી એમ કહે, જ્ઞાનપ્રધાનથી આમ કહે. બેય અપેક્ષા જાણવી જોઈએ. બેય ખોટું નથી, બેય યથાર્થ છે. આહાહા..!

મુમુક્ષુ :– 'રાજમલજી' એ સાત તત્ત્વની શ્રદ્ધાને મિથ્યાત્વ કહ્યું.

ઉત્તર :– એ તો કીધું, ભેદવાળી (શ્રદ્ધા). સાત તત્ત્વનો ભેદ એ શ્રદ્ધા મિથ્યાત્વ છે. પણ અહીં મોક્ષમાર્ગમાં નવ તત્ત્વની શ્રદ્ધા તે સમકિત છે. કહ્યું કે નહિ? ઇ 'તત્ત્વાર્થસૂત્ર' માં એક વચન છે, એક વચન એટલે બધું અભેદ, અભેદની શ્રદ્ધા થઈ. આહા..! ૧૩ મી ગાથામાં કહ્યું ને? 'भूदत्थेणाभिगदा'. ભૂતાર્થને જાણતા એટલે આત્માને જાણવો અને બીજી ચીજ (જે) એમાં નથી એનું જ્ઞાન એમાં થઈ જાય છે. આત્માનું જ્ઞાન થતાં બીજી પર્યાયો ને બીજો ભાવ એમાં નથી એનું જ્ઞાન ભેગું થઈ જાય છે. તેથી એને જ્ઞાન અને આત્માની શ્રદ્ધાને સમકિત કહ્યું, બે ભેગા મળીને સમકિત કહ્યું. છે ભાઈ! બધી વાત ખ્યાલમાં તો છે. આહાહા..!

મુમુક્ષુ :– અહીં તો બે જુદા કરવાની શ્રદ્ધાને સમકિત કહ્યું.

ઉત્તર :– અહીં તો જુદા કરવાની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું. ભેદજ્ઞાનના પણ બે પ્રકાર છે. 'રાજમલે' ટીકામાં લખ્યું કે, એક ભેદજ્ઞાન વિકલ્પવાળું છે. કેવળજ્ઞાનની પેઠે એ નથી. 'રાજમલજી' ની ટીકામાં છે. અને એક ભેદજ્ઞાન 'જયસેનાચાર્ય'ની ટીકામાં (કહ્યું છે કે) ભેદજ્ઞાન તે જ અભેદજ્ઞાન છે. પરથી જુદું પાડ્યું એ જ સ્વભાવનું અભેદજ્ઞાન છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં એમ છે. છે, ખબર છે. આહાહા..! વિશાળ.. વિશાળ. અનેકાંત માર્ગ જે રીતે કહ્યું તે રીતે તેને સમજવું જોઈએ, પોતાની કલ્પના એમાં નાખવી ન જોઈએ.

અહીં તો **'સ્વપરના વિભાગદર્શનથી સમકિત છે અને સ્વપરની વિભાગપરિણતિથી પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો છે...'** ચારિત્રમાં. સ્વની રમણતા (છે અને) પરથી **'નિવર્તેલો (-ખસી ગયેલો, છૂટી ગયેલો)...'** છે. પ્રકૃતિના સ્વભાવથી નિવર્તી ગયેલો **'હોવાથી શુદ્ધ આત્માના સ્વભાવને...'** જોયું? **'શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ 'હું'પણે અનુભવતો થકો...'** ચારિત્ર. એકને જ હું અનુભવતો. આનંદ ને જ્ઞાન એ ચૈતન્યનું સ્વરૂપ એકપણે છે તેને અનુભવતો. ગાથાઓ સાદી છે પણ ભાવ જરી ઊંડા છે. આહાહા..!

**'શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ...'** જોયું? વિભાગ બતાવ્યા ખરા પણ એકને જ **'હું' પણે અનુભવતો થકો ઉદિત કર્મફળને, તેના જ્ઞેયમાત્રપણાને લીધે,...'** કર્મનું ફળ છે એ તો જ્ઞાનનું જ્ઞેય છે. રાગાદિ આવ્યો છે એ જ્ઞાનનું પરજ્ઞેય છે સ્વજ્ઞેય નહિ. પરજ્ઞેય તરીકે તેને જાણે છે. જોયું? **'તેના જ્ઞેયમાત્રપણાને લીધે,...'** જ્ઞેયમાત્રપણાને લીધે. રાગ આવ્યો એ તો જ્ઞેયમાત્ર કર્મફળ છે. જ્ઞેયમાત્ર–જાણવામાત્ર જ છે. આહાહા..! **'જાણે જ છે,...'** જ્ઞાનમાં રાગ **'જ્ઞેયમાત્રપણાને લીધે,...'** રાગને જાણે જ છે, **'પરંતુ તેનું 'હું'પણે અનુભવાવું અશક્ય હોવાથી,...'** એ રાગને મારાપણે અનુભવવું અશક્ય હોવાથી. આહાહા..! વેદન છે પણ મારા પણે વેદન (થવું અશક્ય છે). મારું એ સ્વરૂપ છે એ રીતે અનુભવાવું અશક્ય હોવાથી. **'(તેને) વેદતો નથી.'** આ અપેક્ષાએ તેને વેદતો નથી એમ કહ્યું. સમજાણું કાંઈ?

ત્રણેય બોલ લીધા. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર. ત્રણેમાં સ્વપરનો વિભાગ લીધો. સ્વપરનો વિભાગ તે જ્ઞાન છે, સ્વપરનો વિભાગ તે દર્શન છે અને સ્વપરનો વિભાગ પ્રકૃતિનું ભિન્નપણાનું જે સેવન એ ચારિત્ર છે. આહા..! અને એમાં રાગ આવે છે, એ રાગ આવે છે એ જાણે છે. **'જ્ઞેયમાત્રપણાને...'** એમ આવ્યું ને? **'જ્ઞેયમાત્રપણાને લીધે...'** એકલું જ્ઞેયમાત્ર છે. પરજ્ઞેય, હોં! સ્વજ્ઞેય તો ત્રિકાળી શુદ્ધ. આહાહા..! પર **'જ્ઞેયમાત્રપણાને લીધે, જાણે જ છે,...'** આહા..! **'પરંતુ તેનું 'હું'પણે અનુભવાવું અશક્ય હોવાથી, (તેને) વેદતો નથી.'** 'હું'પણે અનુભવતો-વેદતો નથી. એ રાગ મારો સ્વભાવ છે એમ અનુભવતો નથી. આહા..! એક બાજુ કહે કે, બેયને વેદે છે, એક બાજુ કહે કે, એકને-સ્વને જ વેદે છે અને પરને તો જ્ઞેયમાત્ર તરીકે જાણે જ છે.

મુમુક્ષુ :- બેમાં શું સાચું છે?

ઉત્તર :- બેય સાચું છે. ભાવાર્થ વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૮૭, શ્લોક-૧૯૭, ગાથા-૩૧૬ થી ૩૧૭ ગુરૂવાર, મહા સુદ ૬, તા. ૦૭-૦૨-૧૯૮૦**

---

૩૧૬ ગાથાનો ભાવાર્થ. 'સમયસાર'. **'અજ્ઞાનીને તો શુદ્ધ આત્માનું જ્ઞાન નથી...'** અજ્ઞાની એટલે જેને આત્મા શું ચીજ છે એનું જ્ઞાન નથી. પર્યાય ને રાગ ઉપર દૃષ્ટિ હોવાથી એને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી **'તેથી જે કર્મ ઉદયમાં આવે...'** જે વસ્તુ છે એ દૃષ્ટિમાં આવતી નથી, આવી નથી તેથી ક્યાંક તો પોતાનું અસ્તિત્વ માનવું પડશે. એ પ્રકૃતિના ઉદયમાં પોતે પોતારૂપ જાણે છે. આમ ચૈતન્ય આનંદ સ્વરૂપ છે એનું અસ્તિત્વ, એની હયાતીને ન માનતા આ બાજુ પ્રકૃતિના નિમિત્તે ઉત્પન્ન થયેલો વિકારી ભાવ એને પોતાનો માને છે. આહાહા..! (તેને) **'પોતારૂપ જાણીને...'** પોતે આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે એનું જ્ઞાન નહિ હોવાથી પ્રકૃતિના નિમિત્તે થયેલી સ્વભાવ પ્રકૃતિ રાગ-દ્વેષ આદિ એને **'પોતારૂપ જાણીને ભોગવે છે;...'** આહાહા..! પરને તો કંઈ ભોગવી શકતો નથી. શરીરને, વાણીને, પરને ઇ તો આત્મા ભોગવી શકતો નથી. કારણ કે પરદ્રવ્ય છે. પરદ્રવ્યને તો અડી શકતો નથી. ફક્ત પોતામાં પોતાપણાનું ભાન નહિ હોવાથી પોતામાં પ્રકૃતિનો સ્વભાવ ઉત્પન્ન થવાથી એને પોતાનો માનીને તેને અનુભવે છે.

મુમુક્ષુ :- વિભાવભાવને પોતાનો માને છે.

ઉત્તર :- પોતે અહીં આ બાજુ શું છે એ જાણ્યું નથી. અંતર ચીજ મહા પ્રભુ આનંદ સ્વરૂપ, ચૈતન્ય સ્વરૂપ (છે) એની સત્તા, એનું અસ્તિત્વ, એનું હોવાપણું ત્રિકાળી (છે) એની

જેને ખબર નથી, એ બાજુ નજર નથી, એ બાજુની પિછાણ પણ નથી કે, આ હું કોણ છું આ? શું છે આ તે? એથી જે પ્રકૃતિના નિમિત્તે જે વિકાર થાય તેને પોતારૂપ જાણીને ભોગવે. આહાહા..! આનંદનો ભોગવટો છોડી અને રાગ ને વિકારને ભોગવે. આનંદ સ્વરૂપ ભગવાન એને તો જાણ્યો નથી, એને લક્ષમાં લીધો નથી, એથી જ્યાં લક્ષ છે તેને તે ભોગવે છે. એનું લક્ષ પ્રકૃતિના સ્વભાવ ઉપર રાગ ને દ્વેષ (થાય તેના ઉપર છે). પ્રકૃતિ તો નિમિત્ત છે પણ અહીં એના તરફનો સ્વભાવ લેવો છે ને! એના તરફના વલણનો વિભાવ. એને પોતારૂપ જાણીને ભોગવે છે. આહાહા..!

**'અને જ્ઞાનીને શુદ્ધ આત્માનો અનુભવ થઈ ગયો છે...'** આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ પ્રભુ પવિત્ર ધામ, પવિત્ર સત્તા એનો અનુભવ થયો છે, એના તરફના વલણથી તે ચીજની સત્તાનું સામર્થ્ય અનુભવમાં આવ્યું છે. **'તેથી તે પ્રકૃતિના ઉદયને,...'** તેથી તે પ્રકૃતિના ઉદયને **'પોતાનો સ્વભાવ નહિ જાણતો થકો...'** રાગ થાય છે, પ્રકૃતિના નિમિત્તના ઉદયથી રાગ-દ્વેષ થાય છે પણ **'તેને પોતાનો સ્વભાવ નહિ જાણતો થકો તેનો જ્ઞાતા જ રહે છે,...'** આહાહા..! અહીં અત્યારે ઇ સિદ્ધ કરવું છે અને જેટલું દુઃખ છે એટલું વેદન છે. પણ અહીંયાં તો એકદમ જ્ઞાતાપણાને સિદ્ધ કરવું છે. આત્મા તો જ્ઞાન ને દર્શન, અતીન્દ્રિય આનંદ, એનો ભરેલો ભરપૂર ભગવાન છે. એની એને ખબર નથી તેથી પ્રકૃતિના સ્વભાવને પોતાનો સ્વભાવ જાણતો અને પોતાના સ્વભાવને નહિ જાણતો, પ્રકૃતિના સ્વભાવને પોતાનો જાણતો અને પોતાના સ્વભાવને નહિ જાણતો. આહાહા..!

તેનો જ્ઞાતા થઈ રહે છે. રાગ પોતાનો સ્વભાવ નથી ને પોતાનો સ્વભાવ આનંદ ને જ્ઞાન છે એમ જાણવામાં આવ્યું છે તેથી તે રાગ ને દ્વેષના ભાવને પોતાના સ્વભાવ નહિ જાણતો તેનો જ્ઞાતા રહે છે. આહાહા..! ટૂંકા શબ્દોમાં ભાવ તો આખા બે ભર્યા છે. આ બાજુની ખબર નથી, ચૈતન્ય સત્તાના સામર્થ્યની ખબર નથી તેથી પ્રકૃતિ સ્વભાવને ભોગવે છે. જેને ચૈતન્યના સામર્થ્યનું ભાન થયું છે તેને પ્રકૃતિનો સ્વભાવ આવે પણ તેને તે વેદે નહિ. પોતા તરીકે જાણીને વેદે નહિ, પોતા તરીકે એને માને નહિ. આવું સ્વરૂપ છે. આહાહા..!

તેનો **'ભોક્તા થતો નથી.'** ધર્મી આત્માની સત્તાના સામર્થ્યના ભાનવાળો, આત્માના હોવાપણાના જ્ઞાનવાળો તે પ્રકૃતિના સ્વભાવને પોતાનો માનીને ભોગવતો નથી. ઇ ભોક્તા થતો નથી. આહા..! ભારે! અહીં તો બહારનું આ કરવું ને આ કરવું ને ન્યાં રોકાણો. કરી શકતો નથી ત્યાં રોકાણો. એ કરી શકે છે આ પોતાના ભાનને. પોતાની સત્તા અંદર પ્રગટ પ્રસિદ્ધ છે. જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવથી ભરેલો ભગવાન સત્તામાં બિરાજમાન છે, સદા એકરૂપ છે, સદા જેના રૂપમાં ફેરફાર ચળાચળ થતો નથી, એને નહિ જાણતા પ્રકૃતિના સ્વભાવને ચળાચળવાળો જાણીને ભોગવે છે. જ્ઞાની ભોક્તા નથી. છેલ્લું ઇ આવ્યું ને?

## શ્લોક-૧૯૭

(शार्दूलविक्रीडित)

अज्ञानी प्रकृतिस्वभावनिरतो नित्यं भवेद्वेदको
ज्ञानी तु प्रकृतिस्वभावविरतो नो जातुचिद्वेदकः।
इत्येवं नियमं निरूप्य निपुणैरज्ञानिता त्यज्यतां
शुद्धैकात्ममये महस्यचलितैरासेव्यतां ज्ञानीता।।१९७।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ अज्ञानी प्रकृति-स्वभाव-निरतः नित्यं वेदकः भवेत् ] અજ્ઞાની પ્રકૃતિ-સ્વભાવમાં લીન-રક્ત હોવાથી (-તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી-) સદા વેદક છે, [ तु ] અને [ ज्ञानी प्रकृति-स्वभाव-विरतः जातुचित् वेदकः नो ] જ્ઞાની તો પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો-વિરક્ત હોવાથી (-તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી-) કદાપિ વેદક નથી. [ इति एवं नियमं निरूप्य ] આવો નિયમ બરાબર વિચારીને-નક્કી કરીને [ निपुणैः अज्ञानिता त्यज्यताम् ] નિપુણ પુરુષો અજ્ઞાનીપણાને છોડો અને [ शुद्ध-एक-आत्ममये महसि ] શુદ્ધ-એક-આત્મામય તેજમાં [ अचलितैः ] નિશ્ચળ થઈને [ ज्ञानिता आसेव्यताम् ] જ્ઞાનીપણાને સેવો. ૧૯૭.

## શ્લોક-૧૯૭ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'

अज्ञानी प्रकृतिस्वभावनिरतो नित्यं भवेद्वेदको
ज्ञानी तु प्रकृतिस्वभावविरतो नो जातुचिद्वेदकः।
इत्येवं नियमं निरूप्य निपुणैरज्ञानिता त्यज्यतां
शुद्धैकात्ममये महस्यचलितैरासेव्यतां ज्ञानीता।।१९७।।

છેલ્લી ગાથાઓ છે એટલે બહુ ટૂંકી સારવાળી છે. '**अज्ञानी प्रकृति-स्वभाव-निरतः नित्यं वेदकः भवेत्**' સ્વરૂપની ખબર નથી. અનાદિની બહાર ઉપર નજર હોવાથી. નજર છે પોતાની પર્યાય પણ તેની નજરું બહાર હોવાથી એકલા રાગ અને દ્વેષને જાણતો એને અનુભવે ને એને ભોગવે છે. આમાં પરને ભોગવે છે એમ નથી કહ્યું. શરીરને ભોગવી શકે છે, દાળ,

ભાત, રોટલાને ભોગવી શકે છે એમ છે નહિ. ફક્ત પ્રકૃતિના નિમિત્તે, સ્વભાવના ભાન વિના જે નિમિત્તે વિભાવ થાય તેને પોતાપણે જાણીને ભોગવે એ સંસાર છે, એ સંસાર છે. આહાહા..!

અહીં તો બહારથી આનાથી થાય ને આનાથી થાય ને.. એ એમ કહે, વ્યવહાર પણ સાચો છે. આ કહી શકાય છે. વ્યવહાર છે પણ છે ને ઇ? કરી શકાય છે એમ માને છે. કરી શકે એ રાગ ને દ્વેષને ભોગવે. પરને તો કરે નહિ ને ભોગવે નહિ ને અડે નહિ એવું એનું સ્વરૂપ અનાદિ છે. આહાહા..!

અજ્ઞાની–સ્વરૂપના ભાન વિનાનો મહાઆનંદની મૂર્તિ પ્રભુ! અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા, એને નહિ જાણતો. આહાહા..! એ મૂળ ચીજ જે આખી પોતાની છે તેને નહિ જાણતો. **'અજ્ઞાની પ્રકૃતિ-સ્વભાવમાં લીન–રક્ત હોવાથી...'** એ તો રાગ-દ્વેષ ને પુણ્ય-પાપના ભાવમાં (લીન છે). આમાં પુણ્ય ભેગું આવી ગયું. (એ) પ્રકૃતિનો સ્વભાવ છે. શુભ-અશુભભાવ એ બધો પ્રકૃતિના નિમિત્તે થતો પ્રકૃતિનો સ્વભાવ કહેવામાં આવે છે. એ આત્મ સ્વભાવ નહિ.

(અજ્ઞાની) **'પ્રકૃતિ-સ્વભાવમાં લીન-રક્ત હોવાથી (-તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી-)...'** ચૈતન્યના વાસ્તવિક પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ પ્રભુ એને નહિ જાણતો **'પ્રકૃતિના સ્વભાવમાં લીન-રક્ત હોવાથી (-તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી–) સદા વેદક છે,...'** ઓહો..! ટૂંકું ઘણું કર્યું. પર્યાયબુદ્ધિવાળો દ્રવ્યની બુદ્ધિ નથી, દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ ને એની સત્તાની ઓળખાણ સંભાળ લીધી નથી તેથી તે પ્રકૃતિના સ્વભાવની ઓળખાણ ને સંભાળ રાખ્યા કરે છે. આહાહા..! ભાષા બહુ ટૂંકી છે, અંદર ભાવ ઊંડો છે. આહાહા..!

પોતાની કાયમી સત્તા આનંદમય તેની સામું ન જોતા, તેનો આશ્રય ન લેતા, તેના પક્ષમાં આવડતમાં ન જતા, પ્રકૃતિના સ્વભાવ ને આવડતમાં પોતાને માને છે, એમાં એ આવડત માને છે. આહા..! રાગ અને દ્વેષ, રતિ, અરતિ વગેરે. કામ, ક્રોધ, માન, માયા, લોભ આદિ પ્રકૃતિનો સ્વભાવ છે, ભગવાનનો એ સ્વભાવ નથી. એથી (તેમાં) લીન હોવાથી, તેનો (પોતાનો) સ્વભાવ જાણતો હોવાથી **'સદા વેદક છે.'** અજ્ઞાની સદા વિકારનો વેદક છે. એટલે કે પ્રકૃતિના નિમિત્તે થતો સ્વભાવ તેનો તે વેદક ને અનુભવી છે. આહાહા..! પરનું કરવું કે ભોગવવાની તો વાત છે જ નહિ. અને અત્યારે એ આખું ધામધૂમ... બહારમાં ધમાધમ.. ધર્મને નામે ધમાધમ ચાલે છે. મંદિર બનાવવા ને વરઘોડા કાઢવા ને પૈસા ખર્ચવા ને એમાં જાણે કાંઈ ધર્મ હોય એમ માનીને ત્યાં રોકાઈ ગયો છે. આહાહા..!

અંતર વસ્તુ આખી નિવૃત્ત સ્વરૂપ (છે). રાગ ને પુણ્ય-પાપના વિકલ્પથી પણ નિવૃત્ત સ્વરૂપ છે, રાગ ને વિકલ્પ છે એ તો પ્રકૃતિના તરફના વલણવાળો વિભાવ, વિકાર છે. પોતાના સ્વભાવ તરફમાં તો આનંદ અને શાંતિ છે. એને ન જાણતા પ્રકૃતિ સ્વભાવમાં

લીન હોવાથી તેનો વેદક છે. એમાં લીન હોવાથી, તેમાં પોતાપણે માનવાથી, સ્વભાવને પોતાપણે ન જાણતા વિભાવને પોતાપણે જાણતા, **‘સદા વેદક છે.’** તેનો તે વેદનારો છે. આહાહા..! આ પૈસા ભોગવી શકે છે કે સ્ત્રીનું શરીર ભોગવી શકે છે એ વાત તો ત્રણકાળમાં છે નહિ. આહાહા..!

અંદરમાં ને અંદરમાં સ્વભાવથી વિપરીત વિભાવ, બસ! એને પોતાનો જાણી, સ્વભાવ પોતાનો છે એ જાણ્યો નથી. ત્રિકાળી ચૈતન્ય પ્રભુ એનું હોવાપણું અંતરમાં જાણ્યું નથી તેથી પ્રકૃતિ સ્વભાવમાં હોવાપણે જાણીને સદા વેદક છે. **‘સદા વેદક છે.’** એમ કહ્યું ને? **‘અને...’** **‘ज्ञानी प्रकृति-स्वभाव-विरतः’** પેલો (અજ્ઞાની) **‘स्वभाव-निरतः’**, **‘अज्ञानी प्रकृति-स्वभाव-निरतः’**, **‘ज्ञानी प्रकृति-स्वभाव-विरतः’** નિરત અને વિરત, બસ. આહાહા..! ધર્મી જીવ આત્માના સ્વભાવને જાણતો... છે? **‘ज्ञानी प्रकृति-स्वभाव-विरतः’** છે. પ્રકૃતિના સ્વભાવથી એટલે પુણ્ય-પાપના વિભાવથી ધર્મી વિરક્ત છે. અજ્ઞાની રક્ત છે, નિરત છે, નિરત છે, સદા એમાં લીન છે. જ્ઞાની એનાથી વિરક્ત છે. આહાહા..! આવું સ્વરૂપ છે.

**‘જ્ઞાની તો પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો...’** આત્મસ્વભાવની દૃષ્ટિ થતાં પ્રકૃતિના સ્વભાવથી વિરામ પામેલો, નિવર્તેલો. આહાહા..! **‘વિરક્ત હોવાથી (-તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી-)...’** **‘(-તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી-) કદાપિ વેદક નથી.’** અહીં તો આ સિદ્ધ કરવું છે ને? આ (અજ્ઞાની) વેદક છે અને આ (જ્ઞાની) વેદક નથી એટલું. નહિતર (જ્ઞાની પણ) વેદક તો છે. જેટલે અંશે રાગ છે (તેટલે અંશે વેદક છે) પણ મારાપણે વેદક નથી. નબળાઈપણે પર્યાયમાં વેદક છે પણ મારાપણે વેદક નથી એટલે વેદક નથી એમ કહ્યું છે. આહાહા..!

**‘પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો-વિરક્ત હોવાથી (-તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી)...’** એ પુણ્ય ને પાપના ભાવને રતિ-અરતિના ભાવને, શોક અને હરખના ભાવને, ઉત્સાહ હરખનો અને શોકનો એ ભાવને પરનો સ્વભાવ જાણતો **‘કદાપિ વેદક નથી.’** **‘(-પરનો સ્વભાવ જાણતો હોવાથી-) કદાપિ વેદક નથી.’** એમ. આમાંથી એમ કાઢે કે, જ્ઞાની બિલકુલ પરનો વેદક છે જ નહિ. એકાંત એમ નથી. આ તો પરને પોતાનો જાણીને વેદતો નથી એટલી અપેક્ષા સિદ્ધ કરવી છે. જ્ઞાની વેદક છે. જેટલો ભાવ કચાશથી પ્રકૃતિના સંગે ઊપજેલો ભાવ અને અસંગ એવો ભગવાન એનાથી ઉત્પન્ન થયેલો ભાવ, બેયને વેદે છે. સાધક છે ને? પણ અહીંયાં એકનું જ સિદ્ધ કરવું છે. એને જાણે છે, વેદતો જ નથી એમ એટલું જ સિદ્ધ કરવું છે. એને અનુભવતો નથી, માલિકપણું નથી, સ્વામીપણું નથી એટલું સિદ્ધ કરવા વેદક નથી એમ કહ્યું છે.

**‘इति एवं नियमं निरूप्य’** **‘આવો નિયમ બરાબર...’** **‘निरूप्य’** એટલે **‘નક્કી કરીને...’** આવો નિયમ બરાબર વિચારીને, આવો નિયમ બરાબર નક્કી કરીને. આહાહા..! બહારનો

આ બધો ભપકો એ મસાણના હાડકાના ફાસફૂસ જેવો છે, એમાં આ રોકાણો છે. એને લઈને નહિ, રોકાણો છે રાગમાં અને રાગને વેદે છે, કાં પ્રતિકુળતા દેખીને દ્વેષને વેદે છે, પરને નહિ. આહાહા..! આત્મા શરીરને તો અડ્યો પણ નથી. આ પોતાનું શરીર છે એને પણ અડ્યો નથી તો પરના શરીરને તો કેમ અડે? અને કેમ ભોગવે? ફક્ત તેના પ્રકૃતિના નિમિત્તથી થતી વિકૃતિ, એ વિકૃતિને જાણે. જાણે અને વેદક નથી એમ અહીંયાં સિદ્ધ કરવું છે. જાણે.

**'કદાપિ વેદક નથી. આવો નિયમ બરાબર નક્કી કરીને...' 'निपुणैः अज्ञानिता त्यज्यताम'** આહાહા..! હે **'નિપુણ પુરુષો...'** આહાહા..! બે વાત કરીને આચાર્ય (કહે છે), હે વિચિક્ષણ નિપુણ પુરુષ! આહા..! **'अज्ञानिता त्यज्यताम'** હે નિપુણ પુરુષ! અજ્ઞાનને છોડી દે. આહા..! એને અહીં નિપુણ વિચિક્ષણ કહ્યો છે. **'निपुणैः अज्ञानिता त्यज्यताम'** નિપુણ પુરુષો એને કહીએ... આહાહા..! પ્રવિણ પુરુષ એને કહીએ, કે જે અજ્ઞાનભાવને છોડી દે. આહાહા..! જાણપણું વિશેષ હો ન હો એની સાથે અહીં સંબંધ નથી. ફક્ત પોતાના સ્વભાવને જાણી અને આ અજ્ઞાનભાવને છોડી દે, બસ! આટલું એને જ્ઞાન અંદર એટલું જોઈએ, બસ!

**'નિપુણ પુરુષો અજ્ઞાનીપણાને છોડો...'** આહાહા..! આચાર્ય શ્રોતાને સંભળાવે છે. શ્રોતા કેટલી હદનો છે એમ જોતા નથી. એની હદ બેહદની જ છે આત્મા. આહાહા..! અપરિમિત બેહદના ધરનારો ભગવાન અંદર છે. હે નિપુણ પુરુષો! આહાહા..! અજ્ઞાનીપણાને તજો. પરને તજો એમ કહ્યું નથી, અજ્ઞાનીપણાને તજો. જે આત્માના સ્વભાવથી વિરુદ્ધ સ્વભાવનો ભાવ મારો માનીને અનુભવો છો એ અજ્ઞાનીપણું છોડ. આહાહા..! આવી વાત (છે). કરવું શું આમાં બહારમાં? બહારમાં કરવાની વાત જ ક્યાં છે? અંદરમાં રાગનો વેદક છે. હે નિપુણ પુરુષ! સ્વરૂપને જાણીને એનું વેદન છોડ, બસ! આહાહા..! એનું સ્વામીપણું છોડ, ધણીપતું છોડ તો એનું વેદકપણું પણ છોડ. આહાહા..! મારા તરીકે વેદનપણું છોડ, વેદન રહેશે. આહાહા..! મારાપણા તરીકે તે પ્રકૃતિનો સ્વભાવ એવા ભાવને છોડી દે. આહાહા..! છે ને?

**'त्यज्यताम' 'છોડી દે...'** લ્યો! આ ઉપદેશ. પ્રકૃતિના સ્વભાવમાં રક્ત છે, વિરક્ત થા. આ વાત છે. અહીંયાં જે વિરક્ત છે (તે) પ્રકૃતિ સ્વભાવમાં રક્ત છે. સ્વભાવમાંથી વિરક્ત છે, વિભાવમાં રક્ત છે એ વિભાવમાં વિરક્ત થા, સ્વભાવમાં રક્ત થા. આહાહા..! પંચમ આરાના સંત, પંચમઆરાના શિષ્યને પણ એમ કહે છે. પાંચમો આરો છે માટે ન થઈ શકે (એમ નથી). એક સાધુ છે તે એમ કહે છે, અત્યારે તો સાધુને બધાને શુભભાવ જ છે. શુદ્ધ-બુદ્ધ અત્યારે છે નહિ, શુભભાવ જ છે. છાપામાં આવ્યું છે. આહાહા..! શુભભાવ છે તો ધર્મ નથી એનો અર્થ (એમ) થયો. આહા..! શુભભાવ તો અભવિને પણ હોય છે. એમાં એ ચીજ કોઈ અપૂર્વ, અપૂર્વ નથી. આહાહા..! અહીં તો એને છોડ તે અપૂર્વ છે. શુભભાવ **'त्यज्यताम'** શુભભાવને છોડ. આહાહા..! અને શુદ્ધ ભાવમાં રક્ત થા. આ કરવાનું

છે. આખા જૈન દર્શનનું રહસ્ય તત્ત્વ તો આ છે. આહાહા..!

**'નિપુણ પુરુષો અજ્ઞાનીપણાને છોડો અને...'** **'शुद्ध-एक-आत्ममये महसि'** શું શબ્દ લીધો? પેલામાં એક શબ્દ નહોતો. એમાં અનેકપણાના વિભાવ હતા, આ બાજુમાં **'શુદ્ધ-એક-આત્મામય...'** એકરૂપ શુદ્ધ ચૈતન્ય છે એમાં બેપણું પણ જેમાં નથી. આહાહા..! **'शुद्ध-एक-आत्ममये महसि'** **'शुद्ध-एक-आत्ममये महसि'** **'महसि'** એટલે તેજ **'શુદ્ધ-એક-આત્મામય તેજમાં...'** આહાહા..! **'अचलितैः'** **'નિશ્ચળ થઈને...'** શુદ્ધ આત્માના એકરૂપ તેજને (સેવો). વિકાર છે તે તો અતેજ છે, પર છે. આ ચૈતન્યરૂપી એકરૂપ તેજ જે અંદર છે, જ્ઞાનનું મૂળનું તેજ એકરૂપે જે બિરાજે છે એમાં **'નિશ્ચળ થઈને...'** **'ज्ञानिता आसेव्यताम्'** **'જ્ઞાનીપણાને સેવો.'** આહાહા..! આવો ઉપદેશ તો સીધો કર્યો છે.

આમ હળવે, હળવે રાગમંદ કરતા જાવ અને પછી થાશે એ વાત લીધી નથી. લીધી નથી એ છે નહિ માટે લીધી નથી. રાગ મંદ કરતા જાવ પછી શુદ્ધપણું પ્રાપ્ત થશે એમ નથી કહ્યું. અહીં તો (કહે છે), અજ્ઞાનીપણું છોડ અને આત્માના જ્ઞાનીપણાના ભાવને સેવ. આહાહા..! ક્રિયાકાંડના આડંબર આડે ચૈતન્ય ભગવાન અંદર મહાપ્રભુ જ્ઞાતા-દૃષ્ટા છે, જેમાં ક્રિયાનો આડંબરનો અભાવ છે. એ સ્વભાવની ગમ પડતી નથી અને આ ગમ પડે છે. અનાદિનો અભ્યાસ (છે). દયા, દાન, વ્રત, ભક્તિ આદિ અનાદિનો અભ્યાસ (છે). એ પણ સહજરૂપે અભ્યાસ થઈ ગયો છે. જેમ અશુભનો પણ સહજ અભ્યાસ થયો એમ શુભનો પણ સહજ થઈ ગયો છે. આ બાજુ શુદ્ધનો સહજ થઈ જાય છે, આ બાજુ શુભનો સહજ થઈ જાય. એટલે શુભને જ જાણે અમે કાંઈ કરીએ છીએ અને અમે ધર્મમાં છીએ, ધર્મના કોઈ પણ અંશને સેવીએ છીએ એમ શુભભાવમાં આવીને માને છે. આહાહા..!

એક શુદ્ધ આત્મા **'महसि'** એટલે તેજ. સહજ એક આત્મામય તેજ. સ્વભાવિક એક આત્મામય તેજ તેને સેવ. આહાહા..! તેને અવિચળ રીતે જ્ઞાનીપણાને સેવો. આહાહા..! આ સેવના કરો. જ્ઞાન સ્વભાવ મૂર્તિ પ્રભુ છે એની સેવા કરો, એમાં રક્ત થાવ. અને અજ્ઞાન, પુણ્ય-પાપ ભાવ અજ્ઞાન છે એમાં તો જ્ઞાનનો અંશ છે નહિ, પ્રકૃતિ સ્વભાવ છે એનાથી વિરક્ત થાવ અને આમાં નિરત થાવ, રક્ત થાવ. આહાહા..! **'જ્ઞાનીપણાને સેવો.'** આમાં એમ કાંઈ કહ્યું નથી કે, આમ પહેલા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, આ કરો, આ કરો. આહાહા..! આટલું શાસ્ત્રનું જ્ઞાન કરો, એ કહ્યું નથી.

અહીંયાં તો આત્મા ભગવાન અંદર બિરાજે છે. જ્ઞાનીપણાની સેવના કર, બસ! અજ્ઞાનપણાને તજી દે, આ આખું કરવાનું હોય તો આ છે. જૈનદર્શન એટલે વીતરાગ સ્વરૂપી ભગવાન તેમાં સેવવું, રહેવું એ જૈનદર્શન છે. રાગમાં રહેવું એ જૈન દર્શન નથી. રાગને સેવવો અને માનવું કે ધર્મ (છે). એ તો અન્યમત છે, એ જૈનમત નથી. આહાહા..! આ તો આખો દિ' ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં ગોખ્યા કરે, અનુપૂર્વી કરે, પાઠી બોલે, તિક્ખુત્તો,

ણમો અરિહંતાણં, ઇરિયા, ઇચ્છામિ, તસ્સૂતરી, લોગસ્સ, ણમોત્થુણં... એ બધા વિકલ્પો છે, એ તો પ્રકૃતિનો સ્વભાવ છે. આહાહા..! આત્માનો સ્વભાવ તે પ્રકૃતિના સ્વભાવથી વિપરીત વિરુદ્ધ છે.

એકરૂપ સદા શુદ્ધ છે એમ કહ્યું ને? એમ કહ્યું ને? જુઓને! **'शुद्ध-एक-आत्ममये महसि'** એકરૂપ શુદ્ધ **'महसि'** નામ તેજ, જેના તેજ અંદર એકરૂપે છે, ચૈતન્યના તેજ એકરૂપે બિરાજે છે એમાં ભેદ અને ભંગ નથી. આહાહા..! **'शुद्ध-एक-आत्ममये महसि'** નામ તેજમાં **'ज्ञानिता आसेव्यताम्'** એ જ્ઞાનીપણું જ્ઞાનનું સેવન કર. આહાહા..! રાગ અને પુણ્ય આદિના પરિણામ એ તો પ્રકૃતિનો સ્વભાવ છે, એ આત્માનો સ્વભાવ નથી. આહા..! પ્રકૃતિના સ્વભાવથી આત્માનો સ્વભાવ થાય એમ બને નહિ. જેમાં જે હોય એમાંથી એ બને. એનામાં તો વીતરાગતા છે, સ્વભાવ છે, શુદ્ધ છે. જેમાં જે હોય એનાથી તે મળે, જેમાં જે નથી તેનાથી તે પ્રાપ્ત થાય એવું કદાપિ નહિ. આહાહા..!

આવું સાહિત્ય ઘરે ઘરે પહોંચી ગયું છે. ઘણા વર્ષ થઈ ગયા ને! કેટલાકને હવે ખટકે છે. એ ઝઘડો ઉભો થયો. આ સાહિત્ય તો પહેલાનું છે કાંઈ નવું નથી. ઇ તો એની સ્પષ્ટીકરણની વ્યાખ્યા બહાર આવી, બાકી વસ્તુ તો આમાં પડી છે. પરને મદદ કરો ને પર દુઃખીના આંસુ લુવો, ક્ષુધાવંતને આહાર આપો, તૃષાવંતને પાણી, સ્થાન ન મળે એને સ્થાન આપો, કપડા ન મળે એને કપડા આપો, રોગીને ઔષધ આપો, એ વાત તો અહીં કંઈ છે નહિ. આહાહા..! કહે છે. એ તો બધો વિકલ્પ પ્રકૃતિનો સ્વભાવ છે. એને તો **'त्यज्यताम'**. પ્રકૃતિનો સ્વભાવ છે તેને તો છોડ. આહાહા..!

હવે આમાં વાદ-વિવાદ કરવા જાય તો કાંઈ પાર પડે એવું નથી. વાદ-વિવાદ કરે. વ્યવહારથી પણ થાય. કેમ? કે છેલ્લો, અનુભવ થાય ત્યારે તો વ્યવહાર હોય છે. ત્યારે અશુભભાવ હોતો નથી. તેથી તે શુભભાવથી અનુભવ થાય એમ કરવામાં શું વાંધો? અનુભવ વખતે છેલ્લો અશુભભાવ ન હોય, શુભભાવ હોય પણ એને છોડીને, છોડીને કહેવાય. એને રાખીને, એનું લક્ષ રાખીને અહીં (આત્માનું) લક્ષ થઈ શકે (એમ બને નહિ). આહાહા..! આમાં તો તીર્થં ને તીર્થંની જાત્રા ને સમ્મેદશિખરની ને અંતરીક્ષની, મક્ષીની જાત્રાનો ભાવ પ્રકૃતિનો સ્વભાવ (છે). આહાહા..! અહીં તો એમ કહે છે, બેધડક તેને છોડ. લે! સમ્મેદશિખરની જાત્રાનો ભાવ, ગીરનારનો, પાલીતાણાનો સાંભળવા-વાંચવાનો ભાવ વિકલ્પ છે (તેને) છોડ. આહાહા..!

એ જ્ઞાન એટલે એકરૂપ જ્ઞાન છે, જેમાં બેરૂપ નથી. બેરૂપ તો વિકારમાં બેરૂપ ને કરૂપ છે. આહાહા..! આ એકરૂપે ભગવાન ચૈતન્ય છે તેને સેવ, અજ્ઞાનને છોડ. આહાહા..! બહુ ટૂંકું. બાર અંગમાં આ કહેવું છે. ગમે તેટલું વાંચન ને ગમે એટલું જાણપણું કરીને તો આ (કરવાનું) છે. અંદર (અજ્ઞાનને) છોડ ને અહીં જાવું. પર તરફનું લક્ષ છોડી દે.

આહાહા..!

**'હવે, 'અજ્ઞાની વેદક જ છે' એવો નિયમ કરવામાં આવે છે...'** અજ્ઞાની રાગનો કે વિકારનો પ્રકૃતિ સ્વભાવનો વેદક જ છે, એને જ એ વેદે છે. શરીરને કે દાળ-ભાતને કે... આહાહા..! સ્ત્રીના શરીરને આત્મા ભોગવી શકે (એ) ત્રણકાળમાં નહિ. આહાહા..! અહીંયાં તો અજ્ઞાનપણાનો ત્યાગ, જ્ઞાનપણાનું સેવન, બસ! એક જ વાત, બહારની વાત કાંઈ છે નહિ. **'અજ્ઞાની વેદક જ છે' એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ 'અજ્ઞાની ભોક્તા જ છે...'** એ રાગનો, પ્રકૃતિ સ્વભાવનો, ક્ષણિક કૃત્રિમ સ્વભાવનો અકૃત્રિમ અનાદિ વસ્તુને છોડી દઈને કૃત્રિમનો વેદક છે. અકૃત્રિમ વસ્તુ જે ત્રિકાળી શુદ્ધ પરમાત્મ સ્વરૂપ... આહાહા..! એને છોડી **'(અજ્ઞાની ભોક્તા જ છે એવો નિયમ છે એમ કહે છે.)'**

*** કોઈ જીવને દુઃખ થાય એ હોય નહિં. બધા જીવો પરમાનંદ સ્વરૂપ છે. જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મા છે. એના સ્વભાવમાં દુઃખ ક્યાં છે? ભાઈ! ઊંધી શ્રદ્ધા કરતાં પર્યાયમાં તને દુઃખ થશે. સત્યની પ્રરૂપણા કરતાં એ ન રુચે અને તને દુઃખ થાય એ અમે ઈચ્છીએ નહિ. માફ કરજે ભાઈ! આહાહા! આવો મારગ છે. કોઈ પણ જીવ એકેન્દ્રિયથી માંડીને તે જ ભવે સિદ્ધ થનાર બધાય જીવો પરમાનંદ સ્વરૂપ આત્મા છે. પછી કોનો અનાદર હોય! મને દુઃખ થાય તો એ ન ગમે તેમ બીજાને દુઃખ થાય એ પણ કેમ ઈચ્છીએ! ઊંધી શ્રદ્ધા-પ્રરૂપણા કરીને દુઃખી થાય એને કેમ અનુમોદાય? સાધુપણાની ભગવાને કહેલી સત્ય પ્રરૂપણા થતાં અઠ્ઠાવીસ મૂળગુણ ચોખ્ખા ન હોય ને છેદાય એને સાધુ કહેવાય નહિ, દ્રવ્યલિંગી પણ કહેવાય નહિ-એવી સત્ય પ્રરૂપણાથી કોઈને દુઃખ થાય એમ ન હો! ભાઈ! બાપુ ! ઘાંસનું તણખલું જરા વાગે તોપણ દુઃખ થાય તો મિથ્યા શ્રદ્ધાના કેટલા દુઃખ તને થાય! એ કેમ અનુમોદાય? સૌ આત્માને શાંતિ ... શાંતિ ... શાંતિ થાવ. અહીં અમારે તો કોઈનો વિરોધ નથી. કોઈ અમારો વિરોધ કરતું નથી. બધા આત્મા દ્રવ્યસ્વભાવે તો સાધર્મી છે. વિરોધતાનો ભાવ પોતાને નુકશાન કરે છે, બીજાને નહિ અને અવિરોધતાનો ભાવ પણ પોતાને લાભ કરે છે. બીજાને નહિ. આહાહા! આત્મા તો સર્વથી ઉદાસ ... ઉદાસ ... ઉદાસ છે. ૫૧૧.**

**– પરમાગમસાર**

# ગાથા-૩૧૭

ण मुयदि पयडिमभव्वो सुट्ठु वि अज्झाइदूण सत्थाणि।
गुडदुद्धं पि पिबंता ण पण्णया णिव्विसा होंति।।३१७।।
न मुञ्चति प्रकृतिमभव्यः सुष्ठ्वपि अधीत्य शास्त्राणि।
गुडदुग्धमपि पिबन्तो न पन्नगा निर्विषा भवन्ति।।३१७।।

यथात्र विषधरो विषभावं स्वयमेव न मुञ्चति, विषभावमोचनसमर्थसशर्करक्षीरपानाच्च न मुञ्चति; तथा किलाभव्यः प्रकृतिस्वभावं स्वयमेव न मुञ्चति, प्रकृतिस्वभावमोचनसमर्थ-द्रव्यश्रुतज्ञानाच्च न मुञ्चति, नित्यमेव भावश्रुतज्ञानलक्षणशुद्धात्मज्ञानाभावेनाज्ञानित्वात्। अतो नियम्यतेऽज्ञानी प्रकृतिस्वभावे स्थितत्वाद्वेदक एव।

---

હવે, 'અજ્ઞાની વેદક જ છે' એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ 'અજ્ઞાની ભોક્તા જ છે' એવો નિયમ છે-એમ કહે છે) :-

સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,
સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭.

ગાથાર્થ :- [ सुष्ठु ] સારી રીતે [ शास्त्राणि ] શાસ્ત્રો [ अधीत्य अपि ] ભણીને પણ [ अभव्यः ] અભવ્ય [ प्रकृतिम् ] પ્રકૃતિને (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને) [ न मुञ्चति ] છોડતો નથી, [ गुडदुग्धम् ] જેમ સાકરવાળું દૂધ [ पिबन्तः अपि ] પીતાં છતાં [ पन्नगाः ] સર્પો [ निर्विषाः ] નિર્વિષ [ न भवन्ति ] થતા નથી.

ટીકા :- જેમ આ જગતમાં સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી અને વિષભાવ છોડાવવાને (મટાડવાને) સમર્થ એવા સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી, તેમ ખરેખર અભવ્ય પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી અને પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી; કારણ કે તેને સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના) અભાવને લીધે, અજ્ઞાનીપણું છે. આથી એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ એવો નિયમ ઠરે છે) કે અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી વેદક જ છે (-કર્મનો ભોક્તા જ છે).

**ભાવાર્થ :- આ ગાથામાં, અજ્ઞાની કર્મના ફળનો ભોક્તા જ છે-એવો નિયમ કહ્યો. અહીં અભવ્યનું ઉદાહરણ યુક્ત છે. અભવ્યનો એવો સ્વયમેવ સ્વભાવ છે કે દ્રવ્યશ્રુતનું જ્ઞાન આદિ બાહ્ય કારણો મળવા છતાં અભવ્ય જીવ, શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે, કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ બદલતો નથી; માટે આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રોનું જ્ઞાન વગેરે હોવા છતાં જ્યાં સુધી જીવને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી અર્થાત્ અજ્ઞાનીપણું છે ત્યાં સુધી તે નિયમથી ભોક્તા જ છે.**

## ગાથા-૩૧૭ ઉપર પ્રવચન

**ण मुयदि पयडिमभव्वो सुट्ठु वि अज्झाइदूण सत्थाणि।**
**गुडदुद्धं पि पिबंता ण पण्णया णिव्विसा होंति।।३१७।।**
**સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,**
**સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭.**

દાખલો કડક આપ્યો. **'જેમ આ જગતમાં સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી...'** એ તો ઠીક પણ **'અને વિષભાવ છોડાવવાને (મટાડવાને) સમર્થ એવા સાકરસહિત દૂધના પાનથી પણ...'** આહાહા..! **'સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી,...'** દૃષ્ટાંત આ તો કીધો. આહાહા..! **'તેમ ખરેખર અભવ્ય પ્રકૃતિસ્વભાવને...'** આ તો દૃષ્ટાંત છે, હોં! અભવી એટલે કે અભવ્ય કરતો નથી એ પ્રમાણે માને અજ્ઞાની કર્તા નથી એમ કહેવું છે.

**'તેમ ખરેખર અભવ્ય પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી...'** આહાહા..! સર્પ પોતાની મેળે ઝેરને છોડતો નથી, પણ સાકરવાળા દૂધને પણ છોડતો નથી. એમ અભવી પ્રકૃતિના સ્વભાવને પોતાની મેળે તો છોડતો નથી. **'અને પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી;'** દ્રવ્યશ્રુતનું જ્ઞાન, હોં! આહાહા..! શાસ્ત્રનું જ્ઞાન કાને પડ્યું, એને જ્ઞાનમાં આવ્યું. આહાહા..! છતાં એ દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી. પરનું વેદન છોડતો નથી, પરનો ભોક્તા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી, શાસ્ત્રનું જ્ઞાન થયું,... આહાહા..! શાસ્ત્રના જ્ઞાનમાં આવ્યો, સાંભળ્યું, શાસ્ત્રજ્ઞાન થયું. અરે..! અગિયાર અંગનું નવ પૂર્વ સુધીનું દ્રવ્યશ્રુત જ્ઞાન થયું. છતાં દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી. સાકરસહિત દૂધને પીતા છતાં સર્પ પોતાના ઝેરને છોડતો નથી. આહાહા..! એમ આ દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ (છોડતો નથી). દ્રવ્યશ્રુત એના ખ્યાલમાં આવ્યું છે, કે આમ કહે છે, શાસ્ત્ર આમ કહે છે, શાસ્ત્ર આમ માને છે. શાસ્ત્ર કહે છે, અજ્ઞાનને છોડ ને સ્વભાવને સેવ એમ શાસ્ત્રનું જ્ઞાન થયું છતાં તે અંતરથી અજ્ઞાનપણાને છોડતો નથી. આહાહા..! ભારે

વાત! સમજાણું?

સર્પ પોતાની મેળાએ પોતાનું ઝેર છોડતો નથી પણ સાકરસહિત દૂધ પીતા પણ વિષને છોડતો નથી. એમ જીવ પોતાની મેળાએ મિથ્યાત્વ અને પ્રકૃતિના સ્વભાવને છોડતો નથી પણ દ્રવ્યશ્રુતનું જ્ઞાન કરીને પણ છોડતો નથી. આહાહા..! શાસ્ત્ર ભગવાનના કહેલા, ભગવાનના કહેલા દ્રવ્યશ્રુત, હોં! આહાહા..! ભાષા તો એવી છે, કે '**પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ...**' છોડાવવાને સમર્થ–નિમિત્ત. દ્રવ્યશ્રુત–ભગવાનનું દ્રવ્યશ્રુત, એમાં કહેવાનો એ આશય છે, કે રાગને છોડ અને સ્વભાવમાં આવી જા. પણ એ એવું સાંભળે છે છતાં એ છોડતો નથી.

સાકરસહિત દૂધને પીને પણ સર્પ ઝેરને છોડતો નથી, એમ આ ઝેરીલો જીવ અજ્ઞાની વીતરાગની વાણી સાંભળે છે, કે પ્રકૃતિસ્વભાવ છોડવા લાયક છે અને ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય એકરૂપ એને સેવવા લાયક છે, એવું સાંભળીને પણ છોડતો નથી. આહાહા..! અહીં સુધી લઈ ગયા. શુભભાવ તો ઠીક દ્રવ્યશ્રુતનું જ્ઞાન લીધું. શુભભાવ તો છોડ. એનાથી કાંઈ આત્માને લાભ થાય એવું નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ગમે તે ભાવ એ આત્માને કાંઈ લાભ કરતો નથી.

મુમુક્ષુ :– નુકસાન તો કરે છે ને?

ઉત્તર :– નુકસાન કરનાર છે, પુણ્ય છે, બંધન છે, બેડી છે. લોઢાની બેડી એમ સોનાની પણ એ બેડી છે. આહાહા..! ઇ તો ન મુકી દીધું પણ વીતરાગનું દ્રવ્યશ્રુત સાંભળીને પણ, દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ, એમ. દ્રવ્યશ્રુતનું એને જ્ઞાન થયું, જાણવામાં આવ્યું... આહાહા..! કે શાસ્ત્ર રાગને છોડવાનું કહે છે અને સ્વભાવને આદરવાનું કહે છે. એવું દ્રવ્યશ્રુતનું જ્ઞાન થયું. આહાહા..!

ભગવાનની વાણીને સાંભળીને, ભગવાનની વાણી. કલ્પિત શાસ્ત્રો છે એને નહિ. આ તો ભગવાનની વાણી જે છે એને સાંભળીને પણ જ્ઞાન થયું. જ્ઞાન એટલે તે તરફનું જાણપણું, સમ્યગ્જ્ઞાન નહિ. દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ અજ્ઞાની રાગને છોડતો નથી. રાગના રસનો રસિયો સ્વભાવનો વિરોધી એવો રાગ તેને છોડતો નથી. ચૈતન્ય સ્વભાવ અંદર વીતરાગમૂર્તિ પ્રભુ, અનાકુળ આનંદનો સાગર, તેના તરફ નજર કરતો નથી અને આ રાગ તરફથી નજર છોડતો નથી.

છોડાવનાર મળે. છોડાવવાને સમર્થ છે એમ કીધું ને? (પ્રકૃતિ)સ્વભાવ છોડાવવાને સમર્થ–નિમિત્ત. એ શાસ્ત્રમાં નિમિત્તપણાની તાકાત એટલી જ છે. ભગવાનની વાણીમાં, બીજાની વાણી નહિ. ભગવાનની વાણી નિમિત્તપણે રાગને છોડાવવા સમર્થ છે. એનું જ્ઞાન હોવા છતાં અજ્ઞાની રાગને છોડતો નથી અને આત્માને સેવતો નથી. આહાહા..! આવી વાત છે. અહીં તો હજી ક્યાંય શુભઅશુભના ઠેકાણા ન મળે, ખબરેય ન મળે કે, આ શું કરું છું. ક્યાં જઈશ ને ક્યાં રહીશ અને ક્યાં રહું છું? ક્યાં રહું છું? અને કોને મેં છોડી દીધું છે? એની

ખબર નથી.

સ્વભાવને છોડી દીધો છે અને રાગની જાળ, કર્મજાળ, પુણ્ય ને પાપના બેય ભાવ કર્મજાળ, એને દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ (છોડતો નથી). દ્રવ્યશ્રુત છે એ રાગને છોડાવવામાં નિમિત્તરૂપે છે. સમર્થ કીધું ને? **'પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ...'** નિમિત્ત તરીકે. એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ અજ્ઞાની રાગને છોડીને આત્માને આદરતો નથી. અંદર રાગ વિકલ્પ છે એનાથી રહિત પ્રભુ છે એ દયા, દાન ને વ્રત, ભક્તિનો પણ વિકલ્પ રાગ છે, એ કાંઈ ધર્મ નથી. આહાહા..! એને છોડીને દ્રવ્યશ્રુત છોડવાનું કહે છે, એમ કહે છે.

એમ સિદ્ધાંત શું લીધો? કે દ્રવ્યશ્રુત પણ, ભાવશ્રુત તો કરે પણ દ્રવ્યશ્રુત પણ રાગને છોડાવવાનું કહે છે, એનું કથન રાગને છોડાવવાનું છે. આહાહા..! શુભરાગ પણ છોડાવવાનું છે. વીતરાગની વાણી દ્રવ્યશ્રુત પણ શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા, પૂજાનો ભાવ એ દ્રવ્યશ્રુત પણ તેને છોડાવવાને સમર્થ છે. છતાંય છોડતો નથી, એનું જ્ઞાન ખ્યાલમાં આવે છે. આહાહા..! ધારણામાં આવે છે, પણ ભાવમાં આવતું નથી, એમ કહે છે. આહાહા..! બે-ત્રણ મિનિટની વાર છે, નહિ? પાંચ મિનિટની વાર છે.

આહાહા..! કેટલું ભર્યું છે! વીતરાગની વાણી દ્રવ્યશ્રુત તેને કાને પડે છે અને તેનું એને જ્ઞાન પણ હોય છે. એ જ્ઞાનમાં એની ધારણામાં પણ એમ આવ્યું હોય છે, કે રાગ છોડવો ને આત્માના સ્વભાવમાં જાવું. છતાં તે રાગને છોડતો નથી ને સ્વભાવમાં આવતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- વીર્ય તે બાજુ ઢળતું નથી કે ઢાળતો નથી?

ઉત્તર :- પોતે જાતે ઢળતો નથી. પોતાના રાગના રસમાં આત્માના રસ તરફ આવતો જ નથી. રાગ એ દયા, દાન, વ્રત, ભક્તિ.. બહુ તો અશુભરાગ છોડે અને એમાં આ દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રાનો ભાવ આવે એટલે જાણે કે, આપણે ઘણું કર્યું. એ પણ વિકાર અને દુઃખ છે. દ્રવ્યશ્રુત એને છોડાવવાને સમર્થ છે, દ્રવ્યશ્રુત એને છોડાવવાને સમર્થ છે, દ્રવ્યશ્રુત એને રખાવવાને સમર્થ નથી. આહાહા..!

અહીં તો હજી એના સંસારના, ધંધાના પાપ. આખો દિ' પાપ. વેપાર-ધંધો સવારથી સાંજ સુધી પાપ એકલું. બાયડી-છોકરાને રાજી રાખવામાં પાપ, એ પાપમાંથી નવરો થાતો નથી. અહીં તો કહે કદાચિત્ પુણ્યમાં આવ્યો અને દ્રવ્યશ્રુતે એને કહ્યું, એના ખ્યાલમાં આવ્યું, કે રાગ છોડાવે છે. છતાં એ રાગ છોડતો નથી. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! આવી વાત આવી આજે. આહાહા..!

એક તો એ (વાત) આવી, કે દ્રવ્યશ્રુત જે છે એ રાગ કરવાનું કહેતો નથી, એ રાગ છોડવાનું કહે છે. શુભરાગ પણ છોડવાનું કહે છે, એક તો એ વાત આવી. અને તે તેના કાનમાં પડી અને એના જ્ઞાનમાં પણ આવી કે, આ રાગ છોડવાનું આ કહે છે. છતાં,

તે જ્ઞાન થવા છતાં રાગને છોડતો નથી. અંતરનો રસ આવતો નથી ને રાગનો રસ છોડતો નથી. આહાહા..! એમાં ને એમાં રખડ્યા કરે છે. આહાહા..!

**'કારણ કે તેને સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના) અભાવને લીધે,...'** આહા..! દ્રવ્યશ્રુત ધારણા થઈ પણ ભાવશ્રુતજ્ઞાન પ્રગટ્યું નહિ એને. અંદર આત્મા આનંદનો નાથ સાગર છે તેનું જે જ્ઞાન થવું જોઈએ, ભાવશ્રુતજ્ઞાન જે આનંદની સાથે થાય તે જ્ઞાન એને થયું નહિ. ભાવશ્રુતજ્ઞાનના અભાવને લીધે. જોયું? **'અજ્ઞાનીપણું છે.'** આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**[નોંધ :– ૩૮૮ નંબરનું પ્રવચન ૩૨૦ ગાથાનું હોય તે ૩૨૦ ગાથાના પ્રવચન સાથે પાછળ લીધેલ છે]**

---

**પ્રવચન નં. ૩૮૯ ગાથા–૩૧૭ થી ૩૧૮ સોમવાર, જ્યેષ્ઠ સુદ ૫, તા. ૧૯-૦૫-૧૯૮૦**

---

'સમયસાર' ગાથા ૩૧૭. **'હવે, અજ્ઞાની વેદક જ છે'** શું કહે છે? જેને આ આત્મા–જ્ઞાન રાગથી ભિન્ન છે એવી ખબર નથી એ અજ્ઞાની રાગનો અને વિકારનો જ વેદક છે. **'એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ 'અજ્ઞાની ભોક્તા જ છે' એવો નિયમ છે-એમ કહે છે):–'**

**ण मुयदि पयडिमभव्वो सुट्ठु वि अज्झाइदूण सत्थाणि।**
**गुडदुद्धं पि पिबंता ण पण्णया णिव्विसा होंति।।३१७।।**
**સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,**
**સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭.**

આહાહા..! **ટીકા :– 'જેમ આ જગતમાં સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી...'** વિષ એની મેળે છોડતો નથી. **'અને વિષભાવ છોડાવવાને (મટાડવાને) સમર્થ એવા સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી,...'** આહાહા..! પોતાની મેળે તો ઝેર છોડતો નથી પણ સાકરસહિત દૂધ પાવામાં આવે તોપણ તે ઝેરને છોડતો નથી, એ દૃષ્ટાંત થયો. આહાહા..! **'તેમ...'** દૃષ્ટાંત અભવીનું આપે છે, સિદ્ધાંત તો બધાને લાગુ પડે. જે અજ્ઞાની શ્રુત શબ્દ ભણે, શ્રુતને જાણે, અગિયાર અંગ આદિ ભણે એમાં એ વાત આવી હોય કે રાગથી ભગવાન અંદર ભિન્ન છે. એવું સાંભળ્યું હોય, ધાર્યું હોય છતાં રાગથી ભિન્ન આત્માનું વેદન ન કરે. આહાહા..! તો શ્રુત શું કરે?

**'તેમ ખરેખર અભવ્ય પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી...'** અભવી જે છે એ પ્રકૃતિને **'પોતાની મેળે છોડતો નથી અને પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ...'** પ્રકૃતિના

સ્વભાવને છોડાવવાને સમર્થ. અભવી પ્રકૃતિ પોતાની મેળે તો છોડતો નથી પણ પ્રકૃતિ સ્વભાવ છોડાવવાને સમર્થ. લ્યો! વાણીને લીધું. વાણી નિમિત્ત છે એને પ્રકૃતિ છોડાવવામાં, સ્વભાવમાં નિમિત્ત છે એવું એ સાંભળે છે. **'છોડાવવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ;...'** શાસ્ત્ર કાને પડે, ભણે, વાંચે... આહાહા..! પણ છતાં રાગની એકતા છોડતો નથી. એની મેળે રાગ તો છોડતો નથી પણ દ્રવ્યશ્રુત રાગ છોડાવવાને સમર્થ છે એને પણ સાંભળીને પણ છોડતો નથી, એમ કહે છે. આહાહા..! અનાદિ કાળનું...

**'કારણ કે તેને સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના) અભાવને લીધે,...'** આહાહા..! શું કહ્યું? શાસ્ત્રો દ્રવ્યશ્રુત સાંભળે છે, ધારે છે છતાં રાગથી રહિત ભાવશ્રુતજ્ઞાન એ ભાવ શુદ્ધાત્મજ્ઞાનના અભાવને લીધે, **'ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના અભાવને લીધે, અજ્ઞાનીપણું છે.'** આહાહા..! **'ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાન...'** ભાવશ્રુતજ્ઞાનનું ફળ શુદ્ધાત્માનું જ્ઞાન (છે). પવિત્ર આનંદ સ્વરૂપ પ્રભુ એનું એને જ્ઞાન ભાવશ્રુતનું ફળ એ એને ન આવ્યું, એના **'અભાવને લીધે....'** આહાહા..! **'અજ્ઞાનીપણું છે.'**

અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ પણ ધારણ કર્યા પણ ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે એના ભાવશ્રુતજ્ઞાનનું ફળ અતીન્દ્રિય આનંદનો સ્વાદ ને રાગની એકતાનું તૂટવું એ એણે કર્યું નહિ. આહાહા..! અનાદિ કાળથી રાગની એકતા માની છે, એકતા થઈ નથી. રાગ ને આનંદ પ્રભુ બેની વચ્ચે સાંધ છે, સંધિ છે, એક થયા નથી. છતાં ભાવશ્રુતજ્ઞાનના અભાવને લીધે રાગની એકતા એ તોડતો નથી. આહાહા..! ઝીણી વાત છે, આ મૂળ વાત છે. ગમે એ ક્રિયા કરે, પંચ મહાવ્રત પાળે, અઠ્યાવીસ મૂળગુણ પાળે એ તો બધો રાગ છે. આહાહા..! અને શાસ્ત્રનું જ્ઞાન થવા છતાં પણ ભાવશ્રુતજ્ઞાન જે આત્માનું (થવું જોઈએ) એનો એને અભાવ છે. આહાહા..! ચૈતન્ય સ્વરૂપ અનીન્દ્રિય આનંદ મૂર્તિ પ્રભુ એનો એને અજ્ઞાનને લીધે સ્વાદ ને અનુભવ આવતો નથી. આહાહા..!

મુમુક્ષુ :– પ્રકૃતિ સ્વભાવ....

ઉત્તર :– સ્વભાવ છે એ એણે જાણ્યો નથી. અંતર આનંદ સ્વરૂપ છે એ શાસ્ત્ર ભણ્યો છતાં, એમાં આવ્યું હતું એ વાત ધારણામાં (આવી) છતાં રાગથી ભિન્ન આનંદનો સ્વાદ ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપે ન લીધો. આહાહા..! આ મૂળ વાત બાકી રહી ગઈ, ઝાડના બધા પાંદડા તોડ્યા, મૂળિયું સાજું (રહ્યું). આહાહા..! એમ રાગની મંદતા તો અજ્ઞાનીને પણ (થઈ). રાગની મંદતા અને મિથ્યાત્વની મંદતા અજ્ઞાનીને પણ હોય છે. આહાહા..! એ કોઈ ચીજ નહિ, એ તો તીવ્ર અને મંદ કર્મચક્ર (છે). તેનાથી ભિન્ન ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપે આત્માનો જે આનંદનો સ્વાદ લેવો જોઈએ... આહાહા..! જે દ્રવ્યશ્રુતજ્ઞાન એ રાગને તોડાવવા નિમિત્તરૂપે છે એવું એણે ન કર્યું. આહાહા..!

મુમુક્ષુ :– કાળલબ્ધિ નથી આવી.

ઉત્તર :– કાળલબ્ધિમાં અંદર પુરુષાર્થ (ન કર્યો) માટે કાળલબ્ધિ નથી આવી. પુરુષાર્થની ખામી (છે) માટે કાળલબ્ધિ નથી આવી. કાળલબ્ધિ એટલે? 'ટોડરમલ્લે' તો એમ કહ્યું, કાળલબ્ધિ અને ભવ્યતા કોઈ ચીજ નહિ. અંતર્મુખ વળતા જે કાળમાં આત્માને આનંદ આવે એ કાળલબ્ધિ અને ભાવ આવ્યો એ ભવિતવ્યતા. આહાહા..! કેમકે કાળલબ્ધિ શબ્દ લીધા, ભાષા ધારી પણ એનું કાળલબ્ધિનું વાસ્તવિક જ્ઞાન થાય ક્યારે? આહાહા..!

ઇ તો ઘણા વર્ષથી કહીએ છીએ. ઘણા લોકો પહેલેથી કાળલબ્ધિ, કાળલબ્ધિ (બોલે છે). પણ કાળલબ્ધિનું જ્ઞાન થાય કોને? જેને આત્માના આનંદ સ્વરૂપનું વલણ થઈને ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માનો અનુભવ કર્યો છે એને કાળલબ્ધિનું જ્ઞાન સાચું હોય છે. બીજો ધારી રાખે કાળલબ્ધિ, કાળલબ્ધિ. પણ ધારે એ ધારણામાં શું એનો અર્થ? આહાહા..!

**'ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના) અભાવને લીધે, અજ્ઞાનીપણું છે.'** આહાહા..! દ્રવ્યશ્રુત સાંભળવામાં આવ્યું અને એનું સામર્થ્ય પણ એટલું છે, કે એ રાગના ઝેરને ઉતારી નાખે અને આત્માના આનંદને ઉગ્રપણે ઉપર લાવે. રાગના ઝેરને છોડી દે અને આનંદના ભાવને ઉપર લાવે. આહાહા..! એવું દ્રવ્યશ્રુતનું સામર્થ્ય છે. છતાંય શાસ્ત્ર સાંભળ્યા, ધાર્યા અને, પણ એનાથી રાગથી ભિન્ન છે એમ ભાવશ્રુતજ્ઞાન દ્વારા શુદ્ધાત્માનું જ્ઞાન ન કર્યું. આહાહા..! આવી વાત છે.

અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ પણ ભણ્યો, ક્રિયાઓ પણ પંચ મહાવ્રતની અનંતવાર કરી, અઠ્યાવીસ મૂળગુણ સાધુના જે છે એ પણ અનંતવાર કર્યા પણ એ તો બધી ક્રિયા રાગની છે, એ કાંઈ આત્મા નથી. આહાહા..! એને શાસ્ત્રનું ભણતર હોવા છતાં અને શાસ્ત્રની તાકાત પણ એ છે, કે રાગનું ઝેર ઉતારી નાખે. જેમ મંત્રથી વીંછીનું ઝેર ઉતરી જાય છે, સર્પનું ઝેર પણ મંત્રથી ઉતરે એવા સૂત્ર, મંત્ર છે, એ મંત્રથી પણ આને ઝેર ઉતર્યું નહિ કહે છે. આહાહા..!

**'આથી એવો નિયમ કરવામાં આવે છે...'** આથી એવો ચોક્કસ નિયમ કરવામાં આવે છે, નિયમ છે કે **'અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી...'** અજ્ઞાની પ્રકૃતિનો સ્વભાવ જે રાગ અને દ્વેષ, દયા ને દાન ને પુણ્ય ને પાપ એવો જે ભાવ એ પ્રકૃતિનો સ્વભાવ છે. આહાહા..! ઇ આત્માનો સ્વભાવ નથી. દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત એ બધો પ્રકૃતિનો સ્વભાવ રાગ છે. આકરું કામ છે. એવો પ્રકૃતિનો જે સ્વભાવ (તેમાં) સ્થિત હોવાથી, આહાહા..! અજ્ઞાની રાગની પ્રકૃતિમાંથી છૂટો પડ્યો નથી. રાગની પ્રકૃતિમાં સ્થિત હોવાથી **'તે રાગનો વેદક જ છે...'** આત્માનો વેદક નથી. આહાહા..! આત્મા જે આનંદ સ્વરૂપ પ્રભુ એનો અનુભવ નથી, રાગનો અનુભવ છે. આહાહા..! છે?

**'પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી...'** વેદકનો ન્યાય આપ્યો કે એ પોતે પોતાના આત્મ સ્વભાવમાં વેદકમાં નહિ હોવાથી અને પ્રકૃતિનો જે સ્વભાવ રાગાદિ છે તે હોવાથી તેમાં

તેનો તેને ભોક્તા અને વેદક કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે. **'પ્રકૃતિસ્વભાવમાં સ્થિત...'** ભાષા જોઈ!

મુમુક્ષુ :– પ્રકૃતિસ્વભાવ એટલે?

ઉત્તર :– એ પુણ્ય ને પાપના ભાવ પ્રકૃતિસ્વભાવ, એ આત્મ સ્વભાવ નહિ. આહાહા..! શુભ ને અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ બધો રાગ પ્રકૃતિનો સ્વભાવ છે. આહાહા..! એ તો રાગ છે, એ કંઈ આત્મા નથી. એ પ્રકૃતિ સ્વભાવમાં... આહાહા..! સ્થિત હોવાથી આત્મ સ્વભાવનો એને અનાદર છે. **'વેદક જ છે,...' 'પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી વેદક જ છે, (--કર્મનો ભોક્તા જ છે).'** ધર્મનો ભોક્તા નથી એટલે કર્મનો ભોક્તા જ છે. આહાહા..!

અહીંયાં તો એમ કહેવું છે, કે જ્યાં આત્માના આનંદનો અનુભવ નથી ત્યાં એ રાગ, રાગનો જ વેદક ને અનુભવ છે. આહાહા..! વિકારનો જ અનુભવ એ પ્રકૃતિનો અનુભવ, આત્માનો એ અનુભવ નહિ. આહાહા..! આવી વાતું આકરી. ધંધા આડે હજી પુણ્ય કરવા પણ નવરો નથી. વેપાર ને ધંધા ને બાયડી-છોકરાને સાચવવામાં એના ધ્યાનમાં હજી પુણ્ય શુભભાવ કરવા નવરો નથી. અહીં તો કહે છે, શુભભાવ અનંતવાર કર્યો છતાં પ્રકૃતિનો એ તો સ્વભાવ છે, એ તો કર્મનો સ્વભાવ છે, એ આત્માનો સ્વભાવ નહિ. આહાહા..! તેથી તે **'કર્મનો ભોક્તા જ છે.'**

**ભાવાર્થ :– 'આ ગાથામાં, અજ્ઞાની કર્મના ફળનો ભોક્તા જ છે...'** આહાહા..! **'એવો નિયમ કહ્યો.'** એવો નિશ્ચય કહો, એવો નિશ્ચય કહ્યો, નિશ્ચય આ જ છે. અજ્ઞાની રાગને ભોગવે તે નિશ્ચય છે. આહાહા..! **'એવો નિયમ કહ્યો. અહીં અભવ્યનું ઉદાહરણ યુક્ત છે.'** અભવીનું તો ઉદાહરણ આપ્યું પણ એ પ્રમાણે બધા પ્રાણી પ્રકૃતિના સ્વભાવને–રાગને વેદે છે તે આત્માને જાણતા નથી. આત્મા અંદર સચ્ચિદાનંદ આનંદ સ્વરૂપ એને એ ઓળખતા નથી તેમ વેદતા નથી. આહાહા..! ઉદાહરણ અભવ્યનું છે કેમકે એ તો કોઈ દિ' પ્રકૃતિનો સ્વભાવ છોડતો નથી. માટે તેને આ ઉદાહરણ અહીં આપ્યું છે.

**'અભવ્યનો એવો સ્વયમેવ સ્વભાવ છે...'** અભવ્યનો તો સ્વયમેવ સ્વભાવ છે. કર્મને લઈને નહિ, એને લઈને નહિ. આહાહા..! **'સ્વયમેવ સ્વભાવ છે કે દ્રવ્યશ્રુતનું જ્ઞાન આદિ...'** ભગવાનની વાણી કાને પડી, ધાર્યું, આવ્યું કે, આમ કહે છે. **'આદિ બાહ્ય કારણો મળવા છતાં...'** આહાહા..! **'અભવ્ય જીવ, શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે,...'** જ્ઞાન તો શુદ્ધ ચૈતન્ય પ્રભુ પ્રત્યક્ષ વસ્તુ પડી છે અંદર. આહાહા..! 'અનુભવાય રહ્યો છે તોપણ' એવો શબ્દ કાલે આવ્યો હતો. નહિ? શેમાં આવ્યો હતો?

મુમુક્ષુ :– ૪૯ ગાથામાં, અવ્યક્તના છઠ્ઠા બોલમાં.

ઉત્તર :– હા ઇ, છઠ્ઠા બોલમાં ઇ આવ્યું હતું કે, આત્મા અનુભવાય, પ્રત્યક્ષ અનુભવાય

રહ્યો છે. અંદર પરમાત્મા આનંદકંદ પ્રભુ ચિદ્દાનંદ પડ્યો છે. એ પ્રત્યક્ષ અનુભવાઈ રહ્યો છે. છતાં તેનું ધ્યાન અને લક્ષ કરતો નથી. આહાહા..! છઠ્ઠો બોલ હતો ને? ૪૯ (ગાથા). છઠ્ઠો બોલ છે નીચે.

**'પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં...'** આહાહા..! કાલે આવ્યું હતું. નહિ? **'પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં...'** આહાહા..! ભગવાન અંદર ચૈતન્યજ્યોત બિરાજે છે, પ્રત્યક્ષ! રાગ અને વિકાર એ તો ઉપર ટપકે તેલના બિંદુ જેમ પાણીના દળમાં દેખાય પણ એ તેલના બિંદુ કાંઈ પાણીમાં ગયા નથી અને પાણી કાંઈ તેલના બિંદુરૂપે થયું નથી. એમ ભગવાનઆત્મા પુણ્ય ને પાપના વિકારભાવ તેલ જેવા ચીકણા એ રૂપે આત્મા થયો નથી. આહાહા..! પણ છતાં અંતર સ્વરૂપ તો અનુભવાય રહ્યો એવી ચીજ છે, છતાં તેનો આદર તેના ઉપર નથી. આહાહા..! એ અવ્યક્તનો છઠ્ઠો બોલ હતો. આહાહા..!

**'શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે, કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ બદલતો નથી;...'** અનંત કાળ વીત્યો. અનાદિ કાળ ચોરાશીના અવતારમાં એક એક અવતાર અનંત કર્યા. દિગંબર જૈન સાધુ પણ અનંતવાર થયો પણ અંદરમાં રાગની એકતાને તોડી નહિ. એ આ દયા, દાન, વ્રત, મહાવ્રત ને આ નગ્નપણું એ ક્રિયાથી મુક્તિ થશે એમ અજ્ઞાનપણે પ્રકૃતિના સ્વભાવને છોડ્યો નહિ. આહાહા..!

અંદરનો સ્વભાવ, પ્રકૃતિનો સ્વભાવ તો ક્ષણિક છે, ભગવાનનો સ્વભાવ તો ત્રિકાળ છે. આહા..! અતીન્દ્રિય આનંદ સ્વરૂપ આત્મા એનો સ્વભાવ તો ત્રિકાળ ધ્રુવ છે અને પ્રકૃતિનો (સ્વભાવ) એક ક્ષણિક (છે). અનુભવાય ને જાય, અનુભવાય ને જાય. આહાહા..! તો ક્ષણિક પર્યાયબુદ્ધિમાં અજ્ઞાનીને રાગનું એકનું વેદન છે. ચાહે તો જૈનનો દિગંબર સાધુ હો, નગ્ન હોય, હજારો રાણી છોડીને સાધુ થયો, પણ અંદરમાં રાગની એકતા તોડી નથી અને સ્વભાવની એકતા ગ્રહણ કરી નથી. આહાહા..! એથી તે અજ્ઞાની છે, એ કર્મનો ભોક્તા છે. પંચમહાવ્રત ને અઠ્ઠાવીસ મૂળગુણ પાળનારો કર્મનો ભોક્તા છે. આહાહા..! એ તો કર્મની પ્રકૃતિનો સ્વભાવ છે. પંચમહાવ્રત દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ બધો ભાવ તો રાગ છે, એ તો પ્રકૃતિનો સ્વભાવ છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! એ રાગને પોતાનો માનીને અનુભવ્યો છે. છે પ્રકૃતિનો સ્વભાવ એને પોતાનો સ્વભાવ જાણીને અનુભવ્યો છે. આહાહા..!

**'અભવ્યનો એવો સ્વભાવ...'** સ્વયમેવ પોતાથી છે, કર્મને લઈને નહિ. **'જ્ઞાનના અભાવને લીધે...'** ચૈતન્ય આત્મા આનંદ સ્વરૂપ તેના જ્ઞાનના અભાવને લીધે **'કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ આ બદલતો નથી.'** આહાહા..! કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ પલટતો, બદલતો નથી. **'માટે આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રોનું જ્ઞાન વગેરે હોવા છતાં...'** વગેરે એટલે પંચ મહાવ્રત પાળતો હોય, અઠ્ઠાવીસ મૂળગુણ હોય, એને માટે ચોકા કરીને લેતો

પણ ન હોય, આહાર-બાહાર એને માટે કર્યા હોય એ લેતો ન હોય તો પણ અજ્ઞાની છે. આહાહા..! કેમકે એ પ્રકૃતિ રાગ છે. પર તરફનું વલણ એ પ્રકૃતિનો સ્વભાવ (છે) તેને જ એ પોતે અનુભવે છે. આહાહા..! આવી આકરી વાત છે.

હજારો રાણી છોડે, પંચ મહાવ્રત પાળે, ચામડા ઉતરડીને ખાર કોઈ છાંટે તો પણ ક્રોધ ન કરે, તોપણ એ પ્રકૃતિનો સ્વભાવ અનુભવે છે. આહાહા..! પ્રકૃતિના સ્વભાવથી ભિન્ન ભગવાન સ્વભાવ આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ જેનો સ્વયમેવ સ્વભાવ છે. જેમ અભવિને પણ સ્વયમેવ પ્રકૃતિને અનુભવે એ સ્વયમેવ સ્વભાવ છે, એ કાંઈ કોઈ કર્મને લઈને કે એને લઈને નથી. આહાહા..! અભવીનો સ્વયમેવ સ્વભાવ છે કે પ્રકૃતિને વેદે. આહાહા..! એમ આત્માનો સ્વયમેવ સ્વભાવ છે કે આનંદને જ વેદે. આહાહા..! શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે ભગવાન અંદર. આહાહા..! પણ એની સામું જોવાને વખત ક્યાં? બહારની પ્રવૃત્તિ છોડી પણ અંદરની પ્રવૃત્તિ પ્રકૃતિનો સ્વભાવ (છોડ્યો નહિ). પુણ્યના ભાવ એ પ્રકૃતિનો સ્વભાવ (છે). આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ સમ્મેદશિખરની ને શેત્રુંજયની ને ગીરનારની જાત્રા એ ભાવ રાગ છે, પ્રકૃતિનો સ્વભાવ છે, એ આત્માનો સ્વભાવ નહિ. આહાહા..! રાડ નાખી જાય એવું છે કે નહિ?

મુમુક્ષુ :- રાડ નાખતો જ નથી.

ઉત્તર :- રાડ નાખતો નથી એટલે? રાડ નાખે છે એટલે? અંદર એને ખટકી જાય કે અર..ર..ર..! આવું કરે તો પણ ધર્મ નહિ? પંચમહાવ્રત પાળે, દિગંબર સાધુ નગ્ન મુનિ અઠ્યાવીસ મૂળગુણ (પાળે), જાત્રા કરે. આહાહા..! અને એને માટે કરેલા ચોકાનો આહાર પણ ન લે, એને માટે કરેલા ચોકાનો આહાર લે તો વ્યવહારના પણ ઠેકાણા નથી. એ તો નિશ્ચય તો જૂઠું જ છે ને વ્યવહાર પણ જૂઠો છે. પણ આ તો એ પણ ન કરે, છતાં અંદર રાગનું વેદન એ પ્રકૃતિનો સ્વભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- દ્રવ્યલિંગીએ તર્કમાં તો બરાબર બેસાડ્યું હોય છે ને?

ઉત્તર :- શાસ્ત્રની ભાષા બરાબર જાણે છે પણ એનો ભાવ સમજતો નથી. ભાષા ભાષા જાણે, એમ કીધું. એનો ભાવ તો રાગથી ભિન્ન પડી અને આત્માનું વેદન કરવું એ શાસ્ત્રનો ભાવ છે. એ તો આવ્યું કે નહિ? દ્રવ્યશ્રુત તો રાગના ઝેરને ઉતારવા માટે નિમિત્ત છે. ભગવાનનું દ્રવ્યશ્રુત રાગનું ઝેર ઉતારવા માટે નિમિત્ત છે. એ દયા, દાન ને ભક્તિનો, પૂજાનો ભાવ રાગ છે, ઇ ઝેર છે. ભગવાન અમૃત સ્વરૂપ છે. એ અમૃતથી વિરુદ્ધ ભાવ રાગ છે. એ ઝેરને ઉતારવાને સમર્થ હોવા છતાં પોતે તેને છોડતો નથી. આહાહા..! આકરી વાત લીધી છે. આ 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે ને?

**'માટે આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રોનું જ્ઞાન વગેરે...'** એટલે ક્રિયા, પંચ મહાવ્રત. પ્રાણ જાય તો એને માટે કરેલો આહાર લે નહિ. પ્રાણ જાય તો આહાર ન લે

એવી ક્રિયા (પાળી) પણ એ બધો રાગ છે. આત્મા અંદર જે આનંદ સ્વરૂપ છે એની એને ખબર નથી. આવું કાને પડવું મુશ્કેલ છે. વાત કાને ક્યાં પડે છે? આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો મજુરી કરો, ગીરનાર જાવ ને સમ્મેદશિખર જાવ ને પાલીતાણા જાવ ને.

મુમુક્ષુ :– આપ વેપારને પણ મજૂરી કહો છો અને જાત્રાને પણ મજૂરી કહો છો.

ઉત્તર :– એ મજુરી રાગની છે. રાગ છે. જ્ઞાનીને આવે પણ એ રાગને દુઃખ જાણે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી જ્ઞાનીને જાત્રા આદિનો રાગ તો આવે પણ એને દુઃખ જાણે. એને ધર્મનું કારણ અને ધર્મ ન જાણે. ધર્મનું કારણ ને ધર્મ જાણે તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહા..! આવી વાત છે. કઠણ પડે એવી છે, બાપુ! આહાહા..!

**'શાસ્ત્રોનું જ્ઞાન વગેરે હોવા છતાં જ્યાં સુધી જીવને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી...'** શુદ્ધ ભગવાન પ્રકૃતિના સ્વભાવથી ભિન્ન, એ પુણ્ય ને પાપના ભાવથી ભિન્ન ભગવાનઆત્મા (છે). કારણ કે એ તો જ્ઞાયક તત્ત્વ છે. નવ તત્ત્વ. પુણ્ય-પાપ, આસ્રવ તત્ત્વથી તો ભિન્ન તત્ત્વ છે. એ તત્ત્વને જ્યાં સુધી જાણ્યું નહિ, અનુભવ્યું નહિ... આહા..! ત્યાં સુધી **'અજ્ઞાનીપણું છે.'**

**'જીવને શુદ્ધ...'** કીધું? **'શુદ્ધ આત્માનું જ્ઞાન નથી...'** આહાહા..! **'અર્થાત્ અજ્ઞાનીપણું છે ત્યાં સુધી તે નિયમથી ભોક્તા જ છે.'** ચોક્કસ તે રાગનો જ અનુભવનારો છે. ભલેને નગ્ન મુનિ થયો, અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય પણ અંતર આત્માની શુદ્ધતાની ખબર નથી. એ પ્રકૃતિનો સ્વભાવ રાગ, રાગને અનુભવે છે. રાગનો જ ભોક્તા છે. આહાહા..! એવો નિયમ કરવામાં આવે છે. શાસ્ત્રકાર કહે છે, કે એ નિશ્ચય એમ જ છે. એમાં કોઈ ફેરફાર માને તો બધો ફેરફાર એની દૃષ્ટિમાં છે, વસ્તુમાં ફેરફાર નથી. આહાહા..!

જેટલી બાહ્ય દિશા તરફ દશા (છે), બાહ્ય દિશા તરફ વલણ થાય એ બધી રાગની દશા છે. અંતર દિશા તરફ દશા થાય એ અરાગની દશા ને શુદ્ધ જ્ઞાન છે. આહાહા..! બેની દશાની દિશામાં ફેર છે. રાગની દશા, દિશા પર છે. ભગવાનની ભક્તિ ને પૂજા ને દાન એ બધી દિશા પર તરફ છે. અને ધર્મની દશાની દિશા સ્વ છે. આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ એ સમ્યગ્દર્શનની દિશા છે. દશા સમ્યગ્દર્શન એની દિશા ઇ. આહાહા..! ક્યાં એટલો નવરો છે? બહારનું કરવા હજી તો નિવૃત્તિ ન મળે અને આ તદ્દન વિકલ્પાતીત પ્રભુ એને વિકલ્પથી અનુભવવો એ અજ્ઞાન છે તેવો નિયમ નિશ્ચય છે, તે નિશ્ચય છે. કથંચિત્ અજ્ઞાન અને કાંઈક કરે છે માટે કથંચિત્ લાભ છે એમ નથી. આહાહા..!

**'જ્યાં સુધી જીવને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી...'** આત્મા તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, પરમાત્મ સ્વરૂપ છે, ભગવાન સ્વરૂપ છે. એનું સ્વરૂપ જ ભગવાન છે. એને જ્યાં સુધી અનુભવતો નથી, એનું જ્ઞાન નથી. આહાહા..! ત્યાં સુધી **'અજ્ઞાનીપણું છે ત્યાં સુધી તે નિયમથી ભોક્તા જ છે.'** નિયમથી રાગનો જ ભોક્તા છે. અનાદિથી અનંતવાર મુનિપણું લીધું. આહાહા..!

મુનિવ્રત ધાર અનંત વાર ગ્રૈવેયક ઉપજાયૌ;
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.

'મુનિવ્રત ધાર...' દ્રવ્યલિંગી મુનિ નગ્ન પંચમહાવ્રત બરાબર ધારે. 'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રૈવેયક ઉપજાયૌ;...' ગ્રૈવેયકમાં ગયા.. ડોકને સ્થાને જ્યાં દેવ છે ત્યાં ઉપજ્યો અનંત વાર પણ 'આતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયૌ.' એ દુઃખી છે, એ પંચમહાવ્રત પાળનારો દુઃખી છે. આહાહા..! કેમકે રાગ છે ને એ આસ્રવ છે, આસ્રવ છે તે દુઃખ છે. આહાહા..! એવો નિયમ કરવામાં આવે છે, કે અજ્ઞાની જ પ્રકૃતિના સ્વભાવનો વેદક છે. જ્ઞાની પ્રકૃતિના સ્વભાવનો વેદક નથી. આહાહા..!

*** ચોથા ગુણસ્થાને ઉપાદેયરૂપ શુદ્ધભાવ અલ્પ છે. પાંચમે છઠ્ઠે તે વધતો જાય છે. તથા હેયરૂપ વિકાર ચોથા ગુણસ્થાન કરતાં પાંચમે-છઠ્ઠે મંદ થતો જાય છે. જેમ જેમ શુદ્ધતા વધે છે તેમ તેમ ગુણસ્થાન વધે છે. ગુણસ્થાન અનુસાર સ્વજ્ઞેયને પકડવાની તાકાત વધતી જાય છે. પરદ્રવ્યને છોડવાથી ગુણસ્થાન વધે એમ નથી. લંગોટી હતી ત્યારે પાંચમું ને લંગોટી છૂટતાં છઠ્ઠું સાતમું એમ નથી... પણ અંદરમાં દ્રવ્યને પકડીને તેના આચરણની ઉગ્રતા થતાં ગુણસ્થાન વધે છે. ગુણસ્થાન અનુસાર બાહ્યમાં નિમિત્તોનો સંબંધ છૂટી જાય છે. જેમ કે છઠ્ઠા ગુણસ્થાને સદોષ આહાર લેવાનો ભાવ ન આવે, ત્યાં વસ્ત્રનો સંયોગ ન હોય પણ ત્યાં ગુણસ્થાન તો અંદરની શુદ્ધિથી ટક્યું છે. બહારમાં વસ્ત્રનો ત્યાગ કરીને બેસે તેથી કાંઈ છઠ્ઠું ગુણસ્થાન થઈ જતું નથી. ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન અને ગુણસ્થાન પ્રમાણે ક્રિયા. કાંઈ ચોથા ગુણસ્થાને કેવળજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન ન હોય. તેમ જ ક્રિયા એટલે શુભભાવ, તે પણ ગુણસ્થાન અનુસાર હોય છે. અંદર ચોથું ગુણસ્થાન હોય ને બહારમાં દ્રવ્યલિંગી મુનિ હોય એટલે છઠ્ઠા ગુણસ્થાન જેવી ક્રિયા હોય, પણ તેની અહીં વાત નથી. અહીં તો જેટલું ગુણસ્થાન પ્રગટ્યું તેને અનુસાર ક્રિયા હોય છે. અંદર છઠ્ઠું ગુણસ્થાન હોય ને વેપાર કરતો હોય-એમ ન બને. પણ તેથી શુભપરિણામને લીધે ગુણસ્થાન હોય છે- એમ નથી. ૬૭૨.**

**– પરમાગમસાર**

# ગાથા–૩૧૮

णिव्वेयसमावण्णो णाणी कम्मप्फलं वियाणेदि।
महुरं कडुयं बहुविहमवेयओ तेण सो होइ।।३१८।।
निर्वेदसमापन्नो ज्ञानी कर्मफलं विजानाति।
मधुरं कटुकं बहुविधमवेदकस्तेन स भवति।।३१८।।

ज्ञानी तु निरस्तभेदभावश्रुतज्ञानलक्षणशुद्धात्मज्ञानसद्भावेन परतोऽत्यन्तविरक्तत्वात् प्रकृतिस्वभावं स्वयमेव मुञ्चति, ततोऽमधुरं मधुरं वा कर्मफलमुदितं ज्ञातृत्वात् केवलमेव जानाति, न पुनर्ज्ञाने सति परद्रव्यस्याहंतयाऽनुभवितुमयोग्यत्वाद्वेदयते। अतो ज्ञानी प्रकृतिस्वभावविरक्तत्वादवेदक एव।

---

હવે જ્ઞાની તો કર્મફળનો અવેદક જ છે-એવો નિયમ કરવામાં આવે છે :–

નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,
-કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો! ૩૧૮.

ગાથાર્થ :– [ निर्वेदसमापन्नः ] નિર્વેદપ્રાપ્ત (વૈરાગ્યને પામેલો) [ ज्ञानी ] જ્ઞાની [ मधुरम् कटुकम् ] મીઠા-કડવા [ बहुविधम् ] બહુવિધ [ कर्मफलम् ] કર્મફળને [ विजानाति ] જાણે છે [ तेन ] તેથી [ सः ] તે [ अवेदकः भवति ] અવેદક છે.

ટીકા :– જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના-) સદ્‌ભાવને લીધે, પરથી અત્યંત વિરક્ત હોવાથી પ્રકૃતિસ્વભાવને (-કર્મના ઉદયના સ્વભાવને) સ્વયમેવ છોડે છે તેથી ઉદયમાં આવેલા અમધુર કે મધુર કર્મફળને જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે, પરંતુ જ્ઞાન હોતાં (-જ્ઞાન હોય ત્યારે-) પરદ્રવ્યને 'હું'પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી (તે કર્મફળને) વેદતો નથી. માટે, જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી અવેદક જ છે.

ભાવાર્થ :– જે જેનાથી વિરક્ત હોય તે તેને સ્વવશે તો ભોગવે નહિ, અને પરવશે ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ. આ ન્યાયે જ્ઞાની-કે જે પ્રકૃતિસ્વભાવને (કર્મના ઉદયને) પોતાનો નહિ જાણતો હોવાથી તેનાથી વિરક્ત છે તે-સ્વયમેવ તો પ્રકૃતિસ્વભાવને

**ભોગવતો નથી, અને ઉદયની બળજોરીથી પરવશ થયો થકો પોતાની નિર્બળતાથી ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ, વ્યવહારથી ભોક્તા કહેવાય. પરંતુ વ્યવહારનો તો અહીં શુદ્ધનયના કથનમાં અધિકાર નથી; માટે જ્ઞાની અભોક્તા જ છે.**

## ગાથા-૩૧૮ ઉપર પ્રવચન

**'હવે જ્ઞાની તો કર્મફળનો અવેદક જ છે-એવો નિયમ કરવામાં આવે છે :–'** એ ૩૧૮.

**णिव्वेयसमावण्णो णाणी कम्मप्फलं वियाणेदि।**
**महुरं कडुयं बहुविहमवेयओ तेण सो होइ।।३१८।।**

**નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,**
**-કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો! ૩૧૮.**

સમ્યગ્દષ્ટિ રાગનો વેદક નથી એ અપેક્ષાએ કહ્યું છે. રાગને મારું માનીને વેદતો નથી. અધુરો છે ત્યાં સુધી રાગનું વેદન છે. કેવળજ્ઞાન નથી ત્યાં સુધી આત્મજ્ઞાનનું વેદન છે અને રાગનું વેદન, બેય સાથે છે. મિથ્યાદષ્ટિને એકલી પ્રકૃતિના સ્વભાવનું વેદન છે. ભગવાન કેવળીને એકલા આત્માના સ્વભાવનું વેદન છે, સાધક જીવને આત્મજ્ઞાન છે, કે રાગથી ભિન્ન છે, રાગ મારી ચીજ નથી, રાગની ક્રિયા એ તો પ્રકૃતિનો સ્વભાવ છે, એમ આત્માનું સ્વરૂપ જાણ્યું ને વેદ્યું છે છતાં પૂર્ણ નથી એટલે રાગનું વેદન છે પણ એને અહીંયાં નિશ્ચયથી ઠરાવ્યો નથી. સમજાય છે કાંઈ? એનો એ જાણનાર રહે છે એમ. આહાહા..!

**'હવે જ્ઞાની તો કર્મફળનો અવેદક જ છે-એવો નિયમ કરવામાં આવે છે :–'**

**ટીકા :– 'જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે...'** આહાહા..! આત્મા જ્ઞાયક સ્વરૂપ અભેદ ચિદાનંદ આનંદ એમાંથી જેને ભેદ દૂર થયા છે. આ રાગ છે ને આ આત્મા છે એવો ભેદ પણ જેમાંથી વિકલ્પ ઊઠી ગયો છે. આ ગુણી છે ને એમાં જ્ઞાન છે એવો ભેદ પણ જેમાંથી નીકળી ગયો છે. આહાહા..! **'જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન...'** જોયું? ભાવશ્રુતજ્ઞાન એને કહીએ કે જેમાં ભેદ રહેતા નથી. કે આ ગુણી છે એના ગુણ છે, હું આત્મા છું ને આ રાગ છે એવો ભેદ એમાં નથી. એકલો ભગવાનઆત્મા અભેદ સ્વરૂપ ગુણ-ગુણીનો ભેદ પણ જ્યાં દષ્ટિમાં નથી એવું. ભેદ દૂર થયા એવું. શું એવું? **'ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે...'** આહાહા..! આ શ્લોકો બધા આકરા છે.

**'જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે...'** રાગ તો દૂર થયો છે પણ ગુણ-ગુણીના ભેદ પણ જેમાંથી દૂર થઈ ગયા છે. આહાહા..! **'એવું ભાવશ્રુતજ્ઞાન...'** એવું ભાવશ્રુતજ્ઞાન. અહીં

કેવળજ્ઞાનની વાત નથી, અહીં તો હજી સાધકની વાત છે. આહાહા..! ધર્મી જીવ તો એને કહીએ **'જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાનના સદ્ભાવને લીધે, એવા (-શુદ્ધ આત્માના જ્ઞાનના-) સદ્ભાવને લીધે,...'** આહાહા..! પ્રકૃતિના સ્વભાવથી ભિન્ન પડી, જ્ઞાનના સ્વભાવમાં પણ ગુણ-ગુણીના ભેદને દૂર કરી, અભેદ એવા ભાવશ્રુતજ્ઞાનનો જ્યાં અનુભવ છે. આહાહા..! એને અહીં ભાવશ્રુતજ્ઞાન કહે છે. અભેદને– ભેદ દૂર કરે તેને. આહાહા..!

**'જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન...'** આહાહા..! આત્માનું જ્ઞાન. ભાવશ્રુતજ્ઞાન એને કહીએ, કે જેની દૃષ્ટિમાંથી ભેદ દૂર થયા છે. જેની દૃષ્ટિમાં અભેદ આત્મા દૃષ્ટિમાં રહ્યો છે. આહાહા..! પુણ્ય-પાપ તો નહિ પણ ગુણ-ગુણીનો ભેદ પણ જેની દૃષ્ટિના વિષયમાં નથી. ભાવશ્રુતજ્ઞાનનો એ વિષય જ નથી. આહાહા..! આવું આકરું કામ.

મુમુક્ષુ :– જ્ઞાન તો ભેદાભેદ બધાને જાણે.

ઉત્તર :– જાણે પણ રાગ સહિત જાણે છે, અજ્ઞાની રાગની એકતા સહિત જાણે છે અને જ્ઞાની રાગથી ભિન્નતા થઈને જાણે છે. જાણવામાં જાણવામાં ફેર છે. અજ્ઞાની રાગમાં એકાકાર થઈને પરને જાણે છે. ધર્મી રાગથી ભિન્ન પડીને પોતાના સ્વરૂપમાં રહીને જાણે છે. આહાહા..! આવી વાતું છે ત્યારે આકરું લાગે છે ને?

ધર્મી તો... આહાહા..! **'જેમાંથી ભેદ દૂર થયા છે...'** રાગ તો દૂર થઈ ગયો પણ જેના ગુણ-ગુણીના ભેદ, કે આ પર્યાય છે ને આ દ્રવ્ય છે એવા ભેદ પણ જેમાં દૂર થઈ ગયા છે. એની દૃષ્ટિ તો અંદર અભેદ ઉપર છે. આહાહા..! પર્યાયનું જ્ઞાન પણ યથાર્થ એને કહીએ કે જેને દ્રવ્યનું જ્ઞાન યથાર્થ હોય એને. આવે છે ને? ભાઈ! 'નિયમસાર'માં. ત્યાં બહુ ચર્ચા થઈ, 'રાજકોટ'માં બહુ (ચર્ચા થઈ). માણસ બહુ આવતું. ચર્ચા બહુ ઝીણી કાઢતા, 'ચંદુભાઈ'. ઝીણી... ઝીણી... ઝીણી... ઝીણી... વાંચન ઘણું છે ને! ચાર-ચાર કલાક દરરોજ વાંચે છે, ડૉક્ટર હોવા છતાં. રાતના પ્રશ્નો ઝીણા બહુ કરતા. બહુ ઝીણા, બહુ ઝીણા. ત્યાં પણ આ વાત આવી હતી. આહાહા..!

**'જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે...'** આહાહા..! કોનું? **'એવા શુદ્ધાત્મજ્ઞાન...'** કહે છે, જેમાંથી ભેદ દૂર થયા અને ભાવશ્રુતજ્ઞાન થયું એ જેનું સ્વરૂપ છે. ભેદ દૂર થયા અને ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે. કોનું? **'એવા શુદ્ધાત્મજ્ઞાન...'** આહાહા..! એવું શુદ્ધ આત્માનું જ્ઞાન. જેમાંથી રાગાદિ ને ગુણ-ગુણીના ભેદ ને પર્યાય ને દ્રવ્યનો ભેદ બે પણ જેમાંથી દૂર થયા છે, એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે તેવું આત્માનું જ્ઞાન. આહાહા..!

**'એવા શુદ્ધાત્મજ્ઞાનના સદ્ભાવને લીધે, (-શુદ્ધ આત્માના જ્ઞાનના-) સદ્ભાવને લીધે,...'** આહાહા..! **'પરથી અત્યંત વિરક્ત હોવાથી પ્રકૃતિસ્વભાવને સ્વયમેવ છોડે છે...'** આહાહા...!

પ્રકૃતિ છૂટે તો છોડે છે એમ નહિ. પોતે તેના ઉપરથી દૃષ્ટિ છોડી દે છે. આહાહા..! સ્વયમેવ છોડે છે. રાગ છૂટે છે માટે તેના ઉપર છોડવાનું લક્ષ છે એમ નહિ. પોતે પોતાના શુદ્ધાત્મજ્ઞાનના સદ્ભાવને લીધે પ્રકૃતિને સ્વયમેવ છોડે છે. આહાહા..! છે ને? **'પરથી અત્યંત વિરક્ત હોવાથી પ્રકૃતિસ્વભાવને...'** આહાહા..! ધર્મી તો એને કહીએ, રાગ અને રાગના ફળ તરીકેની સંસારની આ બધી સામગ્રી બધા તરફથી જેની દૃષ્ટિ ઉઠી ગઈ છે. આહાહા..! પ્રકૃતિનો સ્વભાવ રાગાદિ અને તેનું ફળ આ સંયોગ, પૈસો, લક્ષ્મી, આબરુ, ધૂળ, મકાન, ધૂળ ધૂળ આ બધા પૈસા, પાંચ, પચીસ લાખ ને કરોડ-કરોડ રૂપિયા.. આહા..!

મુમુક્ષુ :- રૂપિયાના દાણા આવે છે અનાજ આવે છે.

ઉત્તર :- દાણા એના આવતા નથી. પૈસો હોય તોય દાણા નથી આવતા. દુકાળમાં વાત નથી એક આવી? એક છોડીને ઘરે બિચારાને કાંઈ નહોતું ને એના બાપ પાસે ગઈ. બાર વર્ષનો દુકાળ પડ્યો હતો. એક સુપડું મોતી, સાચા મોતી લઈને ગઈ. મોતી સુપડું ભરીને (ગઈ). બાપુ! મને એક સુપડું જુવાર આપો, બાજરો આપો. બાપ કહે છે, અરે..! દીકરી અમારે ઘરમાં છે જ આટલું અત્યારે. આ જ કરવાનું, ખાવાનું જ આ છે, બીજું છે નહિ મારી પાસે. આહાહા..! દુકાળ બાર વર્ષનો જ્યારે પડ્યો (ત્યારની વાત છે).

મુમુક્ષુ :- કેટલા વર્ષ પહેલાની વાત છે?

ઉત્તર :- હા, ભલે અનંત કાળ પહેલાની હોય પણ અનંત કાળમાં હતો કે નહિ ઇ? અનંત કાળમાં હતો કે નહિ ઇ? કે અનંત કાળ પહેલાની વાત એટલે નહોતો ત્યાં ઇ? આહાહા..! અનંતકાળ પહેલેથી છે બધી સ્થિતિમાં. આહાહા..! પણ કોઈ દિ' સ્વભાવ સન્મુખ જોવાની દરકાર કરી નથી. આહાહા..!

એથી **'પ્રકૃતિસ્વભાવને સ્વયમેવ છોડે છે...'** એટલે કે છૂટી જાય છે. છોડે છે એમ કહેવું એ વ્યવહાર છે. અંતર સ્વભાવ તરફ વલણ છે તેથી પ્રકૃતિનો સ્વભાવ આવીને છૂટી જાય છે. આહાહા..! એને છોડે છે એમ કહે છે. બાકી આ પ્રકૃતિનો સ્વભાવ છે અને હું છોડું તો એ હજી લક્ષ પર ઉપર છે. એમેય નથી, મારો પ્રભુ ચૈતન્ય આનંદમૂર્તિ છે એની દૃષ્ટિને લઈને પ્રકૃતિનો સ્વભાવ છૂટી જાય છે એને છોડે છે એમ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- દેખાય છે. રાગ, વિકલ્પ થતો જ નથી.

ઉત્તર :- રાગ થાય છે પણ છોડી દે છે. સાધક છે ને હજી! ભાવશ્રુતજ્ઞાન છે ને? ભાવશ્રુતજ્ઞાન છે ને? સાધક છે ને? કેવળી નથી. રાગ થાય છે પણ લક્ષમાં લેતો નથી, છૂટી જાય છે. આહાહા..!

**'સ્વયમેવ છોડે છે તેથી ઉદયમાં આવેલા...'** જુઓ! **'અમધુર કે મધુર કર્મફળને જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે,...'** અમધુર એટલે અશુભભાવ હોય, મધુર–શુભભાવ

હોય બેયને જ્ઞાની જાણે છે. આહાહા..! છે? **'તેથી ઉદયમાં આવેલા...'** જુઓ! ઉદયમાં આવે તો છે. અમધુર એટલે કડવો અશુભભાવ. મધુર એટલે શુભ. આહાહા..! એ **'કર્મફળને...'** ઇ તો કર્મનું ફળ છે, ઇ ચૈતન્યનું ફળ નથી. આહાહા..! અરે..! આવી વાત સાંભળવામાં એકાંત લાગે. એ તો એકાંત છે, કહે છે. વ્યવહારથી થાય એ તો આવતું નથી એમાં. અરે..! પ્રભુ! સાંભળ, ભાઈ! આવી વાત સાંભળવા મળે નહિ ને સાંભળવા મળે તો એકાંત લાગે છે. અરે..! આ ભક્તિ, પૂજા, દાન, દયા એ બધુ બંધ? બંધનું કારણ? આહાહા..! એકાંત લાગે અજ્ઞાનીને. એક તો સાંભળવું મુશ્કેલ પડે, સાંભળવા મળે નહિ. બહારમાં આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો. આ સાંભળવા મળે તો એકાંત લાગે. આહા..! આ અનેકાંત નથી. વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય એવું અનેકાંત જોઈએ. આહાહા..! અહીં કહે છે કે નિશ્ચયથી થાય ને વ્યવહારથી આત્મલાભ થાય નહિ. વ્યવહારથી બંધ થાય. આહાહા..! આવી વાત છે.

**'ઉદયમાં આવેલા અમુધર કે મધુર...'** આહાહા..! શુભભાવ તીર્થંકર ગોત્ર બાંધવાનો આવ્યો મધુર (એને) છોડે છે. કારણ કે એનું ફળ બંધન છે અને બંધન છે એ પ્રકૃતિ છે ને પ્રકૃતિ છે ઇ વિષના–ઝેરના ઝાડ છે. ૧૪૮ પ્રકૃતિ ઝેરના ઝાડ છે, ભગવાન અમૃતનું ઝાડ છે. આહાહા..! આત્મા અમૃતનું જીવન, જીવનું જીવન અમૃત સ્વરૂપ એનું જીવન છે અને આ પ્રકૃતિ છે (તે) ઝેરના ઝાડ છે. આહાહા..! તીર્થંકર પ્રકૃતિ પડી છે એ પણ ઝેરનું ઝાડ છે. ૧૪૮ પ્રકૃતિમાં આવ્યું, ૧૪૮ પ્રકૃતિમાં આવ્યું છે. ૧૪૮ પ્રકૃતિ બધી ઝેરના ઝાડ છે. કારણ, કે જે શુભભાવે પ્રકૃતિ બંધાણી એ પ્રકૃતિનો ઉદય એ શુભભાવ છોડીને કેવળ થાશે ત્યારે પ્રકૃતિનો ઉદય આવશે. તો શું શુભભાવે શું કર્યું? જે શુભભાવે જ્ઞાનીને પ્રકૃતિ બંધાણી તે પ્રકૃતિના કારણરૂપ જે શુભભાવ એનો નાશ કરીને વીતરાગ થાશે ત્યારે તે પ્રકૃતિનો ઉદય આવશે. હવે એને શું કામ છે? આહાહા..! આકરી વાત છે, ભાઈ! વીતરાગના સિદ્ધાંતો દુનિયાથી આખી જાતથી વાત જુદી છે. સાંભળે છે, હવે લોકો સાંભળે તો છે, કે કાંઈક કહેવાય છે, કાંઈક છે ખરું, 'આફ્રિકા' જેવામાં ગયા તોય માણસો હજારો (આવતા). બહેનો તો બે, ત્રણ હજાર. કોણ જાણે આમ ખીચોખીચ ભરાતું. પુરુષો થોડા પાંચસો, સાતસો. બપોરના, બપોરના રાંધવું ન હોય ને (એટલે) બહેનો બહુ આવતી. બધા સાંભળતા. વિરોધ કાંઈ નહિ, વિરોધ જરીએ નહિ. આહા..! માર્ગ આ છે. આહા..!

અને એનો વાંચનાર છે. કેવા કીધું? 'વેલજીભાઈ' બહુ હોંશિયાર. છે નાની ઉંમર પણ બહુ સારું વાંચન, લોકો રાજી (થઈ જાય). એવું સરસ વાંચન (કરે છે). જડ ને ચૈતન્ય ને રાગ ને ભિન્ન કરીને વાત કરે. ન્યાં 'આફ્રિકા'માં! 'લંડન'માં તો આ 'પ્રેમચંદભાઈ' ભાઈ આવ્યાને આ? ન્યાં 'લંડન' માં ગયા હતા ને. એની લાઈન તો બહુ... રસ એવો એને એવો રસ છે. 'લંડન'માં મહાજન. ત્યાં 'વીરચંદભાઈ' જઈ આવ્યા ને? કેટલા દિ' રહ્યા?

સવા મહિનો 'લંડન' માં? ઠીક! એ માણસ એવો છે કોઈ. અહીં આવ્યો હતો. વૈરાગ્ય, વૈરાગ્ય... વાત અંદર.. આહાહા..! આ વસ્તુ જ છે, આવી ચીજ છે એમ કહે. અને મોઢામાં વૈરાગ્ય અને 'લંડન'માં વાંચન કરે છે. આ ચીજ છે. જ્યાં હોય ત્યાં આત્મા છે ત્યાં છે. આ ક્યાં ન્યાં બહાર છે. આહાહા..! જ્યાં આત્મા છે ત્યાં આત્માના સ્વરૂપની વાર્તા, આવું એનું વેદન છે. આહાહા..!

અહીં કહે છે, '**સ્વયમેવ છોડે છે તેથી ઉદયમાં આવેલા અમધુર કે મધુર કર્મફળને જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે, પરંતુ જ્ઞાન હોતાં (-જ્ઞાન હોય ત્યારે-) પરદ્રવ્યને 'હું'પણે અનુભવવાની અયોગ્યતા...**' દેખો! આત્મજ્ઞાન હોતા રાગને પોતાપણે અનુભવવાની અયોગ્યતા છે. છે? '**અનુભવવાની અયોગ્યતા હોવાથી (તે કર્મફળને) વેદતો નથી. માટે, જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી અવેદક જ છે.**' આ પણ અપેક્ષાએ કહ્યું, હોં! થોડુંક છે એને જાણે છે એ અહીં લેવું નથી. અંદર થોડું વેદક પણ છે અને થોડું અવેદક છે. રાગનું થોડું વેદક છે, આનંદનું વેદક છે. પણ અહીં તો અત્યંત બિલકુલ વેદક નથી, જાણનાર છે એમ અહીં સિદ્ધ કરવું છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૯૦, શ્લોક-૧૯૮, ગાથા-૩૧૮ મંગળવાર, જ્યેષ્ઠ સુદ ૬, તા. ૨૦-૦૫-૧૯૮૦**

---

થોડું ચાલ્યું છે. ૩૧૮ ફરીને. '**જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે...**' ધર્મી જીવની દૃષ્ટિ અભેદ ઉપર હોય છે. ધ્યેય જે ધ્રુવ છે, ધ્યેય જે ધ્રુવ છે એ અભેદ છે અને અભેદ ઉપર ધર્મીની દૃષ્ટિ હોય છે. બીજું બધે જાણે ભલે અને દૃષ્ટિમાં તો ધ્રુવ જ તરવરતું હોય એથી એને ભેદ હોતા નથી. '**જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા...**' આહાહા..! પરવસ્તુ તો દૂર રહી, દયા, દાનના, ભક્તિના ભાવ રાગ એ દૂર રહ્યા પણ વસ્તુ જે અભેદ ધ્રુવ અખંડ છે એમાં ભેદ પણ જેમાં પાડતો નથી. આહાહા..!

'**એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે...**' ભેદ દૂર થાય છે એવું જે અંતરલક્ષી ભાવશ્રુતજ્ઞાન સ્વરૂપ છે '**એવા શુદ્ધાત્મજ્ઞાનના સદ્‌ભાવને લીધે,...**' ધર્મીની હયાતી તો શુદ્ધાત્મ છે તેનો સદ્‌ભાવ તે મારું સ્વરૂપ છે. શુદ્ધ આત્મા છે ત્રિકાળી તે હું છું. આહાહા..! પર્યાય જેટલો હું નથી. દયા, દાન, વ્રત આદિના પરિણામ તો વિકાર છે એના ઉપર એની દૃષ્ટિ નથી, એમાં એનો આદર નથી. તેથી કહે છે '**શુદ્ધાત્મજ્ઞાનના સદ્‌ભાવને લીધે,...**' ભાવશ્રુતજ્ઞાન સ્વરૂપ એવું જે શુદ્ધાત્મ દ્રવ્ય મલિનતા ને ભેદથી રહિત (છે).

'**પરથી અત્યંત વિરક્ત હોવાથી...**' આહાહા..! જ્ઞાની-સમકિતી ચોથા ગુણસ્થાનવાળો ગૃહસ્થાશ્રમમાં ભલે હો પણ છતાં પરથી અત્યંત વિરક્ત (છે). સ્વરૂપમાં રક્ત ને પરથી

વિરક્ત (છે). આહાહા..! આવું સ્વરૂપ. શુદ્ધાત્મ ભાવશ્રુતજ્ઞાન સ્વરૂપ એવું જે શુદ્ધાત્મજ્ઞાન તેમાં રક્ત છે અને અનંત જે પર છે તેનાથી વિરક્ત છે. આહાહા..!

**'વિરક્ત હોવાથી પ્રકૃતિસ્વભાવને...'** પરથી વિરક્તને કારણે સ્વભાવમાં એકાગ્રતાને, રતિને કારણે અને પરભાવથી વિરક્તને કારણે **'પ્રકૃતિસ્વભાવને સ્વયમેવ છોડે છે...'** કર્મનો ઉદય આવે એને પોતાનો સ્વીકારતો નથી. પોતાનું શુદ્ધ આનંદ સ્વરૂપ એનો જ્યાં સ્વાદ આવ્યો... આહાહા..! શુદ્ધભાવ, શુદ્ધસ્વરૂપ, શુદ્ધઆત્મા, ભાવશુદ્ધસ્વરૂપ શુદ્ધઆત્મા એનું જ્યાં ભાન થયું, સ્વાદ આવ્યો એની આગળ બધી ચીજોથી વિરક્તપણું (થયું), એમાં ક્યાંય આત્માનો સ્વાદ નથી. બીજી ચીજ તરફ લક્ષ જશે તો એને રાગ અને દુઃખ થશે. આહાહા..!

**'સ્વયમેવ છોડે છે...'** પહેલું એમ લીધું. છોડે છે એટલે કે અહીં આદરે છે, શુદ્ધાત્મસ્વરૂપને આદરે છે ત્યારે રાગાદિને– પ્રકૃતિ સ્વભાવને છોડે છે. સ્વભાવ પોતાનો છે એને જ્યારે અંતરમાં આદરે છે ત્યારે પ્રકૃતિના સ્વભાવને છોડે છે. આહાહા..! ભાષા ટૂંકી પણ ભાવ ગંભીર છે. માર્ગ વીતરાગનો અલૌકિક છે. અહીં જન્મ-મરણ રહિત થવાની વાત છે, ભાઈ! જન્મ-મરણ કરી કરીને અનંતા ભવ થયા એ પ્રકૃતિના સ્વભાવને પોતાનો માની અનંત સંસાર થયો.

ઇ છે ને કળશમાં? હવે કળશ આવશે એ કળશના અર્થમાં છે. 'કળશ-ટીકા' માં ૧૯૮ કળશ આવે છે ને? એના અર્થમાં છે. મિથ્યાત્વ સંસાર છે. આહાહા..! અને મિથ્યાત્વ ગયે સિદ્ધ સદ્દશ છે, એમાં એમ છે. આ ૧૯૮ છે ને? એની ટીકામાં (છે). એક વિવિક્ષાની શૈલી કથનની પદ્ધતિ (એવી કરી છે) કે મિથ્યાત્વ તે સંસાર અને મિથ્યાત્વ ગયે સિદ્ધ સદ્દશ અને એક બાજુ ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધ છે એમ કહે. આહાહા..! ઇ વિવિક્ષા, કઈ અપેક્ષા? વિવિક્ષા એટલે કથન, કથનમાં કઈ અપેક્ષા છે એ ન જાણે તો એકાંત થઈ જશે. અહીં કહે છે, મિથ્યાત્વ તે સંસાર છે, મિથ્યાત્વ ગયે સિદ્ધ સદ્દશ છે. 'કળશ-ટીકા' માં છે.

૧૯૮ કળશ છે. **'સમ્યગ્દષ્ટિ જીવને મટ્યા છે તે કારણથી.'** વિકારનું સ્વામીપણું સમ્યગ્દષ્ટિને મટી ગયું છે. કેમ કે ભગવાન જે આ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એ જ્યાં દૃષ્ટિમાં આવ્યો એની સાથે નહિ મેળ ખાતા પુણ્ય ને પાપના ભાવ સ્વભાવ સાથે અણમણતા, મેળ નહિ ખાતા એનો એને આદર હોતો નથી. છે ને? **'સમ્યગ્દષ્ટિ જીવને મટ્યા છે તે કારણથી. ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વ સંસાર છે; મિથ્યાત્વ મટતાં જીવ સિદ્ધસદ્દશ છે.'** મિથ્યાત્વ મટતાં સિદ્ધ સદ્દશ છે. એક બાજુ વિવિક્ષાનું કથન આ એક જ પકડી લે (તો એકાંત થઈ જાય). ઘણાને ખ્યાલમાં એમ આવે કે, સમકિતીને આસ્રવ, બંધ નથી. પણ એ તો એક વિવિક્ષાનું કથન છે. દૃષ્ટિની અપેક્ષાએ કથન છે. બાકી તો જ્યાં સુધી પૂર્ણ યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ રાગ આવે છે અને એનું વેદન છે, એનું બંધન છે, એનો આસ્રવ છે. આહાહા..! વિવિક્ષાના કથનની અપેક્ષા ન સમજે ને એક બાજુ લઈને બેસે.. અહીં કહ્યું કે, મિથ્યાત્વ ગયે સિદ્ધ સદ્દશ છે. બીજે કહ્યું કે, ચૌદમા ગુણસ્થાન સુધી હજી

અસિદ્ધ છે. અહીં જો કે સિદ્ધ સદ્દશ કીધા છે. સિદ્ધ નહિ પણ સિદ્ધ સદ્દશ. આહાહા..! એક બાજુ ચૌદમે ગુણસ્થાને અસિદ્ધ છે, એ સિદ્ધ નથી. આહા..! કારણ કે, હજી ચાર કર્મનો પણ અંશ છે, મેલ (છે) ત્યાં સુધી તે સિદ્ધ કહેવાતા નથી. આહાહા..! કથનની પદ્ધતિ ન સમજે તો એકાંત થઈ જાય એવું છે.

અહીંયાં કહે છે, સ્વયમેવ છોડે (છે). પ્રકૃતિ છે એનો ભાવ આવે છે, એનો ધર્મી સ્વામી નથી, એ પ્રકૃતિ સ્વભાવ પોતાનો નથી, પ્રકૃતિ સ્વભાવ દુ:ખમય છે, પ્રભુ આત્મા આનંદમય છે એવા બેના વિવેકને લઈને એ દુ:ખમય પ્રકૃતિના સ્વભાવને છોડે છે. આહાહા..! આવી વાતું છે, આવો ધર્મ, લ્યો!

**'તેથી ઉદયમાં આવેલા અમધુર કે મધુર કર્મફળને...'** અહીં પાછું લીધું, જુઓ! **'જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે,...'** આ છોડે કીધું, અહીં કીધું, કેવળ જાણે જ છે. છે? **'કેવળ જાણે જ છે...'** એ તો જાણે જ છે. જાણે છે, જ્ઞાનનો સ્વભાવ (છે). તે સમયે જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય જ એવી પ્રગટી હોય છે કે એ છૂટે તેનું પણ જ્ઞાન છે, આ રહે તેનું પણ જ્ઞાન છે અને આત્મામાં એ નથી તેનું પણ એને જ્ઞાન છે. આહાહા..! આવો ધર્મ હવે. માણસને એકાંત લાગે. આહાહા..!

**'કર્મફળને જ્ઞાતાપણાને લીધે...'** ધર્મી જીવ તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે એમાં એને રાગ ને વિકારનો ભાવ અણમળતા જોઈને તેને આદરતા નથી. આહા..! સ્વભાવ અને વિભાવનો મેળ નહિ ખાતો હોવાથી, આનંદના સ્વાદની આગળ વિકારના સ્વભાવના દુ:ખને છોડી દે છે અથવા એને જાણે છે. આહાહા..! **'કેવળ જાણે જ છે,...'** એમ પાછું જોયું? જરીએ વેદે છે એમ અહીં નથી લીધું. બીજે ઠેકાણે (એમ કહે), ઠેઠ વીતરાગતા ન થાય ત્યાં સુધી હજી રાગને વેદે છે. દસમે ગુણસ્થાને પણ રાગનો અંશ છે ત્યાં સુધી વેદન છે. ઉદય છે એ વેદન છે પણ ત્યાં આગળ એક સમયની પર્યાય ભલે હો પણ વેદનમાં છે. અને અહીં કાઢી નાખ્યું છે. અહીં તો કેવળ જાણે જ છે, એ કથનની શૈલી છે. એ કથનની પદ્ધતિની રીત ન જાણે તો ક્યાંકનું ક્યાંક કરી નાખે. આહાહા..!

**'પરંતુ જ્ઞાન હોતાં...'** જ્ઞાન એટલે આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ (છે) એવું અંતરમાં **'જ્ઞાન હોતાં (-જ્ઞાન હોય ત્યારે-) પરદ્રવ્યને 'હું'પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી...'** આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું જ્ઞાન હોતાં, અતીન્દ્રિય આનંદની મૂર્તિ હું છું. સર્વાંગે મારા આત્મપ્રદેશમાં આનંદ ભર્યો છે, અતીન્દ્રિય આનંદ ભર્યો છે. આહાહા..! **''હું'પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી...'** તેથી સર્વાંગ આનંદ ને જ્ઞાનની મૂર્તિ હું છું એથી પ્રકૃતિના સ્વભાવને અનુભવવાને અલાયક છે, અયોગ્ય છે. સ્વભાવને અનુભવવાને યોગ્ય છે, પણ વિભાવને અનુભવવાને અયોગ્ય છે. આહાહા..! આવો ધર્મ હવે. ઝીણી વાત છે, ભાઈ!

ધર્મી તો પોતાનો આત્મસ્વભાવ શુદ્ધ આનંદને જાણતો, માનતો ને વેદતો... આહાહા..!

શુદ્ધ ચૈતન્યઘન ભગવાન એને જાણતો, એ હું છું એમ માનતો,.. આહાહા..! અને તેને વેદતો, પ્રકૃતિના સ્વભાવને જાણે છે, માને છે કે પર છે. વેદનને પણ અત્યારે પર ગણવામાં આવ્યું છે. વેદન નથી. આવી વાત આવી ત્યાં થઈ જાય છે ને? પહેલા થઈ ગયું હતું કે જ્ઞાનીને દુઃખ હોય જ નહિ, જ્ઞાનીને જેટલો રાગ કષાય ગયો એટલું દુઃખ નથી પણ જેટલો કષાય છે એટલું દુઃખ છે. અહીં તો એને જાણે છે, કાં છોડે છે, કાં વેદતું નથી એમ ત્રણ લીધું છે. આહાહા..!

મુમુક્ષુ :– 'શેઠિયાજી' નો અભિપ્રાય એમ હતો કે, છેદવાની ચીજને વેદે કેમ?

ઉત્તર :– એ દુઃખ ભોગવે જ નહિ. એનો અર્થ કે, ધર્મી થયો, સમકિતીને દુઃખ હોય જ નહિ. એમ અભિપ્રાય હતો. એને દુઃખ (નથી). દુઃખ ભોગવે તો તીવ્ર કષાય છે એમ કીધું. ઇ જરી ફેરફાર થઈ ગયેલો. આ વસ્તુ ગજબ છે. મૂળ ચીજને પહોંચી વળવું (એ અલૌકિક છે). અનંત અનંત સંસાર ચાલ્યો ગયો છે, અનંત અનંત ભવ ચાલ્યા ગયા. આહા..! ક્યાંય એણે પત્તો પોતાનો લીધો નથી. પોતાના પત્તા વિના, બીજાને પત્તામાં મેળવી પોતાનો આ પત્તો આ જાણે મારી ચીજ છે (એમ માન્યું). પુણ્ય, દયા, દાન, વ્રત મારા ભાવ છે અને એના ફળ તરીકે પુણ્યનું ફળ આવે–આ બાહ્ય સ્ત્રી, કુટુંબ, પૈસા, ધૂળ, પૈસા એ મારી ચીજ છે (એમ માન્યું). પૈસા ધૂળ છે, માટી છે, પુદ્ગલ છે. આહાહા..! અજ્ઞાની એને પોતાના માની અને મજા માને છે. જ્ઞાની એને પર માની ને તેના તરફના વલણના ભાવને દુઃખ માને છે. આહાહા..! આવો ફેર છે.

ધર્મીને **'પરદ્રવ્યને 'હું'પણે અનુભવવાની અયોગ્યતા...'** આહાહા..! તેથી **'(તે કર્મફળને) વેદતો નથી.'** પણ અહીંથી પછી સર્વથા વેદતો નથી એમ લઈ લે તો પાછા વાંધા ઉઠે ને. કઈ અપેક્ષાએ અત્યારે કથન ચાલે છે? ચૈતન્ય દ્રવ્ય જ્ઞાયકભાવ વસ્તુ છે અને તેમાં ચૈતન્યમાં આનંદ ને જ્ઞાન આદિ શાંતિ... શાંતિ... શાંતિ... એ શાંતિના માલથી ભરેલો, અતીન્દ્રિય આનંદના ભાવથી ભરેલો એવા ભગવાનનો જેને આદર થયો એ પ્રકૃતિના સ્વભાવનો આદર કરતો નથી. છોડે છે, જાણે છે, વેદતો નથી એમ અહીંયાં કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– દૃષ્ટિની મુખ્યતાથી વાત કરી.

ઉત્તર :– દૃષ્ટિની મુખ્યતા. આ એકલું અત્યારે (લીધું છે). આહા..!

**'પરદ્રવ્યને 'હું'પણે અનુભવવાની...'** આહાહા..! સમકિત, જ્ઞાન થતાં, ધર્મની પહેલી સીઢી થતાં, ધર્મનું પહેલું પગથીયું થતાં એને વિષયના ભોગમાં પણ દુઃખ લાગે છે. આહાહા..! ચક્રવર્તી સમકિતીને છન્નું હજાર સ્ત્રી હોય છે પણ અતીન્દ્રિય આનંદના સ્વાદની આગળ એ ભોગ ઉપરનો મજાનો ભાવ જે લોકો મજા માને છે ત્યાં જ્ઞાનીને દુઃખ લાગે છે. આહાહા..! પર તરફના વલણના ભાવને જ્ઞાની દુઃખ જાણે છે અને સ્વ તરફના વલણના ભાવને સુખ જાણે છે. આહાહા..!

**'પરદ્રવ્યને 'હું'પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી (તે કર્મફળને) વેદતો નથી.'** છોડે છે, જાણે છે અને વેદતો નથી, ત્રણ બોલ લીધા. આહાહા..!

મુમુક્ષુ :- આપ કહો છો કે વેદે છે.

ઉત્તર :- વેદે છે. એ તો અહીં તો દૃષ્ટિની અપેક્ષાએ વાત છે. વેદે નહિ? તો રાગ થાય વેદે નહિ? 'નિર્જરા અધિકાર'માં બીજી ગાથામાં આવ્યું નહિ? જ્ઞાનીને રાગ આવ્યે સુખ-દુઃખનું વેદન થયા વિના એ જાય નહિ. ત્યાં અલ્પ વાત લીધી છે. જરીક વેદીને છૂટી જાય. પણ જ્યાં સુધી રાગ છે, યથાખ્યાત ચારિત્ર અને કેવળજ્ઞાન નથી ત્યાં સુધી રાગનું વેદન પણ જ્ઞાનીને છે. દસમે ગુણસ્થાને અબુદ્ધિપૂર્વક રાગ છે, લોભનો ઉદય (છે), ઉદય છે પણ વેદન છે કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :- ન્યાં વેદન નથી એમ કેમ કહ્યું?

ઉત્તર :- વેદન નથી તો વીતરાગતા હોય, વીતરાગતા તો નથી. આહાહા..! પક્ષપાતથી વાત કરે ઇ કોઈ આ ચીજ નથી. આ તો વીતરાગનો માર્ગ સર્વજ્ઞ પરમેશ્વરે (કહેલો માર્ગ છે).

**'માટે, જ્ઞાની...'** ધર્મી એને કહીએ કે, જેને આત્મા આનંદનો નાથ હાથ લાગ્યો છે. આહાહા..! જે અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન એનો અનુભવ થયો છે. **'જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી...'** પ્રકૃતિ એટલે રાગ, દ્વેષ પરિણામ જે પ્રકૃતિસ્વભાવ છે, એ કાંઈ જીવનો સ્વભાવ નથી. **'પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી અવેદક જ છે.'** આહા..! અહીં અત્યારે એ સિદ્ધ કરવું છે. **'અવેદક જ છે.'** એમ સિદ્ધ કરવું છે. પણ આ એકાંત આમ ને આમ લઈ લે તો રાગાદિ છે એને વેદવામાં આવતો જ નથી. ત્યારે ન આવે તો રાગ થાય શી રીતે? રાગ થયો એ વેદનમાં આવે ત્યારે જ થાય છે. આહાહા..! નહિતર પૂર્ણ આનંદ હોવો જોઈએ. પૂર્ણ આનંદના અભાવમાં તેટલું દુઃખ તો છે. જ્ઞાનીને પણ તેટલા દુઃખનું વેદન છે. આહાહા..! આનંદ ને દુઃખ બેયનું વેદન છે. કહ્યું હતું ને કાલે? મિથ્યાદૃષ્ટિને એકલું દુઃખનું વેદન છે, ભગવાન કેવળી પરમાત્માને એકલો આનંદ છે, સાધકને આનંદ ને દુઃખ બેય ભેગું છે. સાધક છે તે બાધકપણું ભેગું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

અનાદિ કાળથી અજ્ઞાનમાં એણે તો રાગનું જ વેદન કર્યું છે, પ્રકૃતિના સ્વભાવનું જ વેદન કર્યું છે. કોઈ દિ' આત્મા તરફના વલણનું વેદન કર્યું નથી. આહાહા..! ભલે કરોડોપતિ-અબજોપતિ, મોટા અધિકારીઓ પચાસ પચાસ લાખની પેદાશવાળા હોય એથી શું? અંતરની ચીજને એણે જોઈને વેદી નથી. આહાહા..! એ પ્રકૃતિનો સ્વભાવ જે પુણ્ય-પાપ, દયા-દાન કે કામ-ક્રોધ તેનું જ એને કર્તાપણું ને વેદનપણું છે. આહાહા..! એ સુખી નથી. આ પૈસાવાળા ને અબજોપતિ એ બધા સુખી નથી. આહાહા..! એક હિસાબે તો પુણ્યથી એને પૈસા મળ્યા પણ પૈસા છે એ પરિગ્રહમાં ગણ્યા છે. બાહ્ય દસ પ્રકારનો પરિગ્રહ (છે). તો એ હિસાબે

તો એ પાપી છે, પૈસાવાળા પાપી છે. અર..ર..ર..! આવી વાત. સમજાણું કાંઈ? કેમ કે જે પૈસો છે એને પરિગ્રહમાં ગણ્યો છે અને પરિગ્રહ તે પાપ છે. ત્યારે જે પૈસો છે જાજો એમ જાજો એ દુઃખી છે અને એટલો એ પાપી છે. અર..ર..ર..! આમ ખમ્મા ખમ્મા થાતું હોય, લ્યો! પરમ દિ' 'રાજકોટ'માં આઠ મિનિટ ઇંદિરા (ગાંધી) આવી હતી. જોગવાઈની ચીજ તો જુઓ! ક્યાં ક્યાં અટવાઈ નાખ્યો છે? ભગવાનઆત્માને પુણ્યના પરિણામમાં ક્યાંય અટવાડી દીધો છે. આહાહા..!

અહીં કહે છે, **'જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી...'** આ કારણે અવેદક કહેવામાં આવે છે. પ્રકૃતિનો સ્વભાવ, જેટલો પુરુષાર્થ ને નબળાઈ છે એટલા અંદર રાગ-દ્વેષ થાય છે ધર્મીને પણ, પણ તે અવેદક છે. કેમ? **'પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી...'** આ સિદ્ધાંત મુક્યો. પ્રકૃતિના સ્વભાવથી અંતર દૃષ્ટિમાં વિરક્ત છે, દૃષ્ટિમાં એનો આદર નથી. દૃષ્ટિનું ધ્યેય તો દ્રવ્ય ઉપર છે. તેથી એ પરથી વિરક્ત છે. પ્રકૃતિના સ્વભાવથી વિરક્ત હોવાથી અવેદક છે, આ ન્યાય મુક્યો છે. આહાહા..! આવો ઉપદેશ, આવી વાત. પેલું તો દયા પાળો ને વ્રત કરો, ભક્તિ કરો, દાન કરો સમજાય તો ખરું. હવે એમાં શું સમજવું હતું? ધૂળ. એમાં તો અનાદિ કાળથી કરતો આવે છે. રાગ અને રાગના ફળને અનાદિથી કરતો ને ભોગવતો આવે છે. એમાં શું સમજવાનું હતું? આહાહા..!

પ્રભુ આત્મા પ્રકૃતિના સ્વભાવથી વિરક્ત હોવાથી, સ્વભાવના ભાવમાં રક્ત હોવાથી. ધર્મી જીવ સ્વભાવમાં, આનંદમાં અતીન્દ્રિય આનંદનો ભોગવટો–અનુભવ કરતો હોવાથી, તે પ્રકૃતિના સ્વભાવથી વિરક્ત હોવાથી અવેદક કહેવામાં આવે છે. આહાહા..!

**ભાવાર્થ :– 'જે જેનાથી વિરક્ત હોય...'** આહાહા..! **'તે તેને સ્વવશે તો ભોગવે નહિ,...'** પોતે સ્વવશે ભોગવે નહિ. આહાહા..! **'અને પરવશે ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ.'** આ ન્યાય. પરવશે ભોગવવું પડે છે. પુરુષાર્થની નબળાઈને લઈને જ્ઞાનીને પણ રાગ ને દ્વેષનું વેદન ભોગવવું હોય છે. પણ **'પરમાર્થે ભોક્તા કહેવાય નહિ.'** પરમાર્થે તેનો ભોક્તા છે એમ કહેવાય નહિ. આહાહા..! **'આ ન્યાયે જ્ઞાની-કે જે પ્રકૃતિસ્વભાવને (-કર્મના ઉદયને) પોતાનો નહિ જાણતો હોવાથી...'** પ્રકૃતિસ્વભાવ એટલે? કામ, ક્રોધ, દયા, દાન, વ્રત, ભક્તિ એ બધા પરિણામ પ્રકૃતિ સ્વભાવ છે, એ આત્માનો સ્વભાવ નથી. આહાહા..! આકરું કામ છે, ભાઈ! વીતરાગનો ધર્મ બહુ અપૂર્વ ને સૂક્ષ્મ છે. અપૂર્વ અને સૂક્ષ્મ છે. આહાહા..! ધર્મી **'પ્રકૃતિસ્વભાવને પોતાનો નહિ જાણતો હોવાથી તેનાથી વિરક્ત છે તે–સ્વયમેવ તો પ્રકૃતિસ્વભાવને ભોગવતો નથી,...'** હવે આવ્યું. **'અને ઉદયની બળજોરીથી પરવશ થયો થકો...'** જોયું? કર્મનો ઉદય છે હજી, પુરુષાર્થની કમજોરી છે એને લઈને **'ઉદયની બળજોરીથી પરવશ થયો થકો પોતાની નિર્બળતાથી ભોગવે...'** જોયું? ભોગવે તો છે જ નિર્બળતાથી. આહા..! **'તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ,...'** પ્રેમ નથી અને રુચિ નથી અને એનાથી દૃષ્ટિમાં

વિરક્ત છે. રાગના સ્વભાવથી દૃષ્ટિથી વિરક્ત છે પણ નબળાઈને લઈને રાગ આવે છે તેને વ્યવહારે એમ કહેવાય કે, આ ભોગવે છે. આહાહા..!

**'ઉદયની બળજોરીથી...'** એ કંઈ કર્મને લઈને થતો નથી. પણ અહીં એમ સિદ્ધ કરવું છે, કે ધર્મીને જેટલો રાગાદિ થાય એ સ્વાધીન સુખની બુદ્ધિમાંથી થતો નથી. તેથી એને પરવશપણે થાય છે એમ કહેવાય છે. પરવશ નામ કર્મથી થાય છે (એમ નહિ). એમ થાય છે તો પોતાથી પણ પર્યાયમાં સ્વભાવ સન્મુખની દૃષ્ટિના જોરને લઈ પર્યાયમાં રાગાદિ થાય એનો પણ તે ભોક્તા કહેવાતો નથી. આહાહા..! આવી વાત છે.

આમાં ધર્મ શું કરવો? ધર્મ, ધર્મ કેમ થાય? આ આમ થાય. ચૈતન્યને પ્રકૃતિના સ્વભાવથી વિરક્ત જાણવો. આહાહા..! કર્મના નિમિત્તથી થતાં ઉપાધિ ભાવથી નિરઉપાધિ ભગવાન અંદર પડ્યો છે સચ્ચિદાનંદ પ્રભુ એને જાણવો, માનવો ને અનુભવવો એનું નામ ધર્મ છે, બાકી બધી વાતું છે. આહાહા..!

ઉદયની બળજોરી કીધી. ખરેખર તો એક દ્રવ્ય ઉપર બીજા દ્રવ્યની બળજોરી લાગુ પડતી નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. શું કીધું? કર્મનો ઉદય આત્માને અડતોય નથી, આત્મા એને અડતો નથી. કેમકે દ્રવ્ય ભિન્ન ભિન્ન છે. ભિન્ન દ્રવ્યમાં ભિન્ન દ્રવ્યનું અડવું ત્રણકાળમાં થતું નથી. આહાહા..! પણ પુરુષાર્થની નબળાઈથી પ્રકૃતિનો સ્વભાવ આત્માના સ્વભાવથી વિરુદ્ધ હોવાથી થયો એથી બળજોરીથી થયો એમ કહેવામાં આવ્યું. એને હોંશ નથી, એ રાગને કરું અને ભોગવું એમ હોંશ નથી. એથી થાય છે પોતાના પુરુષાર્થથી છતાં પ્રકૃતિનો સ્વભાવ... આહાહા..! બળજોરીથી પ્રવર્ત્યો. અહીં કહે ઉદયની બળજોરી.

કોઈ કહે કે, તમે (કહો છો કે) કર્મથી વિકાર નથી થાતા (એમ કહો છો) આ કર્યા, લ્યો! આહાહા..! નિમિત્તથી પરમાં કાંઈ થાય નહિ. આ અહીં કહ્યું. પરમાર્થે જોયું? **'ઉદયની બળજોરીથી પરવશ થયો...'** એનો અર્થ–આત્મા જ્ઞાન ને આનંદનું ભાન હોવા છતાં, એનું વેદન હોવા છતાં પુરુષાર્થની નબળાઈથી જરી પ્રકૃતિ તરફના વલણવાળો રાગ-દ્વેષ થાય એને અહીં પરના બળજોરીથી કહેવામાં આવ્યું છે. છે તો પોતાના પુરુષાર્થની નબળાઈનું કાર્ય. આહાહા..!

શબ્દે શબ્દે વાંધા ઉઠાવે. કર્મની બળજોરીથી વિકાર થાય છે. ત્રણકાળમાં વાત સાચી નથી. કર્મ આત્માને અડતો નથી, આત્મા કર્મને અડતો નથી ત્રણકાળ, ત્રણલોકમાં. આહાહા..! આ બે આંગળી છે તે આ આંગળી આને અડતી નથી. કોણ માને? અડે છે એ સંયોગથી જોવે છે, આ અહીંથી જોવે છે. ન અડે ઇ અહીંથી જોવે છે. આની સાથે આને સંબંધ કાંઈ નથી એથી એને આંગળીને આ અડતી જ નથી. પણ આનાથી આમ જોનારને, આ સંયોગથી જોનારને અડે છે એમ દેખાય છે. સ્વભાવથી જોનારને અડતી નથી એમ દેખાય છે. આહાહા..!

પાણી ઊનું થયું એ અગ્નિથી થયું એમ જે જોવે છે એ સંયોગથી જોવે છે અને સંયોગથી નહિ જોનાર જે વસ્તુનો સ્વભાવ છે તેથી જોનાર એ ઊનું પાણી પોતાના સ્પર્શ ગુણની પર્યાયમાં ઠંડી હતી એને ઉષ્ણ કરી. અગ્નિને લઈને પાણી ઊનું થયું નથી. આહાહા..! એમ કર્મને લઈને આત્મામાં વિકાર થયો નથી પણ અહીં આત્મામાં આનંદ ને જ્ઞાનનું જોર હોવાથી સમકિતીને એનો પ્રેમ નથી, તેમ તેની રુચિ નથી. તેથી પુરુષાર્થની નબળાઈને કર્મની બળજોરીમાં નાખીને કાઢી નાખવા માગે છે. આહાહા..!

મુમુક્ષુ :– ભાવકર્મની બળજોરીથી કહેવાય છે?

ઉત્તર :– ભાવકર્મની વાત છે અહીં, અહીં ભાવકર્મની વાત છે ને? આહાહા..!

**'ઉદયની બળજોરીથી પરવશ થયો થકો પોતાની નિર્બળતાથી...'** દેખો! **'ભોગવે...'** નિર્બળતાથી રાગ આવે એને ભોગવે. આહાહા..! **'તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ,...'** આહાહા..! એકકોર કહ્યું ભોગવાય નહિ, એકકોર કહે કે ભોગવાય. ભોગવાય નહિ જે કહ્યું છે એ પોતાના સ્વભાવના જોરથી રાગનો પ્રેમ નથી તેથી રાગને ભોગવતો નથી એમ કહ્યું. પણ નબળાઈ છે જ્યાં સુધી અને રાગ થાય છે, એ વેદે છે પોતે. કર્મને લઈને થતો નથી, કર્મને જીવ વેદતો નથી, કર્મ તો જડ છે. માટી જડ છે, ધૂળ છે. ધૂળને આત્મા વેદે નહિ. આત્મા અરૂપી છે. એ અરૂપી પોતાની ભૂલમાં સ્થિરતાના રાગ-દ્વેષને વેદે. પોતાના રાગ-દ્વેષ પોતાથી થાય તેને વેદે. કર્મને કારણે નહિ ને કર્મને ભોગવે નહિ. આહાહા..! આવું સ્વરૂપ છે.

આ આવો ધર્મ હશે વીતરાગનો? અરે..! આ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ઇચ્છામિ પડિકમ્મણા... ઇરિયા વીરીયા તસ્સૂતરી કરણેન.. એ બોલે ત્યાં સામાયિક થઈ ગઈ. સાત પાઠ બોલીને બેઠો. ધૂળમાંય નથી સામાયિક, મિથ્યાત્વ છે. સામાયિક કેવી ત્યાં? હજી આત્મા રાગનો પણ કર્તા નથી એવી દૃષ્ટિ થઈ નથી અને અકર્તા એવો ચૈતન્યમૂર્તિ જેને અનુભવમાં આવ્યો નથી એને અંદરમાં ઠરવાની ક્રિયા આવે ક્યાંથી? સામાયિક ને પોષા તો અંદર સ્વરૂપમાં ઠરવાની ક્રિયા છે. પણ એ સ્વરૂપ જ અનુભવમાં આવ્યું નથી એને ઠરવાની ક્રિયા હોય ક્યાંથી? આહાહા..!

**'પરમાર્થે ભોક્તા કહેવાય નહિ, વ્યવહારથી ભોક્તા કહેવાય. પરંતુ વ્યવહારનો તો અહીં શુદ્ધનયના કથનમાં અધિકાર નથી;...'** આ તો શુદ્ધનયનું કથન છે. આહાહા..! શુદ્ધનયના કથનમાં તો પર્યાય જૂઠી છે એમ કીધું. ૧૧ મી ગાથા. પર્યાય જૂઠી, અભૂતાર્થ, અસત્ય, જૂઠી છે. પર્યાય જૂઠી હોય તો આ સંસાર કોનો? મોક્ષ કોનો? મોક્ષ ને સંસાર પર્યાય છે. મોક્ષનો માર્ગ પણ પર્યાય છે, મોક્ષ પર્યાય છે, સંસાર પર્યાય છે અને ૧૧ મી ગાથામાં કીધું, પર્યાય જૂઠી છે. એ કઈ અપેક્ષાએ? એને લક્ષમાં ન લેવા માટે એને ગૌણ કરી વ્યવહાર કહીને નથી અને ત્રિકાળને મુખ્ય કરી, નિશ્ચય કરીને છે એમ કીધું છે. આહાહા..! અરે..રે..!

આવી વાત (સમજવા) ક્યાં નવરા હોય? વાણિયાને ધંધા આદિ નવરાશ ન મળે. આ સવારથી હોળી સળગે, મજૂરી. ભલે પાંચ-પચીસ હજાર પેદા કરતો હોય મહિને પણ મજૂરની પેઠે, મજૂરી છે મોટી, મોટા મજૂર. આહાહા..! મજૂર તો આઠ થી બાર કામ કરે, બે થી છ કરે. આ સવારના છ વાગ્યાથી તે રાતના દસ વાગ્યા સુધી કામ કરે.

મુમુક્ષુ :- આ તો શેઠ છે ને!

ઉત્તર :- શેઠિયા અમારે 'કુંવરજીભાઈ' હતા ને? શેઠ. આહાહા..! દુનિયા શું કરી રહી છે અને શું માર્ગ છે (એનો) જગતને પત્તો નથી. જિંદગી ચાલી જાય છે, આયુષ્ય પૂરું થઈ જશે, દેહ છૂટી જશે. આત્માની સત્તા કાંઈ નાશ નહિ થાય. તેનું હોવાપણું ક્યાંક જઈને અવતરશે. આ બધી મમતામાં જાશે તો રખડશે. ભૂંડ ને કાગડા-કૂતરામાં અવતરશે. આહાહા..! અનાદિઅનંત સત્તા તત્ત્વ છે. દેહનો નાશ થશે, ભગવાનનો-આત્માનો નાશ થશે? (નાશ નહિ થાય તો) એની સત્તા ક્યાંક જાશે કે નહિ? તો એકલી બહારની મમતા... મમતા... મમતા... કરી તો એમાં રખડશે, ઢોરમાં જાશે એ તો. આ તો માંસ, દારૂ ન ખાતા હોય એની વાત છે, હોં! પણ માંસ, દારૂ ખાતા હોય તો મરીને નરકે જવાના. આહાહા..! મોટા અમલદાર, અધિકારી હોય. માછલા ને માંસ ખાતા હોય એ નરકમાં જવાના. નરકના અધિકારીઓ છે. આહાહા..!

આ ભગવાનને જાણ્યા વિના ને કેવી રીતે પરાધીન છે, કઈ રીતે સ્વાધીન છે, વિકાર કેમ થાય છે, વિકાર એ આત્માનો કેમ નથી, એના ન્યાય ને જ્ઞાન અંદરથી જાણ્યા ન હોય, એ તો મિથ્યાત્વમાં મૂંઝાયને (રખડશે). અને એ તો કહ્યું હતું, મિથ્યાત્વ તે સંસાર છે. એ સંસાર છે. ભલે બાયડી-છોકરા છોડી, દુકાન-ધંધો છોડી, નગ્ન બાવો, નગ્ન મુનિ દિગંબર થાય તોપણ તે મિથ્યાત્વ છે એ સંસાર છે. સંસાર છોડ્યો, સંસાર કોઈ બાહ્ય નથી. બાયડી-છોકરા-પૈસા એ કોઈ સંસાર નથી. સંસાર તો સ્વરૂપમાંથી સંસરણ-હટીને રાગ અને દ્વેષને પોતાના માનવા એનું નામ સંસાર છે. આહાહા..! ગજબ વાત છે. સમજાય છે કાંઈ? સંસાર આત્માની પર્યાયથી દૂર ન હોય. ઇ પોતે પર્યાય છે એટલે દૂર ન હોય. સંસાર એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ. એ પર્યાય છે, એ આત્માની પર્યાય છે તો એ સંસાર આત્માની પર્યાયથી જુદો ન હોય. બાયડી, છોકરા ને મકાન, પૈસા એ કાંઈ સંસાર નથી, એ તો જડ પદાર્થ પર છે. આહાહા..! એની પર્યાયમાં જે વિકાર થાય એ વિકાર મારો છે અને હું તે કર્તવ્યમાં કરી શકું છું એનું નામ મિથ્યાત્વ ને સંસારની પર્યાય છે. આહાહા..! '**શુદ્ધનયના કથનમાં અધિકાર નથી; માટે જ્ઞાની અભોક્તા જ છે.**'

## શ્લોક–૧૯૮

(वसन्ततिलका)

ज्ञानी करोति न न वेदयते च कर्म
जानाति केवलमयं किल तत्स्वभावम्।
जानन्परं करणवेदनयोरभावा-
च्छुद्धस्वभावनियतः स हि मुक्त एव।।१९८।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ ज्ञानी कर्म न करोति च न वेदयते ] જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી, [ तत्स्वभावम् अयं किल केवलम् जानाति ] કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે. [ परं जानन् ] એમ કેવળ જાણતો થકો [ करण-वेदनयोः अभावात् ] કરણના અને વેદનના (-કરવાના અને ભોગવવાના-) અભાવને લીધે [ शुद्ध-स्वभावनियतः सः हि मुक्तः एव ] શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે.

ભાવાર્થ :– જ્ઞાની કર્મનો સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી, કેવળ જ્ઞાતા જ છે; માટે તે કેવળ શુદ્ધસ્વભાવરૂપ થયો થકો મુક્ત જ છે. કર્મ ઉદયમાં આવે પણ છે, તોપણ જ્ઞાનીને તે શું કરી શકે? જ્યાં સુધી નિર્બળતા રહે ત્યાં સુધી કર્મ જોર ચલાવી લે; ક્રમે ક્રમે સબળતા વધારીને છેવટે તે જ્ઞાની કર્મનો નિર્મૂળ નાશ કરશે જ. ૧૯૮.

## શ્લોક–૧૯૮ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–' ૧૯૮.

ज्ञानी करोति न न वेदयते च कर्म
जानाति केवलमयं किल तत्स्वभावम्।
जानन्परं करणवेदनयोरभावा-
च्छुद्धस्वभावनियतः स हि मुक्त एव।।१९८।।

આહાહા..! જ્ઞાની ચોથે ગુણસ્થાને ભલે ગૃહસ્થાશ્રમમાં હો. 'ભરત ચક્રવર્તી' ને 'બાહુબળ' સમકિતી હતા. છ ખંડનું રાજ હતું, છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું હજાર

સ્ત્રી છતાં જ્ઞાની એક રજકણને, રાગને પોતાનો માનતો નથી. આહાહા..! એક રજકણ, આ તો ઘણા રજકણથી બનેલી ધૂળ છે આ. આ આંગળી ઘણા રજકણથી બનેલી આ ધૂળ છે. આ ધૂળ છે, ધૂળ. આહાહા..! એમાં એક રજકણને પણ પોતાનો માનતો નથી અને રાગનો, દયાનો અંશ આવે એને પોતાનો માનતો નથી. રાગ અને રજકણને ધર્મી પોતાનો માનતો નથી. અર..ર..ર..! આહાહા..! આવી વાતું હવે. એ તો પોતાના આનંદ સ્વરૂપ ભગવાન નિત્યાનંદ નિત્ય ધ્રુવ વસ્તુ જ્યાં પકડી છે એ એક ક્ષણિક અને વિકૃતવાળી વસ્તુને પોતાની કેમ માને? આહાહા..!

ધર્મી જીવ **'કર્મને કરતો નથી...'** રાગ-દ્વેષ આદિને એ કરતો નથી. પરને તો કરી શકતો નથી. અજ્ઞાની આત્મા પણ સ્ત્રી, કુટુંબ કે ધંધાની ક્રિયાને કરી શકતો નથી. થડે બેસીને અભિમાન કરે (કે) આ ધંધો મેં કર્યો ને એનાથી આ પાંચ હજાર પેદા થયા ને આ મહિનાના સરવાળે લાખ આ પેદા થયા ને ઢીકણું થયું ને... આહાહા..! એવી અજ્ઞાની પરહપરહની વાતું કરે.

અહીં કહે છે. **'જ્ઞાની કર્મને કરતો નથી...'** ધર્મી જીવ, કોઈ કાર્ય મેં કર્યું એમ છે જ નહિ. આહાહા..! જે શરીરના કામ છે હાલવા-ચાલવાના એ જડના છે, આ તો જડ (છે). આંગળી આમ થાય આ તો જડની ક્રિયા છે, આત્માની નથી, આત્મા કરતો નથી આને. આહાહા..! તો બાહ્ય ચીજ જે છે મકાન ને પૈસા ને દાગીના ને કપડા ને એને તો શું કરે એ? આહાહા..!

મુમુક્ષુ :- હોંશિયાર હોય એ કરે.

ઉત્તર :- હોંશિયાર હોય એ અભિમાન વધારે કરે. બધું જોયું છે ને! અહીં તો ઘણું જોયું છે, આ આખી દુનિયા જોઈ છે. ૯૧ વર્ષ ચાલે છે શરીરને. ૬૬ વર્ષથી તો દીક્ષા લીધી છે, ૬૬ વર્ષથી. અને આમ તો (સંવત) ૧૯૬૪ ની સાલથી શાસ્ત્રનો અભ્યાસ છે. દુકાનો ઘરની, અમારી દુકાન છે ને 'પાલેજ'માં? 'ભરૂચ' ને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. શું કીધું?

મુમુક્ષુ :- પાંચ વર્ષ...

ઉત્તર :- પાંચ વર્ષ દુકાન ચલાવી. ૧૯૬૩ થી ૧૯૬૮. દુકાન છે મોટી અત્યારે, દુકાન મારા પિતાજીની હતી, પછી અમારા ભાગીદાર હતા, ગુજરી ગયા. અત્યારે તો ભાગીદારના છોકરાઓ છે. ચાલીસ લાખ રૂપિયા છે અત્યારે, ચાર લાખની પેદાશ છે એવી દુકાન છે. 'ભરૂચ' ને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે ત્યાં છે. ધૂળમાં છે નહિ કાંઈ. આહા..! છોકરાઓ નરમ છે. સાંભળે, રહીએ ત્યાં સુધી કાયમ જોડે રહે, આમ ઉઠીએ ત્યાં રોવે અરે..રે..! અમને સાંભળવું ચાલ્યું જાય છે બિચારા! પૈસા છે, ચાલીસ લાખ રૂપિયા છે. અત્યારે છોકરાઓને વહેંચી દીધું. એક ને લાખ સવા લાખની પેદાશ છે. પેદાશ. 'પાલેજ'માં

દુકાન છે, દુકાન હતી ને પાંચ વર્ષ મેં ચલાવી હતી. ૬૩ થી ૬૮. ૬૮ માં દુકાન છોડી, ૭૦ માં દીક્ષા (લીધી). ૬૬ વર્ષ તો દીક્ષાને થયા. આમાં (–સંપ્રદાયમાં દીક્ષા) લીધી હતી ને! પિતાજી સ્થાનકવાસી હતા ને. આહાહા..!

આ મારગડા જુદા, પ્રભુ! એકાંત લાગે, આકરું લાગે, બાપા! પણ મારગડા કોઈ જુદા છે. એ જન્મ-મરણ રહિત થવાને એની રીતું, એની પદ્ધતિ કોઈ અલૌકિક છે. આહાહા..! સાધારણ માણસ માની બેસે ક્યાંક દયા ને વ્રત ને ભક્તિ કરે, પૈસા ખર્ચે બે, પાંચ, દસ લાખ લ્યો ને, આહાહા..! ક્યાં હમણાં ગ્યા નહોતા અમે? 'આફ્રિકા'. ૨૬ દિ' રહ્યા હતા. માણસ.. માણસ... પ્રેમ લોકોનો બહુ. ૨૬ દિ'માં તો ૪૫ લાખ રૂપિયા ભેગા કર્યા. આ હમણાં ગયા હતા. ૪૫ લાખ. પહેલા પંદર લાખનું મંદિર બનાવવાનું છે. દિગંબર મંદિર ૧૫ લાખનું. આ ખર્ચ બીજો. ભેગો કર્યો ૪૫ લાખ બીજા કર્યા. ન્યાં લખપતિ તો ગરીબ માણસ કહેવાય. લાખ, બે લાખ એ ત્યાં ગરીબ કહેવાય. દસ લાખ, વીસ લાખ, પચીસ લાખ, પચાસ લાખ... એ ધૂળ ઘણી ભેગી થયેલી. આહાહા..! પણ એને ચોખ્ખી વાત કીધી આ તો, તમારા ૪૫ લાખ શું કરોડો રૂપિયા ખર્ચો તો ધર્મ નથી. એમાં રાગની કદાચિત્ મંદતા કરશો તો પુણ્ય થશે અને પુણ્ય મારું માને તો મિથ્યાત્વ છે. આવી વાત છે, પ્રભુ!

તારી પ્રભુતાની તો બલિહારી છે પણ એની એને ખબર નથી. ચૈતન્ય પ્રભુ અંદર અનંત શક્તિનો ધણી છે. અનંત આનંદ ને અનંત જ્ઞાન, અનંત વીર્યથી ભરેલો ભગવાન છે. આહાહા..! એ અહીં બે બીડી સારી પીવે... શું કહેવાય? સીગરેટ... સીગરેટ. આહાહા..! બે બીડી, સીગરેટ પીવે ત્યારે ભાઈ પાયખાને જાય. આવા અપલખણ. હવે એને કહેવું તું ત્રણલોકનો નાથ. અરે..! તું ઇન્દ્રના ઇન્દ્રાસનને પણ ઇચ્છે નહિ. પ્રભુ! તારી ભાવનામાં તો પરમાત્મપદની ભાવના (હોય) એ તું આત્મા (છો). આહાહા..! પ્રભુ! તું આત્મા છો ને! આહાહા..! તો એની શક્તિ ને એનો સ્વભાવ તો પ્રભુનો છે, પ્રભુના જેવડો સ્વભાવ છે. જે પ્રભુ થયા, પ્રભુ થયા અરિહંત ઇ ક્યાંથી થયા? બહારથી કાઢ્યું છે કાંઈ? ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં સામે, 'સીમંધર' પ્રભુ બિરાજે છે, થયા ક્યાંથી? બહારથી આવે છે કાંઈ? અંદરમાં અરિહંતપદ પડ્યું છે એ અંદરમાંથી બહાર આવે છે. આહાહા..! પ્રભુ! અંદરમાં પાંચ પરમેષ્ઠીના પદ પડ્યા છે. આહાહા..! એ શક્તિરૂપે પ્રભુ! તું આ પરમાત્મા છો અંદર. આહા..! એની જેને દૃષ્ટિ થઈ એને કહે છે પ્રકૃતિના સ્વભાવને ભોગવવું એ એને આત્મા નહીં. એ તુચ્છ તુચ્છ. આહાહા..!

વાઘરણ હોય ઇ બે દાણા... બે શું કહેવાય? દાતણ. બે-ચાર દાતણ આપે ને એક રોટલી, બે રોટલી આપે તો ખુશી થઈ જાય. આ એવા આ વાઘરણ જેવા છે. ક્યાંક પૈસો મળે થોડોક ને બાયડી ઠીક હોય ને કાંઈક અધિકાર મળે, કાંઈક પાંચ પાંચ દસ હજાર પગાર મહિનાનો (મળે)... અરે..! પ્રભુ! તું શું કરે છે? આહાહા..! આ અંતરમાં અનંતી

ઋદ્ધિ પડી છે, જે ઋદ્ધિની વાત સર્વજ્ઞ પૂર્ણ રીતે કહી શકે નહિ. કેમકે આ વાણી જડ છે, પ્રભુ તો ચૈતન્ય છે. એ અરૂપી છે ને આ રૂપી છે. અરૂપીની વાતું પ્રભુ! રૂપી દ્વારા કેટલી કરવી? આહાહા..!

અહીં વાતમાં બે અધિકાર લીધા છે, કે ઇ નબળાઈને લઈને વેદે છે, છતાં તે વેદતો નથી એમ પણ કહ્યું પાછું. આહાહા..! કીધું ને? **'કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી,...'** આહાહા..! **'કર્મના સ્વભાવને તે કેવળ, કેવળ જાણે જ છે.'** આહાહા..! બિલકુલ રાગને પોતાનો સ્વીકારતો નથી. દયા, દાન ને ભક્તિ, પ્રભુનું વંદન એવો વિકલ્પ ઉઠે રાગ એને સ્વીકારતો નથી, મારી ચીજ નથી. આહાહા..! મારી નબળાઈને લઈને વિકલ્પ, રાગ આવે છે પણ એ મારા ઘરની ચીજ નહિ. ઘરની હોય એ જુદી પડે નહિ તો કોઈ દિ' સિદ્ધ થાય જ નહિ. પણ જુદી પડે એ ઘરની નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે, પ્રભુ!

ધર્મની ચીજ પ્રભુ! બહુ ઝીણી છે. લોકને એકાંત લાગે. આ તે વીતરાગનો માર્ગ છે? આ શું છે? ભાઈ! તને ખબર નથી, પ્રભુ! વીતરાગનો માર્ગ આ છે, ભાઈ! અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓનો માર્ગ આ છે. લોકોને સાંભળવા મળ્યો નથી એટલે કાંઈ બીજો થઈ જાય? આહાહા..!

કેવળ જાણતો થકો... આહાહા..! છે? **'કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે.'** કેવળ જાણતો થકો. **'કરણના અને વેદનના (-કરવાના અને ભોગવવાના) અભાવને લીધે...'** એ દયા, દાનના વ્રતના પરિણામને પણ કરવાને ને વેદવાને તે અશક્ય છે. આહાહા..! **'કરણના અને વેદનના અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ...'** સ્થિત. આહાહા..! પરમાનંદનો નાથ પ્રભુ શુદ્ધ સ્વભાવમાં સ્થિત છે. આહાહા..! નિયત એટલે સ્થિત છે. આહાહા..! **'शुद्ध-स्वभावनियतः सः हि मुक्तः एव'** આહાહા..! **'શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે.'** જ્ઞાની મુક્ત છે. આહાહા..! એકકોર મુક્તિ ભગવાનને કહેવી. 'સિદ્ધા સિદ્ધિ મમ્ દિસંતુ' એકકોર સમકિતી મુક્ત છે. કેમ કે રાગ અને રાગના ફળથી વિરક્ત છે. આહાહા..!

**'તે ખરેખર મુક્ત જ છે.'** ભાષા છે ને? **'सः हि मुक्तः एव'** **'सः'** તે નિશ્ચયથી **'मुक्तः एव'** આહાહા..! આકરું લાગે. બહુ વિચાર માગે બાપુ! બહુ વખત માગે. આહા..! સમાગમ જોઈએ. **'मुक्तः एव'** અત્યારે આત્મા રાગથી અને પુણ્યથી મુક્ત જ છે. કેમકે રાગ અને પુણ્ય છે એ નવ તત્ત્વમાં આસ્રવ ને પુણ્ય-પાપ બંધમાં જાય છે. ભગવાનઆત્મા ભિન્ન પડ્યો છે અંદર, જ્ઞાયકપણે જુદો પડ્યો છે. એથી ખરેખર જેને દ્રવ્ય આત્મા અંદર પકડાણો, સમકિત થયું તે મુક્ત જ છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૩૧૯

ण वि कुव्वइ ण वि वेयइ णाणी कम्माइं बहुपयाराइं।
जाणइ पुण कम्मफलं बंधं पुण्णं च पावं च।।३१९।।
नापि करोति नापि वेदयते ज्ञानी कर्माणि बहुप्रकाराणि।
जानाति पुनः कर्मफलं बन्धं पुण्यं च पापं च।।३१९।।

ज्ञानी हि कर्मचेतनाशून्यत्वेन कर्मफलचेतनाशून्यत्वेन च स्वयमकर्तृत्वादवेदयितृत्वाच्च न कर्म करोति न वेदयते च; किन्तु ज्ञानचेतनामयत्वेन केवलं ज्ञातृत्वात्कर्मबन्धं कर्मफलं च शुभमशुभं वा केवलमेव जानाति।

---

હવે આ જ અર્થને ફરી દ્રઢ કરે છે :–

કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,
બસ જાણતો એ બંધ તેમ જ કર્મફળ શુભ-અશુભને. ૩૧૯.

ગાથાર્થ :– [ ज्ञानी ] જ્ઞાની [ बहुप्रकाराणि ] બહુ પ્રકારનાં [ कर्माणि ] કર્મોને [ न अपि करोति ] કરતો પણ નથી, [ न अपि वेदयते ] વેદતો (ભોગવતો) પણ નથી; [ पुनः ] પરંતુ [ पुण्यं च पापं च ] પુણ્ય અને પાપરૂપ [ बन्धं ] કર્મબંધને [ कर्मफलं ] તથા કર્મફળને [ जानाति ] જાણે છે.

ટીકા :– કર્મચેતના રહિત હોવાને લીધે પોતે અકર્તા હોવાથી, અને કર્મફળચેતના રહિત હોવાને લીધે પોતે અવેદક (-અભોક્તા) હોવાથી, જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો (-ભોગવતો) નથી; પરંતુ જ્ઞાનચેતનામય હોવાને લીધે કેવળ જ્ઞાતા જ હોવાથી, શુભ અથવા અશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે છે.

---

## પ્રવચન નં. ૩૯૧, ગાથા–૩૧૯, ૩૨૦ બુધવાર, જ્યેષ્ઠ સુદ ૭, તા. ૨૧-૦૫-૧૯૮૦

'સમયસાર' ૩૧૯ (ગાથા). **'હવે આ જ અર્થને ફરી દૃઢ કરે છે :–'** એ વાતને વિશેષ સ્પષ્ટ કરે છે.

**ण वि कुव्वइ ण वि वेयइ णाणी कम्माइं बहुपयाराइं।**
**जाणइ पुण कम्मफलं बंधं पुण्णं च पावं च।।३१९।।**
**કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,**
**બસ જાણતો એ બંધ તેમ જ કર્મફળ શુભ-અશુભને. ૩૧૯.**

ટીકા :– **'કર્મચેતના રહિત હોવાને લીધે...'** રાગને કરવું, ભોગવવું એ કર્મચેતના છે. ધર્મી એ કર્મચેતના રહિત છે.

મુમુક્ષુ :– કર્મચેતના એને છે તો ખરી.

ઉત્તર :– છે, ... અત્યારે એને વેદનને કરવું નથી એ વિવિક્ષા છે. નહિતર તો એક અંશે કર્મનું વેદન હોય તેને પણ જ્ઞાન જાણે છે, પણ અત્યારે વિવિક્ષામાં દૃષ્ટિના જોરની અપેક્ષાએ વાત છે. દૃષ્ટિના જોરથી અહીં વાત છે.

**'કર્મચેતના...'** એટલે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કે કામ, ક્રોધ એના પરિણામને ચેતવું એટલે એમાં એકાકાર થવું એવી કર્મચેતનાથી ધર્મી **'રહિત હોવાને લીધે...'** આહાહા..! ધર્મી એટલે જ્ઞાયક સ્વરૂપ જે ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય છે, પરમ પવિત્ર, પરમ પૂર્ણ સ્વરૂપ છે. આમાં એક ઠેકાણે કળશમાં આવે છે. વધારીને કહેતા નથી. છે? એ શબ્દ આમાં આવે છે. આહા..! 'કળશ ટીકા' છે એમાં આવે છે. બધું યાદ રહે છે? ભાવ યાદ રહે. અમે વધારીને કહેતા નથી. જેવું સ્વરૂપ છે તે રીતે કહીએ છીએ. આહાહા..!

અહીંયાં દૃષ્ટિની મુખ્યતાના કથનની અપેક્ષાએ (કહ્યું છે). **'કર્મચેતના રહિત...'** આહાહા..! ચાહે તો એ સમકિતી લડાઈમાં ઊભો હોય છતાં અત્યારે તો દૃષ્ટિની પ્રધાનતા છે તેથી કર્મચેતના એને નથી. એ રાગમાં એકાગ્ર થવું એમાં નથી તેથી કર્મચેતના નથી. રાગમાં એકાગ્ર હોય અને રાગની મીઠાશ આવતી હોય તો તે કર્મચેતના કહેવાય. કર્મ એટલે વિકારમાં ચેતાય ગયો, વિકારમાં સળગી ગયો. ચેતવું એટલે વિકારમાં ડૂબી ગયો. આહાહા..!

જેને રાગ થાય એ રાગમાં જે ચેતાય જાય છે, એટલે તેમાં જ પોતાનું સર્વસ્વ માની પ્રભુ પોતાની ચીજને બાળી મૂકે છે. આહાહા..! ચૈતન્યસ્વરૂપે ભગવાન બિરાજે છે એનો આદર ન કરતા એનાથી વિરુદ્ધ જે પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, પૂજા ને કામ ને ક્રોધ, વિષયવાસના એવો જે ભાવ એ કર્મ એટલે કાર્ય છે, વિકારી કાર્ય છે.

વિકારી કાર્યની ચેતના–એકાગ્રતા ધર્મીને હોતી નથી. આહાહા..! (રાગ) હોય છે, વેદે પણ છે પણ અત્યારે એ વાત લેવી નથી. વિવિક્ષા જે જાતનું કથન ચાલતું હોય તેની પુષ્ટિને માટે તે કથન ચાલે. આહા..!

એકકોર એમ કહે, યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી એને વિકારનો મેલ હોય છે તેથી તે ચેતતો હોય કે આ મારું સ્વરૂપ નથી. વેદાય છે પણ મારી નબળાઈને લઈને, થાય છે એ પણ મારી નબળાઈને લઈને. એમ એક બાજુ જ્ઞાનની વાત ચાલતી હોય ત્યારે એ પણ કહેવાય. વિવિક્ષા કથનની પદ્ધતિ છે એને સમજવી જોઈએ.

અહીં તો, **'કર્મચેતના રહિત...'** સમકિતી રાજા, મહારાજા હોય. 'શ્રેણિક' રાજા, હજારો રાજા જેને ચામર ઢાળતા અને મોટું રાજ (હતું) છતાં સમકિતી હતા. તેથી કર્મરહિત એને કહેવામાં આવે છે. રાગમાં ચેતાય જાય છે એ નહિ, એ જ્ઞાનમાં ચેતાય જાય છે. આહાહા..! ભગવાન સ્વરૂપ ચૈતન્યપ્રભુ, ધર્મી એમાં ચેતાય જાય છે, એકાગ્ર છે. એનું તેને વેદન છે, એની યોગ્યતાથી કર્મ જે ચેતનાના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એવા આવે છતાં તેથી રહિત હોવાથી પોતાના એ માનતો નથી. આહાહા..! જગતથી જુદી ચીજ છે. જગત સાથે મેળ ખાય એવું નથી.

**'કર્મચેતના રહિત હોવાને લીધે...' 'કર્મચેતના રહિત હોવાને લીધે પોતે અકર્તા...'** અકર્તાની વ્યાખ્યા કરી. ધર્મી અકર્તા કેમ છે? કે, કર્મચેતના રહિત હોવાને કારણે. એ રાગ મારો છે એવી ચેતનામાં એ જોડાતો નથી. આહાહા..! મારા તરીકે જોડાતો નથી. કર્મચેતના રહિત હોવાને કારણે, એમ. **'અકર્તા હોવાથી,...'** આહાહા..! સમ્યગ્દૃષ્ટિ અકર્તા છે. ઝીણી વાત બહુ, ભાઈ! આહાહા..! અહીં તો સાધારણ કોઈ દયા પાળવાના ભાવ, વ્રતના ને ભક્તિના ભાવ આવે તો એ મારા અને એનાથી મને ધર્મ થશે (એમ માને), એ તો મિથ્યાદૃષ્ટિ છે, એ ધર્મી નથી, એ અધર્મી છે. આહાહા..! આવી વાત છે. એક વાત.

વિકારના પરિણામ એના નથી એમ એને જ્ઞાનમાં જણાય છે, તેથી તે રહિત હોવાથી પોતે અકર્તા (છે). **'અકર્તા હોવાથી, અને કર્મફળચેતના રહિત હોવાને લીધે...'** આહાહા..! પ્રભુ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાતા આનંદનો સાગર (છે) એવો જ્યાં અંતરમાં દૃષ્ટિમાં આવ્યો તો પૂર્ણ સ્વરૂપનો જ્યાં ભેટો થયો એને કહે છે, **'અકર્તા હોવાથી,...'** વાત કેવી લીધી? **'કર્મચેતના રહિત હોવાને લીધે પોતે અકર્તા હોવાથી,...'** રાગને ચેતીને એકાગ્ર નથી માટે અકર્તા છે. આહાહા..! **'કર્મચેતના રહિત હોવાને લીધે પોતે અકર્તા હોવાથી...'** આહાહા..! દયા, દાન, વ્રતનો વિકલ્પ રાગ આવે પણ તેનું કાર્ય મારું છે એમ નહિ માનતા તેથી તે અકર્તા છે. આહાહા..!

મુમુક્ષુ :– 'પ્રવચનસાર' ની ૧૮૯ ગાથા બતાવીને....

ઉત્તર :– વિભાવ એનો છે. એ તો ત્યાં શુદ્ધનયે રાગ પોતાની પર્યાયમાં, પોતાના

પુરુષાર્થથી, પરની અપેક્ષા વિના પોતાથી થાય છે એટલું બતાવવા તે રાગ જીવનો છે એમ કહ્યું. એ રાગ પોતે કરે છે અને રાગને કરવામાં કોઈની અપેક્ષા નથી અને રાગ એની પર્યાયમાં પુરુષાર્થથી થાય છે એથી શુદ્ધનયે એમ કહ્યું, કે રાગનો કર્તા જીવ છે. એ તો એનું રાગપણું, એનું કર્તૃત્વ જડનું કે પરનું નથી, એના અસ્તિત્વમાં–એની પર્યાયના અસ્તિત્વમાં છે એટલું જણાવવા કહ્યું.

અહીં તો દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ.. આહાહા..! વસ્તુનો સ્વભાવ જેવો છે તેવો જાણ્યો છે તો વસ્તુસ્વરૂપ તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છે, એને રાગની એકતાની ચેતના નહિ હોવાને લીધે એ અકર્તા હોવાથી.. આહાહા..! આકરી વાત છે. **'અને કર્મફળચેતના રહિત હોવાને લીધે...'** એ રાગનું ફળ જે હોંશ અને હરખ, એનું એને વેદન નથી. કેમ કે એની હોંશ ને હરખ છે નહિ. આહાહા..! શુભાશુભ રાગ થાય તેની હોંશું ને હરખ નથી. તેથી તે રાગ ને દ્વેષના ફળને હોંશ ને હરખથી વેદતો નથી માટે તે વેદતો નથી. આહાહા..! આવી વાતું છે. ધર્મની વાતું ઝીણી બહુ, બાપુ! લોકોને પડી છે ક્યાં? જિંદગી ચાલી જાય છે. આહાહા..! આયુષ્ય પૂરા થઈને ક્યાંય રખડશે. આ શરીરમાં તો અમુક કાળ રહેવાનો. પોતાની સ્થિતિ અનાદિઅનંત રહેવાની. એ અનાદિઅનંત રહેશે ક્યાં? જો આત્મકલ્યાણ કે ધર્મ ન કર્યો તો રહેશે ક્યાં? નરક ને નિગોદમાં જઈને રહેશે. આહાહા..!

તેથી અહીં કહે છે, ધર્મ કરનારને આ રીતે ધર્મનું ફળ આનંદ અને શાંતિ આવવાથી તેને રાગના ફળને હોંશે, હરખે વેદતો નથી. માટે તે રાગના ફળનો અવેદક છે. આહાહા..! ભાષા ભલે સાદી પણ માર્ગ તો જે છે ઇ છે. કહ્યું નહિ હમણા? અમે વધારે વધારીને કહેતા નથી. જેમ વસ્તુનું સ્વરૂપ છે તેમ કહીએ છીએ, વધારીને અમે કહેતા નથી. આહાહા..!

આ ભગવાનઆત્મા ચેતનમાં ચેતાઈ ગયો, ચેત્યો.. ચેત્યો.. ચેત્યો. આહાહા..! હું તો ચૈતન્ય સ્વરૂપ, આનંદ સ્વરૂપ છું એમ પોતાના સ્વરૂપમાં ચેતાઈ ગયો, જણાય ગયો. આહાહા..! એને એ રાગનું કર્તાપણું તો નથી પણ તેના ફળરૂપે હરખ ને શોકનું પણ એને વેદન નથી. અત્યારે તો એ લેવાનું છે. આહાહા..! બીજા વાત કરે ત્યારે (એમ કહે), જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી રાગ દસમે ગુણસ્થાને પણ છે. લોભનો ઉદય છે એને એ વેદે છે. ઉદય છે એ વેદ્યા વિના જાય કેમ? આહાહા..! અહીં ચોથે ગુણસ્થાને વેદતો નથી, એમ કહે છે. વિવિક્ષાની કઈ અપેક્ષા છે? કથનની કઈ અપેક્ષા છે એ એણે લક્ષમાં લેવું જોઈએ ને? આહા..!

**'કર્મફળચેતના રહિત હોવાને લીધે...'** આહાહા..! એ પુણ્યના પરિણામમાં પણ જેને હરખ નથી, પુણ્યના પરિણામની પણ જેને હોંશ નથી એને એનો વેદક કેમ કહેવાય? એમ કહે છે. સમજાણું કાંઈ? **'કર્મફળચેતના રહિત હોવાને લીધે પોતે અવેદક...'** છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મની ભલે પહેલી દરજ્જાની (સીઢીમાં હોય), પણ જેને રાગથી પ્રભુ ભિન્ન

પડી ગયો, ભિન્ન છે એમ ખ્યાલમાં, અનુભવમાં આવી ગયો. રાગથી તો પ્રભુ ભિન્ન જ છે, એક થયો નથી. એમ માન્યતામાં, અનુભવમાં આવ્યું. માન્યતામાં હતું કે રાગ એ મારું કર્તવ્ય છે, એ તો મિથ્યાત્વ છે. આહાહા..!

રાગના વિકલ્પથી ભિન્ન પ્રભુ, નિર્વિકલ્પ આનંદનો સાગર, તેનું જ્યાં જ્ઞાન ને અંદર ભેટો થયો તો એની પર્યાયનો કર્તા અને ભોક્તા કહેવાય, પણ રાગનો કર્તા અને એના ફળ હરખ-શોકનો ભોક્તા ધર્મીને મુખ્યપણે કહેવાય નહિ. સમજાય છે કાંઈ? ગૌણપણે છે. અત્યારે ગૌણપણું કહીને મુખ્યતાની પદ્ધતિ છે. એકલો ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવ, જ્ઞાનદળ, જ્ઞાનદળ એ શું કરે? જેમાં રાગના કણનો પણ અભાવ (છે) અને રાગના ફળના વેદનનો પણ જેમાં અભાવ (છે), એવો જે ભગવાનઆત્મા દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો એ અનુભવી જીવ રાગને કર્તા થઈને કરતો નથી, રચતો નથી, તેમ તેના ફળને હરખને હોંશથી વેદતો નથી. આહાહા..! આવું સ્વરૂપ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની આ વાણી આવી છે. સંતો એમની વાણી જગત પાસે જાહેર કરે છે. આહા..! ભગવાન આમ કહે છે, ભગવાન આમ કહેતા હતા. આહાહા..! અને આ ભગવાનનો પણ એવો જ સ્વભાવ છે, કહે છે.

આનંદ અને જ્ઞાનના સ્વભાવવાળો પ્રભુ, એ વિકાર જે આનંદથી વિરુદ્ધ એવા ભાવની હોંશ નથી એ કેમ કરે? અને હોંશથી કેમ વેદે? માટે ધર્મી જીવ વિકારના પરિણામને કરતો અને વેદતો નથી, એમ કહ્યું છે. આહાહા..! **'જ્ઞાની કર્મને કરતો નથી તેમજ વેદતો (-ભોગવતો) નથી;...'** આ કારણ આપ્યું. પહેલા કારણ આપ્યા ને? **'કર્મચેતના રહિત હોવાને લીધે અને કર્મફળચેતના રહિત હોવાને લીધે...'** આ કારણ આપ્યું. ધર્મી કર્મચેતના રહિત (છે). કેમ કે રાગ છે એને સમકિતી પોતાનો માનતો નથી, એને ભિન્ન માને છે. એટલે રાગનું વેદન પણ મારું નથી. એનાથી ભિન્ન જાણે છે. આના કારણે... જ્ઞાની રાગને કે વિકારને કરતો નથી તેમ ભોગવતો નથી. આહાહા..!

**'પરંતુ જ્ઞાનચેતનામય હોવાને લીધે...'** જુઓ! ત્રણે ચેતના લીધી. **'જ્ઞાનચેતનામય હોવાને લીધે...'** એટલે? પ્રભુ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, સમજણનો પિંડ છે, તેના જ્ઞાનની ચેતના જાગી હોવાથી એ જ્ઞાન હું છું, એમ ચેતાઈ ગયો, જણાય ગયો, અનુભવાણો, એવી **'જ્ઞાનચેતનામય હોવાને લીધે...'** ભાષા જોઈ? જ્ઞાનચેતનાવાળો નથી લીધું. જ્ઞાનચેતનામય હોવાને લીધે, (એમ) અભેદ કરી દીધું. આહાહા..! ભગવાનઆત્મા, ધર્મી જીવ તો એકલી **'જ્ઞાનચેતનામય હોવાને લીધે...'** એ તો જ્ઞાનચેતનામય છે. ચેતનાવાળો પણ નહિ. અભેદ છે. આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ!

ધર્મી જીવ **'જ્ઞાનચેતનામય હોવાને લીધે...'** પહેલામાં કહ્યું હતું ને? **'કર્મચેતના રહિત હોવાને લીધે પોતે અકર્તા હોવાથી અને કર્મફળચેતના રહિત હોવાને લીધે પોતે અવેદક (–અભોક્તા) હોવાથી, જ્ઞાની કર્મને કરતો નથી તેમજ વેદતો નથી;...'** આહાહા..! રહિત

છે તેને કરતો અને વેદતો નથી. જે સહિત માને તે કર્તા અને (ભોક્તા થાય). આહાહા..! આકરી વાત છે. આ તો બહારનું કાંઈ કર્યું કે પડિકમણું કે પોષા કે અપવાસ કર્યા તો થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી, મિથ્યાત્વ છે ત્યાં. એ ક્રિયા રાગની તેને ધર્મ માની કર્તા થાય છે. દેહની ક્રિયાનો કર્તા થાય છે. આ જડ છે. મેં આહાર ન લીધો, મેં છોડ્યો. એ પરનો કર્તા, છોડવું માનવું એ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ સેવે છે અને માને છે કે કાંઈ ધર્મ કરીએ છીએ. આવી વાત છે, ભાઈ! દુનિયાથી જુદી છે. આહાહા..!

**'જ્ઞાનચેતનામય હોવાને લીધે...'** ધર્મી તો જ્ઞાનચેતનામય એટલે જ્ઞાનસ્વરૂપ જ છે. જ્ઞાનચેતનામય – જ્ઞાનસ્વરૂપ છે તેમ ચેતાય ગયો, જાણી લીધું, એનો અનુભવ થયો છે. **'જ્ઞાનચેતનામય હોવાને લીધે કેવળ જ્ઞાતા જ હોવાથી,...'** ધર્મી રાગ ને પુણ્ય-પાપના પરિણામને કેવળ જાણનાર પોતાનો સ્વભાવ હોવાથી, પોતાનો સ્વભાવ જાણનાર હોવાથી તેનો તે જાણનાર રહે છે. આહાહા..! આવી ઝીણી વાતું. પેલી બધી મોટી મોટી વાતું કરતા હતા. આટલા અપવાસ કર્યા ને છઠ કર્યા ને અઠ્ઠમ કર્યા ને ફલાણું કર્યું ને વરઘોડા કાઢ્યા.. જાણે ધર્મ થઈ ગયો. આહાહા..! પ્રભુ! મારગડા પ્રભુ તારા જુદા છે. કેમકે તું જ્ઞાનમય વસ્તુ છો, રાગમય નથી. દયા, દાનના રાગમય તું વસ્તુ નથી. તું જ્ઞાનમય વસ્તુ છો. આહાહા..! એ જ્ઞાનમય હોવાથી.. આહાહા..!

**'કેવળ જ્ઞાતા જ હોવાથી,...' 'જ્ઞાનચેતનામય હોવાને લીધે કેવળ જ્ઞાતા હોવાથી, શુભ અથવા અશુભ કર્મબંધને...'** આહાહા..! એ કરતો નથી. શુભ ને અશુભ કર્મને કરતો નથી અને તેના ફળને પણ **'કેવળ જાણે જ છે.'** શુભ-અશુભ કર્મબંધને જાણે છે. છે ખરા, શુભ-અશુભભાવ છે છતાં જ્ઞાનમય ચેતનની દૃષ્ટિ હોવાથી, જ્ઞાનમયમાં એ રાગનું કરવાપણું અને ભોગવવાપણું સંભવે નહિ. જ્ઞાનમય ચેતનામાં એ કેમ સંભવે? પ્રભુ! આહાહા..! ગજબ વાત છે. પણ અંતરનો વિશ્વાસ આવવો જોઈએ ને?

અંતરમાં હું એક ચૈતન્યમૂર્તિ જ્ઞાનમય છું. ભગવાન સ્વરૂપે હું છું. ભગવાન જે પર્યાયમાં– અવસ્થામાં થયા એ થયા કઈ રીતે? ક્યાંથી આવ્યા? ભગવાન સ્વરૂપ બહારથી આવ્યું છે? પોતે ભગવાન સ્વરૂપ જ છે, જ્ઞાનમય સ્વરૂપ ભગવાન (છે). આહાહા..! જ્ઞાનમય હોવાને લીધે કર્તા અને ભોક્તા તે તેનો હોતો નથી. તેનો જાણનાર રહે છે. છે? **'શુભ અથવા અશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે.'** કેવળ જાણે જ છે, આટલું કહ્યું. આહાહા..! ટીકામાં છે ને? **'शुभमशुभं वा केवलमेव जानाति'** 'एव' છે? 'एव' શબ્દ છે. આહાહા..! એક ભાવ પણ બરાબર જો સમજવામાં આવે તો બીજા બધા ભાવનો નિકાલ થઈ જાય. આહાહા..! પણ એકેય ભાવ સમજવામાં ઠેકાણા ન મળે, બધામાં ગોટાળા, ગોટો ઊભો કરે.

એક ભાવ સમજવામાં આવે કે, ભગવાન તો જ્ઞાનમય ચૈતન્યબિંબ છે. એ પોતે એનાથી વિરુદ્ધ ભાવને હોંશથી અને હરખથી કરે અને વેદે એ શી રીતે બને? આહાહા..! ભગવાન

આનંદમય છે, અતીન્દ્રિય આનંદમય છે. આનંદવાળો નહિ, આનંદમય છે. એવો પ્રભુ (છે). રાગ છે એ દુઃખરૂપ છે અને રાગની હોંશ કરવી, મેં આમ કર્યું, હરખ લાવવો એ પણ દુઃખ છે. આનંદમય આત્માના જ્ઞાનના પ્રેમમાં એનાથી વિરુદ્ધનું વેદનને કરવું એને હોઈ શકતું નથી. એ દુઃખને કરતો નથી, એમ કહે છે. રાગ એ દુઃખ છે. ચાહે તો દયાનો રાગ હોય પણ છે દુઃખ. ગજબ વાત છે. અરે..! પરમાત્માની ભક્તિનો રાગ દુઃખ છે. આહાહા..! આકુળતા છે. ભગવાન અનાકુળ સ્વરૂપ છે. એ અનાકુળ સ્વરૂપ, આનંદ સ્વરૂપ એવી જેને પોતાના અસ્તિત્વની હયાતીનો જ્યાં અનુભવ થયો કે મારી હયાતીમાં રાગ ને રાગનો રસ એ મારી હયાતીમાં નથી. તેથી તેનો હું જાણનાર અને દેખનાર છું. સમજાય છે? ઝીણું છે, ભાઈ! આહાહા..! બહારમાં ધમાધમ ચાલતી હોય. અહીં કાંઈ ધમાધમ થાતી નથી. કેટલા લાખો ખર્ચીને, 'લક્ષ્મીચંદભાઈ' નો કાગળ આવ્યો છે ને? શું કહેવાય ઇ? 'નાઈરોબી'. અગિયાર x દસ મારા તરફથી પણ પોતે લખ્યું છે, કે મને ઠીક નથી. છાતીમાં કાંઈક થાય છે. એ દવા કરાવવા જાવું પડશે. પૈસા શું કરે પણ? આહાહા..! જ્ઞેય છે. એક લાખ ને દસ હજાર આપ્યા. કાગળ આવ્યો છે. અને પોતે મૂર્તિ સ્થાપીને પાંચ લાખ અને પાંચ હજાર (આપ્યા). આહાહા..! ન્યાં તો લાખોની વાતું. એનું લખાણ આવ્યું મને કાંઈક થયું છે છાતીમાં, મને ઠીક નથી. ડૉક્ટર પાસે બતાવ્યું, જવું પડશે. આ ધૂળ. ધૂળમાં કઈ રીતે રહે? ધૂળ એ કાંઈ તારી સાવધાનીથી રહે નહિ. તું ધ્યાન રાખ તો રહે અને નહિતર (ન રહે). એમ નહિ. ધ્યાન રાખ તો પણ થવાનું હશે એ થશે. ધ્યાન ન રાખ તો પણ થવાનું હશે તે થશે. આહાહા..! જડની પર્યાય.. અહીં તો અંદર રાગ ને દયા, દાનના પરિણામને કરતો નથી ત્યાં જડની પર્યાયની વાત તો શું કરવી? આહાહા..! એની રાખે રહે અને એનું ધ્યાન કરે તો રહે, દવાથી રહે.. ધૂળેય રહે નહિ.

મુમુક્ષુ :- ધંધો કરવો હોય તો કાળજી રાખવી પડે.

ઉત્તર :- રાખ્યે રહેતા હશે? ભલે દવા કરે. એ તો જે સમયે જેની જે પર્યાય જે થવાની તે થવાની એને કોઈ રોકી શકે નહિ. એની તો અહીં વાતેય નથી કે શરીરને રાખે ને.. એ તો ત્રણકાળમાં બિલકુલ નથી. આહાહા..! ફક્ત અંદરમાં જ્ઞાનમય ને આનંદમય વસ્તુ છે એનાથી વિરુદ્ધ ભાવ તેનો પણ કર્તા ને ભોક્તા નથી. કેમકે જેને એ વિરુદ્ધ ભાવથી વિરુદ્ધ, જ્ઞાનમય આનંદનો સ્વાદ લીધો છે... આહાહા..! એ વિરુદ્ધ ભાવથી વિરુદ્ધ જ્ઞાનનો સ્વાદ લીધો છે એ સ્વાદમાં રાગનો સ્વાદ એને લાગતો નથી. આહાહા..! આવું છે. સાધારણને તો પાગલપણું લાગે, હોં! અજાણ્યા માણસ હોય, ઇ કહે કે, આ શું કહે છે? આખો દિ' આ કરીએ, દુકાનના ધંધા કરીએ, દુકાનને થડે બેઠા સાચવીએ. ધૂળેય સાચવતો નથી. સાંભળને! થડે બેસે કોણ? આહાહા..!

ભગવાન અંદર ચૈતન્યમય (છે) એવું જેણે જાણ્યું એને એના સ્વભાવથી વિરુદ્ધ ભાવ,

એક મ્યાનમાં બે તલવાર શી રીતે રહે? કર્તા ને ભોક્તા... અહીં અત્યારે ઇ વિવિક્ષા છે. છતાં નબળાઈને લઈને આવે છે, થાય છે, જાણે છે, મારી નબળાઈ છે પણ એ મારી ચીજમાં નથી. આહાહા..! મારી વસ્તુ જે અંદર છે એમાં આ નથી. આહાહા..! આવું ક્યારે બેસે? નવરાશ ન મળે. આહાહા..! આખો દિ' સંસારના કામ આડે ફુરસદ ન મળે ને આવી વાત સાંભળવા મળે નહિ.

મુમુક્ષુ :– સાંભળવા તો મળે છે પણ આવતો નથી.

ઉત્તર :– આ તો સંપ્રદાયમાં તો આ વાત છે જ નહિ. એ તો બધું જોયું છે ને! ન્યાં તો કરો, કરો ને કરો. આ વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો. પેલામાં એમ કહે, ભક્તિ કરો. સમ્મેદશીખરની, શેત્રુંજયની જાત્રા કરો. કરો.. કરો.. કરો.. અહીં કહે છે, કરોમાં મરો છે. કરવામાં કર્તવ્ય તરીકે મારું છે એમ માને છે ત્યાં આત્માનું મરણ છે. આહાહા..!

**'જ્ઞાનચેતનામય હોવાને લીધે કેવળ...'** કારણ આ મૂક્યું. ધર્મીજીવ **'જ્ઞાનચેતનામય હોવાને લીધે કેવળ જ્ઞાતા જ હોવાથી,...'** આહાહા..! જાણનાર રહેવાથી, જાણનાર રહેવાથી **'શુભ અથવા અશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે.'** એકલો ભિન્ન થઈને જાણે છે કે.. આહાહા..!

*** પ્રશ્ન :- આત્મા અનંત સ્વભાવવાન હોવા છતાં તેને જ્ઞાન માત્રપણે કેમ કહેવાય છે ? જ્ઞાન માત્ર કહેવાથી બીજા અન્ય ધર્મોનો નિષેધ સમજાય છે.**

**ઉત્તર :- લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્ય–આત્માનો નિર્ણય કરવા માટે આત્માને જ્ઞાનમાત્ર કહેલ છે. આત્મામાં અનંત ગુણ છે. તેમાં જ્ઞાન મુખ્ય છે તે વિશેષ ગુણ છે. ત્રણે કાળ આત્માનું લક્ષણ જ્ઞાન છે, તે અન્ય દ્રવ્યોમાં નથી. જાણવાનું કાર્ય પર્યાયથી છે, જ્ઞાનની પ્રસિદ્ધિ વડે, જાણનાર તે જ આત્મા એમ લક્ષ્યરૂપ આત્મા નિઃશંકપણે પ્રસિદ્ધ થાય છે. વ્યવહાર, રાગ, દયા ,દાન, ભક્તિ વડે આત્માની પ્રસિદ્ધિ થાય નહીં. કેમકે રાગાદિ ત્રિકાળી સ્વરૂપમાં રહેતા નથી. એક સમયમાત્ર રહીને તે ટળી જાય છે. તેથી તે સ્વલક્ષણ થઈ શકે નહિ, અનંત ધર્મમાં મુખ્ય જ્ઞાન છે, પરાશ્રય બુદ્ધિ છૂટી અંતર્મુખ થવામાં જ્ઞાન જ કારણ છે. ૬૩૭.**

**– પરમાગમસાર**

# ગાથા–૩૨૦

कुत एतत्?-

दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।
जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।।३२०।।

दृष्टिः यथैव ज्ञानमकारकं तथाऽवेदकं चैव।
जानाति च बन्धमोक्षं कर्मोदयं निर्जरां चैव।।३२०।।

यथात्र लोके दृष्टिर्दश्यादत्यन्तविभक्तत्वेन तत्करणवेदनयोरसमर्थत्वात् दृश्यं न करोति न वेदयते च, अन्यथाग्निदर्शनात्सन्धुक्षणवत् स्वयं ज्वलनकरणस्य, लोहपिण्डवत्स्वयमौष्ण्यानुभवनस्य च दुर्निवारत्वात्, किन्तु केवलं दर्शनमात्रस्वभावत्वात् तत्सर्वं केवलमेव पश्यति; तथा ज्ञानमपि स्वयं द्रष्टृत्वात् कर्मणोऽत्यन्तविभक्तत्वेन निश्चयतस्तत्करणवेदनयोरसमर्थत्वात्कर्म न करोति न वेदयते च, किन्तु केवलं ज्ञानमात्रस्वभावत्वात्कर्मबन्धं मोक्षं वा कर्मोदयं निर्जरां वा केवलमेव जानाति।

---

હવે પૂછે છે કે-(જ્ઞાની કરતો-ભોગવતો નથી, જાણે જ છે) એ કઈ રીતે? તેનો ઉત્તર દૃષ્ટાંતપૂર્વક કહે છે :–

જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.

ગાથાર્થ :– [ यथा एव दृष्टिः ] જેમ નેત્ર (દૃશ્ય પદાર્થોને કરતું-ભોગવતું નથી, દેખે જ છે), [ तथा ] તેમ [ ज्ञानम् ] જ્ઞાન [ अकारकं ] અકારક [ अवेदकं च एव ] તથા અવેદક છે, [ च ] અને [ बन्धमोक्षं ] બંધ, મોક્ષ, [ कर्मोदयं ] કર્મોદય [ निर्जरां च एव ] તથા નિર્જરાને [ जानाति ] જાણે જ છે.

ટીકા :– જેવી રીતે આ જગતમાં નેત્ર દૃશ્ય પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી, દૃશ્ય પદાર્થને કરતું નથી અને વેદતું નથી-જો એમ ન હોય તો અગ્નિને દેખવાથી, *સંધુક્ષણની માફક, પોતાને (નેત્રને) અગ્નિનું કરવાપણું (સળગાવવાપણું), અને લોખંડના ગોળાની માફક પોતાને (નેત્રને) અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય (અર્થાત્

* સંધુક્ષણ = સંધૂકણ; અગ્નિ સળગાવનાર પદાર્થ; અગ્નિ ચેતાવનારી વસ્તુ.

જો નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું હોય તો તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ અને નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ; પરંતુ એમ તો થતું નથી, માટે નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું નથી)-પરંતુ કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી તે સર્વને કેવળ દેખે જ છે; તેવી રીતે જ્ઞાન પણ, પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી, કર્મને કરતું નથી અને વેદતું નથી, પરંતુ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું) હોવાથી કર્મના બંધને તથા મોક્ષને, કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ જાણે જ છે.

ભાવાર્થ :– જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ દૂરથી જાણવાનો છે; માટે કરવું-ભોગવવું જ્ઞાનને નથી. કરવા-ભોગવવાપણું માનવું તે અજ્ઞાન છે. અહીં કોઈ પૂછે કે-'એવું તો કેવળજ્ઞાન છે. બાકી જ્યાં સુધી મોહકર્મનો ઉદય છે ત્યાં સુધી તો સુખદુઃખરાગાદિરૂપે પરિણમન થાય જ છે, તેમ જ જ્યાં સુધી દર્શનાવરણ, જ્ઞાનાવરણ તથા વીર્યાંતરાયનો ઉદય છે ત્યાં સુધી અદર્શન, અજ્ઞાન તથા અસમર્થપણું હોય જ છે; તો પછી કેવળજ્ઞાન થયા પહેલા જ્ઞાતાદૃષ્ટાપણું કેમ કહેવાય?' તેનું સમાધાન :– પહેલેથી કહેતા જ આવીએ છીએ કે જે સ્વતંત્રપણે કરે-ભોગવે, તેને પરમાર્થે કર્તા-ભોક્તા કહેવાય છે. માટે જ્યાં મિથ્યાદૃષ્ટિરૂપ અજ્ઞાનનો અભાવ થયો ત્યાં પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ થયો અને ત્યારે જીવ જ્ઞાની થયો થકો સ્વતંત્રપણે તો કોઈનો કર્તા-ભોક્તા થતો નથી, તથા પોતાની નબળાઈથી કર્મના ઉદયની બળજોરીથી જે કાર્ય થાય છે તેનો કર્તા-ભોક્તા પરમાર્થદૃષ્ટિએ તેને કહેવાતો નથી. વળી તે કાર્યના નિમિત્તે કાંઈક નવીન કર્મરજ લાગે પણ છે તોપણ તેને અહીં બંધમાં ગણાવમાં આવતી નથી. મિથ્યાત્વ છે તે જ સંસાર છે. મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે. સમુદ્રમાં બિંદુની શી ગણતરી?

વળી એટલું વિશેષ જાણવું કે-કેવળજ્ઞાની તો સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપ જ છે અને શ્રુતજ્ઞાની પણ શુદ્ધનયના અવલંબનથી આત્માને એવો જ અનુભવે છે; પ્રત્યક્ષ-પરોક્ષનો જ ભેદ છે. માટે શ્રુતજ્ઞાનીને જ્ઞાન-શ્રદ્ધાનની અપેક્ષાએ તો જ્ઞાતાદૃષ્ટાપણું જ છે અને ચારિત્રની અપેક્ષાએ પ્રતિપક્ષી કર્મનો જેટલો ઉદય છે તેટલો ઘાત છે તથા તેને નાશ કરવાનો ઉદ્યમ પણ છે. જ્યારે તે કર્મનો અભાવ થશે ત્યારે સાક્ષાત્ યથાખ્યાત ચારિત્ર થશે અને ત્યારે કેવળજ્ઞાન થશે. અહીં સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે મિથ્યાત્વના અભાવની અપેક્ષાએ કહેવામાં આવે છે. જ્ઞાનસામાન્યની અપેક્ષા લઈએ તો તો સર્વ જીવ જ્ઞાની છે અને વિશેષ અપેક્ષા લઈએ તો જ્યાં સુધી કિંચિત્માત્ર પણ અજ્ઞાન રહે ત્યાં સુધી જ્ઞાની કહી શકાય નહિ-જેમ સિદ્ધાંતમાં ભાવોનું વર્ણન કરતાં, જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી અર્થાત્ બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે. માટે અહીં જે જ્ઞાની-અજ્ઞાનીપણું કહ્યું તે સમ્યક્ત્વ-મિથ્યાત્વની અપેક્ષાએ જ જાણવું.

## ગાથા–૩૨૦ ઉપર પ્રવચન

હવે ૩૨૦ ગાથા. બહુ ઊંચી છે. આ તો વંચાઈ ગઈ છે. 'જયસેનાચાર્યદેવ' ની ટીકા. હવે આજે આમાંથી લેવાનું છે. **'હવે પૂછે છે કે–(જ્ઞાની કરતો-ભોગવતો નથી, જાણે જ છે) એ કઈ રીતે?'** એ તમે આ શું કહ્યું? રાગ છે, પુણ્ય છે, પાપ છે, ભાવ થાય છે અને તમે કહો છો કે એનો કર્તા ને ભોક્તા નથી. કઈ રીત છે આ? કઈ પદ્ધતિથી તમે કહેવા માગો છો? શું છે તે આ? આહાહા..! જ્ઞાની કરતો-ભોગવતો નથી અને જાણે જ છે, આહા..! એ કઈ રીતે? એમ પ્રશ્નકારનો (પ્રશ્ન છે). પ્રશ્નકારને ખ્યાલમાં આવ્યું કે આ આમ કહે છે. કાઢી નથી નાખ્યું, સાંભળીને કાઢી નથી નાખ્યું, ખ્યાલમાં લઈ લીધું કે જ્ઞાની જ્ઞાનચેતનામય હોવાથી રાગ દયા, દાન આદિના ભાવને કરતો, ભોગવતો નથી. પ્રભુ! હું પૂછું છું, એ કઈ રીતે? એનો કોઈ દૃષ્ટાંત (છે) કે અમને સમજાય? એમ પૂછે છે. જુઓ! **'તેનો ઉત્તર દૃષ્ટાંતપૂર્વક કહે છેઃ–'** આવા પ્રશ્નકારને સમજવું છે માટે દૃષ્ટાંત દઈને તેને સમજાવે છે. ૩૨૦.

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।।३२०।।**

**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.**

આહાહા..! પ્રભુ તો એકલો જ્ઞાનમય છે ને! એ જ્ઞાન શું કરે? કહે છે, કે એ તો મોક્ષને પણ કરતું નથી. આહાહા..! જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે, એકલી પ્રજ્ઞાચક્ષુ છે એ તો જાણવું-દેખવું, જાણવું-દેખવું, જાણવું-દેખવું એની દશા થયા કરે. આહાહા..!

**ટીકા :– 'જેવી રીતે આ જગતમાં નેત્ર દૃશ્ય પદાર્થથી...'** આ જે આંખ છે, જેને આંખ દેખે છે એનાથી **'અત્યંત ભિન્નપણાને લીધે...'** આંખ છે એનું જે દૃશ્ય છે–દેખાવાલાયક (છે) એનાથી તો આ નેત્ર ભિન્ન છે. અગ્નિ જે છે, અગ્નિ દેખે ત્યારે અગ્નિમય થઈ જાય છે? બરફ દેખે તો કાંઈ ઠંડું થઈ જાય છે? એ નેત્ર તો ફક્ત દૃશ્ય પદાર્થથી અત્યંત ભિન્ન. પહેલો દાખલો સિદ્ધ કરે છે.

જેમ આંખ **'દૃશ્ય પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...'** આંખ અગ્નિને કરે અને અગ્નિને જાણતા વેદે (તેનો) અભાવ છે. આહાહા..! અગ્નિનું કરવું અને અગ્નિનું વેદવું એ આંખનું કામ નથી. આહાહા..! આંખ, કહે છે, દેખનાર આંખ દૃશ્ય જે દેખાય તેની સાથે રહી છે. આ તો સમજાય એવી વાત છે. આંખમાં જે

દેખાય છે આ.. આ.. એ જે દેખે છે, આંખ દષ્ટ છે અને આ દેખાય છે તે બીજી ચીજ છે, એનું દશ્ય (છે). આહાહા..! આંખ જેને દેખે છે તેનાથી તો આંખ અત્યંત ભિન્ન છે. આહાહા..! આંખ જેને દેખે છે, સર્પ દેખે, અગ્નિ દેખે, વીંછી દેખે (તો) સર્પ ને વીંછીનું આંખમાં ઝેર ચડી જાય? આહાહા..!

**'જગતમાં નેત્ર દશ્ય પદાર્થ...'** આંખથી દેખવાલાયક પદાર્થ. એનાથી **'અત્યંત ભિન્નપણાને લીધે...'** આહાહા..! આંખ અગ્નિને જોવે, પાણીનો ધોધ ચાલતો હોય અને હેઠે કાદવ થાય અથવા ખાડો પડે (એને) જ્ઞાન જોવે કે એના કાનમાં પડે ક્યાંય? આહાહા..! દેખનારી ચીજને દેખનારો, દેખનારી ચીજથી તો દેખનારું નેત્ર જુદું છે. આહાહા..! અત્યંત ભિન્ન પાછું, એમ. એકલું જુદાપણું નહિ. આંખ છે એ અગ્નિને દેખે, વીંછીને દેખે, સર્પને દેખે પણ એનાથી તો ભિન્ન છે. આહાહા..!

**'તેને કરવા-વેદવાને અસમર્થ...'** છે. આંખ જેને દેખે છે તેને કરવા ને વેદવા માટે અસમર્થ છે. કેમ કે જેને દેખે છે એ આંખથી અત્યંત જુદી ચીજ છે. આંખથી જુદી ચીજ છે એ આંખ બીજાને કરવું, ભોગવવું કેમ કરી શકે? આંખ દેખે ખરું (કે) આ ચીજ છે. પણ એ અત્યંત ભિન્ન હોવાથી એ આંખ એને–અત્યંત જુદું છે એને કરે, વેદે એમ કેમ થાય? આહાહા..! આ તો પેલા કહેતા, બાવા થઈએ તો સમજાય. અહીં તો કહે છે, બાવો જ છે, સાંભળને જ્ઞાનમય ચીજ છો, રાગાદિ સર્વથા બીજી ચીજનો અભાવ છે, તો બાવો છો તું. પરનો ત્યાગ ઇ અભાવ છે. આહાહા..! જ્ઞાનમાં પરનો ત્યાગ જ છે. પરનો ભોગ પણ નથી અને કર્તાપણું નથી. આહાહા..!

**'અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી, દશ્ય પદાર્થને કરતું નથી...'** આંખ જેને દેખે એને કરતું નથી. કેમ કે દેખાનાર જે ચીજ છે એનાથી પ્રભુ આંખ તો જુદી છે. તો જુદી આંખ એને શું કરે? આહાહા..! પાણીના એકદમ ધોધ પડતા હોય (એને) આંખ દેખે. એ ધોધને અટકાવે? હેઠે ખાડો પાડીને ધોધને ઝીલે? જે અત્યંત ભિન્ન ચીજ છે એને આ આંખ કરે શું? આહાહા..! આ તો લૌકિક સાદો દાખલો આપ્યો. **'દશ્ય પદાર્થને કરતું નથી અને વેદતું નથી...'** આંખ છે એ જેને દેખે છે એ તો ચીજ છે, હવે છે એને કરે શું? અને જે ભિન્ન છે તેને વેદે શું? આહાહા..!

**'જો એમ ન હોય...'** આંખ છે એ દશ્ય પદાર્થને દેખે છે છતાં તે ચીજને તે આંખ કાંઈ કરી શકે નહિ અને તે આંખ તેને કાંઈ વેદી શકે નહિ, એવું તને આંખ અને પદાર્થ વચ્ચેની અત્યંત ભિન્નતા નજરમાં દેખાય છે. આહાહા..! જેમાં અત્યંત ભિન્નતા એવી આંખ, તને પ્રત્યક્ષ દેખાય છે, એ જેને દેખે છે તેની સાથે એકમેક કેમ થાય? તેનો કર્તા કેમ થાય? કેમ કે જે દેખાય છે એ તો જુદી ચીજ છે. જુદી ચીજ જુદી ચીજની કર્તા-ભોક્તા કેમ થાય? આહાહા..! ઝીણી વાતું છે, ભાઈ!

**'જો એમ ન હોય તો અગ્નિને દેખવાથી,...'** જોયું? અગ્નિ તો આંખથી દેખવાલાયક છે. આંખ દેખે. **'જો એમ ન હોય તો અગ્નિને દેખવાથી, સંધુક્ષણની માફક,...'** અગ્નિ સળગાવનાર પદાર્થ છે ને? અમે 'પેટલાદ'માં જોયું હતું. અગ્નિ આમ થાય, સંધુક્ષણમાં અગ્નિ (ભૂકે). રાંધવા પહેલા અગ્નિ ન હોય તો સંધુક્ષણ મૂકે છે ને? ઝીણો ઝીણો ભૂકો. છાણામાં ભૂકો કરીને સંધુક્ષણ મૂકે. .. અગ્નિ ચૂલામાં દાબીને રાખે પછી જ્યારે રાંધવું હોય ત્યારે એને ખોલે, એમાં રાંધે. કેટલાક એ સંધુક્ષણ નવું કરે. છાણામાં ઝીણો ભૂકો (કરી) એમાં અગ્નિ મૂકે. તો કહે છે, કે આંખ એને દેખે છે કે એને લઈને આંખ બળે છે? આહાહા..! સંધુક્ષણ લીધો છે.

અહીં તો બેય વાત છે. બધાને ઘરે હોય નહિ. કેટલાક તો અગ્નિ દાબી રાખે. જ્યારે રાંધવું કરવું હોય ત્યારે રાખ કાઢી નાખે. આ તો કહે છે, અગ્નિ નથી એમાંથી સંધુક્ષણ કરે છે. છાણામાં ઝીણો ભૂકો (કરીને) એમાં અગ્નિ લગાવે. તેથી આંખ બળે? આંખ દેખે કે આમ થાય છે. આહાહા..! કેમ કે જે દેખાય છે તેનાથી તો જુદી છે. એકબીજામાં અત્યંત અભાવ છે. ભાવમાં ભાવ વચ્ચે અડવું કેમ બની શકે? એક ચીજ ને બીજી ચીજ વચ્ચે તો અત્યંત અભાવ છે. એમાં એક ચીજ બીજી ચીજને અડીને ભોગવટાનું કાર્ય કરી શકે નહિ. ખરેખર તો આ સાકર ને મેસૂબ ને રોટલા, દાળ, ભાત આત્મા ખાતો નથી. ફક્ત તેને દેખી અને ઠીક લાગે તો રાગ કરે અને ઠીક ન લાગે તો 'આ દાળ બરાબર સરખી થઈ નથી, ચૂરમું બરાબર થયું નથી, ફલાણું થયું નથી' એમ દ્વેષ કરે, તો દ્વેષને વેદે. ઠીક છે એમ જાણીને રાગ કરે તો રાગને વેદે. પણ કાંઈ દાળ, ભાત, શાક, રોટલી ખવાતી હશે? આત્મા ખાય? આહાહા..! આખો દિ' કામ કરે અને કહે, એને કરતો નથી. આહાહા..! માન્યું છે અજ્ઞાનીએ. પોતાની ચીજ અંદર જ્ઞાન, નેત્રની પેઠે જુદી પડી છે. એ નેત્ર જેમ પર અગ્નિને સળગાવે? એમ બને?

**'અગ્નિને દેખવાથી, સંધુક્ષણની માફક,...'** અગ્નિ સળગાવનાર. એમ આંખ એને સળગાવે. જેમ અગ્નિ સળગાવનાર સળગાવે છે ને? એમ આંખ આને સળગાવે એમ બને? અત્યંત ભિન્ન છે માટે સળગાવી ન શકે **'પોતાને (નેત્રને) અગ્નિનું કરવાપણું (સળગાવવાપણું),...'** નથી. **'અને લોખંડના ગોળાની માફક...'** લોઢાનો ગોળો જ્યારે ઊનો થાય છે ત્યારે એ ઉષ્ણ છે પણ આંખ એને દેખે એટલે કાંઈ આંખમાં વેદાય છે? લોઢાનો ગોળો ઊનો થયો તો આંખે દેખ્યું કે, ઊનો થયો, પણ આંખ ઊનાને વેદે? એ લોઢાનો ગોળો અગ્નિને વેદે છે. આહાહા..! આવી વાતું હવે.

મુમુક્ષુ :– આ બધી વાત સમજવા જેવી છે.

ઉત્તર :– વસ્તુ તો આ છે, ભાઈ! અત્યારે ચાલતો નથી પ્રવાહ. પ્રવૃત્તિમાં એકદમ રોકાઈને જિંદગી ચાલી જાય છે. આહા..! અને એ બધા કરવા ને ભોગવવાના ભાવમાં

મિથ્યાત્વને સેવે છે. મિથ્યાત્વનું સેવન છે. મિથ્યાત્વ છે તે અનંતા ભવનો ગર્ભ છે. એ મિથ્યાત્વમાં અનંતા ભવ થવાની તાકાત છે. આહાહા..! એનાથી ચેતતો નથી અને ખબર પણ કરતો નથી. આહાહા..!

**'લોખંડના ગોળાની માફક પોતાને (નેત્રને) અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય...'** લોઢાનો ગોળો ઊનો થયો એટલે અગ્નિને અનુભવે છે. એમ આંખ બીજાને દેખતા એનું વેદન આવે તો આંખ બળી જાય. અગ્નિનું વેદન અહીં આવે તો આંખ બળી જાય. આહાહા..! દાખલો છે કાંઈ! કેટલું સ્પષ્ટ કર્યું! **'(અર્થાત્ જો નેત્ર દશ્ય પદાર્થને કરતું-વેદતું હોય તો તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ...'** નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ. આહાહા..! **'અને નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ;...'** આહા..! ન્યાં અગ્નિનો મોટો ઢગલો થાય. હડ.. હડ.. હડ મકાન સળગે છે ને? આંખ દેખે. આંખ દેખે તો એને કરે છે? આંખ એને ઠારી શકે છે? આહાહા..! આંખ તો જોવે. પેલા નળવાળા આવીને પાણી છાંટે તો આંખ તો જોવે. કરે છે કાંઈ? તેમ એને વેદે છે?

**'નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ અને નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ; પરંતુ એમ તો થતું નથી, માટે નેત્ર દશ્ય પદાર્થને કરતું-વેદતું નથી...'** આહાહા..! આંખ છે તે દશ્યને કરતું-વેદતું નથી. કેમ કે દર્શન સ્વભાવવાળી ચીજ પર ચીજને કરે, વેદે એ ક્યાંથી આવે? આહાહા..! આ તો હજી દષ્ટાંત છે. માટે નેત્ર તો કેવળ દેખે જ છે. આહાહા..! **'(નેત્ર દશ્ય પદાર્થને કરતું-વેદતું નથી)–પરંતુ કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું...'** કોણ? આંખ. એ તો દેખવાના સ્વભાવવાળી છે. કોઈના કરવા ને ભોગવવાના સ્વભાવવાળી નથી. આહાહા..! આવી વાતું. પકડવું કઠણ, મુંઝાય. પેલી સહેલીસટ (વાત હતી). એકેન્દ્રિયની દયા પાળો, આનું કરો, દયા પાળો, પૈસા આપો. આહાહા..! મૂર્તિ પધરાવી (એમાં) પાંચ-સાડા પાંચ લાખ આપ્યા. 'લક્ષ્મીચંદભાઈ' એ એક મૂર્તિ પધરાવવાના સાડા પાંચ લાખ (આપ્યા). પૈસા ઘણા. એમાંથી કાંઈ પૈસા એણે આપ્યા છે? આંખ તો પૈસા આવ્યા કે ગયા એ દેખે, જાણે.

અહીં તો કહેશે, આંખ દર્શનસ્વભાવવાળું હોવાથી. આંખ છે એ કેવળ દર્શનસ્વભાવી (છે). આંખની વાત કરે છે. ભગવાનમાં એમ લેશે, કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળો છે. એ આત્માનું પછી કહેશે. અત્યારે તો હજી આંખની વાત ચાલે છે. **'કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી,...'** કોણ? આંખ–નેત્ર **'તે સર્વને કેવળ દેખે જ છે;...'** આહાહા..! આંખ દર્શનસ્વભાવવાળું હોવાથી કેવળ બીજાને દેખે છે–આ સિદ્ધાંત સિદ્ધ કર્યો. આંખનો દર્શન સ્વભાવ હોવાથી દશ્ય પદાર્થને દેખે છે. દશ્ય પદાર્થને કરે ને વેદે એ દર્શનસ્વભાવવાળું નેત્ર કરી શકે નહિ. આહાહા..!

**'તેવી રીતે...'** હવે જ્ઞાન–આત્મા લેવો છે. પેલો દાખલો હતો. જ્ઞાન એટલે આત્મા પણ, **'પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી,...'** જ્ઞાન તો દેખનાર છે. જે કંઈ બને ને ઉત્પન્ન થાય અને બળે કે નાશ થાય, આહાહા..! એને તે દેખનાર છે. છોકરો ઉત્પન્ન થાય અને

છોકરો મરી જાય એને જ્ઞાન જાણે અને દેખે છે. આહાહા..! એ છોકરાને ઉત્પન્ન કરી શકતો નથી તેમ રાખી શકતો નથી. બળીને મરી ગયો તો તારે કારણે કાંઈ નથી. એને વેદી શકતો નથી. આહાહા..! દુઃખને લઈને આમ તરફડિયા મારતો હોય, જીવતો હોય. એની માં જોવે, કાંઈ કરી શકે? આહા..!

**'જ્ઞાન પણ, પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે...'** પેલી આંખથી બીજી ચીજ અત્યંત ભિન્ન હતી. એમ આ કર્મથી અત્યંત ભિન્ન (છે). ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી.. આહાહા..! કર્મથી અત્યંત ભિન્ન (છે). પછી કર્મથી રાગ થાય કે દ્વેષ થાય કે હરખ થાય, એ બધાથી ભિન્ન. આહાહા..! આંખ જેમ પરથી ભિન્ન એને દેખે, જાણે છતાં પરનું કાંઈ કરી શકે નહિ. એમ આ જ્ઞાન, કર્મથી ભિન્ન આત્મા અને એનાથી ભિન્ન કર્મ, એમ જાણે. **'કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે...'** આહાહા..! અહીં તો કહે છે, કે કર્મથી તો આત્મા અત્યંત ભિન્ન છે. કર્મ અને આત્મા બે વચ્ચે અત્યંત અભાવ છે. ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવવાળું તત્ત્વ... આહાહા..! એ અત્યંત ભિન્ન તત્ત્વ છે **'તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...'** આહાહા..! એ જ્ઞાનતત્ત્વ આ હાથને હલાવવાને અસમર્થ છે. આંખની પાંપણ ફેરવવાને અસમર્થ છે. કેમ કે એ જ્ઞાનસ્વભાવવાળું જે પદાર્થ જણાય એનાથી ભિન્ન છે. ભિન્ન એને કરે શું? અડ્યા વિના કરે શું? અડતું નથી એને જ્ઞાન. આહાહા..! ભારે વાત, ભાઈ!

**'અત્યંત ભિન્નપણાને લીધે,...'** કોણ? આંખની માફક જ્ઞાન. આત્માનું જ્ઞાન અથવા આત્મા. **'અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી, કર્મને કરતું નથી અને વેદતું નથી,...'** આહાહા..! પેલાને કહ્યું હતું ને? કેવળ દર્શનસ્વભાવવાળું નેત્ર. આ છે એ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું (તત્ત્વ છે). આત્માનો કેવળ જ્ઞાન સ્વભાવ છે. જાણે-દેખે એવો એનો સ્વભાવ છે. બાકી કોઈનું કરવું એનો સ્વભાવ નથી. આખો દિ' આ દુકાને બેસે, ધંધા કરે. અમે કર્યા, અમે કર્યા, અમે કર્યા... આહાહા..!

મુમુક્ષુ :- સલાહ તો આપે ને?

ઉત્તર :- કોણ સલાહ આપે? સલાહ ભાષાથી, આત્મા જુદો છે. ભાષાથી જ્ઞાનતત્ત્વ જુદું છે. જુદો જુદાનું કરે શું? ભાષા શી રીતે કરી શકે? આહા..! સલાહ પણ કોણ આપે? આહાહા..!

કેવળ જ્ઞાનમાત્ર, પાછું જોયું? પેલામાં-આંખમાં દર્શનમાત્ર સ્વભાવ હતો. **'કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું) હોવાથી કર્મના બંધને...'** આહાહા..! કર્મ બંધાય તેને પણ ભિન્ન રહીને જાણે અને મોક્ષને પણ ભિન્ન રહીને જાણે. આહાહા..! એ મોક્ષને, બંધને કરતો નથી. આહાહા..! જ્ઞાન ભગવાન બંધને, મોક્ષને કરતો નથી. **'કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ જાણે જ છે.'** વિશેષ વાત આવશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૩૮૮ ગાથા-૩૨૦ શુક્રવાર, મહા સુદ ૭, તા. ૦૮-૦૨-૧૯૮૦**

'સમયસાર', ૩૨૦ ગાથા. હવે શિષ્ય પૂછે છે. એનો અર્થ એ છે, કે જેને ગરજ છે સાંભળવાની ઇ પૂછે છે. સાંભળવા ખાતર સાંભળવા આવવું એ જુદી ચીજ છે અને પોતાના આત્મા માટે સાંભળવું એ વાત કહે છે. **'હવે પૂછે છે કે-(જ્ઞાની કરતો-ભોગવતો નથી),...'** એમ અંતર જિજ્ઞાસા થઈ છે કે ધર્મી રાગાદિ-દ્વેષાદિને કરતો નથી ને ભોગવતો નથી, **'(જાણે જ છે) એ કઈ રીતે?'** એની રીત શું છે? એનો પ્રકાર શું છે? એમ જાણવા જિજ્ઞાસા છે. **'તેનો ઉત્તર દૃષ્ટાંતપૂર્વક કહે છે :-'** જેની આ સાંભળવાની જિજ્ઞાસા છે એને અહીંયાં ઉત્તર દેવામાં આવે છે, એવી શૈલી કહી છે.

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।।३२०।।**

**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.**

**ટીકા :-** પહેલો દૃષ્ટાંત આપે છે. પૂછવાનું શું છે, કે આત્મા આ બધું કરે છે, વેદવામાં આવે છે, આ બધું દેખાય છે અને તમે કહો છો કે આત્મા કરે નહિ ને વેદે નહિ. પરને કરે નહિ ને રાગને વેદે નહિ. આ શું ચીજ? આ શું એની આશ્ચર્યતા? એનો સ્વભાવ આવો વિસ્મયકારી શું છે? એમ શિષ્યને જાણવાની જિજ્ઞાસા થઈ છે એને કહે છે.

**'જેવી રીતે આ જગતમાં...'** પહેલું જગત સિદ્ધ કર્યું, આ જગત છે. **'આ જગતમાં...'** અસ્તિ સિદ્ધ કરી, જગતની હયાતી સિદ્ધ કરી. એમાં **'નેત્ર દૃશ્ય પદાર્થથી અત્યંત...'** નેત્ર જે આંખ છે, એ દેખવા યોગ્ય **'પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે...'** આંખ જેને દેખે છે એ દેખનાર પદાર્થથી આંખ તો અત્યંત ભિન્ન છે. **'અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...'** સિદ્ધાંત આ કહ્યો. આંખ દરેક પદાર્થને અત્યંત ભિન્ન, દરેક પદાર્થથી આંખ ભિન્ન (છે). એ આંખ ભિન્નને કરે ને વેદે કેમ? પોતામાં હોય તેને કરે ને વેદે પણ પરને કરે ને વેદે (નહિ કેમ કે) એ તો અત્યંત ભિન્ન છે. જેને આંખ અડતી પણ નથી, એને કરે-ભોગવે એ કેમ બને?

તે **'અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...'** આંખ જગતની ચીજને દેખે છતાં આંખથી જગતની ચીજ કાંઈ કરાય નહિ, તેમ ભોગવાય નહિ. **'દૃશ્ય પદાર્થને કરતું નથી...'** એ દેખવાયોગ્ય પદાર્થને આંખ કરતું અને વેદતું નથી. આહાહા..! **'જો એમ ન હોય તો...'** આંખ જો કરે ને વેદે તો, કરતું ને વેદતું ભિન્નથી ભિન્ન પદાર્થને ભિન્નતા નથી અને કરતું-ભોગવતું હોય તો **'અગ્નિને દેખવાથી, *સંધુક્ષણની માફક,...'** અગ્નિ

સળગાવનાર, અગ્નિ ચેતાવનાર અગ્નિ ચેતે છે, એનાથી અગ્નિ ચેતાય છે.

એમ **'પોતાને (નેત્રને) અગ્નિનું કરવાપણું...'** આંખને સળગાવવાપણું આવે. જેમ સંધુક્ષણ અગ્નિને સળગાવે છે એમ આંખને પરથી ભિન્ન છે છતાં એને કરે ને વેદે તો સળગાવવાપણું આવે, તો આંખને સળગાવવાપણું (આવે). આંખ આમ પડે ત્યાં બીજું સળગવું જોઈએ. આંખને સળગાવવાપણું આવે. **'અને લોખંડના ગોળાની માફક પોતાને (નેત્રને) અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય...'** આંખ ભિન્ન ચીજને દેખવામાત્રથી એને ભોગવે તો લોઢાનો ગોળો જેમ અગ્નિમાં ઉષ્ણ થઈ જાય છે એમ આંખ પણ અગ્નિમાં અગ્નિમય થઈ જાય. આહાહા..! **'અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય...'** આંખને ભિન્ન ચીજને અનુભવવાનો ભાવ આવી જાય.

**'(અર્થાત્ જો નેત્ર દશ્ય પદાર્થને કરતું-વેદતું હોય...'** આંખ છે એ બીજી ચીજને. આહાહા..! કોઈ પણ ચીજને કરતું ને વેદતું હોય **'તો તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ...'** આંખ વડે અગ્નિ થવી (જોઈએ). સંધુક્ષણ જેમ કરે છે એમ આંખ આમ કરે ત્યાં અગ્નિ થવી જોઈએ. જો અગ્નિ અને એ ભિન્ન પદાર્થ એને આવો સંબંધ હોય તો આંખ આમ થાય ત્યાં, ત્યાં સળગવું જોઈએ. **'જો નેત્ર દશ્ય પદાર્થને કરતું-વેદતું હોય તો તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ...'** આંખ વડે કરીને અગ્નિ થવી જોઈએ. જેમ ઓલો સંધુક્ષણ અગ્નિને સળગાવે છે તેમ આમ જ્યાં આંખ પડે ત્યાં સળગવું જોઈએ. આહા..!

**'અને નેત્રને અગ્નિની ઉષ્ટતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ;...'** આંખ છે એ દેખે છે અગ્નિને પણ અગ્નિનો અનુભવ નહિ. જો એમાં એકાકાર થાય તો અનુભવ થાય. એ તો ભિન્ન ચીજ છે. આંખ અને જે ચીજ અગ્નિ છે એ તો ભિન્ન છે. ભિન્નને અગ્નિ કરે પણ નહિ અને ભિન્નને અગ્નિ વેદે પણ નહિ. આ તો હજી દૃષ્ટાંત છે. આહાહા..! **'પરંતુ એમ તો થતું નથી,...'** આંખથી સળગતું નથી ને આંખ પરને વેદતી નથી. **'નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ; પરંતુ એમ તો થતું નથી, માટે નેત્ર દશ્ય પદાર્થને કરતું-વેદતું નથી...'** આંખ છે તે દેખવા યોગ્ય પદાર્થને, દેખવા યોગ્ય એટલો સંબંધ ખરો પણ એ ઉપરાંત એને સળગાવે કે બાળે તો તો પોતે જ અગ્નિમય થઈ જાય. આંખ અગ્નિમય થઈ જાય, બળી જાય. અને આંખ કરે તો આમ આંખ પડે ન્યાં અગ્નિ થવી જોઈએ. આહાહા..! **'પરંતુ એમ તો થતું નથી, માટે નેત્ર દશ્ય પદાર્થને કરતું-વેદતું નથી...'** આંખ દેખવા યોગ્ય પદાર્થને, દેખવા યોગ્ય પદાર્થનો સંબંધ રાખ્યો પણ એ ઉપરાંત એને સળગાવે ને બાળે એમ થઈ શકે નહિ.

**'પરંતુ કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી...'** આંખ તો **'કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી તે સર્વને કેવળ દેખે જ છે;...'** આ દૃષ્ટાંત કહ્યો. આંખ તો બધી ચીજને દેખે જ છે. કોઈ ચીજને કરતો નથી, કોઈ ચીજને બાળતો નથી ને કોઈ ચીજથી બળતું નથી. અગ્નિથી આંખ બળતી નથી, અગ્નિને આંખ કરતી નથી. આહાહા..!

**'તેવી રીતે...'** એ તો દૃષ્ટાંત હતો, હવે સિદ્ધાંત આત્મા ઉપર ઉતારે છે. **'જ્ઞાન...'** એટલે આત્મા. આત્મા એટલે જ્ઞાનસ્વભાવ, આત્મા એટલે જ્ઞાનસ્વરૂપ. નેત્ર જેમ અગ્નિને સળગાવે નહિ અને અગ્નિથી બળે નહિ એમ આત્મા પણ.. આહાહા..! **'પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી,...'** દેખનાર છે, વ્યવહારથી પરને દેખનાર છે. આંખ જેમ પરને દેખે છે એમ આત્મા પરને દેખે ખરો. જે કાળે જે ચીજ છે તે કાળે તે આંખ દેખે, તેમ આત્મા પણ તેને દેખે ખરો. આહાહા..! દેખવા ઉપરાંત કરવું ને વેદવું એનામાં હોતું નથી. દેખવાનો સંબંધ છે એક વાત તો લીધી. આંખ દેખે છે એ અગ્નિને કરતી નથી, એમ આત્મા દેખે છે એવું તો છે, દેખતો નથી એમ નથી. આહાહા..!

આત્મા એટલે જ્ઞાન પણ **'પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી,...'** એટલું લીધું. જ્ઞાન પરને દેખે છે એટલું લીધું. જો કે પરને દેખે છે એ હજી વ્યવહાર છે. છતાં એટલો સંબંધ લીધો. તો જેમ પરને દેખે છે એવો વ્યવહાર છે તો પરને કરે એવો પણ વ્યવહાર હોવો જોઈએ. આહાહા..! કે એમ નથી. આહાહા..! આંખને દેખવાનો સંબંધ છે એથી કાંઈ આંખ બીજાને સળગાવે કે બીજાને વેદે? એમ આત્મા(ને) દેખવાનો સંબંધ છે. આહાહા..! આટલું તો લીધું. **'દેખનાર હોવાથી,...'** આહા..! **'(નેત્રની માફક) દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે...'** જેમ અગ્નિ પરપદાર્થથી ભિન્ન છે. એને દેખે છતાં તેનાથી સળગે ને બળે નહિ. એમ આત્મા કર્મને દેખે ખરો. આહાહા..!

**'કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે...'** એકલું ભિન્ન ન લીધું. પ્રભુ! ચૈતન્ય જ્ઞાન સ્વરૂપ ભગવાન પરપદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે, દેખનાર હોવા છતાં, આટલી વાત છે. પેલામાં આવ્યું હતું કે, એક(નું) જ્યારે પોતે કરે છે તો પછી ભેગું પરનું પણ કરે. કરે છે ને? પોતાનું કર્યા વિના રહે છે? એ આવી ગયું હતું. કરે છે તોપણ પરને તો કરતું-ભોગવતું નથી. પોતાના પરિણામને ભલે કરે ને ભોગવે. આહાહા..! એ અહીં નિર્મળ પરિણામને કરે ને ભોગવે એની વાત છે, મલિનની વાત નથી.

આત્મા નેત્રની માફક પરની સાથે દેખવાના સંબંધમાત્રથી પરને દેખે માટે પરનું કાંઈ કરે, પરનું દેખવું એવો તો એનો સંબંધ છે પણ દેખવું સંબંધ છે માટે કાંઈ કરે (એમ નથી). આહાહા..! હાથને હલાવે, પગને હલાવે, આંખને હલાવે, બોલે. જે ચીજ છે એને દેખે છે તો દેખવા છતાં જે ચીજ દેખે તે જ દેખે બરાબર, તેના પરિણામમાં તે જ દેખવાનું બરાબર આવે. એવું હોવા છતાં. આહાહા..! તે દેખનાર હોવા છતાં કર્મને કરતું નથી. આહાહા..! રાગાદિ, કર્મ આદિને કરતું નથી. કરતું નથી કીધું. કેમ કરતો નથી એમ ન કીધું? જ્ઞાન કહ્યું ખરું ને. જ્ઞાન એટલે આત્મા. એટલે જ્ઞાન આમ દેખવાનો-જાણવાનો સંબંધ એટલો કહીએ છીએ છતાં દેખવામાત્ર ઉપરાંત એને કરવા અને વેદવાનું **'અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...'** આહાહા..! જીવ જ્ઞાનસ્વરૂપ હોવાથી એને કર્મનો

ઉદય થાય એને દેખે. દેખવાના સંબંધમાત્રથી કર્મના ઉદયને વેદે કે કરે એવું નથી. આહાહા..! હજી તો ચાર બોલ લેશે.

**'કર્મને કરતું નથી અને વેદતું નથી,...'** આહાહા..! કર્મ પરને જાણવા દેખવાના સંબંધ હોવા છતાં પરને કરતું અને વેદતું બિલકુલ નથી. આહાહા..! આ બધું આખો દિ' આ ધંધો-વેપાર ધમાલ ચાલે છે ને? દુકાન ઉપર બેઠો. કહે છે, કે આત્માને ને એને દેખવામાત્રનો સંબંધ છે. દેખવા ઉપરાંત એને કરવા ને વેદવાનો બિલકુલ સ્વભાવ નથી. આહાહા..! આંખ જેમ અગ્નિને કાંઈ કરતું નથી, એમ ભગવાનઆત્મા કર્મ અને કર્મથી મળેલી ચીજો એ કોઈ ચીજને, કર્મને કરતો-ભોગવતો નથી તો પરની તો વાત શું કરવી? આહાહા..!

**'કરતું નથી અને વેદતું નથી, પરંતુ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું...'** આહાહા..! **'કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું) હોવાથી...'** ભગવાન તો જાણવાના સ્વભાવવાળો છે, બસ! આખી દુનિયાને દેખે. આહાહા..! વિષય વાસના કાળે સંયોગને દેખે. આહાહા..! છતાં તે વિષય વાસનાને કરતો નથી અને સામી ચીજને જે ભોગવે છે એમ દેખાય છે એને એ આત્મા કરતો નથી. આહાહા..! કેવળ જ્ઞાનસ્વભાવ, એકાંત નહિ કીધું? કેવળ જ્ઞાન લીધું, એકલો જ્ઞાન સ્વભાવ. કથંચિત્ જ્ઞાન સ્વભાવ ને કથંચિત્ કર્તાપણું. રાગનું કર્તાપણું, અરે..! બંધ ને મોક્ષનું કર્તાપણું કથંચિત્ (કહો) તો અનેકાંત કહેવાય. એમ નથી. આહાહા..!

ભગવાનઆત્મા જ્ઞાન સ્વભાવવાળું હોવાથી જાણવાનું કામ કરે, જાણવાના સ્વભાવવાળું હોવાથી જાણવું કામ કરે. આહાહા..! પણ તે બંધને કરતું નથી. રાગ ને બંધને કરતું નથી તેમ રાગને તે જ્ઞાન વેદતું નથી. બંધને જ્ઞાન જાણે, જાણવાનો સ્વભાવ હોવાથી જાણે એટલું કહીએ પણ તે રાગને કરે ને વેદે એવું એનું સ્વરૂપ નથી. આહાહા..! પરનું કરવું તો ક્યાંય રહી ગયું. ઝવેરાતનું ને.. આહાહા..! હીરા, માણેક ને ઝવેરાત ને કપડા ને.. એ એક રજકણને માત્રને (કરે નહિ). દેખે રજકણથી માંડીને આખી દુનિયા પણ એક રજકણને કરે કે રાગને કરે ને વેદે, જાણવાના સંબંધમાત્રથી કરવા ને વેદવાનો સંબંધ થઈ જાય એમ નથી. આહાહા..! પરને જાણવા ને દેખવાનો સંબંધ છે એટલા માત્રથી પરને કરે ને વેદે એ છે નહિ. આહાહા..! છે?

**'પરંતુ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું હોવાથી કર્મના બંધને...'** અહીં હવે આકરી વાત આવી. કર્મનો બંધ થાય એને જાણે, બંધ કરે નહિ. બંધ થાય, પરજ્ઞેય તરીકે બંધને જાણે, બંધને કરે નહિ. આહાહા..! જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાય. 'ગોમ્મટસાર'માં તો બધા એ (કથન) આવે. આઠ કર્મથી આમ થાય ને આઠ કર્મથી આમ થાય. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા (કહ્યું). આહાહા..!

અહીં તો કેવળ જ્ઞાનસ્વભાવ, કેવળ જ્ઞાનમાત્ર. જ્ઞાનમાત્ર કહેતાં જ્ઞાન એકલું નહિ પણ જ્ઞાનમાત્ર કહેતાં બીજા અવિનાભાવી ગુણો છે, પણ જ્ઞાનમાત્ર કહેતાં રાગને ને પરને કરે નહિ એ માટે માત્ર કીધું છે. આહાહા..! એ બોલે નહિ, ચાલે નહિ. આહાહા..! બીજાને

શીખામણ દે નહિ, બીજાથી શીખામણ લે નહિ. લ્યો, અહીં તો એ આવ્યું. કાલે બપોરે તો એ આવ્યું હતું, ગુરુના વચનોને પામીને. એ તો ફક્ત સુદૃષ્ટિનો ઉપદેશ આપ્યો એ એણે લઈ લીધો, સુદૃષ્ટિને કરી લીધી. એટલી વાત કહેવા માટે કરી.

અહીં તો કહે છે **'કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું હોવાથી કર્મના બંધને...'** કરતો નથી, જાણે છે. શાસ્ત્રમાં આવે, કે ચોથે ગુણસ્થાને આટલી પ્રકૃતિ સત્તા(માં) હોય, આટલો ઉદય હોય, આટલું વેદન અંદર વેદવા યોગ્ય એટલે અનુભાગ હોય. પણ એ જાણે. આહાહા..! ચોથે ગુણસ્થાને આઠ પ્રકૃતિમાંથી આટલી કર્મની આટલી પ્રકૃતિ હોય, આટલી છૂટે, આટલી બંધાય, આટલી સત્તામાં રહે, આટલી ઉદીરણા થાય, આટલો ઉદય આવે. એ વાત બધી આવે પણ એને જાણે. આહાહા..! અરે..! નજીકની ચીજ કર્મ છે એના ઉદયને પણ જાણે તો પર ચીજને આ કરે ને આ કરવું (એ તો કરે ક્યાંથી?) આહાહા..! આત્મા ચાલે ને આત્મા બોલે ને આત્મા પરને કટકા કરે, પરને ભુક્કા કરે, મદદ કરે, પરથી મદદ લે એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..!

એ **'બંધને તથા મોક્ષને...'** આહાહા..! જ્ઞાન તો મોક્ષને કરતું નથી. આહાહા..! ઘણી વાત ઊંચી છે. ૩૨૦ ગાથા. બંધને કરે, મોક્ષને કરે એ પણ નહિ. બંધને ભલે ન કરે પણ મોક્ષને કરે ને? મોક્ષ પૂર્ણ દશા (કરે ને?) કે, ના. તે કાળે તે પર્યાય થાય જ એને કરે શું? ન હોય એને કરે. જેની સ્થિતિ ન હોય તેને કરે એને કરે કહેવાય. પણ જાણનાર જ્ઞાનીને મોક્ષની પર્યાય છે એમ જાણે, બસ! છે એને જાણે. આહાહા..! મોક્ષની પર્યાયને પણ કરે નહિ. કેમકે એનામાં એક ભાવ નામનો એક ગુણ છે, કે જે ગુણને લઈને દૃષ્ટિ જે દ્રવ્ય ઉપર પડી અને દ્રવ્યનો સ્વીકાર થયો ત્યાં જે બંધનો રાગાદિ છે... આહાહા..! એને એ કરતું નથી. આહાહા..! તે ગુણસ્થાને તેના પ્રમાણમાં કર્મનો ઉદય આવે અને ઉદીરણા થાય એને એ કરતો નથી. આહાહા..! છેલ્લી હદ છે. જ્ઞાનસ્વભાવ, જ્ઞાનસ્વભાવ. બહુ તાણીને તું કહે તો જાણે-દેખે એમ અમે કહીએ છીએ. ખરેખર તો એ પરનું જાણવું-દેખવું એ વ્યવહાર છે. આહાહા..!

મુમુક્ષુ :– જાણતો નથી એ વ્યવહાર?

ઉત્તર :– એ પરને જાણે છે એ પણ વ્યવહાર. કરે ને વેદવાની તો વાત જ નહિ. પોતે પોતાને જાણે છે તે નિશ્ચય. આહાહા..! પણ કહે છે, કે તું બહુ લઈ જા તો દેખે-જાણે એટલે સુધી રાખ. આહાહા..!

આત્મતત્ત્વ જ્ઞાનસ્વરૂપી ભગવાન એ મોક્ષને કરે એ પણ નહિ. આહાહા..! પુરુષાર્થ ક્યાં ગયો ત્યાં? કહે છે, કે એ જાણે એ જ એનો પુરુષાર્થ છે. જાણે કે આ મોક્ષ થયો. તે વખતે તે કાળે તે જ પર્યાય શુભભાવને લઈને, શુભભાવનો સ્વભાવ છે, શુભ-અશુભ આદિ છે ને? એને લઈને પર્યાય થાય જ. કરું તો થાય, વિકલ્પ કરું તો થાય, અમસ્તા

કરું તો થાય... આહા..! એવું સ્વરૂપમાં નથી. આહાહા..! એ બંધને કરતો નથી અને મોક્ષને પણ કરતો નથી. આહાહા..! કેમકે મોક્ષની પર્યાય તે કાળે, તે થવાની જ છે. થવાની જ છે એને કરે? તો થવાની છે, થાય છે, થાય છે, થાય છે તેને કરે છે એટલે શું? આહાહા!

જ્ઞાન પ્રભુ, પર્યાય થાય છે અથવા છે, છે તેને કરવું શું? મોક્ષની પર્યાય છે, જાણનારને તે મોક્ષની પર્યાય ત્યાં છે, છે તેને કરવું શું? આહાહા..! સત્... સત્‌ને કરવું શું? તો છે એ નથી થાય, એમ થઈ જાય. મોક્ષની પર્યાય પણ તે કાળે થાય તે જ એનો સ્વભાવ છે. દ્રવ્યદૃષ્ટિ થઈ એથી તેના અંતરમાં ગુણમાં એવો એક ભાવ નામનો ગુણ છે કે તે પર્યાય થાય જ. ભાવ નામનો ગુણ છે, કે મોક્ષની શુદ્ધ પર્યાય તે કાળે થાય જ. આહાહા..! એ ભાવ નામના ગુણને લઈને, આખી દ્રવ્યદૃષ્ટિ થઈ છે તેથી તે મોક્ષની પર્યાય થાય છે, થાય છે, થાય છે એને કરું છું એમ કેમ આવે? કહે છે. આહાહા..! આવું ઝીણું છે. તે તે કાળે તે પર્યાય થાય જ છે અથવા છે અથવા સત્ છે, સત્ છે. આહાહા..! સત્ છે, સત્‌ને કરે? આહાહા..! આવી વાત છે. અત્યારે તો લોકો ક્યાંય બહારમાં માનીને, મનાવીને (પડ્યા છે).

અહીંયાં તો પ્રભુ જ્ઞાન સ્વભાવવાળો હોવાથી તે સમયે મોક્ષની પર્યાય થાય છે. થાય છે તેને કરે છે એ તો વિરુદ્ધ થયું. છે તેને કરે છે એ તો વિરુદ્ધ છે. આહાહા..! છે તેને જાણે છે. આહાહા..! આ વસ્તુનું સ્વરૂપ છે. બંધ ને મોક્ષને. આહાહા..! એમ **‘કર્મના ઉદયને,...’** ઉદય પણ છે, ઉદય છે તેને જાણે છે. એ જ્ઞાનમાં રહીને પોતાને ને ઉદયને દ્વિરૂપતા તરીકે જાણે છે, એટલું ભલે કહીએ. ઉદયને જાણે છે એટલું કહીએ. એ સિવાય બીજું તો કોઈ છે જ નહિ. અહીં સુધી આવ્યું કે, ઉદયને જાણે છે, બસ! એટલી વાતને સિદ્ધ જ્ઞાનને કરી, જાણનાર આત્મા છે એ અપેક્ષાએ. આહાહા..!

**‘ઉદયને તથા નિર્જરાને...’** આહાહા..! આત્મા નિર્જરાને કરતો નથી. કેમ? કે એ સમયે અશુદ્ધતા ટળે છે, શુદ્ધતા વધે છે, કર્મ ખરે છે. એ નિર્જરાના ત્રણ પ્રકાર છે. કર્મ કરવું એક પ્રકાર–બાહ્ય, અશુદ્ધતાનું ગળવું એક પ્રકાર અને શુદ્ધનું વધવું એક પ્રકાર. એ સમયે કહે છે એ ત્રણેય છે. તે એક સમયમાં ત્રણેય છે, છે એને કરે શું? આહાહા..! ઝીણી વાત છે. આહાહા..! એ સોનાને કે હીરાને ઘસે. કહે છે, કે એ પર્યાય તો ત્યાં છે. હવે છે એને એ કરે એનો અર્થ શું? નથી તેને કરે એમ હોય પણ તે પર્યાય ત્યાં છે જ. આહાહા..!

સત્ નિર્જરાપણે પર્યાય છે. અહીં શુદ્ધતાની વૃદ્ધિ એ નિર્જરા. અશુદ્ધતાનું ગળવું એ પણ નિર્જરા અને કર્મનું (ખરવું એ પણ) નિર્જરા, પણ ખરું તો શુદ્ધતાનું વધવું (તે છે). પણ અહીં એ કહે છે, કે શુદ્ધતાનું વધવું એ પણ તે કાળે છે. આહાહા..! નિર્જરાના પ્રકાર ત્રણ એમાં ખરું તો શુદ્ધતાનું વધવું એ નિર્જરા (છે). અશુદ્ધતાનું ગળવું એ તો વ્યવહારનયથી ને કર્મનું ટળવું એ તો અસદ્‌ભુત વ્યવહારનયથી. આહાહા..! પણ અહીં તો શુદ્ધતાનું વધવું

એ પણ તે સમયનો તે સમયે તે છે, વધવું તે છે. આહાહા..! શુદ્ધ ઉપયોગથી ત્યાં વધે છે એ તે સમયે છે. છે એને કરવું શું? આહાહા..!

મુમુક્ષુ :- ઊપજે છે એ પણ ન લેવું?

ઉત્તર :- ઊપજે છે એને કરતું નથી. એ વાત તો આવી. એ વાત તો સિદ્ધ કરી. કે, ઊપજે છે ને? એ ઊપજે છે ને? છે એને ઊપજે છે કરવું? ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! જે મોક્ષ ઊપજે છે.. અરે..! નિર્જરા પણ ઊપજે છે. આહાહા..! ઊપજે છે એની હયાતી તો છે, હયાતી છે એને કરવું છે? ઝીણી વાત છે. આહાહા..!

**'નિર્જરાને...'** ભાષા પાછી કેવી છે? કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું હોવાથી. એક ત્યાં લીધું. અહીં લીધું **'કેવળ જાણે જ છે...'** છેલ્લું. **'કેવળ જાણે જ છે...'** એ નિર્જરાને પણ કરે છે, થાય છે ત્યાં કરે છે એ શી રીતે? મોક્ષ પણ થાય છે, તે સમયે સત્ છે. તે પણે તે ક્રમબદ્ધના... ક્રમબદ્ધથી ઉપાડ્યું છે ને આ બધું? મોક્ષની પર્યાય ક્રમસરના કાળે થાય છે એને કરવું શું? નિર્જરાને કાળે નિર્જરા શુદ્ધિની વધે છે એને કરવું શું? આહાહા..! આવી વાત છે. એને ઠેકાણે અહીં તો કહે પરનું કરવું, પરને સહાય કરવું, મદદ કરવું, બધાને સંપ રાખવા માટે એક-બીજાને મદદ કરો તો સંપથી રહી શકાય. આહાહા..! લોકોને આમ બહારથી મીઠું લાગે. ઓશિયાળાની દૃષ્ટિ ખરી ને! આહાહા..! અહીં કહે છે, એ તો દૃષ્ટિ વિરુદ્ધ છે.

અહીં તો સત્ છે. જેમ ત્રિકાળી જ્ઞાનસ્વભાવ સત્ છે, જેમ ત્રિકાળી આત્મા સત્ છે એને શું કરવું? એમ તે તે પર્યાય તે કાળે તે સત્ જ છે. આહાહા..! બેય સત્ છે. અહીં વસ્તુ ત્રિકાળીપણે સત્ છે, નિર્જરા ને મોક્ષ એ પણ તે કાળના સમયપણે તે સત્ છે. છે એને કરવું શું? આહાહા..! ગજબ વાત કરી છે.

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે ને? અને તે પણ, તેને જાણવાની પર્યાય પણ ખરેખર નિર્જરા ને મોક્ષને જાણે છે એમ કહ્યું, કરે છે એમ ન કહ્યું પણ છતાં નિર્જરા ને મોક્ષને કાળે તે જ્ઞાનની પર્યાય પણ તે પ્રકારે ત્યાં થવાની જ છે. મોક્ષ ને નિર્જરાને જાણે એવી જ પર્યાય તે કાળે થવાની જ છે. આહાહા..! જરી ઝીણું છે. નિર્જરા ને મોક્ષની પર્યાય તો છે, છે તેને ભલે જાણે એમ કહેવું, પણ જાણવાની પર્યાય પણ તે કાળે છે જ. છતાં એટલું કહે કે તે પરને જાણે છે એટલું કહો. એ પરને જાણે છે એ રીતે જ છે. એ જ્ઞાનની પર્યાય જે સર્વવિશુદ્ધજ્ઞાન છે એ પરને જાણે છે એ રીતે જ એ છે. એ પર છે માટે પરને જાણે છે એમ પણ નહિ. આહાહા..! આવો માર્ગ છે.

સત્‌ને સત્ તરીકે સિદ્ધ કરે છે. છે, સત્ છે આહાહા..! એટલું કહીએ છીએ કે, જાણે છે, પણ જાણે છે એ પણ પર્યાય સત્ છે. તે જ પ્રકારે તે જ સમયે તેને જાણવું એવી જ પર્યાય તે છે તેને જાણે માટે તે પર્યાય તેને જાણે છે એ પણ વ્યવહાર છે. આહાહા..! એ જાણવાની પર્યાય પણ તે કાળે ક્રમસરમાં તેને જાણે એવું પોતે પોતાની પર્યાયપણે છે.

આહાહા..! ઝીણું બહુ છે. આહાહા..!

ચારેય બોલ લીધા, બાકી શું રાખ્યું? બંધ ને મોક્ષ. આહાહા..! ભાવબંધ, દ્રવ્યબંધથી તો ભિન્ન છે પણ ભાવબંધને પણ તે જ પ્રકારે તે ત્યાં જાણે છે. રાગ બંધાય છે, રાગ થાય છે, તે તે કાળે તે થાય છે તેને તે તે કાળે જાણવાનું કામ તે જ્ઞાનની પર્યાય તે કાળે પોતાથી કરે છે. આહાહા..! એ રાગ ને બંધ છે માટે એની અપેક્ષા રાખીને જાણવાની પર્યાય થાય છે એ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? જાણવાની પર્યાય થાય છે. આહાહા..!

અનંત ગુણોને, અનંતી પર્યાયને, મોક્ષ-નિર્જરા આદિ, ઉદય આદિને તે સમયમાં તે જ્ઞાનની પર્યાય તેને તે રીતે જાણે એ રીતે જ પોતે ઉત્પન્ન થાય છે. એ રીતે પોતે પોતાથી સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. આહાહા..! હવે અહીં બહારમાં માણસને અટકવું. આને કરવું ને આને.. એક ઠેકાણે સાંભળ્યું હતું. 'ઇન્દોર'માં પચાસ પંડિત ભેગા થયા હતા. એ વખતે એ ચર્ચા મુકી અહીંના વિરોધની, કે પરનો કર્તા ન માને તે દિગંબર જૈન નથી. આહા..! અરે..! પ્રભુ! શું કરે છે તું? આહાહા..!

કર્તા તો નહિ પણ ખરેખર તો એનો જાણનાર પણ નહિ. જાણનાર જાણનારને જાણતા, જાણનારને-જાણનારને જાણવાની પર્યાય સત્ ઉત્પન્ન થાય છે. પણ આટલો અહીં વ્યવહાર સિદ્ધ કરવો છે કે મોક્ષને, નિર્જરાને જાણે છે. જાણવાની પર્યાય અને મોક્ષ ને બંધની પર્યાય અને નિર્જરાની (પર્યાય) ભિન્ન છે. અનંતી પર્યાય એક સમયે થાય છે. અનંતા ગુણની અનંતી પર્યાય અક્રમે, અક્રમે એકસાથે થાય છે. આહાહા..! નિર્જરાની પર્યાયને અને મોક્ષની પર્યાયને પણ તે સમયની પર્યાય થાય છે, તે જાણે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! ઝીણું તો છે થોડું. ૩૨૦ (ગાથા) આને વળી (ટેપ) ઊતારવું'તું ને?

મુમુક્ષુ :– કર્તાપણું તો ગયું પણ જાણવામાં પણ ગર્ભિતપણે કર્તાપણું પડ્યું છે?

ઉત્તર :– જાણવું એ જાણવું એ પણ કરવું, જાણવાનું કરું, જાણવાનું કરું એ પણ નથી. એ જાણવાની પર્યાય પણ તે કાળે સત્ તરીકે છે અને થાય છે. આહાહા..! આવું છે. આ દુનિયામાં હું કરું.. હું કરું. આખો દિ' આ ધંધા મેં કર્યા ને આને મેં કર્યા ને આને મેં કર્યા, મેં આને સાચવ્યા, છોકરાને મોટા કર્યા, પાળી-પોશીને, ભણાવીને.. બધું ગપ છે આ તો કહે છે. આહાહા..!

જ્યાં પોતાની નિર્જરા ને મોક્ષની પર્યાય (થાય છે)... આહાહા..! એને પણ જાણવાનું કામ, કરવાનું નહિ, જાણવાનું કામ કરે. આહાહા..! એ પરના રજકણને કે પરના સ્કંધને કાંઈ પલટાવે, બદલાવે (એમ નથી). આહાહા..! આત્મા રોટલી કરી શકે, લાડવો વાળી શકે, એ તો છે જ નહિ, કહે છે. આહાહા..! એમ સિદ્ધ કરવું છે કે તે સમયે તેનું સત્ છે એ પ્રકારે થાય છે. એનું એ સત્ છે એમાં તારા હેતુની એને શું જરૂર છે? એટલું રાખ કે, તું જ્ઞાન છો ને એ જ્ઞાન નથી એટલે જાણવાનું કામ કરે. આહાહા..! આવો માર્ગ. ક્યાં

લઈ જવો એને? અહીં કહે, એકેન્દ્રિયની દયા પાળો, બેઇન્દ્રિયની દયા પાળો, ત્રણઇન્દ્રિયની, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિયની.... આહાહા..! હિંસા ન કરો. એ બધા વ્યવહારના વચનો છે. આહાહા..! તે વખતે હિંસા થવાની નથી જ. આહાહા..! તેને જ્ઞાન જાણે છે. આહાહા..! તે જ્ઞાન પણ હિંસા થવાની નથી એ અપેક્ષા રાખીને જ્ઞાન ઉત્પન્ન થયું છે એમેય નથી.

અનંતી પર્યાય એક સમયે ઉત્પન્ન થાય છે. એમાં એક પર્યાયને બીજી પર્યાયની પણ અપેક્ષા નથી.. આહાહા..! આવું એનું સત્ સ્વરૂપ છે. ૩૨૦ ગાથા.. આહાહા..! ભાઈએ મુક્યું છે ને? 'જયસેનાચાર્ય'ની ટીકામાં કે ભાઈ! 'યોગીન્દ્રદેવે' પણ એમ કહ્યું છે, કે આત્મા બંધ અને મોક્ષને કરે નહિ. એ ગાથા મૂકી છે ને? આહાહા..! છે ને? આમાં છે કે નહિ? પાનું છે પાનું.... આ બાજુ છે. શ્રી 'યોગીન્દ્રદેવે' પણ કહ્યું છે, કે

**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।**
**जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ।।६८।।**

જિનવર ત્રણલોકનો નાથ જિનેશ્વર એમ કહે છે. બીજી ભાષા શું કહેવાય? કહે છે એમ કહેવું છે. વાણી વાણીને કારણે આવે છે પણ એ વાણીના નિમિત્ત છે એટલે કહે છે એમ કહેવામાં આવે છે. વાણી છે એટલે ભૂતાર્થ તે સમયની તેની પર્યાય છે લાયકાતથી તે વાણી આવે છે. ભગવાન છે માટે આવે છે એમેય નથી.. આહાહા..! પણ ભાષા શું કહેવાય? મોટાનું નામ દેવું હોય ત્યારે (એમ કહે).

'જિનવર એવું ભણેઇ' હે યોગી! યોગી એટલે યોગને આત્મામાં જોડનાર. આહાહા..! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, પરમાર્થે જીવ નિર્જરા ને મોક્ષપણે પણ ઊપજતો નથી અને મરતો પણ નથી. આહાહા..! અને બંધ-મોક્ષ કરતો નથી એમ શ્રી જિનવર કહે છે. દાખલો જિનવરનો આપ્યો. જિનવર આમ કહે છે. બંધ ને મોક્ષ કરતો નથી એમ જિનવર કહે છે. આહાહા..! એનો અર્થ એટલો કે આત્મા જે સ્વભાવ છે તેના તરફ જ્યાં જાણવાનું લક્ષ થયું (ત્યાં) બધું છૂટી ગયું. બસ! પછી જે છે એ જાણે. એ નિર્જરાને જાણે, મોક્ષને જાણે, સાધક વખતે નિર્જરાને જાણે, સાધ્ય વખતે મોક્ષને જાણે. આહાહા..! તે જાણવાની પર્યાય પણ તેવી જ પોતે તે કાળે તે પ્રકારની પોતાથી ઊપજે છે. આહાહા..! જાણવાની પર્યાય પણ બંધને, મોક્ષને, નિર્જરાને, ઉદયને જિનવર કહે છે, કે આત્મા કરતો નથી, જાણે જ છે. એ જાણે છે એ જ્ઞાનની પર્યાય પણ તે કાળે, તે જ પ્રકારે પોતાની ઉત્પન્ન થવાનો કાળ હતો તો થઈ છે. આહાહા..! આકરું કામ છે જરી.

એમાં એમ આવ્યું છે, કે એકદેશ શુદ્ધનયાશ્રિત આ ભાવના. એ ભાવના એટલે જ્ઞાનની પર્યાય આદિ, શ્રદ્ધાની પર્યાય, ચારિત્રની પર્યાય જે ભાવનારૂપ પ્રગટ થઈ, તે આંશિક શુદ્ધિરૂપ પરિણતિ છે. તે નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષયોપશમિક જ્ઞાનરૂપ હોવાથી. ઇ ક્ષયોપશમ જ્ઞાન છે. વસ્તુ તરીકે ભલે શ્રદ્ધા ઉપશમરૂપ હો, ક્ષયોપશમરૂપ હો, ક્ષાયિકરૂપ હો પણ તેને જાણનારું

જ્ઞાન ક્ષયોપશમ જ્ઞાન છે, તેને જાણનારું ક્ષાયિક જ્ઞાન અત્યારે અહીં નથી. શું કહ્યું સમજાણું? આહાહા..!

પરમાર્થે જીવ ઊપજતો પણ નથી એટલે શેમાં? પર્યાયમાં ઊપજતો નથી ને પર્યાયને વ્યય કરતો નથી. આહાહા..! 'પ્રવચનસાર'માં ૧૦૧ ગાથામાં એમ કહ્યું, કે જે પર્યાય ઊપજે છે તેને ધ્રુવની અપેક્ષા નથી. જાણવાની અપેક્ષાથી અહીં જાણે છે, એ એવું જ્ઞેય આવ્યું માટે અહીં જ્ઞાન એવું થાય છે એવી અપેક્ષા નથી. જાણવાના જ્ઞાનમાં જે જણાવા યોગ્ય બરાબર સામે આવ્યું માટે તેને અહીં જાણે છે એટલી અપેક્ષાએ જ્ઞાનની ઉત્પત્તિ થઈ એમ પણ નથી. આહા..!

ઇ કીધું અહીં, જુઓને! આહા..! એકદેશ વ્યક્તિરૂપ છે. ક્ષયોપશમ જ્ઞાનની અપેક્ષાએ. ભલે ક્ષાયિક સમકિત થયું પણ જ્ઞાનની અપેક્ષાએ ક્ષયોપશમ જ્ઞાનરૂપ થયું. તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે સકળ નિરાવરણ અખંડ... આહાહા..! ભગવાનઆત્મા સકળ નિરાવરણ, સકળ નિરાવરણ, પૂર્ણ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય. અખંડ છે ને એકરૂપ છે. પ્રત્યક્ષ પ્રતિભાસમય-જ્ઞાનમાં પ્રત્યક્ષ પ્રતિભાસમય દેખાય, જણાય છે તેવો છે. અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ-શુદ્ધ પારિણામિક સહજ સ્વભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય... આહાહા..! નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. પર તો નહિ, રાગ નહિ, પર્યાય નહિ. આહા..!

પર્યાય એમ જાણે છે, કે સકળ નિરાવરણ અખંડ એક જ્ઞાનસ્વરૂપ અવિનશ્વર પરમ પારિણામિકભાવ લક્ષણ નિજ પરમદ્રવ્ય, પરમાત્મદ્રવ્ય તે હું છું. પર્યાય કહે છે, કે હું પર્યાય છું એમેય નહિ. આહાહા..! આવી વાત છે. નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું, તે જ હું છું. જે સકળ નિરાવરણ છે તે જ હું છું. એકાંત કરી નાખ્યું. કથંચિત્ આમ ને કથંચિત્ (આમ) તેમ ન નાખ્યું. જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય.. આહા..! જ્ઞાનની પર્યાયમાં તેવડો જ ભાસે છે આખો. આહાહા..! એ પ્રત્યક્ષ જ્ઞાનમાં જણાય એવો ભગવાનઆત્મા અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું. પરંતુ એમ ભાવતો નથી કે, ખંડજ્ઞાન હું છું. ક્ષયોપશમ જ્ઞાનરૂપે પણ હું છું એમ ભાવતો નથી એમ કહે છે. આહાહા..!

અહીં તો કીધું કે, ક્ષયોપશમજ્ઞાનમાં કે ક્ષાયિકજ્ઞાનમાં જણાય છે. જે છે તેમ જણાય છે એટલું. પણ છતાં ધર્મી ક્ષયોપશમ જ્ઞાનને પણ ભાવતો નથી. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે. આહાહા..! ૩૨૦ ગાથા વંચાઈ ગઈ છે. ઘણા વ્યાખ્યાન થઈ ગયા છે. આ તો 'યોગીન્દ્રદેવે' પણ એમ કહ્યું છે, એમ.

**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।**
**जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ।।६८।।**

આહાહા..! એકલો જ્ઞાનસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ પૂર્ણ જ્ઞાન એને જ્ઞાન પ્રધાનથી

આખો આત્માને લીધો. કારણ કે, તે પર્યાયમાં અનંતી પર્યાય ને દ્રવ્ય-ગુણ જણાય છે તે પર્યાયને પણ હું ઉત્પન્ન કરું છું એમ નહિ. આહાહા..! એ પણ તે કાળે છે, છે તેને પણ હું જાણું છું. આહાહા..! એમ અહીં કીધું.

**'બંધને તથા મોક્ષને, કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ જાણે જ છે.'** નિર્જરા પણ કરતો નથી, મોક્ષ કરતો નથી. ગજબ વાત છે. એને ઠેકાણે અહીં તો પરનું કરવું, દયા પાળવી, પરની દયા પાળવી ને પરને મદદ કરવી ને પરને સહાય કરવી.. તદ્દન તત્ત્વ વિરુદ્ધ છે પણ હવે શું થાય? વિષય પૂરો થઈ ગયો. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૯૨, શ્લોક-૧૯૯ ગાથા–૩૨૦ શુક્રવાર, જ્યેષ્ઠ સુદ ૮, તા. ૨૩-૦૫-૧૯૮૦

---

'સમયસાર' ૩૨૦ ગાથા. છેલ્લો શબ્દ બે લીટી. પહેલા પેરેગ્રાફમાં છેલ્લી બે લીટી ફરીને. જ્ઞાની કરવા-વેદવાથી ભિન્ન છે. એથી વિવિક્ષા ભેદ છે નહિતર જ્ઞાની જ્યાં સુધી જઘન્યભાવે પરિણમે ત્યાં સુધી એને બંધન છે. 'આસ્રવ અધિકાર' માં ૧૭૦-૧૭૧ માં આવે છે. પણ અહીંયાં જ્ઞાન પ્રધાન કથન છે. તેથી અહીં કહે છે જ્ઞાની **'કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું હોવાથી...'** છેલ્લી બે લીટી. જેમ નેત્ર કેવળ દર્શનસ્વભાવવાળું છે તો દેખે છે. એમ જ્ઞાન **'કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું હોવાથી કર્મના બંધને...'** કર્મના બંધને પણ જાણે છે. આહાહા..! મોક્ષને જાણે છે, મોક્ષને કરતો નથી. જ્ઞાન સ્વભાવનું અહીં મુખ્ય વર્ણન છે ને! એટલે બંધને કરતો નથી અને મોક્ષને કરતો નથી.

મુમુક્ષુ :– કર્મ સંબંધી મોક્ષ?

ઉત્તર :– કર્મ સંબંધી બધું.

મુમુક્ષુ :– ભાવકર્મ, દ્રવ્યકર્મ...

ઉત્તર :– બેય અત્યારે નથી. 'આસ્રવ અધિકાર' આવે ત્યારે એમાં આવે. જઘન્ય જ્ઞાન-દર્શનનું પરિણમન છે ત્યાં સુધી એને બંધન છે, વેદન છે. ૧૭૦-૭૧-૭૨ 'આસ્રવ અધિકાર' મૂળ પાઠમાં છે. જ્યાં સુધી જઘન્યપણે પરિણમન છે ત્યાં સુધી એને યથાખ્યાત (ચારિત્ર) નથી, તો એને બંધન ને વેદન બેય છે. અથવા 'પ્રવચનસાર'ની ૪૭ નય એમાં આવ્યું છે. કર્તા, ભોક્તા જ્ઞાની છે. આહાહા..! ૪૭ નય. રાગનો પણ કર્તા છે, રાગનો પણ ભોક્તા છે. ૪૭ નય. પણ અહીંયાં તો જ્ઞાનની મુખ્યતાથી વિવિક્ષા ભેદે બીજી વાતને ગૌણ કરીને જ્ઞાન જાણવાવાળું છે એમ બતાવવું છે. જેમ આંખ–નેત્ર દૂરવર્તી પદાર્થને દેખે છે, એમ જ્ઞાન બંધ ને મોક્ષને કરતું નથી. આહાહા..! થાય છે તેને જાણે છે. મોક્ષને પણ કરતું નથી, મોક્ષના માર્ગને પણ કરતું નથી. આહાહા..! જાણનાર તરીકે લેવો છે ને?

જાણનાર, જણાય છે તેનાથી દૂર છે, એકમેક નથી. તેથી (એ) જ્ઞાન સ્વભાવમાં કર્મના

બંધને જાણે, મોક્ષને જાણે, આહાહા..! ઉદયને જાણે અને નિર્જરાને જાણે. **'કેવળ જાણે જ છે.'** અહીં જરીએ કરે છે એ અહીં લેવાનું નથી. અહીંયાં જ્ઞાનપ્રધાન કથન છે. આહાહા..! એકલું જ્ઞાન, આહાહા..! ચૈતન્ય સ્વભાવ.

નેત્ર–આંખ બીજા પદાર્થથી દૂર રહેતી થકી બીજાને જાણે છે. એમ જ્ઞાનસ્વભાવી ભગવાનઆત્મા બંધ અને મોક્ષ આદિ અને ઉદયથી દૂર રહેતા થકા તેને જાણે છે. આહાહા..! ૩૨૦ ગાથા છે. ખરેખર તો મોક્ષને પણ જ્ઞાન કરતું નથી અને મોક્ષના માર્ગને પણ કરતું નથી. ટીકામાં આવી ગયું છે, 'જયસેનાચાર્ય'ની ટીકામાં. બંધને કરતું નથી, બંધના કારણને કરતું નથી. મોક્ષને કરતું નથી, મોક્ષના કારણને કરતું નથી. આ ચાર બોલ લીધા છે.

અહીંયાં, કેવળ જ્ઞાનસ્વભાવ. આંખ જેમ દૂર(વર્તી) પદાર્થને એકમેક થયા વિના ભિન્ન રહીને દેખે છે. એમ જ્ઞાન બંધ, મોક્ષ ને ઉદય નિર્જરા, નિર્જરા.. આહાહા..! મોક્ષ એને પણ જ્ઞાન ભિન્ન રહીને જાણે છે. જ્ઞાન સ્વભાવ એવો છે, કે એ તો જાણનાર છે. જ્યારે જાણનાર સ્વભાવની વાત આવે ત્યારે એ તો બંધથી પણ ભિન્ન છે, મોક્ષથી પણ ભિન્ન છે, નિર્જરાથી પણ ભિન્ન છે. ભિન્ન છે એટલું નહિ પણ એને જાણે છે, ભિન્ન તરીકે જાણે છે. આહાહા..! ૩૨૦ ગાથા. એ આપણે અહીં સુધી આવી ગઈ છે.

કેવળ જ્ઞાનસ્વભાવવાળું આત્મતત્ત્વ હોવાથી કર્મના બંધને, મોક્ષને, કર્મના મોક્ષને. આહાહા..! **'કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ...'** દૂર રહીને જેમ આંખ દેખે છે એમ પરમાં ભળ્યા વિના દૂર રહીને જ્ઞાન એને જાણે છે, એને કરતું નથી, મોક્ષને કરતું નથી. આહાહા..!

એક બાજુ 'પ્રવચનસાર' ૪૭ નયમાં એ અધિકાર આવે કે રાગનો કર્તા એ આત્મા જ્ઞાની છે ને રાગનો ભોક્તા એ જ્ઞાની છે. ૪૭ નયમાં. ૪૭ નય છે ને? 'પ્રવચનસાર'. કર્તા ને ભોક્તા એ જ્ઞાની આત્મા છે. આહાહા..! અને ત્યાં તો ત્યાં સુધી કીધું છે કે, વ્યવહારથી પણ મોક્ષ થાય છે, નિશ્ચયથી પણ થાય એમ પણ કહ્યું છે. 'પ્રવચનસાર' ૪૭ નય. આહાહા..! ત્યાં તો ક્રિયાનયથી પણ મોક્ષ થાય, જ્ઞાનનયથી પણ થાય એમ બેય વાત લીધી. કારણ કે, ત્યાં જ્ઞાનની એકલી જાણવાની વાત (લીધી છે). તે અપેક્ષાએ આત્મા જેટલો રાગમાં પરિણમે છે એટલો કર્તા છે. એ ક્રિયાનો કરનારો છે, એ ક્રિયાનો વેદનારો છે, એ ક્રિયાનો ભોગવનારો છે.

મુમુક્ષુ :– અહીંયાં કેમ ના પાડી?

ઉત્તર :– અહીં તો જ્ઞાનપ્રધાન વાત છે. જાણનાર એકલો ભિન્ન છે એ બતાવવું છે. અને ત્યાં તો કહ્યું કે, જઘન્ય જ્ઞાનભાવે પરિણમે. છે ને? 'આસ્રવ અધિકાર' માં જુઓ! ૧૭૦-૧૭૧.

**चउविह अणेयभेयं बंधंते णाणदंसणगुणेहिं।**
**समए समए जम्हा तेण अबंधो त्ति णाणी दु।।१७०।।**

સમયે સમયે જ્ઞાનીને પણ 'णाणदंसणगुणेहिं' બંધન છે. ૧૭૦ ગાથા. ૧૭૧માં ચોખ્ખું (કહ્યું)...

**जम्हा दु जहण्णादो णाणगुणादो पुणो वि परिणमदि।**
**अण्णत्तं णाणगुणो तेण दु सो बंधगो भणिदो।।१७१।।**

૧૭૧. જ્ઞાની 'बंधगो भणिदो' અહીં બંધને જાણે એમ કહ્યું. એ વિવિક્ષા છે. ગૌણ-મુખ્ય કહીને વિવિક્ષા છે. અહીં તો ચોખ્ખી વાત છે. જુઓ! **'णाणगुणादो पुणो वि परिणमदि सो बंधगो भणिदो।'** આહાહા..! અને ૧૭૨માં તો કહ્યું.

**दंसणणाणचरित्तं जं परिणमदे जहण्णभावेण।**
**णाणी तेण दु बज्झदि पोग्गलकम्मेण विविहेण।।१७२।।**

જઘન્ય એટલે ચોથે, પાંચમે, છઠ્ઠે. ત્યારે જ્ઞાની નવા કર્મથી બંધાય છે. છઠ્ઠા ગુણસ્થાને, દસમા સુધી બંધાય છે. દસમા ગુણસ્થાને છ કર્મ બંધાય છે. એટલો જરી લોભનો અંશ છે એને ગણીને છ બંધાય છે એમ કહ્યું. અહીંયાં જ્ઞાન પ્રધાન કથને આત્મા જ્ઞાન સ્વભાવી છે એમ કહીને મોક્ષનો પણ કર્તા આત્મા નથી, જ્ઞાન નથી. આહાહા..! નય અધિકારમાં રાગ અને દ્વેષ ને દયા, દાનના પરિણામો પણ, જ્ઞાની પરિણમે છે માટે કર્તા છે એમ કહ્યું. નય અધિકાર.

મુમુક્ષુ :- બન્ને શાસ્ત્રમાં ફેર આવ્યો.

ઉત્તર :- કાંઈ ફેર આવ્યો નથી, ત્યાં તો અંશે અંશ છે ઇ જણાવ્યું છે. અંશ એનો પોતાનો છે એ પરનો ક્યાં છે? પોતાની જઘન્યતામાં જ્યાં સુધી રાગ છે એ કાંઈ કર્મને લઈને નથી, પોતાને લઈને છે એમ જણાવવું (છે). આમાં પણ અર્થમાં આવશે, કર્મની બળજોરીથી. અહીંયાં આવશે આમાં. નબળાઈથી કર્મના ઉદયની બળજોરીથી કાર્ય થાય તેમાં કર્તા-ભોક્તા પરમાર્થે ન કહેવાય. આહાહા..!

અહીંયાં કીધું કે, જઘન્યભાવે પરિણમે એને બંધન પુદ્‌ગલનું થાય છે આસ્રવ. ૪૭ નયમાં કહ્યું કે, જ્ઞાની સમકિતી, છઠ્ઠે ગુણસ્થાને મુનિ એ પણ રાગનો કર્તા ને રાગનો ભોક્તા છે. ૪૭ નય. કઈ અપેક્ષા? એમાં લખ્યું છે, ક્યાંક છે ખરું, વિવિક્ષાની વિચિત્રતા. ન્યાં આસ્રવમાં વિવિક્ષાની વિચિત્રતા છે, એવો શબ્દ છે. ૨૭૬ પાને નીચે. (૧૭૨ ગાથાનો ભાવાર્થ) એમ કે એકકોર બંધન રહિત કહેવું. ૨૭૬ પાનું, નીચે છેલ્લે તદ્દન છેલ્લે. આ વિવિક્ષાનું વિચિત્રપણું છે. એ કથનની શૈલી છે. આહાહા..! વિવિક્ષાનું વિચિત્રપણું છે, કથન પદ્ધતિની વિચિત્રતા છે. વસ્તુનો સ્વભાવ જેવો છે તેઓ જઘન્ય ઉત્કૃષ્ટ વર્ણવે છે.

જ્ઞાનીને જ્યારે જઘન્ય પરિણમન હોય ત્યારે બંધ પણ છે ને વેદન પણ છે. અને બંધને ગણવો ન હોય જ્યારે, જ્ઞાનને ગણવું હોય ત્યારે ચોથે ગુણસ્થાનથી બંધન નથી ને આસ્રવ નથી, એમ કહે. આમ દસમા ગુણસ્થાન સુધી લોભનો ઉદય છે. તો છ કર્મ દસમે

બાંધે, દસમે ગુણસ્થાને છ કર્મ બાંધે. વિચિત્રતા, વિવિક્ષાની કથનની પદ્ધતિ કઈ અપેક્ષા છે તે જાણે નહિ તો ગોટો ઊઠી જાય, ગોટો ઊઠે.

અહીં (૧૭૨ ગાથાના ભાવાર્થમાં) કહ્યું ને? **'જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે ત્યાં સુધી અબુદ્ધિપૂર્વક (અર્થાત્ ચારિત્રમોહનો) રાગ હોવા છતાં, બુદ્ધિપૂર્વક રાગના અભાવની અપેક્ષા જ્ઞાનીને નિરાસ્રવપણું કહ્યું અને અબુદ્ધિપૂર્વક રાગનો અભાવ થતાં અને કેવળજ્ઞાન પ્રગટતાં સર્વથા નિરાસ્રવપણું કહ્યું. આ, વિવક્ષાનું વિચિત્રપણું છે.'** આહાહા..!

અહીંયાં તો એમ કહે છે. ન્યાં તો જઘન્યભાવે પરિણમે છે ત્યાં સુધી બંધન છે એમ પણ કહ્યું. અહીં કહે છે જ્ઞાન મોક્ષને કરતું નથી. આહાહા..! વસ્તુથી આંખ જેમ દૂર રહીને દેખે છે, તેમ જ્ઞાન સ્વભાવ ભગવાન પરચીજમાં ભળ્યા વિના, રાગ ને શરીર આદિ જ્ઞેયમાં ભળ્યા વિના જ્ઞાન દૂર રહીને મોક્ષને ને નિર્જરાને જાણે છે. ઉદયને તો જાણે, બંધને તો જાણે પણ મોક્ષને, નિર્જરાને જાણે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! તત્ત્વ એવી ઝીણી વાત છે.

અહીં એ કહ્યું. **'કર્મના બંધને તથા મોક્ષને,...'** આહાહા..! કર્મનો બંધ થાય તો છે, એને જાણે છે. મોક્ષ થાય છે, પર્યાયમાં કર્મ નાશ થઈ જાય છે. એ કરતો નથી, નાશ કરતો નથી, જાણે છે. કર્મના ઉદયને, કર્મનો ઉદય આવે એમાં રાગાદિ થાય એને જાણે છે, દૂર રહીને જાણે છે. આહાહા..! અને **'નિર્જરાને...'** ધર્મની પર્યાય જે નિર્જરા છે શુદ્ધિની વૃદ્ધિ. સંવર એ શુદ્ધિની ઉત્પત્તિ, નિર્જરા એ શુદ્ધિની વૃદ્ધિ, મોક્ષ એ શુદ્ધિની પૂર્ણતા. પણ એ શુદ્ધિની વૃદ્ધિને કેવળ જ્ઞાની જાણે છે, એને કરતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- બીજા ગુણની પર્યાયને કરે કેમ? જ્ઞાન તો જાણે.

ઉત્તર :- બીજા કરે છે. અહીં તો જ્ઞાનને એકલું બતાવવું છે, મિથ્યાત્વના અભાવમાં. બાકી તો જ્ઞાન રાગને કરે છે. જઘન્યભાવ બતાવ્યો ને? આસ્રવ. જઘન્યભાવે ચોથે, પાંચમે, છઠ્ઠે પરિણમે છે ત્યાં સુધી રાગ કરે છે, રાગનું બંધન છે, કર્મ બંધાય છે. ૪૭ નયનું વર્ણન ચાલ્યું છે ને? ૪૭ નયમાં કર્તા-ભોક્તા (કહ્યું છે). 'પ્રવચનસાર'. કર્તા-ભોક્તા આત્મા છે રાગ ને દ્વેષનો, જ્ઞાની પોતે કર્તા ને ભોક્તા છે.

મુમુક્ષુ :- ૧૮૯ ગાથામાં એમ કીધું કે એ શુદ્ધનયનું કથન છે.

ઉત્તર :- ઇ વખતે શુદ્ધનયનું હોય ત્યારે કર્તા-ભોક્તાનો નિષેધ કરે પણ જ્ઞાન જણાવવું હોય ત્યારે કર્તા-ભોક્તા તું છો એમ બતાવે છે. 'પ્રવચનસાર'માં કર્તા-ભોક્તા નય છે. ત્યાં તો ૪૭ નયમાં તો ઘણું નાખ્યું છે. વ્યવહાર નાખ્યો, નિશ્ચય નાખ્યો, વ્યવહારથી મોક્ષ, નિશ્ચયથી મોક્ષ એમ કહ્યું છે ત્યાં. ક્રિયાથી મોક્ષ, જ્ઞાનથી મોક્ષ. લ્યો! ન્યાં તો એમ કહ્યું. રાગની ક્રિયાથી મોક્ષ એમ કીધું છે ત્યાં. ક્રિયાનય, જ્ઞાનનય. જ્ઞાનથી મોક્ષ થાય એમાં સાથે ને સાથે લીધું છે. એ નયોની સાથે જ્ઞાનનું વિચિત્રપણું છે એ રીતે એને જ્ઞાનમાં લેવું જોઈએ.

અહીં તો મોક્ષને પણ કરતો નથી. આહાહા..! અને નિર્જરાને કરતો નથી અને કર્મના ઉદયને ને બંધને પણ કરતો નથી. છે ખરો, બંધ થાય છે, ઉદય હોય છે, નિર્જરા થાય છે, કર્મ ટળે છે. જાણે છે. આહાહા..! અહીં સુધી તો કાલે આવ્યું હતું.

**ભાવાર્થ :– 'જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ દૂરથી જાણવાનો છે;...'** જોયું? જ્ઞાન પ્રભુ ચૈતન્યમૂર્તિ (તેનો સ્વભાવ) નેત્રની જેમ દૂરથી જાણવાનો છે. પર ચીજમાં ભળ્યા વિના. જો કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને ત્રણકાળમાં અડતું નથી. એક શરીરને આત્મા અડતો નથી. અહીંયાં તો સમ્યગ્દષ્ટિ આત્મા જ્યાં સુધી જઘન્યભાવે પરિણમે છે ત્યાં સુધી એને ઉત્કૃષ્ટ ભાવનું વેદન નથી, તેથી તેને તેટલું બંધન ને આસ્રવ છે. એક એ નયને બરાબર જાણવી જોઈએ. ૪૭ નયમાં એ નય લીધી છે. ૪૭ નયમાં તો ક્રિયાનયથી મોક્ષ છે એમ પણ કીધું છે. એનો અર્થ કે, એક નયે એમ યોગ્યતા ગણી છે, યોગ્યતા ગણી. આહાહા..! જ્ઞાનનયે મોક્ષ થાય, ક્રિયાનયે મોક્ષ થાય, વ્યવહારથી મોક્ષ થાય, નિશ્ચયથી મોક્ષ થાય એમ ૪૭ નયમાં વર્ણન છે, 'પ્રવચનસાર'. એ જ્ઞાનની શૈલીથી સમજાવ્યું છે. એ છે, રાગ છે જ્ઞાનીને, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી જ્ઞાન છે, રાગ છે, રાગનું વેદન છે એથી કર્તા-ભોક્તા ત્યાં સિદ્ધ કર્યું છે. સમકિતીને કર્તા-ભોક્તા, હોં! આહાહા..! સમકિતી કર્તા-ભોક્તા છે એમ સિદ્ધ કર્યું. ૪૭ નય.

મુમુક્ષુ :– 'સમયસાર' માં સમકિતી જાણતો, ન કરતો એમ આવે.

ઉત્તર :– કીધું ને બે પ્રકાર છે. બેય વિવક્ષા ફેર છે. વિવક્ષાની વિચિત્રતા છે. ત્યાં આગળ તો જઘન્ય પણ દોષ એનો છે એમ બતાવવું છે અને અહીં તો બંધ ને મોક્ષનો જાણનાર છે એમ બતાવવું છે. આહાહા..!

**'જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ દૂરથી જાણવાનો છે;...'** જોયું? ભાષા. અહીં એ લેવું છે. 'આસ્રવ અધિકાર' માં તો જઘન્યભાવે પરિણમે છે એને કર્મનું બંધન થાય છે. ચોથા,પાંચમા, છઠ્ઠાને. એવો મૂળ પાઠ, મૂળ પાઠ છે.

અહીંયાં **'જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ દૂરથી જાણવાનો છે; માટે કરવું–ભોગવવું જ્ઞાનને નથી.'** જાણે. જાણનાર કરે શું ને ભોગવે શું? આહાહા..! જાણનાર એવો ચૈતન્ય સ્વભાવ તે કરે શું અને ભોગવે શું? એ તો જાણે. એ વાત અહીં લીધી છે. મોક્ષને જાણે, નિર્જરાને જાણે. નિર્જરાને એ કરે નહિ, મોક્ષને કરે નહિ, મોક્ષના માર્ગને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને પણ જ્ઞાની કરે નહિ. કઈ અપેક્ષા? આહાહા..! ચાર બોલ લીધા છે ને 'જયસેનાચાર્ય'ની ટીકામાં? બંધ ને મોક્ષ અને બંધ-મોક્ષના કારણ એને આત્મા કરતો નથી. મોક્ષના કારણને– મોક્ષમાર્ગને કરતો નથી, બંધને કરતો નથી, બંધના કારણને કરતો નથી. વિવક્ષાથી ભિન્ન ભિન્ન શૈલી છે.

અહીં કહે છે, કે **'જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ દૂરથી જાણવાનો છે;...'** માટે કરવું-

ભોગવવું જ્ઞાનને નથી. આહાહા..! કરવા ભોગવવાપણું માનવું તે અજ્ઞાન છે. રાગનું કરવાપણું કે મોક્ષ ને નિર્જરાનું કરવાપણું પણ નહિ. આહાહા..! ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ પ્રભુ! થાય તેને જાણે. તે ખરેખર તો થાય તેને દૂરથી જાણે. આંખ જેમ દૂરથી દેખે, એમ દૂરથી જાણે એવો એનો વાસ્તવિક મૂળ સ્વભાવ (છે). આહાહા..!

**'કરવા-ભોગવવાપણું માનવું તે અજ્ઞાન છે.'** હવે અહીં ૪૭ નયમાં કહ્યું, કે સમકિતી કર્તા-ભોક્તા છે. 'પ્રવચનસાર' છેલ્લે ૪૭ નય આવે છે ને? આમાં ૪૭ શક્તિ આવે છે. આ તો 'સમયસાર' છે. આમાં 'સમયસાર'(માં) ૪૭ શક્તિ વર્ણવી છે. પ્રવચનસારમાં છેલ્લે ૪૭ નય વર્ણવી છે. કર્તા નયે, **'આત્મદ્રવ્ય કર્તા નયે રંગરેજની માફક...'** રંગ, રંગનો કરનાર છે. **'રાગાદિ પરિણામનું કરનાર છે (અર્થાત્ આત્મા કર્તા નયે રાગાદિ પરિણામોનો કર્તા છે, જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ.)'** સમ્યગ્જ્ઞાનની વાત છે. એમ ભોક્તા. **'આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખ-દુઃખાદિનું ભોગવનાર છે.'** 'પ્રવચનસાર' આહાહા..!

મુમુક્ષુ :– 'સમયસાર' એમ કહે કે, કર્તા-ભોક્તા નથી.

ઉત્તર :– એ કઈ રીતે? દૃષ્ટિની પ્રધાનતાથી કર્તા-ભોક્તા નથી પણ જ્ઞાન જાણે છે, કે આ પરિણમન મારામાં છે, રાગનું પરિણમન મારામાં છે ને રાગનું વેદન મને છે, વેદન જડને નથી. કર્તા ને ભોક્તા સમકિતીને લીધા છે. ૪૭ નય. આહા..! છે?

મુમુક્ષુ :– અકર્તા-અભોક્તા પણ લીધું છે.

ઉત્તર :– ઇ તો સામે છે જ ને. આ તો કર્તા છે. કર્તા પણ છે અને અકર્તા પણ એક સાથે છે. કર્તા નય સાથે (છે), રાગનો અને જાણનારો એક સાથે અકર્તા. ભોક્તા રાગનો એક સાથે, અભોક્તા એની સાથે એક સાથે છે. નયો એક સાથે હોય છે. ઝીણી વાત છે. આ ૪૭ નયનો વિસ્તાર આવી ગયો છે, પુસ્તક છપાશે ત્યારે બહાર આવશે. 'મુંબઈ' થી છપાય છે.

**'કરવા-ભોગવવાપણું માનવું તે અજ્ઞાન છે. અહીં કોઈ પૂછે કે-'એવું તો કેવળજ્ઞાન છે.'** કેવળજ્ઞાનમાં કરવું-ભોગવવું કાંઈ ન મળે. તમે પાધરું આટલું બધું ઠરાવો છો? **'બાકી જ્યાં સુધી મોહકર્મનો ઉદય છે ત્યાં સુધી તો સુખદુઃખરાગાદિરૂપે પરિણમન થાય જ છે,...'** જ્ઞાનીને પણ થાય છે. ત્યાં સુધી તો સુખ ને દુઃખ, સુખ-દુઃખ શું? વિકારી, હોં! આત્માનું સુખ નહિ. વિકારી સુખ ને વિકારી દુઃખ રાગાદિરૂપે પરિણમન થાય જ છે. આહાહા..! **'તેમ જ જ્યાં સુધી દર્શનાવરણ, જ્ઞાનાવરણ તથા વીર્યાંતરાયનો ઉદય છે ત્યાં સુધી અદર્શન,...'** સમકિતીને અદર્શન ભાવ છે હજી. **'અજ્ઞાન...'** અજ્ઞાન પણ છે એટલે કે વિપરીત જ્ઞાન એમ નહિ, ઓછું જ્ઞાન. **'તથા અસમર્થપણું...'** વીર્યને લઈને અસમર્થપણું **'હોય જ છે; તો પછી કેવળજ્ઞાન થયા પહેલા જ્ઞાતાદૃષ્ટાપણું કેમ કહેવાય?'** આ પ્રશ્ન પૂછ્યો છે.

**'તેનું સમાધાન :– પહેલેથી કહેતા જ આવીએ છીએ કે જે સ્વતંત્રપણે કરે-ભોગવે,**

**તેને પરમાર્થે કર્તા-ભોક્તા કહેવાય છે.**' અમે એ અપેક્ષાએ કહીએ છીએ. સ્વતંત્રપણે કર્તા, પોતાનું માની સ્વતંત્રપણે કર્તા-ભોક્તા થાય તેને અમે કર્તા-ભોક્તા કહીએ. જ્ઞાની પોતાનું માનતો નથી તેથી એને કર્તા-ભોક્તા જ્ઞાનની અપેક્ષાએ કહેતા નથી. પણ ૪૭ નયની અપેક્ષાએ જ્ઞાની પોતે રાગનો કર્તા ને ભોક્તા પોતે પોતાનો છે. એનો કર્તા-ભોક્તા કોઈ બીજી ચીજ છે નહિ. આહાહા..! કેટલો ફેર! એકકોર કહે મોક્ષ અને મોક્ષનો કર્તા નહિ અને એક બાજુ કહે કે, રાગનો કર્તા જ્ઞાની. આહાહા..! જણાવ્યું છે. અહીં એ જ પૂછ્યું છે. સ્વતંત્રપણે કરે ભોગવે એ અપેક્ષાએ અમે કહ્યું છે.

**'સ્વતંત્રપણે કરે-ભોગવે, તેને પરમાર્થે કર્તા-ભોક્તા કહેવાય છે. માટે જ્યાં મિથ્યાદષ્ટિરૂપ અજ્ઞાનનો અભાવ થયો ત્યાં પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ થયો...**' પરદ્રવ્યનું સ્વામીપણું, રાગનું સ્વામીપણું સમકિતીને નથી. આહાહા..! અને એકકોર મોક્ષનો કર્તા નથી. ઝીણી વાત છે, ભાઈ! સ્યાદ્વાદ માર્ગ છે, આ કાંઈ એકાંત માર્ગ નથી. બધી નયો એને એક સમયે વર્તે છે. એક જ સમયે ૪૭ નયો વર્તે છે. આહાહા..!

**'માટે જ્યાં મિથ્યાદષ્ટિરૂપ અજ્ઞાનનો અભાવ થયો ત્યાં પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ થયો અને ત્યારે જીવ જ્ઞાની થયો થકો સ્વતંત્રપણે તો કોઈનો કર્તા-ભોક્તા થતો નથી,...**' સ્વતંત્રપણે આ રાગ ઠીક છે, રાગ સુખરૂપ છે, મને સુખરૂપ થાય છે એવી બુદ્ધિથી કર્તા થતો નથી. '**તથા પોતાની નબળાઈથી કર્મના ઉદયની બળજોરીથી...**' આહાહા..! લ્યો! એકકોર કહે કર્મને આત્મા અડતો નથી, આત્માને કર્મ અડતા નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ત્રણકાળમાં અડે નહિ. 'સમયસાર'ની ત્રીજી ગાથા. સ્વદ્રવ્ય પોતાના ધર્મને ચુંબે, પર્યાયને. પરને અડતો નથી. આ આંગળી આ આંગળીને અડતી નથી, કર્મ આત્માને અડતું નથી, આત્મા કર્મને ત્રણકાળમાં અડતો નથી. આહાહા..! એક રજકણ આ બીજા રજકણને અડતું નથી. ત્રીજી ગાથા.

દરેક દ્રવ્ય પોતાના ગુણ અને પર્યાયને ચુંબે છે, અન્ય દ્રવ્યના કોઈપણ પર્યાયને તે અડતુંય નથી. આહાહા..! આખો દિ' આ... એ પ્રશ્ન થયો હતો ત્યાં 'રાજકોટ'. આ ચાલે છે ને? પગ જમીનને અડતો નથી. આ ચાલે એમાં પગ જમીનને અડતો નથી. આહાહા..! કેમ કે જમીન અને પગ વચ્ચે અભાવ છે, અત્યંત અભાવ છે. એ પગ પોતાની ક્રિયાથી, તે આમ આમ ગતિ કરે છે અને પોતાને આધારે ગતિ કરે છે, જમીનને આધારે નહિ. અર..ર..ર..! આવી વાત બેસવી. છએ દ્રવ્યને સમયે સમયે પર્યાયમાં ષટ્કારકપણું પરિણમન સ્વતંત્ર થાય છે.

અહીં કહે છે, કે '**જ્ઞાનીને નબળાઈથી, કર્મના ઉદયની બળજોરીથી જે કાર્ય થાય છે...**' આવે છે '**તેનો કર્તા-ભોક્તા પરમાર્થદષ્ટિએ તેને કહેવાતો નથી,...**' પરમાર્થદષ્ટિએ કહેવાતો નથી. '**વળી તે કાર્યના નિમિત્તે કાંઈક નવીન કર્મરજ લાગે પણ છે...**' કર્મ તો દસમા ગુણસ્થાન સુધી બંધાય છે. આહાહા..! દસમે ગુણસ્થાને પણ ત્યાં છ કર્મ બંધાય છે, એક આયુષ્ય

ને મોહ નહિ. અબુદ્ધિપૂર્વક લોભનો ભાગ છે ને જરી? ધ્યાનમાં છે, આનંદમાં છે, ઉપયોગ અંદરમાં છે, જરીક લોભનો ભાગ હજી બાકી છે. એથી દસમે ગુણસ્થાને પણ આ છ કર્મનું બંધન છે. આહાહા..! અહીં કહે કે, સમકિતીને બંધન નથી. એ મિથ્યાત્વની અપેક્ષાએ વાત કરી છે. મિથ્યાત્વ એ સંસાર છે અને એને લઈને અનંત સંસાર ભોગવવો પડે, એવી દૃષ્ટિથી અહીં વાત કરી. મિથ્યાત્વ ગયા પછી ચારિત્રમોહને કારણે જે દોષ ઉત્પન્ન થાય એનું બંધન છે, એનું વેદન છે પણ અહીં મિથ્યાત્વ ગયા પછી એની ગણતરી ગણી નથી. કીધું ને.

**'વળી તે કાર્યના નિમિત્તે કાંઈક નવીન કર્મરજ લાગે પણ છે...'** ધર્મીને પણ **'તોપણ તેને અહીં બંધમાં ગણવામાં આવતી નથી.'** જોયું? કેમ? કે **'મિથ્યાત્વ છે તે જ સંસાર છે.'** અવ્રત ને પ્રમાદ ને કષાય ગૌણ કરી નાખ્યા છે. એકકોર ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધ છે. અસિદ્ધની વ્યાખ્યા જે આવે છે, ઉદયભાવના ૨૧ બોલ, 'તત્ત્વાર્થ સૂત્ર'. ચૌદમે ગુણસ્થાને અસિદ્ધ છે અને અહીં (કહે) મિથ્યાત્વ ગયા પછી આત્મા સિદ્ધ સદૃશ છે. ચૌદમે ગુણસ્થાને અસિદ્ધ છે એવો પાઠ ૨૧ ઉદયના બોલમાં છે. 'તત્ત્વાર્થ સૂત્ર' અને અહીં સિદ્ધ સદૃશ છે. મિથ્યાત્વ ગયું ત્યાં સિદ્ધ સદૃશ છે. અનંત સંસારનું કારણ ગયું એ અપેક્ષાએ કહેવામાં આવ્યું. બાકી સંસાર છે હજી. આહાહા..!

**'મિથ્યાત્વ છે તે જ સંસાર છે.'** ભાષા દેખો! હવે આમ એકકોર બંધના કારણ પાંચ (કહ્યા)–મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને જોગ. બંધના કારણ પાંચ. અને અહીં કહે છે **'મિથ્યાત્વ છે તે જ સંસાર છે.'** આનું મુખ્યપણું બતાવવું છે. અને અવ્રત, પ્રમાદ, કષાયનો બંધ છે તેને ગૌણપણે છે, અભાવપણે નહિ, એને ગૌણપણે રાખીને નથી એમ કહ્યું.

**'મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે.'** આહાહા..! ભ્રાંતિ ગઈ અને અખંડાનંદ પ્રભુ ચૈતન્ય સ્વરૂપ, આનંદનો સાગર દૃષ્ટિમાં આવ્યો, પૂર્ણ પરમાત્મા દૃષ્ટિમાં આવ્યો એ અપેક્ષાએ એને મિથ્યાત્વનો નાશ થયો. તેથી તેને સંસારનો અભાવ થયો એમ કહ્યું. એકકોર ચૌદમે સુધી સંસાર છે એમ કીધું. ચૌદમા ગુણસ્થાન સુધી સંસાર છે. આહાહા..! અસિદ્ધ કહો કે સંસાર કહો. સિદ્ધને સંસાર નહિ. ચૌદમાં સુધી સંસાર છે. ઉદય ભાવ છે ને જરીક ચાર અઘાતી કર્મનો એટલો અસિદ્ધ ભાવ છે, અસિદ્ધ ભાવ કહો કે સંસાર કહો. અહીં સંસારનો અભાવ ચોથે કહે છે. **'મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે. સમુદ્રમાં બિંદુની શી ગણતરી?'** જુઓ! બિંદુ છે, પણ સમુદ્રમાં બિંદુની શી ગણતરી? એ લીધી છે અહીંયાં. અને આસ્રવમાં, નયમાં બધે ઠેકાણે...

મુમુક્ષુ :– બિંદુ-બિંદુ જેટલો...

ઉત્તર :– હા, બિંદુ. સંસાર છે ને એટલો? હજી રાગ, અવ્રત, પ્રમાદ ભાવ છે ને. અવ્રત ભાવ છે, પ્રમાદ ભાવ છે, કષાય ભાવ છે, જોગ ભાવ છે. સમકિતમાં અવ્રત, પ્રમાદ, કષાય ને યોગનો અંશ નાશ થાય છે. અંશ, હોં! મિથ્યાત્વનો જેમ નાશ થાય છે એમ

અવ્રતનો, પ્રમાદનો, કષાયનો એમ જોગ... જોગ... જોગ... એ તેરમે જોગ (પ્રગટે) એનો અંશે નાશ થાય છે. આહાહા..! કારણ કે, સમ્યગ્દર્શન થતાં જેટલા અનંતા ગુણ છે તેનો એક અંશ વ્યક્તપણે પ્રગટ થાય છે. એથી એ કંપન ગુણ જે જોગનો છે એનો પણ એક અંશ પ્રગટ થાય છે, અકંપપણું. આહાહા..!

મુમુક્ષુ :- સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ.

ઉત્તર :- સર્વ ગુણાંશ તે સમકિત. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' માં લખ્યું છે, જ્ઞાનાદિ અનંત ગુણો સમકિતીને અંશે પ્રગટે છે, કેવળીને પૂર્ણ પ્રગટે છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' 'ટોડરમલ્લ'.

અહીં એ કહે છે. આહાહા..! **'વળી એટલું વિશેષ જાણવું...'** બીજો પેરેગ્રાફ. **'કેવળજ્ઞાની તો સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપ જ છે...'** આહાહા..! **'અને શ્રુતજ્ઞાની પણ શુદ્ધનયના અવલંબનથી આત્માને એવો જ અનુભવે છે; પ્રત્યક્ષ-પરોક્ષનો જ ભેદ છે.'** કેવળીને પ્રત્યક્ષ છે અને શ્રુતજ્ઞાનીને પરોક્ષ છે. **'માટે શ્રુતજ્ઞાનીને જ્ઞાન-શ્રદ્ધાનની અપેક્ષાએ તો જ્ઞાતાદષ્ટાપણું જ છે...'** શ્રુતજ્ઞાનીને જ્ઞાન-શ્રદ્ધાની અપેક્ષાએ જ્ઞાતા-દૃષ્ટાપણું છે **'અને ચારિત્રની અપેક્ષાએ પ્રતિપક્ષી કર્મનો જેટલો ઉદય છે...'** સમકિતીને. આહાહા..! **'તેટલો ઘાત છે...'** આહાહા..! એકકોર (કહે) મોક્ષનો કર્તા નહિ, એકકોર કહે સમકિતીને પણ હજી, છઠ્ઠે ગુણસ્થાને પણ હજી ઘાત છે. ઉદય આવે છે એમાં જોડાય છે. જોડાય છે, નથી જોડાતો તો એકલી નિર્જરા થઈ જાય, તો ઉદય રહે જ નહિ. આહાહા..!

**'પ્રતિપક્ષી કર્મનો જેટલો ઉદય છે...'** આહાહા..! એકકોર 'બાહુબળ' ને 'ભરત' લડાઈ કરે અને સમકિતની અપેક્ષાએ એને બંધ ને આસ્રવ નથી એમ કહેવાય. આહાહા..! એક બાજુ દસમા ગુણસ્થાન સુધી લોભનો ઉદય છે માટે છ કર્મનું બંધન એને છે. આહાહા..! કઈ અપેક્ષા વિવક્ષા કથનની શૈલી ન જાણે અને એકાંત તાણે તો એ તો મિથ્યાત્વ થઈ જાય. આહાહા..! લડાઈ કરે લડાઈ, બે ભાઈઓ સમકિતી છે. એ લડાઈમાં વિકારીભાવ આવતો હશે કે નહિ? વિકારી ભાવ આવ્યા વિના લડાઈ થાય કાંઈ? છતાં તેને બંધન છે, એ વિકાર જેટલું છે એનું બંધન છે, વેદન છે.

વેદનના ત્રણ પ્રકાર છે. મિથ્યાદૃષ્ટિને એકલું દુઃખનું વેદન છે, ગમે તેવો ત્યાગી થાય પંચમહાવ્રત ધારી થાય, દૃષ્ટિ મિથ્યાત્વ છે જ્યાં સુધી રાગ તે હું ને આ હું, ત્યાં સુધી એકલું દુઃખ (વેદે છે). કેવળીને એકલું સુખ (છે). આહાહા..! અને સાધકને સુખ ને દુઃખ બેય (છે). સમજાય છે કાંઈ? બેયનું વેદન છે. કેવળીને એકલા આનંદનું વેદન છે, એકલો આનંદ. ભલે અસિદ્ધ ભાવ છે પણ આનંદમાં ખામી નથી અને જેની શ્રદ્ધામાં એક નાનું શલ્ય જરી રહી ગયું એને પૂર્ણ દુઃખ જ છે. અંશે સુખ નથી. અને સમ્યગ્દૃષ્ટિ થયા પછી સુખ પણ છે. જેટલો સ્વનો આશ્રય લીધો એટલું સુખ છે, જેટલો હજી પરનો આશ્રવ રહી ગયો છે એટલું દુઃખ છે. આહાહા..!

અહીં એ કહે છે. **'ચારિત્રની અપેક્ષાએ પ્રતિપક્ષી...'** એ તો સમકિતની ને જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાતા-દૃષ્ટા કીધું. પણ **'ચારિત્રની અપેક્ષાએ પ્રતિપક્ષી કર્મનો જેટલો ઉદય છે તેટલો ઘાત છે...'** સમકિતીને એટલો ઘાત છે. આહાહા..! છટ્ઠે ગુણસ્થાને પણ સંજ્વલનનો ઉદય છે એટલો શાંતિનો ઘાત છે. આહાહા..! મુનિને સંજ્વલનનો ચોથા કષાયનો ઉદય છે એટલો હજી શાંતિનો ઘાત છે. આહાહા..! **'જેટલો (કર્મનો) ઉદય છે તેટલો ઘાત છે તથા તેને નાશ કરવાનો ઉદ્યમ પણ છે.'** જોયું? ઘાત થાય છે અને એને નાશ કરવાનો પ્રયત્ન પણ છે, રાખવાનો પ્રયત્ન નથી. આહાહા..! આવી વાતું છે.

**'જ્યારે તે કર્મનો અભાવ થશે ત્યારે સાક્ષાત્ યથાખ્યાત ચારિત્ર થશે અને ત્યારે...'** કર્મબંધન અટકશે. **'અને ત્યારે કેવળજ્ઞાન થશે.'** મૂળ તો આમ છે કહે છે. **'અહીં સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે મિથ્યાત્વના અભાવની અપેક્ષાએ કહેવામાં આવે છે.'** મિથ્યાત્વનો નાશ થયો એ અપેક્ષાએ એને જ્ઞાની કહેવાય. **'જ્ઞાનસામાન્યની અપેક્ષા લઈએ તો તો સર્વ જીવ જ્ઞાની છે...'** ઠીક! બધા જીવ ભગવાન છે. જ્ઞાન સ્વરૂપ ભગવાન છે બધા, અભવી પણ ભગવાન છે. દ્રવ્ય તો જ્ઞાન સ્વરૂપ છે ને? એ તો પર્યાયમાં ફેર છે. આહાહા..! શું કીધું?

**'સર્વ જીવ જ્ઞાની છે...'** એમાં કોઈ બાકી રાખ્યો? આહાહા..! કષાય જે હંમેશાં હજારો ગાયોને કાપે છતાં એ જ્ઞાની છે. આહાહા..! કઈ રીતે? અંદર દ્રવ્ય સ્વરૂપ જ્ઞાન છે એ અપેક્ષાએ. પર્યાયથી તો મરીને નરકે જશે. આહા..! સર્વ જીવ જ્ઞાની કીધા ને? એમાં કોઈ બાકી રાખ્યો? આહાહા..! એનું દ્રવ્ય જે છે એ તો શુદ્ધ ચૈતન્યઘન છે, એ બધા ભગવાન છે. આહાહા..! કહ્યું નહિ? 'દ્રવ્ય સંગ્રહ' નું ન કહ્યું? 'દ્રવ્ય સંગ્રહ' માં એક શ્લોક છે, ટીકા. અવાય અવાય. ધર્મ ધ્યાનના બોલ છે ને? વિપાક, અવાય. એમાં અવાયમાં એવો બોલ છે, કે હું તો આઠે કર્મ રહિત થવાનો છું.

ધર્મી વિચાર કરે છે. પણ બધા ભગવાન થાવ. આઠેય કર્મનો નાશ કરી અને તમે ભગવાન થાવ. 'બૃહદ દ્રવ્ય સંગ્રહ' માં છે. ધર્મધ્યાનના ચાર બોલ છે ને? એમાં એક અવાય બોલ છે. વિપાક વિજય, સંસ્થાન વિજય, અવાય વિજય એમાં અવાય વિજયના અર્થમાં છે. હું તો આઠ કર્મથી રહિત થવાનો છું જ પણ બધા જીવો આઠ કર્મ રહિત થાવ, પ્રભુ! દુઃખી કોઈ ન થાવ. કોઈ સંસારમાં ન રહો. એવો પાઠ છે. કોઈને નરક ને નિગોદનું દુઃખ ઠીક લાગે? તો સમકિતીને એમ લાગે કે, આ કરે અને નરકમાં જાય તો ઠીક. બીજાના દુઃખને વેદન એ પણ કરવા માગતો નથી. આહાહા..!

બીજા જીવો પણ કર્મનો નાશ કરીને ભગવાન થાઓ! ભગવાન તરીકે તો બોલાવ્યો છે. ૭૨ ગાથા, આની–'સમયસાર'ની ૭૨ ગાથા. ત્રણવાર ભગવાન ભગવાન ભગવાન (કહીને બોલાવ્યો છે). પુણ્ય અને પાપ અશુચિ છે, મેલ છે. ૭૨ ગાથામાં છે. ત્યારે ભગવાનઆત્મા નિર્મળાનંદ છે. એમ ભગવાનઆત્મા લીધો છે, ૭૨ ગાથા. આહાહા..! પુણ્ય ને પાપ અજીવ

છે, જડ છે, ભગવાનઆત્મા ચૈતન્ય છે. બીજો બોલ છે. ત્રણ વાર ભગવાન આવ્યા. પુણ્ય-પાપ એ દુઃખ છે. આહાહા..! ત્યારે ભગવાન આનંદ છે, અનાકુળ આનંદનો નાથ છે ઇ. આહાહા..! એવું બે વચ્ચે વહેંચણી કરીને જુદું પાડવા ૭૨ ગાથામાં (કહ્યું છે). ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' એમ બોલે છે. ભગવાનઆત્મા! આહાહા..!

પુણ્ય ને પાપના મેલથી જુદો છે માટે ભગવાન છે. પુણ્ય-પાપ એ જડ છે, કેમકે પુણ્ય-પાપમાં ચૈતન્યનો અંશ નથી. એ પુણ્ય-પાપ પોતે (પોતાને) જાણતા નથી તેમ બીજાને જાણતા નથી, બીજા વડે જણાય છે માટે જડ છે. આહાહા..! ગજબ વાત છે, ભાઈ! પુણ્ય-પાપ દુઃખરૂપ છે, ભગવાન અનાકુળ આનંદરૂપ છે. ભગવાન તરીકે ત્રણ (વાર બોલાવ્યા છે). ટીકામાં ત્રણમાં ભગવાન બોલાવ્યા છે. મૂળ પાઠ (છે). 'અમૃતચંદ્રાચાર્ય'. આહાહા..! અને અવાયમાં એ જ કહ્યું કે, હું તો આઠ કર્મ રહિત થવાનો છું જ. બધા ભગવાન આઠ કર્મ રહિત થાવ, કોઈ કર્મ સહિત ન રહો. આહાહા..! ધર્મી આવી ભાવના ભાવે છે. એવી ભાવના ભાવતો નથી કે, આ મરીને નરકે જાય ને દુર્ગતિએ જાય ને... આહાહા..!

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, મારા દુશ્મનને પણ દ્રવ્યલિંગ ન હો.

ઉત્તર :- કોઈ છે જ નહિ દુશ્મન-બુશ્મન. દુનિયામાં કોઈ શત્રુ છે જ નહિ, બધા દ્રવ્ય સ્વભાવ ભગવાન છે. દ્રવ્યે તો બધા સાધર્મી છે, દ્રવ્યદૃષ્ટિએ તો બધા સાધર્મી છે, આખી દુનિયા. આહાહા..! આકરી વાતું છે, બાપા! પર્યાયદૃષ્ટિએ જોવે તો ચૌદમા ગુણસ્થાન સુધી હજી અસિદ્ધ છે. આહાહા..! કેટલો ફેર?

અહીં કહે છે, કે **'અહીં સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે મિથ્યાત્વના અભાવની અપેક્ષાએ કહેવામાં આવે છે. જ્ઞાનસામાન્યની અપેક્ષા લઈએ તો તો સર્વ જીવ જ્ઞાની છે...'** દેખો! સર્વ જીવ જ્ઞાની (છે). જ્ઞાન સ્વરૂપ જ છે બધા એને આત્મા કહીએ. અને રાગ-દ્વેષ આદિ થાય એ તો પુણ્ય-પાપ તત્ત્વ છે. નવ તત્ત્વમાં એ તો પુણ્ય-પાપ ને આસ્રવ તત્ત્વ છે, ભગવાન તો જ્ઞાન તત્ત્વ છે. આહાહા..! **'સર્વ જીવ જ્ઞાની છે અને વિશેષ અપેક્ષા લઈએ તો જ્યાં સુધી કિંચિત્માત્ર પણ અજ્ઞાન રહે ત્યાં સુધી જ્ઞાની કહી શકાય નહિ...'** આહાહા..! **'જેમ સિદ્ધાંતમાં ભાવોનું વર્ણન કરતાં, જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી અર્થાત્ બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે.'** આહાહા..! બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાન એટલે મિથ્યાત્વ એ નહિ, ઓછું જ્ઞાન. બારમે અજ્ઞાન કહ્યું અને સમકિતીને જ્ઞાન કહ્યું. એ અપેક્ષા છે, બાપુ! એ એકાંત ન તણાય. કઈ અપેક્ષાએ કહ્યું? આહાહા..!

બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ (કહ્યો). અજ્ઞાન એટલે? મિથ્યાત્વ નહિ, ઓછું જ્ઞાન, ઓછા અલ્પ જ્ઞાનને અજ્ઞાન કહ્યું ત્યાં. **'માટે અહીં જે જ્ઞાની-અજ્ઞાનીપણું કહ્યું તે સમ્યક્ત્વ-મિથ્યાત્વની અપેક્ષાએ જ જાણવું.'** ચારિત્રદોષ વચ્ચે આવે છે એને અહીં ન લેવા. ચારિત્ર દોષ તો પછી છઠ્ઠા ગુણસ્થાને છે ને દસમા ગુણસ્થાને છે. આહાહા..! ચારિત્રનો

દોષ તો દસમા ગુણસ્થાન સુધી છ કર્મ બંધાય. અગિયારથી બંધ. અગિયાર, બારમા ગુણસ્થાનથી બંધ, અબંધ છે. એક ઇર્યાપદ આસ્રવ બંધાય. **'કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી અર્થાત્ બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે.'** આ અજ્ઞાન એટલે મિથ્યાત્વ નહિ, હોં! અજ્ઞાન એટલે વિપરીત ભાવ નહિ, અજ્ઞાન એટલે ઓછું જ્ઞાન. પરિપૂર્ણ નથી એટલી અપેક્ષાએ અજ્ઞાન કહ્યું. **'માટે અહીં જે જ્ઞાની-અજ્ઞાનીપણું કહ્યું તે સમ્યક્ત્વ-મિથ્યાત્વની અપેક્ષાએ જ જાણવું.'** સમકિત અને મિથ્યાત્વની અપેક્ષાએ જાણવું, બધી અપેક્ષાએ એને અજ્ઞાની કહ્યા એમ ન જાણવું. આહાહા..! ખુલાસો કેવો સરસ કર્યો છે. આહાહા..!

## શ્લોક-૧૯૯

(अनुष्टुभ)

ये तु कर्तारमात्मानं पश्यन्ति तमसा तताः।
सामान्यजनवत्तेषां: न मोक्षोऽपि मुमुक्षताम्।।१९९।।

**હવે, જેઓ-જૈનના સાધુઓ પણ-સર્વથા એકાંતના આશયથી આત્માને કર્તા જ માને છે તેમને નિષેધતો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છે :-**

**શ્લોકાર્થ :– [ ये तु तमसा तताः आत्मानं कर्तारम् पश्यन्ति ] જેઓ અજ્ઞાનઅંધકારથી આચ્છાદિત થયા થકા આત્માને કર્તા માને છે, [ मुमुक्षताम् अपि ] તેઓ ભલે મોક્ષને ઇચ્છનારા હોય તોપણ [ सामान्यजनवत् ] સામાન્ય (લૌકિક) જનોની માફક [ तेषां मोक्षः न ] તેમનો પણ મોક્ષ થતો નથી. ૧૯૯.**

## શ્લોક–૧૯૯ ઉપર પ્રવચન

**'હવે, જેઓ-જૈનના સાધુઓ પણ-સર્વથા એકાંતના આશયથી આત્માને કર્તા જ માને..'** છ કાયની દયાનો પાળનારો છું એમ માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે. જેમ અન્યમતિ ઈશ્વરને કર્તા માને છે એમ તું જો છ કાયની દયા પાળી શકે તો કર્તા થયો, તું પણ મિથ્યાદૃષ્ટિ થયો. આહાહા..! ઈશ્વર કર્તા નથી તેમ છ કાયની દયા તું પાળી શકતો નથી. કારણ કે, એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યની દયા પાળી શકતો નથી પણ દયાનો ભાવ આવે એ પણ હિંસા છે. ગજબ વાત છે. 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય' માં પાઠ છે, કે દયાનો ભાવ તે હિંસા છે. 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય', 'અમૃતચંદ્રાચાર્ય'. આહાહા..!

હવે અહીં કહે કે, દયાથી ધર્મ થાય છે. સ્વદયા. પોતાનો આનંદ નાથ, રાગના આસ્રવથી ભિન્ન એવું ભાન થયું. ભલે આસ્રવ ચીજ રહી ગઈ થોડી પણ રાગ ને પુણ્યથી ભિન્ન મારી ચીજ છે એ હું છું, રાગ ને એ મારી ચીજ નથી. મારી ચીજ હોય એ મારાથી જુદી પડે નહિ, જુદી પડે એ મારી ચીજ નહિ. જ્ઞાન ને આનંદ એ કોઈ દિ' જુદો પડે નહિ. આહાહા..! રાગ ને દ્વેષ તો જુદા પડી જાય છે માટે મારી ચીજ નહિ. એમ જ્ઞાની જાણે છે તેને જ્ઞાની કહેવામાં આવે છે, એમ કહે છે.

**'જૈનના સાધુઓ પણ-સર્વથા એકાંતના આશયથી આત્માને કર્તા જ માને છે તેમને નિષેધતો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છે :-'** જૈન સિવાય, બીજા ઈશ્વર આદિને કર્તા માને છે, કોઈ દેવ-દેવલાને કર્તા માને છે અને જૈનનો સાધુ છ કાયની દયાને પાળી શકું છું એમ માને (છે), એ બેય કર્તા છે. આહાહા..! ઇ કહે છે. ૧૯૯ શ્લોક.

**ये तु कर्तारमात्मानं पश्यन्ति तमसा तताः।**
**सामान्यजनवत्तेषां: न मोक्षोऽपि मुमुक्षताम्।।१९९।।**

**'જેઓ અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત થયા થકા આત્માને કર્તા માને છે, તેઓ ભલે મોક્ષને ઇચ્છનારા હોય તોપણ સામાન્ય (લૌકિક) જનોની માફક...'** સામાન્ય લૌકિક જેમ ઈશ્વરને કર્તા માને છે અને મિથ્યાત્વી છે તેમ અમારા જૈનના સાધુ પણ કે કોઈ જૈન નામ ધરાવનારા પર દ્રવ્યની ક્રિયા કરી શકું છું, એ બધા ઈશ્વર કર્તા માનનારા જેવા છે. આહાહા..! પોતાનો રાગ-દ્વેષ કરે, નબળાઈ છે ત્યાં સુધી, પણ પરને તો કિંચિત અડતોય નથી. એ છ કાયના જીવના શરીર એને આ જીવ અડી શકતો નથી, અડ્યા વિના એને મારે શી રીતે? આહાહા..! ભારે આકરું. અગ્નિ પાણીને અડતી નથી અને પાણી ઊનું થાય છે. ગજબ વાત છે. અગ્નિ પાણીને અડતું નથી. કેમકે બે વચ્ચે અત્યંત અભાવ (છે), બે દ્રવ્ય જુદા છે. આહાહા..!

મુમુક્ષુ :- ચુલા ઉપર એમ ને એમ અગ્નિ વગર રાખી મુકો..

ઉત્તર :- કોણ, રાખે કોણ? ને મુકે કોણ? ચુલો જ ધૂળ છે. એની ઉપર રહેવું એ પણ એની જડની પર્યાયની યોગ્યતા હોય તો રહે. રાખનારો કહે કે, હું આને રાખું (તો એ) મિથ્યાત્વ ભાવ છે. આહાહા..! અહીં ઈશ્વરની સાથે નાખ્યા છે. જેમ ઈશ્વર કર્તા માનનારા છે એમ અમારા સાધુ ને ગૃહસ્થ પરદ્રવ્યની કોઈ પણ પર્યાયને હું કરી શકું છું.. આહાહા..! મિથ્યાદષ્ટિ છે. ઈશ્વરના કર્તાપણાની સાથેના, ઈશ્વરના કર્તાપણાની હારનો છે ઇ. આહાહા..!

મુમુક્ષુ :- ઈશ્વર કર્તાવાદી માનનાર તો ગૃહીત મિથ્યાદષ્ટિ છે.

ઉત્તર :- ઇ ભલે ગૃહીત પણ આ મિથ્યાત્વની વાત છે ને.

**'તેઓ ભલે મોક્ષને ઇચ્છનારા હોય તોપણ સામાન્ય (લૌકિક) જનોની...'** જે ઈશ્વરને માનનારા છે, કર્તા તો છે નહિ કોઈ છતાં કર્તા માને છે એના **'માફક તેમનો પણ મોક્ષ**

**થતો નથી.**' પરને કર્તા માને, પોતાની પર્યાયમાં રાગ-દ્વેષને કર્તા જાણે એ જુદી વાત છે પણ પરનો કાંઈ અડીને કાંઈક કરું, એક જરીક પરમાણુની પર્યાય કરું. એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી આમાં. આહાહા..! એક આ જીવ આ શરીરને કોઈ દિ' અડ્યો નથી. આ જીવ કર્મને કોઈ દિ' અડ્યો નથી, છુયો નથી, કર્મ જીવને છુયું નથી. આહાહા..! ફક્ત પોતાની દૃષ્ટિમાં વિપરીતતા સેવે અને માને કે, હું આને જીવાડું છું કે આને મારી શકું છું, તો કર્તાબુદ્ધિ છે એની તો. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૯૩, શ્લોક-૧૯૯ ગાથા–૩૨૧ થી ૩૨૩ શનિવાર, જ્યેષ્ઠ સુદ ૧૦, તા. ૨૪-૦૫-૧૯૮૦**

---

'સમયસાર' ૧૯૯ કળશ છે. **'હવે, જેઓ-જૈનના સાધુઓ પણ-સર્વથા એકાંતના આશયથી આત્માને કર્તા જ માને છે...'** વ્યવહાર ચારિત્ર પાળતા હોય, વ્યવહાર સમકિતી કહેવાય પણ નિશ્ચય આત્મજ્ઞાન વિના શુભ ક્રિયાના કર્તા થાય છે અને છ કાયના જીવની રક્ષા કરી શકું છું, છ કાયના જીવની રક્ષા, દયા પાળી શકું છું, એ માન્યતા મિથ્યાત્વ છે, એ કહે છે. એ **'કર્તા જ માને છે તેમને નિષેધતો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છે :–'**

**ये तु कर्तारमात्मानं पश्यन्ति तमसा तताः।**
**सामान्यजनवत्तेषां: न मोक्षोऽपि मुमुक्षताम्।।१९९।।**

**'જેઓ અજ્ઞાન-અંધકારથી (ઢંકાય ગયા) આચ્છાદિત થયા થકા...'** આહાહા..! **'આત્માને કર્તા માને છે,...'** આત્મા જ્ઞાન સ્વરૂપ છે તેને રાગનો કર્તા અને છ કાય જીવની દયાનો પાળનાર માને છે. આહાહા..! આમ તો કહેવાય, છ કાયના પીર ને છ કાયના રક્ષક ને સંવત્સરી કાગળમાં લખતા. અહીં કહે છે, છ કાયનો રક્ષક માને, છ કાયનો દયા પાળનાર માને, છ કાયને રાખું એમ માને એ ઈશ્વર કર્તા માનનારાની જેવો કર્તા છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિ છે.

**'આત્માને કર્તા માને છે, તેઓ ભલે મોક્ષને ઇચ્છનારા હોય તોપણ સામાન્ય (લૌકિક) જનોની માફક તેમનો પણ મોક્ષ થતો નથી.'** અને જુના 'સમયસાર નાટક'માં એનો અર્થ કર્યો છે. **'હૃદયના આંધળા અજ્ઞાની જીવ મિથ્યાત્વથી વ્યાકુળ થઈને મનમાં અનેક પ્રકારના જૂઠા વિકલ્પ ઉત્પન્ન કરે છે. અને એકાંત પક્ષ ગ્રહણ કરીએ આત્માને કર્મનો કર્તા માનીને નીચી ગતિનો પંથ પકડે છે.'** આણે એવી રીતે લીધું. યહ વ્યવહાર સમકિત એમ લીધું છે, ખરેખર તો નિશ્ચય વિના વ્યવહાર હોય નહિ પણ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા (છે તેથી)

વ્યવહાર સમકિતી ગણ્યા છે. **‘વ્યવહાર સમકિતી ભાવચારિત્ર વિના...’** દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ બરાબર કરે, વ્યવહાર સમકિત બરાબર હોય. આહાહા..! પણ ભાવચારિત્ર વિના, અંતર આનંદની રમણતા વિના, અતીન્દ્રિય આનંદની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા વિના **‘બાહ્ય ચારિત્રનો સ્વીકાર કરીને...’** બાહ્ય ચારિત્ર–પંચ મહાવ્રત વ્યવહાર, પંચ મહાવ્રત નિશ્ચય છે એ તો અંતર સ્વરૂપી (છે). એ વાત તો ‘નિયમસાર’માં આવી ગઈ. પંચ મહાવ્રત નિશ્ચય છે એ તો આત્મામાં રમણતા છે, આત્મામાં રમણતા એ નિશ્ચય પંચ મહાવ્રત છે અને વ્યવહાર પંચ મહાવ્રત એ વિકલ્પ છે. એ વ્યવહાર પંચમહાવ્રતને પાળતા **‘શુભ ક્રિયાથી કર્મનો કર્તા કહેવાય છે.’** જરીક ભાષા વ્યવહાર સમકિતી એને ભાષા લીધી છે. **‘તે મુર્ખ મોક્ષને તો ઇચ્છે છે પરંતુ નિશ્ચય સમ્યક્ત્વ વિના સંસાર સમુદ્રથી પાર ઉતરતો નથી.’** આ ૧૯૯ કળશનો અર્થ કર્યો છે. **‘સામાન્ય (લૌકિક) જનોની માફક તેમનો પણ મોક્ષ થતો નથી.’** હવે ગાથા.

*** ખાનદાન કુળ, ધનવાનપણું, નીરોગી શરીર તથા લાંબું આયુષ્ય એ બધુંય પામીને પણ અંતરમાં ઉત્તમ સરળ સ્વભાવ પામવો દુર્લભ છે. પરિણામમાં તીવ્ર વક્રતા હોય, મહાસંકિલષ્ટ પરિણામ હોય, ક્રોધ-માન-માયા-લોભ તીવ્ર હોય ત્યાં ધર્મનો વિચાર ક્યાંથી કરે ? વિષય કષાયનો લંપટી હોય ને સરળ મંદકષાયના પરિણામ પણ ન હોય–તેને ધર્મની પાત્રતા પણ નથી, એટલે મંદકષાયનાં સરળ પરિણામ થવા પણ દુર્લભ છે. હજી ધર્મ તો જુદી ચીજ છે. સરળ પરિણામ થયા તે કાંઈ ધર્મ નથી. પણ અહીં તો એમ કહે છે કે, સરળ પરિણામ થવા પણ દુર્લભ છે. તો પછી ધર્મની દુર્લભતાની તો શી વાત ! ઘણા જીવોને સરળ પરિણામ થવા છતાં સત્યસમાગમ મળવો દુર્લભ છે. કોઈક લૌકિક માણસો પણ મંદકષાયવાળા હોય છે, પણ વીતરાગી સર્વજ્ઞ શાસનના તત્ત્વ સમજાવનારનો સત્યસમાગમ મળવો બહુ દુર્લભ છે. મંદકષાય કરે, પણ કુદેવ–કુગુરુના સંગે ચડીને ઊંધી શ્રદ્ધાને પોષીને મનુષ્યપણું હારી જાય છે. વીતરાગી દેવ–ગુરુનો સમાગમ મળવો મહા દુર્લભ છે. ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવનારા જ્ઞાની પુરુષોનો સમાગમ મહા ભાગ્યથી મળે છે, સત્ સમજવાની યોગ્યતા હોય ત્યારે આવી વાણી સાંભળવા મળે અને સત્યસમાગમ પામીને પણ અંતરમાં સમ્યગ્દર્શન પામવું તે તો પરમ દુર્લભ છે. ૭૭૬.**

**– પરમાગમસાર**

## ગાથા–૩૨૧ થી ૩૨૩

लोयस्स कुणदि विण्हू सुरणारयतिरियमाणुसे सत्ते।
समणाणं पि य अप्पा जदि कुव्वदि छव्विहे काऐ।।३२१।।
लोयसमणाणमेयं सिद्धंतं जइ ण दीसदि विसेसो।
लोयस्स कुणइ विण्हू समणाण वि अप्पओ कुणदि।।३२२।।
एवं ण को वि मोक्खो दीसदि लोयसमणाण दोण्हं पि।
णिच्चं कुव्वंताणं सदेवमणुयासुरे लोए।।३२३।।

लोकस्य करोति विष्णुः सुरनारकतिर्यङ्मानुषान् सत्त्वान्।
श्रमणानामपि चात्मा यदि करोति षड्विधान् कायान्।।३२१।।
लोकश्रमणानामेकः सिद्धान्तो यदि न दृश्यते विशेषः।
लोकस्य करोति विष्णुः श्रमणानामप्यात्मा करोति।।३२२।।
एवं न कोऽपि मोक्षो दृश्यते लोकश्रमणानां द्वयेषामपि।
नित्यं कुर्वतां सदेवमनुजासुरान् लोकान्।।३२३।।

ये त्वात्मानं कर्तारमेव पश्यन्ति ते लोकोत्तरिका अपि न लौकिकतामतिवर्तन्ते; लौकिकानां परमात्मा विष्णुः सुरनारकादिकार्याणि करोति, तेषां तु स्वात्मा तानि करोतीत्यपसिद्धान्तस्य समत्वात्। ततस्तेषामात्मनो नित्यकर्तृत्वाभ्युपगमात् लौकिकानामिव लोकोत्तरिकाणामपि नास्ति मोक्षः।

---

હવે આ જ અર્થને ગાથા દ્વારા કહે છે :–

જ્યમ લોક માને ‘દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે’,
ત્યમ શ્રમણ પણ માને કદી ‘આત્મા કરે ષટ્ કાયને’, ૩૨૧.
તો લોક-મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,
વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે; ૩૨૨.

એ રીત લોક-મુનિ ઉભયનો મોક્ષ કોઈ નહીં દીસે,
-જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. ૩૨૩.

ગાથાર્થ :– [ लोकस्य ] લોકના (લૌકિક જનોના) મતમાં [ सुरनारकतिर्यङ्मानुषान् सत्त्वान् ] દેવ, નારક, તિર્યંચ, મનુષ્ય-પ્રાણીઓને [ विष्णुः ] વિષ્ણુ [ करोति ] કરે છે; [ च ] અને [ यदि ] જો [ श्रमणानाम् अपि ] શ્રમણોના (મુનિઓના) મન્તવ્યમાં પણ [ षड्विधान् कायान् ] છ કાયના જીવોને [ आत्मा ] આત્મા [ करोति ] કરતો હોય [ यदि लोकश्रमणानाम् ] તો લોક અને શ્રમણોનો [ एकः सिद्धान्तः ] એક સિદ્ધાંત થાય છે, [ विशेषः ] કાંઈ ફેર [ न दश्यते ] દેખાતો નથી; (કારણ કે) [ लोकस्य ] લોકના મતમાં [ विष्णुः ] વિષ્ણુ [ करोति ] કરે છે અને [ श्रमणानाम् अपि ] શ્રમણોના મતમાં પણ [ आत्मा ] આત્મા [ करोति ] કરે છે (તેથી કર્તાપણાની માન્યતામાં બન્ને સમાન થયા). [ एवं ] એ રીતે, [ सदेवमनुजासुरान् लोकान् ] દેવ, મનુષ્ય અને અસુરવાળા ત્રણે લોકને [ नित्यं कुर्वतां ] સદાય કરતા (અર્થાત્ ત્રણે લોકના કર્તાભાવે નિરંતર પ્રવર્તતા) એવા [ लोकश्रमणानां द्वयेषाम् अपि ] તે લોક તેમ જ શ્રમણ-બન્નેનો [ कः अपि मोक्षः ] કોઈ મોક્ષ [ न दश्यते ] દેખાતો નથી.

ટીકા :– જેઓ આત્માને કર્તા જ દેખે છે-માને છે, તેઓ લોકોત્તર હોય તોપણ લૌકિકતાને અતિક્રમતા નથી; કારણ કે, લૌકિક જનોના મતમાં પરમાત્મા વિષ્ણુ દેવનારકાદિ કાર્યો કરે છે, અને તેમના (-લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના) મતમાં પોતાનો આત્મા તે કાર્યો કરે છે-એમ *અપસિદ્ધાંતની (બન્નેને) સમાનતા છે. માટે આત્માના નિત્ય કર્તાપણાની તેમની માન્યતાને લીધે, લૌકિક જનોની માફક, લોકોત્તર પુરુષોનો (મુનિઓનો) પણ મોક્ષ થતો નથી.

ભાવાર્થ :– જેઓ આત્માને કર્તા માને છે, તેઓ ભલે મુનિ થયા હોય તોપણ લૌકિક જન જેવા જ છે; કારણ કે, લોક ઈશ્વરને કર્તા માને છે અને તે મુનિઓએ આત્માને કર્તા માન્યો-એમ બન્નેની માન્યતા સમાન થઈ. માટે જેમ લૌકિક જનોને મોક્ષ નથી, તેમ તે મુનિઓને પણ મોક્ષ નથી. જે કર્તા થશે તે કાર્યના ફળને ભોગવશે જ, અને જે ફળ ભોગવશે તેને મોક્ષ કેવો?

* અપસિદ્ધાંત = ખોટો અથવા ભૂલભરેલો સિદ્ધાંત

## ગાથા–૩૨૧ થી ૩૨૩ ઉપર પ્રવચન

लोयस्स कुणदि विण्हू सुरणारयतिरियमाणुसे सत्ते।
समणाणं पि य अप्पा जदि कुव्वदि छव्विहे काऐ।।३२१।।
लोयसमणाणमेयं सिद्धंतं जइ ण दीसदि विसेसो।
लोयस्स कुणइ विण्हू समणाण वि अप्पओ कुणदि।।३२२।।
एवं ण को वि मोक्खो दीसदि लोयसमणाण दोण्हं पि।
णिच्चं कुव्वंताणं सदेवमणुयासुरे लोए।।३२३।।

**જ્યમ લોક માને ‘દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે’,**
**ત્યમ શ્રમણ પણ માને કદી ‘આત્મા કરે ષટ્ કાયને’, ૩૨૧.**

ટીકામાં નહિ આવે. ટીકામાં સમુચ્ચય લીધું છે. છ કાય નામ નથી આપ્યા. અને આ તો ખાસ છ કાયની દયા પાળે છે, છ કાયની રક્ષા કરે છે. પરની રક્ષા કરે છે એ તો ઈશ્વર કર્તા છે એવો તું કર્તા થયો. આહાહા..! ઈશ્વર જેમ પરને રાખે છે, બનાવે છે એમ છ કાયના જીવની તેં રક્ષા કરી, દયા પાળી ને રાખ્યા (એમ માને છે તો) મિથ્યાદષ્ટિ છો. ઈશ્વર કર્તા માનનારની પેઠે તું પણ એની જેવો મિથ્યાત્વી (છો). ભલે વ્યવહારથી તને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા બહારથી હોય, વ્યવહાર ચારિત્ર શુભ ક્રિયા (હો) પણ ભાવચારિત્ર વિના અંતર સમ્યગ્દર્શન નિશ્ચય સ્વભાવની દષ્ટિ, અનુભવ એ ઉપરાંત સ્વરૂપની રમણતા એવા નિશ્ચય ચારિત્ર વિના મુક્તિ ત્રણકાળમાં કોઈને હોતી નથી.

**જ્યમ લોક માને ‘દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે’,**
**ત્યમ શ્રમણ પણ માને કદી ‘આત્મા કરે ષટ્ કાયને’, ૩૨૧.**

लोयसमणाणमेयं सिद्धंतं जइ ण दीसदि विसेसो।
लोयस्स कुणइ विण्हू समणाण वि अप्पओ कुणदि।।३२२।।
एवं ण को वि मोक्खो दीसदि लोयसमणाण दोण्हं पि।
णिच्चं कुव्वंताणं सदेवमणुयासुरे लोए।।३२३।।

એમ અહીંયાં

**તો લોક-મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,**
**વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે; ૩૨૨.**

**એ રીત લોક-મુનિ ઉભયનો મોક્ષ કોઈ નહીં દીસે,**
**-જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. ૩૨૩.**

આહાહા..! **'જેઓ આત્માને કર્તા જ દેખે છે...'** છ કાયના નામ આમાં નથી આપ્યા. સિદ્ધાંતકારનો આશય તો છ કાયની દયા ઉપર છે. એ જગતના પ્રાણી છ કાયની દયા... પત્રમાં લખાતા. તમારે સંવત્સરી (પછી) જ્યારે એક બીજાને લખતા ને? છ કાયના પીયર, છ કાયના રક્ષક. ખબર છે? પત્રમાં લખતા. સવંત્સરીના દિવસે એક બીજા ઉપર ક્ષમાપનાનો પત્ર લખે ને? છ કાયના રક્ષક, છ કાયના પીયર, એવું સાધુને પણ લખે. એ છ કાયના પીયર ને રક્ષક જેમ અન્ય કર્તા ઈશ્વર માને છે એમ એ તું પણ એની રક્ષા કરનારો તે આખા લોકનો કર્તા છો, એમ મિથ્યાદૃષ્ટિ છો. આહાહા..!

મુમુક્ષુ :- એમ લખે કાગળમાં કે, તું મિથ્યાદૃષ્ટિ છો.

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ છે જ, ઇ કાંઈ લખે છે? ઇ તો લખે, છ કાયના પીયરને છ કાયના રક્ષક. ઇ તો એમ લખતા સ્થાનકવાસીમાં, શ્વેતાંબરમાં બીજી વાત.

**'જેઓ આત્માને કર્તા જ દેખે છે, કર્તા જ દેખે છે...'** આહાહા..! **'માને છે, તેઓ લોકોત્તર હોય...'** લોકોત્તર એટલે જૈનના સાધુ હોય. લૌકિકપણું બધું છોડી દીધું હોય, જૈનના સાધુ થઈને જૈનના શ્રદ્ધા-જ્ઞાન અને જૈનની વ્યવહાર ચારિત્રની ક્રિયા બરાબર પાળતા હોય. તેથી એને કીધું લોકોત્તર હોય, લોકથી એની જાત જુદી (હોય). છ કાયની દયા પાળે, વ્રત ચોખ્ખા (પાળે) પણ છતાં એની દયા પાળું છું એવો ભાવ (રાખે છે). **'તોપણ લૌકિકતાને અતિક્રમતા નથી;...'** લૌકિક જેમ ઈશ્વરને કર્તા માને તેમ આ જૈનના સાધુ થઈને પણ છ કાયના જીવને પાળી શકું છું, દયા પાળી શકું છું, રક્ષા કરી શકું છું. તો જેઓ મિથ્યાદૃષ્ટિ સામાન્ય છે તેવા **'લૌકિકતાને અતિક્રમતા નથી;...'** લૌકિક જેમ એ માને છે એમ આ માનનાર એક જ છે, બેમાં કાંઈ ફેર નથી. ભારે આકરું પડે. કહો, પહેલું નહોતું લખાતું? 'ગુલાબચંદભાઈ! છ કાયના પીયર લખાતું, છ કાયના રક્ષક. આહાહા..! સાધુ ઉપર લખે તો એમ લખતા. આહાહા..!

અહીં કહે છે, કે એ કર્તા માને તે લોકોત્તર હોય. કીધું ને આપણે 'સમયસાર'? વ્યવહાર ક્રિયાકાંડ હોય, બરાબર ચોખ્ખું વ્યવહાર સમકિત હોય એમ કહે છે. નિશ્ચય વિના તો નહિ પણ એને અહીં કહ્યું છે. દેવ-ગુરુ-શાસ્ત્રની બરાબર શ્રદ્ધા (હોય). એને માટે માથુ કાપે, દેહ તૂટે તોય અંદર બીજું ન માને પણ એ બધું બહારના પરદ્રવ્યની પ્રતીતિ, અંદર સ્વદ્રવ્યની નહિ. આહાહા..!

સ્વદ્રવ્ય જે અંદર (છે એ) રાગના વિકલ્પથી પણ પાર (છે) એવા આત્માને માન્યા વિના એના કર્તાપણાની બુદ્ધિ જાય નહિ અને કર્તાપણાને લઈને. આહાહા..! એ લોકોત્તર હોય, જૈનના સાધુ હોય... આહાહા..! દિગંબર હોય, પંચમહાવ્રત પાળતા હોય.. આહાહા..!

**'તોપણ લૌકિકતાને અતિક્રમતા નથી;...'** લોક ઈશ્વરને કર્તા માને છે એમ આ છ કાયના કર્તા માને. એ છ કાયના (કર્તા) માને એ આખા લોકનો કર્તા માને છે. એક પણ પરને કર્તા માનનારો (છે) એની બુદ્ધિમાં તો આખા લોકનું કર્તાપણું ઊભું છે. આહાહા..! આકરી વાત છે. આહા..!

**'લૌકિકતાને અતિક્રમતા નથી; કારણ કે, લૌકિક જનોના મતમાં પરમાત્મા વિષ્ણુ દેવનારકાદિ કાર્યો કરે છે,...'** નારકી ઈશ્વર બનાવે, ઈશ્વર વિના પાંદડું પણ હલતું નથી એવું કહે. આહાહા..! એ સાંભળેલું છે. એકફેરી 'ગઢડા'માં ગયા હતા, (સંવત) ૧૯૬૮ની વાત છે 'ગઢડા'માં મંદિર જોવા અંદર ગયા હતા ન્યાં બાવા ન્હાતા હતા. ત્યાં આગળ બધું જોવા ગયેલા. એને ખબર હતી કે, આ સાધુ થવાના છે. એટલે એ સાધુ બોલ્યો, ધોતો હતો, લુગડા ધોતો હતો, ઈશ્વર વિના પાંદડું હલશે નહિ ક્યાંય. પાંદડું ભલે ઈશ્વર વિના હલશે નહિ, એવું સંભળાવ્યું. મેં કીધું આપણે ક્યાં એની વાત કરવી. 'ગઢડા'નું મંદિર મોટું છે, બાવા ઘણા રહે છે.

અહીં કહે છે, કે **'લૌકિકતાને અતિક્રમતા નથી; કારણ કે, લૌકિક જનોના મતમાં પરમાત્મા વિષ્ણુ દેવનારકાદિ કાર્યો કરે છે, અને તેમના (-લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના) મતમાં પોતાનો આત્મા તે કાર્યો કરે છે...'** આ છ કાય શબ્દ જે પાઠમાં છે એ અહીં નથી નાખ્યો. એનો અર્થ એટલો એ બધાનું કરે છે. કરવા લાયક, છ કાયના જીવની દયા પાળવા લાયક છે (એમ માને છે). આહાહા..! આ તો બધું ફેરફાર પડી જાય. છ કાયની રક્ષા (કરનાર) માને તોય મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે, ઈશ્વર કર્તા કહે, આ પરને રાખવાની રક્ષાને કહે. એની રક્ષા કરી શકું છું. આહાહા..! એ બેય સરખા કર્તા થયા. છ કાયની રક્ષાના કરનારા, એકેન્દ્રિયની રક્ષાના કરનારા, ત્રસની રક્ષા કરનારા અમે એની રક્ષા કરીએ છીએ, એ લોક આખાનું કર્તાપણું (આવે છે). કારણ કે એ પ્રસંગમાં એણે એનો કર્તા માન્યો, બીજો પ્રસંગ હોય તોપણ પરનો કર્તા છે તો ત્યાં પણ એનો કર્તા માનશે. એટલે આખા લોકનો કર્તા એ માને છે. આહાહા..! 'રામજીભાઈ'! આમાં વિષ્ણુ કર્તા માને. 'રામજીભાઈ' પટેલ છે, તમારા 'રાજકોટ' ના. આહાહા..! આકરું જગતને પડે.

સ્વતંત્ર ચીજ છે એમાં કરે કોણ? કર્તા માનવું એ મહા મિથ્યાત્વ છે, કહે છે. આહાહા..! આ હાથ હલે એનું કર્તા થવું એ પણ મિથ્યાત્વ છે. કારણ કે, એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યની પર્યાય પરદ્રવ્યથી થાય છે. આહાહા..! આત્માથી નહિ. આહા..! બોલવાની આ ભાષા પણ આત્માથી (થાય) નહિ. આહાહા..! જે છ કાયની જીવની રક્ષાનો કરનાર માને એ બધા પદાર્થની પર્યાયનો કર્તા માને છે. આહાહા..! આકરી વાત.. 'દયા તે સુખની વેલડી ને દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા, દયા તણા પ્રમાણ.' પણ કોની દયા? પરની દયા પાળી શકતો નથી પછી પ્રશ્ન ક્યાં? એ મિથ્યાદૃષ્ટિ વ્યવહાર ચારિત્ર ચોખ્ખું હોય, ક્રિયાકાંડ

બરાબર કરતો હોય, શુભભાવ રાખતો હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા રાખતો હોય પણ પર જીવને હું રાખી શકું છું એવી માન્યતા એ ઈશ્વરને કર્તા માનનારની જેવી જ બેયની સરખી માન્યતા છે. બેય ચાર ગતિમાં કુપંથે રખડવાના છે. આહાહા..!

મુમુક્ષુ :- કર્તા ન બનવું, નિમિત્ત થઈને રહેવું.

ઉત્તર :- નિમિત્ત છે, નિમિત્ત તો તમે નિમિત્ત થઈને રહેવું એમ નહિ. જ્યાં થતું હોય ત્યારે ત્યાં નિમિત્ત હું છું એટલું. શું કીધું ઇ? જ્યાં થતું હોય, એની રક્ષા એને કારણે ત્યાં (થતી હોય) ત્યાં હું એક નિમિત્ત છું એટલું માને. એની મેં રક્ષા કરી એટલું નહિ. 'બંધ અધિકાર' માં આવે છે, કે હું તો નિમિત્તમાત્ર છું. નિમિત્તમાત્રનો અર્થ ન્યાં તો થયું જ છે. એની રક્ષા તો એને માટે થઈ છે પણ હું તો નિમિત્તમાત્ર છું. નિમિત્ત છું માટે ન્યાં રક્ષા થઈ છે તો તો બેય એક થઈ ગયા. આહાહા..! નિમિત્ત હું છું માટે ત્યાં રક્ષા થઈ ઇ તો ઇનું ઇ કર્તા થયો. પણ જે વખતે જેની રક્ષા એને કારણે થઈ ત્યારે જ્ઞાની માને કે, હું તો નિમિત્તમાત્ર છું. આહાહા..! નિમિત્તકર્તા માનવું એ પણ મિથ્યાત્વ છે. નિમિત્તમાત્ર. તે કાળે તેની પર્યાય થાય છે, તેની ઉપસ્થિતિમાં મારી હાજરી છે એટલે હું નિમિત્ત કહેવાઉં છું. બાકી મારાથી ત્યાં થયું છે એમ ત્રણકાળમાં છે નહિ, તેમ હું એનો કરનાર છું એમ ત્રણકાળમાં નથી. આહાહા..!

**'(-લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના) મતમાં પોતાનો આત્મા તે કાર્યો કરે છે- એમ *અપસિદ્ધાંતની...'** ખોટો ભૂલ ભરેલો સિદ્ધાંત **'(બન્નેને) સમાનતા છે.'** બન્નેની એક સરખી વાત છે. આહાહા..! છ કાયના જીવ જ જૈનમાં છે, બીજે ક્યાંય છે નહિ. છ કાયના જીવ જૈન જ કહે, બીજામાં ક્યાંય છે નહિ. હવે એ છ કાયના જીવને હું પાળી શકું છું... આહાહા..! એ મિથ્યાદષ્ટિ છે. વિષ્ણુ કર્તાની પેઠે એ પોતે જ છે વિષ્ણું કર્તા છે. આહાહા..! આકરું લાગે દુનિયાથી. આણે વળી જરીક વ્યવહાર સમકિતીને રાખ્યો છે. દેવ-ગુરુ-શાસ્ત્ર લીધા છે, વ્યવહાર બરાબર પાળે છે, પંચ મહાવ્રતની ક્રિયા બરાબર કરે છે પણ હું પરની રક્ષા કરી શકું છું એ અભિપ્રાયે મિથ્યાદષ્ટિ છે. આહાહા..!

**'માટે આત્માના નિત્ય કર્તાપણાની તેમની માન્યતાને લીધે, લૌકિક જનોની માફક,...'** ઈશ્વરને, વિષ્ણુને કર્તા માનનારાની માફક **'લોકોત્તર પુરુષોનો...'** ભાષા તો લોકોત્તર રાખી. વ્યવહાર કીધો છે. તેથી પેલા... લોકોત્તર, લોકોત્તર એટલે લોકથી બીજો જુદો પડેલો એવો લોકોત્તરમાં પુરુષ **'એ (મુનિઓનો) પણ મોક્ષ થતો નથી.'** એ પણ કર્તા માને છે ત્યાં સુધી મિથ્યાદષ્ટિ છે. આહાહા..!

મુમુક્ષુ :- મુનિની દયા પાળવી કે ન પાળવી?

ઉત્તર :- પાળી શકે છે ક્યાં તે પાળવી કે ન પાળવી. વીતરાગ ભાવ કરવો, બસ! એ કરવો એ પણ પર્યાયથી કરવો, દ્રવ્યથી થાય નહિ, પર્યાયથી. દ્રવ્યથી થાય? દ્રવ્ય તો

ધ્રુવ છે. આ આકરી વાત છે, ભાઈ! વીતરાગી પર્યાય, રાગ રહિત પર્યાય, મિથ્યાત્વ રહિત પર્યાય પોતે કરે, પરિણમે એ પર્યાયનો કર્તા વ્યવહારે કહેવાય છે. પર્યાય પર્યાયનો કર્તા. નિર્મળ પર્યાય, હોં! આહાહા..! મલિન પર્યાય ત્યાં નથી. આહાહા..! મલિન પર્યાયનો કર્તા થાય તો એ તો એની એ વાત છે. આહાહા..! છ કાયની રક્ષા કરે, ઈશ્વર કર્તા માને કે મલિન પર્યાયનો કર્તા માને એ આખી દુનિયાનો રાગનો કર્તા માનનાર છે. આવી વાત છે.

**'લૌકિક જનોની માફક, લોકોત્તર પુરુષ...'** ભાષા તો (એમ છે), હોં! લોકોત્તર પુરુષ તો કીધો એને. વ્યવહાર કીધો ને. તેથી આણે નાખ્યું ને? વ્યવહાર સમકિતી નાખ્યું. ક્રિયા વ્યવહારની બરાબર કરે, નગ્નપણું, દિગંબરપણું, પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આચરણ બરાબર કરે છતાં કર્તા માને કે, આ એકેન્દ્રિય જીવને મેં બચાવ્યો, મેં બચાવ્યો, મારાથી તે રહ્યો, રક્ષા (થઈ, તો તે) મિથ્યાદૃષ્ટિ છે. આકરું કામ છે.

મુમુક્ષુ :– ભેદજ્ઞાનનું કામ છે.

ઉત્તર :– એ જ વસ્તુનું સ્વરૂપ છે. આ કાંઈ પક્ષ–પંથ નથી. વસ્તુ એવી છે, કે એક ચીજ બીજી ચીજને કરે નહિ એવી વસ્તુસ્થિતિ છે એ એમ એ રીતે આચાર્ય કહે છે. આ કાંઈ પક્ષ ને પંથની વાત નથી. ચીજ અનંત છે તો અનંતમાં અનંતપણે ક્યારે રહે? કે, એક ચીજને બીજી ચીજ અડે નહિ ને એક ચીજ બીજી ચીજને કાંઈ કરે નહિ. આહાહા..! સમજાય છે આમાં?

ભગવાને જ્યારે અનંત પદાર્થ કહ્યાં તો અનંત પદાર્થની વ્યાખ્યા એટલી, કે અનંત છે તે પોતપોતાને કારણે તે અનંતપણું રહ્યું છે. એકને કારણે બીજું ને બીજાને કારણે ત્રીજું (હોય) તો અનંત રહી શકશે નહિ. એ તો પદાર્થના સ્વભાવની આ વાત છે, આ કોઈ પક્ષની વાત નથી. અનંત પરમાણુ ને અનંત આત્મા છે કે નહિ? તો છે તો એક જીવ બીજા જીવનું શું કરે? એ જીવ એ પણ અસ્તિ છે કે નહિ? આહાહા..! એક જીવની પર્યાય, બીજા જીવની પર્યાય, (પર્યાય) વિનાનો એ જીવ છે? કોઈ દ્રવ્ય નકામું છે? નકામું એટલે કામ વિનાનું, કામ વિનાનું એટલે પર્યાય વિનાનું. આહાહા..! કોઈ દ્રવ્ય વર્તમાનમાં નકામું છે? કોઈ પણ એમ વર્તમાનમાં, કોઈ પણ વર્તમાનમાં, અનંત કાળમાં કોઈ પદાર્થ નકામો છે? નકામો એટલે બીજાને કામ આવે એવો? એમ નકામો એટલે કે એની પર્યાયના કામ ને કાર્ય વિનાનો છે? અનંત પદાર્થ જ્યારે પોતાની પર્યાયના કાર્યનો કર્તા છે તો અનંત અનંતપણે સ્વતંત્ર રહે છે. આહાહા..! પણ એક જીવ છ કાયની રક્ષાને પાળી શકું એમ માનનાર અનંતા પદાર્થને પોતાના કર્તાપણે માને છે. પોતે જ્ઞાતા-દૃષ્ટા છે, જ્ઞાન-દર્શન મારું સ્વરૂપ છે. એ જ્ઞાન દર્શન કરે શું? આહાહા..!

જાણનાર-દેખનાર કરે શું? એ આપણે આવી ગયું છે પહેલું, આના પહેલા. નેત્ર જેમ દૃશ્ય પદાર્થથી ભિન્ન છે તે નેત્ર ભિન્ન પદાર્થને, અગ્નિને સળગાવે નહિ ને અગ્નિને ઓલવે

નહિ. આહાહા..! એમ અગ્નિને અનુભવે નહિ. નેત્રથી એ દૂર પદાર્થ છે. એમ આ જ્ઞાનથી અનંત પદાર્થ દૂર છે. એ જ્ઞાનને દૂર પદાર્થ અડ્યા પણ નથી. આહાહા..! જે પદાર્થ દૂર છે, પોતાના અસ્તિત્વમાં નથી અને એના અસ્તિત્વમાં (છે), પોતાના અસ્તિત્વથી એ ભિન્ન અસ્તિત્વ છે તો ભિન્ન અસ્તિત્વની કોઈ પણ પર્યાયને બીજો ભિન્ન કરે (એમ હોય નહિ). 'જ્ઞાનચંદજી'! આવું છે આ, આકરું કામ છે. આહાહા..! પછી લોકો એકાંત છે એમ કરીને (કાઢી નાખે). ગમે એમ માનો, બાપુ! માર્ગ આ છે. આહાહા..!

એક તો એક પદાર્થ બીજાને અડતો નથી–એક સિદ્ધાંત. ત્રીજી ગાથા. એક પદાર્થ બીજા પદાર્થને અડતો નથી. કર્મ જીવને અડ્યા નથી, જીવ કર્મને અડ્યા નથી તો જીવ કર્મને કરે ને કર્મ જીવને વિકાર કરાવે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! ભારે આકરું કામ. તેમ એક જીવ બીજા અસ્તિત્વવાળા તત્ત્વોને, સત્તા રાખનારા તત્ત્વોને... તો સત્તાના તો ત્રણ પ્રકાર, ઉત્પાદ-વ્યય ને ધ્રુવ, તો બીજા પદાર્થો પણ સત્તાથી, સત્‌થી ઉત્પાદ-વ્યય ને ધ્રુવથી છે. એનો ઉત્પાદ, બીજો આત્મા એનો ઉત્પાદ કરે તો પર્યાયને કરે તો એ પર્યાય વિનાનો ઠર્યો, એનો કર્તા આ થયો. આહાહા..! 'ધીયા'! ઝીણી વાતું છે બહુ. આહાહા..! પરની પર્યાયને પોતે કરે ત્યારે એ પર્યાય વિનાનો હતો એટલે કરી? કાળ તો એક છે. પર્યાય વિનાનું, ઉત્પાદ-વ્યય ને ધ્રુવ વિનાનું એ તત્ત્વ હોઈ શકે જ નહિ. કોઈ પણ પરમાણુ અને જીવ પોતાની સત્તાના ઉત્પાદ-વ્યય ને ધ્રુવના સત્ત્વથી ટકી રહ્યા છે. એના ઉત્પાદ-વ્યયને માટે બીજાની સત્તાની જરૂર છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– એક દ્રવ્યને બીજા દ્રવ્યની જરૂર પડે છે.

ઉત્તર :– બિલકુલ પડે નહિ. જરૂર પડે નહિ કીધું ને. કે એની સત્તામાં ઉત્પાદ-વ્યય ને ધ્રુવ તો એનું સત્ત્વ રાખ્યું છે. દરેક દ્રવ્યે ઉત્પાદ-વ્યય-ધ્રુવ સત્‌ રાખ્યું છે. સત્‌ દ્રવ્ય લક્ષણમ, ઉત્પાદ-વ્યય-ધ્રુવ તેનું સ્વરૂપ. ત્યારે ઉત્પાદ-વ્યય ને ધ્રુવ તો ભલે કાયમ રહ્યું પણ ઉત્પાદ-વ્યય વિનાનું કોઈ દ્રવ્ય નથી તો બીજો દ્રવ્ય એના ઉત્પાદ-વ્યયને કરે એ આખા લોકના ઉત્પાદ-વ્યયને કરવાનું અભિમાન છે. આહાહા..!

મુમુક્ષુ :– ઉત્પાદ ન કરે પણ ઉત્પાદમાં ફારફેર કરે.

ઉત્તર :– ફેરફાર કરે તોય મિથ્યાદૃષ્ટિ. ફેરફાર એક સમયમાં ફરે નહિ. જે સમયે જેનો ઉત્પાદ થવાનો તે થવાનો, આડે-અવળે થાય નહિ એનો પણ અને તારો (પણ). જે સમયે થવાની પર્યાય એ પછી થાય ને પછીની પહેલી થાય એવું ત્રણકાળમાં નથી. જે સમયમાં જે પર્યાય થવાની તે સમયે થવાની, તેના ઉત્પાદને લઈને. આહાહા..!

એથી એમ કહે છે, **'લૌકિક જનોની માફક, લોકોત્તર પુરુષોનો (મુનિઓનો)...'** મોક્ષ થતો નથી.

બે વાત–સિદ્ધાંતના રહસ્યની બે મુખ્ય વાત. એક તો એક તત્ત્વ બીજાને અડે નહિ

ને એક તત્ત્વ બીજાની પર્યાયને કરે નહિ. કેમકે પર્યાય વિનાનું કોઈ દ્રવ્ય ત્રણકાળમાં નથી. જે પર્યાય વિનાનું નથી તો પછી આ પર્યાયને કરે? એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આ કાંઈ પક્ષ ને પંથની વાત નથી. આહાહા..! જૈન ધર્મ એ કોઈ પક્ષ નથી, વાડો નથી, પંથ નથી, એ તો વસ્તુનીસ્થિતિ જે (રીતે) છે એ રીતે બતાવે છે. વસ્તુની સ્થિતિ જે રીતે છે એ રીતે બતાવે છે. આહાહા..! આવું સાંભળ્યું ન હોય એને તો આકરું લાગે. આમ આખો દિ' અમે આ કરીએ છીએ ને. શું કરે છે? ભાઈ!

મુમુક્ષુ :– વકીલાત કરી કરીને થાકી ગયા, આપ કહો છો કાંઈ કરી શકતો નથી.

ઉત્તર :– માને છે કરીએ છીએ, વકીલાત અમે કરીએ, ભાષા સલાહ આપીએ. સલાહ નહોતા આપતા 'રામજીભાઈ'? 'ઢેબરભાઈ' ને બધા આવે ત્યારે સલાહ આપતા. પછી એક મહિનો કેદમાં જાવું પડ્યું ને?

મુમુક્ષુ :– ક્રિયા ફળ વિનાની હોય?

ઉત્તર :– પણ એને લઈને ગયા એમ પણ નથી. જે પર્યાયમાં પરમાણુ પરિણમ્યા તે સમયના કાળમાં તે જ પરમાણુ તેના કર્તા છે. એનું ફળ પાછું કેદમાં જાવું એ એનું ફળ નથી. આહાહા..! આવી વાત છે, જગતથી જુદી જાત છે, બાપુ! એમ કે, આવો ગુનો કર્યો માટે એ ગુનાનું ફળ તરીકે એને આવશે, એ ગુના તરીકે એના ફળ આવશે એમ છે નહિ. એ સમયે તેની એવી પર્યાય થવાની છે એ પ્રકારે એની પર્યાય થશે. ગુનો કર્યો માટે આવી પર્યાય થઈ એમ પણ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– એનો સ્વકાળ હતો માટે છે.

ઉત્તર :– બધે સ્વકાળે જ એનો પર્યાય થાય. આહાહા..!

મુમુક્ષુ :– જેવી ગતિ કરે એવું એને ફળ જ.

ઉત્તર :– એ પર્યાય કરે એવી પર્યાય થાય, ફળ મળે એવી વાત નથી અહીં. ફળ મળે તે વખતની પર્યાય તેની ભિન્ન ભિન્ન છે. આ પર્યાયને લઈને એ પર્યાય થઈ છે એમ નથી. શું કીધું? ભાઈ! અહીં શુભભાવથી પંચ મહાવ્રત પાળ્યા એથી એને દેવગતિ મળી, દેવગતિની પર્યાય થઈ. (તો કહે છે), ના. દેવગતિની પર્યાય કાળે તે પર્યાય થવાની હતી. આહાહા..! આવી વાત છે. ફળ કોનું? ફળ તો તે સમયે (છે). એક ગાથામાં આવી ગયું છે આપણે, ભાઈ! ૧૦૨ ગાથા. જે સમયે કર્તા છે તે સમયે પોતે ભોક્તા વેદતા છે. કરે છે ત્યારે વેદે છે. ૧૦૨ ગાથા. ભાઈ! કર્તા ને વેદતા. વસ્તુસ્થિતિ એવી છે. આહાહા..!

જે સમયે જે પર્યાય કર્તાપણે થઈ એ પોતે પરિણમનની કર્તા. તે સમયે તેનું ફળ વેદન પણ તે જ સમયે છે. વેદન પછી આવે એ પછીની પર્યાય, આને લઈને નહિ. 'જ્ઞાનચંદજી'! આવી વાત આકરી છે, ભાઈ!

મુમુક્ષુ :– પુણ્ય કરે તો પૈસા મળે છે.

ઉત્તર :– ધૂળેય મળતા નથી એને લઈને. આહાહા..! એ તો પૈસાના પરમાણુઓને એ સમયની ઉત્પાદની પર્યાય અહીં, અહીં સુધી આવવાની હતી તે આવી. પેલાને કારણે આવી છે એ નહિ, પુણ્યને કારણે આવી છે એમ નહિ. પૂર્વના પુણ્ય છે માટે આવી છે એમેય નહિ. આહાહા..! બહુ ફેર. આખું જીવન બદલાય જાય. આ તો આખા જીવનને પલટો મારવાની વાત છે. આહાહા..! એકાદ બે વાતું પકડીને માની બેસે કે, અમે જૈન છીએ, બાપુ! ઇ જૈનપણું કોઈ વસ્તુ છે.

'જિન સો હી આત્મા, અન્ય સો હી કર્મ, કર્મ કટે જિન વચન સે એહી જિન વચનનો મર્મ'. આહાહા..! એ પણ સમજાવ્યું ત્યારે એમ કહ્યું. બાકી કર્મનો નાશ થાય એ પણ આત્માથી નહિ. કર્મ નાશ એટલે? કર્મની પર્યાય અકર્મરૂપે પરિણમે તેને કર્મનો નાશ થયો એમ કહેવામાં આવે. શું કીધું ઇ? આત્માએ કર્મનો નાશ કર્યો એમ કોઈ દિ' બનતું નથી. નાશનો અર્થ શું છે? કે જે પર્યાય કર્મરૂપે હતી એ કર્મ પોતે પલટીને અકર્મપણે થવાની હતી એ અકર્મપણે થાય છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! માર્ગ પ્રભુનો અલૌકિક છે. એના પત્તાના મૂળ, એનું હૃદય–પાતાળ જ્યાં સુધી નહિ લ્યે ત્યાં સુધી સત્ (હાથ) નહિ આવે. આહાહા..! અને સત્ વિના એને સંસાર નહિ ટળે. આહાહા..!

એ અહીં કહે છે. '**લૌકિક જનોની માફક, લોકોત્તર પુરુષ...**' લોકોત્તર તો કીધો એને. ભલે મિથ્યાદૃષ્ટિ છે, પરનો કર્તા માને છે, રખડવાનો છે પણ લોકોત્તર પુરુષ કહ્યો. કઈ અપેક્ષાએ? કે જૈનના નામનો લોકોત્તર પુરુષ જૈન છે. એનો સાધુ છે, પંચ મહાવ્રત પાળે છે, શુભ ક્રિયા કરે છે અને... આહાહા..! ઉઘાડા પગે ચાલે છે, લોચ કરાવે છે એ અપેક્ષાએ એને લોકોત્તર કહેવામાં આવ્યો, પણ છે મિથ્યાદૃષ્ટિ. આહાહા..! એ લોચની ક્રિયા પણ હું કરું છું. અત્યારે તો મેળો ભેગો કરે છે લોચ કરવો હોય તો પણ આ આંગળા મારા (તેનાથી) આમ આમ હું કરું છું, વાળને અડે છે એમેય નથી ને વાળ નીકળે છતાં આંગળાથી નીકળે છે એ પણ નથી. ભાઈ! આવું છે, બાપા! વસ્તુ આવી છે. આહાહા..! એ પણ કર્તા માન્યો એણે.

મુમુક્ષુ :– શરીરમાં ચળ આવે તો ખંજોળવું કે નહિ?

ઉત્તર :– એ અડતો નથી ને! આ હાથ એને અડતા નથી આમ. તેલ ચોપડે, તેલ શરીરને અડતું નથી. આહાહા..! આવી વાતો. માર્ગ ભાઈ! આકરો છે, ભાઈ! અને જેના ફળ... આહાહા..! ભલે એનું ફળ એના કાળે આવે પણ એનું ફળ અનંત આનંદ. આહાહા..! મોક્ષ એટલે અનંત આનંદ. સહજાનંદની મૂર્તિ પ્રભુ એવું જેનું ફળ એના કારણ પણ કેવા હોય! આહાહા..! કારણ એને કહેવાય. કારણથી તે કાર્ય થયું છે એ વ્યવહાર છે, એ પણ વ્યવહાર છે. આહાહા..! તે પર્યાયનો કાળ જ હતો, જન્મક્ષણ (હતો). તે પર્યાયનો જન્મક્ષણ ઉત્પાદ-ધ્રુવને લઈને પણ નહિ. આહાહા..! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ! એ જીવની રક્ષા થઈ એ ઉત્પાદ થયો. એ ઉત્પાદ બીજાથી તો નહિ પણ એ ઉત્પાદ એના ધ્રુવથી પણ નહિ. 'જ્ઞાનચંદજી'!

આવી વાતું છે, ભગવાન! આહાહા..! માર્ગ આકરો લાગે. એની જે ઉત્પાદની પર્યાય છે એને ધ્રુવની અપેક્ષા નથી, એને વ્યયની અપેક્ષા નથી. કેમકે ઉત્પાદ-વ્યય ને ધ્રુવ ત્રણ સત્ છે. જેમ પર સત્ છે તેને બીજો ન કરે, એમ ત્રણેય સત્ છે એમાં એક સત્ બીજાનું ન કરે. આહાહા..! ક્યાં સુધી લઈ ગયા! સમજાય છે કાંઈ?

એ સત્–ઉત્પાદ-વ્યય ને ધ્રુવ આવું સત્, એ સત્ પણ પોતાના ઉત્પાદ ને ધ્રુવની અપેક્ષા રાખતું નથી, એને વ્યયની અપેક્ષા નથી, વ્યયને ઉત્પાદની અપેક્ષા નથી. ઉત્પાદને ધ્રુવની ને ધ્રુવને ઉત્પાદની અપેક્ષા નથી. ત્રણે સત્... સત્... સત્... સત્... સત્... આહાહા..! એક એક દ્રવ્યમાં એક સમયમાં ત્રણેય સત્ (છે). સત્‌ને કોઈ હેતુ હોય નહિ. આહાહા..! આકરું કામ છે, પ્રભુ! ઓહોહો..! ક્યાંનું ક્યાં લઈ ગયા!

અહીં છ કાયના (જીવની વાત ચાલે છે). આહા..! સત્ છે, અને જે સમયનું જે પર્યાયનું સત્ છે તે પર્યાયનું તેના સત્‌ને બીજો કરે, એ પર્યાયને એના ધ્રુવનો પણ આશ્રય નથી તો બીજો એના ઉત્પાદને કરે (એ ત્રણકાળમાં છે નહિ). આહાહા..! કેટલાકે તો આવી વાત સાંભળી ન હોય. વાડામાં પડ્યા હોય. જે જાતની વાત સાંભળીને માની હોય, વાડો પુરો કરીને ચાલી જશે. આહાહા..!

ભગવાન તો અહીં એમ કહે છે, લોકોત્તર પુરુષ ભલે હો. જૈનનો આમ સાધુ તે કેવો? આમ જોઈને ચાલે, જોઈને નિર્દોષ આહાર લે, પંચ મહાવ્રત ચોખ્ખા પાળે, નિરતિચાર પાળે. આહા..! વ્યવહાર જેનો ચોખ્ખો, જેને વ્યવહાર સમકિતી પણ કહ્યા. અહીં લોકોત્તર કહ્યો. આહા..! પણ જે એક જીવ બીજા જીવની દયા પાળી શકું, આ સ્ત્રીનો આત્મા છોકરાને મોટા કરી શકું, પાળી શકું. નહિ? તો એને મેળે મોટો થાય બિચારા? નાના છોકરા હોય, લ્યો!

મુમુક્ષુ :– મૂળ તત્ત્વમાં અપવાદ હોય તો સારું.

ઉત્તર :– અપવાદ તો નિંદા કહેવાય. અપવાદ હોય નહિ.

અહીં તો એક જ સત્તાની સત્ વાત, સત્ છે. આહાહા..! અહીં અટક્યું છે ક્યાં?

લોકોત્તર પુરુષ ભાઈ! અહીંયાં (શબ્દ) વાપર્યો છે. આહાહા..! '**परद्रव्यात्मतत्त्वयोः कर्तृकर्मत्वसम्बन्धाभावे तत्कर्तृता कुतः।**' એની વ્યાખ્યા કરી. આહાહા..! આ આંગળી પણ આમ જે આમ થાય છે એનો જે આ પર્યાય છે એનો કર્તા આત્મા તો નથી પણ એ પર્યાય તેના ધ્રુવથી, પરમાણુનો જે ધ્રુવ છે એનાથી પર્યાય નથી, પર્યાય પર્યાયથી થઈ છે. આહાહા..! આકરું લાગે બીજાને, શું થાય? પરમાત્માનું સત્ જ એવું કોઈ છે. એમાં એકાંત તાણી જાય. કરી શકાય, આ કરીએ છીએ.

એક ફેરી એ તો ન્યાં થયું હતું. આ કર્યું, લ્યો! આ કર્યું. એમ બોલ્યો હતો. 'ચીમન ચકુ'! છે ને અત્યારે? 'ચીમન ચકુ' 'મુંબઈ' સ્થાનકવાસીમાં. તમે કહો કે, હાથ ફેરવી (શકાતો

નથી). આ હાથ ફેરવ્યો, લ્યો! અહીં બેઠા હતા ને અહીં વાત થઈ હતી. આવા એના સ્થાનકવાસીના અગ્રેસર છે. કીધું, બાપુ! આ હાથ છે એના પરમાણુ ઊંચા થયા છે એ આત્માથી નહિ. આત્મા આત્માની પર્યાયથી ઊંચો થયો ને આ શરીર શરીરની પર્યાયથી ઊંચું થયું. આહા..! એને ઠેકાણે કહે, લ્યો! અમે હાથ ફેરવ્યો. અહીં બેઠા હતા ને કહ્યું. એ આ મંદિરની સાલ (સંવત) ૧૯૯૭, ૯૬-૯૭, ૯૬-૯૭. અરે..રે..! આકરી વાત, પ્રભુ!

તારા એક સમયનું જે સત્ છે તે બીજે સમયે નહિ, એ બીજે સમયે એને લઈને નહિ. આહાહા..! એક સમયની પર્યાયનું સત્ છે એ એને લઈને (છે). બીજી પર્યાયની સત્ નહિ પણ એ પર્યાય ધ્રુવને લઈને નહિ. આહાહા..! ગજબ વાત છે. 'જ્ઞાનચંદજી'! આવી વાત છે, બાપુ! આહાહા..! આકરું લાગે બીજાને.

આમાં તો બહુ લખ્યું છે. એણે તો કંઈક કુપંથમાં એવી ભાષા લખી છે. ('સમયસાર નાટક' 'સર્વવિશુદ્ધિ દ્વાર', શ્લોક-૧૦) **'હૃદયકા અંધા...'** આ ગાથાનો અર્થ કર્યો. **'અજ્ઞાની જીવ મિથ્યાત્વસે વ્યાકુલ હોકર મનમેં અનેક પ્રકારકે જૂઠે વિકલ્પ ઉત્પન્ન કરતા હૈ,...'** આહાહા..! કલ્પનાઓ કરે આનું આમ કરું ને આનું આમ કરું ને આનું આમ થાય ને, આહાહા..! **'જૂઠે વિકલ્પ ઉત્પન્ન કરતા હૈ ઔર એકાંત પક્ષ ગ્રહણ કરકે આત્માકો કર્મકા કર્તા માનકે નીચ ગતિકા પંથ પકડતા હૈ.'** આહાહા..! નરક ને નિગોદની ગતિમાં જશે. અર..ર..ર..!

**'વહ વ્યવહારસમ્યક્ત્વી...'** અહીં લોકોત્તર કહ્યું. **'ભાવચારિત્ર કે બિના...'** અંતર વીતરાગતા વિના. પેલામાં તો રાગની ક્રિયાનો કર્તા ને પરની ક્રિયાનો કર્તા માને. વીતરાગ ચારિત્ર વિના, આહાહા..! વીતરાગી સમ્યગ્દર્શન ને વીતરાગી ચારિત્ર એના વિના **'બાહ્ય ચારિત્ર સ્વીકાર કરકે શુભ ક્રિયાસે કર્મકા કર્તા કહલાતા હૈ.'** શુભ ક્રિયાનો કર્તા હું છું, મહાવ્રતનો પાળનાર હું છું, એ રાગનો કર્તા માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! **'વહ મૂર્ખ મોક્ષકો તો ચાહતા હૈ પરન્તુ નિશ્ચય સમ્યક્ત્વ કે બિના સંસાર સમુદ્રસે નહિ તરતા.'** આહાહા..! આ તો 'સમયસાર'ની ટીકા કરનારે આમ કહ્યું. આહા..!

**ભાવાર્થ :- 'જેઓ આત્માને કર્તા માને છે,...'** આમાં અત્યારે પરની પર્યાયની વાત છે, પોતાની પર્યાયનો કર્તા નહિ એ વાત અત્યારે નથી. એનો અધિકાર ચાલે ત્યારે એનો ચાલે. પોતાની પર્યાયનો પણ કર્તા નથી, એ ૩૨૦ ગાથા, ૩૨૦ માં આવી ગયું ને કાલે, પરમ દિ'? મોક્ષને પણ આત્મા કરતો નથી, બંધને કરતો નથી, ઉદયને કરતો નથી, નિર્જરાને કરતો નથી આહાહા..!

મુમુક્ષુ :- આત્મા તો પોતાની સન્મુખ થાય છે.

ઉત્તર :- સન્મુખ થાય એ સ્વતંત્ર પોતાની પર્યાયથી થાય છે. આહાહા..! આકરી વાત છે. બહુ સરસ વાત છે, બહુ સારી વાત (છે). 'જ્ઞાનચંદજી'! બરાબર આવ્યા છે ને વાત

સારી આવી. ભાગ્યશાળીને તો કાને પડે એવી વાત આવી છે. આહાહા..! એવી વાત છે, બાપુ! અરે..! સત્ સાંભળવા મળે નહિ એનો વિચાર ને મંથન કે દિ' કરે? આહાહા..!

**'જેઓ આત્માને કર્તા માને છે, તેઓ ભલે મુનિ થયા હોય...'** સાધુ દિગંબર સંત થયા હોય. શ્વેતાંબરના એને તો મુનિ કહેવાતા જ નથી જૈનમાં. શ્વેતાંબરના સાધુ સ્થાનકવાસી સાધુ એ તો અન્યમતિ છે, જૈનમતિ નથી. આકરી વાત છે, પ્રભુ!

મુમુક્ષુ :– એનામાં પણ આચાર્યો તો હોય છે.

ઉત્તર :– આચાર્ય મિથ્યાદષ્ટિ. બધો આખો પંથ મિથ્યાદષ્ટિ છે. ભગવાને એમ કીધું છે ને. અમારા સ્વભાવની વાતથી વિરુદ્ધ જેણે કર્યું છે, બધું વિરુદ્ધ કર્યું છે. કપડા રાખવા ને સ્ત્રીમાં મુક્તિ ને... આહાહા..! ભગવાનને રોગને આહા..!

મુમુક્ષુ :– દવા તો લેવી જોઈએ ને.

ઉત્તર :– દવા લે, રોગ થાય, રોગની દવા લે એ બધી કલ્પના. અહીં તો મુનિ થાય એને રોગ હોય તો આહાર દેનાર આહારમાં ભેગી ભેળવીને આપે. મુનિને જુદું એને દવા હોય નહિ. બીજે કાળે (હોય નહિ). આહાર અત્યારે કર્યો ને પછી દવા બીજે સમયે, બીજે કાળે લેવી... બાપુ! (એમ હોય નહિ).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ બધા ડૉકટર પણ.... અહીં તો બધાની સત્નું ઉઘાડ છે. પોલ નીકળે એવું છે. આહાહા..!

અહીં તો મુનિ ભલે હોય, એમ કીધું પછી પ્રશ્ન ક્યાં? જૈનનો **'મુનિ થયા હોય તોપણ લૌકિક જન જેવા જ છે;...'** આહાહા..! **'કારણ કે, લોક ઈશ્વરને કર્તા માને છે અને તે મુનિઓએ આત્માને કર્તા માન્યો...'** આહાહા..! મૂળ પાઠ–'કુંદકુંદાચાર્ય'નો પાઠ તો છ કાયનો છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય. એ પાંચે ઇન્દ્રિયવાળા એકેન્દ્રિયથી એની કોઈ પણ પર્યાયને બીજો કરી શકે (એમ માને) એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! પંચેન્દ્રિયની પર્યાયને પણ એની છે. છોકરો ને બાળક ઊભા થાય છે એ પંચેન્દ્રિયની પર્યાયથી (ઊભા થાય છે). એને એની માં કહે કે, મેં આને મોટો કર્યો. ભ્રમણા મિથ્યાત્વ છે. અર..ર..! બધું આવું હોય? આખી દુનિયા (એમ માને છે). ભાઈ! એનું શરીર જુદું, એનો આત્મા જુદો. એનો આત્મા સત્ છે ને એના શરીરના રજકણો પણ સત્ છે, એની પર્યાય જે સમયે થવાની તે તેનાથી થાય છે. એને ઠેકાણે બીજો કહે કે, મારાથી થાય છે એ અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. આહાહા..! આવું માનશે તો કોઈ કોઈનું કરશે નહિ. પણ કોણ કરી શકતું હતું તે કરશે નહિ? ફક્ત માન્યતામાં ફેર છે. બાકી તો જે સમયે જે પર્યાય પરની ને સ્વની થવાની તે થાય જ છે. આહાહા..!

આ તો આમાં એક ભાવ નામનો ગુણ છે, એમ પરમાણુમાં પણ એક ભાવ નામનો

ગુણ છે. જે ગુણીનું લક્ષ કરતાં તે ગુણને કારણે તેની પર્યાય વર્તમાનમાં હોય, હોય ને હોય જ. ૪૭ ગુણમાં ભાવ ગુણ છે. 'સમયસાર' માં પાછળ ૪૭ શક્તિ છે ને? એમાં એક ભાવ ગુણ છે. ભાવ નામનો ગુણ એ વર્તમાન પર્યાય વિના હોય નહિ એ એમ કહેવું એ પણ ગુણથી પર્યાય થઈ એ પણ વ્યવહાર છે. પણ એ પર્યાય તે કાળે તે પોતાથી થઈ છે. આહાહા..! એ સિવાય આગળ-પાછળ એક સમયમાત્ર ફરે નહિ. આહાહા..! કહો, 'દેવીલાલજી'! આહાહા..! પાણી ઊતરી જાય એવું છે. અભિમાન... જ્યાં-ત્યાં હું કરું, હું કરું, 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' ગાડાની નીચે કૂતરાને ઠૂંઠું અડ્યું હોય. ગાડુ ચાલતું ચાલતું હોય તો જાણે, આ ગાડાને હું ચલાવું છું.

મુમુક્ષુ :– એ તો ભગવાન કરે એમ બતાવે છે.

ઉત્તર :– ભગવાન કરે... એ તો કહ્યું નહિ? ઈશ્વર વિના પાંદડું હલે નહિ. એ સ્વામીનારાયણનો સાધુ હતો. ત્યાં અમે જોવા ગયેલા. હું ને 'મકનભાઈ' સાથે હતા, 'મકનભાઈ'. અંદર જોયું નહોતું એટલે જોવા ગયા. મને દેખીને (બોલ્યો), ઈશ્વર વિના (પાંદડું હલે નહિ). નાની ઉંમર તે દિ' ૨૨-૨૩ વર્ષની ઉંમર, (મને) દેખીને કહ્યું કે, ઈશ્વર વિના પાંદડું હલે નહિ. હવે આને ક્યાં કહેવું? કીધું. આહાહા..! દરેક આત્મા ઈશ્વર. પરમાણુ પણ ઈશ્વર, જડેશ્વર છે. પરમાણુ જડેશ્વર છે, ભગવાન ચૈતન્યઈશ્વર છે. આહાહા..! કોઈને લઈને કોઈનું કાંઈ થાય એવું છે નહિ. આહાહા..!

**'અને તે મુનિઓએ પણ આત્માને કર્તા માન્યો–એમ બન્નેની માન્યતા સમાન થઈ.'** ઈશ્વર કર્તા માનનારા અને આ પર્યાયને કર્તા માનનારા. આહાહા..! **'માટે જેમ લૌકિક જનોને મોક્ષ નથી, તેમ તે મુનિઓને પણ મોક્ષ નથી.'** આહાહા..! **'જે કર્તા થશે તે કાર્યના ફળને ભોગવશે જ,...'** કાર્યના ફળને ભોગવશે અહીં તો ઇ કીધું. એવી જ પર્યાય આવશે. આહાહા..! જે કર્તાપણાની બુદ્ધિમાં રહ્યો છે તેની પર્યાય ભવિષ્યમાં પણ દુઃખરૂપની પર્યાય થશે એવું જ આવશે, દુઃખરૂપની જ પર્યાય આવશે એવું થશે. આહાહા..!

**'કાર્યના ફળને ભોગવશે જ, અને જે ફળ ભોગવશે તેને મોક્ષ કેવો?'** સંસારની ક્રિયાનું ફળ. આ કર્તા થાય તો એ કર્તા મિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વનું ફળ દુઃખની દશા ભવિષ્યમાં આવશે. દુઃખની દશા (આવશે). દુઃખ તો અત્યારે પણ છે. જે ઊંધી શ્રદ્ધા છે એ પોતે દુઃખ છે પણ એ દુઃખ લંબાશે. આહાહા..! પછી પણ દુઃખમાં આવશે. સંયોગો પ્રતિકુળ આવશે અને એમાં દુઃખમાં જાશે. એ વાત કહેવા માંગે છે. નારકીના સંયોગ પ્રતિકુળ છે. બાકી આવશે તો એ સમયની પર્યાયને કાળે પણ ઉપદેશ આપવામાં શું આપે? આહાહા..! **'કાર્યના ફળને ભોગવશે જ, અને જે ફળ ભોગવશે તેને મોક્ષ કેવો?'** આહાહા..!

# શ્લોક-૨૦૦

(अनुष्टुभ)

नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः।
कर्तृकर्मत्वसम्बन्धाभावे तत्कर्तृता कुतः।।२००।।

હવે, 'પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી, માટે કર્તાકર્મસંબંધ પણ નથી' -એમ શ્લોકમાં કહે છે :-

**શ્લોકાર્થ :–** [ परद्रव्य-आत्मतत्त्वयोः सर्वः अपि सम्बन्धः नास्ति ] પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી; [ कर्तृ-कर्मत्व-सम्बन्ध-अभावे ] એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં, [ तत्कर्तृता कुतः ] આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?

**ભાવાર્થ :–** પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી, તો પછી તેમને કર્તાકર્મસંબંધ કઈ રીતે હોય? એ રીતે જ્યાં કર્તાકર્મસંબંધ નથી, ત્યાં આત્માને પરદ્રવ્યનું કર્તાપણું કઈ રીતે હોઈ શકે? ૨૦૦.

## શ્લોક–૨૦૦ ઉપર પ્રવચન

**'હવે, 'પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી,...'** કોઈ દ્રવ્યને ને કોઈને કાંઈ સંબંધ નથી. પણ અહીં તો એક આત્માને ને પરદ્રવ્યને એટલું લેવું છે. બાકી તો કોઈ દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે કાંઈ સંબંધ નથી. આત્માને બીજા આત્મા સાથે કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :– અત્યંત અભાવ છે.

ઉત્તર :– બે વચ્ચે અભાવ છે. આ આંગળી આંગળીને અડતી નથી. આહાહા..! એક બીજાનો અભાવ છે, આવી વાત છે, ભાઈ! ઝીણી પડે પણ સત્ય (આ છે).

**'પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી,...'** અથવા એક દ્રવ્યને ને બીજા દ્રવ્યને કાંઈ પણ સંબંધ નથી. **'માટે કર્તાકર્મસંબંધ પણ નથી...'** જ્યારે એક દ્રવ્યને બીજા દ્રવ્યની સાથે કાંઈ સંબંધ નથી તો કર્તાકર્મ સંબંધ પણ છે નહિ. એ શ્લોકમાં કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૩૯૪, શ્લોક-૨૦૦ ગાથા-૩૨૪ થી ૩૨૭ સોમવાર, જ્યેષ્ઠ સુદ ૧૧, તા. ૨૬-૦૫-૧૯૮૦**

૨૦૦ કળશ, ૨૦૦ કળશ. '**હવે, પરદ્રવ્યને ને આત્માને કાંઈ પણ સંબંધ નથી, માટે કર્તાકર્મસંબંધ પણ નથી**' એમ. માટે કર્તાકર્મસંબંધ પણ નથી. એક આત્મા પરનું કાંઈ કરી શકે નહિ એનું કારણ, કે એક દ્રવ્યને ને બીજા દ્રવ્યને કાંઈ સંબંધ નથી. સંબંધ નથી તે કર્તા કેમ બની શકે? આહાહા..! ગાથા.

**नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः।**
**कर्तृकर्मत्वसम्बन्धाभावे तत्कर्तृता कुतः।।२००।।**

'**परद्रव्य-आत्मतत्त्वयोः सर्वः अपि सम्बन्धः नास्ति**' પરદ્રવ્ય શરીર, કર્મ, વાણી, મન, સ્ત્રીના શરીર, કુટુંબ, કબીલાના જડ શરીરો, એનો આત્મા પણ પર, એ '**પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી;...**' આહાહા..! શરીરનો કોઈ અવયવ બીજાના શરીરના અવયવને અડે એમ બનતું નથી. આહાહા..! શરીર એકબીજાને અડે નહિ તો શરીરના અવયવ, કોઈ પણ અવયવ બીજાના શરીરના અવયવને અને એને આત્માને કાંઈ સંબંધ નથી બેયને. બેય પરમાણુ સાથે (કાંઈ સંબંધ નથી). આહાહા..! '**પરદ્રવ્યને અને આત્મતત્ત્વને...**' પરદ્રવ્ય એટલે પછી શરીર, વાણી, મન, બહારની ચીજો, પૈસા, પાણી, મકાન એ કોઈ ચીજને, આત્માને ને એને કાંઈ સંબંધ નથી. આહા..!

મુમુક્ષુ :- ક્યારે એવો સંબંધ નથી?

ઉત્તર :- સદાય સંબંધ નથી, ત્રિકાળ સંબંધ નથી. ઝીણી વાત છે. કીધુંને પહેલું? કે આ શરીરનો કોઈ પણ અવયવ (એને) બીજા શરીરના અવયવની સાથે કાંઈ સંબંધ નથી. એ તો પરદ્રવ્યની સાથે પરદ્રવ્યનો સંબંધ (કહ્યો). આ તો આત્માને પરદ્રવ્ય સાથે કાંઈ સંબંધ નથી એમ અહીં સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- જ્ઞાની થયા પછી ને?

ઉત્તર :- માને ન માને એમાં ક્યાં? અજ્ઞાનીને પરદ્રવ્ય સાથે સંબંધ નથી. ઇ માને ગમે તે રીતે. અજ્ઞાનીને પણ પરદ્રવ્ય સાથે કાંઈ સંબંધ નથી. આહા..!

મુમુક્ષુ :- પૈસાનો સંબંધ તો છે.

ઉત્તર :- પૈસા-બૈસા ધૂળમાં ક્યાં હતા. એ ધૂળના છે. એ આત્મા એને અડે છે? આહાહા..! કાંઈ સંબંધ નથી જરીએ.

મુમુક્ષુ :- સગાવહાલાં ને પૈસાની સાથે સંબંધ છે ને!

ઉત્તર :– એ બધી વાતું. ક્યાંય કોઈ સાથે સંબંધ (નથી). આ શરીરના રજકણ છે, આ અવયવ બધા શરીરના (છે) એ અવયવ સાથે આત્માને કાંઈ સંબંધ નથી. આહાહા..! આ તો નજીક છે. શરીરના અવયવો બધા, પાંચ જડ ઇન્દ્રિયો, અત્યારે અહીં ભાવેન્દ્રિય નથી લેવાની. અહીં તો પરદ્રવ્ય લીધું છે. એટલે જે પાંચ ઇન્દ્રિય આ જે જડ છે એનો કોઈ પણ અવયવ, એનો કોઈ પણ ભાગ આત્માને ને એને કાંઈ સંબંધ નથી. આહાહા..!

મુમુક્ષુ :– દુનિયાના બધા કામ અટકી જાય.

ઉત્તર :– બધા કામ થયા જ કરે છે, અટકે ક્યાંથી? કામ વિનાના પરમાણુ નથી. એ તો કહ્યું હતું. કોઈ પણ પદાર્થ નકામો એટલે પોતાની પર્યાયના કાર્ય વિનાનો કોઈ પદાર્થ છે નહિ. આ જગતમાં જેટલા પદાર્થ છે એ બધા દરેક સમયે પોતાની પર્યાયરૂપી, અવસ્થારૂપી કાર્યના કર્તા છે. એ પર્યાય વિનાના નથી તો બીજા એનું કરવાનું કરે શું? આહાહા..! આકરી વાત છે. આ શ્લોક બહુ ઊંચો છે.

**'सर्वःअपि सम्बन्धः नास्ति' 'सर्वःअपि सम्बन्धः नास्ति'** આહાહા..! પ્રભુ! તું તો જ્ઞાન સ્વરૂપ છો ને!

મુમુક્ષુ :– નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો છે.

ઉત્તર :– નિમિત્તનૈમિત્તિક સંબંધ એટલે એક બીજાને કરે એમ કાંઈ નથી. નિમિત્તનૈમિત્તિક સંબંધ બોલાય પણ એ એમ વસ્તુ નથી. સંબંધનો જ અભાવ છે એકબીજામાં તો સંબંધ શું? એક ચીજ ને બીજી ચીજ વચ્ચે અભાવ છે. શરીરના અવયવો અને આત્મા, બે વચ્ચે અત્યંત અભાવ છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! શરીરના અવયવોથી હું કામ લઈ શકું છું. હાથ સારા હોય, પગ સારા હોય, શરીર લઠ્ઠ જેવું હોય એના અવયવો પણ એવા તો હોય.. આહાહા..! એ તો જડ છે, માટી છે, ધૂળ છે. ધૂળની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. આહાહા..! **'सर्वःअपि सम्बन्धः'** અહીં તો ભાષા પાઠ છે. સર્વ સંબંધ. આહા..!

મુમુક્ષુ :– જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ...

ઉત્તર :– એ જ્ઞાતા-જ્ઞેય તો જાણવાની અપેક્ષાએ વાત છે. એ વ્યવહાર છે. એ જ્ઞાતા ને એ પરજ્ઞેય એ પણ વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતે જ જ્ઞાતા ને પોતે જ જ્ઞેય ને પોતે જ જ્ઞાન છે. પરની સાથે સંબંધ શું છે? આહાહા..! પરનો કર્તા તો નથી, પરની સાથે સંબંધ તો નથી પણ પરને જાણતો પણ નથી. આહાહા..! જાણવા કાળે પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે એમાં એ વસ્તુ એને જણાય જાય છે. એ વસ્તુને લઈને નહિ, એ જ્ઞાનની પર્યાયના સામર્થ્યને લઈને સ્વ ને પર પોતા વડે, પોતાથી જણાય જાય છે. આહાહા..! અરે..! જગતને આકરું પડે.

**'सर्वःअपि सम्बन्धः'** કીધું ને અહીંયાં? પરદ્રવ્યને અને આત્મતત્ત્વને... આહાહા..! આંખની પાપણને અને કાળા ગોળાને કે જીભને કે આ આંગળીના અવયવ ને બીજા પણ

એને ને આત્માને કાંઈ સંબંધ નથી, જરીએ સંબંધ નથી. પરમાણુ પોતાની પર્યાયથી પરિણમતા ઊભા ટકી રહ્યા છે. દરેક પરમાણુ, દરેક સમયે પોતાની પર્યાયથી પરિણમતા ટકી રહ્યા છે. એની સાથે બીજા દ્રવ્યનો (કે) આત્માનો સંબંધ જરીએ નથી. આહાહા..!

મુમુક્ષુ :- કોઈ પાસે રૂપિયા લાવીને ન દેવા તો શું થાય!

ઉત્તર :- રૂપિયા લીધા હતા કે દિ'? લીધા છે એ માન્યું છે. એ ખોટું છે. પરમાણુના પૈસા એ આત્મા લે અને પરને દે એ વાતમાં માલ કાંઈ નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! અહીં તો પરદ્રવ્ય સાથે કાંઈ સંબંધ નથીમાં દાળ, ભાત, રોટલા ને સવારમાં ચા ને દૂધ એને ને આત્માને કાંઈ સંબંધ નથી. આહાહા..!

મુમુક્ષુ :- મહેમાનને રોકવા ને પછી કહેવું કે રોકવાને ને અમારે કાંઈ સંબંધ નથી.

ઉત્તર :- કોણ પણ મહેમાન છે ક્યાં?

મુમુક્ષુ :- પછી કહેવું કે આહાર ...

ઉત્તર :- આહાર દે કોણ? આહાર જડ માટી (છે). એનું ઊંચું થવું, નીચું થવું, ક્ષેત્ર ફેર થવો, એના કોળીયા થવા, કટકા થવા, આત્માને ને એને કાંઈ સંબંધ નથી. આહાહા..! આવી વાત છે. આ બહુ ઊંચો શ્લોક છે.

**'सर्वःअपि सम्बन्धः नास्ति'** બસ! એટલું. ખલાસ થઈ ગયું. કોની સાથે? **'परद्रव्य-आत्मतत्त्वयोः'** અત્યારે એ જ વાત છે. આત્મતત્ત્વને અને પરદ્રવ્યને **'सर्वःअपि नास्ति'** કાંઈ સંબંધ નથી. આહાહા..! એને ઠેકાણે અહીં અમારા વહાલા છે ને આ સગા છે ને અમારા જમાઈ થાય છે ને મામા થાય ને ધૂળ થાય... કાંઈ સંબંધ નથી. આત્મા વસ્તુ ભિન્ન છે. બીજી વસ્તુ, આ શરીરના બધા રજકણો પણ ભિન્ન છે. એ રજકણને અને આત્માને કાંઈ સંબંધ નથી. આહાહા..! આવું માને યથાર્થ-જેમ છે તેમ એ માને કે, કોઈ દ્રવ્ય આત્માને અડતું નથી. આત્મા (સાથે) કાંઈ સંબંધ નથી. સંબંધ નથી તો કર્તા કેમ હોઈ શકે? એ સિદ્ધ કરવું છે. જ્યારે આત્માને ને પરને સંબંધ નથી તો પછી કર્તા શી રીતે હોય શકે?

મુમુક્ષુ :- પંડિતજીએ આટલા આટલા તરજૂમા કર્યા.

ઉત્તર :- તરજૂમા કોણ કરે? અભિમાન કરે અંદર કે, આ હું કરું છું ને બહાર પડે ને લોકો જાણે. એ તો ઊંડો મિથ્યાત્વ ભાવ છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આહા..! દુનિયાથી તો મરી જવાય, મરે ત્યારે સાજો થાય એવું છે. દુનિયાથી મરે તો સાજો થાય એવું છે. એટલે શું કહ્યું? પરચીજથી મરે. મારે ને એને કાંઈ સંબંધ નથી. તો તે જીવતો થાય એવો છે નહિતર મરી જાય છે. પરના સંબંધને ગણે... આહાહા..! મારા અક્ષર સારા છે માટે લખું.

મુમુક્ષુ :- મોતીના દાણા જેવા.

ઉત્તર :- હા અમારે ભાઈ હતા ને? મોટાભાઈ 'ખુશાલભાઈ'. એનું નામું પોતે લખતા.

ઘરનું, હોં! પણ મોતીના દાણા જેવા અક્ષર. કુદરતે એવું હતું, કુદરતે. એ 'કુવરજીભાઈ' ને બીજા ચોપડા ન લખે, લખે પોતે 'ખુશાલભાઈ' મોતીના દાણા જેવા અક્ષર પડે આમ. આહા..! એ તો અક્ષરની પર્યાય તે કાળે, તે પ્રમાણે પરિણમવાની હતી. આત્માને ને અક્ષરને કાંઈ સંબંધ નથી. એમ આવ્યું આમાં?

**'नास्ति सर्वःअपि सम्बन्धः परद्रव्य-आत्मतत्त्वयो'** આત્માને અને પરદ્રવ્યના તત્ત્વને કાંઈ પણ સંબંધ નથી. પછી આ ખેડ-બેડ કરે કે નહિ? 'રામજીભાઈ'! ખેતી ન કરે? કાંઈ ન કરી શકે. આહાહા..! ઝીણી વાત બહુ, બાપુ! આહાહા..! એક આ ૨૦૦ શ્લોક છે એક તો આંકડોય પૂરો થઈ ગયો છે ૨૦૦ અને વાત પણ એવી જ છે. આહાહા..! **'नास्ति सर्वःअपि सम्बन्धः'** કોની સાથે? કે, આત્મા અને પરદ્રવ્ય સાથે. આહાહા..! અત્યારે એ લેવું છે. નહિતર પરદ્રવ્યમાં પણ બીજા-બીજા દ્રવ્યની સાથે કાંઈ સંબંધ નથી. એક પરમાણુને બીજા પરમાણુ સાથે કાંઈ સંબંધ નથી. દરેક દ્રવ્ય પોતાની વર્તમાન પર્યાયે પરિણમતા ટકી રહ્યા છે. પણ સાંભળ્યું છે કે દિ'? ને ખબર કે દિ'? જૈનમાં જન્મ્યા હોય તોય મજુરી કરી કરીને જિંદગી પૂરી કરે. ઇ મજુરી કરે છે. ભલે પછી પાંચ, દસ લાખ પેદા કરે પણ મોટો મજુર. રાગ અને દ્વેષ વિકારના કર્તા મોટા મજુર છે. એય 'બલુભાઈ'! શેઠિયાઓને મજુર કહેવા! ભગવાન કહે છે, મજુર નહિ પણ ભિખારી છે. કેમકે પોતાની ઋદ્ધિ અહીં અંદર છે એની તો ભાળ-સંભાળ કરતો નથી અને જે એની નથી અને જેમાં એ પોતે નથી એની સંભાળ કરવા રોકાય (છે તે) ભિખારી છે. આહાહા..! કહો 'ટોળિયાજી'! આવી વાતું છે. આ દુકાને બધો ધંધો ચાલે. છોકરાઓ કરે છે ને! એ પણ પહેલા કરતા ને! આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! 'અમૃતચંદ્રાચાર્ય' મહા સંત, મહા મહાત્મા, આહાહા..! એ મહાત્મા એમ કહે છે, કે પ્રભુ એમ કહેતા હતા, પ્રભુ એમ કહે છે, કે **'सर्वःअपि सम्बन्धः'** નથી. કોની સાથે? આત્મા ને પરદ્રવ્ય શરીર સાથે, આત્મા ને શરીર સાથે, આત્મા ને વાણી સાથે, વાણી આત્મા કરે, શરીરની સંભાળ ધ્યાન રાખે આત્મા, ખોરાક-બોરાકનું ધ્યાન રાખે તો શરીર ઠીક રહે. આહાહા..!

મુમુક્ષુ :– ડૉકટર કહે, શરીરનું ધ્યાન રાખવું એમ બધા કહે છે, આપ ના કહો છો.

ઉત્તર :– પણ ધ્યાન રાખીને શેનું? ધ્યાનની પર્યાય તો એના પોતામાં રહી. ધ્યાન રાખનારની પર્યાય તો ધ્યાન કરનારમાં રહી. એ પર્યાય પરમાં ક્યાં ગઈ તે પરનું કાંઈ કરે?

મુમુક્ષુ :– બાપને દીકરો કહે, શરીરનું ધ્યાન રાખવું.

ઉત્તર :– દીકરો-બીકરો 'સુમનભાઈ' કોઈ કરતું નથી. આવીને પગ દાબે, લ્યો! આહાહા..! એ પગને હાથ અડતો નથી. (શ્રોતા :– આપની રૂબરૂમાં પગને હાથ અડયો'તો) અને પગને ને આત્માને અડતું નથી કાંઈ. આહાહા..! પેલો ત્યાં કસરત કરાવતો હતો ને? એ તો જડની

ક્રિયા છે, બાપુ! આહા..! પરમાણુની ક્રિયા એ થાય છે. એ થવાનો એ કાળ હોય ત્યારે પેલો નિમિત્ત દેખાય. પણ નિમિત્તથી ત્યાં કાંઈ થયું છે (એમ નથી). અંદર કાંઈ નહિ, કાંઈ નહિ. આહાહા..! અરે..રે..! નિંદા-પ્રશંસાના શબ્દો એ જડ છે, આત્માને ને એને કાંઈ સંબંધ નથી. એ તો આવશે આમાં. આહાહા..! કોઈ તારી પ્રશંસા કરે અને તને એમ લાગે કે, મારી આ પ્રશંસા કરે છે તો તારા આત્માને ને પ્રશંસા જડને સંબંધ થયો ઇ તો. આહાહા..! અહીંયાં તો આત્મા ને પરમાણુ દ્રવ્યને, પરની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..!

મુમુક્ષુ :– ફલાણા કહે છે, મુંબઈમાં આટલા રૂપિયા આપ્યા એમ જાહેર કરે છે.

ઉત્તર :– ઇ કાલે આપ્યું નહિ? ડૉકટરને 'મુંબઈ' તરફથી આપ્યું છે. એક હજાર રૂપિયાનું ચાંદીનું.. 'બલુભાઈ' લાવ્યા. એ તો એ પરમાણુ ત્યાં જવાના હોય જાય, જે ઠેકાણે રહેવાના હોય ત્યાં રહે અને જે પર્યાય થવાની હોય તે થાય. આહાહા..! જે ક્ષેત્રે રહેવાનું હોય તે રહે અને તે ક્ષેત્રે પણ પોતાની પર્યાય જે થવાની હતી તે થઈને રહે. પરની સાથે કાંઈ સંબંધ નથી, ભાઈ! આહાહા..! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. કોઈ દિ' સાંભળી ન હોય ને માથાકૂટ (કરી). જગતની મજૂરીઓ કરી આખો દિ'. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. એમાં વળી પાંચ-દસ હજારનો પગાર હોય મહિને, બસ! ફાટી જાય પ્યાલો. આ 'દલીચંદભાઈ'ના દીકરાને છે ને? એકને પંદર હજારનો પગાર, 'મુંબઈ'. 'મોરબીવાળા' 'દલીચંદભાઈ'. અને (બીજાને) આઠ હજારનો પગાર. કાલે આવ્યા હતા ને! 'અડવાણી'. 'અડવાણી' ની અંદરમાં છે. એમ આઠ-આઠ હજાર, દસ-દસ હજારનો એક મહિને પગાર. પણ એથી શું થયું? એના પરમાણુને ને આત્માને સંબંધ શું છે? આહા..! કોઈ દિ' કાનેય વાત પડી ન હોય. વિચાર કરવા વખત મળતો ન હોય અને આખો દિ' મજુરીમાં રોકાય જાય છે. એ.. 'ગુણવંતભાઈ'! આ બધા મજુરી કરે છે એમ કહે છે અહીં તો. રાગની મજુરી, હોં! પર શરીરની નહિ. આ મેં કર્યું ને મેં આ કર્યું ને મેં આ બગાડ્યું ને મેં સુધાર્યું ને બે ભેગા થઈને આ કામ લીધા, એકલાથી ન થાત. બે ભેગા થઈને આપણે આ કામ લીધું. આહાહા..! ભ્રમણા એ ભ્રમણા બધી સેવે છે. આહા..!

મુમુક્ષુ :– આજ દિવસ સુધી ભ્રમણાનો જ ધંધો કર્યો લાગે છે.

ઉત્તર :– ભ્રમણાનું જ આ જગત ઊભું થયું છે. આહાહા..! જગત જગતમાં છે પણ પોતે ઊભું કર્યું, આ મારા... મારા... મારા... એમ કરીને પોતાનું ઊભું કર્યું એ ભ્રમણાથી છે. આ મારું મકાન છે ને મારા છોકરા છે ને આ છોકરાની વહુ છે ને. આહાહા..!

મુમુક્ષુ :– એ બધાથી તો અમે શોભા પામીએ છીએ.

ઉત્તર :– ધૂળેય નથી શોભા. આહા..! છોકરાની વહુને સારો સાડલો પહેરાવ્યો હોય, પાંચ હજારનો. પાંચ પાંચ હજારના સાડલા આવે છે. આ છેડામાં સોનાનું ભર્યું હોય અને તેથી આમ છેડામાં રાખે છે. સાડલો પહેરીને પછી છેડો આમ રાખે. એટલે સોનાનું ભરેલું

દેખાય. પાંચ પાંચ હજાર, દસ દસ હજારના આવે છે. મોટા ગૃહસ્થો હોય ને લાખો રૂપિયાનો એક એક. લાખો રૂપિયાનો મોટા કરોડો-અબજોપતિને લાખોનું એક એક મકાન હોય. આહાહા..! અભિમાનમાં મરી ગયા આમ ને આમ. પોતાનું સ્વરૂપ ચૈતન્ય જાણનાર છે. એને કરનાર નથી, એને તોડનાર નથી, એને રાખનાર નથી, એની વ્યવસ્થા કરનાર નથી. છતાં હું વ્યવસ્થાને રાખનાર, કરનારો છું એણે આત્માને મારી નાખ્યો છે. આત્મા જ્ઞાન સ્વરૂપ છે (એમ કહે છે તો કહે છે) કે, ના ના તું નહિ. હું તો આ કરનારો તે હું. જ્ઞાન સ્વરૂપને મારી નાખ્યો. આહાહા..!

મુમુક્ષુ :– કોઈ કોઈને મારી શકે નહિ.

ઉત્તર :– કીધું, પોતાને મારી નાખ્યો. બીજાને ક્યાં માર્યો એણે? બીજાના કામમાં બધી હોંશિયારી મેં કરી અને એની હુંફ ચડી એમાં આત્મા મરી ગયો. એટલે કે, આત્મા જ્ઞાતા-દૃષ્ટા ન રહ્યો. આહા..! જીવનું સ્વરૂપ તો જ્ઞાતા-દૃષ્ટા છે. એ જાણે ને દેખે એ એનું સ્વરૂપ છે. એ ઉપરાંત કોઈપણ ચીજ એને માટે નાખે તો એનો અનાદર કરતાં એ નથી. એને મરણતુલ્ય કરી નાખ્યો. આવે છે ને આપણે? કળશમાં આવે છે. મરણતુલ્ય કરી નાખ્યો. આહાહા..! વાતું આકરી. ઇચ્છામી પડિકમણુ આવે છે ને? ઇરીયા વરીયા ગમણા ગમણે જીવયા જીવરવીયા તસ્સ મિચ્છામી દુક્કડમ્. કોના જીવતરના જીવ? અરે..! ભાઈ! માર્ગ કોઈ જુદો, બાપુ!

ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા સાક્ષાત મહાવિદેહમાં બિરાજે છે એની આ બધી વાણી છે. સાક્ષાત્ પ્રભુ બિરાજે છે, સભામાં ઉપદેશ ચાલે છે. સર્વજ્ઞ છે, પરમાત્મા છે, અરિહંત છે, એ ણમો અરિહંતાણંમાં છે. હજી ચાર કર્મ બાકી છે એટલે એ ચાર કર્મ જશે એટલે (સિદ્ધ થશે). આ 'મહાવીર' ભગવાન આદિ તો સિદ્ધ થઈ ગયા, એ અરિહંતમાં રહ્યા નહિ. આઠેય કર્મનો નાશ થઈને સિદ્ધ થઈ ગયા. આઠે કર્મનો નાશ એ પણ કહે છે, કે આત્મા કરી શકતો નથી. આહાહા..! કર્મ જડ છે એને આત્મા રાખે ને નાખે, એમ કેમ બને? ઓહોહો..! ભાષા કાંઈક, કથનમાં કાંઈક ને માન્યતામાં કાંઈક એમ કહે છે. જ્ઞાની પણ કથનમાં તો એમ જ બોલે કે, આ અમારું ગામ છે, આ અમારો છોકરો છે એમ જ બોલે. એ કથનમાં એમ છે, શ્રદ્ધામાં બિલકુલ જૂઠ છે. આહાહા..!

મુમુક્ષુ :– ઇરાદાપૂર્વક જાણીને ખોટું બોલે છે.

ઉત્તર :– બધું ખોટું. આહાહા..!

**'પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈ પણ)...'** જરી લાળ લાતરે પણ, આહાહા..! પરદ્રવ્યની સાથે, પરવસ્તુ સાથે આત્માને કાંઈ લાળ લાતરે પણ સંબંધ નથી. આહાહા..! થોડીક .. થોડીક કાંઈક લાગી એને લઈને કાંઈક સંબંધ છે એટલો.. (એમ નથી). આહા..!

**'कर्तृ-कर्मत्व-सम्बन्ध-अभावे' 'એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં,...'** જ્યારે ભગવાનઆત્મા અને પરવસ્તુ સ્વતંત્ર છે એને અને એને કાંઈ સંબંધ નથી. આહાહા..! સારો દાગીનો આવે અને સારા કપડા પહેરીને નાનો છોકરો આવે ત્યાં આમ બાથ ભીડે. જાણે છોકરાને આમ જાણે ઓહોહો..! શું કરશે? સારા કપડા-બપડા આપ્યા હોય ને ઊંચા, પહેરીને બેઠો હોય. ઓહોહો..! અરે..! પ્રભુ! તું તો એકલો જ્ઞાન સ્વરૂપી છો ને, પ્રભુ! જ્ઞાન સ્વરૂપી કરે શું? થાય તેને જાણે, એ પણ વ્યવહાર, એટલો વ્યવહાર કહેવાય. આહાહા..! બાકી તો એ સમયે પોતાને જ જાણે છે એ. આહાહા..! અરે..રે..! કળશ બહુ ઊંચો છે.

આમ સંબંધ નથી તો પતિ-પત્નીને સંબંધ ખરો કે નહિ? દીકરાને ને બાપને સંબંધ ખરો કે નહિ? આહાહા..! (શ્રોતા :- તો પછી બાપનું નામ શું લખાવવું પણ ત્યાં.) પૂજ્ય પિતાશ્રી એમ નામ આપીને જ્યાં લખે ત્યાં રાજી રાજી થઈ જાય. આહાહા..! પૂજ્ય પિતાશ્રી આપના પ્રતાપે મારે અત્યારે વેપાર ઠીક છે. આપનો પ્રતાપ છે, એમ લખે. શિરછત્ર છે. આપને માટે મને બહુમાન છે પણ હું છેટે રહી ગયો. આપને પ્રતાપે અહીં મને ઠીક છે. આહાહા..! કોનો પ્રતાપ ને કોની વાતું? આ બધું શું છે આ? મોહનો દારૂ પીધો છે, કહે છે. આ બધા મોહનો દારૂ પીધો છે. આહાહા..!

કાંઈ પણ સંબંધ નથી. 'સઘળો' શબ્દ છે ને? 'સઘળોય સંબંધ' એટલે સર્વ. સર્વ સંબંધ. સર્વનો અર્થ સઘળો કર્યો અને સઘળોનો અર્થ કાંઈ પણ નહિ, જરીએ પણ આત્માને ને જડને સંબંધ નથી. આહાહા..! એમાં આ પૈસા મારા ને મેં આપ્યા ને ત્યાં મારું નામ રાખજો, હોં! એક લાખ રૂપિયા આપ્યા (છે), એમાં (નામ રાખજો). આહા..! આમ ને આમ જીવ મોહમાં તણાઈ ગયો, મિથ્યાશ્રદ્ધામાં જિંદગી ચાલી જાય છે. આહાહા..! આવી વાત મોંઘી છે.

**'સંબંધ નથી; એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં,...'** જ્યારે કાંઈ સંબંધ નથી તો પછી આત્મા કર્તા અને પરમાણુનું એનું કાર્ય એ તો કાંઈ છે નહિ, એ તો બની શકતું નથી. **'કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં, આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?'** આહાહા..! નદીમાંથી પાણીના બેડા ઉપાડી આવે. બહેનો પાણી (ન લાવે તો) પીવું શી રીતે?

મુમુક્ષુ :- હવે તો નળ થઈ ગયા ને?

ઉત્તર :- નળ થયા અત્યારે નળ પાસે ઉઘાડવા તો જાવું પડે ને? ત્યાં આ મારી આંગળી છે ને એનાથી મેં બરાબર આમ કર્યું, આમ કર્યું, આમ કર્યું. આહાહા..! જડથી તો શૂન્ય છે. ભગવાનઆત્મા જડની શૂન્ય છે, સ્વરૂપથી ભરેલો ભગવાન છે. આહાહા..! જ્ઞાન-દર્શન ને આનંદના ભાવથી સર્વાંગ ભરેલું તત્ત્વ છે અને પરદ્રવ્યની સાથે કાંઈ કાંઈ એક લાળ લાતરે પણ સંબંધ નથી. જરીક લાળ પડે તો એટલો અહીં સંબંધ (નથી). આહાહા..! માટે **'કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં, આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?'** આહાહા..!

ભાવાર્થ :– **'પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી, તો પછી તેમને કર્તાકર્મસંબંધ કઈ રીતે હોય?'** આહાહા..! **'એ રીતે જ્યાં કર્તાકર્મસંબંધ નથી, ત્યાં આત્માને પરદ્રવ્યનું કર્તાપણું કઈ રીતે હોઈ શકે?'** આહાહા..! પરદ્રવ્ય માટે આત્મા પાંગળો છે, પોતાના સ્વભાવને પ્રગટ કરવા મહા પરાક્રમી ક્ષત્રિય છે, મહા પરાક્રમી રાજા ક્ષત્રિય પોતે છે. આહાહા..! પોતાનામાં પુરુષાર્થ કરવા આનંદ ને જ્ઞાનને પ્રગટ કરવા મહા પરાક્રમી પુરુષાર્થી છે. આહાહા..! પરનું કરવા માટે પાંગળો છે. આહાહા..! આવી વાત ક્યાં છે? સાંભળવા કો'ક દિ' મળતી હોય બિચારાને. એમાં જુવાનીયા તો આખો દિ' બિચારા દુકાનમાં કે નોકરીમાં ફસાય ગયા હોય. વખત પણ મળતો ન હોય, કાને સારું સાંભળવા મળે નહિ. આહાહા..! પછી ભલે પગાર પાંચ હજારનો હોય કે દસ હજારનો હોય. આહાહા..! પંદર હજારનો પગાર છે ને? આ 'દલિચંદભાઈ' નો દીકરો. એક છોકરાને મહિને પંદર હજારનો પગાર છે, 'મુંબઈ'. આ 'સુમનભાઈ'ને આઠ હજારનો, લ્યો ને! 'રામજીભાઈ'ના (દીકરા). ઇ શું પૈસા પણ? ધૂળ. આહાહા..! **'એ રીતે જ્યાં કર્તાકર્મસંબંધ નથી, ત્યાં આત્માને પરદ્રવ્યનું કર્તાપણું કઈ રીતે હોઈ શકે?'** હવે ગાથા.

*** અધ્યાત્મ કથનીમાં મુખ્યને તો નિશ્ચય કહ્યો છે તથા ગૌણને વ્યવહાર કહ્યો છે. મુખ્યને નિશ્ચય કહ્યો એમાં સિદ્ધાંત છે. નિશ્ચયને મુખ્ય કહ્યો નથી. કેમ કે અધ્યાત્મમાં નિશ્ચયનયનો વિષય જ મુખ્ય રહે છે તેથી મુખ્યને નિશ્ચય અને નિશ્ચયને મુખ્ય કહેવામાં મોટો આંતરો છે. ગૌણને વ્યવહાર કહેલ છે. અધ્યાત્મમાં વ્યવહાર કદી મુખ્ય થાય નહિ. એક આત્મામાં નિશ્ચય અને વ્યવહાર બન્ને સાથે છે. એમાં આત્મા અખંડ ધ્રુવ એકરૂપ છે. તેની મુખ્યતા તે જ નિશ્ચય છે. કેમ કે દ્રવ્યસ્વભાવના આશ્રયે ધર્મ પ્રગટે છે, ટકે છે અને વધે છે, તે પ્રયોજન દ્રવ્યથી સધાય છે. માટે અધ્યાત્મમાં મુખ્યને નિશ્ચય કહ્યો છે. વ્યવહારથી કે નિમિત્તથી ધર્મની પર્યાય પ્રગટ થતી નથી, ટકતી નથી, અને વધતી પણ નથી. તેથી અધ્યાત્મમાં વ્યવહારની મુખ્યતા કદી થતી નથી. અધ્યાત્મમાં આત્માના આશ્રયે સાધકપણું છે. વ્યવહારથી સાધકપણું નથી. તેથી એમાં કદી વ્યવહારનું મુખ્યપણું થતું નથી, પણ ગૌણપણું જ રહે છે. નિશ્ચયનું ગૌણપણું કદી થતું નથી કેમ કે પ્રયોજન તો અખંડ દ્રવ્યના આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટ કરવી તે છે. તેથી મુખ્ય તે નિશ્ચય છે અને ગૌણ તે વ્યવહાર છે. ૭૮૭.**

**– પરમાગમસાર**

## ગાથા-૩૨૪ થી ૩૨૭

ववहारभासिदेण दु परदव्वं मम भणंति अविदिदत्था।
जाणंति णिच्छएण दु ण य मह परमाणुमित्तमवि किंचि।।३२४।।
जह को वि णरो जंपदि अम्हं गामविसयणयररट्ठं।
ण य होंति तस्स ताणि दु भणदि य मोहेण सो अप्पा।।३२५।।
एमेव मिच्छदिट्ठी णाणी णीसंसयं हवदि एसो।
जो परदव्वं मम इदि जाणंतो अप्पयं कुणदि।।३२६।।
तम्हा ण मे त्ति णच्चा दोण्ह वि एदाण कत्तविवसायं।
परदव्वे जाणंतो जाणेज्जो दिट्ठिरहिदाणं।।३२७।।

व्यवहारभाषितेन तु परद्रव्यं मम भणन्त्यविदितार्थाः।
जानन्ति निश्चयेन तु न च मम परमाणुमात्रमपि किञ्चित्।।३२४।।
यथा कोऽपि नरो जल्पति अस्माकं ग्रामविषयनगरराष्ट्रम्।
न च भवन्ति तस्य तानि तु भणति च मोहेन स आत्मा।।३२५।।
एवमेव मिथ्यादृष्टिर्ज्ञानी निःसंशयं भवत्येषः।
यः परद्रव्यं ममेति जानन्नात्मानं करोति।।३२६।।
तस्मान्न मे इति ज्ञात्वा द्वयेषामप्येतेषां कर्तृत्वव्यवसायम्।
परद्रव्ये जानन् जानीयात् दृष्टिरहितानाम्।।३२७।।

अज्ञानिन एव व्यवहारविमूढाः परद्रव्यं ममेदमिति पश्यन्ति। ज्ञानिनस्तु निश्चयप्रतिबुद्धाः परद्रव्यकणिकामात्रमपि न ममेदमिति पश्यन्ति। ततो यथात्र लोके कश्चिद् व्यवहारविमूढः परकीयग्रामवासी ममायं ग्राम इति पश्यन् मिथ्यादृष्टिः, तथा यदि ज्ञान्यपि कथञ्चिद् व्यवहारविमूढो भूत्वा परद्रव्यं ममेदमिति पश्येत् तदा सोऽपि निस्संशयं परद्रव्यमात्मानं कुर्वाणो मिथ्यादृष्टिरेव स्यात्। अतस्तत्त्वं जानन् पुरुषः सर्वमेव परद्रव्यं न ममेति ज्ञात्वा लोकश्रमणानां द्वयेषामपि योऽयं परद्रव्ये कर्तृव्यवसायः स तेषां सम्यग्दर्शनरहितत्वादेव भवति इति सुनिश्चितं जानीयात्।

હવે, 'જેઓ વ્યવહારનયના કથનને ગ્રહીને 'પરદ્રવ્ય મારું છે' એમ કહે છે, એ રીતે વ્યવહારને જ નિશ્ચય માની આત્માને પરદ્રવ્યનો કર્તા માને છે, તેઓ મિથ્યાદૃષ્ટિ છે' ઇત્યાદિ અર્થની ગાથાઓ દૃષ્ટાંત સહિત કહે છે :–

વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને 'મારું' કહે,
'પરમાણુમાત્ર ન મારું' જ્ઞાની જાણતા નિશ્ચય વડે. ૩૨૪.
જ્યમ પુરુષ કોઈ કહે 'અમારું ગામ, પુર ને દેશ છે',
પણ તે નથી તેનાં, અરે! જીવ મોહથી 'મારાં' કહે; ૩૨૫
એવી જ રીત જે જ્ઞાની પણ 'મુજ' જાણતો પરદ્રવ્યને,
નિજરૂપ કરે પરદ્રવ્યને, તે જરૂર મિથ્યાત્વી બને. ૩૨૬.
તેથી 'ન મારું' જાણી જીવ, પરદ્રવ્યમાં આ ઉભયની
કર્તૃત્વબુદ્ધિ જાણતો, જાણે સુદૃષ્ટિરહિતની. ૩૨૭.

ગાથાર્થ :– [ अविदितार्थाः ] જેમણે પદાર્થનું સ્વરૂપ જાણ્યું નથી એવા પુરુષો [ व्यवहारभाषितेन तु ] વ્યવહારનાં વચનોને ગ્રહીને [ परद्रव्यं मम ] 'પરદ્રવ્ય મારું છે' [ भणन्ति ] એમ કહે છે, [ तु ] પરંતુ જ્ઞાનીઓ [ निश्चयेन जानन्ति ] નિશ્ચય વડે જાણે છે કે '[ किञ्चित् ] કોઈ [ परमाणुमात्रम् अपि ] પરમાણુમાત્ર પણ [ न च मम ] મારું નથી'.

[ यथा ] જેવી રીતે [ कः अपि नरः ] કોઈ પુરુષ [ अस्माकं ग्रामविषयनगरराष्ट्रम् ] 'અમારું ગામ, અમારો દેશ, અમારું નગર, અમારું રાષ્ટ્ર' [ जल्पति ] એમ કહે છે, [ तु ] પરંતુ [ तानि ] તે [ तस्य ] તેનાં [ न च भवन्ति ] નથી, [ मोहेन च ] મોહથી [ सः आत्मा ] તે આત્મા [ भणति ] 'મારાં' કહે છે; [ एवम् एव ] તેવી જ રીતે [ यः ज्ञानी ] જે જ્ઞાની પણ [ परद्रव्यं मम ] 'પરદ્રવ્ય મારું છે' [ इति जानन् ] એમ જાણતો થકો [ आत्मानं करोति ] પરદ્રવ્યને પોતારૂપ કરે છે, [ एषः ] તે [ निःसंशयं ] નિઃસંદેહ અર્થાત્ ચોક્કસ [ मिथ्यादृष्टिः ] મિથ્યાદૃષ્ટિ [ भवति ] થાય છે.

[ तस्मात् ] માટે તત્ત્વજ્ઞો [ न मे इति ज्ञात्वा ] 'પરદ્રવ્ય મારું નથી' એમ જાણીને, [ एतेषां द्वयेषाम् अपि ] આ બન્નેનો (-લોકનો અને શ્રમણનો-) [ परद्रव्ये ] પરદ્રવ્યમાં [ कर्तृव्यवसायं जानन् ] કર્તાપણાનો વ્યવસાય જાણતા થકા, [ जानीयात् ] એમ જાણે છે કે [ दृष्टिरहितानाम् ] આ વ્યવસાય સમ્યગ્દર્શન રહિત પુરુષોનો છે.

ટીકા :– અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે છે-માને છે; જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ (નિશ્ચયના જાણનારા) હોવાથી પરદ્રવ્યની કણિકામાત્રને પણ 'આ મારું છે' એમ દેખતા નથી. તેથી, જેમ આ જગતમાં

કોઈ વ્યવહારવિમૂઢ એવો પારકા ગામમાં રહેનારો માણસ 'આ ગામ મારું છે' એમ દેખતો-માનતો થકો મિથ્યાદષ્ટિ (-ખોટી દષ્ટિવાળો) છે, તેમ જો જ્ઞાની પણ કોઈ પણ પ્રકારે વ્યવહારવિમૂઢ થઈને પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે તો તે વખતે તે પણ નિઃસંશયપણે અર્થાત્ ચોક્કસ, પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો, મિથ્યાદષ્ટિ જ થયા છે. માટે તત્ત્વને જાણનારો પુરુષ 'સઘળુંય પરદ્રવ્ય મારું નથી' એમ જાણીને, 'લોક અને શ્રમણ-બન્નેને જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે તે તેમના સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે' એમ સુનિશ્ચિતપણે જાણે છે.

ભાવાર્થ :– જે વ્યવહારથી મોહી થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે તે-લૌકિક જન હો કે મુનિજન હો-મિથ્યાદષ્ટિ જ છે. જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ થઈને પરદ્રવ્યને 'મારું' માને તો મિથ્યાદષ્ટિ જ થાય છે.

---

## ગાથા–૩૨૪ થી ૩૨૭ ઉપર પ્રવચન

---

'હવે, 'જેઓ વ્યવહારનયના કથનને ગ્રહીને...' શું હવે કહે છે? બોલવામાં તો એવું આવે ક્યાં ગામ તમારું? 'રાજકોટ'. 'રાજકોટ' ક્યાં હતું એના બાપનું? એનું ક્યાં હતું ને એના બાપનું ક્યાં હતું?

ववहारभासिदेण दु परदव्वं मम भणंति अविदिदत्था।
जाणंति णिच्छएण दु ण य मह परमाणुमित्तमवि किंचि।।३२४।।
जह को वि णरो जंपदि अम्हं गामविसयणयररट्ठं।
ण य होंति तस्स ताणि दु भणदि य मोहेण सो अप्पा।।३२५।।
एमेव मिच्छदिट्ठी णाणी णीसंसयं हवदि एसो।
जो परदव्वं मम इदि जाणंतो अप्पयं कुणदि।।३२६।।
तम्हा ण मे त्ति णच्चा दोण्ह वि एदाण कत्तविवसायं।
परदव्वे जाणंतो जाणेज्जो दिट्ठिरहिदाणं।।३२७।।

નીચે હરિગીત.

વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને 'મારું' કહે,
'પરમાણુમાત્ર ન મારું' જ્ઞાની જાણતા નિશ્ચય વડે. ૩૨૪.
જ્યમ પુરુષ કોઈ કહે 'અમારું ગામ, પુર ને દેશ છે',
પણ તે નથી તેનાં, અરે! જીવ મોહથી 'મારાં' કહે; ૩૨૫

**એવી જ રીત જે જ્ઞાની પણ 'મુજ' જાણતો પરદ્રવ્યને,**
**નિજરૂપ કરે પરદ્રવ્યને, તે જરૂર મિથ્યાત્વી બને. ૩૨૬.**
**તેથી 'ન મારું' જાણી જીવ, પરદ્રવ્યમાં આ ઉભયની**
**કર્તૃત્વબુદ્ધિ જાણતો, જાણે સુદૃષ્ટિરહિતની. ૩૨૭.**

ટીકા :– **'અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી...'** અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ હોવાથી, વ્યવહારમાં મૂઢ છે. ખબર નથી કાંઈ કે, આ શું છે. આહાહા..! **'પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે છે...'** આ દેશ મારો, આ ગામ મારું, આ મકાન મારા. આહાહા..! પાંચસો મકાન આમ ઊભા હોય હવે એ ઊભા હોય તો પાંચસો તો ખરેખર જાણવામાં છે. એમાં જાણવામાં આવે તો કહે, આ મારું મકાન. ચાલો ચાલો અહીં. પાંચસોને એક સાથે જાણે છે, જાણવામાં ક્યાં ફેર પડ્યો? ત્યાં વળી મારું ક્યાંથી થઈ ગયું આ? આહાહા..!

**'અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ, (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે છે–માને છે; જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ (નિશ્ચયના જાણનારા) હોવાથી...'** ધર્મી તો એને કહીએ, કે જે જાણનાર ને દેખનાર એ હું, જણાવું એ હું નહિ, પર વસ્તુ જણાય તે હું નહિ. હું તો મારા સ્વરૂપમાં જાણનાર-દેખનાર તે હું. આહાહા..! જેને જાણે તે હું નહિ, જેમાં જણાય છે તે હું. એમાં ભલે પર ને સ્વ બેય જણાય પણ તે જણાય છે તે હું. એમ **'નિશ્ચયપ્રતિબુદ્ધ (નિશ્ચયના જાણનારા) હોવાથી પરદ્રવ્યની કણિકામાત્રને પણ...'** આહાહા..! **'પરદ્રવ્યની કણિકામાત્ર પણ...'** આહાહા..! વેળુની એક ઝીણી કણિકા મેં ઉપાડી ને મેં લીધી ને અહીં મુકી એ જ્ઞાની માને નહિ. આહાહા..!

'શ્રીમદ્' તો કહે છે એક તણખલાના બે કટકા કરવા અમે સમર્થ નથી. એક તણખલાના બે કટકા (કરવા) અમે સમર્થ નથી. એનો અર્થ કે, ક્રિયા એનાથી થાય એમાં અમારે શું? આહાહા..! હવે આવી દૃષ્ટિની ખબર નહિ અને વ્રત ને ... ને અપવાસ ને એ.. ધમાધમ પાપની બધી ક્રિયાઓ છે ધમાધમ. આહાહા..! તત્ત્વની તો ખબર ન મળે. એકડા વિનાના મીંડા માથે લખ્યે જાય છે. આહા..!

વસ્તુ આ છે. જ્ઞાનીઓ **'પરદ્રવ્યની કણિકામાત્ર...'** જોયું? એક રજકણ ને રાગનો અંશ ખરેખર તો. આહાહા..! એને **'પણ 'આ મારું છે' એમ દેખતા નથી.'** આહાહા..! આ તો બધી હોંશું ઊડી જાય. પેલું તો છોકરો કાંઈ પાંચ દસ લાખ પૈસા લઈને આવ્યો હોય, વળી મોટી દુકાન કરવી છે, હવે આમ છે ને તેમ છે. હોંશ... હોંશ... હોંશ... હરખનો પાર ન મળે. બનાવો આજે લાપસી. આહાહા..! શું કરું છું એની ખબર ન મળે. આ આત્મા પોતાના જ્ઞાન ને આનંદ સિવાય પરના દ્રવ્યને રજકણને પણ કાંઈ અડી શકતો નથી. અડી શકતો નથી તો કરી શકે ક્યાંથી? આહાહા..! આત્મા પરદ્રવ્યના શરીરને અડતો પણ નથી, શરીરને આત્મા અડતો નથી. કર્મ આત્માને અડ્યા નથી, આત્મા કર્મને અડ્યા નથી, કર્મ

પરદ્રવ્ય છે.

મુમુક્ષુ :- એક ક્ષેત્રાવગાહ તો છે.

ઉત્તર :- એક ક્ષેત્રમાં રહેલા એ તો લાખ કરોડ બધી ચીજ હોય. એક આકાશના પ્રદેશમાં અનંતા પરમાણુ છે. એક જગ્યાએ હોવાથી કાંઈ એક ચીજ થઈ જાય છે? આહાહા..! એક થાળીમાં રતન ને કેળુ મુક્યું હોય તો બે એક દેખાય એટલે બેય એક થઈ જાય? કેળું ને રતન. આહાહા..! એક જગ્યાએ હોય માટે એક થઈ જાય એવી ચીજ ક્યાં છે? આહાહા..! એક પ્રદેશ, આકાશના એક પ્રદેશમાં આત્માના અસંખ્ય પ્રદેશ છે. એવા અસંખ્ય પ્રદેશ અસંખ્ય આકાશ પ્રદેશને રોક્યા છે. એ પણ નિમિત્ત વ્યવહાર કહેવાય. એ તો પોતે પોતાથી જ ત્યાં અવગાહનમાં રહ્યો છે. અને તેના તે ક્ષેત્રમાં બીજા અનંતા પરમાણુ ને અનંતા જીવો પણ છે. આહાહા..!

આટલું આ આંગળી જેટલું ક્ષેત્ર છે, જુઓ! એક ક્ષેત્રમાં એક આત્મા વ્યાપ્યો છે એવા અનંત આત્મા છે. આહાહા..! અને અનંતા આત્માની સાથે એના અનંતા કર્મો છે અને અનંતા કાર્મણ ને તૈજસ શરીર છે. આટલા ભાગમાં, હોં! અંદર. આહાહા..! ક્યાં વાત (છે)? ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા વીતરાગ પરમેશ્વરનું આ ફરમાન છે. ભગવાનની સીધી આ વાણી છે. લોકોને મળી નથી, લોકો સાંભળે તો આ કરો ને આ કરો ને આ કરો, દયા કરો, વ્રત કરો, કરો ને મરો. બીજું શું? આહાહા..! અહીં તો કહે, કરવું એ તો મરવું છે. કેમકે એ તો જ્ઞાન સ્વરૂપી પ્રભુ છે ને! એક અક્ષરને પણ કેમ કરે? આહાહા..! એક અક્ષર પણ અનંત પરમાણુથી બનેલો (છે). એમાં પણ અક્ષરના અનંત પરમાણુમાં એક એક પરમાણુ પોતાની પર્યાયથી રહેલો (છે). બીજા પરમાણુની પર્યાયથી ભેગા થઈને અક્ષર થયો છે એમ પણ નથી. આહાહા..! આમાં શું કરવું આ? આ તો દુનિયા છોડીને બેસી જાય તો થાય, માણસ એમ કહે. દુનિયા છૂટી પડી જ છે, છોડેલી જ પડી છે. તારી માન્યતામાં ફેર છે. બાકી બધું છૂટું જ પડ્યું છે, કંઈ તારી પાસે નથી ત્યાં અંદર ગરી ગયું. આહાહા..!

માન્યતા... એ કીધું ને? **'मोहेण'** આવ્યું હતું ને. ગાથામાં આવ્યું હતું. **'मोहेण सो अप्पा'** ૩૨૫. **'ण य हौंति तस्स ताणि दु भणदि य मोहेण सो अप्पा'** ગાથા ૩૨૫. એનું કાંઈ થાતું નથી પણ મોહથી માને છે. મોહ. ૩૨૫ ગાથાનું છેલ્લું પદ. આહાહા..! **'પરદ્રવ્યની કણિકામાત્રને પણ...'** એક રાયને પણ આત્મા ફેરવી શકે કે રાયનો આમ ભૂકો કરી શકે (એમ નથી). ચક્રવર્તીની એક દાસી હોય છે. જ્યારે ચક્રવર્તી ગાદીએ બેસે, એવી એક દાસી તે ઊંચો હીરો હોય હીરો, એ હીરાને આમ કરે (હાથમાં મસળે) ત્યાં ભૂકો થઈ જાય. એનાથી ચાંદલો કરે. એવી દાસી એક હોય. પુણ્યવાળી હોય ને શરીર મજબુત, એવું કાંઈ પૂર્વનું લઈને આવ્યા હોય. સિદ્ધાંતમાં લેખ છે. ચક્રવર્તી ગાદીએ બેસે ત્યારે એની દાસી હીરાનો ભૂકો કરી ચાંદલો કરે. આહાહા..! ઇ કહે છે, હીરાનો ભૂકો આંગળાથી થયો

નથી. અને એ ચાંદલો ન્યાં થયો એ આત્માએ કર્યો નથી. અરે..રે..! આ વાત ક્યાં? આહા..!

પરદ્રવ્યની કણિકા, કણિકામાત્ર પણ. આહાહા..! એક રજકણ ને એક રાગનો અંશ ખરેખર તો, એ આ મારો છે એમ માની અજ્ઞાની (વસ્તુસ્થિતિ) દેખતા નથી અને જ્ઞાની **'પરદ્રવ્યની કણિકામાત્રને પણ 'આ મારું છે' એમ દેખતા નથી.'** આહાહા..! **'તેથી, જેમ આ જગતમાં કોઈ વ્યવહારવિમૂઢ એવો પારકા ગામમાં રહેનારો...'** પારકુ ગામ એટલે ગામ ક્યાં એનું છે? કોઈ ગરાસિયાનું હોય તો એમ વ્યવહારે બહારમાં કહેવાય. પારકા ગામમાં.. અહીં પારકાનું ગામ કીધું. સમજાવવું છે તો શું સમજાવે? પારકાનું ગામેય ક્યાં છે? 'રાજકોટ' દરબારનું ગામ છે. એને એમ કહે કે, કયું તમારું ગામ? 'રાજકોટ'. ત્યાં રહેવાનું ઘર પણ હોય નહિ. અમારું ગામ, અમારી રાજધાનીનું ગામ, અમે ત્યાં મુખ્ય માણસ છીએ. આહાહા..!

**'કોઈ વ્યવહારવિમૂઢ એવો પારકા ગામમાં રહેનારો માણસ 'આ ગામ મારું છે....'** આહાહા..! અમે અમારા ગામમાં રહીએ છીએ. પણ ગામ જ ક્યાં તારું છે? આહાહા..! **'એમ દેખતો-માનતો થકો મિથ્યાદૃષ્ટિ (-ખોટી દૃષ્ટિવાળો) છે,...'** એમ માને ઇ. આ મારું ગામ છે. આહાહા..! ગામ તો કો'કનું હોય. ગામની જગ્યા ક્યાં એના બાપની હતી? ગરાસીયાની એમ વ્યવહારે કહેવાય. આહાહા..! **'તેમ જો જ્ઞાની પણ કોઈ પણ પ્રકારે...'** કોઈ પણ પ્રકારે. અનેક પ્રકાર છે અભિમાનના, વ્યવહારમૂઢતાના. આહાહા..! કોઈ પણ પ્રકારે એટલે વ્યવહારમૂઢતાના ઘણા પ્રકાર છે એ માહેલા **'કોઈ પણ પ્રકારે વ્યવહારવિમૂઢ થઈને...'** આહાહા..! વ્યવહારની ક્રિયામાં મૂઢ–વિમૂઢ થઈને. આહાહા..! બોલવામાં તો ભાષા એ આવે, ભાઈ! છતાં અંતરમાં આંતરો પાડવો એ તો પોતાના જ્ઞાન ગુણનું ભાન હોય એ પાડે.

'શ્રીમદ્' તો એમ કહેતા કે, અમારો આ કોટ ને અમારો આ. અમારો કોટ એટલે કે અમારો નહિ. અમારી લાવજો ટોપી, અમારી ટોપી લાવજો. એટલે કે અ-મારી, એ ટોપી મારી નથી, એવું બોલતા. પણ આ તો બોલાય ભાષા તો સંસારની છે એ પ્રમાણે જ્ઞાની પણ બોલે, એમાં શું? આ કોની દીકરી છે? કે, મારી દીકરી. કોનો દીકરો? (મારો દીકરો છે). એમ જ કહે. ભાષા કથની ને કરણીમાં ફેર છે. કથન વાણીનો અવાજ છે, શ્રદ્ધા અંદરની ચીજ છે. આહાહા..! આકરું કામ બહુ, ભાઈ! આહાહા..! જુવાન માણસ છે પણ પંદર-પંદર, વીસ-વીસ વર્ષના માણસ ચાલ્યા જાય છે, જુઓને! જરીક કાંઈક થયું તો આ થયું. એ ઊડી ગયો. હવે એ ક્યાં જાય? આવી મમતા કરી હોય. અમારા... અમારા... અમારા... અમારા... અમારા... એ મરીને ઢોરમાં–પશુમાં ઊપજે ક્યાંક. આહાહા..! અરે..! આ અવતાર. જે કાંઈ કરવાનું છે તે કર્યું નહિ, નહિ કરવાના અભિમાન કર્યા. અભિમાન કર્યા, કરી શકે નહિ.

**'વ્યવહારવિમૂઢ થઈને આ પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે તો તે પણ નિઃસંશયપણે અર્થાત્ ચોક્કસ, પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો, મિથ્યાદૃષ્ટિ જ થાય છે.'** આહાહા..! મિથ્યાદૃષ્ટિ

થાય છે. કદાચિત્ જ્ઞાની હોય અને જો આ મારું છે એમ કરે તો એ મિથ્યાદૃષ્ટિ થાય છે, એમ કહે છે. મિથ્યાદૃષ્ટિવાળો તો માને પણ જ્ઞાની થઈને કોઈવાર આ અમે કરીએ છીએ ને આ મારા કર્તવ્ય છે (એમ માને તો તે પણ નિઃસંશયપણે મિથ્યાદૃષ્ટિ થાય છે). આહાહા..! પરદ્રવ્યનું આત્માનું કર્તવ્ય છે, પરદ્રવ્યને ને અમારે સંબંધ છે. બહુ પૂર્વનું કાંઈ સંબંધ હશે એટલે આની સાથે મારે સંબંધ છે. સંબંધ કોણ કોનો? કોના તત્ત્વને અરે..! કોનો સંબંધ? આહાહા..!

**'નિઃસંશયપણે...'** જ્ઞાની હોવા છતાં જો આ મારું પરદ્રવ્યને કોઈ ઠેકાણે માને (તો) **'ચોક્કસ, પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો, મિથ્યાદૃષ્ટિ જ થાય છે. માટે તત્ત્વને જાણનારો પુરુષ 'સઘળુંય પરદ્રવ્ય મારું નથી'...'** આહાહા..! કર્મ પણ મારા નથી, રાગ પણ મારો નથી. આહાહા..! દયાનો રાગ ઉઠે એ પણ મારો નથી. આહાહા..! **'એમ જાણીને, 'લોક અને શ્રમણ-બન્નેને...'** લોક એટલે જે ઈશ્વરને કર્તા માને છે એવી જેની માન્યતા છે અને આ શ્રમણની માન્યતા એવી છે, કે અમે બીજાનું કાંઈક કરી શકીએ છીએ, કાંઈક પણ કણિકામાત્રનું કરી શકીએ. તો એ **'લોક અને શ્રમણ-બન્નેને જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે...'** આહાહા..! પરદ્રવ્યમાં કર્તાપણાનો વ્યવસાય-વેપાર છે **'તે તેમના સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે...'** આહાહા..! **'સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે' એમ સુનિશ્ચિતપણે જાણે છે.'** આહાહા..! જ્ઞાની છતાં, જો પરમાં આ મારું છે એમ આવ્યું (તો) સુનિશ્ચિતપણે તે મૂઢ છે, એ અજ્ઞાની છે. આહાહા..!

એક દીવાસળીને પણ સળગાવવી, ઘસવી આત્મા કરી શકતો નથી. આહાહા..! સંધુક્ષણ મૂકેને ચૂલામાં? છાણાનો ભૂકો. કેટલાક તો ચૂલામાં અગ્નિ દાબી રાખે. એ પણ બધું જોયું છે ને! કેટલાક દાબી રાખે. એ અગ્નિ બીજે દિ' ખોલીને છાણા નાખીને દાળ-ભાત, રોટલી બનાવે અને કેટલાક નવી કરે ભૂકો (નાખે એટલે) ભડ.. હડ.. હડ (અગ્નિ પેટે). આ અમે કર્યું આ જુઓ! જુઓ! આ એના માથે પુડલા કર્યા જુઓ! આ કર્યું ને અમે આ કર્યું. બહેનો પુડલા કરે ને? શું કહેવાય પેલી? વડી... વડી. હોંશિયાર બાઈ હોય એ વડી સારી કરે અને સેવ કરે. ખાટલો હોય ને ખાટલો? એના પાછળના ભાગમાં પાટીયું નાખે ને પછી એહીં બેસે. જોયું છે ને બધું. પછી આમ કરે. જાણે મગજના પ્યાલા ફાટી ગયા હોય. અમે જાણે શું અત્યારે કરીએ છીએ! આહાહા..! તું કરે છો મિથ્યાત્વને. વિમૂઢપણાને કરે છે. આહાહા..! ખાટલાના પાછળના ભાગમાં પાટીયું નાખીને પછી બેસે, ખાટલે બેસે. એના પાવરના મોઢા જોયા હોય તો... આહાહા..! અભિમાન... અભિમાન. ઘણું જોયું છે ને! મોઢે પાવર ચડી ગયા હોય. આહાહા..!

અહીં તો કહે છે, અજ્ઞાની તો ઠીક પણ જ્ઞાની પણ એક કણિકામાત્રને પણ પોતાની માને તો બન્ને જણા-લોક ઈશ્વરને કર્તા માને આ પોતે આત્માને કર્તા માને, કર્તાપણામાં

બેય સરખા. **'શ્રમણ-બન્નેને જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે તે તેમના સમ્યગ્દર્શન-રહિતપણાને લીધે જ છે...'** લ્યો! આહાહા..!

**ભાવાર્થ :– 'જે વ્યવહારથી મોહી થઈને...'** મૂળ પાઠમાં છે એટલે લીધું. **'વ્યવહારથી મોહી થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે...'** આહાહા..! પરદ્રવ્યનું કર્તાપણું એ માને છે એમ કહે છે, થતું નથી. આહાહા..! પરદ્રવ્યનો કર્તા થઈ શકતો નથી. પણ **'પરદ્રવ્યનું કર્તાપણું માને છે તે-લૌકિક જન હો...'** ઈશ્વર કર્તા માનનારા લૌકિક હો **'કે મુનિજન હો...'** આહાહા..! જૈનના સાધુઓ વ્યવહાર સમકિતી ક્રિયા ઘણી કરે, ઉત્કૃષ્ટ ક્રિયા (કરે), ચાર-ચાર દિ' ના આંતરે આહાર કરે, એવી તપસ્યા કરે પણ એ મૂઢ છે. આહાહા..! લોકોને આકરું (પડે). **'મુનિજન હો-મિથ્યાદષ્ટિ જ છે. જ્ઞાની પણ જો...'** જોયું? પાછું ઇ આવ્યું. **'જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ થઈને...'** આહાહા..! **'પરદ્રવ્યને 'મારું' માને...'** આહાહા..! આ પુસ્તક અમે બનાવીએ છીએ, આ લખીએ છીએ અમે ને અને છપાવે અમારું નામ. આહાહા..! એ પણ કહે છે, કે મિથ્યાદષ્ટિ છે. આહાહા..! બધાનું પાણી ઊતરી જાય એવું છે. **'જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ થઈને પરદ્રવ્યને 'મારું' માને તો મિથ્યાદષ્ટિ જ થાય છે.'** એ અર્થનો કળશ કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૯૫, શ્લોક-૨૦૧-૨૦૨, ગાથા–૩૨૮ થી ૩૨૯ મંગળવાર, જ્યેષ્ઠ સુદ ૧૨, તા. ૨૭-૦૫-૧૯૮૦**

---

ભાવાર્થ છે ને? **'જે વ્યવહારથી મોહી થઈને...'** ગાથા ૩૨૭ એના પછી છે. એની ટીકા પછી. ૩૨૭ ગાથા એની ટીકા એના પછી ભાવાર્થ છે. **'જે વ્યવહારથી મોહી થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે...'** પરદ્રવ્યને હું કરી શકું છું, પરદ્રવ્યની પર્યાય મારાથી થાય છે એવું જે માને એ મિથ્યાદષ્ટિ **'લૌકિક જન હો કે મુનિજન હો...'** જૈન હો કે અન્ય હો.

મુમુક્ષુ :– અજાણ્યા ચોપડા છે.

ઉત્તર :– અજાણ્યો ચોપડો છે. છે તો અંદર વસ્તુ ભગવાન પ્રગટ પ્રસિદ્ધ છે એનું આ કથન છે. આહાહા..! અને એની પ્રસિદ્ધિ વિના આ દુનિયા છે એમ પ્રસિદ્ધ કરશે કોણ? આહાહા..! એની ચૈતન્યની પ્રસિદ્ધિ, ચૈતન્ય સ્વરૂપ એની પ્રસિદ્ધિ વિના આ છે ઇ પ્રસિદ્ધ કોણ કરશે? એ પરદ્રવ્ય જડ, શરીર કાંઈ પ્રસિદ્ધ કરતાં નથી. આહાહા..! એથી અહીં કહે છે, કે **'વ્યવહારથી મોહી (મૂઢ) થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે તે-લૌકિક જન હો...'** ઈશ્વર કર્તા માનનારા લૌકિક જન હો **'કે મુનિજન હો-મિથ્યાદષ્ટિ જ છે.'** આહા..! પરની હું કંઈ દયા પાળી શકું છું, પરને મારી શકું છું. દુકાનનું કામ કરી શકું છું. આખો દિ' દુકાને બેઠો હોય સવારથી સાંજ સુધી તે આમ ધમાલ ચાલે. અમારે જોઈ છે ને. અમારે

દુકાન હતી ને મોટી, મોટી દુકાન હતી. 'કુંવરજી જાદવજી'. અત્યારે દુકાન મોટી છે. અત્યારે તો મોટી થઈ ગઈ, તે દિ' નાની હતી. એ દુકાન ચાલતી પણ હતા અભિમાન, આ અમે દુકાન ચલાવીએ છીએ, આ અમે દુકાન ચલાવીએ છીએ. છોકરાઓ નરમ છે. ત્રણ છોકરાઓ છે. ભાગીદાર બધા ગુજરી ગયા. અહીં તો ૯૧ વર્ષ થયા એટલે કંઈક ગુજરી ગયા ને કંઈક ખલાસ થઈ ગયા, છોકરાઓ રહ્યા છે. અત્યારે દુકાન ચલાવે છે, પૈસા ચાલીસ લાખ છે, અત્યારે દુકાનની ચાર લાખની પેદાશ છે, ચલાવે છે. મંદિર કર્યું છે, પૂજા કરે, ભક્તિ કરે, વાંચન કરે પછી દુકાને જાય. હવે ભાઈ! આ ધૂળમાં અનંતવાર ગયા. કરવાનું આ છે એ કરને.

અહીં કહે છે, કે વ્યવહારથી મોહીને લૌકિક જન હો ઈશ્વરના કર્તા માનનારા કે મુનિજન જૈન સાધુ હો પણ જો પરનો કર્તા (થઈ) પરની દયા પાળી શકું છું એવું કર્તા માને તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..! આકરી વાત છે. **'મુનિજન હો-મિથ્યાદષ્ટિ જ છે.'** 'જ' છે. કીધું? **જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ...'** જોયું પાછું આવ્યું. પહેલા ધર્મી પણ જ્ઞાની થયા પછી પણ જો વ્યવહાર મૂઢ થઈને પરદ્રવ્યને મારું માને.. આહાહા..! એ પરદ્રવ્યની જે ક્રિયા-હિંસાની, દયાની, ભાષા જૂઠું બોલવાની એવી ભાષા, સત્ય બોલવાની (ભાષા) એ ક્રિયા કે લખવાની એ ક્રિયા મારી છે ને એ ક્રિયા હું કરું છું એમ જ્ઞાની હોય તો એ મિથ્યાદષ્ટિ છે. આહા..!

જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ થઈને બહાર પરમાં જ મૂઢ થઈ... આહાહા..! **'પરદ્રવ્યને 'મારું' માને તો મિથ્યાદષ્ટિ જ થાય છે.'** જ્ઞાની થયેલો પણ જો પરનું કર્તાપણા માને તો. આમ તો સમકિતી હોય ને છન્નું હજાર સ્ત્રી હોય, છન્નું કરોડ પાયદળ હોય, રાજ હોય, રાગ છે, દ્વેષ છે પણ એ મારું કર્તવ્ય છે એમ નથી માનતો. એ થાય, નબળાઈને લઈને આવી ગયો એનો એ જાણનાર રહે છે. આહાહા..! કહો, 'બલુભાઈ'! શું આ બધું? આ દવાખાના કર્યા હતા ને મોટા? એનો શ્લોક કહે છે. ૨૦૧ શ્લોક.

## શ્લોક-૨૦૧

(वसन्ततिलका)

एकस्य वस्तुन इहान्यतरेण सार्धं
सम्बन्ध एव सकलोऽपि यतो निषिद्धः।
तत्कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे
पश्यन्त्वकर्तृ मुनयश्च जनाश्च तत्त्वम्।।२०१।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

**શ્લોકાર્થ :–** [ यतः ] કારણ કે [ इह ] આ લોકમાં [ एकस्य वस्तुनः अन्यतरेण सार्धं सकलः अपि सम्बन्धः एव निषिद्धः ] એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે, [ तत् ] તેથી [ वस्तुभेदे ] જ્યાં વસ્તુભેદ છે અર્થાત્ ભિન્ન વસ્તુઓ છે ત્યાં [ कर्तृकर्मघटना अस्ति न ] કર્તાકર્મઘટના હોતી નથી- [ मुनयः च जनाः च ] એમ મુનિજનો અને લૌકિક જનો [ तत्त्वम् अकर्तृ पश्यन्तु ] તત્ત્વને (વસ્તુના યથાર્થ સ્વરૂપને) અકર્તા દેખો (-કોઈ કોઈનું કર્તા નથી, પરદ્રવ્ય પરનું અકર્તા જ છે-એમ શ્રદ્ધામાં લાવો). ૨૦૧.

## શ્લોક–૨૦૧ ઉપર પ્રવચન

एकस्य वस्तुन इहान्यतरेण सार्धं
सम्बन्ध एव सकलोऽपि यतो निषिद्धः।
तत्कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे
पश्यन्त्वकर्तृ मुनयश्च जनाश्च तत्त्वम्।।२०१।।

**‘કારણ કે આ લોકમાં...’ ‘एकस्य वस्तुनः अन्यतरेण सार्धं’** આહાહા..! **‘એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે,...’** આહાહા..! ગજબ વાત છે.

મુમુક્ષુ :– બાપ-દીકરાને કાંઈ સંબંધ નથી.

ઉત્તર :– બાપ કોણ છે ને દીકરો કોણ? ‘સુમન’ કોણ? ‘સુમન’ ન્યાં રખડે છે. એને કેટલા પૈસા પાપના આપ્યા તોય નોકરી ત્યાં કરે છે અને આને અહીં કો’ક રાંધે એના રોટલા ખાવા પડે છે. પાપ કરીને પૈસા (કમાણા અને) પરણાવ્યો ને વળી શું કર્યું? ભણાવ્યો. હવે ઇ ન્યાં રહે છે ને અહીં રોટલા ઘરના ખવાય. કોણ કોનું કરે. આ દાખલો, આ તો ઘરનો દાખલો આપ્યો. આહાહા..! છોકરાઓ કોણ કરે? બાપ કોનું કરે? દીકરો કોનું કરે? દીકરી કોનું કરે? આહાહા..!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ પણ કરી શકે નહિ. આહાહા..! પહેલો તો સિદ્ધાંત એ આવી ગયો કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ. દરેક દ્રવ્ય–વસ્તુ પોતામાં રહેલી શક્તિ અને અવસ્થા પોતાનો જે ધર્મ, ધર્મ એટલે સ્વભાવ, ગુણો ને પર્યાય સ્વભાવ એને ચુંબે છે, અડે છે, દરેક દ્રવ્ય. પણ બીજા દ્રવ્યના ગુણ પર્યાયને અડતું નથી. આ વાત બેસવી. આહાહા..! આ આંગળી આ આંગળીને અડતી નથી. આ આંગળી આ કપડા, આ આમ ઊંચું થાય એને અડતી નથી અને એની મેળાએ આ ઊંચું થાય છે આ, આ આંગળી

અડતી નથી એને. કોણ માને? ગાંડા જ કહે કે નહિ? આ આંગળી અડ્યા વિના આ કાગળ ઊંચો થાય છે. એને એ જ કાળે ઊંચો થવાની તે પર્યાયનો કર્તા એ પરમાણુ છે, આંગળી નહિ. આહાહા..! ઇ કીધું ને?

**'કારણ કે આ લોકમાં એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે...'** આહાહા..! કોઈ પણ એક ચીજ પરમાણુ કે આત્મા એને બીજા પરમાણુ કે આત્મા સાથે **'અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે,...'** સઘળોય સંબંધ જ, છે. **'सम्बन्धः एव'** આહાહા..! છે ને? **'सम्बन्धः एव निषिद्धः' 'સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે,...'** આહાહા..! આ મારી દુકાન ને મારી દુકાન ચાલે છે ને સારી છે ને નોકર સારા છે ને એમ જ્ઞાની પણ જો કદાચિત્ એ મારાપણે માને તો એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આકરી વાત છે.

**'એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે, તેથી જ્યાં વસ્તુભેદ છે...'** જ્યાં ચીજ જુદી જુદી છે, વસ્તુઓ જુદી જુદી છે **'અર્થાત્ ભિન્ન વસ્તુઓ છે ત્યાં...' 'कर्तृकर्मघटना अस्ति न' 'ત્યાં કર્તાકર્મઘટના હોતી નથી...'** ભિન્ન ચીજ આત્મા કર્તા અને પરમાણુનું કાર્ય કરે, શરીરને હલાવે ને શરીરને બોલવાની ક્રિયા કરે એ અન્ય દ્રવ્ય, અન્ય દ્રવ્યનું કર્તા કદી છે નહિ. આહાહા..! આત્મા અન્યદ્રવ્ય છે ને વાણી, શરીર, મન, કર્મ અને સંયોગી ચીજો બધા અન્ય છે. તો કહે છે, કે એક ચીજનો અન્ય વસ્તુની સાથે... આહાહા..! **'સઘળોય સંબંધ નિષેધવામાં આવ્યો છે,...'** સઘળોય સંબંધ. અહીં તો નિમિત્ત નિમિત્ત સંબંધ પણ નિષેધવામાં આવ્યો છે એમ કહે છે. જાણવા માટે બોલે એટલું. આહાહા..! આવે જાણવા માટે, જ્ઞાયક અને જ્ઞેય. એ પણ વ્યવહાર છે. આહાહા..! વીતરાગ માર્ગ ભારે ઝીણો, ભાઈ! આહા..!

એક આંગળી બીજી આંગળીને અડે નહિ, એક આંગળી આ કાગળને અડે નહિ અને આ કાગળ ઊંચો થાય. આ અડતી નથી. હવે આ કોણ માને કોણ આ? આ મોઢાની ચીજ જે આ હલે છે, આ હોઠ હલે છે, ભાષા થાય છે, એ આત્માથી ભિન્ન ચીજ છે, આત્માથી અનેરી ચીજ છે. એ અનેરી ચીજનો આત્મા કર્તા છે નહિ કાંઈ. આહાહા..! પેલા લોકો રાડુ પાડતા. ૫૦ પંડિતો 'ઇન્દોર' માં ભેગા થયા હતા. એવું સાંભળ્યું હતું કે, પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર નથી. એવું સાંભળ્યું હતું, કો'ક કહેતું હતું.

મુમુક્ષુ :– 'ઇન્દોર' માં એમ કહ્યું હતું.

ઉત્તર :– આ 'ઇન્દોર'ની વાત કરું છું. એવું સાંભળ્યું છે, 'ઇન્દોર' માં પચાસ પંડિતો ભેગા થયા. પછી ચર્ચા કરતાં (નક્કી કર્યું કે), કોઈ પરદ્રવ્યનું કર્તા ન માને તો એ દિગંબર જૈન નહિ. કારણ કે, આ પરદ્રવ્યનું કર્તા નહિ માનનારા અમે અહીં, (એમ સામે નક્કી કર્યું). આહાહા..! કર્તા માને તે સમ્યગ્દૃષ્ટિ છે. અર..ર..ર..! પ્રભુ! બીજાને ખોટા પાડવા આટલી વાતની જવાબદારી ઊંધી લેવી. અરે..! પ્રભુ! ક્યાં જાવું છે? આહા..!

કોઈ શરણ નથી, દેહ છૂટે કોઈ શરણ નથી. આહાહા..! દેહમાં રહ્યો કોઈ શરણ નથી. આહાહા..! ઘડીકમાં દેહમાં કાંઈક થઈ જાય, કાંઈ ખબર ન પડે શું થશે? આહાહા..! ગળુ બંધ થઈ જાય, આમ શ્વોસ અટકી જાય. આહા..! ઊલટી થઈ જાય, કાનમાંથી કાંઈ લોહી ચાલ્યા કરે, શરીર ફાટીને લોહી નીકળે. એ તો એક જડ છે, બાપુ! એની કોઈ પણ અવસ્થાને આત્મા કરી શકતો નથી. આહાહા..! એનું ધ્યાન રાખે તો શરીર સારું રહે એમ નથી.

મુમુક્ષુ :– ખાવું-પીવું તો જોઈએ ને.

ઉત્તર :– ખાવું-પીવાનું પણ તે ધ્યાન રાખે માટે શરીર સારું રહે. ખાવા-પીવાની ક્રિયા જ કરી શકતો નથી. મમતા કરે એ વખતે કે, હું આ ખાઉં છું, પીઉં છું. જ્ઞાનીને વિકલ્પ આવે પણ વિકલ્પનો કર્તા નથી. અને આ તો વિકલ્પ અને એ ક્રિયાનો કર્તા બેયનો કર્તા થાય છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! મોટા પ્લેન ચલાવે છે. છ કલાકમાં ત્રણ હજાર માઈલ, છ કલાકમાં ત્રણ હજાર માઈલ કાપે. ઓહોહો..! એક કલાકમાં કેટલું થયું? ૫૦૦ (માઈલ) એક કલાકમાં. 'ભાવનગર'થી તે 'નાઈરોબી' 'આફ્રિકા' અમે ગયા હતા ને. બેઠા હતા છ કલાક. છતાં એની એ ક્રિયાનો કર્તા એ છે ને? એન્જીન કરનારો એ નથી. આહાહા..!

એક ફેરી તો આપણે બેઠા હતા ને ઘણા માણસ આપણા હતા. પછી એના માણસ કે, જોવા આવનારને ગયા હતા,અંદર ગયા હતા. ખબર છે? એક ફેરી અંદર ગયા હતા. આપણા માણસો ઝાઝા હતા. આહાહા..! (ત્યારે કહ્યું), ચાલો જુઓ અમારા સંચા કેવી રીતે ચાલે છે, (જુઓ). અને ત્યાં અમે બેઠા હોઈએ ત્યારે પાંચ, છ કલાક બેસે. એટલે ઇ આહાર પાણી લાવે. ફલાણું, ઢીકણું, માંસવાળાને માંસ આપ્યું, રોટલી ને દાળ ને શાક ને બધું (આપ્યું). અહીં અમે એકેય લઈએ નહિ, એકેય નહિ. એટલે એને એમ કંઈ નવીન જાતનું. રોટલી શું કાંઈ નહિ, અહીંની ચીજ કાંઈ નહિ. ફક્ત આવ્યા છીએ ને બેઠા છીએ. છ કલાક સુધી કાંઈ નહિ. એ વસ્તુ પર છે એને માટે તારે સમતા રાખવી જોઈએ. પરને લઈને હું સુખી છું ને મારે લઈને આ સુખી છે અથવા હું પરને દુઃખી કરી શકું છું એ બધો કર્તા ભાવ મિથ્યાદૃષ્ટિનો છે. આહાહા..! **'જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ થઈને...'** આહાહા..! આત્મજ્ઞાની પણ... આહાહા..! વ્યવહારમાં મૂઢ થઈને.. આહાહા..! પરદ્રવ્યને મારું માને તે મિથ્યાદૃષ્ટિ થાય છે. આહાહા..!

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'**

**एकस्य वस्तुन इहान्यतरेण सार्धं**
**सम्बन्ध एव सकलोऽपि यतो निषिद्धः।**
**तत्कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे**
**पश्यन्त्वकर्तृ मुनयश्च जनाश्च तत्त्वम्।।२०१।।**

**'કારણ કે આ લોકમાં...'** **'एकस्य वस्तुनः अन्यतरेण सार्धं सकलः अपि सम्बन्धः एव निषिद्धः'** **'એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ,...'** ભગવાન ત્રિલોકનાથ કેવળજ્ઞાની પરમાત્માથી **'નિષેધવામાં આવ્યો છે,...'** આહાહા..! પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર જેણે ત્રણકાળ ત્રણલોક જાણ્યા, જોયા એમનાથી આ નિષેધવામાં આવ્યો છે. આહાહા..! **'એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે,...'**આહાહા..! શરીરના અવયવો એને ને આત્માને કાંઈ સંબંધ નથી, કહે છે. આહાહા..! આ શરીરના જે બધા અવયવો (છે) એને ને આત્માને કાંઈ સંબંધ નથી. આહાહા..! તો એ શરીરના અવયવો બીજાના શરીરને અડે.. અર..ર..ર..! એ કોઈ દિ' બનતું નથી. (અડે છે એમ) માને છે, અજ્ઞાનપણે માને છે. આહાહા..!

**'એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ...'** પાછો છે જોયું? **'सम्बन्धः एव'** નિષેધવામાં આવ્યો છે. આહાહા..! **'सम्बन्धः एव निषिद्धः'** સંબંધ જ બધો નિષેધ (છે). કોઈ પ્રકારનો કાંઈ સંબંધ. (નહીં) આટલો અમારી સાથે સંબંધ છે ને આ અમારા મિત્રો છે, સાથે ભણ્યા હતા. માટે અમારા એ મિત્ર છે એવો મિત્ર મિત્રનો સંબંધ છે. ધૂળેય નથી કહે છે. આહાહા..! અમે સાથે ગયા હતા 'લંડન'માં ને ત્યાં આઠ વર્ષ સાથે ભણ્યા છીએ અને એક વિશિમાં (મેસમાં) અમે જમતા હતા ને અમારે બહુ સંબંધ છે. આહાહા..! ચાલે છે ને આવું? એ બધું ગપ છે, કહે છે. આહા..!

કોઈ કોઈનો કાંઈ પણ સંબંધ કરે એ સંબંધ નિષેધવામાં આવ્યો છે. **'તેથી જ્યાં વસ્તુ ભેદ છે...'** જ્યાં વસ્તુ જુદી જુદી છે, એમ કહે છે. આત્મા પરમાણુ, પરમાણુ પણ જુદો જુદો. આહાહા..! એક આત્મા ને બીજો આત્મા જુદો, એક આત્મા બીજા આત્માનું ને એક આત્મા પરમાણુનું, પરમાણુ પરમાણુનું ને પરમાણુ આત્માનું એ વસ્તુ ભેદે... આહાહા..! જ્યાં વસ્તુ ભેદ છે, વસ્તુની જ્યાં જુદાઈ છે... આહાહા..! ભિન્ન વસ્તુઓ છે ત્યાં **'कर्तृकर्मघटना अस्ति न'** **'કર્તાકર્મઘટના હોતી નથી...'** ભિન્ન પદાર્થની અવસ્થા ભિન્ન પદાર્થ કરી શકતો નથી. દરેકના દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે. પરમાણુના અને આત્માના દ્રવ્ય ને ગુણ તો ધ્રુવ (છે). હવે એની પર્યાય છે એ કરી શકતા નથી. આહાહા..!

મુમુક્ષુ :– ઘણા પરમાણુ ભેગા મળે તો ભાષા નીકળે છે.

ઉત્તર :– કોઈ ભેગા થાતા જ નથી ને કોઈ. એ સ્કંધમાં પણ એ પરમાણુ તો જુદો ભિન્ન પોતાના કામની અવસ્થાનું કરી રહ્યો છે. એ સ્કંધ લઈને પર્યાય એમાં રહી છે એમ પણ નહિ. આમાં એક પરમાણુ છે એ પોતાનું કામ કરી રહ્યો છે, પરની સાથે એને કાંઈ સંબંધ નથી. આહાહા..!

મુમુક્ષુ :– શબ્દ નીકળે એને શબ્દવર્ગણા સાથે કાંઈ સંબંધ નથી?

ઉત્તર :– કાંઈ વર્ગણા (સંબંધ) નથી. શબ્દવર્ગણા, ભાષા વર્ગણા. આ લોટની રોટલી

કરવી ને લોટના આ પાપડ કરવા ને આ વડીયું કરવી ને પુડલા કરવા ને. કાંઈ કરી શકતો નથી. આ તો ભિન્ન વસ્તુમાં જુદી જુદી ચીજમાં જુદી ચીજ કાંઈ અડતી નથી પછી અડતી નથી ને કરે એ ક્યાંથી આવ્યું? કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– પરાક્રમ શું?

ઉત્તર :– પરાક્રમ એનું એનામાં. પરની સાથે શું સંબંધ છે? એનું પરાક્રમ એના પોતામાં રહ્યું. પરની સાથે શું સંબંધ છે? બહુ પરાક્રમી હોય તો આમ મારે આમ બંધુક સરખી આમ મારે ને જોરથી મારે ને આમ કરે, લાકડીનો પ્રહાર કરે. એ લાકડીને આંગળી અડતી પણ નથી, ઇ પ્રહાર કરે? આહાહા..!

એ '**કર્તાકર્મઘટના હોતી નથી-એમ મુનિજનો...**' આહાહા..! હે સંતો! તમે એમ માનો '**અને લૌકિક જનો...**' જે ઈશ્વર (કર્તા) માનનારા. બેયની વાત કરી છે. પેલામાં મુનિજન એટલો અર્થ કર્યો છે, આમાં 'કળશ-ટીકા' માં. 'મુનિજન' શબ્દ છે ને? આહા..! '**मुनयः च जनाः च**' ભાષા તો બે જુદી છે, '**मुनयः च जनाः च**' મુનિજનો એટલે સાધુઓ અને લૌકિક જનો પરનું કાંઈ કરી શકતા નથી. વસ્તુ ભેદમાં.

'**તત્ત્વને (વસ્તુના યથાર્થ સ્વરૂપને) અકર્તા દેખો...**' આહાહા..! ત્યારે એક માણસ કહે કે આમ મુઠી મારે. એ મુઠી તો જડથી મરાય, મારાથી ક્યાં મરાય છે? એમ બોલે તો? પણ ભાવ કોનો છે? ભાવ હતો કે નહિ? ક્રિયા તો એનાથી થઈ છે પણ ભાવ મારવાનો હતો તારો કે નહિ? તારા પરિણામ ભાવકર્મ વિકારમાં અને તું પછી વિકારના પરિણામ કરીને એનો કર્તા થા, એ તો મૂઢ છે. આહાહા..! ઘણો ફેર. આખો દિ' આ કરો, આ કરો, આ કરો એમ ચાલે. અહીં કરવાની ના પાડે (કે) કોઈ કોઈનું કર્તા નથી.

'**(વસ્તુના યથાર્થ સ્વરૂપને) અકર્તા દેખો (-કોઈ કોઈનું કર્તા નથી, પરદ્રવ્ય પરનું અકર્તા જ છે-એમ શ્રદ્ધામાં લાવો).**' બોલવામાં આવે કહે છે પણ શ્રદ્ધામાં લાવો. બોલવામાં આવે, શાક લઈ આવ્યા? કે હા. શેનું લાવ્યા? તુરીયા, દૂધી. છોકરાને પૂછે. ભાષા તો જ્ઞાની એમ બોલે, પૂછે. પણ એની શ્રદ્ધામાં એમ નથી. એ વાણી ને એ બધી ક્રિયા પર છે. આહાહા..! એનો કર્તા આત્મા નથી. બહુ આકરું, દુનિયાને. આખો દિ' પર શરીર આદિ સાથે રહેવું, આખો દિ' બાયડી, છોકરા, કુટુંબ, વેપાર, ધંધો કે ઘરાક, ઘરાક સાથે રહેવું અને કહે, કાંઈ સંબંધ નથી. આહાહા..!

દૃષ્ટિમાંથી પહેલો વિકાર એકત્વબુદ્ધિ છે એ કાઢી નાખ. એ ક્રિયા તો થશે થવાની હશે ઇ પણ એકત્વબુદ્ધિ–અમે કરીએ છીએ અને અમે કરીશું... આહાહા..! તેથી અમારી વાત બહાર આવશે, અમે કાંઈ સારું કરશું તો અમારી વાત બહાર આવશે એ રહેવા દે, એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! પરદ્રવ્યનો પરદ્રવ્ય અકર્તા જ છે એમ શ્રદ્ધામાં લાવો. આહાહા..!

# શ્લોક-૨૦૨

(वसन्ततिलका)

ये तु स्वभावनियमं कलयन्ति नेम-
मज्ञानमग्नमहसो बत ते वराकाः।
कुर्वन्ति कर्म तत एव हि भावकर्म-
कर्ता स्वयं भवति चेतन एव नान्यः।।२०२।।

'જે પુરુષો આવો વસ્તુસ્વભાવનો નિયમ જાણતા નથી તેઓ અજ્ઞાની થયા થકા કર્મને કરે છે; એ રીતે ભાવકર્મનો કર્તા અજ્ઞાનથી ચેતન જ થાય છે.'-આવા અર્થનું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :-

શ્લોકાર્થ :– (આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કે :) [ बत ] અરેરે! [ ये तु इमम् स्वभावनियमं न कलयन्ति ] જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી [ ते वराकाः ] તેઓ બિચારા, [ अज्ञानमग्नमहसः ] જેમનું (પુરુષાર્થરૂપ-પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે એવા, [ कर्म कुर्वन्ति ] કર્મને કરે છે; [ ततः एव हि ] તેથી [ भावकर्मकर्ता चेतनः एव स्वयं भवति ] ભાવકર્મનો કર્તા ચેતન જ પોતે થાય છે, [ अन्यः न ] અન્ય કોઈ નહિ. ૨૦૨.

ભાવાર્થ :– વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો હોવાથી પરદ્રવ્યનો કર્તા થતો અજ્ઞાની (-મિથ્યાદૃષ્ટિ) જીવ પોતે જ અજ્ઞાનભાવે પરિણમે છે; એ રીતે પોતાના ભાવકર્મનો કર્તા અજ્ઞાની પોતે જ છે, અન્ય નથી. ૨૦૨.

## શ્લોક-૨૦૨ ઉપર પ્રવચન

**'જે પુરુષો આવો વસ્તુસ્વભાવનો નિયમ જાણતા નથી...'** જે કંઈ પુરુષો, પુરુષ એટલે આત્માઓ, એકલા પુરુષ જ નહિ. જે કોઈ આત્મા **'આવો વસ્તુસ્વભાવનો નિયમ, વસ્તુસ્વભાવનો નિયમ જાણતા નથી તેઓ અજ્ઞાની થયા થકા કર્મને કરે છે;...'** એટલે પરના કાર્ય હું કરી શકું છું એમ માને, માને. પરના કાર્ય હું કરી શકું છું એમ માને. આહાહા..! **'એ રીતે ભાવકર્મનો કર્તા અજ્ઞાનથી ચેતન જ થાય છે.'** પરનો કર્તા તો છે જ નહિ.

ભાવકર્મ જે વિકલ્પ ઉઠ્યો છે એ શુભરાગ કે અશુભરાગ, એનો કર્તા તે અજ્ઞાનથી

ચેતન થાય છે. **'અજ્ઞાનથી ચેતન જ થાય છે.'** એ પરને લઈને નહિ. આહાહા..! પરદ્રવ્ય પરનું અકર્તા જ છે એમ શ્રદ્ધામાં લાવો એ આવી ગયું. **'તેઓ અજ્ઞાની થયા થકા કર્મને કરે છે; એ રીતે ભાવકર્મનો કર્તા અજ્ઞાનથી ચેતન જ થાય છે.'** ભાવકર્મ એટલે પુણ્ય ને પાપના અસંખ્ય પ્રકાર એ બધાનો કર્તા જીવ ચૈતન્ય અજ્ઞાની છે. આહાહા..! **'આવા અર્થનું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :–'**

ये तु स्वभावनियमं कलयन्ति नेम-
मज्ञानमग्नमहसो बत ते वराकाः।
कुर्वन्ति कर्म तत एव हि भावकर्म-
कर्ता स्वयं भवति चेतन एव नान्यः।।२०२।।

**'(આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કે :) અરેરે!'** આ શું થયું આ? એક બીજાનું કરી શકે નહિ છતાં થયું શું આ? આહાહા..! **'ખેદપૂર્વક કહે છે કે : અરેરે! જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી...'** 'ते वराकाः' **'તેઓ બિચારા,...'** આહાહા..! લ્યો ને, આ બધા અબજોપતિ મોટા હોય રાજા ને દેવ ને બધાને વરાકા કીધા. પરનું કંઈ પણ કરી શકું છું, એ મારું કર્તવ્ય છે અને મારા કર્તવ્યથી હું બહાર આવીશ, લોકો મને ઓળખશે. આહાહા..! સારા કપડાં પહેરાવું તો મને મારા દીકરાને ઓળખશે, સ્ત્રીને સારા કપડા પહેરાવું, દાગીના પહેરાવું તો લોકો ઓળખશે, કે આ ગૃહસ્થી લાગે છે. આહાહા..!

**'ખેદપૂર્વક કહે છે કે : અરેરે! જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને...'** વસ્તુનો નિયમ છે, કે એક રજકણ આત્માને અડે નહિ, આત્મા રજકણને અડે નહિ, આત્મા રજકણને કરે નહિ, રજકણ આત્માને કાંઈ કરે નહિ. કર્મ આત્માને કરે નહિ કાંઈ. અરે..! આ વાત કેમ (બેસે)? આહાહા..! જૈનદર્શનમાં તો એ મોટું કર્મ... કર્મ... કર્મ... જ્યાં હોય ત્યાં કર્મ. પેલાને ઈશ્વર, આને કર્મ. (આને) જડ, પેલાને ચૈતન્ય. પેલાને ઈશ્વર કર્તા, આને કર્મ કર્તા જ્યાં હોય ત્યાં. કર્મને લઈને રાગ થયો, કર્મને લઈને આ થયું, કર્મને લઈને આ થયું. આહાહા..! બેયને જડને લઈને થયું. એકને ચૈતન્યને લઈને થયું અને આને જડને લઈને બધું થયું. આહાહા..!

**'જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી તેઓ બિચારા,...'** આહાહા..! ભલે મોટા ઇન્દ્ર હોય તોપણ એને બિચારા કીધા છે અહીં તો. આહાહા..! મોટા અબજપતિ શેઠિયા હોય. અમે આ બધું કરી શકીએ છીએ. આહાહા..! 'રતિલાલ' છે અબજપતિ. કેટલે ઠેકાણે કારખાના. 'નાઈરોબી'માં એક શ્વેતાંબર (છે). અબજ રૂપિયા. બે વાર આવ્યો હતો. ન્યાં આવ્યો હતો, પાછો 'મુંબઈ' હું આવ્યો ન્યાંય આવ્યો હતો. કેટલે ઠેકાણે કારખાના. લાખ લાખ, પાંચ પાંચ, બબ્બે લાખ એવા કેટલે ઠેકાણે નાખેલા. સો કરોડ રૂપિયા. એ રૂપિયા પછી રાખવા ક્યાં? અને ઘણા સંચા ઉભા (કર્યા). નોકરો રાખીને સંચાઓ કેટલા ચારે બાજુ નાખ્યા. બધે તપાસ કરવા જાય. મહાજન છે, હોં! તમારા. આહાહા..! અરે..રે..! કુદરતી

એક જ રહી ગયો એનો મોટો ભાઈ હતો એ મરી ગયો. પોતે નાનો એક જ રહી ગયો અને અબજની મૂડી. એને હું કરું, આ કરું ને આ કરું ને આકરું ને... મને એણે ચિઠ્ઠીમાં લખીને પૂછ્યું કે, આ દિગંબર મુમુક્ષુ મંડળો એના માણસો શ્વેતાંબરના મંદિરમાં આવતા નથી, દર્શન કરતાં નથી, છબીને અડતા નથી. એનું શું? કીધું, આને પરદેશમાં શું કહેવું? કીધું ભાઈ! તત્ત્વદૃષ્ટિ થયા પછી વ્યવહાર કેવો હોય એ ખબર પડશે. એ વિના ખબર નહિ પડે. તત્ત્વજ્ઞાન સમ્યગ્દર્શન થશે પછી વ્યવહાર એને કેવો હોય અને કોનું હોય એની ખબર પડશે, તત્ત્વજ્ઞાન વિના નહિ ખબર પડે. એને એમ કેમ કહેવું કે, આ માર્ગ જ તારો ખોટો છે બધો. 'દેવીલાલજી' સમજ્યા! કારણ કે પરદેશમાં બિચારા માંડ આવતા હોય ને અને એમ કહે કે, તારી વાત જ ખોટી છે બધી. કીધું, તત્ત્વજ્ઞાન થયા પછી વ્યવહાર કેવો હોય એની ખબર પડે. આહાહા..! સમ્યગ્દર્શન થશે તો ખબર પડશે કે, વ્યવહાર કેવો હોય આવો વ્યવહાર ન હોય પછી એને. લુગડાવાળા સાધુ ને દાગીનાવાળા ભગવાની પ્રતિમાને, એ પછી પૂજનીક નહિ માને. એ તત્ત્વદૃષ્ટિવાળો વ્યવહારને બરાબર ઓળખશે. તત્ત્વદૃષ્ટિ વિના વ્યવહારની ખબર નહિ પડે. એમ કહ્યું. 'આફ્રિકા'માં બિચારો માંડ આવ્યો હોય એને કાંઈ એમ કહેવાય કે, તમારો શ્વેતાંબર ધર્મ જ સાચો નથી. આહાહા..!

**'વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી તેઓ બિચારા, જેમનું (પુરુષાર્થરૂપ-પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે એવા,...'** આહાહા..! પરનું કરું છું, પરનું કરું છું એનો પુરુષાર્થ અજ્ઞાનમાં ડૂબી ગયો છે. આહાહા..! આ બૈરાઓ આખો દિ' દાળ, ભાત, શાક, રોટલા, રોટલી કરે, પાપડ, પુરી, પુરી, પાપડ, વડી... આહાહા..! સેવ, સેવ, પુડલા, સેવ આખો દિ' કરે અને આ કહે કરે નહિ. આહાહા..! એ બધી જડની ક્રિયા જડને કાળે, જડને કારણે થાય છે. જોડે બાય ઊભી માટે એણે આમ તેલ નાખ્યું ને આ પુડલા આમ કરે ને પછી ઉપર નાખે. તેલ ને ઘી પુડલામાં અંદર જાય, પુડલો સારો થાય. આહાહા..!

બહારના વેપારના અભિમાનીઓને આ વાત બેસવી કઠણ પડે. આહા..! વેપાર અમને આવડ્યો છે ને અમે બરાબર ચલાવ્યો છે, દુકાન અમારી જ્યારથી ચાલી ત્યારથી વધતી જ છે. આહા..! એ બધી આવડતના, અમારી આવડતના ફળ છે. આવડતના ધૂળેય ફળ નથી. ભાઈ! તને ખબર નથી, બાપુ! આહાહા..!

**'કર્મને કરે છે...' '(પુરુષાર્થરૂપ-પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે...'** શું કીધું? એનું વીર્ય હું પરને કરું છું એ કરી શકતો નથી પણ અજ્ઞાનમાં એનું પરાક્રમ ડૂબી ગયું. આહાહા..! પરનું કરી શકતો નથી પણ પરના કરવા ટાણે એનો અજ્ઞાન એનો પુરુષાર્થ અજ્ઞાનમાં ડૂબી ગયો. ઇ પુરુષાર્થે પરને કર્યું નથી. આહાહા..! **'એવા, કર્મને કરે છે; તેથી...' 'भावकर्मकर्ता चेतनः एव स्वयं भवति' 'ભાવકર્મનો કર્તા ચેતન જ પોતે થાય છે, અન્ય કોઈ નહિ.'** લ્યો! ભાવકર્મ એટલે પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને

ક્રોધ, વિષયની વાસના આદિનો કર્તા જીવ થાય છે, જડ નહિ. આહાહા..!

'જયસેનાચાર્ય'ની ટીકામાં બે ગાથા આવે છે, કે બે થઈને રાગ કરે છે. ઇ તો એક સમજાવ્યું છે, બીજી ચીજ સાથે હતી. કર્મ અને આત્મા થઈને વિકાર થાય છે એકલાથી નહિ. અહીં કહે છે, એકલાથી થાય છે. નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે, બીજું શું છે? નિમિત્તથી થયું નથી જરીએ, નિમિત્ત અડતું નથી કરે કોને? અને નિમિત્તની પાસે જે વસ્તુ છે તે પર્યાય વિનાની છે? પર્યાય વિનાની છે કે નિમિત્ત પર્યાય એની કરી દે? આહાહા..!

**'ભાવકર્મનો કર્તા ચેતન જ પોતે થાય છે,...'** આહા..! 'સમયસાર'માં ઘણે ઠેકાણે એ આવે, વિકાર ને કર્મનો જડનો કર્તા આત્મા નથી. સમકિતીને આસ્રવ નથી, સમકિતીને બંધ નથી. હવે ન્યાં પકડે. કઈ અપેક્ષાએ છે? જેટલી અસ્થિરતા છે તેને ન ગણી અને શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવની મુખ્યતા ગણી એમ કહ્યું છે. પાછું અહીં તો કહ્યું કે, રાગ જેટલો જે કોઈ કરે તે તેનો કર્તા તે જ છે. ૧૮૯ ગાથા, 'પ્રવચનસાર' ન્યાં તો ચોખ્ખી વાત કરી છે. ગમે તે રાગ-દ્વેષ એ જીવ પોતે જ અજ્ઞાની કે જ્ઞાની પોતે જ કરે છે, પોતામાં થાય છે ને પોતે કરે છે. આહાહા..! કર્મને લઈને થાય છે એમ ઘણું લખાણ આવે છે. જ્ઞાનીને નથી, કર્મને લઈને થાય, ઇ તો નિમિત્તનું કથન છે. બાકી જ્ઞાનીને જે રાગ આવે છે, રાગ થાય છે એ પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે. ચેતન જ કીધું ને?

**'કર્તા ચેતન જ પોતે થાય છે, અન્ય કોઈ નહિ.'** જોડે ચીજ એને જરીએ રાગ કરવામાં મદદ કરે, દ્વેષ કરવામાં ઇ છે નહિ. આહાહા..! વિષયની વાસના કરવામાં પણ કર્મનું કાંઈ નથી. એનો પોતાનો જ આત્મા એ વાસનામાં કરેલો કર્તા થાય છે. આહાહા..! આખી દુનિયાથી ફેરફાર છે.

**ભાવાર્થ :– 'વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો હોવાથી પરદ્રવ્યનો કર્તા થતો...'** આહા..! **'અજ્ઞાની (-મિથ્યાદૃષ્ટિ) જીવ પોતે જ અપાનભાવે પરિણમે છે;...'** પરને લઈને નહિ ને પરમાં નહિ, પોતે અજ્ઞાનભાવે પોતામાં પરિણમે છે. આહાહા..! આ કરું છું, હું પરનું કરું છું એમ માની પોતે અજ્ઞાનરૂપે પરિણમે છે. પરનું કરી શકતો નથી. આહાહા..! અને **'એ રીતે પોતાના ભાવકર્મનો કર્તા...'** પોતાના ભાવકર્મ એટલે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ એનો **'કર્તા અજ્ઞાની પોતે જ છે, અન્ય નથી.'** આહાહા..! કર્મનું જોર આવ્યું માટે એને વિકાર થયો, કર્મનો કોઈ એવો પ્રકાર, પૂર્વનો ઉદય આવ્યો એને લઈને આ બધું મગજ ફરી ગયું ને પરિણામ સરખા રહ્યા નહિ, એમ નથી. એ કાળે પોતાના અજ્ઞાનથી વિકારભાવને પોતે કરીને કર્તા થાય છે. આહાહા..! પણ પરનો કર્તા તો છે જ નહિ. અજ્ઞાની પોતાના ભાવના અજ્ઞાનને કરે પણ અજ્ઞાની પણ પરદ્રવ્યનું તો કાંઈ કરે જ નહિ. આહા..!

જ્ઞાની પરદ્રવ્યનું તો કરે નહિ પણ રાગ આવે એનો એ ખરેખર કર્તા ન થાય. પરિણમન છે માટે કર્તા જાણે. પરિણમન છે ને? આવે છે ને? ૪૭ નય આવી ને? જ્ઞાની રાગનો

કર્તા છે ઇ પરિણમનની અપેક્ષાએ. ૪૭ નયમાં આવે છે. તદ્દન કાઢી નાખે કે, આત્માને કાંઈ ન મળે. અહીં તો કર્તા છે અને ભોક્તા તું છો. એ રાગનો, દુઃખનો ભોક્તા તું છો. જ્ઞાનીને કહે છે, કે રાગનો કર્તા ને રાગનું દુઃખ એનો ભોક્તા તું છો. તારામાં થાય છે, પરમાં થાતું નથી ને પરને લઈને થાતું નથી. આહાહા..!

મુમુક્ષુ :– જ્ઞાની તો રાગનો જ્ઞાતા છે, કર્તા નથી.

ઉત્તર :– પણ જ્ઞાતા છતાં વેદન કોનું છે? વેદન છે ને? એ તો વેદનની અપેક્ષા જ્યારે કાઢી નાખવી હોય તો કે કર્તા ને ભોક્તા નથી એમ પણ કહે છે. સમ્યગ્દૃષ્ટિ પરનો ભાવનો... આવી ગયું ને? કર્મ, કર્તા ને ભોક્તાનો અભાવ છે એમાં. એ આવી ગયું. એ દૃષ્ટિની મુખ્યતાથી વાત કરી છે. પણ પર્યાય, પર્યાય દીઠની વાત જ્યારે ચાલે છે તો એ જ્ઞાનીને પોતાની તે સમયની તે પર્યાય પોતાના ઊંધા પુરુષાર્થથી થાય છે. આહાહા..! એક બાજુ કહે કે જ્ઞાની આસ્રવથી, બંધથી રહિત છે. બીજી બાજુ કહે કે, હજી દસમા ગુણસ્થાન સુધી આસ્રવ છે, છ કર્મ આવે છે. આહાહા..! શું થાય? આખો રસ્તો ફરી ગયો, ફેરફાર થઈ ગયો આખો.

**'વસ્તુ સ્વરૂપના નિયમને નહિ જાણતો હોવાથી પરદ્રવ્યનો કર્તા...'** જુઓ! નહિ જાણવાથી. વસ્તુ આ બીજી છે હું નહિ એમ જાણતો નથી તેથી **'અજ્ઞાની જીવ પોતે જ અજ્ઞાનભાવે પરિણમે છે;...'** આહા..! **'એ રીતે પોતાના ભાવકર્મનો કર્તા...'** કહો! 'જયસેનાચાર્ય'ની ટીકામાં એમ કહ્યું કે, એકલો કર્તા હોય જ નહિ. આત્મા ને કર્મ બે થઈને રાગ કરે, એવો પાઠ છે. એ કર્મને નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવ્યું. આચાર્યની ટીકા છે. એક કરી શકે નહિ, બે થઈને કરે. જેમ દીકરો એક થાય, એકલી માં કે બાપથી થાય નહિ એવો દાખલો આપ્યો છે. માતા-પિતા બેથી એક દીકરો થાય, એમ કર્મ ને આત્મા બેથી રાગ થાય. કઈ અપેક્ષા છે એ અપેક્ષા જાણવી જોઈએ ને! બેય લક્ષમાં તો રાખવી જોઈએ ને! આહાહા..! એ તો તે વખતે કોઈ બીજું કર્મ સિવાય નિમિત્ત ન હોય એ બતાવવા (કહ્યું). નોકર્મ બીજા એમ કે વિકારમાં નિમિત્ત હોય તો એ કર્મ જ છે, એટલું બતાવવા એ કહ્યું. આહાહા..! દાખલો પાછો એ આપ્યો છે, કે ભાઈ! દીકરાનો બાપ એકલો કાંઈ થાય? માં ને બાપ બે હોય તો દીકરો થાય. એમ આત્મા ને કર્મ બે હોય તો કર્મ થાય ભાવકર્મ. આવું છે અંદર. પછી માણસ મૂંઝાઈ જાય આગળ પાછળ મેળવતા. વસ્તુ સ્વરૂપ જ એવું છે બાપુ! આહાહા..!

મુમુક્ષુ :– લખ્યું છે એમ જ કે, હળદર અને ચૂનો ભેગા મળીને લાલ રંગ થાય.

ઉત્તર :– પોતાની દૃષ્ટિમાં છે ને, નબળાઈ છે ને એની. કર્મ છે માટે થાય રાગ એમ નહિ. અહીં થાય છે ત્યારે કોને નિમિત્ત કહેવું? કે, બીજી ચીજો નિમિત્ત નહિ. કર્મને નિમિત્ત કહેવું એટલે બે થી થાય એમ કહ્યું. બીજી ચીજોનો એમાં-આ નિમિત્તપણામાં અભાવ છે. આહાહા..! અહીં તો કહે છે, કે ચેતન એકલો જ કરે છે. આહાહા..! **'એ રીતે પોતાના ભાવકર્મનો કર્તા અજ્ઞાની પોતે જ છે, અન્ય નથી.'**

## ગાથા–૩૨૮-૩૩૧

मिच्छत्तं जदि पयडी मिच्छादिट्ठी करेदि अप्पाणं।
तम्हा अचेदणा ते पयडी णणु कारगो पत्तो।।३२८।।
अहवा एसो जीवो पोग्गलदव्वस्स कुणदि मिच्छत्तं।
तम्हा पोग्गलदव्वं मिच्छादिट्ठी ण पुण जीवो।।३२९।।
अह जीवो पयडी तह पोग्गलदव्वं कुणंति मिच्छत्तं।
तम्हा दोहिं कदं तं दोण्णि वि भुंजंति तस्स फलं।।३३०।।
अह ण पयडी ण जीवो पोग्गलदव्वं करेदि मिच्छत्तं।
तम्हा पोग्गलदव्वं मिच्छत्तं तं तु ण हु मिच्छा।।३३१।।

मिथ्यात्वं यदि प्रकृतिर्मिथ्यादृष्टिं करोत्यात्मानम्।
तस्मादचेतना ते प्रकृतिर्ननु कारका प्राप्ता।।३२८।।
अथवैष जीवः पुद्गलद्रव्यस्य करोति मिथ्यात्वम्।
तस्मात्पुद्गलद्रव्यं मिथ्यादृष्टिर्न पुनर्जीवः।।३२९।।
अथ जीवः प्रकृतिस्तथा पुद्गलद्रव्यं कुरुतः मिथ्यात्वम्।
तस्मात् द्वाभ्यां कृतं तत् द्वावपि भुञ्जाते तस्य फलम्।।३३०।।
अथ न प्रकृतिर्न जीवः पुद्गलद्रव्यं करोति मिथ्यात्वम्।
तस्मात्पुद्गलद्रव्यं मिथ्यात्वं तत्तु न खलु मिथ्या।।३३१।।

जीव एव मिथ्यात्वादिभावकर्मणः कर्ता, तस्याचेतनप्रकृतिकार्यत्वेऽचेतनत्वानुषङ्गात्। स्वस्यैव जीवो मिथ्यात्वादिभावकर्मणः कर्ता, जीवेन पुद्गलद्रव्यस्य मिथ्यात्वादिभावकर्मणि क्रियमाणे पुद्गलद्रव्यस्य चेतनानुषङ्गात्। न च जीवः प्रकृतिश्च मिथ्यात्वादिभावकर्मणो द्वौ कर्तारौ, जीववदचेतनायाः प्रकृतेरपि तत्फलभोगानुषङ्गात्। न च जीवः प्रकृतिश्च मिथ्यात्वादिभावकर्मणो द्वावप्यकर्तारौ, स्वभावत एव पुद्गलद्रव्यस्य मिथ्यात्वादिभावानुषङ्गात्। ततो जीवः कर्ता, स्वस्य कर्म कार्यमिति सिद्धम्।

હવે, '(જીવને) જે મિથ્યાત્વભાવ થાય છે તેનો કર્તા કોણ છે?'-એ વાતને બરાબર ચર્ચીને, 'ભાવકર્મનો કર્તા (અજ્ઞાની) જીવ જ છે' એમ યુક્તિથી સિદ્ધ કરે છે :-

જો પ્રકૃતિ મિથ્યાત્વની મિથ્યાત્વી કરતી આત્મને,
તો તો અચેતન પ્રકૃતિ કારક બને તુજ મત વિષે! ૩૨૮.
અથવા કરે જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વને,
તો તો ઠરે મિથ્યાત્વી પુદ્ગલદ્રવ્ય, આત્મા નવ ઠરે! ૩૨૯
જો જીવ અને પ્રકૃતિ કરે મિથ્યાત્વ પુદ્ગલદ્રવ્યને,
તો ઉભયકૃત જે હોય તેનું ફળ ઉભય પણ ભોગવે! ૩૩૦.
જો નહિ પ્રકૃતિ, નહિ જીવ કરે મિથ્યાત્વ પુદ્ગલદ્રવ્યને,
પુદ્ગલદરવ મિથ્યાત્વ વણકૃત!-એ શું નહિ મિથ્યા ખરે? ૩૩૧.

ગાથાર્થ :- [ यदि ] જો [ मिथ्यात्वं प्रकृतिः ] મિથ્યાત્વ નામની (મોહનીય કર્મની) પ્રકૃતિ [ आत्मानम् ] આત્માને [ मिथ्यादृष्टि ] મિથ્યાદૃષ્ટિ [ करोति ] કરે છે એમ માનવામાં આવે, [ तस्मात् ] તો [ ते ] તારા મતમાં [ अचेतना प्रकृतिः ] અચેતન પ્રકૃતિ [ ननु कारका प्राप्ता ] (મિથ્યાત્વભાવની) કર્તા બની! (તેથી મિથ્યાત્વભાવ અચેતન ઠર્યો!)

[ अथवा ] અથવા, [ एषः जीवः ] આ જીવ [ पुद्गलद्रव्यस्य ] પુદ્ગલદ્રવ્યના [ मिथ्यात्वम् ] મિથ્યાત્વને [ करोति ] કરે છે એમ માનવામાં આવે, [ तस्मात् ] તો [ पुद्गलद्रव्यं मिथ्यादृष्टिः ] પુદ્ગલદ્રવ્ય મિથ્યાદૃષ્ટિ ઠરે!-[ न पुनः जीवः ] જીવ નહિ!

[ अथ ] અથવા જો [ जीवः तथा प्रकृतिः ] જીવ તેમ જ પ્રકૃતિ બન્ને [ पुद्गलद्रव्यं ] પુદ્ગલદ્રવ્યને [ मिथ्यात्वम् ] મિથ્યાત્વભાવરૂપ [ कुरुतः ] કરે છે એમ માનવામાં આવે, [ तस्मात् ] તો [ द्वाभ्यां कृतं तत् ] જે બન્ને વડે કરવામાં આવ્યું [ तस्य फलम् ] તેનું ફળ [ द्वौ अपि भुञ्जाते ] બન્ને ભોગવે!

[ अथ ] અથવા જો [ पुद्गलद्रव्यं ] પુદ્ગલદ્રવ્યને [ मिथ्यात्वम् ] મિથ્યાત્વભાવરૂપ [ न प्रकृतिः करोति ] નથી પ્રકૃતિ કરતી [ न जीवः ] કે નથી જીવ કરતો (-બેમાંથી કોઈ કરતું નથી) એમ માનવામાં આવે, [ तस्मात् ] તો [ पुद्गलद्रव्यं मिथ्यात्वम् ] પુદ્ગલદ્રવ્ય સ્વભાવે જ મિથ્યાત્વભાવરૂપ ઠરે! [ तत् तु न खलु मिथ्या ] તે શું ખરેખર મિથ્યા નથી?

ટીકા :- જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો તે (ભાવકર્મ) અચેતન પ્રકૃતિનું કાર્ય હોય તો તેને (-ભાવકર્મને) અચેતનપણાનો પ્રસંગ આવે. જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે તો પુદ્ગલદ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ આવે. વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને કર્તા હોય તો જીવની માફક

અચેતન પ્રકૃતિને પણ તેનું (-ભાવકર્મનું) ફળ ભોગવવાનો પ્રસંગ આવે. વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના અકર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને અકર્તા હોય તો સ્વભાવથી જ પુદ્ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવે. માટે એમ સિદ્ધ થયું કે-જીવ કર્તા છે અને પોતાનું કર્મ કાર્ય છે (અર્થાત્ જીવ પોતાના મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે અને પોતાનું ભાવકર્મ પોતાનું કાર્ય છે).

ભાવાર્થ :– ભાવકર્મનો કર્તા જીવ જ છે એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું છે. અહીં એમ જાણવું કે-પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યનાં ભાવનું કર્તા હોય નહિ તેથી જે ચેતનના ભાવો છે તેમનો કર્તા ચેતન જ હોય. આ જીવને અજ્ઞાનથી જે મિથ્યાત્વાદિ ભાવરૂપ પરિણામો છે તે ચેતન છે, જડ નથી; અશુદ્ધનિશ્ચયનયથી તેમને ચિદાભાસ પણ કહેવામાં આવે છે. એ રીતે તે પરિણામો ચેતન હોવાથી, તેમનો કર્તા પણ ચેતન જ છે; કારણ કે ચેતનકર્મનો કર્તા ચેતન જ હોય-એ પરમાર્થ છે. અભેદદષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે, પરંતુ જ્યારે તે કર્મના નિમિત્તે પરિણમે છે ત્યારે તે તે પરિણામોથી યુક્ત તે થાય છે અને ત્યારે પરિણામ-પરિણામીની ભેદદષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે. અભેદદષ્ટિમાં તો કર્તાકર્મભાવ જ નથી, શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે. આ પ્રમાણે યથાર્થ પ્રકારે સમજવું કે ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.

---

## ગાથા–૩૨૮ થી ૩૩૧ ઉપર પ્રવચન

---

‘હવે, ‘(જીવને) જે મિથ્યાત્વભાવ થાય છે તેનો કર્તા કોણ છે?’-એ વાતને બરાબર ચર્ચીને, ‘ભાવકર્મનો કર્તા (અજ્ઞાની) જીવ જ છે’ એમ યુક્તિથી સિદ્ધ કરે છે :–’ ગાથા.

मिच्छत्तं जदि पयडी मिच्छादिट्ठी करेदि अप्पाणं।
तम्हा अचेदणा ते पयडी णणु कारगो पत्तो।।३२८।।
अहवा एसो जीवो पोग्गलदव्वस्स कुणदि मिच्छत्तं।
तम्हा पोग्गलदव्वं मिच्छादिट्ठी ण पुण जीवो।।३२९।।
अह जीवो पयडी तह पोग्गलदव्वं कुणंति मिच्छत्तं।
तम्हा दोहिं कदं तं दोण्णि वि भुंजंति तस्स फलं।।३३०।।
अह ण पयडी ण जीवो पोग्गलदव्वं करेदि मिच्छत्तं।
तम्हा पोग्गलदव्वं मिच्छत्तं तं तु ण हु मिच्छा।।३३१।।

નીચે હરિગીત.

**જો પ્રકૃતિ મિથ્યાત્વની મિથ્યાત્વી કરતી આત્મને,**
**તો તો અચેતન પ્રકૃતિ કારક બને તુજ મત વિષે! ૩૨૮.**
**અથવા કરે જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વને,**
**તો તો ઠરે મિથ્યાત્વી પુદ્ગલદ્રવ્ય, આત્મા નવ ઠરે! ૩૨૯**
**જો જીવ અને પ્રકૃતિ કરે મિથ્યાત્વ પુદ્ગલદ્રવ્યને,**
**તો ઉભયકૃત જે હોય તેનું ફળ ઉભય પણ ભોગવે! ૩૩૦.**
**જો નહિ પ્રકૃતિ, નહિ જીવ કરે મિથ્યાત્વ પુદ્ગલદ્રવ્યને,**
**પુદ્ગલદરવ મિથ્યાત્વ વણકૃત!-એ શું નહિ મિથ્યા ખરે? ૩૩૧.**

જડને કાંઈ ભોગવટો હોતો નથી એમ કહેવું છે માટે આત્મા જ કર્તા છે. પ્રકૃતિ કરે નહિ, જીવ ન કરે ને એવો મિથ્યાત્વ પુદ્ગલમાં આવે. વગર કહે મિથ્યાત્વ થાય પુદ્ગલમાં પ્રકૃતિ, એ તારી વાત ખોટી નથી. આહાહા..!

**ટીકા :–** માથે કૌસમાં છે. **'(આથી એમ સિદ્ધ થાય છે કે પોતાના મિથ્યાત્વભાવનો-ભાવકર્મનો-કર્તા જીવ જ છે.)'**

**ટીકા :– 'જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે;...'** લ્યો! મિથ્યાશ્રદ્ધા રાગ-દ્વેષ આદિ એ જીવ જ (કર્તા છે). નિશ્ચય કહ્યું, 'જ' (કહીને) એકાંત કહ્યું. આહાહા..! **'જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે;...'** ભાવકર્મ એટલે પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, માન, માયા, લોભ, વાસના, વિષય આદિ. આહાહા..! એ આદિ ભાવકર્મનો કર્તા જીવ છે, બીજો કોઈ કર્તા છે નહિ. કર્મથી એ થયું નથી, કર્મ કર્તા એનો છે નહિ. આહાહા..!

**'કારણ કે જો તે (ભાવકર્મ) અચેતન પ્રકૃતિનું કાર્ય હોય તો તેને (-ભાવકર્મને) અચેતનપણાનો પ્રસંગ આવે.'** આહાહા..! કેમકે રાગ-દ્વેષ ઇ તો ચૈતન્ય છે અને જડ જો એનું કરે તો અચેતન છે એને ચેતનનો પ્રસંગ આવે. શું કીધું સમજાણું કાંઈ? આહા..! કે, જો એ કરે, પુણ્ય ને પાપ, દયા, દાન મિથ્યાત્વ ભાવ એ જીવની પર્યાય અને જીવમાં છે, એ ચેતન છે, ભલે ચેતનાભાસ (છે) પણ ઇ ચૈતન્યમાં છે. એને જો બીજો કર્મ કરે તો એને ચેતનપણું આવે. કર્મ જડ છે. એ આ વિકારીને કરે તો એને ચેતનપણું આવે. આહાહા..! કેમ? કે પુણ્ય ને પાપ આદિ વિકારી મિથ્યાત્વ ભાવ એ જીવ છે, જીવની પર્યાય છે, એ ચેતન છે. ભલે ચેતનાભાસ પણ એ ચેતન છે. અને જો કર્મ જડ કરે તો એ ચેતન થઈ જાય. આહાહા..! અચેતનપણાને ચેતનનો પ્રસંગ આવે. છે? **'(-ભાવકર્મને) અચેતનપણાનો પ્રસંગ આવે. જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે;...'** આહા..!

મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, અવ્રત પ્રમાદ, કષાય આદિ ભાવકર્મનો જીવ કર્તા છે. આહાહા..!

**'કારણ કે જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે...'** શું કહે છે હવે? **'જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને...'** એની પર્યાયને. જડ પુદ્ગલની મિથ્યાત્વની પર્યાયને જીવ કરે. એ મિથ્યાત્વ પ્રકૃતિ છે ને જડની? આહાહા..! **'જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે તો પુદ્ગલદ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ આવે.'** ન્યાય છે. જો રાગ ને પુણ્ય-પાપના ભાવ કર્મ કરે તો કર્મ અચેતન છે અને આ તો ચેતન છે. આહાહા..!

એક ઠેકાણે એને પુણ્ય-પાપને જડ કહીને કર્મના છે કરીને કાઢી નાખે છે. એ સ્વભાવની દૃષ્ટિવંતની અપેક્ષાએ. આહાહા..! ૭૫-૭૬-૭૭ ગાથા. રાગ-દ્વેષ આત્માના બિલકુલ નથી. એ રાગ-દ્વેષ કર્મના છે. કર્મ વ્યાપક છે અને વિકાર એનું વ્યાપ્ય–કાર્ય છે એમ ત્યાં કહ્યું. એ દૃષ્ટિના સ્વભાવની અપેક્ષાએ. આ તો વસ્તુ સ્થિતિ કેમ છે તેની આ વાત છે. આહાહા..!

**'વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે એમ પણ નથી;...'** દેખો! લ્યો! 'જયસેનાચાર્યે' કહ્યું છે, બે કરે. અહીં ના પાડે છે. તેથી 'જયસેનાચાર્ય'ની ટીકા લોકોને ઠીક પડે છે ને! આ 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા કઠણ પડે છે. **'જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે એમ પણ નથી;...'** જીવ મિથ્યાત્વને કરે અને પુદ્ગલ મિથ્યાત્વને કરે, બે થઈને મિથ્યાત્વ કરે એમ પણ નથી. આહાહા..!

**'કારણ કે જો તે બન્ને કર્તા હોય તો જીવની માફક અચેતન પ્રકૃતિને પણ તેનું (-ભાવકર્મનું) ફળ ભોગવવાનો પ્રસંગ આવે.'** એ જડને રાગદ્વેષનું ફળ (ભોગવવું પડે) તો જડમાં તો ભોગવવાનું છે નહિ. આ રાગ-દ્વેષનું ભોગવવું, હોં! એની પર્યાય ભોગવે એ જુદી. પણ આ રાગ-દ્વેષ પુણ્ય-પાપને જો એ કરે, રાગ-દ્વેષનું ફળ એને ભોગવવું ઇ તો આ ચેતનના ભાવ છે. એ ભાવને શી રીતે ભોગવી શકે? આહાહા..!

એક બાજુ એમ કહે કે, આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, રાગના અંશને પણ કરી શકે નહિ. એ તો સ્વભાવની દૃષ્ટિ લાવવા એ વાત કરી છે. અહીં કહે છે, કે પણ હજી પહેલી પર્યાયમાં વિકાર થાય એ કર્મને લઈને થાય કે બેને લઈને થાય એ ભૂલમાં પડ્યો એને વળી સ્વભાવનો અનુભવ ક્યાંથી હોય? એને સ્વભાવની દૃષ્ટિ ક્યાંથી હોય? એમ કહે છે. આહાહા..!

**'ભાવકર્મના કર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને કર્તા હોય તો જીવની માફક અચેતન પ્રકૃતિને પણ તેનું (-ભાવકર્મનું) ફળ ભોગવવાનો પ્રસંગ આવે.'** જીવે કર્યા રાગ-દ્વેષ, જીવે કર્યા પુણ્ય-પાપ એનું ફળ જડને ભોગવવું પડે, બે ભેગા થઈને કરે તો. જીવ તો એનું ફળ ભોગવે એ તો પોતાનું કરેલું છે. આ સંયોગને માટે ભલે કાળભેદ છે અને પોતાના માટે તો જે વખતે કરે છે તે વખતે જ ભોગવે છે. અજ્ઞાની જે વખતે રાગ-દ્વેષ કરે છે તે જ વખતે વેદે છે, પણ એ વેદન જીવનું છે. એ જો જડનું હોય કે જડ જો

કર્તા એનો હોય તો આ રાગના વેદનને જડનું કરવું પડે. જડ તો રાગને વેદી શકે નહિ. આહાહા..!

**'વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના અકર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને અકર્તા હોય તો સ્વભાવથી જ પુદ્‌ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવે.'** એટલે શું કહે છે? તો તો પુદ્‌ગલ એકલું મિથ્યાત્વપણે સ્વતંત્ર પરિણમે છે એમ આવે. તો મિથ્યાત્વપણે પરિણમે એવું પુદ્‌ગલ એવું ક્યાંથી હોય? અહીં વિકારી જીવનું નિમિત્ત ન હોય તો મિથ્યાત્વની પ્રકૃતિનું પરિણમવું અને એનું જડમાં ક્યાંથી હોય? જીવ જો વિકારી પણે બિલકુલ ન થાય અને પ્રકૃતિ એકલી કર્મ મિથ્યાત્વરૂપે થાય તો જડને મિથ્યાત્વ થયું, આત્માને કાંઈ ન થયું. ઝીણી વાત છે થોડી. આહા..!

**'બન્ને અકર્તા હોય તો સ્વભાવથી જ પુદ્‌ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવે. માટે એમ સિદ્ધ થયું કે-જીવ કર્તા છે અને પોતાનું કર્મ કાર્ય છે (અર્થાત્ જીવ પોતાના મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે અને પોતાનું ભાવકર્મ પોતાનું કાર્ય છે).'** એ કાર્ય જડનું ને કર્મનું છે (એમ) બેને હોય તો ચેતનનો ભાવ... રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ચેતનનો ભાવ (છે) એનું એને વેદન (થવું જોઈએ). જડને શું વેદન હોય? આ ચેતનના ભાવનું વેદન. એટલે જીવ એનો કર્તા છે પણ જડકર્મ નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૯૬, શ્લોક-૨૦૩, ગાથા–૩૨૮ થી ૩૪૪ ગુરૂવાર, જ્યેષ્ઠ સુદ ૧૫, તા. ૨૯-૦૫-૧૯૮૦

---

ભાવાર્થ. ચાર ગાથા છે ને? ૩૨૮ થી ૩૩૧. એનો ભાવાર્થ. અહીં પાનું ૪૯૧ છે ને? **'ભાવકર્મનો કર્તા જીવ જ છે...'** શું કહે છે? કે, જે કંઈ આ પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ વિકલ્પો થાય એ આત્માની પર્યાયમાં સ્વતંત્ર થાય છે. ઇ પર્યાય સ્વતંત્ર કર્તા થઈને કરે છે. એથી ભાવકર્મનો કર્તા જીવ જ છે. અહીં જીવ સિદ્ધ કરવો છે. આહાહા..! **'એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું છે. અહીં એમ જાણવું કે-પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યનાં ભાવનું કર્તા હોય નહિ...'** દરેક દ્રવ્ય પરિણમનશીલ છે–બદલતા સ્વભાવવાળું છે તો બીજો એને બદલાવે એમ બને નહિ.

મુમુક્ષુ :– મદદ તો કરે.

ઉત્તર :– જરીએ મદદ કરે નહિ. એ પદાર્થ અસ્તિ છે કે નહિ? અને છે તો એમાં ઉત્પાદ-વ્યય એવી પર્યાયનો ધર્મ છે કે નહિ? અને ઉત્પાદ-વ્યયનો પર્યાયનો ધર્મ તે તે સમયે પોતાથી થાય છે. અત્યારે તો વિકાર જીવનો છે એમ સિદ્ધ કરવું છે. નહિતર ખરેખર તો જેમ દીવો છે દીવો... ઇ આવી ગયું છે આપણે, દીવાની પાસે ગમે તેટલા ઘટ-પટ બીજી

ચીજો હોય એ ઘટને જાણતો નથી ખરેખર, એ તો દીવાનો પ્રકાશ પોતાનો છે એ પ્રકાશે છે. એ એ ચીજને એ પ્રકાશે છે. એવો પ્રકાશપણાનો સ્વભાવ એનો ને પોતાનો તે કાળે છે તેને તે જાણે છે, આમ છે. ખરું સ્વરૂપ તો એ છે.

આ તો હજી ભાવકર્મ પર્યાયમાં બીજાને લઈને થાય (એમ) માને એ જૂઠું છે. ભાવકર્મ થાય છે પોતાની પર્યાયમાં પણ ધર્મીને જેમ દીવાની આગળ ગમે તે ચીજો જાય-આવે એને એ દીવો કરતો નથી. તેમ તે ગમે તેટલી જાય-આવે એનો દીવાનો પ્રકાશ એ કરતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

એમ આ ચૈતન્ય દીવો, ભગવાન ચૈતન્ય દીવો એ આ શરીર, વાણી, મન અનેક પ્રકારના થાય, બદલે એને એ કાંઈ જ્ઞાન જાણે છે. જાણે છે તે પણ એને જાણતો નથી. ખરેખર એ જાણવાની પર્યાયનો, પોતાને જાણવાનો ને એને જાણવાના પર્યાયનો સ્વભાવ છે તેથી પોતે પરિણમે છે. સમજાય છે કાંઈ? ચૈતન્ય દીવડો. જેમ દીવો છે ઇ છે. પદાર્થો આવે-જાય એવો જ એ પ્રકાશે છે. છતાં એ પ્રકાશનો સ્વભાવ જ પેલા પદાર્થ જાય-આવે એને લઈને નથી. એ તો પોતાને લઈને છે અને જે જાય-આવે પદાર્થ એ પોતાને લઈને જાય-આવે છે. આહાહા..!

મુમુક્ષુ :– પૈસા આવે એ અમારી મહેનતથી નહિ?

ઉત્તર :– એ પૈસા આવવાના હતા ન્યાં. જ્ઞાને જાણ્યું છે એ પૈસા આવ્યા એને નહિ, એ જ્ઞાનરૂપી દીવડો પોતાને ને પરને પ્રકાશે છે. તે તે સમયે તે જ પર્યાય પૈસાને જાણવાની થવાની હતી એ રીતે થઈ છે. પૈસો લાવ્યા નથી, પૈસો તેનો નથી, પૈસો તે ખર્ચી શકતો નથી. 'બલુભાઈ'! આ બધું... આહાહા..!

ગમે તેવો દીવો હોય એ તો પોતાના સ્વભાવે પ્રકાશે છે. એની જોડે બીજા પદાર્થો આવે જાય માટે એમાં કાંઈ વિકૃત થાય છે અને આવે જાય એને લઈને અહીં પ્રકાશે છે અને અહીં એને અને પોતાને પોતાથી પ્રકાશે છે એથી પેલી ચીજ આવે-જાય છે? આહાહા..! 'દેવીલાલજી'! સમજાય છે કાંઈ? વાત તો મુદ્દાની વાત આ છે.

અહીંયાં તો કર્તા એને સિદ્ધ કરવો છે. કારણ કે, કર્તા પર્યાય કાંઈ જડમાં થાતી નથી, થાય છે એનામાં એના પુરુષાર્થના કારણે અને તેના કાળે, પણ છતાં ખરેખર તો જ્યાં દૃષ્ટિ જ્યાં આત્માની થઈ છે, કે હું તો જ્ઞાન સ્વરૂપ જ છું. એવું જ્યાં જ્ઞાન થયું તે વખતનો રાગ એનું અહીં જ્ઞાન, રાગ છે માટે થાય છે એમેય નહિ, તેમ અહીં જ્ઞાનનું બદલવું થાય છે એ રાગને લઈને નહીં. રાગને જાણવાનું જ્ઞાન એ રાગને કારણે નહિ. તેમ અહીં જાણવું રાગનું થયું માટે રાગ આવ્યો એમેય નહિ. આહાહા..! આવું ઝીણું છે.

અહીં તો ભાવકર્મ. ભાવકર્મ વિકારી પર્યાય. આહાહા..! પર તો કર્તા નથી પણ એની પર્યાયમાં–આત્માની પર્યાયમાં પુણ્ય-પાપ આદિ અસંખ્ય પ્રકાર વિકાર થાય, બસ! એટલું અહીં

સિદ્ધ કરવું છે. **'એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું છે. અહીં એમ જાણવું કે-પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવનું કર્તા હોય નહિ...'** આહાહા..! દીવો એ ચીજને લાવે કે છોડે એમ ન હોય, તેમ દીવામાં પ્રકાશ થાય છે એ ચીજોને જાણે પ્રકાશ જાણે છે માટે એને લઈને પ્રકાશ થાય છે એમેય નથી.

એમ ચૈતન્ય દીવડો, ભગવાન ચૈતન્ય દીવડો અંદર, એને તે કાળે જે ચીજ રાગાદિ થાય તેને ખરેખર તો જાણવાના સ્વભાવને લઈને રાગ છે માટે જાણે છે એમેય નહિ. આહાહા..! એનો પોતાનો તે પ્રકારે સ્વપર પ્રકાશક સ્વભાવ સ્વતઃ પરને પ્રકાશે છે (એમ) નહિ. પરથી પ્રકાશતો નથી, પરને પ્રકાશતો નથી. આહાહા..! અને પરને લઈને પ્રકાશતો નથી. આહાહા..! શું આમાં સમજવું?

એક દ્રવ્ય બીજા દ્રવ્યના ભાવનો કર્તા હોય નહિ, પર્યાય ક્યાંથી કરે? કેમકે દરેક દ્રવ્ય તે સમયમાં ઉત્પાદ-વ્યયની પર્યાયના કાર્ય વિનાનું દ્રવ્ય છે નહિ. કાર્ય વિનાનું દ્રવ્ય નથી. આહાહા..! ઉત્પાદ-વ્યય વિનાનું કોઈ દ્રવ્ય નથી. તેથી ઉત્પાદ-વ્યયનું કાર્ય બીજો કોઈ કરે એમ બનતું નથી. આહાહા..! હજી તો એટલેથી આકરું પડે. તેથી આઘું હવે લઈ જશે.

**'પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવનું કર્તા હોય નહિ તેથી જે ચેતનના ભાવો છે...'** અત્યારે રાગાદિ, હોં! **'તેમનો કર્તા ચેતન જ હોય.'** વિકલ્પની ક્રિયાનો કર્તા એ ચેતન છે. પરિણમે છે ને એ? તેથી 'પ્રવચનસાર'માં ૪૭ નયમાં લીધું છે ને? કે, પરિણમે છે માટે કર્તા પોતે છે. આહા..! કરવા લાયક છે કે નહિ એ પ્રશ્ન ત્યાં છે નહિ. ફક્ત પરિણમન કરે છે માટે આત્મા એનો કર્તા છે. આહાહા..! શેનો? રાગાદિનો. પરનો નહિ. રાગ થયો માટે આ હાથ હાલે, વાણી બોલાય, શરીર ચાલે કે, રોટલીનો ભુકો થાય કે લાડવાનો ભુકો થાય, આખો છે એનો કટકા થાય, કપડા છે એને ફાડે.

મુમુક્ષુ :– રોટલીના ટુકડા દાળમાં તો બોળાયને?

ઉત્તર :– કોઈ બોળે ને કોણ બોળે? આહાહા..! આ લુગડા આમ ફાડે તે ફાડનાર ફાડતો તો નથી. ફડાક દઈને.. એ તો એની પર્યાય તે સમયે જુદી પડવાની હતી.

મુમુક્ષુ :– આ લૂગડા 'બલુભાઈ'એ કર્યા નથી?

ઉત્તર :– કાંઈ કર્યું નથી, ધૂળેય કર્યા નથી.

મુમુક્ષુ :– 'બલુભાઈ' એ લુગડા પહેર્યા નથી?

ઉત્તર :– પહેર્યા પણ નથી, પહેરે કોણ? જડ? આહાહા..! એ તો એના ક્ષેત્રમાં ત્યાં આવવાની પર્યાયની સ્થિતિ છે તે પ્રમાણે આવીને રહ્યા છે. આહાહા..! આવી વાત છે. સમજાય છે આમાં?

એક તો અહીંયાં એ સિદ્ધ કર્યું, કે ભગવાનઆત્મા તો જ્ઞાન સ્વરૂપી આનંદમૂર્તિ પ્રભુ છે પણ એની પર્યાયમાં જે વિકાર થાય છે, એથી કોઈ એમ કહે કે, એના ગુણનો તો

સ્વભાવ વિકારનો છે નહિ. દ્રવ્યનો વિકાર (કરવાનો સ્વભાવ) નથી. માટે વિકાર કોઈ પરથી થાય છે એમ નહિ. એ વિકાર પણ તે સમયની ઉપરથી પર્યાય છે, ઉપર ઉપર. ગુણ અને દ્રવ્ય તો શુદ્ધ છે, પણ ઉપર ઉપર વિકૃત જે થાય છે તેનો કર્તા એટલે રચનારો, એટલે પરિણમનારો આત્મા છે. આહાહા..!

મુમુક્ષુ :– અમારે શું કરવું એ બતાવો.

ઉત્તર :– આ કરવું એમ કહે છે. રાગ થાય છે તે પોતાની પર્યાયમાં છે એમ જાણી અને એનાથી (પોતાને) જુદો જાણવો. અને જુદો જાણવામાં રાગ છે માટે જાણવામાં જુદો આવ્યો અને અહીં જાણવામાં આવ્યો માટે રાગ ત્યાં આવ્યો છે એમ નથી. આવું ‘બલુભાઈ’! આ ક્યાં તમારું વર્ષીતપ રહ્યું આમાં? આહાહા..! પ્રભુનો માર્ગ ઝીણો છે, પ્રભુ! ઉપર ઉપરથી માની લે એ વસ્તુ નથી. આહાહા..!

**‘ચેતનના ભાવો છે તેમનો કર્તા ચેતન જ હોય.’** જોયું? દયા, દાન, વ્રત આદિ પરને લઈને નહિ. પોતાની પર્યાયમાં તે કાળે ઉત્પાદ-વ્યય થવાનો સ્વભાવ છે તેથી તે ચેતનના ભાવ ચેતન કરે છે. આહા..! **‘આ જીવને અજ્ઞાનથી જે...’** હવે આવ્યું. એ વિકારનું કર્તાપણું લીધું પણ એ અજ્ઞાનથી છે. આહાહા..! **‘આ જીવને અજ્ઞાનથી જે મિથ્યાત્વાદિ ભાવરૂપ પરિણામો છે તે ચેતન છે,...’** આહાહા..! એ મિથ્યાત્વના પરિણામ ચેતનના છે. કર્મને લઈને નહિ, કર્મથી નહિ, કર્મનું જોર આવ્યું માટે મિથ્યાત્વનો ભાવ થયો એમ નહિ. આહાહા..! એ સમયે મિથ્યાશ્રદ્ધાનો ભાવ થવાનો પોતાને કાળે (હતો) એનો કર્તા ચેતન છે. એને ને પરને કાંઈ સંબંધ નથી એ તો આવી ગયું ને પહેલું? **‘सर्वःअपि सम्बन्ध नास्ति’** આહાહા..!

**‘જડ નથી;...’** એ પરિણામો ચેતનના (છે). મિથ્યાત્વ–પરમાં સુખ છે, ઠીક જ્યાં શાક આવ્યું ખાવામાં ત્યાં એને ઠીક પડે છે એવો જે ભાવ મિથ્યાત્વનો, એ મિથ્યાત્વનો ભાવ છે. આહાહા..! કપડું એક સારું પહેર્યું એટલે હું સારો દેખાવ છું એવી માન્યતા તે મિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :– ખરાબ કપડું પહેરે ને સારો દેખાય?

ઉત્તર :– કોણ દેખાય સારો? ધૂળ. એ કપડા કપડામાં રહ્યા, શરીર શરીરમાં રહ્યું, આત્મા આત્મામાં રહ્યો, કર્મ કર્મમાં રહ્યા. આત્મા આત્મામાં રહ્યો, કર્મ કર્મમાં રહ્યું, શરીર શરીરમાં રહ્યું, કપડુ કપડામાં રહ્યું. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :– બધાએ કપડા પહેરેલા નથી?

ઉત્તર :– કોણ પહેરે ને કોણ છોડે? આહાહા..! ગજબ વાત છે. વસ્તુની સ્થિતિ જ એવી છે. પરમાત્માએ કહ્યું છે એમ નહિ, વસ્તુનો સ્વભાવ જ એવો છે, એવો ભગવાને જાણ્યો ને એવો કહ્યો. આહાહા..! તારામાં તને વિકૃત અવસ્થા થાય તે તારાથી તારામાં (તારે કારણે થાય છે).

**'અશુદ્ધનયથી તેમને ચિદાભાસ પણ કહેવામાં આવે છે.'** એટલે ચેતન નહિ પણ ચેતનાભાસ. છે એના, કર્મના નહિ, કર્મને લઈને નહિ. આહાહા..! **'એ રીતે તે પરિણામો ચેતન હોવાથી, તેમનો કર્તા પણ ચેતન છે;...'** પરિણામ મિથ્યાત્વ અને રાગ ચેતન છે, ચેતન છે માટે ચેતન તેનો કર્તા છે, એ કાંઈ જડ નથી. આહાહા..! અત્યારે આ સિદ્ધ કરવું છે. **'પરિણામો ચેતન હોવાથી...'** આહાહા..! **'તેમનો કર્તા પણ ચેતન જ છે;...'** આહાહા..! **'કારણ કે ચેતનકર્મનો કર્તા ચેતન જ હોય-એ પરમાર્થ છે.'** વળી જોયું? અશુદ્ધ નિશ્ચયનયથી પણ એ પરમાર્થ છે. વાત બરાબર છે એમ કહે છે. ભલે અશુદ્ધ નિશ્ચયથી કીધું, પરિણામ અશુદ્ધ-મલિન, નયથી કહીએ પણ એ અશુદ્ધનયથી એનું છે એ પરમાર્થ છે. આહાહા..!

એક બાજુ કહે, કે વિકારના પરિણામ થયા તેથી અહીંયાં જ્ઞાનને વાંધો આવ્યો કાંઈ, બિલકુલ નહિ. ચૈતન્ય, ચૈતન્યપણે સ્વપરપણે પ્રકાશે જ છે. એ ખરેખર પરને પ્રકાશે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. પોતામાં સ્વપરપ્રકાશકની પર્યાય તે કાળે ગમે તે પદાર્થ જાય-આવે, ભાંગે-તૂટે એનું તે જ પ્રમાણે અહીં જાણવું થાય અને એ જાણવું થાય તે તેના કારણે (જાણે), તૂટ્યું-ભાંગ્યું એને કારણે નહિ. અરે..! જાણવું થાય એમાં જરી ઠીક બીજી ચીજ તૂટી એમાં દ્વેષ આવ્યો એને લઈને એનું જાણપણું થાય છે, એને (–પદાર્થને) લઈને નહિ. આહાહા..! આવી વાતું છે. લોકોએ જૈન ધર્મને બહારમાં બગાડી નાખ્યો. એ કાંઈ બગડ્યો નથી, જૈન ધર્મ બગડતો નથી. લોકોએ પોતાને બગાડીને જૈન ધર્મ માન્યો, બગાડીને જૈન ધર્મ માન્યો. જૈન ધર્મ બગડતો નથી, જૈન ધર્મ તો ઉજ્જવળ (જ રહે છે). આહાહા..!

ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્મા ચેતનના વિકારનો કર્તા ચેતન (છે). તેમનો કર્તા (ચેતન) છે. કેમ? **'ચેતનકર્મનો કર્તા ચેતન જ હોય--એ પરમાર્થ છે.'** જોયું? અહીં પરમાર્થ છે કીધું. આહાહા..! એ વિકારનો કર્તા આત્મા છે એ પરમાર્થ છે, એમ કહે છે. પરમાર્થ એટલે સાચી વાત છે. એ કર્મને લઈને વિકાર થયો છે એમ બિલકુલ નહિ. આહાહા..! જેમ બધા માણસો ઘરના, કુટુંબના ભેગા થયા અને એને આ પ્રસંગ કરવા પડે એ માટે એને રાગ આવે છે એમેય નહિ. આહા..! છોકરાના લગન કરવા પડે, દીકરીને પરણાવવી પડે, એના લુગડા લાવવાના. એ બિલકુલ કરી શકતો નથી. એ તો તે સમયે થાય છે ત્યારે કર્તા રાગનો થાય છે. અને જ્ઞાની તો રાગનોય કર્તા નથી તેનો રાગનો જાણનાર છે. એના ચૈતન્યના પ્રકાશ આગળ ગમે તેટલી ચીજો આવે-જાય, રાગ, બીજી ચીજ (આવે-જાય), એ તો પોતે પોતાના પરિણમનપણે, ચૈતન્યપણે, સ્વ-પરપ્રકાશકપણે પરિણમે જ છે. રાગને જાણે છે ને એને જાણે છે. રાગને ને એને જાણે છે એમેય નહિ. રાગને એ ચીજ તરફનું જે જ્ઞાન પોતાનું છે એ પોતાને પોતે જાણે છે. આહાહા..! આવું ઝીણું. આહાહા..!

**'એ પરમાર્થ છે.'** અહીં કીધું ને? એક કોર કહ્યું, વિકારનો કર્તા જીવ છે એ પરમાર્થ છે. પરમાર્થ નામ સાચી વાત છે. એ કાંઈ વિકાર કાંઈ કર્મ કરાવે છે ને એ ચીજો કરાવે

છે, બહારની ચીજોના સંગ ને પ્રસંગથી વિકાર થાય છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– રાગનો કર્તા હોય તો આત્માનો સ્વભાવ થઈ જાય.

ઉત્તર :– કર્તા પર્યાયનો સ્વભાવ છે, પર્યાયનો સ્વભાવ છે, પર્યાયનો સ્વભાવ છે. પર્યાય કર્તા છે. આહાહા..! દ્રવ્યના ગુણ તો બધા નિર્મળ છે, બધા અનંતા ગુણ નિર્મળ છે. આહાહા..! વાત ઝીણી છે, બાપુ! વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક છે. આહાહા..!

મુમુક્ષુ :– વીતરાગ અલૌકિક છે તો એમનો માર્ગ પણ અલૌકિક જ હોય ને!

ઉત્તર :– અલૌકિક છે.

આ આત્મા એની સમીપમાં જે ચીજો શરીર, વાણી, કર્મ, દીકરા, દીકરી બધા દેખાય, મોટા થાય, નાના થાય આ બધા એના લગન (થાય), આત્મા એના પ્રત્યે રાગ કરે. એ રાગ કરે એમાં એ કારણ નથી. રાગ પોતે કરે છે અને ખરેખર તો જ્ઞાની જો હોય તો રાગને પણ જાણે છે, એ રાગને લઈને નહિ. આહાહા..! ધર્મી જીવ તો પોતાના આત્માના પર્યાયને-ધર્મને, એનું જ્ઞાન ને પરનું જ્ઞાન એ તો પોતાનું જ્ઞાન છે. આહાહા..! એને પણ પોતે જાણે છે, પરને નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– પરને તો વ્યવહારે જાણે છે.

ઉત્તર :– વ્યવહાર ખોટો, વ્યવહાર ખોટો. કથન જ વ્યવહારનું ખોટું છે. આહાહા..! આ આત્મામાં પુણ્ય ને પાપનો જે વિકાર થાય તો કોઈ ઘરના માણસો છે કે એને લઈને થાય છે એમ નથી. આહાહા..!

હવે **'અભેદદૃષ્ટિમાં તો...'** જુઓ! હવે આવ્યું. **'જીવ શુદ્ધચેતનામાત્ર જ છે,...'** આહાહા..! આ તો ભેદદૃષ્ટિથી કથન કર્યું કે વિકાર જેટલો વિષયનો, ભોગનો, રાગનો, લેવાનો, દેવાનો, ખાવાનો, પીવાનો જે રાગ થાય તે જીવ કરે છે ને જીવની પર્યાયમાં પરમાર્થે છે. એ ભેદની દૃષ્ટિથી વાત કરી. કારણ કે, ત્રિકાળી જે આત્મા એનો આ પર્યાય તો ભેદ પડ્યો. એ પર્યાય એની છે એટલો ભેદ પાડીને કહ્યું (કે) પરમાર્થે એનો કર્તા છે. આહાહા..! ઝીણી વાત બહુ, બાપુ!

**'અભેદદૃષ્ટિમાં તો...'** આહાહા..! **'જીવ શુદ્ધચેતનામાત્ર જ છે,...'** શું કીધું ઇ? ત્રણલોકના નાથ તીર્થંકરદેવ ફરમાવે છે કે અભેદદૃષ્ટિમાં જે રાગ થયો અને જે રાગને લઈને સંયોગી કોઈ સ્વતંત્ર ચીજ હોય તેને ફક્ત ચેતન જાણે જ છે, તે એ ચીજ છે માટે એને જાણે છે એમ નહિ. એ ચીજ સંબંધીનું ને પોતાના સંબંધીનું ચૈતન્યનું પરિણમન પોતે સ્વતંત્ર પોતે કરે છે. આહાહા..! આવી વાત હવે. સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો ધર્મ થઈ ગયો. ધર્મ ક્યાંય નથી, બાપુ! ધર્મ ઝીણી ચીજ છે, ભાઈ! ભવ ચાલ્યો જાય છે અને આ ચીજ હાથમાં નહિ આવે તો ક્યાં જશે? આહાહા..! એનો એને વિચાર કરવો પડે. આહાહા..! આવા ટાણા ક્યારે મળે?

કહે છે, બેય વાત નાખી. કે, જે જે આત્મા પુણ્ય ને પાપના ભાવ કરે છે એ સ્ત્રીને લઈને નહિ, દીકરાને લઈને નહિ, વેપારને લઈને નહિ, પોતાના વિકારના પરિણામ પોતે પોતાથી કરે છે. આહાહા..! હવે જો અભેદદષ્ટિથી જોઈએ તો એ રાગનોય કર્તા નથી. આહાહા..!

**'અભેદદષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે,...'** રાગ પણ નથી. આહાહા..! ચૈતન્ય સ્વરૂપ ભગવાન એના પ્રકાશની પાસે રાગ કે બીજી ચીજ ગમે તેટલી આવે-જાય તેથી જ્ઞાનને વિકૃત કરી નાખે, કે એને લઈને અહીં જ્ઞાન થાય એમ નથી. આહાહા..! 'બલુભાઈ'! કોઈ દિ' સાંભળ્યું નહિ હોય ન્યાં. આહાહા..! આવી વાત છે.

કહે છે, બે વાત કરી. એક વાત તો તું પરને લઈને તારામાં વિકાર થાય એ વાત છોડી દે. વિકાર તારો તારે લઈને પર્યાયમાં, પર્યાયમાં વિકાર થાય, એક વાત. હવે બીજી વાત, એથી કરીને કાંઈ કલ્યાણ નથી. હવે એ ભેદને છોડીને અભેદદષ્ટિ. અખંડાનંદ પ્રભુઆત્મા એની દષ્ટિમાં, એ રાગ થાય તેને પણ રાગ છે માટે જાણે છે એમ નહિ. એ ચૈતન્યનું તે સમયનું પરિણમન તે પોતાને ને પરને જાણે તે જ રીતે ઉત્પન્ન થાય છે. અભેદદષ્ટિમાં રાગનો કર્તા આત્મા નથી. રાગનો કર્તા તો નથી પણ રાગથી અહીં જ્ઞાન થાય છે એમ પણ નથી. (જો એમ હોય) તો રાગ કર્તા ને જ્ઞાન કાર્ય થયું. (પરંતુ) એમ પણ નથી. આહાહા..! ઝીણી વાતું બહુ, બાપુ! વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એના કથનો ઠેઠ આત્માને સ્પર્શીને છે. આહાહા..!

**'અભેદદષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે,...'** ત્યાં એમ કહ્યું. શું? એ રાગ પણ નહિ, એમ. વિકાર પણ એનો નહિ. આ તો પહેલો વિકાર સિદ્ધ કર્યો કે, પરથી વિકાર નથી, વિકાર તારો તારામાં (છે). એટલું અશુદ્ધનયનું પરમાર્થે એટલે સાચી વાત છે એ સિદ્ધ કરી. પણ એટલેથી હવે અટક્યું નથી. અહીં તો અભેદદષ્ટિમાં જીવ શુદ્ધચેતનામાત્ર (છે). રાગ પણ નથી. આહાહા..! ચૈતન્યની જ અભેદદષ્ટિ કરતાં, સમ્યગ્દર્શન કરતાં એ રાગ જે થાય તેનો એ કર્તા પણ નથી. રાગ થાય તેને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. જાણનાર, જાણનારને જાણતા રાગનું જ્ઞાન થઈ જાય છે. એને રાગનું જ્ઞાન છે એમ વ્યવહારથી કહેવાય છે. આહાહા..! આવો કઈ જાતનો ધર્મ, માર્ગ? આહાહા..!

**'પરંતુ જ્યારે તે કર્મના નિમિત્તે પરિણમે,...'** નિમિત્તે પરિણમે એનો અર્થ–કર્મને લઈને પરિણમે છે એમ નહિ. નિમિત્ત ઉપર લક્ષ કરે છે તેથી તે નિમિત્તે પરિણમે છે એમ કહેવામાં આવ્યું છે. કર્મના નિમિત્તે એટલે કર્મના લક્ષે, કરનાર પોતે પોતાથી વિકાર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'કર્મના નિમિત્તે પરિણમે છે...'** કર્મના નિમિત્તે પરિણમે છે એમ જ્યાં આવે ત્યાં એમ કહે, કર્મને લઈને વિકાર થાય છે. એમ નથી. ફક્ત પોતે પોતા તરફનું લક્ષ છોડી, ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ, એનું લક્ષ છોડીને લક્ષ પરનું કરે છે તેથી તેને નિમિત્ત

કહેવામાં આવ્યું. એ નિમિત્તના લક્ષે જે વિકાર થાય તે કર્મના નિમિત્તે પરિણમે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! વિકાર થાય તેમાં તેનું લક્ષ પર ઉપર છે, વિકારની દશાની દિશા પર ઉપર છે. એથી બતાવ્યું કે, નિમિત્ત એની દિશા છે. નિમિત્ત એની દશા કરાવે છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'કર્મના નિમિત્તે પરિણમે છે...'** એટલે અહીંથી એમ લે કે, કર્મને લઈને પરિણમે છે. ઇ કર્મને લઈને વાત જ નથી. કર્મ પર, જડ પર પદાર્થ, તું પર પદાર્થ. કર્મ તને અડતાય નથી, તું એને અડતો નથી ને તને વિકાર કરાવે કર્મ? જૈનમાં એ બધું ચાલ્યું છે. બસ, કર્મને લઈને થાય, કર્મને લઈને થાય.

અહીં કહે છે, **'કર્મના નિમિત્તે પરિણમે છે ત્યારે તે તે પરિણામોથી યુક્ત તે થાય છે...'** છે તો અભેદ શુદ્ધચેતનામાત્ર જ છે. આહાહા..! શુદ્ધચેતનામાત્ર જ આત્મા છે. એ શુદ્ધ ચૈતન્ય વસ્તુ આનંદ સ્વરૂપ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. આહાહા..! પણ એને ભૂલી અને અજ્ઞાનભાવે પરિણમે છે. આહાહા..! **'તેથી તે તે પરિણામોથી યુક્ત તે થાય છે...'** પરિણમે છે તેથી પરિણામથી યુક્ત થાય (છે), પરિણામ સહિત થાય છે. આહાહા..! શું કહ્યું ઇ? કે, એ પરિણામ સહિત થવું એ એનું દ્રવ્ય-ગુણનું સ્વરૂપ નથી પણ પર્યાયમાં વિકાર હોવાથી તે પરિણામથી યુક્ત (છે). પરના કારણે યુક્ત થાય છે એમ નહિ. આહા..! પોતાને કારણે પરિણામ યુક્ત થાય છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પરિણામ પોતાને કારણે યુક્ત થાય છે. પરને કારણે કાંઈ થતું નથી. આહાહા..! કેટલું યાદ રાખવું આમાં?

**'અને ત્યારે પરિણામ-પરિણામીની ભેદદૃષ્ટિમાં...'** દેખો! **'પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે.'** ત્યારે પરિણામ જે વિકાર થયા અને પરિણામી દ્રવ્ય એની ભેદદૃષ્ટિ થઈ. એમાં **'પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે.'** આહાહા..! એક તો બધાથી જુદો કાઢી નાખી અને વિકાર થાય છે એ પણ તારાથી થાય છે, બીજાથી નહિ ત્યાં સુધી લાવ્યા. બધી ચીજ કાઢી નાખી. એકે એક ચીજ. મારો દેશ ને મારી સ્ત્રી ને મારો દીકરો... બધી વાત ખોટે ખોટી. બધું ગપે-ગપ, કોઈનો દીકરો નથી, કોઈની બાયડી નથી. સૌના સો તત્ત્વ જુદા છે. આહાહા..!

એ એક તો સૌના તત્ત્વ સૌ છે માટે એને લઈને જીવમાં વિકાર થાય એમ નથી. માટે વિકાર થાય છે એ ભેદદૃષ્ટિએ પરિણામ પરિણામીનું છે. પરિણામી એટલે દ્રવ્ય તેનું પરિણામ છે એમ વાત કરી. આહાહા..! **'અભેદદૃષ્ટિમાં...'** આહાહા..! ભારે માર્ગ. **'અભેદદૃષ્ટિમાં તો કર્તાકર્મભાવ જ નથી.'** જોયું? આહાહા..! ચૈતન્ય અભેદ ને પૂર્ણ છે એમ જ્યાં દૃષ્ટિ થઈ પછી પર્યાયમાં જે રાગ થાય તેનો એ કર્તા નથી, તેનો તે જાણનાર પણ નથી. જાણનાર છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! કર્તા તો નથી પણ તેનો જાણનાર છે એમ કહેવું એ વ્યવહાર છે. પણ તે સમયે તે રાગાદિનું જ્ઞાન પોતામાં થયેલું છે એથી

પોતે રાગનો કર્તા નથી પણ જ્ઞાનનો કર્તા છે. આહાહા..! આ વાંચ્યું પણ નહિ હોય. 'બલુભાઈ'! વાંચે તો કાંઈ સમજણ પડે એવું નથી. આહાહા..! એવી વાત છે, બાપુ!

મુમુક્ષુ :– અમારે વાંચવું નહિ. કારણ કે સમજાય નહિ, એમ આપના કહેવાનું ફળ આવ્યું.

ઉત્તર :– પણ વાંચે તો ખબર પડે કે, નથી વંચાતું, નથી સમજાતું વાંચે ત્યારે ખબર પડે કે આ સમજાતું નથી.

મુમુક્ષુ :– વાંચીને સમજાતું નથી....

ઉત્તર :– ભલે સમજાતું નથી પણ વાંચે ત્યારે ખબર પડે ને કે સમજાતું નથી. વાંચ્યા વિના અધ્ધરથી (કહે કે) અમને સમજાતું નથી, એટલે શું? કહેતા ને? અમારો માસ્તર એવો હતો. પોણો સો વર્ષ પહેલાની વાત છે, પોણો સો વર્ષ પહેલાની. માસ્તર એવો હતો, નિશાળમાં જે બે, ચાર, પાંચ હોંશિયાર છોકરા હોય એને ઘરે બોલાવે. બાયડી નહોતી, પોતે રાંધતા. રાંધવાનું રાંધે ને અને મોટા મોટા છોકરાને બોલાવે, એને શીખવે. પણ એને પહેલું એમ કહે, કે આ પાઠ વાંચીને લાવજે, વાંચીને અહીંયાં લાવજો. પછી તમે શું સમજ્યા અને હું શું એનો અર્થ કરું છું, ત્યારે તમને ફેર પડશે.

એ 'નરોત્તમ' માસ્તર હતા. બે ચાર છોકરા હોંશિયાર હોયને એને બોલાવે. પોતે રાંધતા જાય રોટલી ને દાળ ને વચ્ચે બોલાવતા જાય, આ વાત સમજાવતા જાય. જો આનો અર્થ આવો છે. એ મેં વાચ્યું ત્યારે મને ખ્યાલ નહોતો આવ્યો. પણ વાંચે ત્યારે ખબર પડે ને કે, ખ્યાલ નથી આવ્યો એ. વાંચવાની જ જ્યાં દરકાર નથી... આહાહા..!

હવે અહીં કહે છે, કે શુભ-અશુભભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, દયા, દાન, કામ, ક્રોધ પરિણામ જીવ કરે છે. એ બધો વિકાર છે. એ પર્યાયમાં દ્રવ્ય-ગુણના આશ્રય વિના એક સમયની પર્યાયમાં સ્વતંત્ર થાય છે, એ દ્રવ્ય-ગુણને લઈને નહિ, પરવસ્તુને લઈને નહિ. આહાહા..! માટે તે પરમાર્થ છે, બરાબર વાત છે, એમ. વિકાર એ કરે છે એ વાત ભેદદૃષ્ટિમાં બરાબર છે.

હવે **'અભેદદૃષ્ટિમાં...'** આહાહા..! **'તો કર્તાકર્મભાવ જ નથી,...'** આહાહા..! ભગવાન ચેતન સ્વરૂપ એને રાગાદિ ગમે તે ચીજો બહારની આવે-જાય કે રાગમાં તીવ્ર મંદ થાય તેને આત્મા પોતાથી, પોતામાં, પોતા વડે જાણે છે. આહાહા..! રાગને લઈને નહિ. **'અભેદદૃષ્ટિમાં...'** છે ને? **'કર્તાકર્મભાવ જ નથી, શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે.'** આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ પવિત્ર ચેતનામાત્ર તત્ત્વ અંદર છે. એની ઉપર દૃષ્ટિ નથી અને પર્યાય ઉપર દૃષ્ટિ છે અને બહાર ઉપર દૃષ્ટિ છે તેથી ચોરાશી અવતારમાં રખડી મરે છે. આહાહા..! અહીં અબજોપતિ વાણીયો હોય, મરીને ઢોર થાય. ધર્મ નથી, પુણ્ય નથી, પુણ્યના ઠેકાણા નથી. આહાહા..!

અહીં કહે છે, કે ભેદદષ્ટિમાં તો તને સમજાવ્યું કે, વિકાર છે એ તારામાં (છે). પર્યાયમાં એ ભેદ પડ્યો ને? પર્યાય. દ્રવ્ય-ગુણ રહ્યા નહિ, પર્યાયમાં વિકાર કીધા. વિકાર તારો, તારાથી, તારામાં, તારે લઈને થાય છે. હવે અભેદદષ્ટિથી જોઈએ તો... આહાહા..! પર્યાયદષ્ટિ છોડી દીધી, વસ્તુની દષ્ટિથી જોઈએ તો **'શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે.'** શુદ્ધચેતના, હોં! પાછી એકલી ચેતના નહિ. શુદ્ધચેતના એટલે રાગ આવે એને એ પોતામાં રહીને પોતાથી જાણે. આહાહા..! સંયોગો આવે એને પણ પોતામાં રહીને પોતાથી જાણે. એ સંયોગનો થાય નહિ, એ રાગનો થાય નહિ, રાગ ને સંયોગથી અહીં જ્ઞાન થાય એમેય નહિ. આહાહા..! આવી ઝીણી વાત છે.

વેપારીને નવરાશ ન મળે ધંધા આડે. આખો દિ' પાપના ધંધા. એમાં દુકાને થડે બેઠો હોય તો જાણે ઓહોહો..! એમાં દરરોજની પેદાશ પાંચસો, હજારની હોય તો મશગૂલ થઈ જાય એ તો તમારે. અમારે 'કુંવરજીભાઈ' હતા ને. 'પાલેજ' અમારી દુકાન હતી ને? છે ને દુકાન ત્યાં? હજી અત્યારે મોટી દુકાન છે. દુકાને બેસે તો જાણે આમ.. આમ, ઓહોહો..! (જાણે) શું કર્યું ને શું કરીએ છીએ! મારાથી કહેવાય ગયું હતું. (સંવત) ૧૯૬૪ની સાલની વાત છે. ૬૪..૬૪. ૧૮ વર્ષની ઉંમર હતી. અત્યારે તો ૯૧ ચાલે છે. ૯૧. તે દિ' મેં એને કહ્યું હતું, આ શું છે પણ આ? આખો દિ' આ ઝંઝાળ. આ કર્યું, આ કર્યું. કાંઈ મોખ જ (ન મળે). ગામમાં સાધુ આવે તો મોખ ન મળે. એ વખતે તો એ સ્થાનકવાસી સાધુને માનતા ને. સ્થાનકવાસી હતા ને. મરીને ઢોર થાઈશ, કીધું. યાદ રાખજે. બબ્બે, બે લાખની પેદાશ હતી. અત્યારે વધારે છે. મોટી દુકાન છે. ચાર લાખની પેદાશ છે. એ જ દુકાન છે. મરીને ઢોર થાઈશ, કીધું. એમ કહ્યું હતું, હોં! બોલે નહિ મારી સામું. આહાહા..! 'કુંવરજીભાઈ'ને (કીધું'તું) દાંત કાઢે. ભગત છે કાંઈક કહે છે. ભગત છે, સાંભળો બસ. શું છે પણ આ? આખો દિ' દુકાન... દુકાન... દુકાન... દુકાન... આત્મા શું? સાધુ ગામમાં આવ્યા તે સાંભળવા, સાંભળવાને નવરાશ ન મળે. આખો દિ' સામું ન જોવે. રાતે આઠ વાગે જાય. ચોપડો-બોપડો નામુ લખી આઠ વાગે જાય. પેલો સાધુ દિવસના નવ વાગે આવ્યો હોય ઇ (રાત્રે) આઠ વાગે જાય. આહાહા..! આ ધંધા જગતના, પાપના આખો દિ'.

અહીં કહે છે, કે તને ધંધાને કારણે રાગ નથી થયો. તને રાગ થયો છે તારા પુરુષાર્થની નબળાઈને લઈને. એ પણ અમે ભેદદષ્ટિથી કથન કરીએ છીએ. પર્યાયનો ભેદ પડ્યો ને! પણ અભેદદષ્ટિથી જોઈએ... આહાહા..! તો ચેતનમાત્ર, શુદ્ધચેતનમાત્ર પરિણામોનો કર્તા જીવ જ છે. આહાહા..!

**'શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે.'** આહાહા..! એ તો ઝળહળ દીવો, દીવો છે. દીવા પાસે ગમે એ ચીજ જતી-આવતી હોય, (એ) કાંઈ દીવાને વિકૃત કરતું નથી ને દીવાને એ જણાવતું પણ નથી. આહાહા..! એમ આ ચૈતન્ય દીવડો, સંયોગી ચીજો અનેક પ્રકારે જોડે બને એને

લઈને એ ચેતનદીવો વિકૃત થયો નથી, તેમ તે થયું તેને લઈને જાણતો નથી પણ પોતાનો સ્વપરને જાણવાનો સ્વભાવ છે તેથી તે કાળે જાણે છે. આહાહા..! આમાં સમજાય છે કાંઈ? ઝીણી વાત છે. આહાહા..!

**'અભેદદષ્ટિમાં તો કર્તાકર્મભાવ જ નથી,...'** જોયું? વિકારનો કર્તા ને વિકાર કાર્ય એ તો મિથ્યાદષ્ટિમાં, ભેદદષ્ટિમાં છે. તે પણ પરને લઈને નહિ. હવે અભેદદષ્ટિમાં તો એ વિકારનો કર્તા ને કર્મ એ છે જ નહિ. કારણ કે, દષ્ટિ પડી છે આત્મા ઉપર. આત્મા તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એથી તે રાગનો ને વિકાર જે થાય તેનો તે શુદ્ધચેતનામાત્ર વસ્તુ કર્તા નથી. આહાહા..! આટલે બધે પહોંચવું ને નવરાશ ન મળે. દુનિયાના કેટલા કામ કરવા? 'આફ્રિકા'નું કેટલું કામ કર્યું 'બલુભાઈ'એ! કેટલાની ટિકિટું ને કેટલાનો આહાર, ફલાણું, ઢીકણું... આહાહા..!

મુમુક્ષુ :- આપ ના પાડો છો કે કરી શકતો નથી.

ઉત્તર :- માન્યું હતું કે કરે છે. એ ક્રિયા કરી શકતો નથી. આહાહા..!

**'શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ...'** આ ભગવાન જે આત્મા અંદર છે એ તો શુદ્ધ પવિત્ર આત્મા છે. એમાં તો દયા, દાનના ભાવનો વિકાર પણ એમાં નથી. આહાહા..! આકરું કામ ઘણું, ભાઈ! જન્મ-મરણ રહિત થવાના પંથ આકરા છે. અશક્ય નથી, અપૂર્વ છે. આહાહા..! અપૂર્વ એનો માર્ગ છે. આહાહા..!

**'શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે. આ પ્રમાણે યથાર્થ પ્રકારે...'** આ પ્રમાણે (એટલે) પર્યાયમાં વિકાર એનાથી થાય છે અને શુદ્ધચેતનામાત્રને લઈને એ નહિ, એમ (એ) **'પ્રમાણે યથાર્થ પ્રકારે સમજવું કે ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.'** વ્યવહારે, પરમાર્થે નહિ. પરમાર્થે એટલે દ્રવ્ય સ્વભાવની દષ્ટિથી નહિ, અભેદદષ્ટિથી નહિ. ભેદદષ્ટિથી કર્તા એનો એ જ છે, કર્મને લઈને જરીએ નહિ. ટીકામાં એ આવે છે, 'જયસેનાચાર્ય'ની ટીકામાં કે જેમ પુત્ર એકને ન હોય. પતિ-પત્ની બે હોય તો પુત્ર હોય. એમ વિકાર એકલાને ન હોય. કર્મ ને આત્મા બે હોય તો હોય એમ છે. અહીં ના પાડે છે. ત્યાં તો એ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. લોકોને એ ટીકા બહુ સારી લાગે છે. સાધક ને સાધ્ય. વ્યવહાર સાધન બતાવ્યું છે ને એટલે ખુશી થઈ જાય છે. આહાહા..!

અહીં કહે છે, કે આ પ્રમાણે વિકાર થાય છે તે તારાથી, તારામાં, તારે લઈને (થાય છે), પરને લઈને નહિ. એ તો ભેદદષ્ટિનું કથન (છે). અભેદદષ્ટિમાં તો વિકારનો પણ કર્તા તું નહિ, એનો જાણનાર ને દેખનાર (છો). આહાહા..! એ જાણનાર-દેખનારની પાસે ગમે તેવા રાગ અને ગમે તેવા સંયોગો આવે-જાય છતાં અહીંયાં ફેરફાર થાય નહિ. અહીં તો જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... રહે. આહાહા..! **'ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.'**

## શ્લોક-૨૦૩

(शार्दूलविक्रीडित)

कार्यत्वादकृतं न कर्म न च तज्जीवप्रकृत्योर्द्वयो-
रज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुग्भावानुषङ्गात्कृतिः।
नैकस्याः प्रकृतेरचित्त्वलसनाज्जीवोऽस्य कर्ता ततो
जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यत्पुद्गलः।।२०३।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ कर्म कार्यत्वात् अकृतं न ] કર્મ (અર્થાત્ ભાવકર્મ) છે તે કાર્ય છે, માટે તે અકૃત હોય નહિ અર્થાત્ કોઈએ કર્યા વિના થાય નહિ. [ च ] વળી [ तत् जीव-प्रकृत्योः द्वयोः कृतिः न ] તે (ભાવકર્મ) જીવ અને પ્રકૃતિ બન્નેની કૃતિ હોય એમ નથી, [ अज्ञायाः प्रकृतेः स्व-कार्य-फल-भुग्-भाव-अनुषङ्गात् ] કારણ કે જો તે બન્નેનું કાર્ય હોય તો જ્ઞાનરહિત (જડ) એવી પ્રકૃતિને પણ પોતાના કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે. [ एकस्याः प्रकृतेः न ] વળી તે (ભાવકર્મ) એક પ્રકૃતિની કૃતિ (-એકલી પ્રકૃતિનું કાર્ય) પણ નથી, [ अचित्त्वलसनात् ] કારણ કે પ્રકૃતિને તો અચેતનપણું પ્રકાશે છે (અર્થાત્ પ્રકૃતિ તો અચેતન છે અને ભાવકર્મ ચેતન છે). [ ततः ] માટે [ अस्य कर्ता जीवः ] તે ભાવકર્મનો કર્તા જીવ જ છે [ च ] અને [ चिद्-अनुगं ] ચેતનને અનુસરનારું અર્થાત્ ચેતન સાથે અન્વયરૂપ (-ચેતનના પરિણામરૂપ-) એવું [ तत् ] તે ભાવકર્મ [ जीवस्य एव कर्म ] જીવનું જ કર્મ છે, [ यत् ] કારણ કે [ पुद्गलः ज्ञाता न ] પુદ્ગલ તો જ્ઞાતા નથી (તેથી તે ભાવકર્મ પુદ્ગલનું કર્મ હોઈ શકે નહિ).

ભાવાર્થ :– ચેતનકર્મ ચેતનને જ હોય; પુદ્ગલ જડ છે, તેને ચેતનકર્મ કેમ હોય? ૨૦૩.

## શ્લોક-૨૦૩ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'

कार्यत्वादकृतं न कर्म न च तज्जीवप्रकृत्योर्द्वयो-
रज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुग्भावानुषङ्गात्कृतिः।
नैकस्याः प्रकृतेरचित्त्वलसनाज्जीवोऽस्य कर्ता ततो
जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यत्पुद्गलः।।२०३।।

**'कर्म कार्यत्वात् अकृतं न'** શું કહે છે? પુણ્ય ને પાપ, દયા ને દાન, વિષય ને ભોગના ભાવ એ પોતે કર્મ છે એટલે કાર્ય છે. કાર્ય છે એ **'कार्यत्वात् अकृतं'** તો કાર્ય તે કર્યા વિના હોય નહિ. **'કર્મ (અર્થાત્ ભાવકર્મ) છે તે કાર્ય છે, માટે તે અકૃત હોય નહિ અર્થાત્ કોઈએ કર્યા વિના થાય નહિ.'** આહાહા..! વિકારભાવ જે થાય છે એ કાંઈ કર્યા વિના ન થાય, અકૃત નથી, **'કોઈએ કર્યા વિના થાય નહિ. વળી....'** **'तत् जीव-प्रकृत्योः द्वयोः कृतिः न'** કર્યા વિના થાય નહિ અને બે મળીને કરે નહિ. જીવ અને કર્મ બે મળીને વિકાર કરે નહિ. આહાહા..!

આમાં પણ ધર્મ શું કરવો? ઇ ધર્મ જ આ છે. પ્રકૃતિને કારણે વિકાર નથી એવો વિકાર સંસાર છે, પર્યાયમાં સંસાર (છે) એને જાણવું. જાણીને તેની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરવી. દ્રવ્યદૃષ્ટિ કરવાથી તે વિકારનો પણ કર્તા નથી, આ એને કરવાનું છે. આહાહા..! શું થાય? કેટલાકને અજાણ્યું લાગે, કે આ કઈ વાત શું કરે છે? આખો દિ' કરીએ છીએ ને કરતાં નથી? આખો દિ' અભિમાન કરે છે, હોં! આ કર્યું... આ કર્યું... આ કર્યું... આહા..!

**'કારણ કે, જો તે બન્નેનું કાર્ય હોય તો જ્ઞાનરહિત (જડ) એવી પ્રકૃતિને પણ પોતાના કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે.'** આહાહા..! એક તો એ કીધું કે, એ વિકાર છે એ કાર્ય છે. કાર્ય કર્યા વિના હોય નહિ. અને આત્મા ને પ્રકૃતિ બે મળીને કર્મ કરે નહિ. બે મળીને કરે તો બેને ફળ ભોગવવું પડે. રાગનું ફળ જડને ભોગવવું પડે. રાગનું ફળ... આહાહા..! રાગ અને દ્વેષનું ફળ દુઃખ, એ જડને તો કાંઈ છે નહિ. જડને ભોગવવું પડે એમ છે નહિ. માટે જડ કાંઈ રાગનો કર્તા ભેગો ભળીને કરે છે એમ છે નહિ. આહાહા..! **'કારણ કે, જો તે બન્નેનું કાર્ય હોય...'** આત્મા ને કર્મ બેયનું. આ વિકાર રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, દયા, **'તો જ્ઞાનરહિત (જડ) એવી પ્રકૃતિને પણ પોતાના કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે.'** એ તો જ્ઞાનરહિત છે. એને પોતાના રાગનું ફળ, રાગનું ફળ શું પણ એને? આહા..!

એ જીવને તો રાગનું ફળ દુઃખ પણ એને જડને શું? આહાહા..! માટે જડ ને આત્મા બે ભેગા થઈને રાગ કરતા નથી. આહાહા..!

**'વળી તે (ભાવકર્મ) એક પ્રકૃતિની કૃતિ (-એકલી પ્રકૃતિનું કાર્ય-) પણ નથી,...'** બે વાત. ત્રીજી વાત વિકાર છે એ કાર્ય છે, કાર્ય છે એ કર્તા વિના હોય નહિ એક વાત. હવે બે થઈને કર્તા હોય તો બીજાને–જડને રાગનું ફળ ભોગવવું પડે. એ નથી. હવે એકલી પ્રકૃતિ જડ કરે, રાગને એકલી પ્રકૃતિ જડ કરે. આહાહા..! **'(ભાવકર્મ) એક પ્રકૃતિ...'** કર્તા પણ નથી. કારણ કે, પ્રકૃતિને તો અચેતનપણું છે અને પેલા રાગ-દ્વેષ તો ચેતન છે. આહાહા..! સમજાય છે કાંઈ? રાગ-દ્વેષના પરિણામ છે તો ચેતનના (છે). એ પ્રકૃતિ કરે તો પ્રકૃતિ તો અચેતન છે. એને ક્યાંથી ચેતન થાય? આહાહા..!

**'(-એકલી પ્રકૃતિનું કાર્ય–) પણ નથી, કારણ કે પ્રકૃતિને તો અચેતનપણું પ્રકાશે છે (અર્થાત્ પ્રકૃતિ તો અચેતન છે અને ભાવકર્મ ચેતન છે).'** આહાહા..! એ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ, રળવું ને ભોગવવું એ પરિણામ પ્રકૃતિના નથી, ભાવકર્મ ચેતન છે. આહાહા..! એ દુઃખરૂપ દશા ચેતનની છે. આહાહા..! એને દુઃખ ભાસતું નથી. ભગવાન તો આનંદ છે. અંદર આનંદ સ્વરૂપ છે. રાગ તો દુઃખરૂપ છે. પ્રકૃતિનું ફળ એ દુઃખ છે એ કાંઈ જડને ભોગવાતું નથી. એ તો ચેતનને હોય છે. એક ચેતન જ એનો કર્તા છે, બે મળીને રાગ થયો છે એમ છે નહિ. આહાહા..!

**'માટે તે ભાવકર્મનો કર્તા જીવ જ છે અને ચેતનને અનુસરનારું અર્થાત્ ચેતન સાથે અન્વયરૂપ...'** 'तत् चिद्-अनुगं' **'ચેતન સાથે અન્વયરૂપ,...'** ચેતનની સાથે સંબંધવાળું. **'(-ચેતનના પરિણામરૂપ-) એવું તે ભાવકર્મ...'** એટલે વિકારી ભાવ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના અરે..! સત્ય, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો ભાવ એ બધો વિકાર છે. આહાહા..! એ **'ચેતનને અનુસરનારું અર્થાત્ ચેતન સાથે અન્વયરૂપ (–ચેતનના પરિણામરૂપ) એવું તે ભાવકર્મ જીવનું જ કર્મ છે,...'** કર્મ એટલે કાર્ય. આહાહા..! વિકારી પરિણામ જીવના જ છે, કર્મના નહિ. આહાહા..!

એ મોટી ચર્ચા હાલી હતી ને ત્યાં? (સંવત) ૨૦૧૩ ની સાલ. આ 'વર્ણીજી' સાથે. (એ કહે), નિમિત્તથી પણ થાય, જો કર્મથી ન થાય તો વિકાર સ્વભાવ થઈ જાય છે. એ તો પર્યાયનો સ્વભાવ છે. એનો વિકૃત થવાનો એ સ્વભાવ છે. ષટ્કારકરૂપે પરિણમે છે. 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા. વિકાર પોતે એક સમયમાં ષટ્કારકરૂપે સ્વતંત્ર પરિણમે છે. નથી તેને કર્મના કારકની અપેક્ષા, નથી તેને દ્રવ્ય-ગુણની અપેક્ષા. પર્યાય સ્વતંત્રપણે, ષટ્કારકપણે પરિણમે છે. આહાહા..! (એમને) ન બેઠું, વિરુદ્ધ પડ્યું. અરે..! આ મહારાજ છેતરાય ગયા છે. (એને) એમ થઈ ગયું. આહાહા..! નવી વાત આ શું કહે છે? વિકાર પોતે પોતાથી કરે છે, પ્રકૃતિથી બિલકુલ નહિ. આહા..! અને 'પંચાસ્તિકાય' ની ૬૨ મી

ગાથામાં ચોખ્ખું લખ્યું છે. ષટ્કારકપણે પર્યાયમાં વિકાર જીવ કરે એને કર્મ કારક નથી, કર્મ તેનો કારક નથી એમ પાઠ છે. આહાહા..!

મુમુક્ષુ :– વિકાર સર્વથા નિરપેક્ષ છે.

ઉત્તર :– નિરપેક્ષ છે. દરેક સત્ છે એ નિરપેક્ષ જ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે સત્ છે ને? વિકાર ઉત્પાદ છે કે નહિ? એ ઉત્પાદ પોતાથી થાય. પરની અપેક્ષા છે જ નહિ. આહાહા..! આવું બધું વાણીયાને દુનિયાના ધંધા આડે યાદ ક્યારે રાખવું? આહાહા..! **'આ પ્રમાણે યથાર્થ પ્રકારે સમજવું કે ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.'** લ્યો! એ સિવાય બીજો છે નહિ. પછી કળશ કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*** પ્રશ્ન :- ઊંચા ઉપદેશનું સ્વરૂપ નીચલી દશાવાળાને ભાસે નહિ. માટે આવી વાત અમને સમજાય નહિ. એલ. એલ. બી. અને એમ. એ. ની ઊંચી વાત અમારે માટે નથી. તેથી અધ્યાત્મ ઉપદેશ કરવો યોગ્ય નથી. કેમકે અમારી વર્તમાન એવી લાયકાત નથી.**

**ઉત્તર :- અન્ય તો અનેક પ્રકારની ચતુરાઈ જાણે છે અને અહીં મૂર્ખપણું પ્રગટ કરે છે તે યોગ્ય નથી. સંસારની ખાવા-પીવાની વાત કરે તો એમાં ચતુરાઈ બતાવે, વ્યવહારની વાત કરે તો આવું ખપે અને આવું ન ખપે, શુદ્ધ આહાર આવો હોય વગેરે કહે પણ ''વ્યવહારે લખ દોહ્યલાં, કાંઈ ન આવે હાથ રે.''**

**સંસારમાં રુચિવાળો હોવાથી સંસારનાં કામ બધાં જાણે અને અહીં અમે સમજી શકીએ નહિ એમ કહે. ઘેર છોકરાની સગાઈની વાત ચાલતી હોય તો ત્યાં ઘરના બધા માણસો ચતુરાઈ બતાવે છે, ચોપડાનાં હિસાબમાં ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢે, ગમે તેવું અટપટું કામ હોય તોપણ તેનો ઉકેલ કરે, ત્યાં ઉપયોગને લગાવે અને અહીં સમજાય નહિ. એમ કહે તો તેને ધર્મની રુચિ જ નથી. અધ્યાત્મશાસ્ત્રોનો અભ્યાસ કરવાનો જે નિષેધ કરે છે તે ભગવાનના માર્ગનો દ્વેષી છે એમ આથી સિદ્ધ થાય છે. ૯૨૧.**

**– પરમાગમસાર**